અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની •
પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિ •

ઇબ્ને હિશામની

સીરતુન-નબી

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

ભાગ પહેલો

Maktabe Ashraf

મૂળ લેખક

હઝરત અલ્લામા અબૂ મુહંમદ
અબ્દુલ-મલિક બિન હિશામ
(રહમતુલ્લાહિ અલૈહિ)

ઉર્દૂ તરજુમો

મવલાના અબ્દુલ
જલીલ સિદ્દીકી

ગુજરાતી તરજુમો

અહમદ મુહંમદ
હથુરણી

પ્રકાશક

મુહંમદ યૂસુફ સીદાત
ચાસાવાલા

અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની •

• પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિ •

ઇબ્ને હિશામની

સીરતુન-નબી

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

(ભાગ પહેલો)

મૂળ લેખક

અલ્લામહ અબૂ મુહંમદ અબ્દુલ-માલિક બિન હિશામ

સંપાદક

અહમદ મુહંમદ હથુરણી

પ્રકાશક

મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાલા

સરવરે - કાએનાત, ફખ્રે-મવજૂદાત, રહમતે-દો આલમ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના

પવિત્ર જીવન ચરિત્ર પર

અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની

• પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિનો

ગુજરાતી તરજુમો

પુસ્તકનું નામ .... ઈબ્ને હિશામની સીરતુન-નબી

મૂળ અરબી લેખક .... અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ

ઉર્દૂ તરજુમો .... મવલાના અબ્દુલ-જલીલ સિદ્દીકી

ગુજરાતી તરજુમો................ અહમદ મુહંમદ હથુરણી

પ્રકાશક .... મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાલા

મુદ્રણાલય .... ઈઝી ઓફસેટ વર્કસ - સુરત- ગુજરાત (ઈન્ડિયા)

આવૃત્તિ........................... પહેલી

પ્રત .... બે હજાર (ભાગ-૧ અને ભાગ-૨)

હિજરી તારીખ.................. 3 ઝીલ-કઅદહ ૧૪૨૨ જુમઅહ

ઈસ્વી તારીખ .... ૧૮, જાન્યુઆરી - ૨૦૦૨

હદિયો .... રૂ. ૯૯૦/= [redacted] /- (પોસ્ટેજ ચાર્જ અલગ)

પૃષ્ઠ સંખ્યા .... ભાગ-૧ ૮૬૨ પાના અને રંગીન તસ્વીરોનાં પેજો

.... ભાગ-૨ ૯૧૦ પાના અને રંગીન તસ્વીરોનાં પેજો

આ કિતાબના હિન્દી અને અંગ્રેજી તરજુમા માટે એવા કલમકારની જરૂર છે જે ગુજરાતી ભાષાની સાથે હિન્દી અને અંગ્રેજી તરજુમાનો માહિર હોય. કામ બેશક બેહદ કઠિન છે પણ કેટલું ઊંચું છે તે જોતાં બીડું ઝડપી લેવા જેવું છે:

બ-હર કારે કે હિમ્મત બસ્તા ગરદદ
અગર ખારે બુવદ ગુલદસ્તા ગરદદ

بسم الله الرحمن الرحيم

• અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની
• પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિ

ઇબ્ને હિશામની

સીરતુન-નબી

(ભાગ પહેલો)

મૂળ લેખક

હઝરત અલ્લામા અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ
(રહમતુલ્લાહિ અલૈહિ)

ઉર્દૂ તરજુમો

અલ્લામા અબ્દુલ-જલીલ સિદ્દીકી

ગુજરાતી તરજુમો

અહમદ મોહંમદ હથુરાણી

૧૬

મુહંમદ યૂસુફ સંઘાત ચાસાવાલા

Maktabe Ashraf

નઅત શરીફ

યા મુહમ્મદ !

(સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)

અર્ઝ : જનાબ નસીમ મન્નાન સોલાપૂરી

કલી ચટકી તો બોલી, યા મુહમ્મદ !
ફઝા મહકી તો બોલી, યા મુહમ્મદ !
હવા કે લુમ્સ સે, ડાલી શજર કી,
ઝરા લચકી તો બોલી, યા મુહમ્મદ !
સહર નિકલી દુરૂદે-પાક પઢતી,
કિરન ચમકી તો બોલી, યા મુહમ્મદ !
હલીમા કી નઝર મઅસૂમ રૂખ પર,
પળી હલકી તો બોલી, યા મુહમ્મદ !
શબે-મિઅરાજ મેં, કવનો - મકાં કી,
પલક ઝબકી તો બોલી, યા મુહમ્મદ !
હિસારે-મુશ્ત મેં, હર કંકરી કી,
સદા ખનકી તો બોલી, યા મુહમ્મદ !
"નસીમ" એક અંજુમન, નૂરે-નબી સે,
સજી દિલ કી, તો બોલી, યા મુહમ્મદ !

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

نعت شریف

یا محمد !

صلی اللہ علیہ و سلم

از : جناب نسیم منان سولاپوری

کلی چٹکی تو بولی یا محمد !
فضا مہکی تو بولی یا محمد !
ہوا کے لمس سے ڈالی شجر کی ،
ذرا لچکی تو بولی یا محمد !
سحر نکلی درودِ پاک پڑھتی ،
کرن چمکی تو بولی یا محمد !
حلیمہ کی نظر معصوم رُخ پر ،
پتلی ہلکی تو بولی یا محمد !
شبِ معراج میں کون و مکاں کی ،
پلک جھپکی تو بولی یا محمد !
حصارِ مُشت میں ہر کنکری کی ،
صدا کھنکی تو بولی یا محمد !
نسیم اک انجمن نورِ نبی سے ،
سجی دل کی تو بولی یا محمد !

صلی اللہ علیہ و سلم

કલી ચટકી	કળી ખીલી	રૂખ	ચહેરો, મુખડો
ફઝા	વાતાવરણ	શબે-મિઅરાજ	મિઅરાજની રાત
હવા કે લુમ્સ સે	વાયુના સ્પર્શથી	કવનો-મકાં	દુનિયા, જગત, સકળ સંસાર
શજર	વૃક્ષ, ઝાડ	હિસારે-મુશ્તમેં	બંધ મુઠ્ઠીમાં, મુઠ્ઠીના વર્તુળમાં
સહર	પ્રભાત, પરોઢ	સદા ખનકી	અવાજ થયો, (મધુર ગુંજારવ)

અનુક્રમણિકા

	પેજ નંબર	પ્રકરણનું નામ
	૧	**પ્રસ્તાવના**
		પ્રકરણ ૧
	૮૭	**પવિત્ર વંશાવળી**
	,,	મુબારક વંશવેલો
	,,	હઝરત ઇસ્માઇલ (અલૈ.)ની વંશાવળી
	,,	ઇબ્ને હિશામની અગત્યની નોંધો
	,,	હઝરત ઇસ્માઇલ (અલૈ.)ની અવલાદ
	,,	હઝરત ઇસ્માઇલ (અલૈ.)ની વય અને મદ્ફન
	,,	હઝરત બીબી હાજિરહનું વતન
	,,	સહાબાને એક વસિય્યત
	,,	અદનાનની અવલાદ
	,,	અક્ક બિન અદનાન અને ગસ્સાન
	,,	મઅદ્દ બિન અદનાનનું ખાનદાન
	,,	નુઅમાન બિન મુનઝિર.
3		**પ્રકરણ ૨**
	૯૮	**અમ્ર બિન આમિર અને સદ્દે-મઆરિબ**
	,,	અમ્રનું યમનથી ભાગવાનું કારણ
	,,	અમ્ર બિન આમિરની હિજરત
	,,	સદ્દે-મઆરિબની તબાહી
૪		**પ્રકરણ ૩**
	૧૦૨	**યમનનો બાદશાહ**
		રબીઅહ બિન નસ્ર
	,,	બાદશાહનો બિહામણો ખ્વાબ
	,,	સતીહ અને શિક્કની વંશાવળી
	,,	સતીહ નજૂમી, બાદશાહના દરબારમાં
	,,	શિક્ક નજૂમી બાદશાહના દરબારમાં
	,,	બાદશાહના પરિવારની ઇરાક તરફ હિજરત
૫		**પ્રકરણ ૪**
	૧૦૭	**તુબ્બઅ વંશના બાદશાહોનું વર્ચસ**
	,,	હસ્સાન બિન તુબાન અસઅદ
	,,	તુબાનની હાજરી મદીનહમાં
	૧૦૭	તુબાનના એક ફોજીની કતલ
	,,	બાદશાહને યહૂદી પાદરીઓની નસીહત
	,,	તુબ્બઅ બાદશાહની મક્કહ પર ચઢાઇ
	,,	કઅબહના ગિલાફનો આરંભ
	,,	કઅબહનો દરવાજો અને તાળું
	,,	યમનમાં યહૂદી ધર્મનો પ્રવેશ
	,,	સુબૈઅહ શાઇરહના શેઅરો
	,,	સત્યની કસોટી અને આગની લવાદી

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	અગ્નિ-પરિક્ષાની બીજી રિવાયત
	,,	રિઆમ મંદિરમાં શયતાનનો વાસો.
૬		**પ્રકરણ ૫**
	૧૧૭	**હસ્સાન બિન તુબાનની બાદશાહી**
	,,	ભાઇના ખૂનનું કાવતરૂં
	,,	ઝૂ-રૂઐનના બે શેઅરો
	,,	હિમ્યરી શાઇરના શેઅરો
	,,	ભાઇના ખૂનીનો પસ્તાવો.
૭		**પ્રકરણ ૬**
	૧૨૦	**યમન પર ઝૂ-નવાસનું વર્ચસ**
	,,	હિમ્યરી હુકૂમત પનોતીની દશામાં
	,,	હિમ્યરી શાઇરના શેઅરો
	,,	લખ્નીઆની ઐયાશીના ધંધા
	,,	લખ્નીઆની ઐયાશીનો અંજામ
	,,	યુસૂફ ઝૂ-નવાસની બાદશાહી
	,,	નજરાનમાં ખ્રિસ્તી ધર્મનો પાયો.
૮		**પ્રકરણ ૭**
	૧૨૩	**નજરાનમાં ખ્રિસ્તી ધર્મની શરૂઆત**
	,,	ફૈમિયૂન અને ઇબ્નુસ-સામિર
	,,	ઇસ્મે-અઅઝમનો અખતરો
	,,	નજરાનમાં ખ્રિસ્તી ધર્મની તબલીગ
	,,	અબ્દુલ્લાહ અને બાદશાહનું પતન
	,,	અસહાબુલ-ઉખ્દૂદની કત્લે-આમ
	,,	ઉખ્દૂદના અર્થ
	,,	નજરાનવાસીઓના ધર્મનેતાનું શબ
		પ્રકરણ ૮
૯	૧૨૭	**"અસહાબુલ-ઉખ્દૂદ"ની ઘટના**
	,,	ફૈમિયૂન અને ઇબ્નુસ-સામિર
	,,	ઇસ્મે-અઅઝમનો અખતરો
	,,	નજરાનમાં ખ્રિસ્તી ધર્મની તબલીગ
	,,	અબ્દુલ્લાહ અને બાદશાહનું પતન
	,,	અસહાબુલ-ઉખ્દૂદની કત્લે-આમ
	,,	ઉખ્દૂદના અર્થ
	,,	નજરાનવાસીઓના ધર્મનેતાનું શબ
૧૦		**પ્રકરણ ૯**
	૧૩૨	**યમન પર હબશીઓની હુકૂમત**
	,,	કયસરના દરબારમાં મદદની ધા
	,,	હબશહના બાદશાહને કયસરનું ફરમાન
	,,	ઝૂ-નવાસનું પતન અને મરણ
	,,	યમનની તબાહી અને શાઇરોના કસીદા
	,,	નજૂમીઓની સાચી ઠરેલી પેશીનગોઇ.

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૧૧		**પ્રકરણ ૧૦**
	૧૩૫	**અબ્રહતુલ-અશરમની બાદશાહી**
	,,	અરયાત અને અબ્રહા વચ્ચે ઘર્ષણ
	,,	મુકાબલામાં અરયાતનું મરણ
	,,	અબ્રહાની ડહાપણ ભરેલી નીતિ
	,,	યમનમાં ભવ્ય ખ્રિસ્તી દેવળ
	,,	દેવળને ગંદું કરવાના સોગંદ
	,,	કઅબહને ઉખેડી કાઢવાની અબ્રહાની પ્રતિજ્ઞા.
૧૨		**પ્રકરણ ૧૧**
	૧૩૮	**ખાનએ-કઅબહ પર અબ્રહાનું આક્રમણ**
	,,	મક્કહ તરફ અબ્રહાની પેશકદમી
	,,	ઝૂ-નફરનો મુકાબલો અને શિકસ્ત
	,,	નુફૈલ બિન હબીબનો પ્રતિરોધ
	,,	લાત ભગવાનનું મંદિર
	,,	અબૂ રિગાલની ગદ્દારી
	,,	ઊંટોની લૂંટથી મક્કહમાં હાહાકાર
	,,	અબ્રહાનો સંદેશો મક્કહના મોવડીઓને
	,,	મક્કહના મોવડીનો જવાબ
	,,	અબ્દુલ-મુત્તલિબ અને ઝૂ-નફર
	,,	અબ્દુલ-મુત્તલિબ અબ્રહાના દરબારમાં
	,,	અબ્દુલ-મુત્તલિબની દુઆ
	,,	ઈકરિમા બિન આમિરના શેઅરો
૧૩		**પ્રકરણ ૧૨**
	૧૩૫	**અબ્રહા અને તેના લશ્કરનો અંજામ**
	,,	અબ્રહાના હાથીની આડાઈ
	,,	પક્ષીઓની ચઢાઈ અને લશ્કરની તબાહી
	,,	અબ્રહા અશરમનો અંજામ
	,,	અસહાબે-ફીલની ઘટના કુર્આનમાં
	,,	હાથીનો મહાવત અને રખેવાળ
૧૪		**પ્રકરણ ૧૩**
	૧૪૫	**અસહાબે-ફીલ અને શાઈરોના કસીદા**
	,,	અસહાબે-ફીલ અને કુરૈશની ખ્યાતિ
	,,	અરબ શાઈરોના કસીદા
	,,	ઈબ્ને ઝબિઅરાનું કાવ્ય
	,,	અબૂ કૈસનું કાવ્ય
	,,	તાલિબ બિન અબૂ તાલિબનું કાવ્ય
	,,	ઉમૈયહ બિન અબૂ સલ્તનું કાવ્ય
	,,	ફરઝૌક શાઈરનું કાવ્ય
	,,	ઈબ્નુર-રકિયાત શાઈરનું કાવ્ય
	,,	અબ્રહાના બેટાની બાદશાહી
૧૫		**પ્રકરણ ૧૪**
	૧૫૩	**યમનમાં હબશીઓની હુકૂમતનો ખાતેમો**

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	યમનવાસીઓની દયાજનક હાલત
	,,	સૈફ બિન ઝી-યઝન કિસરાના દરબારમાં
	,,	શહેનશાહ તરફથી મદદની વ્યવસ્થા
	,,	યમન પર હબશીઓની સત્તાનો ખાતેમો
	,,	મસરૂક બિન અબ્રહાનો પરાજય
	,,	શાઈરોના થોડાક શેઅરો
	,,	નજૂમીઓની સાચી પડેલી આગાહી.
૧૬		**પ્રકરણ ૧૫**
	૧૫૯	**યમન પર ઈરાનીઓની હુકૂમત**
	,,	યમનના હબશી બાદશાહો
	,,	યમન પર ઈરાનીઓની હુકૂમત
	,,	કિસરાનો કાગળ બાઝાનના નામે
	,,	બાઝાનનો ઈસ્લામ સ્વીકાર
	,,	પથ્થર પર કોતરેલી પેશગોઈ
	,,	શાતિરૂન બાદશાહની દાસ્તાન
	,,	શાતિરૂનની શાહઝાદી અને શાપૂર
	,,	શાતિરૂનની શાહઝાદીનો અંજામ.
૧૭		**પ્રકરણ ૧૬**
	૧૬૪	**નિઝાર બિન મઅદ્દ અને તેની અવલાદ**
	,,	નિઝાર બિન મઅદ્દના પુત્રો
	,,	અનમાર બિન નિઝારની અવલાદ
	,,	મુદર બિન નિઝારની અવલાદ
	,,	અરબમાં મૂર્તિપૂજાનો સ્થાપક.
૧૮		**પ્રકરણ ૧૭**
	૧૬૮	**અરબમાં મૂર્તિપૂજાની શરૂઆત**
	,,	અમ્ર બિન લહુય્ય જહન્નમમાં
	,,	મૂર્તિઓની આયાત મુલ્કે-શામથી
	,,	અરબોમાં પથ્થરપૂજાનો ચેપી રોગ
	,,	અરબોની આંખે ગુમરાહીના પાટા
	,,	હઝરત નૂહની કૌમના
		સંતપુરૂષોની મૂર્તિઓ
	,,	સુવાઅ ભગવાનની મૂર્તિ
	,,	વદ્દ ભગવાનની મૂર્તિ
	,,	યગૂસ ભગવાનની મૂર્તિ
	,,	યઊક ભગવાનની મૂર્તિ
	,,	નસ્ર ભગવાનની મૂર્તિ
	,,	અમાઈસ યા અમ્મે અનસની મૂર્તિ
	,,	બનૂ મલકાનનો ભગવાન સઅદ
	,,	કુરૈશનો હુબલ ભગવાન
	,,	કુરૈશના ઈસાફ અને ના.એલહ
	,,	અરબના ઘરેઘરમાં મૂર્તિઓની પૂજા
	,,	તાગૂતના મંદિરો અને [illegible]
	,,	ઉઝ્ઝા અને તેના [illegible]
	,,	તાઈફના લાત ભગવાનની મૂર્તિ
	,,	ઔસ અને ખઝરજનો ભગવાન મનાત
	,,	ઝુલ-[illegible]સહની મૂર્તિ
	,,	બનૂ [illegible]નો દેવ ફલિસ

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	યમનનું રિઆમ મંદિર
	,,	બનૂ રબીઅહનું રુદા મંદિર
	,,	ઝુલ-કઅબાતનું મંદિર
૧૯		**પ્રકરણ ૧૮**
	૧૭૭	**મૂર્તિપૂજક અરબોના જાહિલી રિવાજો**
	,,	બહીરહ અને સાઇબહ
	,,	વસીલહ બકરી
	,,	હામ ઊંટની વ્યાખ્યા
	,,	બહીરહ વિષે બીજી રિવાયત
	,,	સાઇબહ ઊંટણીની હકીકત
	,,	જાહિલી રિવાજોનો ઉલ્લેખ કુર્આનમાં
૨૦		**પ્રકરણ ૧૯**
	૧૮૧	**પવિત્ર વંશાવળીનું સંકલન**
	,,	ખુઝાઅહ કબીલાના લોકોનો દાવો
	,,	ખુઝાઅહ નામ પડવાનું કારણ
	,,	મુદરિકહ અને ખુઝૈમહની અવલાદ
	,,	કિનાનહ બિન ખુઝૈમહની અવલાદ
	,,	મક્કહના કુરૈશ કોણ લોકો છે ?
	,,	કુરૈશ નામ પડવાનું કારણ
	,,	નઝ્ર બિન કિનાનહની અવલાદ
	,,	ગાલિબ બિન ફિહરની અવલાદ
	,,	લુઐય બિન ગાલિબની અવલાદ
	,,	સામહ બિન લુઐયનો કિસ્સો
	,,	અવફ બિન લુઐયનો કિસ્સો
	,,	કઅબ બિન લુઐયની અવલાદ
	,,	કિલાબ બિન મુર્રહની અવલાદ.
૨૧		**પ્રકરણ ૨૦**
	૧૮૮	**કુસૈય, હાશિમ અને અબ્દુલ-મુત્તલિબની અવલાદ**
	,,	કુસૈય બિન કિલાબનું કુટુંબ
	,,	અબ્દે-મનાફનું કુટુંબ
	,,	હાશિમની અવલાદ
	,,	અબ્દુલ-મુત્તલિબની અવલાદ
	,,	અબ્દુલ્લાહ બિન અબ્દુલ-મુત્તલિબ
	,,	ઝમઝમના કૂવાનું ખોદકામ.
૨૨		**પ્રકરણ ૨૧**
	૧૯૪	**બૈતુલ્લાહથી જુરહુમની હકાલપટ્ટી**
	,,	બૈતુલ્લાહના મુતવલ્લીઓનું બયાન
	,,	જુરહુમ અને કતૂરા વચ્ચે હરીફાઈ
	,,	મુદાદ અને સુમૈદઅ વચ્ચે ખેલાયેલું યુધ્ધ
	,,	મુદાદ બિન અમ્ર મક્કહનો બાદશાહ
	,,	અલ્લાહની મદદ બનૂ ઇસ્માઇલની પડખે
	,,	મક્કહથી બનૂ જુરહુમની હકાલપટ્ટી
	,,	બક્કહ શબ્દ અને તેના અર્થ
	,,	કઅબહના તબર્રુકાત કૂવામાં
	,,	કઅબહના વહીવટ પર ખુઝાઅહનો કબજો.
૨૩		**પ્રકરણ ૨૨**
	૨૦૦	**કુસૈય અને મક્કહની બાદશાહી**
	,,	મક્કહની સરદારીના ખરા હકદાર
	,,	કુસૈય બિન કિલાબને કુરૈશનો ટેકો
	,,	કુસૈય બિન કિલાબનો બચપણનો કિસ્સો
	,,	કુસૈય માટે હુલૈલની વસિય્યત
	,,	બનૂ સૂફહનું ખાનદાન
	,,	બનૂ સૂફહના નાલાયક ઓહદેદારો
	,,	અરફાતથી ઊપડવાની પરવાનગી
	,,	આમિર બિન ઝરીબનો અજીબો-ગરીબ કિસ્સો.
૨૪		**પ્રકરણ ૨૩**
	૨૦૬	**કુરૈશનું સંગઠન અને મક્કહ પર વિજય**
	,,	બનૂ સૂફહની શિકસ્ત
	,,	બનૂ ખુઝાઅહ અને બનૂબક્ર સાથે જંગ
	,,	લવાદ તરીકે યઅમુર બિન ઔફની વરણી
	,,	કુસૈય અને મક્કહની બાદશાહી
	,,	કુસૈય બિન કિલાબના શાનદાર કારનામા
	,,	કુસૈય બિન કિલાબની તેજસ્વી શખ્સિયત
	,,	મક્કહનું પાર્લામેન્ટ હાઉસ
	,,	કુસૈયનો ઓરમાન ભાઈ રિઝાહ
	,,	કુસૈય બિન કિલાબનું કાવ્ય
	,,	રિઝાહ તરફથી કુસૈયની નારાજી
	,,	કુસૈયનું ઘડપણ અને વસિય્યત.
૨૫		**પ્રકરણ ૨૪**
	૨૧૩	**કુસૈય બિન કિલાબની અવલાદમાં ફાટફૂટ**
	,,	કુરૈશમાં પડી એક તકરાર
	,,	બંને પક્ષના સુત્રધારો અને તરફદારો
	,,	કઅબહ પાસે "મુતૈયિબીન"ની પ્રતિજ્ઞા
	,,	સુલેહનો વાયદો અને સંધિની શરતો
	,,	હિલ્ફુલ-ફુઝૂલનું ઐતિહાસિક કરારનામુ
	,,	હઝરત હુસૈન અને વલીદનો વિખવાદ.
૨૬		**પ્રકરણ ૨૫**
	૨૧૮	**હાશિમ બિન અબ્દે-મનાફ**
	,,	રિફાદહ અને સિકાયહના ઓહદા
	,,	હાશિમ નામકરણનું કારણ
	,,	હઝરત હાશિમનો ઇન્તેકાલ સીરિયામાં
	,,	હઝરત હાશિમની શાદી મદીનહમાં
	,,	અબ્દુલ-મુત્તલિબનો જન્મ
	,,	અબ્દુલ-મુત્તલિબ નામ પડવાનું કારણ
	,,	મુત્તલિબનું મરણ અને શાઇરોના

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
		મરસિયા
૨૭		**પ્રકરણ ૨૬**
	૨૨૫	**અબ્દુલ-મુત્તલિબ અને ઝમઝમનો કૂવો**
	,,	અબ્દુલ-મુત્તલિબનો શાનદાર યુગ
	,,	ઝમઝમનો કૂવો ખોદવાનો ગૈબી સંકેત
	,,	ઝમઝમના કૂવાનું ખોદકામ
	,,	અબ્દુલ મુત્તલિબ અને કુરૈશમાં ઝગડો
	,,	ઝગડાના નિકાલ માટે સાધુડીની શોધમાં
	,,	રણમાં અલ્લાહની ગૈબી મદદ
	,,	ઝમઝમના કૂવાને લગતી બીજી રિવાયત
	,,	તીરોથી કુરૈશના ઝગડાનો ફેસલો
	,,	મક્કહમાં આવેલા બીજા કૂવાઓ
	,,	ઝમઝમની ભવ્યતા અને તેનો મહિમા.
૨૮		**પ્રકરણ ૨૭**
	૨૩૩	**અબ્દુલ-મુત્તલિબની મન્નત**
	,,	એક બેટાના બલિદાનની મન્નત
	,,	અરબોમાં મૂર્તિઓના તીરોનો દસ્તૂર
	,,	અબ્દુલ-મુત્તલિબ અને પુત્રો પૂજારી પાસે
	,,	તીરોના પાસામાં અબ્દુલ્લાહનું નામ
	,,	ગૂંચવણ અંગે સાધુડીનો ફેસલો
	,,	સાધુડીના ફેસલાનો અમલ
	,,	રૂપવાન અમીરઝાદીની પેશકશ
	,,	અબ્દુલ્લાહની શાદી આમિનહ
	,,	ખાતૂન સાથે
	,,	આમિનહ ખાતૂન હમલની હાલતમાં
	,,	જગતના સર્વશ્રેષ્ઠ પુરુષ
	,,	હઝરત અબ્દુલ્લાહની વફાત.
૨૯		**પ્રકરણ ૨૮**
	૨૪૧	**રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક જન્મ અને બાલ્યકાળ**
	,,	મુબારક જન્મની તારીખ અને દિવસ
	,,	કઅબહમાં અબ્દુલ-મુત્તલિબની દુઆ
	,,	બીબી હલીમહ સઅદિયહ
	,,	દૂધભાઈઓ અને દૂધ બહેનો
	,,	બીબી હલીમહની આપવીતી
	,,	મુબારક પગલાંની બરકતો
	,,	શક્કે-સદ્રની અદ્ભુત ઘટના
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો પોતાનો ઇરશાદ
	,,	વાપસી વેળા ગુમશુદગી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની વાપસીનું બીજું કારણ.
૩૦		**પ્રકરણ ૨૯**
	૨૪૯	**માનવંતા અમ્માંજી અને દાદાજીની વફાત**
	,,	હઝરત આમિનહ ખાતૂનની વફાત
	,,	દાદાના દિલમાં પૌત્રની માયા
	,,	અબ્દુલ-મુત્તલિબની વફાત
	,,	બાપના મરણ પર બેટીઓનો વિલાપ
	,,	ઝમઝમનો વહીવટ અબ્બાસના હાથમાં
૩૧		**પ્રકરણ ૩૦**
	૨૫૫	**અબૂ તાલિબની સરપરસ્તી**
	,,	અબૂ તાલિબની પરવરિશમાં
	,,	રેખાશાસ્ત્રીની આગાહી
	,,	બહીરહ સંન્યાસીની પેશીનગોઇ
	,,	બહીરહ તરફથી ઝિયાફતનું આમંત્રણ
	,,	મુહરે-નુબુવ્વતના દર્શન
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના ત્રણ દુશ્મનો
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની પાકીઝહ જવાની
	,,	અનિષ્ટોથી બચવાની ગૈબી મદદ
	,,	હર્બુલ-ફિજારની ઘટના
	,,	જંગની ચઢતી પડતી.
૩૨		**પ્રકરણ ૩૧**
	૨૭૦	**હઝરત ખદીજહ સાથે નિકાહ**
	,,	વેપાર અર્થે શામની સફર
	,,	ખ્રિસ્તી સંન્યાસીની આગાહી
	,,	નિકાહનું માગું
	,,	હઝરત ખદીજહની વંશાવળી
	,,	હઝરત ખદીજહ સાથે નિકાહ
	,,	નિકાહનો મહર
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની અવલાદ
	,,	હઝરત ખદીજહ અને વરકહ બિન નવફલ
	,,	વરકહ બિન નવફલનો કસીદો.
૩૩		**પ્રકરણ ૩૨**
	૨૭૭	**કઅબહના નવનિર્માણની કટોકટી**
	,,	કઅબહની નવરચનાનું કારણ
	,,	કઅબહના સાપનો અજીબો -ગરીબ કિસ્સો
	,,	કઅબહ માટે હલાલ કમાણીનો ઉપયોગ
	,,	કઅબહના બાંધકામની વહેંચણી
	,,	વલીદ બિન મુગીરહનું સાહસ
	,,	કઅબહના પાયામાંથી મળેલો શીલાલેખ
	,,	હજરે-અસ્વદ વિષે પડેલી તકરાર
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો હિકમત ભરેલો ફેસલો
	,,	કઅબહના ભોંયરામાં વસેલા સાપને લગતું કાવ્ય.
૩૪		**પ્રકરણ ૩૩**
	૨૮૩	**કુરૈશમાં "હુમ્સ"ની પ્રથાનો આરંભ**
	,,	કુરૈશે ઉપજાવી કાઢેલી હુમ્સની બિદઅત
	,,	હજ્જના અમુક ઇબ્રાહીમી ક્રિયાઓનો ત્યાગ

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	કુરૈશે ઉપજાવી કાઢેલી બીજી બિદઅતો
	,,	કુરૈશની બિદઅતોનું ઇસ્લામે કાઢેલું નિકંદન.
૩૫		**પ્રકરણ ૩૪**
	૨૮૮	**રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણીની બશારતો**
	,,	અહબાર, રુહબાન અને કાહિનો
	,,	ખરતા તારા અને શયતાનો
	,,	જિન્નાતનો ઇસ્લામ સ્વીકાર
	,,	ખરતા તારા અને અમ્ર બિન ઉમૈયહ
	,,	ખરતા તારાની હકીકત
	,,	બનૂ સહમ કબીલાની કાહિનહ
	,,	જમ્બ કબીલાના સાધુ મહારાજ
	,,	હઝરત ઉમર અને એક કાહિન
	,,	કપાયેલા વાછરડાનો પોકાર.
૩૬		**પ્રકરણ ૩૫**
	૨૯૬	**રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે યહૂદીઓની રિવાયતો**
	,,	યહૂદીઓની વિકૃત મનોદશા
	,,	એક યહૂદી પંડિતની પેશીનગોઇ
	,,	ઇબ્ને હૈયિબાનની પેશીનગોઇ.
૩૭		**પ્રકરણ ૩૬**
	૩૦૦	**હઝરત સલમાન ફારસીનો ઇસ્લામ**
	,,	સલમાનનું શરૂઆતનું જીવન
	,,	ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષણ
	,,	મુલ્કે-શામની સફર
	,,	કંજૂસ પાદરીનો કરૂણ અંજામ
	,,	સલમાન ફારસી મૂસિલ શહેરમાં
	,,	સલમાન ફારસી નસીબૈન શહેરમાં
	,,	સલમાન ફારસી ઉમૂરિયા શહેરમાં
	,,	વાદિયુલ-કુરા અને મદીનહ મુનવ્વરહ
	,,	રોમાંચકારી ખુશખબર
	,,	રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજરી
	,,	ગુલામીથી આઝાદી તરફ
	,,	ઉમર બિન અબ્દુલ-અઝીઝની રિવાયત
૩૮		**પ્રકરણ ૩૭**
	૩૧૦	**સત્યધર્મને શોધનારા ચાર ગૃહસ્થો**
	,,	મૂર્તિપૂજા પ્રત્યે ધિક્કાર
	,,	સત્યની શોધમાં વતન ત્યાગ
	,,	વરકહ બિન નવફલ અને ઉબૈદુલ્લાહ
	,,	બીબી ઉમ્મે-હબીબહ સાથે નિકાહ
	,,	ત્રીજો શખ્સ ઉસમાન બિન હુવૈરિસ
	,,	ચોથો શખ્સ ઝૈદ બિન અમ્ર
	,,	હઝરત સઇદ બિન ઝૈદ બિન અમ્ર.
૩૯		**પ્રકરણ ૩૮**
	૩૧૫	**ઝૈદ બિન અમ્રની મુસીબતો**
	,,	મક્કહથી નીકળી જવાનો નિર્ધાર
	,,	ઇશ્કે-ઇલાહી અને કઅબહની કીર્તિ
	,,	ઝૈદ પર ખત્તાબના અત્યાચારો
૪૦		**પ્રકરણ ૩૯**
	૩૧૯	**ઇન્જીલમાં રસૂલુલ્લાહ (સલ.)ની બશારત**
	,,	આકાશી કિતાબ ઇન્જીલની આગાહી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની પયગમ્બરીનું વચન.
	,,	તલાશે-હકમાં ઝૈદનો રઝળપાટ
	,,	રાહે-હકમાં પ્રાણનું બલિદાન
	,,	વરકહ બિન નવફલનું શોકકાવ્ય.
૪૧		**પ્રકરણ ૪૦**
	૩૨૧	**પયગમ્બરીની શરૂઆત**
	,,	પયગમ્બરી પહેલાંના સાચા ખ્વાબો
	,,	શજર અને હજરના સલામ
	,,	તહન્નુસ અને તહન્નુફ
	,,	રમઝાન મહિનાની ઇબાદતો
	,,	હઝરત જિબ્રીલ ફરિશ્તાનું આગમન
	,,	વરકહ બિન નવફલનું સમર્થન
	,,	નુઝૂલે-કુર્આનનો આરંભ
૪૨		**પ્રકરણ ૪૧**
	૩૨૭	**ઇસ્લામનું આમંત્રણ**
	,,	બીબી ખદીજહનો ઇસ્લામ-સ્વીકાર
	,,	સૂરએ-વદ-દુહાનો નુઝૂલ
	,,	નમાઝની શરૂઆત અને તેનું શિક્ષણ
	,,	પાંચ નમાઝો અને તેના સમયો
	,,	હઝરત અલીનો ઇસ્લામ-સ્વીકાર
	,,	અબૂ તાલિબનું બહોળું પરિવાર
	,,	નમાઝ અને અબૂ તાલિબની હયરત
	,,	ઇસ્લામ વિષે અબૂ તાલિબનો જવાબ.
૪૩		**પ્રકરણ ૪૨**
	૩૩૩	**ઇસ્લામની છુપી દઅવતનો આરંભ**
	,,	ઝૈદ બિન હારિસહની ગુલામી
	,,	ઝૈદની ગુલામીની દાસ્તાન
	,,	બેટાના વિયોગમાં બાપની બેકરારી
	,,	બાપ-બેટાનો મેળાપ અને બેટાનો ફેસલો
	,,	હઝરત અબૂબક્રનો ઇસ્લામ સ્વીકાર
	,,	હઝરત અબૂબક્રની તબલીગ
	,,	હઝરત અબૂબક્રની શાને-સિદ્દીકી
	,,	સાબિકૂનલ-અવ્વલૂન.

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૪૪		**પ્રકરણ ૪૩**
	૩૪૨	**છડેચોક તબલીગનો આરંભ**
	,,	ખુલ્લી તબલીગનો હુકમ
	,,	છુપી રીતે નમાઝ પઢવાનું કારણ
	,,	કુરૈશની દુશ્મનાવટનો આરંભ
	,,	અબૂ તાલિબને કુરૈશની ફરિયાદ
	,,	કુરૈશી મોવડીઓની બીજી ફરિયાદ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો ગદ્દગદ જવાબ
	,,	અબૂ તાલિબને કુરૈશની પેશકશ.
૪૫		**પ્રકરણ ૪૪**
	૩૪૮	**રાહે-હકના પથિકોની મુસીબતો**
	,,	મુસલમાનો ત્રાસવાદના શિકંજામાં
	,,	બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબનું સંગઠન
	,,	વલીદ બિન મુગીરહની સલાહ
	,,	કુરૈશનો જૂઠો પ્રચાર
	,,	વલીદ બિન મુગીરહનું વર્ણન કુર્આનમાં
	,,	પયગમ્બરીની ખ્યાતિ અરબભરમાં.
૪૬		**પ્રકરણ ૪૫**
	૩૫૫	**અબૂ તાલિબનો મશહૂર કસીદો**
	,,	કુરૈશની રિઝવણીનું શાનદાર કાવ્ય
	,,	કાવ્યમાં ગૂંથાયેલી વ્યક્તિઓના નામો
	,,	કસીદાના કેટલાક શેઅરો
	,,	વરસાદ માટે રસૂલુલ્લાહ
		(સલ.)ની દુઆ.
૪૭		**પ્રકરણ ૪૬**
	૩૬૧	**પયગમ્બરીની આમ શોહરત**
	,,	પયગમ્બરીના સમાચાર મદીનહમાં
	,,	અબૂ કૈસ શાઇરનો કસીદો
	,,	જંગે-દાહિસનું મુખ્તસર બયાન
	,,	જંગે-હાતિબની મુખ્તસર કહાણી
	,,	હકીમ બિન ઉમૈયહની હાકલ.
૪૮		**પ્રકરણ ૪૭**
	૩૬૭	**કુરૈશની અદાવતો અને શરારતો**
	,,	કુરૈશના આક્ષેપો અને તોહમતો
	,,	મશ્કરીના બૂમાટા અને પડકારા
	,,	મોંઘી પડેલી મશ્કરી
	,,	બીજા દિવસનો કમનસીબ બનાવ
	,,	હઝરત અબૂબક્રની દયાજનક દશા
	,,	હે કમલી ઓઢનારા ઊઠો !
	,,	અબૂ જહલની જહાલત
	,,	હઝરત હમઝહ અને અબૂ જહલ
	,,	હઝરત હમઝહનો ઇન્તેકામ અને ઇસ્લામ
	,,	ઉત્બહ બિન રબીઅહ સાથે ગુફતગૂ
	,,	ઉત્બહ બિન રબીઅહની પેશકશ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ
	,,	ઉત્બહનો જવાબ કુરૈશને
	,,	કુરૈશી અગ્રેસરોનું બીજું મંડળ
	,,	રસૂલુલ્લાહ (સલ.)
		અગ્રેસરોની મજલિસમાં
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ
	,,	કુરૈશની શરારતો અને વિચિત્ર માગણીઓ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો ઇરશાદે ગિરામી
	,,	કુરૈશની બીજી છોકરવાદી માગણીઓ
	,,	કુરૈશની બેહૂદી માગણીઓનો જવાબ
	,,	કુરૈશનો ઉકળાટ અને બફાટ
	,,	અબ્દુલ્લાહ બિન ઉમૈયહની ગુસ્તાખી
	,,	અબુ જહલની સંગદિલી અને શરારત
	,,	અબૂ જહલની કમબખ્તી.
૪૯		**પ્રકરણ ૪૮**
	૩૮૩	**અસહાબે-કહફ, ઝુલ-કરનૈન અને રૂહ**
	,,	કુરૈશનો મોટો શયતાન
	,,	નઝ્ર બિન હારિસની અવળ ચંડાઇઓ
	,,	યહૂદી પાદરીઓએ ભણાવેલા
		ત્રણ સવાલો
	,,	પહેલો સવાલ : અસહાબે કહફ કોણ
		હતા ?
	,,	ઝુલ-કરનૈન કોણ છે ?
	,,	ત્રીજો સવાલ : રૂહની શું હકીકત છે?
	,,	રસૂલુલ્લાહ (સલ.)ને કુરૈશના સવાલો
	,,	હઝરત જિબ્રીલની પધરામણી
	,,	સૂરએ-કહફનો નુઝૂલ
	,,	અસહાબે-કહફનો કિસ્સો
	,,	સૂરએ-કહફ અને અસહાબે- કહફ
	,,	ગુફાનું રોમાંચકારી દ્રશ્ય
	,,	અસહાબે-કહફની સંખ્યા
	,,	વહીમાં વિલંબ થવાનું કારણ
	,,	કુરૈશના બીજા સવાલનો જવાબ
	,,	કુરૈશના ત્રીજા સવાલનો જવાબ
	,,	યહૂદી પાદરીઓની ટીકા.
	,,	યહૂદીઓની ટીકાનો જવાબ.
૫૦		**પ્રકરણ ૪૯**
	૪૦૧	**કુરૈશની માગણીઓનું**
		બયાન કુર્આનમાં
	,,	કુરૈશના ઊલટા-સૂલટા સવાલો
	,,	કુફ્ફારની બાલિશ માગણીઓ
	,,	તમામ પયગમ્બરોની જીવનચર્યા
	,,	મુસલમાન બનવાની છોકરવાદી શરતો
	,,	રહમાનથી સરતાબી
	,,	અબૂ જહલને કુર્આનની ચીમકી
	,,	મુશરિકોના માથે બેઠેલી પનોતી
	,,	અબૂ જહલનો ઝનૂની બફાટ
	,,	કુર્આનની વાણીનો જાદૂ
	,,	કુર્આન લલકારનાર એક વીરનર
	,,	કલામે-ઇલાહીનું લોહચુંબક આકર્ષણ
	,,	કુરૈશના ત્રણ મોવડીઓની ઘટના

Maktabe Ashraf

અનુ. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	કુર્આન વિષે કુરૈશની દોંગાઇ
૫૧		**પ્રકરણ ૫૦**
	૪૧૩	**નિરાધારો પર કુરૈશનો કાળો કહેર**
		કુરૈશી કાફિરોના ત્રાસવાદનો સપાટો
	,,	કુરૈશી મુશરિકોની સંગદિલી
	,,	હઝરત બિલાલની આકરી આઝમાઇશ
	,,	હઝરત બિલાલનો છુટકારો
	,,	બીજાં લોંડી-ગુલામોનો છુટકારો
	,,	બેટાને બાપની શિખામણ
	,,	હઝરત અબૂબકના વખાણ કુર્આનમાં
	,,	આલે-યાસિર માટે બશારત
	,,	અબૂ જહલના કુફનું કટ્ટરપણું
	,,	મુસલમાનોની છેલ્લા દરજાની લાચારી
	,,	વલીદ બિન વલીદ પર સપાટો.
૫૨		**પ્રકરણ ૫૧**
	૪૧૮	**હબશહ તરફ મુસલમાનોની પહેલી હિજરત**
	,,	હબશહ તરફ હિજરતની સલાહ
	,,	હબશહના મુહાજિરોની ટીપ
	,,	મુલ્કે-હબશહ તરફ બીજી હિજરત
	,,	હબશહના મુહાજિરીનની સંખ્યા
	,,	અબ્દુલ્લાહ બિન હારિસના કસીદા
૫૩		**પ્રકરણ ૫૨**
	૪૨૯	**મુહાજિરીન વિરૂધ્ધ કુરૈશના કાવાદાવા**
	,,	કુરૈશના રાજદૂતો બાદશાહના દરબારમાં
	,,	અબૂ તાલિબનો કસીદો
	,,	બીબી ઉમ્મે-સલમહની રિવાયત
	,,	કુરૈશી સફીરોના કાવાદાવા
	,,	કુરૈશી સફીરોની ફરિયાદ
	,,	નજાશી બાદશાહનો જવાબ
	,,	બાદશાહના દરબારમાં મુસલમાનોનું તેડું
	,,	હઝરત જઅફરનું પ્રવચન
	,,	હબશહમાં રક્ષણ લેવાનું કારણ
	,,	કુર્આન સાંભળીને બાદશાહ રડી પડયા.
૫૪		**પ્રકરણ ૫૩**
	૪૪૩	**હઝરત ઉમર ઇસ્લામના ચરણોમાં**
	,,	મક્કહમાં ઇસ્લામના વર્ચસનો આરંભ
	,,	કઅબહમાં મુસલમાનોની પહેલી નમાઝ
	,,	હઝરત ઉમર મુસલમાન બનવા પહેલાં
	,,	બહેન-બનેવીનો ઇસ્લામ સ્વીકાર
	,,	બહેન-બનેવીની મારઝૂડ
	,,	કલામે-ઇલાહીની તાસીર
	,,	ઉમર અથવા અબૂ જહલ માટેની દુઆ
	,,	ઉમર દરબારે-રસૂલમાં

અનુ. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	ઉમર ઇસ્લામના ચરણોમાં
	,,	હઝરત ઉમરની આપવીતી
	,,	હઝરત ઉમરના ઇસ્લામની જાહેરાત
	,,	અબૂ જહલનો ઝપાટો.
	,,	કુરૈશી સફીરોની બીજી યુકિત
	,,	પાદરીઓ અને દરબારીઓના ફૂંફાડા
	,,	હબશહમાં નજાશી વિરૂધ્ધ બળવો
	,,	નજાશીએ રાજગાદી કેવી રીતે મેળવી ?
	,,	બાપની હત્યા અને નજાશીની ગુલામી
	,,	નજાશીની હુકૂમતની બહાલી
	,,	સોદાગર નજાશીના દરબારમાં
	,,	નજાશી વિરૂધ્ધ બીજો બળવો.
૫૫		**પ્રકરણ ૫૪**
	૪૫૩	**કુરૈશનો બહિષ્કારી ઘેરો**
	,,	બહિષ્કારી ઘેરાનું દસ્તાવેજી લખાણ
	,,	અબૂ તાલિબની ઘાટીના ઘેરામાં
	,,	અબૂ લહબના ભગવાનની જય
	,,	તબ્બત યદા અબી લહબ
	,,	અબૂ તાલિબનો કસીદો
	,,	ઘેરામાં વીતેલાં ત્રણ વરસ
૫૬		**પ્રકરણ ૫૫**
	૪૫૮	**કુરૈશી કુફફાર અને કુર્આન**
	,,	કુરૈશની સતામણીઓ અને પજવણીઓ
	,,	અબૂ લહબ અને તેની બૈરીની કમબખ્તી
	,,	હમ્મા-લતલ-હતબનો બચાવ
	,,	ઉમૈયહ બિન ખલફની બુરાઇ કુર્આનમાં
	,,	આસ બિન વાઇલની બુરાઇ કુર્આનમાં
	,,	અબૂ જહલના પડકારનો જવાબ
	,,	નઝ્ર બિન હારિસનું વર્ણન કુર્આનમાં
	,,	લેભાગુ ભગવાનો અને પૂજારીઓ
	,,	અખનસ બિન શરીકનું વર્ણન કુર્આનમાં
	,,	વલીદ બિન મુગીરહનો ઉલ્લેખ કુર્આનમાં
	,,	ઉબય બિન ખલફનું વર્ણન કુર્આનમાં
	,,	મુરદાનું સડેલું હાડકું
	,,	સૂરતુલ-કાફિરૂન ઊતરે છે
	,,	અબૂ જહલ અને ઝક્કૂમનું જહન્નમી ઝાડ
	,,	મુહલ શબ્દનું સ્પષ્ટીકરણ
	,,	જહન્નમનું શજરએ-મલઊનહ
	,,	અ-બ-સ વ તવલ્લા
૫૭		**પ્રકરણ ૫૬**
	૪૭૩	**હબશહના મુહાજિરોની વાપસી**
	,,	મુહાજિરોને મળેલા ખોટા સમાચાર
	,,	મક્કહમાં આસરો મેળવી રહેનારા સહાબા
	,,	હઝરત ઉસમાન બિન મઝઊનની ઘટના
	,,	મુશાઇરાની મેહફિલમાં
	,,	હઝરત અબૂ સલમહને દુશ્મનની મદદ
	,,	હઝરત અબૂબકની હિજરત

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	''	ઇબ્ને દગિન્નહને કુરૈશની ફરિયાદ.
૫૮		**પ્રકરણ ૫૭**
	૪૮૧	**કુરૈશના બહિષ્કારી ઘેરાનો ખાતેમો**
	''	કુરૈશના સાહસિક વીરનરો
	''	હિશામ બિન અમ્રનું સાહસ
	''	ઝુહૈર બિન અબૂ ઉમૈયહનો ટેકો
	''	મુત્ઇમ બિન અદીનો ટેકો
	''	અબુલ-બુખ્તરીનો ટેકો
	''	ઝમ્અહ બિન અસ્વદનો ટેકો
	''	દસ્તાવેજને ફાડી નાખવાની પ્રતિજ્ઞા
	''	કુરૈશને ઝુહૈરનો પડકાર
	''	દસ્તાવેજને ઊધઇ ચાટી ગઇ
	''	દસ્તાવેજને લગતી પેશીનગોઇ
	''	કુરૈશને અબૂ તાલિબની ચેલેન્જ
	''	અબૂ તાલિબનો કસીદો
	''	મુત્ઇમ બિન અદીના મરણનો મરસિયો.
૫૯		**પ્રકરણ ૫૮**
	૪૮૭	**તાઇફથી વાપસી અને ઇશાઅતે-ઇસ્લામ**
	''	તાઇફથી વાપસીમાં મુત્ઇમનું રક્ષણ
	''	તુફૈલ બિન અમ્ર દવસીની આપવીતી
	''	કલામે-ઇલાહીની જાદૂઇ તાસીર
	''	તુફૈલ દવસીનો ઇસ્લામ સ્વીકાર
	''	તુફૈલને અલ્લાહ તરફથી મળેલી નિશાની
	''	તુફૈલના બાપા અને બીબીનો ઇસ્લામ સ્વીકાર
	''	ઇસ્લામ માટે દવસ કબીલાની આનાકાની
	''	દવસના લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં
	''	મૂર્તિને બાળી નાખવાની પરવાનગી
	''	હઝરત તુફૈલ અને ઇરતિદાદનો ફિત્નો
	''	હઝરત તુફૈલનો ખ્વાબ અને શહાદત
	''	અઅશા શાઇરની અધૂરી આશા
	''	અઅશા શાઇરની કમનસીબી
	''	અબૂ જહલની બેઇમાની સોદાગર સાથે
	''	સોદાગરને રસૂલુલ્લાહ (સલ.)ની મદદ
	''	અબૂ જહલ પર દહેશતની થરથરી
	''	કુરૈશના જાસૂસનું બયાન.
૬૦		**પ્રકરણ ૫૯**
	૪૯૮	**કુરૈશનો વિરોધ અને ઇસ્લામની ઇશાઅત**
	''	રુકા... પહેલવાન સાથે કુશ્તી
	''	કુશ...ની વધુ ...બી ભરે ...
	''	હબ...ના ખ્રિ...ઓનું મંડળ મક્કામાં
	''	ગરીબો અને ગુલામોના ઇસ્લામની મશ્કરી
	''	શું ખ્રિસ્તી ગુલામ આપને શીખવે છે?
	''	અબ...નો ઝેરી ... કટાક્ષ ફરિશ્તાને

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
		આંખે જોવાની માંગણી
	''	હાંસી ઉડાવવાનો અંજામ.
૬૧		**પ્રકરણ ૬૦**
	૫૦૫	**ઇસરાઅ અને મિઅરાજ**
	''	ઇસરાઅની ઘટનાના સાક્ષીઓ
	''	શરાબ, દૂધ અને પાણી
	''	હઝરત જિબ્રીલનું આગમન બુરાક સાથે
	''	બુરાકની સવારીનું બયાન
	''	મસ્જિદમાં પયગમ્બરોની ઇમામત
	''	ઇસરાઅની ઘટના અંગે કુરૈશનો ઇન્કાર
	''	હઝરત અબૂબક્રનું સમર્થન
	''	હઝરત અબૂબક્રને સિદ્દીકનો લકબ
	''	પયગમ્બરોની રૂપરેખાનું બયાન
	''	રસૂલુલ્લાહ (સલ.)ની આછી રૂપરેખા
	''	ઇસરાઅ અંગે ઉમ્મે-હાનીની રિવાયત
	''	ઇસરાઅ વિષે રસૂલુલ્લાહ (સલ.)નું બયાન
૬૨		**પ્રકરણ ૬૧**
	૫૧૩	**મિઅરાજ અને આકાશોની સહેલ**
	''	આકાશલોકની સહેલ માટે આકાશી નિસરણી
	''	દોઝખના દરોગા માલિકની મુલાકાત
	''	હઝરત ખુદરીની બાકી રિવાયત
	''	પાક રૂહો અને ગંદી રૂહો
	''	યતીમોનો માલ ખાનારા
	''	મોટાં પેટવાળા વ્યાજખોરો
	''	વ્યભિચારીઓનો અંજામ
	''	સાતે આકાશો અને જન્નતની સહેલ.
૬૩		**પ્રકરણ ૬૨**
	૫૨૭	**હાંસી ઉડાવનારાઓનો ઇબ્રતનાક અંજામ**
	''	હાંસી ઉડાવનારા પાંચ મુખ્ય ગૃહસ્થો
	''	હાંસી ઉડાવનારાઓ વિષે કુર્આનની આયત
	''	એકએકને અલ્લાહ તરફથી મળેલી શિક્ષા
	''	વલીદ બિન મુગીરહની વસિય્યત
	''	વ્યાજ વિષે ઊતરેલી આયત
	''	દિરાર બિન ખત્તાબનો બનાવ.
૬૪		**પ્રકરણ ૬૩**
	૫૩૨	**અબૂ તાલિબ અને હઝરત ખદીજહની વફાત**
	''	રસૂલુલ્લાહ (સલ.)ના બીજા દુશ્મનો
	''	અબૂ તાલિબ અને હઝરત ખદીજહની વફાત
	''	લા તબકી યા બુનૈયહ
	''	અબૂ તાલિબની છેલ્લી પળો

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	"	કુરૈશના મોવડીઓને ઈસ્લામનું આમંત્રણ
	"	અબૂ તાલિબને ઈસ્લામનું આમંત્રણ
	"	કુરૈશી મોવડીઓનો જવાબ કુર્આનમાં.
૬૫		**પ્રકરણ ૬૪**
	૪૩૭	**તબલીગ માટે તાઈફનો પ્રવાસ**
	"	રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણી તાઈફમાં
	"	તાઈફના સરદારોને ઈસ્લામની દઅવત
	"	સરદારોની ભંભેરણી અને લફંગાઓનો હોબાળો
	"	રસૂલુલ્લાહ (સલ.)ની ગદગદ દુઆ
	"	અદ્દાસ નસરાનીનો બનાવ
	"	જિન્નાતની જમાઅત રસૂલુલ્લાહ (સલ.)ની સેવામાં
૬૬		**પ્રકરણ ૬૫**
	૫૪૭	**અરબના કબીલાઓને ઈસ્લામનું આમંત્રણ**
	"	ગ્રામ્ય વિસ્તારના કબીલાઓમાં ઈસ્લામ પ્રચાર
	"	ઈસ્લામી તબલીગના મુખ્ય મુદ્દા
	"	અબૂ લહબની અવળચંડાઈ
	"	એક વયોવૃદ્ધ મહાત્માનો પસ્તાવો
	"	મદીનહના સૌથી પહેલા ગૃહસ્થની મુલાકાત
	"	સુવૈદ બિન સામિતનો ઈસ્લામ સ્વીકાર
	"	ઈયાસ બિન મુઆઝનો ઈસ્લામ સ્વીકાર.
૬૭		**પ્રકરણ ૬૬**
	૫૫૪	**ઈસ્લામી સૂરજના કિરણો મદીનહમાં**
	"	અન્સારનો ઈસ્લામ અને બૈઅતે અકબહ
	"	મદીનહવાસીઓને ઈસ્લામની દઅવત
	"	ઈસ્લામની પહેલ કરનારા ખુશનસીબ ગૃહસ્થો
	"	બૈઅતે-અકબએ-ઊલા
	"	બૈઅતના કોલકરારની શરતો
	"	મદીનહના સૌથી પહેલા શિક્ષક
	"	મદીનહમાં જુમઅહની પહેલી નમાઝ
	"	મદીનહમાં ઈસ્લામનો ધૂમ પ્રચાર
	"	ઉસૈદ બિન હુઝૈરનો ઈસ્લામ સ્વીકાર
	"	સઅદ બિન મુઆઝનો ઈસ્લામ સ્વીકાર
	"	અબ્દુલ-અશહલ કૌમનો ઈસ્લામ સ્વીકાર
	"	સૈફી શાઈરનો કસીદો
૬૮		**પ્રકરણ ૬૭**
	૫૬૪	બૈઅતે-અકબએ-સાનિયહ
	"	મદીનહના અન્સારનો હજ્જ કાફલો
	"	નમાઝના કિબ્લહ વિષે મતભેદ
	"	રસૂલુલ્લાહ(સલ.) સાથે મુલાકાત

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	"	આકરી અને જોખમી જવાબદારી
	"	કોલકરારની સોગંદવિધિ
	"	રસૂલુલ્લાહ (સલ.)ના ૧૨ નકીબો
	"	નકીબોના નામો અને વંશાવળી
	"	ઔસ કબીલાના ત્રણ નકીબો
	"	અન્સારનો દ્રઢ સંકલ્પ
	"	બૈઅતની પહેલ કરવાનું માન
	"	પહાડ પરથી શયતાનનો હાકોટો.
૬૯		**પ્રકરણ ૬૮**
	૫૭૪	**કુરૈશનો વેરનો ભભૂકેલો જ્વાળામુખી**
	"	કુરૈશના અગ્રેસરો અન્સારની પૂઠે
	"	હઝરત સઅદ બિન ઉબાદહની ધરપકડ
	"	હઝરત સઅદ બિન ઉબાદહનો છુટકારો
	"	દુશ્મન શાઈરનો બળાપો
	"	હઝરત હસ્સાનનો જવાબ
	"	અમ્ર બિન જમૂહનો ભગવાન
	"	હઝરત અમ્ર બિન જમૂહનો કસીદો
૭૦		**પ્રકરણ ૬૯**
	૫૮૦	**બૈઅતની શરતો અને હાજર ગૃહસ્થો**
	"	અકબહની બીજી બૈઅતની શરતો
	"	શરતોનું પાલન અને જન્નતના કોલકરાર
	"	અકબહની બીજી બૈઅતના હાજર ગૃહસ્થો
	"	ઔસ બિન હારિસહ અને બનૂ અબ્દુલ-અશહલ
	"	બનૂ હારિસહ બિન હારિસ
	"	બનૂ અમ્ર બિન ઔફ
	"	ખઝરજ બિન હારિસહ
	"	બનૂ અમ્ર બિન મબઝૂલ
	"	બનૂ અમ્ર બિન માલિક
	"	બનૂ માઝિન બિન નજ્જાર
	"	બલ-હારિસ બિન ખઝરજ
	"	બનૂ બયાદહ બિન આમિર
	"	બનૂ આમિર બિન ઝુરૈક
	"	બનૂ સલિમહ બિન સઅદ
	"	બનૂ સવાદ બિન ગનમ
	"	બનૂ ગનમ બિન સવાદ
	"	બનૂ નાબી બિન અમ્ર
	"	બનૂ હરામ બિન કઅબ
	"	બનૂ ઔફ બિન ખઝરજ
	"	બનૂ સલીમ બિન ગનમ
	"	બનૂ સાઈદહ બિન કઅબ
	"	બહાદુર ખાતૂન ઉમ્મે-ઉમારહ.
૭૧		**પ્રકરણ ૭૦**
	૫૮૮	**યુદ્ધની પરવાનગી અને હિજરતનો આરંભ**
	"	ઈસ્લામના દુશ્મનો સાથે લડાઈની પરવાનગી

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	કુર્આનમાં મળેલી યુધ્ધની પરવાનગી
	,,	મદીનહની હિજરતનો હુકમ
	,,	મદીનહના સૌથી પહેલા મુહાજિર
	,,	બીબી ઉમ્મે-સલમહની આપવીતી
	,,	વિયોગના દુઃખની દર્દનાક કહાણી
	,,	અલ્લાહ તરફથી મળેલી ગૈબી મદદ
	,,	મક્કહ છોડનારા બીજા મુહાજિરો
	,,	ખાલી પડેલા ઉજ્જડ ઘરો
	,,	મુહાજિરીન અને મુહાજિરાત
	,,	અંધ કવિ અબૂ અહમદનું કાવ્ય
૭૨		**પ્રકરણ ૭૧**
	૫૯૬	**મક્કહના મુહાજિરો મદીનહમાં**
	,,	હઝરત ઉમર ફારૂકની હિજરત
	,,	પ્રપંચી ભાઇઓએ ગોઠવેલું છટકું
	,,	હઝરત ઐયાશની ગિરિફતારી
	,,	અલ્લાહની ઊતરેલી રહમત
	,,	કાફિરોની કેદમાંથી છુટકારો
	,,	છુટકારાની બીજી રિવાયત
	,,	મદીનહમાં મુહાજિરોના ઉતારા
	,,	હઝરત સુહૈબની લાજવાબ કુરબાની
	,,	હઝરત હમઝહ અને બીજા મુહાજિરો.
૭૩		**પ્રકરણ ૭૨**
	૬૦૩	**રસૂલુલ્લાહ (સલ.)ની હિજરતે-મદીનહ**
	,,	અલ્લાહની પરવાનગીનો ઇન્તેઝાર
	,,	કતલ કરવાનું કાવતરૂં
	,,	સભામાં નજદી મહાત્માની પધરામણી
	,,	કારોબારી સમિતિના નેતાઓ
	,,	અંધારી કોટડીમાં પૂરી દેવાની સલાહ
	,,	દેશનિકાલ કરી નાખવાની સલાહ
	,,	અબૂ જહલના શયતાની ભેજાંની સલાહ
	,,	હઝરત અલીને મળેલો હુકમ
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની રવાનગી
	,,	ભેદી વ્યકિતએ આપેલી સૂચના
	,,	કેદ, કતલ કે દેશવટા અંગેની આયતો
	,,	હિજરત માટે હઝરત અબૂબક્રની તૈયારી.
૭૪		**પ્રકરણ ૭૩**
	૬૧૦	**મદીનહની હિજરતનો પ્રવાસ**
	,,	હિજરતે-મદીનહની રિવાયત
	,,	અગાઉથી કરેલી સફરની તૈયારી
	,,	સૌરની ગુફામાં પહેલો પડાવ
	,,	ગુફામાં ખાવાપીવાની વ્યવસ્થા
	,,	ઊંટણીની ચૂકવેલી કિંમત
	,,	મદીનહની મુસાફરીનો આરંભ

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	અબૂ જહલનો સપાટો
	,,	રવાનગી પછીના ગૈબી સમાચાર
	,,	હઝરત અબૂબક્રના બાપાજીનો બળાપો
	,,	સુરાકહનો ઘોડો કાફલાની પૂઠે
	,,	સુરાકહને મળેલું લેખિત વચન
	,,	મદીનહની મુસાફરીની મંઝિલો
	,,	કુબામાં પધરામણી
	,,	હઝરત કુલસૂમનું જાગેલું નસીબ
	,,	હઝરત અલીએ જોયેલો ભેદી બનાવ.
૭૫		**પ્રકરણ ૭૪**
	૬૩૦	**મદીનહમાં પધરામણી અને મસ્જિદની તઅમીર**
	,,	ઇસ્લામમાં જુમઅહનો પહેલો ખુત્બો
	,,	સહાબાની ફિદાકારી અને ભવ્ય સત્કાર
	,,	હઝરત અબૂ ઐયૂબની ખુશનસીબી
	,,	મસ્જિદુન - નબીની તઅમીર
	,,	હઝરત અમ્માર વિષે પેશીનગોઇ
	,,	મેઝબાનીમાં અબૂ ઐયુબની વ્યવસ્થા
	,,	જમણમાં ડુંગરી અને લસણ
	,,	બાકીના મુહાજિરોની મક્કહથી હિજરત
	,,	ફતેહ મક્કહ અને મુહાજિરોની
	,,	માલ-મિલ્કત.
૭૬		**પ્રકરણ ૭૫**
	૬૪૦	**રસૂલુલ્લાહ (સલ.)ના જુમઅહના ખુત્બહ**
	,,	અન્સારના ઘરેઘરમાં ઇસ્લામ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો પહલો ખુત્બો
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો બીજો ખુત્બો.
૭૭		**પ્રકરણ ૭૬**
	૬૪૨	**મુહાજિરીન, અન્સાર અને યહૂદીઓ વચ્ચે ઐતિહાસિક કરારનામું**
	,,	કરારનામાનું દસ્તાવેજી લખાણ
૭૮		**પ્રકરણ ૭૭**
	૬૪૯	**ઇસ્લામી ભાઇચારો અને અઝાનનો આરંભ**
	,,	મુઆખાત અથવા મુવાખાત
	,,	એટલે ઇસ્લામી ભાઇચારો
	,,	હઝરત ... સાથે ભાઇબંધી
	,,	ભાઇચારાની તફસીલ
	,,	મુઆખાત અને વઝાઇફ
	,,	હઝરત અસઅદની વફાત

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	નવા નકીબની નિમણૂંક માટે દરખાસ્ત
	,,	નમાઝ માટે અઝાનનો આરંભ
	,,	હઝરત અબ્દુલ્લાહનો ખ્વાબ
	,,	હઝરત ઉમર ફારૂકનો ખ્વાબ
	,,	અઝાનને લગતી બીજી રિવાયત
	,,	અઝાન પોકારવાની જગા.
૭૯		**પ્રકરણ ૭૮**
	૬૫૭	**અબૂ કૈસનો ઈસ્લામ સ્વીકાર**
	,,	રબ્બે-ઇબ્રાહીમની ઇબાદત
	,,	હઝરત અબૂ કૈસનો કસીદો
	,,	હઝરત અબૂ કૈસના બીજા શેઅરો
	,,	ઈસ્લામ અને નબી (સલ.)ની બરકતો.
૮૦		**પ્રકરણ ૭૯**
	૬૬૧	**ઈસ્લામ અને મદીનહના યહૂદ**
	,,	યહૂદીઓની દુશ્મનીના કારણો
	,,	બનૂ નદીરના યહૂદી દુશ્મનો
	,,	બનૂ સઅલબાના યહૂદી દુશ્મનો
	,,	બનૂ કૈનુકાઅના યહૂદી દુશ્મનો
	,,	બનૂ કુરૈઝહના યહૂદી દુશ્મનો
	,,	બીજા કબીલાઓના દુશ્મનો
	,,	અબ્દુલ્લાહ બિન સલામનો ઈસ્લામ સ્વીકાર
	,,	યહૂદી આલિમ મુખૈરિકનો ઈસ્લામ સ્વીકાર
	,,	હઝરત બીબી સફીય્યહની ગવાહી.
૮૧		**પ્રકરણ ૮૦**
	૬૬૮	**યહૂદ સાથે મેલજોલ રાખનારા મુનાફિકો**
	,,	મદીનહના અરબ મુનાફિકોના નામો
	,,	મુનાફિક વિરૂધ્ધ કુર્આનની સાક્ષી
	,,	સુવૈદ બિન સામિતની હત્યાનું વેર
	,,	મુનાફિકોનો મોટો શયતાન
	,,	મસ્જિદે-દિરારનો બાની
	,,	મુજમ-બિઅની નિમણૂંક ઇમામ તરીકે
	,,	અલ્લાહ અને રસૂલની મશ્કરી
	,,	આંખનો આંધળો, દિલનો પણ આંધળો
	,,	મુનાફિક કોસાનો મુસ્લિમ બેટો
	,,	બખ્તરોનો ચોર અબૂ તુઅમહ
	,,	કુ-માનની કૌમવાદી મનોદશા
	,,	અબૂ અબ્દુલ-અશહલનો મુનાફિક
	,,	તાગૂતને લવાદ બનાવનારા મુનાફિકો
	,,	બનૂ નજ્જાર અને બનૂ સલિમહના મુનાફિકો

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	મુનાફિકોનો સરદાર
	,,	યહૂદીઓને મુનાફિકોની ભંભેરણી.
૮૨		**પ્રકરણ ૮૧**
	૬૭૮	**યહૂદીઓના મુનાફિક ધર્મગુરૂઓ**
	,,	ખોવાયેલી ઊંટણી વિષે ઝેરીલો કટાક્ષ
	,,	મુનાફિકનું મરણ અને વંટોળિયાનું તોફાન
	,,	મસ્જિદમાંથી મુનાફિકોની હકાલપટ્ટી
	,,	પલીદ અને નાપાક મુનાફિક
	,,	મુનાફિકો વિષે એક સો જેટલી આયતો
૮૩		**પ્રકરણ ૮૨**
	૬૮૧	**રસૂલુલ્લાહ (સલ.)ને યહૂદી પાદરીઓના સવાલો**
	,,	યહૂદી પાદરીઓના ચાર સવાલો
	,,	પહેલો સવાલ : નર કેમ નારી કેમ ?
	,,	બીજો સવાલઃ આખેરી નબીની નિશાની
	,,	ત્રીજો સવાલ : યઅકૂબ પયગમ્બરના સોગંદ
	,,	ચોથો સવાલઃ રૂહ એટલે જિબ્રીલ વિષે
	,,	પયગમ્બર પર જાદૂગરનો આક્ષેપ.
૮૪		**પ્રકરણ ૮૩**
	૬૮૫	**યહૂદ અને નસારાના આપસના ઝગડા**
	,,	ખૈબરના યહૂદીઓના નામેમુબારક કાગળ
	,,	ઈસ્લામના કટ્ટર દુશ્મનો
	,,	યહૂદના ધર્મગુરૂઓની ગુલાંટ
	,,	ઈમાનને બદલે કુફ્રની કમાણી
	,,	યહૂદી કૌમમાંથી કટ્ટર દુશ્મનો
	,,	યહૂદ અને નસારાનો ઝગડો
	,,	અલ્લાહની શાનમાં યહૂદીની ગુસ્તાખી
	,,	યહૂદી અને ખ્રિસ્તી બની જવાનું આમંત્રણ
૮૫		**પ્રકરણ ૮૪**
	૬૯૨	**કિબ્લહની ફેરબદલી અને યહૂદનું કમીનાપણું**
	,,	યહૂદની હલકટ મનોદશા
	,,	કિબ્લહની ફેરબદલીની તમન્ના
	,,	યહૂદ તરફથી દઅવતે-હકનો જવાબ
	,,	યહૂદની ગુસ્તાખી અને તુમાખી
	,,	હઝરત ઇબ્રાહીમ ન યહૂદી ન ખ્રિસ્તી
	,,	તલબીસુલ-હક્ક બિલ-બાતિલ.
૮૬		**પ્રકરણ ૮૫**
	૬૯૭	**યહૂદીઓની ફિત્નાખોરી અને**

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
		ફાટફૂટના કાવાદાવા
	,,	યહૂદ અને નસારાના શયતાની વસવસા
	,,	અન્સારમાં ફાટફૂટ નાખવાની કોશિશ
	,,	ઔસ અને ખઝરજનું રમખાણ
	,,	મુસલમાનો પર યહૂદના આક્ષેપો
	,,	યહૂદીઓ સાથે રાઝદારીની મનાઇ
	,,	ફિન્હાસની ગુસ્તાખી અલ્લાહની શાનમાં
	,,	ફિન્હાસની ગુસ્તાખીનો જવાબ
	,,	ફિન્હાસની ફરિયાદ દરબારે-રસૂલમાં
	,,	કુર્આનની ગવાહી.
૮૭		**પ્રકરણ ૮૬**
	૭૦૪	**ઈસ્લામ અને સચ્ચાઈના દુશ્મનો**
	,,	મુસલમાનોને કંજૂસાઇની પ્રેરણા
	,,	બદઝબાની અને કાફિરી
	,,	પાદરીઓને ઇસ્લામનું આમંત્રણ
	,,	પાદરીઓને મુખે મૂર્તિપૂજાના વખાણ
	,,	કુર્આનનો ઇન્કાર કરનાર યહૂદ
	,,	પથ્થર ફીંકવાનું કાવતરૂં
	,,	અલ્લાહના લાડીલા હોવાનો પોકળ દાવો
	,,	યહૂદીઓના પાખંડની પોલ
	,,	ઝિનાખોરીનો મુકદ્દમો
	,,	સંગસારની સજાનો અમલ
	,,	સંગસારને લગતી યહૂદી રિવાયત
	,,	લોહી દંડની ચુકવણીમાં ભેદભાવ
૮૮		**પ્રકરણ ૮૭**
	૭૧૫	**યહૂદની વધુ શરારતો અને ફિત્નાખોરીઓ**
	,,	રસૂલુલ્લાહ (સલ.)ને છેતરવાની કોશિશ
	,,	હઝરત મસીહની પયગમ્બરીનો ઇન્કાર
	,,	અમે જ ખરા, તમે ખોટા છો
	,,	અલ્લાહ વગર બીજા ભગવાન
	,,	યહૂદ સાથે દોસ્તીની મનાઇ
	,,	કિયામત અંગે સવાલ
	,,	મુસલમાન નહિ બનવાના બહાના
	,,	કુર્આન તવરાત જેવી કિતાબ નથી
	,,	કુર્આન જેવી કિતાબ રચવાનો દાવો
	,,	ઝુલ-કરનૈન વિષે સવાલ
	,,	અલ્લાહ તઆલાને કોણે પૈદા કર્યા ?
	,,	મુસલમાનોને શિખામણ
૮૯		**પ્રકરણ ૮૮**
	૭૨૨	**નજરાનના ખ્રિસ્તીઓનું મંડળ**
	,,	પ્રતિનિધિ મંડળના મોવડીઓ
	,,	દુનિયાવી માયાની ઝંઝીર

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	પ્રાચીન ગ્રંથમાં આખેરી નબીની બશારત
	,,	નસારાનું મંડળ દરબારે-રસૂલમાં
	,,	મઝહબી અકીદાઓનો મતભેદ
	,,	હઝરત ઇસાના પિતા વિષે સવાલ
	,,	કુર્આન, તવરાત, ઇન્જીલ, ફુર્કાન
	,,	હઝરત ઇસા મસીહની પૈદાઇશનું બયાન
	,,	ઇસા બિન મરયમના મુઅજિઝહ
	,,	ઇસા અને આદમનો દાખલો
	,,	ખ્રિસ્તીઓને મુબા-હલહનો પડકાર
	,,	નજરાનના પાદરીઓની સુલેહ
	,,	હઝરત અબૂ ઉબૈદહ નજરાનમાં
૯૦		**પ્રકરણ ૮૯**
	૭૪૩	**મદીનહના મુનાફિકો અને મદીનહની આબોહવા**
	,,	મદીનહના મુનાફિકોનો સરદાર
	,,	મદીનહનો કટ્ટર કાફિર
	,,	મદીનહની બાદશાહીનો તાજ
	,,	કુફ્ર પર અબૂ આમિરની દ્રઢતા
	,,	અબૂ આમિરની હાજરી અને વાતચીત
	,,	અબૂ આમિરનો અંજામ
	,,	અબ્દુલ્લાહ બિન ઉબયની નાલાયકી
	,,	હક વાત કહી દેવાનો જુસ્સો
	,,	હઝરત સઅદે આપેલો દિલાસો
	,,	મદીનહની આબોહવા અને મરકીનો તાવ
	,,	હઝરત અબૂબક્રની હાલત
	,,	હઝરત આમિરની હાલત
	,,	હઝરત બિલાલની હાલત
	,,	મદીનહથી મરકીની હકાલપટ્ટી
	,,	બેસીને નમાઝ પઢવાનો મામલો
	,,	જિહાદની તૈયારી.
૯૧		**પ્રકરણ ૯૦**
	૭૫૧	**ગઝવાતની શરૂઆત**
	,,	હિજરતની તારીખ
	,,	ગઝવએ-વુદ્દાન યા ગઝવએ-અબવાઅ
	,,	સરીય્યએ-ઉબૈદહ બિન હારિસ
	,,	હઝરત સઅદ વક્કાસના શેઅરો
	,,	સરીય્યએ-હમ્ઝહ
	,,	સૌથી પહેલો લશ્કરી ઝંડો
૯૨		**પ્રકરણ ૯૧**
	૬૫૮	**જંગે-બદ્રની પ્રસ્તાવના**
	,,	ગઝવએ-બુવાત
	,,	ગઝવએ-ઉશૈરહ
	,,	હઝરત અલીનો લકબ: અબૂ તુરાબ

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	અબૂ તુરાબ લકબની બીજી રિવાયત
	,,	સરિય્યએ-હઝરત સઅદ વક્કાસ
	,,	ગઝવએ-બદ્રે-ઊલા
	,,	સરિય્યએ-હઝરત અબ્દુલ્લાહ બિન જહશ
	,,	મુજાહિદોને નખ્લહ જવાનો હુકમ
	,,	કુરૈશી કાફલા સાથે ઝપાઝપી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની નારાજી
	,,	કુરૈશ અને યહૂદીઓના ઠપકા
	,,	અલ્લાહની રહમતના ઉમેદવાર
	,,	ગનીમતના માલની વહેંચણી
	,,	હઝરત અબ્દુલ્લાહના શેઅરો
	,,	કિબ્લહની ફેરબદલીનો હુકમ
૯૩		**પ્રકરણ ૯૨**
	૭૬૮	**આતિકહનો ખ્વાબ અને કુરૈશનો કાફલો**
	,,	કુરૈશનો વેપારી કાફલો
	,,	બીબી આતિકહનો ખ્વાબ
	,,	મક્કહમાં જાગેલી ચકચાર
	,,	દમદમ ગિફારીનું મક્કહમાં આગમન
	,,	કુરૈશની તડામાર તૈયારી
	,,	બનૂબક્ર અને કુરૈશની લડાઇનો ફણગો
	,,	સુરાકહના રૂપમાં શયતાનનું આગમન
	,,	મદીનહથી રસૂલુલ્લાહ (સલ.)ની રવાનગી
	,,	બદ્ર સુધીના પ્રવાસની મંઝિલો
	,,	જંગ વિશે સહાબા સાથે મંત્રણા
	,,	હઝરત સઅદનું જોશીલું પ્રવચન
	,,	ઇસ્લામી લશ્કર બદ્રના મેદાન તરફ
	,,	વૃદ્ધ શેખ સાથે વાતચીત
	,,	કુરૈશી લશ્કરની સંખ્યા કેટલી?
	,,	મક્કહના જિગરના ટુકડા
	,,	અબૂ સુફયાનનો વેપારી કાફલો
	,,	કુરૈશના અંજામનો બીજો ખ્વાબ
	,,	અબૂ જહલની હેંકડાઇ
	,,	સમજુ લોકોની મક્કહ વાપસી.
૯૪		**પ્રકરણ ૯૩**
	૭૮૬	**ગઝવએ-બદ્ર**
		ઇસ્લામ અને કુફ્રની પહેલી ટક્કર
	,,	કુરૈશી લશ્કરનો પડાવ
	,,	અલ્લાહની રહમતનો વરસાદ
	,,	રસૂલુલ્લાહ (સલ.) માટે છાપરું
	,,	કુરૈશી લશ્કર રણભુમિ તરફ
	,,	કુરૈશની તુમાખી
	,,	રસૂલે-રહમતની શાને-રહમત
	,,	કુરૈશને પાછા વળવાની એક સલાહ
	,,	લડાઇને ટાળવાની બીજી કોશિશ
	,,	ઉત્બહની હાકલ :મક્કહ પાછા વળો !
	,,	અબૂ જહલની ફિત્નાખોરી
	,,	આમિર અલ-હઝ્રમીની બૂમરાણ
	,,	અબૂ જહલની જહાલતનો જવાબ
	,,	અસ્વદ મખ્ઝૂમીની પ્રતિજ્ઞા
	,,	હાથોહાથના યુદ્ધનો પડકાર
	,,	બે લશ્કરો સામસામે
	,,	ઇસ્લામી કતારોની દુરસ્તી
	,,	આશિકે-રસૂલની અજીબ હરકત
	,,	બારગાહે ઇલાહીમાં ગદ્ગદ દુઆઓ
	,,	જંગે-બદ્રના સૌથી પહેલા શહીદો
	,,	જિહાદનું પ્રેરક પ્રવચન
	,,	જિહાદનો જોશ, સહાબાની ફિદાકારી
	,,	અબૂ જહલનો શ્રાપ
	,,	દુશ્મન તરફ મુઠ્ઠીભર કાંકરી
	,,	હઝરત સઅદનો અણગમો
	,,	લાચારીએ લડવા આવેલા લોકો
	,,	હઝરત અબૂ હુઝૈફહની પશેમાની
	,,	અબુલ-બુખ્તરીની કમબખ્તી
	,,	હઝરત મુજઝ્ઝિરનું રણગીત.
૯૫		**પ્રકરણ ૯૪**
	૮૦૩	**ગઝવએ-બદ્રમાં અલ્લાહની ગૈબી મદદ**
	,,	ઉમૈયહ બિન ખલફનો અંજામ
	,,	આજે એ નહિ કે હું નહિ !
	,,	જંગે-બદ્રમાં ફરિશ્તાઓની હાજરી
	,,	અબૂ જહલનું રણગીત
	,,	લશ્કરનો સંકેત શબ્દ
	,,	અબૂ જહલનો અંજામ
	,,	હઝરત મુઆઝ બિન અમ્રની જવાંમર્દી
	,,	અબૂ જહલની છેલ્લી પળો
	,,	અબૂ જહલની આપવડાઇ
	,,	અબૂ જહલનું માથું
	,,	આસ બિન હિશામની કતલ
	,,	લાકડાની તલવાર ખરેખરી તલવાર
	,,	હઝરત ઉક્કાશહને જન્નતની બશારત
	,,	લડાઇમાં બાપ-બેટાનો સામનો
	,,	મુશરિકોના મુરદાંઓને સંબોધન
	,,	હઝરત હસ્સાનના શેઅરો
	,,	મુસ્લિમ બેટાના ઇમાનની શાન
	,,	કુરૈશ પક્ષે માર્યા ગયેલા મુસ્લિમ જવાનો.
૯૬		**પ્રકરણ ૯૫**
	૮૧૫	**ગનીમતનો માલ અને બદ્રના કેદીઓ**

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	ગનીમતના માલ અંગે મતભેદ
	,,	દુશ્મનની મર્ઝુબાન તલવાર
	,,	મદીનહમાં વિજયની ખુશખબરી
	,,	બદ્રથી મદીનહ તરફ પધરામણી
	,,	ફતેહની મુબારકબાદી
	,,	નઝ્ર અને ઉકબાના માથાં કપાયાં
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના હજ્જામની હાજરી
	,,	મુશરિકોના કેદીઓ મદીનહમાં
	,,	કેદીઓ સાથે ભલાઇથી વર્તવાની તાકીદ
	,,	શિકસ્તના સમાચાર મક્કહમાં
	,,	અબ્બાસના ગુલામની કથા
	,,	અબૂ લહબનો અંજામ
	,,	મક્કહના ઘરઘરમાં માતમ
	,,	અસ્વદ બિન મુત્તલિબનું વિલાપગીત
	,,	તવંગર બેટો બાપને છોડાવે છે
	,,	મક્કહનો જાણીતો શાઇર સુહૈલ બિન અમ્ર
	,,	ઇસ્લામમાં મુસ્લહની મનાઇ
	,,	ચમડી સાથે દમડી નહિ જાય
	,,	અબૂ સુફયાનના બેટાનો છુટકારો
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના દામાદનો મામલો
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના બીજા દામાદ
	,,	અબુલ-આસને કુરૈશની પેશકશ
	,,	ઉત્બહને કુરૈશની પેશકશ
	,,	બીબી ઝૈનબનો યાદગાર હાર.
૯૭		**પ્રકરણ ૯૬**
	૮૩૨	**અબુલ-આસનો ઇસ્લામ-સ્વીકાર**
	,,	બીબી ઝૈનબનો મદીનહ પ્રવાસ
	,,	રવાનગી અને રૂકાવટ
	,,	કુરૈશની પાયમાલીનો ચિતાર
	,,	હઝરત બૈ-સમહના શેઅરો
	,,	હબ્બારને આગમાં ફૂંકી નાખવાનું ફરમાન
	,,	અબુલ-આસનો વેપારી માલ
	,,	બીબી ઝૈનબ તરફથી રક્ષણની જાહેરાત
	,,	અબુલ-આસના માલની વાપસી
	,,	અબુલ-આસનાં ઇસ્લામની જાહેરાત
	,,	વિના દંડે છોડી મૂકાયેલા કેદીઓ
	,,	અબૂ અઝ્ઝાની શાઇરી
	,,	ઉમૈર બિન વહબનો ખૂની ઇરાદો
	,,	ઉમૈર મદીનહ તરફ
	,,	ખાનગી મંત્રણાનો ભેદ

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	ઉમૈર મુસલમાન બને છે
	,,	કુરૈશ સાથે ઇબલીસની દગાબાજી
	,,	હઝરત હસ્સાનનો કસીદો
	,,	હજ્જ પ્રસંગે જમણ પીરસનારા અગ્રેસરો
	,,	બદ્રમાં મુસલમાનોના ઘોડા.
૯૮		**પ્રકરણ ૯૭**
	૮૪૮	**જંગે-બદ્રનું બયાન કુર્આનમાં**
	,,	સૂરએ-અન્ફાલની આયતો
	,,	સૂરએ-અન્ફાલની શરૂઆત
	,,	મદીનહથી રવાનગીનું કારણ
	,,	કુરૈશ સાથે ટકરાવી દેવાનું કારણ
	,,	અલ્લાહની મદદનો વાયદો
	,,	અલ્લાહની ગૈબી મદદ
		ફરિશ્તાઓના રૂપમાં
	,,	અલ્લાહની ગૈબી મદદ ઊંઘના રૂપમાં
	,,	અલ્લાહની ગૈબી મદદ વરસાદના રૂપમાં
	,,	લડાઇથી નાસવું જહન્નમમાં પડવું
	,,	કઅબહમાં ઇન્સાફની દુઆ
	,,	શત્રુના સૈન્ય પર ફેંકેલી કાંકરી
	,,	મુસલમાનોની બેહતરીન પરીક્ષા
	,,	અબૂ જહલના કથનનો જવાબ
	,,	અલ્લાહ અને રસૂલની ઇતાઅત.
૯૯		**પ્રકરણ ૯૮**
	૮૫૫	અલ્લાહની ગૈબી મદદના બીજા બનાવો
	,,	દુશ્મનો સાથે જંગનો મૂળ હેતુ
	,,	ગનીમતના માલની વહેંચણી
	,,	બદ્રની લડાઇનો નકશો
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ
	,,	મેદાને-જંગમાં મક્કમ રહેવાનો હુકમ
	,,	અભિમાન અને આડંબરની મનાઇ
	,,	યુદ્ધ માટે તૈયારીનો હુકમ
	,,	મુસલમાનોની બહાદુરીની શાન
	,,	બહાદુરીનો ઓછામાં ઓછો દરજ્જો
	,,	અલ્લાહના પાંચ વિશેષ ઇનામો
	,,	દુનિયા નહિ, આખેરત.

Maktabe Ashraf

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અલ્લાહના નૂરાની નામથી

સીરતુન-નબીના મૂળ અરબી લેખક અલ્લામા ઈબ્ને ઈસ્હાકનો મુખ્તસર પરિચય

• ——————અહમદ મુહંમદ હથુરાણી

અલ્લાહ તઆલાના આખેરી નબી, પયગમ્બરોના સરતાજ, આકાએ-નામદાર, ફખ્રે-મવજૂદાત, રહમતે-દો આલમ, સરકારે-મદીનહ, અહમદે-મુજતબા, મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત શરીફ પછી આપના નૂરાની જીવન-ચરિત્રને લગતાં જેટલાં પુસ્તકો પ્રગટ થયાં તેમાં બે સીરત-ગ્રંથોને અનુપમ સિધ્ધિ કે લા-જવાબ શુહરત મળવા પામી. અરબી ભાષામાં આજ સુધી પ્રગટ થયેલા સીરત-સાહિત્યમાં એ બંને સીરત-ગ્રંથોનો દરજ્જો સૌથી ઊંચો ગણાય છે. એમાંનો પહેલો સીરત-ગ્રંથ અલ્લામા ઈબ્ને ઈસ્હાક મુત્તલબી નામના વિદ્વાન આલિમે રચેલો છે જ્યારે બીજા સીરત-ગ્રંથના વિદ્વાન લેખક તરીકે અલ્લામા ઈબ્ને હિશામનું નામ ઈસ્લામી ઈતિહાસના પાને નોંધાયેલું છે.

અલ્લામા ઈબ્ને ઈસ્હાકે રચેલો મૂળ સીરત-ગ્રંથ હકીકતમાં આજે નાયાબ કે અપ્રાપ્ય છે. એ ગ્રંથની કોઈ પ્રત કે નકલ આજે જોવા મળતી નથી. કોઈ સંશોધકને સહેલાઈથી મળી શકે એમ પણ નથી. અલબત્ત એજ નૂરાની સીરત-ગ્રંથની યાદગાર તરીકે અલ્લામા ઈબ્ને હિશામે સંપાદન કરેલો "સીરતે ઈબ્ને હિશામ" નામે સીરત ગ્રંથ આજે કાયમ રહી ગયો છે. જે અત્યારે આપના હાથમાં છે. અલ્લામા ઈબ્ને હિશામે કાટછાંટની ખાસ કળાથી કામ લઈને સુધારા-વધારા સાથે ઈબ્ને ઈસ્હાકના સીરત-ગ્રંથનું નવેસરથી સંપાદન કર્યું અને તે પણ એવી ખૂબીથી કે મૂળ સીરત-ગ્રંથની કોઈ રિવાયત, કોઈ હદીસ, કોઈ પ્રસંગ કે બનાવ છૂટી જવા પામ્યો નહિ.

ઈબ્ને ઈસ્હાકના આ નૂરાની અને અભૂતપૂર્વ સીરત-ગ્રંથે પોતાના યુગમાં એટલી લોકપ્રિયતા મેળવી લીધી હતી કે તે સમયના સીરત-પ્રેમી શાઈરોએ એને કાવ્યકળામાં ગૂંથી લઈને શાઈરીના ગુલદસ્તા તરીકે [illegible] કરાવ્યો હતો. એને કાવ્યશૈલીમાં ગૂંથનારા ચાર શાઈરોના નામોનો ઈતિહાસમાં ઉલ્લેખ થયેલો છે. એઓ પૈકી છેલ્લા શાઈરનું નામ ફત્હુદ-દીન મુહંમદ બિન ઈબ્રાહીમ છે જેઓ "ઈબ્નુશ-શહીદ"ના ઉપનામે પંકાયેલા હતા. એમણે શાઈરીની કળામાં રૂપાંતર કરેલા સીરત-ગ્રંથનું નામ "ફત્હુલ-ગરીબ ફી સીરતિલ-હબીબ" હતું.

કહેવાય છે કે સીરતે-નબવીના આ કાવ્ય-ગુલદસ્તામાં દસ હજાર કાવ્ય-પંક્તિઓના સદાબહાર ફૂલોની ગૂંથણી કરી હતી. [૧]

અલ્લામા ઇબ્ને ઇસ્હાકે વરસોની લાગલગાટ મેહનતથી લખેલા સીરત-ગ્રંથનું મુબારક નામ "કિતાબુલ-મગાઝી વસ-સિયર" હતું. અરબી સાહિત્યમાં સીરતે-નબવીના નૂરાની વિષય પર એ સૌથી પહેલો, અનોખો, અલબેલો અને પાયાનો ગ્રંથ હોવાથી આખા ઇસ્લામી આલમમાં એની ધૂમ મચી ગઇ. આથી પહેલાં કોઇ મુસ્લિમ સાહિત્યકારે આ પ્રકારનો ગ્રંથ લખીને પુસ્તક રૂપે પ્રગટ કરાવ્યો ન હતો. જેથી સામાન્ય મુસલમાનો ઉપરાંત ઇલ્મી વર્તુળમાં પણ એની ધૂમ મચી ગઇ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત શરીફ પછી આપના નૂરાની જીવન-ચરિત્રના નૂરાની વિષય પર, લેખિત સ્વરૂપે અને કિતાબી પોશાકે, ઇબ્ને ઇસ્હાકનું આ પુસ્તક દુનિયાનું સૌથી પહેલું પુસ્તક હતું જે સુંદર અક્ષરોએ લખનારા કાતિબોની કળામય કલમથી પ્રકાશન પામીને મુસલમાનોના ઘરોમાં પહોંચી ગયું અને તારણે ખાસો-આમમાં સરખી રીતે લોક-સરાહના મેળવી લીધી. એટલું જ નહિ, તે સમયના ઇસ્લામી ઉલૂમના વિદ્વાનોએ એના લેખક ઇબ્ને ઇસ્હાકને "ફન્ને-મગાઝીના ઇમામ" તરીકે સર્વાનુમતે બિરદાવી લીધા. એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના તમામ બનાવો તથા આપના જિહાદી યુધ્ધોની સૌથી વધારે માહિતી ધરાવનારા ઇમામ. એમના પછીના ઇતિહાસકારો અને સીરત-લેખકોએ ઇબ્ને ઇસ્હાકના આ સીરત-ગ્રંથની રોશનીમાં સીરત-લેખનની પ્રવૃત્તિને ગતિભેર આગળ વધારી દીધી.

અલ્લામા ઇબ્ને ઇસ્હાકનો આ નૂરાની સીરત-ગ્રંથ એમના યુગમાં અને એ પછીના વરસોમાં મુદ્દત સુધી પ્રકાશન પામીને મુસલમાનોના ઘરોમાં વંચાતો રહ્યો અને લોકો પોતાનું ઇમાન તાઝું કરતા રહ્યા. એ પછી અલ્લામા ઇબ્ને હિશામ નામના વિદ્વાન લેખકે પોતાની કળામય કલમથી ઇબ્ને ઇસ્હાકના આ સીરત-ગ્રંથનું સંસ્કરણ કે શુધ્ધિકરણ કરીને તેને નવતર આવૃત્તિના રૂપમાં ચમકાવી દીધું. નવી આવૃત્તિના સંપાદનમાં ઇબ્ને હિશામે સુધારા-વધારા સાથે કાટછાંટની ખાસ કળાથી કામ લીધેલું હોવાથી એ વધારે દિલચસ્પ, વધારે આકર્ષક, વધારે લોકપ્રિય બની ગયું. ઇબ્ને હિશામની ભાષાશૈલી અને વાણીપ્રવાહે લોકોના દિલોમાં એવું આકર્ષણ જમાવ્યું કે તેઓ ઇબ્ને ઇસ્હાકના અસલ સીરત-ગ્રંથથી લાપરવા થઇ ગયા. જેના નતીજારૂપે સમયના પ્રવાહની સાથે ઇબ્ને ઇસ્હાકનો મૂળ સીરત-ગ્રંથ નાયાબ કે અલભ્ય થતાં-થતાં છેવટે બિલકુલ અપ્રાપ્ય બની ગયો. હવે કોઇ પ્રાચીન લાયબ્રેરી કે ઐતિહાસિક કુતુબખાનામાં કદાચ જ એની કોઇ પ્રત મળી આવે !

અલ્લામા ઇબ્ને ઇસ્હાકનું પૈદાઇશી અને ખાનદાની નામ મુહંમદ છે. એમના માનવંતા પિતાજીનું નામ ઇસ્હાક બિન યસાર છે. અરબના બનૂ મુત્તલિબના વંશમાંથી હોવાથી મુત્તલબી કહેવાય છે. અલ્લામા ઇબ્ને ઇસ્હાક પોતાના પૈદાઇશી મુહંમદ નામને બદલે "બાપના બેટા"ને નામે એટલે ઇબ્ને ઇસ્હાક તરીકે ઇતિહાસમાં જાણીતા થયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મદીનહ મુનવ્વરહ શહેરમાં જન્મ પામ્યા. હિજરી સન ૮૫ ——ઇસવી સન ૭૦૪ ——— એમની પૈદાઇશનું વરસ ગણાય છે. બીજા શબ્દોમાં કહીએ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત શરીફના બ્યાંસીએક વરસ પછી જન્મ પામ્યા. પોતે "તાબિઇ"હોવાનું અનુપમ માન ધરાવે છે. જેના અર્થ આ થયા કે ઇબ્ને ઇસ્હાકે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના

૧. અલ્લામા શિબ્લી નોઅમાની કૃત સીરતુન-નબી જિલ્દ : પાનું ૨૫ "હ"

માનવંતા સહાબામાંથી અમુક બુઝુર્ગ હસ્તીઓના પોતાની આંખે દીદાર કર્યા. અને એ મહાન બુઝુર્ગોની બા-બરકત સંગતમાં રહીને તેઓના મુખેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનની માહિતીઓ મેળવવા ભાગ્યશાળી થયા.

અલ્લામા ઇબ્ને હિશામનો મુખ્તસર પરિચય

અલ્લામા ઇબ્ને હિશામનું પૂરૂં નામ અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ બિન ઐયૂબ અલ-હિમ્યરી અલ-મઆફિરી છે. એમનો ખાનદાની સિલસિલો મુલ્કે-યમનના મશહૂર હિમ્યર કબીલાની શાખ મઆફિર સાથે હતો. હિમ્યર કબીલામાં ઘણા બાદશાહો થઇ ગયા છે જેથી ઇબ્ને હિશામે હિંમ્યર વંશના બાદશાહોનો ઇતિહાસ લખ્યો જે આજે પણ મવજૂદ છે. હિમ્યર કબીલાની મઆફિર શાખ, મઆફિર બિન યઅફર નામે શખ્સથી શરૂ થઇ હતી. મઆફિર ખાનદાનના લોકો કોઈ કારણે પોતાની જન્મભૂમિનો ત્યાગ કરીને મિસર ચાલ્યા ગયા હતા. બાદમાં ત્યાં જ ઠરીઠામ થઇને મિસરના વતની બની ગયા હતા.

અલ્લામા ઇબ્ને હિશામનું જન્મ-સ્થળ બસરા શહેર છે. કિશોર વયમાં જ પોતાના વડીલો સાથે બસરાથી હિજરત કરીને મિસર ચાલ્યા ગયા જયાં એમના મઆફિર કબીલાના લોકો મુદ્દતથી વસેલા હતા. ખાનદાની શરાફત, ઉચ્ચ સંસ્કાર અને સદાચારી જીવનને ધોરણે આ કબીલો મિસરભરમાં માનઆબરૂનું વિશિષ્ટ સ્થાન ધરાવતો હતો. ઇબ્ને હિશામે પોતાના જીવનમાં અવનવા અનુભવો મેળવવા અનેક મુલ્કો શહેરો અને જોવાં જેવાં સ્થળોની સહેલયાત્રા કરેલી હોવાનું અનુમાન છે પણ ઇતિહાસકારોમાંથી કોઇએ તેની વિગતો દર્શાવેલી નથી.

અલ્લામા ઇબ્ને હિશામની જન્મ તારીખ અંગે પણ તવારીખના પાનાંઓમાં કોઇ રિવાયત કે ઉલ્લેખ મળતો નથી. એમની વફાતની તારીખ અંગે પણ ઇતિહાસકારોમાં મતભેદ પ્રવર્તે છે. કેટલાકના મંતવ્ય મુજબ હિજરી સન ૨૧૩————ઇસ્વી સન ૮૨૮————એમની વફાતનું વરસ છે. અમુકના મત મુજબ હિજરી સન ૨૧૮————ઇસ્વી સન ૮૩૩————માં એમની વફાત થઇ. મુલ્કે-મિસરના "ફુસ્તાત" નામે મશહૂર શહેરના કબ્રસ્તાનમાં દફન થયા. આ શહેર મિસરના નામચીન વિજેતા હઝરત અમ્ર બિન આસ રદિયલ્લાહુ અન્હુએ વસાવ્યું હતું અને આજે તે મિસરના પાટનગર કાહિરહનો એક લત્તો ગણાય છે.

અલ્લામા ઇબ્ને હિશામે મુલ્કે-મિસરને જ પોતાનું વતન બનાવીને તે સમયના પંકાયેલા આલિમો, મુફસ્સિરો, મુહદ્દિસો, ભાષા-નિષ્ણાતો અને વિદ્વાન કેળવણીકારોની સેવામાં રહીને દીની અને દુન્યવી ઉલૂમનું સંપાદન કર્યું. ઇલ્મુલ-અન્સાબ એટલે ખાનદાનોની વંશાવળીના જ્ઞાનમાં તથા ઇલ્મે-તવારીખ એટલે ઇતિહાસના જ્ઞાનમાં ઇબ્ને હિશામે નામના મેળવી હતી. ભાષાવિજ્ઞાન, સાહિત્યકલા, વ્યાકરણશાસ્ત્ર અને કુર્આન તથા હદીસના ઉલૂમમાં ઇમામ હોવાનો દરજ્જો ધરાવતા હતા.

આ બધું છતાં જે વસ્તુએ ઇબ્ને હિશામને જગતભરમાં ખ્યાતનામ કરી દીધા તે એમની લાજવાબ સીરત-કૃતિ એટલે આપણા આકા અને મવલા, અલ્લાહના અંતિમ નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર જીવન-ચરિત્ર અંગે રચેલો એમનો સીરત-ગ્રંથ છે જેનું નામ "સીરતે-ઇબ્ને હિશામ" છે. અને જે અત્યારે આપના હાથમાં છે. સીરતે-નબવીની આ અનુપમ કૃતિએ ઇબ્ને હિશામની કીર્તિને ચાર ચાંદ લગાડી

દીધા.

ઇબ્ને હિશામના એક ઉસ્તાદનું નામ ઝિયાદ બિન અબ્દુલ્લાહ બિન તુફૈલ હતું જેઓ ઇલ્મી વર્તુળમાં ''અલ-બુક્કાઇ''ના નામે ઓળખાયેલા હતા. ઉસ્તાદ અને શાગિર્દ બંને ઇશ્કે-નબીમાં તરબોળ હતા. બંનેને સીરતે-નબવીની માહિતીઓ એકઠી કરવાની ધૂન લાગેલી હતી. એજ ધૂનમાં એક દિવસે બંનેએ પોતાના ઘરબાર વેચી નાખ્યાં. દુનિયાના કામધંધા સંકેલી લીધા અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનની માહિતીઓ એકઠી કરવાના હેતુએ અલ્લાહનું નામ લઈને વતનથી નીકળી પડયા. વરસો સુધી દેશ પરદેશની ખાક છાનતા રહ્યા. આજે આ શહેરમાં તો કાલે પેલા શહેરમાં, જાણકારો અને માહિતગારોને મળીમળીને પ્રમાણભૂત માહિતીઓ મેળવતા રહ્યા. છેવટે પોતાના મહબૂબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનને લગતી ઘણીખરી માહિતીઓ જાણકારો પાસેથી મેળવી લેવામાં સફળ થયા.

એ પછી ઇબ્ને હિશામે ઇબ્ને ઇસ્હાકના સીરત-ગ્રંથને નજર સામે રાખીને બેહદ ઝીણવટથી તેની ચકાસણી કરી અને ભારે કુશળતા તથા સાવચેતીથી પોતે મેળવેલી માહિતીઓની રોશનીમાં તેનું સંસ્કરણ અને શુધ્ધિકરણ કર્યું. આ કામ નવું પુસ્તક લખવાથી પણ વધારે અઘરૂં હતું છતાં ઇબ્ને હિશામ ડગ્યા નહિ અને વરસોની મેહનતથી તેમણે ઇબ્ને ઇસ્હાકના પુસ્તકને સોળે કળાથી શણગારીને નવું રૂપ આપી દીધું. પુસ્તકના શણગારમાં ઝિયાદ બિન અબ્દુલ્લાહ અલ-બુક્કાઇનો પણ મોટો ફાળો હતો જેથી ઇબ્ને હિશામના સીરત-પુસ્તકમાં જેટલા ગૃહસ્થોની રિવાયતો આવેલી છે તેમાં અલ-બુક્કાઇનું નામ વારંવાર આવતું રહે છે. અલ-બુક્કાઇ સાહેબ ઇબ્ને હિશામના ઉસ્તાદ હતા પણ ઇબ્ને ઇસ્હાકના શાગિર્દ હતા. [૧]

અલ્લામા ઇબ્ને હિશામે ઇશ્કે-નબીમાં ગરકાવ થઇને કંઇ એવી તો અકીદતથી ઇબ્ને ઇસ્હાકની સીરત-કૃતિનું સંસ્કરણ કર્યું કે બારગાહે-ઇલાહીથી તેની મકબૂલિયતનો તેમને પરવાનો મળી ગયો. ઇબ્ને ઇસ્હાકની અસલ કિતાબ ઓથામાં ચાલી ગઇ અને તેના નવતર રૂપ સાથે ઇબ્ને હિશામનું નામ જોડાઇ ગયું અને કૃતિની સાથે તેનો કર્તા પણ કાયમ માટે અમર થઇ ગયો. આજે સીરતે-નબવીના વિષય પર કલમ ઉપાડનાર કોઇ લેખક પોતાના પુસ્તકમાં ઇબ્ને હિશામની કિતાબનો હવાલો ટાંકવા માગે તો તે આમ નથી લખતો કે, ઇબ્ને હિશામની સીરતુન-નબી, બલકે ફકત ''ઇબ્ને હિશામ'' લખીને ટૂંકમાં પતાવી દે છે.

ઇબ્ને હિશામના ઉર્દૂ તરજુમા

સીરતે-ઇબ્ને હિશામની મકબૂલિયતનો પુરાવો આ છે કે અરબી ભાષામાં એની સંખ્યાબંધ આવૃત્તિઓ છપાઇને હાથોહાથ નીકળી ચૂકી છે. દુનિયાની જુદી-જુદી ભાષાઓમાં એના ભાષાન્તરો પ્રગટ થઇને, અને ખાસો-આમની મકબૂલિયત મેળવીને ઇલ્મી વર્તુળોની પ્રશંસાની [illegible] મેળવી ચૂકી છે. જર્મન, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાઓમાં એના તરજુમા મવજૂદ છે. ફારસી ભાષામાં પણ એનો તરજુમો કરવામાં આવ્યો છે. જેમકે અલ્લામા શિબ્લી નુઅમાની સાહેબે એના ફારસી તરજુમાની એક [illegible] હસ્તલિખિત પ્રત [illegible] શાહજહાનાબાદની લાયબ્રેરીમાં જોઇ હતી. હઝરત શેખ સઅદી શીરાઝીના યુગમાં ઇરાનના બાદશાહ અબૂબક્ર સઅદ [illegible]ગીના શાહી આદેશથી એનું ફારસી ભાષાન્તર કરવામાં આવ્યું હતું. [૨]

---

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૬૧

૨. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૬૪

ઉર્દૂ ભાષામાં પણ એના અનેક તરજુમા છપાઈને બહાર પડી ચૂકયા છે. અમારી જાણ અને માહિતી મુજબ ઉર્દૂ ભાષામાં આજ સુધી આ અઝીમુશ-શાન સીરત-ગ્રંથના જુદા-જુદા પાંચ તરજુમા છપાઈને બહાર પડી ચૂકયા છે જેની ટૂંક ઓળખ આ છે :

પહેલો તરજુમો————સીરતે-ઈબ્ને હિશામનો પહેલો ઉર્દૂ તરજુમો લાહોરના તે સમયના ''અખબારે-વતન''ના માનવંતા તંત્રી મોલવી ઈન્શાઅલ્લાહ ખાન સાહેબે પોતાના સહતંત્રી મોલવી અબ્દુલ-હલીમ રોદલ્વી સાહેબના સહકારથી અંજામે પહોંચાડયો. એનું ઉર્દૂ નામ ''સીરતુર-રસૂલ'' રાખવામાં આવ્યું. આ કિતાબ ઈસ્વી સન ૧૯૧૪ માં ત્રણ જિલ્દોમાં લાહોરના હમીદિયા પ્રેસમાં છપાઈને બહાર પડી. આજે અપ્રાપ્ય છે. મોટી લાઈબ્રેરીઓમાં એની પ્રતો જોવામાં આવે છે.

બીજો તરજુમો————સીરતે-ઈબ્ને હિશામનો બીજો ઉર્દૂ તરજુમો અલ્લાહના મહાન વલી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા રહમતુલ્લાહિ અલૈહના માનવંતા ભાણેજ સૈયિદ યાસીન અલી હસની નિઝામી દહેલ્વી સાહેબે કર્યો અને તેનું નામ ''સીરતુન-નબી ઈબ્ને હિશામ'' રાખ્યું. પણ કોઈ કારણસર પાંચ વરસ સુધી તેને છપાવી શકયા નહિ. છેવટે ઈ.સ. ૧૯૧૫ માં એના બંને ભાગો એક જિલ્દમાં લાહોરના પ્રકાશક અબ્દુર-રહીમ એન્ડ બ્રધર્સ તાજિરાને-કુતુબ તરફથી લાહોરના રિફાહે-આમ સ્ટીમ પ્રેસમાં છપાઈને બહાર પડયા. આજે આ પુસ્તક પણ નાયાબ છે અને મોટી લાઈબ્રેરીઓ સિવાય કયાં યે જોવામાં નથી આવતું.

(નોટ : સૈયિદ યાસીન અલી નિઝામીનું આ પુસ્તક ઈદારએ-ઈસ્લામિયાત ૧૯૦ અનારકલી લાહોરની પેઢી તરફથી સપ્ટેમ્બર ૧૯૮૯ માં બે પાકી સુંદર જિલ્દોમાં છપાઈને બહાર પડી ચૂકયું છે. બંને જિલ્દોની ભેગી કિંમત ૩૬૦ રૂપિયા છે. ''હ''

ત્રીજો તરજુમો————ચાદરઘાટ કોલેજ હયદરાબાદ-દક્કનના લેકચરર મોલવી કુત્બુદ્દીન અહમદ મહમૂદી સાહેબે આ ગ્રંથનો ''સીરતુન-નબી ઈબ્ને હિશામ'' નામે ઉર્દૂ તરજુમો કરીને હયદરાબાદના ઉસ્માનિયા પ્રેસમાં ઈ.સ. ૧૯૧૪-૧૯૧૫ માં છપાવ્યો હતો. પુસ્તક બે જિલ્દોમાં હતું અને ઉસ્માનિયા યૂનિવર્સિટીના અભ્યાસક્રમમાં દાખલ હતું. એના થોડ.ક પ્રકરણોનો તરજુમો અધૂરો રહી ગયો હતો. આજે આ તરજુમો અપ્રાપ્ય છે.

(નોટ : મોલવી કુત્બુદ્દીન અહમદનો આ તરજુમો હાલમાં જ કરાંચીના મુહંમદ અલી દીવાન સાહેબે બે પાકી સુંદર જિલ્દોમાં, કારખાના ઈસ્લામી કુતુબ, દુકાન નંબર ૨, ગિડવાની બિલ્ડીંગ, ઉર્દૂ બાઝાર કરાંચીથી પ્રગટ કરાવ્યો છે. બંને જિલ્દોની કિંમત ૩૩૦ રૂપિયા છે. ''હ'')

ચોથો તરજુમો————સીરતે-ઈબ્ને હિશામનો ચોથો મુકમ્મલ ઉર્દૂ તરજુમો સરલ શૈલીમાં મવલાના અબ્દુલ-જલીલ સિદ્દીકી સાહેબે કર્યો છે જેને મવલાના ગુલામ રસૂલ ''મિહર''સાહેબની ચકાસણી અને અવલોકન બાદ, બે દળદાર પાકી જિલ્દોમાં, લાહોરની શેખ ગુલામ અલી એન્ડ સન્સની પેઢીએ ઈ.સ. ૧૯૬૨ માં, ચોક અનારકલી લાહોરથી પ્રગટ કરાવ્યો. પહેલી જિલ્દના ૮૭૫ પાનાં છે. બીજી જિલ્દ ૧૯૬૪ માં પ્રગટ થઈ જેના [illegible] પાનાં છે. બંને જિલ્દોની ભેગી કિંમત તે વેળા ફકત ૩૨ રૂપિયા હતી. આજે તેની નવી આવૃત્તિનું મૂલ્ય ૪[illegible] રૂપિયા છે. સીરતે-ઈબ્ને હિશામના એજ ઉર્દૂ તરજુમાનો આ ગુજરાતી તરજુમો આપના હાથમાં છે.

પાંચમો તરજુમો————અલ્લામા ઈબ્ને હિશામના આ નૂરાની સીરત-ગ્રંથનો પાંચમો ઉર્દૂ તરજુમો

પણ પ્રગટ થઇને લોકચાહના મેળવી ચૂક્યો છે. એના ભાષાન્તરકાર મવલાના શેખ મુહંમદ ઇસ્માઇલ પાનીપતી સાહેબ છે. મકબૂલ અકાદમી, શાહ આલમ મારકિટ લાહોરની પેઢીના માલિક મકબૂલ અહમદ સાહેબે એની બીજી આવૃત્તિ ૧૯૬૫ માં લાહોરના અશરફ પ્રેસમાં છપાવીને પ્રગટ કરી છે. કિંમત ૧૫ રૂપિયા છે. અરબીના અસલ નામે એનું નામ પણ સીરતે-ઇબ્ને હિશામ છે. એ મૂળ અરબી કિતાબનો મુકમ્મલ તરજુમો નથી બલ્કે તેની "તલખીસ" છે એટલે કાટછાંટની ખાસ કળાથી શણગારીને રજૂ કરેલો ખુલાસો છે.

ઇબ્ને હિશામનો આ ગુજરાતી તરજુમો

અમારી જાણ અને માહિતી મુજબ કોઇ મુસ્લિમ-ગુજરાતી લેખકે આજ સુધી સીરતે-ઇબ્ને હિશામનો ગુજરાતી ભાષામાં તરજુમો કર્યો નથી. અગર કર્યો હોય તો તેને પુસ્તકરૂપે છપાવીને પ્રગટ કરાવ્યો હોય તેવું પણ અમારી જાણમાં નથી. અમારી માન્યતા કે અનુમાન મુજબ પ્રથમવાર અમે સીરત-સાહિત્યના આ બેનમૂન અને અનમોલ સીરતગ્રંથનો ગુજરાતી તરજુમો કરીને એને પુસ્તકાકારે પ્રગટ કરાવવાનું માન મેળવીએ છીએ. આ સઆદત કે સદ્‌ભાગ્ય મેળવવા બદલ અમે બારગાહે-ઇલાહીમાં નમ્રતાનું મસ્તક નમાવીને તે માલિકના અગણિત ઉપકારોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

ઉર્દૂ ભાષામાં અલ્લામા ઇબ્ને હિશામની સીરતુન-નબીના જે અનેક તરજુમા છપાઇને બહાર પડી ચૂક્યા છે એ બધામાં, અરબી-ઉર્દૂ સાહિત્યના જાણીતા અદીબ મવલાના અબ્દુલ-જલીલ સિદ્દીકી સાહેબે, મવલાના ગુલામ રસૂલ મિહરના સહકારથી જે તરજુમો કર્યો છે એ, મૂળ અરબી ગ્રંથનો સૌથી સુંદર, મુકમ્મલ અને સર્વસ્વીકૃત તરજુમો છે. એજ ઉર્દૂ તરજુમાનો અમે મુકમ્મલ ગુજરાતી તરજુમો કર્યો છે.

આ ગુજરાતી તરજુમાના સંપાદન અને સજાવટમાં જે વાતોનો ખાસ ખિયાલ રાખવામાં આવ્યો છે તેની ટૂંક વિગત આ છે :

૧————આ ગુજરાતી તરજુમો મવલાના અબ્દુલ-જલીલવાળા ઉર્દૂ તરજુમાની ઉર્દૂ ઇબારતનો લફઝી કે શાબ્દિક તરજુમો નથી. બલકે તરજુમાની ગુજરાતી ભાષા તદ્દન સાદી, સરલ કે આમ-ફહમ રાખી છે. અઘરા શબ્દો- જટિલ વાક્યો અને ગુંચવાડાભરી જોડણીના પ્રયોગથી બચવાની બનતી કોશિશ કરી છે. હેતુ આટલો જ કે સાધારણ ગુજરાતી ભણેલા ભાઇ-બહેનો પણ આસાનીથી એનો લાભ લઇ શકે. ઉર્દૂના તરજુમામાં આવેલી અરબી ભાષાની ઇસ્તેલાહો કે સાંકેતિક પરિભાષાના શબ્દો લખવાની જરૂર પડી તો બ્રીકેટ કે હાશિયામાં તેના અર્થ કે ભાવાર્થની ચોખવટ કરી દીધી છે. એવી જ રીતે ઉર્દૂના કોઇ વાક્ય કે શેઅરના તરજુમામાં ઉલઝન જેવું લાગતાં અમે તેને બીજા તરજુમાઓની મદદથી સુલઝાવવાની કોશિશ કરી છે.

૨————ગુજરાતી તરજુમામાં મૂળ ગ્રંથના કોઇ મામૂલી બનાવને પણ જતો કર્યો નથી. જવલ્લે જ કોઇ એવો બનાવ હશે જે સીરતના વિષય સાથે તદ્દન અસંગત હોવાથી તેને બિનજરૂરી સમજીને જતો કરવામાં આવ્યો હોય. અલબત્ત જે જે પ્રકરણોમાં કુર્આને-મજીદની સંખ્યાબંધ આયતો ટાંકીને તેનું લંબાણ વિવેચન કરવામાં આવ્યું છે ત્યાં તેને ટૂંકાવીને બે ચાર આયતો તેના તરજુમા સહિત લખી દીધી છે. કેટલીક જગાએ આયતના શરૂઆતના શબ્દો લખીને પૂરી આયતનો તરજુમો લખી દીધો છે અને હાશિયામાં આયતનો હવાલો આપી દીધો છે કે ફલાણા પારહમાં ફલાણી સૂરતની ફલાણા નંબરની આયત છે. કેટલીક જગાએ આયતો લખવાને બદલે ફક્ત તેનો તરજુમો લખી દીધો છે. પુસ્તકનું દળ ઓછું કરવાના હેતુએ.

૩————ગુજરાતી તરજુમામાં જ્યાં જ્યાં કુર્આને-મજીદની આયતો ગુજરાતી લિપિમાં લખેલી છે ત્યાં આ વાતની ખાસ કાળજી રાખેલી છે કે, વાંચક એ આયતોને વાંચવામાં શબ્દોના તલફ્ફુઝ એટલે શબ્દોના ઉચ્ચારણની ભૂલ નહિ કરે બલકે આયતને તેના સહીહ ઉચ્ચાર સાથે વાંચી શકે. એ માટે આયતના જોડાક્ષરોને છૂટા પાડીને અલગ-અલગ જોડણીથી લખી દીધા છે. આ રીતે કાળજીથી વાંચનારા ભાઇ-બહેનો કુર્આને-કરીમની આયતોના ગલત ઉચ્ચારથી બચી જશે.

૪ - ———એ ઉપરાંત કુર્આને-મજીદની આયતોના ગુજરાતી તરજુમાની ખાસ ખૂબી એ છે કે અર્ધી લાઇનમાં આયતના જેટલા શબ્દો આવેલા હોય તેટલા જ શબ્દોનો, તેની સામે તેનો ગુજરાતી તરજુમો લખવામાં આવ્યો છે.

૫————કિતાબના ઉર્દૂ તરજુમામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અનેક હદીસો અરબી લિપિમાં જ લખેલી છે અને પછી તેનો ઉર્દૂ તરજુમો લખેલો છે. એના અનુસરણમાં અમે પણ હદીસોની અરબી ઇબારત ગુજરાતી લિપિમાં લખી દીધી છે. અહીં પણ હદીસના જેટલા શબ્દો અર્ધી લાઇનમાં આવેલા હોય તેટલા જ શબ્દોનો, તેની સામે ગુજરાતી તરજુમો લખી દીધો છે.

૬————મૂળ અરબી ગ્રંથમાં તે સમયના અરબ શાઇરોએ પ્રસંગોપાત રચેલા લાંબા-લાંબા કસીદા-કાવ્યો અને મરસિયા-કાવ્યોની ભરમાર થયેલી છે. તેના ઉર્દૂ તરજુમાના ગ્રંથમાં પણ એ કાવ્યોને સાંગોપાંગ ઉતારી લેવામાં આવ્યાં છે. કેટલાક આખે આખા પ્રકરણોમાં ફક્ત કાવ્યો જ તેના તરજુમા સાથે ટાંકેલાં છે.

તે સમયે અરબ સમાજમાં શાઇરીનું ખાસ મહત્વ અને મૂલ્ય હતું. એનો લાભ એ હતો કે સર્જાયેલી મહત્વની ઘટનાને શાઇરીમાં ગૂંથી લેવાથી ઘટનાનું મૂલ્ય અંકાતુ હતું અને તેની સચ્ચાઇની વધુથી વધુ ખાતરી થઇ જતી હતી. વળી શાઇરે રચેલા શેઅરો આસાનીથી જીભે ચઢી જતા હોવાથી મૂળ બનાવ કાયમ માટે સ્મરણ-પટ પર કોતરાઇ જવાની શક્યતા હતી. તે સમયે અરબ સમાજમાં શાઇરીનું તેજ મહત્વ અને મૂલ્ય હતું જે આજે અખબારો, રેડિઓ અને બીજા પ્રચાર માધ્યમોનું છે. આપણા જમાનામાં આજે શાઇરીનું તે યુગ જેવું મહત્વ રહ્યું નથી કેમકે એનું સ્થાન બીજા પ્રચાર સાધનોએ લઇ લીધું છે. આ કારણે અમે એ કસીદાઓ અને મરસિયાઓમાંથી ઘણા ખરાને બિનજરૂરી સમજીને કમી કરી નાખ્યા છે. એથી સીરતે-નબવીના મૂળ વિષયમાં કે ધારાપ્રવાહમાં કશી ખામી આવી નથી. અલબત્ત એ કાવ્યોમાંથી વાજબી લાગ્યું ત્યાં પ્રસંગને બંધબેસતા અને ઘટનાને નક્કર બનાવતા ચુનંદા શેઅરો પસંદ કરીને તેના ગુજરાતી તરજુમા સાથે લખી દીધા છે. આ છાંટણીથી પુસ્તકના દળમાં અમુક અંશે ઘટાડો થયો છે.

૭————સીરતે ઇબ્ને હિશામના બીજા ભાગના છેલ્લા પ્રકરણમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પર હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ રચેલા ચાર દર્દનાક મરસિયાઓ એટલે શોકકાવ્યોના બધા શેઅરો તેના ગુજરાતી તરજુમા સાથે શામિલ કરી લીધા છે.

૮————ઇબ્ને હિશામના અસલ ગ્રંથમાં સીરતને લગતા કેટલાક મહત્વના બનાવોને છેક ટૂંકાણમાં એવી રીતે સંકેલી લેવામાં આવ્યા છે કે વાંચકના દિલમાં તે બનાવની વધુ વિગત જાણવાની ઉત્કંઠા જાગે છે. વાંચકની એ ઉત્કંઠાને સંતોષવા, એ બનાવને અમે સીરતના બીજા સનદી ગ્રંથોને આધારે વિગતથી ટાંકીને તે ગ્રંથનો હવાલો પણ લખી દીધો છે. આવા સ્થળે ''ગુજરાતી સંપાદકનો વધારો'' કે ''નોંધ'' જેવા શબ્દો લખી દીધા છે કે જેથી વાંચક જાણી લે કે એ ઇબ્ને હિશામના ગ્રંથનું લખાણ નથી.

એવી જ રીતે અમુક પ્રકરણોમાં ઇસ્લામના દુશ્મનો સાથેની લડાઈનું વિગતવાર વર્ણન તો થયેલું છે પણ એ લડાઈ કેમ લડવી પડી તેનું કારણ દર્શાવેલું નથી. એવાં સ્થળે અમે એ પ્રકરણની શરૂઆતમાં "સંપાદકની નોંધ"ના મથાળે તેનું કારણ સનદી સીરત-ગ્રંથોને આધારે ટૂંકમાં દર્શાવી દીધું છે.

૯————ઉર્દૂ તરજુમાના કેટલાક પ્રકરણોના મુખ્ય મથાળાં કે પેટા મથાળાં કંઈક ઉલઝનભર્યાં લાગવાથી અમે તેમાં ફેરફાર કરીને તેની જગાએ તેવા જ ભાવાર્થના આસાન અને બંધ બેસતા મથાળાં ગોઠવી દીધા છે. કેટલીક જગાએ નવા પેટા-મથાળાં ઉમેરી દીધાં છે કે જેથી ઘટનાની પરંપરા જળવાઈ રહે અને વાત આસાનીથી ધ્યાનમાં આવી જાય.

૧૦————ગુજરાતી તરજુમામાં જ્યાં જ્યાં અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક નામ મુહંમદ અથવા રસૂલુલ્લાહના શબ્દો આવેલા છે, ત્યાં-ત્યાં દુરૂદ શરીફના પૂરા શબ્દો લખી દીધા છે. એ શબ્દો છે : "સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ."

એના અર્થ છે : "અલ્લાહના સલામ, અલ્લાહની રહમતો, અલ્લાહની કૃપાઓ હો આપની ઉપર!" સામાન્ય રીતે આ શબ્દોનું ટૂંકું રૂપ (સલ.) અથવા (સ.અ.વ.) અથવા (સલઅમ) તરીકે લખવામાં આવે છે. અમે એ પ્રથા જતી કરીને દુરૂદ શરીફના પૂરા શબ્દો લખી દીધા છે કે જેથી વાંચકો પુરૂં દુરૂદ પઢવાના સવાબથી મહરૂમ ન રહે. આમ છતાં કોઈક જગાએ એનું ટૂંકું રૂપ લખાયું હોય કે પછી પૂરા શબ્દો છૂટી ગયા હોય તો ત્યાં એ પૂરૂં દુરૂદ વાંચવાની માનવંતા વાંચકોને વિનંતી છે. હકીમુલ-ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી રહમતુલ્લાહિ અલૈહિ ફરમાવે છે :

> "દુરૂદ શરીફ હમેશા અલ્લાહની બારગાહમાં મકબૂલ હોય છે. એનું રહસ્ય આ છે કે બીજી ઈબાદતો તો કદી કબૂલ થાય છે કદી કબૂલ નથી થતી. પણ દુરૂદ શરીફ એવી ઈબાદત છે જે હંમેશા મકબૂલે-બારગાહે-ઈલાહી હોય છે. મારી માન્યતામાં એનો ભેદ આ છે કે, અલ્લાહ તઆલા પોતે ચાહે છે કે મારા બંદાઓ, મારા મહબૂબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર દુરૂદ પઢતા રહે અને મારી રહમતો, મારી બરકતો, મારી કૃપાઓ, મારા સલામોનો આ સિલસિલો મારા મહબૂબ પર લગાતાર ચાલુ રહે અને એનો તાર તૂટવા નહિ પામે !
>
> એજ કારણ છે કે અલ્લાહ તઆલા પોતે અને તેના ફરિશ્તા રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર દુરૂદ મોકલતા રહે છે જેનું બયાન કુર્આનમાં પણ થયેલું છે. તો મુસલમાનોમાંથી અલ્લાહનો જે બંદો કે જે બંદી અલ્લાહની બારગાહમાં એવી દરખાસ્ત રજૂ કરે કે :
>
> "હે અલ્લાહ ! તારા હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર તારી રહમતો, તારી કૃપાઓ, તારી બરકતો, તારા સલામો મોકલાવતો રહેજે અને તારી કૃપાથી મારી આ દરખાસ્ત કબૂલ કરજે !" તો અલ્લાહ તઆલા તેની આ દરખાસ્ત જરૂર કબૂલ કરી લે છે. કેમકે અલ્લાહ પોતે પણ એવું જ ચાહે છે. હદીસમાં છે :
>
> મન સલ્લ અલૈય વાહિ-દતન | જે કોઈ દુરૂદ મોકલે મુજ પર એક વાર
> સલ્લલ્લાહુ અલૈહિ અશ્રન. | અલ્લાહ દુરૂદ મોકલશે તેની ઉપર દસ વાર."

૧૧————એવી જ રીતે અલ્લાહના માનવંતા પયગમ્બરોમાંથી એક નામ આવે તો ત્યાં અલૈહિસ-સલામ વાંચવું. બે નામો આવે તો અલૈહિમસ-સલામ અને બેથી વધુ નામો હોય તો અલૈહિમુસ-સલામ અને હઝરત બીબી મરયમ કે હઝરત બીબી હાજિરહનું મુબારક નામ આવે તો અલૈહસ-સલામ વાંચવું.

માનવંતા સહાબામાંથી એક સહાબીના નામ સાથે રદિયલ્લાહુ અન્હુ વાંચવું. બે નામો સાથે રદિયલ્લાહુ અન્હુમા અને બેથી વધારે નામો સાથે રદિયલ્લાહુ અન્હુમ કહેવું. ખાતૂન સહાબિયહના નામ સાથે રદિયલ્લાહુ અન્હા અને બેથી વધારે હોય તો રદિયલ્લાહુ અન્હુન્ન કહેવું.

એવી જ રીતે તાબિઇન, તબ્એ-તાબિઇન અને બુઝુર્ગાને-દીનના નામો સાથે એક હોય તો રહમતુલ્લાહિ અલૈહ અને બેથી વધારે હોય તો રહમતુલ્લાહિ અલૈહિમ કહેવું.

૧૨————ગુજરાતી તરજુમામાં માનવંતા સહાબાના મુબારક નામો, રાવીઓના નામો, અરબના કબીલાઓના નામો તેમજ અરબના શહેરો, કસબાઓ, ગામો, પહાડો, જંગલો, ખીણો, કૂવાઓ, ઝરણાઓ અને સ્થળો વગેરેના નામોની ખરી જોડણી માટેની ખાસ કાળજી લેવામાં આવી છે. નામો અને શબ્દોના ખરા ઉચ્ચારણ માટે વપરાતા ''એઅરાબ'' કે સ્વર-સંજ્ઞાઓ એટલે ઝબર- ઝેર, પેશનો ઉર્દૂના તમામ તરજુમાઓમાં કોઇએ પણ ખાસ ખિયાલ રાખ્યો નથી. એની તહકીક માટે અમે અન્ય સીરત-ગ્રંથો ઉપરાંત અરબીના લુગાત-ગ્રંથોની પણ મદદ લીધી છે. પૂરી ખાતરી કર્યા પછી જ નામોને ખરી જોડણી સાથે લખ્યાં છે. આમ છતાં કોઇ નામની જોડણીમાં ભૂલ થઇ હોય તે બનવા જોગ છે.

૧૩————ઇબ્ને હિશામમાં કેટલાક પ્રકરણોમાં, તેમાં દર્શાવેલી ઘટનાઓ સાથે સંકળાયેલી વ્યક્તિઓના નામોની સાથે તેઓના પૂર્વજોના નામોની પણ લાંબીચોડી વંશાવળી ટાંકેલી છે. ગુજરાતી તરજુમામાં ઘણી જગાએ અમે પુસ્તકનું દળ હળવું કરવા, એ લાંબી વંશાવળીમાંથી શરૂઆતના થોડાંક નામો લખીને બાકીના નામો જતાં કર્યા છે.

૧૪————ગુજરાતી તરજુમામાં કોઇ ગુજરાતી શબ્દની ગલત જોડણી નહિં લખાય જાય તેની પણ કાળજી લેવામાં આવી છે. એ માટે અહમદાબાદની ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રગટ થયેલા ''સાર્થ ગુજરાતી જોડણીકોશ'' નો અમે લાભ લીધો છે. ૧૯૬૭ ના એપ્રિલમાં છપાયેલી એની પાંચમી આવૃત્તિ અમારી નજર સામે છે. આ જોડણીકોશની એક ખાસ ખૂબી આ છે કે એને મહાત્મા ગાંધીજી સાહેબના હસ્તાક્ષરની સાથે તેમના અંતઃકરણના આશીર્વાદ મળેલા છે. ગુજરાતી શબ્દોની જોડણીનું જ્ઞાન કાચું હોવાથી અમે વારંવાર એનો લાભ લીધો છે. અલબત્ત આ જોડણીકોશમાંથી ગુજરાતીમાં વપરાતા અરબી ભાષાના કેટલાક શબ્દોની જોડણી અમે બાદ કરી છે જેમકે : કુરાન, મસીદ, હજરત, મહમદ, મજહબ, અજાન, નિમાજ, જકાત, રમજાન, રોજો, જિન્નત, દોજખ, જનાજો, કાબા, જિયારત વગેરે.

૧૫————ગુજરાત વિદ્યાપીઠ અહમદાબાદના આ જોડણીકોશમાં અરબીના ઘણાખરા શબ્દોની ખરી જોડણી અને તેના ખરા અર્થ લખવાની કાળજી લેવામાં આવી નથી. કેટલીક જગાએ તો અર્થના અનર્થ કરી નાખીને ખોટી દોરવણી કરવામાં આવી છે. દાખલા તરીકે અરબી ભાષાનો ''દીન'' શબ્દ કુર્આને-મજીદ માં ઘણી જગાએ આવેલો છે. હકીકતમાં એ બહુ વિશાળઅર્થી શબ્દ છે અને સંજોગ કે પ્રસંગ મુજબ એના જુદા જુદા અર્થ થાય છે.

ગુજરાત વિદ્યાપીઠના આ ગુજરાતી જોડણીકોશમાં પેજ નંબર ૫૪૪ પર ''દીન'' શબ્દના નીચે મુજબ

અર્થ દર્શાવેલા છે.

દીન : મુસલમાની ધર્મ————મઝહબ

(૨) કોઇ પણ ધર્મ (ઊઠવું——જાગવું——

મુસલમાનોએ ધર્મને નામે હુલ્લડ મચાવવું.

દીન ! દીન ! ——મુસલમાનોનો યુધ્ધ પોકાર.

———— હુલ્લડ જગાવવું.)

અખિલ જગતના સર્જનહાર અને હિન્દુ-મુસ્લિમ સૌના પાલનહાર અલ્લાહ વહદહુ લા શરીકની આકાશી કિતાબ કુર્આને-મજીદનો આ "દીન" શબ્દ ન તો હુલ્લડ મચાવવા માટેનો જંગી નઅરો છે ન રમખાણ જગાવવાનો યુધ્ધ-પોકાર છે. બલકે એ તો જગતમાં શાંતિ, સલામતી, પ્રેમભાવના અને ભાઇચારાની સ્થાપના માટેનો આકાશથી ઊતરેલો જન્નતી શબ્દ છે. "કામૂસુલ-કુર્આન" એટલે કુર્આની ડિક્ષનરીના પેજ ૨૨૧ માં દીન શબ્દના આ અર્થ દર્શાવેલા છે.

દીન : મઝહબ, ધર્મ, ઇતાઅત, તાબેદારી, જઝા, બદલો, શરીઅત, ઇસ્લામી બંધારણ, કિયામતનો દિવસ, બદલાનો દિવસ, કરણીના ફળનો દિવસ વગેરે.

•———— કુર્આને-મજીદમાં છે : "ઇન્નદ-દીન ઇન્દલ - લાહિલ-ઇસ્લામ." એટલે અલ્લાહ કને સ્વીકારપાત્ર દીન માત્ર ઇસ્લામ છે. મતલબ આ કે અલ્લાહના દરબારમાં ઇસ્લામ વગર બીજા કોઇ ધર્મનું ચલણ નથી અને બારગાહે-ઇલાહીમાં ઇસ્લામ વગર બીજો કોઇ મઝહબ કાબિલે-કબૂલ નથી. અહીં દીન શબ્દ ઇસ્લામી શરીઅત એટલે ઇસ્લામી બંધારણના અર્થમાં આવેલો છે. જે લોકો દીનના આ બંધારણને નહિ માને તેઓને કહી દેવામાં આવ્યું : "લકુમ દીનુકુમ વલિ-ય દીન." એટલે તમારો દીન તમારા માટે અને મારો દીન મારા માટે. તમે તમારા રસ્તે હું મારા રસ્તે.

•———— બીજી આયતમાં છે : "વ અખ્લસૂ દીન-હુમ લિલ્લાહિ." એટલે તેઓએ વિશુધ્ધ કરી લીધી પોતાની તાબેદારી ફક્ત અલ્લાહને માટે. મતલબ આ કે એવા નિખાલસ મનના લોકો જેઓએ જગતની માયા અને દુનિયાના સ્વાર્થો જતા કરીને વિશુધ્ધ દિલથી અલ્લાહની તાબેદારી કબૂલ કરી લીધી. અહીં દીન શબ્દ નિઃસ્વાર્થ તાબેદારીના અર્થમાં આવેલો છે.

•———— બીજી આયતમાં ફરમાવ્યું : "વ મંય યબતગિ ગયરલ ઇસ્લામ દીનન ફલંય યુકબલ મિન્હુ." એટલે જે માણસ ઇસ્લામ વગર બીજો ધર્મ ઢૂંઢશે, હરગિઝ તેને કબૂલ નહિ કરવામાં આવશે. અહીં દીન શબ્દ મઝહબ અને ધર્મના અર્થમાં આવેલો છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે ઇન્સાન મારા દરબારમાં ઇસ્લામ વગર બીજો ધર્મ લઇને આવશે તેને હરગિઝ હું કબૂલ કરવાનો નથી.

એનું કારણ આ છે કે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફક્ત મુસલમાનો માટે જ પયગમ્બર બનાવીને મોકલ્યા નથી બલકે ખ્રિસ્તી, યહૂદી, હિન્દુ, પારસી, સિખ, બૌધ્ધ, કાદયાની, રાફઝી, શીઆ વગેરે જગતમાં વસનારા તમામ ઇન્સાનો માટે પયગમ્બર બનાવીને મોકલ્યા છે જેમકે ફરમાવ્યું છે : "વ મા અરસ[illegible]ના[illegible] ઇલ્લા કાફ-ફતલ લિન્નાસ." એટલે હે મુહંમદ ! અમે આપને જગતના તમામ ઇન્સાનો માટે પયગમ્બર બનાવીને મોકલ્યા છે.

એની સાથે જ આ ચેતવણી પણ આપી દીધી : "ફ-મન શાઅ ફલ-યુઅમિન-વ-મન શાઅ ફલ-યકફુર." એટલે જેની ઇચ્છા હોય તે ઇમાન લાવીને મુસલમાન બને અને જેની ઇચ્છા હોય તે કુફ્ર કરતો રહે.

એટલે એક અલ્લાહને છોડીને ભલે પથ્થરની મૂર્તિઓને પૂજતો રહે કે પછી હઝરત ઈસા અને બીબી મરયમના પૂતળાંઓને પગે લાગતો રહે.

જુઓ શિર્ક તે વસ્તુ છે જેના વિષે કુર્આને ચોખ્ખા શબ્દોમાં ફરમાવી દીધું છે : "ઇન્નશ-શિર્ક લ-ઝુલ્મુન અઝીમ." એટલે શિર્ક એક મહાન ઝુલ્મ છે. ઝુલ્મ તે શબ્દ છે જેને ગુજરાતી ભાષામાં "જુલમ" કહે છે. મતલબ આ કે જગતના એકમાત્ર સર્જનહાર અને પાલનહાર અલ્લાહને છોડીને બનાવટી ભગવાનોની બંદગી કરવી તે એક ઝુલ્મ અથવા જુલમ છે અને જુલમ પણ કેવો ? "ઝુલ્મુન અઝીમ" એટલે મહાન જુલમ, ભયંકર જુલમ, ભીષણ જુલમ.

આ જુલમ ઇન્સાન કોઇ બીજા પર નહિ, ખુદ પોતાની જ જાત પર અને પોતાની જ જાન પર ગુજારી રહેલો હોય છે. જેના નતીજા રૂપે તે કાયમ માટે જહન્નમમાં જવાનો હકદાર ઠરી જાય છે. દરગાહો અને કબરો પર સિજદા કરવાનો પણ એજ હુકમ છે.

માલૂમ પડયું આ દુનિયામાં ફકત એક જ એવું પાપ છે જેને માફ નહિ કરવાનું અલ્લાહ તઆલાએ વચન આપી દીધું છે. અને એ છે શિર્ક.

અંતમાં આટલું જ કહેવાનું કે અમારાથી બન્યું ત્યાં સુધી અમે અલ્લામા ઇબ્ને હિશામના આ અઝીમુશ-શાન સીરત-ગ્રંથને શુધ્ધ અને સુંદર સ્વરૂપે રજૂ કરવાની કોશિશ કરી છે. આમ છતાં ભૂલો થવી માનવ પ્રકૃતિને છાજે તેવી વાત છે. માણસ માત્ર ભૂલને પાત્રના સૂત્ર અનુસાર વાંચકવર્ગને વિનંતી છે કે પુસ્તકમાં કોઈપણ પ્રકારની ભૂલ જોવામાં આવે તો કૃપારાહે અમને તેની જાણ કરે. આપના આભાર સહિત બીજી આવૃત્તિમાં એ ભૂલને અમે સુધારી લઈશું.

આશા છે કે દીનપ્રેમી ભાઈબહેનો અને સત્યના શોધકો વધુથી વધુ આ નૂરાની સીરતગ્રંથનો લાભ લઇને બંને જહાનની સઆદત હાસિલ કરશે. અને અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નકશે-કદમ પર ચાલીને પોતાને બંને જહાનમાં પાર ઉતારી લેવાની કોશિશ કરશે. અલ્લાહ તઆલા આપણને બધાને આપણા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નકશે-કદમ પર ચાલવાની તવફીક અતા કરે!

બંને જગતની તમામ ભલાઇઓ, સારાયે જહાનની તમામ ખૂબીઓ, નેકીઓ અને કમાલો અલ્લાહ તઆલાએ પોતાના હબીબે પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની સીનામાં ભરી દીધાં હતાં. આપ તમામ સદ્‌ગુણો, સંસ્કારો, રહમતો, બરકતો અને સઆદતોના ભંડાર હતા. આપ દયા, માયા, શાંતિ, સલામતી અને દરિયાદિલીના સાગર હતા. આપના પછી ન કોઇ પયગમ્બર પધાર્યા છે ન પધારવાના છે અને કુર્આન પછી આસમાનથી ન કોઇ કિતાબ ઊતરી છે ન ઊતરવાની છે. આપની પેરવી, આપની તાબેદારી, આપની ગુલામી વગર ન આ જીવનમાં કામયાબી મળી શકે છે ન મરણ પછીના જીવનમાં. હઝરત શેખ સઅદીનો શેઅર છે:

ખિલાફે-પયમ્બર કસે રાહ ગુઝીદ • કે હરગિઝ બ - મનઝિલ ન ખાહદ રસીદ.

અહમદ મુહંમદ હથુરણી
૧૩ સફર ૧૪૨૧ હિજરી.
૧૮ મે ૨૦૦૦ ઈસ્વી.

ઇબ્ને હિશામની સીરતુન-નબી

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની

પ્રસ્તાવના

●—————— મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાલા

(અસલ કિતાબનું વાંચન શરૂ કરવા પહેલાં આ પ્રસ્તાવના વાંચી લેવાની ખાસ ભલામણ છે. એમાં કુર્આને-કરીમ, અહાદીસે-રસૂલ અને સીરતે-નબવીના ઝરણાઓની સનદી માહિતી પ્રમાણભૂત દાખલાઓ સાથે દિલચસ્પ વાણીમાં પીરસવામાં આવી છે.)

અલ્લાહના આખેરી નબી, રહમતે-દો આલમ, સરવરે-કાએનાત, ફખ્રે-મવજૂદાત, અહમદે-મુજતબા, મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનને લગતું જેટલું સાહિત્ય દુનિયાની વિવિધ ભાષાઓમાં પીરસાયું અને ખડકાયું છે, વિના સંકોચે કહી શકાય કે કોઇ સંશોધક તેને ગણવા માગે તોય ગણી નહિ શકે. જગતના મંડાણથી લઇને આજ સુધી અલ્લાહના કોઇ પયગમ્બર, કોઇ વલી, કોઇ સંતસૂફી, કોઇ ધર્માત્મા કે મહાત્માના જીવનને લગતું એટલું સાહિત્ય પ્રકાશન નથી પામ્યું જેટલું અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન વિષે પ્રકાશન પામ્યું છે.

દાવાપૂર્વક કહી શકાય કે દુનિયાના મુસ્લિમ અને બિનમુસ્લિમ કલમકારો, પ્રવચનકારો, શાઇરો કે સાહિત્યકારોએ પોતાના કોઇ મોટાથી મોટા ધર્મગુરૂ કે ધર્મનેતાના એટલાં વખાણ નથી કર્યાં જેટલાં અલ્લાહના આખેરી નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અઝીમુશ-શાન શખસિયતના વખાણ કર્યાં છે.

આપના મુબારક જન્મ વેળા દાદાજી અબ્દુલ-મુત્તલિબે આપનું મુહંમદ નામ રાખ્યું તો મક્કહના મોવડીઓ આ અજીબ નામ સાંભળીને હયરત પામી ગયા. તઅજ્જુબથી બોલ્યા, "અબ્દુલ-મુત્તલિબ ! આ કેવું નામ? કુરૈશમાં તો આવા નામનું ચલણ નથી. શા આધારે તમે આ નામ પસંદ કર્યું ?"

"સાહેબો ! મારી એક તમન્ના છે." અબ્દુલ-મુત્તલિબ ગંભીર સ્વરે બોલ્યા, "હું ચાહું છું કે મારો યતીમ પૌત્ર જગતભરની પ્રશંસાઓને પાત્ર ઠરે. મોટો થઇને એ સકળ સંસારને પોતાના સંસ્કારની ખુશ્બૂથી મઘમઘાવી દે. એવી કમાલિયત મેળવે કે ધરતીના ખૂણેખૂણામાં એનું નામ ગાજતું થાય અને લોકો એના વખાણો

કરતા નહિ થાકે !''

અને પછી જ્યારે સમય આવ્યો તો દુનિયાના લોકોએ પોતાની આંખે જોઇ લીધું કે મક્કહના સરદાર હઝરત અબ્દુલ-મુત્તલિબના આ યતીમ પૌત્રે જગતના ચોકમાં પોતાના અનુપમ સંસ્કારની એવી જ્યોત જલાવી કે કુફ્ર-શિર્કના ઘટાટોપ વાદળાં વિખેરાય ગયાં. અજ્ઞાનતાના અંધારાં ચીરાય ગયાં. મૂર્તિઓના મંદિરો ઇમાન અને તવહીદના નૂરથી પ્રકાશી ઊઠયાં. શયતાન અને તેના ચેલાઓ ભાગતા નજર આવ્યા. હુબલ ભગવાનના જયજયકારા ગજાવનારા ''અલ્લાહુ અકબર''ના નઅરા ગજાવવા લાગ્યા. લાત અને ઉઝ્ઝાના પૂજારીઓ એકમાત્ર અલ્લાહના પૂજારી બની ગયા. પથ્થરની બેજાન મૂર્તિઓના ચરણોમાં સિજદા મારનારા એક જ માલિકની બારગાહમાં સિજદા કરવા લાગ્યા. પોતાના જ જેવા ઇન્સાનોની ગુલામગીરી કરનારા ગુલામો, એક જ અલ્લાહના આઝાદ બંદા બની ગયા. મરેલાં ઢોરોનું નાપાક માંસ ખાનારા હવે સ્વચ્છ, પાકીઝા અને હલાલ રોજી ખાનારા બની ગયા.

શરાબ, કબાબ, વ્યાજ, જુગાર અને વ્યભિચારમાં ગળાડૂબ રહેનારા પોતાના એક જ પાલનહારના નેક બંદા બની ગયા. ગઇકાલ સુધી જેઓ જંગલી કે વહશી ગણાતા હતા હવે સંસ્કારી અને આબરૂદાર શહેરી બની ગયા. બીજાઓની બહેન-બેટીઓની આબરૂના ભક્ષકો હવે પોતાની અને લોકોની બહેન-બેટીઓની આબરૂના રક્ષકો બની ગયા. અબળાજાતિને પોતાની ગુલામડી કે પગની જૂતી સમજનારા અબળાજાતિના તારણહાર બની ગયા. નવજાત બાળકીને જીવતી જમીનમાં દાટી દેનારા હવે દીકરીને વહાલનો દરિયો સમજીને તેની ઉપર વહાલનો ધોધ વહાવવા લાગ્યા.

મતલબ કે ગઇકાલ સુધી જેઓ ઊંટો અને ઘેટાં-બકરાંના રખેવાળ હતા હવે ઇન્સાનોના રખેવાળ બની ગયા અને જંગલી કે વહશી ગણાતા લોકો હવે માનવજાતિના તારણહાર બનીને દુનિયાના ઇમામ બની ગયા.

આ રીતે દાદાજીના દિલની તમન્ના, યતીમ પૌત્રના હકમાં એટલી આનબાન અને શાનથી ફળવા પામી કે દુનિયા તેનો દાખલો રજૂ કરવાથી લાચાર છે. એટલે જ ફારસીના શાઇરે આપની શાનમાં કહ્યું છે.

બ-રફ્તાર સેહરા ગુલિસ્તાં કુની, • બ-ગુફ્તાર કાફિર મુસલમાં કુની.

મતલબ કે અલ્લાહના આખેરી નબી, રહમતે-દો આલમ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદાજી હઝરત અબ્દુલ-મુત્તલિબની તમન્ના એવી રીતે પૂરી થઇ કે ધરતીથી લઇને આસમાનોમાં વસનારી મખ્લૂકાત ઉપરાંત ખુદ અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વખાણ કરે છે અને આપ પર દુરૂદ મોકલે છે.

હકીકત આ છે કે અલ્લાહ તઆલાએ પોતાની તમામ મખ્લૂકાતમાં પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એટલો ઊંચો મરતબો આપ્યો છે કે આપણે તેની કલ્પના પણ કરી શકતા નથી. કોઇ ઇન્સાનની તાકત નથી કે તે પોતાની જીભ અને કલમથી રસૂલેપાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વખાણોનો હક અદા કરી શકે.

અરબી-ફારસીના ખ્યાતનામ આલિમ અને શાઇર હઝરત મવલાના અબ્દુર્રહમાન ''જામી'' સાહેબે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં અનેક નઅતો લખી છે. પોતાની એક મશહૂર નઅતમાં હઝરત "જામી" સાહેબે આમ કહીને પોતાની પાણીદાર કલમની લાચારીની જાહેરાત પોકારી દીધી:

લા યુમ-કિનુસ્‌ - સનાઅ કમા કાના હક્કહૂ • બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર.

શેઅરના અર્થ આ છે : યા રસૂલલ્લાહ ! આપની શાનને છાજે તેવા વખાણોનો જે હક છે તેવો હક અદા કરવો મારા માટે ના-મુમકિન છે. બસ આટલું કહીને કિસ્સો ટૂંકાવું છું કે મહાન ખુદા પછી આપ જ સૌથી મહાન છો.

શાઈરીના શહેનશાહ મિરઝા "ગાલિબ"દહેલ્વી સાહેબે પોતાની બેનમૂન કલમથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં જે લાજવાબ નઅત ફારસી ભાષામાં લખેલી છે. તેના મકતઅ એટલે છેલ્લા શેઅરમાં તેમણે આમ કહીને કલમ ઉપાડી લીધી છે :

"ગાલિબ" સનાએ-ખાજા બ-યઝદાં ગુઝાશ્તમ, • કાં ઝાતે-પાક મરતબા-દાને મુહમ્મદસ્ત.

ગાલિબ કહે છે : મેં મારા ખાજા એટલે મારા આકા હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વખાણનું કામ અલ્લાહ પર છોડી દીધું છે. કેમકે આપનો મરતબો કેટલો ઊંચો છે તે અલ્લાહ તઆલા સિવાય કોઇ જાણતું નથી.

સીરત-સાહિત્યના ઝરણા

હવે આપણે જોઈશું કે અલ્લાહના લાડલા અને પ્યારા અને આખેરી નબી, મુસલમાનોના આકા અને મવલા હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ૬૩ વરસના નૂરાની જીવનને લગતું જે સીરત-સાહિત્ય આપણા સુધી પરંપરાગત પહોંચ્યું તેના અસલી ઝરણાં કયાં છે ? તે કેવાં સાધનો છે જેની મારફતે આપણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પયગમ્બરી જીવનનો આ મૂલ્યવાન ઈલ્મી વારસો મેળવવા ભાગ્યશાળી થયા.

સીરત-સાહિત્યનું સૌથી પહેલું, સૌથી અસલી, સનદી અને મૂળભૂત ઝરણું અલ્લાહની આકાશી કિતાબ કુર્આને-મજીદ છે. કુર્આનનો કોઇ વિભાગ કે કોઈ પ્રકરણ એવું નથી જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનનું વર્ણન ન કરવામાં આવ્યું હોય. અગર અમે એમ કહીએ કે પૂરૂં કુર્આન આપના નૂરાની જીવનના બનાવોથી ભરેલું છે તો એમાં લેશ પણ મુબાલિગો નથી. કલામે-પાકની સંખ્યાબંધ આયતો અમારા દાવાની સચ્ચાઈનું સમર્થન કરે છે. એક આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ "લકદ કાના લકુમ ફી રસૂલિલ્લાહિ ઉસ્વતુન હસનહ." અર્થાત : હે મુસલમાનો ! બેશક ખરેખર તમારા માટે રસૂલુલ્લાહના જીવનમાં અમલ કરવા માટેના ઉત્તમ નમૂના છે. એ ઉત્તમ નમૂના શું છે અને કેવા છે તેનું વિગતવાર બયાન અલ્લાહના કલામમાં મવજૂદ છે. બીજી આયતમાં ફરમાવ્યું છે : "ઈન્નક લ-અલા ખુલુકીન અઝીમ."

અર્થાત્ : હે નબીજી ! બેશક આપ તો અખ્લાક એટલે સદાચાર, સંસ્કાર અને નીતિમત્તાના સૌથી ઊંચા આસને બિરાજેલા છો. એક શખ્સે મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાને પૂછયું, "અમ્માંજી ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અખ્લાક કેવા હતા ?" અમ્માંજીએ ફરમાવ્યું, "હે ભાઈ ! શું તમે કુર્આન નથી પઢતા ? પૂરૂં કુર્આન રસૂલુલ્લાહના અખ્લાકથી ભરેલું છે."

ચઉદ સો વરસના વહાણા વીતી જવા છતાં અલ્લાહની આ આકાશી કિતાબ આજે પણ તેટલી જ અણીશુધ્ધ અને તેવી જ અસલી છે જેવી આજથી ચઉદ સો વરસ પહેલાં હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ મારફતે આકાશથી નાઝિલ થઇ હતી. એના નુઝૂલના આરંભકાળથી લઇને આજ સુધી એના એક શબ્દમાં તો શું, એક અક્ષરમાં પણ કમી કે બેશી થવા પામી નથી. જે આકારે અને જે સ્વરૂપે એ, હઝરત જિબ્રીલ મારફતે આકાશથી ઊતરી હતી, આબેહૂબ એજ આકારે અને એજ સ્વરૂપે એક અક્ષર કે કાના-માત્રાના ફેરફાર વિના આજે પણ આપણા હાથમાં મવજૂદ છે.

દુનિયાનો દરેક મુસલમાન અને ઈસ્લામી મદરસાઓમાં શિક્ષણ લેનારાં બાળકો સુધ્ધાં જાણે છે કે અલ્લાહના પયગમ્બરો પર આકાશથી ઊતરેલી મશહૂર કિતાબો ચાર છે : તવરાત, ઝબૂર, ઈન્જીલ અને કુર્આન. એમાંની પહેલી ત્રણ કિતાબો, ખુદ કુર્આને આપેલી માહિતી મુજબ આજે તેના મૂળ આકાશી સ્વરૂપે સલામત રહેવા

પામી નથી. ત્રણેની અસલિયત, નૂરાનિયત અને પાકીઝગીનું ખૂન કરી નાખવામાં આવ્યું છે. જે કંઈ રહી ગયું છે તેમાં મઝહબી ઠેકેદારોના મનઘડત અકીદાઓ અને અંગત સ્વાર્થોનો ઉમેરો કરી દેવામાં આવ્યો છે. અલ્લાહના પયગમ્બરોની વફાત પછી દુનિયાના લોભી અને તકસાધુ ધર્મગુરૂઓએ, સમય અને સંજોગને ફિટ થાય તેવા ધરમૂળના ફેરફારો ત્રણે કિતાબોમાં કરી નાખ્યા છે. એથી વિરૂધ્ધ અલ્લાહનું આકાશી કલામ કુર્આને-મજીદ આજે પણ જેમનું તેમ તેના અસલી આકાશી સ્વરૂપે, આપણા એટલે દુનિયાના તમામ મુસલમાનોના હાથોમાં મવજૂદ છે. વિચાર કરો, આમ કેવી રીતે બનવા પામ્યું ?

આમ એવી રીતે બનવા પામ્યું કે ખુદ અલ્લાહ તઆલાએ પોતે જ પોતાના કલામે-પાકની હિફાઝતનું વચન આપી દીધું છે અને કુર્આનમાં જ ફરમાવી દીધું છેઃ "ઈન્ના નહનુ નઝઝલ-નઝ-ઝિક્ર વ ઈન્ના લહૂ લ-હાફિઝૂન." એટલે બેશક અમે જ ઉતાર્યું છે આ કુર્આન અને બેશક અમે જ ખરેખર એની હિફાઝત કરનારા છીએ.

બતાવો અલ્લાહ તઆલાથી વધારે સાચો અને પોતાનું વચન પાળનારો આ જગતમાં બીજો કોણ હોય શકે ? જયારે તેણે જ પોતાના કલામે-પાકની હિફાઝતનું વચન આપી દીધું તો કુર્આનના કોઈ દુશ્મનની મજાલ છે કે તેમાં કાના-માત્રાનો પણ ફેરફાર કરી શકે ?

આ કુર્આને-મજીદ અલ્લાહ તઆલાએ પોતાના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ત્રેવીસ વરસોના લાંબા ગાળામાં થોડું-થોડું કરીને ઉતાર્યું છે અને એજ કુર્આને-મજીદ આપના ૬૩ વરસોના નૂરાની જીવનની માહિતીઓ મેળવવાનું સૌથી પહેલું ઝરણું છે. બીજું ઝરણું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પવિત્ર હદીસો છે.

કુર્આને મજીદની મુખ્તસર તારીખ

અલ્લાહના પયગમ્બર હઝરત મૂસા અલૈહિસ-સલામ પર ઊતરેલી આકાશી કિતાબ તવરાત વિષે યહૂદીઓનો દાવો છે કે અલ્લાહ તઆલાએ તવરાતને, આકાશી તખ્તીઓ પર પોતાના હાથે લખીને એકી વેળા મૂસા (અલ.) પયગમ્બરને આપી દીધી હતી. એથી વિરૂધ્ધ કુર્આને-મજીદ આપણા આકા અને મવલા હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર થોડું-થોડું કરીને ૨૩ વરસ સુધી જરૂરત મુજબ ઊતરતું રહ્યું.

કુર્આનના નુઝૂલની શરૂઆત ઈસ્વી સન ૬૧૦ ના રમઝાન મહિનામાં થવા પામી. તે વળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક ઉંમર ૪૦ વરસની હતી. આપ પોતાના રોજના નિયમ મુજબ મક્કહથી દૂ "ગારે-હિરા"ના એકાંતમાં જ્ઞાન-ધ્યાનમાં લીન હતા. રાતનો સમય હતો. કાળી રાતનું અંધારૂં ફેલાયેલું ... ચારે તરફ ચુપકીદીનો સન્નાટો છવાયેલો હતો. અચાનક વીજળી ઝબૂકી ઊઠી અને રોશનીનો ચમકાર ... ગયો. ગારે-હિરાનું વાતાવરણ દિવ્ય નૂરથી પ્રકાશી ઊઠયું. અ...ના ફરિશ્તા હઝરત જિ...લ નૂરાની ...રૂપે પ્રગટ થયા. આપના માટે તેઓ અલ્લાહનો સંદેશો લઈને પધાર્યા હતા.

"હે મુહંમદ ! હું જિબ્રીલ છું અલ્લાહનો સંદેશવાહક ફરિશ્તો અને તમે અલ્લાહના પયગમ્બર છો. ...ો !"

"શું પઢું ? હું પઢેલો નથી." હયરતથી તઅજ્જુબથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ ... ...

જિબ્રીલને તાકી રહ્યા.

"પઢો તમારા પાલનહારના નામથી આ પ્રમાણે : ઇકરઅ બિસ્મે રબ-બિકલ લઝી ખલક: પઢો હે નબી ! તમારા તે પાલનહારના નામથી જેણે આખા જગતનું સર્જન કર્યું.

ખ-લ-કલ ઇન્સાન મિન અલક : જેણે ઇન્સાનને માંસના લોથડાથી પૈદા કર્યો.

ઇકરઅ વ રબ્બુકલ-અકરમ: પઢો હે નબી ! અને તમારો પાલનહાર સૌથી વધુ, ઉદારશીલ, સૌથી વધુ ગૌરવશીલ છે.

અલ-લઝી અલ્લમ બિલ-કલમ: જેણે જ્ઞાન આપ્યું ઇન્સાનને કલમ વડે.

અલ્લમલ-ઇન્સાન મા-લમ યઅલમ: જેણે જ્ઞાન આપ્યું ઇન્સાનને એવી વાતોનું જેને તે જાણતો ન હતો

સૌથી પહેલા આકાશી સંદેશામાં પયગમ્બરીની પદવિ સાથે કુર્આનની પાંચ આયતો નાઝિલ કરવામાં આવી જેમાં સૌથી પહેલો શબ્દ "ઇકરઅ" છે. ઇકરઅના અર્થ છે : પઢો ! અલ્લાહ તઆલાએ આપને પઢવાનો હુકમ ફરમાવ્યો, જ્યારે કે આપ તો બિલકુલ ઉમ્મી એટલે અનપઢ હતા. પઢવા-ભણવાનું કે લખવા-વાંચવાનું મુદ્દલ જાણતા ન હતા. તે સમયે મક્કહમાં પઢવા-ભણવાનો રિવાજ જ કયાં હતો ? મક્કહ તો શું, આજુબાજુના શહેરોમાં પણ સ્કૂલ, મદરસા કે પાઠશાળાઓનું નામો-નિશાન ન હતું. દૂર-દૂર સુધી ન કોઈ શાળા હતી ન શિક્ષક હતો. ન મદરસો હતો ન કોઈ ઉસ્તાદ હતો. બધેબધ જહાલત એટલે અજ્ઞાનતાનો અંધકાર પથરાયેલો હતો.

કુર્આનમાં કલમના વખાણ

અલ્લાહના આકાશી સંદેશાનો પહેલો શબ્દ છે ઇકરઅ: એટલે પઢો. અલ્લાહ તઆલાએ પોતાના ઉમ્મી કે અનપઢ પયગમ્બરને સૌથી પહેલો જે હુકમ ફરમાવ્યો તે પઢવાનો હુકમ હતો. મગર કોના નામથી પઢવાનો હુકમ હતો———?

ફરમાવ્યું : બિસ્મે રબ-બિક એટલે તમારા પાલનહારના નામથી પઢો અને તમારો પાલનહાર તે છે જેણે આસમાન-જમીન, સુરજ-ચાંદ, પહાડ-દરિયા અને આખા જગતનું સર્જન કર્યું અને જેણે ઇન્સાનને જામી ગયેલા લોહીના લોથડાથી પૈદા કર્યો. એ પછી અલ્લાહ તઆલાએ પોતાની અઝમત, પોતાની શાન, પોતાની મહાનતા દર્શાવતાં ફરમાવ્યું : ઇકરઅ વ રબ્બુકલ-અકરમ: એટલે પઢો હે નબી ! તમારો પાલનહાર સૌથી વધુ ઉદારશીલ, સૌથી વધુ અઝમતશાળી અને તમારી કલ્પના પણ ન પહોંચે તેટલી ઊંચી શાનવાળો છે.

એ પછી અલ્લાહ તઆલાએ કલમના વખાણ કરીને કલમની કીર્તિને ચાર ચાંદ લગાવી દીધા. ફરમાવ્યું: અલ લઝી અલ્લમ બિલ-કલમ : એટલે તમારો તે પાલનહાર જેણે ઇન્સાનને કલમથી જ્ઞાન આપ્યું. કઈ વસ્તુઓનું જ્ઞાન આપ્યું———? ફરમાવ્યું : અલ્લમલ-ઇન્સાન મા લમ યઅલમ: ઇન્સાનને તે વસ્તુઓનું જ્ઞાન આપ્યું જેના વિષે તે કશી માહિતી ધરાવતો ન હતો.

આકાશી વહીના આ પહેલા સંદેશામાં ત્રણ વાતો ચોખ્ખી રીતે તરી આવે છે : ઈકરઅ, ઈસ્મે-રબ્બ અને કલમ. એમાં ઈકરઅ અને કલમનો સંબંધ ઈસ્મે-રબ્બ સાથે જોડી દેવામાં આવ્યો છે. મતલબ આ છે કે ઈન્સાન પઢવાનું શરૂ કરે અથવા લખવાનું શરૂ કરે તો શરૂઆત હમેશા ઈસ્મે-રબ્બથી એટલે પાલનહારના નામથી થવી જોઈએ. કલમનો સંબંધ અલ્લાહના નામ સાથે જોડાયેલો રહેશે ત્યાં સુધી કામયાબી ઈન્સાનના કદમ ચૂમશે. અને જ્યાં આ સંબંધ તૂટયો કે ગયો ઈન્સાન પસ્તીના પાતાળમાં.

માલૂમ પડયું કલમ તે વસ્તુ છે જેની ઉપર ઈલ્મનો આધાર છે; પછી તે દુનિયાનો ઈલ્મ હોય કે દીનનો, જમીનનો ઈલ્મ હોય કે આસમાનનો, બદનનો ઈલ્મ હોય કે રૂહનો, ચાંદ, સૂરજ અને સિતારાનો ઈલ્મ હોય કે પછી પહાડ, દરિયા અને હવામાનનો, કલમ તે વસ્તુ છે જેના થકી ઈન્સાન તે વાતોનું જ્ઞાન મેળવે છે જેનાથી તે અજ્ઞાત હોય છે. અને કલમ જ તે વસ્તુ છે જેની મારફતે અલ્લાહ તઆલાએ ઈન્સાનને એવી એવી વસ્તુઓનો ઈલ્મ આપ્યો જેને લગતી કશી જ માહિતી તે ધરાવતો ન હતો.

બીજા શબ્દોમાં કહીએ તો કલમ તે વસ્તુ છે જે માનવજાતિની તહઝીબ, તમદુન, સંસ્કૃતિ, ઈતિહાસ અને જ્ઞાન-વિજ્ઞાનની પ્રગતિ કે ઉન્નતિનું સાધન છે. કલમ થકી જ માણસાઈના મોંઘા મૂલ્યોનું રક્ષણ કરી શકાય છે. એક યુગ પછી બીજા યુગમાં પાકનારા કલમકારો તેમાં દિનઊગ્યે નવા-નવા ઉમેરા કરતા રહે છે. અને તેઓના અનુભવો, અખતરાઓ અને પ્રયોગોની રોશનીમાં જ્ઞાન-વિજ્ઞાનની વણઝાર પ્રગતિના સોપાન સર કરતી ચાલી જાય છે. બસ એજ તે વસ્તુ છે જે ઈન્સાનને બીજાં જાનદારો પર સરસાઈ કે શ્રેષ્ઠતા આપે છે. એજ કારણે ઈન્સાન "અશરફુલ-મખ્લૂકાત" કહેવાય છે. એટલે સર્જનહારની સૃષ્ટિનું સર્વશ્રેષ્ઠ સર્જન.

એક દાખલો જુઓ. કાગડો નામનું જાનવર એમ તો બહુ ચંચળ ગણાય છે. પણ એજ કાગડો આજથી હજારો વરસ પહેલાં જે ઢબે માળો બાંધતો હતો આજે પણ તેજ ઢબે માળો બાંધે છે. સદીઓના વહાણા વીતી જવા છતાં આજના વિજ્ઞાનયુગમાં પણ કાગડાએ કોઈ તરક્કી કે ઉન્નતિ કરી નથી. એથી વિરૂધ્ધ ઈન્સાન તે બુધ્ધિશાળી જાનવર છે જે કલમની કળાથી કામ લઈને પ્રગતિના પગથિયાં ચઢતો ચાંદ સુધી પહોંચી ગયો છે. કારણ આટલું જ કે તેને પોતાના પૂર્વગામીઓના અનુભવો અને અખતરાઓનું જે જ્ઞાન મળ્યું તેમાં તેણે પોતાના અનુભવો અને અખતરાઓનો ઉમેરો કર્યો અને તેમાં દિન-બ-દિન તરક્કી કરતો જ ચાલ્યો ગયો. આ બધું કલમને પ્રતાપે જ બનવા પામ્યું. એ કલમની કરામત નહિ તો બીજું શું ?

કલમ કેટલી અદ્દભુત અને અઝીમુશ-શાન વસ્તુ છે તે જુઓ. અલ્લાહ તઆલાએ કુર્આનના પારહ ૨૯ માં એક એવી સૂરત ઉતારી જેનું નામ જ "સૂરતુલ-કલમ" છે. કલમ નામે આ સૂરતમાં અલ્લાહ તઆલાએ કલમના કસમ ખાયને એવા ફરિશ્તાઓનું વર્ણન કર્યું છે જેઓ આ દુનિયાના દરેક ઈન્સાનને ખભે બેસીને તેનું "આમાલનામું" લખી રહ્યા છે. એટલે તેના ૨૪ કલાકના કે તેના રાત-દિવસના એકેક કામ, એકેક બોલ, એકેક ધબકારની બોલતી ફિલ્મ ઉતારી રહ્યા છે. જેમકે ફરમાવ્યું : નૂન વલ-કલમે વમા યસ તુરૂન. એટલે કસમ છે કલમના અને તે લખાણના જેને ફરિશ્તા કલમથી લખી રહ્યા છે. એક શાઈરે કલમના વખાણ આ રીતે કર્યા છે :

કલમ ગોયદ કે મન શાહે-જહાંનમ, • કલમ-કશ રા બ-દવલત મી રસાનમ.

કલમ કહે છે કે હું આ જગતનો શહેનશાહ છું. કલમની કળા જાણનાર કલાકારને દવલત સુધી પહોંચાડી

દઉં છું. અગર તે જાહિલ હશે તો હું તેને વિદ્યાસાગર એટલે મહાપંડિત કે અલ્લામા બનાવી દઈશ અને ગરીબ કે કંગાલ હશે તો તવંગર બનાવી દઈશ. એટલું જ નહિ, અગર તે મારા લખાણની શરૂઆત અલ્લાહના નામથી કરતો રહેશે તો હું તેને અલ્લાહની જન્નતમાં પહોંચાડી દઈશ.

ઈસ્લામમાં ઈલ્મનું મહત્વ

અલ્લાહ તઆલાએ ઈન્સાનને વીર્યના નજીવા ટીપાંથી કે જામી ગયેલા લોહીના લોચાથી પૈદા કર્યો છે. પોતાને ઊંચો અને બીજાને નીચો સમજીને અભિમાન, તકબ્બુર કે તુમાખીથી કામ લેવાનું તેને શોભે નહિ. પૈદાઈશ વેળા તે એકદમ જાહિલ, અભણ અને અબુધ હતો. પોતાનું કે આજુબાજુનું તેને કશું ભાન ન હતું. પછી કલમથી અલ્લાહ તઆલાએ તેને જ્ઞાન આપી દીધું અને ફરમાવી દીધું, હે ઈન્સાન ! તું ગમે તેટલો મોટો જ્ઞાની, વિજ્ઞાની કે પ્રજ્ઞાની બની જાય પણ આટલું યાદ રાખજે કે જ્યારે તું લખવાનું શરૂ કરે તો મારૂં નામ હમેશા આગળ કરજે. કેમકે મેં કલમનો સંબંધ મારા નામ સાથે જોડી દીધો છે. લખતી વેળા જો મારૂં નામ ચૂકી ગયો તો ખબરદાર ! આખો જન્મારો ઠોકરો ખાતો રહેશે. અહીં પણ ઠોકરો ખાશે ડગલે ને પગલે. મરવા પછી પણ ઠોકરો ખાતો રહેશે.

અબ તો ઘબરા કે યે કેહતે હૈં કે મર જાએંગે • મરકે ભી ચેન ન પાયા તો કિધર જાએંગે ?

એજ કારણે અલ્લાહ તઆલાએ કુર્આનમાં અહલે-ઈલ્મ એટલે એવા આલિમો, પંડિતો, જ્ઞાનીઓ, વિજ્ઞાનીઓના વખાણ કર્યા છે જેઓ આ સૃષ્ટિના સર્જન વિશે ચિંતન-મનન કરતા રહે છે કે જગતના સર્જનહારે આ જગતનું ખેલ તમાશા તરીકે સર્જન નથી કર્યું બલકે જરૂર એમાં તેનો કોઈ ભેદ છે, કોઈ રહસ્ય છે, કોઈ હેતુ અને કોઈ મકસદ છે. એજ ભેદ એજ મકસદને ઉકેલવાના તેઓ પ્રયત્ન કરતા રહે છે અને જેમ જેમ ઉકેલે છે, અલ્લાહના દરબારમાં ઝૂકતા જાય છે. એવા જ આલિમો, પંડિતો અને વિજ્ઞાનીઓ માટે કુર્આનની આ આયત ઊતરી છે. "ઈન્નમા યખ-શલ્લાહા મિન ઈબાદિ-હિલ-ઉલમાઅ." બેશક અલ્લાહના બંદાઓમાંથી સૌથી વધુ અલ્લાહથી ડરનારા ઉલમા જ હોય છે. ઉલમા, આલિમ શબ્દનું બહુવચન છે અને એનું મૂળ ઈલ્મ શબ્દ છે.

એજ કારણે ઈસ્લામે પઢવા-ભણવા, લખવા-વાંચવા એટલે જ્ઞાન-પ્રાપ્તિ કે ઈલ્મ હાસિલ કરવા તરફ સૌથી પહેલું ધ્યાન આપ્યું અને પહેલી જ આકાશી વહીમાં પોતાના અનપઢ પયગમ્બરને પઢવાનો હુકમ ફરમાવ્યો અને મુસલમાનોને શિક્ષણ લેવાના તાકીદી હુકમ સાથે આ દુઆ માગતા રહેવાનું પણ ફરમાવ્યું : "રબ્બે ઝિદની ઈલ્મન !"હે મારા પાલનહાર ! મારા ઈલ્મમાં વધારો કરતો રહેજે !

કુર્આનમાં ચાર વાતોનો હુકમ

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પયગમ્બર બનાવ્યા તો સાથે કુર્આન આપીને ચાર વાતોનો આપને હુકમ ફરમાવ્યો.

- લોકોને કુર્આનની આયતો અને કુર્આનના શબ્દો પઢીને સંભળાવો.
- લોકોને કુર્આનના હુકમો અને કુર્આનના ફરમાનોનું શિક્ષણ આપો.
- લોકોને બુરાઈઓ અને ગુનાહોની ગંદકીથી તથા શરીર અને આત્માની નાપાકીઓથી પાકસાફ

કરો.

•————લોકોને હિકમતનું, દાનાઈનું, ડહાપણનું શિક્ષણ આપો.

મતલબ આ છે કે લોકોને જહાલતના અંધારામાંથી કાઢીને ઇલ્મો-હિકમતની રોશનીમાં લાવો. એનું બયાન કુર્આને-કરીમમાં આ રીતે થયું છે : હુવલ-લઝી બ-અ-સ ફીલ ઉમ્મીય-યીન રસૂલમ મિન્હુમ....પૂરી આયત. તરજુમો આ છે :

> તેજ અલ્લાહ છે જેણે ઉમ્મીય્યોમાં એટલે મક્કહની અભણ કુરૈશ કૌમમાંથી પોતાનો એક રસૂલ મોકલ્યો. અલ્લાહનો આ રસૂલ તેઓને અલ્લાહની આયતો પઢી સંભળાવે છે અને તેઓને શરીર તથા આત્માની ગંદકીઓથી પાકસાફ કરે છે અને તેઓને કિતાબ તથા હિકમતની કેળવણી આપે છે અને આથી પહેલાં એ લોકો ખુલ્લી ગુમરાહીમાં પડેલા હતા. (સૂરએ-જુમુઅહ પા. ૨૮ આયત ૨)

અલ્લાહ તઆલાએ મક્કહની ઉમ્મી કે અભણ કૌમમાંથી જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પયગમ્બર બનાવ્યા. આપની કુરૈશ કૌમ એટલી જાહિલ હતી કે પોતાના પાલનહારને છોડીને પોતાના હાથે ઘડેલી પથ્થરની મૂર્તિઓની પૂજા કરતી હતી. દરેક પ્રકારની અખ્લાકી અને રૂહાની ગંદકીઓમાં સબડતી હતી. હવે અલ્લાહના ઉમ્મી નબીએ પોતાની ઉમ્મી કૌમને કુર્આનનું શિક્ષણ આપવા માંડયું. કુર્આનની આયતો પઢીને તેના અર્થો સમજાવવા લાગ્યા. સાથે હિકમત, દાનાઈ અને ડહાપણની વાતો પણ શીખવવા માંડી. શરાબ, જુગાર, વ્યાજ, વ્યભિચાર, મારામારી, ખૂનરેજી, મૂર્તિપૂજા અને શરીર તથા રૂહની નાપાકીઓથી તેઓને પાકસાફ કરવા માંડયા અને સાથે ફરમાવી દીધું કે આથી પહેલાં એ બધા ખુલ્લી ગુમરાહીમાં પડેલા હતા.

મક્કહ અને અરબના લોકો ઈલ્મો-હિકમત, શરાફત અને સભ્યતા કે સંસ્કાર અને માણસાઈના મૂલ્યોથી સાવ અજ્ઞાત હતા. આ કારણે ઈરાનના પારસીઓ અને રોમના ખ્રિસ્તીઓ અરબોને પોતાના ગુલામ ગણતા હતા. તેઓને ગમાર, જંગલી અને જાહિલ કહેતા હતા. ઊંટો અને ઘેટા-બકરાંના રખેવાળ સમજતા હતા. એજ ગમારો અને ગોવાળોને અલ્લાહ તઆલાએ ઉપરની આયતમાં વધામણી આપી હતી કે :

> "હે મારા ઉમ્મી નબીની ઉમ્મી કૌમના લોકો ! મને તમારી દયા આવી ગઇ છે. મેં તમને શિક્ષણ આપવા માટે તમારી જ કૌમમાંથી મારા રસૂલને મોકલી આપ્યા છે. હવે તમારી જહાલતનો જમાનો ખતમ થયો અને તમારી અભણતાનો અંત આવ્યો. મારા રસૂલ તમને કુર્આનનું શિક્ષણ આપીને, ઇલ્મો-હિકમતની વાતો શીખવીને, ભણાવી-ગણાવીને તરક્કીની એવી ટોચે પહોંચાડી દેશે કે ઇરાન અને રોમના શહેનશાહો તમારી રૈયત બની જશે. તેઓના શાહી મહેલોના શાહી ખજાના તમારા ચરણોમાં ઢેર થઇ જશે. એટલું જ નહિ, તમે આખા જગતના તારણહાર અને દુનિયાભરના લોકોના ઇમામ બની જશો. પણ પોતાની અસલીયત અને મારો ઉપકાર યાદ રાખજો કે આથી પહેલાં તમે બધા ખુલ્લી ગુમરાહીમાં પડેલા હતા.

સબક ફિર પઢ સદાકત કા શુજાઅત કા અદાલત કા, • કે તુજ સે કામ લેના હય દુન્યા કી ઇમામત કા.

કૌમ પણ ઉમ્મી નબી પણ ઉમ્મી

અરબના લોકો પેઠે મક્કહના કુરૈશ પણ એકદમ ઉમ્મી, અભણ અને અશિક્ષિત હતા. સ્કૂલ, મદરસા કે પાઠશાળાના નામ માત્રથી અજ્ઞાત હતા. એજ ઉમ્મી કૌમમાંથી અલ્લાહ તઆલાએ પોતાના ઉમ્મી નબીની પસંદગી કરી અને એજ ઉમ્મી કૌમમાંથી પોતાના ઉમ્મી નબીને ચૂંટી લીધા. રોશન સૂરજ પેઠે માલૂમ પડ્યું કે કૌમ પણ ઉમ્મી અને અલ્લાહના પયગમ્બર પણ ઉમ્મી.

હકીકત એમ છે કે અલ્લાહના પયગમ્બરો ભણવા-પઢવા કે શિક્ષણ લેવા માટે કોઈ સ્કૂલમાં જતા નથી. કોઈ મદરસા કે પાઠશાળામાં દાખલ થતા નથી. નિશાળના કોઈ શિક્ષક કે મદરસાના કોઈ ઉસ્તાદની સામે અદબ વાળીને બેસતા નથી. અલ્લાહના પયગમ્બરો આ દુનિયામાં શિક્ષણ લેવા માટે નહિ, દુનિયાના લોકોને શિક્ષણ આપવા માટે પધારે છે. અલ્લાહના પયગમ્બરો શાગિર્દ તરીકે નહિ, ઉસ્તાદ તરીકે પધારે છે. શિષ્ય તરીકે નહિ, શિક્ષક તરીકે પધારે છે. ચેલા તરીકે નહિ, ગુરૂ તરીકે પધારે છે. દુનિયાના કોઈ ઉસ્તાદ કે શિક્ષક પાસેથી શિક્ષણ લેવા માટે પધારતા નથી. અલ્લાહ તઆલા પોતે પોતાના પયગમ્બરોને શિક્ષણ આપે છે.

અલ્લાહના પયગમ્બરો બ-રાહે-રાસ્ત એટલે સીધી રીતે અલ્લાહના શાગિર્દો હોય છે. દુનિયાના કોઈ શિક્ષક પાસેથી તેઓ શિક્ષણ લેતા નથી જેથી તેઓ કોઈના શાગિર્દ, કોઈના શિષ્ય, કોઈના ચેલા હોતા નથી.તેઓનો ઉસ્તાદ કે તેઓનો શિક્ષક તો અલ્લાહ વહદહૂ લા-શરીક પોતે છે. તેઓ સીધી રીતે અલ્લાહના શાગિર્દો હોય છે. માલૂમ પડ્યું જેનો શિક્ષક અલ્લાહ તઆલા પોતે હોય, દુનિયાનો કોઈ ઈન્સાન તેનો ઉસ્તાદ કેવી રીતે હોય શકે ? તો અલ્લાહના પયગમ્બરો આ દુનિયામાં શિક્ષણ લેવા માટે નહિ, શિક્ષણ આપવા માટે પધારે છે.

અલ્લાહના શાગિર્દો-લોકોના ઉસ્તાદો

એજ કારણ છે કે કુર્આનમાં પયગમ્બરોના શિક્ષણના વર્ણન સાથે, શિક્ષક તરીકે અલ્લાહનું નૂરાની નામ પણ આવે છે. જ્યાં શિક્ષણનું વર્ણન થયું ત્યાં એમ પણ ફરમાવ્યું કે પયગમ્બરોને શિક્ષણ હું પોતે આપું છું. પયગમ્બરો મારા શાગિર્દ છે. મારા શિષ્ય છે.

જુઓ, સૌથી પહેલા પયગમ્બર હઝરત આદમ વિષે ફરમાવ્યું : "વ અલ્લમ આદમલ-અસમાઅ." એટલે આદમને મેં શિક્ષણ આપ્યું. આદમને મેં તમામ વસ્તુઓના નામો શિખાડયાં.

અલ્લાહના પયગમ્બર હઝરત યુસુફ અલૈહિસ-સલામને અલ્લાહ તઆલાએ ખાસ કરીને ખ્વાબોની તઅબીરનો ઈલ્મ આપ્યો તો ફરમાવ્યું : "અલ્લમ-તની મિન તઅવીલિલ-અહાદીસ" એટલે યુસુફને મેં ખ્વાબોની તઅબીર કે સ્વપ્ન-ફળનો ઈલ્મ શિખાડયો.

હઝરત દાવૂદ અલૈહિસ-સલામ વિષે ફરમાવ્યું: "અનિઅ-મલ સાબિગાત વ કદ-દિર ફિસ-સર્દ." હે દાવૂદ ! બખ્તરો કુશાદા બનાવ અને કડીઓની જોડાણીમાં પ્રમાણસરનું માપ રાખ. અલ્લાહ તઆલાએ હઝરત દાવૂદને લડાઈના બખ્તરો બનાવવાની કળા શીખવી દીધી હતી અને લોખંડને હઝરત દાવૂદના હાથમાં મીણ જેવું નરમ બનાવી દીધું હતું.

હઝરત નૂહ અલૈહિસ-સલામના વહાણ વિષે ફરમાવ્યું: "વસ-નઅલ ફુલ્ક બિ-અઅ-યુનિના વ વહયિના"હે નૂહ ! અમારી આંખો સામે વહાણ બનાવ અને અમારી દોરવણી મુજબ બનાવ. હઝરત ખિઝર અલૈહિસ-સલામ વિષે ફરમાવ્યું: "અમે ગૈબના ખજાનાઓમાંથી તેને ઈલ્મ આપી દીધો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે ફરમાવ્યું :

"હે નબી! અલ્લાહએ આપને શિક્ષણ આપ્યું અને એવી વાતોનો ઈલ્મ આપ્યો જેને આપ જાણતા ન હતા. અલ્લાહએ આપની ઉપર મોટો ઉપકાર કર્યો કે તેણે આપને ગૈબના ખજાનાઓમાંથી ઈલ્મ આપી દીધો.

જેમકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: "મા કુન્તા તદરી મલ-કિતાબ વલલ-ઈમાન" હે નબી! આપને તો ખબર જ ન હતી કે કિતાબ શી વસ્તુ છે ? આ વાત પણ આપ જાણતા ન હતા કે ઈમાન કોને કહે છે અને તેના શું અર્થ છે ? હે નબી ! અમે પોતે આપના દિલમાં એક નૂર નાખ્યું, ઈલ્મની રોશની નાખી જેના પ્રકાશમાં બધું જ આપની ઉપર રોશન થઈ ગયું.

મતલબ કે જ્યાં જ્યાં અલ્લાહ તઆલાએ પયગમ્બરોને ગૈબથી આપેલા ઈલ્મનું વર્ણન કર્યું, ત્યાં અલ્લાહ તઆલાએ પોતાને શિક્ષક તરીકે જાહેર કર્યો અને પયગમ્બરોને પોતાના શાગિર્દ જાહેર કર્યા. માલૂમ પડયું પયગમ્બરોનો શિક્ષક અલ્લાહ તઆલા પોતે છે. પયગમ્બરો અલ્લાહના શાગિર્દો હોય છે. તેઓ બરાહે-રાસ્ત અલ્લાહ પાસેથી ઈલ્મ મેળવે છે. સાર આ નિકળ્યો કે પયગમ્બરો અલ્લાહના શાગિર્દો હોય છે. અને દુનિયાના લોકો પયગમ્બરોના શાગિર્દો હોય છે. અલ્લાહના પયગમ્બરો કોઈના શાગિર્દ બનવા માટે દુનિયામાં પધારતા નથી.

ત-લ-બુલ ઈલ્મે ફરીઝતુન

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહના પયગમ્બર પણ હતા અને લોકોના શિક્ષક પણ હતા. પૈગંબરીની પદવિ સાથે શિક્ષક તરીકેની જવાબદારી પણ આપને સોંપવામાં આવી હતી. આપે પોતાના સહાબા માટે તઅલીમો-તરબિયત એટલે શિક્ષણ અને કેળવણીનો એવો નક્કર પાયો કાયમ કરી દીધો જેની ઉપર ઈલ્મો-હિકમતની અઝીમુશ-શાન ઈમારત ઊભી થઈ ગઈ. સહાબામાં, તાબિઈનમાં, તબ્એ-તાબિઈન અને તે પછીની સદીઓમાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉમ્મતમાં એવા એવા મુફસ-સિરો, મુહદ-દિસો, ન્યાય-શાસ્ત્રીઓ, સિપહસાલારો, યુધ્ધવીરો, મુત્સદીઓ, રાજકારણીઓ, તબીબો, શાઈરો, સાહિત્યકારો, વિજ્ઞાનીઓ વગેરે પૈદા થયા જેના દાખલા રજૂ કરવાથી દુનિયા લાચાર અને ઈતિહાસના પાનાં ખામોશ છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને કિતાબ અને હિકમતની તઅલીમ આપવા માટે સૌથી પહેલાં આ વાતની વ્યવસ્થા કરી કે મુસલમાનોને કલમની કળાથી કામ લેવાનો ઈલ્મ શીખવી દેવામાં આવે. મક્કહ અને મદીનહના કેટલાક સહાબા પહેલેથી જ લખવા વાંચવાની કળા જાણતા હતા, જેઓમાંથી અમુક ગૃહસ્થો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી આકાશી વહીને લખી લેવાની કામગીરી બજાવતા હતા. એ પછી હિજરતના બીજા જ વરસે એટલે સન ૨ હિજરીમાં મક્કહના કુરૈશે અબૂ જહલ અને

ઉત્બહ બિન રબીઅહની આગેવાની હેઠળ મુસલમાનો પર ચઢાઇ કરી દીધી. નતીજારૂપે બદ્રના મેદાનમાં ખૂંખાર-યુદ્ધ ખેલાયું. એ ઇસ્લામ અને કુફ્ર વચ્ચે સૌથી પહેલું ધર્મયુદ્ધ હતું જે ગઝવએ-બદ્ર કે જંગે-બદ્રને નામે ઇતિહાસમાં જાણીતું થયું.

ઈસ્લામ અને કુફ્રની આ પહેલી ટક્કરમાં કુરૈશી લશ્કરની હાર થઈ. કુરૈશના ૭૦ સૈનિકો લડાઈમાં કેદ પકડાયા. કેદીઓમાંથી ખમતીધર લોકો મુક્તિ-દંડની રકમ ચૂકવીને આઝાદ થઇ ગયા. ઘણાખરા કેદીઓ એવા હતા જેઓ નાદારીને લીધે દંડની રકમ આપી શકતા ન હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "એવા નાદાર કેદીઓ જેઓ લખવા વાંચવાનું જાણતા હોય તેઓ મુસલમાનોના દસ-દસ બાળકોને લખવા વાંચવાનું શીખવી દે. એજ તેઓનો મુક્તિ-દંડ છે."

યુદ્ધના બિનમુસ્લિમ કેદી-શિક્ષકો પાસેથી લખવા વાંચવાની કળા શીખેલાં આ દસ-દસ મુસ્લિમ બાળકોએ આગળ જતાં કેટલાં મુસ્લિમ બાળકોને લખવા વાંચવાની કળા શિખાડી દીધી હશે તેની કલ્પના કરી લો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ હિકમતભરી નીતિના ફળરૂપે ટૂંક મુદ્દતમાં જ ઘણા ખરા મુસલમાનોએ લખવા વાંચવાની કળા શીખી લીધી અને દીવાથી દીવો રોશન થતો ચાલ્યો ગયો. એની સાથે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના ખુત્બાઓ, પ્રવચનો, સંભાષણો અને કુર્આની શિક્ષણની મજલિસોમાં વારંવાર ઇલ્મ-પ્રાપ્તિ પર ભાર મૂકીને દરેક મુસલમાન સ્ત્રી-પુરૂષ પર શિક્ષણ લેવાનું ફરજિયાત ઠરાવી દીધું.

એવી જ એક ઈલ્મી મજલિસમાં એકવાર આપે ફરમાવ્યુઃ "ત-લ-બુલ ઈલ્મે ફરીઝતુન અલા કુલ્લે મુસ્લિમ વ મુસ્લિમહ." અર્થાત : ઈલ્મનું તલબ કરવું એટલે પઢવા ભણવાનું શિક્ષણ લેવું ફર્ઝ છે દરેક મુસલમાન પુરૂષ પર અને દરેક મુસલમાન સ્ત્રી પર.

એક પ્રસંગે એથીયે વધુ જોરદાર શબ્દોમાં આપે ફરમાવ્યું : "ઉત્લુબૂલ-ઈલ્મ વ લવ કાના બિસ-સીન" એટલે નીકળી પડો ઈલ્મની શોધમાં ભલે તે મુલ્કે-ચીનમાં હોય. મતલબ આ કે ઈલ્મની તલબમાં મુલ્કે-ચીન જેવા હજારો માઈલ દૂર-દરાઝના દેશમાં જવું પડે તો સાહસિક જવાંમર્દ પેઠે સફરની તકલીફોનું પરાક્રમ ખેડીને ચીન સુધી પહોંચી જાવ.

તે સમયે મુલ્કે-ચીન સુધી પહોંચવું આજના જેટલું આસાન ન હતું. તે જમાનામાં આજના જમાના જેવાં ઝડપી પ્રવાસના અદ્યતન સાધનો પણ ક્યાં હતાં ? અરબના લોકો ઊંટો, ઘોડા-ગધેડા કે ખચ્ચર પર સવાર થઈને સફર કરતા હતા. ફકત ઈલ્મનું મહત્વ દર્શાવવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું કે, ઈલ્મની તલબ માટે સાત સમુદ્રો ખેડવા પડે કે પહાડો, જંગલો અને રેતીના રણો ખૂંદવા પડે તો સાહસવીર પેઠે તેનું પણ બીડું ઝડપી લો. ઈલ્મના રસ્તામાં મોત પણ આવી લાગે તો તેની પાછ પરવા ન કરો.

ઈલ્મની તલબ વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એક હદીસના શબ્દો તો એટલા રૂપાળા છે કે તે અરબી ભાષાની એક કહેવત સમાન બની ગયા છે. આપના ફૂલઝરતા મુખેથી નીકળેલા એ પયગમ્બરી શબ્દો આ છે : "ઉત્લુબૂલ-ઇલ્મ મિનલ-મહદે ઈલલ-લહદે."

અર્થાતઃ માતાના ખોળાથી લઈને કબરના ખાડા સુધી ઈલ્મ હાસિલ કરતા રહો. અલ્લાહુ અકબર !

ઇલ્મની મહત્તા, ઇલ્મનું ગૌરવ, ઇલ્મની શાન એનાથી વધીને બીજી શી હોય શકે ? આટલા અઝીમુશ-શાન શબ્દો અલ્લાહના પયગમ્બર વગર કોના મુખેથી નીકળી શકે કે પૈદાઇશથી લઇને મોત આવે ત્યાં સુધી ઇલ્મ હાસિલ કરતા રહો. માલૂમ પડયું ઇલ્મ એવો અગાધ અને અસીમ સમુદ્ર છે. જેનું કોઇ તળિયું નથી. જેનો કાંઇ કિનારો નથી. જેનો કોઇ પાર કે શુમાર નથી. એક વેળા તો આપે પોતાના સહાબાને એમ પણ ફરમાવ્યું કે, ''ઇલ્મો-હિકમતની વાત ગમે ત્યાંથી મળી આવે, દોડીને તેને ઉપાડી લો. કેમકે એ મુસલમાનોની જ ગુમ થયેલી મતા છે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમ પણ ફરમાવ્યું છે કે, ''અલ-ઇલ્મુ નૂરૂન.'' એટલે ઇલ્મ એક નૂર છે એક પ્રકાશ છે એક રોશની છે.

અલ્લાહ તઆલાએ પણ પોતાની શાનમાં ફરમાવ્યું છેઃ ''અલ્લાહુ નૂરૂસ-સમાવાતિ વલ-અર્દ.'' એટલે અલ્લાહ આકાશો અને ધરતીનું નૂર છે. આખું જગત અલ્લાહના નૂરથી ઝળહળી રહ્યું છે. ઇન્સાન પાસે ઇલ્મનું નૂર ન હોય તો તે પોતાના પાલનહારને કેવી રીતે ઓળખી શકે ? ઇલ્મના નૂર વગરનો ઇન્સાન અલ્લાહના નૂરને કેવી રીતે જોઇ શકે ? જાહિલ ઇન્સાન મૂગાં, બહેરાં, આંધળાં પ્રાણીથી વધુ મૂલ્ય ધરાવતો નથી. તે ન પોતાની જાતને ઓળખે છે ન આ વાત જાણે છે કે અલ્લાહ તઆલાએ કેમ તેને આ દુનિયામાં પૈદા કર્યો અને શા હેતુએ અલ્લાહ તઆલાએ આ જગતનું સર્જન કર્યું ?

સૌથી પહેલી ઈસ્લામી યૂનિવર્સિટી

ગારે-હિરાની પહેલી વહીમાં પઢવાનો હુકમ મળવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનું પૂરૂં જીવન ઇસ્લામની તબલીગમાં અને પોતાના સહાબાને કિતાબ તથા હિકમતની તઅલીમ આપવામાં અને તેઓને તન-મનની ગંદકીઓથી પાકસાફ કરવામાં વીતાવી દીધું. એની સાથે ઇસ્લામને દુશ્મનોના આક્રમણથી બચાવવાનું અભિયાન પણ ચાલુ રહ્યું.

માનવંતા સહાબાને મુસલમાન બનવા પહેલાં આ વાતની ખબર જ ન હતી કે તનની નાપાકી કેવી હોય છે અને મનની નાપાકી કોને કહે છે ? શરીરની નાપાકી અને આત્માની નાપાકી વિષે તેઓ કશું જાણતા ન હતા. અટલી પણ ખબર ન હતી કે પૈશાબ પાક હોય છે કે નાપાક અને પત્ની-સમાગમ પછી કેવી રીતે પાકસાફ થવું ? સ્ત્રીઓને પણ પોતાના માસિક ધર્મ અને તેવી જ બીજી વાતોનું કશું જ્ઞાન ન હતું. એવી જ રીતે રૂહની નાપાકી કે મનની ગંદકી વિષે તેઓ કશી માહિતી ધરાવતા ન હતા. બાપદાદાથી મૂર્તિપૂજાના પાપમાં સપડાયેલા હતા. ન કોઈ પયગમ્બર એમની પાસે આવ્યા હતા ન કોઇ આકાશી કિતાબ તેઓ ધરાવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને શરીરની નાપાકીઓ સાથે આત્માની નાપાકીઓથી પણ પાકસાફ કરવા માંડયા.

ઇસ્લામની શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાન બનનારાઓને કુર્આનનું શિક્ષણ આપવા માટે સફા પહાડની તળેટીમાં આવેલા એક મકાનમાં મદરસાની સ્થાપના કરી હતી. હઝરત અરકમ બિન અરકમ નામે આપના એક સહાબીનું એ મકાન હતું અને ''દારે-અરકમ''નામે ઓળખાતું હતું. આ તેજ મકાન હતું જયાં હઝરત ઉમર ફારૂક જેવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટર દુશ્મન

આપની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા હતા. અહીં આપ મુસલમાન બનનારાઓને છુપી રીતે ભેગા કરીને કુર્આન તથા ઈસ્લામનું શિક્ષણ આપતા હતા. આ દારે-અરકમ મક્કહમાં મુસલમાનોને શિક્ષણ આપવાનો સૌથી પહેલો મદરસો કે સૌથી પહેલી સ્કૂલ હતી.

મક્કહથી હિજરત કરીને આપ મદીનહ પધાર્યા તો સૌથી પહેલું જે કામ આપે કર્યું તે મસ્જિદે-નબવીની તઅમીરનું કામ હતું. પોતાના સહાબા સાથે મળીને બાંધણીનું કામ શરૂ કર્યું તો એજ મસ્જિદની અંદર પથ્થરોથી એક મુખ્ય ભાગનું ચણતર કરાવ્યું જેનું નામ ''સુફ્ફહ'' હતું. સુફ્ફહ અરબી શબ્દ છે જેના અર્થ ચબૂતરો, ઓટલો, મંચ, પ્લેટફોર્મ, બેઠક માટેની ઊંચી જગા વગેરે થાય છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માનવંતા સહાબા અને તેઓની અવલાદને ભણાવવા પઢાવવા કે કેળવણી આપવા માટે ખાસ આ સુફ્ફહનું ચણતર કરાવ્યું હતું.

મસ્જિદે-નબવીનો આ સુફ્ફહ નામે ચબૂતરો મુસલમાનોના શિક્ષણ માટેનો પ્રાથમિક મદરસો પણ હતો અને ઊંચા વર્ગોની તઅલીમ માટેનો દારૂલ-ઉલૂમ પણ હતો, એની સાથે જ આ ચબૂતરો બહારગામના વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ હાઉસની પણ ગરજ સારતો હતો. દિવસના સમયે અહીં કિતાબ અને હિકમતની તઅલીમનું કામ ચાલતું અને રાતે બહારગામના વિદ્યાર્થીઓના ઊઠવા-બેસવા તથા સૂવા-ઊંઘવા માટે એનો ઉપયોગ કરવામાં આવતો. સુફ્ફહના દારૂલ-ઉલૂમમાં શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓને ''અસહાબે-સુફ્ફહ'' કહેવામાં આવે છે.

મુકામી તાલિબાન-બેરૂની તાલિબાન

સુફ્ફહના દારૂલ-ઉલૂમમાં બે પ્રકારના તાલિબાન શિક્ષણ લેતા હતા. કેટલાક એવા હતા જેઓ શહેરમાં રહીને તઅલીમ લેવા આવતા હતા અને કલાસનો સમય પૂરો થતાં પોતાના રહેઠાણે ચાલ્યા જતા. એ મુકામી તાલિબાન કહેવાતા હતા. કેટલાક એવા હતા જેઓ છેક ગરીબ કે નાદાર હતા. શહેરમાં તેઓનું ન કોઈ ઘર હતું ન કોઈ ઠામઠેકાણું હતું: ઘરબાર વગરના આ તાલિબાન રાતના સમયે અહીં જ રાતવાસો કરી લેતા. એમના ખાવાપીવાનો બંદોબસ્ત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી થઈ જતો હતો. કાં આપના ઘરેથી એમનું જમણ આવી જતું અથવા કોઈ સહાબી તરફથી ખાવાની દઅવત મળી જતી અને જ્યારે કંઈ ન મળતું તો ભૂખ્યા પેટે સૂઈ રહેતા. કેમકે જાણતા હતા કે ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘરમાં અમુક વેળા લગાતાર મહિના સુધી ચૂલો સળગતો ન હતો.

અસહાબે-સુફ્ફહની સૌથી મોંઘી મતા ''તવક્કુલ-અલલ્લાહ'' એટલે અલ્લાહ પર ભરોસો હતો. એમાંના ઘણાખરા તો જાતમેહનતની કમાણીથી ગુજરાન કરી લેતા. ફુરસતના સમયે જંગલમાં જઈને ત્યાંથી ઘાસચારો કે લાકડાં કાપી લાવતા. તેને વેચીને જે કંઈ મળી જતું તેનો સંતોષ માનીને અલ્લાહનો શુક્ર અદા કરતા. અથવા છોટીમોટી મઝદૂરી કરી લેતા અને તેનાથી જે કંઈ મળી આવતું તેમાં પોતાના ભાઈઓને પણ શરીક કરી લેતા. એક વાત ચોક્કસ હતી કે ગમે તેવો ભૂખમરો આવી પડે કે ફાકા પર ફાકા વેઠવા પડે છતાં ભીખ કોઈ માગતું ન હતું. કોઈની આગળ ભીખ માગવાની કે ભીખ માટે હાથ લાંબો કરવાની સખ્ત મનાઈ હતી.

શાગિર્દોમાંથી બનેલા શિક્ષકો

શરૂઆતમાં મુસલમાન બનનારાઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે કુર્આનનું શિક્ષણ આપતા હતા. પછી જયારે દિન બ દિન મુસલમાનોની સંખ્યામાં ઉમેરો થતો ગયો તો ચોખ્ખી વાત છે કે એક શિક્ષક ઘણાબધા વિદ્યાર્થીઓને શિક્ષણ આપી શકતો નથી, ત્યારે આપે પોતાના શાગિર્દોમાંથી કેટલાક એવા સહાબાને, જેઓ પોતાની ચંચળ-બુધ્ધિ અને અદ્‌ભૂત યાદ-શકિતને કારણે કુર્આનનું પાકું જ્ઞાન ધરાવતા હતા. તેઓને હુકમ ફરમાવ્યો કે હવે તમે પણ શિક્ષણ આપ્યા કરો એ બધા એવા ઘડાયેલા, અધિકૃત અને સનદી શાગિર્દો હતા જેઓએ ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી કુર્આન અને દીનની વાતોનું શિક્ષણ લીધું હતું અને જેઓને ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શિક્ષક હોવાની સનદ આપી હતી અને ફરમાવ્યું હતું કે, તમે બધા સરકારી કે સત્તાવાર રીતે શિક્ષણ આપવાને લાયક છો.

સત્તાવાર કે સરકારી ધોરણે શિક્ષણ આપવાનો આ સિલસિલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી શરૂ થયો અને સહાબાથી લઇને સહાબાની પેઢી-દર-પેઢી થતો આપણા સુધી પહોંચ્યો છે. આજે આપણા દીની મદરસાઓ અને દારૂલ-ઉલૂમોમાં એજ પરંપરા મુજબ કુર્આન અને હદીસનું શિક્ષણ આપવામાં આવે છે. અને જયારે કોઇ વિદ્યાર્થી, હાફિઝ કે આલિમ બની જાય છે તો મદરસા કે દારૂલ-ઉલૂમ તરફથી તેને એક સનદ કે પ્રમાણપત્ર આપવામાં આવે છે.

દાખલા તરીકે એક મુસ્લિમ બાળકે દારૂલ ઉલૂમના ઉસ્તાદ પાસે શિક્ષણ લઇને પૂરૂં કુર્આન મોઢે યાદ કરી લીધું અને તે પાકું થઇ ગયું તો દારૂલ ઉલૂમ તરફથી તેને એક સનદ એટલે પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ સનદમાં તેના ઉસ્તાદની સહી સાથે કંઇક આ પ્રકારનું લખાણ હોય છે :

> "આ દારૂલ-ઉલૂમમાં મેં મારા ફલાણા શાગિર્દને પૂરૂં કુર્આને-મજીદ તજવીદના કાયદા-કાનૂન સાથે મોઢે કરાવી દીધું છે. મેં મારા આ શાગિર્દને કુર્આનનું તેવું જ શિક્ષણ આપ્યું છે જેવું મારા ફલાણા ઉસ્તાદે મને શિક્ષણ આપ્યું હતું અને કહ્યું હતું કે મને પણ મારા ફલાણા ઉસ્તાદે એજ પ્રમાણે શિક્ષણ આપ્યું હતું."

એક પછી એક ઉસ્તાદોના નામો અને સનદોનો આ સિલસિલો ઉસ્તાદ-દર-ઉસ્તાદ થતો રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા સુધી પહોંચી જાય છે અને સહાબાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુધી પહોંચી જાય છે. આપણા દીની મદરસાઓ અને ઈસ્લામી દારૂલ-ઉલૂમોમાં કુર્આન અને હદીસના શિક્ષણની આ પ્રથાનો અમલ આજે પણ ચાલુ છે. કોઇ બાળક કુર્આન મોઢે કરી લે કે કોઇ વિદ્યાર્થી આલિમનો કોર્સ પૂરો કરી લે તો તેને ઉપરના લખાણ મુજબની સનદ આપવામાં આવે છે. આ સનદમાં સહી કરનાર ઉસ્તાદનો સિલસિલો સહાબા સુધી પહોંચી જાય છે જેના અર્થ આ છે કે, મેં આ શાગિર્દને તેવી જ રીતે શિક્ષણ આપ્યું છે જેવી રીતે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને શિક્ષણ આપ્યું હતું.

સુફ્ફહની પાઠશાળાના ઉસ્તાદો

સારાંશ કે અસહાબે-સુફ્ફહની તઅલીમ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના

શાગિર્દોમાંથી એવા બાહોશ શિક્ષકોની નિમણૂક કરી હતી જેઓએ આપની પાસેથી શિક્ષણ લઈને બીજાઓને શિક્ષણ આપવાની સનદ મેળવી હતી. સુફ્ફહના મદરસામાં જુદા-જુદા વિષયોની તઅલીમ આપવામાં આવતી હતી. એમાં પ્રાથમિક વર્ગથી લઈને ઊંચા વર્ગોની કેળવણીનો સમાવેશ થતો હતો. એક ઉસ્તાદ એકડિયા કલાસના અનપઢ લોકોને અલિફ-બા-તા, કે એકડે એક ઘૂંટાવીને લખવા વાંચવાનું શિક્ષણ આપતા હતા. આ કલાસમાં બાળકોથી લઈને દરેક ઉંમરના તાલિબાનનો સમાવેશ હતો.

બીજા ઉસ્તાદ લખવા વાંચવાનું શીખી લેનારાઓને કુર્આને-મજીદની આયતોના શિક્ષણ સાથે, કુર્આની આયતોના શબ્દોને શુધ્ધ ઉચ્ચારણ સાથે કેવી રીતે પઢવું તેની તઅલીમ આપતા હતા. ત્રીજા ઉસ્તાદ ઊંચી કલાસના શાગિર્દોને કલામે-પાકની આયતોના અર્થો,મર્મો અને રહસ્યોની કેળવણી આપતા હતા. એક કલાસ એવી હતી જેના ઉસ્તાદ પોતાના શાગિર્દોને ઈસ્લામના મૂળભૂત સિધ્ધાંતોનું શિક્ષણ આપતા હતા. એક કલાસના ઉસ્તાદ પોતાના શાગિર્દોને વુઝૂ કરવાની તરકીબ, નમાઝ પઢવાની રીત અને એને લગતી અગત્યની વાતોની કેળવણી આપતા હતા.

એક ઉસ્તાદ ખુશ-નવીસી એટલે કિતાબતની કળામાં પાવરધા હતા. એમના હસ્તાક્ષરો એટલે લખાણના અક્ષરો મોતીના દાણા જેવા સુંદર હતા. તેઓ પોતાના શાગિર્દોને ખુશ-નવીસીની કળાનું શિક્ષણ આપતા હતા. એવી જ રીતે સુફ્ફહના મદરસામાં ઈલ્મો-હિકમતના જુદા-જુદા વિષયોની તઅલીમ આપવામાં આવતી હતી. કેળવણી ખાતાના બધા શિક્ષકો તેજ લોકો હતા જેઓએ ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી શિક્ષણ લીધું હતું અને ખુદ આપે તેઓને સત્તાવાર શિક્ષક હોવાની સનદ આપી હતી. અધુરૂં ભણેલા કે અધકચરૂં જ્ઞાન ધરાવનારાઓને કુર્આનના શિક્ષણની જવાબદારી સોંપવાનું આપને મુદ્દલ પસંદ ન હતું.

સુફ્ફહના મદરસામાં પાંચ મુખ્ય ઉસ્તાદો હતા જેઓની નિગરાની હેઠળ ઈલ્મો-હિકમતના શિક્ષણની પ્રવૃત્તિ ચાલતી હતી. એમના મુબારક નામો આ છે : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિયલ્લાહુ અન્હુ (૨) હઝરત હુઝૈફહના આઝાદ ગુલામ હઝરત સાલિમ રદિયલ્લાહુ અન્હુ (૩) હઝરત ઉબય બિન કઅબ રદિયલ્લાહુ અન્હુ (૪) હઝરત મુઆઝ બિન જબલ રદિયલ્લાહુ અન્હુ (૫) હઝરત અબ્દુલ્લાહ બિન સઈદ બિન આસ રદિયલ્લાહુ અન્હુ. સુફ્ફહના મદરસાની સરપરસ્તી અને નિગરાની ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે ફરમાવતા હતા.[૧]

હઝરત અબૂ દરદાઅનો દિલચસ્પ કિસ્સો

હદીસની રિવાયતોમાં એક દિલચસ્પ કિસ્સો ટાંકેલો છે. એક વેળા સુફ્ફહના મદરસાના એક ઉસ્તાદ જેમનું મુબારક નામ હઝરત અબૂ દરદાઅ હતું, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. તેમના હાથમાં તીર ચલાવવાની એક કમાન હતી. આપના ચરણોમાં કમાન રજૂ કરતાં કહેવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! મારો ... શાગિર્દ છે. તેનું આ નામ છે. હું તેને કુર્આનનું શિક્ષણ આપતો હતો. હવે તેણે કુર્આન ખતમ કરી લીધું તો ખુશ થઈને તેણે આ કમાન મને હદિયા તરીકે આપી છે. સાથે તેણે મને એમ પણ કહ્યું કે, ઉસ્તાદ ! આ કમાનથી ઈસ્લામના દુશ્મનો સાથે જિહાદ કરજો. હવે પૂછવાનું આટલું યા રસૂલલ્લાહ !

૧. મવલાના કારી સઈદ અહમદ કૃત : તારીખે-કુર્આન પેજ ૨૯૨

કે મારા શાગિર્દનો આ હદિયો મારે કબૂલ કરવો કે નહિ ?''

આપે ફરમાવ્યું, ''ના બિલકુલ નહિ, હરગિઝ કબૂલ નહિ કરો. આ કમાન તો હે અબૂ દરદાઅ ! જહન્નમની એક આગ છે.''

એજ વેળા હઝરત અબૂ દરદાઅ દોડતા ગયા અને શિક્ષણના બદલા તરીકે ભેટમાં મળેલી કમાન પેલા શાગિર્દને પાછી આપતાં બોલ્યાં, ''હે ભાઇ ! તારી આ કમાન હું કબૂલ કરી શકું નહિ. કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું કે તઅલીમના બદલામાં મળેલી વસ્તુ જહન્નમની આગ છે.''

આ કિસ્સામાં એક શિક્ષકે પોતાના કોઇ શાગિર્દ પાસેથી તેને આપેલા શિક્ષણનો બદલો વસૂલ કરવાનો સંભવ હોવાથી આપે એવો હદિયો કબૂલ કરવાની ચોખ્ખા શબ્દોમાં મના ફરમાવી દીધી. બાદમાં જ્યારે સરકારી ધોરણે મદીનહ તથા ફતેહ થયેલા ઇસ્લામી મુલ્કોમાં શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હશે તો, બનવા જોગ છે ઉસ્તાદોના પગારો પણ બૈતુલ-માલથી બાંધી આપ્યા હશે. પણ આટલું ચોક્કસ કે શાગિર્દો પાસેથી હદિયા તરીકે કોઇ વસ્તુ કબૂલ કરવાની ચોખ્ખી મના ફરમાવી દીધી. હદિયો શાગિર્દો તરફથી ક્યારે કેવા રૂપમાં કબૂલ કરી શકાય તેની શરતો અને નિયમો ઇસ્લામી ઉલૂમના ન્યાયશાસ્ત્રીઓએ ઘડી આપ્યા છે.

દીની શિક્ષણની ઇલ્મી મજલિસો

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માનવંતા સહાબાની દીની, તઅલીમી, ઇલ્મી મજલિસો બેહદ પસંદ હતી. એવા મકતબો, મદરસાઓ, સ્કૂલો, કોલેજો, દારૂલ-ઉલૂમો જેમાં કુર્આન,હદીસ, નમાઝ, રોઝહ અને એવી જ દીની વાતોનું શિક્ષણ આપવામાં આવતું હોય તેનું મૂલ્ય આપની નજરમાં સૌથી ઊંચું હતું.

હદીસ શરીફમાં છે કે એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મસ્જિદે-નબવીમાં પધાર્યા. આપે જોયું તો ત્યાં બે પ્રકારની મજલિસો જામેલી હતી. એક મજલિસમાં લોકો ''ઝિક્રૂલ્લાહ'' એટલે અલ્લાહના નામની માળા જપવામાં, વિર્દ-વઝીફ. પઢવામાં, અલ્લાહુ અલ્લાહની તસબીહનું રટણ કરવામાં મશગૂલ હતા. બીજી તરફ પઢવા-પઢાવવાની કે શીખવા-શિખાડવાની ઇલ્મી મજલિસ જામેલી હતી. એમાં કુર્આનના શિક્ષણની, નમાઝ-રોઝહની, અને દીનને લગતી વાતોની ઇલ્મી ચર્ચા ચાલતી હતી.

બીજા શબ્દોમાં કહીએ તો એક મજલિસ આબિદો એટલે સંતસૂફીઓની ખાનકાહ જેવી હતી જેમાં ''અલ્લાહુ અલ્લાહ અને લા ઇલાહ ઇલ્લલ્લાહુ''નો ઝિક્ર ચાલતો હતો. જ્યારે બીજી મજલિસ આલિમો, શિક્ષકો અને શાગિર્દોના મદરસા જેવી હતી. એમાં પઢવા પઢાવવા કે શીખવા-શિખાડવાની ઇલ્મી પ્રવૃત્તિ ચાલતી હતી. બંને મજલિસોને જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું:

''બંને મજલિસો બહુ મુબારક બહુ નુરાની મજલિસો છે. બંને મજલિસો પર અલ્લાહની રહમતો વરસે છે. પણ અલ્લાહ તઆલાએ મને આ દુનિયામાં ''મુઅલ્લિમ'' એટલે શિક્ષક બનાવીને મોકલ્યો છે.''

આમ ફરમાવીને આપ તે ઇલ્મી મજલિસમાં બિરાજમાન થઇ ગયા, જેમાં તઅલીમો-તઅલ્લુમ એટલે શીખવા-શિખવાડવાની ઇલ્મી ચર્ચા ચાલતી હતી.

ઘરેઘરમાં ઇલ્મની ચર્ચા

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહની ઈબાદત માટે મદીનહમાં મસ્જિદનો પાયો નાખ્યો તો સાથે લોકોના શિક્ષણ માટે મદરસાનો પણ પાયો નાખી દીધો. સુફ્ફહનો આ મદરસો એક રીતે મદીનહનો સૌથી પહેલો દારૂલ-ઉલૂમ પણ હતો અને ઈકામત-ગાહ પણ હતી. એ શિક્ષણ-કેન્દ્ર પણ હતું અને બોર્ડિંગ હાઉસ પણ હતું. બીજા શબ્દોમાં એ મદીનહની સૌથી પહેલી "રેસીડન્ટીઅલ યુનિવર્સિટી"———Residential University———હતી. આ અઝીમુશ-શાન યુનિવર્સિટી કે દારૂલ-ઉલૂમનો પાયો અલ્લાહના અઝીમુશ-શાન પયગમ્બરના મુબારક હાથે નાખવામાં આવ્યો હતો. એમાં શરૂઆતથી લઈને ઊંચા વર્ગો સુધીનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ દારૂલ-ઉલૂમના સૌથી મોટા શિક્ષક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે હતા અને આપના શિક્ષક, આપને પયગમ્બર બનાવનાર અલ્લાહ વહદહૂ લા શરીક પોતે હતો. આપ મસ્જિદે-નબવીના દારૂલ-ઉલૂમમાં બિરાજમાન થઈને પોતાના સહાબાને ઈલ્મો-હિકમતનું શિક્ષણ આપતા હતા. આપ કિતાબુલ્લાહની આયતો પણ પઢી સંભળાવતા હતા અને તેના અર્થો તથા રહસ્યો પણ સમજાવતા હતા. આપની તનતોડ કોશિશો અને સતત પ્રયાસોનો આ નતીજો નીકળ્યો કે મુસલમાનોના ઘરેઘરમાં ઈલ્મની ચર્ચાઓ થવા લાગી. શું મર્દો, શું ઓરતો, શું બાળકો, બધાં જ ઈલ્મ-પ્રાપ્તિમાં રચ્યાં-પચ્યાં થઇ ગયાં. ભણવા પઢવાનું જાણે ઘેલું લાગ્યું હોય તેમ મુસલમાનોનું ઘરેઘર "કાલલ્લાહ" અને "કાલર-રસૂલ" ના સુમધુર નાદોથી ગુંજી રહ્યું.

મુસલમાનોના શિક્ષણ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહમાં ઈસ્લામી મદરસો કાયમ કર્યો તે ખરૂં જોતાં કોઇ નવી કે નવાઇ ભરેલી વાત ન હતી. આ જગતમાં ઈન્સાનનો વસવાટ શરૂ થયો તે પહેલાં સ્વર્ગલોકના એક મદરસાની પણ જાણકારી મળે છે. કુર્આને-મજીદની સૂરતુલ-બકરહના ચોથા રૂકૂઅથી માલૂમ પડે છે કે અલ્લાહ તઆલાએ યુગાનોયુગ પહેલાં સ્વર્ગલોકમાં મદરસો કાયમ કરીને ઈન્સાન અને ફરિશ્તાઓની પરીક્ષા લીધી હતી. આ પરીક્ષામાં ઈન્સાન પાસ થઈ ગયો. ફરિશ્તા નાપાસ થયા.

એનો બનાવ એમ છે કે અલ્લાહ તઆલાએ આ જગતના સૌથી પહેલા ઈન્સાન હઝરત આદમને પૈદા કરીને પોતાના ખલીફા તરીકે જમીન પર મોકલવાનો ઈરાદો કર્યો તો સ્વર્ગલોકમાં દરબાર ભરીને ફરિશ્તાઓ આગળ તેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને ફરમાવ્યું, "ઇન્ની જાઇલુન ફિલ-અર્દિ ખલીફહ" હે ફરિશ્તાઓ ! હું જમીન પર ઈન્સાનને મારા ખલીફા તરીકે મોકલવા માગું છું. તમે શું કહો છો ?

"હે અમારા પાલનહાર !" ફરિશ્તા બા-અદબ બા-મુલાહિઝા બોલ્યા, "શું આપ એવા ઈન્સાનને પોતાનો ખલીફા બનાવશો જે જમીન પર જઈને ખૂનરેઝી કરશે, મારધાડ કરશે, એકબીજાના ગળાં કાપશે? જયારે કે અમે આપના તાબેદાર બંદા છીએ. આપના આજ્ઞાપાલક ગુલામો છીએ. હર ઘડી આપની બંદગીમાં લાગેલા છીએ. આપની અઝમત, આપના જલાલ, આપની શાનના કીર્તિગાન ગાઇએ છીએ."

"હે મારા ફરિશ્તાઓ !" અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, "ઇન્ની અઅલમુ મા લા તઅ-લમૂન" જે વાતો હું જાણું છું તે તમે નથી જાણતા.

એ પછી અલ્લાહ તઆલાએ હઝરત આદમને જમીન આસમાનની વસ્તુઓના નામોનું શિક્ષણ આપી દીધું. અને ફરિશ્તાઓની પરીક્ષા લેતાં ફરમાવ્યું, "જો તમે સાચા હો તો મને એ વસ્તુઓના નામો તો

ગણી બતાવો.''

ફરિશ્તાઓની ફિતરતમાં એ નામોના ઇલ્મની પાત્રતા ન હતી. બા-અદબ બા-મુલાહિઝા બોલ્યા, ''લા ઇલ્મ લના ઇલ્લા મા અલ્લમ-તના'' હે અમારા માલિક ! અમારી પાસે એનો ઇલ્મ નથી. અમે તો એટલું જ જાણીએ છીએ જેટલું આપે અમને શિક્ષણ આપ્યું છે.

ત્યારે અલ્લાહ તઆલાએ હઝરત આદમને ફરમાવ્યું, ''આદમ ! એમને એ બધી વસ્તુઓના નામો ગણી બતાવ.'' હુકમ મળતાં જ આપણા બાવા આદમે ફટાફટ બધી વસ્તુઓના નામો ગણી બતાવ્યાં. પરીક્ષામાં ઇન્સાન પાસ થઇ ગયો. ફરિશ્તા નાપાસ થયા. અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, ''હે મારા ફરિશ્તાઓ ! મેં તમને ન હોતું કહ્યું કે જે વાતો હું જાણું છું તે તમે નથી જાણતા. બેશક આકાશો અને જમીનની ગૈબની વાતોનો હું સૌથી વધારે જાણકાર છું.''

આ કુર્આની કિસ્સો અહીં પૂરો થતો નથી પણ આટલું બતાવો કે આજથી યુગોયુગ પૂર્વે સ્વર્ગલોકના દરબારમાં જ્યાં અલ્લાહ તઆલાએ હઝરત આદમ અલૈહિસ-સલામને જમીન-આસમાનની વસ્તુઓના નામોનું શિક્ષણ આપ્યું એને મદરસો કહી શકાય કે નહિ ? અને આ મદરસામાં ઇન્સાન તથા ફરિશ્તાઓનું ઇમ્તેહાન લેવામાં આવ્યું કે નહિ ? અને આ ઇમ્તેહાનમાં ઇન્સાન પાસ થયો કે નહિ ? ગારે-હિરાની પહેલી આકાશી વહીમાં એજ વાતનું બયાન થયું છે :''અલ્લમ્ બિલ-કલમ્.'' તે પાલનહાર જેણે ઇન્સાનને કલમથી ઇલ્મ આપ્યો અને ''અલ્લમલ-ઇન્સાન મા લમ યઅલમ.'' તે પાલનહાર જેણે ઇન્સાનને શિક્ષણ આપ્યું તે વસ્તુઓનું જેને તે જાણતો ન હતો.

અલ્લાહ તઆલાએ મદરસો કાયમ કર્યો સ્વર્ગલોકમાં અને તેના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદરસો કાયમ કર્યો મદીનહમાં જેને સુફ્ફહનો મદરસો કહે છે અને જેના વિદ્યાર્થીઓને ''અસહાબે-સુફ્ફહ'' કહેવામાં આવે છે. એ મુસલમાનોના શિક્ષણ માટે મદીનહનો સૌથી પહેલો દારૂલ-ઉલૂમ હતો. એજ દારૂલ-ઉલૂમના અનુકરણમાં ઇસ્લામી આલમના શહેરોમાં દારૂલ-ઉલૂમોની સ્થાપના કરવામાં આવી અને એજ મદની દારૂલ-ઉલૂમના અનુકરણમાં દારૂલ-ઉલૂમ દેવબંદ કાયમ થયો અને પછી તો શહેરો અને કસબાઓમાં દારૂલ-ઉલૂમોની જાળ પાથરી દેવામાં આવી. ખરૂં જોતાં એજ દારૂલ-ઉલૂમો કુર્આનની, હદીસની અને ઇસ્લામની હિફાઝતના અભેદ કિલ્લા ગણાય છે. જરા વિચાર કરો કે આપણા આલિમોએ, મૌલ્વીઓએ, મુફતીઓએ, ઇમામોએ કુર્આન અને હદીસના આ દારૂલ-ઉલૂમોની સ્થાપના ન કરી હોત તો આજે ઇસ્લામની અને મુસલમાનોની શી હાલત હોત !

સ્ત્રીઓના શિક્ષણની અલગ વ્યવસ્થા

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુર્આન અને દીની વાતોનું શિક્ષણ પુરૂષો સુધી જ મર્યાદિત રાખ્યું ન હતું. અમુક દિવસો આપે પુરૂષોના શિક્ષણ માટે નક્કી કર્યા હતા જ્યારે અમુક દિવસો ઓરતોના શિક્ષણ માટે ફાળવ્યા હતા. સ્ત્રીઓની કેળવણી પર આપે ખાસ ભાર મૂકયો છે કેમકે માનો ખોળો બાળકનો સૌથી પહેલો મદરસો હોય છે. એટલે જ આપે ફરમાવ્યું છે : ''ઉત્લુબૂલ-ઇલ્મ મિનલ-મહ્દે ઇલલ-લહ્દ.'' એટલે માતાના ખોળાથી લઇને કબરના ખાડા સુધી શિક્ષણ લેતા રહો.

ઘરોમાં કે મજલિસોમાં ઓરતોને તઅલીમ આપવાની આપે અલગ વ્યવસ્થા કરી હતી. આપનો નિયમ

હતો કે પુરૂષોને શિક્ષણ આપીને ઓરતોની મજલિસમાં પધારતા અને તેણીઓને કુર્આન તથા દીની વાતોનું શિક્ષણ આપતા હતા. સ્ત્રીઓની સમસ્યા અલગ પ્રકારની હોય છે. કોઇકવાર કોઇ મસઅલો પૂછવામાં શર્મો-હયા આડે આવી જતી તો પણ બહુ સભ્યતા અને સિફતથી એ મસઅલો પૂછી લેતી અને પૂછવા પહેલાં અરજ કરતી, "યા રસૂલલ્લાહ ! શર્મને કારણે દીનની જરૂરી વાત પૂછી લેવાની અલ્લાહ તઆલાએ મના ફરમાવી નથી." એક વેળા મજલિસમાં એક ખાતૂને શરમાતાં-લજાતાં પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! ઓરતને ઊંઘમાં એહતેલામ થઇ જાય તો તેના માટે ગુસલ કરવો જરૂરી છે કે નહિ ?"

સ્વપ્નમાં થતા વીર્યપાતને એહતેલામ કહે છે. જેવી રીતે પુરૂષો એવા ખ્વાબ જુએ છે તેવી રીતે ઓરતો પણ એવો ખ્વાબ જુએ છે. મિયાં-બીબીના સમાગમથી બંને પર ગુસલ ફર્ઝ થઇ જાય એ જાગવાનો મામલો છે. પણ ઊંઘમાં-સ્વપ્નમાં એવું બને તો ગુસલ ફર્ઝ થાય કે નહિ ? આ ખાતૂનને એની ખબર ન હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મસઅલો પૂછી લીધો. આપના જવાબથી સમસ્યાનો ઉકેલ આવી ગયો. મજલિસની તમામ ખાતૂનોને પણ એનું શિક્ષણ મળી ગયું અને આપણે બધા પણ એ મસઅલાથી જાણકાર થઇ ગયા કે સ્વપ્નદોષથી સ્ત્રી-પુરૂષ બંને પર ગુસલ ફર્ઝ થઇ જાય છે. ઓરતોની સમસ્યાના મસઅલા બહુ અટપટા હોય છે. કોઇ બેહદ શરમીલી ખાતૂનની આપને પૂછવાની હિંમત નહિ થતી તો તે આપના પાક બેગમો પાસે જઇને હૈઝ, નિફાસ, જનાબત વગેરેને લગતા મસઅલા પૂછી લેતી.

મસ્જિદ અને મજલિસો ઉપરાંત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘરમાં પણ શિક્ષણ લેવાનો સિલસિલો ચાલુ હતો. અહીં આપના પાક બેગમો અને પ્યારી બેટીઓ કુર્આન અને ઇલ્મો-હિકમતની કેળવણી લેતા હતાં જેનું બયાન કુર્આનમાં આ રીતે થયું છે. "વઝ-કુર્ન મા યુત્લા ફી બુયૂતિ-કુન્ન મિન આયાતિલ્લાહિ વલ-હિકમહ....."

"હે નબીના ઘરવાળાં ! જે કંઇ તમારા ઘરોમાં અલ્લાહની આયતો અને હિકમતોની વાતોનું બયાન થાય છે તેને યાદ કરી લો. બેશક અલ્લાહ બેહદ દયાળુ, સર્વજ્ઞાતા છે.[1]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ઘરની પાઠશાળામાંથી જે ખાતૂનો ઇલ્મો-હિકમતના અનમોલ ખજાનાથી માલામાલ થયાં તેઓમાં આપના પાક બેગમ હઝરત આઇશહ સિદ્દીકહ રદિયલ્લાહુ અન્હાનું મુબારક નામ સૌથી મોખરે તરી આવે છે. બીબી આઇશહ વિષે હઝરત ઉર્વહ બિન ઝુબૈરનું મંતવ્ય છે.

ન્યાય શાસ્ત્ર, તબીબી વિજ્ઞાન, ઇલ્મે-હદીસની બારીકીઓ, સ્ત્રીઓને લગતા મસાઇલ અને શેઅરો-શાઇરી એટલે કાવ્યકળામાં આઇશહથી વધારે કુશળ કે ચંચળ મને કોઇ દેખાયું નહિ, એમની મજલિસમાં જે કંઇ ઇલ્મી વાતો નીકળતી તેને લગતા શેઅરો ફટાફટ સંભળાવી દેતાં. દીન સાથે દુનિયાના ઉલૂમમાં પણ પારંગત હતાં."[2]

હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાના એક ભત્રીજીનું નામ આઇશહ બિન્તે તલહા હતું. એમને પ્રાચીન યુગના ઐતિહાસિક બનાવો અને અરબ શાઇરોના દફતરોના દફતરો મોઢે યાદ હતાં. ઇલ્મે-નુજૂમ એટલે સિતારાઓને લગતું એમનું જ્ઞાન પણ બેહદ વિશાળ હતું. એક વેળા ખલીફા અબ્દુલ મલિક બિન હિશામે પૂછ્યું,

1. સૂરએ-અહઝાબ પારહ 22 આયત 34

2. અલ્લામા અબ્દુલ-મુતઆલ સઇદી મિસરી કૃત અહદે-નબવી મેં ઇસ્લામી સિયાસત પેજ 367

"હે ખાતૂન ! તારીખી બનાવો અને શાઈરોના દફતરોનું જ્ઞાન તો સમજી શકાય પણ સિતારાઓનું જ્ઞાન તમે કોની પાસેથી મેળવ્યું ?"

"એ જ્ઞાન મેં મારી માસી આઈશહ સિદ્દીકહ કનેથી મેળવ્યું." હઝરત તલહાની બેટી આઈશહએ જવાબ આપ્યો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત સુધીમાં બેશુમાર સહાબા પૂરા કુર્આનના જૈયિદ હાફિઝ હોવા ઉપરાંત દુનિયાના વિવિધ ઇલ્મોમાં પણ પારંગત થઈ ગયા હતા. એમાં મુસ્લિમ ખાતૂનો પણ પુરૂષોથી પાછળ પડે એવા ન હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમોમાં હઝરત આઈશહ, હઝરત હફસહ, હઝરત ઉમ્મે સલમહ વગેરે પૂરા કુર્આનના હાફિઝહ હતાં. બીજા એક ખાતૂન બીબી ઉમ્મે વર્કહ બિન્તે નવફલ પણ પંકાયેલા હાફિઝહ હતાં.

ઉલૂમે-હદીસનો ઘણોખરો ભાગ બીબી આઈશહ સિદ્દીકહ તરફથી આપણા સુધી પહોંચ્યો છે. માલૂમ પડ્યું કે માનવંતા સહાબા અને સહાબિયા ખાતૂનોનો ઇલ્મી-ભંડાર માત્ર દીની વાતો પૂરતો જ સીમિત ન હતો બલકે તેઓ નબવી પાઠશાળાઓમાં ભણીગણીને દુનિયાના ઇલ્મોમાં પણ તરક્કીની ટોચે પહોંચી ગયા હતા. બલકે જગતની તમામ પ્રજાઓથી આગળ નીકળી ગયા હતા.

કુર્આન અને વિજ્ઞાન

સહાબાએ-કિરામના દીનો-દુનિયાના વિશાળ જ્ઞાનની બાબતમાં નવાઈ પામવા જેવું નથી. એ બધું જ્ઞાન તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી સીધી રીતે મેળવ્યું હતું અને રસૂલુલ્લાહના નૂરાની સીનામાં અલ્લાહ તઆલાએ જમીન આસમાનના ઇલ્મોનો ખજાનો ભરી દીધો હતો. અલ્લાહ તઆલાએ આપને દુનિયાના લોકો માટે શિક્ષક બનાવીને મોકલ્યા હતા. આપે પોતે ફરમાવ્યું છે : "ઇન્નમા બુઇસ્તુ મુઅલ-લિમન." હું તમારા માટે શિક્ષક બનીને આ દુનિયામાં આવ્યો છું અથવા અલ્લાહ તઆલાએ મને તમારો શિક્ષક બનાવીને આ દુનિયામાં મોકલ્યો છે. અલ્લાહ તઆલાએ આપને પોતાનું પાક કલામ કુર્આને-મજીદ આપ્યું અને કુર્આનમાં ફક્ત નમાઝ, રોઝહ, ઝકાત, હજ્જ, ઇમાન, અકાઇદ, અખ્લાક વગેરેનું જ બયાન નથી બલકે દીન ઉપરાંત દુનિયા સાથે સંકળાયેલા બેશુમાર ઇલ્મોનું પણ બયાન કુર્આનમાં થયેલું છે.

કુર્આનમાં આસમાન, જમીન, ચાંદ, સૂરજ, સિતારા, પહાડ, દરિયા, હવા, પાણી, વરસાદ, વંટોળિયા, ઝંઝાવાત, ધરતીકંપ, ગાજવીજ, કડાકા ધડાકા વગેરેના બયાન સાથે ખુદ ઇન્સાનની પૈદાઇશનું વિગતવાર બયાન કુર્આનમાં મવજૂદ છે. કુર્આન કહે છે અલ્લાહ તઆલાએ આ જગતની દરેક વસ્તુ પાણીથી પૈદા કરી છે. પાણી આકાશથી વરસે છે જેનાથી જમીન નરમ બને છે. પછી તે હલે છે, પછી ઊભરે છે, પછી ફાટે છે, પછી તેમાંથી ફણગો ઊગી નીકળે છે અને જાતજાતની રંગબેરંગી વનસ્પતિઓથી જમીન શોભી રહે છે.

જમીનમાંથી ઊગનારી લીલોતરી કે અનાજમાંથી ઇન્સાન જે ખોરાક ખાય છે તે તેના જઠરમાં જઈને પચી જાય છે. જઠર તેના પચેલા ગુણકારી તત્વોને સ્વચ્છ કરીને જિગરમાં પહોંચાડે છે. જિગરમાં આ પચેલા ગુણકારી તત્વો પુખ્તા થઈને છેવટે લોહી બને છે. આ લોહીથી ઇન્સાનના માંસ, હાડકાં, ચરબી, ચામડી

વગેરે બને છે. તબીબી વિજ્ઞાનના નિષ્ણાતોનું કહેવું છે કે :

- ——— ગુણકારી ખોરાકના ૪૦ લુકમાઓથી લોહીનું એક ટીપું બને છે.
- ——— સ્વચ્છ લોહીના ૪૦ ટીપાંઓથી વીર્યનું એક ટીપું પૈદા થાય છે.
- ——— વીર્યના ૪૦ ટીપાંઓથી નુત્ફો પૈદા થાય છે.
- ——— નુત્ફાથી ઈન્સાનનું સર્જન થાય છે.

એનો ક્રમ આ રીતે : ખોરાકનો સાર લોહી, લોહીનો સાર વીર્ય, વીર્યનો સાર નુત્ફો અને નુત્ફાનો સાર ઈન્સાન. કુર્આને-કરીમમાં છે : "ખુલિક્ મિમ માઈન દાફિક્, યખ્રુજુ મિમ બૈનિસ-સુલ્બે વત-તરાઈબઃ

> "ઈન્સાનને એવા પાણીથી પૈદા કરવામાં આવ્યો જે બાપની પીઠમાંથી અને માની છાતીઓમાંથી ઊછળીને કે ઉછાળો મારીને નીકળે છે."[1]

અલ્લાહના કલામ કુર્આને-મજીદમાં ઈન્સાનની પૈદાઈશથી લઈને તેના મરણ સુધીનો પૂરો ઈતિહાસ દર્શાવી દેવામાં આવ્યો છે. એની સાથે જ કુર્આનમાં સંખ્યાબંધ પયગમ્બરો, નબીઓ, વલીઓ, બાદશાહો, વજીરો, અમીરો, સદાચારીઓ, દુરાચારીઓ, વફાદારો, ગદ્દારો, અભિમાનીઓ વગેરેના વર્ણનો ઉપરાંત પ્રાચીન યુગની પ્રજાઓના કિસ્સાઓની સાથે નેક નામ ખાનદાની સ્ત્રીઓ તથા બદનામ કમજાત સ્ત્રીઓના કિસ્સા પણ અવનવી ઢબે ટાંકેલા છે કે જેથી દુનિયાના લોકો તેઓના નેક અંજામ કે બદ અંજામથી ધડો લઈને માલિકની મરજી મુજબનું જીવન ગુજારે.

કુર્આન અને ઈન્સાન

અલ્લાહના કલામ કુર્આને-કરીમમાં દીનો-ઈમાનના ઈલ્મોની સાથે દુનિયાના ઈલ્મોનું પણ બયાન મવજૂદ છે. એમાં એવા ઇલ્મોનું પણ વર્ણન થયેલું છે જેને આપણે સાઈન્સ કે વિજ્ઞાનનું નામ આપીએ છીએ. જેમકે "ઈલ્મે-હયઅત" એટલે ખગોળ વિજ્ઞાન, "ઈલ્મે-નબાતાત" એટલે વનસ્પતિ વિજ્ઞાન, "ઇલ્મુલ-હિસાબ" એટલે ગણિત વિજ્ઞાન, "ઈલ્મુલ-હયવાનાત" એટલે પ્રાણી વિજ્ઞાન, "ઈલ્મુલ-જિમાદાત" એટલે ધાતુ વિજ્ઞાન વગેરે. એટલે સુધ્ધાં કે કુર્આનમાં "ઇલ્મે-જનીન" એટલે ગર્ભ-વિજ્ઞાનનું એટલું ખુલાસાવાર વર્ણન છે કે તેની વિગતો વાંચીને મેડીકલ સાઈન્સના વિજ્ઞાનીઓ પણ હયરત પામી જાય છે. માતાના ગર્ભાશયમાં બીજના રોપાણ પછી "જનીન" કેવી કેવી પ્રક્રિયાઓ કે પરિવર્તનોમાંથી પસાર થઈને નવમે મહિને જીવતો જાગતો મુકમ્મલ ઈન્સાન બની જાય છે તેની વિગતો કુર્આને દર્શાવી છે. પૈદાઈશની પ્રક્રિયાઓનો ફક્ત એક જ દાખલો જોઈ લો.

૧ લક્દ ખલક્-નલ ઈન્સાન.................................અને બેશક અમે પૈદા કર્યો ઈન્સાનને
મિન સુલા-લતિમ મિન તીન.................................માટીના નિચોડથી, માટીના સત્વથી.
સુમ્મ જઅલ્-નાહુ નુત્ફતન.................................પછી અમે બનાવ્યો તેને નુત્ફો,
ફી કરારિમ મકીન.................................જેને સાચવી રાખ્યો એક સુરક્ષિત સ્થળે.

---

૧. સૂરએ-તા[illegible] - પારહ ૩૦ આયત ૬-૭

સુમ્મ ખલક્-નન - નુત્ફતા અ-લ-કહ.... પછી બનાવ્યો અમે નુત્ફાને જામેલા લોહીનો ટુકડો.
ફ-ખલકનલ-અ-લ-કતા મુદગહ .... પછી બનાવ્યો અમે જામેલા લોહીને માંસનો લોથડો.
ફ-ખલકનલ મુદગતા ઇઝામન..................... પછી બનાવ્યાં અમે માંસના લોથડામાં હાડકાં,
ફ-કસવ-નલ ઇઝામા લહમન.......................... પછી ચઢાવી દીધું અમે હાડકાં પર માંસ.
સુમ્મ અન્શઅ-નાહુ .... પછી તેમાં પ્રાણ પૂરીને આપી દીધું અમે તેને
ખલ્કન આખર.. એક નવું જ રૂપ
ફ-તબારે-કલ્લાહુ................................. તો જુઓ, કેટલી ઊંચી શાનવાળો છે અલ્લાહ
અહ-સનુલ-ખાલિકીન. .... જે સર્વશ્રેષ્ઠ સર્જનહાર છે.[1]

આ આયતોની તફસીરમાં ઇન્સાનની પૈદાઇશના સાત તબક્કાઓનું વર્ણન થયું છે. આ રીતે : (૧) સુલાલહઃ માટીનો નિચોડ, મટ્ટીનું સત્વ (૨) નુત્ફહ : વીર્ય, વીર્યનું ટપકેલું ટીપું (૩) અ-લ-કહઃ જામેલું લોહી, જામેલા લોહીનું ટપકું (૪) મુદગહઃ માંસનો લોથડો, ગોશ્તની બોટી (૫) ઇઝામ : હાડકાં, હડ્ડીઓ (૬) લહ-મ્ઃ માંસ, હાડકાં પર માંસ ચઢવું (૭) ખલ્કન આખરઃ નવું સર્જન, નવું રૂપ.

નુત્ફાની પ્રક્રિયાના આ સાતે તબક્કા કયા સ્થળે પસાર થાય છે.....? એક સલામત જગાએ, એક સુરક્ષિત સ્થળે જેને કુર્આને "કરારે-મકીન"નું નામ આપ્યું છે એટલે માતાના ગર્ભાશયમાં જેને ઉર્દૂમાં "રહિમે-માદર"કે બચ્ચાદાની કહે છે. એમાં આ સાતે તબક્કા અંધારાંઓના ત્રણ પર્દાઓમાં છેક જ છુપી કે ભેદભરેલી રીતે એક પછી એક ક્રમવાર પસાર થાય છે. સુરએ-ઝુમર પારહ ૨૩ આયત ૬ માં છે : યખ્લુકુ-કુમ ફી બુતૂનિ ઉમ્મહાતિ-કુમ ખલ્કમ મિમ બઅદિ ખલ્કીન ફી ઝુલુમાતિન સલાસ-તરજુમોઃ

"તે અલ્લાહ તમારી માતાઓના પેટોમાં ત્રણ ત્રણ અંધારાંઓના પર્દાઓની અંદર તમને એક પછી એક આકાર દેતો ચાલ્યો જાય છે.

એ ત્રણ અંધારાંના પર્દા આ છે : (૧) પેટના અંદરની દીવારનો પર્દો (૨) માતાના ગર્ભાશયનો પર્દો (૩) તે પર્દો જેમાં બચ્ચું વીંટાળાયેલું હોય છે અને તેની સાથે જ જન્મે છે.

સર્વ હક્ક અલ્લાહને સ્વાધિન

ઇન્સાન જે ખોરાક ખાય છે અનાજનો, ભાજીપાલાનો કે ફળફળાદિ વગેરેનો એ ખોરાકમાં વીર્ય કે નુત્ફા જેવી કોઇ વસ્તુ હોતી નથી ન કોઇ એવી વસ્તુ હોય છે જે માણસના શરીરમાં પ્રાણ નાખવાની ખાસિયત ધરાવતી હોય. પરંતુ એજ ખોરાક શરીરમાં જઇને કોઇ જગાએ માંસ બનાવે છે કોઇ જગાએ હાડકાં બનાવે છે કોઇ જગાએ વાળો બનાવે છે. પછી એજ ખોરાક એક ખાસ સ્થળે પહોંચીને વીર્ય કે નુત્ફામાં પરિવર્તન પામે છે. એજ નુત્ફામાં ઇન્સાનનો આકાર લેનારા શુક્રાણુઓ હોય છે. એક પુરૂષના વીર્ય-સ્ખલન વેળા તેમાં કરોડોની સંખ્યામાં શુક્રાણુઓ હોય છે. એમાંનો દરેક શુક્ર સ્ત્રી-અંડ સાથે મળીને ઇન્સાન બનવાની પાત્રતા ધરાવે છે. પરંતુ અલ્લાહ તઆલાનો ફેસલો આ છે કે એમાંના કરોડો ઉમેદવારોમાંથી ફકત એક જ ઉમેદવારને ચૂંટી લઇને

૧. સૂરએ-મુઅમિનૂન પારહ ૧૮ આયત ૧૨ થી ૧૪

તેને "ખાસ-સમયે" સ્ત્રી-અંડ સાથે મળવાનો મોકો આપે છે જેના નતીજા રૂપે હમલ રહી જાય છે. પછી એ હમલ અલ્લાહની મરજી મુજબનો આકાર લેતો જાય છે અને અલ્લાહ પોતે જ તેનો ફેસલો કરે છે કે કોને પૂરા હમલ તરીકે કાયમ રાખવો છે અને કોને અધૂરા હમલ તરીકે પાડી નાખવો છે. કોને જીવતો કાઢવો છે અને કોને મરેલો, કોને નર બનાવવો છે અને કોને નારી, કોને સાજોસમો કોને લૂલોલંગડો, કોને આંખોવાળો કોને આંધળો, કોને રૂપાળો કોને કદરૂપો, કોને ગોરો કોને કાળો, કોને અકલમંદ કોને બેવકૂફ !

હમલ અને પૈદાઈશની આ ઘટમાળ હરરોજ કરોડો સ્ત્રીઓના ગર્ભાશયમાં અવિરત ચાલુ રહે છે. એ દરમિયાન ગર્ભાશયમાં આકાર લેનાર દરેક બચ્ચાંનું નસીબ અલ્લાહની મુઠ્ઠીમાં હોય છે. બચ્ચાંની બનાવટ અને જન્મના તમામ અધિકારો અલ્લાહ તઆલાએ પોતાને સ્વાધિન રાખેલા હોય છે. જમીન અને આસમાનની કોઈ મખ્લૂકની મજાલ નથી કે તેની મરજીમાં માથું મારે. એવી કોઈ તાકત નથી જે તેના ફેસલાની આડે આવી શકે. ખુદ જેના પેટના ત્રણ ત્રણ અંધારાંઓમાં બચ્ચું આકાર લઈ રહ્યું છે એ માતાને ખબર નથી હોતી કે તેના ગર્ભાશયમાં શું બની રહ્યું છે ? કેવી રીતે બની રહ્યું છે ? અને શું બનીને પ્રગટ થનાર છે ?

અમશાજ અને સુલાલહ

અહીં સવાલ આ છે કે સ્ત્રી-પુરૂષમાંથી કોના નુત્ફાથી હમલનું મંડાણ થાય છે ? એટલે પુરૂષના વીર્યથી ગર્ભ રહે છે કે સ્ત્રીના વીર્યથી....? એનો જવાબ કુર્આનની આ આયતથી મળે છે. સૂરએ-દહર્ પારહ ૨૯ ની આયત ૨ માં છે: ઈન્ના ખલક-નલ ઈન્સાન મિન નુત્ફતિન અમશાજ. તરજુમો:

"અમે પૈદા કર્યો ઈન્સાનને એક "અમશાજ" નુત્ફાથી."

અરબી શબ્દકોશ મુજબ "અમશાજ"ના અર્થ છે ભેળસેળ, મેળવણી, મિશ્રણ, મિક્ષ્ચર વગેરે. "નુત્ફતિન અમશાજ"ના અર્થ છે: ભેળસેળ નુત્ફો એટલે ઈન્સાનને અલ્લાહ તઆલાએ ભેળસેળ નુત્ફાથી પૈદા કર્યો છે. ભેળસેળ નુત્ફાના આ અર્થ છે કે ઈન્સાનની પૈદાઈશ પુરૂષ અને સ્ત્રીના બે અલગ-અલગ નુત્ફાઓથી નથી થતી બલકે બંનેના નુત્ફાઓ આપસમાં મળીને ભેળસેળ થઈ જાય ત્યારે એ નુત્ફાઓના મિશ્રણથી ઈન્સાન પૈદા થાય છે.

કુર્આનની સૂરએ-સિજ્દહની આયત ૮ માં નુત્ફા માટે "સુલાલહ" શબ્દ આવ્યો છે જેમકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: સુમ્મ જઅલા નસ્લહૂ મિન સુલા-લતિમ મિમ-માઈમ-મહીન. તરજુમો:

"પછી ચલાવી અલ્લાહએ તેની નસલ એક "માએ-મહીન"ના નિચોડથી."

માઅ એટલે પાણી અને મહીન એટલે હકીર, હલકટ, તુચ્છ, નાપાક અને સુલાલહ એટલે નિચોડ, સત્વ, સાર, ખુલાસો. આ હકીર કે તુચ્છ પાણી એટલે વીર્ય સ્ત્રીમાં પણ હોય છે અને પુરૂષમાં પણ હોય છે. માલૂમ પડ્યું સુલાલહ શબ્દ સ્ત્રી અને પુરૂષ બંનેના નુત્ફાને લાગુ પડે છે. બીજના વાવેતર પછી શુભ ચોઘડિયે બંનેના નુત્ફા એકબીજાના મિલન કે આલિંગન માટે એકબીજા તરફ ધસી જાય છે અને બંનેના મિશ્રણથી હમલ રહી જાય છે. જો કે પુરૂષના વીર્યમાં કરોડો નુત્ફા હોય છે પણ હમલ ફક્ત એક શુક્ર અને એક બીજના મેળાપથી રહે છે.

સૂરએ-રઅદ પારહ ૧૩ ની આયત નંબર ૮ આ મામલા પર વધારે પ્રકાશ નાખે છે : અલ્લાહુ યઅ-લમુ મા તહ્‌મિલુ કુલ્લુ ઉન્સા વમા તગીદુલ-અરહામુ વમા તઝદાદ. તરજુમો:

> "અલ્લાહ દરેકે દરેક ગર્ભ ધારણ કરનારી નારીના પેટની જાણકારી ધરાવે છે. જે કંઇ તેમાં બને છે તેને પણ જાણે છે અને જે કંઈ તેમાં ઘટાડો કે વધારો થાય છે તેની પણ પૂરેપૂરી માહિતી ધરાવે છે."

મતલબ આ છે કે ગર્ભાશયમાં હમલની શું હાલત છે તેનાથી અલ્લાહ સંપૂર્ણ રીતે માહિતગાર રહે છે ગર્ભમાં છોકરો છે કે છોકરી, ખૂબસુરત છે કે બદસુરત, આંખોવાળો છે કે આંધળો એ બધું તે જાણે છે. ગર્ભાશયમાં જે કંઇ ઘટાડો કે વધારો થાય છે એટલે કદી છોકરો જન્મે છે તો કદી છોકરી. કદી સમયસર જન્મે છે તો કદી સમય પહેલાં કે સમય પછી. બચ્ચાંના અવયવો એટલે હાથપગ, આંખ, નાક, કાન, વગેરેની બનાવટમાં તથા બચ્ચાંની શારીરિક અને દિમાગી કાબિલિયતોની બનાવટમાં જે કંઈ ઘટાડો કે વધારો થાય છે એ બધું સીધી રીતે અલ્લાહ તઆલાની નિગરાનીમાં થાય છે. ઘટાડા-વધારાનો એક અર્થ આ છે કે ગર્ભમાં એક બચ્ચું છે, બે બચ્ચાં છે, ત્રણ બચ્ચાં છે કે તેથી વધારે ?

સહીહ બુખારીની કિતાબુત-તફસીરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એક હદીસના મુબારક શબ્દો આ છે : વલા તઅ-લમુ મા તગીદુલ-અરહામ ઇલ્લલ્લાહ. એટલે અલ્લાહ સિવાય કોઇ જાણતું નથી કે માતાના ગર્ભાશયમાં જે વસ્તુ ઘટી-બઢી રહી છે તેનું ભવિષ્ય શું છે ? આ હદીસની તફસીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "ગૈબના ખઝાનાઓની પાંચ ચાવીઓ છે જેને અલ્લાહ વગર કોઇ જાણતું નથી. એ પાંચ ચાવીઓ આ છે : (૧) કાલે શું થશે ? અલ્લાહ સિવાય કોઇ જાણતું નથી. (૨) સ્ત્રીઓ અને માદા પ્રાણીઓના ગર્ભાશયમાં શું છે ? અલ્લાહ વગર કોઇ જાણતું નથી. (૩) વરસાદ ક્યારે થશે ? અલ્લાહ વગર કોઈ જાણતું નથી. (૪) કોણ ક્યારે કઇ જમીનમાં મરશે ? અલ્લાહ વગર કોઇ જાણતું નથી. (૫) કિયામત ક્યારે કાયમ થશે ? અલ્લાહ વગર કોઈ જાણતું નથી."

અલ્લાહ તઆલાનો સવાલ

સારાંશ કે આ જગતના સૌથી પહેલા ઇન્સાન હઝરત આદમ અલૈહિસ-સલામને અલ્લાહ તઆલાએ પોતાના હાથથી ખણખણતી મિટ્ટીના તત્વથી પૈદા કર્યા. આદમની અવલાદને વીર્યના નુત્ફાથી પૈદા કરી. વીર્ય પોતે જમીનની મિટ્ટીમાંથી ઊગનાર અનાજ વગેરેનું સત્વ હોય છે. એજ વીર્યનું ટીપું જનેતાના ગર્ભાશયમાં કરાર થઈને જામેલા લોહીનું ટપકું બને છે. જામેલું લોહી માંસનો લોથો બને છે. માંસના લોથડામાં હાડકાં પૈદા થાય છે. હાડકાં પર માંસ ચઢે છે. માંસ પર ચામડી મઢાય છે. આ રીતે અલ્લાહ તઆલા પાણીના એક હકીર કે હલકટ ટીપાંને, વિવિધ પ્રક્રિયાઓમાંથી પસાર કરાવીને, અને તેને "અહસને-તકવીમ"ના સાંચામાં ઢાળીને, એક જીવતો જાગતો મુકમ્મલ ઇન્સાન બનાવીને તેની માતાના ગર્ભાશયમાંથી બહાર કાઢે છે.

''અહસને-તકવીમ'' પારહ ૩૦ ની સૂરએ-વત-તીનના શબ્દો છે. અહસન એટલે બેહતરીન, સર્વોત્તમ, સુંદર, સુશોભિત અને તકવીમ એટલે સીધું કરવું, દુરૂસ્ત કરવું, સપ્રમાણ બનાવવું, સાંચામાં ઢાળીને એવું માપસરનું બનાવવું કે સાંધેસાંધો તેના બંધબેસતા સ્થળે ગોઠવાયેલો હોય. હાથ, પગ, આંખ, નાક, કાન બધું તેના મૂળ સ્થળે ફિટ હોય. આંખની જગાએ કાન હોય અને કાનની જગાએ નાક હોય તેવું અલ્લાહની કુદરતની કારીગરીમાં કદી બનતું નથી. એનું જ નામ છે : લકદ ખલક-નલ ઈન્સાન ફી અહસને-તકવીમ. એટલે ઈન્સાનને અમે સર્વશ્રેષ્ઠ આકારે કે સર્વોત્તમ સ્વરૂપે પૈદા કર્યો છે. સુંદરતામાં, ખૂબસુરતીમાં કે હુસ્નો-જમાલમાં દુનિયાની કોઈ જાનદાર મખ્લૂક એની તોલે પહોંચી શકતી નથી. એટલે જ તો હઝરતે-ઈન્સાન ''અશ-રફુલ-મખ્લૂકાત'' હોવાનું માન ખાટેલો છે.

ઘાટીલો કે રૂપના સાંચામાં ઢળાયેલો ઈન્સાન વીર્યના નજીવા ટીપાંથી માના પેટમાં આકાર લે છે ત્યારે અલ્લાહ તઆલા ઈન્સાનને સવાલ કરે છે : ''અ-ફ-રએતુમ મા તુમનૂન ?'' શું તમે જોતા નથી, શું તમે વિચાર કરતા નથી જ્યારે કે તમે વીર્યના ટીપાં ટપકાવો છો ? [૧]

લાગલો જ બીજો સવાલ થાય છે : ''અ-અન્તુમ તખ્લુકૂ-નહૂ અમ નહનુલ-ખાલિકૂન ?'' શું તમે તેને પૈદા કરો છો કે અમે તેને પૈદા કરનારા છીએ ? ૨

ચોખ્ખી વાત છે કે વીર્યના ટીપાં ટપકાવવા પછી જગતનો સર્જનહાર જ તેને સર્વાંગે સુંદર ઈન્સાન બનાવીને ઠરાવેલા સમયે બહાર પાડે છે. દુનિયાના લોકો રોજ જુએ છે કે સ્ત્રી-પુરૂષના સમાગમથી હમલ રહી જાય છે. પછી તે ઉત્તરોત્તર ઉછેર પામે છે અને નવમે મહિને જીવતો જાગતો ઈન્સાન બની જાય છે. મગર રોજરોજના અનુભવ છતાં લોકોની નજર વીર્યના ટીપાંઓથી આગળ વધતી નથી. ગર્ભાશયમાં આ ટીપાં પર શું વીતે છે? તે કેવી કેવી પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે ? તેમાં કેવાં કેવાં પરિવર્તનો થાય છે ? તે વિષે સોચવિચાર કરવાની ન બાપને પડેલી હોય છે ન માને !

''ત્યારે હે ઈન્સાન ! જરા વિચાર તો કર કે બાળકના જન્મમાં તારો ફાળો
કેટલો ? આટલો જ ને વીર્યના ટીપાં ટપકાવી દીધાં અને બસ.
તને શું ખબર કે ગર્ભાશયમાં જવા પછી એ ટીપાં પર શું વીતી ?
કોણે એ તુચ્છ ટીપાંને જામેલા લોહીનું રૂપ આપ્યું ?
કોણે આ જામેલા લોહીને માંસનો લોથડો બનાવ્યો ?
કોણે એ માંસના લોથડામાં હાડકાં બનાવ્યાં ?
કોણે એ હાડકાં પર માંસ ચઢાવ્યું ?
કોણે એ માંસ પર ચામડીનો પોશાક મઢી દીધો ?
અને પછી તે કોણ છે જેણે તેના તનમાં રૂહ ફૂંકીને તેનો જીવતો જાગતો
ઈન્સાન બનાવી દીધો ?''

૧. સૂરએ-વાકિઅહ પારહ ૨૭ આયત ૫૮
૨. સૂરએ-વાકિઅહ પારહ ૨૭ આયત ૫૯

તો હે લોકો ! જુઓ, ઇન્સાનના ઉત્પાદન માટે અલ્લાહ તઆલાએ તેની માતાના ગર્ભાશયને એક ધમધમતી ફેક્ટરી બનાવી દીધી; એવી અજીબો-ગરીબ ફેક્ટરી કે જેના સાંચામાં તેણે પાણીના એક નજીવા કે નાપાક ટીપાંને વિવિધ આકારો આપીને જીવતો જાગતો ઇન્સાન બનાવી દીધો. તો જુઓ હે લોકો !

ફ-તબારકલ્લાહુ..........તમારો પાલનહાર કેટલી બરકતવાળો, કેટલી ઊંચી શાનવાળો છે !

અહ-સનુલ ખાલિકીન..........સૌથી શકિતશાળી, સૌથી સત્તાશાળી, સૌથી ઉત્તમ સર્જનહાર છે!

નેકબખ્ત ઇન્સાન-બદબખ્ત ઇન્સાન

ઇન્સાનની પૈદાઇશ વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ શું ફરમાવે છે ? સહીહ બુખારીમાં ટાંકેલી આ હદીસ વાંચો. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે કે અમારી એક ઇલ્મી મજલિસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "તમારામાંથી દરેક ઇન્સાન પૈદા થવા પહેલાં માતાના પેટમાં એવી રીતે રૂપ ધારણ કરે છે કે શરૂઆતના ૪૦ દિવસો સુધી તે નુત્ફાની શકલમાં રહે છે. પછી એટલા જ દિવસો સુધી તે જામેલા લોહીના રૂપમાં રહે છે. પછી એટલા જ દિવસો સુધી માંસના લોથડાના રૂપમાં રહે છે.
>
> એ પછી અલ્લાહ તઆલા એક ફરિશ્તાને મોકલાવે છે અને તેને ચાર વાતોનો હુકમ ફરમાવે છે. પહેલો હુકમ આ કે માતાના પેટમાં ઇન્સાનનો આકાર લેનાર બાળકની ઉંમર લખો કે એની આટલી ઉંમર છે. બીજો હુકમ આ કે એની રોઝી લખો કે એને આટલી રોઝી મળવાની છે. ત્રીજો હુકમ આ કે એની કરણી લખો કે દુનિયામાં એ આટલાં કામો કરવાનો છે. એ પછી માતાના ગર્ભમાં ઉછેર પામનાર બાળકના બદનમાં અલ્લાહના હુકમથી રૂહ ફુંકવામાં આવે છે.
>
> એ પછી બને છે એવું કે તમારામાંથી એક ઇન્સાન નેકીના કે ભલાઇના કામો કરતો રહે છે ત્યાં સુધી કે જ્યારે, તેની વચ્ચે અને જન્નતની વચ્ચે ફકત એક ગજનો ફાસલો રહી જાય છે તો અચાનક તકદીરનું લખાણ આડે આવી જાય છે અને તે જહન્નમીઓ જેવાં કામો કરવા લાગે છે. નતીજા રૂપે મરણ પામીને જહન્નમનો હકદાર ઠરી જાય છે.
>
> એવી જ રીતે તમારામાંથી એક ઇન્સાન બદીના કે બુરાઇના કામો કરતો રહે છે ત્યાં સુધી કે જ્યારે, તેની વચ્ચે અને જહન્નમની વચ્ચે ફકત એક ગજનું અંતર રહી જાય છે તો અચાનક તેની તકદીરનું લખાણ આડે આવી જાય છે અને તે જન્નતીઓ જેવાં કામો કરવા લાગે છે. નતીજારૂપે મરણ પામીને જન્નતના હકદાર ઠરી જાય છે." (સહીહ બુખારી ફી કિતાબે બદઉલ-ખલ્ક. બાબ ૬)

એજ વિષયની બીજી હદીસ વાંચો. હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુનું બયાન છે કે એક મજલિસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું:

"અલ્લાહ તઆલાએ આ દુનિયામાં આવનાર દરેક બાળકની માતાના ગર્ભાશય પર એક ફરિશ્તાની નિમણૂક કરી દીધી છે. માના પેટમાં નુત્ફાના નિર્માણ પછી ફરિશ્તો કહેતો રહે છે : "યા રબ! હજુ નુત્ફો છે. યા રબ ! હવે લોહીની ગાંઠ છે યા રબ ! હવે માંસનો લોથડો છે."

એ પછી અલ્લાહ તઆલા તેની પૈદાઈશનો ફેસલો કરી નાખે છે. ત્યારે ફરિશ્તો પૂછે છે : "યા રબ ! એ નર છે કે નારી ? યા રબ ! એ નેકબખ્ત છે કે બદબખ્ત ? યા રબ ! એની રોજી કેટલી છે ? યા રબ ! એની ઉંમર કેટલી છે ?"

આ બધી વાતો અલ્લાહના હુકમ મુજબ તેની માના પેટમાં જ તેની પૈદાઈશ પહેલાં લખી લેવામાં આવે છે." (સહીહ બુખારી ફી કિતાબિલ-હૈઝ. બાબ ૧૭)

એક હદીસમાં આપે એમ પણ ફરમાવ્યું છેઃ

"દરેક પૈદા થનારૂં બાળક "દીને-ફિતરત" પર જન્મ પામે છે. પછી તેના મા-બાપ યહૂદી હોય તો બાળકને યહૂદી બનાવે છે. અને ખ્રિસ્તી હોય તો ખ્રિસ્તી બનાવે છે અને અગ્નિ-પૂજક હોય તો અગ્નિ-પૂજક બનાવે છે."

મતલબ એ કે કુદરતના કાનૂન મુજબ આ દુનિયામાં પૈદા થનાર દરેક બાળક ઈસ્લામની પ્રકૃતિ પર હોય છે. એટલે પૈદાઈશી રીતે તે મુસલમાન હોય છે. પછી માબાપના ઘરનો જેવો માહોલ હોય તેના સાંચામાં ઢળી જાય છે. એમાંથી કેટલાંક ખુશનસીબ બાળકો મુકદ્દરના સિકન્દર હોય છે. બિનમુસ્લિમ માબાપના ઘરમાં જન્મ લેવા છતાં બુધ્ધિનો ઉપયોગ કરે છે અને નસીબની બલિહારીથી મુસલમાન બની જાય છે. એથી વિરૂધ્ધ કેટલાંક બાળકો ફૂટેલા નસીબના હોય છે. મુસલમાનના ઘરમાં પૈદા થવા છતાં ઈસ્લામને તરછોડીને મુરતદ બની જાય છે. હદીસ શરીફના શબ્દો કેઃ "નસીબના લેખ આડે આવી જાય છે." તે એનું જ નામ છે.

નર અને નારીના જન્મનું રહસ્ય

આથી પહેલાં આપણે વાંચી આવ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બિલકુલ ઉમ્મી હતા. લખવા વાંચવાનું જાણતા ન હતા. કોઈ મદરસા કે સ્કૂલમાં ગયા ન હતા. દુનિયાનો કોઈ ઈન્સાન આપનો શિક્ષક ન હતો. અલ્લાહ તઆલાએ પોતે જમીન અને આસમાનના ઈલ્મોનો ખઝાનો આપના નૂરાની સીનામાં ભરી દીધો હતો. માનવંતા સહાબા ઉપરાંત યહૂદીઓ, ખ્રિસ્તીઓ અને મૂર્તિપૂજકો વારંવાર આપને જાતજાતના સવાલો પૂછયા કરતા હતા. સહાબા આપને સવાલ, "રબ્બે ઝિદની ઈલ્મન" એટલે પોતાના જ્ઞાનમાં વધારો કરવા ખાતર પૂછતા હતા. ત્યારે યહૂદીઓ અને મુશરિકો આપની પજવણી કે પરીક્ષા ખાતર પૂછતા હતા. એવા પ્રસંગે હઝરત જિબ્રીલ આપની તહેનાતમાં પધારતા અને પૂછેલા સવાલનો જવાબ બતાવી દેતા હતા.

એક વેળા યહૂદી પાદરીઓ આપની તહેનાતમાં હાજર થયા. તેઓનો સવાલ હતો, "હે મુહંમદ ! તમારો દાવો છે કે તમે અલ્લાહના પયગમ્બર છો. બતાવો, બચ્ચું કદી નર હોય છે તો કદી નારી એનું શું કારણ?"

આપે ફરમાવ્યું, "સાંભળો, મર્દનો નુત્ફો ઘટ્ટ અને સફેદ હોય છે. સ્ત્રીનો નુત્ફો પાતળો અને પીળો

હોય છે. ગર્ભાધાન વેળા મર્દનો નુત્ફો ઉપરવટ મેળવી લે તો નર જન્મે છે અને જો સ્ત્રીનો નુત્ફો ઉપરવટ મેળવી લે તો નારી જન્મે છે."

આ જવાબ આપીને આપે ફરમાવ્યું, "અલ્લાહનો આભાર કે તેણે મને આ સવાલનો જવાબ બતાવી દીધો. સાચું કહું છું આથી પહેલાં મને એની ખબર ન હતી."[૧]

ઇતિહાસકારોનું કહેવું છે કે આજથી ૧૪ સો વરસ પહેલાંના અરબખંડ પર જહાલતનો અંધારપાટ છવાયેલો હતો. તહઝીબ, તમદ્દુન કે સાઇન્સ કઇ ચીડિયાનું નામ છે તે કોઇ જાણતું ન હતું. આજના વિજ્ઞાનયુગમાં મૅડિકલ સાઇન્સનો કોઇ વિજ્ઞાની જ્યારે કુર્આનનો અભ્યાસ કરે છે અને તેમાં ઇન્સાનના બચ્ચાંની તબક્કાવાર પૈદાઇશનું અજીબો-ગરીબ બયાન વાંચે છે તો તે હયરતના ચક્કરમાં પડી જાય છે અને વિચારે છે કે જહાલતના જમાનામાં પધારેલા પયગમ્બરને "ઇલ્મે-જનીન"નું જે જ્ઞાન મળ્યું તે બેશક આ કુર્આનને જ આભારી છે. પછી તે મનોમન પોકારી ઊઠે છે, "બેશક આ કુર્આન જગતના સર્જનહારનું જ આકાશી કલામ છે. મુહંમદ પયગમ્બરનું કલામ હોય શકતું નથી."

મધની મખ્ખીની કારીગરી

સારાંશ કે અલ્લાહની આકાશી કિતાબ કુર્આને-કરીમમાં ફક્ત નમાઝ-રોઝહ અને દીનો-ઇમાનના જ ઇલ્મોનું બયાન નથી બલકે દુનિયાના બેશુમાર ઇલ્મોનું પણ એમાં બયાન થયેલું છે. એમાં "ઇલ્મે-જનીન"ની સાથે "ઇલ્મે-હયવાનાત" એટલે પ્રાણી-શાસ્ત્રનું બયાન પણ મવજૂદ છે જેમાં હાથી, ઊંટ, ઘોડા, ગધેડા, ખચ્ચર, ગાય, ઘેટાં, કૂતરા, સિંહથી લઇને કરોળિયા, માખી, મચ્છર, કીડી વગેરેનો સમાવેશ છે. કુર્આનમાં મધની મખ્ખીને લગતું બયાન તમે વાંચેલું છે ?

અલ્લાહના પવિત્ર કલામ કુર્આને દર્શાવેલું મધની માખીને લગતું વિજ્ઞાન પણ જાણવા જેવું છે. આમ જુઓ તો મધની માખીની હૈસિયત શું ? એક નાનું-નજીવું જીવડું હોય છે. ચૂટકીમાં લઇને મસળી નાખો તો ખતમ. પણ અલ્લાહ તઆલાએ આ નાનકડી મખ્ખીના ટચૂકડા વજૂદમાં મીઠાઇ બનાવવાની એવી અજીબો-ગરીબ ફેક્ટરી ગોઠવી દીધી છે કે ફૂલોમાંથી ચૂસેલો રસ એના પેટમાં જઇને મીઠું પીણું બની જાય છે. જાણે કે એનું પેટ મીઠાઇના માટલાં જેવું છે. એમાંથી નીકળતો રસ એટલો સ્વાદિષ્ટ હોય છે કે માણસ આંગળાં ચાટતો રહી જાય. આ રસ ગુણકારી એટલો કે મોંઘામાં મોઘું ટોનિક પણ એની આગળ કશી વિસાતમાં નહિ. કુદરતી પીણું હોવાથી ખુદ અલ્લાહ તઆલાએ એના વિષે ફરમાવ્યું છે : "અ-સ-લુમ મુસફ્ફા" એટલે સાફ કરેલું સ્વચ્છ અને શુધ્ધ મધ. પછી ફરમાવ્યું: "ફીહે શિફાઉલ-લિન-નાસ" એમાં લોકો માટે શિફા અને તંદુરસ્તીના ગુણો ભરી દીધેલાં છે.

મધની માખીની ખાસ ખૂબી આ છે કે અલ્લાહ તઆલાએ પોતે એને "અવહા"ના શબ્દથી સંબોધન કર્યું આ રીતે : "વ અવહા રબ્બુકા ઇલન-નહલે." એટલે આકાશી વહી મોકલાવી તમારા પાલનહારે મધની માખી તરફ. અહીં "અવહા" શબ્દના એવા અર્થ છે કે અલ્લાહ તઆલાએ સીધી રીતે મધમાખીના દિલમાં

---

૧. અલ્લામા સૈયિદ સુલૈમાન નદવી કૃત : સીરતુન-નબી જિ.૩ પેજ ૬૮૩

આ વાત નાખી દીધી અથવા સીધી રીતે તેને હુકમ ફરમાવી દીધો કે તારે આ કામગીરી બજાવવાની છે. અવહાના શબ્દથી મધમાખીને ત્રણ વાતોનો હુકમ ફરમાવી દીધો:

(૧) પહાડો, ચટાણો, દીવારો, છતો, માંડવાઓ, ઝાડો વગેરેમાં જઈને ઘરો એટલે મધપૂડા બનાવ. (૨) બાગ-બગીચાઓ કે જંગલોમાં જઈને ફળફૂલોનો રસ ચૂસ્યા કર. (૩) જે રસ્તેથી પહાડો, જંગલો, વગડાઓમાં દૂર સુધી ચાલી જાય એજ રસ્તેથી પોતાના ઘર પાસે પાછી આવી જા. [૧]

આપણે જોઈએ છીએ કે મધની મખ્ખી આજે પણ અલ્લાહએ આપેલા આ હુકમ પર ચુસ્તપણે અમલ કરે છે. એને પહાડો, ચટાણો, ઝાડો, દીવારો પર મધપૂડો બનાવવાની કારીગરી કોણે શીખવી ? ફળફૂલોનો રસ ચૂસીને મધ બનાવવાની કળા સાઈન્સના કયા ટીચરે એને શિખાડી ? ગમે તેટલી દૂર નીકળી ગઈ હોય છતાં તેજ રસ્તેથી પાછા વળવાની બુધ્ધિ એને કોણે આપી ? એના મધપૂડાની કારીગરી અને મધ બનાવવાની કળા જોઈને વિજ્ઞાનીઓ પણ હયરતના ચક્કરમાં પડી જાય છે.

હઝરત સુલૈમાન અને સબાની મહારાણી

એવી જ રીતે અલ્લાહના આકાશી કલામ કુર્આનમાં, જમીનના પેટાળમાંથી નીકળતી ધાતુઓનું બયાન પણ થયેલું છે. જેમકે સોનું, ચાંદી, તાંબુ, લોઢું વગેરે. સૂરએ-સબામાં છે કે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર હઝરત દાવૂદ અલૈહિસ-સલામના હાથમાં લોઢાંને મીણ જેવું નરમ બનાવી દીધું હતું જેનાથી તેઓ અલ્લાહ તઆલાની દોરવણી મુજબ લડાઈનો પોશાક એટલે બખ્તરો બનાવીને પોતાનું ગુજરાન કરતા હતા. આ કળા અલ્લાહ તઆલાએ પોતે તેમને શીખવી હતી. એવી જ રીતે અલ્લાહ તઆલાએ વહાણ બનાવવાની કળા પોતાના પયગમ્બર હઝરત નૂહ અલૈહિસ-સલામને શિખાડી હતી: "હે નૂહ ! તું એક વહાણ બનાવ, અમારી આંખો સામે અને અમારી દોરવણી મુજબ." [૨]

સૂરએ-સબામાં અલ્લાહના પયગમ્બર હઝરત સુલૈમાન અલૈહિસ-સલામની બાદશાહીનું બયાન વાંચશો તો માલૂમ પડશે કે અલ્લાહ તઆલાએ તેમના માટે જમીનમાંથી પીગળેલા તાંબાનો ઝરો વહેતો કરી દીધો હતો જેનાથી તેમના નિષ્ણાત કારીગરો તરહ-તરહની અજાયબી ભરેલી વસ્તુઓ બનાવતા હતા. કારીગરોમાં ઈન્સાનો ઉપરાંત જિન્નાતની કૌમના કારીગરો પણ દરબારમાં હાથ બાંધીને હઝરત સુલૈમાનના હુકમની રાહ જોયા કરતા હતા.

હઝરત સુલૈમાન અલૈહિસ-સલામ માટે દરબારી ઈન્જીનિયરોએ એરોપ્લેન જેવો એક આલીશાન તખત બનાવ્યો હતો. આ શાહી તખત કે વિમાનમાં બિરાજમાન થઈને હઝરત સુલૈમાન અલૈહિસ-સલામ પોતાના દરબારીઓ કે લશ્કરી જવાનો સાથે હવામાં ઊડવાની સહેલ માણતા હતા. અને સાથે ઈસ્લામની તબલીગનું કામ પણ કરતા હતા. વાયુ એટલે પવનને અલ્લાહ તઆલાએ હઝરત સુલૈમાનના તાબામાં આપી દીધો હતો. જ્યાં જવા માગતા, પવનને હુકમ ફરમાવી દેતા. આજ્ઞાપાલક ગુલામ પેઠે પવન તેમને ધારેલા સ્થળે પહોંચાડી દેતો. સૂરએ-સબામાં છે કે હઝરત સુલૈમાનની સવારની મંઝિલ એક મહિનાના વિસ્તાર જેટલી હતી અને સાંજની મંઝિલ એક મહિનાના વિસ્તાર જેટલી હતી. [3] એના અર્થ થયા કે હઝરત સુલૈમાન અલૈહિસ-સલામનો શાહી

---

૧. સૂરએ-નહલ પારહ ૧૪ આયત ૬૮-૬૯   ૨. સૂરએ-હૂદ પારહ ૧૨ આયત ૩૭   3. સૂરએ-સબા પારહ ૨૨ આયત ૧૨

તખ્ત ફકત એક જ દિવસમાં બે મહિનાનો રસ્તો કાપી લેતો હતો. હવામાં ઊડતી વેળા તખતની કેટલી ઝડપ હશે તેનું અનુમાન કરી લો.

સૂરએ-સબામાં આ વાતનો પણ ઉલ્લેખ છે કે જિન્નાતની કૌમમાંથી કેટલાક મરજીવાઓ સમુદ્રમાં ડૂબકી મારીને તળિયેથી મૂલ્યવાન મોતીઓ કાઢી લાવતા હતા. બાંધકામ કળાના નિષ્ણાતો હઝરત સુલૈમાન માટે મસ્જિદો, કિલ્લાઓ અને મહેલો બનાવતા હતા. આ કારીગરોએ હઝરત સુલૈમાન માટે એક આલીશાન શીશમહેલ બનાવ્યો હતો. તેના ચોકમાં પારદર્શક કાચની એવી અદ્દભૂત કારીગરી કરી હતી કે જોનારને એમ જ લાગે કે પાણીની નહેરમાં ખડખડ વહેતું નીતરૂં પાણી લહરિયો લઇ રહ્યું છે. મુલ્કે-સબાની સૂર્યપૂજક મહારાણી બિલકીસ જયારે પોતાના લાવલશ્કર સાથે મુસલમાન બનવા માટે હાજર થઇ તો હઝરત સુલૈમાને તેને ફરમાવ્યું, "શીશમહેલમાં પ્રવેશીને અમારા દરબારમાં આવી જા."

હુકમના પાલનમાં મહારાણી જયારે મહેલના ચોક પાસે પહોંચી તો જોયું કે નહેરમાં ખડખડ પાણી વહી રહ્યું છે. તરત તેણે પોતાના કીમતી લેંઘાના પાંઇચા પગથી ઉપર ચઢાવી લીધા કે જેથી તેનો મૂલ્યવાન શાહી લેંઘો પાણીમાં પલળી ન જાય. એ જોઇને હઝરત સુલૈમાને તેને ફરમાવ્યું : "ઇન્નહૂ સરહુમ મુમર-રદુમ મિન કવારીર."[૧] એટલે આ તો એક શીશમહેલ છે જેના ચોકમાં પણ કાચ મઢેલા છે. અર્થાતઃ એ તો અમારા કલાકારોના કૌશલ્યની કારીગરી છે. પાણી નથી. જેથી લેંઘાના પાંઇચા ચઢાવવાની જરૂર નથી.

સૂરએ કહફમાં શહેનશાહ ઝુલ-કરનૈનનો કિસ્સો વાંચશો તો ખબર પડશે કે હઝરત ઝુલ-કરનૈન મુલ્કો પર મુલ્કો ફતેહ કરતા ઉત્તર દિશાએ આવેલા પહાડી પ્રદેશમાં પહોંચ્યા તો પહાડની આ બાજુ વસેલા લોકોને, બીજા પહાડની પાછળ વસેલી યઅજૂજ-મઅજૂજ નામે જંગલી કૌમના ઝુલ્મો-સિતમથી બચાવવા માટે, લોખંડની જાડી પાટો તથા ધમણમાં ધખાવીને પીગળાવેલા તાંબાથી જે મજબૂત પુશ્તો બનાવી આપ્યો હતો તેમાં તેમણે કેવી કળાથી કામ લીધું હતું. એની વિગતો વાંચીને તઅજ્જુબ થાય છે. અને કુર્આની દલીલોથી સાબિત થાય છે કે આ દુનિયાનું મંડાણ થયું ત્યારથી જ દરેક યુગમાં કારીગરો, કલાકારો, જ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ પાકતા, ચાલ્યા આવે છે અને એજ તે વાત છે જેના વિષે અલ્લાહ તઆલાએ ગારે-હિરાની પહેલી જ વહીમાં ફરમાવી દીધુંઃ "અલ્લમલ-ઇન્સાન મા-લમ યઅલમ." ઇન્સાનને તે વાતોનું શિક્ષણ આપ્યું જેને તે જાણતો ન હતો.

મદીનહની હિજરત પછી પહેલી મસ્જિદ કુબાની વસતિમાં બનાવવામાં આવી. એ પછી મદીનહ શહેરમાં મસ્જિદે-નબવીનો પાયો નાખવામાં આવ્યો ત્યારે સવાલ ઊભો થયો કે કિબ્લહની દિશા કેવી રીતે નક્કી કરવી? તે સમયે દિશા નક્કી કરવાનું કોઇ યંત્ર તો હતું નહિ. અટકળ કે અનુમાનથી નમાઝ માટે કિબ્લહની દિશા કેવી રીતે નકકી કરી શકાય ? પરંતુ કિબ્લહની દિશા કેવી રીતે નક્કી કરવી ? તે સમયે દિશા નકકી કરવાનું કોઇ યંત્ર તો હતું નહિ. અટકળ કે અનુમાનથી નમાઝ માટે કિબ્લહની દિશા કેવી રીતે નકકી કરી શકાય ? પરંતુ કિબ્લહની દિશા નક્કી કરવા માટે કોઇ સમસ્યા કે મુંઝવણ ઊભી થઇ નહિ. રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ વિદ્યાની પૂરી માહિતી ધરાવતા હતા. અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રીલ મારફતે આપને એનું જ્ઞાન આપ્યું હતું. આપે એટલી તો ખૂબીથી ખાનએ-કઅબહની સીધમાં મસ્જિદે-કુબા અને મસ્જિદે-નબવીની મહેરાબો બનાવી કે આજના આધુનિક યંત્રો પણ તેમાં રતીભારની ભૂલ કાઢી શકતાં નથી.

---

૧. સૂરએ નમ્લ પા. ૧૯ આયત ૪૪

ઇસ્લામ અને ઇલ્મુલ-હર્બ

બીજો એક ખાસ ઇલ્મ છે જેની આજે દુનિયાભરમાં ધૂમ મચેલી છે અને જેણે આજે દુનિયાભરની શાંતિનું નખ્ખોદ વાળી દીધું છે. એ છે "ઇલ્મુલ-હર્બ" એટલે યુધ્ધ-વિજ્ઞાન. આપણે બધા જાણીએ છીએ કે અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઇલ્મુલ-હર્બના પણ સૌથી મોટા નિષ્ણાત હતા. ઇબ્ને હિશામની આ સીરતુન-નબી માં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની લડાઇઓનો વિગતવાર ઉલ્લેખ થયેલો છે. ઇસ્લામના દુશ્મનો સાથેની લડાઇઓની ઝીણામાં ઝીણી વિગત પણ કિતાબમાં દર્શાવી દીધી છે. ખરૂં જોતાં આ કિતાબનું અસલ નામ જ "કિતાબુલ-મગાઝી" છે એટલે અલ્લાહના રસ્તામાં દુશ્મનો સાથે જિહાદ કરનારાઓનું જીવન ચરિત્ર.

આ કિતાબના વાંચનથી આપને માલૂમ પડશે કે ઇસ્લામના ખૂંખાર દુશ્મનો અને લોહી-તરસ્યા ત્રાસવાદીઓ વારંવાર ધસી-ધસીને મદીનહ પર ચઢી આવતા હતા કે જેથી ઇસ્લામના જન્નતી છોડને જડમૂળથી ઉખેડીને ફેંકી દે. પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિકમતભરી લડાયક તદબીરો અને લા-જવાબ જંગી ચાલો આગળ તેઓનું કંઇ ચાલતું ન હતું. ત્રાસવાદી દુશ્મનો સામે કેવી તદબીરો અને કેવી ચાલોથી કામ લેવું તેનું જ્ઞાન અલ્લાહ તરફથી આપને મળતું હતું. સામસામે બે જમાઅતો હતી. એક જમાઅતનું નામ "હિઝબુલ્લાહ" એટલે અલ્લાહની જમાઅત અને બીજી જમાઅતનું નામ "હિઝબુશ-શયતાન" હતું એટલે શયતાનની જમાઅત. કુર્આનમાં બંને જમાઅતોનું બયાન થયેલું છે અને અલ્લાહ તઆલાએ ફરમાવી દીધું છે કે હિઝબુલ્લાહ પર હિઝબુશ-શયતાન કદી ફાવી શકતા નથી. કામયાબી છેવટે હિઝબુલ્લાહના જ કદમ ચૂમે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એજ જંગી તદબીરો અને હિકમતભરી ચાલોની બરકત હતી કે વારંવારની ખૂંખાર લડાઇઓ છતાં બંને પક્ષે ઓછામાં ઓછું લોહી રેડાયું. ફત્હે-મક્કહની વિગતો વાંચશો તો આપ ભી તઅજ્જુબમાં પડી જશો. જનમ-જનમના ખૂંખાર ત્રાસવાદીઓ ખાનએ-કઅબહના વિશાળ ચોકમાં મસ્તકો નમાવીને ઊભેલા છે અને મૃત્યુના ડરથી થરથર કાંપી રહ્યા છે. અચાનક સન્નાટાને ચીરતો સ્વર સંભળાય છે : "યા મઅશર કુરૈશ ! હે કુરૈશની જમાઅત ! તમે શું ધારો છો કે આજે હું તમારી સાથે કેવો વર્તાવ કરીશ ?"

"અખુન કરીમ વબ્નુ અખુન કરીમ." આશા નિરાશા વચ્ચે ઝોલાં ખાતા કુરૈશ જવાબ આપે છે કે આપ અમારા દયાળુ-શરીફ ભાઇ છો અને શરીફ ભાઇના બેટા છો.

"ઇઝહબૂ અન્તુ-મુત-તુલકાઅ." જાવ તમે બધા આઝાદ છો.

"લા તસરીબ અલય-કુમુલ-યવમ." આજે તમારા માટે ડર કે ઠપકા જેવું કંઇ નથી.

શાનદાર ફતેહ મેળવવા છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ન કોઇને ગુલામ બનાવ્યો ન મક્કહની કોઇ ખાતૂનને લોંડી બનાવી ન કોઇના જાન-માલને હાથ અડાડ્યો. એટલું જ નહિ, મક્કહના જે મુસલમાનો પોતાના ઘરબાર અને માલ-મિલ્કત મક્કહમાં જ છોડીને મદીનહ હિજરત કરી ગયા હતા અને જેની ઉપર કુરૈશના ત્રાસવાદીઓએ બળજબરીથી કબજો કરી લીધો હતો એના વિષે પાછા ખાલી કરવા નો કોઇને

હુકમ નહિ ફરમાવ્યો. જેની પાસે જે કંઈ હતું, તેની જ પાસે રહેવા દીધું.

ખરેખર આપણા આકા, આપણા મવલા, અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જગતના તમામ ઈન્સાનો માટે દયામાયાના સાગર બનીને પધાર્યા હતા. આપના જેવો રહમદિલ, આપના જેવો સહનશીલ, આપના જેવો ન્યાયશીલ, આપના જેવો સુલેહ-ચાહક, શાંતિપ્રિય અને રહમતના દરિયા જેવો સિપહસાલાર ન આપથી પહેલાં થયો છે ન આપના પછી થયો છે ન ભવિષ્યમાં કદી થવાનો છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ચાહતા હતા કે દીનની સાથે દુનિયાનું શિક્ષણ લેવામાં પણ મુસલમાન લોકો જગતની બીજી પ્રજાઓથી પાછળ નહિ પડે આપના શાગિર્દો એટલે માનવંતા સહાબાએ આપની પાસેથી ઈલ્મુલ-હર્બ એટલે યુધ્ધ-વિજ્ઞાનનું પણ એવું શિક્ષણ લીધું કે જોતજોતામાં તેઓ દુનિયા પર છવાઈ ગયા. ઈસ્લામી લશ્કરે મુલ્કો પર મુલ્કો ફતેહ કરી લીધા. ઈરાન અને રોમ જેવા બળવાન સામ્રાજ્યોના ઘમંડી શહેનશાહોના મગજમાંથી તુમાખીનો ધુમાડો કાઢી નાખ્યો અને ત્યાંની, ગુલામીની ઝંજીરોમાં જકડાયેલી પ્રજાને ગુલામીની લઅનતથી આઝાદ કરાવી દીધી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને નાછુટકે ઈસ્લામના દુશ્મનો સાથે જેટલી લડાઈઓ લડવી પડી એ બધી લડાઈઓ કુર્આનની ભાષામાં જિહાદ કહેવાય છે. મુસલમાનો પર જેવી રીતે નમાઝ, રોઝહ, હજ્જ, ઝકાત ફર્ઝ છે તેવી જ રીતે ઈસ્લામના દુશ્મનો સાથે જિહાદ કરવો પણ મુસલમાનો પર ફર્ઝ છે. જિહાદની તૈયારી માટે કુર્આનમાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને આ શબ્દોમાં હુકમ ફરમાવ્યો છેઃ ''વ-અઈદ્દુ લહુમ મસ-તતઅ-તુમ મિન કુવ્વહ''.... એટલે ઈસ્લામના દુશ્મનો માટે જંગી બળની તૈયારી રાખો જેનાથી તમે ધાક બેસાડી શકો અલ્લાહના દુશ્મનો પર અને તમારા દુશ્મનો પર !

અલ્લાહના રાહમાં એટલે જિહાદમાં કતલ થનાર મુસલમાન શહીદ કહેવાય છે અને તે કાયમ માટે જન્નતનો હકદાર ઠરી જાય છે. મરેલા માણસને આપણે મુરદું કહીએ છીએ પણ જિહાદમાં કતલ થનારને મુરદું કહી શકાય નહિ. કુર્આનમાં ચેતવણી આપવામાં આવી છે કે ખબરદાર ! અલ્લાહના રસ્તામાં માર્યા ગયેલા મુસલમાનને મુરદું કહ્યું નહિ ! એ મુરદું નથી બલકે શહીદ છે. કતલ થતાં જ નવું જીવન મેળવી લે છે અને અલ્લાહના દરબારમાં હાજર થઈને જન્નતના બગીચાઓમાં મહાલતો થઈ જાય છે. જન્નતમાં આ શહીદને અલ્લાહ તઆલા તરફથી ખાવાનું પણ મળે છે. અને પીવાનું પણ મળે છે. મરી ગયેલા કે કતલ થયેલા માણસના મુરદાંને આજ સુધી આપણે ખાતું-પીતું કે ચાલતું ફરતું જોયું નથી. પણ અલ્લાહના રાહમાં શહીદ થનાર માટે કુર્આનનો કાનૂન અલગ છે. એના માટે આયતમાં ત્રણ ખાસ શબ્દો આવેલા છે. પહેલો શબ્દ ''અમ્વાત'' જેના અર્થ મુરદાં થાય છે એટલે એને મુરદું ન કહો. બીજો શબ્દ ''અહયાઅ'' જેના અર્થ ''જીવતા'' થાય છે એટલે એ મુરદું નહિ બલકે જીવતા છે. ત્રીજો શબ્દ ''યુર-ઝકૂન'' છે જેના અર્થ એને ખાવાપીવાનું કે રોજી પહોંચાડવામાં આવે છે.

મક્કી જીવનના તેર વરસ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળવા પછી આપના નૂરાની જીવનના પૂરાં તેર વરસ મક્કામાં પસાર થયાં. ઈસ્લામની તબલીગ કરવી અને ઈસ્લામ પર ચાલવું, કાંટાની પથારી કે આગના

અંગારા પર ચાલવા જેવું હતું. આ તેર વરસમાં આપને હુકમ આ હતો કે કોઇ તમારી ઉપર ત્રાસ ગુજારે તો જવાબ ન આપો. કોઇ ઢેફાં મારે કે પથ્થર મારે તો ચૂપ રહો. કોઇ ગાળો આપે કે અપશબ્દ કહે તો ખામોશ રહો. કોઇ ગળું ટૂંપે કે જાનવરના આંતરડાં નાખે તો ઉફ ન કરો. બસ આટલું કામ કરો કે હક વાત કહેતા રહો. એ સિવાય કોઇનો મુકાબલો ન કરો. લડઝગડ, મારતોફાન, જીભાજોડી, ધીંગામુસ્તી ન કરો. કુર્આનમાં ફરમાવ્યું:"ફસ-ફહિસ-સફહલ-જમીલ."

એટલે દરગુજર કરો. મોટું મન રાખો. જવાબ ન આપો. ખામોશ રહો. ઉદારદિલીથી ચલાવી લો અને એમ પણ ફરમાવ્યું : "લસ્ત અલૈહિમ બિ-મુસૈતિર." હે નબી ! આપને કોટવાલ કે દારોગા કે ઇન્સપેકટર કે ફોજદાર બનાવીને મોકલવામાં નથી આવ્યા. આપને તો ઇસ્લામની તબલીગ કરનારા અને ઇસ્લામનો સંદેશો પહોંચાડનારા બનાવીને મોકલવામાં આવ્યા છે. આપનું કામ તો હક વાત પહોંચાડી દેવાનું છે. ઘૂમીફરીને લોકોને જહન્નમના અઝાબથી ડરાવો. ઘેરેઘેર જઇને લોકોને જન્નતની ખુશખબરી આપો. બળજબરીથી કે મારધાડથી મનાવીને મુસલમાન બનાવવાનું કામ આપનું નથી.

એમ પણ ફરમાવ્યું : "વ લવ શાઅ રબ્બુક લ-આમના....." હે નબી ! તમારો પાલનહાર ચાહતે તો ધરતી પર વસનારા તમામ ઇન્સાનોને મુસલમાન બનાવી દેતે. પણ તમારા પાલનહારની એ ઇચ્છા નથી. તો શું તમે બળજબરીથી લોકોને મુસલમાન બનાવશો ?

માટે હે નબી ! હકના રસ્તામાં કાંટા વાગે તો તેને સહન કરો. સચ્ચાઇના રાહમાં સખ્તી આવે તો તેની ઝીંક ઝીલો. સબર કરો. ધીરજથી કામ લો. ઉફ ન કરો. એમ પણ ફરમાવ્યું: "ફસ-બિર કમા સ-બ-ર ઉલુલ-અઝ-મિ મિનર-રુસુલ." ધીરજ ધરો હે નબી ! જેવી રીતે ધીરજવાન પયગમ્બરોએ ધીરજથી કામ લીધું. મારનો જવાબ મારથી ન આપો. લાઠીનો જવાબ લાઠીથી ન આપો. ગાળનો જવાબ ગાળથી ન આપો. બલકે ધીરજથી, દરગુજરથી, સહનશીલતાથી કામ લો.

મદની જીવનના દસ વરસ

મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લગાતાર તેર વરસ સુધી આતંકવાદી કુરૈશનો ત્રાસ વેઠતા રહ્યા અને અલ્લાહના હુકમ મુજબ ધીરજથી, દરગુજરથી, સહનશીલતાથી કામ લેતા રહ્યા. પછી તે સમય આવ્યો જ્યારે ખુદ કુરૈશની ધીરજ ખૂટી ગઇ અને તેઓની સહનશકિતએ જવાબ આપી દીધો. નતીજા રૂપે તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું ખૂન કરી નાખવાનો ત્રાગડો રચ્યો તો લાચારીએ આપને મક્કહ છોડીને મદીનહ નાસી જવું પડયું. હવે તો કુરૈશના વેરનો અગ્નિ શમી જવો જોઇતો હતો. પરંતુ વતનથી બે વતન કરવા છતાં તેઓએ આપનો પીછો નહિ છોડયો તો અલ્લાહની રહમત જોશમાં આવી ગઇ. અલ્લાહ તઆલાને આપની અને આપના મઝલૂમ સાથીઓની દયાજનક હાલત પર દયા આવી ગઇ તો અલ્લાહ તઆલાએ આપને ત્રાસવાદી દુશ્મનોનો, હથિયારોથી મુકાબલો કરવાની પરવાનગી આપી દીધી. બસ એજ દિવસથી હથિયારનો જવાબ હથિયારથી આપવાનો કુર્આની કાનૂન ઇસ્લામમાં જારી થઇ ગયો. એનું જ નામ જિહાદ છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ દિલથી ચાહતા હતા કે દુશ્મનો પોતે પણ શાંતિથી જીવે અને

મુસલમાનોને પણ શાંતિથી જીવવા દે પરંતુ તેઓએ આપની કોઇ વાત માનીને દેખાડી નહિ. કદી તેઓ આપને બદ્રના મેદાન સુધી ખેંચી ગયા તો કદી ઉહુદ પહાડની તળેટીમાં જવા મજબૂર કર્યા. કદી ખન્દક ખોદવાની ઝહમત આપી તો કદી કઅબહના દર્શન માટે મક્કહમાં પ્રવેશવાથી અટકાવી દીધા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મદની જીવનના પૂરાં દસ વરસો ઇસ્લામના ત્રાસવાદી દુશ્મનો સાથે જિહાદ કરવામાં પસાર થઇ ગયાં. એમાં સત્તાવીસ જિહાદો એવા છે જેને હદીસની ભાષામાં "ગઝવહ" કહે છે. ગઝવહ તે લડાઇ અથવા લશ્કરી ટુકડી છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બ-નફ્સે-નફીસ એટલે જાતે ને પોતે ભાગ લીધો હોય. આ ૨૭ ગઝવાતમાં નવ ગઝવાત એવા છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે લડાઇના મેદાનમાં ઊતરીને ઇસ્લામી લશ્કરની કમાન સંભાળી અને જેમાં મારામારી, કાપાકાપી કે ખૂનરેજી થવા પામી.

કુર્આને-કરીમના આદેશ મુજબ જિહાદ પણ અલ્લાહની ઉત્તમ ઇબાદત ગણાય છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે કે જે કૌમ જિહાદ જેવી ઇબાદત છોડી દે છે તે આ દુનિયામાં ઝલીલો-ખ્વાર થઇ પડે છે અને ઇસ્લામના દુશ્મનો તેની ઉપર એવી રીતે તૂટી પડે છે જેમ ભૂખ્યાઓ ખાવાની વાનગીઓ પર તૂટી પડે છે.

અસહાબી કન-નુજૂમ

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહના આખેરી નબી હતી અને ઉમ્મી નબી હતા. ઉમ્મીના અર્થ છે અનપઢ હોવું, અશિક્ષિત હોવું, નિરક્ષર હોવું. અલબત્ત આપણા માટે અનપઢ કે અશિક્ષિત હોવું મોટામાં મોટી ખામી ગણાય છે. પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે એ કોઇ ખામી કે ઐબ ન હતી બલકે આપની એ સૌથી મોટી ખૂબી હતી. ખુદ અલ્લાહ તઆલાએ કુર્આનમાં આપને "નબીય્યીલ-ઉમ્મી"ના ગૌરવભર્યા લકબે બિરદાવીને જમીન અને આકાશોના ઇલ્મોનો ખજાનો આપના નૂરાની સીનામાં ભરી દીધો હતો. દીનની સાથે દુનિયાના ઇલ્મોનો આ ખજાનો ન આપથી પહેલાં કોઇને આપવામાં આવ્યો ન આપના પછી કોઇને આપવામાં આવ્યો. ઇલ્મોના લખલૂટ ખજાનામાંથી આપના શાગિર્દો એટલે માનવંતા સહાબાએ પણ પોતાનો પૂરો હિસ્સો મેળવી લીધો અને તેઓ ઇલ્મી આકાશના ઝગમગાતા સિતારા બનીને દુનિયાના ઇન્સાનોના ઇમામ બની ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે પોતાના સહાબાને આકાશના સિતારા સાથે સરખાવ્યા છે અને ફરમાવ્યું છેઃ "અસહાબી કન-નુજૂમ....." એટલે મારા સહાબા આકાશના સિતારા જેવા છે. જે લોકો એમનું અનુકરણ કરશે, હિદાયત મેળવી લેશે. દુનિયામાં પણ કામયાબ. આખેરતમાં પણ કામયાબ.

સીરતે-નબવીની માહિતીનું બીજું ઝરણું

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના મુકમ્મલ હાલાત જાણવાનું બીજું અસલી, સનદી અને વિશ્વાસપાત્ર ઝરણું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસો છે. કુર્આને-કરીમ પેઠે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસો પણ પરંપરાગત સચવાયેલી અને સંગ્રહાયેલી યેન કેન પ્રકારે આપણા સુધી પહોંચી છે. આજના ઝમાનામાં પણ આપણે જીવનના દરેક ક્ષેત્રમાં એજ નૂરાની ઝરણાઓથી માર્ગદર્શન મેળવીએ છીએ.

અલ્લાહ તઆલાની આકાશી કિતાબ કુર્આને-મજીદ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસ઼નો દરજ્જો આવે છે. હદીસ઼ અને કુર્આન અલ્લાહની આકાશી ઝંજીરની એવી બે કડીઓ છે જેને એકબીજાથી અલગ કરી શકાય નહિ. જે પાગલોએ આ કડીઓને એકમેકથી અલગ કરવાની કોશિશો કરી છે તેઓ અલ્લાહની લઅનતોનો ભોગ બનીને ગુમરાહીની ગર્તામાં ગરક થઇ ગયા છે. કુર્આને-કરીમમાં અનેક આયતો છે જેમાં સાફ શબ્દોમાં મુસલમાનોને હુકમ ફરમાવવામાં આવ્યો છે કે, હે મુસલમાનો ! તમે દિલના કાનથી અમારા પયગમ્બરની વાતો સાંભળો. અંતઃકરણથી તેને માની લો અને માની લેવું જ પૂરતું નથી બલકે ખરા દિલથી તેનો અમલ પણ કરો. એક આયતમાં છેઃ "મા આતા-કુમુર-રસૂલુ ફ-ખુઝૂ-હૂ." એટલે અમારા રસૂલ જે કંઇ તમને આપે તો તરત તેને ગ્રહણ કરી લો. એ પછી ફરમાવ્યુંઃ "વ મા નહાકુમ અન્હુ ફન્તહૂ." એટલે અમારા રસૂલ જે વાતોથી તમને અટકાવે કે તુરંત તેનાથી અટકી જાવ.

એથી પણ વધારે જોરદાર શબ્દોની આ આયત છેઃ "મંય-યુતિઇર-રસૂલ ફ-કદ અતા-અલ્લાહ." એટલે જે માણસ રસૂલની તાબેદારી કરે છે તે અલ્લાહની તાબેદારી કરે છે. અલ્લાહની તાબેદારી કરવી હોય તો પ્રથમ રસૂલની તાબેદારી કરો. અલ્લાહનું કહ્યું માનવું હોય તો પહેલાં રસૂલનું કહ્યું માનો. અલ્લાહને રાજી કરવો હોય તો પ્રથમ તેના પ્યારા રસૂલને રાજી કરો. માલૂમ પડયું. રસૂલની તાબેદારી હકીકતમાં અલ્લાહની તાબેદારી છે. રસૂલનું આજ્ઞા-પાલન વાસ્તવમાં અલ્લાહનું આજ્ઞા-પાલન છે. રસૂલનું કહ્યું નહિ માનો અને રસૂલને રાજી નહિ કરો ત્યાં સુધી અલ્લાહને રાજી કરવાના ફાંફાં મારવાં વ્યર્થ કે બેકાર છે.

માની લો કે એક બાદશાહ પોતાના એલચીને કોઇ સરકારી કામ માટે બીજા બાદશાહના દરબારમાં મોકલાવે છે. એલચીને આપેલા શાહી કાગળમાં મૂળ મુદ્દાનો લંબાણ ખુલાસો નહિ હશે. બલકે મુખ્ય મુદ્દા ટૂંકાણમાં પતાવેલા હશે. હવે એલચી જ્યારે સરકારી કામ અંગે આ બાદશાહ સાથે વાટાઘાટ કરશે તો એલચીનો બોલેબોલ પોતાના બાદશાહનો બોલેબોલ ગણાશે. વાતચીતને અંતે એલચી જે ફેસલો કરશે તે તેના જ બાદશાહનો ફેસલો લેખાશે. આ દાખલો રજૂ કરવાનો હેતુ આટલો જ કે હદીસ઼ અને કુર્આન હકીકતમાં એક જ વસ્તુ છે અને એક જ દીપકના બે નૂર છે. બંનેનો દરજ્જો લગભગ સરખો જ છે. બંનેને એકબીજાથી અલગ કરી શકાય નહિ અને જો કોઇ અલગ કરવાની કોશિશ કરશે તો ગુમરાહીના આંધળા જંગલમાં એવો ભટકાશે કે કદી તેને રસ્તો મળવાનો નથી. નતીજા રૂપે બારગાહે-ઇલાહીથી હડખામાં કૂતરાં પેઠે હડધૂત થઇ જશે. ઉપરથી અલ્લાહની અને તેના રસૂલની લઅનતનો ભોગ બની જશે.

એથી યે ચઢિયાતો બીજો દાખલો જુઓ. માની લો કે આજે આપણા આ ઝમાનામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હયાત હોય અને માનવંતા સહાબાની નૂરાની મજલિસમાં બિરાજમાન હોય. એટલામાં એક માણસ આપનાં તહેનાતમાં હાજર થઇને મુસલમાન બની જાય અને પોતાના ઇસ્લામ-સ્વીકારની જાહેરાત કરે અને પછી આ જાહિલ કે બેવકૂફ માણસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સંબોધીને આ પ્રમાણે કહે:

"યા મુહંમદ ! હું મારા અંતઃકરણથી અલ્લાહને એક માનું છું અને આપની પાસે જે કુર્આન છે તેને પણ સાચા દિલથી માની લઉં છું કેમકે એ અલ્લાહનું કલામ છે. પણ હે મુહંમદ ! આપનું પોતાનું જે કલામ છે જેને હદીસ઼ કહે છે, તેને માનવું મારા માટે જરૂરી નથી. કેમકે આપ તો મારા જ જેવા એક ઈન્સાન છો !"

ચોખ્ખી વાત છે કે આ જાહિલ માણસ કલિમો પઢવા છતાં અને અલ્લાહને એક માનવા છતાં ઈસ્લામથી ખારિજ થઈને કાફિર બની જશે અને અલ્લાહની બારગાહથી કૂતરાં પેઠે હડધૂત થઈ જશે. અલ્લાહ પર અને કુર્આન પર તેના ઈમાનની કોડીની કિંમત નહિ રહેશે.અને માની લો કે આ નૂરાની મજલિસમાં હઝરત ઉમર ફારૂક બેઠેલા હોય તો પેલા જાહિલ બેવકૂફની વાત સાંભળતાં જ ઊભા થઈ જશે અને તલવાર તાણીને દરખાસ્ત કરશેઃ

"યા રસૂલલ્લાહ ! પરવાનગી આપો. અબઘડી આ કાફિરનું માથું ધડથી છૂટું કરી દઉં !"

માલૂમ પડયું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસ઼નું પણ તેટલું જ મહત્વ છે જેટલું અલ્લાહની આકાશી કિતાબ કુર્આનનું છે. કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જે કંઈ ફરમાવે કે હુકમ આપે તેની હેસિયત તેવી જ છે જેવી અલ્લાહના હુકમની અને અલ્લાહના ફરમાનની. બંને વચ્ચે કોઈ તરહનો ફરક નથી. કુર્આનમાં છેઃ "વ મા યન-તિકુ અનિલ-હવા. ઈન હુવા ઈલ્લા વહયુંય-યૂહા." એટલે અમારા રસૂલ પોતાની ઈચ્છા મુજબ કંઈ નથી ફરમાવતા. તેઓ જે કંઈ ફરમાવે તે આકાશી વહી મુજબ ફરમાવે છે.

હદીસ઼ શબ્દનો ટૂંક પરિચય

હદીસ઼ શબ્દના લુગાતી અર્થ વાત, બોલ, કથન, ખબર. સમાચાર, નવી વાત વગેરે છે. હદીસ઼ શબ્દ એક વચન છે જે અરબીના "તહદીસ઼" શબ્દમાંથી નીકળેલો છે, જેના અર્થ ખબર આપવી, સમાચાર પાઠવવા, વાતની નકલ કરવી, વર્ણન કરવું, તકરીર કરવી વગેરે થાય છે. હદીસ઼નું બહુવચન "અહાદીસ઼" છે.

હદીસ શબ્દના લુગાતી અર્થ અમે ઉપર મુજબ દર્શાવી દીધા. પણ હકીકત આ છે કે ઈસ્લામની પરિભાષામાં હદીસ઼ એક વિશાળઅર્થી શબ્દ છે. ઈસ્લામી ઉલૂમના વિદ્વાન આલિમો અને હદીસ઼-શાસ્ત્રના નિષ્ણાતોના મંતવ્ય મુજબ હદીસ઼ શબ્દની વ્યાખ્યામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સર્વાંગી પયગમ્બરી જીવનની એકેક વાત અને એકેક કામનો સમાવેશ થઇ જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો એવાં તમામ કામો અને એવી તમામ વાતો હદીસ઼ કહેવાય છે જેનો સંબંધ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન સાથે હોય. દાખલા તરીકે આપની વાતો અને કથનો, આપના કામો અને અમલો, આપની નસીહતો અને શિખામણો, આપના વચનો અને પ્રવચનો, આપના લખાણો અને કાગળો, આપના હુકમો અને ફરમાનો, આપના કરારનામા અને સુલેહનામા, આપની નમાઝો અને ઈબાદતોની વાતો. મતલબ કે આપના નૂરાની જીવનની એકેક હરકત અને ઝીણી ઝીણી વાતો સુધ્ધાં હદીસ઼ના અર્થમા આવી જાય છે.

ઈલ્મે-હદીસ઼ના ધુરંધર આલિમોએ આ ત્રણ વસ્તુઓને હદીસે઼ રસૂલના અર્થમાં સમાવી લીધી છે : (૧) કવલ (૨) ફેઅલ (૩) તકરીર. એની વધુ સમજૂતી માટે એક દાખલો લઈએ.

દાખલા તરીકે આપણે કોઈ માણસને સમજાવવા માગીએ તો તેને સમજાવવાના ત્રણ તરીકા છે:

પહેલો તરીકો———પ્રથમ તેને જીભથી સમજાવવામાં આવે. એટલે વાતોથી, બોલોથી, શબ્દોથી. હવે તેની સમજણ માટે આપણી જીભથી નીકળેલા શબ્દોને અરબી ભાષામાં "કવલ" કહે છે અને કવલ એટલે જીભથી નીકળેલી વાત.

બીજો તરીકો———બીજો તરીકો આ છે કે એ માણસ એક કામ કરવા માગે છે પણ કામ કેવી રીતે કરવું તે જાણતો નથી. હવે આપણે એ કામને અમલી રીતે કરીને તેને દેખાડી દઈએ. તો અમલી રીતે કરીને દેખાડેલા કામને અરબી ભાષામાં "ફેઅલ" કહે છે અને ફેઅલ એટલે કામ.

ત્રીજો તરીકો———તેને કહી દેવામાં આવે કે જો ભાઈ ! તારે આ કામ કરવાનું છે અને સાંભળી લે, તારા આ કામમાં કંઈ ભૂલચૂક થશે તો હું તને બતાવી દઈશ. ઝાઝી ચિન્તા ના કરજે પણ કામ ખંત અને ઉત્સાહથી કરજે.

સમજાવવાના આ ત્રણ તરીકાઓ મુજબ, ઉલૂમે-હદીસના નિષ્ણાતો, નીચે દર્શાવેલી ત્રણ વસ્તુઓને હદીસ કહે છે : (૧) કવલે-રસૂલ (૨) ફેઅલે-રસૂલ (૩) અને તકરીરે-રસૂલ. એનો ખુલાસો જુઓ:

•———**કવલે-રસૂલ** : એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો. એમાં આપની મુબારક જીભથી નીકળેલી એકેક વાત, એકેક બોલ, એકેક શબ્દનો સમાવેશ થઈ જાય છે. જેમકે આપના હુકમો અને ફરમાનો, આપના સૂચનો અને વચનો, આપના પ્રવચનો અને ખુત્બાઓ, આપની નસીહતો અને શિખામણો વગેરે.

•———**ફેઅલે-રસૂલ** : એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કામો. એમાં આપના નૂરાની જીવનના એકેક કામ, એકેક આચરણ, એકેક કદમનો સમાવેશ થઈ જાય છે. જેમકે આપની નમાઝો અને ઈબાદતો, આપના રોઝહ અને હજ્જ, આપના દાન અને ખયરાત, આપની લશ્કરી હિલચાલો અને જિહાદો, આપના કરારનામા અને સુલેહનામા, આપના તબલીગી પ્રવાસો અને તબલીગી કાગળો. મતલબ કે આપના જાહેરી અને ગૃહસ્થી જીવનના તમામ કામો.

•——— **તકરીરે-રસૂલ** : એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની હાજરીમાં પોતાના કોઈ સહાબીને કોઈ કામ કરતા જોયા. પછી સહાબીનું એ કામ જોઈને આપે તેમને અટકાવ્યા નહિ. કોઈ રોકટોક તેમની કરી નહિ. બલ્કે તેમનું એ કામ જોઈને આપ ખામોશ રહી ગયા. તો આપની આ ખામોશી એ કામના જાઈઝ હોવાની દલીલ બની ગઈ.

બીજા શબ્દોમાં કહીએ તો સહાબીનું એ કામ જોઈને આપ ખામોશ રહી ગયા તો હવે ઈસ્લામી શરીઅતની રૂએ એ કામ કરવામાં કોઈ તરહનો વાંધો નથી. એ કામ કરવું બિલકુલ જાઈઝ છે, યોગ્ય છે, ખુશીથી કરી શકાય છે. ઈસ્લામી શરીઅત એ કામથી અટકાવતી નથી. કેમકે એ કામ જોઈને અલ્લાહના પયગમ્બરે ખામોશી ગ્રહણ કરી હતી. અગર સહાબીનું એ કામ નાજાઈઝ કે અયોગ્ય હોત તો આપ જરૂર તેમને અટકાવી દેત. આપની ખામોશી જ એ કામના જાઈઝ હોવાની દલીલ બની ગઈ. એટલું જ નહિ, આપની ખામોશી હવે ઈસ્લામી બંધારણ એટલે શરીઅતની ધારાપોથીનો એક કાનૂન પણ બની ગયો.

અહીં આ વાત યાદ રાખવી જોઈએ કે અલ્લાહના પયગમ્બરની ખામોશી સિવાય બીજા કોઈ ઈન્સાનની

ખામોશી ન તો તે કામના જાઇઝ હોવાની દલીલ બની શકે છે ન ઇસ્લામી બંધારણનો કાનૂન બની શકે છે. જાઇઝ-નાજાઇઝ કે હલાલ-હરામનો અધિકાર અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર સિવાય કોઇને આપેલો નથી.

માલૂમ પડ્યું કે કવલે-રસૂલ, ફેઅલે-રસૂલ અને તકરીરે-રસૂલને લગતી માહિતીઓનું નામ હદીસ઼ છે. હદીસ઼ શબ્દ એકવચન એટલે વાહિદ છે. એની જમા એટલે બહુવચન અહાદીસ઼ આવે છે.

સૂરતે-રસૂલ અને સીરતે રસૂલ

અહીં હદીસ઼ કે અહાદીસ઼ની કક્ષામાં આવે તેવી બીજી એક વસ્તુ પણ છે. એની માહિતી મેળવવી પણ મુસલમાનો માટે જરૂરી છે. જુઓ એક છે સીરતે-રસૂલ અને એક છે સૂરતે-રસૂલ. એનો ખુલાસો જુઓ :

સીરતે-રસૂલ : એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ૬૩ વરસોના નૂરાની જીવન સાથે સંકળાયેલ: તમામ કામો, તમામ વાતો અને આપની એકેક હરકત કે હિલચાલની માહિતીઓનું વર્ણન. એને જ આપણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું જીવન-ચરિત્ર, જીવન-વૃત્તાંત, જીવન-ઝરમર કે સીરતે-રસૂલ કહીએ છીએ.

સૂરતે-રસૂલ : બીજી વસ્તુ સૂરતે-રસૂલ છે એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરાની રૂપરેખા તથા આપના નૂરાની બદનને લગતી માહિતીઓનું વર્ણન.

આ વાત આપણે વાંચી આવ્યા કે કવલે-રસૂલ, ફેઅલે-રસૂલ અને તકરીરે-રસૂલને હદીસ઼ કહે છે અને હદીસ઼ને લગતી તમામ માહિતીઓ આપણને માનવંતા સહાબાઓની રિવાયતો મારફતે મળેલી છે. એવી જ રીતે સૂરતે-રસૂલને લગતી તમામ માહિતીઓ પણ માનવંતા સહાબાની રિવાયતો મારફતે આપણા સુધી પહોંચી છે. એને લગતી સહાબાની તમામ રિવાયતો પણ હદીસ઼ના જ અર્થમાં આવી જાય છે. અને હદીસ઼ના કિતાબોમાં એ બધી માહિતીઓનો સવિગત ઉલ્લેખ થયેલો છે. હવે જુઓ સૂરતે-રસૂલ કોને કહે છે :

સૂરતે-રસૂલ એટલે આપણા આકા અને મવલા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શકલો-સૂરત કેવી હતી. આપના નૂરાની ચેહરાની રૂપરેખા અને આપના નૂરાની શરીરની આકૃતિ કેવી હતી. આપની મુખમુદ્રા એટલે આપના નૂરાની ચેહરાનો દેખાવ કે આકાર કેવો હતો. આપનો નૂરાની ચેહરો ખુશીના પ્રસંગે કેવા પ્રકારના હાસ્યથી પ્રફુલ્લી ઊઠતો હતો અને આપ ખડખડાટ અવાજે હસતા હતા કે ફકત ગુલાબી હાસ્ય આપના નૂરાની હોઠો પર ફરકી જતું હતું.

એવી જ રીતે ગમીના પ્રસંગે કેવા ભાવો આપના નૂરાની ચેહરા પર ઊપસી આવતા હતા અને નારાજી કે ગુસ્સા વેળા કેવી રેખાઓ આપના ચંદ્રસમ મુખડા પર પ્રસરી જતી હતી. મતલબ કે ચાંદને શરમાવે તેવા આપના મનમોહક મુખડાની રૂપરેખા તથા આપની રૂઆબદાર પયગમ્બરી શખ્સિયતની રૂપરેખાને લગતી જેટલી માહિતીઓ આપના સહાબાના મુખે હદીસ઼-ગ્રંથોમાં ટાંકેલી છે એ પણ હદીસ઼ના જ અર્થમાં આવી જાય છે.

સુન્નતે-રસૂલને લગતી રિવાયતો

સીરતે-રસૂલ અને સુરતે-રસૂલ પેઠે બીજી એક વસ્તુ પણ છે જેને સુન્નતે-રસૂલ કહે છે. સુન્નત શબ્દના લુગાતી અર્થ રસ્તો, ચીલો, તરીકો, આદત, નિયમ, રિવાજ, તબીઅત વગેરે થાય છે. ઇસ્લામી પરિભાષામાં સુન્નત એટલે તે રસ્તો કે તે ચીલો જેની ઉપર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝિન્દગીભર ચાલતા રહ્યા. બીજા શબ્દોમાં કહીએ તો સુન્નત એટલે તે નિયમો, તે આદર્શો, તે સિધ્ધાંતો કે જેને અપનાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝિન્દગીભર તેનો અમલ કરતા રહ્યા.

તો જે નિયમો, જે આદર્શો અને જે સિધ્ધાંતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અપનાવી લીધા અને પછી જે પધ્ધતિથી, જે રીતથી, જે તરીકાથી આપ જીવનભર તેનો અમલ કરતા રહ્યા એનું જ નામ સુન્નતે-રસૂલ છે. કોઇ મુસલમાન એજ નિયમોને અપનાવી લઇને એજ પધ્ધતિથી તેનો અમલ કરે તો આપણે કહીશું કે એણે સુન્નતે-રસૂલની પેરવી કરી

દાખલા તરીકે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હુકમ ફરમાવ્યો, "અકિમિસ-સલાત" એટલે હે નબી ! નમાઝ કાયમ કરો. નમાઝ પઢતા રહો. આપે અલ્લાહનો આ હુકમ માની લીધો અને નમાઝનો સિધ્ધાંત અપનાવી લઇને પૂરી ઝિન્દગી નમાઝો પઢતા રહ્યા. હવે નમાઝ કેવી રીતે પઢવી અને નમાઝ પઢવાનો શું તરીકો છે; એટલે નમાઝમાં કેવી રીતે ઊભા રહેવું, ઊભા રહેવાની હાલતમાં શું પઢવું કેવી રીતે રૂકૂઅ સિજદા કરવા, કઅદહમાં કેવી રીતે બેસવું અને બેસવાની હાલતમાં શું પઢવું અને સલામ કેવી રીતે ફેરવીને નમાઝ પૂરી કરવી એ બધી વાતોના અમલી નમૂના આપે પોતાના સહાબાને દેખાડી દીધા. સહાબાએ આપની નમાઝનો એજ તરીકો અપનાવી લીધો અને ઝિન્દગીભર એજ નમૂના મુજબ એજ પધ્ધતિથી નમાઝો પઢતા રહ્યા.

એવી જ રીતે રોઝહ રાખવાના, હજ્જની ક્રિયાઓ કરવાના, કુરબાની કરવાના, જિહાદ અને જંગ કરવાના અમલી નમૂનાઓ ઉપરાંત રોજિંદા જીવનમાં ઊઠવા-બેસવાના, બોલવા-ચાલવાના, ખાવા-પીવાના, પહેરવા-ઓઢવાના, સૂવા-જાગવાના, પાકીસાફી વગેરે લેવાના અમલી નમૂના આપે પોતાના સહાબા આગળ રજૂ કરી દીધા અને સહાબા જીવ્યા ત્યાં સુધી આપના આ નિયમોનું એજ પધ્ધતિથી અનુકરણ કરતા રહ્યા. આપના આ નિયમોને સુન્નતે-રસૂલ કહે છે અને એને અપનાવી લઇને એજ તરીકાથી તેનો અમલ કરવો તેનું નામ સુન્નતે-રસૂલની પેરવી છે. સુન્નતે-રસૂલને લગતી તમામ વાતો પણ હદીસમાં જ ગણાય છે.

સીરતુન-નબીની મુખ્તસર ઓળખ

પાછલા પાનાંઓમાં હદીસે-રસૂલ અંગે જે માહિતી અને વિગતો આપ્યા તેની રોશનીમાં માલૂમ પડ્યું કે કવલે-રસૂલ, ફેઅલે-રસૂલ અને તકરીરે-રસૂલને હદીસ કહે છે. એજ પ્રમાણે સૂરતે-રસૂલ અને સુન્નતે-રસૂલને લગતી સહાબાની રિવાયતો મારફતે મળેલી માહિતીઓ પણ હદીસના જ અર્થમાં આવી જાય છે. હવે આપણે જોઇશું કે સીરતે-રસૂલ યા સીરતુન-નબી કોને કહે છે.

સીરત અરબી ભાષાનો શબ્દ છે અને એકવચન છે. એનું બહુવચન "સિયર" શબ્દ છે. સીરત શબ્દનો લુગાતી અર્થ આદત, સ્વભાવ, ખસલત, આચરણ, ચરિત્ર, રીતભાત, ચાલઢાલ, રહેણીકરણી વગેરે થાય છે. બીજા શબ્દોમાં સીરતના અર્થ ચરિત્ર-વર્ણન, ચરિત્ર-લેખન, જીવન-વૃત્તાંત, જીવન-ઝરમર વગેરે છે. એને જ ગુજરાતીમાં આપણે જીવન-ચરિત્ર કહીએ છીએ. ઉર્દૂમાં સ્વાનિહે-ઉમરી અને અંગ્રેજીમાં -BIOGRAPHY- બાઈઓગ્રેફી કહે છે.

હવે એજ સીરત શબ્દની સાથે રસૂલ કે નબી શબ્દ જોડી દો તો તરકીબ આ પ્રમાણે બનશે : સીરતે-રસૂલ, સીરતુર-રસૂલ, સીરતે-નબી, સીરતુન-નબી. એના અર્થ છેઃ અલ્લાહ તઆલાના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું નૂરાની જીવન-ચરિત્ર. આપણા મા-બાપ, આપણી અવલાદ, આપણા જાનમાલ બધું આપની ઉપર કુરબાન હો !

આપણા આકા અને મવલા, પયગમ્બરોના સરતાજ, રહમતે-દો આલમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક જન્મથી લઈને આપની વફાત સુધીના ૬૩ વરસોના નૂરાની જીવનની તમામ માહિતીઓ ભેગી કરીને ક્રમાનુસાર તેનું વર્ણન કરવામાં આવે અથવા કલમથી કાગળ પર લખવામાં આવે તો એનું જ નામ સીરતુન-નબી કે સીરતે-રસૂલ છે. માનવંતા વાંચકના હાથમાં અલ્લામા ઇબ્ને હિશામનું લખેલું જે પુસ્તક છે તે એજ સીરતુન-નબીના નૂરાની વિષયનું સૌથી પહેલું પુસ્તક છે જે આજથી આશરે બાર સો વરસ પહેલાં અરબી ભાષામાં લખાયું અને પુસ્તકના રૂપે આશિકાને-રસૂલના ઘરોમાં પહોંચ્યું અને પરંપરાગત તેની અસલી હાલતમાં આપણા સુધી પહોંચ્યું.

અલ્લામા ઇબ્ને હિશામના આ અભૂતપૂર્વ સીરતગ્રંથ પછી સીરતુન-નબીના નૂરાની વિષય પર જેટલું સીરત-સાહિત્ય ખડકાયું અને વિવિધ સ્વરૂપે જેટલું ખડકાતું જઈ રહ્યું છે તેનો તો કોઈ હિસાબ કે શુમાર જ નથી. એમાં ખાસ નોંધપાત્ર વાત આ છે કે એમાનું ભાગ્યે જ કોઈ સીરત-પુસ્તક હશે જેમાં અલ્લામા ઇબ્ને હિશામની સીરતનુ-નબીના હવાલા નહિ ટાંકવામાં આવ્યા હોય.

ઉર્દૂ ભાષામાં સીરતુન-નબીના નૂરાની વિષય પર આજ સુધી જેટલા સનદી સીરત-ગ્રંથો છપાઈને બહાર પડયા———જેમકે અલ્લામા શિબ્લી નુઅમાની તથા અલ્લામા સૈયિદ સુલૈમાન નદવી કૃતઃ સીરતુન-નબીની ૬ દળદાર જિલ્દો, અલ્લામા કાઝી સુલૈમાન મન્સૂરપૂરી કૃતઃ રહમતુલ-લિલ-આલમીનની ૩ ઝખીમ જિલ્દો, અલ્લામા મુહંમદ ઇદરીસ કાંધલ્વી કૃતઃ સીરતુલ-મુસ્તફાની ૩ દળદાર જિલ્દો, શાહ મિસ્બાહુદ-દીન શકીલ કૃતઃ સીરતે-અહમદે મુજતબાની ૩ જિલ્દો, અલ્લામા અબ્દુલ-અઝીઝ ઉરફી કૃતઃ જમાલે-મુસ્તફાની ૪ જિલ્દો, મવલાના અબ્દુર-રઊફ દાનાપૂરી કૃતઃ અસિહ-હુસ-સિયર વગેરે સીરત-ગ્રંથોની ટીપ બહુ લાંબી છે. એમાંનો કોઈ પણ સીરત-ગ્રંથ એવો નથી જેમાં ઇબ્ને હિશામની સીરતુન-નબીના હવાલા તેના પેજ નંબર સહિત ટાંકેલા જોવામાં નહિ આવે.

કહેવાનો મકસદ આ છે કે અલ્લામા ઇબ્ને હિશામની લખેલી સીરતુન-નબી, સીરત-સાહિત્યની તે લાજવાબ સીરત-કૃતિ છે જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન-ચરિત્ર પર પાયાની એટલે બુન્યાદી અને સનદી કિતાબ ગણાય છે. દરેક સીરત-લેખકે એનો ભરપૂર લાભ લીધો છે અને પોતાના કોઈ દાવાને સાબિત કરવા માટે દલીલ તરીકે ઇબ્ને હિશામનો હવાલો આપ્યો છે.

સીરત-સાહિત્યના સંપાદનની ટૂંક તારીખ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ દુનિયામાં પધરામણી થઇ તે સમયે અરબમાં ન મદરસા હતા ન શાળાઓ હતી ન સ્કૂલો કે કૉલેજો હતી. જાહિલિયતનો જમાનો હોવાથી આખા અરબ પર જહાલતનો અંધકાર છવાયેલો હતો. ભણવા-ભણાવવાનો કે પઢવા-પઢાવવાનો કોઇ રિવાજ ન હતો. તે યુગના બાળકો ન બસ્તું બગલમાં મારીને નિશાળે જતાં હતાં ન માબાપને તેઓના શિક્ષણની કોઇ ચિન્તા હતી. જવલ્લે જ કોઇ એવો ઇન્સાન મળી આવતો જે લખવા વાંચવાનું જાણતો હોય.

ખુદ મક્કહ જેવા અરબભરમાં પંકાયેલા અને હજ્જ-યાત્રીઓથી ધમધમી રહેલા શહેરમાં માંડ પંદરથી વીસ જેટલા લોકો, લખવા વાંચવાની કળા જાણતા હોવાનો ઇતિહાસમાં ઉલ્લેખ મળે છે. બાકીના બધા લોકો અનપઢ એટલે અભણ કે અશિક્ષિત હતા. ઇલ્મ શી વસ્તુ છે અને કેવી રીતે તેનો ફેલાવો કરવો, કલમ શી વસ્તુ છે અને કેવી રીતે તેનો ઉપયોગ કરવો તે થોડાક લોકો સિવાય કોઇ જાણતું ન હતું. ફકત મોઢે મોઢ શિખાડવાની એક પ્રથા કે પરંપરા હતી જે બાપદાદાથી ઊતરી આવતી હતી.

૪૦ વરસની વયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી તો સૌથી પહેલી આકાશી વહીમાં જ આપને ઇલ્મ અને કલમનું મહત્વ સમજાવી દેવામાં આવ્યું. પછી જ્યારે આપે ઇસ્લામની તબલીગ શરૂ કરી તો સાથે સાથે મુસલમાન બનનારાઓને ઇસ્લામનું શિક્ષણ પણ આપવા માંડ્યું. આપે શિક્ષણ આપવાની તેજ મોઢેમોઢની પધ્ધતિ અપનાવી લીધી જે અરબના કબીલાઓમાં પરંપરાથી ઊતરી આવતી હતી. કારણ આ હતું કે લખવા વાંચવાનું અને કલમથી કામ લેવાનું આપ જાણતા ન હતા. આકાશથી ઊતરનારી વહી એટલે કુર્આનની આયતોને લખી લેવાની કામગીરી, લખવા વાંચવાનું જાણનારા આપના સહાબા બજાવતા હતા.

મોઢેમોઢની આ શિક્ષણ પધ્ધતિથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને કુર્આનની સાથે દીની અને દુન્યવી બંને ઇલ્મોની એવી તો ખૂબીથી તઅલીમ આપી કે તેઓ ઇલ્મો-હિકમતરૂપી આકાશના ચાંદ-સિતારા બનીને ઝળકી ઊઠયા અને જોતજોતામાં તેઓએ જહાલતના અંધારાં ચીરીને ઇલ્મો-હિકમતના નૂરથી આખા જગતને રોશન કરી દીધું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહની હિજરત પછી મુસલમાનોને તઅલીમ આપવા માટે મસ્જિદે-નબવીમાં એક દારૂલ-ઉલૂમની સ્થાપના કરી હતી. એનું નામ "મદરસએ-સુફ્ફહ" હતું. આ દારૂલ-ઉલૂમમાં મોઢેમોઢના શિક્ષણની સાથે લખવા વાંચવાની કળા પણ વિદ્યાર્થીઓને શિખાડવામાં આવતી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શાગિર્દોમાંથી જે સહાબા લખવા વાંચવાનું જાણતા હતા, આપે તેઓની શિક્ષક તરીકે નિમણૂક કરી હતી. એમની પાસે ભણીને ઘણા સહાબા લખવા વાંચવાનું પણ શીખી ગયા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી માનવંતા સહાબાએ પણ પોતાની અવલાદને અને પોતાના શાગિર્દોને શિક્ષણ આપવાની એજ મોઢેમોઢની પધ્ધતિ ચાલુ રાખી. ખુલફાએ-રાશિદીનના યુગમાં ઇસ્લામી હુકૂમત અરબ ખંડમાંથી નીકળીને દૂરો-દરાઝના મુલ્કો સુધી ફેલાઇ ગઇ હતી. ઇસ્લામી લશ્કર ફતેહ પર ફતેહ મેળવતું પ્રસન્નતા પૂર પેઠે ધસી રહ્યું હતું. ફતેહ થયેલા મુલ્કો પર ઇસ્લામી ઝંડો લહેરાતો થઇ

ગયો હતો. એની સાથે જ ઇસ્લામની તબલીગ અને દીની શિક્ષણનું કામ પણ લંબાતું ચાલ્યું ગયું હતું. માનવંતા સહાબા પોતાના ઘરબાર અને વતન છોડીને તબલીગ તથા તઅલીમ માટે ફતેહ થયેલા મુલ્કો તરફ નીકળી પડ્યા હતા. તેઓએ ઇસ્લામી હુકૂમતના શહેરે-શહેર અને ગામે-ગામમાં પહોંચીને દીની તઅલીમના મકતબો, મદરસાઓ, પાઠશાળાઓ અને મસ્જિદોની સ્થાપના કરી દીધી હતી.

મુસલમાનોના મહાપ્રતાપી ખલીફા અમીરૂલ-મુઅમિનીન હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુએ ઇસ્લામી મુલ્કોના ગામડાંઓ અને જંગલ વિસ્તારોમાં સુધ્ધાં ઇસ્લામી તઅલીમ ફરજિયાત કરી દીધી હતી. કુર્આન, હદીસ અને દીનિયાતના શિક્ષણ માટે કેળવાયેલા સનદી શિક્ષકોની નિમણુંક કરીને બૈતુલ-માલથી તેઓના પગાર બાંધી આપ્યા હતા. એવા જ સનદી શિક્ષકોને મોકલવામાં આવતા જેઓની સનદનો સિલસિલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુધી પહોંચી જતો હતો. રિવાયતોમાં છે કે હઝરત ઉમરે પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટે ૧૫ દિરહમનો પગાર ઠેરવી દીધો હતો. તે સમયે આટલી રકમથી સારી રીતે ગુજરાત થઇ જતું હતું. સહાબાનો અસલ મકસદ ઇસ્લામની તબલીગ અને દીનની તઅલીમનો ફેલાવો હતો. પૈસાની કમાણીની કોઇને પડેલી ન હતી. એજ હેતુની સિધ્ધિ ખાતર તેઓ વતન અને ઘરબાર છોડીને ઇસ્લામી મુલ્કોમાં ફેલાય ગયા હતા.

તાબિઈન અને તબ્એ-તાબિઈન

આકાશી ઇલ્મનો જે નૂરાની ખઝાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી માનવંતા સહાબાને વારસામાં મળ્યો હતો એ પૂરો ખઝાનો, જેમનો તેમ સહાબાઓના સીનાઓમાં ધરબાયેલો હતો. સહાબાએ પયગમ્બરી વારસાનો આ ઇલ્મી ખઝાનો પૂરી અમાનતદારીથી પોતાની અવલાદ અને શાગિર્દોના સીનાઓમાં ઠાલવી દીધો હતો. ન તેમાં કંઇ કમી-બેશી કરી હતી ન કોઇ સુધારો કે વધારો કર્યો હતો.

અહીં આ વાત જાણી લો કે સહાબી કોને કહે છે ? સહાબી તે મુસલમાનને કહે છે જેણે ઇસ્લામની હાલતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દર્શન કર્યા હોય અને ઇસ્લામની હાલતમાં તેમની વફાત થઇ હોય. હવે સહાબાની અવલાદ માટે "તાબિઈન" શબ્દ આવે છે જે બહુવચન છે એનું એકવચન "તાબિઈ" શબ્દ છે.

ઇસ્લામી પરિભાષામાં તાબિઈ એવા મુસલમાનોને કહે છે જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અનેક સહાબા કે એક સહાબીને પોતાની આંખે જોયા હોય. આ સિધ્ધાંત મુજબ સહાબાની તમામ અવલાદ, સહાબાના તમામ શાગિર્દો અને સહાબાના દર્શન કરનારા તમામ મુસલમાનો તાબિઈન કહેવાય છે.

એજ મુજબ તાબિઈનની અવલાદ, તાબિઈનના શાગિર્દો અને તાબિઈનના દર્શન કરનારા તમામ મુસલમાનો "તબ્એ-તાબિઈન" કહેવાય છે જેનું એકવચન તબ્એ-તાબિઈ છે.

માનવંતા સહાબાનો યુગ હિજરી સનની પહેલી સદીના અંત પર ખતમ થાય છે. માનવંતા તાબિઈનનો યુગ હિજરી સનની બીજી સદીના અંત પર ખતમ થાય છે. અને તબ્એ-તાબિઈનનો યુગ હિજરી સનની ત્રીજી સદીના અંત પર ખતમ થાય છે. એ મુદ્દત દરમિયાન કાફિર, મુશરિક, મુરતદ કે નાસ્તિક તરીકે મરણ પામનાર કોઇ વ્યકિત ન સહાબી હોય શકે છે ન તાબિઈ હોય શકે છે ન તબ્એ તાબિઈ.

પ્રકાશન પામેલું સૌથી પહેલું પુસ્તક

તે સમયે અરબના લોકોની યાદ-દાશ્ત કે સ્મરણ-શકિત એટલી બળવાન, એટલી તીવ્ર, એટલી સતેજ હતી કે ઉસ્તાદની વાતો વિદ્યાર્થીઓના દિલોમાં ઊતરીને દિમાગની તખ્તી પર પથ્થરની લકીર પેઠે કોતરાઈ જતી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નુરાની મજલિસમાં સહાબા બા-અદબ બા-મુલાહિઝા બેસીને પૂરા ધ્યાનથી આપની વાતો એકાગ્ર ચિત્તે સાંભળતા. પૂછવા જેવી વાતો જરા યે સંકોચ વિના અદબથી પૂછી લેતા. પછી ઘરોમાં જઇને ઘરના લોકોને તેનું શિક્ષણ આપતા. લખવા વાંચવાનું જાણનારા સહાબા કલમ-ખડિયો સાથે લઇને આવતા. આપની વાતો અને તકરીરોને પોતાની યાદ-દાશ્ત માટે કાગળમાં લખી લેતા. લખવા વાંચવાની કળા પણ સમયના વહેણની સાથે ખૂબ વિકસી રહી હતી. આ રીતે અનેક સહાબાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હજારો હદીસોને કલમથી લખી લઇને તેને નોખી પોથીઓ કે પુસ્તિકાઓનું રૂપ આપી દીધું હતું.

માનવંતા સહાબાના હજારો શાગિર્દોમાં પણ એવા બા-કમાલ વિદ્યાર્થીઓ મવજૂદ હતા જેઓએ કુર્આન અને હદીસની વાતોને લખી લઇને પોથીઓના રૂપમાં તેનો સંગ્રહ કરી લીધો હતો. આમ છતાં કુર્આન અને હદીસના ઇલ્મી ભંડારને, નોખા-નોખા વિષયો હેઠળ ક્રમવાર ગોઠવીને, અને પછી તેને બા-કાયદા પુસ્તકનું રૂપ આપીને લોકોના હાથો સુધી પહોંચાડવાનો રિવાજ હજુ સુધી ચાલુ થયો ન હતો. તે સમયે અરબમાં ન છાપખાનાની સગવડ હતી ન પુસ્તકો છપાવીને લોકોના હાથો સુધી પોહંચાડવાનો રિવાજ હતો. અલબત્ત તે સમયે અરબભરમાં પુસ્તક સ્વરૂપે કે કિતાબી આકારે ફકત એક જ પુસ્તક હતું જે સત્તાવાર રીતે પ્રકાશન પામીને લોકોના હાથો સુધી પહોંચ્યું હતું.

એ હતું અલ્લાહનું પાક કલામ કુર્આને-મજીદ જેના છૂટાંછવાયાં પાનાંઓને ક્રમવાર ગોઠવીને અને પછી વ્યવસ્થિત રીતે સોયદોરાથી સીવી લઇને તેને બા-કાયદા પુસ્તકનું રૂપ આપી દેવામાં આવ્યું હતું. આ અમર યાદગાર જેવી લા-જવાબ કામગીરી ઇસ્લામના પહેલા ખલીફા અમીરૂલ-મુઅમિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુએ બજાવી હતી.

તે સમયે એવા તે કેવા સંજોગો ઉપસ્થિત થયા કે જેના આધારે કુર્આને-મજીદને પુસ્તકનું રૂપ આપવાની જરૂરત ઊભી થઇ ? એની હિસ્ટ્રી લાંબી હોવા છતાં જાણવા જેવી છે. વાંચકોના જ્ઞાનમાં વધારો થાય તેવા હેતુએ એનું બયાન ટૂંકમાં રજુ કરીએ છીએ.

કુર્આને-મજીદ પુસ્તકના રૂપમાં

ઇતિહાસકારોના મંતવ્ય મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હયાત સુધીમાં સંખ્યાબંધ સહાબાએ પૂરૂં કુર્આને-મજીદ મોઢે કરી લીધું હતું. આ માનવંતા સહાબા કુર્આને-મજીદના જૈયિદ હાફિઝ બની ગયા હતા.[1] આમ છતાં આપની મુબારક હયાતમાં કુર્આનના 30 પારાઓને વ્યવસ્થિત રીતે એકત્ર કરીને કે

૧. તારીખે-કુર્આનના લેખકે લખ્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત સુધીમાં દસ હજાર સહાબાએ પૂરૂં કુર્આન મોઢે કરી લીધું હતું. એટલે આપની વફાત સુધીમાં કુર્આનના હાફિઝોની સંખ્યા ૧૦ હજાર જેટલી હતી. (મૌલાના કારી શરીફ અહમદ કૃત તારીખે-કુર્આન પેજ ૧૫૭)

ક્રમવાર તેની ગોઠવણી કરીને તેને પુસ્તકનું રૂપ આપવામાં આવ્યું ન હતું. પૂરૂ કુર્આન કાં તો સહાબાના સીનાઓમાં સુરક્ષિત હતું અથવા હાથથી લખી લીધેલાં છૂટાંછવાયાં પાનાં સહાબા પાસે મવજૂદ હતાં.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ મુસલમાનોના અમીર તરીકે ખિલાફતની ગાદીએ બિરાજમાન થયા. આપના યુગમાં પયગમ્બરીના જૂઠા દાવેદાર મુસૈલિમહ કઝઝાબ સાથે યમામહની ભૂમિમાં ભીષણ યુદ્ધ ખેલાયું. એમાં અલ્લાહના એ દુશ્મનને જહન્નમ-રસીદ કરવામાં આવ્યો. પણ આ ખૂંખાર યુદ્ધમાં ૧૨૦૦ થી વધુ સહાબા શહીદ થઇ ગયા. શહીદ થનારાઓમાં ૭૦૦ સહાબા એવા હતા જેઓ કુર્આનના જૈયિદ હાફિઝ અને કારી તરીકે પંકાયેલા હતા. ઇસ્લામ માટે એ કંઇ જેવું તેવું કે મામૂલી નુકસાન ન હતું. મુસલમાનોના દિલોમાં એનો ઊંડો આઘાત હતો. એક દિવસે હઝરત ઉમરે હઝરત અબૂબકને દરખાસ્ત કરી:

''અમીરુલ-મુઅમિનીન ! આપ જાણો છો જંગે-યમામહમાં મોટી સંખ્યામાં હાફિઝો અને કારીઓ શહીદ થઇ ગયા. અલ્લાહ ન કરે એવાં બેચાર યુદ્ધો વધુ ખેલાયાં તો કુર્આને-કરીમ માટે મોટો ખતરો રહેલો છે. બહેતર છે કે કુર્આનના પાનાંઓનો સંગ્રહ કરીને તેને પુસ્તકનું રૂપ આપી દેવામાં આવે તો તે કાયમ માટે સુરક્ષિત થઇ જાય !''

''હા મને પણ રહીરહીને એજ વિચાર આવે છે.'' હઝરત અબૂબકે ફરમાવ્યું, ''પણ મન મારૂં માનતું નથી !''

''કેમ શું કારણ ?'' હઝરત ઉમરે પૂછયું, ''મન કેમ માનતું નથી ?''

ફરમાવ્યું, ''જે કામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની મુબારક હયાતમાં નહિ કર્યું તે અબૂબક્ર કેવી રીતે અંજામ આપી શકે ?''

''અમીરુલ-મુઅમિનીન !'' હઝરત ઉમરે નમ્ર ભાવે કહ્યું, ''એમાં વાંધા જેવું કંઇ નથી. આપ પણ જાણો છો કે એ નેકીનું કામ છે. એમાં મુસલમાનોની ભલાઇ જ ભલાઇ છે.''

છેવટે અલ્લાહ તઆલાએ આ અઝીમુશ-શાન નેકીના કામ માટે હઝરત અબૂબકનો સીનો ખોલી દીધો. આપે કુર્આનના સંગ્રહ માટે ૨૨ જેટલા પંકાયેલા અને ટોચના સહાબાની એક સલાહ-સમિતિની નિમણૂક કરી. એ બધા માનવંતા સહાબા કુર્આનના હાફિઝો અને કારીઓ હોવા ઉપરાંત ઇસ્લામી ઉલૂમના પ્રખર જ્ઞાનીઓ હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનીતા શાગિર્દો હતા. આ કુર્આન-સમિતિના પ્રમુખ તરીકે હઝરત ઝૈદ બિન સાબિતની વરણી કરવામાં આવી. હઝરત ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઊતરનારી વહીને લખનારા મુખ્ય કાતિબોમાંથી હતા. પોતે પણ ઇસ્લામી ઉલૂમના મોટા જ્ઞાની અને જૈયિદ હાફિઝ તથા કારી હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે એમને પૂરૂં કુર્આન મોઢે કરાવ્યું હતું. [illegible] પહેલાં રમઝાનમાં આપે કુર્આનનો જે બે વખત દૌર કર્યા હતા તેમાં પણ હઝરત ઝૈદ હાઝર હતા.

હઝરત અબૂબકે હઝરત ઝૈદને બોલાવીને એજ વાત કહી જે હઝરત ઉમરે કહી હતી. જવાબમાં હઝરત ઝૈદ પણ તેજ વાત કહી જે હઝરત અબૂબકે કહી હતી. એટલે જે કામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ [illegible] હયાતમાં નહિ કર્યું તેને ઝૈદ કેવી રીતે અંજામ આપે ? છેવટે આ નેકીના કામ માટે અલ્લાહ તઆલાએ

એમનો સીનો પણ ખોલી દીધો. ત્યારે હઝરત અબૂબકે મદીનહમાં જાહેરાત પોકારાવી દીધી કે, જેની પાસે કુર્આને-મજીદની આયતો કે સૂરતોના લખેલાં પાનાં મવજૂદ હોય તે પોતાની સાથે બે ગવાહોને પણ લઈને આવે; જેઓ આ વાતની સાક્ષી આપે કે બેશક આ આયતો અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક જીભથી ફલાણા સમયે અને ફલાણા સ્થળે પોતાના કાને સાંભળી છે.

સારાંશ કે હઝરત ઝૈદ બિન સાબિતની નિગરાનીમાં કુર્આને-કરીમની આયતો અને સૂરતોના લખેલા પાનાં ભેગા કરવામાં આવ્યાં. આકરી ચકાસણી અને કડક પરીક્ષણમાં મહિનાઓ પસાર થઈ ગયા. એ પછી પાનાંઓની ક્રમવાર ગોઠવણી કરીને સોય-દોરીથી તેને સીવી લેવામાં આવ્યાં. આ રીતે મુકમ્મલ ત્રીસ પારાઓના કુર્આને-મજીદને પુસ્તકનું રૂપ આપીને હઝરત અબૂબકને હવાલે કરી દેવામાં આવ્યું. રિવાયતોમાં એની ચોખવટ આ રીતે કરવામાં આવી છે:

> "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘરમાં કુર્આને-મજીદના જે લખેલાં પાનાં ભેગા કરવામાં આવ્યા હતાં, અબૂબક સિદ્દીકના હુકમથી, ઝૈદ બિન સાબિતે એ પાનાંઓને વ્યવસ્થિત રીતે એકત્ર કરીને ક્રમવાર ગોઠવી દીધાં અને એક દોરીથી સીવી લઈને તેને પુસ્તકનું રૂપ આપી દીધું." [૧]

હઝરત ઉસ્માન : જામિઉલ-કુર્આન

કુર્આને-કરીમની સંપાદન-સમિતિના ચેરમેન હઝરત ઝૈદ બિન સાબિતે સહાબાની સર્વાનુમતિથી તૈયાર કરેલી કુર્આને-મજીદની સૌથી પહેલી પ્રત ખલીફએ-અવ્વલ હઝરત અબૂબકના દરબારમાં પેશ કરી દીધી. આપની ખિલાફતની મુદ્દત બે વરસ ત્રણ મહિના ૧૯ દિવસ છે. પોતાની વફાત પહેલાં આપે મુસલમાનોના ખલીફા તરીકે હઝરત ઉમરની વરણી કરી અને કુર્આનની પ્રત તેમને હવાલે કરી દીધી. લોકો હવે એજ પ્રતની નકલો કરીને પોતાની પાસે રાખવા લાગ્યા અને સફરમાં સાથે લઈ જવા લાગ્યા. હઝરત ઉમરની ખિલાફતની મુદ્દત ૧૦ વરસ ૬ મહિના ૪ દિવસ છે. આપે પોતાની વફાત પહેલાં ખલીફા તરીકે કોઈની નિમણૂંક નહિ કરી જેથી કુર્આનની પ્રત આપે પોતાના બેટી હઝરત બીબી હફસહને હવાલે કરી દીધી. હઝરત બીબી હફસહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હતાં.

મુસલમાનોના ત્રીજા ખલીફા અમીરુલ-મુઅમિનીન હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુએ પોતાની ખિલાફતમાં હઝરત અબૂબક સિદ્દીકવાળા એજ સત્તાવાર સરકારી કુર્આનની સાત નકલો, સુંદર અક્ષરે લખનારા કાતિબોના હાથે તૈયાર કરાવી અને ઈસ્લામી સલતનતના તમામ ઈલાકાઓના મુખ્ય શહેરોમાં મોકલાવી આપી અને ત્યાંના ગવર્નરો, સરકારી અમલદારો તથા કેળવણીખાતાના મંત્રીઓને નામે કાગળો લખીને તેઓને હુકમ ફરમાવી દીધો કે :

> "હવે પછી આ સરકારી કુર્આનને જ નજર સામે રાખીને એની નકલો તૈયાર કરવામાં આવે અને આથી પહેલાંની જેટલી નકલો હોય, તેને લોકો પાસેથી ભેગી કરીને દફનાવી દેવામાં આવે."

૧. મવલાના કારી શરીફ અહમદ કૃત: તારીખે-કુર્આન પેજ ૧૨૧

સરકારી વટહુકમનું કારણ એમ બન્યું કે હઝરત ઉસ્માનની ખિલાફતમાં ઇસ્લામી લશ્કર એક તરફ
...ને બીજી તરફ ચીનની સરહદમાં પ્રવેશી ચૂક્યું હતું. યુરોપ, એશિયા અને આફ્રીકાના ઘણા મુલ્કો
...ની ઝંડો લહેરાતો થઇ ગયો હતો. ઇસ્લામની સાથે ખલીફએ-અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીકવાળા
...નની નકલો પણ એ ઇલાકાઓમાં પહોંચી ગઇ હતી. અરબના લોકોની માદરી ભાષા અરબી હોવાથી
...ની તિલાવત કે કુર્આનના વાંચનમાં ભૂલો કરતા ન હતા. પણ નવા મુસલમાન બનનારા પરદેશી
બિનઅરબ લોકો કુર્આનના વાંચનમાં ભૂલો કરવા લાગ્યા. એટલે કુર્આનની આયતોના શબ્દો અને
...તેજ હતા પણ તેનું ઉચ્ચારણ પોતાના કબીલાની ગામઠી ભાષામાં કરતા હતા. ખુદ અરબના પ્રાંતો
...ઓમાં માદરી ભાષા અરબી હોવા છતાં બોલવાની ઢબ અને ઉચ્ચારણમાં ફરક દેખાય આવતો
...ક કબીલાવાળા "તઅલમુ" શબ્દને તિઅલમુ કહેતા હતા. અમુક ગામડિયા "હત્તા"શબ્દને અત્તા
...નિયહ"ને તમાનિયહ તથા "અમીર"ને યમીર કહેતા હતા.

...રૂરી ગુજરાતીમાં કહેવત છે કે બાર ગાઉએ બોલી બદલાય. એ કહેવત કંઇ ખોટી નથી. શહેરોમાં
...કો એક શબ્દનો જુદો ઉચ્ચાર કરે છે. ગામડાના લોકો એજ શબ્દનો જુદી રીતે ઉચ્ચાર કરે છે.
... એક જિલ્લાના લોકો પાણી શબ્દને પાણી જ કહે છે જ્યારે બીજા જિલ્લાના લોકો તેનો ઉચ્ચાર
...રીકે કરે છે. એવી જ રીતે કેટલાંક લોકો માની માને "નાની" કહે છે ત્યારે બીજા લોકો માની
...ની" કહે છે. એક કહેશે. "અલ્યા ક્યાં ચાલ્યો ?" એજ સવાલ ગામડાનો કોઇ માણસ પૂછશે
"અલા કાં ચાલો ?" એવી જ રીતે કોઇ શેહરી બોલશે તો કહેશે "તમે આવ્યા કે, તમે ચાલ્યા
...બ્દો ગામડાનો કોઇ રહીસ બોલશે તો કહેશે, "તમે આયવા કે, તમે ચાયલા કે !"

...ન કે અરબના જુદા-જુદા પ્રાંતો અને ફતેહ થયેલા શહેરોના લોકો પોતપોતાના કબીલાની તળપદી
... જુદા-જુદા ઉચ્ચારોથી કુર્આનની તિલાવત કરતા હતા, જો કે હકીકતમાં કુર્આને-મજીદ મક્કહના
...ની અતિશય મીઠી-મધુરી, રસીલી, અલંકારી અને છટાદાર કે ઠસ્સાદાર ભાષાશૈલીમાં ઊતર્યું
...લ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પણ કુરૈશ કબીલાની લાવણ્યમયી ભાષાશૈલીના સૌથી
...ના હતા. અલ્લાહ તઆલાએ આપને "ગાગરમાં સાગર"ને સમાવી લેવાની ખૂબી અર્પણ કરી

...દિવસે અમીરૂલ-મુઅમિનીન હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુને એક સહાબીએ જિહાદના
...આવીને સમાચાર આપ્યા કે અમુક જિલ્લાના લોકો કુર્આનની આયતોને, પોતાના કબીલા અને
...ની ગામઠી બોલીના ઉચ્ચારણ મુજબ પઢે છે. તેઓના ઇમામો નમાઝમાં પણ કુર્આનની આયતોને
... છે. અનેક વાર સમજાવ્યા છતાં તેઓ માનતા નથી અને બસ પોતાનો જ કક્કો ખરો કરાવે છે.

મુસ્હફે-ઉસ્માનીની સાત નકલો

...ન-મુઅમિનીન હઝરત ઉસ્માન ગનીએ વિચાર કર્યો કે, અગર આ પ્રમાણે જ ચાલતું રહ્યું અને
...મુજબના ઉચ્ચારણથી પઢવાની છૂટ આપી દેવામાં આવે તો કુર્આને-કરીમની પણ તેજ ગત થશે
...નસારાએ તવરાત તથા ઇન્જીલની બનાવી દીધી છે. એજ વેળા હઝરત ઉસ્માને સલાહ માટે

માનવંતા સહાબાને તાબડતોડ બોલાવ્યા અને છેવટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે કુર્આનને કુરૈશ કબીલાની શુદ્ધ ભાષાશૈલીમાં લખવામાં આવે અને બાકીની બધી શૈલીઓને જતી કરીને એક જ શૈલી પર તમામ મુસલમાનોને એકત્ર કરી દેવામાં આવે.

એ પછી હઝરત ઝૈદ બિન સાબિત, હઝરત સઈદ બિન આસ, હઝરત અબ્દુર્રહમાન બિન હારિસ અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિયલ્લાહુ અન્હુમ. આ ચાર કુર્આની ઉલૂમના નિષ્ણાતોની કમિટી નીમવામાં આવી. એમાં હઝરત ઝૈદ બિન સાબિત મદીનહના વતની અને અન્સારમાંથી હતા. બાકીના ત્રણ ભાષા નિષ્ણાતો મક્કહના વતની અને કુરૈશ કબીલાના મુહાજિરીનમાંથી હતા.

હઝરત ઉસ્માન ગનીએ હઝરત અબૂબક્ર સિદ્દીકવાળુ કુર્આન, હઝરત બીબી હફ્સહ પાસેથી એમ કહીને મંગાવ્યું કે, કામ પૂરૂં થતાં આપને વાપસ કરી દેવામાં આવશે. એ પછી આપે હઝરત ઝૈદને તેની નકલ તૈયાર કરવાનો હુકમ આપ્યો અને બાકીના ત્રણ વિદ્વાનોને ફરમાવ્યું,

"તમારી ભાષા મક્કહના કુરૈશની ભાષા છે અને ઝૈદની ભાષા મદીનહના અન્સારની ભાષા છે. કુર્આનના જે શબ્દના ઉચ્ચાર અંગે તમારા અને ઝૈદ વચ્ચે મતભેદ પડે તેમાં કુરૈશની ભાષાશૈલીનું અનુસરણ કરવામાં આવે. કેમકે કુર્આને-મજીદ કુરૈશની ભાષામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર નાઝિલ કરવામાં આવ્યું છે."

કેટલાય મહિનાઓની લાગલગાટ ઝેહમત પછી જ્યારે કુર્આને-મજીદની આ નકલ તૈયાર થઈ ગઈ તો અમીરૂલ-મુઅમિનીન હઝરત ઉસ્માને તેની સાત નકલો, ખુશ-નવીસ કાતિબોની કળામય કલમે લખાવીને તૈયાર કરાવી પછી એમાંની એક નકલ હઝરત ઉસ્માને મક્કહ મોકલાવી. એક નકલ કૂફા મોકલાવી. એક નકલ બસરા, એક શામ, એક યમન, એક બહરૈન અને એક નકલ મદીનહમાં પોતાની પાસે રાખી. અને ગવર્નરોને હુકમ ફરમાવી દીધો કે અગાઉની નકલોને ભેગી કરીને દફનાવી દેવામાં આવે અને હવેથી આ કુર્આનની જ નકલો કરાવીને તમામ ઈસ્લામી મુલ્કોમાં તેનો ફેલાવો કરવામાં આવે.

મદીનહમાં હઝરત ઉસ્માન ગનીએ પોતાની પાસે રાખેલી કુર્આને-કરીમની નકલનું નામ "ઈમામ" હતું. ઈતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે બળવાખોરોએ અબ્દુલ્લાહ બિન સબા નામે યહૂદી ———જે કટ્ટર મુનાફિક અને કટ્ટર કાફિર હતો——ની આગેવાની હેઠળ હઝરત ઉસ્માનના ઘરને ઘેરી લીધું અને દરવાજો તોડીને કેટલાક બળવાખોરો ઘરમાં ઘૂસી ગયા તો હઝરત ઉસ્માન તે વેળા એજ "ઈમામ" નામે કુર્આનની તિલાવત કરી રહ્યા હતા. એજ હાલતમાં એક હતભાગી બળવાખોરે ઝનૂનમાં આવીને આપની મુબારક દાઢી પકડી લીધી અને તેને ઝટકા મારવા લાગ્યો.

હઝરત ઉસ્માને ફરમાવ્યું, "ભત્રીજા ! તારો બાપ જીવતો હોત તો તે તારી આ ગુસ્તાખીને પસંદ કરતે ?"

આ નાલાયક યુવકને હઝરત ઉસ્માન ઓળખતા હતા. આપની વાત સાંભળીને તે ભોંઠો પડી ગયો અને તેણે આપની દાઢી છોડી દીધી. એટલામાં કુતૈરહ, સવદાત બિન હમરાન અને ગાફેકી સબાઈ નામના ત્રણ બળવાખોર સિપાહીઓ આપના કમરામાં ધસી આવ્યા. ગાફેકી નામના જહન્નમી કૂતરાએ ઝનૂનમાં આવીને આપના મુબારક માથા પર લોખંડના સળિયાનો ફટકો માર્યો. મુબારક માથું ફાટી ગયું અને લોહીની સેરો ફૂટી

સામે કુર્આન શરીફ ખુલ્લું હતું. લોહીની થોડીક સેરો ઊડીને ખુલ્લાં પાના પર પડી અને જે આયતને રંગીન બનાવી દીધી તેના શબ્દો આ છે :

''ફ-સ-યકફી-ક હુમુલ્લાહુ-વ-હુવસ-સમીઉલ-અલીમ.''

હબ્બત ગાફેકીના માથે શયતાન સવાર થઇ ગયો હતો. એજ ઝનૂનમાં લાતની ઠોકરથી તેણે કુર્આન —એ ફેંકી દીધું. એટલામાં સવદાન બિન હમરાનએ આપની ઉપર તલવારનો વાર કર્યો. એને વાર કરતો —આપના પાક બેગમ બીબી નાએલહ દોડી આવ્યાં અને તેના વારને પોતાના હાથ પર ઝીલી લીધો. —એલહની ત્રણ આંગળીઓ કપાઇને દૂર ઊડી ગઇ. અમીરૂલ-મુઅમિનીન, ખલીફતુલ-મુસ્લિમીન —સમાન બિન અફફાન રદિયલ્લાહુ અન્હુ શહીદ થઇ ગયા. હઝરત ઉસ્માનનો મુબારક લકબ ''ઝુન-—રતો જેના અર્થ છે : બે નૂરવાળા.

—માંનું પહેલું નૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલાં બેટી હઝરત બીબી રૂકૈયહ —અન્હા છે અને બીજું નૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલાં બેટી હઝરત બીબી —મ રદિયલ્લાહુ અન્હા છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પ્રથમ હઝરત બીબી રૂકૈયહને —માનના નિકાહમાં આપ્યાં હતાં. એમની વફાત પછી આપે પોતાના બીજાં બેટી હઝરત ઉમ્મે-કુલસૂમને —માનના નિકાહમાં આપ્યાં અને જ્યારે હઝરત ઉમ્મે-કુલસૂમ પણ વફાત પામી ગયાં તો આપે ફરમાવ્યું: —ારી ત્રીજી બેટી હોત તો તેને પણ હું ઉસ્માનના નિકાહમાં આપી દેત !''[1]

મુસ્હફે-ઉસ્માનીની લાખો-કરોડો નકલો

—ીરૂલ-મુઅમિનીન ખલીફતુલ-મુસ્લિમીન હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુએ કુર્આને-કરીમની —કલો કુરૈશનાં અણીશુધ્ધ ભાષામાં તૈયાર કરાવી હતી તેના આધારે ઉમ્મતના આલિમોએ હઝરત —એકમતે ''જામિઉલ-કુર્આન''ના માનભર્યા વશેષણે બિરદાવી લીધા છે. જામિઅ અરબી શબ્દ છે —મા કરનાર, એકત્ર કરનાર, સંગ્રહ કરનાર વગેરે થાય છે. હઝરત ઉસ્માને દુનિયાના તમામ મુસલમાનોને — અણીશુધ્ધ ભાષામાં કુર્આનના વાંચન પર એકત્ર કરી લીધા હતા જેથી આપને ''જામિઉલ-—વામાં આવે છે. કુર્આનની એ સાત નકલોમાંથી દરેક નકલને ''મુસ્હફે-ઉસ્માની'' કહે છે. મુસ્હફ —શી કિતાબ અથવા અલ્લાહનું કલામ કુર્આને-મજીદ. આ તેજ કુર્આન હતું જેને પ્રથમવાર ખલીફએ-—રત અબૂબક્ર સિદ્દીકે જમા કરાવ્યું હતું અને બીજીવાર એની જ હૂ-બ-હૂ નકલો હઝરત ઉસ્માન —ર કરાવી હતી. એમાં હઝરત ઉસ્માને કોઇ તરહનો સુધારો-વધારો કે ફેરફાર કરાવ્યો ન હતો. —ઉએ બોલી બદલાપની કહેવત મુજબના જુદા-જુદા ઉચ્ચારોને તિલાંજલી આપીને કુરૈશની અણીશુધ્ધ —ર કરાવ્યું અને સરકારી વટહુકમ મારફતે જાહેરાત કરાવી દીધી કે હવેથી કુરૈશની એજ ભાષાશૈલીમાં —વૃત્તિઓ તૈયાર કરીને તેનો ફેલાવો કરવામાં આવે. આ રીતે હઝરત ઉસ્માને દુનિયાભરનાં —ાન કુર્આનની એક જ ભાષાશૈલી પર કિયામત સુધીના માટે ભેગા કરી દીધા. મુસ્લિમ ઉમ્મત પર —ન હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુનું છે તેટલું જ હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુનું

[1] —સુહા ફતા અસહાબે-રસૂલ ભાગ ૧ પેજ ૨૨૭

પણ છે.

આજના વર્તમાન જમાનામાં આપણી પાસે જે કુર્આન છે અને અરબ, મિસર, તુર્કી, પાકિસ્તાન, ભારત, અફઘાનિસ્તાન, રશિયા, અમેરીકા, ઈંગ્લાંડ, કેનેડા અને જગતભરના મુસલમાનો પાસે કુર્આનની જે લાખો-કરોડો નકલો છે તે એજ ''મુસ્હફે-ઉસમાની''ની હૂ-બ-હૂ નકલો છે.

મુસ્હફે-ઉસ્માની મ્યૂઝિયમમાં

અમીરુલ-મુઅમિનીન હઝરત ઉસ્માન ગનીએ જે સાત નકલો કુર્આને-કરીમની તૈયાર કરાવી હતી એમાંની એક નકલ પોતાની પાસે રાખી હતી જેનું નામ ઈમામ હતું. બાકીની છ નકલો ઈસ્લામી રાજ્યના ગવર્નરો પર મોકલાવી દીધી હતી. એમાંની બે અસલી -ORIGINAL- નકલો આજે પણ દુનિયામાં મવજૂદ છે. આ બે અસલી નકલો કેવી રીતે બચી જવા પામી તેની વિગત પેરિસવાળા ડૉક્ટર મુહંમદ હમીદુલ્લાહ સાહેબે પોતાની કિતાબમાં દર્શાવી છે. એમાંની એક નકલ તુર્કીના ઇસ્તંબોલ શહેરના ''તોપ કાપી સરાય'' નામે મ્યૂઝિયમમાં છે. આ મ્યૂઝિયમમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક યાદગારના બીજા નાયાબ તબર્રૂકાત પણ મવજૂદ છે. બીજી અસલી નકલ ભૂતપૂર્વ રશિયાના તાશકન્દ શહેરના ઐતિહાસિક મ્યૂઝિયમમાં છે. [૧]

હવે કોઈના દિલમાં શંકા ઊપજે અને તે સવાલ કરે કે આ વાતની શું દલીલ છે કે આજના જમાનામાં જે કુર્આન છે તે, તેજ અસલી કુર્આન છે જે ચઉદ સો વરસ પહેલાં ઈસ્લામના પયગમ્બર પર ઊતર્યું હતું? તો એવા માણસને કહી શકાય કે દુનિયાના કોઇ પણ દેશના પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયેલું કુર્આન લઈને ''મુસ્હફે-ઉસ્માની''ની આ નકલો સાથે સરખાવી લે. એક અક્ષર કે કાના-માત્રાનો પણ ફેર પડવાનો નથી અને પડી પણ કેવી રીતે શકે ?———જ્યારે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની યુગથી લઈને આજ સુધી, મુસલમાનોની પેઢી-દર-પેઢીમાં હજારો તો શું, લાખોની સંખ્યામાં કુર્આનના હાફિઝો પાકતા રહ્યા છે. ઈસ્લામનો કોઇ મોટાથી મોટો દુશ્મન કુર્આનનો એક શબ્દ કે એક અક્ષર પણ બદલી નાખે તો મુસલમાનનું આઠ દસ વરસનું હાફિઝ બાળક પણ તરત તેની ભૂલ પકડી પાડશે અને બેધડક ઊભું થઇને કહી દેશે, ''કાકા! તમે કુર્આન ખોટી રીતે પઢો છો.''

મતલબ કે આજના જમાનામાં આપણી પાસે જે કુર્આન છે તે અક્ષરે-અક્ષર તેજ અસલી કુર્આન છે જે આજથી ૧૪ સો વરસ પહેલાં અલ્લાહ તઆલા તરફથી, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર, હઝરત જિબ્રીલ મારફતે ઉતારવામાં આવ્યું હતું. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પૂરી જવાબદારી, પૂરી પ્રમાણિકતા સાથે જેમનું તેમ પોતાના લાખો સહાબા સુધી પહોંચાડી દીધું હતું. અને સહાબાએ જેમનું તેમ તાબિઈન સુધી પહોંચાડી દીધું હતું અને તાબિઈનએ તબ્એ-તાબિઈન સુધી પહોંચાડી દીધું હતું. અને એજ પરંપરા મુજબ પેઢી-દર-પેઢી થતું આપણા સુધી પહોંચી ગયું છે અને આપણા પછી આપણી અવલાદ મારફતે આ સિલસિલો કયામત સુધી ચાલુ રહેવાનો છે. કેમકે અલ્લાહ તઆલાએ પોતે વાયદો ફરમાવી દીધો છે :

---

૧. અફઘાનિસ્તાનના મુજાહિદોએ રશિયાના ટુકડા કરી નાખ્યા તે પછી તાશકન્દ આજે ઉઝબકિસ્તાન નામે આઝાદ રિયાસતનું પાટનગર છે સીદાત.

"ઇન્ના નહનુ નઝઝલ-નઝ-ઝિક્ર વ ઇન્ના લહૂ લ-હાફિઝૂન." એટલે.

બેશક આ કુર્આન અમે જ ઉતાર્યું છે અને બેશક અમે જ એની હિફાઝત કરનારા છીએ :

ફાનૂસ બન કે જિસકી હિફાઝત હવા કરે • વો શમ્અ ક્યા બૂઝે જિસે રોશન ખુદા કરે

હદીસના લખાણની રિવાયતો

પાછલા પાનાંઓમાં આપણે વાંચી આવ્યા કે આકાશથી ઊતરનારી વહી એટલે કુર્આને-મજીદની આયતોને લખી લેવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જબરદસ્ત ઇન્તેઝામ ફરમાવ્યો હતો. જરૂરત મુજબ ઊતરનારી આયતોના લખાણ માટે આપે લગભગ ૩૦થી વધારે કાતિબોની નિમણૂક કરી હતી જેઓ આયતોના લખાણનું કામ આપની અંગત દેખરેખમાં કરતા હતા.

મુસલમાનો સિવાય દુનિયાની બીજી કોઇ કૌમે પોતાના ધર્મપુસ્તકને તેની અસલી હાલતમાં સુરક્ષિત રાખવાનો આ સિધ્ધાંત કદી અપનાવ્યો નથી અને અપનાવ્યો હોય તો પણ પોતાના ધર્મપુસ્તકને તેની અસલી હાલતમાં સલામત રાખવાનો કોઇ પ્રબંધ કર્યો ન હતો. આ સિધ્ધાંત સૌથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની યુગથી શરૂ થયો.

ઇસ્લામી ઇતિહાસનું ઉપરાછલ્લું કે અધકચરૂં જ્ઞાન ધરાવનારા લેખકોનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના યુગમાં મક્કહમાં સ્કૂલ-મદરસા કે પાઠશાળાઓનો કોઇ રિવાજ ન હતો. જાહિલિયતનો જમાનો હોવાથી લખવા વાંચવાની કળા કોને કહે છે તે કોઇ જાણતું ન હતું. યાદ રાખવા જેવી ઇલ્મી વાતો, લડાઇ ઝગડાઓના કિસ્સા, શેઅરો-શાઇરીની ચર્ચા, ખૂન-ખરાબાના ખટલા, બાપ-દાદાઓની વંશાવળીનું જ્ઞાન વગેરે જે કંઇ હતું એ બધું મોંઢેમોઢ કે સીના-બ-સીના ચાલતું હતું. તેઓનો દાવો છે કે લખવા વાંચવાની કળા અને પુસ્તકો લખીને લોકોના હાથો સુધી પહોંચાડવાની શરૂઆત, ખલીફા મન્સૂર અબ્બાસીના યુગમાં એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિજરતના ૧૪૩ વરસ પછી થવા પામી.

પરંતુ તેઓની આ માન્યતા ભૂલ ભરેલી અને ઇતિહાસથી અજ્ઞાનતાની દલીલ છે. અમે ઉપર લખી આવ્યા તેમ ઇસ્લામની શરૂઆતમાં મક્કહમાં કેટલાક ગૃહસ્થો એવા મવજૂદ હતા જેઓ મુસલમાન બનવા પહેલાંથી લખવા વાંચવાની કળા જાણતા હતા. ઇતિહાસમાં એ ગૃહસ્થોના નામોની નોંધ પણ લેવામાં આવી છે. ઇતિહાસકારોની ચોખવટ મુજબ મક્કહના કુરૈશના ૧૭ ગૃહસ્થોના નામો દર્શાવવામાં આવ્યાં છે જેઓ લખવા વાંચવાનું જાણતા હતા. એમાં હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક, હઝરત ઉસ્માન, હઝરત અલી, હઝરત ઝૈદ, હઝરત અબૂ હુઝૈફહ, હઝરત સુફયાન વગેરેનો સમાવેશ થાય છે. વહીની શરૂઆતમાં આયતોના લખાણ માટે એજ ગૃહસ્થોની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નિમણૂક કરી હતી. પછી જેમ-જેમ લેખન વાંચનની પ્રવૃત્તિમાં તરક્કી થતી ગઇ, તેઓની સંખ્યામાં વધારો થતો ગયો. ૧

---

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત: સીરતુન-નબી જિલ્દ ૧ પેજ ૧૪

લખાણ-વાંચનના કેટલાક દાખલા

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જાહિલિયતના યુગમાં હાથથી લખેલા લખાણના એક નહિ અનેક દસ્તાવેજી પુરાવા ઇતિહાસને પાને નોંધાયેલા છે. દાખલા તરીકે મક્કહના કુરૈશે સર્વાનુમતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સામાજિક બૉયકૉટ કર્યો હતો. હાશિમી ખાનદાનના તમામ લોકો સાથે આપને "શિઅબે-અબી તાલિબ" નામે ઘાટીમાં ત્રણ વરસ સુધી પૂરી રાખ્યા હતા. તે વેળા બૉયકૉટનું જે લખાણ કુરૈશે કરાવ્યું તે મનસૂર બિન ઇકરિમા બિન હાશિમ નામના ગૃહસ્થે પોતાના હાથથી લખ્યું હતું. આ દસ્તાવેજી લખાણ ત્રણ વરસ સુધી કઅબહના દરવાજે લટકેલું રહ્યું. છેવટે ઊધઈ તેને ચાટી ગઈ.

બીજો દાખલો હઝરત ઉમર ફારૂકના ઇસ્લામ-સ્વીકારનો છે. ઉઘાડી તલવારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કતલ કરવા ઊપડયા. રસ્તામાં બહેન-બનેવીના ઇસ્લામના સમાચાર મળ્યા. ગુસ્સામાં વળ ખાતા બહેન ફાતિમાના ઘરે ધસી ગયા. અંદરથી પઢવાનો અવાજ સાંભળીને ઓરબી સળગી ઊઠયા. બેફામ બહેન-બનેવીની મારપીટ કરી. ત્યારે બહેનની લોહી-લુહાણ હાલત જોઇને દયાથી દિલ પીગળી ગયું. પૂછયું, તમે શું પઢતાં હતાં ? બહેને કુર્આનના, હાથથી લખેલાં પાનાં પેશ કરી દીધાં. હાથના લખાણની આયતો વાંચતાં જ રોમાંચ ખડા થઇ ગયાં. સીધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને મુસલમાન બની ગયા.

ત્રીજો દાખલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિજરત વેળા મદીનહના રસ્તે બન્યો. કુરૈશે આપની ધરપકડ માટે સો ઊંટોના ઇનામની દાંડી પીટાવી હતી. સુરાકહ બિન માલિક બિન જુઅશમ નામે એક ગામડિયો પટેલ ઇનામની લાલચે આપની પૂઠે પડયો. નઝદીક પહોંચતાં જ તેના ઘોડાએ ઠોકર ખાધી. ત્રણવાર આમ બન્યું. ત્યારે તે સમજી ગયો કે મામલો કંઇ જુદો છે. ગદ્ગદ સ્વરે બોલ્યો "મુહંમદ સાહેબ! કૃપા રાહે મને એક લખાણ કરાવી આપો જે જરૂરત સમયે મારા કામે આવે." સફરમાં પણ કલમ-ખડિયો આપ પોતાની સાથે રાખતા હતા. આપના હુકમથી સફરના એક સાથી હઝરત આમિર બિન ફુહૈરાએ પોતાના હાથથી તેવું લખાણ લખીને સુરાકહને હવાલે કરી દીધું. બાદમાં સુરાકહ મુસલમાન બની ગયા.

તમીમ દારી નામે એક ખ્રિસ્તી ગૃહસ્થ મુલ્કે-શામના વતની હતા. નગર-નગરના સહેલાણી હતા. વહાણવટાંના વ્યવસાયમાં હોવાથી એક સાહસિક કપ્તાન તરીકે અનેક મુલ્કોનો પ્રવાસ ખેડી ચૂકયા હતા. સમુદ્રની અજાયબીઓના આંખે દેખેલા એવા-એવા કિસ્સા વર્ણવતા કે લોકો તેને સાંભળીને પોતે અજાયબીમાં ગરકાવ થઇ જતા. એક વેળા એમનું વહાણ જિદ્દહના બંદરે લાંગર્યું. તમીમ દારી ત્યાંથી મક્કહ આવ્યા. તે વેળા મક્કહની ધરતી મુસલમાનો પર એટલી તંગ હતી કે મુસલમાન બનવું ધગધગતા અંગારા પર ચાલવા જેવું હતું. પોતે ખ્રિસ્તી હોવા છતાં કુરૈશના મુખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લગતી વાતો સાંભળીને તમીમના દિલમાં ઇસ્લામ પ્રત્યે આકર્ષણ જાગ્યું. હઝરત ઇસા પર ઊતરેલી આસમાની કિતાબ ઇન્જીલના અભ્યાસી હતા. ખાતરી થઇ ગઇ કે ઇસ્લામ સાચો મઝહબ છે અને બહુ જ જલદી આખા અરબમાં ફેલાઇ જશે.

તમીમદારી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. કેટલાક સવાલો પૂછીને મનનું સમાધાન થતાં મુસલમાન બની ગયા. સહીહ મુસ્લિમ નામે હદીસ ગ્રંથમાં તમીમ દારીના ઇસ્લામ-

સ્વીકારની વિગતો ટાંકેલી છે. મુસલમાન બાદ પોતાનો પરિચય આપીને દરિયાઇ સફરના કેટલાક અનુભવોનું વર્ણન કર્યું અને પછી કહેવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! મને પાકી ખાતરી છે આ વાતની કે આપ બહુ જલદી મારા વતન મુલ્કે-શામ પર વિજય મેળવી લેશો. બસ મારી એક વિનંતી છે."

"શું વિનંતી છે ?" આપે ફરમાવ્યું.

બોલ્યા, "જ્યારે આપનું લશ્કર શામ ફતેહ કરી લે અને આપ મારા વતનના માલિક બની જાવ તો ત્યાંના ફલાણા-ફલાણા ગામો મારી જાગીર તરીકે મને બક્ષિસ આપી દેવાનો એક દસ્તાવેજી કાગળ લખી આપો તો આપની મહેરબાની થશે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહના હુકમ મુજબ હઝરત તમીમ દારીની આ દરખાસ્ત કબૂલ ફરમાવી અને પોતાના એક સહાબીને બોલાવીને તેવું લખાણ કરી આપવાનો હુકમ ફરમાવ્યો. આ દસ્તાવેજી કાગળની પૂરી વિગત હદીસ-ગ્રંથોમાં ટાંકેલી છે.[1]

હદીસોના લખાણનો મનાઇ હુકમ

કુર્આને-કરીમની હિફાઝત માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જડબેસલાક વ્યવસ્થા ફરમાવી હતી. એથી વિરૂધ્ધ હદીસોના લખાણને લગતી જે રિવાયતો હદીસ-ગ્રંથોમાં ટાંકેલી છે તેનાથી માલૂમ પડે છે કે ઇસ્લામની શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની મુબારક જીભેથી નીકળેલી વાતોને એટલે હદીસોને લખી લેવાની, પોતાના સહાબાને ચોખ્ખા શબ્દોમાં મના ફરમાવી દીધી હતી. એટલું જ નહિ, આપના શાગિર્દોમાંથી કોઇએ આપની કોઇ વાત લખી લીધી હોય તો તેને મિટાવી દેવાનો હુકમ પણ આપે ફરમાવી દીધો હતો. મુસ્લિમ શરીફ નામે હદીસ-ગ્રંથમાં આપના મનાઇ હુકમના શબ્દો આ રીતે ટાંકેલા છે:

લા તકતુબૂ અન્ની .... મારા મુખેથી નીકળેલી કોઇ વાત તમારે લખવી નહિ.
વ મન કતબ અન્ની ગયરલ-કુર્આન...... અને કુર્આન સિવાય જેણે મારી કોઇ વાત લખેલી હોય,
ફલ-યમ્હુહુ .... તો તે તેને મિટાવી દે.

આપના આ મનાઈ હુકમનું ખાસ કારણ હતું. એક તો ઇસ્લામની શરૂઆતનો જમાનો હતો. આકાશી વહી એટલે કુર્આનની આયતો જરૂરત મુજબ ઊતરવાનો સિલસિલો જારી હતો. આપ પોતાના સહાબાને કુર્આનનું અને ઇસ્લામનું શિક્ષણ આપી રહ્યા હતા. મૂર્તિપૂજાનો મેલ-ચકરી સાફ કરીને તેઓના ઇમાનને મજબૂત બનાવી રહ્યા હતા. બીજી ગંદકીઓ અને બુરાઇઓથી તેઓને પાકસાફ કરી રહ્યા હતા. વાસ્તે આપને આ વાતની હતી કે લોકો ક્યાંક મારી વાતોને કુર્આનની આયતો સાથે ભેળસેળ ન કરી દે ! આમ થાય તો કુર્આનની પણ તેજ ગત થાય જે તવરાત અને ઇન્જીલની થઇ. બીજું કે ન થાય કે લોકો મારી વાતોને ઝાઝું મહત્વ આપી દે અને કુર્આન તરફથી ગાફિલ થઇ જાય !

આપના માનવંતા શાગિર્દોએ દિલોજાનથી આપના હુકમનું પાલન કર્યું. કુર્આનની આયતો સિવાય જે

૧. સૈયિદ મહબૂબ રઝવી કૃત: રસૂલુલ્લાહ કે મકતૂબાતો-મુઆહિદાત. પેજ ૧૩૯ હવાલો: તબકાતે-ઇબ્ને સઅદ જિ.૩ પા. ૫૭૫- ડૉક્ટર હમીદુલ્લાહ કૃત: ખુતુબાતે-બહાવલપૂર પેજ ૩૮

હદીસો લખી લીધી હતી એ બધું લખાણ તેઓએ મિટાવી દીધું. એની એક મુદ્દત પછી જ્યારે સમય અને સંજોગો બદલાય ગયા. અને સહાબાના સીનાઓમાં કુર્આન પાકું થઈ ગયું અને કુર્આનની આયતો સાથે હદીસોના ભેળસેળ થવાનો ખતરો નહિ રહ્યો તો આપે પોતાના શાગિર્દોને પોતાની વાતો એટલે હદીસોને લખી લેવાની પરવાનગી આપી દીધી.

દરગાહો અને કબરોની પૂજાનો દાખલો

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સમય અને સંજોગને અનુસરીને પોતાના હુકમમાં ફેરફાર કર્યો તેના બીજા દાખલા પણ હદીસ-ગ્રંથોમાં જોવામાં આવે છે. ફકત એક જ દાખલો જુઓ.

ઈસ્લામની શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને કબ્રસ્તાનમાં જવાની મના ફરમાવી દીધી હતી. જાહિલિયતના યુગમાં કબરોની પૂજાનો રિવાજ પણ બાપદાદાથી ઊતરી આવતો હતો. યહૂદ-નસારા પોતાના પયગમ્બરોની કબરો પર જઈને સિજદા કરતા હતા. મૂર્તિપૂજક અરબો પોતાના સાધુસંતોને ભગવાન માનીને તેઓની કબરો પર પૂજાપાટની ક્રિયાઓ કરતા હતા. બાપદાદાના અનુકરણમાં સાધુસંતોની સમાધિઓ અને પીરવલીઓની દરગાહો પર કબરોની પૂજાપાટનો રિવાજ આજે આપણા જમાનામાં પણ ચાલુ છે. બિનમુસ્લિમ મૂર્તિપૂજકોને છોડો, ખુદ મુસલમાનોમાં આપણા કેટલાક ભાઈબહેનો કબરોને સિજદા મારતા જોવામાં આવે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ચાહતા હતા કે લોકો કબરોની પૂજાને બદલે એક અલ્લાહની પૂજા કરે અને પોતાની હાજતો, પોતાની જરૂરતો, પોતાની મુરાદો કબરો પર જઈને માગવાને બદલે અલ્લાહના દરબારથી માગે. અલ્લાહ તો વહદહૂ લા-શરીક છે. તેની શહેનશાહી અને સત્તામાં કોઈ બુઝુર્ગ, કોઈ પીર, કોઈ વલી, કોઈ સંતસાધુ, અરે કોઈ પયગમ્બર સુધ્ધાં ભાગીદાર નથી. સૌથી મોટો ગવસ, સૌથી મોટો દસ્તગીર, સૌથી મોટો વિઘ્ન-હર્તા કે સૌથી મોટો LORD અલ્લાહ વગર કોઈ નથી. એજ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શરૂઆતમાં મુસલમાનોને કબ્રસ્તાને જવાની મના ફરમાવી હતી. પછી જયારે સંજોગો બદલાય ગયા અને મુસલમાનોના દિલોમાં તવહીદ તથા ઈમાનનો અકીદો પાકો થઈ ગયો તો આપે આ શબ્દોમાં કબ્રસ્તાને જવાની પરવાનગી આપી દીધીઃ "કુન્તુ નહૈતુ-કુમ અન ઝિયારતિલ-કુબૂરે, અલા ફ-ઝવ-વરૂહા." અર્થાત:

> "હે લોકો ! મેં તમને કબરોની ઝિયારત એટલે કબ્રસ્તાનમાં જવાની મના ફરમાવી હતી. સાંભળી લો, હવે વાંધો નહિ. તમે કબ્રસ્તાને જઈ શકો છો."

બેશક આપ પોતાની ઉમ્મતને કબરોની પૂજાથી અને દરગાહો પર જઈને મુરાદો માગવાથી બચાવવા માગતા હતા. પછી જ્યારે સહાબાનું ઈમાન પાકું થઈ ગયું તો પરવાનગી આપી દીધી. કેમકે કબ્રસ્તાને જવાના જે લાભો છે અને ત્યાં જે બોધ કે જે ઈબ્રત મળે છે તે ઘરોમાં, દુકાનોમાં કે બજારોમાં મળી શકતી નથી.

હદીસોના લખાણના કેટલાક દાખલા

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબાને પોતાની વાતો કે હદીસોને લખી લેવાની પરવાનગી આપી તે પહેલાં એક બનાવ બની ગયો અને ઘણું કરીને એજ બનાવથી હદીસોને લખી લેવાની શરૂઆત થવા પામી. તિરમિઝી નામે હદીસ-ગ્રંથમાં એનો ઉલ્લેખ થયેલો છે.

બનાવ એમ બન્યો કે એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની મજલિસમાં બિરાજમાન હતા. દીનો-ઈમાનની વાતો ચાલતી હતી. એટલામાં એક સહાબી હિંમત કરીને ઊભા થઇ ગયા અને બા-અદબ બોલ્યા, "યા રસૂલલ્લાહ! દીનો-ઈમાનને લગતી જે વાતો આપ રોજ બયાન ફરમાવો છો એ બહુ જરૂરી અને કામની વાતો હોય છે. પણ મારી એક મુંઝવણ છે."

"કહો શું મુંઝવણ છે ? આપે ફરમાવ્યું.

"યા રસૂલલ્લાહ !" સહાબી બોલ્યા, "મારી યાદશકિત કંઇક કમજોર છે. આપની વાતોમાંથી કેટલીક વાતો હું ભૂલી જાઉં છું. મગજ પર ભાર દેવા છતાં યાદ નથી આવતી. ફરમાવો મારે શું કરવું ?"

જવાબમાં આપે ફરમાવ્યું, "ઈસ્તઇન બિ-યમીનિક." એટલે તારા જમણા હાથની મદદ લે.

મતલબ આ કે જો તારી યાદશકિત કમજોર હોય, મારી અમુક વાતો યાદ રહે અમુક વાતો ભૂલી જવાય તો તેનો આસાન ઉપાય આ છે કે નોંધપોથી જેવું બનાવી લે અને કલમથી મારી વાતો તેમાં લખ્યા કર. જાહેરી વાત છે કે આ પરવાનગી મળવા પછી તેમણે નોંધપોથી બનાવીને આપની વાતો તેમાં લખવાની શરૂઆત કરી દીધી હશે.

એવો જ એક મશહૂર બનાવ સહીહ બુખારીમાં ટાંકેલો છે. હઝરત અબૂ શાહ નામે મુલ્કે યમનના એક સહાબી ફત્હે-મક્કહમાં હાજર હતા. ફત્હે-મક્કહ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની ઊંટણી પર બિરાજમાન થઇને હરમ શરીફમાં ખુત્બો બયાન ફરમાવ્યો હતો. ખુત્બો ખતમ થતાં હઝરત અબૂ શાહ ઊભા થઇ ગયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપના ખુત્બાની વાતો યાદ રાખવા જેવી છે પણ મારી સ્મરણશકિત કમજોર છે. બધી વાતો યાદ નથી રહેતી. આપ મને એ વાતો લખાવી નહિ આપો.?"

આપે તેમની દરખાસ્ત વધાવી લીધી અને પોતાના કાતિબને બોલાવીને હુકમ ફરમાવ્યો, "અબૂ શાહ માટે ખુત્બાનું લખાણ તૈયાર કરવામાં આવે."

એ પછી બીજો એક બનાવ બન્યો. એ પણ હદીસોના લખાણની પરવાનગીને લગતો બનાવ હતો. મુલ્કે-મિસરના વિજેતા હઝરત અમ્ર બિન આસના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ પોતાના બાપથી પહેલાં મુસલમાન બન્યા હતા. બિલકુલ નવજવાન હતા. ૧૬ કે ૧૭ વરસની ઉંમર હતી. બેહદ સતેજ બુધ્ધિના ઇલ્મપ્રેમી અને દીનપ્રેમી યુવક હતા. દિવસે રોઝહ રાખતા અને રાત નફિલ નમાઝોમાં ગુજારી દેતા. એમના ઇલ્મી ઉત્સાહનો આ વાતથી અંદાજો લગાવો કે એક દિવસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને કહેવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! રાતે મેં એક અજીબ ખ્વાબ જોયો. તઅબીર સમજમાં નથી આવતી."

"કહો ખ્વાબમાં શું જોયું ? આપે ફરમાવ્યું.

બોલ્યા, "મેં જોયું કે હું મારી બે આંગળીઓને ચૂસી રહ્યો છું. એકમાંથી મધ નીકળે છે અને બીજીમાંથી દૂધ."

આપે ખુશ થઈને વધામણી આપી, "હે અબ્દુલ્લાહ ! તમે કુર્આનની સાથે ઈન્જીલના પણ મોટા આલિમ બની જશો."

ઉત્સાહી અને ખંતીલા તો હતા જ, જ્યારે એમના સાંભળવામાં આવ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની વાતોને લખી લેવાની પરવાનગી "ઇસ્તઈન બિ-યમીનિક"ના શબ્દોમાં આપી દીધી છે તો એમણે પણ હદીસોના લખાણનું કામ શરૂ કરી દીધું. મસ્જિદમાં કે મજલિસોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જે કંઈ ફરમાવતા, એક ચિત્તે સાંભળીને કલમથી પોતાની નોંધપોથીમાં ટપકાવી લેતા. બેચાર દિવસ એમ જ ચાલ્યું. એક દિવસે એમના કુરૈશી સાથીઓ બોલ્યા, "અબ્દુલ્લાહ ! તમે આ કેવો ગજબ કરો છો ! બસ આંખો મીંચીને લખ્યા જ કરો છો !"

"તો એમાં વાંધા જેવું શું છે ?" હઝરત અબ્દુલ્લાહએ તઅજ્જુબથી પૂછયું.

"વાંધા જેવું છે એટલે જ તો કહીએ છીએ." કુરૈશી સાથીઓ બોલ્યા, "શું તમને ખબર નથી કે રસૂલુલ્લાહ પણ આપણા જેવા ઈન્સાન છે. કદી ખુશીની હાલતમાં હોય છે તો કદી નારાજી કે ગુસ્સામાં હોય છે. આપની બધી વાતો તમે લખ્યા કરો તે વાજબી નથી જ."

બીજો કોઈ હોત તો સાથીઓની વાત માનીને લખવાનું માંડી વાળતે. પણ હઝરત અબ્દુલ્લાહ ચંચળબુધ્ધિના, ઠરેલ તબીઅતના યુવક હતા. વિચાર કર્યો કે સાથીઓની સલાહ માનવાને બદલે સીધી રીતે રસૂલુલ્લાહને જ કેમ ન પૂછી લઉં ? અને જ્યારે પોતે જ પૂછી લીધું તો જવાબમાં આપે ફરમાવ્યું, "અબ્દુલ્લાહ! તમે ખુશીથી મારી વાતો લખ્યા કરો."

"પણ યા રસૂલલ્લાહ !" હઝરત અબ્દુલ્લાહ બોલ્યા, "શું હું આપની તે વાતો પણ લખતો રહું જે આપ ખુશીની હાલતમાં ફરમાવો છો અને તે વાતો પણ જ્યારે આપ નારાજી કે ગુસ્સાની હાલતમાં હો?"

"હે અબ્દુલ્લાહ !" આપે ગંભીર સ્વરે ફરમાવ્યું, "સોગંદ છે તે અલ્લાહના જેના અધિકારમાં મારી જાન છે. સાંભળો, (પોતાની આંગળીથી પોતાની જીભ તરફ ઈશારો કરીને) અહીંથી જે વાત નીકળે છે એ હક સિવાય બીજી કોઈ વાત હોતી નથી."

મતલબ આ કે ખુશીનો પ્રસંગ હોય કે ગમીનો, નારાજી કે ગુસ્સાનો, મારી જીભથી સત્ય સિવાય કોઈ વાત નીકળતી નથી. ઈશારો છે કુર્આનની આ આયત તરફ: "ઈન હુવા ઈલ્લા વહયુંય-યૂહા." અને : "વ મા યન-તિકુ અનિલ-હવા." અર્થાત : અમારા પયગમ્બરની જીભથી નીકળેલી દરેક વાત આકાશી વહી મુજબની જ હોય છે અને અમારા પયગમ્બર પોતાની ઈચ્છા મુજબનો કોઈ બોલ બોલતા નથી.

આ બનાવ પછી હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર પૂરા સંતોષ સાથે ખંત અને ઉત્સાહથી પોતાની નોંધપોથીમાં આપની હદીસો લખતા રહ્યા ત્યાં સુધી કે એક દળદાર ગ્રંથ તૈયાર થઈ ગયો.અલ્લામા ખતીબ બગદાદી લખે છે :

''અબ્દુલ્લાહ બિન અમ્રની આ નોંધપોથીનું નામ ''સાદિકહ'' હતું. એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દસ હજાર જેટલી હદીસોનો લેખિત સંગ્રહ હતો. અબ્દુલ્લાહ પછી એમના બેટા અને બેટા પછી એમના પૌત્ર, આ કલમી ''સાદિકહ''ની મદદથી મુસલમાનોની અવલાદને હદીસોનું શિક્ષણ આપતા રહ્યા. તેઓના શાગિર્દોની સંખ્યા ગણી ગણાય નહિ એટલી હતી.''

હઝરત અનસની હદીસ-પોથીનો કિસ્સો

એજ સિલસિલાનો એક દાખલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર સહાબી હઝરત અનસ બિન માલિકનો, હદીસ-ગ્રંથોમાં ટાંકેલો છે. એમનો કિસ્સો એવો છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા તે વેળા હઝરત અનસ બિન માલિક ૧૦ વરસની ઉંમરના કિશોર બાળક હતા. એમનું પોતાનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હિજરત કરીને મદીનહ પધાર્યા તે વેળા હું દસ વરસનો એક ચંચળ છોકરો હતો. થોડુંક લખવા વાંચવાનું પણ જાણી ગયો હતો. એક દિવસે મારાં અમ્માંજી સાહેબાએ મારો હાથ ઝાલી લીધો અને અહીંતહીંની વાતો કરતાં ઊપડ્યાં. થોડીવારે શું જોઉં છું કે અમ્માંજી સાહેબાએ મને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઇ જઇને ઊભો કરી દીધો છે. અમ્માંજીએ આપને અદબથી સલામ કરી. મેં પણ આપને અદબથી સલામ કરી.

એ પછી અમ્માંજીએ મારી તરફ હાથની આંગળીનો ઈશારો કર્યો અને પછી ગર્વ લેતાં હોય તેવા મક્કમ અવાજે કહેવા લાગ્યાં, ''યા રસૂલલ્લાહ ! આ મારો બેટો અનસ છે. આટલી ઉંમરમાં જ એ લખવ. વાંચવાનું શીખી ગયો છે. આપ એને ચાકર તરીકે આપના ઘરમાં રાખી લો. એ બહુ ડાહ્યો અને ચંચળ છોકરો છે. આપનું અને આપના ઘરનું બધું કામકાજ દોડીદોડીને કરી આપશે. યા રસૂલલ્લાહ ! મારી દરખાસ્ત કબૂલ ફરમાવો. આપના ચાકર તરીકે એને રાખી લો. મને બહુ ખુશી થશે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખુશદિલીથી અમ્માંજીની દરખાસ્ત કબૂલ ફરમાવી લીધી. એ પછી આપના ખાદિમ તરીકે હું આપના જ ઘરમાં રહેવા લાગ્યો અને લગાતાર દસ વરસ સુધી આપના ઘરમાં રહ્યો, ત્યાં સુધી કે આપ વફાત પામીને પોતાના પાલનહારના દરબારમાં તશરીફ લઇ ગયા. આ દસ વરસની મુદ્દતમાં હું આપના ઘરમાં રહીને આપની અને આપના ઘરવાળાઓની સેવા બજાવતો રહ્યો. સવાર સાંજ હું આપના ઘરમાં જ રહેતો. ઘરનું દરેક કામ કર્યા કરતો. ઘર બહારના કામો પણ દોડીદોડીને કરી આપતો.

હઝરત અનસનું બયાન છે : ''આ દસ વરસની મુદ્દતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જાહેર જીવનની સાથે આપના ખાનગી કે ગૃહસ્થી જીવનને પણ હું નજરોનજર જોતો રહ્યો. આપના જીવનના બંને પાસાંઓને બારીકીથી ચકાસવાનો જેટલો મોકો મને મળ્યો એ કોઈ બીજાને નહિ મળ્યો. ગૃહસ્થી જીવનમાં ઘરની અંદર આપ પોતાના પાક બેગમો સાથે કેવી રીતે વર્તો છો, કેવી રીતે વાતચીત કરો છો, કેવી રીતે ઊઠો બેસો છો, કેવી રીતે ઘરના કામકાજમાં મદદ કરો છો. કેવી રીતે પાક બીબીઓના આરામનો

ખ્યાલ રાખો છો. આપનો વર્તાવ આપની પ્યારી બેટીઓ સાથે કેવો છે, ઘરવાળાંઓ સાથે આપ કેવી રીતે ખાઓ છો, શું ખાઓ છો, ક્યારે ખાઓ છો, ખાતી વેળા કેવી રીતે બેસો છો, ખાવા પહેલાં અને ખાવા પછીના આપના શું નિયમો છે, આપ પાણી કેવી રીતે પીવો છો અને પાણી પીવાના શું નિયમો છે. આપ ક્યારે સૂવો છો, ક્યારે જાગો છો, કેવી રીતે વુઝૂ કરો છો, મસ્જિદમાં જઈને શું કરો છો, કેવી રીતે નમાઝ પઢો છો, કઈ નમાઝમાં કેટલી રકઅતો પઢો છો. મતલબ કે રાત દિવસના રોજિંદા જીવનમાં દસ વરસ સુધી હું આપના દરેક કામને અને આપના દરેક નિયમને મારી આંખે જોતો રહ્યો.''

હઝરત અનસ ફરમાવે છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પહેલાં લોકોના ટોળેટોળાં ઇસ્લામમાં દાખલ થયાં હતાં તેવી જ રીતે આપની વફાત પછી પણ લોકોના ટોળેટોળાં ઇસ્લામમાં દાખલ થઈ રહ્યાં હતાં. કેમકે ઇસ્લામી લશ્કર મુલ્કોના મુલ્કો ફતેહ કરી રહ્યું હતું અને લોકો ટોળેટોળાં વળીને ઇસ્લામમાં દાખલ થતા હતા. એની સાથે જ મુસલમાન બનનારાઓના દિલોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના બનાવો જાણવાનો ઉત્સાહ પણ વધતો જ ગયો. મારા શાગિર્દો ઉપરાંત લોકોના કાફલાના કાફલા મારી પાસે આવવા લાગ્યા.

હું તેઓને ઇસ્લામની સમજૂતીની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના હાલાત પણ કહી સંભળાવતો અને છેલ્લે તેઓને સંબોધીને કહેતો, ''હે લોકો ! જરા થોભજો, હું તમને એક નાયાબ વસ્તુ દેખાડું છું.'' આમ કહીને ઘરમાં ચાલ્યો જતો અને ઘરના ગોખલામાં મૂકેલું એક પોટલું ઉપાડી લાવતો અને તેમાંથી મોટા ચોપડા જેવું એક પુરાનું પોથું કાઢતો અને મારા શાગિર્દો તથા લોકોને દેખાડીને કહેતો :

> ''જુઓ, આ તે વસ્તુ છે જેમાં મેં મારી કલમથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઘણીબધી વાતોની નોંધ કરેલી છે. મેં આ પોથીનું લખાણ અનેક વાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આપની મજલિસોમાં વાંચી સંભળાવ્યું છે. મારા લખાણમાં કોઈ ખામી કે ભૂલ દેખાઈ આવતી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેને સુધારી લેવાનું ફરમાવતા. ત્યારે આપના સૂચન મુજબ તેજ મજલિસમાં હું તેને સુધારી લેતો હતો.''

હઝરત અનસની જરીપુરાની લાગતી આ પોથી, તે લેખિત હદીસ-સંગ્રહ છે જેમાં હઝરત અનસે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં, લગાતાર દસ વરસ રહીને આપની હદીસો પોતાની કલમથી લખી લીધી હતી. આ પોથીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસોનો સૌથી વધુ સનદી, સૌથી વધુ પ્રમાણભૂત કે વિશ્વાસપાત્ર હદીસ-ગ્રંથ કહી શકાય. કેમકે લખી લેવા પછી ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે સાંભળીને તેમાં સુધારા વધારા કરાવ્યા હતા.

હઝરત અબૂ હુરૈરહનો દિલચસ્પ કિસ્સો

કોણ મુસલમાન છે જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર સહાબી હઝરત અબૂ હુરૈરહનું મુબારક નામ ના સાંભળ્યું હોય ? ઊંચા દરજ્જાના સહાબામાંથી હતા અને તમામ સહાબામાં રસૂલુલ્લાહ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસોના સૌથી મોટા હાફિઝ હતા. મસ્જિદે-નબવીની સુફ્ફહ કૉલેજના બેહદ ચંચળ, ખંતીલા અને ઉત્સાહી વિદ્યાર્થીઓમાં એમની ગણના થતી હતી. કુર્આને-મજીદ અને ઉલૂમે-હદીસના બહુ મોટા આલિમ હતા. લખવા વાંચવાની કળામાં પારંગત હતા. અરબી એમની માદરી ભાષા હતી. બાદમાં હબશી, ફારસી અને બીજી પ્રચલિત ભાષાઓ શીખી લીધી હતી. કુદરત તરફથી યાદશકિત પણ ગજબની મળેલી હતી. જે કંઇ સાંભળી લેતા, પથ્થરની લકીર પેઠે મગજની તખ્તી પર કોતરાઇ જતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેંકડો નહિ, હજારો હદીસો એમને મોઢે યાદ હતી. કલાસમાં પઢાવતી વેળા શાગિર્દોને અસલ શબ્દોમાં ફરફર સંભળાવતા ચાલ્યા જતા. એમના શાગિર્દોની સંખ્યા પણ આકાશના તારાઓ પેઠે ગણી ગણાય નહિ એટલી હતી. પોતે ફરમાવે છે :

> "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તમામ સહાબામાં મારાથી વધારે કોઇને હદીસો યાદ ન હતી. ઘણાખરા મારા સાથીઓ બાલબચ્ચાંના પેટ ખાતર વેપાર કે કામધંધા અર્થે નીકળી પડતા ત્યારે હું પેટભર્યા ઇન્સાન પેઠે મસ્જિદમાં જ પડયો-પાથર્યો રહેતો. રસૂલુલ્લાહની વાતો સાંભળવાનો જેટલો સમય મને મળતો તે મોટા મોટા સહાબાને પણ નહિ મળતો. હા, અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ એમાંથી બાકાત છે. અમારા બંને વચ્ચે ફરક આટલો હતો કે તેઓ હદીસોને લખી લેતા હતા અને મેં હજુ લખવાનું શરૂ કર્યું ન હતું."

એ પછી સમય આવતાં હઝરત અબૂ હુરૈરહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મજલિસોમાં આપની વાતોના લખાણનું કામ શરૂ કરી દીધું અને હદીસ-સંગ્રહની કેટલીક પોથીઓ તૈયાર કરી લીધી. રિવાયતોમાં એમના એક શાગિર્દ સાથે બનેલો દિલચસ્પ કિસ્સો ટાંકવામાં આવ્યો છે. ઘણું કરીને આ કિસ્સો એમના ઘડપણમાં બનેલો છે જ્યારે કે એમની યાદશકિત કમજોર થઇ પડી હતી.

કિસ્સાની વિગત એમ છે કે એક દિવસે હસન બિન અમ્ર બિન હમ્ઝહ નામે એમના એક શાગિર્દ જેઓ "હમ્ઝી"ના ટૂંકા નામે જાણીતા હતા, એમની તહેનાતમાં હાજર થયા અને કહેવા લાગ્યા, "ઉસ્તાદ! એક કામ માટે હાજર થયો છું. આપને તકલીફ આપવા બદલ માફી ચાહું છું."

"જુઓ ભાઇ માફીની જરૂર નથી. બોલો શું કામ છે ?" હઝરત અબૂ હુરૈરહએ પૂછયું.

"માનવંતા ઉસ્તાદ !"શાગિર્દે અદબથી કહ્યું, આપને યાદ છે આપે ચાલુ કલાસમાં અમને એક હદીસ સંભળાવી હતી ?"

"ના ભાઇ ! મને યાદ નથી. વારૂ તે કઇ હદીસ છે ?"

જવાબમાં શાગિર્દે એ હદીસના બોલો કહી સંભળાવ્યા.

એને સાંભળતાં જ ઉસ્તાદ સાહેબ ઇન્કારી બની ગયા. બોલ્યા, "ના રે ભાઇ ! એવી કોઇ હદીસ મેં તમને કહી નથી."

ઘડપણને લીધે ઉસ્તાદની યાદ-શકિત ઘટી ગઇ હતી. શાગિર્દે અદબથી કહ્યું, "ઉસ્તાદ ! સાચું કહું છું. ચાલુ કલાસમાં આપે એ હદીસ અમને સંભળાવી હતી." "અચ્છા એમ વાત છે !" કહીને ઉસ્તાદ ઊભા થઇ ગયા.

હસન બિન અમ્ર હર્ઝાનું બયાન છે : "મારી વાત સાંભળીને ઉસ્તાદ સાહેબ ઊભા થઇ ગયા. મારો હાથ ઝાલી લીધો અને મને લઇને પોતાના મકાન તરફ ઊપડયા. રસ્તામાં ચાલતાં-ચાલતાં કહેવા લાગ્યા, "જુઓ ભાઇ ! તમારા કહેવા મુજબ એ હદીસ મેં તમને સંભળાવી હોય તો તે લેખિત રૂપે મારી પોથીમાં હોવી જ જોઇએ."

મકાનમાં દાખલ થઇને કબાટમાંથી એક જાડી પોથી કાઢી લીધી અને તેના પાનાં ફેરવવા લાગ્યા. તેમાં એ હદીસ જોવામાં નહિ આવી તો કબાટમાંથી બીજી પોથી ઉપાડીને તેના પાનાં એક પછી એક ફેરવવા લાગ્યા. એમાં પણ એ હદીસનું લખાણ જોવામાં નહિ આવ્યું તો ત્રીજી પોથી કાઢીને તેના પાનાં ફેરવવા લાગ્યા. અચાનક એક હદીસ પર નજર ઠરતાં જ "હા ભાઇ હા, સુબ્હાનલ્લાહ !"ના શબ્દો પોકારી ઊઠયા. પછી ખુશીના આવેશથી કહેવા લાગ્યા, "હા ભાઇ ! જુઓ તમારી વાત સાચી છે. મેં તમને ન હોતું કહ્યું કે એ હદીસ મેં તમને સંભળાવી જ હોય તો જરૂર તે મારી પોથીમાં લખેલી હોવી જ જોઇએ. હા જુઓ, આ રહી એ હદીસ !"[1]

નબવી યુગનો લેખિત ભંડોળ

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હયાતમાં જ આપની પરવાનગીથી હદીસોના લેખન-સંપાદનનું કામ શરૂ થઇ ગયું હતું. તે પણ આપની રૂબરૂમાં અને આપની અંગત દેખરેખ હેઠળ અને આપ તેમાં સુધારા-વધારા પણ કરાવતા હતા.

આપની વફાત પછી એવા સહાબાની સંખ્યા વધતી જ ગઇ જેઓ પોતાની યાદદાશ્તોને કલમથી કાગળ પર ઉતારી લેવાનું જરૂરી માનવા લાગ્યા હતા. આપની હયાતમાં આ વાતનો તેઓને ઝાઝો વિચાર નહિ આવ્યો. પણ આપની વફાત પછી તેઓને થયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ ફાની જગતથી પર્દો ફરમાવી ગયા છે. અમારે પણ આજે નહિ તો કાલે આ જગતથી રૂખ્સત થવાનું છે. અગર અમારી યાદદાશ્તોની સાવચણીનો પ્રબંધ નહિ કરીશું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી મળેલો આ જન્નતી વારસો અમારી સાથે કબરમાં દફન થઇ જશે. કંઇ નહિ તો અમારી પોતાની અવલાદની ભલાઇ માટે આ પયગમ્બરી વારસો જાળવી લેવો જોઇએ.

આ સિલસિલામાં હઝરત સમરહ બિન જુન્દુબ, હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ, હઝરત સઅદ બિન ઉબાદહ અને બીજા સંખ્યાબંધ સહાબાના મુબારક નામો હદીસગ્રંથોમાં ટાંકેલા છે. જેઓએ હદીસો ઉપરાંત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના બનાવો અંગે પોથીઓની પોથીઓ લખી નાખી. આ પોથીઓ વિશે અલ્લામા ઇબ્ને હજરે પોતાનો મત આ શબ્દોમાં દર્શાવ્યો છે : "ફીહે ઇલ્મુન કસીર." એટલે સહાબાએ લખેલી આ પોથીઓમાં ઇલ્મનો ભંડાર ભર્યો છે.

હિજરતની શરૂઆતમાં એટલે મદીનહની પધરામણી પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઇસ્લામી હુકૂમત મદીનહના અમુક મહોલ્લાઓ સુધી મર્યાદિત હતી. મદીનહથી આગળ આપની સત્તા

1. ડૉક્ટર હમીદુલ્લાહ કૃત : ખુતુબાતે-બહાવલપૂર પેજ ૩૭

ચાલતી ન હતી. પરંતુ એ પછીના ગાળામાં એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત સુધીના ૧૦ વરસોમાં ઇસ્લામી હુકૂમત મદીનહથી નીકળીને દુરો-દરાઝના મુલ્કો સુધી વિસ્તરી ગઇ હતી. ઐતિહાસિક પુરાવાઓ મુજબ આ ૧૦ વરસોના ટૂંકા ગાળામાં ઇસ્લામી રાજ્યનો વિસ્તાર, રોજના સરેરાશ ૨૭૪ ચોરસ માઇલ એટલે લગભગ દસ લાખ ચોરસ માઇલ જેટલા વિસ્તાર પર ઇસ્લામી ઝંડો લહેરાતો થઇ ગયો. ઇરાક, શામ, યમન, બહરૈન, ઉમાન, તૈમહ, ઇલહ, દૂમતુલ-જન્દલ, નજરાન વગેરે મુલ્કોના મુલ્કો મદીનહની ઇસ્લામી સત્તા હેઠળ આવી ગયાં તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ મુલ્કોના વહીવટી તંત્રના સંચાલન માટે પોતાના સહાબામાંથી કેટલાક કાતિબોની નિમણૂક કરી અને કેટલાક સહાબાને એ મુલકોના ગવર્નર, વઝીર, કલેકટર વગેરે બનાવીને મોકલાવી આપ્યા. આ કાતિબો એટલે સરકારી ઓફીસરો, રાજમંત્રીઓ, સેક્રેટરીઓ, કર્મચારીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સરકારી ફરમાનો લખવાની કામગીરી બજાવતા હતા. ઇસ્લામી રાજ્યના જુદા જુદા ખાતાંઓના વહીવટ માટે આપ તેઓની પાસે કાગળો લખાવતા હતા. વળતામાં ત્યાંથી જે કંઇ પૂછપરછ કરવામાં આવતી તેવા કાગળોના જવાબો પણ આપ આ કાતિબો મારફતે લખાવતા હતા.

તે સમયે આજના યુગ જેટલા સરકારી ખાતાંઓની ભરમાર ન હતી. મદીનહની સરકારી કચેરીમાં દસ-બાર જેટલાં ખાતાંઓની વિગતો મળે છે. દરેક ખાતા માટે અલગ-અલગ કાતિબની નિમણૂક કરવામાં આવી હતી. એક કાતિબ હઝરત અબ્દુલ્લાહ બિન અરકમ હતા. એમની પાસે આપ બીજા મુલ્કોના બાદશાહો, રાજમહારાજાઓ, નવાબો અને કબીલાઓના સરદારોના નામે કાગળો લખાવતા હતા. આ બાદશાહો કે સરદારો તરફથી મળનારા જવાબી કાગળો પણ આપ એમની જ પાસે વંચાવતા હતા. કેટલાક કાતિબો સરકારી ખાતાંઓના લેણાંદેણાં કે વહેવારી મામલાઓના લખાણ માટે નિયુકત હતા જેમકે કોની પાસેથી કેટલી રકમ મળી અને તેને કયાં ખરચ કરવામાં આવી. અથવા કોની પાસે કેટલા લેણાં નીકળે છે. આ કામગીરી ઘણું કરીને હઝરત મુગીરહ બિન શુઅબહ અને હઝરત હુસૈન બિન નુમૈર બજાવતા હતા. અમુક પ્રસંગે આપને કોઇ મામલા અંગે લખાણ કરાવવાની જરૂર પડતી તો તેના માટે આપ હઝરત અમીર મુઆવિયા અથવા હઝરત ખાલિદ બિન સઇદને બોલાવીને લખાવી લેતા.

કેટલાક કાતિબો ખેતીવાડીના પાક કે ઝાડો પર લાગેલાં ફળોનો અંદાજ કાઢીને તેના પર લાગુ પડનારી ઝકાતનો હિસાબ લખતા હતા કે જેથી તેઓ પાસેથી તેટલી રકમ વસૂલ કરવામાં આવે. આ કામગીરી વધુ ભાગે હઝરત હુઝૈફહ બિન યમાન બજાવતા હતા. એક કાતિબ હઝરત હન્ઝલહ બિન રબીઅ હતા જેઓ કોઇ કાતિબની ગેરહાજરી વેળા તેની જગ્યા સંભાળતા હતા. કાગળો પર સિક્કા મારવાની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સરકારી મુહર એમની જ પાસે રહેતી હતી. આ સરકારી મુહરમાં "મુહંમદ રસૂલુલ્લાહ"ના શબ્દો કોતરેલા હતા.

કેટલાક કાતિબો લડાઇઓ વેળા દુશ્મન તરફથી હાથ લાગનારા ગનીમતના માલનો હિસાબ લખતા હતા. એના વિષે આપનાં હુકમ હતા કે બધો માલ એક સ્થળે ભેગો કરી દેવામાં આવે. પછી આપના હુકમ મુજબ તેની વહેંચણી કરવામાં આવતી હતી. વહેંચણીના હિસાબ-કિતાબનું કામ ઘણું કરીને હઝરત મુઐકીબ બિન અબી ફાતિમહ બજાવતા હતા. સરકારી બૈતુલ-માલનું એક અલગ ખાતું હતું જેની આવક-

આવકનો હિસાબ લખનારા અલગ કાતિબો હતા. જેઓ ચોપડાઓમાં બા-કાયદા તેની નોંધણી કરતા હતા.

કહેવાના અર્થ આ છે કે મદીનહના ઈસ્લામી રાજ્યના સંચાલન માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈસ્લામી મુલ્કોના ગવર્નરો અને સરકારી અમલદારોને નામે જે ફરમાનો લખાવ્યાં અને વળતામાં ત્યાંથી થયેલી પૂછપરછના જે જવાબી કાગળો લખાવ્યાં અને ગનીમતના માલ તથા બૈતુલ-માલના હિસાબ કિતાબના જે લખાણો કરાવ્યાં અને દુનિયાના બાદશાહોને નામે તબલીગી કાગળોના જે લખાણો લખાવ્યાં અને જુદા જુદા કબીલાઓના સરદારો તથા યહૂદીઓ, ખ્રિસ્તીઓ વગેરે સાથે સુલેહનામાઓના જે લખાણો કરાવ્યાં તે નબવી યુગના લેખિત દસ્તાવેજોનો એક ભરપૂર ભંડાર છે.

ઈતિહાસકારો અને સંશોધકોએ નબવી યુગના આ લેખિત ભંડારમાંથી મળી આવેલા અને આપણા સુધી અસલી હાલતમાં પહોંચેલા દસ્તાવેજી કાગળોની સંખ્યા ચાર સો જેટલી દર્શાવી છે. બાકીના નબવી યુગના બેશુમાર દસ્તાવેજી લખાણો કાળચક્રના ખપ્પરમાં હોમાય ગયાં છે. આપણા સદ્ભાગ્યે મળી આવેલા લખાણોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે અસલી મુબારક કાગળો પણ છે જે આપે ઈસ્લામની તબલીગના હેતુએ જુદા જુદા મુલ્કોના બાદશાહોને નામે લખાવ્યા હતા. એમાંના ચાર અસલી કાગળોની ફોટો-કોપીઓ, પેરીસવાળા અલ્લામા ડૉકટર મુહંમદ હમીદુલ્લાહ સાહેબે પોતાના પુસ્તક "રસૂલે-અકરમ કી સિયાસી ઝિન્દગી"માં છપાવેલી છે. ડૉકટર સાહેબના આ પુસ્તકમાં, નબવી યુગના મળી આવેલા બીજા દસ્તાવેજોની પણ વિગતથી ચર્ચા કરવામાં આવી છે.

હદીસોનું સંપાદન પુસ્તકના રૂપમાં

અગાઉ અમે લખી આવ્યા તેમ ઈલ્મો-હિકમતની વાતોનું સંપાદન કરીને અને તેને બા-કાયદા પુસ્તકનું રૂપ આપીને લોકોના હાથો સુધી પહોંચાડવાનો રિવાજ અરબમાં ચાલુ થયો ન હતો. અલબત્ત બા-કાયદા લેખિત સ્વરૂપે લોકોના હાથો સુધી પહોંચેલું ઈસ્લામી આલમમાં ફકત એક જ પુસ્તક હતું અને એ હતું અલ્લાહ તઆલાનું પાક કલામ કુર્આને-મજીદ. જેની હજારો નકલો ઈસ્લામી આલમમાં વસનારા મુસલમાનોના ઘરોમાં પહોંચી ગઈ હતી.

ઈલ્મની વાતોનું સંપાદન કરીને બા-કાયદા તેને પુસ્તકનું રૂપ આપવાની શરૂઆત હઝરત અમીર મુઆવિયા રદિયલ્લાહુ અન્હુના યુગમાં થવા પામી. હઝરત અમીર મુઆવિયા મોટા બાપના મોટા બેટા હતા. એમના બાપાજીનું નામ અબૂ સુફયાન હતું જેઓ કુરૈશી લશ્કરના સરસાલાર હતા અને અમ્માંજીનું નામ હિન્દહ હતું જેનો બાપ ઉત્બહ બિન રબીઅહ જંગે-બદ્રમાં હાથોહાથની લડાઈમાં માર્યો ગયો હતો. હઝરત અમીર મુઆવિયા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંચા પાયાના સહાબામાંથી હતા. આપની તહેનાતમાં રહીને આકાશી વહીને લખનારા કાતિબોમાંથી હતા. ઈસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગની તરફથી મુલ્કે-શામના ગવર્નર હતા. અલ્લામા શિબ્લી નુઅમાની પોતાના સીરતુન-નબીના દીબાચામાં લખે છે :

"સૌથી પહેલાં અમીર મુઆવિયાએ યમનના પંકાયેલા ઈતિહાસકાર ઉબૈદ બિન શુરિય્યહને યમનથી દરબારમાં બોલાવીને, પ્રાચીન યુગના ઈતિહાસનું સંપાદન કરાવ્યું

જેનું નામ ''અખ-બારૂલ-માઝિય્યીન'' છે.''[1]

હઝરત અમીર મુઆવિયા પછી હિજરી સન ૬૫ માં ખલીફા અબ્દુલ-મલિક બિન મરવાનએ ઉમવી વંશની ખિલાફતની ગાદી શોભાવી. પોતે એક ઇલ્મ-પ્રેમી અને આલિમોના કદરદાન ખલીફા હતા. એમના યુગમાં લેખન-સંપાદનની પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો. પંકાયેલા વિદ્વાનોને દરબારમાં ભેગા કરીને ઇલ્મના દરેક વિભાગના પુસ્તકો લખાવ્યાં. એમના યુગમાં હઝરત સઈદ બિન જુબૈર નામે વિદ્વાન કુર્આની ઉલૂમના ભંડાર તરીકે પંકાયેલા હતા. ખલીફાએ હઝરત સઈદ બિન જુબૈરને દરબારમાં બોલાવીને હુકમ ફરમાવ્યાં કે કુર્આને-કરીમની તફસીરનું સંપાદન કરીને તેને પુસ્તકનું રૂપ આપે. હઝરત સઈદે શાહી હુકમનું પાલન કરીને કુર્આને-મજીદની તફસીર લખી આપી. જેને ખલીફાના હુકમથી શાહી લાયબ્રેરીમાં મૂકી દેવામાં આવી. અતા બિન દીનારને નામે જે તફસીરે ખ્યાતિ મેળવી છે તે એજ તફસીર છે. અતા બિન દીનારને આ તફસીર શાહી લાયબ્રેરીમાંથી મળી આવી હતી. [2]

આથી પહેલાં અરબમાં ઇલ્મની વાતોનું સંપાદન કરીને તેને પુસ્તકનું રૂપ આપવાનો રિવાજ ન હતો. ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ આ રિવાજ ન અપનાવ્યો હતો ન ચાલુ કર્યો હતો. આપની વફાત પછી ખુલફાએ-રાશિદીનમાંથી પણ કોઇએ હદીસોનું સંપાદન કરીને તેને બા-કાયદા પુસ્તકનું રૂપ આપવાનો પ્રબંધ કર્યો ન હતો. આ કારણે મોટા ભાગના આલિમો અને ધર્મજ્ઞાનીઓને આ રિવાજ ગમતો ન હતો. પણ ઇસ્લામી દેશોના શહેનશાહ એટલે પોતાના ખલીફાનો શાહી હુકમ હોવાથી તેઓ લાચાર હતા. એ પછી જેવી રીતે હઝરત અબૂબક્ર સિદ્દીકની ખિલાફતમાં કુર્આને-મજીદને બા-કાયદા પુસ્તકનું રૂપ આપવામાં આવ્યું હતું, હવે ઉલૂમે-હદીસ તથા બીજી ઇલ્મી વાતોને તેવું રૂપ આપીને ગતિભેર આગળ વધારવાની પ્રવૃત્તિ શરૂ થઇ ગઇ.

હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝ

અબ્દુલ-મલિક બિન મરવાન પછી હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝ ઉમવી વંશના તાજદાર તરીકે ખિલાફતની ગાદીએ બિરાજમાન થયા. પોતે બહુ મોટા આલિમ-ફાઝિલ અને રાજનીતિના માહિર હતા. એટલા નેકદિલ, પાકબાઝ અને ઇન્સાફી કે લોકોએ એમને ''ઉમરે-સાની''ના માનભર્યા લકબે બિરદાવી લીધા હતા. ખરેખર બાદશાહીમાં ફકીરી કરનારા અમીરૂલ-મુઅમિનીન હતા. હઝરત ઉમર ફારૂક પેઠે ઇસ્લામની જાહોજલાલીને ચાર ચાંદ લગાવી દીધા હતા.

હિજરી સન ૯૯ માં ખિલાફતની ગાદીએ બિરાજીને બે વરસ પાંચ મહિના ભારે સાદગી અને અદલ ઇન્સાફથી રાજ કર્યું. એ દરમિયાન એમણે લેખન-સંપાદનની પ્રવૃત્તિને એટલો વેગ આપ્યો કે તે ઝડપભેર પ્રગતિના સોપાન સર કરવા લાગી. એમની ખિલાફતમાં ઇસ્લામી સલતનત અરબ, શામ, ઇરાકમાંથી નીકળીને અલ-જઝાઇર, ટ્યૂનિસ, મિસર, ઇરાન, ખુરાસાન, તૂરાન, અફઘાનિસ્તાન અને હિન્દુસ્તાનના ઉત્તર ઇલાકાઓ સુધી ફેલાઇ ગઇ હતી અને માનવંતા સહાબાના ફરઝંદો અને શાગિર્દો પણ એ બધા મુલ્કોના શહેરે-શહેર અને ગામેગામમાં ફેલાઇને ઇસ્લામની તબલીગમાં લાગી ગયા હતા. એ બધાના સીનાઓમાં કુર્આન અને હદીસના

૧ સીરતુન-નબી જિલ્દ ૧ પેજ ૨૦ ૨. સીરતુન-નબી જિલ્દ ૧ પેજ ૨૦

ઉલૂમનો ખજાનો ધરબાયેલો હતો.

એક દિવસે ઇસ્લામી મુલ્કોના શહેનશાહ હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝના દિલમાં એવો વિચાર આવ્યો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આકાશી ઇલ્મનો જે મૂલ્યવાન ખજાનો સહાબાના શાગિર્દોના સીનાઓમાં ધરબાયેલો છે અગર તેને સીનાઓમાંથી કાઢીને કાગળ પર ઉતારી નહિ લેવામાં આવે તો તેઓના મરણની સાથે એ નાયાબ ખજાનો પણ કબરોમાં દફન થઇ જશે અને સમયના વહેણની સાથે તેનું નામોનિશાન મટી જશે. આ વિચારના અમલીકરણમાં વિલંબ નહિ કરતાં હઝરત ઉમરે ઇસ્લામી મુલ્કોના ગવર્નરો, વહીવટદારો, ન્યાયાધીશો અને શિક્ષણમંત્રીઓને વટહુકમ છોડયો કે તેઓ પોતપોતાના ઇલાકાઓમાં વસનારા આલિમો, વિદ્વાનો, હાફિઝો, કારીઓ પાસેથી કુર્આન અને હદીસને લગતી જેટલી માહિતી મળી શકે એ બધી સાવચેતી પૂર્વક ભેગી કરીને પાટનગર દમિશ્ક મોકલી આપવામાં આવે.

એ પછી વધુ સમય નહિ વીત્યો કે શાહી ફરમાનના પાલનમાં ઉલૂમે-કુર્આન અને ઉલૂમે-હદીસના દફતરોના દફતરો ભેગાં થઇ ગયાં. હઝરત ઉમરે પોતાની નિગરાનીમાં નિષ્ણાંત આલિમોની એક કમિટી નીમી અને ફરમાવ્યું કે આ દફતરોની ચકાસણી કરીને ક્રમવાર તેની ગોઠવણી કરવામાં આવે અને દરેક વાતની પૂરી ખાતરી કરવા પછી તેને પુસ્તકનું રૂપ આપવામાં આવે. આ રીતે માનવંતા તાબિઇનના સીનાઓમાં ધરબાયેલા આકાશી ઉલૂમનો એક અઢળક ખજાનો ભેગો થઇ ગયો. જેને સુંદર અક્ષરોવાળા કાતિબો પાસે લખાવીને પુસ્તકોનું રૂપ આપવામાં આવ્યું. એ પછી હઝરત ઉમરે તેની સંખ્યાબંધ નકલો તૈયાર કરાવી અને એક-એક નકલ બધા ઇસ્લામી મુલ્કોના મદરસાઓ અને મસ્જિદોમાં મોકલાવી આપી કે જેથી એના પાઠો ચાલુ કરી દેવામાં આવે અને મુસ્લિમ સમાજના તમામ સ્ત્રીપુરૂષો સમાન રીતે લાભ લઇ શકે.[૧]

મગાઝી અને સીરતનું સંપાદન

હઝરત અમીરૂલ-મુઅમિનીન ઉમર બિન અબ્દુલ-અઝીઝના યુગમાં ઇલ્મો-હિકમતના જેટલાં પુસ્તકો લખવામાં આવ્યાં તે બધામાં મોટા ભાગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એવી જ હદીસો હતી જેનો સંબંધ ઇમાન, તવહીદ, રિસાલત, અકાઇદ, નમાઝ, રોઝહ, હજ્જ, ઝકાત વગેરે સાથે હતો. કારણ કે આ હદીસોની વાતો દીને-ઇસ્લામની બુન્યાદી વાતો હોવાથી તેનું જાણવું અને તેનું શિક્ષણ લેવું દરેક મુસલમાન સ્ત્રી-પુરૂષ પર ફર્ઝ હોય છે. ઇમાન, અકીદા અને ઇબાદતની વાતો મુસલમાનોના રોજિંદા જીવન સાથે સંકળાયેલી હોય છે અને દીનની પાયાની વાતો હોવાથી ઇસ્લામે એનું શિક્ષણ દરેક મુસલમાન પર ફરજિયાત કરી દીધું છે. એના ઇલ્મ અને અમલ વગર કોઇ મુસલમાન સાચા અર્થમાં મુસલમાન બની શકતો નથી.

આ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનને લગતી બીજી હદીસોના સંપાદન અને પ્રકાશન તરફ ઝાઝું ધ્યાન આપવામાં આવ્યું ન હતું. દાખલા તરીકે આપના ગઝવાત એટલે ઇસ્લામના દુશ્મનો સાથે લડાયેલાં યુદ્ધોને લગતી હદીસો, આ જ રીતે આપના સરાયા એટલે લશ્કરી ટુકડીઓની હિલચાલને લગતી હદીસો, આપના મકતૂબાત એટલે બીજા મુલ્કોના બાદશાહો, રાજા મહારાજાઓના નામે લખાવેલા તબલીગી કાગળો, આપના કરારનામાઓ, સુલેહનામાઓ અને બીજા સરકારી દસ્તાવેજોને લગતી હદીસો વગેરે.

૧. સીરતુર-રસૂલનો દીબાચો લેખક મવલાના શેખ ઇસ્માઇલ પાનીપતી પેજ ૧૦ હવાલો : ફત્હુલ બારી જિલ્દ ૧ પેજ - ૧૭૪

આ બધી વાતો પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ૬૩ વરસના નૂરાની જીવન સાથે સંકળાયેલી હોવાથી હદીસની જ વ્યાખ્યામાં આવી જાય છે. જેવી રીતે કવલે-રસૂલ, ફેઅલે-રસૂલ, તકરીરે-રસૂલ, સૂરતે-રસૂલ, સુન્નતે-રસૂલની રિવાયતો હદીસ ગણાય છે કેમકે એ આપના જીવન-ચરિત્રના જ વિવિધ વિભાગો છે. વાંચકો જાણે છે તેમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના, હિજરત પછીના પૂરાં દસ વરસો ઇસ્લામના કુફ્રવાદી દુશ્મનોનો મુકાબલો કરવામાં જ પસાર થઇ ગયાં. જેથી આપની લશ્કરી હિલચાલો હોય કે દુશ્મનો સાથેની જિહાદી લડાઇઓ હોય, બધાનો હદીસમાં જ સમાવેશ થઇ જાય છે.

કુર્આન અને હદીસના ધુરંધર આલિમોએ અને સીરત-શાસ્ત્રના પ્રખર અભ્યાસીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જીવન-ચરિત્રની બે ભાગોમાં વહેંચણી કરી છે. પહેલા ભાગને તેઓ ''સીરતે-રસૂલ''નું નામ આપે છે અને બીજા ભાગને તેઓ ''મગાઝીએ-રસૂલ'' કહે છે.

સીરતે-રસૂલના અર્થમાં આપના અખ્લાક, આપના સંસ્કાર, આપની રહેણીકરણી, આપના નીતિનિયમો, આપની ઇબાદતોના તરીકાઓ અને આપની જીવન-પધ્ધતિ વગેરેનો સમાવેશ થાય છે. અને મગાઝીએ-રસૂલના અર્થમાં આપની જિહાદી લડાઇઓ, આપની લશ્કરી હિલચાલો, જિહાદના નીતિનિયમો, જિહાદના કાયદા-કાનૂનો, દુશ્મનો સાથેના સુલેહનામાઓ, કરારનામાઓ વગેરેનો સમાવેશ થાય છે. એમાં જે ''મગાઝી'' શબ્દ છે એ અરબીના ''મગાઝા'' શબ્દનું બહુવચન છે જેના અર્થ છેઃ ''અલ્લાહના રાહમાં, અલ્લાહના કાનૂન મુજબ, અલ્લાહના દુશ્મનો સાથે જિહાદ કરનારા મુજાહિદોનું જીવન-ચરિત્ર.''

હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ૬૩ વરસના નૂરાની જીવનના આ બંને ભાગોને ભેગા કરીને તેનું વર્ણન કરવામાં આવે અથવા કલમથી લખીને તેને પુસ્તકનું રૂપ આપવામાં આવે તો એનું જ નામ સીરતુન-નબી કે સીરતે-રસૂલ કે સીરતુલ-મુસ્તફા છે. અર્થાતઃ અલ્લાહના પ્યારા નબી, અલ્લાહના પ્યારા રસૂલ, અલ્લાહના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું નૂરાની જીવન-ચરિત્ર.

અત્યારે માનવંતા વાંચકના હાથમાં અલ્લામા ઇબ્ને હિશામનું લખેલું સીરતુન-નબી નામે જે પુસ્તક છે, જેને આપ વાંચી રહ્યા છો, એ હકીકતમાં મગાઝીએ-રસૂલ પણ છે અને સીરતે-રસૂલ પણ છે. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના બંને ભાગોને ભેગા કરી દેવામાં આવ્યા છે. એમાં આપની, ઇસ્લામના દુશ્મનો સાથેની લડાઇઓનો વિગતવાર અહવાલ પણ સનદી રીતે ટાંકવામાં આવ્યો છે અને આપના ૬૩ વરસના નૂરાની જીવનનો પુરો અહવાલ પણ પ્રમાણભૂત રીતે દર્શાવવામાં આવ્યો છે.

માનવંતા સહાબા પેઠે સહાબાના શાગિર્દોએ પણ અત્યાર સુધી મગાઝીએ-રસૂલ અને સીરતે-રસૂલને લગતી હદીસોના લેખન-સંપાદન તરફ ઝાઝું ધ્યાન આપ્યું ન હતું. અલબત્ત કુર્આન અને હદીસના શિક્ષણની કલાસોમાં તથા વઅઝો, ખુત્બાઓ કે પ્રવચનોમાં તેઓ એનું સચોટ બયાન મૌખિક રીતે જરૂર કરતા હતા. પણ બા-કાયદા તેનો સંગ્રહ કરીને અને કલમથી તેનું સં[illegible]ન કરીને તેને પુસ્તકનું રૂપ આપવાની શરૂઆત કરી ન હતી.

એની શરૂઆત કરવાનું માન પણ ઉમવી ખિલાફતના દરવેશ શહેનશાહ અમીરૂલ-મુઅમિનીન હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝના ફાળે જાય છે. એમના શાસનકાળમાં જેવી રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

વસલ્લમની બીજી હદીસોનું સંપાદન, પ્રકાશન અને પ્રસારણ સરકારી ધોરણે થયું તેવી જ રીતે મગાઝીએ-રસૂલ અને સીરતે-રસૂલનું સંપાદન અને પ્રકાશન સરકારી ધોરણે થયું.

હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ

હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝની ખિલાફતમાં હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારી એક ખ્યાતનામ તાબિઈ હતા. ઇસ્લામી ઉલુમની દરેક કળાના પ્રખર જ્ઞાની તરીકે તાબિઈનમાં માનમોભાનું ઊંચું સ્થાન ધરાવતા હતા. ખાસ કરીને મગાઝીએ-રસૂલ અને સીરતે-રસૂલની માહિતીઓના સૌથી મોટા જાણકાર તરીકે પંકાયેલા હતા. આ વિષયોનું સવિશેષ જ્ઞાન એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા સહાબાની સોહબતમાં રહીને ભારે મહેનતથી મેળવ્યું હતું.

હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝે એમને દરબારમાં પધારવાનું આમંત્રણ આપ્યું. એમના મોભાને છાજે તેવા માનપાનથી એમને બિરદાવ્યા અને સવિનય વાણીમાં વિનંતી રૂપે કહ્યું :

> "હે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઇલ્મી વારસાના વારસદાર ! જુઓ, ઇલ્મને છુપાવવાથી તે મટી જાય છે. અને આલિમના મરણ સાથે ઇલ્મ પણ તેની કબરમાં દફન થઈ જાય છે. મારી દરખાસ્ત છે કે આપ દમિશ્કની જામિઅ મસ્જિદમાં બેસીને અલ્લાહના બંદાઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગઝવાત અને આપના નૂરાની જીવનના હાલાત સંભળાવો અને બા-કાયદા કલાસો ચાલુ કરીને વિદ્યાર્થીઓને તેનું શિક્ષણ આપો."

હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારીએ અમીરૂલ-મુઅમિનીનના શાહી હુકમનું પાલન કર્યું અને વફાત પામ્યા ત્યાં સુધી દમિશ્કની જામિઅ મસ્જિદમાં બેસીને આ અઝીમુશ-શાન સેવા બજાવતા રહ્યા. એ દરમિયાન અલ્લાહના હજારો બંદાઓ અને બેશુમાર વિદ્યાર્થીઓ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગઝવાત, સરાયા અને સીરતની અવનવી માહિતીઓનું જ્ઞાન મેળવવા ભાગ્યશાળી થયા.

તાબિઈનમાં એટલે સહાબાના શાગિર્દોમાં હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ પહેલા બુઝુર્ગ છે જેમણે મગાઝી અને સીરતની હદીસોને તારવી લઈને તેને નોખું રૂપ આપવાની પહેલ કરી. હઝરત આસિમ અન્સારી હિજરી સન ૧૨૧ માં વફાત પામ્યા. અલ્લાહની લાખો રહમતો હો એમના પવિત્ર આત્મા પર ![1]

ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરી

હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહએ દમિશ્કની જામિઅ મસ્જિદમાં બેસીને લોકોને અને વિદ્યાર્થીઓને તાલિક રીતે મગાઝી અને સીરતનું શિક્ષણ આપ્યું. એમના જ સમયમાં સૌથી પહેલાં જે વિદ્વાને ગઝવાત અને સીરતના સાહિત્યને વ્યવસ્થિત રીતે એકત્ર કર્યું અને પછી લેખિત રીતે તેનું સંપાદન કરીને બા-કાયદા તેને પુસ્તકનું રૂપ આપ્યું તેમનું નામ મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરી છે જેઓ ઇતિહાસમાં ઇમામ ઝુહરી કે ઇમામ

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિલ્દ ૧ પેજ ૮૮ - સીરતે-રસૂલની પ્રસ્તાવના પેજ ૨૩

ઇબ્ને શિહાબ ઝુહરીના નામે પંકાયેલા છે.

વાંચકના હાથમાં ઇબ્ને હિશામનું જે નૂરાની પુસ્તક છે એના વાંચનથી ખબર પડશે કે એની રિવાયતોમાં ઇમામ ઇબ્ને શિહાબનું નામ વારંવાર આવતું રહે છે. ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરીએ મગાઝી-એ-રસૂલ અને સીરતે-રસૂલના વિષય પર જે નૂરાની પુસ્તક રચ્યું તેનું નામ ''કિતાબુલ-મગાઝી'' છે. ઇમામ સુહૈલીએ આ પુસ્તક વિશે પોતાનાં અભિપ્રાય દર્શાવતાં લખ્યું છે કે, ''ઇબ્ને શિહાબનું આ પુસ્તક મગાઝીના વિષય પર સૌથી પહેલું પુસ્તક છે.''

ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરી ઊંચા પાયાના તાબિઇ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘણા સહાબાના દર્શન કર્યાં હતાં. સહાબાની નૂરાની સંગતમાં રહીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનની બેશુમાર માહિતીઓ મેળવી હતી. તે સમયે મદીનહમાં સહાબા સિવાય એમનાથી મોટો બીજો કોઇ આલિમ કે ધર્મજ્ઞાની ન હતો. જેટલી માહિતી અને જાણકારી સીરતે-નબવી અંગે એમણે માનવંતા સહાબા પાસેથી મેળવી હતી તેમાં એમની તોલે પહોંચનારૂં કોઇ ન હતું. ઉમવી ખિલાફતના દરવેશ બાદશાહ હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝ એમના વિષે ફરમાવ્યા કરતા : ''આ યુગમાં ઇબ્ને શિહાબ ઝુહરીથી મોટો ઉલૂમે-દીનનો બીજો કોઇ આલિમ મેં જોયો નથી. ''અલ્લામા શિબ્લી નુઅમાની''''સીરતુન નબી '' જિલ્દ ૧ ના દીબાચામાં લખે છે :

> ''ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરી પોતાના યુગના ''અઅ-લમુલ-ઉલમા'' એટલે ધર્મજ્ઞાનીઓમાં સૌથી વિશાળ જ્ઞાન ધરાવનારા વિદ્વાન હતા. ઇલ્મે-ફિકહ અને ઇલ્મે-હદીસમાં કોઇ એમનો હમસર ન હતો. હઝરત ઇમામ બુખારીના ''શૈખુશ-શુયૂખ'' એટલે ઇમામ બુખારીના ઉસ્તાદોના શિરમોર હતા. હદીસો અને રિવાયતોના સંશોધન તથા સંપાદનમાં પારાવાર યાતનાઓ વેઠી;એવી રીતે કે મદીનહમાં એક-એક અનસારીના ઘરે પહોંચી જતા. જવાન, વૃધ્ધ, સ્ત્રી, પુરૂષ જે કોઇ મળતું, એટલે સુધી કે પર્દા-નશીન ખાતૂનો સુધ્ધાંને મળીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કથન, વચન, વર્તન અને અમલ વિષે પૂછપરછ કરતા અને જે કંઇ માહિતી મળી આવતી, તપાસ તહકીક પછી તેને કલમબંધ કરી લેતા.
>
> એમનું પૂરૂં નામ મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ છે. પોતે કુરૈશી હતા. હિજરી સન ૫૦ અથવા ૫૧ માં જન્મ પામ્યા. ઘણા સહાબાને પોતાની આંખે જોયા. હિજરી સન ૮૦ માં ખલીફા અબ્દુલ-મલિક બિન મરવાનના દરબારમાં ગયા. તેણે એમને આવકારીને માનસન્માનથી વધાવી લીધા. સીરતે-નબવીને લગતો એમનો ''કિતાબુલ-મગાઝી'' ગ્રંથ એમણે ઉમર બિન અબ્દુલ-અઝીઝની ફર્માઇશથી લખ્યો હતો.
>
> આ વાત નોંધપાત્ર છે કે ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરી બાદશાહોના દરબાર સાથે સંકળાયેલા હતા અને માનીતા દરબારીઓમાં પ્રતિષ્ઠાનું આગવું સ્થાન ધરાવતા હતા. ખલીફા અબ્દુલ-મલિકના મરણ પછી ખલીફા હિશામ બિન અબ્દુલ-મલિકે પોતાના બાળકોનું શિક્ષણ એમને હવાલે કર્યું હતું. ઇમામ ઝુહરી હિજરી સન ૧૨૪ માં ૭૩ વરસની વયે વફાત

પામ્યા.''૧

મતલબ કે ઈમામ ઈબ્ને શિહાબે પારાવાર ઝેહમતો વેઠીને તૈયાર કરેલો ''કિતાબુલ-મગાઝી'' ગ્રંથ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગઝવાત, સરાયા અને સીરત અંગે અરબી ભાષાનો સૌથી પહેલો આગવો, અનેરો, અનોખો, દળદાર ગ્રંથ હતો. મગર અફસોસ ! સીરત-સાહિત્યનો આ અનમોલ ખઝાનો સમયના પ્રવાહની સાથે દુર્લભ બનતો ગયો અને લોકોની નજરથી અલોપ થતો છેવટે અપ્રાપ્ય બની ગયો. હવે એની કોઈ નકલ કે પ્રત, કોઈ કુતુબખાના કે લાયબ્રેરીમાં મળતી નથી. અલબત્ત એમના શાગિર્દો કે એમના અનુગામીઓએ લખેલા સીરત-ગ્રંથોમાં એના હવાલા જરૂર મળે છે.

હઝરત મૂસા બિન ઉકબહ

ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરીના બેશુમાર શાગિર્દોમાં કેટલાક એવા હતા જેઓએ સીરત અને મગાઝીની કળામાં સવિશેષ નામના મેળવી લીધી હતી. જેમકે હઝરત યઅકૂબ બિન ઈબ્રાહીમ, હઝરત મુહંમદ બિન સાલિહ તમ્માર, હઝરત અબ્દુર્રહમાન બિન અબ્દુલ-અઝીઝ. એમાંના દરેક આલિમને અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ ''સાહિબુલ-મગાઝી''ના માનભર્યા વિશેષણે બિરદાવ્યા છે.

પરંતુ ઈમામ ઝુહરીના બેશુમાર શાગિર્દોમાં બે શાગિર્દો એવા હતા જેઓએ મગાઝી અને સીરત-લેખનની કળામાં દેખીતી રીતે નામના મેળવી લીધી હતી. એમાંના એક હતા મૂસા બિન ઉકબહ અને બીજા મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબી. આ બંને વિદ્વાનોએ જે કીર્તિ, જે સિદ્ધિ, જે ખ્યાતિ, મગાઝી અને સીરતની કળામાં મેળવી, જગતના ઈતિહાસમાં તેનો જવાબ નથી. ઈતિહાસકારો અને સીરત-લેખકોએ બંને વિદ્વાનોને ''ફન્ને-મગાઝીના ઈમામ'' તરીકે એકમતે વધાવી લીધા છે.

હઝરત મૂસા બિન ઉકબહ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર સહાબી હઝરત ઝુબૈરના ખાનદાની ગુલામ હતા અને મશહૂર સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરના શાગિર્દ હતા અને માલિકી મસ્લકના મશહૂર ઈમામ હઝરત માલિક બિન અનસના ઉસ્તાદ હતા. ઈમામ માલિકે હદીસનું શિક્ષણ એમની પાસે લીધું હતું. પોતે લોકોને કહ્યા કરતા : ''મગાઝીનું શિક્ષણ લેવું હોય તો મારા ઉસ્તાદ મૂસા બિન ઉકબહ પાસે જાવ.''

હઝરત મૂસા બિન ઉકબહએ પણ વરસોની મેહનતથી ફન્ને મગાઝી પર એક ગ્રંથ રચ્યો હતો તેનું નામ પણ ''કિતાબુલ-મગાઝી'' હતું. પરંતુ અફસોસ ! એમનો આ અમૂલ્ય ગ્રંથ પણ કાળચક્રની સાથે ગુમનામીના ખપ્પરમાં હોમાય ગયો. અલબત્ત બાદના સીરત લેખકોની કૃતિઓમાં આ ગ્રંથના જે હવાલા કે દાખલા મળે છે તેનાથી એની ભવ્યતાનું અનુમાન કરી શકાય છે. હઝરત મૂસા બિન ઉકબહ સન હિજરી ૧૪૧ માં વફાત પામ્યા. ૨

---

૧. સીરતુન-નબી જિલ્દ ૧ પેજ ૨૧-૨૨ - સીરતુર-રસૂલ પેજ ૨૪

૨. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ ૧ પા. ૨૨

Maktabe Ashraf

અલ્લામા મુહંમદ બિન ઈસ્હાક

ઈમામ ઇબ્ને શિહાબ ઝુહરીના બીજા નામચીન અને વિદ્વાન શાગિર્દ અલ્લામા મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબી છે. જેઓ ઇતિહાસમાં "ઇબ્ને ઈસ્હાક"ના ટૂંકા નામે જાણીતા છે. માનવંતા તાબિઈનમાં ઊંચો દરજ્જો ધરાવે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર સહાબી હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુના દર્શન કર્યા હતાં. ઈમામ ઝુહરીના બેહદ માનીતા, સૌથી વધુ ચંચળ અને સૌથી વધુ ખંતીલા શાગિર્દ હતા. ફન્ને-મગાઝીના સૌથી મોટા ઈમામ તરીકે સૌથી વધારે કીર્તિ અને પ્રસિધ્ધિ એમણે જ મેળવી છે. વાંચકના હાથમાં અલ્લામા ઇબ્ને હિશામનું જે પુસ્તક છે તે અસલમાં અલ્લામા ઇબ્ને ઇસ્હાકનું જ લખેલું પુસ્તક છે. વરસોની મેહનત અને ઝેહમતથી લખેલા આ પુસ્તકનું નામ "કિતાબુલ-મગાઝી વસ-સિયર" હતું જે સીરત-સાહિત્યમાં પાયાનું સ્થાન ધરાવતું હતું. એમના પછીના ઘણાખરા સીરતકારોએ ઇબ્ને ઇસ્હાકના આ સીરત-ગ્રંથને આધારે જ પોતાના સીરત-ગ્રંથો લખ્યા છે. તેઓએ ઠેકઠેકાણે એના હવાલા ટાંકીને પોતાનું પુસ્તક સનદી હોવાની ખાતરી કરાવી છે.

સીરત-સાહિત્યના વિદ્વાનોનું મંતવ્ય છે કે ઇબ્ને ઇસ્હાક આ ગ્રંથ નહિ લખત તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉમ્મત, આપના નૂરાની જીવનના ઘણાખરા બનાવોની માહિતીથી મહરૂમ રહી જતે, પણ ધન્ય છે ઇબ્ને ઇસ્હાકની હિંમતને કે, દુનિયાના કામધંધા છોડીને એજ કામ પાછળ મંડી પડયા અને છેવટે તેને પૂરૂં કરીને જંપ્યા. ઇબ્ને ઇસ્હાકનો આપણે જેટલો આભાર માનીએ તેટલો થોડો છે. કેમકે એજ હિંમતવાન અને સાહસિક બુઝુર્ગની તનતોડ કોશિશોના ફળરૂપે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનની ઘણીખરી માહિતીઓ મેળવવા આપણે ભાગ્યશાળી થયા.

એમ તો બીજા કલમકારોએ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક જીવનની દિલકશ તસવીરો ખેંચેલી છે અને અવનવી શૈલીએ આપના જીવન ચરિત્રો લખ્યાં છે પણ એ બધા કલમકારોમાં "અવ્વલિયત"કે મોખરેનું જે માન અલ્લામા ઇબ્ને ઇસ્હાક ખાટેલા છે તે માન એમની પાસેથી કોઈ આંચકી શકે એમ નથી. અલ્લામા શિબ્લી નુઅમાની સીરતુન-નબીના દીબાચામાં લખે છે :

> "અલ્લામા ઇબ્ને ઇસ્હાકે મગાઝી અને સીરતની કળાને એટલી વિકસાવી, એટલી દિલચસ્પ બનાવી અને તરક્કીની ટોચે પહોંચાડી કે તેમના સમયના અબ્બાસી ખલીફાઓ, જેઓ જુદા જ પ્રકારના સાહિત્ય વાંચનમાં રસ ધરાવતા હતા, હવે તેઓ સીરત-સાહિત્યના વાંચનમાં રસ લેવા લાગ્યા. પ્રખ્યાત ઇતિહાસકાર ઇબ્ને અદીએ ઇબ્ને ઇસ્હાકના આ ઉપકારની નોંધ લેતાં લખ્યું છે કે, ઇબ્ને ઇસ્હાકે આ સીરત-ગ્રંથ લખીને જગતભરના મુસલમાનો પર મોટો ઉપકાર કર્યો છે અને એમ તારીખ લખ્યું છે કે સીરત-સાહિત્યનું કોઈ પુસ્તક ઇબ્ને ઇસ્હાકના સીરતગ્રંથની તોલે આવી શકતું નથી."[૧]

અલ્લામા ઇબ્ને ઇસ્હાકનું પૂરૂં નામ મુહંમદ બિન ઈસ્હાક બિન યસાર છે. હિજરી સન ૧૫૧માં વફાત

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત સીરતુન-નબી જિલ્દ ૧ પ. ૨૪

પામ્યા. એમની બેનમૂન સીરત-કૃતિ જેનું નામ "કિતાબુલ-મગાઝી વસ-સિયર" હતું, જેને પારાવાર યાતનાઓ વેઠીને વરસોની ઝેહમતથી એમણે તૈયાર કરી હતી, મુદ્દત સુધી આશિકાને રસૂલમાં મકબૂલ થઈને વંચાતી રહી. મુસલમાનો પોતાના પ્રાણપ્યારા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું નૂરાની જીવન-ચરિત્ર વાંચીને પોતાનું ઈમાન તાજું કરતા રહ્યા. મોટા મોટા આલિમો અને સીરત-લેખકો એની આવૃત્તિઓ તૈયાર કરતા રહ્યા. ખુશ-નવીસ કાતિબો અને કલમકારો એની નકલો બનાવીને, આશિકાને-રસૂલની સીરત-વાંચનની ભૂખ સંતોષતા રહ્યા. પછી એક સમય આવ્યો જ્યારે કાતિબોની બેદરકારી કે કાળચક્રની બલિહારીથી ઈબ્ને ઈસ્હાકનો આ બેનમૂન અને અભૂતપૂર્વ સીરતગ્રંથ પણ નાયાબ થતાં-થતાં દ્રષ્ટિથી અલોપ થવા લાગ્યો અને છેવટે અપ્રાપ્ય બની ગયો. હવે શાયદ જ દુનિયાની કોઈ લાયબ્રેરીમાં એની કોઈ પ્રત મવજૂદ હોય.

અલ્લામા અબ્દુલ-મલિક બિન હિશામ

આકાએ-નામદાર, સરવરે-કાએનાત, રહમતે-દો-આલમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન-ચરિત્રને લગતા જેટલા સીરતગ્રંથોનું ઉપર વર્ણન કરવામાં આવ્યું, ઈતિહાસકારો અને સંશોધકોની તહકીક મુજબ એ બધાનું હવે દુનિયામાં નામો-નિશાન રહ્યું નથી. કાં એ સીરતગ્રંથોના ફક્ત નામો રહી ગયા છે કાં તેના હવાલા જોવામાં આવે છે જેને બાદના સીરત લેખકોએ એ સીરતગ્રંથોમાંથી ટાંકેલા છે. પરંતુ અલ્લાહની ઈનાયત જુઓ અને મુસલમાનોની ખુશનસીબી જુઓ કે એજ જમાનામાં એક એવો બા-કમાલ ઈતિહાસકાર અને ઊંચા પાયાનો સાહિત્યકાર અરબની ભૂમિમાં પ્રગટ થયો જેણે પોતાની પાણીદાર કલમથી, ધારાવાહી લેખનશૈલીમાં સીરતે-નબવીને લગતો એવો શાનદાર અને નૂરાની ગ્રંથ રચ્યો જેણે જગતભરના આશિકાને-રસૂલને અગાઉના લેખકોની સીરત-કૃતિઓથી બે-નિયાઝ કરી દીધા. આ વિદ્વાન કલમકારે વરસોની તહકીક અને વરસોની અથાક મેહનતના ફળરૂપે આશિકાને-રસૂલના હાથોમાં સીરતે-નબવીને લગતું એવું અજોડ, અનન્ય, મુકમ્મલ અને સનદી પુસ્તક મૂકી દીધું જે ભાવિના દરેક યુગમાં જગતભરના સીરત-લેખકો માટે રોશનીના મિનાર-રૂપ બની ગયું.

એ બા-કમાલ સાહિત્યકારનું નામ છે : અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ બિન ઐયૂબ અલ-હિમ્યરી, અલ-મઆફિરી, અલ-બસરી, જેઓ ઈસ્લામી આલમમાં અને ઈસ્લામી તવારીખમાં "ઈબ્ને હિશામ"ના ટચૂકડા અને હુલામણા નામે પંકાયેલા છે. ઈસ્લામી ઉલૂમના પ્રખર આલિમ હોવા ઉપરાંત અરબી ભાષાના મહાન સાહિત્યકાર તરીકે અરબભરમાં ચોમેર એમની કીર્તિ પ્રસરેલી હતી. આલિમો, અદીબો, શાઈરોની ગમે તે મજલિસમાં પહોંચી જતા, લોકો માનપાનથી બિરદાવી લેતા.

અલ્લામા ઈબ્ને હિશામ મુલ્કે-ઈરાકના મશહૂર શહેર બસરામાં જન્મ પામ્યા. કિશોર વયમાં જ બસરાથી હિજરત કરીને પોતાના ખાનદાની વડીલો સાથે મુલ્કે-મિસર ચાલ્યા ગયા. જીવનનો મોટો ભાગ મિસરમાં જ બસર કર્યો. અહીંની જ તઅલીમ-ગાહોમાં એમણે કુર્આને-કરીમ અને હદીસે પાકનું શિક્ષણ લીધું. અને ભારે ખંત તથા ઉત્સાહથી મેહનત કરીને તે સમયની પ્રચલિત વિદ્યાઓમાં પારંગત થયા. ઈલ્મે-હદીસ અને ઈલ્મે-તવારીખના મોટા જ્ઞાની હતા. પોતે યમનના રાજવંશી હિમ્યર કબીલામાં જન્મેલા હોવાથી હિમ્યર કબીલાના

બાદશાહોનો ઇતિહાસ લખ્યો જે આજે પણ "કિતાબ ફિ-નિસાબે-હિમ્યર વ મુલૂકુહા"ના નામે મવજૂદ છે.[1]

આ બધી ઇલ્મી-અદબી કાબેલિયત હોવા ઉપરાંત જે લા-જવાબ અને નૂરાની પુસ્તકે એમના માથે અમર કીર્તિ અને અજોડ સિધ્ધિનો યશસ્વી તાજ શોભાવ્યો તે એમની લા-જવાબ કિતાબ સીરતુન નબી છે. એજ કિતાબ અત્યારે વાંચકના હાથમાં છે જે "સીરતે-ઇબ્ને હિશામ"ના નામે વારંવાર પ્રગટ થઇને દુનિયાભરના મુસલમાનોનું ઇમાન તાજું કરી રહી છે.

કિતાબુલ-મગાઝીનું નવતર રૂપ

અલ્લામા ઇબ્ને હિશામની આ સીરતુન-નબી હકીકતમાં અલ્લામા ઇબ્ને ઇસ્હાકની "કિતાબુલ-મગાઝી વસ-સિયર"નો બેહદ સરલ, મુકમ્મલ અને બેહતરીન ખુલાસો છે. અલ્લામા ઇબ્ને હિશામે અલ્લામા ઇબ્ને ઇસ્હાકની આ સીરત-કૃતિને બહુ ચીવટ, ખંત અને કાળજીથી તદ્દન નવતર રૂપ આપી દીધું છે. સીરત સાહિત્યના નિષ્ણાતોના મંતવ્ય મુજબ ઇબ્ને હિશામની આ નવતર "સીરતુન-નબી"ના પ્રકાશન પછી ઇબ્ને ઇસ્હાકની "કિતાબુલ-મગાઝી વસ-સિયર"ની હવે મુદ્દલ જરૂર રહી નથી. કેમકે ઇબ્ને હિશામે ઇબ્ને ઇસ્હાકના સીરતગ્રંથનું એવી તો ખૂબીથી સંસ્કરણ કર્યું છે અને કલમની કારીગરીથી તેને આંજીમાંજીને એવી રીતે શણગારી છે કે તેના જાહેર અને બાતિની બંને રૂપને ચાર ચાંદ લાગી ગયા છે. ઇબ્ને હિશામ વગર બીજો કોઇ કલમકાર શાયદ જ આટલી ખૂબીથી એને શણગારી શકતે.

ઇબ્ને ઇસ્હાકના સીરતગ્રંથમાં જ્યાં ઝઇફ કે કમજોર રિવાયતો આવેલી હતી, ઇબ્ને હિશામે તેની તહકીક અને ચકાસણી કરીને તેની જગાએ મજબૂત પાયાની સર્વસ્વીકૃત રિવાયતો ગોઠવી દીધી અને જે પ્રકરણોમાં જે તે પ્રસંગોને લગતી મહત્વની વાતો રહી જવા પામી, તહકીકને અંતે તેનો ઉમેરો કરીને તેના હવાલાઓની ચોખવટ કરી દીધી. મૂળ પુસ્તકની જે ઘટનાના પ્રસંગ કે સ્થળ બાબતે પોતાનો મતભેદ દર્શાવ્યો ત્યાં તેની દલીલ રજૂ કરી દીધી અને જે રિવાયતો સીરતે-નબવીના વિષય સાથે સુસંગત ન હતી તેને ખારિજ કરી દીધી. જે અઘરી ઇસ્તેલાહો, ભારેખમ પરિભાષાઓ અને ઉલઝનભરી સંજ્ઞાઓ અસલ કિતાબમાં આવેલી હતી તેનું સરલ શબ્દોમાં સ્પષ્ટીકરણ કરી દીધું. તે યુગના અરબના પંકાયેલા શાઇરોએ પોતાના યુગમાં બનેલા બનાવોને અનુસરીને રચેલા કસીદા-કાવ્યો અને મરસિયા-કાવ્યોની ચકાસણી કરીને તેના ખરા-ખોટા હોવા અંગે પોતાની તહકીક રજુ કરી દીધી અને એવા જ કાવ્યોને પોતાની નવતર કિતાબમાં સ્થાન આપ્યું જેના વિશે ખાતરી થઇ ગઇ કે બેશક, આ કાવ્ય એજ શાઇરે એજ પ્રસંગને અનુસરીને રચેલું છે.

સારાંશ કે ઇબ્ને ઇસ્હાકના અસલ સીરતગ્રંથને નજર સામે રાખીને આ ચોખવટો, ચકાસણીઓ, સ્પષ્ટીકરણો તથા સુધારા-વધારા સાથે ઇબ્ને હિશામે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન-ચરિત્રને સમગ્ર એક નવા, ન્યારા, આસાન, અનેરો, વધારે અર્થવાન, વધારે સનદી સીરતગ્રંથ તૈયાર કરી નાખ્યો જો કે ઇબ્ને હિશામની સીરતુન-નબીની પૂરી ઇમારત હકીકતમાં ઇબ્ને ઇસ્હાકની કિતાબુલ-મગાઝીના પાયા પર ચણાયેલી છે. ઇબ્ને હિશામે પોતાની પાણીદાર કલમની કારીગરીથી એને આંજીમાંજીને વધારે જાજરમાન, વધારે આકર્ષક, વધારે રસપ્રદ, વધારે સનદી કે પ્રમાણભૂત બનાવી દીધી છે.

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત સીરતુન-નબી જિલ્દ ૧ પેજ ૨૪

સીરતે-ઇબ્ને હિશામની મકબૂલિયત

અલ્લામા ઇબ્ને હિશામની એજ તે લાજવાબ સીરત-કૃતિ છે જે "સીરતે-ઇબ્ને હિશામ"ના ટચૂકડા નામે પ્રસિદ્ધિ પામીને સેંકડો વરસથી નસલ-દર-નસલ થતી આપણા સુધી પહોંચી છે. અલ્લાહની લાખો રહમતો હો ઇમામ મૂસા બિન ઉકબહ પર, ઇમામ આસિમ બિન ઉમર બિન કતાદહ પર, ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરી પર, અલ્લામા ઇબ્ને ઇસ્હાક પર અને એમના સમકાલિન બુઝુર્ગો પર ! એમણે રચેલા સીરતગ્રંથો આજે નાયાબ કે અપ્રાપ્ય બની ગયા છે. પણ એમના જ સીરતગ્રંથોને આધારે ઇબ્ને હિશામે લખેલો સીરત-ગ્રંથ આજે પણ જેમનો તેમ આપણા હાથોમાં મવજૂદ છે. દુનિયાભરના મુસ્લિમ અને બિનમુસ્લિમ કલમકારો સેંકડો વરસથી સીરતુન-નબીના નૂરાની વિષય પર નવા નવા પુસ્તકો અવનવી ઢબે લખતા આવ્યા છે. એમાંનું જવલ્લે જ કોઇ પુસ્તક હશે જેમાં ઇબ્ને હિશામની સીરતુન-નબીના હવાલા નહિ ટાંકેલા હોય. મોટા ભાગના સનદી અને દળદાર સીરત-ગ્રંથોમાં ઠેર-ઠેર એના હવાલા ટાંકેલા જોવામાં આવે છે. કેમકે એના હવાલા વગર કોઇ લેખક સીરતુન-નબીના વિષયને ન્યાય આપી શકતો નથી.

ઇબ્ને હિશામે સીરતુન-નબીના લેખનની શરૂઆત કોઇ-એવા તો શુભ ચોઘડિયે કરી હતી કે સદીઓના વહાણા વીતી જવા છતાં આજે પણ આ નૂરાની સીરત-કૃતિ, આશિકાને-રસૂલના દીનો-ઈમાનનું નૂરાની અંગ બનેલું છે. ઇબ્ને હિશામની આ લાજવાબ કિતાબ ખરૂં જોતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન-ચરિત્ર અંગે એક દસ્તાવેજી પુરાવાની હેસિયત ધરાવે છે. મુસ્લિમ કે બિનમુસ્લિમ તમામ સીરત-લેખકોએ ખુલ્લા દિલે અને સરખી રીતે એનો લાભ લીધો છે અને પોતાની સીરત-કૃતિઓમાં એના હવાલા ટાંકીને વાંચકોને ખાતરી કરાવી છે કે અમારી વાત કે અમારી દલીલની ખાતરી કરવી હોય તો સીરતે-ઇબ્ને હિશામની પહેલી કે બીજી જિલ્દ ઉપાડીને તેનો ફલાણો પેજ નંબર જોઇ લો.

સીરતે-ઇબ્ને હિશામની લોકપ્રિયતાનો પુરાવો આ છે કે અરબી ભાષામાં એની સંખ્યાબંધ આવૃત્તિઓ છપાઇને હાથોહાથ નીકળી ચૂકી છે. દુનિયાની જુદી-જુદી ભાષાઓમાં એના ભાષાન્તરો પ્રગટ થઇને મકબૂલિયત મેળવી ચૂકયાં છે. અંગ્રેજી, જર્મની, ફ્રેન્ચ, ફારસી અને ઉર્દૂમાં એના તરજુમા થઇ ચૂકયા છે. ઉર્દૂમાં એના અલગ-અલગ ચાર-પાંચ તરજુમા મવજૂદ છે. ગુજરાતી ભાષામાં આજ સુધી એના ગુજરાતી તરજુમાની ખોટ સાલતી હતી. હવે જનાબ હથુરણી સાહેબે એ ખોટ પૂરી દીધી છે. અલ્લાહ તઆલા દારૈનમાં એમને જઝાએ-ખૈર આપે ! અમારી જાણ મુજબ પ્રથમવાર અમે ઇબ્ને હિશામની આ અભૂતપૂર્વ અને સદાબહાર સીરત-કૃતિનો ગુજરાતી તરજુમો પુસ્તકરૂપે પ્રગટ કરવાનું માન મેળવીએ છીએ. આ સઆદત કે ખુશનસીબી બદલ અમે બારગાહે-ઇલાહીમાં અંતઃકરણથી તેના એહસાનોનો આભાર માનીએ છીએ.

સદાબહાર સીરત-કૃતિ

અંતમાં આટલું જ લખીને ટૂંકાવીએ છીએ કે અલ્લામા ઇબ્ને હિશામની આ સીરતુન-નબી, અલ્લાહના આખેરી નબી અને મુસલમાનોના આકા તથા મવલા, રહમતે-લિલ-આલમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જીવન-ચરિત્ર પર એક સદાબહાર સીરત-કૃતિ છે. એના લેખક અલ્લામા ઇબ્ને હિશામ મુલ્કે મિસરના તારીખી

શહેર "કુસ્તાત"માં વફાત પામ્યા અને દુનિયા એક એવા આશિકે-રસૂલથી ખાલી થઇ ગઇ જેણે ઇશ્કે-નબીમાં ડૂબીને પોતાના આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવન પર એવું સદાબહાર પુસ્તક લખ્યું જેનો જગતના ઇતિહાસમાં જવાબ નથી. ઇબ્ને હિશામ પોતાના પાલનહારને પ્યારા થઇ ગયા પણ પોતાની પાછળ એવું સદાબહાર પુસ્તક મૂકતા ગયા જેની ભીની-ભીની, મીઠી-મધુરી ખુશ્બૂથી દુનિયા કિયામત સુધી મઘમઘતી રહેશે. અલ્લાહ તઆલાએ ચાહ્યું તો એજ સદાબહાર સીરત-કૃતિ કિયામતના દિવસે એમની નજાતનું કારણ બની જશે.

અલ્લાહની અપરંપાર રહમતો હો ઇબ્ને હિશામના પવિત્ર આત્મા પર ! જેઓ પોતાની પાછળ પોતાના આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની સીરતનો એવો સ્વચ્છ આઇનો મૂકી ગયા જેમાં દુનિયાભરના મુસલમાનો પોતાની સૂરતની સાથે પોતાની સીરતની સૂરત પણ જોઇ શકે છે.

અંતમાં હે મુસલમાનો ! અલ્લાહ અને તેના ફરિશ્તા આપણા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર દુરૂદ મોકલે છે. ચાલો આપણે પણ બારગાહે-ઇલાહીમાં વિનંતી કરીએ:

અલ્લાહુમ્મ ! સલ્લે અલા મુહમ-મદિંવ
વ અલા આલે મુહમ-મદિંવ
વ બારિક વ સલ્લિમ.

——————મુહંમદ યુસુફ સીદાત ચાસાવાલા (મરહૂમ)
——————લેસ્ટર તા. ૧ મુહર્રમ ૧૪૧૬ હિજરી.
——————મુતાબિક તા. ૩૦ મે ૧૯૯૫ ઇસ્વી.

નોટ : આ પ્રસ્તાવના નીચે લખેલી કિતાબોની મદદથી તૈયાર કરી છે.

૧.———સીરતુન-નબી. લેખક અલ્લામા શિબ્લી નુઅમાની. જિલ્દ ૧.
૨.———હયાતે-મુહંમદ. ઉર્દૂ તરજુમો: મવલાના મુહંમદ વારિસ કામિલ.
૩.———સીરતે-ઇબ્ને હિશામ. ઉર્દૂ તરજુમો : મવલાના શેખ મુહંમદ ઇસ્માઇલ પાનીપતી.
૪.———તારીખે-હિફાઝતે-હદીસ વ ઉસૂલે-હદીસ-લેખક : પ્રોફેસર ડૉક્ટર ફઝલે-અહમદ કરાંચી.
૫.———ખુતુબાતે-બહાવલપૂર. લેખક : ડૉક્ટર મુહંમદ હમીદુલ્લાહ પી.એચ.ડી. પૅરિસ.
૬.———તારીખે-કુર્આન. લેખક : મવલાના કારી શરીફ અહમદ ખતીબ: રેલ્વે મસ્જિદ કરાંચી
૭.———રસૂલે-અકરમકી સિયાસી ઝિન્દગી. લેખક : ડૉક્ટર હમીદુલ્લાહ - પૅરિસ.
૮.———અહદે-નબવી કી ઇસ્લામી સિયાસત લેખક : પ્રોફેસર અબ્દુલ-મુતઆલ મિસરી.
૯.———રસૂલુલ્લાહ કે મકતૂબાત-વ-મુઆહિદાત. લેખક: સૈયિદ મહબૂબ રઝવી. દેવબંદ

નોટ :———જનાબ સીદાત સાહેબની આ પ્રસ્તાવના આ પુસ્તકના ગુજરાતી સંપાદકની ચકાસણી અને ઇસ્લાહ પછી છાપવામાં આવી છે.

Maktabe Ashraf

સંપાદકની દર્દભરી નોંધ

બેહદ રંજો-ગમ સાથે લખવાનું કે આ પ્રસ્તાવનાના લેખક જનાબ હાજી મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાલા સાહેબ ઈંગ્લાંડના લેસ્ટર શહેરમાં તારીખ ૧૩ ફેબ્રુઆરી ૧૯૯૮ જુમઅહના મુબારક દિવસે સવારે સાડા દસ વાગે ટૂંક માંદગી બાદ અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન.

મરહૂમ મુહંમદભાઈના નેક-સાલિહ ફરઝંદ જનાબ અહમદભાઈ સીદાત સાહેબ પોતાના કાગળમાં લખે છે : અમારા માનવંતા મુરબ્બી વાલિદ સાહેબ તાં. ૧૩ ફેબ્રુઆરી ૧૯૯૮ જુમઅહના મુબારક દિવસે સવારે સાડા દસ વાગે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. રમઝાનુલ-મુબારકમાં એક પગનો દુખાવો થઈ આવ્યો હતો.કોઈક વાર અચાનક જીવ ગભરાય જતો. એમ તબીઅત અલ્લાહના ફઝલો-કરમથી સારી હતી. ઘરમાં હરતા ફરતા હતા. પોતાનો વધુ સમય અલ્લાહની યાદમાં અને લખવા વાંચવામાં પસાર કરતા હતા. વરસોથી એમના લેખો "વહોરા સમાચાર"માં છપાતા હતા. કોઈક જ અંક ખાલી જતો જેમાં મરહૂમ વાલિદ સાહેબનો લેખ છપાએલો ન હોય. દીનની વાતો અને બુર્ઝુગાને-દીનની વાતોનું લખાણ લખતા હતા.

તારીખ ૧૩ ફેબ્રુઆરી ૧૯૯૮ જુમઅહના મુબારક દિવસે સવારે એકાએક જીવ ગભરાયો અને થોડીક જ વારમાં અલ્લાહને પ્યારા થઈ ગયા. ઈન્ના લિલ્લાહે......સવારે સાડા દસ વાગે ઈન્તેકાલ થયો અને જુમઅહની નમાઝ બાદ પોણા ચાર વાગે દફન કરવામાં આવ્યા. છેવટ સુધી કોઈના મોહતાજ ન હતા. અમારે કોઈને કંઈ ચાકરી નહિ કરવી પડી.

મુરબ્બી વાલિદ સાહેબની વસીયત હતી કે જુમઅહના દિવસે ગુજરી જાઉં તો જુમઅહના દિવસે જ મને દફન કરી દેજો. અહીં ઈંગ્લાંડમાં જુમઅહના દિવસે દફન કરવું મુશ્કેલ છે. એના માટે ખટપટ કરવી પડે અને જો કામ ગુંચવાઈ જાય તો બે ત્રણ દિવસ મૈયતને સરકારી મોર્ચરીમાં રાખવું પડે અને પોસ્ટમોર્ટમ પણ કરે. અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી મરહૂમ વાલિદ સાહેબની દુઆ કબૂલ કરી અને દફનનું બધું કામ આસાનીથી પાર ઊતરી ગયું. મારા મુરબ્બી વાલિદ સાહેબના હકમાં મગફેરતની દુઆ કરશો. વસ્સલામ.

—લિ. અહમદ મુહંમદ યુસુફ સીદાત ચાસાવાલા.

—લેસ્ટર - ઈંગ્લાંડ- યૂ.કે.

વ્હાલા ભાઈ અહમદ સીદાત સાહેબ ! સલામ બાદ : આપના રંજો-ગમમાં અમે બરાબરના શરીક છીએ. અમારી દિલી દુઆ છે કે અલ્લાહ તઆલા આપના મરહૂમ વાલિદ સાહેબની બાલબાલ મગફેરત ફરમાવે અને જન્નતુલ-ફિરદૌસમાં તેમને અઅલા દરજાતથી સરફરાઝ ફરમાવે અને તમામ અહલે-ખાના તથા પસમાન્દગાંને સબ્રે-જમીલ, અજરે-જઝીલથી નવાઝે !

અમે આપના મરહૂમ વાલિદ સાહેબના હકમાં આ શબ્દોમાં દુઆ કરીએ છીએ:

અલ્લાહુમ-મગ-ફિરહુ વરહમ-હુ વ અદખિલ-હુ ફિલ-જન્નહ !

અલ્લાહુમ-મજઅલ કબ્રહૂ રવ-દતમ મિર-રિયાદિલ - જન્નહ !

અને અહમદભાઇ ! તમારે પોતાના માબાપના હકમાં આ પ્રમાણે દુઆ કરતા રહેવું:

રબ્બીર-હમહુમા કમા રબ્બયાની સગીરા !

દરેક મુસલમાનની અવલાદને અલ્લાહ તઆલાનો તાકીદી હુકમ છે કે તે પોતાના માબાપના હકમાં, આ કુર્આની આયતના નૂરાની શબ્દોમાં દુઆ માગતો રહે. ખુદ અલ્લાહ તઆલાએ મુસલમાનોની અવલાદને પોતાના માબાપ માટે આ દુઆ કરતા રહેવાનું ફરમાવ્યું છે. માબાપ ચાહે હયાત હોય કે નહિ હોય.

અફસોસ ! ઇબ્ને હિશામની સીરતુન-નબી જેવી અઝીમુશ-શાન કિતાબની આટલી સુંદર પ્રસ્તાવના લખનાર હાજી મુહંમદભાઇ સીદાત ચાસાવાલા હવે આપણી વચ્ચે આ દુનિયામાં નહિ રહ્યા અને આ નૂરાની કિતાબનું છપાયેલું રૂપ પોતાની આંખે જોવાની હસરત પોતાના દિલમાં લઇને અલ્લાહને પ્યારા થઇ ગયા. અમ્રે-ઇલાહીની સામે સરે-તસલીમ ખમ કરી દેવું અને "મરઝીએ-મવલા અઝ હમા અવલા"નું રાજીખુશીથી પાલન કરવું એક મુઅમિનની જ શાનને શોભી શકે:

કોન કહેતા હય કે મુઅમિન મર ગયા ?

કૈદ સે છૂટા, વોહ અપને ઘર ગયા !

રહમાનો-રહીમ અલ્લાહ, એ મુઅમિનના શાંતિ પામનારા જીવને પોતાની રહમતોના સાયામાં જગા આપે. પોતાની રિદા અને રિદવાનના ગુલદસ્તાથી નવાઝે !

બશર કો ચાહીએ કે હરદમ ખિયાલે-કઝા રહે !

હમ કયા રહેંગે જબ ન રસૂલે-ખુદા રહે !

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

——અહમદ મુહંમદ હથુરણી

——જોહાનિસબર્ગ : ૨૯ રજબ ૧૪૨૦ હિજરી.

——મુતાબિક : ૮ નવેમ્બર ૧૯૯૯ ઇસ્વી.

અલ-હમ્દુ લિલ્લાહિ રબ-બિલ આલમીન
વ સલાતુહૂ અલા સૈયિદિના
મુહમ્મદીંવ
-વ આલિહી
અજ-મઈન.

પ્રકરણ પહેલું

પવિત્ર વંશાવળી

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી આદમ અલૈહિસ-સલામ સુધી

મુબારક વંશવેલો • હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની વંશાવળી • ઈબ્ને હિશામની અગત્યની નોંધો • હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની અવલાદ • હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની વય અને મદ્ફન • હઝરત બીબી હાજિરહનું વતન • સહાબાને એક વસિય્યત • અદનાનની અવલાદ • અક્ક બિન અદનાન અને ગસ્સાન • મઅદ્દ બિન અદનાનનુ ખાનદાન • નુઅમાન બિન મુનઝિર.

મુબારક વંશવેલો————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ બિન ઐયૂબ અલ-હિમ્યરી કહે છે : આ પુસ્તક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર જીવન-ચરિત્રને લગતું છે. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર જીવનની તમામ વાતોનો, તમામ બનાવોનો, અમારી જાણ અને માહિતી મુજબ સનદી રીતે સમાવેશ કરી લેવામાં આવ્યો છે. આપનો મુબારક વંશવેલો આ પ્રમાણે છે:

✪ — મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

✪ — બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ-મુત્તલિબ. (અબ્દુલ-મુત્તલિબનું મૂળ નામ શૈબહ-અરબીમાં શૈબહના અર્થ વૃદ્ધ પુરૂષ થાય છે. પૈદાશ વેળા એમના માથામાં કેટલાક વાળ સફેદ હતા જેથી શૈબહ નામ રાખવામાં આવ્યું.)

✪ — બિન હાશિમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા. (એમનું મૂળ નામ અમ્ર હતું. રિવાયતોમાં છે કે અમ્રના સમયમાં અરબમાં દુકાળ પડયો તો એમણે શોરબામાં રોટલીઓ ચૂરીચૂરીને લોકોને

જમાડયા જેથી હાશિમ નામે પંકાઈ ગયા. અરબીમાં હાશિમનો અર્થ રોટલીઓ ચૂરનાર.)

✪ – બિન અબ્દે મનાફ (મૂળ નામ મુગીરહ હતું. બેહદ રૂપાળા હોવાથી ''કમરૂલ-બતહા''ના ઉપનામે પંકાયેલા હતા. કમર એટલે ચાંદ અને બતહાના અર્થ પથરીલી ભૂમીની ખીણ.)

✪ – બિન કુસૈય (અસલ નામ ઝૈદ. બહુ બહાદુર અને મુત્સદ્દી પુરૂષ હતા. વેરવિખેર કુરૈશને એકત્ર કરીને મક્કહમાં ''દારુન-નદવહ'' નામે મકાન બનાવ્યું જે અરબનું સૌથી પહેલું પાર્લામેન્ટ હાઉસ હતું.)

✪ બિન કિલાબ (મૂળ નામ હકીમ અથવા ઉર્વહ હતું. શિકારના ભારે શવકીન હોવાથી શિકારી કૂતરા પાળેલા હતા. જેથી કિલાબ નામે પંકાયા. અરબીમાં કિલાબ એટલે કૂતરા. એકવચન કલ્બ એટલે કૂતરો.)

✪ – બિન મુર્રહ (અરબીના ''મરારહ'' માંથી નીકળેલો શબ્દ છે જેના અર્થ કડવાશ થાય છે અને મુર્રહ એટલે બેહદ કડવો. આ ગૃહસ્થ વીરનર હોવાથી પોતાના દુશ્મનો માટે બેહદ કડવા કે આકરા હતા.)

✪ – બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર (ફિહરનું મૂળ નામ કુરૈશ હતું. કેટલાક કહે છે કે કુરૈશ એમનું ઉપનામ હતું. એમનાથી જ કુરૈશ કબીલાની શરૂઆત થઈ અને એમની જ અવલાદને કુરૈશ કહે છે. અરબીમાં પડછંદ કાયાની એક દરિયાઈ-માછલીને કુરૈશ કહે છે.)

✪ – બિન માલિક બિન નદ્ર (નદ્રનું અસલ નામ કૈસ હતું. પોતે બેહદ રૂપાળા, રતાશતા અને પ્રફુલ્લ ચેહરાના હોવાથી નદ્ર નામે પંકાયા. નદ્ર અરબીના ''નદારહ''થી નીકળેલો શબ્દ છે જેના અર્થ તાઝગી, રોનક, ચેહરાની પ્રફુલ્લતા વગેરે થાય છે.

✪ – બિન કિનાનહ બિન ખુઝૈમહ બિન મુદરિકહ (મુદરિકહનું મૂળ નામ આમિર.)

✪ – બિન ઈલ્યાસ બિન મુદર બિન નિઝાર બિન મઅદ્દ બિન અદનાન.....

(**ગુજરાતી સંપાદકની નોંધ :-** અદનાનથી ઉપરના વંશવેલા અંગે કોઈ વાત ચોક્કસ કે ખાતરી પૂર્વક નથી એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અદનાન સુધીની વંશાવળી સહીહ અને સનદી રિવાયતોથી સાબિત છે. એમાં કોઈ શંકા કે સંદેહને સ્થાન નથી. અલબત્ત અદનાનથી ઉપરની વંશકડીઓમાં મતભેદ પ્રવર્તે છે. અદનાન અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની ત્રીસમી અથવા ચાલીસમી પેઢીમાંથી હતા. હઝરત ઈમામ બુખારીએ પણ સહીહ બુખારીમાં અદનાન સુધીની વંશકડીના નામો દર્શાવેલાં છે. બાકીની વંશાવળીના નામો આગળ વાંચો :)

✪ – અદનાન બિન ઉદ્દ યા ઉવદ બિન મુકવ-વિમ બિન નાહૂર બિન તૈરહ બિન યઅરૂબ બિન યશજુબ બિન નાબિત બિન ઈસ્માઈલ અલૈહિસ-સલામ બિન ઈબ્રાહીમ ખલીલુર-રહમાન અલૈહિસ-સલામ બિન તારહ અથવા તારિહ (અસલ નામ આઝર)[1] બિન નાહૂર બિન સારૂગ બિન રાઊ બિન ફાલખ બિન ઐબર બિન શાલખ બિન અર-ફખશઝ બિન સામ બિન નૂહ અલૈહિસ સલામ બિન લમક બિન મતૂશલખ બિન

૧. તારહનું બીજુ નામ તારીખ તરીકે પણ આવેલું છે પણ મૂળ નામ આઝર છે. આઝર હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામનો બાપ હતો. કેટલાકના કથન મુજબ હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામનો કાકો હતો. આઝર પોતે કટ્ટર કાફિર અને મૂર્તિ પૂજક હોવા ઉપરાંત મૂર્તિઓ ઘડીને વેચવાનો ધંધો પણ સંચલાવતો હતો. મૂર્તિઓના વેપારમાં ભારે કમાણી હોવાથી છેવટ સુધી મુસલમાન નહિ બન્યો. મર્યો ત્યાં સુધી પોતાના બેટા હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામનો વિરોધ કરતો રહ્યો. અરબી ભાષામાં આઝરના અર્થ ગુમરાહ એટલે ભટકી ગયેલો માણસ. કુર્આન શરીફમાં આઝર નામ સાથે એનુ વર્ણન કરવામાં આવ્યુ છે. (કામૂસુલ-કુર્આન પેજ :) લુગાતી.

Maktabe Ashraf

અખનૂખ......

કેટલાક વંશજ્ઞાનીઓના મંતવ્ય મુજબ એજ અખનુખનું બીજું નામ હઝરત ઈદરીસ અલૈહિસ-સલામ છે જેઓ અલ્લાહના માનવંતા પયગમ્બર છે. અથવા તેઓ એજ અખનુંખ નામના ગૃહસ્થને અલ્લાહના નબી ઈદરીસ સમજે છે. એ વાત ખરી છે કે ખોટી તે અલ્લાહ બેહતર જાણે !

અને એજ ઈદરીસ હઝરત આદમ અલૈહિસ-સલામની અવલાદમાં તે ગૃહસ્થ છે જેમને અલ્લાહ તઆલા તરફથી સૌથી પહેલાં પયગમ્બરીની પદવી આપવામાં આવી અને એજ ઇદરીસ તે ગૃહસ્થ છે જેમણે આ દુનિયામાં સૌથી પહેલા કલમથી લખવાની શોધ અને શરૂઆત કરી.

✪ – અખનૂખ બિન યરઝ બિન મહલીલ બિન કૈનન બિન યાનિશ બિન શીસ અલૈહિસ-સલામ બિન આદમ અલૈહિસ સલામ.[1]

હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની વંશાવળી———— —ઈબ્ને હિશામ કહે છે : મુહંમદ બિન ઈસહાક મુત્તલબી એટલે ઈબ્ને ઈસહાકની રિવાયતથી ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુકકાઈએ[2] ઉપર દર્શાવેલી વંશાવળી, મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી આદમ અલૈહિસ-સલામ સુધી બયાન કરી છે અને સાથે હઝરત ઇદરીસ અલૈહિસ-સલામ વગેરેને લગતી કેટલીક વાતોનું પણ વર્ણન કરેલું છે.

પરંતુ ખલ્લાદ બિન કુર્રત બિન ખાલિદ સદૂસીએ શૈબાન બિન ઝુહૈર બિન શકીક બિન સૌરથી અને તેમણે કતાદહ વઆમહની રિવાયતથી અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની વંશાવળી આ પ્રમાણે દર્શાવી છે.

> ઈસ્માઈલ બિન ઇબ્રાહીમ ખલીલુર-રહમાન બિન તારેહ બિન નાહૂર બિન અશરગ બિન અરઊ બિન ફાલખ બિન આબિર બિન શાલખ બિન અર-ફખશઝ બિન સામ બિન નૂહ બિન લમક બિન મતૂશલખ બિન અખનૂખ બિન યરવા બિન મહલાઈલ બિન કાયિન બિન અનૂશ બિન શીસ બિન આદમ.

ઈબ્ને હિશામની અગત્યની નોંધો————ઈબ્ને હિશામ કહે છે : ઈન્શાઅલ્લાહ હું આ પુસ્તકનો આરંભ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પૂર્વજ હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામ બિન હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામના વર્ણનથી કરીશ અને પછી હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદમાંથી એવા લોકોનું બયાન કરીશ જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વંશવેલા સાથે સંકળાયેલા છે. હઝરત ઈસ્માઈલથી લઈને મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુધી જેટલી પેઢીઓ પસાર થઈ

૧. હઝરત આદમ અલૈહિસ-સલામ આપણા જગતના સૌથી પહેલા ઇન્સાન છે જેમને અલ્લાહ તઆલાએ પોતાના હાથથી ખણખણાટ કરતી માટીથી પેદા કર્યા જેથી એમનો લકબ ''અબુલ-બશર'' છે જેના અર્થ દુનિયાના તમામ ઈન્સાનોના બાપ. આદમ નામથી જ આલમમાં પ્રખ્યાત બન્યો. ''મુ''

૨. ઝિયાદ બિન અબ્દુલ્લાહ બિન તુફૈલ બુક્કાઈ, ઈબ્ને ઈસહાકના શાગિર્દ અને ઈબ્ને હિશામના ઉસ્તાદ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર જીવનની માહિતીઓ એકઠી કરવાની ધૂનમાં શાગિર્દ અને ઉસ્તાદ એટલે ઈબ્ને હિશામ અને બુક્કાઈ બંને પોતના ઘરબાર વેચીને નીકળી પડયા અને વરસો સુધી અહીં તહીં ધૂમી-ફરીને સીરતે-નબીને લગતી માહિતીઓ મેળવવા દર દરની ખાક છાનતા રહ્યા. સીરતે-નબીના વિષય પર અલ્લામા બુકકાઈ સૌથી વધુ વિશ્વાસપાત્ર રાવી ગણાય છે. હિજરી સન ૧૮૩માં વફાત પામ્યા. (અલ્લામા શિબ્લી નુઅમાની કૃત સીરતુન-નબી જિ.૧ પ.૩૧) મુ.

અને એ પેઢીઓમાં જેટલા લોકો પાકયા અને એ લોકો સાથે જે કંઇ બનાવો બન્યા એ બધી વાતોનું હું ક્રમવાર અને વિગતવાર બયાન કરીશ.

અલબત્ત ટૂંકાણના હેતુએ હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદમાંથી એવા લોકોનું વર્ણન જતું કરીશ જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વંશવેલા સાથે સંકળાયેલા નથી. એ ઉપરાંત ઈબ્ને ઈસ્હાકે પોતાના પુસ્તકમાં અમુક એવી વાતો ટાંકેલી છે જેનો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કોઇ સંબંધ નથી, ન કુર્આન કે હદીસમાં તેનો કોઇ ઉલ્લેખ કે ઈશારો મળે છે તો તેવી વાતોને પણ હું જતી કરીશ.

એ ઉપરાંત ઈબ્ને ઈસ્હાકે પોતાના પુસ્તકમાં કસીદા-કાવ્યો કે બીજા પ્રકારના જે કાવ્યો ટાંકેલા છે તેમાંથી સીરતે-નબવીના વિષય સાથે સુસંગત નહિ થતાં હોય તેવાં કાવ્યો કે કાવ્ય-પંકતિઓને પણ હું છાંટી નાખીશ. મારી ધારણા મુજબ કાવ્યકળાના વિદ્વાનોને પણ એ કાવ્યોની કશી ખબર નથી. કેટલીક એવી વાતોને પણ જતી કરીશ જેનું જીભ પર લાવવું સારૂં લાગતું નથી. વળી કેટલીક એવી રિવાયતોને પણ છોડી દઇશ જેને બુક્કાઇનો ટેકો મળેલો નથી અને બુકકાઈએ પોતાની રિવાયતમાં મારી આગળ તેનું વર્ણન કરેલું નથી.

એ સિવાય સીરતે-નબવીને લગતી જે કંઈ માહિતી મેં, પ્રમાણભૂત અને વિશ્વાસપાત્ર રાવીઓ કે વર્ણનકારોના મુખથી મેળવી છે તેને મારી જાણ મુજબ ઈન્શાઅલ્લાહ સંપૂર્ણ વિગતો સાથે બયાન કરીશ.

હઝરત ઈસ્માઈલની અવલાદ————ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઈએ મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબીની રિવાયતથી બયાન કર્યું કે અલ્લાહના નબી હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામ બિન હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામના ૧૨ પુત્રો હતા:

(૧) સૌથી મોટા પુત્રનું નામ નાબિત હતું. (૨) પછી કૈઝર અથવા કેદાર (૩) અઝબુલ અથવા અદબઈલ (૪) મબશા (૫) મિસ્મઆ અથવા મિશમઆ (૬) માશી (૭) દિમ્મા (૮) અઝર (૯) તૈમા (૧૦) યતૂર (૧૧) નબિશ અથવા નાફીશ (૧૨) કૈઝુમા અથવા કૈદુમા.[1]

આ બધા પુત્રોના અમ્માંજીનું નામ રઅલહ હતું અને રઅલહ, મિદાદ બિન અમ્ર જુરહુમી નામે ગૃહસ્થના પુત્રી હતાં. ઈબ્ને હિશામ કહે છે: કેટલાક લોકો મિદાદનો ઉચ્ચાર મુદાદ કરે છે.

કહેવાય છે કે મુદાદ અને જુરહુમ બે સગા ભાઈઓ હતા. જેઓના પિતાનું નામ કહતાન હતું. આ કહતાન નામે ગૃહસ્થ તમામ યમનવાસીઓના મૂળ પૂર્વજ તરીકે પંકાયેલા છે. અર્થાત : મુલ્કે યમનમાં વસનારા તમામ લોકોનો વંશવેલો કહતાનને જઈ મળે છે. કહતાનની વંશાવળી આ પ્રમાણે છે :

કહતાન બિન આમિર બિન શાલખ બિન અર-ફખશઝ બિન સામ બિન નૂહ અલૈહિસ-સલામ ઈબ્ને ઈસ્હાકની રિવાયત મુજબ જુરહુમના પિતાનું નામ યકતન બિન ઐબર બિન શાલખ હતું.

હઝરત ઈસ્માઈલની ઉંમર અને મદફન————ઈબ્ને ઈસ્હાકની રિવાયત મુજબ અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની ઉંમર-પ્રચલિત રિવાયત મુજબ ૧૩૦ વરસની હતી. આ ઉંમ-

1. આ બધા નામોના ઉચ્ચારમાં મતભેદ પ્રવર્તે છે : (૧) કૈઝર, કૈઝાર, કેદાર (૨) અઝબુલ, અદબીલ, અદબાલ (૩) મબશા, મબશાર, મબસામ (૪) માશી, મશા, મન્શા (૫) દિમ્મા, દિમ્મ, દમાર (૬) તૈમા, તૈમ (૭) નબિશ, નાબિશ (૮) કૈઝુમા, કૈદમ, કૈદમા કૈદમાન,કઝમહ ''હ''

આપની વફાત થઇ અને ખાનએ-કઅબહના ''હતીમ''માં ઉત્તર દિશાએ, આપના અમ્માંજી બીબી હાજિરહ અલૈહસ-સલામની કબર પાસે આપને દફન કરવામાં આવ્યા. અલ્લાહની અપાર રહમતો અને બરકતો હો મા-બેટાના નૂરાની આત્માઓ પર !

ઇબ્ને હિશામ કહે છે : અરબના લોકો હાજિરહ નામનો ઉચ્ચાર આજિરહ તરીકે પણ કરે છે. રોજની ઘરેલુ બોલીમાં તેઓ ''હ'' અક્ષરને ''અ''થી બદલવાને ટેવાયેલા છે જેમકે ''હાજર''ને ''આજર'' અને ''હરાકલ-માઅ'' ને અરાકલ-માઅ'' વગેરે.

હઝરત બીબી હાજિરહનું વતન————ઇબ્ને હિશામ કહે છે : મને અબ્દુલ્લાહ બિન વહબના મુખેથી અને તેમને અબ્દુલ્લાહ બિન લુહૈઅહના મુખેથી અને તેમને ગુફરહના આઝાદ ગુલામ ઉમરના મુખેથી આ રિવાયત મળી છે કે હઝરત બીબી હાજિરહ અલૈહસ-સલામનું વતન મિસર હતું. એજ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને, મિસરવાસીઓ સાથે ભલાઇનો ઉદાર વર્તાવ કરવાની તાકીદ કરતાં ફરમાવ્યું છે :

> ''હે લોકો ! મુલ્કે-મિસરના ''મદરહ'' સ્થળે વસનારા, શ્યામણા-સલૂણા,
> ઘૂંઘરીયાળ વાળોવાળા ઝિમ્મીઓ એટલે હબશીઓના મામલામાં અલ્લાહથી ડરજો, કેમકે
> તેઓની સાથે મારી વંશી સગાઇ પણ છે અને સુસરાલી સગાઇ પણ છે''

ગુફરહના આઝાદ ગુલામ ઉમર કહે છે: વંશી સગાઇ એવી રીતે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત ઈસ્માઇલ અલૈહિસ-સલામના વંશમાંથી હતા અને હઝરત ઈસ્માઇલના અમ્માંજી બીબી હાજિરહ મિસરના એજ ખાનદાનમાંથી હતાં.

અને સુસરાલી સગાઇ એવી રીતે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીબી મારિયહ કિબ્તીયહ નામે મિસરના એક ખાનદાની કન્યાની સાથે નિકાહ કર્યા હતા. બીબી મારિયહ કિબ્તીયહને, મિસરના તે સમયના ''મુકવ કિસ'' નામના બાદશાહે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ભેટ તરીકે અર્પણ કર્યા હતાં. આ બીબી મારિયહની કૂખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલા બેટા હઝરત ઇબ્રાહીમનો જન્મ થયો હતો. બીબી મારિયહ પણ મુલ્કે-મિસરના વતની હતાં.

ઇબ્ને લુહૈઅહનું કથન છે : હઝરત ઈસ્માઇલ અલૈહિસ-સલામના અમ્માંજી હઝરત હાજિરહ ''ઉમ્મુલ-અરબ''નામે એક વસતિના રહેવાસી હતાં. આ વસતિ મિસરના ''અલ-ફરમાઅ'' નામે શહેરની પાસે આવેલી હતી. [1] અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બેટા હઝરત ઇબ્રાહીમના માતાજી બીબી મારિયહ મિસરના ''અનસિબા'' નામે જિલ્લાના ''હફન'' ગામના રહેવાસી હતાં. મિસરના મુકવ-કિસ બાદશાહે એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ભેટ તરીકે અર્પણ કર્યા હોવાથી તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

૧. પ્રાચીન યુગમાં ''અલ-ફરમાઅ'' મિસરનું એક જાણીતું શહેર હતું. પોર્ટ સઇદની પૂર્વ દિશાએ સમુદ્રકાંઠેથી બે માઇલના અંતરે આવેલું હતું. તે સમયે એનું નામ પેલુસિયમ - PELUSIUM - હતું. મુલ્કે મિસરના મશહૂર વિજેતા હઝરત અમ્ર બિન આસે મિસર પર ચઢાઇ કરી ત્યારે સૌથી પહેલાં એજ શહેર પર કબજો કર્યો. એક રિવાયત મુજબ યૂનાનના નામાંકિત તબીબ જાલીનૂસની કબર અહીં હોવાથી એ શહેરની કીર્તિ ચોમેર પ્રસરેલી હતી. ''ઉમ્મુલ-અરબ'' નામે જે વસતિનો ઉલ્લેખ થયેલો છે, બીબી હાજિરહના સમયમાં કદાચ તેનું આ નામ નહિ હશે. બાદમાં બીબી હાજિરહના કારણે લોકો એને ''ઉમ્મુલ-અરબ'' કહેવા લાગ્યા હશે એટલે એવી વસતિ અથવા એવું સ્થળ જ્યાં ઈસ્માઇલી અરબોના નામવંતા માતાજી હઝરત બીબી હાજિરહ અલૈહિસ-સલામનો જન્મ થયો. (ઇબ્ને હિશામ જિ-૧ પા-૩૩નો હાશિયો)

અલૈહિ વ સલ્લમના કનીઝ હતાં.

એક રિવાયત એવી છે કે હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામના માતાજી બીબી હાજિરહ ''ઉમ્મુલ-અરબ'' એટલે સમગ્ર અરબવાસીઓના માતાજી ગણાય છે. આ કારણે તેઓ જે વસતિમાં રહેતાં હતાં તેનું નામ પણ ઉમ્મુલ-અરબ પડી ગયું.

સહાબાને એક વસિય્યત---------ઇબ્ને ઇસ્હાક કહે છે : મુહંમદ બિન મુસ્લિમ બિન ઉબૈદુલ્લાહ બિન શિહાબ ઝુહરીએ અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિક અન્સારીની રિવાયતથી કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું :

> ''હે લોકો ! જ્યારે તમે મિસર ફતેહ કરો તો ત્યાંના રહેવાસીઓ સાથે નેકીનો વર્તાવ કરવાની મારી વસિય્યત યાદ રાખજો કેમકે તેઓને લગતી એક પ્રકારની જવાબદારી છે અને તે છે કરાબત એટલે સગાઇ-સંબંધ.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : આ હદીસ સાંભળીને મેં ઇબ્ને શિહાબ ઝુહરીને પૂછયું, ''તે કઇ સગાઇ છે જેની વસિય્યત સહાબાને કરવામાં આવી ?''

ઇબ્ને શિહાબે જવાબ આપ્યો, ''ઇસ્માઇલ અલૈહિસ-સલામના અમ્માંજી હઝરત હાજિરહ મિસરવાસીઓના એજ ખાનદાનમાંથી હતાં.''

અરબવાસીઓના આદિપૂર્વજ---------ઇબ્ને હિશામ કહે છે : અરબ ખંડની ભૂમિ પર વસનારા તમામે તમામ અરબો હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામ અને કહતાનની અવલાદ છે. યમનના કેટલાક વંશજ્ઞાનીઓના મંતવ્ય મુજબ કહતાન, હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામની અવલાદમાંથી છે. એટલે જ હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામને ''અબુલ-અરબ'' કહેવામાં આવે છે એટલે તમામ અરબોના બાપ અથવા અરબ ખંડના અસલી અરબોના આદિપુરૂષ.

ઇબ્ને ઇસ્હાકે અરબોની વંશાવળી આ રીતે દર્શાવી છે : આદ બિન અવઝ બિન ઇરમ બિન સામ બિન નૂહ અલૈહિસ-સલામ અને સમૂદ તથા જદીસ એ બંને આબિર બિન ઇરમ બિન સામ બિન નૂહના બેટાઓ છે. અને તસ્મ તથા ઇમલાક તથા ઉમૈમ એ ત્રણે લાવિઝ બિન સામ બિન નૂહના બેટાઓ છે. અને એમના તમામ સંતાનો, તમામ ખાનદાનો અને ખાનદાનોના તમામ સભ્યો બધા જ અસલી અરબ કહેવાય છે.

હવે હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામના વડા પુત્રનું નામ નાબિત હતું. નાબિતનો વંશવેલો આ છે: નાબિતનો બેટો યશજુબ અને યશજુબનો બેટો યઅરૂબ અને યઅરૂબનો બેટો તૈરહ, તૈરહનો બેટો નાહૂર, નાહૂરનો બેટો મુકવ-વિમ, મુકવ-વિમ નો બેટો ઉદદ અને ઉદદનો બેટો અદનાન.

અદનાનની અવલાદ---------ઇબ્ને ઇસ્હાક કહે છે. અદનાનના સમયથી જ હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામના કબીલા તથા ખાનદાનોના લોકો જુદા-જુદા સ્થળોએ ફેલાઇને અલગ-અલગ રીતે વસી ગયા હતા. પછી અદનાનની બેગમે બે પુત્રોને જન્મ આપ્યો. એકનું નામ મઅદ્દ બિન અદનાન અને બીજાનું નામ અક્ક બિન અદનાન.

આ અક્ક નામનો બીજો પુત્ર મોટો થવા પછી મક્કહ છોડીને યમનની ભૂમિમાં ચાલ્યો ગયો અને પછી

કાયમ માટે ત્યાં જ વસી ગયો. કેમકે ત્યાં તેણે યમનના અશઅર નામે કબીલાની એક કન્યા સાથે શાદી કરી લીધી હતી. આ શાદીને કારણે અક્કની અને તેના બચ્ચાંઓની રહેણીકરણી, રીતભાત, બોલચાલ, રંગઢંગ અને સંસ્કાર અશઅર કબીલાના રંગે રંગાઈ ગયા. અશઅરી અને ઈસ્માઈલી ખાનદાન પણ એક થઈ ગયું અને ભાષા પણ ભેળસેળ થઈને અશઅરી બની ગઈ.

આ ખાનદાનના બધા જ લોકો અશઅર બિન નબ્ત બિન ઉદદ બિન ઝૈદ બિન હુમૈસઅ બિન અમ્ર બિન અરીબ બિન યશજુબ બિન ઝૈદ બિન કહલાન બિન સબા બિન યશજુબ બિન યઅરૂબ બિન કહતાનની અવલાદ છે. કેટલાકના કથન મુજબ નબ્ત બિન ઉદદનું જ બીજું નામ અશઅર છે. અમુક ઇતિહાસકારો અશઅરને માલિકનો બેટો કહે છે અને માલિકનું જ બીજું નામ મઝહજ બિન ઉદદ બિન ઝૈદ બિન હુમૈસઅ છે. કેટલાકના મત મુજબ અશઅર સબાનો બેટો હતો. અને સબા યશજુબનો બેટો હતો.

અક્ક બિન અદનાન અને ગસ્સાન————ઈબ્ને હિશામ કહે છે : મને અહમર બિન અબૂ મુહરિઝ તથા અબૂ ઉબૈદહએ, બનૂ સુલૈમ બિન મનસૂર બિન ઈકરિમહ બિન ખસ્ફહ બિન કૈસ બિન ગીલાન બિન મુદર બિન નિઝાર બિન મઅદ્દ બિન અદનાન વંશના એક શાઈર અબ્બાસ બિન મિરદાસનો એક શેઅર સંભળાવ્યો. અબ્બાસ આ શેઅરમાં અક્ક બિન અદનાન વિષે ગર્વ લેતાં કહે છે :

વ અક-કુબ્નુ અદના-નલ-લઝીન તલક-કબૂ, • બિ-ગસ્સાને હત્તા તુર્રદૂ કુલ્લ મુતર-રદિન

અર્થાત : અક્ક બિન અદનાન ખાનદાનના લોકો તે લોકો છે જેઓએ બનૂ ગસ્સાનનો લકબ ગ્રહણ કરી લીધો હતો ત્યાં સુધી કે તેઓને ચારે દિશાએ ફેલાવી દેવામાં આવ્યા.

એક રિવાયત મુજબ શેઅરની પહેલી કડીમાં ''તલક-કબૂ''ને બદલે ''તલઅ-અબૂ'' શબ્દ આવેલો છે. એનો અર્થ આ પ્રમાણે થશે : અદનાનનો બેટો અક્ક એ વીરનર છે જેણે ગસ્સાન નામે ઝરણા પાસે પોતાના શત્રુઓ સાથે ખૂંખાર જંગ ખેલીને બધાને ભગાડી મૂક્યા.

આ શેઅર અબ્બાસ બિન મિરદાસના એક કસીદામાંથી લેવામાં આવ્યો છે. એમાં ''ગસ્સાન'' શબ્દ આવેલો છે. ગસ્સાન પાણીના એક ઝરણાનું નામ છે. આ ઝરણું યમન દેશના સરોવર પર બાંધેલા પ્રખ્યાત બંધ ''સદ્દે-મઆરિબ'' પાસે આવેલું છે. એ માઝિન બિન અસદ બિન ગૌસની અવલાદનું ઝરણું હતું. જેથી બનૂ માઝિનના લોકોનું પણ એજ નામ પડી ગયું.

અમુક જાણકારોનું કહેવું છે કે, ગસ્સાન એક પનઘટનું નામ છે. આ પનઘટ હુજફહ નામના કસબા પાસેના મુશલ્લલ સ્થળે આવેલો છે. એનું પાણી પીનારા કહતાનના વંશમાંથી માઝિન બિન અસદ બિન ગૌસ બિન નબ્ત બિન માલિક બિન ઝૈદ બિન કહલાન બિન સબા બિન યશજુબ બિન યઅરૂબ બિન કહતાનની અવલાદના કેટલાક કબીલા હતા. એ બધા કબીલાઓના લોકો પણ ગસ્સાન નામે જ પંકાઈ ગયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિત અન્સારી રદિયલ્લાહુ અન્હુ એજ માઝિન બિન અસદ બિન ગૌસની અવલાદમાંથી હતા. મદીનહમાં વસનારા ઔસ અને ખઝરજ નામે બે કબીલાના લોકો અન્સાર કહેવાય છે. બંને કબીલાના લોકોએ ઇસ્લામ કબૂલ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઘણી મદદ કરી હતી. એ બંને કબીલાના બધા અન્સાર, હારિસહ બિન સઅલબા બિન અમ્ર બિન આમિર બિન હારિસહ બિન ઈમ્રઉલ-કૈસ બિન સઅલબા બિન માઝિન બિન અસદ બિન

ગૌસની અવલાદમાંથી હતા. હઝરત હસ્સાન બિન સાબિતનો શેઅર છે:

ઇમ્મા સઅલ-તિ ફઇન્ના મઅ-શરુન નુજબુન, • અલ-અસ્દુ નિસ્બતુના વલ-માઉ ગસ્સાનુ.

શું તેં કોઇને પૂછયું નહિ ? એટલે શું તને ખબર નથી કે અમે અશરાફ લોકો છીએ ? બનૂ અસદ અમારો કબીલો છે અને ગસ્સાન અમારો પનઘટ છે.

મઅદ્દ બિન અદનાનનું ખાનદાન————આ તો થયું અદનાનના બેટા અક્કનું વર્ણન જે યમનના અશઅર કબીલામાં જઇને વસી ગયો હતો. હવે અદનાનના બીજા પુત્ર મઅદ્દને લગતી માહિતીનું વર્ણન આ છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મઅદ્દ બિન અદનાનના ચાર પુત્રો હતા: (૧) કુદાઅહ (૨) નિઝાર (૩) કુનુસ (૪) ઇયાદ. એમાં કુદાઅહ તેનો વડો પુત્ર હતો. કુદાઅહનું બીજું નામ બક્ર હતું એટલે જ એનો બાપ અબૂબક્રના ઉપનામે પંકાયેલો હતો. આ કુદાઅહ પણ મોટો થવા બાદ યમન ચાલ્યો ગયો અને ત્યાં હિમ્યર બિન સબા નામના ગૃહસ્થ સાથે રહેવા લાગ્યો અને પછી કાયમ માટે ત્યાં જ વસી ગયો. હિમ્યરના બાપ સબાનું મૂળ નામ અબ્દે-શમ્સ હતું. તેનું સબા નામ એટલા માટે પડયું કે, અરબમાં એ પહેલો શખ્સ હતો જેણે લોકોની ધરપકડ કરવા માંડી. એટલે લોકોને બળજબરીથી પકડી-પકડીને પોતાના ગુલામ બનાવવા માંડયા. આ સબા અથવા અબ્દે-શમ્સ પોતે યઅરૂબ બિન યશ્જુબ બિન કહતાનનો બેટો હતો. [૧]

ઇબ્ને હિશામ કહે છે : ઇબ્ને ઇસ્હાકે કુદાઅહને મઅદ્દનો બેટો કહ્યો છે પણ યમનવાસીઓ અને કુદાઅહના કુટુંબીઓનું કહેવું છે કે કુદાઅહ, માલિક બિન હિમ્યરનો બેટો છે જેમકે અમ્ર બિન મુર્રહ જુહની નામે શાઇરે કહ્યું છે.

નહનુ બનુશ- શયખિલ- હિજાનિલ અઝહર • કુદા- અતુબ્ને માલિ- કિબ્ને- હિમ્યર

અમે ઉંચા ખાનદાનના, રોશન ચેહરાવાળા શૈખ કુદાઅહ બિન માલિક બિન હિમ્યરની અવલાદ છીએ.

અન- નસબિલ- મઅરૂફે ગયરિલ- મુન્કર • ફીલ હજરિલ મન્કૂશે તહતિલ- મિમ્બર

આ તે ખાનદાન છે જે મશહૂર છે, ગુમનામ નથી. બલ્કે તેનું નામ મિમ્બર હેઠળના પથ્થરમાં કોતરાયેલું છે.

આ શેઅરો કહેનાર શાઇર પોતે પણ કુદાઅહની અવલાદમાંથી છે.

નુઅમાન બિન મુનઝિર————ઇબ્ને ઇસ્હાક કહે છે : મઅદ્દ બિન અદનાનના ત્રીજા પુત્રનું નામ કુનુસ છે. મઅદ્દ કબીલાની વંશાવળીના માહિતગારોનું માનવું છે કે કુનુસના કુટુંબીજનોમાંથી લગભગ બધા જ લોકો સંજોગોના વમળમાં સપડાઇને તબાહ થઇ ગયા. અલબત્ત તેના વંશમાંથી નુઅમાન બિન મુનઝિર નામના ગૃહસ્થે હીરહ પ્રદેશના બાદશાહ તરીકે અપૂર્વ નામના મેળવી છે અને મુહંમદ બિન મુસ્લિમ બિન અબ્દુલ્લાહ

---

૧. સબા અને સબ્ય : અરબીના ''સબીય્ય''માંથી નીકળેલો શબ્દ છે જેના અર્થ લોકોને બળજબરીથી પકડીને ગુલામ બનાવી લેવું થાય છે. સબા ઉર્ફે અબ્દે-શમ્સ એક બળવાન, સાહસિક અને માથાભારે પુરૂષ હતો. લોકોને પરાણે પકડી લઇને પોતાના ગુલામ બનાવી લેતો હતો. આ કારણે એ સબાને નામે પ્રખ્યાત થઇ ગયો. બાદમાં એની આખી કૌમનું નામ સબા પડી ગયું. હઝરત સુલૈમાન અલૈહિસ-સલામના યુગમાં સબા નામે જાણીતી નામચીન મહારાણી બિલકીસ એજ કૌમમાંથી હતી. કુર્આનમાં એનું વર્ણન થયું છે. (કામૂસુલ-કુર્આન પેજ ૨૫૬) ''હ''

બિન શિહાબ ઝુહરીએ કહ્યું કે, નુઅમાન બિન મુનઝિર, કુનુસ બિન મઅદ્દની અવલાદમાંથી હતો. કેટલાકે કુનુસ નામનો ઉચ્ચાર કનસ તરીકે કર્યો છે.

હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુના ખિલાફત-કાળમાં જ્યારે હીરહના બાદશાહ નુઅમાન બિન મુનઝિરની તલવાર હઝરત ઉમરની સેવામાં હાજર કરવામાં આવી તો આપે જુબૈર બિન મુત્ઈમ બિન અદી બિન નવફલ બિન અબ્દે મનાફ બિન કુસૈય નામના ગૃહસ્થને બોલાવી મંગાવ્યા. આ ગૃહસ્થ કુરૈશ કબીલાની વંશાવળીના સૌથી મોટા જ્ઞાની હતા. એટલું જ નહિ, તેઓ કુરૈશ ઉપરાંત અરબભરના કબીલાઓની વંશાવળીના પણ સૌથી મોટા નિષ્ણાત તરીકે પંકાયેલા હતા. તેઓ કહ્યા કરતા કે આ કળાનું જ્ઞાન તેમણે હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ પાસેથી મેળવ્યું છે અને હઝરત અબૂબક્ર સિદ્દીક આ કળાના અરબભરમાં સૌથી મોટા જ્ઞાની હતા.

જ્યારે જુબૈર બિન મુત્ઈમ હાજર થયા તો હઝરત ઉમરે તેમને નુઅમાન બિન મુનઝિરની તલવાર દેખાડીને પૂછ્યું, ''હે જુબૈર ! નુઅમાન બિન મુનઝિર કયા કબીલામાંથી હતો ?''

જુબૈર બોલ્યા, ''કુનુસ બિન મઅદ્દના અનુગામીઓના કબીલામાંથી.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબના કબીલાઓની વંશાવળી જાણનારા બીજા લોકોનું કહેવું છે કે નુઅમાન બિન મુનઝિર કુનુસના કબીલામાંથી નહિ બલકે તે બનૂ લખ્મના કબીલામાંથી હતો અને બનૂ લખ્મના લોકો રબીઅહ બિન નસરની અવલાદમાંથી હતા. હવે અલ્લાહને જ સારી રીતે ખબર છે કે એમાંની કઈ વાત સાચી છે!

ઇબ્ને હિશામ કહે છે : લખ્મની વંશાવળી આ પ્રમાણે છે : લખ્મ બિન અદી બિન હારિસ બિન મુર્રહ બિન ઉદદ બિન ઝૈદ બિન હુમૈસઅ બિન અમ્ર બિન અરીબ બિન યશ્જુબ બિન ઝૈદ બિન કહલાન બિન સબા.

કેટલાકે લખ્મને અદીનો બેટો અને અદીને અમ્રનો બેટો અને અમ્રને સબાનો બેટો કહ્યો છે ત્યારે કેટલાકે આ પ્રમાણે લખ્મની વંશાવળી દર્શાવી છે : લખ્મ બિન રબીઅહ બિન નસર બિન અબૂ હારિસહ બિન અમ્ર બિન આમિર. એમાંથી આ છેલ્લો ગૃહસ્થ એટલે અમ્ર બિન આમિર પોતાનું વતન છોડીને પોતાના માણસો સાથે યમનથી ચાલ્યો ગયો અને એના કુટુંબમાંથી અબૂ હારિસહ તથા બીજા લોકો યમનમાં જ રહી ગયા.

ગુજરાતી સંપાદકની નોંધ———મુસ્લિમ ઇતિહાસકારો અને વંશાવળી-કળાના જ્ઞાનીઓએ અરબના લોકોની ત્રણ વિભાગોમાં વહેંચણી કરી છે : (૧) અરબ બાઇદહ (૨) અરબ આરિબહ (૩) અરબ મુસ્તઅ-રિબહ.

અરબ બાઇદહ : અરબના તે કબીલાઓ જેઓ ''તૂફાને-નૂહ''માં સલામત રહ્યા અને બાદમાં અરબના પ્રદેશોમાં ફેલાઈને આબાદ થયા. ત્યાં તેઓએ પોતાની હુકૂમતો કાયમ કરી લીધી અને મુદ્દત સુધી પયગમ્બરોએ બતાવેલા અલ્લાહના દીન પર કાયમ રહીને સુખશાંતિનું જીવન ગુજારતા રહ્યા. બાદમાં સમયના વહેણની સાથે એ બધા રાહે-રાસ્તથી ભટકી ગયા અને પોતાની નાફરમાનીઓ કે અવળચંડાઇઓ કે અલ્લાહ સાથે ગદ્દારીઓને

કારણે અઝાબે-ઈલાહીમાં સપડાઈને કે કાળચક્રના સપાટામાં આવીને તબાહ થઈ ગયા.

હઝરત નૂહ અલૈહિસ-સલામના એક બેટાનું નામ સામ હતું અને સામના એક બેટાનું નામ ઈરમ હતું. આ બધા કબીલા એજ ઈરમ બિન સામ બિન નૂહની અવલાદમાંથી હતા જેથી આ કબીલાઓને બનૂ ઈરમ પણ કહે છે. ઈરમનું વર્ણન કુર્આનમાં થયેલું છે. આદ, સમૂદ, જદીસ, તસ્મ, જુરહુમ વગેરે કબીલા ''અરબ બાઈદહ''માંથી હતા. એમનો જમાનો એટલો જૂનો છે કે ઈતિહાસમાં એમના વિષેની બહુ ઓછી માહિતી મળે છે. અલબત્ત કુર્આનમાં એમની નાફરમાનીઓને કારણે એમની ઉપર તૂટી પડેલા ભયંકર અઝાબોનું સવિગત વર્ણન કરવામાં આવ્યું છે. એમાંના મોટા ભાગના કબીલા કુફરો-શિર્ક, બુત-પરસ્તી, બંડખોરી અને અલ્લાહના ઉપકારોની નાશુકરીને કારણે અઝાબે-ઈલાહીનો ભોગ બનીને હલાક થઈ ગયા. બાકીના થોડા ઘણા જેઓ સીધા રસ્તા પર હતા બચી ગયા. આદ કૌમના મશહૂર પયગમ્બર હઝરત હૂદ અલૈહિસ-સલામ હતા અને સમૂદ કૌમના મશહૂર પયગમ્બર હઝરત સાલિહ અલૈહિસ-સલામ હતા.

અરબ આરિબહ : આ તે કહતાની કબીલા છે જેઓએ અરબ બાઈદહ પછી અરબ પર પોતાની હુકૂમતની સ્થાપના કરી. એમાં સબા, કહલાન, હિમ્યર વગેરે કબીલાઓનો સમાવેશ થાય છે. આ કબીલાઓના લોકો મુલ્કે-યમન અને આજુબાજુના વિસ્તારમાં આબાદ થયા. પછી જ્યારે યમનના સરોવર પર બાંધેલો બંધ તૂટી ગયો અને પાણીના પ્રચંડ રેલાએ તબાહી મચાવી દીધી તો એમાંના કેટલાક કબીલા યમનથી નીકળીને અરબ ખંડના બીજા પ્રદેશોમાં જઈને વસી ગયા.

હઝરત નૂહ અલૈહિસ-સલામના બેટા સામના બીજા બેટાનું નામ અર-ફખ્શઝ હતું. એમની નસલમાં કહતાનનો જન્મ થયો. કહતાનનો બેટો યઅરુબ અને યઅરુબનો બેટો યશજુબ અને યશજુબનો બેટો સબા જેનું બીજું નામ અબ્દે-શમ્સ હતું. એજ સબા, કહતાની કબીલાઓનો બાવા આદમ ગણાય છે. હિમ્યર અને કહલાન એજ સબાના બેટા હતા. હિમ્યર અને કહલાનની નસલમાંથી અનેક ફાંટા નીકળ્યા. એ બધા કહતાની કબીલા કહેવાય છે.

અરબ મુસ્તઅ-રિબહ————સામ બિન નૂહના બેટા અર-ફખ્શઝની નસલમાંથી એક શાખ તો કહતાનની હતી જેનું ઉપર વર્ણન કરવામાં આવ્યું. એજ અર-ફખ્શઝની બીજી શાખ હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામની હતી. હઝરત ઈબ્રાહીમની શાખમાં આપના બેટા ઈસ્હાક, મદયન અને ઈસ્માઈલ હતા. હઝરત ઈસ્હાક અલૈહિસ-સલામના બેટા હઝરત યઅકૂબ અલૈહિસ-સલામ હતા જેમનું બીજું નામ ઈસરાઈલ હતું. એજ નામ પરથી એમની અવલાદને બની ઈસરાઈલ કહે છે.

બીજા બેટા મદયન હતા જેમની અવલાદ ઉત્તર હિજાઝમાં અકબાની ખાડી પાસે જઈને વસી ગઈ. એજ કૌમમાં હઝરત શુઐબ અલૈહિસ-સલામનો જન્મ થયો. મદયનના લોકો કુફરો-શિર્કમાં સપડાઈ ગયા. લેણદેણમાં બેઈમાની, નાપતોલમાં ઉતરઆજી અને લૂંટમારીના નાપાક ધંધાને કારણે આ કૌમના લોકો અઝાબે-ઈલાહીનો શિકાર બનીને તબાહ થઈ ગયા.

હઝરત ઈસ્માઈલ અલૈહિસ સલામની અવલાદમાં અમ્બાત, કેદાર અને સંખ્યાબંધ નસલો ચાલી, એજ કેદારના વંશની ત્રીસમી કે ચાલીસમી પેઢીમાં અદનાન નામે ગૃહસ્થ થયા, જેઓ ઈસ્માઈલી વંશના તમામ કબીલાઓના આદિ પૂર્વજ ગણાય છે. એજ અદનાનની નસલમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો

જન્મ થયો. એજ કૌમો કે કબીલાઓને ''અરબ મુસ્તઅ-રિબહ'' કહેવામાં આવે છે. આ અદનાની કબીલા હિજાઝ, નજ્દ અને ઉત્તર અરબના ઈલાકાઓમાં આબાદ થયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઈમાન લાવીને જે લોકો મુસલમાન બન્યા એ બધા અરબ આરિબહ અને અરબ મુસ્તઅ-રિબહમાંથી હતા. ઈસ્લામના આગમન વેળા એ બધા સિરાતે-મુસ્તકીમથી ભટકીને કુફરો-શિર્ક કે મૂર્તિપૂજાની ગંદકીમાં પડેલા હતા. એમાંના કેટલાક યહૂદી બની ગયા હતા. કેટલાક ખ્રિસ્તી બની ગયા હતા. અને અમુક એવા પણ હતા જેઓ ''દીને-હનીફી'' એટલે હઝરત ઈબ્રાહીમ અલૈહિસ સલામના મૂળ આકાશી ધર્મના અનુયાયી હતા. પણ તેઓની સંખ્યા આટામાં નમક જેટલી પણ ન હતી. (આ માહિતી મવલાના તાલિબ હાશિમીની કિતાબ ''વુફૂદે-અરબ બારગાહે-નબવી મેં'' પરથી લેવામાં આવી છે.) ''હ''

Maktabe Ashraf

પ્રકરણ બીજું

અમ્ર બિન આમિર અને સદ્દે-મઆરિબ

અમ્રનું યમનથી ભાગવાનું કારણ • અમ્ર બિન આમિરની હિજરત • સદ્દે-મઆરિબની તબાહી

(નોટ :- પહેલા પ્રકરણના અંતમાં આપણે વાંચી આવ્યા કે સબા ઉર્ફે અબ્દે-શમ્સની કૌમમાંથી અમ્ર બિન આમિર નામે ગૃહસ્થ પોતાના માણસો સાથે પોતાનું વતન યમન છોડીને ચાલ્યો ગયો અને એજ કૌમના અબૂ હારિસહ ના લોકો પોતાના પરિવારો સાથે ત્યાં જ રહી ગયા.) ''હ''

અમ્રનું યમનથી ભાગવાનું કારણ--------ઇબ્ને હિશામ કહે છે : અમ્ર બિન આમિર પોતાનું વતન યમન છોડીને નાસી ગયો તેનું કારણ અબૂ ઝૈદ અન્સારીએ મને આ રીતે દર્શાવ્યું કે, યમનના જે ઇલાકામાં એ પોતાની કૌમ સાથે રહેતો હતો ત્યાં સરોવરની ફરતે એક અઝીમુશ-શાન બંધ બાંધેલો હતો. આ બંધનું નામ ''સદ્દે-મઆરિબ'' [1] હતું. આ બંધને કારણે, ત્યાં એક વિરાટ સરોવર બની ગયું હતું. લોકો પોતાની રોજિંદી જરૂરિયાતમાં અને ખેતરો, વાડીઓ તથા ક્યારાઓના જળસિંચનમાં તેનો ઉપયોગ કરતા હતા. [2]

એક દિવસે એવું બન્યું કે, અમ્ર બિન આમિરે આ બંધની દીવારમાં એક જંગલી ઉંદરને કાણું પાડતાં જોયો. એજ ક્ષણે તેને થયું કે આ બંધ હવે વધુ વાર ટકવાનો નથી. એક દિવસે જરૂર તૂટીભાંગીને અમારા બધાના જાનમાલનાં સફાયો બોલાવી દેશે. માટે અહીંથી ઉતાવળે ઉઠાંતરી કરીને કોઇ બીજા દેશમાં પલાયન થઇ જવું જોઇએ પછી તેને એવો વિચાર આવ્યો કે મારી કૌમના લોકો મને અહીંથી જવા દેવાના નથી. જરૂર મારા માર્ગમાં તેઓ નડતર ઊભી કરશે. આ કારણે બહાના તરીકે તેણે એક યુક્તિ ઘડી કાઢી. આ યુક્તિ મુજબ

---

૧. સદ્દે-મઆરિબના અર્થ જરૂરતોની દીવાર થાય છે. સદ્દ એટલે દીવાર અને મઆરિબ એટલે જરૂરિયાત. મતલબ જીવનની જરૂરિયાત અર્થે પાણીને રોકવા માટે બાંધેલો બંધ. ''હ''

૨. યમનના દક્ષિણ-પૂર્વના પ્રદેશમાં ''મઆરિબ'' નામે એક ભવ્ય અને રળિયામણું શહેર હતું. સબા કૌમના લોકોએ અહીં પગદંડો જમાવીને એક બળવાન રાજ્યની સ્થાપના કરી લીધી હતી. અહીંના પહાડી દેશની ખીણોમાં નક્કર પથ્થરોનો મજબૂત પુશ્તો બાંધીને તેઓએ એક [illegible] સરોવર બનાવી [illegible] હતુ એનું નામ ''સદ્દે-મઆ[illegible]'' [illegible] આ સરોવરમાંથી નહેરો કાઢીને તેઓ [illegible] ના બાગબગીચા, વાડીઓ અને ખેતરોનાં જળસંચન કરતા હતા. સરોવરને કારણે ચારે તરફ લીલા[illegible]લહેર હતી. અઢળક ધનસંપત્તિ હતી. આખો પ્રદેશ રળિયામણો હતો. લોકો દરેક રીતે સુખી હતા પણ એશઆરામમાં પડીને અલ્લાહને ભૂલી ગયા હતા. લોકો સૂરજને ભગવાન માનીને તેની પૂજા કરતા હતા. રાજ્યમાં ઠેકઠેકાણે સૂર્ય દેવતાના મંદિરો આવેલાં હતાં. પછી નસીબ પલટાયું તો બંધમાં ગાબડું પડતાં બંધ તૂટી ગયો. એવું પ્રચંડ પૂર આવ્યું કે આખા ઇલાકામાં તેણે તબાહી મચાવી દીધી. ઇસ્લામના ઉદયના આશરે ચાર સો વરસ પૂર્વે આ બનાવ બન્યો. કુર્આનમાં ''સયલિલ-અરિમ'' શબ્દોમાં એનું વર્ણન થયું છે. વધુ વિગત આગળ આવે છે. ''હ''

તેણે પોતાના સૌથી નાના પુત્રને વિશ્વાસમાં લઇને એવો પાઠ ભણાવ્યો કે જ્યારે હું ગુસ્સે થઇને લોકોની રૂબરૂ તને તમાચો મારૂં તો તારે પણ ઉશ્કેરાઇને મને એક તમાચો મારી દેવો.

ઘડી કાઢેલી યોજના મુજબ છોકરાએ જ્યારે સૌની રૂબરૂમાં પોતાના બાપને તમાચો મારી દીધો તો અમ્ર બિન આમિરે હોબાળો મચાવી દીધો કે, હવે હું એક પળ માટે એવા સ્થળે રહી શકતો નથી જ્યાં સગા પુત્રે પોતાના બાપને તમાચો મારીને તેનું અપમાન કર્યું છે. એ પછી તેણે એજ સ્થળે પોતાના ઘરબાર અને માલ મિલકતનું લીલામ કરી નાખવાની જાહેરાત પોકારી દીધી.

લોકો એકમેકને કહેવા લાગ્યા, "અમ્ર બિન આમિરના ગુસ્સાને ગનીમત જાણો અને મળેલી તક ઝડપી લઇને તેનો માલ-અસબાબ સસ્તા દામે ખરીદી લો !" લોકોએ મળેલી તકનો લાભ લઇને તેનો બધો માલ-અસબાબ ખરીદી લીધો.

અમ્ર બિન આમિરની હિજરત——————એ પછી અમ્ર બિન આમિર પોતાના પરિવાર સાથે યમનથી હિજરત કરી જવા તૈયાર થયો ત્યારે બનૂ અઝદ કબીલાના લોકો કહેવા લાગ્યા કે અમ્ર બિન આમિર જેવો સૌનો માનીતો સરદાર ચાલ્યો જાય તો અમારે પણ અહીં નથી રહેવું. ત્યારે એ બધા પણ પોતાનો સરસામાન વેચીને તેના સંગાતે થઇ ગયા. એ પછી આ બધા લોકો પૂરી તૈયારી કરીને ,ત્યાંથી ચાલી નીકળ્યા. ચાલતાં-ચાલતાં અને અહીંતહીં ઘૂમતાં-ફરતાં તેઓ અક્ક બિન અદનાનની વસતિમાં જઇ ચઢયા. [૧]

બહારના લોકોને પોતાની ભૂમિમાં ચઢી આવેલા જોઇને અક્કના લોકોએ, એમને પોતાની વસતિમાંથી હાંકી કાઢવાનો જંગ ખેલ્યો. આ જંગમાં કદી એક પક્ષનું પલ્લું નમી પડતું તો કદી બીજા પક્ષનું. છેવટે અમ્ર બિન આમિરના લોકોનો પરાજય થયો. તેઓ પરાજિત થઇને ત્યાંથી નાઠા અને જુદી જુદી જમીનોમાં વિખેરાઇને છૂટાછવાયા થઇ ગયા. અબ્બાસ બિન મિરદાસ નામના શાઇરે એજ બનાવ અંગે પોતાનો શેઅર કહ્યો છે જેને અમે ઉપર ટાંકી આવ્યા છીએ.

પરાજયના નતીજા રૂપે અમ્ર બિન આમિરના લોકોમાંથી જફનહ બિન અમ્ર બિન આમિરનું ખાનદાન સીરિયામાં જઇને વસી ગયું. ઔસ અને ખઝરજના કબીલા યસ્રિબ એટલે મદીનહ તરફ ચાલ્યા ગયા. ખુઝાઅહનું પરિવાર મુર્રા સ્થળે જઇને ઠરીઠામ થયું. અઝુદુસ-સરાતનું ખાનદાન સરાત નામે સ્થળે ચાલ્યું ગયું અને અઝદ ઉમ્માનના લોકો ઉમ્માનની ભૂમિમાં જઇને વસવાટ કરવા લાગ્યા.

સદ્દે-મઆરિબની તબાહીનું બયાન——————અમ્ર બિન આમિરના યમન ત્યાગ બાદ અલ્લાહ તઆલાના હુકમથી મઆરિબના બંધ પર ભયંકર ઝંઝાવાત ફૂંકાયો અને પાણીના પ્રચંડ ધસારાએ બંધના ભૂક્કા બોલાવી દીધા. એજ દુર્ઘટના સંબંધી અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના રસૂલ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર વહી નાઝિલ ફરમાવી :

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આદિપૂર્વજ અદનાનના બે પુત્રો હતા. અક્ક અને મઅદ્દ. એમાંથી અક્ક મોટો થયા બાદ બાપદાદાનું વતન છોડીને યમન ચાલ્યો ગયો હતો અને, ત્યાંના અશ્અર કબીલામાં શાદી કરીને પોતાના બાલબચ્ચાંઓ સાથે ત્યાં કાયમ માટે વસી ગયો હતો. એવી જ રીતે મઅદ્દનો એક પુત્ર કુદાઅહ પણ યમન જઇને સબાના પુત્ર હિમ્યરને ત્યાં વસી ગયો હતો. [illegible] બિન આમિર પોતાના કાફલા સાથે પ્રસ્થાન કરતો અક્કની વસતિમાં જઇ ચઢયો હતો. ''[illegible]''

લકદ્ કાન લિ-સબઇન	બેશક સબાની કૌમ માટે હતી ;
ફી મસ્કનિ-હિમ આયતુન.	તેઓના પોતાના રહેઠાણમાં એક નિશાની.
જન્નતાનિ અંય યમીનિંવ-વ-શિમાલ	બે બાગોની હારમાળા (સડકની) જમણે અને ડાબે
કુલૂ મિર રિઝકિ	(તેઓના નબીએ કહ્યું,) ખાવ રોઝીમાંથી
રબ્બિકુમ વશ્કુરૂ લહૂ,	તમારા પાલનહારની. અને આભાર માનો તેનો.
બલ્દતુન તૈયિ બતુંવ	(કેમકે તમારા રહેવા માટે) શહેર રળિયામણું છે.
વ રબ્બુન ગફુર.	અને પાલનહાર ક્ષમાદાતા છે.
ફ અઅ રદૂ	ત્યારે તેઓએ મોઢાં ફેરવી લીધાં,
ફ-અર-સલ્ના અલૈહિમ	તો મોકલ્યું અને તેઓની ઉપર,
સયલલ-અરિમ.	સયલલ-અરિમ. [૧]

આયતમાં "સયલલ અરિમ" શબ્દો આવેલા છે જેના અર્થ ભયંકર રેલ કે પ્રચંડ પૂર થાય છે. એમાં "સયલ" એટલે પાણીનું પ્રચંડ પૂર અને "અરિમ"ના અર્થ મજબૂત દીવાર, સરોવરની પાળ કે વહી જતું પાણી અટકાવવા માટેનો પુસ્તો વગેરે થાય છે.

ઇબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદાએ કહ્યું કે "અરિમ"ના અર્થ "સદ્દ" એટલે બંધ થાય છે અને અરિમ શબ્દનું એકવચન "અરિમહ" આવે છે.

અઅશા શાઇરના શેઅરો————અઅશા કેસ બિન સઅલબા બિન ઉકાબહ નામનો શાઇર જે અદનાનના બેટા મઅદ્દની અવલાદમાંથી હતો તેણે નીચે દર્શાવેલા શેઅરો કહ્યા છે.

વ ફી ઝાક લિલ મુઅતિસિ ઉસ-વતુન, • વ મઆરિબુ અફીય અલૈહલ અરિમ.

કોઇ બોધનો નમૂનો શોધનાર માટે, મઆરિબના બંધની તબાહીનો બનાવ, એક ઇબ્રતભર્યો કે બોધપ્રદ નમૂનો છે. અને પાણીના પ્રચંડ પૂરે મઆરિબ જેવા શહેરની શકલો-સૂરત બગાડી નાખી.

રુખામુન બનૂ-લહૂ લહુમ હિમ્યરુન, • ઇઝા જાઅ મવ્વારુહૂ લમ યરિમ.

તે બંધ જે આખે આખો સંગે-રુખામથી બનેલો હતો, એને હિમ્યરે બનાવ્યો હતો. જયારેય કદી (પવનના સુસવાટાઓથી સરોવરમાં) મોજાં ટકરાતાં એટલે પાણી પ્રચંડ પૂરનું રૂપ ગ્રહણ કરી લેતું તો પણ બંધ જરાયે હાલતો નહિ. (ઉન્નત મસ્તકે અડીખમ રહેતો અને સંગે-રુખામ એટલે સફેદ પથ્થર અથવા સંગે-મરમર.)

ફ અરવઝ- ઝુરૂઅ વ અઅનાબહ . • અલા સાઅતિન માઉહુમ ઇઝ કુસિમ.

આ બંધના પાણીએ ખેતરોને લીલાંછમ બનાવ્યાં અને એ ધરતીની દ્રાક્ષના વેલાઓને ફળદ્રુપ બનાવ્યા અને જયારે પાણીની વહેંચણી થતી તો જળબંબાકાર થઇ રહેતા.

ફસારૂ અયાદિયા મા યકદિરૂ, • —— રૂન મિન્હુ અલા શુરબિ તિફ્લિન ફુતિમ.

પછી એ બધા એવા સફાચટ થઇ ગયા કે, ધાવણ છોડાવેલા ધાવણા બાળક સુધ્ધાંને એક ઘૂંટડો ભર જેટલું પાણી આપવાની ક્ષમતા ધરાવતા ન હતા. એટલે સરોવરમાં પાણીનું ટીપું સરખું રહ્યું ન હતું.

---

૧. સૂરએ-સબ પારહ ૨૨, આયત ૧૪

Maktabe Ashraf

ઇબ્ને હિશામ કહે છે: અને ઉમૈયહ બિન સલત નામે શાઈરે પણ આ બંધને લગતો લાંબો કસીદો રચેલો છે. આ શાઈર પણ અદનાનના બેટા મઅદ્દના વંશમાંથી હતો. તેના કસીદાનો એક શેઅર આ છે :

મિન સબઇલ-હાદિરીન મઆરિબા ઇઝ, • યબ્નૂના મિન દૂનિ સીલિહિલ-અરિમા.

અમે સબાના કબીલામાંથી છીએ જે મઆરિબ પાસે ત્યારે હાજર હતો જયારે તેના પાણીના વહેણની પેલે પાર લોકો બંધ બાંધી રહ્યા હતા.

અને નાબિગા જુઅદી નામે શાઈરે પણ આ બંધ અંગે રચેલા કસીદાઓની કેટલીક રિવાયતો મળે છે. પણ આ એક લાંબો કિસ્સો છે જેનું બયાન ટુંકાણના હેતુએ જતું કરૂં છું.

ગુજરાતી સંપાદકની નોંધ : સદ્દે-અમારિબની તબાહી પેહલાં અમ્ર બિન આમિર પોતાના માણસો સાથે યમન છોડીને અરબની ભૂમિ તરફ નીકળી ગયો. ત્યાં અક્ક કબીલાના લોકો સાથે ટક્કર લાગતાં એ બધા પરાજય પામીને નાઠા અને અહીંતહીં વેરવિખેર થઇને અરબના જુદા-જુદા પ્રદેશો તરફ નીકળી ગયા. અમ્રનો જફના નામે પુત્ર પોતાના ખાનદાન સાથે સીરિયાની ભૂમિ તરફ જઇ ચઢયો અને ત્યાં જ વસી ગયો. બાદમાં એનું ખાનદાન ગસ્સાન નામે પંકાયું. અમ્રનો બીજો બેટો અબૂ હારિસહ પોતાના પરિવાર સાથે હિજાઝના પ્રદેશમાં આવેલા તિહામહ સ્થળે પહોંચીને ઠરીઠામ થયો. બાદમાં અબૂ હારિસહના લોકો ખુઝાઅહ નામે મશહૂર થયા. અમ્રનો ત્રીજો પુત્ર સઅલબા પોતાના બાલબચ્ચાં સાથે યસરિબની ભૂમિ તરફ નીકળી ગયો અને ત્યાંનો જ વસવાટ ગ્રહણ કરી લીધો. સઅલબાની અવલાદમાં એક શખ્સનું નામ હારિસહ હતું જેના બે બેટા, તેની કીલહ નામની પત્નીની કૂખથી પેદા થયા. એકનું નામ ઔસ હતું બીજાનું નામ ખઝરજ હતું. એમની અવલાદ યસરિબ એટલે મદીનહમાં જઇને રહેવા લાગી. જયાં અગાઉથી જ યહૂદીઓ કબજો જમાવીને વસેલા હતા. ઔસ અને ખઝરજ કબીલાના એજ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લલાહુ અલૈહિ વ સલ્લમ પર ઈમાન લાવીને મુસલમાન બન્યા અને અન્સાર કહેવાયા.

અમ્ર બિન આમિર પોતે સબા ઉર્ફે અબ્દે-શમ્સના વંશમાંથી હતો. તિરમિઝી શરીફમાં હઝરત ફર્વહ બિન મુસૈક મુરાદીથી રિવાયત છે કે જયારે કુર્આનની સૂરએ-સબાની આયતો નાઝિલ થઇ તો એક શખ્સે પૂછયું, ''યા રસૂલલ્લાહ ! આ સબા શું છે ?''

આપે ફરમાવ્યું, ''સબા એક શખ્સનું નામ હતું જેના વંશમાંથી દસ કબીલા થયા. એમાંથી ચાર કબીલા સીરિયાની ધરતીમાં જઇને વસી ગયા : (૧) લખ્મ (૨) જુઝામ (૩) ગસ્સાન. (૪) આમિલહ. બાકીના છ કબીલા યમનમાં રહી ગયા : (૧) અઝદ (૨) અશઅરીય્યીન (૩) હિમ્યર (૪) કિન્દહ (૫) મઝહિજ (૬) અન્માર.

પૂછવામાં આવ્યું, ''યા રસૂલલ્લાહ ! અન્માર કોણ છે ?''

ફરમાવ્યું, ''એનાથી ખસઅમ અને બજીલહના કબીલા થયા.''

(અસિહ-હુસ-સિયર ,પેજ ૪૦- સીરતે-સરવરે-આલમ જિ-૧ પા.૫૩૪- વુફૂદે અરબ બારગાહે-નબવી સં. પેજ ૨૬૦) ''હ''

પ્રકરણ ત્રીજું

યમનનો બાદશાહ રબીઅહ બિન નસર

બાદશાહનો બિહામણો ખ્વાબ • સતીહ અને શિક્કની વંશાવળી • સતીહ નજૂમી, બાદશાહના દરબારમાં • શિક્ક નજૂમી બાદશાહના દરબારમાં • બાદશાહના પરિવારની ઇરાક તરફ હિજરત

બાદશાહનો બિહામણો ખ્વાબ————ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબના "તુબ્બઅ" વંશના બાદશાહોમાંથી રબીઅહ બિન નસર નામે મુલ્કે-યમનનો એક મહાપ્રતાપી બાદશાહ હતો. એક રાતે તેણે એવો બિહામણો ખ્વાબ જોયો કે જેની દહેશતથી ભયભિત થઇને તે થથરી ઊઠયો. પોતાના રાજમાં વસનારા કાહિનો, જાદૂગરો, નજૂમીઓ, પંડિતો અને તંત્ર-મંત્ર જાણનારાઓને પોતાના દરબારમાં બોલાવીને તેણે કહ્યું, "મેં એક વિચિત્ર ખ્વાબ જોયો છે જેણે મને ભયથી થથરાવી નાખ્યો છે. હું ચાહું છું કે તમે એ ખ્વાબની તઅબીર મારી આગળ રજૂ કરો."

"હે બાદશાહ સલામત ! તેઓ બોલ્યા, "આપ પોતાનો ખ્વાબ બયાન કરો, અમે તેની તઅબીર રજૂ કરીએ."

બાદશાહ બોલ્યો, " જો હું મારા ખ્વાબની વિગત કહી દઉં તો તમે બતાવેલી તેની તઅબીરથી મારા દિલને સંતોષ નહિ થાય. સંતોષ મારા દિલને તેની જ તઅબીરથી થશે જે પોતે બતાવી દે કે મેં ખ્વાબમાં શું જોયું છે? તમારામાંથી દરેક જણ ખ્વાબ અને તઅબીરની કળામાં નિષ્ણાંત હોવાનો દાવો કરે છે. માટે ખ્વાબમાં મેં શું જોયું એની વિગત પણ તમારે જ બતાવવી રહી."

આ સાંભળીને હાજરજનોમાંથી એક શખ્સ બોલ્યો, "હે બાદશાહ સલામત ! જો આપની એવી જ ઇચ્છા હોય તો કોઇને મોકલાવીને સતીહ અને શિક્ક નામે નજૂમીઓને આપના દરબારમાં હાજર થવાનો હુકમ ફરમાવો. કેમકે ખ્વાબ અને તઅબીરની કળામાં એ બંનેથી ચઢિયાતો બીજો કોઇ ઉસ્તાદ નથી. આપ જે વાતનો

---

૧. ઇબ્ને હિશામે દર્શાવેલી વંશાવળી મુજબ યમનનો બાદશાહ રબીઅહ બિન નસર, યમન છોડી જનાર અમ્ર બિન આમરના ખાનદાનમાંથી હતો. અમ્રના એક પુત્રનું નામ અબૂ હારિસહ હતું જે યમનમાં જ રહી ગયો હતો. અબૂ હારિસહના એક પુત્રનું નામ નસર હતું. એજ નસરનો પુત્ર રબીઅહ. એ બધા સબા ઉર્ફે અબ્દે-શમ્સના વંશમાંથી હતા. સબાએ પોતાના પ્રદેશમાં પ્રાચીન પ્રજાના લોકોને કેદ કરીને કે કતલ કરીને પોતાની હુકૂમતની સ્થાપના કરી લીધી હતી. સબાના મરણ પછી તેનો બેટો હિમ્યર રાજ ગાદીએ બેઠો. એજ વંશમાં આગળ જતાં રબીઅહ બિન નસર યમનની રાજગાદીનો માલિક બન્યો. "હ"

સવાલ પૂછશો, તરત તેઓ તેનાં જવાબ આપી દેશે. બંને આ કળાના અઠંગ ઉસ્તાદ છે."

સતીહ અને શિક્કની વંશાવળી————સતીહનું નામ રબીઅ બિન રબીઅહ બિન મસઉદ બિન માઝિન બિન ઝિઅબ બિન અદી બિન માઝિન ગસ્સાન હતું. અને શિક્કનું નામ સઅબ બિન યશકુર બિન રુહમ બિન અફ્રક બિન કસર અથવા કૈસ બિન અબકર બિન અનમાર બિન નિઝાર હતું. એમાંથી અનમાર ના લોકો બજીલા તથા ખસ્રઉમના કબીલાઓમાંથી છે.

ઇબ્ને હિશામ કહે છે : યમનવાસીઓ અને બજીલા કબીલાના લોકોના કહેવા મુજબ અનમારની વંશાવળી આ છે : અનમાર બિન ઇરાશ બિન લિહયાન બિન અમ્ર બિન ગૌસ્ર બિન નબ્ત 'બિન માલિક બિન ઝૈદ બિન કહલાન બિન સબા. કેટલાકે અરાશને લિહયાનને બદલે અમ્ર બિન લિહયાન બિન ગૌસનો બેટો કહ્યો છે અને બજીલા તથા ખસ્રઉમના લોકો યમની હતા.

સતીહ નજૂમી બાદશાહના દરબારમાં————ઇબ્ને હિશામ કહે છે : યમનના બાદશાહ રબીઅહ બિન નસરે બંને નિષ્ણાંત નજૂમીઓને દરબારમાં હાજર થવાનો હુકમ છોડયો. સતીહ નામનો નજૂમી શિક્ક કરતાં પહેલો દરબારમાં હાજર થઇ ગયો. બાદશાહે તેને કહ્યું, "હે સતીહ ! મેં વીતેલી રાતે એક ખોફનાક ખ્વાબ જોયો છે. ચાહું છું કે એ ખ્વાબની વિગત તુંજ બતાવી દે અને પછી તેની તઅબીર રજૂ કર. લોકોએ મને કહ્યું કે આ કળાનો તું અઠંગ ઉસ્તાદ છે. જો મારા ખ્વાબની વિગત સાચી હશે તો તેની તઅબીર પણ સાચી હશે.

" હે બાદશાહ ! સતીહ બોલ્યો, આપનો એવો જ હુકમ છે તો સાંભળો આપ નામદારે આગનો એક શોઅલો જોયો છે જે અંધારામાંથી નીકળીને લપકારા મારતો નીચાણવાળી જમીન પર ધસી ગયો અને ચોતરફ ફેલાઇને દરેક જાનદાર વસ્તુને ભરખી ગયો."

બાદશાહ બોલી ઉઠયો, "હે સતીહ ! ખરેખર તેં સાચું જ કહ્યું છે. મેં એજ ખ્વાબ જોયો છે. હવે એની તઅબીર બતાવી દે."

"હે બાદશાહ ! સતીહ બોલ્યો, હું આપને કાળી પથરાળી ભૂમિમાં વસનારાં જીવજંતુઓના સોગંદ ખાયને કહું છું કે આપના રાજય પર હબશીઓ ચઢાઇ કરી દેશે અને અબયન તથા જુરશ વચ્ચેનો તમામ પ્રદેશ ફતેહ કરીને તેઓ આ પૂરા ઇલાકાના માલિક બની જશે. "

બાદશાહે કહ્યું, "હે સતીહ ! તારા બાપના સોગંદ ! આ તો બહુ માઠા સમાચાર છે. એ તો અમારા ક્રોધ અને આક્રોશ તથા દુઃખ અને સંતાપનું કારણ બનશે. વારૂ તેઓની આ ચઢાઇ મારા જીવનમાં થશે કે મારા મરણ પછી ?"

"જહાંપનાહ ! સતીહ બોલ્યો, આપના જીવનમાં નહિ, આપના મરણના સાઠ અથવા સિત્તેર વરસ પછી થશે."

"વારૂ હબશીઓની હુકૂમત લાંબો કાળ ટકશે કે જલદી તેનો અંત આવી જશે?" બાદશાહે પૂછયું.

સતીહે જવાબ આપ્યો, "મહારાજ ! સિત્તેરથી એંસી વરસના ગાળામાં તેઓની હુકુમતનો ખાતમો

થઈ જશે. ઘણાબધા તેઓમાંથી કતલ થઈ જશે અને બાકીના જીવ બચાવીને અહીંતહીં નાસી છૂટશે.''

''કોણ તેઓને કતલ કરશે અને કોણ તેઓને આ ભૂમિમાંથી હાંકી કાઢશે.''

સતીહે કહ્યું, ''ઇરમ ઝી-યઝન''ની કૌમ અદનની ભૂમિમાંથી નીકળીને તેઓની ઉપર ચઢાઈ કરી દેશે અને વીણીવીણીને એકએકને કતલ કરી નાખશે. એક પણ હબશીને યમનની ભૂમિ પર જીવતો નહિ છોડશે.''

પૂછયું, ''શું ઇરમ ઝી-યઝનની હુકૂમત કાયમ માટે રહેશે કે તેનો પણ અંત આવી જશે ? ''

''નામદાર ! એની સત્તાનો પણ ખાતેમો બોલાય જશે. ''

''કોણ એની સત્તાનો ખાતેમો બોલાવી દેશે ?'' બાદશાહે પૂછયું.

''અલ્લાહના એક પયગમ્બર જેમની ઉપર આકાશી વહી ઉતરશે.''

''કોની અવલાદમાંથી હશે એ પયગમ્બર ?'' બાદશાહે પૂછયું.

''ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નદરની અવલાદમાંથી.'' સતીહે કહ્યું, ''આ હુકૂમત એ પયગમ્બરને મળી જશે અને પછી એમની જ કૌમમાં કાયમ રહેશે ત્યાં સુધી કે આ દુનિયાનો અંત આવી જશે.''

''અરે તો શું આ દુનિયાનો પણ અંત આવવાનો છે ?''બાદશાહે હયરતથી પૂછયું.

''જી હા હે બાદશાહ !'' સતીહે કહ્યું, ''એક દિવસ આવશે જયારે આ દુનિયા ફનાને ઘાટ ઊતરી જશે. તે દિવસે આગલા અને પાછલા તમામ લોકો એક ચોક્કસ સ્થળે ભેગા થઈ જશે. દરેકની કરણીનો હિસાબ કરવામાં આવશે. સદાચારીઓને નેકીનું મીઠું ફળ મળશે અને દુરાચારીઓને બદીઓનું માઠું ફળ મળશે.''

બાદશાહે પૂછયું, ''હે સતીહ ! શું તારી આ બધી વાતો સાચી છે જેના આગોતરા સમાચાર તું મને આપી રહ્યો છે?''

સતીહ બોલ્યો, ''હે બાદશાહ ! સંધ્યાની લાલી, કાળી રાતના અંધકાર અને ઉજળા પ્રભાતના અજવાળાંના સોગંદ છે કે જે કંઈ મેં કહ્યું એ બધું અક્ષરે અક્ષર સાચું છે.''

શિક્ક નજૂમી બાદશાહના દરબારમાં————સતીહના જવા બાદ શિક્ક નામે નજૂમી —જે ખ્વાબ અને તઅબીરની કળાનો ઉસ્તાદ હતો, બાદશાહના દરબારમાં હાજર થયો. બાદશાહે એને પણ તેજ સવાલો પૂછયા જે પહેલાને પૂછયા હતા અને આ બીજાએ પણ તેવા જ જવાબો આપ્યા જે પહેલાએ આપ્યા હતા. પરંતુ પહેલા સાથેના સવાલ-જવાબની આ બીજાને ખબર નહિ પડવા દીધી કે જેથી જાણી શકાય કે બંને મૂળ મામલા અંગે સહમત છે કે નહિ!

શિક્ક નજૂમીએ બાદશાહના સવાલનો જવાબ આપતાં કહ્યું, ''હે બાદશાહ ! આપ નામદારે આગનો એવો ભડકો જોયો જે અંધારામાંથી નીકળીને વીજળી પેઠે લપકયો. પછી આંખના પલકારામાં ઢલાણવાળી ધરતી તથા ટેકરાની વચ્ચે ઝીંકાયો અને જોતજોતામાં દરેક જાનદારને ભરખી ગયો.''

શિક્કનો આ જવાબ સાંભળીને બંને નજૂમીઓના સહમત હોવાની બાદશાહને ખાતરી થઈ ગઈ. અલબત્ત બંનેની વાતમાં થોડો ફરક હતો. સતીહ નજૂમીએ ફકત ઢલાણવાળી કે નીચાણવાળી જમીનનો ઉલ્લેખ કર્યો

હતો ત્યારે શિક્ક નજૂમીએ તેમાં ટેકરા વચ્ચેની જમીનનો પણ સમાવેશ કર્યો હતો.

મૂળ બાબતની ખાતરી થતાં બાદશાહે કહ્યું, "હે શિક્ક ! તેં મારો ખ્વાબ તો સાચેસાચો બયાન કરી દીધો. હવે એની તઅબીર બયાન કર.

"હે બાદશાહ !" શિક્ક નજૂમીએ કહ્યું, "કાળી પથરીલી ભૂમિમાં વસનારાં તમામ જીવજંતુઓની કસમ ખાયને કહું છું કે આપના રાજ્યની ધરતી પર હબશીઓ તૂટી પડશે. તમામ રળિયામણી અને હરિયાળી ભૂમિ પર તેઓ કબ્જો કરી લેશે અને અબયનથી લઈને નજરાન સુધીના તમામ પ્રદેશોના તેઓ સત્તાધારી બની જશે."

બાદશાહ બોલી ઊઠયો, "હે શિક્ક ! તારા બાપના સોગંદ ! આ તો આપણા માટે બહુ દુઃખદાયક અને ખેદ ભરેલા સમાચાર છે. આખર આ બધું કયારે બનવાનું છે. ? મારી હયાતમાં કે તે પછી ?"

"જહાંપનાહ !" શિક્ક બોલ્યો, "આપના જમાનામાં નહિ બલકે આપના મરણના થોડા વરસો પછી બનવાનું છે. ત્યારબાદ એક મહાપ્રતાપી અને પ્રભાવશાળી શખ્સ જાહેર થશે. તે બધાને આ આફતમાંથી ઉગારી લેશે અને હબશીઓને તેઓના કરતૂતોની નામોશીભરેલી મજા ચખાડી દેશે."

બાદશાહે પૂછયું, "વારૂ તો એ પ્રભાવશાળી કે મહાપ્રતાપી શખ્સ કોણ હશે ?"

"તે એક નવજવાન હશે." શિક્ક બોલ્યો, "તે એવો સાહસિક નવજવાન હશે જે ન કમજોર હશે ન કોઈ મામલામાં નમતું જોખનારો હશે. તે ઝી-યઝનના ખાનદાનમાંથી હશે. હબશીઓના મુકાબલા માટે નીકળશે અને તેઓમાંથી એકને પણ યમનની ભૂમિમાં ટકવા નહિ દેશે."

"ત્યારે શું તેની હુકૂમત કાયમ માટે ટકશે કે જલદી તેનો પણ અંત આવી જશે?" બાદશાહે પૂછયું.

"તેની હુકૂમત પણ લાંબી મુદ્દત ચાલવાની નથી. અલ્લાહના પયગમ્બરના હાથે તેનો અંત આવી જશે. એ પયગમ્બર દીનદારો અને ધર્મપ્રેમી આબરૂદારોમાં સચ્ચાઇ તથા ન્યાયની સાથે પધારશે. પછી હુકૂમત તેમનાં કૌમમાં ફેસલાના દિવસ સુધી કાયમ રહેશે."

"ફેસલાનો દિવસ શું છે ?" બાદશાહે પૂછયું

"તે દિવસ કે જેમાં સત્તાધારીઓને તેઓની કરણીનું ફળ આપવામાં આવશે. તે દિવસે આસમાનથી એક પોકાર પડશે જેને જીવતા અને મરેલા બધા સાંભળી લેશે. એ દિવસે આગલા પાછલા તમામ લોકો એક ચોકકસ સ્થળે એકત્ર થઇ જશે. સદાચારીઓને કામયાબી અને નેકીઓ નસીબ થશે."

બાદશાહે પૂછયું, "હે શિક્ક ! તું જે કંઈ કહી રહ્યો છે શું એ બધું સાચું છે ?"

શિક્ક બોલ્યો, "હા બિલ્કુલ સાચું છે. હે બાદશાહ ! હું આસમાન અને જમીન વચ્ચે આવેલા વિસ્તારની કસમ ખાયને કહું છું કે ભવિષ્યના જે મહત્વપૂર્ણ સમાચાર મેં આપ્યા છે તે એકદમ સાચા છે. એમાં કોઇ જાતની ભૂલ કે શંકાને મુદ્દલ સ્થાન નથી."

બાદશાહના પરિવારની ઈરાન તરફ હિજરત———બંને નજૂમીઓની અગમચેતીની વાતો રબીઅહ બિન નસરના અંતરની ઊંડાણમાં ઊતરી ગઇ. તેણે પોતાના સંતાનો અને ઘરવાળાંઓ માટે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓનો બંદોબસ્ત કર્યો. અને સાધન-સામગ્રીની પૂરી તૈયારી સાથે તેઓને ઈરાન તરફ રવાના કરી દીધા.

તે વેળા ઇરાન પર જે બાદશાહની હાક વાગતી હતી તેનું નામ શાપૂર બિન ખુરઝાદ (અથવા ખુરઝાઝ) હતું. યમનના રબીઅહ બાદશાહે એક કાગળ શાપૂર બાદશાહના નામે પોતાના કુટુંબીજનોના સ્વાગત વિશે લખી મોકલ્યો. શાપૂર બાદશાહે આ લોકોને આનંદભેર આવકાર્યા અને હીરહ પ્રદેશની ભૂમિમાં રહેવાની તેઓને પરવાનગી આપી દીધી.

એજ રબીઅહ બિન નસરના વંશવેલામાંથી નુઅમાન બિન મુનઝિર નામે યમનમાં પોતાના સમયનો મહાપ્રતાપી બાદશાહ થઈ ગયો છે. એ યમનનો વતની અને રબીઅહના વંશમાંથી હતો. હીરહ પ્રદેશ પર એણે જાહોજલાલીથી રાજ કર્યું. યમનવાસીઓની જાણકારી મુજબ એની વંશાવળી આ છે. નુઅમાન બિન મુનઝિર બિન અમ્ર બિન અદી બિન રબીઅહ બિન નસર પોતાના સમયનો દબદબાવાળો યમનનો બાદશાહ !

ખલ્કુલ-અહમર નામે વંશાવળી-કળાના માહિતગારે પણ મને એવી જ માહિતી આપી છે.

Maktabe Ashraf

પ્રકરણ ચોથું

તુબ્બઅ વંશના બાદશાહોનું વર્ચસ

હસ્સાન બિન તુબાન અસઅદ ● તુબાનની હાજરી મદીનહમાં ● તુબાનના એક ફોજીની કતલ ● બાદશાહને યહૂદી પાદરીઓની નસીહત ● તુબ્બઅ બાદશાહની મક્કહ પર ચઢાઈ ● કઅબહના ગિલાફનો આરંભ ● કઅબહનો દરવાજો અને તાળું ● યમનમાં યહૂદી ધર્મનો પ્રવેશ ● સુબૈઅહ શાઈરહના શેઅરો ● સત્યની કસોટી અને આગની લવાદી ● અગ્નિ-પરિક્ષાની બીજી રિવાયત ● રિઆમ મંદિરમાં શયતાનનો વાસો.

હસ્સાન બિન તુબાન અસઅદ————ઈબ્ને ઈસ્હાક કહે છે જયારે યમનનો બાદશાહ રબીઅહ બિન નસર મરી ગયો તો આખા યમનની રાજસત્તા હસ્સાન બિન તુબાન અસઅદ બિન કલી કરબના હાથમાં આવી ગઈ. આ તુબાન અસઅદ જે બાદશાહ છે જે "તુબ્બઅ બીજો"ના ઉપનામે પંકાયેલો હતો. એ કલી કરબ બિન ઝૈદનો શાહઝાદો હતો. એનો બાપ ઝૈદ પણ યમનનો બાદશાહ હતો અને "તુબ્બઅ પહેલો"ના લકબે ઓળખાતો હતો. એ અમ્ર ઝુલ-અઝઆર બિન અબ્રહા ઝુલ-મનાર બિન રાઈશનો બેટો હતો. ઈબ્ને હિશામના કથન મુજબ કેટલાકે રાઈશને રૈશ કહ્યો છે.[1]

ઈબ્ને ઈસ્હાકે રાઈશની વંશાવળી આ પ્રમાણે દર્શાવી છેઃ રાઈશ બિન અદી બિન સૈફી બિન સબા અલ-અસગર બિન કઅબ કહફુઝ-ઝલમ બિન ઝૈદ બિન સહલ બિન અમ્ર બિન કૈસ બિન મુઆવિયા બિન જુશમ બિન અબ્દે-શમ્સ બિન વાઈલ બિન ગૌસ બિન કતન બિન અરીબ બિન ઝુહૈર બિન ઐમન બિન હુમૈસઅ બિન અરન-જહજ હિમ્યર બિન સબા અલ-અકબર બિન યઅરૂબ બિન યશજુબ બિન કહતાન.

તુબાનની હાજરી મદીનહમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ તુબાન અસઅદ અબૂ કરિબ એટલે તુબ્બઅ બીજો તે બાદશાહ છે જે યસ્રિબ એટલે મદીનહ જઈ પહોંચ્યો હતો. અને મદીનહના બે યહૂદી પાદરીઓને પોતાની સાથે પોતાના વતન યમન લઈ ગયો હતો. મદીનહ પછી એ મક્કહ ગયો હતો. મક્કહમાં એણે પવિત્ર કઅબહનું નવું ચણતર કરાવીને કઅબહ પર ગિલાફ ચઢાવ્યો હતો. એ રબીઅહ બિન નસરની બાદશાહી

૧. અસિહ-હુસ સિયરમાં છે કે આ રાઈશ અથવા રૈશ બાદશાહ હિમ્યર બિન સબાના વંશમાં પંદરમી પેઢી પછી યમનની રાજગાદીએ બેઠો હતો. એના સમયમાં સબા વંશની હુકૂમત વધારે મજબૂત બની. આથી પહેલાં યમનમાં બે હુકૂમતો હતી. એક સબાની ભૂમિમાં બીજી હઝ્રમવત ના પ્રદેશમાં. રાઈશે બંને પર કબજો કરીને બધાને તાબે કરી લીધા જેથી રાઈશ "તુબ્બઅ" લકબે પંકાય ગયો. (અસિહ-હુસ-સિયર પેજ ૩૪) "હ"

પહેલા યમનની રાજગાદી પર બેઠો હતો. અને આ તેજ અબૂ કરિબ છે જેના વિષે આ શેઅર લોકજીભે ચઢેલો છે.

લયતા હઝઝી મિન અબી કરિબ • અંય યસુદ્દ ખયરુહૂ ખબલહ.

એટલે કાશ ! મને અબૂ કરિબ તરફથી માત્ર આટલો જ લાભ મળતે કે તેની નેકીઓ તેની બુરાઈઓને મિટાવી દેત ! (એટલે તેણે જે નેકીઓ કરી તેની સરખામણીમાં તેની બુરાઈઓ કશી વિસાતમાં નથી.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : તુબાન અસઅદ બાદશાહે યમનથી મદીનહ સુધીની સડક બનાવી હતી. એજ સડક પર થઈને તે યમનથી મદીનહ સુધી આવજાવ કરતો હતો. મદીનહના લોકો સાથે ઉદારદિલીનો વર્તાવ કરતો હતો. કોઈના દિલને દુઃખ પહોંચે કે કોઈની લાગણીને ઠેસ લાગે તેવી વાતોથી દૂર રહેતો હતો. એક વેળા મદીનહ ગયો તો પોતાના શાહઝાદાને અમુક મુદ્દત માટે ત્યાં જ મુકી આવ્યો. પછી એવું બન્યું કે મદીનહવાસીઓમાંથી કોઈએ તેના આ શાહઝાદાને ધોકાથી કતલ કરી નાખ્યો. શાહઝાદાની હત્યાના સમાચારે તુબાન અસઅદને પાગલ બનાવી દીધો. તાબડતોબ મદીનહ પર ચઢાઈ કરી દીધી; એવા વિચારે કે મદીનહ શહેરને ખેદાન-મેદાન કરી નાખે અને ત્યાંના લોકોનું કાસળ કાઢી નાખે અને ખજૂરીના ઝાડોને જડમૂળથી ઉખેડીને ફેંકી દે.

મદીનહવાસીઓને આ ચઢાઈના સમાચાર મળ્યા તો તેના મુકાબલા માટે મદીનહના અન્સારનો તે કબીલો સંગઠિત થઈ ગયો જેના સરદારનું નામ અમ્ર બિન તલ્લા હતું. આ કબીલો બનૂ નજ્જારની બિરાદરીમાંથી હતો.

તુબાનના એક ફોજીની કતલ----------ઇબ્ને ઇસ્હાક કહે છે : યમનનો બાદશાહ તુબાન અસઅદ પોતાનું લાવલશ્કર લઈને મદીનહની ભાગોળે પહોંચી ગયો. અહીંના પડાવ દરમિયાન તેનો એક ફોજી નજીકની એક વાડીમાં ખજૂરની ચોરી કરવા ગયો તો વાડીના માલિકે તેને મારી નાખ્યો. વાડીના માલિકનું નામ અહમર હતું જે બનૂ અદી બિન નજ્જારની બિરાદરીમાંથી હતો.

એની વિગત એમ છે કે બાદશાહનો ફોજી ખજૂરની ચોરી માટે વાડીમાં ગયો ત્યારે વાડીનો માલિક અહમર પોતાના માણસો સાથે વાડીમાં હાજર હતો. તેણે પેલા ફોજીને પોતાની વાડીમાં ઘૂસીને ખજૂરના ઝૂમખા તોડતા જોયો તો દાતરડું લઈને તેની ઉપર તૂટી પડ્યો અને બોલ્યો, "ફલમી ખજૂરો પર તેના માલિકનો હક હોય છે, નહિ કે તારો !" આમ કહી દાતરડાંથી તેને રહેંસી નાખ્યો.

આ અણધારેલી ઘટનાએ તુબાન અસઅદ બાદશાહના વેરની આગને ઓરભી ભડકાવી દીધી અને પછી બંને પક્ષો એકબીજા સાથે બાખડી પડયા. મદીનહના અન્સાર કુનેહબુદ્ધિથી કામ લઈને દિવસના અજવાળામાં તેઓનો મુકાબલો કરતા અને રાતની વેળા સમાધાનથી કામ લઈને તેઓની પરોણાગત કરતા. બાદશાહને તેઓના આ વિચિત્ર વલણથી ભારે કુતૂહલ થતું અને તે બોલી ઉઠતો, "અલ્લાહના સોગંદ! અમારી કૌમ બહુ ભોળી, ઉદાર અને શરીફ છે." બીજી તરફ અન્સારના અગ્રેસર અમ્ર બિન તલ્લાને આ કુનેહભરી નીતિથી સંતોષ હતો કે વિજય તો અંતે અમારો જ થશે.

એજ દરમિયાન જ્યારે કે બંને પક્ષો વચ્ચે યુદ્ધ જામેલું હતું, મદીનહના યહૂદીઓમાંથી બનૂ કુરૈઝહ

કબીલાના બે ધુરંધર પાદરીઓ બાદશાહની તહેનાતમાં હાજર થયા. મદીનહમાં વસનારા બધા યહૂદીઓ હઝરત યઅકૂબ બિન હઝરત ઈસ્હાક બિન હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહની અવલાદમાંથી હતા. અલ્લાહની રહમતો અને બરકતો હો એ બધા મહાન પયગમ્બરોના પવિત્ર આત્માઓ પર ! [1]

બાદશાહને યહૂદી પાદરીઓની નસીહત——————આ બંને યહૂદી પાદરીઓ ઈલ્મો-હિકમત અને સમજબુધ્ધિમાં ઊંચુ સ્થાન ધરાવતા હતા. જ્યારે એ લોકોએ સાંભળ્યું કે યમનનો બાદશાહ મદીનહને અને મદીનહવાસીઓને તબાહ કરી નાખવાનો ઈરાદો ધરાવે છે તો બંને પાદરીઓએ તેની તહેનાતમાં હાજર થઈને કહ્યું,''હે બાદશાહ ! મદીનહને તબાહ કરવાનો ઈરાદો જતો કરો અને મદીનહવાસીઓની બરબાદીનો વિચાર માંડી વાળો. જો તમે આમ નહિ કરો અને નહિ અટકો તો તમારી અને મદીનહની વચ્ચે જરૂર કોઈ ભેદી દીવાર ઉભી થઈ જશે જે તમને મદીનહની તબાહીથી અટકાવી દેશે અને બનવા જોગ છે કે અલ્લાહનો અઝાબ તમારી ઉપર તૂટી પડે!''

''અલ્લાહનો અઝાબ.....?'' બાદશાહે નવાઈથી પૂછયું, એનું કારણ શું ?''

તેઓ બોલ્યા,''આ મદીનહ તે શહેર છે જ્યાં અલ્લાહના એક પયગમ્બર પોતાના વતનથી હિજરત કરીને પધારવાના છે. આ પયગમ્બર મક્કહના કુરૈશ કબીલામાં આખેરી જમાનામાં પાકવાના છે. તેઓ મક્કહથી હિજરત કરીને કાયમ માટે મદીનહમાં વસવાટ કરવાના છે.''

પાદરીઓની આ વાત બાદશાહના દિલમાં તીર બનીને ખૂંપી ગઈ. તે સમજી ગયો કે આ પાદરીઓને ભવિષ્યમાં બનનારા બનાવોની ખબર છે. તેને બંનેની વાતો ગમી ગઈ. એજ વેળા તેણે યુધ્ધ સંકેલી લેવાની જાહેરાત પોકારાવી દીધી. આ તુબાન અસઅદ અબૂ કરિબ યમનનો બાદશાહ પેલા યહૂદી પાદરીઓની ડહાપણ ભરેલી વાતોથી એટલો બધો પ્રભાવિત થયો કે તેણે એજ સ્થળે યહૂદી ધર્મ કબૂલ કરી લીધો અને પછી પોતાના લાવલશ્કરને લઈને યમન તરફ રવાના થઈ ગયો અને ત્યાં જઈને યહૂદી મઝહબની પેરવી કરવા લાગી ગયો.

(નોટ : અહીં અલ્લામા ઈબ્ને હિશામે ખાલિદ બિન અબ્દુલ-ઉઝઝા નામે શાઈરનું રચેલું દસ શેઅરોનું પ્રશસ્તિ-કાવ્ય જે તેણે મદીનહના અન્સારના અગ્રેસર અમ્ર બિન તલ્લાની શાનમાં રચેલું છે તે અમે જતું કર્યું છે.)

મદીનહના અન્સાર કબીલાના લોકો એવો દાવો કરે છે કે તુબ્બઅ વંશનો આ બાદશાહ આથી પહેલાં મદીનહના યહૂદી કબીલાઓ પ્રત્યે ધિક્કારની લાગણી ધરાવતો હતો અને ગમે તે ભોગે યહૂદીઓને ઠેકાણે પાડી દેવા માગતો હતો. પણ પેલા બે યહૂદી પાદરીઓની અગમચેતીથી ચેતીને તે પોતે યહૂદી બની ગયા. [2]

તુબ્બઅ બાદશાહની મક્કહ પર ચઢાઈ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : યમનનો તુબ્બઅ વંશનો આ તુબાન અસઅદ બાદશાહ અને તેની આખી કૌમ આથી પહેલાં મૂર્તિપૂજાનો ધર્મ પાળતા હતા. આ સમયે આ બાદશાહે મક્કહ ઉપર પણ ચઢાઈ કરી દીધી હતી. જ્યારે ચઢાઈના ઈરાદે મક્કહ તરફ ઊપડીને ઉસ્ફાન

---

૧. ઈબ્ને હિશામે અહીં મદીનહના યહૂદીઓની લાંબી વંશાવળી ટાંકેલી છે તે અમે જતી કરી છે. ''હ''

૨. આ રીતે તુબાન અસઅદ બાદશાહ પોતે તો યહૂદી બની ગયો પણ યહૂદી મઝહબને પણ મદીનહથી કાઢીને પોતાની સાથે યમન લઈ ગયો. બાદમાં આ યહૂદી મઝહબે, યમનમાં યુસુફ ઝૂ-નવાસ નામે બાદશાહના યુગમાં મોટી તબાહી મચાવી દીધી. વીસ હજાર ખ્રિસ્તીઓને તેણે જીવતા આગમાં બાળી નાખ્યા. એવું બયાન પ્રકરણ ૮માં આવે છે. ''હ''

તથા અમજ [1] વચ્ચે આવેલા કોઇ સ્થળે પહોંચ્યો તો હુઝૈલ બિન મુદરિકા બિન ઇલ્યાસ બિન મુદર બિન નિઝાર બિન મઅદ્દ કબીલાના કેટલાક માણસો તેની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "હે બાદશાહ ! શું અમે આપને એક છુપા ખજાનાની બાતમી નહિ આપીએ ?"

"છુપો ખજાનો ? બાદશાહે પૂછયું, કેવો ખજાનો ?"

બોલ્યા, "એવો ખજાનો જેમાં મોતી, માણેક, પન્ના અને સોના-ચાંદીની વસ્તુઓનો ઢગલો છે. આથી પહેલાં કોઇને એ ખજાનાની ખબર ન હતી."

"વારૂ, એ ખજાનો કયાં આવેલો છે ?" બાદશાહે પૂછયું.

બોલ્યા,"મક્કહમાં એક ઘર છે. અરબના લોકો તેમાં પૂજાપાટ કરે છે. તેમાં નમાઝ પઢે છે અને દુઆ-બંદગીની બીજી ક્રિયાઓ કરે છે.

અસલમાં આ લોકો ખજાનાની બાતમીને બહાને તુબ્બઅ બાદશાહને મોતને ઘાટ ઉતારી દેવા માંગતા હતા. મક્કહ પર બાદશાહની ચઢાઇના વાવડ ફેલાય ગયા હતા. પોતે મક્કહના વતની હોવાથી જાણતા હતા કે જે બાદશાહે કે આક્રમણખોરે મક્કહ પર ચઢાઇ કરી અથવા જેણે કઅબહનું અપમાન કરવાનો ઇરાદો કર્યો, એ અલ્લાહની લઅનતનો ભોગ બનીને ભેદી રીતે તબાહ થઇ ગયો છે. તુબ્બઅ બાદશાહે તેઓની વાત માની લઇને મક્કહ જવાનું નક્કી કરી લીધું. પણ પોતાના નિર્ણયને અમલમાં મૂકવા પહેલાં તેણે પેલા બંને યહૂદી પાદરીઓને બોલાવ્યા અને પોતે જે કંઇ સાંભળ્યું હતું તેની વિગત દર્શાવીને સલાહ રૂપે પૂછયું. "બોલો મારે મક્કહ જવું કે નહિ ?"

યહૂદી પાદરીઓ બોલ્યા, "હે બાદશાહ ! અમારા આકાશી જ્ઞાન મુજબ આ લોકોએ તમારી તબાહીનો ત્રાગડો રચ્યો છે. મક્કહમાં છુપા ખજાના જેવું કંઇ નથી. તેઓનું કહ્યું માનીને મક્કહ પર આક્રમણને ઇરાદે જશો તો તમારૂં અને તમારા લશ્કરનું નામો-નિશાન મટી જશે. ત્યાં અલ્લાહનું જે ઘર આવેલું છે તેવું ધરતીના પટ પર બીજું કોઇ ઘર નથી. એ ઘર અલ્લાહએ પોતાને માટે અને પોતાના બંદાઓ માટે આ જમીન પર બનાવેલું છે."

"શું અલ્લાહએ પોતે જમીન પર આવીને એ ઘર બાંધેલું છે ?" બાદશાહે પૂછયું

"ના અલ્લાહના હુકમથી તેના બંદા અને તેના પયગમ્બર ઇબ્રાહીમે એ ઘર બાંધેલું છે."

"એ ઘરનું નામ શું છે ?"

"એને બૈતુલ્લાહ કહે છે અને કઅબહ પણ કહે છે."

"વારૂ આ કઅબહ અલ્લાહનું ઘર હોય તો તમે યહૂદી લોકો કેમ તેની તઅઝીમ નથી કરતા ?" બાદશાહે પાદરીઓને સવાલ કર્યો.

---

૧. ઉસફાન : મક્કહ અને મદીનહના રસ્તાની એક જાણીતી મંઝિલ છે. ઊંટ પર પ્રવાસ કરતી વેળા મક્કહથી નીકળતાં પહેલી મંઝિલ વાદીએ-ફાતિમહ આવે છે. અને ત્યાંથી આગળ જતાં બીજી મંઝિલ આવે છે. તેનું નામ ઉસફાન. મક્કહથી ઉસફાનનું અંતર ત્રીસથી ચાલીસ માઇલ જેટલું હશે.

અમજ : મદીનહની દિશાએ આવેલા એક સ્થળનું નામ છે. એક ખીણનું પણ એ નામ છે. આ ખીણ બનૂ સુલૈમની વસતિથી શરૂ થઇને સમુદ્ર કાંઠે પહોંચેલી છે. (ઇબ્ને હિશામ જિ.૧ પા. ૪૬)

જવાબમાં પાદરીઓ બોલ્યા, "વલ્લાહ હે બાદશાહ ! કઅબહ બેશક અલ્લાહનું ઘર છે. અલ્લાહના હુકમથી તેના પયગમ્બર ઇબ્રાહીમે બનાવેલું છે. તમે જે સવાલ પૂછયો કે ટકોર કરી તે વાજબી જ છે બેશક અમારે પણ અરબોની પેઠે કઅબહની તઅઝીમ કરવી જોઇએ. પણ બાબત એમ છે કે હવે ત્યાંના અરબોએ મૂર્તિપૂજાનો નવો ધર્મ ઉપજાવી કાઢ્યો છે અને અલ્લાહના આ ઘરમાં તેઓએ દેવી દેવતાઓની મૂર્તિઓ ઘડીને ગોઠવી દીધી છે. અમે એક અલ્લાહના પૂજારી છીએ. તેને જ અમારો સર્જનહાર અને પાલનહાર માનીએ છીએ. જયારે કે મક્કહના લોકો એક અલ્લાહને છોડીને પથ્થરની મૂર્તિઓની બંદગી કરે છે. મૂર્તિઓને પોતાનો ભગવાન માનીને તેની વેદી પર જાનવરોનો વધ કરે છે અને તેને જ પોતાનો પાલનહાર કે અન્નદાતા સમજે છે. તેઓના આ નવા ધર્મે તેઓની વચ્ચે અને અમારી વચ્ચે એક એવી દીવાર ઊભી કરી દીધી છે જેના ખંડનનું અમારામાં બળ નથી. મક્કહના લોકો મુશરિક પણ છે, કાફિર પણ છે અને ગંદા પણ છે. (આ ગંદકી તેઓના શરીરની નહિ, તેઓના આત્માની છે.) આ કારણે અમે ન તેઓના કામમાં ભાગ લઇ શકીએ છીએ ન કઅબહની તઅઝીમ માટે જઇ શકીએ છીએ"

"વારૂ તો મારે મક્કહ જવું કે નહિ ? "બાદશાહે પૂછયું, અને જાઉં તો કઅબહમાં દાખલ કેવી રીતે થવું ?"

"જવું જ હોય તો હે બાદશાહ ! તમારે પણ તેજ નિયમો પાળવા જોઇએ જે ત્યાંના લોકો પાળે છે. મક્કહ જઇને અલ્લાહના ઘરમાં દાખલ થવું હોય તો દાખલ થવા પહેલાં તમારા માથાના વાળ મૂંડાવી નાખો. એ પછી અલ્લાહના ઘરનો તવાફ કરો. એટલે કઅબહની ચોગર્દમ ઘૂમીને સાત ફેરા પૂરા કરો. ત્યાંના લોકો કઅબહની તઅઝીમ માટે જે ક્રિયાઓ કરે છે એ બધી ક્રિયાઓ તમે પણ પૂરી ધર્મભાવનાથી કરો અને ત્યાંના નિવાસ દરમિયાન પૂરેપૂરી નમ્રતા, દીનતા, સભ્યતા અને આજેઝી ગ્રહણ કરો. કઅબહની બેઅદબી થાય તેવું કોઇ કામ ન કરો"

તુબ્બઅ બાદશાહ યહૂદી પાદરીઓની અણીશુધ્ધ વાતો અને સલાહ સૂચનોથી બેહદ પ્રભાવિત થયો. તેઓની ભલી લાગણી બદલ પોતાનો સંતોષ જાહેર કર્યો અને પછી પેલા હુઝૈલ કબીલાના ધોકાબાજ લોકોને બોલાવી મંગાવ્યા જેઓએ છળકપટથી કામ લઈને એની તબાહીનું કાવતરૂં રચ્યું હતું. બાદશાહે એમાંના દરેક હતભાગીના હાથપગ કાપી નાખવાનો હુકમ છોડયો જેનું તુરંત પાલન કરવામાં આવ્યું.

એ પછી તુબ્બઅ બાદશાહ પોતાના લાવલશ્કર સાથે મક્કહ તરફ રવાના થયો. કઅબહના હરમમાં પ્રવેશવા પહેલાં પોતાના માથાના વાળ મૂંડાવી નાખ્યા. સાત ફેરા કઅબહની ચોગર્દમ ફરીને એક તવાફ મુકમ્મલ કર્યો. ત્યાંના કિયામ દરમિયાન ઊંટોની કુરબાની કરતો રહ્યો. લોકોનું કહેવું છે કે તુબ્બઅ બાદશાહે પૂરા છ દિવસ મક્કહમાં કિયામ કર્યો. એ દરમિયાન તેણે પોતાના ખજાનાનું મોં ખોલી નાખ્યું. આમ દઅવતો ઉપરાંત ગરીબો, નાદારો, બેવાઓ, યતીમોને છૂટા હાથે મદદ કરતો રહ્યો અને જાનવરોના માંસ ઉપરાંત લોકોને શહદ એટલે મધ પણ પીવાડતો રહ્યો.

કઅબહના ગિલાફનો આરંભ——— —ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ મક્કહના કિયામ દરમિયાન એક રાતે તુબ્બઅ બાદશાહે એક ખ્વાબ જોયો. એક નૂરાની ચેહરાની વ્યકિતએ ખ્વાબમાં આવીને તેને બૈતુલ્લાહ એટલે કઅબહ પર મૂલ્યવાન કપડાનો ગિલાફ ઓઢાડવાનો હુકમ કરમાવ્યો. આ હુકમનું

પાલન કરતાં તુબ્બઅ બાદશાહે પ્રથમ "ખસ્ફ" [1] નામે કાપડનો ગિલાફ બનાવીને કઅબહ પર ઓઢાડયો. એ પછી બીજી રાતે ફરીવાર તેણે ખ્વાબ જોયો. કે એજ નૂરાની બુઝુર્ગ તેને "ખસ્ફ"થી ચઢિયાતા કાપડનો ગિલાફ કઅબહ પર ઓઢાડવાનો હુકમ ફરમાવી રહ્યા છે. ત્યારે તુબ્બઅ બાદશાહે "મઆફર" નામે કાપડનો ગિલાફ બનાવીને કઅબહ પર ઓઢાડયો [2] પરંતુ ત્રીજી રાતે એનાથી યે ઉત્તમ કાપડનો ગિલાફ ચઢાવવાનો હુકમ ફરમાવવામાં આવ્યો ત્યારે તેણે "મુલાઅ" અને "વસાઇલ"નામે સૌથી મૂલ્યવાન કાપડનો ગિલાફ બનાવીને કઅબહ પર ઓઢાડયો.

અરબના ઇતિહાસકારોનું કહેવું છે કે "તુબ્બઅ બીજો" તે બાદશાહ છે જેણે બૈતુલ્લાહ એટલે અલ્લાહના ઘર પર સૌથી પહેલાં ગિલાફ ચઢાવવાનો પાયો નાખ્યો. પછી તેણે કઅબહના મુતવલ્લીઓ એટલે વહીવટદારોને ગિલાફની પ્રથા કાયમ માટે ચાલુ રાખવાની વસિય્યત કરી. તે સમયે કઅબહના વહીવટી તંત્રનું સંચાલન બનૂ જુરહુમ નામે કબીલાના હાથમાં હતું. [3]

કઅબહનો દરવાજો અને તાળું————કઅબહના ગિલાફ ઉપરાંત તુબ્બઅ બાદશાહે કઅબહને સ્વચ્છ રાખવાના, તેમાં મારામારી કે કાપાકાપી નહિ કરવાના, મરેલા ઢોરનું માંસ, ઢોરનું લોહી, ગંદા ચીંથરાં કે કચરોપૂંજો નહિ નાખવાના, તેમાં હૈઝ કે નિફાસવાળી સ્ત્રીને પ્રવેશવા નહિ દેવાના અને હરેક પ્રકારે કઅબહને પાકસાફ રાખવાના આદેશો પણ છોડયા. એજ તુબ્બઅ બાદશાહે કઅબહનો દરવાજો ઘડાવ્યો અને દરવાજાને ચાવીથી તાળું મારવાની પ્રથા ચાલુ કરી.

સુબૈઅહ શાઇરહના શેઅરો————આ તેજ તુબ્બઅ બાદશાહ છે જેની ખૂબીઓ, નેકીઓ અને સંસ્કારોના વખાણ સુબૈઅહ બિન્તે અહબ્બ નામની શાઇરહએ પોતાના એક કસીદામાં કર્યા છે. એની વંશાવળી આ છે: સુબૈઅહ બિન્તે અહબ્બ બિન ઝૈનબહ બિન જઝીમહ બિન ઔફ બિન નસર બિન મુઆવિયા બિન બક્ર બિન હવાઝિન.......બિન કૈસ બિન એલાન.

સુબૈઅહ શાઇરહના ખાવિન્દનું નામ અબ્દે-મનાફ બિન કઅબ બિન સઅદ બિન તૈમ બિન કઅબ બિન મુર્રહ..... બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર બિન કિનાનહ હતું. અબ્દે મનાફથી જન્મેલા સુબૈઅહ શાઇરહના એક પુત્રનું નામ ખાલિદ હતું. ખાલિદને સંબોધીને સુબૈઅહએ એક કસીદો રચ્યો છે જેમાં તેણે પોતાના પુત્ર ખાલિદને કઅબહનું માન જાળવવાની અને કઅબહના હરમમાં બંડખોરી નહિ કરવાની નસીહત કરી છે અને તુબ્બઅ બાદશાહે જે આજેઝી નમ્રતા, દીનતા અને સેવાભાવથી અલ્લાહના ઘર કઅબહ માટે જે કામો કર્યાં તેનું વર્ણન કરીને તેને ખંડણી આપી છે. સુબૈઅહ પોતાના કસીદામાં કહે છે:

---

૧. ખસ્ફ : અરબી શબ્દ છે જેના અર્થ ખજૂરીના પાંદડા અને બીજા રેશાઓની મેળવણીથી બનાવેલું કાપડ, જાડા બારદાન કાપડ માટે પણ આ શબ્દ વપરાય છે.

૨. મઆફર : યમનના એક શહેરનું નામ અહીંની શાળ પર વણેલું કાપડ મઆફર નામે જાણીતું હતું. (ઇબ્ને હિશામ જિ.૧ પા. ૪૮નો હાશિયો.)

3. યમનના બાદશાહ "તુબ્બઅ બીજા"એ અલ્લાહના ઘર કઅબહ પર ગિલાફ ચઢાવવાનો ચાલુ કરેલો આ રિવાજ, હજારે વરસના વહાણા વીતી જવા છતાં આજે પણ ચાલુ છે. સુઊદી અરબના બાદશાહો, લાખો રિયાલના ખર્ચે તૈયાર કરેલો, મૂલ્યવાન કાપડનો કાળા રંગનો ગિલાફ, આજે પણ દર વરસે, કઅબહને ગુસલ આપવા પછી કઅબહ પર ચઢાવે છે. "હ"

Maktabe Ashraf

૧. અ બુનય્ય ! લા તઝલિમ બિ-મક્કત..• લસ - સગીર વલલ - કબીર...

હે મારા વહાલા બેટા ! મક્કહમાં ઝુલ્મો-સિતમ ન કરજે ! ન છોટાંઓ પર ન મોટાંઓ પર!

૨. વહફિઝ મહારમ્-હા બુનય્ય !.......• વલા યગુર- રન-નકલ- ગુરૂર...

પ્યારા પુત્ર ! મક્કહની આદરપાત્ર ચીજોની હિફાઝત કરજે અને જોજે. અભિમાન કે ખોટા વિચારો તને ધોકામાં નહિ નાખી દે.

૩. અ બુનય્ય ! મંય-યઝલિમ બિ-મક્કત્ • યલ્કા અત્રા - ફશ - શુરૂર....

હે મારા બેટા ! જે માણસ મક્કહમાં ઝુલ્મો-સિતમ કરે છે તેને છેવટે માઠાં પરિણામો ભોગવવાં પડે છે.

૪. અ બુનય્ય ! યુદરબ વજ - હુહૂ.....• વ યલુહ બિ-ખદ-દૈહિસ-સઈર..

હે મારા પુત્ર ! એવા ત્રાસવાદીના મોઢા પર માર પડે છે અને ભડકતી આગ તેના કોમળ ચેહરાની રૂપરેખા બગાડી નાંખે છે.

૫. અ બુનય્ય ! કદ જર-રબ-તુહા.....• ફ-વજદ-તુ ઝાલિમ-હા યબૂર...

હે મારા પ્યારા પુત્ર ! મને એના ઘણા અનુભવો થયા છે. એમાં એટલે મક્કહમાં ઝુલ્મ કરનારને મેં તબાહ થતાં જ જોયો છે.

૬. અલ્લાહુ આમન-હા વમા...........• બુનિયત બિ-અર-સતિહા કુસૂર..

મક્કહ અને એની ધરતી પર જેટલા મહેલો છે, અલ્લાહએ એ બધાને શાંતિ અને સલામતી અર્પણ કરેલી છે.

૭. વલ્લાહુ આમના તૈરહા...........• વલ ઉસ્મુ તઅ-મનુ ફી સુબીર..

અલ્લાહએ એના પંખી-પક્ષીઓને પણ શાંતિ-સલામતી બખ્શી દીધી છે. અને સુબીર નામે પહાડમાં વસનારી હરિણીઓ પણ શાંતિ-સલામતીથી રહે છે.

૮. વ લકદ ગઝાહા તુબ્બઉન.........• ફ-કસા બનીય-હલ-ખબીર...

અને બેશક તુબ્બઅ બાદશાહે આ ગૌરવવંતા ભવ્ય ઘરનો ઈરાદો કર્યો છે અને તેના દર્શન માટે આવ્યો છે અને તેની ઈમારત પર નવો, નાજુક, નકશીદાર ગિલાફ ચઢાવ્યો છે.

૯. વ અઝલ્લ રબ્બી મુલ્ક-હૂ.........• ફીહા ફ-અવફા બિન-નુઝૂર.....

અને મારા પાલનહારે તેના દેશને તાબેદાર બનાવી દીધો તો તેમાં તેણે નજરાણાં અર્પણ કર્યાં.

૧૦. યમ્શી ઈલૈહા હાફિયન.............• બિ ફિના-ઈહા અલ્ફા બઈર....

જોવામાં આવ્યું કે તે એ ઘર તરફ ઉઘાડા પગે જઈ રહ્યો છે અને એ ઘરના ચોકમાં બે હજાર ઊંટો હાજર છે. (કુરબાની અને મહેમાનોની ઝિયાફત માટે.)

૧૧. વ યઝલ્લુ યુત્ઈમુ અહ-લહા........• લહમલ મહારી વલ જુઝૂર......

અને તે ત્યાંના રહેવાસીઓ માટે ઊંચી જાતના ઊંટો અને બીજાં ખાવા લાયક જાનવરોનું ગોશ્ત ખવડાવતો

જઇ રહ્યો છે.

૧૨. યસ્કી હિમુલ અસલલ મુસફ-ફા..... • વર - રહીદા મિનશ - શઇર...

તે તેઓને શુધ્ધ મધ અને સ્વચ્છ જવનું મીઠું પીણું પીવડાવતો જઇ રહ્યો છે.

૧૩. વલ-ફીલુ અહ-લકા જય-શહૂ...... • યુરમૌના ફીહા બિસ-સુખૂર.....

અને હાથીવાળા લશ્કરને તબાહ કરી નાખવામાં આવ્યું અને જોનારા જોઇ રહ્યા હતા કે તેઓ પર આ વસતિમાં ચટાણો વરસી રહી છે.

૧૪. વલ-મુલ્કુ ફી અકસલ-બિલાદિ...... • વ ફિલ-અઆજિમિ વલ-જઝીર.

અને તેના બાદશાહને મક્કહથી દૂર-દરાજના શહેરો અને અરબથી બહારના દેશો અને ટાપુઓમાં હલાક કરી નાખવામાં આવ્યો.

૧૫. ફસ્મઅ ઈઝા હુદ-દસ્ત વફ-હમ..... • કયફા આકિ-બતુલ-ઉમૂર.....

તો હે મારા વ્હાલા બેટા ! જે કંઇ તને કહેવામાં આવ્યું તેને સાંભળી લેજે ! અને પરિણામ શું આવશે તેનો વિચાર કરી લેજે !

ઇબ્ને હિશામ કહે છે : આ શેઅરો મુકૈયદ છે અને મુકૈયદ એવા શેઅરોને કહે છે જેને ઝબર, ઝેર, પેશ એટલે કાના-માત્રા નહિ લગાડવામાં આવે અને ત્યાં થોભવામાં આવે.

યમનમાં યહૂદી ધર્મનો પ્રવેશ————તુબ્બઅ બાદશાહ જયારે આ બધાં કામોથી પરવારી ગયો તો તેણે પોતાના વતને જવાની તૈયારી કરી અને જે કંઇ તેનું લાવલશ્કર હતું તેને લઇને તથા પેલા બંને યહૂદી પાદરીઓને પોતાની સાથે લઈને તે મક્કહથી યમન તરફ રવાના થઇ ગયો.

યમનની ભૂમિમાં પ્રવેશીને તુબ્બઅ બાદશાહે સૌથી પહેલું જે કામ કર્યું તે યહૂદી ધર્મના પ્રચાર અને પ્રસારણનું કામ હતું. કેમકે તે પોતે પણ દિલોજાનથી યહૂદી ધર્મ સ્વીકારી ચૂકયો હતો. પરંતુ જયારે તેણે પોતાની રૈયતને યહૂદી ધર્મ કબૂલ કરી લેવાનો હુકમ બહાર પાડયો તો લોકોએ ખુલ્લા શબ્દોમાં તેનો ઈન્કાર કરી દીધો અને બાદશાહને સામો પડકાર ફેંકયો કે:

> "કોનો ધર્મ ખરો છે અને કોનો ધર્મ ખોટો છે તેનો ફેસલો આગની પરીક્ષાથી કરવામાં આવશે. જે પક્ષ આગથી સલામત રહેશે તેનો ધર્મ સાચો અને આગમાં બળી મરનારનો ધર્મ ખોટો."

ઇબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ માલિક બિન સઅલબા બિન અબૂ માલિક કુરઝીએ ઈબ્રાહીમ બિન મુહંમદ બિન તલહા બિન ઉબૈદુલ્લાહની રિવાયતથી કહ્યું કે તુબ્બઅ બાદશાહ જયારે મક્કહથી ઊપડીને યમનની સરહદે પહોંચ્યો તો તેની હિમ્યર કૌમના લોકોએ તેને કહ્યું, "હે બાદશાહ ! અમે તને યમનની ભૂમિમાં દાખલ નહિ થવા દઈએ."

બાદશાહે પૂછયું, "હે મારા હિમ્યરી ભાઇઓ ! તમે મારો રસ્તો કેમ રોકો છો ? "

"હે બાદશાહ !" લોકો બોલ્યા, "અમે સાંભળ્યું છે કે તેં બાપદાદાનો ધર્મ કસોટી દીધો છે. એ

Maktabe Ashraf

સાચી વાત છે?"

"હા બિલકુલ સાચી વાત છે." બાદશાહે કહ્યું, "સાંભળો, આપણા બાપદાદાનો જે ધર્મ છે તેનાથી યહૂદી ધર્મ ચઢિયાતો છે. માટે તમે પણ ખુલ્લા દિલે એનો સ્વીકાર કરી લો."

"હે બાદશાહ !" લોકો બોલ્યા, "જો તારી વાત સાચી હોય તો ચાલ તે આગ પાસે જે આપણા ખરા-ખોટા મામલાને ન્યાયપૂર્વક ઉકેલી નાંખે છે."

સત્યની કસોટી અને આગની લવાદી————ઇબ્ને ઈસ્હાક કહે છે : તે વેળા યમનમાં કોઇ ઝગડો ખડો થતો અથવા કોઈ સમસ્યા કે મડાગાંઠ ઊભી થતી તો તેના નિરાકરણ માટે આગને લવાદ બનાવવાની પ્રથા યમનવાસીઓમાં પરાપૂર્વથી ઊતરી આવતી હતી. બંને તકરારી પક્ષો આગ પાસે પહોંચીને તેને લવાદ બનાવી લેતા. પછી ગમે તેવો ગૂંચવાયેલો મામલો હોય આગ તેનો ફેસલો કરી નાખતી. એમાં એવું બનતું હતું કે જે પક્ષ જૂઠો હોય, આગ આગળ વધીને તેને બાળીને ભસ્મ કરી નાખતી અને સાચો પક્ષ આગમાંથી સલામતીથી પાર ઊતરી જતો. આ પ્રથા હઝરત આદમથી ચાલુ હતી.

બાદશાહે તેઓનો પડકાર ઝીલીને અગ્નિ-પરીક્ષાનો સ્વીકાર કરી લીધો. જ્યારે નકકી કરેલો સમય આવ્યો તો તેની કૌમના લોકો પોતાના ભગવાનોની મૂર્તિઓને ખભે ઉપાડીને અને પોતાના ઇષ્ટદેવોને પ્રસન્ન કરવાની સામગ્રી લઇને તે સ્થળ તરફ ઊપડયા જે આગના પ્રાકટ્યનું મુખ્ય મથક ગણાતું હતું. બીજી તરફ બાદશાહ પણ પોતાના માણસો સાથે પેલા બંને યહૂદી ધર્માત્માઓને લઇને એ સ્થળે પહોંચી ગયો. યહૂદી મહાત્માઓએ પોતાના આકાશી પુસ્તક તવરાતને પોતાના ગળે લટકાવેલા હતાં. જ્યારે બંને પક્ષો ત્યાં આવી ગયા તો લોકોએ જોયું કે અલ્લાહની કુદરતથી આગ પોતાના સ્થળેથી નીકળીને મૂર્તિપૂજકો તરફ ધસવા લાગી. એ જોઇએ મૂર્તિપૂજકો ભયભિત થઇને પાછળ ખસવા લાગ્યા. સામા પક્ષે તેઓને લલકાર્યા કે ખબરદાર પાછળ હઠવું નહિ. આ પરીક્ષાનું સ્થળ છે. ધીરજ ધરીને પોતાની જગાએ ઊભા રહો. ત્યારે પેલા લોકો ભોંઠા પડીને પોતાના સ્થળે ઊભા રહી ગયા. ત્યાં સુધી કે આગે ચોતરફથી તેઓને ઘેરી લીધા. અને જોતજોતામાં તેઓને, તેઓની મૂર્તિઓને, તેઓની પૂજાપાટની સામગ્રીને અને તેને ઉપાડનારાઓને સંપૂર્ણ રીતે ભરખી લીધા. બીજી તરફ યહૂદી ધર્માત્માઓ પોતાના ગળે તવરાત ભેરવીને, પેશાની પરથી પરસેવો ટપકાવતા પોતાના માણસો સાથે યાહોમ આગમાં ઘૂસી ગયા અને સલામતી સાથે હેમખેમ પાર ઊતરી ગયા.

બસ પછી શું હતું. તુબ્બઅ બાદશાહની મુલ્કે-યમનમાં વસનારી તમામ રૈયતે કુદરતનો આ ચમત્કાર જોઇને બાદશાહનો મઝહબ કબૂલ કરી લીધો. બસ અહીંથી જ આ ઘટનાને આધારે મુલ્કે-યમનમાં યહૂદી મઝહબનું મંડાણ થઇ ગયું.

આગની પરીક્ષાની બીજી રિવાયત—— ——ઇબ્ને ઈસ્હાકે આ અદ્ભુત ઘટનાનું બીજા રાવીઓને મુખે આ રીતે આલેખન કર્યું છે કે, યહૂદી ધર્માત્માઓ અને બાદશાહની હિમ્યર કૌમ વચ્ચે પડેલી મડાગાંઠનો ઉકેલ એવી રીતે નકકી થયો કે, જે પક્ષ આગને ખદેડીને તેના સ્થળે મૂકી આવે તે સાચા અને જે એમાં નિષ્ફળ જાય તેનો ધર્મ ખોટો. આ નિર્ણય મુજબ મૂર્તિપૂજ- પક્ષના પંડિતો આહુતિની સામગ્રી લઇને આગ પાસે ગયા અને ધર્મશાસ્ત્રના શ્લોકોનો મંત્રોચ્ચાર કરવા લાગ્યા કે જેથી આગને ખદેડીને તેના સ્થળે મૂકી આવે પરંતુ આગે તેઓની તરફ ધસારો કરી દીધો. ડરના માર્યા એ લોકો પાછલા પગે નાઠા અને એવા નાઠા કે પાછળ ફરીને

Maktabe Ashraf

જેવું નહિ.

એ પછી યહૂદી મહાત્માઓ આગ પાસે જઈને તવરાતની આયતો પઢવા લાગ્યા. લોકોએ જોયું કે એજ પળે આગ પાછળની દિશાએ સરકવા લાગી. ત્યાં સુધી કે તેના ઉદ્‌ભવ સ્થળે પહોંચીને થંભી ગઈ. આ ચમત્કાર નજરો-નજર નિહાળીને હિમ્યર કૌમના તમામ લોકોએ યહૂદી ધર્મ કબૂલ કરી લીધો. હવે અલ્લાહ બેહતર જાણે છે કે, બંનેમાંથી કઈ રિવાયત સાચી છે !

રિઆમ મંદિરમાં શયતાનનો વાસો————————ઇબ્ને ઈસ્હાક કહે છે : યમનની હિમ્યર નામે પ્રજા મૂર્તિપૂજાનો ધર્મ પાળતી હતી. તે વેળા રિઆમ નામે તેનું એક ભવ્ય મંદિર હતું જેનું તેઓ પુષ્કળ માન જાળવતા હતા. અહીં તેઓ પ્રાણીઓના વધની ધાર્મિક ક્રિયાઓ કરતા અને સાધુઓ પેઠે આસન જમાવીને તપમાં એકચિત્ત થઈ જતા. આ દશામાં કોઈક વાર તેઓને ગૈબી અવાજો દ્વારા માર્મિક સંકેતો મળતા.

હિમ્યર પ્રજાના ધર્મપલટા બાદ જ્યારે યહૂદી મહાત્માઓને આ મંદિરની બાતમી મળી તો તેઓએ તુબ્બઅ બાદશાહને કહ્યું, ''જહાંપનાહ ! અમારી જાણ મુજબ રિઆમ મંદિરમાં શયતાનનો વાસો છે. એજ શયતાન પોતાના ચેલાઓને ગુમરાહ કરે છે. પરવાનગી આપો તો એ શયતાનને અમે મારી નાખીએ.''

બાદશાહે પરવાનગી આપતા કહ્યું, ''તમારી મરજીમાં આવે તેમ કરો અને જલદી એ શયતાનને ઠેકાણે પાડો.''

યમનવાસીઓનું કહેવું છે કે તુબ્બઅ બાદશાહની પરવાનગી મળતાં યહૂદી પાદરીઓ પોતાની સાથે તવરાત લઈને રિઆમ મંદિરમાં ગયા. ત્યાં તેઓએ શયતાનને દફે કરવા માટે પવિત્ર મંત્રોનો જાપ શરૂ કર્યો. તવરાતની પવિત્ર આયતોનો જાપ ચાલુ હતો એ દરમિયાન એક કાળું કૂતરૂં મંદિરના એક ખૂણામાંથી નીકળીને હાંફળું ફાંફળુ બહાર દોડી જવા લાગ્યું. બંનેએ એજ પળે તરાપ મારીને તેને દબોચી લીધું અને ભોંય પર પછાડીને તેનું ગળું કાપી નાખ્યું. એ પછી તેઓના હુકમથી મંદિરને તોડી નાખવામાં આવ્યું. બસ અહીંથી જ યમનવાસીઓની જહાલત અને મૂર્તિપૂજાનો ખાતેમો થયો.

મને કહેવામાં આવ્યું કે રિઆમ મંદિરમાં મૂર્તિની વેદી પર જે કુરબાનીઓ કરવામાં આવતી હતી અને જાનવરોનું લોહી રેડવામાં આવતું હતું તેની નિશાનીઓ આજે પણ ત્યાં મવજૂદ છે.

Maktabe Ashraf

પ્રકરણ પાંચમું

હસ્સાન બિન તુબાનની બાદશાહી

ભાઈના ખૂનનું કાવતરૂં • ઝૂ-રૂઐનના બે શેઅરો • હિમ્યરી શાઇરના શેઅરો • ભાઇના ખૂનીનો પસ્તાવો.

ભાઈના ખૂનનું કાવતરૂં———— યમનનો બાદશાહ તુબાન અસઅદ જયારે મરી ગયો તો તેનો બેટો હસ્સાન બિન તુબાન અસઅદ અબૂ કરિબ રાજગાદીએ બિરાજીને મુલ્કે યમનનો બાદશાહ બની ગયો. બાદશાહીની લગામ હાથમાં આવતાં જ એ સત્તાના નશાથી છકી ગયો. સત્તાના નશામાં ચકચૂર થઈને તે, અરબ અને અજમના મૂલ્કોને ફતેહ કરી લેવાને ઇરાદે લાવલશ્કર સહિત ચાલી નીકળ્યો.

ઇબ્ને હિશામ કહે છે : હસ્સાન બિન તુબાન બાદશાહ પોતાના લાવલશ્કર સાથે જયારે મુલ્કે-ઇરાકના બહરૈન પ્રદેશમાં આવેલા એક સ્થળે પહોંચ્યો તો તેના હિમ્યરી કબીલાના લશ્કરીઓ તથા બીજા ફોજીઓને પોતાના બાલબચ્ચાં યાદ આવી ગયાં. તેઓએ આગળ વધવાનો ધરાર ઇન્કાર કરી દીધો અને પોતાના વતને વાપસ જવાની માગણી રજૂ કરી.

હસ્સાન બાદશાહે હેંકડાઈપૂર્વક તેઓની આ માંગણી ઠુકરાવી દીધી. આ લશ્કરમાં હસ્સાનનો ભાઈ અમ્ર બિન તુબાન પણ શામિલ હતો. હસ્સાનની તુમાખીભરી વલણથી લશ્કરના લોકો છંછેડાઇ ગયા. તેઓએ હસ્સાનના ભાઇ અમ્રને પોતાના પક્ષમાં લેવાની છુપી મંત્રણા કરી. પછી તેને ખાનગીમાં બોલાવીને કહ્યું, "હે અમ્ર ! જો તું અમને અમારા વતને લઇ જવાનું વચન આપે તો તારા ભાઈને ઠેકાણે પાડીને તેની ગાદીએ તને બિરાજમાન કરી દઇએ !"

અમ્ર બિન તુબાનને જોઈતું હતું અને મળી ગયું. પોતાની આ મનપસંદ ઇચ્છાને વધાવી લઈને તેણે તેઓને તેવું વચન આપી દીધું. વતને વાપસ જવાની ઇચ્છા ધરાવનાર બધા જ લશ્કરીઓ હસ્સાનની હત્યા પર એકમત થઇ ગયા. માત્ર ઝૂ-રૂઐન હિમ્યરી નામે એક સદાચારી અને ઠરેલ જવાન હતો જે તેઓની વાત સાથે સંમત નહિ થયો. તેણે હસ્સાન બાદશાહના ભાઇ અમ્રની ખાનગીમાં મુલાકાત લઈને નસીહત રૂપે તેને કહ્યું, "હે અમ્ર ! પોતાના ભાઇનું ખૂન કરીને નાહક તેનું લોહી રેડવું મહાન પાપ છે અને તું જાણે છે તેમ પાપી કૃત્યનો સદા બુરો અંજામ આવે છે."

ઝૂ-રૂઐનના બે શેઅરો————પરંતુ અમ્ર બિન તુબાનના મસ્તકે બાદશાહ બની જવાનો ભૂત ચઢી બેઠો હતો. કોઇપણ રીતે તે માન્યો નહિ ત્યારે ઝૂ-રુઐન જવાને એક કાપલી પર બે શેઅરો લખીને અને

કાપલીને સીલબંધ કરીને તેના હવાલે કરી દેતા કહ્યું, "આ કાપલીને પોતાની પાસે સાચવીને રાખજે!"

કાપલીમાં આ બે શેઅરો લખેલા હતા :

અલા મંય-યશતરી સહરન બિ-નવમિન, • સઈદુમ મંય-યબીતુ કરીરા અયનિન.

ખબરદાર ! તે કોણ શખ્સ છે જે ઊંઘને વેચીને ઉજાગરો ખરીદી લે ! (એટલે આવું અવિચારી પગલું મૂરખ સિવાય કોણ ભરી શકે ? એવો મૂરખ જે નતીજા રૂપે ઉજાગરાનો ભોગ થઈ પડે.) નસીબવાન છે તે શખ્સ જે શાંતિભરેલી આંખે મજાથી રાત ગુજારી દે. (એટલે પોતાના ભાઈનું ખૂન કરીને તું ચેનથી રહી શકવાનો નથી.)

ફ ઇમ્મા હિમ-યરૂન ગદરત વ-ખાનત, • ફમઅ-ઝિરતુલ-ઈલાહિલ-લિઝી રૂઐનિન.

અગર હિમ્યરની કૌમે વિશ્વાસઘાત અને ગદ્દારી કે બેઈમાની કીધી તો ભલે, પણ ઝૂ-રુઐન માટે તો અલ્લાહના દરબારમાં છૂટી જવાનું વાજબી કારણ છે જ !

હિમ્યરી શાઈરના શેઅરો————એ પછી અમ્ર બિન તુબાને પોતાના ભાઈ હસ્સાન બિન તુબાન બાદશાહને કતલ કરી નાખ્યો અને જે લશ્કરીઓ તેના પક્ષે હતા તેઓને તથા પૂરા લશ્કરને લઈને યમન તરફ રવાના થઈ ગયો. હિમ્યરીઓમાંથી એક શાઈરે કહ્યું છે:

લાહિ અયનલ-લઝી રઆ મિસ્લ હસ્સાન, • કતીલન ફી સાલિફિલ- અહકાબે.

એવા શખ્સની આંખો કેટલી ખુશનસીબ છે જેણે વિતેલી હજારો સદીઓમાં મરનાર હસ્સાન જેવા કોઈ બાદશાહના દર્શન કર્યાં હોય !

કતલત-હૂ મકા-વિલુન ખશા-યતલ હબ્સે, • ગદાતન કાલૂ લબાબે લબાબે.

શાહી દરબારના અમીરોએ તેને એવા દિવસે મારી નાખ્યો જ્યારે કે તેઓ ઝનૂનમાં આવીને "ડરવા જેવું નથી ! ડરવા જેવું નથી !" બોલી રહ્યા હતા.

મૈતુકુમ ખયરુના વ હય્યુ-કુમ રબ્બુન, • અલૈના વ કુલ્લુ-કુમ અરબાબે.

તમારામાંથી મરણ પામેલો (હસ્સાન) તો આપણામાં સૌથી શ્રેષ્ઠ હતો અને તમારામાંથી જીવતો (અમ્ર)પણ આપણો મુરબ્બી અને સરપરસ્ત છે. એ બધા જ આપણા અન્નદાતા છે.

ભાઈના ખૂનીનો પસ્તાવો————ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે અમ્ર બિન તુબાન પોતાના ભાઈ હસ્સાન બિન તુબાન બાદશાહનું ખૂન કરીને યમન પહોંચ્યો તો ટૂંક મુદ્દતમાં જ તેની ઊંઘ ઉડી ગઈ અને તેને બેખ્વાબી એટલે ઉજાગરાનો રોગ લાગુ પડી ગયો. અને આ રોગથી તે બુરી રીતે રિબાવા લાગ્યો. જ્યારે ઉજાગરાની પીડાથી તે કંટાળી ગયો તો તેણે દેશના નામચીન તબીબો, પંકાયેલા કાહિનો અને ધુરંધર નજૂમીઓને રોગના ઈલાજ માટે દરબારમાં બોલાવ્યા અને કહ્યું, "જુઓ તો ખરા મને આ શું થઈ ગયું છે ?"

તબીબોએ જુદા જુદા ઈલાજો બતાવ્યા પણ કંઈ વળ્યું નહિ. તેઓમાંથી એક હકીમે તેને કહ્યું, "જે શખ્સ પોતાના ભાઈ કે સ્નેહીનું વિના કારણે નાહક ખૂન કરે તેનો એવો જ અંજામ આવે છે. ઊંઘ તેની ઊડી જાય છે અને ઉજાગરો તેનું નખ્ખોદ વાળી દે છે."

આ સાંભળતાં જ અમ્ર બિન તુબાન ઉશ્કેરાઈ ગયો. ખૂન તેના મસ્તકે ચઢી બેઠું. ઝનૂનમાં આવીને તેણે

Maktabe Ashraf

પોતાના ભાઈના ખૂનની સલાહ આપનારાઓને વીણી વીણીને કતલ કરવા માંડયા. ભોગજોગે ઝુ-રુઐન પણ હડફેટમાં આવી ગયો. જ્યારે અમ્ર બિન તુબાને તલવાર ઉગામી તો તેણે કહ્યું, "હે અમ્ર! હું તદ્દન બેગુનાહ છું. ખૂનના આરોપથી મારો પાલવ પવિત્ર છે."

"એની સાબિતી ?" અમ્રે ગુસ્સાથી પૂછ્યું.

તે બોલ્યો, "એની સાબિતી મારો તે કાગળ છે જે સીલબંધ રીતે મેં તને આપ્યો હતો."

ઝૂ-રુઐનનું સદ્ભાગ્ય હતું કે હત્યારા અમ્રે એ કાગળને જાળવી રાખ્યો હતો. સીલ તોડીને જોયું તો તેમાં બે શેઅરો લખેલા હતા. (જેનું ઉપર વર્ણન થયું છે.)

આ સાબિતિથી ઝૂ-રુઐન તો જીવતો બચી ગયો પણ પોતાના ભાઈનો ખૂની બચી શક્યો નહિ. એજ રોગમાં તે રિબાઈ રિબાઈને અંતે મરી ગયો. અમ્રના મરણ પછી હિમ્યરી હુકૂમત છેરણ-વેરણ થઈ ગઈ. પૂરી કૌમમાં ફાટફૂટ પડી ગઈ.

Maktabe Ashraf

પ્રકરણ છઠ્ઠું

યમન પર ઝૂ-નવાસનું વર્ચસ

હિમ્યરી હુકૂમત પનોતીની દશામાં • હિમ્યરી શાઇરના શેઅરો • લખ્નીઆની ઐયાશીના ધંધા • લખ્નીઆની ઐયાશીનો અંજામ • યુસૂફ ઝૂ-નવાસની બાદશાહી • નજરાનમાં ખ્રિસ્તી ધર્મનો પાયો.

Maktabe Ashraf

સંપાદકની નોંધ

અમ્ર બિન તુબાનના મરણ પછી હિમ્યરી હુકૂમત પડતીની દશામાં આવી ગઇ. આ હુકૂમતનો પાયો સબા બિન યશજુબ નામે ગૃહસ્થે નાખ્યો હતો. સબાના મરણ પછી તેનો બેટો હિમ્યર બિન સબા રાજગાદીએ બેઠો. હિમ્યરના મરણ પછી હિમ્યરી વંશના લગભગ ચાલીસ બાદશાહોએ યમનની રાજગાદી પર બિરાજીને જાહોજલાલીથી રાજ કર્યું. એ પછી તુબાન અસઅદ એટલે તુબ્બઅ બીજો યમનની રાજગાદીએ બેઠો જે મદીના અને મક્કા ગયો હતો અને જેણે કઅબા પર ગિલાફ ચઢાવ્યો હતો. એના મરણ પછી એનો બેટો હસ્સાન બિન તુબાન યમનની રાજગાદીનો માલિક બન્યો. એના ભાઇ અમ્ર બિન તુબાને એનું ખૂન કરીને રાજગાદી પચાવી પાડી. પણ નાહક ખૂનના નતીજા રૂપે અમ્રનું પતન થયું. એના પતન પછી હિમ્યરી હુકૂમતનો પાયો હચમચી ગયો. પ્રજાના સંજોગોએ ઝડપભેર પલટો ખાધો. તેઓમાં ફાટફૂટ, કુસંપ અને વેરઝેર પ્રસરી ગયું. કૌમી સંગઠનના ભૂકકા બોલાઇ ગયા. વજીરો, અમીરો અને દરબારીઓ એકબીજાના ટાંટિયા ખેંચવા લાગ્યા. આ સંજોગો હતા એવામાં અચાનક લખ્નીઆ નામે એક શખ્સ જાહેર થયો. "હ"

હિમ્યરી હુકૂમત પનોતીની દશામાં—————ઇબ્ને ઇસ્હાક કહે છે: અમ્ર બિન તુબાનના મરણ પછી હિમ્યરી હુકૂમત છેરણ-વેરણ થઇ ગઇ. પૂરી કૌમમાં ફાટફૂટ પડી ગઇ. અચાનક હિમ્યરીઓમાંથી એક શખ્સ જાહેર થયો જેનું નામ લખ્નીઆ ઝૂ-શનાતર હતું. તેણે આગળ વધીને યમનની હુકૂમત પર કબજો કરી લીધો. આ માણસ હિમ્યરી કૌમમાંથી જ હતો પણ શાહી ખાનદાનમાંથી ન હતો. એ પોતાને "લખ્નીઆ નિયોફ ઝૂ-શનાતર" નામે ઓળખાવતો હતો. રાજસત્તા હાથમાં લેતાં જ તેણે કૌમના અગ્રેસરો અને શહેરના આબરૂદાર ગૃહસ્થોની કત્લેઆમ ચલાવી. શાહી ખાનદાનની બેગમ અને વહુવારુઓ સાથે બદકારી કરીને તેમની આબરૂના કાંકરા કરી નાખ્યા.

હિમ્યરી શાઇરના શે**અરો**—————એજ હિમ્યરી કૌમના શાઇરોમાંથી એક શાઇરે લખ્નીઆને સંબોધીને કહ્યું

તુકત-તલુ અબનાહા વ તન્ફી સરાતહા, • વ તબ્ની બિ-ઐદીહા લહર્ઝ-ઝુલ્લ હિમ્યરુ

બનૂ હિમ્યરની આ દશા થઈ પડી કે તે પોતે પોતાના કબીલાના બાળકોને રહેંસી નાખે છે અને પોતાના પ્રતિષ્ઠિત અગ્રણીઓને દેશનિકાલ કરે છે અને પોતાના હાથે પોતાની ઝિલ્લતનો પાયો નાખે છે.

તુદમ-મરુ દુન્યાહા બિ-તૈશે હુલૂમિહા. • વમા દય્યઅત મિન દીનેહા ફહુવા અકસરુ

તેઓ પોતાની બેવકૂફીથી પોતાની દુનિયા પણ તબાહ કરી રહ્યા છે અને પોતાનો દીન પણ તબાહ કરી રહ્યા છે. અને તેઓએ પોતાના દીનની જે બરબાદી કરી છે તેનો તો કોઈ પાર જ નથી.

કઝાકલ-કુરૂનુ કબ્લ ઝાક બિઝુલ-મિહા, • વ ઈસરા-ફિહા તઅતિશ-શુરૂર ફ-તખ્સરુ.

આથી પહેલાં વીતેલા કાળના લોકોની પણ એજ દશા રહી છે કે તેઓ પોતાના ઝુલ્મો- સિતમથી અંધેર મચાવીને નુકસાનો ઉઠાવતા રહ્યા.

લખ્નીઆની ઐયાશીના ધંધા———————લખ્નીઆ નિયોફ ઝૂ-શનાતર ખરેખર એક લંપટ અને બદકાર શખ્સ હતો. નરાધમ, વ્યભિચારી અને લૂતી લતનો રસિયો હતો. [૧] કુમળી વયના શાહઝાદાઓને વારાફરતી મહેલમાં બોલાવીને તેઓની ઉપર બળાત્કાર કરતો અને લૂતી કૌમની બદફેલીનો આનંદ માણતો, કે જેથી તેઓ ભવિષ્યમાં બાદશાહી કરવાને લાયક ન રહે.

આ નાપાક બદફેલી માટે તેણે શાહી મહેલની અટારીમાં એક ખાનગી ઓરડી શણગારી રાખી હતી. શાહી ખાનદાનના કુમળા છોકરાઓમાંથી કોઈને પકડી મંગાવતો અને આ શણગારેલી ઓરડીમાં તેની સાથે બદકારી કરતો. જ્યારે આ ગોઝારા કૃત્યની લહાણીથી ધરાઈ જતો તો પોતાના મુખમાં એક દાતણ દબાવીને અટારી પર લટાર મારવા લાગતો. દાતણના સંકેતથી તેના અંગરક્ષકો અને ખાંધિયાઓ સમજી જતા કે બાદશાહ સલામત હવે ધરાઈ ગયા છે અને કોઈ કર્મચારી કે અમલદારને પોતાના અંગત કામ માટે તેની તહેનાતમાં હાજર થવાની છૂટ છે.

પછી તો તેની ઐયાશી અને કાળાં કુકર્મોએ એટલી માઝા મૂકી કે છેવટે તેના પાપનો ઘડો છલકાઈ ગયો. બન્યું એવું કે એક દિવસે તેણે શાહી ખાનદાનના ઝુરઅહ ઝૂ-નવાસ નામે છોકરાને તેડી મંગાવ્યો. એ હસ્સાન બાદશાહના ભાઈ તુબાન અસઅદનો છોકરો હતો. હસ્સાનની હત્યા થઈ ત્યારે તે ઊગતી વયના કિશોર જેવો હતો. હવે યૌવનના ઉંબરે પગરણ કરતો બેહદ હસીનો-જમીલ, ફાંકડો, ચંચળ અને પરાક્રમી કિશોર હતો. જ્યારે નરાધમ અને લંપટ લખ્નીઆનો ચપરાસી એને બોલાવવા આવ્યો તો એ પોતાની ચંચળ બુદ્ધિથી મૂળ હેતુ કળી ગયો. તરત ઘરમાં જઈને એક નવું-પાતળું ધારદાર ખંજર પગની પાટલી પર બાંધીને જોડામાં છુપાવી લીધું.

લખ્નીઆની ઐયાશીનો અંજામ———————એ પછી ઝૂ-નવાસ તેને લેવા આવેલા ચપરાસીની સાથે થઈ ગયો અને અટારી પર પહોંચીને લખ્નીઆના શયનખંડમાં દાખલ થઈ ગયો. એના રૂપનો ઠસ્સો જોતાં જ લખ્નીઆ બેકાબૂ થઈ ગયો અને ધસારાભેર [illegible] કરીને તેને બાહુપાશમાં જકડી લીધો. ત્યાં તો ઝૂ-નવાસે ચીલઝડપથી ખંજર ખેંચી કાઢીને તેના પેટમાં હુલાવી દીધું અને ત્યાં જ એનો ઢગલો વળી ગયો. પછી એજ હાલતમાં તેનું માથું કાપીને અટારીની બારીમાં ગોઠવી દીધું જયાંથી તે બહાર ડોકિયું કરતો હતો અને પેલું દાતણ પણ તેના મુખમાં ઠૌંસી દીધું.

---

૧. એટલે હઝરત લૂત અલૈહિસ્સલામની કૌમ પેઠે કુમળી વયના છોકરાઓ સાથે સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરવા ટેવાયેલો હતો. ''ફ''

Maktabe Ashraf

આ કામથી પરવારીને ઝૂ-નવાસ પોતે અટારી પર લટાર મારતો તેના અંગરક્ષકો તરફ ગયો. બહુ મઝાથી એને લટાર મારતો જોઇને તેઓ બેહદ નવાઇ પામી ગયા. એક અંગરક્ષકે કટાક્ષમાં પૂછ્યું, "કેમ ઝૂ-નવાસ! તમે સૂકા છો કે લીલા ?"

"ઝૂ-નવાસ સૂકો છે કે લીલો તેની હમણા તમને ખબર પડી જશે !" ઝૂ-નવાસે ઠાવકા મુખે તેને જવાબ આપી દીધો.

બધા નવાઇથી એકબીજાને તાકી રહ્યા અને કુતૂહલતાથી અટારી તરફ દોડી ગયા. જોયુ તો લખ્નીઆનું કપાયેલું માથું મુખમાં દાતણ દબાવીને બારીમાં લોહીલુહાણ પડેલું હતું.

યૂસુફ ઝૂ-નવાસની બાદશાહી————લંપટ લખ્નીઆનો આ કરૂણ અંજામ જોઇને અંગરક્ષકોએ સંતોષનો શ્વાસ લીધો. પછી તેઓએ દોડીને ઝૂ-નવાસને ઘેરી લીધો. તેની બહાદુરીને ધન્યવાદ આપતાં બધા તેના ચરણોમાં પડી ગયા અને બોલ્યા, "હે ઝૂ-નવાસ ! જ્યારે કે તેં આ પલીદ શખ્સથી અમને આઝાદ કર્યા છે તો હવે તારા સિવાય મુલ્કે-યમનની રાજગાદીનો કોઇ હકદાર નથી. આજથી તું જ અમારો અને આખા યમનનો બાદશાહ છે."

આમ કહીને બધા લોકોએ તેને પોતાનો બાદશાહ બનાવી લીધો. હિમ્યર વંશની તમામ કૌમ અને યમનના તમામ કબીલાઓના લોકોએ ઝૂ-નવાસને પોતાના બાદશાહ તરીકે એકમતે વધાવી લીધો. મુલ્કે યમનના હિમ્યરી વંશના બાદશાહોમાં ઝૂ-નવાસ છેલ્લો બાદશાહ હતો. એજ તે "ખન્દકોવાળો" બાદશાહ છે. જેનું વર્ણન કુર્આન શરીફમાં, ત્રીસમાં પારહની સૂરએ-બુરૂજમાં "અસ્હાબુલ-ઉખ્દૂદ"ના શબ્દોથી કરવામાં આવ્યું છે. ઇતિહાસમાં એ "યુસુફ ઝૂ-નવાસ" નામે અંકાયેલો છે.

નજરાનમાં ખ્રિસ્તી ધર્મનો પાયો————એજ યુસુફ ઝૂ-નવાસના શાસનકાળમાં હઝરત ઈસા બિન મરયમ અલૈહિમસ-સલામના [1] આકાશી ધર્મને અનુસરનારા કેટલાક ખ્રિસ્તીઓ પણ યમનની ભૂમિમાં છૂટાછવાયા અહીંતહીં દેખાતા હતા. એક ધર્મચુસ્ત પાદરી, જે એમના સરદાર હતા અને જેનું નામ અબ્દુલ્લાહ બિન સામિર હતું, તેણે આ ખ્રિસ્તીઓને આકાશી કિતાબ ઇન્જીલના મૂળ સિદ્ધાંતો પર મક્કમ રાખ્યા હતા. એજ હાલત યમનના પડોશી દેશ નજરાનની પણ હતી. અને ખરૂં પૂછાવો તો ખ્રિસ્તી ધર્મનો પાયો જ નજરાનમાં પડયો હતો.

તે સમયે નજરાનની ભૂમિ અરબની ધરતી પર સૌથી શ્રેષ્ઠ ગણાતી હતી. તમામે તમામ નજરાનવાસીઓ બલકે આખા અરબ ખંડના લોકો મૂર્તિપૂજાનો ધર્મ પાળતા હતા. મૂર્તિઓની બંદગી એજ બધાનો રોજિંદો વ્યવસાય હતો. પછી અલ્લાહની કૃપાથી તેઓની વર્તમાન પરિસ્થિતિમાં પલટો આવવા લાગ્યો. આ પલટો એવી રીતે આવ્યો કે ખ્રિસ્તીધર્મનું ચુસ્તપણે પાલન કરનારાઓમાંથી "ફૈમિયુન" નામે અલ્લાહના એક વલીનું નજરાનની ભૂમિમાં આગમન થયું. ફૈમિયૂન સાચેસાચ અલ્લાહના વલી હતા. અને હઝરત ઈસાના અસલી આકાશી ધર્મને અનુસરનારા હતા. તેમણે જોયું કે લોકો એક અલ્લાહને ભૂલાવીને લેભાગુ ભગવાનોની ભકિત કરી રહ્યા છે. ત્યારે તેમણે પોતાની નીઠીવાણીમાં અને હિકમતભરી વાતોથી લોકોમાં ખ્રિસ્તી ધર્મનું આકર્ષણ જગાવ્યું. અને પછી લોકો ધીરે ધીરે ખ્રિસ્તી ધર્મમાં દાખલ થતા ગયા. (વધુ વિગત આગામી પ્રકરણમાં વાંચો)

---

૧. અલૈહિમસ-સલામ એટલે એ બંને પાક હસ્તીઓ પર અલ્લાહના સલામ હો

પ્રકરણ સાતમું

નજરાનમાં ખ્રિસ્તી ધર્મની શરૂઆત

ફૈમિયૂન અને સાલિહનો કિસ્સો • ફૈમિયૂન અને સાલિહનો મેળાપ • દુઆ અને શિફાની કરામત • જંગલના ઝાડનો અવાજ • ફૈમિયૂન ડાકૂઓની ગુલામીમાં • ફૈમિયૂનની કરામત.

Maktabe Ashraf

ફૈમિયૂન અને સાલિહનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અખ્નસ નામે ગૃહસ્થના આઝાદ કરેલા ગુલામ મુગીરહ બિન અબી લુબૈદએ, વહબ બિન મુનબ્બેહની રિવાયતથી આ કિસ્સો કહી સંભળાવ્યો કે, યમનની સરહદે નજરાન નામનો પ્રદેશ આવેલો છે. અહીંના લોકો એક સમયે મૂર્તિપૂજાનો ધર્મ પાળતા હતા. બાદમાં તેઓએ ધર્મપલટો કર્યો અને બધા લોકો ખ્રિસ્તી ધર્મના અનુયાયી બની ગયા.

નજરાનમાં ખ્રિસ્તી ધર્મના પ્રવેશની હકીકત એમ બની કે ફૈમિયૂન-FAYMIYUN-નામે અલ્લાહના એક વલી ફરતા-ફરતા નજરાનની ભૂમિમાં આવી ગયા. તેઓ અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમના અસલી આકાશી મઝહબના અનુયાયી હતા. અને આકાશી કિતાબ ઈન્જીલના પ્રખર જ્ઞાની હતા. પોતે મોટા પાકબાઝ, ખંતીલા, સાહસિક અને સંસારત્યાગી સંતપુરૂષ હતા. જે ઇચ્છા જાહેર કરતા તરત પૂરી થતી. જે દુઆ માંગતા બારગાહે ઈલાહીમાં તરત કબૂલ થતી. એટલે સાહિબે-કરામત વલી હતા. એકાંતના કોઈ ગામડામાં રાતવાસો કરીને દીનની તબલીગ એટલે ધર્મપ્રચારના હેતુએ અહીંતહીંનો પ્રવાસ કર્યા કરતા.

નિયમ એવો હતો કે જ્યારે કોઈ વસતિમાં એમની કરામતો જાહેર થઇ જતી તો ત્યાંથી પલાયન થઇને કોઈ એવી વસતિમાં ચાલ્યા જતા જ્યાં એમને કોઈ ઓળખતું ન હોય. ખંત, શ્રમ અને જાતમહેનતની કમાણી સિવાય ખાવાની કોઈ વસ્તુને હાથ અડાડતા નહિ. પોતે ઘરના બાંધકામ અને કડિયાકામના પૂરી રીતે જાણકાર હતા. રવિવારના દિવસનું શ્રધ્ધાપૂર્વક માન જાળવતા. એ દિવસે કોઈ કામધંધો ન કરતાં જંગલના એકાંતમાં જઇને સાંજ સુધી યાદે-ઈલાહીમાં તલ્લીન રહેતા.

એક દિવસે ફરતા-ફરતાં મુલ્કે-શામના એક ગામમાં જઇ ચઢયા અને નિયમ મુજબ ગામના એક નિર્જન સ્થળે બેસીને યાદે-ઇલાહીમાં તન્મય બની ગયા. સંજોગજોગે એજ દરમિયાન ગામનો એક જવાન જેનું નામ સાલિહ હતું એ તરફ જઇ ચઢયો. અલ્લાહના વલી ફૈમિયૂનને, યાદે-ઈલાહીમાં મસ્ત જોઈને બેહદ નવાઈ પામી ગયો. તેમની બંદગીની ધૂન અને ઇશ્કે-ઈલાહીની મસ્તીની, સાલિહના મન પર એટલી ઊંડી છાપ પડી કે એજ ક્ષણથી તે એમનો સાચો પ્રેમી બની ગયો. પછી તો અલ્લાહના વલી જયાં-જયાં જતા તે એમની પાછળ-

પાછળ જતો. પરંતુ ફૈમિયૂનને સાલિહની આ હિલચાલની મુદ્દલ ખબર ન હતી.

ફૈમિયૂન અને સાલિહનો મેળાપ——— —એક દિવસે અલ્લાહના વલી ફૈમિયૂન નિયમ મુજબ નિર્જન જંગલના એકાંત તરફ જવા લાગ્યા તો સાલિહ પણ છુપી રીતે એમની પાછળ થઇ ગયો. ફૈમિયૂનને સાલિહની આ હિલચાલની કશી ખબર ન હતી. તેઓ જંગલના એકાંત સ્થળે આસન જમાવીને અલ્લાહની યાદમાં લીન થઇ ગયા. સાલિહ છુપા સ્થળે લપાઇને એમને નિરખી રહ્યો. એ પોતે પણ ફૈમિયૂનની નજરે ચઢવા માંગતો ન હતો. એટલામાં ફૈમિયૂન શું જુએ છે કે એક સાત માથાવાળો સાપ ફૂંફાડા મારતો એમની તરફ ધસી રહ્યો છે. ફૈમિયૂનને યાદે-ઇલાહીની મસ્તીમાં સાપની આ કનડગત ગમી નહિ. અનાયાસે તેમના મુખેથી શ્રાપના શબ્દો સરી પડયા. એજ વેળા સાપ ત્યાં જ તરફડિયાં ખાતો મરી ગયો.

આ તરફ લપાઇને બેઠેલા સાલિહે પણ જોઇ લીધું હતું કે સાપ અલ્લાહના વલી તરફ ધસી રહ્યો છે. ત્યાંથી જ ઘાંટો પાડીને ચિલ્લાયો, "સાપ ! સાપ ! સાવધાન હે અલ્લાહના વલી !" પણ સાલિહને ખબર ન હતી કે સાપ અલ્લાહના વલીના શ્રાપથી મરી ગયો છે. ફૈમિયૂન યથાવત્ યાદે-ઇલાહીમાં તન્મય રહ્યા પણ કોઇ વ્યકિતની ભેદભરેલી હાજરીની વાત પામી ગયા તેમને એમ પણ થયું કે મારી બદ-દુઆના ચમત્કારનો ભેદ કોઇની ઉપર જાહેર થઇ ગયો છે. સાલિહે પણ જાણી લીધું કે અલ્લાહના વલી મારી ભેદી હાજરીથી વાકેફ થઇ ગયા છે.

સાંજે ફૈમિયૂન સહેજ જ્યારે બંદગીથી પરવારીને ત્યાંથી જવા લાગ્યા તો અચાનક સાલિહ તેમની સામે આવીને ઊભો થઇ ગયો અને તેમના ચરણોમાં પડીને ગદ્દગદ સ્વરે બોલ્યો, "હે અલ્લાહના વલી! અલ્લાહના સોગંદ, હું અંતઃકરણથી તમારો પ્રેમી બની ગયો છું તમને હું એટલો પ્રેમ કરૂં છું કે આજ સુધી કોઇને મેં એટલો પ્રેમ કર્યો નથી. સદા હું પડછાયા માફક તમારી પાછળ લાગેલો રહ્યો છું. આ વાતનો ડર ન રાખો કે હું તમારો ભેદ જાહેર કરી દઇશ. હવે તો એક અદના સેવક તરીકે તમારા ચરણોમાં પડી રહેવાની મને પરવાનગી આપી દો."

"જેવી તારી ઇચ્છા !" ફૈમિયૂને કહ્યું, "પણ મારી દશા તું જાણે છે. મહેનત અને સંકટ વેઠી શકતો હોય તો મને વાંધો નથી."

એ પછી સાલિહ એક સચ્ચા પ્રેમી અને સેવક તરીકે ફૈમિયૂનની સંગતમાં રહેવા લાગ્યો અને વસતિના લોકો પણ ધીરેધીરે ફૈમિયૂનની તબલીગથી પ્રભાવિત થઇને ખ્રિસ્તી ધર્મ કબૂલ કરવા લાગ્યા.

દુઆ અને શિફાની કરામત— ———અલ્લાહના વલી ફૈમિયૂનનો નિયમ એવો હતો કે જયારે કોઇ દુઃખી ઇન્સાન પોતાના દુઃખની ફરીયાદ લઇને આવતા તો તેના માટે એવા નિખાલસ દિલથી બારગાહે ઇલાહીમાં કરગરીને દુઆ માંગતા કે ... ની આન. ચમત્કારથી તરત તેને શિફા મળી જતી. અલબત્ત પોતાના ઘરે ...નું કોઇ એમને આમંત્રણ આપતું તો કદી તેનો સ્વીકાર નહિ કરતા.

એજ ગામમાં એક ગૃહસ્થ રહેતો હતો. તેનો પુત્ર જન્મે આંધળો હતો. ફૈમિયૂનની કરામતોના સમાચાર મળતાં તેને પોતાના અંધ ... આશાનો સંચાર થયો. પૂછપરછથી માલૂમ પડયું કે અલ્લાહના વલી કોઇના ઘરે પધારતા નથી. ... કડીયાનું કામ કરતા હોવાથી આપકામ માટે કોઇ એમને બોલાવે ... ના પાડતા

Maktabe Ashraf

આ માણસ પોતાના ઘરે ગયો. અંધ પુત્રને એક ઓરડીમાં સુવાડીને તેની ઉપર ચાદર ઓઢાવી દીધી અને પોતે અલ્લાહના વલીની તહેનાતમાં જઈને કહેવા લાગ્યો, "હે ફૈમિયૂન ! હું મારા મકાનમાં કંઈક સુધારો કરાવવા માંગુ છું. મહેરબાની કરીને મારા મકાને આવીને જોઈ લો અને બાંધકામની જે મઝદૂરી હોય તેનો મામલો નક્કી કરી લો."

આ બહાને એ માણસ ફૈમિયૂનને પોતાના મકાને લઈ જવામાં સફળ થઈ ગયો. મકાનમાં દાખલ થઈને ફૈમિયૂને પૂછયું, "હે ભાઈ ! મકાનના કયા ભાગમાં સુધારો કરાવવા માંગો છો ?"

"ફલાણી ઓરડીનો ફલાણો ભાગ, ચાલો મારી સાથે એ ઓરડીમાં." આમ કહીને એ માણસ ફૈમિયૂનને પેલી ઓરડીમાં લઈ ગયો અને વાતવાતમાં અંધ છોકરા પરથી ચાદર ખસેડીને દયાભાવે બોલ્યો, "હે ફૈમિયૂન! આ મારો છોકરો છે. એ અલ્લાહના બંદાઓમાંથી એક બંદો છે. એ જન્મે આંધળો છે. એના માથે જે આફત છે તે તમે પોતે જુઓ છો. માટે એની શિફા માટે બારગાહે-ઈલાહીમાં દુઆ માગો!"

અલ્લાહના વલીએ અંતઃકરણથી બારગાહે-ઈલાહીમાં તેની શિફા માટે હાથ ઊંચા કરી દીધા. દયાળુ અલ્લાહએ પોતાની રહમતથી એજ પળે તેના આંધળા છોકરાને દેખતો કરી દીધો. શિફા મળતાં જ છોકરો એવી રીતે સફાળો ઊભો થઈ ગયો જાણે અંધાપો તેની આંખે કદી હતો જ નહિ.

ફૈમિયૂને જયારે જોયું હવે તેની કરામતોનો ઢંઢેરો પીટાઈ રહ્યો છે અને લોકોનો ધસારો વધી રહ્યો છે તો તેણે પોતાના નિયમ મુજબ સત્વરે આ વસતિનો ત્યાગ કરવાનું નક્કી કરી નાખ્યું અને એક દિવસે ગુપચુપ કોઈને ખબર ન પડે એમ એ વસ્તીનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા.

જંગલના ઝાડનો અવાજ——————સાલિહ તો સાયા પેઠે એમની સાથે લાગેલો જ રહેતો હતો. સેવક તરીકે એ પણ એમના સંગાતે ચાલી નીકળ્યો. ચાલતાં-ચાલતાં તેઓ મુલ્કે-શામની ધરતીમાં પહોંચી ગયા. જયારે નિર્જન જંગલના એક ઊંચા ઝાડ હેઠળથી પસાર થવા લાગ્યા તો ઉપરથી કોઈએ બૂમ મારી, "હે ફૈમિયૂન!"

"હાજર છું ! " ફૈમિયૂને ત્યાં જ થંભીને જવાબ આપ્યો.

"સારૂં થયું તું આવી ગયો, હું તારી જ ઈંતેજારીમાં હતો. મેં તારા અવાજ પરથી તને ઓળખી લીધો. ચાલ હવે વિલંબ ન કર, મારી વાત સાંભળી લે. હું મરવાની અણી પર છું. મારો જનાઝો પઢીને મને દફન કરી દેજે પછી આગળ વધજે !"

રાવીનું કથન છે કે બૂમ મારનાર ભેદી શખ્સ ઝાડ પરથી ઊતરી આવ્યો અને જમીન પર પગ મૂકતાં જ મરી ગયો. ફૈમિયૂને પોતાના સાથી સાથે તેનો જનાઝો પઢયો અને ત્યાં જ તેને દફન કરી દીધો અને પછી બંને પોતાને રસ્તે પડયા. ચાલતાં ચાલતાં છેવટે તેઓ અરબ દેશની કોઈ અજાણી ભૂમિમાં જઈ ચઢયા.

ફૈમિયૂન ગમારોની ગુલામીમાં—— ——અરબની અજાણી ભૂમિમાં પગ મૂકતાં જ તેઓ મોટી આફતમાં સપડાઈ ગયા. બન્યું એમ કે ફૈમિયૂન અને તેનો સાથી અરબના કેટલાક ડાકૂઓની દીઠે ચઢી ગયા. એ અરબના ગમાર ડાકૂઓનો એક કાફલો હતો. તેઓએ એમની ઉપર ત્રાટકીને અને મારઝૂડ કરીને બંનેને પોતાના ગુલામ બનાવી લીધા. જંગલી ડાકૂઓનો આ કાફલો બંનેને નજરાનની ભૂમિમાં લઈ ગયો અને ત્યાંના વેપારીઓને હાથે બંનેનો સોદો કરી નાખ્યો.

Maktabe Ashraf

તે સમયે નજરાનના લોકો અરબના લોકોનો ધર્મ પાળતા હતા. અને અરબના લોકો એવા દરેક ઝાડની પૂજા કરતા હતા જે કદકાઠમાં સૌથી ઊંચું હોય. નજરાનના આ ઇલાકામાં સૌથી ઊંચું ખજૂરીનું એક ઝાડ ગણાતું હતું. આ ઝાડને તેઓ પોતાનો ભગવાન માનીને તેની પૂજા કરતા હતા. અને દર વરસે ત્યાં તહેવારનો ઉત્સવ ધૂમધામથી ઉજવતા હતા. ત્યાંના લોકો આ ખજૂરીના ઝાડને સ્ત્રીઓનો પોશાક પહેરાવીને ઘરેણાથી શણગારતા હતા.

ફૈમિયૂન અને તેના સાથીના શેઠિયા અલગ-અલગ માણસો હતા. દિવસભરની ગુલામી બાદ ફૈમિયૂન જ્યારે મોડી રાતે પોતાની ઓરડીમાં જતો અને તહજ્જુદની નમાઝ પઢવા લાગતો તો દીવાબત્તી વગર શેઠનું આખું મકાન રોશન થઈ જતું અને આ રોશની સવાર સુધી ચાલુ રહેતી. એક રાતે તેના શેઠની આંખ ખુલી ગઈ તો ઘરને રોશનીથી ઝળહળતું જોઈને તેના તઅજ્જુબનો પાર નહિ રહ્યો. ફૈમિયૂનની ઓરડીમાં જઈને જોયું તો તે અલ્લાહની બંદગીમાં લીન હતો. જ્યારે તેણે નમાઝ પૂરી કરી તો પૂછ્યું, "હે ફૈમિયૂન! આ શું મામલો છે અને તારો દીન-ધરમ શું છે ?"

ફૈમિયૂને પોતાની કથા ટૂંકમાં ટાંકીને છેવટમાં ઉમેર્યું, "સાહેબ ! અમે ખ્રિસ્તી ધર્મ પાળીએ છીએ અને ખ્રિસ્તી તે ધર્મ છે જેમાં એક અલ્લાહની ઇબાદત કરવામાં આવે છે., અને અલ્લાહ તે છે જેણે આખા જગતનું સર્જન કર્યું છે. તમે લોકો એક અલ્લાહને છોડીને ઝાડની બંદગી કરો છો અને ઝાડ તે છે જેને અલ્લાહએ પૈદા કર્યું છે. ખરૂં પુછાવો તો એ તમારી છોકરવાદી અક્કલની નિશાની છે જેણે તમને ગુમરાહીના ખાડામાં પટકી માર્યા છે. ખજૂરી શું છે ? જમીનથી ઊગનારૂં એક ઝાડ છે. જે ન કોઈને નફો પહોંચાડી શકે ન નુકશાન. હું જે અલ્લાહની બંદગી કરૂં છું તે એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી. જો હું મારા એ અલ્લાહની બારગાહમાં દુઆ માગું તો મારો અલ્લાહ ખજૂરીના આ ઝાડને અબઘડી ઊખેડીને ફેંકી દે!"

ફૈમિયૂનની કરામત————રાવીનું કથન છે : ફૈમિયૂનની વાત સાંભળીને તેના શેઠે પડકાર ફેંક્યો, "ચાલ તારી વાત સાચી હોય તો પોતાનો બોલ ખરો કરીને દેખાડી દે. તારી દુઆથી તારો અલ્લાહ ખજૂરીના ઝાડને ઊખેડી કાઢે તો અમે અમારો ધર્મ છોડીને તારો ધર્મ કબૂલ કરવા તૈયાર છીએ."

રાવી કહે છે : ફૈમિયુન એજ પળે ઊભો થઈ ગયો. પાકી સાફીથી પરવારીને તાજો વુઝૂ કર્યો, બે રકઅત નમાઝ પઢી અને બારગાહે-ઇલાહીમાં ઝાડની બરબાદીના શ્રાપ માટે હાથ ફેલાવી દીધા. જોતજોતામાં સુસવાટાભેર પવન ફૂંકાવા લાગ્યો. આંધીનું તુફાન ઊઠયું અને તેણે ખજૂરીના ઝાડને જડમૂળથી ઉખેડીને ભોંયભેગું કરી દીધું. બસ એજ દિવસથી નજરાનની ભૂમિમાં ખ્રિસ્તીધર્મનું શિલારોપણ થયું અને લોકો બાપદાદાનો જૂનો ધર્મ ત્યાગીને ફૈમિયુનના ધર્મનું અનુસરણ કરવા લાગયા.

એક જમાના સુધી આમ ચાલતું રહ્યું. એ પછી સમયના પ્રવાહની સાથે ધીરેધીરે નજરાનના લોકોના અકીદા બગડતા ગયા. અંધશ્રધ્ધાળુ કે વહેમીલી તબીઅતના લોકો તેમાં ઢંગધડા વગરની નવીનવી વાતો ઘૂસાડતા રહ્યા જેને "બિદઅત" કહે છે. આ પ્રકારની શયતાની બિદઅતો દરેક યુગમાં દરેક દેશની પ્રજામાં અને દરેક મઝહબમાં પ્રવેશ પામતી રહે છે. સારાંશ કે અરબની ભૂમિના નજરાન ઇલાકામાં ઇસાઈયત એટલે ખ્રિસ્તી ધર્મનો એજ દિવસથી આરંભ થઈ ગયો.

ઇબ્ને ઇસ્હાક કહે છે. આ રિવાયત વહબ બિન મુનબ્બેહએ નજરાનવાસીઓથી સાંભળીને બયાન કરી

Martabe Ashraf

પ્રકરણ આઠમું

"અસહાબુલ-ઉખ્દૂદ"ની ઘટના

ફૈમિયૂન અને ઇબ્નુસ-સામિર • ઇસ્મે-અઅઝમનો અખતરો • નજરાનમાં ખ્રિસ્તી ધર્મની તબલીગ • અબ્દુલ્લાહ અને બાદશાહનું પતન • અસહાબુલ-ઉખ્દૂદની કત્લે-આમ • ઉખ્દૂદના અર્થ • નજરાનવાસીઓના ધર્મનેતાનું શબ

Maktabe Ashraf

ફૈમિયૂન અને ઇબનુસ-સામિર——————ઇબ્ને ઇસ્હાક કહે છે : નજરાનવાસીઓના ધર્મ-પલટાની બીજી રિવાયત, યઝીદ બિન ઝિયાદે, મુહંમદ બિન કઅબ કુરઝીની રિવાયતથી મને આ રીતે વર્ણવી કે, ખુદ નજરાનવાસીઓમાંથી કેટલાકના કહેવા મુજબ નજરાનના લોકો બાપદાદાના જમાનાથી મુશરિક હતા. એટલે મૂર્તિપૂજાનો ધર્મ પરંપરાથી તેઓમાં ઊતરી આવતો હતો. તે સમયે મુલ્કે-નજરાનની કોરેમેરેની વસતિઓમાં એક જાદૂગર રહેતો હતો. આ જાદૂગર નજરાનના છોકરાઓને જાદૂની વિદ્યાનું શિક્ષણ આપતો હતો. નજરાનથી મુરાદ ન મોટી વસતિ જે તેઓનું મુખ્ય મથક કે મોટું શહેર હતું.

યોગાનુયોગ એક દિવસે ફૈમિયૂન નામે અલ્લાહના એક સાચા વલી ફરતા-ફરતાં એ વસતિમાં આવી ચઢયા અને એજ વસ્તી પાસે તંબુ ઠોકીને રહેવા લાગ્યા. નજરાનવાસીઓએ આવનારા આ વલી શખ્સના નામનો ઉલ્લેખ નહિ કર્યો. બસ આટલું જ કહ્યું કે ત્યાં એક સંતપુરૂષ આવી ચઢયા. અલબત્ત ઇબ્ને મુનબ્બેહએ એનું નામ ફૈમિયૂન દર્શાવ્યું છે. આ વસતિના છોકરાઓ જાદૂગર પાસે જાદૂ શીખવા જતા તો તેઓના રસ્તામાં આ તંબૂ આવતો હતો. જતાં આવતાં આ છોકરાઓ જોયા કરતા કે તંબૂમાં રહેનારા સંતપુરૂષ નમાઝ પઢતા રહે છે અને અલ્લાહના નામની માળા જપતા રહે છે. અને જયારે જુઓ ત્યારે અલ્લાહની યાદમાં લીન રહે છે. છોકરાઓ જોતા કે એમનો તો રોજેરોજનો એજ વ્યવસાય છે. આ દેખીને છોકરાઓને કુતૂહલ થતું કે આ કોણ ધર્માત્મા છે જેને બંદગી કે ભકિત સિવાય દુનિયાની કશી પડેલી નથી !

એક દિવસે એવું બન્યું કે નજરાનના સામિર નામના શખ્સે પોતાના છોકરા અબ્દુલ્લાહને બીજા છોકરાઓની સાથે જાદૂની વિદ્યા શીખવા માટે જાદૂગર પાસે મોકલાવ્યો. જાદૂગરના રહેઠાણે જતી વેળા રસ્તામાં એ તંબૂ અબ્દુલ્લાહને જોવામાં આવ્યો. ત્યાં તે શું જુએ છે કે એક મહાત્મા નમાઝ પઢે છે, બંદગી કરે છે, નામ જપે છે, ધ્યાનધ્યાનમાં લીન રહે છે. અબ્દુલ્લાહ આ જોઈને બેહદ નવાઈ પામી ગયો. તેને આ મહાત્માની બંદગીનો તરીકો બહુ ગમી ગયો. પછી તો સામિરનો છોકરો અબ્દુલ્લાહ જાદૂગરને ત્યાં જતાં આવતાં કોઈકવાર આ મહાત્મા પાસે પણ ચાલ્યો જતો. તેની પાસે તંબૂમાં બેસીને વાતો કરતો. તેના મુખેથી જે વાતો નીકળતી

તેને ધ્યાનથી સાંભળતો. ત્યાં સુધી કે એક દિવસે સામિરના છોકરા અબ્દુલ્લાહએ અલ્લાહના એક હોવાનો અંતઃકરણથી ઈકરાર કરીને અલ્લાહના વલી ફેમિયૂનના હાથ પર ઈસ્લામ કબૂલ કરી લીધો. ૧

હવે અબ્દુલ્લાહ બિન સામિર, જાદુગર પાસે જાદૂની વિદ્યા શીખવાને બદલે ફેમિયૂન પાસે ઈસ્લામી મઝહબની તઅલીમ લેવા લાગ્યો. જ્યારે તે ધર્મજ્ઞાનમાં પારંગત થઈ ગયો તો એક દિવસે તેણે પોતાના ગુરૂ ફેમિયૂનને ''ઈસ્મે-અઅઝમ'' વિષે સવાલ કર્યો. કેમકે તઅલીમ લેતી વેળા તે જાણી ચૂકયો હતો કે તેના ગુરૂજી ઈસ્મે-અઅઝમ જેવી અજીબો-ગરીબ વિદ્યા જાણે છે.

તેનો સવાલ સાંભળીને ગુરૂજી ગંભીર સ્વરે બોલ્યા, ''બેટા ! ઈસ્મે-અઅઝમનું શિક્ષણ તારા સંજોગોને બંધબેસતું નથી. તું હજુ કાચો હોવાથી એની બરદાશ્તનું બળ ધરાવતો નથી. એને શીખવામાં તારા માથે મોટો ખતરો રહેલો છે.''

બીજી તરફ અબ્દુલ્લાહનો બાપ સામિર ફકત આટલું જાણતો હતો કે તેનો છોકરો બીજા છોકરાઓની જોડે જાદૂગર પાસે જઈને જાદૂની વિદ્યા શીખે છે. એથી વિશેષ પોતાના છોકરા વિષે બીજું કંઈ તે જાણતો ન હતો.

ઈસ્મે-અઅઝમનો અખતરો————જ્યારે અબ્દુલ્લાહએ જોયું કે માનવંતા ગુરૂજી ઈસ્મે-અઅઝમનું શિક્ષણ આપવામાં કંજૂસીથી કામ લઈ રહ્યા છે તો તેણે પોતે એનો અખતરો કરવાનું નકકી કર્યું. ગુરૂજીએ તેને ''અસ્માઉલ-હુસ્ના'' એટલે અલ્લાહ તઆલાના જેટલા પવિત્ર નામો છે એ બધાનું પૂરી સમજૂતી સાથે શિક્ષણ આપ્યું હતું. (એજ પવિત્ર નામોમાં તે નૂરાની નામ પણ હોય છે જેને ''ઈસ્મે-અઅઝમ'' કહે છે.) ઈસ્મે અઅઝમના અખતરા માટે તેણે કેટલાક તીરો લીધાં અને જંગલના એકાંત સ્થળે ચાલ્યો ગયો. ત્યાં પહોંચીને તેણે એક-એક તીર પર અલ્લાહ તઆલાના અલગ-અલગ નામ લખવાનું શરૂ કર્યું. અલ્લાહના દરેક નામ માટે દરેક તીર નોખું હતું.

જ્યારે બધા તીરો તૈયાર થઈ ગયાં તો તેણે લાકડાં ભેગા કરીને આગ પેટાવી અને એક પછી એક તીર આગમાં નાખવાનું શરૂ કર્યું. વારાફરતી તીરો નાખતો રહ્યો અને આગ તેને બાળતી રહી અહીં સુધી કે પછી તે તીરનો વારો આવ્યો જેમાં અલ્લાહ તઆલાનું અસલી ઈસ્મે-અઅઝમ લખેલું હતું. જ્યારે આ તીર તેણે આગમાં નાખ્યું તો આગે તેને બાળવાને બદલે ઉછાળીને દૂર ફંગોળી દીધું. આ અખતરાથી અબ્દુલ્લાહને ઈસ્મે-અઅઝમનું રહસ્ય મળી ગયું. પછી તો તે હરખાતો-મલકાતો ગુરૂજીની સેવામાં પહોંચી ગયો અને બોલ્યો, ''હુઝૂર ! મેં ઈસ્મે-અઅઝમનું રહસ્ય મેળવી લીધું છે.

''તે શું છે.'' ગુરૂજીએ નવાઈ પામીને પૂછયું.

તેણે ઈસ્મે-અઅઝમનું નૂરાની નામ બતાવી દીધું.

''આ રહસ્ય તેં કેવી રીતે મેળવ્યું ?''

પોતે કરેલા અખતરાની તેણે પૂરી વિગત દર્શાવી દીધી.

ગુરૂજીએ તેને ધન્યવાદ આપતાં કહ્યું, ''બેટા ! તીરને તેં આબાદ નિશાના પર બેસાડીને મુરાદનું મોતી

---

૧. અહીં ઈસ્લામના અર્થ દીને-હક એટલે સત્ય ધર્મ છે. એજ દીને-હક હઝરત આદમ અલૈહિસ-સલામથી શરૂ થઈને તમામ પયગમ્બરોને મળતો રહ્યો છે. સૌથી છેલ્લે એજ દીને-હક અલ્લાહ તઆલાએ પોતાના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુકમ્મલ સ્વરૂપે આપી દીધો એનું જ નામ ઈસ્લામ છે. હવે ઈસ્લામ તે મઝહબ છે જેને કબૂલ કરવા વગર ન આ દુનિયાની કામ્યાબી મળી શકે છે ન આખેરતની કામયાબી મળી શકે છે. આકાશી કિતાબ કુર્આનમાં એનું સંપૂર્ણ શિક્ષણ મવજૂદ છે. ''હ''

વીંધી નાખ્યું પણ ખબરદાર ! ભેદને પોતાના સીનામાં છુપાવી રાખજે; જો કે ભેદને તું પોતાના સીનામાં છુપાવી રાખે તેવી મને આશા નથી.''

નજરાનમાં ખ્રિસ્તી ધર્મની તબલીગ————હવે સામિરના બેટા અબ્દુલ્લાહનો એવો નિયમ થઈ પડયો કે નજરાનમાં કોઈ માંદુ પડતું કે કોઈના માથે સંકટ તૂટી પડતું તો તે અબ્દુલ્લાહ પાસે જઈને કહેતો, ''હે અલ્લાહના બંદા ! મને આ તકલીફ છે. તું કંઈ એનો ઈલાજ કર.''

અબ્દુલ્લાહ તેને કહેતો, ''હે અલ્લાહના બંદા ! તું અલ્લાહને એક માની લે. અલ્લાહના એક હોવાનો ઈકરાર કર અને એક અલ્લાહ પર ઈમાન લાવ અને મારો ઈસ્લામ મઝહબ કબૂલ કરી લે. હું અલ્લાહની બારગાહમાં તારા માટે દુઆ કરીશ. અલ્લાહ પોતાની રહમતથી તારી તકલીફ દૂર કરી દેશે.''

તે કહેતો, ''બહુ સારૂં '' એ પછી તે એક અલ્લાહ પર ઈમાન લાવીને ઈસ્લામ કબૂલ કરી લેતો અને અબ્દુલ્લાહ તેના માટે દુઆ કરતો. તેની દુઆથી માંદાને તરત શિફા મળી જતી અને સંકટમાં સપડાયેલો જોતજોતામાં આફતથી છુટકારો મેળવી લેતો. પછી તો મામલો એટલી હદે પહોંચી ગયો કે નજરાનમાં કોઈ દરદી, કોઈ દુઃખી માણસ એવો ન રહ્યો જેણે અબ્દુલ્લાહની દુઆનો આસરો ન લીધો હોય અને તેનો ધરમ ન કબૂલ કરી લીધો હોય. દરેક આવનાર માટે તેણે દુઆ કરી અને તરત તેને શિફા મળી ગઈ. આ રીતે આખા નજરાનમાં ચોમેર ખ્રિસ્તી ધર્મનો ડંકો બજી રહ્યો.

રફતા-રફતા અબ્દુલ્લાહની કરામતોના સમાચાર નજરાનના બાદશાહના કાનો સુધી પહોંચી ગયા. તેણે અબ્દુલ્લાહને દરબારમાં બોલાવીને ધમકાવ્યો, ''હે બંડખોર છોકરા ! તેં મારી રૈયતના ઈમાન-અકીદા બગાડી નાખ્યા છે. મારા અને મારા બાપદાદાના ધર્મનો સખ્ત વિરોધ કર્યો છે. મારા રાજની પ્રજાને મારી વિરૂધ્ધ ઉશ્કેરી મૂકી છે. આ ગદ્દારીની શિક્ષા તરીકે હું તને મોતની સજા ફરમાવું છું કે જેથી બીજા લોકો એનાથી ધડો લે.''

'' હે બાદશાહ !''અબ્દુલ્લાહએ પડકાર ફેંકયા, ''તું જે વાતનો દાવો કરે છે તે ખોટો છે. હરગિઝ મુજને કોઈ શિક્ષા આપવાને તું શકિતમાન નથી.''

''સિપાહીઓ ! પકડી લો આ ગદ્દારને !'' બાદશાહે ગર્જના કરી,''એને ફલાણા જંગલના ફલાણા પહાડની ટોચેથી ઊંધા માથે ગબડાવી દો.''

બાદશાહના હુકમનું તુરંત પાલન થયું પરંતુ ઊંચા પહાડની ટોચ પરથી ઊંધા માથે ગબડવા છતાં અબ્દુલ્લાહનો વાળ પણ વાંકો થયો નહિ. ત્યારે બાદશાહના હુકમથી આ પ્રકારની બીજી શિક્ષાઓનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવ્યું તો પણ અબ્દુલ્લાહ એકદમ સલામત રહ્યો. છેવટે બાદશાહ ગુસ્સાથી ગાંડોતૂર થઈ ગયો. તેણે હુકમ છોડયો, ''સિપાહીઓ ! એને નજરાનના ફલાણા દરિયાના ઊંડા પાણીઓમાં લઈ જઈને ગરક કરી દો.''

નજરાનના દરિયા કે નદીના ઊંડા પાણીઓમાં એવી ખતરનાક જગાઓ હતી જયાંથી કોઈ જીવતું પાછું ફરતું ન હતું. સિપાહીઓએ અબ્દુલ્લાહને વારંવાર એ ખતરનાક પાણીઓમાં ડૂબાડવાની કોશિશ કરી પણ તે દરેક વાર સલામતીથી નીકળી આવતો. કોઈ પ્રકારની હાનિ તેને પહોંચવા પામતી નહિ. પાણીની મજાલ ન હતી કે તેને ડૂબાડી શકે.

અબ્દુલ્લાહ અને બાદશાહનું પતન————જયારે અબ્દુલ્લાહએ જોયું કે બાદશાહ તેનો પીછો

Maktabe Ashraf

છોડતો નથી અને હાથ ધોઈને તેની પાછળ પડી ગયો છે. તો તેણે કહ્યું, "હે બાદશાહ ! અલ્લાહના સોગંદ, તું હરગિઝ મારું મોત નોતરી શકતો નથી. હા તું મને મારી જ નાખવા માંગતો હોય તો હું તને એક તરકીબ બતાવું છું.

"કેવી તરકીબ ?" બાદશાહે ઝટ પૂછયું.

"સાંભળ !" અબ્દુલ્લાહ બોલ્યો, "હું જે અલ્લાહને માનું છું તેના એક હોવાનો ઇકરાર કર. પછી એ અલ્લાહ પર ઈમાન લાવીને મારો ધર્મ કબૂલ કરી લે. તવહીદ અને ઈમાનની કબૂલાત પછી જ તું મને મારી નાખવામાં કામયાબી મેળવી શકશે."

રાવીનું કથન છે : અબ્દુલ્લાહની વાત સાંભળીને બાદશાહે એક અલ્લાહનો ઇકરાર કરી લીધો અને અલ્લાહની તવહીદ પર ઈમાન લાવીને અબ્દુલ્લાહનો ધર્મ કબૂલ કરી લીધો. તે વેળા બાદશાહના હાથમાં એક શાહી લાકડી હતી. ધર્મપલટા પછી બાદશાહે આગળ વધીને અબ્દુલ્લાહના માથા પર લાકડીનો પ્રહાર કર્યો. આ પ્રહાર જો કે તદ્દન મામૂલી હતો અને જખમ પણ કોઈ ઊંડો ન હતો તેમ છતાં પ્રહારની સાથે જ અબ્દુલ્લાહ બિન સામિરનું કામ તમામ થઈ ગયું. અબ્દુલ્લાહના મરણની સાથે જ બાદશાહ પોતે પણ એજ પળે એજ સ્થળે તરફડિયાં ખાયને મરી ગયો.

આ અજીબો-ગરીબ ઘટના બાદ તમામ નજરાનવાસીઓ અબ્દુલ્લાહ બિન સામિરના મઝહબ પર સંમત થઈ ગયા, એટલે એક અલ્લાહ પર ઈમાન લાવીને અને અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમનો કલિમો પઢીને, આકાશી કિતાબ ઇન્જીલના અહકામ પર ચાલવા લાગી ગયા. એ પછી સમયના પ્રવાહની સાથે ધીરેધીરે તે બધી બિદઅતો તેઓમાં ઘૂસી જવા પામી જે તેઓના મૂર્તિપૂજક બાપ દાદાઓમાં હતી. [1] આ રીતે અલ્લાહના વલી ફૈમિયૂન અને તેના મુરીદ અબ્દુલ્લાહ બિન સામિરની તબલીગથી નજરાનમાં નસરાનિયત એટલે ઈસાઈયત કે ખ્રિસ્તી ધર્મની સ્થાપના થઈ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન સામિરને લગતી આ રિવાયત મુહમંદ બિન કઅબ કુરઝી અને નજરાનના કેટલાક ધર્મજ્ઞાનીઓએ વર્ણવી છે. આ બંને રિવાયતો જે મેં ઉપર ટાંકી છે. એમાંની કઈ રિવાયત સહીહ છે તે અલ્લાહ બેહતર જાણે !

"અસહાબુલ-ઉખ્દૂદ"ની કત્લે-આમ———નજરાનના લોકો ખ્રિસ્તી ધર્મ કબૂલ કરીને ઇન્જીલના અહકામ પર ચાલતા હતા ત્યારે અચાનક યમનનો બાદશાહ યૂસુફ ઝૂ-નવાસ પોતાનું લાવલશ્કર લઈને નજરાન પર ચઢી આવ્યો. તેણે નજરાનવાસીઓને પોતાનો યહૂદી ધર્મ બળજબરીથી કબૂલ કરી લેવાનો ફરમાન છોડયો અને જાહેરમાં ઢંઢેરો પીટાવી દીધો, "કાં યહૂદી ધર્મ કબૂલ કરો કાં મરવા માટે તૈયાર રહો."

નજરાનવાસીઓ પોતાના નવા ખ્રિસ્તી ધર્મ પર મક્કમ રહ્યા. તેઓએ એકમતે બહાદુરીપૂર્વક મરી જવાનો નિર્ણય અપનાવી લીધો એટલે મરી જઈશું પણ યહૂદી ધર્મ કબૂલ નહિ કરીશું. ત્યારે ઝૂ-નવાસે તેઓની સામુહિક હત્યા માટે ખન્દકો ખોદાવીને તેમાં ભડભડાટ અગ્નિ પેટાવી દીધો. લોકોના ટોળેટોળાંને તેણે ધગધગતી આગમાં જીવતા હોમીને ફૂંકી નાખ્યાં. બાકીનાઓને તલવારથી કતલ કરાવીને તેઓના નાક-કાન કાપી નાખ્યા.

૧. એટલે તેઓના મૂર્તિપૂજક બાપદાદા જે અણઇસ્લામી રીતરિવાજો પાળતા હતા અથવા તેઓના ધર્મગુરૂઓ ધર્મના નામે જે ઢોંગો ચલાવતા હતા તે, વરસો બાદ બહાના પછી ફરીવાર તેઓના નવા મઝહબમાં ઘૂસી ગયા. આ રીતે બિદઅતી લોકોએ હઝરત ઈસા અલૈ. ના ... શબ્દો ઉમેરી નાખ્યાં. "ઠ"

ત્યાં સુધી કે તેઓના લગભગ વીસ હજાર જેટલા નિર્દોષ સ્ત્રી-પુરુષોને તેણે બેરહમીથી રહેંસી નાંખ્યા.[1]

એજ યુસુફ ઝૂ-નવાસ અને તેના લશ્કર વિષે અલ્લાહ તઆલાએ પોતાના આખેરી પયગમ્બર અને આપણા સરદાર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર કુર્આનના ત્રીસમા પારહની સૂરએ-બુરૂજમાં આ આયતો નાઝિલ ફરમાવી :

કુતિલ. અસ્હાબુલ-ઉખ્દૂદ.	માર્યા ગયા ખન્દકોવાળા;
અન્નારિ ઝાતિલ-વકૂદ.	એવી ખન્દકો જેમાં ઘણા ઇંધણોવાળી આગ હતી;
ઈઝ હુમ અલૈહા કુઊદ.	જ્યારે કે તેઓ અગ્નિકુંડોની ચોગર્દમ બેઠેલા હતા;
વ હુમ અલા મા યફ-અલૂન	અને તેઓ જે કંઈ કરતા હતા;
બિલ-મુઅમિનીન શુહૂદ.	મુઅમિનો સાથે, તેને પોતાની આંખે જોતા હતા;
વમા નકમૂ મિન્હુમ	તેઓ માત્ર વેર લેતા હતા મુઅમિનો કનેથી
ઈલ્લા અંય-યુઅમિનૂ	ફક્ત આ વાતનું કે તેઓ ઈમાન લઈ આવ્યા હતા;
બિલ્લાહિલ-અઝીઝિલ-હમીદ.	તે અલ્લાહ પર જે વર્ચસ્વશાળી અને સ્તુતિપાત્ર છે.

ઉખ્દૂદના અર્થ————ઇબ્ને હિશામ કહે છે : "ઉખ્દૂદ" શબ્દના અર્થ જમીનમાં લાંબા-લાંબા ખાડા ખોદવાના થાય છે ખાઈ, નહેર, ખન્દક વગેરેને પણ ઉખ્દૂદ કહે છે. એનું બહુવચન "અખાદીદ" છે. તલવાર, છુરી, ચાબુક વગેરેના ઘાથી ચામડી પર પડેલા ચાઠાંને પણ ઉખ્દૂદ કહે છે. એની જમા પણ અખાદીદ આવે છે.

નજરાનવાસીઓના ધર્મનેતાનું શબ————ઇબ્ને ઇસ્હાક કહે છે : નજરાનના હત્યાકાંડ કે અગ્નિકુંડમાં યમનના બાદશાહ ઝૂ-નવાસે જે ખ્રિસ્તીઓની કત્લેઆમ ચલાવી તેમાં નજરાનવાસીઓના ધર્મનેતા અથવા ઇમામ અબ્દુલ્લાહ બિન સામિરનો પણ એક રીતે સમાવેશ થાય છે. ત્યાંના ખંડેર બની ગયેલા એક ખાડામાંથી અબ્દુલ્લાહનું શબ જેમનું તેમ એટલે હેમખેમ મળી આવ્યું હતું. એનું સમર્થન અબ્દુલ્લાહ બિન અબીબક્ર બિન મુહંમદ બિન અમ્ર બિન હઝમ નામે રાવીના કથનથી થાય છે.

તેણે કહ્યું, હઝરત ઉમર ફારૂકના ખિલાફત યુગમાં નજરાનના એક શખ્સે કંઈ કામસર પેલા ખંડેરના ખાડાઓમાંથી એક ખાડો ખોદ્યો તો લોકોએ શું જોયું કે ખાડાને એક ખૂણે અબ્દુલ્લાહ બિન સામિરનો મૃતદેહ ચિરશાંતિથી બેઠેલો હતો; એવી દશાએ કે પોતાનો એક હાથ તેણે માથાના જખમ પર મૂકેલો હતો. તેનો આ હાથ ત્યાંથી હટાવવામાં આવતો તો જખમમાંથી લોહીની ધારા ફૂટી નીકળતી અને હાથ છોડી દેવામાં આવતો તો હાથ પોતે જખમ પર જઈને બેસી જતો અને લોહી બંધ થઈ જતું. તેના એક હાથની આંગળીમાં વીંટી પહેરેલી હતી જેની ઉપર "રબ-બિયલ્લાહ" કોતરેલું હતું એટલે મારો પાલનહાર અલ્લાહ છે.

ખાડો ખોદનારે કાગળ લખીને હઝરત ઉમર ફારૂકને આ વાતની જાણ કરી તો હઝરત ઉમર ફારૂકે જવાબમાં લખી જણાવ્યું કે, એ શખ્સ જે પરિસ્થિતિમાં છે તેમાં જ એને રહેવા દો અને જે રીતે દફન થયો હતો તેજ મુજબ એને દફન કરી દો.[2]

Maktabe Ashraf

---

૧. યુસુફ ઝૂ-નવાસને યહૂદી ધર્મ તુબાન અસઅદ એટલે "તુબ્બઅ બીજો" નામે બાદશાહ તરફથી વારસામાં મળ્યો હતો. તે મદીનહના બે યહૂદી પાદરીઓને પોતાની સાથે યમન લઈ ગયો હતો. ઝૂ-નવાસ પોતે પણ કટ્ટર યહૂદી બની ગયો હતો. "..."

૨. કુર્આને મજીદમાં છે કે ઇસ્લામની સરબુલંદી માટે જિહાદ કરીને અલ્લાહના રાહમાં શહીદ થનારાઓને મરેલા ન કહો બલ્કે તેઓ જીવતા છે અને પોતાના પાલનહાર તરફથી રોજી મેળવે છે. અને હદીસ શરીફમાં છે કે અલ્લાહના રાહમાં શહીદ થનારાઓના શરીરને જમીનની માટી ખાઈ શકતી નથી. શહીદોના શરીર કુદરતી રીતે કિયામત સુધી હેમખેમ અને સલામત રહે છે. શાઇરે મ... નું ... યાદ જુઓ :

રખ માનત કી તરહ રખ્ખા ઝમીને રોઝે-મહશર તક ● ન એક મૂ કમ હુવા અપના, ન એક તારે-કફન ... ગળા.

પ્રકરણ નવમું

યમન પર હબશીઓની હુકૂમત

કયસરના દરબારમાં મદદની ધા • હબશહના બાદશાહને કયસરનું ફરમાન • ઝૂ-નવાસનું પતન અને મરણ • યમનની તબાહી અને શાઈરોના કસીદા • નજૂમીઓની સાચી ઠરેલી પેશીનગોઈ.

કયસરના દરબારમાં મદદની ધા————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઝૂ-નવાસના હત્યાકાંડનો ભોગ બનેલા લોકોમાં સબા ખાનદાનનો એક શખ્સ જેનું નામ દવસ ઝૂ-સઅલબાન હતું, એ નસીબની બલિહારીથી આ હત્યાકાંડમાંથી છટકી જવામાં સફળ થયો અને પોતાની પવનવેગી ઘોડી પર બેસીને રેગિસ્તાન તરફ ઊપડી ગયો. ઝૂ-નવાસના સિપાહીઓએ એની પૂઠ પકડી ખરી, પણ તેઓ એને ગિરિફતાર કરી શકયા નહિ. કેમકે પોતાની પવનવેગી ઘોડીને એણે રેગિસ્તાનને રસ્તે પૂરપાટ દોડાવી દીધી હતી. પોતાની ઘોડીને તે આંધાધૂધ દોડાવતો જ ચાલ્યો ગયો ત્યાં સુધી કે તે રોમના શહેનશાહ કયસરના દરબારમાં પહોંચી જવામાં સફળ થઈ ગયો. તેણે ઝૂ-નવાસના અગ્નિકાંડ અને તેમાં નજરાનવાસીઓની કત્લેઆમની દર્દનાક કથા, રોમાંચકારી શૈલીમાં કયસર આગળ રજૂ કરીને, ઝૂ-નવાસ અને તેના લશ્કર પર ચઢાઈ કરવાની ધા નાખી.

રોમના કયસરે જવાબ આપતાં કહ્યું, "તમારો નજરાનનો ઈલાકો અમારા રાજ્યની સરહદથી લાંબા અંતરે આવેલો છે. તેમ છતાં હું હબશહના બાદશાહને કાગળ લખીને તમારી મદદ માટે ભલામણ કરૂં છું કેમકે તે પણ એજ ખ્રિસ્તી ધર્મ પાળે છે અને તમારા ઈલાકાથી નઝદીક પણ છે"

હબશહના બાદશાહને કયસરનું ફરમાન————આમ કહીને રોમના શહેનશાહે હબશહના બાદશાહ નજાશીને નામે કાગળ લખી આપ્યો જેમાં કાગળ લાવનાર દવસ ઝૂ-સઅલબાનને સંપૂર્ણ રીતે લશ્કરી મદદથી સહકાર આપવાનું ફરમાન હતું.

શહેનશાહ કયસરનું આ શાહી ફરમાન લઈને દવસ ઝૂ-સઅલબાન મુલ્કે-હબશહના બાદશાહ નજાશીના દરબારમાં હાજર થયો. નજાશીએ કયસરના શાહી ફરમાનને માથે ચડાવીને તાબડતોડ સિત્તેર હજારનું જંગી લશ્કર તૈયાર કર્યું અને તેના સરસેનાપતિ તરીકે એક પંકાયેલા અનુભવી યુધ્ધવીરની નિમણૂંક કરી જેનું નામ અરયાત હતું. આ લશ્કરમાં એક નામીચો અને જંગીલો જવાન પણ શામિલ હતો અને તેનું નામ અબ્રહતુલ-અશરમ હતું.

ઝૂ-નવાસનું પતન અને મરણ————સરસેનાપતિ અરયાત હબશીઓનું સિત્તેર હજારનું જંગી

લશ્કર લઈને દવસ ઝૂ-સુઅલબાન સાથે જંગી વહાણોમાં સવાર થઈને યમનના સમુદ્રકાંઠે જઈ પહોંચ્યો. આ તરફ ઝૂ-નવાસને સમાચાર મળતાં તે પણ પોતાના હિમ્યર કબીલાના સૈનિકો અને કબાઈલી ફોજીઓને લઈને અરયાતના મુકાબલા માટે મેદાને આવી ગયો. બંને લશ્કરો એકબીજા સાથે ટકરાયાં અને ઘમસાણનું યુધ્ધ જામ્યું. નતીજા રૂપે નસીબે અરયાતને યારી આપી યમની લશ્કરનો પરાજય થયો. સિપાહીઓ જાન બચાવવા અંધાધૂંધ નાસવા લાગ્યા. લશ્કર અને કૌમની આ તબાહી જોઈને ઝૂ-નવાસના હોંશ પણ ગભડી ગયા. પોતાની જાન બચાવવા ઘોડાને ફટકારતો અને અંધાધૂંધ દોડાવતાં પોતે પણ મેદાન છોડીને ભાગી છૂટ્યો અહીં સુધી કે સમુદ્રમાં ઝંપલાવવા સિવાય બીજો રસ્તો દેખાયો નહિ તો, બેધડક તેણે પોતાના ઘોડા સાથે સમુદ્રમાં છલાંગ લગાવી દીધી. ઘોડો છીછરા પાણીને ચીરતો અને ખોફનાક મોજાંઓ સાથે ટક્કર લેતો આગળને આગળ બઢયે ગયો અને જયારે ગેહરા પાણીઓમાં પહોંચ્યો તો તેની હિંમતે જવાબ આપી દીધો. આ રીતે પોતાના ઘોડા સાથે ઝૂ-નવાસ પોતે પણ સમુદ્રના અંધારા પાણીઓમાં ગરક થઈ ગયો.

આ તરફ હબશી લશ્કરનો સરસેનાપતિ અરયાત પોતાના લશ્કર સાથે વિજયનો વાવટો ફરકાવતો મુલ્કે-યમનની ભૂમિમાં પ્રવેશ્યો અને આખા યમન પર કબજો જમાવીને ત્યાંનો ખુદ મુખ્તાર બાદશાહ બની ગયો અને કેટલાય વરસો સુધી મુલ્કે-યમન પર એકહથ્થુ હુકૂમતની હાક ગજાવતો રહ્યો.

યમનની તબાહી અને શાઈરોના કસીદા————ઈબ્ને હિશામ કહે છે : એજ પ્રસંગને અનુસરીને યમનના એક શાઈરે પોતાના કસીદામાં મુલ્કે-યમનની તે તબાહીનું વર્ણન કર્યું છે જે દવસ ઝૂ-સુઅલબાન તરફથી હબશીઓના રૂપમાં નાઝિલ થવા પામી. તેના એક શેઅરની કડી તો લોકજીભે રમતી એક કહેવત જેવી થઈ પડી છે, જેને યમનવાસીઓ વાતવાતમાં છૂટથી ઉચ્ચારતા રહે છે. તે આ કડી છેઃ

લા-ક-દવસિંવ-વલા ક-અઅલાક રહલિહી

એટલે આ ગૂંચવણ દવસ ઝૂ-સુઅલબાન અને તેના પ્રવાસની આંટીઘૂંટી જેવી તો નથી જ. એટલે આ કોઈ એવી સમસ્યા નથી જ કે જેનો કોઈ ઉકેલ જ ન હોય.

(નોટ : અહીં અલ્લામા ઈબ્ને હિશામે મુલ્કે-યમન અને ત્યાંની પ્રજા પર ઊતરેલી આફતને સગતા, ત્રણ શાઈરો-ઝૂ-જદન હિમ્યરી, ઈબ્નુઝ-ઝિઅબા સકફી અને અમ્ર બિન મઅદી-કરબના રચેલા ત્રણ કસીદા ટાંકેલા છે તે અમે જતા કર્યા છે. બેએક શેઅર જુઓ. ઝૂ-જદન હિમ્યરી કહે છે :

અ-બઅદા બયનૂના લા અયનુંવ વલા અસન, ● વ બઅદા સિલહીન યબ-નિન-નાસ અબ્યાતા.

શું બયનૂન અને સિલહીન જેવા ભવ્ય કિલ્લાઓ અને તેના પાયાઓ તથા નિશાનીઓની બરબાદી પછી પણ લોકો પોતાના આલીશાન બંગલાઓ બંધાવતા રહેશે ?

બયનૂન, સિલહીન, ગુમદાન વગેરે યમનવાસીઓના તે આલીશાન, નક્કર અને લાજવાબ કિલ્લા હતા જેઓના પાયાઓ સુધ્ધાં અરયાત હબશીએ ખોદાવી નાખ્યા હતા.

હવનકા લયસા યરુદ-દુદ-દમ્ઉ મા ફાતા, ● લા તહલિકી અસફન ફી ઈસરિ મન માતા.

તે શખ્સ જે નિરાંતે અને શાંતિથી ચાલ્યો ગયો, આંખના અશ્રુઓ તેને પાછો લાવી શકવાના નથી. માટે તેના વિલાપ કરીને પોતાને હલાક ન કર.

Maktabe Ashraf

ફ-ઇન્નલ-મવત લા યન્હાહુ નાહિન, • વ-લવ શરિબશ-શિફાઅ મઅવ નસૂકિ.

કેમકે મૃત્યુને તો કોઇ રોકનાર રોકી શકતો નથી; ભલે બીમારને શિફા કે તંદુરસ્તી જેવી વસ્તુ ઘોળીને પીવડાવી દેવામાં આવે અને ભાનમાં લાવનારી તમામ જડીબુટ્ટીઓ સૂંઘાડી દેવામાં આવે. (તો પણ મોતને રોકી શકાય નહિ.)

નજૂમીઓની સાચી ઠરેલી પેશીનગોઇ————ઇબ્ને હિશામ કહે છે : મુલ્કે-યમન પર હબશીઓની ચઢાઇ તેજ કમનસીબ ઘટના છે જેની પેશીનગોઇ વરસો પહેલાં સતીહ અને શિક્ક નામના જ્યોતિશાસ્ત્રના બે અઠંગ વિજ્ઞાનીઓએ, યમનના બાદશાહ રબીઅહ બિન નસરના દરબારમાં તેના એક બિહામણા ખ્વાબના જવાબમાં ઉચ્ચારી હતી.

સતીહ નામના વિદ્વાન નજૂમીએ યમનના બાદશાહ રબીઅહ બિન નસરને તેના ખ્વાબની હકીકત દર્શાવીને, ખ્વાબની તઅબીર રૂપે આ શબ્દોમાં પેશીનગોઇ ઉચ્ચારી હતીઃ

> "હે બાદશાહ ! હું કાળી પથરાળી ભૂમિમાં વસનારાં જીવજંતુઓના સોગંદ ખાયને કહું છું કે આપના રાજ્ય પર હબશીઓ ચઢાઇ કરી દેશે અને અબયન તથા જુરશ વચ્ચેનો તમામ પ્રદેશ તેઓ ફતેહ કરી લેશે અને આ પૂરા ઇલાકાના તેઓ માલિક બની જશે."

અને શિક્ક નામના બાહોશ નજૂમીએ બાદશાહનો ખ્વાબ દર્શાવીને ખ્વાબની તઅબીર તરીકે આ શબ્દોમાં પેશીનગોઇ ઉચ્ચારી હતી :

> "હે બાદશાહ ! કાળી પથરાળી ભૂમિમાં વસનારાં તમામ જીવજંતુઓના સોગંદ ખાયને કહું છું કે આપના રાજ્યની ધરતી પર હબશીઓ તૂટી પડશે. તમામ રળિયામણી અને હરિયાળી ભૂમિ પર તેઓ કબજો કરી લેશે અને અબયનથી લઇને નજરાન સુધીના તમામ ઈલાકાના તેઓ સત્તાધારી બની જશે."

Maktabe Ashraf

પ્રકરણ દસમું

અબ્રહતુલ-અશરમની બાદશાહી

અરયાત અને અબ્રહા વચ્ચે ઘર્ષણ • મુકાબલામાં અરયાતનું મરણ • અબ્રહાની ડહાપણ ભરેલી નીતિ • યમનમાં ભવ્ય ખ્રિસ્તી દેવળ • દેવળને ગંદું કરવાના સોગંદ • કઅબહને ઉખેડી કાઢવાની અબ્રહાની પ્રતિજ્ઞા.

અરયાત અને અબ્રહા વચ્ચે ઘર્ષણ———ઇબ્ને ઈસ્હાક કહે છે : હબશહના બાદશાહનો સરસેનાપતિ અરયાત વરસો સુધી યમન પર મરજી મુજબની એકહથ્થુ સત્તા ચલાવતો રહ્યો. પછી એક સમય આવ્યો જયારે અબ્રહા અશરમ નામે એક નામીચા અને બહાદુર હબશી જવાને, હબશીઓના રાજદ્વારી અને સામાજિક હિતોને લગતા અમુક મામલાઓ અંગે ઝગડો ખડો કર્યો. ઝગડો લંબાતો ગયો અને સમસ્યાનો ઉકેલ નહિ આવતાં મામલાએ તકરારનું રૂપ લીધું. નતીજા રૂપે અરયાત અને અબ્રહા વચ્ચે સત્તાની સાઠમારી જામી ગઈ. આ રાજરમતમાં કેટલાક હબશીઓ અબ્રહાના પક્ષે આવી ગયા અને કેટલાક અરયાતના તરફદાર બની ગયા. પછી તો પરસ્પરની હુંસાતુંસીએ કાયદેસરની લડાઈનું રૂપ લીધું. બંને પક્ષો સામસામે મેદાને નીકળી આવ્યા. ખાંડાના ખેલ ખેલાય તે પહેલાં અબ્રહાએ અરયાતને પડકાર્યો, ''હે અરયાત ! આપણી હબશી પ્રજાને આપસમાં ટકરાવીને મૃત્યુને ઘાટ ઉતારી દેવાનું મને પસંદ નથી. મર્દબચ્ચો હોય તો મેદાને આવી જા, આપણે બંને લડી લઈએ. જે જીતે તે ખરો. પછી હારનારનું લશ્કર જીતનારની તાબેદારી કબૂલ કરી લે !''

મુકાબલામાં અરયાતનું મરણ———અરયાતે ખેલદિલીથી અબ્રહાનો પડકાર ઝીલી લીધો અને ધન્યવાદ રૂપે કહ્યું, ''ઇન્સાફ તે આનું નામ !'' પછી બંને બહાદુરો ખાંડાના ખેલ માટે મેદાને પડયા. એક તરફથી અબ્રહા નીકળ્યો. તે એક ઠીંગણો, જાડો, કદરૂપો અને ધર્મચુસ્ત ખ્રિસ્તી જવાન હતો. બીજી તરફથી અરયાત નીકળ્યો. તે દેખાવડો, ગંઠાયેલા શરીરનો અને લાંબા કદનો જવાન હતો. તેના હાથમાં તેનું એક ખાસ હથિયાર હતું.

અબ્રહાએ પોતાની પૂંઠે પોતાના અત્વદા નામે ગુલામને પોતાના બચાવ માટે સાથે લીધો હતો. અરયાતે આગળ વધીને અબ્રહા પર પોતાના ખાસ ભાલાનો વાર કર્યો. તે ચાહતો હતો કે એક જ ઝાટકે તેનું ડોકું છેદીને તેના ધડ સાથે લટકાવી દે પણ વાર અબ્રહાના કાન, નાક, ભ્રમર અને આંખને છેદતો સરકી ગયો અને તેના હોઠો ફાટી ગયા. આ કારણે તે ''અબ્રહતુલ-અશરમ''ના ઉપનામે પંકાઈ ગયો. અશરમ શબ્દના અર્થ ફાડવું-ચીરવું થાય છે. અરયાતના ફટકા પછી એજ ક્ષણે અબ્રહાની પૂંઠે ઊભેલા તેના ગુલામ અત્વદાએ મળેલી તક ઝડપી લઈને પાછળથી એવો ઘા કર્યો કે અરયાતની પડછંદ કાયા ભોંયે રગદોળાઈને તરફડિયાં મારવા લાગી.

હાથોહાથની લડાઇના અંજામ બાદ ઠેરવેલી. શરત મુજબ અરયાતનું લશ્કર અબ્રહાના શરણે આવી ગયું. એ પછી યમનમાં તમામ હબશીઓ અબ્રહાની કમાન હેઠળ આવી ગયા. મરનાર અરયાતનો મૃત્યુદંડ અબ્રહાએ તેના વારસદારોને ચૂકવી આપ્યો. આ રીતે અબ્રહા અશરમ મુલ્કે-યમનનો બાદશાહ બની ગયો.

અબ્રહાની ડહાપણ ભરેલી નીતિ————હબશહના બાદશાહ નજાશીને જ્યારે અરયાતની હત્યાના સમાચાર મળ્યા તો ગુસ્સાથી તે રાતોપીળો થઇ ગયો કે, મારા નીમેલા સેનાપતિને મારી રજા વગર મારી નાખવાનો અબ્રહાને શો અધિકાર ? તેની આ હિંમત કે મારા હુકમનો અનાદર કરે ?.

એજ વેળા તેણે અબ્રહા કનેથી વેર લેવાની પ્રતિજ્ઞા લેતાં કહ્યું, "અબ્રહાને જતો નહિ કરૂં ત્યાં સુધી કે તેની સત્તાની પાયમાલી નહિ બોલાવી દઉં અને તેના માથાના વાળો ઝાલીને તેને પીંખી નહિ નાખું !"

નજાશીની આ પ્રતિજ્ઞાના અબ્રહાને વાવડ મળતાં જ સૌથી પહેલાં તેણે પોતાના માથાના વાળ મૂંડાવી નાખ્યા. પછી એક ટોકરીમાં તેણે યમનની ધરતીની માટી ભરીને નજાશીના દરબારમાં મોકલાવી અને એક કાગળમાં લખ્યું :

> "જહાંપનાહ ! જેવી રીતે અરયાત આપનો ગુલામ હતો, હું પણ આપનો એક અદના ગુલામ છું. અમારો આપસમાં જે મતભેદ પડયો તે પણ આપના હુકમનેજ લગતો હતો. આપના હુકમની તાબેદારીમાં અને રાજકારભારમાં હું અરયાત કરતાં વધારે કાબેલિયત ધરાવું છું. હું ચોકકસ રીતે માનું છું કે આપની રૈયતના હિતને લગતા દરેક મામલામાં આપના જ હુકમનું પાલન થવું જોઇએ. બસ આ હતું અમારા વિખવાદનું અસલ કારણ જેણે તકરારનું રૂપ લેતાં તે મારા મુકાબલા માટે નીકળી આવ્યો અને કમનસીબીથી મારા હાથે માર્યો ગયો.
>
> "હે જહાંપનાહ ! આપે જે પ્રતિજ્ઞા લીધી છે તે વાજબી જ છે એની જાણ થતાં જ મેં માથાના વાળ મૂંડાવી નાખ્યા છે. અને આ સાથે એક ટોકરી મુલ્કે-યમનની માટીથી ભરેલી, આપની તહેનાતમાં એવા હેતુએ મોકલાવી છે કે આપ એને પોતાના ચરણોમાં નાખીને પોતાના પગોથી પાયમાલ કરો કે જેથી આપની પ્રતિજ્ઞાનું અમલી-કરણ થઇ જાય. ખાતરી રાખો, યમન દેશ આપનો જ છે. હું પોતે પણ આપનો એક વફાદાર અને અદના ગુલામ જ છું"

અબ્રહાનો આ ઠાવકો અને ચતુરાઇ ભરેલો કાગળ વાંચીને નજાશી બાદશાહ ખુશ થઇ ગયો અને જવાબમાં તેને લખી દીધું કે, મારો બીજો હુકમ મળે ત્યાં સુધી યમનની ભૂમિમાં પોતાના સ્થાને બિરાજેલા રહો !

યમનમાં ભવ્ય ખ્રિસ્તી દેવળ————હબશહના બાદશાહ નજાશી તરફથી નચિંતાઇ મળતાં અબ્રહાએ યમનના પાટનગર સનઆમાં એક "કુલૈસ" (એટલે કલીસા અથવા ખ્રિસ્તી દેવળ)નો પાયો નાખીને તેની ઉપર એવી શાનદાર, ભવ્ય અને આલીશાન ઇમારત ચણાવી કે એ યુગમાં ધરતીના સીના પર તેવી શાનદાર ઈમારતનો જવાબ ન હતો. આ દેવળ શું હતુ ? ચણતર-કળાનો એક અદ્દભુત, સુંદર અને નાદિર નમૂનો હતો. બાંધકામ મુકમ્મલ થતાં તેણે નજાશી બાદશાહને ખાનગી કાગળમાં લખી જણાવ્યું :

> "જહાંપનાહ ! આપના ગુલામે આપની મુબારક યાદગાર તરીકે એક સુંદર, ભવ્ય અને નમૂનેદાર દેવળ બંધાવ્યું છે. તે એટલું શાનદાર અને રોનકદાર છે કે આપની પહેલાંના

કોઈ બાદશાહે આટલી આલીશાન અને ભપકાદાર ઇમારત નહિ બંધાવી હોય. આપને તો ખબર છે કે અરબના લોકો હજ્જ માટે મક્કહની ભૂમિમાં આવેલા કઅબહ તરફ ધસારો કરે છે. મારો મૂળ મકસદ લોકોનું ધ્યાન મક્કહના કઅબહ તરફથી ફેરવીને યમનના કઅબહ તરફ વાળી દેવાનું છે કે જેથી તેઓ મક્કહને બદલે સનઆના કઅબહની હજ્જ કરતા રહે."

દેવળને ગંદુ કરવાના સોગંદ———અબ્રહાએ નજાશીને લખેલા આ કાગળનો ભેદ છુપો નહિ રહ્યો. અરબના લોકોને એના સમાચાર મળતાં તેઓ ખૂબ રોષે ભરાયા. બનૂ કુકૈમ કબીલાનો એક જોશીલો જવાન તો એટલો ઉશ્કેરાઈ ગયો કે તેણે જાનના જોખમે એ દેવળને ગંદું કરી નાખવાના સોગંદ ખાય લીધા અને પછી આ સાહસ ખેડવા માટે તૈયાર થઈ ગયો. એના કબીલાનું પુરૂં નામ કુકૈમ બિન અદી બિન આમિર બિન સઅલબા બિન હારિસ બિન માલિક બિન કિનાનહ બિન ખુઝૈમહ બિન મુદરિકહ બિન ઈલ્યાસ બિન મુદર હતું.[1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે અબ્રહાના ખાનગી કાગળનો પર્દાફાશ થઈ ગયો અને અરબોને તેની જાણ થઈ તો બનૂ કુકૈમ કબીલાનો એક જોશીલો જવાન જેનું નામ હુઝૈફહ બિન કુકૈમ હતું, પોતાના ઘરેથી ઉત્તેજિત દશામાં નીકળીને યમન તરફ ઝપાટાભેર ઊપડયો અને સનઆ પહોંચીને લપાતો છુપાતો દેવળમાં ઘુસી ગયો. ત્યાં તેણે પાખાનું કરીને દેવળની પવિત્રતાનું અપમાન કર્યું અને દેવળને ગંદું બનાવીને ગુપચુપ પોતાના વતન તરફ પલાયન થઈ ગયો.

કઅબહને ઉખેડી કાઢવાની અબ્રહાની પ્રતિજ્ઞા———અબ્રહા બાદશાહને આ અણધારેલા સમાચાર મળતાં તે મનોમન સમસમી રહ્યો. આઘાતની ઊંડી લાગણી સાથે તેના ગુસ્સાનો પાર નહિ રહ્યો. ક્રોધથી કાંપતા સ્વરે તેણે પૂછ્યું, "કોણ નાલાયકે આ નીચ હરકત કરી છે ?"

ખાતમી આપનારે અદબથી કહ્યું, "જહાંપનાહ ! આ કોઈ એવા ધર્મઝનૂની અરબની હરકત લાગે છે જે મક્કહના તે ઘરનો પાડોશી છે જેની યાત્રા માટે અરબભરના લોકો ધસીધસીને જાય છે; કેમકે જ્યારે તેણે આપની આ વાત સાંભળી કે : " હું અરબના લોકોનું ધ્યાન મક્કહના કઅબહથી ફેરવીને યમનના કઅબહ તરફ કરી દેવા માગું છું !" તો તે ઉશ્કેરાઈ ગયો. પછી એજ ઉત્તેજિત દશામાં આવીને દેવળમાં પાખાનું કરીને ફરાર થઈ ગયો. તેનો હેતુ એવી જાહેરાત કરવાનો હતો કે યમનનું આ દેવળ હજ્જને લાયક નહિ બલકે પાખાનું કરવાને લાયક છે."

આ સાંભળતાં જ અબ્રહા ગુસ્સાથી પાગલ થઈ ગયો. તેના તન-બદનમાં આગ લાગી ગઈ. એજ વેળા તેણે પ્રતિજ્ઞા લીધી કે, " અલ્લાહના સોગંદ હું જરૂર મક્કહ પર ચઢાઈ કરીશ અને ત્યાંના પેલા ઘરને એટલે ખાનએ-કઅબહને ધરમૂળથી ઉખાડીને ફેંકી દઈશ !"

---

૧. કુકૈમ બિન અદીનું ખાનદાન "નસઅહ"ની બિદઅતના કારણે આખા અરબમાં બદનામ હતું અને "નસઅહ"ના ઉપનામે પંકાયેલું હતું. નસઅહ એવા લોકોને કહે છે જેઓ જહાલતકાળમાં પોતાના અંગત સ્વાર્થ ખાતર હલાલ કે હરામ મહિનાઓને આગળ પાછળ કરી નાખતા હતા. અરબોમાં ચાર મહિના : મુહર્રમ, ઝુલ-કઅદહ, ઝુલ-હિજ્જહ અને રજબ એકદમ આદર પાત્ર ગણાતા હતા. એની પવિત્રતા જાળવવાની પ્રથા પ્રાચીન કાળથી ઊતરી આવતી હતી. એમાં મારધાડ કે ખૂનરેઝીને તેઓ મુત્લક હરામ લેખતા હતા. આમ છતાં કુકૈમ બિન અદીના બાપદાદા કોઈ દુશ્મનથી વેર લેવાનું હોય તો બળનો ઉપયોગ કરીને, હરામ મહિનો હોવા છતાં તેને હલાલ બનાવીને ખૂબ ખૂનરેજી કરતા. એનું બયાન કુર્આન મજીદમાં પણ આ રીતે થયું છે :

"ઈન્નમ-મન-નસીઉ ઝિયાદતુન ફિલ કુફ્ર." એટલે મહિનાને પાછળ ઠેલવવો એ કુફ્રના યુગની પ્રથા છે. અહીં અલ્લામા ઈબ્ને હિશામે એ પ્રથાનું વિવેચન કરીને ઉમૈર બિન કૈસ નામે શાઇરના થોડાક શેઅરો ટાંકેલા છે. લગભગ દોઢ પાનાનું એ લખાણ અમે જતું કર્યું છે. પણ તેનો ટૂંકસાર અહીં રજૂ કરી દીધો છે. હધુરાણી

પ્રકરણ અગીયારમું

ખાનએ-કઅબહ પર અબ્રહાનું આક્રમણ

મક્કહ તરફ અબ્રહાની પેશકદમી ● ઝૂ-નફરનો મુકાબલો અને શિકસ્ત ● નુફૈલ બિન હબીબનો પ્રતિરોધ ● લાત ભગવાનનું મંદિર ● અબૂ રિગાલની ગદ્દારી ● ઊંટોની લૂંટથી મક્કહમાં હાહાકાર ● અબ્રહાનો સંદેશો મક્કહના મોવડીઓને ● મક્કહના મોવડીનો જવાબ ● અબ્દુલ-મુત્તલિબ અને ઝૂ-નફર ● અબ્દુલ-મુત્તલિબ અબ્રહાના દરબારમાં ● અબ્દુલ-મુત્તલિબની દુઆ ● ઇકરિમા બિન આમિરના શેઅરો

મક્કહ તરફ અબ્રહાની પેશકદમી———— ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી અબ્રહા અશરમ બાદશાહે પોતાના હબશી સૈન્યને મક્કહ પર ચઢાઈનો હુકમ છોડયો. શસ્ત્રસરંજામ અને યુધ્ધસામગ્રીથી લશ્કરીઓ સજ્જ થવા લાગ્યા. સાથે તેના કદ્દાવર કાયાના તે મશહુર હાથીને પણ શણગાર્યો જેનું વર્ણન આગળ આવે છે. ચઢાઈની તૈયારી મુકમ્મલ થતાં અબ્રહાએ પળના વિલંબ વિના લાવલશ્કર સાથે મક્કહ તરફ હંકારી મૂકયું.

આ સમાચાર જયારે મક્કહના અરબોને મળ્યા કે યમનનો બાદશાહ અબ્રહા અશરમ પોતાનું વિરાટ સૈન્ય લઈને ખાનએ-કઅબહના ખંડન માટે આવી રહ્યો છે તો આખા મક્કહમાં ખળભળાટ મચી ગયો. કેમકે આ કોઇ મામૂલી નહિ, બેહદ ગંભીર મામલો હતો જેને અગ્રસ્થાન આપીને તેઓએ મક્કહમાં હંગામી હાલાતની કે કટોકટીની જાહેરાત પોકારાવી દીધી અને બધાએ ભેગા મળીને તેનો પ્રતિકાર કરવાનું સર્વાનુમતે નક્કી કર્યું કે, ભલે અબ્રહાના લશ્કરી બળ સામે આપણે ટકી ન શકીએ, છતાંય તન-મન-ધનનું જે કંઇ બળ આપણી પાસે છે, તેનાથી પોતાનો અને અલ્લાહનાં ઘરનો બચાવ કરવો તે આપણું ધાર્મિક કર્તવ્ય છે જેને જિહાદ કહેવામાં આવે છે.

ઝૂ-નફરનો મુકાબલો અને શિકસ્ત————સર્વસંમતિથી આ નિર્ણય લેવાતાં જ અબ્રહાના મુકાબલા માટે ઝૂ-નફર નામનો વીરનર તૈયાર થયો. આ ગ્રહસ્થ યમનના આબરૂદાર કુટુંબનો નબીરો અને ત્યાંના ભૂતપૂર્વ રાજવંશી ખાનદાનમાંથી હતા. તેણે પોતાના મરણિયા સાથીઓને તૈયાર કર્યા અને જિહાદનો જઝબો ધરાવનાર કેટલાક અરબ યુવકો પણ તેના લશ્કરમાં જોડાઇ ગયા. ઝૂ-નફર લડાઈની તૈયારી કરીને પોતાના સાથીઓ સાથે કૂચ-કદમ કરતા અબ્રહાના લશ્કર પાસે જઈ પહોંચ્યો અને જવાનોની સફબંદી કરીને તેઓની ઉપર યાહોમ તૂટી પડયો. ખૂબ બહાદુરીથી મુકાબલો કર્યો પણ અંતે શિકસ્ત પામીને ગિરિફતાર થઈ ગયો. એક જંગી કેદી તરીકે તેને અબ્રહાની તહેનાતમાં ઊભો કરી દેવામાં આવ્યો. અબ્રહાએ પળના વિલંબ વિના તેના શિરચ્છેદનો હુકમ ફરમાવ્યા, "અબધડી આ બંડખોરની ગરદન મારી દો !"

"હે બાદશાહ !" મોતની સજા સાંભળીને ઝૂ-નફરે હિંમતથી કહ્યું, "હું મોતથી ડરતો નથી પણ વિચાર કર કે મારી હત્યાથી તને શો લાભ થવાનો છે ? કદાચ એવું પણ બને કે મારૂં જીવન તારા માટે મારા મરણથી બેહતર પુરવાર થાય !"

અબ્રહા સહનશીલતાનો ગુણ ધરાવનાર એક સમજુ અને ચતુર બાદશાહ હતો. ઝૂ-નફરની હિંમત અને અર્થપૂર્ણ વાતથી નવાઇ પામીને તેણે તેને જીવતદાન આપી દીધું પણ એક બંદીવાન તરીકે પોતાની દેખરેખ હેઠળ રહેવાનું તેને સૂચન કર્યું.

નુફૈલ બિન હબીબનો પ્રતિરોધ—— ——અબ્રહા અશરમનું જંગી લશ્કર અહીંથી કૂચકદમ કરતું મક્કહ તરફ બઢ્યું અને જ્યારે ખસ્અમ કબીલાના પ્રદેશમાં પ્રવેશ્યું તો નુફૈલ બિન હબીબ ખસ્અમી નામનો સરદાર ખસ્અમના બે કબીલા-શહરાન અને નાહસના લડવૈયાઓને લઈને તેના મુકાબલા માટે નીકળી આવ્યો. પણ અબ્રહાના જંગી લશ્કર સામે વધુવાર ટકી શકયો નહિ અને શિકસ્ત ખાયને બંદીવાન બની ગયો. તેને એક કેદી તરીકે અબ્રહાની તહેનાતમાં ઊભો કરવામાં આવ્યો તો તરત તેણે એની કતલનો હુકમ ફરમાવી દીધો.

નુફૈલ બિન હબીબે બા-અદબ અરજ કરી, "એ બાદશાહ ! મારી કતલથી તને કોઈ લાભ થવાનો નથી. રહમદિલીથી કામ લઈને મને માફ કરી દે. હું તારા કામનો માણસ હોવાની પૂરેપૂરી પાત્રતા ધરાવું છું. છેક અરબની ભૂમિ સુધી તારી રહબરી કરવાની હું તને બાંયધરી આપું છું. મારા આ બંને હાથો એટલે શહરાન અને નાહસના કબીલા તારી તાબેદારીમાં કપાઇ મરવા તૈયાર છે."

લાત ભગવાનનું મંદિર————અબ્રહાએ દયાળુ બાદશાહોને છાજે તેવી દરિયાદિલીથી નુફૈલ બિન હબીબ અને તેના માણસોને જીવતદાન આપી દીધું. પછી નુફૈલની રહબરીમાં બધાઓને સાથે લઈને કૂચકદમ કરતો તાઈફની ભૂમિમાં પહોંચી ગયો. અહીં મસઊદ બિન મુઅત-તત બિન માલિક બિન કઅબ બિન અમ્ર બિન સઅદ બિન અવફ બિન સકીફ નામનો સરદાર પોતાના સકીફ કબીલાના અગ્રેસરોને સાથે લઈને અબ્રહાની તહેનાતમાં હાજર થયો.

(નોટ :- અહીં અલ્લામા ઇબ્ને હિશામે તાઈફ શહેરના મશહૂર સકીફ કબીલાની લાંબી વંશાવળી દર્શાવેલી છે. અને સાથે ઉમૈયહ બિન અબી સલ્ત સકફી નામે શાઇરના શેઅરો ટાંકેલા છે. એ લખાણ જતું કરીએ છીએ.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્રહા બાદશાહનું લશ્કર તાઇફની ભૂમિમાં પ્રવેશ્યું તો બનૂ સકીફ કબીલાના લોકો ગભરાય ગયા. સમજફેરથી તેઓને એવી ધાસ્તી પેઠી કે અબ્રહા અમારા "મઅબદે-લાત" એટલે લાત ભગવાનના મૂર્તિ-મંદિરને તોડી પાડવા ચઢી આવ્યો છે. જેથી એ લોકોએ અબ્રહાની તહેનાતમાં હાજર થઈને કહ્યું :

> "હે બાદશાહ ! અમે આપના ગુલામ છીએ. આપના તાબેદાર અને આજ્ઞાપાલક છીએ. આપનો હેતુ જે મંદિરને તોડી પાડવાનો છે તે તો અહીં નહિ, મક્કહમાં આવેલું છે. અહીં તો અમારૂં "મઅબદે-લાત" આવેલું છે. ખરૂં કહીએ તો આપની સાથે અમારો કોઈ મતભેદ નથી. અમે તો આપની રૈયત જેવા તાબેદાર અને વફાદાર લોકો છીએ."

અબ્રહા બોલ્યો, "વારૂ તો તમારે એક ભોમિયો આપવો જોઇએ જે અમારી રહબરી કરી શકે."

અબૂ રિગાલની ગદ્દારી—————ઈબ્ને ઈસ્હાક કહે છે : તાઈફમાં લાત નામે મૂર્તિનું મંદિર આવેલું હતું. આ લાત મૂર્તિને તાઈફના લોકો પોતાનો સૌથી મોટો ભગવાન માનીને તેની ભકિત કરતા હતા અને તેના મંદિરની તેવી જ તઅઝીમ કરતા હતા જેવી મક્કહના લોકો ખાનએ-કઅબહની તઅઝીમ કરતા હતા.

અબ્રહાની વાત સાંભળીને તાઈફના લોકોએ અબૂ રિગાલ નામે ભોમિયાને હાજર કરતાં કહ્યું , ''હે બાદશાહ! આ માણસ અહીંના પૂરા પ્રદેશનો સૌથી વધુ જાણકાર ભોમિયો છે. ઠેઠ મક્કહ સુધી રહબરી કરીને ધારેલું નિશાન પણ આપને બતાવી દેશે.''

મતલબ કે અબ્રહા બાદશાહ અબૂ રિગાલની રહબરીમાં પોતાનાં લશ્કર સાથે તાઈફથી નીકળીને મક્કહ તરફ રવાના થયો. જયારે લશ્કર મક્કહના રસ્તે આવેલા ''મુગમ-મિસ'' નામના સ્થળે પહોંચ્યું તો અચાનક અબૂ રિગાલ ભેદભરેલી રીતે મૃત્યુ પામી ગયો. તેના મરણ બાદ અરબના લોકો તેની કબર પર પથ્થર મારવા લાગી ગયા. કેમકે તેણે પોતાની અરબ કૌમ અને અલ્લાહના ઘર ખાનએ-કઅબહ સાથે ગદ્દારી કરી હતી. આજે પણ મક્કહથી નવ-દસ માઈલના અંતરે આવેલા ''મુગમ-મિસ''સ્થળે અરબના લોકો છાશવારે જે કબર પર પથ્થરમારો ચલાવે છે તે એજ અબૂ રિગાલ નામે ગદ્દારની કબર છે. [૧]

ઊંટોની લૂંટથી મક્કહમાં હાહાકાર—————અબ્રહાનું લશ્કર ''મુગમ-મિસ'' સ્થળે પડાવ નાખીને પડેલું હતું એ દરમિયાન અબ્રહાએ એક ખાસ હેતુસર અસવદ બિન મકસૂદ નામે બળવાન હબશીને પોતાના ઘોડેસવાર સૈનિકોની ટુકડીનો અફસર બનાવીને મક્કહ તરફ દોડાવી દીધો. આ લોકો ઘોડા દોડાવતા મક્કહની ભાગોળે પહોંચી ગયા. અહીં તિહામહ નામની જમીનમાં કુરૈશના કેટલાક લોકોના ઊંટો ચરતાં હતાં. અસવદ અને તેના સાથીઓ એ બધાં ઊંટોને હાંકીને લશ્કર તરફ લઈ ગયા. ઊંટોની આ લૂંટમાં અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમના બસો ઊંટો પણ શામિલ હતાં. અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ અલ્લાહના આખેરી નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા હતા અને અત્યારે મક્કહના સૌથી મોટા વડીલ અને કઅબહના મુતવલ્લી અને લોકમાન્ય સરદાર ગણાતા હતા.

લૂંટની ઓચિંતી ઘટનાથી મક્કહના લોકો ખળભળી ઊઠયા. કુરૈશ, કિનાનહ, હુઝૈલ અને પવિત્ર હરમમાં વસનારા તમામ કબીલાના લોકો તાબડતોડ ભેગા થયા અને તેઓએ અબ્રહા સાથે લડી લેવાનો નિર્ણય લીધો પણ પછી આટલા મોટા જંગી લશ્કરનો મુકાબલો કરવો મક્કહવાસીઓના બસની વાત નથી તેવું વિચારીને તેઓએ લડાઈનો નિર્ણય સંકેલી લીધો.

અબ્રહાનો સંદેશો મક્કહના મોવડીને—————અબ્રહા બાદશાહએ હુનાતા હિમ્યરી નામના ફોજી સરદારને પોતાના એલચી તરીકે મક્કહ મોકલવાનું ઠરાવ્યું અને તેને બોલાવીને કહ્યું. ''મક્કહ જઈને માલૂમ કરો કે તેઓનો મોભાદાર મોવડી કોણ છે. પછી તેને મળીને મારો પયગામ પહોંચાડો કે બાદશાહ તમારી સાથે લડવા માટે નથી આવ્યો, માત્ર કઅબહને તોડી પાડવાનો તેનો વિચાર છે. અગર તમે તેના રસ્તામાં આડે નહિ આવો તો ખૂનરેઝીનું કોઈ કારણ નથી. જો મક્કહનો મોવડી મારી વાત માની લે તો તેને મારી તહેનાતમાં હાજર થવાની ભલામણ કરજો.''

---

૧. આ પથ્થરમારો અબૂ રિગાલ ગદ્દારની કબર પર આજ સુધી ચાલુ છે. અને કિયામત સુધી ચાલુ રહેશે ! ઈન્શાઅલ્લાહ ''હ''

હુનાતા હિમ્યરીએ મક્કહ જઇને પૂછપરછ કરી કે અહીંનો સૌથી મોટો સરદાર કોણ છે. લોકો તરફથી જવાબ મળ્યો, "અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ." તેણે અબ્દુલ-મુત્તલિબની મુલાકાત લીધી અને બાદશાહના પયગામનો શબ્દે-શબ્દ દોહરાવી દીધો.

મક્કહના મોવડીનો જવાબ————બાદશાહનો સંદેશો સાંભળીને અબ્દુલ-મુત્તલિબે જવાબ આપ્યો, "અલ્લાહના સોગંદ ! બાદશાહ સાથે લડવાનો અમારો પણ ઇરાદો નથી, ન તેનો મુકાબલો કરવાનું અમારામાં બળ છે. કઅબહ તો અલ્લાહનું તે માનવંતુ ઘર છે જેનું ચણતર અલ્લાહના ખલીલ ઇબ્રાહીમે પોતાના હાથથી કર્યું છે. અલ્લાહને જો પોતાના ઘરની હિફાઝત મંજૂર હશે તો અલ્લાહ પોતે તેના બચાવની કોઇ તદબીર કરી લેશે. પણ જો પોતાના ઘરને બચાવવાની તેની ઇચ્છા ન હશે તો અલ્લાહના સોગંદ ! અમારી પાસે તેના બચાવનો ન કોઇ ઉપાય છે ન બળ છે."

હુનાતા હિમ્યરી બોલ્યો, " ત્યારે હે મક્કહના સરદાર ! ચાલો મારી સાથે બાદશાહના દરબારમાં, તે આપની મુલાકાતનો મુસ્તાક છે."

અબ્દુલ-મુત્તલિબે તેની વાત માની લીધી. પોતાના કેટલાક પુત્રો અને મિત્રોને સંગાતે લીધા અને બાદશાહની લશ્કરી છાવણી તરફ રવાના થઇ ગયા.

અબ્દુલ-મુત્તલિબ અને ઝૂ-નફર———————અબ્દુલ-મુત્તલિબ જયારે લશ્કરી છાવણીમાં પ્રવેશ્યા તો ત્યાં તેમણે પોતાના દોસ્ત ઝૂ-નફરની તપાસ કરવા માંડી અને કહ્યું કે તે કયાં છે, મારે તેની મુલાકાત લેવી છે.

આ તેજ ઝૂ-નફર છે જેણે પોતાના સાથીઓ સાથે અબ્રહાનો મુકાબલો કર્યો હતો પણ શિકસ્ત પામીને દ્રોહના આરોપમાં અબ્રહાનો કેદી બની ગયો હતો. અબ્દુલ-મુત્તલિબને એની કેદના સમાચાર મક્કહમાં મળી ગયા હતા.

જયારે ઝૂ-નફર હાજર થયો તો અબ્દુલ-મુત્તલિબે તેને કહ્યું, "હે દોસ્ત ! જે આફત અમારા માથે ઊતરી છે તેમાંથી છૂટવાની કોઇ તદબીર તારી પાસે છે ખરી ? અમારી કોઇ ભલામણ તું કરી શકે છે?"

"હે અબ્દુલ-મુત્તલિબ ! "ઝૂ-નફર બોલ્યો, હું પોતે અબ્રહાનો કેદી છું ; એવો કેદી જેને હર પળે ધાસ્તી લાગેલી રહે છે કે તેનું ડોકું સવારે ઉડાડી મૂકવામાં આવે કે સાંજે ! એવો માણસ ભલા શું તદબીર બતાવી શકે અને શું ભલામણ કરી શકે ? અલબત્ત નિરાશ થવાની જરૂર નથી. લશ્કરમાં ઉનૈસ નામે મારો એક મિત્ર છે જે હાથીના મહાવતને ઓહદે બિરાજે છે. ભારે લાગવગવાળો માણસ છે. તેને હું બે વાત કહી દઉં છું. તે આપના સંગાતે બાદશાહના દરબારમાં આવશે અને યોગ્ય તક ઝડપી લઇને જોરદાર શબ્દોમાં આપની ભલામણ કરી દેશે. પછી આપ પોતે બાદશાહ સાથે વાજબી લાગે તેવી વાતચીત કરી લેશો."

"ત્યારે તો આટલું જ મારા માટે બસ છે." અબ્દુલ-મુત્તલિબે કહ્યું.

ઝૂ-નફરે પોતાનો બોલ પાળતાં હાથીના મહાવત ઉનૈસને ભલામણ કરી, "જુઓ ભાઇ ! આ અબ્દુલ-મુત્તલિબ છે. કુરૈશના સૌથી મોટા સરદાર, મક્કહવાસીઓની આંખના તારા, ગરીબો, અનાથો અને ભૂખ્યાઓના બેલી, શહેરમાં શહેરીઓને જમાડનારા તો શહેરની બહાર પહાડોની ચોટીઓ પર જંગલી પ્રાણીઓની ઝિયાફત

એમની હાજરીની ભલામણ કરો અને તમારી લાગવગથી જે કંઇ એમની મદદ થઇ શકે તેમાં પાછીપાની ન કરો.''

ઉનૈસે કહ્યું, ''હા સાહેબ જે કંઇ મારાથી બનશે તે હું જરૂર કરીશ.'' એ પછી ઉનૈસ અબ્રહાની તહેનાતમાં હાજર થયો અને બોલ્યો, ''બાદશાહ સલામત ! અબ્દુલ-મુત્તલિબ આપના દરબારમાં હાજર થવા માંગે છે. તેઓ કુરૈશના સરદાર છે. મક્કહવાસીઓની આંખના તારા છે. શહેરીઓની શહેરમાં ઝિયાફત કરે છે તો શહેરથી બહાર પહાડોની ચોટીઓ પર જંગલી પ્રાણીઓને પણ ખવાડે છે. આપ કૃપા રાહે તેમને દરબારમાં હાજરીની પરવાનગી આપો કે જેથી તેઓ પોતાની જરૂરત અંગે આપની સાથે વાતચીત કરી લે.''

અબ્દુલ-મુત્તલિબ અબ્રહાના દરબારમાં————રાવીનું કથન છે : અબ્રહાએ અબ્દુલ-મુત્તલિબને દરબારમાં હાજર થવાની પરવાનગી આપી દીધી. અબ્દુલ-મુત્તલિબ અરબના તમામ લોકોમાં સૌથી વધુ દેખાવડા, તેજસ્વી ચેહરાના, આકર્ષક રૂપરેખાના, રૂઆબદાર અને પ્રભાવશાળી સરદાર હતા. અબ્રહાએ આપને જોયા તો આપના જલાલ, દબદબા અને રૂઆબથી તે અંજાઇ ગયો. પોતે તખત પર બિરાજેલો હતો. તખત પર પોતે બિરાજેલાં રહે અને એમને જમીન પર બેસાડે તે વાત અબ્રહાને ગમી નહિ અને આ વાત પણ નહિ ગમી કે હબશી સરદારો એમને તખત પર પોતાની લગોલગ બિરાજેલા જોઇ લે.

અબ્દુલ-મુત્તલિબના તેજસ્વી અને પ્રભાવશાળી વ્યકિતત્વથી અંજાઇને અબ્રહા ઊભો થઇ ગયો અને તખત પરથી ઊતરીને ગાલીચા પર બેસી ગયો અને એમને પણ પોતાની લગોલગ બેસાડી લીધા. પછી દુભાષિયાને કહ્યું, ''એમને પૂછો, શું કામ માટે બાદશાહ પાસે આવ્યા છો ? જે કંઇ દરખાસ્ત હોય તે રજૂ કરો.''

દુભાષિયાના સવાલ પર અબ્દુલ-મુત્તલિબે જવાબ આપ્યો, 'મારી દરખાસ્ત ફકત આટલી જ છે કે મારાં બસો ઊંટો મને પાછાં આપી દેવામાં આવે જેને બાદશાહના માણસો અહીં હાંકી લાવ્યા છે.''

આ જવાબ સાંભળીને અબ્રહા બેહદ નવાઇ પામી ગયો. તેણે દુભાષિયાને કહ્યું, ''એમને કહો કે જયારે પ્રથમવાર મેં એમને જોયા તો હું એમના રૂઆબથી અંજાઇ ગયો હતો, પણ હવે એમની દરખાસ્ત સાંભળી તો એ મારી નજરમાં હલકટ ઠરી ગયા છે.''

''કેમ શું કારણે ? '' અબ્દુલ-મુત્તલિબે પૂછયું.

અબ્રહાએ કહ્યું, ''અફસોસ ! એમને પોતાના બસો ઊંટોની પડેલી છે પણ તે ઘરની પડેલી નથી જે એમનું અને એમના બાપદાદાઓનું યાત્રાધામ છે અને જેને ઊખેડી કાઢવા હું અહીં આવેલો છું. એ ઘરને લગતી કોઇ દરખાસ્ત કેમ એ ગૃહસ્થ કરતા નથી ?''

જવાબમાં અબ્દુલ-મુત્તલિબ બોલ્યા, ''બાદશાહને કહો, હું ફકત મારા ઊંટોનો માલિક છું જેથી મેં ઊંટોની દરખાસ્ત કરી છે. રહ્યું ઘર તો તેનો જે માલિક છે તે તેનો બચાવ કરી લેશે.''

અબ્રહા બોલ્યો, ''ઘરનો માલિક શું બચાવ કરશે અને કેવી રીતે કરશે ?''

''એ તમે જાણો અને તે જાણે !'' અબ્દુલ-મુત્તલિબે ટૂંકો જવાબ આપી દીધો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : કેટલાક જાણકારો એમ પણ કહે છે કે અબ્રહાએ જયારે પોતાના એલચી હુનાતાને મક્કહ મોકલાવ્યો હતો ત્યારે અબ્દુલ-મુત્તલિબની જોડે બીજા બે ગૃહસ્થો પણ અબ્રહાને મળવા તેના દરબારમાં

ગયા હતા. એમાંનો એક ગૃહસ્થ યઅમુર બિન નુફાસહ બિન અદી બિન દૈલ બિન બક્ર બિન અબ્દે મનાત બિન કિનાનહ જે તે વેળા બનૂબક્ર કબીલાનો સરદાર હતો અને બીજો ગૃહસ્થ ખુવૈલિદ બિન વાસિલહ હુઝલી જે બનૂ હુઝૈલ કબીલાનો સરદાર હતો. આ બંને ગૃહસ્થોએ અબ્રહાને વિનંતી કરી હતી, "હે બાદશાહ ! તમે કઅબહ પર ચઢાઈનો વિચાર માંડી વાળો તો અમે તિહામહ પ્રદેશની આવકનો એક ભાગ ખંડણી તરીકે આપવા તૈયાર છીએ." પણ અબ્રહાએ તેઓની આ માંગણી નકારી કાઢી હતી. હવે એમાં ખરૂં-ખોટું શું છે તે અલ્લાહ બેહતર જાણે !

સારાંશ કે અબ્દુલ-મુત્તલિબની ઊંટોની માંગણી વાજબી હોવાથી અબ્રહાએ તેમના કબજે કીધેલા બસો ઊંટો પાછા આપી દેવાનો હુકમ ફરમાવી દીધો. પોતાના ઊંટોને લઈને અબ્દુલ-મુત્તલિબ મક્કહ આવી ગયા અને લોકોને આ બનાવના સમાચાર આપીને હુકમ ફરમાવ્યો કે, અબ્રહાના જંગી લશ્કરનો મુકાબલો કરવો આપણા માટે શકય નથી માટે બધા લોકો પોતાના ઘરોને તાળાં મારીને પહાડોની ઘાટીઓ અને ગુફાઓમાં જઈને આસરો લઈ લે !"

એ પછી અબ્દુલ-મુત્તલિબ ઊભા થયા. કુરૈશના મોવડીઓને સાથે લઈને કઅબહમાં ગયા અને કઅબહના દરવાજાનું કડું પકડીને અલ્લાહ પાસે દુઆ માગી અને અબ્રહા તથા તેના લશ્કરના મુકાબલે મદદ મોકલવાની બારગાહે-ઈલાહીમાં યાચના કરી.

અહીંથી પરવારીને અબ્દુલ-મુત્તલિબ મક્કહના બધા લોકોને સાથે લઈને પહાડોની ઘાટીઓમાં ચાલ્યા ગયા અને અબ્રહા તથા તેનું લશ્કર અલ્લાહના ઘર સાથે કેવો મામલો કરે છે તેની ગંભીરતાથી રાહ જોવા લાગ્યા.

અબ્દુલ-મુત્તલિબની દુઆ————જે વેળા અબ્દુલ-મુત્તલિબ ખાનએ-કઅબહમાં દુઆ માગવા ગયા તો મક્કહના કુરૈશના કેટલાક લોકો પણ તેમના સંગાતે હતા. અબ્દુલ-મુત્તલિબે કઅબહના દરવાજાનું કડું પકડીને દુઆ માગી :

લા હુમ્મ ઈન્નલ-અબ્દ યમ્નઅ • રહલહૂ ફ-અમ્નઅ હિલાલકા

યા અલ્લાહ ! બંદો પોતાની સવારીનું રક્ષણ કરે છે. માટે તું પણ તારા ઘરનું અને તેના સરસામાનનું રક્ષણ કરજે!

વન્સુર અલા આલિસ-સલીબ • વ આબિદી - હિલ - યવમ આલકા

અને ક્રોસ તથા ક્રોસના પૂજારીઓના મુકાબલામાં હે અલ્લાહ ! પોતાના લોકોની મદદ ફરમાવજે ! [1]

લા યગ-લિબન્ન સલીબુ-હુમ • વ મિહાલુ-હુમ ગદવમ મિહાલકા

યા અલ્લાહ ! કયાંક તેઓનો ક્રોસ અને તેઓના પરિબળો તારા બળો પર વર્ચસ ન મેળવી લે !

ઈન કુન્ત તારિ-કહુમ વકિબ્લ • તના ફ-અમ્રુન મા બદાલકા.

અગર તું અમારા કિબ્લાને તેની દશા પર છોડી દે અને તેઓને તેઓની દશા પર છોડી દે અને બીચબચાવ ન કરે તો તને તેનો અધિકાર છે. માટે જેમ તને વાજબી લાગે તેમ કરજે !

---

૧. ક્રોસ માટે અરબીમાં "સલીબ' શબ્દ આવે છે. જેનો અર્થ એવી લાકડી જેમાં લટકાવીને, ખ્રિસ્તી ધર્મના અકીદા મુજબ, યહૂદીઓએ હઝરત ઇસા અલૈહિસ-સલામને શૂળી આપી હતી. કુર્આન ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને જીવતા આસમાન પર ઉઠાવી લીધા હતા. "હ"

ઇકરિમા બિન આમિરના શેઅરો————ઇબ્ને હિશામ કહે છે : અબ્દુલ-મુત્તલિબના આ ઉપર ટાંકેલા તે શેઅરો છે જે ઇબ્ને ઇસ્હાકની ચકાસણી મુજબ બિલકુલ સાચા પુરવાર થયા છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇકરિમા બિન આમિર બિન હાશિમ બિન અબ્દે મનાફ બિન અબ્દે-દાર બિન કુસૈય નામે શાઇરે આ શેઅરો કહ્યા છે :

લા હુમ્મ અખઝિલ - અસ્વ-દબ્ન મકસૂદ, • અલ-આખિઝલ - હજમત ફીહત - તકલીદ.

યા અલ્લાહ ! અસ્વદ બિન મકસૂદને ઝલીલો-ખ્વાર કર જેણે એવાં ઊંટોને પણ લૂંટયા છે જેઓની ગરદનોમાં તારી બારગાહ માટેની કુરબાનીના ઘૂઘરા પણ બાંધેલા હતા. (અસ્વદ બિન મકસૂદ અબ્રહાના લશ્કરનો ઉપરી જે મક્કહના લોકોના ઊંટો હાંકી ગયો હતો.)

બૈન હિરાઅ વ સ્બીરિન ફાલિબીદ, • ચહ - બિસુહા વહિય અવલા - તુત - તત્રીદ.

તેણે હિરાઅ અને સૂબીર પહાડોની વચ્ચેની ખીણો અને ઘાટીઓમાં આઝાદીથી ચરનારાં ઊંટોને બાંધી રાખ્યાં છે.

ફદમ - મહા ઇલા તમા-તિમિન સૂદ, • અખ - ફિરહૂ યા રબ્બે વ અન્ત મહમૂદ.

પછી તેણે એ ઊંટોને કાળા ચેહરાના અજમી લશ્કરમાં પકડી રાખ્યાં. હે પાલનહાર ! તું સ્તુતિ અને પ્રશંસાને પાત્ર છે. તું તેનો સર્વનાશ બોલાવી દે !

પ્રકરણ ૧૨

અબ્રહા અને તેના લશ્કરનો અંજામ

અબ્રહાના હાથીની આડાઇ • પક્ષીઓની ચઢાઇ અને લશ્કરની તબાહી • અબ્રહા-અશરમનો અંજામ

• અસહાબે-ફીલની ઘટના કુર્આનમાં • હાથીનો મહાવત અને રખેવાળ

અબ્રહાના હાથીની આડાઇ————બીજા દિવસનું પ્રભાત થતાં અબ્રહા પોતે મક્કહમાં પ્રવેશવા તૈયાર થયો અને પોતાના માનીતા હાથી તથા લશ્કરને પણ તૈયારીનો હુકમ ફરમાવી દીધો. તેના આ હાથીનું નામ મહમૂદ હતું. [૧]

અબ્રહા બાદશાહ બૈતુલ્લાહ એટલે અલ્લાહના ઘરને નાબૂદ કરીને જલદી યમન સિધાવી જવાનું નક્કી કરી ચૂકયો હતો. પણ મહાવતે જ્યારે હાથીને તૈયાર કરીને તેનું મોં મક્કહ તરફ કર્યું તો લશ્કરમાંથી નુફૈલ બિન હબીબ ખસ્અમી નામનો શખ્સ અચાનક હાથી તરફ ધસી આવ્યો. તેણે બળપૂર્વક હાથીનો કાન ઝાલી લેતાં સત્તાવાહી સ્વરે કહ્યું, ''ખબરદાર હે મહમૂદ ! બેસી જા અથવા જે દિશાએથી તું આવ્યો છે તે દિશાએ ચાલી નીકળ કેમકે અત્યારે તું મક્કહની પાક ભૂમિમાં ઊભેલો છે. અહીં અલ્લાહનું ગૌરવશાળી ઘર આવેલું છે !''

આમ કહીને નુફૈલ બિન હબીબે હાથીનો કાન છોડી દીધો. એજ વેળા હાથી ભોંય પર ફસકાઇ પડયો અને નુફૈલ બિન હબીબ ઝપાટાભેર દોડતો સામેના પહાડ પર ચઢીને નજરથી અલોપ થઇ ગયો. આંખના પલકારામાં આ મામલો બની ગયો. [૨]

આ તરફ હાથીના મહાવતે બેસી પડેલા હાથીને ઉઠાડવાની લાખ કોશિશ કરી પણ હાથી બેઠો તે બેઠો, કેમે કરી ઊઠયો જ નહિ. ત્યારે મહાવતે તેને ફટકારવા માડયો છતાં ઊઠયો નહિ. અણીદાર તીરો તેના મસ્તકમાં ઘોંચ્યા, કશું વળ્યું નહિ. લોખંડી અંકુશની અણી ઘોંચી-ઘોંચીને તેના પેટનું ચામડું લોહીલુહાણ કરી નાખ્યું પણ તેને ન ઊઠવું હતું તે ન જ ઊઠયો. ત્યારે મહાવતે તેનું મુખ મક્કહ તરફથી ફેરવીને યમન તરફ કરી દીધું. યમન તરફ મુખ થતાં જ હાથી ઊઠીને દોડવા લાગી ગયો. મહાવતે આગળ ધસીને તેને કાબૂમાં લીધો અને તેનું મુખ શામ તરફ ફેરવી દીધું ત્યારે હાથી

૧. બનવા જોગ છે અબ્રહાના હાથીનું એજ નામ હોય. કેટલાકની માન્યતા મુજબ મેમથ - MAMMOTH -, નામે હાથીઓની એક નસલ હતી. હવે તેનું અસ્તિત્વ રહ્યું નથી. એ કઇ ભાષાનો શબ્દ છે તે અલ્લાહ બેહતર જાણે પણ મેમથ અને મહમૂદ વચ્ચે ઝાઝો ફરક નથી. (ઇબ્ને હિશામ જિ.૧ પા. ૮૦નો હાશિયો.)

૨. આ નુફૈલ બિન હબીબ એ ગૃહસ્થ છે જે અબ્રહાને મુકાબલે લડવા ગયો હતો પણ શિકસ્ત ખાઇ પકડાઇ ગયો હતો અને અબ્રહાએ માફી આપીને એને લશ્કરમાં શામિલ કરી લીધો હતો. પ્રકરણ ૧૧માં એનું વર્ણન થયું છે. ''હ''

એજ દિશાએ ચાલી નીકળ્યો. મહાવતે આગળ વધીને તેનું મુખ મશરિકની દિશાએ ફેરવી દીધું તો એ તરફ પણ વિના આનાકાનીએ ચાલી નીકળ્યો. પણ મહાવતે જ્યારે તેનું મુખ ફરીવાર મક્કહ તરફ ફેરવીને ચાલવાનું કહ્યું તો હાથી પાછો આડો થઈને જમીન પર બેઠો તે બેઠો.

પક્ષીઓની ચઢાઇ અને લશ્કરની તબાહી——————છેવટે અલ્લાહ તઆલાએ પક્ષીઓના ટોળેટોળાં સમુદ્રની દિશાએથી મોકલાવી દીધાં. આ પક્ષીઓ બગલા જેવા હતાં. અને અબાબીલ એટલે ટોળેટોળાં હતાં.[1] દરેક પક્ષી પાસે ત્રણ-ત્રણ કાંકરા હતા. એક કાંકરો તેની ચાંચમાં અને બે તેના પંજાઓના નહોરમાં. આ કાકરા ચણા અને મસૂર જેવડા હતા. જે ફોજીને કાંકરો વાગતો એ તરત ઢગલો થઈને ભોંય પર ઢળી પડતો. પરંતુ દરેકને કાંકરો લાગતો ન હતો. ફોજીઓને ભોંય પર તરફડિયાં મારતા જોઈને આખા લશ્કરમાં ભાગદોડ મચી રહી. ભાન ભૂલીને જે દિશાએથી તેઓ આવ્યા હતા એજ દિશાએ અંધાધૂંધ નાસવા લાગ્યા. નાસતાં-નાસતાં તેઓ નુફૈલ બિન હબીબને બૂમો પાડતા હતા કે જેથી તે તેઓને યમનનો રસ્તો દેખાડે, કેમકે એજ માણસ તેઓને પોતાની રહબરીમાં મક્કહ લાવ્યો હતો. પરંતુ નુફૈલ બિન હબીબ ત્યાં હતો કયાં ? તે તો મહમૂદ હાથીને ચેતવણી આપીને પોતે રહસ્યભરી રીતે પહાડની ટોચે અલોપ થઇ ગયો હતો.

નુફૈલ બિન હબીબે પહાડની ટોચ પરથી જ્યારે અબ્રહાના લશ્કર પર તૂટી પડેલો અલ્લાહનો અઝાબ જોયો તો ત્યાંથી જ તે લલકાર્યો :

અયનલ મફર્રુ વલ ઈલાહુત - તાલિબ • વલ અશરમુલ-મગલૂબુ લયસલ-ગાલિબ.

હે પાપીઓ ! હવે ભાગવાની જગા છે કયાં ? અલ્લાહનો અઝાબ તમારી શોધમાં છે અને અશરમ એટલે અબ્રહા પરાજિત થઈ ચૂકયો છે. હરગિઝ વર્ચસ મેળવવાનો નથી.

હમિદ - તુલ્લાહ ઈઝ અબ્સરતુ તયરન • વ ખિફતુ હિજા-રતન તુલકા અયના.

જયારે મેં પક્ષીઓના ટોળાં જોયાં તો અલ્લાહનો આભાર માન્યો. સાથે એવો ડર પણ રહ્યો કે રખેને કોઈ પથ્થર મને ન છૂંદી નાખે !

વ કુલ્લુલ-કવમિ યસ્અલુ અન-નુફૈલિન • કઅન્ન અલય્ય લિલ - હુબશાનિ દયના.

કૌમનો દરેક માણસ નુફૈલના નામનો જ બૂમાટો ગજાવતો હતો. જાણે કે હબશીઓનું મારે માથે કોઇ કરજ રહી ગયું હોય !

અબ્રહા અશરમનો અંજામ——————સારાંશ કે જેઓ આસમાની સુલતાનીમાંથી નીકળી નાઠા તેઓમાંથી કોઇ રસ્તામાં તરફડીને મરી જતો અને કોઈ ખાડામાં ગબડીને હલાક થઇ જતો. આ રીતે અબ્રહા બાદશાહનું લશ્કર હંમેશનાં નામોશી ભરેલી હારનું કલંક લઇને વિનાશને કાંઠે ઊતરી ગયું. અબ્રહા અશરમ પોતે એક દર્દનાક અને જીવલેણ રોગનો ભોગ બની ગયો. આ રોગથી તેના હાથપગના આંગળાં સુદ્ધાં ખરી પડયાં. કોઇ આંગળું

૧. કુઅનિ-મજીદમાં "તૈરન અબાબીલ" શબ્દો આવેલા છે. જેના અર્થ પક્ષીઓના ટોળેટોળાં થાય છે. તૈર એટલે પક્ષીઓ અને અબાબીલ એટલે પક્ષીઓના ટોળાં. અબાબીલ અરબીના "ઇબ્બાલહ"થી બનેલો શબ્દ છે જેનો અર્થ લાકડાં વગેરેનો ભારો થાય છે. ભારાની વસ્તુઓ આપસમાં ગૂંથાયેલી હોય છે. પક્ષીઓના ટોળાં પણ પરસ્પર ખીચોખીચ હતાં. ઉર્દૂમાં "ચિળિયોં કે ઝુંડ કે ઝુંડ." (કામૂસુલ - કુર્આન

જ્યારે ખરી પડતું તો મોડે સુધી તેમાંથી લોહી અને પરૂ વહેતું રહેતું. જ્યારે તે પડતો-આખડતો સફા પર્વતની ટેકરીએ પહોંચ્યો તો તેની દશા બોડા પક્ષી જેવી બની ગઇ હતી. અંગના તમામ અવયવો ખરી પડયાં હતાં અને માંસના લોચા જેવો તે રહી ગયો હતો. એજ દશામાં લોકો તેને યમનના પાટનગર સનઆ ઉપાડી ગયા. કહેવાય છે કે સનઆમાં મરવા પહેલાં તેનો સીનો ફાટી ગયો અને દિલ સીનામાંથી બહાર નીકળી આવ્યું.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઅકૂબ બિન ઉત્બહના મુખે જાણવા મળ્યું કે આ દુર્ઘટના પછી અરબની ભૂમિમાં રોગચાળો ફાટી નીકળ્યો. શીતળા અને ચેચકનો ચેપી રોગ પ્રથમવાર અરબમાં જોવામાં આવ્યો. અને એજ વરસે પહેલ-વહેલાં હરમલ, ઇંદ્રાવરણ તથા આંકડા જેવી મકરૂહ વનસ્પતિના કડવા-તૂરા છોડવા ઊગી નીકળ્યા અને ઠેકઠેકાણે ઝાડી-ઝાખરાં ફેલાય ગયાં. [૧]

અસહાબે-ફીલની ઘટના કુર્આનમાં————પછી જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પયગમ્બર બનાવ્યા તો બીજી સંખ્યાબંધ ઘટનાઓ પેઠે "અસહાબે-ફીલ" એટલે હાથીવાળાઓની અભૂતપૂર્વ ઘટના પણ સર્જાઇ ચૂકી હતી. આ ઘટનાને અલ્લાહ તઆલાએ મક્કહના કુરૈશ પર પોતાના ફઝલો-કરમ કે મહાન ઉપકારમાં ગણાવી છે. એટલે હબશીઓની હુકૂમતની આફતને કુરૈશના શિરેથી ટાળીને તેઓના નસીબનો સિતારો બુલંદ કરી દીધો કે જેથી તેઓ શાંતિનો શ્વાસ લઇને સુખી જીવનનું આયોજન કરી શકે અને તેઓની હુકૂમત લાંબા કાળ સુધી ટકી શકે. એનું બયાન અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને-મજીદના ત્રીસમા પારહની બે સૂરતોમાં આ રીતે કર્યું છે :

અલમ તર્	હે પયગમ્બર ! શું તમે નહિ જોયું ?
કયફ ફઅલ્ રબ્બુક	કેવું કર્યું તમારા પાલનહારે
બિ-અસ્હાબિલ-ફીલ.	હાથીવાળાઓ સાથે
અલમ યજ્અલ	શું તેણે નહિ બનાવી છોડયો,
કય-દહુમ ફી તદલીલ.	તેઓનો પ્રપંચી દાવ નકામો ?
વ અરસલ અલૈહિમ	અને મોકલ્યાં તેઓની ઉપર
તયરન અબાબીલ.	પક્ષીઓના ટોળાં.
તરમીહિમ બિ-હિજારતિમ	તેઓએ મારો ચલાવ્યો તેઓની ઉપર કાંકરાઓનો,
મિન સિજ્જીલ.	જે પથ્થરથી બનેલા હતા.
ફ-જઅલ્-હુમ	ત્યારે બનાવી છોડયા તેઓને
ક-અસફિમ-મઅકૂલ.	વાગોળેલા ભૂસાં જેવા.

આ સૂરતુલ-ફીલ પછી સૂરતુલ-કુરૈશ આવે છે. જેમાં અલ્લાહ તઆલાએ કુરૈશની કૌમ પર પોતાના અગણિત ઉપકારોનું વર્ણન કર્યું છે કે, કઅબહને પ્રતાપે અમે કુરૈશને શાંતિ, સલામતી, ખુશહાલી આપેલી છે. રોજી અને રોટી આપેલી છે. દુશ્મનોથી હિફાઝત અને રક્ષણ આપેલું છે. કઅબહનું ખંડન થતે તો યાત્રાળુઓ કે હાજીઓ આવવાનું માંડી વાળતે. આમદની બંધ થતે તો કુરૈશને ખાવાના સાંસા પડતે. જાતજાતની મુશકિલીઓ ઊભી થતે. માટે કુરૈશને જોઇએ કે તેઓ અમારા એહસાનો અને નેઅમતોનો આભાર માને. મૂર્તિપૂજા છોડીને બૈતુલ્લાહ એટલે

૧. માલૂમ પડયું આથી પહેલાં અરબની ભૂમિમાં રોગચાળો અને ઝાડીઝાંખરાં ન હતાં. અલ્લાહના દુશ્મનોના સડીને ફાટી ગયેલાં શરીરોની દુર્ગંધથી રોગચાળો પણ ફેલાયો અને ઝાડી ઝાંખરાં પણ ઊગી નીકળ્યાં. "હ"

કઅબહના રબની પૂજા કરે. સૂરતુલ-કુરૈશની શરૂઆત આ પ્રમાણે છે :

લિઈલાફિ કુરૈશિન ઈલાફિ-હિમ	કુરૈશ ટેવાઇ ગયા છે તેથી એટલે કે ટેવાઇ ગયા છે ;
રિહ-લતશ-શિતાઈ વસ-સૈફ.	શિયાળા અને ઉનાળાની મુસાફરીથી.
ફલ - યઅબુદૂ	માટે તેઓએ બંદગી કરવી જોઇએ (આભાર તરીકે)
રબ્બ હાઝલ - બૈત.	આ ઘરનાં એટલે કઅબહના માલિકની;
અલ્લઝી અત્અમ્-હુમ મિન જૂઅ.	જેણે તેઓને ખાવાનું આપ્યું ભૂખમાં.
વ આમન્-હુમ મિન ખવફ.	અને સલામતી આપી ભયથી.

મતલબ આ છે કે કુરૈશની વર્તમાન ખુશહાલી કે સુખી જીવનમાં પરિવર્તન ન આવવા પામે અને હાલ તેઓ જે સુખશાંતિભર્યા વાતાવરણમાં જીવે છે તેમાં ફેરફાર નહિ થાય તેવું અલ્લાહપાક ઇચ્છે છે. કુરૈશે પણ આ ઉપકારના આભાર તરીકે મૂર્તિપૂજાનો ત્યાગ કરવો જોઇએ અને એક જ અલ્લાહની બંદગી કરવી જોઇએ; તે અલ્લાહ કે જેણે તેઓને ભૂખમાં ખાવાનું આપ્યું અને ભયથી સલામતી આપી.

(નોટ :- અલ્લામા ઇબ્ને હિશામે અહીં સૂરતુલ-ફીલ અને સૂરતુલ-કુરૈશના કુર્આની શબ્દોની સમજૂતીમાં ટેકા તરીકે કેટલાક શાઇરોના શેઅરો ટાંકેલા છે. તેના બે પેજનું લખાણ જતું કર્યું છે.)

હાથીનો મહાવત અને રખેવાળ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક બિન અબ્દુર્રહમાન બિન અસઅદ બિન ઝુરારહની બેટી અમ્રહએ અને અમ્રહને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બીબી હઝરત આઇશહના મુખે સાંભળેલી આ રિવાયત બયાન કરી. હઝરત આઇશહ ફરમાવે છે : "મેં અબ્રહા અશરમના હાથીના મહાવત અને રખેવાળ બંનેને મારી આંખે જોયા, તેઓ આંધળા અને અપાહજ બની ગયા હતા અને મક્કહની ગલીઓમાં ભીખ માગીને ખાતા હતા.

(નોંધ :- અસહાબે-ફીલનો બનાવ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક જન્મના ૫૦ દિવસ પહેલાં ઇસ્વી સન ૫૭૫માં મુઝદલિફહ અને મિના વચ્ચે "મુહસ્સબ" સ્થળની ખીણ પાસે આવેલા "મુહસ-સિર" સ્થળે બનવા પામ્યો. (કામૂસુલ-કુર્આન પેજ ૪૮) હથુરાણી.

પ્રકરણ ૧૩

અસહાબે-ફીલ અને શાઈરોના કસીદા

અસહાબે-ફીલ અને કુરૈશની ખ્યાતિ • અરબ શાઈરોના કસીદા • ઇબ્ને ઝબિઅરાનું કાવ્ય • અબૂ કૈસનું કાવ્ય • તાલિબ બિન અબૂ તાલિબનું કાવ્ય • ઉમૈયહ બિન અબૂ સલ્તનું કાવ્ય • ફરઝૌક શાઇરનું કાવ્ય • ઇબ્નુર-રકિયાત શાઇરનું કાવ્ય • અબ્રહાના બેટાની બાદશાહી

અસહાબે-ફીલ અને કુરૈશની ખ્યાતિ——— ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહ પર અસહાબે-ફીલની ચઢાઇ બાદ અલ્લાહ તઆલાએ જ્યારે અબ્રહા અને તેના હબશી સૈન્યને ઝલીલો-ખ્વાર કરીને મક્કહથી હડધૂત કરી દીધાં તો આ ગુનાહિત આક્રમણખોરીની શિક્ષારૂપે તેઓ તરહ-તરહની મુસીબતોમાં સપડાઇ ગયા. સંકટો, આફતો અને બલાઓની એક હારમાળા લાગી ગઇ. બીજી તરફ આ અભૂતપૂર્વ ઘટનાને પ્રતાપે કુરૈશ કૌમની કીર્તિનો ડંકો બજી ગયો. તેની ખ્યાતિ મક્કહથી નીકળીને અરબભરમાં ફેલાઇ ગઇ. લોકોના દિલો પર કુરૈશની અઝમત, હયબત અને દબદબાનો સિક્કો બેસી ગયો. અરબના લોકો કુરૈશની કૌમને અગાઉથી વધુ માન-સન્માનથી બિરદાવવા લાગ્યા. તેઓને થયું કે મક્કહના કુરૈશ ખરેખર અલ્લાહના લાડલા, અલ્લાહના માનીતા અને અલ્લાહના ચુનંદા બંદા છે. અલ્લાહ તઆલાએ જાતે ને પોતે તેઓ તરફથી દુશ્મન સાથે જંગ ખેલીને પોતાના ઘરનું રક્ષણ કરી લીધું છે. અને બળવાન દુશ્મનની વિપુલ સાધનસામગ્રીને મુકાબલે માત્ર ચકલીઓ મારફતે જ અલ્લાહની મદદ તેઓ માટે કાફી થઇ પડી છે.

અરબ શાઈરોના કસીદા———આ અદ્‌ભુત ઘટનાએ ખરેખર આખા અરબમાં કુરૈશની કીર્તિને ચાર ચાંદ લગાવી દીધા. એનાથી પ્રભાવિત થઇને અરબના શાઈરોએ કુરૈશની શાનમાં પ્રશંસા-કાવ્યો રચ્યાં જેમાં અબ્રહાના લશ્કરની તબાહી તથા કુરૈશને મળેલી અલ્લાહની ગૈબી મદદનું આગવી શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે.

ઇબ્ને ઝબિઅરાનું કાવ્ય———મક્કહનો પંકાયેલો શાઇર અબ્દુલ્લાહ બિન ઝબિઅરા બિન અદી બિન કૈસ બિન અદી બિન સઇદ બિન સહ્‌મ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર કહે છે:

તનક - કલૂ અન બત્ને - મક્કતા ઈન્નહા, • કાનત કદીમન લા યુરામુ હરીમુહા.

બૈતલ્લાહના દુશ્મનોને મક્કહની ખીણથી ઇબ્રતનાક શિક્ષા સાથે ભગાડી મૂકવામાં આવ્યા અને બેશક

ચાલુ પરંપરા મુજબ કોઈ પણ ભાથાભારે માણસ બુરા વિચારે તેના હરમનો ઈરાદો કરી શકતો નથી.

સાઇલ અમીરલ - જૈશ અન્હા મા રઆ, • વલ્ સવફ યુબનિલ- જાહિલીન અલીમુહા.

સૈન્યના સરસાલાર અબ્રહા અશરમને બૈતુલ્લાહ વિષે પૂછી જુઓ કે તેણે શું જોયું ? નહિ જાણનારાઓને તે પૂરેપૂરી માહિતી આપી દેશે.

સિત્તૂન અલ્ફન લમ યઊબૂ અર-દહુમ, • બલ લમ યઅશિ બઅદલ-અયાબિ સકીમુહા.

—કે સાઠ હજાર ફોજીઓ, જેઓ બૈતુલ્લાહને તોડી પાડવાને ઈરાદે નીકળ્યા હતા, તેઓ પોતાના વતનની ધરતી તરફ પાછા પલટી શકયા નહિ, બલકે તેઓમાંનો બીમાર પણ પલટવા પછી જીવતો નહિ રહ્યો.

કાનત બિહા આદુંવ વ જુરહુમુ કબ્લહુમ, • વલ્લાહુ મિન ફવકિલ ઇબાદિ યુકીમુહા.

તેઓથી પહેલાં ત્યાં આદ અને જુરહુમના લોકો પણ વસેલા હતા. બૈતુલ્લાહને બુરી નજરે જોવાની તેઓ પણ હિંમત નહિ કરી શકયા. કેમ—? એટલા માટે કે અલ્લાહ તઆલા ઉપરથી તમામ બંદાઓની ચાંપતી નિગરાની કરે છે.

ઇબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને ઝબિઅરા શાઈરે ઉપરના એક શેઅરમાં જે બીમારનો ઉલ્લેખ કર્યો છે કે પાછો પલટવા પછી તે જીવતો નહિ રહ્યો, તેનાથી તેનો ઇશારો અબ્રહા તરફ છે કે તેની ઉપર તૂટી પડેલી આફત પછી લોકો તેને ગંભીર હાલતમાં સનઆ ઉપાડી ગયા હતા. જયાં જવા પછી તેનો મૃત્યુઘંટ બજી ગયો હતો.

અબૂ કૈસનું કાવ્ય————અને અબૂ કૈસ બિન અલ-અસ્લત અન્સારી હત્મી જેનું નામ સૈફી હતું તે પોતાના કાવ્યમાં કહે છે :

વ મિન સુન્ઇહી યવમા ફીલલ - હુબૂ-, • શિ - ઈઝ કુલ્લમા બઅસૂ-હુ રઝમ.

અલ્લાહની કુદરતના કરિશ્માઓમાંથી એક કરિશ્માનો નમૂનો હબશીઓના હાથીઓના આક્રમણને દિવસે જાહેર થયો કે, તેઓ જાતજાતની યુકિતઓથી હાથીને જેટલો ઉઠાડતા તેટલો જ તે અડી-અડીને બેસતો જતો હતો.

મુહાજિનુ - હુમ તહતા અકરા બિહી, • વકદ શર્રમૂ અલ્ફહૂ ફન-ખરમ.

તે હબશીઓનાં વાંકાંચૂકાં લાકડાં, એ હાથીના પેટ નીચે ટેકવી દેવામાં આવ્યાં હતાં અને તેઓએ તેનું નાક એટલે સૂંઢને ચીરી-ચીરી નાખી ત્યાં સુધી કે હાથી નકટો બની ગયો.

વકદ્ જઅલૂ સવતહ્ મિગ-વલન, • ઈઝા યમ-મમૂહુ કફાહુ કુલ-લિમ.

અને હાથીનો અંકુશ અણીદાર નાવવામાં આવ્યો અને જયારે તેઓએ તેને તેની ગરદનમાં ખૂંપી દીધો તો તેને લોહીલુહાણ કરી નાખ્યો.

ફ વલ્લા વ અદ્બર અદરા-જહૂ, • વકદ બાઅ બિઝ-ઝુલ્મે મન કાના સમ.

છેવટે એ હાથીએ પૂઠ ફેરવી દીધી અને જે રસ્તેથી આવ્યો હતો એજ રસ્તે દોટ મૂકી દીધી અને જે માણસ ત્યાં રહી ગયો તે સમય પહેલા તબાહીને પાત્ર ઠરી ગયો.

ફ અરસલ મિન ફવકિ-હિમ હાસિબન, • ફલફ-ફહુમ મિસ્લ લફ્ફલ- કુઝુમ.

પછી તે શકિતશાળી અલ્લાહએ તેઓ પર પોતાની ફોજ મારફતે પથ્થરોનો મારો ચલાવ્યો તો તેણે તેઓને એવી રીતે લપેટી લીધા જેમ તુચ્છ, નિર્માલ્ય અને હલકટ વસ્તુઓને સમેટીને લપેટી લેવામાં આવે છે.

તહુદ્દુ અલસ - સબ્રે અહબારુ - હુમ, • વકદ સઅજૂ ક-સુવાજિલ - ગનમ.

ખ્રિસ્તીઓના ધર્મગુરૂઓ તેઓને ધીરજની ધરપત આપી રહ્યા હતા અને તેઓ હતા કે બકરીઓ પેઠે બરાડી રહ્યા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : એજ અબૂ કૈસ બિન અલ-અસ્લતના બીજા કસીદાના શેઅરો આ છે:

ફ-કૂમૂ ફ-સલ્લૂ રબ્બ-કુમ વ તમસ-સહૂ, • બિ અરકાનિ હાઝલ-બૈતિ બયનલ અખાશિબિ.

માટે ઊભા થાવ અને આ ઘરના પાલનહારની બંદગી કરો અને નક્કર પહાડો વચ્ચે આવેલા આ ઘરના અરકાન (હજરે-અસ્વદ, રૂકને-યમાની. દરવાજા વગેરે)નો સ્પર્શ કરો; બરકતો મેળવવા માટે.

ફ-ઈન્દકુમ મિન્હુ બલાઉમ - મુસદ - દકુન, • ગદાત્ અબી યકસૂમા હાદિલ - કતાઈબિ.

કેમકે મોટી-મોટી લશ્કરી ટુકડીઓના સરદાર અબૂ યકસૂમ એટલે અબ્રહાના આક્રમણને દિવસે આ બૈતુલ્લાહને કારણે તમને તે મોટી નેઅમત એટલે ફતેહમંદી નસીબ થઈ જે તમારી પાસે સલામત છે.

ફલમ્મા અતાકુમ નસ્રુ ઝિલ-અર્શિ રદ - દહુમ. • જુનૂદુલ - મલીક બૈન સાફિંવ વ હાસિબિ.

પછી જયારે તમારી પાસે અર્શના માલિકની મદદ આવી લાગી તો તે સત્તાધારીના લશ્કરને ખાસ પ્રકારના પક્ષીઓએ કાંકરા અને પથ્થરોથી મારી-મારીને પાછળ ધકેલી દીધું.

ફવલ-લવ સિરાઅન હારિબીના વલમ યઉબ, • ઇલા અહલિહી મિલ-હબશિ ગૈરુ અસાઇબિ.

અને તેઓ પૂઠ ફેરવીને આંધાધૂંધ ભાગી છૂટયા અને હબશીઓના સૈન્યની કોઈ ટુકડી ખુવાર થવા સિવાય પોતાના બાલબચ્ચાં પાસે પહોંચવા પામી નહિ.

તાલિબ બિન અબી તાલિબનું કાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : તાલિબ બિન અબી તાલિબ બિન અબ્દુલ-મુત્તલિબ પોતાના કસીદામાં કહે છે :

અલમ તઅલમૂ મા કાના ફી હર્બે-દાહિસિન, • વ જૈશા અબી યકસૂમ ઇઝ મલઉશ-શઅબા.

શું તમને ખબર નથી કે જંગે-દાહિસ અને અબૂ યકસૂમ અબ્રહાનો કેવો અંજામ આવ્યો ? જયારે કે તેઓએ તમામ ઘાટીઓ બેશુમાર ફોજથી ભરી દીધી હતી.

ફલવ લા દિફાઉલ-લાહિ લા શૈઇન ગયરહૂ, • લા સબહ - તુમ લા તમ-નઊન લકુમ સિરબા.

તો અગર અલ્લાહની મદદ ન આવી હોત——અને હકીકતમાં અલ્લાહ સિવાય કોઇ વસ્તુ છેજ નથી—— તો તમે પોતાના ઢોરોના ધણનું અથવા પોતાની ઓરતોનું કંઇ જ રક્ષણ ના કરી શકત !

ઉમૈયહ બિન અબૂ સલ્તનું કાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉમૈયહ બિન અબી સલ્ત બિન અબી રબીઅહ સકફીએ અબ્રહાના હાથી અને દીને-ઇબ્રાહીમીનું વર્ણન કરતાં કહ્યું છે:

ઈન્ન આયાતિ રબ-બિના સાકિબાતુન, • લા યુમારી ફીહિન્ન ઈલ્લલ - કફૂરૂ.

બેશક આપણા પાલનહારની નિશાનીઓ ઝગમગી રહી છે. આ ચમકારા મારતી નિશાનીઓ અંગે કોઇ કટ્ટર કાફિર કે નાસ્તિક વગર કોઈને કંઇ વાંધો કે વિરોધ હોય શકતો નથી.

Maktabe Ashraf

હબસલ-ફીલ બિલ મુગમ- મસિ હત્તા, • ઝિલ્લ યહબૂ ક-અન્નહૂ મઅકૂરૂ.

એજ પાલનહારે ''મુગમ-મસ'' સ્થળે હાથીને રોકી લીધો ત્યાં સુધી કે તે સરકવા લાગ્યો. તેની એવી દશા થઈ પડી જાણે તેના પગો કપાઈ ગયા છે.

ખલ્લફૂ-હુ સુમ્મ અબ્ઝ - અર્રુ જમીઅન, • કુલ્લુ હુમ અઝમુ સાકિહી મકસૂરૂ.

તેઓએ તેને એજ દશાએ છોડી દીધો અને બધા જ ભયભિત થઈને ભાગી છૂટયા. તેઓમાંથી દરેકની ટાંગની હડ્ડી તૂટેલી હતી.

કુલ્લુ દીનિન યવમલ- કિયામતિ ઇન્દ— • લ્લાહિ ઇલ્લા દીનલ - હનીફતિ બૂરૂ.

કિયામતને દિવસે અલ્લાહ તઆલા કને હઝરત ઇબ્રાહીમ અલૈહિસ-સલામના ''દીને-હનીફહ'' સિવાય દરેક ધર્મ નકામો કે ખોટો ઠરી જશે.

ફરઝૌક શાઇરનું કાવ્ય——————ઇબ્ને હિશામ કહે છે : ફરઝૌક શાઇર જેનું નામ હમામ બિન ગાલિબ હતું અને જે બનૂ મજાશઅ બિન દારિમ બિન માલિક બિન ઝૈદ મનાત બિન તમીમના ખાનદાનમાંથી હતો, તે હબશીઓ અને હાથીનું વર્ણન કરતાં કહે છે :

જુનૂદન તસૂકલ-ફીલ હત્તા અઆદ-હુમ, • હબાઉંવ વ કાનૂ મુત્રે-ખમિયત- તરાઝિમિ

અલ્લાહ તઆલાએ તે લશ્કરને તબાહ-બરબાદ કરી નાખ્યું જે હાથીને લઈને આવી રહ્યું હતું; ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ તેને ધૂળની રજકણો પેઠે વેરવિખેર કરી નાખ્યું અને તેઓ બધા અભિમાન-તુમાખી અને ગુસ્સાથી ભરેલા હતા.

ઇબ્નુર-રકિયાત શાઇરનું કાવ્ય——————ઇબ્ને હિશામ કહે છે : અબ્દુલ્લાહ બિન કૈસ- રકિયાત જે બનૂ આમિર બિન લુઐય બિન ગાલિબના વંશમાંથી હતો, અબ્રહા અને તેના હાથીના વર્ણનમાં કહે છે:

કાદહુલ-અશરમુલ-લઝી જાઅ બિલ-ફીલે, • ફ-વલ્લા વ જયશુ-હૂ મહઝૂમુ.

અબ્રહા અશરમ, જે હાથી સાથે ચઢી આવ્યો હતો, આ બૈતુલ્લાહ વિરૂધ્ધ એક ચાલ ચાલ્યો પછી તે એવી રીતે પલટયો કે તેનું લશ્કર પરાજિત થઈ ચૂકયું હતું.

વઇસ - તહલ્લત અલૈહિ મુત - તૈરુ બિલ - જુન્દ.. • લિ - હત્તા ક- અન્નહૂ મરજૂમુ.

અને પક્ષીઓ તેઓની ઉપર જુન્દલ સ્થળે પ્રચંડ ધોંધાટ સાથે, બળપૂર્વક તૂટી પડયાં; ત્યાં સુધી કે તે લશ્કર એવું બની ગયું જાણે કોઈએ તેને પથ્થરમારાથી છૂંદી નાખ્યું છે.

ઝાક મંચ - યગઝુહૂ મિનન-નાસિ યરજિઅ, • વ હુવ ફલ્લુમ મિનલ - જુયૂશિ ઝમીમુ.

લોકોમાંથી જે વ્યકિત બુરા વિચારે એ ઘર તરફ જાય છે તે પરાજિત થઈને અને બદનામ તથા ઝલીલો-ખ્વાર થઈને જ પલટે છે.

અબ્રહાના બેટાની બાદશાહી————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે અબ્રહાનું પતન થઈ ગયું તો તેના પછી તેનો પાટવી કુંવર યકસૂમ બિન અબ્રહા ગાદીવારિસ તરીકે હબશીઓનો બાદશાહ બની ગયો. અબ્રહા એજ પુત્રને નામે અબૂ યકસૂમ એટલે યકસૂમનો બાપ તરીકે પંકાયેલો હતો. પછી જયારે યકસૂમ બિન અબ્રહા પણ મરી ગયો તો તેનો ભાઈ મસરૂક બિન અબ્રહા હબશીઓના બાદશાહ તરીકે મુલ્કે યમનની રાજગાદીએ બિરાજમાન થયો.

Maktabe Ashraf

પ્રકરણ ૧૪

યમનમાં હબશીઓની હુકૂમતનો ખાતેમો

યમનવાસીઓની દયાજનક હાલત • સૈફ બિન ઝી-યઝન કિસરાના દરબારમાં • શહેનશાહ તરફથી મદદની વ્યવસ્થા • યમન પર હબશીઓની સત્તાનો ખાતેમો • મસરૂક બિન અબ્રહાનો પરાજય • શાઈરોના થોડાક શેઅરો • નજૂમીઓની સાચી પડેલી આગાહી.

યમનવાસીઓની દયાજનક હાલત——————અસહાબે-ફીલના બનાવ પછી મુલ્કે-યમન પર જોતજોતામાં અરાજકતાનો અંધારપાટ પથરાઈ ગયો અને યમનવાસીઓની યાતનાઓનો જમાનો લાંબો થઈ ગયો. એક પછી એક લોકો પર મુસીબતો નાઝિલ થવા લાગી. સરકારી અમલદારોના અત્યાચારો અને માથાભારે તત્વોના ત્રાસોથી યમનની રૈયત ત્રાહિમામ્ પોકારવા લાગી ત્યારે અચાનક એક શખ્સ પ્રગટ થયો જેનું નામ, સૈફ બિન ઝી-યઝન હિમ્યરી અને ઉપનામ અબૂમુર્રહ હતું, ગરીબોના બેલી તરીકે ''મર્દે-મેદાન'' બનીને મેદાને પડયો. અને મઝલૂમ કે દુખી પ્રજાના પ્રતિનિધિ તરીકે રોમના શહેનશાહ કયસરના દરબારમાં પહોંચી ગયો અને પોતાની કૌમની કફોડી દશાનો ચિતાર રજૂ કરીને ઈન્સાફની ધા નાખતાં બોલ્યો,

''જહાંપનાહ ! યમનની હબશી હુકૂમતના ત્રાસોએ અમારૂં જીવન કડવું બનાવી છોડયું છે. પ્રજાની દાદ-ફરિયાદ સાંભળનારૂં ત્યાં કોઈ નથી. આપ અમારી દુખી દશા પર દયા કરો. હબશીઓના ઝુલ્મી પંજાથી અમને છોડાવો. તેઓને અમારા દેશમાંથી હાંકી કાઢો. આપના કોઈ દયાળુ સરદારને અમારો બાદશાહ બનાવો. અમે એકમતે તેને યમનના બાદશાહ તરીકે વધાવી લેવા તૈયાર છીએ.''

પરંતુ રોમના શહેનશાહે કોઈ કારણે તેની માગણી તરફ ઝાઝું ધ્યાન નહિ આપતાં ઉડાવ જવાબ આપી દીધો ત્યારે સૈફ બિન ઝી-યઝન ત્યાંથી નિરાશ થઈને નુઅમાન બિન મુનઝિર——જે ઈરાનના શહેનશાહ કિસરા નવ્શેરવાન તરફથી હીરહ અને તેને અડેલા ઈરાકના અમુક પ્રદેશનો ગવર્નર હતો——ના દરબારમાં પહોંચી ગયો અને યમનવાસીઓની દુર્દશાની દર્દનાક કહાણી કહીને મદદની માગણી કરી.

નુઅમાન બિન મુનઝિરે તેની કરૂણ કથા સાંભળીને કહ્યું, ''હે સૈફ બિન ઝી-યઝન ! યમનવાસીઓની મુસીબત અંગે હું હમદર્દીની લાગણી ધરાવું છું. પણ હકીકત એમ છે કે શહેનશાહની પરવાનગી વગર કોઈ પગલું લેવાનો હું અધિકાર ધરાવતો નથી. અલબત્ત એક તદબીર મારા ધ્યાનમાં આવે છે.''

તે શું તદબીર છે જહાંપનાહ ?'' સૈફ બિન ઝી-યઝને અધીરાઇથી પૂછયું.

''સાંભળો.'' નુઅમાન બિન મુનઝિરે કહ્યું, ''શાહી પ્રથા મુજબ વરસમાં એક વાર શહેનશાહ કિસરાના દરબારમાં હાજર થવાનું મને માન મળે છે. ત્યાં સુધી તું મારી પાસે થોભી જા. સમય આવતાં હું તને શાહી દરબારમાં ઊભો કરી દઇશ.''

સૈફ બિન ઝી-યઝન કિસરાના દરબારમાં————પછી જયારે શાહી દરબારનો દિવસ આવ્યો તો નુઅમાન બિન મુનઝિર એને પણ કિસરા નવશેરવાનના દરબારમાં પોતાની સાથે લઇ ગયો. આથી પહેલાં સૈફ બિન ઝી-યઝને ઇરાનના શાહી દરબારની જાહોજલાલી કયારેય જોઇ ન હતી. દરબારમાં પ્રવેશતાં જ તેના રોમાંચ ખડાં થઇ ગયાં. ત્યાંનો ભપકો, ઠાઠમાઠ અને ઝાકઝમાળ દ્રશ્યો જોઇને તે થથરી ઊઠયો.

શાહી દરબારના દિવસે શહેનશાહ નવશેરવાન રાજમહેલમાં શાહી તખત પર એવા સ્થાને આરૂઢ થતો જયાં તેનો શાહી તાજ તેના માથે લટકેલો રહેતો. તાજ એટલો વજનદાર હતો કે શહેનશાહનું મસ્તક તેનો ભાર વેંઢારી ન શકતું. સોના-ચાંદીના તાજમાં માણેક, મોતી અને હીરા જડેલા હતા. તાજને સોનાની સાંકળથી બાંધીને રેશમી પર્દાઓની વચ્ચે, તખતના મેહરાબની છત સાથે લટકાવેલો હતો. દરબારના દિવસે શહેનશાહ જયારે તખત પર નિરાંતે બેસી જતો તો તાજ આપોઆપ તેના મસ્તકે ફિટ થઇ જતો. એ પછી રેશમી પર્દા ખોલી નાખવામાં આવતા. [૧]

ઇરાની શહેનશાહના શાહી ઠાઠનું આ એક અદ્‌ભુત અને રોમાંચકારી દ્રશ્ય હતું. એટલું અદ્‌ભુત અને રોમાંચકારી હતું કે પ્રથમ નજરે આ દ્રશ્ય જોનાર માણસ હયરત અને હૈબતથી અંજાઇ જતો અને આભો બનીને વાંકો વળી જતો અને વાંકો વળીને ઘૂંટણિયે પડી જતો. આબેહૂબ એજ દશા સૈફ બિન ઝી-યઝનની થયા પામી. દરબારના દરવાજે પ્રવેશતાં જ શાહી ઠાઠથી છકક થઇને તે એટલો વાંકો વળી ગયો કે શહેનશાહ પણ તેની આ દશા જોઇને નવાઇ પામી ગયો અને બોલી ઊઠયો, ''અરે આ કોણ જંગલી મૂરખ છે કે દરવાજો વિશાળ હોવા છતાં આટલો વાંકો વળી ગયો !''

''જહાંપનાહ !'' સૈફ બિન ઝી-યઝને સ્વસ્થ થતાં કહ્યું, ''આપના દબદબા અને દરબારની હૈબત એવી છે કે હું અનાયાસે વાંકો વળી ગયો.''

ઇબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહએ કહ્યું કે સૈફ બિન ઝી-યઝન દરબારના દરવાજે પગ મૂકતાં જ માથું નમાવીને વાંકો વળી ગયો. તેની આ દશા જોઇને શહેનશાહ નવાઇ પામી ગયો અને બોલ્યો, ''આ કોણ બેવકૂફ ગમાર છે ! દરવાજો આટલો ઊંચો હોવા છતાં વાંકો-વાંકો મારી પાસે આવે છે !''

શહેનશાહની આ વાત સાંભળીને સૈફ બિન-ઝી-યઝન બોલ્યો, ''જહાંપનાહ ! આ તો ફકત મારા દુઃખની દાસ્તાન સંભળાવવા મેં આમ કર્યું છે. મારું દુઃખ એવું છે કે દુનિયાની કોઇ વસ્તુમાં તે સમાઇ શકતું નથી.''

---

૧. તાજને તખતની છત સાથે સોનાની સાંકળથી બાંધીને એટલો ઊંચો લટકાવવામાં આવ્યો હતો કે શહેનશાહ જયારે નિરાંતે તખત પર બેસી જતો તો તાજ આપેઆપ તેના માથે ફિટ થઇ જતો. આ રીતે શહેનશાહના મસ્તકને વજનદાર તાજનો ભાર ઉપાડવો નહિ પડતો. ઇરાનની ફતેહ બાદ નવશેરવાનનો આ તાજ પણ મુસલમાનોના કબજામાં આવ્યો અને તેને અમીરુલ-મુઅમિનીન હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હના દરબારમાં રજૂ કરવામાં આવ્યો. ''હ''

શહેનશાહ તરફથી મદદની વ્યવસ્થા——————ઈબ્ને ઈસ્હાક કહે છે : સૈફ બિન ઝી-યઝને અા તક ઝડપી લઈને કહ્યું, "જહાંપનાહ ! અમારૂં દુ:ખ એવું છે કે તેના સમાવેશ માટે દુનિયાની દરેક વસ્તુ તંગ છે. હે શહેનશાહ ! હે દુખીઓના બેલી ! પરદેશીઓએ અમારી ભૂમિ પર કબજો કરી લીધો છે. તેઓએ અમારો દેશ પચાવી પાડયો છે. તેઓના બેફામ ત્રાસોથી યમનની પ્રજા ત્રાહિમામ્ પોકારી રહી છે."

"કોણ છે તેઓ, હબશી કે સિન્ધી ?" શહેનશાહે પૂછયું.

"હબશીઓ છે એટલે જ હું આપની તહેનાતમાં આવ્યો છું. આપ દુખીઓના બેલી છો. આપ અમારી દયા ખાવ. અમારી મદદ કરો. અમારા દેશની સત્તાનું સુકાન સંભાળો."

શહેનશાહે કહ્યું, "હે શખ્સ ! તારો દેશ બહુ દૂર છે. તારો દેશ જીતી લેવામાં અમારો ઝાઝો લાભ પણ નથી. હું એવો બાદશાહ નથી જે પોતાના લશ્કરને દૂરદરાજના દેશમાં મોકલાવીને તબાહ કરી નાખે. મારે તારા દેશની શી જરૂર ?"

આમ કહીને કિસરા નવશેરવાને હુકમ ફરમાવ્યો, "આ યમની શખ્સને પૂરા દસ હજાર દિરહમ અને શિરપાવ આપીને રૂખ્સત કરવામાં આવે !"

દસ હજાર દિરહમ અને શિરપાવ સૈફ બિન ઝી-યઝનના હાથમાં આવતાં જ તે શહેરના ગરીબ લત્તામાં ગયો અને જોતજોતામાં આ બધું તેણે ગરીબોમાં લૂંટાવી દીધું. જ્યારે આ સમાચાર શહેનશાહના કાને પહોંચ્યા તો તે નવાઈ પામીને બોલી ઊઠયો, "એ તો કોઈ છકેલ ભેજાંનો નવાબ લાગે છે. જરૂર એમાં કોઈ ભેદ છે. પાછું તેને મારી તહેનાતમાં હાજર કરો !"

અને જયારે સૈફ બિન ઝી-યઝનને દરબારમાં હાજર કરવામાં આવ્યો તો શહેનશાહે તેને પૂછયું, "હે શખ્સ ! શું કારણ છે કે તેં શાહી ઇનામની કદર નહિ કરતાં લોકોમાં તેને લુંટાવી દીધું ?"

"જહાંપનાહ !" તેણે કહ્યું, "પોશાક અને પૈસા મારા શા ખપના ? જે ધરતીમાં હું રહું છું ત્યાંના બધા પહાડો સોના અને ચાંદીના છે. ત્યાં કોઈ તેની ઈચ્છા પણ નથી કરતું."

શહેનશાહ ઓરબી નવાઈ પામી ગયો (મનમાં લાલચનો વિચાર આવતાં તેને થયું કે જે દેશના પહાડો સોનાચાંદીના હોય એવો "સોને કી ચિડીયા" જેવો દેશ તો કબજે કરવાને લાયક છે.) છેવટે તેણે દરબારીઓ, અમીરો, વજીરોને મંત્રણા માટે ભેગા કર્યા અને આ શખ્સના હેતુ વિષે તેઓની સલાહ લેતાં પૂછયું, "કહો આ શખ્સની વાત વિષે તમે શું સલાહ આપો છો ?"

હાજરજનોમાંથી કોઈએ કહ્યું, "જહાંપનાહ ! રાજયની જેલોમાં ફાંસીની સજા પામેલા કે આજીવન કેદ ભોગવતા બેશુમાર કેદીઓ પડેલા છે. બેહતર છે કે બધાને જેલ મુકત કરીને એના સંગાતે કરી દેવામાં આવે. અગર હારી ગયા, માર્યા ગયા કે કેદ પકડાયા તો પોતાના અંજામે પહોંચ્યા. અગર કામયાબ થયા, ફતેહમંદ થયા તો મુલ્કે-યમનના આપ માલિક બની ગયા !"

કિસરા નવશેરવાનને તેની આ અર્થપૂર્ણ સલાહ ગમી ગઈ. એજ વેળા તેણે જેલોના કેદીઓને મુકત કરીને સૈફ બિન ઝી-યઝનના સંગાતે કરી દીધા. તે સમયે ઈરાનની જેલમાં આ પ્રકારના કુલ આઠ સો કેદીઓ હતા.

યમનમાં હબશી હુકૂમતનો ખાતેમો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ ઈરાની કેદીઓમાં વહરઝ

કે વહરિઝ નામે એક કેદી હતો. ઉંમરમાં બધાથી મોટો, ખાનદાની શરાફતમાં ચઢિયાતો અને રાજનીતિમાં પણ ચંચળ હતો. શહેનશાહે તેને બધાનો ઉપરી બનાવી દીધો. આઠ સો માણસોનો આ કાફલો આઠ વહાણોમાં સવાર થઈને સમુદ્રમાર્ગે યમન તરફ ઊપડયો. એમાંના બે વહાણો ઝંઝાવાતમાં સપડાઈને દરિયામાં ડૂબી ગયાં. બાકીના છ વહાણો અદનના કાંઠે લાંગરવામાં સફળ થયાં. અહીં પહોંચીને સૈફ બિન ઝી-યઝને પોતાની કૌમના છૂટાછવાયા માણસોને શોધી-શોધીને એકઠા કર્યા અને વહરિઝના માણસો સાથે તેની વ્યૂહરચના કરીને વહરિઝને કહ્યું, "હે અમારા માનવંતા સેનાપતિ ! મારો પગ તારા પગ સાથે છે. મારા માણસો તારા માણસો સાથે છે. કાં સાથે મળીને જીવીશું કાં સાથે રહીને મરીશું!"

વહરિઝે ધન્યવાદનો નાદ ગજાવતાં કહ્યું, "ખરેખર ઈન્સાફ તે આનું નામ !"

મસરૂક બિન અબ્રહાનો પરાજય————અને જ્યારે વહરિઝ અને સૈફ બિન ઝી-યઝનનું લશ્કર મેદાને-જંગમાં પહોંચ્યું તો યમનનો બાદશાહ મસરૂક બિન અબ્રહા પણ પોતાનું લશ્કર લઈને મુકાબલા માટે મેદાને નીકળી આવ્યો. વહરિઝે પ્રથમ પોતાના પુત્રને રણભૂમિમાં મોકલાવ્યો કે જેથી હબશીઓની યુધ્ધકળાનું માપકરણ થઈ શકે. પરંતુ તેનો પુત્ર હબશીઓના હાથે માર્યો ગયો. તે જોઈને વહરિઝને વધુ શૂર ચઢ્યું અને તેની આંખોમાં ખૂન ઊતરી આવ્યું. જ્યારે બંને સૈન્યો સામસામે થયાં તો વહરિઝે યમની લોકોને પૂછ્યું. "મને બતાવો હબશીઓનો બાદશાહ કોણ છે અને તે ક્યાં છે ?"

લોકોએ કહ્યું, "ત્યાં જુઓ પેલો રહ્યો તે માણસ જે હાથી પર બેઠેલો છે. જેણે માથે તાજ મૂકેલો છે. જેની બે આંખો વચ્ચે લાલ માણેક ઝબૂકી રહ્યાં છે. એજ હબશીઓનો બાદશાહ છે."

"હા મેં એને જોઈ લીધો. હવે થોડીવાર થોભી જાવ." વહરિઝ બોલ્યો.

લોકો બાદશાહની તાકમાં રહ્યા. થોડીક પળો પછી વહરિઝે પૂછ્યું, "હવે એ હબશી બાદશાહ ક્યાં છે, શી દશામાં છે ?"

"હવે તે હાથીની સવારી છોડીને ઘોડાની પીઠ પર બેઠેલો છે." લોકોએ કહ્યું.

વહરિઝ બોલ્યો, "ત્યારે થોડીવાર વધુ રાહ જુઓ કે એ શું કરે છે ?"

થોડીક પળો પસાર થતાં તેણે પુનઃ પૂછ્યું, 'એ બાદશાહ હવે ક્યાં છે ?"

"હવે તે ઘોડાની સવારી છોડીને માદા ખચ્ચરની પીઠે બેઠેલો છે."

વહરિઝ બોલ્યો, "ગધેડીની પુત્રીની પીઠ પર ? ત્યારે તો બાદશાહ અને એનો મુલ્ક બંને ખુવાર થઈ ગયા. જુઓ હું એને તીરથી વીંધું છું. અગર તમારા જોવામાં આવે કે બાદશાહનું લશ્કર હલનચલન વગર પોતાના સ્થળે મક્કમ રહે તો સમજી લેવું કે હું મારા હેતુમાં સફળ નથી થયો. ત્યારે તમારે પણ હરકત નહિ કરતાં પોતાના સ્થળે મક્કમ રહેવું. પણ, જો તમે જુઓ કે તેના માણસો પોતાના જગાએથી વિખરી ગયા છે તો સમજી લેવું કે મારું તીર નિશાના પર બેઠું છે. એજ વેળા તમારે ઓચિંતો અને એક સામટો તેઓની ઉપર હલ્લો બોલી દેવો."

આમ કહીને વહરિઝે કામઠામાં તીર ચઢાવ્યું. લોકોએ જોયું કે કામઠું એટલું સજ્જડ છે કે વહરિઝ વગર બીજો કોઈ તેમાં તીર ચઢાવી શકે નહિ. નિશાન તાકીને એવી ખૂબીથી તેણે તીર છોડયું કે તે સનનન કરતું

આબાદ પોતાના નિશાને બેઠું અને હબશી બાદશાહની આંખો વચ્ચેના લાલ માણેકને વીંધીને ખોપરીની આરપાર નીકળી ગયું. તમ્મર ખાઈને બાદશાહ ખચ્ચરીની પૂઠ પરથી ઊંધા માથે ભોંય પર પટકાયો. હબશીઓ દોડીને બાદશાહને સંભાળવા લાગ્યા. આ તક ઝડપીને ઈરાનીઓ ઓચિંતા બાદશાહના લશ્કર પર તૂટી પડયા. હબશીઓ આ અચાનક હલ્લો ખાળી ના શકયા. વેરવિખેર થઈને અંધાધૂંધ નાસવા લાગ્યા. કેટલાક કતલ થયા કેટલાક કેદ પકડાયા.

એ પછી વહરિઝ વિજય વાવટો ફરકાવતો પોતાના સૈન્ય સાથે પાટનગર સનઆ તરફ ઊપડયો. શહેરના દરવાજે પહોંચતાં તેણે હુકમ છોડયો, ''મારા વાવટાને નમાવીને શહેરમાં પ્રવેશવું નહિ. દરવાજો ઉખેળી કાઢો અને વાવટો ઉન્નત મસ્તકે ફરકતો રાખીને શહેરમાં પ્રવેશો.''

મતલબ કે દરવાજો ઉખેળી નાખવામાં આવ્યો અને વહરિઝ તથા સૈફ બિન ઝી-યઝન વાવટાને ઉન્નત રાખીને ધામધૂમ સાથે શહેરમાં દાખલ થયા. આ રીતે મુલ્કે-યમન હબશીઓના હાથમાંથી નીકળીને ઈરાનીઓના કબજામાં ચાલ્યો ગયો.

(નોટ :- ઈબ્ને હિશામે અહીં સૈફ બિન ઝી-યઝન અને બીજા શાઈરોના ૨૭ જેટલા શેઅરો ટાંકેલા છે. તેના ૪ પાનાનું લખાણ જતું કરીને થોડાક શેઅરો ટાંકીએ છીએ.)''હ''

શાઈરોના થોડાક શેઅરો————સૈફ બિન ઝી-યઝન કહે છે :

યઝુન - નુન - નાસુ બિલ મલકૈન • અન્ન - હુમા કદિત તઅમા.

લોકોનું માનવું છે કે બંને બાદશાહો (એટલે સૈફ બિન ઝી-યઝન અને કિસરા બાદશાહ) આપસમાં એકબીજા સાથે સંમત થઈ ગયા છે.

કતલ - નલ - કૈલ મસરૂકન • વ રવ - યેનલ - કસીબ દમા.

અમે હબશીઓના સરદાર મસરૂકને કતલ કરી નાખ્યો અને ટેકરાઓને લોહીથી ખરડી નાખ્યા.

વ ઈન્નલ - કૈલ કૈલન - ના- • સે - વહરિઝ મુક સિમુન કસમા.

અને સાચું તો આ છે કે તમામ લોકોનો સરદાર વહરિઝ છે જે ખૂબ કસમો ખાનારો છે.

યઝૂકુ મુશઅ - શઅન હત્તા • યુફય-અસ સબ્ય વન - નઅમા.

એવી કસમો ખાય છે કે તે શરાબ ઢીંચતો જ રહેશે ; ત્યાં સુધી કે લોંડી-ગુલામો અને જનવરોને ગિરિફતાર કરી લે.

અબુસ-સલ્ત અથવા ઉમૈયહ નામે શાઈર કહે છે:

લિયત-લુબિલ વિત્ર અમસા-લુબ્નુ ઝી - યઝન, • રય્યમ્ ફિલ - બહરે લિલ - અઅદાએ અહવાલા.

સૈફ બિન ઝી-યઝન જેવા લોકોને જ આ વાત શોભે કે તે વેર લેવા પાછળ મંડી પડે અને દુશ્મનો કનેથી વેર લેવા માટે વરસો સુધી સમુદ્રની પેલે પાર સંતાયેલો રહે.

યમ-મમા કયસરા લમ્મા હાના રેહ- લતુહૂ, • ફલમ યજિદ ઈન્દતા બઅદલ - લઝી સઅલા.

મુસાફરીનો સમય આવ્યો તો ત એટલે સૈફ બિન ઝી-યઝન રોમના કયસર બાદશાહ પાસે પહોંચી ગયો

પરંતુ તેને કયસર તરફથી ધારણા મુજબનું કશું મળ્યું નહિ.

સુમ્મ ઇન્તહા નહવ કિસરા બઅદ આશિ-રતિન, • મિનસ - સનીન મુહીનુન નફસા વલમાલા.

ત્યારે તેણે દસ વરસ પછી ઇરાનના કિસરા પાસે જવાનું ઠરાવ્યું; જો કે તે પોતાની જાત અને માલની ખુવારી કરી રહ્યો હતો. (પોતે પણ યાતનાઓ અને ઝિલ્લતો વેઠી રહ્યો હતો અને માલ પણ લખલૂટ ખર્ચી રહ્યો હતો.)

હત્તા અતા બિ બનિલ - અહરારે યહમિલુ-હુમ, • ઇન્નકા અમરી લકદ અસ-રઅતા કિલકાલા.

અહીં સુધી કે તે શરીફોની અવલાદ પાસે આવ્યો કે જેથી દુશ્મનો કનેથી વેર લેવા તેને ઉત્તેજિત કરે. મારી જાનના સોગંદ હે સૈફ ઝી-યઝન ! તેં ભારે ઝડપ કરી નાખી. (એટલે વેર લેવાની ઝડપી તૈયારી કરી લીધી.)

અરસલ-તા ઉસ્દન અલા સૂદિલ-કિલાબ ફ-કદ, • અદહા શરીદુ-હુમ ફીલ - અર્દે ફુલ્લા-લા.

હે સૈફ બિન ઝી-યઝન ! તેં કાળા કૂતરાઓ તરફ સિંહોને દોડાવી દીધા. તેઓમાંથી જે છટકી ગયો તે જમીનના દરેક સ્થળે ભાંગી પડયો.

નજૂમીઓની સાચી પડેલી આગાહી————ઇબ્ને હિશામ કહે છે : યમનના બાદશાહ રબીઅહ બિન નસરે આગનો જે બિહામણો ખ્વાબ જોયો હતો અને જેની દહેશતથી તે થથરી ઊઠયો હતો. પછી આ ખ્વાબની તઅબીર રૂપે સતીહ અને શિક્ક નામના ધુરંધર નજૂમીઓએ આગાહી પોકારી હતી કે, "હે બાદશાહ! એક સમય આવશે જયારે ઇરમ ઝી-યઝનની કોમમાંથી એક જવાંમર્દ અદનની ભૂમિમાંથી જાહેર થશે અને તે યમનમાંથી હબશીઓની હુકૂમતનો ખાતેમો બોલાવી દેશે. અને હબશીઓમાંથી એક પણ માણસને યમનની ભૂમિ પર જીવતો નહિ છોડશે.

તો આ તેજ બનાવ છે જેના વિષે શિક્ક નજૂમીએ અગમચેતી પોકારી હતી કે ઝી-યઝન ખાનદાનનો એક એવો જવાન હબશીઓને મુકાબલે મેદાને પડશે જે ન કમજોર હશે ન નમતું જોખનારો હશે. તો આ સૈફ બિન ઝી-યઝન તેજ જવાન છે જેણે હબશીઓને શિકસ્ત આપીને મુલ્કે-યમનથી હાંકી કાઢયા. [1]

---

૧. સૈફ બિન ઝી-યઝને યમન પર ચઢાઇ કરીને હબશીઓની હુકૂમતનો ખાતેમો બોલાવી દીધો તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક ઉંમર લગભગ ૩૦ વરસની હતી. એ પછી યમનની આઝાદીનો અંત આવી ગયો અને યમન ઇરાની સામ્રાજયનું એક સંસ્થાન એટલે રજવાડો બની ગયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે હિજરત કરીને મદીનહ પધાર્યા તે વેળા ઇરાન તરફથી બાઝાન નામે એક ઇરાની શખ્સ યમનનો ગવર્નર હતો અને ફીરોઝ વદાદૂયા ત્યાંનો ફોજી અફસર હતો. આખરમાં એ બધા મુસલમાન બની ગયા. (અ નહ - હુસસિયર પેજ ૩૭) "હ"

પ્રકરણ ૧૫

યમન પર ઈરાનીઓની હુકૂમત

યમનના હબશી બાદશાહો ● યમન પર ઈરાનીઓની હુકૂમત ● કિસરાનો કાગળ બાઝાનના નામે ● બાઝાનનો ઈસ્લામ સ્વીકાર ● પથ્થર પર કોતરેલી પેશગોઈ ● શાતિરૂન બાદશાહની દાસ્તાન ● શાતિરૂનની શાહઝાદી અને શાપૂર ● શાતિરૂનની શાહઝાદીનો અંજામ.

યમનના હબશી બાદશાહો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી વહરિઝ અને તેના ઈરાની સાથીદારો યમનમાં કાયમી વસવાટ કરીને ઠાઠથી મુલ્કે-યમન પર હુકૂમત કરવા લાગ્યા. આજે યમનની ભૂમિમાં વસનારા ઈરાનીઓ એજ ઈરાની લશ્કરના વંશમાંથી ઊતરી આવેલા છે. હબશીઓએ યમન પર ૭૨ વરસ સુધી શાસન ભોગવ્યું. એ દરમિયાન ચાર હબશી બાદશાહો થયા. પહેલો અરયાત, બીજો અબ્રહા અશ્રમ, ત્રીજો અબ્રહાનો બેટો યકસૂમ, ચોથો યકસૂમનો ભાઈ મસરૂક. એજ મસરૂક બિન અબ્રહાના માર્યા જવા પછી હબશીઓની હુકૂમતનો ખાતેમો થઈ ગયો.

યમન પર ઈરાનીઓની હુકૂમત————ઈબ્ને હિશામ કહે છે : યમનના શાસનની લગામ ઈરાનીઓના હાથમાં આવી તો વહરિઝ અમુક મુદ્દત યમન પર રાજ કરતો રહ્યો. વહરિઝના મરણ પછી ઈરાનના શહેનશાહ કિસરા નવશેરવાને વહરિઝના બેટા મર્ઝબાનને યમનની રાજગાદીએ બેસાડ્યો. જ્યારે મર્ઝબાનનું મરણ થયું તો કિસરાએ તેના પુત્ર તનૈજાનની યમનના ગવર્નર તરીકે નિમણૂંક કરી. જ્યારે તનૈજાન પણ મૃત્યુ પામી ગયો તો કિસરાએ તેના પુત્રને, ત્યાંનો ગવર્નર બનાવી દીધો. બાદમાં કોઈ કારણસર તેને પદભ્રષ્ટ કરીને બાઝાન નામે અમીરને મુલ્કે-યમનના ગવર્નરપદે બિરાજમાન કરી દીધો.

સંપાદકની નોંધ————ઈબ્ને હિશામની ઉપરની રિવાયતમાં સૈફ બિન ઝી-યઝન વિશે કોઈ ઉલ્લેખ નથી કે તે ક્યાં ગયો અને તેનું શું થયું ? રિવાયત એવી છે કે યમન પર વિજય મેળવવા બાદ લશ્કરના સેનાપતિ વહરિઝે યમનનો માલ કિસરા પર મોકલાવીને પૂછ્યું કે દેશના વહીવટી તંત્રનું સંચાલન કેવી રીતે કરવામાં આવે ? જવાબમાં કિસરાએ હુકમ ફરમાવ્યો કે સત્તાની લગામ સૈફ બિન ઝી-યઝનને સોંપી દેવામાં આવે અને દર વરસે કરવેરો પણ મોકલી આપવામાં આવે. કિસરાના હુકમનો અમલ કરવામાં આવ્યો. સૈફ બિન ઝી-યઝન કિસરાના નાયબ તરીકે યમન પર રાજ કરવા લાગ્યો. આથી પહેલાં હબશીઓ આઝાદી અને સત્તાની મજા ચાખી ચૂક્યા હતા. બચેલા હબશીઓ સખણા નહિ રહેતા કંઈ ને કંઈ ઝગડો ખડો કરી દેતા. આ કારણે

સૈફ બિન ઝી-યઝન હબશીઓ પ્રત્યે એકદમ આકરો બની ગયો અને સખત હાથે કામ લઈને તેઓને આકરી શિક્ષા ફટકારવા લાગ્યો. નતીજા રૂપે હબશીઓએ ભેગા થઈને તેને મારી નાખ્યો. ત્યારે કિસરાએ ફરીવાર ચાર હજારનું લશ્કર મોકલ્યું જેણે વહરિઝની આગેવાની હેઠળ હબશીઓની કત્લેઆમ ચલાવીને દેશમાં શાંતિની સ્થાપના કરી દીધી. એ પછી કિસરાના હુકમથી વહરિઝ યમનમાં કાયમી વસવાટ કરીને ઠાઠથી હુકૂમત કરવા લાગ્યો જેનું વર્ણન પ્રકરણની શરૂઆતમાં થયું છે. (ઇબ્ને હિશામ જિ.૧ પાનું ૯૯નો હાશિયો.) "હ"

કિસરાનો કાગળ બાઝાનના નામે————ઇબ્ને હિશામ કહે છે : એ પછી શહેનશાહ કિસરાના હુકમથી બાઝાન યમનનો ગવર્નર બની ગયો. એજ બાઝાન યમનનો તે ગવર્નર છે જેના શાસનકાળમાં અલ્લાહ તઆલાના આખેરી નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર બનાવ્યા.

ઇબ્ને હિશામ કહે છે : મુહમંદ બિન શિહાબ ઝુહરીએ મને આ રિવાયત કહી સંભળાવી કે જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીના સમાચાર ઇરાનના શહેનશાહ કિસરાના કાને પહોંચ્યા તો તેણે યમનના ગવર્નર બાઝાનને કાગળ લખ્યો અને કાગળમાં તેને હુકમ ફરમાવ્યો :

> "મને સમાચાર મળ્યા છે કે મક્કહમાં કુરૈશ કબીલામાં કોઈ શખ્સ જાહેર થયો છે અને તેણે પયગમ્બર હોવાનો દાવો કર્યો છે. મારૂં આ ફરમાન મળેથી તરત મક્કહ પહોંચો અને તેને સૂચન કરો કે પયગમ્બરીનો દાવો જતો કરે અને તોબા કરી લે. અગર તે માની લે તો ઠીક અને નહિ માને તો તેનું માથું મારા દરબારમાં હાજર કરવામાં આવે."

કિસરાની કતલની આગાહી————જયારે કિસરાનો આ કાગળ બાઝાનને મળ્યો તો એજ કાગળ તેણે પોતાના માણસોને હાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મોકલાવી આપ્યો. જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બાઝાનને લખી જણાવ્યું :

ઇન્નલ-લાહ કદ વઅદ-ની	બેશક અલ્લાહએ વચન આપ્યું છે મને કે;
અંય-યકતુલ - કિસરા	કિસરાનું ખૂન થવાનું છે
ફી યવમિ કઝા વ કઝા	ફલાણા દિવસે આ રીતે
મિન શહરે કઝા.	અને ફલાણા મહિનામાં.

જયારે આ જવાબી કાગળ બાઝાનને મળ્યો તો બાઝાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ કાગળ કિસરાને નહિ મોકલતાં પોતાની પાસે સાચવી રાખ્યો; એવા વિચારે કે તેમાં ઉચ્ચારેલી પેશગોઈની ખાતરી કરી લે. તેણે પોતાના મનમાં કહ્યું, "જો કુરૈશનો આ શખ્સ હકીકતમાં અલ્લાહનો પયગમ્બર હશે તો બહુ જલદી એની વાત સાચી ઠરશે, નહિતર પછી જોયું જશે !"

એ પછી અલ્લાહ તઆલાએ કિસરાને તે દિવસે અને તેજ તારીખે મારી નાખ્યો જેની પેશગોઈ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવી હતી. ઇબ્ને હિશામ કહે છે : કિસરાનું ખૂન કરનાર તેનો સગો બેટો શેરૂયા હતો અને આ કિસરા જેનું નામ ખુસરૂ પરવેઝ હતું જે પોતાના પુત્રના હાથે માર્યો ગયો. [1] એજ બનાવ

૧. આ ખુસરૂ પરવેઝ ઇરાનના મશહૂર શહેનશાહ નવશેરવાનનો પૌત્ર હતો. નવશેરવાનના એક પુત્રનું નામ હુરમુઝ હતું. હુરમુઝનો બેટો ખુસરૂ પરવેઝ. ઇરાનના તમામ બાદશાહો કિસરાના લકબે ઓળખાય છે. ખુસરૂ પરવેઝ ભારે તુમાખીખોર, ઉછાછળો અને અભિમાની હતો. અરબોને હલકટ અને પોતાના ગુલામ ગણતો હતો. એની ઉદ્ધતાઈ અને તોછડાઈની અલ્લાહ તઆલા તરફથી શિક્ષા આપવામાં આવી. "હ"

વિષે અને એજ ખુસરૂ પરવેઝ માટે ખાલિદ બિન હક શૈબાનીએ કહ્યું છે.

વ કિસરા ઇઝ તકસ - સમહૂ બનૂ - હુ, • બિ - અસ્યા-ફિન કમા ઉક - તુસિમલ - લહામુ.

તે સમયને યાદ કરો જ્યારે કિસરાને તેના બેટાએ તલવારથી ટુકડે ટુકડા કરી નાખ્યો. જેવી રીતે ગોશ્તના ટુકડે ટુકડા કરી નાખવામાં આવે છે.

તમખ - ખદતિલ - મનૂન લહૂ બિ-યવમિન, • અના વલે-કુલ્લે હામિલતે તિમામુ.

મૃત્યુ તેના માટે જે દિવસને જણવાની પીડા ભોગવી રહ્યું હતું અંતે એ દિવસ તેણે જણી નાખ્યો અને દરેક જણનારી માટે જણવાના દિવસો પૂરા થાય છે. (અને જ્યારે પૂરા થયા તો જનમનો દિવસ પણ આવી ગયો. એવી જ રીતે મૃત્યુએ ખુસરૂ માટે જણેલા દિવસે તેના પ્રાણ પણ તનમાંથી બહાર નીકળી આવ્યા અને તેના ખોળિયાંનો ખીમો બની ગયો.)

બાઝાનનો ઈસ્લામ સ્વીકાર————ઈબ્ને શિહાબ ઝુહરી કહે છે : જ્યારે કિસરાના ખૂનના સમાચાર બાઝાનને મળ્યા તો તે વિના વિલંબે તુરંત મુસલમાન બની ગયો. તેની સાથે બીજા ઘણા ઈરાનીઓ પણ મુસલમાન બની ગયા. એ પછી બાઝાને પોતાના એલચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં મોકલાવીને પોતાના અને સાથીઓના મુસલમાન બની જવાના સમાચાર આપ્યા અને એમ પણ પૂછાવ્યું કે, "હે અલ્લાહના પયગમ્બર ! અમે મુસલમાન તો બની ગયા પણ હવે અમારી ખાનદાની ઓળખનું શું ? અમે પોતાને કોના ખાનદાનમાંથી ગણાવીએ ?"

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

અન્તુમ મિન્ના	તમે અમારામાંથી છો
વ આલિના અહલલ-બૈત.	અને અમારા અહલે-બૈત એટલે અમારા કુટુંબીજનોમાંથી છો.

ઈબ્ને હિશામ કહે છે : એવો જ જવાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈરાનના વતની હઝરત સલમાન ફારસી રદિયલ્લાહુ અન્હુને આપ્યો હતો કે : "સલમાનુ મિન્ના અહલિલ-બૈત." એટલે સલમાન અમારામાંથી - અમારા અહલે-બૈતમાંથી છે.

પથ્થર પર કોતરેલી પેશગોઇ————ઈબ્ને ઈસ્હાક કહે છે : અરબના લોકો પ્રમાણભૂત માહિતીને આધારે જે વાતોનો દાવો કરે છે તેમાંની એક વાત આ છે કે યમનમાં પ્રાચીન યુગનો એક શિલાલેખ મળી આવ્યો હતો. તેમાં પથ્થરની તખ્તી પર આ શબ્દો કોતરેલા હતા :

મુલ્કે-ઝમાર કોના માટે છે ?............નેકદિલ હિમ્યરીઓ માટે !

મુલ્કે-ઝમાર કોના માટે છે ?............બદમાશ હબશીઓ માટે !

મુલ્કે-ઝમાર કોના માટે છે ?............આઝાદ ઈરાનીઓ માટે !

મુલ્કે-ઝમાર કોના માટે છે ?............કુરૈશ માટે જેઓ સોદાગર છે !

અને ઝમારથી મતલબ મુલ્કે-યમન છે અથવા સનઆ છે જે યમનનું પાટનગર છે. ઈબ્ને હિશામ કહે

છે: ઝમાર શબ્દ ઝાલના ઝબર સાથે આવે છે. એટલે એનો ઉચ્ચાર ઝિમાર કે ઝુમાર નહિ પણ ઝમાર છે. અને એની માહિતી મને યૂનુસે આપી છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : સતીહ અને શિક્ક નામના બંને પંડિતો ઇલ્મે-નુજૂમ એટલે જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત હતા. પેશગોઇ કરવામાં કે ભવિષ્યમાં બનનારા બનાવોના વર્તારાં બહાર પાડવામાં પંકાયેલા હતા. બનૂ કૈસ બિન સુઅલબાના અઅશા નામે શાઇરે પોતાના કાવ્યમાં તેઓને ભારોભાર અંજલિ આપી છે. અઅશા શાઇરનું નામ મયમૂન બિન કૈસ હતું.

(નોટ :- અલ્લામા ઇબ્ને હિશામે અહીં નુઅમાન બિન મુનઝિર—જે ઇરાનના બાદશાહ કિસરા તરફથી હીરહ પ્રદેશનો ગવર્નર હતો—તે કોના વંશમાંથી અને કોની અવલાદમાંથી હતો તેની ઓળખ તરીકે એક દિલચસ્પ દાસ્તાન ટાંકેલી છે જેનું બયાન આ પ્રમાણે છે:)

સાતિરૂન બાદશાહની દાસ્તાન————ઇબ્ને હિશામ કહે છે : મને ખલ્લાદ બિન કુર્રહ બિન ખાલિદ સદૂસીએ વંશાવળીજ્ઞાનના માહિતગારોની આ રિવાયત કહી. સંભળાવી. કે નુઅમાન બિન મુનઝિર હદ્ર પ્રદેશના બાદશાહની અવલાદમાંથી હતો. એ બાદશાહનું નામ સાતિરૂન હતું. સાતિરૂન બાદશાહે હદ્ર નામે એક મોટા શહેર જેવો ભવ્ય કિલ્લો ફુરાત નદીને કાંઠે બંધાવેલો હતો. આ તેજ કિલ્લો છે જેના વિષે અદી બિન ઝૈદ નામના શાઇરે પોતાના કસીદામાં કહ્યું છે :

- હદ્રના બાદશાહ સાતિરૂનએ કિલ્લાની ઇમારત એવી આલીશાન ચણાવી હતી કે ધરતી પર તેનો જવાબ ન હતો.
- દજલા અને ખાબૂર નદીઓ પોતાનું પાણી લાવીને ત્યાં ઠાલવી નાખતી હતી.
- સાતિરૂન બાદશાહે મરમરના મૂલ્યવાન પથ્થરોથી એ ગગનચુંબી કિલ્લો ચણાવીને તેમાં ચૂનાનું મજબૂત પ્લાસ્ટર કરાવ્યું હતું.
- પરંતુ કાળની ગતિથી હવે હદ્રના એ ભવ્ય કિલ્લાની છતોમાં પંખીઓએ પોતાના માળા બનાવી લીધા છે.
- કિલ્લાના માલિકની બદનસીબી છે કે તેને પોતાના ગગનચુંબી ભવ્ય કિલ્લામાં વધુ વાર એશઆરામની તક નહિ મળી. બાદશાહ જલદી તેનાથી વિખૂટો પડી ગયો અને એ આલીશાન કિલ્લો ખંડેર બની ગયો.

આવા ભવ્ય, આલીશાન અને ગગનચુંબી કિલ્લાનો માલિક હતો એ બાદશાહ એક દિવસે એવું બન્યું કે ઇરાનના બાદશાહ શાપૂર-ઝુલ-અકનાફ કિસરાએ સાતિરૂન બાદશાહના રાજ્ય પર ચઢાઇ કરી દીધી અને લગાતાર બે વરસ સુધી કિલ્લાને ઘેરો નાખીને ત્યાં પડયો રહ્યો. અઅશા બિન કૈસ શાઇર કહે છે.

અકામ બિન શાબૂરુલ - જુનૂ • દ - હવલૈન તદરિબુ ફીહિલ - કુદૂમ.

શાપૂર બે વરસ સુધી ત્યાં પોતાના લશ્કર સાથે પડયો પાથર્યો રહ્યો. આટલી મુદ્દત સુધી તેઓ કિલ્લામાં કુહાડા જ મારતા રહ્યા.

અલમ તરા લિલ - હદરિ ઇઝ અહ-લહૂ • બિ-નુઅમય વહલ ખાલદૂન મન-નિઅમ.

હે ભાઇ ! શું તે કદી હદ્રની દશાનો વિચાર કર્યો છે ? જ્યારે કે ત્યાંના નિવાસીઓ એશ ઇશરતમાં ગુલતાન હતા. અને શું કોઇ ઐશ-ઇશરત કાયમ માટે ટકયાં છે ખરાં ?

સાતિરૂનની શાહઝાદી અને શાપૂર——————એક દિવસે એવું બન્યું કે સાતિરૂનની શાહઝાદી કિલ્લાના ઝરૂખામાં ઊભેલી હતી. શું જુએ છે કે ઇરાનનો બાદશાહ શાપૂર તેની સામે ઊભેલો છે; એવા ઠાઠથી કે તેણે પોતાના અંગ પર મૂલ્યવાન રેશમી પોશાક સજેલો છે. માથા પર ઝમર્રૂદ, યાકૂત અને હીરાજડિત સોનાનો તાજ મૂકલો છે અને સૂર્યના પ્રકાશમાં તેનો ચેહરો ચંદ્ર પેઠે ચમકી રહ્યો છે. તેનો આ દમામ અને ભપકો જોઇને શાહઝાદી તેની ઉપર આશિક થઇ ગઇ. પોતાની વિશ્વાસુ દાસી મારફતે છુપી કહેણ મોકલાવી, "હું તારા માટે કિલ્લાનો દરવાજો ખોલવા તૈયાર છું, શું તું મને શાદીનું વચન આપે છે ?"

શાપૂર ઝૂલ-અકનાફ કિસરાએ શાહઝાદીની આ શરત કબૂલ કરી લીધી.

રાત પડી તો બેટીએ બાપને એટલો શરાબ ઢીંચાવ્યો કે સાતિરૂન બાદશાહ દારૂના નશામાં ચકચૂર થઇને બેભાન બની ગયો. શાહઝાદીએ આગળ વધીને તેના તકિયા તળેથી કિલ્લાની કૂંચીઓ ઉપાડી લીધી. અને પોતાના વિશ્વાસુ માણસને આપતાં કહ્યું, "જા કિલ્લાનો દરવાજો ઉઘાડી નાખ."તેણે આજ્ઞાનું પાલન કરતાં કિલ્લાનો દરવાજો ખોલી નાખ્યો. શાપૂર બાદશાહ એજ પળે કિલ્લામાં દાખલ થઇ ગયો અને શયનખંડમાં જઇને સાતિરૂન બાદશાહને કતલ કરી નાખ્યો અને કિલ્લા પર કબજો કરીને વચન મુજબ શાહઝાદી સાથે શાદી કરી લીધી.

સાતિરૂનની શાહઝાદીનો અંજામ——————એક રાતે શાહઝાદી શાહી પથારી પર પોઢેલી હતી. અચાનક તેની ઊંઘ ઉચાટ થઇ ગઇ અને બેચેનીથી પથારી પર પાસાં ફેરવવા લાગી ગઇ. શાપૂર બાદશાહે શમા મંગાવીને પથારીની તલાશી લીધી. જોયું તો રૈહાન ફૂલની એક નાઝૂક પાંખડી તેના પડખે પડેલી હતી. પૂછયું, "હે સાતિરૂન બાદશાહની બેટી ! શું ફૂલની આ નાઝુક પાંખડીએ તમારી ઊંઘ ઉડાડી મૂકી છે ?'

શાહઝાદી બોલી, "હા એજ પાંદડીએ મારી નીંદર બગાડી નાખી છે."

પૂછયું, "તમારો બાપ તમારા આરામ માટે શું વ્યવસ્થા કરતો હતો ?"

શાહઝાદી બોલી, "તે મને લાડપ્યારથી રાખતો હતો. રેશમની સુંવાળી પથારી પર સુવાડતો હતો. મૂલ્યવાન રેશમી પોશાક પહેરાવતો હતો. હાડકાંના ગૂદાના મઝેદાર શોરબા સાથે ઉત્તમ શરાબના જામ આપતો હતો અને હરેક પ્રકારે મને રાજી રાખવાનાં પ્રયત્નો કરતો હતો."

"વારૂ તો તમારા બાપ સાથે તમે જે કંઇ કર્યું તે શું તેના પ્યારનો બદલો હતો ? જ્યારે તમે આવા માયાળુ બાપ સાથે તેના ઉપકારોના બદલામાં આ વર્તાવ કર્યો તો મારી સાથે પણ તક મળતાં એવો વર્તાવ નહિ કરો તેની શું ખાતરી ? જે બેટી પોતાના બાપની નહિ થઇ તે મારી કેવી રીતે થવાની ?"

આમ કહીને શાપૂર બાદશાહે પોતાના માણસને હુકમ ફરમાવ્યો, 'અબઘડી શાહઝાદીનો રેશમી પોશાક ઉતારી લેવામાં આવે. ઘોડાની દુમ સાથે એનો ચોટલો મજબૂતીથી બાંધી દેવામાં આવે અને ઘોડાને પૂરપાટ દોડાવી દેવામાં આવે, ત્યાં સુધી કે એના શરીરના ચીંથરાં ઊડી જાય !"

શાપૂર બાદશાહના હુકમનું પાલન કરવામાં આવ્યું અને સાતિરૂન બાદશાહની બેટી પોતાના અંજામે પહોંચી ગઇ. તો નુઅમાન બિન મુનઝિર એજ સાતિરૂન બાદશાહના વંશમાંથી હતો.

(નોટ : આ ઘટના સંબંધી અલી બિન ઝૈદ નામે શાઇરના થોડાક શેઅરો ટાંકેલા છે તે અમે જતા કર્યા છે.)

Maktabe Ashraf

પ્રકરણ ૧૬

નિઝાર બિન મઅદ્દ અને તેની અવલાદ

નિઝાર બિન મઅદ્દના પુત્રો • અનમાર બિન નિઝારની અવલાદ • મુદર બિન નિઝારની અવલાદ • અરબમાં મૂર્તિપૂજાનો સ્થાપક.

Maktabe Ashraf

સંપાદકની નોંધ :

અલ્લામા ઇબ્ને હિશામે આ પ્રકરણથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પૂર્વજોની બાકીની વંશાવળી ફરીવાર શરૂ કરી છે. પહેલાં પ્રકરણમાં આપણે વાંચી આવ્યા કે હઝરત ઇસ્માઇલ અલૈહિસ્સલામના ૧૨ પુત્રોમાંથી એકનું નામ કેદાર હતું. કેદારની ચાલીસમી પેઢીમાં અદનાન નામે એક ગૃહસ્થ થઇ ગયા.

એજ અદનાનના પુત્રનું નામ મઅદ્દ હતું અને મઅદ્દના પુત્રનું નામ નિઝાર હતું. નિઝારથી અહીં વંશાવળીની શરૂઆત થાય છે. હયુરણી.

નિઝાર બિન મઅદ્દના પુત્રો————ઇબ્ને ઇસ્હાક કહે છે : નિઝાર બિન મઅદ્દને ત્યાં ત્રણ પુત્રો થયા : (૧) મુદર (૨) રબીઅહ (૩) અને અનમાર.

ઇબ્ને હિશામ કહે છે : મને મળેલી માહિતી મુજબ નિઝાર બિન મઅદ્દનો ચોથો પુત્ર પણ હતો જેનું નામ ઇયાદ હતું. જેમકે એના જ ઇયાદી વંશના એક શાઇર હારિસ બિન દૌસ ઇયાદીએ અથવા અબૂ દાવૂદ ઇયાદીએ આ શેઅર કહ્યો છે :

વ ફુતુવ-વુન હસનુન અવ - જુહ્-હુમ, • મિન ઇયા - દિબ્ને નિઝા - રિબ્ને મઅદ્દ

તરજુમો : અને કેટલાયે રૂપાળા - ફાંકડા યુવકો એવા પણ છે જેઓ ઇયાદ બિન નિઝાર બિન મઅદ્દની અવલાદમાંથી છે.

શાઇરે રચેલા કસીદા-કાવ્યનો આ એક શેઅર છે. નિઝારના બે પુત્રો મુદર અને ઇયાદની માતાનું નામ સવદહ બિન્તે અક્ક બિન અદનાન હતું. અને બીજા બે પુત્રો, રબીઅહ તથા અનમારની માતાનું નામ શકીકહ બિન્તે અક્ક બિન અદનાન હતું. કેટલાકે એનું નામ જુમઆ બિન્તે અક્ક બિન અદનાન બતાવ્યું છે.

અનમાર બિન નિઝારની અવલાદ————ઇબ્ને ઇસ્હાક કહે છે : બજીલહ અને ખસઅમ નામે

કબીલાઓના વડા દાદા અનમાર હતા. જરીર બિન અબ્દુલ્લાહ બજલી નામે પંકાયેલા ગૃહસ્થ એજ બજીલહ કબીલાના સરદાર હતા. બાદમાં આ બંને કબીલાના લોકો બાપદાદાનું વતન છોડીને યમનમાં જઇને વસી ગયા અને ત્યાંના લોકો જેવા જ બની ગયા.

મુદર બિન નિઝારની અવલાદ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મુદર બિન નિઝારને ત્યાં બે પુત્રોનો જન્મ થયો. એકનું નામ ઈલ્યાસ અને બીજાનું નામ અયલાન હતું. બંનેની માતા બનૂ જુરહુમ કબીલામાંથી હતી.

એમાંથી ઈલ્યાસ બિન મુદરને ત્યાં ત્રણ પુત્રો થયા : (૧) મુદરિકહ (૨) તાબિખહ (૩) અને કમઅહ. એ ત્રણેની માતાનું નામ ખિન્દીફ બિન્તે ઈમરાન બિન અલહાફ બિન કુદાઅહ હતું જે યમનવાસીઓમાંથી હતી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મુદરના પહેલા બેટા મુદરિકહનું અસલ નામ આમિર હતું અને બીજા બેટા તાબિખહનું અસલ નામ અમ્ર હતું. આ બંને બેટા અસલ નામોને બદલે મુદરિકહ અને તાબિખહ નામે મશહૂર થઇ ગયા. તેનું કારણ એમ બન્યું કે એક દિવસે બંને છોકરા જંગલમાં પોતાના ઊંટો ચરાવી રહ્યા હતા. ત્યાં તેઓએ એક શિકાર માર્યો. પછી આ શિકારને તેઓ આગ પર શેકવા લાગ્યા. એ દરમિયાન કોઇ ચોર તેઓના ઊંટોને હંકારી ગયો. ત્યારે આમિરે અમ્રને કહ્યું, "ઊંટોને શોધવા તું જશે કે હું જાઉં?"

"તું પોતે જા." અમ્ર બોલ્યો, " હું શિકાર શેકું છું."

આમિર ગયો અને ઊંટોને શોધીને લઇ આવ્યો. જ્યારે બંને પોતાના બાપ ઈલ્યાસ પાસે ગયા તો તેણે તેઓની કથા સાંભળીને કહ્યું, "હે આમિર ! આજથી તારૂં નામ મુદરિકહ છે. (એટલે શોધી લાવનાર કે શોધી કાઢનાર) અને હે અમ્ર ! આજથી તારૂં નામ તાબિખહ છે." (એટલે શેકનાર.)

એટલામાં બંનેની મા આ સમાચાર સાંભળીને લાંબા-લાંબા ડગ ભરતી ત્યાં આવી લાગી. તેની આ ઝડપી ચાલ જોઈને ઈલ્યાસ બોલી ઊઠયો, "તખન-દફીન !" (શું તું લાંબા-લાંબા ડગ ભરનારી સ્ત્રી છે?) બસ ત્યારથી લોકો તેને ખિન્દીફ નામે બોલાવવા લાગ્યા (એટલે લાંબાલાંબા ડગ ભરનારી સ્ત્રી.)

અરબમાં મૂર્તિપૂજાનો સ્થાપક————હવે ઈલ્યાસના ત્રીજા પુત્ર કમઅહને ત્યાં એક છોકરો પેદા થયો જેનું નામ લહુય્ય અથવા લુહય્ય રાખવામાં આવ્યું. પછી આગળ જતાં આ લહુય્યને ત્યાં એક પુત્રનો જન્મ થયો જેનું નામ અમ્ર રાખવામાં આવ્યું. મુદર કબીલાની વંશાવળીના માહિતગારોનું માનવું છે કે ખુઝાઅહ કબીલાના બધા લોકો એજ અમ્ર બિન લહુય્ય બિન કમઅહ બિન ઈલ્યાસની અવલાદમાંથી છે.

(**સંપાદકની નોંધ :-** આ અમ્ર બિન લહુય્ય પોતાના યુગમાં પોતાની કૌમનો સૌથી મોટો સરદાર હતો. અને એજ અમ્ર બિન લહુય્ય તે ગૃહસ્થ છે જે પોતાની જહાલત, નહૂસત કે હિમાકતથી શયતાનની ફરેબી જાળમાં સપડાઇ ગયો અને જેણે અરબની ભૂમિમાં સૌથી પહેલાં બુતપરસ્તી એટલે મૂર્તિપૂજાનો પાયો નાખ્યો. અરબમાં મૂર્તિપૂજાની શરૂઆત ક્યારે અને કેવી રીતે થયા પામી તેનું બયાન પ્રકરણ ૧૭માં આવે છે. "હ")

ગુજરાતી સંપાદક તરફથી પ્રકરણ- પૂર્તિ ————અલ્લામા ઈબ્ને હિશામે પ્રકરણ ૧૬થી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક વંશકડીના માનવંતા પૂર્વજોનું બયાન શરૂ કર્યું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહના જલીલુલ-કદ્ર પયગમ્બર હઝરત ઇસ્માઈલ અલૈહિસ્સલામની અવલાદમાંથી હતા.

હઝરત ઇસ્માઇલના ૧૨ બેટા હતા એમાંથી બીજા બેટાનું નામ કેદાર કૈઝર કે કૈઝાર હતું. કેદારની લગભગ ચાલીસમી પેઢીમાં અદનાન નામે નામચીન ગૃહસ્થ થયા. અદનાનની અવલાદ અરબના હિજાઝ પ્રદેશમાં આવીને વસી ગઇ અને ખૂબ વિકાસ પામી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એજ અદનાનના ખાનદાનમાંથી છે અને એજ અદનાન આપના આદિપૂર્વજ છે.

અદનાનના એક પુત્રનું નામ મઅદ્દ હતું અને મઅદ્દના એક પુત્રનું નામ નિઝાર હતું. એજ બાપ-બેટા અને એમની અવલાદનું ઇબ્ને હિશામે ઉપરના પ્રકરણમાં વર્ણન કર્યું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે પ પોતાની વંશાવળીનું વર્ણન ફરમાવતા તો અદનાન પર પહોંચીને અટકી જતા. એ પછીની વંશકડી વિષે ફરમાવી દેતા, "કઝિબન-નસ્સાબૂન." એટલે વંશાવળીજ્ઞાનના દાવેદારો ખોટું કહે છે. આ હદીસના રાવી હઝરત અબ્બાસ રદિયલ્લાહુ અન્હુ છે. [૧] આ હદીસથી માલૂમ પડયું કે અદનાન સુધીની વંશાવળીમાં કોઇ શંકા કે સંદેહને સ્થાન નથી.

અરબના ઇતિહાસકારો અને સીરતકારો લખે છે કે અદનાન અને અદનાનના કુટુંબ કબીલાના તમામ લોકો "મિલ્લતે-ઇબ્રાહીમી"ના અનુયાયી હતા. અલ્લાહના જલીલુલ-કદ્ર પયગમ્બર હઝરત ઇબ્રાહીમ અલૈહિસ-સલામ અલ્લાહના હુકમથી જે આકાશી ધર્મની તબલીગ કરતા હતા તે "મિલ્લતે-ઇબ્રાહીમી" કહેવાય છે. જેમકે કુર્આને-મજીદમાં છે :"મિલ્લત અબીકુમ ઇબ્રાહીમ" એટલે તમારા બાપ ઇબ્રાહીમની મિલ્લત. એજ મિલ્લતનું બીજું નામ ઇસ્લામ છે જેને માનનાર મુસલમાન કહેવાય છે. અને આ નામ અલ્લાહ તઆલાએ પોતે રાખ્યું છે. કુર્આને-કરીમમાં છે : "હુવ સમ્મા-કુમુલ-મુસ્લિમીન" એટલે અલ્લાહ તઆલાએ તમારૂં નામ મુસલમાન રાખ્યું છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આદિપૂર્વજ હઝરત અદનાન અને એમનું આખું ખાનદાન એજ મિલ્લતે-ઇબ્રાહીમ કે ઇસ્લામને અનુસરનારૂં હતું. શરાબ, જુગાર, વ્યભિચાર, મૂર્તિપૂજા અને એવી તમામ શયતાની બુરાઇઓથી પાકસાફ અને સ્વચ્છ હતું. હઝરત અદનાનના પુત્ર મઅદ્દના યુગમાં અલ્લાહના પયગમ્બર હઝરત પરમિયહ બિન હલકિયા મવજૂદ હતા જેઓ મઅદ્દ બિન અદનાનને પોતાની સાથે રાખતા હતા. જયાં જતા ત્યાં મઅદ્દને પોતાની સવારી પર બેસાડી લેતા હતા અને હરેક રીતે તેમની સંભાળ રાખતા હતા. કેમકે અલ્લાહ તઆલાએ તેમને ફરમાવ્યું હતું કે :

"હું મઅદ્દના વંશમાંથી એક માનવંતા પયગમ્બરને પેદા કરવાનો છું જેના પછી પયગમ્બરીનો સિલસિલો ખતમ કરી દઇશ."

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયતમાં છે કે અદનાન, મઅદ્દ, નિઝાર, રબીઅહ, ખુઝૈમહને બુરૂં ન કહો, એ બધા મિલ્લતે-ઇબ્રાહીમી પર હતા માટે તેઓને ભલાઇથી યાદ કરતા રહો. હઝરત ઝુબેર બિન બુક્કારની રિવાયતમાં છે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "મુદર અને રબીઅહના લોકોને બુરૂં ન કહો, એ બધા ઇસ્લામને અનુસરનારા હતા."

હઝરત અદનાનના પુત્ર મઅદ્દે જુરહુમ બિન જલહમાની કન્યા મઆનહ સાથે નિકાહ કર્યા હતા જેનાથી નિઝારનો જન્મ થયો. અલ્લામા સુહૈલી ફરમાવે છે, જયારે નિઝાર પેદા થયા તો તેમની પેશાની પર "નૂરે-

Maktaba Ashraf

મુહંમદી''નો અજીબો-ગરીબ પ્રકાશ ઝબૂકી ઊઠતો હતો અને વારંવાર આ પ્રકાશ તેમની પેશાની પર ઝબકારા મારતો હતો. નૂરાની પ્રકાશના આ ઝબકારા જોઈને તેમના પિતા મઅદ્દ આનંદમાં આવી ગયા. એજ ખુશાલીમાં તેમણે શાનદાર ઉજવણીનો પ્રબંધ કર્યો અને શહેરમાં દઅવતે-આમની જાહેરાત કરાવી દીધી અને લોકોને દિલ ખોલીને ઉજાણી કરાવી અને પછી કહ્યું, ''આવા ભાગ્યવાન પુત્રનો મુજ પર જે હક છે તેના પ્રમાણમાં આ તો કંઇ જ નથી.'' એજ કારણે તેમણે પુત્રનું નામ નિઝાર રાખ્યું.

નિઝાર અરબીના ''નઝર''થી નીકળેલો શબ્દ છે જેના અર્થ કલીલ એટલે થોડું, ઓછું, કમ-યાબ, નાયાબ, દુર્લભ વગેરે થાય છે. નિઝાર પોતાના યુગના અજોડ પુરૂષ હતા. બેહદ હસીનો-જમીલ, તેજસ્વી ચેહરાના, દમામદાર અને સદાચારી શખ્સ હતા. એમના જેવી ખૂબીઓ ધરાવનારા જવલ્લે જ જોવામાં આવતા જેથી આ નામ રાખવામાં આવ્યું. કેટલાકના મત મુજબ નિઝાર બેહદ રૂપાળા, નાજુક-નમણા અને પ્રભાવશાળી હોવા ઉપરાંત શરીરે નબળા-પાતળા અને દુર્બળ કાયાના હોવાથી નિઝાર નામે ખ્યાતિ પામ્યા. એમની કબર મદીનહ પાસેના ''ઝાતુલ-જૈશ'' સ્થળે આવેલી હોવાનું કહેવાય છે.

નિઝારના એક પુત્રનું નામ મુદર હતું. કેટલાકના મત મુજબ અસલ નામ અમ્ર અને મુદર એમનું ઉપનામ હતું. મુદર અરબીના માદિર કે મુદૂર પરથી નીકળેલો શબ્દ છે જેના અર્થ આકરી ખટાશ થાય છે. એમને લીંબુ કે દહીં જેવી ખાટી ચીજો ખૂબ ભાવતી હતી જેથી મુદર નામે પંકાઇ ગયા. બેહદ ખુશ-ઇલહાન હતા એટલે સુમધુર કંઠે ગીતો લલકારવામાં નામના મેળવી હતી. રેતાળ રણના આકરા પ્રવાસમાં ઊંટોને તેજીથી ભગાવવા માટે જે ગીત લલકારવામાં આવે છે તેને અરબીમાં ''હુદી'' કહે છે. આ હુદી-ગીત સૌથી પહેલાં એમણે જ લલકાર્યું અને એ એમની જ શોધ છે. મુદર પોતાના બાપદાદા પેઠે મિલ્લતે ઇબ્રાહીમી પર કાયમ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે, ''મુદરને બુરૂં ન કહો, એ મુસલમાન તરીકે મરણ પામ્યા છે.''

મુદરના મોટા પુત્રનું નામ ઇલ્યાસ હતું. મક્કહમાં બૈતુલ્લાહ તરફ કુરબાનીના જાનવરો મોકલવાનો જે રિવાજ ચાલુ થયો તેની શરૂઆત કરનાર મુદરના એજ બેટા ઇલ્યાસ હતા. કહેવાય છે કે ઇલ્યાસ બિન મુદરના વાંસામાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ''તલબિયહ'' પઢવાનો અવાજ નીકળ્યા કરતો હતો અને ઇલ્યાસ પોતાના વાંસાનો આ અવાજ સાંભળ્યા કરતા હતા. (હજજ વેળા લબ્બૈક ! અલ્લા-હુમ્મ લબ્બૈક! પોકારવામાં આવે છે તેને ''તલબિયહ'' કહે છે.)

ઇલ્યાસના ત્રીજા પુત્રનું નામ કમઅહ હતું. કમઅહના લહુય્ય નામે પુત્રને ત્યાં અમ્રનો જન્મ થયો. આ અમ્ર બિન લહુય્ય બિન કમઅહ બિન ઇલ્યાસ તે શખ્સ છે જેણે અરબની ભૂમિ પર મૂર્તિપૂજાનો પાયો નાખ્યો. મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે થવા પામી તેનું બયાન પ્રકરણ ૧૭માં વાંચો. ''હ''

(નોંટ : આ માહિતી શૈખુલ-હદીસ હઝરત મવલાના ઇદરીસ કાંધલ્વી કૃત : સીરતુલ-મુસ્તફા જિ. ૧ પરથી લેવામાં આવી છે. ''હ'')

પ્રકરણ ૧૭

અરબમાં મૂર્તિપૂજાની શરૂઆત

અમ્ર બિન લહુય્ય જહન્નમમાં • મૂર્તિઓની આયાત મુલ્કે-શામથી • અરબોમાં પથ્થરપૂજાનો ચેપી રોગ • અરબોની આંખે ગુમરાહીના પાટા • હઝરત નૂહની કૌમના સંતપુરૂષોની મૂર્તિઓ • સુવાઅ ભગવાનની મૂર્તિ • વદ્દ ભગવાનની મૂર્તિ • યગૂસ ભગવાનની મૂર્તિ • યઊક ભગવાનની મૂર્તિ • નસ્ર ભગવાનની મૂર્તિ • અમાઇસ યા અમ્મે અનસની મૂર્તિ • બનૂ મલકાનનો ભગવાન સઅદ • કુરૈશનો હુબલ ભગવાન • કુરૈશના ઇસાફ અને નાએલહ • અરબના ઘરેઘરમાં મૂર્તિઓની પૂજા • તાગૂતના મંદિરો અને દેરાસરો • ઉઝઝા અને તેના મુજાવરો • તાઇફમાં લાત ભગવાનની મૂર્તિ • ઔસ અને ખઝરજનો ભગવાન મનાત • ઝુલ-ખલ્સહની મૂર્તિ • બનૂ તૈયનો દેવ ફલિસ • યમનનું રિઆમ મંદિર • બનૂ રબીઅહનું રુદા મંદિર • ઝુલ-કઅબાતનું મંદિર.

અમ્ર બિન લહુય્ય જહન્નમમાં———— ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્ર બિન મુહંમદ બિન અમ્ર બિન હઝમએ પોતાના પિતાથી રિવાયત બયાન કરી. તેમણે કહ્યું કે મને કહેવામાં આવ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

રઐતુ અમ્રબ્ન લહુય્ય	મેં જોયો અમ્ર બિન લહુય્યને કે
યજુર્રુ કુસ્બુહૂ ફિન્નાર.	તે જઈ રહ્યો છે પોતાના આંતરડાં ઘસીટતો આગમાં
ફ-સઅલ-તુહૂ અમ્મન બૈની	ત્યારે મેં તેને પૂછયું તે લોકો વિશે જેઓ મારી
વ બૈનહૂ મિનન-નાસ.	અને તેની વચ્ચે પસાર થયા છે,
ફ - કાલ હલકૂ.	તો તે બોલ્યો, બધા હલાક થઈ ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હર્સ તૈમીએ કહ્યું અને તેમને અબૂ સાલિહ સમ્માનએ કહ્યું અને તેમને હઝરત અબૂ હુરૈરહએ કહ્યું.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ હુરૈરહનું અસલ નામ અબ્દુલ્લાહ બિન આમિર હતું અને એમ પણ કહેવાય છે કે તેમનું અસલ નામ અબ્દુર્રહમાન સખ્ર હતું.

હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે કે એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબી હઝરત અકસૂમ બિન જૂનને ફરમાવ્યું

યા અકસૂમ ! રઐતુ અમ્રબ્ને	હે અકસૂમ ! મેં જોયો અમ્ર બિન
લહુય-યિબ્ને કમઅત-બ્ને	લહુય્ય બિન કમઅહ બિન
ખિન્દફ યજુર્રુ	ખિન્દફને તે ખેંચતો લઇ જઇ રહ્યો હતો
કુસ્બહુ ફિન્નાર.[1]	પોતાનાં આંતરડાં આગમાં.

પછી આપે ફરમાવ્યું : "ફમા રઐતુ રજુલન અશ્બહુ બિ-રજુલિમ-મિન્ક બિહી વલા બિકા મિન્હુ." એટલે હે અકસૂમ ! તું શારીરિક રૂપરેખાએ તેને બહુ મળતો આવે છે અથવા ચેહરે-મુહરે તું તેને આબેહૂબ મળતો આવે છે. તારાથી વધીને તેને મળતો આવતો કોઇ શખ્સ મેં જોયો નથી.

"ત્યારે યા રસૂલલ્લાહ ! તેના જેવી મારી રૂપરેખા હોવાને કારણે હું પોતે કોઈ મુસીબતમાં નહિ પડી જાઉં ?" હઝરત અકસૂમે ગભરાઇને પૂછયું.

જવાબમાં આપે હઝરત અકસૂમને ફરમાવ્યું :

લા ઈન્નક મુઅ-મિનુંવ	નહિ, તું મુઅમિન છે
વ હુવા કાફિરુન.	અને તે કાફિર છે.

પછી આપે ફરમાવ્યું, "એજ તે પહેલો શખ્સ છે જેણે અલ્લાહના પયગમ્બર ઇસ્માઇલના મઝહબની રૂપરેખા બગાડી નાખી અને મૂર્તિઓને લાવીને ગોઠવી દીધી અને પછી બહીરહ, સાઇબહ, વસીલહ અને હામીના રિવાજો ચાલુ કરી દીધા."[2]

મૂર્તિઓની આયાત મુલ્કે-શામથી——ઇબ્ને હિશામ કહે છે : અરબમાં મૂર્તિપૂજાના મંડાણ અંગે મને મળેલી આધારભૂત માહિતી મુજબ રિવાયત એવી છે કે એક વેળા અમ્ર બિન લહુય્ય પોતાના કામધંધા અર્થે મક્કહથી મુલ્કે-શામ ગયો. ત્યાં જ્યારે તે બલકા પ્રદેશની ભૂમિમાં મુઆબ નામે વસતિમાં પહોંચ્યો તો ત્યાંના લોકોને તેણે મૂર્તિઓની પૂજા કરતા જોયા.[3]

આ પ્રદેશમાં વસનારા મૂર્તિપૂજક લોકો અમાલીક, અમલાક કે અમલીકના વંશમાંથી હતા. એટલે આ લોકો અમલીક બિન લાવઝ બિન સામ બિન નૂહ અલૈહિસ-સલામની અવલાદમાંથી હતા.[4]

અમ્ર બિન લહુય્યે તેઓને પથ્થરની મૂર્તિઓની પૂજા કરતા જોયા તો પૂછયું, "હે લોકો ! આ કેવા પથ્થર છે ? તમે કેમ એની બંદગી કરો છો ?"

તેઓ બોલ્યા, "એ અમારા ભગવાન છે. અમે એમની જ બંદગી કરીએ છીએ. કેમકે અમે પાણી માગીએ તો એ અમારા માટે વરસાદ વરસાવે છે. અમે ખાવાનું માગીએ તો એ અમારી ખેતી ઉગાડે છે. એ

૧. કુસ્બહના અર્થ આંતરડાં પણ થાય છે અને લાંબા-ખોખળાં હાડકાં તથા વાળોની લટને પણ કુસ્બહ કહે છે.

૨. બહીરહ, સાઇબહ, વસીલહ, હામી- ચાર ઊંટો અને ઊંટણીઓ વગેરેના નામો છે જેને અરબના લોકો રખડતાં મૂકી દેતા હતા. એનું બયાન પ્રકરણ ૧૮માં આવે છે.

૩. તે સમયે બલકા સીરિયાનો તે ઇલાકો હતો જેમાં ફલસ્તીન, જોર્ડાન વગેરે શામિલ હતાં. મતલબ કે ડેડ-સીના દક્ષિણ-પૂર્વે આવેલા પૂરા ઇલાકાનું નામ બલકા હતું. બાદમાં અંગ્રેજોએ એના ભાગલા પાડી નાખ્યા. મુઆબ-મવઅબ-મુઅબ આ વસતિનું નામ બાઇબલમાં પણ આવેલું છે. (ઇબ્ને હિશામનો હાશિયો)

૪. અમાલિકા : બલકાના પ્રદેશમાં વસનારી એક પ્રાચીન કૌમનું નામ જે હઝરત નૂહ અલૈહિસ-સલામના પુત્ર સામના પ્રપૌત્ર અમલીકના વંશમાંથી હતી. અમલીક બિન ઉવદ બિન ઇરમ બિન સામ બિન નૂહ. મુલ્કે-મિસરના બધા ફિરઔન બાદશાહો એજ અમલિકના વંશમાંથી હતા અને અમાલિકા કહેવાય છે. (કામૂસુલ-કુર્આન પેજ ૩૮૨) "હ"

અમને રોજી-રોટી આપે છે. આફતો અને સંકટોથી બચાવે છે. અમારી દરેક જરૂરત પૂરી કરે છે. મતલબકે અમારા દરેક કામમાં જ્યારે અમે મદદની પ્રાર્થના કરીએ તો એજ ભગવાનો અમારી મદદ કરે છે."

અમ્ર બિન લહુય્યે તેઓને વિનવણી કરી, "ત્યારે હે ભાઈઓ એમાંની એકાદ મૂર્તિ મને નહિ આપો? હું એને અરબની ભૂમિમાં લઈ જઈશ. ત્યાંના લોકો પણ એની બંદગી કરશે."

અમાલીકના મૂર્તિપૂજકોએ એની દરખાસ્ત સ્વીકારીને પથ્થરની એક મૂર્તિ એને આપી દીધી. આ મૂર્તિનું નામ હુબલ હતું. અમ્ર બિન લહુય્ય આ મૂર્તિને ધર્મભાવનાથી મક્કહ લઈ ગયો અને એક સ્થળે તેનું પ્રસ્થાપન કરીને લોકોને તેની બંદગી તથા પૂજાપાટનો હુકમ આપી દીધો.[1]

અરબોમાં પથ્થરપૂજાનો ચેપી રોગ————ઈબ્ને ઈસ્હાક કહે છે : અરબ ઈતિહાસકારોની માન્યતામાં અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદમાં, એક અલ્લાહને છોડીને પથ્થરની પૂજાનો પાયો નાખનાર એજ અમ્ર બિન લહુય્ય હતો.પહેલવહેલાં મક્કહના લોકો હુબલ નામે મૂર્તિની પૂજા કરવા લાગ્યા જેને અમ્ર બિન લહુય્ય મુલ્કે-શામના મુશરિકો પાસેથી ઉપાડી લાવ્યો હતો. કાળની ગતિ સાથે આજુબાજુના લોકો પણ પથ્થરની પૂજા તરફ વળતા ગયા. પછી એવો નિયમ થઈ પડયો કે મક્કહવાસીઓ પર જયારે તંગદસ્તી આવી પડતી અને ભૂખમરાને ટાળવા રોજીની શોધમાં પરદેશ ખેડતા તો મક્કહથી ઊપડતી વેળા કઅબહના હરમનો એકાદ પથ્થર ધર્મશ્રધ્ધાથી પોતાની સાથે પ્રવાસમાં લઈ જતા. કેમકે કઅબહ પેઠે હરમના પથ્થરો પણ તેઓ કને પવિત્ર કે ભકિતને પાત્ર ગણાતા હતા. પછી જ્યારે પ્રવાસમાં કોઈ સ્થળે પડાવ નાખતા તો એ પથ્થરને જમીનમાં ખોસીને તેની ચોગર્દમ તવાફ કરતા. જેવી રીતે હરમમાં આવેલા કઅબહનો તવાફ કરવામાં આવે છે. તવાફ પછી એ પથ્થરની પૂજાપાટની ક્રિયાઓ કરતા અને પોતાની જે કંઈ હાજતો કે મુરાદો હોય તે પથ્થરના એજ ભગવાન પાસેથી માગી લેતા.

પછી કાળની ગતિ સાથે એવો સમય આવ્યો કે પથ્થરનો ભાર વેંઢારીને પ્રવાસમાં ફરતા રહેવાનું તેઓને ભારરૂપ લાગ્યું. ત્યારે હરમના પવિત્ર પથ્થરોને તેઓએ પડતા મૂકી દીધા અને પડાવના સ્થળેથી જ કોઈ મનગમતો સારા આકારનો પથ્થર ઉપાડી લઈને તેને જ ભગવાન તરીકે પૂજવા લાગી ગયા.

અરબોની આંખે ગુમરાહીના પાટા————એજ દશામાં પેઢીઓની પેઢીઓ પસાર થઈ ગઈ. અલ્લાહની તવહીદના મૂળ મઝહબને તેઓ વિસારી બેઠા. હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલના અસલી આકાશી ધર્મને તરછોડીને મૂર્તિપૂજાનો ધર્મ ગ્રહણ કરી લીધો. તેઓના બાપદાદા જે ગુમરાહીમાં પડેલા હતા તેજ ગુમરાહીમાં પડીને મૂર્તિપૂજાનું આંધળું અનુકરણ કરવા લાગી ગયા. આમ છતાં હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામના યુગની કેટલી ધાર્મિક ક્રિયાઓ અને રીતરિવાજો તેઓમાં બાકી રહી ગયા. જેમકે કઅબહનો એહતેરામ, કઅબહનો તવાફ, હજ્જનો એહરામી પોશાક, ઉમ્રહની વિધિઓ અને ક્રિયાઓ, અરફાત અને મુઝદલિફહનો

---

૧. અરબનો મશહૂર ખુઝાઅહ નામે કબીલો એજ અમ્ર બિન લહુય્યના વંશમાંથી છે. અમ્રથી પહેલાં જુરહુમ કબીલાના લોકો મક્કહ અને કઅબહની સત્તા ભોગવતા હતા. હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની શાદી જુરહુમ કબીલાના સરદાર મુદાદ બિન અમ્રની બેટી સાથે થઈ હતી. હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની વફાત બાદ સત્તા આપના વડા પુત્ર નાબિતના હાથમાં આવી. નાબિત પછી જુરહુમ કબીલાના લોકો સત્તાના માલિક બની ગયા. તે વેળા અમ્ર બિન લહુય્ય તેના ખુઝાઅહ કબીલાનો સરદાર હતો. તેણે જુરહુમના લોકો સાથે લડીને મક્કહની સત્તા પડાવી લીધી અને જુરહુમના લોકોને મક્કહથી હાંકી કાઢીને પોતે કઅબહનો મુતવલ્લી બની ગયો. મુલ્કે-શામથી પાછા ફરતાં ત્યાંથી હુબલ નામની મૂર્તિ ઉપાડી લાવ્યો અને તેને કઅબહની છત પર ગોઠવીને પોતાની કૌમને તેની બંદગી કરવાનો હુકમ ફરમાવી દીધો. કુરૈશના લોકો મુસલમાનો સાથેની લડાઈઓમાં એજ હુબલ ભગવાનના જય જયકારા ગજાવતા હતા. (સીરતુન-નબી જિ.૧ પા. ૧૨૦) "હ"

કિયામ, જાનવરોની કુરબાની, હજ્જ પ્રસંગે લબ્બૈકના પોકાર વગેરેની પરંપરા તેઓમાં જળવાઇ રહી હતી. જો કે એમાં કેટલીક ઉપજાવી કાઢેલી બિદઅતો પણ તેઓએ ઘુસાડી દીધી હતી. જેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના યુગમાં કિનાનહ અને કુરૈશ કબીલાના લોકો અહરામી પોશાકમાં લબ્બૈક આ રીતે પોકારતા હતા :

લબ્બૈક !	અમે હાજર છીએ તારા દરબારમાં !
અલ્લા-હુમ્મ લબ્બૈક !	હે અલ્લાહ ! અમે હાજર છીએ !
લબ્બૈક ! લા શરીક લક !	અમે હાજર છીએ ! કોઇ તારો ભાગીદાર નથી;
ઈલ્લા શરીક હુવ-લકા.	અલબત્ત એક તારો ભાગીદાર છે, તે તારો જ છે.
તમલિકુ- હૂ વમા મલક.	તું જ તેનો માલિક છે, અને તે તારો માલિક નથી.

આ રીતે લબ્બૈક પોકારીને અલ્લાહના એક હોવાનો પણ ઈકરાર કરતા હતા અને સાથે અલ્લાહના ભાગીદાર તરીકે પોતાના લેભાગુ ભગવાનને પણ ઘુસાડી દેતા હતા અને એવું પણ જાહેર કરતા કે અમારો ભગવાન અલ્લાહનો ભાગીદાર હોવા છતાં, તેને જેટલા અધિકારો મળેલા છે એ બધા અધિકારોનો મૂળ માલિક પણ અલ્લાહ જ છે. એટલે જ અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફરમાવ્યું:

વમા યુઅમિનુ અકસરુ હુમ બિલ્લાહિ	એમાંના ઘણાખરા ઈમાન ધરાવે છે અલ્લાહ પર
ઈલ્લા વહુમ મુશરિકૂન.	પણ એવી રીતે કે તેની સાથે ભાગીદાર પણ ઠરાવે છે.

એટલે આ મુશરિકો એવા લોકો છે જેઓ મારા એક હોવાનો ઈકરાર તો કરે છે પણ એની સાથે જ મારી મખ્લૂકમાંથી પોતાના કોઈ ભગવાનને મારો ભાગીદાર પણ ઠરાવે છે. [૧]

હઝરત નૂહની કૌમના સંતપુરૂષોની મૂર્તિઓ———અલ્લાહના પયગમ્બર હઝરત નૂહ અલૈહિસ-સલામની કૌમના લોકો પણ મૂર્તિપૂજાના પાપમાં સંડોવાયેલા હતા. તેઓની પાસે પણ ઘણી મૂર્તિઓ હતી જેની તેઓ બંદગી કરતા હતા. અલ્લાહ તઆલાએ કુર્આનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એના સમાચાર આ રીતે આપ્યા:

વ કાલૂ લા તઝરૂન્ન આલિહત્-કુમ	અને તેઓ બોલ્યા, હરગિઝ છોડશો નહિ પોતાના ભગવાનોને,
વલા તઝરૂન્ન વદ-દંવ વલા સુવાઅંવ	અને છોડશો નહિ વદ્દને અને ન સુવાઅને,
વલા યગૂસ વ યઊક વ નસ્રા.	અને ન યગૂસને, ન યઊકને, ન નસ્રને.
વ કદ્ અદલ્લૂ કસીરા.	અને બેશક તેઓએ ભટકાવી માર્યા ઘણા ખરાને.

એજ મુજબ હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદ અને તે યુગના બીજા લોકોએ બાપદાદા તરફથી મળેલા આકાશી ધર્મને છોડીને પથ્થરની પૂજા શરૂ કરી તો પોતાના ભગવાનોની મૂર્તિઓના નામ પણ હઝરત ઈસ્માઈલની અવલાદ જેવા રાખવા લાગ્યા, જેની વિગત આ છે:

સુવાઅ ભગવાનની મૂર્તિ———હુઝૈલ બિન મુદરિકહ બિન ઈલ્યાસ બિન મુદરનો કબીલો સુવાઅ નામે ભગવાનની મૂર્તિ બનાવીને તેની પૂજા કરતો હતો. તેઓએ રુયાત અથવા રૂહાત સ્થળે મંદિર બાંધીને તેમાં

૧. આજના મુશરિકો એટલે મૂર્તિપૂજકો પણ એવી જ માન્યતા ધરાવે છે. તેઓ એક અલ્લાહને પણ માને છે પણ અલ્લાહના ભાગીદાર તરીકે ભક્તિ પોતાના ભગવાનની મૂર્તિની કરે છે. કોઇ પણ મૂર્તિપૂજકને પૂછી જુઓ, એક અલ્લાહનો કદી તે ઇન્કાર કરવાનો નથી. ''હ''

આ મૂર્તિની સ્થાપના કરી હતી. (રૂહાત યા રુહાત સ્થળ યમ્બૂઅના પ્રદેશમાં આવેલું છે.)[૧]

વદ્દ ભગવાનની મૂર્તિ——————કુદાઅહ કબીલાની કૂખમાંથી નીકળેલા કલ્બ બિન વબરા બિન તુગલબ બિન હલવાન બિન ઈમરાન બિન અલહાફના લોકો દૂમતુલ-જન્દલ સ્થળે વદ્દ નામે મૂર્તિની સ્થાપના કરીને તેને પગે લાગતા હતા અને તેને પોતાનો ભગવાન માનીને જીવન જરૂરિયાતની વસ્તુઓ માગતા હતા અને બંદગીની ક્રિયાઓ કરતા હતા.

ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ બહુ મોટા શાઈર અને અરબી ભાષાના અદીબ હતા. એમણે મૂર્તિપૂજકોના ભગવાનો વિષે કહ્યું છે.

વ નન્સલ-લાત વલ-ઉઝઝા વ વદ્દૂન, • વ નસ્લુબુ - હલ - કલાઈદા વશ - શુનૂફા.

અમે હવે લાત, ઉઝઝા અને વદ્દ નામે ભગવાનોને ભૂલી જઈશું અને તેઓના ગળાંના હારતોરા તથા કાનની બાલીઓને લૂંટી લઈશું. [૨]

યગૂસ ભગવાનની મૂર્તિ——————બનૂ તયના કબીલામાંથી અન્ઉમ બિન તય બિન ઉદદ્દ બિન માલિક બિન મઝહિજના લોકો તથા જુરશવાસીઓ યગૂસ નામે ભગવાનની મૂર્તિના પૂજારી હતા. યગૂસની મૂર્તિને તેઓએ યમનમાં જુર્શ સ્થળેના મંદિરમાં સ્થાપેલી હતી. [૩]

યઊક ભગવાનની મૂર્તિ——————ઇબ્ને ઈસ્હાક કહે છે : હમદાન બિન માલિક બિન ઝૈદ બિન રબીઅહ બિન ઔસલહ બિન ખયાર બિન માલિક બિન ઝૈદ બિન કહલાન બિન સબાની શાખમાંથી ખૈવાન કબીલાના લોકો, યમનના હમદાન નામે સ્થળે યઊક ભગવાનની મૂર્તિ ગોઠવીને તેની આરાધના અને બંદગી કરતા હતા. [૪] એજ હમદાન કબીલાના ઔસલહ બિન રબીઅહ બિન માલિક નામના શાઈરે આ શેઅર કહ્યો છે:

યરીશુલ - લાહે ફીદ - દુન્યા વ યબરી, • વલા યબરી યઊકુ વલા યરીશ.

અલ્લાહ તઆલા જ દુનિયામાં લાભ અને નુકસાન પહોંચાડે છે અને યઊક કોઈને ન નુકસાન પહોંચાડી શકે છે ન લાભ પહોંચાડી શકે છે. (ઇન્સાનને કોઈ નુકસાન પહોંચે તો તે તેના કરતૂતોને આભારી હોય છે.)

નસ્ર ભગવાનની મૂર્તિ——————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ હિમ્યરની કૌમમાંથી ઝુલ-કલાઅ કબીલાના લોકો નસ્ર નામે ભગવાનના પૂજારી હતા. યમનની હિમ્યરી વસતિમાં આવેલા મંદિરમાં નસ્ર ભગવાનની મૂર્તિ ગોઠવેલી હતી જ્યાં તેઓ તેની બંદગીની ક્રિયાઓ કરતા હતા.[૫]

અમાઈસ અથવા અમ્મે-અનસની મૂર્તિ——————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ખવલાન કબીલાના લોકો અમ્મે-અનસ અથવા અમાઈસ નામે ભગવાનના પૂજારી હતા. ખવલાન કબીલાની વસતિનું નામ પણ

---

૧. સુવાઅ ભગવાનની મૂર્તિને તેઓએ સ્ત્રી એટલે દેવીના આકારે કંડારેલી હતી. ''હ''

૨. વદ્દ ભગવાનનો આકાર પડછંદ કાયાના પુરૂષ જેવો હતો. કુરૈશના લોકો પણ એની ભક્તિ કરતા હતા અને એને વદ્દને બદલે વુદ્દ કહેતા હતા. એજ ભગવાનને નામે કુરૈશના એક શખ્સનું નામ અબ્દે-વુદ્દ હતું. જેનો બેટો અમ્ર બિન અબ્દે-વુદ્દ મક્કહનો મશહુર પહેલવાન હતો જે જંગે-ખન્દકમાં હઝરત અલીના હાથે માર્યો ગયો હતો. ''હ''

૩. યગૂસનો આકાર સિંહ જેવો હતો. એના જ નામે અરબના લોકો અબ્દે-યગૂસ નામ રાખતા હતા. ''હ''

૪. યઊક ભગવાનની મૂર્તિનો આકાર ઘોડા જેવો હતો. ''હ''

૫. નસ્ર ભગવાનની મૂર્તિ ગીધ પક્ષીના આકારે કંડારેલી હતી. ''હ''

ખવલાન હતું. તેઓએ એક મંદિરમાં આ ભગવાનની મૂર્તિની સ્થાપના કરી હતી. આ લોકો પોતાના ઢોરઢાંખર અને ખેતીવાડીના પાકના બે ભાગ પાડતા હતા. એક ભાગ પોતાના ભગવાનના ચરણોમાં નજરાણા તરીકે અર્પણ કરતા હતા. બીજો ભાગ અલ્લાહના નઝરાણા તરીકે અલગ રાખતા હતા. જ્યારે અમ્મે-અનસના નઝરાણામાં કંઇ કમી થઇ જતી તો અલ્લાહના ભાગમાંથી ઉપાડીને એ કમી પૂરી કરી લેતા. પણ જો અલ્લાહના નઝરાણામાં કંઇ કમી થઇ જતી તો ભગવાનના નઝરાણાવાળા ભાગમાંથી દાણો સુધાં નહિ ઉપાડતા. તફસીરકારોના મંતવ્ય મુજબ એજ લોકો વિશે કુર્આનની આ આયત નાઝિલ થઇ છે : "વ જઅલૂ લિલ્લાહિ મિમ્મા ઝરઅ મિનલ-હર્સિ વલ અન્આમ........"તરજુમોઃ

"અને આ મુશરિક લોકો અલ્લાહની જ પૈદા કરેલી ખેતી અને ઢોરોમાંથી એક ભાગ અલ્લાહનો ઠરાવે છે. ત્યારે પોતાના ગુમાનથી તેઓ કહે છે. કે આ ભાગ અલ્લાહનો છે અને આ ભાગ અમારા ભગવાનો માટેનો છે. પછી જે ભાગ તેઓના ભગવાનોનો હોય છે તે અલ્લાહની તરફ પહોંચતો નથી. પણ જે ભાગ અલ્લાહનો હોય છે તે તેઓના ભગવાનો તરફ પહોંચી જાય છે. કેવો કઢંગો ફેસલો કરે છે આ લોકો ?"[૧]

બનૂ મલકાનનો ભગવાન સઅદ————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ મલકાન બિન કિનાનહ બિન મુદરિકહ કબીલાનો સઅદ નામે એક ભગવાન હતો. આ સઅદ ભગવાન પથ્થરની લાંબી ચટાણના આકારે જંગલમાં લાંબો થઇને પડેલો હતો. એક વેળા મલકાન કબીલાનો એક વેપારી પોતાના વેપારી ઊંટોને એવી ધર્મશ્રધ્ધાએ અહીં લઇ આવ્યો કે સઅદ ભગવાનની કૃપાદ્રષ્ટિથી ઊંટોમાં બરકત થશે અને બજારમાં ભાવ પણ સારો મળશે. પરંતુ જ્યારે ઊંટોની નજર સઅદ ભગવાન પર પડી તો ડરના માર્યા બધાં ઊંટો દુમ દબાવીને એવાં નાઠાં કે વેપારી પણ હયરાન રહી ગયો કે આ શુ થયું ?

હકીકતમાં કારણ આ હતું કે સઅદ ભગવાનના શ્રધ્ધાળુઓએ કુરબાનીના જાનવરોનું લોહી રેડીરેડીને ભગવાનનો ચેહરો બિહામણો બનાવી દીધો હતો. તેની દહેશતથી ભડકીને ઊંટો જંગલમાં નાઠા હતાં. આ તમાશો જોઇને ઊંટોના માલિકનો મિજાજ ગયો. એજ વેળા એક મોટો પથ્થર ઉપાડીને તેણે ભગવાનની ખોપરીએ દઇ માર્યો અને ધિક્કારથી બોલ્યો, "ખોડપગા ! તું કેવો ભગવાન કે બરકતને બદલે મારાં ઊંટો ભગાડી દીધાં!"[૨]

એ પછી ઊંટોનો વેપારી નાઠેલા ઊંટોની તલાશમાં નીકળી પડયો અને મહામેહનતે બધા ઊંટોને ઘેરીઘારીને એક સ્થળે ભેગાં કરી દીધાં. ત્યારે તે આ કડીઓ લલકાર્યો :

અતૈના ઇલા સઅદિન લ-યજમઅ શિમ્લના, • ફશત - તત્ના સઅદુન ફલા નહનુ મિન સઅદે.

અમે સઅદ ભગવાન પાસે એવી ભાવનાએ આવ્યા કે તે અમારાં બિછરેલા ઊંટોને ભેગા કરી દેશે પણ એ ખોડપગાએ તો અમને ઓરબી પરેશાન કરી નાખ્યા. એવા સઅદ ભગવાન સાથે અમને શું લાગે વળગે?

વ હલ **સઅદુ** ઇલા **સખ્રતુન બિ-તનૂ** - ફતિન, • મિનલ અર્દિ લા તદઉ લિ-ગૈયિંવ - વલા રૂશદિ.

અને આ સઅદ ભગવાન જંગલમાં પડેલા પથ્થર સિવાય છે શું ? જે ન કોઇને સીધા રસ્તે દોરી શકે છે ન કોઇને અવળા રસ્તે ભટકાવી શકે છે.

૧. સૂરએ-અન્આમ પારહ ૮ આયત ૧૩૬

૨. ગુજરાતી કહેવત મુજબ દેવ લાકડાંના તો હાર ખ સડાંનો તે આનું નામ ! "હ"

કુરૈશનો હુબલ ભગવાન————ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહના કુરૈશનાં હુબલ નામે ભગવાન હતો. કઅબહ પાસેના એક કૂવા પર કુરૈશે તેનું આસન સ્થાપેલું હતું. ઇબ્ને હિશામ કહે છે : કુરૈશના હુબલ ભગવાનની વિગત આગળ જતાં ઇન્શા અલ્લાહ તેના પ્રસંગે રજૂ કરીશ.

એવી જ રીતે દૌસ નામના સ્થળે અમ્ર બિન હમુમહ દૌસીનો એક ભગવાન હતો. ઇબ્ને હિશામ કહે છે: આ દૌસ, ઉદસાન બિન અબ્દુલ્લાહ બિન ઝહરાન બિન કઅબ બિન હારિસ બિન અબ્દુલ્લાહ બિન માલિક બિન નસ્ર બિન અસદ બિન ગૌસનો બેટો હતો. ઇબ્ને હિશામ કહે છે : એનું બયાન પણ ઇન્શાઅલ્લાહ તેના સ્થળે વિગતથી રજૂ કરીશ.

કુરૈશના ઇસાફ અને નાએલહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : હુબલ ઉપરાંત ઇસાફ અને નાએલહ નામે બે મૂર્તિઓ કુરૈશે ઝમઝમ કૂવાના સ્થળે ગોઠવેલી હતી. અહીં કુરૈશના લોકો આરાધના-ઉપાસના કરતા હતા અને મૂર્તિઓની વેદી પર પ્રાણીઓના બલિદાન આપતા હતા.

ઇસાફ નામે જે મૂર્તિની કુરૈશના લોકો પૂજા કરતા હતા, હકીકતમાં ઇસાફ જુરહુમ કબીલાના એક ગભરૂ યુવકનું નામ હતું અને નાએલહ એજ કબીલાની એક રૂપવાન કન્યા હતી. ઇસાફના બાપનું નામ બગી હતું અને નાએલહ, દીક નામે ગૃહસ્થની પુત્રી હતી. એક વેળા બંને કઅબહની અંદર ભેગાં થઇ ગયાં. શયતાને ઇસાફને બહેકાવ્યો અને તે નાએલહ પર સવાર થઇ ગયો. એટલે બદકારીના ગોઝારા પાપથી તેઓએ અલ્લાહના ઘરને નાપાક કરી નાખ્યું. એની શિક્ષા તરીકે બંનેને અલ્લાહ તઆલાએ પથ્થરના પૂતળાં બનાવી દીધાં.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્ર બિન મુહંમદ બિન અમ્ર બિન હઝમએ, બીબી અમ્રહ બિન્તે અબ્દુર્રહમાન બિન સઅદ બિન ઝુરારહની રિવાયત કહી સંભળાવી. બીબી અમ્રહનું બયાન છે કે મેં હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાના મુખે સાંભળ્યું. તેઓ ફરમાવ્યા કરતાં કે, ''અમે તો બચપનથી એવું જ સાંભળતાં આવ્યાં કે ઇસાફ અને નાએલહ બનૂ જુરહુમ કબીલાના યુવક-યુવતી હતાં. બંનેએ કઅબહમાં એક નવી જ વાત ઉપજાવી કાઢી, એટલે અલ્લાહના પવિત્ર ઘરમાં વ્યભિચારનું પાપ આચરી બેઠાં. આથી પહેલાં આવું ગોઝારૂં પાપ કઅબહમાં કોઇએ આચર્યું ન હતું. અલ્લાહ તઆલાએ અઝાબ રૂપે બંનેને પથ્થરના પૂતળાં બનાવી દીધાં.'' આ રસૂલના પાક બેગમ હઝરત આઇશહની રિવાયત છે.

અરબના ઘરેઘરમાં મૂર્તિઓની પૂજા————ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબભરના તમામ કબીલાઓમાં અને દરેક કબીલાના ઘરેઘરમાં મૂર્તિપૂજાનો રિવાજ ચાલુ થઇ ગયો હતો. દરેક બિરાદરી અને દરેક કુટુંબના સભ્યોએ પોતાના નોખા ભગવાનની નોખી મૂર્તિ ઘડીને પોતાના ઘરમાં ગોઠવી દીધી હતી. એને જ તેઓ પોતાનો ભગવાન માનીને બંદગીની તમામ ક્રિયાઓ કરતા હતા. પ્રવાસે ઊપડતા કે પ્રવાસેથી પાછા ફરતા ત્યારે સૌ પ્રથમ એજ મૂર્તિના ચરણનો સ્પર્શ કરતા. તેના ચરણોમાં પોતાનું માથું ટેકવી દેતા. મૂર્તિપૂજાની આ દશા અને પરંપરા એમજ ચાલતી રહી ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ પોતાના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તવહીદના છડીદાર બનાવીને આ જગતમાં જાહેર કર્યા અને જ્યારે આપે એક અલ્લાહની તવહીદનો પોકાર પાડયો તો મક્કહના કુરૈશ અચરજ પામીને બોલી ઉઠયા : (કુર્આનના શબ્દોમાં)

અ - જઅલલ આલિહત્	અરે ! એણે તો બનાવી દીધો અનેક ભગવાનોનો
ઇલાહંવ - વાહિદા.	ફકત એક જ ભગવાન !
ઇન્ન હાઝા લ-શયઉન ઉજાબ.	ખરેખર આ તો અજબ જેવી વાત છે !

Martabe Ashraf

તાગૂતના મંદિરો અને દેરાસરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : અરબોએ ખાનએ-કઅબહની સાથે સાથે દેવી-દેવતાઓના કેટલાંક મંદિરો, મૂર્તિધામો, દેવસ્થાનો કે દેરાસરો પણ પોતપોતાની વસતિઓમાં બનાવી લીધાં હતાં. તાગૂતના આ મૂર્તિધામોની તેઓ કઅબહ પેઠે જ માનમર્યાદા જાળવતા હતા. ત્યાં પણ તેઓએ મુજાવરો, પુરોહિતો, પંડિતો અને દરવાનો ગોઠવી દીધા હતા. કઅબહ પેઠે અહીં પણ નઝરો-નિયાઝ અને ભેટસોગાતની વસ્તુઓ ચઢાવવામાં આવતી. કઅબહ પેઠે તેનો તવાફ કરવામાં આવતો. તેની વેદી પર પ્રાણીઓનું બલિદાન આપવામાં આવતું. આમ છતાં કઅબહને તેઓ મંદિરો કે મૂર્તિધામો પર શ્રેષ્ઠતા આપતા હતા. મંદિરો કરતાં કઅબહનું વધારે માન જાળવતા હતા. કેમકે જાણતા હતા કે તાગૂતના મંદિરો તો અમે પોતે બનાવેલાં છે ત્યારે કઅબહ તો અલ્લાહનું ઘર છે. અલ્લાહની બંદગી માટેની મસ્જિદ છે જેનું ચણતર અલ્લાહના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામએ કરેલું છે. [1]

ઉઝઝા અને તેના મુજાવરો————કુરૈશ અને કિનાનહ કબીલાની નખ્લહ સ્થળે એક દેવી હતી જેનું નામ ઉઝઝા હતું. એના મુજાવરો અને દરબાનો બનૂ હાશિમના વિરોધપક્ષવાળા શૈબાન બિન સુલૈમ બિન મનસૂર બિન ઈકરિમહ બિન ખસફા બિન કૈસ બિન ઐલાનના કુટુંબીજનો હતા જેઓ ખાસ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબના હરીફો કે પ્રતિસ્પર્ધીઓ હતા.

તાઈફના લાત ભગવાનની મૂર્તિ————ઈબ્ને ઈસ્હાક કહે છે : તાઈફ શહેરમાં એક સ્થળે લાત ભગવાનની મૂર્તિ ગોઠવેલી હતી. એના મુજાવરો, દરબાનો અને પૂજારીઓ બનૂ મુઅત્તબ કબીલાના લોકો હતા જેઓ તાઈફના મશહૂર સકીફ કબીલાની શાખમાંથી હતા. (લાત અને ઉઝઝાનું બયાન કુર્આનમાં પણ થયેલું છે.)

ઔસ અને ખઝરજનો ભગવાન મનાત————ઈબ્ને ઈસ્હાક કહે છે : યસ્રિબ એટલે મદીનહવાસીઓમાંથી ઔસ અને ખઝરજના કબીલા તથા તેઓના સહધર્મીઓના ભગવાનની એક મૂર્તિનું નામ મનાત હતું. આ મૂર્તિને તેઓએ મુશલ-લલ પહાડ પાસે સમુદ્રકાંઠેના ''કુદૈદ'' સ્થળે ગોઠવેલી હતી. આ તેજ મનાત મૂર્તિ છે જેના ખંડન માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ સુફયાન બિન હર્બને મોકલ્યા હતા. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકના કથન મુજબ હઝરત અલી બિન અબી તાલિબને મોકલાવીને એનું ખંડન કરાવ્યું હતું. [2]

ઝુલ-ખલ્સહની મૂર્તિ————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક ભગવાનનું નામ ''ઝુલ-ખલ્સહ'' હતું. એની મૂર્તિને દૌસ, ખસ્અમ, બજીલહ અને આજુબાજુની વસતિઓના અરબો પૂજતા હતા. આ તે ભગવાન છે જેની મૂર્તિના વિનાશ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલી રદિયલ્લાહુ અન્હુને હુકમ ફરમાવ્યો હતો. હઝરત જરીરે આ મૂર્તિનું ખંડન કર્યું હતું.

બનૂ તૈયનો દેવ ફલિસ————ઈબ્ને ઈસ્હાક કહે છે : ફલિસ નામે દેવની મૂર્તિને બનૂ તૈયના કબીલા ઉપરાંત પહાડી પ્રદેશના લોકો પૂજતા હતા. આ મૂર્તિને તેઓએ સલમા અને અજા નામે બે પહાડોની વચ્ચે ગોઠવેલી હતી. એના ખંડન માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુને મોકલ્યા હતા. મૂર્તિને તોડતાં જ તેના પેટમાંથી બે તલવારો નીકળી પડી. એકનું

૧. તાગૂતના અર્થ શયતાન, જાદૂગર, પથ્થરની મૂર્તિ, લેભાગુ ભગવાન, બંડખોર વગેરે થાય છે. અલ્લાહ વગર એવી દરેક વસ્તુ જેની પૂજા કરવામાં આવે જેમકે દેવી, દેવતા, શયતાન જિન્નાત-પથ્થરની મૂર્તિ વગેરે તાગૂત કહેવાય છે. (કામૂસુલ-કુર્આન પેજ ૩૧૨)''હ''

૨. કુદૈદ : મક્કહ અને મદીનહ વચ્ચે આવેલું એક સ્થળ.

Maktabe Ashraf

નામ રસૂબ હતું બીજીનું નામ મિખઝમ હતું. બંને તલવારો હઝરત અલીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરી દીધી.પરંતુ આપે બંને તલવારો હઝરત અલીને જ ઇનાયત કરી દીધી. ત્યારે હઝરત અલી આ તલવારોના માલિક બન્યા.

યમનનું રિઆમ મંદિર————ઈબ્ને ઈસ્હાક કહે છે : હિમ્યર અને યમનવાસીઓનું રિઆમ નામે એક મંદિર યમનના સનઆ શહેરમાં આવેલું હતું. એનું બયાન યમનના તુબ્બઅ બાદશાહના પ્રકરણમાં આવી ગયું છે. યહૂદી પાદરીઓએ આ રિઆમ મંદિર તોડયું તો એક કાળું કૂતરૂં મંદિરમાંથી નીકળીને ઝપાટાભેર દોડવા લાગ્યું. પાદરીઓએ તેને ઝડપી લઈને મારી નાખ્યું. એ કૂતરાંના રૂપે મંદિરમાં ભરાય બેઠેલો શયતાન હતો જેને "તાગૂત" કહેવામાં આવે છે.

બનૂ રબીઅહનું રુદા મંદિર————ઈબ્ને હિશામ કહે છે : બનૂ રબીઅહ બિન કઅબ બિન સઅદ બિન ઝૈદ મનાત બિન તમીમના લોકોનું રૂદા નામે એક દેવાલય હતું જેને ઈસ્લામી યુગમાં તોડી નાખવામાં આવ્યું. આ મંદિરનાં ખંડન વિષે મસ્તુગીર બિન રબીઅહ બિન કઅબ બિન સઅદ નામે શાઈરે આ શેઅર કહ્યો છેઃ

વ લકદ શ-દ-દત્તુ અલા રુદાએ શદ - દતન, • ફ-તરક - તુહા કફરમ બિકાઈન અસ-હમા.

મેં રુદા મંદિરને તોડી નાખવામાં એવા જોરદાર ફટકા માર્યા કે તેનું કચ્ચરઘાણ કરીને તેને કાળી જમીનમાં ફેરવી નાખ્યું.

ઈબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારોનું કહેવું છે કે આ મુસ્તગીર અથવા મુસ્તવગીર શાઈરે ત્રણ સો સાઠ વરસની ઉંમર મેળવી એટલે ત્રણ સો સાઠ વરસ જીવવા પછી તે મરણ પામ્યો. જેમકે એણે પોતે કહ્યું છે :

વ લકદ સઈમ્તુ મિનલ હયાતે વ તૂલિહા, • વ અમર - તુ મિન અ-દ-દિસ સિનીના મઅેના.

જીવન અને જીવનની દરાજીથી હું કંટાળી ગયો છું. હું સેંકડો વરસ જીવી ચૂકયો છું.

મિઅતા હદત - હા બઅદ મિઅતાને લી- • વઝ દ-દ-તુ મિન અ-દ-દિસ શુહૂરે સનીના.

બસો વરસ મારા માટે પોતાની પાછળ બીજા એક સો વરસ લઈ આવ્યાં અને એ ઉપરાંત થોડાંક વધુ વરસો જીવી ચૂકયો છું. આ બધાં વરસો મહિનાઓના દિવસોની સંખ્યામાં છે. (૨૦૦ + ૧૦૦ + ૩૦ = ૩૩૦ વરસો જેટલી મારી ઉંમર થઈ ગઈ છે.)

હલ મા બકા ઈલ્લા કમા કદ ફાતના, • યવમુન યમુર્રૂ વ લૈલતુન તહદૂ - નના.

શું હવે જીવનના જેટલા દિવસો બાકી રહી ગયા છે તે એવા જ નથી જે જોતજોતામાં આપણી પાસેથી પસાર થઈ ગયા છે ? એટલે દિવસ આંખના પલકારામાં પસાર થઈ જાય છે અને રાત આપણને મૃત્યુના મુખ તરફ ધકેલી રહી છે.

ઝુલ-કઅબાતનું મંદિર————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ બક્ર, બનૂ તગલબ, બનૂ વાઈલ અને બનૂ ઈયાદની ઓલાદનું સિન્દાદ સ્થળે એક મંદિર આવેલું હતું જેનું નામ "ઝુલ-કઅબાત" હતું. આ સિન્દાદ સ્થળ મક્કહથી કૂફાના રસ્તે સાત રાતોના વિસ્તારે આવેલું હતું. કેટલાક કહે છે સિન્દાદ એક નહેરનું નામ છે જે હીરહ અને ઉબલહ વચ્ચે આવેલી હતી. આ નહેર પર એક મહેલ હતો જેની અરબના લોકો યાત્રા કરતા હતા.

MaktabeAshraf

પ્રકરણ ૧૮

મૂર્તિપૂજક અરબોના જાહિલી રિવાજો

બહીરહ - સાઈબહ - વસીલહ - હામ [1]

બહીરહ અને સાઈબહ • વસીલહ બકરી • હામ ઊંટની વ્યાખ્યા • બહીરહ વિશે બીજી રિવાયત • સાઈબહ ઊંટણીની હકીકત • જાહિલી રિવાજોનો ઉલ્લેખ કુર્આનમાં

બહીરહ અને સાઈબહ————ઇબ્ને ઈસ્હાક કહે છે : અરબના લોકો સાઈબહ નામે ઊંટણીની માદા અવલાદને બહીરહ કહેતા હતા અને સાઈબહ તે ઊંટણીને કહેતા હતા જે લગાતાર દસ માદા બચ્ચાં જણી નાખે અને વચ્ચે કોઈ નર બચ્ચું પૈદા ન થાય.

જહાલતકાળમાં મૂર્તિપૂજક અરબોમાં એવો રિવાજ હતો કે જે ઊંટણી લગાતાર દસ માદા બચ્ચાં પેદા કરે અને વચ્ચે કોઈ નર બચ્ચું ન જણે તો એવી ઊંટણીને તેઓ ભગવાનને નામે "આઝાદ" કરીને રખડતી મૂકી દેતા હતા. પછી આ ઊંટણીની પીઠ પર ન સવારી કરતા ન તેના વાળ મૂંડતા, ન તેનું દૂધ પીતા. પધારેલા મહેમાન સિવાય કોઈને તેનું દૂધ પીવાનો અધિકાર ન હતો. એવી ઊંટણીને તેઓ સાઈબહ કહેતા હતા. આ સાઈબહ ઊંટણી જો વચ્ચે કોઈ નર બચ્ચું જણી નાખે તો તેઓ આ નર બચ્ચાંના બંને કાનો ચીરીને તેને પણ તેની મા સાથે રખડતું છોડી દેતા હતા.

વચ્ચે નર બચ્ચું જણનારી ઊંટણીને તેઓ બહીરહ કહેતા હતા. બહીરહ ઊંટણીનો પણ તેઓ સવારી તરીકે ઉપયોગ ન કરતા. ન તેના વાળ મૂંડતા, ન તેનું દૂધ પીતા. હા કોઈ મેહમાન પધારે તો તે એનું દૂધ પીવાનો હકદાર ગણાતો હતો.

વસીલહ બકરી————કોઈ બકરી જ્યારે પાંચ હમલમાં દસ માદા બચ્ચાં જણી નાખતી તો મુશરિક

---

૧. ૨ એવાં ઢોરોનાં નામો છે જેઓને અરબના મુશરિકો પોતાના ભગવાનને નામે છુટ્ટાં રખડતાં મૂકી દેતા હતા. એવું બયાન કુર્આને-કરીમમાં આ પ્રમાણે થયું છે :

મા જઅલલ્લાહુ મિમ બહી-રતિંવ	નથી મુકર્રર કર્યો અલ્લાહએ બહીરહને
વલા સાઈ - બતિંવ	અને ન સાઈબહને
વલા વસી-લતિંવ - વલા હામ.	અને ન વસીલહને અને ન હામને.
વલા - કિન્નલ- લઝીન કફરૂ	પણ કુફ્ર કરનારા લોકો
યફ - તરૂન	બુહતાન (આક્ષેપ) થોપે છે
અલલ - લાહિલ - કઝિબ.	અલ્લાહ પર જૂઠો.

સૂરએ માઈદહ પા.૭ આયત ૧૦૩ "હ"

અરબો આવી બકરીને વસીલહ નામે બોલાવતા. જેના અર્થ ''કદ વસલત'' એટલે લગાતાર દસ માદા બચ્ચાં જણીને કમાલની ટોચે પહોંચેલી બકરી ! એ પછી તે જે કંઇ નર કે માદા જણતી તેના હકદાર ફક્ત પુરૂષો ગણાતા. સ્ત્રીઓ માટે એનો ઉપયોગ હરામ લેખાતો. પણ જો એ બકરી મરી જાય તો તેના મુરદાર માંસમાં સ્ત્રી-પુરૂષ સરખી રીતે ભાગીદાર ગણાતા.

હામ ઊંટની વ્યાખ્યા————ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબના લોકો ''હામ'' એવા નર ઊંટને કહેતા જેના બીજથી દસ માદા બચ્ચાં એવી રીતે સતત જન્મ પામે કે વચ્ચે કોઇ નર બચ્ચું પેદા નહિ થાય. આ હાલતમાં હામ ઊંટની પીઠ સુરક્ષિત થઇ જતી એટલે તેની ઉપર ન સવારી કરવામાં આવતી ન તેનું વાળમુંડન કરવામાં આવતું. એને ઊંટોના ધણમાં રખડતું છોડી મૂકતા. ઊંટણીઓ એનાથી ગાભણી થયા કરતી. એ સિવાય હામનો બીજો કોઇ ઉપયોગ ન થતો.

બહીરહ વિષે બીજી રિવાયત————ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબના લોકો બહીરહ એવી ઊંટણીને કહેતા જેના કાન ચીરી નાખેલા હોય, જેની સવારી ન થતી હોય, જેનું વાળમૂંડન ન કરવામાં આવે. જેનું દૂધ મેહમાન સિવાય કોઇ પી ન શકે. આવી ઊંટણીને તેઓ ધર્માદામાં આપી દેતા કે પછી ભગવાનને નામે તેને રખડતી મૂકી દેતા.

સાઇબહ ઊંટણીની હકીકત————સાઇબહની હકીકત એવી છે કે જ્યારે કોઇ ઊંટણીનો માલિક માંદો પડતો અથવા કોઇ સંકટમાં સપડાઇ જતો તો તે એવી બાધા લેતો કે હું સારો થઇ જાઉં યા સંકટમાંથી છૂટી જાઉં તો મારી એક ઊંટણીને હું ભગવાનને નામે આઝાદ કરી દઇશ. પોતાના હેતુમાં સફળતા મળતાં માલિક તેને રખડતી મૂકી દેતો. આવી ઊંટણીને તેઓ સાઇબહ કહેતા. આઝાદી બાદ આ ઊંટણી અહીંતહીં ઘૂમીફરીને કે ડાફાં મારીને પેટ ભરી લેતી. બીજા કોઇ કામમાં તેનો ઉપયોગ ન થતો.

વસીલહ ઊંટણીની હકીકત————અરબના લોકો વસીલહ એવી ઊંટણીને કહેતા જેની મા દરેક હમલમાં બબ્બે બચ્ચાં જણતી-માલિક એમાંથી માદાઓને પોતાના ભગવાન માટે છોડી દેતો અને નરને પોતાને માટે રાખી લેતો. હા, જે હમલમાં માદા સાથે નર બચ્ચું પેદા થતું તો માલિક બોલી ઊઠતા, ''વસલત અખાહા'' એટલે એ પોતાના ભાઇની સાથે ભળી ગઇ. આમ બનતું ત્યારે માલિક આ બહેનની સાથે તેના ભાઇને પણ રખડતો છોડી મૂકતો.

ઇબ્ને હિશામ કહે છે : આ જાહિલી રિવાજોને લગતી જુદી જુદી રિવાયતો આવેલી છે. જે રિવાજનો ઉલ્લેખ પહેલી રિવાયતમાં છે તે બીજીમાં નથી અને બીજીમાં જે ઉલ્લેખ છે તે પહેલીમાં નથી.

સંપાદકની નોંધ————મૂર્તિપૂજક અરબોના આ જાહિલી રિવાજો વિષે તફસીરકારોમાં મતભેદ પ્રવર્તે છે. કારણ આ છે કે અરબોના જુદા જુદા કબીલાઓ, બિરાદરીઓ, ખાનદાનો અને જ્ઞાતિઓમાં અલગ અલગ રિવાજો પ્રચલિત હતા. દરેક સ્થળે એકસરખા રિવાજો ન હોવાથી આ મતભેદ થયો છે. વળી આ રિવાજો મનઘડત હોવાથી તેમાં સંજોગ અનુસાર સુધારા વધારા થયા કરતા. અહીં મૂળ હેતુ આ દર્શાવવાનો છે કે ઉપજાવી કાઢેલા રિવાજોની તેઓ પાસે કોઇ નક્કર દલીલ હતી નહિ. ફક્ત ધર્મને નામે ધતિંગો જેવું ચાલતું હતું. પુસ્તકમાં મૂર્તિપૂજક અરબોના જે જાહિલી રિવાજોનો ઉલ્લેખ થયો છે. તેનો દાખલો આજના જમાનામાં પણ મળે છે. ભગવાનની મૂર્તિઓને અર્પણ કરાયેલાં રખડતાં ઢોરો આજે પણ ગુજરાત અને ભારતના શહેરોમાં જોઇ શકાય છે. ''હ''

Maktabe Ashraf

આ જાહિલી રિવાજોનો ઉલ્લેખ કુર્આનમાં———ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ જયારે પોતાના પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લોકોની હિદાયત માટે દુનિયામાં મોકલ્યા તો આ ખોટા રિવાજોના નિકન્દન માટે કુર્આનમાં કેટલીક આયતો નાઝિલ ફરમાવી :

વ કાલૂ મા	અને તેઓએ કહ્યું, જે કંઇ બચ્ચું
ફી બુતૂનિ હાઝિહિલ-અન્આમ	આ જાનવરોના પેટોમાં છે
ખાલિ-સતુલ-લિ ઝુકૂરિના,	તે ખાસ અમારા પુરૂષો માટે છે.
વ મુહર-રમુન અલા અઝવાજિ-ના.	અને તે હરામ છે અમારી ઔરતો માટે.
વ ઈંય-યકુમ મય-તતન	અને જો એ બચ્ચું મરેલું જન્મે (કે મરી જાય)
ફહુમ ફીહિ શુરકાઅ.	તો તેઓ બધા એમાં ભાગ પડાવે છે.
સયજ-ઝી હિમ વસ-ફહુમ	જલદી શિક્ષા આપશે અલ્લાહ તેઓને આ ખોટી વાતની.
ઈન્નહૂ હકીમુન અલીમ.	બેશક તે હિકમતવાળો મહાજ્ઞાની છે. ૧

(મતલબ આ છે કે મૂર્તિપૂજક અરબોએ એવો કાયદો ઘડયો હતો કે જાનવરના પેટમાંથી જીવતું બચ્ચું નીકળે તો તેને પુરૂષો જ ખાય શકે, સ્ત્રીઓનો તેમાં કોઈ હક નથી. અને જે બચ્ચું મરેલું નીકળે કે મરી જાય તો સ્ત્રી-પુરૂષો બધા તેને ખાય શકે. આ તેઓનો અન્યાયી કાયદો હતો જેની કોઈ સનદ કે દલીલ હતી નહિ. ખાવાપીવાના મામલામાં સ્ત્રી-પુરૂષ વચ્ચે કોઈ ભેદ નથી અને હલાલ-હરામનો કાયદો ઘડવાની અલ્લાહ સિવાય કોઈને સત્તા નથી "હ")

અલ્લાહ તઆલાએ આ મામલા અંગે બીજી આ આયત પોતાના પયગમ્બર પર નાઝિલ કરી :

કુલ અરઐ - તુમ મા અન-ઝલલ-	કહીદો હે નબી ! શું તમે જોયું ને કે જે કંઇ ઉતાર્યું
-લાહુ લકુમ મિર - રિઝકિન	અલ્લાહએ તમારા માટે રોઝીમાંથી
ફ - જઅલ - તુમ મિન્હુ	તો બનાવી લીધું તમે તેમાંથી
હરામંવ - વ - હલાલા.	કોઈને હરામ અને કોઈને હલાલ.
કુલ આલ્લાહુ અઝિના લકુમ	પૂછી જુઓ, શું અલ્લાહએ હુકમ કર્યો છે તમને એનો ?
અમ અલલ-લાહિ તફ-તરૂન.	અથવા અલ્લાહ પર તમે આરોપ મૂકો છો ? ૨

ત્રીજી આ આયત અલ્લાહ તઆલાએ નાઝિલ કરી :

સમાનિયતા અઝવાજ	અલ્લાહએ પૈદા કર્યા આઠ જાતના નર-માદા
મિનદ - દઅનિસ - નૈનિ	ઘેટાંમાંથી બે : (નર-માદા)
વ મિનલ મઅઝિસ- નૈન.	અને બકરાંમાંથી બે : (નર-માદા)
કુલ આઝ - ઝકરૈનિ હર્રમ	પૂછો, શું અલ્લાહએ એ બંને નરોને હરામ કર્યા છે ?
અમિલ - ઉન - સયૈન	અથવા એ બંને માદાઓને હરામ કરી છે ?
અમ્મશ - તમલત અલૈહિ	અથવા (હરામ કર્યું છે) તે બચ્ચું જે રહેલું છે;
અરહા - મુલ - ઉન - સયૈન.	એ બંને માદાઓના ગર્ભમાં ?
નબ-બિઊની બિ - ઈલમિન	જવાબ આપો મને ઈલ્મ (ની દલીલ) થી

૧. સૂરતુલ-અન્આમ પારહ ૮ આયાત ૧૩૯ -

૨. પારહ ૧૧ સૂરએ- યૂનુસ આયત ૫૯

Maktabe Ashraf

ઇન કુન્તુમ સાદિકીન.
વ મિનલ - ઇબિલિસ્ - નૈનિ
વ મિનલ - બકરિસ - નૈન
કુલ આઝ - ઝકરૈનિ હર્રમ
અમિલ - ઉન - સ્યૈન
અમ્મશ - તમ્લત અલૈહિ
અરહા - મુલ ઉન - સ્યૈન.
અમ કુન્તુમ શુહદાઅ ઇઝ
વસ્સા-કુમુલ્લાહુ બિ-હાઝા.
ફ-મન અઝલમુ
મિમ - મનિફ - તરા
અલલ - લાહિલ-કઝિબ.
લિયુદિલ - લન્નાસ.
ઈન્નલ - લાહ લા યહદિલ-
કવમઝ - ઝાલિમીન.

અગર તમે સાચા છો (પોતાના દાવામાં.)
અને (પેદા કર્યા) ઊંટમાંથી બે નર-માદા,
અને (પેદા કર્યા) ગાયમાંથી બે નર-માદા.
પૂછો, શું અલ્લાહએ બંને નરોને હરામ કર્યા છે ?
અથવા બંને માદાઓને હરામ કરી છે ?
અથવા તે બચ્ચું જે રહેલું છે;
બંને માદાઓના ગર્ભમાં ? (તેને હરામ કર્યું છે ?)
શું તમે હાજર હતા તે વેળા જ્યારે કે;
અલ્લાહએ આ (હરામ-હલાલનો) હુકમ આપ્યો હતો ?
તો તે માણસથી વધારે ઝાલિમ કોણ હશે
જે આરોપ મૂકે છે
અલ્લાહ પર જૂઠો
કે જેથી ગુમરાહ કરી નાખે લોકોને.
બેશક અલ્લાહ હિદાયત આપતો નથી
ઝાલિમ લોકોને. (અન્આમ પા. ૮ આયત ૧૪૩-૧૪૪)

સંપાદકની નોંધ————ઉપરની આયતમાં "ઝાલિમીન" શબ્દ આવેલો છે. એનું મૂળ "ઝુલ્મ" શબ્દ છે જેના અર્થ અન્યાય, અત્યાચાર, નાફરમાની, ગુનાહ, કુફ્રો-શિર્ક, મુનાફિકપણું, અંધકાર વગેરે થાય છે. ઝુલ્મથી "ઝાલિમ" શબ્દ બને છે જેના અર્થ અત્યાચારી, અન્યાયી, સિતમકાર, ઝુલ્મગાર, નિર્દય, નાફરમાન, કુફરો-શિર્ક કરનાર વગેરે થાય છે. ઝુલ્મના ત્રણ પ્રકાર છે :

૧.——તે ઝુલ્મ જે એક બંદો પોતાના અલ્લાહના હકોમાં ગુજારે.

૨.——તે ઝુલ્મ જે એક ઈન્સાન પોતાના જ જેવા ઈન્સાનો પર ગુજારે.

૩.——તે ઝુલ્મ જે. એક ઈન્સાન પોતાની જ જાત અને પોતાની જ જાન પર ગુજારે.

એમાંથી કુફ્ર અને શિર્ક ઝુલ્મનો સૌથી આકરો, સૌથી ભૂંડો પ્રકાર છે. શિર્ક એટલે પોતાના ખાલિક અને માલિક એક અલ્લાહને છોડીને બનાવટી ભગવાનોની બંદગી કરવી. કુઆને એને સૌથી મહાન ઝુલ્મ ઠરાવ્યો છે. સૂરએ-લુકમાનમાં છે : "ઈન્નશ-શિર્ક લ-ઝુલ્મુન અઝીમ." એટલે શિર્ક સૌથી મોટો ઝુલ્મ છે. અને આ ઝુલ્મ મુશરિકો કે મૂર્તિપૂજકો પોતાની જ જાત પર અને પોતાના જ જીવ પર ગુજારતા હોય છે અને પોતાના જ હાથે પોતાને જહન્નમી બનાવતા હોય છે. (કામૂસુલ-કુર્આન. પેજ-૩૨૩) "હ"

Maktabe Ashraf

પ્રકરણ ૧૯

પવિત્ર વંશાવળીનું સંકલન

એટલે

(રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક વંશકડીના બાકીના માનવંતા પૂર્વજોનું બયાન)

ખુઝાઅહ કબીલાના લોકોનો દાવો • ખુઝાઅહ નામ પડવાનું કારણ • મુદ્રેકહ અને ખુઝૈમહની અવલાદ • કિનાનહ બિન ખુઝૈમહની અવલાદ • મક્કહના કુરૈશ કોણ લોકો છે ? • કુરૈશ નામ પડવાનું કારણ • નઝ્ર બિન કિનાનહની અવલાદ • ગાલિબ બિન ફિહરની અવલાદ • લુઐય બિન ગાલિબની અવલાદ • સામહ બિન લુઐયનો કિસ્સો • અવફ બિન લુઐયનો કિસ્સો • કઅબ બિન લુઐયની અવલાદ • કિલાબ બિન મુર્રહની અવલાદ.

ખુઝાઅહ કબીલાના લોકોનો દાવો———ઇબ્ને ઇસ્હાક કહે છે : ખુઝાઅહ કબીલાના લોકો એવો દાવો કરે છે કે અમે અમ્ર બિન આમિરની અવલાદમાંથી છીએ અને મુલ્કે-યમન અમારી માતૃભૂમિ હોવાથી અમે યમનવાસીઓમાંથી છીએ.[૧]

ઇબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહ અને બીજા વંશજ્ઞાનીઓ તરફથી મળેલી માહિતીનો ખુલાસો આ છે કે ખુઝાઅહ કબીલાના દાવા મુજબ તેઓ અમ્ર બિન આમિર અથવા અમ્ર બિન રબીઅહ બિન હારિસહ બિન અમ્ર બિન ઇમ્રઉલ-કૈસ બિન સુઅલબા બિન માઝિન બિન અસદ બિન ગૌસની અવલાદમાંથી છે. અને તેઓની માનું નામ ખિન્દીફ છે.

ખુઝાઅહ નામ પડવાનું કારણ———આ કબીલાનું ખુઝાઅહ નામ પડવાનું કારણ એમ બન્યું કે જ્યારે એ લોકો યમનથી હિજરત કરીને મુલ્કે-શામ તરફ ઊપડયા તો રસ્તામાં અમ્ર બિન આમિરના જૂથથી વિખૂટા પડીને "મર્રુઝ-ઝહરાને" સ્થળે જઈ ચડયા [૨] અને પછી કાયમ માટે તેઓએ ત્યાંનો જ વસવાટ

૧. આ અમ્ર બિન આમિર તે ગૃહસ્થ છે જે મઆરિબ સરોવરના બંધની દીવારમાં ઉંદરોને કાણાં પાડતા જોઈને ચેતી ગયો હતો અને ઝટપટ પોતાનો માલસામાન સસ્તા દામે વેચીને એટલે સોના સાટ કરીને પોતાના કુટુંબ-કબીલા સાથે યમનથી નીકળી નાઠો હતો. જુઓ પ્રકરણ નંબર-૨ "હ"

૨. મર્રુઝ - ઝહરાન : મક્કહથી થોડે દૂર આવેલું એક સ્થળ. ખુઝાઅહ કબીલાના લોકો મઅરેબ સરોવરનો બંધ તૂટવાની બીકે અમ્ર બિન આમિરના કબીલા સાથે હિજરત કરીને સીરિયા તરફ જતાં રસ્તામાં પોતાના સાથીઓના કાફલાથી વિખૂટા પડી ગયા હતા. ત્યાંથી તેઓ પોતાના અનુમાન મુજબ આગળ વધ્યા તો અનાયાસે મક્કહ પાસે આવેલા મર્રુઝ - ઝહરાન સ્થળે જઈ ચડયા. અહીંથી આગળ વધવાનું માંડી વાળીને પછી કાયમ માટે ત્યાં જ વસી ગયા. આ રીતે કાફલાથી વિખૂટા પડી જવાને કારણે એમનું નામ ખુઝાઅહ પડી ગયું. એમના બીજા સાથીઓ એટલે અમ્ર બિન આમિરના કાફલાના લોકો આદિવાસીઓ સાથે લડતા-હારતા આગળ વધ્યા અને છેવટે સીરિયા, યસરિબ, સરાહ, ઉમાન વગેરે સ્થળોએ જઈને ઠરીઠામ થયા. (જુઓ પ્રકરણ બીજું.) "હ"

કહાણ કરી લીધો. એટલે મુલ્કે-શામ જઈને અમ્ર બિન આમિરના લોકો સાથે વસવાનો વિચાર માંડી વાળ્યો.

અરબીમાં ખુઝાઅહ શબ્દના અર્થ જૂથમાંથી અલગ પડેલો એક ભાગ. એના માટે અરબીમાં "તખઝઝી" શબ્દ આવે છે જેના અર્થ અલગ થઈ ગયા, પાછળ રહી ગયા, વિખૂટા પડી ગયા વગેરે થાય છે.

હઝરત ઔન બિન ઐયૂબ અનસારી મોટા શાઈર હતા. બનૂ અમ્ર બિન સવાદ બિન ગનમ બિન કઅબ......બિન ખઝરજના કબીલામાંથી હતા. ઈસ્લામના યુગમાં રચેલો તેમનો એક શેઅર છે :

ફલમ્મા હબત્ના બત્ન મર્રિન તખઝ-ઝઅત, • ખુઝાઅતુ મિન્ના ફી ખુયૂલિ કરાકિરી.

જ્યારે અમે મર્રની ખીણમાં પડાવ નાખ્યો તો બનૂ ખુઝાઅહના સંખ્યાબંધ જૂથો ઠેકઠેકાણે અમારાથી વિખૂટા પડી ગયા.

ઈસ્માઈલ બિન રાફિઅ અન્સારી શાઈરે કહ્યું છે :

ફ-ખલ્લત અકા-રીસન વ શન્નત કના-બિલન, • અલા કુલ્લે હૈયિમ બૈન નજદિ વ સાહિલી.

તેઓના જૂથોના જૂથો ઊતરી પડયાં અને ત્યાંના પહાડ તથા કાંઠા વચ્ચે વસનારા તમામ કબીલાઓ અથવા ખાનદાનો પર તેઓના એકેક જૂથે ચોતરફથી આક્રમણ કરી દીધું.

નફવ જુરહુમન અન બત્ને મક્કત વહ-તબવ, • બિ-ઈઝ-ઝિન ખુઝા-ઈયિન શદીદિલ- કવાહિલી.

તેઓએ જુરહુમ કબીલાના લોકોને મક્કહની ખીણથી હાંકી કાઢયા. અને બળવાન બનૂ ખુઝાઅહ માટે પ્રતિષ્ઠા મેળવી લઈને જંપ્યા.

મુદરિકહ અને ખુઝૈમહની અવલાદ----------ઈબ્ને ઈસ્હાક કહે છે : મુદરિકહ બિન ઈલ્યાસના બે પુત્રો હતા. પહેલા પુત્રનું નામ ખુઝૈમહ અને બીજાનું નામ હુઝૈલ હતું. એ બંને પુત્રોની મા કુદાઅહ કબીલાની એક સ્ત્રી હતી.[1]

હવે ખુઝૈમહને ત્યાં ચાર પુત્રોનો જન્મ થયો : (૧) કિનાનહ (૨) અસદ (૩) અસદહ (૪) અને હુન અથવા હોન. એમાં કિનાનહની માનું નામ ઉવાનહ હતું જે સઅદ બિન કૈસ બિન અયલાન બિન મુદરની પુત્રી હતી.

કિનાનહ બિન ખુઝૈમહની અવલાદ----------ઈબ્ને ઈસ્હાક કહે છે. કિનાનહ બિન ખુઝૈમહને ત્યાં પણ ચાર પુત્રોનો જન્મ થયો : (૧) નદ્ર બિન કિનાનહ (૨) માલિક બિન કિનાનહ (૩) અબ્દે-મનાત બિન કિનાનહ (૪) અને મિલકાન બિન કિનાનહ. એમાંથી નદ્રની માનું નામ બર્રહ હતું અને તે મુર્ર બિન ઉદ્દ બિન તાબિખહ બિન ઈલ્યાસ બિન મુદરની બેટી હતી. બાકીના ત્રણ સંતાનોની મા બીજી સ્ત્રી હતી.

---

૧. પ્રકરણ ૫૬માં દર્શાવેલી વંશાવળી મુજબ ઈલ્યાસ બિન મુદરના ત્રણ પુત્રો હતા (૧) મુદરિકહ (૨) તાબિખહ (૩) અને કમઅહ. એમની માનું નામ ખિન્દીફ હતું. એમાંથી ઈલ્યાસના પુત્ર મુદરિકહનું અહીં વર્ણન થાય છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પૂર્વજોમાં મુદરિકહના પિતાજી ઈલ્યાસ સાહેબ તે ગૃહસ્થ છે જેમણે સૌથી પહેલાં કુરબાનીના જાનવર કઅબહ તરફ મોકલવાની પ્રથા ચાલુ કરી હતી અને જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના "તલબિયહ" એટલે લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક ! પઢવાનો ઊંચો અવાજ પોતાના વાંસામાંથી સાંભળ્યા કરતા હતા. માલૂમ પડયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પૂર્વજો તવહીદ-પરસ્ત એટલે એક અલ્લાહના પૂજારી હતા અને મૂર્તિપૂજક ન હતા. ઈલ્યાસના પુત્ર મુદરિકહનું મૂળ નામ અમ્ર અથવા આમિર હતું. મુદરિકહ એમનો લકબ હતો. આ શબ્દ અરબીના "ઈદરાક"માંથી નીકળેલો છે જેના અર્થ પહોંચી જવું, જોઈ લેવું, મેળવી લેવું વગેરે થાય છે. એમણે જીવનમાં દરેક પ્રકારની ઈઝઝત-આબરૂ, માન-મરતબો, સુખ-સાહેબી મેળવી લીધાં હતાં જેથી મુદરિકહ લકબે ખ્યાતિ પામ્યા "હ"

ઇબ્ને હિશામ કહે છે : નઝ્ર , માલિક અને મિલકાનની માનું નામ બર્રહ બિન્તે મુર્ર હતું. જયારે અબ્દે મનાતની માનું નામ હાલહ હતું જે સુવૈદ બિન ગિતરીફ અઝદે-શનૂઅહ અથવા અઝદે-શનૌઅતના ખાનદાનમાંથી હતી. અને શનૂઅહનું નામ અબ્દુલ્લાહ બિન કઅબ બિન અબ્દુલ્લાહ બિન માલિક બિન નઝ્ર બિન અસદ બિન ગૌસ હતું. શનૂઅહ નામે આ કારણે મશહૂર થયા કે તેઓમાં આપસમાં ભારે ફાટફૂટ અને દુશ્મની હતી. અરબીમાં "શનઆન"ના અર્થ દુશ્મની, અદાવત, વિખવાદ વગેરે થાય છે.

મક્કહના કુરૈશ કોણ લોકો છે ?——————ઇબ્ને હિશામ કહે છે : ઉપર જણાવ્યા મુજબ કિનાનહ બિન ખુઝૈમહના ચાર પુત્રોમાંથી પહેલા પુત્રનું નામ નઝ્ર હતું. એજ નઝ્રનું બીજું નામ કુરૈશ હતું. તો જે માણસ નઝ્રની અવલાદમાંથી હશે તેજ ખરો કુરશીય અથવા કુરૈશી કહેવાશે અને જે માણસ નઝ્રની અવલાદમાંથી નહિ હશે તે કુરૈશી નહિ કહેવાશે. આ હિસાબે નઝ્ર યા કુરૈશના વંશવેલામાં જેટલા લોકો પાક્યા એ બધા કુરશીય અથવા કુરૈશી કહેવાય છે.

જરીર બિન અતિય્યહ એક મોટા શાઈર હતા જેઓ બનૂ કુલૈબ બિન યરબૂઅ બિન હન્ઝલહ બિન માલિક બિન ઝૈદ મનાત બિન તમીમના ખાનદાનમાંથી હતા. તેઓ હિશામ બિન અબ્દુલ-મલિક બિન મરવાનની પ્રશંસામાં કહે છે :

ફમલ- ઉમ્મુલ - લતી વલદત કુરૈશન, • બિમુક-રફતિન - નજજારિ વલા અકીમિ.

જે માતાએ કુરૈશને જણ્યો છે એ મા ન તો ખાનદાનની રૂએ ઐબદાર છે ન તે વાંઝણી છે.

વમા કરમુન બિ-અન્જબ મિન અબીકુમ, • વમા ખાલુમ બિ-અકરમ મિન તમીમિ.

હે કુરૈશના કબીલા ! ન કોઇ પ્રતિભાશાળી ખાનદાન તારા બાપથી વધુ ચઢિયાતું છે ન કોઈનો મામો તમીમથી વધુ આબરૂદાર છે. (શાઈરનો ઇશારો નઝ્રની મા બર્રહ તરફ છે જે તમીમ બિન મુર્રહની બહેન હતી.)

કેટલાક વંશજ્ઞાનીઓના મંતવ્ય મુજબ કિનાનહના બીજા નંબરના પુત્ર માલિકના એક બેટાનું નામ ફિહર હતું. એજ ફિહરનું બીજું નામ કુરૈશ હતું. જેના અર્થ એ થયા કે જે માણસ ફિહરની અવલાદમાંથી હશે તેજ કુરૈશી કહેવાશે અને જે ફિહરની અવલાદમાંથી નહિ હશે તે કુરૈશી નહિ કહેવાશે. (એવો માણસ કુરૈશી હોવાના દાવામાં ખોટો પુરવાર થશે.)

કુરૈશ નામ પડવાનું કારણ——————કુરૈશ શબ્દ અરબીના "તકુર્રુશ" શબ્દમાંથી નીકળેલો છે જેના અર્થ કસબ, હુન્નર, કમાણી કે વેપાર-ધંધાના થાય છે. અરબનો પ્રખ્યાત શાઈર રૂબહ બિન અજજાજ કહે છે:

કદ કાના યુગ્ની-હિમ અનિલ - શુગૂશી, • વલ-ખશલિ મિન તસા-કુતિલ કુરૂશી,

શહમુંવ - વ - મહદુન તૈસા બિલ - મગશૂશી

ચીકણું માંસ અને તાજું શુધ્ધ દૂધ, જે વેપારી ધંધાના પ્રતાપે તેઓને લગાતાર મળતું હતું, તેણે તેઓને ઘઉં, ઝાંઝર અને કંગનની અપેક્ષાથી નચિંત બનાવી દીધા હતા. માંસ અને દૂધ વગેરેના પૌષ્ટિક આહારથી તેઓના ચેહરા રાતામાતા અને સુંદર બની ગયા હતા. જેથી તેઓ આભૂષણો કે ઝેવરોના શણગારથી બેનિયાઝ થઈ ગયા હતા.

Maktabe Ashraf

ઇબ્ને હિશામ કહે છે : ઉપરની કાવ્ય-કડીઓમાં શુગૂસ, ખશ્લ અને કુરૂશ શબ્દો આવેલા છે. એમાં શુગૂસ ઘઉંની એક જાતનું નામ છે. જ્યારે ખશ્લ ઝાંઝરના ઝંકાર કે કંગનના રણકારને કહે છે અને કુરૂશનો અર્થ સોદાગરી કે વેપાર વ્યવસાય થાય છે. શાઈરનું કહેવું છે કે વેપાર-ધંધાની કમાણીમાંથી ચરબીવાળા માંસ અને તાજા શુધ્ધ દૂધના આહારે તેઓને ખોટા ઠાઠમાઠ કે બનાવટી ભભકાના આડંબરથી બચાવી લીધા હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશને કુરૈશ કહેવાનું એક કારણ આ હતું કે તેઓના ખાનદાનો એક સમયે વેરવિખેર થઈ જવા પછી પાછા એક સ્થળે એકત્ર થઈ ગયાં હતાં અને એકત્રિત કે સંગઠિત થવાને અરબીમાં તકુર્રુશ યા તકરીશ કહે છે.[૧]

નદ્ર બિન કિનાનહની અવલાદ——હવે નદ્ર બિન કિનાનહને ત્યાં બે પુત્રો પૈદા થયા. એકનું નામ માલિક બિન નદ્ર અને બીજાનું નામ યખલુદ બિન નદ્ર હતું. એમાંથી માલિકની માનું નામ આતિકહ હતું અને તે અદવાન બિન અમ્ર બિન કૈસ બિન અયલાનની બેટી હતી. યખલુદની મા પણ એજ સ્ત્રી હતી કે બીજી તેની મને ખબર નથી.

ફિહર બિન માલિકની અવલાદ——ઇબ્ને ઇસ્હાક કહે છે : નદ્રના પહેલા પુત્ર માલિકના એક બેટાનું નામ ફિહર હતું (જેનો લકબ કુરૈશ અને જેની અવલાદ કુરૈશી કહેવાય છે) આ ફિહર બિન માલિકની માનું નામ જન્દલહ હતું અને તે હારિસ બિન મુદાદ જુરહુમીની પુત્રી હતી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : આ ફિહર બિન માલિકના ચાર પુત્રો હતા : (૧) ગાલિબ બિન ફિહર (૨) મુહારિબ બિન ફિહર (૩) હારિસ બિન ફિહર અને (૪) અસદ બિન ફિહર. એ બધાની માનું નામ લયલા હતું અને તે સઅદ બિન હુઝૈલ બિન મુદરિકહની બેટી હતી.

ગાલિબ બિન ફિહરની અવલાદ——ઇબ્ને ઇસ્હાક કહે છે : ગાલિબને ત્યાં બે પુત્રોનો જન્મ થયો. એકનું નામ લુઐય અને બીજાનું નામ તૈમ હતું. એમની માનું નામ સલમા હતું જે અમ્ર ખુઝાઈ નામે ગૃહસ્થની પુત્રી હતી. ગાલિબના બીજા પુત્ર તૈમની અવલાદને બનૂ અદરમ કહે છે.

ઇબ્ને હિશામ કહે છે : ગાલિબ બિન ફિહરનો એક ત્રીજો પુત્ર કૈસ નામે પણ હતો જેની માનું નામ સલમા બિન્તે કઅબ બિન અમ્ર ખુઝાઈ હતું. ગાબિલના પુત્રો લુઐય અને તૈમની મા પણ એજ સલમા હતી.

લુઐય બિન ગાલિબની અવલાદ——ઇબ્ને ઇસ્હાક કહે છે : લુઐયને ત્યાં ચાર પુત્રો પૈદા થયા : (૧) કઅબ (૨) આમિર (૩) સામહ (૪) અને ઔફ.

એમાંથી કઅબ, આમિર અને સામહની માનું નામ માવિય્યહ બિન્તે કઅબ બિન કૈયિન બિન જસર હતું અને તે બનૂ કુદાઅહ નામે કબીલામાંથી હતી.

---

૧. કેટલાક સીરતકારોના કથન મુજબ કુરૈશ એક દરિયાઈ જાનવરનું નામ છે જે બહુ વિકરાળ, બળવાન અને કદ્દાવર કાયાનું હોવાથી તમામ જ... [illegible] એટલે દરિયાઈ જાનવરો પર વર્ચસ્વ [illegible] છે. તાકત અને કદમાં કોઇ જળચર એની તોલે પહોંચી શકતું નથી. એવી જ રીતે નદ્ર બિન કિનાનહ કે ફિહર બિન માલિક પોતાની બહાદુરી, બાહુબળ અને બુદ્ધિબળને પ્રતાપે અરબના તમામ કબીલાઓ પર ઉપરવટ ભોગવતા હતા.

કામૂસુલ-કુર્આનમાં છે : કુરૈશ કર્શથી નીકળેલો શબ્દ છે. અરબીમાં કર્શ સમુદ્રની એક માછલીનું નામ છે જે પોતાથી નાની માછલાંઓને ગળી જાય છે અને વહાણોને ઉલ્ટ વી નાખે છે. આગ કે હથિયાર સિવાય એ માછલી બીજી કોઇ રીતે કાબૂમાં આવતી નથી. (કામૂસુલ કુર્આન પાનું ૪૦૨) ''ર''

ઈબ્ને હિશામ કહે છે : મારી તહકીક મુજબ લુઐય બિન ગાલિબને ત્યાં પાંચમો પુત્ર પણ હતો જેનું નામ હારિસ હતું અને જેના કુટુંબને બનૂ જુશમ બિન હારિસ કહેવામાં આવે છે. આ લોકો બનૂ રબીઅહની શાખ હઝઝાનમાંથી છે.

કહેવાય છે કે લુઐયને ત્યાં સઅદ નામે એક છઠ્ઠો છોકરો પણ હતો જેને ઉછેરનારી બુનાનહ નામે એક ખાતૂન હતી જેના નામે એની અવલાદ બનૂ બુનાનહ તરીકે ઓળખાતી હતી. બુનાનહ ખાતૂન એ કુટુંબની વડીલ કે મુરબ્બી હતી. આ કુટુંબ રબીઅહ નામે કબીલાના શૈબાન બિન સઅલબા બિન ઉકાબહ.......બિન બક્ર બિન વાઈલની એક શાખ હતી. બુનાનહ ખાતૂન પોતે બનૂ અલકૈન બિન જસરે બિન શૈઉલ્લાહ બિન અસદ.......બિન કુદાઅહમાંથી હતી. કેટલાકના કથન મુજબ બુનાનહ ખાતૂન નમિર બિન કાસિતની બેટી હતી.

લુઐય બિન ગાલિબનો એક સાતમો છોકરો પણ હતો જેનું નામ ખુઝૈમહ હતું. એની મા યમનવાસીઓમાંથી હતી અને તેનું નામ આઈઝહ હતું. એ બનૂ ઉબૈદ બિન ખુઝૈમહ બિન લુઐયની પણ મા ગણાતી હતી અને તેનું કુટુંબ આઈઝહ નામે ઓળખાતું હતું.

લુઐયના પુત્ર આમિર સિવાય બધા છોકરાઓની મા માદીય્યા બિન્તે કઅબ બિન કૈયિન બિન જસર હતી. જ્યારે આમિરની માનું નામ મખ્શીય્યા હતું જે શૈબાન બિન મુહારિબ બિન ફિહરની બેટી હતી. અમુકના કથન મુજબ લયલા બિન્તે શૈબાન બિન મુહારિબ બિન ફિહર હતી.

સામહ બિન લુઐયનો કિસ્સો———— ઈબ્ને ઈસ્હાક કહે છે : લુઐય બિન ગાલિબનો ત્રીજા નંબરનો છોકરો સામહ, બાપનું વતન છોડીને ઉમ્માન યા ઉમાન ચાલ્યો ગયો અને પછી ત્યાં જ વસી ગયો. લોકોના કહેવા મુજબ તેના ભાઈ આમિરે તેને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. બંને વચ્ચે રકઝક કે ચકમક ઝર્યા કરતી હતી. એક દિવસે સામહએ ઝનૂનમાં આવીને આમિરની આંખ ફોડી નાખી અને પછી વેરની બીકે જાન બચાવવા તે ઉમ્માન ભાગી ગયો.

એક દિવસે સામહ પોતાની ઊંટણી પર બેસીને ઊંટણીને ચરાવવા જંગલમાં લઈ ગયો. અચાનક ઊંટણીએ ઝાડનો પાલો ખાવા પોતાની ડોક ઝાડીમાં ભરાવી ત્યાં જ એક ઝેરીલા નાગે તેનો હોઠ દંશી લીધો. ઊંટણી લાગલી જ ભોંય પર પછડાઈ પડી. પછડાતી વેળા સાપે સપાટો કરીને સામહને પણ દંશી લીધો. કહેવાય છે કે મરવા પહેલાં સામહ આ શેઅરો લલકારતો હતો :

અયનુ ફ-અબ્કી લિ-સામત-બ-નિ લુઐયિન, • અલિકત સાક સામતલ-અલ્લાકહ.

હે આંખ ! સામહ બિન લુઐય માટે આંસુ સાર કેમકે તેને, લપેટી લેનાર એક ખોફનાક વસ્તુ લપેટાઈ ગઈ.

બલ્લગા આમિરંવ-વ-કઅબન રસૂલન, • અન્ન નફસી ઈલયહિમા મુશ્તાકહ.

આમિર અને કઅબને મારો આ સંદેશો પહોંચાડી દો કે મારો આત્મા એ બંનેની મુલાકાત માટે ઉત્સુક છે.

ઈન તકુન ફી ઉમ્માન દારી ફ-ઈન્ની, • ગાલિબિય-યુન ખ-રજતુ મિન ગૈરિ ફાકહ

ઉમ્માનમાં ભલે મારૂં ઘર રહ્યું તેમ છતાં હું બનૂ ગાલિબમાંથી છું. કંઈ રોજી કમાવાની જરૂરત મને ઘરથી ખેંચી લાવી નથી.

રૂબ્બ કઅસિન હરક-તા યબ્નુ લુઐયિન • હઝરલ-મવતિ લમ તકુન મુહરાકહ.

હે લુઐયના બેટા ! મૃત્યુના ડરથી તેં કેટલાક એવા જામ છલકાવ્યા જે છલકાવવાને લાયક ન હતા.

રૂમ્તુ દફઅલ-હુતૂફિ યબ્નુ-લુઐયિન, • મા લિમન રામા ઝાક બિલ-હત્ફે-તાકહ.

હે લુઐયના પુત્ર ! તેં મૃત્યુને ટેલવવાનું ઠરાવ્યું હતું પરંતુ જે કોઈએ એવું ઠરાવ્યું તે મૃત્યુથી બચી શક્યાં છે ખરો ?

ઇબ્ને હિશામ કહે છે : મને આ જાણકારી મળી છે કે સામહના સંતાનોમાંથી એક શખ્સ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયો. તેણે પોતાનો પરિચય આપતાં કહ્યું, ''યા રસૂલલ્લાહ! હું સામહ બિન લુઐયની અવલાદમાંથી છું.''

આપે ફરમાવ્યું, ''અશ-શાઈર ?'' (એટલે તે સામહ જે શાઈર હતો ?)

આપના અમુક સાથીઓ બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! શું આપનો ઇશારો સામહના આ શેઅર તરફ છે :

રૂબ્બ કઅસિન હરક-તા યબ્ન-લુઐયિન, • હઝરલ-મવતિ લમ તકુન મુહરાકહ.

આપે ફરમાવ્યું, ''નઅમ''(આ શેઅરનો તરજુમો ઉપર લખેલાં છે.)

ઔફ બિન લુઐયનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબોના દાવા મુજબ લુઐયનો ચોથા નંબરનો છોકરો ઔફ કુરૈશના એક કાફલા સાથે પ્રવાસે ઊપડયો. કાફલાએ જ્યારે ગત્ફાન બિન સઅદ બિન કૈસ બિન ઐલાનની વસતિમાં પડાવ નાખ્યો તો ઔફ, કાફલાથી છૂટો પાછળ પડી ગયો હતો. તેને આવવામાં ખૂબ વિલંબ થયો તો કાફલાવાળા તેને છોડીને ચાલતા થયા. ઔફે મંઝિલે આવીને જોયું તો કાફલો ઊપડી ગયો હતો. ઔફ વિચારમાં પડી ગયો કે શું કરવું ? એટલામાં સઅલબા બિન સઅદ બિન ઝુબ્યાન બિન બગૈઝ બિન રૈસ બિન ગત્ફાન નામે ગૃહસ્થ ત્યાં આવી લાગ્યો. આ ગૃહસ્થ દુરની સગાઈમાં ઔફનો ભાઈ થતો હતો. તેણે ઔફને આગ્રહપૂર્વક પોતાની પાસે રોકી લીધો અને તેની સાથે ભાઈચારાનો સંબંધ કાયમ કરીને એજ વસતિમાં તેની શાદી કરાવી દીધી. પછી ઔફનું ખાનદાન એજ વસતિમાં વસીને વિકસી ગયું. ઔફ કુરૈશના બહુ ઊંચા ખાનદાનનો હોવાથી તેના નામની કીર્તિ ચોતરફ પ્રસરી ગઈ હતી. એટલે જ તેને આસરો આપનાર સઅલબાએ તેને સંબોધીને આ શેઅર કહ્યો હતો:

અહબિસ અલય-યબ્ન લુઐયિન જમલક, • તર-કકલ-કવમુ વલા મન્ઝલા લક.

હે લુઐયના બેટા ! તારા ઊંટને મારી પાસે રોકી લે. તારી કૌમે ભલે તને તરછોડી દીધો પણ તારા બંદાને તરછોડી કેવી રીતે શકાય ?

(નોંધ :- અહીં અલ્લામા ઇબ્ને ઇસ્હાક અને અલ્લામા ઇબ્ને હિશામે કુરૈશના શુધ્ધ વંશવેલા અને ખાનદાની સંસ્કારોને લગતા વિવિધ શાઈરોના ૧૮ શેઅરો ટાંકેલા છે. તેના ૬ પાનાંનું લખાણ જતું કર્યું છે.''હ'')

કઅબ બિન લુએયની અવલાદ————ઇબ્ને ઇસ્હાક કહે છે: લુએય બિન ગાલિબના પહેલા નંબરના પુત્ર કઅબને ત્યાં ત્રણ પુત્રોનો જન્મ થયો : (૧) મુર્રહ (૨) અદી (૩) અને હુસૈસ. એ બધાની માનું નામ વહશિયહ હતું જે શૈબાન બિન મહારિબ બિન ફિહર બિન માલિક બિન નદ્રની બેટી હતી.

હવે મુર્રહ બિન કઅબને ત્યાં ત્રણ પુત્રો થયા : (૧) કિલાબ (૨) તૈમ અને (૩) યકઝહ. એમાં કિલાબની માનું નામ હિન્દ હતું જે સુરૈર બિન સઅલબહ બિન હારિસ બિન માલિક બિન કિનાનહ બિન ખુઝૈમહની બેટી હતી. જ્યારે યકઝહની મા બારકિયહ યમનના બની અસદની શાખ બનૂ બારિકના કુટુંબમાંથી હતી. અમુકના કથન મુજબ તૈમ પણ તેનો જ પુત્ર હતો. કેટલાક કને તૈમ અને કિલાબ હિન્દ બિન્તે સુરૈરના પુત્રો હતા.

કિલાબ બિન મુર્રહની અવલાદ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કિલાબ બિન મુર્રહને ત્યાં બે પુત્રો અવતર્યા : કુસૈય અને ઝહરહ. બંનેની મા ફાતિમહ બિન્તે સઅદ બિન સયલ યમનના જુઅસમહ કબીલામાંથી હતી.

ઇબ્ને હિશામ કહે છે : કિલાબ બિન મુર્રહની "નઅમ" નામની એક પુત્રી પણ હતી. એ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુએયના પુત્રો, અસઅદ અને સુએદની મા હતી. નઅમ બિન્તે કિલાબની માનું નામ ફાતિમહ બિન્તે સઅદ બિન સયલ હતું.

સંપાદકની નોંધ : કિલાબ કલ્બ શબ્દનું બહુવચન છે. અરબીમાં કૂતરાને કલ્બ કહે છે. કિલાબનું મૂળ નામ હકીમ હતું. પોતે શિકારના ભારે શોકીન હોવાથી એમણે ઘણા શિકારી કૂતરા પાળેલા હતા. આ કારણે કિલાબ ઉપનામે આખા અરબમાં પંકાઇ ગયા. એમના પિતાનું નામ મુર્રહ હતું. મુર્રહ શબ્દ અરબીના મરારહમાંથી નીકળેલો છે જેનો અર્થ કડવાશ થાય છે જે શખ્સ સ્વભાવે બહુ કરડો અને બહાદુર હોય, અરબના લોકો તેને મુર્રહ કહેતા હતા કે, એ માણસ પોતાના દુશ્મનો માટે બહુ કડવો અને આકરો છે. (સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૮)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વંશકડીના આ બધા પૂર્વજો પોતાની કોમના સરદાર અને કઅબહના મુતવલ્લી તરીકે આખા અરબમાં જાણીતા હતા. સરદારી, આગેવાની કે નેતાગીરી એક પછી એક એમના ખાનદાનમાં ઊતરી આવતી હતી, મુર્રહના મરણ પછી કુરૈશની આગેવાની અને કઅબહની સરદારી તેમના પુત્ર કિલાબને ભાગે આવી હતી. "હ"

Maktabe Ashraf

પ્રકરણ ૨૦

કુસૈય, હાશિમ અને અબ્દુલ-મુત્તલિબની અવલાદ

કુસૈય બિન કિલાબનું કુટુંબ • અબ્દે-મનાફનું કુટુંબ • હાશિમની અવલાદ • અબ્દુલ-મુત્તલિબની અવલાદ • અબ્દુલ્લાહ બિન અબ્દુલ-મુત્તલિબ • ઝમઝમના કૂવાનું ખોદકામ.

Maktabe Ashraf

કુસૈય બિન કિલાબનું કુટુંબ———ઈબ્ને ઈસ્હાક કહે છે : કિલાબ બિન મુર્રહના પહેલા પુત્ર કુસૈયને ત્યાં ચાર પુત્રોનો જન્મ થયો : (૧) અબ્દે-મનાફ (૨) અબ્દુદ-દાર (૩) અબ્દુલ-ઉઝ્ઝા (૪) અબ્દ. આ ચાર પુત્રો ઉપરાંત બે પુત્રીઓ પણ હતી : તુખમુર અથવા તુઅમર અને બર્રહ. એમની માનું નામ હુબ્બા હતું જે હુલૈલ બિન હબશિય્યહ બિન સલૂલ બિન કઅબ બિન અમ્ર ખુઝાઈની બેટી હતી, અને આ હુલૈલ તેના સમયે મક્કહનો બાદશાહ હતો.

અબ્દે - મનાફનું કુટુંબ———ઈબ્ને હિશામ કહે છે : કુસૈય બિન કિલાબના પહેલા પુત્ર અબ્દે-મનાફનું અસલ નામ મુગીરહ હતું. આ મુગીરહ અથવા અબ્દે-મનાફના ચાર પુત્રો હતા : (૧) હાશિમ (૨) અબ્દે-શમ્સ (૩) મુત્તલિબ અને (૪) નવફલ. એમાંથી પહેલા ત્રણ પુત્રોની માનું નામ આતિકહ હતું અને તે મુર્રહ બિન હિલાલ બિન ફાલજ બિન ઝકવાન બિન સઅલબહ બિન બુહસહ બિન સુલૈમ બિન મનસૂર બિન ઈકરિમહ નામે ગૃહસ્થની પુત્રી હતી.

અબ્દે-મનાફના ચોથા પુત્ર નવફલની મા વાકિદહ બિન્તે અમ્ર માઝિનીયહ હતી. માઝિન પોતે મનસૂર બિન ઈકરિમહનો પુત્ર હતો.

ઈબ્ને હિશામ કહે છે : ચાર પુત્રો ઉપરાંત અબ્દે-મનાફના બીજાં સંતાનોના નામ આ છે. અબૂ અમ્ર, તમાદિર, કિલાબહ, હૈયહ, રૈતહ, ઉમ્મુલ-અખ્સમ અને ઉમ્મે-સુફયાન.

એમાં અબૂ અમ્રની મા રૈતહ હતી જે તાઈફના બનૂ સકીફ કબીલાની સ્ત્રી હતી. ત્યારે બીજાં સંતાનોની માનું નામ આતિકહ હતું જે મુર્રહ બિન હિલાલની બેટી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હઝરત હાશિમની મા પણ એજ આતિકહ હતી. આ તેકહની માનું નામ [illegible] બિન્તે હવઝહ બિન અમ્ર બિન સલૂલ બિન સઅસઆ બિન મુઆવિયહ બિન બક્ર બિન હવાઝિન હતું અને સફિય્યહની માનું નામ આઈઝલ્લાહ હતું જે અબ્દુલ-અશીરહ બિન મઝહિજની પુત્રી હતી.

હાશિમની અવલાદ———————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હાશિમ બિન અબ્દે-મનાફના ચાર પુત્રો હતા : (૧) અબ્દુલ-મુત્તલિબ (૨) અસદ (૩) અબા સૈફી અને (૪) નદલહ. આ ચાર પુત્રો ઉપરાંત હાશિમની પાંચ પુત્રીઓ હતી : (૧) શિફાઅ (૨) ખાલિદહ (૩) દઈફહ (૪) રૂકૈયહ (૫) હૈયહ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબ અને રૂકૈયહની માનું નામ સલમા હતું અને તે અમ્ર બિન ઝૈદ બિન લુબૈદ બિન ખિદાશ બિન આમિર બિન ગનમ બિન અદી બિન નજ્જારની બેટી હતી. નજ્જારનું મૂળ નામ તૈમુલ્લાહ બિન સ઼અલબહ બિન અમ્ર બિન ખઝરજ બિન હારિસ઼હ બિન સ઼અલબહ બિન અમ્ર બિન આમિર હતું. [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદી સલમાની માનું નામ ઉમૈરહ હતું જે સખ્ર બિન હારિસ઼ બિન સ઼અલબહ બિન માઝિન બિન નજ્જારની પુત્રી હતી અને ઉમૈરહની માનું નામ સલમા બિન્તે અબ્દુલ-અશહલ નજ્જારિયા હતું.

હાશિમના બીજા નંબરના ફરઝંદ અસદની માનું નામ કૈલહ હતું. તે આમિર બિન માલિક ખુઝાઈ નામે ગૃહસ્થની પુત્રી હતી.

અબૂ સૈફી અને હૈયહની માનું નામ હિન્દ હતું. તે અમ્ર બિન સ઼અલબહ ખઝરજીની બેટી હતી.

નદલહ અને શિફાઅની મા, બનૂ કુદાઅહ કબીલાની એક સ્ત્રી હતી.

ખાલિદહ અને દઈફહની માનું નામ વાકિદહ હતું જે અબૂ અદી માઝિનિયહ નામે ગૃહસ્થની પુત્રી હતી.

અબ્દુલ-મુત્તલિબની અવલાદ———————ઈબ્ને હિશામ કહે છે : હાશિમના ફરઝંદ અબ્દુલ-મુત્તલિબના ૧૦ પુત્રો અને ૭ પુત્રીઓ હતી. પુત્રોના નામ :

૧	અબ્બાસ	૬	હારિસ઼
૨	હમઝહ	૭	હજલ
૩	અબ્દુલ્લાહ	૮	મુકવ-વિમ
૪	અબૂ તાલિબ (મૂળ નામ અબ્દે- મનાફ)	૯	દિરાર
૫	ઝુબૈર	૧૦	અબૂ લહબ (મૂળ નામ અબ્દુલ-ઉઝ્ઝા)

અબ્દુલ-મુત્તલિબની સાત બેટીઓના નામ આ છે :

૧	સફીય્યહ	૫	અમીમહ અથવા ઉમૈમહ
૨	ઉમ્મે-હકીમ	૬	અરવા
૩	બય્દાઅ અથવા અલ-બય્દહ	૭	બર્રહ
૪	આતિકહ		

• આ સંતાનોમાં અબ્બાસ અને દિરારની માનું નામ નુતલહ હતું અને નુતૈલહના પિતાનું નામ જુન્નાબ

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદી બીબી સલમાનું ખાનદાન પરંપરાથી મદીનહમાં વસેલું હતું જયારે આપના પરદાદા હઝરત હાશિમનું વતન મક્કહ હતું. સલમા ખાતૂન સાથે હઝરત હાશિમના લગ્ન કેવી રીતે થયાં તેનું બયાન આગળના પ્રકરણમાં આવે છે. ''ક''

Maktabe Ashraf

બિન કુલૈબ બિન માલિક બિન અમ્ર બિન આમિર બિન ઝૈદ મનાત બિન આમિર બિન સઅદ બિન ખઝરજ........બિન અસદ બિન રબીઅહ બિન નિઝાર હતું.

• અને હમઝહ, મુકવ-વિમ, હજલ તથા સફીય્યહની માનું નામ હાલહ હતું. હાલહ પોતે બહુ નેકદિલ, સદાચારી, સંસ્કારી અને ઉદાર દિલના ખાતૂન હતાં. પોતાના ઊંચા સંસ્કારો, માલ-દવલતની રેલછેલ અને લોકપ્રિયતાને કારણે તેઓ ''ગયદાક'' ઉપનામે પંકાયેલા હતાં. (ગયદાક એટલે ફળદ્રુપ, પ્રફુલ્લ, દાનવીર, સંસ્કારી વગેરે) બીબી હાલહની વંશાવળી આ છે : હાલહ બિન્તે ઉહૈબ બિન અબ્દે-મનાફ [૧] બિન ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય.

• હવે અબ્દુલ્લાહ, અબૂ તાલિબ અને ઝુબૈરની માનું નામ ફાતિમહ હતું. ફાતિમહના પિતાનું નામ અમ્ર બિન આઇઝ બિન ઇમરાન મખઝૂમ બિન યકઝહ......બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર હતું.

ફાતિમહની માનું નામ સખ્રહ હતું. વંશાવળી આ છે : સખ્રહ બિન્તે અબ્દ બિન ઇમરાન બિન મખઝૂમ બિન યકઝહ........ બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર અને સખ્રહની માનું નામ તખમર બિન્તે અબ્દ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર હતું.

• અબ્દુલ-મુત્તલિબના પુત્ર હારિસની માનું નામ સમરાઅ બિન્તે જુન્દુબ બિન હુજૈર બિન રિઆબ બિન હબીબ...........બિન હવાઝિન બિન મનસૂર બિન ઇકરિમહ હતું.

• અબ્દુલ-મુત્તલિબના પુત્ર અબૂ લહબ (મૂળ નામ અબ્દુલ-ઉઝઝા)ની માનું નામ લુબના હતું જે હાજિર બિન અબ્દે-મનાફ બિન દાતિર બિન હબશિય્યહ બિન સલૂલ બિન કઅબ બિન અમ્ર ખુઝાઇની બેટી હતી.

અબ્દુલ્લાહ બિન અબ્દુલ-મુત્તલિબ————અબ્દુલ-મુત્તલિબના ફરઝંદ અબ્દુલ્લાહને ત્યાં, સરદારે-અવલાદે-આદમ એટલે જગતના તમામ ઇન્સાનાના સરદાર અને સરતાજ, અલ્લાહના પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક જન્મ થયો. અલ્લાહની અપરંપાર કૃપાઓ, સલામો, રહમતો અને બરકતો હો આપની ઉપર અને આપના પરિવાર પર !

• હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા માતાજીનું નામ આમિનહ બિન્તે વહબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર હતું.

• આમિનહ ખાતૂનના માતાજીનું નામ બર્રહ હતું. બર્રહના પિતાજીનું નામ અબ્દુલ-ઉઝઝા બિન ઉસ્માન બિન અબ્દે-દાર બિન કુસૈય બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર હતું.

• બર્રહના માતાજીનું નામ ઉમ્મે-હબીબ બિન્તે અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નઝ્ર હતું.

---

૧. ઉહૈબ બિન અબ્દે-મનાફના એક ભાઇનું નામ વહબ બિન અબ્દે-મનાફ હતું જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હકીકી નાના એટલે આપના વાલિદા સાહેબા બીબી આમિનહના પિતા હતા. ''હ''

Maktabe Ashraf

• ઉમ્મે-હબીબની માનું નામ બર્રહ બિન્તે અવ્ફ બિન ઉબૈદ બિન ઉવૈજ બિન અદી બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નદ્ર હતું.

આ રીતે અલ્લાહના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, હસબ અને નસબ બંને રીતે એટલે સંસ્કારી કમાલો અને ખાનદાની ખૂબીઓ બંને ધોરણે, બાપ તરફથી પણ અને મા તરફથી પણ તમામ અવલાદે-આદમમાં સૌથી શ્રેષ્ઠતર, ઉત્તમતર અને ઉચ્ચતર હતા. અલ્લાહની લખલૂટ રહમતો અને કૃપાઓ હો આપની ઉપર !

સંપાદકની નોંધ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વંશાવળી અને આપના પૂર્વજોને લગતી સનદી માલૂમાતનો આટલો ભરપૂર ખઝાનો જગતના બીજા કોઇ નેતા વિષે ઇતિહાસના પાનાઓમાં જડતો નથી. મક્કહ અને આજુબાજુના વિસ્તારમાં વસનાર કુરૈશનું કોઇ ખાનદાન એવું ન હતું જેની સાથે આપની રિશ્તાદારીનો કોઇ ન કોઇ સંબંધ ન હોય. આ માલૂમાતની રોશનીમાં આપનું તેજસ્વી વ્યક્તિત્વ એવી જ રીતે ઝળહળે છે જેમ સિતારાઓમાં ચાંદ, આમ છતાં આપની પયગમ્બરી પર કોઇ ઇમાન નહિ લાવે તો વાંક તેના ફૂટેલા નસીબનો. શેખ સઅદીનો શેઅર છે:

ગર ન બીનદ બ-રોઝ શપ્પરહ ચશ્મ, • ચશ્મએ - આફતાબ રા ચે ગુનાહ.

અગર ચામાચીડિયાની આંખો સૂરજની રોશનીમાં જોઇ નહિ શકે તો એમાં સૂરજનો શો વાંક ?

ઝમઝમના કૂવાનું ખોદકામ————મુહંમદ બિન ઇસ્હાક મુત્તલબી કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ એક રાતે ખાનએ-કઅબહના ''મકામે-હિજ્ર''માં સુતેલા હતા. [1] ખ્વાબમાં શું જુએ છે કે કોઈ વ્યકિત એમને ઝમઝમનો કૂવો ખોદી કાઢવાનો હુકમ ફરમાવે છે. આ કૂવો કુરૈશની બે મૂર્તિઓ ઇસાફ અને નાઇલહ વચ્ચેની કુરબાનગાહ પાસે પુરાયેલો પડયો હતો. બનૂ જુરહુમ કબીલાના લોકો મક્કહથી તડીપાર કે ફરાર થયા ત્યારે જતી વેળા તેઓએ આ કૂવો પૂરી દીધો હતો.

અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામ માટે ઝમઝમનું આ ઝરણું જમીનમાંથી ત્યારે વહેતું કર્યું હતું જયારે, ધાવણ અવસ્થામાં તેઓ તરસથી ત્રાસી ગયા હતા. તે પળોમાં હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામના વાલિદહ બીબી હાજિરહએ પાણીની શોધ માટે ભારે મથામણ કરી પણ પાણીનો કયાંયે પત્તો નહિ લાગ્યો ત્યારે અતિ વ્યાકુળ દશામાં તેમણે સફા પર્વતની ટેકરી પર ચઢીને અલ્લાહના દરબારમાં દુઆ માંગી : ''યા ઇલાહી ! મારા ઇસ્માઇલ માટે વરસાદ વરસાવી દે !''

એ પછી એજ વ્યાકુળ દશામાં દોડતાં-દોડતાં સામે આવેલા મરવહ પહાડની ટેકરી પર ચઢીને એવી જ દુઆ માગી ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તા જિબ્રીલને મોકલ્યા. તેમણે ઇસ્માઇલ પડેલા હતા તે જમીનમાં પોતાના પગની એડી મારી. એજ પળે ત્યાંથી પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું.

એ દરમિયાન બીબી હાજિરહએ જંગલી પ્રાણીઓના બિહામણા અવાજો સાંભળ્યા તો ઇસ્માઇલની જાન માટે ખતરો એહસાસ થયો. તુરંત ત્યાંથી દોડતાં આવ્યાં. શું જુએ છે કે ધાવણા બાળકના ગાલ પાસે પાણી

1. **મકામે-હિજ્ર :-** ખાનએ-કઅબહનો તે ભાગ જેને હતીમ કહે છે. આપની પયગમ્બરીના પાંચ વરસ પહેલાં કુરૈશે નવેસરથી કઅબહનું ચણતર કર્યું હતું. તે વેળા ખર્ચ ખૂટી પડતાં કઅબહની ઉત્તરે આવેલા આ ભાગની બાંધણી પડતી મૂકવામાં આવી હતી. એ ભાગનું નામ હતીમ છે અને તે કઅબહમાં જ ગણાય છે. એની ફરતે નિશાની તરીકે દીવાર ચણી લેવામાં આવી છે. ''હ''

વહી રહ્યું છે અને તે હાથ મારી-મારીને તેમાંથી પી રહ્યું છે. બીબી હાજિરહએ ઝરણાની આજુબાજુની માટી સમેટી લઇને તેની ફરતે પાળ બાંધી લીધી અને ખાડો બનાવીને પાણી તેમાં ઘેરી લીધું.

ગુજરાતી સંપાદકની પ્રકરણ-પૂર્તિ

અબ્દુલ-મુત્તલિબ અને આપનું ખાનદાન————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા દાદા હઝરત અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમના ખાનદાન વિષે સીરતકારોએ ટાંકેલી સનદી રિવાયતો મુજબ હઝરત અબ્દુલ-મુત્તલિબે વિવિધ સમયે અરબની કુલ છ ખાતૂનો સાથે શાદી કરી હતી. વિગત આ પ્રમાણે છે:

૧-- --હઝરત અબ્દુલ-મુત્તલિબના પહેલા બેગમનું નામ ફાતિમહ બિન્તે અમ્ર બિન આઇઝ બિન ઇમરાન હતું. એજ ખાતૂન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સગી દાદીમા હતાં. એમનાથી ત્રણ પુત્રો અને પાંચ પુત્રીઓનો જન્મ થયો. પુત્રોના નામ અબૂ તાલિબ, અબ્દુલ્લાહ અને ઝુબૈર હતા. પુત્રીઓના નામ ઉમ્મે-હકીમ, આતિકહ, બર્રહ, ઉમૈમહ અને અરવા હતા. આ પાંચ ખાતૂનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સગી ફોઇઓ હતી. અબૂ તાલિબ અને ઝુબૈર આપના સગા કાકા હતા. આપના પિતાજી હઝરત અબ્દુલ્લાહ અને એમના બહેન ઉમ્મે-હકીમ જોડિયા જનમ્યા હતા.

૨——— —બીજા બેગમનું નામ હાલહ બિન્તે ઉહૈબ હતું. એમનાથી ત્રણ પુત્રો અને એક પુત્રીનો જન્મ થયો. પુત્રોના નામ હમઝહ, મુકવ્વિમ અને હજલ હતાં. જયારે પુત્રીનું નામ સફીય્યહ હતું.

બીબી હાલહના પિતા ઉહૈબ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અમ્માંજી બીબી આમિનહના પિતા વહબ બંને સગા ભાઈઓ હતા. આ હિસાબે બીબી હાલહ અને બીબી આમિનહ આપસમાં કાકા-બહેન થતાં હતાં.

જે દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અબ્બાજાન હઝરત અબ્દુલ્લાહના નિકાહ બીબી આમિનહ સાથે થયા એજ દિવસે આપના દાદા અબ્દુલ-મુત્તલિબે બીબી હાલહ સાથે નિકાહ કર્યા.

૩————હઝરત અબ્દુલ-મુત્તલિબના ત્રીજા બેગમનું નામ નુતૈલહ બિન્તે જુન્નાબ હતું. એમનાથી અબ્બાસ અને દિરાર નામે બે પુત્રોનો જન્મ થયો. બીબી નુતૈલહએ બૈતુલ્લાહ એટલે ખાનએ-કઅબહ પર ગિલાફ ચઢાવ્યો હતો. એમના બેટા અબ્બાસ બચપનમાં ગુમ થઇ ગયા હતા. એમણે મન્નત માની હતી કે મારો લાડલો મળી જાય તો હું બૈતુલ્લાહ પર ગિલાફ ચઢાવીશ.

ઇસ્લામની શરૂઆતમાં જ હઝરત અબ્બાસ અને એમના બેગમ બીબી ઉમ્મે-ફઝલ મુસલમાન બની ગયાં હતાં. વરસો સુધી પોતાના ઇસ્લામને છુપાવી રાખીને મક્કહમાં જ રહ્યાં. પછી ફત્હે-મક્કહ પ્રસંગે ઇસ્લામની જાહેરાત કરી.

૪—— --ચોથા બેગમનું નામ સફીય્યહ બિન્તે જુન્દુબ હતું. એમનાથી હારિસ નામે પુત્રનો જન્મ થયો. કેટલાકના કથન મુજબ કુસમ નામે પુત્રનો પણ જન્મ થયો. હારિસ બધા પુત્રોમાં સૌથી મોટા હતા.

૫————પાંચમા બેગમનું નામ લુબના બિન્તે હાજિર હતું. એમનાથી અબૂ લહબ નામે પુત્રનો જન્મ થયો. અબૂ લહબનું મૂળ નામ અબ્દુલ-ઉઝઝા હતું. ઇસ્લામની શરૂઆતથી જ એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

Maktabe Ashraf

વ સલ્લમનો કટ્ટર દુશ્મન બની ગયો અને મરતાં દમ સુધી પોતાના કુફ્ર પર કાયમ રહીને જહન્નમનો હકદાર ઠરી ગયો. એની બૈરી ઉમ્મે-જમીલ પણ બેહદ અવળચંડી અને નાલાયક હતી. જીવતી રહી ત્યાં સુધી આપના રસ્તામાં કાંટા બિછાવતી રહી. બંનેની અવળચંડાઈઓ વિશે કુર્આનમાં "તબ્બત યદા અબી લહબ"ની સૂરત ઉતારવામાં આવી જેમાં બંનેના જહન્નમી હોવાની વધામણી આપવામાં આવી.

૬——- હઝરત અબ્દુલ-મુત્તલિબના છઠ્ઠા બેગમનું નામ મુમ્નઆ બિન્તે અમ્ર હતું. એમનાથી ગયદાક નામે પુત્રનો જન્મ થયો જેનું અસલી નામ નવફલ અથવા મુસઅબ હતું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકાઓમાં હારિસ બધાથી મોટા હતા. હઝરત હમઝહ આપથી ચારેક વરસ મોટા અને હઝરત અબ્બાસ ત્રણેક વરસ મોટા હતા. કેટલાકના કથન મુજબ આપ અને હઝરત હમઝહ સરખી ઉંમરના હતા. બધા કાકાઓમાં ફક્ત હઝરત હમઝહ અને હઝરત અબ્બાસ મુસલમાન બન્યા. આપના કાકા હઝરત અબૂ તાલિબ મુસલમાન નહિ બન્યા પણ જીવનની છેલ્લી પળ સુધી જાનના ભોગે આપની પડખે રહ્યા. આપની સાત ફોઈઓમાં ફક્ત હઝરત સફીય્યહ મુસલમાન બન્યાં. આતિકહ અને અરવાના ઈસ્લામમાં મતભેદ છે. (વધુ વિગત માટે જુઓ અસિહ-હુસ-સિયર પા. ૪૬-૪૭ અને સીરતે-સરવરે આલમ જિ.૨ પાન. ૭૮ અને ૮૯) "હ"

Maktabe Ashraf

પ્રકરણ ૨૧

બૈતુલ્લાહથી જુરહુમની હકાલપટ્ટી

બૈતુલ્લાહના મુતવલ્લીઓનું બયાન • જુરહુમ અને કતૂરા વચ્ચે હરીફાઇ • મુદાદ અને સુમૈદઅ વચ્ચે ખેલાયેલું યુદ્ધ • મુદાદ બિન અમ્ર મક્કહનો બાદશાહ • અલ્લાહની મદદ બનૂ ઇસ્માઇલની પડખે • મક્કહથી બનૂ જુરહુમની હકાલપટ્ટી • બક્કહ શબ્દ અને તેના અર્થ • કઅબહના તબર્રૂકાત કૂવામાં • કઅબહના વહીવટ પર ખુઝાઅહનો કબજો.

બૈતુલ્લાહના મુતવલ્લીઓનું બયાન---------ઇબ્ને હિશામે ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઈથી અને બુક્કાઈએ ઇબ્ને ઈસ્હાકથી જે રિવાયત ટાંકેલી છે તેમાં જુરહુમ કબીલાના પ્રસંગોનું પણ વર્ણન છે અને એવી ચોખવટ પણ છે કે જુરહુમના લોકો ઝમઝમનો કૂવો પૂરીને મક્કહથી નીકળી નાઠા હતા. વળી એ રિવાયતમાં આ વાતનો પણ ખુલાસો છે કે અબ્દુલ-મુત્તલિબના હાથે કૂવો નવેસરથી ચાલુ થવા સુધી કોણ-કોણ ગૃહસ્થો બૈતુલ્લાહનું મુતવલ્લીપણું અને મક્કહની સરદારી ભોગવતા રહ્યા.

આ રિવાયત મુજબ ઇબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે અલ્લાહના પયગમ્બર હઝરત ઇસ્માઈલ અલૈહિસ-સલામની વફાત થઈ તો આપના જા-નશીન અને મુતવલ્લી તરીકે આપના વડા પુત્ર નાબિત બિન ઇસ્માઈલે કઅબહનો વહીવટ બહુ ખૂબીથી સંચલાવ્યો. અલ્લાહની ઈચ્છા રહી ત્યાં સુધી કઅબહનું સંચાલન અને મક્કહની સરદારી નાબિત બિન ઇસ્માઈલના હાથમાં રહી. નાબિતની વફાત પછી એમના નાના મુદાદ બિન અમ્ર જુરહુમીએ કઅબહના વહીવટી તંત્ર પર (બળજબરીથી) કબજો કરી લીધો. કેટલાક લોકો મુદાદ નામનો ઉચ્ચાર મિદાદ તરીકે કરે છે. [૧]

તે ઝમાનામાં હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામનું કુટુંબ, આપના ફરઝંદ નાબિતનું કુટુંબ, નાબિતના નાના મુદાદ બિન અમ્રનું કુટુંબ, નાબિતના મામાઓ, જુરહુમ કબીલાના ખાનદાનો અને કતૂરા કબીલાના લોકો મક્કહની ભૂમિમાં વસતા હતા. જુરહુમના લોકો અને કતૂરાના લોકો આપસમાં પિતરાઈ હતા. એ બંને કબીલા યમનથી હિજરત કરીને મક્કહ આવ્યા હતા. એમાં જુરહુમ કબીલાનો આગેવાન મુદાદ બિન અમ્ર હતો. અને કતૂરા કબીલાનો આગેવાન સુમૈદઅ નામે ગૃહસ્થ હતો. આ લોકો જ્યારેય કાફલારૂપે ઊપડતા તો એક મોભાદાર

૧. મુદાદ બિન અમ્ર પોતાના જુરહુમ કબીલાનો સરદાર હતો. એની રઅલા નામે બેટી સાથે હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામના લગ્ન થયાં હતાં. આપના વડા પુત્ર નાબિતનો એ નાનો હતો. જુરહુમના લોકો મઆરિબ સરોવરની તબાહી બાદ યમનથી હિજરત કરીને મક્કહ આવ્યા હતા. તે વેળા મક્કહની ભૂમિમાં બીબી હાજિરહ અને આપના પુત્ર હઝરત ઇસ્માઇલ સિવાય કોઈ વસેલું ન હતું. ઝમઝમનું ઝરણું જોઈને જુરહુમના લોકો અહીં થોભી ગયા અને પછી બીબી હાજિરહની પરવાનગી મેળવીને કાયમ માટે અહીં જ વસી ગયા. હયુરણી.

શખ્સને પોતાનો બાદશાહ એટલે આગેવાન બનાવી લેતા. એજ આગેવાન કે અમીર હરેક પ્રકારે પૂરા કાફલાની નિગરાની કરતો.

જ્યારે મુદાદ બિન અમ્ર પોતાના જુરહુમ કબીલા સાથે અને સુમૈદઅ પોતાના કતૂરા કબીલા સાથે યમનથી નીકળીને મક્કહની ભૂમિમાં પહોંચ્યા તો અહીંનું એક લીલુંછમ અને રળિયામણું સ્થળ તેઓને ગમી ગયું. ૧ આગળ વધવાનું માંડી વાળીને બંને કબીલાના લોકોએ અહીં જ વસી જવાનું નક્કી કર્યું. મુદાદ બિન અમ્ર અને તેના જુરહુમ કબીલાએ મક્કહના "કુએ-કિઆન" નામે ચઢાણની ઊંચી ભૂમિએ અને તેની આજુબાજુના વિસ્તારમાં પડાવ નાખી દીધો. જ્યારે સુમૈદઅ અને તેના કતૂરા કબીલાએ મક્કહના "અજયાદ" નામે ઢોળાવની નીચાણની ભૂમિએ અને તેની આજુબાજુના વિસ્તારમાં પડાવ નાખ્યો અને પછી એ બંને કબીલા કાયમ માટે અહીં જ વસી ગયા.

સમયના વહેણની સાથે બંને કબીલાએ ધીરે-ધીરે પોતપોતાના સ્થળે પગદંડો જમાવી લીધો. પછી એવું બન્યું કે બહારથી મક્કહ આવનારા લોકો પર બંને કબીલાના સરદારોએ ફરજિયાત કરવેરો લાદી દીધો. જે લોકો મક્કહના ઊંચાણવાળા વિસ્તારની દિશાએથી આવતા તેઓ પાસેથી મુદાદે માથાદીઠ કરવેરાનો દસમો ભાગ વસૂલ કરવા માંડ્યો અને જે લોકો નીચાણવાળા વિસ્તારની દિશાએથી મક્કહ આવતા તેઓ પાસેથી સુમૈદઅ બળજબરીથી વેરો વસૂલ કરવા લાગ્યો.

જુરહુમ અને કતૂરા વચ્ચે હરિફાઇ————સોદાગરી કે વેપારની આ નીતિએ ધીરે-ધીરે કોમવાદી મનોદશાનું રૂપ લીધું. ધનની કમાણીમાં એકબીજાને ટપી જવાનો ચેપ પ્રસરતો ગયો. આ હરિફાઈમાં બંને કબીલાના લોકો પોતાની જ કોમના પક્ષ લેવા લાગ્યા. બંનેની છાવણી વચ્ચે જાણે મોરચા મંડાઈ ગયા. આ તરફના લોકો તે તરફ નહિ જતા અને તે તરફના લોકો આ તરફ નહિ આવતા. મુદાદ ન સુમૈદઅને મળવા જતો ન સુમૈદઅ મુદાદને મળવા આવતો. એકબીજાને ત્યાં આવવા જવાનું મોકૂફ થતાં આપસમાં તેઓ એકબીજાને ધિક્કારવા લાગી ગયા. નતીજા રૂપે આ હરિફાઈએ અદાવતનું રૂપ લીધું. બનૂ જુરહુમ અને બનૂ કતૂરા એકબીજાના દુશ્મન બની ગયા. દુનિયાની લાલચ અને હુકૂમતની હવસમાં એકબીજાને પડકારવા લાગી ગયા.

બંને કબીલા વચ્ચે આ ઝમેલો જામેલો હતો તે વેળા અલ્લાહના પયગમ્બર હઝરત ઇસ્માઈલ અલૈહિસ-સલામનું આખું કુટુંબ અને આપના વડા ફરઝંદ હઝરત નાબિતનું આખું કુટુંબ પોતાના નાના મુદાદ બિન અમ્ર જુરહુમીના પક્ષે હતું. ખાનએ-કઅબહનું વહીવટી-તંત્ર હઝરત નાબિતના કુટુંબના હાથમાં હતું અને હઝરત નાબિત તેના મુતવલ્લી હતા. સુમૈદઅ કે તેના કબીલાના લોકોનો એમાં કોઇ અધિકાર કે હક ન હતો. હવે તેઓ દુશ્મન બનીને આક્રમણખોર તરીકે બનૂ ઇસ્માઇલ સાથે ટકરાવા લાગ્યા.

મુદાદ અને સુમૈદઅ વચ્ચે ખેલાયેલું યુધ્ધ————પરસ્પરના વિખવાદે આંતરવિગ્રહનું રૂપ લીધું અને છેવટે મામલો લડાઈ સુધી પહોંચી ગયો. બનૂ જુરહુમના લોકો જે વિસ્તારમાં રહેતા હતા ત્યાંનું "કુએ-કિઆન" સ્થળ તેઓના પાટનગર જેવું હતું. જ્યારે "અજયાદ"નામનું સ્થળ બનૂ કતૂરાના લોકોની રાજધાની સમાન હતું. મુદાદ બિન અમ્ર કુએ-કિઆનથી પોતાનું લશ્કર લઇને સુમૈદઅ તરફ એવા ધૂમધડાકાથી નીકળ્યો

૧. આ તે સ્થળ હતું જ્યાં ઝમઝમનું ઝરણું આવેલું હતું. અહીં હઝરત બીબી હાજિરા પોતાના બાળક હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામ સાથે રહેતાં હતાં. ઝમઝમની બરકતથી આજુબાજુની ધરતી લીલીછમ અને રળિયામણી બની ગઇ હતી. "[illegible]"

કે તેની સાથે લડાઈની પૂરી સામગ્રી હતી. ભાલા, ઢાલો, તલવારો, તીરો, કમાનો વગેરે એકબીજા સાથે ખડખડાટ ટકરાતાં હતાં.

કુએ-કિઆન વિશે કહેવાય છે કે એ ''તકઅ-કઅ''માંથી નીકળેલો શબ્દ છે જેના અર્થ ખડખડાટ થાય છે. બીજી તરફ મુદાદના મુકાબલા માટે સુમૈદઅ પોતાના અજયાદ પાટનગરથી એવી રીતે નીકળ્યો કે તેની સાથે ઘોડેસવાર અને પાયદળ લશ્કર હતું. અજયાદને અજયાદ એટલા માટે કહે છે કે સુમૈદઅના લશ્કરમાં ઉત્તમ પ્રકારના જાતવંત ઘોડા હતા. [૧] બંને લશ્કરો વચ્ચે ''ફાઝિહ'' નામના રણમેદાનમાં જંગ ખેલાયો. આ જંગમાં બનૂ ઈસ્માઈલ અને નાબિતના લોકો પોતાના નાના મુદાદ બિન અમ્રના પક્ષે રહીને લડવા આવ્યા હતા. ઘમસાણનું યુધ્ધ ખેલાયું. એમાં કતૂરા કબીલાનો સરદાર સુમૈદઅ કતલ થઈ ગયો. [૨] એના લશ્કરને નામોશી ભરેલી હાર મળી. મુદાદ બિન અમ્ર જીતી ગયો. એજ કારણે આ રણમેદાનનું નામ ''ફાઝિહ'' પડી ગયું એટલે ઝલીલો-ખ્વાર કરનારૂં કે નામોશીભરેલી પછડાટ આપનારૂં સ્થળ.

મુદાદ બિન અમ્ર : મક્કહનો બાદશાહ——————આ લડાઈમાં બનૂ કતૂરાનો સરદાર સુમૈદઅ માર્યો ગયો ત્યારે તેના લશ્કરી અમલદારોએ સુલેહની દરખાસ્ત રજૂ કરી. મુદાદ બિન અમ્રે તેનો સ્વીકાર કરી લીધો. મક્કહના ઊંચાણ વિસ્તારે આવેલા ''મતાબિખ'' સ્થળે બંને કબીલાના આગેવાનો ભેગા મળ્યા. ત્યાં જ આપસમાં સુલેહના કરાર કરી લેવામાં આવ્યા. એજ વેળા બધાએ એકમતે મુદાદ બિન અમ્રને પોતાના બાદશાહ તરીકે અપનાવી લીધો. બાદશાહીની લગામ હાથમાં લેતાં તેણે વિજયની ઉજવણી તરીકે મક્કહમાં ધામધૂમથી મોટો જલસો કર્યો. જાનવરોની કુરબાની કરીને ઝિયાફતમાં મક્કહના તમામ લોકોને નોતરવામાં આવ્યા. ખાઈપીને લોકોએ વિજયની ઉજવણી કરી તેથી એ સ્થળનું નામ ''મતાબિખ'' એટલે રસોડું પડી ગયું. કહેવાય છે કે મુદાદ અને સુમૈદઅ વચ્ચે જે યુધ્ધ ખેલાયું એ મક્કહના ઈતિહાસમાં સૌથી પહેલું યુધ્ધ હતું.

અલ્લાહની મદદ બનૂ ઈસ્માઈલની પડખે——————એ પછી અલ્લાહ તઆલાએ હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદને એટલી વિકસાવી કે દિન-બ-દિન તેઓની વસ્તીમાં વધારો જ થતો ચાલ્યો ગયો. મક્કહ અને ખાનએ-કઅબહના વહીવટી-તંત્રનું સંચાલન મુદાદ બિન અમ્ર, તેના પુત્રો અને તેના જુરહુમ કબીલાના હાથમાં હતું. બનૂ ઈસ્માઈલના લોકો આ કબીલા સાથે નાના-નવાસા અને મામા-ભાણેજની રિશ્તાદારીએ સંકળાયેલા હતા. જેથી મક્કહ અને કઅબહના વહીવટ અંગે તેઓએ બનૂ જુરહુમ સાથે કદી લડાઈ-ઝગડો નહિ કર્યો. વડીલોનો માન મરતબો, મક્કહનો માનમોભો અને કીર્તિવંત કઅબહની અઝમત કે મહાનતા એવી વાતો હતી કે લડાઈ-ઝગડાની તેઓ કલ્પના પણ કરી શકતા ન હતા.

જયારે મક્કહમાં વસ્તી-વધારાને કારણે રહેણાકની તંગી વર્તાઈ તો બનૂ ઈસ્માઈલના લોકો મક્કહથી સ્થળાંતર કરીને અહીંતહીંની વસતિઓમાં ચાલ્યા ગયા અને નવી-નવી વસાહતો ઊભી કરીને ત્યાં જ રહેવા લાગ્યા. એ પછી જયારેય કોઈ કૌમ સાથે અથડામણનો પ્રસંગ સર્જાયો તો અલ્લાહની મદદથી હંમેશ તેમાં ફતેહમંદ નીવડ્યા.

---

૧. અરબીમાં લાંબી સુંદર ગરદન માટે ''જીદ''શબ્દ આવે છે. જેનું બહુવચન જિયાદ, જુયૂદ, અજયાદ છે. કહેવાય છે કે સુમૈદઅના પાટનગર અજયાદમાં મુદાદબિન અમ્રે કતૂરાના એક સો માણસોની ગરદન મારી હતી જેથી એ સ્થળનું નામ પણ અજયાદ પડી ગયું.

૨. સુમૈદઅ અને તેનો કતૂરા કબીલો અમાલીક નામે એક પ્રાચીન કૌમના વંશમાંથી હતો. હઝરત નૂહ અલૈહિસ-સલામના પુત્ર સામ બિન નૂહના એક પ્રપૌત્રનું નામ અમલીક હતું. તેની અવલાદ અમાલીક કે અમાલિકહ કહેવાય છે. મિસરના ફિરઔન બાદશાહો એજ કૌમમાંથી હતા. (બયાનુલ-લિસાન પાનું ૫૧૨) હથુરણી.

કેમકે તેઓ દીને-ઈબ્રાહીમીના સાચા અનુયાયી અને ધર્મચુસ્ત અને સત્યપંથી હોવાથી સદા અલ્લાહની મદદને પાત્ર ઠરતા હતા.

મક્કહથી બનૂ જુરહુમની હકાલપટ્ટી————એ પછી બનૂ જુરહુમના લોકોએ સરકશી કે બંડખોરીનો શયતાની માર્ગ અપનાવીને મક્કહમાં અંધેરનગરીનું સામ્રાજ્ય પ્રવર્તાવી દીધું. મક્કહની નિર્દોષ જનતા પર મન મૂકીને અત્યાચાર ગુજારવા માંડ્યો. બહારથી આવનારા હાજીઓનો બળજબરીથી માલ પડાવવા લાગ્યા. કઅબહની અઝમત અને માનમર્યાદાનો છડેચોક ભંગ કરવા લાગ્યા. કઅબહને અર્પણ કરાતી ભેટો અને નઝરાણાઓ પર કબજો કરીને પોતાના ઉપયોગમાં લેવા લાગ્યા. કાનૂનો અને નિયમોનો ભંગ કરીને ધર્મવિરોધી કામો આચરવા લાગ્યા ત્યારે માંહેમાંહે તેઓમાં ફાટફૂટ પડી ગઈ. [૧]

બનૂ જુરહુમના આ કારસ્તાન કે શયતાની ધંધા જોઈને બનૂબક્ર બિન અબ્દે-મનાત બિન કિનાનહ તથા બનૂ ખુઝાઅહવાળા બનૂ ગુબશાનના લોકોએ તેઓને એકમતે મક્કહથી હાંકી કાઢવાનું નક્કી કરી લીધું. યોજનાબધ્ધ રીતે તેઓએ જંગનું એલાન કર્યું અને એવી બહાદુરીથી લડ્યા કે બનૂ જુરહુમ માટે ઊભી પૂછડીએ ફરાર થવા સિવાય બીજો રસ્તો નહિ રહ્યો. બનૂબક્ર અને ગુબશાનના વીરનરોએ શાનદાર વિજય મેળવી લીધો અને પછી બનૂ જુરહુમની હકાલપટ્ટી તરીકે તેઓને મક્કહથી તડીપાર કરી દીધા.

બક્કહ શબ્દ અને તેના અર્થ————મક્કહ શહેરનું પ્રાચીન નામ બક્કહ છે. (આ શબ્દ કુર્આને-મજીદમાં આવેલો છે) તે વેળાના જાહિલિયત યુગમાં મક્કહની ભૂમિમાં એવી તાસીર હતી કે કોઈ અત્યાચારી કે ભ્રષ્ટાચારી કે ત્રાસવાદી માણસ તેમાં વધુવાર ટકી શકતો નહિ. જયાં કોઈએ આપખુદી કે જોહુકમી ચલાવી કે ઝુલ્મ આદર્યો, મક્કહએ તુરંત તેને પોતાની ભૂમિમાંથી બહાર ફગોટી દીધો. આ કારણે મક્કહનું એક નામ "નાસ્સહ" તરીકે પંકાયેલું હતું. [૨]

કોઈ બાદશાહ જયારેય મક્કહની બેહુર્મતી કે અપમાનનો ઈરાદો કરતો કે તુરંત તેનો મૃત્યુઘંટ બજી જતો. કહેવાય છે કે મક્કહનું નામ બક્કહ એટલા કારણે પડ્યું કે તે આવા બંડખોરો અને માથાભારે તત્વોની ગરદન તોડી નાખતું હતું. [૩]

ઈબ્ને હિશામ કહે છે : બક્કહને લગતી બીજી રિવાયત એમ છે કે મક્કહની ભૂમિમાં બક્કહ નામની એક ખીણ હતી. આ ખીણમાં લોકોની ભારે ભીડ જામેલી રહેતી. લોકોના ટોળેટોળાં ત્યાં એકઠાં થતાં હોવાથી

---

૧. મુદાદ બિન અમ્રના મરણ બાદ તેનો જુરહુમ કબીલો સદીઓ સુધી મક્કહ પર બાદશાહી ભોગવતો રહયો. પછી ધીરે ધીરે તેઓમાં જાતજાતના અનિષ્ટો કે દુષણોનો ચેપ પ્રસરતો ગયો. છેવટે તેઓની નૈતિક બુધ્ધિનું દેવાળુ નીકળી ગયું. એટલા ભ્રષ્ટાચારી બની ગયા કે ન કઅબહની પવિત્રતાનું ભાન રહ્યું ન હલાલ-હરામની તમીઝ રહી. એટલે સુધી કે જયારે કોઈને બદકારીની જગા ન મળતી તો તે કઅબહમાં જઈને આ પાપ આચરતો. એજ ઝમાનામાં ઈસાફ નામના બદકાર યુવકે નાઈલહ નામની જવાન કન્યા સાથે ખાનએ-કઅબહમાં આ ગોઝારૂં પાપ આચર્યું તો અલ્લાહ તઆલાએ બંનેને પથ્થરના પૂતળાં બનાવી દીધાં. લોકો અમુક મુદ્દત સુધી એનાથી ધડો લેતા રહ્યા. બાદમાં એજ ઈસાફ અને નાઈલહ નામે પાપીઓની મૂર્તિઓ બનાવીને તેને પૂજવા લાગી ગયા. (હવાલા માટે જુઓ સીરતે- સરવરે-અનામ જિ.૨ પા.૭૩ હથુરણી.

૨. નાસ્સહ અરબીના "નસ્સ" શબ્દમાંથી નીકળેલો છે જેના અર્થ હાંકી કાઢવું, હકાલપટ્ટી કરવી, દમદાટી આપવી વગેરે થાય છે. "હ"

૩. બક્કહ શબ્દ "બક્ક"થી નીકળેલો છે એના અર્થ ટુકડે-ટુકડા કરવું, ગરદન તોડી નાખવી વગેરે. એના બીજા અર્થ લોકોના ટોળાંનો પ્રચંડ ધસારો પણ થાય છે જેમકે હજ્જ પ્રસંગે પ્રચંડ ધસારાને કારણે લોકો એકબીજા સાથે ટકરાતા હોય છે. બક્કહના એક અર્થ છૂંદી નાખવું કે કચડી નાખવું પણ થાય છે. જે કોઈએ મક્કહ પર હમલો કર્યો કે તરત તેને કચડી નાખવામાં આવ્યો. "અસહાબે-ફીલ"ના ઘટનામાં આક્રમણખોર અબ્રહા અને તેના લશ્કરને કચડી નાખવામાં આવ્યું હતું. હથુરણી.

તેનું નામ બક્કહ પડી ગયું. ખાસ કરીને ખાનએ-કઅબહના સ્થળ અને તેની ફરતે આવેલી મસ્જિદે-હરામને જ બક્કહ કહેવામાં આવે છે.

કઅબહના તબર્રુકાત કૂવામાં————ઇબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે જુરહુમ કબીલાની મક્કહથી હકાલપટ્ટી કરવામાં આવી તો મુદાદ બિન અમ્રના એક પૌત્ર અમ્ર બિન હારિસે મક્કહથી નીકળતી વેળા કઅબહના સોનેરી હરણો, [1] કઅબહના પર્દા, હજરે-અસ્વદ વગેરેને પોતાના સાથીઓની મદદથી ઝમઝમના કૂવામાં પધરાવીને ઉપરથી કૂવો એવી રીતે પૂરી દીધો કે જમીનની સપાટીથી તેનું નામો-નિશાન મટી ગયું. એ પછી તેઓ ઝપાટાભેર યમન તરફ પલાયન થઇ ગયા. મક્કહની રાજગાદી અને બૈતુલ્લાહની વહીવટદારી છૂટી જવાનો ઊંડો આઘાત પોતાના સીના પર લઇને તેઓને મક્કહથી તડીપાર થવું પડયું હતું.

(નોટ :-અલ્લામા ઈબ્ને હિશામે અહીં મુદાદ બિન અમ્રના પૌત્ર અમ્ર બિન હારિસે, મક્કહ અને કઅબહના વિયોગમાં રચેલા વિલાપ-કાવ્યના ૧૯ શેઅરો ટાંકેલા છે તેમાંના કેટલાક શેઅરો અહીં પ્રસ્તુત છે:)

વ કાઇ-લતિન વદ-દમ્ઉ સકબુમ મુબાદિરુ, • વકદ શરિકત બિદ - દમ્ઇ મિન્હલ મહાજિરુ.

અમુક કહેનારની આ હાલત છે કે આંસુ પસારાભેર વહી રહ્યાં છે અને આંખોના ખૂણા આંસુઓથી ઝળકી રહ્યાં છે.

વ નહનુ વલીનલ-બૈત મિમ બઅદિ નાબિતિન, • બિ અઝ-ઝિન ફમા યહઝા લદૈનલ-મુકાસિરુ.

નાબિત પછી અલ્લાહના ઘરના મુતવલ્લી કે વહીવટદાર અમે જ તો હતા ! એજ ઘરની ચોગર્દમ અમે ઘૂમ્યા કરતા હતા. અમારી ભલાઇ કે કીર્તિ જગજાહેર છે.

મલકના ફઅઝ-ઝઝના ફ-અઅઝમ બિ-મુલકિના, • ફલૈસ લહિયિન ગયરિના સમ્મ ફાખિરુ.

ત્યાં અમે બાદશાહી કીધી તો કેવી શાનથી કીધી ? કે અમારા સિવાય ત્યાં અન્ય કોઈ કબીલા માટે ગર્વ લેવાની ગુંજાઈશ જ ન હતી.

ફઇન તન-સનિદ - દુન્યા અલૈના બિ - હાલિહા, • ફઇન્ન લહા હાલંવ વફીહત - તશાજુરુ

અગર દુનિયા પોતાના સંજોગો સાથે અમારાથી વિરૂધ્ધ થઇ ગઇ તો એમાં તઅજ્જુબ શા માટે ? દુનિયામાં પરિવર્તન થતું જ રહે છે અને સંઘર્ષ ચાલુ જ રહે છે.

ફ-અખ - રજના મિન્હલ મલીકુ બિ - કુદરતિન, • કઝાલિક યા લન-નાસિ તજરીલ મકાદિરુ.

ત્યાંથી અમને કુદરતવાળા બાદશાહે હાંકી કાઢયા. લોકો ! નસીબ એવી જ રીતે પોતાનો પ્રવાસ ચાલુ રાખે છે.

વ સિરના અહાદીસ ન વ કુન્ના બિ-ગિબ તતિન, • બિ ઝાલિક ગદ-દતનસ સનૂનલ ગવાબિરુ.

આથી પહેલાં અમે પણ ઈર્ષાપાત્ર હતા પણ હવે તો અમે ગઇ ગુજરી કહાણી બની ગયા છીએ. એજ અમારી ઈર્ષાપાત્ર દશાને વિતેલા યુગમાં અમને કરડી ખાધા છે.

---

૧. કઅબહને ભેટ તરીકે પ્રાપ્ત થયેલી વસ્તુઓમાં સોનાના બે હરણો પણ હતાં જેની વિગત આગળ આવે છે. "હ"

વ તબ્કી લિ-બૈતિન લૈસ યુઅઝ્ઝય હમામુહૂ, • યઝલ્લુ બિહી અમ્નંવ - વ - ફીહિલ - અસાફિરૂ.

અને આંખો તે ઘર માટે આંસુઓ સારે છે જ્યાંના કબૂતરોને પણ જરા જેટલી તકલીફ પહોંચાડી શકાય નહિ અને ત્યાંના નાનકડાં પંખીડાઓ હંમેશા તેમાં નિર્ભય રહેતાં હોય છે.

કુન્ના ઉનાસન કમા કુન્તુમ ફગય-યરના, • દહરુન ફ-અન્તુમ કમા કુન્ના તકૂનૂના.

અમે લોકો પણ તમારા જ જેવા હતા. પછી કાળના ચક્રે અમારી દશા પલટાવી નાખી. તો તમારી પણ તેજ દશા થશે જે અમારી થઇ.

ઈબ્ને હિશામ કહે છે : કાવ્યકળાના કેટલાક પ્રખર જ્ઞાનીઓએ મને કહ્યું કે અમ્ર બિન હારિસ઼ના આ તે વિચારો કે તરંગો છે જેને અરબમાં સૌથી પહેલાં શાઈરીના ગુલદસ્તામાં ગૂંથી લેવામાં આવ્યા. અમ્ર બિન હારિસ઼ના આ શેઅરો યમનમાં એક પથ્થર પર કોતરાયેલા મળી આવ્યા હતા. પણ તેના રાવીનું નામ મને બતાવવામાં નહિ આવ્યું.

કઅબહના વહીવટ પર ખુઝાઅહનો કબજો—— ——ઈબ્ને ઈસ્હાક કહે છે : જુરહુમ કબીલાની હકાલપટ્ટી પછી મક્કહ પર રાજસત્તાની લગામ ખુઝાઅહ કબીલાના ગુબશાન નામે લોકોના હાથમાં ચાલી ગઇ. એજ લોકો કઅબહના મુતવલ્લી અને મક્કહના બાદશાહ બની બેઠા. એમના સહકારી બનૂબક્ર બિન અબ્દે-મનાત કબીલાના લોકો આ સત્તામાં ભાગીદારીથી મહરૂમ રહી ગયા. તે સમયે ગુબશાન કબીલાનો સરદાર અમ્ર બિન હારિસ઼ ગુબશાની નામે ગૃહસ્થ હતો જે કઅબહનો મુતવલ્લી અને મક્કહનો બાદશાહ હતો.

એ દિવસોમાં કુરૈશના લોકો પોતાના જાતભાઇઓ એટલે બનૂ કિનાનહની વસતિઓમાં વસેલા હતા અને અલગ-અલગ જૂથો, સમૂહો તથા ખાનદાનોમાં વહેંચાયેલા હતા. તેઓ છૂટા છવાયા અને વેરવિખેર હાલતમાં હતા.

આ રીતે કઅબહનું મુતવલ્લીપણું અને મક્કહની બાદશાહી બનૂ ખુઝાઅહની શાખ બનૂ ગુબશાનના લોકોમાં પરંપરાગત ચાલતી રહી. એક પછી એક ગુબશાનના લોકો મક્કહની સરદારી ભોગવતા રહ્યા ત્યાં સુધી કે તેઓના છેલ્લા વારસદાર તરીકે હુલૈલ બિન હબશિયા બિન સલૂલ બિન કઅબ બિન અમ્ર ખુઝાઇ નામના ગૃહસ્થે મક્કહ અને કઅબહના વહીવટની લગામ પોતાના હાથમાં લીધી.

સંપાદકની નોંધ——————બનૂ ગુબશાનનું ખાનદાન ત્રણ સો-ચાર સો વરસ સુધી મક્કહ પર એકહથ્થુ સત્તા ભોગવતું રહ્યું. એમના જ યુગમાં એક સમય એવો આવ્યો જ્યારે ખાનએ કઅબહ સંપૂર્ણ રીતે મૂર્તિઓના મંદિરમાં ફેરવાય ગયો એની શરૂઆત એવી રીતે થઇ કે આ કબીલાનો અમ્ર બિન લહુય્ય નામે શખ્સ પોતાની માલદારી અને દાનવૃત્તિને પ્રતાપે બનૂ ખુઝાઅહનો બેતાજ બાદશાહ બની ગયો. તે પોતાના ફળદ્રુપ ભેજામાંથી જે કંઇ બિદઅત કે તુક્કો ઉપજાવી કાઢતો, તેના ખુશામદખોર ખાંધિયા આંખો બંધ કરીને તેને વધાવી લેતા. એક વેળા તે સીરિયા ગયો. ત્યાંના અમાલીક વંશના લોકોને તેણે મૂર્તિઓની પૂજા કરતા જોયા. મૂર્તિઓની બંદગીનો આ તરીકો તેને ગમી ગયો. અમ્ર બિન લહુય્યની વિનંતીને માન આપીને તેઓએ હુબલ નામની મૂર્તિ તેને આપી દીધી. આ મૂર્તિને સીરિયાથી લાવીને તેણે કઅબહની છત પર ગોઠવી દીધી અને લોકોને તેની પૂજાનો હુકમ ફરમાવી દીધો. પછી તો અલ્લાહનું પવિત્ર ઘર મૂર્તિઓનું ધામ બની ગયું. ફરતા-ફરતા આખું અરબ મૂર્તિપૂજાની નાપાકીમાં સંડોવાઈ ગયું. ફત્હે-મક્કહ વેળા ત્રણ-સોને સાઠ મૂર્તિઓ બૈતુલ્લાહમાં માનપાનથી બિરાજેલી હતી. અમ્ર બિન લહુય્યનું બયાન પ્રકરણ ૧૭માં આવી ગયું છે. હઝુરણી.

પ્રકરણ ૨૨

કુસૈય અને મક્કહની બાદશાહી

મક્કહની સરદારીના ખરા હકદાર ● કુસૈય બિન કિલાબને કુરૈશનો ટેકો ● કુસૈય બિન કિલાબનો બચપણનો કિસ્સો ● કુસૈય માટે હુલૈલની વસિય્યત ● બનૂ સૂફહનું ખાનદાન ● બનૂ સૂફહના નાલાયક ઓહદેદારો ● અરફાતથી ઊપડવાની પરવાનગી ● આમિર બિન ઝરીબનો અજીબો-ગરીબ કિસ્સો.

મક્કહની સરદારીના ખરા હકદાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહના બાદશાહ અને કઅબહના મુતવલ્લી હુલૈલ બિન હબશિયાની એક કુંવારી કન્યા હતી. તેનું નામ હુબ્બા હતું. કુસૈય બિન કિલાબે આ રાજકુમારી સાથે લગ્નનું માગું મોકલ્યું. હુલૈલ બાદશાહે તેના આ માગાંનો ખુશદિલીથી સ્વીકાર કરી લીધો અને પોતાની કુંવારી શાહઝાદીને તેની સાથે પરણાવી દીધી. આ જુગલજોડીથી કુસૈયને ત્યાં ચાર-પુત્રોનો જન્મ થયો : (૧) અબ્દુદ-દાર (૨) અબ્દે-મનાફ (૩) અબ્દુલ-ઉઝઝા અને (૪) અબ્દ.

જયારે કુસૈય બિન કિલાબનું પરિવાર વિકસીને ખૂબ વિશાળ થઇ ગયું, તેના ધન-દવલતમાં વધારો થઇ ગયો, માનમોભામાં દિન-બ-દિન ઉમેરો થતો ગયો અને હુલૈલ બિન હબશિયા મરી ગયો તો કુસૈયના મનમાં એવા તરંગો ઉછાળો મારવા લાગ્યા કે મક્કહની સરદારી અને કઅબહના વહીવટનો અમારાથી વધારે બીજો કોઇ કબીલો હકદાર નથી. ન ખુઝાઅહનો કબીલો ન બનૂબક્રનો કબીલો. કેમકે અમારો કુરૈશ કબીલો ખાસ અલ્લાહના પયગમ્બર ઇસ્માઇલ બિન ઇબ્રાહીમના વંશમાંથી ઊતરી આવેલો છે. અને અમારૂં ખાનદાન અલ્લાહના ચુનંદા બંદાઓનું ખાનદાન છે.

કુસૈય બિન કિલાબને કુરૈશનો ટેકો————એ પછી કુસૈય બિન કિલાબે કુરૈશના આગેવાનો અને બનૂ કિનાનહના અગ્રણીઓ સાથે મળીને આ મામલા અંગે વાટાઘાટ કરી અને તેઓની સામે એવો પ્રસ્તાવ મૂક્યો કે બનૂ ખુઝાઅહ અને બનૂબક્રને મુકાબલે કુરૈશનું ખાનદાન, મક્કહની સરદારી અને કઅબહના વહીવટનું વધારે હકદાર છે માટે એ બંનેને મક્કહથી હાંકી કાઢવાનું કોઇ નક્કર પગલું લેવું જોઇએ !

કુરૈશ અને બનૂ કિનાનહના લોકોએ કુસૈય બિન કિલાબનો આ પ્રસ્તાવ વધાવી લીધો અને પ્રસ્તાવના પ્રથમ પગલાં તરીકે બધાએ સાથે મળીને બનૂ ખુઝાઅહ તથા બનૂબક્રને મક્કહથી હાંકી કાઢવાનું એકમતે ઠરાવી લીધું.

કુસૈય બિન કિલાબના બચપણનો કિસ્સો [૧]————આ મામલા અંગે બીજી રિવાયત એવી છે કે ઉઝરહ બિન સઅદ બિન ઝૈદ ખાનદાનનો એક શખ્સ જેનું નામ રબીઅહ બિન હરામ હતું; બહાર ગામથી આવીને મક્કહમાં વસી ગયો હતો. અહીં તેણે ફાતિમહ બિન્તે સઅદ બિન સયલ નામની વિધવા સ્ત્રી સાથે શાદી કરી લીધી હતી. આ ફાતિમહ બિન્તે સઅદ કુસૈયની સગી મા હતી. ફાતિમહની પહેલી શાદી કુસૈયના બાપ કિલાબ સાથે થઈ હતી. કિલાબથી ફાતિમહને બે પુત્રો અવતર્યા હતા. મોટા પુત્રનું નામ ઝુહરહ હતું અને બીજો પુત્ર કુસૈય પોતે હતો. કુસૈય ધાવણો હતો ત્યારે એના બાપ કિલાબનું મરણ થયું હતું. કિલાબના મરણ બાદ ફાતિમહએ બહારગામથી આવીને મક્કહમાં વસેલા રબીઅહ બિન હરામ સાથે નિકાહ કરી લીધા હતા.

નિકાહ બાદ રબીઅહ બિન હરામ, તેની પરણેતર ફાતિમહ અને તેના ધાવણા બાળક કુસૈયને લઈને પોતાને વતન ચાલ્યો ગયો. [૨] ફાતિમહનો પહેલો જવાન છોકરો એટલે કુસૈયનો મોટો ભાઈ ઝુહરહ મક્કહમાં જ રહી ગયો. વતન જવા પછી રબીઅહને ત્યાં ફાતિમહથી રિઝાહ નામે પુત્રનો જન્મ થયો. હવે રબીઅહના ઘરમાં રિઝાહ ઉપરાંત કુસૈયના બીજા ત્રણ ઓરમાન ભાઈઓ પણ હતા જેઓના નામ હુન્ન, મહમૂદ અને જુલુહમા હતાં. એ બધા ફાતિમહ વગર રબીઅહની બીજી પત્નીથી હતા.

કુસૈય બિન કિલાબ જયારે ઉછેર પામીને ભરજુવાનીએ પહોંચી ગયો તો પોતાના સાવકા બાપ રબીઅહ બિન હરામનું ઘર છોડીને મક્કહ ચાલ્યો ગયો અને કાયમ માટે અહીંનો જ વસવાટ ગ્રહણ કરીને તેણે મક્કહના બાદશાહ હુલૈલ બિન હબશિયાની જુવાન શાહઝાદી હુબ્બા સાથે શાદી કરી લીધી. હુલૈલ બિન હબશિયા ખુઝાઅહ કબીલાનો છેલ્લો વારસદાર હતો જેના હાથમાં મક્કહની બાદશાહીની લગામ હતી. હુલૈલના મરણ બાદ કુસૈયને એવો વિચાર આવ્યો કે બનૂ ખુઝાઅહને મારી-હઠાવીને મક્કહની હુકૂમત હાથ કરવી જોઈએ કેમકે તે પોતે અને તેનો કુરૈશ કબીલો અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદ હોવાથી મક્કહની સરદારીના બીજાઓ કરતાં વધારે હકદાર છે.

જયારે કુસૈય બિન કિલાબની કૌમે તેના પ્રસ્તાવને ટેકો આપીને દરેક પ્રકારના સહકારની ખાતરી અપાવી તો તેણે પોતાના ઓરમાન ભાઈઓ————રિઝાહ, હુન્ન, મહમૂદ અને જુલુહમાને પણ મક્કહ બોલાવવાનો કાગળ લખ્યો. અને કાગળમાં લખી જણાવ્યું કે તમે બધા અહીં આવીને રહો અને મારી મદદ કરો. સંદેશો મળતાં એ લોકો એકલા નહિ આવ્યા બલકે પોતાના કુદાઅહ કબીલાના એવા લોકોને પણ લઈ આવ્યા જેઓ હજજના ઈરાદે મક્કહ જવાના હતા. એ બધા કુસૈયની મદદ માટે સંગઠિત અને સંમત હતા.

કુસૈય માટે હુલૈલની વસિય્યત————પરંતુ બીજી રિવાયત મુજબ શાસક પક્ષ એટલે બનૂ ખુઝાઅહના લોકોનો દાવો છે કે જયારે કુસૈય બિન કિલાબે હુલૈલની બેટી હુબ્બા સાથે શાદી કરીને આલ-અવલાદમાં, માલ-દવલતમાં, માનમોભામાં અને લોકપ્રિયતામાં ખૂબ તરકકી કરી લીધી અને હુલૈલ મરણ પથારીએ પડયો તો મરવા પહેલા તેણે વસિય્યત કરી હતી કે મારા મરણ બાદ મક્કહની રાજગાદી અને કઅબહની

૧. કુસૈય બિન કિલાબ રસૂલુલ્લાહ સલલલ્લાહુ અલૈહિ વ સલ્લમની વંશકડીમાં પાંચમી પેઢીના પૂર્વજનું નામ જેમકે : (૧) મુહંમદ બિન અબ્દુલ્લાહ (૨) બિન અબ્દુલ-મુત્તલિબ (૩) બિન હાશિમ (૪) બિન અબ્દે-મનાફ (૫) બિન કુસૈય. હથુરણી

૨. રબીઅહ બિન હરામનું વતન સીરિયાની સરહદે આવેલો એક મોટો કસબો હતો. એના કબીલાનું નામ બનૂ કુદાઅહ હતું. પૂરો કબીલો વરસોથી એજ વિસ્તારમાં વસેલો હતો. (હયાતે-રિસાલત-મઆબ પાનું ૪૨) હથુરણી

અમલદારી મારા જમાઇ કુસૈય બિન કિલાબને હવાલે કરી દેવી કેમકે તે બીજાઓ કરતાં એનો વધારે હકદાર છે. હુલૈલની આ વસિય્યતને આધારે જ કુસૈય બિન કિલાબે મક્કહની સત્તા હાથ ધરવાની હામ ભીડી હતી.

ઇબ્ને હિશામ કહે છે : આ રિવાયત બનૂ ખુઝાઅહ સિવાય બીજા કોઇને મુખે મેં સાંભળી નથી. એમાં ખરૂં ખોટું શું છે તે અલ્લાહ બેહતર જાણે !

સારાંશ કે કુસૈય બિન કિલાબે પોતાના પુત્રો, ભાઇઓ, ચાહકો, બનૂ કિનાનહ અને કુરૈશનું પીઠબળ મેળવી લીધું તો બધાએ સૌથી પહેલાં બનૂ ખુઝાઅહને બદલે બનૂ સૂફહ ખાનદાનના લોકો પર ત્રાટકવાનો નિર્ણય કરી લીધો.

બનૂ સૂફહનું ખાનદાન————બનૂ સૂફહ ખાનદાનના લોકો ખાનએ-કઅબહના વહીવટીતંત્રમાં અમુક ખાતાંઓનો ઓહદો વંશપરંપરાથી ભોગવતા હતા. હજ્જ પ્રસંગે આવનારા હાજીઓને તેઓ પોતાની દોરવણી હેઠળ હજ્જની ક્રિયાઓ કરાવતા હતા. [1] આ સૂફહ ખાનદાનનો પૂર્વજ ગૌસ બિન મુર્ર બિન ઉદ્દ બિન તાબિખહ બિન ઇલ્યાસ નામે ગૃહસ્થ હતો. તેની અવલાદને બનૂ સૂફહ કહેવામાં આવે છે. ગૌસની માં જુરહુમ કબીલામાંથી હતી. શાદી બાદ એને કોઇ અવલાદ થતી ન હતી. ત્યારે તેણે માનતા લીધી કે મને પુત્ર અવતરશે તો તેને હું ખાનએ-કઅબહને અર્પણ કરી દઇશ પછી એને ત્યાં પુત્ર પેદા થયો તો તેનું નામ ગૌસ રાખવામાં આવ્યું. માનતા મુજબ ગૌસને તેણે કઅબહને અર્પણ કરી દીધો.

શરૂઆતમાં ગૌસ પોતાના મામાઓ સાથે રહીને કઅબહમાં વિવિધ સેવાઓનું કામ શીખવા લાગ્યો. પછી મોટો થઇને સેવાઓના કામમાં પારંગત થઇ ગયો તો હજ્જ પ્રસંગે અરફહને દિવસે, [2] લોકોને હજ્જની ક્રિયાઓ માટે મક્કહથી નીકળવાની પરવાનગી આપવાનો ઓહદો તેને સોંપવામાં આવ્યો તેના મરણ પછી આ ઓહદો તેની અવલાદને મળતો રહ્યો. આ ઓહદા ઉપરાંત હજ્જની બીજી ક્રિયાઓના ઓહદા પણ તેની અવલાદને મળતા રહ્યા. જેમકે મિનાથી ઊપડવાની પરવાનગી આપવાનો ઓહદો તેમજ શયતાનોને કાંકરા મારવાની પરવાનગીનો ઓહદો. એ પછી તો બનૂ સૂફહ એટલે ગૌસની અવલાદના ઓહદેદારો એટલા બધા આપખુદ બની ગયા કે જયાં સુધી પોતે આ ક્રિયાઓ ન કરી લેતા, બીજા હાજીઓ તેની પહેલ કરવાની હિંમત કરી શકતા નહિ.

બનૂ સૂફહના નાલાયક ઓહદેદારો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યહ્યા બિન ઇબાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના બાપ ઇબાદના મુખે સાંભળેલી આ રિવાયત કહી સંભળાવી કે, બનૂ સૂફહનો કોઇ ઓહદેદાર જયારે હાજીઓને મિનાથી શયતાનોને કાંકરા મારવા લઇ જતો તો જયાં સુધી તે પોતે આ ક્રિયા ન કરી લેતો, બીજાઓને તેની પરવાનગી આપતો ન હતો. કેટલાક હાજીઓને પોતાના જરૂરી કામો હોવાથી આ ક્રિયાને જલદી પતાવી દેવાની ઉતાવળ હતી. તેઓ આ ઓહદેદાર પાસે જઇને વિનંતી કરતા, "ભાઇ સાહેબ ! જલદી કરોને અમને ઉતાવળ છે. તમે જલદી પરવારો તો અમે પણ આ ક્રિયા પતાવીને અમારાં બીજાં કામો પતાવીએ."

---

૧. બનૂ સૂફહના લોકો તેજ ઓહદો ભોગવતા હતા જે આજે મુઅલ્લિમો અને તેઓના માણસો ભોગવે છે. "હ"

૨. ઝિલ-હજ્જની નવમી તારીખને અરફહનો દિવસ કહે છે. એ દિવસે હાજીઓ માટે અરફાતના મેદાનમાં થોભવું હજ્જનું સૌથી મહત્વનું અંગ ગણાય છે. એ છૂટી જાય તો હજ્જ નહિ થઇ શકે. "હ"

તે ઠંડા કલેજે જવાબ આપતો, "ધીરજ રાખો મારા ભાઈઓ ! ઉતાવળે આંબા નહિ પાકે. સાંભળો, સૂરજ ઢળવા પહેલાં આ ક્રિયા થઈ શકે નહિ જેથી તમારી દરખાસ્ત નામંજૂર છે." (બીજા શબ્દોમાં : અમે કંઈ તમારા બાપના નોકર નથી.)

હાજીઓ તેને કરગરીને કાલાવાલા કરતા પણ આ તુમાખીખોર માણસ તેને એવી રીતે ઠુકરાવી દેતો જાણે કંઈ સાંભળ્યું જ નથી. પછી જ્યારે સૂરજ ઢળી જતો તો આ માણસ ઊભો થઈને ઓકળગાયની ગતિએ આગળ વધતો અને પ્રથમ પોતે શયતાનોને કાંકરા મારવાની ક્રિયા કરતો. તેના પરવારી જવા પછી જ બીજા હાજીઓને આ ક્રિયાની પરવાનગી મળતી.

જ્યારે હાજી લોકો કાંકરાની ક્રિયાથી પરવારીને મિનાથી મક્કહ તરફ ઊપડતા તો સૂફહના ઓહદેદારો અકબહની ઘાટીના નાકે રસ્તો રોકીને ઊભા થઈ જતા અને હાજીઓને કહેતા, "ખબરદાર કોઈ આગળ વધ્યું તો ! પ્રથમ અમારા માણસોને પસાર થઈ જવા દો, પછી તમે આગળ વધજો."

આ રીતે હાજીઓને અટકાવીને તેઓ પોતાના માણસોને બૂમો પાડતા, "હે અમારા સૂફહના ભાઈબંધો! પહેલાં તમે પસાર થાવ પછી બીજા લોકો પસાર થશે."

અને જ્યારે સૂફહ ખાનદાનના તમામ સ્ત્રી-પુરૂષો હાજીઓની ભારે ભીડમાંથી પસાર થઈ જતાં તે પછી જ બીજા હાજીઓને ત્યાંથી પસાર થવાની પરવાનગી મળતી. મતલબ કે કઅબહના ઓહદા જ્યાં સુધી સૂફહના ખાનદાનમાં રહ્યા, તેઓની જોહુકમી કે અંધાધૂંધીનો આ જંગલી નિયમ ચાલુ રહ્યો અને હાજીઓ તરહ-તરહની હાડમારીઓ ભોગવતા રહ્યા.

પછી જ્યારે સૂફહના ઓહદેદારો કાળક્રમે મરી પરવાર્યા તો આ વારસો તેઓના સ્નેહીઓ તરીકે બનૂ સઅદ બિન ઝૈદ બિન મનાત બિન તમીમના લોકોને મળવા પામ્યો અને બનૂ સઅદના પતન પછી તેઓના અનુગામીઓ તરીકે બનૂ સફ્વાન બિન હારિસ બિન શજિનહનું ખાનદાન આ વારસાનું હકદાર ઠર્યું. બનૂ સફ્વાનનું ખાનદાન બનૂ સઅદની જ એક શાખ હતી.

ઈબ્ને હિશામ કહે છે : સફ્વાનની વંશાવળી આ છે. સફ્વાન બિન જુન્નાબ બિન શજિનહ બિન ઉતારુદ બિન ઔફ બિન કઅબ બિન સઅદ બિન ઝૈદ મનાત બિન તમીમ.

અરફાતથી ઊપડવાની પરવાનગી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ સફ્વાન જ તે શખ્સ છે જે હાજીઓને હજ્જ પ્રસંગે અરફહથી ઊપડવાની પરવાનગી આપતો હતો. તેના મરણ પછી આ ઓહદો તેની અવલાદને મળવા પામ્યો અને આ પરંપરા એજ નિયમ મુજબ ચાલતી રહી ત્યાં સુધી કે તેની અવલાદના આખેરી શખ્સનું નામ કરબ બિન સફ્વાન હતું જેના યુગમાં ઈસ્લામની જાહેરાત થવા પામી.

ઔસ બિન તમીમ સઅદીનો શેઅર છે :

લા યબ - રહુલ - નાસ મા હજ્જૂ મ્અર - રફુહમ, • કતા યુકાલ અજીઝૂ આલા સફ્વાના.

જ્યાં સુધી લોકો હજ્જ કરતા રહેશે તેઓ અરફહ મુકામેથી હટી શકવાના નથી, ત્યાં સુધી કે તેઓને કહેવામાં આવે કે, "હે બનૂ સફ્વાન ! અમને પરવાનગી આપો !"

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઝિયાદ બિન અબ્દુલ્લાહ બિન બુકાઈથી એવી રિવાયત પણ મળવા પામી

છે કે હાજીઓને મુઝ-દલિફાથી ઊપડવાની પરવાનગી બનૂ અદવાનના ખાનદાન તરફથી મળતી હતી અને આ ઓહદો તેઓના ખાનદાનમાં વંશપરંપરાથી ઊતરી આવતો હતો. આ ખાનદાનનો આખેરી શખ્સ જેના ઝમાનામાં ઈસ્લામની જાહેરાત થઈ તેનું નામ અબૂ સૈયારહ ઉમૈલહ બિન અઅઝલ હતું. અરબના કોઈ શાઈરે એના વિષે કહ્યું છે :

નહનુ દફઅના અન અબી સૈયારહ, • વ અન મવાલીહિ બની ફઝારહ.

હત્તા અજાઝ સાલિમન હિમારહ, • મુસ-તક-બિલલ કિબ્લહ યદઉ જારહ.

એટલે અમે અબૂ સૈયારહ તથા તેના બનૂ ફઝારહ નામે પિતરાઈઓને લોકોથી હટાવી દીધા, ત્યાં સુધી કે અબૂ સૈયારહ પોતાની ગધેડીને શરારતથી અટકાવીને કિબ્લહ તરફ ફરી ગયો અને અલ્લાહ તઆલા પાસે રક્ષણની દુઆ માગી અને પછી તેણે લોકોને પરવાનગી આપી.

આમિર બિન ઝરિબનો અજીબો-ગરીબ કિસ્સો————એજ બનૂ અદવાનના ખાનદાનમાંથી આમિર બિન ઝરિબ બિન અમ્ર બિન અયાદ બિન યશ્કર બિન અદવાન નામે એક ચંચળ-બુધ્ધિનો ગૃહસ્થ થઈ ગયો છે જે પોતાની દાનાઈથી અરબના લોકોના ઝગડાઓનો નિકાલ લાવવામાં પંકાયેલો હતો. અરબના લોકોમાં લડાઈ-ઝગડા થતા કે કોઈ મામલા અંગે ગૂંચ ઊભી થતી તો તેનો ખટલો એની અદાલતમાં રજૂ કરતા. પછી આમિર જે ફેસલો કરી દેતો તેને બંને પક્ષના લોકો રાજીખુશીથી કબૂલ કરી લેતા.

એક દિવસે આમિરની અદાલતમાં એક એવો કેસ રજૂ કરવામાં આવ્યો જેના ફેસલા અંગે બંને પક્ષો ગૂંચવાયેલા હતા. આ કેસ એક માણસના વારસાને લગતો હતો અને એ માણસ "ખુન્સા" તરીકે પંકાયેલો હતો. [1] એના શરીરમાં પુરૂષની નિશાની પણ હતી અને સ્ત્રીની નિશાની પણ હતી. લોકોમાં તકરાર જામી કે એને પુરૂષોમાં ગણવો કે સ્ત્રીઓમાં ગણવો ? છેવટે તેઓએ એનો કેસ આમિર બિન ઝરિબની અદાલતમાં રજૂ કરીને કહ્યું, "સાહેબ ! આપ જે ચુકાદો આપશો તે અમને દિલોજાનથી મંજૂર છે. "

પરંતુ કેસની વિગત સાંભળીને ન્યાયની ગાદીએ બેઠેલા ચંચળબુધ્ધિના આમિર સાહેબ પણ ગૂંચવાય ગયા. કેમકે તેમની અદાલતમાં આજ સુધી આ પ્રકારનો કોઈ કેસ રજૂ થયો ન હતો. જેમ જેમ વિચારવા લાગ્યા, મગજ વધુને વધુ ચકરાતું ગયું. છેવટે કંટાળીને બોલ્યા, "હે લોકો ! જેટલો તમારા આ ખટલાએ મને ગૂંચવી નાખ્યો છે તેટલો કોઈ ખટલામાં હું ગૂંચવાયો નથી. વાસ્તે મને કંઈક મોહલત આપો, સોચી વિચારીને હું એનો જવાબ આપીશ."

અરબના લોકો તેની અદાલતમાંથી ચાલ્યા ગયા અને આમિર સાહેબની આખી રાત એજ ગૂંચવાડાના ઉકેલમાં પસાર થવા લાગી. જેમ જેમ વિચારતા હતા, કોકડાંની આંટીમાં તેટલી જ ગૂંચો પડતી હતી. પથારી પર બેચેનીથી પડખાં ફેરવતા હતા પણ આંટીનો છેડો હાથ લાગતો ન હતો.

રાવીનું કથન છે કે આમિર બિન ઝરિબની એક લોંડી સુખૈલા નામે હતી જે તેના બકરાં ચરાવવાની ગુલામી કરતી હતી. આમિર તેનાથી ખુશ ન હતો અને હમેશા તેને ધમકાવતો રહેતો કેમકે સુખૈલાની આદત હતી કે બીજા ભરવાડો વહેલી સવારે પોતાના બકરાં લઈને જંગલમાં ચરાવવા નીકળી જતા ત્યારે સુખૈલા સૌથી છેલ્લે

૧. ખુન્સાને ગુજરાતીમાં વ્યંઢળ કે હિજડો કહે છે. બંને નિશાનીઓ સાથે હોય તેને ઉર્દૂમાં "ખુન્સા મુશ્કિલ" કહે છે. "હ"

પોતાના બકરાં લઇને ઘરમાંથી નીકળતી અને જયારે બીજા ભરવાડો બકરાં ચરાવીને ઘરભેગા થઇ જતા ત્યારે સુખૈલા સૌથી છેલ્લે પોતાના બકરાં સાથે ઘરભેગી થતી. તેની આ બુરી ટેવથી ખિજાઇને આમિર સાહેબ રોજ તેને ઠપકાર્યા કરતા.

આજે રાતે સુખૈલાએ જોયું કે આમિર ઊંઘ વેચીને ઉજાગરો કરે છે અને પથારી પર વારંવાર બેચેનીથી પડખાં ફેરવે છે અને કોઇ ઊંડા વિચારમાં ડૂબેલો છે અને મોડી રાત પસાર થવા છતાં તેને ઊંઘ આવતી નથી ત્યારે તે પાસે જઇને બોલી, "કેમ શું વાત છે ? બેચેનીથી પડખાં કેમ ફેરવે છે ? તને ઊંઘ કેમ નથી આવતી?"

આમિર પોતાના તરંગોમાં ગોથાં ખાતો હોવાથી કોઈ વાત તેને પલ્લે નહિ પડી ત્યારે સુખૈલાએ આગ્રહપૂર્વક તેને કહ્યું, "એવી કઇ ગુથ્થી છે જેને સુલઝાવવામાં તું આટલો બેચેન છે ? વાંધો ન હોય તો મને વાત કર, કદાચ હું તને મદદ કરી શકું."

આમિર ચોંકીને બોલ્યો, " જા, જા, તું મને એમાં શું મદદ કરવાની ? આ કંઇ કહેવા જેવી વાત નથી અને તું સ્ત્રીની જાત એમાં કંઇ સમજે નહિ. જઇને પોતાનું કામ કર અને મને મારી દશા પર છોડી દે."

સુખૈલાએ ફરીવાર આગ્રહથી એજ સવાલ કર્યો તો આમિરે મનમાં વિચાર્યું, હું જે મામલામાં ગૂંચવાયો છું, બનવા જોગ છે લોંડી એનો કોઇ ઉકેલ બતાવી દે.

આમ વિચારીને તે બોલ્યો, "સાંભળ, આજે મારી અદાલતમાં એક ખુન્સાના વારસાનો મામલો રજૂ થયો છે. સમજાતું નથી આ ખુન્સાને હું મરદ હોવાનો ફત્વો આપું કે ઔરત હોવાનો ? અલ્લાહના સોગંદ, એજ આંટીના ઉકેલમાં મારી ઊંઘ ઊડી ગઇ છે."

"સુબ્હાનલ્લાહ !"સુખૈલાએ શાંતિથી કહ્યું, "આટલી નજીવી વાતે તારી ઊંઘ ઉડાડી મૂકી ? એ કોઇ એવી મુશ્કેલી નથી જેના ઉકેલ માટે મગજનું મારણ કરવું પડે !"

"હે સુખૈલા ! ત્યારે જલદી બતાવ ને, એનો શું ઉકેલ છે ?"

"સાંભળ !" સુખૈલા બોલી, "ફેસલાનો આધાર પેશાબની ઇંદ્રી પર રહેલો છે. ખુન્સાને પેશાબ કરવાનું કહો. જો તે સ્ત્રીના રસ્તાથી પેશાબ કરે તો તેના સ્ત્રી હોવાનો ફત્વો આપો અને પુરૂષના રસ્તે પેશાબ કરે તો તેના પુરૂષ હોવાનો ફત્વો આપો."

"વાહ સુબ્હાનલ્લાહ ! ધન્ય છે તારી બુધ્ધિને હે સુખૈલા !" આમિરે ખુશીના આવેશથી કહ્યું, "જા આજથી તું બકરાં મોડાં લઇ આવે કે જલ્દી તેનો મને વાંધો નથી."

પછી જયારે સવાર પડી તો આમિરે પેલા અરબોને બોલાવીને કેસનો તેજ ચુકાદો આપ્યો જે તેની લોંડી સુખૈલાએ સૂચવ્યો હતો.

પ્રકરણ ૨૩

કુરૈશનું સંગઠન અને મક્કહ પર વિજય

બનૂ સૂફહની શિકસ્ત ● બનૂ ખુઝાઅહ અને બનૂબક્ર સાથે જંગ ● લવાદ તરીકે યઅમુર બિન ઔફની વરણી ● કુસૈય અને મક્કહની બાદશાહી ● કુસૈય બિન કિલાબના શાનદાર કારનામા ● કુસૈય બિન કિલાબની તેજસ્વી શખસિયત ● મક્કહનું પાર્લમેન્ટ હાઉસ ● કુસૈયનો ઓરમાન ભાઇ રિઝાહ ● કુસૈય બિન કિલાબનું કાવ્ય ● રિઝાહ તરફથી કુસૈયની નારાજી ● કુસૈયનું ઘડપણ અને વસિય્યત.

બનૂ સૂફહની શિકસ્ત————ઇબ્ને ઇસ્હાક કહે છે : પછી જ્યારે નક્કી કરેલો હજ્જનો મહિનો આવ્યો એટલે જે વરસે બનનારી ઘટનાનો સમય પાકી ગયો તો બનૂ સૂફહના અધિકારીઓ રાબેતા મુજબ પોતાના ખાતાઓની ફર્ઝ-બજામણીમાં પરોવાય ગયા. આ ઓહદાઓ અને અધિકારો બનૂ સૂફહના ખાનદાનમાં, બનૂ જુરહુમ તથા બનૂ ખુઝાઅહના સમયથી ઊતરી આવતા હતા અને આખા અરબના લોકો બનૂ સૂફહના આ વહીવટી અધિકારોથી પરિચિત હતા.

ખાનએ-કઅબહનો વિશાળ ચોક અરબના ખૂણેખૂણાથી આવેલા હાજીઓની ભરચક હાજરીથી ધમધમતો હતો. લોકો હજ્જની વિવિધ ક્રિયાઓની અદાયગીમાં લાગેલા હતા અને બનૂ સૂફહના અધિકારીઓ પોતાના કામમાં લાગેલા હતા એટલામાં કુસૈય બિન કિલાબ અગાઉથી ગોઠવેલી યોજના મુજબ, પોતાની કુરૈશ કૌમ તથા બનૂ કિનાનહ અને બનૂ કુદાઅહના માણસો સાથે, બનૂ સૂફહના અધિકારીઓ પાસે ધસી આવ્યો અને તેઓના કામમાં વિક્ષેપ નાખતાં બોલ્યો, "ખબરદાર ! કઅબહના વહીવટ અને વ્યવસ્થાના તમારા કરતાં અમે વધારે હકદાર છીએ !"

આ પડકાર સાંભળતાં જ બનૂ સૂફહના અધિકારીઓ સમસમી રહ્યા. પછી સ્વસ્થ થઇને જોતજોતામાં તેઓના મુકાબલા માટે મેદાને નીકળી આવ્યા અને એવો ભીષણ જંગ જામ્યો કે બંને પક્ષના સંખ્યાબંધ માણસો મોતને ઘાટ ઊતરી ગયા. અંતે વિજય કુસૈય બિન કિલાબના પક્ષનો થયો અને સૂફહના લોકો શિકસ્ત ખાયને ભાગી ગયા. એ પછી કઅબહના વહીવટ અને હજ્જની ક્રિયાઓને લગતા જેટલા અધિકારો કે સાધનો બનૂ સૂફહના હાથમાં હતાં એ બધાં કુસૈય બિન કિલાબના કબજામાં આવી ગયાં.

બનૂ ખુઝાઅહ અને બનૂબક્ર સાથે જંગ————આ અણધારેલી પરિસ્થિતીની જ્યારે બનૂ ખુઝાઅહ અને બનૂબક્રને જાણ થઇ તો દહેશતના માર્યા તેઓ પણ સમસમી ઊઠયા. તેઓને ધાસ્તી પેઠી કે હવે પછી નક્કી અમારો વારો આવવાનો છે અને કુસૈય બિન કિલાબ અમારી સત્તા પણ પડાવી લેશે, જેવી રીતે બનૂ

સૂફહ પાસેથી તેણે પરંપરાગત અધિકારો પડાવી લીધા છે.

કુસૈય બિન કિલાબે જોયું કે સત્તાધારી પક્ષ પણ ઢીલો થઈ ગયો છે એટલે તેની સાથે લડી લેવાની પણ તેણે તૈયારી કરવા માંડી, આ જોઈને બનૂ ખુઝાઅહ અને બનૂબક્ર પણ, થવાનું હોય તે થાયનો સંકલ્પ કરીને તેની સાથે ટક્કર લેવા તૈયાર થઈ ગયા. જંગની પૂરી તૈયારી સાથે બંને લશ્કરો સામસામે આવી ગયાં અને ધમસાણનું યુધ્ધ ખેલાયું. ખરાખરીના આ ખૂની ખેલમાં કપાયેલા અને ઘવાયેલા દેહોના ઢગલા ખડકાયા પણ પલ્લું બંને પક્ષે સરખું રહ્યું. ત્યારે બંનેએ એકબીજા સાથે સુલેહના સંદેશાની આપ-લે કરવા માંડી. લાંબી વાટાઘાટને અંતે એક પ્રભાવશાળી વ્યક્તિને લવાદ તરીકે નીમવાનું અને તે જે ફેસલો કરે તેને કબૂલ કરી લેવાનું નક્કી કરવામાં આવ્યું.

લવાદ તરીકે યઅમુર બિન ઔફની વરણી——એ પછી બંને પક્ષની સંમતિથી યઅમુર બિન ઔફ બિન કઅબ બિન આમિર બિન લૈસ બિન બક્ર બિન અબ્દે-મનાફ બિન કિનાનહ નામે મોભાદાર અને મુત્સદ્દી શખ્સને લવાદ તરીકે નીમીને ફેસલાની સત્તા તેને સોંપી દેવામાં આવી.

યઅમુર બિન ઔફએ કાયદેસરની અદાલત કાયમ કરીને બંને પક્ષની દલીલો સાંભળવા બાદ એવો ચુકાદો આપ્યો કે, કુસૈય બિન કિલાબ પોતાના દાવાના ટેકામાં નક્કર દલીલો ધરાવે છે જેના આધારે તે મક્કહની સરદારી અને કઅબહના વહીવટનો, બનૂ ખુઝાઅહને મુકાબલે વધારે હકદાર ઠરે છે. ઉપરાંત આ જંગમાં જેટલા માણસો બનૂ ખુઝાઅહ અને બનૂબક્રના કતલ થઈ ગયા તેઓના ખૂનનો દંડ આપવાની કોઈ જવાબદારી કુસૈય બિન કિલાબના શિરે લાદી શકાતી નથી. જયારે કે જેટલા માણસો કુરૈશ, બનૂ કિનાનહ અને બનૂ કુદાઅહના આ જંગમાં માર્યા ગયા તેઓના ખૂનનો બદલો ચૂકવવાનું બનૂ ખુઝાઅહના શિરે લાઝિમ ઠરે છે. આથી હું હુકમ ફરમાવું છું કે, મક્કહ અને કઅબહના વહીવટની લગામ કુસૈય બિન કિલાબને સોંપી દેવામાં આવે. હવેથી વહીવટ અંગેના દરેક મામલામાં કુસૈય બિન કિલાબ આઝાદ હશે. કોઈ વિવાદ કે વિખવાદ તેની વિરૂધ્ધ જન્માવવામાં ન આવે !

એજ દિવસથી યઅમુર બિન ઔફ "શદ્દાખ"ના ઉપનામે પ્રખ્યાત થઈ ગયો કેમકે તેણે ઘણા ખૂનો જતાં કરીને પામાલ કરી નાખ્યાં હતાં. શદ્દાખનું મૂળ "શદખ" શબ્દ છે જેના અર્થ પેટના અધૂરા બાળકનો ગર્ભપાત થાય છે. ઇબ્ને હિશામ કહે છે : કેટલાક ભાષાજ્ઞાનીઓ શદ્દાખ શબ્દનો ઉચ્ચાર શુદ્દાખ તરીકે કરે છે.

કુસૈય અને મક્કહની બાદશાહી——ઇબ્ને ઇસ્હાક કહે છે : આ જંગ પછી મક્કહ અને કઅબહના વહીવટી તંત્રની ચૂકતે સત્તા કુસૈય બિન કિલાબના હાથમાં આવી ગઈ. જાણે કે તે પોતાની કુરૈશ કૌમ અને મક્કહવાસીઓનો બાદશાહ બની ગયો. તેણે અરબોની વર્તમાન જીવન-શૈલીમાં કશો ફેરફાર નહિ કરતાં તેને ચીલાચાલુ હાલતમાં જ રહેવા દીધી. કારણ કે તે પોતે પણ બાપદાદાથી ઊતરી આવતા રિવાજો, પરંપરાગત રૂઢિઓ અને ધાર્મિક વિધિઓમાં સંપૂર્ણ શ્રધ્ધા ધરાવતો હતો. અને એ પરંપરાઓમાં કોઈ તરેહનો ફેરફાર નહિ થવો જોઇએ તેવું અંતઃકરણથી માનતો હતો.

તેણે કુરૈશ કબીલાના વેરવિખેર કુટુંબોને મક્કહમાં એકત્ર કરીને વ્યવસ્થિત રીતે વસાવી લીધાં. મક્કહના નાગરિકો પાસે જમીન, જાગીર કે બીજી વસ્તુઓમાં જે કંઈ હતું તે જેમનું તેમ તેઓની જ પાસે રહેવા દીધું.

Maktabe Ashraf

જે ધાર્મિક સેવાઓ કે અધિકારો તેઓ ભોગવતા હતા તેમાં કોઈ તરહનો ફેરફાર નહિ કર્યો. જેમકે બનૂ સફવાન, આલે-અદવાન, નસાઅહ અને મુર્રહ બિન ઔફના લોકો જનસેવાના જે ખાતાઓમાં નિયુક્ત હતા એ બધાં ખાતાં તેણે તેઓની જ પાસે રહેવા દીધાં, ત્યાં સુધી કે ઇસ્લામનું આગમન થયું તો અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર મારફતે બાપદાદાથી ઊતરી આવતા આ ખોટા રિવાજો, ઘડી કાઢેલી રૂઢિઓ અને ઉપજાવી કાઢેલી બિદઅતોનું નિકંદન કાઢી નાખ્યું.

કુસૈય બિન કિલાબના શાનદાર કારનામા—————ઇબ્ને ઇસ્હાક કહે છે :બનૂ કઅબ બિન લુઐયના વંશમાં કુસૈય બિન કિલાબ પહેલો પ્રતિભાશાળી કે મહાપ્રતાપી શખ્સ હતો જેના હાથમાં હુકૂમતની લગામ આવી તો તેની કૌમે તેના દરેક હુકમના પાલનમાં પોતાના મસ્તકો ઝુકાવી દીધાં. ખાનએ-કઅબહના વહીવટને લગતાં તમામ ખાતાં જેમકે હિજાબહ, સિકાયહ, રિફાદહ, નદવહ, લિવાઅ વગેરેના સંચાલનની પૂરી સત્તા તેના હાથમાં આવી ગઈ. તે મક્કહમાં દરેક પ્રકારની ઉન્નતિ, રિદ્ધિ-સિદ્ધિ અને સમૃદ્ધિનો સ્થાપક હતો. તેણે કઅબહના વહીવટ સાથે સંકળાયેલા તમામ ખાતાંઓની કારકિર્દીને પોતાની કુનેહબુદ્ધિથી ચાર ચાંદ લગાવી દીધા. તેણે પોતાની કુરૈશ કૌમ માટે મક્કહના ચાર વિભાગો પાડીને તેઓને ગમે ત્યાં વસવાની આઝાદી આપી દીધી. અને કુરૈશના દરેક કબીલાને તે સ્થાન આપ્યું જેનો તે હકદાર હતો. અથવા જે કબીલો જે અધિકાર ભોગવતો હતો તેની ઉપર તેને કાયમ રાખ્યો. કુરૈશના ઘરોના આગણામાં જે ઝાડો લહેરાતાં હતાં તે નડતરરૂપ હોવા છતાં કઅબહના હરમના ઝાડો હોવાથી લોકો તેને કાપવાથી ડરતા હતા. પણ કુસૈય બિન કિલાબે હિંમતથી આગળ વધીને પોતાના સાથીઓ સાથે પોતાના હાથે બધાં ઝાડો કાપી નાખ્યાં. અને લોકોની અગવડોને સગવડોમાં બદલી નાખી.

કુસૈય બિન કિલાબની તેજસ્વી શખ્સિયત—————કુરૈશના લોકોએ કુસૈય બિન કિલાબને "મુજમ-મિઅ" ના હુલામણા ઉપનામે બિરદાવી લીધો કેમકે એક સર્વગુણસંપન્ન બાદશાહ તરીકે તેણે કુરૈશના વેરવિખેર ખાનદાનોને એક સ્થળે જમા કરીને વ્યવસ્થિત કરી લીધાં હતાં. મક્કહની દરેક કીર્તિ, દરેક સિદ્ધિ, દરેક સમૃદ્ધિ તેને જ આભારી હતી. મક્કહના લોકો માટે તેની હુકૂમત બહુ જ મુબારક અને આશીર્વાદ સમાન હતી. તેની હુકૂમતમાં કોઈને ત્યાં લગ્ન-વિવાહનો અવસર હોય કે ખુશી-ગમીનો પ્રસંગ હોય, લડાઈ-ઝઘડાનો મામલો હોય કે સુલેહ-શાંતિના કરાર હોય, કુસૈયની સલાહ-સંમતિ કે પરવાનગી વગર તેનો સુખદ અંત આવી શકતો ન હતો. ખુશીથી લઈને ગમી સુધીના અને જંગથી લઈને સુલેહ સુધીના તમામ મામલાઓનો નિકાલ કુસૈય બિન કિલાબના ઘરમાં જ આવતો હતો. જંગના ઝંડા કે વાવટા સુધ્ધાં કુસૈય બિન કિલાબના ઘરમાં તૈયાર થતા હતા એટલે સુધી કે કુરૈશની કોઈ કુંવારી કન્યા યુવાન વયે પહોંચતી તો માબાપ તેને કુસૈય બિન કિલાબના ઘરમાં લઈ જતા ત્યાં તેની જૂની ચુનરી ઉતારીને નવી ચુનરી પહેરાવવામાં આવતી. તે પછી જ માબાપ તેને પોતાને ઘરે લઈ જતા.[૧]

મક્કહનું પાર્લામેન્ટ હાઉસ————સારાંશ કે કુસૈય બિન કિલાબના સંસ્કારો, આદર્શો અને આદેશોનું લોકો તેના જીવનમાં પણ અનુસરણ કરતા રહ્યા અને તેના મરણ પછી પણ તેને ધાર્મિક કર્તવ્ય સમજીને અનુસરતા રહ્યા. એજ કુસૈય બિન કિલાબે મક્કહમાં એક ભવ્ય અને આલીશાન મહેલ બંધાવ્યો હતો. તેનું નામ "દારૂન-

૧. ચુનરી રંગીન દુપટ્ટાને કહે છે. મતલબ આ કે કન્યાનો જૂનો દુપટ્ટો ફાડીને નવો દુપટ્ટો પહેરાવવાની વિધિ કરવામાં આવતી. "હ"

નદવહ'' રાખ્યું હતું જેના અર્થ સલાહ-મશવરાનું ઘર થાય છે. એ મક્કહના લોકોનું સૌથી પહેલું પાર્લામેન્ટ હાઉસ હતું. એનો મુખ્ય દરવાજો કઅબહની દિશાએ હતો. એમાં હુકૂમત અને રૈયતના તમામ મામલાઓ, સમસ્યાઓ, વિખવાદો અને ઝઘડાઓનો નિકાલ લાવવામાં આવતો હતો. ઇબ્ને હિશામની રિવાયત મુજબ અરબનો એક શાઇર કુસૈય બિન કિલાબની શાનમાં કહે છે :

કુસૈયુન લ-ઉમ્રી કાના યુદઆ મુજમ-મિઅન, • બિહી જમ્મઅલ-લાહુલ-કબાઇલ મિન ફિહરી.

મારા જીવનના સોગંદ ! કુસૈય બિન કિલાબ જેણે ''મુજમ-મિઅ'' ઉપનામે ખ્યાતિ મેળવી હતી, તેના જ પ્રતાપે અલ્લાહ તઆલાએ ફિહર બિન માલિકના તમામ ખાનદાનોને સંગઠિત કરી દીધાં (ફિહર બિન માલિકનું ઉપનામ કુરૈશ હતું.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના ખિલાફત-કાળમાં એક શખ્સ કુસૈય બિન કિલાબના કારનામા વર્ણવીને તેના વખાણ કરતો હતો જેમકે પોતાની કૌમનું સંગઠન કરવું, બનૂ ખુઝાઅહ અને બનૂબકને મક્કહથી હાંકી કાઢવું, કઅબહના વહીવટ પર કબજો કરવો, મક્કહની હુકૂમત હાથ કરવી વગેરે.......તેની આ વાતો સાંભળીને હઝરત ઉમરે ન તો તેનો રદિયો આપ્યો ન તેની કોઇ વાતનો ઇન્કાર કર્યો.

કુસૈયનો ઓરમાન ભાઇ રિઝાહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે કુસૈય બિન કિલાબે એક સાહસિક નર પેઠે પરાક્રમી યુધ્ધ ખેલીને કઅબહનો વહીવટ અને મક્કહની હુકૂમત હાથ કીધી તો તેનો ભાઇ રિઝાહ બિન રબીઅહ બિન હરામ પોતાના માણસોને લઇને પોતાને વતન સિધાવી ગયો. તેણે કુસૈયની વિનંતીનો સ્વીકાર કરીને આ જંગી સાહસમાં તન અને મનથી તેની મદદ કરી હતી. કુસૈયની આ વિનંતીનો ગર્વ લેતાં રિઝાહ બિન રબીઅહ કહે છે :

લમ્મા અતા મિન કુસૈયિન રસૂલુ, • ફકાલર - રસૂલુ ઉજીબુલ - ખલીલા.

જયારે કુસૈય તરફથી કાસિદ આવ્યો અને તેણે કહ્યું કે એક મિત્રની વિનંતીનો સ્વીકાર કરો.

નહદના ઇલૈહિ નકૂદલ - જિયાદુ, • વ નત્રહુ અન્નલ મલૂલસ - સકીલા.

ત્યારે અમે તેની મદદે ધાવા માટે ઘોડાઓને ખેંચી લાવ્યા અને આળસ ખંખેરીને ઊભા થઇ ગયા.

(નોટ :- રિઝાહ બિન રબીઅહનું આ લાંબું કાવ્ય અમે જતું કરીએ છીએ. સાથે સુઅલબા બિન અબ્દુલ્લાહ નામે શાઇરનું ટૂંકુ કાવ્ય પણ જતું કર્યું છે.)

કુસૈય બિન કિલાબનું કાવ્ય————મક્કહની આ ઘટના અંગે કુસૈય બિન કિલાબ કહે છે :

અનબ-નુલ આસિમીન બની લુઐયિન, • બિ - મક્કત્ મનઝિલી વ બિહા રબૈતુ.

હું લુઐય બિન ગાલિબના નબીરાઓમાંથી છું. જેઓ લોકોના રક્ષક છે. મક્કહમાં મારૂં ઘર છે. અહીં જ મારૂં લાલન-પાલન થયું છે.

ઇલલ બત્હાઇ કદ અલિમત મઅદ્દુન, • વ મર-વતુહા રદીતુ બિહા રદીતુ.

બત્હાની ખીણ સુધી બનૂ મઅદ્દના લોકોએ મને ઓળખી લીધો છે. અને મરવહ પહાડથી હું બેહદ

રાજી છું. [૧]

ફ લસ્તુ બિ-ગાલિબિન ઇલ્લમ તઅસ-સલ, • બિહા અવલાદુ કયઝર વન-નબીતુ.

અગર કૈઝર અને નબીઓની અવલાદ અહીં વસેલી ન હોત તો મને વર્ચસ કે વિજય કેવી રીતે મળતે? [૨]

રિઝાહુન નાસિરી વ બિહી ઉસામી, • ફ - લસ્તુ અખાફુ દયમમ - મા હયીતુ.

મને સહકાર કે પીઠબળ આપનાર રિઝાહ બિન રબીઅહ છે અને હું તેની ઉપર ગર્વ લઉં છું. જ્યાં સુધી જીવતો છું કોઇ અન્યાયથી ડરવાનો નથી.

રિઝાહ તરફથી કુસૈયની નારાજી————ઇબ્ને ઇસ્હાક કહે છે : રિઝાહ બિન રબીઅહ મક્કહથી ઊપડીને પોતાને વતન ચાલ્યો ગયો અને ત્યાંની જ વસતિઓમાં રહેવા લાગ્યો. અલ્લાહ તઆલાએ તેની અને તેના ભાઇ હુન્નની અવલાદને ખૂબ વિકસાવી અને આજે બનૂ અઝરહના જે બે કબીલા છે તે એજ બંનેની અવલાદ છે. રિઝાહ બિન રબીઅહ જ્યારે મક્કહ છોડીને પોતાને વતન આવ્યો તો બનૂ નહદ બિન ઝૈદ તથા બનૂ હૌતુકા બિન અસલમ સાથે તેનો ઝગડો થતાં વિખવાદ ઊભો થયો. ત્યારે રિઝાહે તેઓને ખૂબ ડરાવ્યા-ધમકાવ્યા તો તેઓ ડરના માર્યા પોતાનું ગામ અને વતન છોડીને યમન ચાલ્યા ગયા. આજે પણ તેઓ મુલ્કે-યમનમાં જ રહે છે.

કુસૈય બિન કિલાબને આ બનાવના સમાચાર સાંપડયા તો તે બહુ નારાજ થયો. કેમકે તેને રિઝાહ અને તેના કુદાઅહ કબીલા પ્રત્યે અપાર પ્રેમ હતો. તે દિલથી ચાહતો હતો કે એ બધા સુલેહ-સંપથી હળીમળીને રહે તો સારૂં ! રિઝાહ અને તેના સાથીદારોનો ઉપકાર તે ભૂલ્યો ન હતો. મદદની હાકલ સાંભળતાં જ એ બધા પારાવાર તકલીફો વેઠીને દૂર-દરાઝના સ્થળેથી કુસૈયની મદદ માટે દોડી આવ્યા હતા. પોતાના એક કસીદામાં કુસૈય બિન કિલાબ રિઝાહને ઠપકો આપતાં કહે છે :

અલા મન-મુબલ-લિગુન અન્ની રિઝાહન, • ફઇન્ની કદ લહૈતુકા ફિસ-નતૈનિ.

શું કોઇ એવો શખ્સ નથી જે મારા તરફથી રિઝાહને આ સંદેશો પહોંચાડી દે કે હું તેને બે વાતો પર ઠપકો આપું છું.

લહૈતુકા ફી બની નહ-નિબ્નુ ઝૈદિન, • કમા ફર-રકતા બૈનહુમ વ બૈની.

હે ભાઇ ! એક તો બનૂ નહદ બિન ઝૈદના મામલામાં હું તને ઠપકો આપું છું કેમકે તેં, તેઓમાં અને મારામાં જુદાઇ કરાવી નાખી.

વ હવ-તુક-તુબ્નુ અસ્લુમા ઇન્ન કયમન, • અનવ-હુમ બિલ-મસાઅતિ કદ અનૌની.

બીજું હૌતુકા બિન અસલમના બારામાં ઠપકો આપું છું કેમકે જે લોકોએ બનૂ હૌતુકા સાથે બુરાઇનો ઇરાદો કર્યો તેણે મારી સાથે બુરાઇનો ઇરાદો કર્યો.

---

૧. બત્હા : મક્કહની એક પથરીલી ખીણનું નામ અને મરવહ ખાનએ-કઅબહ પાસે આવેલા પહાડની ટેકરી જ્યાં હાજીઓ હજ્જ-ઉમ્રહની ક્રિયાના સાત ફેરા કરે છે જેને ''સઅી'' કહે છે. ''હ''

૨. કૈઝર અથવા કૈદાર હઝરત ઇસ્માઇલ અલૈહિસ-સલામના એક ફરઝંદનું નામ, જેમની અવલાદ અરબના હિજાઝ પ્રદેશમાં આવીને વસી ગઇ. અદનાન એમના જ વંશમાંથી છે જેમની વંશકડીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક જન્મ થયો. ''હ''

Maktabe Ashraf

કુસૈયનું ઘડપણ અને વસિય્યત ———— ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી કુસૈય બિન કિલાબનું ઘડપણ આવી લાગ્યું. તેના સ્નાયુઓ નબળાં પડી ગયાં અને તેના હાડકાં પાતળાં થઈ ગયાં. તેણે પોતાના વડા પુત્ર અબ્દુદ-દારને બોલાવીને કહ્યું:

"હે મારા વહાલા ફરઝંદ ! સાંભળી લે, અલ્લાહના સોગંદ હું તને તારા ભાઈઓથી પાછળ રહેવા દેવાનો નથી. ભલે તેઓ દરેક કામમાં તારાથી આગળ નીકળી ગયા છે. હું મારી રાજગાદી મારા પાટવી કુંવર તરીકે તારે હવાલે કરૂં છું. જ્યાં સુધી કઅબહનો દરવાજો તું નહિ ખોલે, કોઈ શખ્સ તેમાં પ્રવેશી શકશે નહિ. કુરૈશ માટે જંગના ઝંડા-વાવટા તારા વિના કોઈ બીજો તૈયાર કરી શકશે નહિ. ઝમઝમનું પાણી કોઈ પણ માણસ તારા કટોરા વગર બીજા કોઈના કટોરામાં પી શકશે નહિ. હાજીઓમાંથી કોઈ શખ્સ તારા પાથરણા વગર બીજા કોઈના પાથરણા પર ખાય શકશે નહિ. કુરૈશનું કોઈ કામ તારી સલાહ વગર પાર પડી શકશે નહિ. કુરૈશના દરેક મામલાનો ફેસલો તારા ઘર સિવાય બીજા કોઈના ઘરમાં થઈ શકશે નહિ."

કુસૈય બિન કિલાબે પોતાનું ઘર જેનું નામ "દારુન-નદવહ" હતું એ તેણે પોતાના આ ફરઝંદ અબ્દુદ-દારને આપી દીધું. કુસૈયની હયાતીમાં કુરૈશના લોકો પોતાના મામલાઓનો ફેસલો આ ઘર સિવાય બીજા કોઈના ઘરમાં કરાવતા ન હતા.

કુસૈય બિન કિલાબના એક ફરઝંદનું નામ અબ્દે-મનાફ હતું. તે બાપની હયાતીમાં જ રાજકારભારના અનુભવોથી ઘડાઈને પાકો બની ગયો હતો અને રાજનીતિમાં, માનમોભામાં અને લોકચાહતમાં ઘણો આગળ નીકળી ગયો હતો. તેના બીજા બે ભાઈઓ પણ હતા જેમાંથી એકનું નામ અબ્દુલ-ઉઝઝા અને બીજાનું નામ અબ્દ હતું. પણ કુસૈય બિન કિલાબે અબ્દુદ-દારને પોતાના બધા પુત્રો પર સરસાઈ આપીને તેને જ કાળા-ધોળાનો માલિક બનાવી દીધો હતો.

આ રીતે કુસૈય બિન કિલાબે કઅબહના વહીવટનો તમામ કારભાર એટલે હિજાબહ, સિકાયહ, નદવહ, લિવાઅ અને રિફાદહ વગેરે ખાતાંઓનો સંપૂર્ણ અધિકાર પોતાના પુત્ર અબ્દુદ-દારને હવાલે કરી દીધો. રિફાદહ એક પ્રકારનો કરવેરો હતો જે કુસૈય બિન કિલાબના હુકમથી વરસમાં એકવાર કઅબહના હજ્જ પ્રસંગે કુરૈશના લોકો પાસેથી વસૂલ કરવામાં આવતો હતો. આ નાણાથી જમણ તૈયાર કરાવીને બહારથી આવનારા હાજીઓની મેહમાન-નવાઝી કરવામાં આવતી. કોઈ ગરીબ કે કંગાલ હોતું કે કોઈની પાસે પૈસા ખૂટી પડતા તો આ ભંડોળથી તેની મદદ કરવામાં આવતી. કુરૈશ પર આ કરવેરો કુસૈય બિન કિલાબે ફરજિયાત લાદયો હતો. કરવેરાની આ પ્રથા ચાલુ કરતાં તેણે કુરૈશને ભેગા કરીને કહ્યું હતું:

"હે કુરૈશની જમાઅત ! તમે અલ્લાહના ઘરના પાડોશી છો. કઅબહના હરમમાં નિવાસ કરો છો. હાજીઓ અલ્લાહના મેહમાન છે. તેઓ પરદેશથી દૂર-દરાઝની સફર ખેડીને અલ્લાહના ઘરના હજ્જ માટે આવે છે. તમામ મેહમાનોમાં આ મેહમાનો આદર-સત્કાર કે માન-ઈકરામના સહુથી વધારે હકદાર છે. હજ્જના દિવસોમાં તમે એમના માટે જમણ તૈયાર કરતા રહો. એમને માનપાનથી બિરદાવીને એમની મેહમાન-નવાઝી કરતા

રહો, ત્યાં સુધી કે તેઓ હજ્જની ક્રિયાઓથી પરવારીને પોતાના વતને સિધાવે.''

કુરૈશે કુસૈયના આ આદેશને ઉત્સાહભેર વધાવી લીધો હતો. દરેક કુરૈશી રાજીખુશીથી પોતાના માલમાંથી ગજાં મુજબની રકમ લાવીને કુસૈયને હવાલે કરી દેતો. જયારે સારૂં જેવું ભંડોળ ભેગું થઇ જતું તો કુસૈય તેમાંથી હાજીઓની ખાણીપીણી અને બીજી જરૂરતોની વ્યવસ્થા કરતો. મિના મુકામે કિલાબે ચાલુ કરેલી લંગરની આ પ્રથા તેના મરણ પછી પણ કુરૈશે ચાલુ રાખી. જહાલત કાળથી પરંપરાગત ઊતરી આવતી આ પ્રથા છેક ઇસ્લામના આગમન સુધી ચાલુ રહી. એટલું જ નહિ, ઇસ્લામના આગમન પછી મુસલમાનોએ પણ આ પ્રથા ચાલુ રાખી.[૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : કુસૈય બિન કિલાબે મક્કહની બાદશાહી અને કઅબહના અધિકારો પોતાના બેટા અબ્દુદ-દારને હવાલે કરતી વેળા જે કંઇ તેને કહ્યું હતું તેને લગતી રિવાયત મારા પિતાજી ઇસ્હાક બિન યસારે, હઝરત હસન બિન મુહંમદ બિન અલી બિન અબૂ તાલિબના મુખે સાંભળીને મારી આગળ બયાન કરી હતી. એ પછી મારા પિતાજીએ મને કહ્યું કે આ બધી વાતો, તેમણે હઝરત હસન બિન મુહંમદના મુખે ત્યારે સાંભળી હતી જયારે તેઓ અબ્દુદ-દાર કુટુંબના એક ગૃહસ્થને સંભળાવી રહ્યા હતા જેનું નામ નુબૈહ બિન વહબ બિન આમિર બિન ઇકરિમહ બિન આમિર બિન હાશિમ બિન અબ્દે મનાફ બિન અબ્દુદ-દાર બિન કુસૈય હતું.

અંતમાં હઝરત હસન બિન મુહંમદ બિન અલી બિન અબૂ તાલિબે ફરમાવ્યું, ''કુસૈય બિન કિલાબને તેની કુરૈશ કૌમ તરફથી મક્કહ અને કઅબહના જેટલા અધિકારો મળેલા હતા એ બધા તેણે પોતાના બેટા અબ્દુદ-દારને હવાલે કરી દીધા અને કુસૈયની પોતાની આ હાલત હતી કે તે અબ્દુદ-દારની કોઇ પણ વાતનો ન તો વિરોધ કરતો હતો ન તેની કોઇ વાતને ઠુકરાવતો હતો.

Maktabe Ashraf

૧. બહારના હાજીઓની પરોણાગતિની આ પ્રથા આજે આપણા ઝમાનામાં પણ ચાલુ છે. સઊદી અરબના બાદશાહો આજે પણ હાજીઓની સહૂલતોની અનેકવિધ સગવડો ઉપરાંત હાજીઓની ઝિયાફતોના સમારંભ ગોઠવે છે જેમાં બહારના હાજીઓને પણ નોતરવામાં આવે છે. હજ્જના દિવસોમાં લંગરખાનું ચાલુ કરાવે છે જયાંથી ગરીબોને ખાદ્ય-ખોરાકીની ચીજો મફત આપવામાં આવે છે. આ તેજ પ્રથાને આભારી છે જે કુસૈય બિન કિલાબે ચાલુ કરી હતી. ''હ''

પ્રકરણ ૨૪

કુસૈય બિન કિલાબની અવલાદમાં ફાટફૂટ

કુરૈશમાં પડી એક તકરાર • બંને પક્ષના સુત્રધારો અને તરફદારો • કઅબહ પાસે "મુતૈયિબીન"ની પ્રતિજ્ઞા • સુલેહનો વાવટો અને સંધિની શરતો • હિલ્ફુલ-ફુઝૂલનું ઐતિહાસિક કરારનામુ • હઝરત હુસૈન અને વલીદનો વિખવાદ.

Maktabe Ashraf

કુરૈશમાં પડી એક તકરાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુસૈય બિન કિલાબનું મરણ થયું તો મક્કહ અને કઅબહના વહીવટીતંત્રની લગામ તેમ આમ જનતાના વ્યવહારૂ મામલાઓનું સુકાન તેના પુત્રોએ સંભાળી લીધું. તેઓએ મક્કહના ચાર વિભાગો પાડીને આપસમાં તેની વહેંચણી કરી લીધી જેવી રીતે કે કુસૈય બિન કિલાબે પોતાની કુરૈશ કૌમમાં તેની વહેંચણી કરી હતી. આ લોકો આપસમાં, પોતાના ભાઈબંધોમાં અને મક્કહમાં વસનારા બીજા લોકોમાં પોતાની માલિકીની જમીનો તથા મિલ્કતોની લેણદેણનો ધંધો પણ કરતા હતા એટલે પોતાની જમીન-જાગીર એકબીજાને વેચતા પણ હતા અને ખરીદતા પણ હતા. આ રાજનીતિ મુજબ તેઓ એક મુદ્દત સુધી રાજકારભાર ચલાવતા રહ્યા અને મક્કહમાં હરેક રીતે સુલેહ-શાંતિનું વાતાવરણ કાયમ રહ્યું. એ દરમિયાન તેઓના કુટુંબોમાં ન કોઈ મતભેદ પડયો ન કોઈ વિખવાદ ઉત્પન્ન થયો ન કોઈ અણબનાવ બન્યો. બધા અમ્નો-અમાનનું જીવન ગુજારતા હતા.

એ પછી અબ્દુદ-દાર બિન કુસૈયના ભાઈ અબ્દે-મનાફ બિન કુસૈયના પુત્રોમાંથી અબ્દે-શમ્સ, હાશિમ,[1] મુત્તલિબ અને નવફલ આ ચારે ભાઈઓ એકમતે એવા નિર્ણય પર આવ્યા કે અબ્દુદ-દાર બિન કુસૈયના કુટુંબ પાસેથી રિફાદહ, સિકાયહ, હિજાબહ અને લિવાઅના ખાતાંઓના ઓહદા પડાવી લેવા જોઈએ જે કુસૈય બિન કિલાબે પોતાની હયાતીમાં તેઓને હવાલે કર્યા હતા. [2] આ ભાઈઓના મનમાં એવા તરંગો ઉછાળા મારતા

૧. કુસૈય બિન કિલાબના પુત્ર અબ્દે મનાફ, અબ્દે મનાફના પુત્ર હાશિમ, હાશિમના પુત્ર અબ્દુલ મુત્તલિબ, અબ્દુલ-મુત્તલિબના પુત્ર અબ્દુલ્લાહ, અબ્દુલ્લાહના પુત્ર મુહંમદ : અવલાદે-આદમના સરદાર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

કુસૈય બિન કિલાબના ભાઈ ઝુહરહ, ઝુહરહના પુત્ર અબ્દે મનાફ, અબ્દે મનાફના પુત્ર વહબ, વહબના પુત્રી આમિનહઃ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા માતાજી. કિલાબ પર પહોંચીને વંશકડી મળી જાય છે. "હ"

૨. મક્કહની સત્તા હાથ કરવા પછી કુસૈય બિન કિલાબે મક્કહમાં શહેરી સ્ટેટનો પાયો નાખ્યો રાજતંત્ર ચલાવવા માટે "દારુન-નદવહ" નામે પાર્લામેન્ટ હાઉસ બનાવ્યું. મક્કહ અને કઅબહના વહીવટ માટે દસ બાર જેટલા ખાતાં બનાવ્યાં અને તે ખાતાંઓના સંચાલન માટે કુરૈશના વિવિધ ખાનદાનોના અગ્રણીઓની નિમણૂક કરી. એમાંના ચાર ખાતાં અબ્દુદ-દારના કુટુંબના કબજામાં હતાં :

- રિફાદહ : હાજીઓની ઝિયાફત એટલે ખાણીપીણીનો બંદોબસ્ત કરવાનું ખાતું.
- સિકાયહ : હાજીઓ માટે પાણીનો બંદોબસ્ત કરવાનું ખાતું.
- હિજાબહ : કઅબહનું મુતવલ્લીપણું. કઅબહની ચાવી રાખવાનું ખાતું.
- લિવાઅ : કુરૈશનું કૌમી નિશાન એટલે સરકારી ઝંડાને લગતી સેવાઓનું ખાતું. "હ"

હતા કે, અમારા પિતરાઈઓ કરતાં આ ખાતાંઓના વહીવટના અમે વધારે હકદાર છીએ અને તેઓ કરતાં અમે વધારે સારી રીતે એનું સંચાલન કરી શકીએ છીએ. કેમકે રાજકારણમાં અમે અમારા પિતરાઈઓ કરતાં વધારે કુશળ અને વધારે ઘડાયેલા છીએ જેથી રાજસત્તા ભોગવવાના પણ અમે જ વધારે હકદાર છીએ.

અને વાત પણ ખરેખર સાચી હતી. રાજનીતિ કે રાજ કારભારમાં આ લોકો તેઓ પર સરસાઈ ભોગવતા હતા. અને પોતાની કુરૈશ કૌમમાં પણ તેઓને મુકાબલે વધુ માનમોભાવાળા અને વધારે શ્રેષ્ઠ ગણાતા હતા. કુરૈશના લોકો પણ તેઓ કરતાં એમનું વધારે માન જાળવતા હતા.

બસ અહીંથી જ એ બંને કુટુંબમાં તડ પડી ગઇ અને તેઓના દિલોમાં કુસંપના બીજ રોપાઇ ગયાં. પછી તો આખા કુરૈશ કબીલામાં પણ તડ પડી ગઈ જેના નતીજા રૂપે કુરૈશના લોકો બે પક્ષોમાં વહેંચાય ગયા. એક પક્ષ અબ્દે-મનાફના કુટુંબનો તરફદાર બની ગયો જે અબ્દુદ-દારને મુકાબલે એમને રાજસત્તાના વધારે હકદાર માનતો હતો. જયારે કુરૈશનો બીજો પક્ષ અબ્દુદ-દારના કુટુંબને પડખે ચાલ્યો ગયો. તેનું કહેવું હતું કે જે અધિકારો કુસૈય બિન કિલાબે પોતે અબ્દુદ-દારના કુટુંબને હવાલે કર્યા હતાં, તેને આંચકી લેવાનો કોઈને અધિકાર નથી.

બંને પક્ષના સુત્રધારો અને તરફદારો——————અબ્દે-મનાફના કુટુંબમાં સૌથી મોટો અબ્દે-શમ્સ હતો. એજ તેઓનો ઉપરી, વડીલ કે મુખી હતો. એનો પડયો બોલ ઝીલી લેવામાં આવતો હતો જયારે અબ્દુદ-દારના કુટુંબમાં આમિર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર પોતાના કુટુંબનો સૌથી મોટો વડીલ હતો જેનો પડયો બોલ ઝીલી લેવામાં આવતો હતો.

આ વિખવાદમાં કુરૈશના કુટુંબોમાથી બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈય અને બનૂ ઝુહરહ બિન કિલાબ અને બનૂ તૈમ બિન મુર્રહ બિન કઅબ અને બનૂ હારિસ બિન ફિહર બિન માલિકના લોકો અબ્દે-મનાફના કુટુંબના પક્ષે હતા. જયારે બનૂ મખઝૂમ બિન યકઝહ બિન મુર્રહ અને બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ અને બનૂ જુમહ બિન અમ્ર બિન હુસૈસ તેમજ બનૂ અદી બિન કઅબના લોકો અબ્દુદ-દારના કુટુંબીઓને પડખે હતા. આ ભાંજગડમાં આમિર બિન લુઐય અને મુહારિબ બિન ફિહરના લોકો બંનેમાંથી કોઇના પક્ષે નહિ જતાં તેઓએ તટસ્થ રહેવાની નીતિ અપનાવી હતી.

કઅબહ પાસે "મુતૈયિબીન"ની પ્રતિજ્ઞા——————પછી તે સમય આવ્યો કે બંને ખાનદાનોના લોકો અને તેઓના પક્ષકારો કઅબહ પાસે ગયા અને કઅબહ તરફ મુખ કરીને તેઓએ સોગંદ પૂર્વકની નક્કર પ્રતિજ્ઞા લીધી આ શબ્દોમાં કે :

> "જયાં સુધી સમુદ્રના પાણીમાં "સદ્દુફુલ-બહ્ર" એટલે દરિયાઈ ઘાસને પલાળવાની ખાસિયત રહેલી છે ત્યાં સુધી અમે એક બીજાને નિરાધાર કે નિઃસહાય દશામાં નહિ છોડીશું અને પોતાના જથ્થાથી અલગ થવાનો વિશ્વાસઘાત નહિ કરીશું !"

ખાનએ-કઅબહ પાસે આ પ્રતિજ્ઞા લેવા પછી અબ્દે-મનાફના મુખીઓ એક મોટા કટોરામાં અત્તર ભરીને સોગંદવિધિ માટે કઅબહ પાસે લઈ ગયા અને તેઓએ પોતાના મદદગારો સાથે આ કટોરામાં આંગળા બોળીને મરવા-મારવાની પ્રતિજ્ઞા લીધી. આ સોગંદવિધિ પછી તેઓએ પોતાના હાથોથી ખાનએ-કઅબહનો સ્પર્શ કર્યો કે જેથી મરવા-મારવાના લીધેલા સોગંદ પાકા થઇ જાય. આ સોગંદવિધિને કારણે એ લોકો

"મુતૈયિબીન" એટલે ખુશ્બૂવાળા કે સુગંધીવાળાના ઉપનામે મશહૂર થઈ ગયા. કેમકે કટોરામાં અત્તર એટલે સુગંધીદાર પ્રવાહી ભરેલું હતું. કેટલાકના કથન મુજબ અત્તરનો કટોરો અબ્દે-મનાફ ખાનદાનની એક સ્ત્રી લાવી હતી.

અબ્દે-મનાફ અને તેના મદદગારોની સોગંદવિધિ પછી અબ્દુદ-દાર પક્ષના તરફદારોએ પણ ખાનએ-કઅબહ પાસે જઈને એવા જ પ્રકારની સોગંદવિધિ કરી અને અંતમાં એવા શબ્દો ઉચ્ચાર્યા કે લોહીના છેલ્લા ટીપાં સુધી લડી લઈશું પણ અમારા માણસોની મદદથી હાથ નહિ ખેંચીશું. આ સોગંદવિધિને કારણે એ લોકો "અહલાફ"ના ઉપનામે ખ્યાતિ પામ્યા. [1]

બસ એજ દિવસથી કુરૈશના આ કબીલાઓમાં અદાવત કે દુશ્મનાવટનો પાયો પડી ગયો. તાણાતાણી, પક્ષાપક્ષી અને ચડસા-ચડસીની શરૂઆત થઈ ગઈ. બંને પક્ષો એકબીજાની બદગોઈ કે ભાંડણલીલા પર ઊતરી આવ્યા અને એકબીજાની ટાંગ ખેંચવા લાગી ગયા. અબ્દે-મનાફવાળા બનૂ સહમને વગોવતા હતા અને બનૂ અસદવાળા બનૂ અબ્દુદ-દારને ભાંડતા હતા. બનૂ ઝુહરહવાળા બનૂ જહમને ખોદતા હતા અને બનૂ તૈમવાળા બનૂ મખઝૂમ વિરૂધ્ધ ઝહેર ઓકતા હતા. પછી તો મામલો એટલી હદે પહોંચી ગયો કે બંને પક્ષોએ સામસામે મેદાને પડીને એકબીજાની જડ ઉખેડી કાઢવાનો સંકલ્પ કરી લીધો.

સુલેહનો વાવટો અને સંધિની શરતો————બંને પક્ષો જંગની તૈયારીઓ મુકમ્મલ થતાં તેઓ એકબીજાના લોહીની નદીઓ વહાવવા તત્પર બની ગયા ત્યાં જ અચાનક સુલેહ-સમાધાનનો ચમત્કાર સર્જાઈ ગયો. કેટલાક ઠરેલ બુધ્ધિના શાણા ગ્રહસ્થોની દરમિયાનગીરીથી બંને પક્ષ એકબીજા સાથે સુલેહ કરવા કબૂલ થયા. વાતચીતને અંતે સુલેહના કરાર એવી શરતે થયા કે, અબ્દુદ-દારનો સત્તાધારી પક્ષ સિકાયહ અને રિફાદહના ઓહદા અબ્દે-મનાફના કુટુંબને હવાલે કરી દે અને હિજાબહ, લિવાઅ તથા નદવહના ઓહદા નિયમ મુજબ અબ્દુદ-દારના કુટુંબમાં કાયમ રહે.

અબ્દુદ-દારના મોવડીઓએ આ શરતનો સ્વીકાર કરી લીધો. બંને પક્ષે સુલેહ-શાંતિનું વાતાવરણ પૂર્વવત્ સ્થપાઈ ગયું અને ખૂનખરાબાનો દાવાનળ શમી ગયો. જે લોકોએ એકબીજાના સહકાર અને મદદની પ્રતિજ્ઞા લીધી હતી તેઓ પોતાની પ્રતિજ્ઞા પર કાયમ રહ્યા અને સમયનું ચક્કર પોતાની ધુરા પર ઘૂમતું રહ્યું ત્યાં સુધી કે અલ્લાહના આકાશી ધર્મ ઈસ્લામનું આગમન થયું ત્યારે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું.

મા કાના મિન હિલફિન	જે કરારવિધિ કે સંધિ થઈ હતી
ફીલ જાહિલિય-યતિ	જાહિલિયતના યુગમાં
ફ-ઈન્નલ ઈસ્લામ	તો બેશક ઈસ્લામ તેને
લમ યઝિદહૂ ઈલ્લા શિદ્દતન.	ઓરભી પુખ્તા અને સમૃધ્ધ બનાવે છે. [2]

હિલ્ફુલ-ફુઝૂલનું ઐતિહાસિક કરારનામું—— ——ઈબ્ને હિશામ કહે છે હિલ્ફુલ-ફુઝૂલ વિષે યાદ

1. અહલાફ: એવા કબીલા કે પક્ષકારો જેઓની વચ્ચે એકબીજાની મદદના કરાર થયા હોય. અથવા જેઓએ સાથે જીવવાના-સાથે મરવાના આપસમાં કરાર કર્યા હોય. "હ"

2. મતલબ આ છે કે જાહિલિયતના ઝમાનામાં એકબીજાની મદદ કરવાના કે સુલેહશાંતિ જાળવી રાખવાના જે કરાર થયા છે, ઈસ્લામ આગળ વધીને તેને ઉત્સાહભેર વધાવી લે છે. એટલું જ નહિ, ઈસ્લામ તેને ઓરભી મજબૂત, દ્રઢ અને પાયાદાર બનાવે છે. "હ"

Maktabe Ashraf

બિન અબ્દુલ્લાહ બુકકાઈએ ઇબ્ને ઈસ્હાકની રિવાયત આ રીતે વર્ણવી છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉપરના શબ્દો ફરમાવ્યા તેનું કારણ એમ બન્યું કે એક વેળા કુરૈશના કેટલાક અગ્રેસરોએ એક મહત્વના કરાર અંગે કુરૈશના તમામ કબીલાઓને એક સ્થળે ભેગા થવાનું આમંત્રણ મોકલ્યું. કુરૈશના લોકો અબ્દુલ્લાહ બિન જુદઆન બિન અમ્ર બિન કઅબ બિન અસદ બિન તેમ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐયના મકાને ભેગા થઈ ગયા. અબ્દુલ્લાહ બિન જુદઆન મક્કહનો એક પ્રભાવશાળી અને માનમોભાવાળો પાકટ વયનો પુરૂષ હતો. એના મકાને બનૂ હાશિમ, બનૂ મુત્તલિબ, અસદ બિન અબ્દુલ-ઉઝઝા, ઝુહરહ બિન કિલાબ વગેરેએ સોગંદવિધિથી એવા કરાર કર્યા કે :

> "આજથી મક્કહમાં કોઈ મઝલૂમ કે ત્રાહિત માણસ જોવામાં આવે જેને કોઈએ દુખી કર્યો હોય કે તેનો હક પચાવી પાડયો હોય——————ચાહે તે દેશી હોય કે પરદેશી હોય——તેનો પક્ષ લઈને તેની મદદ કરવી અને ઝાલિમ પાસેથી પરાણે તેનો હક અપાવવો તે આપણું સર્વોપરી કર્તવ્ય લેખાશે !"

કુરૈશે સર્વાનુમતે એને વધાવી લઈને આ કરારનામાનું નામ "હિલ્ફુલ-ફુઝૂલ" રાખ્યું. મક્કહના કુરૈશનું એ એક ઐતિહાસિક કરારનામું હતું. એમાં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ હાજર હતા. એ પછીના દિવસોમાં એક પ્રસંગે આપે ફરમાવ્યું :

લકદ શહિત્તુ	બેશક હું હાજર હતો,
ફી દારિ અબ્દિલ-લાહિબ્ન જુદઆન	અબ્દુલ્લાહ બિન જુદઆનના મકાને,
હિલ્ફન.	કરારનામાના પ્રસંગે.
મા ઉહિબ્બુ અન્ન લી	હું પસંદ નહિ કરૂં કે મને આપવામાં આવે,
બિહી હુમ્રન-નઅમિ	આ કરારના બદલામાં લાલ ઊંટો.[1]
વ-લવ ઉદઆ બિહી	અગર મને બોલાવવામાં આવે આવા કરાર માટે
ફિલ-ઈસ્લામ લિ-અજેતુ..	ઈસ્લામમાં પણ, તો હું જરૂર તેને કબૂલ કરીશ.

હઝરત હુસૈન અને વલીદનો વિખવાદ——————ઇબ્ને ઈસ્હાક કહે છે : એવા જ વિખવાદના એક મામલા અંગે મને મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હારિસ તૈમીની આ રિવાયત મળી છે કે, સૈયિદના હઝરત હુસૈન બિન અલી બિન અબી તાલિબ અને વલીદ બિન ઉત્બહ બિન અબી સુફયાન વચ્ચે કોઈ મિલકત અંગે ઝઘડો હતો. એ મિલકત "ઝીલ-મરવહ" સ્થળે આવેલી હતી.[2] એ દિવસોમાં વલીદ બિન ઉત્બહ મદીનહનો ગવર્નર હતો. આ ઓહદા પર તેના કાકા હઝરત અમીર મુઆવિયા બિન અબી સુફયાને તેની નિમણુંક કરી હતી. વલીદે આ ઓહદાનો ખોટો લાભ લઈને હઝરત હુસૈન પર ઝિયાદતી કરી હતી. હઝરત હુસૈને તેને ફરમાવ્યું,

"હે વલીદ ! હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે તારે આ ખટલાનો ઈન્સાફ કરવો જ પડશે, નકર

---

૧. તે વેળા અરબમાં રાતા રંગના ઊંટો બહુ મૂલ્યવાન ગણાતા હતા જેથી આપે ફરમાવ્યું કે, કોઈ મને રાતા રંગના ઊંટો આપીને કહે કે, તમારે આવા કરારમાં ભાગ લેવો નહિ, તો પણ હું તેને હરગિઝ કબૂલ નહિ કરૂં અને આજે ઈસ્લામમાં પણ કોઈ મને આવા કરાર કરવાનું આમંત્રણ આપે તો હું ઉત્સાહભેર તેનો સ્વીકાર કરવા તૈયાર છું. "હ"

૨. ઝીલ-મરવહ કુરા નામે ખીણમાં આવેલી એક વસતિનું નામ. એ મિલકત હઝરત ઇમામ હુસૈન બિન અલીની માલિકીની હતી જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નવાસા હતા. "હ"

Maktabe Ashraf

હું તલવાર લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં ઊભો થઈ જઈશ અને લોકોની સામે ''હિલ્ફુલ-ફુઝૂલ''ના કરારનામાને પડકારીને મારો હક અવશ્ય વસૂલ કરીશ.''

રાવીનું બયાન છે કે આ વાતચીત પ્રસંગે હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર પણ ત્યાં હાજર હતા. તેમણે હઝરત હુસૈનના આ બોલો સાંભળીને ફરમાવ્યું, ''જો હિલ્ફુલ-ફુઝૂલના આધારે મદદની ટહેલ નાખવામાં આવે તો અલ્લાહના સોગંદ હું પણ તલવાર લઈને હુસૈનને પડખે ઊભો થઈ જઈશ, ત્યાં સુધી કે, કાં હુસૈનનો હક આપી દેવામાં આવે કે કાં અમે અમારા પ્રાણ આપી દઈએ !''

આ વાતો જ્યારે મિસ્વર બિન મુખરિમહ બિન નવફલ જુહરીના કાને પહોંચી તો તેમણે પણ એજ બોલો ઉચ્ચાર્યા અને જ્યારે અબ્દુર્રહમાન બિન ઉસ્માન બિન ઉબૈદુલ્લાહ તૈમીએ સાંભળ્યું તો તેમણે પણ એવા જ સોગંદ લીધા. એટલે એ બધા હઝરત હુસૈનની મદદ માટે તૈયાર થઈ ગયા.

મદીનહના ગવર્નર વલીદ બિન ઉત્બહને આ સમચાર મળતાં તેને જનતાની ઉશ્કેરણીનો ખતરો પેદા થયો. એજ વેળા તેણે સમાધાનનો માર્ગ અપનાવીને હઝરત હુસૈનનો પૂરેપૂરો હક આપી દીધો અને તેમને રાજી કરી લીધા.

Maktabe Ashraf

પ્રકરણ ૨૫

હાશિમ બિન અબ્દે-મનાફ

રિફાદહ અને સિકાયહના ઓહદા • હાશિમ નામકરણનું કારણ • હઝરત હાશિમનો ઇન્તેકાલ સીરિયામાં • હઝરત હાશિમની શાદી મદીનહમાં • અબ્દુલ-મુત્તલિબનો જન્મ • અબ્દુલ-મુત્તલિબ નામ પડવાનું કારણ • મુત્તલિબનું મરણ અને શાઇરોના મરસિયા

રિફાદહ અને સિકાયહના ઓહદા————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુસૈય બિન કિલાબના સંતાનોમાંથી અબ્દે-દાર અને અબ્દે મનાફના કુટુંબો વચ્ચે પડેલી તકરારનો સુખદ અંત આવી જવા પછી સુલેહની શરત મુજબ રિફાદહ અને સિકાયહના ઓહદા અબ્દે મનાફના કુટુંબમાં ચાલ્યા ગયા અને કરારની રૂએ એ ખાતાંઓનો વહીવટ અબ્દે-મનાફના પુત્ર અબ્દે-શમ્સે સંભાળી લીધો.

પરંતુ અબ્દે-શમ્સ મોટો સહેસાણી ગૃહસ્થ હતો. તેનો વધુ સમય વેપારધંધા અર્થે પરદેશોની મુસાફરી કરવામાં વીતતો હતો. મક્કહમાં જવલ્લે જ તેના પગ ઠરતા હતા. તેની આમદની ઓછી અને છૈયાંછોકરાંની લંગાર લાંબી હતી. પેટની વેઠને લીધે તેને સતત સફરમાં રહેવું પડતું હતું. આ કારણે રિફાદહ અને સિકાયહના ખાતાંઓનો વહીવટ તેના ભાઈ હાશિમ બિન અબ્દે-મનાફે સંભાળી લીધો.[1]

હાશિમ બિન અબ્દે-મનાફ મક્કહના ખાસ્સા માલદાર અને ખુશહાલ ગૃહસ્થ હતા. એમને કમાણી માટે સતત સફરમાં રહેવાની જરૂર ન હતી.લોકોનું કહેવું છે કે હઝરત હાશિમનો નિયમ હતો કે, હજજના દિવસો આવી લાગતા ત્યારે તેઓ કુરૈશની મજલિસોમાં પહોંચી જતા અને લોકોને સંબોધીને ફરમાવતા:

> "હે કુરૈશની જમાઅત ! તમે અલ્લાહ તઆલાના ઘરના પાડોશી છો. તેના મુકદ્દસ ઘરના મુતવલ્લી કે રખેવાળ છો. હજજના દિવસોમાં અલ્લાહના ઘરના દર્શન કરનારા અને હજજ કરનારા તમારી પાસે આવે છે. તેઓ અલ્લાહના મેહમાન હોય છે. તમામ મેહમાનોમાં અલ્લાહના મેહમાન માન-ઇકરામના સૌથી વધુ હકદાર છે. માટે તમે ફાળો ભેગો કરો જેનાથી તમે, તેઓ મક્કહમાં રહે ત્યાં સુધી તેઓની પરોણાગત કરી શકો. જુઓ સોગંદ છે અલ્લાહના, અગર મારી પાસે એટલું ભંડોળ હોત જેનાથી તેઓ મક્કહમાં

૧. ખાનએ-કઅબહને લગતા ઓહદાઓ અને ખાતાંઓનો મુખ્તસર પરિચય આ પ્રકરણના અંતમાં આપવામાં આવ્યો છે. હઝરત હાશિમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હતા. "હ"

રહે ત્યાં સુધી તેઓની પરોણાગત કરી શકાય, તો હું હરગિઝ મારો હાથ તમારી આગળ લાંબો નહિ કરત !''

હઝરત હાશિમની અ. પ્રેરણાત્મક હાકલથી પ્રભાવિત થઈને કુરૈશનો દરેક માણસ પોતાની માલી હૈસિયત મુજબ નાણાં વગેરે લાવીને હઝરત હાશિમના ચરણોમાં ધરી દેતો અને હાશિમ એ નાણાંથી બહારથી આવનારા હાજીઓની પરોણાચાકરીનો પ્રબંધ કરતા, ત્યાં સુધી કે તેઓ પોતપોતાને વતન પહોંચી જતા.

હાશિમ નામકરણનું કારણ————એજ હાશિમ અરબના તે પહેલા ગૃહસ્થ છે જેમણે પોતાની કૌમ કુરૈશની આજીવિકા કે સોદાગરી માટે પરદેશના પ્રવાસની, વરસમાં બે રૂતુઓ નકકી કરી હતી. એક ''રિહ-લતશ-શિતાઅ'' એટલે શિયાળાની રૂતુની સફર અને બીજી ''રિહ-લતસ-સૈફ'' એટલે ઉનાળાની રૂતુની સફર જેનું બયાન પવિત્ર કુર્આનની ''સૂરતુલ-કુરૈશ'' એટલે લિઈલાફિ કુરૈશિન''માં કરવામાં આવ્યું છે.[1]

અને એજ હાશિમ અરબના તે પહેલા ગૃહસ્થ છે જેમણે હાજીઓને જમણમાં ''સરીદ'' નામની વાનગી પીરસીને આખા અરબમાં નામના મેળવી હતી. હાશિમનું મૂળ નામ તો અમ્ર હતું પણ મક્કહમાં બહારથી આવેલા હાજીઓને શોરબામાં રોટલીઓ ચૂરી-ચૂરીને ખવાડવાને કારણે ''હાશિમ'' નામે પંકાઇ ગયા.

કુરૈશ અથવા અરબના કોઈ શાઅરે કહ્યું છે :

અમ્રુલ-લઝી હશમસ- સરીદ લિ-કવમિહી, • કવમિમ બિ-મક્કતા મુસ-નિતીન ઇજાફી.

અમ્ર એટલે હાશિમ જ તે ગૃહસ્થ છે જેણે રોટલીઓ ચૂરી-ચૂરીને પોતાની અરબ કૌમને એવા સમયે જમાડી જ્યારે તેની કૌમ મક્કહમાં દુકાળને કારણે નબળી પડી ગઇ હતી.

સંપાદકની નોંધ————શોરબામાં રોટલીઓ ચૂરીને જે વાનગી તૈયાર થાય તેને ''સરીદ''કહે છે અને શોરબામાં રોટલીઓ ચૂરવાને અરબીમાં ''હશમ'' કહે છે. અને હાશિમ એટલે શોરબામાં રોટલીઓ ચૂરનાર. હજ્જના એક વરસે મક્કહમાં આકરો દુકાળ હતો. હઝરત હાશિમે સીરિયાથી અનાજ મંગાવીને રોટલીઓ ઘડાવી અને કેટલાંયે ઊંટો વાઢીને સાલન તૈયાર કરાવ્યું. પછી તેમાં રોટલીઓ ચૂરીને બહારથી આવેલા હજારો હાજીઓ તથા કુરૈશને જમાડયા ત્યારથી તેઓ હાશિમ નામે આખા અરબમાં પંકાઇ ગયા. હાશિમની ઝિયાફતોનો આ સિલસિલો દર વરસે હજ્જના અંત સુધી ચાલુ રહેતો. ''હ''

હઝરત હાશિમનો ઇન્તેકાલ સીરિયામાં————ઇબ્ને ઈસ્હાક કહે છેઃ એક વેળા હાશિમ બિન અબ્દે-મનાફ વેપારધંધા અર્થે મુલ્કે-શામ ગયા અને જ્યારે ગઝ્ઝહ નામે નગરમાં પહોંચ્યા તો ત્યાં તેમનો ઇન્તેકાલ થઇ ગયો.[2] હાશિમના ઇન્તેકાલ પછી સિકાયહ અને રિફાદહના ખાતાંઓનો વહીવટ તેમના ભાઈ મુત્તલિબ બિન અબ્દે-મનાફના હાથમાં ચાલ્યો ગયો. મુત્તલિબ પોતે પણ પોતાની કૌમમાં માન-આબરૂનું

---

૧. સૂરતુલ-કુરૈશમાં ' રિહલહ'' શબ્દ આવેલો છે જેના લુગાતી અર્થ ઊંટ પર કાઠું કસવાના થાય છે પણ અહીં સફર કે પ્રવાસના અર્થમાં એનો પ્રયોગ થયો છે. (લુગાતુલ-કુર્આન પેજ ૨૩૧) ''હ''

૨. ગઝ્ઝહ : પેલેસ્ટાઇન જ્યારે સીરિયામાં શામિલ હતું તો ગઝ્ઝહ શહેર સીરિયાની બંદરગાહ તરીકે પંકાયેલું હતું. પછી પેલેસ્ટાઇન સીરિયાથી અલગ થયું તો ગઝ્ઝહ પેલેસ્ટાઇનમાં આવી ગયું. એ પછી યહૂદીઓ માટે પેલેસ્ટાઇનના ટુકડા થયા તો ગઝ્ઝહનો ટચૂકડો પ્રદેશ મિસરને હવાલે થયો. ગઝ્ઝહનો શુમાર દુનિયાના પ્રાચીન શહેરોમાં થાય છે. (ઇબ્ને-હિશામનો હાશિયો જિ.૧ પા. ૧૬૨)

ઊંચુ સ્થાન ધરાવતા હતા. તેઓ પોતાના ભાઇ અબ્દે-શમ્સથી નાના હતા. ઉદારદિલી અને દાનવૃત્તિમાં પંકાયેલા હોવાથી લોકોએ મુત્તલિબનું ''ફૈઝ'' નામ પાડી દીધું હતું. [૧]

હઝરત હાશિમની શાદી મદીનહમાં————હાશિમ બિન અબ્દે-મનાફ વેપાર-અર્થે અવાર-નવાર મદીનહ પણ જતા હતા. એક વેળા મદીનહ ગયા તો ત્યાં એમણે બનૂ નજ્જાર ખાનદાનના એક ખાતૂન સલમા બિન્તે અમ્ર સાથે શાદી કરી લીધી. સલમા ખાતૂનના પહેલા પતિનું નામ ઉહૈહા બિન જુલાહ બિન હરીશ હતું.

ઇબ્ને હિશામ કહે છે : કેટલાક હરીશને હરીસ કહે છે. અને તેની વંશાવળી આ છે. હરીસ બિન ઉહૈહા બિન કુલફા બિન ઔફ બિન અમ્ર બિન ઔફ બિન માલિક બિન ઔસ. આ ઉહૈહા નામના ખાવિન્દથી સલમા ખાતૂનને એક પુત્ર પણ અવતર્યો હતો જેનું નામ અમ્ર બિન ઉહૈહા હતું.

સલમા ખાતૂન એક કુળવાન અને ખાનદાની ખાતૂન હોવાથી પોતાની કૌમ અને સમાજમાં માનપ્રતિષ્ઠાનું ઊંચુ સ્થાન ધરાવતાં હતાં. પોતાની ખાનદાનીનો સલમાને એટલો ઘમંડ હતો કે ભલભલા જવાનો અને નવાબોને ગણકારતા ન હતાં. હાશિમ સાથે પણ એવી શરતે શાદીની હા ભણી કે અણબનાવના સંજોગોમાં છૂટાછેડાનો અધિકાર તેના હાથમાં રહેશે. આ શરતની કબૂલાત પછી જ સલમાએ હાશિમ સાથે શાદી કરી હતી. [૨]

અબ્દુલ-મુત્તલિબનો જન્મ————સલમા ખાતૂનની કૂખે હાશિમને ત્યાં અબ્દુલ-મુત્તલિબનો જન્મ થયો. સલમાએ તેનું નામ ''શૈબહ''રાખ્યું. [૩] શાદી બાદ હાશિમ અમુક મુદ્દત સલમા સાથે રહ્યા. પછી બેગમને મદીનહમાં મૂકીને પોતે ધંધા અર્થે ઊપડી ગયા અને જ્યારે વેપારી કાફલા સાથે મુલ્કે-શામ પહોંચ્યા તો ગઝઝહ શહેરમાં તેમનો ઇન્તેકાલ થઇ ગયો.

શૈબહ પોતાની મા સલમાના લાલન-પાલનમાં ઉછેર પામીને મોટો થતો રહ્યો અને જયારે કિશોર અવસ્થા વટાવીને જુવાન બની ગયો તો તેનો કાકો મુત્તલિબ તેને તેડી લાવવા મક્કહથી મદીનહ ગયાં. પરંતુ સલમાએ તેની માગણીનો ધરાર ઇન્કાર કરતાં પરખાવી દીધું કે હું મારા બેટાને કદી મક્કહ નહિ મોકલાવું.

હાશિમના ભાઇ મુત્તલિબે જવાબમાં કહ્યું, ''તો ભલે હું પણ મદીનહથી ટળવાનો નથી જ્યાં સુધી કે શૈબહને મક્કહ નહિ લઇ જાઉં. એ મારા સગા ભાઇનો પુત્ર અને મારો ભત્રીજો છે. હવે એ જવાન થઇ ગયો છે. અમારો ફરઝંદ પોતાની કૌમથી વિખૂટો પડીને પારકાઓમાં પરાયો જેવો લાગે છે. અમે અમારી કૌમના આબરૂદાર આગેવાનો છીએ. અમારૂં ખાનદાન મક્કહમાં જ નહિ, અરબભરમાં ઊંચું અને શ્રેષ્ઠ ગણાય છે. કૌમના ઘણાખરા મામલાઓની દોરવણી અમારા હાથમાં છે. આ નવજવાન માટે બેહતર એજ છે કે તે પારકાઓમાં રહેવાને બદલે પોતાની કૌમમાં, પોતાના ખાનદાનમાં, પોતાના શહેરમાં, પોતાના વતનમાં રહે.''

આ અને એવા જ શબ્દોમાં મુત્તલિબે ભારપૂર્વક સલમા આગળ પોતાનો મુદ્દો રજૂ કરી દીધો. એ પછી મુત્તલિબે શૈબહને સંબોધીને કહ્યું, ''બેટા ! તને મારી સાથે આવવામાં શું વાંધો છે?''

---

૧. ફૈઝ એટલે ફાયદો, લાભ, નેકી, ભલાઇ, સખાવત વગેરે. ફૈઝથી ફૈયાઝ બને છે. જેના અર્થ દાનવીર, સખાવત કરનાર, ઉદારદિલ વગેરે ''હ''

૨. સલમા ખાતૂન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સગા પરદાદી થાય છે. ''હ''

૩. શૈબહ નામ રાખવાનું કારણ એમ બન્યું કે તેના માથાના થોડાક વાળો પૈદાઇશી રીતે સફેદ હતા. વાળોની સફેદીને અરબીમાં ''શૈબ'' કહે છે. ''હ''

Maktabe Ashraf

લોકોના કહેવા મુજબ શૈબહએ પોતાના કાકા મુત્તલિબને જવાબ આપ્યો, "માનવંતા કાકાજી ! હું દરેક રીતે આપનો તાબેદાર છું પણ જ્યાં સુધી મારી મા પરવાનગી નહિ આપે હું એને છોડવાનો નથી."

અંતે સલમાએ અનિચ્છાએ કે નાછૂટકે પોતાના દિલ પર પથ્થર મૂકીને જિગરના ટૂકડા જેવા શૈબહને પરવાનગી આપીને મુત્તલિબને હવાલે કરી દીધો.

અબ્દુલ-મુત્તલિબ નામ પડવાનું કારણ———સલમાની પરવાનગી મળતાં મુત્તલિબ શૈબહને લઈને જ્યારે મક્કહમાં દાખલ થયા તો શૈબહ તેમની પાછળ ઊંટની પીઠ પર બેઠેલો હતો. મક્કહના લોકો શૈબહને ઊંટની પીઠ પાછળ બેઠેલો જોઈને સમજ્યા કે મુત્તલિબ કોઈ છોકરાને ગુલામ તરીકે ખરીદીને લઈ આવ્યા છે જેથી તેઓ પોકારી ઊઠયા, "હાઝા અબ્દુલ-મુત્તલિબ ! હાઝા અબ્દુલ-મુત્તલિબ !" એટલે આ છોકરો મુત્તલિબનો ગુલામ છે. મુત્તલિબનો ગુલામ છે.

લોકોના મુખે ગુલામના શબ્દો સાંભળીને મુત્તલિબે તેઓને પડકાર્યા, "ખબરદાર ! એ તો મારો ભત્રીજો શૈબહ છે. એને હું મદીનહ જઈને એની મા પાસેથી લઈ આવ્યો છું. એ મારો ગુલામ નથી."

પરંતુ લોકજીભેથી નીકળેલા આ શબ્દો એવા તો વાયુવેગે મક્કહમાં પ્રસર્યા કે શૈબહ સાહેબ એજ દિવસથી "અબ્દુલ-મુત્તલિબ" નામે પ્રખ્યાત થઈ ગયા.

મુત્તલિબનું મરણ અને શાઈરોના મરસિયા———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદાના દાદા અબ્દે-મનાફ બિન કુસૈયનું અસલી નામ મુગીરહ હતું. એમની અવલાદમાં હાશિમ પહેલા ગૃહસ્થ હતા જેઓ મુલ્કે-શામના ગઝ્ઝહ શહેરમાં સફરની હાલતમાં અવસાન પામ્યા. એમના ભાઈ અબ્દે-શમ્સનું મક્કહમાં મરણ થયું. એમના ભાઈ મુત્તલિબ યમનની ભૂમિમાં "રદમાન" સ્થળે મૃત્યુને ભેટ્યા. અબ્દે-મનાફનો છેલ્લો પુત્ર નવફલ ઈરાકની ધરતીના "સલમાન" નામે નગરમાં પરલોકના પ્રવાસી બન્યો.

મુત્તલિબના મરણ વિષે કોઈ અરબ શાઈરે કહ્યું છે.

કદ ઝમિઅલ હજીજુ બઅદલ-મુત્તલિબ, • બઅદલ-જિફાનિ વશ-શરાબિલ મુન-સઈબ,

લૈત કુરૈશન બઅ-દહૂ અલા નસબ.

લબાલબ કે છલોછલ જામો પીવા પછી મુત્તલિબના મૃત્યુથી હાજીઓ તરસ્યા બની ગયા છે. કાશ! તેના પછી કુરૈશ કોઈ એક ઝંડા હેઠળ એકત્ર થઈ જાત !

(નોટ :- અલ્લામા ઈબ્ને હિશામે અહીં અબ્દે-મનાફ અને તેમના પુત્રોના મૃત્યુ-વિયોગમાં અરબના શાઈરોએ રચેલા શોક કાવ્યોના ૪૨ શેઅરો ટાંકેલા છે. પુસ્તકના સાડા પાંચ પાનાનું એ લખાણ અમે જતું કર્યું છે. હથુરાણી.)

ગુજરાતી સંપાદકની પ્રકરણ-પુરવણી———અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામની અવલાદમાં એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પૂર્વજોમાં કુરૈશ નામે ખાસ કબીલો ફિહર બિન માલિકથી શરૂ થયો; જેમનું બીજું નામ કુરૈશ હોવાથી તેઓ "સૈયિદુલ-કુરૈશ" ઉપનામે પંકાયેલા

Maktabe Ashraf

હતા. એમની જ અવલાદને કુરૈશી કહેવામાં આવે છે. ફિહર બિન માલિક બહુ બહાદુર, મુત્સદ્દી અને ભવ્ય શખસિયતના માલિક હતા. એમના મરણ બાદ કુરૈશ કબીલાની સરદારી એમના બેટા ગાલિબ બિન ફિહરને મળવા પામી. ગાલિબના ઇન્તેકાલ પછી એમના પુત્ર લુઐય બિન ગાલિબ પોતાની કુરૈશ કૌમના સરદાર બન્યા. લુઐયના મરણ પછી એમના બેટા કઅબ બિન લુઐયના ભાગે સરદારી આવી અને કઅબ પછી એમના બેટા મુર્રહ અને મુર્રહ પછી એમના પુત્ર કિલાબ એક પછી એક કુરૈશ કૌમના સરદાર બન્યા. અહીં સુધી કે કિલાબના મરણ બાદ એમના પુત્ર કુસૈય બિન કિલાબ કુરૈશ કબીલાના સરદાર બન્યા. એમના યુગમાં મક્કહની બાદશાહી અને કઅબહની સરદારી બનૂ ખુઝાઅહ કબીલાના લોકો ભોગવતા હતા. બનૂ ખુઝાઅહ અને તેની શાખોના લોકો હઝરત ઇસ્માઈલ અલૈહિસ-સલામના સુસર મુદાદ બિન અમ્રના જુરહુમ કબીલામાંથી ઊતરી આવતા હતા.

કુસૈય બિન કિલાબના યુગમાં એજ ખુઝાઅહ કબીલાના લોકો મક્કહ પર રાજ કરતા હતા જેના છેલ્લા બાદશાહનું નામ હુલૈલ બિન હબશિયા હતું અને જેની રાજકુમારી હુબ્બા સાથે કુસૈય બિન કિલાબે શાદી કરી હતી. હુલૈલના મરણ બાદ તેની વસિય્યત મુજબ કઅબહની ચાવી કુસૈયના કબજામાં આવી પણ મક્કહની બાદશાહી અને કઅબહના વહીવટ પર બનૂ ખુઝાઅહનો કબજો હતો. કુસૈયને થયું કે અમે પયગમ્બરની અવલાદ હોવાથી કઅબહના વહીવટના વધારે હકદાર છીએ ત્યારે તેણે પોતાના ભાઈઓ અને કુરૈશની મદદ મેળવીને બનૂ ખુઝાઅહ સાથે ખૂંખાર જંગ ખેલ્યો અને છેવટે તેઓને મારી-હઠાવીને મક્કહની સત્તા હાથ કરી.

તે સમયે કુરૈશ કબીલાના ૧૨ કે તેથી વધુ ખાનદાનો મક્કહ અને તેની આજુબાજુના વિસ્તારમાં વસેલાં હતાં. જેઓના નામ આ છે : બનૂ સહમ, બનૂ અદી, બનુ જુમહ, બનૂ તૈમ, બનૂ મખઝૂમ, બનૂ ઝુહરહ, બનૂ અબ્દુલ-ઉઝઝા, બનૂ અબ્દે-દાર, બનૂ અબ્દે-શમ્સ, બનૂ હાશિમ, બનૂ મુત્તલિબ, બનૂ નવફલ, બનૂ ઉમૈયહ વગેરે.

કુરૈશના આ બધાં ખાનદાનો એક સ્થળે સંગઠિત રીતે નહિ, બલકે જુદી જુદી જગાએ વેરવિખેર હાલતમાં રહેતાં હતા. કુસૈય બિન કિલાબે એ બધાનું સંગઠન કરીને વ્યવસ્થિત રીતે તેઓને મક્કહમાં અને આજુબાજુના વિસ્તારમાં વસાવ્યા. તેઓ માટે ઘરો બંધાવ્યાં, નવી વસાહતો ઊભી કીધી, તેઓને જમીન-જાગીરના માલિક બનાવ્યા અને શહેરી જીવનની શરૂઆત કરાવી. એ પછી તેણે મક્કહમાં ''દારુન-નદવહ''એટલે રાજભવન કે રાજમંત્રાલયનું શાનદાર મકાન બંધાવીને તેને કુરૈશ કબીલાનું મરકઝ બનાવ્યું. અગાઉના રાજશાહી બંધારણમાં સુધારા-વધારા કરીને તેને નવું રૂપ આપ્યું અને મક્કહ તથા કઅબહના વહીવટી-તંત્રના ૧૬ ખાતાં કે વિભાગો પાડીને તેના ઓહદાઓની કુરૈશી અગ્રેસરોમાં વહેંચણી કરી દીધી. આ રીતે કુસૈય બિન કિલાબે સૌથી પહેલાં મક્કહમાં લોકશાહી પદ્ધતિના એક નમૂનેદાર પ્રજાસત્તાકની સ્થાપના કરી.

કુસૈય બિન કિલાબ પણ પોતાના પૂર્વજો પેઠે મોટા શૂરવીર, રાજકારણના રહસ્યોના જાણકાર અને ઇન્કિલાબી માનસના માલિક હતા. એમણે મક્કહ અને કઅબહના વહીવટીતંત્રના સ્થાપેલાં ખાતાંઓનાં મુખ્તસર વિગત આ છે:

Maktabe Ashraf

વહીવટી તંત્રના ખાતાનું નામ ટૂંક વિગત સાથે	કયા ખાનદાનને એનો ઓહદો મળેલો હતો	પયગમ્બરી વેળા એ ખાતાના ઉપરીનું નામ
• હિજાબહ : કઅબહની ચાવી રાખવાનો, કઅબહનો દરવાજો ખોલવા-બંધ કરવાનો, કઅબહના મુતવલ્લી હોવાનો ઓહદો...	બનૂ અબ્દે-દાર	ઉસ્માન બિન તલહા
• સિકાયહ : દેશ-પરદેશના હાજીઓ માટે પાણીની વ્યવસ્થા કરવાનો ઓહદો................................	બનૂ હાશિમ	હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ
• રિફાદહ : નાદાર-ગરીબ હાજીઓની મદદ અને તેઓ માટે ખાવાની વ્યવસ્થા કરવાનો ઓહદો.................	બનૂ નવફલ	હારિસ બિન આમિર
• મુશાવરહ : લોકોની જરૂરતો, શિકાયતો અને અગત્યના કામો માટે સલાહ-મશ્વરાનો ઓહદો..................	બનૂ અસદ	યઝીદ બિન ઝમ્અહ
• સિફારહ : રાજ્યના એલચી બનીને દેશ-પરદેશના બાદશાહો, રાજાઓ, નવાબો સરદારો પાસે જવાનો ઓહદો...	બનૂ અદી	હઝરત ઉમર ફારૂક
• લિવાઅ : લશ્કરી ખાતાનો ઝંડો રાખવાનો અને જંગ વેળા લશ્કરના ધ્વજધારી હોવાનો ઓહદો..................	બનૂ ઉમૈયહ	અબૂ સુફિયાન બિન હર્બ
• કિસાસ-દિયત : લડાઈ-ઝગડા, ખૂન-ખરાબા અને જંગોમાં નુકસાની તથા ખૂનનો બદલો નક્કી કરવાનો ઓહદો.........	બનૂ તૈમ	હઝરત અબૂબક્ર સિદ્દીક
• કુબ્બહ : જંગોમાં લશ્કરી છાવણીની વ્યવસ્થા કરવાનો, લશ્કરના ઉતારા માટે તંબૂઓ ઊભા કરવાનો ઓહદો........	બનૂ મખઝૂમ	વલીદ બિન મુગીરહ અને એના પુત્ર હઝરત ખાલિદ બિન વલીદ
• અઈન્નહ : સવારોની ટુકડીની સિપહસાલારીનો ઓહદો...	બનૂ મખઝૂમ	વલીદ બિન મુગીરહનો ભત્રીજો અબૂ જહલ
• અઝલામ-ઈસાર : મૂર્તિઓ પાસે તીરોથી ફાલ કાઢવાનો, પાંસા નાખીને શુભ-અશુભ જાણવાનો અને નસીબ પાધરું છે કે અવળું તે જોવાનો ઓહદો......	બનૂ જુમહ	સફવાન બિન ઉમૈયહ
• ઉમૂરે-અમવાલ : મૂર્તિઓના નઝરાણા, મંદિરોને મળનારી ભેટો એટલે રાજ્યની તિજોરીના ખઝાનચી હોવાનો ઓહદો.....	બનૂ સહમ	હારિસ બિન કૈસ

Maktabe Ashraf

એ સિવાય વહીવટીતંત્રના નાનાં-મોટા બીજાં ખાતાંઓ પણ હતાં જેનું સંચાલન એજ કુરૈશી ખાનદાનોના અગ્રેસરોના હાથમાં હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ પર ફતેહ મેળવી ત્યાં સુધી આ ઓહદાઓ એજ ખાનદાનોમાં કાયમ રહ્યા. ફત્હે-મક્કહ પછી આપે હિજાબહ અને સિકાયહ વગર બધા ઓહદાઓ ખતમ કરી નાખ્યા. હિજાબહ એટલે કઅબહની ચાવી રાખવાનો ઓહદો તો આજે પણ બનૂ અબ્દે-દારની એક શાખ શૈબહ બિન ઉસ્માનના ખાનદાનમાં ચાલ્યો આવે છે. સિકાયહ એટલે હાજીઓને પાણી પીવાડવાનો ઓહદો આપે ફત્હે-મક્કહ પછી આપના કાકા હઝરત અબ્બાસને હવાલે કરી દીધો હતો. [૧]

મક્કહનું જે માન હતું તે અલ્લાહના ઘર એટલે ખાનએ-કઅબહને પ્રતાપે હતું. કુરૈશ કબીલાના લોકો ખાનએ-કઅબહના મુજાવર અને મુતવલ્લી હતા. આ કારણે તેઓ આખા અરબ ખંડ પર મઝહબી સત્તા ભોગવતા હતા. અને વેપારધંધા અર્થે પરદેશનો પ્રવાસ ખેડતા તો ત્યાંના બાદશાહો અને રાજામહારાજાઓ પણ પોતાના દરબારમાં તેઓને માનપાનથી બિરદાવતા હતા.

(ગુજરાતી સંપાદકનું લખાણ પૂરૂં થયું. હવે પુસ્તકનું પ્રકરણ ૨૬ વાંચો.)

---

૧. સીરતુન-નબી જિ.૧ પા. ૨૧૨ - સીરતે અહમદે મુજતબા જિ.૧ પા. ૩૪-૩૫- સીરતે-સરવરે- આલમ જિ.૨ પા. ૮૨.

Maktabe Ashraf

પ્રકરણ ૨૬

અબ્દુલ-મુત્તલિબ અને ઝમઝમનો કૂવો

અબ્દુલ-મુત્તલિબનો શાનદાર યુગ • ઝમઝમનો કૂવો ખોદવાનો ગૈબી સંકેત • ઝમઝમના કૂવાનું ખોદકામ • અબ્દુલ મુત્તલિબ અને કુરૈશમાં ઝગડો • ઝગડાના નિકાલ માટે સાધુડીની શોધમાં • રણમાં અલ્લાહની ગૈબી મદદ • ઝમઝમના કૂવાને લગતી બીજી રિવાયત • તીરોથી કુરૈશના ઝગડાનો ફેસલો • મક્કહમાં આવેલા બીજા કૂવાઓ • ઝમઝમની ભવ્યતા અને તેનો મહિમા.

અબ્દુલ-મુત્તલિબનો શાનદાર યુગ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુત્તલિબના મરણ પછી, પછી સિકાયહ અને રિફાદહના ખાતાંઓનો વહીવટ અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમને હવાલે કરવામાં આવ્યો. આથી પહેલાં આ ખાતાંઓનો વહીવટ એમના કાકા મુત્તલિબના હાથમાં હતો. મુત્તલિબના મરણ પછી એમના ભત્રીજા અબ્દુલ-મુત્તલિબ ખાનએ-કઅબહના મુતવલ્લી બન્યા. એમણે બાપદાદાને ચીલે ચાલીને લોકસેવાની તે બધી પ્રવૃત્તિઓ અપનાવી લીધી જે એમના ખાનદાનમાં પરંપરાથી ઊતરી આવતી હતી. રિફાદહ અને સિકાયહના કુશળ વહીવટ ઉપરાંત કૌમને લગતા તમામ મામલાઓની જડબેસલાક વ્યવસ્થા કરીને અને તેને વધુ વેગવાન બનાવીને અબ્દુલ મુત્તલિબે પોતાની કૌમમાં એટલો ઊંચો મરતબો મેળવી લીધો જે એમના બાપદાદાઓમાંથી પણ કોઈ મેળવી શક્યું ન હતું. કુરૈશ કૌમના તમામ ખાનદાનોના લોકો એમને માનપાનથી બિરદાવતા હતા. એમના દરેક હુકમનું પાલન કરતા હતા અને એમના કોઈ પણ આદેશને માથે ચડાવવાને તેઓ પોતાનું સદ્ભાગ્ય માનતા હતા.

ઝમઝમનો કૂવો ખોદવાનો ગૈબી સંકેત————ઇબ્ને ઇસ્હાક કહે છે: આથી અગાઉ લખ્યા મુજબ બનૂ જુરહુમ વંશના બનૂ ખુઝાઅહના લોકો મક્કહથી નાસતી વેળા ઝમઝમનો કૂવો પૂરીને તેને જમીનની સપાટી સરખો કરતા ગયા હતા. એ કૂવાને ખોદી કાઢવાની જે શરૂઆત અબ્દુલ-મુત્તલિબે કરી તેને લગતી રિવાયત હઝરત અલી બિન અબૂ તાલિબના મુખે ટાંકવામાં આવી છે. જેમાં અબ્દુલ-મુત્તલિબને કૂવો ખોદી કઢવાના ગૈબી ઈશારાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)ની રિવાયત મુજબ અબ્દુલ-મુત્તલિબનું બયાન છે કે, એક રાતે હું ખાનએ-કઅબહના "હિજ્ર" મુકામે સૂતેલો હતો. [1] ખ્વાબમાં મેં જોયું કે એક માણસ મારી પાસે આવ્યો અને તેણે કહ્યું, "એ અબ્દુલ-મુત્તલિબ ! તીબહને ખોદી કાઢો."

[1] હિજ્ર : ખાનએ-કઅબહનો ખુલ્લો ભાગ જેનું નામ હતીમ છે. "હ"

મેં તેને પૂછ્યું, "તીબહ શી વસ્તુ છે ?"

મારો આ સવાલ સાંભળીને તે મારી પાસેથી ચાલ્યો ગયો.

બીજે દિવસે રાતે હું ફરીવાર તેજ જગાએ જઇને સૂઇ ગયો. ઊંઘ આવતાં ખ્વાબમાં એજ માણસે મને હુકમ આપતાં કહ્યું, હે "અબ્દુલ-મુત્તલિબ ! બર્રહને ખોદી કાઢો."

મે પૂછયું, "બર્રહ શી વસ્તુ છે ?"

આ સાંભળીને ઇશારો કરનાર મારી પાસેથી ચાલ્યો ગયો.

ત્રીજા દિવસે રાત પડતાં હું ફરીવાર મારી આરામગાહે જઇને સૂઇ ગયો. ઇશારો આપનાર મારી પાસે આવીને બોલ્યો, "અબ્દુલ-મુત્તલિબ ! મદનૂનહને ખોદી કાઢો." [૧]

મેં પૂછયું, "મદનૂનહ શી વસ્તુ છે ?"

મારો સવાલ સાંભળીને તે ત્યાંથી ચાલ્યો ગયો. જયારે ચોથો દિવસ થયો તો રાબેતા મુજબ રાતે તેજ સ્થળે જઇને હું સૂઇ ગયો. ઇશારો કરનાર ચોથી વાર મારા ખ્વાબમાં આવ્યો અને કહેવા લાગ્યો, "અબ્દુલ-મુત્તલિબ ! ઝમઝમને ખોદી કાઢો.

મેં પૂછયું, "ઝમઝમ શું છે ?"

તે બોલ્યો, "એક ઝરણું છે જેનું પાણી કદી સૂકાતું નથી અને ખૂટતું પણ નથી. તે હજ્જ કરનારાઓના મોટાં-મોટાં ટોળાંઓ અને વિરાટ સમૂહોને સયરાબ કરતું રહેશે. એની ખોદણીમાં તમારે વધારે મેહનત નહિ લેવી પડે. હા હાલ તે એવી જગાએ છે જયાં લોકો કુરબાનીઓ કરે છે. ત્યાં જ કીડીઓના દરો આવેલાં છે. સવારે એક "ગુરાબે-અઅસમ" [૨] કાગડો ત્યાં પોતાની ચાંચથી તમને ઠોકા મારતો દેખાશે એ સ્થળ જાનવરોના છાણ અને લોહી વચ્ચે કાગડાના માળા પાસે આવેલું છે."

ઝમઝમના કૂવાનું ખોદકામ————ઇબ્ને ઇસ્હાક કહે છેઃ જયારે આ ગૈબી સંકેત આપનારે અબ્દુલ-મુત્તલિબને ઝમઝમના કૂવાનું અસલ ઠામઠેકાણું બતાવી દીધું તો એમને યકીન આવી ગયો કે ખ્વાબ સાંગોપાંગ સાચો છે. સવાર થતાં જ કોદાળી-પાવડા હાથમાં લીધા અને સાથે પોતાના પુત્ર હારિસને પણ લીધો કેમકે તે વેળા હારિસ સિવાય બીજો પુત્ર એમને ન હતો. બાપ-બેટાએ અલ્લાહનું નામ લઇએ ખોદકામ શરૂ કરી દીધું અને થોડીક જ વારમાં તળિયાં સુધી પહોંચી ગયા તો ત્યાં તેમને તે વસ્તુઓ દેખાવા લાગી જે તેમાં પડેલી હતી. આ વસ્તુઓ જોતાં જ અબ્દુલ-મુત્તલિબે ખુશીના આવેગથી "અલ્લાહુ અકબર!" નો નઅરો ગજાવ્યો.

બીજી તરફ કુરૈશનું ટોળું કુતૂહલતાથી તેઓનું આ ખોદકામ જોતું ત્યાં ઊભેલું હતું. તકબીરનો નઅરો સાંભળીને તેઓએ જાણી લીધું કે અબ્દુલ-મુત્તલિબ પોતાના હેતુમાં કામયાબ થઇ ગયા છે. તેઓ એકદમ નઝદીક આવીને ઊભા થઇ ગયા અને બા-અદબ બોલ્યા, "અબ્દુલ-મુત્તલિબ સાહબ ! આ તો આપણા બાપ ઇસ્માઇલનો કૂવો છે. કંઇક એમાં અમારો હક પણ ખરો ને ! મહેરબાની કરીને એમાં અમને પણ ભાગીદાર બનાવી લો."

---

૧. તીબહ, બર્રહ, મદનૂનહ ઝમઝમના નામો છે. "હ"

૨. "ગુરાબે-અઅસમ" એવો કાગડો જેના પીછાંની નોક સફેદ હોય.

"ના, એ નહિ બને." અબ્દુલ-મુત્તલિબે કહ્યું, "આ તો એવી નાદિર વસ્તુ છે જેને શોધી કાઢવાનું માન કુદરત તરફથી મને બખ્શવામાં આવ્યું છે. એમાં તમારો હિસ્સો કેવો ?"

"હે અબ્દુલ-મુત્તલિબ !"કુરૈશ બોલ્યા, "અમારી સાથે ઇન્સાફથી કામ લો. નાહકનો ઝગડો ઊભો ન કરો. જુઓ, અમારો હક લીધા વિના અમે અહીંથી ટળવાના નથી."

અબ્દુલ-મુત્તલિબ અને કુરૈશમાં ઝગડો———અબ્દુલ-મુત્તલિબે જોયું કે કુરૈશે ખરેખર ઝગડો ખડો કર્યો છે અને નાહકનો હક પડાવવા હઠાગ્રહે ચડયા છે તો તેમણે કહ્યું, "વારૂ તો મારી અને તમારી વચ્ચે તમારી મરજી મુજબના માણસને પંચ તરીકે નીમીને એનો ફેસલો કરાવો. તે જે ફેસલો આપે તેને તમે પણ કબૂલ કરો. હું પણ કબૂલ કરીશ."

કુરૈશે આપસમાં મશવરો કરીને કહ્યું, "હે અબ્દુલ-મુત્તલિબ ! અમે બનૂ સઅદ બિન હુઝૈમ કબીલાની કાહિનાને આ ઝગડાના ફેસલા માટે લવાદ તરીકે નીમીએ છીએ. એ સાધુડી જે ફેસલો આપે તે અમને કબૂલ છે. બોલો તમને કબૂલ છે ?"

"કબૂલ છે." અબ્દુલ-મુત્તલિબે કહ્યું.

ઝગડાના નિકાલ માટે સાધુડીની શોધમાં———બનૂ સઅદ બિન હુઝૈમ કબીલાની આ સાધુડી મુલ્કે-શામની ઊંચી ભૂમિના ડુંગરાળ પ્રદેશમાં વસેલી હતી. આ કારણે અબ્દુલ-મુત્તલિબે પોતાના અબ્દે-મનાફ ખાનદાનના કેટલાક લોકોને પોતાની સાથે લીધા અને કુરૈશે પોતાના કુરૈશ કબીલામાંથી દરેક ખાનદાનનો એક-એક માણસ પોતાની સાથે લીધો અને એ બધા પોતપોતાની સવારી પર બેસીને કાહિનાના વતન તરફ રવાના થયા. રસ્તો બહુ લાંબો, વિકટ અને ખતરાઓથી ઘેરાયેલો હતો. નિર્જન જંગલો, બિહામણા પહાડો, રેતીના કાળમીંઢ રણો અને ખોફનાક ગુફાઓમાંથી પસાર થતો હતો.

જયારે આ કાફલો કૂચકદમ કરતો, પહાડો અને રેતીના ખોફનાક મેદાનો વટાવતાં, હિજાઝ અને સીરિયાની વચ્ચે આવેલા એક કાળઝાળ અને ભેંકાર જંગલમાં દાખલ થયો તો અબ્દુલ-મુત્તલિબ અને એમના સાથીઓનું પીવાનું પાણી ખૂટી પડયું. એટલે સુધી નોબત પહોંચી ગઇ કે તરસના અતિરેકથી તેઓના પ્રાણની કટોકટી સર્જાઇ ગઇ. કુરૈશના કેટલાક માણસો પાસે થોડુંક પાણી બચેલું હતું. અબ્દુલ-મુત્તલિબની કાકલૂદીઓ છતાં તેઓ પાણી આપવાનો ઇન્કાર કરતા હતા અને કહેતા હતા કે, અમે પોતે પણ ઘાસ-પાણી વગરના એક આંધળા જંગલમાં ઊભેલા છીએ. જે સંકટમાં તમે સપડાયા છો એજ સંકટમાં અમે પણ સપડાયેલા છીએ. તમને પાણી આપીને અમારે શું તરસ્યા મરી જવું ? બીજાને પાણી પીવાડીને પોતે તરસથી મરી જવું એ કોઇ અકલમંદીનું કામ નથી."

પોતાની અને પોતાના સાથીઓની જાનોનો ખતરો જોઇને અને ઉપરથી પોતાની કૌમની આ સ્વાર્થી મનોદશા જોઇને અબ્દુલ-મુત્તલિબને ભારે ખેદ થયો. પૂછયું, "વારૂ બતાવો હવે તમારો શો વિચાર છે?"

કુરૈશ બોલ્યા, "તમારો વિચાર એ અમારો વિચાર. તમને વાજબી લાગે તેમ કરો. અમે તમારા હુકમને તાબે છીએ."

"ત્યારે મારો હુકમ એવો છે કે....."અબ્દુલ-મુત્તલિબે કહ્યું, "આપણામાંથી દરેક માણસ પોતાની બચેલી તાકાતથી પોતાને હાથે, પોતાને માટે આ જંગલમાં એક-એક ખાડો ખોદી કાઢે અને જયારે કોઇ મરી

જાય તો બાકીના સાથીઓ તેને એ જ ખાડામાં ગબડાવીને ઉપરથી ધૂળ વાળી દે, ત્યાં સુધી કે છેલ્લો એક માણસ રહી જશે જેને માટીભેગો કરનારો કોઇ બાકી નહિ રહેશે. પૂરા કાફલાની લાશો જમીન પર કફન-દફન વગર સડીને ગંધાતી રહે તેના કરતાં એક માણસની લાશ ગંધાતી રહે તેમાં વાંધા જેવું નથી."

સારાંશ કે કાફલાનો દરેક માણસ ઊભો થઇ ગયો અને દરેકે પોતપોતાને માટે ખાડો કબર જેવો ખોદી લીધો. એ પછી બધા તરસના માર્યા લમણે હાથ દઇને કાં પાણી કાં મોતના ઇન્તેઝારમાં બેસી ગયા ત્યારે અબ્દુલ-મુત્તલિબે પોતાના એ બધા સાથીઓને સંબોધીને કહ્યું,

"અલ્લાહના સોગંદ, આ રીતે પોતાને મોતના ડાચાંમાં નાખી દેવું, હાથપગ ભાંગીને બેસી રહેવું, કંઇ કોશિશ કે ખટપટ નહિ કરવી, એ સામે ચાલીને મોતને તેડું આપવા સમાન છે. ચાલો ઊઠો, હાથ પગ હલાવો, શાયદ અલ્લાહ તઆલા આપણને કોઇ વસતિમાં પાણી સુધી પહોંચાડી દે !"

રણમાં અલ્લાહની ગૈબી મદદ————આમ કહીને અબ્દુલ-મુત્તલિબ પોતાના સાથીઓ સાથે ઊભા થઇ ગયા. એ જોઇને કુરૈશ અને તેમના સાથીઓને કુતૂહલ થયું કે આ લોકો હવે શું કરે છે તે જોવું જોઇએ! એટલામાં અબ્દુલ-મુત્તલિબ પોતાની સાંઢણી પાસે જઇને તેની પીઠ પર બેસી ગયા અને સાંઢણી જ્યારે ઊભી થવા લાગી તો તેના પગો તળેની જમીનમાંથી મીઠા પાણીની વીરડી ફૂટી નીકળી. અલ્લાહની કુદરતનો આ કરિશ્માં જોઇને અબ્દુલ-મુત્તલિબે "અલ્લાહુ અકબર !" નો નઅરો બુલંદ કર્યો. એજ વેળા તેઓ સાંઢણીની પીઠ પરથી ઊતરી પડયા. એમનું જોઇને એમના સાથીઓ પણ પોતપોતાની સવારી પરથી નીચે ઊતરી આવ્યા. અબ્દુલ-મુત્તલિબે પોતાના સાથીઓ સાથે ધરાઇ-ધરાઇને પાણી પીધું અને સફર માટે પોતાની મશકો પણ પાણીથી ભરી લીધી. અને અલ્લાહના અહેસાનનો આભાર માન્યો.

એ પછી અબ્દુલ-મુત્તલિબે કુરૈશને અને તેમના તે સાથીઓને પણ બોલાવી લીધા જેઓએ પાણી આપવાનો ઇન્કાર કર્યો હતો અને તેઓને કહ્યું, "લો આપણા માટે અલ્લાહ તઆલાએ પાણી મોકલાવી દીધું છે. ધરાઇ-ધરાઇને પીવો અને પોતાની મશકો પણ ભરી લો."

અબ્દુલ-મુત્તલિબે તેઓને પણ પાણી પીવાડયું અને તેઓની મશકો પણ પાણીથી છલકાવી દીધી. અબ્દુલ-મુત્તલિબની આ ઉદારતા જોઇને કુરૈશના લોકો બોલ્યા, "હે અબ્દુલ-મુત્તલિબ ! બસ આપણો ફેસલો થઇ ગયો અને ઝગડાનો અંત આવી ગયો. સોગંદ છે અલ્લાહના, હવે ઝમઝમના બારામાં અમે તમારી સાથે ઝગડો નહિ કરીએ. બેશક જે અલ્લાહએ આ ભેંકાર અને ઘાસપાણી વગરના જંગલમાં તમને મીઠા પાણીનું ઝરણું આપ્યું તેજ અલ્લાહએ તમને ઝમઝમનું ઝરણું આપ્યું છે એ તમને મુબારક હો. ચાલો હવે પાછા વળીએ અને સીધા તમારા ઝરણાનો રસ્તો લઇએ."

એ પછી કાફલાના બધા લોકોએ મુલ્કે-શામની પેલી કાહિના કે સાધુડી પાસે જવાનું માંડી વાળીને મક્કહ તરફ હંકારી મૂક્યું. ત્યાર પછી કુરૈશે ઝમઝમના બારામાં અબ્દુલ-મુત્તલિબ સાથે કદી કોઇ ઝગડો નહિ કર્યો.

ઝમઝમના કૂવાને લગતી બીજી રિવાયત————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ તે રિવાયત હતી

૧. આ બનાવની પૂરી વિગત હઝરત અલી (રદિયલાહુ અન્હુ) એ સ્વમુખે વર્ણવેલી છે. હઝરત અલી, અબૂ તાલિબના ફરઝંદ છે અને અબૂ તાલિબ, અબ્દુલ-મુત્તલિબના ફરઝંદ છે. "હ"

જે મને હઝરત અલી બિન અબી તાલિબ તરફથી ઝમઝમના બારામાં મળવા પામી. બીજી એક રિવાયત કેટલાક જાણકાર લોકોના મુખેથી એવી પણ સાંભળવામાં આવી કે, જ્યારે અબ્દુલ-મુત્તલિબને ખ્વાબમાં ઝમઝમનો કૂવો ખોદી કાઢવાનો હુકમ મળ્યો તો તેઓ પોતાની કૌમ પાસે ગયા અને બોલ્યા, "હે કુરૈશની જમાઅત! મને ઝમઝમનો કૂવો ખોદવાનો ખ્વાબમાં હુકમ મળ્યો છે, તમે શું કહો છો ?"

કુરૈશે પૂછ્યું, "શું તમને બતાવવામાં આવ્યું છે કે તેનું સ્થળ ક્યાં છે ?"

"ના, તેના સ્થળની મને માહિતી નથી આપવામાં આવી."

કુરૈશ બોલ્યા, "ત્યારે રાતે પોતાની તેજ આરામગાહે જઈને સૂવો અને ખ્વાબમાં તેનો ઈન્તેઝાર કરો. અગર તમારો આ ખ્વાબ રહમાની એટલે અલ્લાહ તરફથી છે તો ખ્વાબમાં તેનું ઠેકાણું પણ અવશ્ય તમને બતાવી દેવામાં આવશે પણ જો ખ્વાબ શયતાની છે તો ફરીવાર એ તમારા જોવામાં નહિ આવે."

કુરૈશ સાથેની આ વાતચીત પછી અબ્દુલ-મુત્તલિબ બીજી રાતે ત્યાં જઈને સૂતા તો એજ ઈશારો કરનાર ફરીવાર તેમના ખ્વાબમાં આવ્યો અને કહેવા લાગ્યો, "હે અબ્દુલ-મુત્તલિબ ! ઝમઝમને ખોદી કાઢો. જો તેને ખોદશો તો કદી પસ્તાશો નહિ. તે તમારા વડા પૂર્વજનો વારસો છે. તેનું પાણી ન તો કદી ખૂટવાનું છે ન ખુશ્ક થવાનું છે. હાજીઓના જંગી ટોળાં અને વિરાટ સમૂહો એ પાણીથી સયરાબ થતાં રહેશે. દુનિયાભરના અમીરો-ગરીબો પોતાની બીમારીઓથી શિફા મેળવવાની મન્નતો લઈને એની પાસે આવશે. એ તમારી અવલાદ માટે અમર વારસો બની રહેશે. એની સાથે તમારો નક્કર સંબંધ જોડાયેલો રહેશે. યાદ રાખો એ દુનિયાની બીજી વસ્તુઓ પેઠે કોઈ મામૂલી વસ્તુ નથી. સાંભળો, એ કૂવો છાણ અને લોહી વચ્ચે આવેલો છે."

ઈબ્ને ઈસ્હાકનું બયાન છે : લોકોના કહેવા મુજબ અબ્દુલ-મુત્તલિબને જ્યારે ખ્વાબમાં એ કૂવો ખોદી કાઢવાનું કહેવામાં આવ્યું તો તેમણે પેલા ગૈબી સંકેત આપનારને પૂછ્યું, "વારુ એ તો બતાવો કે તેનું સ્થળ ક્યાં આવેલું છે?"

જવાબમાં તે ગૈબી માણસે કહ્યું, "કીડીઓની વસતિના દરો પાસે આવેલું છે. કાલે સવારે એક કાગડો એ સ્થળે તમને ચાંચો મારતો દેખાશે."

ઈબ્ને ઈસ્હાક કહે છે : હકીકતમાં ઉપર ટાંકેલી બંને રિવાયતોમાંથી કઈ રિવાયત સાચી છે તે અલ્લાહ બેહતર જાણે !

મતલબ કે આ ગૈબી બશારત સાંભળીને સવારે અબ્દુલ-મુત્તલિબ ઊઠયા તો કોદાળી વગેરે લઈને તે સ્થળે પહોંચી ગયા. તેમણે પોતાના પુત્ર હારિસને પણ સાથે લીધો હતો. જોયું તો એક કાગડો ખરેખર પોતાની ચાંચથી ત્યાં ઠોકા મારી રહ્યો હતો. કીડીઓનાં દરો પણ ત્યાં જ આવેલાં હતાં. એ જગા ઈસાફ અને નાઈલહ નામે મૂર્તિઓની વચ્ચે આવેલી હતી. કુરૈશના લોકો એજ સ્થળે જાનવરોની કુરબાની કરતા હતા. અબ્દુલ-મુત્તલિબને ખાતરી થઈ ગઈ કે આ તેજ જગા છે જ્યાં મને ખોદવાનો આદેશ મળ્યો છે.

હારિસે કોદાળી હાથમાં લઈને જમીન ખોદવાની શરૂઆત કરી તો કુરૈશના લોકો દોડી આવ્યા અને આડે આવીને કહેવા લાગ્યા, " હે અબ્દુલ-મુત્તલિબ ! આ તો અમારા ભગવાનોનું સ્થાનક છે. અમે જાનવરોની કુરબાની કરીએ છીએ. અલ્લાહના સોગંદ, અમારૂં પવિત્ર સ્થળ હરગિઝ તમને ખોદવા નહિ દઈએ."

અબ્દુલ-મુત્તલિબ બોલ્યા, "ગમે તેમ હોય મને અહીં જ ખોદવાનો આદેશ મળ્યો છે. તમારાથી થાય તે કરી લો, હું જરૂર એ ગૈબી આદેશનું પાલન કરીશ.[૧]

અબ્દુલ-મુત્તલિબે હારિસ પાસેથી કોદાળી લઈને એ જમીન ખોદવાની શરૂઆત કરી દીધી. કુરૈશ તેમનો આ સંકલ્પ અને ઘેલછા જોઈને સમજી ગયા કે એ કોઈ પણ ભોગે માને એમ નથી જેથી તેઓ ખામોશી ગ્રહણ કરીને આઘાપાછા થઈ ગયા. ખોદકામને વધુ વાર નહિ લાગી ત્યાં તો પાણી નીકળી આવ્યું અને અંદર પડેલી વસ્તુઓ પણ દેખાવા લાગી. એને જોતાં જ અબ્દુલ-મુત્તલિબે ઉત્સાહભેર અલ્લાહુ અકબર ! નો નઅરો ગજાવ્યો. કુરૈશે જાણી લીધું કે એમને ગૈબી દુનિયાથી મળેલી બશારત સાચી જ છે. થોડું વધારે ખોદતાં ત્યાંથી સોનાના બે હરણો પણ નીકળી આવ્યાં જેને બનૂ જુરહુમના લોકો નાસતી વેળા કૂવામાં પધરાવતા ગયા હતા. ઉપરાંત કેટલીક કીમતી સફેદ તલવારો અને બખતરો પણ કૂવામાંથી મળી આવ્યાં.

તીરોથી કુરૈશના ઝગડાનો ફેસલો————કૂવામાંથી મળી આવેલી આ મૂલ્યવાન વસ્તુઓ જોઈને કુરૈશે ઝગડો ઊભો કરી દીધો. તેઓ બોલ્યા, "હે અબ્દુલ-મુત્તલિબ ! અમે પણ આ વસ્તુઓમાં તમારી સાથે સરખા ભાગીદાર અને હકદાર છીએ. અમારો હક પણ તમારે આપવો રહ્યો."

તેઓ બોલ્યા, "ઝગડાની જરૂર નથી. જુઓ હું તમને ઈન્સાફનો એક આસાન રસ્તો બતાવું છું. તમે તૈયાર રહો, એમાં તીરોની જરૂર પડશે."

"એ તમે કેવી રીતે કરશો ?" કુરૈશે પૂછયું.

"જુઓ હું બે તીરો કઅબહ તરફથી, બે તીરો મારી તરફથી અને બે તીરો તમારી તરફથી લઈને તેમાં ચિઠ્ઠીઓ નાખું છું. જેના નામના બે તીરો જે વસ્તુ પર નીકળી આવે તે એ વસ્તુઓનો મલિક બની જશે.. અને જેના નામે બે તીરો નહિ પડે તેને કંઈ મળશે નહિ. બોલો કબૂલ છે ?"

અબ્દુલ-મુત્તલિબની આ તરકીબ કુરૈશને ગમી ગઈ. તેઓ બોલ્યા, "હે અબ્દુલ મુત્તલિબ ! ખરેખર તમે ન્યાયનો રસ્તો સૂચવ્યો છે, અમને કબૂલ છે."

એ પછી તેઓએ બે પીળાં તીરો કઅબહ તરફથી, બે કાળાં તીરો અબ્દુલ-મુત્તલિબ તરફથી અને બે સફેદ તીરો કુરૈશ તરફથી નક્કી કરીને હુબલ નામે મૂર્તિના વડા પૂજારીને આપ્યા. એજ પૂજારી હુબલ મૂર્તિ પાસે તીરોના પાસા ફેંકવાની ફરજ બજાવતો હતો. ખાનએ-કઅબહની અંદર હુબલ, કુરૈશનો સૌથી મોટો ભગવાન હતો. એજ તે ભગવાન છે જેના નામના જયકારા કુરૈશી લશ્કરના કમાન્ડર અબૂ સુફયાને જંગે-ઉહુદ પ્રસંગે "ઉઅલુ હુબલ ! ઉઅલુ હુબલ !" શબ્દોમાં ગજાવ્યા હતા એટલે હુબલ ભગવાનની જય હો ! અથવા હે હુબલ ! તારા નામની કીર્તિ સ્થાપિ દે !

સારાંશ કે અબ્દુલ-મુત્તલિબ કઅબહ પાસે બારગાહે-ઈલાહીમાં દુઆ માટે ઊભા થઈ ગયા અને હુબલ મૂર્તિના પૂજારીએ તીરોના પાસા નાખવાની ક્રિયા આરંભી જેમાં બંને પીળાં તીરો, સોનાના હરણોના નામના કઅબહ માટે નીકળી આવ્યાં. અને બંને કાળાં તીરો, તલવારો તથા બખતરોના નામના અબ્દુલ-મુત્તલિબ માટે નીકળી આવ્યાં જયારે કુરૈશ તરફના બંને સફેદ તીરો એકદમ ફોગટ ગયાં. અબ્દુલ-મુત્તલિબે તલવારો

૧. અબ્દુલ-મુત્તલિબ તવહીદ-પરસ્ત હતા. અલ્લાહની ભાગીદારીનો અકીદો ધરાવતા ન હતા જેથી પથ્થરના ભગવાનોને પૂજતા ન હતા.
"ક"

કઅબહના દરવાજે લટકાવી દીધી અને સોનાના હરણોને કઅબહના દરવાજા પાસે મઢી લીધાં. કહેવાય છે કે આ પહેલું સોનું હતું જેનાથી બૈતુલ્લાહ એટલે અલ્લાહના ઘરને શણગારવામાં આવ્યું.[1]

એ પછી અબ્દુલ-મુત્તલિબે હાજીઓને પાણી પીવાડવાના ખાતાંનો વહીવટ પોતાને હસ્તક લીધો.

મક્કહમાં આવેલા બીજા કૂવાઓ————ઈબ્ને હિશામ કહે છે : અબ્દુલ-મુત્તલિબે ઝમઝમનો કૂવો ખોદયો તે પહેલાં કુરૈશે મક્કહમાં કેટલાક કૂવા ખોદી લીધા હતા. અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફે "અત-તવીય" નામે એક કૂવો મુહંમદ બિન યૂસુફ સકફીના મકાન પાસેની ઊંચી જગાએ ખોદાવ્યો હતો. મુહંમદ બિન યૂસુફ સકફીના એ મકાનનું નામ "અલ-બૈદાઅ" હતું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હાશિમ બિન અબ્દે-મનાફે પણ "બઝ્ઝર" નામે એક કૂવો, અબૂ તાલિબની ઘાટી પાસે આવેલા "ખન્દમહ" પર્વતને નાકે "મુસ-તન્ઝર" મુકામે ખોદાવીને આમ જનતા માટે ખુલ્લો મૂકાવી દીધો હતો. મુત્ઈમ બિન અદી બિન નવફલ બિન અબ્દે-મનાફે "સજ્જલહ" નામે કૂવો ખોદાવ્યો હતો જેમાંથી લોકો આજે પણ પાણી ભરે છે. બનૂ નવફલના કહેવા મુજબ મુત્ઈમ બિન અદીએ આ કૂવો અસદ બિન હાશિમ પાસેથી ખરીદી લીધો હતો. પણ બનૂ હાશિમનું કહેવું છે કે અસદે આ કૂવો મુત્ઈમ બિન અદીને બક્ષિસ તરીકે આપી દીધો હતો. કેમકે જ્યારે ઝમઝમનો કૂવો મળી આવ્યો તો બનૂ હાશિમ માટે બીજા કૂવાઓની ઝાઝી જરૂર નહિ રહી.

એક કૂવો ઉમૈયા બિન શમ્સે પોતાના પરિવાર માટે "અલ-હદર" નામે ખોદાવ્યો હતો. અને એક કૂવો "શુફૈતા" નામે બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝાએ ખોદાવ્યો હતો જેને લોકો "બિઅરે-બની અસદ" કહે છે. બનૂ અબ્દુદ-દારે "ઉમ્મે-અહરાદ" નામે કૂવો ખોદાવીને લોકો માટે ખુલ્લો મૂકયો હતો. બનૂ જુમહના કુટુંબે "સુમ્બુલા" નામે વાવડી ખોદાવી જે ખલફ બિન વહબની વાવડી તરીકે ઓળખાતી હતી. બનૂ સહમના પરિવારે "અલગમ્ર" નામે કૂવો ખોદાવ્યો જે સહમના કૂવા તરીકે જાણીતો થયો. કેટલીક એવી વાવડીઓ પણ હતી જે મક્કહથી બહારના વિસ્તારમાં ખોદાયેલી હતી અને આજે પણ જર્જરિત દશામાં મવજૂદ છે. એ કુરૈશના મુર્રહ બિન કઅબ બિન લુઐય અને કિલાબ બિન મુર્રહના જમાનાથી પણ પહેલાની છે. એમાંથી એક વાવડીનું નામ મુર્રમ છે. જે મુર્રહ બિન કઅબની વાવડી કહેવાય છે. "ખમ્મ" નામે એક વાવડી બનૂ કિલાબ બિન મુર્રહએ ખોદાવી હતી. એવી જ એક "હફર" નામે વાવડી પણ છે. ઈબ્ને હિશામ મુજબ અબૂ ઉબય જહમ બિન હુઝૈફહ નામનો શાઈર કહે છે :

વ કિદમન ગનીના કબ્લ ઝાલિક હિક-બતન, • વલા નસ્તકી ઈલ્લા ખુમ્મીન અવિલ-હફરિ.

અમે કાં તો ખુમ્મ નામે વાવડીનું પાણી પીએ છીએ અથવા હફર નામે વાવડીમાંથી. આ કારણે સૈંકડો વરસ પહેલાંથી અમને બીજી વાવડીઓ કે કૂવાઓની જરૂર નહિ રહી.

---

૧. જાહિલિયતના યુગમાં અરબના મૂર્તિપૂજકોમાં ફાલગીરીની પ્રથા સર્વસામાન્ય હતી. વાતવાતમાં લોકો ભવિષ્યની વાતો પૂછવા કે કિસ્મતનો હાલ જાણવા દેવી-દેવતાંઓના પૂજારી પાસે દોડી જતા હતા. આપસનાં ઝગડા, ખૂનના મામલા, ચોરી-લૂંટ અટલા કે ખોવાયેલી વસ્તુઓ વગેરે સમસ્યાઓના ઉકેલ માટે તેઓ પોતાના ભગવાનોના પૂજારીઓ તરફ રજૂ થતા. કઅબહમાં ગોઠવેલી હુબલ ભગવાનની મૂર્તિ એનું મુખ્ય મથક હતું. હુબલ મૂર્તિના ચરણો પાસે કેટલાંક તીરો પડી રહેતાં તેમાં હા અને ના સાથે શુભ-અશુભના વિવિધ શબ્દો કોતરેલા હતા. જરૂરતમંદ લોકો પૂજારીના ચરણોમાં નઝરાણું ધરીને પોતાનો મુદ્દો રજૂ કરતા. પૂજારી તીરોના પાસા નાખીને ફાલ કાઢતો. જે તીર નીકળતું તેના લખાણ મુજબ ફેસલો આપતો. લોકો તેને ભગવાનનો ફેસલો સમજીને માથે ચઢાવી લેતા. જાહિલિયતના અરબ મુશ્રિકોની આ પ્રથા જુદા-જુદા રૂપે આજે પણ ઘણા દેશોમાં પ્રચલિત છે. "હ"

ઝમઝમની ભવ્યતા અને તેનો મહિમા----------ઇબ્ને ઇસ્હાક કહે છે : પછી ઝમઝમનો કૂવો મક્કહના તમામ કૂવાઓને ટપી ગયો. એની આગળ બધા કૂવાઓ ઝાંખા પડી ગયા. હાજીઓ એનું જ પાણી પીવા લાગ્યા. લોકો એની જ તરફ આકર્ષાવા લાગ્યા. કેમકે એ મસ્જિદુલ-હરામમાં કઅબહની પાસે આવેલો હતો. એણે તમામ પાણીઓ પર ઉપરવટ મેળવી લીધું હતું. એ હઝરત ઇસ્માઇલ બિન ઇબ્રાહીમ અલૈહિસ-સલામનો કૂવો હતો. અબ્દે-મનાફનું ખાનદાન એને જ કારણે કુરૈશ અને તમામ અરબો પર શ્રેષ્ઠતા ભોગવતું હતું.

અબ્દે-મનાફનું ખાનદાન એક જ બિરાદરી અને એક જ કુટુંબના સભ્યો હોવાથી એમાંની કોઇ શાખની પ્રતિષ્ઠા બીજી શાખાઓ માટે પણ પ્રતિષ્ઠા લેખાતી હતી અને એમાંની કોઇ શાખની શ્રેષ્ઠતા બીજી શાખાઓ માટે પણ શ્રેષ્ઠતા ગણાતી હતી જેથી અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફના પ્રપૌત્ર મુસાફિર બિન અમ્રે સિકાયહ, રિફાદહ અને ઝમઝમના વહીવટ અંગે કુરૈશ પર મેળવેલા વર્ચસ વિષે ગર્વપૂર્વક થોડાક શેઅરો રચ્યા છે. (અમે એ શેઅરો જતા કર્યા છે.)

બનૂ અદી બિન કઅબ બિન લુઐય ખાનદાનના હુઝૈફહ બિન ગનમ નામે શાઇર કહે છે :

વ સાકીલ-હજીજ સુમ્મ લિલ-ખુબઝિ હાશિમુન, • વ અબ્દુ-મનાફિન ઝાલિકસ- સૈયિદુલ - ફિહરિ.

બનૂ ફિહરનો સરદાર હાશિમ બિન અબ્દે-મનાફ હાજીઓને પાણી પીવાડનારો અને રોટલીઓને ચૂરનારો છે.

તવા ઝમઝમન ઇન્દલ - મકામિ ફઅસ - બહત, • સિકા-યતુહૂ ફખરન અલા કુલ્લિ ઝી-ફખરિ.

તેણે ઝમઝમનો કૂવો મકામે-ઇબ્રાહીમ પાસે પથ્થરોથી ચણી લીધો તો તેનો આ કૂવો દરેક ગર્વપાત્ર પુરૂષ પર ગર્વ લેવાને લાયક બની ગયો.

પ્રકરણ ૨૭

અબ્દુલ-મુત્તલિબની મન્નત

એક બેટાના બલિદાનની મન્નત • અરબોમાં મૂર્તિઓના તીરોનો દસ્તૂર • અબ્દુલ-મુત્તલિબ અને પુત્રો પૂજારી પાસે • તીરોના પાસામાં અબ્દુલ્લાહનું નામ • ગૂંચવણ અંગે સાધુડીનો ફેસલો • સાધુડીના ફેસલાનો અમલ • રૂપવાન અમીરઝાદીની પેશકશ • અબ્દુલ્લાહની શાદી આમિનહ ખાતૂન સાથે • આમિનહ ખાતૂન હમલની હાલતમાં • જગતના સર્વશ્રેષ્ઠ પુરૂષ • હઝરત અબ્દુલ્લાહની વફાત.

એક બેટાના બલિદાનની મન્નત————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ વાત ખરી છે કે ખોટી તે અલ્લાહ બેહતર જાણે પણ લોકોનું કહેવું છે કે, ઝમઝમનો કૂવો ખોદતી વેળા કુરૈશના લોકોએ અબ્દુલ-મુત્તલિબ સાથે ઝગડો ખડો કરીને રૂકાવટો ઊભી કરી ત્યારે અબ્દુલ-મુત્તલિબે એવી મન્નત લીધી કે, ''અલ્લાહ મને દસ બેટાઓ આપે અને તે બધા જવાન થઈને કુરૈશને મુકાબલે મારી હિફાઝત કરે તો એમાંના એક બેટાને હું અલ્લાહની રઝામંદી ખાતર તેના રસ્તામાં ઝબહ કરીશ !''

પછી જયારે સમયની ગતિ સાથે અલ્લાહ તઆલાએ એમને ત્યાં પૂરા દસ દીકરા આપી દીધા અને એ બધા જવાન થઈ ગયા અને એમને ખાતરી થઈ ગઈ કે, એ બધા સંકટ સમયે મારી હિફાઝત કરી શકે છે તો એક દિવસે અબ્દુલ-મુત્તલિબે બધા બેટાઓને ભેગા કર્યા અને પોતે લીધેલ મન્નતની વિગત દર્શાવીને તેને અમલમાં મૂકવાની તેઓને હાકલ કરી. [૧]

જવાબમાં બધા બેટાઓએ બાપની હાકલ ઝીલી લેતાં કહ્યું, ''માનવંતા બાપાજી ! આપ જરૂર પોતાની મન્નત પૂરી કરો, પણ સવાલ આ છે કે આપની મન્નતને અમલમાં મૂકવા માટે અમારે કયો રસ્તો લેવો ?''

અબ્દુલ-મુત્તલિબ બોલ્યા, ''તમારામાંથી દરેક જણ એક-એક તીર ઉપાડે અને તેની ઉપર પોતાનું નામ લખીને મારી પાસે લઈ આવે.''

કહ્યાગરા પુત્રોએ પિતાજીની આજ્ઞાનું પાલન કર્યું અને દરેક જણ પોતપોતાના નામવાળું તીર લઈને હાજર થઈ ગયાં ત્યારે અબ્દુલ-મુત્તલિબ એ બધાને કઅબહ પાસે ગોઠવેલી હુબલ મૂર્તિના સ્થાનક પાસે લઈ

૧. અબ્દુલ-મુત્તલિબની ૬ બેગમોથી ૧૦ પુત્રો અને ૬ પુત્રીઓ હતી. પુત્રોના નામ : હારિસ, ઝુબૈર, અબૂતાલિબ, અબૂલહબ, હજલ, ફિરાર, મુકવ-વિમ, અબ્દુલ્લાહ, અબ્બાસ, હમઝહ પુત્રીઓના નામ : સફિય્યહ, ઉમ્મે-હકીમ બૈદાઅ, આતિકહ, અમીમહ યા ઉમૈમહ, અરવા, બર્રહ. ''હ''

ગયા. તે વેળા હુબલ મૂર્તિનું આસન કઅબહ પાસેના કૂવાના ઓટલા પર હતું. આ તે કૂવો હતો જેની પરસાળમાં કઅબહને અર્પણ થયેલા નઝરાણા કે નિયાઝની વસ્તુઓ ભેગી કરવામાં આવતી હતી. એજ હુબલ મૂર્તિના આસન પાસે સાત તીરો જુદા-જુદા લખાણવાળા મૂકેલા હતા. એમાંના એક તીર પર "ખૂં-બહા" એટલે લોહી-દંડના શબ્દો કોતરેલા હતા. જ્યારે ખૂનના કોઇ ખટલા અંગે દંડની ચૂકવણીની સમસ્યા સર્જાતી તેવા પ્રસંગે આ તીરનો ઉપયોગ કરવામાં આવતો. તે વેળા ખૂનના ખટલા સાથે સંકળાયેલા શખ્સોના નામોની ચબરખીઓ લખીને તીરોને ઘૂમાવવામાં આવતાં. જેનું નામ નીકળી આવતું તેણે દંડની રકમ ચૂકવવી પડતી.

અરબોમાં મૂર્તિઓના તીરોનો દસ્તૂર————એજ હુબલ મૂર્તિના આસન પાસે પડેલા એક તીર પર "નઅમ" એટલે હા શબ્દ કોતરેલો હતો. જેના અર્થ એવા થતા કે તમે જે કામ કરવા માગો છો તે સારૂં છે, શુભ છે, લાભ થશે, કામયાબી મળશે, જરૂર કરો ! એક તીર પર "લા" એટલે ના શબ્દ કોતરેલો હતો. જેના અર્થ એવા થતા કે આ કામ કરવું નહિ, અશુભ છે, નિષ્ફળ જશો, કરશો તો નુકસાન ભોગવશો! અને જ્યારે કોઇ કામ કરવું કે ન કરવું ની મુંઝવણ ઊભી થતી તો નઅમ અને લાની ચબરખીઓથી તેનો ઉકેલ આવી જતો.

એમાંના જ એક તીર પર "મિન્કુમ" શબ્દ કોતરેલો હતો એટલે એ તમારામાંથી જ છે અથવા તમારા જ ખાનદાનનો એક સભ્ય છે. બીજા તીર પર "મુલસક" શબ્દ લખેલો હતો એટલે એ તમારામાં ભળી ગયેલો કે ઘૂસી ગયેલો છે. ત્રીજા તીર પર "મિન ગૈરિકુમ"ના શબ્દો કોતરેલા હતા. એટલે એ તમારામાંથી નથી. એક તીર પર "માઅ" શબ્દ લખેલો હતો જેના અર્થ પાણી થાય છે.

જ્યારે વંશ, કુળ કે બિરાદરીના ઝઘડાઓમાં કોઇ માણસ વિષે એવી શંકા ઉપજતી કે એ અમારા ખાનદાનમાંથી છે કે નહિ, તો તેના ઉકેલ માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવતી. "મિન્કુમ"ની ચિઠ્ઠી નીકળતી તો પોતાના ખાનદાનના સભ્ય તરીકે તેને કબૂલ કરી લેતા. પણ "મિન ગૈરિકુમ"ની ચિઠ્ઠી નીકળતી તો તેને અમાન્ય રાખીને પોતાના ઘરેથી ચાલતો કરી દેતા. અગર "મુલસક" વાળી ચિઠ્ઠી નીકળી આવતી તો તેને તેના નસીબની લટકતી દશા પર છોડી દેતા. પછી તેના લાગતા વળગતા પણ તેનો સ્વીકાર નહિ કરતા.

કોઇ માણસ કૂવો ખોદવાનો ઇરાદો કરતો તો "માઅ" શબ્દવાળા તીરને બીજા તીરની સાથે ભેળવી દેતા, પછી જેવું તીર નીકળતું તે મુજબ અમલ કરતા. એજ પ્રમાણે નિકાહ, વિવાહ, મંગણી, ખત્નહ, મૈયત વગેરે માટે, તેના મુબારક કે મનહૂસ હોવાની અથવા શુભ કે અશુભ હોવાની પૂજારી પાસે ક્રિયાઓ કરાવતા. પછી જેવું તીર તેવો અમલના નિયમનું પાલન કરતા.

આ વિધિઓ કે ક્રિયાઓનો દસ્તૂર એવો હતો કે ગરજમંદ માણસો એક સો દિરમ રોકડા અને એક ઊંટનું નઝરાણું લાવીને હુબલ ભગવાનના પૂજારીના ચરણોમાં ધરી દેતા અને સંબંધિત વ્યક્તિને પણ સાથે લાવીને તેની સામે ઊભી કરી દેતા. પછી મૂર્તિના ચરણોમાં પડીને પ્રાર્થના કરતા, "હે ભગવાન ! ફલાણાની અવલાદ ફલાણા સાથ મારો આ મામલો સર્જાયો છે એમાં જે સત્ય હોય તેને જાહેર કરી દે !"

એ પછી પૂજારીને વિનંતી કરતા, "મહારાજ ! તીરો પર ચિઠ્ઠીઓ નાખીને અમારા ખટલાનો નિકાલ લાવો !"પૂજારી પોતાની ક્રિયા આરંભી દેતો. પછી જેવું તીર નીકળતું તેના લખાણ પર અમલ કરતા. અને

જો પોતાની મરજી મુજબનું તીર નહિ નીકળતું તો એક વરસ માટે થોભી જતા. બીજા વરસે ફરીવાર પૂજારી પાસે જઈને આ વિધિ કરાવતા ત્યાં સુધી કે તેની ઈચ્છા મુજબનું તીર નીકળી આવતું.

અબ્દુલ-મુત્તલિબ અને પુત્રો પૂજારી પાસે—— અરબોના આ દસ્તૂર મુજબ અબ્દુલ-મુત્તલિબ પોતાના દસ પુત્રોને સાથે લઈને હુબલ મૂર્તિના પૂજારી પાસે પહોંચી ગયા. અને પોતે લીધેલી મન્નતની વિગત દર્શાવીને બોલ્યા, ''મહારાજ ! મારા આ બેટાઓના નામોની ચિઠ્ઠીઓ નાખીને તીરોને ઘૂમાવો અને જુઓ કે કોનું નામ નીકળે છે !''

બધા બેટાઓએ પોતપોતાના નામોવાળાં તીરો પૂજારીના ચરણોમાં ધરી દીધાં, અબ્દુલ-મુત્તલિબના પુત્રોમાં અબ્દુલ્લાહ નામના પુત્ર સહુથી નાના હતા. દસ ભાઈઓમાં અબ્દુલ્લાહ, ઝુબૈર અને અબૂ તાલિબ સગા ભાઈઓ હતા. એમની માનું નામ ફાતિમહ હતું જે અમ્ર બિન આઈઝ બિન અબ્દ બિન ઈમરાન બિન મખઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહરની બેટી હતી.

તીરોના પાસામાં અબ્દુલ્લાહનું નામ ——ઈબ્ને ઈસ્હાક કહે છે : લોકોનું કહેવું છે કે અબ્દુલ્લાહ, અબ્દુલ-મુત્તલિબના સૌથી વહાલા અને લાડકવાયા બેટા હતા. તેમના દિલની તમન્ના હતી કે અબ્દુલ્લાહના નામનું તીર છટકી જાય અને તે બચી જવા પામે ! (ભવિષ્યમાં તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પિતાજી બનવાનું માન ખાટવાના હતા અને પરંપરાથી ઊતરી આવતું પયગમ્બરીનું નૂર તેમની પેશાની પર ઝગારા મારતું હતું.)

પૂજારીએ જયારે તીરોના પાસા ફેંકવાની ક્રિયા શરૂ કરી તો અબ્દુલ-મુત્તલિબ, હુબલ મૂર્તિના સ્થાન પાસે ઊભા થઈને બારગાહે-ઈલાહીમાં દુઆ માગવા લાગ્યા એટલામાં તો અબ્દુલ્લાહના નામની ચિઠ્ઠીવાળું તીર નીકળી આવ્યું. એજ વેળા અબ્દુલ-મુત્તલિબે મન મજબૂત રાખીને પોતાના જિગરના ટુકડાનો હાથ ઝાલી લીધો અને ઉઘાડા છરા સાથે તેને ઈસાફ તથા નાઈલહ મૂર્તિઓની વચ્ચે આવેલી કુરબાનગાહ પાસે લઈ ગયા. આ અજબ જેવું દ્રશ્ય જોઈને કુરૈશના લોકો પોતાની મજલિસોમાંથી દોડી આવ્યા અને બોલ્યા, ''અબ્દુલ-મુત્તલિબ ! તમારા હાથમાં આ છરો કેવો? તમે શું કરવા માંગો છો ? તમારો શો ઈરાદો છે ?''

''હું મારા બેટા અબ્દુલ્લાહને ઝબહ કરવા માગું છું.'' અબ્દુલ-મુત્તલિબે કહ્યું.

''પણ શા માટે ?'' કુરૈશે કહ્યું, ''એ નહિ બને, અગર તમે આ નવી પ્રથા ચાલુ કરી તો બીજા લોકો પણ પોતાના પુત્રોનો વધ કરતા રહેશે અને જગતમાંથી માનવવંશના મૂળિયાં ખોદાઈ જશે. જુઓ આ છેલ્લો રસ્તો લેવાને બદલે એનો વિકલ્પ શોધી કાઢવો જોઈએ.''

કુરૈશ સાથે હઝરત અબ્દુલ્લાહના બીજા ભાઈઓએ પણ પોતાનો સૂર પૂરાવતાં કહ્યું, ''અબ્બાજી ! તમને અલ્લાહના સોગંદ છે. હરગિઝ આમ નહિ કરો, હા એનો કોઈ બીજો રસ્તો શોધી કાઢો.''

એટલામાં હઝરત અબ્દુલ્લાહના મામા મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ પણ કુરૈશના ટોળામાંથી આગળ ધસી આવ્યા અને બોલ્યા, ''હે અબ્દુલ-મુત્તલિબ ! સોગંદ છે અલ્લાહના, તમે હરગિઝ આમ ન કરો. જો કોઈ બીજો ઉપાય જ ન હોય તો એની જાનનો બદલો અમે અમારા માલમાંથી આપવા તૈયાર છીએ.''

ત્યાં ઊભેલા કુરૈશ અને અબ્દુલ-મુત્તલિબના પુત્રોએ પણ મુગીરહની વાતને ટેકો આપતાં કહ્યું, "અબ્દુલ્લાહને હરગિઝ ઝબહ ન કરો. એને બદલે અમારી જાનો હાજર છે."

છેવટે લોકોના આગ્રહથી એવું ઠરાવવામાં આવ્યું કે અબ્દુલ્લાહને હિજાઝ પ્રદેશમાં લઈ જવામાં આવે. ત્યાંની એક વસતિમાં એક પંકાયેલી સાધુડી રહે છે જેને "અર્રાફ઼હ" કહે છે. તંત્રમંત્રની વિદ્યામાં કમાલની ટોચે પહોંચેલી છે. ગૈબી સૃષ્ટિની વાતોમાં પારંગત છે. કોઈ મોઅક્કલ કે જિન્નાત યા કોઈ પ્રેતાત્મા તેને તાબે છે. તેની પાસે જઈને તેને પૂછી લો. જો તે પણ અબ્દુલ્લાહને ઝબહ કરવાનો જ હુકમ ફરમાવે તો પછી તમને પૂરો અધિકાર છે. પણ જો તે કોઈ એવો હુકમ આપે જેનાથી અબ્દુલ્લાહની જાન બચી જાય તો તેને કબૂલ કરી લો."[1]

ગૂંચવણ અંગે સાધુડીનો ફેસલો————સારાંશ કે લોકોએ અબ્દુલ-મુત્તલિબને આ વાત પર રાજી કરી લીધા કે હિજાઝ પ્રદેશમાં વસનારી અર્રાફ઼હ, અબ્દુલ્લાહને ઝબહ કરવાનો હુકમ આપે તો તેના ફત્વાનું પાલન કરવું અને જો તે આ ગૂંચવણનો કોઈ બીજો ઉકેલ સૂચવે તો તેનો અમલ કરવો. એ પછી અબ્દુલ મુત્તલિબ સવારીની વ્યવસ્થા કરીને અને પોતાના માણસોને સાથે લઈને યસ્રિબ (મદીનહનું અસલ નામ) તરફ રવાના થઈ ગયા. ત્યાં પહોંચતાં માલૂમ પડ્યું કે અર્રાફ઼હ યસ્રિબમાં નથી, પોતાના કોઈ જરૂરી કામ અંગે યસ્રિબથી દૂર ખયબર મુકામે ગઈ છે. આ લોકો મારતી સવારીએ ખયબર પહોંચી ગયા. અને અર્રાફ઼હને મળીને પોતાના આગમનનો હેતુ દર્શાવતાં પૂરી હકીકતથી તેને માહિતગાર કરી અને તેનો ફત્વો માગ્યો કે આ મામલામાં અમારે શું કરવું ?

તે બોલી, "આજે તમે પોતાના મુકામે જઈને આરામ કરો અને કાલે પાછા મારી પાસે આવજો. હું મારા મોઅક્કલને પૂછીને તમારા સવાલનો જવાબ આપીશ."

આ સાંભળીને અબ્દુલ-મુત્તલિબ પોતાના માણસો સાથે પોતાને ઉતારે ચાલ્યા ગયા અને રાતભર અલ્લાહના દરબારમાં ઊભા રહીને દુઆ માગતા રહ્યા. જ્યારે સવાર પડી તો પોતાના માણસોને લઈને ફરીવાર અર્રાફ઼હની ખિદમતમાં હાજર થયા. એમને જોતાં જ એ સ્ત્રી બોલી, "હા તમારી ગૂંચવણનો મને ફત્વો મળી ગયો છે. એક વાતનો મને જવાબ આપો કે તમારા લોકોમાં દિયત એટલે પ્રાણદંડની રકમનું પ્રમાણ કેટલું છે ?"

"એક જાનને બદલે દસ ઊંટો."બધાએ ભેગા સ્વરે જવાબ આપ્યો અને વાત પણ સાચી હતી. તે વેળા મક્કહમાં એક પ્રાણની કિંમત તરીકે દસ ઊંટો ચૂકવવાનો રિવાજ હતો.

અર્રાફ઼હ બોલી, "તમે લોકો પોતાના વતને પાછા ફરો અને ત્યાં પહોંચીને દસ ઊંટો તથા તમારા તે છોકરાને સાથે-સાથે રાખો. પછી એ બધાને લઈને હુબલની વેદી પાસે જાવ અને ઊંટો તથા છોકરાના નામોની ચિઠ્ઠીઓ લખીને તીરોના પાસા ફેંકાવો. અગર તીર તમારા છોકરાને નામે પડે તો ઊંટોની તેટલી સંખ્યા વધારી દો અને વધારતા જ ચાલ્યા જાવ ત્યાં સુધી કે તમારો પાલનહાર તમારાથી રાજી થઈ જાય. પછી જ્યારે ઊંટો-

૧. અર્રાફ઼હ બહુઅર્થી શબ્દ છે : મંત્ર-તંત્રની વિદ્યા જાણનાર, ગૈબી દુનિયાના વર્તારા બહાર પાડનાર, જોગણ, સાધુડી, કાહિના, આદી વગેરે. લોકોના કહેવા મુજબ કોઈ જિનભૂત કે મોઅક્કલ તેના તાબામાં હતો. એ અર્રાફ઼હનું નામ કુત્બહ અથવા સજાહ હતું (ઇબ્ને હિશામનો હાશિયો જિ.૧ પા.૧૭૯)

નામનું તીર નીકળી આવે તો એ છોકરાને બદલે ઊંટોને ઝબહ કરો. આ રીતે તમારો પાલનહાર પણ રાજી થશે અને તમારો છોકરો પણ બચી જશે.

સાધુડીના ફેસલાનો અમલ————અર્રાફ્હના આ ફત્વા સાથે બધા સંમત થઈ ગયા તો અબ્દુલ-મુત્તલિબે ઊભા થઈને અલ્લાહના એહસાનનો આભાર માન્યો અને દુઆ કરવા પછી બધાને લઈને મક્કહ આવી ગયા. પછી અર્રાફ્હના ફત્વા મુજબ દસ ઊંટો તથા અબ્દુલ્લાહને લઈને હુબલ પાસે ગયા. એક તરફ બાપ-બેટા હુબલ પાસે ઊભા થઈને બારગાહે-ઈલાહીમાં દુઆ ગુજારવા લાગ્યાં. બીજી તરફ પૂજારીએ ક્રિયાનો આરંભ કર્યો તો તીરનો પાસો ઊંટોને બદલે અબ્દુલ્લાહના નામે પડ્યો. ત્યારે દસ ઊંટોમાં બીજાં દસ વધારી દેવામાં આવ્યાં તો ઊંટોની સંખ્યા વીસની થઈ ગઈ. અબ્દુલ-મુત્તલિબ લગાતાર બારગાહે-ઈલાહીમાં દુઆ માગતા રહ્યા.

પૂજારીએ બીજીવાર ક્રિયાનો આરંભ કર્યો તો એમાં પણ તીરનો પાસો અબ્દુલ્લાહના નામે પડયો. ત્યારે દસ ઊંટો બીજાં વધારી દેવામાં આવ્યાં. અબ્દુલ-મુત્તલિબ ઊભા-ઊભા લગાતાર અલ્લાહના દરબારમાં દુઆ માગતા રહ્યા. હવે ઊંટોની સંખ્યા ત્રીસની થઈ ગઈ.

પૂજારીએ ફરીવાર તીર ફેંક્યું તો અબ્દુલ્લાહના જ નામે જઈને અટકી ગયું. ત્યારે બીજાં દસ ઊંટોનો ઉમેરો કરી દેવામાં આવ્યો. હવે ઊંટોની સંખ્યા ચાલીસની થઈ ગઈ. અબ્દુલ-મુત્તલિબ ઊભા-ઊભા લગાતાર દુઆ માગવામાં મશ્ગૂલ રહ્યા. પૂજારીએ ફરીવાર તીર છોડયું તો અબ્દુલ્લાહના જ નામે જઈને થંભી ગયું ત્યારે દસ ઊંટો બીજાં વધારવામાં આવ્યાં, એટલે ઊંટોનો આંકડો પચાસ પર પહોંચી ગયો. અબ્દુલ-મુત્તલિબ બારગાહે-ઈલાહીમાં ઊભા રહીને દુઆ માગતા રહ્યા. પૂજારીનું તીર ફરીવાર અબ્દુલ્લાહના જ નામે જઈને બેઠું ત્યારે દસ ઊંટો બીજાં વધારવામાં આવ્યાં અને ઊંટોની સંખ્યા સાઠની થઈ ગઈ. અબ્દુલ-મુત્તલિબ બરાબર દુઆમાં તલ્લીન રહયા. પૂજારીનું તીર તેજ રીતે અબ્દુલ્લાહના નામનું નીકળ્યું ત્યારે બીજાં દસ ઊંટો ઉમેરી દેવામાં આવ્યાં. હવે ઊંટોની સંખ્યા સિત્તેરે પહોંચી ગઈ. અબ્દુલ-મુત્તલિબ ઊભા-ઊભા દુઆ માગતા રહ્યા. તીર ફરીવાર અબ્દુલ્લાહના જ નામે બેઠું તો ઊંટોનો આંકડો એંસીએ પહોંચી ગયો. અબ્દુલ-મુત્તલિબ રાબેતા મુજબ અલ્લાહના દરબારમાં દુઆ કરતા રહ્યા. પરંતુ તીર ફરીવાર પૂજારીના હાથમાંથી નીકળીને અબ્દુલ્લાહને નામે અટકી ગયું તો ઊંટોની સંખ્યા નેવુંની કરી દેવામાં આવી. અબ્દુલ-મુત્તલિબ અગાઉ પેઠે ઊભા-ઊભા દુઆ માગવામાં તન્મય રહ્યા. પૂજારીએ પાછી શરૂઆત કરી તો તીર આ વેળા પણ અબ્દુલ્લાહના જ નામે જઈને બેઠું ત્યારે દસ ઊંટો વધુ વધારી દેવામાં આવ્યા. હવે પૂરાં સો ઊંટો થઈ ગયાં. અબ્દુલ-મુત્તલિબ તેવી જ રીતે દુઆ માગવામાં મશ્ગૂલ રહ્યા. પૂજારીએ ફરીવાર તીરની ક્રિયા આરંભી તો આ વેળા તે ઊંટોના નામે જઈને અટકી ગયું.

આ જોઈને કુરૈશ અને લોકોના ટોળાંએ આનંદનો નારો ગજાવ્યો અને અબ્દુલ-મુત્તલિબને ધન્યવાદ આપતાં કહ્યું, "હે અબ્દુલ-મુત્તલિબ ! હવે તમે તમારા પાલનહારને રાજી કરી લીધો છે."

"નહિ, અલ્લાહના સોગંદ એવું નથી." અબ્દુલ-મુત્તલિબ બોલ્યા, "મારા દિલને ત્યાં સુધી સંતોષ નહિ થાય જ્યાં સુધી કે વધુ ત્રણ વાર આ ક્રિયા નહિ કરવામાં આવે. જો ત્રણે વાર ઊંટોનું જ નામ નીકળશે

તો હું માની લઇશ.''

ત્યારે ફરીવાર સો ઊંટો અને અબ્દુલ્લાહના નામે તીરો ઘૂમાવવાની ક્રિયા શરૂ કરવામાં આવી અબ્દુલ-મુત્તલિબ ઊભા-ઊભા બારગાહે-ઈલાહીમાં દુઆ માગી જ રહ્યા હતા એટલામાં તીર ઊંટોના નામે જઇને થંભી ગયું. બીજી વાર એજ અમલ દોહરાવવામાં આવ્યો અને અબ્દુલ-મુત્તલિબ દુઆમાં તન્મય રહ્યા. આ વેળા પણ તીર ઊંટોના નામનું જ નીકળી આવ્યું. ફરી ત્રીજી વાર એજ અમલનું પુનરાર્તન કરવામાં આવ્યું અને અબ્દુલ-મુત્તલિબ અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરતા રહ્યા. આ વેળા પણ તીર ઊંટોના નામે જઇને અટકી ગયું. ત્યારે અબ્દુલ-મુત્તલિબના દિલને સંતોષ થયો અને દુઆ ખતમ કરીને તેમણે અલ્લાહના એહસાનનો આભાર માન્યો.

આ રીતે હઝરત અબ્દુલ્લાહની જાનનો છૂટકારો થયો. એ પછી સો ઊંટોને ઝબહ કરીને દઅવતે-આમનું એલાન કરવામાં આવ્યું. શહેરમાંથી કોઇ રહ્યું નહિ હોય જેણે ઊંટોના ગોશ્તની ઉજાણી ન માણી હોય.

ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે તો એટલે સુધ્ધાં કહ્યું છે કે ઊંટોના ગોશ્તની આ ઉજાણીથી ન કોઇ ઈન્સાનને રોકવામાં આવ્યો ન કોઇ ફાડી ખાનારા જંગલી પશુને અટકાવવામાં આવ્યું. આ અભૂતપૂર્વ ઘટનાને અનુસરીને અરબના કેટલાક શાઇરોએ શૌર્યગીતોમાં એ પ્રસંગની ગૂંથણી કરી છે પણ તેની પ્રમાણભૂત રિવાયત મને કાવ્યકળાની જ્ઞાનીઓ તરફથી મળવા પામી નહિ.

રૂપવાન અમીરઝાદીની પેશકશ————ઈબ્ને ઈસ્હાક કહે છે: અબ્દુલ-મુત્તલિબ પોતાના લાડલા ફરઝંદ અબ્દુલ્લાહનો હાથ ઝાલીને ઘર તરફ ઊપડયા. લોકોનું કહેવું છે કે તેઓ અબ્દુલ્લાહને લઇને કઅબહ પાસેથી જવા લાગ્યા તો ત્યાં બેઠેલી એક રૂપવાન અમીરઝાદીએ અબ્દુલ્લાહને પસાર થતા જોયા. એ બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ફિહરના ખાનદાનની કુંવારી કન્યા હતી. અને વરકહ બિન નવફલ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝાની બહેન હતી.

એ સુંદરીએ અબ્દુલ્લાહના ચેહરા પર વારંવાર ઝબકી ઊઠતું નૂર જોયું તો પાસે જઇને કહેવા લાગી, ''હે અબ્દુલ્લાહ ! આ તરફ ક્યાં ચાલ્યા ?''

''મારા બાપુજી સાથે ઘર તરફ જાઉં છું.'' અબ્દુલ્લાહએ જવાબ આપ્યો.

''જુઓ જેટલાં ઊંટો તમારા બાપુજીએ તમારા ફિદયામાં ઝબહ કર્યાં છે એટલાં જ મારી પાસેથી લઇ લો, શરત આટલી કે મને તમારા નિકાહમાં કબૂલ કરી લો.''

''મને કશો અધિકાર નથી.'' અબ્દુલ્લાહએ કહ્યું, ''હું તો મારા બાપુજીના હુકમને તાબે છું. એમની ઇચ્છા વિરૂધ્ધ કોઇ પગલું ભરી શકું નહિ.''

અબ્દુલ્લાહની શાદી આમિનહ ખાતૂન સાથે————અહીંથી અબ્દુલ્લાહને લઇને અબ્દુલ-મુત્તલિબ આગળ વધ્યા અને સીધા વહબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહરના મકાને પધાર્યા. તે વેળા વહબ બિન અબ્દે-મનાફ સાહેબ પોતાના ઝુહરહ કબીલાના સૌથી મોટા વડીલ અને ખાનદાની શરાફત તેમ સંસ્કારમાં સૌના સરદાર ગણાતા હતા. અબ્દુલ-મુત્તલિબની દરખાસ્તને સહર્ષ વધાવી લઇને વહબ સાહેબે પોતાના બેટી આમિનહ ખાતૂનને

અબ્દુલ્લાહના નિકાહમાં આપી દીધાં. તે સમયે આમિનહ ખાતૂન પૂરા કુરૈશ કબીલાના સ્ત્રી-સમાજમાં હસબ અને નસબ એટલે સંસ્કાર અને ખાનદાની શરાફતને રૂએ મરતબામાં સૌથી ચઢિયાતા હતાં.[૧]

આમિનહ ખાતૂનના વાલિદહનું નામ બર્રહ હતું અને બર્રહના પિતાનું નામ અબ્દુલ-ઉઝઝા બિન ઉસ્માન બિન અબ્દે-દાર બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર હતું. અને બર્રહના માતાજીનું નામ ઉમ્મે-હબીબ હતું અને ઉમ્મે-હબીબના પિતાજીનું નામ અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર હતું. અને ઉમ્મે-હબીબના માતાજીનું નામ બર્રહ બિન્તે અવફ બિન અબ્દ બિન ઉવૈજ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર હતું.

આમિનહ ખાતૂન હમલની હાલતમાં——————હઝરત બીબી આમિનહ સાથે હઝરત અબ્દુલ્લાહના નિકાહ થઈ ગયા તો તેઓ દુલહનને પિયરથી વળાવીને પોતાના મકાને લઈ આવ્યા. જયારે દુલહા-દુલહનનો શયનખંડના એકાંતમાં મેળાપ થયો તો એજ પળે બીબી આમિનહને હઝરત અબ્દુલ્લાહથી હુઝૂરે-પુરનૂર, સરવરે-દો-આલમ, જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હમલ રહી ગયો.

જયારે સવાર પડી તો હઝરત અબ્દુલ્લાહ ન્હાઈ-ધોઈને, સ્વચ્છ પોશાક સજીને કુરૈશની પેલી અમીરઝાદી પાસે પહોંચી ગયા જેણે આપને નિકાહ કરી લેવાની ફર્માઈશ કરી હતી. આપનો ચેહરો જોઈને તે પોતાની જગાએ ખામોશી ગ્રહણ કરીને બેસી રહી. જયારે તેણે હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નહિ તો હઝરત અબ્દુલ્લાહએ ફરમાવ્યું, " શું સબબ છે કે આજે તું મારી સાથે તે વાતો નથી કરતી જે તેં કાલે મારી સાથે કરી હતી?"

અમીરઝાદી ગમગીન સ્વરે બોલી, "હે અમારા સરદારના બેટા ! બાબત એમ છે કે કાલે જે નૂર તમારી પેશાની ઉપર ઝબકારા મારતું હતું તે આજે નથી. હવે તમારી સાથે મારૂં કોઈ કામ નથી."

આ રૂપવાન અમીરઝાદીએ પોતાના ભાઈ વરકહ બિન નવફલના મુખે સાંભળ્યું હતું કે, બહુ જલદી એક પયગમ્બર અરબની ભૂમિમાં જાહેર થવાના છે. વરકહ બિન નવફલ પોતે મૂર્તિપૂજાનો ધર્મ છોડીને ખ્રિસ્તી બની ગયા હતા અને આકાશી કિતાબોના બહુ મોટા જ્ઞાની હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : લોકોનું કહેવું છે કે એ કુરૈશી રૂપસુંદરી પોતાની સહેલીઓને કહેતી હતી કે જયારે અબ્દુલ્લાહ કઅબહ પાસેથી પસાર થતા હતા તો મેં એમની પેશાની પર એવું નૂરાની ટપકું જોયું હતું જેમ ઘોડાની પેશાની પર સફેદ વાળોનું હોય છે તેની જ આશાએ મેં અબ્દુલ્લાહને બોલાવ્યા હતા કે શાયદ એ નૂર મને મળી જાય. પણ આમિનહ એને મેળવવામાં સદ્ભાગી નિવડયાં.[૨]

જગતના સર્વશ્રેષ્ઠ પુરૂષ——————સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના અમ્માંજી અને બાપાજી બંને તરફથી ખાનદાનીમાં પણ જગતના તમામ ઈન્સાનોથી સર્વશ્રેષ્ઠ હતા અને શરાફત કે સંસ્કારમાં પણ માનવજગતમાં સૌથી ઉત્તમ અને અફઝલ હતા. આટલો શરીફ, આટલો સંસ્કારી, આટલો કુળવાન ઈન્સાન ન આપથી પહેલાં આ જગતમાં પાકયો છે ન આપના પછી પાકવાનો છે. અલ્લાહનો અપરંપાર

૧. શાદી વેળા હઝરત અબ્દુલ્લાહની ઉંમર ૨૫ વરસની અને હઝરત આમિનહની ઉંમર ૨૦ વર્ષની હતી. "ક"

૨. કુરૈશ કબીલાના બનૂ અસદ ખાનદાનની આ રૂપવાન અમીરઝાદીનું નામ ઉમ્મે-કતાલ બિન્તે નવફલ હતું એ મક્કહના જાણીતા ખ્રિસ્તી આલિમ વરકહ બિન નવફલની બહેન હતી. (સીરતે-અહમદે-મુજતબા જિ.૧ પા. ૫૫) "ક"

રહમતો અને અલ્લાહની અપરંપાર બરકતો હો આપના નૂરાની આત્મા પર !

હઝરત બીબી આમિનહનું બયાન છે કે હું હાલતે-હમલમાં હતી ત્યારે ખ્વાબમાં એક શખસ મારી પાસે આવ્યો અને તેણે મને કહ્યું, "હે આમિનહ ! તમે અલ્લાહના રસૂલના હમલથી ગર્ભવતી બન્યાં છો. એ અલ્લાહના આખેરી નબી બનવાના છે અને કિયામત સુધી પૈદા થનારા તમામ ઈન્સાનોના સરદાર છે. ધરતી પર જ્યારે એમની પધરામણી થાય તો તમે આ શબ્દો બોલજો :

"ઉઈઝુહૂ બિલ-વાહિદિ મિન શર્રે-કુલ્લિ હાસિદિન."

એટલે હું મારા આ બાળકને દરેક હસદખોરની અદેખાઈથી એક અલ્લાહના રક્ષણમાં આપું છું.

પછી તેણે કહ્યું, "એમના જન્મ બાદ એમનું નામ મુહંમદ રાખજો."

હઝરત અબ્દુલ્લાહની વફાત——————હમલના દિવસોમાં એક વેળા હઝરત બીબી આમિનહએ જોયું કે એમના મુબારક દેહમાંથી એક દિવ્ય નૂર નીકળીને વાતાવરણમાં રેલાય ગયું જેની ભવ્ય રોશનીમાં બીબી આમિનહને મુલ્કે-શામ અને બસરાના મહેલાત દેખાઈ આવ્યા. પછી એવું બન્યું કે હઝરત આમિનહના હમલના દિવસોમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ-મુત્તલિબ એટલે હઝરત આમિનહના માનવંતા ખાવિન્દ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા બાપાજી કુરૈશના એક વેપારી કાફલા સાથે મુલ્કે-શામના પ્રવાસે ઊપડયા અને એજ સફરમાં મદીનહ પહોંચતાં ત્યાં બીમાર થઈ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હજુ પૈદા થયા ન હતા કે તેમનો ઈન્તેકાલ થઈ ગયો.

Maktabe Ashraf

પ્રકરણ ૨૮

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો

મુબારક જન્મ અને બાલ્યકાળ

મુબારક જન્મની તારીખ અને દિવસ ● કઅબહમાં અબ્દુલ-મુત્તલિબની દુઆ ● બીબી હલીમહ સઅદિયહ ● દૂધભાઇઓ અને દૂધ બહેનો ● બીબી હલીમહની આપવીતી ● મુબારક પગલાંની બરકતો ● શક્કે-સદ્રની અદ્‌ભુત ઘટના ● રસૂલુલ્લાહ (સલ.)નો પોતાનો ઈરશાદ ● વાપસી વેળા ગુમશુદગી ● રસૂલુલ્લાહ (સલ.)ની વાપસીનું બીજું કારણ.

મુબારક જન્મની તારીખ અને દિવસ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વિલાદતે-બા-સઆદત એટલે કલ્યાણકારી, શુભાકારી કે ભાગ્યશાળી જન્મ સોમવારને દિવસે રબીઉલ-અવ્વલની ૧૨ રાતો વીતવા પછી "અસહાબે-ફીલ" ના વરસે થયો. એટલે તે વરસે જેમાં અસહાબે-ફીલની ઘટના સર્જાઈ હતી.

મુત્તલિબ બિન અબ્દુલ્લાહ બિન કૈસ બિન મખ્રમહનું બયાન છે કે મારા બાપા અને દાદાના કહેવા મુજબ મારી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પૈદાઈશ અસહાબે-ફીલના વરસે થઈ જેથી હું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સરખી ઉંમરના છીએ.[૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિતે પોતાના મુખે વર્ણવેલી આ સનદી રિવાયત મને મળી છે તે અનુસાર હસ્સાન બિન સાબિત ફરમાવે છે . હું અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે, હું સાત યા આઠ વરસનો સમજદાર બાળક હતો. કોઈ પણ વાતને સાંભળીને સારી રીતે સમજી શકતો હતો. એક દિવસે મદીનહમાં મેં સાંભળ્યું કે એક યહૂદી ઊંચી ટેકરી પર ચઢીને "હે યૂહદીઓ ! હે યહૂદીઓ !"ની બૂમરાણ મચાવી રહ્યો છે. તેની બૂમો સાંભળીને ઘણા યહૂદીઓ ત્યાં દોડી આવ્યા અને તેને પૂછ્યું, "અલ્યા કમબખ્ત ! તને શું થયું છે. બૂમરાણ કેમ મચાવે છે?"

તે બોલ્યો, "સાંભળો હે લોકો ! આજ રાતે તે સિતારો ઉગી ગયો છે જેની સાથે અહમદનો જન્મ

૧. સીરતકારોના બહુમતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક જન્મ અસહાબે-ફીલની ઘટનાના ૫૦ દિવસ પછી થયો. સોમવારનો દિવસ અને સુબ્હે-સાદિકનો નૂરાની સમય હતો. ઇસ્વી સન મુજબ ૫૭૧ના એપ્રિલની ૨૩ તારીખ હતી. જન્મ વેળા ઉસ્માન બિન અબી આસની માતા બીબી આમિનહ પાસે હાજર હતાં. તેમનું બયાન છે કે જન્મ વેળા આખું ઘર નૂરથી ઝગમગી ઊઠયું હતું. નજર પહોંચે ત્યાં સુધી નૂર જ નૂર હતું. મુબારક જન્મ વેળા દાયણ તરીકેની સેવા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના માતાજી શિફાઅ બિન્તે ઔફ બિન અબ્દુલ-હારિસ ઝુહરીએ બજાવી હતી. (સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૯૫) "હ"

સંકળાયેલો હતો.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : મેં હસ્સાન બિન સાબિતના ફરઝંદ અબ્દુર્રહમાનને પૂછ્યું, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા તે વેળા તમારા પિતા હસ્સાનની કેટલી ઉંમર હતી?''

જવાબ મળ્યો, ''૬૦ વરસ.''

આ જવાબ બિલકુલ ખરો છે કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉંમર ૫૩ વરસની હતી. આ હિસાબે હઝરત હસ્સાન બિન સાબિતે જે કંઇ સાંભળ્યું તે સાત વરસની ઉંમરે સાંભળ્યું.

કઅબહમાં અબ્દુલ-મુત્તલિબની દુઆ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો જન્મ થયો તો બીબી આમિનહએ અબ્દુલ-મુત્તલિબને કહેડાવ્યું કે આપના ઘરમાં પૌત્રનો જન્મ થયો છે. પધારીને તેના દીદારથી પોતાની આંખો ઠંડી કરો. વિના વિલંબે અબ્દુલ-મુત્તલિબ આવી લાગ્યા. પૌત્રના દીદારથી પાવન થયા અને તેને ગોદમાં ઉપાડીને કઅબહમાં લઇ ગયા. ત્યાં તેના માટે બારગાહે-ઇલાહીમાં દુઆઓ માગી અને અલ્લાહના એહસાનનો આભાર માન્યો. પછી તેને લઇને ઘેર આવ્યા અને બીબી આમિનહને હવાલે કરીને દૂધ ધવડાવનારી આયાઓની તલાશમાં લાગી ગયા.

બીબી હલીમહ સઅદિયહ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ધાવણ માટે બનૂ સઅદ બિન બક્રના કબીલાના એક ખાતૂનની નિમણૂંક કરવામાં આવી. એ ખાતૂનનું નામ હલીમહ હતું અને એમના બાપાનું નામ અબૂ ઝુએબ હતું. અબૂ ઝુએબનું અસલ નામ અબ્દુલ્લાહ હતું પણ લોકો એમને અબૂ ઝુએબ ઉપનામે બોલાવતા હતા. બીબી હલીમહના બાપા અબૂ ઝુએબની વંશાવળી આ છે : અબ્દુલ્લાહ બિન હારિસ બિન શજનહ બિન જાબિર બિન રિઝામ બિન નાસિરહ બિન કુસૈયહ બિન નસર બિન સઅદ બિન બક્ર બિન હવાઝિન બિન મનસૂર બિન ઇકરિમહ બિન ખસફહ બિન કૈસ બિન અયલાન.

બીબી હલીમહ સઅદિયહના ખાવિન્દ એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધબાપનું નામ હારિસ હતું. એમની વંશાવળી આ છે : હારિસ બિન અબ્દુલ-ઉઝઝા બિન રિફાઅહ બિન મલ્લાન બિન નાસિરહ બિન કુસૈયહ બિન નસર બિન સઅદ બિન બક્ર બિન હવાઝિન. ઇબ્ને-હિશામ કહે છે : કેટલાકના કથન મુજબ નાસિરહનો પુત્ર મલ્લાન નહિ બલકે હિલાલ હતો અને બીબી હલીમહના કુટુંબનું નામ બનૂ સઅદ હતું જેથી તેમને હલીમહ સઅદિયહ કહેવામાં આવે છે.

દૂધભાઇઓ અને દૂધ બહેનો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રિઝાઇ એટલે દૂધ-શરીક ભાઇ-બહેનોના નામ આ છે : (૧) અબ્દુલ્લાહ (૨) અનીસહ અથવા ઉનૈસહ (૩) અને ખુઝામહ. આ ખુઝામહ નામે દુધબહેનનું અસલી નામ શૈમાઅ હતું પણ શૈમાઅ નામ પર ખુઝામહ નામનું આકર્ષણ હોવાથી ખાનદાનના લોકો એમને ખુઝામહ નામે જ બોલાવતા હતા. એ ત્રણે ભાઇ-બહેનો હલીમહ બિન્તે ઝુએબના જ સંતાનો હતાં. કહેવાય છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બચપનમાં એમના ઘરમાં રહેતા હતા ત્યારે બીબી શૈમાઅ પોતાના માતાજી સાથે હળીમળીને આપના લાલન-પાલનની દેખભાલ કરતાં હતાં.

બીબી હલીમહની આપવીતી——————અબ્દુલ્લાહ બિન જઅફર બિન અબી તાલિબની રિવાયત

મુજબ હલીમહ બિન્તે અબૂ ઝુઐબ સઅદિયહ એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધમાતા પોતાની વીતક કથા ટૂંકમાં બયાન કરે છે કે:

"હું મારી વસતિમાંથી મારા ખાવિન્દ અને મારા ધાવણા બાળકને લઈને, બનૂ સઅદ બિન બક્રની કેટલીક મહિલાઓ સાથે દૂધ ધાવનારાં બાળકોની શોધમાં મક્કહ તરફ ઊપડી. એ દુકાળનું વરસ હતું. અમારી પાસે માલ-સામાન જેવું કંઇ ન હતું. ભૂરા રંગની એક માદા-ખર એટલે ગધેડીની પીઠ પર હું સવાર થયેલી હતી. અમારી એક બુઢ્ઢી ઊંટણી પણ અમારા સાથે હતી. અલ્લાહના સોગંદ, તેના આંચળોમાંથી દૂધનું ટીપું સરખું નીકળતું ન હતું. અમારી દશા એવી હતી કે મારૂં ધાવણું બાળક ભૂખનું માર્યું આખી-આખી રાત રડયા કરતું હોવાથી અમારી ઊંઘ ઊડી જતી હતી. મારી છાતીઓમાં તેને પૂરૂં પડે તેટલું દૂધ ન હતું. અમારી બુઢ્ઢી ઊંટણી ધાવણાના નાસ્તા જેવું દૂધ પણ આપતી ન હતી. ખરૂં કહું તો દુકાળનું વરસ હોવાથી અમે વરસાદની લીલા-લહેર અને ખુશહાલીની આશાએ દિવસો ગુજારી રહ્યાં હતાં.

સારાંશ કે હું મારી માદા-ખરની પીઠ પર બેસીને ગામમાંથી નીકળી તો એ બિચારી પણ ડગુમગુ ચાલે ચાલી-ચાલીને થાકથી લોથપોથ થઇ ગઇ. જેમતેમ મારો ભાર વેંઢારીને વારંવાર પાછળ પડી જતી હતી. એની નબળાઇને લીધે મારી સાથીદાર બહેનોને ભારે ઝેહમત વેઠવી પડી. છેવટે હું પડતી આખડતી મારા ખાવિન્દ અને ધાવણા સાથે મક્કહ પહોંચી ગઇ.

અમારા કાફલામાંથી મારી કોઇ બહેનપણી એવી ન રહી જેને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ધાવણ માટે લઇ જવાની વિનવણી ન કરવામાં આવી હોય. અમારા કાફલાની કોઇ બહેન મુહંમદ જેવા યતીમ બાળકને લેવા માટે તૈયાર નહિ થઇ. જ્યારે પ કોઇને કહેવામાં આવતું કે મુહંમદ નામનું બાળક યતીમ છે, એના બાપા એના જનમ પહેલાં અલ્લાહને પ્યારા થઇ ગયા છે. તો "યતીમ"શબ્દ સાંભળતાં જ તે ઇન્કાર કરી દેતી અને ચુપચાપ ત્યાંથી ચાલી નીકળતી.. કારણ આ હતું કે અમે લોકો દરેક ધાવણા બાળકના બાપ તરફથી ધાવણના બદલામાં ઉદાર વર્તાવની આશા રાખતાં હતાં. કોણ એવી દાયણ છે જેને બાળકના બાપ તરફથી સારી જેવી કમાણીની આશા ન હોય ? અહીં તો મુહંમદ નામે બાળકના બાપા જ ન હતા, તેમના માતાજી કે દાદાજી તરફથી ઉદારદિલીની શું આશા રાખી શકાય ? આ કારણે અમારા કાફલાની કોઇ બહેન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના સાથે લઇ જવા માટે રાજી નહિ થઇ. [1]

મારી સાથે આવેલી બહેનપણીઓમાંથી દરેકે, મારા સિવાય એકએક ધાવણું બાળક મેળવી લીધું હતું. ફક્ત હું જ હતી કે ખાલી હાથે રહી ગઇ હતી. અમારો કાફલો જ્યારે રવાનગી માટે તૈયાર થયો તો મેં મારા ખાવિન્દને કહ્યું, "કોઇ ધાવણા બાળકને સાથે લીધા વગર ખાલી હાથે પાછા જવાનું મને વાજબી લાગતું નથી. મારી બહેનપણીઓમાં મારા માટે એ શરમાવા જેવી વાત છે. જરૂર હું એ યતીમ બાળકની મા પાસે જઇશ અને બાળકને મારી સાથે લઇ આવીશ."

---

૧. તે સમયે મક્કહમાં . રાજ હતું કે માલદાર અને ઊંચા દરજ્જાના લોકો પોતાના ધાવણા બાળકોને ગામડાંઓના સંસ્કારી કબીલાઓમાં લાલન-પાલન માટે મોકલાવી દેતા હતા. બાળકો ત્યાની સ્વચ્છ આબોહવામાં અને નૈસર્ગિક વાતાવરણમાં ઉછેર પામીને શુદ્ધ અરબી ભાષા પણ શીખી લેતાં હતાં અને ઇર્ષાપાત્ર તંદુરસ્તી પણ મેળવી લેતાં હતાં. ગ્રામીણ ગૃહિણીઓ છાશવારે મક્કહ આવીને આવાં બાળકોને લઇ જતી હતી અને બદલામાં બાળકના બાપા તરફથી સારી જેવી કમાણી પણ કરી લેતી હતી. દૂધમાતા બનવાનો સંબંધ ભવિષ્ય માટે પણ આશાસ્પદ ગણાતો હતો. "ક"

"તો એમાં વાંધા જેવું શું છે ?"મારા ખાવિન્દ બોલ્યા, "જાવ જઈને એ યતીમ બાળકને લઈ આવો, અજબ જેવું નથી કે એ યતીમ બાળકના ઉછેરમાં જ અલ્લાહ આપણને બરકત આપી દે."

મારા ખાવિન્દની પરવાનગી મળતાં હું આમિનહ ખાતૂનના ઘરે જઈને તેમના યતીમ બાળકને લઈ આવી. અને યતીમ બાળકને આટલા માટે લઈ આવી કે એના વગર કોઈ એવું બાળક મને મળી શક્યું નહિ જેનો બાપ જીવતો હોય."

મુબારક પગલાંની બરકતો-----------બીબી હલીમહનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જેવા ધાવણા યતીમ બાળકને ગોદમાં ઉપાડીને હું મારા ઉતારે આવી.-એ પછી જયારે મેં આપને ખોળામાં લઈને છાતી સરસા ચાંપ્યા તો આપની ઈચ્છા મુજબનું દૂધ મારી છાતીઓમાં ઊતરી આવ્યું. આપે મારૂં દૂધ ધાવ્યું અને ખૂબ ધરાઈને ધાવ્યું. અલ્લાહની કુદરત જુઓ, આપની સાથે આપના દૂધભાઈ એટલે મારા ધાવણાએ પણ મારૂં દૂધ ધાવ્યું અને એટલું ધાવ્યું કે તે પણ ધરાઈ ગયો. આ અમારી પહેલી રાત હતી જે ખૂબ આરામ અને મઝાથી પસાર થઈ. અમે ખૂબ મઝાની ઊંઘ લીધી જો કે આથી પહેલાં મારા ધાવણાના રડયા કરવાથી અમે આખી-આખી રાત ઊંઘ લઈ શકતાં નહિ.

બીજા દિવસનું પ્રભાત થતાં મારા ખાવિન્દ અમારી નબળી દુબળી ઊંટણી પાસે ગયા તો શું જુએ છે કે તેના આંચળો ઊભરેલા છે અને દૂધથી છલોછલ છે. દોહવાની શરૂઆત કરી તો એટલું દૂધ નીકળ્યું એટલું બધું નીકળ્યું કે મારા ખાવિન્દે પણ પીધું અને મેં પણ પીધું અને એટલું પીધું કે અમે ધરાઈ-ધરાઈ ગયાં. ત્યારે મારા ખાવિન્દે કહ્યું, "હલીમહ ! અલ્લાહના સોગંદ, કેટલું મુબારક, કેટલું ભાગ્યવાન કેટલું બા-બરકત બાળક મેળવવા તું ભાગ્યશાળી થઈ છે !"

મેં કહ્યું, "હા બેશક આ બધી બરકતો એ યતીમના જ મુબારક પગલાંની છે."

એ પછી અમારો કાફલો અમારા વતને જવા તૈયાર થયો. હું મારી માદા-ખરની પીઠ પર સવાર થઈ ગઈ. મારા બાળક સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પણ મેં મારા ખોળામાં લઈ લીધા. પછી તો અલ્લાહના સોગંદ, મારી માદા-ખર એટલી ઝડપી ગતિએ ચાલવા લાગી કે જોતજોતામાં કાફલાથી આગળ નીકળી ગઈ. કાફલાવાળાઓમાંથી કોઈનું જાનવર એનો મુકાબલો કરી શકતું ન હતું. મારી બહેનપણીઓ કહેવા લાગી, "હે અબૂ ઝુએબની બેટી ! તને શું થયું છે ? કેમ આટલી ઉતાવળ કરે છે ? અરે ભલી બીબી! અમારે ખાતર એને જરા ધીમી ચાલે ચલાવને ! શું આ તેજ ગધેડી નથી જેની પીઠ પર બેસીને તું અમારા સાથે ગામમાંથી નીકળી હતી ?"

"હા બેશક "મેં કહ્યું, "આ તેજ ગધેડી છે પણ અલ્લાહના સોગંદ ! એની તો હવે કાયા જ પલટાઈ ગઈ છે."

પછી અમે બનૂ સઅદની પહાડી વસતિઓમાં આવેલા અમારા મુકામે પહોંચી ગયાં. તે વેળા અલ્લાહની ધરતી પર, મારી જાણ મુજબ, અમારા ઈલાકા વગર વધારે દુકાળગ્રસ્ત બીજો કોઈ ઈલાકો ન હતો. પણ જયારે યતીમ બાળકને અમે પોતાની સાથે લઈને આવ્યાં અને સાંજે અમારી બકરીઓ જંગલમાંથી ઘરે આવી તો શું જોઈએ છીએ કે તેઓના આંચળો દૂધથી છલકાઈ રહ્યાં છે. અમે બકરીઓને દોહીને ધરાઈ-ધરાઈને દૂધ પીતાં હતાં ત્યારે ગામના બીજા લોકો પોતાની બકરીઓને દોહવા છતાં તેમાંથી દૂધનું ટીપુંય નીકળતું નહિ.

અમારા પાડોશી ભાઇબંધો પોતાના ગોવાળોને કહેતા, "અરે કમબખ્તો ! અબૂ ઝુઐબની બેટીનો ગોવાળ જ્યાં બકરાં ચરાવે છે તમે પણ ત્યાં જ ચરાવ્યા કરો." આમ છતાં તેઓના બકરાં ભૂખ્યાં જ પાછા ફરતાં. કોઇ બકરી દૂધનું બૂંદ સરખું આપતી નહિ. ત્યારે એજ બીડમાંથી અમારી બકરીઓ ધરાયેલી અને દૂધથી છલકાયેલી આવી લાગતી.

અમે અલ્લાહની કુદરતની આ લીલાલહેર જોતા રહ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જોતજોતામાં બે વરસના થઇ ગયા. આપનો શારીરિક વિકાસ એવો પ્રફુલ્લ હતો કે બીજાં બાળકો તેનો નમૂનો રજૂ કરી શકતાં નહિ. બે વરસના થવા પહેલાં જ આપ ખૂબ રૃષ્ટપુષ્ટ થઇ ગયા. એ પછી અમે આપને લઇને મક્કહ આપના વાલિદહ પાસે ગયા. આપની બરકતો અમે પોતાની આંખે જોઇ ચૂકયા હોવાથી, આપને અમારા જ ઘરમાં રાખવાની અમારી દિલી તમન્ના હતી. આપના અમ્માંજી સાથે અમે વાતચીત કરી. મેં કહ્યું, "બીબીજી! તમારા આ બાળકને થોડો વધુ સમય મારી જ પાસે રહેવા દો તો બેહતર છે. મક્કહમાં મરકીનો ચેપ એને લાગી જાય તેવી મને ધાસ્તી છે." અમે એટલો આગ્રહ કર્યો કે બીબીજી રાજી થઇ ગયાં અને અમે આપને લઇને પાછા પોતાને ગામ આવી ગયાં."

"શક્કે-સદ્ર"ની અદ્‌ભુત ઘટના————બીબી હલીમહનું બયાન છે : "અલ્લાહના સોગંદ, આપને મક્કહથી પાછા લઇ આવવાના થોડાક જ મહિના પછીનો આ બનાવ છે. એક દિવસે આપ પોતાના દૂધભાઇ સાથે અમારા ઘરની પછવાડે બકરાં ચરાવતા હતા. એટલામાં આપનો ભાઇ દોડતો અમારી પાસે આવ્યો અને હાંફળો-ફાંફળો બોલ્યો, "મા, મા ! મારો જે કુરૈશી ભાઇ છે ને, તેને બે સફેદ પોશાકવાળા માણસોએ પકડી લીધો છે. જમીન પર સુવાડી દીધો છે. તેનો સીનો ચીરી નાખ્યો છે. તેઓ તેને વાઢે છે."

આ સાંભળતાં જ મારા હોશકોશ ઊડી ગયા. તરત જ હું મારા પતિ સાથે તે તરફ દોડી ગઇ. જઇને જોયું તો આપ ગભરાયેલી દશામાં ત્યાં ઊભેલા હતા. અમે આપને ગળે વળગાડી લીધા અને પૂછ્યું, "શું થયું મારા લાલ ?"

દયામણા સ્વરે બોલ્યા. "ઉમ્મી, ઉમ્મી ! બે માણસ આવ્યા. સફેદ કપડાંમાં હતા. મને જમીન પર સુવાડી દીધો. મારા સીનામાં કંઇ શોધતા હતા."

એ પછી આપને લઇને અમે પોતાને ઘેર આવી ગયાં. આપના પિતાએ મને કહ્યું, "હલીમહ ! મને તો આ બાળક પર કોઇ જિનભૂતની અસર લાગે છે. મામલો વણસી જાય તે પહેલાં એને એના ઘરવાળાં પાસે પહોંચાડી દેવો જોઇએ."

એ પછી તાબડતોડ તૈયારી કરીને અમે આપને મક્કહ લઇ ગયા. બીબીજી તો અમને જોઇને નવાઇ પામી ગયા. પૂછ્યું, "હલીમહ ! આટલા જલદી એને લઇને કેમ આવી ગયા ? તમારી તો એને પોતાની જ પાસે રાખવાની ઇચ્છા હતી !"

"હા, બીબીજી ! "મેં કહ્યું, હવે અલ્લાહ તઆલાએ એને સમજબુધ્ધિની વયે પહોંચાડી દીધા છે. મારી જે જવાબદારી હતી તે મેં અદા કરી દીધી છે. અણધારી આફતોની બીકે હવે હું એને આપની પાસે લઇ આવી છું"

આમિનહ ખાતૂન બોલ્યાં, "નહિજી તમારી મરજી તો એને પોતાની સાથે જ રાખવાની હતી. મને

તો મામલો કંઈ જુદો જ લાગે છે. સાચું બતાવો શું થયું ?''

બીબી હલીમહ કહે છે : ''મેં બનેલા બનાવની પુરી વિગત નહિ બતાવી દીધી, ત્યાં સુધી આમિનહ ખાતૂન માન્યાં નહિ. પછી બીબી બોલ્યાં, ''શું તમને મારા લાલ વિષે શયતાની અસરની ધાસ્તી લાગે છે?''

''હા સાચી વાત છે બીબીજી !'' મેં કહ્યું,

''ના એ બને જ નહિ ! '' બીબીજી બોલ્યાં, ''સાંભળો, મારા આ લાલ પર શયતાનનો કોઈ દાવ ચાલી શકે એમ નથી. મારા લાલની શાન તો કંઈ નિરાલી જ છે.''

એ પછી આમિનહ ખાતૂને હમલની હાલતમાં જે કંઈ જોયું હતું તેની વિગત દર્શાવી અને પછી મને કહ્યું, ''વારૂ હલીમહ, એને અહીં મૂકી જાવ અને તમે લોકો રાજીખુશીથી પોતાના વતને સિધાવો.''

''શક્કે-સદ્ર''ની આપવીતી————ઇબ્ને ઇસ્હાક કહે છે : સૌર બિન યઝીદે કેટલાક માહિતગારોની રિવાયત વર્ણવી છે અને મારૂં માનવું છે કે આ રિવાયત ખાલિદ બિન મઅદાન કુલાઈએ બયાન કરી છે અને એ રિવાયત આ પ્રમાણે છે : એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની મજલિસમાં બિરાજમાન હતા. અમુક સહાબાએ વિનંતી કરી, ''યા રસૂલલ્લાહ ! આપ પોતાને લગતી કંઈ વાતો અમને બયાન ફરમાવો.''

આપે ફરમાવ્યું, ''વારૂ સાંભળો :

અના દઅવતુ અબી ઈબ્રાહીમ.	હું મારા બાપ ઈબ્રાહીમની દુઆ છું
વ બુશ્રા અખી ઇસા.	અને મારા ભાઈ ઈસાની બશારત છું.
વ રઅત ઉમ્મીયા હીન હમૂલત બી	જયારે હું મારી માના હમલમાં આવ્યો તો તમણે જોયું
અન્નહૂ ખરજ મિન્હા નૂરુન	કે તેમની અંદરથી એક નૂર નીકળ્યું
અદાઅ લહા કુસૂરુશ-શામ.	જેના પ્રકાશમાં તેમને શામની ધરતીના મહેલ દેખાયા.
વસ્તર-દઅતુ	અને હું દૂધ પાવીને ઉછેર પામ્યો છું,
ફી બની સઅદિબ્ને બક્રિન.	બનુ સઅદ બિન બકના કબીલામાં.
ફબૈના અના મઅ અખિન લી	એક વેળા હું મારા દૂધભાઈની સાથે,
ખલ્ફ બુયૂતિના.	અમારા ઘરોની પછવાડે (વાડામાં) હતો.
નરઅયા બિહિમા લના.	ત્યાં અમે અમારી બકરીના બચ્ચાં ચરાવતાં હતા.
ઈઝ અતાની રજુલાને	એટલામાં બે માણસો આવી લાગ્યા
અલૈહિમા સિયાબુમ બીદુન.	તેઓએ સફેદ પોશાક પહેરેલા હતા.
બ-તસ્તિમ મિન ઝહબિન	તેઓની પાસે સોનાનો એક થાળ હતો.
મમ્લૂ-અતિન સુલ્જન.	જે બરફથી ભરેલો હતો.
સુમ્મ અખ્ઝાની ફ-શક્કા બત્ની	પછી તેઓએ મને પકડો અને મારૂં પેટ ચાક કર્યું
વસ્તખ-રજા કલ્બી ફ-શક્કાહુ	અને મારૂં દિલ કાઢયું અને તેને પણ ચાક કર્યું.
ફસ્તખ-રજા મિન્હુ	અને કાઢી લીધો તેમાંથી,
અલ-કતન સવદાઅ ફતરહા-હા	ગોશ્તનો એક કાળો ટુકડો અને તેને ફેંકી દીધો.

સુમ્મા ગસલા કલ્બી વ બત્ની	પછી બંનેએ ધોવા માંડ્યું મારૂં દિલ અને મારૂં પેટ,
બિ-ઝાલિકસ-સલ્જે	પેલા બરફથી,
હત્તા અન-કયાહુ.	ત્યાં સુધી કે તેને પાકસાફ કરી દીધું.
સુમ્મ કાલ અહદુ-હુમા	પછી બંનેમાંથી એકે કહ્યું
લિ-સાહિબિહી ઝિન્હુ	પોતાના સાથીને, "તોલો એમને,
બિ- અ-શ-ર-તિમ મિન ઉમ્મતેહી	એમની ઉમ્મતના દસ માણસોને મુકાબલે."
ફ-વ-ઝ-નની બિહિમ	તેણે મને તોલ્યો તેઓના મુકાબલે,
ફ-વ-ઝ-નત-હુમ	તો હું વજનમાં તેઓથી વધી ગયો.
સુમ્મ કાલ ઝિન્હુ	પછી તેણે કહ્યું, "તોલો એમને,
બિ-મિઅતિમ-મિન-ઉમ્મતેહી	એમની ઉમ્મતના એક સો માણસોને મુકાબલે."
ફ-વ-ઝ-ન-ની બિહિમ	તો તેણે તોલ્યો મને તેઓને મુકાબલે,
ફ-વ-ઝ-નત-હુમ.	તો હું વજનમાં તેઓથી વધી ગયો.
સુમ્મ કાલ ઝિન્હુ	ફરીવાર તેણે કહ્યું, "તોલો એમને,
બિ-અલફિમ-મિન-ઉમ્મતેહી.	એમની ઉમ્મતના હજાર માણસોને મુકાબલે."
ફ-વ-ઝ-નની બિહિમ	તો તેણે તોલ્યો મને તેઓને મુકાબલે
ફ-વ-ઝ નત-હુમ.	તો હું વજનમાં તેઓથી વધી ગયો.
ફકાલ દઅ-હુ અન્ક	ત્યારે તેણે કહ્યું, "રહેવા દે એમને,
ફ-વલ્લાહિ લવ વઝન - તહુ	અલ્લાહના સોગંદ ! અગર તું એમને તોલશે,
બિ-ઉમ્મેતેહી	એમની પૂરી ઉમ્મતને મુકાબલે,
લ-વઝન-હા.	તો પણ એમનું જ પલ્લું નમી જશે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાને ફરમાવ્યા કરતાઃ

મા મિન નબીય - યિન	કોઈ પયગમ્બર એવા નથી થયા,
ઈલ્લા વકદ રઅલ-ગનમ.	જેણે બકરાં ન ચરાવ્યાં હોય.
કીલા	પૂછવામાં આવ્યું,
વ અન્ત યા રસૂલલ્લાહ ?	"શું આપ નામદારે પણ હે અલ્લાહના રસૂલ ?"
કાલા વ અના.	ફરમાવ્યું, "હા મેં પણ."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાને એમ પણ ફરમાવ્યા કરતાઃ

અના અઅરબુ-કુમ	હું તમારામાં સૌથી વધુ શુધ્ધ અરબ છું.
અના કુરશિય-યુન	હું કુરૈશના શુધ્ધ-શ્રેષ્ઠ વંશમાંથી છું,
વસ્તુ-દિઅતુ	હું દૂધ ધાવીને ઉછેર પામ્યો છું,
ફી બની સઅ-દિબ્ને બકિન.	બની સઅદ બિન બકના કબીલામાં.

વાપસી વેળા ગુમશુદગી————ઈબ્ને ઈસ્હાક કહે છે : કેટલાક જાણકારોને મુખે મારા સાંભળવામાં આવ્યું (અને અલ્લાહ બેહતર જાણે છે) કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધમાતા હલીમહ

સઅદિયહ આપને લઇને મક્કહમાં દાખલ થયાં તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ દૂધમાતાથી વિખૂટા પડીને લોકોના ટોળાંમા ગુમ થઇ ગયા. બીબી હલીમહએ લોકોના ટોળાંમાં તેમ અહીંતહીં બહુ શોધખોળ કરી પણ આપનો પત્તો નહિ લાગ્યો. છ વરસની વયના દિલના ટુકડા જેવા બાળકનું શું થયું ? કેવી રીતે ગુમ થયો ને ક્યાં ચાલ્યો ગયો, બીબી હલીમહ મુંઝાય ગયાં. એજ વેળા આપના દાદા અબ્દુલ-મુત્તલિબ પાસે પહોંચી ગયાં અને રડમસ સ્વરે બોલ્યાં, "આજે સમીસાંજે હું મુહંમદને, મારા દિલના ટુકડાને લઇને મક્કહમાં દાખલ થઇ. જ્યારે અમે ઊંચા મહોલ્લામાં પહોંચ્યાં તો મારો બેટો મુજથી અલગ થઇને ક્યાંક ગુમ થઇ ગયો. હવે ખબર નથી મારો બેટો ક્યાં છે !"

એજ વેળા અબ્દુલ-મુત્તલિબ કઅબહમાં ગયા અને પોતાનો પૌત્ર જ્યાં હોય ત્યાંથી પાછો વળીને હેમખેમ આવી જાય તેવી બારગાહે-ઇલાહીમાં દુઆ માગવા લાગ્યા. લોકોનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, મક્કહના એક મહોલ્લામાંથી, વરકહ બિન નવફલ બિન અસદ તથા કુરૈશના એક શખ્સને મળી ગયા. એજ વેળા બંને ગૃહસ્થો આપને કઅબહમાં લઇ ગયા અને અબ્દુલ-મુત્તલિબની સામે આપને ઊભા કરીને બોલ્યા, "આ રહ્યો આપનો ફરઝંદ હે અબ્દુલ-મુત્તલિબ ! એ અમને ઊંચા મહોલ્લામાંથી મળી આવ્યો."

અબ્દુલ-મુત્તલિબે અલ્લાહનો આભાર માન્યો અને આપને પોતાના ખભે બેસાડીને કઅબહનો તવાફ શરૂ કર્યો. તવાફમાં તેઓ આપના માટે દુઆઓ માગતા હતા અને શયતાનની શરારતોથી આપનું રક્ષણ કરવાની બારગાહે-ઇલાહીમાં યાચનાઓ કરતા હતા. તવાફના ચક્કરો પૂરા કરીને તેમણે આપને આપના વાલિદહ બીબી આમિનહ પાસે પહોંચાડી દીધા.

આપને મક્કહ પહોંચાડવાનું બીજું કારણ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કેટલાક જાણકારોએ મને માહિતી આપી (અને અલ્લાહ બેહતર જાણે છે) કે બીબી હલીમહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના ઘરમાં વધુ નહિ રાખતાં મક્કહ મૂકવા ગયાં તેના બે કારણો હતાં. પહેલું કારણ અમે ઉપર દર્શાવી દીધું છે. બીજું કારણ બીબી હલીમહએ એવું દર્શાવ્યું છે કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ધાવણની મુદ્દત પૂરી થઇ અને દૂધ છોડાવી દેવામાં આવ્યું તો હું આપને લઇને મક્કહ ગઇ કે જેથી આપને, આપના માતાજીને હવાલે કરી દઉં. મક્કહ તરફ જતાં કેટલાક ખ્રિસ્તીઓ મળ્યા. એ બધા મુલ્કે-હબશહના ખ્રિસ્તી પાદરીઓ હતા. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મારા સંગાતે જોઇ લીધા અને આપને જોતાં જ ચમકી ઊઠયા. પછી તેઓ એકદમ મારી નઝદીક આવી ગયા અને તેજીલી નજરથી આપને ધારીધારીને જોવા લાગી ગયા. તેઓએ મને કેટલાક સવાલો કર્યા પછી આપસમાં બોલ્યા, "આ તો ઘણો ચંચળ અને ચતુર છોકરો લાગે છે. એનો નૂરાની ચેહરો, એની તેજસ્વી મુખમુદ્રા કહે છે કે આગળ જતાં નક્કી એ કોઇ અનેરી શાનવાળો, નિરાલી આનબાનવાળો બની જશે. બલકે આ તો તે જ છોકરો લાગે છે જેને લગતી આપણે આકાશી માહિતી ધરાવીએ છીએ અને જેની નિશાનીઓ આપણી કિતાબમાં લખેલી છે. ચાલો આ ખાતૂન સાથે એનો સોદો કરી લઇએ અને હબશહ લઇ જઇને એને આપણા નજાશી બાદશાહના ચરણોમાં ભેટ તરીકે આપી દઇએ."

જે ધર્મજ્ઞાનીએ આ રિવાયત બયાન કરી તેનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તે ખ્રિસ્તીઓથી અલગ કરવાનું અને તેઓથી પીછો છોડાવવાનું હલીમહ સઅદિયહ માટે મુશ્કેલ બની ગયું હતું.

પ્રકરણ ૨૯

માનવંતા અમ્માંજી અને દાદાજીની વફાત

હઝરત આમિનહ ખાતૂનની વફાત ● દાદાના દિલમાં પૌત્રની માયા ● અબ્દુલ-મુત્તલિબની વફાત ● બાપના મરણ પર બેટીઓનો વિલાપ ● ઝમઝમનો વહીવટ અબ્બાસના હાથમાં

હઝરત આમિનહ ખાતૂનની વફાત—————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના અમ્માંજી આમિનહ બિન્તે વહબ અને પોતાના દાદા અબ્દુલ-મુતલિબની સાથે અલ્લાહ તઆલાની નિગરાની અને અલ્લાહ તઆલાની હિફાઝતમાં ઉછેર પામી રહ્યા હતા. અલ્લાહ તઆલાએ આપને જે અઝમત, જે મહાનતા, જે ઊંચી પદવીએ પહોંચાડવાનું નક્કી કર્યું હતું તેને જ બંધબેસતી ઉત્તમ પ્રકારની જીવનશૈલીથી તે પોતે આપનું લાલન-પાલન ફરમાવી રહ્યો હતો. જ્યારે આપ છ વરસની ઉંમરે પહોંચ્યા તો આપના માનવંતા અમ્માંજીનો ઈન્તેકાલ થઈ ગયો.

ઇબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્ર બિન મુહંમદ બિન અમ્ર બિન ખુર્મએ માહિતી આપી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ છ વરસના થયા તો આપના અમ્માંજી હઝરત આમિનહ ખાતૂન આપને સાથે લઈને મદીનહ ગયાં અને ત્યાં બનૂ અદી બિન નજ્જારના કબીલામાં મેહમાન બન્યાં. હેતુ આ હતો કે બેટાના મામાઓ સાથે બેટાની મુલાકાત કરાવે. [૧]

મદીનહથી વાપસી વેળા મક્કહ અને મદીનહ વચ્ચે આવેલા ''અબવાઅ''સ્થળે પહોંચતાં બીબી આમિનહ ખાતૂન વફાત પામી ગયાં [૨] ઈબ્ને હિશામ કહે છે : અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમના માતાજી બીબી સલમા મદીનહના મશહૂર નજ્જાર ખાનદાનમાંથી હતાં. ઇબ્ને ઈસ્હાકે બનૂ નજ્જાર અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

૧. મદીનહમાં આપના દાદા અબ્દુલ-મુત્તલિબનું બનૂ નજ્જારમાં મોસાળ હતું. હઝરત બીબી આમિનહ પોતાના ખાવિન્દ હઝરત અબ્દુલ્લાહની કબરની ઝિયારત માટે ગયાં હતા. મદીનહમાં નાબિગા જુઅદીના મકાન પાસેની જમીનમાં હઝરત અબ્દુલ્લાહની કબર હતી. કબરની ઝિયારત સાથે પુરાની સગાઇ તાજી કરવાનો એક હેતુ પણ મદીનહ જવાનું કારણ બન્યો હતો. ''હ''

૨. આ કાફલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આયા બીબી ઉમ્મે-અયમન પણ સાથે હતાં. હઝરત આમિનહ એક મહિનો મદીનહમાં રહ્યાં. અબવાઅ મુકામે વફાત થયા પછી બીબી ઉમ્મે-અયમન આપને પોતાની નિગરાનીમાં મક્કહ લઈ આવ્યાં. 'સુલ્હે-હુદૈબિયહ''ની ઘટના પ્રસંગે આપ પોતાના સહાબા સાથે અબવાઅ સ્થળેથી પસાર થયા તો આપે ફરમાવ્યું, ''ઈન્નલ્લાહ કદ અઝિન લે-મુહંમદિન ફી ઝિયારતે કબ્રે-ઉમ્મેહી. ''અલ્લાહ તઆલાએ મુહંમદને તેમના માતાજીની કબર પર ઝિયારત માટે જવાની પરવાનગી આપી દીધી છે. આપ ત્યાં પધાર્યા અને કબરને જોતાં જ રોઇ પડયા. સહાબા બોલ્યા, યા રસૂલલ્લલાહ ! આપ તો રોવાની મના ફરમાવો છો!'' ફરમાવ્યું, ''અદ્રકત્ની રહ-મતુહા ફ-બકૈતુ.'' એમની મમતા મને યાદ આવી ગઈ અને હું રોઇ પડયો. (સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૧૦૦) ''હ''

વ સલ્લમ વચ્ચે મામા-ભાણેજની જે સગાઇનો ઉલ્લેખ કર્યો છે તે એજ છે.

દાદાના દિલમાં પૌત્રની માયા---------હઝરત બીબી આમિનહની વફાત બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એકદમ યતીમ બની ગયા હવે આપ પોતાના માયાળુ દાદા અબ્દુલ-મુત્તલિબના સંગાતે રહેવા લાગ્યા.

અબ્દુલ-મુત્તલિબ ખાનએ-કઅબહમાં હાજર થાય તે પહેલાં નિયમ મુજબ તેમના માટે કઅબહના છાંયા હેઠળ ગાલીચો પાથરી દેવામાં આવતો અને બધા બેટાઓ ગાલીચાની આસપાસ ઊભા થઇ જતા એ પછી અબ્દુલ-મુત્તલિબ ત્યાં પધારીને ગાલીચા પર બિરાજમાન થતા. એમના બેસવા પછી બધા છોકરાઓ ગાલીચાની આસપાસ ગોઠવાઇ જતા. બેઅદબીના વિચારે કોઇ છોકરો બાપાજી સાથે ગાલીચા પર બેસવાની હિંમત નહિ કરતો.

રાવીનું કથન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અદબ શું છે અને બેઅદબી શું છે તે સમજી શકવાની વયે પહોંચી ગયા હતા. તેમ છતાં કઅબહ પાસે પધારીને સીધા ગાલીચા પર પહોંચી જતા અને દાદાજીની લગોલગ જઇને બેસી જતા. આપના કાકાઓ આપને ગાલીચા પર જવાથી અને ગાલીચા પર બેસવાથી અટકાવવા લાગતા તો અબ્દુલ-મુત્તલિબ ફરમાવતા, "ખબરદાર ! મારા બેટાને અટકાવવો નહિ. અલ્લાહના સોગંદ, એ તો બહુ ઊંચી શાનવાળો બેટો છે." આમ કહીને તેઓ આપનો હાથ ઝાલીને આપને પોતાની પાસે બેસાડી લેતા. આપના મુબારક વાંસા પર હેતથી પોતાનો હાથ ફેરવતા અને આપની બાળસુલભ અદાઓ જોઇને ખુશખુશાલ થઇ જતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે પોતાની નૂરાની ઉંમરના આઠમા વરસમાં પગલાં માંડયાં તો આપના માનવંતા મુરબ્બી દાદા અબ્દુલ-મુત્તલિબ પણ આ ફાની જગતથી કૂચ કરીને પરલોકના પ્રવાસે સિધાવ્યા. આ ઘટના "અસ્હાબુલ-ફીલ"ના આઠમા વરસ પછી સર્જાવા પામી.

બાપના મરણ પર બેટીઓનો વિલાપ---------અબ્બાસ બિન અબ્દુલ્લાહ બિન મઅબદ બિન અબ્બાસએ પોતાના અમુક ઘરવાળાંઓ તરફથી રિવાયત બયાન કરી કે જયારે અબ્દુલ-મુત્તલિબની વફાત થઇ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આઠ વરસના હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન સઇદ બિન મુસૈયબએ કહ્યું કે જયારે અબ્દુલ-મુત્તલિબ મરણશૈયાએ પડયા અને વફાતનો સમય આવી લાગ્યો અને પોતાના મરણનો તેમને યકીન થઇ ગયો તો તેમણે પોતાની બધી બેટીઓને પોતાની પાસે બોલાવી અને તેઓને પોતાની પાસે બેસી જવાનો આદેશ આપ્યો. એ બધી કુલ છ બેટીઓ હતી જેઓના નામ આ છેઃ (૧) સફિય્યહ બેટી (૨) બર્રહ બેટી (૩) આતિકહ બેટી (૪) ઉમ્મુલ-હકીમ બયદાઅ બેટી (૫) ઉમૈમહ બેટી (૬) અરવા બેટી.

જયારે બધી બેટીઓની હાજરી લાગી તો અબ્દુલ-મુત્તલિબે તેઓને કહ્યું, "હે મારી પ્યારી બેટીઓ! તમે જુઓ છો તેમ હું મરવાની અણી પર છું. હું ચાહું છું કે તમે મારા મરણ પર પોક મૂકીને વિલાપ કરો કે જેથી હું મરવા પહેલાં તેને સાંભળી શકું . વારૂ તમે કેવી રીતે મારો વિલાપ કરશો અને વિલાપમાં શું બોલશો?"

જવાબમાં અબ્દુલ-મુત્તલિબની પહેલી બેટી સફિય્યહ ખાતૂને ફિલ-બદીહ એક વિલાપ-ગીત રચીને રડતાં-રડતાં રોમાંચકારી લહેકાથી સંભળાવ્યું. એવી જ રીતે બધી બેટીઓએ શોક-ગીતો રચીને સાચુકલા આઘાતની

ઊંડી લાગણી સાથે દર્દનાક શૈલીએ સંભળાવ્યાં. અબ્દુલ-મુત્તલિબે બેટીઓના વિલાપ-ગીતો સાંભળીને સરના ઇશારે તેઓને ખામોશ રહેવાનું સૂચન કર્યું અને પછી કહ્યું, ''બસ મારા મરણ પછી એજ રીતે હૈયાંફાટ વિલાપ કરજો.''

ઈબ્ને હિશામ કહે છે : કાવ્યકળાના જ્ઞાનીઓમાંથી મને કોઇ એવો શાઇર નહિ મળ્યો જે આ વિલાપ કાવ્યોની માહિતી ધરાવતો હોય. અલબત્ત મુહંમદ બિન સઇદ બિન મુસૈયબએ મને એની રિવાયત કહી સંભળાવી. તેમના મુખે સાંભળીને તેજ પ્રમાણે આ કાવ્યો મેં લખી દીધાં છે.

(નોટ : અહીં અલ્લામા ઈબ્ને હિશામે, સફિય્યહ ખાતૂનના ૧૧ શેઅરો, બર્રહ ખાતૂનના ૬ શેઅરો, આતિકહ ખાતૂનના ૮ શેઅરો, બયદાઅ ખાતૂનના ૯ શેઅરો, ઉમૈમહ ખાતૂનના ૭ શેઅરો અને અરવા ખાતૂનના ૧૦ શેઅરો ટાંકેલા છે. કુલ ૫૧ શેઅરોના ૬ પાનાથી વધુનું લખાણ લાંબુ હોવાથી નમૂના દાખલ થોડાક શેઅરો રજૂ કરીએ છીએ. ''હ'')

• સફિય્યહ ખાતૂન બિન્તે અબ્દુલ-મુત્તલિબ બાપનો વિલાપ કરતાં કહે છે :

અરિક-તુ લિ-સવતે નાઇ-હતિમ બિ - લૈલિન, • અલા રજુલિમ બિ - કારિ - અતિસ - સઇદે.

રાતની વેળા એક રડનારીના અવાજથી મારી ઊંઘ ઉચાટ થઇ ગઇ. એ રડનારી બિલકુલ રસ્તાની પાસે ઊભેલા એક શખ્સ પર રડી રહી હતી.

ફ - ફાદત ઈન્દ ઝાલિકુમ દુમૂઇ, • અલા ખદ-દય કમુન - ખદિરિલ - ફરીદે.

એજ પળે મારાં આંસુઓની ધારા મારા રૂખસાર પર, સતત ઢલકનારાં મોતીઓ ! પેઠે વહી નીકળી.

અલલ-ફય્યાઝે શૈબતા ઝીલ-મઆલી, • અબીકિલ - ખયરે વારિસે - કુલ્લ ખયરે.

હે આંખ ! શૈબહ પર રડ જે મોટો દાનવીર અને ઊંચા મરતબાવાળો હતો. હે આંખો પોતાના માયાળુ બાપ પર રડો જે દરેક પ્રકારની ભલાઇઓના ભંડાર જેવો હતો. [1]

સદૂકિન ફિલ - મવાતિને ગયરે નિક-સિન, • વલા શખતિલ - મકામે વલા સનીદે.

હે આંખ ! તે બાપ પર રડ જે જંગના મેદાનોમાં બહાદુરીથી લડનારો અને પોતાના જોડીદારોથી કોઇ વાતમાં પાછળ નહિ પડનારો હતો. તે ન તો નીચા મરતબાનો હતો ન બીજાઓના વંશમાં ભળી જનારો હતો.

રફીઇલ - બૈતે અબ્લજા ઝી-ફુદૂલિન, • વ ગૈસ્રિન - નાસે ફિઝ - ઝમનિલ - હરૂરે.

તે શખ્સ પર રડ જે ઊંચા ખાનદાનનો, રોશન ચેહરાનો, જાતજાતની ખૂબીઓવાળો અને દુકાળમાં લોકોની વહારે ધાનારો હતો.

વ લવ ખલદા ઇમ્રઉન લે-કદીમે મજદિન, • વલાકિન લા સબીલા ઇલલ- ખુલૂદે.

અગર કોઇ શખ્સ પોતાની જૂની શાનો-શવકત કે પોતાની ઝળહળતી કીર્તિને પ્રતાપે જગતના અંત સુધી અમર રહી શકત તો જરૂર તે જગતના અંત સુધી અમર રહેતે ! પરંતુ અમર જીવન તરફ તો કોઇ રસ્તો જતો જ નથી.

---

૧. શૈબહ અથવા શૈબતુલ-હમ્દ : અબ્દુલ-મુત્તલિબનું પૈદાઇશી નામ. ''હ''

• બર્રહ ખાતૂન બિન્તે અબ્દુલ-મુત્તલિબ બાપનો વિલાપ કરતાં કહે છે:

અ-ઐનિય્યા જૂદા બે-દમ્એ-દુરર, • અલા તૈયબિલ-ખીમે વલ - મુઅ - તસર.

હે મારી આંખ ! નેક સીરત અને દાનેશરી બાપના મરણ પર મોતીઓ જેવા આંસુઓથી સખાવત કર!

અલા માજિદિલ - જદ્દે વ અરઝિ - ઝનાદે, • જમીલિલ - મુહય્યા અઝીમિલ - ખતર.

હે મારી આંખ ! તે ઊંચી શાનવાળા પર, લોકોની હાજતો પૂરી કરનારા પર, રૂપાળા ચેહરાવાળા પર અને મોટા મરતબાવાળા પર રડ !

અલા શૈબતિલ - હમ્દે ઝીલ-મકરુ- માતે, • વ ઝીલ-મજદે વલ-ઇઝઝે વલ-મુફ-તખર.

હે આંખ ! માન-પ્રતિષ્ઠાવાળા, વખાણવાને લાયક શૈબહ પર રડ ઇઝઝત અને શાનવાળા પર અને ગર્વ લેવાને લાયક શૈબહ પર રડ !

લહૂ ફદલુ મજદિન અલા કવમેહી, • મુનીરુંય - યલૂહુ ક-દવઇલ - કમર.

તે પોતાની કૌમ પર અનેરી શ્રેષ્ઠતા ભોગવતો હતો. તે એવી પ્રતિભાવાળો હતો કે ચાંદની રોશની પેઠે પ્રકાશમાન રહેતો હતો.

અતત - હુલ - મનાયા ફલમ તુશ-વેહી, • બે - સરફિલ - લયાલી વ રૈબિલ - કદર.

કાળની ગતિના ચક્કરો અને નસીબના લેખોને કારણે, મૃત્યુઓ તેની ઉપર ત્રાટકી પડયાં અને તેઓએ અછરતો ફટકો નહિ, કારમો ફટકો મારી દીધો.

• આતિકહ બેટી પોતાના બાપનો વિલાપ કરતાં કહે છે :

અ ઐનિય્યા જૂદા વલા તબ્ખલા, • બિદમ-ઇકુમા બઅદ નવમિન-નયામ.

હે મારી આંખ ! ઊંઘી જનારાઓના ઊંઘી જવા પછી પોતાના આંસુઓની સખાવત કર. એમાં જરા પણ કંજૂસાઇ ના કરજે !

અ-ઐનય્યા વસ્-હન્ફેરા વસ્કુબા, • વ શૂબા બુકાઅ કમા બિલ-તિદામ.

હે મારી આંખ ! ખૂબ તેજીથી આંસુઓની ઝડી લગાવી દે અને તેજીથી વહી નીકળ અને રોવાની સાથે ગાલો પર તમાચા પણ માર !

અલા શૈબતિલ - હમ્દે વ અરિઝ - ઝનાદે, • વ ઝી-મસ-દકિન બઅદ સબ્તીલ મકામ.

મેહમાન-નવાઝ, પ્રશંસાપાત્ર શૈબહ પર રડ અને પોતાના સ્થાને અડગ રહીને દુશ્મન પર બહાદુરીથી તૂટી પડનાર પર રડ !

વ સહલિલ-ખલીકતે તલ્કીલ-યદૈન, • વફી ઉદ-મુબિય-યિન સમીમુન લુહામ.

નમ્ર ગુણોવાળા, વિશાળ હાથોવાળા, વફાદાર અને મક્કમ મનોબળવાળા અને ભલાઇઓના ભંડાર જેવા ગૃહસ્થ પર રડ !

• ઉમ્મે હકીમ બયદાઅ બેટી પોતાના બાપ પર વિલાપ કરતાં કહે છે :

અલા યા ઐનુન ચ્યહક અસ-ઇફીની, • બે-દમ્ઇન મિન દુમૂઇન હાતિ-લાતિ.

હા, હે કમબખ્ત આંખ ! લગાતાર અને અતૂટ વહેનારી અશ્રુધારાથી મારી મદદ કર.

વ બકય્ય ખયરા મર-રકબિલ - મતાયા, • અબાકિલ ખયરા તય્યારલ - ફુરાતિ.

હે આંખ ! સવારીઓ પર સવાર થનારાઓમાં જે સૌથી શ્રેષ્ઠ હતો તેની ઉપર આહો-ઝારી કર અને પોતાના બાપ પર રડ જે મીઠા પાણીનો મોજાં મારતો દરિયો હતો.

તવીલલ-બાએ શયબતા ઝલ-મઆલી, • કરીમલ-ખીમે મહમૂદલ-હિબાતિ.

તે શૈબહ પર રડ જે મોટો દાનેશરી હતો, ઊંચા રૂત્બાવાળો હતો, નેક સીરત-સંસ્કારી હતો અને સખાવતમાં વખાણોને લાયક હતો.

ફ બક-કયાહે વલા તુરમય બે-હુઝનિન, • વ બકય્ય મા બકીતિલ-બાકિયાતિ.

માટે ખૂબીઓના ભંડાર જેવા આવા ગૃહસ્થ પર રડારોળ કર અને માતમ કરવામાં આળસ ન કર અને બીજી રડનારીઓને, ત્યાં સુધી રડાવ્યા કર જ્યાં સુધી કે તું જીવે છે.

• ઉમૈમહ બિન્તે અબ્દુલ-મુત્તલિબ બાપના વિલાપમાં કહે છે :

અલા હલકર-રાઇલ અશીરત ઝુલ-ફકદે, • વ સાકીલ-હજીજ વલ-મુહામી અનિલ-મજદે.

સાંભળી લો કે ખાનદાનનો રક્ષક, કુટુંબીજનોને શોધી કાઢનારો, હાજીઓને પાણી પીવાડનારો, આબરૂ અને પ્રતિષ્ઠાનો સહાયક આ જગતથી ચાલી નીકળ્યો.

વ મિન યૂઅ-લિફુદ-દયફલ-ગરીબ બુયૂતહૂ, • ઇઝા મા સમાઉન - નાસે તબખલ બિર-રઅદે.

જેનું ઘર મુસાફિર મેહમાનોને તે વેળા સમેટી લેતું હતું જ્યારે લોકોનું આકાશ કડાકા-ધડાકા છતાં કંજૂસાઈ કરતું હતું.

અબુલ-હારિસિલ - ફય્યાઝુ ખલ્લ મકાનુહૂ, • ફલા તબ-અદન્ન ફકુલ્લુ હય્યે ઇલા બુઅદે.

એક દાનેશરી સિંહે પોતાનું સ્થાન ખાલી કરી નાખ્યું માટે તું પોતાના દિલથી તેને અળગો ના કરજે કેમકે દરેક જીવતો અળગો થઈ જનારો છે.

સકાક વલીય્યુન - નાસે ફીલ-કબ્રે મુમ-તિરન, • ફ-સવફા ઉબક-કૈહે વઈન કાના ફીલ-લહદે.

હે કબરમાં સૂનારા ! તમામ ઇન્સાનોની સરપરસ્તી કરનારો અલ્લાહ તને પોતાની રહમતના વરસાદથી પ્રફુલ્લ રાખે ! હું તો કાયમ તેની ઉપર રડયા જ કરવાની. ભલે તે કબરમાં જ સૂતેલો રહે.

• અરવા બિન્તે અબ્દુલ-મુત્તલિબ પોતાના બાપના માતમમાં કહે છે.

બકત અયની વ હક્કુ લહલ બુકાઇ, • અલા સમહિન સજય-યતુહુલ-હયાઉ.

મારી આંખ સખાવતની પ્રતિમા જેવા એક લજ્જાશીલ ગૃહસ્થ પર રડી રહી છે. અને એ આંખ માટે રડયા કરવાનું જ વાજબી છે.

અલલ ફય્યાઝે શયબત ઝીલ-મઆલી, • અબીકિલ ખયરે લયસા લહૂ કિફાઉ.

બુલંદ રૂત્બાવાળા, ઉદાર દિલવાળા શૈબહ પર રડ જે તારો બહુ ભલો, બહુ માયાળુ બાપ હતો. જગતમાં

જેનો કોઇ જોટો નથી.

અબીય્યદ-દૈમે અબ્લજા હિબરે ઝિય્યીન, • કદીમુલ-મજદે લયસા બિહી ખિફાઉ.

ત્રાસવાદને સહન ન કરનાર રોશન ચેહરાવાળા પર રડ ! જેના ચેહરાથી શરાફત અને જમાલનું તેજ પ્રગટતું હતું. જેની પ્રતિષ્ઠા અને શરાફત પરંપરાથી ઊતરી આવતી હતી જેમાં છાનુંછુપું જેવું કંઇ જ નથી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મુહંમદ બિન સઇદ બિન મુસૈયબનું બયાન છે કે જયારે અબ્દુલ-મુત્તલિબની જીભ બંધ થઇ ગઇ તો તેમણે સરનઃ ઇશારાથી પોતાની બેટીઓને કહ્યું, ''બસ તમે એવી જ રીતે મારો માતમ કરજો.''

ઇબ્ને હિશામ કહે છે : મુહંમદ બિન સઇદનો દાદો મુસૈયબ, હઝન બિન અબી વહબ બિન અમ્ર બિન આઇઝ બિન ઇમરાન બિન મખઝૂમનો બેટો હતો.

(નોટ : અહીં અલ્લામા ઇબ્ને હિશામે હુઝૈફહ બિન ગાનમ બિન અદી બિન કઅબ અને મતરૂદ બિન કઅબ ખુઝાઇ નામે શાઇરોના બીજા બે શોક-કાવ્યો પણ ટાંકેલા છે જેને લંબાણની બીકે જતાં કરીએ છીએ. પહેલું કાવ્ય ૪૧ શેઅરોનું અને બીજું ૭ શેઅરોનું છે જે કિતાબના ૭ પાનાંઓ પર ફેલાયેલું છે. ''હ'')

ઝમઝમનો વહીવટ અબ્બાસના હાથમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમનો ઇન્તેકાલ થઇ ગયો તો ઝમઝમ એટલે હાજીઓને પાણી પીવડાવવાના ખાતાનો વહીવટ એમના ફરઝંદ અબ્બાસના હાથમાં આવ્યો. કઅબહના આ ખાતાના તેઓ મુતવલ્લી બની ગયા બો કે અબ્બાસ તે વેળા પોતાના બધા ભાઇઓમાં સૌથી નાના હતા. ઝમઝમના વહીવટની લગામ ઇસ્લામના આગમન વેળા અને ઇસ્લામના વિકાસ પાછી પણ હઝરત અબ્બાસના જ હાથમાં રહી. ફત્હે-મક્કહ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ હઝરત અબ્બાસનું વહીવટપણું માન્ય રાખ્યું અને આજે પણ (ઇબ્ને હિશામના યુગમાં) હઝરત અબ્બાસને કારણે ઝમઝમનું વહીવટી તંત્ર હઝરત અબ્બાસનું જ ખાનદાન સંચલાવી રહ્યું છે.

પ્રકરણ ૩૦

અબૂ તાલિબની સરપરસ્તી

અબૂ તાલિબની પરવરિશમાં • રેખાશાસ્ત્રીની આગાહી • બહીરહ સંન્યાસીની પેશીનગોઇ • બહીરહ તરફથી ઝિયાફતનું આમંત્રણ • મુહરે-નુબુવ્વતના દર્શન • રસૂલુલ્લાહ (સલ.)ના ત્રણ દુશ્મનો • રસૂલુલ્લાહ (સલ.)ની પાકીઝહ જવાની • અનિષ્ટોથી બચવાની ગૈબી મદદ • હર્બુલ-ફિજારની ઘટના • જંગની ચઢતી પડતી.

અબૂ તાલિબની પરવરિશમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : નામદાર અબ્દુલ-મુત્તલિબની વફાત બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના હકીકી કાકા અબૂ તાલિબની સરપરસ્તી હેઠળ રહેવા લાગ્યા. લોકોનું કહેવું છે કે અબ્દુલ-મુત્તલિબ પોતાની હયાતીમાં અબૂ તાલિબને આ વાતની વારંવાર વસિય્યત કર્યા કરતા : "હે મારા બેટા ! મારા આ યતીમ બેટાને તારી કોટે વળગાડેલો રાખજે. મારા યતીમ બેટાનું જાનના ભોગે રક્ષણ કરજે. કદી મારા યતીમ બેટાને પોતાથી અળગો ના થવા દેજે!"

સબબ આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બાપાજી હઝરત અબ્દુલ્લાહ અને અબૂ તાલિબ સાહેબ એક જ માબાપના સંતાન હતા. બંને ભાઇઓ એક જ માબાપની અવલાદ હતા. બંનેની સગી માનું નામ ફાતિમહ હતું જે અમ્ર બિન આઇઝ બિન અબ્દ બિન ઇમરાન બિન મખઝૂમની બેટી હતી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : જનાબ અબ્દુલ-મુત્તલિબની વફાત બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના હકીકી કાકા જનાબ અબૂ તાલિબની સરપરસ્તીમાં આવી ગયા અને તેમના જ ઘરમાં રહેવા-સહેવા લાગ્યા.

રેખાશાસ્ત્રીની આગાહી————ઇબ્ને ઇસ્હાક કહે છે : અરબમાં બનૂ લહબની બિરાદરીનો એક શખ્સ ઇલ્મે-નુજૂમ ઉપરાંત રેખાશાસ્ત્રનો પણ અઠંગ અભ્યાસી ગણાતો હતો. પોતાની આ કળામાં તે ચોમેર પંકાયેલો હતો.

ઇબ્ને હિશામ કહે છે : આ રેખાશાસ્ત્રી અસલમાં અઝદે-શનૂઅહ નામે કબીલામાંથી હતો જેની એક શાખનું નામ બનૂ લહબ હતું. આ રેખાશાસ્ત્રીનું મક્કહમાં આગમન થતું ત્યારે કુરૈશના લોકો પોતાના બાળકોને એની પાસે લઇ જતા. રેખાશાસ્ત્રી બાળકોની હસ્તરેખાઓ અને મુખમુદ્રાઓનું નિરીક્ષણ કરીને તેઓનું ભવિષ્ય ભાખતો.

રાબેતા મુજબ એક વેળા એ રેખાશાસ્ત્રી મક્કહ આવ્યો તો અબૂ તાલિબ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમને લઇને તેની પાસે પહોંચી ગયા. તેણે આપની હસ્તરેખાઓનું ઝીણવટભરી નજરે નિરીક્ષણ કર્યું અને મોડે સુધી ગહન વિચારોમાં ડૂબેલો રહ્યો. પછી જ્યારે વિચાર-તંદ્રામાંથી જાગ્યો તો અચાનક કહેવા લાગ્યો, ''સાંભળો હે અબૂ તાલિબ ! આ છોકરો....''

પણ તેણે આંખો ખોલીને જોયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં હતા નહિ. ત્યારે તે બોલ્યો, ''અરે હે લોકો ! પેલો છોકરો કયાં ગયો ? જલદી તેને મારી પાસે લઇ આવો અને સાંભળો, છોકરો બહુ બાહોશ અને ચંચળ છે. એની રેખાઓ પરથી ભવિષ્યમાં એ મહાન પુરૂષ બને તેવી આગાહી મારી રેખાપોથી પોકારે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લલાહુ અલૈહિ વ સલ્લમ બાળકોના ટોળાંમા જઇને વાતો કરતા હતા. અબૂ તાલિબે જ્યારે રેખાશાસ્ત્રીનો આ અસાધારણ ઉત્સાહ કે તરવરાટ જોયો તો મનમાં બીધા કે રખેને, મારા બેટાને કંઇ નુકસાન ન થઇ જાય ! તરત ટોળાંમાં જઇને આપને પોતાના પડખે સંતાડી લીધા અને રેખાશાસ્ત્રીના આગ્રહ છતાં તેની પાસે નહિ ગયા અને આપને લઇને જલદી ત્યાંથી પલાયન થઇ ગયા.

બહીરહ સંન્યાસીની પેશીનગોઇ————ઇબ્ને ઈસ્હાક કહે છે : એ પછી અબૂ તાલિબ એક વેળા વેપાર અર્થે વેપારી કાફલા સાથે મુલ્કે-શામ જવા તૈયાર થયા. સફરનો સામાન અને પ્રવાસની તૈયારીનો પ્રબંધ થતો જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ સાથે જવાની ઈચ્છા દર્શાવી. આપની આતુરતા જોઇને અબૂ તાલિબ વિચારમાં પડી ગયા કે સાથે લઇ જવું કે નહિ ? એક તરફ સફરની તકલીફો બીજી તરફ આપની જુદાઇના વિચારથી તેમનું હૈયું ભરાય આવ્યું. આપને તેઓ પોતાના પુત્રોથી પણ અધિક ચાહતા હતા. બોલ્યા, ''મારા વહાલા પુત્તર ! જરૂર હું તને મારા સંગાથે લઇ જઈશ. ન હું તારી જુદાઇ સહન કરી શકું છું ન તું મારી આંખોથી અળગો રહી શકે છે.'' આ અથવા એવા જ શબ્દો અબૂ તાલિબે ઉચ્ચાર્યા.

ત્યારે અબૂ તાલિબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પણ આ સફરમાં સાથે લીધા. કાફલો રવાના થયો અને કૂચકદમ કરતો મુલ્કે શામની સરહદે આવેલા બુસરા શહેરના સીમાડે પહોંચી ગયો. બધા થાકેલા હોવાથી કાફલાએ અહીં જ પડાવ નાખી દીધો. એમની સામે જ ખ્રિસ્તી ધર્મના સંન્યાસીઓનું એક દેવળ આવેલું હતું. બાજુની ખાનકાહ કે મઠમાં તેઓનો વડો ધર્મગુરૂ નિવાસ કરતો હતો જેનું નામ બહીરહ હતું. એ ખ્રિસ્તીધર્મના આકાશી ગ્રંથનો સૌથી મોટો રહસ્યજ્ઞાની લેખાતો હતો. એણે જગતની માયા ત્યાગીને સંન્યાસ લીધો ત્યારથી જ એ અહીં જ્ઞાનધ્યાનમાં લીન રહેતો હતો. એના મઠમાં ખ્રિસ્તી ધર્મનો એક આકાશી ગ્રંથ પરંપરાથી મવજૂદ હતો. કહેવાય છે કે સાત પેઢીઓથી આ ધર્મગ્રંથ વારસાગત્ રીતે ઊતરી આવતો હતો અને એ ગ્રંથના રહસ્યો તથા મર્મોનું બહીરહ સિવાય કોઇને જ્ઞાન ન હતું.

બહીરહએ જ્યારે જોયું કે અરબોના વેપારી કાફલાએ દેવળની સામેના મેદાનમાં પડાવ નાખી દીધો છે તો તેણે કાફલાના લોકો ની મેહમાની માટે ઉત્તમ પ્રકારની વાનગીઓ તૈયાર કરવાનો હુકમ ફરમાવી દીધો. જો કે આથી પહેલાં પણ અરબ સોદાગરોના વેપારી કાફલા અહીં આવીને પડાવ નાખતા હતા. પણ સંસાર ત્યાગી બહીરહ ન કોઇને મળવા જતો ન કોઇની સાથે વાત કરતો ન કોઇની પરોણાગત કરતો. બસ જ્ઞાનધ્યાનમાં લીન રહેતો.નવાઇની વાત હતી કે આ વેળા તેણે અરબોના કાફલાની ઝિયાફત માટે જમણ તૈયાર કરવાનાં હુકમ ફરમાવ્યો.

લોકોનું કહેવું છે કે, બહીરહએ અરબના આ કાફલાની ઝિયાફતનું નિમંત્રણ પાઠવ્યું તેનું ખાસ કારણ

હતું. એમ તો અરબોના કાફલા સોદાગરી માટે આ પ્રદેશોમાં આવનજાવન કર્યા જ કરતાં. પણ જયારે આ કાફલો આવતો હતો ત્યારે બહીરહ ખાનકાહની બારીમાંથી બહારનું દ્રશ્ય જોતો હતો. એજ સમયે એક નવાઈ ભરેલી વાત તેના જોવામાં આવી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના કાકા સાથે સવારી પર બિરાજમાન હતા અને આ સવારી કાફલાની વચ્ચે ચાલતી હતી શું જુએ છે કે વાદળના એક ટુકડાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર સાયો કરેલો છે અને આપની સવારીની સાથે-સાથે ચાલી રહ્યો છે. કાફલાએ મેદાનમાં આવીને પડાવ નાખ્યો ત્યાં સુધી બહીરહ આ નવાઈ ભરેલું દ્રશ્ય જોતો રહ્યો.

રાવીનું બયાન છે કે કાફલાએ મેદાનમાં આવીને પડાવ નાખ્યો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાંના એક ઝાડના સાયામાં આરામ ફરમાવવા લાગ્યા તો વાદળનો ટુકડો ઝાડની ઉપર અધ્ધર થઈને ખુલ્લી છત્રી પેઠે તણાઈ ગયો. આ દ્રશ્ય જોઈને બહીરહ ઓરભી નવાઈ પામી ગયો. એટલામાં શું જુએ છે કે ઝાડની ડાળીઓ આપોઆપ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર નમી પડી. એક પછી એક અલ્લાહની કુદરતની નવાઈઓ જોઈને બહીરહને થયું કે ઝાડ હેઠળ બિરાજેલો છોકરો કોઈ મામૂલી પ્રકારનો છોકરો તો નથી જ.

બહીરહ તરફથી ઝિયાફતનું આમંત્રણ————ઇબ્ને ઈસ્હાક કહે છે : વાદળના ટુકડાનો અજીબો-ગરીબ માજરો જોઈને બહીરહ સંન્યાસી પોતાના મઠનાંથી બહાર નીકળી આવ્યો. એજ વેળા તેણે કાફલાની ઝિયાફત માટે જમણ તૈયાર કરવાનો પોતાના માણસોને હુકમ ફરમાવી દીધો. પછી પોતાના માણસ મારફતે કહેવડાવી દીધું, "હે કાફલાના લોકો ! આજે તમારામાંથી કોઈ મોટો હોય કે નાનો, શેઠ હોય કે નોકર, આઝાદ હોય કે ગુલામ, દરેકને બહીરહ તરફથી ઝિયાફતનું આમંત્રણ છે. જોજો, મોટાંમાંથી કે નાનાંમાંથી, શેઠમાંથી કે નોકરમાંથી, આઝાદમાંથી કે ગુલામમાંથી કોઈ રહી જવા ન પામે !"

બહીરહ સંન્યાસી તરફથી જમણનું આમંત્રણ મળેલું જોઈને કાફલાના લોકો હયરત પામી ગયા. એજ પળે કાફલાના એક ગૃહસ્થે મઠમાં જઈને ટકોર કરી, "હે માનવંતા સંન્યાસી પુરૂષ ! અમે અનેકવાર સોદાગરી માટે અહીં આવીને થોભેલા છીએ, કોઈ દિ' તમે અમારી પરોણાગત કરી નથી. ઝિયાફત તો કોરે રહી, તમે કદી અમારા સાથે વાત પણ નથી કરી, ન કદી અમારો ભાવ પૂછયો છે. આજે શું વાત છે ? કેમ અમારા માનમાં ખાવાપીવાની ખટપટ કરી નાખી ?"

"હે મારા અરબી બિરાદર !" સંન્યાસી ઠાવકા મુખે બોલ્યા, "વાત તમારી સાચી છે અને ટકોર તમારી વાજબી છે. તમે કહ્યું તેમ એજ મારો સદાનો નિયમ છે. પણ તમે દૂરો-દરાજનો પ્રવાસ ખેડીને આવો છો જેથી મને થયું કે કોઈક દિવસે તો પરદેશી મહેમાનોની પરોણાગત કરવી જોઈએ. આ કારણે આજે મેં તમારી ઝિયાફતની ખટપટ કરી છે. માટે જરૂર તમે બધા પધારવાની તકલીફ લઈને મને આભારી કરશો."

ત્યારે કાફલાના બધા લોકો સંન્યાસીની દઅવતનો સ્વીકાર કરીને તેની ખાનકાહમાં આવી લાગ્યા. પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝાડના સાયા હેઠળ મઝાથી આરામ ફરમાવતા હોવાથી કોઈએ આપને સાથે લેવાની ઝાઝી દરકાર નહિ કરી. અબૂ તાલિબે પણ વિચાર્યું, ભલે મારો બેટો આરામ કરતો હોય. બહીરહ બધાને ધારીધારીને જોવા લાગ્યો પણ આંખો જેને ઢૂંઢતી હતી એ નૂરે નઝર, સૈયિદુલ-બશરના દીદાર નહિ થયા તો તે કહેવા લાગ્યો, "હે કાફલાના માનવંતા ગૃહસ્થો ! મેં કાફલાના તમામ લોકોને જમવાનું નોતરું

Maktabe Ashraf

મોકલ્યું હતું. કહી દીધું હતું કે નાનાં-મોટાંમાંથી કોઈ રહી જવા નહિ પામે. શું કાફલાના બધા જ લોકો આવી ગયા છે ?''

''હા હે માનવંતા સંન્યાસી !''કુરૈશ બોલ્યા, ''તમારા નોતરાંને માન ખાતર અમે બધા જ હાજર થઈ ગયા છીએ. હા અબૂ તાલિબના બેટાને અમે કાફલા પાસે મૂકી આવ્યા છીએ. તે ઝાડના શીતલ છાંયડામાં આરામ લેતો હતો. વાજબી નહિ લાગ્યું કે તેના આરામમાં ખલલ નાખીએ. વળી કાફલાના માલસામાનની દેખભાલ પણ જરૂરી ખરી ને !''

''એ તમારી ભૂલ છે.'' સંન્યાસી બોલ્યા, ''લાંબા પ્રવાસમાં થાકની સાથે ભૂખ પણ કકડીને લાગે છે. પોતે જમવું અને બેટાને ભૂખ્યો રાખવો એ કોઈ ઇન્સાફની વાત નહિ કહેવાય. જાવ એ કિશોરને તેડી લાવો કે જેથી તે પણ તમારી જોડે જમી લે.''

એજ વેળા કાફલાનો એક ગૃહસ્થ ઊભો થઈ ગયો અને બોલ્યો, ''લાત અને ઉઝઝાના સોગંદ ! સંન્યાસીની ઝિયાફતની ઉજાણીમાં મોટા લોકો ભાગ પડાવે અને નાનો કિશોર લટકી પડે તે આપણા માટે શરમાવા જેવી વાત છે.'' આમ કહીને તે ઝપાટાભેર ગયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાની સાથે લાવીને બહીરહની સામે બેસાડી દીધા. [૧]

આપને જોતાં જ બહીરહ ખુશ થઈ ગયો. લોકોએ જોયું કે તેના ચેહરા પર આનંદની રેખાઓ ઊપસી આવી છે. બહીરહએ આપને પોતાની જોડે બેસાડી લીધા અને બહુ ઝીણવટભરી નજરે તે આપના નૂરાની ચેહરાની રૂપરેખાનું નિરીક્ષણ કરવા લાગ્યો. વારંવાર આપની મુખમુદ્રા, આપના અંગરંગ અને અમુક તે અવયવોનું બારીક અવલોકન કરતો હતો જેની નિશાનીઓ તેણે પોતાના ધર્મગ્રંથમાં વાંચી હતી. ગેહરી ચકાસણીને અંતે તેના દિલે ગવાહી આપી કે બેશક નિશાનીઓ તેવી જ છે જેવી મારી આકાશી કિતાબમાં લખેલી છે.

કાફલાના લોકો જમીપરવારીને આઘાપાછા થવા લાગ્યા તો બહીરહએ આપને કહ્યું, ''હે કિશોર ! હું તને કુરૈશના ભગવાન લાત અને ઉઝઝાના સોગંદ આપું છું. જે જે વાતો હું તને પુછું તેના સાચે સાચા જવાબો આપજે.''

બહીરહએ લાત અને ઉઝઝાના સોગંદ એટલા માટે આપ્યા કે અરબના મૂર્તિપૂજકો પોતાની વાતચીતમાં આ શબ્દોનો છૂટથી ઉપયોગ કરતા હતા. જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું.

લા તસ-અલની	તમારે મને પૂછવું નહિ
બિલ-લાતે વલ-ઉઝઝા શૈઅન.	લાત અને ઉઝઝાના સોગંદ આપીને કોઈ વાત.
ફ-વલ્લાહે	હું એક અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે
મા અબ-ગઝતુ શૈઅન	કોઈ વસ્તુ પ્રત્યે હું એટલો ધિક્કાર ધરાવતો નથી
કત્તુ બુગ-ઝાહુ.	જેટલો એ બંને પ્રત્યે ધરાવું છું.

''વારૂ તો હે કિશોર !''બહીરહ બોલ્યો, ''હું તને એક અલ્લાહના સોગંદ આપીને કહું છું કે જે કંઈ પૂછું તેનો ખરો જવાબ આપજે.''

૧. કેટલાકે બહીરહ નામનો ઉચ્ચાર બુહૈરહ તરીકે કર્યો છે. બહીરહ દસ બચ્ચાં જણનારી ઊંટણી કે બકરીને કહે છે જેના કાન ચીરી પછી લોકો તેને રખડતી મૂકી દેતા હતા. બુહૈરહ એટલે મોટું સરોવર અથવા ટચૂકડો સમુદ્ર. ''હ''

Maktabe Ashraf

આપે ફરમાવ્યું, ''સલની અમ્મા બદા લકા.'' એટલે તમારે જે પૂછવું હોય તે મને પૂછી લો.

બહીરહએ આપના નિત્ય નિયમો, રોજિંદી દિનચર્યાઓ અને જીવનની નીતિરીતિઓને લગતા સવાલો કરવા માંડયા અને આપ તેના જવાબો આપતા ગયા. અને તે પોતાના ધર્મગ્રંથની નિશાનીઓ સાથે તેની સરખામણી કરતો ગયો.

મુહરે-નુબુવ્વતના દર્શન————જયારે આપની બધી વાતો તેની કસોટી પર તોળાઇને પૂરી ઊતરી તો છેલ્લે એક નિશાનીની ચકાસણી રહી ગઇ. એ હતી ''મુહરે-નુબુવ્વત''ની નિશાની.

બહીરહએ પ્યારથી કહ્યું, ''હે કિશોર ! હવે જરા તારૂં પહેરણ સરકાવીને મને તારો ખભો દેખાડી દે.''

આપે તેની માગણીના જવાબમાં પહેરણ સરકાવીને પોતાનો ખભો તેને દખોડયો તો ''મુહરે-નુબુવ્વત'' આબાદ તેજ જગાએ તેના જોવામાં આવી જયાં તેની નિશાની તેના ધર્મગ્રંથમાં લખેલી હતી.

ઇબ્ને હિશામ કહે છે : મુહરે-નુબુવ્વત એટલે પયગમ્બરીનો સિક્કો. માંસનો મોટા બટન જેટલો એક પદાર્થ હતો જે પૈદાઇશી રીતે પયગમ્બરીના સિક્કા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની અંગના બંને ખભાની વચ્ચે ઉપસી આવેલો હતો. જયારે દરેક પ્રકારે બહીરહના મનનું સમાધાન થઇ ગયું અને મુહરે નુબુવ્વતના દીદારથી તેણે પોતાની આંખો રોશન કરી લીધી તો અબૂ તાલિબને તેણે પૂછયું, ''હે કુરૈશી સરદાર ! આ કિશોર જોડે તમારો શો રિશ્તો છે ?''

''એ મારો બેટો છે.'' અબૂ તાલિબે જવાબ આપ્યો.

'' એ બને જ નહિ.'' બહીરહ બોલ્યો, ''એના બાપા હયાત હોય શકતા નથી.''

''હા એ મારા ભાઇનો બેટો છે.''

''ત્યારે એના બાપાનું શું થયું ?''

''એમના જન્મ પહેલાં જ વફાત પામી ગયા.''

''સાચી વાત છે.'' બહીરહએ કહ્યું, ''હવે ધ્યાનથી મારી વાત સાંભળો. પોતાના ભત્રીજાને લઇને વતન ચાલ્યા જાવ. યહૂદીઓથી એમની રક્ષા કરો. ચેતીને રહો કે તેઓ એને કંઇ નુકશાન ન પહોંચાડે. કદાચ યહૂદીઓ એને ઓળખી લે જેવી રીતે મેં ઓળખી લીધા તો જરૂર તેઓ એને નુકસાન પહોંચાડવાની કોશિશ કરશે. યાદ રાખો તમારો ભત્રીજો કોઇ મામૂલી છોકરો નથી. મોટો થઇને તે સ્થાન મેળવશે જે આજ સુધી કોઇએ મેળવ્યું નથી. ન આઇન્દા કોઇ મેળવી શકવાનું છે. માટે બનતી ઉતાવળે વતન ભેગા થાવ.''

રસૂલુલ્લાહ (સલ.)ના ત્રણ દુશ્મનો————મુલ્કે-શામની સફરમાં વેપાર-ધંધાથી પરવારીને અબૂ તાલિબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જલદી લઇને મક્કહ ઊપડી ગયા. જાણકારોએ રિવાયતોમાં એવું અનુમાન પણ બાંધ્યું છે કે મુલ્કે શામની આ સફરમાં એજ સ્થળે ઝુરૈર, તમ્મામ અને દરીસ નામના ત્રણ માણસોનો અબૂ તાલિબ સાથે અચાનક ભેટો થઇ ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ અબૂ તાલિબની સાથે જ હતા. આ ત્રણે શખ્સો પણ અહલે-કિતાબમાંથી જ હતા. તેજ ચકાસણીની નજરે એમણે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જોયા જે નજરે બહીરહએ આપને જોયા હતા. આપની ઓળખની ખાતરી થતાં ત્રણે જણ આપની પાછળ પડી ગયા અને તક મળે તો ઝડપી લેવાની તાકમાં

Maktabe Ashraf

રહ્યા. તેઓ ચોક્કસ આપને નુકસાન પહોંચાડવા માગતા હતા. પરંતુ બહીરહને ખબર પડતાં તે આપની મદદે આવી લાગ્યો. છેવટે તેની સમજાવટથી મામલો સંકેલાઈ ગયો.

બન્યુ એમ કે બહીરહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ દુશ્મનોને, ધર્મગ્રંથમાં આપના વિશે લખેલી નિશાનીઓ દેખાડીને તેઓને અલ્લાહથી ડરવાની નસીહતો કરી અને પછી ઠપકાર્યા કે, "તમે એકત્ર બધા નુકસાન પહોંચાડવા માગો તોયે એમનું કશું બગાડી શકવાના નથી." ઉપરથી દાખલા દલીલો આપીને તેઓને એવા આડા હાથે લીધા કે તેઓ લાજવાબ થઈને અવાક બની ગયા. છેવટે પોતાની ભૂલ કબૂલી લઈને તેઓ ત્યાંથી કાળું કરી ગયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાકીઝહ જવાની————ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુવાનીને ઉંબરે એવી રીતે પગલાં માંડ્યા કે અલ્લાહપાક પોતે આપની નિગરાની અને આપની હિફાઝત ફરમાવતો હતો. અલ્લાહપાકે આપને ચારે તરફથી પોતાના રક્ષણના દાયરામાં ઘેરી રાખ્યા હતા કે જેથી જહાલતની નાપાકીઓ અને સમાજની ગંદકીઓથી આપનો પવિત્ર પાલવ ખરડાવા ન પામે. કેમકે અલ્લાહપાક આપને પયગમ્બરોના સરતાજ, જગતજનો માટે દયાના ભંડાર અને સકળ માનવજાતિના તારણહાર બનાવવા માગતો હતો.

જ્યારે આપ યૌવનકાળના બાગોબહાર ઉપવનમાં પ્રવેશ્યા તો પોતાની કૌમમાં લાજશરમની દ્રષ્ટિએ સૌથી અદ્વિતીય, નીતિનિયમોના પાલનમાં સહુને ટપી જનારા, ખાનદાનીમાં સૌથી પ્રતિષ્ઠાવાન, સંસ્કારમાં સૌના શિરોમણિ, પાડોશી તરીકે સહુથી શ્રેષ્ઠ, સહનશીલતામાં સર્વોત્તમ, વાતચીતમાં સૌથી સાચા, પ્રામાણિકતામાં સૌથી બેનમૂન, પાકદામની અને સ્વમાન જાળવવામાં સૌથી અજોડ......નાપાકપણું, નગુણાપણું, વચનભંગ, નફફટાઈ, નિર્લજતા, અદેખાઈ, નિંદાખોરી અને કોઈની આબરૂના કાંકરા કરી નાખનાર તમામ દુર્ગુણો, કુટેવો, અનિષ્ટો, ગેરરીતિઓ અને દરેક પ્રકારની બુરાઈઓથી માઈલો દૂર રહેનારા હતા. અલ્લાહપાકે જગતભરની તમામ ખૂબીઓ, સદગુણો, ભલાઈઓ, સંસ્કારો અને માણસાઈના ચૂકતે મૂલ્યો આપની મુબારક જાતમાં ભરી દઈને આપને સર્વગુણ સંપન્ન ઇન્સાન બનાવી દીધા હતા. એટલે સુધી કે અલ્લાહપાકે આપને "અમીન" અને "સાદિક" જેવા ખારેખમ અને ઝુલામણા ઉપનામે આપની કૌમમાં મશહૂર કરી દીધા.

અનિષ્ટોથી બચવાની ગૈબી મદદ————ઇબ્ને હિશામ કહે છે : મારા કાનો સુધી જે રિવાયતો પહોંચી તેનાથી એવું પણ માલૂમ પડે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બચપણ અને બાળ-બુધ્ધિના જમાનામાં પણ અલ્લાહપાક આપને જે અનિષ્ટો કે બુરાઈઓથી બચાવતો રહ્યો તેનું વર્ણન આપ સ્વમુખે આ પ્રમાણે દર્શાવતા હતા :

> "મેં પોતાને કુરૈશના કિશોરોની ટોળીમાં જોયો, જેઓ બાળવયની અમુક રમતો માટે પથરા ઉપાડતા હતા. મેં જોયું કે અમારામાંથી દરેક છોકરો પોતાનો પોશાક ઉતારીને નગ્ન થઈ ગયો અને આ કપડાં તેણે પોતાને ખભે મૂકી લીધાં કે જેથી પથરા ઉપાડીને તેની ઉપર મૂકી શકે. તેઓની દેખાદેખી મેં પણ પોતાનાં કપડાં કાઢવા માંડ્યાં ત્યારે અચાનક કોઈએ મને મુક્કો માર્યો જેનાથી મને કંઈ વાગ્યું તો નહિ પણ તેણે મને ચેતવ્યો, "ખબરદાર! પોતાનો પોશાક ઉતારશો નહિ. પોતાનો તહબંદ મજબૂત બાંધી લો."

પોતાની વાત ચાલુ રાખતાં આપે ફરમાવ્યું :

ફ-અખ઼ઝ-તુહૂ	ત્યારે મેં ઉપાડી લીધું કપડું
વ શદદ-તુહુ અલૈય	અને પહેરી લીધું તેને મારા અંગ પર.
સુમ્મા જઅલ-તુ	પછી મેં શરૂ કર્યું,
અલ-મિલુલ-હિજારહ	પથરા ઉપાડવાનું કામ;
અલા રક-બતી	પોતાના ખભા ઉપર.
વ ઈઝારી અલૈય	અને ફકત મેં જ તહમદ બાંધેલો હતો.
મિમ બયનિ અસહાબી.	મારા સાથીઓની વચ્ચે [૧]

હર્બુલ-ફિજારની ઘટના————ઈબ્ને હિશામ કહે છે : મને મળેલી રિવાયતો મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક ઉંમર ૧૫ કે ૧૬ વરસની થઇ ત્યારે કુરૈશ અને બનૂ કૈસ બિન અયલાન વચ્ચે યુદ્ધનો દાવાનળ પ્રગટી ઊઠયો. એમાં બનૂ કિનાનહ કબીલાના લોકો કુરૈશના પક્ષે હતા. અને સકીફ, હવાઝિન વગેરે કબીલાના લોકો બનૂ કૈસ અયલાનના પક્ષે હતા. આ જંગનું કારણ એમ બન્યું કે ઉર્વતુર-રહહાલ બિન ઉત્બહ બિન જઅફર બિન કિલાબ બિન રબીઅહ બિન આમિર બિન સઅસઆ બિન મુઆવિયા બિન બક્ર બિન હવાઝિન નામના સરદારે નુઅમાન બિન મુનઝિર (હીરહ પ્રદેશના ગવર્નર)ના વેપારી માલથી લદાયેલાં ઊંટોને રક્ષણ પૂરૂં પાડવાની બાંયધરી આપી દીધી હતી. આ સમાચાર બનૂ કિનાનહ કબીલાના સરદાર બર્રાદ બિન કૈસ બિન દમ્રહ બિન બક્ર બિન અબ્દે-મનાત બિન કિનાનહને મળતાં તેને બહુ લાગી આવ્યું અને તે ગુસ્સાથી ઊકળી ઊઠયો. એજ ઉશ્કેરાયેલી દશાએ તે ઉર્વતુર-રહહાલ પાસે ગયો અને આવેશથી બોલ્યો, "શું તેં નુઅમાન બિન મુનઝિરના વેપારી ઊંટોને સુરક્ષાની બાંયધરી આપી છે ?"

તે બોલ્યો, "હા મેં આપી છે."

"શું અમારા બનૂ કિનાનહને મુકાબલે ?" બર્રાદ બિન કૈસે ગર્જના કરી.

"હા, હા, બનૂ કિનાનહને મુકાબલે જ નહિ, આખા જગતને મુકાબલે મેં તેના ઊંટોને મારા રક્ષણમાં લીધાં છે."

આ સણસણતો જવાબ સાંભળતાં જ બર્રાદના માથે વેરનો ભૂત ચઢી બેઠો. જયારે ઉર્વતુર-રહહાલ વેપારી ઊંટોનો કાફલો લઇને રવાના થયો તો બર્રાદ બિન કૈસ પણ તેની પૂઠે પડીને મોકાની તલાશમાં રહ્યો. કાફલો જયારે ઝી-તિલાલની ભૂમિના તૈમને સ્થળની ટેકરીએ પહોંચ્યો તો ઉર્વહ વિસામો લેવા થોભી ગયો અને જમીન પર લાંબો થઈને ગફલતમાં પડી ગયો. બર્રાદ બિન કૈસે આ તક ઝડપી લીધી અને તેને કતલ કરી નાખ્યો. હત્યાની આ ઘટના એવા મહિનામાં સર્જાવા પામી જેમાં મારામારી અને કાપાકાપી હરામ લેખાતી હતી. બર્રાદ બિન કૈસ પોતાની બહાદુરીના બણગા ફૂંકતાં કહે છે :

રફઅ-તુ લહૂ યદય્ય બિઝી-તિલાલિ, • ફખર્ર યમીદુ કલ-જિઝઇસ-સરીઇ

ઝી-તિલાલ સ્થળે તેની ઉપર મેં પોતાનો હાથ અજમાવ્યો તો તે જાડા લાકડાં પેઠે તમ્મર ખાઈને ભોંય

૧. એટલે છોકરાઓની ટોળીમાં ફકત મેં જ પાજામા કે લુંગીથી પોતાનું અંગ ઢાંકેલું હતું. બાકીના બધા સાથીઓ નગ્નાવસ્થામાં હતા. "ઇ"

પર ઊંધાં પાછડાયો. (અહીં લખેલા બીજા પાંચ શેઅરો જતા કર્યા છે.)

જંગની ચઢતી પડતી- ————એ પછી એક બાતમીદારે કુરૈશ પાસે આવીને કહ્યું, "ઉર્વતુર-રહહાલ નુઅમાન બિન મુનઝિરના વેપારી ઊંટોને ઉકાઝના મેળામાં લઇ જતો હતો ત્યારે રસ્તામાં બર્રાદ બિન કૈસે તેને મારી નાખ્યો અને તે પણ પ્રતિબંધિત મહિનામાં. હવે મરનારના કબીલાવાળા તેનું વેર લેવા હથિયારબંધ થઇને ધસારાભેર આવી રહ્યા છે."

આ સાંભળીને કુરૈશ અને બર્રાદ બિન કૈસના કબીલાવાળા ઉકાઝના મેળામાંથી છાનામાના નીકળીને ખાનએ-કઅબહના હરમ તરફ ઝપાટાભેર ઊપડી ગયા કે જેથી અથડામણ થતાં પવિત્ર મહિનાની પ્રતિષ્ઠાનું ખંડન ન થવા પામે. પરંતુ તેઓ હરમની હદમાં પ્રવેશે તે પહેલાં હવાઝિનના લોકોએ તેઓને ઝડપી લીધા અને જોતજોતામાં જંગનો જ્વાળામુખી ભભૂકી ઊઠયો અને જ્યારે રાત પડી તો કુરૈશ પોતાના પક્ષકારો સાથે જેમ તેમ કરીને હરમની હદમાં દાખલ થઇ ગયા. ત્યારે લાચારીએ સામા પક્ષે પણ લડાઇથી હાથ રોકી લીધા. પરંતુ જતાં જતાં કુરૈશને પડકારતા ગયા કે ટૂંકમાં અમે ફરીવાર તમારી ઉપર ચઢાઇ કરીશું.

ઇસ્લામના આરંભકાળ સુધી અરબોમાં જંગની જે અતૂટ હારમાળા ચાલુ રહી તેમાં હર્બુલ-ફિજાર નામનું યુધ્ધ સૌથી ભીષણ અને ભયંકર હતું. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ ભાગ લીધો હતો. [૧] આપના કાકાઓ આ લડાઇમાં આપને સાથે લઇ ગયા હતા. આ લડાઇમાં કુરૈશ અને બનૂ કિનાનહ એક પક્ષે હતા, જ્યારે બનૂ કૈસ અયલાન બીજા પક્ષે હતા. કુરૈશ અને કિનાનહએ નોખાં-નોખાં જૂથો ઊભા કર્યા હતાં. જેમાં દરેક જૂથનો પોતાનો નોખો સેનાપતિ હતો. આ જંગમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ શામિલ થયા. આપે ફરમાવ્યું છે : "દુશ્મનો તરફથી આવનારાં તીરોને ઉપાડી-ઉપાડીને હું મારા કાકાઓને આપતો હતો."

ઇબ્ને ઇસ્હાક કહે છે : લડાઇ ચાલુ થઇ ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વીસ વરસના હતા. (એટલે જંગે-ફિજારના આરંભ વેળા આપ પંદર-સોળ વરસના હતા અને ચોથા જંગ વેળા આપ વીસ વરસના હતા.) આ જંગનું નામ ફિજાર એટલા માટે પડયું કે એમાં બંને પક્ષોએ - કિનાનહ અને કૈસ અયલાને, પોતાના બગડેલા સંબંધોમાં હરામ વાતોને પણ હલાલ બનાવી લીધી હતી. કુરૈશ અને કિનાનહનો સેનાપતિ હર્બ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ હતો. જંગના પહેલા ભાગમાં બનૂ કૈસ અયલાનનું પલ્લું નમતું રહ્યું હતું જ્યારે અંતના ભાગમાં બનૂ કિનાનહએ બનૂ કૈસ પર વિજય મેળવી લીધો.

ઇબ્ને હિશામ કહે છે : જંગે-ફિજારને લગતી જેટલી માહિતી મેં પીરસી છે તેના કરતાં વિશેષ માહિતી મેં આ જંગ વિષે મેળવેલી છે પરંતુ સીરતે-રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આલેખનમાં વિક્ષેપ પડવાની બીકે બાકીની માહિતી પીરસવાનું મેં માંડી વાળ્યું છે.

ગુજરાતી સંપાદકની નોંધ————અરબ ખંડમાં ઇસ્લામના આગમન પહેલાં એટલે જાહિલિયત-

---

૧. સીરતકારોની ચોખવટ મુજબ આથી પહેલાં ત્રણવાર જંગે-ફિજાર ખેલાઇ ચૂકી હતી. આ ચોથી લડાઇ જંગે-ફિજાર હતી, જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ભાગ લીધો. એમાં સક્રિય રીતે આપ કોઇની સાથે લડયા નહિ. માત્ર તીરો ઉપાડીને આપના કાકાઓને આપતા હતા અને કાકાઓના કહેવાથી આપ ત્યાં ગયા હતા. આ રીતે જાહિલિયતની લડાઇઓથી આપનો પાલવ પાક રહ્યો. "હ"

કાળમાં જેટલા યુધ્ધો ખેલાયાં એમાં હર્બુલ-ફિજારનો સંગ્રામ સૌથી વધુ ભીષણ અને સૌથી વધુ કરાળ લેખાય છે. એજ તે સૌથી પહેલું યુધ્ધ હતું જેમાં અલ્લાહના આખેરી પયગમ્બર અને પયગમ્બરોના શિરોમણિ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જાતે ખુદ ભાગ લીધો છે. આ કારણે આ યુધ્ધે અરબના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન મેળવી લીધું છે. અલ્લામા ઇબ્ને હિશામે સીરત-લેખનની રસધારા જળવાઈ રહે અને તેમાં વિક્ષેપ ન પડે તેટલા ખાતર એની વિગતો જતી કરીને ટૂંકાણમાં પતાવ્યું છે. પણ આ જંગની વિશેષતા કંઇક સંજોગોથી એનું વિવેચન કરવાની અમને પ્રેરણા આપે છે. એની વિગતો દિલચસ્પ હોવા ઉપરાંત જહાલત-કાળના જીવનની ઝાંખી પણ કરાવે છે. જગવિખ્યાત ઇતિહાસકાર અલ્લામા ઇબ્ને-અસીર જઝરી કૃત "તારીખુલ-કામિલ" પરથી એનો ટૂંકસાર અહીં રજૂ કરીએ છીએ :

આ યુધ્ધ હઝરત અબ્દુલ-મુત્તલિબની વફાતના ૧૨ વરસ પછી અને મક્કહ પર અસ્હાબે ફીલની ચઢાઈના ૧૫ થી ૨૦ વરસ પછી ખેલાવા પામ્યું. અને ચાર વરસ સુધી લગાતાર રહી રહીને ચાલુ રહ્યું. ખરૂં જોતાં જંગનું કારણ છેક નજીવું હતું.

બન્યું એમ કે બનૂ કિનાનહના કબીલામાં બર્રાદ બિન કૈસ નામે શખ્સ મોટો કુનહેગાર, ફરેબી અને શેખીખોર હતો. ધોકાબાજી, છેતરપિંડી અને છળકપટથી પોતાનો ઉલ્લૂ સીધો કરી લેવામાં પારંગત હતો. તેની આ ચાલબાજીઓથી કંટાળીને તેની કૌમે એટલે બનૂ કિનાનહના લોકોએ તેને વસતિમાંથી તગેડીને તેની સાથેના તમામ સંબંધો કાપી નાખ્યા હતા.

એ દિવસોમાં નુઅમાન બિન મુનઝિર ઇરાનના શહેનશાહ તરફથી ઇરાક અને હીરહ પ્રાંતના ગવર્નરપદની ગાદીએ બિરાજમાન હતો. બર્રાદ બિન કૈસ પોતાની કૌમથી હડધૂત થઇને પોતાની કુનેહબુધ્ધિને પ્રતાપે નુઅમાન બિન મુનઝિરના દરબારમાં પહોંચી ગયો. નુઅમાનનો નિયમ હતો કે અરબમાં "ઉકાઝ"નો [1] મશહૂર મેળો ભરાતો ત્યારે ઊંટો પર માલ લાદીને વેપાર અર્થે મેળામાં મોકલાવતો અને આ વેપારથી દર વરસે તે ખૂબ કમાણી કરી લેતો. વેપારી માલનો આ કાફલો "લતીમા" નામે ઓળખાતો.

તે વેળા અરબના ઉકાઝ, ઝિલ-મજાઝ અને મજિન્નાના સ્થળોએ ભરાતા ખ્યાતનામ મેળાઓની અરબ ઉપરાંત પરદેશોમાં પણ ધૂમ મચેલી હતી. આ મેળાઓ પ્રતિવરસે તેની તિથિએ ધામધૂમથી ભરાતા હતા. સહેલાણીઓ, મોજીલાઓ અને સોદાગરોના ટોળેટોળાં દેશદેશાવરથી ઊમટી આવતાં હતાં. મેળામાં જાતજાતના ખેલતમાશા અને રંગબેરંગી મનોરંજનના ભરચક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું. દેશ પરદેશના પહેલવાનો અને કુશ્તીબાજો આવતા. દાવપેચ અને અંગબળના અખાડા ગોઠવાતા. જાદૂગરો, સપેરાઓ, નટો અને મદારીઓ અલગ પોતાના તમાશા દેખાડતા. અરબભરના નામચીન શાઇરો, પંકાયેલા સાહિત્યકારો, અગન-ભાષી પ્રવકતાઓ અને ખ્યાતનામ કલાકારો આવતા. તેઓ વચ્ચે મુકાબલાના દંગલો જામતાં. મુશાઇરામાં શાઇરો પોતાની અનુપમ કાવ્યકૃતીઓ રજૂ કરીને પ્રેક્ષકોના મુખે વાહવાહની ખંડણી વસૂલ કરતા. અરબનો પ્રખ્યાત પ્રવચનકાર કુસ બિન સાઇદહ પોતાની આગઝરતી વાણીમાં પંકાયેલો હતો. ઊંટ પર સવાર થઇને તેની અંગારભરી વાણીના જયનાદોથી ગાજી રહેતું.

Maktabe Ashraf

---

૧. ઉકાઝ : તાઇફ અને નખ્લહ વચ્ચે આવેલા સ્થળનું નામ. અહીંની બજારમાં પ્રતિ વરસે અઝીમુશ્શાન મેળો ભરાતો અને ૨૦ દિવસ ચાલુ રહેતો. (બયાનુલ-લિસાન પ.. ૫૦૩) "હ"

દેશદેશાવરના સોદાગરો પોતાના લતીમા એટલે વેપારી માલથી લદાયેલાં ઊંટોનો કાફલો મેળાઓમાં લઇ આવતા અને ધૂમ કમાણી કરીને હરખાતા-મલકાતા પોતપોતાને વતન પાછા ફરતા. અરબમાં લૂંટફાટ, મારામારી અને ખૂનરેજીનું બજાર હર વખત ગરમ રહેતું હોવાથી આ મેળાઓ મુકદ્દસ મહિનાઓમાં ભરાતા જેમાં દરેક પ્રકારના લડાઇ ઝગડા કે મારામારીને તેઓ હરામ લેખતા હતા. આ કારણે દરેક સહેલાણી, દરેક સોદાગર પૂરી આઝાદી અને નચિંતાઇથી આ મેળાઓમાં ભાગ લઇ શકતો. જે કંઇ લડાઇ ઝગડા, ટંટા ફસાદ કે ખૂનરેજી થતી તે આ મેળાઓના વિસર્જન પછીના મહિનાઓમાં થતી.

ઉકાઝના મેળાનો પ્રસંગ આવ્યો ત્યારે હીરહના ગર્વનર નુઅમાન બિન્ મુનઝિરે ઊંટો પર માલ લાદીને લતીમા એટલે વેપારી કાફલો તૈયાર કર્યો. ભોગજોગે તે વેળા તેના દરબારમાં બર્રાદ બિન કૈસ અને ઉર્વતુર-રહહાલ બંને હાજર હતા. નુઅમાને કહ્યું, "કોણ બહાદુર છે જે મારા લતીમાને પોતાના જોખમે ઉકાઝના મેળામાં લઇ જાય ? હું તેની સેવાનું યોગ્ય મહેનતાણું આપીશ."

બર્રાદ બિન કૈસ ઊભો થઇ ગયો, "નામદાર ! એ કામગીરી માટે આપનો આ સેવક હાજર છે. હું મારી કૌમ બનૂ કિનાનહ તરફથી આપના લતીમાને મારા રક્ષણમાં હેમખેમ લઇ જવાની બાંહેધરી આપું છું. કોઇની મજાલ નથી કે આપના લતીમાને લૂંટી શકે કે વાંકી નજરે જોઇ લે !"

નુઅમાને કહ્યું, "પણ મને એવા બહાદુરની જરૂર છે જે બનૂ કિનાનહ અને બનૂ કૈસ બંને તરફથી સુરક્ષાની ગેરંટી આપી શકે."

ઉર્વતુર-રહહાલ દરબારમાં હાજર હતો. જુસ્સાથી ઊભો થઇ ગયો, "સરકાર ! એક કૂતરો કે જેની કૌમે તેને હદપૂત કરી દીધો હોય, તે કયા મોંએ પોતાની કૌમ તરફથી બાદશાહ સલામતને ગેરંટી આપી શકે? જહાંપનાહ ! આપ વિના ખટકે પોતાનો લતીમા મારે હવાલે કરી દો. હું મારી જાનના જોખમે એના રક્ષણની બાંહેધરી આપું છું."

એક કૂતરા જેવા ઝેરીલા શબ્દો સાંભળતાં જ બર્રાદ બિન કૈસના તનબદનમાં આગ લાગી ગઇ. તે પણ તેશમાં આવી ગયો અને શાહી દરબારના આદાબનું ભાન ભૂલીને બોલી ઊઠયો, "ખબરદાર હે ઉર્વહ ! જીભને કાબૂમાં રાખ. શાહી દરબારનું ભાન રાખ. મારી કૌમ તરફથી તને બાંયધરી આપવાનો કોઇ અધિકાર નથી."

તેટલા જ જુસ્સાથી ઉર્વહએ કહ્યું, "અરે તારી જ કૌમ તરફથી નહિ, અરબ અને અજમ, કાળા અને ધોળા દરેક તરફથી હું બાદશાહ સલામતને એમના કાફલાની સલામતીની ગેરંટી આપું છું. કોઇની મજાલ છે કે કાફલાને મેલી નજરે પણ જોઇ લે !"

બર્રાદ બિન કૈસને મુકાબલે ઉર્વહ-રહહાલે, અરબ-અજમ અને કાળા-ધોળા તરફથી લતીમાના રક્ષણની બાંયધરી આપેલી હોવાથી નુઅમાન બિન મુનઝિરે પોતાનો કાફલો તેને હવાલે કરી દીધો અને તે આ લતીમાને લઇને ઉકાઝના મેળા તરફ રવાના થઇ ગયો.

ભર દરબારમાં પોતાના આ હડહડતા અપમાનથી બર્રાદ બિન કૈસ બુરી તરહ છંછેડાઇ ગયો હતો. એજ વેળા તેણે મનમાં ગાંઠ વાળી લીધી કે અપમાનનું વેર વાળીને જ જંપીશ. એજ ઉશ્કેરાયેલી દશાએ તે કાફલાની કેડે પડી ગયો. ઉર્વહએ તેને જોયો પણ ખરો છતાં કંઇ પરવા નહિ કરી કે એ શું કરી લેવાનો ? તેણે પોતાનો પ્રવાસ ચાલુ રાખ્યો. જ્યારે કાફલો ઝી-તલાલની ભૂમિમાં પ્રવેશ્યો તો તૈમન સ્થળની ખીણમાં જઇને ઉર્વહએ

પડાવ નાખ્યો. થોડીવારે બર્રાદ બિન કૈસ પણ આવી લાગ્યો. તેણે ભાથામાંથી તીર કાઢ્યું અને કમાન સાથે જોડીને શુકન લેવા લાગ્યો. આ જોઈને ઉર્વહએ તેને પૂછ્યું, ''બર્રાદ ! તું આ કેવા શુકન લે છે અને કોના માટે ?''

''તારા ખૂન માટેના શુકન લઉં છું બોલ તું શું કહે છે ?''બર્રાદે બેપરવાઈથી કહ્યું.

''અરે એક વખત નહિ, સો વખત શુકન લઈ લે. તું મારૂં શું બગાડી લેવાનો ?'' ઉર્વહ બોલ્યો.

એજ પળે વીજળીની ગતિથી બર્રાદ બિન કૈસે મિયાનમાંથી તલવાર ખેંચી કાઢી અને ઉર્વહ સ્વસ્થ થાય તે પહેલાં ધડથી તેનું ડોકું છૂટું કરી દીધું. ઉર્વહને ખાકો-ખૂનમાં તરફડતો જોઈને ઊંટોના રખેવાળો ડરના માર્યા ત્યાંથી નાસી છૂટયા અને બર્રાદ ઊંટોનો કાફલો હંકારતો ખયબર તરફ ઊપડી ગયો.

બિશર બિન અબૂ હાઝિમ નામના બાતમીદારને મુખે જ્યારે ઉર્વતુર-રહહાલના ખૂનના સમાચાર તેની કૌમને મળ્યા તો અસદ બિન જવીન અને મસાદર બિન માલિક નામે બે જોશીલા જવાનો તેના ખૂનનું વેર લેવા તૈયાર થયા. બર્રાદ મળે કે તરત તેની ઉપર તૂટી પડવું તેવા નિર્ધારે, મળેલી બાતમી મુજબ તેઓ ખયબર તરફ ઊપડી ગયા. મુશ્કેલી આ હતી કે બર્રાદને બંને ઓળખતા ન હતા. ખયબર પહોંચીને સૌથી પહેલાં જે વ્યક્તિ સાથે એમનો ભેટો થયો એ બર્રાદ પોતે હતો. વાતવાતમાં તેને પૂછી લીધું કે બર્રાદ નામનો માણસ કોણ છે અને તે કયાં મળશે ?

બર્રાદે પૂછ્યું, ''ભલા એ માણસ સાથે તમારૂં શું કામ પડયું અને કેમ તેને મળવા માગો છો.?''

''તે અમારા માણસનું ખૂન કરીને આ તરફ ભાગી આવ્યો છે.''

મૂળ બાતમીની જાણ થતાં બર્રાદે પોતાની લાગણીઓ પર કાબૂ રાખીને તેઓની બહાદુરીના વખાણ કર્યા. ચીકણી વાતોથી તેઓનું મન રાજી કર્યું. વાતે વળગીને તેઓને પોતાના રહેઠાણે દોરી ગયો. ત્યાં તેઓની ખાણીપીણીનો બંદોબસ્ત કર્યો. તેઓના ઊંટોને બાંધીને ઘાસચારો નાખ્યો. અને તેઓનો વિશ્વાસ સંપાદન કરીને ઠાવકા મુખે બોલ્યો, ''જૂઓ ભાઈઓ ! તમારા એ ભગેડુ ખૂની બર્રાદને હું ઓળખું છું. તેના છુપા રહેઠાણની મને ખબર છે. એ બહુ ખતરનાક માણસ છે. પૂરી સાવચેતીથી કામ લેવાની જરૂર છે. આપણે બધાએ સાથે જવામાં ખતરો છે. પહેલાં તમારા બંનેમાંથી જે બહાદુર હોય તે મારી સાથે આવે. અને તેનું કામ તમામ કરે.''

બંને માંથી એક બહાદુર પોતાની તલવાર લઈને બર્રાદ સાથે ઊપડયો. તે એને ખયબરના નિર્જન વગડામાં લઈ ગયો. ત્યાં ઘાસફૂસનું એક ઝૂંપડું ઊભેલું હતું. તેની તરફ ઈશારો કરીને બોલ્યો, ''જુઓ તમારો ખૂની આ ઝૂપડામાં છુપી રીતે નિવાસ કરે છે. જરા થોભો. હું જોઈ આવું અત્યારે તે એમાં છે કે નહિ ?'' તે બિલ્લી પગે ઝૂપડાં તરફ ગયો અને તકઝાંક કરીને તેવી જ ચાલે આવીને કાનાફૂસીથી બોલ્યો, ''ખૂની અંદર સૂતેલો પડયો છે. જલ્દ તક ઝડપી લઈને તેનું કામ તમામ કરી આવો. હા જરાક થોભો, મને પોતાની તલવાર તો દેખાડો કે એ પાણીદાર છે કે નહિ? કદાચ અણીની પળે દગો આપી દે તો ?''

પેલો બહાદુર બોલ્યો, ''તલવાર પાણીદાર છે. એમાં કોઈ એબ નથી. લ્યો જાતે જોઈને ખાતરી કરી લો.'' જેવી જ તેણે તલવાર આપી કે એજ તલવારથી એણે આંખના પલકારામાં તેનું ડોકું કાપી નાખ્યું. પછી તેની લાશને વગડામાં વગે કરીને એ તેના સાથી પાસે ગયો અને બોલ્યો, ''ભાઈસાબ ! તમારો સાથી તો એક બુઝદિલ સાબિત થયો. હું તેને ખૂનીને રહેઠાણે લઈ ગયો જે ભરઊંઘમાં પડેલો હતો. મેં તેને કહ્યું, જો

Maktabe Ashraf

આ તક ફરીથી નહિ મળે, જા, અને તેનો ખાતમો બોલાવી દે ! તે જેવો જ ઘરમાં ગયો કે બીકનો માર્યો થથરી ઊઠ્યો. ખૂનીની દહેશત એવી છવાઇ કે ડરતો કાંપતો વગડામાં ભરાઇ ગયો. એના જેવો બાયલો મેં આજ સુધી જોયો નથી. હવે પૂરો આધાર તમારી બહાદુરી પર છે. ચાલો આવો મારી સાથે. ઊંઘમાં જ તેને ઝડપી લો.''

બર્રાદે એજ પ્રયુક્તિથી એને પણ એના સાથી પાસે પહોંચાડી દીધો. એ પછી તે ઊંટોને લઇને મક્કહ પહોંચી ગયો. તે વેળા કુરૈશ અને બીજા લોકો ઉકાઝના મેળામાં ગયા હતા. બર્રાદે એક માણસને દસ ઊંટો આપીને મેળામાં દોડાવી દીધો અને કુરૈશના સરદાર હર્બ બિન ઉમૈય્યહ તેમ બનૂ કિનાનહને કહેણ મોકલાવી કે, ''બર્રાદે ઉર્વતુર-રહ્હાલને મારી નાખ્યો છે માટે તેની કૌમ બનૂ કૈસથી સાવધ રહેજો!''

આ સંદેશો મળતાં હર્બ બિન ઉમૈયહએ કુરૈશના લોકોને ભેગા કરીને કહ્યું, ''બનૂ કૈસના લોકો આ ખૂનનું વેર જરૂર લેશે. માટે કુરૈશ અને કિનાનહના જેટલા લોકો મેળામાં હાજર હોય, બધા વિના વિલંબે કઅબહના હરમમાં જઇને આસરો લઇ લે કે જેથી ખૂનખરાબો ન થાય અને પવિત્ર મહિનાની માનમર્યાદા જળવાઇ રહે!''

આ નિર્ણય બાદ કુરૈશ અને કિનાનહના લોકો તત્કાળ એક સ્થળે ભેગા થઇ ગયા અને બધાએ પરેશાન દશામાં અસ્થિર ચિત્તે મક્કહ તરફ દોટ મૂકી દીધી. બીજી તરફ ઉર્વતુર-રહ્હાલના કબીલા બનૂ કૈસના લોકોને ઉર્વહની હત્યાના સમાચાર મળ્યા ન હતા. કુરૈશ અને કિનાનહને મેળામાંથી નાસતા જોઇને તેઓ તઅજ્જુબમાં પડી ગયા. બનૂ કૈસના સરદાર અબૂ બરાઅ આમિર બિન માલિકને, તપાસને અંતે મૂળ બનાવની જાણ થતાં બધા સન્નાટામાં આવી ગયા. પછી આ લોકો પણ હથિયારો સજીને તાબડતોડ તેઓની પૂઠે દોડ્યા અને કુરૈશ-કિનાનહ મક્કહ પહોંચે તે પહેલાં નખ્લહ સ્થળે તેઓને ઝડપી લઇને ઓચિંતા તેઓની ઉપર તૂટી પડ્યા અને કેટલાક માણસોને જોતજોતામાં રહેંસી નાખ્યા. બનૂ કૈસના લોકો ખૂબ ઉશ્કેરાયેલા હતા અને ગુસ્સાથી ગાંડાતૂર બનેલા હતા. કુરૈશ માટે આ ઓચિંતી આફતથી બચવાનો એ સિવાય બીજો રસ્તો ન હતો કે તેઓ કોઇ રીતે હરમમાં દાખલ થઇ જાય જ્યાં અરબ-જાહિલિય્યતના કરાર મુજબ ''હુરમતે-હરમ'' એટલે હરમના માન ખાતર કોઇ કોઇને કતલ કરી શકતો ન હતો.

કુરૈશ અને કિનાનહ મરણિયા થઇને પોતાનો બચાવ કરતા હતા અને છેવટે પણ લડતાભિડતા હરમમાં દાખલ થઇ ગયા ત્યારે લાચારીએ બનૂ કૈસે પણ લડાઇથી હાથ રોકી લેવા પડ્યા. પણ જતાં જતાં કહી ગયા કે ઉર્વહનું લોહી એળે નહિ જાય. જરૂર અમે વેર વાળીને જંપીશું. આવતા વરસે ફરીવાર મેળામાં જંગ જામશે!

બનૂ કૈસના લોકો આખું વરસ ઉર્વહનો વિલાપ કરીને લોહી ગરમ કરતા રહ્યા. માતમી ગીતો ગાઇને વેર માટે લોક-લાગણી ઉશ્કેરતા રહ્યા. સાથેસાથે ઘરેઘરમાં લડાઇની તૈયારી પણ જોરોશોરથી ચાલતી રહી. બીજી તરફ કુરૈશ અને કિનાનહ તેઓની આ તૈયારીથી ગાફિલ ન હતા. પોતે પણ મુકાબલાની તૈયારી કરતા રહ્યા. મોટા પ્રમાણમાં હથિયારો મંગાવીને લોકોમાં વહેંચતા રહ્યા. તે વેળા અબ્દુલ્લાહ બિન જુદ્આન મક્કહનો માનીતો સરદાર હતો. તેણે એક સો યોદ્ધાઓને પણ હથિયારો આપીને લડાઇ માટે તૈયાર રાખ્યા. બીજા કુરૈશી સરદારોએ પણ તેના અનુકરણમાં લોકોને લડાઇનો સરંજામ પૂરો પાડ્યો.

વરસ જોતજોતામાં પસાર થતાં નક્કી કરેલા સમયે બંને હરીફ પક્ષો ઉકાઝના મેદાને-જંગમાં પહોંચી ગયા. દરેક પક્ષના જુદા-જુદા જૂથોના અલગ અલગ સરદારો હતા. (ઇબ્ને-અસીરે આ સરદારોના નામોની

Maktabe Ashraf

ટીપ દર્શાવી છે.) બનૂ કૈસનો સરસેનાપતિ અબૂ બરાઅ આમિર બિન માલિક હતો. કુરૈશનો સરસેનાપતિ હર્બ બિન ઉમૈયહ (એટલે કુરૈશી સિપહસાલાર અબૂ સુફયાનનો બાપ અને હઝરત અમીર મુઆવિયાનો દાદો) હતો. અબ્દે મનાફના ખાનદાનમાં અત્યારે હર્બ બિન ઉમૈયહ સૌનો વડીલ અને વયમાં પણ સૌથી મોટો હતો. મેદાને-જંગમાં પહોંચીને હર્બ બિન ઉમૈયહએ અને દરેક જૂથના સરદારે પોતાને દોરડીથી જકડી લીધા. એના એવા અર્થ હતા કે તેના સૈનિકો લડાઈથી પૂઠ નહિ ફેરવે અને મરણિયા થઈને છેલ્લી પળ સુધી લડી લે. નતીજા રૂપે કાં મોત કાં જીત ! ત્યારે દરેક સૈનિકે સોગંદપૂર્વક તેવી પ્રતિજ્ઞા લીધી.

રણભૂમિમાં રણશિંગું ફૂંકાતા જ બંને સૈન્યો એકમેક સાથે ટકરાયાં. પ્રથમ હલ્લામાં જ બનૂ કૈસે કુરૈશ અને કિનાનહના ઘણા સૈનિકોનો સફાયો કરી નાખ્યો. એ જોઈને બનૂ ઝુહરહ અને બનૂ અદી ફરાસના કેટલાક સૈનિકો મેદાને-જંગથી ફરાર થઈ ગયા. આમ છતાં કુરૈશનો સરસેનાપતિ હર્બ બિન ઉમૈયહ અદ્દભુત વીરતાથી મેદાને-જંગમાં ઝઝૂમી રહ્યો અને સામે આવનારને તલવારનું પાણી બતાવતો રહ્યો. અબ્દે મનાફના સૈનિકો સાથે કુરૈશના બીજા સૈનિકો પણ પોતાને સ્થળે દ્રઢ રહીને બહાદુરીથી લડતા રહ્યા. સવારથી બપોર સુધી બનૂ કૈસનું પલ્લું નમતું રહ્યું. દેખીતી રીતે એમની જ જીત થાય તેવું લાગતું હતું. પરંતુ સૂરજ ઢળતાં જ લડાઈનું પાસું પલટાવા લાગ્યું. કુરૈશ અને કિનાનહએ નવા જુસ્સાથી હલ્લો કર્યો અને મરણિયા થઈને તલવારો વીંઝતા એકત્ર બળે દુશ્મનો પર તૂટી પડયા. મારોકાપોની બૂમરાણથી મેદાન ગાજી રહ્યું. તેઓએ બનૂ કૈસને ગાજરમૂળા પેઠે કાપવા માંડયા. આ ઓચિંતા હલ્લાથી બનૂ કૈસના છક્કા છૂટી ગયા. સૈનિકોની આંખમાં મોતના ઓળા પથરાઈ ગયા. મેદાને-જંગથી તેઓના પગ ઊખડી ગયા. જાન બચાવવા સૈનિકો અંધાધૂંધ નાસવા લાગ્યા આ ભાગદોડમાં બનૂ કૈસના ઘણા સૈનિકો માર્યા ગયા. તેઓના આ હાલહવાલ જોઈને માલિક બિન ઔફના કાકા અબૂ ઉબૈદને દયા આવી ગઈ. તેણે બુલંદ સ્વરે કહ્યું, "હે કુરૈશ ! હે બનૂ કિનાનહ ! આજે પોતાના ગજાં ઉપરાંત માણસોને તમે મારી નાખ્યા છે. મારા મનથી એ મોટા ખેદની વાત કહેવાય !"

અબ્દુલ્લાહ બિન જુદઆન બોલ્યો, "એમાં ખેદ કેવો ? શું તને ખબર નથી કે અમે લડવૈયાઓની કોમ છીએ ? મરવા-મારવામાં અને માથાં ધડથી છૂટાં કરવામાં પંકાયેલા છીએ."

આ સંગ્રામમાં બનૂ કૈસ સાથે કરારોથી જોડાયેલા બીજા કબીલાઓના લોકો પણ લડવા આવ્યા હતા. એમાંના સુબૈઅ બિન રબીઅહ નામે અગ્રેસરે જ્યારે જોયું કે બનૂ કૈસના સૈનિકો ભાગી રહ્યા છે તો તેણે કબીલાઓના નામ લઈલઈને તેઓને લલકાર્યા કે, "શું શિયાળવાં પેઠે દુમ દબાવીને ભાગી રહ્યા છો ! જવાંમર્દો પેઠે પાછા પલટો. સરધડની બાજી લગાવો. યાહોમ કરીને વિફરેલા સિંહ પેઠે શત્રુઓ પર તૂટી પડો. ફતેહ છે આગે !

તેની વીરહાકે બનૂ નસર, જુઅશમ, સઅદ બિન બક્ર, બનૂ ફહમ અને બનૂ અદવાનના જવાનોની નસોમાં શૌર્યનું નવું લોહી રેડી દીધું. બનૂ કૈસના નાસતા સૈનિકો પણ પલટી આવ્યા. સુબૈઅ બિન રબીઅહએ ફરીવાર ગર્જના કરી. "બહાદુરો ! આ તો આપણી આનનો સવાલ છે જેની આગળ જાનની કશી કિંમત નથી." આમ કહીને તેણે પોતાને દોરડીઓથી જકડી લીધો અને ભોંય પર આળોટીને બોલ્યો, "બહાદુરો ! આ પાર કે પેલી પારની તમે પ્રતિજ્ઞા નહિ લો તો હું આમ જ પડયો રહીશ કાં મરી જઈશ ! મરવાનું એક જ વાર છે તો બહાદુરીની મોતે કેમ નહિ મરવું ?"

તેની આ હાકલે જવાંમર્દોની નસોમાં નવચેતન પૂરી દીધું. એજ વેળા બધાએ મારવું કાં મરવું ની પ્રતિજ્ઞા

લીધી. લશ્કરની નવેસરથી ગોઠવણી કરી અને નારા ગજાવતા ભેગા બળે કુરૈશી સૈન્ય પર તૂટી પડ્યા. ધસારો એટલો પ્રચંડ હતો કે કુરૈશના જવાંમર્દો પણ અચરજ પામી ગયા. સવારથી લડતાં-લડતાં કુરૈશ અને કિનાનહ પણ થાકીને લોથપોથ થઇ ગયા હતા. વધુ વાર લડવાનું અને હલ્લો ખાળવાનું તેઓમાં વધુ બળ રહ્યું ન હતું. ત્યારે બંને પક્ષના મોવડીઓએ સમજબુધ્ધિથી કામ લઇને સુલહેની વાતચીત કરવાનું નક્કી કર્યું અને યુધ્ધ સંકેલાઇ ગયું. વાટાઘાટને અંતે બંને પક્ષ એવી શરતે સંમત થયા કે મરનારાઓની ગણતરી કરીને જેના માણસો વધારે માર્યા ગયા હોય તે સામા પક્ષ પાસેથી બાદબાકી મુજબ પ્રાણદંડ વસૂલ કરી લે.

આ ફેસલાના સંદર્ભમાં બાદબાકીથી માલૂમ પડયું કે કુરૈશે બનૂ કૈસના વીસ માણસો વધુ મારી નાખ્યા છે. તે વેળા કુરૈશ પાસે વીસ માણસોનો પ્રાણદંડ ચૂકવવા જેટલું ભંડોળ ન હતું. ત્યારે કુરૈશના સેનાપતિ હર્બ બિન ઉમૈયહએ પોતાના પુત્ર અબૂ સુફયાનને બનૂ કૈસ પાસે બાનમાં મૂકી દીધો અને કહ્યું, "દંડ ચૂકવીને અમે અમારા પુત્રને છોડાવી લઇશું." બીજા કબીલાના આગેવાનોએ પણ એમ જ કર્યું અને પોતાના પુત્રોને બનૂ કૈસ પાસે બાનમાં મૂકી દીધા.

આ ચુકાદા પછી પરસ્પર એવા કરાર થયા કે ભવિષ્યમાં બર્રાદ બિન કૈસ અને ઉર્વતુર-રહહાલના મામલા અંગે બંને પક્ષમાંથી કોઇ એકબીજાની છેડતી નહિ કરશે. એકમેકની લાગણી દુભાય તેવુ કોઇ પગલું નહિ ભરશે. અને ગઇગુજરી ભૂલી જઇને મેળમિલાપથી રહેશે. એ પછી બંને પક્ષો સુલેહસંપથી વિખૂટા પડીને પોતપોતાને રસ્તે પડયા અને જે અદાવત, જે કિન્નાખોરી, જે વેરભાવનો નાપાક છોડ તેઓના દિલોમાં ઊગી નીકળ્યો હતો, બંનેએ તેને પોતાના દિલોમાંથી ઉખેડીને ફગોટી દીધો.

આ લડાઇમાં કુરૈશ અને કિનાનહ હક પર હોવાથી અને કુરૈશની આંટનો સવાલ હોવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ એમાં ભાગ લીધો હતો. મગર આપે ન કોઇની સાથે ઝપાઝપી કીધી ન કોઇની ઉપર હાથ ઉગામ્યો. વળી એ મુશરિકો અને મૂર્તિપૂજકોનો નાપાક જંગ હતો. મૂર્તિપૂજાના ધર્મને આપ પૈદાઇશી રીતે ધિક્કારતા હતા. કેમકે સાધારણ બુધ્ધિનો માણસ પણ સમજી શકે છે કે પથ્થરના ભગવાનને અલ્લાહનો ભાગીદાર ઠેરવવો તે અલ્લાહ વહદહૂ લા-શરીક સાથે બંદાની, સૌથી મોટી ગદ્દારી કે સૌથી મોટી નમકહરામી ગણાય છે:

આ યુધ્ધમાં ઇબ્ને હિશામના કથન મજુબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ન કોઇની સાથે ઝપાઝપી કરી ન કોઇની ઉપર હાથ ઉગામ્યો. માત્ર દુશ્મન તરફથી આવનારાં તીરો ઉપાડી-ઉપાડીને પોતાના કાકાઓને આપતા હતા. અલ્લામા સુહૈલીએ એની વધુ ચોખવટ આ રીતે કરી છે :

> "આ સંગ્રામમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના કાકાઓ સાથે ભાગ લીધો. પણ આપે ન કોઇની સાથે ટક્કર લીધી ન બાથ ભીડી જો કે આપ કિશોર વય વટાવીને ભરજુવાનીમાં પૂગી ચૂકયા હતા. કારણ આ હતું કે એ "હર્બુલ-ફિજાર" હતી. એટલે એવા મહિનાઓમાં ખેલાયેલું યુધ્ધ જેમાં લડવું, મારવું કાપવું મુતલક હરામ કે મહાપાપ લેખાતું હતું. વળી બંને પક્ષે મુશરિકો અને મૂર્તિપૂજકો હતાં. મુસલમાનોને પોતાના દુશમનો સાથે લડાઇનો હુકમ, માત્ર એટલા ખાતર અલ્લાહ તરફથી આપવામાં આવ્યો કે જગતમાં એક અલ્લાહનો કલિમો બુલંદ થાય અને જગતવાસીઓના ઘરેઘરમાં

અલ્લાહ અને તેના રસૂલનું નામ ગાજતું થઈ જાય''

ઈસ્લામના આગમન પહેલા સંગ્રામોની સાંકળે અને ખૂનરેઝીઓની પરંપરાએ સેંકડો-હજારો ઘરો તબાહ કરી છોડયાં હતાં. હર્બુલ-ફિજારના વિસર્જન પછી કુરૈશને પણ ભાન થયું કે હાશિમ અને અબ્દુલ-મુત્તલિબના મરણ બાદ કુરૈશના સંગઠનનો પાયો હચમચી ગયો છે, જેના કારણે અરબના બીજા કબીલા મક્કહ પર રાજ કરવાના સોહામણા સપના જોઈ રહ્યા છે. જો કે આથી પહેલાં કોઈએ મક્કહ તરફ બુરી નજરે જોવાની પણ હિંમત કરી ન હોતી. કેમકે તેઓની આંખ સામે અસહાબુલ-ફીલની ઘટના સર્જાઇ ચૂકી હતી.

આ બધા કારણોને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા ઝુબૈર બિન અબ્દુલ-મુત્તલિબે મક્કહના કુરૈશી મહારથીઓની સામે મક્કહની શાંતિ અને સુરક્ષાને લગતા કરારનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને બધાએ એકમતે વધાવી લીધો અને તેને અમલીરૂપ આપવા બનૂ હાશિમ, બનૂ ઝુહરહ, બનૂ તૈમ વગેરે અબ્દુલ્લાહ બિન જુદઆનને મકાને ભેગા થયા. અને અલ્લાહને હાજરનાજર જાણીને એવા કરારના સોગંદ લીધા કે, દરેક મઝલૂમ, દરેક પિડિત, દરેક દુઃખીની વહારે ધાઇશું અને દરેક ઝાલિમ કે આક્રમણખોર પાસેથી બદલો લઈને જંપીશું. આ કરારને ''હિલ્ફુલ-ફુઝુલ'' કહે છે જેનું બયાન ઈબ્ને હિશામે આ પુસ્તકના પ્રકરણ ૨૪માં કર્યું છે. એજ તે કરારનામું છે જેના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પયગમ્બરી મળવા બાદ ફરમાવ્યું હતું:

> ''અબ્દુલ્લાહ બિન જુદઆનને મકાને જે કરારમાં મેં ભાગ લીધો હતો એના બદલામાં લાલ રંગના સો ઊંટો આપીને મને કહેવામાં આવતે કે તમે આ કરારથી હાથ ઉપાડી લો તોય હું હરગિઝ તેનો સ્વીકાર નહિ કરતે. આજે પણ આવા કરાર થાય અને તેમાં ભાગ લેવાનું મને આમંત્રણ મળે તો તેના સ્વીકારમાં હું પળનો પણ વિલંબ નહિ કરૂં !''

(મવલાના શેખ મુહંમદ ઈસ્માઈલ પાનીપત્તીના તરજુમાવાળી સીરતે-ઈબ્ને હિશામને આધારે.)

Maktabe Ashraf

પ્રકરણ ૩૧

હઝરત ખદીજહ સાથે નિકાહ

વેપાર અર્થે શામની સફર • ખ્રિસ્તી સંન્યાસીની આગાહી • નિકાહનું માગું • હઝરત ખદીજહની વંશાવળી • હઝરત ખદીજહ સાથે નિકાહ • નિકાહનો મહર • રસૂલુલ્લાહ (સલ.)ની અવલાદ • હઝરત ખદીજહ અને વરકહ બિન નવફલ • વરકહ બિન નવફલનો કસીદો.

વેપાર અર્થે શામની સફર————ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક ઉંમર ૨૫ વરસની થઇ તો આપે ખદીજહ બિન્તે ખુવૈલિદ નામે મક્કહના એક શરીફ્ઝાદી સાથે નિકાહ કરી લીધા.

બીબી ખદીજહની વંશાવળી આ પ્રમાણે છે : ખદીજહ બિન્તે ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુએય બિન ગાલિબ.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ખદીજહ સાથેના નિકાહનો આ મામલો એવા બનાવોમાંથી છે જેની રિવાયત અબૂ અમ્ર મદનીના હવાલાથી સંખ્યાબંધ ધર્મજ્ઞાનીઓએ મને સંભળાવી છે. બધાએ અબૂ અમ્ર મદનીની આ રિવાયતનું સમર્થન કરેલું છે અને તેમાં શંકાને લેશમાત્ર સ્થાન નથી.

ખદીજહ બિન્તે ખુવૈલિદ મક્કહના એક વખણાયેલા શરીફ્ઝાદી હતાં. બહુ ઊંચા કુળના એક સંસ્કારી અને સુશીલ ખાતૂન હતાં. મક્કહના મોટાં માલદાર અને વેપારી ખાતૂન તરીકે દૂર-દૂર સુધી એમની કીર્તિ પ્રસરેલી હતી. લોકોને પોતાનો માલ આપીને વેપારમાં લગાડી દેતાં હતાં. અને લોકો સાથે વેપારમાં ભાગીદારી પણ કરી લેતાં હતાં. ત્યારે ભાગીદારો માટેના માલમાં તેઓનો હિસ્સો નક્કી કરી દેતાં હતાં. એમ પણ કુરૈશના લોકો વ્યવસાયે વેપારીઓ કે સોદાગરો જ હતા.

ખદીજહ ખાતૂનને જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બેનમૂન સચ્ચાઇ, લાજવાબ પ્રમાણિકતા અને આપના ઊંચા સંસ્કારના અહવાલની જાણ થઇ તો પોતાના માણસ મારફતે કહેણ મોકલાવીને આપને પોતાના મકાને પધારવાની વિનંતી કરી. જયારે આપની પધરામણી થઇ તો ખદીજહ ખાતૂને દરખાસ્ત રૂપે કહ્યું, "હે મુહંમદ ! હું ચાહું છું કે આપ મારો વેપારનો માલ લઇને મારા ગુલામ મૈસરહ સાથે પરદેશનો પ્રવાસ ખેડો. જુઓ, બીજા વેપારીઓને મહેનતાણા તરીકે જેટલો માલ આપું છું તેના કરતાં આપને વધારે આપીશ."

ખ્રિસ્તી સન્યાસીની આગાહી————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીબી ખદીજહની દરખાસ્ત વધાવી લીધી અને તેમનો વેપારી માલ લઈને મક્કહના વેપારી કાફલા સાથે સીરિયા એટલે મુલ્કે-શામની સફરે રવાના થઈ ગયા. મૈસરહ નામે ખદીજહ ખાતૂનનો ગુલામ આપના સંગાથે હતો. ખદીજહએ આપની ખિદમત માટે તેને આપની સાથે કરી દીધો હતો. જ્યારે કાફલો મુલ્કે-શામની ભૂમિમાં દાખલ થયો તો કાફલાના લોકોએ એક અનુકૂળ સ્થળની પસંદગી કરીને ત્યાં પડાવ નાખી દીધો. આ સ્થળની બાજુમાં જ એક ખ્રિસ્તી સન્યાસીનું દેવળ આવેલું હતું. લોકો સતત પ્રવાસનો થાક ઉતારવા આરામ કરવા લાગ્યા. દેવળની બાજુમાં લાંબાંચોડાં ડાળખાંવાળું એક ઝાડ આવેલું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, એ ઝાડ હેઠળ જઈને આરામ ફરમાવવા લાગ્યા.

વેપારી કાફલાના પડાવનો અણસાર મળતાં ખ્રિસ્તી સંન્યાસીએ દેવળની બારીમાંથી બહાર જોયું તો અચાનક તેની નજર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરા પર પડી અને તે ચમકી ઊઠયો. થોડીક પળો માટે આપના નૂરાની ચેહરાને તે ધારીધારીને જોતો રહ્યો. પછી કંઈક વિચારીને દેવળમાંથી બહાર નીકળ્યો. ખદીજહ ખાતૂનનો ગુલામ મૈસરહ ઝાડ પાસે આપની તહેનાતમાં હાજર હતો. ખ્રિસ્તી મહાત્માએ તેને પૂછયું, "આ ઝાડના સાયા તળે વિસામો લેનાર જવાન કોણ છે ?"

"સાહેબ !" તેણે કહ્યું, "એ મક્કહના હરમમાં વસનારા કુરૈશ કબીલાના એક માનવંતા જવાન છે."

"સાંભળો, "ધર્માત્મા બોલ્યા, "અમારી આકાશી કિતાબ મુજબ આ ઝાડના સાયા હેઠળ અલ્લાહના પયગમ્બર સિવાય કોઈએ ઉતારો લીધો નથી. [1]

નિકાહનું માગું————સારાંશ કે કુરૈશ કબીલાના અમીરઝાદી ખદીજહ ખાતુનનો જે માલ લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વેપાર અર્થે મુલ્કે-શામ પધાર્યા હતા તેને, બહોળા નફે વેચીને બદલામાં એવો માલ ખરીદી લીધો જેની મક્કહમાં માંગ હોવાથી ત્યાં સારા નફે વેચી શકાતો હતો. વેપારનું કામ પતાવીને આપે મક્કહ તરફ પ્રસ્થાન કર્યું. બીબી ખદીજહનો ગુલામ મૈસરહ આપની તહેનાતમાં પડછાયા પેઠે હાજર જ હતો. તે જોતો હતો કે બપોરનો તાપ ધખી ઊઠતાં બે ફરિશ્તા પોતાની પાંખો પસારીને આપની ઉપર સાયો કરતા હતા અને આપ આરામથી ઊંટની કાઠી પર આરૂઢ થઈને પોતાની મંઝિલ કાપતા હતા. સીરિયાથી વેપારનો જે માલ આપ ખરીદી લાવ્યા હતા, ખદીજહ ખાતૂને મક્કહમાં તેને વેચીને લગભગ બમણો નફો મેળવી લીધો. મૈસરહએ પ્રવાસ દરમિયાન જે કંઈ જોયું અને અનુભવ્યું હતું, જેમકે ખ્રિસ્તી ધર્માત્માની મુલાકાત, તેણે આપના વિશે ઉચ્ચારેલી પેશીનગોઈ, બપોરના બળબળતા તાપમાં ફરિશ્તાઓનો સાયો વગેરે અજાયબીઓનો આંખે દેખ્યો અહવાલ હઝરત બીબી ખદીજહ આગળ વિગતથી દર્શાવી દીધો.

હઝરત ખદીજહ ખાતૂન બહુ ચંચળ-બુદ્ધિના, ઠરેલ તબીઅતના, મજબૂત મનોબળના ખાનદાની

---

૧. સીરતની બીજી કિતાબોમાં છે કે આ ખ્રિસ્તી સંન્યાસીનું નામ [illegible] હતું. તેનું [illegible] શહેરથી બહાર જંગલના એકાંત સ્થળે આવેલું હતું ત્યાં બેસીને તે જ્ઞાનધ્યાનમાં લીન રહેતો હતો. મૈસરહને તેણે એમ પણ કહ્યું કે ઈસા બિન મરયમ પછી કોઈએ આ ઝાડ હેઠળ ઉતારો લીધો નથી. ઝાડ સૂકું પાંદડાં વગરનું હતું. એમના આગમન વેળા લીલુંછમ બની ગયું. મને થયું કે આ તેજ પયગમ્બર લાગે છે જેની નિશાનીઓ અમારી આકાશી કિતાબમાં લખેલી છે. જેમાંની એક આ નિશાની છે કે પયગમ્બર સિવાય કોઈ આ ઝાડ હેઠળ ઉતારો લેવાનો નથી. ઝાડનું લીલુંછમ બની જવું અમારી કિતાબ મુજબ પયગમ્બરીની દલીલ છે. (સફવતુલ-મુસ્તફા જિ.૧ પા. ૭૪ [illegible] ફહમદે-મુજાબા જિ.૧ પા. ૧૦૬) "હ"

અમીરઝાદી હતાં. એ ઉપરાંત અલ્લાહ તઆલાની ઇચ્છા હતી કે પોતાના આખેરી પયગમ્બરની પ્રતિષ્ઠાને પ્રતાપે, ખદીજહ ખાતૂનને પણ બંને જહાનમાં માનપાનની સરબુલંદીઓ બખ્શે જેથી તેણે, ખદીજહ ખાતૂનના નસીબમાં પોતાના આખેરી પયગમ્બરના પાક બેગમ બનવાના લેખ લખી દીધા હતા. એટલે જ મૈસરહનં મુખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પ્રવાસની અજાયબી ભરેલી, અજીબો-ગરીબ વાતો સાંભળીને ખદીજહ ખાતૂનના દિલમાં આપના પ્રત્યે આકર્ષણ જાગ્યું અને પછી એજ આર્કષણે ખદીજહ ખાતૂનના દિલમાં પવિત્ર પ્રેમના અંકુરનું રૂપ લીધું અને છેવટના ફેસલા તરીકે તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સંદેશો પાઠવ્યો :

> ''હે મારા કાકાના બેટા ! આપ મારા સ્નેહીજન છો. આપણી વચ્ચે સગાઈનો સંબંધ પરંપરાથી ઊતરી આવે છે. કુરૈશી સમાજમાં આપની શરાફત, આપની અમાનતદારી, આપની સત્યશીલતા અને આપના બેનમૂન સંસ્કારની ઘેરેઘેર ચર્ચા ચાલે છે. આ કારણે મારૂં દિલ આપની તરફ આકર્ષાયું છે. હવે નિકાહના પવિત્ર બંધનથી આપની સાથે જોડાઇ જવાની મારી પ્રબળ ઇચ્છા છે. આશા રાખું છું કે મારી આ દરખાસ્તને આપ મંજૂર ફરમાવશો.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : તે સમયે મક્કહમાં કુરૈશ કબીલાના સ્ત્રી-સમાજમાં ખદીજહ બિન્તે ખુવૈલિદ, ખાનદાની શરાફતની રૂએ સહુથી ચઢિયાતાં અને તવંગરી કે માલદારીની રૂએ તમામ કુરૈશી બેગમોમાં સહુથી વધારે પૈસાપાત્ર હતાં. મક્કહના તાલેવંત અમીરો અને કુરૈશી સમાજના અગ્રેસરોમાંથી ઘણાખરા મક્કહની આ અમીરઝાદી સાથે શાદી કરી લેવાની તમન્ના ધરાવતા હતા. પરંતુ ખદીજહ ખાતૂન હતાં કે કોઇની દરખાસ્તને માન્ય રાખીને વધાવી લેવા તૈયાર ન હતાં.

હઝરત ખદીજહની વંશાવળી————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ખદીજહની વંશાવળી આ છે : ખદીજહ બિન્તે ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર.

હઝરત ખદીજહના માતાજીનું નામ ફાતિમહ બિન્તે ઝાઇદહ બિન અઅસમ બિન રવાહા બિન હજર બિન અબ્દ બિન મુઐસ બિન આમિર બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર હતું.

ફાતિમહના માતાજીનું નામ હાલહ બિન્તે અબ્દે-મનાફ બિન હારિસ બિન અમ્ર બિન મુનકઝ બિન અમ્ર બિન મુઐસ બિન આમિર બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર હતું.

હાલહના માતજીનું નામ કિલાબહ બિન્તે સઇદ બિન સઅદ બિન સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર હતું.

હઝરત ખદીજહ સાથે નિકાહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ખદીજહ ખાતૂને જ્યારે ઉપર મુજબનો સંદેશ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પાઠવ્યો તો આપે શાદીના મામલા અંગે પોતાના કાકાઓની સલાહ માગી. આપના કાકા હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ આપને પોતાની સાથે લઇને ખદીજહ ખાતૂનના પિતા ખુવૈલિદ બિન અસદ પાસે ગયા. તેમની સાથે લગ્ન સંબંધી વાતચીત કરી અને તેમની મંજૂરી મળતાં ખદીજહ ખાતૂન સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહ થઇ ગયા.

Maktabe Ashraf

સંપાદકની નોંધ————નિકાહને લગતી બીજી રિવાયત ઇબ્ને સઅદની છે જે તમાગે ખદીજહ ખાતૂનની સાહેલી નુફૈસહ બિન્તે મુન્યહને મુખે ટાંકી છે.

નુફૈસહ કહે છે : "ખદીજહએ નિકાહની ઇચ્છા જાહેર કરવા પહેલાં મને આપની પાસે મોકલાવી કે જેથી આપની શું મરજી છે તે જાણી લેવામાં આવે. મેં કહ્યું,

"હે મુહંમદ ! આપ શાદી કેમ નથી કરી લેતા ?"

ફરમાવ્યું, "મારી પાસે છે શું કે શાદી કરી લઉં ?"

મેં કહ્યું, "એનો બંદોબસ્ત થઇ ગયો છે. આપને એવા ખાનદાનમાંથી શાદીનું આમંત્રણ આપવામાં આવે છે, જ્યાં માલ પણ છે અને જમાલ પણ છે. શરાફત પણ છે અને લાયકાત પણ છે. શું આપ એને મંજૂર ફરમાવશો?"

ફરમાવ્યું, "તે કોણ છે ?"

મેં કહ્યું, "ખદીજહ."

ફરમાવ્યું, "મારી શાદી અને તે પણ ખદીજહ સાથે ?"

મેં કહ્યું, "એ મામલો મુજ પર છોડી દો."

ફરમાવ્યું," એમજ હોય તો મને વાંધો નથી." (સીરતે-સરવરે-આલમ જિ.૨ પાન. ૧૧૩)

બીબી ખદીજહનો વંશવેલો પાંચમી પેઢીએ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વંશવેલા સાથે મળી જાય છે. નિકાહ વેળા બીબી ખદીજહ બેવહ હતાં. બે ખાવિન્દો ગુજરી ગયા હતા. ૪૦ વરસની ઉંમરે પણ બેહદ ખૂબસૂરત, તંદુરસ્ત અને જાજરમાન ખાતૂન હતાં. આખા મક્કહમાં "તાહિરહ"ના ઉપનામે પંકાયેલા હતાં. તાહિરહ એટલે તમામ ગંદકીઓ, બુરાઇઓ અને અખ્લાકી ઐબોથી પાકસાફ ઔરત.

બીબી ખદીજહના પિતાજી ખુવૈલિદ બિન અસદ, સીરતકારોની બહુમતી મુજબ જંગે-ફિજાર પહેલાં મૃત્યુ પામી ગયા હતા. નિકાહનું માગું બીબી ખદીજહના કાકાભાઇ વરકહ બિન નવફલે માન્ય રાખ્યું હતું. દુલ્હા પક્ષ તરફથી નિકાહનો ખુત્બો આપના કાકા અબૂ તાલિબે પઢયો હતો. દુલહન પક્ષથી વરકહ બિન નવફલે ખુત્બો પઢીને નિકાહની વિધિ કરી હતી. નિકાહ વેળા આપની ઉંમર ૨૫ વરસની હતી. વરકહ બિન નવફલ મૂર્તિપુજાનો ધર્મ ત્યાગીને ખ્રિસ્તી બની ગયા હતા અને આખેરી જમાનાના પયગમ્બરની પધરામણીની બેચેનીથી રાહ જોતા હતા. "હયુરણી"

નિકાહનો મહર————ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી નિકાહની મહર તરીકે ૨૦ જવાન ઊંટણીઓ આપવામાં આવી. મક્કહના કુરૈશમાં ખદીજહ ખાતૂન પ્રથમ મહિલા હતાં જેમની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહ થયા અને ખદીજહ ખાતૂન હયાત રહ્યાં ત્યાં સુધી આપે બીજી કોઇ ખાતૂન સાથે નિકાહ નહિ કર્યા. અલ્લાહ તઆલા સદા એમનાથી રાજી રહો.

રસૂલુલ્લાહ (સલ.)ની અવલાદ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પુત્ર ઇબ્રાહીમ સિવાય આપના બધાં સંતાનો ખદીજહ ખાતૂનથી થયાં. ત્રણ પુત્રો પૈદા થયા જેમના નામ કાસિમ, તૈયબ અને તાહિર હતાં. કાસિમના નામ પરથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું અબુલ કાસિમ ઉપનામ થયું. ખદીજહ ખાતૂનથી ચાર પુત્રીઓનો જન્મ થયો : ઝૈનબ, રુકૈયહ, ઉમ્મે-કુલસૂમ અને ફાતિમહ. અલ્લાહ એ સહુથી સદા રાજી રહો !

અને ફાતિમહ. અલ્લાહ એ સહુથી સદા રાજી રહો !

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરઝંદોમાં કાસિમ સૌથી મોટા હતા. એમના બાદ તૈયિબ અને પછી તાહિર અને સાહબઝાદીઓમાં રૂકૈયહ બધાથી મોટા હતાં. એમના બાદ ઝૈનબ અને પછી ઉમ્મે-કુલસૂમ અને ફાતિમહ સૌથી નાનાં હતા. એ દરેકથી સદા અલ્લાહ રાજી રહો !

ઇબ્ને ઈસ્હાક કહે છે : કાસિમ, તૈયિબ અને તાહિર તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળવા પહેલાં વફાત પામી ગયા. સાહબઝાદીઓમાં ચારે સુપુત્રીઓ ઈસ્લામના ઉદય વેળા હયાત હતાં. દરેકે ઈસ્લામ કબૂલ કર્યો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મદીનહની હિજરત કરી.

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સુપુત્ર ઇબ્રાહીમના અમ્માંજીનું નામ મારિયહ કિબતિયહ હતું. એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હરમ હતાં. મિસરના મકવ-કિસ બાદશાહે એમને હદિયા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં અર્પણ કર્યા હતાં.

ખદીજહ ખાતૂન અને વરકહ બિન નવફલ---------ઇબ્ને ઈસ્હાક કહે છે : ખદીજહ ખાતૂને પોતાના ગુલામ મૈસરહના મુખે સાંભળેલી વાતોનું વર્ણન વરકહ બિન નવફલ આગળ કર્યું હતું. તેઓખદીજહ ખાતૂનના પિતરાઈ થતા હતા અને મૂર્તિપૂજાનો ધર્મ ત્યાગીને ખ્રિસ્તી બની ગયા હતા. લાંબા સમયથી આકાશી કિતાબોના સંશોધન અને અભ્યાસમાં લાગેલા હતા. લોકવાયકા મુજબ મૈસરહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લગતી જેટલી વાતો વર્ણવી હતી એનું સંપૂર્ણ જ્ઞાન તેઓ આકાશી કિતાબો મારફતે અગાઉથી જ ધરાવતા હતા. ખદીજહની વાતો સાંભળીને વરકહએ કહ્યું :

> ''હે ખદીજહ ! મૈસરહએ દર્શાવેલી વાતો સાચી હોય તો મુહંમદ આ ઉમ્મતના નબી અવશ્ય બનશે. હું જાણું છું કે આખેરી જમાનામાં જગતના લોકો માટે એક પયગમ્બરની પધરામણી થવાની છે. જગતના જાણકાર લોકો તેના જ ઈન્તેઝારમાં છે. અને હવે એ પયગમ્બરની પધરામણીનો સમય પાકી ગયો છે. તેઓ કયારે પધારે એજ જોવાનું રહ્યું. હું તો બહુ આતુરતાથી તેમની પધરામણીની રાહ જોઈ રહ્યો છું.''

રાવીનું કથન છે કે વરકહ બિન નવફલ આ મામલા અંગે કહ્યા કરતા કે, ''એ પયગમ્બરના આગમનમાં મોડું થઈ ગયું છે અને એમ પણ કહેતા કે, આખર કયાં સુધી ઇન્તેઝાર કરવામાં આવે !''

વરકહ બિન નવફલનો કસીદો

(નોટ : વરકહ બિન નવફલે એજ ઈન્તેઝાર અને એજ અધીરાઈની લાગણીઓથી પ્રેરાઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં ૧૩ શેઅરોનું પ્રશંસા-કાવ્ય રચેલું છે જે આ પ્રમાણે છે.)

લિ-જજ્તુ વ કુન્તુ ફિઝ-ઝિકરી લજૂજન • લિ હમ્મ તાલમા બઅસન - નશીજા.

મેં એક મહત્વના બનાવનો ઘણોબધો ઈન્તેઝાર કર્યો જેણે---------ગળે ડૂમો ભરાય આવે તેટલું રડીરડીને-થાકીપાકીને બેસી જનારને પણ સફાળો બેઠો કરી દીધો છે. સાચું તો આ છે કે હું બાધવચનો અને

નસીહતો સાંભળવાનો હંમેશાથી ઉત્સુક જ રહ્યો છું.

વ વસફિમ મિન ખદીજત બઅદ વસફિન • ફ-કદ તાલ -તિઝારી યા ખદીજા !

ખદીજહને મુખે એક પછી એક તેમના વખાણ સાંભળ્યા તો હે ખદીજહ ! મારો ઈન્તેઝાર બહુ લાંબો થઈ ગયો છે.

બિ-બતનિલ - મક્ક-તૈનિ અલા રજાઈ • હદીસકિ અન અરા મિન્હુ ખુરૂજા.

હે ખદીજહ ! હું સમજું છું અને આશા રાખું છું કે તારી વાતની જાહેરાત, મક્કહના ઊંચા અને નીચા બંને ભાગોની વચ્ચે થશે.

બિમા ખબ્બર - તિના મિન કવલિ કસ-સિન • મિનર - રુહબાનિ અક-રહુ અન અજૂજા.

મને આ વાત પસંદ નથી કે તેં જે વાતના મને સમાચાર આપ્યા છે તે વાંકા કે ખોટા ઠરી જાય!

બિ અન્ન મુહમ-મદન સયસૂદુ ફીના • વ યખ-સિમુ મંય - યકૂનુ લહૂ હજીજા.

તો મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ) અમારામાં બહુ જલદી સરદાર બની જશે અને તેમનો પક્ષ લઈને જે માણસ કોઈની સાથે ચર્ચા-વિવાદ કરશે તેજ વર્ચસશાળી બની જશે.

વ યઝહરુ-ફિલ- બિલાદિ ઝિયાઉ - નૂરિન • યુકીમુ બિહિલ - બરીય - યત અન - તમૂજા.

અને અરબના તમામ શહેરોમાં એ નૂરનો પ્રકાશ રેલાય જશે અને જગતના તમામ લોકોને સીધા રસ્તે દોરશે અને વેર-ઝેર થવાથી તેઓને બચાવી લેશે.

ફ-યલકય મિંય - યુહા - રિબુહૂ ખસારન • વ - યલકંય મિંય - યુસા - લિમુહૂ ફુલૂજા.

એ પછી જે કોઈ આપની સાથે જંગ કરશે તે નુકસાન ઉઠાવશે અને જે આપની સાથે સમજૂતી કરશે તે ફતેહમંદ નીવડશે.

ફ-યા લયતી ઇઝા મા કાના ઝાકુમ • શહિદ-તુ વ કુન્તુ અકસર - હુમ વલૂજા.

કાશ ! હું પણ હાજર હોઉં જયારે કે તમારી સામે આ ઘટનાઓ સર્જાવા પામે ! અને કાશ ! તેમાં દાખલ થનારાઓમાં હું સૌથી વધારે ભાગ લેનારો બનું !

વલૂજન ફિલ-લઝી કરિહત કુરૈશુન • વ લવ અજજત બિ-મક્કતિ-હા અજીજા.

અને તેમના તે મઝહબમાં દાખલ થઈ જાઉં જેનાથી કુરૈશને નફરત હશે, ભલેને પોતાના મક્કહમાં તેઓ ચીખ-પુકાર કરતા રહે !

ઉરજ - જય બિલ-લઝી કરિહૂ જમીઅન • ઇલા ઝિલ-અરશિ ઇન સફલૂ ઉરૂજા.

જે વસ્તુથી કુરૈશને ચોક્કસ નફરત હશે એજ વસ્તુથી હું અર્શના માલિક (અલ્લાહ) પાસેથી સરફરાઝીનો આશાવાદી છું; જયારે કે તેઓ એટલે કુરૈશ ઝલીલો-ખુવાર હશે.

હલ અલ-મુસ-સફાલતિ ગયરુ કુફરિન • બિમંય-યખ્તારુ મન સમકલ - બુરૂજા.

જેણે બુલંદીને બુરૂજો માટે ચૂંટી લાધી છે તેના ઇન્કાર કે તિરસ્કાર સિવાય શું કોઈ બીજી નીચતા પણ

હોય શકે છે.[૧]

ફ-ઇય - યબ્કૂ વ અબ્કા તકુન ઉમૂરુન • યહજ-જુલ- કાફિરૂન લહા હજીજા.

અગર તેઓ પણ જીવતા રહે અને હું પણ જીવતો રહું તો તેઓ જોઇ લેશે કે, એવી-એવી ઘટનાઓ સર્જાવાની છે કે, કાફિરો તેના પર પોકેપોક રડશે અને આક્રંદ કરશે.

વ ઇન અહલિકા ફ-કુલ્લુ ફતન સાયલ્કી • મિનલ - અકદારિ મત-લફતન ખુરૂજા.

જો હું મરી જઉં તો (તઅજ્જુબ કેવો ?) દરેક જવાંમર્દ તકદીરના ફેસલા મુજબ મરણ પામીને આ જગતની કૂચ કરી જવાનો છે.

---

૧. આ શેઅરમાં બુરૂજ શબ્દ આવેલો છે જેના અર્થ અહીં સિતારા થાય છે. મતલબ આ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સચ્ચાઇની બુલંદી તે આકાશના સિતારા જેટલી બુલંદી છે. તેનો ઇન્કાર કે તિરસ્કાર કરવો તે મોટામાં મોટી નીચતા છે. "હ"

પ્રકરણ ૩૨

કઅબહના નવનિર્માણની કટોકટી

કઅબની નવરચના નું કારણ ● કઅબહના સાપનો અજીબો-ગરીબ કિસ્સો ● કઅબહ માટે હલાલ કમાણીનો ઉપયોગ ● કઅબહના બાંધકામની વહેંચણી ● વલીદ બિન મુગીરહનું સાહસ ● કઅબહના પાયામાંથી મળેલો શીલાલેખ ● હજરે-અસ્વદ વિષે પડેલી તકરાર ● રસૂલુલ્લાહ (સલ.)નો હિકમત ભરેલો ફેસલો ● કઅબહના ભોંયરામાં વસેલા સાપને લગતું કાવ્ય.

ખાનએ-કઅબહની નવરચનાનું કારણ——————ઇબ્ને ઈસહાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક વય ૩૫ વરસની થઇ તો કુરૈશના લોકો ખાનએ-કઅબહની નવરચનાના નિર્ણય પર સંમત થઇ ગયા. ઈમારત બહુ જૂની અને છપ્પર વગરની હતી. આ વેળા દીવારો પર છત ગોઠવી દેવાની તેમની યોજના હતી. પરંતુ ખાનએ-કઅબહને તોડવાથી બધા ડરતા હતા. કેમકે કઅબહ અલ્લાહનું ઘર હતું. કોણ મર્દબચ્ચો એને તોડવાની પહેલ કરે અને કોણ બહાદુર એનું સાહસ ખેડે તે એક ઉગ્ર સમસ્યા હતી. કઅબહની જૂની ભીંતો માનવ-કદથી કંઇક ઊંચી હતી. ભીંતોના અંતર રૂપે પથ્થર પર પથ્થર ગોઠવેલા હતા. કુરૈશ ચાહતા હતા કે ભીંતોને કંઇક ઊંચી પણ કરી દે અને તેને છતથી ઢાંકી પણ દે.

કઅબહના નવનિર્માણનો વિચાર કુરૈશના દિલમાં એટલા માટે પણ ઉદ્‌ભવ્યો કે અમુક માણસો કઅબહના ભોંયરામાં મૂકેલો કઅબહનો ખઝાનો ચોરી ગયા હતા. ચોરેલો ખઝાનો જે ચોરના ઘરમાંથી મળી આવ્યો તેનું નામ દુવૈક હતું. આ માણસ બનૂ મુલૈહ બિન અમ્ર ખુઝાઇનો આઝાદ કરેલો ગુલામ હતો. ઇબ્ને હિશામ કહે છે : મુદ્દામાલને આધારે કુરૈશની અદાલતે ચોરનો હાથ કાપી નાખવાનો હુકમ ફરમાવી દીધો. જો કે તેઓની માન્યતામાં ચોરો બીજા હતા જેઓએ ખઝાનો ચોરીને દુવૈકના ઘરમાં સંતાડી દીધો હતો. [૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : એજ દિવસોમાં એક રોમન સોદાગરના વહાણને સમુદ્રના ઝંઝાવાત અને તોફાની મોજાંઓએ જદ્દહના સમુદ્રકાંઠે ફંગોળી દીધું હતું. જેના કારણે વહાણના ભૂક્કા થઇ ગયા હતા. રોમન સોદાગર પાસેથી કઅબહની છતની બાંધણી માટે વહાણના પાટિયાં ખરીદી લેવામાં આવ્યાં. તે વેળા મક્કહમાં એક કિબ્તી સુથાર રહે હતો. તે લક્કડકામની કારીગરીમાં પારંગત હતા. કુરૈશે કઅબહની છત માટે એની સેવા મેળવ

૧. અલ્લામા ઇબ્ને-અસીરે લખ્યું છે : ચોરીની શંકા ખરું તો ત્રણ માણસો પર હતી. એમાંનો એક અબૂલહબ હતો. પણ મુદ્દામાલ દુવૈકના ઘરમાંથી મળ્યો હોવાથી શિક્ષા તેને આપવામાં આવી. (જિ.૨ પા. ૨૦-૨૮) "ઇ"

લીધી. આ રીતે કુરૈશની જરૂરતોની તમામ ચીજોનો બંદોબસ્ત થઇ ગયો.

કઅબહના સાપનો અજીબો-ગરીબ કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હવે એક અજીબો-ગરીબ કિસ્સો સાંભળો. ખાનએ-કઅબહના ભોંયરાની જે ખોલીમાં નઝરો-નિયાઝ કે ભેટ સોગાતની વસ્તુઓ રહેતી હતી ત્યાં એક સાપ મુદ્દતથી ધામો નાખીને પડ્યો-પાથર્યો રહેતો હતો. ઘણું કરીને ભોંયરામાંથી નીકળીને આ સાપ કઅબહની દીવારો પર અહીંતહીં ઘૂમતો રહેતો. બધા લોકો તેનાથી ખોફ ખાતા હતા. કોઈ તેની સમીપ જવાની હિંમત ન કરતું. અને જો કોઇ ભૂલેચૂકે ચાલ્યું જતું તો સાપ પોતાની ખોફનાક ફેણ લહેરાવીને જીભના લબકારા સાથે ફૂંફાડા મારવા લાગતો. તેના ફૂંફાડા સાંભળીને બધા લોકો ભયભિત થઇ જતા.

એક દિવસે અલ્લાહનું કરવું એવું થયું કે સાપ પોતાના નિયમ મુજબ કઅબહની દીવાર પર ગૂંચળું વળીને બેઠેલો હતો જાણે તડકો ખાતો હોય તેવામાં અલ્લાહ તઆલાએ એક વિકરાળ પક્ષી મોકલાવ્યું જે આ સાપને પોતાના પંજામાં દબોચીને અવકાશમાં ઊડી ગયું. આ આશ્ચર્યજનક ઘટના જોઇને કુરૈશે કહ્યું, "અલ્લાહ તઆલા આપણા આ કામથી રાજી લાગે છે એટલે જ તેણે આ બલાને અહીંથી દફે કરી છે. હવે આપણી પાસે બાંધણીનો માલ-સામાન મવજૂદ છે. એક નિષ્ણાત કારીગર છત માટે તૈયાર છે. નડતર જેવું કંઇ રહ્યું નથી ત્યારે આપણા વિચારને અમલમાં મૂકવાની આનાકાની કેવી અને વિલંબ શા માટે ? ચાલો, ઊઠો. કમર કસો !"

કઅબહ માટે હલાલ કમાણીનો ઉપયોગ————પછી તો ખાનએ-કઅબહની નવી બાંધણી માટે બધા ઉત્સાહમાં આવી ગયા અને કઅબહને તોડવાના નિર્ણય પર બધા એકમત થઇ ગયા અને એજ પળે અબૂ વહબ બિન અમ્ર બિન આઇઝ બિન અબ્દ બિન ઇમરાન બિન મખઝૂમ નામે હિંમતવાન ગૃહસ્થ પોતાની જગાએથી ઊભો થઇ ગયો.

ઇબ્ને હિશામ કહે છે : અબૂ વહબ બિન અમ્રે આગળ વધીને કઅબહની દીવારમાંથી એક પથ્થર ખેંચી કાઢ્યો પરંતુ સૌની અજાયબી વચ્ચે એ પથ્થર તેના હાથમાંથી ઊછળ્યો અને પોતે જ તેની અસલ જગાએ જઇને ગોઠવાઇ ગયો. ત્યારે અબૂ વહબે કહ્યું, "હે કુરૈશી સજ્જનો ! કઅબહની બાંધણીમાં હલાલની કમાણી સિવાય કોઇ વસ્તુનો ઉપયોગ ન કરો. વ્યાજનો પૈસો, વ્યભિચારનો પૈસો, જુગારનો પૈસો, ઝુલ્મનો પૈસો, ચોરી, તફડંચી કે હરામની કમાણીનો એકેય પૈસો એમાં વપરાવો ન જોઇએ !"

એક રિવાયત એવી છે કે, અબ્દુલ્લાહ બિન સફવાને એક વેળા એક યુવકને કઅબહનો તવાફ કરતાં જોઇને પૂછ્યું, "આ કોણ જવાન છે ?"લોકોએ કહ્યું, "એ જઅદહ બિન હુબૈરાનો છોકરો છે." આ સાંભળીને અબ્દુલ્લાહ બિન સફવાને કહ્યું, "એનો દાદો અબૂ વહબ બિન અમ્ર તે શખ્સ છે જેણે કઅબહની બાંધણી વેળા એક પથ્થર કઅબહની દીવારમાંથી ખેંચી કાઢ્યો હતો પણ પથ્થર તેના હાથમાંથી છટકીને તેની જગાએ પોતે જ ગોઠવાઇ ગયો હતો. ત્યારે તેણે ચેતવણી ઉચ્ચારી હતી કે, "એ કુરૈશ ! ખબરદાર કઅબહના બાંધકામમાં હલાલની કમાણી સિવાય વ્યાજ, જુગાર, ચોરી, છિનાળી, છેતરપિંડી કે હરામની કમાઇની પાઇનો પણ ઉપયોગ ન થવો જોઇએ !"

આ સત્યવાણી ઉચ્ચારનાર અબૂ વહબ બિન અમ્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પિતા હઝરત અબ્દુલ્લાહના મામા થતા હતા. જેઓ બહુ ઊંચા પાયાના શરીફ અને સંસ્કારી સજ્જન હતા. અરબના

શાઇરોએ એમની શાનમાં એમના સંસ્કારોને બિરદાવતા કસીદા પણ રચેલા છે. (અહીં ઇબ્ને હિશામે કેટલીક કાવ્ય-પંકિતઓ ટાંકેલી છે તે અમે જતી કરી છે.)

કઅબહના બાંધકામની વહેંચણી————કુરૈશે કઅબહના જુદા-જુદા વિભાગો પાડીને જુદા-જુદા કબીલાઓમાં તેના બાંધકામની વહેંચણી કરી દીધી હતી. દરવાજાને લગતી બાંધણીનું કામ બનૂ અબ્દે-મનાફ અને બનૂ ઝુહરહને સોંપવામાં આવ્યું. રૂકને-અસવદથી રૂકને-યમાની સુધીનો વિભાગ બનૂ મખઝૂમ અને તેની સાથે સંકળાયેલા કબીલાઓને ભાગે આવ્યો. કઅબહની પૂઠનો ભાગ બનૂ જુમહ અને બનૂ સહમને સોંપવામાં આવ્યો. આ લોકો અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુએયની અવલાદમાંથી હતા. કઅબહનો હિજ્ર એટલે હતીમ તરફનો હિસ્સો બનૂ અબ્દુદ-દાર બિન કુસૈય, બનૂ અસદ બિન ઉઝઝા બિન કુસૈય અને બનૂ અદી બિન કઅબ બિન લુએયને મળવા પામ્યો.

વલીદ બિન મુગીરહનું સાહસ————પરંતુ આ બધી વહેંચણી અને તૈયારી છતાં કઅબહને તોડવાની કોઇની હિંમત ચાલતી ન હતી. તેની પહેલ કરવાથી દરેક જણ ડરતો, કાંપતો અને અચકાતો હતો. એટલામાં વલીદ બિન મુગીરહ જૂની ઇમારત તોડવા તૈયાર થયો. તેણે કહ્યું, "હું કઅબહને તોડવાની પહેલ કરું છું." તેણે કોદાળી હાથમાં લીધી. તે આગળ વધ્યો અને કઅબહ પાસે જઇને દુઆ માગતાં બોલ્યો, "અલ્લાહુમ્મ લમ તુરઅ." એટલે હે અલ્લાહ ! તને કોઇ ભય નથી અથવા કોઇ તને ભયભિત કરી શકે નહિ. ૧

કેટલાકના કથન મુજબ તેણે "અલ્લાહુમ્મા લમ નઝિગ"કહ્યું એટલે હે અલ્લાહ ! અમે કાંઇ વાંકો રાહ લીધો નથી. અમારો તો ભલાઇનો જ ઇરાદો છે એટલે કોઇ બુરા વિચારે કઅબહને અમે તોડતા નથી. પછી તેણે બંને રૂકનો તરફનો અમુક ભાગ કોદાળીથી તોડવા માંડ્યો અને બીજા લોકો ત્યાં ઊભા ઊભા તમાશો જોતા રહ્યા. કોઇએ તેમાં ભાગ લેવાની હામ ભીડી નહિ. અમુક ભાગ તોડીને વલીદ અટકી ગયો ત્યારે કુરૈશ બોલ્યા, "આપણે રાતભર રાહ જોઇશું. અગર વલીદ પર કોઇ આફત ઊતરી તો કઅબહને તોડવાનું માંડી વાળીશું અને જેટલો ભાગ તૂટયો છે તેને સમારી લઇશું. પણ જો કોઇ આફત વલીદ પર નહિ ઊતરી તો સમજીશું કે અલ્લાહ આપણા આ કામથી રાજી છે. પછી બધા ભેગા મળીને આયોજન મુજબ કઅબહને તોડવાનું કામ આરંભી દઇશું."

જયારે સવાર પડી અને લોકોએ જોયું કે વલીદ બિન મુગીરહ હેમખેમ કે સહીસલામત છે અને કોઇ આફત, કોઇ સંકટ, કોઇ બલા તેની ઉપર નહિ ઊતરી અને ફરીવાર તે પોતાના કામમાં લાગેલો છે તો કુરૈશના લોકોને પણ હિંમત આવી ગઇ અને તેઓ મોકળા મનથી ઉત્સાહભેર કઅબહને તોડવામાં તેની સાથે જોડાઇ ગયા. પછી જયારે તેઓ કઅબહના ખોદકામમાં હઝરત ઇબ્રાહીમ (અલૈ.)એ ચણેલા પાયા સુધી પહોંચી ગયા તો ત્યાં ઊંટની કોહાન જેવા લીલા રંગના કેટલાક પથ્થરો તેઓના જોવામાં આવ્યા. આ પથ્થરો એકબીજા સાથે મજબૂતીથી વળગેલા હતા. (ઊંટની કોહાન એટલે ઊંટની ખૂંધ.)

કુરૈશના એક માણસે જયારે ઇબ્રાહીમી પાયાના બે પથ્થરોને એકબીજાથી અલગ પાડવા ઓજારનો પ્રહાર કર્યો તો તેના આઘાતથી એક મોટો ધડાકો થયો અને મક્કહની ધરતી ધ્રણધ્રણી ઊઠી. આ જોઇને કુરૈશના

૧. વલીદ બિન મુગીરહ મશહૂર સિપહસાલાર હઝરત ખાલિદ બિન વલીદનો બાપ હતો. મક્કહના અગ્રણીઓમાં સૌથી ઊંચુ સ્થાન ધરાવતો હતો. "હ"

Maktabe Ashraf

લોકો સમસમીને અટકી ગયા અને તેઓએ ઇબ્રાહીમી પાયાને ઉખાડવાનું માંડી વાળ્યું.[1]

કઅબહના પાયામાંથી મળેલો શીલાલેખ--------ઇબ્ને ઇસ્હાક કહે છે : મને એવી આધારભૂત માહિતી પણ મળી છે કે કુરૈશને કઅબહના રૂકન પાસેની દીવારના ખૂણામાંથી એક શિલાલેખ મળી આવ્યો જે સુરયાની લિપિમાં કોતરાયેલો હતો. કુરૈશના લોકો તેને વાંચી શકયા નહિ કે તેમાં શું લખેલું છે. છેવટે એક યહૂદી ધર્મગુરૂને બોલાવવામાં આવ્યો તેણે એ શિલાલેખનું લખાણ વાંચી સંભળાવ્યું. તેમા લખેલું હતું:

> "હું અલ્લાહ છું. હું મક્કહનો માલિક છું. મેં મક્કહનું તે દિવસે સર્જન કર્યું જ્યારે કે મેં ધરતી અને આકાશનું સર્જન કર્યું. મેં ચાંદ અને સૂરજનું સર્જન કર્યું, મેં કાયમ માટે સાત ફરિશ્તાઓ નિમાર્ણ કર્યા જેઓ મક્કહનું ત્યાં સુધી રક્ષણ કરતા રહેશે જ્યાં સુધી એના બંને પહાડો બાકી છે. મેં મક્કહવાસીઓ માટે મક્કહના પાણી અને દૂધમાં બરકત ભરી દીધી છે."

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને એવી સનદી માહિતી પણ મળી છે કે કુરૈશને "મકામે-ઇબ્રાહીમ" પાસેથી પણ એક શિલાલેખ મળ્યો હતો જેમાં લખેલું હતું કે : "આ કઅબહ અલ્લાહનું ઘર છે. રોઝી એના ત્રણ રસ્તેથી આવશે. મક્કહમાં રહેનારાઓને છાજે નહિ કે પોતે પહેલ કરીને કઅબહના અપમાનનું જોખમ ખેડે."

લૈસ બિન અબી સુલૈમ દાવાપુર્વક કહે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીના ૪૦ વરસ પૂર્વે કુરૈશને કઅબહમાંથી એક શિલાલેખ મળી આવ્યો હતો. તેમાં કંડારેલું હતું :

> "જે ઇન્સાન નેકીનું વાવેતર કરશે તે ઇર્ષાપાત્ર ઉલ્લાસ રૂપે તેનું ફળ મેળવશે. જે ઇન્સાન બદીનું વાવેતર કરશે તે પસ્તાવા રૂપે તેનું ફળ મેળવશે. શું તમે બદીનું બીજ રોપીને નેકીનું ફળ મેળવવાના આશાવાદી છો ? ના, આમ કદી બની શકે નહિ. બાવળના વૃક્ષથી દ્રાક્ષના ઝૂમખા તમે કદી તોડી નહિ શકો."

હજરે-અસ્વદ વિષે પડેલી તકરાર----------ઇબ્ને ઇસ્હાક કહે છે : ખાનએ-કઅબહના ખંડન પછી તેના મંડનનું કામ આરંભાયું. આયોજન મુજબ કુરૈશના વિવિધ કબીલાએ પથ્થરો ભેગા કરીને તેનું ચણતર શરૂ કર્યું. બાંધકામ જ્યારે હજરે-અસ્વદ સુધી પહોંચ્યું તો જન્નતમાંથી આવેલા આ કાળા પથ્થર એટલે હજરે-અસ્વદને તેના મૂળ ચોકઠામાં મઢી લેવા અંગે કબીલાઓમાં તકરાર પડી. દરેક કબીલો ચાહતો હતો કે હજરે-અસ્વદને તેના ચોકઠામાં મઢી લેવાનું માન પોતે ખાટી જાય. આ તકરારે આગળ વધીને ઉગ્ર રૂપ લીધું. પછી તો બધા કબીલા જૂથબંધી કરીને અલગ-અલગ ટોળીઓમાં વહેંચાઇ ગયા. દરેક ટોળીએ મરવા-મારવાના સોગંદ લીધા અને મામલો કાપાકાપી સુધી પહોંચી ગયો.

અબ્દુદ-દાર ખાનદાનના લોકો લોહીથી ભરેલો કટોરો લઇ આવ્યા. દરેકે લોહીમાં આંગળાં બોળીને લડાઇની પ્રતિજ્ઞા લીધી કે લોહીના છેલ્લા ટીપાં સુધી લડીશું પણ પીછેહઠ નહિ કરીશું. આ જૂથનું નામ "લઅ-કતુદ-દમ" પડી ગયું એટલે લોહી ચાટનાર ટોળી. સારાંશ કે કોકડું ગૂંચવાયું ને ગૂંચવાયું કે કટોકટી ભરેલી ચાર-પાંચ રાતો પસાર થઇ જવા છતાં તેનો ઉકેલ નહિ મળ્યો. છેવટે કુરૈશમાંથી ઠરેલ બુધ્ધિના મોવડીઓ કઅબહની મસ્જિદમાં

---

૧. કઅબહની બાંધણીમાં હલાલ કમાણીની શર્ત હોવાથી ભંડોળ ખૂટી પડયું તો કઅબહનો થોડોક ભાગ એમ જ છોડી દીધો અને તેની ફરતે દીવાર ચણી લેવામાં આવી. એ ભાગ આજે પણ એમ જ છે. ફોટામાં જોઇ શકાય છે.

Maktabe Ashraf

ભેગા થયા અને સમસ્યાના શાંતિભરેલા ઉકેલ માટે ચર્ચાવિચારણા કરીને ન્યાયનો રસ્તો લેવા સંમત થયા.

રસૂલુલ્લાહ (સલ.)નો હિકમત ભરેલો ફેસલો————અમુક રાવીઓના દાવા મુજબ એ દિવસોમાં અબૂ ઉમૈયહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ નામે ગૃહસ્થ કુરૈશના કબીલાઓમાંથી સૌથી મોટી વયનો અને સમજબુધ્ધિમાં લોકમાન્ય હતો. તેણે પોતાનો અભિપ્રાય દર્શાવતાં કહ્યું,

> "હે કુરૈશ ! તમે એક કામ કરો. કાલે પરોઢે જે શખ્સ કઅબહની મસ્જિદના દરવાજામાં સૌથી પહેલાં પ્રવેશે તેને લવાદ નીમો અને તે આ સમસ્યાના ઉકેલનો જે ફેસલો આપે તેને મંજૂર કરી લો."

બધાએ અબૂ ઉમૈયહનો આ પ્રસ્તાવ એકમતે વધાવી લીધો અને અલાહની કુદરત જુઓ કે પરોઢે સર્વપ્રથમ જે શખ્સ મસ્જિદના દરવાજા તરફ આવતો દેખાયો તે અલ્લાહના પ્યારા હબીબ હઝરત મુહંમદ સલ-લલ-લાહુ અલૈહિ વ સલ્લમ હતા. આપને જોતાં જ બધા પોકારી ઊઠયા, "હાઝલ-અમીન, રદીના! હાઝા મુહંમદ!" એટલે આ તો તે અમીન છે જે બધાના જાણીતા છે ! એ તો મુહંમદ છે ! એમના ફેસલા પર અમે રાજી છીએ ! લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તકરારની વિગતથી માહિતગાર કર્યા અને સમસ્યાના ઉકેલ માટે આપની લવાદીનો સ્વીકાર કરતાં અરજ કરી, "હે અમીન ! આપ જે ફેસલો આપશો તે અમને દિલોજાનથી મંજૂર છે."

ત્યારે આપે ફરમાવ્યું, "હે લોકો ! એક ચાદર મારી પાસે લાવો." લોકો ચાદર લઈ આવ્યા. આપે આગળ વધીને હજરે-અસ્વદને પોતાના મુબારક હાથોમાં ઉપાડયો અને તેને ચાદર પર મૂકીને પછી ફરમાવ્યું, "દરેક કબીલો ચાદરનો એક એક ખૂણો પકડી લે, બધા મળીને હજરે-અસ્વદને ઉપાડે, અને દીવાર પાસે લઈ આવે."જયારે કાળો પથ્થર ત્યાં પહોંચી ગયો જયાં તેને ગોઠવવાનો હતો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં પધાર્યા અને પોતાના મુબારક હાથોથી હજરે-અસ્વદને ચાદર પરથી ઉપાડીને તેના સ્થળે ગોઠવી દીધો.

આ રીતે આપસમાં પડેલી તકરારનો સુખદ અંત આવતાં કઅબહની તઅમીરનું અટકેલું કામ કુરૈશે ફરીવાર શરૂ કરી દીધું. એટલે જ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર વહી ઊતરવા પહેલાં એટલે આપને પયગમ્બરી મળવા પહેલાં કુરૈશના લોકો આપને "અમીન"ના હુલામણા નામે બોલાવતા હતા.

કઅબહના ભોંયરામાં વસેલા સાપને લગતું કાવ્ય————કઅબહના ભોંયરામાં ભરાયેલા સાપના ભયથી લોકો કઅબહની નવરચનાથી ગભરાતા હતા. તેને લગતું ૧૦ શેઅરોનું એક કાવ્ય રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા ઝુબૈર બિન અબ્દુલ-મુત્તલિબે રચેલું છે. તેના થોડાક શેઅરો આ રહ્યા :

અજીબ્તુ લિમા તસવ-વઅતિલ - ઉકાબુ • ઇલસ - સુઅબાનિ વહય લહઝ - તિરાબુ.

હું બેહદ નવાઈ પામી ગયો કે ગરૂડ સાપ તરફ કેમ ઊતરી આવ્યો ? જો કે સાપ તો ગરૂડને પાણી મુઝવી નાખનાર જાનવર છે.

વકદ કાનત યકૂનુ લહા કશીશુન • વ અહયા-નન યકૂનુ લહા વિસાબુ.

અને તેની કાંચળી માંથી કદી નો એક ખાસ પ્રકારનો સ્વર સંભળાતો હતો અને કદી તે ત્રાટકી પાણ પડતો

હતો.

ઇઝા કુમના ઇલત - તાસીસિ શદ્દતુ • તુહય - યબનલ બિનાએ વકદ તુહાબુ.

જ્યારે કઅબહના નવનિર્માણ માટે અમે ઊભા થયા તો સાપ અમને ડરાવવા માટે દોડતો હતો અને પોતે પણ ડરતો હતો.

ફલમ્મા અન ખશીનર-રજઝા જાઅત • ઉકાબુન તત-લઇબ્બુ લહા - ઉન-સિબાબુ.

પછી જ્યારે અમે તેના નુકસાન કે તકલીફ પહોંચાડવાથી ડરી ગયા તો એક ગરૂડ આવ્યો જે ખાસ તેના જ માટે ઊતરી આવ્યો હતો.

ફદમ - મત્હા ઇલિહા સુમ્મ ખલ્લત • લનલ-બુનયાન લયસા લહૂ હિજાબુ.

તેણે તેને પોતાની તરફ ખેંચી લીધો અને અમારા માટે કઅબહને ખાલી કરી દીધો કે જેથી તેની પાસે જવામાં કોઈ રોકટોક ન રહે.

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જમાનામાં ખાનએ-કઅબહની ઊંચાઈ અઢાર હાથ જેટલી હતી. તેની ઉપર સુતરાઉ કાપડનો ગિલાફ નાખવામાં આવતો હતો. પછી લોકો ધારીદાર કાપડના લાંબો ગિલાફ ચઢાવવા લાગ્યા. સૌથી પહેલાં જે ગૃહરથે દીબાજ એટલે રેશમી તાણાવાણાવાળા કાપડનો ગિલાફ કઅબહ પર ઓઢાડ્યો તે હજ્જાજ બિન યૂસુફ હતો.

પ્રકરણ ૩૩

કુરૈશમાં "હુમ્સ"ની પ્રથાનો આરંભ

કુરૈશે ઉપજાવી કાઢેલી હુમ્સની બિદઅત • હજ્જની અમુક ઇબ્રાહીમી ક્રિયાઓનો ત્યાગ • કુરૈશે ઉપજાવી કાઢેલી બીજી બિદઅતો • કુરૈશની બિદઅતોનું ઇસ્લામે કાઢેલું નિકંદન.

Maktabe Ashraf

કુરૈશે ઉપજાવી કાઢેલી "હુમ્સ"ની બિદઅત————ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહના કુરૈશે પોતાના ભેજાંમાંથી એક વિચિત્ર પ્રથા ઉપજાવી કાઢી અને તેનું નામ "હુમ્સ" રાખીને તેનો અમલ ચાલુ કરી દીધો. કુરૈશમાં આ વિચિત્ર પ્રથાનો આરંભ અસહાબે-ફીલની ઘટના પહેલાં થયો કે પછી તેની અલ્લાહને ખબર છે. એનું કારણ એમ બન્યું કે સમયના પ્રવાહની સાથે કુરૈશના મગજમાં એવી ધુમાડો ભરાઇ ગયો કે અમે અલ્લાહના પયગમ્બર હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની અવલાદ છીએ. અમે મક્કહના મૂળ વતની અને અલ્લાહના ઘર કઅબહના મુતવલ્લી છીએ. તેથી વાજબી રીતે અમે રાજવંશી હોવા ઉપરાંત અલ્લાહના પાડોશી કે અલ્લાહના કુટુંબીજનો છીએ. સારાયે અરબમાં અમારી તોલે પહોંચી શકે તેવું કોઇ નથી. વળી જે આબરૂ, જે પ્રતિષ્ઠા, જે માન અને જે અધિકારો અમે ભોગવીએ છીએ તેની સરખામણીએ અરબનું કોઇ ખાનદાન અમારી તોલે આવી શકતું નથી. અરબભરમાં અમે સૌથી ચઢિયાતા અને માન મરતબામાં સૌથી ઊંચા છીએ. એના સંદર્ભમાં એક વેળા તેઓ મંત્રણા માટે ભેગા મળ્યા અને તેમાં એવું ઠરાવ્યું કે :

- કુરૈશના લોકો માટે જરૂરી છે કે જેટલું માન તેઓ ખાનએ-કઅબહનું જાળવે છે, આજ પછી મક્કહ બહારના કોઇ ધર્મસ્થળનું તેટલું માન જાળવે નહિ."
- "કુરૈશના લોકો માટે જરૂરી છે કે તેઓ જેટલું મૂલ્ય પવિત્ર હરમનું આંકે છે આજ પછી મક્કહ બહારની કોઇ વસ્તુનું તેટલું મૂલ્ય આંકે નહિ."
- "અગર કુરૈશના લોકો મક્કહ બહારના તીર્થો, મંદિરો કે યાત્રાધામોનું કઅબહ જેટલું જ મૂલ્ય આંકવા લાગે તો આપણા કઅબહ અને મક્કહનું મૂલ્ય તેઓની નજરમાં તુચ્છ થઇ પડશે અને તેઓ કહેશે કે તમારા કઅબહ અને હરમની શી વિશેષતા છે કે તેને સવિશેષ માન આપવામાં આવે ?"

હજ્જની અમુક ઇબ્રાહીમી ક્રિયાઓનો ત્યાગ————કુરૈશની આ મૂર્ખામી ભરેલી મનોદશાના નતીજા રૂપે હજ્જના દિવસોમાં તેઓએ બીજા અરબ હાજીઓ સાથે અરફાતના મેદાનમાં

થોભવાનું [1] અને ત્યાંથી બધા હાજીઓ સાથે (મુઝ-દલિફહ તરફ) કૂચ કરવાનું છોડી દીધું. જો કે તેઓ અંતઃકરણથી માનતા જરૂર હતા કે આ ક્રિયા હજ્જનું એક અનિવાર્ય અંગ છે. અને એનો રિવાજ હઝરત ઇબ્રાહીમ (અલૈ.)થી પરંપરાગત ઊતરી આવેલો હોવાથી તેનો અમલ જરૂરી છે. આજ સુધી તેઓ પોતે પણ બીજા હાજીઓ પેઠે આ ક્રિયાનું ચુસ્તપણે પાલન કરતા રહ્યા હતા.

પરંતુ ભેજાંમાં તુમાખીનો ભૂત ભરાઇ જવાથી તેઓ આ રિવાજને છોડી બેઠા અને બીજા હાજીઓને કહી દીધું કે તમે જઇને અરફાતમાં કિયામ કરો. અમે તો હરમવાસી છીએ. અમારા માટે હરમમાંથી નીકળવાનું જરૂરી નથી અને અરફાતમાં થોભવાનું શોભારૂપ નથી. હરમથી બહારના સ્થળોને અમે હરમ જેટલું માન આપી શકીએ નહિ કેમકે અમે "હુમ્સ" છીએ અને હુમ્સ એટલે હરમ-નિવાસી. [2]

એ પછી કુરૈશે "હુમ્સ" ના અધિકારો એવા અરબોને પણ આપી દીધા જેઓ હરમની હદમાં વસતા હતા અથવા બહારથી આવીને કુરૈશની વસતિમાં પેદા થયા હતા. એમના માટે પણ તેજ વાતો હલાલ કે હરામ કરાવી દીધી જે કુરૈશ માટે હલાલ કે હરામ ગણાતી હતી. પછી બનૂ કિનાનહ, બનૂ ખુઝાઅહ અને બનૂ આમિર બિન સઅસઆ બિન હવાઝિન પણ આ વાતોમાં કુરૈશ સાથે શામિલ થઇ ગયા.

(નોટ :- અહીં અલ્લામા ઇબ્ને હિશામે કુરૈશની મનઘડત "હુમ્સ" નામે પ્રથાના ટેકામાં બે શાઇરોની કાવ્ય-પંકિતઓ ટાંકેલી છે જેનાથી વાત લંબાતાં જંગે-જબલા અને જંગે ઝી-નજબની લડાઇઓનું વર્ણન થયું છે. એનું બયાન બિનજરૂરી હોવાથી અમે એ લખાણ છોડી દીધું છે.)

કુરૈશે ઉપજાવી કાઢેલી બીજી બિદઅતો————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી કુરૈશે "હુમ્સ"ની આ લેભાગુ પ્રથાના સિલસિલામાં એવી-એવી બિદઅતો ઉપજાવી કાઢી જે તેઓના બાપદાદાના જીવનમાં ન હતી. દાખલા તરીકે :

- ————હુમ્સના લોકો પોતાના ખોરાકમાં પનીરનો ઉપયોગ ન કરી શકે.
- ————એહરામનો પોશાક પહેરેલો હોય તેવી હાલતમાં માખણને તાવીને ઘી નહિ બનાવી શકે.
- ————એહરામની હાલતમાં ઘી બનાવી લીધું હોય તો ખોરાકમાં તેનો ઉપયોગ ન કરે.
- ————કમલીથી તાણેલા તંબૂમાં રહી નહિ શકે.
- ————ચામડાના તંબૂ સિવાય બીજી કોઇ વસ્તુના સાયામાં પ્રવેશી નહિ શકે.

પછી તો કુરૈશે મનઘડત બિદઅતોના મામલામાં બે ડગલાં આગળ વધીને એવો વટહુકમ છોડયો કે :

- ————હજ્જ અને ઉમ્રહ માટે આવેલા પરદેશી હાજીઓ પોતાની સાથે બહારથી આણેલો ખોરાક હરમમાં

---

૧. અરફાત : મક્કહથી આસરે નવેક ગાઉ પર આવેલા એક મેદાન... નામ. અરફહના દિવસે એટલે ઝિલ-હજ્જની નવમી તારીખે હાજીઓ મક્કહથી નીકળીને અહીં કિયામ કરે છે. ઝુહર અને અસરની નમાઝ પઢે છે. ઇબાદત, તિલાવત અને દુઆમાં વ્યસ્ત રહે છે. અરફાતનો કિયામ હજ્જનો અનિવાર્ય રૂકન હોવાથી હાજીઓ માટે અહીં થોભવું જરૂરી છે. એ છૂટી જાય તો હજ્જ અદા નહિ થઇ શકે. કુરૈશના લોકો મોટાઇની તુમાખીમાં એને જ છોડી બેઠા. "હ"

૨. અરબી ભાષામાં "હુમ્સ"ના અર્થ બહાદુર, દિલેર, પ્રતિષ્ઠિત, સંસ્કારી સુધરેલા વગેરે થાય છે. વળી ધર્મના સિધ્ધાંતોનું ચુસ્ત રીતે પાલન કરનારને પણ હુમ્સ કહે છે. કુરૈશ, બનૂ કિનાનહ, બનૂ ખુઝાઅહ, બનૂ જુદૈલહ અને તેઓના અનુયાયીઓએ પણ ગર્વ તરીકે પોતાને બીજા અરબોથી નોખા પાડવા આ લકબ ગ્રહણ કરી લીધો હતો. "હ"

બેસીને જમી નહિ શકે.

• ————બહારથી લાવેલા પોશાકમાં કઅબહનો પહેલો તવાફ નહિ કરી શકે. માત્ર હરમની દુકાનેથી ખરીદેલા પોશાકમાંજ કઅબહનો તવાફ કરી શકાય.

• ————હુમ્સની દુકાનેથી નવો પોશાક ખરીદવાની ગુંજાઇશ ન ધરાવનાર વ્યકિતએ પહેરેલો પોશાક ઉતારીને નગ્ન દશામાં કઅબહનો તવાફ કરવો પડશે.

• ————બહારથી આવનાર કોઇ આબરૂદાર સ્ત્રી કે આબરૂદાર પુરૂષ હુમ્સનો પોશાક ન મેળવી શકે અને પોતાની આબરૂ ખાતર બહારના પોશાકમાં જ તવાફ કરી લે તો તવાફથી પરવારતાં જ એ પોશાક ઉતારી નાખે. ઉતારેલા આ પોશાકનો ન પોતે ઉપયોગ કરી શકે ન કોઇ બીજી વ્યકિત એનો ઉપયોગ કરી શકે, ન કોઇ વ્યકિત કદી તેનો સ્પર્શ કરી શકે. અરબના લોકો આવા પોશાકને "લકા"કહેતા હતા.

સારાંશ કે કુરૈશના લોકોએ, ઉપજાવી કાઢેલા આ કુરિવાજો, બિદઅતો અને કાયદાઓ અરબના તમામ લોકો પર પરાણે ઠોકી બેસાડયા અને અરબોએ પણ તેને માનીને તેનો અમલ કરવો પડયો. તેઓ અરફાતમાં કિયામ કરતા અને ત્યાંથી જ તવાફ માટે મક્કહ ચાલ્યા જતા. ગરીબ, નાદાર કે આર્થિક રીતે કમજોર સ્ત્રી-પુરૂષોએ નગ્ન દશામાં કઅબહનો તવાફ કરવો પડતો. કેટલીક સ્ત્રીઓ માત્ર એક કુર્તી પહેરીને તવાફ કરી લેતી. એવી જ એક સ્ત્રીએ અર્ધનગ્ન દશામાં તવાફ કરતી વેળા આ શેઅર લલકાર્યો:

અલ - યવમ યબ્દુ બઅદહૂ અવ કુલ્લહૂ • વમા બદા મિન્હુ ફલા ઉહિલ - લહૂ.

આજે એ "વસ્તુ" નો અમુક ભાગ યા પૂરો ભાગ બેપર્દા થઇ જશે તેમ છતાં એ "વસ્તુ"ના કોઇપણ ખુલ્લા ભાગનો લાભ લેવાની હું કોઇને પરવાનગી આપી શકતી નથી.

આ રીતે કુરૈશના અણછાજતા કે ધર્મવિરોધી કાયદાઓનું અરબના લોકોએ અનિચ્છાએ પાલન કરવું પડતું. મક્કહ બહારનો કોઇ હાજી પોતાના સ્વદેશી પોશાકમાં કઅબહનો તવાફ કરી લેતો તો તવાફ બાદ આ પોશાક તેણે ઉતારી નાખીને ફગોટી દેવો પડતો. પછી આ પોશાક બિલકુલ નકામો થઇ પડતો કેમકે કુરૈશે ઘડેલા કાયદા મુજબ કોઇ પણ માણસ એને પહેરી શકતો નહિ, બલકે તેનો સ્પર્શ સુધ્ધાં કરી શકતો નહિ. પરદેશથી આવેલો એક અરબ હાજી પોતાના એવા જ કિંમતી પોશાક પર ખેદના આંસુ સારતાં કહે છે :

કફા હઝનન કર્રી અલૈહા કઅન - નહા • લકન બયના અયદિત - તાઇફીન હરીમુ.

મારૂં, આ પોશાક પાસેથી વારંવાર પસાર થવું એનો ગમ ખાવા માટે પુરતું છે. જાણે કે એ તવાફ પછીનો ફગોટી દીધેલો પોશાક છે. મારો આ પોશાક તવાફ કરનારાઓની આંખ આગળ પડેલો છે. છતાં કોઇનો હાથ એને સ્પર્શી શકતો નથી.

શાઇરે ઉપરના શેઅરમાં "હરીમ" શબ્દનો પ્રયોગ કર્યો છે. જેના અર્થ એવી હરામ કરેલી વસ્તુ છે જેને હાથ પણ અડાડી નહિ શકાય. (બિચારો શાઇર વારંવાર પોશાક પાસેથી પસાર થઇને હસરતભરી નજરે તેને જોતો રહ્યો અને આટલો કિંમતી પોશાક કુરૈશની જોહુકમીથી બેકાર ગયો તેના ઉપર અફસોસના આંસું સારતો રહ્યો.)

કુરૈશની બિદઅતોનું નિકન્દન————સારાંશ કે અરબના લોકો કુરૈશે ઉપજાવી કાઢેલા હુમ્સના

કાનૂનની મિલ્કતનાં મળતર લાચાર હતા અને તેઓ નાગા થઈને કે અર્ધનગ્ન દશામાં હજ્જ કરવા પર મજબૂર હતા અને મુદ્દત સુધી તેઓ એજ પરંપરા પર કાયમ રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પયગમ્બર બનાવીને જગતમાં જાહેર કર્યા અને જ્યારે ઈસ્લામનો પાયો મજબૂત થઈ ગયો અને હજ્જના નીતિનિયમો નક્કી થયા તો અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર પર કુર્આનની આ આયત નાઝિલ કરી :

સુમ્મ અફીદૂ	ત્યારે ''તમે'' પણ ત્યાંથી જ કૂચ કરો
મિન હયસુ અફાદન-નાસ.	જ્યાંથી ''બીજા લોકો'' કૂચ કરે છે.
વસ્તગ - ફિરુલ્લાહ	અને અલ્લાહ પાસે માફી માગતા રહો
ઈન્નલ્લાહ ગફૂરુર-રહીમ.	બેશક અલ્લાહ મોટો ક્ષમાદાતા અને બેહદ દયાળુ છે.

અહીં ''તમે'' ના અર્થ કુરૈશ છે અને ''બીજા લોકો'' થી મતલબ અરબના તમામ લોકો છે જેઓ હજ્જ માટે આવે છે. એટલે જેવી રીતે અરબના બીજા હાજીઓ અરફાતથી કૂચ કરીને મક્કહ પહોંચે છે તેવી જ રીતે કુરૈશે પણ અરફાતથી કૂચ કરીને મક્કહ પહોંચવું જોઈએ. કુરૈશે તો હુમ્સની પ્રથા ઉપજાવી કાઢીને મોટાઈની તુમાખીમાં બીજા અરબ હાજીઓ સાથે અરફાતમાં જવાનું જ માંડી વાળ્યું હતું. અલ્લાહના આ હુકમ પછી હજ્જનું વરસ આવ્યું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બધા હાજીઓને લઈને અરફાતમાં પધાર્યા. આપે બધા હાજીઓ સાથે અરફાતમાં કિયામ કર્યો અને પછી ત્યાંથી જ બધા લોકોને લઈને તવાફ માટે મક્કહ પધાર્યા.

પોશાક અને ખાણીપીણીની ચીજોનો હુકમ————કુરૈશે હુમ્સના અભિમાનમાં બહારથી આણેલી ખાણીપીણીની વસ્તુઓ પર તથા બહારના હાજીઓના પરદેશી પોશાક પર પ્રતિબંધ મૂકીને કહી દીધું હતું કે એવો ખોરાક હરમમાં ખાવો હરામ છે અને એવો પોશાક પહેરીને કઅબહનો તવાફ કરવો હરામ છે. આ કારણે લોકો નાછૂટકે માદરઝાદ નાગા કે અર્ધનગ્ન થઈને તવાફ કરતા હતા. એના સંદર્ભમાં અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર પર આ આયતો નાઝિલ ફરમાવી :

યા બની આદમ	હે આદમની અવલાદ !
ખુઝૂ ઝીનત - કુમ	તમે પહેરી લો તમારી શોભાનો પોશાક
ઈન્દ કુલ્લિ મસ્જિદ.	દરેક મસ્જિદમાં જતી વેળા.
વ કુલૂ વશ-રિબૂ	અને ખાઓ અને પીવો
વલા તુસ-રિફૂ	અને ઈસરાફ એટલે ફુઝૂલ-ખર્ચી ન કરો
ઈન્નહુ-લાહ લા યુહિબ્બુલ	બેશક અલ્લાહ પસંદ નથી કરતો
મુસ-રિફીન.	ફુઝૂલ-ખર્ચી કરનારાઓને.

એટલે અલ્લાહ તઆલાની ઈબાદત વેળા તમારા બદન પર પોશાક હોવો જરૂરી છે. નગ્ન દશામાં અલ્લાહની ઈબાદત કરી શકાય નહિ. તમે જે પોશાક પહેરેલો છે એજ તમારી શોભાનો પોશાક છે. મક્કહની દુકાનેથી નવો પોશાક ખરીદવાની જરૂર નથી. તમે જે ખાવાની વસ્તુઓ લઈને આવ્યા છો તેને જ ખાયપીને અલ્લાહનો શુક્ર અદા કરો. એ અલ્લાહની નેઅમતો છે. અલ્લાહની નેઅમતોની કદર કરો. અલ્લાહની નેઅમતોને ફગોટી

Maktabe Ashraf

ન દો. ફગાવી દેશો તો એ ના-શુક્રી અને ફુઝૂલ-ખર્ચી છે. તમારી રોઝી તંગ થઈ જશે. તમે નહિ તો તમારી અવલાદ મુસીબતમાં આવી જશે.

એના પછીની આયતનો તરજુમો આ છે :

> ''હે નબી ! કહી દો એમને કે આ શોભાની વસ્તુઓને અને ખાવાપીવાની પાકસાફ વસ્તુઓને કોણે હરામ કરી છે ? (અલ્લાહ તઆલાએ તો હરામ નથી કરી. કુરૈશ એને હરામ કરનાર કોણ ?) આ વસ્તુઓ તો અલ્લાહએ પોતાના બંદાઓ માટે પૈદા કરેલી છે.''
>
> ''હે નબી ! કહી દો, અલ્લાહની નેઅમતો આ દુનિયાના જીવનમાં મુસલમાનો માટે છે અને કિયામતના દિવસે તો ફકત મુસલમાનો માટે જ હશે. આ રીતે અમે જ્ઞાનીઓ માટે પોતાના આદેશો વિગતથી બયાન કરીએ છીએ.''

તો અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પયગમ્બર બનાવીને ઈસ્લામ મારફતે, કુરૈશની હેંકડાઈ ભરેલી હુમ્સની પ્રથાનું અને તેઓએ ઘડી કાઢેલી બિદઅમતોનું અને બહારના હાજીઓ પ્રત્યે તેઓના અન્યાયી વર્તાવનું નિકન્દન કાઢી નાખ્યું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : જુબેર બિન મુત્ઈમનું બયાન છે કે હજ્જાતુલ-વદાઅમાં મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એવી હાલતમાં જોયા કે આપ પોતાના ઊંટ પર બેસીને બધા લોકોની સાથે પોતાની કૌમ વચ્ચે અરફાતના મેદાનમાં બિરાજેલા હતા. એ પછી અલ્લાહ તઆલાએ આપને જે હુકમ ફરમાવેલો હતો તે હુકમ મુજબ આપ અરફાતથી જ પોતાની કૌમને સાથે લઈને રવાના થયા. અલ્લાહની બેશુમાર રહમતો હો આપ પર અને આપની આલ પર !

Maktabe Ashraf

પ્રકરણ ૩૪

રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણીની બશારતો

અહબાર, રુહબાન અને કાહિનો • ખરતા તારા અને શયતાનો • જિન્નાતનો ઇસ્લામ સ્વીકાર • ખરતા તારા અને અમ્ર બિન ઉમૈયહ • ખરતા તારાની હકીકત • બનૂ સહમ કબીલાની કાહિનહ • જમ્બ કબીલાના સાધુ મહારાજ • હઝરત ઉમર અને એક કાહિન • કપાયેલા વાછરડાનો પોકાર.

Maktabe Ashraf

અહબાર, રુહબાન અને કાહિનો----------ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળવા પહેલાં યહૂદના અહબાર એટલે યહૂદી ધર્મના ધર્મગુરૂઓ તથા નસારાના "રુહબાન" એટલે ખ્રિસ્તી ધર્મના સંસાર-ત્યાગી સંન્યાસીઓ અને અરબોના કાહિનો એટલે મૂર્તિપૂજકોના સંતસાધુઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીની આગાહીઓ પોકારવા લાગ્યા હતા. કેમકે આપની પયગમ્બરી અને પધરામણીનો સમય પાકી ગયો હતો. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પાસે તો તેઓની આકાશી કિતાબો મવજૂદ હતી. આકાશી કિતાબોમાં આપની પધરામણીની પેશીનગોઇઓ દર્શાવેલી હતી. આપ ક્યારે પધારવાના છે, અને આપની જાતમાં કેવી કેવી ખૂબીઓ હશે અને તે કયો જમાનો હશે, અને તેની શું નિશાનીઓ હશે એ બધું આકાશી કિતાબોમાં સ્પષ્ટ રીતે દર્શાવેલું હતું. અને તેઓ પધારે ત્યારે તેમને વધાવી લઇને તેમની ઉપર ઈમાન લાવવાનું વચન પણ તેઓના પયગમ્બરોએ પોતપોતાની કૌમ પાસેથી લીધું હતું. આ બધી વાતોથી યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પૂરી રીતે માહિતગાર હતા. આકાશી કિતાબોની એજ માહિતીઓને આધારે યહૂદના અહબાર અને નસારાના રુહબાન સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પ્રગટ થવાની આગાહીઓ પોકારવા લાગ્યા હતા.

એથી વિરૂધ્ધ અરબના મૂર્તિપૂજકોના કાહિનો એટલે સંતસાધુઓ, પુરોહિતો, પંડિતો, જયોતિષીઓ, સાધુસંન્યાસીઓ વગેરે આ પ્રકારનો ગૈબી ઈલ્મ જિન્નાતમાંથી પેદા થતા શયતાનો મારફતે મેળવતા હતા. તેઓ જિન્નાતની કૌમના આ શયતાનો સાથે તંત્રમંત્રની વિદ્યાથી દોસ્તી ગાંઠીને આકાશની છુપી બાતમીઓનું જ્ઞાન મેળવી લેતા હતા, તે એવી રીતે કે જિન્નાતના આ શયતાનો ચોરીછૂપીથી દુનિયાના આકાશ સુધી પહોંચી જતા હતા. ત્યાં લપાતા છુપાતા આકાશના એક ખૂણામાં કાન માંડીને બેસી જતા હતા. એ પછી ફરિશ્તાઓની વાતચીતમાંથી જે કંઇ કાને પડતું તેને સાંભળી લઇને જાન બચાવવા ઉતાવળે ત્યાંથી ભાગી છૂટતા હતા. પછી જમીન પર આવીને પોતાના મિત્રોને એટલે કાહિનોને, ફરિશ્તાઓની વાતચીતમાંથી, સાંભળી લીધેલી વાતોના

સમાચાર આપી દેતા હતા. જેને સાંભળીને આ કાહિનો તેમાં મીઠું મરચું ભભરાવીને ગૈબી વર્તારા બહાર પાડતા હતા..

ખરતા તારા અને શયતાનો————ઈબ્ને ઈસ્હાક કહે છે : તે જમાનામાં શયતાનો કે જિન્નાત માટે આકાશ પર જઇને ત્યાંના સમાચારો લાવવા પર કોઇ ખાસ પ્રતિબંધ ન હતો અને ન તેઓને, શિહાબ એટલે ખરતા તારાઓના ચાબખાથી ફટકારીને આકાશી ખબરો લાવવાથી રોકવામાં આવતા હતા. અરબના લોકો "ઇલ્મે કહાનત" એટલે જંતર મંતર કે જાદૂઇ વિદ્યા પર મુકમ્મલ શ્રધ્ધા ધરાવતા હતા. તે વેળા કાહિનો, સાધુસંન્યાસીઓ, નજૂમીઓ, જોગી-જોગટણો વગેરે રસૂલુલ્લાહ સલ્લલ્લલાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીના ગૈબી વર્તારા બહાર પાડતા હતા. પણ અરબના લોકો મૂર્તિપૂજામાં ગળાડૂબ હોવાથી પયગમ્બરીના મામલાને સમજી શકતા ન હતા. અને પયગમ્બરીને લગતા ગૈબી વર્તારાઓને સાંભળ્યું ન સાંભળ્યું કરીને ઝાઝું મહત્વ આપતા ન હતા; ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પયગમ્બર બનાવીને દુનિયામાં જાહેર કરી દીધા અને જે વાતો માત્ર વર્તારા કે પેશીનગોઇ તરીકે ચર્ચાતી હતી તે હકીકત બનીને લોકોની આંખ સામે આવી ગઇ અને લોકોએ તેની સચ્ચાઇના સાક્ષાત દર્શન કરી લીધાં.

જયારે પયગમ્બરીનો સમય પાકી ગયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લલાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી ગઇ તો હવે જિન્નાતની કૌમના શયતાનો પર આકાશે જવાની અને આકાશી ખબરો સાંભળવાની પાબંદી લાગી ગઇ. આકાશના જે ખૂણેખાંચરે લપાઇને તેઓ આકાશી ખબરોની ચોરી કરતા હતા, તેમાં રૂકાવટ નાખી દેવામાં આવી. જયારેય કોઇ શયતાન આકાશે જવાની પેરવી કરતા કે તરત "શિહાબે-સાકિબ" એટલે ખરતા તારાનો ધગધગતો અંગારો તેની ખબર લઇ નાખતો.[૧] હવે જિન્નાત કે શયતાનોમાં આકાશી જગતની બાતમીઓ મેળવવાનું બળ રહ્યું નહિ. તેઓએ જાણી લીધું કે જમીન પર જરૂર અલ્લાહના હુકમથી કોઇ ઉથલપાથલ થવાની છે. અને નક્કી કોઇ ઇન્કેલાબ આવવાનો છે જેના કારણે આ પાબંદી અમારા પર લાગી ગઇ છે.

જિન્નાતનો ઇસ્લામ સ્વીકાર————પછી જયારે અલ્લાહ તઆલાએ પોતાના નબી મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બર બનાવીને જાહેર કર્યા તો જિન્નાતની આ હરકતો અને તેઓને આકાશી ખબરોની ચોરીથી અટકાવી દેવાના, અલ્લાહએ આપને સમાચાર આપ્યા અને એને લગતી કુઆનની આયતો નાઝિલ કરી અને જયારે તાઇફના સફરની એક નમાઝમાં આપ એ આયતો પઢી રહ્યા હતા, તો જિન્નાતની એક જમાઅત ત્યાંથી પસાર થવા લાગી. કુર્આનની આ આયતો સાંભળતાં જ તેઓ ચમકીને ઊભા રહી ગયા અને પછી કહેવા લાગ્યા, "બસ બસ એજ તે ઘટના છે જેના સબબે આપણને આકાશ પર જવાથી અટકાવી દેવામાં આવ્યા છે."

તે વેળા અલ્લાહ તઆલાએ જિન્નાતને લગતી આ આયતો નાઝિલ ફરમાવી: "કુલ ઊહિયા ઇલય્ય અન્નહુસ-તમઅ નફરુમ-મિનલ - જિન્ન'......તરજુમો :

> "કહી દો હે નબી ! કે મુજ પર વહી ઉતારવામાં આવી કે જિન્નાતના એક સમૂહે કુર્આનની આયતો સાંભળી લીધી તો પોતાની કૌમ પાસે જઇને તેઓ બોલ્યા કે, "અમે અજીબ

૧. સૂરએ-યાસીન પછીની સૂરએ-સાફફાતના પહેલા રૂકૂઅમાં આકાશે જનારા શયતાનોને તારાના અંગારાથી ફટકારવાનું વર્ણન થયેલું છે. "હ"

પ્રકારનું કુર્આન સાંભળ્યું છે. જે સીધો રસ્તો બતાવે છે જેથી અમે તેની ઉપર ઈમાન લઇ આવ્યા અને હવે અમે અમારા પાલનહાર સાથે કોઈને ભાગીદાર નહિ બનાવીશું અને બેશક અમારા પાલનહારની શાન બહુ ઊંચી છે તેણે ન કોઈને પોતાની બીબી બનાવી છે ન કોઈને પોતાની અવલાદ બનાવી છે. અને બેશક અમારામાંથી મૂરખ જણ અલ્લાહની શાનમાં અર્થહીન લવારો કર્યા કરતો હતો અને બેશક અમે તો એમ જ માનતા રહ્યા કે ઈન્સાન અને જિન્નાતમાંથી કોઇ પણ અલ્લાહ પર જૂઠા આક્ષેપો થોપશે નહિ. અને હકીકત એમ છે કે ઈન્સાનોમાંથી કેટલાક લોકો જિન્નાતની અમુક વ્યકિતઓનું રક્ષણ મેળવી લેતા હતા અને આ વાતે જિન્નાતની જહાલત, બંડખોરી અને આક્ષેપખોરીમાં ઓરબી વધારો કરી દીધો..... (અને આ જિન્નાત એમ પણ બોલ્યા કે) બેશક અમે આકાશને, ત્યાંની ખબરો જાણવા માટે તપાસી જોયું તો તેને કડક પહેરેગીરો તથા અંગારાઓથી ભરચક જોયું. આથી પહેલાં અમે ત્યાંના સમાચારો જાણવા આકાશના ઠેકાણાઓમાં ભરાઈ બેસતા હતા. ત્યારે હવે જે કોઇ ત્યાંની ખબરો જાણવા ઈચ્છે તો તે પોતાને માટે એક તૈયાર અંગારો જુએ છે. અને અમને ખબર નથી કે આ ફેરફારથી જમીનવાળાઓની બુરાઈનો ઈરાદો થયો છે કે પછી તેઓના પાલનહારે તેઓને સીધા રસ્તે લાવવાનો ઈરાદો કર્યો છે."[1]

આ કુર્આનની આયતો સાંભળીને જિન્નાત સમજી ગયા કે આકાશી ખબરો સાંભળવા પર પાબંદીનું મૂળ કારણ આ છે કે ચોરીછુપીથી સાંભળેલી વાતો કુર્આનની આયતો સાથે ભેળસેળ ન થઈ જાય અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર જે વહી ઊતરે છે તે એકદમ સ્વચ્છ અને નિર્ભેળ રહીને જમીનવાળાઓની શંકાઓનું સમાધાન કરતી રહે અને લોકો આકાશી દલીલ તરીકે તેનો ઈકરાર કરીને તેની ઉપર ઈમાન લાવતા રહે.

કુર્આનની આ ચમત્કારી વાણી જિન્નાતનું જિગર ભેદીને તેઓના અંતઃકરણમાં ઊતરી ગઈ. એજ વેળા તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. આપની સચ્ચાઈનો ઈકરાર કર્યો અને આપની પયગમ્બરી પર ઈમાન લાવીને ખરા દિલથી મુસલમાન બની ગયા અને ત્યાંથી રવાના થઈને પોતાની કૌમ પાસે ગયા અને બોલ્યા :

યા કવમના	હે અમારી કૌમ
ઈન્ના સમિઅના કિતાબન	અમે એક કિતાબ સાંભળી છે
ઉનઝિલ મિમ બઅદિ મૂસા	જે મૂસા પછી ઊતરેલી છે.
મુસદ-દિકલ-લિમા બૈન યદૈહિ	જે સમર્થન કરેછે આથી પહેલાની કિતાબોનું
યહદી ઈલલ-હકક	જે માર્ગદર્શન કરે છે સચ્ચાઈનું
વ ઈલા તરીકિમ-મુસ્તકીમ.	અને દોરવણી આપે છે સત્ય પંથની.[2]

આ આયતથી ઉપરની આયતમાં અલ્લાહનું આ કથન કે : "કેટલાક ઈન્સાનો અમુક જિન્નાતનું રક્ષણ મેળવી લેતા હતા તો તેઓની આ વાતે જિન્નાતની જહાલત, બંડખોરી અને આક્ષેપખોરીમાં ઓરબી વધારો

૧. સુરહ-જિન્ન પારહ ૨૯ આયત ૧-૧૦ ૨. ૨ત્તુલ-અહકાફ પારહ ૨૬ આયત ૨૯-૩૦

કરી દીધો.''

તો એની હકીકત એમ છે કે મક્કહના કુરૈશ તેમ અરબના બીજા લોકો વેપાર અર્થે કે બીજા કોઈ કામ માટે પ્રવાસે ઊપડતા અને રાતવાસા માટે જંગલ, બયાબાન કે પહાડની ખીણોમાં પડાવ નાખતા ત્યારે ઊંચા સાદે પોકાર પાડીને કહી દેતા કે, ''આજે રાતે આ જંગલમાં અમે અહીંના જિન્નાતના બાદશાહનો આસરો લઈએ છીએ કે જેથી તે અહીંની દરેક આફતથી અમારૂં રક્ષણ કરે !''[1]

ખરતા તારાઓ અને અમ્ર બિન ઉમૈયહ————ઈબ્ને ઈસ્હાક કહે છે : આગળ ઉપરની આયતમાં ખરતા તારાઓનો ઉલ્લેખ છે તો જયારે ખરતા તારાઓથી જિન્નાતને ફટકારવાનું શરૂ થયું તો ખરતા તારાઓના અંગારા જોઈને સૌથી પહેલાં જે લોકો ડરના માર્યા થથરી ઊઠ્યા તે તાઈફ શહેરના બનૂ સકીફ કબીલાના લોકો હતા. મામલાની તહકીક માટે તેઓ અમ્ર બિન ઉમૈયહ પાસે દોડી ગયા. આ ગ્રહસ્થ એજ કબીલાના બનૂ અલ્લાજ કુટુંબમાંથી હતો. બહુ શાણો, અનુભવી અને ઘડાયેલો પુરૂષ હતો. સમજશકિત અને બુધ્ધિબળમાં અરબભરમાં પંકાયેલો હતો. લોકોએ તેને પૂછ્યું, ''હે અમ્ર બિન ઉમૈયહ ! શું ખરતા તારા તમે પણ જોયા છે ?''

તે બોલ્યો, ''હા કેમ નહિ, પણ જરા થોભો અને જુઓ કે, આ ખરતા તારા તે છે જે પોતાની જગાએ સ્થિર રહીને ખુશ્કી અને તરીમાં પ્રવાસીઓનું માર્ગદર્શન કરે છે અને જેનાથી શિયાળા-ઉનાળાની ઓળખ મળે છે. અથવા તો શું એ ગતિમાન રહેનારા તારા છે ?

''અગર એ ખરતા તારા સ્થિર તારાઓ હોય તો સમજી લો કે કિયામત અને દુનિયાની તબાહીનો સમય આવી લાગ્યો છે પણ જો એ ગતિમાન તારાઓ હોય ત્યારે તો કોઈ નવી વાત અલ્લાહ તઆલાએ જમીનવાળાઓ માટે પસંદ કરી છે. પરંતુ એ નવી વાત શું છે તે અલ્લાહ બેહતર જાણે !''

ખરતા તારાની હકીકત————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસનું કથન છે કે એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કેટલાક અન્સાર સહાબાને પૂછ્યું ''આ ખરતા તારાઓ વિષે તમારૂં શું માનવું છે ?''

તેઓ બોલ્યા, ''યા રસૂલુલ્લાહ ! ખરતા તારા જોઈને અમે કહી દેતા કે કોઈ દેશનો બાદશાહ મરી ગયો છે અને હવે તેની ગાદીએ કોઈ નવો બાદશાહ બેઠો છે. અથવા કોઈને ત્યાં પુત્રનો જન્મ થયો છે કે કોઈનો પુત્ર મરી ગયો છે.''

ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''એવું કંઈ નથી. મૂળ વાત આ છે કે:

> ''અલ્લાહ તઆલા જયારે પોતાની મખ્લૂક વિષે કોઈ ફેસલો કરે છે તો અલ્લાહના અર્શને ઉપાડનારા ફરિશ્તા તેને સાંભળીને અલ્લાહના ગુણગાન લલકારે છે. આ ગુણગાન સાંભળીને સાતમા આકાશના ફરિશ્તા તેનું અનુકરણ કરે છે, જેને સાંભળીને છઠ્ઠા આકાશના ફરિશ્તા તેનું રટણ કરે છે. જેને સાંભળીને પાંચમા આકાશના ફરિશ્તા.....મતલબ કે અલ્લાહના ગુણગાનનું રટણ અર્શના ફરિશ્તાઓથી શરૂ થઈને દુનિયાના પહેલા આકાશના ફરિશ્તાઓ સુધી પહોંચે છે. ત્યારે દુનિયાના

૧. આથી પહેલા જિન્નાતની કૌમ ઇન્સાનોથી ડરતી હતી પણ જયારે જિન્નાતે જોયું કે ઇન્સાનની કૌમ અમારાથી ડરે છે તો તેઓ દિલર બની ગયા અને અભિમાની બનીને ઇન્સાનને માથે સવાર થઇ ગયા. ''ક''

ફરિશ્તા બીજા આકાશના ફરિશ્તાઓને સવાલ કરે છે, "અલ્લાહના આ ગુણગાનનું કારણ શું છે ?"

બીજા આકાશના ફરિશ્તા જવાબ આપે છે, "અમે તો ઉપરના આકાશના ફરિશ્તાઓથી આ ગુણગાન સાંભળ્યાં છે." ત્યારે આ સવાલ છેવટે અલ્લાહના અર્શને ઉપાડનારા ફરિશ્તાઓ સુધી પહોંચવા પામે છે. અને તેઓ એનો જવાબ આપે છે કે અલ્લાહ તઆલાએ પોતાની મખલૂક માટે ફલાણો હુકમ બહાર પાડયો છે જેના કારણે અમે અલ્લાહના ગુણગાન ગાયાં છે. આ જવાબ નીચે ઊતરતો છેલ્લે દુનિયાના આકાશના ફરિશ્તાઓ સુધી પહોંચે છે અને દુનિયાનું આકાશ તે છે જેની નીચેના ખુણાખાંચરાઓમાં જિન્નાતના શયતાનો આકાશી ખબરોની ચોરી માટે ચોરો પેઠે લપાયેલા-છુપાયેલા હોય છે. તેઓ ફરિશ્તાઓની વાતચીતમાંથી અમુક વાતો સાંભળી ન સાંભળી કરીને ઉતાવળે નાસી છૂટે છે. અને જમીન પર આવીને પોતાના ચેલાઓ (એટલે કાહિનો, કાહિનાઓ, જોષીઓ, જોષણો નજૂમીઓ વગેરે)ને કહી દે છે. શયતાનો કદી એમાં ભૂલો પણ કરે છે અને કદી સાચું પણ બતાવે છે. હવે ચેલાઓ તેમાં ઉમેરો કરીને કે એક વાતની સો વાત બનાવીને ગૈબી વર્તારા બહાર પાડે છે. આ કારણે અમુક વાતો તેઓની સાચી પડે છે અને અમુક વાતો ખોટી ઠરે છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની વાત ચાલુ રાખતાં ફરમાવ્યું :

સુમ્મ ઈન્નલ-લાહ અઝઝ વ જલ્લ	પછી મહાન અને ઉચ્ચત્તમ અલ્લાહએ
હજબશ-શયાતીન	શયતાનોને અટકાવી દીધા,
બિ-હાઝિહિન-નુજૂમુલ-લતી	પેલા સિતારાઓ મારફતે જેનાથી
યુક-ઝફૂન બિહા.	તેઓને ફટકારવામાં આવતા હતા.
ફન-કત્-અ તુલ-કહાનતુલ-	ત્યારે હવે કહાનતનો ખાતેમો થઈ ગયો અને
યવમ ફલા કહાનહ.	હમેશા માટે કહાનત જેવું રહ્યું નહિ. [1]

આ રીતે અલ્લાહ તઆલાએ ખરતા તારાના અંગારા ગોઠવી દઈને જિન્નાતના શયતાનોને આકાશી ખબરોની ચોરીથી અટકાવી દીધા અને કહાનત કે તંત્રમંત્ર જેવી લેભાગુ વિદ્યાનો કાયમ માટે અંત આવી ગયો.

બનૂ સહમ કબીલાની કાહિનહ------------ઇબ્ને ઈસ્હાક કહે છે : અમુક જાણકાર ધર્મજ્ઞાનીઓએ મને કહ્યું કે બનૂ સહમ કબીલાની એક સ્ત્રી જેનું નામ અલ-ગૈતલહ અથવા અલ-ઐતલહ હતું, જાહિલિયતના જમાનામાં સાધુડી હતી. પોતાની જોગ-વિદ્યામાં પારંગત હોવાથી જનતામાં ખ્યાતનામ હતી. એક રાતે એનો સાથી (જિન)એની સામે પ્રગટ થયો અને ધબ્બ દઈને એની પાસે બેસી જતાં બોલ્યો :

અદરિ મા અદરિ	હું એક અદ્ભુત ઘટનાનો જાણકાર છું;
યવમ અકીર-વ-નહરિ.	એ એક ઘાયલ કરનારો અને ગળું કાપનારો દિવસ હશે.

કુરૈશના લોકોએ જ્યારે એની આ રહસ્ય ભરેલી વાણી સાંભળી તો બધા હયરતમાં પડી ગયા કે આ કેવા વિચિત્ર શબ્દો છે અને એના શો અર્થ થાય છે ? પછી બીજી રાતે તેના શયતાને આવીને કહ્યું :

૧. કહાનત એટલે પેશીનગોઈ કરવી, ભવિષ્યની અગમચેતી ઉચ્ચારવી, ગૈબી વર્તારા બહાર પાડવા અથવા અલલટપ્પુ એટલે લાગે તો તીર નહિ તો તુક્કો જેવી વિદ્યા "હ"

Maktabe Ashraf

શુઊબુમ મા શુઊબ	આ ઘાટીઓ શી વસ્તુ છે ?
તુસ-રઅ ફીહિ કઅબુન લિ-જુનૂબ.	એ તે છે જેમાં કઅબ પડખાંભેર પટકાઇ પડવાનો છે.[1]

આ અર્થગંભીર શબ્દો સાંભળીને કુરૈશના લોકો ઓરભી ચકરાઇ ગયા કે લ્યો, એના વળી શો અર્થ છે? મનમાં તેઓને થયું ખરૂં કે કંઇ બનનારૂં જરૂર છે પણ શું બનનારૂં છે અને ગૈબના પર્દામાંથી શું જાહેર થવાનું છે તેની ખબર ન હતી. પરંતુ આગળ ચાલતાં તેઓએ જોઇ લીધું કે, નજીકના ભવિષ્યમાં જ બદ્ર અને ઉહુદના સંગ્રામો ખેલાવા પામ્યાં ત્યારે તેઓને સમજાઇ ગયું કે, એજ તે ઘટનાઓ હતી જેની અગમચેતી પેલી સાધુડીના જિન્નાતે ઉચ્ચારી હતી.

ઇબ્ને હિશામ કહે છે: અલ-ગૈતલહ સાધુડી મુદલજ બિન મુર્રહની બિરાદરીમાંથી બનૂ મુર્રહ બિન અબ્દે-મનાફ બિન કિનાનહના ખાનદાનમાંથી હતી તેનો ભાઇ મુદલજ બિન મુર્રહ હતો. અલ-ગૈતલહનું બીજું નામ ઉમ્મુલ-ગયાતીલ હતું આ કારણે તેની અવલાદને લોકો ગયાતીલ કહેતા હતા.

જમ્બ કબીલાના સાધુ મહારાજ————ઇબ્ને ઇસ્હાક કહે છે : જાહિલિયતના જમાનામાં બનૂ જમ્બ નામે યમનમાં એક કબીલો વસતો હતો એના એક સાધુ મહાત્મા પોતાની રૂહાની સિધ્ધિઓમાં દૂર દૂર સુધી પંકાયેલા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જ્યારે પયગમ્બરી મળી અને આપની ખ્યાતિ અરબમાંથી નીકળીને યમનમાં પ્રસરી તો કબીલાના લોકો આ સાધુ મહારાજ પાસે ગયા. તે વેળા આ મહાત્મા એક ઊંચા પહાડની ગુફામાં એકાંતવાસી હતા. કબીલાના લોકો પહાડની તળેટીમાં જઇને રાહ જોવા લાગ્યા. જ્યારે સૂરજ તુલૂઅ થયો તો મહાત્મા ગુફામાંથી નીકળી આવ્યા અને એક કમાનને ટેકે લોકોની સામે ઊભા થઇ ગયા. તેઓએ મહાત્માના દર્શન કરીને પૂછ્યું, "મહારાજ ! મક્કહમાં જે માણસે પયગમ્બરીનો દાવો કર્યો છે. કૃપા રાહે તેને લગતી કંઇ માહિતી આપો કે તે પોતાના દાવામાં સાચો છે કે નહિ ?"

આ સવાલ સાંભળીને મહાત્માએ પોતાનું મસ્તક આકાશ તરફ ઉઠાવ્યું. મોડે સુધી શૂન્યમાં તાકી રહીને ધ્યાનમાં લીન રહ્યા. પછી અચાનક કમાન પટકીને ઊછળવા કૂદવા લાગ્યા અને એજ દશામાં બોલ્યા,

> "લોકો! હે લોકો ! ઇશ્વરે મુહંમદને મહાન સિધ્ધિનું પ્રદાન કર્યું. જગતની મખલૂકમાંથી એમની વરણી કરીને અપૂર્વ કીર્તિથી એમને બિરદાવી લીધા. પછી એમના અંતર અને આત્માને સ્વચ્છ કરીને તેમાં દિવ્ય નૂર ભરી દીધું. હે લોકો ! એમની પધરામણી તમારી વચ્ચે અલ્પ સમય માટે છે.

"આટલું કહીને સાધુ મહારાજ જે દિશાએથી આવ્યા હતા તે દિશાએ પધારી ગયા.

હઝરત ઉમર અને એક કાહિન————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉસ્માન બિન અફ્ફાનના ગુલામ અબ્દુલ્લાહ બિન કઅબની રિવાયતમાં છે કે એક દિવસે હઝરત ઉમર બિન ખત્તાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં લોકોની વચ્ચે બિરાજમાન હતા. એટલામાં અરબનો એક માણસ હઝરત ઉમરને શોધતો મસ્જિદમાં આવ્યો તેનો ચેહરો જોતાં જ હઝરત ઉમરે ફરમાવ્યું, "આ માણસ જાહિલિયતના યુગમાં

1. બનૂ સહમ કબીલાની સાધુડીવાળી રિવાયત ઇબ્ને ઇસ્હાકે અમ્ર બિન જઅફરના મુખે સાંભળી છે અને તેમણે મુહંમદ બિન અબ્દુર્રહમાન બિન અબી લુબૈબહના મુખે અને તેમણે હઝરત અલી બિન હુસેન બિન અલીના મુખે સાંભળી છે. (ઇબ્ને હિશામ જિ.૧ પા. ૨૩૨) કિતાબનું આ લખાણ ભૂલથી રહી ગયું જેથી હાશિયામાં દર્શાવી દીધું. "હ"

Maktabe Ashraf

કાહિન હતો. "અથવા એમ ફરમાવ્યું, "આ માણસ હજી મૂર્તિપૂજાના ધર્મને વળગી રહ્યો છે અને તેને છોડવા નથી માંગતો."

આ સાંભળીને એ માણસે હઝરત ઉમરને સલામ કરી અને પછી આપની પાસે આવીને બેસી ગયો. હઝરત ઉમરે તેને પૂછ્યું, "હે ભાઈ ! શું તેં ઈસ્લામ સ્વીકારી લીધો છે ?"

"હા અમીરુલ-મુઅમિનીન! બેશક હું મુસલમાન છું." તેણે કહ્યું.

"શું જાહિલિયતમાં તમે કાહિન નહિ હતા ?" હઝરત ઉમરે પૂછ્યું.

"સુબહાનલ્લાહ હે મુસલમાનોના અમીર !" તે બોલ્યો, 'આપ નામદારે તો મારા આવતાં જ એવી વાત પૂછી નાખી કે મારી ધારણા મુજબ આપ ખલીફા બન્યા ત્યારથી રૈયતના કોઈ માણસને એવી વાત નહિ પૂછી હશે !'

હઝરત ઉમરે ફરમાવ્યું, "હે ભાઈ ! અલ્લાહ અમને માફ કરે. જાહિલિયતના જમાનામાં અમે છેક પસ્તીની દશામાં હતા. પથ્થરની પૂજા કરતા હતા. મૂર્તિઓને સિજ્દા કરતા હતા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર મારફતે અમને ઈસ્લામ આપીને માન આબરૂથી માલામાલ કરી દીધા."

તેણે કહ્યું, "હે મુસલમાનોના અમીર ! બેશક જાહિલિયતના યુગમાં હું કાહિન હતો."

"ત્યારે બતાવો, "હઝરત ઉમરે ફરમાવ્યું, "ઈસ્લામ અને પયગમ્બર વિષે તમારા જિન્નાતે તમને શું આગાહી આપી ?"

તેણે કહ્યું, "ઈસ્લામની જાહેરાતના આસરે એક મહિના પહેલાં મારો જિન મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો :

અલમ તરા ઈલલ-જિન્ને ?	શું તેં નહિ જોયું જિન્નાત તરફ ?
વ ઈબલા-સિહા ?	અને તેઓની, અલ્લાહની રહમત પ્રત્યેની નિરાશા તરફ ?
વ ઈયાસિહા મિન દીનિહા ?	અને તેઓની, ધર્મ પ્રત્યેની હતાશા કે ઉદાસીનતા તરફ ?
વ લુહૂકિહા બિલ-કિલાસિ	અને તેઓની, ઊંટોની કાઠીઓ કસીને પ્રવાસની
વ અહલા - સિહા.	તૈયારી તરફ ? [૧]

કપાયેલા વાછરડાનો પોકાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબે કાહિન સાથેની વાતચીત પછી લોકોને સંબોધીને ફરમાવ્યું, "અલ્લાહના સોગંદ ! જાહિલિયતના યુગમાં એક દિવસે એવું બન્યું કે હું કુરૈશના કેટલાક માણસો સાથે મંદિરમાં મૂર્તિ પાસે ઊભેલો હતો. એટલામાં અરબનો એક માણસ વાછરડો લઈને આવ્યો. તેણે મૂર્તિના ચરણોમાં વાછરડાની કુરબાની કરી. અમે બધા તેની વહેંચણીની રાહ જોતા ઊભેલા હતા ત્યાં અચાનક કપાયેલા વાછરડાના પેટમાંથી એવો પ્રચંડ અવાજ સંભળાયો કે આજ સુધી તેવો અવાજ મેં કદી સાંભળ્યો નથી. ઈસ્લામની જાહેરાતના થોડાક જ દિવસો પહેલાંનો આ બનાવ છે. એ અવાજમાં એવો પોકાર હતો કે :

૧. એટલે જિન્નાતના શયતાનો ઇન્સાનોને ગુમરાહ કરવાના જે ખેલ તમાશા ભજવી રહ્યા છે, પયગમ્બરની પધરામણીથી તેનો અંત આવતો જોઈને તેઓ પર નિરાશા છવાઈ રહી છે અને હવે તેઓ પોતાનો ખેલ સંકેલી લઈને ચાલતી પકડવાની તૈયારી કરી રહ્યા છે. "હ"

Maktabe Ashraf

યા ઝરીહ !	હે (લોહીમાં ખરડાયેલા) લાલ વાછરડા !
અમરુન-નજીહ.	એક સફળતાનો મામલો છે.
રજુલુંય-યસીહ	એક શખ્સ બુલંદ અવાજે
યકૂલુ	પોકારી રહ્યો છે;
લાઈલાહ ઈલ-લલ્લાહ	અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી !

ઈબ્ને હિશામ કહે છે : અમુક રિવાયતોમાં આ શબ્દો દર્શાવેલા છે:

રજુલુંય-યસીહ	એક શખ્સ બુલંદ અવાજે
બિ-લિસાનિ-ફસીહ	છટાદાર વાણીમાં
યકૂલુ :	પોકારી રહ્યો છે :
લા-ઈલાહ ઈલ-લલ્લાહ.	અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી.

ઈબ્ને હિશામ કહે છે : કેટલાક પ્રમાણિક અને જ્ઞાની ગ્રહસ્થોએ મને આ શેઅરોની રિવાયત પણ કરી છે:

અજિબ્તુ લિલ - જિન્ને વ ઇબ્લા-સિહા, • વ શદ-દહલ-ઈસ, બિ-અહલા-સિહા.

જિન્નાતની હતાશા, ઉદાસીનતા અને તેઓની, ઊંટો પર કાઠીઓ કસવાની વાતે મને હયરતના ચક્કરમાં નાખી દીધો

તહવી ઇલા મક્કત્ તબગીલ-હુદા, • મા મુઅ-મિનૂલ - જિન્ન ક-અન્જા-સિહા.

તેઓ ઊંટો પર સવાર થઈને હિદાયતની તલાશમાં મક્કહ તરફ જઈ રહ્યા હતા. કેમ નહિ, ઈમાનદાર જિન્નાત નાપાક જિન્નાત જેવા હોય શકતા નથી.

Maktabe Ashraf

પ્રકરણ ૩૫

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે
યહૂદીઓની રિવાયતો

યહૂદીઓની વિકૃત મનોદશા • એક યહૂદી પંડિતની પેશીનગોઇ • ઇબ્ને હૈયિબાનની પેશીનગોઇ.

યહૂદીઓની વિકૃત મનોદશા————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારીએ પોતાની કૌમના કેટલાક ગૃહસ્થોની આ રિવાયત કહી સંભળાવી કે, અમારી કૌમના લોકો પોતાના ઇસ્લામ સ્વીકારનું કારણ દર્શાવતાં કહે છે કે, અમે મુસલમાન બની ગયા તેનું સૌથી મોટું કારણ તો આ છે કે અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી અમને ઇસ્લામ કબૂલ કરી લેવાની સદ્‌બુદ્ધિ આપી દીધી.[1]

બીજું કારણ આ છે કે યહૂદીઓ મદીનહમાં અમારા પાડોશમાં વસેલા હતા. તેઓ અહલે-કિતાબ હતા ત્યારે અમે પથ્થરની મૂર્તિઓની પૂજા કરનારા મુશરિક હતા. યહૂદીઓ પાસ તેઓની આકાશી કિતાબનો જે ઇલ્મ હતો તે અમારી પાસે ન હતો. યહૂદીઓની કૌમ સાથે અમે સદા અથડામણમાં રહેતા. લડાઇ, ઝગડા અને છમકલાં અમારી વચ્ચે ચાલ્યા કરતાં. કોઇક પ્રસંગે તેઓની કોઇ વસ્તુ અમે બળજબરીથી તેઓની ઇચ્છા વિરૂધ્ધ પડાવી લેતા ત્યારે તેઓ ઝનૂનમાં આવી જઇને એવી ધમકી ઉચ્ચારતા કે, "જરા થોભો તો ખરા, આખેરી જમાનાના પયગમ્બરની પધરામણીનો સમય આવી લાગ્યો છે. તેમની સાથે મળીને અમે તમને આદ તથા ઇરમની કૌમ પેઠે વીણીવીણીને કતલ કરી નાખીશું !"

આ અને એવી જ વાતો અમે યહૂદીઓના મુખે સદા સાંભળ્યા કરતા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને આ દુનિયામાં મોકલાવી દીધા. અલ્લાહના પયગમ્બરે અમને એક અલ્લાહ તરફ બોલાવ્યા તો અમે તેમનું આમંત્રણ સ્વીકારી લીધું અને માની લીધું કે ખરેખર આ તેજ પયગમ્બર છે જેમના આગમનની ધમકીઓ યહૂદીઓ ઉચ્ચારતા રહે છે. આ રીતે અમે મુસલમાન બનવાની પહેલ કરવામાં યહૂદીઓથી આગળ નીકળી ગયા. એથી વિરૂધ્ધ યહૂદીઓએ અલ્લાહના પયગમ્બરને અપનાવવાને બદલે કુફ્રનો રસ્તો ગ્રહણ કરી લીધો તો અલ્લાહ તઆલાએ યહૂદીઓ અને અમારા મામલા અંગે સૂરતુલ-બકરહની આ આયતો નાઝિલ ફરમાવી:

૧. હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારી મશહૂર તાબિઇ હતા. કુર્આન, હદીસ અને ઇસ્લામી ઉલૂમના ભંડાર હતા. દમિશ્કની જામિઅ મસ્જિદમાં બેસીને લોકોને ઇસ્લામી ઉલૂમનું શિક્ષણ આપતા હતા. ૧૨૧ હિજરીમાં વફાત પામ્યા. (સીરતુન-નબી જિ.૧ પા. ૨૮) 'હ''

વલમ્મા જાઅહુમ કિતાબુમ મિન ...-દિલ્લાહ	અને જ્યારે તેઓ (યહૂદીઓ) પાસે કિતાબ આવી, અલ્લાહ તરફથી,
મુસદ-દિકુલ-લિમા ...અહુમ.	જે તેમને મળેલી કિતાબની સચ્ચાઈને ટેકો આપે છે.
વ કાનૂ મિન કબ્લુ	અને ...થી પહેલાં તેઓ માગતા હતા,
યસ-તફ-તિહૂન	ફતેહમંદીની દુઆઓ,
અલલ-લઝીન કફરૂ.	કુફ્ર કરનારા લોકો પર.
ફલમ્મા જાઅહુમ મા અરફૂ	પછી જ્યારે એજ વસ્તુ તેઓની પાસે આવી ગઇ. એને તેઓએ ઓળખી લીધી
કફરૂ બિહી.	તો ખુલ્લી રીતે તેનો ઇનકાર કરી બેઠા.
ફલઅ-નતુલ-લાહિ	ત્યારે લઅનત હજો અલ્લાહની
અલલ-કાફિરીન.	આ કાફિરો પર ![1]

ખરેખર અક્કલના આંધળા આંપળાઓને કે વિકૃત મનોદશા ધરાવનારાઓને ભલાઈનો, સફળતાનો ઉધ્ધારનો માર્ગ ગ્રહણ કરવાની કદી સદ્‌બુધ્ધિ મળી શકતી નથી.

એક યહૂદી પંડિતની પેશીનગોઇ——————ઈબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લા... વ સલ્લમ સાથે બદ્રના યુધ્ધમાં ભાગ લઇ ચૂકેલા સલમહ બિન સલામહ બિન વકશ નામે મહાન ... આ રિવાયત મને મળી છે તેમણે પોતાનો એક પ્રસંગ ટાંકતાં ફરમાવ્યું કે,

"બનૂ અબ્દે-અશહલ કુટુંબનો એક યહૂદી અમારા પાડોશમાં રહેતો હતો. આકાશી કિતાબનો જ્ઞાની અને મોટો પંડિત હતો. એક વેળા તે પોતાના ઘરમાંથી નીકળીને અમારી પાસે આવ્યો અને ત્યાંથી અબ્દે-અશહલ મહોલ્લાના નાકે જઇને ઊભો થઇ ગયો. તે વેળા હું કિશોર વયનો છોકરો હતો અને ... ઊભેલો હતો. ઘણા માણસો ત્યાં આવીને એકઠા થઇ ગયા ત્યારે પેલા યહૂદી પંડિતે કિયામત ... કિતાબ... મીઝાન, મરણ પછીના જીવન અને જન્નત-જહન્નમનું વર્ણન કરવા માંડયું અને ...

"જહન્નમ એવા લોકો માટે છે જેઓ મુશરિક છે, મૂર્તિના પૂજારી છે અને ... નથી જાણતા કે મરવા પછી પાછા જીવતા થઇને અલ્લાહના દરબારમાં હાજર થવાનું છે. અને દુનિયામાં જે કંઇ કરણી કરી છે તેના ફળ રૂપે જન્નત કે જહન્નમમાં જવાનું છે."

"અમે લોકો મૂર્તિપૂજક હોવાથી આવી વાતોમાં માનતા ન હતા અને આવી વાતોની માહિતી પણ ધરાવતા ન હતા. તેની વાતો સાંભળીને અમારા લોકોએ તેને કહ્યું, "અલ્યા તારૂં નખ્ખોદ વળે ! શું તું એવું માને છે કે મરવા પછી પાછા જીવતા થવાનું છે અને અલ્લાહના દરબારમાં હાજર થવાનું છે અને શું મરવા પછી લોકો પાછા જીવતા થઈને એવા સ્થળે જવાના છે જ્યાં જન્નત અને ... છે અને ... પોતાના કરણીનો હિસાબ પણ આપવાનો છે ?"

[1] તવરાતની પેશીનગોઇ મુજબ યહૂદીઓ આખેરી જમાનાના પયગમ્બરની પધરામણીનો ઇન્તેઝાર કરતા ... ઝગડા વેળા તેઓ એ પયગમ્બરની જલદી પધરામણીની બારગાહે-ઇલાહીમાં દુઆઓ માંગતા ... દુશ્મનોને ઠેકાણે પાડી દે. પરંતુ જ્યારે એ પયગમ્બરની પધરામણી થઇ ... કામ લઇને એ પયગમ્બરને માનવાનો ઇનકાર કરી દીધો અને એમને ... અલ્લાહ તઆલાએ યહૂદીઓને કાફિર ઠરાવીને તેઓની ઉપર લઅનત કરી છે.

યહૂદી પંડિત બોલ્યો, "હા કેમ નહિ, એ મારો પાકો મઝહબી અકીદો છે. અલ્લાહના સોગંદ લઇને કહું છું કે એમ જ બનવાનું છે. તે વેળા ઇન્સાન તમન્ના કરશે કે, જહન્નમની આગને બદલે દુનિયાની આગનો તન્નૂર હોત અને તેમાં મને ઝોંકીને તેને માટીથી લીંપી દેવામાં આવત તો એ, તે આગથી બેહતર હતું જે આવતી કાલે તેના નસીબમાં લખાયેલી છે."

લોકોએ પૂછયું, "વારૂ ત્યારે એની દલીલ શી ?"

તેણે યમન અને મક્કહ તરફ હાથનો ઇશારો કરતાં કહ્યું, "આ શહેરો તરફ એક પયગમ્બર જાહેર થવાના છે."

"એ પયગમ્બર ક્યારે જાહેર થવાના છે અને તેમના વિષે તારૂં શું માનવું છે ?"

સલમહ બિન સલામહનું કથન છે કે આ સવાલ સાંભળીને યહૂદી પંડિતે મારી તરફ જોયું અને કહ્યું, "આ છોકરો જીવતો રહ્યો તો એ, તે પયગમ્બરના દર્શનનું સદ્‌ભાગ્ય મેળવી લેશે."

સલમહ બિન સલામહ કહે છે. : "અલ્લાહના સોગંદ ! એ પછીની થોડીક જ મુદ્દતમાં અલ્લાહ તઆલાએ [illegible]ના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ સલ્લાલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાહેર કર્યા અને આપ જાહેર [illegible] ત્યારે એ યહૂદી પંડિત પણ જીવતો હતો. પછી અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઇમાન [illegible] ને મુસલમાન બની ગયા મગર એ યહૂદી પંડિત પોતાના ઘમંડ, હસદ અને વૈમનસ્ય કે પૂર્વગ્રહને કારણે [illegible] માનવાનો ઇનકાર કરતો રહ્યો. અમે તેને કહ્યું, "અલ્યા ! તું કેમ ઇમાન લાવતો નથી ? શું તું તે માણસ નથી જેણે અમને એ પયગમ્બરની આગાહી પોકારી હતી ?"

તે બોલ્યો, "હા હું તેજ માણસ છું પણ આ તે પયગમ્બર નથી જેની આગાહી મેં પોકારી હતી."

ઇબ્ને હૈયિબાનની પેશીનગોઇ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : આસિમ બિન અમ્ર બિન કતાદહએ [illegible] કુટુંબના એક વયોવૃધ્ધ યહૂદીનો બનાવ મને કહી સંભળાવ્યો. તે બનાવ એમ છે કે એ વૃધ્ધ યહૂદીએ આસિમ બિન અમ્રને પૂછયું, "શું તમે જાણો છો કે, સઅલબા બિન સઅયા અને ઉસૈદ બિન સઅયા અને [illegible] ઉબૈદ અને બનૂ કુરૈઝહની હદલ બિરાદરીના એક સમૂહે જેઓ મુસલમાન બનવા પહેલાં એકબીજાના [illegible] અને મુસલમાન બનવા બાદ બધાના સરદાર બની ગયા——એ બધાએ ઇસ્લામ સ્વીકારી લીધો [illegible] કારણ [illegible] હતું ?

આસિમ બિન અમ્રે કહ્યું, "ના મને તેઓના મુસલમાન બનવાના કારણની ખબર નથી."

વૃધ્ધ યહૂદી બોલ્યો, "ત્યારે સાંભળો, મુલ્કે-શામના યહૂદીઓમાંથી ઇબ્ને-હૈયિબાન નામે એક મોટા ધર્મ[illegible] ઇસ્લામના થોડાક વરસો પૂર્વે એ મહાત્મા મેહમાન બનીને અમારા ઘરે પધાર્યા. અલ્લાહના સોગંદ એમના જેવા સદાચારી અને ધર્મચુસ્ત સંતપુરૂષ આજ સુધી મેં જોયા નથી. મેહમાન બનીને એ અમારી જોડે રહેવા લાગ્યા. એક વરસે જ્યારે વરસાદ નહિ થયા તો મેં એ મહાત્માને કહ્યું, "હે ઇબ્ને હૈયિબાન! ચાલો, બહાર નીકળો. અમારા માટે વરસાદની દુઆ માગો કે અલ્લાહ તમારી દુઆથી વરસાદ મોકલાવે."

તેઓ બોલ્યા, "હું બહાર નહિ નીકળું જ્યાં સુધી કે તમે અલ્લાહના માર્ગમાં ગરીબોને દાન નહિ આપો."

"કેટલું દાન આપવાનું છે. ગરીબોને ?" મેં પૂછયું.

"એક સાઅ ખજૂર અથવા બે મુદ જવ." તેઓ બોલ્યા.[1]

અમે એટલું ખજૂર ગરીબોને દાન આપી દીધું ત્યારે એ મહાત્મા અમને લઈને શહેરની બહાર ખેતરો તરફ નીકળ્યા અને એક મેદાનમાં જઈને વરસાદની દુઆ માટે અલ્લાહના દરબારમાં હાથ ફેલાવી દીધા. વરસાદની દુઆ પૂરી થાય તે પહેલાં અલ્લાહના સોગંદ, ચોતરફથી વાદળ ઉમટી આવ્યાં અને મુશળધાર વરસાદ તૂટી પડયો.

રાવીનું કથન છે કે આવા બનાવો એક વાર નહિ અનેક વાર બનવા પામ્યા અને દરેકવાર ઈબ્ને-હૈયિબાનની દુઆના પ્રતાપે અમારી મુરાદ પૂરી થઈ. પછી તો અમારી જ વસતિમાં ઈબ્ને-હૈયિબાનનું મરણ થઈ ગયું. જ્યારે એ માંદગીના બિછાને સૂતા અને પોતના મરણની એમને ખાતરી થઈ ગઈ તો એમણે વસતિના તમામ યહૂદીઓને ભેગા કરીને કહ્યું, "હે યહૂદી ભાઈઓ ! બતાવો હું મારી ફળદ્રુપ અને લીલીછમ ધરતીને છોડીને તમારી આ દુકાળિયા અને ભૂખમરાની ભૂમિમાં કેમ આવ્યો ? શું એના કારણની તમને ખબર છે ?"

"ના મહારાજ ! અમને ખબર નથી. તમે જ બતાવો શું કારણ છે." લોકોએ કહ્યું.

"એનું કારણ આટલું જ" ઈબ્ને-હૈયિબાને જવાબ આપ્યો કે, "અહીં આવીને અલ્લાહના આખેરી પયગમ્બરની પધરામણીનો ઈન્તેઝાર કરૂં. તેમના જાહેર થવાનો સમય પાકી ગયો છે. અહીંની ભૂમિ તેમની હિજરતનું મથક છે. મારી તમન્ના હતી કે તેઓ જાહેર થાય તો હું તેમનો સત્કાર કરૂં. તેમની ઉપર ઈમાન લઈ આવું અને તેમનું અનુકરણ કરૂં પણ મારી આ તમન્ના ફળે તેમ નથી. હે યહૂદીઓ ! એ પયગમ્બરની પધરામણીની પળો તોળાઈ રહી છે. તમારા માટે જરૂરી છે કે તમે આગળ વધીને તેમને અપનાવી લો. રખેને બીજા લોકો તમારાથી આગળ નીકળી જાય ! એક સમય આવશે જયારે લાચારીએ તેમને યુધ્ધમાં ઝંપલાવવું પડશે. દુશ્મનો તો શું, તેઓના સ્ત્રી-બાળકો સુધ્ધાં તેમના કેદી બનશે. ખબરદાર ! આ વાતો તેમની ઉપર ઈમાન લાવવાથી તમારો માર્ગ અવરોધે નહિ."

આ બનાવની વિગતો બયાન કરનાર પેલા વયોવૃધ્ધ યહૂદીએ પોતાની વાત ચાલુ રાખતાં ઉમેર્યું, "પછી ઈબ્ને-હૈયિબાન મહાત્મા અલ્લાહના દરબારમાં પહોંચી ગયા. એમના મરણ બાદ સમય આવતાં જયારે હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહના પયગમ્બર તરીકે જાહેર થયા અને બનૂ કુરૈઝહના યહૂદીઓને તેઓની ગદ્દારી બદલ ઘેરામાં લીધા તો એ યહૂદીઓના જે નવજવાનોએ ઈબ્ને-હૈયિબાનની વાતો યાદ રાખી હતી તેઓએ પોતાની કૌમને કહ્યું, "હે બનૂ કુરૈઝહ ! અલ્લાહના સોગંદ, આ તેજ પયગમ્બર છે જેમની ઉપર ઈમાન લાવવાનું ઈબ્ને-હૈયિબાને તમારી પાસેથી વચન લીધું હતું."

યહૂદીઓ બોલ્યા, "ખોટી વાત છે. આ તે પયગમ્બર નથી."

નવજવાનો બોલ્યા, "કેમ નહિ, આ તેજ પયગમ્બર છે. કેમકે ઈબ્ને-હૈયિબાને દર્શાવેલી બધી ખૂબીઓ અને નિશાનીઓ એમની જાતમાં મવજૂદ છે."

આમ કહીને કેટલાક નવજવાનો મેડા પરથી ઉતરી આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઈમાન લાવીને મુસલમાન બની ગયા અને પોતાની જાનો, પોતાના બાળ બચ્ચાં તેમ માલ-મિલ્કતનું રક્ષણ કરી લીધું.

---

૧. એક સાઅ : અંગ્રેજી તોલ મુજબ સાડા ત્રણ શેર જેટલું અને એક મુદ ઇરાકી તોલ મુજબ બે રતલ અને હિજાઝી તોલ મુજબ સવા રતલ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો એક મુદ એક સાઅના ચોથા ભાગ જેટલો એટલે માણસના ખોબા જેટલો. (બયાનુલ-લિસાન પા. ૩૮૫ ૭૦૬)

Maktabe Ashraf

પ્રકરણ ૩૬

હઝરત સલમાન ફારસીનો ઈસ્લામ

સલમાનનું શરૂઆતનુ જીવન • ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષણ • મુલ્કે-શામની સફર • કંજૂસ પાદરીનો કરૂણ અંજામ • સલમાન ફારસી મૂસિલ શહેરમાં • સલમાન ફારસી નસીબૈન શહેરમાં • સલમાન ફારસી ઉમૂરિયા શહેરમાં • વાદિયુલ-કુરા અને મદીનહ મુનવ્વરહ • રોમાંચકારી ખુશખબર • રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખિદમતમાં હાજરી • ગુલામીથી આઝાદી તરફ • ઉમર બિન અબ્દુલ-અઝીઝની રિવાયત

સલમાનનું શરૂઆતનું જીવન————————ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારીએ મહમૂદ બિન લુબેદથી અને તેમણે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત કરી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસનું બયાન છે કે સલમાન ફારસીએ પોતાની જીવનકથા સ્વમુખે મને કહી સંભળાવી અને મેં મારા કાને તેમના મુખેથી આ રીતે સાંભળી છે :

"હું મુલ્કે-ઈરાનનો વતની છું. ત્યાંના ઈસ્ફહાન શહેરની બાજુમાં આવેલા જૈય નામે કસ્બામાં મારો જન્મ થયો. મારા બાપુ એ વસ્તિના ચોધરી અને મોટા ખેડૂત હતા. દુનિયાની તમામ મખ્લૂકમાં તે મને સૌથી વધુ ચાહતા હતા. એટલું બધું હેત મુજ પર ઠાલવતા કે ઘરમાંથી બહાર મને પગ ન મૂકવા દેતા. તેઓ એક વહાલસોયી પુત્રી પેઠે ઘરમાં મને પૂરી રાખતા. અમે અગ્નિ-દેવતાના પૂજારી હતા. આ ધર્મ પ્રત્યે મને એટલો પ્રેમ હતો કે અગ્નિકુંડમાં ધખધખતા દેવતાને કદી બુઝાવા ન દેતો ત્યાં સુધી કે અગ્નિજ્વાળાઓને જ્વલંત રાખનારા સેવકોમાં મારી ગણના થવા લાગી.

મારા બાપુની બહુ વિશાળ જાગીર હતી. એક વેળા તેઓ પોતાનું મકાન બાંધતા હતા ત્યારે એક દિવસે મને કહેવા લાગ્યા, "વહાલા પુત્ર ! મકાનના બાંધકામમાં મને એટલો સમય નથી મળતો કે જમીનની દેખરેખ રાખી શકું. તું ખેતરે જઈને જોઈ આવ અને ફલાણું ફલાણું કામ પણ કરી આવ."આ હુકમ આપીને તેમણે ઉમેર્યું, "પણ જોજે બેટા ! જલ્દી આવી લાગજે. આવવામાં મોડું કરશે તો મને જમીનથી વધુ તારી ફિકર વળગશે અને મારા બીજાં કામો લટકી જશે."

બાપુના હુકમ મુજબ જ્યારે હું ઘરમાંથી નીકળીને ખેતરે જવા રવાના થયો તો વસ્તિના એક મહોલ્લામાં ખ્રિસ્તીઓનું એક દેવળ મારા જોવામાં આવ્યું. દેવળમાંથી બંદગી અને ભજનનો અવાજ આવતો હતો. જેને સાંભળીને હું ત્યાં થંભી ગયો. આથી પહેલાં કસબાના લોકોને લગતી આવી કોઈ માહિતી હું ધરાવતો ન હતો

કેમકે બાપુજી મને ઘરમાં જ પૂરી રાખીને ઘરથી બહાર પણ મૂકવા દેતા ન હતા.

ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષણ——————ભજન કે બંદગીનો અવાજ સાંભળીને હું દેવળમાં ઘૂસી ગયો. તેઓની બંદગી અને નમાઝ પઢવાની ઢબે મારા દિલમાં આકર્ષણ જમાવ્યું. તેઓની પ્રાર્થનાનો આ તરીકો મને ગમી ગયો. મે વિચાર્યું, ''અલ્લાહની બંદગીનો આ તરીકો ગ્રહણ કરવો જોઇએ. એમનો ધર્મ અમારા ધર્મથી ચઢિયાતો લાગે છે.'' મારો આખો દિવસ એજ દેવળમાં પસાર થઇ ગયો ત્યાં સુધી કે સૂરજ આથમી ગયો. જે કામ માટે પિતાજીએ મોકલ્યો હતો એ કામ પણ રહી ગયું. મેં દેવળના લોકોને પૂછયું, ''તમારા ધર્મના શિક્ષણનું મથક કયાં છે ?'' તેઓ બોલ્યા, ''મુલ્કે-શામમાં.''

આટલું પૂછીને હું ઘર તરફ ઊપડયો. એ દરમિયાન બાપુજીએ મારી તલાશમાં ઘણા માણસોને દોડાવી દીધા હતા. બાપુજી પોતે પણ બેહદ પરેશાન હતા. મારી ચિન્તામાં તેમના બીજા કામો પણ લટકી ગયાં હતાં. મને જોતાં જ બોલ્યા, ''બેટા ! તું કયાં હતો ? શું જતી વેળા મેં તને ન હોતું કહ્યું કે જલદી આવી લાગજે?''

મેં કહ્યું, ''વહાલા પિતાજી ! બાબત એમ બની કે હું ખ્રિસ્તીઓના એક દેવળ પાસેથી પસાર થયો. ત્યાં મેં લોકોને નમાઝ પઢતા અને પ્રાર્થના કરતાં જોયા. તેઓની બંદગીનો તરીકો મને ગમી ગયો. તે જોવામાં હું એટલો તરબોળ થયો કે સમયનું મને ભાન ન રહ્યું અને સૂરજ આથમી ગયો.''

પિતાજી બોલ્યા, ''હે મારા વહાલા પુત્ર ! એમના ધર્મમાં કોઇ ભલાઈ નથી. તારો અને તારા વડીલોનો ધર્મ અનેકગણો એ ધર્મથી ચઢિયાતો છે.''

મેં કહ્યું, ''નહિ પિતાજી ! તેઓનો ધર્મ આપણા ધર્મથી મને ચઢિયાતો લાગે છે.''

બસ એજ દિવસથી પિતાજીના મનમાં મારા તરફથી કાંટો ખૂપી ગયો. હું મારા વિચારોમાં મક્કમ રહ્યો. પછી તો બાપાજી મને ધમકાવવા અને ઠપકારવા લાગી ગયા અને એક દિવસે તેમણે મારા પગોમાં બેડીઓ નાખીને મને ઘરમાં કેદ કરી દીધો.

મુલ્કે-શામની સફર——————હું પિતાજીના ઘરમાં કેદી બની ગયો હતો. મારા પગોમાં બેડીઓ હતી. એક દિવસે લાગ જોઇને એ દેવળના પાદરી પાસે મેં છુપો સંદેશો મોકલાવ્યો કે, ''જે દિવસે મુલ્કે-શામથી તમારો વેપારી કાફલો આવે તો મને અગાઉથી ચેતવી દેજો. હું તેની સાથે અહીંથી નીકળી જવા માગું છું.''

પછી એક દિવસે મુલ્કે-શામથી ખ્રિસ્તી સોદાગરોનો કાફલો આવી લાગ્યો તો પાદરીએ વચન મુજબ મને છુપી રીતે ખબર કરી દીધી. ત્યારે મેં કહેણ મોકલાવી કે આ કાફલો મુલ્કે-શામ તરફ કયારે કૂચ કરશે તેની મને જાણ કરશો. પછી જયારે કાફલો પોતાનું કામ પતાવીને ઊપડવા લાગ્યો તો પાદરીએ મને તેના સમાચાર આપી દીધા. એજ વેળા મેં મારા પગોમાંથી બેડીઓ કાઢીને ફગોટી દીધી અને મોડી રાતના અંધારામાં છપાતો-છુપાતો કાફલામાં જઈને ભળી ગયો. અને કાફલો મુલ્કે-શામ તરફ ઊપડી ગયો અને કાફલા સાથે નીકળી નાસવામાં હું કામયાબ થઇ ગયો.

જયારે અમે મુલ્કે-શામની ધરતીમાં પહોંચી ગયા તો મેં લોકોને પૂછયું, ''અહીંના ઈલાકામાં ખ્રિસ્તીઓનો મોટો ધર્મગુરૂ કોણ છે ?''

Maktabe Ashraf

તેઓ બોલ્યા, "ફલાણા શહેરના ફલાણા દેવળનો વડો પાદરી."

કાફલાથી વિખૂટો પડીને હું એ ધર્માત્માની તહેનાતમાં હાજર થઇ ગયો. મેં તેને કહ્યું, "હે અલ્લાહના મકબૂલ બંદા ! મને તમારા ધર્મ પ્રત્યે પ્રેમ છે. મારી ઇચ્છા છે કે તમારા સંગાથે રહું. તમારી સેવા ચાકરી કરૂં. કંઇક ધર્મનું જ્ઞાન તમારી પાસેથી મેળવું. તમારી સાથે નમાઝ પઢું અને અલ્લાહની બંદગી કરૂં."

તેણે મારી વિનંતીનો સ્વીકાર કર્યો. મને અંદર આવવાનું કહ્યું અને હું તેના સંગાથે રહેવા લાગી ગયો. પણ બહુ જલદી મેં જાણી લીધું કે આ વડો પાદરી કોઇ સારો માણસ ન હતો. લોકોને દાન-ખેરાતનો મહિમા સમજાવતો, દાન-ખૈરાતની પ્રેરણા આપતો અને દાન-ખૈરાતના જે કંઇ રૂપિયા-પૈસા આવતા તે ગરીબો નાદારોને આપવાને બદલે પોતાની પાસે સંઘરી રાખતો. આ રીતે ચાંદીના રૂપિયા અને સોનાની અશરફીઓથી ભરેલાં સાત માટલાં તેની પાસે ભેગાં થઇ ગયાં હતાં. તેની આ કંજૂસાઈની ટેવથી મને તેના પ્રત્યે સખ્ત નફરત થઇ ગઇ હતી.

કંજૂસ પાદરીનો કરૂણ અંજામ————પછી એક દિવસે આ પાદરી મરી ગયો તો ઘણા ખ્રિસ્તીઓ તેને દફનાવવા ભેગા થઇ ગયા. મેં તેઓને કહ્યું, "તમારો આ ધર્મગુરૂ કોઇ સારો માણસ ન હતો." લોકોએ પૂછયું, "કેમ શું થયું ?" મેં કહ્યું, "તમને દાન-ખેરાતનો હુકમ આપતો હતો. પણ તમારા રૂપિયા-પૈસા પોતાની જાત માટે દબાવી રાખતો હતો. ગરીબોને તેનાંથી કંઇ જ આપતો ન હતો."

"તને આ વાતની કેવી રીતે જાણ થઇ ?" લોકોએ પૂછયું.

"ચાલો હું તમને તેનો ખજાનો બતાવું."

"વારૂ દેખાડ કયાં છે તેનો ખજાનો !"

તેઓને મેં પાદરીના ખજાનાની જગા દેખાડી દીધી, તેઓએ જમીન ખોદવા માંડી તો પૂરાં સાત માટલાં ચાંદીસોનાથી ભરેલાં નીકળી આવ્યાં. તેઓ ધિક્કારથી બોલ્યા, "અલ્લાહના સોગંદ ! આવા સ્વાર્થી માણસને હરગિઝ અમે દફન નહિ કરીએ." તેઓએ તેની લાશને શૂળી પર લટકાવી દીધી અને તેની ઉપર પથ્થરોનો મારો ચલાવતા રહ્યા. એ પછી તેઓ બીજા પાદરીને લઇ આવ્યા અને મરેલા પાદરીની જગાએ તેની નિમણૂંક કરી દીધી. આ નવો આવનાર પાદરી ખરેખર અલ્લાહનો નેક બંદો હતો.

રાવીનું કથન છે કે સલમાન ફારસી નવા પાદરી વિશે કહ્યા કરતા, "પાંચ વખતની નમાઝો નહિ પઢનારા લોકોમાં મેં એના જેવો નેક માણસ જોયો નથી જે દુનિયાની માયાને ધિક્કારનારો હોય અને તેથી વધુ પરલોકને પ્રેમ કરનારો હોય અને તેથી વધુ રાતદિનના નિયમોને પાબંદીથી વળગી રહેનારો હોય. હું એને એટલો બધો પ્રેમ કરવા લાગ્યો કે આથી પહેલાં એવો પ્રેમ મેં કોઇને કર્યો નથી. હું એક મુદ્દત સુધી એની સેવામાં રહ્યો. છેવટે એના મૃત્યુનો પણ સમય આવી લાગ્યો. ત્યારે મેં એને કહ્યું, "હે જ્ઞાનવંતા ગુરૂજી ! હું અંતઃકરણથી આપને પ્રેમ કરતો રહ્યો. દિલોજાનથી આપની સેવા-ચાકરી બજાવતો રહ્યો. હવે આપના માટે અલ્લાહનો હુકમ આવી લાગ્યો છે. કહો, મારા માટે આપનો શું હુકમ છે ? ક્યારે ક્યાં જઉં અને કોની સેવામાં રહેવું તેની કંઇ વસિય્યત કરો."

તેણે કહ્યું, "હે મારા વહાલા બેટા ! જે લોકો સાચા અર્થમાં અસલી આકાશી ધર્મના પ્રેમી હતા, આ

Maktabe Ashraf

જગતથી તેઓ કૂચ કરી ગયા છે. અને જે લોકો રહી ગયા છે તેઓએ ધર્મને પલટાવી નાખ્યો છે. આકાશી કિતાબના મૂળભૂત સિધ્ધાંતોને બદલી નાખ્યા છે. તેમાં તરહ તરહની મનઘડત વાતો ઘૂસાડી દીધી છે. હા, ફક્ત એક સંન્યાસી મહાત્મા છે જે મારા જૂના મિત્ર છે અને ઈરાકના મૂસિલ શહેરમાં રહે છે. એ પણ તેજ ધર્મપંથના અનુયાયી છે જેનો હું અનુયાયી હતો. એના સંગતમાં રહેવાની હું તને વસિય્યત કરૂં છું."

સલમાન ફારસી મૂસિલ શહેરમાં———આ વસિય્યત બાદ એમનું મરણ થઈ ગયું. એમની દફન ક્રિયાથી પરવારીને હું મૂસિલ શહેર તરફ ઊપડયો અને ગુરૂજીએ દર્શાવેલી ઓળખ મુજબ ત્યાંના ધર્માત્માની તહેનાતમાં હાજર થઈ ગયો, મેં પોતાની કથા ટાંકતાં અંતમાં ઉમેર્યું, "હે અલ્લાહના નેક બંદા ! આપના ફલાણા મિત્રે મરતી વેળા વસિય્યત કરી તે અનુસાર આપની તહેનાતમાં હાજર થયો છું. ફરમાવો મારા માટે શો હુકમ છે ?"

તેણે કહ્યું, "ભલે આવ્યા, ખુશીથી મારી સાથે રહો." પરવાનગી મળતાં હું એમના સંગતમાં રહેવા લાગ્યો. આ મહાત્મા પણ બહુ ભલા અને સાચા અર્થમાં સંસાર-ત્યાગી પુરૂષ હતા. પરંપરાથી ઊતરી આવેલા મુળ આકાશી ધર્મના ઉપાસક હતા. પરંતુ એ પણ છેક વયોવૃધ્ધ હોવાથી ટૂંકમાં જ એમનો પણ અંતિમ સમય આવી લાગ્યો ત્યારે મેં એમને કહ્યું, "આપના મિત્રની વસિય્યત મુજબ હું આપની સેવામાં હાજર થયો હતો. હવે આપના માટે પણ અલ્લાહનો હુકમ આવી લાગ્યો લાગે છે. તો બતાવો, મારે શું કરવું ? કોની પાસે જવું ? એને લગતી મને કંઈ વસિય્યત ફરમાવો."

મહાત્મા બોલ્યા, "હે મારા વહાલા પુત્ર ! અલ્લાહના સોગંદ, આ જગતમાં કોઈ એવો માણસ મારી જાણમાં નથી જે તેજ ધર્મપંથને અનુસરનારો હોય જેને હું અનુસરતો હતો. અલબત્ત એવો એક જ શખ્સ મારી જાણમાં છે અને તે નસીબૈન શહેરમાં રહે છે.[1] તેનું આ નામ છે. અને તે ફલાણી જગાએ રહે છે. તેની પાસે જવાનો હું તને વસિય્યત કરૂં છું."

સલમાન ફારસી નસીબૈન શહેરમાં———એ પછી આ મહાત્મા પણ મૃત્યુ પામી ગયા તો એમની દફનવિધિથી પરવારીને એમની વસિય્યત મુજબ હું નસીબૈનના ધર્માત્માની સેવામાં પહોંચી ગયો. મેં પોતાની દાસ્તાન રજૂ કરીને છેલ્લે ઉમેર્યું, "હું મારા ફલાણા ધર્મગુરૂની વસિય્યત મુજબ આપની સેવામાં હાજર થયો છું."

મારી દાસ્તાન સાંભળીને તેણે કહ્યું, "ભલે આવ્યા, ખુશીથી મારા સંગાથે રહો." હું એની તહેનાતમાં રહેવા લાગ્યો. એ પણ સાચેસાચ અલ્લાહના નેક બંદા અને ઊંચા પાયાના સંત પુરૂષ હતા. પરંતુ બહુ મોટી ઉમ્મરના હોવાથી એમને પણ જલદી મૃત્યુનું તેડું આવી લાગ્યું. ત્યારે મેં એમને કહ્યું, "હે માનવંતા ગુરૂજી! આપ તો પરલોકના પ્રવાસે ઊપડવાની તૈયારી કરો છો ત્યારે મને કોની સેવામાં જવાની વસિય્યત કરો છો ?"

તેઓ બોલ્યા, "હે મારા પ્યારા ફરઝંદ ! અલ્લાહના સોગંદ, આ દુનિયામાં વસનારા કોઈ એવા ધર્માત્માને હું જાણતો નથી. જે આપણા અસલી ધર્મપંથને અનુસરનારો હોય. અલબત્ત એક મહાત્મા હયાત છે જે રોમની ભૂમિના ઉમૂરિયા શહેરમાં રહે છે. એજ આજે આપણા ધર્મપંથના સાચા ઉપાસક છે. તમારી ઈચ્છા હોય

---

૧. નસીબૈન : સીરિયાની સરહદે આવેલું એક શહેર - મૂસિલથી જે ગાડી સીરિયા અને તુર્કી જાય છે તેનું સ્ટેશન નસીબૈન શહેર પણ છે. આજકાલ તુર્કીમાં આવેલું છે. (ઇબ્ને હિશામનો હાશિયો જિ.૧ પા. ૨૪૦)

તો તેની સેવામાં જઈને રહેવાની હું તમને વસિય્યત કરૂં છું."

સલમાન ફારસી ઉમૂરિયા શહેરમાં————પછી જ્યારે એમનું મરણ થયું અને એમને માટીને હવાલે કરી દેવામાં આવ્યા તો એમની વસિય્યત મુજબ હું રોમની ભૂમિમાં આવેલા ઉમૂરિયા શહેરમાં પહોંચી ગયો અને ત્યાંના ધર્માત્માની તહેનાતમાં હાજર થઈને પૂરી વીતક કહેતાં અંતમાં ઉમેર્યું, "હે અલ્લાહના નેક બંદા ! હું મારા ફલાણા ધર્મગુરૂની વસિય્યત મુજબ આપની તહેનાતમાં હાજર થયો છું."

મારી કથા સાંભળીને તેણે કહ્યું, "ભલે આવ્યા, ખુશીથી મારી સાથે રહો." હું તેમના સંગાથે રહીને તેમની સેવા કરવા લાગ્યો. આ મહાત્મા પણ બહુ પહોંચેલા અને અસલી આકાશી ધર્મના શિક્ષણને મક્કમતાથી વળગી રહેનારા હતા. અહીંના નિવાસ દરમિયાન મેં કંઇક મજૂરી કરવા માંડી. અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી તેમાં બરકત આપી. થોડાક જ દિવસોમાં મારી પાસે કેટલીક ગાયો અને બકરાં ભેગાં થઇ ગયાં. એ પછી આ મહાત્મા પણ વયોવૃધ્ધ હોવાથી પરલોકના પ્રવાસે ઉપડવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે મેં તેમને કહ્યું, "હે માનવંતા ગુરૂજી ! મારા મામલા અંગે આપની શી વસિય્યત છે ? હું ફલાણા ફલાણા મહાત્માઓની સેવામાં રહીને છેવટે આપની તહેનાતમાં હાજર થયો હતો. હવે કોની સેવામાં જવાની આપ મને વસિય્યત ફરમાવો છો?"

તેણે કહ્યું, "હે મારા વહાલા ફરઝંદ ! અલ્લાહના સોગંદ, આજે કોઇ એવો માણસ મારી જાણમાં નથી જે મૂળ આકાશી ધર્મના શિક્ષણને વળગી રહેનારો હોય. કોની સેવામાં જઇને રહેવાની હું તને વસિય્યત કરું? ......અલબત્ત સાંભળી લે બેટા ! આ જગતમાં હવે અલ્લાહના એક પયગમ્બરની પધરામણીનો સમય આવી લાગ્યો છે. આ પયગમ્બર તે મઝહબ લઇને આવશે જે અલ્લાહના પયગમ્બર ઇબ્રાહીમનો મઝહબ હતો. આ પયગમ્બરની અરબની ધરતીમાંથી જાહેરાત થશે. તેમને એક સમયે એવા શહેર તરફ હિજરત કરવી પડશે જે બે ગરમ મેદાનો વચ્ચે આવેલું હશે. અને એ બંને ધરતીઓની વચ્ચે ખજૂરના ઝાડો ઝૂમતાં હશે. એ પયગમ્બરમાં એવી નિશાનીઓ હશે જે છૂપી રહી શકશે નહિ. તેઓ ભેટ કે હદિયાની વસ્તુઓ ખાઇ લેશે પણ સદકાની વસ્તુઓ નહિ ખાશે. [1] તેમના ખભાઓની વચ્ચે પયગમ્બરીની મુહર લાગેલી હશે. હે પુત્ર ! આ શહેરમાં પહોંચવાનું તારામાં બળ હોય તો જરૂર ત્યાં પહોંચી જજે !" આ વસિય્યત બાદ ધર્માત્માનું મરણ થતાં અમે એમને દફન કરી દીધા અને અલ્લાહની ઇચ્છા હતી ત્યાં સુધી હું ઉમૂરિયામાં જ રહ્યો.

વાદિયુલ-કુરા અને મદીનહ-મુનવ્વરહ————એ પછી એક દિવસે અરબના બનૂ કલ્બ કબીલાનો એક વેપારી કાફલો ઉમૂરિયાથી પસાર થવા લાગ્યો. મેં તેઓને કહ્યું, "મારી આ ગાયો અને બકરાં તમે રાખી લો. બદલામાં મને સવારી પર બેસાડીને અરબની ભૂમિમાં પહોંચાડી દો."

તેઓએ કબૂલ કરી લીધું અને મને પોતાના સંગાથે સવારી પર બેસાડી લીધો. જ્યારે કાફલો "વાદિયુલ-કુરા" સ્થળે પહોંચ્યો તો એ લોકોએ મારી સાથે દગો કર્યો. મને પોતાનો ગુલામ બનાવી લીધો. મારી ગાયો અને બકરાં પણ પડાવી લીધાં અને એક યહૂદીને હાથે મને વેચી માર્યો.

હવે હું મારા યહૂદી શેઠને ત્યાં રહેવા લાગ્યો. અહીં ખજૂરના ઝાડો જોઇને મને વિચાર આવ્યો કે આ

---

૧. હદિયો એટલે ભેટ-સોગાતની વસ્તુઓ જેનો ઉપયોગ માલદારો પણ કરી શકે કે ખાય શકે અને સદકો એટલે એવી વસ્તુઓ જેનો ઉપયોગ ફકત ગરીબો જ કરી શકે કે ખાય શકે. "હ"

ના નજર પડતી લાગે છે જેનું વર્ણન મારા ગુરૂજીએ મારી આગળ કર્યું હતું. પરંતુ વસતિની દશા જોઇને આ વાત ચોક્કસ રીતે મારા મનમાં ઠસતી ન હતી. એજ પરિસ્થિતિમાં હું મારા યહૂદી શેઠની ગુલામગીરી કરતો રહ્યો.

પછી એક દિવસે એવું બન્યું કે મારા યહૂદી શેઠ પાસે એનો એક પિતરાઇ ભાઇ આવ્યો. એ મદીનહ શહેરથી આવ્યો હતો અને ત્યાંના બનૂ કુરૈઝહ કબીલાના યહૂદીઓમાંથી હતો. તે મને એની પાસેથી ખરીદી લઇને મદીનહ લઇ ગયો. મદીનહ શહેરને જોતાં જ અલ્લાહના સોગંદ, મને ખાતરી થઇ ગઇ કે નક્કી આ તેજ શહેર છે જેનો ચિતાર મારા ધર્મગુરૂએ મારી આગળ રજૂ કર્યો હતો. હવે હું મદીનહ શહેરમાં રહીને મારા નવા યહૂદી શેઠની ગુલામગીરી કરવા લાગ્યો. એજ અરસામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં જાહેર થયા અને અલ્લાહને મંજૂર હતું તેટલી મુદ્દત આપ મક્કહમાં રહીને લોકોને ઇસ્લામનું આમંત્રણ આપતા રહ્યા. પરંતુ મને એની મુતલક ખબર ન હતી. ન આપને લગતી કોઇ માહિતી મને મળવા પામી હતી.

રોમાંચકારી ખુશખબર————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધારી ચૂક્યા તે પછીનો આ બનાવ છે. એક દિવસે હું મારા યહૂદી શેઠના કામમાં લાગેલો હતો. તેની ખજૂરવાડીમાં એક ખજૂરી પર ચઢીને ખજૂરોના ઝૂમખા તોડતો હતો. મારો શેઠ પણ ત્યાં ઝાડ નીચે ઊભેલો હતો. એટલામાં તેનો એક પિતરાઇ ભાઇ ત્યાં આવીને ઊભો થઇ ગયો અને મારા યહૂદી શેઠને કહેવા લાગ્યો, "હે ભાઇ ! અલ્લાહ બનૂ કૈલહની અવલાદને ગારત કરે ! એ બધા અત્યારે કુબામાં એક ગૃહસ્થ પાસે ટોળું વળીને ઊભેલા છે. આજે જ એ ગૃહસ્થ મક્કહથી આવેલા છે. લોકોનું માનવું છે કે એ અલ્લાહના પયગમ્બર છે."

ઇબ્ને હિશામ કહે છે : કૈલહ એક સ્ત્રીનું નામ છે જે કાહિલ બિન અઝરા બિન સઅદ બિન ઝેદ બિન લૈસ બિન અસવદ બિન અસલમ બિન અલહાફ બિન કુદાઅહની પુત્રી હતી અને મદીનહના અરબોના બે મોટા કબીલા-ઔસ અને ખઝરજના લોકો એજ કૈલહ નામે માની અવલાદમાંથી હતા.

હઝરત સલમાન ફારસીએ પોતાની આત્મકથા ચાલુ રાખતાં કહ્યું, "પેલા યહૂદીના મુખે આ શબ્દો સાંભળતાં જ મારા શરીરના રૂવાંટા ઊભા થઇ ગયા. મારા આખા અંગ પર ધ્રુજારી પ્રસરી ગઇ. મને થયું કે હું અબઘડી ઝાડ પરથી મારા શેઠ પર ગબડી પડીશ. જેમતેમ હોશ પર કાબૂ રાખીને હું ઝાડ પરથી નીચે ઊતરી આવ્યો અને બેકાબૂ થઇને પેલા યહૂદીને પૂછયું, "સાહેબ ! તમે શું વાત કહી છે ?"

મારો સવાલ સાંભળીને યહૂદી શેઠ ગુસ્સાથી લાલપીળો થઇ ગયો. લાગલો જ જોરથી મને એક તમાચો મારીને બરાડયો, "અલ્યા ગુલામ ! આ વાતો સાથે તને શું લાગે વળગે ? એટલે જ તો હું તારી પાછળ પડછાયા પેઠે લાગેલો રહું છું. જા, પોતાનું કામ કર !"

મેં ગળગળા થઇને કહ્યું, "સાહેબ ! બીજું તો કંઇ નહિ, પણ એમણે શું કહ્યું એજ મારે જાણવું હતું. બીજો વાંધો નહિ."

રસૂલુલ્લાહ (સલ.)ની તહેનાતમાં હાજરી————સલમાન ફારસી કહે છે : હવે મારી પાસે ગુલામગીરીની મહેનતની કંઇક પૂંજી ભેગી થઇ ગઇ હતી. એક સાંજે કામથી પરવારીને એ પૂંજીમાંથી ખાવાની કંઇક વસ્તુ ખરીદીને હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. તે વેળા રસૂલુલ્લાહ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુબા નામે વસતિમાં પધારેલા હતા. મેં આપની સેવામાં જઇને અરજ કરી,

"સાહેબ ! મને જાણવા મળ્યું છે કે આપ એક ભલા ગૃહસ્થ છો. આપની સાથે આપના ગરીબ સાથીઓ પણ છે જેઓને ખાવાપીવાની તંગી છે. મને થયું કે બીજાઓને આપવા કરતાં આપને આપવું વધારે બેહતર છે. એજ વિચારે સદકાની આ વસ્તુ લઇને આવ્યો છું."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સદકાની એ વસ્તુ લઇને પોતાના સાથીઓ આગળ ધરી દીધી અને ફરમાવ્યું, "કુલૂ !" એટલે તમે ખાવ. પણ પોતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ વસ્તુ તરફ હાથ લંબાવ્યો નહિ. મેં મનમાં કહ્યું, "ચાલો પયગમ્બરીની એક નિશાની તો સાચી ઠરી જે મારા ગુરૂજીએ મને બતાવી હતી."

એ પછી હું ત્યાંથી ચાલ્યો આવ્યો અને ફરીવાર જ્યારે કંઇક પૂંજી એકઠી થઇ તો ખાવાની કંઇક વસ્તુ ખરીદીને બીજીવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયો. તે વેળા આપ મદીનહ શહેરમાં પધારી ચૂકયા હતા. આપની તહેનાતમાં જઇને મેં કહ્યું, "હુઝુર ! પ્રથમ વાર મેં જોયું હતું કે આપ સદકાની વસ્તુ ખાતા નથી. એટલે આ હદિયાની વસ્તુ આપની શાનને શોભે તેવી લઇને હાજર થયો છું."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેનો સ્વીકાર કરીને તેમાંથી કંઇક ખાધું અને પોતાના સહાબાને પણ તેમાં શામિલ કરી લીધા. મેં મનમાં કહ્યું, "લ્યો આ બે નિશાનીઓ પૂરી થઇ."

એ પછી જયારે ત્રીજીવાર હું આપની સેવામાં હાજર થયો તો તે વેળા આપ "બકીઉલ-ગરકદ"માં [1] પોતાના કોઇ સાથીના જનાઝામાં પધારેલા હતા. અને પોતાના સહાબા વચ્ચે બિરાજમાન હતા. આપની તહેનાતમાં હાજર થઇને મેં આપને સલામ કરી અને તરત જ આપની પીઠ પછવાડે જઇને ઊભો થઇ ગયો કે જેથી પયગમ્બરીની ત્રીજી નિશાની તરીકે "મુહરે-નુબુવ્વત"ના પણ દર્શન કરી લઉં. ગુરૂજીના કહેવા પ્રમાણે "મુહરે-નુબુવ્વત" એટલે પયગમ્બરીનો સિકકો આપના બંને ખભાઓની વચ્ચે પૈદાઇશી રીતે ઊપસી આવેલો હતો.

મને પીઠ પાછળ ચકકર લગાવતો જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સમજી ગયા કે હું કેવી વસ્તુ જોવા માગું છું ! તરત જ આપે પોતાના પવિત્ર ખભા પરથી પહેરણ સરકાવી દીધું. મેં જોયું કે આપના ખભાઓની વચ્ચે પૈદાઇશી રીતે પયગમ્બરીની મુહર લાગેલી હતી. એને જોતાં જ મારા દિલને તસલ્લી થઇ ગઇ કે આપ સાચેસાચ અલ્લાહના તેજ પયગમ્બર છે જેની નિશાનીઓ મારા ગુરૂજીએ મને બતાવી હતી. પછી તો મારી ધીરજ ખૂટી ગઇ. મારૂં હૈયું ભરાઇ આવ્યું. રડતાં-રડતાં મુહરે નુબુવ્વતને બોસો દેવા હું આગળ ધસી ગયો અને ચુંબનો પર ચુંબનો આપવા લાગી ગયો. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હટો, અહીં મારી સામે આવો! " હું હટી ગયો અને આપની સામે જઇને બેસી ગયો.

એ પછી જે કંઇ મારી ઉપર વીતી હતી તેની પૂરી દાસ્તાન પ્રથમથી છેવટ સુધી મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સંભળાવી દીધી. તેને સાંભળીને આપ બહુ ખુશ થયા. આપની ઇચ્છા મુજબ આપના બીજા સાથીઓને પણ મેં મારી દાસ્તાન કહી સંભળાવી. એ પછી નિયમ મુજબ હું મારા યહૂદી શેઠની ગુલામગીરી

૧. બકીઉલ-ગરકદ : મદીનાના કબ્રસ્તાનનું નામ. લોકો એને બકીઅ અથવા જન્નતુલ-બકીઅ કહે છે. "ह"

કરતો રહ્યો અને એ દરમિયાન બદ્ર તથા ઉહુદના યુધ્ધો ખેલાઇ ગયાં પણ મારી ગુલામીને કારણે હું તેમાં શામિલ થઇ શક્યો નહિ.

ગુલામીથી આઝાદી તરફ————હઝરત સલમાન ફારસી કહે છે : એ પછી એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ફરમાવ્યું, "કાતબા યા સલમાન ! " એટલે હે સલમાન! મુકાતબહ કરી લો." [1] (એટલે તમારા શેઠ સાથે કંઇક કિંમત ઠરાવીને આઝાદી મેળવી લો.)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ એ અંગે મેં મારા યહૂદી શેઠ સાથે વાત કરી તો તેણે, ચાલીસ ઊકિયા સોનું ઉપરાંત ખજૂરીના ત્રણ સો છોડવા રોપીને બધા જ ફળદ્રુપ બને તેના બદલામાં આઝાદીની શરત રજૂ કરી. મેં આ શરત મંજૂર રાખીને તેનું લખાણ કરાવી લીધું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઇને એની ખબર આપી તો આપે પોતાના સહાબાને ફરમાવ્યું, "પોતાના ભાઇની મદદ કરો !"

આ સાંભળીને લોકો ખજૂરીના છોડવા લાવવા લાગ્યા. કોઇ ત્રીસ લઇ આવ્યો, કોઇ વીસ લાવ્યો કોઇ દસ તો કોઇ પાંચ. આ રીતે પૂરા ત્રણ સો છોડવા થઇ ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ફરમાવ્યું :

ઇઝહબ યા સલમાન !	જાવ હે સલમાન !
ફ-ફક્કર લહા,	એના માટે ખાડા ખોદો
ફઇઝા ફરગ્તા ફઅતિની.	જ્યારે પરવારી જાવ તો મારી પાસે આવો.
અકુન અના અદ્ઉહા બિ-યદી.	હું પોતે મારા હાથથી એને રોપીશ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ શેઠની વાડીમાં જઇને મેં ખાડા ખોદવા માંડ્યા. બીજા મુસલમાન ભાઇઓએ પણ એમાં મારી મદદ કરી. ખાડા તૈયાર થતાં મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર આપી. આપ પોતે અમારી સાથે વાડીમાં પધાર્યા. અમે છોડવા આપતા હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના મુબારક હાથોથી તેને ખાડાઓમાં રોપતા હતા. અહીં સુધી કે ખજૂરીના પૂરા ત્રણ સો છોડવા આપે પોતાના મુબારક હાથોથી રોપી દીધા. સોગંદ છે તે અલ્લાહના જેના અધિકારમાં સલમાનની જાન છે, એમાંનો એક પણ છોડવો ન તો સુકાવા પામ્યો કે ન તો બગડવા પામ્યો.

આ રીતે ખજૂરીના ઝાડો તો મેં મારા શેઠને હવાલે કરી દીધાં.હવે રહી ગયું ચાલીસ ઊકિયા સોનું તો ટૂંકમાં જ એવું બન્યું કે, એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં, કોઇ ખાણમાંથી મળી આવેલું મરઘીના ઇંડા જેવડું સોનું, હદિયા તરીકે એક ગૃહસ્થ તરફથી પેશ કરવામાં આવ્યું. તેને લઇને આપે ફરમાવ્યું, "મા ફઅલલ-ફારિસી-યુલ-મુકાતિબ !" પેલા ફારસીનું શું થયું ? તેણે પોતાની આઝાદીનો બદલો ચૂકવ્યો કે નહિ ?

---

1. એટલે પોતાના માલિકને ઠરાવેલી કિંમત આપીને બદલામાં ગુલામીથી આઝાદી મેળવી લેવાને અરબી ભાષામાં "[illegible]-અહ" કહે છે. અને આ રીતે આઝાદી મેળવનાર વ્યક્તિને "મુકાતબ" કહે છે. યહૂદી શેઠે હઝરત સલમાન પાસેથી આઝાદીની આકરી કિંમત વસૂલ કીધી. એક તો ખજૂરીના ત્રણ સો છોડવા તેની વાડીમાં રોપાવ્યા જેમાંથી એક પણ છોડ બગડવા ન પામે. બીજું એ બધા છોડ મોટા થઇને ફળ આપવા લાગે. ત્રીજું ચાલીસ ઊકિયા નક્કર સોનું લાવી આપવું. એક ગુલામ માટે આ શરતોનું પાલન આસાન કામ ન હતું. પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બરકતની અલ્લાહ તઆલાએ બધું આસાન કરી દીધું. એક ઊકિયા આશરે અઢીથી ત્રણ તોલા, રતલનો બારમો ભાગ (બયાનુલ-લિસાન પેજ ૭૪) "હ"

પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને પોતાની પાસે બોલાવ્યો અને ફરમાવ્યું :

ખુઝ હાઝિહી	લો આ સોનું,
ફઅદ-દહા મિમ્મા અલૈક	એને આપીને પોતાનું કરજ ઉતારો
યા સલમાનુ !	હે સલમાન !

આટલું નજીવું અને થોડુંક સોનું જોઇને મેં અરજ કરી, "યા રસૂલુલ્લાહ ! તેની માગણીને મુકાબલે એની શી વિસાત ? સોનાનું પ્રમાણ બહુ નાનું છે જ્યારે માગણીનું પ્રમાણ બહુ મોટું છે." મારી નિરાશા ભરેલી વાત સાંભળીને આપે ફરમાવ્યું :

ખુઝ-હા	એને લઈ તો લો
ફઇન-નલ્લાહ	બેશક અલ્લાહ
સયુઅદ્દી બિહા અન્ક.	એનાથી જ તમારૂં કરજ ઉતારી દેશે.

પછી ફરમાવ્યું, "જાવ એને તોલીને જોઇ લો કે કેટલું છે ?" મેં એ સોનાના દલ્લાનો તોલ કરાવ્યો તો અલ્લાહના સોગંદ, પૂરા ચાલીસ ઊકિયા સોનું હતું. તરત મારા યહૂદી શેઠ પાસે જઇને તેનું બાકીનું કરજ પણ પૂરેપૂરૂં ચૂકવી આપીને તેની ગુલામીમાંથી આઝાદ થઇ ગયો. એ પછી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ખન્દકના યુધ્ધમાં આઝાદીની હાલતમાં શામિલ થયો અને પછી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે મારો કોઇ જિહાદ છૂટવા નહિ પામ્યો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : એક રિવાયત મુજબ સલમાન ફારસીનું કથન છે કે, જ્યારે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અરજ કરી, "યા રસૂલુલ્લાહ ! આ સોનું એટલું કયાં છે કે તેની માગણી પૂરી કરી શકાય ?" તો આપે સોનાનો એ દલ્લો લઇને પોતાની પવિત્ર જીભ સાથે અડાડયો અને પછી ફરમાવ્યું, "ખુઝહા ફઊ-ફિહિમ મિન્હા." આ લો અને એનાથી તેનો પૂરો હક અદા કરી દો. ત્યારે મેં એ સોનું લીધું અને યહૂદી શેઠ પાસે જઇને તેનો પૂરો હક અદા કરી દીધો જે ૪૦ ઊકિયા હતો.

ઉમર બિન અબ્દુલ-અઝીઝની રિવાયત————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉમર બિન અબ્દુલ-અઝીઝનું કથન છે કે જ્યારે હઝરત સલમાન ફારસીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાની આપવીતી સંભળાવી તો એમ પણ કહ્યું કે, ઉમૂરિયાના મહાત્માએ સલમાન ફારસીને આ વાત પણ કહી હતી કે, મુલ્કે શામમાં ફલાણા સ્થળે તમે જજો. ત્યાં એક સન્યાસી રહે છે. તે આખું વરસ જંગલમાં નિવાસ કરે છે. વરસ પૂરૂં થતાં ત્યાંથી નીકળીને બીજા જંગલમાં ચાલ્યો જાય છે. તે વેળા લોકો પોતાના બીમારોને લઇને તેના રસ્તામાં ઊભા થઇ જાય છે. ચાલતી વેળા સન્યાસી જેના માટે દુઆ કરી દે તે તરત સાજો થઇ જાય છે. ત્યાં જઇને તમે એ સન્યાસીને મળો અને જે ધર્મની તમે તલાશમાં છો તેના વિષે સવાલ કરો તો તમારી મુરાદ પૂરી થશે.

હઝરત સલમાન ફારસી કહે છે : હું ત્યાંથી ઊપડયો અને મહાત્માએ બતાવેલી નિશાની મુજબ એ જંગલમાં પહોંચી ગયો. શું જોઉં છું કે લોકો પોતાના બીમારોને લઇને તેના રસ્તામાં હારબંધ ઊભેલા છે. જ્યારે રાત પડી તો સન્યાસી જંગલની ઝાડીમાંથી નીકળીને બીજા જંગલની ઝાડીમાં જવા લાગ્યો. લોકોએ ચારે તરફથી ધસારો કરીને તેને ઘેરી લીધો. અને હું કોશિશ છતાં તેની નઝદીક પહોંચી શક્યો નહિ. જે બીમાર

માટે તે દુઆ કરી દેતો, તરત તે સાજોસમો થઈ જતો. લોકોની ભીડમાં ચાલતાં-ચાલતાં તે બીજા જંગલની ઝાડી સુધી પહોંચી ગયો. હું તેની પાછળ જ લાગેલો હતો. જેવો જ તે ઝાડીમાં પ્રવેશે કે તરત મેં તેનો હાથ ઝાલી લીધો. તેણે પાછળ ફરીને જોયું તો ઝટ મેં પૂછી નાખ્યું, "હે સન્યાસી બાબા ! અલ્લાહ તુજ પર રહમ કરે. હું દીને-ઈબ્રાહીમ અને મિલ્લતે-હનીફની શોધમાં છું. કૃપા રાહે તેની મને કંઈક માહિતી આપો."

તે બોલ્યો, "હે શખ્સ ! તેં મને એવી વાત પૂછી છે કે આજે તેવી વાત પૂછનાર આ જગતમાં કોઈ નથી. વારૂ સાંભળી લે કે, અંતિમ યુગના પયગમ્બરની પધરામણીનો સમય આવી લાગ્યો છે. એ પયગમ્બર અહલે-હરમમાંથી હશે. કોશિશ કરીને તેમની સેવામાં પહોંચી જજે. એ પયગમ્બર તને દીને-ઈબ્રાહીમ અને મિલ્લતે-હનીફનું શિક્ષણ આપશે." આમ કહીને સન્યાસી ઝડપથી જંગલની ઝાડીમાં ગાયબ થઈ ગયો.

આ ઘટના સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સલમાનને ફરમાવ્યું :

લઈન કુન્ત સદક - તની,	અગર તેં મને સાચી વાત કહી છે
યા સલમાન !	હે સલમાન !
લકદ લકીતા,	તો બેશક તેં મુલાકાત કરી છે
ઈસબ્ન મરયમ,	ઈસા બિન મરયમની.

એટલે સન્યાસીના રૂપમાં એ મહાત્મા, અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા અલૈહિસ-સલામ હતા.

Maktabe Ashraf

પ્રકરણ ૩૭

સત્યધર્મને શોધનારા ચાર ગૃહસ્થો

મૂર્તિપૂજા પ્રત્યે ધિક્કાર • સત્યની શોધમાં વતન ત્યાગ • વરકહ બિન નવફલ અને ઉબૈદુલ્લાહ • બીબી ઉમ્મે-હબીબહ સાથે નિકાહ • ત્રીજો શખ્સ ઉસ્માન બિન હુવૈરિસ • ચોથો શખ્સ ઝૈદ બિન અમ્ર • હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર.

Maktabe Ashraf

મૂર્તિપૂજા પ્રત્યે ધિક્કાર————ઇબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશના લોકો વરસમાં એક વાર પોતાના ભગવાનોની મૂર્તિઓના સ્થાનક પાસે ભેગા થઈને તહેવારની ઉજવણી કરતા, મૂર્તિની વેદી પર પ્રાણીઓનું બલિદાન આપતા, મૂર્તિના સ્થાનની ચોગર્દમ પ્રદક્ષિણા કરતા, સમાધિમાં બેસીને એકાગ્ર ચિત્તે મૂર્તિની આરાધના કરતા, અને મૂર્તિની મહાનતાનાં યશોગાન લલકારતા, અને તેની પ્રસન્નતા માટે તરહ તરહની ધાર્મિક ક્રિયાઓ કરતા. વરસમાં એકવાર તેઓના તહેવારનો આ દિવસ આવતો હતો.

એવા જ એક તહેવાર પ્રસંગે કુરૈશના લોકોથી અલગ થલગ ચાર ગ્રહસ્યો છુપી મંત્રણા માટે એક સ્થળે ભેગા થયા. પ્રથમ તેઓએ આપસમાં એવો પ્રસ્તાવ મૂક્યો કે, "સચ્ચાઈને હરહાલમાં વળગી રહીશું. આપસની દોસ્તીની ગાંઠને મજબૂત રાખીશું અને આપણા ભેદને કોઈની આગળ જાહેર નહિ કરીશું" આ પ્રસ્તાવને બધાએ એકમતે મંજૂર રાખીને તેનો અમલ કરવાના સોગંદ લીધા. એ ચાર ગ્રહસ્થો આ હતા :

(૧) વરકહ બિન નવફલ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય.

(૨) ઉબૈદુલ્લાહ બિન જહશ બિન રિઆબ બિન યઅમુર બિન સબ્રહ બિન કબીર બિન ગૂનમ બિન વુદ્દાન બિન અસદ બિન ખુઝૈમહ.

(૩) ઉસ્માન હુવૈરિસ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય.

(૪) ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબ્દુલ્લાહ બિન કુર્ત બિન રબાહ બિન ઝરાહ બિન અદી બિન કઅબ બિન લુઐય.

સત્યની શોધમાં વતન ત્યાગ———— —આ ચારે ગૃહસ્થોએ તહેવારને દિવસે એકાંત સ્થળે બેસીને પોતાની ખાનગી ચર્ચા આગળ લંબાવી કે:

> "આપણી કૌમ ગુમરાહ થઈ ગઈ છે. ખોટા રસ્તે ભટકી ગઈ છે. દીને-ઈબ્રાહીમને છોડી બેઠી છે. પથ્થરના ભગવાનને પૂજે છે. એવા ભગવાન કે તેની ઉપર ગંદકી નાખો તો તેને

હટાવી નહિ શકે. ન સાંભળી શકે ન જોઇ શકે. ન લાભ પહોંચાડે ન નુકસાન પહોંચાડે. માટે ચાલો પરદેશમાં નીકળી પડો. ઘૂમીફરીને દીને-ઇબ્રાહીમની તલાશ કરો. સાચા આકાશી ધર્મની ખોજ કરીને તેનું જ્ઞાન મેળવો. અલ્લાહના સોગંદ આપણામાંથી કોઇપણ આજે સચ્ચાઇના ધર્મ પર નથી.''

આ પ્રમાણે ઠરાવીને બધાએ તેની ઉપર અમલ કરવાનો નિર્ણય લીધો.

વરકહ બિન નવફલ અને ઉબૈદુલ્લાહ——————વરકહ બિન નવફલે સતત સંશોધન અને ઊંડા અભ્યાસને અંતે ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લીધો. લગાતાર પ્રવાસમાં રહ્યા અને ખ્રિસ્તી ધર્માત્માઓની સેવામાં રહીને આકાશી પુસ્તકોનું જ્ઞાન સંપાદન કરતા રહ્યા ત્યાં સુધી કે અહલે-કિતાબનો ઘણો ખરો જ્ઞાન-ભંડોળ મેળવી લઇને ખ્રિસ્તી ધર્મના ધુરંધર પાદરી બની ગયા.

ઉબૈદુલ્લાહ બિન જહશ ઢચુપચુ વિચારોનો હોવાથી પોતાની મૂળ શંકાશીલ દશા પર કાયમ રહ્યો ત્યાં સુધી કે ઇસ્લામની જાહેરાત થઇ ત્યારે તેણે ઇસ્લામ ધર્મ સ્વીકારી લીધો અને મુસલમાનોના એક સમૂહ સાથે મક્કહથી હિજરત કરીને પોતાની મુસ્લિમ પત્ની સાથે હબશહ ચાલ્યો ગયો. એની પત્નીનું નામ ઉમ્મે-હબીબહ હતું. જે કુરૈશના સિપહસાલાર અબૂ સુફ્યાનની પૂત્રી હતી. હબશહ જઇને ઉબૈદુલ્લાહ મુરતદ બની ગયો એટલે ઇસ્લામથી ફરી ગયો અને ખ્રિસ્તી બની ગયો, ત્યાં સુધી કે એજ દશામાં તે મરી ગયો. અલબત્ત એના માનવંતા પત્ની હઝરત ઉમ્મે-હબીબહ ઇસ્લામને મક્કમતાથી વળગી રહ્યાં.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરએ કહી સંભળાવ્યું કે, ઉબૈદુલ્લાહ બિન જહશ ખ્રિસ્તી બની ગયો તે પછી જ્યારેય તે હબશહના મુસલમાનો પાસેથી પસાર થતો તો કટાક્ષમાં મુસલમાનોને કહ્યા કરતો, ''ફક-કહના વ સઅસઅ-તુમ !'' એટલે અમે તો આંખો ખોલી દીધી પણ તમે હજુ આંખો પટપટાવી રહ્યા છો ! મતલબ આ કે અમે ઇસ્લામને છોડીને સચ્ચાઇની રોશની મેળવી લીધી ત્યારે તમે હજુ સુધી રોશની માટે આંખો પટપટાવો છો છતાં તેને મેળવી શકયા નથી.

ઉબૈદુલ્લાહએ કટાક્ષમાં આ શબ્દોનો પ્રયોગ એટલા માટે કર્યો કે કુરકુરિયું જ્યારે આંખો ઉઘાડવા માગે છે તો તે અર્ધખુલ્લી અને અર્ધબીડેલી રહે છે. કૂતરીના બચ્ચાંની એજ હરકતને અરબીમાં ''સાઅસાઅ''કહે છે અને ''ફક્કહ''ના અર્થ ઉઘાડવાના થાય છે.

બીબી ઉમ્મે-હબીબહ સાથે નિકાહ——————ઉબૈદુલ્લાહ બિન જહશ ઇસ્લામને છોડીને ખ્રિસ્તી તરીકે મરી ગયો પણ તેના પત્ની ઉમ્મે-હબીબહ ઇસ્લામ પર મક્કમતાથી કાયમ રહ્યાં. ઉબૈદુલ્લાહના મરણ પછી હઝરત બીબી ઉમ્મે-હબીબહ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નિકાહ કરી લીધા. બીબી ઉમ્મે-હબીબહ મક્કહના નામચીન સરદાર અબૂ સુફ્યાનના બેટી હતાં.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન અલી બિન હુસૈનએ કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ નિકાહ માટે હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને હબશહના બાદશાહ નજાશી પાસે મોકલ્યા હતા. બીબી ઉમ્મે-હબીબહએ નિકાહનું માગું મંજૂર કરી લીધું તો નજાશી બાદશાહે બીબી ઉમ્મે-હબીબહ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહ કરાવી દીધા. નિકાહની મહર ૪૦૦ દીનાર નક્કી થયા. આ ચારસો દીનાર એટલે સોના મહોરો ખુદ નજાશી બાદશાહે પોતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી બીબી ઉમ્મે-હબીબહને ચૂકવી

Maktabe Ashraf

આપી. આ નિકાહમાં બીબી ઉમ્મે-હબીબહના વકીલ હઝરત ખાલિદ બિન સઈદ બિન આસ હતા. એમણે પોતાની વકાલતથી બીબી ઉમ્મે હબીબહને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આપ્યાં.

મુહંમદ બિન અલી બિન હુસૈન (રદિ.)એ વધુમાં ઉમેર્યું કે, ખલીફા અબ્દુલ-મલિક બિન મરવાનએ સ્ત્રીઓના મહરની હદબંધી કરીને, નિકાહના મહરના ચાર સો દીનાર નક્કી કરી દીધા હતા. તેનું કારણ ઉપર મુજબ જ છે.

ત્રીજો શખ્સ ઉસ્માન બિન હુવૈરિસ————ઇબ્ને ઈસ્હાક કહે છે : એ ચાર ગૃહસ્થોમાંથી ઉસ્માન બિન હુવૈરિસ રોમન શહેનશાહ કયસરના દરબારમાં પહોંચી ગયો અને તેના હાથ પર ખ્રિસ્તી ધર્મ સ્વીકારીને તેના દરબારીઓમાં શામિલ થઈ ગયો. અહીં તેને હાથોહાથ લેવામાં આવ્યો અને એક દરબારી તરીકે તેને માનમોભાનું ઊંચું સ્થાન મળવા પામ્યું.

ચોથો શખ્સ ઝૈદ બિન અમ્ર————ચોથો ગૃહસ્થ ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ પોતાની વર્તમાન દશા પર કાયમ રહ્યો. તે ન ખ્રિસ્તી બન્યો ન યહૂદી, કોઈ ધર્મ તેણે સ્વીકાર્યો નહિ. પરંતુ પોતાની કોમના મૂર્તિપૂજાના ધર્મથી તદ્દન અલગથલગ રહ્યો. ન મૂર્તિઓની પાસે જતો ન મૂર્તિઓને નમન કરતો ન મૂર્તિઓના નામે કાપેલા જાનવરનું લોહી પીતો ન તેનું માંસ ખાતો. લોકો પોતાના ઘરમાં પુત્રીનો જન્મ થતાં તેને જીવતી દાટી દેતા હતા. અમ્ર બિન ઝૈદ તેઓને આ બેરહમી ભર્યા જંગલી કૃત્યથી અટકાવતો અને કહ્યા કરતો, "હે લોકો ! તમે પથ્થરને પૂજી-પૂજીને પથ્થર જેવા દિલના બની ગયા છો એટલે જ બેટીઓને જીવતી દાટી દો છો. હું તો આપણા બાપ ઇબ્રાહીમના ધર્મનો અનુયાયી છું. હું ઇબ્રાહીમના અલ્લાહની બંદગી કરું છું ત્યારે તમે પથ્થરના બનેલા ભગવાનની બંદગી કરો છો." તેની આવી વાતોથી છંછેડાઈને કુરૈશના લોકો છેવટે તેના ખુલ્લા દુશ્મન બની ગયા કેમકે તે તેઓની મૂર્તિઓને છડેચોક વગોવતો હતો.

ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂબક્ર સિદ્દીકના માનવંતા પુત્રી બીબી અસમા નું બયાન છે કે, મેં ઝૈદ બિન અમ્ર બિન નુફૈલને તેની છેક વયોવૃદ્ધ દશામાં જોયા છે. તે કઅબહની દીવાર સાથે પૂઠ અડાડીને બેસી રહેતા અને ઊંચા સાદે પોકારીને કહ્યા કરતા :

> "હે કુરૈશના લોકો ! સોગંદ છે તે અલ્લાહના જેના કબજામાં ઝૈદની જાન છે. આજે મારા સિવાય દીને-ઇબ્રાહીમ પર ચાલનારો તમારામાંથી કોઈ રહ્યો નથી."
>
> પછી પોકારીને કહેતા, "હે અલ્લાહ ! અગર હું જાણતો હોત કે બંદગીનો કયો તરીકો તને પસંદ છે તો હું તેજ તરીકાથી તારી બંદગી કર્યા કરત ! પરંતુ અફસોસ મને તેની ખબર નથી."

આમ કહીને ઝૈદ બિન અમ્ર પોતાની હથેલીઓ જમીન પર ટેકવી દેતા, તેની ઉપર પોતાનું માથું મૂકી દેતા અને આ રીતે પોતાના એક અલ્લાહને સિજદો કરતા.

હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર————ઇબ્ને ઈસ્હાક કહે છે : એજ ઝૈદ બિન અમ્ર બિન નુફૈલના સુપુત્ર હઝરત સઈદ બિન ઝૈદ મુસલમાન બન્યા હતા. અને ઇસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ જેઓ ઝૈદ બિન અમ્રના પિતરાઈ ભાઈ થતા હતા, એક દિવસે હઝરત સઈદ અને હઝરત ઉમરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને દરખાસ્ત કરી, "યા રસૂલુલ્લાહ ! ઝૈદ બિન અમ્ર માટે દુઆ કરો કે અલ્લાહ તેની મગફિરત ફરમાવે !"

જવાબમાં આપે ફરમાવ્યું.

નઅમ,	હા (તેના માટે દુઆ કરવામાં આવશે)
ફઈન-નહૂ યુબ-અસુ	તેને (કિયામતના દિવસે) એવી હાલતમાં ઉઠાડવામાં આવશે કે
ઉમ્મતંવ-વાહિદહ.	તે એકલો એક ઉમ્મતની બરાબર હશે [1]

ઝૈદ બિન અમ્ર બિન નુફૈલે પોતાની કૌમના મૂર્તિપૂજાના ધર્મનો ત્યાગ કર્યો હોવાથી કૌમના હાથે એમને બહુ વેઠવું પડયું અને તરહ-તરહની તકલીફો અને કષ્ટોમાંથી પસાર થવું પડયું. એજ દર્દનાક દશા અંગે પોતે રચેલા કાવ્યમાં તે કહે છે :

(નોટ :- અલ્લામા ઈબ્ને હિશામે અહીં ઝૈદ બિન અમ્રે રચેલાં બે કાવ્યો ટાંકયાં છે. પહેલાં કાવ્યના ૧૨ શેઅરો છે. બીજું કાવ્ય ૧૭ શેઅરોનું છે. કેટલાક શેઅરો અહીં ટાંકીએ છીએ:)

અ - રબ્બંવ - વાહિદન અમ અલ્ફ રબ-બિન • અદીનુ ઇઝા તુકુસ - સમતિલ ઉમૂર.

હું એક જ ભગવાનની બંદગી કરૂં અથવા એક હજાર ભગવાનોની ? જેમકે મૂર્તિપૂજકોએ એકમાત્ર ભગવાનની અનેક ભગવાનોમાં વહેંચણી કરી નાખી છે.

અઝલ-તુલ - લાત વલ - ઉઝઝા જમીઅન • કઝાલિક યફ-અલુલ- જલ્દુસ- સબૂર.

મેં લાત અને ઉઝઝા જેવા બધા ભગવાનોને તરછોડી કાઢયા છે. બળવાન અને મજબૂત મનોબળ ધરાવનાર વ્યકિત એમ જ કરે છે.

ફલા ઉઝઝા અદીનુ વલા ઇબ-નતૈહા • વલા સનમી બની અમરિન અઝૂરૂ.

ત્યારે હું ન ઉઝઝાની પૂજા કરૂં છું ન તેની બંને પુત્રીઓની અને ન હું બની અમ્રની બંને મૂર્તિઓના દર્શન કરૂં છું.

વલા ગન્મા અદીનુ વ કાના રબ્બન • લના ફિદ-દહરે ઇઝ હિલ્મી યસીરુ.

અને ન હું ગન્મ નામે ભગવાનની ભકિત કરૂં છું; જે એવા સમયે અમારો ભગવાન હતો જયારે મારી અક્કલ ઓછી હતી.

વલાકિન અઅ-બુદુર-રહમાના રબ્બી • લિયગ-ફિરા ઝમ-બિર - રબ્બુલ - ગફૂરુ.

હું તો મારા પાલનહાર રહમાનની બંદગી કરૂં છું કે જેથી તે માફ કરનારો પાલનહાર મારા ગુનાહો માફ કરી દે.

તરલ અબરાર દારુહુમ જિનાન • વલિલ - કુફફારિ હામિયતન સઈરુ.

તું જોઈ લેશે કે નેક લોકોનું ઘર જન્નત છે અને કાફિરો માટે ગરમ ભડભડતી આગ છે.

વ બિઝયુન ફેલ- હયાતિ વ ઇંચ - યમૂતુ • યુલાકુ મા તદીકુ બિહિસ - દુદૂરુ.

તેઓ (કાફિરો) માટે આ જીવનમાં ફજેતો છે અને મરી ગયા તો એવી દશામાં અફળાશે કે કલેજું તાળવે આવી જશે.

---

૧. એટલે તે પોતાના અકીદાઓ અને માન્યતાઓનો એક જ સભ્ય છે તેથી કિયામતના દિવસે તેનું મૂલ્ય એક ઉમ્મત જેટલું હશે. "હ"

ઇલલ-લાહિ અહદી મિદહતી વ સનાઇયા • વ કવલન રદિય્યન લાયનિદ-દહર બાકિયા.

અલ્લાહની બારગાહમાં હું તેની પ્રશંસા, તેની સ્તુતિ અને એક નક્કર વાતની એવી ભેટ ધરૂં છું જે બાકીના યુગ એટલે જગતના અંત સુધી ઝાંખી નહિ પડે.

વ ઇય્યાક લા તજઅલ મઅલ-લાહિ ગયરુહૂ • ફ ઇન્ન સબીલર - રુશદિ અસ્બહ બાદિયા.

હે ઇન્સાન ! અલ્લાહ સાથે કોઇને તેનો ભાગીદાર ઠરાવવાથી પોતાને બચાવી લે. કેમકે સીધો રાહ તો પ્રગટ થઇ ચૂકયો છે.

હના-નૈકા ઇન્નલ-જિન્ન કાનત રજા-અહુમ • વ અન્ત ઇલાહી રબ્બુના વ રજાઇયા.

હે મારા મઅબૂદ ! હું તારી કૃપાઓ અને ઇનાયતોનો તલબગાર છું. બીજા લોકોએ તો જિન્નાત કે દેવીદેવતાઓને પોતાની આશા-નિરાશાનું કેન્દ્ર બનાવી લીધા છે. જયારે કે બધાનો પાલનહાર અને મારી આશા-નિરાશાનું કેન્દ્ર તુંજ છે.

રદીતુ બિકલ્લા - હુમ્મ રબ્બન ફલન અરા • અદીનુ ઇલાહન ગય-રકલ - લાહુ સાનિયા.

હે અલ્લાહ ! હું તારા પાલનહાર હોવા પર રાજી છું. તારા સિવાય કોઇ બીજા ભગવાનને કદી બંદગીને પાત્ર નહિ ઠરાવું.

વ ઇન્ની લવ સબ-બહતુ બિસમિકિ રબ્બના • લ અકસ્સર ઇલ્લા મા ગફર-તા ખતાઇયા.

હે મારા પાલનહાર ! જો કે મેં તારા નામની માળા જપી છે છતાં હું મોટો પાપી છું. સિવાય કે તું મારા પાપોની માફી આપી દે.

ફ રબ્બલ-ઇબાદિ અલકિ સૈબંવ-વ-રહમતન • અલય્ય વ બારિક ફી બનિય્ય-યિંવ - વ માલિયા.

તો હે બંદાઓના પાલનહાર ! મુજ પર તારી કૃપાઓનો ધોધ વરસાવ અને મારી અવલાદ તથા મારા માલમાં બરકત આપ !

પ્રકરણ ૩૮

ઝૈદ બિન અમ્રની મુસીબતો

મક્કહથી નીકળી જવાનો નિર્ધાર ● ઇશ્કે-ઇલાહી અને કઅબહની કીર્તિ ● ઝૈદ પર ખત્તાબના અત્યાચારો ● તલાશે-હકમાં ઝૈદનો રઝળપાટ ● રાહે-હકમાં પ્રાણનું બલિદાન ● વરકહ બિન નવફલનું શોકકાવ્ય.

Maktabe Ashraf

મક્કહથી નીકળી જવાનો નિર્ધાર ————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઝૈદ બિન અમ્રે મક્કહ થી નીકળી જવાનો નિર્ધાર એટલા માટે કરી લીધો હતો કે દીને-ઇબ્રાહીમની તલબમાં મુસાફિરો પેઠે ઘૂમતો રહે જેથી તે સફરની તૈયારીમાં લાગી ગયો. ઝૈદ બિન અમ્રની બૈરીનું નામ સફિય્યહ બિન્તે હઝ્રમી હતું અને હઝ્રમીનું નામ અબ્દુલ્લાહ બિન અબ્બાદ બિન અકબર હતું જે બનૂ સદફ નામે કબીલામાંથી હતો અને સદફનું નામ અમ્ર બિન માલિક હતું જે બનૂ સકૂન બિન અશરસ બિન કિન્દી કુટુંબનો એક ગૃહસ્થ હતો.

ઝૈદ બિન અમ્રની ઘરવાળી જ્યારેય જોતી કે ઝૈદ પ્રવાસની તૈયારી કરીને મક્કહથી નીકળી નાસવાનું નક્કી કરી ચૂક્યો છે તો તરત તે ખત્તાબ બિન નુફૈલ પાસે દોડી જતી અને તેને ખબર કરી દેતી. ખત્તાબ બિન નુફૈલ હઝરત ઉમર ફારૂકનો બાપ હતો અને ઝૈદ બિન અમ્રનો કાકો તથા માદરી ભાઈ હતો. પોતાના બાપદાદાનો મૂર્તિપૂજાનો ધર્મ છોડી દેવાને કારણે ખત્તાબ વારેઘડીએ ઝૈદ બિન અમ્રને ઠપકારતો રહેતો અને જાતજાતની દમદાટીઓ આપ્યા કરતો. તેણે તેની બાયડી સફિય્યહને તેની પાછળ લગાડી દીધી હતી. અને સાથે હુકમ આપી દીધો હતો કે ઝૈદ જ્યારેય નીકળી નાસવાનો ઇરાદો કરે કે તરત તેને ખબર કરી દેવી. આ કારણે વારંવારના નિર્ધાર છતાં ઝૈદ બિન અમ્રને, દીને-ઇબ્રાહીમની તલાશમાં, મક્કહથી ફરાર થવાની તક મળી ન હતી. ઘરવાળીની આ હરકતોથી ખફા થઈને ઝૈદ બિન અમ્રે કેટલાક શેઅરો કહ્યા. (અમે એ શેઅરો જતા કર્યા છે. "હ")

ઇશ્કે-ઇલાહી અને કઅબહની કીર્તિ————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઝૈદ બિન અમ્ર બિન નુફૈલના ઘરના માણસોની મને આ માહિતી મળવા પામી કે ઝૈદ જ્યારે ખાનએ-કઅબહ તરફ જતા તો કઅબહ તરફ મુખ કરીને ઊભા થઈ જતા અને અલ્લાહના દરબારમાં પોતાની હાજરી પૂરાવતાં આ પ્રમાણે કહેતા:

લબ્બૈક !	હે અલ્લાહ ! હું હાજર છું તારા દરબારમાં !
હક્કન હક્કન !	બેશક તું હક છે બેશક તું સાચો છે !
તઅબ્બુદન !	હું હાજર છું નમ્રતાથી તારા તુચ્છ બંદા તરીકે !
વ રિક્કન !	હું હાજર છું તારા અદના ગુલામ તરીકે !

ઉઝતુ	હું યાચના કરૂં છું તારા રક્ષણની;
બિમા આઝ બિહી ઇબ્રાહીમ	જે શબ્દોમાં યાચના કરી હતી તારા રક્ષણની ઇબ્રાહીમે,
મુસ્તક - બિલક - કઅબહ	કઅબહ તરફ મુખ કરીને,
વ હુવા કાઇમુન.	જયારે કે તેઓ ઊભેલા હતા.

તે વેળા ઝૈદ આ શેઅર લલકારતા :

અન્ફી લકલ્લા - હુમ્મ આનિવ રાગિમ • મહમા તુજશ - શમની ફઇન્ની જાશિમ.

હે અલ્લાહ ! મારી નમ્રતાનું નાક તારા દરબારમાં, તારી પ્રસન્નતા માટે માટીને રગદોળી રહ્યું છે. જે અને જેવાં સંકટો તુજ તરફથી મુજ પર તૂટી પડે તેને ઉપાડવા હું તૈયાર છું. નેકીની યાચના તરીકે ઝૈદ આ શેઅર પણ લલકારવા લાગતાઃ

અલ બિર્ર અબગી લા અલખાલ • લયસા મુહજ - જરુન કમન કાલ.

હું નેકીનો તલબગાર છું. અભિમાનનો નહિ. વતન ત્યાગનારો બપોરે આરામથી સુવાનો નથી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ઝૈદ બિન અમ્ર આ શેઅરો પણ કહ્યા છે :

વ અસ્લમતુ વજહી લિમન અસ-લમત • લહુલ અરદુ તહમિલુ સખ્રન સિકાલા.

મેં પોતાની ગરદન તે પવિત્ર જાત સામે ઝુકાવી દીધી જેની આગળ પ્રચંડ ચટ્ટાણોને ઉપાડનારી ધરતીએ પોતાની ગરદન ઝુકાવી દીધી.

દહાહા ફલમ્મા રઆહા અસ-તવત • અલલ-માએ અરસય અલૈહલ - જિબાલા.

તેણે આ ધરતીને પાથરી દીધી અને જ્યારે તે પાણી પર ઠીક રીતે નક્કર થઇ ગઇ તો તેણે તેની ઉપર પહાડોના લંગર નાખી દીધા.

વ અસ્લમતુ વજહી લિમન અસ-લમત • લહુલ-મુઝનુ તહમિલુ અઝબન ઝુલાલા.

મેં પોતાનું મસ્તક તે પવિત્ર જાત સામે નમાવી દીધું જેની સામે, મીઠાં સ્વચ્છ પાણી ઉપાડનારાં વાદળોએ પોતાનું મસ્તક નમાવી દીધું.

ઇઝા હીયા સીકત ઇલા બલ-દતિન • અતાઅત ફસબ-બત અલયહા સિજાલા.

આ વાદળોને જયારેય કોઇ ધરતી તરફ હંકારવામાં આવ્યાં તો વાદળોએ આજ્ઞાનું પાલન કર્યું અને તેની ઉપર પાણીની ડોલોની ડોલો ઠાલવી દીધી.

ઝૈદ પર ખત્તાબના અત્યાચારો————ત્રાસવાદી ખત્તાબે ઝૈદ પર ઝુલ્મોની ઝડી વરસાવી દીધી અને તેને પારાવાર તકલીફો આપી અને પછી તેને મક્કહની ભૂમિની ઊંચી સપાટી તરફ તડીપાર કરી દીધો. જ્યારે ઝૈદ પડતો આખડતો મક્કહ સામેના હિરા સ્થળે પહોંચીને પડી રહ્યો તો ખત્તાબે અહીં પણ તેનો પીછો નહિ છોડયો. કુરૈશના કેટલાક ગુંડાઓ અને ગમારોને તેની પાછળ લગાડી દીધા કે જેથી ઝૈદ મક્કહમાં દાખલ નહિ થવા પામે. આમ છતાં કોઈવાર ઝૈદ ચોરીછુપીથી મક્કહ આવી જતો ત્યારે પેલા મવાલીઓ તરત ખત્તાબને ખબર કરી દેતા. ખત્તાબ એજ વેળા તેને મારી-મારીને ફરીવાર જંગલ ભેગો કરી દેતો, કે જેથી મક્કહના લોકોમાંથી કોઇ, તેની વાતમાં આવી જઇને પોતાનો ધર્મ બગાડી નહિ નાખે. આ તે સમય હતો જ્યારે ઝૈદે હજુ મક્કહથી

Maktabe Ashraf

નીકળી જવાનું કરાવ્યું ન હતું.

તલાશે-હકમાં ઝૈદનો રઝળપાટ————ઝૈદે જોયું કે આ ખૂંખાર ત્રાસવાદીઓ હવે મને મક્કહમાં રહીને સાચા ધર્મનો પ્રચાર કરવા દેવાના નથી તો લાચારીએ તેણે દીને-ઈબ્રાહીમના વધુ જ્ઞાન માટે પરદેશના પ્રવાસનો પંથ લીધો. સાધુઓ, સંતો, સંન્યાસીઓ, ધર્માત્માઓ અને નસારાના પંડિતોને પૂછતો-પૂછતો પ્રથમ તે મુસિલ અને ત્યાંથી અલ-જઝીરા જઈ પહોંચ્યો. અહીં સીરિયાના તમામ મુખ્ય મથકોએ ઘૂમીફરી વળ્યો અને છેવટે બલકાઅની ભૂમિના "મયફઆ" સ્થળે એક સંન્યાસીની સેવામાં પહોંચી ગયો. તેને મળેલી માહિતી મુજબ ખ્રિસ્તી ધર્મના આ સન્યાસી મોટા વિદ્વાન પુરૂષ હતા અને આકાશી કિતાબોના જ્ઞાનના સૌથી મોટા પંડિત ગણાતા હતા.

ઝૈદ બિન અમ્રે આ સંન્યાસી મહાત્માને દીને-ઈબ્રાહીમના "હનીફીયા" પંથ વિશે સવાલ કર્યો તો તેઓ બોલ્યા, "હે ઝૈદ ! આજના યુગમાં તું એવા પંથની શોધમાં છે જેની દોરવણી કરનારો કોઈ તને મળવાનો નથી. હા એક પયગમ્બરની પધરામણીના ભણકારા વાગી રહ્યા છે. એમનું આગમન તેજ ભૂમિમાં થશે જયાંથી તું નીકળી આવ્યો છો. એ પયગમ્બર દીને-ઈબ્રાહીમ અને મિલ્લતે-હનીફીયા પર પ્રગટ થશે. માટે તું એ ભૂમિ તરફ પાછો ફર અને ત્યાંનો જ વસવાટ ગ્રહણ કરી લે. કેમકે તેમના જાહેર થવાનો યુગ બેસી ગયો છે."

રાહે-હકમાં પ્રાણનું બલિદાન————દીને ઈબ્રાહીમની તલાશ અને તહકીકમાં રઝળપાટ કરનાર ઝૈદ બિન અમ્ર બિન નુફૈલને ઈસાઈયત તથા યહૂદીયતની જે માહિતી મળવા પામી તેનાથી ઝૈદના મનનું સમાધાન થયું નહિ. કેમકે દીને-ઈબ્રાહીમના હનીફીયા પંથની દોરવણી કરનારૂં આ જગતમાં કોઈ રહ્યું ન હતું.

મયફઆના સન્યાસીને મુખે એક પયગમ્બરની પધરામણીના આનંદકારી અને પ્રેરણાદાયક સમાચાર સાંભળીને ઝૈદ બિન અમ્ર એજ પળે મક્કહ ભણી રવાના થઈ ગયા. જયારે તેઓ સતત કૂચ કરતા બનૂ લખ્મની વસ્તીઓમાં પહોંચ્યા તો ત્યાંના લોકોએ અચાનક ત્રાટકીને તેમને શહીદ કરી નાખ્યા.

વરકહ બિન નવફલનું શોકકાવ્ય————વરકહ બિન નવફલ બિન અસદને ઝૈદની હત્યાના સમાચાર મળ્યા તો તેમને પારાવાર ખેદ થયો અને ઝૈદના માતમમાં તેમણે આ શોક-કાવ્ય રચ્યું :

રશિદતા વ અન્અમ - તબ્ન અમરિંવ - વ -ઈન્નમા • તજન - નબ્તા તનવ્વરમ મિનન- નારિ હામિયા.

હે અમ્રના પુત્ર ! તેં સીધો પંથ લીધો અને આ પંથ તેં લાંબા સોચવિચાર પછી ગ્રહણ કર્યો. જેથી તું ભડભડતા તન્નૂરની આગથી બચી ગયો. (એટલે જહન્નમની આગથી)

બિ-દીનિકા રબ્બન લયસ રબ્બુ ક-મિસ્લિહી • વ તરકિકા અવસા-નત - તવાગી કમા-હિયા.

નિરંજન અને નિરાકાર અલ્લાહનો મઝહબ કબૂલ કરી લેવાને કારણે, અને અલ્લાહના દ્રોહીઓની મૂર્તિઓને તેની એજ ગોઝારી દશામાં તરછોડી કાઢવાને કારણે, તેં પરલોકની મુક્તિ મેળવી લીધી.

વ અદરાકે-કદ દીનુ-લઝી કદ તલબ-તહુ • વલમ તકુ અન તવહીદિ - રબ્બકા સાહિયા.

જેની તલાશમાં તું હતો તે ધર્મને મેળવી લેવાને કારણે અને આ કારણે કે તું પોતાના પાલનહારના તવહીદને ભૂલી જનારો ન હતો;————

ફઅસ-બહતા ફી દારિજ - કરીમિન મુકામુહા • તુઅલ-લિલુ ફીહા બિલ-કરા-મતિલ- લાહિયા.

તો તું એવા ઘરમાં જઈ પહોંચ્યો જ્યાં રહેવું પ્રતિષ્ઠા-પાત્ર છે અને જ્યાં તું તમામ વાતોથી નચિંત થઈને માનપાનથી પોતાની કોશિશોનું ફળ મેળવતો રહેશે.(એટલે કાયમ જન્નતમાં મહાલતો રહેશે.)

તુલાકી ખલીલલ-લાહિ ફીહા વલમ તકુન • મિનન-નાસિ જબ્બારન ઇલન-નારિ હાવિયા

ત્યાં તું ખલીલુલ્લાહ (અલ્લાહના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામની) મુલાકાત કરશે કેમકે તું અલ્લાહના દ્રોહીઓમાંથી અને આગમાં દાખલ થનારાઓમાંથી નહિ હતો.

વકદ તુદ-રિકુલ- ઇન્સાન રહમતુ-રબ્બેહી • વલવ કાના તહતલ - અરદિ સબઈના વાદિયા.

કોઈ ઇન્સાન ભલે સિત્તેર ખીણોની ઊંડાઈમાં પાતાળની નીચે હોય આમ છતાં દયાળુ અલ્લાહની રહમત તેની પાસે પહોંચી જવા પામે છે.

Maktabe Ashraf

પ્રકરણ ૩૯

ઈન્જીલમાં રસૂલુલ્લાહ (સલ.)ની બશારત

આકાશી કિતાબ ઈન્જીલની આગાહી • રસૂલુલ્લાહ (સલ.)ની પયગમ્બરીનું વચન.

Maktabe Ashraf

આકાશી કિતાબ ઈન્જીલની આગાહી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતીઓમાંથી એક ખબર આ છે કે, અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમ અલૈહિસ-સલામને મળેલી આકાશી કિતાબ ઈન્જીલમાં અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લગતી જે ખૂબીઓ દર્શાવી છે જેને હઝરત ઈસા અલૈહિસ-સલામના સાથી જોહાન્સે ઈન્જીલ લખતી વેળા લખી લીધી હતી તેમાં હઝરત ઈસા બિન મરયમનું આ કથન પણ ટાંકવામાં આવ્યું છે કે :

"જેણે મારી સાથે દુશ્મની કરી તેણે અલ્લાહ સાથે દુશ્મની કરી. અગર હું તેઓની સામે એવા કામો ન કરત જે મુજથી પહેલાં કોઈએ કર્યા નથી તો એમાં તેમનો કોઈ વાંક ન હોત. પરંતુ તેઓ તો આજથી ઈતરાવા લાગી ગયા છે અને તેઓએ સમજી લીધું છે કે તેઓ મુજ પર અને અલ્લાહ પર વર્ચસ્વ મેળવી લેશે. પરંતુ જે વાત "નામૂસ"માં લખેલી છે તે પૂરી થઈને રહેવાની છે.

તેઓએ મુજથી નાહક અદાવત કીધી. કાશ ! "મુન-હમન્ના" આવી ગયા હોત! એ તે શખસ છે જેમને અલ્લાહ તમારી તરફ પવિત્ર રૂહ સાથે મોકલશે. એ મારા સાક્ષી હશે. અને તમે પણ મારા સાક્ષી છો. કેમકે તમે શરૂઆતથી મારી સાથે રહી રહ્યા છો. મેં તમને આ વાત કહી દીધી છે કે જેથી તમે શંકામાં ન રહો અને આમ ન કહી શકો કે કોઈએ અમને કહ્યું ન હતું."

સુરયાની ભાષામાં "મુન-હમન્ના" શબ્દના તેજ અર્થ થાય છે જે અરબી ભાષામાં "મુહંમદ" શબ્દના થાય છે. રોમન ભાષામાં મુહંમદ શબ્દનો ઉચ્ચાર "બરકલીતુસ" - PERICLYTOS - અથવા યૂનાનીમાં "ફાર-કલીત" થાય છે. અલ્લાહની અપાર રહમતો હો આ ના પવિત્ર આત્મા પર ! [1]

---

૧. મતલબ કે બરકલીતુસ, ફારકલીત અને મુન્હમન્ના એ ત્રણે શબ્દોના અર્થ અરબીનાં મુહંમદ થાય છે. જેમને કુર્આનમાં મુહંમદ ઉપરાંત અહમદ પણ કહેવામાં આવ્યા છે. અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા (અલૈ.)એ પોતાના અનુયાયીઓને એક પયગમ્બરની પધરામણીની પેશીનગોઈ કરી હતી. જેનું બયાન કુર્આનમાં આ રીતે છે. : "મુબશ-શિરમ બિ-રસૂલિંય-યઅતી મિમ-બઅદિસ-મુહૂ અહમદ." એટલે હું તમને ખુશખબર આપું છું કે મારા પછી એક પયગમ્બર પધારશે જેમનું નામ અહમદ હશે. "હ"

રસૂલુલ્લાહ (સલ.)ની પયગમ્બરીનું વચન——————ઇબ્ને હિશામ કહે છે : મને મળેલી રિવાયત મુજબ જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ચાલીસ વરસની ઉંમરે પહોંચ્યા તો અલ્લાહ તઆલાએ આપને દયાના ભંડાર અને જગતજનો માટે બશારત આપનાર તરીકે જાહેર કર્યા. અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી પહેલાં જેટલા પયગમ્બરો મોકલ્યા, દરેક પાસેથી રસૂલુલ્લાહ સલ્લાલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઈમાન લાવવાનું, આપની પયગમ્બરીનું સમર્થન કરવાનું અને વિરોધીઓના મુકાબલામાં આપની મદદ કરવાનું વચન લીધું હતું. વળી દરેક પયગમ્બરને અલ્લાહ તરફથી એવો આદેશ પણ મળ્યો કે તમારે પોતપોતાની ઉમ્મત પાસેથી પણ આ વાતોનું વચન લઈ લેવું. એની વિગત અલ્લાહ તઆલાએ કુર્આનમાં આ રીતે દર્શાવી છે :

વઈઝ અખઝલ-લાહુ	અને જયારે કે લીધું અલ્લાહએ
મીસાકન-નબીય-યીન	પાકું વચન પયગમ્બરો પાસેથી;
લમા આતૈતુ-કુમ	જયારે કે અમે આપીએ તમને
મિન કિતાબિંવ-વ-હિકમહ	કિતાબમાંથી અને હિકમતમાંથી.
સુમ્મ જાઅકુમ રસૂલુમ	પછી જયારે આવે તમારી પાસે પયગમ્બર
મુસદ-દિકુલ-લિમા મઅકુમ	જે સમર્થન કરે કિતાબનું જે તમારી પાસે છે.
લતુઅ-મિનુન્ન બિહી	તો તેની ઉપર ઈમાન લઈ આવજો.
વ-લ-તન-સુરુન-નહૂ.	અને જરૂર તેની મદદ કરજો.
કાલા અ-અકરર-તુમ	પછી અલ્લાહએ તેઓને પૂછયું, શું તમે ઈકરાર કર્યો ?
વ અખઝતુમ અલા ઝાલિકુમ	અને શું તમે માની લીધો આ વાતનો
ઈસરી	મારો કરાર ?
કાલૂ અકરર-ના.	બધા પયગમ્બરોએ કહ્યું, બેશક અમે ઈકરાર કરી લીધો.
કાલા ફશહદૂ	અલ્લાહએ કહ્યું, ત્યારે તમે સાક્ષી બનો આ કરારના
વઅના મઅકુમ	અને હું પોતે પણ છું તમારી સાથે
મિનશ-શાહિદીન.	સાક્ષીઓમાંથી [૧]

સારાંશ કે અલ્લાહ તઆલાએ તમામ પયગમ્બરો પાસેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સચ્ચાઇ તથા આપના વિરોધીઓના મુકાબલામાં મદદ આપવાનું વચન લીધું અને એ કરારના બધા પયગમ્બરોને સાક્ષી બનાવ્યા અને પોતે પણ અલ્લાહ તઆલા એનો સાક્ષી બની ગયો. ત્યારે દરેક પયગમ્બરે આ કોલકરારની વાત પોતપોતાની ઉમ્મતના કાનો સુધી પહોંચાડી દીધી. અહલે-કિતાબની એ બે ઉમ્મતો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓની હતી. એમાંથી એકને આકાશી કિતાબ તવરાત મળી હતી અને બીજીને ઈન્જીલ.

---

૧. આ સૂરએ-આલે ઇમ્રાનની આયત નંબર ૮૧ છે.

પ્રકરણ ૪૦
પયગમ્બરીની શરૂઆત

પયગમ્બરી પહેલાના સાચા ખ્વાબો • શજર અને હજરના સલામ • તહન્નુસ અને તહન્નુફ • રમઝાન મહિનાની ઈબાદતો • હઝરત જિબ્રીલ ફરિશ્તાનું આગમન • વરકહ બિન નવફલનું સમર્થન • નુઝૂલે-કુર્આનનો આરંભ

Maktabe Ashraf

પયગમ્બરી પહેલાંના સાચા ખ્વાબો————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને શિહાબ ઝુહરીએ ઉર્વહ બિન ઝુબૈરની રિવાયતનું વર્ણન કર્યું છે અને ઉર્વહ બિન ઝુબૈરે આ વર્ણન હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાના મુખે સાંભળ્યું છે. મુસલમાનોના અમ્માંજી બીબી આઈશહએ તેમને કહ્યું કે :

"સૌથી પહેલી વસ્તુ જેનાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો આરંભ થયો તે સાચા ખ્વાબો હતા. અલ્લાહ તઆલાને જ્યારે પોતાના બંદાઓની દયા આવી ગઈ અને તેણે પોતાના બંદાઓ પર રહમ કરવાનો વિચાર કર્યો તો તેણે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને, માનઆબરૂના ઊંચા સ્થાને બિરાજમાન કરીને પયગમ્બરીની મહાન પદવીથી બિરદાવી લીધા અને તેની શરૂઆત સાચા ખ્વાબોથી કરવામાં આવી. તે એવી રીતે કે ઊંઘમાં આપ જે ખ્વાબ જોતા તે પ્રભાતના અજવાળાં પેઠે જાહેર થઈ જતો."

મુસલમાનોના અમ્માંજી ફરમાવે છે : "તે વેળા તનહાઈ એટલે એકાંતને અલ્લાહ તઆલાએ આપના માટે સૌથી વધુ મનગમતી વસ્તુ બનાવી દીધી હતી. તે સમયે એકાંતથી વધીને બીજી કોઈ વસ્તુ આપને પ્રિય રહેવા પામી ન હતી."

શજર અને હજરના સલામ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી સનદી રિવાયતો મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે જ્યારે કુદરતી હાજતનો પ્રસંગ ઊભો થતો તો આપ મક્કહ શહેરની વસતિ છોડીને જંગલના પહાડોની ઘાટીઓ અને ખીણો તરફ નીકળી જતા. તે વેળા રસ્તામાં જે પથ્થર અને ઝાડ પાસેથી આપ પસાર થતા તેમાંથી ઊંચો અવાજ સંભળાતો, "અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ! " એટલે સલામ હો આપની ઉપર હે અલ્લાહના રસૂલ !"

આ અવાજ સાંભળીને આપ હયરતથી ડાબે-જમણી અને આગળ-પાછળ જોવા લાગતા પણ ત્યાં શજર અને હજર એટલે ઝાડો અને પથ્થરો સિવાય કોઈ દેખાતું નહિ. આપની આ હાલત ત્યાં સુધી ચાલુ રહી જ્યાં સુધી કે અલ્લાહને મંજૂર હતું. એ પછી અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તા હઝરત જિબ્રીલને આપની પાસે મોકલ્યા. તે વેળા આપ મક્કહથી દૂર "હિરાની ગુફા"માં એકાંતવાસી બનીને જ્ઞાન-ધ્યાનમાં લીન હતા અને

રમઝાનનો મુબારક મહિનો હતો અને રાતનો સમય હતો. ગુફાના આ શાંત વાતાવરણમાં હઝરત જિબ્રીલ આપના માટે અલ્લાહ તઆલા તરફથી માન ઈકરામની તે અઝીમુશ-શાન વસ્તુ લઈને આવ્યા હતા જેને દુનિયાના તમામ લોકો જાણે છે.

તહન્નુસ અને તહન્નુફ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરનું બયાન છે કે, મેં ઉબૈદ બિન ઉમર બિન કતાદહ લૈસીને પૂછ્યું, "હે ઉબૈદ ! બતાવો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે જયારે જિબ્રીલ હાજર થયા તો પયગમ્બરીની શરૂઆત કેવી રીતે થવા પામી?"

* ઉબૈદ બિન ઉમરે જવાબમાં પયગમ્બરીની શરૂઆતની વિગત દર્શાવતાં અબ્દુલ્લાહ બિન ઉમર અને બીજા લોકોને કહ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે દર વરસે એક મહિનો હિરાની ગુફાના એકાંતમાં જઈને જ્ઞાન-ધ્યાનમાં લીન રહેતા. મહિનો પૂરો થતાં આપ શહેરમાં પધારતા.[૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશની કૌમમાંથી ધાર્મિક વૃત્તિના સાધુસંતો પણ જાહિલિયતના યુગમાં સંસારથી અલગ થઈને જંગલના એકાંતમાં કે પહાડની ગુફામાં બેસીને જ્ઞાન-ધ્યાનમાં લીન રહેતા હતા. જેમકે અબૂ તાલિબનો શેઅર છે :

વ સૌરિંવ વ મન અરસા સબીરમ મકાનહૂ • વ રાકીન લિ-યરકા ફી હિરાઈંવ વ નાઝિલિ.

અને હું સૌર પહાડનું રક્ષણ લઉં છું અને તે મહાન જાતનું રક્ષણ લઉં છું જેણે સબીર પહાડને તેના સ્થાને ગોઠવી દીધો છે અને હિરા પર ચઢનારા તથા ઊતરનારાનું રક્ષણ.[૨]

ઈબ્ને હિશામ કહે છે : અરબના લોકો સંસારથી અલગ થઈને જ્ઞાન-ધ્યાનની દશા માટે "તહન્નુસ" અને "તહન્નુફ" આ બે શબ્દોનો ઉપયોગ કરે છે. તેઓ આ બંને શબ્દોના અર્થ "દીને-હનીફી" કે "મિલ્લતે-ઈબ્રાહીમી"ને ગ્રહણ કરી લેવાના કરે છે.[૩] અરબના લોકો "ફ" શબ્દને "સ" શબ્દથી બદલી નાખે છે જેમકે જદફ અને જદસ બંને શબ્દોના અર્થ કબર થાય છે. રૌબતુલ-અજમજ શાઈરે કહ્યું છે : "લવ કાના અહજારી મઅલ-અજદાફ" એટલે મારા પથ્થરો અગર કબરોની સાથે હોત ! અહીં અજદાફના અર્થ અહદાસ છે જેના અર્થ કબરો થાય છે.

રમઝાન મહિનાની ઈબાદતો————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ દર વરસે રમઝાનનો મહિનો સંસારથી અલગ થઈને જ્ઞાન-ધ્યાનમાં કે યાદે-ઈલાહીમાં પસાર કરતા. મહિનો પૂરો થતાં આપ શહેરમાં પધારતા. સૌથી પહેલાં ખાનએ-કઅબહનો તવાફ સાત વાર અથવા અલ્લાહની ઈચ્છા મુજબ તેથી વધુ વાર કરતા. એ પછી આપ પોતાના ઘરે પધારતા. જે ગરીબો કે મિસ્કીનો આવતા તેઓને જમાડતા. વરસોથી આપનો આ નિયમ લગાતાર ચાલુ રહ્યો. ત્યાં સુધી કે તે મહિનો આવી લાગ્યો જેમાં અલ્લાહ તઆલાએ આપને પયગમ્બરીની પદવી પર બિરાજમાન કરવાનો ઈરાદો કર્યો

---

૧. ગારે-હિરા અથવા હિરાની ગુફા : મક્કહના કે રાહૂર પહાડનું શિખર જેમાં આ ગુફા આવેલી છે. જયાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહ અલૈહિ વ સલ્લમ પર સૌથી પહેલી વહી નાઝિલ કરવામાં આવી. આજકાલ આ પહાડનું નામ "જબલે નૂર" છે કે મક્કહથી મિનાની દિશામાં અઢી-ત્રણ માઈલના અંતરે આવેલો છે. "હ"

૨. સબીર અને સૌર-મક્કહના પહાડોના નામો. "હ"

૩. તહન્નુસ અથવા તહન્નુફ : સંસારથી અલગ થઈને એટલે દુનિયાના કામધંધા છોડીને અમુક રાતો અને દિવસો જંગલના એકાંતમાં બેસીને હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામના દીને-હનીફી મુજબ જ્ઞાન-ધ્યાનમાં લીન રહેવાની બંદગી કરવી. "ફ"

Maktabe Ashraf

હઝરત જિબ્રીલ ફરિશ્તાનું આગમન————એ રમઝાનનો મહિનો હતો. દર વરસના નિયમ મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરેથી ઊપડીને હિરાની ગુફામાં પધાર્યા. આથી પહેલાં આપના માનવંતા બેગમ હઝરત ખદીજાબીબી આપના સંગાતે ગારે-હિરામાં આવતાં હતાં. આ વેળા આપ એકલા પધાર્યા હતા. રાતના સન્નાટામાં આપ ચિંતન મનનમાં લીન હતા. અચાનક જિબ્રીલ ફરિશ્તા અલ્લાહનો સંદેશો લઈને ગુફામાં પ્રગટ થયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે:

ફ-જાઅની જિબ્રીલ	ત્યારે આવ્યા જિબ્રીલ મારી પાસે.
વ - અના નાઈમુન.	તે વેળા હું ઊંઘમાં હતો.[1]
બિ - નમતિમ-મિન દીબાજે	તેઓ એક રેશમી કપડું લાવ્યા હતા,
ફીહિ કિતાબુન.	તેમાં કંઈક લખેલું હતું.
ફ-કાલ ઈકરઅ	પછી તેમણે મને કહ્યું, પઢો !
કુલ્તુ મા અકરઉ	મેં કહ્યું, હું પઢેલો નથી. (પઢવાનું જાણતો નથી.)
ફગત-તની બિહી	ત્યારે તમેણે મને પકડીને ભીંસમાં લીધો;
હત્તા ઝનન-તુ અન્નહુલ-મવત.	ત્યાં સુધી કે મને થયું કે જાનથી ગયા.
સુમ્મા અરસલ - ની	પછી તેમણે મને છોડી દીધો,
ફ-કાલ ઈકરઅ.	અને પછી કહ્યું, પઢો !
કુલ્તુ મા-ઝા-અકરઉ.	મેં કહ્યું, કેવી રીતે પઢું ? હું પઢવાનું જાણતો નથી.
ફગત - તની બિહી	ત્યારે તેમાણે મને પકડીને ભીંસમાં લીધો;
હત્તા ઝનન-તુ અન્નહુલ - મવત.	ત્યાં સુધી કે મને થયું કે જાનથી ગયા.
સુમ્મ અરસલ-ની	પછી તેમણે મને છોડી દીધો,
ફ-કાલ ઈકરઅ.	અને પછી કહ્યું, પઢો !
કુલ્તુ મા-ઝા-અકરઉ.	મેં કહ્યું, હું કેવી રીતે પઢું ?
મા અકૂલુ ઝાલિક	આ વાત હું એટલા માટે કહેતો હતો કે,
ઈલ્લફ-તિદાઅમ મિન્હુ	તેમનાથી હું છૂટી જાઉં કે,
અંય-યઊદ-લી બિ-મિસ્લે મા સનઅ.	ક્યાંક અગાઉ જેવું ફરીવાર મારી સાથે ન કરે !
ફ-કાલ ઈકરઅ બિસ્મિ રબ-બિકલ-	તો તેમણે કહ્યું, પઢો તમારા પાલનહારના નામથી;
લઝી ખલક.	જેણે પૈદા કીધા.
ખલકલ-ઈન્સાન મિન અલક.	જેણે પૈદા કીધો ઈન્સાનને માંસના લોચાથી.
ઈકરઅ વ-રબ્બુકલ-અકરમ.	પઢો, તમારો પાલનહાર મોટી શાનવાળો છે.
અલ-લઝી અલ્લમ્ બિલ-કલમ.	જેણે ઈલ્મ શીખવ્યો કલમ દ્વારા.
અલ્લમલ-ઈન્સાન મા-લમ-યઅલમ.	ઈન્સાનને એ વાતો શિખાડી જેનાથી તે અજ્ઞાત હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે : "ત્યારે જિબ્રીલે જે બોલોમાં જે રીતે મને

Maktabe Ashraf

૧. ઊંઘમાં હતો એટલે જ્ઞાન-ધ્યાનમાં તલ્લીનતા, તન્મયતા કે એકાગ્રતાની દશામાં. "ક"

પઢાવ્યાં, તે બોલોમાં તે રીતે મેં પઢી લીધું. એ પછી જિબ્રીલ મારી પાસેથી ઊઠીને ચાલ્યા ગયા. થોડી વારે હું મારી ઊંઘમાંથી (એટલે તંદ્રાની સ્થિતિમાંથી) જાગી ગયો. જિબ્રીલના બોલો કે શબ્દો મારા દિલ પર કોતરાઈ ગયા હતા. એજ દશામાં હું ત્યાંથી ચાલી નીકળ્યો. જ્યારે બે પહાડોની વચ્ચે પહોંચ્યો તો આકાશ પરથી મને એક અવાજ સંભળાયો: ''હે મુહંમદ ! તમે અલ્લાહના પયગમ્બર છો અને હું જિબ્રીલ ફરિશ્તો છું.''

''મેં અવાજ તરફ જોવા માટે મારૂં મસ્તક આકાશ તરફ ઉઠાવ્યું. શું જોઉં છું કે જિબ્રીલ એક ઈન્સાનના રૂપમાં આકાશ અને ધરતીની વચ્ચે અધ્ધર ઊભેલા છે. તેમના કદમ નજર પહોંચે ત્યાં સુધી આકાશના ક્ષિતિજમાં ફેલાયેલા છે. દ્રષ્ટિ મર્યાદા સુધી આકાશના કિનારાઓને તેઓ ઘેરી વળેલા છે. અને મને કહી રહ્યા છે: ''હે મુહંમદ ! આપ અલ્લાહના રસૂલ છો અને હું અલ્લાહનો ફરિશ્તો જિબ્રીલ છું.''

''હું બેખુદીની હાલતમાં એકીટશે તેમને જોતો જ રહી ગયો. ન આગળ બઢું છું અને ન પાછળ ખસું છું. જિબ્રીલ તરફથી મારૂં ધ્યાન હટાવવા હું આકાશના આ કિનારાથી તે કિનારા તરફ નજર ફેરવું છું પણ જિબ્રીલ એજ દશામાં દરેક દિશાએ મને ઊભેલા દેખાય છે. હું પણ એજ દશાએ મારી જગાએ ઊભેલો રહી ગયો. ન આગળ બઢું છું ન પાછળ ખસું છું; ત્યાં સુધી કે ખદીજહએ મારી તલાશમાં માણસોને દોડાવી દીધા. તેઓ મને મક્કહની ઊંચાણની ભૂમિમાં શોધીને ચાલ્યા પણ ગયા અને હું એજ બેખુદીની હાલતમાં પોતાની જગાએ ઊભેલો હતો.

''એ પછી જિબ્રીલ મારી નજરથી અદ્રશ્ય થઇ ગયા અને હું મારાં ઘરવાળાંઓ તરફ રવાના થઇ ગયો. ઘરમાં દાખલ થતાં જ ખદીજહ પાસે પહોંચીને હું તેમની જોડેજોડ કે લગોલગ બેસી ગયો અને બેસતાં જ ખદીજહ તરફ નમી પડ્યો. મારી આ દશા જોઇને ખદીજહ નવાઇ પામી ગયાં.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે :

ફકાલત યા અબલ-કાસિમ !	ત્યારે તેમણે (ખદીજહએ) કહ્યું, હે અબુલ-કાસિમ ! [1]
ઐન કુન્તા ?	આપ કયાં હતા ?
ફવલ-લાહિ લકદ બઅસ઼-તુ	અલ્લાહના સોગંદ મેં દોડાવી દીધા હતા,
રુસુલી ફી તલબિકા	મારા માણસોને આપની શોધમાં,
હત્તા બલગૂ અલા મક્કહ	ત્યારે તેઓ પહોંચી ગયા મક્કહની ઊંચાણે,
વ રજઊ.	અને પાછા પણ આવી ગયા.''
સુમ્મ હદ-દસ઼-તુહા	ત્યારે મેં તે વિગત રજૂ કરી તેમની (ખદીજહની)આગળ,
બિલ-લઝી રઐતુ.	જે મેં જોઈ હતી.
ફકાલત અબશિર યબ્ન-અમ્મ	ત્યારે તેઓ બોલ્યાં, વધામણી હો હે મારા કાકાના પુત્ર !
વસ઼બુત ફવલ-લઝી	અને મક્કમ રહો. સોગંદ છે તે જાતના
નફ્સુ ખદીજહ બિ-યદિહી	કે જેના હાથમાં ખદીજહની જાન છે
ઈન્ની લ-અરજુ	બેશક હું આશા રાખું છું આ વાતની કે,
અન તકૂન નબીય્ય હાઝલ-ઉમ્મહ	આપ પયગમ્બર બનશો આ ઉમ્મતના.''

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું ઉપનામ. આપના ફરઝંદ હઝરત કાસિમના નામ પરથી ''ન''

Maktabe Ashraf

વરકહ બિન નવફલનું સમર્થન——— એ પછી ખદીજહ ઊભા થઇ ગયાં. પોતાની ચાદર ઓઢી લીધી અને પોતાના પિતરાઇ વરકહ બિન નવફલના ઘર તરફ ઊપડી ગયાં. વરકહએ મૂર્તિપૂજાનો ત્યાગ કરીને નસારા લોકોનો ધર્મ ગ્રહણ કરી લીધો હતો. તવરાત અને ઇન્જીલના પંડિતોની વાતો સાંભળી હતી. પોતે પણ અલ્લાહની અકાશી કિતાબોનો અભ્યાસ કરીને મોટા પંડિત બની ગયા હતા. ખદીજહએ વરકહ આગળ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જોયેલી, સાંભળેલી, અનુભવેલી બધી વાતો દોહરાવી દીધી.

ખદીજહની વાતો સાંભળીને વરકહ પોકારી ઊઠયા, ''કુદ્દૂસ'' ! ''કુદ્દૂસ !'' [1]

પછી બોલ્યા, '' હે ખદીજહ! આ વાતો અગર સાચી છે તો વલ્લાહ ! એ તેજ ''નામૂસે-અકબર'' છે જે મૂસા નબી પાસે આવતો હતો. મુહંમદ પાસે પણ ચોક્કસ એજ નામૂસે-અકબર આવ્યો છે. બેશક મુહંમદ આજની ઉમ્મતના પયગમ્બર છે. તેમને કહી દેજો, હિંમત રાખે, ધીરજ ધરે, મક્કમ રહે.'' [2]

ખદીજહ બીબી વરકહ પાસેથી ઊઠીને પોતાના ઘરે આવ્યાં અને વરકહના મુખેથી સાંભળેલી વાતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહી સંભળાવી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ગારે-હિરામાં પયગમ્બરીના પ્રદાનની અભૂતપૂર્વ ઘટના સર્જાય ગઇ. એ પછીના એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રોજના નિયમ મુજબ ખાનએ-કઅબહમાં પધારીને કઅબહનો તવાફ કરવા લાગ્યા. એટલામાં વરકહ બિન નવફલ પણ ત્યાં આવી લાગ્યા. આપની મુલાકાત લઇને કહેવા લાગ્યા, ''હે મારા ભાઇના બેટા ! કહો તો ખરા તમે ગારે-હિરામાં રાતના સન્નાટામાં શું જોયું, શું સાંભળ્યું ?''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે કંઇ જોયું અને સાંભળ્યું હતું તેની વિગત દર્શાવી દીધી. વરકહ બોલ્યા, ''સોગંદ છે તે માલિકના જેના કબજામાં મારા પ્રાણ છે, તમે આ ઉમ્મતના નબી છો. બેશક તમારી પાસે તેજ નામૂસે-અકબર આવ્યો જે મૂસા નબી પાસે આવતો હતો. સાંભળો, લોકો હવે તમને જૂઠાડશે. તરહ-તરહની ઇજાઓ આપશે. તમને તંગ કરશે. તમારી સાથે જંગ કરશે. છેલ્લે આ શહેરમાંથી તમને હાંકી કાઢશે. જો હું જીવતો રહ્યો અને એ દિવસ નસીબ થયો તો વલ્લાહ ! હું તમારા પડખે રહીશ. તમારી મદદ કરીશ અને અલ્લાહના સત્ય ધર્મનો પક્ષ લઇશ.''

એ પછી વરકહએ ઉમંગભેર આગળ વધીને આપની નૂરાની પેશાની પર ચુંબન આપ્યું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહના તવાફથી પરવારીને પોતાના મકાને તશરીફ લઇ ગયા.

નુઝૂલે-કુર્આનનો આરંભ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર વહી ઊતરવાની શરૂઆત રમઝાન મહિનામાં થવા પામી. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે :

શહરુ રમદાન,	એ રમઝાનનો મહિનો છે,
અલ્લઝી ઉનઝિલા ફીહિલ-કુર્આન.	જેમાં કુર્આન ઊતરવાનું શરૂ થયું,

૧. કુદ-દૂસ : અલ્લાહ તઆલાનું ગુણવાચક નામ જેના અર્થ બહુ પાક બહુ મુબારક દરેક પ્રકારની એબો, ત્રૂટીઓ અને ખામીઓથી પવિત્ર. ''હ''

૨. નામૂસે-અકબર : અલ્લાહના માનવંતા ફરિશ્તા હઝરત જિબ્રીલનું નામ જેઓ આકાશી વહી લાવીને પયગમ્બરો પાસે પધારતા હતા. વળી નામૂસ શબ્દના અર્થ રાઝદાર, ભેદોનો જાણનાર, મર્મજ્ઞાની, બુદ્ધિશાળી વગેરે પણ થાય છે. (બયાનુલ-લિસાન પા. ૭૮૨)''હ''

હુદલ-લિન-નાસ.	જે માર્ગદર્શક છે લોકો માટે.
વ બૈયિના-તિમ-મિનલ-હુદા	અને જે હિદાયતની રોશન સચ્ચાઇઓ ધરાવે છે
વલ-ફુરકાન.	અને જે સત્યને અસત્યથી અલગ કરનારૂં છે.

અને અલ્લાહ તઆલાએ એમ પણ ફરમાવ્યું છે :

ઈન્ન અન્ઝલ-નાહુ	અમે ઉતાર્યું આ કુર્આનને
ફી લય-લતિલ- કદ્ર.	કદ્રની રાતમાં.
વમા અદરાકા	અને શું આપને ખબર છે હે નબી ! કે
મા લય-લતુલ-કદ્ર.	શું છે કદ્રની રાત ?

અને અલ્લાહ તઆલાએ એમ પણ ફરમાવ્યું છે :

હામીમ વલ-કિતાબિલ-મુબીન.	હામીમ ! સોગંદ છે આ રોશન કિતાબના.
ઈન્ના અન્ઝલના-હુ	અમે ઉતારી એને
ફી લય-લતિમ મુબા-રકહ.	મુબારક રાતમાં.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહની ભૂમિમાં ગારે-હિરામાં સર્જાયેલી અભૂતપૂર્વ ઘટના પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર અલ્લાહ તઆલા તરફથી, જિબ્રીલ ફરિશ્તા મારફતે આકાશી વહીનો સિલસિલો ચાલુ થઇ ગયો. આપને એ વહીના માલિક અલ્લાહ પર, અને આકાશથી ઊતરનારી એ વહી પર, અને વહીને લાવનાર ફરિશ્તા પર મુકમ્મલ વિશ્વાસ હતાં. આપનું ઇમાન હતું કે આકાશથી આવનારી વહી યકીની રીતે અલ્લાહ તરફથી છે; તે અલ્લાહ કે જે આ જગતનો સર્જનહાર અને પાલનહાર છે. આપે પૂરા મનોબળથી ધ્યાન આપીને અંતઃકરણથી એ આકાશી સત્યનો સ્વીકાર કરી લીધો અને જે ભાર, જે બોજ, જે જવાબદારી, જે જોખમ અલ્લાહ તરફથી આપની ઉપર લાદવામાં આવ્યો તેને, અમુક લોકોની ઈચ્છા અને અમુક લોકોની અનિચ્છા છતાં ભારે ખેલદિલીથી ઉપાડી લીધો. કોઇ રાજી થશે કે નારાજ થશે, કોઇને પસંદ પડશે કે નાપસંદ પડશે, કોઇ સહકાર આપશે કે વિરોધ કરશે તેવી વાતોની આપે મુદ્દલ દરકાર નહિ કરી. આપથી પહેલાંના તમામ પયગમ્બરો સાથે પણ વિરોધીઓ તરફથી વિરોધના વંટોળનો મામલો બનતો રહ્યો છે અને આ પ્રથા પરંપરાથી ચાલી આવે છે.

સાચી વાત આ છે કે પયગમ્બરીની આકરી જવાબદારી, પયગમ્બરીનો આકરો બોજ, પયગમ્બરીનું ભારેખમ જોખમ ઉપાડી લેવાનું બળ અને તેના માટે આત્મ-વિશ્વાસ, યકીને-કામિલ તથા સહનશીલતાની શકિત કેળવવી તે મજબૂત મનોબળ ધરાવનારા પયગમ્બરો સિવાય દુનિયાના બીજા ઇન્સાનોમાં હોતી નથી, અને તે પણ અલ્લાહની મદદ અને અલ્લાહની તૌફીકથી જ.

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની કુરૈશ કૌમના વિરોધ અને તેઓના ઝુલ્મો-સિતમ અને તેઓની ધાકધમકીઓ છતાં અલ્લાહના આદેશો પર ચાલી નીકળ્યા.

Maktabe Ashraf

પ્રકરણ ૪૧

ઈસ્લામનું આમંત્રણ

બીબી ખદીજહનો ઈસ્લામ-સ્વીકાર • સૂરએ-વદ-દુહાનો નુઝૂલ • નમાઝની શરૂઆત અને તેનું શિક્ષણ • પાંચ નમાઝો અને તેના સમયો • હઝરત અલીનો ઈસ્લામ-સ્વીકાર • અબૂ તાલિબનું બહોળું પરિવાર • નમાઝ અને અબૂ તાલિબની હયરત • ઈસ્લામ વિષે અબૂ તાલિબનો જવાબ.

Maktabe Ashraf

બીબી ખદીજહનો ઈસ્લામ-સ્વીકાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા પાક બેગમ હઝરત ખદીજહ બિન્તે ખુવૈલિદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો સ્વીકાર કરીને આપ પર ઈમાન લઈ આવ્યાં અને આપની ઉપર ઊતરનારી આકાશી વહીનું તેમણે સમર્થન કર્યું. એટલે આકાશી વહીની સત્યતાનું સમર્થન કરીને તેઓ અંતઃકરણથી મુસલમાન બની ગયાં.

અલ્લાહની તવહીદ પર અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી પર અને આકાશથી ઊતરનારી વહી પર ઈમાન લાવનારાઓમાં હઝરત ખદીજહ સૌથી પહેલા નંબરે હતાં. બીબી ખદીજહના ઈસ્લામની બરકતથી અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરના કામમાં આસાની કે મોકળાશ પેદા કરી દીધી. વિરોધીઓ આપને જૂઠલાવતા, ભરબજારે આપની ઠેકડી ઉડાવતા, આપની શાનમાં અપશબ્દોના પડકારા ગજાવતા તો તેઓની અસભ્ય કે અપમાનજનક વાતોથી આપના દિલને આઘાત લાગતો ત્યારે ખદીજહ ખાતૂનની મીઠી-મધુરી વાણી તથા ઉત્સાહપ્રેરક વાતોથી એ આઘાત, એ મનદુખનો બોજ આપના દિલ પરથી ઊતરી જતો. બહારથી જ્યારે આપ દુખી થઈને ખદીજહ ખાતૂન પાસે પધારતા તો અલ્લાહ તઆલા તેમની પ્રેરણાદાયક વાતોથી, ચિન્તા અને ઉદાસીનો ભાર આપના દિલ પરથી દૂર કરી દેતો. પોતાની ઠરેલ વાતોથી બીબી ખદીજહ આપની સચ્ચાઈનું એવી રીતે સમર્થન કરતાં કે લોકોનો અણછાજતો વર્તાવ આપના માટે આસાન બની જતો. પછી આપ વધુ ઉત્સાહ, વધુ જુસ્સા, વધુ દ્રઢતાથી પોતાના કામમાં પરોવાઈ જતા. અલ્લાહની અપાર રહમતો ઊતરો ખદીજહ ખાતૂનના આત્મા પર !

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર બિન અબી તાલિબથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે :

> ''મને અલ્લાહ તઆલા તરફથી હુકમ આપવામાં આવ્યો કે હું ખદીજહને જન્નતમાં મોતીઓના એક મહેલની ખુશખબર આપું જેમાં ન ઘોંઘાટ છે ન બકબક છે ન કોઈ તરહની

ચિન્તા કે પીડા છે.''

ખદીજહને અલ્લાહના સલામ-----------ઇબ્ને હિશામ કહે છે : એક વેળા અલ્લાહના ફરિશ્તા જિબ્રીલ અલૈહિસ-સલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પધાર્યા અને બોલ્યા, ''યા રસૂલલ્લાહ! મને હુકમ મળ્યો છે આ વાતનો કે આપ ખદીજહને, ખદીજહના પાલનહારના સલામ પહોંચાડો.''

આપે ઘરમાં પધારીને ફરમાવ્યું, ''હે ખદીજહ ! આ રહ્યા જિબ્રીલ, એ તમને તમારા પાલનહારના સલામ પહોંચાડવાનું મને કહે છે. માટે તમે તમારા પાલનહારના સલામ કબૂલ કરો.''

બીબી ખદીજહ ગળગળા સ્વરે બોલ્યાં, ''યા રસૂલુલ્લાહ ! અલ્લાહ તો પોતે સલામ છે. દરેકને તેની જ તરફથી સલામતી મળે છે. અને જિબ્રીલ ઉપર પણ અલ્લાહના સલામ હો !''

સૂરએ-વદ-દુહાનો નુઝૂલ-----------ઇબ્ને ઇસ્હાક કહે છે : ગારે-હિરાની પહેલી વહી બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે હઝરત જિબ્રીલનું આવવાનું અને વહી ઊતરવાનું અમુક મુદ્દત માટે મવકૂફ થઇ ગયું, ત્યાં સુધીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એનાથી ભારે મૂંઝવણ કે અકળામણ થવા લાગી અને આપના નૂરાની દિલને બેહદ સદમો પહોંચ્યો અને આપ ઘણા જ ગમગીન રહેવા લાગ્યા. ત્યારે અમુક મુદ્દત પછી હઝરત જિબ્રીલ આપની પાસે ''સૂરએ-વદ-દુહા''ની આયતો લઇને આવ્યા જેમાં અલ્લાહ તઆલાએ સોગંદપૂર્વક આપને સંબોધીને ફરમાવ્યું કે, ''મેં ન તો આપને તજી દીધા છે ન હું આપથી બેઝાર થયો છું.'' આ શાનદાર આયતો મારફતે અલ્લાહ તઆલાએ આપના માન-ઇકરામના મરતબા બુલંદ કરી દીધા. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે :

વદ-દુહા	સોગંદ છે ચાશતના સમયના, [૧]
વલ - લયલિ ઇઝા સજા.	અને સોગંદ છે રાતના જ્યારે તે છવાઇ જાય.
મા વદ-દઅક્ રબ્બુક્	ન તો તમને તજયા છે તમારા પાલનહારે,
વમા કલા.	અને ન તમને નાખુશ કર્યા છે.
વલલ-આખિરતુ	અલબત્ત આખિરત (પરલોકનું જીવન)
ખયરુલ-લકા મિનલ-ઊલા.	ઉત્તમ છે તમારા માટે દુનિયાથી.
વ-લ્ - સવફ્ યુઅતીક્	અને બહુ જ જલદી આપશે તમને
રબ્બુક્ ફ-તરદા.	તમારો પાલનહાર (એવી વસ્તુ જેનાથી) તમે રાજી થઇ જશો.
અલમ યજિદ્ - ક્ યતીમન	શું નહિ જોયા તેણે તમને યતીમ ?
ફ-આવા.	ત્યારે તમને રહેવાનું સ્થળ આપ્યું,
વ - વજદક્ દાલ્લન	અને જોયા તેણે તમને માર્ગથી અજાણ્યા,
ફ - હદા.	તો દેખાડી દીધો સીધો રસ્તો.
વ - વજદક્ આઇલન	અને જોયા તેણે તમને હાજતમંદ,
ફ - અગ્ના.	તો કરી દીધા તમને ગની.

૧. દુહાના અર્થ ઉર્દૂમાં ચાશતનો સમય એટલે સૂર્યોદય અને બપોરની વચ્ચેનો સમય જ્યારે સૂરજ ખૂબ ઊંચે ચઢી જાય. ''હ''

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શરૂઆતના જીવનનો ચિતાર દર્શાવતાં ફરમાવ્યું કે, તેણે તમને કેટલી બધી નિઅમતો આપી. કેટલા ઊંચા મરતબાઓથી વધાવી લીધા. આપની યતીમી, આપની નાદારી, આપની પરેશાનીઓમાં તેણે કેવા ઉપકારો કર્યા અને પોતાની રહમતથી તેણે આ કપરા સંજોગોમાંથી આપને નજાત અપાવી દીધી. પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

ફ-અમ્મલ - યતીમ	ત્યારે કોઈ યતીમને
ફલા તક્હર.	તમે ઠપકારશો નહિ.
વ - અમ્મસ - સાઈલ્	અને કોઇ માગનારને
ફલા તન્હર.	તમે ધુતકારશો નહિ.
વ અમ્મા બિ-નિઅમતિ રબ-બિક્	અને જે નિઅમતો તમારા પાલનહારે આપી છે.
ફ - હદ - દિસ્.	તેનું બયાન કરતા રહો.

એટલે અલ્લાહ તઆલાએ આપના ઉપર જે અગણિત ઉપકારો કર્યા અને પયગમ્બરીની મહાન નિઅમત આપીને આપને માન-ઇકરામથી વધાવી લીધા તેનો આભાર માનો. તેનું વર્ણન કરો. તેની જાહેરાત કરો અને લોકોને અલ્લાહ તરફ આવવાનું આમંત્રણ આપો. કેમકે અલ્લાહ તઆલાએ આપને પયગમ્બરી આપીને જગતના લોકો ઉપર પણ મહાન ઉપકાર કર્યો હતો. જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખાનગીમાં એની જાહેરાત કરવા માંડી અને એકાંતમાં એવા લોકોને ઇસ્લામનું આમંત્રણ આપવા માંડયું જેઓના ઉપર આપને ભરોસો હતો.

નમાઝની શરૂઆત અને તેનું શિક્ષણ————જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર નમાઝ ફર્ઝ થઇ તો આપે નમાઝ પઢી અને નમાઝ ખતમ કરીને સલામ ફેરવ્યું.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત બીબી આઇશહ પોતાની રિવાયતમાં ફરમાવે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર સૌથી પહેલાં નમાઝ ફર્ઝ થઇ તો દરેક નમાઝની બબ્બે રકઅતો ફર્ઝ થવા પામી. એ પછી અલ્લાહ તઆલાએ "હદર"ની હાલતમાં ફર્ઝ નમાઝની ચાર રકઅતો કરી દીધી અને સફરની હાલતમાં તેજ બે રકઅતો કાયમ રાખી. (હદર એટલે સફરમાં નહિ હોય તેવી હાલત અને સફરની હદ ૪૮ માઈલ.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : જાણકારો તરફથી મને મળેલી માહિતી મુજબ પહેલ વહેલાં જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર નમાઝ ફર્ઝ થઇ તો જિબ્રીલ ફરિશ્તા આપની પાસે આવ્યા. તે વેળા આપ મક્કહની ઊંચી સપાટીની એક ખીણમાં હતા. હઝરત જિબ્રીલે ખીણને એક ખૂણે પોતાની એડીથી ઠોકર મારી તો ત્યાં પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું. પ્રથમ હઝરત જિબ્રીલે આ ઝરણામાં વુઝૂ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દેખાડયું. તેમને જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેજ પ્રમાણે વુઝૂ કર્યો. પછી જિબ્રીલ ઊભા રહીને નમાઝ પઢવા લાગ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ તેમની સાથે નમાઝમાં શામિલ થઇ ગયા.

એ પછી હઝરત જિબ્રીલ ત્યાંથી ચાલ્યા ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરે બીબી ખદીજહ પાસે પધાર્યા અને તેમને તેજ પ્રમાણે વુઝૂ કરીને દેખાડયો જે રીતે જિબ્રીલે વુઝૂ કર્યો હતો.

Maktabe Ashraf

બીબી ખદીજહએ પણ તેજ પ્રમાણે વુઝૂ કરી લીધો. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીબી ખદીજહને તેજ રીતે નમાઝ પઢાવી જે રીતે જિબ્રીલે આપને નમાઝ પઢાવી હતી.

પાંચ નમાઝો અને તેના સમયો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર નમાઝ ફર્ઝ થઇ તો હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ આપની પાસે આવ્યા.

- હઝરત જિબ્રીલે ઝવાલે-આફતાબ (એટલે સૂરજ ઢળવા) પછી આપને નમાઝ પઢાવી. એ ઝુહરની નમાઝ હતી.
- એ પછી જ્યારે દરેક વસ્તુનો સાયો બમણો થઇ ગયો તો હઝરત જિબ્રીલે ફરીવાર આપને નમાઝ પઢાવી. એ અસરના સમયની નમાઝ હતી.
- એ પછી જ્યારે સૂરજ આથમી ગયો તો હઝરત જિબ્રીલે ફરીવાર આપને નમાઝ પઢાવી. એ મગરિબના સમયની નમાઝ હતી.
- એ પછી જ્યારે સંધ્યાની લાલી અલોપ થઇ ગઇ તો હઝરત જિબ્રીલે ફરીવાર આપને નમાઝ પઢાવી. એ ઇશાના સમયની નમાઝ હતી.
- એ પછી જ્યારે પ્રભાતનું અજવાળું રેલાયું તો હઝરત જિબ્રીલે ફરીવાર આપને નમાઝ પઢાવી. એ ફજરના સમયની નમાઝ હતી.

પછી જ્યારે બીજો દિવસ આવ્યો તો હઝરત જિબ્રીલે આવીને આપને ઝુહરની નમાઝ ત્યારે પઢાવી જ્યારે દરેક વસ્તુનો સાયો તેના કદ જેટલો હતો. અને અસરની નમાઝ ત્યારે પઢાવી જ્યારે દરેક ચીજનો સાયો તેના કદથી બમણો હતો. અને મગરિબની નમાઝ ત્યારે પઢાવી જ્યારે સુરજ ગુરૂબ થઇ ગયો અને ગઇકાલ જેવો જ સમય હતો. અને ઇશાની નમાઝ ત્યારે પઢાવી જ્યારે રાતની શરૂઆતનો એક તૃતીય ભાગ વીતી ગયો. અને ફજરની નમાઝ ત્યારે પઢાવી જ્યારે પ્રભાતનું અજવાળું સારી રીતે રેલાય ગયું અને સૂરજ હજુ ઊગ્યો ન હતો. એ પછી જિબ્રીલે કહ્યું, "હે મુહંમદ ! પાંચે નમાઝોના તેજ સમયો છે જેમાં તમે કાલે અને આજે નમાઝો પઢી છે."

હઝરત અલીનો ઇસ્લામ સ્વીકાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : પુરૂષ વર્ગમાં એટલે કિશોરોમાં સૌથી પહેલાં જે કિશોર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઇમાન લાવ્યો, જેણે આપની સાથે નમાઝ પઢી, જેણે આપની પયગમ્બરીની સચ્ચાઇનું સમર્થન કર્યું તે અલી બિન અબી તાલિબ બિન અબ્દિલ-મુત્તલિબ બિન હાશિમ હતા. તેમની ઉપર અલ્લાહના સલામ હો ! તે વેળા તેમની ઉંમર દસ વરસની હતી. હઝરત અલી પર અલ્લાહ તઆલાએ જે ઉપકારો કર્યા તેમાંથી એક આ છે કે, તેઓ ઇસ્લામ પહેલાંથી જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સરપરસ્તી અને કેળવણીમાં ઉછેર પામી રહ્યા હતા.

અબૂ તાલિબનું બહોળું પરિવાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અલી રદિયલ્લાહુ અન્હુ પર અલ્લાહના ઉપકારો અને બરકતાની શરૂઆત એવી રીતે થઇ કે એક વેળા કુરૈશના લોકો દુકાળની કારમી તંગીમાં સપડાઇ ગયા. હઝરત અલીના પિતા અબૂ તાલિબ પુષ્કળ બાલબચ્ચાવાર હતા. છૈયાંછોકરાંથી ઘર

Maktabe Ashraf

ભરેલું હતું. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના કાકા અબ્બાસને, જેઓ બનૂ હાશિમ કુટુંબમાં સૌથી વધુ ખુશહાલ હતા, ને ફરમાવ્યું, "તમારા ભાઇ અબૂ તાલિબ બહોળું કુટુંબ ધરાવે છે. તમે જુઓ છો કે લોકો દુકાળને કારણે તકલીફમાં આવી પડયા છે. ચાલો આપણે અબૂ તાલિબ પાસે જઇએ અને બચ્ચાંઓ અંગેનો તેમનો કંઇક ભાર હળવો કરીએ. તેમના એક બાળકને તમે લઇ આવો. એક બાળકને હું લઇ આવું અને આપણા ઘરમાં રાખીને તેઓની પરવરિશ કરીએ."

અબ્બાસ કહે છે, આ સાંભળીને અમે બંને અબૂ તાલિબ પાસે ગયા અને કહ્યું, "હે અબૂ તાલિબ! અમે એટલા માટે આવ્યા છીએ કે તમારા માથે બાલબચ્ચાંઓનો જે બોજ છે તે કંઇક હળવો કરીએ ત્યાં સુધી કે દુકાળની તકલીફનો અંત આવે."

અબૂ તાલિબ બોલ્યા, "અકીલને મારી પાસે છોડી દો. બાકીના બચ્ચાંઓ માટે તમારી ઇચ્છા હોય તેમ કરો."

ઇબ્ને હિશામ કહે છે : અકીલનું જ બીજું નામ તાલિબ હતું. [1] રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલીને લીધા અને અબ્બાસે જઅફરને લીધા. હઝરત અલી એજ દિવસથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘરમાં રહેવા લાગ્યા. ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી આપી તો હઝરત અલી ઇમાન લાવીને મુસલમાન બની ગયા. એજ મુજબ હઝરત જઅફર અબ્બાસના ઘરમાં રહ્યા અને છેવટે મુસલમાન બનીને અબ્બાસથી અલગ થઇ ગયા.

અબૂ તાલિબની હયરત————ઇબ્ને ઇસ્હાક કહે છે : નમાઝનો સમય થતો ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત અલીને લઇને મક્કહના કોઇ પહાડની ઘાટી તરફ નીકળી જતા અને ત્યાં લોકોની નજરોથી છુપાઇને નમાઝ પઢી લેતાં, અને સાંજ પડતાં પાછા ઘેર આવી જતા. એક મુદ્દત સુધી આમ ચાલ્યા કર્યું. એક દિવસે અબૂ તાલિબ ફરતા-ફરતા એ તરફ જઇ ચઢયા. બંનેને ઊઠબેઠની સાથે નમાઝ પઢતા જોઇને ખૂબ તઅજ્જુબ પામી ગયા. પૂછયું, "ભત્રીજા ! આ કયો ધર્મ તમે ઉપજાવી કાઢયો છે ?"

આપે ફરમાવ્યું :

અય અમ્મ ! હાઝા દીનુલ્લાહ,	હે કાકા ! આ અલ્લાહનો ધર્મ છે,
વ દીનુ મલાઇક-તિહી,	અને તેના ફરિશ્તાઓનો ધર્મ છે,
વ દીનુ રુસૂલિહી,	અને તેના પયગમ્બરોનો ધર્મ છે,
વ દીનુ અબીના ઇબ્રાહીમ.	અને આપણા બાપ ઇબ્રાહીમનો ધર્મ છે.
બઅસની-યલ્લાહુ બિહી રસૂલન ઇલલ-ઇબાદ.	મોકલ્યો છે મને અલ્લાહએ પયગમ્બર બનાવીને બંદાઓ તરફ.
વ-અન્ત અય અમ્મ ! અહક્ક	અને હે કાકા ! તમે વધારે હકદાર છો;
મન-બઝલ-તુન-નસીહહ,	એવા લોકોમાં જેઓને મેં ભલાઇની નસીહત કરી છે;
વ-દઅવ-તુહૂ ઇલલ-હુદા.	અને જેઓને મેં સીધા રસ્તાનું આમંત્રણ આપ્યું છે.

૧. એજ તાલિબના નામ પરથી એમના પિતા અબૂ તાલિબના ઉપનામે પંકાય ગયા. કેટલાકે અકીલ નામનો ઉચ્ચાર ઉકૈલ તરીકે કર્યો છે. "હ"

Maktabe Ashraf

વ અહક્-કુ	અને હે કાકા ! તમે સૌથી વધારે હકદાર છો કે,
મન અજાબની ઇલૈહિ	મારા આ આમંત્રણનો સ્વીકાર કરી લો,
અઆ-નની અલૈહિ.	અને તેમાં મારી મદદ કરો. [૧]

ઇસ્લામ વિષે અબૂ તાલિબનો જવાબ——————રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના કાકા અબૂ તાલિબને ઇસ્લામ સ્વીકારી લેવાનું આમંત્રણ આપ્યું તો જવાબમાં તેઓ બોલ્યા, "હે મારા ભાઇના પુત્ર ! મારા બાપદાદાના ધર્મને અને તેઓની રૂઢિઓને હું છોડી શકું નહિ. તેમ છતાં તમને ખાતરી આપાવું છું કે જીવતો છું ત્યાં સુધી કોઇ એવી વાત નહિ થવા દઉં જેને તમે નાપસંદ કરો."

કહેવાય છે કે અબૂ તાલિબે પોતાના પુત્ર અલીને પૂછયું, "હે મારા વહાલા ફરઝંદ ! તેં આ કયો ધર્મ કબૂલ કરી લીધો ?

"હઝરત અલીએ કહ્યું, "બાબાજાન ! હું અલ્લાહ પર અને તેના પયગમ્બર પર ઇમાન લાવ્યો છું અને જે વાતો રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બતાવે છે તેને માનું છું અને એમની સાથે અલ્લાહને માટે નમાઝ પઢું છું અને એમના કામોનું અનુકરણ કરૂં છું."

અબૂ તાલિબ બોલ્યા, "બેશક હે મારા પુત્ર ! મારો આ બેટો તને ભલાઇ તરફ જ બોલાવે છે. માટે એમના સંગાતે મક્કમ રહેજે."

---

૧. એટલે હે કાકા ! હું દુનિયાના તમામ લોકોનું ભલું ચાહું છું જેથી મારી શુભેચ્છાઓ અને ભલી લાગણીઓના તમે સૌથી વધુ હકદાર છો. માટે ઇસ્લામ અંગેની મારી દઅવતનો સ્વીકાર કરીને મારા મદદગાર બની જાવ. કેમકે ભત્રીજાને મદદગાર થવાના તમે જ સૌથી વધુ હકદાર છો. "ર"

Maktabe Ashraf

પ્રકરણ ૪૨

ઈસ્લામની છુપી દઅવતનો આરંભ

ઝૈદ બિન હારિસહની ગુલામી ● ઝૈદની ગુલામીની દાસ્તાન ● બેટાના વિયોગમાં બાપની બેકરારી ● બાપ-બેટાનો મેળાપ અને બેટાનો ફેસલો ● હઝરત અબૂબકનો ઈસ્લામ સ્વીકાર ● હઝરત અબૂબકની તબલીગ ● હઝરત અબૂબકની શાને-સિદ્દીકી ● સાબિકૂનલ-અવ્વલૂન.

ઝૈદ બિન હારિસહની ગુલામી————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી ખદીજહ અને આપના કાકાભાઈ હઝરત અલીના ઈસ્લામ સ્વીકાર બાદ ઝૈદ બિન હારિસહ બિન શુરહબીલ બિન કઅબ બિન અબ્દુલ-ઉઝઝા બિન ઉમ્રઉલ-કૈસ કલ્બી નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામે ઈસ્લામ કબૂલ કરી લીધો. ગુલામોમાં એ પેહલા યુવક છે જેઓ હઝરત અલી પછી મુસલમાન બનીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે નમાઝ પઢવા લાગ્યા.

ઈબ્ને હિશામ કહે છે : બીજી રિવાયત મુજબ ઝૈદનો વંશવેલો આ છે : ઝૈદ બિન હારિસહ બિન શુરહબીલ બિન અબ્દુલ-ઉઝઝા બિન ઈમ્રઉલ-કૈસ બિન આમિર બિન નુઅમાન બિન આમિર બિન અબ્દે-વદ્દ બિન ઔફ બિન કિનાનહ બિન બક્ર બિન ઔફ બિન ઉઝરહ બિન ઝૈદુલ-લાત બિન રૂફૈદહ બિન સૌર બિન કલ્બ બિન વબરહ.

ઝૈદની ગુલામીની દાસ્તાન————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ખદીજહ રદિયલ્લાહુ અન્હાના ભત્રીજા હકીમ બિન હિઝામ બિન ખુવૈલિદ એક વેળા મુલ્કે-શામથી કેટલાક ગુલામોને ખરીદીને મક્કહ લઈ આવ્યા. એમાં કિશોર વયના ઝૈદ બિન હારિસહ પણ હતા. બીબી ખદીજહ હકીમ બિન હિઝામના ફોઈ થતા હતાં. મુલકે શામથી આવવાના સમાચાર મળતાં બીબી ખદીજહ પોતાના ભત્રીજાને મળવા ગયાં તો હકીમ બિન હિઝામે કહ્યું, ''ફૂફીજાન ! આ છોકરાઓમાંથી કોઈને પસંદ કરી લો. એ આપના ચરણોમાં ભેટ છે.''

બીબી ખદીજાએ ઝૈદને પસંદ કરી લીધા અને તેમને પોતાને ઘેર લઈ ગયાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઝૈદને ઘરમાં જોયા તો બીબી ખદીજહ પાસેથી એમને માંગી લીધા અને પછી ઝૈદને ગુલામીમાંથી આઝાદ કરીને પોતાના દત્તક પુત્ર બનાવી લીધા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી તે પહેલાંનો આ બનાવ છે.

બેટાના વિયોગમાં બાપની બેકરારી————પોતાના વહાલાસોયા દીકરાના ગુમ થઈ જવાથી ઝૈદના

બાપા હારિસહની બેકરારીનો પાર ન હતો.[1] હદ ઉપરાંત બેચેન થઇ ગયા એજ આહો-ઝારીની દશામાં ઝૈદના વિયોગમાં હારિસહએ આ વિલાપ-કાવ્ય રચ્યું.

બકૈતુ અલા ઝૈદિન વલમ અદરિ મા ફઅલ • અહય્યુ ફયુરજા અમ અતય દૂનહુલ-અજલ.

હું ઝૈદના વિયોગમાં ધાર ધાર રડયો. ખબર નહિ તેનું શું થયું ? શું તેના જીવતા હોવાની આશા રાખી શકાય કે પછી મોત તેના રસ્તે આડું આવી ગયું ?

ફવલ- લાહિ મા અદરી વ ઇન્ની લ-સાઇલુન • અગાલક બઅદિસ-સહલુ અમ ગાલકલ-જબલ.

અલ્લાહના સોગંદ ! મને કંઇ ખબર નથી. હું પૂછું છું કે મારી નજરથી દૂર થવા પછી ધરતીએ તને ચોરી લીધો કે પહાડે ?

વયા લૈત શિઅરી હલ-લકદ-દહ અબ-બતુન • ફહસ્બી મિનદ-દુન્યા રુજૂઉકા લી બજલ.

હાશ ! મને ખબર હોત કે તું કદી તો પાછો ફરીને આવી શકત, તો તારૂં આગમન દુનિયામાં મારી ખુશી માટે બસ હતું.

તુઝક-કિરુ - ની હિશ- શમ્સુ ઇન્દત તુલૂઇહા • વ તઅરિદુ ઝિકરાહુ ઇઝા ગરબુહા અફલ.

સૂરજ તેના ઊગવાના સમયે મને તેની યાદ અપાવે છે અને સૂરજ જ્યારે આથમવાનો હોય ત્યારે પણ તેની જ યાદ અપાવે છે.

વઇન હબ-બતિલ-અરવાહુ હય્યજ-ન ઝિકરહૂ • ફયા તૂલા મા હૂઝની અલૈહિ વમા વજલ.

જ્યારે મંદ વાયુઓની લહરીઓ વાય છે તો તેની જ યાદના ઊભરા આવે છે. તેના માટે ગમ કરવાનો અને તેના વિશે શોક પાળવાનો જમાનો કેટલો લંબાઇ ગયો !

સઉઅ-મિલુ નસ્સલ-ઇસિ ફીલ-અર્દિ જાહિદન • વલા અસામત તતવાફ-અવ તસ-અમલ - ઇબિલ.

તેની શોધમાં ઊંટોને ધરતી પર ઝડપથી દોડાવતો રહીશ અને રખડપટ્ટીથી કંટાળીશ નહિ, ત્યાં સુધી કે ઊંટો બેજાર-બેજાર થઇ જાય.

હયાતી અવ તઅતી અલય્ય મનીય-યતી • ફ-કુલ્લુ ઇમ્રેઇન ફાનિંવ-વઇન ગર્રહુલ-અમલ.

જીવનભર ઊંટોને દોડાવતો રહીશ ત્યાં સુધી કે મારૂં મોત આવી લાગે. દરેક માણસે મરવાનું તો છે જ, ભલે આશાઓ તેને ધોકામાં રાખે !

બાપ-બેટાનો મેળાપ અને બેટાનો ફેસલો————ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે રહેતા હતા. એ દરમિયાન એક દિવસે ઝૈદના બાપા હારિસહ આવી લાગ્યા અને ઝૈદને પોતાની સાથે લઇ જવાની માંગણી કરી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઝૈદને બોલાવીને કહ્યું, "તમારી ઇચ્છા હોય તો મારી સાથે રહો અને ઇચ્છા હોય તો બાપા સાથે ચાલ્યા જાવ."

ઝૈદ બોલ્યા, "હું તો આપના જ સંગાતે રહીશ, બાપા સાથે મારે નથી જવું."

ત્યારે ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જ રહી ગયા અને થોડીક જ મુદ્દત

1. ઝૈદને જન્મનારી મા- —એ બીચારીના પોતાના લાડકાના વિયોગમાં જે હાલ થયા હશે તેની કલ્પના કરવી રહી. "હ"

બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી તો ઝૈદ મુસલમાન બની ગયા અને આપની સાથે નમાઝ પઢવા લાગ્યા. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઝૈદને ગુલામીથી આઝાદ કરીને પોતાના ''મુતબન્ના'' એટલે દત્તક પુત્ર બનાવી લીધા હતા. પછી જ્યારે કુર્આનની આ આયત ઉતરી કે: ''ઉદઊ-હુમ લિ-આબા-ઇહિમ'' એટલે બેટાઓને તેઓના બાપોના નામો સાથે પોકાર્યા કરો તો હઝરત ઝૈદે કહેવા માંડયું, ''હું ઝૈદ બિન હારિસહ છું.'' (ઝૈદ બિન મુહંમદ નહિ.)

ગુજરાતી સંપાદકનો વધારો————હઝરત ઝૈદના માતાજીનું નામ સુઅદા બિન્તે સઅલબા હતું. અરબના મશહૂર તૈય કબીલાની શાખ બનૂ મઅનમાંથી હતાં. ઝૈદ આઠ વરસના બાળક હતા ત્યારે સુઅદા એમને લઈને પોતાના પિયેર એટલે માબાપને ઘેર ગયાં. રસ્તામાં બનૂ કૈન બિન જસરના ડાકૂઓની ધાડ પડી. લૂંટમાર કરીને ડાકૂઓ જે લોકોને પકડી ગયા તેમાં ઝૈદ પણ હતા. તાઈફ પાસે આવેલા ઉકાઝના બજારમાં વાર્ષિક મેળો ભરાયો તો ડાકૂઓએ ઝૈદને ગુલામ તરીકે વેચી માર્યા. તે વેળા હઝરત ખદીજહના ભત્રીજા હકીમ બિન હિઝામે મુલ્કે-શામથી પાછા ફરતાં ઉકાઝના મેળામાંથી એમને ખરીદી લીધા અને હઝરત ખદીજહને ભેંટ તરીકે આપી દીધા. નિકાહ બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને હઝરત ખદીજહ પાસેથી માગી લીધા. તે વેળા ઝૈદ ૧૫ વરસના હતા. એ પછી ઝૈદના પિતા હારિસહને એમના મક્કહમાં હોવાની માહિતી મળી. તેઓ પોતાના ભાઈ સાથે ઝૈદને શોધતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, ''મુહંમદ સાહેબ ! મારો બેટો મને આપી દો. જે કિંમત માગો તે આપવા તૈયાર છું.''

આપે ફરમાવ્યું, ''હા કેમ નહિ, દરેક બેટો પોતાના બાપને વહાલો હોય છે. જો તે રાજીખુશીથી આવવા માગે તો મારે કિંમત પણ નહિ જોઈએ. પણ જો તે મારી સાથે રહેવા માગે તો હું એવો માણસ નથી કે બળજબરીથી તેને કાઢી મૂકું.''

ઝૈદના પિતા બોલ્યા, ''મુહંમદ સાહેબ ! ખરેખર આપે ઇન્સાફની વાત કરી છે. વારૂ ઝૈદને બોલાવીને પૂછી લો.''

આપે ઝૈદને બોલાવીને પૂછયું, ''ઝૈદ ! આ બંને ગૃહસ્થોને ઓળખો છો ?''

''જી હા, આ મારા બાપા છે અને પેલા મારા કાકા છે.''

આપે ફરમાવ્યું, ''વારૂ તો હે ઝૈદ ! તમે એમને પણ ઓળખો છો અને મને પણ ઓળખો છો. હવે તમને પૂરી આઝાદી છે. ચાહો તો એમની સાથે ચાલ્યા જાવ, ચાહો તો મારી સાથે રહો.''

ઝૈદે કહ્યું, ''આપને છોડીને હું કોઈની સાથે જવા તૈયાર નથી.''

પિતા અને કાકા હયરત પામી ગયા, બોલ્યા, ''બેટા ! આ કેવું ? આઝાદીને તજીને ગુલામીને પસંદ કરે છે ? માબાપને છોડીને પારકાઓમાં રહેવાનું પસંદ કરે છે ?

ઝૈદે અદબથી જવાબ આપ્યો, ''માનવંતા બાપાજી ! એમની જે ખૂબીઓ જે માયાઓ મેં જોઈ છે તેના મુકાબલે હું કોઈ બીજાને પસંદ કરી શકતો નથી.''

આ સાંભળીને પિતા અને કાકાને પણ થયું કે છોકરો જ્યારે આનંદખુશીમાં છે અને હરેક રીતે સુખી

Maktabe Ashraf

છે તો આગ્રહ કરવાનું કોઈ કારણ નથી. તેઓ પણ રાજી થઈ ગયા, આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ એટલા ખુશ થઈ ગયા કે એજ વેળા આપે હઝરત ઝૈદને ગુલામીથી આઝાદ કરીને પોતાના દત્તક બનાવી લીધા અને કઅબહમાં જઈને જાહેરાત કરી દીધી, "હે કુરૈશ ! સાક્ષી રહેજો, ઝૈદ આજથી મારો બેટો છે."

આ બનાવ આપને પયગમ્બરી મળી તે પહેલાંનો છે અને જયારે આપને પયગમ્બરી મળી તે વેળા ઝૈદને આપની સેવામાં રહેતા ૧૫ વરસ થઈ ગયાં હતાં અને ઈસ્લામ કબૂલ કરતી વેળા હઝરત ઝૈદની ઉંમર ૩૦ વરસની હતી. (સીરતે સરવરે આલમ જિ.૨ પા. ૧૧૯) ગુજરાતી સંપાદકનું લખાણ પુરૂં થયું. "હ"

હઝરત અબૂ બકનો ઈસ્લામ સ્વીકાર---------ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી અબૂબક બિન અબી કુહાફહએ ઈસ્લામ ઈખ્તેયાર કર્યો. હઝરત અબૂબકનું નામ અતીક હતું. એમના બાપા અબૂ કુહાફહનું નામ ઉસ્માન બિન આમિર બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તૈમ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર છે.

ઈબ્ને હિશામ કહે છે : અબૂ બકનું નામ અબ્દુલ્લાહ હતું અને ઉપનામ અતીક હતું જે આપની ખૂબસુરતી તથા આપની શરાફતના કારણે મશહૂર થઈ ગયું.[1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ બકે ઈસ્લામ સ્વીકાર્યો તો તેમણે પોતાના ઈસ્લામની જાહેરાત કરી અને લોકોને અલ્લાહ તથા તેના રસૂલ તરફ આવવાનું આમંત્રણ આપવા માંડયું. હઝરત અબૂ બક પોતાની કૌમમાં બહોળા સંબંધો ધરાવનારા, દરેકના લાડીલા, નમ્ર સ્વભાવના, કુરૈશમાં ઊંચા ખાનદાનના સદગૃહસ્થ હતા. કુરૈશની વંશાવળીના સૌથી મોટા જ્ઞાની હતા. આ કબીલામાં કુરૈશનો કોઈ શખ્સ એમની તોલે પહોંચી શકતો ન હતો. કયા વંશમાં શું ખૂબી છે અને શું ખામી છે તેનો, એમનાથી વધુ કોઈ માહિતગાર ન હતો. પોતે ઊંચા પાયાના વેપારી હતા. ખુશ મિઝાજ હતા. દરેક સાથે ભલાઈનો વર્તાવ કરનારા હતા. પોતાના બહોળા જ્ઞાન, વિશાળ વેપાર અને ઉત્તમ સંસ્કારોને કારણે કુરૈશના બધા લોકો આપને મળવા ઉત્સુક રહેતા અને આપની સાથે મૈત્રીભર્યા સંબંધો રાખતા હતા. આપે પોતાની કૌમના એવા લોકોને ઈસ્લામનું આમંત્રણ આપવા માંડયું જેઓની ઉપર આપને વિશ્વાસ હતો. આ તે લોકો હતા જેઓ આપને મળવા આવતા અને આપની સાથે ઊઠતા બેસતા હતા.

હઝરત અબૂબકની તબલીગ---------જે લોકોએ હઝરત અબૂ બક રદિયલ્લાહુ અન્હુ ની તબલીગથી ઈસ્લામ કબૂલ કર્યો તેઓના નામ આ છે :

૧---------હઝરત ઉસ્માન બિન અફ્ફાન બિન અબી આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ.[2]

---

૧. અતીક શબ્દના અર્થ શરીફ, સંસ્કારી, આઝાદ, ખૂબસુરત, પ્રતિષ્ઠિત, પ્રતિભાશાળી અને એવી વસ્તુ જે જૂની પુરાની હોય. અને એવી વસ્તુ જે સમય, સ્થાન અને મૂલ્યની દ્રષ્ટિએ બધાથી વધી ગઈ હોય. કાબએ-મુઅઝ્ઝમાનું એક નામ "બૈતુલ અતીક" પણ છે. બૈત એટલે ઘર અને અતીક એટલે દુનિયામાં બાંધવામાં આવેલું સૌથી પહેલું, સૌથી પ્રતિષ્ઠાવાળું અને સૌથી પુરાણું ઘર (કામૂસુલ-કુરઆન પેજ ૩૩૧) "હ"

૨. હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુ ઈસ્લામના ત્રીજા ખલીફા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દામાદ હતા. આપે પોતાની બે લાડલી બેટીઓ એક પછી એક એમના નિકાહમાં આપી હતી. આ કારણે એમને "ઝૂન-નૂરૈન" એટલે બે નૂરવાળા કહેવામાં આવે છે. હઝરત ઉસ્માન પોતે શાહ સોદાગર અને ગર્ભશ્રીમંત હતા. "હ"

૨————હઝરત ઝુબૈર બિન અવ્વામ બિન ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય, બિન ગાલિબ.

૩————હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ બિન અબ્દે-ઔફ બિન અબ્દ બિન હારિસ બિન ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય, બિન ગાલિબ.

૪————હઝરત સઅદ બિન અબી વક્કાસ (અબૂ વક્કાસનું નામ માલિક) બિન ઉહૈબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ.

૫————હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ બિન ઉસ્માન બિન અમ્ર બિન કઅબ બિન અસદ બિન તૈમ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ.

જ્યારે આ જવાનોએ ઈસ્લામની તબલીગી દઅવત કબૂલ કરી લીધી તો હઝરત અબૂબક્ર એમને સાથે લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. ત્યાં બધાએ ઈસ્લામનો સ્વીકાર કર્યો અને નમાઝ પઢવા લાગ્યા.

હઝરત અબૂબક્રની શાને-સિદ્દીકી————ઈબ્ને ઈસ્હાક કહે છે : જે વાતોની મને માહિતી મળી તેમાંથી એક વાત આ છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવ્યા કરતા :

મા દઅવ-તુ અહદન ઈલલ-ઈસ્લામે	જે કોઈને મેં આમંત્રણ આપ્યું ઈસ્લામનું ;
ઈલ્લા કાનત ફીહિ ઈન્દહૂ કબ-વતુન	તેનાં સ્વીકારમાં તેને એક પ્રકારનો વિલંબ કે ઢીલ હતી.;
વ નઝરુન વ તરદ - દુદુન	અને સોચવિચાર તથા ઢચુપચુપણું હતું.
ઈલ્લા મા કાન્ મિન અબી બક્રિબ-નિ	પરંતુ એવું કશું હતું નહિ અબૂ બક્ર બિન
અબી કુહાફહ.	અબી કુહાફહના મામલા અંગે.
મા અકમ્ અન્હુ	ન તો તેમણે ઢીલ કીધી તેમાં ;
હીન્ ઝકર - તુહૂ લહૂ	જ્યારે કે મેં તેમને તેનું વર્ણન કર્યું.[૧]
વમા તરદ - દદ ફીહિ.	અને ન તેમાં ઢચુપચુની નીતિથી કામ લીધું

ઈબ્ને ઈસ્હાક કહે છે : એ આઠ ગ્રહસ્થો હતા જેઓએ ઈસ્લામ લાવવામાં સૌને ટપી જવાની પહેલ કરી. જેઓએ મુસલમાન બનીને નમાઝ પઢી અને જેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઊતરેલા આકાશી સંદેશાને ઝીલી લઈને તેની સચ્ચાઈનું સમર્થન કર્યું.

સાબિકૂનલ-અવ્વલૂન————ઈબ્ને ઈસ્હાક કહે છે : એમના પછી જે લોકોએ ઈસ્લામ કબૂલ કર્યો તેઓના નામ આ છે :

૧————હઝરત અબૂ ઉબૈદહ જેમનું નામ આમિર બિન અબ્દુલ્લાહ બિન જર્રાહ બિન હિલાલ બિન ઉહૈબ બિન દબ્બહ બિન હારિસ બિન ફિહર હતું.[૨]

૧. એટલે બીજા લોકો ઈસ્લામ-સ્વીકારમાં ઢચુપચુપણાની નીતિથી કામ લેતા હતા. સોચવિચારમાં પડી જતા હતા. પરંતુ અબૂબક્રે તેજ પળે, તેજ ક્ષણે, વિના વિલંબે, તત્કાળ ઈસ્લામ કબૂલ કરી લીધો. એ હતી હઝરત અબૂબક્રની શાને-સિદ્દીકી ! "હ"

૨. ઈસ્લામ કબૂલ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાથી બનનારા ગૃહસ્થોને સહાબા અથવા અસહાબ કહે છે. એનું એકવચન સહાબી છે. સ્ત્રી હોય તો સહાબિયા કહેવાય છે. સહાબીના નામ સાથે રદિયલ્લાહુ અન્હુ વાંચવું અને સહાબિયાના નામ સાથે રદિયલ્લાહુ અન્હા. "હ"

Maktabe Ashraf

૨————હઝરત અબૂ સલમહ જેમનું નામ અબ્દુલ્લાહ બિન અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય હતું.

૩————હઝરત અરકમ બિન અબી અરકમ જેમનું નામ અબ્દે મનાફ બિન અસદ હતું.[૧]

૪————હઝરત ઉસ્માન બિન મઝઊન બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐય.

૫————હઝરત ઉસ્માનના ભાઈ હઝરત કુદામહ બિન મઝઊન

૬————હઝરત ઉસ્માનના બીજા ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન મઝઊન.

૭————હઝર ઉબૈદહ બિન હારિસ બિન મુત્તલિબ બિન અબ્દે મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય.

૮————હઝરત સઇદ બિન ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ બિન અબ્દુલ-ઉઝ્ઝા..........બિન કઅબ બિન લુઐય.[૨]

૯————હઝરત સઇદ બિન ઝૈદના બેગમ બીબી ફાતિમહ બિન્તે ખત્તાબ.[3]

૧૦————હઝરત અબૂબક્ર સિદ્દીકના બેટી હઝરત અસમા બિન્તે અબીબક્ર.

૧૧————હઝરત અબૂબક્રના બેટી હઝરત આઇશહ બિન્તે અબીબક્ર. (બહુ નાની વયના હતાં.)

૧૨————હઝરત ખબ્બાબ બિન અલ-અરત્ત————ઇબ્ને હિશામ કહે છે : ખબ્બાબ બિન અલ-અરત્ત બનૂ તમીમની બિરાદરીમાંથી હતા અને કેટલાકના મતે બનૂ ખુઝાઅહમાંથી હતા અને બનૂ ઝુહરહના કરારીઓમાંથી હતા.

૧૩————હઝરત સઅદ બિન અબી વક્કાસના ભાઈ હઝરત ઉમૈર બિન અબી વક્કાસ.

૧૪————હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ બિન હારિસ બિન શમખ બિન મખ્ઝૂમ બિન સાહિલહ બિન કાહિલ બિન હારિસ બિન તમીમ બિન સઅદ બિન હુઝૈલ.

૧૫————હઝરત મસઊદ બિન કારી એટલે મસઊદ બિન રબીઅહ બિન અમ્ર બિન સઅદ બિન ઉઝ્ઝા બિન હમાલહ બિન ગાલિબ....... જેઓ કારહ કબીલામાંથી હતા.

૧૬————હઝરત સુલૈત બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન આમિર બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર.

૧૭————એમના ભાઈ હઝરત હાતિબ બિન અમ્ર.

૧૮————હઝરત અય્યાશ બિન રબીઅહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય.

---

૧. હઝરત અરકમનું મકાન મક્કહમાં સફા પહાડની તળેટીમાં આવેલું હતું. ઇસ્લામની શરૂઆતમાં છુપી રીતે મુસલમાન બનનારા લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એમના જ મકાનમાં કુર્આન અને બીજી ઇસ્લામી તઅલીમ આપતા હતા. [illegible] મકાન મક્કહમાં મુસલમાનોનો સૌથી પહેલો મદરસો હતો. હઝરત ઉમર એજ ઘરમાં આવીને મુસલમાન બન્યા. ''ક''

૨. હઝરત સઇદ બિન ઝૈદ : મૂર્તિપૂજાનો ત્યાગ કરીને દીને-ઇબ્રાહીમીની શોધમાં શહીદ થનારા ઝૈદ બિન અમ્ર બિન નુફૈલના ફરઝંદ હતા. હઝરત ઉમરના કાકાભાઇ અને બનેવી લાગતા હતા. ''ક''

3. બીબી ફાતિમહ હઝરત ઉમર ફારૂકના સગાં બહેન હતાં. ''ક''

Maktabe Ashraf

૧૯————એમના બેગમ બીબી અસમા બિન્તે સલામહ તમીમિયહ.

૨૦————હઝરત ખુનૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી બિન સઈદ બિન સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐય.

૨૧————હઝરત આમિર બિન રબીઅહ જેઓ બનૂ અન્ઝ બિન વાઈલમાંથી હતા અને આલે ખત્તાબ બિન નુફૈલ બિન અબ્દુલ-ઉઝઝા સાથે કરારથી જોડાયેલા હતા. એ બધા ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા.

૨૨————હઝરત અબ્દુલ્લાહ બિન જહશ બિન રિઆબ બિન યઅમુર બિન સબ્રહ બિન મુર્રહ.

૨૩————એમના ભાઈ હઝરત અબૂ અહમદ બિન જહશ. આ બંને ભાઈઓ બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સના કરારીઓમાંથી હતા.

૨૪————હઝરત જઅફર બિન અબૂ તાલિબ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબના ફરઝંદ અને હઝરત અલીના ભાઈ.

૨૫————હઝરત જઅફરના બેગમ બીબી અસમા બિન્તે ઉમૈસ બિન નુઅમાન બિન કઅબ બિન માલિક બિન કુહાફહ. બીબી અસમા બનૂ ખસ્અમ કબીલામાંથી હતાં.

૨૬————હઝરત હાતિબ બિન હારિસ બિન મઅમર બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ બિન જનહ........બિન કઅબ બિન લુઐય.

૨૭————એમના બેગમ બીબી ફાતિમહ બિન્તે મુજલ્લીલ બિન અબ્દુલ્લાહ બિન અબી કૈસ.........બિન આમિર બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર.

૨૮————એમના ભાઈ હઝરત ખત્તાબ બિન હારિસ બિન મઅમર.

૨૯ ————હઝરત ખત્તાબ બિન હારિસના બેગમ બીબી ફુકૈહા બિન્તે યસાર.

૩૦————હઝરત મઅમર બિન હારિસ બિન મઅમર બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ........બિન કઅબ બિન લુઐય.

૩૧————હઝરત સાઈબ બિન ઉસ્માન બિન મઝઊન બિન હબીબ બિન વહબ.

૩૨————હઝરત મુત્તલિબ બિન અઝહર બિન અબ્દે ઔફ બિન અબ્દ બિન હારિસ બિન ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય.

૩૩————એમના બેગમ બીબી રમલહ બિન્તે અબી ઔફ બિન જુબૈરહ બિન સઈદ........બિન કઅબ બિન લુઐય.

૩૪————હઝરત નહહામ જેમનું નામ નુઐમ બિન અબ્દુલ્લાહ બિન ઉસૈદ હતું. આ બધા લોકોએ ઈસ્લામ કબૂલ કરી લીધો. હઝરત નુઐમ "નહહામ"ના ઉપનામે એટલા માટે પંકાઈ ગયા કે એમના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : "...દ સમિઅ્તુ ન-હ-મહૂ ફીલ-જન્નતિ" એટલે મેં જન્નતમાં એમના ખોંખારાનો અવાજ સાંભળ્યો.[૧]

૧. હઝરત નુઐમ બિન અબ્દુલ્લાહ નહહામ : હઝરત ઉમર ફારૂકના બહેન અને બનેવીના ઘરે જઈને તેઓને કુર્આનનું શિક્ષણ આપતા હતા. "હ"

૩૫————હઝરત આમિર બિન ફુહૈરહ, હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુના ગુલામ હતા. હઝરત અબૂબક્રે એમને બનૂ અસદના લોકો પાસેથી ખરીદી લઈને આઝાદ કરી દીધા હતા.

૩૬————હઝરત ખાલિદ બિન સઈદ બિન આસ બિન ઉમૈયહ બિન અબ્દે શમ્સ બિન અબ્દે મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય.[1]

૩૭————હઝરત ખાલિદ બિન સઈદના બેગમ બીબી ઉમૈનહ બિન્તે ખલફ બિન અસદ બિન આમિર બિન બયાદહ...... બિન મુલૈહ બિન અમ્ર. એ બનૂ ખુઝાઅહ કબીલામાંથી હતાં. કેટલાકે ઉમૈનહને બદલે હુમૈનહ નામનો ઉચ્ચાર કર્યો છે.

૩૮————હઝરત હાતિબ બિન અમ્ર બિન અબ્દે શમ્સ બિન અબ્દે વુદ્દ. (હઝરત હાતિબ બિન અમ્રનું નામ નંબર ૧૭માં આવી ગયું છે. ''હ'')

૩૯————હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે શમ્સ બિન અબ્દે મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય. હઝરત. અબૂ હુઝૈફહનું અસલ નામ મુહશમ છે.

૪૦————હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દે મનાફ બિન અરીન બિન સઅલબા બિન યરબૂઅ બિન હન્ઝલહ બિન માલિક...... બિન અદી બિન કઅબ. હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહને બાહિલહ કબીલાના ડાકૂઓએ પકડીને ગુલામ બનાવી લીધા અને પછી ખત્તાબ બિન નુફૈલના હાથે વેચી માર્યા. ખત્તાબે એમને પોતાના દત્તક બનાવી લીધા પછી જ્યારે ''ઉદઊ-હુમ-લિ-આબા-ઇહિમ''ની આયત નાઝિલ થઈ તો હઝરત વાકિદે કહ્યું, ''હું વાકિદ બિન અબ્દુલ્લાહ છું.'' (વાકિદ બિન ખત્તાબ નહિ.)

૪૧————હઝરત ખાલિદ બિન બુકૈર બિન અબ્દે-યાલીલ બિન નાશિબ બિન ગિયરહ.

૪૨————હઝરત આમિર બિન બુકૈર બિન અબ્દે-યાલીલ.....

૪૩————હઝરત આકિલ બિન બુકૈર..........

૪૪————હઝરત ઈયાસ બિન બુકૈર.........

૪૫————હઝરત અમ્માર બિન યાસિર અન્સી જેઓ મઝહિજ કબીલામાંથી હતા અને બનૂ મખ્ઝૂમ બિન યકઝહના લોકો સાથે કરારથી જોડાયેલા હતા.

૪૬————હઝરત સુહૈબ બિન સિનાન રૂમી જેઓ બનૂ નમિર બિન કાસિબ કબીલાના એક સભ્ય અને તમીમ બિન મુર્રહ ના કરારી હતા. કેટલાકના કથન મુજબ હઝરત સુહૈબ, અબ્દુલ્લાહ બિન જુદઆનના આઝાદ કરેલા ગુલામ હતા. મુલ્કે-રોમના વતની હતા. કેટલાક કહે છે કે રોમની ભૂમિમાં કેદી બની ગયા હતા. હઝરત સુહૈબ વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે : ''સુહૈબુન સાબિકુર - રૂમ.'' એટલે સુહૈબ ઇસ્લામ સ્વીકારમાં રોમના લોકોને · પી ગયા.

Maktabe Ashraf

---

૧. હઝરત ખાલિદ બિન સઈદ : મુસલમાન બનવા પહેલા એમણે ખ્વાબ જોયો કે એમના બાપા એમને જહન્નમની આગમાં ઝોંકી રહ્યા છે પણ એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ત્યાં પધારીને એમને બચાવી લીધા. હઝરત અબૂબક્ર પાસે જઈને ખ્વાબ બયાન કર્યો અને તેમની પ્રેરણાથી મુસલમાન બની ગયા. બાપને ખબર પડી તો ઢોર માર મારીને કોટડીમાં પૂરી દીધા અને ખાવાપીવાનું બંધ કરાવી દીધું. ગમે તેમ કરીને કોટડીમાંથી નાસી છૂટ્યા અને હબશહ જનારી જમાઅત સાથે પોતાની બેગમને લઈને હબશહ હિજરત કરી ગયા. બાદમાં એમના બાપા પણ મુસલમાન બની ગયા. ''હ''

(આ બધા તે ખુશનસીબ ગૃહસ્થો અને ખાતૂનો છે જેઓ ઇસ્લામની શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની છુપી તબલીગ વેળા જાનને હથેલી પર લઈને મુસલમાન બની ગયા અને જેઓએ ઇસ્લામ ખાતર તરહ તરહની તકલીફો વેઠી. એ બધા "સાબિકૂનલ-અવ્વલૂન" કહેવાય છે એટલે ઇસ્લામ-સ્વીકારની પહેલ કરવામાં સૌથી આગળ નીકળી જનારા. "હ")

Maktabe Ashraf

પ્રકરણ ૪૩

છડેચોક તબલીગનો આરંભ

ખુલ્લી તબલીગનો હુકમ • છુપી રીતે નમાઝ પઢવાનું કારણ • કુરૈશની દુશ્મનાવટનો આરંભ • અબૂ તાલિબને કુરૈશની ફરિયાદ • કુરૈશી મોવડીઓની બીજી ફરિયાદ • રસૂલુલ્લાહ (સલ.)નો ગદ્‌ગદ જવાબ • અબૂ તાલિબને કુરૈશની પેશકશ.

ખુલ્લી તબલીગનો હુકમ————ઇબ્ને ઈસ્હાક કહે છે : એ પછી પુરૂષો અને સ્ત્રીઓ બહોળા પ્રમાણમાં કશી રોકટોક વિના ઇસ્લામમાં પ્રવેશવા લાગ્યાં અને આખા મક્કહ શહેરમાં ઇસ્લામની કીર્તિ પ્રસરવા લાગી અને ચારે તરફ બધેબધ ઇસ્લામની ચર્ચા થવા લાગી. અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને હુકમ ફરમાવ્યો કે,

> "હે નબી ! આપને સોંપાયેલી ઇસ્લામી તબલીગની વાતો ભરબજારે લલકારીને કહો. કોઈના વિરોધની દરકાર કર્યા વિના ઇસ્લામી આદેશોની છડેચોક જાહેરાત કરો અને લોકોને ખુલ્લમ ખુલ્લા ઈસ્લામનું આમંત્રણ આપો. !"

પયગમ્બરી મળવા પછીની છુપી તબલીગ અને આ ખુલ્લી તબલીગના હુકમ વચ્ચે ત્રણ વરસનો આંતરો હતો. પયગમ્બરી મળ્યા પછી લગાતાર ત્રણ વરસ સુધી આપે ખુફિયહ તબલીગ ફરમાવી હતી, અને હવે આ જાહેરી કે ખુલ્લી તબલીગ હતી.[1] જેમકે અલ્લાહ તઆલાએ આપને હુકમ આપતાં ફરમાવ્યું:

ફસ-દઅ	હે નબી ! છડેચોક પોકારી દો
બિમા તુઅમર.	જે વાતનો તમને હુકમ આપવામાં આવે છે.
વ અઅ-રિદ	અને મોઢું ફેરવી લો
અનિલ મુશ-રિકીન.	મુશરિકો તરફથી [2]

અને અલ્લાહ તઆલાએ આપને એમ પણ ફરમાવ્યું :

૧. [illegible] ખુફિયહ તબલીગમાં સનદી સીરત-ગ્રંથો મુજબ કુલ ૧૩૩ સ્ત્રી-પુરૂષોએ બાપ-દાદાના મૂર્તિપૂજક ધર્મને તરછોડીને ઈસ્લામ કબૂલ કરવાનું સદ્‌ભાગ્ય મેળવ્યું. મુસલમાન બની જનારાઓમાં મોટો ભાગ નવા નવલોહિયા યુવકોનો હતો. તેઓના વડીલો કટ્ટર મૂર્તિપૂજક અને ચુસ્ત હતા. સંતાનોની મજાલ ન હતી કે તેઓની સામે ઉંફ કરી શકે. આ કારણે તલવારની ધાર પર રહીને તેઓએ પોતાના ઈસ્લામને છુપાવી રાખ્યો. એમાંના ઘણાખરા ગરીબ વર્ગના હતા અને કેટલાક ગુલામો હતા જેઓ પોતાના કુરૈશી શેઠોની નજરમાં અને સમાજમાં પણ હલકટ અને તુચ્છ ગણાતા હતા. "હ"

૨. સૂરએ હિજ્ર પારહ ૧૪ આયત ૯૪

વ અન-ઝિર	અને હે નબી ! ડરાવો અઝાબે-ઈલાહીથી
અશી-રતકલ-અક-રબીન.	પોતાના નજીકના સગાંઓને.
વખ - ફિદ જનાહકા	અને નમ્ર ભાવ રાખો એવા લોકો પ્રત્યે
લિ - મનિત ત-બ અક	જેઓ તમારૂં અનુસરણ કરનારા છે;
મિનલ - મુઅ - મિનીન.	ઈમાન લાવનારાઓમાંથી.
વ કુલ ઈન્ની	અને કહી દો કે બેશક હું તો
અનન-નઝીરુલ-મુબીન.	ખુલ્લી રીતે ડરાવનારો છું બુરા અંજામથી. ૧

છુપી રીતે નમાઝ પઢવાનું કારણ————ઈબ્ને ઈસ્હાક કહે છે : શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાનો નિયમ હતો કે નમાઝનો વખત થતો ત્યારે પહાડોની ખીણો તરફ ચાલ્યા જતા અને ત્યાં પોતાની કૌમથી છુપાઇને નમાઝ પઢતા. એક વેળા હઝરત સઅદ બિન અબી વક્કાસ પોતાના કેટલાક મુસલમાન સાથીઓ સાથે મક્કહથી બહાર પહાડની કોઇ ખીણમાં નમાઝ પઢતા હતા એટલામાં સંજોગવશાત મુશરિકોની એક ટોળકી, એ તરફ આવી ચઢી. આ લોકોને નમાઝ પઢતા જોઇને તેઓએ એમના પ્રત્યે પોતાનો ધિક્કાર જાહેર કર્યો અને ચાળા પાડીને નમાઝની મશ્કરી કરવા લાગ્યા અને આગળ ધસી જઇને તેઓની સાથે આથડી પડયા. ત્યાં ઊંટના જડબાનું એક હાડકું પડેલું હતું. નાછૂટકે હઝરત સઅદ બિન અબી વક્કાસે પેલું હાડકું ઉપાડીને તેઓમાંથી એક મુશરિકનું માથું ફોડી નાખ્યું. આ એક મુશરિકનું પહેલું લોહી હતું જે ઈસ્લામના રાહમાં રેડવામાં આવ્યું. ૨

કુરૈશની દુશ્મનાવટનો આરંભ————ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહ તઆલાના હુકમ મુજબ ઈસ્લામની ખુલ્લી રીતે જાહેરાત કરી તો મુશરિકો ન આપથી દૂર ભાગ્યા ન આપની આડે આવ્યા ન આપનો વિરોધ કર્યો. અલબત્ત આપે જ્યારે એમનાં મૂર્તિઓને વખોડવા માંડી અને મૂર્તિઓ માત્ર પથ્થર સિવાય કોઇ વસ્તુ નથી તેવી વાતો સંભળાવવા માંડી ત્યારે તેઓના કાન ઊભા થયા અને તેઓએ આ મામલાને ગંભીરરૂપ આપ્યું. આપથી ભડકવા લાગ્યા અને આપની દુશ્મની તથા આપના વિરોધ પર સંમત થવા લાગ્યા; અમુક એવા લોકો સિવાય જેઓને અલ્લાહ તઆલાએ ઈસ્લામ માટે સાચવી રાખ્યા હતા. પરંતુ એવા લોકો બહુજ જૂજ હતા અને છુપાયેલા હતા. એમાંથી એક આપના કાકા અબૂ તાલિબ હતા. તેમણે ખુલ્લી રીતે આપનો પક્ષ લીધો. આપના તરફ હેતની લાગણી દર્શાવી. પૂરી રીતે આપનું રક્ષણ કર્યું. આપની મદદ માટે, કમર કસીને તૈયાર થયા. અને તેમની છત્રછાયામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કમ રીતે અલ્લાહના આદેશોનું પાલન કરવામાં પ્રવૃત્ત રહ્યા. આપના નિર્ધાર, આપના સંકલ્પ અને આપની મક્કમતાની એ હાલત હતી કે દુનિયાની કોઇ તાકત આપને આ કામથી ડગમગાવી શકતી ન હતી.

૧. સૂરએ-શુઅરા પારહ ૧૯ આયત ૨૧૪-૨૧૫

૨. હઝરત સઅદ બિન અબી વક્કાસના દાદાનું નામ વહબ હતું જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નાના હતા. હઝરત સઅદ ૧૯ વરસની ઉંમરમાં સાતમા નંબરે મુસલમાન બન્યા. ઘણા બહાદુર અને યુધ્ધકળામાં પારંગત હતા. જંગે-ઉહુદમાં જીતેલી બાજી પલટાઇ જવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે ઢાલ બનીને ઊભા થઇ ગયા અને કાફિરો પર એક હજાર તીરોનો મારો ચલાવ્યો. આપે ફરમાવ્યું, "સઅદ ! તીર પર તીર ચલાવો, મારાં માબાપ તુજ પર કુરબાન !" આ માન સઅદ સિવાય બીજા કોઇ સહાબીને નહિ મળ્યું. "હ"

અબૂ તાલિબને કુરૈશની ફરિયાદ————કુરૈશે જયારે જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓના ભગવાનોને વગોવવાથી અને તેઓની મૂર્તિઓને પથ્થર કહેવાથી અટકતા નથી અને તેઓને ખોટું લાગે તેવી વાતો બદલ પોતાનો પસ્તાવો જાહેર કરતા નથી. અને ઉપરથી અબૂ તાલિબ દયાળુ બનીને તેમનો પક્ષ લઈ રહ્યા છે, તેમની મદદ કરે છે અને તેમને અમારે હવાલે કરતા નથી. ત્યારે કુરૈશના મોટા મોટા આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ અબૂ તાલિબ પાસે પહોંચી ગયું. તેઓના નામો આ છે :

૧————ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે શમ્સ બિન અબ્દે મનાફ બિન કુસૈય બિન કિલાબ.

૨————શૈબહ બિન રબીઅહ બિન અબ્દે શમ્સ........(ઉત્બહનો ભાઈ.)

૩————અબૂ સુફ્યાન બિન હર્બ બિન ઉમૈયહ બિન અબ્દે શમ્સ બિન અબ્દે મનાફ બિન કુસૈય બિન કિલાબ. ઇબ્ને હિશામ કહે છે : અબૂ સુફયાનનું અસલ નામ સખ્ર હતું.

૪————અબુલ-બુખ્તરી. અસલ નામ આસ બિન હિશામ બિન હારિસ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ. (અબુલ-બુખ્તરી ઉપનામ હતું.)

૫————અસવદ બિન મુત્તલિબ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ.

૬————અબૂ જહલ બિન હિશામ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય. (અબૂ જહલનું અસલ નામ અમ્ર હતું અને ઉપનામ અબુલ-હકમ હતું.)

૭————વલીદ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય. (હઝરત ખાલિદનો બાપ.)

૮————નુબૈહ બિન હજ્જાજ બિન આમિર બિન હુઝૈફહ બિન સઅદ બિન સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐય.

૯————મુનબ્બેહ બિન હજ્જાજ. (નુબૈહનો ભાઈ)

૧૦————આસ બિન વાઈલ બિન હાશિમ બિન સઈદ બિન સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐય.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનવા જોગ છે મક્કહના બીજા આગેવાનો પણ એમની સાથે જોડાયા હોય. આ લોકોએ અબૂ તાલિબ પાસે જઈને કહ્યું :

> "હે અબૂ તાલિબ ! તમારો ભત્રીજો અમારા ભગવાનોને ભાંડે છે. અમારા ધર્મને વગોવે છે. અમારા બુધ્ધિમાનોને મૂરખ કહે છે. અમારા વડીલો કે પૂર્વજોને ગુમરાહ ઠરાવે છે. તમે કાં તેને આ વાતોથી અટકાવો અથવા અમારી અને તેની વચ્ચેથી ખસી જાવ અને અમારા મામલામાં દખલગીરી ન કરો. કેમકે તમે પણ તેજ ધર્મ પર છો જેની ઉપર અમે છીએ અને જેવી રીતે અમે તેના વિરોધી છીએ તેવી જ રીતે તમે પણ તેના વિરોધી છો. માટે આ મામલામાં તમે માથું ન મારો. અમે તમારા તરફથી પણ દરેક પ્રકારની વ્યવસ્થા કરી લઈશું."

અબૂ તાલિબે બહુ નરમાશ અને વિવેકબુધ્ધિથી તેઓની સાથે વાતો કરી અને કુનેહપૂર્વક તેઓને રૂખ્સત

Maktabe Ashraf

કરી દીધા. આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અગાઉ પેઠે પોતાની હાલત પર કાયમ રહીને લોકોને અલ્લાહના દીને-ઈસ્લામ તરફ આવી જવાનું આમંત્રણ આપતા રહ્યા. એના થોડા દિવસો પછી અમુક બાબતો એવી બની ગઈ જેના કારણે આપના અને કુરૈશના સંબંધો વણસીને ઓરભી ઘર્ષણભર્યા બની ગયા. એનાથી આપની અને કુરૈશની વચ્ચે અદાવત પેદા થઈ ગઈ. તેમાં પળે-પળે ઉમેરો થતો ગયો અને મામલો એટલે સુધી પહોંચી ગયો કે તેના નતીજા રૂપે બંને પક્ષો એકબીજાથી નોખા પડીને સામસામે આવી ગયા. હવે કુરૈશ આપના પ્રત્યે કીનો રાખવા લાગ્યા. કુરૈશની મજલિસોમાં અને કુરૈશના ઘરોમાં આપની જ ચર્ચા થવા લાગી. તેઓ એકબીજાને જોરશોરથી આપની વિરૂધ્ધ ઉશ્કેરવા લાગી ગયા.

કુરૈશી મોવડીઓની બીજી ફરિયાદ————ત્યારે કુરૈશના મોવડીઓ ફરીવાર ભેગા મળીને અબૂ તાલિબ પાસે ગયા અને બોલ્યા, "હે અબૂ તાલિબ ! તમે ઉંમરનાં, ખાનદાનીમાં અમારા કરતાં ચઢિયાતા છો. માનમરતબામાં, પ્રતિષ્ઠામાં અમારી વચ્ચે અગ્રસ્થાન ભોગવો છો. અમે તમને તમારા ભત્રીજાને અટકાવવાની વિનવણી કરી હતી, તમે તેને નહિ અટકાવ્યો. અલ્લાહના સોગંદ ! અમારી ધીરજ ખૂટી ગઈ છે. અમે સાંખી શકતા નથી કે તે અમારા વડીલોને ગાળો આપે, અમારા અકલમંદોને મૂરખ કહે , અમારા ભગવાનોને ભાંડે, હવે કાં તમે તેને સમજાવો કાં અમે તેને સમજી લઈએ. પછી તમારે અમારા મામલામાં માથું નહિ મારવું. હવે એક પક્ષનો વિનાશ નક્કી છે એ તમારે ચોક્કસ રીતે માની લેવું !"

આ ધમકી ઉચ્ચારીને તેઓ તો ચાલ્યા ગયા પણ અબૂ તાલિબને પારાવાર મૂંઝવણમાં મૂકતા ગયા. અબૂ તાલિબને પોતાની કોમની દુશ્મની અને કોમને બે ભાગમાં વહેંચી નાખવાની પક્ષપાતી મનોદશાથી ભારે ખેદ થયો. આમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કુરૈશને હવાલે કરી દેવાનું કે નિરાધાર દશામાં અટૂલા છોડી દેવાનું પણ અબૂ તાલિબને ગવારા ન હતું.

રસૂલુલ્લાહ (સલ.)નો ગદ્ગદ જવાબ————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશી સરદારો ઉપર મુજબ ધમકી ઉચ્ચારીને ચાલ્યા ગયા તો અબૂ તાલિબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બોલાવી મંગાવ્યા અને કહ્યું, "હે મારા ભાઈના બેટા ! કોમના આગેવાનો મારી પાસે આવ્યા હતા. તેઓ આ પ્રકારની ધમકી ભરેલી વાતો કહીને ચાલ્યા ગયા છે. માટે મુજ પર રહમ કરો અને પોતાની જાન ઉપર પણ રહમ કરો. બેટા! મુજ પર એટલો બોજ નહિ નાખો જેને હું ઉપાડી નહિ શકું."

રાવીનું બયાન છે : અબૂ તાલિબ જેવા દયાળુ કાકાની આ વાતો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મબારક મનમાં આ વિચાર આવી ગયો કે, હવે કાકા પણ મુજથી કંટાળીને મારી મદદથી હાથ ઉપાડી લેવા માગે છે અને કદાચ મને કુરૈશને હવાલે કરી દે તો નવાઈ જેવું નથી. જાણે કે એમના તરફથી પણ હવે મદદ અને સહકારની આશા છોડી દેવી જોઈએ. જવાબમાં આપે મક્કમતાથી ફરમાવ્યું :

યા અમ્મ વલ્લાહિ	હે કાકા ! અલ્લાહના સોગંદ !
લવ વદઉશ-શમ્સ	અગર મૂકી દે તેઓ સૂર્યને
ફી યમીની	મારા જમણા હાથમાં,
વલ-કમર ફી યસારી	અને મૂકી દે તેઓ ચંદ્રને મારા ડાબા હાથમાં,
અલા અન અત્રુક હાઝલ-અમ્ર.	એવી શરતે કે હું છોડી દઉં આ કામને.

હત્તા યુઝહિર-હુલ્લાહુ	પછી કાં અલ્લાહ પોતે એને પુરૂં કરાવી દે.
અવ અહલિકા ફીહિ	અથવા હું પોતે એમાં પૂરો થઇ જાઉં,
મા તરક-તુહૂ.	ત્યાં સુધી હરગિઝ હું એને નહિ છોડું.

રાવીનું કથન છે : આમ ફરમાવતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક હૈયું ભરાય આવ્યું. ટપ ટપ આપની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. એજ વેળા આપ ઊભા થઇ ગયા અને જ્યારે આપ ત્યાંથી જવા લાગ્યા તો અબૂ તાલિબે આપને હાંક મારી, "હે ભત્રીજા !"

પછી પોકારીને કહ્યું, "અહીં મારી પાસે આવો."

જ્યારે આપ પાછા વળીને અબૂ તાલિબ પાસે આવ્યા તો તેઓ બોલ્યા, "જાવ ભત્રીજા ! તમારી મરજીમાં આવે તેમ કરો. અલ્લાહના સોગંદ ! હું કોઇ પણ ભોગે તમને તેઓને હવાલે નહિ કરું, હરગિઝ નહિ કરૂં !"

અબૂ તાલિબને કુરૈશની પેશકશ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશને જ્યારે ખાતરી થઇ ગઇ કે અબૂ તાલિબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ન તો તરછોડે છે ન આપને પોતાથી અલગ કરવા તૈયાર છે બલકે ઉલટાનું આપની પડખે રહીને આપની દરેક મદદ માટે તૈયાર છે અને કુરૈશના વિરોધની દરકાર નહિ કરતાં પોતાના નિર્ણય પર મક્કમ છે. તો તેઓ ઉમારહ બિન વલીદ બિન મુગીરહ (નામે નવજવાન છોકરાને લઇ) ને તેમની પાસે ગયા અને બોલ્યા,

"હે અબૂ તાલિબ ! જુઓ, આ ઉમારહ બિન વલીદ બિન મુગીરહ છે. એ કુરૈશી જવાનોમાં સૌથી વધુ ચંચળ અને જોરાવર છોકરો છે. બહુ તગડો, ફાંકડો અને દેખાવડો યુવક છે. [૧] અમે એને તમારી ફરઝંદીમાં આપીએ છીએ. તમે એને પોતાનો બેટો બનાવી લો. તમે જ એના માઁબાપ, તમે જ એના માલિક અને મુખ્તાર રહેશો. પણ શરત આટલી કે એના બદલામાં તમારા ભત્રીજાને અમારે હવાલે કરી દો કે જેથી તેને કતલ કરીને અમે અમારા ભગવાનોના અપમાનનું વેર લઇએ. તમારા એજ ભત્રીજાએ અમારા ભગવાનોને ગાળો આપી છે. અમારા બાપદાદાઓના ધર્મની વગોવણી કરી છે. અમારા અકલમંદોને ગમાર અને મૂરખ ઠરાવ્યા છે. તેણે જ આપણી કૌમમાં કુસંપ અને ફાટફૂટ જન્માવી દીધી છે. મતલબ કે અમે તમને માણસના બદલામાં માણસ એટલે બેટાના બદલામાં બેટો આપી રહ્યા છીએ."

જવાબમાં અબૂ તાલિબ બોલ્યા, " વલ્લાહ હે મારી કૌમ ! તમે આ કેવો ભૂંડો વર્તાવ મારી સાથે કરો છો ! પોતાનો છોકરો મને એટલા માટે આપો છો કે હું તેને ખવાડી-પીવાડીને તગડો કરૂં અને બદલામાં મારો છોકરો તમને આપી દઉં કે જેથી તમે તેને કતલ કરો ! વલ્લાહ, આ તો એવી વાત છે જે કોઇ કાળે બનવા જોગ નથી."

આ સાંભળીને મુત્ઇમ બિન અદી બિન નવફલ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ નામનો સરદાર આવેશેથી આગળ વધીને બોલ્યો, "હે અબૂ તાલિબ ! કુરૈશના અગ્રેસરો તમારી સાથે ન્યાયનો મામલો કરે છે પણ તમને તેઓની વાત ગમતી નથી અને તેમાંથી તમે છટકવાની કોશિશ કરી રહ્યા છો !"

---

૧. ઉમારહ નામનો આ દેખાવડો યુવક વલીદ બિન મુગીરહનો છોકરો એટલે હઝરત ખાલિદ બિન વલીદનો ભાઇ હતો. "હ"

અબૂ તાલિબે તેટલા જ જુસ્સાથી કહ્યું, "હે મુત્ઈમ ! ફુરૈશી તો વલ્લાહ મારી સાથે કોઈ ઈન્સાફ નથી કર્યો પણ તેં મારી વિરૂધ્ધ કૌમનો પક્ષ લેવાનું અને મારી તરફેણમાં શબ્દ સરખો નહિ ઉચ્ચારવાનું નક્કી કરેલું લાગે છે. જા તારી મરજીમાં આવે તેમ કર અને તારાથી થાય તે કરી લે !"

એ પછી મામલો કાબૂમાંથી નીકળીને વણસી ગયો. ઊભી થયેલી કટોકટીએ ગંભીર રૂપ ગ્રહણ કરી લીધું. મતભેદોમાં ગરમા-ગરમી આવી ગઈ. આપસના વિરોધોએ માઝા મૂકી અને લોકો એક બીજાના ખુલ્લા દુશ્મન બની ગયા.

નોટ :————અલ્લામા ઈબ્ને હિશામે ઉપરના પ્રસંગને અનુસરતું, અબૂ તાલિબનું રચેલું ૧૧ શેઅરોનું એક કાવ્ય અહીં ટાંકેલું છે જેમાં મુત્ઈમ બિન અદી અને તેનો પક્ષ લઈને બનૂ અબ્દે શમ્સ તથા બનૂ નવફલના જે લોકો અબૂ તાલિબના દુશ્મન બની ગયા તેઓની ઝાટકણી કાઢવામાં આવી છે. થોડાક શેઅરો આ રહ્યા :

અખસ્સુ ખૂસૂસન અબ્દ-શમસિંવ વ-નવફલ • હુમા નબઝાના મિસ્લ મા યુમ-બઝલ જમરુ.

મારી ફરિયાદ ખાસુલ-ખાસ કે મુખ્યત્વ રીતે અબ્દે શમ્સ તથા નવફલના કુટુંબો સામે છે. કેમકે એ બંનેના લોકોએ જ અમને એવી રીતે ખંખેરી નાખ્યા જેમ આગના અંગારાઓને ખંખેરી નાખવામાં આવે છે.

હુમા અગમઝા લિલ-કવમિ ફી અખવય-હિમા • ફ-કદ અસ્બહા મિન્હુમ અકુફ-ફુ હુમા સિફરુ.

એજ બંનેએ ભરમજલિસમાં પોતાના જ ભાઈઓનું અપમાન કર્યું. હવે હાલત એવી થઈ કે એ બંનેના હાથો પોતાના ભાઈઓથી ખાલી થઈ ગયા. એટલે પોતાના જ ભાઈઓ સાથેના સંબંધો કાપી નાખીને પોતે ભાઈઓ વગરના થઈ ગયા.

વ તૈમુંવ-વ - મખ્ઝૂ-મુંવ - વ - ઝુહરત મિન્હુમ • વ કાનૂ લના મવલન ઈઝા બુગિયન - નસ્રુ.

બનૂ તૈમ, બનૂ મખઝૂમ અને બનૂ ઝુહરહવાળા પણ તેઓના જેવા જ બની ગયા. જો કે સંકટ સમયે મદદની જરૂરત વેળા તેઓ અમારા મિત્ર બનેલા રહ્યા.

ફ-વલ્લાહિ લા થલ-ફક્કુ મિન્ના અદાવતુન • વલા મિન્હુમ મા કાના મિન નસ્લના શફ્રુ.

તો અલ્લાહના સોગંદ ! જયાં સુધી અમારી નસલમાંથી એક પણ માણસ બાકી રહેશે ત્યાં સુધી અમારી અને તેઓની વચ્ચે દુશ્મની ચાલુ રહેશે.

ફ-કદ સફુહત અહલામુ - હુમ વ ઉકૂલુ - હુમ • વ-કાનૂ ક - જફરિન બિઅ-સ્ મા સનઅત જફ્રુ

કેમકે તેઓમાં શાણપણ કે ડહાપણ રહ્યું નહિ અને તેઓની અક્કલો મારી ગઈ. એ લોકો જફર જેવા બની ગયા અને જફરે જે કંઈ કર્યું, બહુ જ ખોટું કર્યું.

Maktabe Ashraf

પ્રકરણ ૪૪

રાહે-હકના પથિકોની મુસીબતો

મુસલમાનો ત્રાસવાદના શિકંજામાં • બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબનું સંગઠન • વલીદ બિન મુગીરહની સલાહ • કુરૈશનો જૂઠો પ્રચાર • વલીદ બિન મુગીરહનું વર્ણન કુર્આનમાં • પયગમ્બરીની ખ્યાતિ અરબભરમાં.

Maktabe Ashraf

મુસલમાનો ત્રાસવાદના શિકંજામાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી જે લોકો ઇસ્લામ સ્વીકારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા બની ગયા હતા. અને જે લોકો કુરૈશની વસતિઓમાં વસાહત ધરાવતા હતા, તેઓની વિરૂધ્ધ કુરૈશે ઉશ્કેરણી અને આતંકનો દાવાનળ પ્રકટાવી દીધો. કુરૈશનો દરેક કબીલો પોતાની વસતિમાં વસનારા મુસલમાનો પર આડેધડ તૂટી પડયો. મન મૂકીને બેહદ નિર્દયતાથી તેઓની મારપીટ ચાલુ કરી દીધી. મુસલમાનોને સિતમના શિકંજામાં કસીને એવો કાળો કહેર વર્તાવી દીધો કે તેઓના સપાટામાં સપડાઇ જનારા ત્રાહિમામ્ પોકારવા લાગી ગયા. અલબત્ત અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આપના કાકા અબૂ તાલિબને પ્રતાપે ત્રાસવાદીઓના ઝૂલ્મી પંજાથી પોતાની હિફાઝતમાં રાખ્યા.

બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબનું સંગઠન————અબૂ તાલિબે જ્યારે જોયું કે કુરૈશના લોકો બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ બંને ખાનદાનના દુશ્મન બની ગયા છે, અને મુસલમાનો પર કાળો કહેર ગુજારી રહ્યા છે તો તેમણે સાવચેતી તરીકે કુનેહબુધ્ધિથી કામ લઇને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બચાવ અને સલામતીની એક યોજના ઘડી કાઢી. તેનો અમલ એવી રીતે કર્યો કે બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ બંને ખાનદાનના તમામ સભ્યોને એક સ્થળે ભેગા કર્યા અને તેઓને મામલાની ઊંચનીચ સમજાવીને, કુરૈશની દુશ્મનીના કારણો દર્શાવીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રક્ષણનો પ્રસ્તાવ તેઓની આગળ રજૂ કર્યો. તે વેળા એ બંને ખાનદાનના સભ્યો પોતે પણ આ પ્રકારનું સંગઠન ઇચ્છતા હતા. જેથી બધાએ સમયને અનુસરીને એકમતે અબૂતાલિબનાં આ પ્રસ્તાવ વધાવી લીધો. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદ માટે તૈયાર રહેવાની અબૂ તાલિબને બાંયધરી આપી દીધી. ફકત અલ્લાહનો ફિટકારેલો એક દુશ્મન હતો જે આ સંગઠનમાં જોડાયો નહિ અને એ હતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાકો અબૂ લહબ.

કૌમની આ હમદર્દી અને સહકારની લાગણી અને મદદ માટેની બાંયધરી અબૂ તાલિબ માટે અપૂર્વ આનંદનું કારણ બની રહી. આભારના ભાવોથી તેમનું હૈયું છલકાઇ ઊઠયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના

બચાવ અને રક્ષણમાં સંપૂર્ણ સહકારનું વચન આપવા બદલ અબૂ તાલિબે કૌમના ભારોભાર વખાણ કર્યા અને કૌમની પ્રશંસામાં એક કાવ્ય રચ્યું જેમાં તેઓને પુરાના પ્રસંગો યાદ દેવાડયા [1] અને રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓમાં કેવી પ્રતિભા, કેવી પ્રતિષ્ઠા અને કેવા માનમોભાનું સ્થાન ધરાવે છે તેની ચોખવટ કરી કે જેથી તેઓ પોતાના નિર્ણયમાં મક્કમ રહે અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પ્રેમ કરવામાં, આપની વહારે ધાવામાં પાછા નહિ પડે. અબૂ તાલિબ પોતાના રચેલા કસીદામાં કહે છે :

ઇઝા ઇજતમ-અત યવમન કુરૈશુન લિ-મફ-ખરિન • ફ-અબ્દુ-મનાફિન સિર્રુહા વ સમીમુહા.

જ્યારે પ કદી કુરૈશે કોઇ ગર્વપાત્ર સાહસ ખેડયું છે તો અબ્દે-મનાફનું ખાનદાન તેઓના પ્રાણ બનીને તેઓમાં પ્રાણવાયુ પૂરતું રહ્યું છે. [2]

ફઇન હુસ-સલત અશરાફુ અબ્દે-મનાફિહા • ફફી હાશિમિન અશરાફુહા વ કદીમુહા.

પછી જ્યારે તેઓમાંથી અબ્દે-મનાફના શરીફોનો શુમાર કરવામાં આવ્યો તો તેઓમાં ઊંચા મરતબાના અને ઊંચું સ્થાન મેળવવાને લાયક બનૂ હાશિમના જ લોકો નીકળ્યા.

વઇન ફખરત યવમન ફ-ઇન્ન મુહમ્મદન • હુવલ-મુસ્તફા મન સિર્રહા વ કરીમુહા.

જ્યારેય કદી બનૂ હાશિમે પ્રતિષ્ઠાનો ગર્વ લીધો તો તેઓમાંથી (કુરૈશમાં)થી મુહંમદ જ સૌની પસંદગી પામેલા, એ ખાનદાનના પ્રાણ જેવા અને તેઓમાં સૌથી ઊંચા મરતબાવાળા તરી આવ્યા.

તદાઅત કુરૈશુન ગસ્સુહા વ સમીનુહા • અલૈના ફલમ તઝફર વતાશત હુલૂમુહા.

કુરૈશના સારા અને નઠારા તમામ લોકોએ અમારા વિરોધમાં એકબીજાને ઉશ્કેરી મૂકયા છતાં તેઓને પોતાના હેતુમાં કોઇ સફળતા મળી નહિ. તેઓની બુદ્ધિ અને મતિ મારી ગઇ છે.

વ કુન્ના કદીમન લા નુકિર્રુ ઝુલા-મતન • ઇઝા મા સનવ સુઅરલ-ખુદૂદિ નુકીમુહા.

સદાથી અમારી આ નીતિ રહી છે કે અમે કોઇ ઝુલ્મને ટકવા દેતા નથી. જ્યારે પ કદી લોકોએ અભિમાનથી છોંનડું વાંકુ કર્યું તો અમે તેઓને સીધા કરતા રહ્યા.

વ નહમી હિમાહા કુલ્લ યવમિ કરી-હતિન • વ નદરિબુ અન અહજારી-હા મંય-યરૂમુહા.

---

૧. પુરાના પ્રસંગો એટલે તેઓના પૂર્વજોમાં પડેલી ફાટફૂટના પ્રસંગો અને આ ફાટફૂટનો કારણે તેઓની અવલાદમાં ઊતરી આવેલી હરિફાઇના પ્રસગો. આ ફાટફૂટ કુરૈશમાં ત્યારે પડી હતી જયારે મક્કહના બાદશાહ કુસૈય બિન કિલાબે મક્કહ અને કઅબહના વહીવટની એકહથ્થુ સત્તા તેના વડાપુત્ર અબ્દુદ-દારને, તે બિનલાયક હોવા છતાં સોંપી દીધી હતી. (જુઓ પ્રકરણ ૨૩ અને ૨૪) બાદમાં અબ્દુદ-દાર અને તેના ભાઇ અબ્દે-મનાફ વચ્ચે સત્તાની સાઠમારી જામતાં કઅબહનો વહીવટ પરાણે અબ્દે-મનાફને હવાલે કરવો પડયો હતો. ત્યારથી જ કુરૈશ કબીલાના ખાનદાનોમાં બે પક્ષ પડી ગયા હતા. એક પક્ષ અબ્દુદ-દારના કુટુંબનો તરફદાર હતો બીજો પક્ષ અબ્દે-મનાફના કુટુંબનો. બંને પક્ષો વચ્ચેની હરિફાઇ કે દુશ્મની સેંકડો વરસથી ઊતરી આવી હતી અને તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઝમાનામાં પણ ચાલુ હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખાસ અબ્દે-મનાફના ખાનદાનમાંથી હતા. અબ્દે-મનાફ પછી તેમના ફરઝંદ હાશિમ, જેઓ આપના પરદાદા હતા, કઅબહના મુતવલ્લી બન્યા. હાશિમ પછી તેમના ભાઇ મુત્તલિબ અને મુત્તલિબ પછી હાશિમના ફરઝંદ અબ્દુલ-મુત્તલિબ, જેઓ આપના દાદા હતા, કઅબહના મુતવલ્લી બન્યા. અબૂ તાલિબે બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના લોકોને ભેગા કરીને એજ ખાનદાની અદાવતના પ્રસંગો યાદ દેવાડયા અને તેઓનું સંગઠન કરી લીધું. અબૂ તાલિબને ફરિયાદ કરનારા કુરૈશના આગેવાનો અબૂ સુફયાન, રબીઅહ, શૈબહ, અબૂ જહલ, વલીદ બિન મુગીરહ વગેરે વિરોધ પક્ષના લોકો હતા. "હ"

૨. અબ્દે-મનાફ મક્કહના બાદશાહ કુસૈય બિન કિલાબના એક પુત્રનું નામ જેમણે કેસરિયાં કરીને પોતાના ભાઇ અબ્દે-દાર પાસેથી કઅબહનો વહીવટ મેળવ્યો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે અને આપના દાદા, પરદાદા બધા એજ અબ્દે મનાફના ખાનદાનમાંથી હતા. "હ"

દરેક કટોકટીને પ્રસંગે કે દરેક જંગ વેળા આ કૌમના દુશ્મનોની નિગરાની અમે જ કરતા આવ્યા છીએ અને જે કોઈએ આ કૌમની મર્યાદાઓનો ભંગ કરવાની કોશિશ કરી તો એ મર્યાદાઓનું રક્ષણ અમે જ કરતા રહ્યા.

બિનન - તઅશલ - ઉદુઝ - ઝવાઉ વ ઇન્નમા • બિ અકના - ફિના તન્દય વ તન્મી અરૂમુહા.

સૂક્કાં લાકડાં અમારા પ્રતાપે લીલાંછમ બની ગયાં. અમારી વસતિઓમાં સૂકાં લાકડાંની જડો તરોતાઝા થઈને પ્રફુલ્લ થતી રહે છે.

વલીદ બિન મુગીરહની સલાહ————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશના લોકો પોતપોતાની વસતિમાં મુસલમાન બનનારાઓ પર આડેધડ તૂટી પડયા. ત્યારે કુરૈશના કેટલાક લોકો આ બાબત અંગે સલાહ લેવા વલીદ બિન મુગીરહ પાસે ભેગા થયા. મક્કહના કુરૈશમાં વલીદ બિન મુગીરહ સૌથી મોટી ઉંમરનો આગેવાન ગણાતો હતો. બહુ શાણો, મુત્સદ્દી, ઠરેલ બુધ્ધિનો અને અનુભવોથી ઘડાયેલો ગૃહસ્થ હતો. લોકો પોતાના કામોની સલાહ લેવા તેની પાસે આવ્યા કરતા હતા. હજ્જના દિવસો આવી લાગ્યા હતા. લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મામલા અંગે તેની સલાહ લેવા ગયા તો તે બોલ્યો,

"હે કુરૈશી ગૃહસ્થો ! હજ્જના દિવસો ટૂંકાય ગયા છે. ચારે દિશાએથી અરબના લોકો તમારા મેહમાન બનીને આવવાની તૈયારીમાં છે. તેઓના કાને તમારા પેલા દોસ્ત (?) એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સમાચાર પહોંચી જ ગયા હશે. માટે તમારે સર્વાનુમતે એક વાત નક્કી કરીને તેની ઉપર મક્કમ બની જવાનું છે."

લોકો બોલ્યા, 'મુરબ્બી સાહેબ ! આપ અમારા વડીલ છો. અમે તો પોતે આપની સલાહ લેવા આવ્યા છીએ. આ મામલામાં આપનો મત તે અમારો મત."

"ના, પ્રથમ તમે તમારો મત દર્શાવો, તે સાંભળવા હું આતુર છું." વલીદ બોલ્યો, "હા, પણ એક વાત યાદ રાખો. એ બહુ જરૂરી વાત છે. પ્રથમ બધાએ એક જ વાત નક્કી કરીને તેનો અમલ કરવાનો છે. પછી આ નક્કી કરેલી વાતમાં કોઈ જાતનો મતભેદ નહિ થવો જોઈએ. એવું ન થાય કે દરેકની પિપૂડીમાંથી જુદો જુદો રાગ નીકળે અને લોકો તમને જૂઠા ઠરાવીને હસી કાઢે."

કુરૈશના લોકો થોડીવાર વિચારમાં પડી ગયા પછી આપસમાં નક્કી કરીને બોલ્યા, "હે અમારા વડીલ! જયારે મામલો તમે અમારા મત પર છોડયો છે તો બહારથી આવનારા હાજીઓને અમે કહેતા ફરીશું કે મુહંમદ તો કાહિન છે !"

"નહિજી, બિલકુલ ખોટી વાત છે." વલીદ બોલ્યો, "જુઓ છોકરાઓ ! હું અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે મુહંમદ કાહિન નથી. હું કાહિનોની કળાઓનો પૂરો માહિતગાર છું. કાહિનોના વર્તારા કે લવારા જેવી કોઈ વાત મુહંમદમાં નથી. ન કાહિનો જેવો બણબણાટ તેની વાણીમાં છે ન જોડી કાઢેલાં જોડકણા જેવી કોઈ વાત છે."

કુરૈશના લોકો ફરીવાર વિચાર કરીને બોલ્યા, "ત્યારે મુરબ્બી સાહેબ ! અમે તેને દીવાનો કહીશું !"

"ખબરદાર તેને દીવાનો કહ્યો તો ! " વલીદ ઠાવકા મુખે બોલ્યો, "ના તે દીવાનો પણ નથી. મેં

Maktabe Ashraf

મારા જીવનમાં બેશુમાર પાગલો, ગાંડાઓ અને દીવાનાઓને જોયા છે. પાગલપણા કે દીવાનગી જેવી કોઈ વાત મુહંમદમાં નથી. ન ચસ્કેલપણું, ન ઘેલછા, ન ઝનૂન."

કુરૈશ વિમાસણમાં પડી ગયા અને પછી બોલ્યા, "વારૂ તો અમે તેને શાઇર કહીશું !"

"શું કહ્યું, શાઇર ?"વલીદ આવેશથી બોલ્યો, "ના ગલત વાત છે. મુહંમદ શાઇર પણ નથી. શાઇરીના તમામ પ્રકારો અને કાવ્યકળાના તમામ અલંકારોનો હું પ્રખર અભ્યાસી છું. શાઇરીની છટા કે કાવ્યની કળા જેવી કોઈ વાત મુહંમદમાં નથી.'

કુરૈશ પાછું ગોથું ખાઈ ગયા અને વિચાર કરીને પછી બોલ્યા, "ત્યારે અમે તેને જાદૂગર કહીએ તો કેમ ?"

"અરે ભાઈઓ ! મુહંમદ જાદૂગર પણ નથી." વલીદ ખંધાઈથી બોલ્યો," જુઓ મેં મોટા મોટા જાદૂગરો અને ભલા ભલા ગારૂડીઓ કે મદારીઓને જોયા છે. તેઓની જાદૂઈવિદ્યાના ખેલો અને તંત્રવિદ્યાના તમાશા પણ મેં ઘણા જોયા છે. મુહંમદની વાણીમાં ન જંતર મંતરના છુકારા છે ન તંતર મંતરની ગાંઠો છે."

કુરૈશ હવે કંટાળીને બોલ્યા, "ત્યારે હે અબૂ અબ્દે-શમ્સ ! [1] તમે જ બતાવો કે અમારે શું કહેવું?"

વલીદ બિન મુગીરહ બોલ્યો, "સોગંદ છે અલ્લાહના હે કુરૈશ ! સાચી વાત આ છે કે મુહંમદની વાણીમાં ખજૂરના તાજા રસની મીઠાસ છે. એના મૂળિયાં લીલાંછમ અને ફળદ્રુપ છે. એ મૂળિયાં અમૃતજળ જેવી પાણીદાર જમીનમાં ઊંડે ઊતરેલાં છે. એની ડાળો ચોતરફ ફેલાયેલી છે. દરેક ડાળ ફળોથી લચકી પડેલી છે. માટે હે કુરૈશ ! તમે ઉચ્ચારેલી વાતોમાંથી જે કંઈ કહેશો, લોકો પર તેનું જૂઠાણું તરત જાહેર થઈ જશે. સાચું કહું તો હું પોતે પણ કોઈ નક્કર વાત તમને કહેવાથી લાચાર છું. અલબત્ત તમે ઉચ્ચારેલો "જાદૂગર" શબ્દ કંઈક અંશે મુહંમદને બંધબેસતો આવી જશે, માટે તમે જાદૂગર તરીકે જ તેની જાહેરાત કરો. હજ્જ માટે આવનારા દરેક અરબને એમ જ ઠસાવો કે એ શખ્સ મહાન જાદૂગર છે. એક જાદૂ ભરેલું કલામ લઈને આવ્યો છે. એની વાણીમાં જાદૂ છે. એની વાતોમાં જાદૂ છે. એના બોલોમાં જાદૂ છે. આ જાદૂને પ્રતાપે એ બાપ-બેટામાં, મિયાં-બીબીમાં, ભાઈ-ભાઈમાં, વ્યક્તિ અને ખાનદાનમાં કુસંપ નાખે છે. અને એજ જાદૂને જોરે આપસમાં જુદાઈ કરાવે છે."

કુરૈશનો જૂઠો પ્રચાર———સારાંશ કે કુરૈશના લોકો વલીદ બિન મુગીરહની સલાહ સાથે સંમત થઈને અહીં તહીં વિખેરાઈ ગયા. પછી જ્યારે હજ્જના દિવસોમાં ચોરતફથી બહારના અરબો મક્કહ આવવા લાગ્યા તો આ લોકો, વલીદ બિન મુગીરહની સલાહ મુજબ ધોરી માર્ગો પર ઊભા રહીને, ચૌટા-ચકલાઓ પર ગોઠવાઈને, ગલીકૂંચીઓમાં ચક્કર લગાવીને, બજારોમાં ઘૂમીફરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂદ્ધ ખોટો પ્રચાર કરવા લાગી ગયા. આપને જાદૂગર કહીને લોકોને બહેકાવવા-ભડકાવવા લાગ્યા અને આપથી ચેતીને રહેવાની ચેતવણી આપવા લાગ્યા.

વલીદ બિન મુગીરહનું વર્ણન કુર્આનમાં———વલીદ બિન મુગીરહની એવી અવળ ચંડાઈઓ કે બેવકૂફીઓને કારણે અલ્લાહ તઆલાએ તેને લગતી આ આયતો કુર્આનમાં નાઝિલ કરી:

૧. અબૂ-અબ્દે-શમ્સ વલીદ બિન મુગીરહનું ઉપનામ હતું. વલીદ બિન મુગીરહ ઇસ્લામના મશહૂર સિપહસાલાર હઝરત ખાલિદ બિન વલીદનો બાપ હતો. "હ"

Maktabe Ashraf

ઝરની	હે નબી ! છોડી દો મને અને એને ; [૧]
વ-મન ખલક્‌ - તુ વહીદા.	જેને મેં પૈદા કર્યો એકલો [૨]
વ જઅલ-તુ લહૂ માલમ મમ્દૂદા.	પછી આપ્યો મેં એને પુષ્કળ માલ.
વ બનીન શુહૂદા.	અને આપ્યા મેં એને પુત્રો હાજર રહેનારા. [૩]
વમહ - હત્તુ લહૂ તમહીદા.	અને તૈયાર કરી દીધાં મેં એને માટે તવંગરીના સાધનો.
સુમ્મ યત્મઉ અન અઝીદ	છતાં એ લોભ રાખે છે કે વધારે માલદાર બની જાઉં,
કલ્લા !	હરગિઝ નહિ !
ઈન્નહુ કાના લિ-આયાતિના અનીદા.	બેશક એ અમારી આયતો સાથે દુશ્મની રાખે છે.
સઉરહિકુ-હૂ સઊદા.	બહુ જલદી હું એને ચઢાવીશ આકરી ચઢાઈ પર [૪]
ફક્કરા	બેશક એણે કંઈક વિચાર કર્યો,
વ-કદ્દરા	અને પછી મનમાં નક્કી કરી નાખ્યું,
ફ-કુતિલા કયફા કદ્દરા,	તો ફિટકાર હો તેની ઉપર ! કેવું મનમાં નક્કી કર્યું !
સુમ્મા કુતિલા કયફા કદ્દરા	પાછી ફિટકાર હો તેની ઉપર ! કેવું નક્કી કર્યું મનમાં !
સુમ્મા નઝરા,	પછી તેણે જોયું લોકો તરફ.
સુમ્મા અબસા વ બ-સ-રા	પછી કપાળે વળ ચઢાવ્યા અને મોં મચકોડયું,
સુમ્મા અદબરા વસ્તક - બર્.	પછી ત્યાંથી પૂઠ ફેરવી અને અભિમાનમાં પડયો,
ફ-કાલા ઈન હાઝા,	અને પછી બોલ્યો, આ કુર્આન કંઈ જ નથી;
ઈલ્લા સિહરુંય-યુઅસર.	પણ એક જાદૂ છે. પરંપરાથી ચાલ્યો આવતો. [૫]
ઈન હાઝા	અરે આ કુર્આન કંઈ જ નથી;
ઈલ્લા કવલુલ-બશર્.	પણ એક ઈન્સાનનું કલામ છે. [૬]

ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી અલ્લાહ અતાલાએ એવા લોકો વિષે પણ આયતો નાઝિલ કરી જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને કુર્આને-મજીદ વિરૂધ્ધ તરહ-તરહની વાતો ઘડી કાઢીને લોકોને બહેકાવ્યા કરતા હતા. જેમકે :

Maktabe Ashraf

---

૧. એટલે હું એને સમજી લઈશ હે નબી ! આપ તેની ચિન્તા નહિ કરો.

૨. એટલે માંબાપનો નબાપો બેટો હતો અથવા જન્મ વેળા કંઈ જ સાથે લઈને આવ્યો ન હતો.

૩. એટલે દસ બાર જવાન, બળવાન, પાળેદાર છોકરા જેઓ મજલિસોમાં એની સાથે હાજર રહેતા હતા.

૪. મરણ પછી જહન્નમના પહાડની ટોચ પર જેની ઉપર પરાણે ચઢતા જ ચાલ્યા જવું પડશે.

૫. એટલે કુર્આન અલ્લાહનું કલામ છે એનો યકીન હોવા છતાં વલીદ બિન મુગીરહએ માલદારીના ઘમંડમાં અને બુધ્ધિશાળી હોવાનો તુમાખીમાં પોતાના અંતરાત્માનું ગળું દબાવી દીધું અને મોડે સુધી ગડમથલમાં રહીને કુર્આન વિષે એક વાત મનમાં નક્કી કરી લીધી અને પછી તેણે મોઢું મચકોડીને ત્યાંથી ચાલતા પકડી અને જતી વખતે મનમાં નક્કી કરેલી વાત કહેતો ગયો કે, આ કુર્આન તો પરંપરાથી ઊતરી આવતો એક જાદૂ માત્ર છે. અને એ અલ્લાહનું નહિ પણ એક ઈન્સાનનું કલામ છે.

૬. પવિત્ર આયતોના શબ્દો ઉપરાંત જુઓ સૂરએ-મુદ-દસ-સિર આયત ૧૧ થી ૨૫ સુધી. પારહ ૨૯

અલ-લઝીન	એવા લોકો જેઓએ
જઅલુલ-કુર્આન ઈદ્દીન.	કરી નાખ્યા કુર્આનના ટુકડા-ટુકડા.
ફ-વ-રબ્બિક	તો સોગંદ છે તમારા પાલનહારના
લનસ-અલન-નહુમ અજ-મઈન.	અમે જરૂર સવાલ કરીશું એ બધાને
અમ્મા કાનૂ યઅ-મલૂન.	તે વાતોનો જે તેઓ કરતા હતા.

(પારા ૧૪, સુરતુલ હિજ્ર, આ:૯૧-૯૨-૯૩)

પયગમ્બરીની ખ્યાતિ અરબભરમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : ત્યારે કુરૈશના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ બહારથી આવેલા હાજીઓમાં તેજ વાતોનો ધૂમ પ્રચાર કરી નાખ્યો જેની સલાહ તેઓને વલીદ બિન મુગીરહએ આપી હતી, તો આ વરસની હજ્જ પછી જ્યારે પરદેશના હાજીઓ પોતાના શહેરો અને પોતાની વસતિઓમાં પહોંચ્યા તો એજ સમાચારો તેઓ પોતાની સાથે લઈ ગયા અને આ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક નામ અરબભરમાં ગાજતું થયું અને આપની કીર્તિ મક્કહમાંથી નીકળીને દૂર-દરાઝના પ્રદેશો સુધી પ્રસરી ગઈ.

ગુજરાતી સંપાદકનો વધારો————ઈસ્લામના મશહૂર સિપહસાલાર હઝરત ખાલિદ બિન વલીદ રદિયલ્લાહુ અન્હુ જેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ''સૈફુમ-મિન-સુયૂફિલ્લાહ'' એટલે અલ્લાહની તલવારોમાંથી એક તલવારના અનુપમ ખિતાબથી વધાવી લીધા હતા. એમનો બાપ વલીદ બિન મુગીરહ મક્કહનો મોટો સરદાર હતો. ઉંમરમાં પણ કુરૈશમાં સૌથી મોટો હતો. બહુ બુધ્ધિશાળી, મુત્સદ્દી, અનુભવોથી ઘડાએલો અને કાવ્યકળાનો અઠંગ અભ્યાસી ગણાતો હતો. અલ્લાહ તઆલાએ એની ઉપર બેશુમાર ઉપકારો કર્યા હતા. પુષ્કળ ધનની સાથે બળવાન અને કહયાગરા ઘણાં દીકરા પણ આપ્યા હતા. મક્કહના કુરૈશમાં ભારે ઈઝઝત-આબરૂ પણ આપી હતી. મગર અલ્લાહ તઆલાની આ નેઅમતોની કદર કરવાને બદલે તે આડો ફાટીને શયતાનની દોટે ચઢી ગયો અને અબૂ લહબ તથા અબૂ જહલ પેઠે મર્યો ત્યાં સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મનીમાં પેશ-પેશ રહ્યો.

એજ વલીદ બિન મુગીરહ વિષે હકીમુલ-ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી સાહેબ (રહ.)એ પોતાની ઉર્દૂ તફસીરવાળા કુર્આનની સૂરતુલ-કલમની તફસીરના હાશિયા પર લખ્યું છે કે, વલીદ બિન મુગીરહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મજનૂં યા જાદૂગર કહ્યા તો તેના આ જૂઠા આક્ષેપની ગુસ્તાખી બદલ અલ્લાહ તઆલાએ જવાબમાં વલીદ બિન મુગીરહની કેટલીક ખસલતોનું બયાન છતું કરી દીધું આ પ્રમાણે

હલ્લાફિન	હદથી વધારે જૂઠી કસમો ખાનાર.
મહીનિન	તુચ્છ, હલકટ, નીચ મનોવૃત્તિનો.
હમ્માઝિન	બહુ ટાણા મારનાર, ગીબતો અને નિંદાઓ કરનાર.
મશ્શાઈમ બિ-નમીમ	ચાડી-ચુગ્લી માટે દોડી જનાર.
મન્નાઈલ-લિલ-ખૈર	નેકીના કામોથી અટકાવનાર

Maktabe Ashraf

મુઅ-તદિન	પોતાની હદથી અગળ નીકળી જનાર.
અસીમિન	મોટો પાપી, ગુનાખોરી કરનાર.
ઉતુલ-લિન	તુંડ મિઝાજી, તુમાખીખોર, કડક મગજ ધરાવનાર.
બઅદ ઝાલિક ઝનીમિન	તે ઉપરાંત બદજાત, બદનામ, ક્નિાકારી કરનાર.
અન કાના ઝા-માલિવ-	કેમકે તે તવંગર
વ-બનીન.	અને દીકરાઓવાળો છે.
ઈઝા તુત્લા અલૈહિ આયાતુના	જ્યારે પછી સંભળાવવામાં આવે છે તેને અમારી આયતો,
કાલા અસાતીરુલ-અવ્વલીન.	તો કહે છે, એ તો જૂના ઝમાનાની કહાણીઓ છે.
સ-નસિમુહૂ	બહુ જલદી અમે સગાડી દઈશું ડાઘ અથવા ડામ
અલલ-ખુરતૂમ.	તેની સૂંઢ એટલે નાક પર. ૧

આ રીતે અબૂ લહબ અને અબૂ જહલ પેઠે એનું નાક પણ કપાઈ ગયું અને કપાળે કટ્ટર કાફિરની કાળી ટીલી લાગી ગઈ તે અલગ. (ગુજરાતી સંપાદકની નોંધ પૂરી થઈ. હવે પ્રકરણ ૪૫ વાંચો.)

---

૧ પારહ ૨૯ સૂરતુલ-કલમ આયત ૧૦ થી ૧૬ - વધુ માટે સૂરતુલ-કલમની તફસીર જુઓ.

Maktabe Ashraf

પ્રકરણ ૪૫

અબૂ તાલિબનો મશહૂર કસીદો

કુરૈશની રિઝવણીનું શાનદાર કાવ્ય ● કાવ્યમાં ગૂંથાયેલી વ્યકિતઓના નામો ● કસીદાના કેટલાક શેઅરો ● વરસાદ માટે રસૂલુલ્લાહ (સલ.)ની દુઆ.

Maktabe Ashraf

કુરૈશની રિઝવણીનું શાનદાર કાવ્ય————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂદ્ધ ખોટો પ્રચાર કરીને લોકલાગણી ઉશ્કેરનારા કુરૈશીઓ મક્કહના બઝારોમાં, ગલીકૂચાઓમાં અને રસ્તાઓને નાકે ગોઠવાઈ ગયા. તેઓ બહારથી કે પરદેશથી હજ્જ માટે આવનારા લોકોને તેવી જ વાતોથી ભડકાવવા લાગ્યા જેનો પાઠ વલીદ બિન મુગીરહએ તેઓને ભણાવ્યો હતો. પરંતુ અલ્લાહનું કરવું એવું થયું કે તેઓની યોજનાએ રૂપ કંઇ જુદું જ લઇ લીધું અને પાસું ઊલટું પડયું. એટલે તેઓ કરવા શું માગતા હતા અને બની શું ગયું ?

બાબત એમ બની કે તેઓના આ જૂઠા પ્રચારના ફળ રૂપે સારાયે અરબના શહેરો, કસબાઓ અને ગામડાંઓમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીની ખ્યાતિ પ્રસરી ગઇ. લોકો આટલું જાણી ગયા કે મક્કહમાં કુરૈશના કબીલામાં મુહંમદ નામના ગૃહસ્થે દાવો કર્યો છે કે તેઓ અલ્લાહના પયગમ્બર છે પણ તેઓ પયગમ્બર નહિ બલકે જાદૂગર છે અને પોતાના જાદૂથી તેઓ બાપબેટામાં, ભાઈભાઈમાં, મિયાંબીબીમાં ફાટફૂટ નાખી દે છે જેથી તેમનાથી ચેતીને રહેવાની જરૂર છે.

મામલો જ્યારે આમ બન્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબના મનમાં એવી ધાસ્તી પેઠી કે, કયાંક એવું ન થાય કે, અરબના લોકો કુરૈશ સાથે મળીને ઓચિંતા અમારી ઉપર તૂટી પડે !

આ વિચાર આવતાં અબૂ તાલિબે પ્રસંગને અનુસરીને એક લાંબો કસીદો રચ્યો, જેમાં પવિત્ર હરમ સાથેના પોતાના સંબંધો [1] અને કઅબહને પ્રતાપે કુરૈશને મળેલી પ્રતિષ્ઠા, અને કુરૈશી આગેવાનો સાથેની પોતાની દોસ્તી અને એ દોસ્તી કાયમ માટે ચાલુ જ રહેવાની છે, વગેરે બાબતો બહુ જ કર્ષક રીતે અને છટાદાર શૈલીએ ગૂંથી લેવામાં આવી છે. વળી અબૂ તાલિબે આ કસીદામાં, પોતે ઇસ્લામ કબૂલ કર્યો નથી તેવી જાહેરાત કરીને સાથે એમ પણ ઉમેરી દીધું કે, ભલે હું મુસલમાન બન્યો નથી પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

---

૧. કઅબહ અને મક્કહની આજુબાજુના એક ચોક્કસ વિસ્તારને હરમ કહે છે. ''હ''

વ સલ્લમને હું કદી એકલા કે નિરાધાર દશામાં છોડી દેવાનો નથી અને તેમની મદદથી કદી હાથ ખેંચવાનો નથી. સદા તેમના પડખે રહીને ઝઝૂમતો રહીશ અને જીવનની છેલ્લી પળ સુધી તેમની મદદ અને તેમનું રક્ષણ કરતો રહીશ. ભલે એમાં હું પોતે પણ હલાક થઇ જાઉં.

કાવ્યમાં ગૂંથાયેલી વ્યકિતઓના નામો---------અબૂ તાલિબના આ તવીલ કસીદામાં કુરૈશના અગ્રણીઓમાંથી જે વ્યકિતઓનો ઉલ્લેખ થયો છે તેઓના નામો આ છે :

૧------------બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસના લોકો જેઓ ગયાતીલ નામે પંકાયેલા છે.

૨------------અબૂ સુફયાનનો બાપ હર્બ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે મનાફ બિન કુસૈય બિન કિલાબ.

૩------------મુત્ઈમનો બાપ અદી બિન નવફલ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ.

૪------------ઝુહૈરનો બાપ અબૂ ઉમૈયહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ.

૫------------મુત્ઈમની મા આતિકહ બિન્તે અબ્દુલ-મુત્તલિબ.

૬------------અસાબ બિન અસીદ બિન અબીલ-ઐસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ.

૭------------ઉસૈદ બિન અબીલ-ઐસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ.

૮------------ઉસ્માનનો બાપ ઉબૈદુલ્લાહ જે તલહા બિન ઉબૈદુલ્લાહ તૈમીનો ભાઈ હતો.

૯------------કુનફુઝનો બાપ ઉમર બિન જુદઆન બિન અમ્ર બિન કઅબ બિન સઅદ.

૧૦------------ઉત્બહ બિન રબીઅહનો બેટો અબુલ-વલીદ.

૧૧------------ઉબય અખનસ્ત બિન શરીક સકફી જે બનૂ ઝુહરહ બિન કિલાબનો કરારી હતો. એનું અખનસ નામ એટલા માટે પડયું કે જંગે-બદ્રને દિવસે એ પોતાના માણસો સાથે પાછળ રહી ગયો હતો. ''ખન્સ''ના અર્થ પાછળ રહી જવું થાય છે. એનું અસલી નામ ઉબય હતું. એ બનૂ હલ્લાજમાંથી હતો.

૧૨------------અસવદ બિન અબ્દે-યગૂસ બિન વહબ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ.

૧૩------------સુબૈઅ બિન ખાલિદ એ બલ-હારિસ બિન ફિહરમાંથી હતો.

૧૪------------નવફલ બિન ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈય. એની માંનું નામ અદવિયા હતું. એનો છોકરો નવફલ કુરૈશના શયતાનોમાંથી હતો. એણે જ હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહને એક દોરડાંમાં બાંધી દીધા હતા; જયારે કે બંને ગૃહસ્થોએ ઇસ્લામ સ્વીકારી લીધો હતો. એટલે જ આ બંને ગૃહસ્થોને ''કરીનૈન'' નો લકબ મળ્યો હતો. પછી આ કુરૈશી શયતાન નવફલને હઝરત અલીએ જંગે-બદ્રમાં કતલ કર્યો હતો.

૧૫------------અબૂ અમ્ર કુરઝાનો બાપ અબ્દે-અમ્ર બિન નવફલ બિન અબ્દે-મનાફ

૧૬------------બનૂ બક્ર બિન અબ્દે-મનાત બિન કિનાનહ. આ બધાં તે લોકો છે જેઓના નામો અબૂ તાલિબ પોતાના મશહૂર કસીદામાં ટાંકેલા છે. અને એ બધા વિરોધ પક્ષના લોકોમાંથી છે.

(નોટ :- હઝરત અબૂ તાલિબનો આ છટાદાર, સુપ્રસિધ્ધ અને અનુપમ કસીદો

(૭૪ શેઅરોનો છે જે તેના ઉર્દૂ તરજુમા સહિત પુસ્તકના ૧૩ પાનાંઓ પર ફેલાયેલો છે.

પૂરો કસીદો નહીં ટાંકવાનો અમને ખેદ છે. થોડાક શેઅરો આ રહ્યા :)

કસીદાના કેટલાક શેઅરો

વ લમ્મા રઅય-તુલ - કવમ લા વુદ્દુ ફીહિમ • વકદ કતઊ કુલ-લબ - ઉરા વલ-વસાઈલિ.

જ્યારે મેં જોયું કે કોમમાં પ્રેમ અને સ્નેહની લાગણી નહિ રહી અને તેણે બધા સ્નેહાળ સંબંધો અને રિશ્તાઓ તોડી નાખ્યા છે.

વકદ સારહૂના બિલ અદાવતિ વલ અઝા • વકદ તાવઊ - અમ્રલ - અદુવ્વલ - મઝાઈલિ.

તેઓએ અમારી સાથે ઉઘાડી દુશ્મની કીધી અને અમને ત્રાસ આપવાની શરૂઆત કરી અને તેઓએ, અમને તરછોડનારા દુશ્મનની વાત માની લીધી.

સબરતુ લહુમ નફસી બિ-સમરાઅ સમ-હાતિન • વ-અબ્યદ ગદબિમ મિન તુરાસિલ-મુકાવિલિ.

ત્યારે હું પોતે એક લચકદાર બરછી અને આગલા બાદશાહોની વારસામાં મળેલી ચમકદાર તલવાર લઈને તેઓના મુકાબલે ડટી ગયો.

કઝબ-તુમ વ બૈતિલ-લાહિ નતરુકુ મક્કતન • વ નઝઅ-નલ- અમ-રુકુમ ફી બલાબિલિ.

બૈતુલ્લાહ એટલે કઅબહના સોગંદ ! તમે ખોટું કહ્યું (એટલે તમારી આ માન્યતા ખોટી છે) કે અમે મક્કહ છોડીને અહીંથી ચાલ્યા જઈશું. એ માત્ર તમારા ખિયાલી વસવસા છે. (એટલે શેખચલ્લી જેવા વિચારો છે.)

કઝબ-તુમ વ બૈતિલ-લાહિ નુબ્ઝ મુહમ્મદન • વ લમ્મા નુતાઇનુ દૂનહૂ વ નુનાદિલિ.

બૈતુલ્લાહના સોગંદ ! તમે ખોટી ધારણા કરી કે અમે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે પરાજીત થઈ જઈશું, હાલાં કે હજુ સુધી તેમના બચાવ માટે અમે ન ભાલા તાણ્યા છે ન તીરંદાજી કરી છે.

વ નુસ-લિમહુ હત્તા નુસર-રઅ હવ-લહૂ • વ-નઝહલ-અન-અબના-ઈના વલ હલાઈલિ.

તમે ખોટું ધારી લીધું કે અમે તેમને એટલે હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તમારે હવાલે કરી દઈશું હરગિઝ નહિ ! ત્યાં સુધી કે તેમની ચોગર્દમ પછડાઈ પડીશું અને અમારાં બાલબચ્ચાંઓને ભૂલી જઈશું.

વમા તર્કુ કવમિન-લા-અબા લક સૈયિદન • યહૂતુઝ - ઝમાર ગયર ઝરબિન મુવમાકિલિ.

તારો બાપ મરી જાય ! આવા સરદાર એટલે હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને છોડી દેવું તે કેવી કઢંગી કે બુઝદિલીની વાત કહેવાય . અમારો સરદાર તો સાચવવા જેવી વસ્તુઓનું રક્ષણ કરે છે. તે ન ફસાદી છે ન પોતાના કામને બીજાઓ પર છોડનાર છે.

વ અબયદ યુસ-તસ્કલ-ગમામુ બિ-વજહિહી • સિમાલલ - યતામા ઈસ્મતલ - લિલ- અરામિલિ.[1]

૧. હઝરત અબૂ તાલિબના કસીદાનો આ છટાદાર શેઅર એવો છે કે ઘટાટોપ બદલીમાંથી ચાંદ નીકળી આવે અથવા કસીદારૂપી મુગટનો ઝગમગાતો હીરો. આશિકાને-રસૂલની આંખના સુરમા જેવં. અને દિલની ઠંડક જેવો લાજવાબ શેઅર હોવાથી આશિકને-રસૂલમાં બેહદ મકબૂલ છે. વાસ્તવમાં અબૂ તાલિબનો આ શેઅર પૂરા કસીદાની જાન છે. ''હ''

તે એવા નૂરાની મુખડાવાળો (અને રૂપ રૂપના અંબાર જેવો) છે કે તેના વસીલાથી વરસાદની દુઆ માગવામાં આવે છે. તે યતીમોની સરપરસ્તી કરનારો અને બેવાઓનો બેલી છે.

યલૂઝુ બિહિલ હલ્લાક આલિ-હાશિમિન • ફહુમ ઇન્દહૂ ફી રહમતા વ ફવાદિલિ.

બનૂ હાશિમના મુફલિસો,નાદારો ગરીબો તેની પાસે આસરો લે છે. અને તેઓ તેને ત્યાં મોજમઝાથી રહે છે અને બહુ માનપાન મેળવે છે.

લ-ઉમ્રી લકદ કુલ-લિફ્તુ વજ્દન બિ-અહમદિન • વ ઇખ્વા - તિહી દઅબલ-મુહિબ-બલ-મવાસિલિ.

મારા જીવનના સોગંદ ! જેવી રીતે અમર પ્રેમીઓની હાલત હોય છે, હું પણ અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને તેમના ભાઇઓના પ્રેમમાં પડી ગયો છું.

હલીમુન રશીદુન આદિલુન ગયરુ તાઇશુન • યુવાલી ઇલાહન લયસ અન્હુ બિગાફિલિ.

તે અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સહનશીલ છે. સીધા રાહે ચાલનારા છે. ન્યાયશીલ છે. ઉતાવળિયા નથી. એવા અલ્લાહ સાથે સંબંધ રાખનારા છે જે ગાફિલ નથી.

ફવલ-લાહિ લવલા અન અજીબ બિ-સબ-બતિન • તુજર્રુ અલા અશ્યા -ખિના ફિલ-મહાફિલિ.

વલ્લાહ ! અગર મારા કારણે, મારા ઇસ્લામ સ્વીકારથી, મારા વડીલો પર મેહફિલોમાં ગાળો પડવાની ધાસ્તી ન હોત——————

લકુન-નત-તબઅ-નાહુ અલા કુલ્લે હાલતિન • મિનદ-દહરિ જિદ-દન ગયર કવલિત-તહાઝુલિ.

તો અમે જરૂર તેનું અનુસરણ કરતે; ભલે જમાનાની હાલત ગમે તેવી હોય ! આ વાત મૈં હકીકત રૂપે કહી છે. દિલ્લગી કે મશ્કરી રૂપે નહિ.

લકદ અલિમૂ અન-નબ-નના લા મુકઝ-ઝબુન • લદૈના વલા યુગની બિ-કવલિલ-અબાતિલિ.

બધા જ લોકો જાણે છે કે અમારા બેટા હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર જૂઠનો આક્ષેપ થોપનાર અમારામાંથી કોઇ નથી. અને જૂઠા આરોપો ચઢાવનાર તરફ ધ્યાન પણ કેવી રીતે આપી શકાય ?

ફ-અસ્બહ ફીના અહમદુન ફી અરૂ-મતિન • ત-કુસ્સરુ અન્હુ સવ-રતુલ-મુતતા- વિલિ.

અમારામાં અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લાએ એવા મૂળિયામાંથી રૂપ લીધું છે (એવા માબાપથી જન્મ લીધો છે) કે ત્રાસ આપનારાઓની પજવણીઓ ન તેને નુકસાન પહોંચાડી શકે છે ન તેના જેવો માનમરતબો મેળવી શકે છે.

અઉઝુ બિ-રબ - બિન્નાસિ મિન કુલ્લિ તાઇનિન • અલૈના બિ-સૂઇન અવ મુલિહ-હિન બિ-બાતિલિ.

હું લોકોના પાલનહારની પનાહ લઉં છું એવા શખ્સથી જે અમારા પર બુરાઇના આક્ષેપો થોપનારા અને નાહક કે જૂઠાણા પર અડી જનાર છે

ફહલ બઅદ હાઝા મિમ મઆઝિન લિ-આઇઝિન •-વહલ મિમ મુઈદિન યત-તકિલ્લાહ આઝિલિ.

શું પનાહ લેનાર માટે આ પનાહ-ગાહ સિવાય બીજી પણ કોઇ પનાહ-ગાહ છે ? અને શું કોઇ અદલ-ઇન્સાફ કરનાર, અલ્લાહથી ડરીને પનાહ આપનાર પણ છે ?

યુતાઅ બિનલ-ઉદૂય વ વદૂ લવ અન-નના • તુસદ્દુ બિના અબવાબ તુર્કિ વ કાબુલિ.

અમારા વિરૂધ્ધ ત્રાસવાદીઓની વાત સાંભળવામાં આવે છે હાલાં કે તેઓ ચાહે છે કે અમારા માટે તુર્કી અને કાબુલના દરવાજા બંધ થઈ જાય.

લકદ સફુહત અહલામુ કવમિન તબદ-દલૂ • બની ખલફિન કયદન બિના વલ-ગયાતિલિ.

એ લોકોની અક્કલો મારી ગઈ છે જેઓએ અમને તરછોડીને બનૂ ખલફ અને બનૂ ગયાતિલને ઈખ્તેયાર કરી લીધા છે.

રિજાલુન કિરામુન ગયરુ મીલિન નમાહુમ • ઈલલ-ખયરિ અબાઉન કિરામુલ-મહાસિલિ.

આ લોકો શરીફ છે, બુઝદિલ નથી. એમના બાપદાદાઓએ, જેઓ ઉચ્ચ હેતુઓ ધરાવનારા હતા, એમને નેકીઓનું ધ્યાન રાખવાની કેળવણી આપી છે.

ફઈન તકુ કઅબુન મિન લુઐયિન સુકય-યતન • ફલા બુદ્દ યવમન મર્રતન મિન તઝાયુલિ.

અગર બનૂ કઅબની બનૂ લુઐય સાથે નિકટની સગાઈ છે તો એ સગાઈનું તૂટવું સંભવિત છે અને કોઈક દિવસે તથા કોઈક સમયે તેઓના જૂથનું વિખેરાઈ જવું પણ જરૂરી છે.

ફ-ઉત્બતુ લા તસ્મઅ બિના કવલ કાશિહિન • ફસૂદિન કઝૂબિન મુબ-ગિદિન ઝી-દગાવિલિ.

હે ઉત્બહ ! અમારી સાથે કીનાખોરી રાખનારા લોકોની વાતો તરફ ધ્યાન નહિ આપજે એ બધા હસદખોર છે, જૂઠા છે, દુશ્મની રાખનારા અને ફિત્નાખોર છે.

વ સાઇલ અબલ-વલીદિ માઝા હબવ-તના • બિ-સઅયિકા ફીના મુઅ-રિદન કલ-મુખાતિલિ.

અબૂ વલીદને પૂછી તો જુઓ કે, દગાખોરો પેઠે મુખ ફેરવીને, અમારી જ વિરૂધ્ધ ખટપટ કરીને તેણે અમારૂં શું બગાડી લીધું ?

વ સહમુંવ વ મખ્ઝૂમુન તમાલૂ વ અલ્લબૂ • અલૈનલ-ઇદા મિન કુલ્લિ તિમ્લ વ ખામિલિ.

બનૂ સહમ અને બનૂ મખ્ઝૂમના લોકોએ, કમીનાઓ અને મૂર્ખાઓનો ઉશ્કેરીને અમારી વિરૂધ્ધ ફિત્નો અને ફસાદ જન્માવી દીધો.

વ રહતુ નુફૈલિન શર્રુ મન વત્અલ-હસા • વલ-અમ્મુ હાફિમ મિમ-મઅદ-દિંવ -વ નાઈલિ.

અને બનૂ નુફૈલનું ટોળું ધરતીના સીના પર ચાલનારાઓમાં સૌથી નઠારૂં છે અને બનૂ મઅદ્દના લોકો, જૂતા પહેરીને કે ઉઘાડા પગે ફરનારાઓમાં સૌથી વધુ નીચ છે.

વ મર્રે અબૂ સુફયાન અન્ની મુઅ-રિદન • કમા મર્રે કૈલુમ મિન ઇઝામિલ-મુકાવિલિ.

અને અબૂ સુફયાન મારી પાસેથી મોઢું ફેરવીને એવી રીતે પસાર થઇ ગયા જેવી રીતે મોટા નવાબોમાંથી કોઈ નવાબ !

અ-મુત્ઈમુ લમ અખ્ઝુ લકા ફી યવમિ નજ-દતિન • વલા મુઅ-ઝમિન ઇન્દલ-ઉમૂરિલ-જલાઈલિ.

હે મુત્ઈમ ! મેં કદી તને નિરાધાર દશામાં રહેવા દીધો નથી. ન સંકટોના સમયે અને ન અગત્યના મોટા મામલાઓમાં.

અ-મુત્ઇમુ ઇન્નલ-કવમ સામૂક ખુત-તતન • વ ઇન્ની મતા અવકલ ફ-લસ્તુ બિવાઇલિ.

હે મુત્ઇમ ! જો કે લોકોએ તારી સાથે બહુ ખરાબ વર્તણૂક કરી પણ જ્યારે હું નક્કી કરીને તારો પીછો પકડીશ તો તું બચી શકવાનો નથી.

વરસાદ માટે રસૂલુલ્લાહ (સલ.)ની દુઆ———————ઇબ્ને હિશામ કહે છે : મને એક વિશ્વાસ પાત્ર ધર્મજ્ઞાની તરફથી મળેલી માહિતી મુજબ એક વેળા મદીનહવાસીઓ પર દુકાળની આફત ઊતરી પડી. લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. તેઓએ દુકાળની મુસીબતો વર્ણવીને આપને દુઆની દરખાસ્ત કરી. આપ મસ્જિદના મિમ્બર પર પધાર્યા અને વરસાદ માટે બારગાહે-ઇલાહીમાં દુઆ માગી જોતજોતામાં મૂશળધાર વરસાદ તૂટી પડયો. એટલો વરસ્યો કે લોકોને તેમાં ડૂબી જવાની ધાસ્તી પેઠી પાછા આવીને તેઓએ ફરિયાદ કરી તો આપે ફરીવાર દુઆ માગી :

અલ્લાહુમ્મ હવાલૈના	હે અલ્લાહ ! અમારી આજુબાજુમાં
વ લા અલૈના.	અમારા ઉપર નહિ.

તરત વાદળાં મદીનહ શહેરના આકાશથી હટી ગયાં અને મદીનહની ફરતે વર્તુળ બનાવીને વરસવા લાગ્યાં ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

લવ અદરકા અબૂ તાલિબિન	અગર હયાત હોત અબૂ તાલિબ
હાઝલ-યવમ	આજના દિવસે
લ-સર-રહૂ.	તો જરૂર તેમને આનંદ થાત !

આ સાંભળીને સહાબાએ પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! શું આપનો ઇશારો અબૂ તાલિબના આ શેઅર તરફ છે :

વ-અબયદ્ યુસ-તસ્કલ-ગમામુ બિ-વજહિહી • સિમાલલ-યતામા ઇસ્મતલ-લિલ-અરામિલિ.

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અજલ !" એટલે હા.

(તરજુમા માટે જુઓ કસીદાનો શેઅર નંબર ૮)

પ્રકરણ ૪૬

પયગમ્બરીની આમ શોહરત

પયગમ્બરીના સમાચાર મદીનહમાં • અબૂ કૈસ શાઇરનો કસીદો • જંગે-દાહિસનું મુખ્તસર બયાન • જંગે-હાતિબની મુખ્તસર કહાણી • હકીમ બિન ઉમૈયહની હાકલ.

Maktabe Ashraf

પયગમ્બરીના સમાચાર મદીનહમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલહિ વ સલ્લમના પયગમ્બરીના દાવાની અરબભરમાં ચોમેર કીર્તિ પ્રસરી ગઈ અને મક્કહથી નીકળીને શેહરો અને વસતિઓમાં પહોંચી ગઇ તો મદીનહના લોકોમાં પણ એની ચર્ચા થવા લાગી. મદીનહના ઔસ અને ખઝરજ નામે બે કબીલા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીને લગતી જેટલી માહિતી ધરાવતા હતા તેટલી માહિતી અરબના બીજા કોઇ કબીલાને ન હતી; ન ખ્યાતિ વેળા ન તેથી પહેલાં.

એનું ખાસ કારણ હતું અને તે કારણ આ હતું કે મદીનહના મૂર્તિપૂજક અરબો બાપદાદાથી યહૂદીઓની સાથે વસેલા હતા. યહૂદીઓ અહલે-કિતાબ હતા. યહૂદી પાદરીઓને મુખે તેઓ વારંવાર કે અવાર-નવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીને લગતી આગાહીઓ સાંભળ્યા કરતા હતા. બંને એક જ શહેરમાં રહેતા હોવાથી યહૂદીઓ સાથે તેઓનો સારો જેવો મેલજોલ હતો અને તેઓ આપસમાં કરારોથી જોડાયેલા હતા. યહૂદીઓ સાથેના આ સંબંધને કારણે મદીનહના અરબો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી વિષે અગાઉથી જ સારી જેવી માહિતિ ધરાવતા હતા.

પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખ્યાતિ મદીનહમાં પ્રસરી અને સાથે કુરૈશની દુશ્મનીના સમાચાર પણ મદીનહ પહોંચ્યા તો બનૂ વાકિફ કબીલાના અબૂ કૈસ બિન અસ્લત નામે એક પંકાયેલા શાઈરે પ્રસંગને અનુસરતો એક લાંબો કસીદો રચ્યો.

અબૂ કૈસ શાઇરનો કસીદો————ઇબ્ને હિશામ કહે છે : ઇબ્ને ઇસ્હાકે અહીં અબૂ કૈસને બનૂ વાકિફના વંશમાંથી હોવાનું લખ્યું છે જ્યારે કે અસહાબે ફીલની ઘટનામાં તેને બનૂ ખત્માના ખાનદાનમાં ખપાવ્યો છે. એનું કારણ આટલું કે અરબના લોકો અમુક વેળા કોઈને તેના દાદાના ભાઈ સાથે સાંકળી લે છે; જ્યારે કે દાદાનો ભાઈ દાદાની વધુ પંકાએલો હોય. જેથી અબૂ કૈસ શાઇર બનૂ વાઇલના કબીલામાંથી છે. કેમકે વાઇલ, વાકિફ અને ખત્મા એકમેકના ભાઈ છે અને તેઓ મદીનહના ઔસ કબીલામાંથી હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ કૈસ બિન અસ્લતે આ કસીદો રચ્યો છે. એ મદીનહનો વતની હોવા છતાં

મક્કહના કુરૈશ પ્રત્યે પ્રેમ ધરાવતાં હતાં. કેમકે તેઓનો જમાઈ થતો હતો. એણે મક્કહમાં અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈય બિન કિલાબની દીકરી સાથે લગ્ન કર્યા હતા. જેથી એ તેઓનો દામાદ હતો. પોતાની બેગમ સાથે મક્કહ જતો તો વરસો સુધી ત્યાં જ પડ્યો-પાથર્યો રહેતો.

અબૂ કૈસે આ કસીદામાં ખાનએ-કઅબહનો મહિમા દર્શાવ્યો છે. કુરૈશને લડાઈ-ઝગડા અને આપસના વિખવાદો છોડી દેવાનું આહ્વાન કર્યું છે. તેઓને તેઓના ખાનદાની સંસ્કારો અને બુદ્ધિમતાનું સ્મરણ કરાવ્યું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો વિરોધ તત્કાળ સંકેલી લેવાની હાકલ કરી છે. અને કુરૈશ ઉપર ઊતરેલી આફતો અને સંકટોમાંથી અલ્લાહ તઆલાએ કેવી રીતે તેઓને બચાવી લીધા..... ખાસ કરીને અસહાબે ફીલની ઓચિંતી આફત, અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી કેવી રીતે ટાળી દીધી તેનું ભાન કરાવ્યું છે.

(નોટ : અબૂ કૈસ શાઇરે રચેલો ૩૫ શેઅરોનો કસીદો પુસ્તકના સાડા ચાર પાના પર ફેલાયેલો છે. વળી કસીદાના સંદર્ભમાં જંગે-દાહિસ તથા જંગે-હાતિબ નામે પ્રાચીન જંગોની વિગતો પણ ટાંકેલી છે. જેથી પૂરા કસીદાનું લખાણ જતું કરીને ચુનંદા શેઅરો તેના તરજુમા સહિત રજૂ કરીએ છીએ. "હ")

યા રાકિબન ઇમ્મા અરદ્-ત્ ફબલ-લગન • મુગલ-ગલતન અન્ની લુઐ-યબ્ન ગાલિબિ.

હે સાંઢણી સવાર ! અગર હરમ તરફ તારૂં જવાનું થાય તો લુઐય બિન ગાલિબને મારો આ સંદેશો પહોંચાડી દેજે---- - -

રસૂલ-અમ્રઇન કદ રાઅહુ ફી કુલ્લુ કબી-લતિન • લહા અઝ-મલુમ - મિમ બૈને મુઝકિંવ- વ - હાતિબિ.

મને સમાચાર પહોંચાડવામાં આવ્યા કે તમારામાં બે પક્ષો પડી ગયા છે દરેક પક્ષમાં ખેંચાતાણીનો એક શોર મચેલો છે. એક પક્ષ ઇંધણ ભેગું કરે છે. બીજો પક્ષ આગ ભડકાવે છે.

ઉઈઝુ-કુમ બિલ્લાહિ મિન શર્રિ સુન - ઇકુમ • વ શર્રે - તબા ગયકુમ વ દસ્સલ- અકારિબિ.

તમારા કૃત્યોની ભૂંડાઈથી, તમારા આપસના વિખવાદથી અને તમારી વીંછીઓ જેવી છુપી અદાવતથી હું તમને અલ્લાહના રક્ષણમાં આપું છું.

મતા તબ-અસૂહા તબ-અસૂહા ઝમીમતન • હિયલ-ગવલા લિલ-અકસૈન અવ લિલ-અકારિબિ.

જ્યારે ય તમે જંગ કરશો તો તે ભૂંડી જ હશે. પછી પોતીકાઓ સાથે હોય કે પારકાઓ સાથે, જંગ તો એક ચુડેલ કે ડાકણ છે.

તુકત-તઉ અરહામંવ-વ-તુહલિકુ ઉમ્મતન • વ તબ-રિસ-સૈદ્ ફિ મિન સત્રામિંવ-વ-ગારિબિ.

જંગ તો સગાઈના સંબંધોને કાપી નાખે છે અને કોમોનું નખ્ખોદ વાળી દે છે. તે માસાણની પૂઠનો ઉપલો ભાગ અને વાંસાનું માંસ કાપી નાખે છે.

ફ ઇય્યાકુમ વલ-હર્બુ લા તઅ-લકન-નકુમ • વ હવદૈવ-વખીમલ-માએ મુર્રલ-મશારિબિ.

માટે જંગથી પોતાને બચાવો કે એ તમને ડાકણ પેઠે વળગી ન પડે. જંગ એક એવો કુંડ છે જેનું પાણી સ્વાદમાં કડવું અને ગુણમાં અપચો પેદા કરનારૂં છે.

તઝ્ય-યનુ લિલ-અકવામિ સુમ્મ યરવ-નહા • બિ-આકિ-બતિન ઇઝ બૈદિતન ઉમ્મ-સાહિબિ.

જંગની ડાકાર્ કૌમોની સામે બનીઠનીને આવે છે અને જ્યારે નગ્ન થઈ જાય છે અને તેના અંજામ પર નજર કરવામાં આવે છે તો તે કોઈ મિત્રની મા પેઠે બુઢ્ઢી લાગે છે.

અલમ તઅલમૂ મા કાના ફી હર્બિન દાહિસિન • ફતઅ-બિરૂ વ કાના ફી હર્બિ-હાતિબિ.

જંગે-દાહિસ અને જંગે-હાતિબમાં શું શું બન્યું ? તમને શું એનું ભાન નથી કે તેનાથી બધો લો?

તુહર-રકુ લા તુરવી દઓઇફન વ તનતહી • ઝવિલ-ઇઝઝ મિન્કુમ બિલ-હુતફિસ-સવાઇબિ.

આ જંગ તો બાળી નાખે છે અને કમજોરને બાળવામાં તો ભૂલ કરતી જ નથી અને આબરૂદારો તથા માનમરતબાવાળાઓ તરફ તો તે મૃત્યુનો નિશાનો બનીને ત્રાટકે છે.

વકમ કદ અસાબત મિન શરીફિમ-મુસબ્બદિ • તવીલિલ ઇમાદિ દયફુહૂ ગયરુ ખાઇબિ.

ઊંચા-ઊંચા બંગલાવાળા નવાબો પર, જેઓના મહેમાનો કદી નિરાશ જતા નથી તેઓ પર જંગ આફત બનીને તૂટી પડે છે.

ફબીઉલ- હિરાબ મિલ-મુહારિબિ વઝકુરૂ • હિસાબુ-કુમ વલ્લાહુ ખયરુ મુહાસિબિ.

માટે જંગી હથિયારોને ઈબાદતગાહોના બદલામાં વેચી નાખો (એટલે જંગી હથિયારો છોડીને ઈબાદતગાહો એટલે મસ્જિદો કે મંદિરોમાં જઈને બેસો) અને પોતાનો હિસાબ-કિતાબ યાદ કરો. કેમકે અલ્લાહ હિસાબ લેનારો છે.

વલીય-યિમ-રિઇન ફખ્તાર દીનન ફલા યકુન • અલય-કુમ રકબિન ગયર રબ્બસ્ - સવાકિબિ.

અલ્લાહ તઆલા એવા માણસનો બેલી છે જેણે દીનદારી પ્રકાશ કરી, માટે તમે પોતાનો બેલી કોઈ સિતારાને નહિ બલકે સિતારાઓના સર્જનહારને બનાવો.

અકીમૂ લના દીનન હનીફન ફ-અન્તુમ • લના ગાયતુન કદ યુહ તદી બિઝ-ઝવાઇબિ.

તમે અમારા માટે દીને-ઈબ્રાહીમીની સ્થાપના કરો કેમકે તમે અમારા માનીતા, બુલંદ નમૂના છો અને મુસાફરો બુલંદીઓથી માર્ગદર્શન મેળવે છે.

વ અન્તુમ ઇઝા મા હુસ-સલન-નાસુ જવહરુન • લકુમ સુર્રતુલ-બત્હાઇ શુમ્મુલ - અરાનિબિ.

જ્યારે લોકોની દશાનું અવલોકન કરવામાં આવે તો તેમાં તમે હીરા નીકળશો. તમે બત્હા (મક્કાની ખીણ)માં સૌથી શ્રેષ્ઠ છો અને તમે ઊંચા નાકોવાળા એટલે આબરૂદાર લોકો છો.

ફકૂમૂ ફ-સલ્લૂ રબ્બકુમ વ તમસ-સહૂ • બિ-અરકાનિ હાઝલ બૈતિ બયનલ-અખાશિબિ.

માટે ઊભા થાવ, પોતાના પાલનહારની નમાઝ પઢો અને આ બૈતુલ્લાહના રૂકનોનો સ્પર્શ કરો જે અખાશિબ પહાડોની વચ્ચે છે.

ફ ઇન્દ-કુમ મિન્હુ બલાઉન - વ- મસ-દકુન • ગદાત અબી યકસૂમ હાદિલ-કિતાઇબિ.

આ બૈતુલ્લાહ વિશે અનુભવેલા અને પુરવાર થયેલા બનાવો તમારા સ્મરણમાં તાજા છે, આ બનાવો તે દિવસના છે જ્યારે અબૂ યકસૂમ એટલે અબ્રહા બાદશાહ લશ્કરોની નેતાગીરી કરતો હતો.

Maktabe Ashraf

ફલમ્મા અતાકુમ નસરુ-ઝિલ-અર્શિ રદ-દહુમ • જુનૂદુલ-મલીકિ બયન સાફિંવ - વ - હાસિબિ.

પછી જ્યારે અર્શવાળા (અલ્લાહ) ની મદદ આવી લાગી તો એ ધૂળ ઉડાડનાર અને પથ્થર વરસાવનાર બાદશાહના લશ્કરને પાછું ફેરવી દીધું.

ફઇન તહલિકૂ નહલિકા વ તહલકા મવાસિમુન • યુઆશુ બિહા ફવલુમ - રિઇન ગયર કાઝિબિ

ત્યારે જો તમે તબાહ થઇ ગયા તો નક્કી અમે પણ તબાહ થઇ ગયા અને હજ્જની મોસમોમાં પણ તબાહી આવશે. હજ્જની મોસમ તે વસ્તુ છે જેની છાયામાં સાચા આદમીની વાત ઉછેર પામે છે.

જંગે-દાહિસનું મુખ્તસર બયાન————ઇબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહ નહવીએ "જંગે-દાહિસ" નામે ખેલાયેલા ખૂંખાર યુધ્ધનું આ રીતે વર્ણન કર્યું કે બનૂ અબ્સના કબીલ.માં કૈસ નામે એક ગૃહસ્થ હતો. તેના ઘોડાનુ નામ દાહિસ હતું. એવી જ રીતે બનૂ ફઝારહના કબીલામાં એક શખ્સનું નામ હુઝૈફહ હતું અને તેના ઘોડાનું નામ ગબરાઅ હતું.

કૈસની વંશાવળી આ છે : કૈસ બિન ઝુહૈર બિન ખુઝૈમહ બિન રવાહા બિન રબીઅહ બિન હર્સ બિન માઝિન બિન કુતૈઅહ બિન અબ્સ બિન બગીઝ બિન રૈસ બિન ગત્ફાન.

હુઝૈફહની વંશાવળી આ છે : હુઝૈફહ બિન બદ્ર બિન અમ્ર બિન ઝૈદ બિન જવૈયહ બિન લવઝાન બિન સઅલબા બિન અદી બિન ફઝારહ.....બિન રૈસ બિન ગત્ફાન.

એક દિવસે એવું બન્યું કે બંને વચ્ચે ઘોડદોડની હરિફાઇ જામી. હુઝૈફહ બિન બદ્ર સારો માણસ ન હતો. તેણે બેઇમાનીથી કામ લઇને પોતાના માણસોને આગળની ઝાડીમાં સંતાઇને બેસી જવાનું કહ્યું અને ઇશારો કરી દીધો કે જો કૈસનો દાહિસ ઘોડો આગળ નીકળે તો તેનાં મોં પર લાકડીનો ફટકો મારી દેવો.

ભોગજોગે આ ઘોડદોડમાં કૈસ બિન ઝુહૈરનો દાહિસ ઘોડો આગળ નીકળી ગયો. અગાઉની છુપી ગોઠવણ મુજબ ઝાડીમાંથી હુઝૈફહના માણસો નીકળી આવ્યા અને તેઓએ દાહિસના મોં પર લાકડીનો ફટકો મારી દીધો. નતીજા રૂપે હુઝૈફહનો ગબરાઅ ઘોડો આગળ નીકળી ગયો. દાહિસ ઘોડાના સવારે ઘોડાના માલિક કૈસ પાસે આવીને આ સમાચાર આપ્યા તો કૈસ બિન ઝુહૈરનો ભાઇ માલિક બિન ઝુહૈર ઉશ્કેરાઇ ગયો. આગળ વધીને તેણે હુઝૈફહના ઘોડાને ફટકારવા માંડયો. એ જોઇને હુઝૈફહ બિન બદ્રનો ભાઇ હમ્લ બિન બદ્ર આગળ ધસી ગયો અને તેણે માલિક બિન ઝુહૈરના મોં પર જોરદાર તમાચો ઠોકી દીધો.

એ પછી એવું બન્યું કે કૈસ બિન ઝુહૈરના પક્ષમાંથી અબૂ જુનૈદિબ બિન અબસી નામના યુવકે હુઝૈફહના છોકરા ઔફને કતલ કરી નાખ્યો ત્યારે બદલામાં હુઝૈફહ બિન બદ્રના પક્ષમાંથી એક જોશીલા યુવકે કૈસના ભાઇ માલિક બિન ઝુહૈરને કતલ કરી નાખ્યો. હુઝૈફહનો ભાઇ હમ્લ બિન બદ્ર કહે છે :

કતલના બિ-અવફિન માલિકંવ-વ-હોવ સારુના • ફઇન તત્લુબૂ મિન્ના સિવલ-હક્ક તન્દમૂ.

અમે ઔફના બદલામાં માલિકને કતલ કરી નાખ્યો. એ અમારો બદલો હતો. હવે જો તમે સચ્ચાઈ સિવાય બીજો રસ્તો લેશો તો પસ્તાવું પડશે.

ખૂનરેઝીની આ દુઘર્ટના પછી બનૂ અબ્સ અને બનૂ ફઝારહના કબીલાઓ વચ્ચે યુધ્ધનો એવો જ્વાળામુખી

ભભૂકી ઊઠ્યો જે ભડકે બળતો રહ્યો અને લોહીરૂપી લાવાની નદીઓ વહાવતો રહ્યો.[1]

ઈબ્ને હિશામ કહે છે : બંને કબીલા વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધનો કિસ્સો બહુ લાંબો છે. જો હું તેને લંબાવું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સીરતના વિષયમાં વિક્ષેપ પડશે અને એજ તે વિચાર છે જે મને તેની લાંબી વિગતમાં ઊતરવાથી અટકાવે છે.

જંગે-હાતિબની મુખ્તસર કહાણી--- ---ઈબ્ને હિશામ કહે છે : અબૂ કૈસ બિન અસ્લત શાઈરનું જે કાવ્ય મેં રજૂ કર્યું છે તેમાં તેણે જંગે-હાતિબનો પણ ઉલ્લેખ કરેલો છે. આ લોહિયાળ સંગ્રામ મદીનહના ઔસ અને ખઝરજ કબીલાઓ વચ્ચે ખેલાયો હતો. તેની વિગત એમ છે કે ઔસના કબીલામાં હાતિબ નામે એક શખ્સ હતો જેની વંશાવળી આ છે : હાતિબ બિન હારિસ બિન કૈસ બિન હૈશહ બિન હારિસ બિન ઉમૈયહ બિન મુઆવિયા બિન માલિક બિન ઔફ બિન અમ્ર બિન ઔફ બિન માલિક બિન ઔસ

એક દિવસ એવું બન્યું કે ઔસ કબીલાના હાતિબ બિન હારિસે કોઈ કારણસર મદીનહના એક યહૂદીને કતલ કરી નાખ્યો. મકતુલ યહૂદી ખઝરજ કબીલાનો પાડોશી હતો. ખઝરજ કબીલાના લોકોને પોતાના આ પાડોશી યહૂદીની હત્યાના સમાચાર મળ્યા તો તેઓમાંથી યઝીદ બિન હારિસ નામનો માણસ પાડોશી યહૂદીનું વેર લેવા જોશમાં આવી ગયો. યઝીદની વંશાવળી આ છે. યઝીદ બિન હારિસ બિન કૈસ બિન માલિક બિન અહમર બિન હારિસહ બિન સઅલબા બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ બિન ખઝરજ.

રાત પડી તો યઝીદ બિન હારિસ પોતાના બનૂ હારિસ બિન ખઝરજ કબીલાના કેટલાક લડવૈયાઓને લઈને ઊપડ્યો અને બધાએ મળીને યહૂદીના હત્યારા હાતિબ બિન હારિસને કતલ કરી નાખ્યો. નતીજા રૂપે ઔસ અને ખઝરજના કબીલાઓ વચ્ચે લડાઈ ફાટી નીકળી જે બહુ ભીષણ અને ભયંકર હતી.એમાં બંને પક્ષના સંખ્યાબંધ લડવૈયાઓનું લોહી પાણી પેઠે વહી ગયું પણ છેવટે ખઝરજના કબીલાએ ઔસના કબીલાના પર જીત મેળવી લીધી. આ લડાઈમાં જે લોકો માર્યા ગયા તેઓમાં સુવૈદ બિન સામિત બિન ખાલિદ બિન અતિય્યહ બિન હૂત બિન હબીબ બિન અમ્ર બિન ઔફ બિન ઔસ નામનો ગૃહસ્થ પણ કતલ થઈ ગયો.સુવૈદ બિન સામિતના ખૂનીનું નામ મુજઝ્ઝિર બિન ઝિયાદ બલવી હતું. એ બનૂ ઔફ બિન ખઝરજના લોકો સાથે કરારોથી જોડાયેલો હતો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા અને પછી મક્કહના કુરૈશ સાથે જંગે-ઉહુદનો દિવસ આવી લાગ્યો. આપ પોતાના સહાબાનું લશ્કર લઈને કુરૈશી લશ્કરના મુકાબલા માટે મદીનહથી રવાના થયા તો મુજઝ્ઝિર બિન ઝિયાદ બલવી પણ મદીનહથી નીકળીને ઈસ્લામી લશ્કરમાં શામિલ થઈ ગયા. તે વેળા મુજઝ્ઝિરના હાથે કતલ થનાર સુવૈદ બિન સામિતનો જવાન બેટો હારિસ બિન સુવૈદ પણ ઈસ્લામી લશ્કરમાં શામિલ હતો. પોતાના બાપના ખૂનીને લશકરમાં જોઈને હારિસનું લોહી ઊકળી ઊઠ્યું. રણ જતાં હારિસે જોયું કે મુજઝ્ઝિર તદ્દન બેખબરીની હાલતમાં છે તો તેણે આ તક ઝડપી લઈને પોતાના બાપના ખૂની મુજઝ્ઝિરને કતલ કરી નાખ્યો. કતલનો આ બનાવ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હાજરીમાં સર્જાઈ ગયો.[2]

---

૧. આ લડાઈ બંને કબીલા વચ્ચે બે કે ચાર વરસ નહિ, પૂરા ૪૦ વરસ સુધી ચાલતી રહી. (બયાનુલ-લિસાન પેજ ૨૩૦)

૨. મદીનહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિની પધરામણી પછી હઝરત મુજઝ્ઝિર મુસલમાન બની ગયા હતા. રદિયલ્લાહુ અન્હુ. ''હ''

ઇબ્ને હિશામ કહે છે : આ બનાવની વધુ વિગત ઇન્શા-અલ્લાહ હું તેના મૂળ પ્રસંગે રજૂ કરીશ. એ પછી પણ ઔસ અને ખઝરજના કબીલાઓ વચ્ચે ઘણી લડાઇઓ થઇ. તેના વર્ણન અને વિગતથી તેજ વાત મને અટકાવે છે અને જેનું કારણ હું જંગે-દાહિસના બયાનમાં દર્શાવી ચૂકયો છું.

હકીમ બિન ઉમૈયહની હાકલ————ઇબ્ને ઇસ્હાક કહે છે : હકીમ બિન ઉમૈયહ બિન હારિસહ બિન અવકસ સુલમી મક્કહના બનૂ ઉમૈયહના લોકો સાથે કરારોથી જોડાયેલો હોવા છતાં તેણે ઇસ્લામ સ્વીકારી લીધો હતો. આ કરારોની પરવા નહિ કરતાં તેણે એક કાવ્ય રચ્યું જેમાં તે પોતાની કૌમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મની છોડી દેવાની હાકલ કરતાં કહે છે :

હલ કાઇલુન કવલમ મિનલ-હક્કે કાઇદુન • અલૈહિ વ હલ ગદબાનુ લિર-રૂશ્દે સામિઉ.

શું કોઇ હક વાત કહેનાર હક વાતને છોડીને બેસી શકે ખરો ? અને શું કોઇ કડક મગજનો સીધી વાત સાંભળી પણ શકે ખરો ?

વ હલ સૈયિદુન તરજૂલ-અશીરતુ નફ-અહૂ • લિ- અકસલ-મવાલી વલ-અકારિબિ જામિઉ.

અને શું કોઇ એવો મોવડી છે જેનાથી ખાનદાનના લોકો તેના લાભના આશાવાદી હોય અને તે દૂરપારના મિત્રો સાથે નજીકના સ્નેહીઓને એક સ્થળે ભેગા કરી દે ?

તબર -રઅતુ ઇલ્લા વજહ મંય-યવ - લિકુસ-સબા • વ અહજુરુ-કુમ મા દામા મદલિવ - વ -નાઝિઉ.

પોતાની મનેચ્છાઓને અંકુશમાં રાખનાર ગૃહસ્થની પ્રસન્નતા મેળવવા સિવાય હું દરેક શખ્સથી અલગ થઇ ગયો છું અને જયાં સુધી તમારામાં ખેંચાખેંચી અને તાણાતાણી રહેશે, હું તમારાથી અલગ જ રહીશ.

વ અસલિમુ વજહી લિલ-ઇલાહિ-વ-મનતિકી • વ લવ રાઅની મિનસ-સદીકિ રવાઅઉ.

હું મારી જાતને અને મારી બોલચાલને, મઅબૂદે-હકીકી એટલે સાચા અલ્લાહને હવાલે કરૂં છું. ભલે દોસ્ત તરફથી મને ધમકીઓ મળતી રહે !

Maktabe Ashraf

પ્રકરણ ૪૭

કુરૈશની અદાવતો અને શરારતો

કુરૈશના આક્ષેપો અને તોહમતો ● મશ્કરીના બૂમાટા અને પડકારા ● મોંઘી પડેલી મશ્કરી ● બીજા દિવસનો કમનસીબ બનાવ ● હઝરત અબૂબક્રની દયાજનક દશા ● હે કમલી ઓઢનારા ઊઠો ! ● અબૂ જહલની જહાલત ● હઝરત હમઝહ અને અબૂ જહલ ● હઝરત હમઝહનો ઈન્તેકામ અને ઈસ્લામ ● ઉત્બહ બિન રબીઅહ સાથે ગુફતગૂ ● ઉત્બહ બિન રબીઅહની પેશકશ ● રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ ● ઉત્બહનો જવાબ કુરૈશને ● કુરૈશી અગ્રેસરોનું બીજું મંડળ ● રસૂલુલ્લાહ (સલ.) અગ્રેસરોની મજલિસમાં ● રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ ● કુરૈશની શરારતો અને વિચિત્ર માગણીઓ ● રસૂલુલ્લાહ (સલ.)નો ઈરશાદે ગિરામી ● કુરૈશની બીજી છોકરવાદી માગણીઓ ● કુરૈશની બેહૂદી માગણીઓનો જવાબ ● કુરૈશનો ઉકળાટ અને બફાટ ● અબ્દુલ્લાહ બિન ઉમૈયહની ગુસ્તાખી ● અબુ જહલની સંગદિલી અને શરારત ● અબૂ જહલની કમબખ્તી.

Maktabe Ashraf

કુરૈશના આક્ષેપો અને તોહમતો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી તો કુરૈશની કમનસીબીએ ઝનૂની આક્રમણનું રૂપ લીધું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા ઈસ્લામ કબૂલ કરીને મુસલમાન બનેલા લોકો વિરૂધ્ધ, તેઓની દુશ્મનીએ માઝા મૂકી દીધી. તેઓએ મક્કહ શહેરના લફંગાઓ, અને રખડુ મવાલીઓ અને હલકટ મનોદશાના ભામટાઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ ઉશ્કેરી મૂક્યા. આ નરાધમો અને હલકટોએ આપને જૂઠા ઠરાવ્યા. આપને તરહ તરહની તકલીફો આપી. આપને માનસિક ત્રાસો આપ્યા. આપની ઉપર શાઈર હોવાના, જાદૂગર હોવાના, નજૂમી અને પાગલ હોવાના નાપાક આક્ષેપો થોપ્યા. આ બધું છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, અલ્લાહના કોઈ હુકમને નહિ છુપાવતાં, અવિરત અલ્લાહના આદેશોની જાહેરાત કરતા રહ્યા. કુરૈશના અણગમા છતાં તેઓના મૂર્તિપૂજાના ધર્મની બુરાઈઓ ખુલ્લેઆમ જાહેર કરતા રહ્યા. તેઓની મૂર્તિઓ અને મૂર્તિપૂજાના શયતાની ધંધાઓથી પોતાની બેઝારી પ્રગટ કરતા રહ્યા.

મશ્કરીના બૂમાટા અને પડકારા————ઈબ્ને ઈસ્હાક કહે છે : યહ્યા બિન ઉર્વહ બિન ઝુબૈરે પોતાના બાપા ઉર્વહ બિન ઝુબૈરથી આ રિવાયત સાંભળી છે અને તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસના મુખેથી સાંભળ્યું છે. ઉર્વહ બિન ઝુબૈર કહે છે કે એક વેળા મેં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસને પૂછ્યું, ''હઝરત ! એ તો બતાવો કે કુરૈશના લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પ્રત્યે જે વેરભાવ ધરાવતા હતા અને તરહ-તરહથી આપને

તકલીફો પહોંચાડતા હતા તેમાં તેઓની દુશ્મનાવટનો સૌથી વધુ આકરો કયો બનાવ તમે જોયો છે ?''

સાંભળો, ''હઝરત અબ્દુલ્લાહ બોલ્યા,'' એક દિવસે હું એવા સમયે કઅબહમાં પહોંચ્યો જયારે કુરૈશના ઊંચા મરતબાના મુખ્ય મોવડીઓ કઅબહના હતીમ પાસે મજલિસ જમાવીને બેઠેલા હતા. હું તેઓની પાસે ચાલ્યો ગયો. પણ થોડે દૂર બેસીને મેં તેઓની વાતો તરફ કાન માંડી દીધા. થોડી વારે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે ચર્ચા કરતાં કહેવા લાગ્યા, ''આ માણસ વિષે જેટલું આપણે સહન કર્યું છે. આજ સુધી કોઈએ નહિ કર્યું હોય. એણે આપણા શાણાઓને મૂરખાઓમાં ખપાવ્યા. આપણા વડીલોને ગાળો આપી. આપણા પૂર્વજોને જહન્નમી ઠરાવ્યા. આપણા ધર્મને વગોવ્યો. આપણા ભગવાનોને ભાંડયા. આપણા સંપ અને સંગઠનના ભૂકકા વેર્યા. છતાં આપણે મોટું મન રાખીને ચલાવતા રહ્યા. પણ બતાવો, કયાં સુધી હવે સહન કરવું ?''

મોંઘી પડેલી મશ્કરી————રાવીનું બયાન છે : આ અને એવી જ વાતો મોવડીઓની મજલિસમાં ચાલતી હતી એટલામાં મેં જોયું કે અચાનક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહ તરફ આવતા દેખાયા. આપ ટહેલતા-ટહેલતા કઅબહમાં પધાર્યા. પ્રથમ આપે ''હજરે-અસવદ'' એટલે કઅબહની દીવારમાં મઢેલા કાળા રંગના જન્નતી પથ્થરને બોસો આપ્યો.એ પછી કઅબહનો તવાફ શરૂ કર્યો. તવાફ દરમિયાન જયારે આપ કુરૈશી મોવડીઓની સામેથી પસાર થવા લાગ્યા તો તેઓએ હોબાળો મચાવી દીધો અને કડવા કટાક્ષોના પડકારા ગજાવીને આપની ઠેકડી ઉડાવવા લાગ્યા. તે વેળા નજર જમાવીને મેં આપના નૂરાની ચહેરા તરફ જોયું તો અણગમા કે નાગવારીની સ્પષ્ટ રેખાઓ આપની મુખમુદ્રા ઉપર ઊપસી આવેલી મેં જોઇ.

તવાફનો એક ચક્કર પૂરો કરીને જયારે બીજીવારના તવાફમાં આપ તેઓની સામેથી પસાર થયા તો તેઓએ તેવી જ રીતે ઝેરીલા કટાક્ષોના પડકારા ઉછાળ્યા જેના ચિહ્નો ચોકખી રીતે મેં આપના નૂરાની ચેહરા પર જોયાં. પછી જયારે ત્રીજીવારના તવાફમાં આપ તેઓની નજીકથી પસાર થયા અને તેઓએ રાબેતા મુજબ મશ્કરીનો હોબાળો મચાવ્યો તો ફરીવાર અણગમાની રેખાઓ આપના નૂરાની ચેહરા પર સ્પષ્ટ રીતે ઊપસી આવી. આ વેળા આપ ત્યાં જ થંભી ગયા અને તેઓને ઉદ્દેશીને આપે ફરમાવ્યું:

અતસ-મઊન ?	સાંભળો છો તમે ?
યા મઅશર કુરૈશ !	હે કુરૈશના સમૂહ !
અમા !	ખબરદાર થઇ જાવ !
વલ્લઝી નફસી બિ-યદિહી	સોગંદ છે તેના જેના અધિકારમાં મારી જાન છે
લકદ જિઅતુ-કુમ બિઝ-ઝબહિ.	હું તમને ઝબહ કરવા માટે આવ્યો છું !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પવિત્ર જીભેથી નીકળેલા આ શબ્દોની અલ્લાહ બેહતર જાણે શું તાસીર હતી કે એને સાંભળતા જ કુરૈશી આગેવાનોના હોશ ઊડી ગયા. દરેક જણ તેની દહેશતથી ડરીને પોતાના સ્થળે સ્તબ્ધ થઇ ગયો. તેઓની એવી દશા થઇ પડી જાણે દરેકના માથે ચકલું આવીને બેસી ગયું હોય. એમાંના જે મોવડીઓ એકદમ કડક મગજના હતા અને કાયમ લોકોને ઉશ્કેર્યા કરતા,તેઓ તો ઠંડા થઇને એવા ઢીલા પડી ગયા કે સામે ચાલીને કાલાવાલા કરવા લાગ્યા. વખાણભર્યા શબ્દોમાં આપની ખુશામદ કરવા લાગ્યા અને આપનું મન રીઝવવા ખાતર મીઠાસ ભરેલી વાણીમાં કહેવા લાગ્યા, ''માફ કરી દો ને હે

Maktabe Ashraf

અબુલ-કાસિમ ! [1] જવા દો ને હે અબુલ-કાસિમ ! ભૂલી જાવ ને હે અબુલ-કાસિમ ! તમે તો કદી કોઇ છોકરવાદી વાત કરી જ નથી. બસ શાંતિથી પોતાના ઘરે સિધાવો.''

બીજા દિવસનો કમનસીબ બનાવ————હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસનું બયાન છે: એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરે તશરીફ લઇ ગયા અને જયારે બીજા દિવસનું પ્રભાત થયું તો કુરૈશના એજ નામીચા આગેવાનો ફરીવાર કઅબહના હતીમ પાસે મજલિસ જમાવીને બેઠા. તે વેળા પણ હું ત્યાં હાજર હતો. ચર્ચાનો આરંભ કરતાં અમુકે અમુકને કહ્યું, ''યાદ છે તમારા તરફથી શું ચેતવણી આપવામાં આવી ? અને તેના તરફથી શું જવાબ મળ્યો ? એજ કે તમને ન ગમનારી વાતો તેણે ભરબજારે લલકારી દીધી અને તમે તેનું મોં જોતા રહી ગયા. જવાબમાં તમે કંઇ જ ન કરી શકયા અને તેને ખુશામદ કરીને શાંતિથી જવા દીધો.''

એ લોકોમાં આ પ્રકારની વાતો ચાલતી હતી એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કઅબહમાં પધારતા જોઇને બધા સાવધ થઇ ગયા. જેવા જ આપ ત્યાં પધાર્યા કે બધાએ ઓચિંતો ધસારો કરીને ચોતરફથી આપને ઘેરી લીધા. આજુબાજુના બીજા લોકો પણ દોડી આવ્યા. એ બધા આમ કહેતાં આપની ઉપર તૂટી પડયા કે, ''શું તું તેજ માણસ નથી જે અમારા ધર્મમાં વાંધા કાઢે છે, જે અમારા બાપદાદાને વગોવે છે, જે અમારા ભગવાનોને ભાંડે છે ?''

આપે બેધડક ફરમાવ્યું, ''નઅમ ! અનલ-લઝી અકૂલુ ઝાલિક ! ''એટલે હા હું જ તે માણસ છું જે આવી વાતો કહેતો રહે છે.

રાવીનું કથન છે : આ શબ્દો સાંભળતાં જ કુરૈશના એક ઝનૂનીએ આગળ ધસી જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગળામાં પડેલી ચાદરના બંને છેડા ઝાલી લીધા. અને છેડાઓથી ઝાટકા મારીમારીને વળ પર વળ ચઢાવવા લાગ્યો ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો શ્વાસ રૂંધાવા લાગ્યો.

તે વેળા હઝરત અબૂબક્ર સિદ્દીક પણ ત્યાં હાજર હતા. તેઓ ઝપાટાભેર આવીને આપના બચાવ માટે તેઓની વચ્ચે ઊભા થઇ ગયા. અબૂબક્ર રડતા જતા હતા અને કહેતા જતા હતા:

અ-તકતુલૂન રજુલન	અરે હે લોકો ! શું કતલ કરવા માગો છો તમે એવા શખ્સને
અંય -યકૂલ	જે કહે છે કે
રબ-બિયલ્લાહુ રબ્બી.	મારો પાલનહાર અલ્લાહ છે ?

આ સાંભળીને તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને છોડીને હઝરત અબૂબક્ર સાથે આથડી પડયા અને ઝપાઝપીનું ધિંગાણુ કરીને ત્યાંથી પલાયન થઇ ગયા.

આ ઘટનાના રાવી હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસે અંતમાં ઉમેર્યું, ''આ હતો તે બેહદ કરુણ અને ભયંકરો બનાવ જે કુરૈશ તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે બની ગયો અને જેને મેં પોતાની આંખે જોયો.''

હઝરત અબૂબક્રની દયાજનક દશા————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઉમ્મે કુલસૂમ બિન્તે અબૂબક્રના

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક ફરઝંદનું નામ કાસિમ હતું. તે પરથી આપનું ઉપનામ અબુલ-કાસિમ એટલે કાસિમના બાપ. ''ફ''

ઘરવાળાએ મને માહિતી આપી કે, એ દિવસે અબૂબક્ર સાથેની ઝપાઝપીના પરિણામમાં હઝરત અબૂબક્રના માથે સખત ચોટ આવી હતી. કુરૈશના લોકોએ એમની દાઢી અને માથાના વાળો પકડીને ખૂબ પીંખ્યા હતા. આ કારણે હઝરત અબૂબક્ર પોતાના ઘરે એવી દશાએ પરત થયા કે એમના માથામાં સખત દુખાવો હતો. આપ બહુ ધીરજ વાળોવાળા ગૃહસ્થ હતા.

હે કમલી ઓઢનારા ! ઊઠો !————ઇબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારો તરફથી મને મળેલી સનદી માહિતી મુજબ કુરૈશના જંગલી અને ક્રુર વર્તાવનો બીજો બનાવ એમ છે કે એજ દિવસોમાં એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરમાંથી નીકળીને બહાર જવા લાગ્યા તો રસ્તામાં જવાન-ઘરડા, આઝાદ-ગુલામ, નાના-મોટા જેટલા લોકો મળ્યા, બધાએ આપને જૂઠલાવ્યા અને કડવા વેણો કે કટાક્ષોથી આપને માનસિક ત્રાસ આપ્યો. એજ દયાજનક દશામાં આપ પોતાના ઘર તરફ પાછા વળી ગયા અને ઘરમાં પધારીને પારાવાર ઉદાસીની હાલતમાં કમલીથી મોં લપેટીને આપ લેટી ગયા. એજ વેળા અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ કરી:

યા ઐયુહલ-મુદ - દસ્‌- સિરુ	હે કમલી ઓઢનારા !
કુમ ફ-અન-ઝિર	ઊઠો ! અને લોકોને (કરણીના અંજામથી) ડરાવો.

અબૂ જહલની જહાલત————ઇબ્ને ઇસ્હાક કહે છે : એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સફા પહાડ તરફ પધાર્યા. સંજોગજોગે અલ્લાહનો દુશ્મન અબૂ જહલ ત્યાં આવી ચઢયો. આપને જોતાં જ મગજનો કાબૂ ગુમાવીને તેણે ભાંડણલીલા ચાલુ કરી દીધી. આળોગાળો, કટાક્ષો અને ઠપકાઓથી આપનું અપમાન કરવામાં તેણે કોઇ કચાશ નહીં રાખી. ઇસ્લામને વગોવવાની અને આપને ઉતારી પાડવાની આ તકનો તેણે પૂરો લાભ લીધો. આપ ધીરજ ધરીને ખામોશીથી તેની આ વાતો સાંભળતા રહ્યા અને જવાબમાં કંઇ બોલ્યા નહિ.

આ સ્થળે અબ્દુલ્લાહ બિન જુદઆન બિન અમ્ર બિન કઅબ બિન તૈમ બિન મુર્રહની આઝાદ કરેલી એક લોંડીનું મકાન આવેલું હતું. તે વેળા લોંડી પોતાના ઘરમાં હાજર હતી. અને અબૂ જહલની બધી વાતો પોતાના કાને સાંભળતી હતી. અબૂ જહલ પોતાની જહાલતનો લવારો બંધ કરીને અને દિલનો ઊભરો ઠાલવીને ખાનએ-કઅબહ તરફ ઊપડી ગયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘર તરફ તશરીફ લઇ ગયા.

હઝરત હમઝહ અને અબૂ જહલ————સફા પહાડ પાસે આ ઘટના બની તેની થોડીક પળો પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ ગળે કમાન ભેરવીને ત્યાંથી પસાર થવા લાગ્યા. તેઓ હજુ સુધી મુસલમાન બન્યા ન હતા. હમઝહ એક શિકારી યુવક હતા. તીરથી શિકાર ખેલવાના શોકીન અને ભારે નિશાનાબાજ હતા. પોતાનો વધુ સમય શિકાર ખેલવામાં પસાર કરતા અને જ્યારે શિકારેથી પાછા ફરતા તો ઘરે જવાને બદલે સીધા કઅબહમાં જતા. પ્રથમ અલ્લાહના ઘરનો તવાફ કરતા અને તવાફથી પરવારીને કુરૈશી મિત્રોની મજલિસ તરફ જતા. સલામ કરીને બધાની સાથે મજલિસમાં બેસી જતા. તેઓની સાથે થોડીવાર અહીંતહીંની વાતો કરીને પછી પોતાના ઘર તરફ ઊપડતા.

હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ કુરૈશના લોકોમાં માનઆદરનું ઊંચુ સ્થાન ધરાવનારા વીરનર, જવાંમર્દ,

રુઆબદાર આકૃતિના, તેજસ્વી શખ્સીયતના જોશીલા જવાન હતા. સફાની ટેકરી પાસેથી પસાર થવા લાગ્યા તો અબ્દુલ્લાહ બિન જુદઆનની આઝાદ લોંડીએ એમને હાંક મારીને ઊભા રાખ્યા અને ઘરમાંથી બહાર આવીને કહ્યું:

"હે અબૂ ઉમારહ ![1] હાશ, તમે તે આફત જોતે જે આજે તમારા ભત્રીજા મુહંમદ પર અબુલ-હકમ બિન હિશામ તરફથી ઊતરવા પામી.[2] તેણે મુહંમદને એકલા જોયા તો દિલોન ધુમાડો કાઢવાની તક ઝડપી લીધી. બહુ કડવાં કડવાં વેણો કહ્યાં. તરહ તરહની ગાળો આપી. ઠપકા અને કટાક્ષોના તીરો છોડયાં અને બુરી તરહ તેમનું અપમાન કર્યું અને પછી અહીંથી ચાલતો થઈ ગયો. મુહંમદ તો જવાબમાં કશું જ બોલ્યા નહિ. બસ ધીરજ રાખીને તેની વાતો સાંભળતા રહ્યા."

હઝરત હમઝહનો ઈન્તેકામ અને ઈસ્લામ————અલ્લાહ તઆલાની ઈચ્છા હતી કે તે પોતાના પ્યારા હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાની મખલૂકમાં સૌથી ઊંચા, સૌથી ચઢિયાતા અને માનમોભાવાળા રાખે જેથી લોંડીની વાતોએ હમઝહને ઉશ્કેરી મુકયા. ઝનૂનમાં આવીને ઝપાટાભેર ત્યાંથી ઊપડયા. રસ્તામાં કયાંયે રોકાયા કે બોલ્યા નહિ કે જેથી અબૂ જહલ પર પ્રકટેલો પ્રકોપ ઉછાળા મારતો રહે અને તેને જોતાં જ તેની ઉપર તૂટી પડે. જયારે કઅબહ પાસે પહોંચ્યા તો જોયું કે અબૂ જહલ કુરૈશની મજલિસમાં બેઠેલો છે. સીધા તેના માથે જઈને ઊભા થઈ ગયા અને કમાન ઉગામીને એવો જોરદાર ફટકો માર્યો કે તેનું માથું ફાટી ગયું. પછી ગરજદાર અવાજે બોલ્યા,

"શું તું મારા ભત્રીજાને ગાળો આપે છે ? સાંભળી લે, હું પણ તેનો ધર્મ કબૂલ કરું છું અને જે વાતો તે કહે છે તેને સાચી માનું છું. ચાલ, તુજમાં કંઈ બળ છે તો સામે આવી જા અને મારી સાથે પણ તેવો જ વર્તાવ કર જેવો તેં મારા ભત્રીજા સાથે કર્યો છે."

અબૂ જહલના માથામાંથી વહેતું લોહી જોઈને તેના મખ્ઝૂમ કબીલાના કેટલાક જવાનો તેનો બદલો લેવા ઊભા થઈને હમઝહ તરફ ધસી ગયા. પરંતુ અબૂ જહલે તેઓને વાળી લેતાં કહ્યું, "ના રે ના, અબૂ ઉમારહને જવા દો. એમને કંઈ ન કહો. એમાં વાંક મારો છે. ખરેખર એમના ભત્રીજાને આજે મેં ખૂબ ઠપકાર્યો છે."

એ પછી હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ અમલી રીતે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને અને જીભથી કલિમાના શબ્દો ઉચ્ચારીને સાચા દિલથી મુસલમાન બની ગયા અને પોતાના ઈસ્લામ પર એટલા મક્કમ થઈ ગયા કે જંગે-ઉહુદમાં બહાદુરીથી કાફિરો સાથે લડીને શહીદ થઈ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક જીભથી 'સૈયિદુશ-શુહદાઅ'' એટલે શહીદોના સરદારનો લકબ મેળવવા ભાગ્યશાળી થયા.

જયારે કુરૈશને ખબર પડી કે હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ મુસલમાન બની ગયા છે તો તેઓના ખેદ અને આઘાતનો પાર ન રહ્યો. તેઓએ ચોક્કસ રીતે માની લીધું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હવે વધુ બળવાન અને વધુ સુરક્ષિત થઈ ગયા છે કેમકે હમઝહ જેવો પંકાયેલો વીરનર હવે તેમને પડખે રહીને તેમનો

૧. અબૂ ઉમારહ : હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબનું ઉપનામ.

૨. અબુલ-હકમ : અબૂ જહલનું ઉપનામ હતું. એટલે હકમનો બાપ. અરબીમાં "હકમ" શબ્દના અર્થ ન્યાય તોળનાર, ઈન્સાફ કરનાર, ખરાને ખોટાથી અલગ કરનાર, સુલેહ કરાવનાર વગેરે થાય છે. પણ એ તખશિશ જહાલતાનું પૂતળું હોવાથી અબૂ જહલના ઉપનામે કુખ્યાત થઈ ગયો. "ર"

બચાવ કરતો રહેશે. અને ખરેખર પછી તો તક મળવા છતાં કુરૈશ એકાએક આપ પર હાથ નાખવાની હિંમત નહિ કરતા. હવે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સતાવવામાં કે ત્રાસ આપવામાં સાવચેતી રાખવા લાગ્યા.

જર-જમીન, જોરૂની લાલચ————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન ઝિયાદે મુહંમદ બિન કઅબ કુરઝીની રિવાયત કહી સંભળાવી. કુરઝીનું બયાન છે કે, મક્કહનો ઉત્બહ બિન રબીઅહ નામે ગૃહસ્થ કુરૈશનો એક પંકાયેલો સરદાર હતો. બહુ શાણો, ઠરેલ અને સમજુ શખ્સ હતો. એક દિવસે તે કુરૈશની મજલિસમાં બેઠેલો હતો. ત્યાંથી થોડે દૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ કઅબહ પાસે સૌથી અલગ-થલગ એક ખૂણામાં બિરાજમાન હતા.

અચાનક ઉત્બહના મગજમાં વીજળીના ચમકાર પેઠે એક વિચાર ઝબૂકી ગયો. તેણે મજલિસના લોકોને સંબોધીને કહ્યું, "હે કુરૈશ ! એક તરકીબ મારા ધ્યાનમાં આવે છે. કહો તો તેનો પ્રસ્તાવ રજુ કરૂં."

"હા ખુશીથી કહો શું પ્રસ્તાવ છે. " કુરૈશ બોલ્યા.

ઉત્બહ બોલ્યો, "જુઓ તમારી ઇચ્છા હોય તો હું મુહંમદ પાસે જાઉં અને આપણા મામલા અંગે તેમની સાથે વાતચીત કરૂં."

"તમે મુહંમદ પાસે જઇને શું વાતચીત કરશો ? " કુરૈશે પૂછ્યું.

"અમુક મુદ્દાની વાતો હું તેમની આગળ રજૂ કરીશ." ઉત્બહએ કહ્યું, "અગર એમાંની કોઇ વાત તેમના ગળે ઊતરે અને તેઓ તેને મંજૂર રાખે તો આપણે તેનો બંદોબસ્ત કરીને, તેમનાથી આપણો પીછો છોડાવી લઇએ."

બીજી રિવાયત મુજબ ઉત્બહ બિન રબીઅહએ કહ્યું, "હે કુરૈશ ! હું કેમ મુહંમદ પાસે જઇને વાતચીત નહિ કરૂં ? અને કેમ તેમની પાસે જઇને અમુક વાતો રજૂ નહિ કરૂં ? અગર મારી વાતોમાંથી કંઇ ન કંઇ તેઓ કબૂલ કરી લે, અને તે અંગે જે છૂટછાટ તેઓ માગે, તે આપણે તેમને આપી દઇએ અને બદલામાં કેમ આપણે તેમનાથી પોતાનો પીછો નહિ છોડાવી લઇએ ?"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ઉત્બહ બિન રબીઅહની વાતચીતનો આ બનાવ હઝરત હમઝહના મુસલમાન બની જવા પછીનો છે. કેમકે કુરૈશ જોઇ રહ્યા હતા કે હવે ઘણા લોકો ઈસ્લામમાં દાખલ થઇ રહ્યા છે અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પક્ષ દિન-બ-દિન મજબૂત થતો જઈ રહ્યો છે અને આપના સાથીઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે.

કુરૈશે ઉત્બહનો પ્રસ્તાવ વધાવી લેતાં ભેગા સ્વરે કહ્યું, "હા હે અબા વલીદ ! જાવ ઊભા થાવ અને જઇને મુહંમદ સાથે વાતચીત કરો."[1]

ઉત્બહ બિન રબીઅહની પેશકશ————કુરૈશની સંમતિ મળતાં ઉત્બહ બિન રબીઅહ મજલિસમાંથી ઊભો થઇ ગયો અને ગંભીર પગલે ચાલતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે જઇને બેસી ગયો અને કહવા મુજબ બોલ્યો,

"હે ભત્રીજા ! તમે ખાનદાનીની રૂએ અમારી નજરમાં બહુ ઊંચા મરતબાના છો અને વંશની રૂએ

૧. અબા વલીદ : ઉત્બહ બિન રબીઅહનું ઉપનામ.

Maktabe Ashraf

પણ તમે અમારામાં સૌથી ચઢિયાતા છો. તમે પોતાની કૌમ પાસે બહુ ગંભીર સમસ્યા લઈને આવ્યા છો. આ સમસ્યા મારફતે તમે પોતાની કૌમને છિન્ન વિછિન્ન કરી નાખી છે. તેઓમાં તમે કુસંપ જન્માવી દીધો છે. તેઓના સંગઠનના ભૂક્કા બોલાવી દીધા છે. તમે કૌમના બુધ્ધિમાનોને બેવકૂફ કહ્યા છે. તેઓના ભગવાનોને ભાંડયા છે. તેઓના ધર્મને બેબદાર હોવાનું લાંછન લગાડયું છે. કૌમના મરણ પામેલા પૂર્વજોને કાફિર ઠરાવ્યા છે. હવે મારી વાત ધ્યાનથી સાંભળો. થોડીક મુદ્દાની વાતો વિચારણા માટે હું તમારી સામે રજૂ કરૂં છું. કદાચ એમાંની અમુક વાતો તમને પસંદ પડે અને તમે તેને કબૂલ કરી લો તો આપણા ઝગડાનો નિકાલ આવી જાય!''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જવાબમાં ફરમાવ્યું, ''કુલ યા અબા વલીદ અસ્મઉ.'' એટલે હે અબૂ વલીદ ! ખુશીથી કહો, હું સાંભળવા તૈયાર છું.

ઉત્બહ બોલ્યો, ''હે ભત્રીજા ! તમે જે પયગમ્બરીનો દાવો કર્યો છે તેનાથી તમારો હેતુ ફકત ધન મેળવવાનો હોય તો અમે તમામ કુરૈશ મળીને તમારા માટે એટલું બધું ધન ભેગું કરી દઈએ કે તમે તમારી કૌમના સૌથી મોટા ધનવાન બની જાવ.

અથવા પયગમ્બરીના દાવાથી તમારો હેતુ કૌમના સરદાર બની જવાનો હોય તો અમે એકમતે તમને એવા બાદશાહ બનાવી લઈએ કે મક્કહ અને કઅબહનું કોઈ કામ તમારી પરવાનગી વગર નહિ થઈ શકે.

અગર પયગમ્બરીના દાવાથી તમારો હેતુ રૂપવાન સ્ત્રીઓ મેળવવાનો હોય તો અમે કુરૈશની એકથી એક ચઢિયાતી રૂપવાન કન્યાઓને લાવીને તમારા ઘરમાં બેસાડી દઈએ.

અથવા તો પેલો જે ''રઈ''તમારી પાસે આવજાવ કરે છે જેને જોવા છતાં ભગાડી મૂકવાનું બળ તમે ધરાવતા નથી તો, અમે અમારા ખર્ચે જંતર મંતર કરનારા ભૂવાઓને બોલાવીને તમારો ઈલાજ કરાવીએ. કેમકે અમુક વેળા તાબે કરેલો મુવક્કલ (જિન્નાત કે ભૂતપ્રેત) માણસને વળગી પડે તો જંતર મંતરના ઈલાજ વગર જવાનું નામ નથી લેતો.'' [૧]

આ અથવા એવા જ શબ્દોમાં ઉત્બહ બિન રબીઅહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં કુરૈશ કૌમના વકીલ તરીકે પોતાનો મુદ્દો રજૂ કર્યો.

રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ——————ઉત્બહ બિન રબીઅહની વાતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પૂરા ધ્યાનથી સાંભળતા રહ્યા. જયારે તે ખામોશ થયો તો આપે તેને સંબોધીને ફરમાવ્યું, ''હે અબા વલીદ! તમારે જે કંઈ કહેવું હતું તે તમે કહી ચૂકયા ?''

ઉત્બહએ હકારમાં જવાબ આપ્યો તો આપે ફરમાવ્યું, ''હવે તમે મારી વાત સાંભળશો ?''

તે બોલ્યો, ''હા સંભળાવો''

''ત્યારે સાંભળો,'' આમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુર્આન મજીદની આ આયતોની તિલાવત શરૂ કરી:

૧. ''રઈ'' : ભૂતપ્રેત કે જિન્નાત કોઈના તાબે હોય તેવા માણસને અરબના લોકો રઈ કહે છે. ''ક''

બિસ-મિલ્લા-હિર	શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે
રહમા-નિર-રહીમ.	મોટો કૃપાળુ અને દયાળુ છે.
હામીમ	હામીમ !
તન્ઝીલુમ-	ઉતારવામાં આવ્યું છે આ કુર્આન
મિનર-રહમાનિર-રહીમ.	મહા કૃપાળુ અને દયાળુ અલ્લાહ તરફથી.
કિતાબુન ફુસ-સિલત આયાતુહૂ	આ કિતાબ જેની આયતો નોખી-નોખી કરવામાં આવી છે
કુર્આનન અરબિય્યલ-	એટલે એ અરબી ભાષાનું કુર્આન છે,
લિ-કવમિંય-યઅ-લમૂન.	એવા લોકો માટે લાભદાયી જેઓ સમજબુધ્ધિના છે.
બશીરંવ-વ-નઝીરન	(મુસ્લિમોને)ખુશખબર આપનાર (કાફિરોને) ડરાવનાર છે.
ફ-અઅરદ અક-સરુહુમ	છતાં તેઓમાંના ઘણાખરાએ મોઢું ફેરવી લીધું છે,
ફહુમ લા યસ-મઊન.......	જેથી તેઓ સાંભળતા જ નથી. અને......

......તેઓ કહે છે કે જે વાત તરફ તું અમને બોલાવે છે તેનાથી અમારાં દિલો પર્દામાં છે અને અમારા કાનોમાં ડાટા છે અને અમારી તથા તમારી વચ્ચે આડ છે. માટે તું તારૂં કામ કર અમે અમારૂં કામ કરીએ. [૧]

એ પછીની આયતો પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પઢતા જ ચાલ્યા ગયા. ઉત્બહ ખામોશીથી સાંભળતો રહ્યો. તેણે પોતાના બંને હાથ પૂઠ પાછળ કરીને જમીન સાથે ટેકવી લીધા હતા. જ્યારે આપ કુર્આન પઢતાં પઢતાં સિજદહની આયતે પહોંચ્યા તો તે આયત ખતમ કરીને આપ સિજદહમાં ચાલ્યા ગયા અને સિજદો કર્યા પછી આપે તેને ફરમાવ્યું :

કદ સમિઅતા યા અબલ-વલીદ !	હે અબા વલીદ ! જે તમે સાંભળ્યું
મા સમિઅતા !	એ તો તમે સાંભળી જ લીધું !
-અન્ત વ ઝાક.	હવે તમે જાણો અને તેઓ જાણે. [૨]

ઉત્બહનો જવાબ કુરૈશને————ત્યાંથી ઊઠીને ઉત્બહ પોતાના સાથીઓ તરફ ઊપડયો. તેને વીલે મોઢે આવતો જોઈને અમુક સાથીઓ બોલ્યા, ''અમે અલ્લાહના સોગંદ ખાઈને કહીએ છીએ કે અબુલ-વલીદનું આવવું તેના જવા જેવું નથી.'' પછી જ્યારે તે આવીને મજલિસમાં બેસી ગયો તો કુરૈશે પૂછયું, હે અબા વલીદ ! કહો ત્યાંના શું સમાચાર છે ?''

ઉત્બહ ગંભીર મુખભાવે બોલ્યો, ''હે કુરૈશ ! ત્યાંના સમાચાર એવા છે કે મેં જે કલામ સાંભળ્યું તે આથી પહેલાં કદી સાંભળ્યું નથી. અલ્લાહના સોગંદ ! એ કલામ ન શાઇરી છે, ન જાદૂગરી છે ન કાહિનોની જોડકણી છે હે કુરૈશ ! મારું સાંભળો, મારું માનો અને તે મુજબ ચાલો. એ શખ્સને તેના હાલ પર છોડી દો. એનો વિરોધ કરવાનું માંડી વાળો. અલ્લાહના સોગંદ ! એનું જે કલામ મેં સાંભળ્યું એ એક દિવસે આખા અરબમાં ફેલાઇ જશે.

---

૧. સૂરએ-હામીમ સિજદહ પારા ૨૪ આયત ૧ થી ૫

૨. એટલે હે ઉત્બહ ! સમજબુધ્ધિથી કામ લઇને સત્યનો સ્વીકાર કરી લો. તમારો આ બેડો બંને જગતમાં બેડો પાર થઇ જશે. પછી તો જેવી તમારી મરજી અને કુરૈશની મરજી. ''હ''

Maktabe Ashraf

તે વેળા જો અરબના લોકો એનો ખાતેમો બોલાવી દે તો તમારે એના ખાતેમાની ઝેહમત નહિ વેઠવી પડે. પણ તે વેળા જો એણે વર્ચસ્વ મેળવી લીધું તો એની હુકૂમત તમારી હુકૂમત હશે. એનું માન તમારૂં માન હશે એની સિધ્ધિ તમારી સિધ્ધિ હશે. એના પ્રતાપે તમે અરબભરમાં સૌથી વધુ ખુશહાલ બની જશો.''

આ સાંભળીને કુરૈશ બોલી ઊઠયા, ''હે અબા વલીદ ! અલ્લાહના સોગંદ, તેણે તુજ પર પોતાની વાણીનો જદૂ કરી દીધો છે.''

ઉત્બહએ જવાબ આપ્યો, ''સાહેબો ! મેં મારો અભિપ્રાય દર્શાવી દીધો. હવે તમે જાણો ને તમારૂં કામ ![1]

કુરૈશી અગ્રેસરોનું બીજું મંડળ———ઇબ્ને ઇસ્હાક કહે છે : હવે ઇસ્લામ મક્કહના કુરૈશના બીજા કબીલાઓમાં પ્રસરવા લાગ્યો અને તેણે એટલી તરક્કી કીધી કે પુરૂષો ઉપરાંત સ્ત્રીઓ પણ ઇસ્લામ સ્વીકારવા લાગી. કુરૈશની એવી હાલત હતી કે મુસલમાનોમાંથી જેની ઉપર કાબૂ ચાલતો તેને કેદ કરી લેતા જેની ઉપર કાબૂ નહિ ચાલતો તેને તરેહ તરેહની તકલીફો અને મુસીબતોના ચક્કરમાં સપડાવી લેતા.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુનું કથન છે કે એક દિવસે કુરૈશના દરેક કબીલાના મોટા મોટા સરદારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે સીધી વાતચીત કરી લેવા માટે કઅબહ પાસે ભેગા થયા. પંકાયેલા સરદારોમાંથી કેટલાકના નામ આ છે :

૧—ઉત્બહ બિન રબીઅહ

૨—શૈબહ બિન રબીઅહ (ઉત્બહનો ભાઇ.)

૩—અબૂ સુફ્યાન બિન હર્બ.

૪—નદ્ર બિન હારિસ બિન કલદા બિન અબ્દેદ-દાર.

૫—અબુલ-બખ્તરી બિન હિશામ.

૬—અસવદ બિન અબ્દુલ-મુત્તલિબ બિન અસદ.

૭—ઝમઅહ બિન અસવદ.

૮—વલીદ બિન મુગીરહ.

૯—અબૂ જહલ બિન હિશામ.

૧૦—અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયહ.

૧૧—આસ બિન વાઇલ.

૧૨—નુબૈહ બિન હજ્જાજ.

૧૩—મુનબ્બેહ બિન હજ્જાજ

૧૪—ઉમૈયહ બિન ખલફ. વગેરે.

આ બધા સરદારો સૂરજ આથમવા બાદ ખાનએ-કઅબહ પાસે ભેગા થયા. મંત્રણાને અંતે એવું નક્કી થયું કે પોતે જવાને બદલે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અહીં બોલાવવામાં આવે અને તેમની સાથે એવો વાદવિવાદ કરવામાં આવે કે પોતે લાચાર થઇને આપણી વાત માની લે અને કોઇ આપણો વાંક નહિ કાઢી શકે !

આમ કરાવીને તેઓએ એક માણસને મોકલાવી આપ્યો. તેણે આપની સેવામાં હાજર થઇને કહ્યું, ''હે મુહંમદ ! કોમના આગેવાનો આપને બોલાવે છે. માટે ચાલો, પધારો.''

---

1. વિરોધપક્ષના મોવડી મંડળ માં ઉત્બહ બિન રબીહઅહ બહુ ઠરેલ તબીઅતનો, સમજબુધ્ધિ ધરાવનાર શાણો ઇન્સાન હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હાશિમના ભાઇ અબ્દે-શમ્સના ખાનદાનમાંથી હતો. ઇસ્લામનો દાઝો દુશ્મન હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સચોટ વાતોથી પ્રભાવિત થઇને કુરૈશને આપની દુશ્મની છોડી દેવાની સલાહ આપી પણ તેઓ માન્યા નહિ. ઉત્બહ જંગે-બદ્રમાં માર્યો ગયો. ''હ''

આ સંદેશો સાંભળની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વિચાર્યું, "બનવા જોગ છે મારી વાતોના પ્રભાવથી કૌમના આગેવાનોની મનોદશા પલટાઇ ગઈ હોય અને તેઓ ઇસ્લામ સ્વીકારવા તૈયાર હોય!" કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓને રાહે-રાસ્ત પર લાવવા બેહદ ઉત્સુક હતા અને દિલથી ચાહતા હતા કે તેઓ ગુમરાહીનો રસ્તો ત્યાગીને હિદાયતને રસ્તે આવી જાય. તેઓ ગુમરાહીના અંધારામાં ભટકતા રહીને આફતો અને સંકટોનો ભોગ બની જાય તે આપને કોઇ કાળે ગવારા ન હતું.

આમ વિચારીને આપ તરત જ તેઓની પાસે જવા ઘરમાંથી રવાના થઇ ગયા.

રસૂલુલ્લાહ (સલ.) મોવડીઓની મજલિસમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે આપ કઅબાહ પાસે પહોંચીને કુરૈશી અગ્રેસરોની મજલિસમાં બિરાજમાન થયા તો તેઓ બોલ્યા,

"હે મુહંમદ ! અમે તમને એટલા માટે બોલાવ્યા છે કે તમારી સાથે છેવટની વાતચીત કરી લઈએ. અલ્લાહના સોગંદ ! અરબમાં આજ સુધી અમે એવો માણસ જોયો નથી જેણે પોતાની કૌમને એવી રીતે આફતમાં ઝીંકી હોય જેવી રીતે તમે પોતાની કૌમને ઝીંકી દીધી છે. તમે અમારા બાપદાદા પર ભાંડણલીલા ચલાવી. અમારા મઝહબને બટ્ટો લગાડ્યો. અમારા ભગવાનોને ગાળો આપી, અમારા અક્લમંદોને મૂરખાઓમાં ખપાવ્યા, અમારા સમાજમાં ફાટફૂટ નાખીને કૌમી સંગઠનના ભૂકકા વેરી નાખ્યા. મતલબ કે અમારા સંબંધો વેરણછેરણ કરી નાખવા માટે કોઈ ભૂંડાઇ આચરવામાં તમે પાછીપાની કરી નથી. હવે ધ્યાનથી અમારી વાતો સાંભળો:"

આ અથવા એવા જ શબ્દોમાં તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખૂબ ઠપકો આપ્યો અને પોતાની વાત ચાલુ રાખતાં તેઓએ કહ્યું :"આ બધી વાતોથી તમારો મકસદ ધન ભેગું કરવાનો હોય તો અમે અમારા ધનમાંથી તમને એટલું બધું આપી દઈએ કે તમે મક્કહના સૌથી મોટા ધનવાન બની જાવ. અથવા આ વાતોથી તમારો મકસદ કોઈ ઊંચો ઓહદો મેળવી લેવાનો હોય તો અમે તમને અમારા સૌથી મોટા સરદાર બનાવી લઈએ. અગર આ વાતોથી તમારો હેતુ હુકૂમત મેળવવાનો હોય તો અમે તમને અમારા બાદશાહ બનાવી લઈએ. અથવા પેલો જે તમારી પાસે આવતો રહે છે. મુવક્કલ કે ભૂતપ્રેત જે તમારા મસ્તકે ચઢી બેઠો છે, જેને તમે જુઓ છો છતાં ભગાડી શકતા નથી. એ વળગાડને ભગાડવા માટે અમે અમારા ખર્ચે છુમંતર કરનારા ભૂવાઓને બોલાવીને ઇલાજ કરાવીએ કે જેથી આ બલાથી તમારો છુટકારો થાય. બોલો, અમે તમારા માટે બધું કરી છૂટવા તૈયાર છીએ!"

રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ————પૂરા ધ્યાનથી તેઓની વાતો સાંભળી લેવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જવાબ આપતાં ફરમાવ્યું :

મા બી મા તકૂલૂન.	તમે જે કંઇ કહ્યું એમાંનું કંઇ જ મારે નહિ જોઇએ.
મા જિઅતુ બિમા જિઅતુમ બિહી,	હું જે કંઈ તમારી પાસે લઈને આવ્યો છું તે,
અત્લુબુ અમવાલ-કુમ,	એટલા માટે નથી કે, બદલામાં તમારૂં ધન માગું,
વલશ-શર્ફ ફીકુમ,	ન તમારામાં કોઇ મરતબો મેળવવાની મારી ઇચ્છા છે
વલલ-મુલ્ક અલૈકુમ,	ન તમારા પર સત્તાની અભિલાષા ધરાવું છું.
વલાકિન-નલ્લાહ બઅસની	બલકે અલ્લાહએ મને મોકલાવ્યો છે,
ઇલૈકુમ રસૂલન.	તમારા તરફ પયગમ્બર બનાવીને.

વ અન્ઝલ અલૈય કિતાબન.	અને તેણે ઉતારી છે મુજ પર કિતાબ,
વ અમરની અન અકૂન લકુમ,	અને મને હુકમ ફરમાવ્યો છે કે હું બનું તમારા માટે;
બશીરંવ વ નઝીરન.	ખુશખબર આપનાર અને ડરાવનાર.
રિસાલાતે રબ્બી,	મેં મારા પાલનહારનો સંદેશો પહોંચાડી દીધો,
વ નસહ-તુ લકુમ.	અને મેં તમારા ભલાંની વાત કહી દીધી.
ફઈન તક-બલૂ મિન્ની.	અગર તમે મારી આ વાતો માની લીધી;
મા જિઅતુમ બિહી,	જેને હું તમારી પાસે લઈને આવ્યો છું;
ફહુવ હઝ્ઝુ-કુમ,	તો એ તમારી ખુશનસીબી લેખાશે;
ફિદ-દુન્યા વલ-આખિરહ.	આ દુનિયામાં અને મરણ પછીના જીવનમાં
વઈન તરુદ-દૂહુ અલૈય,	પણ જો આ વાતો તમે મારી જ તરફ ઠેલવી દીધી;
અસબિરુ લિ-અમ-રિલ્લાહ,	તો હું અલ્લાહના હુકમ પર ધીરજ ધરીશ;
હત્તા યહકુમુલ-લાહુ,	ત્યાં સુધી કે અલ્લાહ ફેંસલો કરી દે;
બયની વ બૈનકુમ.	મારી અને તમારી વચ્ચે.

એજ શબ્દો આપે ફરમાવ્યા અથવા એવા જ શબ્દોમાં આપે ફરમાવ્યું. અલ્લાહની કૃપાઓ અને રહમતો હો આપના પવિત્ર આત્મા પર !

કુરૈશની શરારતો અને વિચિત્ર માગણીઓ———આ સાંભળીને કુરૈશી સરદારો ચીડાઈને બોલ્યા, ''હે મુહંમદ ! અમે જે વાતો તમારી આગળ રજૂ કરી તેમાંની એક પણ તમને માન્ય નથી, તો હવે એક કામ કરો :

•——તમે તો જાણો છો કે આપણું મક્કહ શહેર કેટલું સાંકડું છે. કદાચ અરબ ભરમાં આટલું સાંકડું બીજું કોઈ શહેર નહિ હોય.

•——વળી પાણીની જે અછત અહીં પ્રવર્તે છે તેવી અછત ભાગ્યે જ બીજા કોઈ શહેરમાં હોય.

•——એના કારણે જીવનની જે હાડમારીઓ અમારે ભોગવવી પડે છે, ભાગ્યે જ તેવી હાડમારીઓ બીજા કોઈ શહેરના લોકો ભોગવતા હોય. માટે તમારા તે અલ્લાહ પાસે જેણે તમને પયગમ્બર બનાવીને મોકલાવ્યા છે, એવી દુઆ માંગો કે તે આ પહાડોને જેણે અમારા શહેરને સાકડું બનાવી છોડયું છે, અહીંથી પાછળ હટાવી દે અને અમારા શેહરને વિશાળ બનાવી દે.

•——વળી તમારા અલ્લાહને એમ પણ કહો કે તે અમારા માટે આ શહેરમાં એવી નદીઓ અને ઝરણા વહેતાં કરી દે જેવાં ઈરાક અને શામની ભૂમિમાં વહી રહ્યાં છે.

•——હે મુહંમદ ! એવી દુઆ પણ માગો કે તમારો અલ્લાહ અમારા મરણ પામેલા બાપદાદાઓને જીવતા કરી દે કે જેથી અમે તેઓને પૂછીને તમારી વાતોની સચ્ચાઈની ખાતરી કરી લઈએ. જીવતા થનારાઓમાં કુસૈય બિન કિલાબ પણ હોવો જોઈએ કેમકે તે બહુ સાચો ગૃહસ્થ હતો. તેને અમે પૂછી લઈશું કે તમે સાચા પયગમ્બર છો કે જૂઠા ? એ લોકો જો એમ કહી દે કે તમે સાચા છો અને ઉપરથી તમે અમારી માગણીઓ પૂરી કરી દે તો બેશક અમે માની લઈશું કે તમે સાચા છો અને અલ્લાહએ ખરેખર તમને પોતાના પયગમ્બર બનાવીને મોકલ્યા

Maktabe Ashraf

છે. આ રીતે અલ્લાહની નજરમાં તમારો જે માનમરતબો છે તેની અમને સાબિતી મળી જશે."

રસૂલુલ્લાહ (સલ.)નો ઇરશાદે-ગિરામી————અલ્લાહની રહમતો અને તેના સલામ હો હઝરત મુહંમદ પર ! આપે તેઓના જવાબમાં ફરમાવ્યું :

મા બિહાઝા બુઇસ્તુ ઇલૈકુમ.	મને આ વસ્તુઓ આપીને તમારી પાસે મોકલવામાં આવ્યો નથી.
ઇન્નમા જિઅતુ-કુમ મિનલ્લાહિ	હું આવ્યો છું તમારી પાસે અલ્લાહ તરફથી,
બિમા બઅસની બિહી.	તે વસ્તુ લઇને જે તેણે મને આપી છે.
વકદ બલ્લગ-તુ કુમ	એ વસ્તુ મેં તમને પહોંચાડી દીધી છે;
મા ઉરસિલ્તુ બિહી ઇલૈકુમ.	જેને લઇને હું તમારી પાસે આવ્યો છું.
ફઇન તક-બલૂહુ	અગર તમે એનો સ્વીકાર કરી લીધો,
ફહુવ હઝ્ઝ-ઝુકુમ	તો એ તમારૂં સદ્ભાગ્ય લેખાશે,
ફિદ-દુન્યા વલ-આખિરહ.	દુનિયામાં અને આખિરતમાં
વઇન તરુદ-દૂહુ અલૈય	પણ જો તમે એને મારા જ તરફ લોટાવી દીધી,
અસબિરુ લિ-અમરિલ્લાહે તઆલા	તો હું ધીરજ ધરીશ અલ્લાહ તઆલાના હુકમ પર;
હત્તા યહ કુમુલ-લાહુ	ત્યાં સુધી કે અલ્લાહ ફેસલો કરી દે;
બયની વ બૈનકુમ.	મારી અને તમારી વચ્ચે.

કુરૈશની બીજી છોકરવાદી માગણીઓ————આ સાંભળીને કુરૈશી સરદારો બોલ્યા, "હે મુહંમદ! જો તમે આ કામો અમારા માટે નથી કરી શકતા તો પોતાના જ માટે કંઇ માંગી લો. તમારા અલ્લાહને કહો કે એક ફરિશ્તો તમારા સંગાતે કરી દે જે આગળ-આગળ ચાલીને તમારા સાચા હોવાની છડી પોકારતો રહે અને તમારી દરેક વાતને ટેકો આપતો રહે.

અગર તમે પોતાના દાવા મુજબ સાચા પયગમ્બર છો તો તમારા અલ્લાહને કહો કે તે તમારા માટે બાગ-બગીચા, નહેરો અને મહેલો બનાવી દે અને તમારા માટે-સોના-ચાંદીના ખઝાના ખડકી દે કે જેથી તમે ખાવા કમાવાની ચિન્તાથી મુક્ત થઇ જાવ. આખર તમે પણ બજારોમાં રખડીને રોઝીની શોધ એવી જ રીતે કરો છો જેવી રીતે અમે કરીએ છીએ આખર અમને પણ ખબર તો પડે કે તમારા અલ્લાહની નજરમાં તમારૂં કેટલું માન છે!"

કુરૈશની બેહૂદી માગણીઓનો જવાબ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જવાબમાં તેઓને ફરમાવ્યું:

મા અના બિ-ફાઇલિન.	હું તો હરગિઝ આમ નહિ કરૂં.
મા અના બિલ્લઝી યસઅલુ	હું એવો શખ્સ નથી જે માંગણી કરે;
રબ્બહૂ હાઝા.	પોતાના પાલનહાર પાસે આવી વાતોની.
વમા બુઇસ્તુ ઇલૈકુમ બિહાઝા.	અને ન મને આવા કામો માટે તમારી પાસે મોકલવામાં આવ્યો છે
વલાકિન-નલ્લાહ બઅસની	બલ્કે મને તો મોકલ્યો છે અલ્લાહએ
બશીરંવ વ નઝીરા.	ખુશખબરી આપનાર તરીકે અને ડરાવનાર તરીકે.

Maktabe Ashraf

ફઇન તકૂ-બલૂ	જો તમે એને કબૂલ કરી લીધું;
મા જિઅતુ-કુમ બિહી	જેને લઇને હું તમારી પાસે આવ્યો છું;
ફહુવા હઝઝુ-કુમ	તો એ તમારૂં સદ્‌ભાગ્ય લેખાશે;
ફિદ-દુન્યા વલ આખિરહ.	આ દુનિયા અને પરલોકમાં
વઇન તરુદ-દૂહુ અલય્ય	પણ જો તમે એને મારી જ તરફ ઠેલવી દીધું,
અસબિરુ લિ-અમરિલ્લાહ	તો હું ધીરજ ધરીશ અલ્લાહના હુકમ પર,
હત્તા યહકુમલ લાહુ	ત્યાં સુધી કે ફેસલો કરી દે અલ્લાહ,
બયની વ બૈનકુમ.	મારી અને તમારી વચ્ચે.

કુરૈશનો ઉકળાટ અને બફાટ———કુરૈશી અગ્રેસરો ઝનૂનથી બોલ્યા, ''ત્યારે હે મુહંમદ! તમે એમ કરો કે, આસમાનનો એક ટૂકડો તોડીને અમારા માથે ઝીંકી મારો, જેમકે તમારો દાવો છે કે, તમારો અલ્લાહ ચાહે તો તે એમ પણ કરી શકે છે. માટે આમ કરીને તમે દેખાડી નહિ દો ત્યાં સુધી અમે તમારા ઉપર ઈમાન લાવવાના નથી.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

ઝાલિક ઈલલ-લાહિ.	એ અલ્લાહની મરજીનીવાત છે.
ઈન શાઅ અંય-યફઅલ બિકુમ	અગર તે ઈચ્છે તમારી સાથે એમ કરવા
ફઅલ.	તો (નક્કી માનો) તે જરૂર એમ કરી દેશે.

તેઓ બોલ્યા, ''હે મુહંમદ ! શું તમારા અલ્લાહને આ વાતની ખબર ન હતી કે અમે તમારી સાથે બેસીને તમને આ પ્રકારના સવાલો કરીશું અને આ પ્રકારની માગણીઓ રજૂ કરીશું ? અગર તમારા અલ્લાહને એની ખબર હોત તો તે અગાઉથી તમારી પડખે આવી લાગત અને અમારા સવાલો તથા માગણીઓના જવાબો તમને બતલાવી દેત ! અને એમ પણ કહી દેત કે હે મારા પયગમ્બર ! આ લોકો તમારી વાતો નહિં માને તો હું તેઓની સાથે ભૂંડામાં ભૂંડો મામલો કરીશ !

માટે હે મુહંમદ ! જયારે આવું કશું જ બન્યું નહિ તો અમે શા માટે તમારા ઉપર ઈમાન લાવીએ? વળી અમને એવા સમાચાર પણ મળ્યા છે કે યમામહ શેહરમાં રહેનાર રહમાન નામનો માણસ તમને આ બધું ભાગાવી-પઢાવી જાય છે. સાંભળી લો, અલ્લાહના સોગંદ અમે હરગિઝ એ રહમાન પર કદી ઈમાન લાવવાના નથી !

હે મુહંમદ ! જુઓ અમે અમારો મુદ્દો દાખલા દલીલોથી પુરવાર કરી દીધો છે. હવે તમારાથી થાય તે કરી લો, અમે તમને છોડવાના નથી. કાં તમને પૂરા કરી નાખીશું કાં પોતે પૂરા થઇ જઇશું !''

એક મોવડી બોલ્યો, ''સાંભળો હે મુહંમદ ! અમે તો ફરિશ્તાઓના પૂજારી છીએ કેમકે ફરિશ્તા અલ્લાહની પુત્રીઓ છે.''

કેટલાક બોલ્યા, ''સાંભળો હે મુહંમદ ! અમે હરગિઝ ઈમાન નહિ લાવીએ જયાં સુધી કે તમે અલ્લાહ અને તેના ફરિશ્તાઓને લાવીને અમારી આંખ સામે ખડા નહિ કરી દો !''

Maktabe Ashraf

તેઓનો આ બકબકાટ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મજલિસમાંથી ઊભા થઇ ગયા. આપની સાથે જ અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ પણ લાગલો જ ઊભો થઇ ગયો. આ ગૃહસ્થ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબની બેટી આતિકહનો બેટો હતો. એટલે આપના બાપાની બહેનનો બેટો હોવાથી આપનો ફોઇભાઇ થતો હતો.

અબ્દુલ્લાહ બિન અબૂ ઉમૈયહની ગુસ્તાખી————આપનો ફોઈભાઈ અબ્દુલ્લાહ આવેશથી બોલ્યો, "હે મુહંમદ ! તમારી કૌમે આટલી-આટલી માગણીઓ તમારી સામે રજુ કરી, એમાંની એક પણ માગણી તમે પૂરી નહિ કરી. પ્રથમ તેઓએ તમારી કૌમના લાભની કેટલીક માગણીઓ પેશ કરી જેને તમે કબૂલ કરી લેત તો અમને તમારી સચ્ચાઇની ખાતરી થઇ જાત અને અમે તમારી પયગમ્બરી પર ઇમાન લઇ આવત ! પરંતુ તમે લેશ પણ મચક આપી નહિ.

એ પછી તમારી કૌમે તમારા પોતાના લાભની કેટલીક માગણીઓ રજૂ કરી જેને તમે કબૂલ કરી લેત તો અમને ખાતરી થઇ જાત કે તમે ખરેખર સાચા પયગમ્બર છો અને અમારા કરતાં ચઢિયાતા છો અને અલ્લાહની નજરમાં માનપાનનું ઊંચુ સ્થાન ધરાવનારા છો. પરંતુ અફસોસ કે તમે પોતાના લાભની માંગણીઓનો પણ સ્વીકાર નહિ કર્યો.

એ પછી તમારી કૌમે પડકાર ફેંક્યો કે જે અઝાબથી તમે તેઓને ડરાવતા-ધમકાવતા રહો છો તેના અમુક ભાગ તરીકે આસમાનનો ટુકડો તોડીને દેખાડી દો એ પણ તમારાથી નહિ બન્યું.

માટે સોગંદ છે અલ્લાહના હે મુહંમદ ! હું હરગિઝ તમારી ઉપર ઇમાન નહિ લાવું જ્યાં સુધી કે તમે એક નિસરણી લાવીને આસમાન પર નહિ ચઢી જાવ !

અને જ્યાં સુધી તમારા આસમાન પર ચઢવાને હું મારી પોતાની આંખે નહિ જોઇ લેઉં !

અને જ્યાં સુધી તમે આસમાન પર જઇને એક લખેલી તૈયાર કિતાબ પોતાની સાથે નહિ લઇ આવો!

અને જ્યાં સુધી ચાર ફરિશ્તા આસમાન પરથી તમારી સાથે નહિ આવે જેઓ એવી ગવાહી આપે કે, "હે લોકો ! આ રહ્યા મુહંમદ ! એ અલ્લાહના સાચા પયગમ્બર છે. એ જે કંઇ કહે છે સાચું જ કહે છે. એમની ઉપર જરૂર ઇમાન લઇ આવો !"

અને સાંભળો હે મુહંમદ ! તમે આ બધું કરીને દેખાડી દો તો પણ મારું માનવું છે કે હું તમારી ઉપર ઇમાન નહિ લાવી શકું !"[૧]

અબ્દુલ્લાહની આ ગુસ્તાખી ભરેલી બકવાસ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ભારે દુઃખ થયું. એ પછી મક્કહના મોવડીઓ પોતપોતાના રસ્તે પડયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

૧. આ અબ્દુલ્લાહ બિન અબૂ ઉમૈયહ આપના ફોઈભાઈ પણ હતા. અને સાળા પણ થતા હતા એમના બહેન હઝરત ઉમ્મે સલમહ રદિયલ્લાહુ અન્હા આપના નિકાહમાં હતાં. અબ્દુલ્લાહ મક્કહના મોટા અને પંકાયેલા શાઇર હતા. કાયમ આપની શાનમાં નિંદાકાવ્યો લખીને આપને માનસિક ત્રાસો આપ્યા કરતા. બરાબર ૧૫ વરસ પછી ફત્હે-મક્કહ વેળા માફી માટે આપની તહેનાતમાં હાજર થયા અને રડીરડીને પોતાની બુરી હાલત કરી લીધી છેવટે હઝરત અલી અને બીબી સલમહની ભલામણથી માફી મળી ગઇ. પછી તો સાચા દિલથી મુસલમાન બનીને ઇસ્લામ પર મક્કમ રહી ગયા. "હ"

બેહદ ગમગીની અને ઉદાસીની હાલતમાં પોતાના ઘર તરફ રવાના થયા. કેમકે તેઓના ઈસ્લામ સ્વીકારની જે આશા અને ઉમંગ લઈને આપ પધાર્યા હતા તેમાં કામયાબી નહિ મળી. ઉલટાનું આપની કૌમ આપથી ઓરભી દૂર થઈ ગઈ હતી.

અબૂ જહલની સંગદિલી અને શરારત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જવા બાદ અબૂ જહલ બોલ્યો, ''હે કુરૈશી સજ્જનો ! જોયું તમે, મુહંમદે કોઈ વાત તમારી માની નહિ. તેણે તો તમારા ધર્મને વગોવવા, તમારા બાપદાદાને ગાળો આપવા, તમારા અકલમંદોને મૂરખ કહેવા, તમારા પૂર્વજોને જહન્નમી ઠરાવવા અને તમારા ભગવાનોને ભાંડવા સિવાય તમારી દરેક વાતનો ઈન્કાર કરી દીધો. હવે મારી વાત સાંભળો. હું અલ્લાહના સોગંદ ખાયને તમારી સામે પ્રતિજ્ઞા લઉં છું કે, આવતી કાલે વહેલી સવારે, મારાથી ઉપાડી શકાય એટલો મોટો પથરો ઉપાડીને, કઅબહના એક ખૂણામાં લપાઈ જઈશ અને જયારે તે નમાઝ શરૂ કરીને સિજદહમાં માથું નાખશે કે તરત આ પથરાથી તેનું માથું કચડી નાખીશ. પછી તમે મારો બચાવ કરો કે ન કરો મને તેની પરવા નથી, અને અબ્દે મનાફવાળા પણ ભલેને મને કતલ કરી નાખે, મને તેની પરવા નથી.''[1]

મોવડીઓ બોલી ઊઠયા, ''અરે અબુલ-હકમ ! એમ તે કંઈ બને ? વલ્લાહ, અમે ગમે તે ભોગે અને ગમે તે કિંમતે તમારો બચાવ કરી લઈશું. બસ તમે તમારૂં કામ પાર પાડો.''

બીજા દિવસે વહેલી સવારે અબૂ જહલે તેવો જ મોટો પથ્થર ગોતી લીધો જેવો તેણે કહ્યો હતો. આ પથ્થર ઉપાડીને તે કઅબહના એક ખૂણામાં લપાઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઘાતમાં બેસી ગયો. આપનો રોજનો નિયમ હતો કે પરોઢે સૌથી પહેલાં કઅબહમાં પધારતા અને બૈતુલ-મુકદ્દસની દિશાએ મુખ કરીને નમાઝ પઢતા. આપ મક્કહમાં રહ્યા ત્યાં સુધી બૈતુલ-મુકદ્દસ આપની નમાઝનો કિબ્લો હતો. કઅબહમાં પધારીને રૂકને-યમાની તથા હજરે-અસ્વદની વચ્ચે આપ નમાઝ માટે ઊભા થઈ જતા. આજે પણ રોજિંદા નિયમ મુજબ આપ પરોઢે કઅબહમાં પધારીને રૂકને-યમાની તથા હજરે-અસ્વદની વચ્ચે નમાઝ માટે ઊભા થઈ ગયા. કુરૈશના લોકો પણ પરોઢના અંધારે આ તમાશો જોવા પોતાની મજલિસોમાં અગાઉથી ગોઠવાઈ ગયા હતા. અને અબૂ જહલ શું કરે છે તે જોવા આતુર હતા.

અબૂ જહલની કમબખ્તી——————રૂકૂઅથી ઊભા થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જેવું જ પોતાનું મુબારક સર સિજદહમાં મૂકયું કે અબૂ જહલ, તેના બંને હાથે ઉપાડેલા પથ્થર સાથે મંદ પગલે આપની તરફ લપકયો અને જેવો જ આપની સમીપ પહોંચ્યો કે ઓચિંતો જીવ લઈને પાછલા પગે એવો નાઠો કે, પથ્થર તેના હાથમાંથી સરકીને નીચે પડી ગયો. દશા એવી હતી કે તેના હોશકોશ ઊડી ગયા હતા. હાથપગ લૂંઝા હતા. ગાત્રો ઢીલાં હતાં. ચેહરાનો રંગ કાળો હતો. બદ-હવાસ, ભયભિત, ભાન-સૂની દશામાં ગબડી મારતો કુરૈશની મજલિસ તરફ દોડી ગયો. કુરૈશના લોકો પણ હયરત પામી ગયા કે આ શું મામલો છે ? બધા હડબડાટ કરતા ઊભા થઈ ગયા. પૂછયું, ''અબુલ-હકમ ! તમને શું થયું? તમારી આ શી દશા છે?''

---

૧. અબ્દે મનાફવાળા એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખાનદાનવાળા. બદલામાં તેઓ મને મારી નાખે તો પણ જે બીડું મેં ઝડપ્યું છે તેને પાર પાડીને જંપીશ. ''હ''

Maktabe Ashraf

તે બોલ્યો, ''જેવો જ હું પથ્થર લઇને તેની તરફ લપકયો કે જેથી હું મારો કાલનો બોલ ખરો કરી દેખાડું. પણ પાસે પહોંચતાં જ એક ઊંટ મારી અને તેની વચ્ચે આવીને ઊભું થઇ ગયું. અલ્લાહના સોગંદ! એના જેવું વિકરાળ, એના જેવું બિહામણું, એના જેવા ડીલડોલનું, એના જેવી ગરદનવાળું, એના જેવા દાંતોવાળું કોઇ ઊંટ મેં આજ સુધી જોયું નથી. તે પોતાનું વિકરાળ ડાચું પહોળું કરીને મને ભરખી જવા માગતું હતું કે એજ વેળા હું જીવ લઇને પાછલા પગે નાઠો. જીવ બચાવવાનો એ સિવાય બીજો રસ્તો જ ન હતો.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી આધારભૂત રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, '' એ અલ્લાહના ફરિશ્તા જિબ્રીલ હતા. અબૂ જહલ ડગલું આગળ વધતે-તો માર્યો જતે !''

Maktabe Ashraf

પ્રકરણ ૪૮

અસહાબે-કહફ, ઝુલ-કરનૈન અને રૂહ

કુરૈશનો મોટો શયતાન ● નઝ્ર બિન હારિસની અવળ ચંડાઈઓ ● યહૂદી પાદરીઓએ ભણાવેલા ત્રણ સવાલો ● પહેલો સવાલ : અસહાબે કહફ કોણ હતા ? ● ઝુલ-કરનૈન કોણ છે ? ● ત્રીજો સવાલ : રૂહની શું હકીકત છે? ● રસૂલુલ્લાહ (સલ.)ને કુરૈશના સવાલો ● હઝરત જિબ્રીલની પધરામણી ● સૂરએ-કહફનો નુઝૂલ ● અસહાબે-કહફનો કિસ્સો ● સૂરએ-કહફ અને અસહાબે- કહફ ● ગુફાનું રોમાંચકારી દ્રશ્ય ● અસહાબે-કહફની સંખ્યા ● વહીમાં વિલંબ થવાનું કારણ ● કુરૈશના બીજા સવાલનો જવાબ ● કુરૈશના ત્રીજા સવાલનો જવાબ ● યહૂદી પાદરીઓની ટીકા. ● યહૂદીઓની ટીકાનો જવાબ.

Maktabe Ashraf

કુરૈશનો મોટો શયતાન————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબૂ જહલે કુરૈશની મજલિસમાં ગૈબી ઊંટની આ અજીબો-ગરીબ ઘટનાનો ચિતાર દર્શાવ્યો તો નઝ્ર બિન હારિસ બિન કલદહ બિન અલકમહ બિન અબ્દે મનાફ નામનો ગૃહસ્થ ઊભો થઈ ગયો. તેણે જુસ્સાભરેલી વાણીમાં મજલિસના લોકોને સંબોધીને કહ્યું,

"હે કુરૈશી સમૂહ ! વલ્લાહ, તમારી સામે એક અટપટી સમસ્યા ઊભી થઈ છે જેના ઉકેલની કોઈ તદબીર તમારી પાસે નથી. મુહંમદ જ્યારે તમારી આંખ સામે ઊગતી વયનો એક યુવક હતો ત્યારે તમારામાં તે સૌથી વધુ માનીતો, વાતચીતની દ્રષ્ટિએ તમારામાં સૌથી વધુ સાચો અને વ્યવહારે તમારામાં સૌથી વધુ પ્રામાણિક હતો. પછી જ્યારે તે ઠરેલ વયે પહોંચ્યો અને તેના ઝુલફાંમાં પાકટ બુધ્ધિના ચિન્હો પ્રગટ થયાં અને એક વસ્તુ તે તમારી પાસે લઈને આવ્યો, જેને તે આકાશી વહી કે પયગમ્બરી કહે છે તો તમે ઝટ કહી દીધું કે તે તો જાદૂગર છે !

"સાંભળો હે કુરૈશ ! વલ્લાહ, તે જાદૂગર નથી. જાદૂગરોના જંતરમંતરના અમે ઘણા તમાશા જોયા છે. તેઓની જાદૂઈ વિદ્યાના છૂમંતરો કે તંત્ર-કળાની ગાંઠો અને મંત્રવિદ્યાની મૂઠોના અમે મોટા અભ્યાસી છીએ. પછી તમે કહી દીધું કે મુહંમદ તો કાહિન છે ! ના, અલ્લાહના સોગંદ, તે કાહિન પણ નથી. જોગી જોગટાઓ અને સાધુબાવાઓની જોગવિદ્યાના અમારાથી વધુ અભ્યાસી બીજા કોણ હોય શકે ? તેઓની તુક્કાબાજીઓ અને રંગારંગોના અમે પૂરા માહિતગાર છીએ.

એ પછી તમે કહી દીધું કે મુહંમદ તો મોટો શાઈર છે ! ના વલ્લાહ, તે શાઈર પણ નથી. શાઈરીના તમામ અંગઉપાંગો અને કાવ્યકળાના તમામ અલંકારોના અમે મોટા જ્ઞાની છીએ. કવિતાની "હજઝ" અને "રજઝ"ની કોઈ કળા અમારી જાણ બહાર નથી. એ પછી તમે કહી દીધું કે મુહંમદ તો પાગલ છે ! ના

વલ્લાહ, તે પાગલ પણ નથી. પાગલપણાની તમામ ચેષ્ટાઓ અને ચિત્તભ્રમની તમામ નિશાનીઓના અમે પૂરી રીતે જાણકાર છીએ. તેની વાણીમાં ન ઝનૂનનો ઉશ્કેરાટ છે ન તેની વાતોમાં ધડપાયા વગરનો ઉન્માદ છે.

હે કુરૈશી અગ્રેસરો ! તમે પોતાની વર્તમાન પરિસ્થિતિનું પૃથક્કરણ કરો અને વિચાર કરો કે તમારી આ કેવી કફોડી દશા થઇ પડી છે ! ખરેખર તમારે માથે મોટું ધર્મસંકટ તૂટી પડયું છે અને એક સળગતો સવાલ તમારી સામે ડાચું ખોલીને ઊભેલો છે. ''

નદ્ર બિન હારિસ઼ની અવળચંડાઇઓ————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ નદ્ર બિન હારિસ઼ નામનો શખ્સ કુરૈશના શયતાનોમાંથી એક મોટો શયતાન હતો અને એવા લોકોમાંથી હતો જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પજવણીમાં પાછું ફરીને જોતા ન હતા. એ આપની દુશ્મનીમાં અડગ અને મક્કમ હતો. દેશ-પરદેશની રખડપટ્ટીનો ભારે શોખીન અને ભમતા પંખી જેવો રંગરસિયો સહેલાણી હતો. ઇરાનના હીરહ શહેરના વારંવાર આંટાફેરા કરતો હોવાથી ઇરાની બાદશાહોના ઐતિહાસિક બનાવોનો અઠંગ અભ્યાસી હતો. ત્યાંથી રૂસ્તમ અને ઇસ્ફંદયાર જેવા નામચીન પહેલવાનો તથા ઇરાની શહેનશાહોની રોમાંચક અને રસભરી દાસ્તાનો પણ શીખી લાવ્યો હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે કુરૈશની કોઇ મજલિસમાં પધારીને ઇસ્લામની તબલીગ કરતા અને લોકોને અલ્લાહના અઝાબથી ડરાવીને આગલી ઉમ્મતો પર ઊતરેલા અલ્લાહના અઝાબોનું વર્ણન કરતા તો ત્યાંથી આપના જવા બાદ, નદ્ર બિન હારિસ઼ આપની જગાએ ગોઠવાઇ જતો અને મજલિસના લોકોને સંબોધીને કહેતો, ''હે લોકો ! તમે મુહંમદની રસભરી કહાણીઓ સાંભળી લીધી ? હવે હું તમને તેથીયે વધુ ચટાકેદાર અને અજીબો-ગરીબ કહાણીઓ સંભળાવું છું !''

એ પછી તે ઇરાની બાદશાહોની રસભરપૂર કહાણીઓ માંડતો અને રૂસ્તમ તથા ઇસ્ફંદયારની રોમાંચક દાસ્તાનો લલકારતો અને પછી હાજરજનોને પૂછતો, ''સાચું કહેજો હે લોકો ! મુહંમદની કહાણી મઝેદાર છે કે મારી કહાણી ? અરે કહો તો ખરા, કોની કહાણી વધુ ચઢિયાતી છે મુહંમદની કે મારી ?''

ઇબ્ને હિશામ કહે છે : એજ નદ્ર બિન હારિસ઼ તે શખ્સ છે જેણે પોતાની જીભથી આ શબ્દો ઉચ્ચાર્યા હતા: ''સ-ઉનઝિલુ મિસ્લ઼ મા અન-ઝલલ્લાહુ.'' એટલે હું પણ બહુ જલદી તેવું જ કલામ ઉતારીશ જેવું મુહંમદ પર તેના અલ્લાહ તરફથી ઊતરે છે.

કુર્આનમાં અલ્લાહ તઆલાએ તેના આ શબ્દોની નોંધ લીધી છે : ''સ-ઉનઝિલુ મિસ્લ઼ મા અનઝલલ્લાહ'' હું પણ બહુ જલદી એવું જ કુર્આન ઉતારીશ જેવું અલ્લાહએ ઉતાર્યું છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે નદ્ર બિન હારિસ઼ વિષે કુર્આને મજીદમાં આઠ આયતો નાઝિલ થઇ છે. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે :

ઇઝા તુત્લા અલૈહિ	જયારે પઢવામાં આવે છે તેની સામે
આયાતુના	અમારા કુર્આનની આયતો
કાલ:	ત્યારે તે કહી દે છે :
અસાતીરુલ-અવ્વલીન.	આ તો જૂના જમાનાની કહાણીઓ છે

ઇબ્ને હિશામ કહે છે : કુર્આનમાં જ્યાં-જ્યાં "અસાતીર"શબ્દ આવેલો છે તે નઝ્ર બિન હારિસને લગતો છે.[૧]

યહૂદી પાદરીઓએ ભણાવેલા ત્રણ સવાલો————ઇબ્ને ઇસ્હાક કહે છે : નઝ્ર બિન હારિસ ખરેખર કુરૈશની કૌમમાંથી એક મોટો શયતાન અને ફિતૂરી ગૃહસ્થ હતો. તેની આ રોમાંચક કહાણીઓ અને રસભરપૂર દાસ્તાનોથી પ્રભાવિત થઇને કુરૈશના અગ્રેસરોએ, એને અને એના જ જેવા ઉકબા બિન અબી મુઐત નામે ફિતૂરી શખ્સને કુરૈશના એલચી તરીકે મદીનહના યહૂદી ધર્મગુરૂઓ પાસે જવાનો હુકમ કર્યો અને સૂચના આપતાં કહ્યું,

"તમે બંને મદીનહ જઇને યહૂદીઓના પાદરીઓને મળો. તેઓની આગળ મુહંમદની વાતો અને મુહંમદના દાવાની વિગત બયાન કરો અને તેઓને પૂછો કે, અમારો આ માણસ પોતાના દાવામાં સાચો છે કે જૂઠો ? કેમકે યહૂદીઓ આકાશી કિતાબવાળા છે. તેઓની પાસે તેઓના પયગમ્બરોને મળેલી આકાશી કિતાબનો જે ઇલ્મ છે તે આપણી પાસે નથી અને તેઓ આકાશી કિતાબનું જે જ્ઞાન ધરાવે છે તે આપણે ધરાવતા નથી. જોઇએ તો ખરા, તેઓ શું કહે છે અને શું સલાહ આપે છે ?"

કુરૈશના એલચી તરીકે બંને ગૃહસ્થો તૈયાર થઇને મદીનહ પહોંચ્યા અને ત્યાંના યહૂદી ધર્મગુરૂઓને મળીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો તથા આપના પયગમ્બરીના દાવાની વિગતો રજૂ કરીને બોલ્યા, "હે માનવંતા ધર્મજ્ઞાનીઓ, ! તમે અહલે-કિતાબ છો. આકાશી કિતાબનો જે જ્ઞાનભંડોળ તમે ધરાવો છો તે અમારી પાસે નથી. અમને તમારી સલાહની જરૂર છે. બતાવો તો ખરા, અમારો એ માણસ પોતાના દાવામાં સાચો છે કે નહિ ?"

યહૂદી પાદરીઓ બોલ્યા, "હે કુરૈશી સફીરો ! તમારી વાતોથી જ તમારા આગમનનો હેતુ અમે સમજી ગયા. સાંભળો, ત્રણ સવાલો અમે અમારી આકાશી કિતાબમાંથી તમને બતાવીએ છીએ. તમે મક્કહ જઇને આ ત્રણ સવાલો તમારા માણસને પૂછો. અગર તે આ સવાલોના તેવા જ જવાબો આપી દે જેનું બયાન અમારી કિતાબમાં થયેલું છે તો, નક્કી માની લેવું કે તમારો માણસ પોતાના દાવામાં સાચો છે. અને જો તે આ ત્રણ સવાલોના જવાબો નહિ આપી શકે તો ખાતરીથી માની લેવું કે તે ઊઠાં ભણાવનાર ફરેબી શખસ છે. તેના જૂઠા હોવામાં કોઇ શંકા નથી. હવે સાંભળો એ ત્રણ સવાલો :

પહેલો સવાલ : અસહાબે-કહ્ફ કોણ હતા ?————તમારા માણસને પૂછો કે, તે નવજવાનો કોણ હતા જેઓ આગલા જમાનામાં પોતાના ઘરબાર અને કુટુંબ કબીલાને છોડીને પોતાની વસતિમાંથી ચૂપચાપ નીકળી ગયા હતા અને જંગલમાં જઇને પહાડની ગુફામાં ભરાઇ ગયા હતા અને લોકોની નજરોથી ગાયબ થઇ ગયા હતા. આ નવજવાનોનો કિસ્સો બેહદ અજીબો-ગરીબ છે. તમારા માણસને એની હકીકત પૂછો.

બીજો સવાલ : ઝુલ-કરનૈન કોણ છે ?————તમારા માણસને પૂછો કે તે કોણ સાહસખેડુ સહેલાણી

૧. અસાતીર : બહુવચન શબ્દ છે એનું એકવચન ઉસ્તૂરહ. અરબીમાં એવી વાર્તાઓ, કિસ્સા-કહાણીઓ કે દાસ્તાનોને અસાતીર કહે છે જે દંતકથા રૂપે પરંપરાથી ઊતરી આવતી હોય અથવા કિસ્સા-કહાણીઓની કિતાબોમાં લખેલી હોય. મક્કહના મૂર્તિપૂજકો અલ્લાહની કિતાબ કુર્આને-પાકની ઠેકડી ઉડાવીને મશ્કરી રૂપે તેને "અસાતીરુલ-અવ્વલીન"કહેતા હતા કે એ તો જૂના જમાનાના લોકો કે પ્રાચીન યુગની પ્રજાઓને લગતી કહાણીઓ જેવું છે. "હ"

હતો જે ધરતીને ધમરોળતો, અને બહાદુરીના પરાક્રમો કરતો, અને વિજયનો વાવટો ફરકાવતો, મશરિકના મુલ્કોમાંથી નીકળીને મગરિબના મુલ્કો સુધી જઇ પહોંચ્યો હતો. તમારા માણસને કહો કે આ સાહસવીરની સાચી હકીકત બયાન કરે.

ત્રીજો સવાલ : રૂહની શું હકીકત છે ?————તમારા એ માણસને રૂહ (એટલે આત્મા) વિષે પૂછો કે એ શી વસ્તુ છે ? અને એની હકીકત શું છે ? અગર તે આ ત્રણ સવાલોના સાચા જવાબો આપી દે તો તમારે તેનું અનુકરણ કરવું જોઇએ. કેમકે બેશક તે સાચા નબી છે. પણ જો તેનાથી જવાબો ન બને તો તે નર્યો લબાડ કે જૂઠો છે. પછી તેની સાથે મરજી મુજબનો વર્તાવ કરવાની તમને છૂટ છે.''

મદીનહના યહૂદી પાદરીઓ પાસેથી આ સવાલો મેળવીને નદ્ર બિન હારિસ અને ઉકબા બિન અબી મુઐત હરખાતા-મલકાતા મક્કહ તરફ ઊપડયા અને કુરૈશના અગ્રેસરોની મજલિસમાં જઇને હરખભેર બોલ્યા, ''હે કુરૈશ ! અમે તમારા અને મુહંમદના મામલા અંગે છેવટના ફેસલાની એક નક્કર વાત લઇને આવ્યા છીએ. યહૂદના પંડિતોએ અમને ત્રણ સવાલો સૂચવ્યા છે. અગર મુહંમદ તરફથી એના સાચા જવાબો મળે તો તે સાચા પયગમ્બર છે. આપણે તેમનું અનુકરણ કરી લેવું જોઇએ. અને જો તેમનાથી જવાબો નહિ બને તો તે નર્યા લબાડ કે વાતોડિયા છે. પછી તેમની સાથે મરજી મુજબનો વર્તાવ કરવાની આપણને છૂટ છે.''

રસૂલુલ્લાહ (સલ.)ને કુરૈશના સવાલો————પછી કુરૈશના બધા લોકો ભેગા મળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, ''હે મુહંમદ ! તમે પોતાના દાવામાં સાચા છો તો અમારા ત્રણ સવાલો છે તેના જવાબો આપો :

• ————અમને તે નવજવાનોની માહિતી આપો જેઓ આગલા જમાનામાં પોતાના ઘરબાર અને કુટુંબ કબીલાને છોડીને ચૂપચાપ જંગલમાં ચાલ્યા ગયા હતા અને પહાડની ગુફામાં ભરાઇને લોકોની નજરોથી ગાયબ થઇ ગયા હતા. તેઓ કેમ ગાયબ થયા અને કયાં છુપાયા તેનો મામલો બેહદ અજીબો-ગરીબ છે. બતાવો એ નવજવાનો કોણ હતા અને તેઓની સાથે શું મામલો બન્યો હતો ?

• ————અમને તે પરાક્રમી માણસના સમાચાર આપો જે મોટો સહેલાણી અને સાહસખેડુ હતો, જે ધરતીને ધમરોળતો અને ફતેહ પર ફતેહ મેળવતો મશરિકના મુલ્કોમાંથી નીકળીને મગરિબના મુલ્કો સુધી જઇ પહોંચ્યો હતો.

• ————અમને રૂહ અંગેની માહિતી આપો કે એ શી વસ્તુ છે અને એની હકીકત શું છે ?

રાવીનું કથન છે કે જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશને ફરમાવ્યું :

ઉખબિરુ કુમ	હું સમાચાર આપીશ તમને
બિમા સઅલ-તુમ અન્હુ	જે કંઇ તમે પૂછયું તેના વિષે
ગદન.	આવતી કાલે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : અહીં કુરૈશને આવતી કાલનો વાયદો આપવામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ''ઇન્શા અલ્લાહ''ના શબ્દો ફરમાવવાનું ચૂકી ગયા. ઇન્શા અલ્લાહના આ અર્થ છે કે, ''અગર અલ્લાહએ ચાહ્યું તો આવતી કાલે હું તમને તેના સમાચાર આપીશ.''

આપનો આવતી કાલના વાયદાનો જવાબ સાંભળીને કુરૈશના લોકો ત્યાંથી ચાલ્યા ગયા. આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, અલ્લાહ તઆલા તરફથી હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામના આગમનની રાહ જોવા લાગ્યા, કે હમણા પધારશે અને થોડી વારે પધારશે. અહીં સુધી કે આજકાલ કરતાં પૂરા પંદર દિવસો પસાર થઇ ગયા; તે એવી હાલતમાં કે ન અલ્લાહ તઆલા તરફથી આકાશી વહી ઊતરતી હતી ન હઝરત જિબ્રીલ પધારતા હતા.

બીજી તરફ મક્કહના કુરૈશની ધીરજ ખૂટી ગઇ.તેઓએ હોબાળો મચાવીને મક્કહમાં ફિત્નો ફેલાવી દીધો. આખા શહેરમાં એવી ચકચાર જગાડી દીધી કે, આવતી કાલનો વાયદો કર્યો હતો પણ કાલને બદલે પંદર દિવસો નીકળી ગયા છતાં મુહંમદ તરફથી જવાબ મળતો નથી. મનમાં મલકાતા પણ હતા કે અમારા સવાલો જ એવા અજબ અને ગજબ છે કે મુહંમદ પાસે તેનો જવાબ નથી.

વહીનું આગમન મવકૂફ હતું. સાથે હઝરત જિબ્રીલનું આગમન પણ અટકેલું હતું. આ અણધારેલી પરિસ્થિતિથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પારાવાર મૂંઝવણમાં મૂકાઇ ગયા હતા. બેહદ ગમગીન, ઉદાસ અને નાશાદ હતા. મન પર અચાનક મોટો બોજ આવી પડવાથી આપ વહીને લગતી કોઇ વાતચીત પણ મક્કહવાસીઓ સાથે ફરમાવતા ન હતા.

હઝરત જિબ્રીલની પધરામણી————છેવટે પહાડ જેવા પંદર દિવસો વીતી જવા પછી હઝરત જિબ્રીલ, અલ્લાહ તઆલા તરફથી સૂરએ-કહફ લઇને આપની તહેનાતમાં પ્રગટ થયા. સૂરએ-કહફમાં આપની ગમગીની, ઉદાસી અને ચિન્તા બદલ ચેતવણી પણ હતી અને કુરૈશે પૂછેલા ત્રણે સવાલોના જવાબો પણ હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે જિબ્રીલ આપની તહેનાતમાં હાજર થયા તો આપે તેમને ફરમાવ્યું, ''હે જિબ્રીલ ! આટલા દિવસો સુધી આવવામાં તમે વિલંબ કર્યો તે બદલ મને બદગુમાની થવા લાગી હતી. કારણ શું હતું. ?''

હઝરત જિબ્રીલે સૂરએ-મરયમની આયતથી જવાબ આપ્યો :

વમા નતનઝ -ઝલુ	અમારૂં આગમન નથી થતું,
ઇલ્લા બિ-અમ્રિ રબ-બિક.	પણ આપના પાલનહારના હુકમથી.
લહૂ મા બૈન અયદીના	તેના જ માટે છે જે કંઇ આપણી આગળ છે.
વમા ખલ્ફના	અને જે કંઇ આપણી પાછળ છે.
વમા બૈન ઝાલિક.	અને જે કંઇ એ બંનેની વચ્ચે છે
વમા કાન્ રબ્બુક નસીય્યા.	અને તમારો પાલનહાર ભૂલી જનારો નથી. [૧]

અર્થાત : ધરતી, આકાશ અને અવકાશમાં જે કંઇ છે એ બધું જ આપણા પાલનહારના અધિકારમાં છે. આખા જગત અને તેની દરેક વસ્તુનો તેજ માલિક છે. તેનો હુકમ નહિ મળે ત્યાં સુધી આપણે કોઇ કામ કરી શકતા નથી. હું પણ તેના હુકમ વગર આપની તહેનાતમાં હાજર થઇ શકતો નથી અને દૂષણ, ખામી કે ભૂલચૂક જેવી કોઇ વસ્તુ આપણા પાલનહારને સ્પર્શી શકતી નથી.

૧. સૂરએ-મરયમ પારહ ૧૬ આયત ૬૪

Maktabe Ashraf

સૂરએ-કહફનો નુઝૂલ--------એ પછી હઝરત જિબ્રીલે અલ્લાહ તઆલા તરફથી ઉતારેલી સૂરએ-કહફનું આપને શિક્ષણ આપ્યું. એમાં અલ્લાહ તઆલાએ સૂરએ-કહફના આરંભ પોતાની હમ્દો-સના કે યશોગાનથી કરીને કિતાબના ઉલ્લેખની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો ઉલ્લેખ કર્યો છે. કેમકે મક્કહના કુરૈશે આપની પયગમ્બરીને માનવાનો ઇન્કાર કરી દીધો હતો. અલ્લાહ તઆલા ફરમાવે છે :

અલ-હમ્દુ લિલ્લાહિલ-લઝી	દરેક પ્રકારના વખાણ અલ્લાહને શોભે છે જેણે
અન્ઝલા અલા અબ-દિહિલ-કિતાબ.	ઉતારી પોતાના બંદા પર કિતાબ.

અહીં "અબ્દ" શબ્દથી અલ્લાહનો ઇશારો પોતાના બંદા અને રસૂલ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ છે. એટલે હે મારા બંદા મુહંમદ ! બેશક મેં જ તમને મારા પયગમ્બર બનાવીને મોકલ્યા છે અને તમારી ઉપર આ કિતાબ ઉતારી છે. તેઓના સવાલોનો હેતુ તમારી પયગમ્બરીની તહકીક છે કે તમે સાચા પયગમ્બર છો કે નહિ ? તો તમારી પયગમ્બરીમાં શંકાને લેશ પણ સ્થાન નથી. સાબેતીમાં તેઓના સવાલોનો જવાબ રજૂ કરવામાં આવે છે. એ પછી ફરમાવ્યું:

વલમ યજઅલ લહૂ ઇ-વ-જા.	અને આ કિતાબમાં તેણે જરા પણ રાખ્યું નથી વાંકાપણું.
કેયિમલ	તદ્દન સીધી, સમતુલાભરી, મતભેદ વગરની કિતાબ છે,
લિયુન-ઝિર	કે જેથી એ ડરાવે,
બઅસન શદીદમ	તે આકરા અઝાબથી
મિલ-લદુન્હુ.	જે તેની તરફથી આવનારો છે.
વ યુબશ-શિરલ મુઅનિનીન	અને ખુશખબરી સંભળાવે ઇમાન લાવનારાઓને;
અલ્લઝીન યઅમલૂ-નસ-સાલિહાત	જેઓ નેકીના કામો કરનારા છે.
અન્ન લહુમ અજરન હસના.	બેશક તેઓ માટે ઉત્તમ બદલો છે. (જન્નતમાં)
માકિસીન ફીહા અબદા.	એમાં જ તેઓ રહેવાના છે કાયમ માટે.

અર્થાત :કિતાબ એકદમ સીધી, સરલ, મતભેદ વગરની છે. વાંકાપણું જેવું એમાં કશુ જ નથી. જન્નતના કાયમી-દાયમી વસવાટની એવા લોકોને વધામણી આપે છે જેઓએ આપની પયગમ્બરીનો સ્વીકાર કર્યો, જેઓએ આપના હુકમોનો સ્વીકાર કર્યો, જેઓએ આપની વાતોનો અમલ કર્યો.

વ યુન - ઝિરલ-લઝીન	અને ડરાવે (આ કિતાબ) એવા લોકોને જેઓ
કાલુત-તખઝલ્લાહુ વલદા.	કહે છે કે બનાવી લીધી અલ્લાહએ અવલાદ.

અર્થાત : આ કિતાબ કુરૈશના એવા મુશરિકોને ડરાવે છે જેઓ અલ્લાહની અવલાદ કે અલ્લાહના બાલ-બચ્ચાં હોવાની માન્યતા ધરાવે છે અને કહે છે કે અમે તો ફરિશ્તાઓની પૂજા કરીએ છીએ કેમકે ફરિશ્તા અલ્લાહની લાડકી પુત્રીઓ છે. ખ્રિસ્તીઓ હઝરત ઇસા અલૈહિસ-સલામને અલ્લાહનો બેટો માનતા હતા. યહૂદીઓ હઝરત ઉઝૈર અલૈહિસ સલામને અલ્લાહનો બેટો માનતા હતા. અરબના મૂર્તિપૂજકો ફરિશ્તાઓને અલ્લાહની બેટીઓ માનતા હતા. એની કોઇ દલીલ કે કોઇ જ્ઞાન તેઓની પાસે હતું નહિ જેમકે ફરમાવ્યું :

મા લહુમ બિહી મિન ઇલ્મ.	તેઓની પાસે એને લગતું કોઈ જ્ઞાન નથી.
વલા લિ-આબા - ઇહિમ.	અને ન તેઓના બાપદાદા પાસે એનું જ્ઞાન હતું.
કબુરત કલિ-મતન	આ તો બહુ મોટાં (ખતરનાક) બોલો છે,
તખ્રુજુ મિન અફવાહિ-હિમ	જે તેઓના મોઢેથી નીકળી રહ્યા છે.
ઇંય-યકૂલૂન ઇલ્લા કઝિબા.	એ લોકો જે કંઈ બોલે છે તે જૂઠાણા સિવાય કશું જ નથી.

એટલે ફરિશ્તાઓ વિષે અલ્લાહની પુત્રીઓ હોવાની માન્યતા ધરાવવી અને તેવા શબ્દો મોઢેથી ઉચ્ચારવા તે અંજામની દ્રષ્ટિએ બેહદ ખતરનાક હોવા ઉપરાંત નાના મોઢે મોટી વાત કરેલી કહેવાય. આવા જૂઠાણાનો અંજામ જહન્નમ સિવાય શું હોય શકે ? અલ્લાહના બંદાઓ, અલ્લાહના બાલબચ્ચાં હોવાની માન્યતા ધરાવે અને મૂર્તિપૂજાના ધર્મ પર મરણ પામીને કાયમ માટે જહન્નમનું ઇંધણ બની જાય તે વાતનું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બેહદ દુખ થતું હતું. આપ રાતદિન તેઓનો ગમ ખાયને તેઓની જ ચિન્તામાં રહેતા હતા. કેટલીકવાર તો એજ ચિન્તામાં આપની જાનનો ખતરો ઊભો થઇ જતો હતો. જેથી એ પછીની આયતમાં અલ્લાહ તઆલાએ આપને દિલાસો આપતાં ફરમાવ્યું:

ફ-લઅલ-લક્	તો કદાચ હે નબી ! તમે
બાખિઉન નફ્-સક	પોતાના પ્રાણ ગુમાવી નાખનારા છો
અલા આસારિ - હિમ	આ લોકોની પાછળ
ઇલ - લમ યુઅમિનૂ	અગર એ લોકો ઇમાન નહિ લાવે;
બિ-હાઝલ-હદીસ	આ વાતો પર.
અ-સ-ફા.	પસ્તાવા કે હાય અફસોસથી !

અર્થાત : હે મારા પ્યારા હબીબ ! અગર આ લોકો તમારી પયગમ્બરી પર ઇમાન નહિ લાવે, તમારી અને કુર્આનની વાતો નહિ માને, કુફ્રો-શિર્કનો ત્યાગ નહિ કરે, પોતાની ખોટી માન્યતાઓને વળગી રહે અને એમાં જ મરણ પામીને કરણીના ફળ રૂપે બુરા અંજામે પહોંચી જાય તો તેઓનો ગમ ખાય-ખાયને, અને તેઓની ચિન્તામાં ઝૂરી-ઝૂરીને, તમારે પોતાના પ્રાણ ગુમાવી નાખવાની જરૂર નથી. પણ તમે તો હે નબી! તેઓના બુરા અંજામનો એટલો ગમ ખાઓ છો, એટલો પસ્તાવો કરો છો કે તમારા પ્રાણનો ખતરો ઊભો થઇ જાય છે. માટે તમારે આમ કરવાની જરૂર નથી. કેમકે તમે તમારી ફર્ઝ બજાવી દીધી છે. માનવું નહિ માનવું તેઓની મરજીની વાત છે. એ પછીની આયતમાં ફરમાવ્યું :

ઇન્ના જઅલ-ના મા અલલ-અર્દિ	બેશક અમે બનાવી છે જેટલી ચીજો જમીન પર,
ઝીનતલ-લહા	તે બધી શોભા છે જમીન માટે,
લિ-નબ-લુવ-હુમ	કે જેથી અમે કસોટી કરીએ તેઓની કે,
ઐયુ-હુમ અહ-સન અ-મ-લા	કોણ તેઓમાં શ્રેષ્ઠ છે અમલને ધોરણે.

અર્થાત : જમીન પર જેટલી વસ્તુઓ અમે પેદા કરી છે એ બધી જમીન માટે શોભારૂપ છે અને એ બધી વસ્તુઓ અમે દુનિયાના લોકો માટે કસોટી તરીકે બનાવી છે કે જેથી માલૂમ પડે કે કોણ અમારા હુકમોની તાબેદારીમાં બઢીચઢીને નેક કામો કરનારા છે અને કોણ દુનિયાની માયામાં પડીને અમને ભૂલી જનારા છે.

એ પછીની આયતમાં દુનિયાના અંજામનું બયાન છે :

વ ઇન્ના લ-જાઇલૂન	અને બેશક અમે બનાવી દેવાના છીએ
મા અલૈહા	જે કંઇ આ જમીન પર છે તેને
સઇદન જુરુઝા.	ઉજાજડ મેદાન.[૧]

આ આયતમાં ''મા અલૈહા''ના અર્થ જે કંઇ જમીન પર છે એટલે જમીનની દરેક વસ્તુ-અર્થાત : આ જમીન અને તેની દરેક વસ્તુનો અમે નિવાશ બોલાવી દેવાના છીએ અને બધું ખેદાન-મેદાન કરીને તેને નેસ્તો-નાબૂદ કરી દેવાના છીએ. (કિયામતના દિવસે પહેલી વાર સૂર ફૂંકાશે ત્યારે બધું ફના થઇ જશે અને બીજી વારનું સૂર ફૂંકાશે ત્યારે) તમારે અમારા જ દરબારમાં હાજર થવાનું છે. તે વેળા હિસાબ-કિતાબ પછી દરેક ઇન્સાનને અમે તેની કરણીનું ફળ આપીશું. માટે હે નબી ! તમે તેઓની ચિન્તા ના કરો અને તેઓના ગમમાં ઝૂરીઝૂરીને પોતાની જાનને જોખમમાં ના નાખો. તેઓ તરફથી જે કંઇ જોવામાં કે સાંભળવામાં આવે તે તમારા ખેદ કે પસ્તાવાનું કારણ ન બનવા પામે !

અસહાબે-કહફનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : આટલી પ્રસ્તાવના બાદ અલ્લાહ તઆલાએ તે નવજવાનો સાથે બનેલા બનાવનો કિસ્સો બયાન ફરમાવ્યો જેઓને લગતો કુરૈશે સવાલ કર્યો હતો. ફરમાવે છે :

અમ હસિબ્ત,	હે નબી ! શું તમે એમ ધારો છો કે
અન્ન અસહાબલ-કહફે	અસહાબે - કહફ
વર-રકીમ....	અને રકીમ....

કહફ એટલે પહાડની ગુફા અને અસહાબે-કહફ એટલે ગુફાવાળા. રકીમ તે લખાણ કે શિલાલેખ છે જેમાં તેઓના નામો અને બનાવના પ્રસંગો ટાંકવામાં આવ્યા છે.[૨]

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે :

ઇઝ અવલ-ફિત્યતુ	તે સમયને યાદ કરો જ્યારે કેટલાક નવજવાનોએ
ઇલલ કહફિ	આસરો લીધો ગુફામાં
ફ-કાલૂ રબ્બના	ત્યારે તેઓએ યાચના કરી, ''હે અમારા પાલનહાર !
આતિના મિલ-લદુન્ક રહમહ	અમને આપી દે તારા તરફથી રહમત
વ હય-યિઅ લના	અને મોકળો કરી દે અમારા માટે
મિન અમરિના ર-શ-દા.	અમારા મામલામાં સચ્ચાઇનો રાહ.''

૧. સૂરએ-કહફ પારહ ૧૫ આયત ૧ થી ૮ સુધી

૨. રકીમ સબંધે તફસીરકારોમાં મતભેદ પ્રવર્તે છે. કેટલાક અસહાબે-કહફને જ અસહાબે-રકીમ કહે છે કેટલાકના મત મુજબ રકીમ તે ખીણનું નામ છે જેમાં પહાડની ગુફા આવેલી હતી. અમુકના મંતવ્ય મુજબ અસહાબે-રકીમ તે ત્રણ પ્રવાસી હતા જેઓ વરસાદના ઝંઝાવાત કે વાવાઝોડાંથી આસરો મેળવવા પહાડની એક ગુફામાં ભરાયા અને ભરાતાંની સાથે જ ઉપરથી એક ચટાણ ગબડી પડતાં ગુફાનું મુખ બંધ થઇ ગયું. ત્યારે ત્રણેએ પોતપોતાની ઉત્તમ અને નિઃસ્વાર્થ નેકીનો ઉલ્લેખ કરીને તેના વસીલાથી બારગાહે ઇલાહીમાં ચટાણના હટી જવાની દુઆ માગી. તેઓની દુઆ બારગાહે-ઇલાહીમાં કબૂલ થઇ અને ચટાણ ધીરે ધીરે સરકતી ગઇ. છેવટે ગુફાનું મુખ ખુલ્લું થઇ ગયું અને તેઓ અલ્લાહનો આભાર માનતા પોતાને રસ્તે પડયા. (કામૂસુલ-કુર્આન. પેજ ૨૩૫.) ''હ''

Maktabe Ashraf

આ નવયુવકોના યુગમાં એમના દેશનો બાદશાહ બેહદ ઝાલિમ અને કટ્ટર કાફિર હતો. મૂર્તિપૂજાનો ઇન્કાર કરનારાઓને બેધડક કતલ કરાવી નાખતો હતો. નવયુવકો પાકા તવહીદ-પરસ્ત એટલે એક અલ્લાહના પૂજારી હતા. બાદશાહના ડરથી રાતોરાત ઘરબાર છોડીને જંગલના એક પહાડની ગુફામાં ભરાય ગયા. એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે :

ફ-દરબ્ના અલા આઝાનિ-હિમ	ત્યારે અમે થપકીઓ મારી તેઓના કાનો પર
ફીલ-કહફિ સિનીન અ-દ-દા.	આ ગુફામાં થોડાક વરસો સુધી.
સુમ્મ બઅસ્-ના હુમ	પછી અમે પાછા જીવતા કરી દીધા તેઓને
લિ-નઅલમ અૈયુલ-હિઝબૈન	કે જેથી અમે જાણીએ કે બંને પક્ષોમાંથી કોણ
અહસા લિમા લબિસૂ અ-મ-દા.	યાદ રાખે છે તેઓની સૂવાની મુદ્દતને !

ગુફામાં દાખલ થવા પછી અલ્લાહ તઆલાએ તેઓની ઉપર ઊંઘનું એવું દબાણ નાખ્યું કે તેઓ ઘસઘસાટ ઊંઘી ગયા. એ પછી અલ્લાહ તઆલાએ તેઓના કાનો પર થપકીઓ મારી મારીને તેઓને ઊંઘની હાલતમાં જ રાખ્યા ત્યાં સુધી કે પૂરા ત્રણ સો અને નવ વરસનો લાંબો કાળ પસાર થઇ ગયો. જેમકે આયત નંબર ૨૫ માં છે:

વ લબિસૂ ફી કહફિ-હિમ	અને થોભેલા રહ્યા તેઓ પોતાની ગુફામાં
સલાસ મિઅતિન સિનીન	ત્રણ સો વરસ
વઝદાદૂ તિસ્આ.	અને ઉપરથી નવ વરસનો વધારો.

પૂરા ત્રણ સો અને ઉપરથી બીજા નવ વરસોની લાગલગાટ ઊંઘ પછી અલ્લાહ તઆલાએ તેઓને ફરીવાર જીવતા એટલે જાગતા કરી દીધા. જાગવા પછી સૂવાની મુદ્દત વિષે તેઓમાં મતભેદ પડ્યો અને આપસમાં તેઓ એની ચર્ચા કરવા લાગ્યા. આયત નંબર ૧૯ માં છે :

કાલા કાઇલુમ મિન્હુમ	કહ્યું એક કહેનારે તેઓમાંથી,
કમ લબિસ્-તુમ	"કેટલી મુદ્દત તમે થોભ્યા હશો ?"
કાલૂ લબિસ્-ના	કેટલાક બોલ્યા, "થોભ્યા હોઇશું આપણે
યવમન અવ બઅદ યવમ.	એક દિવસ અથવા એક દિવસથી પણ ઓછું."

આ સાંભળીને સાચા પક્ષના નવયુવકો બોલ્યા :

રબ્બુ-કુમ અઅલમુ	તમારો પાલનહાર વધારે જાણે છે.
બિમા લબિસ્-તુમ.	તમારા થોભવાની મુદ્દતને.

આ ચર્ચામાં ઊંઘની મુદ્દતનો ફેંસલો નહિ થતાં બધા આ વાત પર સંમત થઇ ગયા કે આપણો પાલનહાર સારી રીતે જાણે છે કે આપણે કેટલો સમય સૂતેલા રહ્યા !

એ પછી તેઓ આપસમાં કહેવા લાગ્યા :

ફબ્અસૂ અ-હ-દ કુમ	હવે મોકલાવો તમે આપણામાંથી કોઇને,
બિ-વરિકિ-કુમ હાઝિહી	આ ચાંદીનો સિક્કો આપીને,

Maktabe Ashraf

ઇલલ-મદીનતિ ફલ-યન્ઝુર	શહેર તરફ, તો તે તપાસ કરે કે
ઐયુહા અઝકા તઆમન.	કયું ખાવાનું તેમાંથી હલાલ છે !
ફલ-યઅતિ-કુમ	તો તે લઈ આવે તમારા માટે
બિ-રિઝકિમ મિન્હુ.	તેનાથી ખાવાનું.
વલ- ય-ત્-લત-તફ	અને તેને જોઈએ કે નરમીનો વર્તાવ કરે
વલા યુશ-ઈરન્ન	અને ખબર નહિ પડવા દે
બિકુમ અ-હ-દા.	તમારા વિશે કોઈને.

માલૂમ પડયું કે આ નવયુવકો, પોતાના ઈમાનને બચાવવા, ઘરબાર છોડીને જંગલમાં જતી વેળા કંઇક ખાવાનું અને ચાંદીના થોડાક ચલણી સિક્કા પણ પોતાની સાથે ગુફામાં લઇ ગયા હતા. ત્રણ સો નવ વરસની ઊંઘમાંથી જાગવા પછી, ભૂખનો એહસાસ થતાં તેઓએ પોતામાંથી એક યુવકને, ત્રણ સો નવ વરસ પહેલાંનો ચાંદીનો સિક્કો આપીને શહેરમાં જવાનું કહ્યું અને સાથે તાકીદ કરી કે બજારમાં તપાસ કરીને ફકત હલાલ ખોરાકની જ ખરીદી કરવી. ખાણીપીણીની કોઇ શંકાશીલ વસ્તુ અથવા મૂર્તિપૂજકોની ઝબહ કરેલી કે મૂર્તિના ચરણોમાં અર્પણ કરાયેલી કોઇ હરામ વસ્તુ ખરીદવી નહિ. ઉપરથી ભારપૂર્વક એવી તાકીદ પણ કરી કે બજારમાં ખરીદીના મામલામાં દુકાનદાર સાથે રકઝક કે જીભાજોડી નહિ કરવી બલકે ખૂબ સાવચેતીથી, નરમાશથી, વિવેકથી વાતચીત કરવી. આ તાકીદનું કારણ એના પછીની આયતમાં આ પ્રમાણે છે :

ઈન્નહુમ ઈંય-યઝહરૂ અલૈકુમ	બેશક તેઓ જો બળ મેળવી લેશે તમારી ઉપર
યરજુમૂ-કુમ.	તો મારી નાખશે તમને પથ્થરોથી.
અવ યુઈદૂ-કુમ ફી મિલ્લતિ-હિમ.	અથવા ફેરવી નાખશે તમને તેઓના ધર્મમાં.
વલન તુફલિહૂ ઇઝન અ-બ-દા.	ત્યારે તો કદી તમે સફળતા મેળવી શકશો નહિ.

એટલે નરમાશને બદલે કરડાકી અથવા મીઠાસને બદલે કડવાશથી કે તુમાખીથી વાત કરશો તો મૂર્તિપૂજકો આગળ આપણો ભેદ ખુલ્લો થઇ જશે. તેઓને આપણો પત્તો મળી ગયો તો બળજબરીથી પકડીને શહેરમાં લઇ જશે. પછી કાં તો પથ્થરમારાથી આપણને મારી નાખશે અથવા બળજબરીથી મૂર્તિપૂજાના ધર્મમાં વટલાવી નાખશે. નતીજા રૂપે આપણે ન દુનિયાના રહીશું ન દીનના.

અસહાબે-કહફના જવાનોને ત્રણ સો નવ વરસની ઊંઘ, વધુથી વધુ એક દિવસ જેટલી લાગવાથી તેઓ એમ જ સમજતા હતા કે હજુ તેઓ પેલા કટ્ટર કાફિર બાદશાહના જ રાજમાં છે. એ કાફિર બાદશાહનું નામ દકયાનૂસ હતું. એના મરણ પછી અનેક બાદશાહો રાજ કરીને ચાલ્યા ગયા હતા. અને હવે જે બાદશાહ દેશ પર રાજ કરતો હતો તેનું નામ તફસીરકારોએ બીદૂસીસ કે બૈદોસીસ હોવાનું દર્શાવ્યું છે. અસહાબે-કહફના જવાનો આ ઇન્કિલાબથી તદ્દન બેખબર હતા.

ચાંદીનો સિક્કો લઇને શહેરમાં જનાર અસહાબે-કહફના જવાનનું નામ તમલીખા હતું. ખાણાની ખરીદી માટે બજારમાં જઇને જયારે તેણે ચાંદીનો સિક્કો દુકાનદારના હાથમાં આપ્યો તો સેંકડો વરસ પહેલાંનો સિક્કો જોઇને તે બેહદ નવાઇ પામી ગયો. દુકાનદારને થયું કે આ જવાનને જરૂર જૂના જમાનાનો ખજાનો હાથ લાગ્યો છે. આજુબાજુના દુકાનદારોને જાણ થતાં તેઓ પણ સિકકો જોવા દોડી આવ્યા. એની ચર્ચા બજારમાં થવા

Maktabe Ashraf

લાગી અને છેવટે એના સમાચાર તે સમયના બાદશાહના કાનો સુધી પહોંચી ગયા. આ બાદશાહનું નામ બીદૂસીસ હતું. એ બહુ નેક અને સદાચારી ગૃહસ્થ હતો. તે સમયની આકાશી કિતાબના શિક્ષણ મુજબ એક અલ્લાહનો પૂજારી હતો. કિયામતના હિસાબ કિતાબનો અને મરવા પછી પાછા જીવતા થવાનો પાકો અકીદો ધરાવતો હતો. શેહરના લોકો અને દેશની પ્રજાનો મોટો ભાગ એના જ ધર્મને અનુસરનારો હતો. આમ છતાં એના દરબારીઓમાં અને શહેરમાં કેટલાક એવા લોકો પણ હતા જેઓ આચાર-વિચારે તદ્દન નાસ્તિક હતા. ન કિયામતના હિસાબ કિતાબમાં માનતા હતા ન મરવા પછી જીવતા થવામાં માનતા હતા. આ વિષય પર બાદશાહ સાથે વારેઘડીએ તેઓની ગરમા-ગરમ ચર્ચા થયા કરતી અને બાદશાહ એજ ચિન્તામાં લમણે હાથ દઈને વિચાર કર્યા કરતો કે એવી કઈ દલીલ રજૂ કરવામાં આવે કે જેનાથી નાસ્તિકોના દાવાની પોકળતા જાહેર થઈ જાય!

એજ તે સમય હતો જયારે શહેરના લોકો અસહાબે-કહફના યુવકને લઈને બાદશાહના દરબારમાં હાજર થયા. બાદશાહની પૂછપરછથી યુવકે, પોતાના સાથીઓ સાથે ગુફામાં ચાલ્યા જવાની કથા વિગતથી કહી સંભળાવી. આ રીતે અલ્લાહ તઆલાએ દુનિયાના લોકો પર અસહાબે-કહફની હકીકત જાહેર કરી દીધી. જેમકે એ પછીની આયતમાં છે :

વ-કઝાલિક અઅ-સરના	અને એવી જ રીતે અમે ખબરદાર કરી દીધા લોકોને
અલૈહિમ લિ-યઅલમૂ અન્ન	તેઓ વિષે, કે જેથી જાણી લે તેઓ કે બેશક
વઅદલ-લાહિ હક-કુન	અલ્લાહનો વાયદો સાચો છે
વ અન-નસ-સાઅત	અને બેશક કિયામતના આવવામાં
લા રૈબ ફીહા.	જરા પણ શંકા નથી.

બાદશાહ અને શહેરના લોકો યુવકની કથા સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને સાથે ખુશ પણ થયા કેમકે તે સમયે આસ્તિકો અને નાસ્તિકો વચ્ચે મરણ પછીના જીવન અને કિયામતના મામલા અંગે ઉગ્ર મતભેદ જાગેલો હતો અને આપસમાં તેઓ લડતા ઝગડતા રહેતા હતા. બાદશાહને તેનો નિવેડો લાવવા માટે નક્કર દલીલની જરૂર હતી અને અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી, મરેલાઓને તેઓના શરીરો સાથે ફરીવાર સજીવન કરી દેવાની દલીલ, તેઓને પ્રત્યક્ષ રીતે દેખાડી દીધી હતી. બાદશાહ પોતે શહેરના લોકોને લઈને આ યુવક સાથે અસહાબે-કહફની ગુફા પાસે ગયો. બધાએ પોતાની આંખે જોઈને ખાતરી કરી લીધી કે યુવકે જે કંઈ કહ્યું છે તે સાચું જ છે. એ પછી અસહાબે-કહફનું શું થયું ? તેઓ જીવતા છે, સૂતેલા છે કે વફાત પામી ગયા ? એ અંગે તફસીરકારોમાં મતભેદ પ્રવર્તે છે.

એ પછી શહેરના લોકોએ અસહાબે-કહફની યાદગાર તરીકે તેઓની ગુફા પાસે કોઈ સ્મારક ઊભું કરવાનું નક્કી કર્યું. પરંતુ સ્મારક કેવું હોવું જોઈએ તે અંગે મતભેદ જાગતાં તેઓમાં બે પક્ષો પડી ગયા. એમાં એક તરફ જનતાનો પક્ષ હતો જે ગુફા પાસે સ્મારક તરીકે કોઈ ઈમારત બનાવવા માગતો હતો. બીજી તરફ સત્તાવાળાઓનો પક્ષ હતો જે ગુફા પાસે મસ્જિદ બનાવવા માગતો હતો. આયત નંબર ૨૧માં છે :

ઈઝ ય-ત-ના ઝઊન બૈનહુમ	જયારે તેઓ ઝગડવા લાગ્યા આપસમાં
અમ્ર-હુમ	તેઓના મામલામાં
ફ-કાલૂબ્નૂ અલૈહિમ બુન્યાના.	તો બોલ્યા, બાંધી દો એમની પાસે એક ઈમારત.

Maktabe Ashraf

રબ્બુહુમ અઅલમુ બિહિમ.	તેઓનો પાલનહાર વધુ જાણે છે તેઓના હાલ.
કાલલ-લઝીન ગ-લ-બૂ	બોલ્યા તે લોકો જેઓએ વર્ચસ મેળવી લીધું
અલા અમ્રિ-હિમ	પોતાના ધારેલા કામ પર;
લનત-તખિ-ઝન્ન	"જરૂર અમે બનાવી લઇશું
અલૈહિમ મસ્જિદા.	એમની પાસે એક મસ્જિદ."

આયતમાં "બુન્યાન" શબ્દ આવેલો છે જેના અર્થ ઇમારત, મકાન, ચાર દીવારી વગેરે થાય છે જેમકે દરગાહો, મકબરાઓ વગેરેમાં હોય છે અને મસ્જિદ એટલે ઇબાદતખાનું કે બંદગીનું સ્થળ. આ વાદવિવાદમાં અંતે સત્તાધારી પક્ષની જીત થઇ અને તેઓએ ગુફા પાસે ઇબાદતખાનું બંધાવવાનું નક્કી કરી લીધું કે જેથી જાહેર થાય કે આ નવજવાનો એક જ અલ્લાહની બંદગી કરનારા અલ્લાહના સાચા વલીઓ હતા અને પાછળથી કોઇ અહીં દરગાહ કે મંદિર બંધાવીને એમના જ ચરણોમાં સિજદા નહિ મારવા લાગી જાય !

નોટ :- ઇબ્ને હિશામમાં સૂરએ-કહફની ઘણી આયતો ટાંકીને અને વચ્ચે કેટલીક આયતો છોડીને વિવેચન કરવામાં આવ્યું છે. અમે આયતોની ક્રમવાર ગોઠવણી કરીને ઉપરનું લખાણ રજૂ કર્યું છે હવે ઇબ્ને હિશામમાં દર્શાવેલી આયતોના ક્રમ મુજબ, આયતોની અરબી ઇબારત છોડીને ફક્ત તરજુમો લખીએ છીએ. (ગુ.સંપાદક)

સૂરએ-કહફ અને અસહાબે-કહફ----------ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહ તઆલા પોતાના નબીને અસહાબે-કહફના બનાવ અંગે ફરમાવે છે : નહનુ નકુસ્સુ અલૈક ન-બ-અ હુમ બિલ-હક્ક.......

• "હે નબી ! અમે તેઓનો બનાવ આપને ખરેખરો સંભળાવીએ છીએ. બેશક તેઓ કેટલાક નવજવાનો હતા જેઓ પોતાના પાલનહાર પર ઇમાન લાવ્યા હતા. અમે તેઓને હિદાયતમાં આગળ વધારી દીધા હતા અને તેઓના દિલોને અમે ખૂબ મજબૂત કરી દીધાં હતાં."

• "જ્યારે તેઓ ઊભા થઇ ગયા તો કહેવા લાગ્યા, અમારો પાલનહાર તેજ છે જે આકાશો અને ધરતીનો માલિક છે. અમે તેને છોડીને કોઇ બીજા ભગવાનને હરગિઝ પોકારવાના નથી. અગર અમે એમ કરીએ તો તે સત્યથી તદ્દન વેગળી વાત છે. "(એટલે નર્યું જૂઠાણું જ છે.) (આયત ૧૩-૧૪)

એટલે આ નવજવાનોએ પોતાની કૌમ પેઠે એક અલ્લાહને છોડીને કોઇ બીજાને પોતાનો ભગવાન નહિ બનાવ્યો. જેમકે કુરૈશની કૌમે એક અલ્લાહને છોડીને બીજા ભગવાનોને તેના ભાગીદાર બનાવી લીધા છે અને આ ભગવાનોને લગતી કોઇ દલીલ તેઓ ધરાવતા નથી. જેમકે એ પછીની આયતમાં ફરમાવ્યું :

• "આ અમારી કૌમે તેને છોડીને બીજાઓને ભગવાન બનાવી લીધા છે. ત્યારે તેઓ એના માટે કોઇ નક્કર દલીલ કેમ નથી લઇ આવતા ? તો તેનાથી વધીને મોટો ઝાલિમ કોણ છે જે અલ્લાહ પર જૂઠું બોલીને આક્ષેપ થોપે ?

• "જ્યારે તમે તેઓને (એટલે મૂર્તિપૂજક કૌમને) તથા તેઓના અલ્લાહ સિવાયના ભગવાનોને તરછોડી કાઢયા છે તો ચાલો, કોઇ ગુફામાં જઇને આસરો લઇ લઇએ. તમારો

Maktabe Ashraf

પાલનહાર પોતાની રહમતનો સાયો તમારી ઉપર ફેલાવી દેશે અને તમારા આ મામલામાં સફળતાના સાધનો જન્માવી દેશે. (આયત ૧૫-૧૬)

અર્થાત : આ સત્યવાદી અને એક અલ્લાહના પૂજારી નવજવાનોએ આપસમાં કહ્યું કે જ્યારે આપણે આપણી મૂર્તિપૂજક કૌમથી વિખૂટા પડી ગયા અને તેના લેભાગુ ભગવાનોને તરછોડી કાઢ્યા તો હવે જાનની સાથે ઈમાનનો પણ ખતરો છે. આપણને જાન એટલી પ્યારી નથી જેટલું ઈમાન પ્યારૂં છે. ઈમાનની સલામતી ખાતર શહેરનો ત્યાગ કરીને જંગલમાં ચાલ્યા જવું બેહતર છે. ત્યાં પહાડની કોઈ ગુફામાં આસરો મળી જશે. શાંતિથી અલ્લાહની બંદગી કરી શકીશું. રોજી-રોટીનો અલ્લાહ માલિક છે. તે પોતાની કૃપાથી જરૂર આપણા માટે કોઈ પ્રબંધ કરી દેશે. ઈમાન સાથે જાન પણ સલામત રહેશે અને ધર્મસંકટથી પણ બચી જઈશું. આમ પોતાના અલ્લાહ પર ભરોસો કરીને આ નવજવાનો રાતોરાત શહેરમાંથી નીકળી નાઠા અને જંગલમાં જઈને પહાડની ગુફામાં ભરાય ગયા. રસ્તામાં એક કૂતરો પણ એમની પાછળ થઈ ગયો. બધાએ તેને હડધૂત કરીને ભગાડી મૂકવાની બહુ કોશિશ કરી પણ કૂતરો માન્યો નહિ. દૂર સુધી પીછો કરીને એમની પાછળ ચાલતો રહ્યો. છેવટે દયા આવતાં કૂતરાને પણ પોતાની સાથે ગુફામાં લઈ ગયા. આગળએ ગુફાનું બયાન આવે છે.

ગુફાનું રોમાંચકારી દ્રશ્ય———— નવજવાનોએ પહાડની ગુફામાં આસરો લીધો હતો તેના બયાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : વ-ત-રશ-શમ્સુ ઈઝા ત-લ-અત......

• "અને જુઓ છો તમે સૂરજને જ્યારે તે ઉદય પામે છે તો ત્રાંસો થઈને જાય છે તેઓની ગુફાની જમણી દિશાએથી અને જ્યારે આથમે છે તો ત્રાંસો થઈને જાય છે તેઓની ડાબી દિશાએથી. અને તેઓ આ ગુફાની એક વિશાળ જગામાં પડેલા છે. એ અલ્લાહની નિશાનીઓમાંથી એક નિશાની છે અલ્લાહ જેને હિદાયત આપે તેજ હિદાયત પામનારો છે અને જેને તે ગુમરાહ કરી દે તો કોઈ તેનાં મદદગાર અને માર્ગદર્શક તમે હરગિઝ જોશો નહિ." (આયત ૧૭)

એટલે ગુફાના જે ભાગમાં જવાનોએ આસરો લીધો હતો તે કોઈ તંગ કે સાંકળી જગા ન હતી બલકે સ્વચ્છ વાતાવરણની અને હવા-ઉજાસવાળી એક વિશાળ અને ખુલ્લી જગા હતી જ્યાં તેઓ આરામથી બેસી શકતા હતા, મઝાથી સૂઈ શકતા હતા, પગ છૂટા કરવા હરીફરી શકતા હતા. તડકો, વરસાદ, બરફનું તોફાન કોઈ વસ્તુ તેઓના આરામમાં ખલલ નાખી શકતું ન હતું અલ્લાહના ઈશ્કમાં તેઓ ઘરબાર અને દુનિયાનો એશઆરામ તજીને અલ્લાહને ભરોસે નીકળી ગયા હતા. જેથી અલ્લાહ તઆલાએ પણ તેઓ પર ઉપકાર કર્યો અને ગુફામાં એવી જગાએ પહોંચાડી દીધા જ્યાં હરેક તરહની રાહત હતી.

એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : વ-તહસબુ-હુમ ઐકાઝંવ વહુમ રુકૂદ......

• "અને તેઓને તમે જુઓ તો એમ જ ધારી લો કે તેઓ જાગી રહ્યા છે જ્યારે કે તેઓ તો ઊંઘી રહ્યા છે અને અમે તેઓનાં પાસાં જમણી તરફ અને ડાબી તરફ ફેરવી રહ્યા છીએ અને તેઓનો કૂતરો પોતાના બંને હાથો ફેલાવીને ગુફાના ઉંબર પર બેઠેલો છે. જો તમે તેઓને ઝાંખીને જોઈ લો તો તેઓથી પૂઠ ફેરવીને ભાગી જાવ અને તમારી ઉપર તેઓની દહેશત છવાઈ જાય." (આયત ૧૮)

Maktabe Ashraf

ગુફામાં આસરો લેવા પછી ઘરેથી જે કંઇ ખાવાનું એ લોકો લઇ આવ્યા હતા તેને ખાતા રહ્યા અને સૂવા-જાગવાની સાથે અલ્લાહની ઇબાદત કરતા રહ્યા. એ પછી અલ્લાહ તઆલાએ તેઓને થપકીઓ આપી-આપીને એવી રીતે સૂવાડી દીધા જેમ મા પોતાના બાળકને થપકીઓ આપીને સૂવાડે છે. ભર ઊંઘમાં હોવા છતાં તેઓની આંખો ખુલ્લી હતી જેમ જાગતા માણસની આંખો ખુલ્લી હોય છે. જોનારા એમ જ સમજે કે આ લોકો સૂતેલા નથી બલકે જાગી રહ્યા છે. વળી જમીન તેઓના શરીરોને ખાયને માટીમાં નહિ મેળવી દે જેથી ઊંઘમાં તેઓ જમણી-ડાબી પડખાં પણ ફેરવ્યા કરતા હતા જેમ સૂતેલો માણસ ઊંઘમાં પડખાં ફેરવતો રહે છે. તેઓનો કૂતરો ગુફાના મુખ પાસે પગો પસારીને એવી રીતે બેઠેલો હતો જાણે પૂરી સાવચેતીથી તેઓની ચોકીદારી કરી રહ્યો છે. હાલાં કે કૂતરો પણ તેઓની પેઠે એજ હાલતમાં સૂતેલો હતો.

વળી ગુફા પાસેનું વાતાવરણ અલ્લાહ તઆલાએ એટલું હયબતનાક, દહેશત ભરેલું અને ડરામણું બનાવી દીધું હતું કે ભૂલેચૂકે ત્યાં આવી ચઢનાર માણસ તેને જોતાં જ દહેશતથી થથરી ઊઠે અને તુરંત માથે પગ મૂકીને ત્યાંથી ભાગી છૂટે. આ બધું તેઓની હિફાઝત માટે હતું કે જેથી દુનિયાના લોકો તેઓને તમાશો ન બનાવી લે. આ રીતે અલ્લાહ તઆલાએ અસહાબે-કહફને પૂરા ત્રણ સો નવ વરસ સુધી લગાતાર સૂતેલા રાખીને પોતાની કુદરતથી ફરીવાર જાગતા કરી દીધા. એમના જાગવા પછીનું વિગતવાર બયાન અમે આયતોની રોશનીમાં આગળ ઉપર ટાંકી આવ્યા છીએ.

અસહાબે-કહફની સંખ્યા————અસહાબે-કહફની ચોક્કસ સંખ્યા કેટલી હતી ? કોઇને ખબર ન હોવાથી લોકો આપસમાં તેને લગતી નકામી પંચાત કર્યા કરતા હતા. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે: સ-યકૂલૂન સલા-સતુન......

• "હે નબી ! અમુક લોકો કહી દેશે કે તેઓ ત્રણ જણ હતા, ચોથો તેઓનો કૂતરો છે. અમુક લોકો એવું પણ કહે છે કે ના, તેઓ પાંચ છે, છઠ્ઠો તેઓનો કૂતરો છે. આ બધી વાતો અંધારામાં તીર ચલાવવા જેવી છે. (એટલે લાગે તો તીર નહિ તો તુક્કો) અને કેટલાક કહી દેશે કે તેઓ સાત જણ છે અને આઠમો તેઓનો કૂતરો છે. હે નબી! કહી દો કે તેઓની ખરી સંખ્યા તો મારો પાલનહાર જ સારી રીતે જાણે છે. કેમકે તેઓની ખરી સંખ્યાની માહિતી બહુ ઓછા લોકોની જાણમાં છે. માટે હે નબી ! તમે આ લોકોની સાથે તેઓને લગતી ઉપલક વાતો સિવાય ઝાઝી ચર્ચા કરશો નહિ અને તેઓને લગતી કોઈ વાત એમને પૂછશો નહિ." (સૂરએ-કહફ આયત ૨૨)

એટલે અસહાબે-કહફની ચોક્કસ સંખ્યાના મતભેદમાં કોઈની સાથે ચર્ચામાં ઊતરવાની જરૂર નથી અને એને લગતી કોઇ વાત પણ તેઓને પૂછવાની જરૂર નથી.

વહીમાં વિલંબ થવાનું કારણ————કુરૈશને આવતી કાલે જવાબ આપવાનાં વાયદો કર્યા પછી પંદર દિવસ સુધી વહીનું આગમન અટકી ગયું હતું તેનું કારણ દર્શાવતાં અલ્લાહ તઆલા ફરમાવે છે : વલા તકૂલન્ન લિ-શૈઈન...........

• "અને હે નબી ! કોઇ પણ કામ અંગે આમ ન કહો કે હું એને આવતી કાલે કરીશ. પરંતુ સાથે "અંય-યશા-અલ્લાહ" કહો (એટલે અલ્લાહ ચાહશે તો કાલ હું આ કામ

કરીશ.) અને જ્યારે તમે ભૂલી જાવ તો (પછીથી) પોતાના પાલનહારને યાદ કરી લો અને તેઓને કહી દો કે મને આશા છે કે મારો પાલનહાર મને તે રસ્તો દેખાડી દેશે જે એના કરતાં ય હિદાયતથી વધારે નિકટ હશે.'' (આયત ૨૩-૨૪)

એટલે હે નબી ! હવેથી લોકો કોઈ વાત આપને પૂછે તો તેવો જવાબ નહિ આપવો જેવો કુરૈશને આપ્યો હતો. બલકે જવાબ આપતી વેળા ''ઈન્શા અલ્લાહ'' પણ કહી દો એટલે મારો અલ્લાહ ચાહશે તો આવતી કાલે હું તમને તમારા સવાલનો જવાબ આપીશ. એવી જ રીતે બીજા કામોમાં પણ ઈન્શા અલ્લાહ કહી દેવું કેમકે તે અંગે અલ્લાહની શું ઈચ્છા છે તે કોઈ જાણતું નથી. અને જો સમયસર ઇન્શાઅલ્લાહ કહેવાનું ચૂકી જાવ તો પોતાના પાલનહારને યાદ કરી લો અને કહી દો, મારો અલ્લાહ ચાહશે તો એથીયે ઉત્તમ રીતે આ કામ વિષે તે મારૂં માર્ગદર્શન કરી દેશે. કેમકે તમે પૂછેલા મામલા અંગે મારા અલ્લાહની શું ઈચ્છા છે તે હું જાણતો નથી.

કુરૈશના બીજા સવાલનો જવાબ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીની પરીક્ષા તરીકે યહૂદી આલિમોએ નદ્ર બિન હારિસ અને ઉકબા બિન અબી મુઐતને ત્રણ સવાલો બતાવ્યા હતા એમાંનો બીજો સવાલ એવા સહેલાણી વિષે હતો જે પોતાના લાવલશ્કર સાથે ધરતીને ધમરોળતો નીકળ્યો અને પૂર્વથી પશ્ચિમ સુધીના મુલ્કો પર ફતેહ પર ફતેહ મેળવતો ચાલ્યો ગયો. યહૂદનો સવાલ ''ઝુલ-કરનૈન'' વિષે હતો જેનું બયાન તવરાતમાં કરવામાં આવ્યું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

વ યસ્અલૂ-નક	અને હે નબી ! આ લોકો પૂછે છે તમને
અન ઝીલ-કરનૈન.	ઝુલ - કરનૈન વિષે.
કુલ સ-અત્લૂ અલૈકુમ	કહી દો, હું રજૂ કરૂં છું તમારી આગળ
મિન્હુ ઝિકરા.	તેનું બયાન.
ઈન્ના મક-કન્ના લહૂ ફિલ-અર્દ	બેશક અમે આપી હતી તેને જમીન પર સત્તા
વ આતૈનાહુ	અને આપ્યાં હતાં અમે તેને
મિન કુલ્લિ શૈઈન સ-બ-બા.	દરેક પ્રકારના સાધનો.
ફ-અત્બઅ સ-બ-બા.	ત્યારે ચાલી નીકળ્યો તે એક રસ્તે.[1]

એ પછીની આયતોમાં ઝુલ-કરનૈનની સાહસયાત્રા અને પરાક્રમોનું છેવટ સુધી વર્ણન થયેલું છે. ઈબ્ને ઈસ્હાક કહે છે : ઝુલ-કરનૈનના કારનામાઓની વિગત એવી છે કે અલ્લાહ તઆલા તરફથી તેને વિશાળ પાયે એવાં પરિબળો અને સાધનો મળેલાં હતાં કે તેના યુગમાં કોઈને તેવાં સાધનો મળેલાં ન હતાં. આ સાધનોને પ્રતાપે તે મશરિકના મુલ્કોથી શરૂઆત કરીને મગરિબના મુલ્કો પર વિજયનો વાવટો ફરકાવતો પૃથ્વીના એવા છેડા સુધી પહોંચી ગયો કે તેનાથી આગળ માનવજાતિના વસવાટની કોઈ વસતિ હતી જ નહિ. જમીનની સપાટી પર કોઈ એવો દેશ નહિ રહ્યો જેની ઉપર તેણે ફતેહ ન મેળવી લીધી હોય.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અજમના લોકોમાંથી એક વિદ્વાન ઈતિહાસકાર, જેને ઈતિહાસનો ભંડોળ તેના પૂર્વજો તરફથી વારસામાં મળ્યાં હતો, તેણે મને માહિતી આપી કે ઝુલ-કરનૈન મિસરવાસીઓમાંથી એક સાહસિક

૧. સૂરએ-કહફ આયત ૮૩-૮૪-૮૫

પુરૂષ હતો. તેનું મૂળ નામ મર્ઝબાન ઇબ્ને મર્ઝબહ અલ-યૂનાની હતું. તે યૂનાન બિન યાફિસ બિન નૂહ અલૈહિસ-સલામની અવલાદમાંથી હતો.

ઇબ્ને હિશામ કહે છે : મને મળેલી માહિતી મુજબ ઝુલ-કરનૈનનું અસલ નામ ઇસ્કન્દર હતું. એજ તે પરાક્રમી પુરૂષ છે જેણે મિસરનું ખ્યાતનામ ઇસ્કન્દરિયા શહેર વસાવ્યું હતું. શહેરનું નામ એના જ નામ સાથે સંકળાયેલું છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : સૌર બિન યઝીદે મને ખાલિદ બિન મઅદાન કિલાઇ————જેમણે ઇસ્લામનો યુગ મેળવ્યો હતો————ની આ રિવાયત મને કહી સંભળાવી કે એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઝુલ-કરનૈન વિષે પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું : "મલિકુન મસ્હલ-અર્દ મિન તહતિહા બિલ-અસ્બાબ." તે એક બાદશાહ હતો જેણે સાધન કે યંત્ર મારફતે પૃથ્વીના પેટાળની માપણી કરી હતી.

ખાલિદ બિન મઅદાને એમ પણ કહ્યું કે એક વેળા હઝરત ઉમર બિન ખત્તાબે એક શખ્સને સાંભળ્યો કે તે કોઇને "હે ઝુલ-કરનૈન !" કહીને પોકારી રહ્યો છે તો હઝરત ઉમરે ફરમાવ્યું, "અલ્લાહ માફ કરે હે લોકો ! શું તમને પયગમ્બરો જેવાં નામો રાખવાથી સંતોષ નથી કે હવે ફરિશ્તાઓ જેવાં નામો રાખવા લાગી ગયા ?"

ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે કે ઉપર જે વાતો દર્શાવવામાં આવી, હકીકતમાં એમાંની કઇ વાત સાચી છે ? અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ ઉપર મુજબ ફરમાવ્યું હતું કે નહિ ? અગર ફરમાવ્યું હતું તો બેશક જે કંઇ આપે ફરમાવ્યું તે બિલકુલ હક છે.

કુરૈશના ત્રીજા સવાલનો જવાબ————કુરૈશનો ત્રીજો સવાલ રૂહ એટલે આત્માને લગતો હતો કે એ શી વસ્તુ છે અને એની હકીકત શું છે ? જવાબમાં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ

વ યસ્અલૂ-નક્ અનિર-રૂહ.	અને હે નબી ! આ લોકો પૂછે છે તમને રૂહ વિષે.
કુલિર-રૂહુ મિન અમ્રિ રબ્બી.	કહી દો કે રૂહ મારા પાલનહારના અમ્ર (હુકમ) થી છે.
વમા ઊતીતુમ મિનલ-ઇલ્મે	અને નથી આપવામાં આવ્યો તમને ઇલ્મ
ઇલ્લા કલીલા.	મગર બહુ થોડો. [૧]

એટલે તમારા માટે આટલું જ જાણી લેવું કાફી છે કે રૂહ "અમ્રે-રબ્બી" એટલે તમારા પાલનહારનો એક અમ્ર અથવા હુકમ છે જેનો સીધો સંબંધ અલ્લાહ તઆલા સાથે છે. એથી વધુ રૂહની હકીકત તમે સમજી શકતા નથી. કેમકે રૂહને લગતું છેક જ ઓછું જ્ઞાન અલ્લાહ તરફથી ઇન્સાનને આપવામાં આવ્યું છે. જ્યારે આટલું નજીવું જ જ્ઞાન મળ્યું હોય તો લોકો, રૂહ શું છે અને તેની હકીકત શું છે ? તે કેવી રીતે સમજી શકે છે ?

યહૂદી પાદરીઓની ટીકા————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હિજરત કરીને મદીનહ પધાર્યા તો યહૂદી આલિમોએ પૂછ્યું, "હે મુહંમદ ! તમારા કુર્આનની આ આયત કે, 'વમા ઊતીતુમ મિનલ-ઇલ્મ ઇલ્લા કલીલા. (બહુજ

૧. બની ઇસરાઇલ પારહ ૧૫ આયત ૭૫

ઓછો ઈલ્મ આપવામાં આવ્યો છે તમને) એમાં ''તમને'' એટલે કોને ? અમારી યહૂદી કોમને કે તમારી મુસલમાન કોમને ?

આપે ફરમાવ્યું, ''કલ્લા !'' એટલે તમે ધારો છો તેવું નથી. ''તમને''નું સંબોધન ન યહૂદીઓને છે ન મુસલમાનોને બલ્કે સમગ્ર માનવજાતિને છે.''

યહૂદી પાદરીઓ બોલ્યા, ''એ કેવી વાત ? તમારા પર ઊતરેલા કુર્આનમાં તો અલ્લાહએ કહ્યું છે કે, ''યહૂદીઓને મેં તવરાત આપી છે તેમાં દરેક વસ્તુનું વિગતવાર બયાન મવજૂદ છે. પછી કુર્આનમાં ''ઈલ્લા કલીલા'' એટલે નજીવા ઈલ્મની વાત કેવી ?''

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

ઈન્નહા ફી ઈલ-મિલ્લાહિ	બેશક એ પણ અલ્લાહના ઈલ્મના મુકાબલામાં
કલીલુન .	છેક જ નજીવું છે
વ ઈન્દ-કુમ ફી ઝાલિક	અને તમારી પાસે પણ એમાંથી એટલું જ છે
મા યકફી-કુમ.	જેટલું તમારા માટે કાફી છે.
લવ અકમ-તુમૂહ.	કાશ ! તમે એને જ પકડીને એના પાબંદ બની જાવ !

યહૂદીઓની ટીકાનો જવાબ———ઈબ્ને ઈસ્હાક કહે છે : યહૂદી પાદરીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ટીકા રૂપે જે અણછાજતી વાતો કહી હતી તેના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી:

વ-લવ-અન્ન મા-ફિલ-અર્દિ	અને બેશક જે કંઈ જમીનમાં છે
મિન શ જ-રતિન	ઝાડોના પ્રકારમાંથી
અકલા-મુંવ	જો એ બધાં જ ઝાડો કલમ બની જાય
વલ -બહરુ યમુદ-દુહૂ	અને સમુદ્રના પાણી તેની શાહી બની જાય
મિમ બઅદિહી સબ્અતુ અબ-હુરિમ	એ ઉપરાંત બીજા સાત સમુદ્રોની શાહી હોય
મા નફિદત કલિમા -તુલ્લાહ	તો પણ અલ્લાહની વાતો પૂરી ન થાય.
ઈન્નલ્લાહ અઝીઝુન હકીમ.	બેશક અલ્લાહ બહુ જોરાવર, હિકમતવાળો છે.

આ સૂરએ-લુકમાનની આયત નંબર ૨૭ છે. આયતનો મતલબ આ છે કે યહૂદીઓને મળેલી તવરાત પણ અલ્લાહ તઆલાના અમર્યાદ કે અપરંપાર ઈલ્મોનો જ એક નજીવો ભાગ છે.

ગુજરાતી સંપાદકની નોંધ————યહૂદી ધર્મના પાદરીઓએ ટીકા કરી હતી કે હે મુહંમદ ! તમારૂં કુર્આન રૂહના મામલા અંગે ''મિનલ-ઈલ્મે ઈલ્લા કલીલા'' એટલે બહુ જ થોડા કે નજીવા ઈલ્મની વાત કરે છે. જ્યારે કે એજ કુર્આનની બીજી આયતમાં અલ્લાહએ યહૂદીઓને તવરાત આપી તેમાં દરેક વસ્તુના વિગતવાર ઈલ્મનો ઉલ્લેખ કર્યો છે. તો આ દલીલના આધારે અમે યહૂદીઓ તમારા કરતાં મહાજ્ઞાની થયા અને તમે અમારા કરતાં અલ્પજ્ઞાની થયા.

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું કે અલ્લાહના ઈલ્મની સરખામણીમાં

Maktabe Ashraf

તો તવરાતનાં ઇલ્મ પણ સમુદ્રના ટીપાં જેટલાં જ કહેવાય. તમારા માટે આ ટીપાં જેટલા જ ઇલ્મ બસ છે. અગર તમે એની જ ઉપર અમલ કરો તો તમારો બેડો પાર થઇ જાય. કાશ કે તમે એનો અમલ કરતે !

યહૂદીઓની ટીકાના જવાબમાં કુઆનિ-મજીદે ફરમાવ્યું કે, હે યહૂદીઓ ! તમે મહાજ્ઞાની હોવાનો શું દાવો કરો છો સાંભળો :

"અલ્લાહની આ ધરતી પર જેટલાં ઝાડો, જેટલી ઝાડીઓ, છોડવાઓ, વેલાંઓ અને વનસ્પતિઓ છે એ બધાં, લખનારી કલમનું રૂપ ધારણ કરી લે————

————અને અલ્લાહની આ ધરતી પર જેટલા સમંદરો છે એ બધાના પાણી, લખાણ માટેની શાહી બની જાય અને તેનાથી અલ્લાહના ઇલ્મની વાતોનું લખાણ શરૂ કરવામાં આવે તો, કલમો ઘસાઇ-ઘસાઇને ખતમ થઇ જશે અને સમંદરોના પાણીઓની શાહી પૂરી થઇ જશે. પણ અલ્લાહના ઇલ્મની વાતો પૂરી થવાની નથી."

એટલું જ નહિ, કુર્આન વધુમાં ફરમાવે છેઃ "મિમ બઅદિહી સબ્અતુ અબ-હુરિન." એટલે એના પછી બીજા સાત સમંદરો હોય અને તેટલી જ કલમો હોય તો પણ "મા નફિદત કલિમા-તુલ્લાહ." એટલે અલ્લાહના ઇલ્મની વાતોનો અંત આવવાનો નથી. (સંપાદકનું લખાણ પૂરૂં થયું.)

Maktabe Ashraf

પ્રકરણ ૪૯

કુરૈશની માગણીઓનું બયાન કુર્આનમાં

● કુરૈશના ઊલટા-સૂલટા સવાલો ● કુફ્ફારની બાલિશ માગણીઓ ● તમામ પયગમ્બરોની જીવનચર્યા ● મુસલમાન બનવાની છોકરવાદી શરતો ● રહમાનથી સરતાબી ● અબૂ જહલને કુર્આનની ધમકી ● મુશરિકોના માથે બેઠેલી પનોતી ● અબૂ જહલનો ઝનૂની બફાટ ● કુર્આનની વાણીનો જાદૂ ● કુર્આન લલકારનાર એક વીરનર ● કલામે-ઇલાહીનું લોહચુંબક આકર્ષણ ● કુરૈશના ત્રણ મોવડીઓની ઘટના ● કુર્આન વિષે કુરૈશની દોંગાઇ

Maktabe Ashraf

કુરૈશના ઊલટા સૂલટા સવાલો————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જે ઊલટા-સૂલટા કે છોકરવાદી સવાલો પૂછયા હતા અને મક્કહવાસીઓના લાભની વાતો કરી હતી (જેનું બયાન પ્રકરણ ૪૭ માં થયું છે) જેમકે : હે મુહંમદ ! તમે સાચા પયગમ્બર છો તો પહાડોને ઉખેડીને ચાલતા કરી દો, અમારા મક્કહ શહેરને વિકસાવીને વિશાળ કરી દો, અમારા મરણ પામેલા બાપદાદાઓને જીવતા કરી દો વગેરે.......એના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી :

વ-લવ અન્ન કુર્આનન	અગર કોઇ કુર્આન એવું હોત,
સુય-યિરત બિહિલ-જિબાલુ	જેના વડે પહાડો ચાલવા લાગતે !
અવ કુત-તિઅત બિહિલ-અર્દુ	અથવા તેના વડે જમીન ફાટી જતે !
અવ કુલ-લિમા બિહિલ-મવતા.	અથવા તેના વડે મુરદાં બોલવા લાગતે !
બલ-લિલ-લાહિલ-અમ્રુ જમીઆ.	પરંતુ દરેક સત્તા અલ્લાહના અધિકારમાં છે. [1]

એટલે હે મુહંમદ ! તમારા અલ્લાહએ કોઇ એવું કુર્આન કેમ નહિ ઉતાર્યું જેના પ્રતાપે પહાડો ચાલવા લાગતે, જમીન ફાટી જતે, મુરદાં બોલવા લાગતે તો કુર્આનના આ ચમત્કારો જોઇને અમે મુસલમાન બની જતે, જવાબમાં ફરમાવ્યું કે આવા ચમત્કારો દેખાડવા માટે જ અમે કુર્આન ઉતાર્યું હોત તો બેશક એ ખૂબી આ કુર્આનમાં જ હોત અને એની આયતો પઢતાં જ આંખના પલકારામાં આવા ચમત્કારો સર્જાઇ જાત. પરંતુ બાબત એમ નથી. કુર્આન તો અમે, લોકોની હિદાયત માટે ઉતાર્યું છે. એને માનશો તો તમારૂં જ ભલું થશે. નહિ માનશો તો તમારે જ ભોગવવું પડશે. કુર્આનનો હેતુ ચમત્કારો દેખાડવાનો જ હોત તો અમે પોતાની કુદરતથી તેમ પણ કરી શકત કેમકે અમે સર્વશકિતમાન છીએ અને દરેક પ્રકારની સત્તા અમારા જ અધિકારમાં

---

૧. સૂરએ-રઅદ આયત ૩૧

છે. પરંતુ અમારે એમ નથી કરવું કેમકે અમારી એવી ઇચ્છા નથી.

કુફફારની બાલિશ માગણીઓ———કુરૈશના નાલાયક અને ઉછાછળા લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આપના લાભની અમુક વસ્તુઓ મેળવી લેવાની હાકલ કરી હતી જેમકે : હે મુહંમદ ! તમે પોતાને માટે બાગબગીચા, મહેલાત અને સોના ચાંદીના ખજાના મેળવી લો, નહેરો અને ઝરણા વહેતાં કરી દો, એક ફરિશ્તો પોતાની સાથે રાખો જે તમારી આગળ આગળ ચાલીને છડી પોકારે કે, હે લોકો! આ રહ્યા અલ્લાહના પયગમ્બર ! ઊભા થઈને એમનું સ્વાગત કરો, એમની પયગમ્બરીનો સ્વીકાર કરો, એમનું કહ્યું માનો, એમની ઉપર ઇમાન લઇ આવો !" કુરૈશની આ માગણી સંબંધી અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી:

વ કાલૂ મા લિ-હાઝર રસૂલ.	તેઓ બોલ્યા, આ પયગમ્બરને શું થઇ ગયું છે ?
યઅ-કુલુત-તઆમ	ખાવાનું ખાય છે,
વ યમ્શી ફિલ-અસ્વાક.	બજારોમાં ચાલે ફરે છે.
લવ લા ઉનઝિલ ઇલૈહિ મલક	એની સાથે કોઇ ફરિશ્તાને કેમ નહિ ઉતાર્યો ?
ફ-યકૂન મઅહૂ નઝીરા.	જે એની સાથે લોકોને ડરાવ્યા કરતે !
અવ યુલ્કા ઇલૈહિ કન્ઝુન	અથવા એની પાસે કોઇ ખજાનો કેમ નથી આવતો ?
અવ તકૂન લહૂ જન્નતુંય	અથવા એના માટે કોઇ બગીચો હોત,
યઅકુલુ મિન્હા.	કે જેના ફળો એ ખાયા કરતે !
વકાલઝ - ઝાલિમૂન	અને આ ઝાલિમોએ તો કહી દીધું કે,
ઇન તત-તબિઊન	હે લોકો ! તમે અનુકરણ નથી કરતા,
ઇલ્લા રજુલમ મસ્હૂરા.	પણ એક જાદૂગ્રસ્ત માણસનું ! [૧]
ઉન્ઝુર કયફા દ-ર-બૂ	જુઓ તો ખરા હે નબી ! આ લોકો દાખલા આપે છે,
લકલ-અમ્સાલ્	તમારા માટે કેવા કેવા ?
ફ -દલ્લૂ	એ લોકો એવા ભટકી ગયા છે કે,
ફલા યસ-તતીઊન સબીલા.	કોઇ રસ્તો જ એમને મળતો નથી.
તબા -રકલ - લઝી	બરકતશાળી છે તે પવિત્ર જાત.
ઇન્શાઅ જઅલ્ લક્	તે જો ચાહે તો બનાવી શકે છે તમારા માટે
ખયરમ મિન ઝાલિક.	એનાથી યે ઉત્તમ વસ્તુઓ.

એટલે બજારોમાં ફરવા-હરવા અને રોજી રળવાના સાધનોથી યે ઉત્તમ કે શ્રેષ્ઠતમ વસ્તુઓ અલ્લાહ તઆલા તમારા માટે પોતાની કુદરતથી તમને આપી શકે છે. એ પછી ફરમાવ્યું :

જન્ના-તિન તજ્રી	એવા બગીચા કે વહે છે.
મિન તહ-તિહલ અન્હાર	તેની નીચે નહેરો

૧. એટલે ટીકાખોરોએ મુસલમાનોને કહ્યું, "હે મુસલમાનો ! તમને ભાન છે કે તમે કોની પાછળ ચાલી નીકળ્યા છો? એવા માણસ પાછળ જેની ઉપર જાદૂ કરી દેવામાં આવ્યો હોય !"હ"

Maktabe Ashraf

વ યજ-અલ-લકા કુસૂરા.	અને બનાવી દે તમારા માટે મહેલો[૧]

તમામ પયગમ્બરોની જીવનચર્યા————કુરૈશની ટીકાઓ કે કટાક્ષોના જવાબમાં અલ્લાહ તઆલા તરફથી આ આયતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઉતારવામાં આવી :

વ મા અર-સલ્ના કબ્લક્	અમે નથી મોકલ્યા તમારાથી પેહલાં,
મિનલ-મુર-સલીન	પયગમ્બરોમાંથી;
ઈલ્લા ઈન્ન-હુમ	પરંતુ તેઓ બધા પણ
લયઅ-કુલૂનત-તઆમ	ખાવાનું ખાતા હતા,
વ યમ્શૂન ફિલ-અસ્વાક.	અને બજારોમાં ચાલતા ફરતા હતા.
વ જઅલના બઅ-દકુમ	અને અમે બનાવી દીધા છે અમુકને
લિ-બઅદિન ફિત્નહ.	અમુક માટે કસોટીરૂપ.
અ-તસ-બિરૂન.	તો શું તમે ધીરજથી કામ લેશો ?
વ કાન્ રબ્બુક્ બસીરા.	અને તમારો પાલનહાર તો જોનારો છે જ.[૨]

એટલે તમારામાંથી અમુકને અમુક માટે અમે એટલા માટે કસોટીરૂપ બનાવી દીધા કે તેઓની ટીકાઓ અને અવળચંડાઈઓ પર અમારા પયગમ્બર ધીરજથી કામ લઈ શકે. અગર અમે ચાહતે કે દુનિયાના તમામ લોકો તમામ પયગમ્બરોના તાબેદાર બનીને રહે અને કોઈ તેમનો જરા જેટલો વિરોધ નહિ કરે તો અમે તેમ પણ કરી શકતા હતા. પરંતુ તમે અમારી હિકમતો સમજી શકતા નથી. તેથી અમે તેમ નહિ કરતાં કસોટી તરીકે લોકોને આઝાદી આપી દીધી છે કે, કોણ અમારા પયગમ્બરનું કહ્યું માને છે અને કોણ નથી માનતું ?[3]

મુસલમાન બનવાની છોકરવાદી શરતો————અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયહએ તોછડાઈથી જે ટીકાઓ કે કટાક્ષો કર્યા હતાં તેના જવાબ રૂપે અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી:

વકાલૂ લન-નુઅમિન લક!	અને તેઓ બોલ્યા, અમે કદાપિ ઈમાન નહિ લાવીએ તુજ પર,
હત્તા તફજુર્ લના	ત્યાં સુધી કે તું વહેતું કરી દે અમારા માટે
મિનલ-અર્દિ યમ્બૂઅન	જમીનમાંથી ઝરણું.
અવ તકૂન-લકા જન્નતુમ	અથવા તારા માટે કોઈ બગીચો હોય,
મિન-નખીલિંવ-વ-ઈનબ.	ખજૂરોનો અને અંગૂરોનો.
ફ-તુફજ-જિરલ-અન્હાર	પછી નહેરો વહેતી કરી દે.
ખિલાલહા તફજીરા.	ઘણી નહેરો વહેતી કરવી.

૧. સૂરએ-કુર્કાન ર યત ૭-૧૦   ૨. સૂરએ-કુર્કાન આયત ૨૦

3. જેમકે બીજી ... તમાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

વ-લવ શાઅ રબ્બુક	અગર તમારો પાલનહાર ચાહતે તો
લઆમન મન ફિલ-અર્દિ	ઈમાન લઈ આવતે ધરતીના
કુલ્લુ-હુમ જમીઆ.	તમામ લોકો.
અ-ફ-અન્ત તુક-રિહુન-નાસ	તો શું હે નબી ! તમે જબરદસ્તી કરશો કે,
હત્તા યકૂનૂ મુઅમિનીન.	તેઓ બધા મુસલમાન બની જાય ? (સૂરએ યૂનુસ પા.૧૧ આ. ૯૯)

અવ તુસ-કિતસ-સમાઅ	અથવા તોડી પાડો આસમાનને,
કમા ઝઅમ-ત અલૈના કિ-સ-ફા.	જેમકે તમે દાવો કરો છો અમારા ઉપર તેનો ટુકડો.
અવ તઅ-તિય બિલ્લાહિ	અથવા લઇને આવ અલ્લાહને,
વલ-મલા-ઇકતિ કબીલા.	અને ફરિશ્તાઓને અમારી સામે.
અવ યકૂન લકા બયતુમ	અથવા બની જાય તારા માટે એક ઘર
મિન ઝુખ-રુફિન	સોનાનું.
અવ તરકા ફિસ-સમાઅ.	અથવા ચઢી જા આસમાન પર. .
વ-લન-નુઅમિન	છતાં અમે હરગિઝ ઇમાન લાવવાના નથી;
લિ-રુકીય-યિકા	માત્ર તારા આસમાન પર ચઢી જવાથી;
હત્તા તુનઝ-ઝિલા અલૈના	ત્યાં સુધી કે તું ઉતારી લાવે અમારા માટે
કિતાબન-નક-રઉહ.	એક કિતાબ જેને અમે પઢી લઇએ.
કુલ સુબહાન રબ્બી	કહી દો કે પાક છે મારો પાલનહાર
હલ કુન્તુ ઇલ્લા બશરરર-રસૂલા.	હું તો ફકત એક ઇન્સાન; એક રસૂલ છું. [૧]

ઇબ્ને હિશામ કહે છે : ઉપરની આયતોમાં યમ્બૂઅ - કિસફ- કબીલા - ઝુખરુફ શબ્દો આવેલા છે. એમાં યમ્બૂઅ એવા પાણીને કહે છે જે જમીનમાંથી ધારાભેર વહેતું હોય, જેમકે જુસ્સાભેર વહેતું ઝરણું, યમ્બૂઅનું બહુ વચન યનાબીઅ છે. કિસફ એવા ટુકડાઓને કહે છે જે અઝાબ રૂપે તૂટી પડે. એનું એકવચન કિસફહ છે. કબીલા એટલે રૂબરૂ, સામસામે, આંખ આગળ. કબીલાના અર્થ જમાઅત, સમૂહ અને માણસોના કબીલા પણ થાય છે અને ઝુખરુફ એટલે સોનું, સુવર્ણ.

રહમાનની સરતાબી————કુરૈશે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એમ પણ કહ્યું હતુ કે, અમને જાણવા મળ્યું છે કે યમામાનો રહમાન નામનો માણસ આવીને આ બધું તમને ભણાવી જાય છે માટે યાદ રાખો કે અમે કદી એ રહમાન પર ઇમાન લાવવાની નથી. એના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ ફરમાવી. :

કઝાલિક અરસલના-ક ફી ઉમ્મતિન	એવી જ રીતે અમે મોકલ્યા તમને આ કૌમમાં,
કદ ખલત મિન કબલિહા ઉમમુલ-	જેવી રીતે આથી પહેલાં ઘણી કૌમો થઇ ચૂકી છે,
લિ-તત્લુવ અલૈહિમુલ-લઝી	કે જેથી તમે પઢી સંભળાવો તેઓને તે વસ્તુ,
અવહૈના ઇલૈક.	જે અમે વહી મારફતે તમારા ઉપર ઉતારી છે.
વહુમ યક-ફુરૂન બિર-રહમાન	જો કે તેઓ કુફ્ર કરી રહ્યા છે રહમાન સાથે.
કુલ હુવ રબ્બી	કહી દો, એ રહમાન મારા પાલનહાર છે,
લા-ઇલાહ ઇલ્લા હૂ	તેના સિવાય કોઇ પૂજ્ય નથી,
અલૈહિ તવક્કલ-તુ	તેની જ ઉપર મેં ભરોસો કર્યો છે,
વ ઇલૈહિ મતાબ.	અને તેની જ તરફ મારે પાછા જવાનું છે. [૨]

૧. સૂરએ-બની ઇસરાઇલ આયત ૯૦-૯૩.   ૨. સૂરએ-રઅદ આયત ૩૦

Maktabe Ashraf

અબૂ જહલને કુર્આનની ચીમકી———અબૂ જહલ બિન હિશામની તોછડાઇ ભરેલી વાતો અને તાગું આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક માથું પથ્થરથી કચડી નાખવાનો જે નાપાક ઇરાદો કર્યો હતો તેને લગતી આ આયતો નાઝિલ થઇ :

અ-રઐતલ-લઝી યન્હા	શું તમે જોયો ? તે શખ્સને જે અટકાવે છે,
અબ્દન ઇઝા સલ્લા.	એક બંદાને જ્યારે તે નમાઝ પઢે છે.
અ-રઐત ઇના કાના અલલ-હુદા	શું તમે જોયું ? અગર એ સીધા રસ્તે હોત,
અવ અ-મ-રા	અથવા બીજાઓને હુકમ કરત;
બિત-તકવા.	અલ્લાહથી ડરવાનો (તો કેવું સારૂં થાત !)
અ-રઐત ઇન કઝ-ઝબા	જુઓ તો ખરા અગર એણે જૂઠાણું ચલાવ્યું
વ તવલ્લા.	અને મોઢું ફેરવી લીધું (તો શું થયું ?)
અલમ યઅલમ	શું એને ખબર નથી કે,
બિ-અન્નલ - લાહ યરા.	અલ્લાહ બધું જોઇ રહ્યો છે !
કલ્લા લઇલ - લમ - યન્તહિ	હરગિઝ નહિ , અગર એ સખણો નહિ રહ્યો તો,
લનસ-ફઅમ બિન-નાસિયતિ	અમે જરૂર એને ઘસીટીશું એની ચોટલી પકડીને;
નાસિ-યતિન કાઝિ-બતિન ખાતિઅહ.	તે ચોટલી જે જૂઠી છે, પાપથી ભરપૂર છે.
ફલ-યદ્ઉ નાદિયહ.	હવે એણે પોતાની મંડળીને હાકલ કરવી જોઇએ,
સનદ-ઉઝ-ઝબાનિયહ	અમે પણ બોલાવી લઇશું દોઝખના ફરિશ્તાઓને.
કલ્લા લા તુતિઅ-હુ	તમારે હરગિઝ એનું કહ્યું માનવું નહિ !
વસ્જુદ વક-તરિબ.	અને સિજ્દો કરો અને અલ્લાહથી નિકટ થઇ જાવ ![1]

ઇબ્ને હિશામ કહે છે : ઉપરની આયતોમાં લનસ-ફઅન - ફલ-યદઉ-નાદિયહ - ઝબાનિયહ શબ્દો આવેલાં છે. એમાં : લનસ -ફઅન "સફઅ"થી નીકળેલો શબ્દ છે. જેના અર્થ પકડી પાડીને ઘસીટવું થાય છે. નાસિયહ એટલે પેશાનીના વાળ અથવા ચોટલી. એને પકડી લેવાથી માણસ કાબૂમાં આવી જાય છે.

ફલ-યદ્ઉ "દુઆ" થી નીકળેલો શબ્દ છે. એના અર્થ બોલાવવું, પોકારવું, હાંક, હાકલ, હોકારો વગેરે થાય છે. નાદિયહ "નાદી"થી નીકળેલો શબ્દ છે. એના અર્થ એવી મંડળી કે મજલિસ થાય છે જેમાં લોકો એકત્ર થઇને પોતાના મામલાઓનો નિકાલ લાવે છે. ઝબાનિયહ "ઝબ્ન"થી નીકળેલો શબ્દ છે, જેના અર્થ ધકેલવું હડસેલવું વગેરે થાય છે. અને ઝબાનિયહ એટલે દોઝખના તે ફરિશ્તા જેઓની જહન્નમના અઝાબ માટે નિમણુંક થયેલી છે એ બહુ કરડા,આકરા અને કડક સ્વભાવના હોવાથી પાપીઓને હડસેલા મારતા દોઝખમાં ધકેલી દેશે.

મુશરિકોના માથે બેડેલી પનોતી———ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માલ-દવલતની લાલચ આપી હતી. એના વિશે આ આયત ઊતરી :

૧. સૂરએ-અલક પારહ ૩૦

કુલ મા સઅલતુ - કુમ	કહી દો, મેં જે કંઇ માંગણી કરી હતી
મિન અજરિન ફ-હુવ્ લકુમ.	બદલાની; એ તમારા જ માટે હતી.
ઇન અજ-રિયા ઇલ્લા અલલ-લાહ	મારી મઝદૂરી તો અલ્લાહ પર છે
વ હુવા અલા કુલ્લિ શૈઇન શહીદ.	અને તેજ દરેક વસ્તુનો સાક્ષી છે.

જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશી મુશરિકોને કુર્આનની આયતો સંભળાવી અને યહૂદીઓએ ભણાવેલા પાઠ મુજબ તેઓના અજબ કે ગજબ સવાલોના કુર્આની જવાબો આપી દીધા જેનાથી તેઓના દિલોને સંતોષ થઇ ગયો, તેઓની શંકાઓનું સમાધાન થઇ ગયું અને તેઓને આપની પયગમ્બરીની સચ્ચાઇની પાકે પાયે ખાતરી થઇ ગઇ, તેમ છતાં તેઓ પોતાના હઠાગ્રહ કે પૂર્વગ્રહને વળગી રહ્યા. હસદ, કીનાખોરી, અદેખાઇ અને વૈમનસ્યની નાપાક ટેવ સત્યની આડે આવી ગઇ. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ સલ્લમની પયગમ્બરીનો ઇન્કાર કરી દીધો. એટલું જ નહિ, ઊલટાનું વધુ હઠે ચઢીને અલ્લાહની બળવાખોરી પર ઊતરી પડયા. ખુલ્લેઆમ અલ્લાહની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવા લાગ્યા અને પોતાના કુફ્રની જે ગંદકીમાં તેઓ સબડતા હતા તેમાં વધુ ખદબદી ઊઠયા. કેટલાકે તો અહીં સુધી કહી દીધું કે :

વ કાલલ લઝીન કફરૂ	અને કુફ્ર કરનારાઓએ કહી દીધું કે,
લા તસ્મઊ લિ-હાઝલ-કુર્આન.	બિલકુલ ના સાંભળો આ કુર્આનને
વલ્ગવ ફીહિ.	અને તેમાં ઘોંઘાટ મચાવી દો,
લઅલ-લકુમ તગ્-લિબૂન.	કદાચ તમે જ વર્ચસ મેળવી લેશો.

(સૂરએ-હામીમ સિજદહ-આ.૨૬)

એટલે કુર્આનને પણ નકામી કે ખોટી વસ્તુ સમજીને તેની ઠેકડી ઉડાવો. તેને સાંભળતી વેળા ઘોંઘાટ મચાવો, સીટીઓ ફોડો, હાકોટા અને પડકારા ગજાવો. આ તરકીબ કે આ યુક્તિથી કદાચ તમે જ ફાવી જાવ તો નવાઇ જેવું નથી. એથી વિરૂધ્ધ તમે તેમની સાથે વાદવિવાદ કે દલીલબાજીથી કામ લીધું તો કદી ફાવવાના નથી.

અબૂ જહલનો ઝનૂની બફાટ————એક દિવસે કુરૈશની મંડળીમાં અબૂ જહલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મશ્કરી કરતાં કહ્યું, "હે કુરૈશી સજ્જનો! મુહંમદનો દાવો છે કે અલ્લાહનું તે લશ્કર જે તમને જહન્નમની આગમાં ઝોંકવાનું છે તેની કુલ સંખ્યા ફક્ત ૧૯ ફરિશ્તા છે. એ ઓગણીસને મુકાબલે તમારી સંખ્યા તો બેશુમાર છે. શું તમારા સો-સો માણસો મળીને એક એક ફરિશ્તાને પટકી નહિ શકે ?" એના આ બફાટ વિષે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર આ આયત ઉતારી:

અલૈહા તિસ્અતા અશર.	એ દોઝખ પર ઓગણીસ ફરિશ્તા નિર્માણ છે.
વમા જઅલ-ના અસ્હાબન-નારં	અમે નથી બનાવ્યા દોઝખના પહેરેગીર;
ઇલ્લા મલા-ઇકાહ.	પરંતુ ફરિશ્તાઓને.
વમા જઅલ-ના ઇદ્દત - હુમ	અને અમે નથી બનાવી તેઓની સંખ્યાને;
ઇલ્લા ફિત્નતલ	મગર એક કસોટી;

Maktabe Ashraf

લિલ-બશરીન કફરૂ.	એવા લોકો માટે જેઓ કાફિર છે.[1]

(સુરએ-મુદ-દસ-સિર આ.૩૦-૩૧)

કુર્આનની વાણીનો જાદૂ——ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી કુરૈશે એવો નિયમ અપનાવી લીધો કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નમાઝમાં કુર્આન પોકારીને પઢતા તો તેને સાંભળવાને બદલે ત્યાંથી ચંપત થઈ જતા. અને જ્યારે કોઈ માણસ કુર્આનની જાદૂઈ વાણીથી આકર્ષાઈને તેને સાંભળવા માગતો તો ખુલ્લંખુલ્લા નહિ, બલકે મુંઝીઆન. દૂરથી લપાઈ છુપાઈને સાંભળતો. અને જ્યારે તેને થતું કે કોઈ મને જોઈ રહ્યું છે તો તરત ત્યાંથી પલાયન થઈ જતો. અને જ્યારે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મંદ સ્વરે કુર્આન પઢવા લાગતા તો લપાઈને સાંભળનારો એવી રીતે કાન માંડીને સાવચેતીથી સાંભળતો કે કોઈ એમ ન ધારે કે એ કુર્આન સાંભળવા અહીં બેઠેલો છે !

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત પહોંચી છે કે કુર્આનની આ આયત :

વલા તજ્હર બિ-સલાતિક	હે નબી ! તમે ન બુલંદ અવાજે પઢો પોતાની નમાઝ,
વલા તુખા-ફિત બિહા	અને ન તેને ધીમા અવાજે પઢો,
વબ્તગિ બૈન ઝાલિક સબીલા.	બલકે અપનાવો કરો એ બંનેનો દરમિયાની રસ્તો.[2]

એજ લોકોને કારણે ઉતારવામાં આવી છે. એમાં અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફરમાવ્યું કે હે નબી ! તમે તમારી નમાઝ ન એટલા બુલંદ અવાજે પઢો કે લોકો આઘાપાછા થઈ જાય. ન એટલા મંદ સ્વરે પઢો કે છુપાઈને સાંભળનારા પણ તેને ન સાંભળી શકે. દરમિયાની રસ્તો રાખવાથી કદાચ કુર્આનની વાણી તેઓના મન પર અસર કરે તો તેઓ મૂર્તિપૂજા છોડીને મુસલમાન બની જાય તે બનવા જોગ છે.

કુર્આન લલકારનાર એક વીરનર——ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉર્વહ બિન ઝુબૈરની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પછી કઅબા પાસે જે વીરનરે બુલંદ સ્વરે લલકારીને કુર્આનની તિલાવત કરી તે અબ્દુલ્લાહ બિન મસઊદ નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મહાન સહાબી હતા.

એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાથીઓએ ભેગા થઈને એવી મંત્રણા કરી કે, "આજ દિન સુધી કુરૈશે આપણામાંથી કોઈને ઊંચા અવાજે કુર્આન પઢતાં સાંભળ્યા નથી. તો છે કોઈ મર્દબચ્ચો જે તેઓને લલકારીને કુર્આન સંભળાવી શકે ?"

Maktabe Ashraf

---

૧. જહન્નમના વહીવટ માટે અલ્લાહ તઆલાએ જે ફરિશ્તા નિમેલા છે તેના અમલદારોની સંખ્યા ૧૯ છે. એ અમલદારોના ઉપરી અધિકારીનું નામ "માલિક" છે. ફરિશ્તા અલ્લાહની નૂરી મખ્લૂક હોવાથી કલ્પનામાં ન આવે એવું બળ ધરાવે છે. એટલા બળવાન કે એક ફરિશ્તો જે કામ કરી શકે તે કામ કરોડો માણસો મળીને ન કરી શકે. જ્યારે જહન્નમ પર ૧૯ ફરિશ્તા નિમાયેલ હોવાની આયત ઊતરી તો કુરૈશી મુશરિકો તેનો ઠઠ્ઠો ઉડાવવા લાગ્યા કે એ ઓગણીસ ફરિશ્તા અમારા લાખોનું શું બગાડી લેવાના? અમારા સો માણસ મળીને એક ફરિશ્તાને તો જરૂર મારી હઠાવશે. ખરી ૧૯ની સંખ્યા અલ્લાહ તઆલાએ પોતાની હિકમતથી નક્કી કરી છે. એમાં ઈસ્લામનો ઇન્કાર કરનારાઓ માટે કસોટી છે કે કોણ એને માને છે અને કોણ એની ઠેકડી ઉડાવે છે. "હ"

૨. સૂરએ-બની ઈસરાઈલ આયત ૧૧૦

"હા હું સંભળાવીશ" હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ બોલ્યા.

"ના, એ તમારૂં કામ નહિ," સાથીઓ બોલ્યા, "કેમકે મક્કહમાં તમે અટૂલા છો. તમારો પક્ષ લેનાર અહીં કોઈ નથી. માણસ એવો હોવો જોઈએ જે બહોળું કુટુંબ ધરાવતો હોય, જેનો કબીલો વિશાળ હોય, જેના ડરથી કુરૈશ તેને મારવાની હિંમત ના કરે. તમે આ બીડું ઝડપો તો કુરૈશ તરત તૂટી પડશે."

"ગમે તેમ થઈ જાય, " હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ બોલ્યા, "આ બીડું હું જ ઝડપીશ. પછી અલ્લાહ માલિક છે. તે મને સાચવી લેશે."

બીજા દિવસની સવારે સૂરજ ઊંચે ચઢતાં જ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ કઅબહના "મકામે-ઇબ્રાહીમ" પાસે એવા સમયે આવ્યા જ્યારે કુરૈશના લોકો મજલિસો જમાવીને વાતોના તડાકા ઉડાવતા હતા. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ મકામે-ઇબ્રાહીમ પાસે આવીને ઊભા થઈ ગયા અને પછી બુલંદ અવાજે લલકારીને કુર્આન પઢવા લાગ્યા :

અઊઝુ બિલ્લાહિ મિનશ-શયતાનિર-રજીમ-બિસ-મિલ્લાહિર- રહમાનિર-રહીમ

અર - રહમાનુ અલ-લમલ - કુર્આન..... • ખલકલ - ઇન્સાન અલ્લમ્ - હુલ - બયાન.....

અને તેઓ આગળ ને આગળ પઢતા જ ચાલ્યા ગયા. કુરૈશ ચમકીને કાન ઊંચા કરી લીધા અને સોચમાં પડી ગયા કે આ કેવો અવાજ ? પછી ધ્યાનથી સાંભળ્યું તો બોલ્યા, "અરે આ તો ઈબ્ને મસઊદ છે. તેજ કલામ લલકારે છે, જે મુહંમદ લઈને આવ્યા છે. એની આ હિંમત ?"

એજ પળે બધા ઈસારો કરીને અબ્દુલ્લાહ બિન મસઊદ પર તૂટી પડયા. ચારે તરફથી તેમના મોં પર, ગાલો પર, માથા પર તમાચા પડવા લાગ્યા. છતાં તેઓ પઢતાં જ ચાલ્યા ગયા. તડાતડ તમાચા, ઠોંસા અને લપડાકો પડતી રહી પણ તેમણે લગાતાર પઢવાનું ચાલુ રાખ્યું. એટલે સુધી કે અલ્લાહને મંજૂર હતું તેટલું પઢીને છેવટે તેઓ પોતે જ ચાલ્યા ગયા. સાથીઓએ તેમના મોં પર મારના ઉઝરડા જોયા તો બોલ્યા, "ઈબ્ને મસઊદ ! એજ વાતની તો અમને ધાસ્તી હતી અને તે બનીને રહી!"

ઈબ્ને મસઊદે કહ્યું, "સાચું કહું તો અલ્લાહના દુશ્મનો આજે મારી નજરમાં જેટલા તુચ્છ અને હલકટ લાગ્યા, અગાઉ કદી એટલા હલકટ લાગ્યા ન હતા. કહો તો ફરીવાર તેઓની પાસે પહોંચી જાઉં ?"

સાથીઓ બોલ્યા, "ના આટલું જ બસ છે તમે તેઓને તે વાતો સંભળાવી દીધી જેને તેઓ ધિક્કારે છે."

કલામે-ઈલાહીનું લોહચુંબક આકર્ષણ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરીએ એક અદ્દભુત ઘટનાની વિગતો કહી સંભળાવી. તેઓ કહે છે કે આ ઘટના ત્રણ રાતો સુધી લગાતાર બનતી રહી.

એક વેળા બન્યું એવું કે કુરૈશના આગળ પડતા મોવડીઓમાંથી અબૂ સુફ્યાન બિન હર્બ, અબૂ જહલ બિન હિશામ અને અખ્નસ બિન શરીક બિન અમ્ર બિન વહબ સકફી એક રાતે પોતપોતાના ઘરમાંથી નીકળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મકાન તરફ ઊપડયા કે જેથી ત્યાં સંતાઈને છુપી રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું કુર્આન પઢવાનું સાંભળી શકે. બધા જુદા-જુદા રસ્તેથી આવેલા હોવાથી જુદાજુદા

સ્થળે લપાઈને બેસી ગયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે રોજ રાતે પોતાના મકાનમાં નમાઝ પઢતા હતા અને નમાઝમાં બુલંદ અવાજે કુર્આનની તિલાવત કરતા હતા. પેલા ત્રણેમાંથી કોઈને એકબીજાની જાણ ન હતી. મકાનમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કુર્આન પઢવાનો અવાજ આવતો હતો. બધા કાન માંડીને કુર્આન સાંભળવામાં એટલા મસ્ત બન્યા કે રાત લગભગ ત્યાં જ વીતી ગઈ. પહો ફાટતાં પ્રભાતનું અજવાળું રેલાવા લાગ્યું તો આ લોકો ચુપચુપ ત્યાંથી ઊભા થઈને પોતપોતાને રસ્તે પડી ગયા. કોઈને એકબીજાની જાણ ન હતી. આગળ જતાં ગલીઓના નાકાને સંગમે તેઓનો આપસમાં મેળાપ થઈ ગયો. બધા એકબીજાને જોઈને દંગ થઈ ગયા. અને એકમેકને ઠપકો આપતાં કહેવા લાગ્યા, "ચાલો હશે, બનવાનું બની ગયું પણ હવે નહિ આમ બનવું જોઈએ. કદાચ આપણા કમઅક્કલો અને જાહિલોને એની જાણ થઈ જાય તો તેઓ આપણા વિષે શું ધારશે ?"

ત્યાંથી વિખૂટા પડીને તેઓ પોતપોતાના ઘર તરફ ઊપડી ગયા. દિવસ પસાર થઈ ગયો અને રાત આવી લાગી તો મોડી રાતે ફરીવાર આ લોકો કુર્આન સાંભળવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મકાન તરફ ઊપડયા અને અગાઉ પેઠે પોતાપોતાના સ્થળે ગોઠવાઈને આખી રાત કુર્આન સાંભળતા રહ્યા, એવી દશામાં કે કોઈને એકબીજાની કશી જાણ ન હતી. પરોઢનું અજવાળું રેલાતાં રાબેતા મુજબ તેઓ પોતપોતાને પંથે પડી ગયા અને ગલીઓનાં સંગમે ફરીવાર આપસમાં તેઓનો મેળાપ થઈ ગયો. આ વેળા પણ તેઓ એકબીજાને જોઈને ચમકી ઊઠયા અને પરસ્પર એકમેકને ઠપકો આપવા લાગ્યા અને તેઓ વચ્ચે તેજ વાતચીત થઈ જે ગઈકાલના મેળાપમાં થઈ હતી.

જ્યારે ત્રીજી રાત આવી તો આ મોવડીઓ ફરીવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મકાન પાસે છુપાઈને આખી રાત કુર્આન સાંભળતા રહ્યા અને જ્યારે ગલીઓના સંગમે એકબીજાનો ભેટો કરાવી દીધો તો ત્રાણે એકબીજાને જોઈને ઝંખવાણા પડી ગયા અને એકમેકને ઠપકો આપીને છેવટનો નિર્ણય લેતાં બોલ્યા, "હવે તો અલ્લાહના કસમ ખાયને પ્રતિજ્ઞા નહિ લઈએ ત્યાં સુધી આ નઠારી ટેવ આપણી છૂટવાની નથી." ત્યારે પરસ્પર તેઓએ સોગંદપૂર્વક પ્રતિજ્ઞા લીધીકે, "આઈન્દા કદી આ હરકત નહિ કરીએ !" પાછી બધા પોતપોતને રસ્તે પડી ગયા.

કુરૈશના ત્રણ મોવડીઓની ઘટના————એજ સવારે બનેલી આ ઘટના છે. જ્યારે સૂરજ ઊંચે ચઢી ગયો તો અખ્નસ બિન શરીક પોતાની ડાંગ હાથમાં લઈને અબૂ સુફયાનના ઘરે પહોંચ્યો અને બોલ્યો, "હે અબૂ હન્ઝલહ ! ગઈ રાતે મુહંમદના મુખે જે કંઈ તમે સાંભળ્યું તે વિષે તમારો શો અભિપ્રાય છે ?"

અબૂ સુફયાન બોલ્યો, "હે અબૂ સઅલબહ ! વલ્લાહ, મુહંમદના મુખે જેટલી વાતો મેં સાંભળી તેમાંની અમુક હું સમજી શકયો છું. તેના અર્થો અને રહસ્યો પણ હું પામી ગયો છું. પરંતુ તેના કુર્આની કલામની અમુક વાતો એવી છે જેના અર્થો અને રહસ્યો સમજવામાં મારી બુદ્ધિ લાચાર છે."

અખ્નસ બોલ્યો, "તમારી વાત સાચી છે. મારી પણ એજ હાલત છે.

"અહીંથી ઊઠીને અખ્નસ અબૂ જહલ પાસે ગયો અને બોલ્યો, "હે અબુલ-હકમ ! મુહંમદના મુખે જે વાણી તમે સાંભળી તે વિષે તમારો શો મત છે ?"

અબૂ જહલ તડૂકયો, "સાંભળવાની શું વાત છે ? સાંભળો, બાબત એમ છે કે અમારા અને અબ્દે-મનાફના કુટુંબ વચ્ચે નામ ખાટવાની અને એકમેકને ટપી જવાની સદાથી હરિફાઈ ચાલતી આવે છે. અરબના હાજીઓને તેઓ પણ ખવાડે છે અને અમે પણ ખવાડીએ છીએ. નાદાર મુસાફિરોને તેઓ પણ સવારીઓ આપે છે અને અમે પણ આપીએ છીએ. કંગાલો અને ગરીબોને તેઓ પણ પૈસાની મદદ કરે છે, અમે પણ કરીએ છીએ. પછી જયારે ચડસા ચડસી ટોચે પહોંચી ગઈ અને બંનેની હાલત, હરીફાઈએ ઊતરેલા બે આખલા જેવી થઈ પડી તો તેઓએ ધડાકો કર્યો કે, "અમારામાં એક પયગમ્બર પાકયા છે જેની ઉપર આકાશથી વહી ઊતરે છે! "બતાવો, અમારી પાસે એનો શો જવાબ છે ?શું હું પણ ઊભો થઈને પયગમ્બર હોવાનો ધડાકો કરી દઉં ? આ મામલામાં અમે તેઓની સાથે કેવી રીતે ટકકર લઈએ ? જયારે બાબત આમ છે તો અલ્લાહના સોગંદ, અમે કદી તેને માનવાના નથી અને કદી તેની ઉપર ઈમાન લાવવાના નથી. [૧]

અબૂ જહલનો આ જવાબ સાંભળીને અખ્નસ ચુપચુપ ત્યાંથી ઊઠીને ચાલતો થયો.

કુર્આન વિષે કુરૈશની દોંગાઈ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે કુરૈશને કુર્આન પઢી સંભળાવતા અને તેઓને ઈસ્લામનું આમંત્રણ આપતા તો કુરૈશ હાકોટા ગજાવીને કુર્આનની ઠેકડી ઉડાવતા જેનું બયાન કુર્આનમાં છે : "કુલૂબુના ફી અકિન-નતિમ મિમ્મા તદઊના ઈલૈહ." એટલે અમારાં દિલો પર્દાઓમાં છે જેની તરફ તમે અમને બોલાવો છો. અર્થાત : પર્દામાં અમારા દિલો એટલાં સલામત છે કે તેની ઉપર તમારી કે કુર્આનની વાતોનો કોઈ પ્રભાવ પડી શકતો નથી. કોઈકવાર એમ કહેતા કે : "ફી આઝાનિના વકરુન."એટલે અમારા કાનોમાં બહેરાપણું છે જેથી તમારી વાતો અમને સંભળાતી નથી. ત્યારે કોઈકવાર કહી દેતા કે : "મિમ બયનિના વ બયનક હિજાબ." એટલે અમારી અને તમારી વચ્ચે એક પર્દો આડે આવેલો છે.

વળી કયારેક કંટાળીને કહી દેતા : "ફઅમલ ઈન્ના આમિલૂન." એટલે તમે તમારે રસ્તે ચાલતા રહો, અમે અમારે રસ્તે ચાલતા રહીશું. મતલબ કે અમારે તમારી વાતો સાંભળવી પણ નથી, સમજવી પણ નથી અને માનવી પણ નથી. એને જ લગતી આ આયતો અલ્લાહ તઆલાએ ઉતારી :

વઈઝા કરઅ-તલ-કુર્આન	અને હે નબી ! જયારે તમે કુર્આન પઢયું
જઅલ-ના બયનક	તો અમે નાખી દીધો તમારી વચ્ચે
વ બયનલ - લઝીન	અને તેઓની વચ્ચે;————જેઓ
લા યુઅમિનૂન બિલ - આખિરતિ	આખિરત પર ઈમાન લાવતા નથી,
હિજાબમ મસ્તૂરા.	એક છુપો પર્દો.
વ-ઈઝા ઝકરતા રબ્બક	અને જયારે તમે વર્ણન કર્યું પોતાના પાલનહારનું
ફિલ-કુર્આનિ વહદહૂ	કુર્આનમાં કે તે વહદ-હૂ છે (એટલે એક માત્ર છે)

૧. અલ્લામા ઈબ્ને જરીર તબરીએ પોતાની તફસીરમાં લખ્યું છે કે જંગે બદરના પ્રસંગે પણ અબૂ જહલે અખ્નસ બિન શરીકને એવો જ જવાબ આપ્યો હતો જયારે અખ્નસે એકાંતમાં પૂછયું હતું, "જુઓ ભાઈ ! અત્યારે આપણે એકલા છીએ. ત્રીજું કોઈ નથી. ખરા દિલથી મને કહો કે મુહંમદ સાચા છે કે જૂઠા ?" અબૂ જહલે કહ્યું, "અલ્લાહના સોગંદ, મુહંમદ તદ્દન સાચા છે. કદી જૂઠું બોલ્યા નથી. પણ તમે જ કહો કે તેનું ખાનદાન કઅબહના ઓહદાઓ સાથે પયગમ્બરીનું બીડું પણ ઝડપી જાય તો અમારા માટે બાકી શું રહ્યું ?" (સીરતે-સરવરે-આલમ જિ-૨ પા.૫૧૧)

Maktabe Ashraf

વલ-લવ અલા અદ્બારિ-હિમ	તો આ લોકો પૂઠ ફેરવી ગયા.
નુફૂરા.	નફરતથી [1]

અર્થાત : હે નબી ! જ્યારે તમે પોતાના પાલનહારનો મહિમા વર્ણવીને કહો છો કે, ''મારો પાલનહાર એકમાત્ર અલ્લાહ છે અને કોઈ તેનો ભાગીદાર નથી, ''તો આ લોકો નફરત અને ધિક્કારથી થોબડું ચઢાવીને ત્યાંથી ચાલ્યા જાય છે. એ લોકો અલ્લાહના એક હોવાની વાતને સમજી જ કેવી રીતે શકે જ્યારે કે તેઓના દિલો પર પર્દા નાખી દેવામાં આવ્યા છે ! અને એ લોકો તમારી વાતોને સાંભળી જ કેવી રીતે શકે જ્યારે કે તેઓના જ દાવા મુજબ તેઓના કાનો બહેરા થઈ ગયા છે ! તો દિલોના આ પર્દા મેં નથી નાખ્યા, તેઓએ પોતે નાખી દીધા છે અને કાનોનું આ બહેરાપણું મેં નથી જન્માવ્યું, તેઓએ પોતે પોતાના કાનો બહેરા બનાવી લીધા છે. આ બધી નહૂસત કે બદબખ્તી તેઓના પોતાના કરતૂતોને આભારી છે. અને વળી ઉપરથી એ લોકો મરવા પછી જીવતા થવામાં માનતા નથી અને કહેતા રહે છે :

વ કાલૂ અ-ઈઝા કુન્ના	અને તેઓએ કહ્યું કે જ્યારે અમે
ઈઝામંવ-વ-રુફાતન	જર્જરિત હાડકાં અને ચૂરેચૂરા થઈ જઈશું
અ-ઈન્ના લ-મબ-ઊસૂન	તો શું અમને ફરીથી જીવતા કરીને
ખલ્કન જદીદા.	નવેશિરેથી ઉઠાડવામાં આવશે ? [2]

Maktabe Ashraf

એટલે હે નબી ! આ મુશરિકો તમને શાઈર, નજૂમી, જાદૂગર વગેરે તો કહી જ ચૂક્યા છે હવે તેઓ તમને પાગલ ઠરાવવાની ચેષ્ટા કરતાં કહે છે કે, શું અમે મરીને માટીમાં મળી જઈશું, અમારાં હાડકાં સડીને ચૂરેચૂરા થઈ જશે તેમ છતાં ફરીવાર અમને જીવતા કરવામાં આવશે ? એ વાત માનવા જેવી નથી અને અક્કલમાં આવે તેવી નથી. કોઈ બુદ્ધિશાળી આવી વાત કહી શકે નહિ અને કહે તો તેની અક્કલ ઠેકાણે કેવી રીતે હોય શકે ?

જવાબમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

કુલ કૂનૂ હિજારતન	હે નબી ! કહી દો કે તમે પથ્થર બની જાઓ
અવ હદીદન	અથવા લોખંડ બની જાઓ
અવ ખલ્કમ મિમ્મા	અથવા કોઈ એવી મખ્લૂક બની જાઓ જેને તમે
યકબુરુ ફી સુદૂરિ-કુમ.	બેહદ મુશકિલ કે મહાન સમજો પોતાના દિલમાં !
ફ-સ-યકૂલૂન	ત્યારે તેઓ ફરીવાર પૂછશે કે,
મંય-યુઈદુના	કોણ અમને સજીવન કરશે ?
કુલિલ-લઝી ફ-ત-ર-કુમ	કહી દો કે, તે જેણે તમને પૈદા કર્યા
અવ્વલ મર્રહ.	પ્રથમવાર.
ફ-સ-યુન-ગિદૂન ઈલૈ-કા	ત્યારે તેઓ ધુણાવશે તમારી આગળ
રુઊ-સહુમ	પોતાનાં માથાં

૧. (સૂ-બની ઈસરાઈલ પા. ૧૫ આ. ૪૫-૪૬)

૨. બની ઈસરાઈલ પારહ ૧૫ આયત ૪૯

વ યકૂલૂન મતા હુ	અને પૂછશે, એ કયારે બનશે ?
કુલ અસા અંય-યકૂન કરીબા.	કહી દો, બહુ નજીકમાં જ એનું બનવાનું સંભવિત છે. [૧]

ઈન્સાન જાણે છે કે અલ્લાહ તઆલાએ તેને કઈ વસ્તુથી પૈદા કર્યો છે. અગર માટીનું માટીમાં મળીને માટી બની જવાનું સહેલું લાગતું હોય તો તેઓને કહો કે તમે માટીને બદલે પથ્થરના બની જાવ કે લોખંડના બની જાવ કે તેથીયે સખતમાં સખત પદાર્થના બની જાવ તો પણ સર્વશકિતમાન અલ્લાહ તમને પથ્થર કે લોખંડમાંથી પણ પાછા જીવતા કરી દેશે.

---

૧. સૂરએ-બની ઇસરાઇલ પારહ ૧૫ આ. ૫૧

પ્રકરણ ૫૦

નિરાધારો પર કુરૈશનો કાળો કહેર

કુરૈશી કાફિરોના ત્રાસવાદનો સપાટો

કુરૈશી મુશરિકોની સંગદિલી ● હઝરત બિલાલની આકરી આઝમાઈશ ● હઝરત બિલાલનો છુટકારો ● બીજાં લોંડી-ગુલામોનો છુટકારો ● બેટાને બાપની શિખામણ ● હઝરત અબૂબક્રના વખાણ કુર્આનમાં ● આલે-યાસિર માટે બશારત ● અબૂ જહલના કુફ્રનું કટ્ટરપણું ● મુસલમાનોની છેલ્લા દરજાની લાચારી ● વલીદ બિન વલીદ પર સપાટો.

Maktabe Ashraf

કુરૈશી મુશરિકોની સંગદિલી——————ઈબ્ને ઈસ્હાક કહે છે: એ પછી તો કુરૈશી મુશરિકોએ, મુસલમાન બનેલા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તાબેદારી કરનારા લોકો પર ઝુલ્મો-સિતમનો સપાટો બોલાવી દીધો. કુરૈશનો દરેક કબીલો, દરેક ખાનદાન, પોતાના જ ભાઈ-બહેનો કે બેટાઓ પર આડેધડ તૂટી પડ્યું. અને બેહદ કુરતા કે નિર્દયતાથી અરેરાટી ઉપજાવે તેવો કાળો કહેર પ્રવર્તાવી દીધો.પથ્થરનું કાળજું પણ પીગળી જાય તેવી બેરહમીથી તેઓને ઢોરમાર મારતા. હાથોપગોમાં બેડીઓ નાખી દેતા. ઘરોની અંધારી કોઠડીમાં કેદ કરી દેતા. ભૂખ્યા તરસ્યા રાખતા અને તેઓના તરફડિયાં મારવાનો તમાશો જોતા. ખરા બપોરની ધખધખતી ધરતી પર ખુલ્લા શરીરે ચત્તાપાટ સુવાડી દેતા. કુરૈશની આ અગ્નિ-પરીક્ષામાં કેટલાક નિરાધાર મુસલમાનો, તેઓનો ઢોરમાર બરદાશ્ત ન થવાથી, ઈમાનની આકરી આઝમાઈશમાં ઊલઝી ગયા. કેટલાક મજબૂત મનોબળના, તેઓનો જંગલી ત્રાસ વેઠીને ઈમાનની કસોટીમાંથી પાર ઊતરી ગયા અને અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી તેઓને સલામત રાખ્યા.

હઝરત બિલાલની આકરી આઝમાઈશ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મક્કહના કુરૈશી આગેવાનોમાં ઉમૈયહ બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ એક પંકાયેલો શયતાન હતો. એના એક મુસલમાન બનેલા ગુલામનું નામ બિલાલ હતું. અને બિલાલના વાલિદાનું નામ હુમામહ અથવા હુમ્મ હતું. હઝરત બિલાલ જાતે હબશી હતા. મોટા સદાચારી, નેકદિલ, પાકબાઝ ગૃહસ્થ હતા અને મક્કમ મનોબળના ઈન્સાન હતા. ઈમાનમાં પથ્થરની જેમ જેના મજબૂત અને ઈસ્લામની સચ્ચાઈના જીવતા પુરાવા જેવા હતા.

ખરા બપોરે જ્યારે સૂરજ આગ વરસાવતો અને મક્કહની ભૂમિ લાલ તવા પેઠે તપી ઊઠતી ત્યારે એમનો શેઠ ઉમૈયહ બિન ખલફ હઝરત બિલાલને "બત્હા"ની ધગધગતી જમીન પર લઈ જતો. આગ પેઠે તપી ઊઠેલી પથરીલી ચટાન પર ઉઘાડા શરીરે ચત્તાપાટ સુવાડી દેતો અને પછી કહેતો, "સાંભળી લે હે કાળા ગુલામ!

તું મરે ત્યાં સુધી હું તને છોડવાનો નથી. કાં મરવાનું કબૂલ કર કાં મુહંમદનો ઈન્કાર કર અને વચન આપ કે એક અલ્લાહને જતો કરીને લાત અને ઉઝ્ઝાની પૂજા કરશે.''

તેના દરેક સવાલના જવાબમાં હઝરત બિલાલ એક જ નાદ ગજાવતા :''અલ્લાહુ અહદ ! અલ્લાહુ અહદ!'' એટલે અલ્લાહ એક છે અલ્લાહ એક છે.

હઝરત બિલાલનો છુટકારો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા કુરૈશનો એજ મરદૂદ શયતાન એટલે ઉમૈયહ બિન ખલફ હઝરત બિલાલને સિતમની ચક્કીમાં ઝીંકીને રિબાવી રહ્યો હતો અને તેઓ ''અહદ -અહદ'' પોકારતા હતા. એટલામાં મૂર્તિપૂજા છોડીને ખ્રિસ્તી બનેલા વરકહ બિન નવફલ નામે ગૃહસ્થ ત્યાંથી પસાર થયા. હઝરત બિલાલની આ કાળજું કંપાવનારી અને રોમાંચ ખડાં કરી દે તેવી દર્દનાક દશા જોઇને વરકહ તેમની પાસે ગયા અને બોલ્યા, ''હે બિલાલ ! તું સાચું જ કહે છે. બેશક અલ્લાહ અહદ છે અલ્લાહ અહદ છે.''

પછી તેમણે ત્યાં ઊભેલા ઉમૈયહ બિન ખલફ અને તેના માણસોને સંબોધીને કહ્યું, ''સાંભળી લો, હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે બિલાલને જો તમે એજ દશામાં મારી નાખ્યો તો હું એની કબરને ''ઝિયારત-ગાહ'' બનાવી લઇશ, એની કબરના દર્શન માટે આવતો રહીશ અને અલ્લાહની બરકતો હાસિલ કરતો રહીશ.''

હઝરત બિલાલની એજ કરૂણ હાલતમાં એક દિવસે હઝરત અબૂબક્ર બિન અબી કુહાફહ ત્યાંથી પસાર થયા. હિંસાખોરો અને ત્રાસવાદીઓ તેમને બૂરી તરહ રિબાવી રહ્યા હતા. હઝરત અબૂબક્રનું ઘર એજ ઉમૈયહ બિન ખલફના જુમહી મોહલ્લામાં આવેલું હતું. હઝરત અબૂબક્રે ઉમૈયહને પડકાર્યો, ''હે ઝાલિમ ! આ નિરાધાર ગરીબને આટલી બેરહમીથી કેમ સતાવે છે ? શું તને અલ્લાહનો જરા ખૌફ નથી ? કહે તો ખરો, આખર તારી આ પાપલીલા ક્યાં સુધી ચાલશે ?''

ઉમૈયહ તડૂક્યો, ''સાંભળો હે અબૂબક્ર ! ખરૂં કહું તો તમે અને તમારા સાથીએ જ એને બગાડયો છે. હવે જે પીડા એ ભોગવે છે તેમાંથી તમે જ એને છોડાવો તો એને છુટકારો થાય.''

''હા વલ્લાહ ! હું જ એને છોડાવીશ.'' હઝરત અબૂબક્રે ફરમાવ્યું, ''સાંભળ હે ઉમૈયહ ! મારો એક હબશી ગુલામ છે તે બિલાલથી વધુ તગડો અને મૂર્તિપૂજાના ધર્મ પર તારાથી વધારે મક્કમ છે. ચાલ એ ગુલામ હું તને આપી દઉં છું બદલામાં બિલાલ મને આપી દે. બોલ કબૂલ છે ?''

''બિલકુલ કબૂલ છે.'' ઉમૈયહ બોલ્યો,

''જા તે ગુલામ મેં તને આપી દીધો.'' હઝરત અબૂબક્રે પોતાનો એ ગુલામ ઉમૈયહ બિન ખલફને આપી દીધો અને બદલામાં હઝરત બિલાલને તેની ગુલામીમાંથી છોડાવી લઇને આઝાદ કરી દીધા.''

બીજાં લોંડી-ગુલામોનો છુટકારો————મતલબ કે હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુએ મદીનાની હિજરત કરી તે પહેલાં વધુ છ લોંડીઓ અને ગુલામોને ખરીદી લઇને આઝાદ કરી દીધાં. એમાં હઝરત બિલાલ સાતમા હતા. જે લોંડી-ગુલામોને હઝરત અબૂબક્રે આઝાદ કરાવ્યા તેઓના નામ આ છે :

૧— —હઝરત આમિર બિન ફુહેરહ (હઝરત બીબી આઇશહના મા-જણ્યા ભાઇ તુફૈલ બિન હારિસના ગુલામ હતા. આ લોકો એમને સખત તકલીફો આપતા હતા. જંગે-બદ્ર અને જંગે-ઉહુદમાં શરીક થયા. ''બીરે-

મઊનહ''યુદ્ધમાં શહીદ થયા.

૨———હઝરત બીબી ઉમ્મે-ઉબૈસ. બનૂ ઝુહરા કુટુંબની લોંડી હતા. અસવદ બિન અબ્દે-યગૂસ નામે ગૃહસ્થ એમને સખત માર મારતો હતો.

૩———હઝરત બીબી ઝિન્નીરા બનૂ અદી કુટુંબની લોંડી હતાં. એક રિવાયત મુજબ ઉમર બિન ખત્તાબ અને બીજી રિવાયત મુજબ અબૂ જહલ એમની ઉપર એટલો ત્રાસ વર્તાવતો કે છેવટે એમની આંખોની રોશની ચાલી ગઈ. એ જોઈને અબૂ જહલ અને કુરૈશ કહેવા લાગ્યા, ''લાત અને ઉઝઝાએ એને આંધળી બનાવી દીધી !'' બીબી ઝિન્નીરાએ સાંભળ્યું તો કહ્યું, ''કઅબહના સોગંદ ! તમે બધા જૂઠા છો. લાત અને ઉઝઝા તો પથ્થર છે. પથ્થરની મૂર્તિઓ ન લાભ પહોંચાડી શકે ન નુકસાન. ''બીજી સવારે ઊંઘમાંથી જાગ્યાં તો આંખો તદ્દન સાજીસમી હતી. અલ્લાહ તઆલાએ આંખોની રોશની લોટાવી દીધી હતી.

૪———હઝરત બીબી નહદિય્યા. બનૂ અબ્દે-દાર કુટુંબની લોંડી હતાં. શેઠાણી એમની ઉપર બેફામ ત્રાસ વર્તાવતી હતી.

૫———હઝરત બીબી નહદિય્યાના પુત્રી. પોતાની મા પેઠે એક જ કુટુંબની લોંડી હતા. એક દિવસે શેઠાણીએ મા-બેટીને લોટ દળવા માટે ઘઉં આપ્યા અને કહી દીધું, ''જાવ અલ્લાહના સોગંદ હું તમને કદી આઝાદ કરવાની નથી.'' એ વેળા હઝરત અબુબક્ર ત્યાંથી પસાર થતા હતા. શેઠાણીના આ બોલો સાંભળીને તેની પાસે ગયા અને બોલ્યા, ''હે ફલાણાની મા ! પોતાના સોગંદ તોડી નાખ અને બંનેને આઝાદ કરી દે.''

તે બોલી, ''તમે જ બંનેને વટલાવી નાખી છે. હવે તમે જ એમને આઝાદી અપાવો.''

હઝરત અબૂબક્રે પૂછયું, ''બોલ શું દામ લેશે ?''તે બોલી, ''આટલા'' હઝરત અબૂબક્રે તેની મોંમાગી કિંમતે બંનેને ખરીદી લઈને આઝાદ કરી દીધી. પછી નહદિય્યા અને તેની પુત્રી પાસે જઈને ફરમાવ્યું, ''જાવ તેના ઘઉં પાછા આપી દો.''

હઝરત ! દળીને આપીએ કે એમ જ ?''

ફરમાવ્યું, ''તમારી ઇચ્છા હોય તેમ કરો.''

૬———બનૂ મુઅમ્મલની એક લોંડી. બનૂ અદી બિન કઅબ કબીલાની એક શાખ બનૂ મુઅમ્મલની એક લોંડી મુસલમાન બની ગઇ હતી.[1] હઝરત ઉમર બિન ખત્તાબ તેને મારી-મારીને થાકી જતા ત્યારે કહી દેતા, ''મને તારી દયા નથી આવતી પણ થાકી જવાથી માંડી વાળું છું.'' લોંડી જવાબ આપતી, ''અલ્લાહ પણ તમારી સાથે એવો જ મામલો કરશે.'' હઝરત અબૂબક્રે આ લોંડીને ખરીદીને આઝાદ કરી દીધી.

બેટાને બાપની શિખામણ———ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂબક્ર નિરાધાર અને દુખિયારા મુસલમાન લોંડી-ગુલામોને ધડાધડ ખરીદીને આઝાદ કરી રહ્યા હતા. એ દેખીને એક દિવસે એમના પિતાજી અબૂ કુહાફાએ એમને શિખામણ આપતાં કહ્યું, ''બેટા ! તારી મરજી હોય તેમ કરતા રહો પણ હું જોઇ રહ્યો છું કે તમે નબળા-દૂબળા ગુલામોને ખરીદીને આઝાદ કરી છો. એને બદલે કદ્દાવર, બળવાન, ફૂર્તિલા

---

૧. સીરતના બીજા પુસ્તકોમાં આ ખાતૂનનું નામ લુબૈના અથવા લુબૈબા લખ્યું છે. હઝરત ઉમર એને મારતા હતા એ બનાવ હઝરત ઉમરના મુસલમાન બનવા પહેલાંનો છે. ''હ''

Maktabe Ashraf

અને તગડા ગુલામોને ખરીદીને આઝાદ કરો તો એ તમારા માટે બહેતર છે. સમય આવ્યે આ ગુલામો તમારી મદદ કરશે અને તમારા પડખે રહીને દુશ્મનોથી તમારૂં રક્ષણ કરશે.''

જવાબમાં હઝરત અબૂબક્ર બોલ્યા, ''બાપુજી ! હું જે કંઇ કરૂં છું અલ્લાહની રઝામંદી માટે કરૂં છું. એમાં મારો કોઇ દુનિયાવી સ્વાર્થ નથી.''

હઝરત અબૂબક્રના વખાણ કુર્આનમાં————રાવીનું કથન છે કે બાપ-બેટા વચ્ચેની આ વાતચીત અંગે જ કુર્આનની આ આયતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઊતરીઃ

ફ-અમ્મા મન અઅતા	તો જેણે અલ્લાહની પ્રસન્નતા માટે પોતાનો માલ આપ્યો,
વત-તકા	અને નઠારા કામોથી બચેલો રહ્યો,
વ-સદ-દક્ બિલ-હુસ્ના.	અને જેણે સત્યનું સમર્થન કર્યું,
વમા લિ-અહદિન ઈન્દહૂ મિન નિઅ-મતિન	તેની ઉપર કોઇનું એહસાન નથી કે,
તુજઝા	જેનો બદલો તેને આપવામાં આવતો હોય.
ઈલ્લબ-તિગાઅ વજહિ રબ-બિહિલ-અઅલા	માત્ર પોતના પાલનહારની ખુશનૂદીની ઈચ્છા છે
વ-લ-સવફ્ યરદા.	અને અલ્લાહ બહુ જ જલ્દી તેનાથી રાજી થશે. ૧

આલે-યાસિર માટે બશારત————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ મખઝૂમના ઘાતકી લોકો હઝરત અમ્માર બિન યાસિરને, અમ્મારના મા-બાપને જબરદસ્તીથી ખેંચીને ઈજા આપવા માટે લઈ જતા હતા કેમકે એમનું આખું કુટુંબ મુસલમાન બની ગયું હતું. બપોરના કાળઝાળ તાપમાં મક્કહની ધખધખતી ધરતી પર સુવાડીને એમને પારાવાર યાતનાઓ આપતા હતા. મને જાણવા મળ્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારેય એમની પાસેથી પસાર થતા તો ફરમાતા :

સબ્રન આલ્-યાસિરિન	ધીરજ ધરો હે યાસિરના કુટુંબીઓ !
મવ-ઇદુ-કુમુલ-જન્નહ.	તમારા માટે જન્નત : વાયદાનું સ્થળ છે.

અમ્માર બિન યાસિરના મા બીબી સુમૈયહને તો આ ઘાતકી ત્રાસવાદીઓએ મારી જ નાખ્યાં. તેમ છતાં તેઓ ઈસ્લામથી ડગ્યાં નહિ. છેલ્લી પળ સુધી ઈસ્લામ વિના બીજી વાત જ નહિ કરી.

અબૂ જહલના કુફ્રનું કટ્ટરપણું————બદકાર અબૂ જહલ મક્કહનો સૌથી ખૂંખાર આતંકવાદી હતો. દિનરાત કુરૈશના ત્રાસવાદીઓને મુસલમાનો વિરૂધ્ધ ઉશ્કેર્યા કરતો. જ્યારે ય કોઈના મુસલમાન બનવાના સમાચાર મળતા કે તરત તેની પાસે દોડી જતો. મુસલમાન બનનાર લાગવગવાળો કે માનમોભાવાળો હોય તો દલીલબાજી કે જીભાજોડીથી તેને ઈસ્લામથી તોડવાની કોશિશ કરતો. સાથે એવી ધમકીઓ ઉચ્ચારતો કે, ''યાદ રાખ ! આપણા બાપદાદાનો ધર્મ સૌથી ઉત્તમ છે. એને છોડી દીધો તો આખા મક્કહમાં તારો ફજેતો બોલાવી દઈશું. તારી આબરૂના કાંકરા કરી નાખીશું. મક્કહમાં એવી વાતો વહેતી કરીશું કે તું ચસકેલ ભેજાંનો છે. ખાંડી બુધ્ધિનો છે જેથી તેં બાપદાદાનો સાચો ધર્મ છોડી દીધો અને મુહંમદનો ખોટો ધર્મ અપનાવી લીધો. યાદ રાખ, અમે તારા માનમોભાના ચીંથરાં કરી નાખીશું !''

મુસલમાન બનનાર કોઈ વેપારી હોય તો તેને દમદાટી આપતો, ''અમે તારા વેપારને વેરવિખેર કરી

૧. સૂરએ-વલ-લૈલ પારહ ૩૦

નાખીશું. તારા માલની હરાજી બોલાવી દઈશું !" કોઇ ગરીબ, નિરાધાર કે કમજોર વ્યકિત મુસલમાન બની જાય તેને અબૂ જહલ ખૂબ મારતો, ફટકારતો અને કુરૈશના અવળચંડાઓને તેની વિરુધ્ધ પાણી ચઢાવતો.

મુસલમાનોની છેલ્લા દરજ્જાની લાચારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા હઝરત સઈદ બિન જુબૈરે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસને પૂછયું, "શું કુરૈશી મુશરિકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાને ત્રાસ આપવામાં એટલી હદે પૂગી ગયા હતા કે છેવટે તેઓ ઇસ્લામ ત્યાગ માટે લાચાર બની જતા હતા ?"

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસે જવાબ આપ્યો, "હા હિંસાખોરો બેહદ ઘાતકીપણાથી મુસલમાનો પર કાળો કહેર વર્તાવી દેતા. તેઓના દાણાપાણી બંધ કરી દેતા. ત્યાં સુધી ભૂખ્યા તરસ્યા રાખતા કે તેઓમાં બેસવાનું બળ પણ ન રહેતું. ઢોરમાર મારીને તેઓ પાસે પોતાની મરજીના બોલ બોલાવી લેતા અને ધમકાવીને તેઓને કહેતા, "બોલ મારો ભગવાન અલ્લાહ નહિ, લાત અને ઉઝ્ઝા છે !"

તે બિચારો કહી દેતો, "હા લાત અને ઉઝ્ઝા મારા ભગવાન છે."

તે વેળા છાણના પોદળાનો કોઇ જીવડો ત્યાંથી પસાર થતો તો કહેતા, "બોલ આ જીવડો મારો ભગવાન છે, અલ્લાહ મારો ભગવાન નથી !"

તે બિચારો ભાનભૂલી દશામાં જીવલેણ પીડામાંથી છૂટવા માટે કહી દેતો, "હા આ કીડો મારો ભગવાન છે." છેક જ લાચારીની દશા જેમાં ઇન્સાન હોશો-હવાસ ગુમાવી દે છે.

વલીદ બિન વલીદ પર સપાટો————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ મખઝૂમના કેટલાક લફંગાઓ હિશામ બિન વલીદ પાસે ગયા જયારે કે હિશામના ભાઇ વલીદ બિન વલીદે ઈસ્લામ સ્વીકારી લીધો હતો. આ લોકો એવું નક્કી કરીને ગયા હતા કે હિશામના કુટુંબના જેટલા માણસો મુસલમાન બની ગયા હોય, બધાને પકડીને એવા ઝપેટવા કે તેઓ ઇસ્લામને છોડી દે. મુસલમાન બનનારાઓમાં સલમહ બિન હિશામ અને અય્યાશ બિન અબી રબીઅહ પણ હતા.

બનૂ મખઝૂમના ગુંડાઓએ હિશામ બિન વલીદને કહ્યું, "તમારી બિરાદરીના કેટલાક માણસો બાપદાદાના ધર્મથી વટલીને નવા મઝહબમાં ભરાઇ બેઠા છે. અમારે એ બધાને મઝા ચખાડવી છે."

હિશામ બિન વલીદે કરડાઇથી કહ્યું, "એમાં પૂછવાનું શું ? ખુશીથી મઝા ચખાડો, પણ યાદ રાખજો, મારા ભાઈ વલીદને મારી નાખ્યો તો હું તમારા સરદારનું ડોકું ઉડાવી મૂકીશ." પછી આ શેઅર લલકાર્યો:

અલા લા-યુક-તલુન્ન અખી ઉમૈસિન, • ફ-યબકા બૈન-ના અબદન તલાહી.

ખબરદાર, મારા ભાઇ ઉમૈસની હત્યા કરી તો ! યાદ રાખો, આપણી વચ્ચે કાયમની દુશ્મની મંડાઇ જશે.

આ શેઅર સાંભળીને પેલા ગુંડાઓ તેની કરડાકીથી ડરી ગયા અને આપસમાં બોલ્યા, "અરે રે! આ તો બહુ કડક ભેજાંનો લાગે છે. એનો ભાઇ મરી ગયો તો એ આપણને છોડવાનો નથી." એ પછી બધા વીલે મોઢે ત્યાંથી ચંપત થઇ ગયા અને આ રીતે અલ્લાહ તઆલાએ વલીદ બિન વલીદની સાથે ઘણા મુસલમાનોને ત્રાસવાદી પાજીઓના પંજાથી બચાવી લીધા.

Maktabe Ashraf

પ્રકરણ ૫૧

હબશાહ તરફ મુસલમાનોની પહેલી હિજરત

હબશાહ તરફ હિજરતની સલાહ ● હબશાહના મુહાજિરોની ટીપ ● મુલ્કે-હબશાહ તરફ બીજી હિજરત ● હબશાહના મુહાજિરીનની સંખ્યા ● અબ્દુલ્લાહ બિન હારિસના કસીદા

Maktabe Ashraf

હબશાહ તરફ હિજરતની સલાહ————મુહંમદ બિન ઇસ્હાક મુત્તલબી એટલે ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે અનુભવ્યું કે મારા સાથીઓ સંકટો અને બલાઓ અને આફતોનો નિર્દયતાથી નિશાનો બની રહ્યા છે. અને આપ પોતે અલ્લાહ તઆલાના રક્ષણ તથા કાકા અબૂ તાલિબને પ્રતાપે આ સંકટોથી બચેલા છે અને આપ પોતે મુસલમાનોનું રક્ષણ કરી શકતા નથી તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોને ફરમાવ્યું :

લવ ખરજ્-તુમ ઈલા અર્દિલ-હબશહ	બેહતર છે અગર તમે નીકળી જાવ હબશહની ભૂમિ તરફ.
ફ-ઈન્ન બિહા મલિકન	ત્યાં એક એવો બાદશાહ છે જેના રાજ્યમાં [1]
લા યુઝલમુ ઈન્દહૂ અહદુન.	કોઈની ઉપર ઝુલ્મ કરવામાં નથી આવતો.
વ-હિય અર્દુ સિદ્દકિન	અને એ સચ્ચાઈથી ભરેલી ભૂમિ છે.
હત્તા યજ્-અલલ-લાહુ-લકુમ	ત્યાં સુધી કે અલ્લાહ મોકળો કરે તમારા માટે,
ફરજન્	છુટકારાનો કોઈ રસ્તો;
મિમ્મા અનતુમ ફીહિ.	જેમાં તમે અત્યારે સપડાયેલા છો.

હબશહના મુહાજિરોની ટીપ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ મુબારક ફરમાન સાંભળીને ઘણા ખરા મુસલમાનો આ ફિત્નાઓથી બચવા, પોતાના દીન-ઈમાનને સલામત રાખવા, અને અલ્લાહની રઝામંદી મેળવવા હબશહ દેશની હિજરત માટે તૈયાર થઈ ગયા. ઈસ્લામમાં આરંભાયેલી આ સૌથી પહેલી હિજરત હતી. મુલ્કે-હબશહના સૌથી પહેલા મુહાજિરોના નામોની ટીપ આ છે:

● બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબના ખાનદાનમાંથી સૌથી પેહલાં હિજરત માટે નીકળ્યા

---

૧. હબશહના બાદશાહો નજાશી અથવા નજ્જાશી -NEGUS -ના લકબે મશહૂર હતા. આ બાદશાહનું [illegible] નામ બુખારી શરીફમાં ''અસ-હમહ'' લખેલું છે.

૧————હઝરત ઉસ્માન બિન અફ્ફાન બિન અબી આસ રદિયલ્લાહુ અન્હુ. એટલે ઇસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ગની.

૨————હઝરત ઉસ્માનના બેગમ બીબી રૂકૈયહ બિન્તે મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

• બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફના ખાનદાનમાંથી :

૩————હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત અબૂ હુઝૈફહના બેગમ બીબી સહલા બિન્તે સુહેલ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હા. એ બનૂ આમિર બિન લુઐયમાંથી હતાં. હબશહમાં એમને ત્યાં મુહંમદ બિન અબી હુઝૈફહ નામે પુત્રનો જન્મ થયો.

• બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયના કુટુંબમાંથી :

૫————હઝરત ઝુબૈર બિન અવ્વામ બિન ખુવૈલિદ બિન અસદ રદિયલ્લાહુ અન્હુ (હઝરત બીબી ખદીજાના ભત્રીજા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઈભાઈ.)

• બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી :

૬————હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ ઝુહરા બિન કિલાબમાંથી :

૭————હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ બિન અબ્દુલ-હારિસ બિન ઝુહરહ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહમાંથી:

૮————હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ રદિયલ્લાહુ અન્હુ.

૯————હઝરત અબૂ સલમહના બેગમ બીબી ઉમ્મે સલમહ બિન્તે અબી ઉમૈયહ રદિયલ્લાહુ અન્હા. (અબૂ જહલના સગા કાકાના પુત્રી હતા. હઝરત અબૂ સલમહની વફાત બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં.)

• બનૂ જુમહ બિન ઉમર બિન હુસૈસ બિન કઅબમાંથી :

૧૦————હઝરત ઉસ્માન બિન મઝઊન બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ રદિયલ્લાહુ અન્હુ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી હફસહના મામા.)

• બનૂ અદી બિન કઅબમાંથી :

૧૧————હઝરત આમિર બિન રબીઅહ રદિયલ્લાહુ અન્હુ. ખત્તાબના ખાનદાન સાથે કરારોથી જોડાયેલ અને અન્ઝ બિન વાઈલના કબીલામાંથી હતા.

૧૨————હઝરત આમિર બિન રબીઅહના બેગમ લયલા બિન્ત અબી હસમા બિન હુઝાફહ રદિયલ્લાહુ અન્હા.

• બનૂ આમિર બિન લુઐયના કુટુંબમાંથી:

૧૩————હઝરત અબૂ સબરહ બિન અબી રુહમ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબી કૈસ રદિયલ્લાહુ અન્હુ અમુકના મત મુજબ અબૂ સબરહ નહિ બલ્કે હઝરત અબૂ હાતિબ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ. અમુકના

કહેવા મુજબ એ પહેલા શખ્સ હતા જે હબશહ પહોંચ્યા.

• બનૂ હારિસ બિન ફિહરમાંથી :

૧૪————હઝરત સુહૈલ બિન બયદાઅ રદિયલ્લાહુ અન્હુ. જેમનું નામ સુહૈલ બિન વહ્બ બિન રબીઅહ બિન હિલાલ હતું. મને મળેલી માહિતી મુજબ એ દસ ગૃહસ્થો હતા જેઓ મક્કહના મુસલમાનોમાંથી હિજરત કરીને હબશહની ભૂમિમાં ચાલ્યા ગયા.

ઇબ્ને હિશામ કહે છે : એ બધાના પ્રમુખ કે અમીર હઝરત ઉસ્માન બિન મઝઊન હતા જેની માહિતી મને કેટલાક જાણકારો તરફથી મળવા પામી.

મુલ્કે-હબશહ તરફ બીજી હિજરત————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી હઝરત જઅફર બિન અબૂ તાલિબ મક્કહથી નીકળીને હબશહ તરફ હિજરત કરી ગયા અને પછી તો હિજરતનો સિલસિલો ચાલુ થઇ ગયો. ઘણા મુસલમાનો ઘરબાર છોડીને હબશહ ઊપડી ગયા અને તેઓ ત્યાં સારી જેવી સંખ્યામાં એકઠા થઇને રહેવા લાગ્યા. એમાંના કેટલાક પોતાના ઘરવાળાંઓને સાથે લઇને ગયા હતા. કેટલાક ઘરવાળાઓને છોડીને ચાલ્યા ગયા હતા. હબશહની આ બીજી હિજરતના મુહાજિરોની ફેહરિસ્ત નીચે મુજબ છે:

• બનૂ હાશિમ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહના કુટુંબમાંથી :

૧————હઝરત જઅફર બિન અબૂ તાલિબ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ-રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત જઅફરના બેગમ બીબી અસ્મા બિન્તે ઉમૈસ બિન નુઅમાન બિન કઅબ રદિયલ્લાહુ અન્હા. હબશાની ભૂમિમાં એમને ત્યાં અબ્દુલ્લાહ બિન જઅફર નામે પુત્રનો જન્મ થયો.

• બનૂ ઉમૈયહ બિન અબ્દે-મનાફમાંથી :

૩————હઝરત ઉસ્માન બિન અફ્ફાન બિન અબી આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત ઉસ્માન સાથે એમના બેગમ બીબી રૂકૈયહ બિન્તે મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

૫————હઝરત અમ્ર બિન સઇદ બિન આસ બિન ઉમૈયહ રદિયલ્લાહુ અન્હુ.

૬————હઝરત અમ્ર બિન સઇદ સાથે એમના બેગમ બીબી ફાતિમહ બિન્તે સફવાન બિન ઉમૈયહ બિન મુહરિસ રદિયલ્લાહુ અન્હા. બીબી ફાતિમહ બનૂ કિનાનહ કુટુંબમાંથી હતાં.

૭————હઝરત અમ્ર બિન સઇદના ભાઇ હઝરત ખાલિદ બિન સઇદ બિન આસ, રદિયલ્લાહુ અન્હુ.

૮————હઝરત ખાલિદ બિન સઇદના બેગમ બીબી ઉમૈનહ બિન્તે ખલફ બિન અસઅદ બિન આમિર બિન બયાદહ રદિયલ્લાહુ અન્હા. કેટલાકે ઉમૈનહને બદલે હુમૈનહ નામ લખ્યું છે. એ બનૂ ખુઝાઅહ માંથી હતાં. હબશહની ભૂમિમાં બીબી ઉમૈનહએ એક પુત્ર અને એક પુત્રીનો જન્મ આપ્યો. પુત્રનું નામ સઇદ બિન ખાલિદ અને પુત્રીનું નામ અમત બિન્તે ખાલિદ રાખવામાં આવ્યું. બાદમાં બીબી અમતના નિકાહ હઝરત ઝુબૈર બિન અવ્વામ સાથે થયા અને તેમનાથી અમ્ર બિન ઝુબૈર અને ખાલિદ બિન ઝુબૈર નામે બે પુત્રો થયા.

• બનૂ ઉમૈયહના હલીફો (એટલે એકબીજાના રક્ષણ કે સુલહના કરારોથી જોડાયેલા કુટુંબો માંથી :)

૯————બનૂ અસદ બિન ખુઝૈમહવાળા હઝરત અબ્દુલ્લાહ બિન જહશ બિન રિઆબ બિન યઅમુર બિન

સબરહ બિન મુર્રહ બિન કબીર બિન ગનમ રદિયલ્લાહુ અન્હુ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી ઝૈનબના ભાઈ હતા.)

૧૦———હઝરત અબ્દુલ્લાહના ભાઈ ઉબૈદુલ્લાહ બિન જહશ, રદિયલ્લાહુ અન્હુ.

૧૧———ઉબૈદુલ્લાહ બિન જહશના બેગમ બીબી ઉમ્મે-હબીબહ બિન્તે અબી સુફયાન બિન હર્બ બિન ઉમૈયહ રદિયલ્લાહુ અન્હા (બીબી ઉમ્મે હબીબહ કુરૈશના સરદાર અબૂ સુફયાન બિન હર્બના પુત્રી હતાં.)[1]

૧૨———હઝરત કૈસ બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ (બનૂ અસદ બિન ખુઝાઅહમાંથી હતા.)

૧૩———હઝરત કૈસ બિન અબ્દુલ્લાહ સાથે એમના બેગમ બીબી બરકહ બિન્તે યસાર રદિયલ્લાહુ અન્હા. બીબી બરકહ અબૂ સુફયાન બિન હર્બના આઝાદ કરેલા લોંડી હતાં.

૧૪———હઝરત મુઐકીબ બિન અબી ફાતિમહ રદિયલ્લાહુ અન્હુ. આ બધા હઝરત સઈદ બિન આસના કુટુંબમાંથી સાત જણ હતા. ઈબ્ને હિશામ મુજબ હઝરત મુઐકીબ દૌસ નામે કબીલામાંથી હતા.

• ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ અબ્દે શમ્સ બિન અબ્દે-મનાફના કુટુંબમાંથી બે ગૃહસ્થો :

૧૫———હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ, રદિયલ્લાહુ અન્હુ.

૧૬———હઝરત અબૂ મૂસા અશઅરી રદિયલ્લાહુ અન્હુ. જેમનું નામ અબ્દુલ્લાહ બિન કૈસ હતું અને જેઓ ઉત્બહ બિન રબીઅહ વાળાઓના હલીફ હતા.[2]

• બનૂ નવફલ બિન અબ્દે મનાફના હલીફોમાંથી :

૧૭———હઝરત ઉત્બહ બિન ગઝવાન બિન જાબિર બિન વહબ રદિયલ્લાહુ અન્હુ. એ બનૂ કૈસ બિન ઐલાનમાંથી હતા.

• બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયમાંથી ચાર ગૃહસ્થો :

૧૮———હઝરત ઝુબૈર બિન અવ્વામ બિન ખુવૈલિદ બિન અસદ રદિયલ્લાહુ અન્હુ. (હઝરત ખદીજહના ભત્રીજા.)

૧૯———હઝરત અસવદ બિન નવફલ બિન ખુવૈલિદ બિન અસદ રદિયલ્લાહુ અન્હુ (હઝરત ખદીજહના ભત્રીજા.)

૨૦———હઝરત યઝીદ બિન ઝમઅહ બિન અસવદ બિન મુત્તલિબ બિન અસદ રદિયલ્લાહુ અન્હુ.

૨૧———હઝરત અમ્ર બિન ઉમૈયહ બિન હારિસ બિન અસદ, રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ અબ્દ બિન કુસૈયમાંથી એક ગૃહસ્થ :

૨૨———હઝરત તુલૈબ બિન ઉમૈર બિન વહબ બિન અબી કસીર રદિયલ્લાહુ અન્હુ (એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઈ અરવા બિન્તે અબ્દિલ-મુત્તલિબના પુત્ર હતા.)

• બનૂ અબ્દે-દાર બિન કુસૈયમાંથી :

૨૩———હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હિશામ બિન અબ્દે-મનાફ, રદિયલ્લાહુ અન્હુ.

૧. બાદમાં આ ઉબૈદુલ્લાહ બિન જહશ હબશહમાં ખ્રિસ્તી બનીને મરી ગયો. એના મરણ પછી હબશહના બાદશાહ નજાશીએ બીબી ઉમ્મે હબીબહના નિકાહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે હબશહમાં જ કરાવી દીધા અને નિકાહની મહર પણ બાદશાહે પોતે રસૂલુલ્લાહ તરફથી આપી "હ"

૨. હલીફ એવા પક્ષોને કહે છે જેઓ આપસમાં એકબીજાની મદદના કરારોથી જોડાયેલા હોય. "હ"

Maktabe Ashraf

૨૪————હઝરત સુવૈબિત બિન સઅદ બિન હરમલા બિન માલિક બિન ઉમૈલહ. રદિયલ્લાહુ અન્હુ.

૨૫————હઝરત સુવૈબિત સાથે એમના બેગમ બીબી ઉમ્મે-હરમલા બિન્તે અબ્દુલ-અસવદ બિન ખુઝૈમહ રદિયલ્લાહુ અન્હા. એ બનૂ ખુઝાઅહ કબીલામાંથી હતાં.

૨૬————એમના પુત્ર હઝરત અમ્ર બિન જહમ રદિયલ્લાહુ અન્હુ.

૨૭————એમના બીજા પુત્ર હઝરત ખુઝૈમહ બિન જહમ રદિયલ્લાહુ અન્હુ.

૨૮————હઝરત અબૂ રૂમ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દે-દાર રદિયલ્લાહુ અન્હુ. (હઝરત મુસઅબ બિન ઉમૈરના ભાઇ.)

૨૯————હઝરત ફિરાસ બિન નદ્ર બિન હારિસ બિન કલદહ બિન અલકમહ. રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી :

૩૦————હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ બિન અબ્દે ઔફ બિન અબ્દ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૩૧————હઝરત આમિર બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુ (હઝરત સઅદ બિન અબી વક્કાસના ભાઇ)

૩૨————હઝરત મુત્તલિબ બિન અઝહર બિન અબ્દે ઔફ બિન અબ્દ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૩૩————હઝરત મુત્તલિબ સાથે એમના બેગમ રમલહ બિન્તે અબી ઔફ બિન દબીરહ બિન સઇદ બિન સઅદ રદિયલ્લાહુ અન્હા. સઅદ બનૂ સહમમાંથી હતાં. હબશહમાં એમને ત્યાં અબ્દુલ્લાહ બિન મુત્તલિબ નામે પુત્રનો જન્મ થયો.

• બનૂ ઝુહરહના હલીફોમાંથી :

૩૪————હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ બિન હારિસ બિન શમખ બિન મખઝૂમ બિન સાબિલહ બિન કાહિલહ બિન કાહિલ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ હુઝૈલના કબીલામાંથી હતા.

૩૫————એમના ભાઇ હઝરત ઉત્બહ બિન મસઊદ-રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ બહરાઅ કુટુંબમાંથી :

૩૬————હઝરત મિકદાદ બિન અમ્ર બિન સઅલબહ માલિક બિન રબીઅહ રદિયલ્લાહુ અન્હુ. હઝરત મિકદાદના પિતાનું નામ અમ્ર હતું પણ લોકો એમને મિકદાદ બિન અસવદ કહેતા હતા કેમકે અસવદે જાહિલિયતમાં એમને દત્તક લઇને કરારોથી જોડી લીધા હતા.

• બનૂ તૈમ બિન મુર્રહમાંથી બે ગૃહસ્થો :

૩૭————હઝરત હારિસ, બિન ખાલિદ બિન સખ્ર બિન આમિર રદિયલ્લાહુ અન્હુ. (હઝરત અબૂબકના મામાના પુત્ર હતા.)

૩૮————હઝરત હારિસ, સાથે એમના બેગમ બીબી રૈતહ બિન્તે હારિસ બિન જબલહ બિન આમિર બિન કઅબ રદિયલ્લાહુ અન્હા. હબશહમાં એમને ત્યાં મૂસા બિન હારિસ, આઇશા બિન્તે હારિસ, ઝૈનબ બિન્તે હારિસ, ફાતિમહ બિન્તે હારિસ ચાર સંતાનો પૈદા થયાં.

૩૯————હઝરત અમ્ર બિન ઉસ્માન બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તૈમ, રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ મખઝૂમ બિન યકઝહ બિન મુર્રહમાંથી :

૪૦———હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ રદિયલ્લાહુ અન્હુ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધભાઈ અને ફોઈભાઈ)

૪૧———હઝરત અબૂ સલમહ સાથે એમના બેગમ બીબી ઉમ્મે-સલમહ બિન્તે અબી ઉમૈયહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ રદિયલ્લાહુ અન્હા. હબશહમાં એમને ત્યાં ઝૈનબ બિન્તે અબી સલમહનો જન્મ થયો. અને હઝરત અબૂ સલમહનું નામ અબ્દુલ્લાહ હતું અને બીબી સલમહનું નામ હિન્દ હતું. (બાદમાં હઝરત અબૂ સલમહની વફાત થતાં બીબી ઉમ્મે-સલમહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં)

૪૨———હઝરત શમ્માસ બિન ઉસ્માન બિન શરીદ બિન સુવૈદ બિન હરમી બિન આમિર બિન મખઝૂમ રદિયલ્લાહુ અન્હુ, હઝરત શમ્માસનું મૂળ નામ ઉસ્માન હતું. ઇબ્ને હિશામ કહે છે : શમ્માસ નામ પડવાનું કારણ આ હતું કે "શમાસા" માંથી એક શમ્માસ [૧] જાહિલિયતના યુગમાં મક્કહ આવ્યો હતો. તે એટલો દેખાવડો અને જાજરમાન હતો કે મક્કહના લોકો તેનું રૂપ જોઈને દંગ થઈ ગયા. ત્યારે ઉસ્માનના મામા ઉત્બહ બિન રબીઅહએ લોકોને કહ્યું, "એના રૂપના ઠસ્સાથી શું અંજાઈ ગયા ? ચાલો હું એના કરતાં વધુ ઠસ્સાવાળો રૂપવાન શમ્માસ તમને દેખાડું છું." આમ કહીને તે પોતાના ભાણેજ ઉસ્માનને લઈ આવ્યો. એજ દિવસથી એ શમ્માસ નામે પંકાઈ ગયા.

૪૩———હઝરત હબ્બાર બિન સુફયાન બિન અબ્દુલ-અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન મખઝૂમ રદિયલ્લાહુ અન્હુ.

૪૪———એમના ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન સુફયાન રદિયલ્લાહુ અન્હુ.

૪૫———હઝરત હિશામ બિન અબી હુઝૈફહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ રદિયલ્લાહુ અન્હુ.

૪૬———હઝરત સલમહ બિન હિશામ બિન મુગીરહ.....બિન મખઝૂમ રદિયલ્લાહુ અન્હુ. (અબૂ જહલના ભાઈ.)

૪૭———હઝરત અય્યાશ બિન અબી રબીઅહ રદિયલ્લાહ અન્હુ. (અબૂ જહલના ભાઈ.)

• બનૂ મખઝૂમના હલીફોમાંથી :

૪૮———હઝરત મુઅત-તિબ બિન ઔફ બિન આમિર રદિયલ્લાહુ અન્હુ. (બનૂ ખુઝાઅહમાંથી હતા.)

• બનૂ જુમહ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી :

૪૯———હઝરત ઉસ્માન બિન મઝઊન બિન હબીબ બિન વહબ રદિયલ્લાહુ અન્હુ.

૫૦———એમના પુત્ર હઝરત સાઈબ બિન ઉસ્માન રદિયલ્લાહુ અન્હુ.

૫૧———હઝરત ઉસ્માનના ભાઈ હઝરત કુદામહ બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુ.

૫૨———એમના બીજા ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુ

૫૩———હઝરત હાતિબ બિન હારિસ બિન મઅમર બિન હબીબ રદિયલ્લાહુ અન્હુ.

---

૧. અરબીમાં ધર્મગુરૂ, પાદરી કે પંડિતને શમ્માસ કહે છે. એનું બહુવચન શમામિસહ છે. આ લોકો પોતાના શરીરને કષ્ટોથી કેળવવા ખુલ્લા તડકામાં યોગાસન જમાવીને બેસી રહેતા હતા. એવા સાધુ સંન્યાસીઓને અરબના લોકો શમ્માસ કહેતા હતા. "હ"

Maktabe Ashraf

૫૪————હઝરત હાતિબના બેગમ બીબી ફાતિમહ બિન્તે મુજલ-લિલ આમિરિયહ રદિયલ્લાહુ અન્હા.

૫૫————એમના બે પુત્રો હઝરત મુહંમદ બિન હાતિબ અને

૫૬————હઝરત હારિસ બિન બિન હાતિબ રદિયલ્લાહુ અન્હુમા.

૫૭————એમના ભાઇ હઝરત ખત્તાબ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૫૮————હઝરત ખત્તાબના બેગમ બીબી ફુકૈહા બિન્તે યસાર, રદિયલ્લાહુ અન્હા.

૫૯————હઝરત સુફયાન બિન મઅમર બિન હબીબ બિન વહબ. રદિયલ્લાહુ અન્હુ.

૬૦————એમના બે પુત્રો હઝરત જાબિર બિન સુફયાન અને

૬૧————હઝરત જુનાદહ બિન સુફયાન રદિયલ્લાહુ અન્હુમા

૬૨————હઝરત સુફયાનના બેગમ બીબી હસનહ રદિયલ્લાહુ અન્હા. (જાબિર અને જુનાદહના અમ્માંજી)

૬૩————બીબી હસનહના બીજા ખાવિન્દના પુત્ર હઝરત શુરહબીલ બિન હસનહ રદિયલ્લાહુ અન્હુ. એ બનૂ ગૌસ બિન મુર્રમાંથી હતા. ઇબ્ને હિશામ કહે છે : હઝરત શુરહબીલ બિન અબ્દુલ્લાહ બનૂ ગૌસ બિન મુર્રમાંથી હતા અને તેમ બિન મુર્રના ભાઇ હતા.

૬૪————હઝરત ઉસ્માન બિન રબીઅહ બિન ઉહબાન બિન વહબ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી:

૬૫————હઝરત ખુનૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ રદિયલ્લાહુ અન્હુ. (હઝરત ઉમર ફારૂકના જમાઇ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી હફસહના પહેલા ખાવિન્દ.)

૬૬————હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ બિન કૈસ બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૬૭————હઝરત હિશામ બિન આસ બિન વાઇલ બિન સઅદ બિન સહમ રદિયલ્લાહુ અન્હુ. (હઝરત અમ્ર બિન આસના ભાઇ.)

૬૮————હઝરત કૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ. રદિયલ્લાહુ અન્હુ.

૬૯————હઝરત અબૂ કૈસ બિન હારિસ બિન કૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી. રદિયલ્લાહુ અન્હુ

૭૦————હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ રદિયલ્લાહુ અન્હુ.

૭૧————હઝરત હારિસ બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ રદિયલ્લાહુ અન્હુ.

૭૨————હઝરત મઅમર બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ રદિયલાહુ અન્હુ.

૭૩————હઝરત બિશ્ર બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ. રદિયલ્લાહુ અન્હુ.

૭૪————હઝરત બિશ્રનાં માદરીભાઇ હઝરત સઇદ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ. બનૂ તમીમમાંથી હતા.

૭૫————હઝરત સઇદ બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ. રદિયલ્લાહુ અન્હુ.

૭૬————હઝરત સાઇબ બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ રદિયલ્લાહુ અન્હુ.

૭૭————હઝરત ઉમૈર બિન રિઆબ બિન હુઝૈફહ બિન મુહશ્શમ બિન સઅદ બિન સહમ રદિયલ્લાહુ અન્હુ.

૭૮————હઝરત મહમિય્યા બિન જઝઅ રદિયલ્લાહુ અન્હુ બનૂ ઝુબૈદ માંથી હતા. બનૂ સહમના હલીફોમાંથી હતા.

• બનૂ અદી બિન કઅબમાંથી

૭૯————હઝરત મઅમર બિન અબ્દુલ્લાહ બિન નદલહ બિન અબ્દુલ ઉઝઝા.....બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૮૦————હઝરત ઉર્વહ બિન અબ્દુલ-ઉઝઝા બિન હુરસાન......બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૮૧————હઝરત અદી બિન નદલહ બિન અબ્દુલ ઉઝઝા બિન હુરસાન.....બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૮૨————એમના પુત્ર હઝરત નુઅમાન બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ અદી બિન કઅબમાંથી :

૮૩————હઝરત આમિર બિન રબીઅહ અન્ઝી રદિયલ્લાહુ અન્હુ બનૂ અન્ઝ બિન વાઇલમાંથી હતા અને ખત્તાબે એમને દત્તક બનાવી લીધા હતા.

૮૪————હઝરત આમિરના બેગમ લયલા બિન્તે અબી હસમહ બિન ગાનમ રદિયલ્લાહુ અન્હા એ બનૂ અદીમાંથી હતાં.

• બનૂ આમિર બિન લુએયમાંથી :

૮૫———— હઝરત અબૂ સબ્રહ બિન અબી રુહમ બિન અબ્દુલ-ઉઝઝા......બિન આમિર રદિયલ્લાહુ અન્હુ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઇ બર્રહ બિન્તે અબ્દિલ-મુત્તલબના પુત્ર.

૮૬————હઝરત અબૂ સબ્રહના બેગમ બીબી ઉમ્મે-કુલસૂમ બિન્તે સુહેલ બિન અમ્ર, રદિયલ્લાહુ અન્હા.

૮૭———— હઝરત અબ્દુલ્લાહ બિન મખ્રમા બિન અબ્દુલ-ઉઝઝા.....બિન આમિર રદિયલ્લાહુ અન્હુ.

૮૮———— હઝરત અબ્દુલ્લાહ બિન સુહેલ બિન અમ્ર......બિન આમિર, રદિયલ્લાહુ અન્હુ.

૮૯———— હઝરત સલીત બિન અમ્ર બિન અબ્દે-શમ્સ......બિન આમિર રદિયલ્લાહુ અન્હુ.

૯૦———— એમના ભાઈ હઝરત સકરાન બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ. એ બંને હઝરત સુહેલ બિન અમ્રના ભાઈ હતા.

૯૧———— હઝરત સકરાનના બેગમ બીબી સવદહ બિન્તે ઝમઅહ બિન કૈસ.........બિન આમિર રદિયલ્લાહુ અન્હા બાદમાં બીબી સવદહના રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ થયા.)

૯૨———— હઝરત માલિક બિન ઝમઅહ બિન કૈસ બિન અબ્દે-શમ્સ....બિન આમિર રદિયલ્લાહુ અન્હુ. હઝરત બીબી સવદહના ભાઈ.

૯૩———— હઝરત માલિકના બેગમ બીબી અમ્રહ બિન્તે સઅદી બિન વકદાન બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ.....બિન આમિર રદિયલ્લાહુ અન્હા. (કેટલાકે અમ્રહને બદલે ઉમૈરહ નામ લખ્યું છે.)

૯૪———— હઝરત અબૂ હાતિબ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ......બિન આમિર રદિયલ્લાહુ અન્હુ

• બનૂ આમિરના હલીફોમાંથી :

૯૫————હઝરત સઅદ બિન ખવલહ રદિયલ્લાહુ અન્હુ હઝરત સઅદ યમનવાસીઓમાંથી હતા.

• બનૂ હારિસ બિન ફિહરમાંથી

૯૬————હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ રદિયલ્લાહુ અન્હુ. એમનું મૂળ નામ આમિર બિન અબ્દુલ્લાહ બિન જર્રાહ બિન હિલાલ બિન ઉહૈબ હતું.

૯૭———હઝરત સુહૈલ બિન બયદાઅ રદિયલ્લાહુ અન્હુ. એમના પિતાનું નામ વહબ બિન રબીઅહ બિન હિલાલ હતું. પરંતુ માતાનું નામ વધુ જાણીતું હોવાથી લોકો સુહૈલ બિન વહબને બદલે સુહૈલ બિન બયદાઅ કહેતા હતા. એમના માતાનું નામ વઅદ બિન્તે જહદમ બિન ઉમૈયહ હતું. પરંતુ બયદાઅ નામે પ્રખ્યાત હતાં.

૯૮———હઝરત અમ્ર બિન અબી સરહ બિન રબીઅહ બિન હિલાલ.....બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૯૯———હઝરત ઇયાઝ બિન ઝુહૈર બિન અબી શદ્દાદ બિન રબીઅહ બિન હિલાલ.....બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ. કેટલાકે આ નામને બદલે હઝરત રબીઅહ બિન માલિક બિન દબ્બહ બિન હારિસ નામ લખ્યું છે.

૧૦૦———હઝરત અમ્ર બિન હારિસ બિન ઝુહૈર બિન અબી શદ્દાદ બિન રબીઅહ...બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૧૦૧———હઝરત ઉસ્માન બિન અમ્ર બિન અબ્દે-ગનમ બિન ઝુહૈર.........બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૧૦૨———હઝરત સઅદ બિન અબ્દે-કૈસ બિન ફિહર બિન લકીત બિન આમિર ....બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

હબશહના મુહાજિરિનની સંખ્યા————--આ તે મુસલમાન સ્ત્રી-પુરૂષો હતા જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી અને કુરૈશી ત્રાસવાદીઓના જંગલી અત્યાચારોથી કંટાળીને, મક્કહથી હિજરત કરીને મુલકે-હબશહ પહોંચી ગયા. એમાં એવા સગીર વયના બાળકો પણ હતાં જેઓને તેઓના માબાપ પોતાની ગોદે વળગાડીને લઇ ગયા અને કેટલાંક એવા પણ હતાં જે હિજરત પછી હબશહની ભૂમિમાં પેદા થયા. બધા મળીને મુહાજિરોની કુલ સંખ્યા ૮૩ જેટલી હતી; જો એમાં હઝરત અમ્માર બિન યાસિરને પણ ગણી લેવામાં આવે તો ! કેમકે એમની હિજરત વિષે શંકા છે.

> **સંપાદકની નોંધ** :- આ હિજરતથી મક્કહના ઘરેઘરમાં મોતના ઓળા ઊતરી આવ્યા હોય તેવો હાહાકાર મચી ગયો. આખા મક્કહ પર રંજો-ગમ અને અરેરાટીના કાળાં વાદળાં છવાઇ ગયાં. ઘરેઘરમાં અને મહોલ્લે-મહોલ્લે રડારોળના કલ્પાંતનું વાતાવરણ હતું. મક્કહના નાના કે મોટા ખાનદાનોમાંથી ભાગ્યે જ કોઇ ઘર રહ્યું હોય જેના લાડલા કે લાડલીમાંથી કોઇએ હિજરત ન કરી હોય. કોઇનો દીકરો ગયો તો કોઇનો જમાઇ, કોઇનો બેટો તો કોઇની બેટી, કોઇનો ભાઇ ગયો તો કોઇની બહેન.
>
> અબૂ જહલ, અબૂ સુફયાન, ઉત્બહ બિન રબીઅહ, હિન્દ બિન્તે ઉત્બહ, વલીદ બિન મુગીરહ જેવા કુરૈશના મોટા માથાંઓ અને ઇસ્લામના કટ્ટર દુશ્મનોમાંથી કોઇ રહ્યું નહિ હોય જેના બેટા-બેટી જેવા જિગરના ટુકડા પોતાના માબાપ, પોતાના ઘરબાર, પોતાના વહાલા વતનને છોડીને પરદેશ સિધાવી ન ગયા હોય; અને તે પણ માત્ર પોતાના ઇસ્લામ અને ઇમાનને બચાવવા ખાતર ! આ કારમા આઘાતને કારણે કેટલાક ઇસ્લામની દુશ્મનીમાં વધારે ઝનૂની બની ગયા તો કેટલાકનાં હૈયાં પીગળી જવાથી છેવટે તેઓ મુસલમાન બની ગયા. સંપાદકની નોંધ પૂરી થઇ. હવે કિતાબનું લખાણ વાંચો. ''હ''

Maktabe Ashraf

અબ્દુલ્લાહ બિન હારિસ઼ના કસીદા————મુલ્કે-હબશહની ભુમિમાં અને નજાશી બાદશાહના રાજમાં ઠરીઠામ થવા પછી જે કાવ્યો રચવામાં આવ્યાં તેની ભૂમિકા એવી છે કે જ્યારે ત્યાં જવા પછી મુસલમાનોને રાહત અને શાંતિ મળી, ત્યાંના નેકદિલ બાદશાહનો વર્તાવ પ્રશંસાપાત્ર રહ્યો, કોઈપણ જાતના ભય વિના તેઓએ નમાઝની સાથે અલ્લાહની બીજી બંદગીઓ કરી અને ત્યાં પહોંચ્યા પછી નજાશી બાદશાહે તેઓનો લાગણી ભર્યો સત્કાર કરીને પાડોશી તરીકેનો હક અદા કર્યો તો, હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ઼ બિન કૈસ બિન અદી બિન સઈદ બિન સહમ નામના જાણીતા શાઈરે તે પ્રસંગને અનુસરતા બેત્રણ કસીદા રચ્યા. એમાં મક્કહના કુરૈશ પોતાના જ શહેરમાં રહેનારા, પોતાના જ ભાઈબંધુઓને મુસલમાન બનવાના વાંકે તેઓ પર કાળો કહેર વર્તાવીને તેઓને ફરાર થવા પર મજબૂર કરી દીધા. એ વિષય પર શાઈરે પોતાના પ્રતિભાવો કાવ્યકળામાં ગૂંથીને કુરૈશ પ્રત્યે પોતાનો અણગમો જાહેર કર્યો છે. પહેલા કસીદાના કેટલાક શેઅરો અત્રે રજૂ કરીએ છીએ. શાઈર કહે છે :

યા રાકિબન બલ્લગન અન્ની મુગલ-ગલતન • મન કાના યરજૂ બલાગલ-લાહિ વદ-દીનિ.

હે મુસાફિર ! મારા તરફથી તે લોકોને આ સંદેશ પહોંચાડી દે જેઓ, અલ્લાહના આદેશો અને અલ્લાહના દીનને પરિપૂર્ણતાની ટોચે પહોંચડવાના અભિલાષી છે.

કુલ્લુમ-રિઈમ મિન ઈબાદિલ-લાહિ મુદ-તહિદિન • બિ-બત્નિ મક્કત મકહૂ-રિંવ વ મફતૂનિ.

અલ્લાહના બંદાઓમાંથી એવા દરેક શખ્સને મારો આ સંદેશ પહોંચાડી દેજે જે મક્કહની ખીણમાં લાચાર છે, પછડાયેલો છે અને સંકટોમાં સપડાયેલો છે.

અન્ના વજદ-ના બિલાદલ-લાહિ વાસિ-અતન • તુન્જી મિનઝ-ઝુલ્લિ વલ-મખ્ઝાતિ વલ-હૂનિ.

બેશક અમે અલ્લાહ તઆલાના શહેરોને વિશાળ જોયાં; એવાં શહેરો જે ઇન્સાનને અપમાન, ઝિલ્લત અને ફજેતાથી બચાવનારાં છે.

ઈન્ના તબિઅ-ના રસૂલલ-લાહિ વ ઉત-તરહૂ • કવલન નબીય્યે વ આલૂ ફિલ-મવાઝીનિ.

અમે તો રસૂલુલ્લાહુ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેરવી ગ્રહણ કરી લીધી ત્યારે તેઓએ નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતને પીઠ પાછળ નાખી દીધી અને હકોની આદયગીમાં ખિયાનત કરી.

કુરૈશે આંતકનો કોરડો વીંઝીને જે મુસલમાનોને પોતાની વસતિઓમાંથી હાંકી કાઢ્યા તેના ઉલ્લેખ સાથે કુરૈશ કૌમની અમુક વ્યકિતઓ પ્રત્યે પોતાની નારાજી જાહેર કરતાં હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ઼ે આ શેઅરો પણ કહ્યા છે :

અબત કબિદી લા અકિઝ-બન્ક કિતાલ-હુમ • અલય્ય વ તઅબાહુ અલય્ય અનામિલિ.

તારી આગળ હું જૂઠું નહિ બોલું. તેઓની સાથે જંગ કરવાથી મારું દિલ પણ ઈન્કાર કરે છે અને મારી આંગળીઓ પણ ના પાડે છે.

વ કૈફ કિતાલી મઅ-શરન અદ-દબૂ-કુમ • અલલ-હકિક અન-લા-તઅ-શિબૂહ બિ-બાતિલિ.

મારી લડાઈ એવા લોકો સાથે કેવી રીતે હોય શકે જેઓએ તમને શિક્ષણ આપ્યું કે, સચ્ચાઈ પર મક્કમ રહો અને સત્યને અસત્ય સાથે ભેળસેળ ન કરો.

Maktabe Ashraf

નફ - તહુમ ઇબાદુલ - જિન્નિમિનહુર્ઈ અર્દિહિમ • ફ - અદહવ અલા અશ્રિ શદીદિલ - બલાબિલિ.

જિન્નાતના પૂજારીઓએ તેઓને, તેઓની ગૌરવશાળી માતૃભૂમિથી, ઘરબાર વગરના કરી દીધા જેના કારણે તેઓ મોટી આફતોમાં સપડાઇ ગયા.

હઝરત અબ્દુલ્લાહ બિન હારિસે આ કસીદો પણ કહયો છે :

તિલ્ક કુરૈશુન તજ હદુલ-લાહ હક્ક - હૂ • કમા જહદત આદ વ મદયન વલ-હિજરૂ.

કુરૈશની આ હાલત છે કે તેઓ અલ્લાહ તઆલાના હકોનો ઈન્કાર કરે છે જેવી રીતે આદ, મદયન અને હિજ્રના લોકોએ ઈન્કાર કર્યો હતો. (અને તબાહ થઇ ગયા.)

ફઇન અના લમ ઉબરિકુ ફલા યસઅન -નની • મિનલ-અર્દિ બર્રુન ઝૂ-ફદાઇંવ-વલા બહરૂ.

ત્યારે જો હું (અલ્લાહથી) ન ડરૂં તો મને ન ધરતીના વાતાવરણવાળા મેદાનમાં જગા મળી શકે છે અને ન સમંદરમાં જગા મળી શકે છે.

બિ-અર્દિન બિહા અબ્દુલ-ઇલાહિ મુહમ્મદુન • ઉબૈયનુ મા ફિન-નફસિ ઇઝા બુલગન - નકરૂ.

તે ધરતીમાં જેમાં અલ્લાહના બંદા મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બિરાજમાન છે. હવે જયારે કે વિવાદની તક મળી જ ગઇ છે તો જે કંઇ મારા મનમાં છે તેને ખુલ્લી રીતે જાહરે કરી દઉં છું.

હઝરત અબ્દુલ્લાહ બિન હારિસના પવિત્ર આત્મા પર અલ્લાહની રહમતો હો ! તેમના છેલ્લા કસીદાના બીજા શેઅરની પહેલી કડીમાં ''ઉબરિક''શબ્દ આવેલો છે. જેના કારણે તેઓ ''મુબરિક''ના ઉપનામે મશહૂર થઇ ગયા.

Maktabe Ashraf

પ્રકરણ ૫૨

મુહાજિરીન વિરૂધ્ધ કુરૈશના કાવાદાવા

કુરૈશના રાજદૂતો બાદશાહના દરબારમાં • અબૂ તાલિબનો કસીદો • બીબી ઉમ્મે-સલમહની રિવાયત • કુરૈશી સફીરોના કાવ દાવા • કુરૈશી સફીરોની ફરિયાદ • નજાશી બાદશાહનો જવાબ • બાદશાહના દરબારમાં મુસલમાનોનું તેડું • હઝરત જઅફરનું પ્રવચન • હબશહમાં રક્ષણ લેવાનું કારણ • કુર્આન સાંભળીને બાદશાહ રડી પડયા. • કુરૈશી સફીરોની બીજી યુક્તિ • પાદરીઓ અને દરબારીઓના ફૂંફાડા • હબશહમાં નજાશી વિરૂધ્ધ બળવો • નજાશીએ રાજગાદી કેવી રીતે મેળવી ? • બાપની હત્યા અને નજાશીની ગુલામી • નજાશીની હુકૂમતની બહાલી • સોદાગર નજાશીના દરબારમાં • નજાશી વિરૂધ્ધ બીજો બળવો.

કુરૈશના રાજદૂતો બાદશાહના દરબારમાં——— ———ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશે જયારે જોઈ લીધું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા મુલ્કે-હબશહની ભૂમિમાં પહોંચીને સલામત અને નિર્ભય બની ગયા છે. ત્યાં તેઓએ રહેવાના ઘરો પણ મેળવી લીધાં છે અને નજાશી બાદશાહે ઉદારદિલી તથા હમદર્દીથી તેઓને આવકારીને આસરો આપી દીધો છે.અને તેઓ બેખોફ થઈને શાંતિથી અલ્લાહની ઈબાદત કરી રહ્યા છે. તો, તેઓએ આપસમાં વિચારવિમર્શ કરીને એવું ઠરાવ્યું કે ઠરેલ બુધ્ધિના બે મુત્સદ્દી પુરૂષોને બાદશાહના દરબારમાં મોકલવામાં આવે અને મુસલમાનોની હકાલપટ્ટી માટે બાદશાહને કોઈ પણ ભોગે રાજી કરી લેવામાં આવે !

આ હેતુની સિધ્ધિ માટે કુરૈશે અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ અને અમ્ર બિન આસ બિન વાઈલ નામે. બે ઘડાયેલા કે અઠંગ રાજકારણીઓની વરણી કરી. બાદશાહ અને તેના વજીરો-દરબારીઓ માટે ભેટસોગાતની ઘણી કિંમતી વસ્તુઓની વ્યવસ્થા કરી અને પૂરી તૈયારી સાથે બંને મહાનુભાવો મૂલ્યવાન હદિયાઓ લઈને મુલ્કે હબશહ તરફ રવાના થઈ ગયા.

અબૂ તાલિબનો કસીદો———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબને જયારે કુરૈશના આ પ્રપંચ કે પ્રયુક્તિની જાણ થઈ તો તેમણે નજાશી બાદશાહને સંબોધીને તેની શાનમાં એક પ્રશંસા-કાવ્ય રચ્યું જેમાં તેને મુસલમાનોની હિફાઝત અને તેમના પ્રત્યે ઉદાર વર્તાવની ટહેલ નાખવામાં આવી:

અલા લૈત શિઅરી કયફ ફિન-નાએ જઅફરુન • વ અમ્રિન અઅદાઉલ-અદુવ-વિલ-અકારિબુ.

કાશ ! હું જાણી શકત કે જઅફર અને અમ્ર પરદેશમાં કેવી દશામાં છે ! ઘણું કરીને લોહીના રિશ્તાથી

જોડાયેલાં સગાસ્નેહીઓ જ કટ્ટર દુશ્મન હોય છે.[1]

ફહલ-નાલા અફઆલુન નજાશિય્ય જઅફરન • વ અસ્હાબહુ અપ આક ઝાલિક શાગિબુ

શું નજાશીના સદ્વર્તને કે ભાવભીના આવકારે જઅફર અને તેના સાથીઓને પોતાના પ્રિયપાત્ર તરીકે અપનાવી લીધા છે ? કે પછી કોઈ હસદખોરે તેમાં ફાડચું મારી દીધું છે ?

તઅલ્લમ અબ-યતલ - લઅન અન્નક્ માજિદુન • કરીમુન ફલા યશકય લદૈકલ-મુજાનિબુ.

હે બાદશાહ ! અલ્લાહ તઆલા આપને બદનામીથી બચાવે. આપની જાત બહુ મહાન અને પ્રતિષ્ઠાશાળી છે. આપના સાયામાં આસરો લેનારને નિરાશા નહિ મળવી જોઈએ.

તઅલ્લમ બિઅન-નલ્લાહ ઝાદક બસ-તતન • વ અસબાબ ખયરિન કુલ્લુહા બિકા લાઝિબુ.

હે બાદશાહ ! આપને આ વાતની જાણ હોવી જોઈએ કે અલ્લાહ તઆલાએ આપને ભવ્ય ખુશહાલી કે વિશાળ ધનસંપત્તિ આપી છે અને ભલાઈના તમામ સાધનો આપને અર્પણ થયાં છે.

વ અન્નક ફયઝુન ઝૂ-સિજાલિન ગઝી-રતિન • યનાલુલ - અઆદી નફઅહા વલ-અકારિબુ.

હે બાદશાહ ! આ વાત પણ આપે જાણવી જોઈએ કે આપની જાત છલોછલ કાંઠાવાળા સમુદ્ર જેવી છે. જેનાથી દુશ્મન અને દોસ્ત બંને લાભ મેળવે છે.

બીબી ઉમ્મે-સલમહની રિવાયત————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ ઝુહરીના મુખે અને તેમને અબૂબક્ર બિન અબ્દુર્રહમાન બિન હારિસ બિન હિશામ મખઝૂમીના મુખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી ઉમ્મે-સલમહ બિન્તે અબી ઉમૈયહ બિન મુગીરહની વર્ણવેલી આ રિવાયત મળવા પામી જેમાં બીબી ઉમ્મે-સલમહ પોતાની વીતક કથા ટાંકતાં ફરમાવે છે:

"જયારે અમે હબશહની ભૂમિમાં પહોંચ્યાં તો ત્યાંના બાદશાહ નજાશીનો અમને બેહતરીન પાડોશ મળી ગયો. નમાઝ અને મઝહબના મામલામાં અમને શાંતિ નસીબ થઈ. અલ્લાહની ઈબાદત બિનધાસ્ત રીતે કરવા લાગ્યાં. ન કોઈ અમને પીડા આપતું હતું ન કનડગત કરતું હતું. ન કોઈ ખરાબ વાત અમારા સાંભળવામાં આવતી.

આ વસ્તુ સ્થિતિના જયારે કુરૈશને સમાચાર મળ્યા તો તેઓએ આપસમાં મનસૂબો કર્યો કે અમને હબશહથી હાંકી કાઢવા માટે ઠરેલ બુધ્ધિના બે કુનેહબાજ પુરૂષોને નજાશી પાસે મોકલવામાં આવે અને નજાશી માટે મક્કહની મૂલ્યવાન વસ્તુઓમાંથી નાયાબ ગણાતી વસ્તુઓ ભેટ તરીકે મોકલવામાં આવે. ભેટસોગાતની નાયાબ કે કિંમતી વસ્તુઓમાં ઉત્તમ પ્રકારના પકાવેલા ચામડાઓનો પણ સમાવેશ હતો. આવાં ઘણાબધાં ચામડાં તેઓએ ભેગાં કર્યાં. બાદશાહના પ્રધાનમંડળમાંથી કોઈ પ્રધાનને તેઓએ ભેટસોગાતથી બાકાત નહિ રહેવા દીધો."

"આ નાયાબ અને મૂલ્યવાન ભેટો સાથે તેઓએ અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ અને અમ્ર બિન આસને હબશહ મોકલાવ્યા અને સાથે તાકીદ કરી કે, નજાશી સાથે મુસલમાનોને લગતી વાતચીત કરતા પહેલાં તેઓ તેના પ્રધાનમંડળના દરેક પ્રધાનની મુલાકાત લે. દરેકના ચરણોમાં તેની ભેટ રજૂ કરે અને તેની રહેનાતમાં

૧. હઝરત જઅફર રદિયલ્લાહુ અન્હુ અબૂ તાલિબના વહાલસોયા પુત્ર જેઓ હિજરત કરીને હબશહ પહોંચી ગયા હતા. અબૂ તાલિબના પહેલા શેરમાં "અકારિબ" શબ્દ આવેલો છે જેનો અર્થ સગાંવહાલાં થાય છે. મતલબ ભાઈબંધો કે કુટુંબીજનો જે નુકસાન પહોંચાડે છે તે બીજા પહોંચાડી શકતા નથી. "ર."

એવી કુનેહબુધ્ધિથી પોતાનો મુદ્દો રજૂ કરે કે કોઈ પણ જાતની તપાસ તહકીક વગર તેઓ મુસલમાનોને તમારે હવાલે કરી દે. એ પછી બાદશાહના દરબારમાં જવું, તેના હદિયા તેના ચરણોમાં ધરીને એવી ખુબીથી મુદ્દો રજૂ કરવો કે તે મુસલમાનો સાથે વાતચીત કરવા પહેલાં જ તેઓને તમારે હવાલે કરી દે.

કુરૈશી સફીરોના કાવાદાવા———બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : ''કુરૈશના એલચીઓ અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ અને અમ્ર બિન આસ હબશહની ભૂમિમાં પહોંચી ગયા. બાદશાહને મળવા પહેલાં પ્રથમ તેઓ તેના દરેક વઝીરને મળ્યા. ભેટની કિંમતી ચીજો તેઓના ચરણોમાં ધરી અને પછી ઠાવકા મુખે બોલ્યા,

''અમારા શહેરના કેટલાક ઉછાછળા, કાચી બુધ્ધિના નાદાન છોકરાઓ તમારા રાજ્યમાં આવીને રહેવા લાગ્યા છે. તેઓએ પોતાના બાપદાદાનો ધર્મ છોડી દીધો છે અને તમારો ધર્મ પણ કબૂલ નથી કર્યો. ઊલટાનું તેઓએ એક નવો જ ધર્મ ઉપજાવી કાઢ્યો છે, જેને ન તમે જાણો છો ન અમે જાણીએ છીએ. આ લોકો બાપદાદાના વતનથી નાસી આવ્યા છે અને તમારા રાજ્યમાં આસરો લઈને ભરાઈ બેઠા છે. અમારી કૌમના માનવંતા આગેવાનોએ અને આ છોકરાઓના વડીલોએ અમને તમારી તહેનાતમાં એટલા માટે મોકલ્યા છે કે, તમે તેઓને અમારે હવાલે કરી દો. અમે બાદશાહના દરબારમાં આ કેસ રજૂ કરીએ ત્યારે તમારા ટેકાની અમને જરૂર છે. આશા છે તમે બાદશાહના દરબારમાં અમારી માગણીને એવી ખૂબીથી ટેકો આપશો કે બાદશાહ તેઓને દરબારમાં નહિ બોલાવે, કોઈ પ્રકારની પૂછપરછ નહિ કરે અને બારોબાર તેઓને અમારે હવાલે કરી દે.''

''વઝીરોને ભેટો મળતાં તેઓ રાજીના રેડ થઈ ગયા અને એમની મરજી મુજબ કરવાનું તેઓએ વચન આપી દીધું એ પછી તેઓએ દરબારના અમીર ઉમરાવો અને દરબારી પાદરીઓને પણ ગાંઠી લીધા અને એજ મુજબના પાઠ તેઓને પણ ભણાવી દીધો.''

''આ ચાલાકી ભરેલી કારવાઈથી નિવૃત્ત થઈને કુરૈશના બંને સફીરો બાદશાહના દરબારમાં હાજર થયા. તેઓએ શાહી દરબારના આદાબની બજામણીમાં બાદશાહને નમસ્કાર કર્યા અને એટલા ઝૂકી ગયા જેમ સિજ્દો કરવામાં આવે છે. એ પછી મક્કહથી આણેલી મૂલ્યવાન ભેટો બાદશાહના ચરણોમાં પ્રદાન કરી જેનો બાદશાહે ઉદારદિલીથી સ્વીકાર કરી લીધો.''

કુરૈશી સફીરોની ફરિયાદ———હઝરત બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : ''શાહી દરબારના આદાબ અને ભેટસોગાતની વિધિથી પરવારીને તેઓએ પોતાનો કેસ બાદશાહની તહેનાતમાં રજૂ કરતાં કહ્યું:

''જહાંપનાહ ! અમારી કોમના કેટલાક ઉછાછળા અને નાદાન છોકરાઓ બાપદાદાનો ધર્મ છોડી બેઠા છે અને ત્યાંથી ફરાર થઈને આપના રાજ્યમાં ઘૂસી ગયા છે. આ નાદાનોએ આપનો ધર્મ પણ કબૂલ નહિ કરતાં એક નવો જ ધર્મ ઉપજાવી કાઢ્યો છે, જેને ન આપ જાણો છો ન અમે જાણીએ છીએ.

''જહાંપનાહ ! અમારી કોમના આગેવાનોએ, અને આ છોકરાઓના માબાપોએ, અને એમના કુટુંબોના વડીલોએ, એમને પાછા લઈ જવા માટે, અમને આપની તહેનાતમાં મોકલાવ્યા છે. અમારી નમ્ર અરજ આ છે કે આપ એમને અમારે હવાલે કરી દો તો અમે એમને મક્કહ લઈ જઈને એમના વડીલોને હવાલે કરી દઈએ.''

હઝરત બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : ''અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ અને અમ્ર બિન આસને

Maktabe Ashraf

સૌથી મોટી ધાસ્તી આ હતી કે બાદશાહ મુસલમાનોને દરબારમાં બોલાવીને પૂછપરછ નહિ કરે તો સારૂં !''

''કુરૈશી સફીરોની વાત પૂરી થતાં જ દરબારમાં બાદશાહની આજુબાજુ બેઠેલા વઝીરો, દરબારીઓ અને પાદરીઓએ તેઓની વાતને ટેકો આપતાં કહયું, ''હે બાદશાહ ! મક્કહના માનવંતા સફીરોએ સાચું કહ્યું છે. નાદાન છોકરાઓ ટૂંકી બુધ્ધિના હોવાથી લાંબો વિચાર કરી શકતા નથી. એમનું ભલું બુરૂં એમના વડીલો જ સારી રીતે સમજી શકે છે. માનવંતા સફીરોએ એમના માથે જે આરોપ મૂકયો છે તેના સાચા હોવાની એ લોકો પૂરી માહિતી ધરાવે છે. માટે નાસી આવેલા છોકરાઓને એમને હવાલે કરી દો કે જેથી આ લોકો તેઓને તેઓના વતને લઇ જઇને તેઓના વડીલોને હવાલે કરી દે.''

નજાશી બાદશાહનો જવાબ—————હઝરત બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : ''વઝીરો, દરબારીઓ અને પાદરીઓની આ વાતો સાંભળીને બાદશાહ બેહદ ખફા થઇ ગયો અને બોલ્યો, ''ના, અલ્લાહના સોગંદ ! બાબત જયારે આમ છે તો હું તેઓને હરગિઝ આ સફીરોને હવાલે નહિ કરૂં, સાંભળો, જે લોકોએ મારો પાડોશ પસંદ કર્યો, જેઓ મારા રાજયમાં મારા મેહમાન બનીને આવ્યા, જેઓએ બીજાં રાજયોને છોડીને મારા રાજયની પસંદગી કરી, અને જેઓએ મારો આસરો લીધો તેઓ વિષે આવું હલકટ પગલું લેવાની હું કલ્પના પણ નહિ કરી શકું. જરૂર હું તેઓને મારા દરબારમાં તેડાવીશ. મક્કહના આ સફીરોએ જે આરોપ એમના પર મૂકયો છે હું તેની તહકીક કરીશ. બેશક આરોપ સાચો પુરવાર થયો તો હું તેઓને એમને હવાલે કરી દઇશ. પણ જો આરોપ ખોટો સાબિત થયો તો હું મુસલમાનોનું રક્ષણ કરીશ અને જયાં સુધી તેઓ મારા રાજયમાં રહેશે. એક પાડોશી તરીકે તેઓના હકો અદા કરતો રહીશ.''

બાદશાહના દરબારમાં મુસલમાનોનું તેડું—————હઝરત બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : ''એ પછી નજાશી બાદશાહે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાને દરબારમાં બોલાવવા માટે પોતાનો આદમી મોકલાવ્યો. બાદશાહના સંદેશો મળતાં બધા મુસલમાન સલાહ -મંત્રણા માટે એક સ્થળે ભેગા થયા. સવાલ થયો કે બાદશાહના દરબારમાં જઇને કહેવું શું ?

વિચારણાને અંતે સર્વસંમતિથી નક્કી થયું કે બાદશાહના દરબારમાં જઇને આપણે તેજ વાતો કહીશું અને તેજ ઇસ્લામી ઉસૂલોની રજૂઆત કરી દઇશું જેનું શિક્ષણ આપણા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આપણને આપ્યું છે. પછી જે થવાનું હોય તે થઇ જાય !

આમ ઠરાવીને બધા મુસલમાનો બાદશાહના દરબારમાં હાજર થઇ ગયા. જોયું તો નજાશીએ પોતાના ધર્મના પાદરીઓ અને દરબારી પંડિતોને પણ દરબારમાં બોલાવી લીધા હતા અને તેઓ પોતાની આકાશી કિતાબો કે ધર્મગ્રંથોને ખોલીને બાદશાહની ચોગર્દમ પોતપોતાના આસન બિરાજેલા હતા.

બાદશાહે મુસલમાનોને સવાલ કર્યો, ''તે કયો ધર્મ છે જેને અપનાવીને તમે પોતાની કોમથી વિખૂટા પડી ગયા ? શું કારણ છે કે તમે મારો ધર્મ પણ કબૂલ નહિ કર્યો અને બાપદાદાનો ધર્મ પણ છોડી બેઠા ?''

હઝરત જઅફરનું પ્રવચન—————બીબી ઉમ્મે સલમહનું બયાન છે : ''બાદશાહનો સવાલ સાંભળીને મુસલમાનોમાંથી જે યુવક બાદશાહને જવાબ આપવા આગળ વધ્યો તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબના જવાન બેટા હઝરત જઅફર બિન અબૂ તાલિબ હતા. હઝરત જઅફર નવજવાન હોવા છતાં ઇસ્લામનું બહોળું જ્ઞાન ધરાવતા હતા. તેમણે બાદશાહને સંબોધીને જવાબ આપતાં કહ્યું:

Maktabe Ashraf

"હે બાદશાહ ! આથી પહેલાં અમે બધા જાહિલ હતા. દેવી દેવતાઓને માનતા હતા. પથ્થરની મૂર્તિઓને પૂજતા હતા. મરેલા ઢોરોનું માંસ ખાતા હતા. નાગાઈ અને બેહયાઈના કામો કરતા હતા. ગુનાહોના કામોમાં ગળાંડૂબ રહેતા હતા. સગાંવહાલાઓના હકો મારી ખાતા હતા. પાડોશીઓ સાથે ભૂંડાઈનો વર્તાવ કરતા હતા. એકબીજા પર ત્રાસ વર્તાવતા હતા. લોકોની બહેન બેટીઓની આબરૂના લૂંટારા હતા. અમારા બળવાન લોકો પોતાના કમજોરોને ખાય જતા હતા.

"અમારી આ દશા પરંપરાથી ઊતરી આવતી હતી અને એમાં જ અમે મસ્ત હતા ત્યાં તો અલ્લાહની રહમતે ઉછાળો માર્યો. કેમકે તેને અમારી કઢંગી દશા પર દયા આવી ગઈ હતી. તેણે અમારી ઉપર મહાન ઉપકાર કર્યો. અમારી જ કૌમમાંથી એક શખ્સને પોતાના પયગમ્બર બનાવીને અમારી પાસે મોકલ્યા. એ બહુ દયાળુ દિલના પયગમ્બર છે. દુનિયાભરની ખૂબીઓના ભંડાર છે. અમે એમના વંશથી, એમના ખાનદાનથી, એમની સચ્ચાઈથી, એમની પ્રામાણિકતા, પ્રતિષ્ઠા અને પાકદામનીથી પૂરી રીતે માહિતગાર છીએ.

"અલ્લાહના આ પયગમ્બર અમારા માટે રહમતે-ઈલાહી બનીને અમારામાં પધાર્યા. એમણે અમને એક અલ્લાહની ઓળખ આપી પછી તેની તવહીદ તરફ બોલાવ્યા. અમને ફરમાવ્યું કે અલ્લાહને એક માનો. તેની જ ઈબાદત અને તેની જ બંદગી કરો. અમે બાપદાદાના આંધળા અનુકરણમાં મૂર્તિપૂજાના પાપમાં સપડાયેલા હતા. તેમણે અમને મૂર્તિઓની પૂજાથી અટકાવ્યા અને હરહાલમાં સાચું બોલવાની, વહેવારી મામલાઓમાં પ્રામાણિકતા જાળવવાની, સચ્ચાઈ અને ઈમાનદારીથી કામ લેવાની, રિશ્તાદારો સાથે સગાઈ-સંબંધ ટકાવી રાખવાની, પાડોશીઓ સાથે ભલાઈનો વર્તાવ કરવાની અને લોકોના મામલામાં ઈન્સાફથી કામ લેવાની તઅલીમ આપી. મારધાડ, લૂંટફાટ, ખૂનરેઝી, નાગાઈની વાતો અને હરામના ધંધા છોડી દેવાની તેમણે અમને હાકલ કરી . જૂઠું બોલવાથી, યતીમોનો માલ ખાવાથી અને પાકદામન સ્ત્રીઓ પર ખોટી તોહમતો મૂકવાથી અમને રોકી દીધા અને હુકમ ફરમાવ્યો કે એક અલ્લાહની ઈબાદત કરો. કોઈને તેનો ભાગીદાર ન બનાવો. નમાઝ પઢો, રોઝા રાખો , નેકીના કામો કરો."

હબશહમાં રક્ષણ લેવાનું કારણ————હઝરત ઉમ્મે સલમહનું બયાન છે : "જઅફર બિન અબી તાલિબે નજાશી આગળ બહુ ખૂબીથી ઈસ્લામી આદેશો અને ઈસ્લામી નીતિનિયમોનું સચોટ વર્ણન કરીને વધુમાં ઉમેર્યું :

"હે બાદશાહ ! અમે એ પયગમ્બરની તમામ વાતોનું સમર્થન કરીને તેઓ અલ્લાહના સાચા પયગમ્બર છે તેનો ઈકરાર કરી લીધો. તેમની ઉપર ઈમાન લઈ આવ્યા. તેમણે બતાવેલો કલિમો પઢીને મુસલમાન બની ગયા. અલ્લાહના મામલામાં તેમના દરેક હુકમનું પાલન કર્યું. એક જ અલ્લાહની ઈબાદત કીધી. તેના જ માટે નમાઝો પઢી. તેની જ પાસે પોતાની હાજતો અને મુરાદો માગી. કોઈને તેનો ભાગીદાર નહિ ઠરાવ્યો. હરામ

કરેલી તમામ વસ્તુઓને તિલાંજલિ આપી દીધી. હલાલ કરેલી તમામ ચીજોને અપનાવી લીધી. આ કારણે અમારી કૌમ અમારી ઉપર તૂટી પડી. અમને ઇજાઓ અને તકલીફો આપી. અંધારી કોઠડીઓમાં પૂરી દઇને અમને ભૂખ્યા તરસ્યા રાખ્યા. અતિ નિર્દયતાથી અમારી ઉપર કાળો કહેર વર્તાવી દીધો. મઝહબ અને ઇમાનના મામલામાં અમને ધર્મસંકટમાં નાખી દીધા. તેઓ ચાહે છે કે અમે એક અલ્લાહને છોડીને ફરીવાર મૂર્તિઓની પુજા કરીએ. બાપદાદાના ધર્મને પાછા અપનાવી લઇએ અને તેજ બુરાઇઓને ગ્રહણ કરી લઇએ જેમાં આથી પહેલાં અમે સબડતા હતા. પછી જ્યારે એમના અત્યાચારો હદ વટાવી ગયા. એમના ત્રાસવાદે માઝા મૂકી દીધી અને મઝહબના મામલામાં તરહ-તરહની રૂકાવટો ઊભી કરીને અમારૂં જીવવાનું કપરૂં બનાવી દીધું. અમે લાચાર બની ગયા. નાછૂટકે વતનથી ફરાર થઇને અમારે આપના દેશમાં આવવું પડયું.

"હે બાદશાહ ! અમારા પયગમ્બર સાહેબે બીજા મુલ્કોને મુકાબલે આપના મુલ્કને પસંદગી આપી. આપની બાદશાહીના વખાણ કરતાં ફરમાવ્યું , "બેહતર છે કે તમે મક્કહ છોડીને હબશહની ભૂમિ તરફ નીકળી જાવ, ત્યાં એક એવો બાદશાહ છે જેના રાજ્યમાં કોઇની ઉપર ઝુલ્મ નથી થતો." અને ખરેખર હવે આપના પાડોશમાં રહેવાનું અમને ગમી ગયું છે.

"હે બાદશાહ ! અમે આશાવાદી છીએ કે આપના રાજ્યમાં અમારી ઉપર ઝુલ્મ નહિ થશે અને આપની તરફથી અમને પૂરેપૂરૂં રક્ષણ મળશે !"

કુર્આન સાંભળીને બાદશાહ રડી પડયા———— –હઝરત ઉમ્મે સલમહ ફરમાવે છેઃ "આ વાતો સાંભળીને બાદશાહે હઝરત જઅફરને પૂછયું, "તમારા પયગમ્બર પર આકાશથી જે કંઇ ઊતરે છે તેમાંથી તમને કંઇ યાદ છે ?"

"હા યાદ છે" હઝરત જઅફર બોલ્યા.

"વારૂ તેમાંથી કંઇક સંભળાવો." નજાશીએ પોતાની ઇચ્છા દર્શાવી.

હુકમના પાલનમાં હઝરત જઅફરે "કાફ-હા-યા-ઐન-સ્વાદ" સૂરએ-મરયમની શરૂઆતની આયતો સંભળાવવા માંડી.....

બીજી ઉમ્મે સલમહનું બયાન છે :"સૂરએ-મરયમની શરૂઆતની આયતો સાંભળતાં જ નજાશી પર એક પ્રકારની બેખૂદીની કૈફિયત છવાવા લાગી અને પછી તો અલ્લાહના સોગંદ, નજાશી બે -ઇખ્તેયાર રડી પડયો. તેની આંખોમાંથી આંસુઓની ધારા ફૂટી નીકળી. ધારધાર રડયો અને એટલું રડયો કે તેની દાઢી આંસુઓથી તર થઇ ગઇ. તેની આસપાસ ધર્મગ્રંથો ખોલીને બેઠેલા પાદરીઓએ અલ્લાહનું આ કલામ સાંભળ્યું તો તેઓ પણ એટલું રડ્યા કે તેઓના આંસુઓથી આકાશી પુસ્તકના પાનાં તર થઇ ગયાં.

હઝરત જઅફર સૂરએ-મરયમની આયતો પઢી ચૂકયા તો નજાશીએ કહ્યું, "બેશક આ તેવું જ કલામ છે જેવું ઇસા બિન મરયમ પર ઊતર્યું હતું. તે કલામ અને આ કલામ એક જ ગોખલાના ચિરાગનું નૂર છે."

આ પછી નજાશીએ કુરૈશના રાજદૂતોને સંબોધીને કહ્યુ, "સાંભળો હે મક્કહના સર્દારો ! તમે બંને પાછા

જાવ. આ લોકોને હું તમારા હવાલે નહિ કરૂં આઈન્દા તેવો વિચાર પણ નહિ કરી શકું."

કુરૈશી સફીરોની બીજી યુકિત————હઝરત બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : "જયારે અમ્ર બિન આસ અને અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ બાદશાહના દરબારમાંથી નીકળીને બહાર આવી ગયા તો અમ્ર બિન આસે અબ્દુલ્લાહને કહ્યું, "વલ્લાહ ! આવતી કાલે હું એવી તદબીર કરીશ જે આ લોકોને જડમૂળથી ઉખેડી ફેંકશે."

બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : "અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ જે એક દયાળુ દિલનો ભલો માણસ હતો અને આમારા મામલામાં અલ્લાહથી કંઈક ડરનારો હતો તેણે અમ્ર બિન આસને કહ્યું, "ના ભાઈ જવા દોને, એવું ના કરજો. એ લોકો ગમે તેવા પણ આપણા જ છે ને ! મઝહબના મામલામાં ભલે આપણા વિરોધી છે."

"ના હરગિઝ નહિ છોડું," અમ્ર બિન આસે ઝનૂનથી કહ્યું, "કાલે નજાશીને હું જરૂર કહીશ કે આ લોકો ઈસા બિન મયરમ વિષે કેવો અકીદો ધરાવે છે ! મુસલમાન લોકો ઈસા બિન મરયમને ફકત અલ્લાહનો બંદો માને છે ત્યારે ખ્રિસ્તીઓ ઈસા બિન મરયમને અલ્લાહનો બેટો માને છે.[૧]

બીજા દિવસે બંને સમયસર દરબારમાં પહોંચી ગયા. પરવાનગી મળતાં અમ્ર બિન આસે નજાશીના ચરણોમાં નમન કરતાં કહ્યું, "જહાંપનાહ ! મુસલમાન લોકો આપના પયગમ્બર ઈસા બિન મરયમ વિષે કંઇ જૂદો જ અકીદો ધરાવે છે. જરા તેઓને દરબારમાં બોલાવીને પૂછો તો ખરા કે, ઈસા બિન મરયમ વિષે તેઓનું શું માનવું છે ?"

નજાશીએ મઝહબી અકીદાના મામલાની તહકીક માટે ફરીવાર મુસલમાનોને દરબારમાં હાજર થવાનો હુકમ છોડયો.

બીબી ઉમ્મે સલમહનું બયાન છે : "આ વેળા અમને થયું કે કોઇ સંકટમાં અમે સપડાઈ જઈએ તો નવાઈ જેવું નથી. બધા મુસલમાનો, આ સવાલનો શું જવાબ આપવો તેની વિચારણા માટે ફરીવાર એક સ્થળે ભેગા થયા. સવાલ થયો કે બાદશાહ ઈસા બિન મયરમને લગતો આપણો અકીદો પૂછે તો તેનો જવાબ શું આપવો ?

ત્યારે બધાએ એકમતે ઠરાવ્યું કે, "વલ્લાહ ! આપણે તો તેજ વાતો કહેવાની છે જે અલ્લાહ તઆલાએ આપણને કહી છે અને જેનું શિક્ષણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિમ વ સલ્લમએ આપણને આપ્યું છે પછી તો જે બનવાનું હોય તે ભલે બની જાય !"

જયારે મુસલમાન લોકો દરબારમાં હાજર થયા તો નજાશીએ સવાલ કર્યો, "તમે લોકો ઈસા બિન મરયમ વિષે શું અકીદો ધરાવો છો ?"

જવાબમાં જઅફર બિન અબી તાલિબે આગળ વધીને કહ્યું, "હે બાદશાહ ! અમે ઈસા બિન મરયમ વિષે તેજ અકીદો ધરાવીએ છીએ અને તેજ વાતો કહીએ છીએ જે અમારા પયગમ્બર સાહેબે અમને કહી

૧. અમ્ર બિન આસની આ એક ખતરનાક ચાલ હતી. તેની ધારણા હતી કે બાદશાહને મુસલમાનોના આ અકીદાની જાણ થતાં જ છંછેડાઇને એમને દરબારમાંથી તો શું, દેશમાંથી ચાલતા કરી દેશે. "હ"

Maktabe Ashraf

છે.''

''તમારા પયગમ્બરે શું કહ્યું છે ?''

''અમારા પયગમ્બર સાહેબે ઈસા બિન મરયમ વિષે ફરમાવ્યું છેઃ

હુવા અબ્દુલ્લાહિ	તેઓ અલ્લાહના બંદા છે
વ રસૂલુહૂ	અને તેના રસૂલ છે.
વ રૂહુહૂ	અને તેણે મોકલેલી એક રૂહ છે
વ કલિમતુહૂ	અને તેનો એક કલિમા છે;[1]
અલકાહા ઈલા મરયમિલ-	જેને નાખી દીધો અલ્લાહએ મરયમ તરફ
અઝરાઈલ બતૂલ.	જે કુંવારી છે-પાકદામન છે.

આ સાંભળતાં જ નજાશીએ ત્યાં પડેલું એક તણખલું ઉપાડી લેતાં કહ્યું, ''વલ્લાહ ! તમે જે કંઈ કહ્યું તેનાથી ઈસા બિન મરયમ, આ તણખલાં જેટલા પણ વિશેષ નથી.''

પાદરીઓ અને દરબારીઓના ફૂંફાડા--------બાદશાહે જ્યારે આ શબ્દો ઉચ્ચાર્યા તો તેની ફરતે ગોઠવાયેલા પાદરીઓ, વઝીરો અને દરબારીઓ નસકોરાં બોલાવવા લાગ્યા (એટલે બાદશાહના આ શબ્દો પ્રત્યે વાંધો લઈને નારાજી જાહેર કરવા લાગ્યા.)

બાદશાહે બેપરવાઈથી કહ્યું, ''તમે નસકોરાં બોલાવો કે ફૂંફાડા મારો મને કોઈની પરવા નથી અને મેં કોઈ ખોટી વાત કહી નથી.''

એ પછી તેણે મુસલમાનોને કહ્યું, ''ફ-અન્તુમ શુયૂમુન બિ-રદી.'' જાવ તમે નિર્ભયતાથી મારી ભૂમિમાં રહો. જે કોઈ તમને સંતાપશે તેને શિક્ષા આપવામાં આવશે.

આ શબ્દો તેણે ત્રણ વાર દોહરાવ્યા. પછી ઉમેર્યું, ''મા ઉહિબ્બુ અન્ન લી દિબરમ મિન ઝહબ.'' એટલે તમને આસરો આપવા બદલ મને સોનાનો એક પહાડ મળી જાય તેને પણ હું કબૂલ નહિ કરૂં.

એ પછી તેણે પોતાના કર્મચારીઓને કહ્યું, ''મક્કહના સફીરોએ જે ભેટસોગાતો આપી છે તે એમને પાછી લોટાવી દેવામાં આવે. મને એની કોઈ જરૂર નથી. સોગંદ છે એક અલ્લાહના ! હબશહની રાજગાદી જ્યારે અલ્લાહએ મને સોંપી હતી તો મારી પાસેથી તેણે કોઈ લાંચ લીધી ન હતી. મારે લાંચિયા બાદશાહ બનવાની શી જરૂર ? મારા દુશ્મનો મારૂં લાખ બુરૂં ચાહતા હતા પણ અલ્લાહએ મારી સાથે ભલાઈનો, રહમતનો, એહસાનનો મામલો કર્યો, ત્યારે મારે અલ્લાહના બંદાઓ સાથે કેમ ભલાઈનો મામલો નહિ કરવો ? અને અલ્લાહના મામલામાં આંખો બંધ કરીને શું કામ લોકોની વાત માની લેવી ?''

---

૧. મારાર મુખેથી નીકળેલ વાતો રબીમાં કલિમહ કહે છે કુર્આનમાં કલિમહ શબ્દ જુદા જુદા અર્થમાં આવ્યો છે. અહીં કલિમહનો અર્થ ''કુન'' થાય છે એટલે થઈ જા, બની જા, નેસ્તીમાંથી હસ્તીમા આવી જા. અલ્લાહ તઆલા જ્યારે કોઈ વસ્તુને પેદા કરવાનો ઈરાદો ફરમાવે તો ''કુન'' કહી દે છે. આંખના પલકારામાં એ વસ્તુ વુજૂદમાં આવી જાય છે. કુદરતના કાનૂન મુજબ સ્ત્રી-પુરૂષના ભેગા નુત્ફાથી ઈન્સાનનો જનમ થાય છે. અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમનો જન્મ કુદરતના આ કાનૂન મુજબ નહિ બલકે અલ્લાહના ''કુન'' શબ્દથી થયો હોવાથી તેઓ ''કલિમતુલ્લાહ''નો માનભર્યો લકબ મેળવવા ભાગ્યશાળી થયા. મતલબ આ કે હઝરત ઈસા અલૈહિસ-સલામ કુંવારી પાકદામન બીબી મરયમની કુખે વગર બાપે પેદા થયા. ''હ''

Maktabe Ashraf

હબશહમાં નજાશી વિરૂધ્ધ બળવો————હઝરત બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : "બાદશાહનો આ ફેસલો સાંભળીને કુરૈશના બંને સફીરોના મોઢાં લટકી પડયાં. ભારે હતાશા અને ઉદાસીનતાની દશામાં તેઓને દરબારમાંથી હડધૂત થવું પડયું. ભેટસોગાતની વસ્તુઓ પણ તેઓને લોટાવી દેવામાં આવી. હવે અમે બહું નચિંતાઇ અને શાંતિથી તેના દેશમાં રહેવા લાગ્યાં. અમારા દિવસો આરામથી પસાર થતા હતા ત્યાં તો ઓચિંતી એક નવી આફત આવી પડી. હબશહની રાજગાદીનો એક નવો દાવેદાર પૈદા થઇ ગયો હતો. તે એક હબશી હતો. તેણે નજાશી વિરૂધ્ધ બળવો પોકારી દીધો અને પોતાના સૈનિકો સાથે નીકળીને નજાશી પર ચઢાઇ કરી દીધી."

હઝરત ઉમ્મે સલમહનું કથન છે : "આ અણધારેલા સમાચારથી અમારા માણસો એટલા આકુળવ્યાકુળ બની ગયા કે આથી પહેલાં આટલા પરેશાન મેં તેઓને કદી જોયા ન હતા. બધાને ચિન્તા આ વાતની પેઠી કે ન કરે અલ્લાહ, જો આ માણસ નજાશી પર ફાવી ગયો તો એ અમારી સાથે કેવો વર્તાવ કરશે ?

બીજી તરફ નજાશી પણ પોતાનું લશ્કર લઇને તેના મુકાબલે નીકળી આવ્યો. બંને વચ્ચે નાઇલ નદીનો ચોડો પટ હતો. સામે કાંઠે નદીની પેલે પાર બંને સૈન્યો વચ્ચે સંગ્રામ ખેલાયો.

કટોકટીની પરિસ્થિતિનો તાગ મેળવવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા એક સ્થળે ભેગા થયા અને બોલ્યા, "કોણ છે જે નદીની પેલે પાર જઇને યુધ્ધના સમાચાર લઇ આવે અને તપાસ કરે કે ત્યાં શું ચાલી રહ્યું છે ?"

ઝુબૈર બિન અવ્વામ બોલ્યા, "એનું બીડું હું ઝડપું છું."

બધા નવાઇ પામીને કહેવા લાગ્યા, "અરે તમે ? તમે તો અમારામાં સૌથી નાની વયના છો. !"

તેમનો આગ્રહ જોઇને બધાએ પાણીની એક મશકમાં હવા ભરી અને તેમને આપતા કહ્યું, "લો એની ઉપર તરતા-તરતા સામે કાંઠે પહોંચી જાવ."

હઝરત ઝુબૈર બિન અવ્વામે મશક લીધી અને તેને પોતાના સીના હેઠળ રાખીને તરતા-તરતા સામે પાર નજાશીના લશ્કરમાં પહોંચી ગયા."

બીબી ઉમ્મે સલમહ ફરમાવે છે : "એ દરમિયાન અમે બધા અલ્લાહ તઆલાની બારગાહમાં અંતઃકરણથી નજાશી માટે દુશ્મન પર ફતેમંદીની અને રાજસત્તાની લગામ પર તેની મજબૂત પકડની દુઆ માગતા રહ્યા. એજ પરેશાનીની હાલતમાં અમે બધા લડાઇના સમાચાર જાણવા આતુર હતા. એટલામાં સામે કાંઠેથી ઝુબૈર બિન અવ્વામ આવતા દેખાયા. કિનારે પગ મૂકતાં જ તેઓ દોડવા લાગ્યા અને સાથે જ પોતાની ચાદર હવામાં લહેરાવીને ફતેમંદીની ખુશખબર આપતાં બોલ્યા, "ખુશખબર ! નજાશીએ ફતેહ મેળવી લીધી. અલ્લાહ તઆલાએ દુશ્મનને પરાજિત કર્યો. દેશ પર નજાશીની હુકૂમત બહાલ થઇ ગઇ."

હઝરત ઉમ્મે સલમહનું બયાન છે : "વલ્લાહ એ સમયે અમારી ખુશાલીનો પાર નહિ રહ્યો. અમારા માણસોની આવી ખુશાલી મેં કદી જોઇ નથી. નજાશીની સત્તાની આણ યથાવત્ પૂરા દેશ પર કાયમ રહી અને પૂરા બળથી રાજસત્તાની લગામ તેના હાથમાં આવી ગઇ. અલ્લાહ તઆલાએ તેના દુશ્મનને પછાડી નાખ્યો હતો. અમે બહુ આરામ, ઇત્મિનાન અને ઇઝઝતથી હબશહમાં રહેવા લાગ્યાં ત્યાં સુધી કે સમય આવતાં અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મદીનહ પહોંચી ગયા."

Maktabe Ashraf

નજાશીએ રાજગાદી કેવી રીતે મેળવી ?---------ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇમામ ઝુહરીનું કથન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત બીબી ઉમ્મે-સલમહએ વર્ણવેલી આ વીતક કથા જયારે મેં ઉર્વહ બિન ઝુબૈરને કહી સંભળાવી તો તેમણે મને પૂછ્યું, "જાણો છો નજાશીના આ બોલો કે; "અલ્લાહએ મને બાદશાહી આપી તો મારી પાસેથી તેણે લાંચ લીધી ન હતી પછી હું શા માટે લાંચ લઉં ?" એના શો અર્થ થાય છે ?"

ઇમામ ઝુહરી કહે છે : મેં ઉર્વહ બિન ઝુબૈરને જવાબ આપ્યો "સાહેબ ! મને એના અર્થની ખબર નથી."

તેઓ બોલ્યા, "સાંભળો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી આઇશહએ ફરમાવ્યું કે, "નજાશીનો બાપ પોતાની કોમનો બાદશાહ હતો. નજાશી સિવાય તેને બીજો પુત્ર ન હતો. નજાશીનો એક કાકો હતો તેને બાર પુત્રો હતા. એ બધા હબશીઓના શાહી કુટુંબના નબીરા હતા. એક વેળા હબશીઓએ છુપો મનસૂબો કરીને એવું કાવતરૂં ગોઠવ્યું કે નજાશીના બાપનું ખૂન કરીને તેના ભાઇને ગાદીએ બેસાડી દેવો. કાવતરાંનું કારણ આટલું જ કે ભાઇને બાર પુત્રો હતા જયારે નજાશીના બાપને નવાઇનો એક જ પુત્ર હતો. એક પુત્રનું મરણ થતાં રાજગાદીનો અંત આવી જાય ત્યારે ભાઇના બાર પુત્રો એક પછી એક ગાદીએ બેસે તો હબશીઓના વંશમાં રાજસત્તા એકધારી રીતે મજબૂતાઇથી લાંબી મુદ્દત સુધી ચાલતી રહે.

બાપની હત્યા અને નજાશીની ગુલામી---------પછી તો ખરેખર કાવતરાના આયોજન મુજબ એક રાતે હબશીઓએ નજાશીના બાપને કતલ કરી નાખ્યો અને નજાશીના કાકાને રાજગાદીએ બેસાડી દીધો. તે વેળા નજાશી સગીર વયનો બાળક હોવાથી કાકાની નિગરાનીમાં ઉછેર પામવા લાગ્યો. નજાશી નાનપણથી જ બહુ બાહોશ અને ચતુર હતો. કાકાના દિલમાં ધીરેધીરે તેણે પોતાનું આગવું સ્થાન જમાવી લીધું. આજ્ઞાપાલક પુત્ર પેઠે પડછાયો બનીને તેની સાથે લાગેલો રહ્યો અને રાજકારણનો બારીકીથી અભ્યાસ કરતો રહ્યો; ત્યાં સુધી કે વખતના વહાણની સાથે રાજનીતિના રહસ્યો અને રાજખટપટનું તેણે સારૂં જેવું જ્ઞાન મેળવી લીધું.

આ તરફ હબશીઓએ જયારે નજાશીની આ ચતુરાઇ અને રાજવંશીઓ જેવી કુનેહબુધ્ધિ જોઇ તો મનમાં બીધા કે, આ છોકરાએ તો પોતાના કાકાના રાજકારભાર પર કાબૂ મેળવી લીધો છે. કાલે ઊઠીને કાકો એને રાજગાદી સોંપીને આપણો બાદશાહ બનાવી દે તો બાપની હત્યાના વેર તરીકે આપણા બધાને એ ફાંસીને લટકાવી દેશે. કેમકે આપણે એના બાપની હત્યા કરાવી છે તેની એને જાણ થઇ ગઇ છે. આમ વિચારીને એ બધા એના કાકા પાસે ગયા અને બોલ્યા, "હે બાદશાહ ! આ છોકરાને કાં મારી નાખો કાં એનો દેશનિકાલ કરો. અમને એના તરફથી જાનનો પૂરો ખતરો છે."

તે બોલ્યા, "કમબખ્તો ! કાલે તમે એના બાપને કતલ કર્યો આજે કહો છો હું એને કતલ કરૂં? એ મારાથી નહિ બને. હા તમારી ઇચ્છા મુજબ હું એને દેશવટો આપવા તૈયાર છું."

હઝરત બીબી આઇશહનું કથન છે કે હબશીઓ આ વાત પર રાજી થઇ ગયા. તેઓ નજાશીને બળજબરીથી પકડીને બજારમાં લઇ ગયા અને એક પરદેશી સોદાગરને હાથે છસો દિરહમમાં એને વેચી માર્યો. આ સોદાગર એને વહાણમાં બેસાડીને પોતાના દેશ તરફ ઊપડી ગયો.

એક જ દિવસનો આ બનાવ છે. રાત પડી તો અચાનક ચોમાસાના ઘનઘોર વાદળો ચઢી આવ્યાં. ઘટાટોપ

Maktabe Ashraf

અંધારૂં છવાઇ ગયું. ગાજવીજ સાથે અનરાધાર વરસાદ તૂટી પડયો. નજાશીનો કાકો શાહી મહેલના ઝરૂખામાંથી ઝંઝાવાતનું આ તાંડવ જોતો હતો. અચાનક વીજનો કડાકો થયો. લપકારો લેતી વીજ નજાશીના કાકા પર ત્રાટકી અને ત્યાં જ તેનો ઢગલો વાળી દીધો.

હઝરત બીબી આઇશહ ફરમાવે છે : ''એ પછી હબશીઓએ રાજસત્તાની લગામ તેના પુત્રોના હાથમાં આપી દીધી. પરંતુ ટૂંકમાં જ માલૂમ પડયું કે એ બધા ટૂંકી બુધ્ધિના બેવકૂફો જેવા છે. એકની પણ અક્કલ ઠેકાણે ન હતી. રાજવહીવટને સંભાળી ન શકયા. નતીજા રૂપે આખા દેશમાં અરાજકતાનો અંધેર વ્યાપી ગયો. હબશીઓ જ્યારે આ પરિસ્થિતિથી મુંઝાઇને કંટાળી ગયા તો તેઓમાંથી અમુકે કહ્યું, ''વલ્લાહ ! આપણો બાદશાહ————જેના વગર મામલો થાળે પડવાનો નથી—— તેજ છે જેને આપણે ગુલામ તરીકે વેચી માર્યો છે. હબશહની રાજગાદીનો ખરો વારસદાર તેજ છે. દેશમાં સળગેલો અશાંતિનો દાવાનળ ઠારવવો હોય તો તેને શોધીને પાછા લઇ આવો.''

નજાશીની હુકૂમતની બહાલી————હબશીઓ તેની તલાશમાં નીકળી પડયા અને પેલા સોદાગરનું પગેરૂં મેળવીને તે દિશાએ ઊપડી ગયા. અંતે તેઓએ સોદાગરનો પત્તો મેળવીને નજાશીની ભાળ મેળવી લીધી અને બળજબરીથી તેને સોદાગર પાસેથી ઝૂંટવીને લઇ ગયા. અને છસો દિરહમ પણ તેને પાછા નહિ આપ્યા. આ હબશીઓ નજાશીનું અપહરણ કરીને હબશહની રાજધાનીમાં લઇ આવ્યા. તેના માથે બાદશાહીનો તાજ મૂકીને તેને રાજગાદી પર બેસાડયો અને સત્તાની લગામ તેના હાથમાં આપી દીધી.

સોદાગર નજાશીના દરબારમાં————એ પછી એક દિવસે પેલો સોદાગર હબશીઓ પાસે આવ્યો અને બોલ્યો, ''તમે મારા ગુલામને ઉપાડી લાવ્યા છો અને પૈસા પણ પાછા આપ્યા નથી. કાં મારા છસો દિરહમ ચૂકવી આપો કાં મારા ગુલામ સાથે મને વાત કરવા દો.''

હબશીઓ તુંડાઇથી બોલ્યા, ''ભાગ અહીંથી પૈસા કેવા ને વાત કેવી ?'' જા ચાલતો થા અહીંથી!''

સોદાગર બોલ્યો, ''વલ્લાહ ! ત્યારે તો જરૂર હું મારા ગુલામની મુલાકાત લઇશ.''

''જા તારાથી થાય તે કરી લે.'' હબશીઓએ તેને તગેડી મૂકયો.

સોદાગર મોકાની તાકમાં રહ્યો અને લાગ મળતાં નજાશીના દરબારમાં પહોંચી ગયો. અને પોતાની ફરિયાદ રજૂ કરતાં બોલ્યો, ''હે બાદશાહ ! મેં ફલાણા લોકો પાસેથી છસો દિરહમના દામે ફલાણા ગુલામનો સોદો કર્યો હતો. એક હાથે દામ ચૂકવીને બીજા હાથે એ ગુલામનો મેં કબજો લીધો હતો. એ પછી એવું બન્યું કે તેઓ બળજબરીથી મારા એ ગુલામને મારી પાસેથી ઝૂંટવીને લઇ ગયા. અને દામ પણ પાછા આપ્યા નહિ. એના જ ઇન્સાફ માટે હું આપની તહેનાતમાં હાજર થયો છું.''

''એ સોદાગર !'' નજાશી બોલ્યો, ''બેશક તારો દાવો સાચો છે અને હું પોતે એનો સાક્ષી છું. તારી સાથે ખરેખર અન્યાય થયો છે. હું એનો ઇન્સાફ કરીશ. કાં તને પૈસા દિરમ મળવા જોઇએ કાં ગુલામનો કબજો મળવો જોઇએ. બંનેમાંથી એક વાત જરૂર બનશે.''

આમ કહીને નજાશીએ પેલા હબશીઓને દરબારમાં હાજર કરવાનો હુકમ ફરમાવ્યો. જયારે તેઓ આવી ગયા તો નજાશીએ તેઓને કહ્યું, ''જે ગુલામને તમે છસો દિરમમાં વેચી માર્યો હતો તેનો માલિક આ સોદાગર છે જે તમારી સામે ઊભેલો છે. પોતાના ગુલામને પોતાની સાથે લઇ જવાનો એને પૂરો અધિકાર છે. એનો

એ ગુલામ પોતે પણ અહીં હાજર છે. હવે બે વાતોમાંથી એકની પસંદગી કરી લો. કાં એના ગુલામને પકડીને એના હવાલે કરી દો કાં ગુલામની વસૂલ કરેલી કિંમત એને ચૂકવી આપો."

મુદ્દામાલ સાથે સાક્ષીઓ પણ મવજૂદ હતા. ન્યાયના તકાઝા મુજબ હબશીઓ પાસે ત્રીજો રસ્તો ન હતો. હબશીઓ ડરી ગયા. શાહી ફરમાનને માથે ચઢાવતાં બોલ્યા, "હે બાદશાહ ! ગુલામની વસૂલ કરેલી કિંમત ચૂકવી આપવા અમે રાજી છીએ."

હઝરત બીબી આઇશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : "તો નજાશીના પેલા શબ્દો કે :

"અલ્લાહએ જ્યારે મારી રાજગાદી મને પાછી આપી તો મારી પાસેથી તેણે લાંચ લીધી ન હતી, પછી હું શું કામ કોઈની પાસેથી લાંચ લઉં ? અને દુશ્મનો મારૂં બુરૂં ચાહતા હતા પણ અલ્લાહએ મારી સાથે ભલાઇનો મામલો કર્યો, ત્યારે અલ્લાહના મામલામાં લોકોની સાથે મારે કેમ ભલાઈ નહિ કરવી ?"

બસ નજાશીના ઉપલા બોલોના એજ અર્થ થાય છે. નજાશીનો ચુકાદો સોદાગરના મામલામાં, તેના અદલ ઈન્સાફનો બોલતો પુરાવો છે. આ વાતોથી મઝહબના મામલામાં નજાશીની દ્રઢતા અને ઈન્સાફના મામલામાં નજાશીની નિર્ભયતા કે પુખ્તગીની ખાતરી થાય છે."

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત બીબી આઇશહની, નક્કર દલીલથી સાબિત થયેલી એવી રિવાયત પણ મને મળી છે કે, "નજાશીનો જ્યારે ઈન્તેકાલ થઇ ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહમાં તેના જનાઝહની ગાએબાના નમાઝ પઢી. તેને દફન કરવા પછી તેની કબર પર હમેશા નૂરે-ઇલાહી અથવા રહમતે-ઇલાહીની વૃષ્ટિ લોકોના જોવામાં આવતી હતી."

નજાશી વિરૂધ્ધ બીજો બળવો————ઈબ્ને ઈસ્હાક કહે છે : જઅફર બિન મુહંમદે પોતાના પિતાજીની રિવાયત ટાંકતા મને કહ્યું કે, એક વેળા હબશહના કેટલાક ધર્મચુસ્ત કટ્ટરપંથીઓએ નજાશી વિરૂધ્ધ બળવો પોકારી દીધો અને ખુલ્લેઆમ તેની પાસે જઇને પડકાર કરતાં બોલ્યા, "હે નજાશી ! તેં અમારો અસલી આકાશી ધર્મ ફગાવી દીધો છે. બદલામાં આજથી અમે તારી તાબેદારી કે બાદશાહીની ઝૂંસરી ફગાવી દઈએ છીએ."

આ પડકાર ફેંકીને તેઓ સામી છાતીએ પોતાના માણસો સાથે નજાશી વિરૂધ્ધ મેદાને નીકળી આવ્યા.

નજાશી બાદશાહ કાચા ઘડા પેઠે કાચી માટીથી ઘડેલો માણસ ન હતો, ઊંડા પાણીમાં ઊતરવાનું જાણતો હતો. આ ઓચિંતા બળવાથી તે જરાયે ડર્યો કે ડગ્યો નહિ. આમ છતાં તેને સૌથી મોટી ચિન્તા મુસલમાનોની હતી. ન થાય કે આ ધમાચકડીમાં મુસલમાનોને કોઈ નુકસાન પહોંચે. તેણે હઝરત જઅફર બિન અબૂ તાલિબ અને તેના સાથીઓને બોલાવ્યા. તેઓને હિંમતથી કામ લેવાનું અને સમય વર્તે સાવધાન રહેવાનું સૂચન કર્યું. એ પછી તેણે મુસલમાનો માટે એક વહાણ તૈયાર કરાવ્યું અને પછી તેઓને કહ્યું, "તમે બધા પેલા વહાણમાં બેસીને મારા હુકમની રાહ જુઓ. અગર મારો પરાજય થાય તો તમારી મરજી પડે ત્યાં ચાલ્યા જજો, અને મારી જીત થાય તો તમારે અહીં જ રહેવાનું છે."

એ પછી નજાશી બાદશાહે એક કાગળ મંગાવ્યો અને તેમાં પોતાની કલમથી આ શબ્દો લખ્યા:

Maktabe Ashraf

"હું નજાશી હબશહ દેશનો બાદશાહ સાક્ષી આપું છું આ વાતની કે એક અલ્લાહ સિવાય કોઇ બંદગીને લાયક નથી. અને હું સાક્ષી આપું છું આ વાતની કે મુહંમદ અલ્લાહના બંદા અને અલ્લાહના રસૂલ છે. અને હું સાક્ષી આપું છું આ વાતની કે ઇસા બિન મરયમ અલ્લાહના બંદા, અલ્લાહના રસૂલ, અલ્લાહએ મોકલેલી રૂહ અને અલ્લાહના કલિમા છે જેને અલ્લાહએ પાકદામન કુંવારી મરયમ તરફ મોકલાવી દીધા."

આ રહસ્યમય કે ભેદભરેલું લખાણ લખીને નજાશીએ એ કાગળ પોતાના પહેરણની અંદર, સીનાની જમણી બાજુના ખીસામાં સેરવી દીધો. એ પછી પેલા રાજદ્રોહીઓના મુકાબલા માટે લશ્કરની સફો ગોઠવીને લડાઇ માટે તૈયાર થયો અને મેદાને પડીને પડકાર ફેંક્યો, "હે હબશી સરદારો ! શું તમારી કૌમમાં હું રાજગાદીનો સૌથી વધારે હકદાર નથી ?"

"બેશક રાજગાદીના તમે જ સૌથી વધારે હકદાર છો." સામેથી જવાબ મળ્યો.

"ત્યારે બાદશાહ તરીકે તમે મને કેવો જોયો ?"

"બહુ જ ભલો, બહુ જ ઇન્સાફી બાદશાહ." સામેથી જવાબ મળ્યો.

"ત્યારે તમને શું થયું કે તમે મારી વિરૂધ્ધ બળવો જગાડયો ?"

"હા સાંભળો, તમે અમારો અસલી ખ્રિસ્તીધર્મ ફગાવી દીધો છે અને ઉપરથી દાવો કરો છો કે ઇસા બિન મરયમ ફકત અલ્લાહના બંદા છે."

"વારૂ તો ઇસા બિન મરયમ વિષે તમારો શું અકીદો છે ?"

તેઓ બોલ્યા, "વલ્લાહ ! અમે ઇસા બિન મરયમને અલ્લાહનો બેટો પણ માનીએ છીએ."

આ સાંભળીને નજાશીએ પોતાના જમણા સીના પર પોતાનો જમણો હાથ મૂકતાં કહ્યું, "ત્યારે સાંભળી લો કે હું સાક્ષી આપું છું કે ઇસા બિન મરયમે આથી વધારે કંઇ જ કહ્યું નથી અને હું પોતે પણ એની સાક્ષી આપું છું."

આ જવાબમાં "આથી વધારે" નો ઇશારો નજાશીના મનમાં પેલા લખાણવાળા કાગળ તરફ હતો જેને તેણે પોતાના જમણા સીના પાસેના ખીસામાં સેરવી લીધો હતો. પરંતુ હબશી સરદારો એવું સમજ્યા કે નજાશીએ ઇસા બિન મરયમ વિષે અમારા અકીદાનો ઇકરાર કરી લીધો છે. નજાશીના આ હિકમતભર્યા જવાબથી હબશીઓનાના દિલને સંતોષ થઇ ગયો અને તેઓ બળવો સંકેલી લઇને જે દિશાએથી આવ્યા હતા તેજ દિશાએ ચાલ્યા ગયા. આ રીતે મઝહબી અકીદા અંગે જન્મેલા ફિત્નાનો સુખદ અંત આવી ગયો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કે-હબશહમાં બનેલા આ બધા બનાવોના રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પણ સમાચાર મળી ગયા હતા. એજ કારણ છે કે નજાશી બાદશાહનો જ્યારે ઇન્તેકાલ થઇ ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના જનાઝાની ગાએબાના નમાઝ પઢી અને તેના માટે બારગાહે-ઇલાહીમાં મગફિરતની દુઆ માગી.

(**સંપાદકની નોંધ** :- અલ્લાહના પયગમ્બર હઝરત ઇસા બિન મરયમ અલૈહિસ સલામ વિષે અલ્લાહના બેટા હોવાનો અકીદો ખ્રિસ્તી ધર્મના બુનયાદી કે પાયાના

Maktabe Ashraf

અકીદામાંથી ગણાય છે. અસલમાં અકીદાનો આ ફિત્નો નજાશીના દરબારમાં કુરૈશના સફીર અમ્ર બિન આસે ઊભો કર્યો હતો. જેના જવાબમાં હઝરત જઅફર બિન અબૂ તાલિબે ઇસ્લામી અકીદો રજૂ કર્યો હતો; જેને નજાશીએ ટેકો આપતાં દરબારી પાદરીઓમાંથી કટ્ટરપંથી પાદરીઓ ઊકળી ઊઠયા હતા. અહીંથી જ નજાશીને ઇસ્લામની સચ્ચાઇનો યકીન આવી જતાં મનમાં તેણે ઇસ્લામ સ્વીકારી લીધો હતો. કેમકે નજાશી પોતે પણ આકાશી કિતાબ ઇન્જીલનો મોટો આલિમ હતો. ઇન્જીલમાં હઝરત ઇસા બિન મરયમની આ બશારત કે : ''મિમ-બઅદિસ-મુહૂ અહમદ'' એટલે મારા પછી એક પયગમ્બર પધારવાના છે જેમનું નામ અહમદ હશે.'' નજાશીને આ બશારતની દલીલ મળી ગઇ હતી. ફિત્નાખોર પાદરીઓની ઉશ્કેરણીથી જ હબશી સરદારોએ બળવો પોકાર્યો હતો. પણ નજાશીની રહસ્યભરી હિકમતથી મામલો આગળ વધતાં અટકી ગયો અને જન્મેલો ફિત્નો શમી ગયો. ''હ'')

Maktabe Ashraf

પ્રકરણ ૫૩

હઝરત ઉમર ઈસ્લામના ચરણોમાં

મક્કહમાં ઈસ્લામના વર્ચસનો આરંભ ● કઅબહમાં મુસલમાનોની પહેલી નમાઝ ● હઝરત ઉમર મુસલમાન બનવા પહેલાં ● બહેન-બનેવીનો ઈસ્લામ સ્વીકાર ● બહેન-બનેવીની મારઝૂડ ● કલામે-ઈલાહીની તાસીર ● ઉમર અથવા અબૂ જહલ માટેની દુઆ ● ઉમર દરબારે-રસૂલમાં ● ઉમર ઈસ્લામના ચરણોમાં ● હઝરત ઉમરની આપવીતી ● હઝરત ઉમરના ઈસ્લામની જાહેરાત ● અબૂ જહલનો ઝપાટો.

મક્કહમાં ઈસ્લામના વર્ચસનો આરંભ—ઈબ્ને ઈસ્હાક કહે છે : અમ્ર બિન આસ અને અબ્દુલ્લાહ બિન અબી રબીઅહ નજાશી બાદશાહના દરબારમાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાની હકાલપટ્ટીનો જે મકસદ લઈને ગયા હતા તેમાં તેઓને કામયાબી તો ક્યાંથી મળે, ઉલટાનું નજાશી બાદશાહે તેઓને વીલે મોઢે, નાકામયાબીના આઘાત સાથે હબશહથી ચાલતા કરી દીધા. ભેટસોગાતની જે કંઈ કિંમતી વસ્તુઓ લઈ ગયા હતા તેને પણ લાંચમાં ખપાવીને બાદશાહે તેઓના મોઢાં પર મારી દીધી.

એજ દરમિયાન આ તરફ મક્કહમાં ઉમર બિન ખત્તાબે ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. ઉમર બિન ખત્તાબ મક્કહના એક અજોડ અને પંકાયેલા વીરપુરૂષ હતા. ધૂનના પાકા અને મનોબળના એટલા મજબૂત કે કોઈ કામનો સંકલ્પ કરી લે તો પીછેહઠ કરવાનું જાણતા ન હતા. દુનિયાની કોઈ તાકત તેમના કદમને ડગમગાવી શકતી ન હતી. કોઈની મજાલ હતી કે તેમના મોઢા પર કે પીઠ પાછળ કંઈ બોલી શકે ?

હઝરત હમ્ઝહ અને હઝરત ઉમરના મુસલમાન બની જવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાને ઘણું પીઠબળ મળવા પામ્યું. બધા મુસલમાનો આ બંને વીરનરોને પ્રતાપે ત્રાસવાદી મુશરિકોના ત્રાસોથી મહફૂઝ થઈ ગયા અને ધીરેધીરે કુરૈશ પર વર્ચસ મેળવવા લાગ્યા.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ ફર્માવ્યા કરતા, "ઉમરના ઈસ્લામકરણ પહેલાં કઅબહમાં જઈને નમાઝ પઢવાની હિંમત તો શું, કલ્પના પણ અમે કરી શકતા ન હતા. પરંતુ હઝરત ઉમરે મુસલમાન બનતાં જ નમાઝના મામલે કુરૈશ સાથે ટક્કર લીધી. પોતે પણ કઅબહ પાસે જઈને નમાઝ પઢી અને અમે પણ એમની સાથે કઅબહમાં જઈને કુરૈશના દેખતાં નમાઝ પઢી. ઉમરના ઈસ્લામ-સ્વીકારનો પ્રસંગ ત્યારે સર્જાયો જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘણા સહાબા મક્કહથી હિજરત કરીને મુલ્કે-હબશહ પહોંચી ગયા હતા."

Maktabe Ashraf

કઅબહમાં મુસલમાનોની પહેલી નમાઝ————————ઇબ્ને ઇસ્હાક કહે છેઃ મુસલમાનોએ કઅબહ પાસે જઇને ખુલ્લેઆમ સૌથી પહેલી નમાઝ પઢી તેનું વાર્ણન કરતાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ ફરમાવે છે.

"ઉમર બિન ખત્તાબનો ઇસ્લામ-સ્વીકાર એક પ્રકારની ફતેહ હતી ઇસ્લામ માટે, અને મૂર્તિપૂજાને ત્યાગીને અલ્લાહની તવહીદ તરફની તેમની હિજરત, અલ્લાહની એક મદદ હતી મુસલમાનો માટે, અને તેમણે લીધેલી મુસલમાનોની નેતાગીરી, અલ્લાહની એક રહમત હતી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા માટે

"ઉમર બિન ખત્તાબના મુસલમાન બનવા પહેલાં અમારી મજાલ ન હતી કે કઅબહ પાસે જઇને નમાઝ પઢીએ. મુસલમાન બનતાંની સાથે જ ઉમર કુરૈશની સાથે ચાહોમ બાખડી પડયા અને એવી બહાદુરીથી ટકરાયા કે એમણે પોતે પણ કઅબહ પાસે નમાઝ પઢી અને એમની નેતાગીરી હેઠળ અમે બધા મુસલમાનોએ પણ નમાઝ પઢી."

હઝરત ઉમર મુસલમાન બનવા પહેલાં————————ઇબ્ને ઇસ્હાક કહે છે : બીબી ઉમ્મે અબ્દુલ્લાહ બિન્તે અબી હસમાનું બયાન છે કે, કુરૈશના ત્રાસોથી કંટાળીને હું અને મારા ખાવિન્દ આમિર બિન રબીઅહ હિજરત માટે તૈયાર થઇ ગયા. મારા ખાવિન્દ આમિર પોતાના કોઇ જરૂરી કામ અંગે ઘરમાંથી નીકળીને બહાર ચાલ્યા ગયા અને હું સફરનો સામાન બાંધવા લાગી એટલામાં ઉમર બિન ખત્તાબ ઘરમાં આવીને મારી સામે ઊભા થઇ ગયા. તેઓ કુફ્રની હાલતમાં હોવાથી મને અને મારા ખાવિન્દને બેહદ ત્રાસ આપતા હતા, અને તરહ-તરહની તકલીફો પહોંચાડતા હતા.

મને સફરની તૈયારીમાં લાગેલી જોઇને એમનું હૈયું પીગળી ગયું. ગદ્‌ગદ સ્વરે બોલ્યા, "અબ્દુલ્લાહની મા! શું હવે કૂચનો ઇરાદો છે ?"

"હા કૂચનો ઇરાદો છે." મેં પણ દુખી અવાજે કહ્યું, "ઉમર ! અમે પણ શું કરીએ ? તમારા રોજના ત્રાસો અમારે કયાં સુધી સહન કરવા ? ધીરજની પણ હદ હોય છે. લાચારીએ અલ્લાહની ભૂમિમાં જગા મળે ત્યાં નીકળી જવાની તૈયારી કરીએ છીએ. અલ્લાહ પોતાની રહમતથી તમારા ત્રાસોથી બચવાનો કોઇ રસ્તો કાઢી આપશે."

મેં જોયું કે ઉમરનું હૈયું હચમચી ગયું છે. મારી વાતોનો તેમણે કોઇ જવાબ નહિ આપ્યો પણ અમારી કૂચથી તેમના દિલ પર ઊંડા આઘાતની છાપ પડી હતી એ પાકી ચુપચાપ તેઓ મારા ઘરમાંથી નીકળીને ચાલ્યા ગયા.

મારા ખાવિન્દ પોતાનું કામ પતાવીને ઘરમાં આવ્યા તો મેં તેમને કહ્યું, "અબ્દુલ્લાહના બાપા! ઉમર હમણા ઘરમાં આવ્યા હતા. આપણી કૂચનું જાણીને બેહદ ગમગીન હાલતમાં ચાલ્યા ગયા."

આમિર બોલ્યા, "તો શું ઉમરના મુસલમાન બનવાની આશા રાખી શકાય ?"

"કેમ નહિ !" મેં કહ્યું, મને તો લાગે છે કે તેઓ મુસલમાન બની જશે."

"ખોટી વાત છે." આમિર બોલ્યા, "હા ઉમરનો ગધેડો મુસલમાન બને તો હું જાણું કે ઉમર પણ

Maktabe Ashraf

મુસલમાન બને.''

બીજી ઉમ્મે અબ્દુલ્લાહનું બયાન છે : ''મારા ખાવિન્દ આમિરે આ શબ્દો એટલા માટે ઉચ્ચાર્યા કે ઉમર બિન ખત્તાબ ઈસ્લામના કટ્ટરપંથી દુશ્મન હતા અને મુસલમાનોને ત્રાસ આપવામાં નક્કરપંથી હોવાથી તેઓ ઉમરના ઈસ્લામથી નિરાશ થઈ ચૂક્યા હતા.''

બહેન બનેવીનો ઈસ્લામ-સ્વીકાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉમરના ઈસ્લામ-સ્વીકારને લગતી જે સનદી માહિતી મને મળવા પામી તેની વિગત આ પ્રમાણે છે.

હઝરત ઉમરના હકીકી બહેન ફાતિમહ બિન્તે ખત્તાબના નિકાહ હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ સાથે થયા હતા.[1] બહેન અને બનેવી બંને મુસલમાન બની ગયાં હતાં. એમના મુસલમાન બનવાની હઝરત ઉમરને ખબર ન હતી. નુઐમ બિન અબ્દુલ્લાહ બિન નહહામ નામે મક્કહના એક પ્રતિષ્ઠિત અને દયાળુ દિલના ગૃહસ્થ હતા જેઓ હઝરત ઉમરના જ ખાનદાનમાંથી એટલે બનૂ અદી બિન કઅબમાંથી હતા જેઓ પોતે પણ છુપી રીતે મુસલમાન બની ગયા હતા. પણ ઉમરના ડરથી પોતાના ઈસ્લામને છુપાવતા હતા.

હઝરત ઉમરના બહેન અને બનેવીના મુસલમાન બનવા પછી હઝરત ખબ્બાબ બિન અલ-અરત્ત નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી મિયાંબીબીને કુર્આનનું શિક્ષણ આપવા માટે એમના ઘરે આવતા હતા. એજ દરમિયાન એક દિવસે હઝરત ઉમર ગળે તલવાર ભેરવીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનાં કત્લ કરવાના ઈરાદે, ઘરમાંથી નીકળીને બઝારમાંથી પસાર થવા લાગ્યા. હઝરત ઉમરને બાતમી મળી હતી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે સફા પર્વત પાસેના એક મકાનમાં બેઠેલા છે.

તે વખત સુધી સ્ત્રી-પુરૂષો મળીને મુસલમાનોની સંખ્યા ૪૦ જેટલી હતી. સફા પર્વત પાસેના આ મકાનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે હઝરત હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ, હઝરત અબૂબક્ર બિન અબૂ કુહાફહ, હઝરત અલી બિન અબૂ તાલિબ તેમ બીજા મુસલમાનો પણ મવજૂદ હતા. આ બધા તે મુસલમાનો હતા જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે મક્કહમાં રહી ગયા હતા. અને હિજરત કરનારાઓની સાથે હબશહ ગયા ન હતા. **અલ્લાહ એ સૌથી રાજી રહો !**

હઝરત ઉમર ગળે તલવાર ભેરવીને બજારમાં પહોંચ્યા તો સંજોગજોગે હઝરત નુઐમ બિન અબ્દુલ્લાહ નહહામ સાથે ભેટો થઈ ગયો. ઉમરનો ઉશ્કેરાટ અને આક્રોશભર્યો ચેહરો જોઈને તેમણે પૂછ્યું, ''ઉમર ! કેમ શું મામલો છે ? આ દશાએ અને ઉઘાડી તલવારે કયાં ચાલ્યા ?''

ઉમરનો ગુસ્સો જોવા જેવો હતો. જુસ્સાથી બોલ્યા, ''અરે પેલા જ અધર્મી માણસને કતલ કરવા ! તેણે કુરૈશમાં કુસંપ નાખી દીધો છે. કૌમમાં વિખવાદ જન્માવ્યો છે. આપણા અકલમંદોને બેવકૂફ બનાવ્યા છે. આપણા ધર્મને ખોટો કરાવ્યો છે. આપણા ભગવાનોને ભાંડયા છે. આજે તેને ખાતેમો બોલાવી દેવાનું મે નક્કી કરી લીધું છે.''

---

1. હઝરત સઈદના બાપ ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ તે ગૃહસ્થ છે જેઓ એક અલ્લાહના પૂજારી હતા અને ''દીને-ઇબ્રાહીમી''ની તલાશમાં મક્કહથી નીકળીને સફરની હાલતમાં માર્યા ગયા હતા. ''હ''

Maktabe Ashraf

"હે ઉમર !" હઝરત નુએમે ગંભીર સ્વરે કહ્યું, "વલ્લાહ ! સાચું કહું તો તમારા જીવે તમને ધોકો આપ્યો છે. તમે અંધારામાં ગોથું ખાય ગયા છો. શું તમે એમ ધારો છો કે મુહંમદનું ખૂન કરશો તો અબ્દે-મનાફના લોકો તમને જવા દેશે ? અને તમને જીવતા છોડી દેશે કે જેથી તમે ધરતી પર આઝાદીથી હરીફરી શકો ? જાવ, મુહંમદનું ખૂન કરવા પહેલાં પોતાના ઘરની ખબર લો. પ્રથમ તેઓને સુધારો પછી આગળ વધો!"

"હેં મારા ઘરમાં વળી શું થયું ?" હઝરત ઉમરે ચોંકીને જુસ્સાથી પૂછ્યું.

હઝરત નુઐમ બિન અબ્દુલ્લાહએ ઠાવકા મુખે કહ્યું, "તમારો બનેવી સઈદ બિન ઝૈદ અને તમારી બહેન ફાતિમહ બિન્તે ખત્તાબ બંને મુસલમાન બની ગયાં છે. તેઓ મુહંમદના મઝહબની પેરવી કરે છે. જાવ પ્રથમ તેઓની ખબર લો."

બહેન અને બનેવીની મારઝૂડ————હઝરત નુએમની વાત સાંભળતાં જ હઝરત ઉમરના તનબદનમાં આગ લાગી ગઇ. એજ વેળા પાછલા પગે વળીને ઉત્તેજિત દશામાં બહેન-બનેવીના ઘેર જઇ પહોંચ્યા. અને ધડાધડ બારણું ખખડાવવા લાગ્યા.

તે વેળા હઝરત ખબ્બાબ બિન અલ-અરત્ત નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી ફાતિમહના ઘરમાં હાજર હતા. બંને મિયાં-બીબીને તેઓ કુર્આનની સૂરએ-તાહાનું શિક્ષણ આપી રહ્યા હતા. આ લોકોએ જ્યારે ઉમરને બારણું ખખડાવતાં જોયા તો હઝરત ખબ્બાબ ડરના માર્યા ઘરની એક ઓરડીમાં જઇને સંતાઇ ગયા અને ફાતિમહએ ઉતાવળમાં કુર્આનના વરક પોતાની જાંઘ નીચે છુપાવી લીધાં. પણ હઝરત ઉમર ઘરના બારણે એમના કુર્આન પઢવાનો ગણગણાટ સાંભળી ચૂકયા હતા.

ઘરમાં પ્રવેશતાં જ ઉમરે આવેશથી પૂછ્યું, "એ કેવો ગણગણાટ હતો જેને હું સાંભળી ચૂકયો છું ?"

"ગણગણાટ ?" બહેન અને બનેવી બોલ્યાં, "ના રે ભાઇ સાહેબ ! ગણગણાટ જેવું કશં તમે સાંભળ્યું નથી."

"કેમ નહિ ?" હઝરત ઉમર બોલ્યા, "વલ્લાહ ! મેં મારા કાનોથી સાંભળી લીધું છે. મને આ વાતની પણ બાતમી મળી ગઇ છે કે તમે બંનેએ મુહંમદનો ધર્મ કબૂલ કરી લીધો છે. માટે જલદી બતાવો તમે શું પઢતાં હતાં?"

આમ કહેતાં જ હઝરત ઉમર પોતાના બનેવી હઝરત સઈદ બિન ઝૈદ પર તૂટી પડયા અને તેમને ગળચીથી પકડીને મારવા લાગ્યા. બીબી ફાતિમહથી રહેવાયું નહિ, પોતાના ખાવિન્દને છોડાવવા આગળ ધસી ગયાં તો હઝરત ઉમરે બહેનને એવા આડેધડ માર્યા કે તેમનું માથું ફાટી ગયું અને લોહીની દદૂડી વહેવા લાગી ત્યારે બહેન અને બનેવી બિનધાસ્ત રીતે બોલી ઊઠયાં, "હા હે ઉમર ! અમે મુસલમાન બની ગયા છીએ. અમે મુહંમદનો ધર્મ કબૂલ કરી લીધો છે. અમે કલિમો પઢીને અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લઇ આવ્યા છીએ. જાવ તમારાથી થાય તે કરી લો હે ઉમર !"

કલામે-ઇલાહીની તાસીર————હઝરત ઉમરની આડેધડ મારપીટથી દડદડ લોહીની ધારા બીબી ફાતિમહના માથાથી વહી રહી હતી. બહેનનો લોહીલુહાણ ચેહરો જોઇને પસ્તાવાથી હઝરત ઉમરનું અંતર દ્રવી ઊઠયું. ગુસ્સો ઊતરી ગયો અને દિલમાં દયાનો સંચાર થયો તો મારવાનું છોડી દઇને બહેનને પ્યારથી કહ્યું, "વાહ ફાતિમહ ! લાવો પેલા કાગળ મને દેખાડો જેનું તમે વાંચન કરતા હતા. જોઉં તો ખરો કે મુહંમદ પર

Maktabe Ashraf

એમાં શું ઊતરેલું છે !'' હઝરત ઉમર ભણેલા ગણેલા શખ્સ હતા અને લખવા વાંચવાનું જાણતા હતા.

બહેને કહ્યું, ''હા પણ મને ધાસ્તી છે કે એ કાગળ તમે મને પાછો નહિ આપો અને ફાડી નાખો તો?''

''ના ના બહેન એ નહિ બને.'' હઝરત ઉમરે પોતાના ભગવાનોના સોગંદ લેતાં કહ્યું, ''ફાતિમહ! ડરો નહિ. વાંચીને એ કાગળ હું તમને પાછો આપી દઈશ.''

આ સાંભળીને બહેનના દિલમાં આશાનો સંચાર થયો કે ઉમર કદાચ મુસલમાન બની જાય તો નવાઈ નહિ. સાથે જ તેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાત યાદ આવી ગઈ. બોલ્યાં, ''ભાઈજાન! તમે મૂર્તિપૂજાની ગંદકીથી અપવિત્ર છો. અલ્લાહના કલામ કુર્આનને પવિત્ર માણસો જ હાથ અડાડી શકે.''[1]

હઝરત ઉમર તરત ઊભા થઈ ગયા અને બહેનના ઘરમાં તેઓની સૂચના મુજબ ગુસલ કરીને પાકસાફ થઈ ગયા. બહેને તેમના હાથમાં કુર્આનના વરક આપી દીધાં. એમાં સૂરએ-તાહાની આયતો લખેલી હતી. હઝરત ઉમરે ઉત્સાહ અને ઉત્સુકતાથી તેનું વાંચન કરવા માંડયું. શરૂઆતનું જ લખાણ વાંચીને તેઓ પોકારી ઊઠયા, ''અહા ! કેવું ભવ્ય કલામ છે ! કેટલી દિલકશ, કેટલી મધુર વાણી છે !''

ઉમર અથવા અબૂ જહલ માટેની દુઆ————હઝરત ઉમરના મુખેથી ઉપલા શબ્દો સાંભળતાં જ ઘરની ઓરડીમાં સંતાયેલા હઝરત ખબ્બાબ બિન અલ-અરત્ત બહાર નીકળી આવ્યા અને હઝરત ઉમરની સામે આવીને બોલ્યા, ''હે ઉમર ! સોગંદ છે અલ્લાહના, હું આશાવાદી છું કે અલ્લાહ તઆલાએ તેના પયગમ્બરની દુઆને કબૂલ કરીને તમને ઈસ્લામ માટે પસંદ કરી લીધા છે. સાંભળો, મેં કાલે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બારગાહે-ઈલાહીમાં આ દુઆ માગતાં સાંભળ્યા છે :

અલ્લાહુમ્મ ઐયિદિલ-ઈસ્લામ	હે અલ્લાહ ! ઈસ્લામને ઉત્તેજન આપ
બિ-અબિલ હકમિ બ્ને-હિશામ	અબુલ-હકમ બિન હિશામથી [2]
અવ-બિ-ઉમરિબ-નિલ ખત્તાબ.	અથવા ઉમર બિન ખત્તાબથી.

જવાબમાં હઝરત ઉમર બોલ્યા, ''હે ખબ્બાબ ! ચાલો મને મુહંમદ પાસે લઈ જાવ કે જેથી હું તેમની તહેનાતમાં જઈને ઈસ્લામ કબૂલ કરી લઉં.''

હઝરત ખબ્બાબે કહ્યું, ''હા જુઓ અત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સફા પર્વત પાસેના એક મકાનમાં પોતાના સહાબા સાથે બિરાજમાન હશે.''

ઉમર દરબારે-રસૂલમાં————એજ પળે હઝરત ઉમરે તલવાર ઉપાડીને પોતાને ગળે ભેરવી લીધી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા ઊપડયા. ત્યાં પહોંચીને હઝરત ઉમરે મકાનના બારણાની સાંકળ ખખડાવી. એક સહાબી ઊભા થઈને બારણું ખોલવા આગળ વધ્યા. બારણાના છિદ્રોમાંથી જોયું તો ઉમર બિન ખત્તાબ ગળે તલવાર લટકાવીને ત્યાં ઊભેલા હતા. ઉમરને તલવાર સાથે ઊભેલા

---

૧. કોઈ મુસલમાન પણ નાપાકીની હાલતમાં હોય કે વુઝૂ વગરની દશામાં હોય તો કુર્આને-મજીદને હાથમાં લેવાનું તેના માટે પણ જાઈઝ નથી. સૂરએ-વાકિઅહના આખેરી રૂકૂઅમાં એનો હુકમ ઊતરેલો છે.''હ''

૨. અબુલ-હકમ અબૂ જહલનું ઉપનામ અને હિશામ તેના બાપનું નામ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમર યા અબૂ જહલ બંનેમાંથી એકના ઈસ્લામ માટે બારગાહે-ઈલાહીમાં દુઆ માગી હતી. હઝરત ઉમરના હકમાં આપની દુઆ કબૂલ ગઈ. અબૂ જહલ પોતાની જહાલત, બદબખ્તી - હઠીલાઈને કારણે બારગાહે-ઈલાહીથી શયતાન પેઠે હડધૂત થઈ ગયો. ''હ''

Maktabe Ashraf

જોઈને તેમના મનમાં ફાળ પેઠી. તરત પાછલા પગે વળીને ગભરાયેલા સ્વરે બોલ્યા, "યા રસૂલલ્લાહ! ઉમર બિન ખત્તાબ ગળે તલવાર ભેરવીને બારણે ઊભેલો છે."

સહાબીની વાત સાંભળીને મક્કહના વીરનર હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબે કહ્યું, "યા રસૂલલ્લાહ! એને અંદર આવવાની પરવાનગી આપો. અગર એ ભલાઈને ઈરાદે આવ્યો છે તો ઠીક, આપણે પણ એની સાથે ભલાઈનો વર્તાવ કરીશું, પણ જો કોઈ ભૂંડાઈને ઈરાદે આવ્યો છે તો એની જ તલવારથી એનું ડોકું ઉડાવી દઈશ."

કાકાની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું; "અઅઝન લહૂ!" તેને અંદર આવવાની પરવાનગી આપી દો.

સહાબીએ બારણું ખોલીને ઉમરને અંદર આવવાનું સૂચન કર્યું. પરવાનગી આપીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પણ ઊભા થઈને બારણા તરફ પધાર્યા. જેવા જ ઉમર મકાનમાં પ્રવેશ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે આંખો ચાર થઈ ગઈ. આટલી નઝદીકીથી આપનો પયગમ્બરી દબદબો જોઈને ઉમર થથરી ઉઠયા. આપે તેમની ચાદરનો પાલવ પકડી લીધો અને ખૂબ જોરથી તેમને ખેંચીને ફરમાવ્યું:

મા જાઅ બિકા યબ્નલ-ખત્તાબ !	કઈ વસ્તુ તને અહીં ખેંચી લાવી છે હે ખત્તાબના બેટા !
ફ-વલ્લાહિ મા અરા અન-તન-તહિય	વલ્લાહ ! હું જોઉં છું કે તું માનવાનો નથી.
હત્તા યુનઝ-ઝિલલ-લાહુ બિકા	ત્યાં સુધી કે ઉતારી દે અલ્લાહ તારી ઉપર
કારિ-અતન.	કોઈ આફત !

ઉમર ઈસ્લામના ચરણોમાં----------ઈબ્ને ઈસ્હાક કહે છે : આ સાંભળતાં જ ઉમરે ધ્રુજતા સ્વરે કહ્યું. "હું તો મુસલમાન બનવા માટે આવ્યો છું હે અલ્લાહના રસૂલ !"

એ પછી ઉમર કંઈક સ્વસ્થ થતાં બોલ્યા, "હે અલ્લાહના રસૂલ ! હું એવા ઈરાદે આપના ચરણોમાં હાજર થયો છું કે આપની પયગમ્બરી પર ઈમાન લાવું અને જે કંઈ અલ્લાહ તરફથી આપ લઈને આવ્યા છો તેને માની લઈને મુસલમાન બની જાઉં."

પછી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લલકારીને "અલ્લાહુ અકબર !"નો એવો નઅરો પોકાર્યો કે ઘરમાં હાજર રહેલા તમામ મુસલમાનો જાણી ગયા કે ઉમર મુસલમાન બની ગયા છે. એ પછી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાનો જોશ અને જુસ્સો એટલો વધી ગયો કે, તેઓ ઘરમાંથી નીકળીને અહીંતહીં જતા તો પોતે હવે જોરાવર બની ગયા છે, તેવો તેમને અહેસાસ થવા લાગતો.

અને વાત પણ સાચી હતી. કેમકે હઝરત હમ્ઝહ જેવા વીરનરના ઈસ્લામની સાથે હઝરત ઉમર જેવા તલવારના ધણી પણ મુસલમાન બની ગયા હતા. આ કારણે મુસલમાનોના હોંસલા બુલંદ થઈ ગયા. તેઓને ખાતરી થઈ ગઈ કે આ બંને હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું રક્ષણ કરી લેશે અને આગળ જતાં પણ આ વીરનરો સાથે મળીને ઈસ્લામના દુશ્મનોને મારી હઠાવીશું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના ઈસ્લામ-સ્વીકારને લગતી આ રિવાયત મદીનહના રાવીઓએ બયાન કરેલી છે.

હઝરત ઉમરની આપવીતી———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના મુસલમાન બનવાની જે બીજી રિવાયત મને મળી તેમાં હઝરત ઉમરે પોતે પોતાના ઇસ્લામ-સ્વીકારની વિગતો સ્વમુખે બયાન કરી છે તે મુજબ હઝરત ઉમર ફરમાવ્યા કરતા :

"હું જાહિલિયતના જમાનામાં ઇસ્લામનો હાડોહાડ દુશ્મન હતો. તે દિવસોમાં હું શરાબ પણ ખૂબ ઢીંચતો હતો. મક્કહના "હઝૂરહ નામે બઝારમાં આવેલા એક પીઠાંમાં અમારી મિત્રમંડળીની મેહફિલ જામતી. આ પીઠું ઉમર બિન અબ્દ બિન ઇમરાન મખ્ઝૂમીના કુટુંબીઓની માલિકીનું હતું. એમાં અમારા જોડીદારોની મેહફિલ જમતી. મોડી રાત સુધી શરાબની છોળો ઊછળતી. નશામાં છાકટા થતા અને મસ્તીધિંગાણું કરતા.

એક રાતે નિયમ મુજબ મારા જોડીદારોને મળવા હું શરાબના એ પીઠાં તરફ ઊપડયો. જઈને જોયું તો મંડળીનો કોઈ સભ્ય ત્યાં હાજર ન હતો. મનમાં વિચાર્યું, મક્કહના ફલાણા પીઠામાં જઈને બેચાર જામ ગટગટાવી આવું તો કેવું? મેં તે તરફ હંકારી મૂકયું. જોયું તો જોડીદારોમાંથી ત્યાં પણ કોઈ હતું નહિ. ત્યારે હું કઅબહ તરફ ઊપડયો કે ચાલો, બીજું કંઈ નહિ તો સાત ફેરા લગાવીને એક તવાફ જ કરી લઉં !

જયારે કઅબહ પાસે પહોંચ્યો તો મેં જોયું, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં ઊભા રહીને નમાઝ પઢતા હતા. તે સમય સુધી કઅબહ તરફ મુખ કરીને નમાઝ પઢવાનો હુકમ મળેલો ન હતો. જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સીરિયા તરફ મુખ કરીને, કઅબહના "રૂકને-અસ્વદ" તથા "રૂકને-યમાની"ની વચ્ચે, કઅબહની સીધમાં ઊભા રહીને નમાઝ પઢયા કરતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને નમાઝમાં તરબોળ જોઈને મેં મનોમન કહ્યું, આજે ખરેખર તક સાંપડી છે. જોઉં તો ખરો કે મુહંમદ નમાઝ કેવી રીતે પઢે છે અને સાંભળું તો ખરો કે નમાઝ માં શું પઢે છે ? હા, એમની સામે જઈને ઊભો રહીશ તો કદાચ મને જોઈને ચમકી ઊઠશે ! આમ વિચારીને હું હતીમની દિશાએ જઈને ગુપચુપ કઅબહના પર્દામાં ભરાય ગયો અને સાવચેતીથી મંદ પગલે સરકતો-સરકતો તેમની બિલકુલ લગોલગ પહોંચી ગયો. હવે હું કઅબહની વચ્ચે અને આપની બિલકુલ સામે પર્દામાં ભરાયને ઊભેલો હતો. કઅબહના પર્દા સિવાય વચ્ચે કોઈ આડ ન હતી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અહીં ઊભા-ઊભા નમાઝમાં કુર્આનની તિલાવત કરતા રહ્યા અને હું ત્યાં ઊભો-ઊભો કાન માંડીને કુર્આન સાંભળતો રહ્યો. મેં પૂરા ધ્યાનથી એકાગ્ર ચિત્તે કુર્આન સાંભળ્યું. જેમજેમ સાંભળતો ગયો મારાં રૂંવાડા ખડાં થતાં રહ્યાં. મને થયું કે કુર્આનનો બોલેબોલ મારી નસોમાં લોહી પેઠે દોડી રહ્યો છે. અચાનક કોઈ અજાણ્યા ભયથી મારા શરીરમાં ધ્રુજારીનું લખલખું પસાર થઈ ગયું. મારું હૈયું ભરાય આવ્યું અને હું લાગણીવશ થઈને રડવા લાગી ગયો. મને થયું કે કુર્આનનો બોલેબોલ મારા અંતરના ઊંડાઈમાં ઊતરી રહ્યો છે અને આકાશી વાણીના જાદૂ મારા સરપર ચઢીને બોલી રહ્યો છે. ઇસ્લામે મારા મન અને મગજ પર પૂરો કાબૂ કરી લીધો હતો અને કુફ્ર-શિર્કનો શયતાન ધુમાડો બનીને વાયુમાં ઓગળી ગયો હતો.

કુર્આન સાંભળવામાં હું એટલો તલ્લીન હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નમાઝ ક્યારે પૂરી કરી અને કયારે ત્યાંથી ચાલ્યા ગયા તેના પણ મને હોશ ન હતા. હોશ આવ્યા ત્યારે મેં જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાંથી ચાલ્યા ગયા છે. કઅબહમાંથી નીકળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

વ સલ્લમ કયા રસ્તે થઈને પોતાના મકાને જતા હતા તે હું જાણતો હતો. આપનો રસ્તો ઈબ્ને-અબી હુસૈનના મકાન પાસેથી પસાર થતો હતો. ત્યાંથી થઈને આપ સફા-મરવહના રસ્તે વળીને અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ તથા ઈબ્ને અઝહર બિન અબ્દે ઔફ ઝુહરીના ઘરો પાસે પહોંચતા અને ત્યાંથી અખ્નસ બિન શરીકનું મકાન વટાવીને આપ પોતાના મકાને પધારતા હતા. તે સમયે આપનું મકાન "દારે-રકતાઅ" નામે મહોલ્લામાં આવેલું હતું જે મુઆવિયહ બિન અબૂ સુફયાનના કબજામાં હતું.

હઝરત ઉમરનું બયાન છે : "જયારે મને હોશ આવ્યા તો એજ પળે હું કઅબહમાંથી નીકળીને આપની પાછળ ચાલી નીકળ્યો. જયારે આપ અબ્બાસ અને ઈબ્ને અઝહરના ઘરો પાસેથી પસાર થવા લાગ્યા તો હું આપની સમીપ જઈ પહોંચ્યો. મારો પગરવ સાંભળીને આપ થંભી ગયા. આપે પાછળ ફરીને જોયું અને તરત મને ઓળખી ગયા. આપને થયું, કદાચ હું આપને સંતાપવા આપની પૂઠે પડયો છું. મને જોતાં જ ઠપકાર્યો:

મા જાઅ બિકા યબ્નલ-ખત્તાબ હાઝિહિસ-સાઅહ.	શા ઈરાદે આવ્યો છે હે ખત્તાબના બેટા ! આ સમયે ?

મેં નમ્રભાવે કહ્યું, "અલ્લાહ પર અને અલ્લાહના રસૂલ પર અને તે વસ્તુ પર ઈમાન લાવવા હાજર થયો છું જેને લઈને આપ પધાર્યા છો."

આ સાંભળતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહનો આભાર માન્યો અને પછી ફરમાવ્યું, "કદ હદાકલ્લાહુ યા ઉમર !" બેશક અલ્લાહએ દેખાડી દીધો તને સીધો રસ્તો હે ઉમર!

આમ ફરમાવીને આપે મારા સીના પર પોતાનો મુબારક હાથ ફેરવ્યો અને મારા માટે ઈસ્લામ પર દ્રઢતા, અડગતા, મક્કમતાની દુઆ માગી. એ પછી આપ પોતાના ઘર તરફ પધાર્યા અને હું મારા ઘર તરફ ઊપડયો."

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના ઈસ્લામને લગતી આ બંને રિવાયતોમાંથી કઈ રિવાયતનો બનાવ ખરો છે તે અલ્લાહ બેહતર જાણે !

હઝરત ઉમરના ઈસ્લામની જાહેરાત----------ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું બયાન છે :

"મારા બાપાજી ઉમરે મુસલમાન બનવા બાદ લોકોને પૂછયું, "મક્કહમાં કોણ એવો હલકા પેટનો માણસ છે જે વાતો ફેલાવવામાં અને સમાચારો વહેતા કરીને ચકચાર જગાડવામાં પંકાયેલો હોય ?"

કહેવામાં આવ્યું, "મક્કહના ફલાણા મહોલ્લાનો જમીલ બિન મઅમર બિન હબીબ જુહમી આ કળામાં સૌથી વધુ પંકાયેલો છે."

સવારના પહોરમાં જ બાપાજી તેના મકાને જવા ઊપડી ગયા. હું પણ પિતાજીને પગલે ચાલી નીકળ્યો; એવા વિચારે કે જોઉં તો ખરો કે પિતાજી ક્યાં જાય છે અને શું કરે છે ? તે વેળા હું કિશોર વયનો છોકરો હતો પણ જે કંઈ જોઈ લેતો તેને સમજી લઈને યાદ રાખી શકતો હતો.

પિતાજીએ જમીલના મકાને પહોંચીને બારણાને ટકોરા મારતાં કહ્યું, "અરે ભાઈ જમીલ તું કયાં છે?"

જયારે તે બહાર આવ્યો તો બાપાજી બોલ્યા, "અરે જમીલ ! શું તેં કંઈ નવા સમાચાર સાંભળ્યા છે ખરા ?"

"ના સાહેબ !" જમીલ બોલ્યો, "કહો શું સમાચાર છે ?"

પિતાજી બોલ્યા, "મને ઓળખે છે ને ! મારૂં નામ ઉમર છે. સાંભળ, હું મુસલમાન બની ગયો છું."

પછી તો અલ્લાહના સોગંદ ! પિતાજી પોતાની વાત દોહરાવે તે પહેલાં જમીલ ઊભો થઇ ગયો અને પોતાની ચાદર ઘસીટતો ઝડપભેર કઅબહ તરફ ઊપડી ગયો. પિતાજી પણ તેની પાછળ ચાલી નીકળ્યા અને હું પણ ઊપડયો. કઅબહની મસ્જિદને દરવાજે પહોંચતાં જ જમીલે હોબાળો મચાવી દીધો. તે વેળા કુરૈશના લોકો કઅબહની ચોગર્દમ પોતપોતાની મંડળીઓની મજલિસો જમાવીને વાતોના તડાકા ઉડાવતા હતા.

કઅબહ પાસે જતાં જ જમીલ ઘાંટો પાડીને ચિલ્લાયો, "હે કુરૈશ ! હે કઅબહની આસપાસ બેઠેલા લોકો ! સાંભળો, સાંભળો, ઉમર બિન ખત્તાબ વટલી ગયો છે. તે બાપદાદાનો ધર્મ તજીને અધર્મી બની ગયો છે."

પિતાજી તેની પાછળ-પાછળ બોલતા જતા હતા, "હે કુરૈશ ! હે લોકો ! આ માણસ જૂઠો છે. એ ખોટું બોલે છે. હું વટલી નથી ગયો, હું અધર્મી નથી બન્યો, હું તો મુસલમાન બની ગયો છું. મેં તો સાક્ષી આપી છે આ વાતની કે અલ્લાહ એક છે અને મુહંમદ તેના બંદા તથા રસૂલ છે."

બસ પછી શું હતું ? કુરૈશ હડબડાટ કરતા દોડી પડયા અને ચોતરફથી ધસારો કરતા મારા બાપાજી ઉમર પર તૂટી પડયા. બાપાજી પણ જરાયે ગભરાયા કે ડગ્યા નહિ, સામી છાતીએ મર્દાનગી અને મક્કમતાથી તેઓનો મુકાબલો કરવા લાગ્યા. બંને એકબીજા સાથે બાખડતા રહ્યા અને ધક્કા-મુક્કા ચાલતા રહ્યા, ત્યાં સુધી કે સૂરજ તેઓના માથે આવી લાગ્યો. બાપાજી કયાં સુધી મુકાબલો કરતે અને કયાં સુધી ઝઝૂમતે ? એકલપંડે લાચાર્થી છેવટે થાકીને બેસી ગયા અને કુરૈશનું ટોળું તેમના માથે ઊભેલું હતું.

બાપાજી કહેવા લાગ્યા, "હા હા હું મુસલમાન બની ગયો છું. તમારાથી થાય તે કરી લો. અફસોસ આટલો કે હું એકલો છું. જો ત્રણ સો વીરનરો મારી સાથે હોત તો ખરાખરીનો ખેલ જામત ! પછી કાં મક્કહને તમે અમારે હવાલે કરી દેત, કાં મક્કહને અમે તમારે હવાલે કરી દેત !"

બંને પક્ષે આ પ્રકારની ટપાટપી ચાલતી રહી એટલામાં કુરૈશના એક વૃધ્ધ ગૃહસ્થ ત્યાં આવી લાગ્યા. તેમણે યમની કાપડનો નવો ઝભ્ભો અને નકશીદાર પહેરણનો પોશાક સજેલો હતો. વૃધ્ધ દમામભેર ચાલતા ત્યાં આવીને ઊભા થઇ ગયા અને કહેવા લાગ્યા, "હે લોકો ! આખર તમારૂં આ શું ધિંગાણું છે અને ધમાચકડી કેમ મચેલી છે ?"

કુરૈશ બોલ્યા, "કાકા ! ઉમર અધર્મી બની ગયો છે. બાપદાદાનો ધર્મ છોડી બેઠો છે."

"તો એમાં શું થયું ?" વૃધ્ધ ઠાવકા મુખે બોલ્યા, "એક માણસે પોતાની જાત માટે એક વસ્તુ પસંદ કરી લીધી એનો તમને શો વાંધો ? શું તમે એમ સમજો છો કે અદી બિન કઅબના કબીલો પોતાના માણસને આમ આસાનીથી તમારા હવાલે કરી દેશે ? ચાલો છોડી દો આ માણસને !"

રુઆબદાર વૃધ્ધની વાત સાંભળીને લોકો ત્યાંથી એવી રીતે વિખેરાઇ ગયા જાણે લૂગડું ખંખેરીને તને ફેંકી દેવામાં આવ્યું હોય."

હઝરત ઉમરના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ ફરમાવે છે : મદીનહની હિજરત બાદ મેં મારા બાપાજીને

Maktabe Ashraf

પૂછયું, ''અબ્બાજાન ! પેલો ડોસો કોણ હતો જેણે મક્કહમાં આપના મુસલમાન બનવા બાદ લોકોને ઠપકારીને ભગાડી મૂકયા હતા ?''

''હે મારા વહાલા બેટા !'' અબ્બાજી બોલ્યા, ''એ આસ બિન વાઈલ સહમી હતો.''

મેં કહ્યું, ''આ નેકી બદલ અલ્લાહ તેને નેક બદલો આપે !''

''ના બેટા !'' અબ્બાજી બોલ્યા, ''અલ્લાહ તેને નેક બદલો નહિ આપે.''

અબૂ જહલનો ઝપાટો————ઈબ્ને ઈસ્હક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના ઘરવાળાંઓ તરફથી મને મળેલી માહિતી મુજબ હઝરત ઉમર ફરમાવ્યા કરતા :

''જયારે હું મુસલમાન બની ગયો તો એજ રાતે મેં વિચાર્યું કે કુરૈશમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો જે કટ્ટર દુશ્મન હોય તેને સૌથી પહેલાં મારે આ સમાચાર પહોંચાડવા જોઈએ.''

એ પછી મેં મનમાં કહ્યું, ''અબૂ જહલથી વધીને મોટો દુશ્મન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો બીજો કોણ હોય શકે ?''

સવાર પડતાં જ અબૂ જહલના મકાને પહોંચીને મેં તેનું બારણું ખખડાવ્યું. તેણે બારણું ઉઘાડયું અને મને જોતાં જ કહેવા લાગ્યો, ''ઓહો ભલે પધાર્યા મારા ભાણેજ ! ચાલો ઘરનાં આવો. કહો શું કામે આવવાનું થયું ?'' ૧

મેં કહ્યું, ''કામ તો કંઈ ખાસ નથી. ફકત એક સમાચાર આપવા આવ્યો છું.''

''હા ખુશીથી કહો, શું સમાચાર છે ?'' અબૂ જહલ બોલ્યો.

મેં કહ્યું, ''હું અલ્લાહ પર અને તેના રસૂલ મુહંમદ પર ઈમાન લાવીને મુસલમાન બની ગયો છું.''

આ સાંભળતાં જ તેણે દરવાજો ધડાક દઈને મારા મોં પર મારી દેતાં કહ્યું, ''અલ્લાહ તારૂં અને તારા સમાચારનું નખ્ખોદ વાળે !''

---

૧. હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુના અમ્માંજાનનું નામ હન્તમા બિન્તે હિશામ બિન મુગીરહ હતું. આ રિશ્તાથી અબૂ જહલ હઝરત ઉમરનો મામો થતો હતો. ''હ''

પ્રકરણ ૫૪

કુરૈશનો બહિષ્કારી ઘેરો

બહિષ્કારી ઘેરાનું દસ્તાવેજી લખાણ • અબૂ તાલિબની ઘાટીના ઘેરામાં • અબૂ લહબનું ભગવાનું જાય • તબ્બત યદા અબી લહબ • અબૂ તાલિબનો કસીદો • ઘેરામાં વીતેલાં ત્રણ વરસ

બહિષ્કારી ઘેરાનું દસ્તાવેજી લખાણ————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશે જ્યારે જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા મુલ્કે હબશહમાં જઈને ઠરીઠામ થઈ ગયા છે. અને સુખશાંતિનું જીવન ગુજારી રહ્યા છે અને નજાશી બાદશાહે તેઓને આવકારીને હર તરહનો આસરો આપી દીધો છે. અને હમ્ઝહ તથા ઉમર જેવા પંકાયેલા વીરનરોથી પણ તેઓને ખૂબ પીઠબળ તથા ઉત્તેજન મળવા પામ્યું છે અને ઈસ્લામ રોજબરોજ અરબના કુબીલાઓમાં ફેલાતો જઈ રહ્યો છે. તો તેઓએ આપસમાં સલાહ-મશ્વરો કરીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા મુસલમાનોના બહિષ્કાર કે બૉયકોટને લગતો એક દસ્તાવેજી ખરડો તૈયાર કર્યો જેમાં અલ્લાહના સોગંદપૂર્વકનું એવું લખાણ કરવામાં આવ્યું કે :

> "જ્યાં સુધી બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના લોકો મુહંમદને અમારે હવાલે નહિ કરી દે ત્યાં સુધી બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના ખાનદાનો સાથે મેલજોલ, બોલચાલ, શાદી-વિવાહ, ખરીદ-વેચાણ, લેણદેણ અને સામાજિક વ્યવહારના તમામ સંબંધો કાપી નાખવામાં આવે છે."

કુરૈશ કબીલાના તમામ ખાનદાનોના અગ્રણીઓએ સર્વસંમતિથી આ ખરડો મંજૂર રાખીને એક કાગળ પર તેનું પાકું લખાણ કરાવ્યું અને કડક રીતે તેનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી. પછી આ દસ્તાવેજી કાગળને તેઓએ કઅબહને દરવાજે લટકાવી દીધો કે જેથી દરેક માણસ તેને જોઇને તેનો અમલ કરી શકે અને કોઈ તેની વિરૂધ્ધ જવાનું પગલું નહિ ભરે.

આ દસ્તાવેજી કાગળનું લખાણ કરનાર મક્કહનો એક ગૃહસ્થ હતો જે લખવા વાંચવાનું સારી રીતે જાણતો હતો અને તેનું નામ મન્સૂર બિન ઈક્રિમહ બિન આમિર બિન હાશિમ બિન અબ્દે મનાફ બિન અબ્દુદ-દાર બિન કુસૈય હતું.

ઈબ્ને હિશામ કહે છે : મને મળેલી રિવાયત મુજબ કેટલાક જાણકારોએ મને કહ્યું કે આ દસ્તાવેજનું લખાણ કરનાર નઝ્ર બિન હારિસ નામે ગૃહસ્થ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાણ થતાં

Maktabe Ashraf

આપે બારગાહે-ઈલાહીમાં તેના માટે બદ-દુઆ ફરમાવી તો તેની કેટલીક આંગળીઓ જૂઠી પડી ગઇ.

અબૂ તાલિબની ઘાટીના ઘેરામાં———— -ઇબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશના આ બહિષ્કારી સોગંદનામાનો અમલ વિના વિલંબે મક્કહમાં ચાલુ થઈ ગયો. સ્ત્રી-પુરૂષ અને અબાલ-વૃધ્ધ બધાંએ જ જોરોશોરથી મુસલમાનોનો સામાજિક બહિષ્કાર પોકારી દીધો. ન કોઈ વાત કરતું હતું, ન મેલજોલ રાખતું હતું ન લેણદેણ કરતું હતું. છેવટે કંટાળીને બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના લોકો અબૂ તાલિબ પાસે પહોંચી ગયા અને અબૂ તાલિબ એ બધાને લઇને પોતાની માલિકીની જમીનમાં ચાલ્યા ગયા. આ જમીનનું નામ "શિઅબે-અબી તાલિબ" હતું. પહાડોની ઘાટીને શિઅબ કહે છે. અબૂ તાલિબની ઘાટીની આ જમીન મક્કહથી થોડે દૂર આવેલી હતી. અબૂ તાલિબ પોતાના કુટુંબ કબીલાના તમામ સ્ત્રી-પુરૂષો અને બાળકોને લઇને શિઅબે-અબી તાલિબમાં ચાલ્યા ગયા અને ત્યાં જ રહેવા લાગી ગયા. [૧]

બનૂ હાશિમમાંથી ફકત અબૂ તાલિબનો ભાઇ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાકો અબૂ લહબ——જેનું અસલ નામ અબ્દુલ-ઉઝઝા હતું, તે એમનાથી વિખૂટો પડીને કુરૈશ પક્ષે ચાલ્યો ગયો અને તેઓના જ પડખે રહીને તેઓની મદદ કરતો રહ્યો.

અબૂ લહબના ભગવાનની જય ————ઇબ્ને ઈસ્હાક કહે છે : અબૂ લહબ પોતાના કુટુંબ કબીલાને તરછોડીને કુરૈશ સાથે ભળી ગયો હતો. ઇસ્લામનો કટ્ટર દુશ્મન હોવાથી તેના દિલમાં પોતીકાઓ માટે ન દયાની લાગણી હતી ન હમદર્દીની ભાવના હતી. એક દિવસે તે અબૂ સુફયાનની બેગમ હિન્દ બિન્તે ઉત્બહ પાસે પહોંચી ગયો અને કહેવા લાગ્યો,

"હે ઉત્બહની બેટી ! શું મેં આપણા ભગવાન લાત અને ઉઝઝાના નામોની જય નહિ બોલાવી દીધી? અને શું મેં એવા લોકોને ધુતકારી નહિ કાઢયા જેઓએ આપણા ભગવાનોને ધુતકારી કાઢયા છે ?"

હિન્દે તેને શાબાશી આપતાં કહ્યું, "કેમ નહિ, ધન્યવાદ હો ! સાચેસાચ તમે આપણા ભગવાનોની જય બોલાવી દીધી છે. અલ્લાહ તમને એનો રૂડો બદલો આપે."

તબ્બત યદા અબી લહબ————ઇબ્ને ઈસ્હાક કહે છે : અબૂ લહબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાકો હતો. ઘણી વખત પોતાની વાતોમાં લોકોને કહ્યા કરતો કે, "મુહંમદ મને અનેક વાતોના વાયદા કર્યા કરે છે. પણ આજ સુધી પોતાનો એક પણ વાયદો તેણે પૂરો કર્યો નથી. તેનું કહેવું છે કે તેના વાયદાની બધી વાતો મરવા પછી પૂરી થવાની છે. બતાવો, આ ઉધાર વાયદાઓથી તેણે મારા હાથમાં શું આપ્યું?"

પછી પોતાના બંને હાથોનો ખોબો વાળતો અને હાથો પર થૂંકીને ધિક્કારથી કહેતો, "ભાંગી પડો હે મારા બંને હાથો ! હું તો મુહંમદના વાયદાઓમાંથી કોઇ વસ્તુ તમારા ખોબામાં જોતો નથી !" ત્યારે અલ્લાહ તઆલાએ તેની આ હરકતોને કારણે "સૂરએ-લહબ"ની આ આયતો નાઝિલ ફરમાવી:

૧. શિઅબે-અબી તાલિબ : અબૂ કુબૈસ નામે પહાડની ખીણમાં આવેલી એક ઘાટી હતી જયાં અબૂ તાલિબ પોતાના પરિવાર સાથે રહેતા હતા. આજકાલ એનું નામ શિઅબે-અલી છે એને "સૂકુલ-લૈલ" પણ કહે છે. સૂક એટલે બઝાર અને લૈલ એટલે રાત. "હ"

તબ્બત યદા અબી લહબ	ભાંગી ગયા બંને હાથ અબૂ લહબના
વ તબ્બ.	અને નખ્ખોદ વળી ગયું તેનું.
મા અગ્ના અન્હુ માલુહૂ	કશા કામમાં નહિ આવ્યો તેનો માલ,
વ મા કસબ.	અને ન તેની કમાણી.
સ-યસ્લા નારન ઝાત્ લહબ	બહુ જલદી ઝીંકાઇ પડવાનો છે. ભડભડતી આગમાં.
વમ્ર-અતુહૂ	અને તેની બૈરી
હમ્મા-લતલ હતબ.	જે ખુબ ઉપાડનારી છે લાકડાંનો ભારો.
ફી જીદિહા હબ્લુમ	તેની ગરદનમાં ખજૂરીની છાલની દોરડી હશે
મિમ મસદ.	જે ખૂબ વણેલી હશે.

અબૂ તાલિબનો કસીદો————જયારે કુરૈશ કબીલાના તમામ ખાનદાનો બહિષ્કારી દસ્તાવેજના મુદ્દાઓ પર એકમત થઇ ગયા અને લખાણની તમામ શરતોનું કડક રીતે પાલન કરવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબે પોતાની આગવી શૈલીમાં એક જોરદાર કસીદો રચ્યો.

(નોટ :- આ કસીદાના ૧૪ શેઅરો છે એમાં અબૂ તાલિબે કુરૈશના લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મની છાંડી દેવાનું, આપની વાતો માની લેવાનું અને આપની મદદ કરવાનું આહ્‌વાન કર્યું છે. સાથે આપ કેટલી ઊંચી શાનના, કેટલા ઊંચા મરતબાના, દબદબાવાળા પયગમ્બર છે તેની પ્રતીતિ કરાવીને કુરૈશને પડકાર્યા છે કે અમે કદી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તમારે હવાલે કરવાના નથી અને લોહીના છેલ્લા ટીપાં સુધી તેમનું રક્ષણ કરતા રહીશું. ઉપરાંત અબૂ તાલિબે પોતાની બિરાદરી એટલે બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના લોકોને બહિષ્કારી ઘેરાની મુસીબતોમાં સાથ-સહકાર આપવા બદલ પ્રશંસાના પુષ્પોથી વધાવી લીધા છે. કેમકે આ બંને ખાનદાનોના મુસલમાન બનેલા લોકોની સાથે મુસલાન નહિ બનેલા તમામ લોકો પણ ઘેરાની મુસીબતો વેઠવા સ્વેચ્છાએ આવી ગયા હતા. ફકત એક અબૂ લહબ સિવાય. ''હ'')

અબૂ તાલિબના કસીદાના કેટલાક શેઅરો આ રહ્યા :

અલ મ તઅલમૂ અન્ના વજદના મુહમ-મદન • નબીય્યન ક-મૂસા ખુત્ત ફી અવ્વલિલ કુતુબે.

શું તમને ખબર નથી કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અમે ખાતરીપૂર્વકના એવા જ પયગમ્બર જોયા છે જેવા કે મૂસા પયગમ્બર ? મુહંમદ પયગમ્બરનું વર્ણન તો અગાઉની આકાશી કિતાબોમાં પણ થયેલું છે.

અફીકૂ અફીકૂ કબ્લ અંય યુહ્-ફરસ-સરા • વ યુસબિહ મિન લમ યજનિ ઝમ્બન કઝીઝ-ઝમ્બે

કબરની ભીનાશી માટી ખોદાવા પહેલાં, અને નિર્દોષ હોવા છતાં ગુનેગાર બની જ . . હોશમાં, હોશમાં આવી જાવ. હોશમાં આવી જાવ અને જાગી જાવ.

વઅન તલ્લઝી અનસફ-તુમ મિન બિતાબે-કુમ • લકુમ કાઇનુન નહસન કરાગે-યતિલ સકૂબે.

અને તમારૂં તે લખાણ જેને તમે કઅબહને દરવાજે લટકાવી દીધું છે એ તમારા જ . . . મન દૂસ પુરવાર

થશે જેવી રીતે (હઝરત સાલિહ પયગમ્બરની) ઊંટણીના બચ્ચાંનો અવાજ.

વલા તત્બઉ અમ્રલ વુશાતે વ તક-તઉ • અવાસિ્રના બઅદલ મવદ-દતે વલ કુરબે.

ચુગલખોરોની વાતોનું અનુકરણ ન કરો અને અમારી સાથેની દોસ્તી તથા સગાઇને તરછોડી ન કાઢો અને અમારી સાથેની મૈત્રી તથા રિશ્તાદારીને તોડી ન નાખો.

વતસ-તજ-લિબૂ હર્બન અવાનંવ-વ-રૂબ્બામા • અમર્ર અલા મન ઝાકહૂ જલબુલ - હરબે.

એક પછી એક જંગના સાધનો ઊભાં ન કરો. કેમકે જંગની ધમકીઓની મઝા જેણે પણ ચાખી છે તેણે તેને મોટે ભાગે કડવી જ મહસૂસ કરી છે.

ફલસ-ના વ રબ્બલ-બૈતે નુસલિમુ અહમદન • લિઇઝ-ઝાઅ્ મિન અદ-દઝ- ઝમનિ વલા કરબે.

કઅબહના પાલનહારના સોગંદ ! અમે તે લોકો નથી જેઓ કાળની આકરી સખ્તી કે કોઇ તંગીને કારણે અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદથી હાથ ઉપાડી લે !

અલૈસ્ અબૂના હાશિમુન શદ્દ અઝરહુ • વ અવસા બનીહિ બિત-તઆનિ વબિઝ-ઝરબે.

શું હાશિમ અમારા બાપ ન હતા ? જેણે પોતાના બળને નક્કર બનાવ્યું હતું અને પોતાની અવલાદને જેણે ભાલા તથા તલવારના પાઠ ભણાવ્યા હતા !

વલસ-ના નમલ-લુલ - હર્બ હત્તા તમલ-લના • વલા નશતકી મા કદ યનૂબુ મિનન-નકબે.

અમે જંગથી કંટાળી જનારા નથી; ત્યાં સુધી કે જંગ પોતે અમારાથી કંટાળી ન જાય. ગમે તેવા સંકટો તૂટી પડે, અમે તેના વિષે ફરિયાદ કરનારા નથી.

વલા - કિન -નના અહલુલ-હફાઇઝિ વન-નુહા • ઇઝા તાર્ અરવા-હુલ-કમાતિ મિનર-રૂઅબે.

પણ અમારી એવી દશા છે કે જ્યારે હથિયારોમાં છુપાયેલા વીરનરોના આત્માઓ પણ રૂઆબ અને ભયથી થથરી રહ્યા હોય તો તેવા સમયે પણ અમે સાચવવા જેવી વસ્તુઓના રક્ષણ ખાતર [1] આક્રોશમાં આવી જનારા અને સાવચેત બુધ્ધિથી કામ લેનારા છીએ.

ઘેરામાં વીતેલાં ત્રણ વરસ————સારાંશ કે બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના લોકો ન્યાતબારા તરીકે લગાતાર બે કે ત્રણ વરસ અબૂ તાલિબની ઘાટીમાં પૂરાઇ રહ્યા અને છેવટે કંટાળી ગયા. કોઇ દયાળુ માણસ એમની કંઇ મદદ કરવા માંગતો તો તે છુપી રીતે જ મદદ પહોંચાડી શકતો. કોઇકવાર તક મળતાં એમનો કોઇ સ્નેહી જ આવી છુપી મદદ કરવાનું બીડું ઝડપી લેતો.

એક વેળા હકીમ બિન હિઝામ બિન ખુવૈલિદ, [2] પોતાના ગુલામને માથે ઘઉંનો થેલો લાદીને ઘેરા તરફ જતા હતા. આ ઘઉં તેઓ પોતાનાં ફોઇ ખદીજહ બિન્તે ખુવૈલિદ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ) માટે લઇ જતા હતા. કેમકે હઝરત બીબી ખદીજહ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ઘેરામાં

---

૧. સાચવવા જેવી વસ્તુ એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ. ''હ''

૨. હકીમ બિન હિઝામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક પત્ની હઝરત બીબી ખદીજહ (રદિયલ્લાહુ અન્હા) ના સગા ભત્રીજા હતા. બહુ સમજુ અને ઠરેલ તબીઅતના યુવક હતા. જંગે-બદ્રમાં કુરૈશના પક્ષે રહીને લાચારીએ લડવા ગયા હતા. પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને કતલ કરવાની મના ફરમાવી હતી. બાદમાં મુસલમાન બની ગયા. ''હ''

પૂરાયેલા હતાં. ભોગજોગે રસ્તામાં અબૂ જહલ ભટકાઇ પડયો. ગુલામને માથે ઘઉંનો થેલો જોઇને તે ઊકળી ઊઠયો. તેણે હકીમ બિન હિઝામને પડકાર્યા, 'હે હકીમ ! શું તું બનૂ હાશિમ માટે ખોરાકી લઇને જાય છે ? ખબરદાર! આ થેલા સાથે તું અહીંથી ખસી નહિ શકે જયાં સુધી કે હું આખા મક્કહમાં તારો ફજેતો નહિ બોલાવી દઉં !''

આમ કહીને તે હકીમ બિન હિઝામને બાઝી પડયો. એટલામાં અબુલ-બુખ્તરી બિન હિશામ બિન હારિસ બિન અસદ ત્યાં આવી લાગ્યો. [1] તેણે અબૂ જહલને પૂછયું, ''આ શું ચાલે છે ?''

અબૂ જહલ બોલ્યો, ''આ હકીમ પેલા લોકો માટે ખાવાનું લઇ જાય છે. હું હરગિઝ એને નહિ જવા દઉં.''

અબુલ-બુખ્તરી બોલ્યો, ''આ ઘઉં એની ફોઇના છે. એની ફોઇએ એની પાસે મૂકી રાખ્યા હતા. હવે એની ફોઇને એની જરૂર પડી છે. તને શું વાંધો છે અને શું કામ તું આડે આવે છે. ? લઇ જવા દે એને!''

અબૂ જહલ અડી ગયો, ''નહિ લઈ જવા દઉં !''

બંને વચ્ચે તુંતુંકાર સાથે રકઝક જામી અને મામલો હાથાપાઇ સુધી પહોંચી ગયો. અબુલ-બુખ્તરીએ ત્યાં પડેલું ઊંટના જડબાનું હાડકું ઉપાડીને અબૂ જહલની ખોપરીમાં મારી દીધું અને તેનું માથું ફોડી નાખ્યું અને ઉપરની લાતો લગાવીને તેને ઢીલો કરી નાખ્યો. એ દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત હમઝહ પણ એ તરફ નીકળી આવ્યા હતા. અને ત્યાં ઊભા ઊભા આ તમાશો જોતા હતા. હમઝહને જોઇને અબૂ જહલ ઓર ભી ખસિયાણો પડી ગયો. કેમકે અબૂ જહલ અને બધા કુરૈશ જાણતા હતા કે તેઓની આપસની ફાટફૂટના સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનોને મળશે તો તેઓ મનમાં ખૂબ મલકાશે અને ખુશાલીઓ ઊજવશે.

આ પરિસ્થિતિ અને આવા કપરા સંજોગોમાં પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની કૌમને દિનરાત ખાનગીમાં અને જાહેરમાં અલ્લાહના આદેશોની તબલીગ કરતા રહ્યા અને ઈસ્લામ-પ્રસારના કામમાં ન કોઈની દરકાર કરતા હતા ન કોઈથી ડરતા હતા.

---

૧. હકીમ બિન હિઝામ પેઠે અબુલ-બુખ્તરી પણ દયાળુ દિલનો બા. ભલો માણસ હતો. જંગે-બદ્ર વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એને પણ કતલ કરવાની પોતાના સહાબાને મના ફરમાવી હતી. પણ પોતાના એક સાથીને બચાવવા ખાતર હઠે ચઢીને પોતે પણ કતલ થઇ ગયો. ''હ''

પ્રકરણ ૫૫

કુરૈશી કુફ્ફાર અને કુર્આન

કુરૈશની સતામણીઓ અને પજવણીઓ • અબૂ લહબ અને તેની બૈરીની કમબખ્તી • હમ્માલતલ-હતબનો બનાવ • ઉમૈયહ બિન ખલફની બુરાઇ કુર્આનમાં • આસ બિન વાઇલની બુરાઇ કુર્આનમાં • અબૂ જહલના પડકારનો જવાબ • નઝ્ર બિન હારિસનું વર્ણન કુર્આનમાં • હૈભાગુ ભગવાનો અને પૂજારીઓ • અખનસ બિન શરીકનું વર્ણન કુર્આનમાં • વલીદ બિન મુગીરહનો ઉલ્લેખ કુર્આનમાં • ઉબય બિન ખલફનું વર્ણન કુર્આનમાં • મુરદાનું સડેલું હાડકું • સૂરતુલ-કાફિરૂન ઊતરે છે • અબૂ જહલ અને ઝક્કૂમનું જહન્નમી ઝાડ • મુહલ શબ્દનું સ્પષ્ટીકરણ • જહન્નમનું શજરએ-મલઊનહ • અ-બ-સ વ તવલ્લા.

કુરૈશની સતામણીઓ અને પજવણીઓ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશના ત્રાસો અને પજવણીઓથી અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના રક્ષણમાં લઇ લીધા હતા. આપના કાકા અબૂ તાલિબ સાથે આપની પૂરી કૌમ એટલે બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના લોકો અપૂર્વ બહાદુરી તથા નિર્ભયતાથી આપના બચાવ માટે કટિબદ્ધ થઇ ગયા હતા. જ્યારે કુરૈશી દુશ્મનો આપના ઉપર કાબૂ મેળવવાના તમામ પેંતરાઓ અને પ્રયુક્તિઓમાં નિષ્ફળ નીવડ્યા તો તેઓ મહેણાટોણા, કટાક્ષબાણો અને ઝેરીલી ટીકાઓથી આપની ઠઠ્ઠામશ્કરીની હલકટ સપાટી પર ઊતરી પડ્યા. અને છેવટે તેઓએ દાંતિયે આવીને આપને અબૂ તાલિબની ઘાટીના ઘેરામાં પૂરી દીધા.

બીજી તરફ રસુલુલ્લાહ સલ્લલ્લાહુ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મની પર કટિબધ્ધ થનારા આતંકવાદી નવજવાનો તથા હાથ ધોઇને આપની પાછળ પડનારા ત્રાસવાદી લોકોના આ હલકટ ધંધા વિશે કુર્આનની આયતો પણ ઊતરવા લાગી. એમાં અમુકના નામો દર્શાવીને તેઓના ઉધડા લેવામાં આવ્યા ત્યારે કેટલાકને સામાન્ય શત્રુઓની કક્ષામાં રાખીને તેઓને ઠપકારવામાં આવ્યા.

અબૂ લહબ અને તેની બૈરીની કમબખ્તી————કુરૈશમાંથી જે દુશ્મનોના નામોનો કુર્આનમાં ઉલ્લેખ થયો તેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાકો અબૂ લહબ બિન અબ્દુલ-મુત્તલિબ અને તેની બેગમ ઉમ્મે-જમીલ બિન્તે હર્બ બિન ઉમૈયહ છે. કુર્આનમાં ઉમ્મે-જમીલનું નામ "હમ્માલતલ-હતબ" રાખવામાં આવ્યું જેના અર્થ લાકડાંના ભારાના ભારા ઉપાડનારી થાય છે. અલ્લાહ તઆલાએ તેનું આ નામ એટલા માટે રાખ્યું કે તે કાંટાવાળાં ડાળખાં જંગલમાંથી ઉપાડી લાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પસાર થવાના રસ્તામાં નાખી દેતી હતી. તેના વિષે કુર્આનમાં ફરમાવ્યું :

તબ્બત યદા અબી. લહબ્	ભાંગી ગયા બંને હાથ અબૂ લહબના,
વ તબ્બ્.	અને તબાહ થઈ ગયો તે પોતે પણ.
મા અગ્ના અન્હુ માલુ-હૂ	તેના કશા કામમાં નહિ આવ્યો તેનો માલ,
વ મા કસબ્.	અને ન તેની કમાણી.
સયસ્લા નારન ઝાત્ લહબ્-	બહુ જલદી ઝીંકાઈ જશે તે ભડભડતી આગમાં.
વમ્રઅતુ-હૂ	અને તેની ઓરત;
હમ્મા લતલ-હતબ્.	જે ઉપાડનારી છે લાકડાંનો ભારો.
ફી જીદિહા	તેની ગરદનમાં હશે,
હબ્લુમ-મિમ - મસદ્.	ખૂબ વળ ચઢાવેલી દોરડીનો ફંદો.

ઈબ્ને હિશામ કહે છે : ફી-જીદિહામાં ''જીદ''ના અર્થ ગરદન એટલે ડોકી, ગળચી, બોચી વગેરે થાય છે. એનું બહુવચન ''અજ્યાદ'' છે. અને ''મસદ'' એક ઝાડનું નામ છે જેની છાલ વગેરેને છૂંદીને દોરડાં વણવામાં આવે છે. ખજૂરીની છાલ કે ચામડાની વળ ચઢાવેલી દોરડીને પણ મસદ કહે છે.

હમ્મા-લતલ-હતબનો બનાવ———ઈબ્ને ઈસ્હાક કહે છે : ''હમ્મા - લતલ- હતબ''નું કાળું ટીલું કપાળે ચોંટાડનાર ઉમ્મે-જમીલે જયારે પોતાની અને પોતાના ભરથારની ભૂંડાઈ વિષે ઊતરેલી આયતો સાંભળી તો તે એક મોટો પથરો ઉપાડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શોધમાં કઅબહ તરફ દોડી ગઈ. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહ પાસે બિરાજમાન હતા અને હઝરત અબૂબક્ર સિદ્દીક પણ ત્યાં આપની પાસે હાજર હતા. ઉમ્મે-જમીલે કઅબહ પાસે હઝરત અબૂબક્રને બેઠેલા જોયા પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેને દેખાયા નહિ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જોવાથી અલ્લાહ તઆલાએ તેને આંધળી કરી નાખી હતી. તેણે પૂછયું, ''હે અબૂબક્ર ! તારો સાહેબ કયાં છે ?''

''કેમ શું કામ છે ?'' હઝરત અબૂબક્રે પૂછયું.

તે બોલી, ''મને ખબર મળી છે કે તે અમારી બહુ નિંદા કરે છે. અત્યારે જો તે મળી આવે તો આ પથરાથી તેનું માથું ફોડી નાખું. સાંભળી લો, વલ્લાહ ! હું પણ મોટી શાઈરહ છું અને તારા સાહેબની નિંદામાં મેં આ શાઈરી બનાવી છેઃ

મુઝમ-મમન અસૈના.	''મુઝમ-મમ''ની અમે નાફરમાની કરી [1]
વઅ્રહૂ અબૈના	અને તેના હુકમનો અમે અનાદર કર્યો,
વ દીનહૂ કલૈના.	અને તેના ધર્મને અને તરછોડી કાઢયો.

આમ કહીને તે ત્યાંથી કાળું કરી ગઈ. તેના ચાલ્યા જવા પછી હઝરત અબૂબક્રે પૂછયું, ''યા રસૂલલ્લાહ!

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ લહબની બૈરી ઉમ્મે-જમીલનું મૂળ નામ અરવા હતું. ઉમ્મે-જમીલ ઉપનામ હતું. કુરૈશના સરદાર અબૂ સુફયાનની બહેન હતી. ઉમ્મે-જમીલ અને કુરૈશી દુશ્મનો આપને ''મુઝમ-મમ' કહીને વખોડતા અને વગોવતા હતા. મુઝમ-મમ એટલે નિંદા કે બુરાઈને પાત્ર અથવા નઠારો અને મુહમ્મદ એટલે વખાણ કે પ્રશંસાને પાત્ર અથવા વખણાએલો કે પ્રશંસા પામેલો. જવાબમાં આપ ફરમાવી દેતા, ''જુઓ આ લોકો ''મુઝમ-મમ''ને ભાંડે છે, નહિ કે મુહમ્મદને ! હું મઝમ-મમ નહિ, મુહમ્મદ છું સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.'' ''હ''

Maktabe Ashraf

આપનું શું માનવું છે ? શું તેણે આપને નહિ જોયા ?"

આપે ફરમાવ્યું, "મા રઅત્ની લકદ અખઝલ-લાહુ બિ-બસરિહ: અન્ની," હા, તેણે મને નહિ જોયો. બેશક અલ્લાહએ આંચકી લીધી તેની આંખની રોશની મારા તરફથી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉમ્મે-જમીલ અને કુરૈશના બીજા દુશ્મનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુહંમદને બદલે "મુઝમ-મમ"નામ પાડતા હતા અને એજ નામે બોલાવીને આપની બદગોઈ કરતા હતા. જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવી દેતા :

અલા તઅ-જબૂન લિમા	શું તમને તઅજ્જુબ નથી થતો આ વાતથી કે,
સરફલ-લાહુ અન્ની	અલ્લાહએ ફેરવી દીધી મુજથી,
મિન અઝા કુરૈશિન.	કુરૈશની ભાંડણલીલા ?
યસુબ-બૂન	તેઓ તો ગાળો આપે છે
વ યહજૂન મુઝમ-મમન	અને નિંદા કરે છે "મુઝમ-મમ"ની
વ અન્ મુહમ્મદુન.	ત્યારે હું તો "મુહમ્મદ" છું.

"મુઝમ-મમ" એટલે નિંદાપાત્ર, ધિક્કારપાત્ર કે નફરતને લાયક અને મુહમ્મદ એટલે પ્રશંસાને પાત્ર કે વખાણને લાયક અથવા ખુબ વખાણાયેલા અને જગતભરની પ્રશંસા પામેલા.

ઉમૈયહ બિન ખલફની બુરાઇ કુર્આનમાં————બીજો એક માણસ જેના વિષે કુર્આનની આયતો ઊતરી તે ઉમૈયહ બિન ખલફ બિન હુઝાફહ બિન જુમહ છે. એ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જોતો તો કટાક્ષભર્યા બૂમાટાથી આપના ચાળા પાડતો અને આંખના મટકાં મારીને આંખો નચાવતાં ઈશારા કરતો.

અલ્લાહ તઆલાએ એની આ અવળચંડાઈઓ અંગે "હુ-મઝહ - લુ-મઝહ"ની પૂરી સૂરત નાઝિલ ફરમાવી. આ સૂરત "પારએ-અમ્મ"માં આવેલી છે :

વયલુલ-લિકુલ્લિ હુ-મ-ઝ-તિલ	ખરાબી છે એવા દરેક બૂમાટા પાડનારા, ટાણા મારનારા,
લુ-મ-ઝતિ નિલ્લઝી	ગીબતો કે નિંદાઓ કરનારા માટે જેણે
જ-મ-અ માલંવ	ભેગો કર્યો માલ
વ અદ-દ-દ-હૂ.	અને તેની ગણી ગણીને રાખી મૂક્યો.

ઈબ્ને હિશામ કહે છે : "હુ-મઝહ" એવી નઠારી ટેવવાળા માણસને કહે છે જે બૂમાટા પાડીને ટાણાઓ અને મહેણાઓ મારે છે. બેફામ ભાંડણલીલા ચલાવે છે. લોકોની એબો શોધવા પાછળ મંડયો રહે છે. કુર્આનનો આ "હુ-મઝહ" શબ્દ અરબીના "હમ્ઝ" માં નીકળેલાં છે જે એકવચન છે એનું બહુવચન "હુ-મ-ઝાત" આવે છે. એવી જ રીતે "લુ-મઝહ" શબ્દ છે જેના અર્થ એવો ભૂંડો માણસ જે લોકોની પીઠ પાછળ ગીબતાં અને નિંદાઓ કરીને તેઓને માનસિક ત્રાસ આપતો રહે. લોકોની આબરૂના કાંકરા કરીને તેઓને રૂહાની તકલીફ પહોંચાડતો રહે. આ "લુ-મઝહ" શબ્દ "લમ્ઝ" માંથી નીકળેલો છે. એનું બહુવચન "લુ-મઝાત" છે.

આસ બિન વાઈલની બુરાઇ કુર્આનમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ખબ્બાબ બિન

Maktabe Ashraf

અલ-અરત્ત નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી લુહારનો ધંધો કરતા હતા અને મક્કહમાં તલવારો બનાવીને વેચતા હતા. એક વેળા હઝરત ખબ્બાબે કેટલીક તલવારો બનાવીને આસ બિન વાઈલને વેચી. પરંતુ લાંબી મુદ્દત વીતી જવા છતાં તેણે તલવારોની કિંમત નહિ ચૂકવી તો હઝરત ખબ્બાબ પૈસાની ઉઘરાણી માટે ગયા અને જ્યારે તકાદો કર્યો તો આસ બિન વાઈલ છંછેડાઈ ગયો. કડવો કટાક્ષ કરતાં બોલ્યો,

"હે ખબ્બાબ! તું જેના ધર્મ પર ચાલે છે એ તારા સાહેબ મુહંમદનો શું આ દાવો નથી કે, જન્નતમાં જન્નતીઓ માટે સોનું, ચાંદી, રેશમી પોશાક, ગાદી-તકિયા, આલીશાન મહેલ, ગુલામ, નોકર-ચાકર જેવી દરેક વસ્તુ ત્યાં હાજર હશે ?"

હઝરત ખબ્બાબ બોલ્યા, "કેમ નહિ, બેશક બધું જ ત્યાં મવજૂદ છે."

આસ બોલ્યો, "ત્યારે હે ખબ્બાબ ! તું જરા થોભી જા, મને કિયામત સુધીનો સમય આપ, કિયામતનો હિસાબ-કિતાબ પતી જાય અને હું મારા જન્નતી બંગલામાં પહોંચી જાઉં એ પછી હું તારી પૂરી ઉધારી ચૂકવી આપીશ. વલ્લાહ હે ખબ્બાબ ! જન્નતમાં જે શાનદાર સત્કાર મારો થવાનો છે અને જે ભાવભીનો આવકાર મને મળવાનો છે, એ તને કે તારા સાહેબને ક્યાંથી મળવાનો ? અને જન્નતની આ નેઅમતોના વધારે હકદાર તું અને તારા સાહેબ નહિ, બલ્કે અમારા જેવા મક્કહના મોટા માણસો છે. શું સમજ્યો હે ખબ્બાબ !"

"તેની આ તુમાખી કે ફંફાસ વિશે અલ્લાહ તઆલાએ આ આયતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઉતારી :

અ-ફ- રઐતલ-લઝી	હે નબી ! શું તમે જોયો તે શખ્સને જેણે
ક-ફ-રા બિ-આયાતિના	ઈન્કાર કરી દીધો અમારી આયતોના !
વ કાલ-લઉ-તયન્ન	અને કહે છે, મને અવશ્ય આપવામાં આવશે
માલંવ વ વ-લ-દા.	માલ અને અવલાદ.
અત - તલઅલ ગૈબ......	શું એ ઝાંખીને જોઈ આવ્યો છે ગૈબને ?.....

"ત્યારે જે વસ્તુઓ એને અહીં આપવામાં આવી છે તેની ઉપર ઈતરાઈને શા આધારે કહે છે કે આ વસ્તુઓ તેને ત્યાં પણ આપવામાં આવશે ? ત્યાં આ વસ્તુઓનું મળવું તો દરકિનાર, અહીં જે કંઈ છે તે પણ એની આંખ બંધ થતાં બીજાઓ પાસે ચાલ્યું જશે. એ જે કંઈ બોલે છે તેને અમે લખી રહ્યા છીએ. અમે એના માટે જહન્નમનો અઝાબ તૈયાર રાખ્યો છે. એને એકલાંને અમારી પાસે આવવાનું છે."

અબૂ જહલના પડકારનો જવાબ————અબૂ જહલ વિશે મને એવી માહિતી મળી કે એક વેળા તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પડકાર ફેંક્યો, "હે મુહંમદ ! વલ્લાહ, અમારા ભગવાનોને ભાંડવાનું તારે છોડવું પડશે, નહિ તર અમે પણ તારા મઅબૂદને જેની તું પુજા કરે છે તેને ભાંડવાનું શરૂ કરીશું." અલ્લાહ તઆલાએ જવાબમાં આપ પર આ આયત ઉતારી :

વલા તસુબ-બૂલ-લઝીન	હે મુસલમાનો ! તમે વગોવણી ના કરો એમના તે ભગવાનોની;
યદઊન મિન દુનિલ્લાહ	જેને એઓ પોકારે છે અલ્લાહને છોડીને;

Maktabe Ashraf

ફ-યસુબ-બુલ્લાહ અદ્‌વમ	નહિ એઓ પણ ગાળો આપશે અલ્લાહને દુશ્મનીથી
બિ-ગયરિ ઇલ્મ.	કશાય જ્ઞાન વિના. (પોતાની જહાલત કે નાદાનીથી.)

બસ અહીંથીજ અલ્લાહનો આ આદેશ મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓના પથ્થરના ભગવાનોને વગોવવાનું છોડી દીધું. ફકત તેઓને અલ્લાહ તરફ વળી જવાનું અને મૂર્તિપૂજા છોડીને મુસલમાન બની જવાનું આમંત્રણ આપવા લાગ્યા.

નદ્ર બિન હારિસનું વર્ણન કુર્આનમાં ————કુરૈશમાં નદ્ર બિન હારિસ બિન કલદહ બિન અલકમા બિન અબ્દે-મનાફ બિન અબ્દે-દાર બિન કુસૈય મોટો ફિત્નાખોર અને હલકટ મનોદશાનો ગૃહસ્થ હતો. તેનો નિયમ હતો કે, જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કોઇ મજલિસમાં બિરાજમાન થઈને કુર્આનની આયતો સંભળાવતા, લોકોને અલ્લાહ તરફ વળવાનો ઉપદેશ આપતા, કુરૈશને પહેલાંની પ્રજાઓ પર તૂટી પડેલા અલ્લાહના અઝાબથી ડરાવતા અને પછી ત્યાંથી ચાલ્યા જતા તો તરત નદ્ર બિન હારિસ આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સ્થાને ગોઠવાઈ જતો અને લોકોની આગળ રૂસ્તમ, ઈસ્ફંદયાર અને ઈરાનના બાદશાહોની રસભરી દાસ્તાનો બયાન કરતો અને છેવટમાં ઉમેરતો, ''હે લોકો! સાચું કહેજો, કોની કહાણી વધારે દિલચસ્પ, વધારે રસભરી છે ? સાંભળો અલ્લાહના સોગંદ, મુહંમદ કદી મારી છટાદાર વાણીની તોલે પહોંચી શકતા નથી. તેમની વાતો જરીપુરાના કિસ્સાઓ સિવાય કંઇ નથી. મેં જેવી રીતે મારા કિસ્સાઓ લખી લીધા છે, તેવી જ રીતે તેમણે પણ પોતાના કિસ્સાઓ લખી લીધા છે. ''અલ્લાહ તઆલાએ એના સંબંધી આ આયતો નાઝિલ ફરમાવી:

વ કાલૂ અસાતીરુલ-અવ્વલીન	અને તેઓ બોલ્યા, આ તો પુરાના લોકોના જૂના કિસ્સા છે,
ઈક-ત-ત-બહા	આ માણસ તેની નકલ કરાવે છે,
ફહિ-ય તુમ્લા અલૈહિ	એજ એને સંભળાવવામાં આવે છે;
બુક-રતંવ વ-અસીલા...	સવાર અને સાંજ...

''હે મુહંમદ ! એમને કહી દો કે એને નાઝિલ કર્યું છે તે પાક હસ્તીએ જે આસમાનો અને જમીનના ભેદોનો જાણકાર છે. બેશક તે ક્ષમાદાતા અને મહા દયાળુ છે.'' [૧]

આ આયાત પણ એજ નદ્ર બિન હારિસ વિષે ઉતારવામાં આવી : ઇઝા તુત્લા અલૈહિ આયાતુના કાલ અસાતીરુલ-અવ્વલીન. (સૂરએ-કલમ) જ્યારે એને પઢી સંભળાવવામાં આવે છે અમારી આયતો તો એ કહે છે, આ તો પુરાના લોકોની લખી લીધેલી કહાણીઓ છે.

અને એના જ વિષે આ આયતો પણ ઊતરેલી છે : વયલુલ-લિ-કુલ્લિ અફફા-કિન અસીમ યસમઉ આયાતિલ-લાહિ તુત્લા અલૈહિ.... (સૂરએ-જાસિયહ)

''ખરાબી હો દરેક મહાન જૂઠા અને પાપી માટે, જે સાંભળે છે અલ્લાહની આયતોને, જે તેની સામે પઢવામાં આવે છે પછી હઠે ચઢે છે અભિમાનથી, જાણે કે તેણે તેને સાંભળ્યું જ નહિ, જાણે કે તેના કાનોમાં ભાર છે, બહેરાપણું છે. તો વધામણી આપી દો તેને

---

૧. સૂરએ-ફુરકાન આયત ૫-૬

દર્દનાક અઝાબની !''

ઇબ્ને ઇસ્હાક કહે છે : એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહની મસ્જિદમાં વલીદ બિન મુગીરહ સાથે બિરાજમાન હતા એટલામાં નદ્ર બિન હારિસ ત્યાં આવીને મજલિસમાં બેસી ગયો. કુરૈશના કેટલાક બીજા લોકો પણ આ મજલિસમાં બેઠેલા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની વાતો ચાલુ હતી ત્યાં તો નદ્ર બિન હારિસ તેમાં ટાપસીઓ પૂરવા લાગી ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ગંભીર ચેતવણી આપતાં આ આયત પઢી સંભળાવી :

ઈન્નકુમ વમા તઅ-બુદૂન	બેશક તમે અને જેને તમે પૂજો છો;
મિન દુનિલ્લાહ	અલ્લાહને છોડીને,
હ-સ-બુ જહન્નમ	એ બધા જહન્નમનું ઇંધણ બનનારા છો.
અન્તુમ લહા વારિદૂન.	તમને બધાને એમાં ઝોંકી દેવામાં આવશે.
લવ કાન્ હાઉલાઇ આલિ-હતમ	અગર એ તમારા સાચા ભગવાન હોત તો
મા વરદૂહા.	જહન્નમમાં નહિ ઝીંકાત !
વ કુલ્લુન ફીહા ખાલિદૂન.	અને તમે બધા એમાં સદા રહેવાના છો.
લહુમ ફીહા ઝફીરુંવ	તેઓ માટે એમાં ચીખપુકાર હશે
વ હુમ ફીહા લા યસ-મઉન.	અને તેઓ એમાં કંઇ સાંભળી શકવાના નથી. [૧]

લેભાગુ ભગવાનો અને પૂજારીઓ————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ ચેતવણી આપીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મજલિસમાંથી ઊઠીને ચાલ્યા ગયા તો એજ વેળા અબ્દુલ્લાહ બિન ઝિબઅરા સહમી નામનો શાઇર એ મજલિસમાં આવીને બેસી ગયો. [૨]

વલીદ બિન મુગીરહએ તેને કહ્યું, ''હે અબ્દુલ્લાહ ! તેં કંઇ નવું સાંભળ્યું ?''

તે બોલ્યો, ''ના, શું સમાચાર છે ?''

વલીદ બોલ્યો, ''વલ્લાહ ! બાબત એમ બની કે આજે નદ્ર બિન હારિસ મુહંમદની સામે ટકી શક્યો નહિ. મુહંમદે તો એને સાફ શબ્દોમાં સુણાવી દીધું કે તમે અને તમારા ભગવાનો બધા જ જહન્નમમાં ઝીંકાઇ પડવાના છો. જવાબમાં નદ્રથી કંઇ બોલાયું નહિ.''

અબ્દુલ્લાહ બિન ઝિબઅરા બોલ્યો, ''વલ્લાહ ! હું અહીં હાજર હોત તો મુહંમદને લાજવાબ કરીને અને મનાવીને છોડતે ! હું એવી દલીલ કરતે કે જો અલ્લાહ સિવાયના તમામ ભગવાનોને અને તેઓના પૂજારીઓને જહન્નમમાં ઝીંકી દેવામાં આવે તો આપણે તો મૂર્તિઓની સાથે ફરિશ્તાઓની પણ પૂજા કરીએ છીએ. એવી જ રીતે યહૂદીઓ ઉઝૈર પયગમ્બરની પૂજા કરે છે અને ખ્રિસ્તીઓ ઈસા બિન મયરમને પૂજે છે. તો શું આપણી સાથે ફરિશ્તાઓને, ઉઝૈર પયગમ્બરને અને ઈસા બિન મરયમને પણ જહન્નમમાં ઝીંકી દેવામાં આવશે ? જ્યારે પૂજારીઓ સહિત ભગવાનો પણ જહન્નમમાં જવાના હોય તો આ ભગવાનોનું શું ?''

---

૧. સૂરએ-અમ્બિયાઅ. પા.૧૭ છેલ્લો રૂકુઅ.

૨. અબ્દુલ્લાહ બિન ઝિબઅરા મક્કહનો નામીચો અને માનીતો શાઇર હતો. કુરૈશના વખાણ અને મુસલમાનોની વખોડમાં જોરદાર શાઇરી કરતો હતો ''ક''

Maktabe Ashraf

અબ્દુલ્લાહ બિન ઝિબઅરાની આ દલીલ વલીદ બિન મુગીરહ અને મજલિસના તમામ લોકોને ગળે ઊતરી ગઇ. તેઓએ માની લીધું કે અબ્દુલ્લાહએ ખરેખર જડબેસલાક દલીલ રજૂ કરીને વિવાદમાં મુહંમદ પર ફતેહ મેળવી લીધી છે.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે અબ્દુલ્લાહ બિન ઝિબઅરાની આ દલીલના સમાચાર મળ્યા તો આપે ફરમાવ્યું :

કુલ્લુ મન અહબ્બ અન	દરેક એવી વ્યક્તિ જેણે આ વાત પસંદ કરી કે,
તઅબુદ્દ મિન દુનિલ્લાહ	અલ્લાહને છોડીને તેની બંદગી કરવામાં આવે તો,
ફહુવ મઅ મન અબ્દ્દૂ.	આ લેભાગુ ભગવાન અને તેના પૂજારીઓ સાથે જ હશે.
ઈન્ન હુમ ઈન્નમા	કેમકે બેશક તેઓ તો ફક્ત
યઅબુદૂ-નશ-શયાતીન	શયતાનોની પૂજા કરનારા છે,
વ મન અમ-રત્હુમ	અને આ શયતાનોએ તેઓને હુકમ આપ્યો છે.
બિ-ઈબાદતિહી.	પોતાની પૂજા કરવાનો. [૧]

આ બાબત અંગે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર આ આયત ઉતારી:

ઈન્નલ-લઝીન સ-બ-કત લહુમ	બેશક જે લોકો માટે લખાય ચૂકી છે
મિન્નલ-હુસ્ના	અમારા તરફથી નેકી
ઉલાઈક અન્હા મુબ-અદૂન.	તેઓ જહન્નમથી ઘણા છેટા હશે.
લા યસ-મઊના હસીસહા.	એ લોકો જહન્નમનો અવાજ સુધ્ધાં સાંભળવાના નથી.
વહુમ ફી મશ્તહત અન્ફુસુ હુમ	અને તેઓ એવા સ્થળે હશે જયાં તેઓની મનપસંદ વસ્તુ હાજર હશે.
ખાલિદૂન.....	એમાં જ તેઓ કાયમ માટે રહેશે....

.....અને મહાન ગભરાહટનો દિવસ એટલે કિયામતની નફસા-નફસી તેઓને મુદ્દલ ચિન્તાતૂર કરશે નહિ અને ફરિશ્તાઓ તેઓનું સ્વાગત કરશે અને કહેશે, "જે દિવસનો તમને વાયદો કરવામાં આવતો હતો તે આ દિવસ છે. [૨]

"જેઓ માટે નેકી લખાય ચૂકી છે" નો ઈશારો હઝરત ઈસા બિન મરયમ (અલૈ.) તરફ અને હઝરત ઉઝૈર (અલૈ.) તરફ તથા સંતો, સૂફીઓ, વલીઓ, સારા પીરો તરફ છે જેઓની વફાત બાદ ગુમરાહ લોકોએ તથા પેટભરૂ ધુતારાઓએ તેઓને પોતાના ભગવાન બનાવી લીધા. (આ પયગમ્બરો, વલીઓ, પીરો અને ધર્માત્માઓ એક જ અલ્લાહના પૂજારી હતા. અલ્લાહના નેક બંદા હતા. લોકોની હિદાયત માટે આવ્યા હતા.

૧. એટલે જે માણસ અલ્લાહનો બંદો હોવા છતાં ભગવાન બનવાનો ઢોંગ કરે અને લોકોને હુકમ આપે કે અલ્લાહને છોડીને મારી બંદગી કરતા રહો તો એવો માણસ શયતાન નહિ તો બીજું શું ? એવા લેભાગુ ભગવાનો પોતે તો જહન્નમમાં ઝીંકાવાના છે પણ પોતાની સાથે પોતાના પૂજારીઓને પણ જહન્નમમાં ઘસડી જવાના છે. એથી વિરુદ્ધ હઝરત ઉઝૈર (અલૈ.) હઝરત ઈસા (અલૈ.) કે સાચા પીરો અને વલીઓ તો પૈદાઇશી રીતે અલ્લાહના નેક બંદા હોય છે. કેવી રીતે લોકોને કહી શકે કે, અલ્લાહને છોડીને અમારી પૂજા કરજો ? ... પોતાના પૂજારીઓ સાથે એમના જહન્નમમાં જવાનો સવાલ જ કયાં છે ? હકીકત એમ છે કે શયતાન જ લોકોને પોતાની પુજાનો હુકમ આપે છે અને ગુમરાહ, ગમાર કે જાહિલ લોકો તેની પૂછડી પકડી લે છે. નતીજા રૂપે શયતાનની સાથે પોતે પણ જહન્નમના અધિકારી ઠરી જાય છે. "હ"

૨. સૂરએ-અમ્બિયાઅ પારહ ૧૭ આયત ૧૦૧-૧૦૫-૧૦૩.

જેથી અલ્લાહએ અગાઉથી જ તેઓને સદ્‌ભાગી કે નેકબખ્ત બનાવી દીધા હતા. પયગમ્બરો અને વલીઓ લોકોને કેવી રીતે કહી શકે કે અમારી વફાત બાદ અમને ભગવાન બનાવી લેજો, અમારી દરગાહો અને મકબરાઓ બનાવીને અમારી પૂજા કરજો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વફાત પહેલાં આવા લોકો પર લઅનત વરસાવી છે.)

જે કુરૈશી મુશરિકોએ આમ કહ્યું હતું કે અમે તો ફરિશ્તાઓની પણ પૂજા કરીએ છીએ કેમકે તે અલ્લાહની પુત્રીઓ છે. તેઓ વિષે કુર્આનની આ આયત ઊતરી :

વકાલુત-તખઝર-રહમાનુ વલદા.	તેઓ બોલ્યા, રહમાનએ બનાવી લીધી અવલાદ,
સુબ્હાન-હૂ.	તે રહમાન-અલ્લાહ તો પાક છે આવી વાતોથી.
બલ ઈબાદુમ-મુક-રમૂન.	બલકે તે (ફરિશ્તા) તો તેના માનવંતા બંદા છે,
લા યસ-બિકૂ-નહૂ બિલ-કૌલ	તેઓ જરાયે આગળ વધતા નથી તેના ફરમાનથી.
વ હુમ બિ-અમ-રિહી	અને તેઓ તેના હુકમ મુજબ (તાબેદાર ગુલામ પેઠે)
યઅ-મલૂન.....	અમલ કરનારા છે. [૧]

એ પછીની એક આયત છોડીને બીજી આયતમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, ઈન્સાનોમાંથી જે તુમાખીખોર એવો દાવો કરે કે, તમારો ભગવાન હું છું, અલ્લાહ તમારો ભગવાન નથી તો એજ તુમાખીખોરને હું જહન્નમમાં ઝોંકી દઈશ. આયત વાંચો :

વ મંય-યકુલ મિન્હુમ	અને તેઓમાંથી જે માણસ એમ કહે કે,
ઈન્ની ઈલાહુમ	"હું તમારો ભગવાન છું,
મિન દુનિ-હી	તે (અલ્લાહ) તમારો ભગવાન નથી !"
ક-ઝાલિક	તો એજ તે માણસ છે જેને
નજઝી-હિ જહન્નમ	અમે જહન્નમની શિક્ષા આપીશું.
ક-ઝાલિક નજ-ઝિઝ-	અને અમે શિક્ષા આપીએ છીએ એવી જ રીતે
ઝાલિમીન.	ઝુલ્મ કરનારાઓને. [૨]

ઈબ્ને ઈસ્હાક કહે છે : મક્કહના શાઈર અબ્દુલ્લાહ બિન ઝિબઅરાએ અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમ વિષે દલીલ કરી હતી કે ખ્રિસ્તીઓ તેમને પણ ભગવાન માનીને પૂજે છે તો શું અલ્લાહ તેમને પણ જહન્નમમાં નાખશે ? અહીં સવાલ આ છે કે શું ઈસા બિન મરયમે પોતે ખ્રિસ્તીઓને આ હુકમ ફરમાવ્યો હતો ? કુર્આન ચોકખી રીતે કહે છે કે ઈસા બિન મરયમે કદી તેઓને આ પ્રકારનો હુકમ આપ્યો ન હતો. અબ્દુલ્લાહ બિન ઝબિઅરાની આ ધડમાથા વગરની દલીલ સાંભળીને વલીદ બિન મુગીરહ અને બીજા કુરૈશી સરદારો ધન્યવાદના પોકારો સાથે જોશમાં આવી ગયા હતા તેઓ વિષે કુર્આનની આ આયત નાઝિલ થઈ

૧. સૂરએ-અમબિયાઅ પારહ ૧૭ આયત ૨૬-૨૭ ૨. સૂરએ-અમબિયાઅ આયત ૨૯

Maktabe Ashraf

વલમ્મા દુરિબબ્નુ મરયમ મસ્લન	જયારે આપવામાં આવ્યો ઇસા બિન મરયમનો દાખલો
ઇઝા કવમુક મિન્હુ યસિદ-દૂન	તો તમારી કૌમે તેથી મચાવી દીધો હોબાળો. ¹

એ પછી અલ્લાહ તઆલાએ હઝરત ઈસા બિન મયરમનું વર્ણન કરતાં ફરમાવ્યું :

ઈન હુવા ઇલ્લા અબ્દુન	તો તે ફક્ત એક બંદા છે.
અન-અમ્ના અલૈહિ	જેની ઉપર અમે પોતાના ઇનામો ઉતાર્યા છે.
વ જઅલના-હુ મસ્લલ-	અને જેને બનાવી દીધો અમે એક દાખલો;
-લિ - બની ઇસરાઇલ......	બની ઈસરાઇલ માટે.

"....અગર અમે ચાહતે તો તમારામાંથી ફરિશ્તાઓને પેદા કરી દેતે જેઓ જમીન પર તમારૂં સ્થાન લઇને વસી જતે અને તે ઈસા બિન મરયમ પણ બેશક કિયામતની એક નિશાની છે. માટે તમે તેના મામલામાં કોઇ શંકા ન કરો અને (મારા પયગમ્બરનું) અનુકરણ કરો. એજ સીધો રસ્તો છે." ²

એટલે હઝરત ઈસા બિન મરયમને અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી વગર બાપે પેદા કર્યા. તેમને કિયામતની નિશાનીઓમાંથી એક નિશાની બનાવ્યા. તેમના હાથોથી જે મુઅજિઝહ કે અજાયબી ભરેલા ચમત્કારો જાહેર થયા——જેમકે મુરદાંઓને જીવતાં કરી દેવાં, માંદાઓને જોતજોતામાં સાજા કરી દેવા, માદરઝાદ આંધળાઓને દેખતા કરી દેવા વગેરે——તે પણ અલ્લાહની જ કુદરતથી તેમણે કરી બતાવ્યું છે, તો આ બધી વાતો પણ દુનિયાના લોકો માટે, અલ્લાહ પર અને કિયામતના દિવસ પર ઈમાન લાવવાની રોશન દલીલો છે. માટે એમાં શંકાને સ્થાન જ નથી.

એજ આયતમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "વત-તબિઊન." એટલે કે નબી ! લોકોને કહી દો કે મારૂં અનુકરણ કરો. કેમકે : "હાઝા સિરાતુમ-મુસ્તકીમ." એજ કામયાબી કે સફળતાનો સીધો રસ્તો છે. બાકીના બધા આડાઅવળા રસ્તા છે જેની ઉપર ચાલશો તો શયતાન તમને ગુમરાહીના અંધારામાં ભટકાવીને જહન્નમ ભેગા કરી દેશે.

અખનસ બિન શરીકનું વર્ણન કુર્આનમાં————ઇબ્ને ઈસ્હાક કહે છે : અખનસ બિન શરીક બિન વહબ સકફી નામે ગૃહસ્થ બનૂ ઝુહરહના કબીલા સાથે કરારોથી જોડાયેલો હતો. પોતાની કૌમનો માનીતો અને માનવંતો મોવડી હોવાથી લોકો તેની વાતોને ખાસ મહત્વ આપતા હતા. એ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો પર વાહિયાત ટીકાઓ કરીને તેના રદિયાઓ આપ્યા કરતો અને પીઠ પાછળ આપની બદગોઇઓમાં મંડયો રહેતો. એને લગતી કુર્આનની આ આયત નાઝિલ થઇ :

વલા તુતિઅ કુલ્લ	હે નબી ! દરેક એવા માણસની વાત નહિ માનજો,
હલ્લા-ફિમ મહીન.	જે ઘણી કસમો ખાનારો, હલકટ કે નીચ છે.

---

૧. સુરએ-ઝુખરુફ પા. ૨૫ આયત ૫૭ મતલબ આ કે ઝબિઅરા શાઇરની આ પોકળ દલીલને આધારે કુરૈશે માની લીધું કે વિવાદમાં અમે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હરાવી દીધા છે સાથે જ શોરબકોર કે વાહવાહનો હોબાળો મચાવીને અને શાઇરની પોકળ દલીલને ઉછાળીને લોકોને બહેકાવવા લાગ્યા કે આવા ઇસ્લામને કેવી રીતે કબૂલ કરી શકાય ? "હ"

૨. સૂરએ-ઝુખરુફ આયત ૫૯

હમ્માઝિમ મશ્શાઈમ બિ-નમીમ.	બહુ ટોણા મારનારો, બહુ ચાડી ખાનારો, ચુગલખોર છે.
મન્નાઈલ-લિલ-ખૈર.	ભલાઈના કામોથી બહુ અટકાવનારો છે.
મુઅ-તદિન અસીમ,	હદ ઓળંગનારો પાપી છે.
ઉતુલ-લિમ	બહુ તૂંડમિજાજી કે અવળચંડો છે.
બઅ-દ ઝાલિક ઝનીમ.	તે ઉપરાંત બદજાત, ઝિનાખોર કે હરામઝાદો છે. [1]

ઈબ્ને હિશામ કહે છે : કશાય કામમાં ન આવે એવી નકામી કે બિનઉપયોગી વસ્તુને "ઝનીમ" કહે છે. એના બીજા અર્થ એવો આદમી જે કોઈ કબીલામાંથી ન હોવા છતાં પોતાને તે જ કબીલામાંથી ખપાવતો હોય.બદજાત, બદનામ, વ્યભિચારી કે હરામઝાદાને પણ ઝનીમ કહે છે.

વલીદ બિન મુગીરહનો ઉલ્લેખ કુર્આનમાં————વલીદ બિન મુગીરહ કુરૈશનો એક ભેજાંબાજ, ફિતૂરી અને ફિત્નાખોર આગેવાન હતો. એક વેળા લોકો આગળ કહેવા લાગ્યો, "શું આમ બની શકે ખરૂં કે, મુહંમદ જેવા ગરીબ માણસ પર તો આકાશથી કુર્આન ઊતરે અને મારા જેવા મહાન માણસને જતો કરવામાં આવે ? ખરૂં પૂછાવો તો કુરૈશનો મોટો માણસ કે મોવડી તો હું પોતે છું. વળી મારી સાથે તાઈફના અબૂ મસઊદ અમ્ર બિન ઉમૈર જેવા બનૂ સકીફના મહાન માણસને પણ જતો કરવામાં આવ્યો છે. પોતપોતાની વસતિના મોટાં માથાં તો અમે છીએ. અમે બંનેને જતા કરીને મુહંમદ જેવા માણસ પર કુર્આન ઊતરી શકે તે માનવા જેવી વાત નથી."

વલીદ બિન મુગીરહની આ ડંફાસ કે બડાઈખોરી વિષે આ આયત ઊતરી :

વ કાલૂ લવ લા	અને તેઓ બોલ્યા, શા માટે નહિ
નુઝ-ઝિલા હાઝલ-કુર્આન	ઉતારવામાં આવ્યું આ કુર્આન
અલા રજુલિમ	કોઈ એવા શખ્સ પર
મિનલ-કર-યતૈનિ અઝીમ.	જે બંને વસતિઓના મહાન માણસોમાંથી છે. [2]

ઉબય બિન ખલફનું વર્ણન કુર્આનમાં————ઉબય બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ અને ઉકબા બિન અબી મુઐત વચ્ચે બહુ ધાડી દોસ્તી હતી. ઉકબા બિન અબી મુઐત મોટે ભાગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મજલિસમાં આવીને બેસી જતો અને કાન માંડીને આપની વાતો સાંભળ્યા કરતો. તેના પાકા મિત્ર ઉબય બિન ખલફને આ વાતની ખબર ન હતી. એક દિવસે તેના કાને આ સમાચાર પહોંચી ગયા. સાંભળીને તેના ગુસ્સાનો પારો ચઢી ગયો. એજ વેળા ઉકબા પાસે દોડી જઈને આવેશથી બોલ્યો, "મેં સાંભળ્યું છે કે તું મુહંમદની મજલિસોમાં જઈને તેની વાતો સાંભળતો રહે છે શું એ સાચું છે? યાદ રાખ, હવે જો તું મુહંમદ પાસે ગયો, તેની મજલિસમાં બેઠો, તેની વાતો સાંભળી તો તારો ચેહરો જોવો મારા માટે હરામ છે !"

પછી તેને સોગંદો આપીને ભારપૂર્વક બોલ્યો, "સાંભળી લે, હવે તું મુહંમદની મજલિસમાં જાય અને

૧. સુરતુલ-કલમ પારહ ૨૯ આયત ૧૦-૧૩

૨. સૂરએ-ઝુખરુફ પા. ૨૫ આ. ૩૧ આ આયતમાં "કર-યતૈન અઝીમ" એટલે બે મોટા શહેરો એક મક્કહ બીજું તાઈફ. મક્કહના મહાન માણસ તરીકે વલીદ બિન મુગીરહ પોતાને ખપાવતો હતો. તાઈફનો મહાન માણસ અબૂ મસઊદ સકફી ગણાતો હતો. "હ"

Maktabe Ashraf

મુહંમદના મોં પર નહિ થૂંકે તો તને ફલાણા-ફલાણાના સોગંદ છે !" (બહુ આકરી-આકરી કસમો આપી.)

પછી તો આ નાલાયક, નફ્ફટ અને નસીબના ફૂટેલા જહન્નમી માણસે એટલે ઉકબા બિન અબી મુઅતે તેના મરદૂદ મિત્રના સોગંદ પાળીને તેના નાપાક બોલો ખરા કરી દેખાડયા.[1] એ પછી તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની મજલિસમાં નહિ ગયો. ત્યારે અલ્લાહ તઆલાએ એ બંને બદબખ્તોના બારામાં આ આયત નાઝિલ ફરમાવી.

વ યવમ યઅદ-દુઝ - ઝાલિમુ	અને તે દિવસે જયારે કે કરડશે ઝાલિમ
અલા યદૈહિ	(દાંતોથી) પોતાના હાથો,
યકૂલુ યા લૈત-નિત-તખઝતુ	કહેશે, કાશ ! મેં ગ્રહણ કર્યો હોત
મઅર રસૂલિ સબીલા.	પયગમ્બર સાથે સીધો રસ્તો ![2]

મુરદાંનું સડેલું હાડકું————એજ મરદૂદ ઉબય બિન ખલફ એક વેળા કોઇ મુરદાંનું જૂનું સડેલું હાડકું ઉપાડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે લઇ ગયો અને તુચ્છકારથી બોલ્યો, "હે મુહંમદ! શું તમારો દાવો નથી કે તમારો અલ્લાહ આ જૂના સડેલા હાડકાંને ફરીવાર જીવતું કરી દેશે ?" આમ કહીને આ હાડકાંને તેણે પોતાના હાથોથી ચૂરેચૂરા કરીને તેની રાખ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ વાયુમાં ઉછાળી મૂકી. જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ફરમાવ્યું :

નઅમ અના અકૂલુ ઝાલિક	હા હું જ એ વાતો કહું છું કે,
યબઅસુ-હુલ્લાહુ વ ઇય્યાક	અલ્લાહ આ સડેલા હાડકાંને પણ સજીવન કરશે અને તને પણ;
બઅદા મા તકૂનાનિ હાકઝા.	જયારે કે તમારા બંનેની, મરણ પછી આ હાલત બની જશે !
સુમ્મા યુદખિલુ-કલ્લાહુન-નાર.	એ પછી અલ્લાહ તને ઝોંકી દેશે જહન્નમમાં.

હાડકાના એજ બનાવ અંગે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

વ દ-ર-બ લના મસલંવ	અને રજૂ કર્યો તેણે અમારા માટે દાખલો
વ નસિય ખલ્કહૂ.	અને ભૂલી ગયો તે પોતાની પૈદાઇશને.
કાલા મંય યુહયિલ-ઇઝામ	બોલ્યો, કોણ સજીવન કરશે હાડકાને ?
વ હિય રમીમ.	જયારે કે તે જર્જરિત થઇ ગયું હશે !
કુલ યુહયી-હલ્લઝી	કહી દો, એને સજીવન કરી દેશે તે જાત જેણે
અન્શ-અહા અવ્વલ મર્રહ.	પૈદા કર્યો એને પ્રથમવાર.
વ હુવા બિ-કુલ્લિ	અને તે અલ્લાહ દરેક મખલૂકની હાલતથી
ખલકિન અલીમ.	સંપૂર્ણ રીતે માહિતગાર છે.
અલ્લઝી જઅલા લકુમ	તે અલ્લાહ જેણે પૈદા કીધી તમારા માટે

૧. અબૂ ઝર નક્કાશના રિવાયતથી ટાંકેલું છે કે અલ્લાહનો દુશ્મન ઉકબા બિન અબી મુઅત જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની મુખડા પર થૂંકયો તો એ નાપાક થૂંક તેના જ મોઢા પર આવી પડયું જેનાથી તેના મનહૂસ ચેહરા પર કોઢના ડાઘ ઊપસી આવ્યા અને તેનો ચેહરો બેડોળ બની ગયો. (ઇબ્ને હિશામનો હાશિયો.)

૨. સૂરએ-ફુરકાન પારહ ૧૯ આયત ૨૭

Maktabe Ashraf

મિનશ-શજરિલ-અખ્દરિ	લીલા ઝાડથી
નારન. ફઈઝા અન્તુમ	આગ, ત્યારે જુઓ તમે
મિન્હુ તૂકિદૂન.	એજ લીલા ઝાડથી આગ પેટાવો છે. [૧] (સૂરએ-યાસીન)

સુરતુલ-કાફિરૂન ઊતરે છે.——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતીઓમાંથી એક બનાવ આ પ્રમાણે છે કે, એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખાનએ-કઅબહનો તવાફ કરતા હતા એટલામાં અસવદ બિન અબ્દુલ-મુત્તલિબ બિન અસદ બિન અબ્દુલ-ઉઝઝા તેમ વલીદ બિન મુગીરહ અને ઉમૈયહ બિન ખલફ તથા આસ બિન વાઈલ સહમી આ ચાર ગૃહસ્થો ત્યાં આવ્યા. એ બધા કુરૈશના જાણીતા અને પંકાયેલા અગ્રેસરો ગણાતા હતા. આવતાં જ તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રસ્તામાં આડે આવી ગયા અને આપને તવાફથી અટકાવીને કહેવા લાગ્યા, "હે મુહંમદ ! જરા થોભો અને સાંભળો, અમે તમારી સાથે સમાધાન કરવા માગીએ છીએ પણ એક શરત છે."

"હું તૈયાર છું સમાધાન માટે." આપે ફરમાવ્યું, "બોલો શું શરત છે ?"

"તમે જે અલ્લાહની બંદગી કરો છો," તેઓ બોલ્યા, "તે અલ્લાહની બંદગી કરવા અમે તૈયાર છીએ એવી શરતે કે તમે પણ અમારા તે ભગવાનોની બંદગી કરો જેઓની અમે બંદગી કરીએ છીએ. અગર તમે સચ્ચાઈના માર્ગે છો તો તમારા અલ્લાહની બંદગીથી અમને લાભ થશે અને જો અમે સચ્ચાઈના માર્ગે છીએ તો અમારા ભગવાનોની બંદગીથી તમને લાભ થશે. બોલો કબૂલ છે ?"

એના જવાબમાં અલ્લાહ તઆલાએ "કુલ યા ઐયુહલ-કાફિરૂન"ની પૂરી સુરત નાઝિલ ફરમાવી:

> " હે નબી ! કહી દો કે હે કાફિરો ! હું તમારા તે ભગવાનોની પૂજા કરવાનો નથી જેઓની તમે પૂજા કરો છો અને તમે મારા તે અલ્લાહની પૂજા કરવાના નથી જેનું હું પૂજા કરૂં છું.........માટે "લકુમ દીનુકુમ" એટલે તમારો ધર્મ તમારો માટે અને "વલિય દીન" એટલે મારો ધર્મ મારા માટે અથવા તમે તમારે રસ્તે અને હું મારે રસ્તે !

મતલબ આ કે આવી વાહિયાત અને અર્થશૂન્ય શરતને આધારે તમે મુસલમાન બનીને મારા અલ્લાહની બંદગી કરવા માગો તો મારા અલ્લાહને તમારી એવી બંદગીની જરૂર નથી. માટે તમને તમારી કરણીનું ફળ મળશે અને અમને અમારી કરણીનું ફળ મળશે.

અબૂ જહલ અને ઝક્કૂમનું જહન્નમી ઝાડ——————જ્યારે અલ્લાહ તઆલાએ કુર્આને-મજીદમાં મૂર્તિપૂજક કાફિરોને ડરાવવા માટે "શજરતુઝ-ઝક્કૂમ" (એટલે ઝક્કૂમ નામે જહન્નમી ઝાડ)નું વર્ણન કર્યું તો અબૂ જહલ બિન હિશામે કુરૈશને કહ્યું, "હે કુરૈશના લોકો ! જાણો છો ઝક્કૂમ શી વસ્તુ છે જેનાથી મુહંમદ

---

૧. અરબની ભૂમિમાં ઘણી જગાએ બે ઝાડો ઊગેલાં જોવામાં આવે છે. એકનું નામ મરિખ અને બીજાનું નામ ઉફાર છે. મરિખની ડાળખીને જોરથી ઉફાર પર રગડવામાં આવે તો આગના તણખા ઝરવા લાગે છે. (ઇબ્ને હિશામનો હાશિયો.)

તમને ડરાવે છે ?" [1]

"ના ઍ અબુલ-હકમ !" કુરૈશ બોલ્યા, "અમને ખબર નથી, તમે જ કહો એ શી વસ્તુ છે."

અબૂ જહલ રમૂજી કટાક્ષમાં બોલ્યો, "એ તો આપણા શહેરની માખણ સાથે મેળવેલી અજવહ નામની ખજૂરો છે. વલ્લાહ ! અગર આપણે મરવા પછી જહન્નમ ભેગા થયા અને એ ખજૂરો મેળવવા ભાગ્યશાળી થયા તો "લન તઝક-કમન-નહા તઝક-કમન" ની તક ઝડપી લઈશું" એટલે એ માખણવાળી મઝેદાર ખજૂરોને જહન્નમમાં આપણે મઝા લઈ-લઈને ખાઈશું અને ત્યાં ઉજાણીના જલસા કરીશું.

અબૂ જહલની આ મશ્કરીના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

ઈન્ન શજરતુઝ-ઝક્કૂમ	બેશક ઝક્કૂમનું ઝાડ તો
તઆમુલ-અસીમ.	પાપીઓનો ખોરાક છે.
કલ-મુહ્લિ યગ્લી ફીલ-બુતૂન.	પીગળેલી ધાતુ પેઠે પેટમાં ઊકળશે
કગલ-યિલ-હમીમ.	જેવી રીતે ખદખદતું પાણી ઊકળે છે.

"મુહલ" શબ્દનું સ્પષ્ટીકરણ——————ઉપરની આયતમાં "મુહલ" શબ્દ આવેલો છે. ઇબ્ને હિશામ કહે છે : મુહલ એવી દરેક વસ્તુને કહે છે જે તાંબા અથવા સીસાં કે તેવા જ પ્રકારની કોઇ વસ્તુ હોય જેને પીગળાવી નાખવામાં આવે. હસન બિન અબિલ-હસન તરફથી મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ અલૈહિ વ સલ્લમના માનવંતા સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ કૂફા શહેરના બૈતુલ-માલમાં હઝરત ઉમર બિન ખત્તાબ તરફથી ઉપરી અમલદાર હતા. એક વેળા તેમણે ચાંદી પીગળાવવાનો હુકમ આપ્યો. જ્યારે આગમાં તપીને ચાંદી પીગળી ગઇ તો તેમાં વિવિધ રંગો દેખાવા લાગ્યા. ત્યારે તેમણે બૂમ મારી, "અરે છે કોઇ બારણે ?" જવાબ મળ્યો, "જી હા !" ફરમાવ્યું, "બધાને અંદર બોલાવો." જ્યારે બધા આવી ગયા તો ફરમાવ્યું, "મુહલ શબ્દના અર્થનો સાચો ચિતાર આ પીગળેલી ચાંદીમાં જોઇ લો." કોઈ શાઈરે કહ્યું છે :

યસ્કીહે રબ્બી હમીમુલ-મુહલિ યજ-રઉહૂ • યશવિલ-વુજૂહ ફ-હુવ ફી બતનિહી સહિર.

તેને પીવાડશે મારો પાલનહાર ગરમ-ગરમ ધાતુ અને તે તેને ઘૂંટ-ઘૂંટ કરીને પીશે જેનાથી તેનું મોં બળી જશે અને તેના પેટમાં ખદખદાટ મચાવી દેશે.

અબ્દુલ્લાહ બિન ઝુબૈર અસદીના શેઅરમાં "મુહલ" શબ્દની ગૂંથણી જુઓ :

ફમન આશ મિન્હુમ આશ અબ્દન વઈંય-યમુત • ફ-ફીન-નારે યસ્કી મુહલ-હા વ સદીદહા.

અર્થ :- ત્યારે એમાંનો જે માણસ જીવતો રહેશે તે ગુલામીની અવસ્થામાં જીવશે અને જે મરી જશે તે જહન્નમમાં ધકેલાઇ જશે જ્યાં તેને પીગળેલી ધાતુઓ અને તેમાંથી નીકળેલાં લોહી-પરૂ અને તેનો મેલ

1. ઝક્કૂમ : દોઝખના તળિયે ઊગનારું એક ઝાડ. એના ઝૂમખા સાપની ફેણ પેઠે અણીદાર અને પીડાદાયક હશે. જહન્નમીઓ એનાથી પોતાનું પેટ ભરશે. ખાવા પછી પ્રચંડ તરસ લાગશે. પીવા માટે ઊકળતું પાણી મળશે જેનાથી આંતરડાં કપાઇને બહાર ખલવઇ પડશે. (કામૂસુલ-કુર્આન પાનું ૨૪૬) ઝક્કૂમને ગુજરાતીમાં થુવેર, થોરિયો, થુવર કે થુવેરિયો કહે છે. "હ"

Maktabe Ashraf

કચરો પિવડાવવામાં આવશે.

ઇબ્ને હિશામ કહે છે. કેટલાક ભાષા-જ્ઞાનીઓના મંતવ્ય મુજબ "મુહલ" શબ્દના અર્થ શરીરના પાકેલાં ગૂમડાંઓમાંથી નીકળતું પરૂં થાય છે. મને મળેલી માહિતી મુજબ જ્યારે ઇસ્લામના પહેલા ખલીફા હઝરત અબૂબક્ર સિદ્દીકની વફાતનો સમય આવ્યો તો તેમણે બે નંગ જૂની વપરાયેલી ચાદરોને ધોઇને તેનું કફન પોતાને પહેરાવવાનો આદેશ આપ્યો. આપનાં બેટી હઝરત બીબી આઇશહએ આપને વિનંતી કરી, "અબ્બાજાન ! અલ્લાહ તઆલાએ આપને વપરાયેલી જૂની ચાદરોથી બે-નિયાઝ કરી દીધા છે. આપના કફન માટે નવી ચાદરો કેમ નહિ ખરીદીએ?"

જવાબમાં આપે ફરમાવ્યું, "ઇન્નમા હિય સાઅતુન, હત્તા યસીરુ ઇલલ-મુહલિ." એ તો માત્ર ટૂંક મુદ્દત માટે છે. પછી તો એ પરૂંમાં જ ખરડાઇ જશે ને ! એટલે કફન જૂનું હોય કે નવું હોય, કબરમાં જવા પછી તેની એજ હાલત થાય છે.[1]

જહન્નમનું શજરએ-મલઊનહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ જહલ મરદૂદની કટાક્ષભરેલી અડાઇખોરીના જવાબમાં બીજી આ આયત ઊતરી :

વશ-શજરતલ-મલઊનહ	અને અમે જહન્નમના ફિટકારાયેલા ઝાડનું વર્ણન
ફીલ-કુર્આનિ	કુર્આનમાં (માત્ર કસોટી રૂપ કર્યું છે.)
વ નુખવ્વિફુ-હુમ	અને તેઓને અમે ધમકાવતા રહીએ છીએ
ફમા યઝીદુ હુમ	તો આ ધમકીઓથી તેઓમાં કંઇ વધારો થતો નથી,
ઇલ્લા તુગ્યા-નન-કબીરા.	સિવાય કે તેઓની અંડખોરીમાં ધરખમ વધારો થઇ જાય.

અબસ-વ- તવલ્લા————એક વેળા કુરૈશનો વયોવૃદ્ધ અને જાણીતો મોવડી વલીદ બિન મુગીરહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતો કરતો ઊભેલો હતો અને આપને તેના મુસલમાન બની જવાની આશા બંધાયેલી હતી. એજ દરમિયાન હઝરત ઇબ્ને-ઉમ્મે-મકતૂમ નામના જાણીતા અંધ સહાબી ત્યાં આવી લાગ્યા. એમણે આપની આગળ કુર્આનની કોઇ આયતના અર્થ જાણવાની ઇચ્છા જાહેર કરી. આવા સમયે તેમની આ દખલગીરી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગમી નહિ, જેના કારણે અણગમાના ચિહ્નો આપના નૂરાની ચેહરા પર ઊપસી આવ્યાં અને તેમના તરફથી આપે પોતાનું મુખ ફેરવી લીધું.

અણગમાનું કારણ આટલું જ કે વલીદ બિન મુગીરહ જેવા કુરૈશના મોટા માણસના મુસલમાન બની જવાની આશાએ આપનું પુરૂં ધ્યાન તેની તરફ ચોંટેલું હતું. હઝરત ઇબ્ને-ઉમ્મે-મકતૂમ આ વાતચીતમાં આડખીલી બનીને એજ વાતે વળગ્યા તો આપે ખાટાભાવે તેમના તરફથી મુખ ફેરવી લીધું. નતીજા રૂપે તેઓ દુભાયેલા દિલ કે [illegible] ઉતરેલી લાગણીએ ત્યાંથી ચાલ્યા ગયા.

---

૧. પરંતુ પયગમ્બરો, સહાબાઓ, વલીઓ અને અલ્લાહના રસ્તામાં જિહાદમાં શહીદ થયેલાઓને આ હુકમ લાગુ પડતો નથી. તેઓના પવિત્ર શરીરો કિયામત સુધી હેમખેમ અને સલામત રહે છે. તેઓના કફન પણ જેમના તેમ અકબંધ રહે છે. અલ્લાહ તઆલાએ એમના શરીરો અને કફનોને દાગ સુધ્ધાં લગાડવાનું ઝમીન માટે હરામ ઠરાવી દીધું છે. "હ"

Maktabe Ashraf

આ ઘટના અંગે અલ્લાહ તઆલાએ પારહ ત્રીસની સૂરએ-અબસમાં આ આયતો ઊતારી :

અ-બ-સ્ વ તવલ્લા	તેણે અણગમો દર્શાવ્યો અને મોઢું ફેરવી લીધું
અન જાઅહુલ-અઅમા.	જ્યારે કે આવ્યો એક અંધ તેની પાસે.

અર્થાત : હે નબી ! અમે તો આપને નેક કરણીના ફળની ખુશખબરી આપનારા અને બુરી કરણીના અંજામથી ડરાવનારા તરીકે મોકલ્યા છે. કોઈ માણસને ચાલતો કરી દઈને કોઈ ખાસ વ્યકિતને વળગી રહેવા માટે આપને મોકલ્યા નથી. જ્ઞાન મેળવવાના આશાવાદી માણસની ઈચ્છા તમારે સંતોષવી જોઈએ અને જે વ્યકિત ઈસ્લામ પ્રત્યે દુર્લક્ષ સેવે છે તેની તરફ ઝાઝું ધ્યાન આપવાની જરૂર નથી.

ઈબ્ને હિશામ કહે છે : ઇબ્ને-ઉમ્મે-મકતૂમ, બનૂ આમિર બિન લુઐયના ખાનદાનમાંથી એક ના-બીના એટલે અંધ ગૃહસ્થ હતા. એમનું મૂળ નામ અબ્દુલ્લાહ અને અમુકના કહેવા મુજબ અમ્ર નામ હતું. પણ બાપને બદલે માંને નામે જાણીતા હતા. (ઇબ્ને-ઉમ્મે-મકતૂમ એટલે મકતૂમની માના બેટા.) મોટા આબરૂદાર અને સંનિષ્ઠ સહાબી હતા. એટલા બાહોશ, જ્ઞાની અને મુત્સદ્દી પુરૂષ હતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પ્રવાસમાં કે જિહાદ માટે તશરીફ લઇ જતા તો વધુ ભાગે એમને મદીનહમાં પોતાના ગર્વનર તથા મસ્જિદે-નબવીના ઈમામની પદવીએ નીમતા હતા.

Maktabe Ashraf

પ્રકરણ ૫૬

હબશહના મુહાજિરોની વાપસી

મુહાજિરોને મળેલા ખોટા સમાચાર • મક્કહમાં આસરો મેળવીને રહેનારા સહાબા • હઝરત ઉસમાન બિન મઝઊનની ઘટના • મુશાઈરાની મેહફિલમાં • હઝરત અબૂ સલમહને દુશ્મનની મદદ • હઝરત અબૂબકની હિજરત • ઇબ્ને દગિન્નહને કુરૈશની ફરિયાદ.

મુહાજિરોને મળેલા ખોટા સમાચાર——————ઇબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જે સહાબા મક્કહથી હિજરત કરીને મુલ્કે-હબશહ ચાલ્યા ગયા હતા તેઓને હબશહમાં એવા સમાચાર મળ્યા કે મક્કહમાં કુરૈશના તમામ લોકો મુસલમાન બની ગયા છે. (અને કોઈ એવું રહ્યું નથી જેણે ઈસ્લામ કબૂલ ન કર્યો હોય.) આ સમાચારથી હબશહના મુસલમાનોમાં આનંદ વ્યાપી ગયો. તરત તેઓ પોતાના માદરે-વતન મક્કહ જવા આતુર બની ગયા અને પછી તો તૈયારી કરીને તેઓ અલગ-અલગ જૂથોમાં મક્કહ તરફ રવાના થઈ ગયા. પરંતુ જ્યારે એ લોકો મક્કહના સીમાડે પહોંચ્યા તો માલૂમ પડ્યું કે કુરૈશના મુસલમાન બની જવાના એમને મળેલા સમાચાર તદ્દન ખોટા છે.

ત્યારે આ મુહાજિરોમાંથી તેજ લોકો મક્કહમાં દાખલ થવા પામ્યા જેઓને મક્કહના કોઈ રહીશે કે સરદારે પોતાના રક્ષણમાં લેવાની બાંહેધરી આપી દીધી અથવા તે લોકો જેઓ છુપી રીતે મક્કહમાં દાખલ થઈ ગયા. એમાં કેટલાક એવા લોકો હતા જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે હિજરત કરીને મદીનહ ગયા અને જંગે-બદ્રમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહ્યા. ત્યારે કેટલાક એવા હતા જેઓને કુરૈશે અટકાયતમાં લઈ લીધા. તેઓ ન મદીનહ જઈ શકયા ન જંગે બદ્ર કે બીજા પ્રસંગોમાં ભાગ લઈ શકયા. ત્યારે કેટલાક મક્કહમાં જ વફાત પામી ગયા. એ બધાની નામાવલી આ પ્રમાણે છે:

•——————બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ બિન કુસૈયમાંથી :

૧——————હઝરત ઉસ્માન બિન અફ્ફાન બિન અબી આસ બિન ઉમૈયહ બિન શમ્સ.

૨——————હઝરત ઉસમાનના બેગમ હઝરત બીબી રૂકૈયહ બિન્તે રસૂલિલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

૩——————હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ.

૪——————હઝરત અબૂ હુઝૈફહના બેગમ હઝરત બીબી સહલા બિન્તે સુહૈલ.

૫——————એમના હલીફોમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન જહશ બિન રિઆબ.

•——————બનૂ નવફલ બિન અબ્દે મનાફમાંથી :

૬———હઝરત ઉત્બાહ બિન ગઝવાન

•———બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયમાંથી :

૭———હઝરત ઝુબૈર બિન અવ્વામ બિન ખુવૈલિદ બિન અસદ.

•———બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી

૮———હઝરત મુસ્અબ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ.

૯———હઝરત સુવૈબિત બિન સઅદ બિન હર્મલહ.

•———બનૂ અબ્દ બિન કુસૈયમાંથી :

૧૦———હઝરત તુલૈબ બિન ઉમૈર બિન વહબ બિન અબી કબીર બિન અબ્દ.

•———બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી :

૧૧———હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ બિન અબ્દે-ઔફ બિન અબ્દુલ હારિસ.

૧૨———એમના હલીફ હઝરત મિકદાદ બિન અમ્ર.

૧૩———હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ.

•———બનૂ મખ્ઝુમ બિન યકઝહમાંથી :

૧૪———હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ....

૧૫———એમના બેગમ હઝરત બીબી ઉમ્મે-સલમહ બિન્તે અબી ઉમૈયહ બિન મુગીરહ......

૧૬———હઝરત શમ્માસ બિન ઉસ્માન બિન શુરૈદ બિન સુવૈદ.....

૧૭———હઝરત સલમહ બિન હિશામ બિન મુગીરહ. એમને એમના કાકાએ મક્કહમાં અટકાયતમાં લીધા જેથી જંગે-બદ્ર, જંગે-ઉહુદ, જંગે-ખન્દકથી પહેલાં જઈ ન શકયા.

૧૮———હઝરત અય્યાશ બિન અબી રબીઅહ બિન મુગીરહ. એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે મદીનહની હિજરત કરી. બાદમાં એમના માદરી ભાઇઓ અબૂ જહલ બિન હિશામ તથા હારિસ બિન હિશામ મદીનહ ગયા. તેઓએ ધોકાથી એમને પકડી લીધા, ધોકાથી મક્કહ લઇ આવ્યા અને કેદ કરી દીધા. આ કારણે હઝરત અય્યાશ જંગે-બદ્ર, જંગે-ઉહુદ અને જંગે-ખન્દકમાં ભાગ ન લઇ શકયા.

૧૯———એમના હલીફોમાંથી હઝરત અમ્માર બિન યાસિર. એમણે હબશહની હિજરત કરી કે નહિ તે અંગે રાવીને શંકા છે.

•———બનૂ ખુઝાઅહમાંથી :

૨૦———હઝરત મુઅત્તબ બિન ઔફ બિન આમિર.

•———બનૂ જુમહ બિન અમ્ર હુસૈસ બિન કઅબમાંથી :

૨૧———હઝરત ઉ[illegible]ન બિન મઝઊન બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ....

૨૨———એમના પુ[illegible] હઝરત સાઇબ બિન ઉસ્માન.

૨૩———હઝરત કુદામહ બિન મઝઊન બિન હબીબ બિન વહબ.....

૨૪———હઝરત અબ્દુલ્લાહ બિન મઝઊન બિન હબીબ.....

•———બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી :

Maktabe Ashraf

૨૫———હઝરત ખુનૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી.

૨૬———હઝરત હિશામ બિન આસ બિન વાઈલ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહની હિજરત પછી મક્કહમાં કેદી બની ગયા અને જંગે-બદ્ર, જંગે-ઉહુદ, જંગે-ખન્દક પછી મદીનહ ગયા.

•———બનૂ અદી બિન કઅબમાંથી :

૨૭———હઝરત આમિર બિન રબીઅહ.

૨૮———એમના બેગમ હઝરત લયલા બિન્તે અબી કૈસ.

૨૯———હઝરત અબ્દુલ્લાહ બિન સુહૈલ બિન અમ્ર. એમને પણ મક્કહમાં કેદ કરી લેવામાં આવ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મદીનહની હિજરત નહિ કરી શક્યા. જંગે-બદ્રના પ્રસંગે મુશરિકોની કેદમાંથી છટકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પહોંચી ગયા. અને જંગે-બદ્રમાં શામિલ થયા.

૩૦———હઝરત અબૂ સુબૈરહ બિન અબી રુહમ બિન અબ્દુલ-ઉઝઝા.

૩૧———એમના બેગમ હઝરત ઉમ્મે-કુલસૂમ બિન્તે સુહૈલ બિન અમ્ર.

૩૨———હઝરત સકરાન બિન અમ્ર બિન અબ્દે-શમ્સ.

૩૩———એમના બેગમ હઝરત બીબી સવદહ બિન્તે ઝમઅહ બિન કૈસ. એમના પતિ હઝરત સકરાન બિન અમ્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહની હિજરત પહેલાં મક્કહમાં વફાત પામી ગયા. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના વિધવા હઝરત બીબી સવદહ સાથે નિકાહ કરી લીધા.

૩૪———એમના હલીફોમાંથી હઝરત સઅદ બિન ખવલહ.

•———બનૂ હારિસ બિન ફિહરમાંથી :

૩૫———હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ. એમનું નામ આમિર બિન અબ્દુલ્લાહ બિન જર્રાહ હતું.

૩૬———હઝરત અમ્ર બિન હારિસ બિન ઝુહૈર બિન અબી શદ્દાદ.

૩૭———હઝરત સુહૈલ બિન બયદાઅ. એમનું નામ સુહૈલ બિન વહબ બિન રબીઅહ બિન હિલાલ હતું.

૩૮———હઝરત અમ્ર બિન અબી સરહ બિન રબીઅહ બિન હિલાલ.

મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી હબશહની ભૂમિ છોડીને મક્કહ આવનારા કુલ ૩૩ ગૃહસ્થો હતા. અલ્લાહ એમનાથી રાજી રહો !

મક્કહમાં આસરો મેળવીને રહેનારા સહાબા————હબશહના મુહાજિરોમાંથી જે લોકો મક્કહના કોઈ રઈશ કે સરદારની પનાહમાં આવીને મક્કહમાં રહ્યા, મને મળેલી માહિતી મુજબ તેઓના નામોની ટીપ આ પ્રમાણે છે:

૧———હઝરત ઉસમાન બિન મઝઊન. એમને આસરો આપનાર મક્કહનો મોટો માણસ વલીદ બિન મુગીરહ હતો.

૨———હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ મખઝૂમી. એમને આસરો આપનાર અબૂ તાલિબ બિન અબ્દુલ-મુત્તલિબ હતા. અબૂ તાલિબ એમના મામા થતા હતા. હઝરત અબૂ સલમહના વાલિદાનું નામ બર્રહ હતું જે અબ્દુલ-મુત્તલિબના પુત્રી હતાં.

હઝરત ઉસમાન બિન મઝઊનની ઘટના————ઇબ્ને ઇસ્હાક કહે છે: આગળ વધવા પહેલાં

ઉસ્માન બિન મઝઊનની કથા સાંભળી લો. જ્યારે હઝરત ઉસ્માન બિન મઝઊન કુરૈશના સરદાર વલીદ બિન મુગીરહનું રક્ષણ મેળવીને મક્કહમાં રહેવા લાગ્યા તો એક દિવસે મક્કહના મુસલમાનોની દર્દનાક દશા દેખીને હઝરત ઉસ્માનના દિલને ઓચિંતો આંચકો લાગ્યો, "અરેરે ! મારા મુસલમાન ભાઈઓ તો અલ્લાહના રાહમાં પારાવાર મુસીબતો અને જાતજાતની બલાઓમાં સપડાયેલા છે. ત્યારે હું વલીદ બિન મુગીરહની પનાહમાં સવાર-સાંજ આઝાદીથી બજારોમાં ફરીહરી રહ્યો છું !"

પછી નિર્ણય કરીને મનમાં બોલ્યા, "વલ્લાહ ! એક મૂર્તિપૂજકના રક્ષણમાં મારૂં નચિંતાઈથી બજારોમાં ફરવું-હરવું અને તે પણ એવી હાલતમાં કે મારા સાથીઓ અલ્લાહના રાહમાં મોટી-મોટી મુસીબતો અને યાતનાઓ ભોગવી રહ્યા છે એ મારા જીવનની એક મોટી ખામી છે."

આમ વિચારીને એજ વેળા વલીદ બિન મુગીરહ પાસે પહોંચી ગયા અને બોલ્યા, "હે અબા અબ્દે-શમ્સ! તમે ખરેખર પોતાના વચનનું પાલન કર્યું છે એ માટે તમારો આભાર, પણ હવે તમારૂં રક્ષણ મને નહિ ખપે. એ હું તમને પાછું આપું છું."

"અરે ઉસ્માન કેમ શું થયું ?" વલીદે પૂછયું, "શું મારી કૌમમાંથી કોઈએ તમને દુઃખ આપ્યું છે ?"

"ના કોઈએ મને દુઃખ આપ્યું નથી." હઝરત ઉસ્માન બોલ્યા, "પણ મારી ઈચ્છા છે કે હું અલ્લાહના રક્ષણ સિવાય કોઈના રક્ષણમાં નહિ રહું."

વલીદ બોલ્યો, "તો ભલે, એમ જ હોય તો ચાલો કઅબહમાં. ત્યાં બધાની સામે જાહેરમાં મારૂં રક્ષણ મને પાછું ફેરવી દો. જેવી રીતે મેં જાહેરમાં બધાની સામે તમને રક્ષણ આપ્યું હતું."

અહીંથી ઊપડીને બંને ખાનએ-કઅબહ પાસે પહોંચી ગયા. ત્યાં જતાં જ વલીદ બિન મુગીરહએ પોકાર પાડયો, "હે લોકો ! સાંભળી લો. આ ઉસ્માન બિન મઝઊન છે. એ મને મારૂં રક્ષણ પાછું આપવા અહીં લઈ આવ્યો છે." લાગલો જ હઝરત ઉસ્માને પોકાર પાડયો, "બેશક હે લોકો ! આ વલીદ બિન મુગીરહ સાચું કહે છે. મેં ખરેખર એને વફાદાર જોયો છે. એ વચનનો પાકો છે. સામેવાળાની આબરૂ જાળવનારો છે. હવે એનું રક્ષણ હું એને પાછું આપું છું. મારા અલ્લાહ વગર કોઈનું રક્ષણ મને નહિ ખપે."

મુશાઈરાની મેહફિલમાં————આ જાહેરાત પોકારીને હઝરત ઉસ્માન ત્યાંથી ચાલ્યા ગયા. પછી એક દિવસે એવું બન્યું કે તે સમયનો પ્રખ્યાત શાઈર લબીદ બિન રબીઅહ બિન માલિક બિન જઅફર બિન કિલાબ કુરૈશની મજલિસમાં લોકોને પોતાની શાઈરી સંભળાવનો હતો. હઝરત ઉસ્માન પણ મજલિસમાં જઈને બેસી ગયા. લબીદે પોતાની શાઈરી ચાલુ રાખતાં આ શેઅર લલકાર્યો :

અલા કુલ્લુ શયઈન મા ખલલ-લાહુ બાતિલુ !

એટલે : ખબરદાર ! સાંભળી લો, અલ્લાહ સિવાય દરેક વસ્તુ બાતિલ છે.[1]

---

૧. બાતિલ : અરબીના "બુત્લાન" માંથી નીકળેલો શબ્દ છે. એના અર્થ ખોટું, જૂઠું, પોકળ, નાહક, ફના થનારૂં, નહિ ટકનાર વગેરે થાય છે. જૂઠી વાત કે ખોટાં કામને પણ બાતિલ કહે છે કેમકે એ વધુવાર ટકી શકતાં નથી. જલદી તેની પોલ ખુલી જાય છે. એના મુકાબલે "હક" શબ્દ આવે છે. જેના અર્થ કાયમ, અમર, નક્કર, સાબિત, અટલ વગેરે થાય છે. હક શબ્દ અલ્લાહ માટે પણ આવે છે. કુર્આન માટે પણ આવે છે, ઈસ્લામ માટે પણ આવે છે. એટલે જ દુશ્મનો આજ સુધી ઈસ્લામને મિટાવી શકયા નથી અને કિયામત સુધી મિટાવી શકવાના નથી. "હ"

Maktabe Ashraf

હઝરત ઉસ્માને દાદ આપતાં કહ્યું, "વાહ વાહ ખરેખર બિલકુલ હક વાત છે."

શાઈરે શ્રોતાઓની દાદ વસૂલ કરીને બીજી કડી લલકારી :

વ કુલ્લુ નઈમિલ લા-મુહાલત્ ઝાઇલુ.

અને દરેક નેઅમત અવશ્ય વિનાશ પામનારી છે.

આ કડી સાંભળીને હઝરત ઉસ્માનથી રહેવાયું નહિ. હક વાત કહેવા માટે આગળ વધીને બોલ્યા, "શાઈર સાહેબ ! આ તો તમે તદ્દન ખોટું કહ્યું."

"કેમ એમાં ખોટું શું છે ?" શાઈર સાહેબે ભોંઠપ અનુભવીને ગુસ્સાથી-પૂછયું.

"સાંભળો શાઈર સાહેબ !" હઝરત ઉસ્માને ફરમાવ્યું, જન્નતની નેઅમતો કદી ફના થનારી કે વિનાશ પામનારી નથી."

આ સાંભળતાં જ મજલિસમાં રંગમાં ભંગ પેઠે સોપો પડી ગયો અને લબીદ શાઈરનો ચેહરો ગુસ્સાથી તમતમી ઊઠયો. તેણે લોકોને ટાણો મારતાં કહ્યું, "હે કુરૈશ ! આથી પહેલાં તમારી મજલિસોમાં પધારનારા મહેમાન શાઈરોનું કદી અપમાન થતું ન હતું. હવે આ નવો ચીલો તમારામાં કયારથી ચાલુ થયો ?"

મજલિસમાં બેઠેલા એક કુરૈશીએ કહ્યું, "શાઈર સાહેબ ! આ ઉસ્માન તો એક ઉછાછળો માણસ છે. બીજા પણ કેટલાક ઉછાછળા લોકો એની સાથે ભળી ગયા છે. એ બધા આપણા બાપદાદાના ધર્મથી વટલી ગયા છે. એની વાતથી તમારે માઠું લગાડવાની જરૂર નથી."

હઝરત ઉસ્માનથી પણ રહેવાયું નહિ. જે માણસે અમેને ઉછાછળા કહ્યા હતા, જવાબમાં એમણે પણ તેને સણસણતો જવાબ આપી દીધો. વાત વધી પડી અને મામલો હાથાપાઇ સુધી પહોંચી ગયો. પેલા માણસે ઊભા થઇને હઝરત ઉસ્માનના ચેહરા પર એટલા જોરથી તમાચો માર્યો કે એમની એક આંખ લોહીલુહાણ થઇ ગઇ.

વલીદ બિન મુગીરહ પણ આ મજલિસમાં હાજર હતો. હઝરત ઉસ્માનની આ લોહીલુહાણ દશા જોઇને બોલ્યો, "ભલા માણસ ! તારી આ આંખ તદ્દન સાજીસમી રહી, એને કોઇ નુકસાન નહિ થયું, જયાં સુધી કે તું મારી મજબૂત પનાહમાં રહ્યો. અને હવે.....જો, તારી આ શી દશા થઇ ?"

હઝરત ઉસ્માને જવાબ આપ્યો, "વલ્લાહ ! મારી આ બીજી સાજીસમી આંખને પણ અલ્લાહના રાહમાં એવી જ આફતની જરૂર છે જેવી મારી એક આંખ પર તૂટી પડી છે. હે અબા અબ્દે-શમ્સ ! વલ્લાહ, અત્યારે હું તે પાકજાતની પનાહમાં છું જે તારાથી વધુ બળવાન, તારાથી વધુ સત્તાવાન, અને વધુ શકિતશાળી છે."

વલીદ બોલ્યો, "ભલા માણસ ! ફરીવાર કહું છું કે મારી પનાહમાં આવી જા."

હઝરત ઉસ્માને ફરમાવ્યું, "હરગિઝ નહિ."

હઝરત અબૂ સલમહને દુશ્મનની મદદ———-ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ સલમહ અબૂ તાલિબની પનાહ મેળવીને મક્કહમાં દાખલ થયા તો તેમના બનૂ મખઝૂમ કુટુંબના કેટલાક આગેવાનો અબૂ તાલિબ પાસે ગયા અને હઝરત અબૂ સલમહ અંગે વાંધો લેતાં કહેવા લાગ્યા, "હે અબૂ તાલિબ! તમે

Maktabe Ashraf

તમારા ભત્રીજા મુહંમદને કાયદેસર પોતાના રક્ષણમાં રાખ્યા છે તેનો અમને વાંધો નથી. પણ અમારા માણસને અમારા મુકાબલે રક્ષણ આપવાનો તમને ક્યાંથી અધિકાર મળી ગયો ?''

અબૂ તાલિબ બોલ્યા, ''મુહંમદ મારા ભત્રીજા છે તો અબૂ સલમહ મારો ભાણેજ છે. હું મારા ભત્રીજાને પનાહ આપી શકું તો મારા ભાણેજને કેમ નહિ આપી શકું ?''

તે વેળા અબૂ તાલિબનો ભાઈ અબૂ લહબ પણ ત્યાં હાજર હતો. એ ઈસ્લામનો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કટ્ટર દુશ્મન હોવા છતાં પોતાના ભાઈ અબૂ તાલિબનો પક્ષ લેવા ઊભો થઈ ગયો અને બોલ્યો, ''હે કુરૈશના લોકો ! વલ્લાહ, તમે મારા આ વડીલ ભાઈનો વિરોધ કરીને એને ખૂબ ત્રાસ આપો છો અને એમના રક્ષણમાં આવેલા લોકો પર વારંવાર છાપો મારો છો. તમારે પોતાની આ ટેવ છોડવી પડશે અને નહિ છોડશો તો યાદ રાખો, હું પણ કમર કસીને એમની મદદ માટે મેદાને નીકળી આવીશ.''

અબૂ લહબ જેવા ઈસ્લામના કટ્ટર શત્રુના મુખે આ ધમકી સાંભળીને બનૂ મખઝૂમના આગેવાનો સમસમી રહ્યા. અને ઢીલા પડીને ખુશામદ રૂપે બોલ્યા, ''અરે ભાઈ સાહેબ ! જરા ધીરા પડો. તપી જવાની જરૂર નથી. ચાલો તમને રાજી રાખવા આજથી અમારી આ ટેવ અમે છોડી દઇએ છીએ.''

બધા જાણતા હતા કે ઇસ્લામ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દુશ્મનોનો સૌથી મોટો ગુરૂ કે સુત્રધાર અબૂ લહબ જ હતો. એના જેવો કામનો માણસ હાથથી ગયો તો મામલો ઠપ થઈ જશે. એવા ડરે બનૂ મખઝૂમના લોકોએ નમતું જોખી આપ્યું.

અબૂ તાલિબે જયારે અબૂ લહબ જેવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટર દુશ્મનને મુખે આ શબ્દો સાંભળ્યા તો તેમના દિલમાં પણ આશાનો સંચાર થયો કે હવે એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મદદગાર તરીકે અમારે પક્ષે આવી જાય તો નવાઈ જેવું નથી.

(નોંટ :- અબૂ લહબના આ સહકારી ટેકાર્થી પ્રભાવિત થઈને જનાબ અબૂ તાલિબ સાહેબે રચેલું એક કાવ્ય અહીં ટાંકવામાં આવ્યું છે જેમાં અબૂ લહબની પ્રશંસા કરીને તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદ માટે ઉત્તેજન આપવામાં આવ્યું છે. ૯ શેઅરોનું એ કાવ્ય અમે જતું કર્યું છે.)

હઝરત અબૂબક્ર (રદિ.)ની હિજરત————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઉમ્મુલ-મુઅમિનીન હઝરત આઇશહ (રદિ.)નું બયાન છે : જયારે મારા બાપા અબૂબક્ર સિદ્દીક પર મક્કહમાં ચોતરફથી કુરૈશનું દબાણ વધી ગયું. તેઓના અનેકવિધ ત્રાસોથી આપ મુંઝાઈ ગયા. ઉપરથી જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે આપના તમામ સહાબાને પણ તેઓ જાતજાતના ત્રાસોની ભીંસમાં લઈ રહ્યા છે ત્યારે એક દિવસે નાછુટકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. પોતાની લાચારી દર્શાવી અને ગદ્ગદ અવાજે દરખાસ્ત કરી, ''યા રસૂલલ્લાહ ! તેઓના ત્રાસોએ માઝા મૂકી છે. મારી ધીરજ ખૂટી ગઈ છે. કૃપાવંહે મને હિજરતની પરવાનગી આપો''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા બાપાની હાલતથી પૂરી રીતે જાણકાર હતા. તેમની દયાજનક દશા જોઈને આપે મારા બાપાને હિજરતની પરવાનગી આપી દીધી.

પરવાનગી મળતાં સફરની પૂરી તૈયારી સાથે, હિજરતને ઈરાદે પોતાના ઘરમાંથી નીકળ્યા અને મક્કહથી

Maktabe Ashraf

ઊપડીને જ્યારે બે મંઝિલના વિસ્તારે પહોંચ્યા તો રસ્તામાં બનૂ હારિસ બિન બક્ર કબીલાના ઈબ્ને દગિન્નહ નામે ગૃહસ્થ સાથે મેળાપ થઈ ગયો. આ ગૃહસ્થ તે વેળા ''અહાબીશ'' નામે અમુક કબીલાના સંગઠનનો અગ્રેસર હતો અને કુરૈશમાં ભારે લાગવગ ધરાવતો હતો.

અબૂબક્રને પોતાની વસતિ તરફ પધારેલા જોઈને ઈબ્ને દગિન્નહ નવાઈ પામી ગયો. પૂછયું, ''અરે અબૂબક્ર....તમે ! કહો શું ઈરાદો છે ? આ તરફ ક્યાં ચાલ્યા ?''

જવાબમાં ફરમાવ્યું, ''મારી કૌમે મને ખૂબ તકલીફો આપી. મને તરછોડી કાઢ્યો. મને એકદમ તંગ કરી નાખ્યો. મને મક્કહ છોડવા પર મજબૂર કરી દીધો.''

''એ કેમ બની શકે ?'' ઈબ્ને દગિન્નહ બોલ્યો, ''વલ્લાહ હે અબૂબક્ર ! તમે તો ખાનદાનની શોભા છો. સમાજના સેવક છો. ગરીબોંના બેલી છો. લાચારો, નાદારો, મુસાફિરોના સહાયક છો. મેહમાનોને જમાડો છો. પાછા વળો. તમે મારા આસરામાં છો. હું તમને આસરો આપું છું.''

હઝરત અબૂબક્ર ઈબ્ને દગિન્નહના આગ્રહને વશ થઈને તેની સાથે મક્કહ પાછા આવી ગયા. મક્કહમાં પ્રવેશીને ઈબ્ને દગિન્નહએ બુલંદ અવાજે જાહેરાત પોકારી, ''સાંભળી લો હે કુરૈશ ! અબૂબક્રને મેં આસરો આપી દીધો છે. માટે ભલાઈ સિવાય કોઈ શખ્સ એમની આડે નહિ આવે.''

હઝરત આઈશહનું બયાન છે : ઈબ્ને દગિન્નહની આ જાહેરાતથી બધા ચોંકીને સાવધ થઈ ગયા એ પછી કોઈએ મારા બાપાજીની છેડતી નહિ કરી.

ઈબ્ને દગિન્નહને કુરૈશની ફરિયાદ——————હઝરત બીબી આઈશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છે : મારા બાપા અબૂબક્રનું મકાન બનૂ જુમહના લોકોના મહોલ્લામાં આવેલું હતું.મકાનના બારણા સાથેની ઓરડીમાં તેઓ કાયમ નમાઝ પઢ્યા કરતા હતા. આ ઓરડીને તેમણે મસ્જિદ જેવી જ બનાવી લીધી હતી. બાપા બેહદ નરમ દિલના, કોમળ હૈયાંના હોવાથી કુર્આન પઢતી વેળા મન પર કાબૂ ન રાખી શકતા. લાગણીવશ થઈને બેઈખ્તેયાર રડવા લાગી જતા. આપની તિલાવતમાં એટલું દર્દ અને એટલું આકર્ષણ હતું કે કુરૈશના સ્ત્રીઓ, બાળકો, યુવકો ટોળું વળીને આવતાં અને કુર્આન સાંભળવા એકબીજા પર તૂટી પડતાં. બાપાની નમાઝની આ અદા અને કુર્આન પઢવાની આ છટા સૌને ગમી ગઈ હતી. કુર્આન પઢતાં-પઢતાં આપ રડવા લાગતા ત્યારે સાંભળનારાંઓના હૈયાં હચમચી જતાં અને તેઓ પણ લાગણીવશ થઈને રડવા લાગી જતાં.

આ પરિસ્થિતિ જોઈને કુરૈશી વડીલો મુંઝાઈ ગયા. તેઓને થયું કે આ હાલત ચાલુ રહી તો પરિણામ શું આવશે ? છેવટે તેઓએ ઈબ્ને દગિન્નહ પાસે જઈને ફરિયાદ કરી, ''હે ઈબ્ને દગિન્નહ ! તેં પેલા માણસને શું આટલા કારણે આસરો આપ્યો છે કે તે અમને તકલીફ પહોંચાડે ? નમાઝમાં કુર્આન પઢતી વેળા તેનું હૈયું ભરાઈ આવે છે. પછી તે હૈયાંફાટ અવાજે રડવા લાગે છે. તેની સાથે અમારા કમજોર દિલના સ્ત્રી-બાળકો અને પુરૂષો પણ તેનું કુર્આન સાંભળીને રડવા લાગી જાય છે. તેના પઢવા અને રડવાથી અમારા કમજોરો માટે મોટો ખતરો ઊભો થઈ ગયો છે. કદાચ તે અમને બધાને ધર્મસંકટમાં નાખી દે તો નવાઈ જેવું નથી. માટે તું જલદી ચાલ અને તેને કહી દે કે, ''ભલા માણસ ! તારે ઘરની એકાંત ઓરડીમાં ભરાઈને જે કરવું હોય તે કર્યા કર પણ ખુલ્લી રીતે આમ કરવાનું માંડી વાળ.''

ફરિયાદ સાંભળીને ઈબ્ને દગિન્નહ મક્કહ ગયો અને બાપા પાસે જઈને સવિનય બોલ્યો, ''અબૂબક્ર

Maktabe Ashraf

સાહેબ ! મેં આપને એટલા માટે તો આસરો નહિ આપ્યો હતો કે આપ પોતાની કૌમને સંકટમાં નાખી દો. નમાઝ માટે જે ઓરડી આપે પસંદ કરી તે આપની કૌમને પસંદ નથી. એના કારણે તેઓના મઝહબ માટે ખતરો ઊભો થઇ ગયો છે. હા ઘરની એકાંત ઓરડીમાં આપ નમાઝ પઢતા રહો તેનો તેઓને વાંધો નથી. મારી વિનંતી છે આજથી જ આપ ખુલ્લી રીતે આમ કરવાનું માંડી વાળો.''

બાપાએ તેની વિનંતીનો સ્વીકાર કરતાં ફરમાવ્યું, ''ઇબ્ને દગિન્નહ ! શું તમારો આસરો તમને લોટાવી દઉં ? અને અલ્લાહના આસરા પર રાજી રહું ?''

''જેવી આપની ઇચ્છા, મને તેનો વાંધો નથી.'' ઇબ્ને દગિન્નહ બોલ્યો.

''વારૂ તો હું તમારો આસરો તમને લોટાવી દઉં છું.'' બાપાએ ફરમાવ્યું, ''બસ મારા માટે અલ્લાહનો આસરો કાફી છે.''

આ સાંભળીને ઇબ્ને દગિન્નહ ઊભો થઇ ગયો અને કઅબહમાં જઇને જાહેરાત પોકારતાં બોલ્યો, ''હે કુરૈશના લોકો ! સાંભળી લો, અબૂ કુહાફહના બેટાએ મારો આસરો મને પાછો આપી દીધો છે. હવેથી પોતાના આ માણસ સાથે જે વર્તાવ તમારે કરવો હોય તેનો મને વાંધો નથી.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : આ બનાવ પછી એક દિવસે હઝરત અબૂબક્ર કઅબહ તરફ જતા હતા. રસ્તામાં એક કમીના માણસે આપને જોઇ લીધા. ઝનૂનમાં આવીને આપની તરફ ધસી ગયો. જમીન પરથી ધૂળનો ખોબો ભરીને આપના મુબારક સર પર મારી દીધો અને આગળ વધી ગયો. તે વેળા વલીદ બિન મુગીરહ અથવા આસ બિન વાઇલ ત્યાંથી પસાર થતો હતો. આપે તેને સંબોધીને કરૂણ સ્વરે ફરમાવ્યું, ''હે ભાઇ! શું તમે આ કમીનાઓની નીચ હરકતો નથી જોતા ?''

જવાબ મળ્યો, ''એ તો કરે તેવું પામે અને વાવે તેવું લણે.''

આપે આકાશ તરફ મુખ કરીને આટલું જ ફરમાવ્યું, ''હે મારા પાલનહાર તું કેટલો સહનશીલ છે ! હે મારા પાલનહાર તું કેટલો સહનશીલ છે ! હે મારા પાલનહાર તું કેટલો બધો સહનશીલ છે!''

Maktabe Ashraf

પ્રકરણ ૫૭

કુરૈશના બહિષ્કારી ઘેરાનો ખાતેમો

કુરૈશના સાહસિક વીરનરો • હિશામ બિન અમ્રનું સાહસ • ઝુહૈર બિન અબૂ ઉમૈયહનો ટેકો • મુત્ઇમ બિન અદીનો ટેકો • અબુલ-બુખ્તરીનો ટેકો • ઝમ્અહ બિન અસ્વદનો ટેકો • દસ્તાવેજને ફાડી નાખવાની પ્રતિજ્ઞા • કુરૈશને ઝુહૈરનો પડકાર • દસ્તાવેજને ઊધઈ ચાટી ગઈ • દસ્તાવેજને લગતી પેશીનગોઈ • કુરૈશને અબૂ તાલિબની ચેલેન્જ • અબૂ તાલિબનો કસીદો • મુત્ઇમ બિન અદીના મરણનો મરસિયો.

Maktabe Ashraf

કુરૈશના સાહસિક વીરનરો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મક્કહના કુરૈશમાંથી જે પાંચ સત્યપ્રિય અને ન્યાયશીલ અને જોશીલા જવાનોએ કુરૈશના હડહડતા અન્યાયી દસ્તાવેજના ચીંથરા ઉડાડી મૂકવાનું પરાક્રમ કર્યું અને તે માટેના પ્રયત્નો આદર્યા તેઓના નામ આ છે : (૧) હિશામ બિન અમ્ર આમિરી (૨) ઝુહૈર બિન અબી ઉમૈયહ બિન મુગીરહ મખ્ઝૂમી (૩) મુત્ઇમ બિન અદી (૪) અબુલ-બુખ્તરી બિન હિશામ (૫) ઝમ્અહ બિન અસ્વદ બિન મુત્તલિબ બિન અસદ.

હિશામ બિન અમ્રનું સાહસ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના મુસલમાન બનેલા લોકોની સાથે મુસલમાન નહિ બનેલા લોકો પણ, કુરૈશે પરાણે લાદેલા બહિષ્કારી ઘેરાની મુસીબતોમાં બુરી રીતે રિબાતા હતા. ઈસ્લામના દુશ્મનોએ પોતાની જ કોમના લોકોને ન્યાતબારા મૂકવાનું કરારનામું ઘડી કાઢીને તેનો દસ્તાવેજી કાગળ કઅબહને દરવાજે લટકાવી દીધો હતો. ઘેરાની મુસીબતોમાં રિબાતાં મઅસૂમ બાળકોની રડારોળથી પથ્થરના કાળજાં પણ પીગળી જતાં હતાં. [1]

બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ પર પરાણે ઠોકી બેસાડેલા આ અન્યાયી કે જંગલી ઘેરાને તોડવાનું સૌથી પહેલું બીડું ઝડપનાર હિશામ બિન અમ્ર બિન રબીઅહ બિન હારિસ બિન હબીબ નામે દયાળુ દિલનો એક સાહસખેડૂ જવાન હતો. આ પરાક્રમમાં પહેલ કરીને એણે જે પ્રયત્નો કર્યા તે બીજા કોઈએ નહિ કર્યા. એ પોતે બિનમુસ્લિમ કુરૈશી હતો અને એના જ જેવા કુરૈશના કેટલાક ભલા માણસો એને સહકાર આપવા તૈયાર થઈ ગયા.

બનાવની વિગત એમ છે કે આ હિશામ બિન અમ્ર, નદલહ બિન હાશિમ બિન અબ્દે મનાફ નામે શખ્સના મા-શરીક ભાઈનો બેટો હતો. અર્થાત હિશામનો બાપ અમ્ર અને નદલહ બન્ને એક જ માના સંતાન

---

૧. આજે ઈરાક, અફઘાનિસ્તાન, સૂદાન વગેરે ઈસ્લામી મુલ્કોની યહૂદ-નસારાએ એવી જ હાલત બનાવી દીધી છે.

હતા. આ કારણે હિશામ બિન અમ્ર બનૂ હાશિમના લોકો સાથે હમદર્દીની ઊંડી લાગણી ધરાવતો હતો અને પોતે પણ પોતાની કૌમમાં માનમોભાનું ઊંચુ સ્થાન ધરાવતો હતો.

બહિષ્કારી ઘેરા દરમિયાન હિશામ બિન અમ્રે એવો નિયમ અપનાવ્યો હતો કે રાતની વેળા અંધારૂં છવાતાં ઊંટની પીઠ પર અનાજ, કપડાં અને જરૂરિયાતની ચીજો લાદીને ઘેરાના ફાટક પાસે લઈ જતો અને ઊંટનો અછોડો છોડીને તેની કૂખમાં લાત મારી દેતો. ઊંટ પોતાની ચાલે ઘેરામાં પહોંચી જતું ત્યારે ત્યાંના લોકો અનાજ વગેરે ઉતારી લઇને તેનું પાછું મોકલાવી દેતા. મતલબ કે હિશામની આ નીતિથી ઘેરામાં પુરાયેલા નિઃસહાય દુખ્યાં-ભૂખ્યાંઓના ગુજરાનનો કંઇક સહારો થઈ જતો.

ઝુહૈર બિન અબૂ ઉમૈયહનો ટેકો------------ઇબ્ને ઇસ્હાક કહે છે : એક દિવસે હિશામ બિન અમ્ર પોતાના મિત્ર ઝુહૈર બિન અબૂ ઉમૈયહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ પાસે પહોંચી ગયો. ઝુહૈરના માતાજીનું નામ આતિકહ હતું જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબના પુત્રી હતાં.

હિશામે પોતાનો મુદ્દો રજૂ કરતાં ઝુહૈરને કહ્યું, "હે દોસ્ત ! શું તને આ વાત પસંદ છે કે તું પોતે તો સારૂં સારૂં ખાય, સારૂં સારૂં પહેરે, ગૃહસ્થી જીવનની મોજ માણે અને તારા મામાઓ અનાજ માટે સેંકે, દાણા દાણા માટે વલખાં મારે. ન લેણદેણ કરી શકે, ન વાતચીત કરી શકે, ન એમની કન્યાઓ જોડે શાદી-વિવાહનો વહેવાર થઈ શકે. સાંભળ, હું અલ્લાહના સોગંદ ખાઇને કહું છું કે એમની જગાએ અબૂ જહલના મામાઓ હોત અને આપણે અબૂ જહલને કહેત કે તારા મામાઓની મદદ કરવાનું માંડી વાળ તો શું તે માંડી વાળત? હરગિઝ નહિ!"

ઝુહૈર બોલ્યો, "હિશામ ! વાત તારી સાચી છે પણ અફસોસ ! હું એકલો છું, શું કરી શકું છું ? અલબત્ત કોઇ બીજો મારા સંગાથે થાય તો હું પેલા દસ્તાવેજને ફાડી નાખવાનું સાહસ ખેડું."

હિશામ બોલ્યો, "હા સાંભળ, એક માણસ તારા પડખે છે."

"તે કોણ ?" ઝુહૈરે પૂછ્યું.

"હું પોતે." હિશામ બોલ્યો.

ઝુહૈરે કહ્યું, "ત્યારે આપણે બીજો માણસ ગોતવો રહ્યો."

"એની વ્યવસ્થા હું કરૂં છું." હિશામ બોલ્યો.

મુત્ઇમ બિન અદીનો ટેકો------------હિશામ બિન અમ્ર અહીંથી ઊપડીને મુત્ઇમ બિન અદી પાસે ગયો અને બોલ્યો, "હે મુત્ઇમ ! શું તને આ વાત પસંદ છે કે બનૂ અબ્દે-મનાફના બે કબીલા ભૂખમરાથી રિબાઇને તારી આંખ સામે હલાક થઈ જાય અને આ હલાકીમાં તું કુરૈશનો સાથ આપે ? સાંભળ, આ મામલામાં કુરૈશને વધુ ઢીલ આપવામાં આવે તો તેઓ ઓરબી ક્રૂર થઈ જશે."

મુત્ઇમ બોલ્યો, "અફસોસ હે હિશામ ! આખર હું શું કરું ? એકલો જ છું ને ! વલ્લાહ મારી સાથે કોઇ બીજો હોત તો પેલા દસ્તાવેજના ચીંથરાં કરી નાખતે !"

હિશામે કહ્યું, "મુત્ઇમ ! તું એકલો નથી. એક માણસ તારા પડખે છે."

" તે કોણ ? " મુત્ઇમે પૂછ્યું.

"હું પોતે." હિશામ બોલ્યો

"ત્યારે તો આપણે ત્રીજો માણસ ગોતવો જોઈએ."

"તે પણ મેં ગોતી લીધો છે."

"તે કોણ છે ?" મુત્ઈમે પૂછ્યું.

"ઝુહેર બિન અબી ઉમૈયહ"

"ત્યારે તો ચોથાને પણ ગોતવો જોઈએ કે જેથી કામ પાકું થઇ જાય."

"હા, હું એનો બંદોબસ્ત કરૂં છું."

અબુલ-બુખ્તરીનો ટેકો——————હિશામ બિન અમ્ર અહીંથી ઊપડીને અબુલ-બુખ્તરી બિન હિશામ પાસે પહોંચી ગયો અને તેની સાથે પણ ઉપર મુજબ વાતચીત કરી તો તેણે પૂછ્યું, " શું કોઇ એકાદ પણ એવો છે જે આપણી પડખે રહે ?"

"હા કેમ નહિ ?"

"કોણ છે તે ?" અબુલ-બુખ્તરીએ પૂછ્યું.

"ઝુહેર બિન અબી ઉમૈયહ, મુત્ઈમ બિન અદી અને હું પોતે."

"ત્યારે આપણે પાંચમો માણસ ગોતવો રહ્યો."

"હું અબઘડી એનો પ્રબંધ કરૂં છું."

ઝમઅહ બિન અસવદનો ટેકો——————હિશામ બિન અમ્ર અહીંથી ઊપડીને સીધો ઝમ્અહ બિન અસ્વદ બિન મુત્તલિબ બિન અસદ પાસે પહોંચી ગયો. તેની સાથે પણ ઉપર મુજબની વાતચીત કરીને તેને ઘેરામાં ગોંધાયેલા લોકો સાથેની રિશ્તેદારી તથા તેઓના હકોનું સ્મરણ કરાવ્યું. ત્યારે ઝમ્અહએ પૂછ્યું, "હિશામ! જે મામલા તરફ તું મને બોલાવે છે એમાં મદદ કરનારો બીજો કોઇ છે ખરો ?"

હિશામે બધાના નામ ગણી બતાવ્યાં ત્યારે ઝમ્અહએ પણ આ સાહસમાં સહકારી બનવાની પોતાની સંમતિ દર્શાવી દીધી. એ પછી આ પાંચે સાહસિક ગૃહસ્થોએ મક્કહની ઊંચાણ ભૂમિએ આવેલા "ખત્મુલ-હજૂન"સ્થળે રાતે મળવાનું નક્કી કર્યું.

દસ્તાવેજને ફાડી નાખવાની પ્રતિજ્ઞા——————રાતે નક્કી કરેલા સમયે પાંચે ગૃહસ્થો ખત્મુલ-હજૂન સ્થળે ભેગા થયા. ચર્ચાવિચારણાને અંતે દસ્તાવેજને ફાડી નાખવાના ઠરાવ પર પાંચે ગૃહસ્થો સંમત થઈ ગયા. આ સાહસના અમલીકરણ માટે તેઓએ સોગંદપૂર્વક પ્રતિજ્ઞા લીધી.

ઝુહેરે કહ્યું, "જુઓ કાલે સવારે બોલવાની શરૂઆત હું કરીશ. તમે બધા મારી હામાં હા મેળવજો."

સવાર પડી તો કુરૈશના લોકો રોજના નિયમ મુજબ દિનચર્યા માટે ખાનએ-કઅબહ તરફ ઊપડીને પોતપોતાની મજલિસમાં ગોઠવાવા લાગ્યા. ઝુહૈર બિન ઉમૈયહ વહેલી સવારે એક કિમતી-ઉજળો પોશાક સજીને ત્યાં પહોંચી ગયા. પ્રથમ તેણે સાત વાર કઅબહનો તવાફ કર્યો. એ દરમિયાન તેના બધા સાથીઓ પણ ત્યાં પહોંચીને પોતપોતાની મજલિસમાં બેસી ગયા હતા.

Maktabe Ashraf

કુરૈશને ઝુહૈરનો પડકાર——— ———તવાફથી પરવારીને ઝુહૈર બિન ઉમૈયહ કુરૈશની મજલિસો તરફ ગયો અને પોકારીને લલકાર્યો, "હે મક્કહવાસીઓ ! આપણે તો મઝાથી સારૂં સારૂં ખાઇએ, સારૂં-સારૂં પહેરીએ અને બનૂ હાશિમ ભૂખમરાથી મરતા રહે. ન એમની પાસેથી કંઇ ખરીદીએ ન એમને કંઇ વેચી શકીએ. અલ્લાહના સોગંદ ! ત્યાં સુધી હું જંપવાનો નથી જ્યાં સુધી કે સગાઇમાં ફાચરું મારનાર આ અન્યાયી દસ્તાવેજને ફાડીને ફેંકી નહિ દઉં !"

આ સાંભળતાં જ પોતાની મંડળીના એક ખૂણામાં બેઠેલો અબૂ જહલ બરાડી ઊઠયો, તું જૂઠો છે. અલ્લાહના સોગંદ ! કોઇની મજાલ નથી કે દસ્તાવેજને ફાડી શકે !"

એજ પળે ઝમ્અહ બિન અસ્વદે પડકાર કર્યો, "વલ્લાહ, હે અબૂ જહલ ! સૌથી મોટો જૂઠો તું પોતે છે. દસ્તાવેજના લખાણ વેળા અમે પોતાની સંમતિ દર્શાવી ન હતી."

અબુલ-બુખ્તરીએ લાગલી જ ટાપસી પૂરી, "ઝમઅહની વાત સાચી છે. જે કંઇ લખાણ એમાં થયું તેનાથી અમે નારાજ હતા. સાંભળી લો કે આજે પણ અમે નારાજ છીએ."

મુત્ઇમ બિન અદીએ ટેકો આપતાં કહ્યું, "એ બંનેની વાત તદ્દન સાચી છે. બાકીની બધી વાતો ખોટી છે. દસ્તાવેજના જુલ્મી લખાણથી અમે અલ્લાહની પનાહ ચાહીએ છીએ અને અબૂ જહલ ઝખ મારે છે."

એજ પળે હિશામ બિન અમ્ર જુસ્સાથી કહ્યું, "બહુ થયું, બહુ થયું હે કુરૈશ ! હવે આ દસ્તાવેજના કુરચા ઊડવા જોઇએ !"

અબૂ જહલ પર ચોતરફથી ફિટકાર અને ધિક્કાર વરસ્યો તો તે હેબતાઇ ગયો અને બોલ્યો, "આ તો રાતના એકાંતમાં છુપા સ્થળે બેસીને અગાઉથી ગોઠવેલું કાવતરૂં લાગે છે."

આ પ્રસંગ સર્જાયો તે વેળા અબૂ તાલિબ પણ ત્યાં કઅબહને એક ખૂણે બેસીને આ તમાશો જોતા હતા.

દસ્તાવેજને ઊધઇ ચાટી ગઇ——————અબૂ જહલ સાથેની ટપાટપી પછી મુત્ઇમ બિન અદી જુસ્સામાં ઊભો થઇ ગયો અને દસ્તાવેજના કાગળને ફાડી નાખવા આગળ ધસી ગયો. ત્યાં જઇને તેણે જોયું તો કાગળના મથાળે લખેલા "બિસ્મિક અલ્લાહુમ્મ !"ના શબ્દો સિવાયનું પૂરૂં લખાણ ઊધઇના જીવડાં ચાટી ગયાં હતાં.[1] અને એ દસ્તાવેજનું લખાણ લખનાર મનસૂર બિન ઇકરિમહનો હાથ તેઓના દાવા મુજબ જૂઠો પડી ગયો હતો.

દસ્તાવેજને લગતી પેશીનગોઇ——————ઇબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારો તરફથી મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ તાલિબને ફરમાવ્યું હતું :

યા અમ્મ ! વલ્લાહિ ઇન્નલ-લાહ કદ સલ-લતલ-અર્દત્	હે કાકા ! અલ્લાહના સોગંદ, બેશક અલ્લાહએ નિર્માણ કરી દીધી ઊધઇને

---

૧. બિસ્મિક અલ્લાહુમ્મ ! તે યુગના જાહિલી રિવાજ મુજબ દરેક લખાણને મથાળે ઉપરના શબ્દો લખવામાં આવતા હતા એટલે અર્થ : "તારા નામથી હે અલ્લાહ!" "હ"

Maktabe Ashraf

અલા સહીફતિ કુરૈશિન.	કુરૈશના દસ્તાવેજી કાગળ પર.
ફલમ તદઅ ફીહા ઇસ્મન	તેણે નહિ છોડયું તેમાં કોઇ નામ,
હુવ લિલ્લાહિ અસ્બતૂ-હુ ફીહા.	અલ્લાહના નામ સિવાય જે તેમાં સાબિત રહી ગયું.
વ ન-ફ-ન મિન્હુઝ-ઝુલ્મુ	અને સફાચટ કરી નાખ્યું તેમાંથી ઝુલ્મનું લખાણ,
વલ-કતીઅત વલ-બુહતાન.	અને બૉયકોટનું લખાણ, અને જૂઠી તોહમતનું લખાણ.

અબૂ તાલિબે પૂછયું, "ભત્રીજા ! શું તમારા અલ્લાહએ તમને આ સમાચાર આપ્યા છે ?"

ફરમાવ્યું, "નઅમ." (એટલે હા.)

અબૂ તાલિબ બોલ્યા, "ત્યારે વલ્લાહ ! કોઇ તમારા પર ફતેહમંદ થઇ શકતું નથી."

અબૂ તાલિબની કુરૈશને ચેલેન્જ————પોતાની જગાએથી ઊઠીને અબૂ તાલિબ કુરૈશ પાસે ગયા અને બોલ્યા, "હે કુરૈશની જમાઅત ! મારા ભત્રીજાએ મને આ પ્રકારની આગાહી કરી છે એ આગાહીની ખાતરી કરવી હોય તો પેલું લખાણ લઇ આવો. એ આગાહી જો સાચી ઠરે તો અમારી વિરૂધ્ધના આ અન્યાયી બૉયકોટનો અંત આણો અને જો આગાહી ખોટી ઠરે તો હું મારા ભત્રીજાને તમારે હવાલે કરી દઇશ. પછી તમારી મરજી મુજબનો વર્તાવ તેની સાથે કરવાનો તમને અધિકાર છે."

બધા કુરૈશે પોતાની સંમતિ દર્શાવીને તે પ્રમાણે કરવાનું વચન આપી દીધું. પછી ખાનએ-કઅબહને દરવાજે ટાંગેલો પેલો કાગળ મંગાવ્યો તો શું જુએ છે કે હકીકત તેવી જ હતી જેની આગાહી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવી હતી. દસ્તાવેજનું પૂરૂં અન્યાયી કે ઝુલ્મી લખાણ ઊધઇ સફાચટ કરી ગઇ હતી. ફકત તેમાં લખેલાં અલ્લાહના નામ સાબિત રહી ગયાં હતાં. અલ્લાહની કુદરતનો આ ચમત્કાર જોઇને બધા કુરૈશ દંગ થઇ ગયા. અમાં જે ફૂટેલા નસીબના પૈદાઇશી બદબખ્ત હતા તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મનીમાં ઓરબી પાકા થઇ ગયા. પણ કુરૈશના પેલા પાંચ સાહસવીરોએ મળીને જે પરાક્રમ ખેડયું તેનાથી કુરૈશના અન્યાયી બૉયકોટનો ખાતેમો થઇ ગયો.

અબૂ તાલિબનું પ્રશંસા-કાવ્ય————ઇબ્ને હિશામ કહે છે : જયારે પેલા દસ્તાવેજને ફાડી નાખવામાં આવ્યો અને જે કંઇ તેમાં લખેલું હતું તે બધું બેકાર ગયું તો અબૂ તાલિબે બહિષ્કારી ઘેરાનો અંત લાવનારા પેલા પાંચ વીરનરોની શાનમાં એક પ્રશંસા-કાવ્ય રચ્યું. (આ પ્રશંસા કાવ્ય કે કસીદાના ૨૬ શેઅરો છે. થોડાક આ રહ્યા .)

અલા હલ અતા બહરિય-યના શુન્ઉ રબ્બના • અલા નાયિહિમ વલ્લાહુ બિન-નાસિ અર્વદુ.

શું અમારા સમુદ્રપારના મુસાફિરોને અમારા પાલનહારની કારીગરીની પણ કંઇ ખબર મળી છે ? કે એમને દૂરો-દરાઝના મુલ્કોમાં નાખી દેવા છતાં,[1] અલ્લાહ તઆલા તેઓ પર કેટલો મહેરબાન છે ? શું કોઇ એવો શખ્સ નથી કે————

ફ-યુખ-બિરહુમ અન્નસ-સહીફત મુઝ-ઝકત • વઅન કુલ્લુ મા-લમ યર-દહુલ-લાહુ મુફસદુ.

તેઓને આ વાતના સમાચાર પહોંચાડે કે કરારનામાના લખાણના ભૂકકા કરી નાખવામાં આવ્યા છે.

૧. દૂરો-દરાઝના મુલ્કોથી મતલબ અહીં બહિષ્કારી ઘેરો છે. "હ"

Maktabe Ashraf

વળી આ વાત કે જે વસ્તુમાં અલ્લાહની રઝામંદી ન હોય તે બરબાદ છે.

તદાઅય લહા મન લયસા ફીહા બિ-કર-કરિન • ફતાઈ-રહા ફી રઅસિહા યત-રદ-દદુ.

આ લખાણ અંગે એવા લોકોને પણ એકત્ર થવું પડયું જેઓને એનો સંતોષ ન હતો. જેથી તેઓની કમનસીબીના પક્ષીઓ તેઓના સરો પર ફડફડાટ કરતાં હતાં.

વ કાનત કિફાઅંવ વક-અતુમ બિ-અસી-મતિન • લિ-યકતઅ મિન્હા સાઇદુંવ વ મુકલ-લદુ.

આ ઘટના એટલું મોટું પાપ હતું કે એની શિક્ષા તરીકે હાથ અને ડોકું કાપી નાખવામાં આવતે તો તે પણ વાજબી જ લેખાતે.

જઝલ-લાહુ રહતમ બિલ-હજૂનિ તતા-બઊ • અલા મલઇંય - યહદી લિ-હઝમિંવ - વ-યુરશિદુ.

તે જૂથને અલ્લાહ જઝાએ-ખૈર આપે જેના સભ્યો ''હજૂન'' સ્થળેથી એક પછી એક મજલિસમાં પહોંચ્યા. જેઓ બુધ્ધિની વાતની પ્રેરણા આપીને સીધો રાહ ચીંધતા હતા.

કુઊદન લદય હતીમલ-હજૂનિ કઅન-નહુમ • મકાવિ-લતુન બલ હુમ અ-અઝઝુ વ અમજદુ.

તેઓ હતીમલ-હજૂન પાસે એવી રીતે બેઠેલા હતા જાણે કે તેઓ કૌમના સરદાર છે. સાચું તો આ છે કે તેઓ સરદારોથી વધુ આબરૂદાર અને વધારે દબદબાવાળા છે.

અઆન અલૈહા કુલ્લુ સકરિન કઅન-નહુ • ઇઝા મા મશા ફી રફ-રફિદ-દરઇ અહરદુ.

આ મામલામાં જેઓ સહકારી બન્યા તેઓનો દરેક સભ્ય જાણે કે એક શકરો હતો. જ્યારે તે પોતાના લાંબા-લાંબા લોખંડી પોશાકમાં ચાલતો, તો બેહદ મંદ ગતિએ કદમ ઉપાડતો.

કદવ મા કદવ ફી લૈલિહિમ સુમ્મ અસ્બહૂ • અલા મહલિંવ વ સાઇરુન-નાસિ વક-કદુ.

તેઓને જે મુનાસિબ લાગ્યું, રાતોરાત તેનો ફેસલો કરી લીધો અને વહેલી સવારે નિરધારેલા સ્થળે પહોંચી ગયા; એવી દશામાં કે બધા લોકો ઊંઘી જ રહ્યા હતા.

હુમ રજઊ સહલબ્ના બયદાઇ રાદિયન • વ સુર્ર અબૂ-બકરિમ બિહા વ મુહમ્મદુન.

આ લોકોએ સહલ બિન બયદાઅને રાજી કરીને મોકલ્યો. હઝરત અબૂબક્ર (રદિ.) પણ તેઓથી ખુશ થયા અને હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ પ્રસન્ન થઇ ગયા.

ફ-ઇન્ની વ ઇય્યાકુમ કમા કાલા કાઇલુન • લદૈકલ-બયાનુ લવ તકલ-લમ્ત અસવદુ.

મારી અને તમારી તો તેજ દશા છે જેમ કોઇ કહેનારે કહ્યું છે કે, ''હે કાળા પહાડ ! બોલવાના તમામ સાધનો તો તારી જ પાસે છે !

મુત્ઇમ બિન અદીના મરણનો મરસિયો————કુરૈશનો બહિષ્કારી ઘેરો તોડનારા માનવપ્રેમી સદ્‌ગૃહસ્થોમાં મુત્ઇમ બિન અદી નામના મૂર્તિપૂજક અગ્રેસરે પણ અગ્રભાગ ભજવ્યો હતો. તેના મરણ પર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઇર હઝરત હસ્સાન બિન સાબિતે એક શોક-કાવ્ય કિંવા મરસિયો રચ્યો જેમાં મુત્ઇમની સજ્જનતા, સત્યપ્રિયતા અને ન્યાયશીલતાને ભાવનાભરી અંજલિ આપવામાં આવી છે. (અમે ન શેઅરોનો એ મરસિયો જતો કર્યો છે.) એજ મુત્ઇમ બિન અદીએ એક પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ સલ્લમને પોતાના રક્ષણમાં લઇને મક્કહ પ્રવેશનો પરવાનો આપવાની શરાફત પણ દાખવી હતી. (એનું બયાન પ્રકરણ ૫૮ માં વાંચો.)

Maktabe Ashraf

પ્રકરણ ૫૮

તાઈફથી વાપસી અને ઈશાઅતે-ઈસ્લામ

તાઈફથી વાપસીમાં મુત્ઈમનું રક્ષણ • તુફૈલ બિન અમ્ર દવસીની આપવીતી • કલામે-ઈલાહીની જાદૂઈ તાસીર • તુફૈલ દવસીનો ઈસ્લામ સ્વીકાર • તુફૈલને અલ્લાહ તરફથી મળેલી નિશાની • તુફૈલના બાપા અને બીબીનો ઈસ્લામ સ્વીકાર • ઈસ્લામ માટે દવસ કબીલાની આનાકાની • દવસના લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં • મૂર્તિને બાળી નાખવાની પરવાનગી • હઝરત તુફૈલ અને ઈરતિદાદનો ફિત્નો • હઝરત તુફૈલનો ખ્વાબ અને શહાદત • અઅશા શાઈરની અધૂરી આશા • અઅશા શાઈરની કમનસીબી • અબૂ જહલની બેઈમાની સોદાગર સાથે • સોદાગરને રસૂલુલ્લાહ (સલ.)ની મદદ • અબૂ જહલ પર દહેશતની થરથરી • કુરૈશના જાસૂસનું બયાન.

તાઈફથી વાપસીમાં મુત્ઈમનું રક્ષણ—————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનાવ એમ છે કે જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઈસ્લામની તબલીગ માટે તાઈફ તશરીફ લઈ ગયા અને ત્યાંના લોકોને ઈસ્લામનું આમંત્રણ આપીને આ કામમાં સહકારી બનવાની વિનંતી કરી તો તેઓએ તોછડાઈ ભર્યો વર્તાવ કરીને આપની વિનંતીને ઠુકરાવી દીધી. ન ઈસ્લામ કબૂલ કર્યો, ન આપના સહકારી બન્યા, ન આપની પયગમ્બરીને માન્યતા આપી. ત્યારે આપ હતાશ વદને તાઈફથી મક્કહ તરફ પાછા વળ્યા. ગારે-હિરામાં મુકામ કર્યો અને ત્યાંથી અખનસ બિન શરીક નામે ગૃહસ્થને સંદેશો મોકલાવ્યો કે, ''મને આસરો આપો તો હું મક્કહમાં પ્રવેશ કરું !''

અખનસે જવાબ આપ્યો કે, ''મારી હૈસિયત એક કરારી જેવી છે અને કરારી કોઈને આસરો આપવાનો અધિકાર ભોગવતો નથી જેથી આપને આસરો આપવાથી લાચાર છું.'' ત્યારે આપે મક્કહના સુહૈલ બિન અમ્ર નામે ગૃહસ્થને કહેણ મોકલાવ્યું તો તેણે જવાબમાં કહી દીધું કે, ''બનૂ આમિરના લોકો બનૂ કઅબના મુકાબલામાં કોઈને આસરો આપી શકે નહિ !''

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુત્ઈમ બિન અદીને આસરો આપવાનું કહેણ મોકલાવ્યું. મુત્ઈમે તરત આપની વિનંતીનો સ્વીકાર કરી લીધો. એજ વેળા તે પોતાના પુત્રો સાથે હથિયારો સજીને ખાનએ-કઅબહમાં પહોંચી ગયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આસરો આપવાનું એલાન કરીને આપને કહેણ મોકલાવ્યું કે, ''હે મુહંમદ ! આપ ખુશીથી અને શાંતિથી ખાનએ-કઅબહમાં

Maktabe Ashraf

પધારો!'' ત્યારે આપ ગારે-હિરાથી નીકળીને મક્કહ પધાર્યા. ખાનએ-કઅબહનો તવાફ કર્યો. તવાફથી પરવારીને નમાઝ અદા કરી અને તે પછી આપ પોતાના મકાને તશરીફ લઇ ગયા. એ દરમિયાન મુત્ઇમ બિન અદી અને તેના બેટાઓ હથિયારો સજીને આપનો પેહરો ભરતા રહ્યા.

તુફૈલ બિન અમ્ર દવસીની આપવીતી—————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની કૌમના હાથે તરહ-તરહની તકલીફો ભોગવવા છતાં તેઓને ઇસ્લામનું આમંત્રણ આપતા રહ્યા અને મૂર્તિપૂજાની જે રૂહાની ગંદકીમાં તેઓ સબડતા હતા તેનાથી નજાત મેળવી લેવાની તેઓને નસીહતો ફરમાવતા રહ્યા. ત્યારે કુરૈશની મનોદશા એવી હતી કે મક્કહમાં બહારગામથી આવનાર દરેક માણસને ઝડપી લઇને, તેને બહેકાવી-ફોસલાવીને, એવો ભડકાવી મૂકતા કે તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો સાંભળવાનું તો દરકિનાર, આપની નઝદીક જવાની પણ હિંમત નહિ કરતો.

તુફૈલ બિન અમ્ર દવસી નામે એક વિદ્વાન ગૃહસ્થ પોતાનો અંગત અનુભવ વર્ણવતાં કહે છે : ''હું મારા દવસ કબીલાનો સરદાર હોવા ઉપરાંત શાઇર પણ હતો. એક વેળા એવા સમયે મક્કહ આવ્યો જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં મવજૂદ હતા. જેવો જ હું શહેરમાં દાખલ થયો લોકોએ ચોતરફથી મને ઘેરી લીધો અને કહ્યું,

''હે તુફૈલ ! તમે અમારા શહેરમાં આવ્યા તો ખરા પણ જુઓ, અહીં અમારામાંથી જ એક શખ્સ જાહેર થયો છે, જેણે અમને મોટા સંકટમાં નાખી દીધા છે.

જેણે અમારા કુટુંબોમાં કુસંપ જન્માવી દીધો છે. જેણે અમારૂં સંગઠન તોડીને અમારો વહેવાર ખોરવી નાખ્યો છે. તેની વાતોમાં જાદૂની તાસીર છે. પોતાની જાદુભરી વાણીથી તે બેટાને-બાપથી, ભાઇને-ભાઇથી, મિયાંને બીબીથી અલગ કરી નાખે છે. અમને ધાસ્તી તમારી અને તમારી કોમની છે. ન થાય કે તે તમારી વચ્ચે પણ ફાટફૂટ નાખી દે, જેવી રીતે કે તેણે અમારી કોમમાં ફાટફૂટ નાખી દીધી છે. માટે તમારે ન તેની સાથે વાત કરવી, ન તેની વાતો સાંભળવી ન તેને મળવાની કોશિશ કરવી !''

તુફૈલ દવસી કહે છે : ''તેઓએ ભંભેરણી કરીને મારા એવા તો મારા કાન ભર્યા કે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી એકદમ બદગુમાન થઇ ગયો. મેં મનમાં ગાંઠ વાળી લીધી કે એ માણસથી ચેતીને રહીશ. ન એની સાથે વાત કરીશ ન એની કોઇ વાત સાંભળીશ. બીજા દિવસે સવારે કઅબહમાં જવા પહેલાં મેં મારા કાનોમાં રૂના પૂમડા ઠોંસી લીધાં એવા વિચારે કે કદાચ એ માણસ સાથે ભેટો થઇ જાય તો હું એની વાતો સાંભળી ના શકું !''

કલામે-ઇલાહીની જાદૂઇ તાસીર—————''સવારે જયારે હું ખાનએ-કઅબહ પાસે ગયો તો શું જોઉં છું કે અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહ પાસે નમાઝમાં ઊભેલા છે. ન ઇચ્છવા છતાં અલ્લાહએ મને આપની પાસે લઇ જઇને ઊભો કરી દી . કેમકે આપની કોઇ ન કોઇ વાત મારા કાનોમાં પડી જાય તેવી અલ્લાહની ઇચ્છા હતી. ત્યાં જઇને મેં શું સાંભળ્યું ? એવી મીઠી; મધુરી, દિલ વાણી આથી પહેલાં કદી સાંભળી ન હતી. મેં મનમાં કહ્યું, ''મારી મા મને રડે ! વલ્લાહ, હું બુધ્ધિશાળી છું, શાઇર છું, જવાંમર્દ છું. કોઇ અણસમજ બાળક નથી કે પોતાનું ભલુંબુરૂં સમજી ન શકું. પછી શું કામ એમની વાત મારે

Maktabe Ashraf

ન સાંભળવી? ઠાવકી હશે તો કબૂલ કરીશ. નઠારી હશે તો જતી કરીશ.''

થોડીક પળો મક્કમ રીતે હું ત્યાં જ થોભી રહ્યો. પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની નમાઝ પૂરી કરીને ઘર તરફ જવા લાગ્યા તો હું પણ આપની પાછળ-પાછળ ચાલી નીકળ્યો. જયારે આપ પોતાના ઘર પાસે પહોંચીને અંદર પધાર્યા તો મેં કહ્યું, ''હે મુહંમદ ! આપના લોકોએ મને આપના વિશે આ આ વાતો કહી હતી અને ચેતવણી આપી હતી કે ખબરદાર એમની વાતો સાંભળી તો માર્યા જશે. જેના ડરથી મેં મારા કાનોમાં રૂના પૂમડાં ઠોંસી લીધાં હતાં. તેમ છતાં અલ્લાહએ મને આપની વાતો સંભળાવી જ દીધી. સાચું કહું તો જે વાતો મેં આપનાં મુખે સાંભળી એ બધી સારી જ વાતો છે. હવે બતાવો કે એની હકીકત શું છે અને આપના સિધ્ધાંતો શું છે ?''

તુફૈલ દવસીનો ઇસ્લામ સ્વીકાર————''જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને કુર્આનની થોડીક આયતો પઢી સંભળાવી અને સાથે ઇસ્લામના શું અર્થ છે અને તેના ઉસૂલો શું છે તે પણ મને સમજાવી દીધું. વલ્લાહ ! આપના મુખે કુર્આનની આયતો સાંભળીને મને થયું કે આવી છટાદાર વાણી અગાઉ કયારેય મેં સાંભળી નથી અને ઇસ્લામના ઉસૂલો પણ આટલા સરલ અને સુપ્રમાણ હશે તેવું મારી કલ્પનામાં પણ ન હતુ. એજ વેળા આપના હાથ પર મેં ઇસ્લામ સ્વીકારી લીધો. અલ્લાહ એક છે અને મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેના સાચા રસૂલ છે તેની મૌખિક ગવાહી પણ આપી દીધી. પછી મેં અરજ કરી, ''હે અલ્લાહના નબી ! હું મારી કૌમનો સરદાર છું. મારી કૌમના લોકો મારી વાતોને માને છે હવે હું મારી વસતિમાં જઇને ત્યાંના લોકોને ઇસ્લામનું આમંત્રણ આપવાનો છું. આપ મારી કામયાબી માટે દુઆ ફરમાવો અને મને કોઇ એવી નિશાની આપો જેનાથી મારી વાતને ટેકો મળે અને લોકોને તેની સચ્ચાઇની ખાતરી થાય.''

આપે ફરમાવ્યું, ''અલ્લા હુમ્મજ-અલ-લહૂ આયતન'' હે અલ્લાહ ! એને કોઇ નિશાની આપી દેજે!

તુફૈલને અલ્લાહ તરફથી મળેલી નિશાની————હઝરત તુફૈલ દવસી ફરમાવે છે : ''એ પછી હું મારી કૌમની વસતિ તરફ ઊપડી ગયો. જયારે બે પહાડોની વચ્ચે આવેલી ખીણમાં પહોંચ્યો, જયાંથી મારી વસતિ દેખાતી હતી તો મેં જોયું કે, મારી બે આંખોની વચ્ચે એક કુદરતી નૂર પ્રકટી ઊઠયું જે મારી પેશાની પર ઝગારા મારવા લાગ્યું પણ આ કુદરતી નૂરથી મને એવી ધાસ્તી પેઠી કે મારી વસતિના અભણ અને ગમાર લોકો એવું ન સમજી લે કે મૂર્તિપૂજાનો ધર્મ છોડી દેવાની શિક્ષા તરીકે મને આ કોઇ રોગ લાગુ પડી ગયો છે. જેથી મેં દુઆ માગી, ''હે અલ્લાહ ! આ ઝગારા મારતા પ્રકાશને મારા ચેહરા સિવાય બીજી કોઇ વસ્તુમાં પ્રગટાવી દે!''

''મેં જોયું કે એજ વેળા નૂર પોતાનું સ્થળ બદલીને મારા ચાબુકના છેડા પર પ્રકાશી ઊઠયું. એવું લાગતું હતું જાણે ઝગમગાતો દીવો વાયુમાં અધ્ધર છે. એજ દશામાં પહાડોની ખીણમાં ચાલતો મારી કૌમની વસતિ તરફ ઊતર્યો. રાતનો સમય હતો. જયારે વસતિમાં દાખલ થયો તો મારી કૌમના લોકો મારા ચાબુકના છેડા પર ઝળહળી રહેલા નૂરને જોઇને દંગ થઇ ગયા. વસતિ પાસે આવેલા પહાડી રસ્તા પરથી હું ઊતરી રહ્યો હતો. ત્યારથી આ લોકો એ નૂરને જોઇ રહ્યા હતા. એમની પાસે પહોંચીને હું વાતે વળગ્યો ત્યાં સુધી કે પ્રભાતનું અજવાળું રેલાવા લાગ્યું.''

તુફૈલના બાપા અને બીબીનો ઇસ્લામ સ્વીકાર————''સવાર પડી તો બાપુજી મારી પાસે

Maktabe Ashraf

આવ્યા. તેઓ એક વયોવૃધ્ધ ગૃહસ્થ હતા. મેં કહ્યું, ''પિતાજી ! મારાથી આઘા રહો. આજથી તમારી સાથે મારો કોઇ સંબંધ નથી. ન હું તમારો છું ન તમે મારા છો.''

બાપુજી નવાઇથી બોલ્યા. ''વહાલા બેટા ! એમ કેમ ?''

મેં કહ્યું, ''માનવંતા પિતાજી ! મેં તો મુહંમદ નો ધર્મ ઇખ્તેયાર કરી લીધો છે. હું મુસલમાન બની ગયો છું.''

''ત્યારે કહેતો કેમ નથી હે મારા વહાલા પુત્ર !'' પિતાજી બોલ્યા, ''જા બેટા ! જે તારો ધર્મ તે મારો ધર્મ.''

''વારૂ તો ઘરમાં જઇને ગુસલ કરો અને પછી મારી પાસે આવો. પોશાક પણ ચોખ્ખો પહેરી લેજો.''

પિતાજીએ એજ વેળા ગુસલ કરીને પાક પોશાક પહેરી લીધો અને પછી મારી સામે આવીને બેસી ગયા તો મેં તેમને કલિમો પઢાવીને મુસલમાન બનાવી લીધા અને ઇસ્લામના અર્થ પણ તેમને સમજાવી દીધા. એ પછી મારી ઘરવાળી મારી પાસે આવી. મેં તેને કહ્યું. ''ખબરદાર બીબી ! મારાથી આઘી રહેજે. હવેથી કોઇ સંબંધ તારી ને મારી વચ્ચે રહ્યો નથી. ન હું તારો છું ન તું મારી છે.''

તે બોલી, ''મારા સરતાજ ! હું અને મારા માબાપ આપની ઉપર કુરબાન ! આજે આમ કેમ બોલો છો?''

મેં કહ્યું, ''મારી અને તારી વચ્ચે ઇસ્લામ આડે આવી ગયો છે. હું મુસલમાન બનીને દીન-મુહંમદીમાં દાખલ થઇ ગયો છું.''

તે બોલી, ''તો એથી શું થયું મારા સરતાજ ! ચાલો જે તમારો ધર્મ તે મારો ધર્મ.''

''વારૂ તો ''ઝુશ-શરા''ના હિનામાં જઇને પહાડમાંથી વહેતા ઝરણામાં ગુસલ કરી લે અને મૂર્તિ પૂજાના મેલથી પાકસાફ થઇને પછી મારી પાસે આવ.''

ઇબ્ને હિશામ કહે છે. કેટલાકે ''હિના''ને બદલે ''હિમા ઝુશ-શરા'' કહ્યું છે. ''હિમા'' ના અર્થ ઘાસનું બીડ અથવા મકાનની ફરતે આંતરી લીધેલો વાડો કે કંપાઉન્ડ થાય છે. 'ઝુશ-શરા''દવસ કબીલાના લોકોની મૂર્તિનું નામ છે. એ વાડાની જમીન હઝરત તુફૈલ દવસીના સુસરાલની હતી. એમાં એક ઝરણું હતું. જેનું પાણી પહાડોમાંથી વહીને આવતું હતું.

ઘરવાળી બોલી, ''સરતાજ ! ઝુશ-શરાથી મને ખતરો લાગે છે. એવું ન થાય કે મુજ પર યા મારા બાળકો પર દેવીનો કોપ તૂટી પડે !'' ૧

મેં કહ્યું, 'પથ્થરની મૂર્તિથી શું ડરવાનું ? જા એનો જોખમદાર હું છું.''

જ્યારે તે નહાઇધોઇ સાફ પોશાક પહેરીને આવી તો મેં તેને પણ કલિમો પઢાવીને મુસલમાન બનાવી લીધી.

---

૧. આ ખતરાનું કારણ તેઓની એવી વહેમી માન્યતા હતી કે મંદિરના પુરોહિતની પરવાનગી વગર મૂર્તિના કંપાઉન્ડમા દાખલ થનાર પર દેવી-દેવતાઓ કોપ કે શ્રાપ તૂટી પડે છે. મુસલમાન બનવા બાદ હઝરત તુફૈલને સમજાઇ ગયું કે એ બધા જંગલી તુક્કો છે. ''હ''

ઇસ્લામ માટે દવસ કબીલાની આનાકાની————એ પછી મેં મારા દવસ કબીલાના લોકો આગળ ઇસ્લામની રજૂઆત કરી અને તેઓને મુસલમાન બની જવાની હાકલ કરી. પણ મારી કૌમના લોકો ઇસ્લામ-અંગીકારમાં આના કાની કરવા લાગ્યા. ત્યારે હું પાછો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મક્કહ ગયો. મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારા દવસ કબીલાની નાગાઇ અને આડાઇ મારા તબલીગી કામમાં આડે આવી છે. આપ દુઆ ફરમાવો કે જલદી તેઓ મુસલમાન બની જાય."

આપે દુઆ કરી, "અલ્લા હુમ્મ ઇહદિ દવસન." એટલે એ અલ્લાહ ! દવસના લોકોને હિદાયત આપી દે !"

દુઆ ખતમ કરીને મને ફરમાવ્યું, "ઇરજિઅ ઇલા કવમિક, ફદ-ઉહુમ, વરફુક બિહિમ."જા પોતાની કૌમ તરફ, તેઓને ઇસ્લામનું આમંત્રણ આપ અને તેઓ સાથે નરમાશનો વર્તાવ કર.

દવસના લોકો રસૂલુલ્લલ્લાહ (સલ.)ની તહેનાતમાં————મક્કહથી મારા ગામે આવીને હું મારા દવસ કબીલાના લોકોને ઇસ્લામનું આમંત્રણ આપતો રહ્યો ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ ચાલ્યા ગયા અને બદ્ર, ઉહુદ તથા ખન્દકના યુધ્ધો પણ ખેલાઇ ગયાં જેમાં ભાગ લેવાથી હું મહરૂમ રહી ગયો. એ પછી જયારે જંગે-ખયબરનો પ્રસંગ સર્જાયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે ખયબર તશરીફ લઇ ગયા તો હું પણ મારી કૌમના મુસલમાન બનેલ લોકો સાથે ખયબર પહોંચી ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરના યહૂદીઓ પર જીત મેળવી લીધી તો બીજા મુસલમાનો સાથે અમને બધાને પણ ગનીમતના માલમાંથી હિસ્સો આપ્યો. ત્યાંથી અમે મદીનહ પાછા ફર્યા તો મારા કબીલાના સિત્તેર યા એંસી કુટુંબો મદીનહમાં જ વસી ગયા."

મૂર્તિને બાળી નાખવાની પરવાનગી————હઝરત તુફૈલ બિન અમ્ર દવસી રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે : "એ પછી હું કાયમ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં રહેવા લાગ્યો ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશ પર જીત મેળવીને મક્કહ ફતેહ કરી લીધું. ત્યારે એક દિવસે મેં વિનંતી કરી, "હે અલ્લાહના નબી ! મને બનૂ અમ્ર બિન હુમ-મહની વસતિમાં જવાની પરવાનગી આપો કે જેથી હું ત્યાં જઇને તેઓની "ઝુલ-કફૈન" મૂર્તિને બાળી નાખું !"

ઇબ્ને ઇસ્હાક કહે છે : તુફૈલ દવસીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પરવાનગી આપી દીધી. તુફૈલ તે વસતિમાં પહોંચી ગયા. અને લાકડાની ઝુલ-કફૈન મૂર્તિને આગ ચાંપી દીધી. મૂર્તિ ભડકે બળતી હતી અને તુફૈલ આ શેઅર લલકારતા હતા :

યા ઝલ-કફૈન ! લસતુ મિન ઇબાદિકા • મીલાદુના અકદમુ મિમ મીલાદિકા.
ઇન્ની ખશવ-તુન-નારિ ફી ફુવાદિકા.

હે ઝુલ-કફૈન ! હું તારા પૂજારીઓમાં નથી. અમારો જન્મ તારા જન્મ પહેલાં થયો છે. મેં તારા કલેજામાં આગ ચાંપી દીધી છે.[1]

---

૧. ત્રીજી કડીમાં ફુવાદ શબ્દ આવેલો છે જેના અર્થ દિલ,હૃદય, જિગર વગેરે થાય છે. "હ"

હઝરત તુફૈલ અને ઇરતિદાદનો ફિત્નો————————ઝુલ-કફૈન મૂર્તિને આગમાં ફૂંકીને હઝરત તુફૈલ પાછા મદીનહ આવી ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મદીનહ માં જ રહ્યા ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાની પાસે પોતાના દરબારમાં બોલાવી લીધા.

આપની વફાત પછી અરબના કેટલાક કબીલાઓમાં ઇરતિદાદ (ઇસ્લામથી ફરી જવાનો) ફિત્નો પૈદા થઇ ગયો. તે વેળા હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.) મુસલમાનોના ખલીફા હતા. ખલીફાના હુકમથી મુસલમાનોએ મુરતદ કબીલાઓ સાથે જિહાદ કર્યો. આ જિહાદમાં બીજા મુસલમાનો સાથે હઝરત તુફૈલે પણ ભાગ લીધો અને અલ્લાહની મદદથી મુસલમાનોએ, તુલૈહા નામે જૂઠા પયગમ્બરની વસતિ ઉપરાંત આખા નજ્દ પ્રદેશની ભૂમિ માંથી ઇરતિદાદના ફિત્નાનો ખાતેમો બોલાવી દીધો. એ પછી હઝરત તુફૈલ બીજા મુસલમાનો સાથે ''જંગે-યમામહ'' માટે રવાના થયા. ત્યાં મુસૈલિમહ કઝ્ઝાબ નામના ફિત્નાખોર માણસે પોતે પયગમ્બર હોવાનો જૂઠો દાવો કર્યો હતો. આ પ્રવાસમાં હઝરત તુફૈલ સાથે એમના પુત્ર અમ્ર બિન તુફૈલ પણ હતા. મુસલમાન મુજાહિદો કૂચકદમ કરતા યમામહ તરફ બઢી રહ્યા હતા. ત્યારે એક રાતે હઝરત તુફૈલ દવસીએ એક ખ્વાબ જોયો. સવારે જાગીને પોતાના સાથીઓને કહ્યું, ''હે ભાઇઓ ! રાતે મેં એક ખ્વાબ જોયો છે. મને તેની તઅબીર આપો.''

હઝરત તુફૈલનો ખ્વાબ અને શહાદત————સાથીઓએ પૂછયું, ''હે તુફૈલ ! તમે શું ખ્વાબ જોયો છે ?'' બોલ્યા, ''મેં જોયું કે મારૂં માથું મૂંડી નાખવામાં આવ્યું અને મારા મુખમાંથી એક પક્ષી નીકળીને ઊડી ગયું. પછી રસ્તામાં મને એક સ્ત્રી મળી. તેણે મને પોતાના યોનિમાં સમાવી લીધો. પછી મેં જોયું કે મારો પુત્ર બેબાકળો થઇને મને અહીંતહીં શોધી રહ્યો છે પણ લોકો તેને મારી પાસે આવવા દેતા નથી.''

સાથીઓ બોલ્યા, ''ધન્યવાદ હો હે તુફૈલ ! તમે બહુ મુબારક ખ્વાબ જોયો છે. એનું ફળ સારૂં જ છે.''

તુફૈલે કહ્યું,''મેં પણ આ ખ્વાબનું એક ફળ તારવી લીધું છે.''

''તે શું ?'' સાથીઓએ પૂછયું.

તુફૈલ બોલ્યા, ''માથું મૂંડાવાનું ફળ માથું કપાઇ જવું છે. પક્ષી મુખમાંથી નીકળીને ઊડી ગયું તેનું ફળ મારૂં પ્રાણ પંખેરૂ ઊડી જવું છે. તે સ્ત્રી જેણે મને પોતાની યોનિમાં સમાવી લીધો એનું ફળ તે જમીન છે જેમાં મારા માટે ખાડો ખોદવામાં આવશે અને જેમાં મને દાટી દેવામાં આવશે. મારા પુત્રનું મને શોધવું અને તેનું મુજ સુધી ન પહોંચવું એનું ફળ તે આફતો અને સંકટો છે જેમાં મારો પુત્ર સપડાઇ જશે. પણ જે આફત મુજ પર ઊતરી તેમાંથી તે ઊગરી જશે.''

અલ્લાહની અપાર રહમતો હો હઝરત તુફૈલના આત્મા પર ! તેઓ યમામહના યુધ્ધમાં શહીદ થઇ ગયા. તેમના ભાગ્યશાળી પુત્ર હઝરત અમ્ર લડાઇમાં સખત રીતે ઘવાયા. પણ પછી તંદુરસ્ત થઇને હઝરત ઉમર ફારૂક (રદિ.)ના જમાનામાં યરમૂકના યુધ્ધમાં શહીદ થયા. (હઝરત તુફૈલની ઘટના અહીં પૂરી થઇ.)

અઅશા શાઇરની અધૂરી આશા————ઇબ્ને હિશામ કહે છે : મુસલમાન બનવાની મહેચ્છા

પરાવનારાઓમાં એક અઅશા બિન કૈસ નામે શાઇર પણ હતો. એનું પૂરૂં નામ અઅશા બિન કૈસ બિન સઅલબા બિન ઉકાબા બિન સઅબ બિન અલી.....અનૂ બક્ર બિન વાઇલના કબીલામાંથી હતો. બહુ ઊંચા પાયાનો પંકાયેલો શાઇર હતો. પોતાની વસતિમાંથી નીકળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા ઊપડયો. રસ્તાનો પ્રવાસ ખેડતાં તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં આ કાવ્ય રચ્યું :

અલમ તગ-તમદુ અયનાક લયલત અરમદા • વ બિત્ત કમા બાતસ-સલીમુ મુસહ-હદા.

રાતે દુખતી આંખોની ઊડી ગયેલી ઊંઘ પેઠે શું તારી આંખ પણ નથી લાગી ? તેં પણ આ રાત એવી જ રીતે ગુજારી દીધી જેમ સાપનો દંશેલો રાત ગુજારે છે. (એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દર્શનની અભિલાષામાં શાઇરને ઊંઘ નહિ આવી.)

વમા ઝાક મિન ઇશકિન-નિસાઇ - વ-ઇન્નમા • તનાસયતુ કબ્લલ યવમિ ખલ્લત મહ-દદા.

મારી આ દશા કોઇ રૂપસુંદરીઓના ઇશ્કને કારણે થવા પામી નથી. મહ-દદનો પ્રેમ તો આજથી લાંબા કાળ પૂર્વે હું વિસારી ચૂકયો છું. (મહ-દદ કવિની માશૂકાનું નામ.)

વલાકિન અરદ-દહરલ - લઝી હુવા ખાઇનુન • ઇઝા અસ-લહત કફફાય આદ ફફસદા.

પરંતુ બેઇમાન કાળચક્રની હાલત હું નિહાળી રહ્યો છું કે જયારે મારા હાથ કોઇ કામને સુધારે છે તો તે ફરીવાર તેને બગાડી નાખે છે.

કહૂલંવ વ શુબ્બા-નન ફકદ-તુ વ સર-વતન • ફલિલ-લાહિ હાઝદ - દહરુ કયફ તરદ-દદા.

કેટલાય આધેડો, કેટલાય યુવકો અને કેટલાય વિલાસો-વૈભવોને હું ગુમાવી બેઠો છું. અલ્લાહ આ જમાનાને સમજી લે ! એનું આવન-જાવન કેટલું આશ્ચર્યકારક કે શંકાશીલ છે !

વમા ઝિલ્તુ અબગિલ- મુઝઅના યાફિઉન • વલીદંવ વ કહલન હીના શિબ્તુ વમ-રદા.

યૌવનકાળે પહોંચવા પહેલાં જયારે હું કિશોરવયનો અને દાઢીમૂછ વગરનો હતો અને જયારે આધેડવયે પહોંચીને વૃદ્ધ થઇ ગયો તો સદા ધન-દવલતની જ શોધમાં રહ્યો.

વબ-તઝિલુલ-ઇસલ-મરાકીલ તગ-તલી • મસાફત્ મા બયનન-નુજૈરિ ફસર-ખદા.

અને હવે રાતાં -સફેદ ઊંટોને, એકમેકને ટપી જવાની ઝડપી ગતિએ ઝપાટાભેર દોડાવીને પામાલ કરી રહ્યો છું.

અલા ઐયુ-હાઝસ-સાઇલિ ઐન યમ-મમત • ફઇન્ન લહા ફી અહલિ યસરિબ મવઇદા.

હે મ : એવું પૂછનારાઓ કે, ''આ ઊંટોએ આખર કયાં જવાનો નિર્ધાર કર્યો છે ?'' તો સાંભળી લો કે એમનું વચન-સ્થળ યસરિબવાસીઓ છે. (એટલે મદીનહ પહોંચવાનું છે.)

આલૈતુ લહા આરી લહા મિન કલાલતિન • વલા મિન હફય હત્તા તુલાકી મુહમ-મદા.

Maktabe Ashraf

અને હવે મેં સોગંદ ખાય લીધા છે કે ઊંટણી પર દયા નહિ કરૂં, ભલે એ થાકી જાય કે પછી એની ખુરીઓ ઘસાઇ જાય; ત્યાં સુધી કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુધી પહોંચી જાઉં.

મતા મા તુનાખી ઇન્દ બાબિબ્ને-હાશિમિન • તુરાહી વ તલકા મિન ફવા-દિલતિ નદા.

જયારે તને (હે ઊંટણી!) હાશિમના ફરઝંદ મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આંગણે બેસાડી દેવામાં આવશે તો ત્યાં તું રાહત મેળવશે અને આપના ઉદાર વર્તાવથી ફેઝયાબ થશે.

નબીય-યુન યરા મા-લા-તરૌન વ ઝિકરુહૂ • અગાર્ લ-અમ્રી ફિલ-બિલાદિ વ અબજદા.

તે એવા નબી છે જેઓ એવી વસ્તુઓ જોઇ શકે છે જેને તમે જોઇ શકતા નથી અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખ્યાતિ નીચે ઉપરના તમામ શહેરોમાં પ્રસરી ચૂકી છે.

લહૂ સદકાતુમ મા તુગિબુ વ નાઇલુન • વ લયસા અતાઉલ-યવમિ માનિઅહુ ગદા.

આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાન-પ્રદાનની પ્રવૃત્તિ લગાતાર અને અતૂટ છે. આજનું આપેલું કાલે ફરીવાર આપવામાં નડતર રૂપ બનતું નથી.

અજિદ-દક્ લમ તસ્મઅ વ સાત મુહમ-મદિન • નબિઅલ-ઇલાહિ હયસુ અવસા વ અશહદા.

શું તારી દોડધામે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બોધવચનો નહિ સાંભળ્યાં ? આપની દરેક નસીહત અને આપની દરેક ગવાહી અલ્લાહએ આપેલા સમાચાર પર નિર્ભર હોય છે.

ફ ઇય્યાક વલ-મયતાતિ લા તક-રબન-નહા • વલા તઅ-ખુઝન સહમન હદીદન લિતફ-સિદા.

માટે મુરદાર વસ્તુઓથી પોતાને બચાવી લે. તેની નિકટ પણ ન જા. અને લોહી રેડવા માટે અણીદાર તીરો ન લે. (એટલે મૂર્તિઓની વેદી પર પ્રાણીઓનો વધ ન કર.)

વ-લન-નુસુબલ-મનસૂબ લા તન-સુકન-નહૂ • વલા તઅ-બુદિલ-અવસાન વલ્લાહિ ફઅબુદા.

અને આ મૂર્તિઓની વેદી પર પ્રાણીઓનું બલિદાન ન આપ. મૂર્તિઓની પૂજાનો ત્યાગ કરીદે અને એક અલ્લાહની બંદગી કર.

વલા તક-રબુન્ન હર્રતન કાના સિર-રુહા • અલૈક હરામન ફન-કિહના અવ તઅબ-બદા.

અને કોઇ આબરૂદાર સ્ત્રીની નઝદીક પણ ના જા; જેનું સમાગમ તારા માટે હરામ છે. માટે ધર્મના કાનૂન મુજબ તેની સાથે લગ્ન કર યા તો સ્ત્રીઓથી વિમુખ થઇ જા.

વ સબ્બહ અલા હીનિલ-અશિય-યાતે વદ-દુહા • વલા તહ-મદિશ-શયતાન વલ્લાહિ ફહમદા.

અને દિનરાત અલ્લાહના ગુણગાનમાં તલ્લીન બની જા શયતાનના વખાણ કે યશોગાન ન ગા, એકમાત્ર અલ્લાહના યશોગાન કર.

વલા તસ-ખરમ મિમ બાઇસિન ઝી ઝરા-રતિન • વલા તહ-સબન-નલ-માલ લિલ-મઈ મુખ લેદા.

હાજતમંદો, ગરીબો, લાચારોની હાંસી ન ઉડાવ. ધન-દવલત વિષે એવું ન ધારી લે કે તે ઇન્સાનને

અમર બનાવી દેશે.

અઅશા શાઈરની કમનસીબી——————અઅશા શાઈર જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દર્શન તથા ઈસ્લામ સ્વીકાર માટે પોતાની ઊંટણીને ઝડપભેર દોડાવતો મક્કહ નજીક પહોંચી ગયો તો ત્યાં કુરૈશના કેટલાક મૂર્તિપૂજકો સાથે તેની મુલાકાત થઈ. એક મૂર્તિપૂજકે આગળ વધીને તેને મક્કહ આવવાનું કારણ પૂછયું તો અઅશાએ કહ્યું, ''હું મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દર્શન કરીને મુસલમાન બનવા માગું છું.''

મૂર્તિપૂજક બોલ્યો, ''હે અબૂ બસીર ! તને કંઈ ખબર છે ? મુહંમદ તો રોજ નવા નવા કાનૂન ઘડે છે અને વ્યભિચારને તો તેમણે હરામ કરાવી દીધો છે.''

અઅશા શાઈરે કહ્યું, ''વલ્લાહ ! આ વસ્તુની હવે મને જરૂર નથી.''

''અરે તેણે તો શરાબને પણ હરામ કરી દીધો છે.'' મૂર્તિપૂજક બોલ્યો.

''હેં શું કહ્યું, શરાબ પણ હરામ ?''

''હા સાચું જ કહું છું. જૂઠું બોલવાની મારે શી જરૂર ?''

''ત્યારે તો હાલ મુસલમાન બનવાનું માંડી વાળું છું.'' અઅશા શાઈરે કહ્યું, ''સાંભળો શરાબનો તો હું આશિક છું. શરાબ વગર શાઈરનો ગુજારો થઈ શકે નહિ. અત્યારે હું પાછો જાઉં છું. આવતા વરસે વિચાર કરીને આવીશ. એમ પણ મુસલમાન બનવાની મારે ઉતાવળ નથી.''

અઅશા શાઈરની કમનસીબી જુઓ કે અમૃતના ઝરણા પાસે પહોંચીને તરસ્યો પાછો વળી ગયો. એનું નસીબ તો ફૂટેલું હતું, જીવન પણ ફૂટી ગયું. અર્થાત એજ વરસે એ મરી ગયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવાની અને મુસલમાન બનવાની અને આબે-હયાત પીવાની એની આશા અધૂરી રહી ગઈ.

અબૂ જહલની બેઈમાની સોદાગર સાથે————ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહનો દુશ્મન અબૂ જહલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પ્રત્યે કટ્ટર દુશ્મનાવટ અને હડહડતો વિરોધ ધરાવતો હતો. તેના દરેક હીચકારા કૃત્ય વેળા અલ્લાહ તરફથી તેનો ફજેતો બોલાવી દેવામાં આવતો હતો. છતાં તે પોતાની નીચ હરકતો છોડતો ન હતો.

એક વેળા ઈરાશ યા ઈરાશાનો [1] એક સોદાગર પોતાના ઊંટો લઈને વેપાર માટે મક્કહ આવ્યો. અબૂ જહલે કિંમત ઠરાવીને કેટલાંક ઊંટો તેની પાસેથી ખરીદી લીધાં અને હમણા પૈસા લાવું છું કહીને ઊંટોને હંકારી ગયો. અને પછી તો પૈસાની ચૂકવણીમાં આજકાલના બહાના કાઢતો રહ્યો ત્યાં સુધી કે સોદાગર તેના વાયદાઓથી કંટાળી ગયો. ત્યારે નાછૂટકે ઈરાશી સોદાગર કઅબહ પાસે જઈને કુરૈશની મજલિસમાં ઊભો થઈ ગયો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ કઅબહના એક ખૂણે બિરાજમાન હતા.

---

૧. ઈરાશ વ. ઈરાશહ : ખશઅમ કબીલાની એક શાખનું નામ. ખશઅમ અથવા ખસઅમ કબીલાના લોકો મુલ્કે-યમનમાં વસેલા હતા. (વુફૂદે-અરબ બારગાહે-નબવીમેં પેજ ૨૮૮) ''હ''

ઇરાશી સોદાગરે કુરૈશની મજલિસમાં મદદની ધા નાખતાં પોકાર કર્યો, "છે કોઇ માઇનો લાલ જે મારી ફરીયાદ સાંભળીને મને અબુલ-હકમ બિન હિશામ પાસેથી મારા ઊંટોની કિંમત અપાવે ! હું તો એક પરદેશી મુસાફિર છું. તેણે મારો હક પચાવી પાડયો છે."

મજલિસના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ આંગળીનો ઇશારો કરતાં તેને કહ્યું, "શું તને પેલા ગૃહસ્થ ત્યાં બેઠેલા દેખાય છે ? જા એની પાસે, એ તારી ફરિયાદ સાંભળીને તને મદદ કરશે."

આ લોકોનો હેતુ ગમ્મતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હાંસી ઉડાવવાનો હતો. કેમકે બધા જાણતા હતા કે અબૂ જહલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પ્રત્યે કેવી અને કેટલી અદાવત ધરાવે છે !

સોદાગરને રસૂલુલ્લાહ (સલ.)ની મદદ----------કુરૈશની વાત સાંભળીને ઇરાશી સોદાગર એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે જઇને ઊભો થઇ ગયો અને બોલ્યો, "હે અલ્લાહના બંદા ! અબુલ-હકમ બિન હિશામે મારો એક હક પચાવી પાડયો છે. હું એક પરદેશી મુસાફિર છું. મેં પેલા લોકોની મજલિસમાં જઇને મદદની હાકલ કરી હતી. તેઓએ મને આપની પાસે આવવાની સલાહ આપી છે. અલ્લાહ આપનું ભલું કરે. ચાલો મારી સાથે, મારો હક તેની પાસેથી મને અપાવી દો."

આપે ફરમાવ્યું, "ઇન-તલિક ઇલૈહિ" હા ચાલો તેની પાસે જઇએ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થઇને તેની સાથે થઇ ગયા. આ તરફ કુરૈશે જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સોદાગરની મદદ માટે અબૂ જહલના ઘર તરફ ઊપડયા છે તો તેઓએ પોતાનો એક જાસૂસ આપની પાછળ લગાડી દીધો કે જઇને ખબર લઇ આવે કે ત્યાં શું તમાશો સર્જાઇ છે !

અબૂ જહલ પર દહેશતની થરથરી----------રાવી કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સોદાગરને લઇને અબૂ જહલના ઘર તરફ તશરીફ લઇ ગયા અને પેલો જાસૂસ પણ આપની પાછળ રવાના થયો. આપે ત્યાં પહોંચીને અબૂ જહલના ઘરનું બારણું ખખડાવ્યું.

"કોણ છે ?" અબૂ જહલે ઘરમાંથી પૂછયું.

આપે ફરમાવ્યું, "હું મુહંમદ છું. જરા બહાર આવજે."

અબૂ જહલ ઘરમાંથી નીકળી આવ્યો. આપની સાથે પેલા સોદાગરને જોતાં જ તેની આંખના મોતિયાં મરી ગયાં. ચેહરા પર લોહીનું ટીપું સરખું ન રહ્યું. રંગ કાળો પડી ગયો. આપે ફરમાવ્યું, "અઅતિ હાઝર રજુલુ હક્કહૂ." આ શખ્સને એનો હક આપી દે !

તે બોલ્યો, "બહુ સારૂં હે મુહંમદ ! આપ અહીં જ થોભો હું અબઘડી એનો હક લાવી આપું છું."

એજ વેળા અબૂ જહલ ઝપાટાભેર ઘરમાં ગયો. સોદાગરનો જે કંઇ હક હતો તે લઇને બહાર આવ્યો અને તેને હવાલે કરી દીધો. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાંથી પાછા ફર્યા અને પેલા ઇરાશીને કહ્યું, "અલહક્કુ બિ-શઅનિક." તારો હક તને મળી ગયો. જા પોતાનું કામ કર. ઇરાશી સોદાગર અહીંથી સીધો કુરૈશની મજલિસમાં ગયો અને બોલ્યો, "અલ્લાહ ભલું કરે પેલા ગૃહસ્થનું. વલ્લાહ ! તેમણે મારો હક મને અપાવી દીધો."

Maktabe Ashraf

કુરૈશના જાસૂસનું બયાન——————રાવી કહે છે : પેલો જાસૂસ પણ કુરૈશની મજલિસમાં આવ્યો જેને તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ દોડાવ્યો હતો. કુરૈશે તેને પૂછ્યું, ''અલ્યા ! ત્યાં જઇને તેં શું જોયું ?''

''સાહેબો !''તે બોલ્યો, ''મેં જે કંઇ જોયું તે કદાચ તમારા માનવામાં નહિ આવે. અજબ નવાઇ ભરેલું દ્રશ્ય હતું. મુહંમદે તો ત્યાં જઇને કંઇ નહિ કર્યું. ફકત તેના ઘરનો દરવાજો ઠોકયો અને તે તરત ઘરમાંથી નીકળી આવ્યો. મુહંમદ અને સોદાગરને જોતાં જ તેના હોંશ ઉડી ગયા. ચેહરાનો રંગ ફિક્કો પડી ગયો. આખા શરીરે ધ્રુજારી પ્રસરી ગઇ. મુહંમદે જયારે તેને કહ્યું કે આ માણસનો હક અદા કરી દે તો હાથ જોડીને બોલ્યો, ''સાહેબ! આપ જરા થોભો, હું અબઘડી એનો હક આપી દઉં છું.'' પછી તે ઘરમાં ગયો. તાબડતોડ પૈસા લઇને બહાર આવ્યો અને ચુપચાપ સોદાગરને હવાલે કરી દીધા.''

રાવી કહે છે : એટલીવારમાં અબૂ જહલ પણ કુરૈશની મજલિસમાં આવી લાગ્યો. લોકોએ તેને ઠપકાર્યો, ''કમબખ્ત ! તેં આ શું કર્યું ? તને શું થઇ ગયું હતું ? મુહંમદને જોતાં જ તારાં પોતિયાં ઢીલાં કેમ થઇ ગયાં ? તારા ચેહરાનો રંગ કેમ ઊડી ગયો ?''

''કમબખ્તો !'' તેણે કહ્યું, ''એમાં હું શું કરૂં અને મારો શો વાંક છે ? મામલો જ એવો હતો. હું સાવ લાચાર હતો. મુહંમદનો અવાજ કાને પડતાં જ ગૈબી રૂઆબથી હું થથર્યો. ઊઠયો અને બહાર નીકળતાં જ મારી હાલત પથ્થરના પૂતળાં જેવી બની ગઇ. મેં ત્યાં શું જોયું ? એક ઊંટ હતું અતિશય બિહામણું, પોતાનું વિકરાળ ડાચું ખોલીને ઊભેલું હતું. તેની દહેશતથી મારા હોંશ ઉડી ગયા. તેના જેવું માથું, તેના જેવા ખભા, તેના જેવા દાંત કદી કોઇ ઊંટના મેં જોયા નથી. વલ્લાહ ! હું જો ના પાડત તો એ બિહામણું ઊંટ તરત મને ફાડી નાખત!''

Maktabe Ashraf

પ્રકરણ ૫૯

કુરૈશનો વિરોધ અને ઇસ્લામની ઇશાઅત

રૂકાનહ પહેલવાન સાથે કુશ્તી • કુશ્તીથી વધુ અજાયબી ભરેલો બનાવ • હબશહના ખ્રિસ્તીઓનું મંડળ મક્કહમાં • ગરીબો અને ગુલામોના ઇસ્લામની મશ્કરી • શું ખ્રિસ્તી ગુલામ આપને ભણાવે છે? • અબ્તરનો ઝેરીલો કટાક્ષ ફરિશ્તાને આંખે જોવાની માંગણી • હાંસી ઉડાવવાનો અંજામ.

રૂકાનહ પહેલવાન સાથે કુશ્તી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મારા પિતાજી અબૂ ઇસ્હાક બિન યસારે કહ્યું, કુરૈશના લોકોમાં રૂકાનહ બિન અબ્દે-યઝીદ બિન હાશિમ બિન મુત્તલિબ બિન અબ્દે-મનાફ નામે એક બહુ બળવંત, કદ્દાવર અને પંકાયેલો પહેલવાન હતો. એક દિવસે મક્કહના પહાડી પ્રદેશની કોઈ ખીણમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે એકાંતમાં તેનો ભેટો થઇ ગયો. આપે તેને ઇસ્લામનું આમંત્રણ આપતાં ફરમાવ્યું :

યા રુકાનહ ! અલા તત-તકિલ્લાહ	હે રુકાનહ ! શું તું ડરતો નથી અલ્લાહથી ?
વ તક-બલુ	અને કબૂલ કરતો નથી તે વાત,
મા અદ્ઊક ઇલૈહ.	જેની તરફ હું બોલાવું છું તને ?

તે બોલ્યા, "હે મુહંમદ ! અગર મને ખાતરી થાત કે તમારી વાત સાચી છે તો હું તેને માની લેત!" રાવી કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ફરમાવ્યું :

અ-ફ-રઐત	વારૂ ત્યારે જો,
ઇન સરઅ-તુક-ક	અગર હું તને પછાડી નાખું કુશ્તીમાં,
અ-તઅલમુ	તો તને ખાતરી થશે આ વાતની કે,
અન્ન મા અકૂલુ હક્કુન.	હું જે કંઈ કહું છું તે સાચું છે ?

તે બોલ્યો, "હા કેમ નહિ ? જરૂર મને ખાતરી થશે."

આપે ફરમાવ્યું, "કુમ હત્તા ઉસા-રિઅક." ત્યારે ઊભો થા. હું તારી સાથે કુશ્તી લડું છું.

રૂકાનહ ઊભો થઈને આપની તરફ ધસી ગયો અને કુશ્તી માટે આપની સાથે બાખડી પડયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ તેને પકડીને જમીન પર એવી રીતે સુવાડી દીધો કે તે બિલકુલ બેબસ હતો.

Maktabe Ashraf

તેણે કહ્યું, "હે મુહંમદ ! ફરીવાર કુશ્તી લડો."

આપે બીજીવાર કુશ્તી લડીને તેને પછાડી નાખ્યો. તે બોલ્યો, "હે મુહંમદ ! આ તો અજબ જેવી વાત છે કે આપે કુશ્તીમાં મને પછાડી નાખ્યો ?"

કુશ્તીથી વધુ અજાયબી ભરેલો બનાવ—————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ફરમાવ્યું :

ફ-અઅજબુ મિન ઝાલિક	ત્યારે એથીયે વધુ અજબ વાત,
ઈન શિઅત્ અન ઉરીકહૂ	અગર તારી ઈચ્છા હોય તો હું તને બતાવું,
ઈનિત-તકય-તલ્લાહ	એવી શરતે કે તું અલ્લાહથી ડરે,
વત-તબઅ-ત્ અમ્રી.	અને મારો હુકમ માને !

"તે શું ?" તેણે પૂછયું તો આપે ફરમાવ્યું :

અદ્દઉ લક્ હાઝિહિશ-શજરહ	હું બોલાવું છું તારે ખાતર આ ઝાડને,
અલ્લતી તરા ફતઅ-તયની.	જેને તું જુએ છે, એ તરત આવી જશે.

તે બોલ્યો, "બોલાવો ત્યારે એ ઝાડને, જોઉં તો ખરો આવે છે કે નહિ !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ ઝાડને હુકમ ફરમાવ્યો, "હે ઝાડ ! અલ્લાહના હુકમથી મારી પાસે આવી જા !"

એજ વેળા ઝાડ પોતાના મૂળિયાં સાથે આવીને આપની સામે ઊભું થઈ ગયું. પછી આપે ઝાડને ફરીવાર હુકમ ફરમાવ્યો, "ઈરજિઈ ઇલા મકાનિકિ." જા, પોતાના સ્થળે પાછું ચાલ્યું જા. તરત ઝાડ પાછું વળીને પોતાના સ્થળે જઈને ઊભું થઈ ગયું.

રાવી કહે છે : રૂકાનહ પહેલવાન અલ્લાહના પયગમ્બરનો આ મુઅજિઝો જોઈને છક થઈ ગયો. એજ વેળા પોતાની કૌમ પાસે મક્કહ દોડી ગયો અને બોલ્યો, "હે અબ્દે-મનાફના લોકો ! પૃથ્વીના પટ પર વસનારા મોટા જાદૂગરોને બોલાવો અને મુહંમદ સાથે જાદૂમાં તેઓનો મુકાબલો કરાવો. વલ્લાહ ! મેં મુહંમદથી મોટો જાદૂગર આજ સુધી જોયો નથી." પછી તેણે ઝાડના મુઅજિઝાનો આંખે દેખ્યો અહેવાલ લોકોને કહી સંભળાવ્યો.[૧]

હબશહના ખ્રિસ્તીઓનું મંડળ મક્કહમાં—————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી હબશહના ખ્રિસ્તીઓમાંથી જે લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી તથા ઈસ્લામને લગતી માહિતી મળવા પામી તેઓના વીસ જેટલા સભ્યોનું એક પ્રતિનિધિમંડળ મક્કહ આવ્યું. એમના આગમનનો

૧. હકીકતમાં કટ્ટર મુશરિકો અક્કલના બંદો જેવા હોય છે. પૈદાઈશી રીતે જ ફૂટેલું નસીબ લઈને આવ્યા હોય છે. જેથી તેઓને પયગમ્બરોના મુઅજિઝા પણ જાદૂના ખેલ જેવા લાગે છે. એનું કારણ છે. શયતાન તેઓની આંખે ઊંધા ચશ્મા ચઢાવી દે છે જેથી તેઓની, સત્યને પારખવાની, સત્યને સ્વીકારવાની મત મારી જાય છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો એક જ એક મુઅજિઝો ચાંદના બે ટુકડા કરવાનો છે જેનું બયાન કુર્આનમાં થયું છે. તે વેળા પણ જેઓના નસીબમાં ઈમાન ન હતું તેવા કટ્ટર મુશરિકો પોકારી ઊઠ્યા હતા : "હાઝા સિહ્રુમ મુસ્તમિર્રુ." એટલે આ તો પરંપરાગત ચાલ્યો આવતો જાદૂ છે! (સુરએ-કમર પારહ ૨૭) "હ"

મૂળ હેતું ઇસ્લામની તહકીક કરવાનો હતો. [1] તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહની મસ્જિદમાં બિરાજમાન હતા. મંડળના સભ્યો કઅબહની મસ્જિદમાં ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુલાકાત લઈને ત્યાં જ આપની પાસે બેસી ગયા. અને આપની સાથે ઇસ્લામની ચર્ચા કરવા લાગ્યા.

તે વેળા કુરૈશના લોકો પણ પોતાની મજલિસો જમાવીને કઅબહની ફોરેમોરે બેઠેલા હતા. હબશીઓના મંડળને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતે વળગેલા જોઈને તેઓના કાન ખડા થઈ ગયા અને શું બને છે તેની કુતૂહલતાથી રાહ જોવા લાગ્યા.

હબશહના ખ્રિસ્તીઓ પોતાના સવાલોના જવાબો સાંભળી ચૂકયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને ઇસ્લામની દઅવત પેશ કરતાં કુર્આન મજીદની કેટલીક આયતો પઢી સંભળાવી. જેને સાંભળીને તેઓની આંખોમાંથી આંસું વહેવા લાગ્યાં. ત્યારે તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દઅવત કબૂલ કરી લીધી. અલ્લાહ પર અને તેના રસૂલ પર કલિમો પઢીને ઈમાન લઈ આવ્યા. ખ્રિસ્તીઓના આકાશી પુસ્તકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની જે ખૂબીઓ અને નિશાનીઓનું વર્ણન થયું છે. તેની ચકાસણીને અંતે એ બધી ખૂબીઓ અને નિશાનીઓ આપની પવિત્ર જાતમાં હોવાની ખાતરી થતાં તેઓ મુસલમાન બની ગયા.

જયારે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને જવા લાગ્યા તો અબૂ જહલ અને તેના ગોઠિયાઓએ રસ્તામાં એમને ઘેરી લીધા અને ટપકો આપતાં બોલ્યા, "અલ્લાહ તમને અને તમારા તે ભાઈબંધોને નામુરાદ બનાવે જેઓએ તમને અહીં મોકલ્યા છે. તમે બધા મૂર્ખાઓના સરદાર લાગો છો. તેઓએ તો તમને એટલા માટે મોકલ્યા હતા કે આ માણસને લગતી માહિતી મેળવીને તમે તેઓને જાણ કરો. તેને બદલે તમે આ શું કર્યું કે શાંતિથી બેઠા પણ નહિ અને આંખો બંધ કરીને પોતાનો ધર્મ છોડી બેઠા ! અને તેની દરેક વાત પર "આમન્ના" અને "સદ્દકના" પોકારીને તેનો ધર્મ કબૂલ કરી લીધો! તમારા જેવા મૂર્ખાઓનો કાફલો અમે આજ સુધી જોયો નથી."

મંડળના સભ્યો બોલ્યા, "સાહેબો ! તમને અમારાં સલામ છે. અમે જહાલતની વાતોમાં તમારી સાથે ટપાટપીમાં ઊતરવા માગતા નથી. તમે તમારા ધર્મ પર રહો, અમે અમારા ધર્મ પર રહીએ અલબત્ત ભલાઈની શોધમાં અમે પાછળ પડનારા નથી."

એજ ઘટના અંગે કુર્આનની આ આયતો નાઝિલ થઈ :

અલ્લઝીન આતૈના હુમુલ-કિતાબ	જે લોકોને અમે કિતાબ આપી હતી
મિન કબ્લિહિ	આથી પહેલાં,

૧. મક્કહથી હિજરત કરીને હબશહમાં વસનારા મુસલમાનો જયાં સુધી હબશહમાં રહ્યા, તેઓના સંસ્કારો, તેઓની ઇસ્લામી નીતિરીતિ અને જીવન-પધ્ધતિનો અભ્યાસ કરનારા હબશી ખ્રિસ્તીઓએ ઇસ્લામના વધુ અભ્યાસ અને વધુ તહકીક માટે આ પ્રતિનિધિ મંડળને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મક્કહ મોકલાવ્યું હતું. " "

Maktabe Ashraf

હુમ બિહી યુઅમિનૂન.	તેઓ આ કુર્આન પર ઈમાન લાવે છે.
વઈઝા યુત્લા અલૈહિમ	અને જ્યારે એમને કુર્આન સંભળાવવામાં આવે છે,
કાલૂ આમન્ના બિહી.	તો કહે છે અમે એની ઉપર ઈમાન લઈ આવ્યા,
ઈન્નહુલ-હક્કુ મિર-રબ-બિના	એ ખરેખર સત્ય છે અમારા પાલનહાર તરફથી.
ઈન્ના કુન્ના મિન કબ-લિહી	અમે તો આથી પહેલાં પણ હતા;
મુસ-લિમીન.	એજ દીને-ઈસ્લામના અનુયાયી [1]

અબૂ જહલ અને તેના સાથીઓની ટીકા તથા તેના જવાબ સંબંધી ફરમાવ્યું :

વઈઝા સમિઉલ-લગ્વ	અને જ્યારે સાંભળી તેઓએ બેહૂદા વાત
અઅ-રદૂ અન્હુ	તો મોઢું ફેરવી લીધું તેનાથી
વકાલૂ લના અઅમાલુના	અને કહી દીધું, અમારી કરણી અમારા માટે છે.
વ લકુમ અઅમાલુ-કુમ	અને તમારી કરણી તમારા માટે છે.
સલામુન અલૈકુમ	સલામ હો તમને અમારાં,
લા નબ-તગિલ-જાહિલીન.	અમે ઉલઝવા માગતા નથી. જાહિલો સાથે

(સૂરએ કસસ, આ.૫૫)

ગરીબો અને ગુલામોના ઈસ્લામની મશ્કરી—— ——ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખાનએ-કઅબહ પાસે આવીને બિરાજમાન થતા અને આપના ગરીબ,નાદાર, ગુલામ સાથીઓ, જેવા કે હઝરત ખબ્બાબ, હઝરત અમ્માર, હઝરત અબૂ ફુકૈહા, હઝરત યસાર (જેઓ સફવાન બિન ઉમૈયહના ગુલામ હતા) હઝરત સુહૈબ અને એમના જ જેવા મુસલમાન બનેલા બીજા ગરીબો અને ગુલામો આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને બેસી જતા અનેઈસ્લામની વાતો કરતા તો કુરૈશના લોકો એમની હાંસી ઉડાવતા અને મશ્કરીની ઢબે એકબીજાને કહેતા:

"જોઈ લો આવા હોય છે એના સાથીઓ ! એ કેવા છે તે તમે જાણો છો ! શું અલ્લાહએ આપણા જેવા આબરૂદારોને જતા કરીને આવા લોકોને ઈસ્લામ માટે ચૂંટી લીધા છે ? અગર મુહંમદનો ઈસ્લામ અને મુહંમદનું કુર્આન સાચું હોત તો આગળ વધીને આપણે તેને ન અપનાવી લેત ! શું અલ્લાહએ આપણને છોડીને આ પછાત વર્ગના નીચ ગરીબો પર ઉપકાર કરી નાખ્યો ? કે એમને હિદાયત આપી દીધી અને આપણને અંધારામાં રાખ્યા ?" એમના બારામાં આ આયત ઊતરી :

વલા તત-રુદિલ-લઝીન	અને અળગા ન કરો પોતાની પાસેથી તે લોકોને;
યદઊન રબ્બહુમ	જેઓ પોકારે છે પોતાના પાલનહારને
બિલ ગદાતિ વલ અશિય્ય	સવાર અને સાંજ
યુરીદૂન વજ-હહૂ....	તેઓ અલ્લાહની રઝામંદી તલબ કરનારા છે......

૧. સૂરતુલ-કસસ પારહ ૨૦ આયત ૫૩

શું ખ્રિસ્તી ગુલામ આપને ભણાવે છે ?———————જાણકારો પાસેથી મને આ વાતની પણ માહિતી મળવા પામી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઘણીવાર મર્વહ પર્વત પાસે એક ખ્રિસ્તી યુવકની દુકાનમાં બેસીને તેની સાથે વાતો કર્યા કરતા. એ યુવકનું નામ જબ્ર હતું અને તે ઇબ્ને-હદ્રમી નામે ગૃહસ્થનો ગુલામ હતો. આ જોઈને કુરૈશના લોકો આક્ષેપ કરવા લાગ્યા કે, ''મુહંમદ આ ખ્રિસ્તી યુવક પાસે બેસીને શું ગુસપુસ કરતા રહે છે ? એમાં જરૂર કંઈ ભેદ છે અને તે ભેદ આ છે કે મુહંમદ ની ઘણીખરી વાતો આ ખ્રિસ્તી યુવકે ભણાવેલી હોય છે.

તેઓના આ આક્ષેપના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી : યકૂલૂન ઈન્નમા યુઅલ-લિમુહૂ બશર. લિસાનુલ-લઝી યુલ-હિદૂન ઈલૈહ અ-આઅ-જમિય-યુંવ-વ-હાઝા લિસાનુન અરબિય-યુમ મુબીન.

એટલે કુરૈશી મુશરિકો કહે છે કે બેશક મુહંમદને તો એક આદમી ભણાવે છે પરંતુ જોતા નથી કે જે માણસ સાથે આપને સાંકળીને તેઓ આ ખોટો આક્ષેપ કરે છે તેની ભાષા તો અજમી છે. ત્યારે આ કુર્આન તો ઉચ્ચ પ્રકારની શુધ્ધ અરબી શૈલીમાં છે. [૧]

''અબતર''નો ઝેરીલો કટાક્ષ————————ઇબ્ને ઇસ્હાક કહે છે : વળી મને આ વાતની પણ બાતમી મળી છે કે કુરૈશની મજલિસોમાં જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો ચાલતી તો આસ બિન વાઈલ સહમી ધિક્કારથી તડૂકી ઊઠતો, ''અરે યારો ! છોડો તેની વાતો, તે તો સાવ ''અબતર'' છે. સંતાન વિહોણો છે. અવલાદ વગરનો છે. મરવા પછી તેનું નામ લેનારૂં પણ કોઈ ન હશે. તેનો વંશ કપાઈ જશે અને તમને પણ છુટ્ટી મળી જશે !'' એના જવાબમાં આ આયતો નાઝિલ થઈ :

ઈન્ના અઅતૈના કલ-કવસૂર	હે નબી ! અમે આપને કવસર આપી છે
ફ-સલ્લિ લિ રબ-બિક્	તો નમાઝ પઢો પોતાના પાલનહાર માટે,
વન્હર.	અને કુરબાની કરો.
ઈન્ન શાનિઅક્	બેશક તમારા દુશ્મનો જ
હુવલ-અબતર.	નામો-નિશાન વગરના છે. [૨]

હઝરત અનસ બિન માલિક (રદિ.)નું વૃતાંત છે કે એક શખ્સે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સવાલ કર્યો, ''યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલાએ આપને કવસર ઈનાયત કરી તો એ કવસર શી વસ્તુ છે ?'' આપે ફરમાવ્યું :

નહરુન કમા બૈન	તે એક નહેર છે જેનો વિસ્તાર
સનઆઅ ઈલા ઐલહ.	સનઆ શહેરથી ઐલહ સુધીનો હશે.

૧. અર્થાત આ કુરૈશી મુશરિકોમાં આટલું વિચારવાની પણ અક્કલ નથી કે જે ખ્રિસ્તી ગુલામની [illegible] તે, કુર્આન જેવું અદ્ભુત, અનુપમ, લાજવાબ કે ફસીહ -બલીગ કલામ કેવી રીતે રચી શકે છે ? ''હ''

૨. કુર્આની લુગાતમાં અબતરના અર્થ દુમકટા, પૂછડી કપાયેલો, બાંડો, નિ:સંતાન એટલે અવલાદ વગરનો, જેની નસલ [illegible] ગઈ હોય વગેરે. દુનિયાએ જોઇ લીધું કે અલ્લાહએ પોતાના હબીબનું પ્યારૂં નામ ફર્શથી લઈને અર્શ સુધી ઝળહળતું કરી દીધું અને [illegible] ના દુશ્મનો જ બાંડા, દુમકટા કે કપાયેલી પૂછડી જેવા બની ગયા. ''હ''

આનિયતુહૂ	તેના પાણી પીવાના વાસણો
ક-અદ્દદિ નુજૂમિસ-સમાઅ.	આકાશના તારલાની સંખ્યામાં હશે.
તરિદુહૂ તૈરુન લહા અઅના-કુન	એ નહેર પર એવાં પક્ષીઓ પાણી પીવા આવશે જેઓની ગરદનો
ક-અઅના-કિલ આબાલિ.	ઊંટોની ગરદનો જેવી હશે.

તે વેળા હઝરત ઉમર ફારૂકે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! ત્યારે તો એ પક્ષીઓ જરૂર નરમ અને નાજુક હશે ?"

આપે ફરમાવ્યું, "આકિલુહા અનઅમુ મિન્હા." તેને ખાનારા તેઓથી વધારે નરમ અને નાજુક હશે.

એ પછી આપે ફરમાવ્યું, "મન શરિબ મિન્હુ લા યઝમઅ અબદન." એટલે જે શખ્સ તેનું (કવસરનું) પાણી પી લેશે તેને કદી તરસ નહિ લાગશે.

ફરિશ્તાને આંખે જોવાની માગણી————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુફ્ફારના જૂઠા આક્ષેપો અને ઝેરીલા કટાક્ષો છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈસ્લામી દઅવતનું અભિયાન અવિરત ચાલુ રાખ્યું તો ઝમ્અહ બિન અસ્વદ, નદ્ર બિન હારિસ, અસ્વદ બિન અબ્દે યગૂસ, ઉબય બિન ખલફ અને આસ બિન વાઈલ એવી માગણી પર ઊતરી પડ્યા કે, "હે મુહંમદ ! તમારે તો આકાશનો એક ફરિશ્તો પોતાની જોડે રાખવો જોઈએ, જેને અમે પોતાની આંખે જોઈ લેત, જે અમારી સાથે તમારા વતી વાતો કરત, એ પછી અમે તમારી ઉપર ઈમાન લઈ આવત !"

તેઓની આ માગણીના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી :

વ કાલૂ લવ લા ઉન્ઝિલા	અને તેઓ બોલ્યા, કેમ ઉતારવામાં નહિ આવ્યો
અલૈહિ મલક.	એની સાથે કોઈ ફરિશ્તો ?
વ લવ અન્ઝલના મલકલ	(જવાબ) અગર અમે ઉતારતે કોઈ ફરિશ્તો,
લ કુદિયલ-અમ્રુ	ત્યારે તો ફેસલો જ થઈ જતે મામલાનો !
સુમ્મ લા યુન-ઝરૂન.	પછી એમને ઘડીભરની તક નહિ આપવામાં આવતે.
વ લવ જઅલનાહુ મલકલ.	અગર (એઓ જોઈ શકે તેવો) કોઈ ફરિશ્તો અમે બનાવતે તો,
લ-જઅલના-હુ રજુલા	તેને પણ પુરૂષના રૂપે જ બનાવતે.

મતલબ આ કે કુરૈશની માગણી મુજબ આંખે જોઈ શકાય તેવા ફરિશ્તાને આ દુનિયામાં મોકલાવતે તો તેને પણ ઈન્સાનના જ રૂપમાં મોકલાવત કે જેથી લોકો તેને પોતાની આંખે જોઈ શકે. પરંતુ એનાથી કુરૈશને ન લાભ થતે ન સંતોષ થતે. કેમકે તેને જોતાં જ લોકો કહી દેતે કે, "એ ક્યાં ફરિશ્તો છે ? એ તો અમારા જેવો ઈન્સાન છે !"

એથી વિરૂધ્ધ ફરિશ્તાને તેના મૂળ સ્વરૂપે આ દુનિયામાં મોકલાવતે તો તેને જોતાં જ ડર અને દહેશતથી કુરૈશના લોકોના પ્રાણ નીકળી જતે. કેમકે આ દુનિયામાં આ આંખે ફરિશ્તાને જોવાનું કોઈ ઈન્સાનનું ગજું નથી. એટલે જ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું ફરિશ્તાને તેઓની માગણી મુજબ મોકલાવતે તો મામલાનો ફેસ

Maktabe Ashraf

આવી જતે અને તેઓને ઘડીભરની તક નહિ આપવામાં આવતે.

હાંસી ઉડાવવાનો અંજામ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને એવી માહિતી પણ મળી કે એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વલીદ બિન મુગીરહ, ઉમૈયહ બિન ખલફ અને અબૂ જહલ બિન હિશામ પાસેથી પસાર થયા તો તેઓએ આપને ટાણા માર્યા, ટીકાઓ કરી અને કટાક્ષોના દેકારાઓથી આપની હાંસીની રમઝટ બોલાવી દીધી. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગુસ્સો આવી ગયો. ત્યારે અલ્લાહ તઆલાએ તેઓના આ ચાળાઓની નોંધ લઈને આપને દિલાસો આપવા આ આયત ઊતારી :

વ-લ કદિસ-તુહઝિઅ્	બેશક મશ્કરી ઉડાડવામાં આવી છે,
બિ-રુસુલિમ-મિન કબ્-લિક્	તમારાથી પહેલાં પયગમ્બરોની પણ.
ફહાક્-બિલ-લઝીન	ત્યારે ઘેરી લીધા તે લોકોને જેઓ
સખિરૂ મિન્હુમ	મશ્કરી કરનારાઓમાંથી હતા;
મા કાનૂ બિહી યસ્તહ-ઝિઊન.	તેજ વસ્તુએ જેની તેઓ મશ્કરી કરતા હતા.

Maktabe Ashraf

પ્રકરણ ૬૦

ઈસરાઅ અને મિઅરાજ

ઈસરાઅની ઘટનાના રાવીઓ • શરાબ, દૂધ અને પાણી • હઝરત જિબ્રીલનું આગમન બુરાક સાથે • બુરાકની સવારીનું બયાન • મસ્જિદમાં પયગમ્બરોની ઈમામત • ઈસરાઅની ઘટના અંગે કુરૈશનો ઈન્કાર • હઝરત અબૂબક્રનું સમર્થન • હઝરત અબૂબક્રને સિદ્દીકનો લકબ • પયગમ્બરોની રૂપરેખાનું બયાન • રસૂલુલ્લાહ (સલ.)ની આછી રૂપરેખા • ઈસરાઅ અંગે ઉમ્મે હાનીની રિવાયત • ઈસરાઅ વિષે રસૂલુલ્લાહ (સલ.)નું બયાન

ઈસરાઅની ઘટનાના રાવીઓ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે મક્કહમાં કુરૈશ અને બીજા કબીલાઓમાં ઈસ્લામ ફેલાઈ ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મસ્જિદે-હરામથી [1] મસ્જિદે-અકસા સુધી———જેનું નામ બૈતુલ-મુકદ્દસ છે જે ઈલીયા શહેરમાં આવેલું છે———નો પ્રવાસ અલ્લાહ તઆલા તરફથી રાતની વેળા કરાવવામાં આવ્યો.[2]

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ પ્રવાસ અલ્લાહ તરફથી રાતના સમયે કરાવવામાં આવ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ પ્રવાસનું વર્ણન કરનારાઓમાં (૧) હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (૨) હઝરત અબૂ સઈદ ખુદરી (૩) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત આઈશહ સિદ્દીકહ (૪) હઝરત મુઆવિયા બિન અબી સુફયાન (૫) હઝરત હસન બિન અબિલ-હસન બસરી (૬) હઝરત ઈબ્ને-શિહાબ ઝુહરી (૭) હઝરત કતાદહ વગેરે ધર્મજ્ઞાનીઓ અને (૮) અબૂ તાલિબના પુત્રી હઝરત ઉમ્મે-હાનીની રિવાયતોનો સંગ્રહ છે. એમાંના દરેક સહાબી રાવીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પ્રવાસના ઘણાખરા પ્રસંગો ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક મુખે સાંભળીને વર્ણવ્યા છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ જમીની પ્રવાસ અને તે પછી આકાશની સફરનો પ્રવાસ, એ ખરૂં જોતાં અલ્લાહ તરફથી દુનિયાના લોકો માટે ખરા-ખોટાને પારખવાની એક કસોટી હતી. કેમકે

1. મસ્જિદે-હરામ એટલે ખાનએ-કઅબહની ફરતે આવેલી મસ્જિદ. આ મસ્જિદ અને તેની હદમાં અલ્લાહ તઆલાએ ઘણી એવી વસ્તુઓ હરામ ઠરાવી દીધી છે જે બીજા સ્થળઓ હલાલ હોય છે. જેથી તેને મસ્જિદે હરામ અથવા મસ્જિદુલ-હરામ કહે છે. હરામના બીજા અર્થ પ્રતિષ્ઠિત, આબરૂદાર, ગૌરવશાળી સન્માનપાત્ર વગેરે. "હ"

૨. ઈલીયા : પેલેસ્ટાઈનના એક શહેરનું પ્રાચીન નામ જેમાં બૈતુલ-મુકદ્દસ આવેલું છે. એને યરોશલમ પણ કહે છે. "હ"

આપના આ જમીની અને આકાશી પ્રવાસ, સર્વશકિતમાન અલ્લાહની કુદરત તથા તેની સર્વવ્યાપી વિરાટ સત્તાની અદ્‌ભુત અને અજાયબી ભરેલી ઘટના હતી. એમાં બુધ્ધિશાળીઓ માટે ઇબ્રત છે. અક્લની આંખોવાળાઓ માટે હિદાયત અને રહમત છે. ઇમાનવાળાઓ માટે ઇમાન પર સાબિત-કદમી છે અને સત્યનો સ્વીકાર કરનારાઓ માટે અલ્લાહના આદેશો પર મુકમ્મલ વિશ્વાસ છે.

સારાંશ કે અલ્લાહ તઆલાએ પોતાની ઇચ્છા મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને રાતોરાત પ્રવાસ કરાવ્યો. પોતાની કુદરતની અજાયબીઓમાંથી કેટલીક અદ્‌ભુત નિશાનીઓ દેખાડી. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહની વિરાટ સત્તાની ભવ્ય અજાયબીઓ તથા તેની બેનમૂન કારીગરીઓના અજીબો-ગરીબ બનાવો જાગૃત અવસ્થામાં પોતાની આંખે જોઇ લીધા.

શરાબ, દૂધ અને પાણી—————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદની આ રિવાયત મને પહોંચી છે જેમાં તેઓ કહ્યા કરતા કે, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ''બુરાક'' નામનું આકાશી જાનવર લાવવામાં આવ્યું. અને બુરાક એક ચોપગું આકાશી જાનવર છે જેની પીઠ પર આપથી પહેલાના પયગમ્બરોએ પણ સવારી કરી છે. બુરાકનું દરેક પગલું નજરની છેલ્લી હદે પડતું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બુરાકની પીઠ પર સવાર કરાવવામાં આવ્યા. આપનો સાથી આપને લઇને ઊપડયો. [૧]

પ્રવાસ દરમિયાન આપ આકાશ અને ધરતીની વચ્ચે આવેલી કુદરતની અજાયબીઓની સહેલ માણતા બૈતુલ-મુકદ્દસ પહોંચી ગયા. ત્યાં હઝરત ઇબ્રાહીમ (અલૈ.), હઝરત મૂસા (અલૈ.), હઝરત ઇસા (અલૈ.) અને કેટલાક બીજા પયગમ્બરો મવજૂદ હતા, જેઓને ખાસ આપની મુલાકાત માટે અહીં ભેગા કરવામાં આવ્યા હતા. આપે એ પયગમ્બરોને મસ્જિદે-અકસામાં નમાઝ પઢાવી. એટલે આપ ઇમામ બન્યા અને પયગમ્બરોએ આપની પાછળ નમાઝ પઢી. એ પછી આપની પાસે ત્રણ વાસણો લાવવામાં આવ્યાં. એકમાં દૂધ હતું. બીજામાં શરાબ હતો. ત્રીજામાં પાણી હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે :

ફ-સમિઅ-તુ કાઇલન	તે વેળા મેં સાંભળ્યું, કોઇ કહેનારો
યકૂલુ હીના ઉરિદત અલય્ય	કહેતો હતો, જ્યારે કે વાસણો મારી સામે રજૂ થયાં :
ઇન અખઝલ-માઅ ગરિક્	''અગર એણે પાણી ઉપાડી લીધું તો પોતે પણ ડૂબ્યો,
વ ગરિકત ઉમ્મતુ-હૂ.	અને એની ઉમ્મત પણ ડૂબી.
વ ઇન અખઝલ-ખમ્ર ગવય	અને જો એણે શરાબ ઉપાડયો તો પોતે પણ ગુમરાહ થયો,
વ ગવત્ ઉમ્મતુ-હૂ.	અને એની ઉમ્મત પણ ગુમરાહ થઇ.
વ ઇન અખઝલ-લબન હુદિય્	અને જો એણે દૂધ ઉપાડયું તો પોતે પણ સીધો રાહ મેળવ્યો,
વ હુદિયત ઉમ્મતુ-હૂ.	અને એની ઉમ્મતે પણ સીધો રાહ મેળવી લીધો.''
કાલ	એ પછી આપે ફરમાવ્યું :

૧. આપનો સાથી એટલે હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ.

Maktabe Ashraf

ફ-અખઝ-તુ ઇનાઅલ-લબન	ત્યારે મેં દૂધનું વાસણ ઉપાડી લીધું,
ફ શરિબ્તુ મિન્હુ.	અને તેમાંથી પીધું.
ફકાલ લી જિબ્રીલુ અલૈહિસ-સલામ	ત્યારે જિબ્રીલ અલૈહિસ-સલામે મને કહ્યું,
હદીતુ	આપે સીધો રાહ મેળવી લીધો,
વ હુદિયત ઉમ્મતુક યા મુહમ્મદ !	અને આપની ઉમ્મત પણ સીધા રાહે આવી ગઇ હે મુહંમદ !

હઝરત જિબ્રીલનું આગમન બુરાક સાથે——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હસન બિન અબિલ-હસનથી મને જે રિવાયત મળી તે મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે :

"હું કઅબહના "હિજ્ર"સ્થળે સૂતેલો હતો તે દરમિયાન જિબ્રીલ મારી પાસે આવ્યા. તેમણે પોતાના પગથી મને દબાવ્યો તો હું ઊઠીને બેસી ગયો.મેં આમતેમ જોયું પણ કોઇ મને ત્યાં દેખાયું નહિ. ત્યારે હું પાછો પોતાના સ્થળે સૂઇ ગયો. ત્યારે જિબ્રીલ બીજીવાર મારી પાસે આવ્યા અને અગાઉ મુજબ પોતાના પગથી તેમણે મને દબાવ્યો ત્યારે ફરીવાર હું ઊઠીને બેસી ગયો. આ વેળા પણ કોઇ મને ત્યાં દેખાયું નહિ તો હું મારા સ્થળે અગાઉ મુજબ સૂઇ ગયો. એટલામાં જિબ્રીલ ત્રીજી વાર મારી પાસે આવ્યા અને પોતાના પગથી મને દબાવ્યો તો હું ફરીવાર ઊઠીને બેસી ગયો. આ વેળા તેમણે મારો બાહુ ઝાલી લીધો તો હું તેમની સાથે ઊભો થઇ ગયો. મને લઇને તેઓ મસ્જિદના દરવાજા તરફ ઊપડયા. ત્યાં મેં સફેદ રંગનું એક જાનવર ઊભેલું જોયું. તે ખચ્ચર અને ગધેડાના કદ જેટલું હતું. તેની જાંગોમાં બે પાંખો હતી. જેનાથી તે પોતાના પગો ખોતરતું હતું. તેના પગલાંની ગતિ નજર પહોંચે તેટલી હતી. જિબ્રીલે મને તેની પીઠ પર સવાર કરાવ્યો. પછી અમે ત્યાંથી ચાલી નીકળ્યા. ન જિબ્રીલ મારાથી અળગા થતા ન હું જિબ્રીલથી અળગો થતો."

બુરાકની સવારીનું બયાન——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત કતાદહથી મને જે હદીસ મળવા પામી તેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છેઃ

"જયારે હું સવાર થવા માટે બુરાક પાસે ગયો તો તે મસ્તી કરવા લાગ્યું. જિબ્રીલે તેની ગરદનના વાળો પર પોતાનો હાથ મૂકીને કહ્યું, "તને શરમ નથી આવતી હે બુરાક ! જે કંઇ તું કરી રહ્યું છે તેનાથી ? અલ્લાહના સોગંદ ! તારી પીઠ પર સવાર થયો નથી અલ્લાહનો કોઇ બંદો મુહંમદથી પહેલાં; જે અલ્લાહને ત્યાં આટલો માન મરતબાવાળો હોય !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "પછી તો બુરાક એટલું બધું શરમાયું કે પસીનાથી રેબઝેબ થઇ ગયું અને પોતાને સ્થળે ચૂપચાપ સ્થિર થઇ ગયું. ત્યારે હું તેની પીઠ પર સવાર થઇ ગયો."

મસ્જિદમાં પયગમ્બરોની ઇમામત——————હઝરત હસન બિન અબિલ-હસને પોતાનું બયાન ચાલુ રાખતાં ઉમેર્યું, "પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બુરાક પર સવાર થઇને નીકળ્યા અને જિબ્રીલ પણ આપની સાથે જ હતા. તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લઇને બૈતુલ-મુકદ્દસ પહોંચી ગયા. અહીં હઝરત ઇબ્રાહીમ (અલૈ.)હઝરત મૂસા (અલૈ.) હઝરત ઇસા (અલૈ.) કેટલાક બીજા પયગમ્બરો બિરાજમાન હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની ઇમામત કરી. અને તેઓને

નમાઝ પઢાવી. પછી બે પ્યાલા લાવવામાં આવ્યાં. એકમાં શરાબ અને બીજામાં દૂધ હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દૂધનો પ્યાલો ઉપાડી લઇને તેમાંથી દૂધ પીધું. શરાબના પ્યાલાને હાથ સુધ્ધાં અડાડયો નહિ.

આ દેખીને જિબ્રીલે કહ્યું, "યા રસૂલલ્લાહ ! આપે ફિતરતનો રાહ ગ્રહણ કર્યો અને પોતાની ઉમ્મતને પણ સીધા રાહની દોરવણી આપી દીધી. શરાબ આપના માટે અને આપની ઉમ્મત માટે હરામ ઠરી ગયો."

અસરાઅની ઘટના અંગે કુરૈશનો ઇન્કાર——————રાવીનું કથન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહ આવી ગયા. સવાર પડી તો આપ કુરૈશ પાસે ગયા અને તેઓને આ ઘટનાના સમાચાર આપ્યા. ત્યારે તેઓમાંના ઘણાખરા બોલી ઊઠયા, "વલ્લાહ ! આ તો ચોખ્ખી રીતે ના-કાબિલે-કબૂલ વાત છે. કોઇ પણ રીતે માની શકાય તેવી નથી. કેમકે મક્કહથી સીરિયા પહોંચતા એક મહિનો લાગે છે અને ત્યાંથી મક્કહ પાછા ફરતાં બીજો એક મહિનો લાગે છે. મુહંમદ રાતોરાત આટલા લાંબા વિસ્તારે જઇને મક્કહ પાછા આવી લાગે એ શું બનવા જોગ છે ?"

રાવીનું કથન છે : આ કારણે કેટલાક મુસલમાન બનેલા લોકોના ઇમાન ડગમગી ગયાં અને તેઓ ઇસ્લામ છોડીને મુર્તદ બની ગયા. અહીંથી ઊઠીને કુરૈશના લોકો હઝરત અબૂબક્ર પાસે ગયા અને બોલ્યા, "હે અબૂબક્ર! તમારા મિત્રે નવા સમાચાર વહેતા કર્યા છે. તમે કંઇ સાંભળ્યું ?"

"ના, શું સમાચાર છે ?" હઝરત અબૂબક્રે પૂછયું.

તેઓ બોલ્યા, "તમારા મિત્ર કહે છે કે રાતોરાત તેઓ બૈતુલ-મુકદ્દસ જઇને મક્કહ પાછા આવી ગયા. શું હજીય તમે તમારા મિત્રને સાચો માનશો ?

હઝરત અબૂબક્રે કહ્યું, "પણ મને લાગે છે કે તમે બધા જૂઠું બોલો છો."

હઝરત અબૂબક્રનું સમર્થન——————કુરૈશના લોકો બોલ્યા, "ના અમે જૂઠું કેવી રીતે બોલીએ? તમારા મિત્ર તો પોતે મસ્જિદમાં લોકોને આ સમાચાર સંભળાવી રહ્યા છે."

હઝરત અબૂબક્ર બોલ્યા, "ત્યારે શું તમે મુહંમદને જૂઠા ઠરાવો છો ?"

"સાંભળો," હઝરત અબૂબક્રે કહ્યું, "અગર તેઓ પોતે આમ કહે છે તો બિલકુલ સાચું કહે છે એમાં તમારે શંકા જેવું કે નવાઇ પામવા જેવું શું છે ? વલ્લાહ તેમણે તો મને એટલે સુધ્ધાં કહ્યું છે કે, અલ્લાહ તરફથી તેમની પાસે આકાશની ખબરો જમીન પર આંખના પલકારામાં આવી પહોંચે છે અને હું તરત તેને અંતઃકરણથી માની લઉં છું. તેમના રાતોરાત જવા-આવવાની જે વાતથી તમને નવાઇ લાગી છે તે તો એના કરતાં ઊતરતા દરજ્જાની વાત છે."

એ પછી હઝરત અબૂબક્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! શું આપ નામદારે આ લોકોને ફરમાવ્યું કે આપ ગઇ રાતે બૈતુલ-મુકદ્દસ ગયા હતા ?"

આપે ફરમાવ્યું, "હા મેં કહ્યું છે."

Maktabe Ashraf

અરજ કરી, "હે અલ્લાહના નબી ! મેં બૈતુલ-મુકદ્દસ જોયું છે. હું ત્યાં જઈ આવ્યો છું. આપ જરા તેના નકશાની કંઈક વિગત બયાન ફરમાવો."[1]

રાવીના કથન મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે . "ફ-રુફિઅ લી હત્તા નઝરતુ ઈલૈહિ." ત્યારે એજ વેળા તેને એટલે બૈતુલ-મુકદ્દસને મારી સામે હાજર કરી દેવામાં આવ્યો અને હું તેને મારી આંખોથી જોવા લાગ્યો.

હઝરત અબૂબક્રને સિદ્દીકનો લકબ————અલ્લાહ તઆલાએ બૈતુલ-મુકદ્દસની ઈમારત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આંખ સામે ઊભી કરી દીધી તો આપ તેને જોઈજોઈને અબૂબક્રની આગળ તેની રૂપરેખા બયાન કરવા લાગ્યા અને અબૂબક્ર આપની દરેક વાત પર કહેવા લાગ્યા, "આપે સાચું ફરમાવ્યું યા રસૂલલ્લાહ ! હું સાક્ષી આપું છું કે આપ અલ્લાહના રસૂલ છો."

બૈતુલ-મુકદ્દસના નકશાની દરેક વિગત આપ બયાન ફરમાવતા ત્યારે અબૂબક્ર આપની દરેક વાત પર પોકારી ઊઠતા," આપે સાચું ફરમાવ્યું યા રસૂલુલ્લાહ ! હું સાક્ષી આપું છું કે આપ અલ્લાહના રસૂલ છો."

જયારે બૈતુલ-મુકદ્દસના નકશાની વિગતો પૂરી થઈ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્રને સંબોધીને ફરમાવ્યું, "અન્તા યા અબાબક્ર ! અસ-સિદ્દીક !" એટલે હે અબૂબક્ર ! તમે "સિદ્દીક" છો. એજ પ્રસંગે આપે હઝરત અબૂબક્રને "સિદ્દીક"નો લકબ પ્રદાન કર્યો અને એજ દિવસથી હઝરત અબૂબક્રનું નામ "સિદ્દીક" તરીકે પંકાઈ ગયું.[2]

પયગમ્બરોની રૂપરેખાનું બયાન————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈમામ ઝુહરીએ સઈદ બિન મુસૈયબની રિવાયતથી ટાંકયું છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મિઅરાજની રાતે અલ્લાહના પયગમ્બરો———હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત ઈસા (અલૈહિમુસ-સલામ) સાથે મુલાકાત કરી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબા આગળ તેઓની રૂપરેખા દર્શાવતાં ફરમાવ્યું, "ઈબ્રાહીમની રૂપરેખા અને મુખમુદ્રા તો તમારા આ મિત્રની (એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પોતાની) રૂપરેખાને આબેહૂબ મળતી આવે તેવી હતી. તમારા મિત્રે, પોતાની રૂપરેખાને હૂબહૂ મળતી આવે તેવી રૂપરેખાનો પુરૂષ ઈબ્રાહીમથી વધીને બીજો કોઈ જોયો નથી.

"ત્યારે મૂસા એક ઘઉંવર્ણા, પાતળી કાઠીના, વાંકડિયા વાળોના, ઊંચા નાકવાળા પુરૂષ હતા. જાણે તેઓ શનૂઅહ કબીલાની એક વ્યક્તિ જેવા હતા. અને ઈસા બિન મરયમ એક રાતા-ગોરા, મધ્યમ બાંધાના,

---

૧. હઝરત અબૂબક્રે કુરૈશી મુશરિકોની સામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સવાલ એટલા માટે પૂછયો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બૈતુલ-મુકદ્દસની બાંધણીની વિગતો દર્શાવી દેશે તો કુરૈશી ફિત્નાખોરોના મોઢાં બંધ થઈ જશે. બીજી રિવાયતોમાં છે કે કુરૈશના લોકો પોતે બઢીચઢીને સવાલ-સવાલો પૂછતા હતા કેમકે તેઓને ખબર હતી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના [illegible] દી મસ્જિદે-અકસામાં ગયા [illegible] થી [illegible] ની મસ્જિદે-અકસાની બાંધણીની ઝીણી [illegible] ણી વિગતોનો જવાબ [illegible] એટલા માટે મુશકિલ હતો [illegible] રાતની વેળા ત્યાં તશરીફ લઈ ગયા હતા. આ કારણે અલ્લાહ તઆલાએ તેઓના સવાલો પ્રસંગે બૈતુલ મુકદ્દસની ઈમારત આપની આંખ સામે ઊભી કરી દીધી. તેને જોઈજોઈને આપ તેઓના સવાલોના જવાબો આપતા ગયા. ત્યાં સુધી કે તેઓને માનવું પડયું કે આપે દર્શાવેલી વિગતો બિલકુલ સાચી છે. "હ"

૨. સિદ્દીક એટલે બહુ સાચું બોલનાર. એવો મહાન સત્યવાદી કે જેના કદમ, રાહે-હકથી કદી ડગમગી નહિ શકે, પ્રાણના ભોગે પણ સત્યપાલનનો આગ્રહી "હ"

લાંબા વાળોવાળા શખ્સ હતા. લાગતું હતું જાણે ગુસલખાનામાંથી હમણા નાહીને નીકળ્યા છે. તેમના વાળોમાંથી પાણીના ટીપાં ટપકી રહ્યાં હતાં. જો કે ત્યાં પાણી ન હતું. તમારામાં સૌથી વધુ તેઓ ઉર્વહ બિન મસઊદ સુકફી સાથે મળતા આવે તેવા હતા.''

રસૂલુલ્લાહ (સલ.)ની આછી રૂપરેખા————ઇબ્ને હિશામ કહે છે : હઝરત અલી બિન અબી તાલિબ (રદિ.) જયારે પ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સરાપા એટલે આપની રૂપરેખાનો ઉલ્લેખ કરતા [૧] ત્યારે આ પ્રમાણે દર્શાવતા :

''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો બાંધો ન બહુ ઊંચો હતો.ન બહુ નીચો, બલકે આપ મધ્યમ બાંધાના હતા. પવિત્ર વાળો આપના છેક વાંકડિયા પણ નહિ અને છેક સીધા પણ નહિ, બલકે બંને વચ્ચે મેળ ખાય તેવા સપ્રમાણ હતા. રંગ આપનો લાલાશ પડતો સફેદ હતો. પવિત્ર શરીર આપનું ન બહુ જાડું હતું ન બહુ પાતળું. આંખો આપની કાજળઘેરી અને કીકીઓ કાળી હતી. પાપણોના વાળ લાંબા અને ઘન હતા. બંને ખભા વાંસા તરફથી ભરાવદાર હતા. સીનાથી નાભિ સુધી બારીક સુંવાળી રૂંવાટી હતી. આખું અંગ ફાલતુ વાળોથી ખાલી હતું. હથેલીઓ અને પગોના તળિયાં માંસલ હતાં. રફતારમાં પગો જમીન પર ઠરતા ન હતા. ગતિભેરની રફતારમાં એવું લાગતું જાણે ઊંચાણ પરથી નીચાણ તરફ ઊતરી રહ્યા છે. રસ્તાના વળાંક પર તેજીથી વળી જતા. બંને ખભાઓ વચ્ચે પીઠ મુબારક પર પયગમ્બરીની મુહર ઊપસેલી હતી. અલ્લાહના બધા પયગમ્બરોમાં આપ અલ્લાહના આખેરી પયગમ્બર હતા. અલ્લાહના દુરૂદ અને સલામ હો આપ પર !''

''દાનપ્રદાનમાં આપ સૌથી વધુ ઉદારવૃત્તિના, સાહસ અને શુજાઅતમાં સૌથી મજબૂત મનોબળના, વાતચીતમાં સૌથી વધુ સાચા, કરારોના પાલનમાં સૌથી વધુ ચુસ્ત, વર્તનમાં સૌથી વધુ નમ્ર, વહેવારૂ મામલાઓમાં સૌથી વધુ ચઢિયાતા, સૌથી વધુ વિવેકી અને સૌથી વધુ સંસ્કારી હતા. પહેલવહેલાં આપને જોનાર માણસ આપના પયગમ્બરી દબદબાથી થથરી ઊઠતો. આપની સાથે મેળમિલાપ રાખનાર દિલોજાનથી આપની ઉપર કુરબાન થઈ જવાની તમન્ના સેવતો.''

હઝરત અલી ફરમાવે છેઃ ''આપના જેવો મેં ન આપથી પહેલાં જોયો ન આપના પછી જોયો. અલ્લાહના દુરૂદ અને સલામ હો આપ પર !''

ઇસરાઅ અંગે ઉમ્મે-હાનીની રિવાયત— ————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ તાલિબના પુત્રી બીબી ઉમ્મે-હાની જેમનું નામ હિન્દ હતું- - ની રિવાયત, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ સલ્લલ્લાહુ અલૈહિ

---

૧. અલ્લાહના પયગમ્બર હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની રૂપરેખા સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વધુથી વધુ મળતાપણું ધરાવતા હોવાને કારણે અહીં આપની રૂપરેખા અને આપના સંસ્કારનું ટૂંક વર્ણન કરવામાં આવ્યું છે. ''હ''

વ સલ્લમના રાતના પ્રવાસને લગતી મળવા પામી, તેમાં એમ છે કે, ''જે રાતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઇસરાઅ એટલે મક્કહથી બૈતુલ-મુકદ્દસનો, રાતનો પ્રવાસ કરાવવામાં આવ્યો તે રાતે આપ મારા જ ઘરમાં આરામ ફરમાવતા હતા. તે રાતે આપ ઇશાની નમાઝ પઢીને સુઇ ગયા અને અમે ઘરવાળાં પણ સુઇ ગયાં. પરોઢથી પહેલાંનો સમય હતો ત્યારે આપે અમને જગાડયાં. પોતે પણ ફજરની નમાઝ પઢી અને અમે પણ પઢી. નમાઝથી પરવારીને આપે મને ફરમાવ્યું:

યા ઉમ્મ-હાની ! લકદ્દ સલ્લૈતુ	હે ઉમ્મે-હાની ! બેશક મેં પઢી,
મઅ-કુમુલ-આખિરહ	તમારી સાથે રાતની છેલ્લી નમાઝ,
કમા રઐતિ બિ-હાઝલ-વાદી	જેમકે તમે પણ જોયું આ ખીણમાં (આવેલા મકાનમાં)
સુમ્મ જિઅતુ બૈતલ-મક્દિસિ	પછી હું પહોંચી ગયો બૈતુલ-મુકદ્દસ,
ફ-સલ-લયતુ ફીહિ.	તો ત્યાં પણ મેં નમાઝ પઢી.
સુમ્મ કદ્દ સલ્લૈતુ	એ પછી મેં નમાઝ પઢી ફરીવાર
સલાતલ-ગદાતિ મઅકુમ	ફજરની નમાઝ તમારી સાથે,
અલ-આન કમા તરૈન.	હમણા જેમકે તમે જોયું.

બીજી ઉમ્મે-હાની કહે છે : ''આમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બહાર જવા માટે ઊભા થઇ ગયા તો મેં આપની ચાદરનો પાલવ પકડીને ખેંચ્યો જેનાથી આપનું નૂરાની પેટ દેખાવા લાગ્યું. એ જોઇને મને થયું જાણે સફેદ, સુંદર, સુંવાળું, કતાનનું વસ્ત્ર ઘડી વાળીને મૂકેલું છે. મેં આપને અરજ કરી, ''હે અલ્લાહના નબી ! આ બનાવ લોકોને કહેશો નહિ, તેઓ આપને જૂઠલાવીને નાહક દુખ આપશે.''

આપે ફરમાવ્યું, ''વલ્લાહ ! હું જરૂર તેઓની આગળ બયાન કરીશ.''

આ સાંભળીને મેં મારી હબશણ લોંડીને કહ્યું, ''જા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ કે જેથી તું સાંભળી શકે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લોકોને શું કહે છે અને લોકો આપને શું જવાબ આપે છે !''

ઇસરાઅ વિષે રસૂલુલ્લાહ (સલ.)નું બયાન——એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઉમ્મે-હાનીના ઘરમાંથી નીકળીને કુરૈશ પાસે ગયા અને રાતનો બનાવ તેઓને કહી સંભળાવ્યો. આ અદ્ભુત બનાવ સાંભળીને બધા હયરતમાં પડી ગયા અને બોલ્યા, ''હે મુહંમદ ! અમને કેવી રીતે વિશ્વાસ બેસે ? અમે તો આવી કથા આજ સુધી સાંભળી નથી. કોઇ નિશાની હોય તો રજૂ કરો.''

આપે ફરમાવ્યું, ''નિશાની આ છે કે જ્યારે હું બુરાક પર બેસીને સીરિયાની ભૂમિ તરફ જતો હતો તો ફલાણી ખીણમાં ફલાણા કબીલાનો કાફલો પસાર થતો હતો. એ કાફલાના ઊંટો મારી સવારીના જાનવરને જોઇને ભડકી ગયાં. તેમાંનુ એક ઊંટ ભડકીને ત્યાંથી નાસી છૂટયું લોકો તેને શોધવા નીકળ્યા તો મેં તેઓને કહ્યું, ''ફલાણી દિશાએ ફલાણા સ્થળેથી તમારૂં ઊંટ મળી આવશે. તે વેળા હું સીરિયા તરફ જતો હતો.''

''બીજી નિશાની આ છે કે બૈતુલ-મુકદ્દસની વાપસીના પ્રવાસમાં જયારે હું ''દજનાન''સ્થળે પહોંચ્યો તો ત્યાં ફલાણા કબીલાનો કાફલો પડાવ નાખીને પડેલો હતો. કાફલાના લોકો સુતેલા હતા. તેઓએ એક વાસણમાં

Maktabe Ashraf

પાણી ભરીને અને તેને ઢાંકીને મૂકેલું હતું. મેં ઢાંકણ ઉપાડીને તેમાંનું થોડુંક પાણી પી લીધું કે જેથી નિશાની રહે કે કોઈએ એમાંથી પાણી પીધું છે. વાસણને તેજ મુજબ ઢાંકીને હું આગળ વધ્યો."

"ત્રીજી નિશાની આ છે કે હાલ અત્યારે એ કાફલો "બૈદાઅ" [1] સ્થળેના તન્ઈમ પહાડ પરથી ઊતરી ચૂકયો છે. હવે કાફલાની આગળ ભૂરા રંગનું કાળાશ પડતું એક ઊંટ ચાલી રહ્યું છે. તેની પુશ્ત પર બે થેલા લાદેલા છે. એક કાળા રંગનો થેલો છે. બીજો જુદા જુદા રંગનો છે. "

બીબી ઉમ્મે-હાનીનું કથન છે : "કુરૈશના લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ વાતો સાંભળીને તન્ઈમ તરફ દોડી ગયા. જોયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વચન મુજબ કાફલો આવી રહ્યો હતો. પણ કાફલાની આગળ ચાલતો થેલાવાળો ઊંટ તેઓના જોવામાં નહિ આવ્યો. તે પહાડી ઊતરીને આગળ નીકળી ચૂકયો હતો. આ લોકોએ કાફલાવાળાઓને પાણીના પેલા વાસણ વિશે પૂછયું તો તેઓ બોલ્યા, "હા અમે વાસણમાં પાણી ભરીને તેને ઢાંકીને મૂકી દીધું હતું. કૂચ વેળા અમે જોયું તો વાસણ ઢાંકેલું હતું પણ તેમાંનું પાણી ઓછું થઈ ગયું હતું."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળેલો પહેલો કાફલો જયારે મકકહ આવી ગયો તો કુરૈશે તેઓને પૂછપરછ કરતાં તેઓ બોલ્યા, "હા બેશક અમારૂં ઊંટ ફલાણા જંગલમાં ભડકીને નાસી ગયું હતું. અમે તેને શોધવા નીકળ્યા તો કોઈ ગૈબી વ્યકિતનો અવાજ સાંભળ્યો. કહ્યું કે તમારૂં ખોવાયેલું ઊંટ ફલાણી દિશાએ ફલાણા સ્થળેથી મળી આવશે. અમે તે તરફ ગયા તો ઊંટ ત્યાં ઊભેલું હતું. અમે તેને પકડી લીધું." [2]

---

૧. બૈદાઅ : મકકહ નજીક આવેલી એક પહાડીનું નામ અને તન્ઈમ : મકકહથી ત્રણ ચાર માઈલના અંતરે આવેલું એક સ્થળ

૨. મક્કહથી બૈતુલ-મુકદ્દસ સુધીના રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાતોરાતના આ પ્રવાસનું વર્ણન કુર્આને-મજીદના પારહ ૧૫ શરૂઆતમાં આ પ્રમાણે થયું છે : સુબ્હાનલ-લઝી અસરા બિ-અબ્દિહી લયલમ મિનલ-મસ્જિદિલ-હરામિ ઈલલ-મસ્જિદિલ-અક્સા..... પાક છે તે ઝાત જેણે પ્રવાસ કરાવ્યો રાતની વેળા પોતાના બંદાને મસ્જિદે-હરામથી મસ્જિદે-અકસા તરફ.....જમીનના આ પ્રવાસને "અસરાઅ" કહે છે અને અહીંથી સ્વર્ગલોક એટલે આકાશોની સહેલના પ્રવાસને "મિઅરાજ" કહે છે. એનું બયાન પારહ ૨૭ની "સૂરએ-વન્નજ્મ"માં થયું છે. અરબીમાં મિઅરાજના અર્થ નિસરણી થાય છે. એ જ શબ્દ પરથી આ ઘટનાનું નામ મિઅરાજ થયું. એનું બયાન પ્રકરણ ૬૧માં વાંચો. "હ"

પ્રકરણ ૬૧

મિઅરાજ અને આકાશોની સહેલ

આકાશલોકની સહેલ માટે આકાશી નિસરણી ● દોઝખના દરોગા માલિકની મુલાકાત ● હઝરત ખુદરીની બાકી રિવાયત ● પાક રહો અને ગંદી રહો ● યતીમોનો માલ ખાનારા ● મોટાં પેટવાળા વ્યાજખોરો ● વ્યભિચારીઓનો અંજામ ● સાતે આકાશો અને જન્નતની સહેલ.

આકાશલોકની સહેલ માટે આકાશી નિસરણી———ઈબ્ને ઈસ્હાક કહે છે : મિઅરાજની ઘટના વિષે મને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત અબૂ સઈદ ખુદરીની રિવાયત મળી છે. તે મુજબ હઝરત અબૂ સઈદ ખુદરીનું બયાન છે કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આમ ફરમાવતાં સાંભળ્યા :

લમ્મા ફરગ-તુ	જ્યારે હું પરવારી ગયો
મિમ્મા કાન્ ફી બૈતિલ-મક્દિસ.	તે બાબતોથી જે બૈતુલ-મુકદ્દસમાં બનવા પામી.
ઉતિય બિલ-મિઅરાજ.	તો લાવવામાં આવી મારી પાસે એક નિસરણી.
લમ અરા શૈઅન	મેં જોઈ નથી કોઈ વસ્તુ,
કત્તુ અહસન મિન્હુ.	કદી પણ એનાથી ઉત્તમ.
વ-હુવલ-લઝી યમુદ્દુ ઈલૈહિ	એજ તે વસ્તુ છે જેની તરફ તાકી રહે છે,
મૈતુકુમ ઐનૈહિ ઇઝા હુદિરા.	તમારાં મુરદાં પોતાની આંખોથી જ્યારે તેનું મોત આવે છે.
ફ-અસઅદ્-ની સાહિબી ફીહિ.	એ પછી મને ચઢાવી દીધો મારા સાથીએ એ નિસરણી પર.
હત્તન-તહા બી ઈલા બાબિમ	ત્યાં સુધી કે મારો સાથી પહોંચી ગયો મને લઈને એક દરવાજે:
મિન અબવા-બિસ-સમાઈ.	આસમાનના દરવાજાઓમાંથી.
યુકાલુ લહૂ બાબલ-હફ્ઝતિ.	એ દરવાજાનુ નામ બાબુલ-હફઝહ હતું.
અલૈહિ મલકુમ-મિનલ-મલાઈકતિ	ત્યાં ફરિશ્તાઓમાંથી એક ફરિશ્તો મવજૂદ હતો
યુકાલુ લહૂ ઈસ્માઈલ.	તેનું નામ ઈસ્માઈલ હતું.
તહત્ યદૈહિ ઈસ્ના અશર અલ્ફ મલક.	તેના હાથ નીચે બાર હજાર ફરિશ્તા હતા.
તહત્ યદય કુલ્લિ મલકિમ-મિન્હુમ	એમાંના દરેક ફરિશ્તાના હાથ નીચે
ઈસ્ના અશરા અલ્ફ મલક.	બાર હજાર ફરિશ્તા હતા.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મિઅરાજની ઘટના વર્ણવતા તો સાથે કુર્આનની આ આયત પણ પઢી સંભળાવતા : વમા યઅ-લમુ જુનૂદ રબ-બિક્ ઈલ્લા હૂ. એટલે તમારા પાલનહારના લશ્કરને તેના વગર કોઈ જાણતું નથી. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું:

ફ-લમ્મા દખલ્ બી	પછી જ્યારે મારો સાથી મને લઈને દાખલ થયો
કાલ્ મન હુવ્ હાઝા યા જિબ્રીલ.	તો તેણે (ઇસ્માઈલે) પૂછયું, આ કોણ છે હે જિબ્રીલ !
કાલ્ મુહમ્મદુન.	જિબ્રીલે કહ્યું, મુહંમદ છે.
કાલ અવ કદ્ બુઈસ.	પૂછયું, શું એમને બોલાવવામાં આવ્યા છે ?
કાલ નઅમ.	જિબ્રીલે કહ્યું, હા.
કાલ્ ફ-દઆ લી બિ-ખૈરિન	ત્યારે તેણે મારા માટે ભલાઈની દુઆ કરી
વ કાલહૂ.	અને મારા માટે ભલાઈના શબ્દો કહ્યા.

દોઝખના દરોગા માલિકની મુલાકાત————ઇબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જે સાથીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક મુખે મિઅરાજનું વર્ણન સાંભળ્યું હતું તેઓ તરફથી મને મળેલી રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

"જ્યારે હું દુનિયાના આસમાનમાં દાખલ થયો તો ત્યાંના ફરિશ્તાઓ સાથે મારી મુલાકાત થઈ. દરેક ફરિશ્તો પ્રફુલ્લ ચહેરે મને આવકારતો હતો, હરખાભેર મારી મુલાકાત લેતો હતો, ભલાઈ અને બરકતની મને દુઆઓ આપતો હતો; ત્યાં સુધી કે એજ ફરિશ્તાઓમાંથી એકની સાથે મારી મુલાકાત થઈ. તેણે પણ બીજા ફરિશ્તાઓ પેઠે મને આવકારીને મારી સાથે વાતો કીધી અને મને દુઆઓ આપી. પરંતુ મેં જોયું કે એ ન હસે છે ન એના ચેહરા પર પ્રફુલ્લતા છે ન આનંદ કે ઉલ્લાસના ભાવો છે."

મેં જિબ્રીલને પૂછયું, "હે જિબ્રીલ ! આ કોણ ફરિશ્તો છે ? એણે મારી સાથે વાતો તો તેવી જ કીધી જેવી બીજા ફરિશ્તાઓએ કીધી. એણે મને દુઆઓ પણ તેવી જ આપી જેવી બીજા ફરિશ્તાઓએ આપી. પણ વાતો વેળા ન તો એ હસ્યો ન એના ચેહરા પર મેં આનંદના ભાવો જોયા!"

જિબ્રીલે કહ્યું, "હે મુહંમદ ! આપથી પહેલાં એણે કોઈની સાથે હસીને વાત કરી હોત, અથવા આપના પછી કોઈની સાથે એ હસીને વાત કરવાનો હોત, તો એ આપની સાથે પણ હસીને વાત કરત ! પરંતુ બાબત એમ છે કે હસવાનું તો એ જાણતો જ નથી. એ દોઝખનો વ્યવસ્થાપક ફરિશ્તો છે. એનું નામ માલિક છે."

મેં જિબ્રીલને કહ્યું, "ત્યારે તો એ અલ્લાહ તરફથી નીમાયેલો દોઝખનો માનવંતો દરોગો કે ત્યાંનો સૌથી મોટો પ્રામાણિક સરદાર છે. હે જિબ્રીલ ! શું તમે એને હુકમ નહિ કરો કે એ મને દોઝખની સહેલ કરાવે !"

જિબ્રીલે કહ્યું, "હા કેમ નહિ, હે માલિક ! મુહંમદ ને દોઝખની અજાયબીઓની સહેલ કરાવો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "જિબ્રીલનો હુકમ મળતાં માલિકે દોઝખનું ઢાંકણ ઉઘાડી નાખ્યું. એની સાથે જ દોઝખના ધગધગતા અગ્નિમાં ઉછાળો આવ્યો અને તેના ભડકા બુલંદ

Maktabe Ashraf

થઈ ગયા. ત્યારે મને થયું કે આ ભડકા નજરમાં આવતી દરેક વસ્તુને ભરખીને ભસ્મ કરી નાખશે. મેં જિબ્રીલને કહ્યું, "હે જિબ્રીલ ! માલિકને કહો, દોઝખનું ઢાંકણ બંધ કરી દે."

જિબ્રીલે માલિકને હુકમ કર્યો અને માલિકે દોઝખને હુકમ કર્યો, "ખામોશ થઈ જા હે દોઝખ !" એજ વેળા ભડકા શમી ગયા અને અગ્નિ પોતાના સ્થળે એવી રીતે ચાલ્યો ગયો જાણે પડછાયો હોય, માલિકે તેના મુખ પર ઢાંકણ મૂકી દીધું.

હઝરત ખુદરીની બાકી રિવાયત——————હઝરત અબૂ સઈદ ખુદરીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસ ચાલુ રાખતાં કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું:

"જ્યારે હું દુનિયાના આસમાનમાં દાખલ થયો તો ત્યાં મેં એક ગૃહસ્થને બેઠેલા જોયા. તેમની સામે માણસોની રૂહોના ટોળાં વળેલાં હતાં. અમુક રૂહો જ્યારે એમની તહેનાતમાં રજૂ થતી તો આ ગૃહસ્થ એ રૂહોને ભલે પધારો કહેતા, ખુશ થઈને તેઓ પ્રત્યે પોતાનો આનંદ જાહેર કરતા અને બોલતા, "બહુ ભલી અને નેક રૂહો છે, પવિત્ર અંગમાંથી નીકળેલી છે."

એ પછી રૂહોના ટોળાંમાંથી અમુક બીજી રૂહો એમની તહેનાતમાં રજૂ થતી તો નફરતથી બોલી ઊઠતા, "થૂ છે તમારી ઉપર !" પછી ધિક્કારથી મોં મચકોડીને કહેતા, "ગંદી અને ખબીસ રૂહો છે. ગંદા દેહમાંથી નીકળેલી છે."

પાક રૂહો અને ગંદી રૂહો——————મેં જિબ્રીલને પૂછયું, "હે જિબ્રીલ ! આ કોણ ગૃહસ્થ છે?"

જિબ્રીલ બોલ્યા, "એ આપના પિતા આદમ છે. એમની તહેનાતમાં એમની અવલાદની રૂહોને પેશ કરવામાં આવે છે. જ્યારે એમની અવલાદની ઈમાનદાર રૂહો એમની સામેથી પસાર થાય છે. તો તેઓને જોઈને ખુશ થાય છે. પોતાનો આનંદ જાહેર કરે છે અને કહે છે, "સ્વચ્છ અને ભલી રૂહો છે. સ્વચ્છ અને પાક શરીરોમાંથી નીકળેલી છે." જ્યારે કાફિરો અને મુશરિકોની રૂહો પસાર થાય છે તો તેઓને જોતાં જ થૂથૂ કરે છે અને તેઓ પ્રત્યે પોતાનો ધિક્કાર જાહેર કરે છે અને કહે છે, "નાપાક-ગંદી રૂહો છે જે ગંદા-નાપાક શરીરોમાંથી નીકળેલી છે."[1]

યતીમોનો માલ ખાનારા——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે : એ પછી મેં કેટલાક માણસોને જોયા તેઓના હોઠો ઊંટોના હોઠો જેવા હતા. તેઓના હાથોમાં ગોળ પથરા જેવા આગના અંગારા હતા. આ અંગારા તેઓ પોતાના મુખમાં નાખી લેતા જે લાગલા જ તેઓની પીઠ પાછળથી નીકળી જતા."

મેં પૂછયું, "હે જિબ્રીલ ! આ કોણ લોકો છે ?"

જિબ્રીલે કહ્યું, "એ યતીમો-અનાથોનો માલ હજમ કરી જનારા લોકો છે."

મોટાં પેટવાળા વ્યાજખોરો——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે: "એ પછી કેટલાક મોટાં પેટવાળા લોકો મારા જોવામાં આવ્યા. આવાં મોટાં પેટો મેં અગાઉ કદી જોયાં નથી. આ

૧. આ બનાવનું વર્ણન બુખારી, મુસ્લિમ, મુસ્નદે-અહમદ વગેરેમાં પણ થયું છે. પૂરી વિગત માટે જુઓ : સીરતુલ-મુસ્તફા જિ.૧ પેજ ૨૧૦ થી ૨૪૦ - સીરતે-સરવરે-આલમ જિ.૨ પેજ ૪૭૩ - ઇ ૬૭૯. "૬"

લોકો ફિરઔન અને તેની અવલાદના રસ્તે ચાલનારા જેવા લાગતા હતા. એમને જયારે દોઝખ પાસે હાજર કરવામાં આવતા તા, તરસ્યાં ઊંટો જેવા વિરાટ કાયાના જાનવરો, પોતાના પગોથી એમને રગદોળતા પસાર થઇ જતા, છતાં એમનામાં એટલું બળ ન હતું કે પોતાના બચાવ ખાતર રસ્તામાંથી હટી જતે !''

મેં પૂછ્યું, ''હે જિબ્રીલ ! આ કોણ લોકો છે ?''

જિબ્રીલ બોલ્યા, ''એ વ્યાજખાઉ લોકો છે.''

વ્યાભિચારીઓનો અંજામ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે: ''એ પછી મેં કેટલાક એવા લોકોને જોયા જેઓની સામે તાજું સ્વચ્છ માંસ હતું અને બીજી તરફ સડેલું ગંધાતુ માંસ હતું. એ લોકો તાજું સ્વચ્છ માંસ જતું કરીને સડેલું ગંધાતુ માસ ખાઇ રહ્યા હતા.''

મેં પૂછ્યું, ''હે જિબ્રીલ ! આ કોણ લોકો છે ?''

જિબ્રીલે કહ્યું, ''આ તે લોકો છે જેઓ પોતાની પાક-હલાલ નિકાહી બીબીઓને છોડીને અલ્લાહએ હરામ કરેલી સ્ત્રીઓ સાથે પોતાનું મોં કાળું કરતા હતા.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે : ''એજ સ્થળે કેટલીક એવી સ્ત્રીઓ મારા જોવામાં આવી જે પોતાની છાતીઓ સાથે અધ્ધર લટકેલી હતી. મેં પૂછ્યું, ''હે જિબ્રીલ ! આ કોણ સ્ત્રીઓ છે ?''

જિબ્રીલ બોલ્યા, 'આ તે બદકાર સ્ત્રીઓ છે જેઓ પોતાના હરામી બાળકને પોતાના પતિનું બાળક કહીને પતિના ઘરમાં ઘૂસાડી દેતી હતી.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે : ''અલ્લાહનો પ્રકોપ તે સ્ત્રી પર પ્રચંડ રીતે તૂટી પડે છે જે પારકા પુરૂષના ગર્ભથી જન્મેલા હરામી બાળકને પતિનું બાળક કહીને પતિના માલથી તેનું લાલનપાલન કરે છે. પછી આ બાળક પતિના પૈસે ખાઇપીને ઉછેર પામે છે અને ઘરના માણસ પેઠે બધી બાબતોનો જાણકાર બનીને વહેવાર કરે છે.''

સાતે આકાશો અને જન્નતની સહેલ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ સઇદ ખુદરીની રિવાયતનો બાકીનો ભાગ આ છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે :

•— પહેલા આસમાનની સહેલ પછી લઇ ગયા જિબ્રીલ મને બીજા આસમાન પર.
ત્યાં મળ્યા મને બે માસીભાઇઓ——ઇસા બિન મરયમ અને યહ્યા બિન ઝકરિય્યા.
•— પછી લઇ ગયા જિબ્રીલ મને ત્રીજા આસમાન પર. ત્યાં જોયા મેં એક ગૃહસ્થને,
''સૂરતુ-હૂ ક-સુરતિલ-કમરે લૈલતલ-બદ્રે'' એટલે તેમનો ચેહરો ચઉદમી રાતના ચાંદ
જેવો હતા. મેં પૂછ્યું, ''હે જિબ્રીલ ! આ કોણ ગૃહસ્થ છે.

તેમણે કહ્યું, ''એ તમારા ભાઇ યૂસુફ બિન યઅકૂબ છે.''

•— પછી લઇ ગયા જિબ્રીલ મને ચોથા આસમાન પર. ત્યાં જોયા મેં એક ગૃહસ્થને,
મેં પૂછ્યું, ''હે જિબ્રીલ ! આ કોણ ગૃહસ્થ છે ?''

તેમણે કહ્યું, ''એ ઇદરીસ છે.''

રાવીનું બયાન છે : હઝરત ઇદરીસ અલૈહિસ-સલામના વર્ણન વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુર્આનની આ આયત પઢતા : "વ-રફઅના-હુ મકાનન અલિય્યા." એટલે અલ્લાહ તઆલાએ ઉપાડી લીધા ઇદરીસને ઊંચા સ્થળે.

•— પછી લઇ ગયા જિબ્રીલ મને પાંચમા આસમાન પર. ત્યાં જોયા મેં એક આધેડ વયના ગૃહસ્થને. તેઓ સફેદ સર ધરાવનારા અને લાંબી સફેદ દાઢીવાળા હતા. આધેડ ઉંમરનો એમનાથી વધુ રૂપાળો કોઇ ગૃહસ્થ મેં જોયો નથી. મેં પૂછયું, "એ કોણ ગૃહસ્થ છે હે જિબ્રીલ !"

તેઓ બોલ્યા, "એ પોતાની કૌમના મહબૂબ અને માનીતા હારૂન બિન ઇમરાન છે." (હઝરત મૂસા અલૈહિસ-સલામના ભાઇ.)

•— પછી લઇ ગયા મને જિબ્રીલ છઠ્ઠા આસમાન પર. ત્યાં મારા જોવામાં આવ્યા એક ઘઉંવર્ણા ગૃહસ્થ, લાંબા કદના, ઊંચા નાકવાળા, જાણે કે એ શનૂઅહ કબીલાના દમામદાર ગૃહસ્થ હતા. મેં પૂછયું, "હે જિબ્રીલ એ કોણ ગૃહસ્થ છે ?"

તેમણે કહ્યું, "એ તમારા ભાઇ મૂસા બિન ઇમરાન છે."

•— પછી લઇ ગયા જિબ્રીલ મને સાતમા આસમાન પર. ત્યાં જોવામાં આવ્યા એક મધ્યમ વયના ગૃહસ્થ. તેઓ "બૈતુલ-મઅમૂર" (એટલે સાતમા આસમાન પર આવેલા ખાનએ-કઅબહ)ના દરવાજા પાસે એક કુરસી પર બેઠેલા હતા. આ બૈતુલ-મઅમૂરમાં દરરોજ દાખલ થાય છે, સિત્તેર હજાર ફરિશ્તા તેના તવાફ માટે. અને એમાંનો કોઇ ફરિશ્તો કિયામત સુધીના માટે બીજીવાર તવાફ માટે આવતો નથી.[1]

બૈતુલ-મઅમૂરના દરવાજે કુરસી પર બેઠેલા ગૃહસ્થ રૂપરેખાએ અને મુખમુદ્રાએ સૌથી વધુ મને મળતા આવતા હતા અને સૌથી વધુ હું તેમને મળતો આવતો હતો.

મેં પૂછયું, "હે જિબ્રીલ ! એ કોણ ગૃહસ્થ છે ?"

તેમણે કહ્યું, "એ તમારા બાપ ઇબ્રાહીમ છે."

•— એ પછી દાખલ થયા જિબ્રીલ મને લઇને જન્નતમાં. ત્યાં એક બેહદ રૂપાળી કન્યા મારા જોવામાં આવી. તેનું રૂપ જોઇને હું બેહદ નવાઇ પામી ગયો અને તે મને બહુ ભલી લાગી. મેં પૂછયું એ કન્યાને, "તું કોના માટે છે ?"

તે બોલી, "હું ઝૈદ બિન હારિસહ માટે છું."

---

૧. મક્કહના ખાનએ-કઅબહની સીધમાં સાતમા આસમાન પર આવેલા ખાનએ-કઅબહને "બૈતુલ-મઅમૂર" કહે છે. એ ફરિશ્તાઓ માટેનો કઅબહ છે. પારહ ૨૭ની સૂરએ-તૂરમાં એનું બયાન થયું છે. હરરોજ સિત્તેર હજાર ફરિશ્તા એનો તવાફ કરે છે. એકવાર તવાફ કરી ચૂકેલા ફરિશ્તાઓને બીજીવાર એના તવાફની તક મળતી નથી. બીજા દિવસે બીજા સિત્તેર હજાર ફરિશ્તા એનો તવાફ કરે છે અને આ સિલસિલો કિયામત સુધીનો છે (કામૂસુલ-કુર્આન પેજ ૩૧૬) "હ"

રાવીનું કથન છે "ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખુશખબર આપી દીધી આ વાતની ઝૈદ બિન હારિસહને.[1]

પચાસ નમાઝોની પાંચ નમાઝો — ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદની રિવાયતથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ હદીસ મળી છે. આપે ફરમાવ્યું :

"જ્યારે જિબ્રીલ મને લઈને દરેક આસમાનને દરવાજે જતા અને અંદર આવવાની પરવાનગી માગતા તો ત્યાંનો દરબાન પૂછતો, "હે જિબ્રીલ ! આ તમારા સંગાથે કોણ છે ?"

જિબ્રીલ જવાબ આપતા, "મુહંમદ છે."

દરબાન પૂછતો, "શું એમને નોતરવામાં આવ્યા છે ?"

જિબ્રીલ કહેતા, "હા"

ત્યારે દરબાન પોકારીને કહેતો, "ભલે પધાર્યા હે ભલા ભાઈ, હે ભલા મિત્ર ! અલ્લાહ આપનું આગમન મુબારક કરે ! આપ લાંબું જીવો!"

આ સિલસિલા દરેક આસમાને ચાલુ રહ્યો ત્યાં સુધી કે જિબ્રીલ મને લઈને સાતમા આસમાને પહોંચી ગયા. એ પછી મને અલ્લાહના દરબારમાં પહોંચાડી દેવામાં આવ્યો. તે વેળા મુજ પર અલ્લાહ તઆલા તરફથી રોજની પચાસ વખતની નમાઝો ફર્ઝ કરવામાં આવી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે : "એ પછી હું અલ્લાહના દરબારથી પાછો ફર્યો અને જ્યારે હું મૂસા બિન ઇમરાનની પાસેથી પસાર થયો તો તેઓ તમારા માટે (એટલે આપની પૂરી ઉમ્મત માટે) બહુ ભલા પુરવાર થયા.(કેમકે તેમના કહેવાથી ૫૦ નમાઝોની પાંચ નમાઝો થઈ.)

તેમણે મને પૂછ્યું, "કેટલી નમાઝો ફર્ઝ થઈ તમારી ઉપર ?"

મેં કહ્યું, "પચાસ વખતની નમાઝો દરરોજ."

તેઓ બોલ્યા, "ખરેખર નમાઝ બહુ ભારી વસ્તુ છે અને તમારી ઉમ્મત બહુ કમજોર છે. માટે પાછા જાવ પોતાના પાલનહાર પાસે, અને વિનંતી કરો કે ઓછી કરી દે નમાઝ તમારાથી અને તમારી ઉમ્મતથી."

ત્યારે હું પાછો ગયો અલ્લાહના દરબારમાં, અને મેં વિનંતી કરી મારા રબને કે, આ બોજ ઓછો કરી દેવામાં આવે મુજપરથી અને મારી ઉમ્મત પરથી. ત્યારે ઓછી કરી

Maktabe Ashraf

૧. હઝરત ઝૈદ બિન હારિસહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દત્તક અને આઝાદ કરેલા ગુલામ હતા. ગુલામોમાં સૌથી પહેલા આપ પર ઈમાન લાવીને મુસલમાન બન્યા હતા. આપના બહુ માનીતા, લાડીલા અને ઊંચા પાયાના સહાબી હતા. આઝાદ થયા પછી પણ પોતાના માબાપ પાસે નહિ ગયા. પુરૂં જીવન પોતાની મરજીથી આપના ચરણોમાં વીતાવી દીધું. તમામ સહાબામાં ફકત એમનું જ નામ કુર્આનમાં આવ્યું છે. આપની મુબારક હયાતમાં જ એક જિહાદમાં શહીદ થઈ ગયા. એમના માનવંતા ફરઝંદ હઝરત ઉસામહ બિન ઝૈદ સાથે પણ આપને એટલી જ માયા મમતા હતી. "હ"

દીધી દસ નમાઝો.

એ પછી હું ત્યાંથી પાછો ફર્યો અને પસાર થયો મૂસા પાસેથી તો તેમણે કહી મને તેજ વાત જે અગાઉ કહી હતી.

ત્યારે હું પાછો ગયો અલ્લાહના દરબારમાં, અને વિનંતી કરી મેં મારા રબને તો ઓછી કરી દેવામાં આવી બીજી દસ નમાઝો.

એ પછી પાછો ફર્યો હું ત્યાંથી અને પસાર થયો મૂસા પાસેથી તો કહી તેમણે મને અગાઉ જેવી જ વાત.

અને જ્યારેય હું મૂસા પાસે પાછો ફરતો તો તેઓ કહી દેતા, "પાછા જાવ અને વિનંતી કરો તમારા રબને !" પછી તો આ મામલો એટલી હદે પહોંચી ગયો કે નમાઝની આ કમી ઓછી થતાં થતાં ફક્ત પાંચ વખતની નમાઝો રહી ગઈ દરેક દિવસ અને રાતમાં.

ત્યારે ફરી હું પસાર થયો મૂસા પાસેથી તો તેમણે કહી મને અગાઉ જેવી જ વાત. તો આ વેળા મેં તેમને કહ્યું, "હે મૂસા ! હું વારંવાર ગયો મારા રબ પાસે અને વિનંતી કરતો રહ્યો મારા રબને, ત્યારે હવે મને શરમ આવે છે મારા રબથી, માટે હવે હું આમ કરવાનો નથી."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવે છે : "હવે તમારામાંથી જે માણસ અદા કરતો રહેશે ઈમાનદારીથી સવાબ સમજીને આ પાંચ નમાઝોને, તેને અજ્ર આપવામાં આવશે પચાસ ફર્ઝ નમાઝોનો."

અલ્લાહની રહમતો હો મુહંમદ પર અને મુહંમદની આલ પર !

(હદીસ શરીફનો લફ્ઝી તરજુમો)

ગુજરાતી સંપાદકનો વધારો———ગુજરાતી સંપાદક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ મિઅરાજ અને "સયરે-સમાવાત" એટલે આકાશોની સહેલયાત્રાના બે ભાગ છે. પહેલા ભાગને "ઇસરાઅ"કહે છે એટલે રાતના સમયે ખાનએ-કઅબહની મસ્જિદે-હરામથી બુરાક નામે આકાશી જાનવરની પીઠ પર બેસીને બૈતુલ-મુકદ્દસની મસ્જિદે-અકસા સુધીનો પ્રવાસ.

બીજા ભાગને મિઅરાજ કહે છે એટલે મસ્જિદે-અકસાથી આકાશી નિસરણી દ્વારા સાતમા આસમાન સુધીની સફર. પહેલા ભાગનું વર્ણન પારહ ૧૫ની સૂરએ-બની ઇસ્રાઈલની શરૂઆતમાં થયું છે. બીજા ભાગનું વર્ણન પારહ ૨૭ની સૂરએ-વન્નજ્મમાં કરવામાં આવ્યું છે.

અલ્લામા ઇબ્ને હિશામની સીરતુન-નબીમાં આ પ્રવાસના કેટલાક મહત્ત્વના પ્રસંગોના ઉલ્લેખ, ખાસ કરીને સાતમા આસમાનની સહેલ વેળાના અમુક સનદી બનાવો, જેનું બયાન સૂરએ-વન્નજ્મમાં થયું છે.——સરતચૂકથી રહી ગયા છે. અમે એનો ટૂંકસાર સીરતની સનદી કિતાબોમાંથી તારવીને અહીં રજૂ કરીએ છીએ.

•— હઝરત શદ્દાદ બિન અવસ રદિયલ્લાહુ અન્હુની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બુરાક પર સવાર થઈને હઝરત જિબ્રીલ સાથે રવાના થયા તો આપની પહેલી મંઝિલ મદીનહની ધરતી હતી જ્યાં ચારે તરફ ખજૂરીઓના ઝુંડ દેખાતા હતા. હઝરત જિબ્રીલના કહેવાથી આપે બુરાક પરથી ઊતરીને અહીં બે રકઅત નમાઝ પઢી. જિબ્રીલે કહ્યું, "હે મુહંમદ ! આ મદીનહની ધરતી છે. જ્યાં હિજરત કરીને આપે પધારવાનું છે."

અહીંથી રવાના થયા તો આપની બીજી મંઝિલ "તૂરે-સૈનાઅ"ની ધરતી હતી. ત્યાં એક ઝાડ હતું હઝરત જિબ્રીલના કહેવાથી આપે એ ઝાડ પાસે બે રકઅત નમાઝ પઢી. જિબ્રીલે કહ્યું, "આ તે ઝાડ છે જ્યાં અલ્લાહ તઆલાએ મૂસા સાથે કલામ કર્યું હતું જેથી તેઓ "મૂસા કલીમુલ્લાહ "કહેવાયા."

અહીંથી રવાના થયા તો આપની ત્રીજી મંઝિલ "મદ્યન"ની ધરતી હતી જ્યાં અલ્લાહના પયગમ્બર હઝરત શુઐબ (અલૈ.)નું રહેઠાણ હતું. અહીં બે રકઅત નમાઝ પઢીને રવાના થયા તો આપની ચોથી મંઝિલ "બૈતુલ-લહમ"ની ધરતી હતી. અહીં અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમ (અલૈ.)નો જન્મ થયો હતો. અહીં બે રકઅત નમાઝ પઢીને રવાના થયા તો આપની પાંચમી મંઝિલ બૈતુલ-મુકદ્દસની ધરતી હતી. અહીં મસ્જિદે-અક્સામાં પહોંચીને આપનો જમીની પ્રવાસ પૂરો થયો.

•— મક્કહથી બૈતુલ-મુકદ્દસ સુધીના પ્રવાસ દરમિયાન કેટલાક મહત્વના બનાવો બનવા પામ્યા જેની ટૂંક વિગત આ પ્રમાણે છે : એક સ્થળેથી પસાર થતાં કોઈએ પોકાર પાડયો, "હે મુહંમદ ! જરા થોભી જાવ, મારે કંઈક કહેવું છે." હઝરત જિબ્રીલે આપને કહ્યું, "એનું સાંભળવું નહિ, આગળ બઢો," એ પોકાર જમણી તરફનો હતો. લાગલો જ બીજો પોકાર ડાબી તરફથી સંભળાયો. પણ જિબ્રીલના કહેવાથી આપે એ પોકારો તરફ બિલકુલ ધ્યાન નહિ આપ્યું.

આગળ જતાં ઝાકઝમાળ પોશાકમાં સજ્જ થયેલી એક હસીનો-જમીલ રૂપસુંદરી મળી. સામે આવીને નાઝો-અદાથી આપનું મન રીઝવવા લાગી. એની તરફ ધ્યાન નહિ આપતાં આપ આગળ બઢી ગયા. થોડે દૂર જતાં એક બુઢિયા જોવામાં આવી. દયાજનક સ્વરે બોલી, "હે મુહંમદ ! અહીં મારી પાસે આવો, મારી વાત સાંભળો, "જિબ્રીલે કહ્યું, "એનું સાંભળવું નહિ, આગળ બઢો." થોડે આગળ જતા એક બુઢ્ઢો મળ્યો. તેણે પણ આપને હાંક મારીને એજ પ્રમાણે કહ્યું. પણ જિબ્રીલના કહેવાથી આપ આગળ બઢી ગયા. ત્યારે આપે પૂછયું, "હે જિબ્રીલ ! આ બધા કોણ હતા ?"

હઝરત જિબ્રીલે કહ્યું, "જમણી તરફનો પોકાર પાડનાર યહૂદિયતનો છડીદાર હતો ત્યારે ડાબી તરફનો પોકાર પાડનાર ઈસાઈયતનો છડીદાર હતો. આપ એમની તરફ ધ્યાન આપતે તો આપની ઉમ્મતનો બહુ મોટો ભાગ એજ તરફ ઢળી પડતે. પેલી રૂપસુંદરી આ દુનિયા હતી. બનીઠનીને આપનું મન રીઝવવા માગતી હતી. આપ તેની તરફ ધ્યાન આપતે તો આપની ઉમ્મતનો બહુ મોટો ભાગ દુનિયાદાર બની જતે. પેલી બુઢિયા પણ દુનિયા હતી. પ્રથમ બનીઠનીને જવાન કન્યાના રૂપમાં આવી. તેમાં નહિ ફાવી તો આપની હમદર્દી મેળવવા બુઢિયાના રૂપમાં આવી. આ દુનિયાની ઉંમર હવે બુઢિયા જેટલી જ રહી ગઈ છે. પેલો બુઢ્ઢો મળ્યો એ શયતાન હતો. આપને સીધા રસ્તા પરથી ખસેડી નાખવા માગતો હતો.

•— આગળ જતાં આપ એવા લોકો પાસેથી પસાર થયા જેઓના નખો તાંબાના હતા અને આ નખોથી

Maktabe Ashraf

તેઓ પોતાના ચેહરા છોલી રહ્યા હતા. પૂછ્યું, "હે જિબ્રીલ ! આ કોણ લોકો છે ?"

જિબ્રીલ બોલ્યા, "આ તે લોકો છે જેઓ દુનિયામાં પોતાના જ ભાઈઓનું માંસ ખાતા હતા. એટલે તેઓની ગીબતો, નિંદાઓ, બદગોઈઓ કરીને લોકોની નજરમાં તેઓને હલકા પાડતા હતા.

•— આગળ જતાં આપે જોયું કે કેટલાક લોકો ખેતરોમાં તૈયાર ખેતીની કાપણી કરી રહ્યા છે અને જેટલો પાક લણી લેતા હતા તેટલો જ પાક ફરીવાર તૈયાર થઈને વાયુમાં લહેરાવા લાગતો હતો. પૂછ્યું, "જિબ્રીલ! આ કોણ લોકો છે ?"

જિબ્રીલ બોલ્યા, "એ આપની ઉમ્મતના તે લોકો છે જેઓ અલ્લાહના રાહમાં અલ્લાહના દુશ્મનો સાથે જિહાદ કરતા હતા. એમની એક નેકીનો બદલો સાત સોથી પણ વધુ પ્રમાણમાં અલ્લાહ તરફથી એમને આપવામાં આવે છે."

•— આગળ જતાં આપે જોયું, કેટલાક લોકોના માથાં પથ્થરોથી કચરી નાખવામાં આવે છે અને કચરેલા માથાં જોતજોતામાં સાજાં થઈ જાય છે જેને ફરીવાર પથ્થરોથી કચરી નાખવામાં આવે છે અને આ સિલસિલો એમજ ચાલુ છે. પૂછ્યું, "હે જિબ્રીલ ! આ કોણ લોકો છે ?"

કહ્યું, "એ આપની ઉમ્મતના બેનમાઝી લોકો છે જેઓ નમાઝને બોજારૂપ સમજતા હતા."

•— આગળ જતાં કેટલાક એવા લોકો જોવામાં આવ્યા જેઓના ગુપ્ત અંગો પર ચીંથરાં લટકી રહ્યાં હતાં અને તેઓ ઊંટો-બળદો પેઠે "દરીઅ" તથા "ઝક્કૂમ"ના ઝાડી-ઝાંખરાં ચરી ખાતા હતા. પૂછ્યું, "હે જિબ્રીલ ! આ કોણ લોકો છે ?"

બોલ્યા, "આ તે લોકો છે જેઓ પોતાના માલમાંથી ઝકાત-ખયરાત કંઈ આપતા ન હતા."

•— આગળ જતાં એવા લોકો જોયા જેઓએ લાકડાનો મોટો ભારો તૈયાર કર્યો છે પણ તેને ઉપાડવાનું બળ ન હોવા છતાં, વધુ લાકડાં ભેગા કરીને ભારાને ઓરભી ભારે બનાવી રહ્યા હતા. પૂછ્યું, "આ કોણ લોકો છે હે જિબ્રીલ !"

કહ્યું, "આ તે લોકો છે જેઓ પર બીજાઓના હકો, અમાનતો અને જવાબદારીઓનો ભાર લદાયેલો હતો. તેને ઉપાડવાની તાકત ન હોવા છતાં તેમાં ઉમેરો જ કરતા ચાલ્યા જતા હતા."

•— આગળ ચાલતાં આપ એવા લોકો પાસેથી પસાર થયા જેઓની જીભો અને હોઠોને લોખંડી કાતરથી ચીરી નાખવામાં આવતા હતા પણ બીજી જ પળે એ પાછા સાજાસમા થઈ જતા હતા. પૂછ્યું, "જિબ્રીલ! આ કોણ લોકો છે.

કહ્યું, "એ આપની ઉમ્મતના તે ખતીબો, ઇમામો અને ધર્મગુરૂઓ છે જેઓ બીજાઓને નસીહતો કરતા હતા પણ પોતે તેનો અમલ કરતા ન હતા."

•— આગળ જતાં આપે જોયું કે એક ટાંગામાં ફાટ પડી અને તેમાંથી કદ્દાવર કાયાનો એક બળદ નીકળી આવ્યો જે ફરીવાર તેમાં ઘૂસી જવાના ફાંફાં મારે છે પણ ઘૂસી શકતો નથી. પૂછ્યું, "હે જિબ્રીલ ! આ શું મામલો છે ?"

કહ્યું, "એ આપની ઉમ્મતનો તે માણસ છે જે સુનીસુનાઈ વાતો, અફવાઓ અને ફિતના-ફસાદ ફેલાવવાનો

Maktabe Ashraf

સંસારમાં પ્રચાર કરે છે પછી જ્યારે તેની પોલ ખુલી જાય છે તો જાતજાતના બહાના કાઢીને પોતાના બચાવ તરીકે તેને સંકેલી લેવાની કોશિશ કરે છે પણ તેને સંકેલી શકતો નથી."

•—— પછી આગળ જતાં અમુક લોકો જોવામાં આવ્યા જેઓના પેટો માટલાં પેઠે ફૂલેલાં હતા અને તેમાં સાપ-સાંપોલિયાં ચક્કર મારી રહ્યાં હતાં. આવજાવ કરનારા રાહદારીઓ આ ફૂલેલાં પેટવાળાઓને રોંદતા-પોંદતા પસાર થઈ જાય છે. છતાં એ લોકો પોતાની જગાથી હરકત કરી શકતા નથી. પૂછયું, "આ કોણ લોકો છે?"

હઝરત જિબ્રીલ બોલ્યા, "હે મુહંમદ ! એ આપની ઉમ્મતના સૂદખાર એટલે વ્યાજખાઉ લોકો છે."

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બુરાકની પીઠ પર બિરાજમાન થઈને હઝરત જિબ્રીલ સાથે ગૈબી સૃષ્ટિના વિવિધ બનાવો અને દ્રશ્યોનું નિરીક્ષણ કરતા બૈતુલ-મુકદ્દસ પહોંચી ગયા. અહીં આપે હઝરત જિબ્રીલના કહેવાથી ઈમામ બનીને અલ્લાહના પયગમ્બરોને નમાઝ પઢાવી. એ પછી આપના માટે હીરા-જવાહિરાતથી મઢેલી આકાશી નિસરણી લાવવામાં આવી. એ નિસરણી અંગે હઝરત અબૂ સઈદ ખુદરીની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

લમ્મા ફરગ-તુ	જ્યારે હું નિવૃત્ત થઈ ગયો
મિમ્મા કાના ફી બૈતિલ-મકદિસ.	બૈતુલ-મુકદ્દસના કાર્યક્રમથી,
ઊતય બિલ-મિઅરાજ.	તો લાવવામાં આવી મારા માટે એક નિસરણી.
વલમ અરા શૈઅન	જોઈ નથી મેં કોઈ વસ્તુ
કત્તુ અહસન મિન્હુ.	કદી પણ એનાથી ઉત્તમ.
વ હુવલ-લઝી યમુદ્દુ ઈલૈહિ	એજ તે વસ્તુ છે જેની તરફ તાકી રહે છે.
મૈતુકુમ ઐનૈહિ ઈઝા હુદિર.	તમારાં મુરદાંની આંખો જ્યારે મૃત્યુ આવે છે.
ફ-અસ્અદ ની	પછી બેસાડી દીધો મને
સાહિબી ફીહિ.......	મારા સાથીએ એ નિસરણી પર.......[1]

એજ નિસરણી દ્વારા હઝરત જિબ્રીલ આપને એક પછી એક આકાશની સહેલ કરાવતા સાતમા આસમાને લઈ ગયા. અહીંથી આગળ વધીને હઝરત જિબ્રીલે આપને "સિદ્રતુલ-મુન્તહા" પાસે પહોંચાડી દીધા. સિદ્રહ બોરડીના ઝાડને કહે છે અને મુન્તહા એટલે છેવટ, છેલ્લી હદ, ચરમસીમાનો આખેરી છેડો. એ સાતમા આસમાન પર અલ્લાહના અર્શે-આઝમની જમણી દિશાએ આવેલું વિરાટ કાયાનું જંગી ઝાડ છે. એના મૂળિયાં સાતમા આસમાનમાં છે. એના પાંદડાં હાથીના કાન જેવા અને એનાં ફળ માટલાં જેવા છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જોયું કે અલ્લાહની તજલ્લીના નૂરથી આખું ઝાડ ઝાકઝમાળ હતું. બેશુમાર ફરિશ્તા, સોનેરી પતંગિયાં અને રંગબેરંગી પરવાના આખા ઝાડને ઘેરી વળેલાં હતાં.[2]

સિદ્રતુલ-મુન્તહાનું સ્થળ, અલ્લાહની બારગાહ અને તેની મખ્લૂક વચ્ચેના અંતરની ચરમસીમા કે આખેરી

---

૧. આ હદીસનું બયાન પ્રકરણની શરૂઆતમાં આવી ગયું છે.

૨. આ પ્રસંગ માટે કુર્આનના શબ્દો : ઇઝ યગ્શસ-સિદ્રત મા યગ્શા. એટલે તે વેળા સિદ્રહ પર જે કંઈ છવાયેલું હતું તે છવાયેલું જ હતું. અર્થાત્ અલ્લાહની તજલ્લીઓના રંગબેરંગી નૂરથી આખું ઝાડ ઝાકઝમાળ હતું. એ સિદ્રહનું ઝાડ કેવું ? એની હકીકત અને અસલીયત શું છે ? તે અલ્લાહની કુદરતની કારીગરીના રહસ્યોમાંથી એક રહસ્ય છે. માણસની અક્કલ કે કલ્પના ત્યાં સુધી પહોંચી શકતી નથી. મતલબ કે એ કોઈ એવી જ વસ્તુ છે જેના માટે ઇન્સાનની ભાષામાં સિદ્રહ (બોરડી) સિવાય પ્રબેસતો કોઈ શબ્દ નથી." ..."

હદ ગણાય છે. નીચેથી ઉપર જનારી દરેક વસ્તુને અહીં વસૂલ કરીને પછી ઉપર જવા દેવામાં આવે છે. તેવી જ રીતે ઉપરથી નીચે જનારી દરેક વસ્તુને અહીં વસૂલ કરીને પછી નીચે જવા દેવામાં આવે છે. અહીંના એક છેડે "આલમે-ખલ્ક" એટલે સર્જન-સૃષ્ટિનો અંત આવી જાય છે અને બીજા છેડે "આલમે-ગૈબ" છે જેનું જ્ઞાન ન કોઈ ફરિશ્તાને છે ન કોઈ પયગમ્બરને, સિવાય કે અલ્લાહ તઆલા પોતે કોઈ ફરિશ્તા કે પયગમ્બરને એમાંનું કોઈ જ્ઞાન આપી દે. એજ સિદ્રતુલ-મુન્તહા પાસે "જન્નતુલ-મઅવા" નામની જન્નત આવેલી છે જેનું બયાન સૂરએ-નજ્મમાં થયેલું છે : "ઈન્દ સિદ્રતિલ-મુન્તહા ઈન્દહા જન્નતુલ-મઅવા."

બુખારી અને મુસ્લિમ (હદીસ-ગ્રંથો)માં હઝરત અબૂ ઝર રદિયલ્લાહુ અન્હુની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હું જિબ્રીલ સાથે સિદ્રતુલ-મુન્તહા સ્થળે ગયો. ત્યાં મેં અલ્લાહની તજલ્લીના નૂર ઉપરાંત બેશુમાર અજીબો-ગરીબ રંગબેરંગી વસ્તુઓ જોઈ. એ શું હતું તેની મને ખબર નથી. પછી મને જન્નતુલ-મઅવાની સહેલ કરાવવામાં આવી. એના મહેલો અને ગુંબદો મોતીઓના હતા અને એની જમીનની માટી મુશ્કની હતી." (સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૨૩)

જન્નત અને તેની દરેક વસ્તુ અલ્લાહ તઆલાએ પોતાના આજ્ઞાપાલક બંદાઓ માટે તૈયાર કરેલી છે. જેના વિષે અલ્લાહ તઆલાએ પોતાના નબીના મુખે ફરમાવ્યું છે :

અઅ્-દદ્ તુ	મેં તૈયાર કરી રાખ્યું છે
લ-ઈબા-દિયસ-સાલિહીન.	મારા નેક બંદાઓ માટે
મા-લા - ઐનુન રઅત	એવું એવું જેને ન કોઈ આંખે જોયું છે
વ-લા-ઉઝુનુન સમિઅત	ન કોઈ કાને સાંભળ્યું છે.
વ-લા-ખતર અલા કલ્બિ-બશર.	ન કોઈ ઈન્સાનની કલ્પનામાં આવ્યું છે.

સિદ્રતુલ-મુન્તહા પાસે આવેલી "જન્નતુલ-મઅવા"ની સહેલ બાદ હઝરત જિબ્રીલ આપને "સરીફુલ-અકલામ" મુકામે લઈ ગયા જેનું બયાન બુખારી અને મુસ્લિમમાં થયું છે. અકલામ, કલમનું બહુવચન છે અને કલમથી લખતી વેળા જે મહીન ઝણઝણાટી કે બારીક અવાજ પ્રગટે છે તેને સરીફ કહે છે. અહીં કઝા અને કદ્રનું લખાણ લખનારા કાતિબોના કલમ ચાલી રહ્યા હતા. એટલે અલ્લાહના અહકામ કે આદેશોને લખનારા ફરિશ્તા અલ્લાહના અહકામને "લવહે-મહફૂઝ" માંથી નકલ કરી રહ્યા હતા. અહીંથી હઝરત જિબ્રીલ થોડે આગળ આપને લઈ ગયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! હવે આપનો અને આપના પાલનહારનો મામલો છે. મારી મજાલ નથી કે અહીંથી આગળ વધી શકું. જો બાલ બરાબર અહીંથી આગળ વધું તો મારી પાંખોને ઝાર લાગી જાય અને અલ્લાહની તજલ્લીનું નૂર મને બાળીને ખાક કરી નાખે."

અહીં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બારગાહે-ઈલાહીમાં સિજદહમાં પડી ગયા. તે વેળા એક ફરિશ્તો "રફરફ" નામે સબ્ઝ રંગનો મખમલી તખત લઈને આપની તહેનાતમાં પ્રગટ થયો.[1] તેની સાથે આપ રફરફ પર નશીન અલ્લાહની બારગાહમાં એવા નૂરાની મુકામે પહોંચી ગયા જેનું બયાન સૂરએ-નજ્મમાં આ શબ્દોમાં થયું છે. "સુમ્મ દના ફ-તદલ્લા ફકાન કાબ કવસૈનિ અવ અદ્ના." અર્થ : પછી

૧. રફરફ શબ્દ કુર્આનમાં આવેલો છે. એના અર્થ : મૂલ્યવાન ગાલીચા, કીમતી ગાદી-તકિયા, ફર્શનું મૂલ્યવાન પાથરણું, કીમતી ચાદર વગેરે એકવચન રફ-રફહ-બહુવચન રફારિફ. "હ"

Maktabe Ashraf

તે નઝદીક આવ્યો, અને પછી ઓરબી નઝદીક આવ્યો તો (બંને વચ્ચે) બે કમાનાં જેટલું અંતર રહ્યું અથવા તો એથી પણ નઝદીક થયો.

એના બે મતલબ થાય છે. એક આ કે અલ્લાહ તઆલા પોતાના રૂપ-રૂપના અંબાર જેવી નૂરાની ઝાત સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી એટલા નઝદીક પધાર્યા કે બંને વચ્ચે બે કમાનો જેટલું કે તેથી પણ ઓછું અંતર રહી ગયું. અહીં અલ્લાહ તઆલા સાથે આપને હમ-કલામીનો શર્ફ હાસિલ થયો જેમકે એના પછીની આયત છે : "ફ-અવહા ઈલા અબ્દિહી મા અવહા." અર્થ : પછી વહી મોકલાવી અલ્લાહ તઆલાએ પોતાના બંદા પર જે કંઇ વહી મોકલાવવી હતી. એટલે અલ્લાહ તઆલાએ પોતાના બંદા સાથે જે કંઇ વાતચીત કરવી હતી તે વાતચીત કરી.

એનો બીજો મતલબ આ છે કે સિદ્રતુલ-મુન્તહા પાસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામને તેમના અસલી રૂપમાં જોયા. જેમકે સૂરએ-નજ્મમાં છે : "ફસ્તવા વ-હુવા બિલ-ઉફુકિલ-અઅલા." અર્થ : ત્યારે તે એટલે જિબ્રીલ પોતાના અસલી અને હકીકી રૂપમાં આકાશના ઊંચા કિનારે પ્રગટ થઈને સીધા થયા. "સુમ્મ દના ફ-તદલ્લા." પછી નઝદીક થયા અને પછી ઓરબી નઝદીક થયા. "ફ-કાન્ કાબ કવસૈનિ અવ અદના." તો જિબ્રીલ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વચ્ચે બે કમાનાં જેટલું અંતર રહ્યું અથવા એથી યે ઓછું અંતર રહ્યું.

સૂરએ-નજ્મમાં એ પછીની આયત છે : "વ-લકદ્ રઆહુ નઝ-લતન ઉખ્રા."એનો પૂરો અર્થ આ છે:

"અને બેશક જોયો તેણે તેને બીજીવાર. એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જિબ્રીલને બીજીવાર જોયા. ક્યાં અને ક્યા સ્થળે જોયા ? "ઈન્દ સિદ-રતિલ-મુન્તહા."એટલે સિદ-રતુલ-મુન્તહાની પાસે, જેની પાસે "જન્નતુલ-મઅવા"આવેલી છે : ઈન્દહા જન્નતુલ-મઅવા.

અર્થાત : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજીવાર હઝરત જિબ્રીલને સિદ-રતુલ-મુન્તહાની પાસે જોયા. તેઓ આસમાનને કિનારે પ્રગટ થયા અને પ્રગટ થઈને એકદમ સીધા થઈ ગયા અને પછી નીચે આવવા માટે ઊતરી પડયા એટલે સુધી કે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી એટલા નઝદીક થઈ ગયા કે બંને વચ્ચે બે કમાનો કે તેથી પણ ઓછો ફાસલો રહી ગયો. બુખારી અને મુસ્લિમ જેવા સહીહ અને સનદી હદીસગ્રંથોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી ઉપરની આયતોની એજ તફસીર દર્શાવામાં આવી છે. (કામૂસુલ-કુર્આન પેજ ૩૯૦)

આપે એમ પણ ફરમાવ્યું છે : "મેં જિબ્રીલને તેમના અસલી રૂપમાં બે વાર જોયા છે. પ્રથમવાર ગારે-હિરા પાસે જ્યારે તેઓ સૌથી પહેલી વહી લઈને મારી પાસે આવ્યા હતા. બીજીવાર મિઅરાજની રાતે સિદ-રતુલ-મુન્તહાની પાસે જ્યાં જન્નતુલ-મઅવા આવેલી છે." (સહીહ મુસ્લિમ કિતાબુલ-ઇમાનમાં હઝરત આઇશહની રિવાયત.)

સહીહ બુખારી કિતાબુત-તફસીરમાં મશહૂર તાબિઈ હઝરત મસરૂકનું બયાન છે કે મેં હઝરત આઇશહ ને પૂછયું, "અમ્માંજાન ! શું મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહ તઆલાને પોતાની આંખે જોયા હતા?"

જવાબમાં હઝરત આઈશહએ ફરમાવ્યું, ''હે ફરઝંદ! તમે તો એવી વાત પૂછી જેનાથી મારાં રૂવાંડા ખડાં થઈ ગયાં. સાંભળો, જે માણસ એમ કહે કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના અલ્લાહના દીદાર કર્યા હતા તો તે જૂઠો છે.'' પછી દલીલ રૂપે હઝરત આઈશહએ આ આયત પઢી ''લા તુદરિકુ-હુલ-અબસારુ.''એટલે આંખો અલ્લાહને જોઈ શકતી નથી.

કુર્આને-મજીદના નવમા પારહમાં હઝરત મૂસા (અલૈ.) ના કિસ્સામાં છે કે અલ્લાહ તઆલા સાથેની વાતચીત દરમિયાન હઝરત મૂસા, અલ્લાહ તઆલાને જોવા માટે આતુર બની ગયા તો વિનંતી રૂપે બોલ્યાઃ ''રબ્બિ અરિની અન્ઝુર ઈલૈક.''એટલે હે મારા પાલનહાર ! હું આપના સાક્ષાત્ દર્શન કરવા માગું છું. યા ઈલાહી! હું મારી આંખે આપને જોવા માગું છું.

જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, ''લન તરાની વલા-કિનિન-ઝુર ઈલલ-જબલ.'' એટલે હે મૂસા ! તું મને જોઈ શકતો નથી છતાં પહાડ તરફ જો. હઝરત મૂસાએ પહાડ તરફ જોયું. અલ્લાહ તઆલાએ પહાડ પર પોતાની તજલ્લી નાખી તો પહાડના ભૂકકા થઈ ગયા અને હઝરત મૂસા અલૈહિસ-સલામ બેહોશ થઈને ઢળી પડયા.[1]

નમાઝના ''તશહ-હુદ''ની વિગત————અલ્લાહના સાક્ષાત દીદારની આટલી વિગત બાદ હવે આગળ વાંચો. મિઅરાજની રાતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહના દરબારમાં અલ્લાહની સાથે વાતચીતનો શર્ફ હાસિલ થયો તો બારગાહે-ઈલાહીમાં સલામી પેશ કરવા માટે આપની મુબારક જીભ પર આ શબ્દો જારી થયાઃ

અત-તહિય-યાતુ લિલ્લાહી,	તમામ કવલી ઈબાદતો અલ્લાહને માટે છે,
વસ-સલવાતુ,	અને તમામ બદની ઈબાદતો અલ્લાહને માટે છે,
વત-તૈયિબાતુ	અને તમામ માલી ઈબાદતો અલ્લાહને માટે છે. [2]

આ સલામીના જવાબમાં અલ્લાહ તઆલએ ફરમાવ્યું :

અસ-સલામુ અલૈક ઐયુહન-નબીય્યુ	સલામ હો તમારા ઉપર હે નબી !
વ રહમતુલ્લાહિ વ બરકાતુહૂ.	અને અલ્લાહની રહમતો અને બરકતો હો !

અલ્લાહની સલામી, અલ્લાહની રહમતો અને અલ્લાહની બરકતો ઝીલી લેતાં આપે ફરીવાર અરજ કરીઃ

અસ-સલામુ અલૈના	સલામ હો અમારા ઉપર !
વ અલા ઈબાદિલ્લા-હિસ-સાલિહીન.	અને અલ્લાહના તમામ નેક બંદાઓ પર !

૧ [illegible] આયત [illegible] શબ્દો: જઅલ-હુ [illegible] પહાડના ભૂકકા થઈ ગયા અને ખર્ર [illegible] સઈક [illegible] મૂસા બેહોશ થઈને ઢળી પડયા. ''[illegible]''

૨ કવ્લી ઈબાદતો એટલે જીભથી જે ઈબાદતો કરવામાં આવે જેમકે કલિમો-દુરૂદ પઢવું, દુઆ માગવી, કુર્આનની તિલાવત કરવી, નમાઝમાં સૂરતો કે આયતો પઢવી, વઅઝ-નસીહત કરવી, હિકમતો ભરેલી વાતોથી લોકોની તકલીફો દૂર કરવી વગેરે. બદની ઈબાદતો એટલે બદનથી જે ઈબાદતો કરવામાં આવે જેમકે નમાઝ, રોઝહ, હજ્જ, હાથ-પગ હલાવીને લોકોની તકલીફો દૂર કરવી વગેરે. માલી ઈબાદતો એટલે રૂપિયા થી પૈસાથી માલથી જે ઈબાદતો કરવામાં આવે. જેમકે ઝકાત-સદકાત, દાન-ખયરાત વગેરે. ''ક''

એના જવાબમાં આસ્માનના તમામ ફરિશ્તા પોકારી ઊઠ્યા અને દરેક ફરિશ્તાએ કહ્યું :

અશહદુ અલ-લા ઇલાહ	હું ગવાહી આપું છું કે કોઈ બંદગીને લાયક નથી ;
ઇલ-લલ-લાહુ	અલ્લાહ સિવાય.
વ અશહદુ અન્ન	અને હું ગવાહી આપું છું કે બેશક;
મુહમ્મદન અબ્દુહૂ વ રસૂલુહ.	મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે.

મિઅરાજમાં અલ્લાહ તઆલા સાથેની વાતચીતના આ શબ્દોનું નામ "તશહ-હુદ" છે. એને "અત-તહિય્યાત" પણ કહે છે. દુનિયાભરના તમામ મુસલમાનો મિઅરાજની યાદગીરી તરીકે એજ સલામીને રોજ પોતાની નમાઝોમાં પઢતા રહે છે. એને પઢ્યા વિના કોઈ નમાઝ સહીહ થઈ શકતી નથી.

મિઅરાજના યાદગાર અને નૂરાની પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બારગાહે-ઇલાહીથી ત્રણ વસ્તુઓ ભેટ તરીકે ઇનાયત કરવામાં આવી :

•— રાત-દિવસમાં ૫૦ નમાઝો. (બાદમાં ૫ નમાઝો જેનો સવાબ ૫૦ નમાઝો જેટલો જ છે.)

•— સૂરએ-બકરહની છેલ્લી બે આયતો. (પૂરું કુર્આન હઝરત જિબ્રીલ મારફતે ઊતર્યું. આ બે આયતો મિઅરાજની રાતે રૂબરૂમાં આપને ઇનાયત કરવામાં આવી.)

•— શિર્ક સિવાયના દરેક ગુનાહની માફીની શક્યતા.

સુરએ-બકરહની છેલ્લી બે આયતો આ દુઆ પર ખતમ થાય છે : રબ્બના લા તુઆ-ખિઝના ઇન-નસીના અવ અખ-તઅના. ....ફન્સુરના અલલ-કવમિલ-કાફિરીન. આ છેલ્લી આયતનો તરજુમો :

•— હે અમારા પાલનહાર ! અમારાથી ભૂલચૂકે જો કંઈ કસૂર થઈ જાય તો તેથી અમારી પકડ ન કરજે!

•— હે અમારા રબ ! અમ પર એટલો બોજ ન નાખજે જે તેં અમારાથી પહેલાંના લોકો પર નાખ્યો હતો.

•— હે અમારા પાલનહાર ! જે બોજને ઉપાડવાનું અમારામાં બળ નથી તેવો બોજ અમ પર ન નાખજે!

•— અમારી સાથે નરમી કરજે, અમારાથી દરગુજર કરજે, અમારા પર રહમ કરજે, તું અમારો મવલા છે !

•— તો કાફિરોના મુકાબલામાં અમારી મદદ કરજે !

ઉપર ટાંકવામાં આવેલા બધા બનાવો અને દ્રશ્યોનું બયાન બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, મુસ્નદે-અહમદ, ઇબ્ને-જરીર, બૈહકી વગેરે હદીસગ્રંથોમાં, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત અબૂ હુરૈરહ, હઝરત અનસ બિન માલિક, હઝરત અબૂ ઝર, હઝરત ઉબય બિન કઅબ (રદિયલ્લાહુ અન્હુમ)ની રિવાયતોથી થયેલું છે. વધુ વિગત માટે જુઓ, સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૬૫૨-૬૫૫ સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૧૪-૨૧૯

(ગુજરાતી સંપાદકનું લખાણ પુરું થયું. હવે આ પુસ્તકનું પ્રકરણ ૬૨ વાંચો.)

Maktabe Ashraf

પ્રકરણ ૬૨

હાંસી ઉડાવનારાઓનો ઈબ્રતનાક અંજામ

હાંસી ઉડાવનારા પાંચ મુખ્ય ગૃહસ્થો • હાંસી ઉડાવનારાઓ વિશે કુર્આનની આયત • એકએકને અલ્લાહ તરફથી મળેલી શિક્ષા • વલીદ બિન મુગીરહની વસિય્યત • વ્યાજ વિશે ઊતરેલી આયત • દિરાર બિન ખત્તાબનો બનાવ.

Maktabe Ashraf

હાંસી ઉડાવનારા પાંચ મુખ્ય ગૃહસ્થો———— ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશના લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જૂઠાડતા રહ્યા. તરહ તરહના ત્રાસો અને કષ્ટો આપતા રહ્યા. કટાક્ષો અને પડકારાઓથી આપની હાંસી ઉડાવતા રહ્યા. આમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહના હુકમ પર રાજી રહીને અને પોતાનું કર્તવ્ય સમજીને બહુ સહનશીલતાથી પોતાની કૌમને નસીહતો કરતા રહ્યા.

યઝીદ બિન રૂમાનના મુખે મને હઝરત ઉર્વહ બિન ઝુબૈરની આ રિવાયત પહોંચી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મશ્કરી કરનારા કે હાંસી ઉડાવનારાઓમાં કુરૈશના પાંચ પંકાયેલા ગૃહસ્થો સૌથી પેશ-પેશ હતા. આ લોકો પોતાની કૌમમાં ઊંચો મોભો ધરાવનારા અને મોટી ઉંમરના મહારથીઓ હતા. એમના નામો આ પ્રમાણે છે :

૧—— બનૂ સઅદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબમાંથી : અસ્વદ બિન મુત્તલિબ બિન અસદ. એનું ઉપનામ અબૂ ઝમઅહ હતું. એણે આપેલા ત્રાસો અને એણે ઉડાવેલી બેફામ ઠેકડીઓથી મજબૂર થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એને શ્રાપ આપતાં ફરમાવ્યું :

અલ્લા-હુમ્મ અઉમ બસરહૂ	હે અલ્લાહ ! એને આંધળો બનાવી દેજે !
વસ-કિલહૂ વલદહૂ.	અને એને એના પુત્રના મોત પર રડાવજે !

૨—— બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી : અસ્વદ બિન અબ્દે યગૂસ બિન વહબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ.

૩—— બનૂ મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહમાંથી : વલીદ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ.

૪—— બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી : અસ બિન વાઈલ બિન હિશામ. ઈબ્ને હિશામે એનું નામ આસ બિન વાઈલ બિન હાશિમ બિન સઈદ બિન સહમ લખ્યું છે.

૫—— બનૂ ખુઝાઅહમાંથી : હારિસ બિન તુલાતલા બિન ઉમર બિન હારિસ બિન અબ્દે-અમ્ર બિન લુઐય બિન મલકાન.

હાંસી ઉડાવનારાઓ વિષે કુર્આનની આયત—————જ્યારે આ લોકો પોતાની મસ્તીઓ અને મશ્કરીઓમાં અને કટાક્ષોના પડકારા ગજાવવામાં હદથી આગળ વધી ગયા અને બઢીચઢીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઠેકડીઓ ઉડાવવા લાગ્યા તો અલ્લાહ તઆલાએ એમની ચેતવણી માટે આ આયત ઉતારી:

ફસ-દઅ બિમા તુઅમર	હે નબી ! ખુલ્લેઆમ પોકારી દો જેનો તમને હુકમ અપાયો છે
વ અઅરિદ અનિલ-મુશ-રિકીન.	અને મુખ ફેરવી લો મુશરિકો તરફથી.
ઇન્ના કફૈના-કલ	અમે કાફી છીએ તમારા તરફથી,
મુસ્તહ-ઝિઈનલ-લઝીન	આ હાંસી ઉડાવનારાઓ માટે, જેઓ
યજ્-અલૂન મઅલ-લાહિ	ભાગીદાર બનાવે છે અલ્લાહ સાથે
ઇલાહન આખર.	બીજા ભગવાનોને.
ફ-સવફ્ર તઅ-લમૂન	તો બહુ જલદી ખબર પડી જશે તેઓને.

એકએકને અલ્લાહ તરફથી મળેલી શિક્ષા—————ઇબ્ને ઇસ્હાક કહે છે : એક દિવસે આ પાંચે ગૃહસ્થો ખાનએ-કઅબહનો તવાફ કરી રહ્યા હતા એટલામાં હઝરત જિબ્રીલ આવ્યા. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ ત્યાં બિરાજમાન હતા. હઝરત જિબ્રીલ આપની પાસે આવીને ઊભા થઇ ગયા. કઅબહનો તવાફ કરતાં જ્યારે અસ્વદ બિન મુત્તલિબ ત્યાંથી પસાર થવા લાગ્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અથવા હઝરત જિબ્રીલે લીલા રંગનું એક પાંદડું અસ્વદના મોં પર ફેંકી માર્યું. એના જ પ્રહારથી તે આંધળો બની ગયો.

અને જ્યારે અસ્વદ બિન યગૂસ કઅબહનો તવાફ કરતો ત્યાંથી પસાર થયો તો આપે તેના પેટ તરફ આંગળીનો ઇશારો કરી દીધો. એજ વેળા તેને જલંધરનો રોગ લાગી ગયો. તેનું પેટ ફૂલી ગયું અને એજ રોગમાં તે જહન્નમ રસીદ થઇ ગયો.

અને જ્યારે વલીદ બિન મુગીરહ કઅબહનો તવાફ કરતો ત્યાંથી પસાર થયો તો આપે તેની ઘૂંટીના જૂના ઘા તરફ ઇશારો કર્યો. ઘૂંટીનો આ ઘા તેને વરસો પહેલાં લાગ્યો હતો, જેનું કારણ એમ બન્યું હતું કે, એક વેળા તે બનૂ ખુઝાઅહના એક માણસ પાસેથી પસાર થયો. તે વેળા એ માણસ તીરો બનાવવાના કામમાં લાગેલો હતો. એમાંનુ એક તીર છટકીને વલીદના પગમાં લાગી ગયું. કોઇ ઊંડો ઘા નહિ પણ મામૂલી જખમ આવ્યો. મગર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઇશારાથી એ ઘા તાજો થઇ ગયો અને એજ ઘાએ વલીદ બિન મુગીરહના આત્માને જહન્નમ ભેગો કરી દીધો.

અને જ્યારે આસ બિન વાઇલ કઅબહનો તવાફ કરતો ત્યાંથી પસાર થયો તો આપે તેના પગના તળિયા તરફ આંગળીનો ઇશારો કર્યો. બાદમાં જ્યારે એ ગધેડા પર સવાર થઇને તાઇફ જવા લાગ્યો તો ગધેડો તેને લઇને એક કાંટાળી ઝાડીમાં ઘૂસી ગયો. ત્યાં એના તળિયામાં એવા કાંટા ભોંકાયા કે એમાં જ તે મરણને શરણ થઇ ગયો.

અને જ્યારે હારિસ બિન તુલાતલા કઅબહનો તવાફ કરતો ત્યાંથી પસાર થયો તો આપે તેની ખોપરી તરફ આંગળીનો ઇશારો કર્યો. તેના માથામાં ફોલ્લા ઊંગી નીકળ્યા. આખું માથું કોહવાઇ ગયું અને ભેજું પાકી-પાકીને પરૂ બની ગયું. છેવટે એમાં જ તે મરી ગયો.

Maktabe Ashraf

વલીદ બિન મુગીરહની વસિય્યત———ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે વલીદ બિન મુગીરહનો મૃત્યુ સમય આવ્યો તો તેણે પોતાના પુત્રોને બોલાવ્યા. એ ત્રણ હતા. હિશામ બિન વલીદ, વલીદ બિન વલીદ અને ખાલિદ બિન વલીદ. જ્યારે ત્રણે આવી ગયા તો વલીદ બોલ્યો, ''હે મારા દીકરાઓ ! હું તમને ત્રણ વાતોની વસિય્યત કરૂં છું. એને બરાબર યાદ રાખજો અને કદી એને હાથથી જવા ન દેજો.

મારી પહેલી વસિય્યત આ છે કે બનૂ ખુઝાઅહ કનેથી મારા ખૂનનું વેર લેજો. તેના એક માણસનું તીર મારા પગમાં વાગવાથી હું મરી રહ્યો છું. જો કે એમાં તેનો ઝાઝો વાંક નથી. તીર એમ જ પડી રહ્યું હતું. નસીબજોગે મારા પગમાં વાગી ગયું. પણ અસલ બાબત એમ છે કે તમે વેર નહિ લેશો તો લોકો તમને બાયલા કહીને વગોવતા રહેશે.

બીજી વસિય્યત આ છે કે બનૂ સકીફ પર મારૂં વ્યાજુ લેણું રહી ગયું છે એને વસૂલ કર્યા વિના તમારે જંપીને બેસવું નહિ. અને ત્રીજી વસિય્યત આ છે કે અબૂ ઉઝૈહર દવસી કનેથી પણ મારૂં વેર લેવું. તેના માથે મારી એક બેગમનો હક બાકી રહી ગયો છે.''

અબૂ ઉઝૈહર દવસીનો કિસ્સો આ છે કે તેણે પોતાની એક પુત્રીના વલીદ સાથે લગ્ન કરાવી દીધા હતા પણ તેને સાસરે મોકલાવાને બદલે પોતાના ઘરમાં અટકાવી રાખી હતી. એજ દરમિયાન વલીદને મોતનું તેડું આવી ગયું હતું. જ્યારે વલીદ મરી ગયો તો એના પુત્રો તથા કુટુંબીજનો એટલે બનૂ મખ્ઝૂમના લોકોએ બનૂ ખુઝાઅહ પર ખૂન-દંડનો દાવો માંડી દેતાં કહી દીધું કે, તમારા માણસના તીરે વલીદને મારી નાખ્યો છે. જે માણસનું તીર વલીદના પગમાં વાગ્યું હતું, તે ખુઝાઅહ કબીલાની એક શાખ બનૂ કઅબમાંથી હતો. અને બનૂ કઅબના લોકો બનૂ હાશિમ સાથે કરારોથી જોડાયેલા હતા એટલે એકબીજાની મદદના વચનથી બંધાયેલા હતા. પરંતુ બનૂ ખુઝાઅહના લોકોએ દાવાના જવાબમાં મૃત્યુદંડ ચૂકવવાનો ઇન્કાર કરી દીધો તો બંને વચ્ચે ખૂબ ઠની ગઈ. મામલો લંબાતો ગયો ત્યાં સુધી કે બંને પક્ષના શાઇરોએ શાઇરીની આગઝરતી વાણીમાં એકબીજા પર આકરા પ્રહારો કરવા માંડ્યા. આ રીતે બગડેલા સંબંધોએ ઉગ્ર રૂપ ધારણ કરી લીધું. જો કે વલીદને જે માણસનું તીર વાગ્યું હતું તે બનૂ ખુઝાઅહની શાખ બનૂ કઅબ બિન અમ્રમાંથી હતો. (અહીં અબ્દુલ્લાહ બિન ઉમૈયહ શાઇરે રચેલો ૭ શેઅરોનો કસીદો અમે જતો કર્યો છે.)

એ પછી અમુક ઠરેલ ગૃહસ્થોની દરમિયાનગીરીથી વિખવાદનો ઉગ્ર બનેલો મામલો શમી ગયો ત્યારે સામા પક્ષને બાતમી મળી કે વલીદના વારસદારોએ બદનામી એટલે બાયલાપણાના ડરથી આ આખું તૂત ઊભું કર્યું હતું. છતાં બનૂ ખુઝાઅહએ ખૂન-દંડનો અમુક ભાગ ચૂકવી દીધો અને અમુક ભાગ સામા પક્ષે રાજીખુશીથી જતો કર્યો. (અહીં જૂન બિન અબી જૂન શાઇરનો ૧૧ શેઅરોનો કસીદો પણ અમે જતો કર્યો છે.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી એવું બન્યું કે મરણ પામેલા વલીદના મોટા પુત્ર હિશામ બિન વલીદે એક દિવસે અબૂ ઉઝૈહરને ''ઝુલ-મજાઝ''ના બજારમાં ઝડપી લીધો અને બાપની વસિય્યત મુજબ ત્યાં જ તેને મોતને ઘાટ ઉતારી દીધો. અબૂ ઉઝૈહરની એક પુત્રીનું નામ આતિકહ હતું જેના નિકાહ મક્કાના આગેવાન અબૂ સુફયાન બિન હર્બ સાથે થયા હોવાથી અબૂ સુફયાન તેનો દામાદ હતો. અબૂ ઉઝૈહર પોતે પણ એક સજ્જન કે સદ્‌ગૃહસ્થ હોવાથી પોતાની કૌમનો જાણીતો માણસ ગણાતો હતો.

Maktabe Ashraf

અબૂ ઉઝૈહરની હત્યાની આ ઘટના ત્યારે સર્જાવા પામી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધારી ચૂક્યા હતા અને બદ્રનું મહાયુધ્ધ પણ ખેલાઈ ચૂક્યું હતું જેમાં કુરૈશના ઘણા ટોચના આગેવાનો માર્યા ગયા હતા. મક્કહના ઘરોમાં હજુ યુધ્ધના ભણકારા વાગતા હતા અને દિલોના ઘા તાજા હતા. તેવામાં અબૂ ઉઝૈહરના જમાઈ અબૂ સુફયાન બિન હર્બનો પુત્ર જેનું નામ યઝીદ હતું તે અબૂ ઉઝૈહરના ખૂનનો બદલો લેવા તૈયાર થયો. તેણે બનૂ અબ્દે-મનાફના લોકોને ઉશ્કેરીને વેર લેવા મક્કહમાં એકત્ર કરી લીધા. તે વેળા અબૂ સુફયાન ઝુલ-મજાઝના બજારમાં હતો. પોતાના પુત્રની હિલચાલની તેને ખબર ન હતી. વેરની તૈયારી જોઇને લોકો કહેવા લાગ્યા, "અબૂ સુફયાને પોતાના સસરાનો બદલો લેવા પોતાના પુત્રને તૈયાર કર્યો છે." જ્યારે આ વાત અબૂ સુફયાનના કાને આવી તો તે ચમકી ઊઠ્યો અને વિના વિલંબે મક્કહ તરફ ઊપડી ગયો. તેને ધાસ્તી પેઠી કે હત્યાના મામલામાં કુરૈશના લોકો પોતે એકબીજા સાથે આથડી ન પડે! અબૂ સુફયાન બહુ સહનશીલ અને ઠરેલ પ્રકૃતિનો ગૃહસ્થ હતો. પોતાની કૌમને બેહદ ચાહતો હતો. પોતાના પુત્ર પાસે અબૂ સુફયાન એવા સમયે પહોંચી ગયો જ્યારે તે બીજા લોકો સાથે હથિયારો સજીને ઊપડવાની તૈયારીમાં હતો. પોતાના પુત્રની આ હિલચાલ તેને મુદ્દલ ગમી નહિ. આવતાં જ તેણે યઝીદના હાથમાંથી ભાલો છીનવીને હાથો તેના મસ્તકે એટલા જોરથી ઝીંક્યો કે તે ભોંય પર પટકાઈ પડ્યો. પછી આવેશથી બોલ્યો, "નાલાયક ! અલ્લાહ તારૂં મોં કાળું કરે. શું તું એમ ચાહે છે કે એક માણસની હત્યા ખાતર આખી કૌમને આપસમાં લડાવી મારે ? મરનારના માણસો મંજૂર રાખે તો ખૂનનો દંડ ચૂકવીને પણ એનો નિકાલ લાવી શકાય છે."

એ પછી હઝરત હસ્સાન બિન સાબિતને મદીનહમાં આ સમાચાર મળ્યા તો તેમણે એક કાવ્ય રચ્યું જેમાં આ લોકોને અબૂ ઉઝૈહરની હત્યાનું વેર લેવાની હાકલ સાથે અબૂ સુફયાન પર બુઝદિલી તથા સ્વજનો સાથે સ્નેહભંગ કરવાનો આક્ષેપ મૂક્યો. અબૂ સુફયાનને આ કાવ્યના સમાચાર મળ્યા તો તેણે કહ્યું, "દવસ કબીલાના એક માણસ ખાતર હસ્સાન આપણી આખી કૌમને આપસમાં લડાવી મારવા માગે છે. જો કંઈ એણે સોચ્યું એ બહુ બુરૂં સોચ્યું."

વ્યાજ વિષે ઊતરેલી આયત————જ્યારે તાઈફ શહેરના લોકોએ ઈસ્લામ સ્વીકારી લીધો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વલીદ બિન મુગીરહના પુત્ર ખાલિદ બિન વલીદ સાથે તેમના બાપના વ્યાજુ લેણા અંગે વાતચીત કરી. તાઈફના બનૂ સકીફ કબીલાના લોકો પર વલીદ બિન મુગીરહના વ્યાજુ લેણા નીકળતા હતા; જેના વિષે મરતી વેળા તેણે પોતાના પુત્રોને વસિય્યત કરી હતી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અમુક જાણકારો તરફથી મને માહિતી મળી કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં વ્યાજ લેણાની ચૂકવણી તેજ વેળા હરામ ઠરાવી દીધી જ્યારે ખાલિદ બિન વલીદે બનૂ સકીફ પાસે જઇને તેની માગણી કરી હતી. તે પ્રસંગે વ્યાજને હરામ ઠરાવતી કુર્આનની આ આયત ઊતરી :

યા ઐ યુહલ-લઝીન આમનુત-તકુલ્લાહ	હે મુસલમાનો ! અલ્લાહથી ડરો
વ ઝરૂ મા બકિય મિનર-રિબા.	અને છોડી દો તે વ્યાજ જે બાકી રહી ગયું છે.
ઈન કુન્તુમ મુઅમિનીન.	અગર તમે ઈમાનદાર છો. (બકરહ આયત ૨૭૮)

દિરાર બિન ખત્તાબનો બનાવ————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબૂ ઉઝૈહર દવસી એટલે અબૂ

Maktabe Ashraf

સુફયાનના સસરાને વલીદ બિન મુગીરહના પુત્ર હિશામ બિન વલીદે મારી નાખ્યો હતો. આ ખૂનના બદલામાં કોઈ ઝઘડો થયો હોય તેવું મારી જાણમાં નથી. કેમકે એ પછી ઈસ્લામે આવીને, બચાવ-બચાવ કરીને, લોકોમાં સુલેહસંપ કરાવી દીધો હતો. અલબત્ત એમાંનો એક બનાવ આ છે કે દિરાર બિન ખત્તાબ બિન મિરદાસ ફેહરી નામે શાયર કુરૈશના કેટલાક લોકો સાથે ઊપડીને દવસ કબીલાની એક સ્ત્રીનો મહેમાન બન્યો. એ સ્ત્રી દવસ કબીલાની આઝાદ કરેલી લોંડી હતી. તેનું નામ ઉમ્મે-ગીલાન હતું. તે અહીંની સ્ત્રીઓની કંગીચોટી કરીને અને દુલ્હન બનનારી કન્યાઓને શણગારીને છેલછબીલી બનાવવાનો ધંધો કરતી હતી.

દવસ કબીલાના લોકોને ખબર પડી કે દિરાર બિન ખત્તાબ અને કુરૈશના કેટલાક લોકો આપણી વસતિમાં આવેલા છે. તેઓએ અબૂ ઉઝેહરના ખૂનના બદલામાં આ લોકોને મારી નાખવાનો વિચાર કર્યો તો ઉમ્મે-ગીલાન અને તેની સહેલીઓ સીનો તાણીને ઊભી થઈ ગઈ અને ગામના લોકોને પડકારીને આ લોકોની હત્યાથી અટકાવી દીધા. ઉમ્મે-ગીલાનની આ બહાદુરી બદલ દિરાર બિન ખત્તાબે કાવ્ય રચીને પ્રશંસાની ખંડણીથી તેને વધાવી લીધી. બેએક શેઅર આ રહ્યા :

જઝલ્લાહુ અન્ના ઉમ્મે -ગીલાન સાલિહન • વ નિસ-વતહા ઇઝ હુન્ન શુઅસુન અવાતિલુ.

ઉમ્મે-ગીલાન અને તેની સહેલીઓને અલ્લાહ તઆલા અમારા તરફથી નેક બદલો આપે. એ બધી વીરાંગનાઓ વિખેરાયેલા વાળો સાથે બનાવ શણગાર વગરની હતી.

ફ-હુન્ન દફઅ-નલમવ બઅદક - તિરાબિહી • વ કદ બરઝન લિસ-સાઇરી-નલ મુકાતિલુ.

આ વીરાંગનાઓએ, મોત આવી લાગ્યા પછી તેને મારી હટાવ્યું જો કે ખૂનનો બદલો માગનારાઓ માટે કતલગાહો જાહેર થઈ ચૂકી હતી.

ઈબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહએ માહિતી આપી કે જે સ્ત્રી દિરાર બિન ખત્તાબના બચાવ માટે સીનો તાણીને ઊભી થઈ ગઈ હતી. તેનું નામ ઉમ્મે-જમીલ હતું. કેટલાકના કથન મુજબ તે ઉમ્મે-ગીલાન હતી. બનવા જોગ છે કે ઉમ્મે-જમીલની સાથે ઉમ્મે-ગીલાન પણ ઊભી થઈ ગઈ હોય અથવા બચાવ કરનારીઓમાં ઉમ્મે-જમીલ પણ હોય.

પછી જ્યારે હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુ મુસલમાનોના ખલીફા બન્યા તો ઉમ્મે-જમીલ એક દિવસે આપના દરબારમાં હાજર થઈ. તે એમ માનતી હતી કે હઝરત ઉમર બિન ખત્તાબ, દિરાર બિન ખત્તાબના સગા ભાઈ થાય છે. તેણે પોતાની ઓળખ આપતાં અને બનેલા બનાવની યાદ અપાવતાં હઝરત ઉમરને પૂછ્યું, ''હે મુસલમાનોના અમીર ! શું આપ દિરાર બિન ખત્તાબના ભાઈ છો?

તેનો સવાલ સાંભળીને હઝરત ઉમર બિન ખત્તાબને લાગલો જ તે બનાવ યાદ આવી ગયો. આપે જવાબમાં તેને ફરમાવ્યું, ''હું દિરાર બિન ખત્તાબનો સગો ભાઈ તો નથી, અલબત્ત ઈસ્લામી ભાઈચારાની રૂએ તે મારો મુસલમાન ભાઈ જરૂર છે.''

વધુમાં આપે ફરમાવ્યું, ''હે બહેન ! તેં પોતાની બહેનપણીઓ સાથે મળીને જે ઉપકાર તેના ઉપર કર્યો હતો તે મને બરાબર યાદ છે.'' એ પછી હઝરત ઉમરે આ બહાદુર ખાતૂનને મુસાફિર સમજીને, કંઈક ઈનામ આપીને દરબારથી રૂખ્સત કરી.

Maktabe Ashraf

પ્રકરણ ૬૩

અબૂ તાલિબ અને હઝરત ખદીજહની વફાત

રસૂલુલ્લાહ (સલ.)ના બીજા દુશ્મનો ● અબૂ તાલિબ અને હઝરત ખદીજહની વફાત ● લા તબકી યા બુનૈયહ ● અબૂ તાલિબની છેલ્લી પળો ● કુરૈશના મોવડીઓને ઈસ્લામનું આમંત્રણ ● અબૂ તાલિબને ઇસ્લામનું આમંત્રણ ● કુરૈશી મોવડીઓનો જવાબ કુર્આનમાં.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ (સલ.)ના બીજા દુશ્મનો————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશના જે મુશરિક દુશ્મનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાડોશી હતા અને આપના ઘરમાં ઘૂસી-ઘૂસીને આપને તકલીફો અને ત્રાસો આપતા હતા તેઓના નામો આ છે :

૧————અબૂ-લહબ બિન અબ્દુલ-મુત્તલિબ. (આપનો કાકો)

૨————હકમ બિન અબી આસ બિન ઉમૈયહ.

૩————ઉકબા બિન અબી મુઐત.

૪————અદી બિન હમરાઅ સકફી.

૫————ઈબ્નુલ-અસદાઅ હુઝલી.

આ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાડોશી હતા. એમાંથી હકમ બિન અબી આસ સિવાય કોઈને ઈસ્લામ સ્વીકારની સદ્‌બુધ્ધિ નહિ મળી. એ બધા એટલા ભૂંડા, અવળચંડા અને કટ્ટરવાદી હતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નમાઝ માટે ઊભા થતા ત્યારે એમાંનો કોઈ ગુંડો, ઊંટ-બકરાંની ઓજરી કે આંતરડાં આપના માથે ઠાલવી જતો. અથવા આપના ઘરમાં ચૂલે ચઢેલા વાસણોમાં ઓજરી-આંતરડાં જેવી ગંદી વસ્તુઓ નાખી જતો. વળી કેટલાક તો પોતાના ઘરનો કચરોપૂંજો આપના પવિત્ર શિરે ઠાલવીને આનંદ ઉજવતા.છેવટે તેઓના ત્રાસોથી કંટાળીને આપે પોતાના મકાનની એકાંત ઓરડીમાં તેઓથી સંતાઈને નમાઝ પઢવાનું શરૂ કર્યું.

જ્યારે તેઓ આ પ્રકારની ગંદકીઓ નાખી જતા તો આપ એ ગંદી વસ્તુને એક વાંસ પર ઊપાડીને ઘરમાંથી બહાર પધારતા અને બારણે ઊભા રહીને ઠપકા રૂપે ફરમાવતા : ''અય અબ્દે-મનાફ, અૈયુ જવારિન હાઝા!'' હે અબ્દે-મનાફ ! આ કેવા પ્રકારનો પાડોશ છે !'' એટલે શું પાડોશીના આવા હકો હોય છે જેનું તમે પાલન

કરો છો ? એ પછી આપ એ ગંદી વસ્તુઓને ઉકરડા પર તેના સ્થળે નાખી આવતા.[1]

અબૂ તાલિબ અને હઝરત ખદીજહની વફાત————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી આપના માનવંતા બેગમ હઝરત બીબી ખદીજહ બિન્તે ખુવૈલિદ રદિયલ્લાહુ અન્હા અને આપના માનવંતા કાકા અબૂ તાલિબ બંને એક જ વરસમાં વફાત પામી ગયા. હઝરત બીબી ખદીજહ ઇસ્લામ-પ્રસારના અભિયાનમાં આપના સાચા મદદગાર, આપના નિખાલસ હિતચિંતક અને ઉત્સાહ પ્રેરક સહકારી હતાં. જ્યારે અબૂ તાલિબ આ કામોમાં આપના બાહુબળ, આપના નિગરાન અને કૌમના મુકાબલામાં આપના સંરક્ષક તથા સહાયક હતા. બંનેના ઇન્તેકાલથી આપના ઉપર લગાતાર મુસીબતો આવવા લાગી. સંકટો અને આફતોની એક અતૂટ હારમાળા ચાલુ થઇ ગઇ. આપે મક્કહ ત્યાગીને મદીનહની હિજરત કરી તેના ત્રણ વરસ પહેલાના આ બનાવો છે.

અબૂ તાલિબના ઇન્તેકાલથી કુરૈશ માટે મેદાન મોકળું થઇ ગયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઇજાઓ આપવાની તેઓને એવી તકો મળી ગઇ કે અબૂ તાલિબના જીવનમાં તેના આશા પણ રાખી શકાતી ન હતી. એજ દિવસોમાં કુરૈશના અવળચંડાઓમાંથી એક મૂર્ખાએ ભરબજારમાં આપનો રસ્તો રોકીને ધૂળ-કચરાથી ભરેલો ટોપલો આપના પવિત્ર શિરે ઠાલવી દીધો.

લા તબકી યા બુનૈયહ !————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉર્વહ બિન ઝુબૈરની રિવાયત મુજબ જ્યારે પેલા મૂર્ખાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર સર પર ધૂળ-કચરાનો ટોપલો ઠાલવી દીધો તો એજ દશાએ આપ પોતાના ઘરે પધાર્યા. આપની આ દર્દનાક દશા દેખીને આપના લાડલી બેટીઓમાંથી એક બેટી (હઝરત ફાતિમહ) રડવા લાગી ગયાં. તે આપના મુબારક સરનો ધૂળ-કચરો ધોતા જતાં હતાં અને રડતાં જતાં હતાં. આપ તેમને દિલાસો રૂપે ફરમાવતા હતા : ''લા તબ્કી યા બુનૈયહ ! ફઇન-નલ્લાહ માનિઉન અબાકિ.'' ના રડો હે મારી લાડલી બેટી ! અલ્લાહ તમારા બાપનો નિગહબાન છે.''

એજ દરમિયાન આપ એમ પણ ફરમાવતા : ''મા નાલત મિન્ની કુરૈશુન શૈઅન અક્‌રહુહુ હત્તા માત અબૂ તાલિબ.'' એટલે અબૂ તાલિબના મરણ સુધી કુરૈશ મારી સાથે કોઇ એવો વર્તાવ ન કરી શક્યા જે મને પસંદ ન હોય.

અબૂ તાલિબની છેલ્લી પળો————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ તાલિબ જ્યારે મૃત્યુ-રોગમાં પટકાયા અને એમની માંદગીના સમાચાર કુરૈશને મળ્યા તો તેઓને થયું કે અબૂ તાલિબ હવે વધુ જીવે એમ નથી. ત્યારે તેઓએ ભેગા થઇને મંત્રણા કરી કે, ''હમઝહ અને ઉમર બંને મુસલમાન બની ગયા છે. કુરૈશના બધા કબીલાઓમાં ઇસ્લામ ઝડપી ગતિએ ફેલાઇ રહ્યો છે. મુસલમાનોનું જોર દિન-બ-દિન વધતું જઇ રહ્યું છે. કાલ ઊઠીને એ લોકો નેતાગીરી કે આગેવાનીની લગામ આપણા હાથમાંથી છીનવી લે અને આપણે નામોશીનું મોં જોવું પડે તો આપણી શી વલે થાય ? બેહતર છે કે અબઘડી આપણે અબૂ તાલિબ પાસે જઇને સમાધાનના કરાર કરી લઇએ. અમુક વાતો તેઓની આપણે માની લઇએ, આપણી અમુક વાતો તેઓ માની લે તો પાણી પહેલાં પાળ બાંધી શકાય !''

---

૧. અબૂ લહબ અને ઉકબા બિન અબી મુઐત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સૌથી નિકટના પાડોશી હતા. બંને ઘરો આપના મકાનના આજુબાજુ આવેલાં હતાં. વચ્ચે દીવારની આડ હતી. હઝરત આઇશહ (રદિ.)ની રિવાયત મુજબ આપે ફરમાવ્યું, ''હું બે બદતરીન પાડોશીઓની વચ્ચે ઘેરાયેલો હતો. એક અબૂ લહબ અને બીજો ઉકબા.'' આ લોકો કદી આપને નિરાંતે બેસવા દેતા નહિ. (સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૫૮૭)''ઠ''

આમ ઠરાવીને હઝરત ઇબ્ને અબ્બાસની રિવાયત મુજબ કુરૈશના આગેવાનો વાટાઘાટ માટે અબૂ તાલિબ પાસે ગયા. કુરૈશના આ મોવડી મંડળમાં ઉત્બહ બિન રબીઅહ, શૈબહ બિન રબીઅહ, અબૂ જહલ બિન હિશામ, ઉમૈયહ બિન ખલફ અને અબૂ સુફયાન બિન હર્બ ઉપરાંત કેટલાક બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ હતા.[1] તેઓ અબૂ તાલિબ પાસે ગયા. અને મૂળ મુદ્દા પર આવતાં બોલ્યા :

> "હે અબૂ તાલિબ ! તમે આપણી વચ્ચેના વણસેલા સંબંધોથી પૂરી રીતે માહિતગાર છો. હવે તમારી સામે તે વસ્તુ આવી લાગી છે જેને તમે જોઈ રહ્યા છો. અમને તમારા મામલામાં (તમારા મરણની)મોટી ધાસ્તી છે. તમારા જીવનની આ પળોમાં તમારા ભત્રીજા સાથે અમારા સુલેહના કરાર થઈ જાય તેવું અમે ઇચ્છીએ છીએ. તમે તમારા ભત્રીજાને બોલાવો અને તેના મામલા અંગે અમારી પાસેથી વચન લો અને અમારા મામલા અંગે તેની પાસેથી વચન લો કે, આજ પછી કોઈ એકબીજાની છેડતી નહિ કરે. ન તે અમારા મામલામાં માથું મારે ન અમે તેના મામલામાં માથું મારીએ."

અબૂ તાલિબે એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, "હે મારા ભાઈના બેટા ! આ તમારી કૌમના આગેવાનો છે. તમને મળવા આવેલા છે. તમારી સાથે સુલેહના કરાર કરવા માગે છે. કંઈક તમે એમને વચન આપો. કંઈક એ તમને વચન આપે."

કુરૈશના મોવડીઓને ઇસ્લામનું આમંત્રણ——————રાવીનું કથન છે : અબૂ તાલિબની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશના મોવડીઓને ફરમાવ્યું :

નઅમ્ કલિમતુન વાહિદતુન	વારુ, એક જ વાતનું મને વચન આપી દો,
તઅ્તુવી-નહા, તમલિકૂન બિહલ-અરબ.	બદલામાં તમે આખા અરબના માલિક બની જશો.
વ તદીનુ લકુમ બિહલ-અજમ.	અને એના કારણે અજમ પણ તમારી તાબેદારી કરશે.[2]

અબૂ જહલ બોલ્યો, "બહુ સારું, તમારા બાપના સોગંદ ! એમ જ હોય તો એક નહિ, દસ વાતોનું વચન લઈ લો." જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું.

તકૂલૂન	કબૂલ કરો અને કહી દો કે,
લા-ઈલાહ ઈલ્લલ-લાહુ.	અલ્લાહ સિવાય કોઈ બીજો ભગવાન નથી.
વ તખ-લઊન મા તઅ-બુદૂન	અને છોડી દો તે બધા ભગવાનોને,
મિન દૂનિહી.	જેને, અલ્લાહને છોડીને તમે પૂજો છો.

આ સાંભળીને બધા મોવડીઓ ઉશ્કેરાટથી તાળીઓ પાડવા લાગ્યા અને પછી બોલ્યા, "હે મુહંમદ! શું તમે એમ ચાહો છો કે બધા ભગવાનોનો એક જ ભગવાન બની જાય ? આ તો તમે ભારે નવાઈની વાત કરી !"

---

૧. આ લોકોમાં ઉત્બહ, રબીઅહ અને અબૂ સુફયાન આપના દુશ્મન હોવા છતાં ઠરેલ અને સમજ બુદ્ધિના હતા. અબૂ જહલ, ઉકબા બિન અબી મુઐત કે અબૂ લહબ જેવા કટ્ટરવાદી અને કીનાખોર ન હતા. આપની બદગોઈ કે નિંદાખોરીની નીચતાથી મોટે ભાગે અલગ રહેતા હતા. "હ"

૨. અજમ : અરબ સિવાયનું જગત.

Maktabe Ashraf

એ પછી તેઓ એકબીજાને કહેવા લાગ્યા, "અલ્લાહના સોગંદ ! આ માણસ તમે ઇચ્છો છો એમાંની કોઇ વાતનું વચન આપે એમ નથી. ચાલો ઊઠો, બાપદાદાના ધર્મ પર ચાલતા રહો, ત્યાં સુધી કે અલ્લાહ આપણી અને એની વચ્ચે કોઇ ફેંસલો કરી દે."

અબૂ તાલિબને ઇસ્લામનું આમંત્રણ——————કુરૈશનું મોવડી મંડળ ગુસ્સામાં વળ ખાતું ત્યાંથી ઊઠીને ચાલ્યું ગયું તો અબૂ તાલિબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, "ભત્રીજા! વલ્લાહ, તમે એમની આગળ અક્કલ વિરૂધ્ધની કોઇ માંગણી રજૂ કરી નથી."

આ શબ્દો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દિલમાં આશાનો સંચાર થયો કે અબૂ તાલિબ મુસલમાન બની જાય તો નવાઇ નહિ ! આપે તેમને ફરમાવ્યું :

અય અમ્મ્ ! ફઅન્ત ફકુલ્હા	હે કાકા ! તમે જ એ કલિમાનો ઇકરાર કરી લો
ઇસ્ત-હિલ્લ્ લકા	કે જેથી વાજબી ઠરી જાય તમારા માટે
બિહશ-શફાઅહ	એના કારણે મારી શફાઅત (મારી ભલામણ)
યવમલ-કિયામહ.	કિયામતના દિવસે.

રાવીનું કથન છે : જયારે અબૂ તાલિબે પોતાની જાત વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ ઇચ્છા જોઇ તો બોલ્યા, "ભત્રીજા ! મુસલમાન બનવામાં મને વાંધો નથી પણ ધાસ્તી. મને આ વાતની છે કે લોકો મારા મરણ પછી તમારી અને તમારા ભાઇઓની ટીકાઓ કરશે અને કુરૈશ પણ ટાણા મારશે કે, અબૂ તાલિબ છેલ્લી ઘડીએ મોતની સખ્તીથી ડરીને મુસલમાન બની ગયો. જો મને એનો ડર ન હોત તો હું જરૂર તમારો બોલ ઉપાડીને એ કલિમાનો ઇકરાર કરી લેત ! આ શબ્દો પણ એટલા માટે કહું છું કે એનાથી તમારૂં દિલ રાજી કરૂં."

રાવીનું કથન છે : જયારે અબૂ તાલિબના મૃત્યુની પળો આવી લાગી તો એમના ભાઇ અબ્બાસે જોયું કે અબૂ તાલિબના હોઠો હાલી રહ્યા છે. અબ્બાસે કાન માંડીને સાંભળ્યું અને કહ્યું, "હે ભત્રીજા! વલ્લાહ, મારા ભાઇએ નિઃશંક તે કલિમો પઢી લીધો છે જેનો તમે એમને હુકમ આપ્યો હતો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "લમ-અસ્મઅ"પણ મેં નથી સાંભળ્યું.

કુરૈશી મોવડીઓનો જવાબ કુર્આનમાં—— ———રાવી કહે છે : જે કુરૈશી મોવડીઓ અબૂ તાલિબની માંદગી દરમિયાન સમાધાન માટે આવ્યા હતા અને તેઓએ જે કંઇ કહ્યું હતું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે જવાબ આપ્યો હતો તે અંગે અલ્લાહ તરફથી આ આયતો ઊતરી:

સાદ વલ-કુર્આનિ ઝીઝ-ઝિક્ર	સાદ : નસીહતથી ભરપુર કુર્આનના સોગંદ !
બલિલ-લઝીન કફરૂ	બલ્કે કુફ્ર ગ્રહણ કરનારા લોકો
ફી ઇઝ-ઝતિન વ શિકાક....	અભિમાન અને વિરોધ કે દુશ્મનીમાં ડૂબેલા છે. (અને કહે છે)
મા સમિઅ-ના બિહાઝા	અમે સાંભળી નથી આવી વાત,
ફીલ-મિલ-લતિલ આખિરહ	આખરી મિલ્લતમાં.
ઇન હાઝા ઇલ્લખ-તિલાક.	આ તો મનઘડત વાતો સિવાય કશું નથી.

એ પછી અબૂ તાલિબનો ઇન્તેકાલ થઇ ગયો.

Maktabe Ashraf

(સંપાદકની નોંધ :- બુખારી અને મુસ્લિમમાં છે કે અબૂ તાલિબના મરણ વેળા અબૂ જહલ પણ ત્યાં હાજર હતો. એક તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અબૂ તાલિબને કલિમો પઢી લેવાની પ્રેરણા આપતા હતા. બીજી તરફ અબૂ જહલ તેમને બહેકાવતો હતો, "અબૂ તાલિબ ! શું છેલ્લી ઘડીએ બાપદાદાના ધર્મથી ફરી જશો ?" છેવટે મરણ વેળા અબૂ તાલિબના આખેરી બોલો આ હતા:" અલા મિલ્લતિ અબ્દિલ-મુત્તલિબ. "એટલે હું અબ્દુલ-મુત્તલિબના મઝહબ પર મરૂં છું. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "કાકા ! ભલે તમે મુસલમાન નહિ બન્યા પણ હું તમારી મગફેરત માટે દુઆ માગતો રહીશ; જ્યાં સુધી કે અલ્લાહ મને મના નહિ કરે." ત્યારે આ આયત ઊતરી:

મા કાના લિન-નબિય્યિ વલ્લઝીન આમનૂ	જાઇઝ નથી નબી માટે અને મુસલમાનો માટે
અંય-યસ્તગ-ફિરૂ લિલ-મુશરિકીન.	કે માફીની દુઆ માગે મુશરિકો માટે
વ લવ કાનૂ ઉલી કુરબા.	ભલે તેઓના રિશ્તેદાર હોય.

એટલે મુશરિકો, મૂર્તિપૂજકો, મુનાફિકો, મુરતદો, નાસ્તિકો વગેરેના મરણ પછી, તેઓ માટે મગફેરતની દુઆ એટલે——ગુનાહોની માફી અને જન્નતમાં જવાની દુઆ માગવી મુસલમાનો માટે જાઇઝ નથી. અલ્લાહ તઆલાએ કુર્આનમાં મુસલમાનોને તેવી દુઆ માગવાની મના ફરમાવી દીધી; ભલે મરનાર બિનમુસ્લિમ, તેનો બાપ-બેટો કે કાકો-મામો હોય, કે સગી મા કે ભાઇ બહેન હોય.

અલ્લાહ તઆલાએ ખુદ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આપના દયાળુ, માયાળુ, મુરબ્બી કાકા માટે જ્યારે એવી દુઆ માગવાની મના ફરમાવી દીધી તો મુસલમાનો માટે, બિનમુસ્લિમ માટેની દુઆ માગવી કેવી રીતે જાઇઝ હોય શકે ? માલૂમ પડ્યું કે બિનમુસ્લિમના મરણ પછી તેના આત્માની શાંતિ માટેની કે, તેના આત્માને જન્નતમાં દાખલ કરવાની દુઆ માગવી અલ્લાહ તઆલાને નાપસંદ છે. તેઓના જીવનમાં તેઓની સાથે ભલાઇનો ઉદાર વર્તાવ કરવાની ઇસ્લામે મના કરી નથી.

અબૂ તાલિબની વફાત પયગમ્બરીના દસમા વરસે શવ્વાલની ૧૫ તારીખે થઇ. તે વેળા તેમની વય ૮૦ વરસની હતી. અને હઝરત બીબી ખદીજહ રદિયલ્લાહુ અન્હાની વફાત એજ વરસે રમઝાનની ૧૦ તારીખે થઇ. તે વેળા બીબી ખદીજહની વય ૬૫ વરસની હતી. ઇસ્લામમાં આ વરસને "આમુલ-હુઝ્ન" કહે છે એટલે ગમનું વરસ (સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૧૯૭) "હ"

પ્રકરણ ૬૪

તબલીગ માટે તાઇફનો પ્રવાસ

રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણી તાઇફમાં ● તાઇફના સરદારોને ઈસ્લામની દઅવત ● સરદારોની ભંભેરણી અને લફંગાઓનો હોબાળો ● રસૂલુલ્લાહ (સલ.)ની ગદગદ દુઆ ● અદ્દાસ નસરાનીનો બનાવ ● જિન્નાતની જમાઅત રસૂલુલ્લાહ (સલ.)ની સેવામાં

રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણી તાઇફમાં—— ——ઇબ્ને ઈસ્હાક કહે છે : અબૂ તાલિબના ઈન્તેકાલ પછી કુરૈશને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સતાવવાની અનુપમ તક મળી ગઈ. આવી તક અબૂ તાલિબના જીવનમાં તેઓને ક્યારેય મળી ન હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઈસ્લામની તબલીગ માટે તાઇફ [1] તરફ રવાના થયા કે જેથી ત્યાંના પ્રખ્યાત અને બળવાન અને બહાદુર બનૂ સકીફ કબીલાના લોકોની મદદ મેળવે અને કુરૈશના મુકાબલે તેઓ આપના સહકારી બને તો ઈસ્લામ-પ્રસારનું કામ ગતિભેર આગળ વધારી શકે. આપ એવી આશાએ પણ તાઇફ તશરીફ લઈ ગયા કે આપ અલ્લાહ તરફથી જે વાત લઈને આવ્યા છે, શાયદ તેઓ તેને કબૂલ કરી લે. આપ એકલા સફરની મંઝિલો વટાવતા તાઇફ તરફ ચાલી નીકળ્યા. [2]

ઇબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તાઇફ પધાર્યા તો પ્રથમ આપ ત્યાંના પંકાયેલા કબીલા બનૂ સકીફના લોકો પાસે તશરીફ લઈ ગયા. તે સમયે તાઇફમાં સકીફ કબીલાના ત્રણ સરદારોની હાક વાગતી હતી. એ ત્રણે ત્યાંના નામચીન અને પ્રતિષ્ઠિત આગેવાનો ગણાતા હતા. એ ત્રણ ભાઈઓ હતા. તેઓના નામ આ છે :

૧- ———અબ્દે-યાલીલ બિન અમ્ર બિન ઉમૈર બિન ઔફ બિન અકદહ બિન ગીરહ અથવા ગૈરહ બિન

---

૧. તાઇફ મક્કહથી આશરે ૫૦ માઈલના અંતરે પૂર્વમાં આવેલું બહુ પ્રાચીન, પ્રખ્યાત અને રળિયામણું પહાડી મથક છે. ચારે કોર લીલીકુંજાર વનરાજી, ફળફળાદિથી લદાયેલા બાગબગીચા અને ખડખડ વહેતાં ઝરણાં છે. મક્કહના અમીરો, તવંગરો અને ખુશહાલ સરદારોના અહીં બંગલા અને વાડીઓ હતી. અવારનવાર સહેલસપાટા માટે, તેઓ અહીં આવ્યા કરતા હતા. ધરતીની ફળદ્રુપતા અને વાતાવરણની પ્રફુલ્લતાએ તાઇફવાળાઓને અભિમાની, તુમાખીખોર અને કરડા સ્વભાવના બનાવી દીધા હતા. તેઓ ''લા[illegible]'' દેવીના પૂજારી હતા અને તેને અલ્લાહની પુ[illegible] માનતા હતા. ''૮''

૨. બીજા સીરતગ્રંથો મુજબ તાઇફના પ્રવાસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે આપના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહ પણ હતા. સવારી ન હોવાને કારણે આ પ્રવાસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પગપાળા ખેડયો હતો. તાઇફમાં આપે કેટલા દિવસ તબલીગ કીધી તે અંગે ત્રણ રિવાયતો છે. ૧૦ દિવસ ૨૦ દિવસ ૧ મહિનો. ''૯''

Maktabe Ashraf

ઔફ બિન સ઼કીફ.

૨————મસઊદ બિન અમ્ર બિન ઉમૈર બિન ઔફ......બિન સ઼કીફ.

૩————હબીબ બિન ઉમૈર બિન ઔફ......સ઼કીફ

એમાંથી એક ભાઈના નિકાહમાં મક્કહના કુરૈશની એક શાખ બનૂ જુમહની એક ખાતૂન હતી. (એ ખાતૂનનું નામ સફિય્યહ બિન્તે મઅમર જુમહી હતું.)

તાઇફના સરદારોને ઇસ્લામની દઅવત————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સ઼કીફના સરદારો પાસે તશરીફ લઇ ગયા. તેઓને અલ્લાહના આદેશો સંભળાવીને ઇસ્લામનું આમંત્રણ આપ્યું. અને ઇસ્લામ-પ્રસારની પ્રવૃત્તિમાં પોતાના સહકારી બનીને વિરોધીઓનો મુકાબલો કરવાની દરખાસ્ત કરી.

આપની વાત સાંભળીને એક ભાઇ તુમાખીથી બોલ્યો., "અગર અલ્લાહએ તારા જેવાને પયગમ્બર બનાવ્યાં હોય તો હું કઅબહના પર્દાના ધજાગરા ઉડાડી દઇશ !"

બીજો ભાઇ પણ ઊતરે એવો ન હતો. હેંકડાઇથી બોલ્યો, "પયગમ્બર બનાવવા માટે શું અલ્લાહને તારા વગર બીજો કોઇ નહિ મળ્યો ?" ૧

ત્રીજાએ કહ્યું, "તમારી સાથે વાત કરવા હું તૈયાર નથી. તમારા દાવા મુજબ જો તમે ખરેખર અલ્લાહના પયગમ્બર હો તો તમે ખતરનાક માણસ છો. તમારા સાથે વાત કરવામાં મોટો ખતરો રહેલો છે. અને જો તમે અલ્લાહ સાથે જૂઠાણું ચલાવતા હો તો તમારા જેવા જૂઠા સાથે વાત કરવાનું મને શોભે નહિ !"

તેઓના જવાબો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓ તરફથી ભલાઇની આશા છોડી દીધી. આપ નિરાશ વદને ઊભા થઇ ગયા અને દરખાસ્ત રૂપે તેઓને ફરમાવ્યું, "ઇઝ ફઅલ-તુમ ફક્તુમૂ અન્ની." જે કંઇ વર્તાવ તમે કર્યો એ તો કરી જ નાખ્યો. હવે જે કંઇ વાતો આપણી વચ્ચે થઇ તેને લોકોની સામે જાહેર કરશો નહિ." આ વાત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એટલા માટે ફરમાવી કે લોકોના કાને આવી વાતો પહોંચે તે આપને પસંદ ન હતું. એનાથી આમજનતામાં ઉશ્કેરણી ફેલાવવાનો ભય હતો.

સરદારોની ભંભેરણી અને લફંગાઓનો હોબાળો————વાતને ખાનગી રાખવાની વિનંતી છતાં ત્રણે ભાઇઓએ શહેરના લફંગાઓ, રખડુ મવાલીઓ અને ગુલામોને એવા ઉશ્કેર્યા કે તેઓ આપને ગાળો આપવા અને આપની પાછળ પડીને ધોંધાટ મચાવવા લાગ્યા ત્યાં સુધી કે લોકોનું ટોળું આપની આસપાસ એકત્ર થઇ ગયું. ત્યાંથી નાછૂટકે આપ ઉત્બહ બિન રબીઅહ અને શૈબહ બિન રબીઅહના બગીચામાં આસરો લેવા મજબૂર થયા.[૨] તે વેળા આ બંને ભાઇઓ પોતાના બંગલામાં મવજૂદ હતા. બનૂ સ઼કીફના લફંગાઓ અને રખડુ મવાલીઓ આપનો પીછો છોડીને ત્યાંથી ચાલ્યા ગયા તો આપ અંગૂરના વેલાઓની શૈયા હેઠળ જઇને બેસી ગયા. ઉત્બહ અને શૈબહ પોતાના બંગલમાં બેસીને આ બધું જોતા હતા અને લફંગાઓના રમખાણનો તમાશો પણ તેઓએ જોયો હતો.

---

૧. એટલે પયગમ્બર તો કબીલાના કોઇ સરદારને બનાવવો જોઇતો હતો, નહિ કે તમારા જેવા મુફલિસ અને ગરીબને જેની પાસે સવારી સુદ્ધાં નથી. "હ"

૨. ઉત્બહ અને શૈબહ : મક્કહના જાણીતા તવંગરો અને સરદારો. એમના વાડી-બંગલા તાઇફમાં આવેલા હતા "હ"

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને એવી માહિતી પણ મળી છે કે લફંગાઓના ધિંગાણા વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મક્ઝૂમના બનૂ જુમહ ખાનદાનની એક ખાતૂન મળી તો આપે તેને ફરમાવ્યું, "મા ઝા લકીના મિન અહમ-ઈકિ." બહેન ! તમે જોયું ? તમારી સુસરાલ તરફથી અમને શું મળ્યું ? (તારી સુસરાલના લોકોએ મને કેવી આફતમાં નાખી દીધો ?)

રસૂલુલ્લાહ (સલ.)ની ગદ્‌ગદ દુઆ————જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અંગૂરની વેલ તળે વિસામો લેવા બેઠા અને આપના મનને કંઈક શાંતિ મળી તો આપે બારગાહે-ઈલાહીમાં રજૂ થઈને ગદ્‌ગદ સ્વરે દુઆ માગી :

અલ્લા હુમ્મ ઈલૈક અશ્કુ	હે અલ્લાહ ! હું તારા જ દરબારમાં ફરિયાદ કરૂં છું,
દઅફુ કુવ્વતી	મારી નિર્બળતા અને અશક્તિની,
વ ક્લ્લિત હીલતી	મારી લાચારી અને બેબસીની,
વ હવાની અલન-નાસ.	અને લોકોની નજરમાં મારી ના-કદ્રીની.
યા અર-હમર રાહિમીન !	હે દયાળુઓના દયાળુ !
અન્ત રબ્બુલ-મુસ્તદ-અફીન.	તું જ બધા નિર્બળોનો પાલનહાર છે,
વ અન્ત રબ્બી.	અને તું જ મારો પણ પાલનહાર છે.
ઈલા મન તકિલુ-ની,	તું મને કોને હવાલે કરી રહ્યો છે ?
ઈલા બઈદિન યતજહ-હમુની.	શું કોઈ પારકાને હવાલે જે મારી સાથ કરડાકીથી વર્તે ?
અમ ઈલા અદુવ-વિન	અથવા કોઈ એવા દુશ્મનને હવાલે;
મલક તહુ અમ્રી.	જેને તેં મુજ પર કાબૂ મેળવવાનો અધિકાર આપી દીધો છે?
ઈલ્લમ તકુન ગદબાના અલૈય	ઈલાહી ! અગર તું મુજથી નારાજ નથી
ફ લા ઉબાલી ગયર.	તો મને કોઈ મુસીબતની પરવા નથી.
વલા-કિન્ન આફીતુકા	અલબત્ત તારા તરફથી મને સલામતી મળી જાય
હિય અવસઅ લી.	તો એમાં મારા માટે વધુ કુશળતા છે.
અઉઝુ બિ-નૂરિ વજહિકલ-લઝી	હું તારા નૂરાની મુખડાના તે નૂરનું રક્ષણ લઉં છું
અશ્રર-કત લહુઝ -ઝુલુમાત	જેનાથી અંધારાં ચીરાઈ જાય છે,
વ સલહ અલૈહિ	અને જેનાથી સુધરી જાય છે,
અમ્રુદ-દુન્યા વલ આખિરહ.	દુનિયા તથા આખેરતના તમામ-મામલા.
મિન અન તુનઝિલ બી ગઝબક	મને બચાવી લે તારો ગઝબ મુજ પર તૂટી પડવાથી,
અવ તુહિલ્લ અલૈય સખતક.	અથવા તારી નારાજી મુજ પર ઊતરી પડવાથી.
લકલ ઉત્બા	મને તો તારી જ રઝામંદીની ઝંખના છે,
હત્તા તરદા.	ત્યાં સુધી કે તું મુજથી રાજી થઈ જાય.
વલા હવલ વલા કુવ્વત	ન કોઈ તાકત મળી શકે છે ન કોઈ બળ,
ઈલ્લા બિકા.	મગર તારા તરફથી !

Maktabe Ashraf

અદ્દાસ નસરાનીનો બનાવ————રબીઅહના બંને પુત્રો ઉત્બહ અને શૈબહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે શહેરના લુચ્ચા-લફંગાઓનો આ જંગલી વર્તાવ જોયો તો તેઓના દિલમાં દયાની લાગણી ફૂટી નીકળી. પોતાના ખ્રિસ્તી ગુલામને તેઓએ બોલાવ્યો. એનું નામ અદ્દાસ હતું તેને કહ્યું, "હે અદ્દાસ ! જા દ્રાક્ષનો એક ઝૂમખો તોડી લે અને તેને થાળીમાં સજાવીને પેલા ગૃહસ્થ પાસે લઈ જા !"

અદ્દાસે આજ્ઞાનું પાલન કરતાં દ્રાક્ષનો ઝૂમખો તોડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પેશ કરતાં ખાવાની વિનંતી કરી. આપે ખાવા માટે હાથ લંબાવ્યો તો પ્રથમ "બિસ-મિલ્લાહ"કહ્યું અને પછી ખાવાનું શરૂ કર્યું. [૧]

"બિસ-મિલ્લાહ"નો બોલ સાંભળીને અદ્દાસ ચમકી ઊઠયો અને આપનું મોં તાકવા લાગી ગયો અને પછી બોલ્યો, "સાહેબ ! આ કેવો શબ્દ તમે બોલ્યા ? આવો શબ્દ આ શહેરમાં કોઈના મુખે મેં આજ સુધી સાંભળ્યો નથી."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને પૂછયું, "મિન અહલે-ઐયલ-બિલાદે વમા દીનુક?" એટલે તમે કયાંના વતની છો અને તમારો ધર્મ શું છે ?

તે બોલ્યો, "હું નેનવાનો વતની છું અને ખ્રિસ્તી ધર્મ પાળું છું." [૨]

આપે ફરમાવ્યું, "મિન કર-યતિર - રજુલિસ-સાલિહ યૂનુસબ્ને મત્તા ?" શું તમે નેક પુરુષની વસતિના વતની છો જેનું નામ યૂનુસ બિન મત્તા હતું ?

અદ્દાસ વધુ હયરતથી બોલ્યો, "હેં સાહેબ ! આપને શું ખબર કે યૂનુસ બિન મત્તા કોણ હતા?"

આપે ફરમાવ્યું, "ઝાક અખી કાન નબીયન્વ - વ અના નબીય્યુન." તેઓ મારા ભાઈ હતા. નબી હતા અને હું પણ નબી છું.

આ સાંભળતાં જ અદ્દાસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં ઝૂકી ગયો અને આપના સર, હાથો તથા પગોને ચુંબન આપવા લાગી ગયો.

રાવી કહે છે : રબીઅહના પુત્રો ઉત્બહ અને શૈબહ બંગલામાંથી બધું જોતા હતા. જયારે તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હાથપગને બોસા દેવાનું દ્રશ્ય જોયું તો કહેવા લાગ્યા, "લ્યો ભાઈ ! એણે તો આપણા ગુલામને પણ બગાડી નાખ્યો !"

જયારે અદ્દાસ ત્યાંથી ઊઠીને બંગલામાં ગયો તો બંનેએ તેને ઠપકો આપ્યો, "કમબખ્ત ! તને શું થઈ ગયું હતું ? તેં એના સર અને ચરણોને ચુંબન કેમ આપ્યું ?"

અદ્દાસ નિર્ભયતાથી બોલ્યો, "હે મારા માલિકો ! આજે ધરતી પર એમનાથી બેહતર કોઈ માણસ નથી. એમણે મને એવી વાતોના સમાચાર આપ્યા જેને પયગમ્બર સિવાય કોઈ જાણી શકતું નથી."

બંને બોલ્યા, "અરે કમબખ્ત ! એ તને તારા ધર્મથી લપસાવી નાખશે. એના ધર્મથી તો તારો ધર્મ ચઢિયાતં

૧. એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બિસ્મિલ્લાહની પૂરી આયત પઢીને દ્રાક્ષ ખાવાનું શરૂ કર્યું. "હ"

૨. નેનવાઃ તે સમયના ઈરાકનું મશહૂર શહેર જયાંના રહેવાસીઓ માટે અલ્લાહ તઆલાએ હઝરત યૂનુસ (અલૈ.)ને પયગમ્બર બનાવીને મોકલ્યા હતા. (કામૂસુલ-કુર્આન પા. ૭૮૫) "હ"

Maktabe Ashraf

છે.''

તાઇફના સફરની થોડીક સનદી વિગતો————ગુજરાતી સંપાદક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તાઇફના તબલીગી સફરની કેટલીક સનદી વિગતોની નોંધ ઇબ્ને હિશામમાં છૂટી જવા પામી છે. સીરતગ્રંથો પરથી તેનો ટૂંકસાર અહીં રજૂ કરીએ છીએ.

તાઇફના તવંગર આગેવાનોની ઉશ્કેરણીથી શહેરના રખડુ મવાલીઓ અને અવળચંડા છોકરાઓની એક ટોળકી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ પડી ગઇ. તેઓ ગાળો આપતા અને હોબાળો મચાવતા આપને બજારમાંથી ખદેડવા લાગ્યા. તેઓના મસ્તી-ધિંગાણાના શોરબકોરથી લોકોનું ટોળું તમાશો જોવા ભેગું થઇ ગયું. ઇબ્ને-સઅદની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે બનૂ સકીફના સરદારોને ઇસ્લામનું આમંત્રણ આપ્યું તો કોઇએ આપની વાત માની નહિ. ઊલટાનું તેઓને ધાસ્તી પેઠી કે આ માણસ શહેરના જુવાનિયાઓને બગાડી નાખશે જેથી તેઓ બોલ્યા, ''હે મુહંમદ ! અબઘડી આ શહેર છોડીને જ્યાં તમારા મિત્રો કે ઓળખીતા વસતા હોય તેવી ભૂમિમાં ચાલ્યા જાવ.''

એ પછી તેઓએ પોતાના નોકરચાકરો અને રખડું છોકરડાઓને આપની પાછળ લગાડી દીધા. આ શયતાની ટોળકી ગાળો ભાંડતી, પથરા મારતી, કિકિયારીઓ પાડતી આપને આગળ હડસેલવા લાગી. તેના શોરબકોરથી ઘણા રાહદારીઓ તમાશો જોવા ભેગા થઇ ગયા. મૂસા બિન ઉકબાના કથન મુજબ તેઓ તાકીતાકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પવિત્ર ઘૂંટીઓ અને પિંડલીઓ પર પથ્થરમારો ચલાવતા હતા. તેઓ રસ્તાની બંને બાજુ લાઇનમાં ગોઠવાઇ જતા અને જેમ જેમ આપ કદમ બઢાવીને આગળ વધતા, તેઓ નિશાનો લઇ લઇને પથ્થર મારતા ત્યાં સુધી કે આપના મુબારક પગો લોહીલુહાણ થઇ ગયા અને પવિત્ર પગરખાં લોહીથી લબછબ થઇ ગયાં.

સુલૈમાન તૈમીનું બયાન છે કે જખ્મોની પીડાથી આપ બેસી જતા તો મવાલીઓ આપના પવિત્ર બાવડાઓમાં હાથ ભરાવીને આપને ઊભા કરી દેતા અને ફરીવાર પથરાની બૌછાર કરતા. સાથે સાથે બૂમાટા અને પડકારાઓથી આપનો ઠઠ્ઠો પણ ઉડાવતા હતા. આ પ્રસંગે હઝરત ઝૈદ બિન હારિસહ આપને પથ્થરમારાથી બચાવવા પોતે આગળ આવી જતા અને બઢીબઢીને પથ્થરના નિશાન પોતાના અંગ પર ઝીલતા હતા, ત્યાં સુધી કે તેમનું માથું પણ લોહીલુહાણ થઇ ગયું. એજ દશામાં પડતા આખડતા આપ મક્કહના નવાબો જેવા ઉત્બહ અને શૈબહના બગીચા પાસે પહોંચ્યા અને દીવાર પર છવાયેલી દ્રાક્ષવેલના સાયા તળે જઇને બેસી ગયા. ત્યારે આ શયતાની ટોળકી આપનો પીછો છોડીને પાછી વળી ગઇ.

એક રિવાયતમાં છે કે પથ્થરમારાની સાથે ગુંડાઓ તાળીઓ પાડતા હતા. ગાળો બકતા હતા. સીટીઓ ફોડતા હતા. દેકારા અને હાકોટાથી આપનો ઠઠ્ઠો ઉડાવતા હતા. તેઓના પથ્થરમારાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એટલી ચોટો આવી કે આપ બેહોશ થઇને જમીન પર પડી ગયા. ત્યારે હઝરત ઝૈદ આપને પોતાની પીઠ પર ઉપાડી લીધા ત્યાં સુધી કે વસતિથી બહાર નીકળીને ઉત્બહ અને શૈબહના બગીચામાં આપને લઇ ગયા. ત્યાં મક્કહના કુરૈશની એક ખાતૂન આપની ખબર લેવા આવી. તો આપે તેને કહ્યું, ''જોયું બહેન! તમારી સુસરાલ અમને શું આપ્યું ?'' અહીં હઝરત ઝૈદે આપના જખમ ધોયા. પવિત્ર ચહેરા પર પાણીના

છાંટા માર્યા અને જ્યારે આપની તબીઅત કંઇક સ્વસ્થ થઇ તો આપે બારગાહે-ઇલાહીમાં રજૂ થઇને ગદ્ગદ સ્વરે દર્દભરી દુઆ માગી જેનું બયાન આગળ ઉપર થયું છે.

બુખારી, મુસ્લિમ અને નસાઇ (હદીસ-ગ્રંથો)માં હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાની રિવાયત મુજબ એક દિવસ હઝરત આઇશહએ આપને પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! શું જંગે-ઉહુદથી પણ વધુ કોઇ આકરો દિવસ આપના ઉપર વીત્યો છે ?"

આપે ફરમાવ્યું, "હે આઇશહ ! કુરૈશ તરફથી જે તકલીફો પહોંચી તે તો મેં ભોગવી જ લીધી. પરંતુ સૌથી આકરો તે દિવસ હતો જ્યારે તાઇફમાં હું અબ્દે-યાલીલ અને તેના ભાઇઓ પાસે ગયો હતો."પછી એ દર્દનાક ઘટનાનું વર્ણન કરતાં આપે ફરમાવ્યું, "દુઃખ, ચિન્તા, ઉદાસીનતા અને લાચારીની દશામાં પગ ઊપડ્યા એ દિશાએ હું ચાલી નીકળ્યો. આખું અંગ જખ્મોથી ચૂર હતું. અચાનક મેં જોયું કે હું "કરનુસ-સઆલિબ" સ્થળે [1] ઊભેલો છું. આકાશ તરફ નજર કરી તો વાદળનો એક ટુકડો દેખાયો જેણે મારા ઉપર સાયો કરેલો હતો. કંઇ વિચારૂં તે પહેલાં વાદળમાં મેં જિબ્રીલને જોયા. તેમણે પોકારીને મને કહ્યું, "હે મુહંમદ! અલ્લાહએ તે બધું સાંભળી લીધું છે જે તમારી કૌમે તમારી દઅવતના જવાબમાં કહ્યું. હવે આ રહ્યો "મલકુલ-જિબાલ"એટલે પહાડોનો ફરિશ્તો. અલ્લાહએ એને આપની સેવામાં મોકલ્યો છે. આપ એને હુકમ ફરમાવો. આપના જમે તે હુકમનું એ તરત પાલન કરશે."

"જિબ્રીલે પોતાની વાત પૂરી કરી કે તરત પહાડોના ફરિશ્તાએ પોકારીને મને સલામ કરી અને પછી કહ્યું, "હે મુહંમદ ! અલ્લાહએ આપની અને આપની કૌમની વાતો સાંભળી લીધી છે. હું પહાડોનો ફરિશ્તો છું. પૃથ્વીના તમામ પહાડો મારા અધિકારમાં છે. આપના પાલનહારે મને આપની સેવા માટે મોકલ્યો છે. આપ મને હુકમ ફરમાવો." (આ મુસ્લિમની રિવાયતના શબ્દો છે.) તબરાનીમાં છે :"આપની ઇચ્છા હોય તેવો હુકમ મને ફરમાવો." બુખારીની રિવાયતના આ શબ્દો છે :"હે મુહંમદ ! આપને પૂરો ઇખ્તેયાર છે. આપની મરજીમાં આવે તેવો હુકમ ફરમાવો. આપની ઇચ્છા હોય તો "અબૂ કુબૈસ" અને "કુએ-કઆન" પહાડોને આપસમાં ટકરાવીને તાઇફનું કચ્ચરઘાણ બોલાવી દઉં !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફકત મુસલમાનો માટે જ નહિ, જગતના તમામ ઇન્સાનો માટે રહમત બનીને પધારેલા પયગમ્બર હતા. આપે જવાબ આપ્યો, "નહિ હે મલકુલ-જિબાલ ! હું આશાવાદી છું કે અલ્લાહ એમની નસલથી એવા લોકો પેદા કરશે જેઓ ફકત તેની જ ઇબાદત કરશે અને કોઇને તેનો ભાગીદાર નહિ ઠરાવશે." [2]

આ શબ્દો એવા જ ઇન્સાનના મુખે અદા થઇ શકે જેનો, નિરાશાવાદે સ્પર્શ સુદ્ધાં ન કર્યો હોય - એટલે જ તો અલ્લાહ તઆલાએ આપને "રહમતુલ-લિલ-આલમીન" ના ખિતાબથી બિરદાવી લીધા છે. ગુજરાતી સંપાદકનું લખાણ પૂરૂં થયું. હવે કિતાબનું લખાણ વાંચો. "હ "

---

૧. આ સ્થાનને "કરનુલ-મનાઝિલ" પણ કહે છે. એ નજદવાસીઓનો મીકાત છે. અહીંથી તેઓને એહરામ બાંધવો પડે છે. ઊંટની ચાલે મક્કહથી આ સ્થળ એક રાત-દિવસના અંતરે આવેલું છે. (સીરતે-સરવરે-આલમ. જિ.૨ પા. ૬૩૫નો હાશિયો.)

૨. હવાલા માટે જુઓ : સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૦૨-૨૦૩-સીરતે - સરવરે - આલમ જિ.૨ પા. ૬૩૫ - સીરતે-અહમદે-મુજતબા જિ.૧ પા. ૩૭૬.

જિન્નાતની જમાઅત રસૂલુલ્લાહ (સલ.)ની સેવામાં —— ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે બનૂ સકીફની ભલાઈથી નિરાશ થઈ ગયા તો ઉદાસચિત્તે તાઈફથી મક્કહ જવાના વિચારે પાછા વળ્યા. રસ્તામાં નખ્લહ મુકામે થોભી ગયા. રાતે નમાઝ માટે ઊભા થયા અને નમાઝમાં કુર્આન પઢવા લાગ્યા તો એજ વેળા ત્યાંથી જિન્નાતની એક જમાઅત પસાર થવા લાગી જેનું બયાન અલ્લાહ તઆલાએ કુર્આનમાં (સૂરએ-અહકાફની ચાર આયતોમાં) કર્યું છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ આ સમૂહમાં સાત જિન્નાત હતા. એ બધા ''નસીબૈન''નામે જિન્નાતની વસતિના વતની હતા. કુર્આનનો અવાજ કાને પડતાં જ તેઓ ચમકીને ત્યાં જ થોભી ગયા અને એકચિત્તે કુર્આનની વાણી સાંભળતા રહ્યા. જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નમાઝ ખતમ કરી તો એ બધા પોતાની વસતિ તરફ ઊપડી ગયા અને ત્યાં જઈને પોતાની કૌમમાં ઈસ્લામની તબલીગ કરવા લાગી ગયા. કુર્આનની વાણી સાંભળીને તેઓ પોતે પણ મુસલમાન બની ગયા અને અલ્લાહના આદેશોનો ખરા દિલથી સ્વીકાર કરીને પોતાની કૌમમાં પણ તેનો પ્રચાર કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ આ સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આપ્યા અને ફરમાવ્યું :

વ ઈઝ સરફના	હે નબી ! જ્યારે ફેરવી દીધી અમે
ઈલૈક નફરમ મિનલ-જિન્ને	તમારી તરફ જિન્નાતની એક જમાઅતને,
યસ-તમિઊનલ-કુર્આન.....	સાંભળવા લાગ્યા તેઓ કુર્આનને.....(આયતની છેવટ સુધી)
વ યુજિરકુમ મિન અઝાબિન અલીમ.	અને બચાવી લેશે તમને દર્દનાક અઝાબથી.

એ પછી અલ્લાહ તઆલાએ સૂરએ-જિન્નમાં ફરમાવ્યું :

કુલ ઊહિય ઈલય્ય	હે નબી ! કહી દો કે વહી મોકલાવામાં આવી મુજ તરફ
અન્નહુ-સ-તમઅ	કે બેશક સાંભળી લીધું કુર્આન
નફરુમ મિનલ-જિન્ન.....	જિન્નાતની એક જમાઅતે.....

ગુજરાતી સંપાદકની નોંધ————જિન્નાતના ઈસ્લામ સ્વીકારનો અભૂતપૂર્વ બનાવ ખુદ અલ્લાહ તઆલાએ કુર્આનમાં બયાન ફરમાવ્યો છે. એની વધુ વિગતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હદીસોમાં ટાંકેલી છે. સીરતની કિતાબોમાંથી એનું મુખ્તસર બયાન અહીં રજૂ કરીએ છીએ.

તાઈફની સફરથી મક્કહ પાછા ફરતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નખ્લહ મુકામે થોડા દિવસ થોભી ગયા. અહીં આપ વિચારવા લાગ્યા કે મક્કહમાં દાખલ કેવી રીતે થવું ? કેમકે તાઈફમાં જે કંઈ બન્યું તેના સમાચાર મક્કહ પહોંચી ગયા હશે. આપની સાથે જે અપમાનજનક જંગલી વર્તાવ થયો તેના સાક્ષીઓ ઉત્બહ અને શૈબહ હતા. મક્કહના આ નવાબઝાદાઓએ પોતાની આંખે આપને જખ્મી હાલતમાં પોતાના બગીચામાં આસરો લેતાં જોયા હતા. આ કારણે મક્કહના મુશરિકો ઓરબી દિલેર થઈને વધુ જિરજોર પર ઊતરી પડે તો શું થશે ? આજ વિમાસણમાં એક રાતે આપ નખ્લહ મુકામે નમાઝ માટે ઊભા થયા. એ ઈશા, ફજર અથવા તહજ્જુદની નમાઝ હતી. પહેલી રકઅતમાં આપે સૂરએ-રહમાન અને બીજી રકઅતમાં સૂરએ-જિન્નની તિલાવત ફરમાવી. સંજોગજોગે એજ સમયે જિન્નાતની એક જમાઅત ત્યાંથી પસાર થઈ. કેટલાકના કથન મુજબ એ મુલ્કે-શામના નસીબૈન પ્રદેશના જિન્નાત હતા ત્યારે કેટલાક કહે છે કે એ ઈરાકના

Maktabe Ashraf

નેનવા શહેરના વતની હતા. જિન્નાતના સાત સભ્યોની એ મંડળી હતી. કુર્આનની તિલાવત સાંભળી તો ચમકીને બધા ત્યાં જ થંભી ગયા અને એકબીજાને ખામોશ રહેવાનું સુચન કરીને ધ્યાનથી કુર્આન સાંભળવા લાગ્યા.

"અર-રવઝ" ગ્રંથના લેખકે એમાંના પાંચ જિન્નાતના નામ : મન્શી, નાશી, શાસિર, નાસિર અને અલ-અહકબ દર્શાવ્યાં છે. અલ્લામા તબરીએ કુર્આન સાંભળનારા આઠ જિન્નાતના નામ દર્શાવ્યાં છેઃ હસ્સ, મસ્સ, શાસિર, નાસિર, ઇના-અલારૂ, અનીન અને અહકમ. જિન્નાતના ઇસ્લામ સ્વીકારથી અલ્લાહ તઆલાએ દુનિયાના લોકોને ચેતવણી આપી દીધી કે હે ઇન્સાનો ! તમે ભલે અલ્લાહ સાથે ગદ્દારી કરો. મારા પયગમ્બરનું કહ્યું નહિ માનો, ઇસ્લામથી ભાગતા રહો, મને તેની પરવા નથી. મારી બીજી મખલૂક પણ જમીન પર વસે છે. તેને પણ મેં ઇસ્લામ-સ્વીકારની લાયકાત આપેલી છે. બીજી તરફ અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખુશખબર સંભળાવીને આશ્વાસન આપ્યું કે, હે મારા હબીબ ! આ લોકો ભલે તમારી દઅવતનો સ્વીકાર નહિ કરે, તમારા ઉપર ઇમાન નહિ લાવે તેથી તમારે નાહિંમત, નિરાશ કે ગમગીન થવાની જરૂર નથી. મેં જિન્નાતની એક જમાઅતને તમારા તરફ વાળી દીધી છે. તે તમારા મુખે કુર્આન સાંભળીને તમારા ઉપર ઇમાન લઇ આવી છે.

જિન્નાતની આ જમાઅતે ત્યાં ઊભા રહીને કુર્આન સાંભળ્યું અને જયારે આપે નમાઝ ખતમ કરી તો જિન્નાત ત્યાંથી ચાલ્યા ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને એમના આગમનની કશી ખબર નહિ પડી. બાદમાં અલ્લાહ તઆલાએ સૂરએ-અહકાફની આયતોમાં આ રીતે એના સમાચાર આપ્યા :

> અને હે નબી ! તે સમયેને યાદ કરો જયારે જિન્નાતની એક જમાઅતને અમે તમારી તરફ મોકલાવી આપી. કે જેથી તેઓ આપના મુખે કુર્આન સાંભળે. જયારે તેઓ હાજર થયા તો આપસમાં બોલ્યા, ખામોશ રહો. (ધ્યાનથી કુર્આનની વાણી સાંભળો.) જયારે કુર્આન પઢાઇ ચૂકયું (આપની નમાઝ ખતમ થઇ) તો એ જિન્નાત પોતાની કૌમ તરફ વાપસ થયા કે જેથી તેઓને ખબરદાર કરે. તેઓએ (પોતાની વસતિમાં જઇને) કહ્યું, "હે અમારી કૌમ ! અમે એક અજબ કિતાબ સાંભળીને આવ્યા છીએ જે મૂસા પછી ઊતરેલી છે. તે આથી પહેલાંની કિતાબોની તસદીક કરે છે. સત્ય અને સીધા રાહની રાહનુમાઇ કરે છે. હે અમારા ભાઇઓ ! તમે અલ્લાહના માર્ગદર્શકની દઅવત કબૂલ કરો. તેની ઉપર ઇમાન લાવો. અલ્લાહ તઆલા તમારા તમામ ગુનાહો માફ કરી દેશે. અને જે લોકો અલ્લાહના દાઇની દઅવત કબૂલ નહિ કરે તેઓ જમીનમાંથી છટકીને કયાંયે જઇ શકતા નથી. ન તેનો કોઇ મદદગાર હશે. આવા લોકો ઉઘાડી ગુમરાહીમાં સપડાયેલા છે.[1]

જિન્નાત સાથે મુલાકાત——— —એક રિવાયતમાં એમ છે કે નમાઝ પૂરી થતાં જિન્નાતની જમાઅતના સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પ્રગટ થયા. આપના દર્શનથી પાવન થયા. પોતાનું આગમન કેવા સંજોગોમાં થયું તેનું વર્ણન કર્યું. આપે તેઓને ઇસ્લામની દઅવત આપી જે મંજૂર રાખીને તેઓ મુસલમાન બની ગયા. આપે તેઓને ફરમાવ્યું, "હવે પોતાની કૌમમાં જઇને ઇસ્લામની

૧. પારહ ૨૬ સૂરએ-અહકાફ આયતો ૨૯ થી ૩૨

Maktabe Ashraf

તબલીગ કરો.''કહે છે કે આ જિન્નાત અને તેઓની કૌમ યહુદી ધર્મ પાળતી હતી. એની દલીલ આયતમાં છે :'' કિતાબન ઉન્ઝિલ મિમ-બઅદિ મૂસા.'' એટલે અમે એવી કિતાબ સાંભળી છે જે મૂસા પછી ઊતરેલી છે. એમની તબલીગથી જિન્નાતની બહુ મોટી સંખ્યા ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગઈ અને એ બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દર્શન માટે આતુર બની ગયા.

બીજી રિવાયતો મુજબ જિન્નાતના વિવિધ મંડળો કુલ છ વખત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મુલાકાત માટે હાજર થયા. જુદા જુદા સમયે અમુક મંડળ મક્કહમાં તો અમુક મંડળ મદીનહમાં હાજર થયા. મંડળના સભ્યોની સંખ્યા એક વાર સાત, એક વાર નવ, એક વાર આઠ, એક વાર ત્રણ સો અને એકવાર દસથી બાર હજાર જેટલી હતી. રિવાયતમાં છે કે હરમના એક ઝાડે આપને જિન્નાતના આગમનના સમાચાર આપ્યા તો એજ રાતે જિન્નાતનો એક પ્રતિનિધિ આપને બોલાવવા હાજર થઈ ગયો. આપ તેની સાથે કોઈ અજાણ્યા સ્થળે તશરીફ લઈ ગયા. સહાબામાંથી કોઈને ખબર ન હતી કે આપ કયાં તશરીફ લઈ ગયા. જ્યારે મોડે સુધી આપ નહિ પધાર્યા તો તેઓ રાતભર આપને તલાશ કરતા રહ્યા. સવારે આપ જબલે-નૂર તરફથી આવતા દેખાયા તો તેઓએ અરજ કરી, ''યા રસૂલુલ્લાહ ! અમે રાતભર આપને ઢૂંઢતા રહ્યા.'' આપે ફરમાવ્યું, ''જિન્નાતે મને બોલાવ્યો હતો. મેં તેઓને કુર્આન પઢી સંભળાવ્યું.''પછી સહાબાને આપે જિન્નાતના પગલાંના નિશાન અને આગ સળગાવવાના તેઓના સ્થળ દેખાડયાં.

રસૂલુલ્લાહ (સલ.)ની મક્કહમાં પધરામણી————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નખ્લહની ખીણથી પગપાળા પ્રવાસ ખેડતા મક્કહના જબલે-નૂર પાસે પધાર્યા તો હઝરત ઝૈદ બિન હારિસહએ પૂછ્યું, ''યા રસૂલુલ્લાહ ! આપ મક્કહમાં કેવી રીતે દાખલ થશો ? જ્યારે કે કુરૈશ આપને જાકારો આપી ચૂકયા છે !''

ફરમાવ્યું, ''હે ઝૈદ ! જે હાલાત તમે જુઓ છો એમાંથી પાર ઊતરવાનો અલ્લાહ જરૂર કોઈ રસ્તો કાઢી આપશે. તેજ પોતાના દીનનો અને મારો નિગહબાન છે''

એ પછી આપે અબ્દુલ્લાહ બિન ઉરૈકિત મારફતે અખનસ બિન શરીકને આસરો આપવાની વિનંતી કરી તો તેણે આસરો આપવાનો ઈનકાર કરી દીધો. ત્યારે આપે સુહૈલ બિન અમ્રને કહેણ મોકલાવ્યું તો તેણે પણ ના પાડી દીધી. ત્યારે એજ સંદેશો મુત્ઈમ બિન અદીને પાઠવ્યો તો તેણે કહ્યું, ''હા હું મુહંમદને આસરો આપવા તૈયાર છું. તેમને કહો મક્કહ આવી જાય.'' [૧]

આપ જબલે-નૂરથી મક્કહ પધાર્યા અને રાત મુત્ઈમ બિન અદીના ઘરમાં પસાર કરી. સવાર પડી તો મુત્ઈમ બિન અદી અને તેના છ સાત પુત્રો હથિયારો સજીને પોતના પહેરા હેઠળ આપને કઅબહમાં લઈ ગયા અને બોલ્યા, ''હે મુંહમદ ! નિર્ભય રીતે કઅબહનો તવાફ કરો.''તવાફ દરમિયાન એ બધા આપની સુરક્ષા માટે ત્યાં ઊભા રહ્યા અને મુત્ઈમ બિન અદીએ પોકાર પાડીને જાહેરાત કરી, ''હે લોકો ! સાંભળી લો, મેં મુહંમદ બિન અબ્દુલ્લાહને આસરો આપ્યો છે. કોઈ એમનું નામ ના લે !''

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અંદેશો હતો કે તાઈફના સમાચારથી મક્કહના મુશરિકોનું જોર ઓરથી વધી વાગ્યું હશે જેથી કોઈનો આસરો મેળવીને મક્કહમાં દાખલ થવાનું આપને વાજબી લાગ્યું. તે વળી અરબમાં એવી પ્રથા હતી કે આસરો માગનાર દુશ્મન હોય તો પણ તેને ના પાડતા ન હતા. જેમકે હઝરત અબૂબક્ર (રદિ.) ને ઈબ્ને દુગુન્નાએ આસરો આપ્યો હતો. તે સમયની આ પ્રચલિત પ્રથાને અરબના સમાજમાં એક રીતે કાનૂનનો દરજ્જો મળી ગયો હતો. આસરામાં આવનાર વ્યક્તિનું આસરો આપનારે જાનના ભોગે રક્ષણ કરવું પડતું હતું.''હ''

એલાન સાંભળીને અબૂ જહલે મુત્ઈમ બિન અદીને પૂછ્યું, "ફક્ત આસરો આપ્યો છે કે એમનો ધર્મ પણ કબૂલ કરી લીધો છે ?"

મુત્ઈમે કહ્યું, "ના ફક્ત આસરો આપ્યો છે."

અબૂ જહલ બોલ્યો, "તમારા આસરાનો કોઈ ભંગ કરી શકે નહિ. જેને તમે આસરો આપ્યો તેને અમે આસરો આપ્યો."

મુત્ઈમ બિન અદી, જંગે-બદ્ર ખેલાવા પહેલાં કુફ્રની હાલતમાં મરી ગયો. પરંતુ તેના આ ઉપકારને યાદ રાખીને જંગે-બદ્રના કેદીઓ વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું." આજે મુત્ઈમ બિન અદી જીવતો હોત અને આ બંડખોર કેદીઓ અંગે માગણી કરત તો હું તેના માનમાં બધાને છોડી દેત !" (બુખારી-અબૂ દાવૂદ) ગુજરાતી સંપાદકનું લખાણ પુરૂં થયું.

Maktabe Ashraf

પ્રકરણ ૬૫

અરબના કબીલાઓને ઈસ્લામનું આમંત્રણ

ગ્રામ્ય વિસ્તારના કબીલાઓમાં ઈસ્લામ પ્રચાર • ઈસ્લામી તબલીગના મુખ્ય મુદ્દા • અબૂ લહબની અવળચંડાઈ • એક વયોવૃધ્ધ સહાબાનો પસ્તાવો • મદીનહના સૌથી પહેલા ગૃહસ્થની મુલાકાત • સુવૈદ બિન સામિતનો ઈસ્લામ સ્વીકાર • ઈયાસ બિન મુઆઝનો ઈસ્લામ સ્વીકાર.

ગ્રામ વિસ્તારના કબીલાઓમાં ઈસ્લામ પ્રચાર—ઈબ્ને ઈસ્હાક કહે છે : તાઈફના પ્રવાસ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહ પધાર્યા તે વેળા અહીંનો મામલો બહુ ગંભીર અને ઉગ્ર હતો. કુરૈશના મુશરિકો આપની અદાવતમાં અને ઈસ્લામના વિરોધમાં ઓરભી કડક કે કરડા બની ગયા હતા. અને તે વેળા મુસલમાનો મક્કહમાં બહુ જૂજ સંખ્યામાં હતા.

આમ છતાં વિરોધો અને વિક્ષેપોને નહિ ગણકારતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બમણા ઉત્સાહથી ઈસ્લામની તબલીગમાં પરોવાઈ ગયા. આંદોલનને વેગપૂર્વક વિકસાવતા રહ્યા અને લોકોને અલ્લાહની તવહીદ તરફ બોલાવતા રહ્યા અને કહેતા રહ્યા, ''હે લોકો ! હું અલ્લાહનો મોકલેલો નબી છું. મારી વાત માનો, મારી સચ્ચાઈનો ઈકરાર કરો, મારા ઉપર ઈમાન લાવો, મારી મદદ કરો કે જેથી હું અલ્લાહના આદેશો ઘેરેઘેર પહોંચાડી શકું. કેમકે એજ કામ માટે અલ્લાહએ મને મોકલેલો છે.''

જ્યારે પ કોઈ મેળો ભરાતો કે હજજનો પ્રસંગ આવતો, આપ જુદા જુદા કબીલાઓ પાસે જઈને તેઓને અલ્લાહનો રાહ અપનાવી લેવાનું આમંત્રણ આપતા. તેઓને ઈસ્લામનો પરિચય આપીને ફરમાવતા, ''હે લોકો ! અલ્લાહ એક છે હું તેના પયગમ્બર છું. મારી સચ્ચાઈનો સ્વીકાર કરો. મારી હિફાઝત કરો કે જેથી હું બિનધાસ્ત રીતે મારૂં કામ કરી શકું અને અલ્લાહના અહકામ લોકો સુધી પહોંચાડી શકું કેમકે એમાં જ તમારી દીન-દુનિયાની ભલાઈ રહેલી છે.''

ઈસ્લામી તબલીગના મુખ્ય મુદ્દા—હઝરત રબીઅહ બિન ઈબાદનું બયાન છે કે હું નવજવાન હતો ત્યારે મારા પિતા સાથે હજજ માટે મક્કહ ગયો હતો. ત્યાં હજારો ઈન્સાનો દેશદેશાવરથી હજજ માટે ઉમટી આવ્યા હતા. મિના સ્થળે મેં જોયું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક તંબૂ પાસે પધાર્યા આપ જુદા જુદા કબીલાઓના પડાવો પાસે જઈને ફરમાવતા હતા:

યા બની ફુલાલિન,	હે ફુલાણા કબીલાના લોકો !
ઇન્ની રસૂલલ-લાહિ ઇલૈકુમ,	હું તમારી તરફ અલ્લાહનો રસૂલ બનીને આવ્યો છું,
યઅમુરુકુમ અન તઅબુદુલ્લાહ,	તમને હુકમ કરૂં છું કે એક અલ્લાહની ઇબાદત કરો,
વલા તુશરિકુ બિહી શૈઅન,	અને કોઇને તેનો ભાગીદાર ન ઠરાવો,
વ અન તખ્લઊ મા તઅબુદૂન,	અને છોડી દો તે ભગવાનોને જેને તમે પૂજો છો;
મિન દુનિલ્લાહ,	અલ્લાહને છોડીને;
મિન હાઝિહિ-અન્દાદ.	જેઓને તમે અલ્લાહના ભાગીદાર બનાવી લીધા છે,
વ અન તુઅમિનૂ બી	અને ઇમાન લાવો મુજ પર,
વ તુસદ્-દકૂ બી	અને મને સાચો પયગમ્બર માની લો,
વ તમ-નઊની	અને મારી હિફાઝત કરો;
હત્તા ઉબૈયિનુ અનિલ્લાહ	ત્યાં સુધી કે હું ખુલ્લી રીતે અલ્લાહની વાતો કહી શકું,
મા બઅસની બિહી.	જેના માટે તેણે મને મોકલ્યો છે.

અબૂ લહબની અવળચંડાઇ————રાવી કહે છે : તે વેળા મે જોયું કે બાડી આંખોવાળો એક રાતો-ગોરો ગૃહસ્થ જેની બે ચોટલીઓ હતી, જેણે અદનનો કિંમતી પોશાક સજેલો હતો, તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો પૂરી થતાં જ લોકોને પડકારવા લાગતો,

''હે લોકો ! હે ફુલાણ. કબીલાવાળા ! આ માણસ તમને કહે છે કે લાત અને ઉઝઝા ભગવાનોની મૂર્તિઓને ફગોટી દો. અને બનૂ માલિક બિન ઉકૈશના જિન્નાત, જેઓની સાથે તમારા દોસ્તીના કરાર છે તેની પૂજા પણ છોડી દો અને પોતે જે ગુમરાહી તથા બિદઅતોના ઢોંગ લઇને આવ્યો છે તેને અપનાવી લો. ખબરદાર! એનું કહ્યું માનવું નહિ, એની વાતો સાંભળવી નહિ !''

રાવી કહે છે : મેં મારા પિતાજીને પૂછયું, ''અબ્બાજાન ! આ કોણ માણસ છે ?''

બોલ્યા, ''બેટા ! આ એમનો કાકો અબ્દુલ-ઉઝઝા બિન અબ્દુલ-મુત્તલિબ ઉર્ફે અબૂ લહબ છે.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને ઇબ્ને શિહાબ જુહરીએ કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ કિન્દહ કબીલાના પડાવે પધાર્યા ત્યાં તેઓનો સરદાર મુલૈહ પણ હાજર હતો.આપે તેઓને ઇસ્લામનું આમંત્રણ આપ્યું પણ તેઓએ એનો અસ્વીકાર કર્યો.

એ પછી આપ બનૂ કલ્બ કબીલાના એક શાખ બનૂ અબ્દુલ્લાહના લોકો પાસે તશરીફ લઇ ગયા અને તેઓને અલ્લાહનો રાહ અપનાવી લેવાની અને અલ્લાહના પયગમ્બરને આસરો આપીને તેના કામમાં સહકારી બનવાની ભલામણ કરી અને અંતમાં ફરમાવ્યું, ''યા બની અબ્દુલ્લાહ ! ઇન્ન લલ-લાહ કદ્ અહસન ઇસ્મ અબીકુમ.'' એટલે હે અબ્દુલ્લાહના સંતાનો ! અલ્લાહએ તમારા બાપનું કેટલું સુંદર નામ રાખ્યું છે ! (અબ્દુલ્લાહના અર્થ અલ્લાહનો બંદો થાય છે. માટે નામના ગુણ પ્રમાણે તમે પણ લેભાગુ ભગવાનના બંદા બનવાને બદલે ઇસ્લામ સ્વીકારીને અલ્લાહના બંદા બની જાવ.) પરંતુ તેઓએ પણ આપની વાત માનવાનો સાફ ઇન્કાર કરી દીધો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અહીંથી નિરાશ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ હનીફહ કબીલાના પડાવ પાસે પધાર્યા અને તેઓને અલ્લાહના આદેશો સંભળાવીને ઈસ્લામ કબૂલ કરી લેવાની દઅવત આપી. પરંતુ એ લોકોએ આપની દઅવતનો જે જવાબ આપ્યો, તેવો તોડછડાઈ ભરેલો જવાબ અરબોમાંથી કોઈએ નહિ આપ્યો હોય.

અલ્લામા ઈબ્ને શિહાબ ઝુહરીના કથન મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અહીંથી આગળ વધીને બનૂ આમિર બિન સઅ-સઅહના ઉતારે તશરીફ લઈ ગયા. તેઓને ઈસ્લામનું આમંત્રણ આપ્યું અને પછી ફરમાવ્યું, ''હે બની આમિર ! હું અલ્લાહનો નબી છું. મને આસરો આપો અને મારા કામમાં ભાગીદાર બની જાવ.''

આ લોકોમાં બુહૈરહ બિન ફર્રસ બિન અબ્દુલ્લાહ બિન સલમા નામે એક જુસ્સાદાર જવાન હતો. તેણે આપની છટાદાર વાતો સાંભળીને અને આપનો પયગમ્બરી દબદબો જોઈને પોતાના સાથીઓને કહ્યું, ''અલ્લાહના સોગંદ ! આ કુરૈશી જવાન જો મારી દોંટે ચઢી જાય તો હું આખા અરબને ઓળિયાં કરી જાઉં !''

''તેણે આગળ વધીને આપને પૂછ્યું,'' હે કુરૈશી જવાન ! મારી એક વાતનો જવાબ આપો. માની લો કે અમે મુસલમાન બની જઈએ. તમારા સહકારી બનીને પોતાની જાનો લડાવી દઈએ. પછી અલ્લાહ તમને ફતેહમંદ બનાવી દે તો શું તમારા પછી સત્તાની લગામ અમને મળશે ખરી ?''

આપે ફરમાવ્યું, ''અલ-અમ્રુ ઈલલ-લાહિ યદઉહૂ હયસુ યશાઅ.'' એટલે સત્તાની લગામ અલ્લાહના અધિકારમાં છે. તે ચાહે તેને આપે.

તે બોલ્યો, વાહ સાહેબ ! અમે તમારા રક્ષણ માટે અમારા ગળાં અરબોના તીરો આગળ ધરીએ અને જ્યારે અલ્લાહ તમને ફતેહમંદ બનાવે તો સત્તા અમને મળવાને બદલે બીજાઓને મળે ! ચાલ્યા જાવ, આગળ વધો. અમને તમારી જરૂર નથી. '' આ રીતે એમણે પણ આપને માનવાનો ઈન્કાર કરી દીધો.

મતલબ કે હજજની સીઝનમાં અરબભરમાંથી આવેલા હાજીઓના પડાવોમાં જઈજઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઈસ્લામની તબલીગ કરતા રહ્યા. ત્યાં સુધી કે હજજની સીઝન ખતમ થતાં બધા લોકો પોતપોતાને વતન સિધાવી ગયા અને બનૂ આમિર કબીલાના લોકો પણ પોતાની વસતિમાં પહોંચી ગયા.

એક વયોવૃદ્ધ મહાત્માનો પસ્તાવો————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ આમિર કબીલાની વસતિમાં ઉંમરે પહોંચેલા એક સાધુ મહાત્મા વસતા હતા. એટલા વયોવૃદ્ધ કે કમશક્તિને કારણે ન કોઈ ધાર્મિક મેળામાં ભાગ લઈ શકતા ન કઅબહની યાત્રા માટે મક્કહ જઈ શકતા. કબીલાના લોકો વેપાર અર્થે કે અંગત કામ માટે પરદેશનો પ્રવાસ ખેડીને થાકેલા-પાકેલા વસતિમાં પ્રવેશ કરતા તો પોતાના ઘરે જવાને બદલે સૌપ્રથમ આ મહાત્માની તહેનાતમાં હાજર થતા, એમના ચરણોમાં પડતા, એમના દર્શનથી પાવન થતા, એમના આશીર્વાદ મેળવતા. પરદેશના નવાજૂના નવાજૂની કે હજજ પ્રસંગના જાતઅનુભવો અમને કહેતા અને પછી પોતાને ઘેરે જતા.

આ વરસે પણ વસતિના લોકો હજજની ક્રિયાઓથી પરવારીને વાપસ આવ્યા તો ઘેર જવાને બદલે સીધા સાધુ મહાત્માની સેવામાં દર્શન માટે હાજર થયા. મહાત્માએ આશીર્વાદ આપીને હજજની નવાજૂની પૂછી તો આ લોકો બોલ્યા, ''મક્કહમાં અબ્દુલ-મુત્તલિબ કુટુંબનો એક કુરૈશી યુવક અમારા પડાવે આવ્યો તેનો દાવો હતો કે તે

અલ્લાહનો પયગમ્બર છે. તેણે અમને તેનો નવો ધર્મ સ્વીકારી લેવાનું આમંત્રણ આપ્યું અને પછી કહ્યું કે, "મને આસરો આપો, મને મારા દુશ્મનોથી બચાવો, મારૂં રક્ષણ કરો, મને પોતાને વતન લઇ જાવ, મારા સહકારી બનીને મારા કામમાં મદદ કરો."

"ત્યારે તમે શું જવાબ આપ્યો ?" મહાત્માએ ગંભીરતાથી પૂછયું.

"અમે તેને ચાલતો કરી દીધો. કેમકે અમારા સવાલોનો તેણે સંતોષકારક જવાબ નહિ આપ્યો."

આ સાંભળીને મહાત્માએ પોતાનું કપાળ પીટી લીધું અને કહ્યું, "હે બની આમિર ! તમે આ શું કર્યું? આ તમે કેવી ગંભીર ભૂલ કરી ? આ ભૂલનો ભોગ આપવાનો કોઇ રસ્તો ખરો ? શું ગયેલી તક પાછી મળી શકે ? સોગંદ છે તે અલ્લાહના જેના અધિકારમાં મારા પ્રાણ છે. આજ સુધી બની ઇસ્માઇલ માંથી કોઇએ પયગમ્બરીનો જૂઠો દાવો કર્યો નથી. બેશક એ અલ્લાહના સાચા પયગમ્બર છે. હે બનૂ આમિર ! શું તે વેળા તમારી અક્કલ ઘાસ ચરવા ગઇ હતી ?"

મદીનહના સૌથી પહેલા ગૃહસ્થની મુલાકાત——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો રોજનો નિયમ થઇ પડયો હતો કે, આપ હજ્જના મહિનાઓમાં બહારથી આવેલા હાજીઓના પડાવોમાં, મેળાઓમાં, ધાર્મિક ઉત્સવોમાં કે લોકોના ટોળાંઓમાં ઇસ્લામની તબલીગ માટે પહોંચી જતા. તેઓને અલ્લાહના આદેશ સંભળાવતા. પોતાની પયગમ્બરીની જાહેરાત કરતા. તેઓને કુર્આનની આયતો પઢી સંભળાવતા. જ્યારે ય ખબર પડતી કે ફલાણા શહેરનો કોઇ મોટો માણસ આવ્યો છે અથવા ફલાણા કબીલાનો સરદાર મક્કહ આવ્યો છે, આપ તુરંત તેની પાસે તશરીફ લઇ જતા. તેને અલ્લાહના રસ્તા તરફ વળવાનું નિમંત્રણ પાઠવતા. તેની આગળ ઇસ્લામના ઉસૂલો રજુ કરતા. તેને ઇસ્લામ કબૂલ કરી લેવાની પ્રેરણા આપતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારી ઝફરીએ પોતાની કૌમના વૃધ્ધ વડીલોની વાતો ટાંકતા મને કહ્યું કે, મદીનહના બનૂ અમ્ર બિન ઔફ કબીલાના સુવૈદ બિન સામિત નામે એક વિદ્વાન ગૃહસ્થ હજ્જ તથા ઉમ્રહ માટે મક્કહ આવ્યા. એમની કૌમે એમને "કામિલ"નો ભારેખમ લકબ આપેલો હતો. [૧] કારણ આ હતું કે સુવૈદ બિન સામિત પોતાના શારીરિક બળમાં, શેઅરો-શાઇરીમાં, બહાદુરી અને પરાક્રમમાં, ખાનદાની શરાફત અને સંસ્કારમાં પોતાની કૌમમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા હતા. એજ સુવૈદ બિન સામિતે આ શેઅરો કહ્યા છે :

અલા રુબ્બુ મન તદ્ઉ સદીકન વ લવ તરા • મકા-લતુહૂ બિલ-ગૈબે સાઅક્ષ મા યફરી.

હા, કેટલાક એવા લોકો પણ હોય છે જેઓને તું સારા કે ભલા માણસ કહીને પોકારે છે. પરંતુ કાશ! કે તેઓના ખાનગી ધંધાઓની તને ખબર હોત ! તો તેઓની તડજોડની વાતો જાણીને તને ખૂબ માઠું લાગત!

---

૧. અલ્લામા ઇબ્ને સઅદે "તબકાત"માં "કામિલ" લકબની ચોખવટ કરતાં લખ્યું છે કે, તે સમયે અરબમાં જે શખ્સ પોતાની કૌમમાં માનઆબરૂનું ઊંચું સ્થાન ધરાવતો હોય, શાણપણ અને બુદ્ધિબળમાં પંકાયેલો હોય, તરવાની કળા ઉપરાંત લખવા-વાચવાનું જાણતો હોય, તીરંદાજીમાં પારંગત હોય, ઉચ્ચ સંસ્કારોનો માલિક હોય એવા નજરથી કે મહાનુભાવોને તેઓ "કામિલ"ના લકબનો ચાંલ્લો કરી દેતા હતા. "હ"

Maktabe Ashraf

મકા-લતુહૂ કશ-શહદે મા કાના શાહિદન • વ બિલ-ગૈબે માસૂરૂન અલા સુગ-રતિન-નહરી.

જ્યારે તે રૂબરૂમાં હોય છે તો તેની વાતો ચરબી જેવી ચીકણી અને મીણ જેવી નરમ હોય છે. પણ પીઠની પાછળ ગળાંના ટોટા માટે તલવાર જેવી હોય છે.

યસુર-રકા બાદી-હે વ તહતા અદીમેહી • નમીમતુ ગિશ્શીન તબતરી આકિબિઝ-ઝહરી.

તેનું જાહેર તને ખુશ કરી દે છે પણ તેની ચામડી નીચે સ્વાર્થી ઘુસપુસ હોય છે જે પીઠના પટ્ઠા કાપી નાખે છે.

તુબીનુલ-લકલ- ઐનાને મા હુવા કાસિમુન • મિનલ-ગુલ્લે વલ-બગદાએ બિન-નઝરિશ-શઝરી.

વેરઝેર, અંટસ અને કીનાને આંખના મટકાંઓમાં છુપાવી રાખે છે. તેની આંખો પોતે તારી આગળ તેની જાહેરાત કરી દેશે.

ફરીશની બિ-ખયરિન તાલમા કદ બરીતની • વ ખયરુલ-મવાલી મંય યુરીશુ વલા યુબરી.

તેં લાંબા સમય મારી દુશ્મનીમાં પસાર કરી નાખ્યો. કંઈક તો ભલાઈથી મારી મદદ કર. કેમકે મિત્રોમાં સૌથી શ્રેષ્ઠ તે માણસ છે જે મિત્રની મદદ કરે છે, તેની ખામીઓની ઈસ્લાહ કરે છે અને તેને કમજોર કે લાચાર બનાવવા પાછળ મંડ્યો રહેતો નથી.

સુવૈદ બિન સામિતનો ઈસ્લામ સ્વીકાર————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જ્યારે સુવૈદ બિન સામિતના મક્કહ આગમનના સમાચાર મળ્યા તો આપ તેની પાસે પધાર્યા અને તેને ઈસ્લામ સ્વીકારી લેવાનું આમંત્રણ આપ્યું. તેણે આપની બધી વાતો પૂરા ધ્યાનથી સાંભળી લીધા પછી કહ્યું, "હે મુહંમદ ! મારૂં માનવું છે કે જે વસ્તુ તમારી પાસે છે તેજ વસ્તુ મારી પાસે પણ છે."

આપે ફરમાવ્યું, "વમલ-લઝી મઅક ?" તે શી વસ્તુ છે જે તારી પાસે છે ?

તેણે કહ્યું, "મજલ્લએ-લુકમાન !"એટલે લુકમાન હકીમની દાનાઈ ભરેલી પોથી.

આપે ફરમાવ્યું, "અઅરિદ-હા અલય્ય." એટલે તેને મારી સામે રજુ કર.

સુવૈદ બિન સામિતે તે વસ્તુની રજૂઆત કરી તો આપે ફરમાવ્યું :

ઈન્ન હાઝલ-કલામુ હસનુન	ખરેખર એ તો બહુ સારૂં કલામ છે,
વલ્લઝી મઈય અફઝલુ મિન હાઝા	પણ જે વસ્તુ મારી પાસે છે તે એથીયે ઉત્તમ છે;
કુર્આનુન અન્ઝલ-હુલ્લાહુ અલૈય	તે વસ્તુ કુર્આન છે જે અલ્લાહએ મુજ પર ઉતાર્યું છે.
હુવા હુદંવ-વ-નુરૂન.	એ હિદાયત છે અને નૂર છે.

પછી આપે તેને કુર્આન પઢીને સંભળાવ્યું અને ઈસ્લામની દઅવત આપી તો સુવૈદ બિન સામિતે ન આનાકાની કરી ન વિલંબ કર્યો. એજ વેળા કલિમા પઢીને મુસલમાન બની ગયા અને બોલ્યા, "બેશક હે મુહંમદ! એ બહુ છટાદાર અને મધુરૂં અને દિલકશ કલામ છે."

એ પછી હઝરત સુવૈદ બિન સામિત રદિયલ્લાહુ અન્હુ પોતાને વતન મદીનહ ચાલ્યા ગયા અને વધુ દિવસો

પસાર નહિ થયા ત્યાં ખઝરજ કબીલાના લોકોએ એમને કતલ કરી નાખ્યા. બાદમાં એમની કૌમના લોકો કહ્યા કરતા, ''અમારી માન્યતામાં સુવૈદની હત્યા ઇસ્લામની હાલતમાં એટલે મુસલમાન તરીકે થઇ છે.'' (મતલબ આ કે મદીનહના લોકોમાં સૌથી પહેલાં મુસલમાન બનવાનું માન ખાટનારા હઝરત સુવૈદ બિન સામિત હતા.) એમની હત્યાનો બનાવ ''જંગે-બુઆસ'' પહેલાં બનવા પામ્યો. ૧

ઇયાસ બિન મુઆઝનો ઇસ્લામ સ્વીકાર------------ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હુસૈન બિન અબ્દુર્રહમાન બિન અમ્ર બિન સઅદ બિન મુઆઝે, મહમૂદ બિન લબીદની આ રિવાયત કહી સંભળાવી : મદીનહમાં જંગે-બુઆસના ભણકારા વાગતા હતા. યુધ્ધનો દાવાનળ પ્રકટી ઊઠવાની તૈયારીમાં હતો. ત્યારે ઔસ કબીલાની એક શાખ બનૂ અબ્દે-અશહલનું એક મંડળ, અબુલ-હૈસિર અનસ બિન રાફિઅની આગેવાની હેઠળ મક્કહ આવ્યું. આ મંડળમાં બનૂ અબ્દે અશહલના કેટલાક નવલોહિયા યુવકો પણ હતા. આ લોકો પોતાની જ કૌમ બનૂ ખઝરજ વિરૂધ્ધ કુરૈશની મદદ માટેના કરારો કરવા આવ્યા હતા. મંડળના સભ્યોમાં ઇયાસ બિન મુઆઝ નામે એક જોશીલો નવજવાન પણ હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ મંડળના આગમનના સમાચાર મળ્યા તો ઇસ્લામનું આમંત્રણ આપવા આપ તેઓની પાસે પધાર્યા. તેઓની સાથે બેસીને વાતો કરી અને પછી ફરમાવ્યું, ''હલ-લકુમ ફી ખૈરિમ-મિમ્મા જિઅતુમ.'' એટલે જે કામ માટે તમે આવ્યા છો શું તેનાથી ઉત્તમ કોઇ વસ્તુની તમારી ઇચ્છા છે ?

તેઓએ પૂછ્યું, ''તે શી વસ્તુ છે ?'' આપે ફરમાવ્યું :

અના રસૂલુલ-લાહિ.	હું અલ્લાહનો પયગમ્બર છું.
બઅસની ઇલલ-ઇબાદ.	અલ્લાહએ મને પોતાના બંદાઓ તરફ મોકલ્યો છે.
અદ્ઊહુમ ઇલા અંય-યઅબુદુલ્લાહ	હું આમંત્રણ આપું છું લોકોને કે માત્ર અલ્લાહની બંદગી કરો
વલા યુશરિકૂ બિહી શૈઅન.	અને કોઇને તેનો ભાગીદાર ન બનાવો.
વ અન્ઝલ અલૈયલ-કિતાબ.	અને અલ્લાહએ મુજ પર કિતાબ ઉતારી છે.

એ પછી આપે ઇસ્લામ શું છે અને તેના અર્થ શું છે તેની સમજૂતી આપી અને કુર્આનની થોડીક આયતો પણ તેઓને પઢી સંભળાવી. મંડળનો નવયુવક સભ્ય ઇયાસ બિન મુઆઝ આપની વાતોથી બેહદ પ્રભાવિત થયો. તેણે પોતાના સાથીઓને કહ્યું, ''ભાઇઓ ! વલ્લાહ, આ વસ્તુ તો ખરેખર તેનાથી ઉત્તમ છે જેના માટે તમે આવ્યા છો.''

ઇયાસ બિન મુઆઝની વાત સાંભળીને મંડળનો સરદાર અબુલ-હૈસિર માલિક બિન રાફિઅ ચીડાઇ ગયો. તેણે મુઠ્ઠીભર ધૂળ ઉપાડીને ઇયાસના મોં પર ખેંચી મારી અને કહ્યું, ''ચુપ મર, આપણે આ કામ માટે અહીં આવેલા નથી.''

ઇયાસ બિન મુઆઝ ખામોશ થઇ રહ્યો. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાંથી

---

૧. મદીનહમાં ઔસ અને ખઝરજ નામે મૂર્તિપૂજક અરબોના બે મોટા કબીલા વચ્ચે વરસોથી નાનામોટા યુદ્ધ ચાલ્યા કરતાં હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી તેના આઠમા વરસે જે ખૂંખાર યુદ્ધ બંને વચ્ચે ખેલાયું તેનું નામ જંગે-બુઆસ છે. ''...

થઈ ગયા અને મંડળના સભ્યો પણ મદીનહ ચાલ્યા ગયા. ઔસ અને ખઝરજ વચ્ચે બુઆસ્નો ખૂંખાર સંગ્રામ ખેલાયો અને તેના થોડાક જ દિવસો પછી ઈયાસ બિન મુઆઝનો પણ ટૂંક માંદગી બાદ ઈન્તેકાલ થઈ ગયો.

રાવીનું કથન છે : ઈયાસ બિન મુઆઝની માંદગી દરમિયાન અને તેના જીવનની છેલ્લી પળોમાં જે લોકો ત્યાં હાજર હતા તેઓનું કહેવું છે કે, માંદગીના બિછાને ઈયાસ વારંવાર લા ઈલાહ ઈલ્લ-લ્લાહ, અલ્લાહુ અકબર, અલ-હમદુ લિલ્લાહ અને સુબ્હા-નલ્લાહ જેવા પવિત્ર કલિમાઓનું રટણ કરતા હતા. અને એજ પાક કલિમાઓનું રટણ કરતાં તેમનો ઈન્તેકાલ થઇ ગયો. હાજર ગૃહસ્થોનું ચોકકસ રીતે માનવું છે કે ઈયાસ બિન મુઆઝ મુસલમાન તરીકે મરણ પામ્યા તે વાતમાં શંકાને કોઈ સ્થાન નથી. મરણ પથારીએ જે પવિત્ર કલિમાઓનું તેઓ રટણ કરતા હતા તે તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુખે સાંભળીને યાદ કરી લીધા હતા અને મક્કહની મુલાકાત વેળા જ તેઓ મુસલમાન બની ગયા હતા.

Maktabe Ashraf

થઈ ગયા અને મંડળના સભ્યો પણ મદીનહ ચાલ્યા ગયા. ઔસ અને ખઝરજ વચ્ચે બુઆસનો ખૂંખાર સંગ્રામ ખેલાયો અને તેના થોડાક જ દિવસો પછી ઈયાસ બિન મુઆઝનો પણ ટૂંક માંદગી બાદ ઈન્તેકાલ થઈ ગયો.

રાવીનું કથન છે : ઈયાસ બિન મુઆઝની માંદગી દરમિયાન અને તેના જીવનની છેલ્લી પળોમાં જે લોકો ત્યાં હાજર હતા તેઓનું કહેવું છે કે, માંદગીના બિછાને ઈયાસ વારંવાર લા ઈલાહ ઈલ્લ-લ્લાહ, અલ્લાહુ અકબર, અલ-હમદુ લિલ્લાહ અને સુબ્હા-નલ્લાહ જેવા પવિત્ર કલિમાઓનું રટણ કરતા હતા. અને એજ પાક કલિમાઓનું રટણ કરતાં તેમનો ઈન્તેકાલ થઈ ગયો. હાજર ગૃહસ્થોનું ચોકકસ રીતે માનવું છે કે ઈયાસ બિન મુઆઝ મુસલમાન તરીકે મરણ પામ્યા તે વાતમાં શંકાને કોઈ સ્થાન નથી. મરણ પથારીએ જે પવિત્ર કલિમાઓનું તેઓ રટણ કરતા હતા તે તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુખે સાંભળીને યાદ કરી લીધા હતા અને મક્કહની મુલાકાત વેળા જ તેઓ મુસલમાન બની ગયા હતા.

Maktabe Ashraf

પ્રકરણ ૬૬

ઈસ્લામી સૂરજના કિરણો મદીનહમાં

અન્સારનો ઇસ્લામ અને બૈઅતે અકબહ • મદીનહવાસીઓને ઇસ્લામની દઅવત • ઇસ્લામની પહેલ કરનારા ખુશનસીબ ગૃહસ્થો • બૈઅતે-અકબએ-ઊલા • બૈઅતના કોલકરારની શરતો • મદીનહના સૌથી પહેલા શિક્ષક • મદીનહમાં જુમઅહની પહેલી નમાઝ • મદીનહમાં ઇસ્લામનો ધૂમ પ્રચાર • ઉસૈદ બિન હુદૈરનો ઇસ્લામ સ્વીકાર • સઅદ બિન મુઆઝનો ઇસ્લામ સ્વીકાર • અબ્દુલ-અશહલ કૌમનો ઇસ્લામ સ્વીકાર • સૈફી શાઇરનો કસીદો

Maktabe Ashraf

અન્સારનો ઇસ્લામ અને બૈઅતે-અકબહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ જ્યારે ઇસ્લામને વર્ચસ્વ આપવાનું, પોતાના પયગમ્બરને માન-ઇકરામથી વધાવી લેવાનું અને પોતાના પયગમ્બરને આપેલા વચનોને પૂરા કરવાનું નક્કી કર્યું તો પછી એવું બન્યું કે એ વરસની હજ્જની મોસમમાં [1] રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના નિયમ મુજબ, દેશદેશાવરથી હજ્જ માટે આવેલા કબીલાઓને ઇસ્લામનું આમંત્રણ આપવા નીકળી પડયા. જેમકે દરેક વરસની હજ્જની મોસમમાં કબીલાઓમાં ઘૂમી ફરીને આપ ઈસ્લામની તબલીગ કરતા હતા.

આપ જુદા-જુદા કબીલાઓને ઇસ્લામનું આમંત્રણ આપતા અને ઘૂમતા ફરતા મિના વિસ્તારમાં આવેલા અકબહ નામના સ્થળે પહોંચી ગયા. અહીં મદીનહથી આવેલા ખઝરજ કબીલાના કેટલા લોકો સાથે આપની મુલાકાત થઈ. આ લોકો ઇસ્લામ સ્વીકારીને દીન-દુનિયાની ભલાઇ મેળવી લે, તેવું અલ્લાહને મંજૂર હતું.

તેઓ પાસે પધારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પૂછયું, ''મન અન્તુમ ?'' તમે કોણ લોકો છો ?

તેઓ બોલ્યા, ''મદીનહના ખઝરજ કબીલામાંથી.''

આપે ફરમાવ્યું, ''અ-મિન્ મવાલીય યહૂદ ?''શું યહૂદીઓના મિત્રોમાંથી ?

તેઓ બોલ્યા, ''જી હા.''

આપે ફરમાવ્યું, ''અફલા તજલિસૂન ઉકલ્લિમુકુમ ?'' શું થોડીવાર બેસી શકો છો ? હું તમારી સાથે થોડીક વાત કરવા માગું છું.

૧. એ ઈ.સ. ૬૨૦ઃ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીના ૧૧મા વરસની હજ્જની મોસમ હતી.

તેઓ બોલ્યા, "કેમ નહિ ? અમે ખુશીથી તમારી વાતો સાંભળવા તૈયાર છીએ."

મદીનહવાસીઓને ઈસ્લામની દઅવત————એ પછી નિરાંતે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો સાંભળવા બેસી ગયા. આપે તેઓની આગળ ઈસ્લામની રજૂઆત કરીને કુર્આને પાકની થોડીક આયતો પઢી સંભળાવી.

રાવીનું કથન છે : અલ્લાહ તઆલાએ ખઝરજના કબીલાના લોકોને ઈસ્લામ માટે એવી રીતે તૈયાર કર્યા કે એ લોકો, યહૂદીઓ સાથે એક જ શહેરમાં વસેલા હતા. યહૂદીઓ અહલે-કિતાબ અને અહલે-ઈલ્મ હતા. આકાશી કિતાબના જ્ઞાનની પૂરી માહિતી ધરાવતા હતા. ત્યારે આ લોકો મુશરિક અને મૂર્તિપૂજક હતા. મદીનહ શહેર પર એમનો પ્રભાવ અને વર્ચસ હોવાથી યહૂદીઓ એમનાથી દબાયેલા હતા. જયારે ય કોઈ ઝગડો કે વિખવાદ જાગતો તો યહૂદીઓ નાછૂટકે કહી દેતા, "જરા થોભો તો ખરા ! બહુ જલદી એક પયગમ્બર પધરાવાના છે. તેમના પ્રગટ થવાનો યુગ બેસી ગયો છે. અમે તેમના અનુયાયી બનીને અને તેમની સાથે મળીને તમને આદ અને સમૂદની કોમ પેઠે કાપી નાખીશું !"

ખઝરજ કબીલાના લોકોએ જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક મુખે ઈસ્લામની વાતો સાંભળી અને એક અલ્લાહને માની લેવાનું આમંત્રણ મળ્યું તો તેઓ આપસમાં એકબીજાને કહેવા લાગ્યા, "ભાઈઓ ! સમજી લો, વલ્લાહ ! આ તો જરૂર તેજ પયગમ્બર લાગે છે જેના આગમનની ધમકીઓ ઉચ્ચારીને યહૂદીઓ આપણને ધમકાવતા રહે છે. એવું ન થાય કે યહૂદીઓ પહેલ કરી નાખે અને આપણને પાછળ છોડીને પોતે આગળ નીકળી જાય !"

મતલબ કે જે વસ્તુનુ આમંત્રણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ, મદીનહના ખઝરજ કબીલાના આ લોકોને આપ્યું તેઓએ તેનો સ્વીકાર કરી લીધો. બધા અલ્લાહની તવહીદ અને આપની પયગમ્બરીનો ઈકરાર કરીને મુસલમાન બની ગયા અને પછી બોલ્યા,

> "હે અલ્લાહના પયગમ્બર ! અમે એક એવી કૌમ છીએ કે જે અદાવત, જે ફાટફુટ, જે કુસંપ, જે હસદ અમારી કૌમમાં છે તે દુનિયાની બીજી કોઈ કૌમમાં ન હશે. શાયદ અલ્લાહ તઆલા આપના પ્રતાપે અમારી કૌમમાં સંપ અને સંગઠન અને પ્રીતની રીત જન્માવી દે ! અમે મદીનહ જઈને અમારી કૌમ લોકોને પણ આપની પયગમ્બરીનું આમંત્રણ આપીશું અને આપના જે દીન કે ધર્મનો અમે સ્વીકાર કર્યો છે, તેઓને પણ એનો સ્વીકાર કરી લેવાનું સમજાવીશું. કદાચ અલ્લાહ તઆલા આપની બરકતથી અમને સંગઠિત કરી દે ! આમ બને તો આપથી વધુ મહબૂબ, આપથી વધુ પ્રિય, આપથી વધુ વહાલું અમારી નજરમાં કોઈ ન હશે !"

ઈસ્લામની પહેલ કરનારા ખુશનસીબ ગૃહસ્થો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ એ મદીનહના ખઝરજ કબીલાના છ ગૃહસ્થોની જમાઅત હતી. એમાંના અમુક બનૂ નજ્જારમાંથી હતા જેઓ "તૈમુલ્લાહ" એટલે અલ્લાહના ગુલામને નામે ઓળખાતા હતા. અને કેટલાક બનૂ નજ્જારની એક શાખ બનૂ નજ્જાર બિન સઅલબા બિન અમ્ર બિન ખઝરજમાંથી હતા.

મદીનહ વાસીઓમાંથી સૌથી પહેલાં મુસલમાન બનવાનું માન ખાટનારા એ ખુશનસીબ ગૃહસ્થોના મુબારક

Maktabe Ashraf

નામ આ છે :

• બનૂ નજ્જાર બિન સઅલબા બિન અમ્ર બિન ખઝરજ બિન હારિસહ બિન સઅલબા બિન અમ્ર બિન આમિરના ખાનદાનમાંથી:

૧———અસઅદ બિન ઝુરારહ બિન અદસ બિન ઉબૈદ બિન સઅલબા બિન ગનમ બિન માલિક બિન નજ્જાર. આ ગૃહસ્થ "અબૂ ઉમામહ"ના ઉપનામે પ્રખ્યાત હતા. [૧]

૨———ઔફ બિન હારિસ બિન રિફાઅહ બિન સવાદ બિન માલિક બિન ગનમ બિન માલિક બિન નજ્જાર. આ ગૃહસ્થ એમની માના નામ પરથી "ઇબ્ને અફરાઅ"નામે પંકાયેલા હતા.- ઇબ્ને હિશામ કહે છે : ઔફ બિન હારિસની માનું નામ અફરાઅ હતું અને એ ઉબૈદ બિન સઅલબા બિન ગનમ બિન માલિક બિન નજ્જારની બેટી હતી.

• બનૂ ઝુરૈક બિન આમિર બિન ઝુરૈક બિન અબ્દે હારિસહ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજમાંથી:

૩———રાફિઅ બિન માલિક બિન અજલાન બિન અમ્ર બિન આમિર બિન ઝુરૈક.

• ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ સલિમહ બિન સઅદ બિન અલી બિન અસદ બિન....તઝીદ બિન જુશમ બિન ખઝરજની શાખ બનૂ સવાદ બિન ગનમ બિન કઅબ બિન સલિમહમાંથી :

૪———કુત્બહ બિન આમિર બિન હદીદહ બિન અમ્ર બિન ગનમ બિન સવાદ. ઇબ્ને હિશામ કહે છે: એમાંથી અમ્ર નામે શખ્સ સવાદનો બેટો હતો અને સવાદનો ગનમ નામે કોઇ બેટો ન હતો.

• ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ હરામ બિન કઅબ બિન ગનમ બિન કઅબ બિન સલિમહમાંથી :

૫———ઉકબહ બિન આમિર બિન નાબી બિન ઝૈદ બિન હરામ.

• બનૂ ઉબૈદ બિન અદી બિન ગનમ બિન કઅબ બિન સલિમહમાંથી :

૬———જાબિર બિન અબ્દુલ્લાહ બિન રિઆબ બિન નુઅમાન બિન સિનાન બિન ઉબૈદ.

આ ૬ ગૃહસ્થો મક્કહના અકબહ સ્થળે મુસલમાન બનીને જ્યારે પોતાની કોમ પાસે મદીનહ ગયા તો ત્યાં તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પરિચય આપીને આપની પયગમ્બરીની ચર્ચા કરી અને લોકોને ઇસ્લામ સ્વીકારી લેવાની દઅવત આપવા માંડી. પછી તો આ ગૃહસ્થોની તબલીગી કોશિશોથી થોડાક જ દિવસોમાં મદીનહમાં ઇસ્લામ ફેલાવા લાગ્યો, ત્યાં સુધી કે અન્સારના મહોલ્લાઓમાંથી કોઇ મહોલ્લો એવો ન રહ્યો જ્યાંના ઘરોમાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા ઇસ્લામને લગતી ચર્ચા ન થતી હોય.

બૈઅતે-અકબએ-ઊલા———જ્યારે આગામી વરસ આવ્યું તો હજ્જની સીઝનમાં મદીનહથી અન્સારનું બીજું જૂથ આવ્યું. એમાં ૧૨ માણસો હતા. ગત વરસ પેઠે તેઓએ એજ અકબહ [૨] સ્થળે રસૂલુલ્લાહ

૧. દરેક સહાબીના નામ સાથે રદિયલ્લાહુ અન્હુ વાંચવું એટલે અલ્લાહ એમનાથી રાજી હો !

૨. અકબહ : પહાડની ઘાટી-સાંકડો પહાડી રસ્તો - કઠિન પહાડી પગદંડી-પથરીલી કેડી વગેરે. અહીં જે અકબહ કે પહાડી ઘાટીનું વર્ણન થયું છે એ મિના અને એ જબલે-નૂર વચ્ચે મક્કહથી ત્રણેક માઇલના અંતરે આવેલું સ્થળ છે. સીરતે-અહમદે-મુજતબા જિ. - પા. ૩૯૫ "હ"

Maktabe Ashraf

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુલાકાત લીધી. આપના હાથ પર બૈઅત કરી અને મુસલમાન બની ગયા. એનું જ નામ ''બૈઅતે-અકબએ-ઊલા'' એટલે અકબહ સ્થળની સૌથી પહેલી બૈઅત છે.[1]

આ મંડળમાં પાંચ ગૃહસ્થો તેજ હતા જેઓ ગયા વરસે મુસલમાન બન્યા હતા. એટલે : (૧) હઝરત અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ (૨) હઝરત ઔફ બિન હારિસ બિન રિફાઅહ (૩) હઝરત રાફિઅ બિન માલિક બિન અજલાન અથવા ઈજલાન (૪) હઝરત કુત્બહ બિન આમિર બિન હદીદહ (૫) હઝરત ઉકબા બિન આમિર બિન નાબી. છઠ્ઠા હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ બિન રિઆબ, આ વરસે આવ્યા ન હતા.

બાકીના સાત ગૃહસ્થોમાંથી પાંચ ખઝરજ કબીલાના અને બે ઔસ કબીલાના હતા. એમના મુબારક નામો આ છે :

- ખઝરજના બનુ નજ્જાર બિન માલિકમાંથી (૧) હઝરત મુઆઝ બિન હારિસ બિન રિફાઅહ બિન સવાદ. હઝરત મુઆઝ, હઝરત ઔફ બિન હારિસના ભાઈ હતા. એમની માનું નામ અફરાઅ હતું.
- બનૂ ઝુરૈક બિન આમિર બિન ઝુરૈકમાંથી : (૨) હઝરત ઝકવાન બિન અબ્દે-કૈસ બિન ખુલદહ બિન મુખલ્લદ બિન આમિર બિન ઝુરૈક. ઈબ્ને હિશામ કહે છે : હઝરત ઝકવાન મદીનહથી આવીને મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં રહી ગયા અને મદીનહની હિજરત વેળા આપની સાથે મદીનહ ગયા. આ કારણે હઝરત ઝકવાન મુહાજિર પણ છે અને અન્સારી પણ છે.
- બનૂ ઔફ બિન ખઝરજની શાખ બની ગનમ બિન ઔફ બિન ખઝરજમાંથી :(૩) હઝરત ઉબાદહ બિન સામિત બિન કૈસ બિન અસરમ બિન ફિહર બિન સઅલબા બિન ગનમ. ઈબ્ને હિશામ કહે છે : હઝરત ઉબાદહ બિન સામિત મદીનહમાં ''કવાકલ''ના ઉપનામે પંકાયેલા હતા. જ્યારે કોઈ દુખી કે પીડિત માણસ એમના આસરામાં આવતો તો એ તેને એક તીર આપીને કહી દેતા, ''કવકલ બિહી બિ-યસરિબ હયસુ શિઅતા. ''એટલે આ તીર ઉપાડી લે અને યસરિબ એટલે મદીનહમાં તારી મરજીમાં આવે ત્યાં ચાલ્યો જા. કોઈ તારૂં નામ નહિ લે.
- બનૂ ઔફ બિન ખઝરજની શાખ બનુ ગનમ બિન ઔફ બિન ખઝરજમાંથી : (૪) હઝરત યઝીદ બિન સઅલબા બિન ખઝમા બિન અહરામ બિન અમ્ર બિન ઉમારહ. એમનું ઉપનામ અબૂ અબ્દુર્રહમાન હતું.
- ખઝરજના બનુ સાલિમ બિન અમ્ર બિન ઔફ બિન ખઝરજની શાખ બની અજલાન બિન ઝૈદ બિન

૧. બૈઅતઃ અરબીના ''બૈઅ'' માંથી નીકળેલો શબ્દ છે. એના અર્થ કિંમત લઈને વેચી દેવું- કિંમત આપીને ખરીદી લેવું સોદો કરી નાખવો વગેરે થાય છે. એમાંથી જ ''બૈઅત'' શબ્દ નીકળે છે. જેના અર્થ કોલ-કરાર કરી લેવા અને પછી હાથમાં હાથ મૂકીને એ કોલ-કરારને વફાદારીથી વળગી રહેવાનું વચન આપવું.

ઈસ્લામની પરિભાષામાં પોતાના પ્રાણ, પોતાના માલ કે પોતાના તન, મન, ધનને રાજીખુશીથી જન્નતના બદલામાં અલ્લાહને વેચી દેવા એનું નામ ''બૈઅત'' છે. કુર્આનમાં છે :

ઈન્નલ-લાહશ-તરા	બેશક અલ્લાહએ ખરીદી લીધા છે
મિનલ-મુઅમિની-	મુઅમિનો [illegible] થી
અન્ફુ-સ હુમ વ [illegible]-હુમ	તેઓની [illegible] અને તેઓના [illegible]ને
બિ-અન્ન લહુમુલ-જન્નહ.	જન્નતના બદલામાં.

આ સોદામાં જાન-માલ કે તન-મન-ધનને વેચી દેનાર એક મુસલમાન હોય છે અને તેને ખરીદી લેનાર અલ્લાહ તઆલા પોતે છે. આ સોદાની કિંમત જન્નત છે. એ પણ ઈસ્લામમાં તિજારત કે દેવ દનો એક પ્રકાર છે જેનું બયાન પારહ ૨૮ ની ''સૂરએ-સફ''માં થયું છે અને તેમાં ''તિજારત'' શબ્દ આવેલ છે ''૯''

Maktabe Ashraf

તમે પકડાઈ ગયા અને દુનિયામાં જ તમને એની સજા મળી ગઈ તો એ સજા એ ગુનાહનો કફ્ફારો બની ગયો પણ જો અલ્લાહએ તમારી પર્દાપોશી કરી અને આ દુનિયામાં તમને સજા ન મળી તો તમારો મામલો અલ્લાહને હવાલે છે. તે ચાહે તો સજા આપે, તે ચાહે તો માફ કરી દે.''

મદીનહના સૌથી પહેલા શિક્ષક————ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે આ લોકો મક્કહથી રૂખ્સત થઈને મદીનહ જવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હિશામ બિન અબ્દે-મનાફ બિન અબ્દે-દાર બિન કુસૈયને શિક્ષક તરીકે એમના સંગાથે કરી દીધા અને હુકમ ફરમાવ્યો કે, ''એ લોકોને કુર્આનનું શિક્ષણ આપશો. અને ઈસ્લામી આદેશોની તઅલીમ સાથે દીનની વાતોમાં એમની સમજણ-બુદ્ધિ કેળવશો.''

હઝરત મુસઅબ બિન ઉમૈર એમની સાથે મદીનહ ગયા. ત્યાંના માનનીય આગેવાન હઝરત અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહના મકાને ઉતારો લઈને ત્યાંના મુસલમાનોને કુર્આન અને ઈસ્લામનું શિક્ષણ આપવા લાગ્યા. પોતે ઈમામ બનીને તેઓને નમાઝ પઢાવતા હતા. કેમકે ઔસ અને ખઝરજના મુસલમાનો આપસના વિખવાદને કારણે એકબીજાના ઈમામ બનવાને નાપસંદ કરતા હતા.

મદીનહમાં જુમઅહની પહેલી નમાઝ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુર્રહમાન બિન કઅબ બિન માલિકની રિવાયત મળી છે. તેઓ કહે છે કે જ્યારે મારા પિતા કઅબ બિન માલિક આંધળા બની ગયા તો હું તેમની દોરવણી કરતો હતો અને તેમનો હાથ ઝાલીને તેમને જુમઅહની નમાઝ માટે મસ્જિદમાં લઈ જતો હતો. જ્યારે તેઓ અઝાનનો પોકાર સાંભળતા તો અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ માટે ખાસ દુઆ માગતા અને તેમના માટે બારગાહે-ઈલાહીમાં ક્ષમાની યાચના કરતા. હું મનમાં વિચારતો કે પિતાજી ખાસ અબૂ ઉમામહ માટે કેમ દુઆ માગે છે ?

એક જુમઅહએ નિયમ મુજબ હું એમને લઈને નીકળ્યો તો અઝાન સાંભળતાં એમણે અબૂ ઉમામહ માટે દુઆ માગી. મેં પૂછયું, ''પિતાજી ! શું વાત છે કે જુમઅહની અઝાન સાંભળતા તમે ખાસ અબૂ ઉમામહ માટે દુઆ માગો છો ?''

બોલ્યા, ''બેટા ! અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહની જ બરકતથી અમે મુસલમાન બન્યા. અને એજ તે પહેલા શખ્સ છે જેમણે મદીનહમાં ''બની બૈદાઅ''ની આ પથરાળી સ્થળની નીચાણ ભૂમિના ''નકીઉલ-ખદમાત'' મુકામે અમને જુમઅહની નમાઝ પઢાવી હતી.''

મેં પૂછયું, ''પિતાજી ! એ દિવસે તમે કેટલા માણસો હતા ?''

બોલ્યા, ''૪૦ માણસો.''

મદીનહમાં ઈસ્લામનો ધૂમ પ્રચાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક દિવસે હઝરત અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ, હઝરત મુસઅબ બિન ઉમૈરને લઈને બનૂ અબ્દે-અશહલ તથા બનૂ ઝફરના મહોલ્લા તરફ નીકળ્યા. અહીંથી તેઓ બનૂ ઝફરની એક વાડીમાં ચાલ્યા ગયા. (બનૂ ઝફર ઔસ કબીલાની એક શાખ હતી.) આ વાડી, હઝરત અબૂ ઉમામહના માસીભાઈ સઅદ બિન મુઆઝ બિન નુઅમાન.....બિન અબ્દે-અશહલની હતી. વાડીમાં ''બીરે-મર્ક''નામે એક કૂવો હતો. હઝરત અબૂ ઉમામહ અને હઝરત મુસઅબ આ

Maktabe Ashraf

કૂવા પાસે જઇને બેસી ગયા. એમને બેઠેલા જોઇને મુસલમાન બનેલા કેટલાક ગૃહસ્થો પણ ત્યાં આવીને બેસી ગયા અને મજલિસ જમાવીને ઇસ્લામની વાતો કરવા લાગ્યા.

થોડીવારે આ સમાચાર સઅદ બિન મુઆઝ અને ઉસૈદ બિન હુદૈરના કાને પહોંચી ગયા. એ બંને પોતાની અબ્દે અશહલ કૌમના સરદાર હતા અને પોતાની કૌમ પેઠે બાપદાદાના મૂર્તિપૂજાના ધર્મ પર હતા. સમાચાર મળતાં સઅદ બિન મુઆઝે ઉસૈદ બિન હુદૈરને કહ્યું, "અલ્યા ! તારો બાપ મરે ! ત્યાં શું ચાલી રહ્યું છે તેની તને કંઇ ખબર છે ? જા ત્યાં જઇને બંનેને (અબૂ ઉમામહ અને મુસઅબને)વાડીમાંથી ખદેડી મૂક. એ લોકો આપણી વસતિમાં આવીને આપણા અભણોને બેવકૂફ બનાવે છે. એમને ધમકાવીને ત્યાંથી ચાલતા કરી દે, અને કહી દે કે, "ખબરદાર ! ફરીથી અમારા મહોલ્લાહમાં આવ્યા તો !" હું પોતે ત્યાં જઇને તેઓને ખદેડી કાઢત પણ તું જાણે છે તેમ અસઅદ મારો માસીભાઇ છે. તેને ધમકાવીને ખદેડી મૂકવાનું સાહસ હું ખેડી શકું નહિ."

આ સાંભળીને ઉસૈદ બિન હુદૈર ઊભો થઇ ગયો. પોતાનો નાનકડો બરછો હાથમાં લીધો અને બગીચા તરફ ઊપડ્યો. એને આવતો જોઇને હઝરત અબૂ ઉમામહએ હઝરત મુસઅબને કહ્યું, "તે જુઓ પોતાની કૌમનો સરદાર આવી રહ્યો છે. એને બિનધાસ્ત રીતે અલ્લાહના અહકામ પહોંચાડશો અને સાચું બોલવામાં જરાયે ડરશો નહિ."

હઝરત મુસઅબ બોલ્યા, "એ શાંતિથી બેસશે તો હું નિરાંતે વાત કરીશ."

એટલામાં ઉસૈદ બડબડાટ કરતો અને ધમકીઓ આપતો ત્યાં આવીને ઊભો થઇ ગયો અને કડક સ્વરે બોલ્યો, "શું કામ અહીં આવ્યા છો ? એટલા માટે કે અમારા અભણોને મૂરખ બનાવો ? જાન બચાવવો હોય તો ભાગો અબઘડી અહીંથી. ખબરદાર હવે પછી આવ્યા તો !"

હઝરત મુસઅબે તેને નરમાશથી કહ્યું, "ભાઇ સાહેબ ! જરા બેસો તો ખરા, મારી વાત તો સાંભળો. પસંદ પડે તો કબૂલ કરજો, નાપસંદ પડે તો જેવી તમારી ઇચ્છા !"

આ નમ્ર વાણી સાંભળીને ઉસૈદનો ગુસ્સો નરમ પડ્યો. તેણે કહ્યું, "વાત તો તમે ઇન્સાફની કરી છે. વારૂ કહો શું કહેવું છે !"

ઉસૈદ બિન હુદૈરનો ઇસ્લામ સ્વીકાર————રાવીનું કથન છે : એ પછી ઉસૈદે પોતાનો નાનકડો બરછો જમીનમાં ખોસી દીધો અને તેઓની પાસે જઇને બેસી ગયો. હઝરત મુસઅબ બિન ઉમૈરે પ્રથમ તેને ઇસ્લામના અર્થ સમજાવ્યા અને પછી કુર્આનની થોડીક આયતો પઢી સંભળાવી. બંને ગૃહસ્થોનું કહેવું છે કે, અલ્લાહના સોગંદ ! કુર્આન સાંભળવા બાદ ઉસૈદના ચહેરાની પ્રફુલ્લતા અને તેની વાતોની ઢબથી અમે સમજી ગયા કે ઇસ્લામ તેના અંતરમાં ઊતરી ગયો છે.

પૂરી વાત સાંભળી લીધા બાદ ઉસૈદે ઉમંગથી કહ્યું, "આ તો બહુ આકર્ષક અને છટાદાર વ[illegible] છે અને ખૂબીઓ ભરેલી વસ્તુ છે. વારૂ બતાવો, તમે કોઇને આ ધર્મમાં દાખલ કરો ત્યારે શું કરો છો ?"

બંનેએ કહ્યું, "પ્રથમ ગુસલ કરીને પાકસાફ થવું, પછી પાક પોશાક પહેરવું ,પછી હકની ગવાહી આપવી અને નમાઝ પઢવી."

Maktabe Ashraf

એજ વેળા ઉસૈદ બિન હુદૈર ઊભો થઇ ગયો. પ્રથમ ગુસલ કર્યો. પોતાના કપડાં ધોઈને પાક કર્યા. પછી હકની ગવાહી આપી એટલે ઈસ્લામનો કલિમો પઢયો અને બે રકઅત નમાઝ અદા કરી અને બંને ગૃહસ્થોને કહ્યું,

"જુઓ મારી પાછળ એક શખ્સ છે અગર તે તમારૂં કહ્યું માની લે તો તેની કૌમમાંથી એક પણ માણસ ઈસ્લામથી બાકાત રહેવાનો નથી.હું અબઘડી જઈને તેને તમારી પાસે મોકલું છું. તમે તો જાણો છો કે એ શખ્સ સઅદ બિન મુઆઝ છે, જે પોતાની કૌમનો સૌથી મોટો સરદાર છે."

સઅદ બિન મુઆઝનો ઈસ્લામ સ્વીકાર————આમ કહીને હઝરત ઉસૈદ બિન હુદૈરે પોતાનો બરછો ઉપાડયો અને વિચારશીલ દશાએ સઅદ બિન મુઆઝના ઘર તરફ ઊપડયા. નજીક પહોંચ્યા તો એમનો ચેહરો જોઇને સઅદ બિન મુઆઝે મનમાં કહ્યું, "વલ્લાહ ! ઉસૈદ જે ચેહરે ગયો હતો તેનાથી તદ્દન જુદા જ ચેહરે આવી રહ્યો છે."

તે વેળા સઅદ બિન મુઆઝ મિત્રોની મજલિસમાં બેસીને બેચેનીથી હઝરત ઉસૈદની રાહ જોતો હતો. હઝરત ઉસૈદ ચુપચાપ સઅદની મજલિસમાં આવીને ઊભા થઇ ગયા. સઅદે પૂછયું,

"ત્યાં જઈને શું કર્યું ? તગેડી મૂકયા કે નહિ પેલા બંનેને ?" હઝરત ઉસૈદ બોલ્યા, "મેં બંને સાથે વાત કરીને ખાતરી કરી લીધી છે. તેઓએ કબૂલાત આપી કે તમારી મરજી વિરૂધ્ધ કોઇ કામ નહિ કરશે. માટે તેઓ તરફથી તો કોઇ ખતરો નથી પણ ખતરો બીજો ઊભો થયો છે."

"તે શું ? "સઅદે અધીરાઇથી પૂછયું.

"મને રસ્તામાં નવા સમાચાર મળ્યા કે બનૂ હારિસહના લોકો તમારા માસીભાઈ અસઅદ બિન ઝુરારહને કતલ કરવા નીકળી ચૂકયા છે. તેઓને ખબર છે કે એ તમારો માસીભાઇ છે જેથી એને કતલ કરીને તેઓ તમારો ફજેતો બોલાવવા માગે છે."

આ સાંભળતાં જ સઅદ બિન મુઆઝ ગુસ્સામાં વળ ખાતો ઊભો થઇ ગયો. હઝરત ઉસૈદના હાથમાંથી બરછો ખેંચી લીધો અને ઝપાટાભેર ઊપડી ગયો કે જેથી બનૂ હારિસહની તલવાર હરકતમાં આવે તે પહેલાં પોતાના માસીભાઇ પાસે પહોંચી જાય. જતાં જતાં સઅદે હઝરત ઉસૈદને ઠપકો આપ્યો, "વલ્લાહ ! મારૂં માનવું છે કે ત્યાં જઈને તેં કશું ધોળ્યું નથી !"

આ તરફ હઝરત અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહએ જયારે સઅદ બિન મુઆઝને પોતાની તરફ આવતો જોયો તો તેમણે હઝરત મુસઅબ બિન ઉમૈરને કહ્યું, "આ સઅદ એવો સરદાર છે જેની પડખે એની આખી કૌમ છે. એ જો મુસલમાન બની ગયો તો એની કૌમમાં બે માણસો પણ એવા ન રહે જે મુસલમાન ના બની જાય."

સઅદ બિન મુઆઝે ત્યાં પહોંચીને જોયું તો બંને સાથીઓ નિરાંતે બેસીને શાંતિથી વાતો કરતા હતા અને ખતરા જેવું કશું દેખાણું નહિ ત્યારે તરત ઉસૈદની ચાલાકી ધ્યાનમાં આવી ગઈ કે તેણે માત્ર આ લોકોની વાતો સાંભળવા ખાતર મારી સાથે આ ચાલબાજી કરી છે. પછી તો ઓરબાં ગુસ્સાથી વિફરીને બંનેને ઠપકારતા અને ફાવે તેવું બાફતા તેઓની સામે જઈને ઊભા થઇ ગયા અને બોલ્યા, "હે અબૂ ઉમામહ ! સાંભળી લે,

Maktabe Ashraf

તારી મારી વચ્ચે સગાઈનો સંબંધ ન હોત તો આ માણસ બચીને જઈ શકયો ન હોત. જે વસ્તુ અમને ગમતી નથી તેને તું બળજબરીથી અમારી કૌમમાં ઘૂસાડવા માગે છે. તમે બંને અબઘડી ચાલ્યા જાવ અહીંથી.''

હઝરત મુસઅબ બિન ઉમૈરે તેને કહ્યું, ''માનવંતા સરદાર ! આપનો ગુસ્સો અમારા સર આંખો પર! પણ જરા બેસો તો ખરા. મને કંઈ બોલવાની તક તો આપો. મારી વાત તો સાંભળો, આપને ગમે તો કબૂલ કરજો અને નહિ ગમે તો જેવી આપની ઈચ્છા.''

''વાત તો તમે ખરેખર ઈન્સાફની કરી છે.''કહીને સઅદે પોતાનો બરછી જમીનમાં ખોસી દીધો અને તેઓની પાસે બેસીને કહ્યું, ''કહો શું કહેવું છે ?''

એ પછી હઝરત મુસઅબ બિન ઉમૈરે બહુ ખૂબીથી સઅદ આગળ ઈસ્લામની રૂપરેખાનો ચિતાર રજૂ કર્યો અને કુર્આન શરીફની કેટલીક આયતો પઢી સંભળાવી. બંને ગૃહસ્થોનું કહેવું છે કે, ઈસ્લામની વાતો અને કુર્આનની આયતો સાંભળીને સઅદના ચેહરા પર જે પ્રફુલ્લતા અને નમ્રતાના ભાવો પ્રગટ થયા તેને જોઈને જ અમે સમજી ગયા કે ઈસ્લામ એમના દિલમાં ઊતરી ગયો છે.

સઅદ બિન મુઆઝે બધી વાતો એકાગ્ર ચિત્તે સાંભળી લીધા પછી પૂછયું, ''તમે આ ધર્મમાં કોઈને દાખલ કરો ત્યારે કેવી ક્રિયાઓ કરાવો છો ?''

બંનેએ કહ્યું, ''ગુસલ કરીને પાકસાફ થઈ જવું, કપડાં ધોઈને પાક કરી લેવું, હકની ગવાહી આપવી અને નમાઝ પઢવી.''

આ સાંભળીને સઅદ ઊભા થઈ ગયા. કુવે જઈને ગુસલ કર્યો. કપડાં ધોઈને પાક કરી લીધાં. હક વાતની ગવાહી આપી દીધી એટલે ઈસ્લામનો કલિમએ-તૈયિબા પઢયો. ઈસ્લામ-પ્રવેશની બે રકઅત નમાઝ અદા કરી. પોતાનો બરછો ઉપાડયો અને પોતાની કૌમની મજલિસ તરફ ઉપડી ગયા.

અબ્દુલ-અશહલ કૌમનો ઈસ્લામ સ્વીકાર————હઝરત સઅદ બિન મુઆઝે હઝરત ઉસૈદ બિન હુદૈરને પોતાની સાથે લીધા. આ તરફ કૌમના લોકો મજલિસમાં બેસીને બેચેનીથી એમનો ઈન્તેઝાર કરતા હતા. હઝરત સઅદ જયારે નઝદીક પહોંચ્યા તો મજલિસના લોકો એમના બદલાએલા મુખભાવો જોઈને કહેવા લાગ્યા, ''અમે અલ્લાહના કસમ ખાયને કહીએ છીએ કે સઅદ જે મુખભાવો સાથે અહીંથી ગયા હતા, તેથી કેવળ જુદા જ મુખભાવો સાથે આવી રહ્યા છે.''

હઝરત સઅદ મજલિસમાં આવીને ઊભા થઈ ગયા અને બોલ્યા, ''હે અબ્દુલ-અશહલના લોકો ! સાચું કહેજો તમે મારા વિષે કેવો મત ધરાવો છો ?''

લોકો બોલ્યા, ''તમે અમારા માનીતા સરદાર છો. અમારા લાડીલા નેતા છો. અમારામાંથી સૌથી વધુ સ્વજનપ્રેમી, સૌથી વધુ ઘડાયેલા સૌથી વધુ પાકટબુધ્ધિના અને સૌથી વધુ અનુભવી ગૃહસ્થ છો.''

હઝરત સઅદ બોલ્યા, ''ત્યારે સાંભળી લો, તમારા પુરૂષો અને સ્ત્રીઓ સાથે વાત કરવી મારા માટે હરામ છે ત્યાં સુધી કે તમે અલ્લાહ અને તેના પયગમ્બર પર ઈમાન લાવીને મુસલમાન નહિ બની જાવ !''

રાવીનું કથન છે : અલ્લાહના સોગંદ ! પછી તો સાંજ સુધીમાં બનૂ અબ્દુલ-અશહલની વસતિમાં પુરૂષો

અને સ્ત્રીઓમાંથી કોઈ એવું ન રહ્યું જેણે ઈસ્લામ ન સ્વીકારી લીધો હોય.[૧]

એ પછી હઝરત અસઅદ બિન ઝુરારહ અને હઝરત મુસઅબ બિન ઉમૈર પૂરા ખંત, પૂરા ઉત્સાહ અને અસાધારણ વેગથી ઈસ્લામ-પ્રસારમાં લાગી ગયા, ત્યાં સુધી કે મદીનહના અન્સારમાંથી કોઈ એવું ઘર ન રહ્યું જેમાં મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ ન હોય. અલબત્ત બનૂ ઉમૈયહ બિન ઝૈદ, બનૂ ખત્મહ, બનૂ વાઈલ અને બનૂ વાકિફના અમુક ઘરાના રહી ગયા જેઓ મુસલમાન નહિ બન્યા. આ ઘરાનાના લોકો "અવસુલ્લાહ"ના નામે ઓળખાતા હતા. એ બધા ઔસ બિન હારિસની અવલાદમાંથી હતા. એમની કૌમમાં અબૂ કૈસ બિન અસ્લત નામે એક ગૃહસ્થ હતો જેનું મૂળ નામ સૈફી હતું. એ તેઓનો મોટો શાઈર અને માનીતો લીડર હતો. આખી કૌમ આનાકાની વગર એનું કહ્યું માનતી હતી. અને એની પાછળ દોરાતી હતી. એ પોતે પણ મુસલમાન નહિ બન્યો અને પોતાની કૌમને પણ એણે મુસલમાન નહિ બનવા દીધી, ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હિજરત કરીને મદીનહ પધારી ચૂક્યા અને જંગે-બદ્ર, જંગે-ઉહુદ તથા જંગે-ખન્દક જેવાં ઐતિહાસિક યુધ્ધો પણ ખેલાઈ ગયાં.

સૈફી શાઈરનો કસીદો————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈસ્લામ જ્યારે સૈફી બિન અસ્લત શાઈરની સમજબુદ્ધિમાં આવી ગયો તો તેણે એક કસીદો રચ્યો જેમાં તે ઈસ્લામમાં વાંધા કાઢનારાઓને નમ્રવાણીમાં સમજાવતાં કહે છે :

અ-રબ્બના-નાસિ ઈમ્મા ઈન દલલના • ફ-યસ્સરના લિ-મઅરૂ - ફિસ - સબીલિ.

હે જગતજનોના પાલનહાર ! અગર અમે ગુમરાહીમાં ભટકતા હોઈએ તો તું અમને નેકીનાં રસ્તો અપનાવવાની સદ્બુધ્ધિ આપજે !

ફ-લવલા રબ્બના કુન્ના યહૂદન • વમા દીનુલ યહૂદિ બિ-ઝી શુકૂલિ.

અગર અમને કેળવણી આપનાર કોઈ ન હોત તો અમે યહૂદી બની જાત ! અને યહૂદીઓનો ધર્મ કોઈ એવી વસ્તુ નથી જેનો હકીકતો સાથે મેળ બેસી શકે.

વ લવલા રબ્બના કુન્ના નસારા • મઅર-રુહબાનિ ફી જબલિલ-જલીલિ.

અને જો અમને કેળવણી આપનાર કોઈ ન હોત તો અમે ખ્રિસ્તી બનીને તેઓના સંન્યાસીઓ સાથે જલીલ પહાડની ગુફામાં ભરાઈ જાત !

વલા કિન્ના ખુલિક-ના ઈઝ ખુલિક-ના • હનીફન દીનુના અન કુલ્લ જીલિ.

પરંતુ જ્યારે અમારો જન્મ થયો તો અમને એવા ધર્મવાળા બનાવીને જન્માવવામાં આવ્યા કે જગતના તમામ લોકોથી અમારો "દીને તવહીદ" અનોખો, અનેરો, અનન્ય છે. (એટલે અમારો જન્મ થતાં જ મુસલમાન બનવાનું અમારા નસીબમાં લખાય ગયું હતું.)

---

૧. અબ્દુલ-અશહલમાં માત્ર એક જ ગૃહસ્થ મુસલમાન નહિ બન્યા. નામ એમનું ઉસૈરિમ અસ્રમ બિન સાબિત હતું. જંગે-ઉહુદ પ્રસંગે સ્વેચ્છાએ મુસલમાન બની ગયા. એક તરફ ઉહુદની રણભૂમિમાં ઘમસાણનું યુધ્ધ જામેલું હતું. બીજી તરફ ઉસૈરિમ કલિમો પઢતા તલવાર તાણીને મેદાને દોડી ગયા અને જતાં જ મુશરિકો પર તૂટી પડીને લડતાં લડતાં શહીદ થઈ ગયા. પોતાના જીવનમાં એમને એક પણ નમાઝ પઢવાની કે એક પણ સિજદો કરવાની તક નહિ મળી છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું કે, "ઉસૈરિમ જન્નતી છે." ખૂબીની વાત આ છે કે અબ્દુલ-અશહલના કબીલામાં એક પણ મુનાફિક ન હતો. હઝરત ઉસૈદ બિન હુઝૈર અને હઝરત સઅદ બિન મુઆઝે મુસલમાન બનતાં જ કબીલાની મૂર્તિઓ પર સપાટો બોલાવી દીધો હતો અને બધાં મૂર્તિઓને તોડીફોડી ઉકરડાંમાં પધરાવી દીધી હતી. (સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૬૯૯)"૬"

પ્રકરણ ૬૭

બૈઅતે-અકબએ-સાનિયહ

મદીનહના અન્સારનો હજ્જ કાફલો • નમાઝના કિબ્લહ વિષે મતભેદ • રસૂલુલ્લાહ(સલ.) સાથે મુલાકાત • આકરી અને જોખમી જવાબદારી • કોલકરારની સોગંદવિધિ • રસૂલુલ્લાહ (સલ.)ના ૧૨ નકીબો • નકીબોના નામો અને વંશાવળી • ઔસ કબીલાના ત્રણ નકીબો • અન્સારનો દ્રઢ સંકલ્પ • બૈઅતની પહેલ કરવાનું માન • પહાડ પરથી શયતાનનો હાકોટો.

મદીનહના અન્સારનો હજ્જ-કાફલો———————ઇબ્ને ઇસ્હાક કહે છે : મદીનહના ઘરેઘરમાં ઇસ્લામનું નામ ગાજતું કરીને હઝરત મુસઅબ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુ મક્કહ ચાલ્યા ગયા અને મદીનહના મુસલમાન બનેલા અન્સારમાંથી જે લોકો હજ્જ માટે જવાના હતા તેઓ મદીનહના મૂર્તિપૂજક હાજીઓના કાફલામાં શામિલ થઈને મક્કહ પહોંચી ગયા.

હઝરત મુસઅબ બિન ઉમૈરે અગાઉથી મક્કહ પહોંચીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે, આ લોકોની મુલાકાત માટે, તેજ અકબહ સ્થળે "અય્યામે-તશરીક"નાં વચલો દિવસ નક્કી કરી રાખ્યો હતો. કારણ કે જે કંઈ બની રહ્યું હતું તે અલ્લાહની ઇચ્છા મુજબ જ હતું અને અલ્લાહની ઇચ્છા હતી કે આ બનાવો મારફતે તે પોતાના નબીની મદદ કરે, પોતાના નબીને દુશ્મનો પર વર્ચસ્ આપે, ઇસ્લામની પ્રતિષ્ઠા અને ઇસ્લામનો દબદબો વધારે, મૂર્તિઓનું નિકન્દન કાઢી નાખે અને મૂર્તિઓના પૂજારીઓની ખુવારી બોલાવી દે !

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત કઅબ બિન માલિક મદીનહથી હજ્જ માટે જનારા કાફલામાં શામિલ હતા અને હઝરત કઅબ બિન માલિક એવા લોકોમાંથી હતા જેઓ અકબહ સ્થળે હાજર થઈને અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરીને મુસલમાન બની ગયા હતા. હજ્જ પ્રવાસનું વર્ણન ટાંકતા હઝરત કઅબ બિન માલિક ફરમાવે છે:

અમે અમારી કોમના મૂર્તિપૂજક હાજીઓના કાફલા સાથે મદીનહથી નીકળીને મક્કહ તરફ રવાના થયા. અમે રસ્તામાં અમારા મુસલમાન સાથીઓ સાથે નમાઝ પઢી રહ્યા હતા. અમે ઇસ્લામનું અને દીનનું કંઈ જેવું જ્ઞાન પણ મેળવી લીધું હતું. અમારા કાફલામાં અમારા મુસલમાન સાથી બરાઅ બિન મઅરૂર પણ હતા. એ અમારાથી મોટા અને અમારા અમીર એટલે કાફલાના સરદાર હતા.[1]

૧. હજ્જના આ કાફલામાં મુસલમાનો ને મુશરિકો મળીને ૫૦૦ માણસ શામિલ હતા. (હાકિમ અને ઇબ્ને સઅદની રિવાયત.)

નમાઝના કિબ્લહ વિષે મતભેદ—————હઝરત કઅબ બિન માલિકનું બયાન છે : હજ્જ માટે સફરની શરૂઆત કરીને જ્યારે અમે મદીનહથી બહાર નીકળી ગયા તો અમારા અમીર બરાઅ બિન મઅરૂરે અમને સંબોધીને કહ્યું, ''હે મારા મુસલમાન ભાઈઓ ! નમાઝની દિશા વિષે હું જુદો જ મત ધરાવું છું. ખબર નહિ તમે મારા મતને ટેકો આપશો કે વિરોધ કરશો ?''

અમે પૂછ્યું, ''તે શું છે ?''

બોલ્યા, ''મારા મત મુજબ મારું મન થાય છે કે હું કઅબહ તરફ પીઠ કરીને નમાઝ નહિ પઢું બલકે કઅબહ તરફ મુખ કરીને નમાઝ પઢતો રહું. તમે શું કહો છો ?''

અમે કહ્યું, ''વલ્લાહ હે અમારા સરદાર ! અમને તો એવી જ જાણકારી મળી છે કે આપણા નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સીરિયાની દિશાએ (બૈતુલ-મુકદ્દસ તરફ) મુખ કરીને નમાઝ પઢે છે. નમાઝની દિશાના મામલે નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિયમનો ભંગ કેવી રીતે કરી શકાય ?''

બરાઅ બિન મઅરૂર બોલ્યા, ''ગમે તેમ હોય હું તો કઅબહ તરફ જ મુખ કરીને નમાઝ પઢતો રહીશ.''

હઝરત કઅબનું બયાન છે : આ વિરોધ માટે અમે તેમને નમ્ર ભાષામાં ઠપકો આપતા રહ્યા છતાં તેઓ પોતાના નિયમને વળગી રહ્યા. જ્યારે વ નમાઝનો સમય થતો, અમે બૈતુલ-મુકદ્દસ તરફ મુખ કરતા અને બરાઅ બિન મઅરૂર કઅબહ તરફ મુખ કરીને નમાઝ પઢી લેતા. અમે જ્યારે મક્કહ પહોંચી ગયા તો બરાઅ બિન મઅરૂરે મને કહ્યું, ''ચાલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને આ મસઅલો પૂછી લઈએ, કેમકે તમારા ઠપકાને કારણે મારું મન ખૂબ ડામાડોળ થઈ ગયું છે.''

પછી અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા માટે ઊપડયા. અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઓળખતા ન હતા. કેમકે આથી પહેલાં અમે કદી આપને જોયા ન હતા. રસ્તામાં અમને મક્કહના એક ગૃહસ્થ મળ્યા. તેને અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે પૂછ્યું તો તેણે સામો સવાલ કર્યો, ''શું તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કદી જોયા છે ?''

અમે કહ્યું, ''નહિ.'' તેણે પૂછ્યું, ''તેમના કાકા અબ્બાસને ઓળખો છો ?'' અમે કહ્યું, ''હા અબ્બાસને અમે ઓળખીએ છીએ. તેઓ વેપાર અર્થે મદીનહ આવતા ત્યારે અમારી મુલાકાત થયા કરતી.''

તેણે કહ્યું, ''જુઓ તમે કઅબહના હરમમાં જાવ. ત્યાં અબ્બાસ સાથે જે ગૃહસ્થને બેઠેલા જુઓ તેમને મળો.''

રસૂલુલ્લાહ (સલ.)ની સાથે મુલાકાત—————હઝરત કઅબ બિન માલિકનું બયાન છે : ''ત્યાંથી અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા રવાના થયા. કઅબહ પાસે પહોંચીને જોયું તો અબ્બાસ ત્યાં બેઠેલા હતા. તેમની જોડે નૂરાની ચહેરાના, તેજસ્વી કાન્તિના એક ગૃહસ્થ બિરાજમાન હતા. અમે સમજી ગયા કે એજ અલ્લાહના રસૂલ છે. અમે આપને સલામ કરી અને આપની સામે અદબથી બેસી ગયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબ્બાસને પૂછયું, ''હલ તઅરિફુ હાઝૈનિર - રજુલૈન

પા અબલ-ફદ્‌લ ?'' હે અબુલ-ફઝલ ! શું તમે આ બંને ગૃહસ્થોને ઓળખો છો ?

અબ્બાસ બોલ્યા, ''જી હા ! આ બરાઅ બિન મઅરૂર પોતાની કૌમનો સરદાર છે અને આ કઅબ બિન માલિક છે.''

હઝરત કઅબ બિન માલિકનું કથન છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ બોલો હું કદી ભૂલવાનો નથી. મારું નામ સાંભળીને આપે અબ્બાસને પૂછયું, ''અશ-શાઇરુ ?'' એટલે શું આ તે કઅબ બિન માલિક છે જે શાઇર છે ?

અબ્બાસે કહ્યું, ''જી હા તેજ કઅબ બિન માલિક છે.'' [૧]

એ પછી હઝરત બરાઅ બિન મઅરૂરે પોતાની મૂંઝવણનો મસઅલો પૂછતાં અરજ કરી. ''હે અલ્લાહના નબી ! આ સફરમાં અલ્લાહ તઆલાએ મને હિદાયત આપી દીધી અને હું મુસલમાન બની ગયો. મારું મન કહેતું હતું કે હું નમાઝમાં કઅબહ તરફ પીઠ નહિ કરું બલકે કઅબહ તરફ મુખ કરીને નમાઝ પઢું અને હું એમ જ કરતો રહ્યો. પણ મારા સાથીઓ મારો વિરોધ કરતા રહ્યા, જેથી મારા દિલમાં પણ શંકા જન્મી છે. એજ સમસ્યાના ઉકેલ માટે આપની તહેનાતમાં હાજર થયો છું.''

આપે ફરમાવ્યું, ''કદ્ કુન્ત અલા કિબ-લતિન લવ સબરતા અલૈહા.'' અર્થાત : તમે એક કિબ્લા પર નિર્માણ હત.. કાશ ! તેની જ ઉપર તમે ધીરજ ધરી હોત !'' (એટલે જે કિબ્લા તરફ મુખ કરીને નમાઝ પઢવાનો આપણને હુકમ મળ્યો છે તેનું જ પાલન થવું જોઇએ.એટલે બૈતુલ-મુકદ્દસ તરફ.)

આ આદેશ મળતાં એજ દિવસથી હઝરત બરાઅ બિન મઅરૂરે તેજ દિશા તરફ મુખ કરીને નમાઝ પઢવા માંડી જે દિશાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુખ કરીને નમાઝ પઢતા હતા.

હઝરત કઅબ બિન માલિકનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે આટલી વાતચીત બાદ અમે જવા માટે ઊભા થયા તો આપે અમને ફરમાવ્યું, ''જુઓ અય્યામે-તશરીકના વચલા દિવસે રાતની વેળા તમે બધા અકબહ સ્થળે આવીને મને મળજો.''

અમે એજ દિવસે અને એજ સ્થળે રાત પડવા પછી આપની તહેનાતમાં હાજર થઇ જવાનું વચન આપી દીધું. પછી જયારે હજજની ક્રિયાઓથી પરવારી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળવાની એ રાત આવી લાગી. તે વેળા અમારા સંગાથે અબૂ જાબિર અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ પણ હતા.એ પણ અમારા સરદારો અને માનવંતા વડીલોમાંથી હતા. હજુ સુધી મુસલમાન બન્યા ન હતા અને પોતાના મૂર્તિપૂજાના ધર્મને વળગી રહ્યા હતા. અમે અમારી કૌમના મુશરિક સાથીઓથી પોતાનો ભેદ છુપાવી રાખ્યાં હતો પણ અબૂ જાબિર જેવા માનવંતા સરદારને પોતાને પક્ષે કરી લેવાનું અમને વાજબી લાગ્યું. જેથી અમે તેમને કહ્યું,

''હે અબૂ જાબિર ! તમે અમારા માનવંતા સરદાર અને વડીલ છો. અત્યાર સુધી મૂર્તિપૂજાના પાપમાં સપડાયેલા છો. કાલે મરીને તમે જહન્નમનું ઇંધણ બની જાવ તે અમને પસંદ નથી.'' આમ કહીને અમે

૧. હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ મદીનહના પંકાયેલા શાઇર હતા. દુશ્મન શાઇરો પોતાની શાઇરીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બદગોઇના કાવ્યો લખતા તો હઝરત કઅબ બિન માલિક તેજ રદીફ અને કાફિયાની ફીલ-બદીહ શાઇરીમાં જડબાંતોડ જવાબ આપીને દુશ્મન શાઇરોના દાંત ખાટા કરી દેતા. ''હ''

અબૂ જાબિરને ઇસ્લામનું આમંત્રણ આપ્યું અને સાથે ખાનગીમાં કહ્યું કે, આજે રાતે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળવાનું વચન આપેલું હોવાથી અકબહ સ્થળે જવાના છીએ. અબૂ જાબિર અમારી વાત માનીને એજ વેળા મુસલમાન બની ગયા અને બૈઅતે-અકબહમાં અમારી સાથે શામિલ રહ્યા.

એ રાતે અમે અમારા પડાવે અમારા મૂર્તિપૂજક સાથીઓ સાથે સુઇ રહ્યા. જ્યારે રાતના બે પ્રહર વીતી ગયા અને ત્રીજો પ્રહર આવ્યો તો અમે છુપી રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુલાકાત માટે જવા તૈયાર થયા. અહીંથી તીતરની ચાલે નીકળ્યા અને મંદપગલે ડગ ભરતા છેવટે પહાડની ચઢાઇના ગાળામાં આવેલા અકબહ સ્થળે પહોંચી ગયા. તે વેળા અમે ૭૩ પુરૂષો હતા. અમારી જોડે બે સ્ત્રીઓ પણ હતી. એમાંથી એક બની માઝિન બિન નજ્જારમાંથી નુસૈબહ બિન્તે કઅબ બિન અમ્ર નામે ખાતૂન હતાં. લોકો એમને ''ઉમ્મે-ઉમારહ'' ઉપનામે બોલાવતા હતા. [1] બીજી ખાતૂન બની સલિમહના કુટુંબમાંથી અસમા બિન્તે અમ્ર બિન અદી બિન નાબી હતા. એમનું ઉપનામ ઉમ્મે મનીઅ હતું.

અમે આ સ્થળે એકઠા થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ઇન્તેઝાર કરવા લાગ્યા. છેવટે નક્કી કરેલા સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણી થઇ. આપની સાથે આપના કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ પણ હતા. તેઓ અત્યાર સુધી બાપદાદાના ધર્મ પર હોવા છતાં હરેક પ્રકારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદ કરતા હતા. આ નાજુક સમયે પોતાના ભત્રીજાને પડખે રહીને અહીં આવવાથી તેમનો હેતુ આ હતો કે મદીનહના અન્સાર સાથે જે કંઇ કોલકરાર થાય તેની પાકેપાયે જામિનગીરી મેળવી લે.

આકરી અને જોખમી જવાબદારી————જ્યારે બધા બેસી ગયા તો વાતચીતની જોગે પહેલ કરી તે અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ હતા. તેમણે કહ્યું, ''હે ખઝરજના લોકો!''(રાવીનું કથન છે કે અરબના લોકો સંબોધન વખતે અન્સારના બંને કબીલાને એજ નામે સંબોધતા હતા. પછી તે ખઝરજ કબીલાના હોય કે ઔસ કબીલાના.)

અબ્બાસ બોલ્યા, ''હે ખઝરજના લોકો ! મુહંમદ અમારામાં જે માન પ્રતિષ્ઠાનું આગવું સ્થાન ધરાવે છે તે તમે સારી રીતે જાણો છો. આજ સુધી અમે અને અમારા હમખિયાલ લોકો દુશ્મનોથી એમનું રક્ષણ કરતા આવ્યા છીએ. એઓ અમારામાં અને અમારા શહેરમાં સંપૂર્ણ રીતે સલામત છે. હવે એઓ પોતાનું વતન છોડીને તમારી સાથે આવવા અને તમારા સંગાથે રહેવા સિવાય બીજી કોઇવાત માનતા જ નથી. હવે જો તમને ખાતરી હોય કે આપેલું વચન તમે પાળી શકશો, અને જાનના ભોગે દુશ્મનોથી એમનું રક્ષણ કરી શકશો તો જે જવાબદારી કે જોખમ તમે રાજીખુશીથી ઉપાડવા માગો છો તે ઉપાડી લો. પણ જો આ જોખમદારી ઉપાડી લેવા પછી તમને લેશ પણ એવો સંદેહ હોય કે કટોકટીને પ્રસંગે, તમારે એમના રક્ષણથી હાથ ઉપાડીને એમને દુશ્મનોને હવાલે કરી દેવા પડશે તો હમણાથી જ માંડી વાળો. કેમકે એઓ અહીં પોતાની કોમમાં માનભર્યું

---

૧. આ બીબી ઉમ્મે ઉમારહ પોતાના પતિ ઝૈદ બિન આસિમ અને પોતાના પુત્રો હબીબ અને અબ્દુલ્લાહ સાથે આવ્યાં હતાં. બહુ બહાદુર અને નિડર ખાતૂન હતાં. પયગમ્બરીના જૂઠા દાવેદાર મુસૈલિમા કઝ્ઝાબ સાથે જે જંગ ખેલાયો તેમાં પોતાના પુત્ર અબ્દુલ્લાહ સાથે શામેલ થયાં. પોતે યુદ્ધમાં ઝંપલાવીને બહાદુરીથી લડ્યાં. બદન પર ૧૨ જખમ આવ્યા અને એક હાથ પણ કપાઇ ગયો. આ થી પહેલાં એમના પુત્ર હબીબને, મુસૈલિમા કઝ્ઝાબે તેમના બદનના એકએક ભાગને વારાફરત કાપી કાપીને શહીદ કરી નાખ્યા હતા. (સીરતે-સરવરે આલમ જિ.૨ પા. ૭૦ ''હ''

સ્થાન ધરાવે છે અને પોતાના શહેરમાં સંપૂર્ણ રીતે સલામત છે.''

કઅબ બિન માલિક કહે છે : અબ્બાસના જવાબમાં અમે કહ્યું, ''હે અબ્બાસ ! અમે તમારી વાતો પૂરા ધ્યાનથી સાંભળી લીધી છે.'' પછી અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ! હવે આપ કંઈ ફરમાવો. આપને પોતાના મામલા અંગે અને અલ્લાહના મામલા અંગે અમારી સાથે જે કંઈ કોલકરાર કરવા હોય તેનો અમને હુકમ ફરમાવો.''

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વાતચીતનો આરંભ કરતાં કુર્આનની થોડીક આયતો પઢી સંભળાવી. અમને અલ્લાહના રાહ પર આવી જવાનું આમંત્રણ આપ્યું. ઈસ્લામની કેટલીક પ્રેરણાદાયી વાતોનું વિવેચન કર્યું. એ પછી ફરમાવ્યું :

ઉબાયિઅ-કુમ	હું આ વાત પર તમારી બૈઅત લઉં છું કે,
અલા અન તમ-નઉની	તમે એવી તમામ વસ્તુઓથી મારું રક્ષણ કરશો
મિમ્મા તમ-નઊન મિન્હુ	કે, જે વસ્તુઓથી તમે રક્ષણ કરો છો
નિસાઅકુમ વ અબના - અકુમ.	તમારી સ્ત્રીઓનું અને તમારા બાળકોનું.

કોલકરારની સોગંદવિધિ————એજ વેળા બરાઅ બિન મઅરૂરે આપનો મુબારક હાથ પોતાના હાથમાં લીધો અને જુસ્સાથી કહ્યું, ''યા રસૂલુલ્લાહ ! સોગંદ છે તે અલ્લાહના જેણે આપને સાચા પયગમ્બર બનાવીને મોકલ્યા છે. આપની આ શરત અમને કબૂલ છે. અમે અવશ્ય તે વસ્તુઓથી આપનું રક્ષણ કરીશું જેનાથી અમે અમારાં બાલબચ્ચાંઓનું રક્ષણ કરીએ છીએ. હે અલ્લાહના નબી ! અમારી પાસે સોગંદવિધિ કરાવો. વલ્લાહ ! અમે સિપાહીઓ છીએ. અમે લડવૈયા છીએ. લડાઈ તો બાપદાદાથી અમને વારસામાં મળેલી છે.''[1]

બરાઅ બિન મઅરૂરની વાત કાપીને અબુલ-હૈસમ બિન તૈયિહાન બોલી ઊઠયા, ''હે અલ્લાહના રસૂલ! યહૂદીઓ સાથે અમારા જુના કરારો ચાલ્યા આવે છે. એ કરારો હવે અમે તોડી નાખીશું. પણ એ કરારો તોડી નાખવા પછી ભવિષ્યમાં અલ્લાહ આપને વર્ચસ આપે ત્યારે એવું તો નહિ બને કે, આપ અમને છોડીને પોતાની કૌમમાં ચાલ્યા જાવ ?''

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગુલાબી હોઠો પર મંદ હાસ્ય ફરકી ગયું. આપે મુસ્કુરાતાં ફરમાવ્યું.

બલિદ-દમુદ-દમુ	હવે તો લોહી સાથે લોહી છે,
વલ-હદ્‌મુલ-હદ્‌મુ	અને કબર સાથે કબર છે.[2]
અના મિન્કુમ વ અન્તુમ મિન્ની.	હું તમારો છું અને તમે મારા છો.

૧. અલ્લાહની લાખો રહમતો હો મદીનહના અન્સારની પાક રૂહો પર. તેઓએ જે કંઈ વચન આપ્યું તેનાથી હજારગણું વધારે કરીને દેખાડી દીધું. સાચી વાત આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિફાઝત, હિમાયત અને નુસરતમાં તેઓએ પોતાના બાલબચ્ચાંઓની પણ પરવા નહિ કરી અને પોતાના જાનમાલ, ઈઝઝત આબરૂ, બીબીબચ્ચાં, રિશ્તાદાર, કુટુંબ કબીલો સારાંશ કે પોતાનું સર્વસ્વ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર ચરણો પર ન્યોછાવર કરી દીધું. સચ્ચાઈ અને ઈખ્લાસની તસવીર જેવા આવા જાંનિસારો, હઝરત આદમ (અલૈ.)થી લઈને હઝરત ઈસા (અલૈ.) સુધી કોઈ પયગમ્બરને મળવા પામ્યા નથી. ''હ''

૨. લોહી સાથે લોહી અને કબર સાથે કબર એટલે મારું જીવવાનું અને મરવાનું પણ તમારી સાથે જ હશે. ''હ''

અહારિબુ મન હારબ્તુમ.	જેની સાથે તમારી લડાઈ તેની સાથે મારી લડાઈ.
વ ઉસાલિમુ મન સઅલ-તુમ.	જેની સાથે તમારી સુલેહ તેની સાથે મારી સુલેહ.

રસૂલુલ્લાહ (સલ.)ના ૧૨ નકીબો—— કઅબ બિન માલિકનું બયાન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને ફરમાવ્યું :

અખરિજૂ ઈલા મિન્કુમ	તમે ચૂંટી કાઢો તમારી કોમમાંથી
ઈસ્નય અશર નકીબન.	૧૨ નકીબો.[1]
લિયકૂનૂ અલા કવમિ-હિમ	કે જેથી તેઓ આગેવાની સંભાળે તેઓની કોમની,
બિમા ફીહિમ.	તેઓના (મતભેદોના) મામલામાં.
ફઅખ-રજૂ મિન્હુમ	ત્યારે તેઓએ ચૂંટી કાઢ્યા પોતામાંથી,
ઈસ્નય અશર નકીબા,	૧૨ નકીબો.
તિસ્અતમ મિનલ-ખઝરજ	૯ ગૃહસ્થો ખઝરજમાંથી.
વ સલાસહ મિનલ ઓસ,	અને ૩ ગૃહસ્થો ઓસમાંથી.

નકીબોના નામો અને વંશાવળી———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ ચૂંટાયેલ ૧૨ નકીબોના નામો અને વંશાવળી આ છે :

૧———હઝરત અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ બિન અદસ બિન ઉબૈદ સઅલબહ બિન ગનમ બિન માલિક બિન નજ્જાર. (એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "નકીબુન-નુકબાઅ" એટલે બધા નકીબોના પ્રમુખ કે અમીર બનાવ્યા.)

૨———હઝરત સઅદ બિન રબીઅ બિન અમ્ર બિન અબી ઝુહૈર બિન માલિક બિન ઈમ્રઉલ-કૈસ બિન માલિક બિન સઅલબા બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ બિન ખઝરજ. (જાહિલિયતના યુગમાં લખવા-વાંચવાનું જાણનારા ગૃહસ્થોમાંથી હતા.)

૩———હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા બિન સઅલબા બિન ઈમ્રઉલ-કૈસ અકબર બિન માલિક બિન સઅલબા બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ બિન ખઝરજ (લખવા વાંચવાનું જાણતા હતા. પંકાયેલ શાઈર હતા. કલમ અને તલવારના ધણી હતા.)

૪———હઝરત રાફિઅ બિન માલિક બિન અજલાન બિન અમ્ર બિન આમિર બિન ઝુરૈક બિન અબ્દે હારિસહ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજ. (જાહિલિયત કાળમાં "કામિલ"ના ઉપનામે પંકાયેલા હતા.

૫———હઝરત બરાઅ બિન મઅરૂર બિન સખ્ર બિન ખનસાઅ બિન સિનાન બિન ઉબૈદ બિન અદી બિન ગનમ બિન [illegible] બિન [illegible] બિન સઅદ બિન [illegible] બિન [illegible] બિન [illegible] બિન [illegible] બિન [illegible]

[1] નકીબ [illegible] થી નીકળેલો શબ્દ છે. એના અર્થ કોમનો મોટો [illegible], કોમનો સરદાર, કોમનો જવાબદાર આગેવાન; એવો નેતા જે પોતાની કોમના હકોની હિફાઝત કરે અને કોમના હાલાતથી બાખબર રહે. કુર્આનમાં આ શબ્દ બની ઈસરાઈલના સરદારો માટે આવ્યો છે: "વ બઅસ્ના મિન્હુમ ઈસ્નય અશર નકીબા." એટલે અમે તેઓમાં ૧૨ સરદારોની નિમણૂંક કરી દીધી. બની ઈસરાઈલના ૧૨ સરદારો પેઠે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ મદીનહના મુસલમાનો માટે ૧૨ સરદારોની નિમણૂંક કરી દીધી. "હ"

બિન ખઝરજ. (મદીનહના મોટા તવંગરોમાંથી હતા. હિજરતના થોડા દિવસો પહેલા વફાત પામી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પધાર્યા તો એમની કબર પર જઇને ચાર તકબીરો સાથે જનાઝાની નમાઝ પઢી.)

૬————હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ બિન સુઅલબા બિન હરામ બિન કઅબ બિન ગનમ બિન કઅબ બિન સલમા બિન સઅદ બિન અલી બિન અસદ બિન સારેદહ બિન તઝીદ બિન જુશમ બિન ખઝરજ. (જંગે-બદ્રમાં ભાગ લીધો. જંગે-ઉહુદમાં શહીદ થયા. કાફિરોએ એમની લાશનો ''મુસ્લહ'' કર્યો એટલે નાક, કાન, હોઠ કાપી લીધા. પેટ ફાડી નાખ્યું.)

૭————હઝરત ઉબાદહ બિન સામિત બિન કૈસ બિન અસરમ બિન ફિહર બિન સુઅલબા બિન ગનમ બિન સાલિમ બિન ઔફ બિન અમ્ર બિન ઔફ બિન ખઝરજ. (જંગે-બદ્રથી લઇને જંગે-તબૂક સુધીના તમામ યુધ્ધોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહ્યા. પૂરા કુર્આનના જૈયિદ હાફિઝ હતા. અસહાબે-સુફ્ફહના મદરસામાં સદર મુદર્રિસ હતા. કલમ અને તલવારના ધણી હતા. હઝરત ઉસમાન ગનીના ખિલાફતકાળમાં ૭૨ વરસની ઉંમરે મુલ્કે-શામમાં વફાત પામ્યા અને ત્યાંના રમલા શહેરના કબ્રસ્તાનમાં દફન થયા.)

૮————હઝરત સઅદ બિન ઉબાદહ બિન દુલૈમ બિન હારિસહ બિન અબી ખુઝૈમહ બિન સુઅલબા બિન તરીફ બિન ખઝરજ બિન સાઇદા બિન કઅબ બિન ખઝરજ. (અરબી ભાષાના અદીબ હતા. મોતીના દાણા જેવા અરબી અક્ષરો હતા. જાહિલિયતમાં ''કામિલ''ના લકબે પંકાયેલા હતા.)

૯————હઝરત મુનઝિર બિન અમ્ર બિન ખુનૈસ બિન હારિસહ બિન લુઝાન બિન અબ્દે-વદ્દ બિન ઝૈદ બિન સુઅલબા બિન ખઝરજ બિન સાઇદા બિન કઅબ બિન ખઝરજ. (ઇસ્લામથી પહેલાં જ લખવા વાંચવાનું જાણતા હતા. જંગે-બદ્ર અને જંગે-ઉહુદમાં શામિલ થયા. નજદી કાફિરોના આમંત્રણથી ૭૦ કારીઓના અમીર તરીકે નજદ પ્રાંતમાં તબ્લીગ માટે ગયા તો કાફિરોએ ધોકાબાઝીથી બધાને ઘેરી લીધા. એમણે પણ મુકાબલો કર્યો અને હઝરત મુનઝિર બિન અમ્ર તથા હઝરત અમ્ર બિન ઉમૈયહ વગેરે બધા શહીદ થઇ ગયા. બાદમાં હઝરત મુનઝિરે પણ મુકાબલો કર્યો અને શહીદ થઇ ગયા. બીરે-મઊના સ્થળે આ દુર્ઘટના બનવા પામી.)

ઔસ કબીલાના ત્રણ નકીબો————(૧) હઝરત ઉસૈદ બિન હુદૈર બિન સિમાક બિન અતીક બિન રાફિઅ બિન ઇમ્રઉલ-કૈસ બિન ઝૈદ બિન અબ્દુલ-અશહલ બિન જુશમ બિન હારિસ બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસ. (જાહિલિયતમાં લખવા વાંચવાનું જાણતા હતા. યુધ્ધકળાના નિષ્ણાંત હતા. ''કામિલ''ના લકબે પંકાયેલા હતા. ૨૦ હિજરીમાં મદીનહમાં વફાત પામ્યા. હઝરત ઉમરે જનાઝાની નમાઝ પઢાવી. બકીઅમાં દફન થયા. જંગે-બુઆસમાં એમના પિતા હુદૈર ઔસ કબીલાના સેનાપતિ હતા.)

૨————હઝરત સઅદ બિન ખૈસમહ બિન હારિસ બિન માલિક બિન કઅબ બિન નહહાત બિન કઅબ બિન હારિસહ બિન ગનમ બિન સલમ બિન ઇમ્રઉલ-કૈસ બિન માલિક બિન ઔસ. (હઝરત સઅદ અકબહ સ્થળે પોતાના પિતા ખૈસમહની સાથે હતા. બાપ-બેટા સાથે જ મુસલમાન બન્યા. જંગે-બદ્રનો પ્રસંગ સર્જાયો તો બાપ-બેટા વચ્ચે શહાદતની તમન્નામાં ચકમક જામી. બાપ કહે, ''બેટા! તમે ઘરમાં રહો. સ્ત્રીઓ અને બચ્ચાંઓની નિગરાની કરો.'' બેટો કહે, ''પિતાજી મેદાને-જંગમાં શહાદતનો તાજ મારી રાહ જુએ છે.'' છેવટે ચિઠ્ઠી નાખવામાં આવી તો બેટાનું નસીબ ખુલી ગયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે

Maktabe Ashraf

બદ્રમાં ગયા. બહાદુરીથી લડયા અને શહાદતનો તાજ પેહરી લીધો. એમના પિતાજી જંગે-ઉહુદમાં શહીદ થયા.)

૩————હઝરત રિફાઅહ બિન અબ્દુલ-મુનઝિર બિન ઝુબૈર બિન ઝૈદ બિન ઉમૈયહ બિન ઝૈદ બિન માલિક બિન ઔફ બિન અમ્ર બિન ઔફ બિન માલિક બિન ઔસ.

ઈબ્ને હિશામ કહે છે : કેટલાક માહિતગારોના મંતવ્ય મુજબ બારમા નકીબ તરીકે હઝરત રિફાઅહ બિન અબ્દુલ-મુનઝિર નહિ બલકે અબુલ-હૈસમ બિન તૈયિહાનને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નકીબ તરીકે ચૂંટયા હતા.

(નોટ :- અહીં હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુનો રચેલો ૧૪ શેઅરોનો કસીદો ટાંકેલો છે એમાં આ ૧૨ નકીબોના નામોનો ઉલ્લેખ છે. જેમાં હઝરત રિફાઅહને બદલે હઝરત અબુલ-હૈસમનું નામ દર્શાવેલું છે. ઈખ્તેસારના હેતુએ અમે આ કસીદો જતો કર્યો છે.)

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રે મને કહ્યું કે એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ચૂંટાયેલા નકીબોને સંબોધીને ફરમાવ્યું :

અન્તુમ અલા કવમિકુમ	તમે તમારી કૌમમાં
બિમા ફીહિમ કુફલાઉ	તેઓના મામલાઓના જોખમદાર બની ગયા,
ક-કફાલતિલ-હવારિય-યીન	જેવી રીતે હવારીઓ જોખમદાર બન્યા;
લિ-ઈસબ્ને મરયમ.	ઈસા બિન મરયમ તરફથી [1]
વ અના કફીલુન અલા કવમી	અને હું જોખમદાર છું મારી કૌમનો. (પૂરી મુસ્લિમ કૌમનો)

બધાએ ભેગા સ્વરે જવાબ આપ્યો, "બહુ સારૂં યા રસૂલલ્લાહ !"

અન્સારનો દ્રઢ સંકલ્પ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે, જ્યારે આ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હાથ પર બૈઅત માટે તૈયાર થયા તો બનૂ સાલિમ બિન ઔફવાળા અબ્બાસ બિન ઉબાદહ બિન નદલહ અન્સારીએ તેઓને ઉદ્દેશીને કહ્યું, "હે ખઝરજના લોકો ! શું તમે જાણો છો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હાથ પર તમે કઇ વાતની બૈઅતનું જોખમ ખેડી રહ્યા છો ?"

તેઓ બોલ્યા, "હા અમે જાણીએ છીએ."

અબ્બાસ બિન ઉબાદહ બોલ્યા, "સાંભળી લો, તમે કાળા-ગોરા, અરબી-અજમી દરેકની સાથે લડાઈની બૈઅત લઈ રહ્યા છો. (એટલે આખા જગત વિરૂધ્ધ લડાઇ વહોરી લેવાની પ્રતિજ્ઞા લઇ રહ્યા છો.) હવે તમને જો લાગે કે કોઇ આફતથી તમારો માલ તબાહ થઇ જવાનો ખતરો ઊભો થાય અને તમારા અગ્રેસરોની જાન જોખમમાં આવી પડે ત્યારે તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને છોડી દેશો તો હમણાંથી છોડી

---

૧. હવારી એટલે સાથી, મદદગાર, હઝરત ઈસા (અલૈ.)ના આ ૧૨ સાથીઓને હવારી કહે છે જેઓએ સૌથી પહેલા તેમની દીની દઅવતનો સ્વીકાર કર્યો. તેમનો ધર્મ કબૂલ કર્યો અને દીનના કામમાં તેમના મદદગાર બની ગયા. "હ"

દો અને બૈઅત કરવાનું માંડી વાળો. કેમકે વલ્લાહ ! આણીને પ્રસંગે આમ કરવું તે દુનિયા અને આખેરતની તબાહી છે. પણ જો તમે માનતા હો કે આ કામમાં ભલે ગમે તેવી આફતો આવે, ભલે અમારો માલ તબાહ થઇ જાય, અમારા બાલબચ્ચાં રખડી જાય, ભલે અમારા આબરૂદારો કતલ થઇ જાય છતાં અમે પ્રાણને ભોગે અમારા વચનને વળગી રહીશું તો આગળ વધો. રસૂલુલ્લાહના હાથ પર બૈઅત કરો. વલ્લાહ ! આ બૈઅત દુનિયા અને આખેરતની મુકમ્મલ કામયાબી છે.''

બધા ભેગા સ્વરે બોલ્યા, ''ભલે અમારો માલ તબાહ થઇ જાય, અમારાં બાલબચ્ચાં રખડી જાય, અમારા અગ્રેસરો કતલ થઇ જાય, ગમે તેવો ભોગ આપવો પડે, રસૂલુલ્લાહને અપનાવી લેવાનું જોખમ ખેડવા અમે તૈયાર છીએ.''

એ પછી લોકોએ અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ! અમે વફાદારીથી અમારા વચનને વળગી રહીએ તો બદલામાં અમને શું મળશે ?''

આપે ફરમાવ્યું, ''જન્નત''

''ત્યારે બઢાવો પોતાનો હાથ યા રસૂલલ્લાહ !'' લોકો બોલ્યા.

આપે પોતાનો મુબારક હાથ લંબાવ્યો અને તેઓએ એક પછી એક આપના મુબારક હાથ પર પ્રતિજ્ઞા લીધી. આસિમ બિન ઉમર બિન કતાદહ કહે છે : ''અબ્બાસ બિન ઉબાદહએ આ પડકાર એટલા માટે કર્યો કે બૈઅતનો મામલો નક્કર પાયે પાકો થઇ જાય અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બૈઅતનો આછોડો બધાની ગરદનોમાં મજબૂતીથી ભેરવાઇ જાય.''

હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રના મંતવ્ય મુજબ, ''અબ્બાસ બિન ઉબાદહએ જે કંઇ કહ્યું તે એટલા માટે કહ્યું કે, બૈઅતનો મામલો હાલ પુરતો મુલતવી થઇ જાય તો બાદમાં કદાચ અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ [૧] પણ આ બૈઅતમાં શામિલ થઇ જાય તો મુસલમાનોને વધુ પીઠબળ મળે અને પૂરી કૌમ માટે વધુ બળવાન બનવાનો કોઇ રસ્તો નીકળી આવે. હવે એમાં અસલ હકીકત શું છે તે અલ્લાહ બેહતર જાણે !

બૈઅતની પહેલ કરવાનું માન----------ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ નજ્જારના લોકો દાવો કરે છે કે સૌથી પહેલા ગૃહસ્થ જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરી તે અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ હતા. ત્યારે બની અબ્દુલ-અશહલવાળા કહે છે કે બૈઅતની પહેલા કરનારા અબુલ-હૈસમ બિન તૈયિહાન છે. એથી વિરૂધ્ધ કઅબ બિન માલિકનું કહેવું છે કે પહેલા ગૃહસ્થ જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરી તે બરાઅ બિન મઅરૂર હતા. એમના પછી બધા લોકોએ બૈઅત કરી.

પહાડની ટોચેથી શયતાનનો હાકોટો------------કઅબ બિન માલિકનું બયાન છે : ''જ્યારે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅતની સોગંદ વિધિથી પરવાર્યા તો એજ પળે અકબહની ઊંચી ટોચ પરથી શયતાને પ્રચંડ અવાજે ચીસ નાખીને કહ્યું :

---

૧. અબ્દુલ્લાહ બિન ઉબય સલૂલ મદીનહનો મોટો સરદાર અને અન્સારનો માનીતો લીડર ગણાતો હતો. મુશરિકોના આ કાફલા સાથે હજ્જ માટે આવ્યો હતો. બહુ આકરો, જિદ્દી અને અભિમાની હોવાથી આ લોકો એને સૂતેલો મૂકીને નીકળી આવ્યા હતા. બાદમાં એ મદીનહના મુનાફિકોનો સરદાર બની ગયો. ''હ''

Maktabe Ashraf

''હે મક્કહવાસીઓ ! હે ભર ઊંઘમાં પડેલાં હતભાગીઓ ! શું તમને કંઇ ભાન છે કે ''મુઝમ-મમ'' અને તેના વટલાયેલા સાથીઓએ તમારી વિરૂદ્ધ કેવું કાવતરૂં કર્યું છે? જલદી જાગો, હોશમાં આવો. પોતાને બચાવો, પોતાના ધર્મને બચાવો. પાણી પહેલાં પાળ બાંધો !'' [૧]

તેનો કર્કશ ઘાંટો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

હાઝા અઝબ્બુલ - અકબતા	એ અકબહનો અઝબ (નામે શયતાન) છે
હાઝબ્નુ અઝીબ.	એ અઝીબ (નામે શયતાન)નો બેટો છે.
ઈસ્તમિઅ અય અદુવ્વલ્લાહ !	સાંભળી લે હે અલ્લાહના દુશ્મન !
અમા વલ્લાહિ	ખબરદાર ! અલ્લાહના સોગંદ !
લ-અફ-રુગન્ન લકા.	તને પણ ઠેકાણે પાડવાનો સમય હું કાઢીશ !

એ પછી રસૂલુલ્લાહ સલલ્લાહુ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને ફરમાવ્યું, ''ઈર-ફદુ ઈલા રિહાલિકુમ.'' પોતપોતાની સવારીઓ તરફ વિખેરાયને ચાલ્યા જાવ.

આ સાંભળીને અબ્બાસ બિન ઉબાદહએ અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! સોગંદ છે તે અલ્લાહના જેણે આપને સાચા પયગમ્બર બનાવ્યા છે. આપનો હુકમ હોય તો સવારે જ અમે મિનાવાસીઓ પર તલવારોથી તૂટી પડીએ !''

આપે ફરમાવ્યું, ''લમ નુઅમરુ બિ-ઝાલિક વલા-કિનિર-જિઊ ઈલા રિહાલિકુમ.'' મને એનો હુકમ નથી આપવામાં આવ્યો. ફીલહાલ તમે પોતાની સવારીઓ તરફ ચાલ્યા જાવ.

આપનો આ હુકમ સાંભળીને અમે પોતાના પડાવ ચાલ્યા ગયા અને સવાર સુધી ત્યાં સૂતા રહ્યા.

---

૧. શયતાન અને તેના મૂર્તિપૂજક ચેલાઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લ... ને મુહમ્મદને બદલે મુઝમ-મમ નામે બોલાવતા હતા. મુહમ્મદના અર્થ વખાણાયેલા અને મુઝમ-મમના અર્થ વખોડાયેલા-નઠારા વગેરે. ...નિમાં છે : મૂતૂ બિ-ગૈઝિકુમ. જાવ બળી મરો પોતાના જ ગુસ્સાની આગમાં. ''ક''

પ્રકરણ ૬૮

કુરૈશના વેરનો ભભૂકેલો જવાળામુખી

કુરૈશના અગ્રેસરો અન્સારની પૂઠે • હઝરત સઅદ બિન ઉબાદહની ધરપકડ • હઝરત સઅદ બિન ઉબાદહનો છુટકારો • દુશ્મન શાઇરનો બળાપો • હઝરત હસ્સાનનો જવાબ • અમ્ર બિન જમૂહનો ભગવાન • હઝરત અમ્ર બિન જમૂહનો કસીદો

Maktabe Ashraf

કુરૈશના અગ્રેસરો અન્સારની પૂઠે---------હઝરત કઅબ બિન માલિકનું બયાન છે: રાતના સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર લીધેલી ખાનગી બૈઅતના ઊડતા સમાચાર રાતે જ કુરૈશના કાનો સુધી પહોંચી ગયા હતા. વહેલી સવારે જ કુરૈશના અગ્રેસરો અમારા ઉતારે ચઢી આવ્યા અને બોલ્યા, "હે ખઝરજના લોકો ! અમને સમાચાર મળ્યા છે કે, તમે અમારા માણસ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ને છુપી રીતે મળ્યા છો અને તમે તેને અહીંથી લઈ જવા માગો છો અને તેના હાથ પર તમે અમારી સાથે લડવાની બૈઅત લીધી છે. વલ્લાહ ! અરબના તમામ કબીલાઓ સાથે લડવાથી અમે જરાયે ડરતા નથી પણ તમારી સાથે લડવાનું અમને મુદ્દલ પસંદ નથી."

આ સાંભળીને અમારી કૌમના કેટલાક મુશરિકો ઊભા થઈ ગયા અને કસમો ખાય ખાયને કહેવા લાગ્યા, "અલ્લાહના સોગંદ ! એવું કશું બન્યું જ નથી. બિલકુલ ખોટા સમાચાર છે. મુહંમ્મદના હાથ પર અમે કોઈ બૈઅત લીધી નથી."

અમારી કૌમના મુશરિકોની વાત પણ સાચી જ હતી. રાતની બૈઅત અંગે તેઓ કશું જાણતા ન હતા. એ દરમિયાન અમે મુસલમાનો એકબીજાનું મોં તાકતા હતા. છેવટે કુરૈશી અગ્રેસરો જવા માટે ઊભા થયા. એમાંના હારિસ બિન હિશામ બિન મુગીરહ મખઝૂમી નામના અગ્રેસરે પોતાના પગોમાં નવા સુંદર જોડા પહેરેલા હતા. જાણે કશું જ બન્યું ન હોય તેવો દેખાવ કરીને અમારા એક સાથી અબૂ જાબિરને મેં કહ્યું, "હે અબૂ જાબિર ! જુઓ તો ખરા આ કુરૈશી યુવકે કેવા ફાંકડા જોડા પહેર્યા છે. તમે તો અમારા સરદાર છો. કેમ તમે એવા ફાંકડ જોડા પોતાને માટે નથી બનાવરાવી લેતા ?"

હારિસ બિન હિશામે મારી વાત સાંભળી લીધી. તરત તેણે પોતાના જોડા કાઢીને અમારી તરફ ફેંકી દેતાં કહ્યું, "લે, પહેરી લે એને !"

અબૂ જાબિરે મને કહ્યું, "ખામોશ રહો. તમે આ કુરૈશી યુવકને નારાજ કરી નાખ્યા. પાછા આપી

દો એમના જોડા."

મેં કહ્યું, "ભેટ મળેલી વસ્તુ પાછી કેમ અપાય ? આ તો બહુ શુભશુકન થયેલા કહેવાય અને જો આ શુકન સાચા ઠર્યા તો એક દિવસે એની પાસેથી બધું પડાવી લઈશ."

અહીંથી કુરૈશી અગ્રેસરો અમારા કાફલાના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય સલૂલના તંબૂ પાસે ગયા અને તેને પણ તેજ વાતો પૂછી જે અમને પૂછી હતી. તેણે જવાબમાં કહ્યું, "આ તો બહુ ગંભીર મામલો કહેવાય. મારી કૌમ મને પૂછયા વિના આમ કરી શકે જ નહિ. મારૂં માનવું છે કે સમાચાર ખોટા છે."

હઝરત સઅદ બિન ઉબાદહની ધરપકડ————એ પછી કુરૈશી સરદારો ત્યાંથી ચાલ્યા ગયા. પણ આ જવાબથી તેઓના મનને સંતોષ થયો ન હતો. તેઓ બરાબર ભાળ મેળવવાની વેતરણમાં રહ્યા અંતે તેમને પાકે પાયે સમાચાર મળી ગયા કે હા એ મામલો જરૂર બન્યો છે. ત્યારે વિના વિલંબે તેઓ અમારી તલાશમાં નીકળી પડયા. ત્યાં સુધીમાં અમારો કાફલો એમની પહોંચથી ઘણે આઘે નીકળી ગયો હતો. છતાં અમારામાંથી બે ગૃહસ્થો થોડે પાછળ રહી ગયા હતા. એમાંના એક હઝરત સઅદ બિન ઉબાદહ અને બીજા હઝરત મુનઝિર બિન અમ્ર હતા. એ બંને પોતાની કૌમના સરદારો અને રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નકીબો હતા. કુરૈશે એમને મક્કહથી થોડે દૂર "અઝાખિર" સ્થળે ઝડપી લીધા. એમાંથી હઝરત મુનઝિર બિન અમ્ર તો એમના કબજામાંથી છટકીને ફરાર થઈ ગયા પણ હઝરત સઅદ બિન ઉબાદહને તેઓએ સવારીના દોરડાંથી મુશ્કેટાટ જકડી લીધા અને મારતા-મારતા તથા માથાના વાળો ખેંચતા-પીંખતા તેમને મક્કહ ખેંચી ગયા.

હઝરત સઅદ બિન ઉબાદહનું કથન છે : "હું ઘાતકીઓના કબજામાં હતો. તેઓ મને મારતા હતા મારા વાળો પીંખતા હતા. એજ દશાએ અમે મક્કહમાં પ્રવેશ્યા. અચાનક કુરૈશની એક ટોળકી અમારી પાસે આવી. મેં જોયું કે એમાં એક ગૃહસ્થ ગોરા રંગનો, પાતળી કાઠીનો, ઉજળો અને બધામાં બહુ દેખાવડો હતો મેં મનમાં કહ્યું, "જો કોઈના દિલમાં દયાની લાગણી હોય તો તે આ ગૃહસ્થ છે !" પરંતુ મારી નજીક આવતાં જ તેણે પોતાનો હાથ ઉગામ્યો અને એક જોરદાર ઠોંસો તેણે મને ઠોકી દીધો."

મેં મનમાં કહ્યું, "વલ્લાહ ! એમાંના કોઈની પાસેથી ભલાઈ કે દયાની આશા રાખવી ફોગટ છે. હું સંપૂર્ણ રીતે એ લોકોના હાથોમાં જકડાયેલો હતો.તેઓ મને ખેંચતા હડસેલા મારતા બજારમાંથી લઈ જતા હતા અચાનક સામેથી આવનારા એક ગૃહસ્થને મારી દયા આવી ગઈ. તેણે મને કહ્યું, "ભલા માણસ !, અફસોસ છે તુજ પર ! શું કુરૈશના લોકોમાંથી કોઈ તારો ઓળખીતો-પારખીતો નથી ? શું કોઈની સાથે તારી દોસ્તી કે કોલકરારના સંબંધ નથી ?"

હઝરત સઅદ બિન ઉબાદહનો છુટકારો————મેં કહ્યું, "હા જુબૈર બિન મુત્ઈમ બિન અદી અને હારિસ બિન હર્બ ઉમૈયહ મારા મિત્રો છે વેપારના જમાનામાં એ બંને મદીનહ આવતા ત્યારે હું એમને આસરો આપ્યા કરતો અને એમના વેપારી કાફલાને લૂંટફાટથી બચાવતો રહેતો."

એ ગૃહસ્થ બોલ્યો, "ત્યારે ભલા માણસ કહેતો કેમ નથી ! હવે એમના નામો લઈને મદદની પોકાર પાડ અને તારા જે સંબંધો એમની સાથે છે તેની લોકોમાં જાહેરાત કર."

મેં એમ જ કર્યું. એજ વેળા બંનેના નામોનો પોકાર પાડયો અને તેઓના આસરામાં હોવાની જાહેરા

કરી દીધી. મારી આ જાહેરાત બાદ એજ ગૃહસ્થ તેઓની તલાશમાં કઅબહ તરફ ગયો. જોયું તો બંને જણ કઅબહના હરમમાં બેઠેલા હતા. તેઓની પાસે જઇને એણે કહ્યું, "હે ભાઇઓ ! મદીનહના ખઝરજનો એક માણસ અત્યારે "અબ્તહ" સ્થળે માર ખાઇ રહ્યો છે અને તમારા નામોનો પોકાર પાડી રહ્યો છે અને કહે છે કે તમારી સાથે તેના કરારી સંબંધો છે."

"તે છે કોણ ? "બંનેએ પૂછ્યું.

એણે કહ્યું, "મદીનહનો સઅદ બિન ઉબાદહ"

"વલ્લાહ ! તે સાચું કહે છે." બંને બોલ્યા, "વેપારના દિવસોમાં મદીનહમાં તેણે અમને આશરો આપ્યો છે અને પોતાની વસતિમાં લૂંટફાટથી અમારા માલનું રક્ષણ કર્યું છે."

આમ કહીને એ બંને જણ એટલે જુબૈર બિન મુત્ઇમ અને હારિસ બિન હર્બ અમારી પાસે દોડી આવ્યા અને તેઓએ આ હિંસાખોરોના પંજામાંથી મને છોડાવ્યો અને હું મદીનહ તરફ ઊપડી ગયો. [૧]

હઝરત સઅદ બિન ઉબાદહને જેણે ઠોંસો માર્યો હતો તે આમિર બિન લુઐય કુટુંબનો સુહૈલ બિન અમ્ર નામે શખ્સ હતો. ઇબ્ને હિશામ કહે છે : એ મક્કહનો પંકાયેલો શાઇર હતો અને મુસલમાનોનો જાની દુશ્મન હતો.

ઇબ્ને હિશામ કહે છે : જેણે હઝરત સઅદની દયા ખાધી હતી અને છુટકારાનો રસ્તો બતાવ્યો હતો તે અબુલ-બુખ્તરી બિન હિશામ હતો.

દુશ્મન શાઇરનો બળાપો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત સઅદ બિન ઉબાદહ અને હઝરત મુનઝિર બિન અમ્ર સાથે જે બનાવ બન્યો અને હઝરત મુનઝિર તેઓના કબજામાંથી છટકી જવામાં સફળ થયા તેના બળાપા રૂપે, બનૂ મુહારિબ બિન ફિહર કબીલાના દિરાર બિન ખત્તાબ બિન મિરદાસ નામના શાઇરે એક કસીદો રચ્યો તેના બે શેઅર આ છે :

તદા-રકતુ સઅદન અનવ-તન ફ-અખઝ-તુહૂ, • વ કાના શિફાઅત લવ તદા-રકતુ મુનઝિરા.

મેં સઅદ પર બળ મેળવી લીધું અને તેને ઝડપી લીધો. પણ મારા દિલને સંતોષ મળતે અગર હું મુનઝિરને પણ ઝડપી લેતે !

વ લવ નિલ્તુહૂ તુલ્લત હુનાકા જિરાહુ-હૂ, • વ કાના જિરાહન અન તુહાના વ તુહદરા.

અગર હું તેને ઝડપી લેત અને તે પછી તેને જેટલા ઘા મારવામાં આવતે એ બધા, બદલા પાત્ર ન ઠરતે ! (એટલે કોઇ મારી પાસેથી તેનું વેર ન લઇ શકતે.) અને એ ઘા પણ એવા હોત જેનાથી તેનો ફજેતો બોલાય જતે અને તેને યોગ્ય જ ઠરાવવામાં આવતે. એટલે જેનો બદલો લેવાનો કોઇને અધિકાર ન મળતે.

હઝરત હસ્સાનનો જવાબ————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે દિરાર બિન ખત્તાબ બિન મિરદાસ શાઇરના આ કસીદાની મદીનહમાં હઝરત હસ્સાન બિન સાબિતને જાણ થઇ તો જવાબમાં તેમણે આ કસીદો

૧. વાકિદીની રિવાયત મુજબ હઝરત સઅદના સાથીઓએ રસ્તામાં એમની બહુ રાહ જોઇ. મોડે સુધી નહિ આવ્યા તો બધાને ચિંતા પેઠી. પછી તો થવાનું હોય તે થાયનો નિર્ણય કરીને એમની તલાશમાં તેઓ મક્કહ તરફ ઊપડયા. પરંતુ રસ્તામાં જ તેઓ મક્કહ તરફથી આવતા દેખાયા. ત્યારે એમને લઇને બધા મદીનહ તરફ રવાના થયા. (સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૭૧૦) "હ"

Martabe Ashraf

લખીને મોકલાવી આપ્યા.

લસ્ત ઇલા સઅદિન વલલ-મરએ મુનઝિરિન, ● ઇઝા મા મતાયલ-કદમે અસ્બહના ઢુમ્મરા.

તું ન તો સઅદની બરાબરી કરી શકે છે અને ન મુનઝિરે જેવા ગૃહસ્થની. ખાસ કરીને જયારે કે તેઓની સવારીઓ, ખાસ પ્રકારના સાધનોથી તૈયાર કરેલી હોય.

અ તફ-ખરુ બિલ કત્તાને લમ્મા લબિસ-તહૂ, ● વ કદ તલ-બસુલ અમ્બાતુ રીતન મુકસ-સરા.

શું તું કત્તાનનો પોશાક પહેરીને ઇતરાય રહ્યો છે ? જયારે કે નબ્તી કૌમના લોકો પણ સફેદ રંગનો બારીક અને કિંમત પોશાક પહેરે છે. શું આવો ભપકાદાર પોશાક પહેરવાથી તેઓ ઊંચા ખાનદાનના બની જાય છે?[1]

ફલા તકુ કલ વસ્નાને યહલુમુ અન્નહુ, ● બિ કરયતે કિસરા અય બિ-કરયતે કયસરા.

માટે તું પેલા ઊંઘણશી જેવો ન બની જા જે ખ્વાબમાં જુએ છે કે પોતે કિસરા અને કૈસર (જેવા શહેનશાહો) ના શહેરમાં પહોંચી ગયો છે.

ફલા તકુ કસ્‌ - સકલય વ કાનત બિ-મઅ-લિન, ● અનિસ-સકલે લવ કાનલ ફુઆદુ તફક-કરા.

તો તું એવી સ્ત્રી જેવો ન બની જા જેનું બાળક મરી ગયું હોય (અને તે દિનરાત તેના જ ગમમાં રડયા-પીટયા કરતી હોય.) અગર તેના દિલમાં અક્કલ અને વિચારનો છાંટો પણ હોત તો તે મરેલા બાળકના ગમમાં રડયા-પીટયા કરવાનું માંડી વાળત !

વલા તકુ કશ્શાતિલ-લતી કાના હત્ફુહા, ● બિ-હફરે ઝિરા-ઐયિહા ફલમ તઈ મહ-ફરા.

અને તું પેલી બકરી જેવો ન બની જા જેનું મોત, તેના આગલા પગોથી ખોતરી કાઢેલી વસ્તુથી આવી લાગ્યું. આ ખોતરવું તેના માટે આવકારવા જેવું ન હતું.[2]

વલા તકુન કલ-ગાવી ફ-અક-બલા નહ-રહૂ, ● વ લમ યખ્શહૂ સલમન મિનન-નબ્લે મુદ-મરા.

અને તું પેલા ભોંકનારા પાગલ કૂતરા જેવો ન બની જા, જે સંતાઇને તીર ચલાવનારા (શિકારી) તરફથી નિર્ભય થઇને, પોતાનું ડોકું ઊંચું કરીને ઊભેલો છે.

ફ ઇન્ના વમંય યુહદિલ કસાઇદા નહ-વના, ● ક-મુસ્તબ-દિઇન તમ્રન ઇલલ-અર્દે ખયબરા.

અમારી પાસે શાઇરીના કસીદા મોકલનારનો દાખલો એવો છે જેમ કોઇ માણસ ખૈબરની ભૂમિમાં ખજૂર વેચવા માટે પહોંચી જાય. (અર્થાત : અમે મદીનહના લોકો તો શેઅરો-શાઇરીના જોશભેર વહેતા ઝરણા જેવા છીએ. અમારી સામે કોઇ માણસ શાઇરી કેવી રીતે કરી શકે ?)

અમ્ર બિન જમૂહનો ભગવાન————રાવીનું કથન છે કે અકબહમાં મુસલમાન બનેલા અન્સારના લોકોએ મદીનહ પહોંચીને બહુ તેજી અને ભમાણા ઉત્સાહથી ઇસ્લામ પ્રચારનું કામ આરંભી દીધું અને પોતાની

---

૧. કત્તાન અથવા કતાન એક પ્રકારનું એટલું બારીક અને નાજુક કપડું જે શાઇરોની માન્યતા મુજબ ચાંદનીમાં ફાટી જાય છે. (ફરહન્ગે-આમિરહ પાનું ૪૦૩) ''હ''

૨. બકરીનો કિસ્સો એવો છે કે એક માણસ કોઇની બકરીને પકડીને તેને ઝબહ કરવા માગતો હતો અને છરી જેવી કોઇ વસ્તુને શોધી રહ્યો હતો. એ દરમિયાન બકરી પોતાના છૂટકારા માટે જોરજોરથી પોતાના પગોથી જમીન ખોતરવા લાગી ગઇ. અચાનક જમીનમાંથી એક છરી નીકળી આવી. બસ એ જ છરીથી પેલાએ બકરીને ઝબહ કરી નાખી. આ કિસ્સો અરબમાં કહેવત તરીકે પ્રચલિત હતો. ''હ''

કૌમમાં જે વૃધ્ધો, વડીલો, જુનવાણીઓ કે કટ્ટરવાદીઓ, બાપ દાદાના ધર્મને ચુસ્તપણે વળગી રહ્યા હતા તેઓને પણ હિકમત કે વિવેકબુધ્ધિથી સમજાવી લઈને મુસલમાન બનાવી લીધા.

મદીનહમાં એવા જ કટ્ટરપંથીઓમાંથી એક જુનવાણી વિચારોના અમ્ર બિન જમૂહ બિન ઝૈદ બિન હરામ બિન કઅબ બિન ગનમ બિન કઅબ બિન મસ્લમહ નામે ગૃહસ્થ હતા. એમના નવજવાન બેટા હઝરત મુઆઝ બિન અમ્ર બિન જમૂહએ અકબહની હાજરીમાં રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરીને ઇસ્લામ સ્વીકારી લીધો હતો.એમનો બાપ અમ્ર બિન જમૂહ પોતાના બનૂ સલિમહ કબીલાના સરદારોમાંથી એક નામીચો સરદાર હતો. તેણે પોતાના આવાસની બંગલીમાં કબીલાના બીજા મોવડીઓ પેઠે ભારે ધર્મશ્રધ્ધાથી લાકડાંની એક મૂર્તિની પ્રસ્થાપના કરી હતી. એ મૂર્તિનું નામ મનાત હતું. મનાતને જ પોતાનો ભગવાન માનીને અમ્ર બિન જમૂહ રોજ પ્રાતઃકાળે અપૂર્વ શ્રધ્ધાથી તેની ભક્તિ કરતો હતો. તેને પગે લાગતો હતો.તેના ચરણોમાં સિજ્દા મારતો હતો. તેને નવડાવી ધોવડાવીને પાકસાફ અને સ્વચ્છ રાખતો હતો.

જ્યારે એના બનૂ સલિમહ કબીલાના નવયુવકો, મુઆઝ બિન જબલ અને ખુદ એના ફરઝંદ મુઆઝ બિન અમ્ર બિન જમૂહ વગેરે મુસલમાન બની ગયા તો મક્કહથી આવવા બાદ આ જોશીલા જવાનો રાતના અંધારામાં અમ્ર બિન જમૂહના મંદિરમાં ઘૂસી જતા. અને મૂર્તિને ઉપાડીને મહોલ્લાના ઉકરડામાં, જ્યાં લોકો ઘરનો કચરો-પૂંજો ઠાલવતા હતા, ત્યાં જઈને ઊંધે માથે પધરાવી આવતા.

અમ્ર બિન જમૂહ વહેલી સવારે ઊઠીને મૂર્તિને પગે લાગવા જતો અને મૂર્તિને તેના સ્થાનકે નહિ જોતો તો બબાપો કરીને બરાડી ઊઠતો, ''કોણ નાલાયક છે જે મારા ભગવાન પર અપમાન જનક ત્રાસ ગુજારે છે!'' પછી એજ વેળા બૂમબરાડા પાડતો મૂર્તિની તલાશમાં નીકળી પડતો. જ્યારે મૂર્તિને ઊંધે માથે ઉકરડામાં પડેલી જોતો તો ત્યાંથી તેને ઉપાડી લાવતો. તેને નવાડતો, ધોતો, પાકસાફ કરતો, સુગંધીઓની ધૂણી આપતો અને ફરીવાર તેને મંદિરમાં તેના સ્થાને ગોઠવી દેતો અને પછી કહેતો, ''હે ભગવાન ! કોણ તારી સાથે આ અવળચંડાઈ કરે છે ? તેના નામની ખબર પડે તો ભરબજારે હું તેનો ફજેતો બોલાવી દઉં !''

જ્યારે રાત પડતી અને અમ્ર પથારીમાં ઊંઘી જતો તો ફરીવાર મૂર્તિ સાથે એજ સુલૂક થતો. અમ્ર પરોઢે જાગતો. મંદિરમાં જતો. મૂર્તિને નહિ જોતો તો તલાશ માટે નીકળતો. તેને તેજ મૂજબ ઉકરડામાં ઊંધે માથે પડેલી જોતો. ત્યાંથી તેને ઉપાડી લાવતો. નવડાવી ધોવડાવીને સાફ સ્વચ્છ કરતો ધૂપની ધૂણીથી મઘમઘાવીને તેના સ્થાને સ્થાપી દેતો. પાછી રાત પડતી અને અમ્ર ઊંઘી જતો તો મૂર્તિ સાથે એજ મામલો બનતો.

એજ ખેલનું જ્યારે અનેકવાર પુનરાર્વન થયું તો છેલ્લે એક સવારે અમ્ર પોતાના ભગવાનની મૂર્તિને ઉકરડા પરથી ઉપાડી લાવ્યો. તેને નવડાવી ધોવડાવીને, સાફ સુથરી કરીને, સુગંધીઓથી મઘમઘાવીને મંદિરમાં તેના સ્થાને ગોઠવી દીધી અને પછી તેના ગળે ખુલ્લી તલવાર ભેરવી દીધી અને તેને સંબોધીને કહી દીધું, ''હે ભગવાન ! વલ્લાહ હું નથી જાણતો કે કોણ તારી સાથે આ ખેલ ભજવે છે ! પણ તૂં તો રોજ તેને પોતાની આંખે જુએ છે. અગર તું સાચો ભગવાન છે અને તારામાં કંઈ બળ છે તો પોતે પોતાનો બચાવ કરી લેજે.સાંભળ, આ તલવાર એજ હેતુએ મેં તારા ગળે ભેરવી છે !''

જ્યારે રાત પડી અને અમ્ર બિન જમૂહ ઊંઘી ગયો તો પેલા જવાનોએ અગાઉ મૂજબ મંદિર પર છાપો માર્યો. મૂર્તિની ડોકમાંથી તલવાર કાઢી લીધી.એક મરેલું કૂતરું લાવીને દોરડીથી મૂર્તિ સાથે બાંધી દીધું અને

તેને ઉપાડીને મહોલ્લાના ઉકરડા પર ઊંધે માથે પધરાવી આવ્યા.

અમ્ર બિન જમૂહ વહેલી સવારે જાગી ગયો. મંદિરમાં જઇને જોયું તો મૂર્તિ ત્યાં હતી નહિ. બૂમબરાડા પાડતો ઉકરડા તરફ દોડયો. જોયું તો તેનો ભગવાન મરેલા કૂતરાં સાથે, ઉકરડાની ગંદકીમાં લબછબ, ઊંધે માથે પડેલો હતો. જયારે તેણે આ તમાશો જોયો અને પોતાની તથા મૂર્તિની દશા પર વિચાર કર્યો તો તેની આંખો પર પડેલા ગફલતના પર્દા હટવા લાગ્યા અને તેની કોમના મુસલમાન બનેલા લોકો સાથે એ અંગે તેણે વાતચીત કરી તો તેઓએ પણ એને ઇસ્લામની હકીકત સમજાવીને મુસલમાન બની જવાની પ્રેરણા આપી. ત્યારે અલ્લાહ તઆલાની અનંત કૃપાઓએ તેની રહબરી કરી અને તેણે ઇસ્લામ ધર્મ કબૂલ કરી લીધો અને આગળ જતાં ઇસ્લામમાં તેણે અપૂર્વ નામના મેળવી લીધી. [૧]

હઝરત અમ્ર બિન જમૂહનો કસીદો————હઝરત અમ્ર બિન જમૂહ જયારે મુસલમાન બની ગયા અને અલ્લાહ તઆલાની ઓળખ તથા તેના ગુણકારી નામોનું જ્ઞાન મેળવી લીધું તો મૂર્તિ સાથે બનેલા મામલાનો ઊંડો અભ્યાસ કરતાં તેની પોકળતા જાહેર થઇ ગઇ. દિલના આ અંધાપા અને ગુમરાહીથી મુક્તિ આપવા બદલ તેમણે અલ્લાહના ઉપકારોનો આભાર માનતા કહ્યું :

વલ્લાહિ લવ કુન્ત ઇલાહલ-લમ તકુન, • અન્ત વ કલ્બુન વસ્ત બિઅરિન ફી કરન.

અલ્લાહના સોગંદ ! અગર તું ભગવાન હોત તો એક ખાડામાં મરેલા કૂતરાં સાથે દોરડીથી જકડાઇને ઊંધા માથે લટકેલો ન હોત !

ઉફફીન લિ-મિલકાક ઇલાહન મુસ-તદન, • અલ-આન ફત-તશનાક અન સૂઇલ-ગબન.

તુફ છે તારી ભગવાની પર ! આજે અમને અમારી બેવકૂફી અને તુજને લગતી અમારી ટૂંકી બુધ્ધિની ભૂલનું ભાન થઇ ગયું.

અલ-હમ્દુ લિલ્લાહિલ-અલિય્ય ઝિલ-મિનન, • અલ-વાહિબિર-રઝઝાકિ દય્યા-નિદ - દિયન

બધા ગુણગાન તે પ્રભાવશાળી અલ્લાહને શોભે છે જે મહાન ઉપકારદાતા છે. રોજી આપનારો છે અને સદાચારીઓને રૂડો બદલો આપનારો છે.

હુવલ-લઝી અન-કઝની મિન કબ્લિ અન • અકુન ફી ઝુલ-મતિ કબ્રિ મુર-તહન.

એજ મહાન અલ્લાહએ મને કબરના અંધારામાં ઝીંકાવા પહેલા કુફ્રો-શિર્કથી બચાવી લીધો.

બિ-અહમદિલ- મહદિય્ય-યિન નબીય્ય-યિલ મુઅ-મન.

અલ્લાહ તરફથી હિદાયત પામેલા પ્રામાણિક પયગમ્બર અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બરકતથી.

---

૧. હઝરત અમ્ર બિન જમૂહ, લંગડા સહાબી હતા. અલ્લાહ એમનાથી રાજી રહો અને અલ્લાહની બેશુમાર રહમતો હો એમના પવિત્ર આત્મા પર ! જંગે ઉહુદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહીને, મુશરિકો સાથે બહાદુરીથી લડીને શહીદ થઇ ગયા.

પ્રકરણ ૬૯

બૈઅતની શરતો અને હાજર ગૃહસ્થો

અકબહની બીજી બૈઅતની શરતો ● શરતોનું પાલન અને જન્નતના કોલકરાર ● અકબહની બીજી બૈઅતના હાજર ગૃહસ્થો ● ઔસ બિન હારિસહ અને બનૂ અબ્દુલ-અશહલ ● બનૂ હારિસહ બિન હારિસ ● બનૂ અમ્ર બિન ઔફ ● ખઝરજ બિન હારિસહ ● બનૂ અમ્ર બિન મબઝૂલ ● બનૂ અમ્ર બિન માલિક ● બનૂ માઝિન બિન નજ્જાર ● બલ-હારિસ બિન ખઝરજ ● બનૂ બયાદહ બિન આમિર ● બનૂ આમિર બિન ઝુરૈક ● બનૂ સલિમહ બિન સઅદ ● બનૂ સવાદ બિન ગનમ ● બનૂ ગનમ બિન સવાદ ● બનૂ નાબી બિન અમ્ર ● બનૂ હરામ બિન કઅબ ● બનૂ ઔફ બિન ખઝરજ ● બનૂ સલીમ બિન ગનમ ● બનૂ સાઇદહ બિન કઅબ ● બહાદુર ખાતૂન ઉમ્મે-ઉમારહ.

અકબહની બીજી બૈઅતની શરતો————ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ જ્યારે પોતાના પયગમ્બરને યુધ્ધની એટલે ઈસ્લામના દુશ્મનો સાથે જિહાદની પરવાનગી આપી તો યુધ્ધને લગતી બૈઅતની શરતો, અકબહની પહેલી બૈઅતની શરતોથી કેવળ અલગ હતી. કારણ આ હતું કે તે વેળા સુધી અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને ઈસ્લામના દુશ્મનો સાથે લડવાની કે જિહાદ કરવાની પરવાનગી આપી ન હતી.

એ પછી જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને ઈસ્લામના દુશ્મનો સાથે યુધ્ધની પરવાનગી આપી દીધી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "બૈઅતે-અકબએ-સાનિયહ" એટલે અકબહ સ્થળે લીધેલી બીજી બૈઅત વેળા મદીનહના મુસલમાન બનનારા અન્સાર પાસેથી, ઈસ્લામના કાળા-ગોરા દુશ્મનો સાથે લડી લેવાની બૈઅત લીધી. એની સાથે જ પોતાની જાત માટે તથા અલ્લાહના હકો માટે પણ કેટલીક શરતો લગાડી દીધી. અને જો એ શરતોનું પાલન કરવામાં આવે તો તેના બદલામાં જન્નતના કોલકરાર કરી લીધા.

શરતોનું પાલન અને જન્નતના કોલકરાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઉબાદહ બિન વલીદ બિન ઉબાદહ બિન સામિતે પોતાના પિતા વલીદથી સાંભળી અને વલીદે પોતાના પિતા હઝરત ઉબાદહ બિન સામિત——જેઓ અકબહની બંને બૈઅતોમાં શામિલ હતા અને જેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના નકીબ એટલે કોમની દેખરેખના સત્તાવાર અમલદાર નીમેલા હતા.——ની આ હદીસ કહી સંભળાવી, જેમાં હઝરત ઉબાદહ બિન સામિત કહે છે : " અમે બીજી બૈઅત અકબહ સ્થળે રસૂલુલ્લાહ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર યુધ્ધ માટે લીધી હતી; જ્યારે કે પહેલી જે બૈઅત અમે ૧૨ માણસોએ અકબહ સ્થળે લીધી હતી તે ઓરતોની બૈઅતના શબ્દોમાં લીધી હતી જેનું નામ "બૈઅતે-નિસાઅ" તરીકે જાણીતું થયું હતું. તેમાં નીચે દર્શાવેલી વાતો માટે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરી હતી :

> "અમે અલ્લાહ તઆલા સાથે કોઇને તેનો ભાગીદાર નહિ ઠરાવીશું (એટલે મૂર્તિપૂજાનો ત્યાગ કરીને એક અલ્લાહ સિવાય કોઇ બીજાને પોતાનો ભગવાન નહિ માનીશું.) અમે ચોરી નહિ કરીશું. અમે ઝિનાખોરી નહિ કરીશું. અમે પોતાની અવલાદને કતલ નહિ કરીશું. તંગી હોય કે તવંગરી, હર હાલમાં અમે અલ્લાહના રસ્તામાં પોતાનો માલ ખર્ચ કરીશું. ખુશીનો પ્રસંગ હોય કે ગમીનો, મજબુરી હોય કે ન હોય, અમે આપના તરફથી મળેલા દરેક હુકમનું દિલોજાનથી પાલન કરીશું. આપના કોઇ હુકમમાં વાંધા કાઢીને આપના નકીબ યા અમલદાર સાથે ઝગડો નહિ કરીશું. અમે ગમે તે દશામાં ગમે ત્યાં હોઇએ, સદા સત્યવાત ઉચ્ચારીશું. અલ્લાહના આદેશોના મામલામાં કોઇ ઠપકો આપનારના ઠપકાની પરવા નહિ કરીશું. જે વસ્તુઓથી અમે અમારૂં અને અમારાં બાલબચ્ચાંઓનું રક્ષણ કરીએ છીએ, તેજ વસ્તુઓથી અમે આપનું પણ રક્ષણ કરીશું."

આ બૈઅતના જવાબમાં આપે ફરમાવ્યું, "જો આ શરતોનું તમે પાલન કરશો તો એના બદલામાં તમારી સાથે જન્નતના કોલકરાર છે."

અકબહની બીજી બૈઅતના હાજર ગૃહસ્થો————ઇબ્ને ઇસ્હાક કહે છે : બૈઅતે-અકબએ-સાનિયહ એટલે અકબહ સ્થળની બીજી બૈઅત પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત લેનારાઓમાં ઔસ અને ખઝરજના કબીલાઓમાંથી ૭૩ પુરૂષો અને બે મહિલાઓ હતી. તેઓના નામોની ટીપ આ છે :

• **ઔસ બિન હારિસહ અને બનૂ અબ્દુલ-અશહલ**————ઔસ બિન હારિસહ બિન સઅલબા બિન અમ્ર બિન આમિરની શાખ બનૂ અબ્દુલ-અશહલ બિન જુશમ બિન હારિસ બિન ખઝરજ બિન અમ્ર બિન આમિર બિન ઔસમાંથી ત્રણ ગૃહસ્થો :

૧————હઝરત ઉસૈદ બિન હુદૈર.રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચૂંટાયેલા નકીબ (સરદાર) હતા. જંગે-બદ્રમાં હાજર ન હતા.

૨————હઝરત સલમહ બિન સલામહ જંગે-બદ્રમાં હાજર હતા.

૩————અબુલ-હૈસમ બિન તૈયિહાન. નામ માલિક હતું. જંગે-બદ્રમાં શામિલ હતા.

બનૂ હારિસહ બિન હારિસ———— ——ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ હારિસહ બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસમાંથી ૩ ગૃહસ્થો :

(૧) હઝરત ઝુહૈર બિન રાફિઅ બિન અદી બિન ઝૈદ બિન જુશમ બિન હારિસહ

(૨) હઝરત અબૂ બુરદહ બિન નયાર બિન અમ્ર બિન ઉબૈદ બિન અમ્ર બિન કિલાબ બિન વહબાન બિન

ગનમ બિન ઝુબયાન બિન હુમૈમ બિન કામિલ બિન ઝુહલ બિન હુન્ની બિન બલ્લી બિન અમ્ર બિન અનહાફ બિન કુદાઅહ. હઝરત અબૂ બુરદહનું મૂળ નામ હાની હતું. જંગે-બદ્રમાં શામિલ હતા.

(૩) હઝરત નુહૈર બિન હૈસમ જેઓ બનૂ નાબી બિન મજદઆ બિન હારિસહ બિન હારિસ બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસની શાખ આલે-સવાફ બિન કૈસ બિન આમિર બિન નાબી બિન મજદઅ બિન હારિસહમાંથી હતા.

બનૂ અમ્ર બિન ઔફ————બનૂ અમ્ર બિન ઔફ બિન માલિક બિન ઔસમાંથી ૫ ગૃહસ્થો:

(૧) હઝરત સઅદ બિન ખૈસમહ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નકીબ હતા. જંગેબદ્રમાં શામિલ રહ્યા અને આપના સંગાતે રહીને જંગે-ઉહુદમાં શહીદ થયા.

ઇબ્ને હિશામ કહે છે : ઇબ્ને ઇસ્હાકે એમને બનૂ અમ્ર બિન ઔફમાંથી હોવાનું કહ્યું છે જો કે એ બનૂ ગનમ બિન સલમમાંથી હતા. બાબત એમ છે કે કોઇક વાર એક માણસ કોઇ કૌમનો દત્તક હોય છે. એજ કૌમમાં રહીને ઉછેર પામે છે અને પછી એજ કૌમમાંથી ગણાય છે.

(૨) હઝરત રિફાઅહ બિન અબ્દુલ-મુનઝિર બિન ઝુહૈર બિન ઝૈદ[1]——રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચૂંટી કાઢેલા નકીબ એટલે સરદાર હતા. જંગે-બદ્રમાં મવજૂદ હતા. જંગેઉહુદમાં શહીદ થયા.

(૩) હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર બિન નુઅમાન બિન ઉમૈયહ————બદ્રમાં શામિલ હતા. ઉહુદમાં શહીદ થયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને દુશ્મનો પર તીર ચલાવનારાઓના અમીર બનાવ્યા હતા.

(૪) હઝરત મઅન બિન અદી બિન જદ બિન અજલાન————બદ્ર, ઉહુદ, ખન્દક અને બધા મહત્વના પ્રસંગોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે શામિલ રહ્યા. અને હઝરત અબૂબક્ર સિદ્દીકના ખિલાફત કાળમાં જંગે-યમામહમાં શહીદ થયા.

(૫) હઝરત ઉવૈમ બિન સાઇદહ————બદ્ર, ઉહુદ અને ખન્દકમાં શામિલ થયા. આ કુલ ૧૧ ગૃહસ્થો છે જેઓ અકબહની બૈઅતમાં ઔસ કબીલામાંથી હતા.

ખઝરજ બિન હારિસહ————ખઝરજ બિન હારિસહ બિન સઅલબા બિન અમ્ર બિન આમિરની શાખ બનૂ નજ્જાર————બનૂ નજ્જારની આ શાખનું નામ તેમુલ્લાહ બિન સઅલબા બિન અમ્ર બિન ખઝરજ હતું. એમાંથી ૬ ગૃહસ્થો બૈઅતે-અકબહમાં હાજર રહ્યા:

(૧) હઝરત અબૂ ઐયુબ ખાલિદ બિન ઝૈદ બિન કુલૈબ બિન સઅલબા બિન અબ્દે ઔફ બિન ગનમ બિન માલિક બિન નજ્જાર જેઓ બદ્ર, ઉહુદ, ખન્દક અને તમામ મહત્વના પ્રસંગોમાં હાજર રહ્યા અને હઝરત અમીર મુઆવિયહના યુગમાં મુલ્કે-રોમની ભૂમિમાં ગાઝી તરીકે વફાત પામ્યા. (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હિજરત કરીને મદીનહ પધાર્યા તો આપ એમના મેહમાન બનીને આમના મકાનમાં ઉતારો લીધો હતો. અબૂ ઐયૂબ અન્સારીના નામે પ્રખ્યાત છે.)

---

૧. સહાબીના મુબારક નામ સાથે લાગેલા વંશાવળીના લાંબા નામો ટૂંકાવી દીધાં છે. પૂરી વંશાવળી માટે સીરતે ઇબ્ને હિશામની ઉર્દૂ આવૃત્તિ જુઓ : જિલ્દ-૧ પેજ ૫૦૪ થી ૫૧૨. "હ"

(૨) હઝરત મુઆઝ બિન હારિસ બિન રિફાઅહ————બદ્ર, ઉહુદ, ખન્દક અને તમામ મહત્વના પ્રસંગોમાં હાજર રહ્યા. જાણીતા ખાતૂન હઝરત બીબી અફરાઅના બેટા હતા.

(૩) એમના ભાઈ હઝરત ઔફ બિન હારિસ બિન રિફાઅહ. બદ્રમાં હાજર હતા અને બદ્રમાં જ શહીદ થયા. એ પણ હઝરત અફરાઅના બેટા હતા.

(૪) એમના ભાઈ હઝરત મુઅવ્વઝ બિન હારિસ- બદ્રમાં મવજૂદ હતા અને એમાં જ શહીદ થયા. એજ તે બહાદુર યુવક છે જેણે અબૂ જહલ બિન હિશામ બિન મુગીરહને જંગે-બદ્રમાં કતલ કર્યો હતો. એ પણ બીબી અફરાઅના પુત્ર હતા.

(૫) હઝરત ઉમારહ બિન હઝમ બિન ઝૈદ બિન લૂઝાન————બદ્ર, ઉહુદ, ખન્દક અને તમામ મહત્વના પ્રસંગોમાં હાજર રહ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીકના યુગમાં જંગે-યમામહમાં શહીદ થયા.

(૬) હઝરત અસઅદ બિન ઝુરારહ જેઓ ચૂંટાયેલા સરદાર હતા. જંગે-બદ્ર પહેલાં જ મસ્જિદે-નબવીની બાંધણી વેળા વફાત પામી ગયા. અબૂ ઉમામહ ઉપનામે પંકાયેલા હતા.

બનૂ અમ્ર બિન મબઝૂલ————બનૂ અમ્ર બિન મબઝૂલ બિન આમિર બિન મલિક બિન નજ્જારમાંથી એક ગૃહસ્થ :

(૧) હઝરત સહલ બિન અતીક બિન અમ્ર-જંગે-બદ્રમાં શામિલ હતા.

બનૂ અમ્ર બિન માલિક————બનૂ અમ્ર બિન માલિક બિન નજ્જાર જેઓ બનૂ હુદૈલહ તરીકે જાણીતા હતા અને હુદૈલહ માલિક બિન ઝૈદ મનાત બિન હબીબ.......ની બેટી હતી. એમાંથી બે ગૃહસ્થો:

(૧) હઝરત ઔસ બિન સાબિત બિન મુનઝિર બિન હરામ————બદ્રમાં મવજૂદ હતા.

(૨) હઝરત અબૂ તલહા. અસલ નામ ઝૈદ બિન સહલ————બદ્રમાં હાજર હતા.

બનૂ માઝિન બિન નજ્જાર————બનૂ માઝિન બિન નજ્જારમાંથી બે ગૃહસ્થો :

(૧) હઝરત કૈસ બિન અબી સઅસઆ બિન અમ્ર બિન ઝૈદ————જંગે-બદ્રમાં હાજર હતા. આ યુધ્ધમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને લશ્કરની પાછલી હરોળમાં નીમ્યા હતા.

(૨) હઝરત અમ્ર બિન ગઝ-ઝિય્યહ બિન અમ્ર બિન સઅલબા————આ કુલ ૧૧ ગૃહસ્થો હતા જેઓ અકબહની બૈઅતમાં બનૂ નજ્જાર કબીલામાંથી હાજર થયા હતા.

બલ હારિસ બિન ખઝરજ————ઇબ્ને ઇસ્હાક કહે છે : બલહારિસ બિન ખઝરજમાંથી ૭ ગૃહસ્થો :

(૧) હઝરત સઅદ બિન રબીઅ. જેઓ ચૂંટાયેલા સરદાર હતા. બદ્રમાં હાજર હતા. ઉહુદમાં શહીદ થયા.

(૨) હઝરત ખારિજહ બિન ઝૈદ બિન અબી ઝુહૈર બિન માલિક ઇમ્રઉલ-કૈસ————બદ્રમાં હાજર હતા. ઉહુદમાં શહીદ થયા.

(૩) હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા. ચૂંટાયેલા સરદાર હતા. બદ્ર, ઉહુદ, ખન્દક અને મહત્વના તમામ પ્રસંગોમાં (ફત્હે-મક્કહ અને તે પછીની જંગો સિવાય) હાજર હતા. જંગે-મૂતહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમ તરફથી અમીર નીમાયા, અને એજ લડાઈમાં શહીદ થયા.

(૪) હઝરત બશીર બિન સઅદ બિન સ઼અલબા બિન જુલ્લાસ————બદ્રમાં હાજર હતા.

(૫) હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ સ઼અલબા બિન અબ્દે-રબ્બેહ————બદ્રમાં મવજૂદ હતા. એજ તે ગૃહસ્થ છે જેમને ખ્વાબમાં અઝાન પોકારવાનો તરીકો અને શબ્દો બતાવવામાં આવ્યા. એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખ્વાબની વિગત કહી તો આપે એજ શબ્દોમાં અઝાન પોકારવાનો હુકમ ફરમાવ્યો.

(૬) હઝરત ખલ્લાદ બિન સુવૈદ બિન સ઼અલબા બિન અમ્ર બિન હારિસ઼હ બિન ઈમ્ર ઉલકૈસ————બદ્ર, ઉહુદ, ખન્દકમાં હાજર રહ્યા. બનૂ કુરૈઝહના યહૂદીઓના ઘેરા પ્રસંગે શહીદ થયા. યહૂદીઓના એક કિલ્લામાંથી એમના માથે ઘંટીનું પડ ઝીંકવામાં આવ્યું જેનાથી માથું ફાટી ગયું. લોકો કહે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : "ઈન્ન લહૂ લ-અજ્ર શહીદૈન." એમના માટે બે શહીદોનો અજ્ર છે.

(૭) હઝરત ઉકબહ બિન અમ્ર બિન સ઼અલબા બિન અસીરહ બિન ગસીરહ————એમનું ઉપનામ અબૂ મસઊદ હતું. બૈઅતે-અકબહના હાજરજનોમાં સૌથી નાની વયના હતા. બદ્રમાં હાજર ન હતા. હઝરત અમીર મુઆવિયહના યુગમાં વફાત પામ્યા.

બનૂ બયાદહ બિન આમિર————બનૂ બયાદહ બિન આમિર બિન ઝુરૈક બિન અબ્દે હારિસ઼હમાંથી ૩ ગૃહસ્થો :

(૧) હઝરત ઝિયાદ બિન લબીદ બિન સ઼અલબા બિન સિનાન————બદ્રમાં હાજર હતા.

(૨) હઝરત ફર્વહ બિન અમ્ર બિન વઝફહ બિન ઉબૈદ બિન આમિર બિન બયાદહ. બદ્રમાં હાજર હતા. કેટલાકે વઝફહનો ઉચ્ચાર વદફહ કર્યો છે.

(૩) હઝરત ખાલિદ બિન કૈસ બિન માલિક બિન અજલાન. બદ્રમાં હાજર હતા.

બનૂ આમિર બિન ઝુરૈક————બનૂ ઝુરૈકની શાખ આમિર બિન ઝુરૈક બિન અબ્દે હારિસ઼હ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજમાંથી ૪ ગૃહસ્થો :

(૧) હઝરત રાફિઅ બિન માલિક ચૂંટાયેલા સરદારોમાંથી હતા.

(૨) હઝરત ઝકવાન બિન અબ્દે કૈસ બિન ખલદહ————આ ગૃહસ્થ મદીનહ છોડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાસે ચાલ્યા ગયા હતા. અને મક્કહમાં આપની પાસે જ રહેતા હતા. આ કારણે લોકો એમને મુહાજિર અનસારી કહેતા હતા. બદ્રમાં મવજૂદ રહ્યા અને ઉહુદમાં શહીદ થયા.

(૩) હઝરત ઉબાદહ બિન કૈસ બિન આમિર બિન ખલદહ————બદ્રમાં હાજરી આપી.

(૪) હઝરત હારિસ઼ બિન કૈસ બિન ખાલિદ બિન આમિર બિન ઝુરૈક. બદ્રમાં હાજર હતા.

બનૂ સલિમહ બિન સઅદ————બનૂ સલિમહ બિન સઅદ બિન અલીની શાખ બનૂ ઉબૈદ બિન અદીમાંથી ૧૧ ગૃહસ્થો :

(૧) હઝરત બરાઅ બિન મઅરૂર બિન સખ્ર. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ચૂંટેલા સરદાર હતા. એમના વિષે બનૂ સલિમહનો દાવો છે કે એ પહેલા ગૃહસ્થ હતા જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર સૌથી પહેલાં બૈઅત લેવાનું માન ખાટી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધારે તે પહેલાં વફાત પામી ગયા.

(૨) હઝરત બરાઅના ફરઝંદ હઝરત બિશ્ર બિન બરાઅ બિન મઅરૂર. બદ્ર, ઉહુદ, ખન્દકની લડાઈઓમાં શામિલ રહ્યા. ખૈબરના યુધ્ધ પ્રસંગે યહૂદીની દઅવતમાં બકરીના માંસમાં મેળવેલા હળાહળ ઝહેરનો એક કોળિયો ખાઈ લેવાથી ત્યાં જ શહીદ થઈ ગયા. એમના કબીલાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પૂછ્યું, "હે બની સલ્મહ ! તમારો સરદાર કોણ છે ?" તેઓ બોલ્યા, " જુદ્દ બિન કૈસ, ભારે કંજૂસ છે છતાં અમારો સરદાર છે." આપે ફરમાવ્યું, "કંજૂસીથી વધીને બીજો ભયંકર રોગ નથી. માટે તમારો સરદાર જુદ્દ બિન કૈસ નહિ બલકે બાંકો, રૂપાળો, વાંકળિયા લટોવાળો બિશ્ર બિન બરાઅ છે."

(૩) હઝરત સિનાન બિન સૈફી બિન સખ્ર બદ્રમાં શામિલ રહ્યા. ખન્દકમાં શહીદ થયા.

(૪) હઝરત તુફૈલ બિન નુઅમાન. બદ્રમાં હાજર રહ્યા. ખન્દકમાં શહીદ થયા.

(૫) હઝરત મઅકલ બિન મુનઝિર. બદ્રમાં હાજર રહ્યા. એમના ભાઈ હઝરત યઝીદ બિન મુનઝિર પણ બદ્રમાં શરીક હતા.

(૬) એમના ભાઈ હઝરત યઝીદ બિન મુનઝિર. બદ્રમાં હાજર હતા.

(૭) હઝરત મસ્ઊદ બિન યઝીદ બિન સુબૈઅ.

(૮) હઝરત ઝહહાક બિન હારિસહ બિન ઝૈદ. બદ્રમાં શામિલ રહ્યા.

(૯) હઝરત યઝીદ બિન ખુઝામ બિન સુબૈઅ બિન ખનસાઅ.

(૧૦) હઝરત જબ્બાર બિન સખ્ર બિન ઉમૈયહ. બદ્રમાં શામિલ થયા.

(૧૧) હઝરત તુફૈલ બિન માલિક બિન ખનસાઅ. બદ્રમાં હાજર રહ્યા.

બનૂ સવાદ બિન ગનમ————બની સવાદ બિન ગનમની શાખ બની કઅબ બિન સવાદમાંથી એક ગૃહસ્થ :

(૧) હઝરત કઅબ બિન માલિક બિન અબી કઅબ

બનૂ ગનમ બિન સવાદ————બની ગનમ બિન સવાદ બિન ગનમ બિન કઅબમાંથી પાંચ ગૃહસ્થો:

(૧) હઝરત સલીમ બિન અમ્ર બિન હદીદા. બદ્રમાં શામિલ રહ્યા.

(૨) હઝરત કુત્બહ બિન આમિર બિન હદીદા. બદ્રમાં હાજર રહ્યા.

(૩) હઝરત યઝીદ બિન આમિર. હઝરત કુત્બહના ભાઈ. હઝરત યઝીદનું ઉપનામ અબુલ-મુનઝિર હતું. બદ્રમાં હાજર હતા.

(૪) હઝરત કઅબ બિન અમ્ર બિન ઉબાદ. ઉપનામ અબુલ-યુસ્ર. બદ્રમાં શામિલ રહ્યા.

(૫) હઝરત સૈફી બિન સવાદ બિન ઉબાદ. ઈબ્ને હિશામ મુજબ : સૈફી બિન અસ્વદ.

બનૂ નાબી બિન અમ્ર————બનૂ નાબી બિન અમ્ર બિન સવાદ બિન ગનમમાંથી પાંચ ગૃહસ્થો:

(૧) હઝરત સઅલબા બિન ગનમહ બિન અદી. બદ્રમાં મવજૂદ હતા. ખન્દકમાં શહીદ થયા.

(૨) હઝરત અમ્ર બિન ગનમહ બિન અદી બિન નાબી.

(૩) હઝરત અબસ બિન આમિર બિન અદી બિન નાબી બદ્રમાં હાજર રહ્યા.

(૪) હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ.

(૫) હઝરત ખાલિદ બિન અમ્ર બિન અદી બિન નાબી.

બનૂ હરામ બિન કઅબ ————બની હરામ બિન કઅબ બિન ગનમ બિન કઅબમાંથી સાત ગૃહસ્થો :

(૧) હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ. ચૂંટાયેલા સરદાર. બદ્રમાં હાજર. ઉહુદમાં શહીદ.

(૨) હઝરત અબ્દુલ્લાહના પુત્ર હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ.

(૩) હઝરત મુઆઝ બિન અમ્ર બિન જમૂહ. બદ્રમાં શામિલ રહ્યા.

(૪) હઝરત સાબિત બિન જઝઅ-તાઇફમાં શહીદ થયા. જઝઅનું નામ સઅલબા હતું.

(૫) હઝરત ઉમૈર બિન હારિસ બિન સઅલબા. બદ્રમાં શામિલ હતા.

(૬) હઝરત ખુદૈજ બિન સલામહ.

(૭) હઝરત મુઆઝ બિન જબલ. બદ્રમાં અને તમામ જિહાદોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહ્યા.

હઝરત ઉમર (રદિ.)ના યુગમાં સીરિયાના અમવાસ મુકામે પ્લેગમાં વફાત પામ્યા.

બનૂ ઔફ બિન ખઝરજ ————બનૂ ઔફ બિન ખઝરજની શાખ બનૂ સાલિમ બિન ઔફમાંથી ચાર ગૃહસ્થો :

(૧) હઝરત ઉબાદહ બિન સામિત બિન કૈસ. ચૂંટાયેલા સરદાર. બદ્ર અને તમામ જિહાદોમાં શામિલ રહ્યા.

(૨) હઝરત અબ્બાસ બિન ઉબાદહ બિન નદ્દલ બિન માલિક. બૈઅત બાદ મદીનહ ગયા અને ત્યાંથી મક્કહ આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં રહી ગયા. જેથી લોકો એમને મુહાજિર-અન્સારી કહેતા હતા. જંગે ઉહુદમાં શહીદ થયા.

(૩) હઝરત અબૂ અબ્દુર્રહમાન યઝીદ બિન સઅલબા.

(૪) હઝરત અમ્ર બિન હારિસ બિન લુબદહ. આ ચાર ગૃહસ્થો કવાકલ કહેવાતા હતા. બનૂ સલીમ બિન ગનમમાંથી હતા. અને બની હુબલી તરીકે જાણીતા હતા. ઇબ્ને હિશામ કહે છે : અલહુબલીનું નામ સાલિમ બિન ગનમ બિન ઔફ હતું. એમનાં પેટ મોટાં હતાં. જેથી અલ-હુબલી તરીકે મશહૂર થઇ ગયા.

બનૂ સલીમ બિન ગનમ ————બનૂ સલીમ બિન ગનમ બિન ઔફમાંથી બે ગૃહસ્થો:

(૧) હઝરત રિફાઅહ બિન અમ્ર બિન ઝૈદ. ઉપનામ અબુલ-વલીદ. બદ્રમાં હાજર હતા. ઇબ્ને હિશામ કહે છે : કેટલાકના કહેવા મુજબ હઝરત રિફાઅહના પિતાનું નામ અમ્ર નહિ પણ માલિક હતું. અને માલિક વલીદ બિન અબ્દુલ્લાહનો પુત્ર હતો.

(૨) હઝરત અકબા બિન વહબ બિન કલદહ. બદ્રમાં હાજર હતા. બૈઅત બાદ મદીનહ ગયા અને પછી મક્કહ આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં રહી ગયા. આ કારણે મુહાજિર-અન્સાર માંથી હતા.

Maktabe Ashraf

બનૂ સાઈદહ બિન કઅબ ——————બનૂ સાઈદહ બિન કઅબ બિન ખઝરજ માંથી બે ગૃહસ્થો:

(૧) હઝરત સઅદ બિન ઉબાદહ બિન દુલૈમ. ચૂંટાયેલા સરદાર હતા.

(૨) હઝરત મુનઝિર બિન અમ્ર બિન ખુનૈસ. ચૂંટાયેલા સરદાર હતા. બદ્ર અને ઉહુદમાં હાજર રહ્યા. બીરે-મઊનાની ઘટના પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને અમીર બનાવ્યા અને એમાં જ શહીદ થયા.

સારાંશ કે બૈઅતુલ-અકબહમાં ઔસ અને ખઝરજમાંથી હાજર થનારા ૭૩ પુરૂષો હતા. એમાં બે ખાતૂનો પણ હતાં. ખાતૂનો એટલે સ્ત્રીઓ સાથે બૈઅત લેતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હાથ સાથે હાથ મેળવતા ન હતા. ફક્ત મૌખિક કબૂલાત લઈને ખાતૂનોને ફરમાવી દેતા: ''ઈન્ન હુબ્ન કદ બાયઅતુ કુન્ન.''જાવ મેં તમારી બૈઅત લઈ લીધી.

બહાદુર ખાતૂન ઉમ્મે-ઉમારહ ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બૈઅત લેનાર આ બંને મહિલાઓ બનૂ માઝિન બિન નજ્જાર અને બનૂ સલિમહમાંથી હતાં. એમાં એક ખાતૂનનું નામ નુસૈબહ બિન્તે કઅબ બિન અમ્ર બિન અવફ——————બિન માઝિન હતું. બીબી નુસૈબહનું ઉપનામ ઉમ્મે ઉમારહ હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે લડાઈમાં ભાગ લીધો. એમની સાથે એમના બહેન, એમના પતિ હઝરત ઝૈદ બિન આસિમ બિન કઅબ અને એમના બંને પુત્રો હઝરત હબીબ બિન ઝૈદ અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ પણ હાજર રહ્યા. હબીબને યમામા પ્રદેશના જૂઠા પયગમ્બર મુસૈલિમહ કઝઝાબ અલ-હનફીએ કેદ કરી લીધા હતા. અને પછી પૂછપરછ કરી હતી, ''શું તું મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહના પયગમ્બર માને છે ?''

હઝરત હબીબ જવાબ આપતા, ''હા, બેશક અલ્લાહના સાચા પયગમ્બર માનું છું.''

મુસૈલિમા કહેતો, ''ત્યારે સાક્ષી આપ કે હું મુસૈલિમહ પણ અલ્લાહનો સાચો પયગમ્બર છું.''

હઝરત હબીબ કહેતા, ''તારી વાત મને સંભળાતી નથી.''

આ જવાબ આપવા બદલ મુસૈલિમહ તેમના શરીરનો એક ભાગ કાપી નાખતો હતો. આ રીતે મુસૈલિમહના એક એક સવાલ પર હઝરત હબીબના શરીરના અવયવો કપાતા ગયા અને છેવટે એજ હાલતમાં તેઓ મુસૈલિમહના હાથે શહીદ થઈ ગયા. મુસૈલિમહ જયારેય રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક નામ ઉચ્ચારતો તો હઝરત હબીબ પોતાનું ઈમાન જાહેર કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર દુરૂદ પઢતા અને મુસૈલિમહ જયારે પયગમ્બર તરીકે પોતાનું નામ લેતો તો હઝરત હબીબ કહી દેતા, ''તારી વાત મને સંભળાતી નથી.''

મુસૈલિમહ કઝઝાબ સાથે જયારે યમામાનું યુધ્ધ જામ્યું તો નુસૈબહ ખાતૂન (ઉમ્મે-ઉમારહ) ઈસ્લામી લશ્કર સાથે યમામા ગયાં. પોતે યુધ્ધમાં ઝંપલાવીને તલવારનું પાણી બતાવ્યું અને જયારે અલ્લાહની મદદથી મુસલમાનોએ મુસૈલિમહ કઝઝાબને જહન્નમ ભેગો કરીને વિજય મેળવ્યો અને ઈસ્લામી સૈન્ય ત્યાંથી પાછું ફર્યું તો નુસૈબહ ખાતૂનને તલવારો અને ભાલાઓના ૧૨ ઝખ્મ આવ્યા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત લેનાર બીજા ખાતૂન બનૂ સલિમહના ખાનદાનમાંથી હતાં. એમનું નામ અસમા બિન્તે અમ્ર બિન અદી બિન નાબી બિન અમ્ર બિન સવાદ બિન ગનમ બિન કઅબ બિન સલિમહ હતું અને ઉપનામ ઉમ્મે-મનીઅ હતું.

Maktabe Ashraf

પ્રકરણ ૭૦

યુદ્ધની પરવાનગી અને હિજરતનો આરંભ

ઈસ્લામના દુશ્મનો સાથે લડાઈની પરવાનગી • કુર્આનમાં મળેલી યુદ્ધની પરવાનગી • મદીનહની હિજરતનો હુકમ • મદીનહના સૌથી પહેલા મુહાજિર • બીબી ઉમ્મે-સલમહની આપવીતી • વિયોગના દુઃખની દર્દનાક કહાણી • અલ્લાહ તરફથી મળેલી ગૈબી મદદ • મક્કહ છોડનારા બીજા મુહાજિરો • ખાલી પડેલા ઉજ્જડ ઘરો • મુહાજિરીન અને મુહાજિરાત • અંધ કવિ અબૂ અહમદનું કાવ્ય

Maktabe Ashraf

ઈસ્લામના દુશ્મનો સાથે લડાઈની પરવાનગી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અકબહની બીજી બૈઅત પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુશરિકો સાથે લડવાનો કે જંગ કરીને લોહી રેડવાનો હુકમ મળેલો ન હતો. માત્ર ઈસ્લામનું આમંત્રણ આપવાનો, મુસીબતો પર ધીરજ ધરવાનો અને જાહિલો તથા નાદાનો પ્રત્યે દરગુજરની નીતિથી કામ લેવાનો હુકમ હતો. કુરૈશના ત્રાસવાદીઓ આંખો બંધ કરીને મુસલમાનો પર પાશવી અત્યાચાર ગુજારતા રહ્યા. મઝહબના મામલામાં પોતાના જ ભાઈઓ, બહેનો અને બેટાઓ પર કાળો કહેર વરસાવતા રહ્યા. જોહુકમી, જોરજુલમ અને બળજબરીથી મુસલમાનોને તેઓના ઘરોમાંથી હાંકી કાઢીને મક્કહથી બહાર ખદેડતા રહ્યા. કુરૈશની આંખોમાં ખૂન ઊતરી આવ્યું હતું. તેઓના ત્રાસવાદે માઝા મૂકી દીધી હતી. આતંકવાદનો ભૂત ગાંડો બની ગયો હતો.

મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાઓમાં કેટલાક તો ધર્મસંકટની અગ્નિપરીક્ષામાં સપડાયેલા હતા. કેટલાક તેઓના ઘાતકી હાથોમાં કેદ પકડાઈને પારાવાર યાતનાઓ ભોગવતા હતા. અને કેટલાક તેઓના જંગલી ત્રાસોથી બચવા મક્કહ છોડીને બીજી વસતિઓમાં નાસી ગયા હતા. એમાંની એક જમાઅત હબશહની ભૂમિમાં હિજરત કરી ગઈ હતી. કેટલાક મદીનહ ચાલ્યા ગયા હતા અને કેટલાક અહીંતહીં વિખેરાઈ ગયા હતા.

સારાંશ કે કુરૈશી મુશરિકોએ જયારે અલ્લાહ તઆલા વિરુદ્ધ બંડ પોકારીને બળવો જગાડ્યો અને અલ્લાહ તરફથી ઈસ્લામના રૂપમાં એમને જે માન મળવાનું હતું તેને તિરસ્કારથી ઠુકરાવી દીધું અને અલ્લાહના પયગમ્બરને જૂઠા ઠરાવી દીધા અને જે લોકો એક અલ્લાહના પૂજારી હતા, એક અલ્લાહની તવહીદને માનનારા હતા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનું સમર્થન કરનારા હતા, ઈસ્લામની મજબૂત દોરીને મક્કમતાથી વળગી રહેનારા હતા તેઓને અવનવી મુસીબતોમાં સપડાવી દીધા, ઘરબારથી વિખૂટા પાડીને વતનથી બેવતન કરી દીધા, ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આવા નિર્દય,

નિષ્ઠુર, ક્રૂર કાફિરો સાથે લડાઈ કરવાની પરવાનગી આપી દીધી અને ખૂંખાર દુશ્મનોના અત્યાચારોનો ભોગ બનેલાઓને પોતાનો બચાવ કરી લેવાની છૂટ આપી દેવામાં આવી.

કુર્આનમાં મળેલી યુદ્ધની પરવાનગી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઉરવહ બિન ઝુબૈર અને બીજા ધર્મજ્ઞાનીઓ તરફથી મને જે માહિતી મળી તેના આધારે જિહાદ કે ધર્મયુદ્ધની પરવાનગી અંગે સર્વપ્રથમ કુર્આનની આ આયતો નાઝિલ થવા પામી :

ઉઝિન લિલ-લઝીન	પરવાનગી આપવામાં આવી લડાઈની એવા લોકોને,
યુકાતિલૂન.	જેઓની સાથે કાફિરો લડે છે.
બિઅન-નહુમ ઝુલિમૂ	કેમકે એમની ઉપર જુલમ ગુજારવામાં આવ્યો છે.
વઇન-નલ્લાહ	અને બેશક અલ્લાહ
અલા નસરિહિમ લ-કદીર.	તેઓની મદદ પર શક્તિમાન છે.
અલ-લઝીન ઉખરિજૂ	આ તે લોકો છે જેઓને હાંકી કાઢવામાં આવ્યા છે,
મિન દિયારિહિમ બિગૈરે-હક્ક.	તેઓના ઘરોમાંથી વિના કારણે.
ઇલ્લા અંય યકૂલુ	ફક્ત એટલા વાંકે કે તેઓ કહે છે :
રબ્બુ-નલ્લાહ.	અમારો પાલનહાર અલ્લાહ છે.
વ-લવલા દફઉલ-લાહિન્નાસ	અને જો હટાવતા નહિ રહે અલ્લાહ લોકોને
બઅ-દહુમ બિ-બઅદ	અમુકને અમુકથી,
લહુદ-દિમત સવામિઉ	તો તોડી પાડવામાં આવતે સંન્યાસીઓના મઠો
વ બિયઉંવ વ સલવાતુંવ	અને ખ્રિસ્તીઓના દેવળો અને યહૂદીઓના ગિરજાઓ
વ મસાજિદુ	અને મુસલમાનોની મસ્જિદો;
યુઝકરુ ફીહસ-મુલ્લાહિ કસીરા.	જેમાં અલ્લાહનું પુષ્કળ નામ લેવામાં આવે છે.
વ-લ-યન-સુરન-નલ્લાહુ	અને જે કોઈ મદદ કરશે અલ્લાહની
મંય યન-સુરુહૂ.	તો અલ્લાહ તરફથી જરૂર તેની મદદ કરવામાં આવશે.
ઇન્નલ્લાહ લ-કવિય્યુન અઝીઝ.	બેશક અલ્લાહ બહુ બળવાન અને જોરાવર છે.
અલ્લઝીન ઇમ-મક-કન્નાહુમ	આ એવા લોકો છે કે જો અમે તેઓને સત્તા આપીએ
ફીલ-અર્દ અકામુસ-સલાત્	ધરતી પર, તો તેઓ નમાઝની પાબંદી કરે,
વ આતુઝ-ઝકાત્	અને ઝકાત આપે,
વ અમરૂ બિલ-મઅરૂફ	અને નેકીઓનો હુકમ કરે,
વનહવ અનિલ મુન્કર.	અને બુરાઈઓથી રોકે,
વ લિલ્લાહિ આકિબતુલ-ઉમૂર.	અને અલ્લાહના અધિકારમાં છે બધાં કામોનો અંજામ.

એટલે જિહાદ કે ધર્મયુદ્ધની છૂટ મુસલમાનોને ફક્ત પોતાના બચાવ કે સ્વરક્ષણ ખાતર જ આપવામાં આવી. કારણ કે એક અલ્લાહની બંદગી અને એક અલ્લાહને પોતાનો પાલનહાર માનવા સિવાય તેઓનો બીજો કોઈ વાંક ન હતો.એવા લોકોને ધરતીની સત્તા આપી દેવામાં આવે તો તેઓ નમાઝ કાયમ કરે, ઝકાત આપે, નેકીઓનો હુકમ આપે, બુરાઈઓથી રોકે. એમાં ''એવા લોકો''થી મતલબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

Maktabe Ashraf

વ સલ્લમ અને આપના સાથીઓ છે. અલ્લાહ એ સૌથી રાઝી રહો !

એ પછી કુર્આનની આ આયત ઉતારવામાં આવી :

વ કાતિલૂ હુમ હત્તા	એવાઓની સાથે જંગ કરો ત્યાં સુધી કે,
લા તકૂન ફ઼િત્નહ	ફ઼િત્નો બાકી ન રહે,
વ યકૂનદ-દીનુ લિલ્લાહ	અને દીન માત્ર અલ્લાહ માટે રહી જાય.

એટલે કટ્ટર મુશરિકો કે બેરહમ ત્રાસવાદીઓ, મઝહબના મામલામાં વિકરાળ પ્રાણીઓ જેવા બનીને મુસલમાનો પર જંગલી ત્રાસો ન ગુજારી શકે. ફકત એક જ અલ્લાહની બંદગી કરી શકાય અને લેભાગુ ભગવાનોની બંદગીનો અંત આવી જાય.

મદીનહની હિજરતનો હુકમ————ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ જયારે પોતાના પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઇસ્લામના દુશ્મનો સાથે જંગની પરવાનગી આપી દીધી અને મદીનહના અન્સારના બંને કબીલાએ ઇસ્લામ સ્વીકારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદની પ્રતિજ્ઞા લીધી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહના મુસલમાનોને મદીનહ હિજરત કરી જવાનો અને ત્યાં જઇને પોતાના અન્સાર ભાઇઓ સાથે રહેવાનો હુકમ આપતાં ફરમાવ્યું.

ઇન્નલ-લાહ કદ્ જઅલ્ લકુમ	બેશક બનાવી દીધા અલ્લાહએ તમારા માટે
ઇખ્વાનન-વ-દારન	એવા ભાઇઓ અને એવા ઘરો
તઅ-મિનૂન બિહા.	જયાં તમે નિર્ભય રીતે રહી શકશો. [૧]

આદેશ મળતાં મુસલમાનોની છૂટક-છૂટક ટુકડીઓ છુપી રીતે મક્કહથી નીકળીને મદીનહ તરફ જવા લાગી અને પછીતો એની પરંપરા લાગી ગઇ. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં મક્કમ રહીને અલ્લાહના હુકમની રાહ જોવા લાગ્યા કે આપને પણ મક્કહથી નીકળીને મદીનહ હિજરત કરી જવાની અલ્લાહ તરફથી પરવાનગી મળવા પામે !

મદીનહના સૌથી પહેલા મુહાજિર————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુહાજિરીન સહાબામાંથી સર્વપ્રથમ હિજરત કરનારા, કુરૈશની શાખ બનૂ મખઝૂમના, હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ હતા.[૨] એમનું અસલ નામ અબ્દુલ્લાહ હતું. બૈઅતે-અકબહનો પ્રસંગ સર્જાયો તેના એક વરસ પહેલાં, હઝરત અબૂ સલમહ મક્કહ છોડીને મદીનહ હિજરત કરી ગયા. બન્યું એમ કે મુલ્કે-હબશહથી મક્કહ પાછા આવી જવા બાદ કુરૈશી કાફ઼િરોના આડંપડ અને જંગલી ત્રાસોથી એકદમ તંગ આવી ગયા હતા. જયારે અકબહ સ્થળે મદીનહના કેટલાક ગૃહસ્થોના મુસલમાન બની જવાના સમાચાર કાને પડયા તો હિજરતના ઇરાદે મક્કહ છોડીને મદીનહ તરફ ઉપડી ગયા.

બીબી ઉમ્મે સલમહની આપવીતી————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ સલમહ અને

૧. એટલે મદીનહમાં તમારા અન્સાર ભાઇઓના ઘરોમાં - જને તમે શાંતિથી રહી શકશો. ''હ''

૨. હઝરત અબૂ સલમહ રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધભાઇ અને આપના ફોઇ બર્રહ બિન્તે અબ્દુલ-મુત્તલિબના ફરઝંદ હતા. અબૂ સલમહની વફાત બાદ બીબી ઉમ્મે સલમહની દિલદારી માટે આપે તેમની સાથે નિકાહ કરી લીધા હતા. ''હ''

Maktabe Ashraf

તમને જેમ બીબી ઉમ્મે સલમહની હિજરતની આ કહાણી મારા પિતાજી ઈસ્હાક બિન યસારે મને કહી સંભળાવી. મારા પિતાજીએ આ કહાણી સલમહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન અબૂ સલમહના મુખે સાંભળી અને સલમહ બિન અબ્દુલ્લાહએ પોતાના દાદીઅમ્મા બીબી ઉમ્મે સલમહના મુખે તેમની આ આપવીતી સાંભળી. બીબી ઉમ્મે સલમહ તે ખાતૂન છે જેઓ પોતાના પતિ અબૂ સલમહની વફાત બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં હતાં.

બીબી ઉમ્મે સલમહ પોતાની આપવીતી ટાંકતાં ફરમાવે છે : "જ્યારે મારા ખાવિન્દ અબૂ સલમહએ મક્કહ છોડીને મદીનહ હિજરત કરી જવાનો પાકો ઈરાદો કરી લીધો તો પોતાના ઊંટને પ્રવાસ માટે તૈયાર કરીને તેની પીઠ પર મારા માટે કાઠી કસી લીધી કે જેથી હું તેમાં આરામથી બેસીને સફર કરી શકું. એ પછી તેમણે મને ઊંટ પર સવાર કરાવીને મારા બાળક સલમહને મારા ખોળામાં આપી દીધું.[1] અને પોતે ઊંટનો અછોડો પકડીને પગપાળા ચાલી નીકળ્યા.

આ તરફ અમે રવાના થયા તો બીજી તરફ આ સમાચાર મારા પિયેરવાળા બનૂ મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર મખ્ઝૂમના લોકોને મળી ગયા. એજ વેળા તેઓ ભાગમભાગ દોડી આવ્યા અને આવતાં જ તેઓએ અમને ઘેરી લીધા અને અબૂ સલમહને અટકાવીને કહેવા લાગ્યા, "અબૂ સલમહ! તું પોતે તો રકઝક કરીને કે સામા જવાબો આપીને અમારા કાબૂમાંથી નીકળી ગયો છે એટલે તારી પોતાની જાત માટે તને અધિકાર છે. તારે જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા અને જે કરવું હોય તે કર, પણ ઉમ્મે સલમહ તો અમારી બેટી છે. એને લઈ જવાનો તને કશો અધિકાર નથી. હું કામ અમે એને શહેરગામની રખડપટ્ટી માટે તારી સાથે જવા દઈએ?"

આમ કહીને તેઓએ ઊંટનો અછોડો અબૂ સલમહના હાથમાંથી ઝૂંટવી લીધો અને મને મારા બાળક સાથે જબરજસ્તીથી ઊંટ પરથી ઉતારી લઈને પોતાને પંથે પડી ગયા. બીજી તરફ જ્યારે આ સમાચાર અબૂ સલમહના કુટુંબીજનો બનૂ અબ્દુલ-અસદને મળતાં તેઓ ગુસ્સામાં આવી ગયા. તાબડતોડ તેઓ મારા પિયેરવાળા પાસે દોડી ગયા અને તેઓ તરફ ધસી જઈને કહેવા લાગ્યા, "આ બાળક તમારૂં નહિ અબૂ સલમહનું છે. તમે અમારા ભાઈની બીબી છીનવી લીધી તો વલ્લાહ ! અમે પણ અમારા બાળકને તેની મા પાસે નહિ રહેવા દઈએ !"

એ પછી મારા બાળક વિષે બંને પક્ષોમાં ખેંચાતાણી થવા લાગી. આ ઝપાઝપીમાં મારા બાળકનો હાથ પહોંચામાંથી ઊતરી ગયો અને એજ હાલતમાં બનૂ અબ્દુલ-અસદવાળા મારા બાળકને લઈને ચાલતા થઈ ગયા. આ તરફ મારા કુટુંબીજનોએ મને પોતાના ઘરમાં પૂરી દીધી અને તે તરફ મારા ખાવિન્દ અબૂ સલમહ નિરાશ વદને અને ઉદાસ ચિત્તે એકલવાયા મદીનહ તરફ સિધાવી ગયા.

આ રીતે એ જાલિમ લોકોએ મને અને મારા ખાવિન્દમાં અને મારા બાળકમાં જુદાઈ કરાવી દીધી. [illegible] ના [illegible] જેવી [illegible].

વિયોગના દુઃખની દર્દનાક કહાણી——— — હવે મારા વહાલાંઓના વિયોગમાં મારી એવી દશા

૧. બીબી ઉમ્મે સલમહનું મૂળ નામ હિન્દહ અથવા રમલહ હતું. બાળકના નામ પરથી ઉપનામ ઉમ્મે સલમહ થયું એટલે સલમહ[illegible] "[illegible]"

થઈ કે રોજ પ્રભાત થતાં ઘરમાંથી નીકળી પડતી. અબ્તહની ખીણનાં ધૂળમાં એટલી અટૂલી બેસીને સાંજ સુધી ચોધાર આંસુએ રડયા કરતી. પૂરૂં એક વરસ કે એટલો જ સમય મુજ દુખિયારીની આ દશા ચાલુ રહી. અંતે એક દિવસે બનૂ મુગીરહનો એક શખ્સ મારી પાસેથી પસાર થયો. એ મારો ચચેરો ભાઈ હતો. એને મારી દર્દનાક દશા પર દયા આવી ગઈ. મારી કરૂણ હાલત જોઈને એનું હૈયું પીગળી ગયું. લાગલો જ બનૂ મુગીરહ પાસે જઈને કહેવા લાગ્યો, ''તમે તે કેવા ઘાતકી લોકો છો ! શું કામ આ બાપડી નિરાધાર સ્ત્રીને રિબાવો છો ? એના ખાવિન્દને તમે ચાલતો કરી દીધો. એના બાળકને તમે વિખૂટું પાડી દીધું. એની દુખી હાલતથી શું તમારૂં દિલ દુભાતું નથી ?''

છેવટે તેઓએ મને કહી દીધું, ''ઉમ્મે સલમહ ! તારી ઈચ્છા હોય તો તારા ખાવિન્દ પાસે ચાલી જા.''

જ્યારે મારા ખાવિન્દ પાસે જવાની મને પરવાનગી મળી ગઈ તો અબ્દુલ-અસદના લોકોએ પણ મારૂં બાળક મને પાછું આપી દીધું. એ પછી હું મારા બાળક સાથે મારા ઊંટ પર સવાર થઈને અલ્લાહને ભરોસે એકલપંડે મદીનહ તરફ જવા માટે નીકળી પડી. દુનિયાના લોકોમાંથી કોઈ મારો મદદગાર કે કોઈ મારા સંગાતે ન હતો. મેં મનોમન કહ્યું, ''હે અલ્લાહ ! તારી તરફથી કોઈ ગૈબી મદદ મળે તો કેવું સારૂં કે, હું મારા ખાવિન્દ પાસે મદીનહ સહીસલામત પહોંચી જાઉં !''

અલ્લાહ તરફથી મળેલી ગૈબી મદદ————બારગાહે-ઈલાહીમાં માગેલી મારી આ દુઆ બેકાર નહિ ગઈ. જ્યારે હું તન્ઈમ સ્થળે પહોંચી તો બનૂ અબ્દે-દારવાળા ઉસ્માન બિન તલહા બિન અબી તલહા મારા જોવામાં આવ્યા. તેમણે મને જોતાં જ પૂછયું, ''હે અબૂ ઉમૈયહની બેટી ! કયાંનો ઈરાદો છે ?''

''મારા ખાવિન્દ પાસે મદીનહ જવું છે.'' મેં જવાબ આપ્યો.

''શું કોઈ તમારા સંગાતે નથી ?'' ઉસ્માને બીજો સવાલ કર્યો.

મેં કહ્યું, ''અલ્લાહ અને આ બાળક સિવાય કોઈ નથી.''

''વલ્લાહ !''તેઓ બોલ્યા, ''આ જંગલ બયાબાનમાં તમને અટૂલી મૂકી શકાય નહિ. ચાલો હું તમારા સંગાતે આવું છું.''

આમ કહીને તેમણે મારા ઊંટની મિહાર પકડી લીધી અને પોતે પગપાળા ઊંટને દોરતા આગળ ચાલવા લાગ્યા. અલ્લાહના સોગંદ ! મેં અરબના કોઈ પુરૂષને ઉસ્માન જેવો શરીફ, સંસ્કારી અને સદાચારી નહિ જોયો. એમની આ હાલત હતી કે, કોઈ મંઝિલે વિસામો લેવા થોભતા તો પ્રથમ મારા ઊંટને બેસાડીને પોતે ત્યાંથી ખસી જતા. હું મારા બાળકને લઈને ઊતરી પડતી ત્યારે તેઓ ઊંટની કાઠી ઉતારીને ઊંટને ઝાડ સાથે બાંધી દેતા. પછી ઊંટની પીઠ પરથી સામાન ઉતારતા અને પોતે દૂર જઈને કોઈ ઝાડના સાયા તળે આરામ કરતા. એ પછી કૂચનો સમય થતો ત્યારે ઊંટને લાવીને બેસાડી દેતા. પોતે અલગ થઈને ઊભા થઈ જતા અને મને ઊંટ પર બેસી જવાનું કહેતા. જ્યારે હું મારા બાળક સાથે સવાર થઈ જતી તો પોતે ઊંટને દોરીને ચાલી નીકળતા.

સારાંશ કે દરેક મંઝિલે વિસામા લેતી વેળા એજ નિયમને તેઓ વળગી રહ્યા. મદીનહ સુધીનો પૂરો પ્રવાસ એજ નિયમને આધીન રહીને તેમણે પૂરો કર્યો. જ્યારે અમે મદીનહની ભાગોળે પહોંચ્યાં અને કુબામાં બનૂ અમ્ર બિન ઔફની વસતિના ઘરો દેખાવા લાગ્યાં તો ઉસ્માને મને કહ્યું, ''હે બહેન ઉમ્મે સલમહ !

તમારા ખાવિન્દ આ વસતિમાં જ હોવા જોઈએ. (અને અબૂ સલમહએ ખરેખર એજ વસતિમાં ઉતારો લીધો હતો.) હવે તમે અલ્લાહનું નામ લઈને તેની પાસે પહોંચી જાવ.'' [૧]

આમ કહીને ઉસ્માન મક્કહ તરફ પાછા વળી ગયા. ચાલતા આવ્યા હતા અને ચાલતા મક્કહ તરફ હાલી નીકળ્યા. મારા ખાવિન્દ અબૂ સલમહ એજ વસતિમાં રહેતા હતા.

હઝરત ઉમ્મે સલમહ રદિયલ્લાહુ અન્હા કહ્યા કરતાં, ''અલ્લાહના સોગંદ ! હિજરત કરનાર કોઈ મુસલમાન કુટુંબ પર, એટલી આફતો તૂટી પડવાનું મારી જાણમાં નથી જેટલી આફતો, અબૂ સલમહના કુટુંબ પર તૂટી પડી અને ઉસ્માન બિન તલહાથી વધારે શરીફ, વધારે સંસ્કારી, વધારે સદાચારી કે સજ્જન સાથી બીજો કોઈ મેં જોયો નથી.''

મક્કહ છોડનારા બીજા મુહાજિરો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ સલમહ પછી ઘરબાર છોડીને મક્કહથી નીકળી જનારાઓમાં સૌથી પહેલાં જે ગૃહસ્થ મદીનહ આવ્યા તે હઝરત આમિર બિન રબીઅહ હતા જેઓ બનૂ અદી બિન કઅબના કરારી હતા. એમની સાથે એમના બેગમ લયલા બિન્તે અબી હસમહ બિન ગાનમ પણ હતાં.

એમના પછી હઝરત અબ્દુલ્લાહ બિન જહશ બિન રિઆબ બિન યઅમુર.......બિન અસદ બિન ખુઝૈમહ જેઓ બનૂ ઉમૈયહ બિન અબ્દે શમ્સના કરારી હતા. તેઓ પોતાના ઘરવાળાંઓ સહિત પોતાના ભાઈ અબ્દ બિન જહશને પણ મદીનહ ખેંચી લાવ્યા જેઓનું ઉપનામ અબૂ અહમદ હતું. એ આંખે અંધ હતા અને મોટા શાઇર પણ હતા. મક્કહના ઊંચાનીચા કે ઢેકાઢૈયાવાળા મહોલ્લાઓમાં કોઈની મદદ વગર મરજી પડે ત્યાં હરીફરી શકતા હતા. એમના બેગમનું નામ ફરઆ અથવા ફારિઆ હતું. જેઓ મક્કહના આગેવાન અને કુરૈશી લશ્કરના સેનાપતિ અબૂ સુફ્યાન બિન હર્બની પુત્રી હતાં. એમની માનું નામ ઉમૈમહ હતું જે અબ્દુલ -મુત્તલિબ બિન હાશિમની બેટી હતાં.

ખાલી પડેલાં ઉજ્જડ ઘરો——————બનૂ જહશના આખા કુટુંબની હિજરત પછી એમનું મક્કહનું ઘર અવાવરૂ પડી રહ્યું. એની ભાંગી પડેલી જર્જરિત ભીંતો પાસે આજે અબાન બિન ઉસ્માનનું ઘર આવેલું છે. એજ અરસામાં એક દિવસે ઉત્બહ બિન રબીઅહ, અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ અને અબૂ જહલ બિન હિશામ મક્કહના ઊંચા મહોલ્લા તરફ જતાં પેલા ઘર પાસેથી પસાર થયા. ઉત્બહ બિન રબીઅહએ જોયું કે ઘર ખાલી પડેલું છે અને ખંડેર જેવું બની જવાને કારણે તેના બારીબારણા ધણધણી રહ્યાં છે. ઘરની આ હાલહવાલી જોઈને તેણે ઠંડો નિસાસો નાખ્યો અને કહ્યું :

વ કુલ્લુ દારિંવ-વ-ઇન તાલત સલામતુ-હા, • યવમન સતુદ-રિકુહન-નકબાઉ વલ-હૂબુ.

દરેક મકાન ભલેને તે ગમે તેટલી મુદ્દત આબાદ અને સલામત રહે પણ એક દિવસે જરૂર તે વિનાશ-

૧. ઉસ્માન બિન તલહા બિન અબી તલહા મક્કહના મોટા આગેવાનોમાં અગ્રસ્થાન ધરાવતા હતા. મક્કહ અને કઅબહના વહીવટી તંત્રમાં બે અગત્યના ઓહદા ભોગવતા હતા. એક કઅબહની ચાવી રાખવાનો ઓહદો અને બીજો કુરૈશના લશ્કરી ખાતામાં યુધ્ધનો વાવટો રાખવાનો ઓહદો. તે પેલા સુધી મુશરિક હતા એટલું જ નહિ, ઇસ્લામના અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટર દુશ્મન હતા. પોતાના કાકાભાઈ હઝરત મુસઅબ બિન ઉમૈરને મુસલમાન બનવાને વાંકે આકરી સજાઓ કરી હતી. બીબી ઉમ્મે સલમહ સાથે કોઈ કરીબી સગાઈ પણ ન હતી. હુદૈબિયહની સુલેહ પછી મુસલમાન બન્યા. હઝરત ખાલિદ બિન વલીદ સાથે હિજરત કરીને મદીનહ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરીને ઇસ્લામમાં દાખલ થઈ ગયા. ''હ''

વંટોળમાં સપડાઇને કરૂણ અંજામે પહોંચી જાય છે.

પછી ઉત્બહએ ભારે ખેદથી કહ્યું, "અફસોસ ! આજે બનૂ જહશનું હર્યુંભર્યું ઘર પણ તબાહ થઇ ગયું!"

આ સાંભળીને અબૂ જહલ તડૂકયો, "એકાદ ઘરની તબાહી પર શું રડે છે ? અને એકાદ ગુમનામ માણસના ગુમ થવાનો ગમ કેવો ? જાણતો નથી આ બધાં કારસ્તાન મારા ભત્રીજા મુહંમદના છે ? તેણે જ આપણી જમાઅતમાં ફાટફૂટ નાખી છે. તેણે જ આપણા સંગઠનના ફુરચા કર્યા છે. તેણે જ આપણી ભાઇબંધીના ભૂકકા વેર્યા છે."

મુહાજિરીન અને મુહાજિરાત————સારાંશ કે હઝરત અબૂ સલમહ, હઝરત ઉમ્મે સલમહ, હઝરત આમિર બિન રબીઅહ, હઝરત અબ્દુલ્લાહ બિન જહશ, એમના ભાઈ હઝરત અબૂ અહમદ બિન જહશ, એમના બાલબચ્ચાં વગેરે મદીનહના ઉપનગર કુબામાં, અમ્ર બિન ઔફના મહોલ્લામાં, મુબશ-શિર બિન અબ્દુલ-મુનઝિર પાસે જઇને રહેવા લાગી ગયા.

એમના પછી તો જાણે મક્કહથી મદીનહ જનારાઓની લંગાર લાગી ગઈ. મુહાજિરોના ટોળેટોળાં ધડાધડ આવવા લાગ્યાં. બનૂ ગનમ બિન દૂદાનના મુસલમાન બનેલાં બધાં જ સ્ત્રી-પુરૂષો આવી ગયાં. ઉકાશહ બિન મુહસિન, શુજાઅ અને ઉકબહ, વહબના બંને પુત્રો અને અરબદ બિન હુમીરહ પણ મદીનહ આવી ગયા.

એ ઉપરાંત મુનકઝ બિન નિબતહ, સઈદ બિન રુકૈસ, મુહસિન બિન નદલહ, યઝીદ બિન રુકૈસ, કૈસ બિન જાબિર, અમ્ર બિન મુહસિન, માલિક બિન અમ્ર, સફવાન બિન અમ્ર, રબીઅહ બિન અકતુમ, ઝુબૈર બિન ઉબૈદહ, સંજરહ બિન ઉબૈદહ, મુહંમદ બિન અબ્દુલ્લાહ બિન જહશ અને એમની ઓરતોમાંથી ઝૈનબ બિન્તે જહશ, ઉમ્મે હબીબહ બિન્તે જહશ, જુદામહ બિન્તે જન્દલ, ઉમ્મે કૈસ બિન્તે મુહસિન, ઉમ્મે હબીબ બિન્તે સુમામહ, આમિનહ બિન્તે રુકૈસ, સંજરહ બિન્તે તમીમ, હમિનહ બિન્તે જહશ એ બધાં મક્કહથી હિજરત કરીને મદીનહ આવી ગયાં. અલ્લાહ તઆલા એ સૌથી રાઝી રહે !

અંધ કવિ અબૂ અહમદનું કાવ્ય————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ અસદ બિન ખુઝૈમહવાળા અંધ શાઇર હઝરત અબૂ અહમદ બિન જહશે પોતાની કૌમને છોડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ હિજરત કરી અને હિજરતની દઅવતનો બધાએ એકમતે સ્વીકાર કરી લીધો. એજ પ્રસંગને કાવ્યમાં ગૂંથી લેતાં અબૂ અહમદ કહે છે :

વ લવ હ-લ-ફત બૈનસ-સફા ઉમ્મે-અહમદિન, • વ મર-વતિહા બિલ્લાહિ બર્રત યમીનુહા.

અગર ઉમ્મે અહમદ, સફા અને મર્વહની વચ્ચે સોગંદ ખાય લે તો તે પોતાના સોગંદમાં સાચી જ ઠરશે;

લ - નહલનુલ-ઊલા કુન્ના બિહા સુમ્મ લમ નઝલ, • બિ મક્કતા હત્તા આદ ગુસ્સન સમીનુહા.

તે અમે જ હતા જેઓ મક્કહમાં (ઠાઠથી) નિવાસ કરતા હતા અને અમે મક્કહને ત્યાં સુધી નહિ છોડયું જયાં સુધી કે ત્યાંના તગડા લોકો દૂબળા નહિ બની ગયા. (અથવા આબરૂદારો હલકટ નહિ બની ગયા.)

ઇલલ-લાહિ તગદૂ બૈન મસ્નય વ વાહિદિન, • વ દીનુ રસૂલિલ-લાહિ બિલ હક્કે દીનુહા.

એકેક, બબ્બે કરીને અલ્લાહ તરફ હિજરત કરતા જઇ રહ્યા છે અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સાચો દીન તેઓનો વહાલો દીન બની ગયો છે.

એજ અંધ કવિ હઝરત અબૂ અહમદે આ શેઅરો પણ કહ્યા છે :

લમ્મા રઅત-ની ઉમ્મુ અહ્‌મદા ગાદિયન, • બિ-ઝિમ્મતી મન અખ્શાહ બિ-ગૈબે વર-હબુ.

જ્યારે ઉમ્મે અહમદે મને જોયો કે હું તે મહાન જાતને ભરોસે વહેલી સવારે સફર માટે ઊભો થઈ ગયો છું. તે મહાનજાત કે જેને જોયા વગર હું તેનાથી ડરૂં છું અને થરથર કાપું છું.

તકૂલુ ફ-ઈમ્મા કુન્તા લા બુદ્દા ફાઈલન, • ફ-યમ્મલ બિનલ-બુલદાન વલ-તુનઅ યસ્‌રિબુ.

ત્યારે ઉમ્મે અહમદ મને કહે છે કે તમારે પ્રવાસ કરવો જ છે તો યસ્‌રિબ એટલે મદીનહથી દૂર બીજા મુલ્કોમાં મને લઈ ચાલો.

ફ-કુલ્તુ લહા બલ યસ્‌રિબુલ-યવમ વજ-હુના, • વમા ય-શા-ઈર રહમાનુ ફલ-અબ્દુ યરકબુ.

તો મેં તેને કહ્યું, (નહિ બીજા મુલ્કોમાં આપણે જવાના નથી) બલકે યસ્‌રિબ એટલે મદીનહ શહેર જ આપણા લક્ષનો કિબ્લો છે. અને હકીકત આ છે કે રહમાન જે ચાહે છે, બંદો તેજ કામ કરે છે.

ઈલલ-લાહિ વજહી વર-રસૂલિ વમંય-યુકિમ, • ઈલલ-લાહિ યવમન વજ-હહૂ લા યુખય-યબુ.

મારૂં ધ્યાન અલ્લાહ તઆલા અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ છે. જે માણસ કોઈકવાર પણ અલ્લાહ તરફ ધ્યાન આપી દે તો તે નાસીપાસ થતો નથી.

વ કદ કમ તરક-ના મિન હમીમિન મુનાસિહિન, • વ નાસિહતિન તબ્કી બિ-દમ્ઈન વ તન્દબુ.

અને અમે કેટકેટલા ભલું ચાહનારા પાકા દોસ્તો તથા ભલું ચાહનારી, અશ્રુ સારનારી, રોતી-ચિલ્લાતી સ્ત્રીઓને છોડી આવ્યા છીએ.

તરા અન્ન વતરન નઅયુના અન બિલાદિના, • વ નહનુ નરા અન્નર રગાઈબા નત્લુબુ.

તે ભલી સ્ત્રીઓનું માનવું છે કે અમે પોતાની વસતિઓથી અટૂલા પડી જઈશું, જ્યારે કે અમારૂં માનવું છે કે અમે મનગમતી વસ્તુઓની ખોજમાં નીકળેલા છીએ.

વ કુન્ના અસ્હાબન લના ફારકૂલ-હુદા, • અઆનૂ અલૈના બિસ-સલાહિ વ અજ-લબુ.

અમારો અને અમારા તે સાથીઓ જેઓએ સત્યથી વેગળા રહેવાનું પસંદ કર્યું, જેઓએ અમારી વિરૂધ્ધ બીજાઓનો સહકાર કર્યો અને હથિયારોથી તેઓની મદદ કરી, અમારો અને તેઓનો દાખલો એવો છે :

ક-ફવજૈને અમ્મા મિન્હુમા ફ-મુવફ-ફકુન, • અલલ-હક્કે મહદિય-યુન વ ફવજુન મુઅઝ-ઝબુન.

જેમકે સામસામે બે લશ્કરો છે. એમાંનું એક લશ્કર અલ્લાહની મદદથી હિદાયત પામેલું છે અને બીજું લશ્કર ટૂંકમાં જ આફતોનો ભોગ બની જનારૂં છે.

તગવ વ તમન-નવ કિઝ-બતન વ અઝલ-લહુમ, • અનિલ-હક્કે ઈબ્લીસુન ફખાબૂ વ ખય્યબૂ.

તેઓએ બળવો પોકારી દીધો અને જૂઠી આશાઓમાં રહી ગયા (એટલે મૂર્ખાઓના સ્વર્ગમાં રાચતા રહ્યા) તો ઈબ્લીસે એટલે શયતાને સીધા રસ્તા પરથી તેઓના કદમ ડગમગાવી દીધા અને તેઓ નિષ્ફળ થઈ ગયા બલકે તેઓને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યા.

વ રુઅના ઈલા કવલિન-નબીય્ય મુહંમદિન, • ફ-તાબ વલાતુલ હક્કા મિન્ના વ તૈયબુ.

અમે અલ્લાહના નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાત તરફ વળી ગયા અને સત્યની સરપરસ્તી કરનારા તરીકે પાકસાફ થઈ ગયા બલકે અમને પાકસાફ કરી નાખવામાં આવ્યા.

Maktabe Ashraf

પ્રકરણ ૭૧

મક્કહના મુહાજિરો મદીનહમાં

હઝરત ઉમર ફારૂકની હિજરત • પ્રપંચી ભાઈઓએ ગોઠવેલું છટકું • હઝરત ઐયાશની ગિરિફતારી • અલ્લાહની ઊતરેલી રહમત • કાફિરોની કેદમાંથી છુટકારો • છુટકારાની બીજી રિવાયત • મદીનહમાં મુહાજિરોના ઉતારા • હઝરત સુહૈબની લાજવાબ કુરબાની • હઝરત હમઝહ અને બીજા મુહાજિરો.

Maktabe Ashraf

હઝરત ઉમર ફારૂકની હિજરત————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી હઝરત ઉમર ફારૂક બિન ખત્તાબ અને હઝરત ઐયાશ બિન અબી રબીઅહ મખઝૂમી રદિયલ્લાહુ અન્હુમા હિજરત માટે તૈયાર થયા અને મક્કહથી નીકળીને મદીનહ પહોંચી ગયા.[૧]

પોતાની હિજરતની કથા વર્ણવતાં હઝરત ઉમર ફરમાવે છે : "જ્યારે અમે એટલે મેં પોતે અને ઐયાશ બિન અબી રબીઅહએ અને હિશામ બિન આસ બિન વાઈલ સહમીએ મદીનહની હિજરતનું નક્કી કરીને એવું ઠરાવ્યું કે, કાલે સવારે આપણે ત્રણેએ "સરફ" મુકામે, બનૂ ગિફારના તળાવ પાસે આવેલી કાંટાળી ઝાડીઓ પાસે ભેગા થઈ જવું. જે માણસ નક્કી કરેલા સમયે ન આવે તેના માટે માની લેવું કે તે કોઈ સંકટમાં સપડાઈ ગયો છે. આમ ઠરાવીને અમે ત્રણે જણ વિખૂટા પડયા.

બીજી સવારે નક્કી કરેલા સમયે હું અને ઐયાશ બિન અબી રબીઅહ ઠરાવેલા સ્થળે એટલે સરફ મુકામે આવેલી ઝાડીઓ પાસે પહોંચી ગયા[૨] પણ હિશામ બિન આસ બિન વાઈલ સહમી આવ્યા નહિ ત્યારે અમે માની લીધું કે એ કુરૈશની દોટે ચઢી ગયા છે. પછીથી મળેલી માહિતી મુજબ ખરેખર કુરૈશે એમને આગીની પળે ઝડપી લઈને આકરી કસોટીમાં સપડાવી દીધા હતા. હું અને ઐયાશ અમારા કાફલા સાથે હેમખેમ મદીનહ

---

૧. હઝરત અલી રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : બીજા મુસલમાનો છુપી રીતે હિજરત કરવા લાગ્યા. ઉમર ફારૂકે હિજરતનું નક્કી કર્યું તો તલવાર ગળે લટકાવી, ભાલો કમરે બાંધ્યો, તીરોનું ભાથું ખભે ભેરવ્યું, કામઠું હાથમાં ઝાલ્યું. ઘોડા પર સવાર થયા. સીધા કાબહમાં પહોંચ્યા. તવાફના સાત ફેરા કર્યા. મકામે-ઇબ્રાહીમ પર નમાઝ પઢી. કુરૈશના લો[illegible] પોતપોતાની મંડળીમાં મજલિસો જમાવીને [illegible]તોના [illegible] ઉડાવતા હતા. ઉમરને તવાફ કરતા જોઈને બધાના કાન સરવા થઈ ગયા. [illegible]રે તેઓને પડકાર્યા, "જેની ઇ[illegible]છા હોય કે તે [illegible]ની મા ને રડાવે, પત્નીને વિધવા બનાવે, બાળકોને યતીમ છોડે, હરમથી બહાર નીક[illegible] અને મારી સાથે બબ્બે હાથ કરી લે!" હઝરત અલીનું બયાન છે : બધા કુરૈશ ગુમસુમ બેસી રહ્યા. મજલિસોમાં સોપો પડી ગયો. કોઈ કંઈ બોલ્યું નહિ. (સીરતે અહમદ મુજતબા જિ ૧ પા. ૪૬૯)"૬"

૨. સરફ : મક્કહથી દસ બાર માઈલના અંતરે મદીનહની દિશાએ આવેલું એક સ્થળ.

પહોંચી ગયા. ત્યાં કુબામાં અમે બનૂ અમ્ર બિન ઔફને ત્યાં ઉતારો લીધો. [૧]

પ્રપંચી ભાઇઓએ ગોઠવેલું છટકું————હઝરત ઉમર ફરમાવે છે : અમારી પૂઠે અબૂ જહલ બિન હિશામ અને હારિસ બિન હિશામ પણ મારતી સવારીએ આવી લાગ્યા. એ બંને સગા ભાઇઓ હતા અને ઐયાશ એમના માદરી ભાઇ પણ થતા હતા અને કાકાભાઇ પણ લાગતા હતા. [૨]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અત્યાર સુધી મક્કહમાં જ બિરાજમાન હતા. અબૂ જહલ બિન હિશામ અને હારિસ બિન હિશામ અમારી પાસે મદીનહ આવી લાગ્યા. બંનેએ પોતાના માદરી ભાઇ ઐયાશને કહ્યું, ''હે વહાલા ભાઇ ! તારી માએ સોગંદ લીધા છે કે જ્યાં સુધી તને જોઇ નહિ લે ત્યાં સુધી તે, ન તો વાળોમાં કાંસકી કરશે ન તડકામાંથી ઊઠીને સાયામાં જશે. માટે હે ભાઇ ! તારી માની દયા ખા, અમારી સાથે ચાલ, માને મોં દેખાડ, તેના સોગંદ પૂરા કર અને તેને રાજી કરીને તારી ઇચ્છા હોય તો પાછો આવી જજે !''

આ સાંભળીને ઐયાશનું દિલ પીગળી ગયું. મેં જોયું કે તે જવા માટે તૈયાર છે તો મેં તેને સમજાવતાં કહ્યું, ''હે ઐયાશ ! અલ્લાહના સોગંદ, આ લોકો તને તારા ધર્મથી વટલાવવા માગે છે. ખબરદાર ! એમનાથી ચેતીને ચાલજે. એમના પ્રપંચની જાળમાં ન સપડાજે. સાંભળ, તારી માના માથામાં જૂઓ પડશે અને તે કરડશે તો પોતે કાંસકી કરી લેશે અને મક્કહનો આકરો તડકો આગ બનશે તો પોતે સાયામાં ચાલી જશે.''

ઐયાશે કહ્યું, ''હે ઉમર ! એક તાબેદાર બેટા તરીકે મારી માના સોગંદ મારે જરૂર પૂરા કરવા જોઇએ. વળી ત્યાં મારો થોડોક માલ પણ રહી ગયો છે તે પણ હું સાથે લેતો આવીશ.''

મેં કહ્યું, ''ઐયાશ ! તું જાણે છે તેમ હું કુરૈશનો એક પૈસાપાત્ર કે ખુશહાલ માણસ છું. હું તારા અર્ધા માલ જેટલું તને આપવા તૈયાર છું. પણ આ લોકો સાથે તારે હરગિઝ જવું નહિ.''

આમ છતાં ઐયાશે મારી કોઇ વાત માની નહિ અને જવા માટે હઠ પકડી લીધી. જ્યારે મેં જોયું કે એ કોઇ રીતે માને એમ નથી તો મેં તેને કહ્યું, ''હે ઐયાશ ! તારે તારી હઠ મુજબ એમની સાથે જવું જ છે તો ભલે, લે આ મારી ઊંટણી લઇ જા. એ બહુ જાતવાન, સુનંદી અને ચંચળ છે. એની પીઠ પરથી નીચે ઊતરવું નહિ. રસ્તામાં કંઇ ધોકા કે દગા જેવું લાગે તો એની કૂખમાં પગથી એડ મારી દેજે. પવનવેગે એ તને અહીં લઇ આવશે.''

એ પછી ઐયાશ મારી એજ ઊંટણી પર સવાર થઇને બંને સાથે મક્કહ તરફ ઊપડી ગયો. આગળ જતાં રસ્તામાં એક જગાએ અબૂ જહલે એને કહ્યું, ''અરે ઐયાશ ભાઇ ! જુઓને મારા ઊંટને શું થયું છે ? એ બરાબર ચાલી શકતો નથી. કદાચ થાકી ગયેલો લાગે છે. તમે પોતાની જોડે તમારી ઊંટણી પર મને નહિ

---

૧. ઐયાશ : અરબીના ''ઐશ''માંથી નીકળેલો શબ્દ છે. અરબીમાં ઐશના અર્થ ઝિન્દગી, ખાવાની વસ્તુ જેની ઉપર જીવનનો આધાર હોય જેમકે ખોરાક, રોજીરોટી વગેરે અને ઐયાશ એટલે નાન-ફરોશ - રોટી વેચનાર, બેકરીનો ધંધો કરનાર, ભઠિયારો વગેરે (બયાનુલ લિસાન પેજ ૫૨૮) ''હ''

૨. અબૂ જહલ અને હારિસ સગા ભાઇઓ હતા. જેમના બાપનું નામ હિશામ બિન મુગીરહ હતું અને હિશામના એક ભાઇનું નામ અબૂ રબીઅહ હતું. હિશામના મરણ બાદ અબૂ જહલની માએ અબૂ રબીઅહ સાથે નિકાહ કરી લીધા હતા. અબૂ રબીઅહથી હઝરત ઐયાશનો જન્મ થયો જેથી હઝરત ઐયાશ, અબૂ જહલ અને હારિસના માદરી ભાઇ પણ હતા અને કાકાભાઇ પણ હતા. બાદમાં હારિસ મુસલમાન બની ગયા. (સીરતે સરવરે આલમ જિ.૨ પા. ૭૧૭) ''હ''

બેસાડી લો ?''

હઝરત ઐયાશ ચોખ્ખા મનના સીધાસાદા મુસલમાન માણસ હતા. બોલ્યા, ''હા કેમ નહિં, હે મારા ભાઈ ! તમે ખુશીથી આવીને મારી જોડે બેસી જાવ !''

આમ કહીને ઐયાશે પોતાની ઊંટણીને જમીન પર બેસાડી દીધી કે જેથી અબૂ જહલ પોતાના ઊંટ પરથી ઊતરીને એની ઊંટણી પર સવાર થઈ જાય. આ જોઇને બંને ભાઈઓએ પણ પોતાના ઊંટોને બેસાડી દીધાં અને પોતે જમીન પર ઊતરી પડયા.

હઝરત ઐયાશની ગિરિફતારી————જેવા જ બંને જણ જમીન પર ઊતર્યા કે એજ પળે અબૂ જહલ અને હારિસ ઓચિંતા ઐયાશ પર તૂટી પડયા. બંનેએ મળીને ઐયાશને દોરડાંથી મુશ્કેટાટ જકડી લીધા અને ઊંટણી પર નાખીને મક્કહ તરફ રવાના થઈ ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઐયાશ બિન અબી રબીઅહના ઘરવાળાંઓમાંથી એક જણે કહ્યું કે, અબૂ જહલ અને હારિસ જ્યારે પોતાના માદરીભાઈ ઐયાશને દોરડીથી જકડીને ધોળાદિવસે મક્કહમાં પ્રવેશ્યા તો પોકાર પાડીને કહેતા હતા, ''હે મક્કહના લોકો ! જુઓ અમે અમારા ગાંડા-ગમાર ભાઈને દોરડીથી જકડીને લઈ આવ્યા છીએ. તમારે પણ તમારા ચક્રમ કે ચસ્કેલ ભેજાંના સગાંઓ સાથે એવો જ સુલૂક કરવો જોઈએ!''

અલ્લાહની ઊતરેલી રહમત————હઝરત ઉમર ફારૂક ફરમાવે છે : અમે એવી માન્યતા ધરાવતા હતા કે, જે મુસલમાન કાફિરોના કબજામાં જવા પછી, ઈમાનની આકરી કસોટીમાં સપડાઈને નાછૂટકે કાફિરોની વાત માની લે તો, અલ્લાહ તઆલા ન તેની ફરજિયાત નેકીઓ કબૂલ કરે છે ન તેની મરજિયાત નેકીઓ કબૂલ કરે છે. ન તેની નમાઝ કબૂલ થાય છે ન રોઝા કબૂલ થાય છે. ન તોબા કબૂલ થાય છે. કેમકે એકવાર અલ્લાહને એક માનીને મુસલમાન બનવા બાદ, સંકટોમાં સપડાઈ જવાને કારણે, જાન બચાવવા ખાતર તે ફરીવાર કાફિર બની ગયો હોય છે. આ માન્યતા ફક્ત મારી જ નહિ બલકે મારા જે મુસલમાન ભાઈઓ કાફિરોના પંજામાં સપડાઈને આકરી શિક્ષાઓ ભોગવી રહ્યા હતા તેઓ પણ પોતાના મામલામાં એવી જ માન્યતા ધરાવતા હતા. પરંતુ એ પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા તો લોકોએ આ બાબત અંગે આપને સવાલ કર્યો તો એના જવાબમાં અલ્લાહ તઆલા તરફથી આ આયત ઊતરી:

કુલ યા ઇબા-દિયલ લઝીન	હે નબી ! કહી દો, હે અલ્લાહના તે બંદાઓ જેઓએ
અસ્રફૂ અલા અન-ફુસિ-હિમ	ઝુલ્મ કરી નાખ્યો પોતાની જાનો પર,
લા તક-નતૂ મિર-રહમતિલ્લાહ	તમે નિરાશ થશો નહિ અલ્લાહની રહમતથી,
ઈન્નલ-લાહ	બેશક અલ્લાહ,
યગ-ફિરુઝ-ઝુનૂબ જમીઆ.	માફ કરનારો છે તમામ ગુનાહોને.
ઈન્નહૂ હુવલ-ગફૂરુર-રહીમ.	બેશક તે મોટો ક્ષમાદાતા, મોટો દયાળુ છે.

(આ આયત પારહ ૨૪ની સુરએ-ઝુમુરમાં આવેલી છે અને આયત નંબર ૫૩ છે. એના પછીની બે આયતોનો તરજુમો આ છે :)

''હે મુસલમાનો ! તમે પોતાના પાલનહાર તરફ રજૂ થઈ જાવ, એથી પહેલાં કે તમારા

ઉપર અઝાબ આવી પડે. અને તેના તાબેદાર બની જાવ. (નકર અઝાબ આવી જવા) પછી તમારી મદદ નહિ કરવામાં આવશે.''

''અને જે સર્વશ્રેષ્ઠ વસ્તુ તમારા પાલનહાર તરફથી તમારી તરફ ઉતારવામાં આવી છે તેનું અનુસરણ કરી લો, તે સમયથી પહેલાં કે તમારી ઉપર અચાનક અઝાબ તૂટી પડે અને તમને તેનું ભાન પણ ન હોય.'' [1]

કાફિરોની કેદમાંથી છુટકારો————હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે : ''કાફિરોના પંજામાં સપડાયેલા મુસલમાનોમાં મારા બે સાથીઓ, હિશામ બિન આસ અને ઐયાશ બિન અબી રબીઅહ પણ હતા. જ્યારે કુર્આનમાં દિલાસાની ઉપરની આયત નાઝિલ થઈ તો મેં એક કાગળ લખ્યો અને તેમાં મારા હાથથી એ આયત લખીને હિશામ બિન આસના નામે મક્કહ મોકલાવી આપી.''

હઝરત હિશામ બિન આસનું બયાન છે : ''ઉમરનો એ કાગળ મને મળી ગયો. તેમાં લખેલી આયત મેં વાંચી લીધી પણ તેના અર્થ મને સમજાયા નહિ. મગજ પર ભાર દઈને વાંચવા છતાં તેના અર્થ મને સમજાતા ન હતા. ત્યારે મેં એવું કર્યું કે એ કાગળ લઈને ''ઝી-તુવા''સ્થળે ચાલ્યો જતો. આ સ્થળ મક્કહથી દૂર એક ઢલાણવાળી ભૂમિમાં આવેલું હતું. ત્યાંના શાંત અને એકાંત વાતાવરણમાં વારંવાર એ આયત વાંચતો અને ત્યાંની ઊંચીનીચી જમીન પર ચઢઊતર કરીને આયતનું રહસ્ય ઉકેલવાની મથામણ કરતો. છતાં કોઈ યોગ્ય અર્થ મનમાં બેસતા ન હતાં. ત્યારે હું બારગાહે-ઈલાહીમાં રજૂ થઈ ગયો અને મેં અંતઃકરણથી દુઆ માગી, ''હે અલ્લાહ! આયતના અર્થ મને સમજાવી દે !''

પછી તો અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી મારો સીનો ખોલી દીધો અને મારા દિલમાં નાખી દીધું કે, આયત મારા જ જેવા કસોટીમાં સપડાયેલા લાચારો માટે ઊતરેલી છે. મારી શંકાનું સમાધાન થઈ ગયું. તમામ ડરો અને વસવસાઓ મારા મનમાંથી નીકળી ગયા. એજ વેળા હું મારા ઊંટ પાસે પહોંચી ગયો, તેને બેસાડીને તેની પીઠ પર સવાર થયો અને પવનવેગે સવારી દોડાવતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મદીનહ પહોંચી ગયો.

છુટકારાની બીજી રિવાયત————ઈબ્ને ઈસ્હાક કહે છે : એની વિગત મને એક ભરોસાદાર અને જાણકાર ગૃહસ્થની સનદી રિવાયતથી મળવા પામી છે. બાબત એમ બની કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે હિજરત કરીને મદીનહ પધાર્યા તો એક દિવસે આપે પોતાના સહાબાને ફરમાવ્યું : ''મન લી બિ-ઐયાશિબ્ને અબી રબીઅહ વ હિશામિબ-નિલ-આસ ?'' એટલે કોણ બહાદુર છે જે ઐયાશ બિન અબી રબીઅહ અને હિશામ બિન આસને (કાફિરોની કેદમાંથી છોડાવીને) મારી પાસે લઈ આવે ?''

આપનો સવાલ સાંભળીને વલીદ બિન વલીદ બિન મુગીરહ ઊભા થઈ ગયા અને અદબથી બોલ્યા,

---

૧. હઝરત હિશામ બિન આસ બિન વાઈલ સ્હમી જેઓ હઝરત ઉમર ફારૂક સાથે મક્કહથી હિજરત કરીને મદીનહ જવાના હતા પણ અણીને પ્રસંગે કાફિરોના હાથે ઝડપાઈ ગયા હોવાથી નિમિત સ્થળે પહોંચી શક્યા ન હતા. કુરૈશની કેદમાં પડીને આકરી કસોટીનો ભોગ બની ગયા હતા. સંગદિલ ત્રાસવાદીઓના જંગલી મારથી અકળાઈ-મૂંઝાઈને ઈસ્લામ વિષે નમતું આપી દેવાને કારણે એમને પણ વસવસો થઈ ગયો હતો કે હવે મારી કોઈ નમાઝ, કોઈ નેકી કે તોબા બારગાહે-ઈલાહીમાં કબૂલ થવાની નથી. એમના જ જેવા બીજા મજબૂર અને મઝલૂમ મુસલમાનોની તસલ્લી કે દિલાસા માટે ઉપરની આયત નાઝિલ થઈ કે, ગમે તેવી ભૂલ થાય, અલ્લાહની રહમતથી નિરાશ થવાનું નથી. ફકત શિર્ક એવું પાપ છે જેની માફી નથી અને સાચા દિલની તોબાથી શિર્ક પણ માફ થઈ જાય છે. ''હ''

Maktabe Ashraf

"યા રસૂલુલ્લાહ ! તે હું છું. હું એ બંનેને આપની પાસે લઇ આવવાનું બીડું ઝડપું છું." [૧]

એજ વેળા હઝરત વલીદ બિન વલીદ પોતાના ઊંટ પર સવાર થઇને નીકળી પડ્યા અને મંઝિલ પર મંઝિલ વટાવતા મક્કહ પહોંચી ગયા અને છુપી રીતે પૂરી સાવચેતીથી શહેરમાં દાખલ થઇ ગયા. શું જુએ છે કે એક સ્ત્રી માથે પોટલું મૂકીને જઇ રહી છે. પાસે જઇને પૂછ્યું, "હે અલ્લાહની બંદી ! તું ક્યાં જાય છે અને માથે આ પોટલું કેવું ?"

સ્ત્રી બોલી, "કુરૈશના પેલા બે કેદીઓ માટે ખાવાનું લઇને જાઉં છું."

હઝરત વલીદ બિન વલીદ સ્ત્રીને શંકા નહિ પડે તે રીતે તેની પાછળ થઇ ગયા અને સાવચેતીથી ચાલતા તે મકાનને જોઇ આવ્યા જેમાં બંને ગૃહસ્થોને કેદ પૂરેલા હતા. મકાનનું ઉપરનું છાપરૂં ન હતું. વાડાની ભીંતોને દરવાજે તાળું મારીને બંનેને અંદર પૂરી દીધા હતા. રાતનું અંધારૂં છવાઇ ગયું તો વલીદ બિન વલીદ ભીંત કૂદીને મકાનમાં દાખલ થઇ ગયા. જોયું તો બંને ગૃહસ્થો લોખંડની સાંકળોમાં જકડાઇને પડેલા હતા. વલીદ બિન વલીદે એક મોટો સફેદ રંગનો નક્કર પથ્થર ઉપાડીને સાંકળ હેઠળ મૂક્યો અને તલવારનો એવો ફટકો માર્યો કે સાંકળ તૂટી ગઇ. આવા નક્કર સફેદ પથ્થરને "મરવહ" કહે છે એટલે જ વલીદની તલવાર "ઝુલ-મરવહ" નામે પંકાઇ ગઇ.

એ પછી વલીદ બિન વલીદ બંને ગૃહસ્થોને મકાનની બહાર લઇ આવ્યા. ત્યાં એમનો ઊંટ તૈયાર ઊભેલો હતો. બંનને ઊંટ પર સવાર કરાવીને ઊંટને પુરપાટ મદીનહ તરફ દોડાવી દીધો. આગળ જતાં એક જગાએ વલીદના ઊંટે ઠોકર ખાધી તો વલીદની આંગળી લોહીથી રંગાઇ ગઇ. એ જોઇને વલીદે કહ્યું :

મા અન્તે ઇલ્લા ઇસ-બઉન દમૈતે, • વ ફી સબીલિલ-લાહે મા લકૈત.

હે આંગળી ! તુજમાંથી જરાક જેટલું લોહી નીકળી આવ્યું છે અને વળી જે ઇજા તને પહોંચી છે તે અલ્લાહના રસ્તામાં પહોંચી છે. (માટે એથી નાખુશ થવાની જરૂર નથી.)

પછી એ બંને ગૃહસ્થોની સાથે મદીનહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગયા. [૨]

મદીનહમાં મુહાજિરોના ઉતારા———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબ, એમના ઘરવાળાં, એમના કુટુંબ કબીલાવાળાં બધાં મદીનહ આવી ગયાં. અર્થાત : એમના ભાઇ હઝરત ઝૈદ બિન ખત્તાબ અને સુરાકહ બિન મુઅતમરના બંને પુત્રો હઝરત અમ્ર અને હઝરત અબ્દુલ્લાહ તેમ જ હઝરત ખુનૈસ બિન હુઝાફહ સહમી જેઓ હઝરત ઉમરના જમાઇ હતા એટલે હઝરત ઉમરના પુત્રી બીબી હફસહના પહેલા પતિ જેમની વફાત બાદ બીબી હફસહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં:

એ ઉપરાંત હઝરત ઉમરના બહેન બીબી ફાતિમહના ખાવિન્દ હઝરત સઇદ બિન ઝૈદ બિન અમ્ર બિન

---

૧. હઝરત વલીદ બિન વલીદ હઝરત ખાલિદ બિન વલીદના ભાઇ હતા. મોટા બહાદુર, જોશીલા અને સાહસખેડુ યુવક હતા. મક્કહમાં જન્મ પામ્યા હતા અને મક્કહની ગલીએ ગલીથી વાકિફ હતા. મક્કહમાં છુપી રીતે વેશપલટો કરીને દાખલ થયા. "હ"

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી સાહસ ખેડીને કે પોતાની જાનને જોખમમાં નાખીને, ખૂંખાર દુશ્મનોની કેદમાં રિબાતા પોતાના મઝલૂમ ભાઇને છોડાવીને લાવવું તે પણ જિહાદનો એક પ્રકાર છે અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સૂચવેલો તરીકો છે. યહૂદ-નસારા એને ત્રાસવાદ કહે છે. કુર્આનમાં છે : "લા તઝલિમૂન વલા તુઝલમૂન." એટલે તમે કોઇની ઉપર ઝુલ્મ નહિ કરો, તમારી ઉપર પણ ઝુલ્મ નહિ કરવામાં આવે.

નવફલ, એમના હલીફ હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહ તમીમી, એમનાં બંને હલીફો હઝરત ખવલી બિન અબી ખવલી અને હઝરત માલિક બિન અબી ખવલી. [1]

ઈબ્ને હિશામ કહે છે : અબૂ ખવલી એટલે ખવલીના બાપ, બનૂ ઈજ્લ બિન લુજૈમ બિન સઅબ બિન અલી બિન બક્ર બિન વાઈલમાંથી હતા.

એમના હલીફ બુકૈરના ચારે પુત્રો હઝરત ઈયાસ, હઝરત આકિલ, હઝરત આમિર અને હઝરત ખાલિદ જેઓ બનૂ સઅદ બિન લૈસમાંથી હતા. જ્યારે એ બધા જ મદીનહ આવી ગયા તો કુબામાં બનૂ અમ્ર બિન ઔફના મહોલ્લામાં હઝરત રિફાઅહ બિન અબ્દુલ-મુનઝિરના ઘરમાં ઉતારો લઈને રહેવા લાગ્યા. હઝરત ઐયાશ બિન અબી રબીઅહ પણ મદીનહ આવવા પછી હઝરત ઉમરની સાથે હઝરત રિફાઅહના ઘરમાં રહેવા લાગ્યા.

એ પછી તો મક્કહ છોડીને મદીનહ આવનારા મુહાજિરોની લાઈન લાગી ગઈ. તેઓમાંથી હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ બિન ઉસ્માન અને હઝરત સુહૈબ બિન સિનાન, મદીનહની સુનહ નામે વસતિમાં, બલહારિસ બિન ખઝરજવાળા હઝરત હબીબ બિન ઈસાફ પાસે ઉતારો લઈને રહેવા લાગ્યા.

હઝરત સુહૈલની લાજવાબ કુરબાની————ઈબ્ને હિશામ કહે છે: અબૂ ઉસ્માન નહદીની રિવાયતથી મને આ માહિતી મળી કે જયારે હઝરત સુહૈબ બિન સિનાને હિજરતનો ઈરાદો કર્યો તો કુરૈશી મુશરિકોએ એમને કહ્યું, ''હે સુહૈબ ! તું મક્કહ આવ્યો ત્યારે ભીખમંગાઓ પેઠે ભિખારી હાલતમાં આવ્યો હતો. અમારી જોડે રહીને તું માલદાર બન્યો છે. હવે પોતાના બધા માલસામાન સાથે અહીંથી નીકળી જવા માગે છે. વલ્લાહ! એ તો કદી બનવાનું નથી.''

હઝરત સુહૈબે તેઓને કહ્યું, ''જો હું મારો બધો માલસામાન તમને આપી દઉં ત્યારે તો તમે મારા માર્ગમાં આડે નહિ આવશોને ?''

કુરૈશ બોલ્યા, ''હા એ બની શકે છે.''

હઝરત સુહૈબ બોલ્યા, ''જાવ મેં મારો બધો માલસામાન તમને આપી દીધો.''

આ સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળ્યા તો આપે ફરમાવ્યું, ''રબિહા સુહૈબુન! રબિહા સુહૈબુન !''એટલે સુહૈબ લાભમાં રહ્યા ! સુહૈબ લાભમાં રહ્યા !

હઝરત હમઝહ અને બીજા મુહાજિરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી હઝરત હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ, હઝરત ઝૈદ બિન હારિસહ અને હઝરત હમઝહના બે હલીફો હઝરત અબૂ મરસદ કન્નાઝ બિન હિસ્ન ગનવી અને એમના પુત્ર હઝરત મરસદ બિન અબૂ મરસદ ગનવી તેમ જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામો હઝરત અન્સહ અને હઝરત અબૂ કબશહ મક્કહથી હિજરત કરીને મદીનહ આવી ગયા. [2]

---

૧. ખવલી શબ્દનો ઉચ્ચાર ખવલા તરીકે પણ થયો છે.

૨. હઝરત અન્સહનું ઉપનામ અબૂ મસરૂહ યા અબૂ મશરૂહ હતું.તમામ લડાઈઓમાં અને મહત્વના પ્રસંગોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહ્યા અને ખિલાફતે-સિદ્દીકીમાં વફાત પામ્યા. હઝરત અબૂ કબશહનું નામ સલીમ હતું. બદ્ર અને બીજા પ્રસંગોમાં શામિલ રહ્યા. ખિલાફતે-ફારૂકીમાં વફાત પામ્યા. ''હ''

આ બધા મુહાજિરો કુબામાં બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત કુલસૂમ બિન હદમ પાસે રહેવા લાગ્યા. કેટલાક કને એ સહીહ નથી બલકે એ બધા હઝરત સઅદ બિન ખસમહના મકાનમાં ઉતારો લઇને રહેવા લાગ્યા ત્યારે કેટલાક કહે છે કે હઝરત હમઝહ, બનૂ નજ્જારવાળા હઝરત અસઅદ બિન ઝુરારહના મકાનમાં રહેવા લાગ્યા. એ અંગેની રિવાયતોમાં મતભેદ છે. એ વગર હઝરત ઉબૈદહ બિન હારિસ બિન અબ્દુલ-મુત્તલિબ, એમના બંને ભાઇઓ હઝરત હુસૈન અને હઝરત તુફૈલ, હઝરત મિસ્તહ બિન ઉસાસહ બિન ઉબાદ બિન મુત્તલિબ, બનૂ અબ્દે-દારવાળા હઝરત સુવૈબિત બિન સઅદ હુરૈમલહ, બનૂ અબ્દ-બિન કુસૈયવાળા હઝરત તુલૈબ બિન ઉમૈર અને હઝરત ઉત્બહ બિન ગઝવાનના આઝાદ ગુલામ હઝરત ખબ્બાબ આ બધા ગૃહસ્થો બનૂ અજલાનવાળા હઝરત અબ્દુલ્લાહ બિન સલિમહના મકાનમાં ઊતર્યા.

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ બીજા મુહાજિરો સાથે બલહારિસ બિન ખઝરજવાળા હઝરત સઅદ બિન રબીઅ પાસે બલહારિસના વાડામાં રહેવા લાગ્યા. હઝરત ઝુબૈર બિન અવ્વામ અને હઝરત અબૂ સબ્રહ બિન અબૂ રુહમ બિન અબ્દુલ-ઉઝ્ઝા આ બે ગૃહસ્થો હઝરત મુનઝિર બિન ઉકબા બિન ઉહૈહા બિન જલાહ પાસે, અસ્બહ નામે સ્થળે, બનૂ જહજબીના વાડામાં રહેવા લાગ્યા. બનૂ અબ્દુદ-દારવાળા હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હાશિમ, બનૂ અબ્દે-અશહલવાળા હઝરત સઅદ બિન મુઆઝ બિન નુઅમાન પાસે બલહારિસના વાડામાં રહેવા લાગ્યા.

હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ અને એમના આઝાદ કરેલા ગુલામ હઝરત સાલિમ અને હઝરત ઉત્બહ બિન ગઝવાન બિન જાબિર આ ગૃહસ્થો, બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત અબ્બાદ બિન બિશ્ર બિન વકશ પાસે બનૂ અબ્દુલ-અશહલના વાડામાં ઊતર્યા. હઝરત ઉસ્માન બિન અફ્ફાનએ હઝરત હસ્સાન બિન સાબિતના ભાઇ હઝરત ઔસ બિન સાબિત બિન મુનઝિર પાસે, બનૂ નજ્જારના વાડામાં ઉતારો લીધો. આ કારણે હઝરત હસ્સાન હઝરત ઉસ્માન પ્રત્યે અપાર હેત ધરાવતા હતા. જ્યારે હઝરત ઉસ્માનને શહીદ કરવામાં આવ્યા તો હઝરત હસ્સાને તેમના ગમમાં દર્દનાક શોક કાવ્ય રચ્યું.

કહેવાય છે કે મક્કહના મુહાજિરિનમાંથી જે જુવાનિયાઓ શાદી વગરના એટલે કુંવારા હતા એ બધાએ હઝરત ખૈસમહને ત્યાં ઉતારો લીધો કેમકે હઝરત ખૈસમહ પોતે પણ શાદી વગરના કુંવારા ગૃહસ્થ હતા. હવે એમાંની કઇ વાત સાચી છે તે અલ્લાહ બેહતર જાણે ! એ સૌના પવિત્ર આત્માઓ પર અલ્લાહના લાખો સલામ હો!

Maktabe Ashraf

પ્રકરણ ૭૨

રસૂલુલ્લાહ (સલ.)ની હિજરતે-મદીનહ

અલ્લાહની પરવાનગીનો ઈન્તેઝાર • કતલ કરવાનું કાવતરૂં • સભામાં નજદી મહાત્માની પધરામણી • કારોબારી સમિતિના નેતાઓ • અંધારી કોઠડીમાં પૂરી દેવાની સલાહ • દેશનિકાલ કરી નાખવાની સલાહ • અબૂ જહલના શયતાની ભેજાંની સલાહ • હઝરત અલીને મળેલો હુકમ • રસૂલુલ્લાહ (સલ.)ની રવાનગી • ભેદી વ્યક્તિએ આપેલી સૂચના • કેદ, કતલ કે દેશાવટા અંગેની આયતો • હિજરત માટે હઝરત અબૂબક્રની તૈયારી.

Maktabe Ashraf

અલ્લાહની પરવાનગીનો ઈન્તેઝાર—————મક્કહના મુસલમાનોની સામુહિક હિજરત પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં જ બિરાજમાન રહીને અલ્લાહ તઆલા તરફથી હિજરતની પરવાનગીનો ઈન્તેઝાર ફરમાવતા રહ્યા. હવે હઝરત અલી બિન અબૂ તાલિબ અને હઝરત અબૂબક્ર બિન અબી કુહાફહ સિવાય મક્કહમાં કોઈ આપની સાથે રહ્યું ન હતું; સિવાય કે જે મુસલમાનો કાફિરોના હાથે ઝડપાઈને કેદી બની ગયા અથવા અગાઉથી જ તેઓના અમાનુષી ત્રાસો કે જંગલી અત્યાચારોના ભોગ બનેલા હતા, એવા લાચાર મુસલમાનો એમાંથી બાકાત છે.

હઝરત અબૂબક્ર સિદ્દીક વારંવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે હિજરતની પરવાનગી માગતા હતા. જવાબમાં આપ ફરમાવી દેતા :

લા તઅજલ	ઉતાવળ ના કરો
લઅલ-લલ્લાહ યજઅલ	શાયદ અલ્લાહ ઊભો કરી દે
લકા સાહિબન.	તમારા માટે કોઈ સાથી.

હઝરત અબૂબક્ર આશાવાદી બની જતા કે "કોઈ સાથી" રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વગર બીજો કોણ હોય શકે ?

કતલ કરવાનું કાવતરૂં—————ઈબ્ને ઈસ્હાક કહે છે : જયારે કુરૈશે જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પક્ષે મદીનહવાસીઓ કે પરદેશીઓની એક જમાઅતનું પીઠબળ ઊભું થઈ ગયું છે અને મક્કહના લગભગ બધા જ મુસલમાનો હિજરત કરીને તેઓની પાસે પહોંચી ગયા છે અને કોઈ પણ સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પણ હિજરત કરીને તેઓની પાસે પહોંચી જવાના છે. વળી કુરૈશને આ વાતની પણ પાકે પાયે ખાતરી થઈ ગઈ કે મક્કહના મુસલમાનોએ મદીનહમાં પોતાના રહેઠાણ

માટે એક મજબૂત અને સુરક્ષિત "કિલ્લો" મેળવી લીધાં છે અને ત્યાં તેઓએ પગદંડો જમાવી લીધો છે તો તેઓના દિલોમાં ધ્રાસકો પડ્યો કે નક્કી, હવે તેઓ લડાયક સામગ્રી ભેગી કરશે અને પૂરા બળથી મક્કહ પર ચઢાઇ કરી દેશે.

આ વસવસાએ કુરૈશની ઊંઘ ઉડાડી મૂકી. તેઓ ઊંડી ચિન્તામાં પડી ગયા. અંજામ પર નજર કરતાં તેઓને લાગ્યું કે મુસલમાનોના સંપ અને સંગઠનનું બળ આપણા માટે તબાહીનું નોતરૂં કે મૃત્યુના સંદેશ વગર કંઇ હોય શકે નહિ.

આમ વિચારીને કુરૈશ કબીલાના બધા જ મોવડીઓ મક્કહના "દારુન-નદવહ"માં, સળગતા સવાલના ઉકેલ માટે સલાહ-મંત્રણા કરવા ભેગા થયા. આ દારુન-નદવહ કુરૈશના એક પૂર્વજ કુસૈય બિન કિલાબનું રહેણાક ઘર હતું. આપસના ઝગડાઓ અને સમાજના અટપટા મામલાઓનો અહીં આખેરી ફેસલો કરવામાં આવતો હતો. ગમે તેવો ગૂંચવાયેલો મામલો હોય, કુરૈશનું મોવડી મંડળ આ ઘરમાં આપસના સલાહસૂચનથી તેનો નિકાલ લાવી દેતું હતું.

સારાંશ કે મુસલમાનો તરફથી ખતરો ઊભો થતાં કુરૈશનું મોવડી મંડળ સલાહ-મંત્રણા કરવા દારૂન-નદવહમાં ભેગું થયું. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે :

> "કુરૈશે જ્યારે કોઇ નક્કર પગલું લેવાનો નિર્ધાર કરી લીધો તો દારૂન-નદવહમાં મોવડી મંડળની તાકીદની સભા બોલાવવામાં આવી. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ વિષે શું કરવું અને કેવું પગલું લેવું તે નક્કી કરવા માટે એક દિવસ ઠરાવવામાં આવ્યો અને જે દિવસ ઠરાવવામાં આવ્યો તેનું નામ "યવમુઝ-ઝહમહ" રાખવામાં આવ્યું."[1]

સભામાં નજદી મહાત્માની પધરામણી————ઇબ્ને ઇસ્હાક કહે છે : પછી જ્યારે ઝહમહનો દિવસ આવી લાગ્યો અને કુરૈશના બધા આગેવાનો મંત્રણા માટે દારૂન-નદવહમાં ભેગા થઇ ગયા અને આખો સભાખંડ માનવ મેદનીથી ખીચોખીચ થઇ ગયો તો ઇબલીસે-લઇન એટલે મરદૂદ શયતાન એક નૂરાની ચેહરાના વયોવૃધ્ધ બુઝુર્ગની શકલમાં દરવાજે આવીને ઊભો થઇ ગયો. તેણે એક જાડી ચાદર ઓઢેલી હતી. લોકોએ એને બારણે ઊભેલો જોઇને પૂછ્યું, "બડે-મિયાં ! તમે કોણ છો ?"

બડેમિયાં બોલ્યા, "હું નજદ પ્રદેશનો એક શૈખ છું. મારા સાંભળવામાં આવ્યું કે તમે બધા ઠરાવેલા દિવસે અહીં ભેગા થવાના છો એટલે હું પણ આવી લાગ્યો કે જેથી તમારી વાતો સાંભળીને કંઇ સલાહ તમને આપી શકું અથવા તમારૂં ભલું થાય તેવો કોઇ અભિપ્રાય દર્શાવી શકું."

લોકોએ કહ્યું, "તો ભલે પધાર્યા મહાત્માજી ! આવો અંદર પધારો"

નજદના નૂરાની ચેહરાનો શૈખ સભાગૃહમાં પ્રવેશીને લોકોની સાથે બેસી ગયો.

કારોબારી સમિતિના નેતાઓ————આ સભામાં કુરૈશના મોવડી મંડળના આ અગ્રેસરો

---

૧. યવમુઝ-ઝહમહ: યવમ એટલે દિવસ અને ઝહમહ એટલે લોકોના ટોળેટોળાંનો ઘસારો. મતલબ એવો દિવસ જેમાં લોકોના ટોળેટોળાંએ ઘસીઘસીને આવવું જોઇએ. "ઠ"

પધારેલા હતા. એમાં જુદા-જુદા કબીલાની આગેવાની ધરાવતા મહાનુભાવોના નામ આ છે :

•——બનૂ અબ્દે શમ્સમાંથી : (૧) ઉત્બહ બિન રબીઅહ (૨) શૈબહ બિન રબીઅહ (૩) અબૂ સુફયાન બિન હર્બ.

•——બનૂ નવફલ બિન અબ્દે મનાફમાંથી :(૧) તુઐમહ બિન અદી (૨) જુબૈર બિન મુત્ઈમ (૩) હારિસ બિન આમિર બિન નવફલ.

•——બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી : (૧) નઝ્ર બિન હારિસ બિન કલદહ.

•——બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝામાંથી : (૧) અબુલ-બુખ્તરી બિન હિશામ (૨) ઝમઅહ બિન અસવદ બિન મુત્તલિબ (૩) હકીમ બિન હિઝામ.

•—— બનૂ મખઝુમમાંથી : (૧) અબૂ જહલ બિન હિશામ.

•——બનૂ સહમમાંથી : (૧) નુબૈહ બિન હજ્જાજ (૨) મુનબ્બેહ બિન હજ્જાજ.

•——બનૂ જુમહમાંથી : (૧) ઉમૈયહ બિન ખલફ અને તેના સાથીદારો અને મક્કહ તથા આજુબાજુમાંથી ઉમટી આવેલી વિરાટ માનવ મેદની જેનો શુમાર કરી શકાય નહિ.[૧]

અંધારી કોઠડીમાં પૂરી દેવાની સલાહ——સભાનો કાર્યક્રમ શરૂ થતાં લોકો પોતપોતાનો અભિપ્રાય દર્શાવવા લાગ્યા. આગેવાનોમાંથી કોઈ બોલ્યું, "માનવંતા હાજરજનો ! તમે જોઈ લીધું કે એ માણસ શું કરવા બેઠો છે ? વલ્લાહ ! હવે આપણા પોતાના લોકો ઉપરાંત બહાર ગામના લોકો એના અનુયાયી બની ગયા છે. આગળ જતાં એ લોકો એકત્ર બળે આપણી ઉપર ચઢાઈ કરી દે તેવો ચોક્કસ ભય તોળાય રહ્યો છે. તેઓની આક્રમણખોરીથી આપણે બેખોફ રહી શકતા નથી. જેથી આપણે બધાએ સાથે મળીને એનો ઉકેલ શોધી કાઢવો જોઈએ."

રાવી કહે છે : આ સાંભળીને બધા પોતપોતાનાં ભેજાં કસવા લાગ્યા. અગ્રેસરોમાંથી એક ગૃહસ્થે કહ્યું, "એને લોખંડી બેડીઓ અને હાથકડીઓમાં જકડીને અંધારી કોઠડીમાં પૂરી દો અને તેના મરી જવાની રાહ જુઓ. જેવી રીતે આથી પહેલાંના શાઈરો જેમકે ઝુહૈર અને નાબિગા મરી ગયા."

આ સાંભળીને શૈખ નજદી બોલી ઊઠયો, "નહિજી વલ્લાહ ! તમારી આ સલાહ ઠીક નથી. માની લો, તમે તેને અંધારી કોઠડીમાં પૂરી દીધો તો તેના કેદ થવાના સમાચાર છુપા રહી શકશે ખરા ? ચોખ્ખી વાત છે સમાચારની સાથે તેની વાતો, તેના હુકમો બંધ બારણાને ભેદીને તેના સાથીઓને કાને પહોંચી જશે. નતીજા રૂપે તેઓ તાબડતોડ તૈયારી કરીને ઓચિંતા તમારી ઉપર ચઢાઈ કરી દેશે અને મરણિયા બનીને તેને તમારા કબજામાંથી છોડાવીને લઈ જશે. પછી જાણો છો શું થશે ? તેઓ પોતાની સંખ્યા અને પોતાનું બળ વધારીને ફરીવાર તમારી ઉપર ચઢાઈ કરી દેશે. બનવા જોગ છે તેઓની જીત થતાં તેઓ તમારી હકૂમત પર કબજો કરી લે. માટે કોઈ બીજી તદબીર સોચો."

દેશનિકાલ કરી નાખવાની સલાહ——આ સાંભળીને ફરીવાર તેઓ વિચાર સાગરમાં ડૂબીને

૧. એમાંના ૧૧ આગેવાનો જંગે-બદ્રમાં એક જ દિવસે કતલ થઈ ગયા. બાકીના ત્રણ ગૃહસ્થો : અબૂ સુફયાન બિન હર્બ, જુબૈર બિન મુત્ઈમ અને હકીમ બિન હિઝામ કતલ થવાથી બચી ગયા અને બાદમાં મુસલમાન બની ગયા. "હ"

નજ્દી ... લાગી ગયા. ત્યારબાદ તેમાંથી બીજા એક માણસે કહ્યું, "તેને આપણી વસતિઓમાંથી હાંકી કાઢીને આપણા વતનમાંથી દેશનિકાલ કરી દઈએ. પછી જ્યારે તે અહીંથી તડીપાર થઈ જશે તો વલ્લાહ ! તેનું શું થશે અને તે ક્યાં જઈને દેશવટો ભોગવશે તેની ચિન્તા આપણે શા માટે કરવી ? તેની હકાલપટ્ટી પછી આપણે પોતાના બગડેલા માહોલ સુધારી લઈશું અને અગાઉ પેઠે શાંતિ, સંપ, સંગઠન તથા ભાઈચારાનું વાતાવરણ સ્થાપિ લઈશું."

"નહિ જી વલ્લાહ !" શેખ નજ્દી આવેશથી બોલ્યો, "તમારી આ સલાહ પણ ઠીક નથી. શું તમે તેની મીઠી-મધુરી વાતો, તેની છટાદાર ભાષા, તેની દિલકશ શૈલી અને લોકોના દિલોને મોહી લેનાર વસ્તુ (કુર્આન)નું આકર્ષણ ભૂલી ગયા ? જો તમે આમ જ કર્યું તો વલ્લાહ ! મને ડર છે કે, તે અરબના જે કબીલામાં જઈને ઘામશે તેને પોતાની મીઠી વાણીના જાદૂથી તાબે કરી લેશે. અરબના કબીલાના કબીલા તેના ગુલામ બની જશે. પછી એ બધાને લઈને તે તમારી ઉપર ચઢી આવશે અને તમારી પાયમાલી બોલાવી દેશે. માટે કોઈ બીજી તદબીર સોચો."

અબૂ જહલના શયતાની ભેજાંની સલાહ-----------રાવીનું કથન છે : ત્યારે અબૂ જહલ બિન હિશામે પોતાની સલાહ દર્શાવતા કહ્યું, "વલ્લાહ ! તેના મામલા અંગે મારી એક અનન્ય સલાહ છે જે હમણાં જ મારા ભેજાંમાં ઊતરી છે. મારું માનવું છે કે તમારામાંથી કોઈના ભેજાંમાં એનો વિચાર સુદ્ધાં નહિ આવ્યો હોય."

બધાએ અધીરાઈથી પૂછ્યું, "હે અબુલ-હકમ ! તે શું છે ? જલદી બતાવો."

અબૂ જહલ બોલ્યો, "મારી સલાહ એવી છે કે દરેક કબીલામાંથી એકએક જવાંમર્દ એવો ચૂંટી કાઢવામાં આવે જે નવલોહિયો અને જોશીલો હોય, સાહસિક અને ખંતીલો હોય, બળવાન અને કુળવાન હોય. એમાંના દરેક યુવકના હાથમાં એક એક તલવાર આપવામાં આવે. તે બધા ઓચિંતો પસારો કરીને તેના માથે ઊભા થઈ જાય અને બધા એકી વેળા તલવારોનો વાર એવી રીતે ઝીંકે જાણે એક જ તલવારનો ઝટકો હોય. આ રીતે તેને રહેંસી નાખવામાં આવે. પછી આપણે તેની તરફથી નચિંત થઈ જઈશું. કેમકે આ રીતે તેનું ખૂન કોઈ એક કબીલા પર નહિ બલ્કે કુરૈશના તમામ કબીલાઓ પર વહેંચાઈ જશે. તેના કુટુંબ-કબીલાના કે બનૂ અબ્દે મનાફ લોકો કુરૈશના તમામ કબીલાઓ સાથે કેવી રીતે લડી શકશે ? લાચારીએ તેઓ લોહીનો દંડ લેવા પર રાજી થઈ જશે. ત્યારે આપણે લોહીનો દંડ ચૂકવીને તેઓની સાથે સમાધાન કરી લઈશું."

આ સલાહ સાંભળીને શૈખ નજ્દી ઊછળી પડ્યો અને જુસ્સાથી બોલ્યો, "આ છે તે સલાહ જેને અસલી સલાહ કહી શકાય અને જેને આ ભેજાંબાજ ગૃહસ્થે રજૂ કરી છે. એના સિવાયની કોઈ સલાહ બંધબેસતી નથી."

એ પછી બધા લોકોએ એકમતે અબૂ જહલની આ યોજના વધાવી લઈને સત્વરે તેનો અમલ કરવાનું ઠરાવી લીધું અને સભા બરખાસ્ત થતાં બધા પોતપોતાને પંથે પડ્યા.

હઝરત અલીને મળેલો હુકમ-----------જો ... લોકો પોતપોતાને ... ... અલ્લાહના સંદેશવાહક ફરિશ્તા હઝરત જિબ્રીલ અલૈહિસ્સલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખિદમતમાં પ્રગટ થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આજની રાતે આપે પોતાની તે પથારી પર આરામ કરવું નહિ જેની ઉપર આપ રોજ આરામ ફરમાવો છો."

Maktabe Ashraf

રાવી કહે છે : જ્યારે રાતનું અંધારૂં છવાઈ ગયું તો કુરૈશના ચૂંટાયેલા જવાનોએ આપના મકાનને ઘેરી લીધું અને ઉઘાડી તલવારો સાથે મકાનની ફરતે ગોઠવાઈ ગયા અને રાહ જોવા લાગ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊંઘી જાય કે તરત ત્રાટકીને આપનું કામ તમામ કરી નાખે. આપે આ જવાનોને તેઓના સ્થાને ગોઠવાયેલા જોયા તો હઝરત અલી બિન અબૂ તાલિબને ફરમાવ્યું, "અલી ! આજની રાતે તમે મારી પથારી પર લેટી જાવ. મારી આ લીલા રંગની હદ્રમી ચાદરને ઓઢીને એમાં જ સુઈ રહેવું. આ લોકો તરફથી લેશ પણ અંદેશો ના કરવો, એ તમને કશું નુકશાન પહોંચાડી શકશે નહિ."

રાવીનું કથન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો, એજ લીલા રંગની ચાદર ઓઢીને આરામ ફરમાવવાનો રોજનો નિયમ હતો.

રસૂલુલ્લાહ (સલ.)ની રવાનગી---------ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન ઝિયાદે મુહંમદ બિન કઅબ કુરઝીની આ રિવાયત કહી સંભળાવી : જ્યારે કુરૈશના ચુનંદા જવાનો ઉઘાડી તલવારો સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મકાનની ફરતે ગોઠવાઇ ગયા તો તે વેળા અબૂ જહલ બિન હિશામ પણ તેઓમાં શામિલ હતો. તેણે આ ખૂંખાર જવાનોને સંબોધીને કહ્યું :

> "મુહંમદનો દાવો છે કે તમે તેના હુકમોનું પાલન કરશો તો અરબ અને અજમના બાદશાહ બની જશો અને મરવા પછી પાછા જીવતા થશો તો તમારા માટે જન્નતના બાગબગીચા હશે જેવા કે મુલ્કે-ઉર્દુનની ધરતીમાં છે. પણ જો તમે તેનું કહ્યું નહિ માનશો તો તમે કતલ થઈ જશો અને તમને વાઢી નાખવામાં આવશે કેમકે તમે એજ દાવના છો. અને કતલ થવા પછી જીવતા થશો તો તમારા માટે આગ હશે જેમાં તમે કાયમ માટે બળતા રહેશો....."

Maktabe Ashraf

રાવીનું બયાન છે : અબૂ જહલ આમ બોલી જ રહ્યો હતો કે એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મકાનમાંથી બહાર પધાર્યા અને તેની સામે ઊભા રહીને આપે જમીન પરથી મુઠ્ઠીભર ધૂળ ઉપાડી લીધી અને પછી તેને સંબોધીને ફરમાવ્યું :

નઅમ અના અકૂલુ ઝાલિક.	હા, હું જ આ વાતો કહેતો રહું છું.
અન્ત અહદુહુમ.	તું પણ તેઓમાંનો એક છે. (જેઓ આગમાં બળવાના છે.)

આ શબ્દોની સાથે જ આપે મુઠ્ઠીભર ધૂળ તેઓની તરફ ઉછાળી મૂકી. એજ વેળા અલ્લાહ તઆલાએ તેઓની આંખોની રોશની આંચકી લીધી. તેઓમાંથી કોઈ આપને જોઈ શકયું નહિ. આપ તેઓના સરો પર ધૂળ ઉડાડતા હતા અને સૂરએ યાસીનની આ આયતો પઢતા હતા :

યાસીન !	યાસીન ! (હે કામિલ ઈન્સાન !)
વલ-કુર્આનિલ-હકીમ.	સોગંદ છે હિકમતથી ભરેલા કુર્આનના !
ઈન્નક લમિનલ-મુર-સલીન.	બેશક તમે અલ્લાહના મોકલેલા પયમ્બરોમાંથી છો.
અલા સિરાતિમ મુસ્તકીમ.....	તમે સિરાતે-મુસ્તકીમ (સીધા રસ્તા) પર છો.....
વ જઅલ-ના મિમ-બૈનિ ઐદીહિમ	અને ઊભી કરી દીધી છે અમે તેઓની આગળ
સદ્દંવ-વ મિન ખલ-ફિહિમ સદ-દન.	અને તેઓની પાછળ એક દીવાર.

ફ-અગ-શૈના હુમ	અને નાખી દીધા છે અમે પર્દા તેઓની આંખો પર
ફહુમ લા યુબ-સિરૂન.	જેથી તેઓ જોઈ શકતા જ નથી.

ભેદી વ્યક્તિએ આપેલી સૂચના———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઉપરની આયતો પઢતા તેઓની સામેથી પસાર થયા અને જ્યારે આપે ઉપરની આયતો ખતમ કરી તેટલી વારમાં ત્યાં પહેરો ભરતા ખૂંખાર જવાનોમાંથી કોઈ એવું ન રહ્યું જેના માથા પર આપે નાખેલી ધૂળ ન પહોંચી ગઈ હોય. આપ પૂરી શાંતિથી પાછા વળીને તેઓની સામેથી આગળ વધી ગયા અને જ્યાં જવા માગતા હતા તે તરફ રવાના થઈ ગયા.

થોડીક જ પળો વીતી હશે એટલામાં એક માણસ આ લોકોની પાસે આવી લાગ્યો. એ કોઈ અજાણ્યો માણસ હતો અને એમની ટોળીમાંથી ન હતો. તેણે આવતાં જ પૂછયું, "તમે લોકો કોની રાહ જુઓ છો ?"

અબૂ જહલ અને જવાનો બોલ્યા, "અમે મુહંમદની રાહ જોઈએ છીએ."

"વલ્લાહ ! " ભેદી માણસ બોલ્યો, "અલ્લાહએ તમને નિષ્ફળ બનાવી દીધા. મુહંમદ તો તમારા માથે ધૂળ ઉડાડતા અને તમને ધૂળ ફાંકતા કરીને કયારના તમારી આંખો આગળથી પસાર થઈ ગયા. તમારામાંથી કોઈ રહ્યું નથી જેના માથે મુહંમદે ધૂળ ન નાખી હોય. શું તમે પોતાના માથા પર ધૂળ પડેલી નથી જોતા?"

આમ કહીને આ ભેદી વ્યક્તિ પોતાના કામસર આગળ ચાલી નીકળી.

રાવી કહે છે : પેલી ભેદી વ્યક્તિની સૂચના મુજબ દરેક માણસે પોતાના માથે હાથ ફેરવ્યો અને જોયું તો ખરેખર દરેકના માથા પર ધૂળ ચોંટેલી હતી. લાગલા જ તેઓ દીવાર પર ચઢીને ઘરમાં ડોકિયુ કરવા લાગ્યા. જોયું તો પથારી પર ચાદર ઓઢીને કોઈ સૂતેલું હતું. અને તેના અંગ પર તેજ ચાદર હતી જેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઓઢતા હતા. આ જોઈને તેઓ કહેવા લાગ્યા, "વલ્લાહ ! જરાયે શંકા વિના મુહંમદ પોતે જ પોતાની ચાદર ઓઢીને સૂતેલા છે."

સારાંશ કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પોતાના ઘરમાં જ છે તેવી ખાતરી થતાં તેઓ રાબેતા મુજબ મકાનની ફરતે ઘેરો નાખીને પડયા રહ્યા અને વહેલી સવારે મુહમ્મદ પોતાના ઘરમાંથી બહાર નીકળે તેની તેની રાહ જોવા લાગ્યા અને સવાર સુધી તેઓ એજ મુજબ આપનો ઇન્તેઝાર કરતા રહ્યા.

પછી જયારે પ્રભાતનું અજવાળું રેલાયું અને હઝરત અલી પથારી પરથી ઊઠીને ઊભા થયા તો હઝરત અલીને જોતાં જ તેઓ સન્નાટામાં આવી ગયા અને નિરંકુશ રીતે બોલી ઊઠયા, "ખરેખર પેલા ભેદી માણસે સાચું જ કહ્યું હતું !"

કેદ, કતલ કે દેશવટા અંગેની આયતો———ઇબ્ને ઇસ્હાક કહે છે : જે લોકો આપની કતલ માટે એકઠા થઈ ગયા હતા તે અંગે અને તે દિવસ અંગે અલ્લાહ તઆલાએ કુર્આને-મજીદમાં જે આયતો ઉતારી તેમાંની એક આયત આ છે.

વ ઇઝ	હે નબી ! તે સમયને યાદ કરો જયારે કે
યમકુરુ	છુપી તદબીરો કરતા હતા
બિકલ લઝીન કફરૂ,	તમારી વિરૂદ્ધ કાફિરો આ વાતની
લિ-યુસ્-બિતૂક,	કે કેદ કરી દે તમને,
અવ યક-તુલૂક,	અથવા કતલ કરી નાખે તમને,

Maktabe Ashraf

અવ યુખ-રિજૂક.	અથવા દેશનિકાલ કરી દે તમને.
વ યમ-કુરૂન.	અને તેઓ પોતાની છુપી તદબીરો કરતા હતા.
વ યમ-કુરુલ્લાહ.	અને અલ્લાહ પોતાની છુપી તદબીર કરતો હતો.
વલ્લાહુ ખૈરુલ-માકિરીન.	અને અલ્લાહ સૌથી ઉત્તમ તદબીરો કરનારો છે.[1]

અને અલ્લાહ તઆલાએ કુર્આને-મજીદમાં એમ પણ ફરમાવી દીધું છે :

અમ યકૂલૂન શાઇરુન	શું આ લોકો કહે છે કે તે શાઇર છે ? (અને કહે છે કે)
ન-ત-રબ્બસુ બિહી	અમે રાહ જોઇએ છીએ તેના માટે
રયબલ-મનૂન.	કાળચક્રની (એટલે તેના અચાનક મરી જવાની)
કુલ તરબ-બસૂ	કહી દો હે નબી ! કે હે કાફિરો ! તમે રાહ જોતા રહો
ફ ઇન્ની મઅકુમ	તો બેશક હું પણ તમારી સાથે
મિનલ-મુ-ત-રબ-બિસીન.	રાહ જોનારાઓમાંથી છું.[2]

મક્કહના કાફિરો ઇસ્લામ, કુર્આન અને પયગમ્બરીને લગતી આપની વાતોનો ઇન્કાર કરીને કહી દેતા હતા કે, એ તો નર્યો શાઇર છે. સાથે કેટલીને એમ પણ કહી દેતા કે અમે તે સમયની રાહ જોઇએ છીએ જયારે એ કાળચક્રના સપાટામાં આવીને કોઇ અકસ્માતનો ભોગ બનીને મરી જાય. જવાબમાં અલ્લાહ તઆલાએ પોતાના નબીના મુખે કહેવડાવી દીધું કે, ભલે મારા અંજામની તમે રાહ જોતા રહો, તમારા અંજામની હું રાહ જોતો રહું !

ઇબ્ને હિશામ કહે છે : ઉપરની આયતમાં "રયબલ-મનૂન" શબ્દો આવેલા છે. એમાં રૈબ એટલે શંકા, ધોકો, અકસ્માત અને મનૂન એટલે કાળ અથવા મૃત્યુ અને રૈબલ-મનૂન એટલે કાળચક્ર અથવા મૃત્યુનો અકસ્માત. કાળચક્રના સપાટામાં થયેલા મૃત્યુનો અકસ્માત અણધારેલી રીતે સર્જાતો હોવાથી માણસ થોડીવાર માટે શૂન્યમનસ્ક બનીને હક્કા-બક્કો રહી જાય છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દુશ્મનો આપને શાઇરોમાં ખપાવીને, આપના એવા જ અણધારેલા કે અકસ્માતી મૃત્યુની રાહ જોયા કરતા હતા.

હિજરત માટે હઝરત અબૂબક્રની તૈયારી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હિજરતની પરવાનગી આપી દીધી તે વેળા હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ મક્કહના માલદાર કે પૈસાપાત્ર અમીરોમાંથી હતા. આથી પહેલાં જયારેય તેઓ હિજરતની પરવાનગી માગતા તો આપ ફરમાવી દેતા :

લા તઅજલ	ઉતાવળ ના કરો
લઅલ-લલ્લાહ યજઅલ	શાયદ અલ્લાહ તૈયાર કરી દે
લકા સાહિબન.	તમારા માટે કોઇ સાથી.

ત્યારે હઝરત અબૂબક્ર ખુશ થઇને આશાવાદી બની જતા કે "કોઇ સાથી" થી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હેતુ આપની પોતાની જ મુબારક જાત હોય શકે ! એજ આદેશને આધારે હઝરત અબૂબક્ર સિદ્દીકે બે ઊંટણીઓ ખરીદી રાખી હતી. અને ઊંટણીઓને પોતાના જ ઘરને આંગણે બાંધીને ઘાસચારો નાખતા રહ્યા. હેતુ આટલો જ કે ઊંટણીઓથી હિજરતના પ્રવાસમાં કામ લેવામાં આવે.

1. સૂરએ-અન્ફાલ પારહ ૯ આયત ૩૦ 2. સૂરએ-તૂર પારહ ૨૭ આયત ૩૧

Maktabe Ashraf

પ્રકરણ ૭૩

મદીનહની હિજરતનો પ્રવાસ

હિજરતે-મદીનહની રિવાયત ● અગાઉથી કરેલી સફરની તૈયારી ● સૌરની ગુફામાં પહેલો પડાવ ● ગુફામાં ખાવાપીવાની વ્યવસ્થા ● ઊંટણીની ચૂકવેલી કિંમત ● મદીનહની મુસાફરીનો આરંભ ● અબૂ જહલનો સપાટો ● રવાનગી પછીના ગૈબી સમાચાર ● હઝરત અબૂબક્રના બાપાજીનો બળાપો ● સુરાકહનો ઘોડો કાફલાની પૂઠે ● સુરાકહને મળેલું લેખિત વચન ● મદીનહની મુસાફરીની મંઝિલો ● કુબામાં પધરામણી ● હઝરત કુલસૂમનું જાગેલું નસીબ ● હઝરત અલીએ જોયેલો ભેદી બનાવ.

હિજરતે-મદીનહની રિવાયત———ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હિજરતની સનદી માહિતી ધરાવનાર એક પ્રામાણિક ગૃહસ્થે, ઉર્વહ બિન ઝુબૈરના મુખે સાંભળેલી આ રિવાયત કહી સંભળાવી. ઉર્વહ બિન ઝુબૈરનું કહેવું છે કે આ રિવાયત, મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત આઇશહના મુખે મેં મારા કાને સાંભળી છે. [1]

હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા માનવંતા બાપાજી અબૂબક્ર સિદ્દીકના મકાને પધારતી વેળા કોઇ તરહનો સંકોચ અનુભવતા ન હતા. ઘણું કરીને દિવસના બે સમયો એટલે સવાર અને સાંજમાંથી કોઇ પણ સમયે, કાં તો સવારની વેળા પધારતા અથવા સાંજના સમયે પધારતા. મારા બાપાજીના મકાને આપની પધરામણીનો એજ નિયમ હતો.

એ પછી છેવટે તે દિવસ આવી લાગ્યો જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને હિજરતની પરવાનગી આપી દીધી. પરવાનગી મળતાં આપ મક્કહને છોડીને પોતાની કૌમમાંથી ચાલી નીકળ્યા અને જ્યારે હિજરતની રાત આવી લાગી તો એજ દિવસે બપોરના સમયે આપ અચાનક અને અણધારેલી રીતે મારા બાપાજી અબૂબક્રના મકાને પધાર્યા જ્યારે કે આપની પધરામણીનો ન એ સમય હતો ન નિયમ હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને નિયમ વિરુધ્ધ પધારેલા જોઇને અમારા બાપા અબૂબક્રે

---

૧. હઝરત ઉર્વહ બિન ઝુબૈર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર સહાબી હઝરત ઝુબૈરના ફરઝંદ અને હઝરત અબૂબક્ર સિદ્દીકના નવાસા હતા. પોતાનાં માસી હઝરત બીબી આઇશહની દેખરેખમાં ઉછેર પામ્યા. આપની પાસે કુર્આન અને હદીસનું શિક્ષણ લીધું અને દીની, દુન્યવી ઉલૂમમાં નામના મેળવી. સીરત અને મગાઝીના ફનમાં એમની બેશુમાર રિવાયતો આવેલી છે જે એમણે પોતાનાં માસી હઝરત આઇશહના મુખે સાંભળીને વર્ણવેલી છે. હિજરી સન ૯૪માં વફાત પામ્યા. (અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૨૮) ''હ''

મને કહ્યું, "જરૂર કોઈ નવાજૂની થઈ છે નકર આપનો પધરામણીનો આ સમય નથી."

આપને જોતાં જ અબૂબક્ર પોતાની બેઠક પરથી ઊભા થઈ ગયા. આગળ વધીને આપને આવકાર આપ્યો અને પોતે જે તખત પર બેસતા હતા તેની ઉપર આપને બેસાડયા. તે વેળા મકાનમાં મારા સિવાય અને મારી બહેન અસમા સિવાય બીજું કોઈ ન હતું. મકાનમાં પધારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂબક્રને ફરમાવ્યું, "અખરિજ અન્ની મન ઇન્દક." અત્યારે જે લોકો તમારી પાસે હોય તેઓને અહીંથી હટાવી દો.

અબૂબક્રે અરજ કરી, "મારાં માબાપ આપના ઉપર કુરબાન યા રસૂલલ્લાહ ! અહીં મારી બેટીઓ વગર કોઈ નથી. એમની હાજરીમાં વાંધા જેવું નથી." આપે ફરમાવ્યું :

ઇન્નલ્લાહ કદ અઝિના લી	બેશક અલ્લાહએ પરવાનગી આપી દીધી મને
ફિલ ખુરૂજિ	નીકળી જવાની
વલ હિજરતિ.	અને હિજરત કરી જવાની.

અબૂબક્રે અરજ કરી, "અસ-સુહબતુ યા રસૂલલ્લાહ ? " શું મને પણ આપના સંગાથે રહેવાનું માન મળશે યા રસૂલલ્લાહ ?

આપે ફરમાવ્યું, "અસ-સુહબહ." હા તમે પણ મારા સંગાથે રહેશો.

અગાઉથી કરેલી સફરની તૈયારી————ઉમ્મુલ-મુઅમિનીન હઝરત આઈશહ ફરમાવે છે : કોઈ માણસ ખુશાલીના આવેશથી લાગણીવશ થઈને રડવા લાગે તેવું આજ સુધી મારા અનુભવમાં ન હતું. એ દિવસે મારા બાપાજી અબૂબક્રને મેં જોયા, તેઓ આનંદની છલકાતી લાગણીઓથી રડવા લાગ્યા હતા. તેમણે રડતાં-રડતાં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આ બે ઊંટણીઓ હાજર છે. આજના દિવસ માટે જ મેં બંનેને અગાઉથી ખરીદીને તૈયાર રાખી છે."

હઝરત આઈશહનું બયાન છે : અબૂબક્રે બંને ઊંટણીઓને ખરીદીને પોતાના ઘરે રાખી હતી. એ પછી અબ્દુલ્લાહ બિન ઉરૈકિત નામના શખ્સને બોલાવીને ઠરાવેલી મુદ્દત સુધી બંને ઊંટણીઓને જંગલમાં ચરાવવા માટે સોંપી દીધી હતી. આ માણસ બનૂ વાઇલ બિન બક્રના કબીલામાંથી હતો અને મુશરિક હતો. એની મા બનૂ સહમ બિન અમ્રની બિરાદરીમાંથી હતી. અબુબક્રે એજ અબ્દુલ્લાહ બિન ઉરૈકિતને રસ્તાના ભોમિયા તરીકે સફરમાં સાથે આવવાનું પણ અગાઉથી નક્કી કરી રાખ્યું હતું. અને આ બંને કામોનું મહેનતાણું પણ તેની સાથે ઠરાવી લીધું હતું.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આ જાણકારી પણ મળવા પામી કે હિજરતથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિજરતની ખબર, હઝરત અલી, હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત અબૂબક્ર સિદ્દીકના ઘરવાળાં સિવાય કોઈને ન હતી, એટલે મક્કહના કોઈ પણ માણસને હિજરતના ખબર ન હતી. હઝરત અલીને તો ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હિજરતના સમાચાર આપીને મક્કહમાં જ રહેવાનું ફરમાવી દીધું હતું. અને મક્કહના લોકોની અમાનતો હઝરત અલીને હવાલે કરીને હુકમ ફરમાવ્યો હતો કે, જેની જે અમાનત હોય તે તેને હવાલે કરી દેવી. મક્કહના લોકોનો નિયમ હતો કે, ચોરાઈ જવાની કે ખોવાઈ જવાની ધાસ્તી હોય તેવી કિંમતી ચીજો તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે અમાનત તરીકે મૂકી જતા હતા. કેમકે આપની સચ્ચાઈ, આપની પ્રામાણિકતા, આપની ઈમાનદારી, આપની અમાનતદારી જગજાહેર

Maktabe Ashraf

હતી. સાદિક અને અમીન તરીકે આપ બધેબધ પંકાયેલા હતા.

સૌરની ગુફામાં પહેલો પડાવ--------ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહથી નીકળી જવાનો નિર્ધાર કરી લીધો તો હઝરત અબૂબક્રના મકાને પધાર્યા. અહીંથી બંને સાહેબો મકાનની પાછલી બારીમાંથી નીકળીને સૌર પર્વતની એક ગુફા તરફ ચાલી નીકળ્યા. આ સ્થળ મક્કહની નીચાણ ભૂમિએ, દક્ષિણ દિશાએ આવેલું હતું. પછી રાતોરાત ત્યાં પહોંચીને એ ગુફામાં બંને સાહેબોએ આશરો લીધો.[1]

હઝરત અબૂબક્ર સિદ્દીકે પોતાના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહને હુકમ કરી દીધો હતો કે દિવસના સમયે, લોકો અમારા મામલા અંગે જે વાતો કરે તેની બાતમી મેળવે અને રાતે ગુફામાં આવીને અમને તેના સમાચાર આપે. વળી પોતાના આઝાદ કરેલા ગુલામ હઝરત આમિર બિન ફુહૈરહને ફરમાવી દીધું હતું કે દિનભર મક્કહના ગોવાળો સાથે રહીને તેમની (હઝરત અબૂબક્રની) બકરીઓ ચરાવતા રહે અને રાતે બકરીઓને લઇને ગુફા પાસે આવી જાય અને પોતાની બેટી બીબી અસમાને કહી દીધું હતું કે રાતે ખાવાનું લઇને આવ્યા કરે.

ઇબ્ને હિશામ કહે છે : મને કેટલાક માહિતગારો તરફથી હસન બિન અબી હસનની આ રિવાયત મળી છે. હઝરત હસનનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્ર જ્યારે રાતના સમયે મક્કહથી પગપાળા નીકળીને સૌરની ગુફા પાસે પહોંચી ગયા તો પ્રથમ હઝરત અબૂબક્ર ગારની અંદર ગયા. તેમણે અંધારામાં હાથથી ફંફોળી-ફંફોળીને ગારના ખૂણાં-ખાંચરાંઓની તપાસ કરી લીધી કે કોઇ જંગલી જાનવર કે સાપ વગેરે હોય તો ખબર પડે. મકસદ આ હતો કે પોતે જાનનો જોખમ ખેડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તમામ ખતરાઓથી બચાવી લે.

ગુફામાં ખાવાપીવાની વ્યવસ્થા--------ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથી હઝરત અબૂબક્રની સાથે ત્રણ દિવસ ગારમાં બિરાજમાન રહ્યા. કુરૈશ જ્યારે ત્રણ દિવસની સતત દોડધામ છતાં આપનો પત્તો મેળવવામાં નાસીપાસ થયા તો તેઓએ આપની ધરપકડ માટે એક સો ઊંટોના ઇનામની જાહેરાત પોકારાવી દીધી; એવા માણસ માટે જે આપને ગિરિફતાર કરીને તેઓની પાસે લઇ આવે.

હઝરત અબૂબક્રના હુકમ મુજબ આપના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ દિવસનો પૂરો સમય કુરૈશના લોકોમાં રહીને પસાર કરતા અને કુરૈશ જે કંઇ બોલતા તે બધું સાંભળી લેતા અને રાતે ગુફામાં જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા હઝરત અબૂબક્રને તેની પૂરી માહિતી આપી દેતા. હઝરત અબૂબક્રના આઝાદ ગુલામ હઝરત આમિર બિન ફુહૈરહ દિનભર મક્કહના ગોવાળો સાથે રહીને હઝરત અબૂબક્રની બકરીઓ ચરાવતા અને રાત પડતાં બકરીઓને લઇને ગુફા પાસે પહોંચી જતા. અલ્લાહના પયગમ્બર અને પયગમ્બરના સાથી બકરીઓને

---

૧. ગારે સૌરનો પર્વત મક્કહથી ચારેક માઇલના અંતરે આવેલો છે. તે વેળા યમનનો મુખ્ય રસ્તો એની પાસેથી પસાર થતો હતો. જબલે નૂર કરતા જબલે-સૌર વધારે ઊંચો છે. પહાડની ચોટી એક માઇલ જેટલી ઊંચાઇએ આવેલી છે. ઉપરની ટોચથી બે ફર્લાંગ છેટે નીચાણમાં ઢલ ઢાળવાળો ખતરનાક રસ્તો છે તેને છેવાડે આ ગુફા આવેલી છે જે સરિયામ પગદંડીથી હટીને જમણી દિશાએ આવેલી છે. ગુફાનું ક્ષેત્રફળ બે ચોરસ મીટર જેટલું છે. પ્રવેશદ્વાર અતિ સાંકડું હોવાથી સામાન્ય આદમી મુશ્કેલીથી પ્રવેશી શકે છે. અંદર દાખલ થતી વેળા વાંકા વળવું પડે છે. સીધા માથે પ્રવેશવું અશક્ય છે. દિવસના અજવાળામાં પહાડની ચોટી પર પહોંચવા માટે અર્ધો દિવસ જોઇએ. અહીંથી સમુંદર સાફ દેખાય છે. (સીરતે અહમદે મુજતબા જિ.૧ પા. ૪૭૫) "હ"

દોહીને દૂધ પી લેતા અને જરૂરત જણાતાં એકાદ બકરીને ઝબહ કરી લેતા. હઝરત અબ્દુલ્લાહ પરોઢના અંધારામાં ત્યાંથી નીકળીને મક્કહનો રસ્તો લેતા અને હઝરત આમિર બિન ફુહૈરહ લાગલા જ બકરીઓને હંકારતા તેમની પાછળ ચાલી નીકળતા કે જેથી હઝરત અબ્દુલ્લાહના પગલાંના નિશાન મટી જાય અને પગીઓ પત્તો ન મેળવી શકે.

છેવટે ત્રણ દિવસો પસાર થઇ ગયા. કુરૈશનો ઉશ્કેરાટ કે જુસ્સો શમવા લાગ્યો. તેઓના ઉત્સાહ અને પ્રયત્નોમાં મંદી આવી ગઇ ત્યારે મહેનતાણું આપીને જે ભોમિયાની નિમણૂંક કરવામાં આવી હતી તે હઝરત અબૂબક્રની બંને ઊંટણીઓને લઇને પોતાના ઊંટ સાથે હાજર થઇ ગયો. [1]

બીજી તરફ હઝરત અબૂબક્રનાં બેટી બીબી અસમા સફરમાં ખાવાપીવાની ચીજોનું તોશાદાન લઇને આવી ગયાં. પરંતુ તોશાદાનને ઊંટની કાઠી સાથે બાંધવાની દોરડી લાવવાનું ચૂકી ગયાં. જયારે બંને સાહેબો ઊંટણીઓ પર સવાર થવા લાગ્યા અને બીબી અસમા તોશાદાનને બાંધવા ત્યાં ગયાં તો માલૂમ પડયું કે દોરડી તો ભૂલી આવ્યાં છે. એજ વેળા બીબી અસમાએ પોતાનો ''નિતાક'' એટલે કમરપટ્ટો કેડેથી છોડીને તેના બે ચીરા કર્યા અને એક ચીરા સાથે તોશાદાન બાંધીને તેને ઊંટણીની કાઠી સાથે લટકાવી દીધું અને નિતાકનો બીજો ચીરો પોતાની કમર સાથે બાંધી લીધો. બસ ત્યારથી જ બીબી અસમાનો લકબ ''ઝાતિન-નિતાકૈન'' પડી ગયો. [2]

ઇબ્ને હિશામ કહે છે : સંખ્યાબંધ જાણકારોને મુખે મેં સાંભળ્યું કે લોકો બીબી અસમાને ''ઝાતુન-નિતાકૈન''ના વિશેષણે સંબોધતા હતા. કારણ આ હતું કે તોશાદાન બાંધવાનો વિચાર કર્યો તો દોરડી ભૂલી આવ્યાં હોવાથી તેમણે કમરે બાંધેલા પટકાના બે ટુકડા કર્યા. એકથી તોશાદાન બાંધીને લટકાવી દીધું અને બીજો પોતાની કમરે વીંટાળી લીધો.

ઊંટણીની ચૂકવેલી કિંમત————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુએ જયારે બંને ઊંટણીઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરી તો એમાં જે ચઢિયાતી ઊંટણી હતી તેને આગળ કરીને વિનંતી કરી, ''યા રસૂલુલ્લાહ ! મારાં માબાપ આપની ઉપર કુરબાન ! સવારી પર પધારો !''

જવાબમાં આપે ફરમાવ્યું, ''ઇન્ની લા અરકબુ બઅીરન લૈસ લી. ''એવા ઊંટ પર હું સવારી નહિ કરૂં જે મારૂં પોતાનું ન હોય.

અરજ કરી, ''હે અલ્લાહના રસૂલ ! આપ પર મારાં માબાપ કુરબાન ! એ તો આપના ચરણોમાં ભેટ છે.''

ફરમાવ્યું, ''લા વલાકિન્ન મસ્‌-સમનુલ-લઝિબ-તઅતઆ બિહી.'' એ નહિ બને, પણ બતાવો, એને તમે શું દામે ખરીદી છે ?

---

૧. મહેનતાણું આપીને રોકેલા ભોમિયાનું નામ અબ્દુલ્લાહ બિન ઉરૈકત હતું. કેટલાકે ઉરૈકત અને અરકત ઉચ્ચાર પણ કર્યો છે. આ માણસ મુશરિક કે કાફિર હોવા છતાં પૂરો વફાદાર અને ઇમાનદાર એટલે પ્રામાણિક હતો. મક્કહથી મદીનહ સુધીના તમામ રસ્તાઓનો પૂરેપૂરો જાણકાર હતો. એના ઇસ્લામ વિષે મતભેદ છે. કેટલાકના મત મુજબ બાદમાં મુસલમાન બની ગયો હતો. ''હ''

૨. કમરના પટકા કે દુપટ્ટાને અરબીમાં નિતાક કહે છે. અરબની સ્ત્રીઓ એને કમરે બાંધીને તેનો એક છેડો માથે કે ખભે મૂકી લેતી અને બીજો છેડો લટકતો છોડી દેતી. ઝાતુન-નિતાકૈન એટલે બે પટકાવાળી. ''હ''

અરજ કરી, "આ દામે."

ફરમાવ્યું, "કદ અખઝ-તુહા બિ-ઝાલિક." એજ દામે મેં એને ખરીદી લીધી.

અરજ કરી, "યા રસૂલુલ્લાહ ! હવે આપ એના માલિક બની ગયા."

મદીનહની મુસાફરીનો આરંભ——————એ પછી બંને સાહેબો પોતપોતાની ઊંટણી પર સવાર થયા અને અલ્લાહના નામથી સફરની શરૂઆત કરી દીધી. હઝરત અબૂબક્રે પોતાના આઝાદ ગુલામ હઝરત આમિર બિન ફુહૈરહને પોતાની ઊંટણીની પાછળ બેસાડી લીધા કે જેથી રસ્તામાં તેઓ બંને સાહેબોની ખિદમત કરી શકે.

નોટઃ———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર જીવનમાં દો ગાર, દો યાર, દો સફરનું ભારે મહત્વ છે. દો ગારમાં પહેલો ગારે-હિરા અને બીજો ગારે-સૌર——ગારે-હિરામાં સૌથી પહેલી વહી નાઝિલ થઇ. કુર્આને-મજીદમાં ગારે-હિરાનું વર્ણન નથી પણ ગારે-સૌરનું વર્ણન થયેલું છે. કુર્આનમાં છે : ઇઝ હુમા ફીલ-ગારે. એ ઉપરાંત આપના નૂરાની જીવનની બે યાદગાર સફરો છે. એક જમીની સફર બીજી આસમાની સફર. જમીની સફર હિજરતે-મદીનહની સફર છે. અને આસમાની સફર શબે-મિઅરાજની સફર છે. બંને સફરોનું બયાન કુર્આનમાં આવેલું છે. હિજરતની સફરના યાર હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ છે જ્યારે આસમાની સફરના યાર હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ છે. (સીરતે અહમદે મુજતબા જિ.૧ પા. ૪૭૫) "હ"

અબૂ જહલનો ઝપાટો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હઝરત અબૂબક્રના બેટી હઝરત અસમાની આ રિવાયત મળી છે. બીબી અસમાનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અબૂબક્રની ઘરમાંથી રવાનગી પછીનો આ બનાવ છે. કુરૈશના લોકોની એક ટોળી અમારા ઘરે આવી. એમાં અબૂ જહલ પણ હતો. તેઓ બારણે આવીને ઊભા થઇ ગયા. હું તેઓની પાસે ગઇ. તેઓએ પૂછ્યું, "હે અબૂબક્રની બેટી ! તારો બાપ ક્યાં છે ?"

મેં કહ્યું, "વલ્લાહ ! હું નથી જાણતી કે મારા બાપા ક્યાં છે."

આ સાંભળતાં જ અબૂ જહલનો હાથ ઊંચો થયો અને લાગલો જ એક જોરદાર તમાચો તેણે મારા ગાલ પર મારી દીધો જેના પ્રહારથી મારા કાનનું એરિંગ ઊડીને દૂર ફંગોળાઇ ગયું. એ હતો જ બદમાશ અને ખબીસ માણસ ! એ પછી બધા ગુસ્સામાં વળ ખાતા અમારી પાસેથી ચાલ્યા ગયા અને અમે લાગાતાર ત્રણ રાત દિવસ સુધી બેખબરીની હાલતમાં રહ્યાં.

ગુજરાતી સંપાદકની નોંધ———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુની રવાનગી પછી કુરૈશના લોકો જુદી જુદી ટોળીઓમાં વહેંચાઇને એમની તલાશમાં નીકળી પડ્યા હતા. એમાંની એક ટોળી જબલે-સૌરની ચોટી સુધી પહોંચીને ગુફાના મુખ સુધી જઇ પહોંચી હતી જેનું બયાન કુર્આને-મજીદમાં પણ આવેલું છે. ત્યાં આ ટોળી સાથે જે પ્રસંગ સર્જાયો તેનું વર્ણન સીરતે ઇબ્ને હિશામમાં સરતચૂકથી છૂટી ગયું છે. સીરતની સનદી કિતાબોને આધારે તેનું મુખ્તસર બયાન અહીં રજૂ કરીએ છીએ.

કુરૈશની જુદી જુદી ટોળીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુની તલાશમાં નીકળી પડી. તેઓએ મક્કહ અને આજુબાજુના વિસ્તારનો ખૂણેખૂણો ધમરોળી નાખ્યો. એક ટોળી મક્કહના બે પંકાયેલા ખોજીઓની મદદથી પગેરૂં લેતી જબલે-સૌર સુધી પહોંચી ગઈ. અહીંથી ખોજીઓ પગેરૂં લેતાં પહાડ પર ચઢવા લાગ્યા ત્યાં સુધી કે તેઓ ગુફાના મુખ પાસે જઈને ઊભા થઈ ગયા. અહીં પહોંચીને કુર્ઝ બિન અલકમહ ખુઝાઈ નામના ખોજીએ કહ્યું, "અહીંથી આગળ પગેરૂં દેખાતું નથી."

બુખારી, તિરમિઝી, મુસ્લિમ અને મુસ્નદે-અહમદમાં હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુની રિવાયત ટાંકવામાં આવી છે. હઝરત અનસનું બયાન છે : હઝરત અબૂબક્રે મને હિજરતની કથા વર્ણવતાં કહ્યું કે જયારે હું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ગુફામાં હતા તો કુરૈશની એક ટોળી અમારી તલાશમાં ગુફાના મુખ પાસે આવી લાગી. મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! એમાંનો કોઈ વાંકો વળીને ડોકિયું કરશે તો નક્કી આપણને જોઈ લેશે."

જવાબમાં આપે શાંતિથી ફરમાવ્યું, "યા અબાબક્ર ! લા તહઝન ઈન્નલ્લાહ મ-અ-ના. "ગમ ના કરો હે અબૂબક્ર ! બેશક અલ્લાહ આપણી સાથે છે.

હઝરત અનસ બિન માલિક, હઝરત ઝૈદ બિન અરકમ, હઝરત મુગીરહ બિન શુઅબહનું બયાન છે: રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્ર જયારે ગારમાં સંતાઈ ગયા તો અલ્લાહના હુકમથી ગુફાના મુખ સામે એક ઝાડ ઊગી નીકળ્યું. પછી જંગલી કબૂતરની એક જોડીએ ઝાડ પર માળો બાંધીને તેમાં ઈંડા મૂકયાં. એ પછી એક કરોળિયાએ આવીને ગારના મુખ પર જાળું વાણી દીધું. આ રીતે જાણે તેઓએ ગુફાને એક મજબૂત કિલ્લો બનાવી દીધો. મુશરિકો જયારે ગુફાના મુખ પાસે પહોંચ્યા તો માળો જોઈને પાછા વળી ગયા કે એમાં કોઈ ઈન્સાન હોય શકતો નથી. અલ્લામા શરફુદ્દીન બુસૈરી પોતાના મશહૂર "કસીદએ-બુરદહ"માં ફરમાવે છે :

ઝન્નુલ-હમામ વ ઝન્નુલ-અન્કબૂત અલા. • ખૈરિલ-બરીય્યતે લમ તન્સજ વલમ તહુમિ.

અર્થાત : કુરૈશી કાફિરો એવું સમજયા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અગર ગુફામાં પધારેલા હોત તો ગુફાના દરવાજા પર ન કરોળિયાનું જાળું હોત, ન કબૂતરોનો માળો હોત અને ન માળામાં ઈંડા હોત!

મુસ્નદે ઈબ્ને હમ્બલમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુ ગારે-સૌરમાં દાખલ થઈ ગયા તો અલ્લાહ તઆલાએ એક કરોળિયાને હુકમ ફરમાવ્યો કે ગુફાના મુખ પર જાળું વાણી દે. મુશરિકો તલાશ કરતા ગુફા પાસે પહોંચી ગયા તો કરોળિયાનું જાળું જોઈને બોલી ઊઠયા, "કોઈ અંદર ગયું હોત તો જાળું સલામત રહેતે નહિ."[1]

બીજી રિવાયત મુજબ ખોજીએ જયારે આમ કહ્યું કે, "અહીંથી આગળ પગેરાંનો પત્તો નથી તો ટોળીના એક માણસે કહ્યું, "ચાલો ગુફાની અંદર જઈને ખાતરી કરી લઈએ." ત્યારે ઉમૈયહ બિન ખલફ બોલી ઊઠયો, "અને અંદર શું મળવાનું ? જોતા નથી, કરોળિયાનું જાળું તો મુહંમદની પેદાઈશથી પણ પહેલાનું લાગે છે!" આ સાંભળીને બધા પાછા પગે વળી ગયા. એજ પ્રસંગ હતો જયારે દુશ્મનને ગુફાના મુખ સાથે ઊભેલા

૧. સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ર૭૧ સીરતે-સરવરે -આલમ જિ.૧ પા. ૭ર૭

જોઇને હઝરત અબૂબક્રે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અરજ કરી, "યા રસૂલલ્લાહ ! એમાંનો કોઇ વાંકો વળીને ઝાંખી લે તો આપણને જોઇ લેશે." જવાબમાં રસૂલુલ્લાહ (સલ.)એ પૂરી શાંતિથી ફરમાવ્યું, "હે અબૂબક્ર ! તમારૂં શું માનવું છે તે બે માણસો વિષે જેઓની સાથે ત્રીજો અલ્લાહ છે !"[1]

બીબી અસમા બિન્તે અબીબક્રની એક રિવાયતમાં છે કે, કુરૈશ આપની શોધમાં ગુફાના પ્રવેશદ્વાર સુધી પહોંચી ગયા તો અબૂબક્રે વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ! ગુફાના મુખ સામે ઊભેલો માણસ અવશ્ય આપણને જોઇ લેશે." આપે શાંતિથી ફરમાવ્યું, "હરગિઝ નહિ, અલ્લાહના ફરિશ્તાઓએ આપણને પોતાની પાંખોથી છુપાવી રાખ્યા છે. "એટલામાં તે શખ્સ ત્યાં બેસીને પેશાબ કરવા લાગ્યો. આપે અબૂબક્રને ફરમાવ્યું, "આ માણસ આપણને જોત તો સામે બેસીને પેશાબ ન કરત !"[2]

"મુસ્નદે-અબીબક્ર સિદ્દીક"ની એક રિવાયતમાં છે કે, કુરૈશની આ ટોળી ગુફાના મુખ પાસે પહોંચી તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નમાઝ પઢતા હતા અને હઝરત અબૂબક્ર દુશ્મનની હિલચાલ જોતા હતા. આપે નમાઝ પૂરી કરી તો અબૂબક્રે રડતાં રડતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપના ઉપર કુરબાન ! આપની કૌમ આપની શોધમાં આવી લાગી છે. અલ્લાહના સોગંદ, મને મારી ચિન્તા નથી પણ આપને કંઇ થઇ ગયું તો ઉમ્મતનું શું થશે ?"

આપે અબૂબક્રને દિલાસો આપતાં શાંતિથી ફરમાવ્યું, "લા તહઝન ઇન્નલ-લાહ મઅના." એટલે ચિન્તા ના કરો. અલ્લાહ આપણી સાથે છે.[3]

એજ પ્રસંગનું વર્ણન અલ્લાહ તઆલાએ કુર્આનમાં આ પ્રમાણે કર્યું છે:

ઇલ્લા તન-સુરૂહુ	અગર તમે પયગમ્બરની મદદ નહિ કરશો,
ફકદ નસરે-હુલ્લાહુ	તો (જાણી લો) અલ્લાહ તેની મદદ ત્યારે કરી ચૂક્યો છે
ઇઝ અખ્રજહુ-લ્લઝીન કફરૂ	જ્યારે કાફિરોએ તેને કાઢી મૂક્યો હતો;
સાનિયસ-નૈન ઇઝ હુમા ફીલ-ગાર,	જ્યારે કે તે, બેમાંનો એક હતો, જ્યારે બંને ગુફામાં હતા.
ઇઝ યકૂલુ લિ-સાહિબિહી	ત્યારે તે પોતાના સાથીને કહેતો હતો કે,
લા તહઝન ઇન્નલ-લાહ મઅના.	ગમ ના કર, અલ્લાહ આપણી સાથે છે.
ફ-અન-ઝલલ-લાહુ	તો અલ્લાહએ ઉતારી
સકીન-તહૂ અલૈહિ	પોતાની શાંતિ તેની ઉપર
વ અય્યદહૂ બિ-જુનૂદિલ	અને અલ્લાહએ મદદ કીધી તેની એવા લશ્કરોથી
લમ તરવ-હા.	જેને તમે જોયાં નથી.
વ જઅલ કલિમતલ-લઝીન કફરુસ-સુફલા.	અને અલ્લાહએ કાફિરોની વાતને હેઠી પાડી દીધી.
વ કલિમતુલ-લાહિ હિય-ઉલ્યા.	અને અલ્લાહની જ વાત સદા ઊંચી રહે છે.
વ લાહુ અઝીઝુન-હકીમ.	બેશક અલ્લાહ જોરાવર અને હિકમતવાળો છે.[4]

આ આયતમાં "જુનૂદિલ-લમ તરવ-હા" એટલે એવાં લશ્કરો જેને તમે જોયાં નથી પર વિચાર કરતા

૧. સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૭૨ સીરતે-સરવરે-આલમ જિ.૧ પા ૭૨૭

૨. સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૮૨ 3. સીરતે-સરવરે આલમ જિ.૨ પા. ૭૨૮

૪. સૂરએ તવબહ આયત ૪૦

Maktabe Ashraf

ન. ખબર પડશે કે અલ્લાહના એ ગૈબી લશ્કરો તેજ હતાં જેની વિગત, ઉપર દર્શાવેલી હદીસોમાં ટાંકવામાં આવી છે. એટલે :

- ગુફાના પ્રવેશદ્વાર પર ફરિશ્તાઓનો પહેરો જેનાથી કાફિરોના દિલો પર દહેશત છવાઈ ગઈ કે ત્યાં પહોંચી જવા છતાં ગુફામાં પ્રવેશવાનું તો કોરે રહ્યું. કોઈએ વાંકા વળીને ડોકિયું સુધ્ધાં નહિ કર્યું.
- ગુફાના મુખ પર અલ્લાહના હુકમથી તત્કાળ ઊગી નીકળેલું બાવળનું ઝાડ; એવું જાણે છેક જૂનું પુરાનું હોય.
- ઝાડ પર કબૂતરની જોડીએ બાંધેલો માળો અને માળામાં કબૂતરીએ મૂકેલાં ઈંડા.
- અલ્લાહના હુકમથી ગુફાના મુખ પર કરોળિયાએ વણી કાઢેલું જાળું.
- "અન-ઝલલ-લાહુ સકીનહ" એટલે અલ્લાહએ ઉતારેલી સકીનહ જેના અર્થ શાંતિ, સલામતી સુકૂન, ચેન, રાહત, આરામ, ટાઢક, ઠંડક વગેરે થાય છે. એ છે અલ્લાહના તે ગૈબી લશ્કરો જેનાથી અલ્લાહએ પોતાના નબીની મદદ કરી અને આ રીતે કાફિરોની વાત હેઠી પડી અને અલ્લાહની વાત ઊંચી રહી.

ત્રણ રાત-દિવસની સતત દોડધામ છતાં દુશ્મનની મુરાદ બર નહિ આવી તો તેઓનો ઉત્સાહ મંદ પડી ગયો અને તેઓને ખાતરી થઈ ગઈ કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અમારી પહોંચથી બહાર નીકળી ગયા છે ત્યારે નાછૂટકે તેઓએ ઇનામની જાહેરાતનો ઢંઢેરો પીટાવી દીધો કે:

> "જે માણસ મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અને અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુને જીવતા કે મરેલા પકડી લાવશે તેને સો ઊંટોનું ઇનામ આપવામાં આવશે."

(ગુજરાતી સંપાદકનું લખાણ પૂરૂં થયું. હવે કિતાબનું લખાણ આગળ વાંચો.)

રવાનગી પછીના ગૈબી સમાચાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત બીબી અસમા બિન્તે અબીબક્રનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અબૂબક્રની રવાનગીના લગાતાર ત્રણ દિવસ સુધી અમે તદ્દન બેખબરીની હાલતમાં રહ્યાં કે તેઓ ક્યાં અને કઇ દિશાએ ગયા છે અને તેઓની શું હાલત છે ! એ પછી જિન્નાતની કૌમમાંથી એક વ્યક્તિ મક્કહના નીચાણના પ્રદેશથી અરબોના ગાયન પેઠે, કાવ્યની કેટલીક કડીઓ લલકારતી પસાર થવા લાગી. લોકો તેની પાછળ-પાછળ ચાલતા હતા. બધાને તેના ગાયનનો અવાજ સંભળાતો હતો પણ એ વ્યક્તિ પોતે અલોપ કે અદ્રશ્ય હોવાથી કોઇને દેખાતી ન હતી. છેવટે એ વ્યક્તિ મક્કહના ઉંચાણવાળા પ્રદેશથી ગાયનની આ કડીઓં લલકારતી પસાર થઇ ગઇ :

જઝલ્લાહુ રબ્બુન-નાસે ખૈરા જઝા-ઇહી, • **રફીકૈન હલ્લા ખૈમતા ઉમ્મ મઅબદી.**

લોકોનો પાલનહાર અલ્લાહ બંને રફીકોને પોતાની પાસેથી બેહતરીન જઝા આપે. તેઓએ ઉમ્મે-અબદના બે તંબુઓમાં વિસામ માટે ઉતારો લીધો છે.

હુમા ન ઝ-લા બિલ બિર્રે **સુમ્મ** તરવ-વહા, • ફ-અફલહ મન **અમ્સા રફીક મુહમ-મદી.**

તેઓ ઉતર્યા તો નેકીઓને સાથે લઇને ઊતર્યા. પછી સાંજ પડતાં તેઓ ઊપડી ગયા. તરક્કી એવા માણસને મળી અને ઉધ્ધાર તેનો થયો જે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સાથી બન્યો.

લિયઅ-દિય્ય બની કઅબિન મકાન ફતઅ-તિહિમ, • વ મક-અ-દ-હા લિલ-મુઅમિનીન બિ-મરસદી.

બનૂ કઅબે પોતાના ઝનાનખાના અને દીવાનખાનાથી ખુશ થવું જોઇએ કેમકે તે ઇમાનદારોના રાહ જોવાના તથા થોભવાનાં સ્થળો છે.

ઇબ્ને હિશામ કહે છે : બીબી ઉમ્મે મઅબદનું મૂળ નામ આતિકહ છે. એમના પિતાનું નામ કઅબ છે. કેટલાકના કથન મુજબ એમના પિતાનું નામ ખાલિદ છે. એમના કબીલાનું નામ બનૂ ખુઝાઅહ છે જે અરબના બનૂ કઅબ કબીલાની એક શાખ હતી. [૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂબક્રના બેટી બીબી અસમાનું બયાન છે : જિન્નાતની કૌમમાંથી પેલી ભેદી વ્યકિતની કાવ્યવાણી અમે સાંભળી ત્યારે અમને બધાને ખબર પડી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અબૂબક્ર કઇ દિશાએ ગયા છે. આથી પહેલાં લગાતાર ત્રણ દિવસ સુધી અમે તદ્દન બેખબર હતાં. માલૂમ પડયું કે બંને સાહેબોએ મદીનહ તરફનું પ્રસ્થાન કર્યું છે. આ નૂરાની કાફલામાં ચાર ગૃહસ્થો હતા :(૧) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ (૨) અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુ (૩) અબૂબક્રના આઝાદ કરેલા ગુલામ આમિર બિન ફુહૈરહ રદિયલ્લાહુ અન્હુ (૪) અને અબ્દુલ્લાહ બિન અરકત જેને રસ્તો બતાવવા માટે રાખી લેવામાં આવ્યો હતો.

ઇબ્ને હિશામ કહે છે : કેટલાક લોકો અરકત નામનો ઉચ્ચાર ઉરૈકિત તરીકે કરે છે.

હઝરત અબૂબક્રના બાપાનો બળાપો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યહ્યા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન જુબૈરે પોતાના પિતા અબ્બાદની અને તેમણે પોતાના દાદી બીબી અસમા બિન્તે અબીબક્રની આ રિવાયત કહી સંભળાવી. બીબી અસમાનું બયાન છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી નીકળી ગયા અને આપની સાથે અબૂબક્ર પણ ઊપડી ગયા તો અબૂબક્ર પોતાની કુલ જમાપૂંજી પણ પોતાની સાથે ઉપાડી ગયા હતા. તે સમયે અબૂબક્ર પાસે પાંચ અથવા છ હજાર દિરહમ રોકડા હતા.

અબૂબક્રના ચાલ્યા જવા બાદ મારા દાદા અબૂ કુહાફહ મારી પાસે આવ્યા. તે વેળા તેઓ આંખે અંધ બની ગયા હતા. તેમણે મને કહ્યું, ''બેટી ! મારી ધારણા છે કે તે પોતાનો બધો માલ પણ ઉપાડી ગયો છે અને તમને કંગાલ દશામાં મૂકીને દુઃખી કરી ગયો છે.''

મેં કહ્યું, ''દાદાજી ! વાત એમ નથી. મારા બાપુજી ''ઘણોબધો માલ''અમારા માટે મૂકી ગયા છે.''[૨]

એ પછી અબૂબક્ર જે ગોખલામાં પોતાનું રોકડનાણું વગેરે મૂકતા હતા ત્યાં મેં થોડાક પથરા-કાંકરા ગોઠવીને તેની ઉપર જાડું કપડું પાથરી દીધું અને દાદાજીનો હાથ ઝાલીને ત્યાં લઇ ગઇ અને કહ્યું, ''જુઓ દાદાજી!

---

૧. ઉમ્મે મઅબદનું અસલ નામ આતિકહ બિન્તે કઅબ અથવા આતિકહ બિન્તે ખાલિદ હતું. એમના પતિ અબૂ મઅબદ નામે ઓળખાતા હતા. મદીનહ તરફ જતાં ''કુદૈદ'' નામે સ્થળે આ કુટુંબ વસેલું હતું. બીબી ઉમ્મે મઅબદ એક પુખ્ત વયના, બેહદ ચંચળબુદ્ધિના, ઉદારદિલના, સંસ્કારી ખાતૂન હતાં. વટેમાર્ગુઓ, મુસાફિરો અને ભૂલાભટકા પ્રવાસીઓની મેઝબાનીમાં ચોતરફ પંકાયેલા હતા. એ માટે તેમણે બે મોટા તંબુઓ પોતાના આંગણે ઊભા કર્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાફલો વિસામા માટે અહીં થોભ્યો તેના સમાચાર ગૈબી વ્યકિતના કાવ્ય મારફતે બીબી અસમાને મળવા પામ્યા. બાદમાં ઉમ્મે-મઅબદ, એમના પતિ અને ભાઇ-ભત્રીજા બધા મુસલમાન બની ગયા. ઉમ્મે મઅબદની વધુ વિગત આગળ આવે છે. ''હ''

૨. હઝરત અસમા રદિયલ્લાહુ અન્હાની રિવાયતના મૂળ શબ્દો ''ખયરે-કસીર'' છે એટલે બીબી અસમાએ દાદાજીની તસલ્લી માટે કહ્યું કે મારા બાપુજી અમારા માટે ખયરે-કસીર છોડી ગયા છે જેના અર્થ પુષ્કળ ભલાઇઓનો ભંડોળ થાય છે. દાદાજી તે વેળા સુધી મુસલમાન બન્યા ન હતા. ફત્હે-મક્કહ વેળા મુસલમાન બન્યા. ''હ''

Maktabe Ashraf

આ રહ્યો બધો માલ. હાથ અડાડીને ખાતરી કરી લો.''

દાદાજીએ ત્યાં હાથ ફેરવ્યો તો તેમના દિલને સંતોષ થઈ ગયો. બોલ્યા, '' બેટી જ્યારે તે આટલું બધું મૂકી ગયો છે તો ફિકર -ચિન્તા જેવું કંઈ નથી. આ તેણે બહુ સારૂં કર્યું. આટલું આપણા માટે ઘણું બધું છે.''

ખરૂં જોતા અબૂબકે અમારા માટે કશું રહેવા દીધું ન હતું. પરંતુ મને થયું કે આ યુકિતથી મારે મારા વડીલ દાદાજીના દિલને તસલ્લી આપી દેવી જોઈએ. [૧]

સુરાકહનો ઘોડો કાફલાની પૂઠે———ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈબ્ને શિહાબ ઝુહરીએ કહ્યું કે અબ્દુર્રહમાન બિન માલિક બિન જુઅશમે પોતાના પિતાથી સાંભળ્યું અને એમના પિતાજીએ પોતાના પિતાજીથી સાંભળ્યું અને તેમણે પોતાના કાકા સુરાકહ બિન માલિક બિન જુઅશમના મુખે સાંભળ્યું. સુરાકહ બિન માલિક બિન જુઅશમ પોતાની આપવીતી રજૂ કરતાં કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ તરફ ઊપડી ગયા તો કુરૈશે બધેબધ એવી દાંડી પીટાવી દીધી કે, જે શખ્સ મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ને પકડીને અમારે હવાલે કરશે તેન એક સો ઊંટોનું ઈનામ આપવામાં આવશે.

સુરાકહ બિન માલિકનું બયાન છે : હું મારી કૌમના લોકો સાથે મજલિસ જમાવીને બેઠેલો હતો એટલામાં અમારા જ ગામનો એક માણસ ત્યાં આવીને ઊભો થઈ ગયો. તેણે આવતાં જ કહ્યું, ''વલ્લાહ ! મેં હમણા જ ત્રણચાર મુસાફિરોને અહીંથી પસાર થતા જોયા છે. તેઓ ઊંટો પર બેસીને જતા હતા. મારૂં મનાવું છે કે તેઓ મુહંમદ અને તેમના સાથીઓ જ છે.''

આ સાંભળીને મેં આંખનો ઈશારો માર્યો કે ચૂપ થઈ જા. પછી મેં તેને કહ્યું, ''અલ્યા ! તેં જે માણસોને જતાં જોયા તેઓ તો ફલાણા કબીલાના લોકો છે જેઓ પોતાના ખોવાયેલા જાનવરોની શોધમાં નીકળ્યા છે.''

તેણે કહ્યું, ''કદાચ એમ જ હશે સાહેબ !'' પછી તે ખામોશ થઈ ગયો.

હું થોડીવાર મજલિસમાં એમ જ બેસી રહ્યો જાણે કંઈ બન્યું જ નથી. પછી હળવેથી ઊભો થઈને મારા ઘર તરફ રવાના થઈ ગયો. ઘરમાં જતાં જ મેં મારો ઘોડો તૈયાર કરવાનો હુકમ છોડયો. તે વેળા ઘોડાને લાંબા દોરડાંથી બાંધીને ખીણના બીડમાં ચરવા છોડેલો હતો. સાથે જ મારા હથિયારો હાજર કરવાનો હુકમ આપી દીધો. એજ વેળા મકાનની પાછલી ઓરડીમાં પડેલા હથિયારો હાજર કરવામાં આવ્યાં. પછી મેં મારાં તીરો લીધાં જેનાથી હું શુભ કે અશુભના શુકન લેતો હતો. મારા અંગ પર મેં મારૂં બખતર સજી લીધું અને તીરો ઉપાડીને શુકન લીધા તો અશુભનું તીર નીકળી આવ્યું જેને હું નાપસંદ કરતો હતો. આ તીર મુહંમદને કશી હાનિ પહોંચાડી શકતું ન હતું. મેં એની પરવા નહિ કરતાં સાહસ ખેડવાનું નક્કી કરી લીધું. મને ખાતરી હતી કે જરૂર હું મુહંમદને ગિરિફતાર કરીને કુરૈશની સામે હાજર કરી દઈશ અને સો ઊંટોનું ઈનામ જીતી લઈશ.

પછી હું ઘોડાની પીઠ પર સવાર થયો અને પગલાંના નિશાન લેતો ચાલી નીકળ્યો. મારો ઘોડો પૂરપાટ

૧. ફારસીમાં કહેવત છે : અગર જાન તલબી મુઝાઈકા નેસ્ત, વગર ઝર તલબી સખુન દરી અસ્ત. અર્થાત : અગર જાન માગો તો જાન હાજર છે પણ જો પૈસા માગશો તો ગાડું અટકી જશે. માણસ પોતે તકલીફો વેઠી લે છે પણ પોતાના બાલબચ્ચાંઓને તકલીફમાં જોઈ શકતો નથી. અહીં હઝરત અબૂબકે પોતાના આકા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઈશ્કમાં પોતાના બાલબચ્ચાંઓનો પણ ખ્યાલ નહિ કર્યો અને પોતાના તન, મનની સાથે પોતાનું કુલ ધન પણ પોતાના આકા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં કુરબાન કરી દીધુ એ હઝરત અબૂબકના ''ઇશ્કે-રસૂલ''નો બોલતો પુરાવો છે. રદિયલ્લાહુ અન્હુ. ''હ''

દોડી રહ્યો હતો, ત્યાં જ અચાનક તેણે ઠોકર ખાધી અને હું તેની પીઠ પરથી ગબડી પડયો. મેં મનમાં જ કહ્યું, "આખર આ શું વાત છે ?" પછી મેં તીરો કાઢયા અને ફાલ લીધી તો તેજ અશુભનું તીર નીકળી આવ્યું જેને હું નાપસંદ કરતો હતો. કેમકે એ તીર મુહંમદને કોઇ નુકસાન પહોંચાડી શકતું ન હતું. ત્યારે ફરીવાર મારા જીવે મુહંમદના પીછા સિવાય બીજી કોઇ વાત માનવાની ના પાડી દીધી. હું પાછો ઘોડા પર સવાર થઇને મુહંમદની પૂઠે ઊપડયો. મારો ઘોડો પવન સાથે વાતો કરતો હતો ત્યાં જ ફરીવાર તેણે ઠોકર ખાધી ને હું તેની પીઠ પરથી ગબડી પડયો. મેં મનોમન કહ્યું, "આખર આ શું વાત છે ?"

મેં ફરીવાર તીરો કાઢીને ફાલ લીધી તો પાછું તેજ તીર નીકળી આવ્યું જેને હું નાપસંદ કરતો હતો કેમકે મુહંમદને આ તીર કોઇ નુકસાન પહોંચાડી શકતું ન હતું. આમ છતાં મેં મુહંમદનો પીછો કરવા સિવાય બીજી કોઇ વાત માનવાની ના પાડી દીધી. પાછો ઘોડા પર બેસીને મુહંમદની પૂઠે ઊપડયો. જ્યારે તે લોકો ચોખ્ખી રીતે મને દેખાવા લાગ્યા તો અચાનક મારા ઘોડાએ ફરીવાર ઠોકર ખાધી. આ વેળા તેના બંને આગલા પગો જમીનમાં ધસી ગયા. હું તેની પીઠ પરથી ગબડી પડયો. ઘોડાએ જેવા જ પોતાના પગો જમીનમાંથી કાઢયા ત્યાંથી વંટોળિયા જેવો ધુમાડો નીકળ્યો. જ્યારે મેં આ દશા જોઇ તો જાણી ગયો કે કુદરત તરફથી તેઓનું રક્ષણ થઇ રહ્યું છે અને મારી જાતથી તેઓને કોઇ નુકસાન પહોંચી શકતું નથી અને વાત પણ બિલકુલ ચોખ્ખી હતી.

સુરાકહને મળેલું લેખિત વચન—————ત્યારે મેં પોકારીને કહ્યું, "હે લોકો ! હું સુરાકહ બિન માલિક બિન જુઅશમ છું. મને એટલી તક આપો કે હું તમારી સાથે વાત કરી શકું. વલ્લાહ ! હું તમારી સાથે કાંઇ દગો નહિ કરું, ન કોઇ એવી હરકત કરીશ જેનાથી તમને કોઇ નુકસાન પહોંચી શકે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂબકરને ફરમાવ્યું, "કુલ લહૂ મા તબતગી મિન્ના." એને પૂછો એ આપણી પાસેથી શું ઇચ્છે છે ?

સુરાકહ કહે છે : ત્યારે અબૂબકરે મને એજ વાત કહી તો મેં જવાબ આપ્યો, "મહેરબાની કરીને મને એક લખાણ લખી આપો. હું નિશાની તરીકે તેને સાચવી રાખીશ."

આપે અબૂબકરને ફરમાવ્યું, "ઉકતુબ લહૂ યા અબાબક્ર !" હે અબૂબક્ર ! એવું લખાણ એને લખી આપો.

હુકમ મળતાં હઝરત અબૂબકરે કોઇ હાડકી, ઠીકરી કે ચબરખી પર એક લખાણ કરી આપ્યું અને તેને મારી તરફ ઉછાળી મૂકયું. મેં તેને હસ્તગત કરી લીધું અને મારા તરકશમાં એટલે તીરોના થેલામાં સેરવી લીધું અને જે દિશાએથી આવ્યો હતો તેજ દિશાએ મેં મારા ઘોડાને હંકારી મૂકયો.[૧]

સુરાકહ બિન માલિકનું બયાન છે : "મારી સાથે જે મામલો બન્યો અને જે લખાણ મને આપવામાં આવ્યું તે અંગે મેં કોઇને શબ્દ સરખો કહ્યો નહિ. બિલકુલ ખામોશી મેં ગ્રહણ કરી લીધી હતી. પછી જ્યારે

૧. એક હદીસમાં છે કે સુરાકહ જયારે જવા લાગ્યો તો આપે તેને સંબોધીને ફરમાવ્યું, "હે સુરાકહ ! હું તારા હાથોમાં કિસરાના કંગન જોઇ રહ્યો છું !" "એક સમય આવશે જયારે ઇરાનના શહેનશાહ કિસરાના કંગન તારા હાથોમાં હશે. એ આપની એક પેશીનગોઇ હતી, જે હઝરત ઉમર[રઝિ.]ના જમાનામાં પૂરી થઇ. ઇરાન ફતેહ થઇ ગયું. કિસરાનો શાહી ખજાનો મદીનહ લાવવામાં આવ્યો તેમાં કિસરાના રત્નોજડિત સોનાના કંગન પણ હતાં. હઝરત ઉમરે સુરાકહને બોલાવીને તેમના હાથોમાં કંગન પહેરાવતાં ફરમાવ્યું, "બધાં વખાણ તે અલ્લાહને શોભે છે જેણે આ વસ્તુ કિસરા પાસેથી લઇને બનૂ મુદલિજ કબીલાના એક ગામડિયા ગમાર સુરાકહના હાથોમાં પહેરાવી દીધી !" (સીરતુલ-મુસ્તુફા ભા.૧ પા. ૨૯૪) એક રિવાયતમાં છે કે સુરાકહ માટેનું લખાણ હઝરત અબૂબકરના કહેવાથી આપના આઝાદ ગુલામ હઝરત આમિર બિન ફુહૈરહએ લખી આપ્યું હતું. "હ"

Maktabe Ashraf

રસૂલુલ્લાહ અલૈહિ વ સલ્લમએ મક્કહ ફતેહ કરી લીધું અને હુનૈન તથા તાઈફના યુધ્ધોથી પણ પરવારી ગયા તો હું આ લખાણ લઈને આપની મુલાકાત માટે ઊપડયો. તે વેળા આપ "જિઅરાનહ" સ્થળે બિરાજમાન હતા.[1] આપની આસપાસ ઈસ્લામી લશ્કર પડાવ નાખીને થોભેલું હતું. જયારે હું અન્સારના ફોજીઓની પલટણમાં દાખલ થયો તો કેટલાક ફોજીઓ બરછીઓ તાણીને મારી આસપાસ ફરી વળ્યા અને મને તેના ગોદા મારતાં કહેવા લાગ્યા, "અલ્યા તું કોણ છે ? હટી જા, ચાલ્યો જા, પાછો વળી જા, અહીં શું શોધે છે ? કેમ આવ્યો છે ?"

પરંતુ હું આગળ બઢયે જ ચાલ્યો ગયો, અહીં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચી ગયો. તે વેળા આપ પોતાની ઊંટણી પર બિરાજેલા હતા અને આપે પોતાના પગો ઊંટણીની રિકાબમાં ભેરવેલા હતા.વલ્લાહ ! તે વેળા મને એવું લાગ્યું જાણે હું આપની ખૂબસૂરત પિંડલીઓ જોઈ રહ્યો છું જે ઊંટણીની રિકાબમાં ખજૂરીના થડના ગાભા પેઠે સફેદ અને સુંવાળી હતી. મેં પેલું લખાણ કાઢીને હાથ લાંબો કરતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! આ તે લખાણ છે જે ફલાણા પ્રસંગે નિશાની તરીકે આપે મને આપ્યું હતું. હું સુરાકહ બિન માલિક છું."

આપે ફરમાવ્યું, "યવમ વફાઈવ-વ-બિર્રિન. "હા આજનો દિવસ વચન પુરૂં કરવાનો અને ભલાઈ કરવાનો દિવસ છે.

પછી આપે ફરમાવ્યું, "અહીં મારી પાસે આવો. " હું આપની પાસે પહોંચી ગયો અને એજ વેળા કલિમો પઢીને મુસલમાન બની ગયો. તે વેળા હું આપને એક ખાસ વાત પૂછવા માગતો હતો પણ તે શું વાત હતી તે યાદ આવતી ન હતી. ત્યારે મેં પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! હું મારા ઊંટોને પીવાડવા માટે પાણી ભરૂં છું તે વેળા લોકોના ભૂલા-ભટકતાં ઊંટો પણ આવીને મારા હવેડામાંથી પાણી પી જાય છે; જો કે એ પાણી મેં મારા ઊંટો માટે ભરેલું હોય છે તો શું એમાં મારા માટે કંઈ નેકી છે કે નહિ ?"

આપે ફરમાવ્યું, "નઅમ ફી કુલ્લે ઝાતે કબિદિન હર્રે અજરુન." "હા દરેક તરસ્યાં કલેજાંવાળી વસ્તુ માટે અજર છે.[2]

હઝરત સુરાકહનું બયાન છે : એ પછી હું મારી વસતિ તરફ રવાના થઈ ગયો અને ઝકાતના ઊંટો લઈને ફરીવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો.

મદીનહની મુસાફરીની મંઝિલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન અરકત ભોમિયો જે રસ્તો બતાવવા માટે સંગાતે હતો. તે આ મુબારક કાફલાને મક્કહના નીચાણના દક્ષિણ વિભાગથી કૂચ કરાવતો, સમુદ્રના કાંઠે કાંઠે થઈને "ઉસ્ફાન"ની તળેટી સુધી લઈ ગયો.[3] અને ત્યાંથી કૂચ કરાવીને "અમજ"સ્થળનો ઢોળાવ વટાવતો "કુદૈદ" સ્થળે લઈ આવ્યો અહીંથી આગળ વધ્યો તો "ખર્રાર"અને "સનિય્યતુલ-મુર્રહ" વટાવતો કાફલાને "લકિફ્ફા" મુકામે લઈ ગયો.

1. જિઅરાનહ : મક્કહ થી થોડે દૂર તાઈફના રસ્તે આવેલું સ્થળ. કેટલાકે એ નો "જિઅર-રાનહ" ઉચ્ચાર કર્યો છે.

૨. એટલે કોઈ પણ જીવવાળી વસ્તુ, પછી તે ઈન્સાન હોય કે જાનવર, અગર તે ભૂખી-તરસી છે તો, તેને ખવાડવું-પીવાડવું બહુ મોટી નેકીનું કામ છે. જેમકે એક વેશ્યા સ્ત્રીને દયા આવતાં તરસ્યા કૂતરાને પાણી પીવાડીને જન્નત મેળવી તેનો દાખલો હદીસમાં મવજૂદ છે. -અનુવાદક

3. ઉસ્ફાન : મક્કહથી મદીનહ જતા ઊંટોના કાફલાની બીજી મંઝિલ જે વાદીએ-ફાતિમહ પછી આવે છે. મશહૂર સ્થળ છે.

ઈબ્ને હિશામ કહે છે : આ સ્થળનું નામ "લકિફ્ફા" નહિ બલકે "લિફતા" છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અહીંથી તે આગળ વધીને "મુદલિજા-લકિફ્ફા" વટાવતો "મુદલિજ-મહાજ"પહોંચ્યો જેને "હજાજ" પણ કહે છે અને એક રિવાયત મુજબ "મજાહ"પણ કહે છે. અહીંથી "મરજહે-ઝિલ-અદવૈન"(જેને "ઝિલ-અસવૈન"પણ કહે છે. થઈને "વાદીયે-ઝી-કશ્રદ-જદાજદ" અને "અલ-અજરદ"ની ખીણો વટાવતો "જી-સલમ"મુકામે આવેલા "અઅદા"સ્થળે લઈ ગયો. અહીંથી કૂચ કરાવતો "મુદલિજા-તઅહિન" થઈને "અલ-અબાબીદ"વટાવતો અને તેથીયે આગળ વધીને "અલ-ફાજજા" અથવા "અલ-કાહા"મુકામે આવેલા "અલ-અરજ"સ્થળે લઈ ગયો.

ઈબ્ને હિશામ કહે છે : "અલ-અબાબીદ" ને "અલ-અબાબીબ" કહે છે. અહીંથી તે "અલ-અસ્માના" મુકામે લઈ ગયો. અને ત્યાંથી બીજાં સ્થળો વટાવતો "અલ-ઉર્જ"મુકામે લઈ ગયો.

અહીં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અસ્લમ કબીલાના ઔસ બિન હુજર નામે શખ્સને તેના ઈબ્નુર-રદાઅ નામના ઊંટ પર સવાર કરાવીને તેના મસઊદ બિન હુનેદહ નામના ગુલામ સાથે મદીનહ તરફ રવાના કર્યો.

"અલ-ઉર્જ"થી કૂચ કરતી વેળા રસ્તો બતાવનારા ભોમિયાએ "સનિય્યતુલ-આઈર"નો રસ્તો લીધો (જેને "સનિય્યતુલ-ગાઈર પણ કહે છે) આ સ્થળ "રકૂબા"ની જમણી દિશાએ આવેલું છે. ત્યાંથી કાફલાને તે "વાદીએ-રિઅમ" મુકામે લઈ ગયો અને ત્યાંથી કૂચ કરાવીને છેવટે તેણે મદીનહની "કુબા"નામે વસતિના બનૂ અમ્ર બિન ઔફના મહોલ્લામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાફલાને હેમખેમ પહોંચાડી દીધો.

રબીઉલ-અવ્વલ મહિનાની ૧૨ રાતો વીતી ચૂકી હતી. સોમવારનો દિવસ હતો. ઉનાળાનો કાળઝાળ તાપ ઉગ્ર બની ગયો હતો. બપોરનો સૂરજ માથે આવી લાગ્યો હતો. [1]

ગુજરાતી સંપાદકની નોંધ————મક્કહથી મદીનહ સુધીની હિજરતના આ પ્રવાસમાં બનેલા કેટલાક મહત્વપૂર્ણ બનાવોનો ઉલ્લેખ ઈબ્ને હિશામની કિતાબમાં થયો નથી. તેનું મુખ્તસર બયાન અત્રે રજૂ કરીએ છીએ.

બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, ગારે-સૌરથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાફલો રવાના થયો તો અબ્દુલ્લાહ બિન ઉરૈકિત ભોમિયો આગળ-આગળ ચાલીને રસ્તો બતાવતો હતો. રાત-દિવસની વણથંભી કૂચ કરતો કાફલો આગળ બઢયે ગયો ત્યાં સુધી કે બીજા દિવસના બપોરે તડકો ખૂબ આકરો બની ગયો તો અબૂબક્રને થયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કોઈ સાયા હેઠળ થોડીવાર માટે આરામ ફરમાવી લે તો બેહતર છે. ચોતરફ નજર દોડાવી તો એક ચટ્ટાણ હેઠળ સાયો દેખાયો. સવારી પરથી ઊતરીને અબૂબક્ર ત્યાં ગયા. પ્રથમ વાળીઝૂડીને જમીન સાફ કરી

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તારીખ ૧ રબીઉલ અવ્વલની રાતે મક્કહથી નીકળીને ગારે-સૌરમાં પધાર્યા . ત્રણ રાત-દિવસ અહીં મુકામ કર્યો તા. ૪ રબીઉલ-અવ્વલની રાતે પાછલા પ્રહરે અહીંથી મદીનહ માટે રવાના થયા અને રબીઉલ-અવ્વલની ૧૨ તારીખે બપોરના સમયે મદીનહના ઉપનગર કુબાના બનુ અમ્ર બિન ઔફના મહોલ્લામાં પહોંચી ગયા. ઈસ્વી સન ૨૪ સપ્ટેમ્બર ૬૨૨ (સીરતે-સરવરે-આલમ જિ.૨ પા. ૭૩૭) "હ"

Maktabe Ashraf

અને પછી પોતાની ચાદર ત્યાં પાથરી દીધી. અહીં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આરામ ફરમાવવા લાગ્યા અને અબૂબક્ર કંઈ ખાણીપીણીની શોધમાં નીકળ્યા. એક ભરવાડ ત્યાં નજીકમાં જ પોતાનાં બકરાં ચરાવતો દેખાયો. તેની પાસે જઈને બકરીના દૂધની વાત કરી તો તે માની ગયો. અબૂબક્રે પ્રથમ બકરીના આંચળ ધૂળકચરાથી સાફ કરાવ્યા. પછી તેના પોતાના હાથ ચોખ્ખા કરાવ્યા. આ બધી સાફસૂફી બાદ ભરવાડે ચોખ્ખા વાડકામાં દૂધ દોહ્યું. દોહવા પહેલાં વાડકાના મુખ પર કપડું બંધાવી દીધું હતું કે જેથી દૂધમાં ધૂળકચરો ન પડવા પામે. પછી આ સાફ સ્વચ્છ દૂધ લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. પ્રથમ દૂધમાં થોડું પાણી મેળવીને તેને ઠંડુ કર્યું અને દૂધનો વાડકો આપની સેવામાં પેશ કર્યો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઠંડુ-નીતર્યું દૂધ નોશ કરીને ફરમાવ્યું, ''શું હજી ઊપડવાનો સમય નથી થયો ?''

સૂરજ ઢળી ચૂક્યો હતો અને સવારી કૂચ કરતી આગળ બઢવા લાગી. આ પૂરી વિગત બુખારી શરીફના ''મનાકિબુલ-મુહાજિરીન'' પ્રકરણમાં આવેલી છે. એની ઝીણીઝીણી વિગતો ટાંકવાનો હેતુ આટલો જ કે હઝરત અબૂબક્રની ચોખ્ખાઈ કે સફાઈ-પસંદ તબીઅતનો કંઈક ખ્યાલ આવી શકે ! [૧]

અહીંથી આગળ જતાં દિલચસ્પ બનાવ બનવા પામ્યો. હઝરત અબૂબક્ર સિદ્દીક મક્કહના જાણીતા વેપારી હતા. ધંધા અર્થે ગામ પરગામ કે દેશ પરદેશના પ્રવાસને કારણે ઘણા લોકો એમને ઓળખતા હતા. હિજરતના પ્રવાસમાં આવા કેટલાક ઓળખીતાઓ સાથે મુલાકાત થવા પામી. સલામ-કલામ બાદ જ્યારે તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ઈશારો કરીને પૂછતો કે, '' અબૂબક્ર ! આ કોણ ગૃહસ્થ તમારી સાથે છે ?''

અનુમાનથી એમ લાગે છે કે શરૂઆતમાં આ સવાલ થયો ત્યારે અબૂબક્ર મુંઝવણમાં પડી ગયા હશે કેમકે ખોટું નામ બતાવે તો જૂઠનો ગુનાહ લાગુ પડે અને સાચું કહે તો દુશ્મનને ખબર પડી જવાની ધાસ્તી. પણ અબૂબક્ર ન મુંઝવણમાં મુકાયા ન પરેશાન થયા. જવાબમાં ફીલ-બદીહ કે વિના વિલંબે ફરમાવી દેતા કે, ''હાઝર-રજુલુ યહદી-નીસ-સબીલ.'' એટલે આ એવા ગૃહસ્થ છે જેઓ મને રસ્તાની દોરવણી આપે છે.

આ જવાબ આપવાનો મકસદ આ હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અમારા માર્ગદર્શક એટલે ઈસ્લામના સીધા રસ્તાની દોરવણી આપનારા છે ત્યારે સામેવાળો એમ સમજે કે અબૂબક્રે ભોમિયા તરીકે એમને પોતાની સાથે લીધેલા છે. આણીને પ્રસંગે બુદ્ધિબળથી કામ લેવું એક કળા છે. એને હાઝિર-દિમાગી કે હાજર-જવાબી કહે છે. દુનિયામાં એના બેશુમાર દાખલા છે પણ અબૂબક્રની હાજર જવાબીનો આ [illegible] લાજવાબ છે. [૨]

આજ સફરમાં અલ્લાહના આખેરી નબીનો આ મુબારક કાફલો અબ્દુલ્લાહ બિન ઉરૈકીતની દોરવણીમાં કૂચ કરતો આગળ બઢયો. થોડે દૂર જતાં જંગલમાં બે તંબૂ દેખાયા. એ ઉમ્મે મઅબદ અને અબૂ મઅબદના તંબુ હતા. બંને મિયાં-બીબી પોતાના પરિવાર સાથે અહીં રહેતા હતા. ઉમ્મે મઅબદ ખુઝાઅહ કબીલાની

૧. [illegible] નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૨૭૩

૨. [illegible]-મુસ્તફા જિ.૧ પા. ૨૮૮ હવાલો બુખારી શરીફ જિ.૧ પા. ૫૫૬

શાખ બનૂ કઅબ કુટુંબમાંથી હતાં. પાકટ વયે પહોંચેલાં, બેહદ જાજરમાન અને ચંચળબુધ્ધિના ખાતૂન હતાં. મુસાફિરો, વટેમાર્ગુઓ અને સહેલાણીઓની યથાશકિત મેહમાન-નવાઝીમાં પંકાયેલાં હતાં. આવનાર દરેક વ્યકિત અહીં થોભીને થાક ઉતારતી, ઉમ્મે મઅબદની હાજરા હજૂરની લહાણી લેતી અને ચુસ્તો-ચાલાક થઇને અહીંથી આગળ વધતી. [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથીઓ સાથે તંબૂ પાસે પધાર્યા. લગાતાર સફરમાં તોશાદાન ખાલી થઇ ગયું હતું. ભૂખ તરસની હાલત હતી. અબૂ મઅબદ બકરાં ચરાવવા જંગલમાં નીકળી ગયા હતા. ઉમ્મે મઅબદ ચાદર ઓઢીને તંબૂના આંગણમાં બેઠેલા હતાં. દુકાળનું વરસ ચાલતું હતું, જેની અસર ચોતરફ પ્રવર્તેલી દેખાતી હતી. હઝરત અબૂબક્રે સલામ કરીને ટહેલ નાખી, ''માનવંતા ખાતૂન ! તમારી પાસે દૂધ, ગોશ્ત, ખજૂરમાંથી જે કંઇ હોય, લઇ આવો તો મહેરબાની જે કંઇ કિંમત થાય અમે ચૂકવી આપીશું.''

''અરે મારા મોંઘેરા મહેમાનો !''ઉમ્મે મઅબદે સલામનો જવાબ આપતાં કહ્યું, ''કિંમતની વાત કેવી? અલ્લાહના સોગંદ લઇને કહું છું, ઘરમાં કંઇ પણ ખાવાપીવાની વસ્તુ હોત તો જરૂર આપની તહેનાતમાં હાજર કરી દેત ! અમે પોતે પણ ફાકાથી છીએ.''

એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નજર તંબૂના ખૂણે ઊભેલી એક બકરી પર પડી. આપે ફરમાવ્યું, ''મઅબદની મા ! આ બકરી અહીં કેમ ઊભેલી છે ?''

''માનવંતા મેહમાન !''ઉમ્મે મઅબદ બોલ્યાં, ''આ બકરી છેક નબળી-દુબળી છે. દુકાળનો જલદી ભોગ બની ગઇ છે. માઇકાંગલી હોવાથી બીજા બકરાં સાથે ચાલી શકતી નથી.''

ફરમાવ્યું, ''એ કંઇ દૂધ આપી શકે ખરી ?''

બોલ્યાં, ''દૂધ આપવું એના માટે જંગલમાં ચાલવાથી વધારે અઘરૂં છે.''

ફરમાવ્યું, ''પરવાનગી હોય તો એને દોહી લઇએ.''

બોલ્યાં, ''હુઝૂર ! એમાં દૂધ જેવું હોય તો ખુશીથી નિચોવી લો.''

પરવાનગી મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે બકરી લાવવામાં આવી. પ્રથમ આપે તેના પગો બંધાવ્યા. પછી તેના થાન અને પીઠ પર પોતાનો મુબારક હાથ ફેરવ્યો અને બારગાહે-ઈલાહીમાં દુઆ માગી, ''યા અલ્લાહ ! આ ખાતૂનની બકરીઓમાં બરકત આપ !''

અલ્લાહની શાન ! બકરીએ પોતાની ટાંગો ફેલાવી દીધી. સાથે જ વાગોળવા લાગી ગઇ. જોતજોતામાં તેના થનોમાં દૂધ ઊતરી આવ્યું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક મોટું વાસણ મંગાવ્યું અને અલ્લાહનું નામ લઇને દોહવાનું શરૂ કર્યું તો બકરીના થાનમાંથી દૂધની સેરો ફૂટી નીકળી. આપ દોહતા ચાલ્યા ગયા ત્યાં સુધી કે દૂધથી વાસણ લબાલબ થઇ ગયું અને ઉપર ફીણ આવી ગયાં. સૌપ્રથમ આપે ઉમ્મે મઅબદને દૂધની લહાણી કરાવી ત્યાં સુધી કે તેઓ ધરાઇ ગયાં. એ પછી પોતાના સાથીઓને મહેક-મહેક દૂધની લહાણી કરાવી ત્યાં સુધી કે તેઓ સેર થઇ ગયા. સૌથી છેલ્લે આપે પોતે પીધું અને ફરમાવ્યું, ''સાકીયલ-કવ

૧. હાજરા-હજૂરની લહાણી એટલે કોઇ પણ જાતના સંકોચ કે તકલ્લુફ વિના જે કંઇ ઘરમાં હાજર હતું, મેહમાનની હજૂરમાં ધરી દેતા ''ક''

Maktabe Ashraf

આખિરુહુમ.'' એટલે લોકોને પીવડાવનાર સૌથી છેલ્લો હોય છે. (લોકોને પીવાડીને પછી પોતે પીએ છે.)

એ પછી બીજીવાર આપે એ વાસણ દૂધથી છલોછલ ભરીને ઉમ્મે મઅબદને હવાલે કર્યું અને આમ ફરમાવીને કાફલા સાથે આગળ વધી ગયા કે, ''મઅબદની મા ! આ દૂધ મઅબદના બાપાને આપી દેજો જ્યારે તે બકરાં લઈને આવે.''

ઉમ્મે મઅબદ હયરતનું પૂતળું બનીને કાફલાને જતો જોઈ રહ્યાં. આજ સુધી આટલી ખૂબીઓના માલિક કે બા-કમાલ લોકો ક્યારેય તેમના આંગણે આવ્યા ન હતા. દૂધ દોહવા દરમિયાન હયરતથી ઉમ્મે મઅબદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એકેક હરકતને ઝીણવટભરી નજરે જોઈ રહ્યાં હતાં અને આપની એકેક વાતને દિલના કાનથી સાંભળી રહ્યાં હતાં. આપની નૂરાની મુખાકૃતિ પર વારંવાર ઝબકી ઊઠતું પયગમ્બરીનું નૂર ઉમ્મે મઅબદના દિલ પર નોખી ભાત પાડતું હતું. આપની રૂપરેખાનું ચિત્ર જાણે તેમના દિલ પર અંકિત થઈ ગયું હતું.

મુબારક કાફલો બહુ આગળ નીકળી ગયો હતો અને ઉમ્મે મઅબદ એજ વિચારોમાં ડૂબેલાં હતાં. એટલામાં અબૂ મઅબદ પોતાના નબળાં-દુબળાં બકરાં લઈને આવી ગયો. તંબૂના એક ખૂણામાં દૂધથી ભરેલું વાસણ જોઈને બેહદ તઅજ્જુબ પામી ગયો. પૂછ્યું, ''મઅબદની મા ! આ દૂધ કેવું ? ક્યાંથી આવ્યું, કોણે મોકલ્યું?''

બોલ્યાં, ''અલ્લાહના સોગંદ ! એક નૂરાની ચેહરાના ગૃહસ્થ કાફલા સાથે પધાર્યા. તેમના જ મુબારક પગલાંની આ બરકત છે.''

એ પછી આંખે જોયેલા અને જાતે અનુભવેલા બનાવની પૂરી વિગત ઉમ્મે મઅબદે કહી સંભળાવી તો અબૂ મઅબદે કહ્યું, ''ઉમ્મે મઅબદ ! જરા તેમની રૂપરેખા તો દોરી બતાવ કે એ મુબારક પગલાંના ગૃહસ્થ કેવા હતા !''જવાબમાં ઉમ્મે મઅબદ બોલ્યાં :

- ઇન્સાનોમાંથી મુબારક પગલાંનો, બલંદ આકૃતિનો એવો અઝીમુશ-શાન ઇન્સાન જેની જાહેરી શાન જલાલી હતી અને જેની ભીતર શાન જમાલી હતી.
- જેની જન્મજાત પ્રકૃતિ આઈના જેવી સ્વચ્છ, દૂધ જેવી ઉજળી, નીતરા પાણી જેવી નિર્મળ હતી. નિર્દોષ મુખડો જાણે ગુલાબનો ગોટો.
- જેની મુખાકૃતિ દમામદાર અને રૂઆબદાર, જાજરમાન અને કાન્તિવાન, તેજસ્વી અને પ્રભાવશાળી. જુઓ તો જોતા જ રહી જાવ.
- મનમોહક મુખડો એવો જાણે ચાંદનો ટુકડો; નયનમનોહર, ચિત્તહર, નૂરના ઝરણા જેવો. ફૂલની પાંખડી જેવા હોઠો પર મંદમંદ ફરકી રહેલું ગુલાબી હાસ્ય. બસ સમજી લો કે મર્દાના હુસ્નો જમાલનો મુકમ્મલ નમૂનો.
- જેની દેહ-રચના સુડોળ અને સુકોમળ. [illegible] બાંધો સપ્રમાણ અને સમતોલ. જેના શરીરમાં ન જાડાપણાની ઐબ ન પાતળાપણાની ખામી. ન [illegible] જેવી ઊંચાઈ ન ઠિંગુજી જેવાં નીચાં.
- આંખો સુંદર અને કાળી અને કાજળભરી. આંખોની કીકીઓ કાળી-અંધારી રાત જેવી સિયાહ, ચમકદાર, ઝાકઝમાળ.
- ગરદન સુરાહીદાર, દાઢી કાળી ભરાવદાર, ભવાં ધનુષ જેવાં કમાનદાર. ઝુલફાં વાળો કાળા અને

Maktabe Ashraf

ઘુંઘરીયાળા. અવાજ કર્ણપ્રિય અને રસદાર જાણે ઘંટડીનો મીઠો રણકાર. વાત મીઠી જાણે મધની શીરીની. શૈલી એવી જાણે મોતીઓની લળી.

- સ્વરમાં મધુરતા, મૃદુતા, નમ્રતા, વિવેકતા. આમાંથી ધીરગંભીર અને બા-વકાર. જો બે નમણી શાખાની વચ્ચે એક નમણી નાજુક શાખ હોય તો દેખાવે એ ત્રણે શાખાઓમાં સૌથી વધુ નમણી, નાજુક અને રુઆબદાર. દૂરથી જુઓ તો ચાંદનો ટુકડો. પાસેથી જુઓ તો નૂરનો કકડો. મૂલ્યાંકનમાં સહુથી વધારે મૂલ્યવાન.
- સાથીઓ દીપકના પતંગિયા જેવા. જાન કુરબાન કરનારા, પ્રાણ ન્યોછાવર કરનારા. પોતે બોલતા તો સાથીઓ ખામોશ રહેતા. કોઇ હુકમ ફરમાવતા તો આજ્ઞા-પાલનમાં પડાપડી કરતા.

ન વધુ-બોલા, ન ઓછું-બોલા. સ્વભાવમાં નમ્રતા, વર્તનમાં સભ્યતા, બોલેબોલમાં વિવેકતા. સભ્યતા, માનવતા અને સંસ્કારના ઊંચા આસને બિરાજનારા. સહુના સરદાર, સહુના તાજદાર, સહુના તારણહાર. પ્રતિભાશાળી, પ્રભાવશાળી, પ્રતિષ્ઠાવાન. જલાલ અને જમાલના સંગમ.

ઉમ્મે મઅબદના વાણીપ્રવાહનું આ છટાદાર વિવેચન સાંભળીને અબૂ મઅબદે કહ્યું, ''અરે વલ્લાહ ! આ તો તેજ કુરૈશી ગૃહસ્થ લાગે છે જેના વિષેની કેટલીક વાતો હું સાંભળી ચૂકયો છું. તક મળતાં જરૂર હું તેમની તહેનાતમાં હાજર થવાનું વિચારી ચૂકયો છું.''

Maktabe Ashraf

બાદમાં બંને મિયાં-બીબી મદીનહ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને ઇસ્લામની દવલતથી માલામાલ થયાં. ઉમ્મે મઅબદ બહુ ચંચળબુધ્ધિના, પાકટ વયના, ભણેલા નહિ તો ગણેલા ખાતૂન હતાં. એમણે દોરેલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ કલમી તસ્વીર તારીખના ભંડોળનો અનમોલ ખજાનો છે. સીરતની તમામ સનદી કિતાબોના હિજરત પ્રકરણમાં એનું બયાન કરવામાં આવ્યું છે. બાદમાં ઉમ્મે મઅબદના ભાઇ હુબૈશ બિન ખાલિદ અને તેમના ફરઝંદ હિશામ બિન હુબૈશ પણ મુસલમાન બની ગયા. હવાલાઓ માટે જુઓ સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૯૧ સીરતે સરવરે આલમ જિ.૨ પા. ૭૩૩-૭૩૪ સીરતે અહમદે મુજતબા જિ.૧ પા. ૪૮૫-૪૮૬ રહમતુલ-લિલ આલમીન જિ.૧ પા. ૯૯.

મદીનહના મુહાજિરોનો મુબારક કાફલો મંઝિલો વટાવતો અને વાણથંભી કૂચ કરતો આગળને આગળ બઢી રહ્યો હતો. જયારે બનૂ અસ્લમ કબીલાની ભૂમિમાંથી પસાર થયા તો અચાનક બનૂ અસ્લમના ૭૦ માણસોની ટુકડીએ કાફલાને ઘેરી લીધો. એ બધા સો ઊંટોના ઇનામની લાલચે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગિરફતાર કરવા અહીંતહીં ભટકતા હતા. બુરૈદહ બિન ખુસૈબ અસ્લમી નામે જવાન આ ટુકડીનો સરદાર હતો. અચાનક સામનો થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ વ સલ્લમએ તેને પડકાર્યો, ''મન અન્ત?''કોણ છે તું ?

ટુકડીના સરદારે કહ્યું, ''અના બુરૈદહ.'' હું બુરૈદહ છું.

બુરૈદહ નામ અરબીના ''બુરૂદત''શબ્દમાંથી નીકળેલું છે જેના અર્થ સરદી, ઠંડક, ટાઢક, સુકૂન, શાંતિ વિગેરે થાય છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ શબ્દથી શુભશુકન લેતાં હઝરત અબૂબક્રને ફરમાવ્યું, ''યા અબાબક્ર ! બરદ અમ્રુના વ સલહ.'' હે અબૂબક્ર ! આપણો મામલો ઠંડો થયો અને કામ સુધરી ગયું.

પછી આપે તેને પૂછયું, ''કયા કબીલામાંથી છે ?''

''મિન અસ્લમ.'' બુરૈદહએ જવાબ આપ્યો, અસ્લમ કબીલામાંથી.

અસ્લમ નામ ''ઇસ્લામ'' શબ્દમાંથી નીકળેલું છે જેના અર્થ તાબેદારી, આજ્ઞાપાલન, સલામતી વગેરે

થાય છે. આપે આ શબ્દથી શુભશુકન લેતાં હઝરત અબૂબક્રને ફરમાવ્યું, "યા અબાબક્ર ! સલિમ-ના" હે અબૂબક્ર ! આપણે સલામત રહ્યા એટલે દરેક ખતરાથી સુરક્ષિત થઇ ગયા.

પછી આપે તેને પૂછયું, "અસ્લમ કબીલાની કઇ શાખમાંથી ?"

"મિમ બની સહ્મ. " તેણે કહ્યું, બનૂ સહ્મની શાખમાંથી.

સહ્મ શબ્દના અર્થ હિસ્સો, ભાગ વગેરે થાય છે. આપે શુભશુકન લેતાં બુરૈદહને ફરમાવ્યું, ખરજ સહ્મુ-ક." ત્યારે તો હે બુરૈદહ ! ઇસ્લામમાંથી તારો હિસ્સો નીકળી આવ્યો. એટલે તું ઇસ્લામની દવલતથી માલામાલ થઇ ગયો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ભવ્ય પયગમ્બરી શખ્સીયત અને આપના રહસ્યભર્યા સંવાદનો બુરૈદહના દિલ પર ઊંડો પ્રભાવ પડયો. તેણે પૂછયું, "મન અન્ત ?" આપ કોણ છો ?

આપે ફરમાવ્યું, "હું અબ્દુલ્લાહનો બેટો મુહંમદ છું અને અલ્લાહનો રસૂલ"

નિરંકુશ રીતે બુરૈદહ પોકારી ઊઠયો, "અશહદુ અલ-લાઇલાહ ઇલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદર-રસૂલુલ્લાહ."

કલિમએ-શહાદત પઢીને હઝરત બુરૈદહ બિન ખુસૈબ અસ્લમી મુસલમાન બની ગયા તો એમની સાથે એમના બધા સાથીઓ પણ એજ વેળા કલિમો પઢીને મુસલમાન બની ગયા. ત્યારે હઝરત બુરૈદહએ ઇમાની જુસ્સાથી વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! મદીનહમાં પ્રવેશતી વેળા આપની સાથે એક ઝંડો હોવો જોઇએ અને એક ઝંડાધારી પણ હોવો જોઇએ જે ઝંડાને હવામાં લહેરાવીને એવી છડી પોકારે કે, "સચ્ચાઇના સંદેશવાહક અને ઇન્સાફના ઝંડાધારી અલ્લાહના આખેરી નબી મુહંમદ મદીનહમાં પધારી રહ્યા છે!"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક શિરેથી પોતાનો સાફો ઉતાર્યો અને પોતાના મુબારક હાથથી તેને ભાલાની અણીમાં પરોવીને હઝરત બુરૈદહને ઇનાયત કર્યો. હઝરત બુરૈદહ જોશીલા જવાન હતા. આનંદની ઊછળતી લાગણીઓથી ઝંડાને હાથમાં લઇને હવામાં લહેરાવવા લાગ્યા અને પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાફલાના ઝંડાધારી તરીકે કાફલાની આગળ આગળ ચાલવા લાગ્યા. ઇસ્લામી તવારીખનો આ પહેલો ઇસ્લામી ઝંડો હતો જેને આજની ભાષામાં રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપિતાનો ઝંડો કહે છે. અને જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સવારી મદીનહમાં દાખલ થઇ તો હઝરત બુરૈદહ આ ઝંડાને લહેરાવતા આપની સાથે ચાલતા હતા. (હવાલાઓ માટે જુઓ સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૨૯૫-૨૯૬. સીરતે-અહમદે મુજતબા જિ.૧ પા. ૪૮૮. રહમતુલ-લિલ આલમીન જિ.૧ પા. ૧૦૧)

મુબારક કાફલો અહીંથી કૂચકદમ કરતો આગળ વધ્યો તો રસ્તામાં હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુના દામાદ (બીબી અસમાના ખાવિન્દ) ઝુબૈર બિન અવ્વામ મળ્યા. તેઓ મુલ્કે-શામથી વેપારી કાફલો લઇને મક્કહ પાછા વળતા હતા. તેમણે સફેદ પોશાકની એકએક જોડી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્રની સેવામાં હદિયા તરીકે પેશ કરી જેનો આભાર સહિત સ્વીકાર કરવામાં આવ્યો. જતી વેળા ઝુબૈરે કહ્યું. "કાફલાનો માલ મક્કહ પહોંચતો કરીને હું પણ જલદી મદીનહ આવી જઇશ. " ગુજરાતી સંપાદકનું લખાણ પુરૂં થયું. અહીંથી ઇબ્ને હિશામનો તરજુમો ફરી ચાલુ કરીએ છીએ.)

કુબામાં પધરામણી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન ઝુબૈરે કહ્યું અને તેમને ઉર્વહ બિન ઝુબૈરે કહ્યું અને ઉર્વહ બિન ઝુબૈરે અબ્દુર્રહમાન બિન ઉવૈમિર બિન સાઇદહના મુખે સાંભળ્યું અને

Maktabe Ashraf

અબ્દુર્રહમાનને, તેમના કબીલાના મુસલમાન બનેલા લોકોએ કહ્યું કે, જ્યારે અમને સમાચાર મળ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પધારવા માટે મક્કહથી નીકળી ચૂકયા છે તો, અમે રોજ ફજરની નમાઝ પછી, અમારા પહાડી રહેઠાણથી નીકળીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઇન્તેઝારમાં, કુબાની વસતિથી બહાર આવેલા મેદાનમાં ચાલ્યા જતા અને ત્યાં થોભીને બહુ બેચેનીથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીની રાહ જોયા કરતા, ત્યાં સુધી કે આગ વરસાવતો સૂરજ માથે આવી લાગતો, અને ધરતી કાળઝાળ તાપથી ધખી ઊઠતી, ઝાડોના પડછાયા સમેટાઇને લપેટાઇ જતા. આગ જેવા તડકાથી બચાવનો કોઇ ઉપાય ન રહેતો તો અમે હતાશ દિલે પાછા પોતાના રહેઠાણે ચાલ્યા જતા.''

''આ આકરા ઉનાળાની રૂતુનો બનાવ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કુબામાં પધરામણી થઇ એ દિવસે પણ અમે એજ ઇન્તેઝારમાં ખુલ્લા મેદાનમાં બેઠેલા હતા પણ તાપ ઉગ્ર બનતાં ઝાડોના સાયા લપેટાઇ ગયા અને આગ જેવા તડકાથી બચવાનો ઉપાય ન રહ્યો તો લાચારીએ અમે અમારા રહેઠાણ તરફ ચાલી નીકળ્યા. પણ જેવા જ અમે અમારા ઘરોમાં દાખલ થયા કે તરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીના સમાચાર મળ્યા.

સૌથી પહેલાં જે શખ્સે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પધારતા જોયા તે એક યહુદી હતો. તેને અમારા રોજના નિયમની ખબર હતી અને તે જાણતો હતો કે અમે રોજ મેદાનમાં જઇને કોની રાહ જોઇએ છીએ! આપને અને આપના સાથીઓને જોતાં જ યહૂદી ઘાંટો પાડીને ચિલ્લાયો, ''હે બનૂ કૈલહ ! સાંભળો, તે ઊંચી શાનવાળા પુરૂષ આવી લાગ્યા !''(જેનો તમે ઇન્તેઝાર કરતા હતા.)[1]

યહૂદીનો ઘાંટો સાંભળતાં જ અમે પાછલા પગે વળીને મેદાન તરફ દોડી ગયા. ત્યાં મેદાનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથીઓ સાથે એક ખજૂરીના સાયા તળે બિરાજમાન હતા. આપની જોડે અબૂબક્ર હતા. આપ અને અબૂબક્ર સરખી ઉંમરના હતા. અમારા સાથીઓમાંથી કોઇએ આથી પહેલાં આપને જોયા ન હતા. આપની ચોમેર લોકોની ભીડ જામી ગઇ હતી. બંને ગૃહસ્થોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કોણ છે તે અમારામાંથી કોઇ ઓળખી શકયું નહિ. છેવટે જ્યારે ઝાડનો સાયો એકદમ સંકોચાઇ ગયો ને અબૂબક્રે ઉભા થઇને પોતાની ચાદર તાણીને આપની ઉપર સાયો કર્યો ત્યારે અમે આપને ઓળખ્યા કે; આ છે અલ્લાહના રસૂલ!

હઝરત કુલસૂમનું જાગેલું નસીબ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, લોકોના કહેવા મુજબ કુબામાં પધારીને, બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત કુલસૂમ બિન હિદમના મકાનમાં રહેવા લાગ્યા.[2] એ પછી બનૂ ઉબૈદના એક ગૃહસ્થના મકાને પધારીને ઉતારો લીધો. કેટલાકના કથન મુજબ આપ હઝરત સઅદ બિન ખૈસમહના મકાને પધારીને રહેવા લાગ્યા. જે લોકો કુલસૂમ બિન હિદમના મકાનની વાત કરે છે. તેઓનું કહેવું છેકે, ઉતારો તો આપે કુલસૂમના મકાને જ લીધો હતો પણ મળવા આવનારા લોકોની મુલાકાત માટે આપ સઅદ બિન ખૈસમહના મકાને પધારતા હતા. કેમકે સઅદ કુંવારા હોવાથી બાલબચ્ચાંની જંજાળથી આઝાદ હતા. મક્કહથી હિજરત કરીને આવેલા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ

---

૧. બનૂ કૈલહ એટલે કૈલહની અવલાદ. મદીનહમાં અરબોના બે કબીલા વસતા હતા. ઔસ અને ખઝરજ. બંને કબીલાના લોકો એક જ માની અવલાદ હતા જેનું નામ કૈલહ હતું. યહૂદીઓ બંને કબીલાને એક જ નામે એટલે બનૂ કૈલહ તરીકે સંબોધતા હતા. ''હ''

૨. હઝરત કુલસૂમ બિન હિદમ રદિયલ્લાહુ અન્હુ પોતાની બિરાદરીના વડીલ અને વયોવૃધ્ધ ગૃહસ્થ હતા. અલ્લાહના આખેરી નબીની મેઝબાનીનું માન ખાટી ગયા. આપની હિજરત પહેલાં મુસલમાન બની ગયા હતા. આપની હિજરત પછી મદીનહના તમામ સહાબામાં સૌથી પહેલા વફાત પામ્યા. (સીરતે સરવરે આલમ જિ.૨ પા. ૭૩૭) ''હ''

Maktabe Ashraf

સલ્લમના જે સાથીઓ કુંવારા હતા એ બધાનો ઉતારો પણ સઅદ બિન ખૈસમહના જ મકાને હતો જેથી લોકો કહે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ સઅદના જ મકાને રહેતા હતા. ખરૂં જોતા મળવા આવનારા લોકોની મુલાકાત માટે આપ સઅદના મકાને પધારતા હતા કેમકે અહીં બીબી-બચ્ચાંની જંજાળ ન હતી. એટલે જ લોકો સઅદના મકાનને "બૈતુલ-અઅઝાબ "એટલે કુંવારાઓનું ઘર કહેતા હતા. હવે એમાંની કઈ વાત ખરી છે તે અલ્લાહ બેહતર જાણે ! કેમકે અમે તો એમ પણ સાંભળ્યું છે અને તેમ પણ સાંભળ્યું છે.

હઝરત અબૂબક સિદ્દીકે "સુનહ"નામે વસતિમાં બનૂ હારિસ બિન ખઝરજના એક ગૃહસ્થ હઝરત ખુબૈબ બિન ઈસાફના મકાને ઉતારો લીધો. ત્યારે એક કહેનારે એમ પણ કહ્યું કે નહિ, અબૂબકે બનૂ હારિસ બિન ખઝરજવાળા ખારિજહ બિન ઝૈદ બિન અબી ઝુહૈરના મકાને ઉતારો લીધો.

હઝરત અલીએ જોયેલો એક ભેદી બનાવ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મક્કહ ત્યાગ પછી હઝરત અલી બિન અબી તાલિબ ત્રણ દિવસો અને ત્રણ રાતો મક્કહમાં રહ્યા કે જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને સોંપેલી લોકોની અમાનતો, તેમના માલિકોને જેમની તેમ પહોંચતી કરવામાં આવે. અમાનતો પહોંચતી કરવાના કામથી પરવારીને હઝરત અલી પણ હિજરત કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં આવી ગયા અને આપની સાથે જ કુલસૂમ બિન હિદમના મકાને રહેવા લાગ્યા.

કુબામાં હઝરત અલીનો ઉતારો એક રાત અથવા બે રાતો રહ્યો. એ દરમિયાન એક અજીબ દિલચસ્પ ઘટના બનવા પામી. એ ઘટના ટાંકતાં હઝરત અલી ફરમાવ્યા કરતા, "કુબામાં એક મુસલમાન ખાતૂન રહેતી હતી જેનો ખાવિન્દ ન હતો. મેં એક મરદને જોયો તે મધરાતના સમયે આ ખાતૂનના મકાને આવતો. બારણું ખખડાવતો. ખાતૂન મકાનમાંથી નીકળીને એની પાસે આવતી. આ મરદ એને કંઈક આપતો અને ખાતૂન તેને લઈને ચૂપચાપ ઘરમાં ચાલી જતી.

આ બનાવ જોઈને મારા મનમાં કંઈક શંકા ઊપજી કે યા અલ્લાહ ! આ શું મામલો છે ? મેં એ ખાતૂનને તેના બારણે બોલાવીને કહ્યું, "હે અલ્લાહની બંદી ! પેલો કોણ મરદ છે જે રોજ રાતે તારૂં બારણું ખખડાવે છે. તું ઘરમાંથી નીકળીને તેની પાસે આવે છે. તે કંઈક તને આપે છે. તેને લઈને તું ચુપચાપ ઘરમાં ચાલી જાય છે. મને ખબર નથી તે શું આપે છે. જો કે તું મુસલમાન છે અને તારો ખાવિન્દ પણ નથી."

ખાતૂન બોલી, "આવનાર યુવક સહલ બિન હુનૈફ બિન વહબ છે એ જાણે છે કે હું દુનિયામાં એકલી અટૂલી છું. અલ્લાહ સિવાય દુનિયામાં કોઈ મારો બેલી નથી. રાત પડે છે તો એ યુવક પોતાની કૌમના મંદિરો પર છાપા મારે છે. મૂર્તિઓને તોડીફોડી નાખે છે. તેમાંથી જે કંઈ મળી આવે છે લાકડાં વગેરે તે લાવીને મને આપે છે અને કહે છે, "લો બહેન ! એને ચૂલામાં બાળીને રસોઈ બનાવી લેજો!"

હઝરત અલી ખાતૂનની કથા સાંભળીને બહુ ખુશ થયા. શંકાનું નિવારણ થઈ ગયું. એજ દિવસથી હઝરત અલી પેલા બહાદુર અને નેકદિલ યુવક સહલ બિન હુનૈફ બિન વહબને દિલોજાનથી ચાહવા લાગ્યા. ઈરાકમાં હઝરત અલી પાસે જ સહલ બિન હુનૈફ વફાત પામી ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈરાકમાં હઝરત સહલ બિન હુનૈફ વફાત પામ્યા તો અલી બિન અબી તાલિબ લોકોને તેમનો આ કિસ્સો સંભળાવતા હતા. મેં હઝરત અલીનો આ કિસ્સો હઝરત સહલના પૌત્ર હિન્દ બિન સઅદ બિન સહલના મુખે સાંભળ્યો.

પ્રકરણ ૭૪

મદીનહમાં પધરામણી અને મસ્જિદની તઅમીર

ઇસ્લામમાં જુમઅહનો પહેલો ખુત્બો ● સહાબાની ફિદાકારી અને ભવ્ય સત્કાર ● હઝરત અબૂ ઐયૂબની ખુશનસીબી ● મસ્જિદુન - નબીની તઅમીર ● હઝરત અમ્માર વિશે પેશીનગોઇ ● મેઝબાનીમાં અબૂ ઐયુબની વ્યવસ્થા ● જમરામાં ડુંગરી અને લસણ ● બાકીના મુહાજિરોની મક્કહથી હિજરત ● ફત્હે મક્કહ અને મુહાજિરોની માલ-મિલ્કત.

Maktabe Ashraf

ઇસ્લામમાં જુમઅહનો પહેલો ખુત્બો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પાસે આવેલા કુબા નામે વસતિના, બનૂ અમ્ર બિન ઔફના મહોલ્લામાં સોમવાર, મંગળવાર, બુધવાર અને જુમેઅરાત સુધી બિરાજમાન રહ્યા અને ત્યાં તેઓની મસ્જિદ (મસ્જિદે-કુબા)નો પાયો નાખ્યો.[1]

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુ અલ્લાહ તઆલાના હુકમથી કુબાની વસતિમાંથી નીકળીને મદીનહ શહેર તરફ રવાના થયા. એ જુમઅહનો મુબારક દિવસ હતો. જો કે કુબાના બનૂ અમ્ર બિન ઔફના લોકોનો તો એવો દાવો છે કે આપ તેઓની વસતિમાં ચાર દિવસો નહિ, તેનાથી વધારે દિવસો બિરાજમાન રહ્યા. વલ્લાહુ અઅલમ ![2]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુબાથી જુમઅહના દિવસે રવાના થયા. જ્યારે આપ બનૂ સાલિમ બિન ઔફની વસ્તીમાં પહોંચ્યા તો જુમઅહની નમાઝનો સમય આવી લાગ્યો. અહીં આપ સવારી પરથી ઊતરી પડ્યા અને તેઓની મસ્જિદમાં જુમઅહની નમાઝ પઢાવી. આ મસ્જિદ "રાનૂના" નામે સ્થળની

---

૧. ઇસ્લામમાં સૌથી પહેલા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથે જે મસ્જિદનો પાયો નાખવામાં આવ્યો તેનું નામ મસ્જિદે-કુબા છે. આપે પોતે પહેલો પથ્થર પોતાના મુબારક હાથે ઉપાડીને કિબ્લહની દિશાએ ગોઠવી દીધો. આપના પછી હઝરત અબૂબક્રે, પછી હઝરત ઉમરે પછી બીજા મુસલમાનોએ પથ્થર ગોઠવવાનું શરૂ કર્યું. આજે એ મસ્જિદ નવા રૂપે આલીશાન સ્વરૂપે ઊભેલી છે. એનું નામ મસ્જિદે કુબા અને મસ્જિદે-તકવા છે. એનું બયાન પારહ ૧૧ના બીજા રૂકૂઅની આયત ૧૦૮માં થયેલું છે. એનાથી ઉપરની આયતમાં મુનાફિકોની "મસ્જિદે-દિરાર"નું વર્ણન છે.

૨. બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસની રિવાયત મુજબ કુબામાં આપ ૧૪ દિવસ બિરાજમાન રહ્યા. હઝરત આઇશહ અને હઝરત ઉર્વહ બિન ઝુબૈરના કથન મુજબ આપ ૧૦ દિવસથી વધુ કુબામાં બિરાજમાન રહ્યા. (સીરતે સરવરે આલમ જિ ૨ પા. ૭૩૮) "હ"

ખાંણમાં આવેલી છે.[1] મદીનહમાં એ જુમઅહની પહેલી નમાઝ હતી જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની ઇમામતમાં અદા કરી.

સહાબાની ફિદાકારી અને ભવ્ય સત્કાર————જુમઅહની નમાઝ બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પધારવા માટે તૈયાર થયા તો બનૂ સાલિમ બિન ઔફના લોકો હઝરત ઇત્બાન બિન માલિક અને હઝરત અબ્બાસ બિન ઉબાદહ બિન નદલહની આગેવાની હેઠળ આપની તહેનાતમાં હાજર થયા અને વિનંતી રૂપે બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપ અમારા મકાને પધારો. અમે સંખ્યામાં, સાધન-સામગ્રીમાં, માનઆબરૂમાં સૌથી ચઢિયાતા છીએ."

આપે ઊંટણી તરફ ઇશારો કરતાં ફરમાવ્યું, "ખલ્લુ સબીલહા ફ-ઇન્નહા મામૂરતુન." એનો રસ્તો છોડી દો. એ અલ્લાહ તરફથી નિમાયેલી છે.

આ લોકોએ રસ્તો છોડી દીધો અને ઊંટણી આગળ વધી જ્યારે એ એની ગતિએ ચાલતી બનૂ બયાદહના મહોલ્લામાં પહોંચી તો હઝરત ઝિયાદ બિન લુબૈદ અને હઝરત ફર્વહ બિન અમ્ર નામના સરદારો પોતાની કૌમના અગ્રણીઓ સાથે આગળ આવ્યા અને દરખાસ્ત રૂપે બોલ્યા, "હે અલ્લાહના રસૂલ ! અમારાં ઘરો હાજર છે. અમે સંખ્યાબળમાં, સાધનબળમાં, માનમોભામાં સૌથી આગળ છીએ. માટે વધુ સંખ્યાવાળાઓમાં, વધુ સાધનવાળાઓમાં, વધુ માનમોભાવાળાઓમાં પધારો."

આપે ઊંટણી તરફ ઇશારો કરતાં ફરમાવ્યું, "ખલ્લુ સબીલહા ફ-ઇન્નહા મામૂરતુન." એનો રસ્તો છોડી દો. એ અલ્લાહ તરફથી નિયુક્ત થયેલી છે.

આ લોકોએ રસ્તો છોડી દીધો અને ઊંટણી આગળ વધી જ્યારે એ એની ગતિએ ચાલતી બનૂ સાઇદહના મહોલ્લામાં પસાર થવા લાગી તો હઝરત સઅદ બિન ઉબાદહ અને હઝરત મુનઝિર બિન અમ્ર, બનૂ સાઇદહના લોકો સાથે આગળ આવી ગયા અને નમ્ર ભાવે બોલ્યા, "યા રસૂલુલ્લાહ ! અમારા ઘરોમાં પધારો. સંખ્યામાં, સાધનમાં અને પ્રતિષ્ઠામાં અમારી તોલે પહોંચે એવું મદીનહમાં કોઇ નથી."

આપે ફરમાવ્યું, "ખલ્લૂ સબીલહા ફ-ઇન્નહા મામૂરતુન." મારી ઊંટણીનો રસ્તો છોડી દો. એને અલ્લાહ તરફથી હુકમ મળી ગયો છે. એ ત્યાંજ થોભશે જ્યાં થોભવાનો એને હુકમ મળ્યો છે.

આ લોકોએ રસ્તો આપી દીધો અને સાંઢણી આગળ બઢી. એ એની ગતિએ ચાલતી જ્યારે બનૂ અદી બિન નજ્જારના મોહલ્લામાં પહોંચી—— જેઓ સગાઇમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મામા લાગતા હતા કેમકે અબ્દુલ-મુત્તલિબના માતાજી બીબી સલમા બિન્તે અમ્ર (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદી) એજ ખાનદાનમાંથી હતાં.[2]—— તો હઝરત સુલૈત બિન કૈસ, હઝરત અબૂ સુલૈત અને

---

૧. બનૂ સાલિમની આ મસ્જિદનું નામ "મસ્જિદે-ગુબૈબ" હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમાં જુમઅહની નમાઝ પઢી ત્યારથી એનું નામ "મસ્જિદે જુમઅહ" પડી ગયું. આજે પણ એજ નામે જાણીતી છે. મદીનહથી કુબા જતાં રસ્તામાં ડાબા હાથે આવે છે

૨. આ તેજ ખાનદાન છે જેના માનવંતા ખાતૂન બીબી સલમા બિન્તે અમ્ર સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હાશેમે શાદી કીધી હતી. આપના દાદા અબ્દુલ-મુત્તલિબ એજ ખાતૂનની કુખે અવતર્યા હતા. એજ ખાનદાનમાં ઉછેર પામ્યા હતા. આપના માનવંતા પિતાજી હઝરત અબ્દુલ્લાહે એ પોતાના જીવનના અંતિમ દિવસો એમની જ સાથે ગુજાર્યા અને અહીં જ વફાત પામીને અહીં જ દફન થયા. બીબી આમિનહ આપને બચપનમાં એજ લોકોની મુલાકાત માટે લઇ ગયાં હતાં. "૬"

હઝરત ઉબૈદહ બિન અબી ખારિજહ પોતાના બનૂ અદી બિન નજ્જારના કેટલાક લોકો સાથે આવીને આપની સામે ઊભા થઈ ગયા અને દરખાસ્ત રજૂ કરતાં બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપ પોતાના મોસાળિયામાં પધારો, જેઓ સંખ્યામાં, સાધનમાં, માનમોભામાં સૌથી ચઢિયાતા છે."

આપે ફરમાવ્યું, "ખલ્લુ સબીલહા ફ-ઇન્નહા મામૂરતુન." મારી ઊંટણીનો રસ્તો છોડી દો એને ક્યાં થોભવું તેનો અલ્લાહ તરફથી હુકમ મળી ગયો છે.

હઝરત અબૂ ઐયૂબની ખુશનસીબી————આ લોકોએ પણ ઊંટણીનો રસ્તો છોડી દીધો અને તે પોતાની ગતિએ ચાલતી આગળ બઢી અને જ્યારે બનૂ માલિક બિન નજ્જારના મહોલ્લામાં દાખલ થઈ તો અત્યારે જ્યાં મસ્જિદે-નબવીનો દરવાજો છે ત્યાં જઈને બેસી ગઈ. તે વેળા એ જમીન બનૂ નજ્જારની શાખ બનૂ માલિક બિન નજ્જારના બે યતીમ છોકરાઓ, સહલ અને સુહૈલની માલિકીની હતી. આ જમીનમાં તેઓ પોતાની ખજૂરો તડકામાં સુકાવતા હતા. હઝરત મુઆઝ બિન અફરાઅ આ યતીમ છોકરાઓના સરપરસ્ત હતા. જ્યારે ઊંટણી એવી હાલતમાં કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેની પીઠ પર સવાર હતા, અહીં બેસી ગઈ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેની પીઠ પરથી ઊતર્યા નહિ. ઊંટણી પાછી ઊભી થઈ અને થોડીક આગળ ગઈ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેનો અછોડો તેની પીઠ પર છુટ્ટો મુકી દીધો હતો. તેની નાથ જરા પણ અહીંતહીં ફેરવી નહિ. છેવટે ઊંટણી પોતે પાછી વળી અને પલટીને પહેલાં જ્યાં બેઠી હતી ત્યાં જ આવીને બેસી ગઈ. તેણે પોતાનું શરીર હલાવ્યું. કરીને મક્કમ રીતે બેઠી અને ગરદન લાંબી કરી દીધી કે જેથી રસૂલુલ્લાહ નીચે ઊતરે. [૧]

હઝરત અબૂ ઐયૂબ ખાલિદ બિન ઝૈદ અન્સારીએ આગળ વધીને ઊંટણીની કાઠી ઉતારી લીધી અને તેને પોતાના ઘરે જઈને મૂકી આવ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના જ ઘરે ઉતારો લીધો. એ પછી ખજૂરો સુકાવવાની પેલી જમીન વિષે આપે પૂછપરછ કરી કે એ કોની જમીન છે અને એનો માલિક કોણ છે ? તો હઝરત મુઆઝ બિન અફરાએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! એ જમીન અમ્રના બે પુત્રો, સહલ અને સુહૈલની છે જેઓ યતીમ બાળકો છે અને મારી સરપરસ્તી હેઠળ છે. હું એ બંનેને રાજી કરી દઈશ આપ અહીં એક મસ્જિદ બનાવી લો."

મદીનહમાં ભવ્ય સત્કારની પૂર્તિ

(ગુજરાતી સંપાદક તરફથી)

ઉપરના બનાવોથી સહેજે અંદાજ લગાવી શકાય છે કે મદીનહવાસીઓએ કેટલી અકીદત, કેટલી મહબ્બત, કેટલી અધીરાઈ અને કેટલા જોશો-ખરોશથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું ભવ્ય સ્વાગત કર્યું

---

૧. એમાં અલ્લાહ તઆલાની અજીબ હિકમત હતી. ઊંટણીને ક્યાં થોભાવવી અને કોના ઘરે ઉતારો લેવો તે વાત અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પસંદગી પર છોડી ન હતી. આ સેવા અલ્લાહ તઆલાએ પોતાની મરજી મુજબ ઊંટણી પાસેથી લીધી. અગર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની મરજીથી ઉતારાનું સ્થળ પસંદ ફરમાવતે તો અન્સારના બીજા કબીલાઓમાં સ્વાભાવિક રીતે એવી લાગણી પેદા થતે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને પડતા મૂકીને બનૂ નજ્જારને અમ પર શ્રેષ્ઠતા આપી. ખરેખર અલ્લાહની હિકમત ન્યારી છે. "હ"

Maktabe Ashraf

હતું. કુબામાં પધરામણી પછી મદીનહ-પધરામણીની તો તેઓ કાગને ડોળે રાહ જોતા હતા અને તે માટેની તેઓએ પૂર્વ તૈયારી કરી રાખી હતી. એ પછી જે જોશ, જે ઉત્સાહ, જે ઉમંગથી શહેરમાં આપનો શાનદાર સત્કાર કરવામાં આવ્યો તેનો દાખલો શોધ્યે જડે એમ નથી. અરબભરમાં આથી પહેલાં આટલું ભવ્ય સ્વાગત કોઇનું કરવામાં આવ્યું ન હતું. જે વસતિ કે મહોલ્લામાંથી આપની સવારી પસાર થતી ત્યાંના અગ્રેસરો અને મોવડીઓ બાઅદબ આપની તહેનાતમાં હાજર થતા અને અરજ કરતા, "યા રસૂલલ્લાહ ! ઘર હાજર છે, માલ હાજર છે. જાન હાજર છે."

સહીહ બુખારી, સહીહ મુસ્લિમ અને મુસ્નદે-અહમદમાં હઝરત બરાઅ બિન આઝિબની રિવાયતથી હઝરત અબૂબક્ર સિદ્દીકનું આ બયાન ટાંકવામાં આવ્યું છે કે, "જ્યારે અમે મદીનહમાં પ્રવેશ કર્યો તો લોકો અમારા સ્વાગત માટે સડકો પર નીકળી આવ્યા હતા. મકાનોની છતો, અગાશીઓ, દીવારો, ઝાડો પર લોકોની ઠઠ લાગેલી હતી. ગુલામો, છોકરાઓ, કિશોરો ભુલકાંઓ રસ્તા પર દોડાદોડી કરીને જુદા જુદા નઅરા ગજાવતા હતા. હકડેઠઠ મેદનીમાંથી વારંવાર, અલ્લાહુ અકબર ! મુહંમદ પધારે છે ! અલ્લાહના પયગમ્બર પધારે છે! ના પોકારો બુલંદ થતા હતા."[1]

સહીહ બુખારીમાં હઝરત અનસ બિન માલિકની રિવાયત છે કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અબૂબક્રની સવારીએ મદીનહમાં પ્રવેશ કર્યો તો મુસલમાનોના એક હથિયારબંધ સમૂહે સવારીને પોતાના વર્તુળમાં લઇ લીધી હતી. આશિકો અને જાં-નિસારો હથિયાર સજ્જ થઇને બે હરોળમાં હારબંધ ગોઠવાઇ ગયા હતા. દર્શનના અભિલાષીઓ ટેકરાઓ અને ઊંચી જગાઓ પર ચઢીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દીદાર માટે નજર દોડાવી રહ્યા હતા. આખા શહેરમાં , "આવી ગયા નબીયુલ્લાહ ! પધારી ચૂકયા રસૂલુલ્લાહ !" નો શોર મચેલો હતો.[2]

તબકાતે-ઇબ્ને સઅદમાં હઝરત અનસ બિન માલિકની રિવાયતના આ શબ્દો ટાંકેલા છે : "મારી આંખોએ આટલો શાનદાર, આટલો રોશન આટલો ભવ્ય દિવસ કદી જોયો નથી."મુસ્નદે-અહમદમાં હઝરત અનસના આ શબ્દો ટાંકેલાછે."મદીનહવાસીઓના ટોળેટોળાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સત્કાર માટે પાણીના પૂર પેઠે ધસમસી રહ્યાં હતા. સ્ત્રીઓ છતો અને અગાશીઓ પર નીકળી આવી હતી. અને લોકોને પૂછતી હતી કે બંને ગૃહસ્થોમાં અલ્લાહના રસૂલ કોણ છે ! આવું અભૂતપૂર્વ દૃશ્ય આથી પહેલાં કદી અમે જોયું નથી." એજ વિષયને સ્પર્શતી રિવાયતો હઝરત અનસના મુખે દારિમી, તિર્મિઝી, ઇબ્ને-માજહ, અબૂ દાવૂદ અને બૈહકીમાં પણ ટાંકવામાં આવી છે.[3]

સહીહ બુખારીમાં હઝરત બરાઅ બિન આઝિબનું બયાન છે કે, "મેં મદીનહવાસીઓને આટલા ખુશ, આટલા આનંદી, આટલા ઉત્સાહી કયારેય જોયા નથી જેટલા તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીના દિવસે હતા. જેટલું શાનદાર, જેટલું ભવ્ય અને જેટલું ભાવભીનું સ્વાગત તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું કર્યું, આથી પહેલાં તેઓએ કોઇ મેહમાનનું કદી કર્યું નથી."[4]

હઝરત બુરૈદહ બિન હુસૈબ અસલમી શાંતિ અને સલામતીનો વાવટો વાયુમાં લહેરાવતા શાનદાર સવારીની

૧. સીરતે-સરવરે-આલમ જિ. ૨ પા. ૭૪૩
૨. હવાલો ઉપર મુજબ.
૩. હવાલો ઉપર મુજબ
૪. સીતુલ-મુસ્તફ઼ જિ.૧ પા. ૩૦૪

Maktabe Ashraf

આગળ-આગળ ચાલતા હતા. બેહદ રોમાંચકારી અને હૃદયસ્પર્શી દ્રશ્ય હતું.[૧]

અબૂ દાવૂદમાં હઝરત અનસ બિન માલિકની રિવાયત છે કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પધાર્યા તો આપના શાનદાર સ્વાગતની ઉજવણી તરીકે કેટલાક હબ્શી યુવકો હથિયાર સજ્જ થઈને સવારીની આગળ-આગળ ચાલતા હતા અને ફોજી ઢબે ઊછળી ઊછળીને ભાલાઓથી યુધ્ધકળાનું પ્રદર્શન કરતા હતા.[૨]

સારાંશ કે મદીનહના સ્ત્રી-પુરૂષ, અબાલ-વૃધ્ધ, અમીર - ગરીબ, આકા-ગુલામ બધાં જ મન મૂકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીનો ઉત્સવ ઊજવતા હતા અને અલ્લાહના યશોગાન સાથે તકબીરના નઅરા ગજાવતા હતા. છતો અને અગાશીઓમાં મુસ્લિમ મહિલાઓ તથા બાલિકાઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીનું સ્વાગત-ગીત બુલંદ સ્વરે લલકારતી હતી:

તલઅલ બદ્રુ અલૈના • મિન સનિ-યતિલ- વદાઇ

વદાઅ પર્વતની ઘાટીઓમાંથી ચઉદમીનો ચાંદ નીકળી આવ્યો છે.

વજબશ-શુક્રુ અલૈના • મા દઆ લિલ્લાહી દાઇ.

અલ્લાહનો શુક્ર અમ પર વાજિબ છે ત્યાં સુધી કે દુનિયામાં અલ્લાહને પોકારનારો કોઈ બાકી રહે.

અૈયુહલ-મબઊસુ ફીના • જિઅતા બિલ-અમ્રિલ-મુતાઇ

હે અમારામાં પયગમ્બર બનીને પધારનારા ! આપના હુકમની તાબેદારી અમારા માટે અનિવાર્ય ઠરી ગઈ છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક સવારી જ્યારે બનૂ નજ્જારના મહોલ્લામાં પ્રવેશી તો ત્યાંની માસૂમ ભોળી બાળાઓ આપના સ્વાગત માટે નીકળી આવી અને ખંજરીની થાપ પર આ ગીત લલકારવા લાગી :

નહનુ જવારિમ મિમ બનિન-નજજારી, • યા હબ્બઝા ! મુહમ્મદુમ - મિન જારી.

હમ તો હૈંય લળકિયાં બની નજ્જારકી = કયા હી અચ્છે હમસાયે હૈંય મુહમદ !

મુબારક-સલામતીની, કે અહલન-સહલનની સ્વચ્છ લાગણીઓથી ગૂંથાયેલાં આ સ્વાગત-ગીતો સાંભળીને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બહુજ ખુશ થયા. આપે બહુ હેતથી માસૂમ બાળકીઓને પૂછ્યું, "મારી પ્યારી બેટીઓ ! શું તમે મને ચાહો છો ?"

નિર્દોષ ભાવે બાળાઓ બોલી, "હા યા રસૂલલ્લાહ ! અમે આપને દિલોજાનથી ચાહિયે છીએ."

આ સાંભળીને આપે લાગણીવશ સ્વરે ત્રણ વાર ફરમાવ્યું, "અલ્લાહના સોગંદ મારી બેટીઓ ! હું પણ તમને અંતઃકરણથી ચાહું છું." સહીહ બુખારીમાં હઝરત અનસથી રિવાયત છે : " રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બાળાઓ અને બાળકોને આવતી જોઈને સવારી થંભાવી લીધી અને ત્રણવાર ફરમાવ્યું, "અલ્લાહના સોગંદ તમે લોકો (એટલે અનસારના લોકો) મને સૌથી વધુ મહબૂબ છો."[3]

---

૧. સીરતે-અહમદે મુજબત જિ.૨ પા. ૩૯ હવાલી ઝુરકાની જિ.૧ પા. ૩૫૪ ૨. સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૩૦૪

3. સીરતે સરવરે આલમ જિ.૨ પા. ૭૪૪

મુબારક સવારી આગળ ચાલી તો કદી સ્વાગતના પોકારો અને અલ્લાહુ અકબરના નઅરાઓથી વાતાવરણ ગુંજી રહેતું તો કદી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર હોઠોની હરકતથી ચોમેર ખામોશી પ્રસરી જતી. તે વેળા આપ અસરકારક વાણીમાં લોકોને સંબોધીને ફરમાવતા :

ઐયુહન-નાસ અફશૂસ-સલામ.	હે લોકો ! સલામનો ફેલાવો કરો,
વ અત-ઈમૂત-તઆમ,	અને ભૂખ્યાઓને ખાવાનું આપો,
વ સિલૂલ-અરહામ,	અને સગાંઓ સાથે પ્રેમથી વર્તો,
વ સલ્લૂ બિલ-લૈલે	અને નમાઝ પઢો રાતના સમયે
વન્નાસુ નિયામ,	જ્યારે કે લોકો ભરઊંઘમાં પડેલા હોય,
તદખુલૂલ-જન્નત બિ-સલામ	દાખલ થઈ જશો તમે જન્નતમાં સલામતી સાથે [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી અલ્લાહના હુકમથી સહલ અને સુહેલની અવાવરૂ જમીન પર બેસી ગઇ તો અહીંથી સૌથી વધુ નિકટ હઝરત અબૂ ઐયૂબ અન્સારીનું મકાન હતું. એમનું નામ ખાલિદ બિન ઝૈદ હતું. બની નજ્જારના ખાદાનમાંથી હતા. આ ખાનદાનવાળા રિશ્તામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મામા લાગતા હતા. આ ખાનદાનના એક સભ્ય અબૂ ઐયૂબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મેહમાનીનું માન ખાટી ગયા. તેઓ ઊંટણી પરથી સામાન ઉતારીને પોતાના મકાને લઈ ગયા. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ જમીન પર મસ્જિદ બાંધવાનો વિચાર દર્શાવ્યો તો યતીમોના વાલી હઝરત મુઆઝ બિન અફરાઅએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આપ એ જમીન પર મસ્જિદ બનાવી લો. હું બંને છોકરાઓને રાજી કરી લઈશ. [૨] "(અહીં થી ઇબ્ને હિશામનો તરજુમો આગળ શરૂ કરીએ છીએ.)

મસ્જિદુન-નબીની તઅમીર————ઇબ્ને ઈસ્હાક કહે છે : રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહલ અને સુહૈલની એ પડતર જમીન પર મસ્જિદ બનાવવાનું નક્કી કરીને પોતાના સહાબાને તેનો હુકમ ફરમાવ્યો અને પોતે અબૂ ઐયૂબ અન્સારીના મકાનમાં તેટલી મુદ્દત બિરાજમાન રહ્યા. પછી જ્યારે મસ્જિદનું બાંધકામ પુરૂં થયું અને મસ્જિદની સાથે પોતાના રહેવાના કમરા તૈયાર થઇ ગયાં તો આપ અબૂ ઐયૂબના મકાનમાંથી પોતાના કમરામાં રહેવા માટે આવી ગયા.

ઇબ્ને ઈસ્હાક કહે છે : મસ્જિદના બાંધકામમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પણ છેવટ સુધી પોતાના સહાબાની સાથે એક મઝદૂર તરીકે શામિલ રહ્યા કે જેથી મસ્જિદની બાંધણીમાં મુસલમાનોને ઉત્સાહની પ્રેરણા મળતી રહે અને તેઓનાં ઉત્સાહનો જુસ્સો જળવાયેલો રહે.

---

૧. સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૩૧૦ હવાલો તિરમિઝી અને હાકિમ.

૨. બુખારી અને અબૂ દાવૂદમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહલ-સુહૈલ, તેઓના વાલી અને કુટુંબીઓને બોલાવીને જમીનની કિંમત વસૂલ કરી લેવાનું ફરમાવ્યું તો તેઓ બોલ્યા, "યા રસૂલલ્લાહ ! અલ્લાહ સિવાય અમારે કોઇની પાસેથી એની કિંમત નહિ જોઇએ." બીજી રિવાયતમાં આ શબ્દો છે : "યા રસૂલલ્લાહ ! જમીનની કિંમત અમારે દુનિયામાં નહિ, આખિરતમાં જોઇએ." પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની દરખાસ્ત મંઝૂર નહિ ફરમાવી અને દસ દીનાર (સોના મહોરો)ની કિંમતે જમીનનો સોદો કરી લીધો. આ કિંમત હઝરત અબૂબક્રે તેઓને ચૂકવી આપી (સીરતુલ-મુસ્તફા જિ.૧ પા.૩૧૯) "હ"

આપનો હુકમ મળતાં મક્કહના મુહાજિરીન ને મદીનહના અન્સાર બંને સમૂહના લોકો, દુનિયાના કામો પડતાં મૂકીને તન-મનના પૂરા ઉત્સાહ સાથે મસ્જિદના બાંધકામમાં જોડાઈ ગયા. ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બ-નફસે-નફીસ એટલે જાતે ન પોતે એક મઅમૂલી મઝદૂર પેઠે તેઓની સાથે બાંધકામમાં લાગી ગયા. કોઈ પથરા લાવતું હતું કોઈ ઈંટો ઉપાડી લાવતું હતું. એજ દરમિયાન એક સહાબી આ શેઅર લલકારવા લાગ્યા.

લઇન કઅદના વન-નબીય્યુ યઅમલુ, • લઝાક મિન્નલ-અમલુલ-મુદલ - લલુ.

અરે અમે તો ખોડ્રા થઈને બેસી રહીએ અને નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કામમાં લાગેલા રહે તો અમારી આ ખોડ્રાઈ નરી ગુમરાહી જ કહેવાય ને !

મસ્જિદના બાંધકામ વેળા બીજા મુસલમાનો આ રાગગીત લલકારતા હતા:

લા ઐશ ઇલ્લા ઐશલ - આખિરહ, • અલ્લા-હુમ્મર - હમિલ-અન્સાર વલ-મુહાજિરહ.

મૂળ જીવન તો માત્ર આખિરતનું જ જીવન છે. હે અલ્લાહ ! અન્સાર અને મુહાજિરીન પર રહમ ફરમાવ!

ઇબ્ને હિશામ કહે છે : ઉપરના શબ્દો કાવ્યકળાની કડીઓ નથી બલકે જોડી કાઢેલું કલામ છે અને રાગગીત પણ નથી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બાંધકામ કરનારા તમામ મુસલમાનોની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ પોતાનો મુબારક સૂર પુરાવીને ફરમાવતા હતા :

લા ઐશ ઇલ્લા ઐશલ-આખિરહ • અલ્લા-હુમ્મર - હમિલ-અન્સાર વલ - મુહાજિરહ

હઝરત અમ્માર વિષે પેશીનગોઇ———રાવી કહે છે : મસ્જિદની તઅમીર વેળા હઝરત અમ્માર બિન યાસિર એવી હાલતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાસે આવ્યા કે લોકોએ ઈંટોના ભારથી એમને લાદી દીધા હતા. કેહવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! લોકોએ મારો દમ કાઢી નાખ્યો. એટલો બોજ મુજ પર લાદી દીધો કે તેઓ પોતે તેટલો ઉપાડી શકતા નથી."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી ઉમ્મે-સલમહનું બયાન છે : "મેં મારી આંખે જોયું કે અમ્માર બિન યાસિરની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની જગાએ થંભી ગયા અને પછી અમ્મારના વાંકડિયા-ગુચ્છાદાર વાળોને પોતાની મુબારક આંગળીઓથી ઝાટકીને સાફ કરવા લાગ્યા અને ફરમાવવા લાગ્યા :

વૈહબ્ન સુમૈયહ !	અફસોસ છે હે સુમૈયહના બેટા !
લયસૂ બિલ્લઝીન યક-તૂલુનક.	આ તે લોકો નથી જેઓ તને કતલ કરવાના છે.
ઇન્નમા તકતુલુ-કલ-	બેશક તને તો કતલ કરવાની છે,
ફિઅતુલ-બાગિયહ.	દ્રોહીઓની એક ટોળી.

મસ્જિદનું બાંધકામ પુરજોશમાં ચાલતું હતું એટલામાં હઝરત અલી રાગગીતની આ કડીઓ લલકારતા પસાર થયા :

Maktabe Ashraf

લા યસ્તવી મંય યઅમુરુલ- મસાજિદા, • યદઅબુ ફીહા કાઇમંય-વ-કાઇદા,

વમંય-યુરા અનિલ-ગુબારિ હાઇદા.

અર્થાત : જે શખ્સ ઊઠતાં બેસતાં મસ્જિદોના બાંધકામમાં લાગેલો રહે છે અને મસ્જિદોમાં ઊઠવા-બેસવામાં પોતાનો સમય ગુજારે છે અને જે શખ્સ બાંધકામ વેળા ધૂળ-કચરાથી પોતાનાં કપડાં બચાવે છે એ બંને સરખા કેવી રીતે હોય શકે ?

રણગીતની આ કડીઓ હઝરત અમ્મારે પણ ઉપાડી લીધી અને વારંવાર એને લલકારવા લાગ્યા ત્યારે જે ગૃહસ્થે એમના માથે ઈંટોનો અસહ્ય બોજ લાદી દીધો હતો તેમને થયું કે અમ્માર આ કડીઓ મુજ પર કટાક્ષ રૂપે ઉછાળી રહ્યા છે. જેથી તેઓ આવેશથી બોલ્યા, "હે સુમૈયહના બેટા ! હું બધું સાંભળું છું અને સમજું છું. મને લાગે છે કે આ લાઠીથી હું તારા નાકની ખબર લઈ નાખીશ !

"અને ખરેખર લાઠી હતી પણ ખરી એ ગૃહસ્થના હાથમાં! જ્યારે આ વાતની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર પડી તો આપ બહુ નારાજ થઈ ગયા. એજ નારાજીની દશામાં આપે ફરમાવ્યું :

મા લહુમ - વ- લિઅમ્મારિન.	લોકોને અમ્માર પ્રત્યે વેરભાવ કેમ છે ?
યદ્અવ-હુમ ઇલલ-જન્નહ.	એ તેઓને બોલાવે છે જન્નત તરફ
વ યદ્ઊનહૂ ઈલન્નાર.	અને તેઓ બોલાવે છે એને આગ તરફ.
ઈન્ન અમ્મારન જિલ્દતુ	સાંભળી લો, બેશક અમ્માર એક ચામડી છે;
મા બૈન અયની વ અન્ફી.	મારી આંખ અને નાક વચ્ચેની.

એટલે દરેક ઈન્સાનને પોતાની આંખ અને નાક વચ્ચેની ચામડી વહાલી હોય છે. એમાં કંઈ વાંધો આવે તો ઈન્સાનનો ચેહરો બેડોળ કે બિહામણો બની જાય. હઝરત અમ્માર બિન યાસિર પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એટલા જ વહાલા હતા.

ઇબ્ને હિશામ કહે છે : મને મળેલી માહિતી મુજબ મસ્જિદે-નબવીના બાંધકામની જે ગૃહસ્થે સૌથી પહેલી શરૂઆત કરી તે અમ્માર બિન યાસિર હતા.

મેઝબાનીમાં અબૂ ઐયૂબની વ્યવસ્થા————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મેહમાન તરીકે હઝરત અબૂ ઐયૂબના જ ઘરમાં બિરાજમાન રહ્યા. અને જ્યારે મસ્જિદ તથા આપના રહેવાના કમરાઓનું બાંધકામ પૂરૂં થયું તો આપ પોતાના ઘરમાં પધારીને રહેવા લાગ્યા.

હઝરત અબૂ ઐયૂબનું બયાન છે :રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા ઘરમાં મેહમાન બનીને પધાર્યા તો મારૂં ઘર બે માળિયું હતું. હું અને મારી ઘરવાળી ઉમ્મે-ઐયૂબ ઉપરના માળિયામાં રહેવા લાગ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નીચેની મંઝિલમાં બિરાજમાન થયા. મેં વિનંતી કરી, "યા રસૂલલ્લાહ! મારાં માબાપ આપના ઉપર કુરબાન ! મને આ વાત પસંદ નથી કે અમે તો ઉપર રહીએ અને આપ નીચે રહો. એને હું બહુ મોટી બેઅદબી સમજું છું. માટે આપ ઉપર પધારો. અમે નીચે આવી જઇએ."

આપે ફરમાવ્યું, "લોકો મને મળવા માટે આવતા જતા રહે છે. મારી અને મુલાકાતીઓની સગવડ ખાતર નીચે રહેવામાં જ અમને વધારે આરામ છે."

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ હું અને ઉમ્મે-ઐયુબ લાચારીએ ઉપરની મંઝિલમાં રહેવા લાગ્યાં. એક દિવસે એવું બન્યું કે માળ પર મૂકેલું પાણીથી ભરેલું માટલું ફૂટી ગયું. પાણી ટપકીને નીચે પડે અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તકલીફ થાય તેવી બીકે અમે મિયાંબીબીએ અમારી જાડી ચાદર ઉપાડીને પાણી પર પાથરી દીધી અને જલદી જલદી પાણી તેમાં શોષી લીધું. અમારો માળ મટોડાંથી લીપેલો હતો અને ઓઢવા માટે આ ચાદર સિવાય અમારી પાસે કોઇ ગોદડું પણ ન હતું.

અમારો નિયમ હતો કે રોજ રાંધીને જમણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર કરતો. આપ તેમાંથી ખાઇને બાકી બચેલા આહારનું વાસણ મોકલાવી આપતા. વાસણમાં જ્યાં જ્યાં આપની મુબારક આંગળીઓના નિશાન દેખાતાં, અમે મિયાંબીબી ત્યાંથી જ આપનું બચેલું જમણ તબર્રૂક તરીકે ખાતાં હતાં.

જમણમાં ડુંગરી અને લસણ————એક રાતે ખાવાનું રાંધીને અમે આપની તહેનાતમાં હાજર કર્યું. તેમાં અમે કાંદા અને લસણ પણ નાખ્યાં હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એને પાછું મોકલાવી દીધું. મેં જોયું તો તેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક આંગળાના નિશાન ન હતાં. મારી પરેશાનીનો પાર ન રહ્યો. ભાગંભાગ આપની સેવામાં હાજર થયો અને અરજ કરી, "યા રસૂલલ્લાહ! મારા માબાપ આપના ઉપર કુરબાન ! આજનું જમણ આપે પાછું કેમ મોકલાવી દીધું ? એમાં આપના પવિત્ર આંગળાંના નિશાન પણ નથી. હું અને ઉમ્મે-ઐયૂબ રોજ એજ નિશાન શોધી-શોધીને તબર્રૂક તરીકે ખાતાં હતાં. આજે શું કારણ છે ?" આપે ફરમાવ્યું:

ઇન્ની વજદ્તુ ફીહિ રીહ હાઝિહિશ-શજરતિ	મને એમાં વાસ આવી આ છોડ (કાંદા-લસણ)ની
વ અના રજુલુન ઉનાજી	અને મારે ફરિશ્તાઓ સાથે વાતચીત કરવાની હોય છે.
ફઅમ્મા અન્તુમ ફ-કુલૂહુ.	અલબત્ત તમે એને ખાય શકો છો.

મતલબ કે આપની પરવાનગી મુજબ અમે ખાઇ લીધું પણ તે પછી કાંદા કે લસણ જેવી કોઇ વસ્તુ આપની રસોઇમાં અમે નાખી નહિ.[1]

બાકીના મુહાજિરોની મક્કહથી હિજરત————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી મક્કહમાં બાકી રહી ગયેલા મુસલમાનો પણ હિજરત કરીને મદીનહ આવી ગયા. અલબત્ત જે લોકો સંકટોમાં સપડાયેલા હતા કે કુરૈશી કાફિરોની કેદમાં હતા તેઓ આવી શકયા નહિ. બાલબચ્ચાં અને માલસમાન સાથે અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ આવનારાઓમાં નીચેના ખાનદાનો હતાં :

- બનૂ જુમહમાંથી બનૂ મઝઊનના લોકો
- બનૂ ઉમૈયહના હલીફોમાંથી બનૂ જહશ બિન રિઆબના માણસો
- બનૂ સઅદ બિન લૈસમાંથી બનૂ બુકૈરના લોકો જેઓ બનૂ અદી બિન કઅબના કરારી હતી.

એમની હિજરતના કારણે મક્કહમાં એમના મકાનો ખાલી પડી રહ્યાં. એમાં કોઇ રહેતું ન હતું. બનૂ જહશ બિન રિઆબના લોકો પોતાના ઘરો ખાલી કરી ગયા તો મક્કહના આગેવાન અબૂ સુફયાન બિન હર્બે

૧. કાંદા અને લસણ ખાયને તેની વાસ સાથે મસ્જિદમાં જવાની પણ ઇસ્લામે મના ફરમાવી છે. "હ"

Maktabe Ashraf

આ ઘરો પર બળજબરીથી કબજો કરી લીધો અને પછી તેણે બનૂ આમિર બિન લુઐયવાળા અમ્ર બિન અલકમાને હાથે આ બધાં ઘરો વેચી માર્યા.

બનૂ જહશના લોકોને જયારે અબૂ સુફયાનના આ કારસ્તાન કે બેઈમાનીની ખબર પડી તો હઝરત અબ્દુલ્લાહ બિન જહશે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એની ફરિયાદ કરી તો આપે ફરમાવ્યું :

અલા તરદા યા અબ્દલ્લાહ !	શું તું આ વાતથી રાજી નથી હે અબ્દુલ્લાહ !
અંય યુઅતિય-કલ્લાહુ બિહા	કે અલ્લાહ તને આપે એના બદલામાં
દારન ખૈરમ મિન્હા ફીલ-જન્નહ.	એનાથી ઉત્તમ મહેલ જન્નતમાં ?
કાલૂ બલા .	તેમણે કહ્યું, "હા કેમ નહિ, યા રસૂલુલ્લાહ !
કાલૂ ફઝાલિક લક્ .	આપે ફરમાવ્યું, "તો બસ એ મહેલ તારાજ માટે છે."

ફત્હે-મક્કહ અને મુહાજિરોની માલ-મિલ્કત————પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ ફતેહ કરી લીધું તો (મક્કહના અંધ શાઈર) હઝરત અબૂ અહમદ બિન જહશે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઈને અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મક્કહનું મારૂં ઘર મને પાછું અપાવો."

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી વિલંબ થયો તો સહાબાએ અબૂ અહમદને કહ્યું, "હે ભાઈ ! તારો જે માલ અલ્લાહના રસ્તામાં નીકળી ગયો તેનો જરા જેટલો ભાગ પણ પાછો મેળવવા અંગે વાતચીત કરવાનું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુદ્દલ પસંદ નથી." આ સાંભળીને અબૂ અહમદે બીજીવાર પૂછવાનું માંડી વાળ્યું અને અબૂ સુફયાનને સંબોધીને આ શેઅરો કહ્યા :

અબલગ અબૂ સુફયાન અન = અમરિન અવા -કિબુહુ નદામહ.

અબૂ સુફયાનને તે મામલા અંગે સંદેશો પહોંચાડી દો જેનો અંજામ પસ્તાવો છે.

દારુબ્નુ અમ-મિક બિઅતહા = તકદી બિહા અન્કલ-ગરામહ

તેં તારા ચચેરા ભાઈનું ઘર એટલા માટે વેચી માર્યું કે તેનાથી તું તારૂં કરજ અદા કરી દે.

ઈઝહબ બિહા ઈઝહબ બિહા = તુવ્વક-તહા તવકલ-હમામહ.

જા કિંમત ખાઈ જા ! જા કિંમત હજમ કરી જા ! તેં એને કબૂતરના કાંઠલા પેઠે પોતાના ગળાનો કાંઠલો બનાવી લીધો છે.

Maktabe Ashraf

પ્રકરણ ૭૫

રસૂલુલ્લાહ (સલ.)ના જુમઅહના ખુત્બહ

અન્સારના ઘરેઘરમાં ઇસ્લામ • રસૂલુલ્લાહ (સલ.)નો પહેલો ખુત્બો • રસૂલુલ્લાહ (સલ.)નો બીજો ખુત્બો.

અન્સારના ઘરેઘરમાં ઇસ્લામ— ———ઇબ્ને ઇસ્હાક કહે છે : સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રબીઉલ-અવ્વલમાં મદીનહ પધાર્યા તો આગામી વરસના માહે-સફર સુધીમાં આપની મસ્જિદ અને મકાન બનીને તૈયાર થઇ ગયાં. આપ હઝરત અબૂ ઐયૂબના મકાનમાં મેહમાન બનીને રહેવા પછી પોતાના મકાનમાં પધારીને રહેવા લાગ્યા. માહે-સફર સુધીમાં અન્સારના તમામ કબીલા મુસલમાન બનીને પૂરી રીતે આપના ફરમાં-બરદાર બની ગયા. કોઇ ઘર અન્સારનું એવું ન રહ્યું જેમાં વસનારા મુસલમાન ન બની ગયા હોય. અલબત્ત ઔસ કબીલાની ચાર શાખો બનૂ ખત્મહ, બનૂ વાકિફ, બનૂ વાઇલ અને બનૂ ઉમૈયહના લોકો પોતાના મૂર્તિપૂજાના ધર્મને વળગી રહ્યા.

રસૂલુલ્લાહ (સલ.)નો પહેલો ખુત્બો————————રાવીનું કથન છે : મદીનહ પધારવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે પહેલો ખુત્બો બયાન ફરમાવ્યો તેની માહિતી મને અબૂ સલમહ બિન અબદુર-રહમાન તરફથી મળી છે. અને જુઓ અમે અલ્લાહની પનાહ માગીએ છીએ આ વાતથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે એવી વાતો વહેતી કરીએ જે આપે ન ફરમાવી હોય.

જુમઅહની નમાઝના સમયે મસ્જિદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અન્સારની જમાઅત સામે ઊભા થયા અને ખુત્બહની શરૂઆત અલ્લાહની સ્તુતિના એવા શબ્દોથી કરી જે અલ્લાહની શાનને લાયક હોય છે. એ પછી આપે ખુત્બહની શરૂઆત કરતાં અન્સારને સંબોધીને ફરમાવ્યું :[૧]

- હે લોકો ! પોતાની જાત માટે કંઇ સારાં કામો કરી લો. તમારે જાણવું જોઇએ કે તમારામાંથી દરેક શખ્સ મોતના કડાકાનો નિશાનો બનવાનો છે. પછી તે પોતાના બકરાંઓને એવી હાલતમાં છોડી જશે કે કોઇ તેનો રખેવાળ ન હશે. પછી જગતનો પાલનહાર તેની સાથે રૂબરૂમાં વાતચીત કરશે એવી રીતે કે વચ્ચે ન કોઇ દુભાષિયો હશે ન કોઇ પર્દો હશે જે તેને છુપાવી લે.
- અલ્લાહ ફરમાવશે, “હે મારા બંદા ! શું તારી પાસે મારો પયગમ્બર ન હોતો આવ્યો? શું તેણે તને તબલીગ ન હોતી કરી ? મેં તને માલ આપ્યો. મેં તુજ પર મારી કૃપા ઉતારી. બતાવ તેં પોતાની જાત માટે મૃત્યુ પહેલાં શું કર્યું ?”
- બંદો જમણી ડાબી નજર દોડાવશે. કોઇ તેને દેખાશે નહિ ત્યારે તે પોતાની સામી દિશાએ

૧. ખુત્બાની અરબી ઇબારત છોડીને તેના ઉર્દૂ તરજુમાનો ગુજરાતી તરજુમો લખવામાં આવ્યો છે. “હ”

નજર કરશે તો જહન્નમ સિવાય કંઈ તેને દેખાવાનું નથી.

- માટે હે લોકો ! જેનાથી જેટલું બની શકે, પોતાના ચેહરાને આગથી બચાવવાની કોશિશ કરે. ભલે ખજૂરની એક પેશીથી થઈ શકે તો તેમાં પણ પાછીપાની ન કરે. અને જેની પાસે ખજૂરની પેશી જેટલું પણ ન હોય તો પોતાની મીઠી વાતથી જ સહી ! કેમકે એનો પણ બદલો આપવામાં આવશે અને એક નેકીના દસ ગણાથી લઈને સાત સો ગણા સુધી મળશે.
- તમારા ઉપર અને અલ્લાહના રસૂલ પર સલામ ! અને અલ્લાહની રહમતો અને બરકતો હો !

રસૂલુલ્લાહ (સલ.)નો બીજો ખુત્બો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજો ખુત્બો આ રીતે બયાન ફરમાવ્યો :

- કોઈ શંકા નથી કે વખાણ તો બધાં અલ્લાહને જ શોભે છે હું તેની હમ્દો-સના બયાન કરું છું અને તેનાથી મદદનો તલબગાર છું.

  આપણે પોતાના જીવોની શરારતો અને પોતાના કામોની બુરાઈઓથી અલ્લાહની પનાહ માગીએ છીએ. અલ્લાહ જેને હિદાયત આપે તેને કોઈ ગુમરાહ કરી શકતું નથી અને અલ્લાહ જેને ગુમરાહ કરી દે તેને કોઈ માર્ગ દેખાડી શકતું નથી.

  હું સાક્ષી આપું છું આ વાતની કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી. તે એકલો છે. કોઈ તેનો ભાગીદાર નથી.

- હે લોકો ! સાંભળી લો કે સર્વશ્રેષ્ઠ કલામ અલ્લાહની કિતાબ છે. અલ્લાહએ આ કિતાબની ખૂબીઓ જેના હૈયામાં ઉતારી દીધી અને જેને કુફ્ર પછી ઈસ્લામમાં દાખલ કરી દીધો અને એ માણસે આ કિતાબને બીજા બધા લોકોની વાતો પર સરસાઈ આપી, નિઃશંક એ માણસ ફળ્યો ફૂલ્યો. એણે તરક્કી હાસિલ કરી લીધી. બેશક એ કિતાબ સર્વશ્રેષ્ઠ અને સર્વગુણસંપન્ન છે.
- હે લોકો ! જે વસ્તુ પ્રત્યે અલ્લાહને પ્રેમ છે તમે પણ તેને પ્રેમ કરો. ખરા દિલથી અલ્લાહને ચાહો. અને અલ્લાહના કલામ તથા અલ્લાહની યાદથી બેજાર ન બનો. તમારા દિલો અલ્લાહ તરફથી સખત ન બનવા જોઈએ. કેમકે અલ્લાહએ જેટલી વસ્તુઓ ઉત્પન્ન કરી છે એમાંથી અમુકને ચુનંદી કે પસંદગી પાત્ર બનાવી છે. ચુનંદી વસ્તુઓના નામો તેણે ''અમલોમાં સર્વશ્રેષ્ઠ અમલ'' અને ''બંદાઓમાં સર્વશ્રેષ્ઠ બંદા'' અને ''કલામોમાં સર્વશ્રેષ્ઠ કલામ'' રાખ્યાં છે.
- અલ્લાહ તરફથી લોકોને જેટલી વસ્તુઓ આપવામાં આવી છે.એમાં હલાલ પણ છે અને હરામ પણ છે. માટે અલ્લાહની બંદગી કરો. અલ્લાહ સાથે કોઈને તેનો ભાગીદાર ન બનાવો. અને અલ્લાહથી ડરવાનો જે હક છે તે મુજબ તેનાથી ડરો. અને અલ્લાહ વિશે હમેશા સત્ય ઉચ્ચારો. કેમકે તમે જે કંઈ બોલો છો તેમાં સત્ય સૌથી ઉત્તમ હોય છે. અલ્લાહની રહમત મેળવવા ખાતર એકબીજાને પ્રેમ કરો. વચનભંગ કરવાથી અલ્લાહનો ગજબ ઉતરે છે.
- અલ્લાહના સલામ અને અલ્લાહની રહમતો હો તમારી ઉપર !

Maktabe Ashraf

પ્રકરણ ૭૬

મુહાજિરીન, અન્સાર અને યહૂદીઓ વચ્ચે

ઐતિહાસિક કરારનામું

કરારનામાનું દસ્તાવેજી લખાણ

Maktabe Ashraf

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહ પધારવા બાદ મક્કહના મુહાજિરીન, મદીનહના અન્સાર અને મદીનહના મુશરિકો વચ્ચે કરારનામાનું એક દસ્તાવેજી લખાણ કરી આપ્યું. આ કરારનામામાં યહૂદીઓ સાથેના કરારનો પણ સમાવેશ હતો તે મુજબ યહૂદીઓને તેઓના ધર્મ પર કાયમ રાખીને તેઓની મઝહબી આઝાદી તથા તેઓના જાનમાલની સલામતીની ગેરંટી આપવામાં આવી હતી અને અમુક શરતોના પાલન સાથે તેઓના સામાજિક તથા રાજકારી હકોની પણ ચોખવટ કરી દેવામાં આવી હતી.[૧]

રસૂલુલ્લાહ સલ્લાહ અલૈહિ વ સલ્લમના "મીસાકે-મદીનહ" એટલે મદીનહના કરારનામાનું દસ્તાવેજી લખાણ આ પ્રમાણે છે :

- ——બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના નામથી જે મોટો દયાળુ અને બેહદ કૃપાળુ છે.

- ——આ કરારનામાનું લખાણ અથવા દસ્તાવેજ મુહંમદ રસૂલુલ્લાહ તરફથી છે. જેઓ અલ્લાહના નબી છે.

- ——આ કરારનામું મદીનહ અને તેની આજુબાજુમાં વસનારા નીચે મુજબના જૂથો વચ્ચે

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઘડી આપેલ આ કરારનામાને મીસાકુન-નબી, મીસાકે-મદીનહ, સહીફહ, કિતાબ વગેરે કહે છે. સહીફહ એટલે દસ્તૂરુલ અમલ કે રાજબંધારણ અને કિતાબ એટલે લેખિત કરારનામાનો દસ્તાવેજ, સીરતકારો અને ઇતિહાસકારોએ એને "અલ-વસાઇકુસ-સિયાસિયહ"નું નામ આપ્યું છે. એટલે કરારનામાના રાજબંધારણ - CONSTITUTION - નો લેખિત દસ્તાવેજ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું આ કરારનામું માનવજગતના ઇતિહાસમાં એક અજોડ અને મહત્વપૂર્ણ દસ્તાવેજી લખાણ હોવાનું સ્થાન ધરાવે છે. પેરીસના પ્રખ્યાત નામ સંશોધક અને સીરત લેખક ડૉક્ટર મુહંમદ હમીદુલ્લાહ સાહેબે પોતાની કિતાબ "અહદે-નબવી મેં નિઝામે-હુકમરાની"માં આ કરારનામાને દુનિયાનું સૌથી પહેલું દસ્તાવેજી લખાણ ઠરાવ્યું છે. ડૉક્ટર સાહેબે એમ પણ લખ્યું છે કે યુરોપના રાજકારણીઓ અને કાનૂનના અંગ અભ્યાસીઓએ પણ આ કરારનામાને જગતની શાંતિ અને સલામતીનો સૌથી પહેલો લેખિત દસ્તાવેજ હોવાનું બિરૂદ આપ્યું છે. આજે પણ દુનિયાના રાજપુરૂષો અને સત્તાધારીઓ આ બંધારણીય દસ્તાવેજ હેઠળ સંગઠિત થઇને દરેક દેશમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ કાયમ કરી શકે છે. "૬"

કરવામાં આવ્યું છે:

૧- મુહંમદ રસૂલુલ્લાહ	૨- મદીનહના યહૂદીઓ
૩- મક્કહના કુરૈશી મુહાજિરો	૪- મદીનહના મુશરિકો
૫- મદીનહના મુસલમાન અન્સાર	૬- દરેક જૂથ સાથે સંકળાયેલા બીજા લોકો.

૧-અલ્લાહના નબી મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું આ કરારનામું મક્કહના કુરૈશી મુહાજિરો અને મદીનહવાસીઓમાંથી મુસલમાન બનેલા લોકો અને એવા બધા લોકો માટે બંધનકર્તા લેખાશે જેઓ મજકૂર જૂથો સાથે સંકળાયેલા હોય. એ બધા આસપમાં હળીમળીને રહે અને (દુશ્મનના મુકાબલા માટે) ભેગી રીતે જિહાદમાં ભાગ લે.

૨-ઉપર દર્શાવેલા બધા પક્ષો રાજયકીય અને સામાજિક દ્રષ્ટિએ બીજા લોકોની સરખામણીમાં એક ઉમ્મત અથવા એક રાજકીય એકમ યા એક જૂથ ગણાશે.

૩-મક્કહથી આવેલા કુરૈશી મુહાજિરો, ઈસ્લામ પૂર્વની પ્રથા મુજબ ખૂનનો બદલો કે પ્રાણદંડની રકમ ચૂકવતા રહેશે અને પોતાના કેદીઓને છોડાવવાનો દંડ પોતે ભોગવશે કે જેથી ઈમાનદારોમાં પરસ્પર નેકી અને ન્યાયની પરંપરા જળવાયેલી રહે.

૪-એવી જ રીતે બનૂ ઔફના લોકો પોતાની ચાલુ પ્રથા મુજબ પ્રાણદંડની રકમ ચૂકવતા રહેશે અને પોતાના કેદીઓને છોડાવવાનો દંડ પોતે ભોગવશે કે જેથી ઈમાનદારોમાં નેકી અને ન્યાયના વર્તાવની પરંપરા જળવાયેલી રહે.

૫-અને બનૂ હારિસના લોકો પોતાના દસ્તૂર મુજબ પ્રાણદંડ ચૂકવતા રહેશે અને દરેક જૂથ પોતાના કેદીઓને પોતે ફિદયો આપીને છોડાવતા રહેશે કે જેથી ઈમાનવાળાઓમાં નેકી અને ન્યાયનો વર્તાવ ચાલુ રહે.

૬-અને બનૂ સાઈદહવાળા પોતાની ચાલુ પ્રથા પ્રમાણે લોહીદંડ ચૂકવશે અને દરેક જૂથ પોતાના કેદીને પોતે ફિદયો આપીને છોડાવશે કે જેથી ઈમાનવાળાઓમાં પરસ્પર નેકી અને ન્યાયનો વર્તાવ ચાલુ રહે.

૭-અને બનૂ જુશમવાળા પોતાના દસ્તૂર મુજબ લોહીદંડ અદા કરશે અને દરેક જૂથ પોતાના કેદીને પોતે ફિદયો આપીને છોડાવશે કે જેથી ઈમાનવાળાઓમાં આપસમાં નેકી અને ન્યાયનો વર્તાવ જારી રહે.

૮-અને બનૂ નજ્જારવાળા પોતાના દસ્તૂર મુજબ ખૂં-બહા એટલે લોહીદંડ ચૂકવશે અને દરેક જૂથ પોતાના કેદીને પોતે ફિદયો આપીને છોડાવશે કે જેથી ઈમાનવાળાઓમાં નેકી અને ન્યાયની પરંપરા ચાલુ રહે.

૯-અને બનૂ અમ્ર બિન ઔફવાળા પોતાના દસ્તૂર પ્રમાણે પ્રાણદંડની રકમ ચૂકવશે અને દરેક જૂથ પોતાના કેદીને પોતે ફિદયો આપીને છોડાવશે કે જેથી ઈમાનવાળાઓમાં આપસમાં નેકી અને ન્યાયની પરંપરા ચાલુ રહે.

Maktabe Ashraf

૧૦-અને બનૂ નબીતવાળા પોતાના દસ્તૂર મુજબ પ્રાણદંડની રકમ ચૂકવશે અને દરેક જૂથ પોતાના કેદીને પોતે ફિદયો આપીને છોડાવશે કે જેથી ઈમાનવાળાઓમાં પરસ્પર નેકી અને ન્યાયનો વર્તાવ જળવાયેલો રહે.

૧૧-બૂન ઔસવાળા પોતાની પ્રથા પ્રમાણે લોહીદંડ ચૂકવશે અને દરેક જૂથ પોતાના કેદીને પોતે ફિદયો આપીને છોડાવશે કે જેથી ઈમાનવાળાઓમાં આપસમાં નેકી અને ન્યાયની પરંપરા ચાલુ રહે.

૧૨-અને ઈમાનદાર લોકો કોઈ મુફલિસ કે નાદાર કે કરજદાર માણસને નિઃસહાય હાલતમાં છોડી દેશે નહિ બલકે જરૂર તેની મદદ કરશે કે જેથી તેણે આચરેલા અપરાધનો દંડ અથવા તેને કેદમાંથી છોડવવાનો દંડ બ-ખૂબી અદા થઈ શકે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ કલમમાં "મુફરહ"શબ્દ આવેલો છે જેના અર્થ એવો મુસલમાન જે કરજના બોજ તળે દબાયેલો હોય અને જેના ઘરમાં છૈયાંછોકરાંની લંગાર હોય. (આવો મુસલમાન કોઈ એવો ગુનોહ કરી નાખે જેની શિક્ષામાં તે કેદ થઈ જાય અથવા દંડને પાત્ર ઠરી જાય તો બીજા મુસલમાનો માટે તેના દંડની રકમ ચૂકવવાનું અથવા તેની કેદનો ફિદયો આપીને તેને છોડાવવાનું જરૂરી લેખાશે કે જેથી મુસલમાનોમાં નેકી અને હમદર્દીની ભાવના જળવાયેલી રહે.)

૧૩-અને કોઈ મુઅમિન કોઈ બીજા મુઅમિનની પરવાનગી વગર તેના આઝાદ કરેલા ગુલામ સાથે કોઈ કરાર કરશે નહિ.

૧૪-અને દરેક ઈમાનદાર, અલ્લાહથી ડરનાર ગૃહસ્થનું કર્તવ્ય લેખાશે કે તે, એવા દરેક માણસનો ખુલ્લી રીતે વિરોધ કરશે જે તેઓમાંથી બંડખોર હોય, અત્યાચારી હોય, ત્રાસવાદી હોય, પાપી કૃત્ય આચરનારો હોય અથવા મુસલમાનોમાં ફિત્નો-ફસાદ કે કુસંપ જન્માવનારો હોય. બધા જૂથોના લોકો ભેગા મળીને એકત્ર બળે તેનો મુકાબલો કરશે ભલેને એવો માણસ તેઓમાંથી કોઈનો બેટો કેમ ન હોય !

૧૫-અને જો કોઈ મુસલમાનના હાથે કોઈ કાફિર માર્યો જાય તો કાનૂન મુજબ એ ખૂનીને શિક્ષા કરવામાં આવશે. પણ કોઈ મુસલમાનને આ હક નથી કે તે માર્યા ગયેલા કાફિરનો પક્ષ લઈને આ મુસલમાનનું ખૂન કરી નાખે. અથવા કોઈ મુસલમાનના મુકાબલામાં કોઈ કાફિરની મદદ કરે. (એનો ફેસલો અદાલત કરશે.)

૧૬-અલ્લાહનો ઝિમ્મો, અલ્લાહના બાંયધરી, અલ્લાહનું વચન, અલ્લાહનો આસરો એક જ છે. અર્થાત : મુસલમાનમાંથી કોઈ અદના દરજ્જાનો મુસલમાન પણ કોઈને આસરો આપવાનું વચન આપે તો એ વચનનું પાલન તમામ મુસલમાનો માટે પણ બંધનકર્તા લેખાશે. અને તમામ મુસલમાનો બીજા લોકોને મુકાબલે આપસમાં ભાઈ ભાઈ છે.

૧૭-અને યહૂદીઓમાંથી જે કોઈ અમારા પક્ષે રહેશે, અમારો સહકારી બનશે, અમારી સાથે કરારથી જોડાઈ જશે તેની પૂરેપૂરી મદદ કરવામાં આવશે. તે અમારી સાથે

સમાનતાના હકો ભોગવવાનો હકદાર ઠરશે. એવા લોકો પર ન જોરજુલમ થશે અને ન તેઓની વિરૂધ્ધ કોઈની મદદ કરવામાં આવશે.

૧૮-અલ્લાહના રાહમાં લડાઈના પ્રસંગે તમામ મુસલમાનોની સુલેહ એકસરખી હશે. એક મુસલમાન બીજા મુસલમાનોને જતા કરીને દુશ્મનો સાથે સુલેહ નહિ કરશે; જ્યાં સુધી કે એ સુલેહ બધા મુસલમાનો માટે એકસરખી ન હોય.

૧૯-એવા બધા પક્ષો અને જૂથો જેઓ અમારી સાથે રહીને જંગ કરશે, એકબીજાની મદદ માટે એકબીજાની પાછળ લાગેલા રહેશે. તેઓને વારાફરતી આરામ કરવાની તક આપવામાં આવશે. (તેઓની વારી મુજબ છુટ્ટી આપવામાં આવશે.)

૨૦-અલ્લાહના રાહમાં કોઈ મુસલમાનના જાનમાલને નુકસાન પહોંચશે તો તમામ મુસલમાનો ભેગી રીતે તેનો બદલો વાળશે. અથવા જે મુસલમાન અલ્લાહના રાહમાં શહીદ થઈ જાય, તેના લાગતા વળગતાઓના જીવન-નિર્વાહની જવાબદારી તમામ મુસલમાનોના શિરે રહેશે.

૨૧-એમાં લેશ પણ શંકા નથી કે અલ્લાહથી ડરનારા પર્હેઝગાર મુસલમાનો સૌથી ચઢિયાતા અને સૌથી સીધા રસ્તા પર ચાલનારા છે.

૨૨-મક્કહના મૂર્તિપૂજક કુરૈશમાંથી કોઈના જાન-માલને રક્ષણ નહિ આપવામાં આવશે અને ન આ બાબત અંગે મુસલમાનોના માર્ગમાં કોઈ અટકાયત ઊભી કરવામાં આવશે.

૨૩-જે શખ્સ કોઈ મુસલમાનનું નાહક ખૂન કરશે અને સાક્ષીઓ મારફતે તેની સાબિતી પણ મળી જશે તો ખૂની પાસેથી કિસાસ (ખૂનનો બદલો ખૂન) લેવામાં આવશે. અલબત્ત મરનારનાં વારસદારો દિયત (એટલે ખૂનનો દંડ) લેવા પર રાજી થઈ જાય તો ખૂની દંડની રકમ ચૂકવીને કિસાસથી બચી શકે છે. એ સિવાય તેના છુટકારાનો બીજો કોઈ રસ્તો નથી. તમામ મુસલમાનો માટે એકમતે એનો અમલ જરૂરી લેખાશે. એ સિવાય બીજો કોઈ રસ્તો તેઓ લઈ શકશે નહિ.

૨૪-કોઈ મુસલમાન———જે આ લખાણ કે દસ્તાવેજના ધારાધોરણનો ઇકરાર કરી ચૂક્યો છે અને અલ્લાહ પર તથા આખેરતના દિવસ પર ઈમાન લાવી ચૂક્યો છે-——તેને આ અધિકાર નથી કે તે કોઈ ફિત્નાખોરની મદદ કરે અથવા તેને આસરો આપે. જે કોઈ તેને આસરો આપશે, કિયામતને દિવસે અલ્લાહની લઅનત તેની ઉપર તૂટી પડશે અને તે અલ્લાહના અઝાબને પાત્ર ઠરી જશે. તેનું કોઈ દાન, કોઈ વળતર, કોઈ બદલો કબૂલ નહિ કરવામાં આવશે.

૨૫-અને જ્યારેય કોઈ પક્ષમાં, કોઈ જૂથમાં કોઈ બાબત અંગે ઝઘડો કે મતભેદ ઊભો થશે તો અલ્લાહ અને તેના રસૂલ મુહંમદ તરફ રજૂઆત કરવામાં આવશે.

૨૬-અને યહુદીઓ જ્યાં સુધી મુસલમાનોના પક્ષે રહીને દુશ્મન સાથે જંગ કરતા રહેશે, જંગનો ખરચ તેઓ પોતે ઉપાડતા રહેશે.

Maktabe Ashraf

૨૭-અને બનૂ ઔફના યહૂદીઓને મુસલમાનોની સાથે એક ઉમ્મત તરીકે (એક રાજદ્વારી એકમ તરીકે) સાંકળી લેવામાં આવ્યા છે.તેઓ પોતાના ધર્મ પર ચાલતા રહેશે અને મુસલમાનો પોતાના ધર્મ પર ચાલતા રહેશે. ભલે મવાલી હોય કે અસલ હોય. (એટલે નોકર ચાકર હોય કે માલિક હોય)[1] અલબત્ત જે લોકો ઝુલ્મ કરશે કે કોઇ ગુનાહના આરોપી ઠરશે કે કરારભંગ કરશે તો તેઓ પોતાની જાત કે પોતાના ઘરાના સિવાય બીજાઓને હલાકત, મુસીબત કે સંકટમાં નહિ નાખશે.

૨૮-અને બનૂ નજ્જારના યહૂદીઓ પણ તેજ અધિકારો ભોગવશે જે બનૂ ઔફના યહૂદીઓને મળેલા છે.

૨૯-અને બનૂ હારિસ ના યહૂદીઓ પણ તેજ હકો ભોગવશે જે બનૂ ઔફના યહૂદને મળેલા છે.

૩૦-અને બનૂ સાઇદહના યહૂદીઓ પણ તેજ હકો ભોગવશે જે બનૂ ઔફના યહૂદીઓને મળેલા છે.

૩૧-અને બનૂ જુશમના યહૂદીઓ પણ તેજ અધિકારો ભોગવશે જે બનૂ ઔફના યહૂદને મળેલા છે.

૩૨-અને બનૂ ઔસના યહૂદીઓ પણ તેજ હકો ભોગવશે જે બનૂ ઔફના યહૂદીઓને મળેલા છે.

૩૩-અને બનૂ સઅલબાન. યહૂદ પણ તેજ હકો ભોગવશે જે બનૂ ઔફના યહૂદ ભોગવે છે. અલબત્ત જે લોકો ઝુલ્મ કરશે કે કોઇ ગુનાહના અપરાધી ઠરશે કે કરારભંગ કરશે તો તેઓ પોતાની જાત કે પોતાના કુટુંબ સિવાય બીજાઓને હલાકત, મુસીબત કે સંકટમાં નહિ નાખશે.

૩૪-અને બનૂ જફનાના લોકો પણ બનૂ સઅલબાની શાખ છે. તેઓના પણ તેજ હકો છે જે તેના મૂળના છે.

૩૫-અને બનૂ શુતૈબહના લોકો પણ તેજ હકો ભોગવશે જે બનૂ ઔફના યહૂદીઓને મળેલા છે. અલબત્ત વફાદારી અને કરારપાલન હોવું જોઇએ, નહિ કે બંડખોરી અને કરારભંગ.

૩૬-અને સઅલબા સાથે કરારોથી જોડાયેલા લોકોના પણ તેજ હકો હશે જે તેના મૂળના છે.[2]

૩૭-અને યહૂદીઓના કબીલાઓની શાખોના પણ તેજ હકો હશે જે તેના મૂળના છે.

૩૮-અને આ કરારનામા સાથે સંકળાયેલા જૂથોમાંથી કોઇ પણ રસૂલ મુહંમદ (સલ્લલ્લાહુ

Maktabe Ashraf

૧. મવાલી : મવલા શબ્દનું બહુવચન છે. મવાલીના અર્થ ગુલામ, નોકર ચાકર, દોસ્ત બિરાદર, લાગતા વળગતા વગેરે. ''હ''

૨. મદીનહના મૂર્તિપૂજક અરબો વરસોથી યહૂદીઓની સાથે વસેલા હોવાથી મૂર્તિપૂજકોના અનેક ખાનદાનો ના લોકો ધર્મપલટો કરીને યહૂદી બની ગયા હતા. રિવાયતોમાં છે કે જયારે કોઇ મુશ્કેલી આવી પડતી તો તેઓ માનતા લેતા કે આ મુશ્કેલી ટળી જશે અથવા મારો માંદો બેટો સાજો થઇ જશે તો હું તેને યહૂદી બનાવી દઇશ. આ રીતે યહૂદી બની ગયેલા ઘણા મૂર્તિપૂજકો પણ મદીનહમાં રહેતા હતા. ''હ''

અલૈહિ વ સલ્લમ)ની પરવાનગી મેળવ્યા વગર લડાઇ માટે નીકળશે નહિ. (લશ્કરી પગલું ભરશે નહિ)

૩૯-અને જખમનો બદલો લેવામાં કોઇ રૂકાવટ નાખવામાં આવશે નહિ. જે માણસ ખૂનરેજી કરશે તેની જોખમદારી તેની ઉપર અને તેના ઘરાના પર રહેશે; સિવાય કે તેની ઉપર ઝુલ્મ કરવામાં આવ્યો હોય તો, અલ્લાહ તેની સાથે છે. આ કરારનામાનું વફાદારીપૂર્વક વધુથી વધુ પાલન કરનારને અલ્લાહ તઆલાની મદદ મળશે.

૪૦-યહૂદીઓ લડાઇનો ખરચ પોતે ઉપાડશે અને મુસલમાનો પોતાનો ખરચ પોતે ઉપાડશે.

૪૧-જે કોઇ, આ કરારનામા સાથે જોડાયેલા કોઇ સમૂહ સાથે લડાઇ કરશે તો કરારનામામાં જોડાયેલા મુસલમાનો, યહૂદીઓ અને બધા પક્ષો, ભેગી રીતે, ભેગા બળે તેનો મુકાબલો કરશે, બધા એકબીજાની મદદ કરશે, બધા એકબીજાનું હિત જાળવવાની નીતિ પર અમલ કરશે અને બધા આપસમાં એકબીજાના સલાહ-મશ્વરાથી કામ કરશે. વફાદારી અને કરાર-પાલન તેઓની નીતિ રહેશે, નહિ કે બંડખોરી અને કરારભંગ. યહુદીઓ પોતાનો ખરચ પોતે ઉપાડશે અને મુસલમાનો પોતાનો ખરચ પોતે ઉપાડશે.

૪૨-કોઇ શખ્સ પોતાના હલીફ એટલે પોતાના કરારીની બદ-અમલી કે અવળચંડાઇનો જવાબદાર ઠરશે નહિ, અને મઝલૂમની પર હાલમાં મદદ કરવામાં આવશે.

૪૩-યહૂદીઓ પોતાનો ખરચ ત્યાં સુધી ઉપાડતા રહેશે જ્યાં સુધી કે તેઓ મુસલમાનોના સંગાતે રહીને લડાઇમાં ભાગ લેતા રહેશે.

૪૪-યસ્રિબ એટલે મદીનહની ધરતીનો તે વિસ્તાર જે પહાડોથી ઘેરાયેલો છે તે આ દસ્તાવેજને માનનારાઓ માટે માનનીય, પવિત્ર, મુકદ્દસ અને આદરપાત્ર લેખાશે. (એટલે એ વિસ્તાર કે મેદાનમાં જંગ, લડાઇ કે ખૂનરેજી નહિ કરી શકાશે.)

૪૫-રક્ષાણ મેળવનાર સાથે તેવો જ વર્તાવ કરવામાં આવશે જેવો રક્ષાણ આપનાર સાથે કરવામાં આવે છે. ન તેને કોઇ નુકસાન પહોંચાડવામાં આવશે ન તે પોતે કરારભંગ કે ગદ્દારી કરશે.

૪૬-કોઇ સ્ત્રીને તેના ઘરવાળાઓની પરવાનગી વગર આસરો નહિ આપવામાં આવશે.

૪૭-આ દસ્તાવેજને માનનારાઓ વચ્ચે કોઇ નવો મામલો, કોઇ વિખવાદ, કોઇ ખૂન કે મતભેદ ઊભો થાય જેનાથી શાંતિભંગ કે ફિત્નો ફેલાવાનો સંભવ હોય તો તેને, અલ્લાહ તઆલા તરફ અને તેના રસૂલ મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ) તરફ રજૂ કરવામાં આવશે. આ દસ્તાવેજમાં જે લખાણ થયું છે તેને વધુથી વધુ સાવચેતી અને વફાદારીથી અનુસરવાનું અલ્લાહને બહુ પસંદ છે.

૪૮-ન કુરૈશને આસરો આપવામાં આવશે ન એવા માણસને જે કુરૈશનાં સહકારી કે મદદગાર હોય.

૪૯-અગર કોઈ, યસ્રિબ એટલે મદીનહ પર આક્રમણ કરશે તો આ કરારનામા સાથે જોડાયેલા બંને પક્ષો-મુસલમાનો અને યહૂદીઓ પર એકબીજાની મદદ અને સહકાર અનિવાર્ય ઠરશે. મુસલમાનો અને યહૂદીઓ ભેગા મળીને બચાવ કરશે.

૫૦-અગર મુસલમાનો કોઈની સાથે સુલેહ કરશે તો યહૂદીઓ માટે પણ સુલેહની પાબંદી લાઝિમ ઠરશે. અને જો યહૂદીઓ કોઈની સાથે સુલેહ કરશે તો મુસલમાનો પણ એ સુલેહના પાબંદ ગણાશે. અલબત્ત મઝહબી લડાઈનો મામલો એમાંથી બાકાત રહેશે. (એટલે કોઈ પક્ષની પોતાની મઝહબી લડાઈમાં બીજા પક્ષો માટે સહકર કરવો જરૂરી નથી.)

૫૧-મદીનહ પર આક્રમણના પ્રસંગે દરેક જૂથે પોતાના તે ભાગ કે લત્તાનો બચાવ કરવો પડશે જેની ઉપર દુશ્મને ચઢાઈ કરી હોય. એટલે દરેક જૂથ પોતે પણ પોતાનો અને પોતાના લત્તાનો બચાવ કરવાનો જવાબદાર ગણાશે.

૫૨-બનૂ ઔસના યહુદીઓ તથા તેઓના લાગતા વળગતાઓના તેજ હકો હશે જ આ દસ્તાવેજને માનનારાઓને મળેલા છે; જો તેઓનો વર્તાવ એમની સાથે ભલાઈ, ઉદારતા અને વફાદારીનો હશે તો ! વફાદારી કરારભંગને અટકાવનારી છે. દરેક શખ્સ પોતાની કરણીનો પોતે જવાબદાર છે. જે જેવું કરશે તેવું ભોગવશે. અને અલ્લાહ એવા શખ્સને પક્ષે છે જે આ દસ્તાવેજના લખાણને માનીને વધુ સચ્ચાઈ, વધુ વફાદારીથી તેનું પાલન કરે.

૫૩-આ દસ્તાવેજી લખાણ કોઈ ઝાલિમ, કોઈ મુજરિમ, કોઈ અપરાધીની આડે આવશે નહિ. અને જે શખ્સ જંગી જરૂરત માટે મદીનહથી બહાર નીકળે તે પણ રક્ષણ અને સલામતીનો હકદાર છે અને જે શખ્સ મદીનહમાં પોતાના ઘરમાં બેસી રહે તે પણ રક્ષણ કે સલામતીનો હકદાર છે. અલબત્ત અત્યાચારીઓ અને અપરાધીઓ કે ત્રાસવાદીઓ એમાંથી બાકાત હશે. અલ્લાહ એવા શખ્સનો મદદગાર છે જે કરારપાલનમાં વફાદાર અને અલ્લાહથી ડરીને ચાલનારો છે અને અલ્લાહના રસૂલ મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ તેના હામી કે નિગહબાન છે.

Maktabe Ashraf

પ્રકરણ ૭૭

ઈસ્લામી ભાઈચારો અને અઝાનનો આરંભ

મુઆખાત અથવા મુવાખાત એટલે ઈસ્લામી ભાઈચારો • હઝરત અલી સાથે ભાઈબંધી • ભાઈચારાની તફસીલ • મુઆખાત અને વઝાઈફ • હઝરત અસઅદની વફાત • નવા નકીબની નિમણૂંક માટે દરખાસ્ત • નમાઝ માટે અઝાનનો આરંભ • હઝરત અબ્દુલ્લાહનો ખ્વાબ • હઝરત ઉમર ફારૂકનો ખ્વાબ • અઝાનને લગતી બીજી રેવાયત • અઝાન પોકારવાની જગા.

Maktabe Ashraf

મુઆખાતા એટલે ઈસ્લામી ભાઈચારો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબા એટલે મુહાજિરીન અને અનસાર——વચ્ચે ઈસ્લામી ભાઈચારાના સંબંધની સ્થાપના કરી.[૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ન ફરમાવી હોય તેવી કોઈ વાત કહેવાથી કે ગણવાથી અમે અલ્લાહની પનાહ માગીએ છીએ ! મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ફરમાવ્યું :

તઆખ્ખૂ ફીલ્લાહિ	ભાઈ-ભાઈ બની જાવ અલ્લાહના રાહમાં
અખવૈનિ અખવૈનિ.	બે-બે ગૃહસ્થો ! બે-બે ગૃહસ્થો !

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુનો હાથ પકડી લીધો અને ફરમાવ્યું, ''હાઝા અખી.'' આ મારો ભાઈ છે.

હઝરત અલી સાથે ભાઈબંધી——————આ રીતે અલ્લાહના રસૂલ, પયગમ્બરોના સરદાર, મુત્તકીઓના ઈમામ, જગતજનોના પાલનહારના રસૂલ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ— જેમનો અલ્લાહના બંદાઓમાં કોઈ દાખલો કે કોઈ ઉદાહરણ મળે એમ નથી——આપ અને અલી બિન અબી તાલિબ ભાઈ ભાઈ બની ગયા.

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના મુબારક કરારનામામાં બધા પક્ષોના જોડાઈ જતાં જ મદીનહમાં ઈસ્લામી સ્ટેટનો પાયો નખાઈ ગયો. હવે મક્કહથી ખાલી હાથે આવેલા મુહાજિર કુટુંબોની રોજીરોટીનો સવાલ હતો. કુરૈશની રોકટોક કે જોહુકમીના કારણે તેઓ કંઈ પણ લાવી શક્યા ન હતા. જો કે તેઓમાં બધા જ ગરીબ કે કંગાલ ન હતા. કેટલાક માલદાર અને ઘરબાર કે જમીન જાગીર ધરાવનારા પણ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓના રહેવા સહેવા અને જીવન-નિર્વાહના ઉકેલ માટે મદીનહના અન્સારને ભેગા થવાનો હુકમ ફરમાવ્યો. હુકમ મળતાં જ બધા અન્સાર સહાબા, હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુના ઘરમાં હાજર થઈ ગયા. એની વિગત આ પ્રકરણમાં વાંચો. ''હ''

એ પછી અલ્લાહના સિંહ, અલ્લાહના રસૂલના સિંહ, અલ્લાહના રસૂલના કાકા હઝરત હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહને આપસમાં ભાઈ-ભાઈ ઠરાવવામાં આવ્યા. જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો તો મોતના અકસ્માતને નજર સામે રાખીને હઝરત હમઝહએ હઝરત ઝૈદને જ પોતાના વારસદાર તરીકે વસીય્યત ફરમાવી હતી. (એટલે હું શહીદ થઈ જાઉં તો મારી આ-આ વસીય્યતનો અમલ કરજો.)

ભાઇચારાની તફસીલ————————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના કાકાભાઈ હઝરત જઅફર બિન અબી તાલિબ———જેમનો લકબ "ઝુલ-જનાહૈનિત-તય્યાર ફિલ-જન્નત" હતો એટલે પોતાની બે પાંખોથી ઊડીને જન્નતની સહેલ માણનારા———ને બનૂ સલિમહવાળા હઝરત મુઆઝ બિન જબલના ભાઈ બનાવી દેવામાં આવ્યા.[1]

ઇબ્ને હિશામ કહે છે : તે વેળા હઝરત જઅફર મદીનહમાં હાજર ન હતા. મક્કહથી હિજરત કરીને હબશહની ભૂમિમાં વસેલા હતા.

•———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂબક્ર સિદ્દીક બિન અબી કુહાફહ રદિયલ્લાહુ અન્હુને બલ હારિસ બિન ખઝરજવાળા હઝરત ખારિજહ બિન ઝૈદ બિન અબી ઝુહૈરના ભાઈ ઠરાવવામાં આવ્યા.

•———હઝરત ઉમર બિન ખત્તાબ બનૂ સાલિમ બિન ઔફ બિન ખઝરજવાળા હઝરત ઇત્બાન બિન માલિકના ભાઈ બન્યા.

•———હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ જેમનું નામ આમિર બિન અબ્દુલ્લાહ હતું, બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત સઅદ બિન મુઆઝ બિન નુઅમાનના ભાઈ ઠર્યા.

•———હઝરત અબ્દુર્રહમાન બિન ઔફને બલહારિસ બિન ખઝરજવાળા હઝરત સઅદ બિન રબીઅના ભાઈ બનાવી દેવામાં આવ્યા.

•———હઝરત ઝુબૈર બિન અવ્વામ અને બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત સલમહ બિન સલામહ બિન વક્શ ભાઈ-ભાઈ બની ગયા. કેટલાકના કથન મુજબ હઝરત ઝુબૈરનો, બનૂ ઝુહરહના હલીફ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ સાથે ભાઈચારો થયો.

•———હઝરત ઉસ્માન બિન અફ્ફાન અને બનૂ નજ્જારવાળા હઝરત સાબિત બિન મુનઝિર આપસમાં ભાઈ-ભાઈ બન્યા.

•———હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ અને બનૂ સલિમહવાળા હઝરત કઅબ બિન માલિક વચ્ચે ભાઈચારાની સ્થાપના થઈ.

•———હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ અને બનૂ નજ્જારવાળા હઝરત ઉબય બિન કઅબ વચ્ચે ભાઈચારો કાયમ થયો.

---

૧. "ઝુલ-જનાહૈન" એટલે બે બાહુઓવાળા કે બે પાંખોવાળા અને તય્યાર એટલે ઊડનારા. જંગે-મૂતહમાં ઇસ્લામી ઝંડો ઊંચો રાખવામાં હઝરત જઅફર રદિયલ્લાહુ અન્હુના બંને હાથો દુશ્મનની તલવારથી કપાઈ ગયા અને એજ હાલતમાં શહીદ થઈ ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું. "જઅફરને અલ્લાહ તઆલાએ બે બાહુઓ કે બે પાંખો આપી દીધી છે જેનાથી જન્નતમાં મરજી પડે ત્યાં ઊડીને તેઓ જન્નતની સહેલ માણતા રહે છે. વધુ વિગત જંગે-મૂતહના પ્રકરણમાં આવશે. "હ"

•———હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હાશિમ અને બનૂ નજ્જારવાળા હઝરત અબૂ ઐયૂબ ખાલિદ બિન ઝુબૈર એકબીજાના ભાઇ બની ગયા.

•———હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ અને બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત અબ્બાદ બિન બિશ્ર બિન વકૃશ વચ્ચે બિરાદરીનો સંબંધ કાયમ થયો.

•———બનૂ મખઝૂમના હલીફ હઝરત અમ્માર બિન યાસિર અને બનૂ અબ્દુલ-અશહલના હલીફ બનૂ અબ્સવાળા હઝરત હુઝૈફહ બિન યમાન વચ્ચે ભાઇચારાની ગાંઠ બાંધવામાં આવી. કેટલાકના કથન મુજબ હઝરત અમ્મારનો ભાઇચારો બલહારિસ બિન ખઝરજવાળા હઝરત સાબિત બિન કૈસ સાથે થયો હતો જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખતીબ હતા.

•———હઝરત અબૂ ઝર બરીર બિન જુનાનહ ગિફારીનો ભાઇચારો, બનૂ સાઇદહ બિન કઅબ બિન ખઝરજવાળા હઝરત મુનઝિર બિન અમ્ર "અલ-મુઅનિક લિ-યમૂત" (એટલે મૃત્યુ તરફ ઉતાવળે દોડનાર) સાથે થયો હતો. કેટલાક કહે છે કે અબૂ ઝરનું નામ જુન્દુબ બિન જુનાદહ હતું.

•———બનૂ સઅદ બિન અબ્દુલ-ઉઝઝાના હલીફ હઝરત હાતિબ બિન અબી બલ્તઆનો ભાઇચારો, બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત ઉવૈમ બિન સાઇદહ સાથે કાયમ થયો.

•———હઝરત સલમાન ફારસીનો ભાઇચારો, બલહારિસ બિન ખઝરજવાળા હઝરત અબૂ દરદાઅ ઉવૈમિર બિન સઅલબા સાથે કાયમ થયો. કેટલાક એમને ઉવૈમિર બિન આમિર અને કેટલાક ઉવૈમિર બિન ઝૈદ કહે છે.

•———હઝરત અબૂબક્રના આઝાદ કરેલા ગુલામ હઝરત બિલાલ, જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુઅઝ-ઝિન (બાંગ પોકારનારા) હતા, તેઓ હઝરત અબૂ રૂવૈહા અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાન ખસઅમીના ભાઇ બની ગયા. (રદિયલ્લાહુ અન્હુમ અજ-મઈન.)

મુઆખાત અને વઝાઇફ———સારાંશ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ તે સહાબા હતા જેઓના નામોની અમને જાણકારી મળવા પામી અને જેઓની વચ્ચે આપે ભાઇચારાના બંધનની સ્થાપના કરી દીધી હતી.[1]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત બાદ હઝરત બિલાલ મુલ્કે-શામ ચાલ્યા ગયા હતા અને દુશ્મનો સાથેના જિહાદ માટે ત્યાં જ વસી ગયા હતા. હઝરત ઉમર ફારૂકે પોતાના ખિલાફતકાળમાં મુલ્કે-શામના વઝાઇફ (એટલે લોકોના સાલિયાણા કે માસિક વેતનો) ચાલુ કર્યા તો હઝરત બિલાલને ફરમાવ્યું, "હે બિલાલ ! તમારૂં સાલિયાણું કોની સાથે ચાલુ કરવું ?"

હઝરત બિલાલે જવાબ આપ્યો, "અબૂ રૂવૈહા સાથે ચાલુ કરો કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ભાઇચારાની સ્થાપના વેળા એમને મારા ભાઇ બનાવ્યા હતા. હું એમનાથી કદી અલગ થઇ શકું

૧. સીરતની બીજી કિતાબોમાં ભાઇ-ભાઇ બનનારા સહાબાએ-કિરામની લાંબી યાદી દર્શાવવામાં આવી છે. સીરતુલ-મુસ્તફામાં ૭૫ નામો ટાંકેલાં છે. (જિ.૧ પા. ૩૨૯-૩૩૦) "હ"

નહિ''

ત્યારે હઝરત ઉમરે હઝરત બિલાલનું સાલિયાણું હઝરત અબૂ રૂવૈહાની જ સાથે બાંધી દીધું અને હબશીઓની પૂરી કૌમના સાલિયાણા પણ હઝરત અબૂ રૂવૈહાના ખસ્અમ કબીલા સાથે સાંકળી લેવામાં આવ્યાં. હઝરત બિલાલ ખસ્અમ કબીલાના માણસ ગણાતા હતા. આજે પણ શામના સાલિયાણા ખસ્અમ સાથે જ સંકળાયેલા છે.

ગુજરાતી સંપાદકની નોંધ————મદીનહના અન્સારે ભાઈચારાના આ હુકમને દિલોજાનથી વધાવી લઈને કેવી રીતે તેનો અમલ કર્યો તેની એક ઝલક પણ જોઈ લો. બુખારી શરીફમાં છે :

''ભાઈચારાની વિધિ પૂરી થતાં જ અન્સારે પોતે દરખાસ્ત કરી, ''યા રસૂલલ્લાહ ! અમારાં ખજૂરના ખેતરો અમારા મુહાજિર ભાઈઓમાં સરખી રીતે વહેંચી આપો.''

આપે ફરમાવ્યું, ''નહિ, ખેતરોની મેહનત-મજૂરી અને ખરચની જવાબદારી તમે જ પોતાના હાથમાં રાખો અને ફળોના પાકમાં પોતાના મુહાજિર ભાઈઓને ભાગીદાર બનાવી લો.''

અન્સાર બોલી ઊઠયા, ''કબૂલ છે યા રસૂલલ્લાહ !''

આપે ફરમાવ્યું, ''જુઓ, તમારા મુહાજિર ભાઈઓ ફળોના પાકમાં તમારા ભાગીદાર રહેશે પણ મેહનત, મજૂરી, ખરચ વગેરે તમારે જ ઉપાડવો પડશે.''

''કબૂલ છે યા રસૂલલ્લાહ ! '' વિના વિલંબે અન્સાર બોલી ઊઠયા.

મદીનહના અન્સાર વેપારી નહિ, ખેડૂત હતા. ખજૂરના ખેતરો એજ તેઓની કુલ પૂંજી હતી. આ રીતે તેઓએ પોતાના મુહાજિર ભાઈઓને ખાવા-કમાવાની ચિન્તાથી મુકત કરી દીધા. રહી ગયો તેઓના રહેવા સહેવાનો સવાલ, તો અનસારે પોતાના ઘરોની સાથે ફાજલ પડેલી જમીનો તેઓને આપી દીધી. જેઓની પાસે જમીન ન હતી તેઓએ પોતાના ઘરોમાં મુહાજિર ભાઈઓને વસાવી લીધા.

ભાઈચારાનો આ મામલો લગાતાર ૬ વરસ સુધી એજ પ્રમાણે ચાલતો રહ્યો. સન ૭ હિજરીમાં ખૈબરની ફતેહ પછી મુહાજિર ભાઈઓએ અન્સાર ને તેઓના ખેતરો પાછા આપી દીધાં. જેમકે સહીહ મુસ્લિમમાં છેઃ

> ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-ખૈબરથી પરવારીને મદીનહ પધાર્યા તો મુહાજિરોએ અન્સારની તે ભેટો———જે તેઓએ મુહાજિરીનને ખજૂરવાડીઓની આવકના રૂપમાં આપી હતી———આભાર સહિત વાપસ કરી દીધી.'' (ડાકટર હાફિઝ મુહંમદ યૂનુસ પી.એચ.ડી.કૃત : રસૂલુલ્લાહ કા સિફારતી નિઝામ. પેજ ૨૫૯) ''હ''

હઝરત અસઅદની વફાત————ઇબ્ને ઇસ્હાક કહે છે : એજ મહિનાઓમાં હઝરત અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ રદિયલ્લાહુ અન્હુનો ઇન્તકાલ થઈ ગયો. મસ્જિદે-નબવીનું બાંધકામ ચાલુ હતું. હઝરત અસઅદને ''ઝુનાક'' (એટલે ગળાંના રોગ, જેમાંક જેનાથી શ્વાસ રૂંધાય છે.) અથવા ''શહકા'' (એટલે ઉગ્ર કાળી ખાંસી)ના રોગ લાગી ગયો હતો.

હઝરત અસઅદની વફાત થઈ તો મદીનહના યહૂદીઓ અને મુનાફિકોએ ટીકા કરવા માંડી કે, મુહંમદ

Maktabe Ashraf

અલ્લાહના સાચા પયગમ્બર હોત તો તેમનો મિત્ર મરી નહિ જાત ! આપે તેઓની આ ટીકા સાંભળી તો ફરમાવ્યું:

> "અબૂ ઉમામહ અસઅદનું મૃત્યુ યહૂદીઓ અને મુનાફિકો માટે મુસીબતનું કારણ બની ગયું. તેઓ ટીકા કરે છે કે જો આ શખ્સ પયગમ્બર હોત તો એનો દોસ્ત અબૂ ઉમામહ મરણ નહિ પામત ! જો કે અલ્લાહની ઇચ્છા વિરૂધ્ધ હું ન પોતાની જાત માટે કોઇ અધિકાર ધરાવું છું ન મારા મિત્ર માટે."

નવા નકીબની નિમંણૂક માટે દરખાસ્ત——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહ અન્સારીએ કહ્યું કે, જ્યારે બનૂ નજ્જાર કબીલાના નકીબ અબૂ ઉમામહ અસઅદ બિન ઝુરારહ વફાત પામી ગયા તો નજ્જાર કબીલાના લોકોએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! અબૂ ઉમામહ અમારી કૌમમાં માનમોભાનું જે સ્થાન ધરાવતા હતા તેનાથી આપ જાણકાર છો. તેઓ અમારા નકીબ (એટલે સરદાર, નેતા, લીડર) હતા. તેમના સ્થાને અમારામાંથી કોઇની નિમણુંક કરી દો કે જેથી તેમની જવાબદારી નવો માણસ ઉપાડી લે."

આ દરખાસ્તના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

અન્તુમ અખ્વાલી	તમે સગાઇમાં મારા મામા લાગો છો
વ અના બિમા ફીકુમ	અને હું તમારાં કામોની જવાબદારી માટે હાજર છું
વ અના નકીબુ કુમ.	અને હું તમારો નકીબ છું.

અમુકને અમુક પર સરસાઇ કે શ્રેષ્ઠતા આપવાનું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પસંદ ન હતું. (એમાં ઇર્ષા, અદેખાઇ કે ઘર્ષણનો સંભવ હતો) જેથી આપ પોતે તેઓના નકીબ બની ગયા.બનૂ નજ્જાર માટે આ એક એવી વિશેષતા હતી જેને તેઓ પોતાની કૌમ માટે ગર્વપાત્ર લેખાતા હતા અને કહ્યા કરતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે અમારા નકીબ હતા.

નમાઝ માટે અઝાનનો આરંભ

હઝરત અબ્દુલ્લાહનો ખ્વાબ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહથી હિજરત કરી જવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મદીનહમાં શાંતિ અને સલામતીનું જીવન નસીબ થયું. મક્કહના મુહાજિર ભાઇબંધો મદીનહમાં આવીને ઠરીઠામ થયા. મદીનહના લોકો મોટી સંખ્યામાં મુસલમાન બની ગયા. અન્સારના મામલાઓમાં નક્કરતા આવી ગઇ. ઇસ્લામે અહીં પોતાના કદમ મજબૂતીથી જમાવી લીધા. નમાઝો સારી રીતે તેના સમયે અદા થવા લાગી. ઝકાત અને રોઝહ ફર્ઝ થઇ ગયા. ગુનાહો અને અપરાધોની શિક્ષાઓ નક્કી કરી દેવામાં આવી. હલાલ અને હરામની હદબંધી કરીને તેનો અમલ ચાલુ થઇ ગયો.અલ્લાહના કલામે અંદર અન્નિ મુસલમાનોના અંતઃકરણમાં ઘર કરી લીધું. અન્સારના લોકોએ મુહાજિરોને પોતાના સમાજમાં સમાવી લીધા અને અન્સારના પૂરા કબીલાએ "અલ-લઝીન તબવ-વઉદ-દાર વલ-ઇમાન" એટલે હિજરતના ઘર અને ઇમાનમાં મજબૂતાઇ કે પુખ્તગીનો ગુણ કેળવી લીધો તો નમાઝનો સમય થતાં લોકો આપમેળે અને પોતે જ વગર બોલાવ્યે મસ્જિદમાં આવી જવા લાગ્યા.

Maktabe Ashraf

ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇરાદો કર્યો કે યહૂદીઓના શંખ પેઠે એક શંખ બનાવીને નમાઝના સમયે તેને ફૂંકવામાં આવે કે જેથી લોકોને ખબર પડે કે નમાઝનો સમય થઇ ગયો છે અને તેઓ નમાઝ માટે મસ્જિદમાં આવી જાય.

પરંતુ એ પછી શંખની વાત આપને ગમી નહિ ત્યારે આપે નસારા પેઠે એક ઘંટ બનાવવાનો હુકમ ફરમાવ્યો અને તેવો એક ઘંટ બનાવી પણ લેવામાં આવ્યો કે જેથી તેને વગાડીને મુસલમાનોને નમાઝ માટે મસ્જિદમાં ભેગા કરી લેવામાં આવે.

સારાંશ કે મુસલમાન લોકો એજ વિમાસણમાં હતા ત્યાં તો બલહારિસ બિન ખઝરજવાળા હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ બિન સઅલબા બિન અબ્દે-રબ્બેહીએ ખ્વાબમાં કોઇને અઝાન પોકારતો જોયો. ખ્વાબમાંથી જાગવા બાદ તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આજે રાતે ખ્વાબમાં મારી સામેથી એક શખ્સ પસાર થયો. તેના બદન પર લીલા રંગની બે ચાદરો હતી. તેણે હાથમાં એક ઘંટ પકડેલો હતો. મેં તેને કહ્યું, "હે અલ્લાહના બંદા ! શું આ ઘંટ તું મને વેચાતો આપશે?"

તેણે કહ્યું, "એને વેચાતો લઇને તું શું કરશે ?"

મેં કહ્યું, "એને વગાડીને લોકોને નમાઝ માટે ભેગા કરીશ."

તે બોલ્યો, "એમ જ હોય તો એનાથી બેહતર તરીકો હું તને નહિ બતાવું ?

મેં પૂછયું, "તે શું ?"

તે બોલ્યો, "નમાઝનો સમય થાય ત્યારે આ રીતે પોકાર કરવો:

૧- અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર .... ૨- અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર

૩- અશ્હદુ અલ-લાઇલાહ ઇલ-લલ્લાહ .... ૪- અશ્હદુ અલ-લાઇલાહ ઇલ-લલ્લાહ

૫- અશ્હદુ અન્ન મુહમ્મદર રસૂલુલ્લાહ .... ૬- અશ્હદુ અન્ન મુહમ્મદર રસૂલુલ્લાહ

૭- હય્ય અલસ સલાહ .... ૮- હય્ય અલસ સલાહ

૯- હય્ય અલલ ફલાહ............................ ૧૦- હય્ય અલલ ફલાહ

૧૧- અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર......... ૧૨- લા-ઇલાહ ઇલ-લલ્લાહ

હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદે જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખ્વાબના આ સમાચાર આપ્યા તો આપે ફરમાવ્યું :

ઇન્નહુ લ-રૂઅયા હક-કિન	બેશક આ સાચો ખ્વાબ છે,
ઇન્શા અલ્લાહુ.	અગર અલ્લાહએ ચાહ્યું તો !
ફકુમ મઅ બિલાલ	તો તમે ઊભા થઈ જાવ બિલાલ સાથે,
ફ-અલકેહા અલૈહિ	અને કહેતા જાવ આ શબ્દો તેમને.
ફલ-યુઅઝ-ઝન બિહા	તેઓ પોકાર કરે આ શબ્દો સાથે.
ફઇન્નહૂ અનદય સૌતમ મિન્ક.	કેમકે તે તમારાથી વધારે ઊંચા અવાજવાળા છે.

Maktabe Ashraf

હઝરત ઉમર ફારૂકનો ખ્વાબ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાનથી જયારે હઝરત બિલાલે આ કલિમાતથી અઝાન પોકારી તો હઝરત ઉમર બિન ખત્તાબ પોતાના ઘરમાં હતા. અઝાનના બોલો સાંભળતાં જ તેઓ ચાદર ઘસીટતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં દોડી આવ્યા અને બોલ્યા, "હે અલ્લાહના નબી ! કસમ છે તે પાક જાતના જેણે આપને સાચા પયગમ્બર બનાવ્યા છે. સાચું કહું તો મેં પણ એવો જ ખ્વાબ જોયો છે જેવો આ ગૃહસ્થે જોયો છે."

આપે ફરમાવ્યું, "ફલિલ-લાહિલ-હમ્દ !" ત્યારે તો બધા વખાણ અલ્લાહને સજાવાર છે અને આપણે તેનો શુક્ર અદા કરીએ છીએ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ હદીસની રિવાયત મને મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હારિસે કહી સંભળાવી અને તેમણે મુહંમદ બિન અબ્દુલ્લાહ બિન ઝૈદ બિન અબ્દે-રબ્બેહીથી સાંભળી અને તેમણે પોતાના પિતાથી.

અઝાનને લગતી બીજી રિવાયત————ઈબ્ને હિશામ કહે છે : અઝાનના આરંભ વિષે ઉબૈદ બિન ઉમૈર લૈસીનું બયાન છે કે જયારે રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબા સાથે નમાઝના એલાન માટે ઘંટ કે શંખની ચર્ચા કરી તો હઝરત ઉમર બિન ખત્તાબએ ઘંટ વગાડવા માટે લાકડાની બે મોગરી ખરીદવાનો વિચાર કર્યો ત્યાં તો અચાનક ખ્વાબમાં કોઈએ એમને કહ્યું, "ઉમર ! ઘંટ વગાડવા માટે મોગરી ખરીદવાની જરૂર નથી બલકે નમાઝના એલાન માટે તમે આ શબ્દોમાં અઝાન પોકારતા રહો !" (પછી તેણે એ શબ્દો બતાવી દીધા.)

ખ્વાબથી જાગતાં જ હઝરત ઉમર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સમાચાર આપવા ઝપાટાભેર ઊપડ્યા. હજુ તો રસ્તામાં જ હતા કે અચાનક હઝરત બિલાલને એજ શબ્દો પોકારતા એમણે સાંભળ્યા અને જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને પોતાનો ખ્વાબ વર્ણવ્યો તો આપે ફરમાવ્યું : "યા ઉમર ! કદ સ-બ-ક-ક બિ-ઝાલિક વહયુન." એટલે હે ઉમર ! બેશક આકાશી વહીએ આ બાબત અંગે તમારાથી પહેલ કરી નાખી છે. એટલે તમારા આવવા પહેલાં આ બાબત અંગે મુજ પર અલ્લાહ તરફથી વહી આવી ચૂકી છે.

અઝાન પોકારવાની જગા————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે કહ્યું અને તેમને ઉર્વહ બિન ઝુબૈરે કહ્યું અને ઉર્વહ બિન ઝુબૈરને બનૂ નજ્જારની એક ખાતૂને કહ્યું કે, નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની મસ્જિદની આજુબાજુના તમામ ઘરોમાં મારૂં ઘર સૌથી લાંબું હતું. ઘરનો ચોક બહુ વિશાળ અને મસ્જિદની સાથે લાગેલો હતો. હઝરત બિલાલ એજ ઘરના ઓટલા પર ઊભા થઈને ફજરની અઝાન પોકરતા હતા. નિયમ એવો હતો કે બિલાલ રોજ અંધારે પહોર ફાટવા પહેલાં ઓટલા પર આવીને બેસી જતા. તેમની નજર સૂરજ ઊગવાની દિશાએ સુબ્હે-સાદિકના ઉજાસ તરફ લાગેલી રહેતી. ફજરની અઝાન માટે તેઓ પરોઢના ઉજાસની રાહ જોયા કરતા. જયારે ફજરની અઝાનનો સમય થઈ જતો તો તેઓ ઓટલા પર સીધા ઊભા થઈ જતા અને અઝાન પોકારવા પહેલાં બારગાહે-ઈલાહીમાં દુઆ માગતા :

> "યા અલ્લાહ ! હું તારી હમ્દ બયાન કરૂં છું અને તારી શાનને લાયક તારા વખાણ કરૂં છું અને કુરૈશના મુકાબલે તારી મદદની યાચના કરૂં છું કે જેથી તેઓ તારા દીન પર આવી જાય અને તારા દીનના સીધા રસ્તા પર કાયમ થઈ જાય."

Maktabe Ashraf

એ પછી બિલાલ ફજરની નમાઝ માટે અઝાન પોકારતા. અનૂ નજ્જારની આ ખાતૂને પોતાની વાત ચાલુ રાખતાં ઉમેર્યું, "અલ્લાહના સોગંદ ! બિલાલને એક પણ દિવસે આ અમલ કે નિયમનો ભંગ કરતાં મેં જોયા નથી."

સંપાદકનો વધારો————સૈયિદના હઝરત બિલાલ રદિયલ્લાહુ અન્હુનો નિયમ હતો કે ફજરની અઝાન પોકારવા પછી સીધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આંગણે જઇને ઊભા થઇ જતા અને બા-અદબ પોકાર પાડતા, "અસ્સલાત યા રસૂલલ્લાહ ! "એટલે હે અલ્લાહના રસૂલ ! નમાઝનો સમય થઇ ગયો.

આ પોકાર સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના કમરામાંથી બહાર પધારતા. એક સવારે એવું બન્યું કે હઝરત બિલાલના પોકાર સાંભળવા છતાં આપ બહાર નહિ પધાર્યા. બીજી તરફ નમાઝનો સમય પળેપળે ટૂંકાવા લાગ્યો. હઝરત બિલાલ બેચેનીથી વારંવાર બારણા તરફ તાકવા લાગ્યા. એજ બેચેની કે અધીરાઇની હાલતમાં હઝરત બિલાલની જીભથી આ શબ્દો સરી પડ્યા, "અસ્સલાતુ ખૈરૂમ મિનન-નૌમ !" એટલે નમાઝ નીંદરથી બેહતર છે.

એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નૂરાની મુખડો બારણામાં દેખાયો. આપ મુસ્કુરાતા ચેહરે કમરામાંથી બહાર પધાર્યા. આપે ફરમાવ્યું, "બિલાલ ! આ શબ્દોને ફજરની અઝાનમાં શામિલ કરી લો." એટલે "અસ્સલાતુ ખૈરૂમ મિનન નૌમ !" બસ ત્યારથી જ હઝરત બિલાલની જીભથી નીકળેલા આ શબ્દો ફજરની અઝાનમાં શામિલ થઇને કાયમ માટે અમર થઇ ગયા. (સીરતે અહમદે મુજ્તબા જિ.૨ પા. ૨૨૩ હવાલો તિરમિઝી શરીફ જિ.૧ પા. ૧૧૭) "હ"

પ્રકરણ ૭૮

અબૂ કૈસનો ઇસ્લામ સ્વીકાર

રબ્બે-ઇબ્રાહીમની ઇબાદત • હઝરત અબૂ કૈસનો કસીદો • હઝરત અબૂ કૈસના બીજા શેઅરો • ઇસ્લામ અને નબી (સલ.)ની બરકતો.

Maktabe Ashraf

રબ્બે-ઇબ્રાહીમની ઇબાદત—————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દારુલ-હિજરત એટલે મદીનહમાં શાંતિનું જીવન નસીબ થયું અને ત્યાં અલ્લાહ તઆલાએ પોતાના દીને-ઇસ્લામને વર્ચસ્ આપી દીધું અને મુહાજિરીન તથા અન્સારને આપની સરપરસ્તી કે છત્રછાયા હેઠળ એકત્ર કરી દીધા તો બનૂ અદી બિન નજ્જારની બિરાદરીના અબૂ કૈસ સિરમહ બિન અબી અનસ નામે સંતસાધુ જેવા એક પુરૂષ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને મુસલમાન બની ગયા.

ઇબ્ને હિશામ કહે છે : અબૂ કૈસની વંશાવળી આ પ્રમાણે છે : સિરમહ અથવા સરમહ બિન અબી અનસ બિન સરમહ બિન માલિક બિન અદી બિન આમિર બિન ગનમ બિન અદી બિન નજ્જાર.

એમણે જાહિલિયતના જમાનામાં "રહબાનિયત"એટલે સંસાર ત્યાગીને અને સંન્યાસ ગ્રહણ કરીને જાડો પોશાક પહેરી લીધો હતો. મૂર્તિપૂજાના ધર્મને તરછોડી કાઢયો હતો. જનાબતની નાપાકી (એટલે પત્ની-સહવાસની અપવિત્રતા) પ્રસંગે તરત ગુસલ કરીને પાકસાફ થઇ જતા હતા. હૈઝવાળી એટલે માસિક રૂતુવાળી સ્ત્રીઓથી અલગ રહેવાનું પસંદ કરતા હતા. મૂર્તિપૂજાના ત્યાગ પછી ખ્રિસ્તી ધર્મ સ્વીકારને ખ્રિસ્તી બની જવા માગતા હતા. પણ પછી કોઇ કારણસર (કદાચ તેઓના મુશરિકો જેવા અકીદા જોઇને) ખ્રિસ્તી બનવાથી અટકી ગયા. અને પોતાના ઘરની એકાંત ઓરડીમાં ભરાઇ ગયા અને તેને જ મસ્જિદ બનાવીને તેમાં એકાંતવાસી બની ગયા અને ઘરના લોકોને કહી દીધું કે કોઇ હૈઝવાળી સ્ત્રી કે કોઇ જનાબતની નાપાકીવાળો પુરૂષ એમની પાસે નહિ આવવા પામે.

મૂર્તિપૂજાના ધર્મને તરછોડવા પછી મૂર્તિપૂજા પ્રત્યે ધિક્કાર વ્યકત કરતાં કહ્યા કરતા કે, "હું રબ્બે-ઇબ્રાહીમ એટલે અલ્લાહના પયગમ્બર ઇબ્રાહીમના પાલનહારની બંદગી કરૂં છું." અને પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કાથી હિજરત કરીને મદીનહ આવી ગયા તો આપની તહેનાતમાં હાજર થઇને મુસલમાન બની ગયા. મુસલમાન બનવા બાદ અબૂ કૈસનો ઇસ્લામ પણ તેટલો જ શાનદાર રહ્યો જેટલો એમનો ઇબ્રાહીમી ધર્મ શાનદાર હતો.

હઝરત અબૂ કૈસ સિરમહ મોટી ઉંમરે પહોંચેલા વયોવૃધ્ધ ધર્માત્મા હતા. સાચી વાત કહી દેવામાં કોઈના ઠપકાની પરવા નહિ કરતા. ઇસ્લામ પૂર્વેના જાહિલિયતના યુગમાં પણ અલ્લાહની અઝમતના ગુણગાન ગાયા કરતા અને અલ્લાહની શાનમાં ઉચ્ચ પાયાના કીર્તિ-કાવ્યો રચીને લલકાર્યા કરતા.

હઝરત અબૂ કૈસનો કસીદો————હઝરત અબૂ કૈસ સિરમહ રદીયલ્લાહુ અન્હુ ઊંચા પાયાના જાણીતા અને પંકાયેલા શાઇર હતા. અખ્લાક, નીતિમત્તા, સદાચાર વગેરે વિષયો પર તેમણે અનેક કાવ્યો રચેલાં છે. એમણે રચેલા કાવ્યોમાંથી કેટલાક શેઅરો આ છે :

યકૂલુ અબૂ કૈસિન વ અસ્બહા ગાદિયન, • અલા મસ-તતઅ-તુમ મિંવ-વસાતી ફફ-અલૂ.

પ્રભાત થતાં જ અબૂ કૈસ યાચના કરે છે; ઊઠો હે લોકો ! તમે મારા બોધવચનો પર તમારાથી બને તેટલો અમલ કરવાની કોશિશ કરો.

વ ઊસીકુમ બિલ્લાહે વ-બિર્રે વત-તકા, • વ અઅરાદિ-કુમ વલ-બિર્રુ બિલ્લાહે અવ્વલુ.

અલ્લાહ સાથે જેટલા કોલકરાર હોય તેમાં સાચા-પાકા રહેવાની, અલ્લાહથી ડરવાની અને પોતાની આબરૂને જાળવી રાખવાની હું તમને નસીહત કરું છું. અલ્લાહ માટેની નેકી સૌથી મોખરેની વસ્તુ છે.

વઇન કવમુ-કુમ સાદૂ ફલા તહ-સુદન-નહુમ, • વઇન કુન્તુમ અહલર-રિયાસતે ફઅ-દિલૂ.

અગર તમારી કૌમની અમુક વ્યકિતઓ સત્તાધારી કે સરદાર બની જાય તો તમે તેઓ પર હસદ ન કરો અને જો સરદારી કે સત્તા તમને મળી જાય તો ઇન્સાફથી કામ લો.

વઇન નાબ ગુરમુન ફાદિહુન ફર-કુફૂ હુમ, • વમા હમ્મલૂ કુમ ફિલ-મલિમમાતે ફહ-મિલૂ.

અને જો કોઈ દંડનો આકરો બોજ આવી પડે તો કૌમ સાથે નમ્ર વર્તાવ કરો અને જો તે તમારા પર આફતોનો બોજ નાખે તો તમે તેને સહન કરો.

વઇન અન્તુમ અમઅર-તુમ ફત્-અફ-ફફૂ, • વઇન કાના ફદલુલ-ખયરે ફીકુમ ફ-અફ-દિલૂ.

અગર તમે તંગદસ્ત છો તો કોઈની સામે હાથ લાંબો ન કરો. અગર તમારી પાસે જરૂરતથી વધારે માલ છે તો લોકોને પણ તમારા ભાગીદાર બનાવી લો.

વઇન નઝલત ઇહદદ-દવાહી બિ-કૌમે- કુમ, • ફ-અન્ફુસ-કુમ દૂનલ અશીરતે ફજ-અલૂ.

અગર તમારી કૌમ પર કોઈ આફત ઊતરી આવે તો પોતાની જાનોને પોતાના ખાનદાન પર કુરબાન કરી દો.

હઝરત અબૂ કૈસના બીજા શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ કૈસ સિરમહએ આ શેઅરો પણ કહ્યા છે :

સબ્બેહૂ લિલ્લાહે શર્કા કુલ્લ સબાહિન, • તલઅત શમ્સુહૂ વ કુલ્લ હિલાલિ.

અલ્લાહના યશોગાન કરો દરેક પ્રભાતના અજવાળામાં જ્યારે કે તેનો સૂરજ ઊગે અને જ્યારે તેનો ચાંદ નીકળે.

આલિમુસ-સિર્રે વલ-બયાને લદૈના, • લૈસ મા કાલા રબ્બુના બિ-દલાલિ.

આપણા અકીદા કે આપણા આચાર-વિચારના જાહેર અને ભીંતરનો તે જાણકાર છે માટે આપણા એ પાલનહારે જે કંઇ ફરમાવ્યું તે ગુમરાહી હોય શકતી નથી.

વ લહુત-તૈરુ તસ-તરીહુ વ તઅવી, • ફી વુકૂરિમ મિન આમિના-તિલ-જિબાલિ.

મધુર કંઠવાળા તે પંખી-પક્ષીઓ જેઓ શાંતિ-સલામતીવાળા પહાડોના માળાઓમાં રહે છે અને ઊડતાં-વિહારતાં આવન-જાવન કરતાં રહે છે, એ બધાં તેની જ મિલ્કત છે.

વ લહુલ-વહશુ બિલ-ફલાતે તરાહા, • વ હિકાફીવ વ ફી ઝિલાલિર- રમાલિ.

જંગલો અને ટેકરીઓની તળેટીમાં અને ટેકરીઓના સાયાઓમાં જે જંગલી પ્રાણીઓને તું જુએ છે, એ બધાં તેની જ મિલ્કત છે.

યા બનીય્યલ-અરહામ લા તક-તઊહા, • વ સિલૂહા કસી- રતમ મિન તિવાલિ.

હે બાળકો ! તમે સગાંઓ સાથેના સંબંધો કાપી ના નાખો. તેઓની સાથે મેળમિલાપ ચાલુ રાખો. તેઓના નીચા હાથવાળાઓ પર તમારો ઉદારદિલિનો હાથ ઊંચો રાખો.

વત-તકુલ્લાહ ફી દિઆફિલ-યતામા, • રૂબ્બમા યસ-તહલ્લુ ગયરુલ-હલાલિ.

અને નિર્બળ યતીમો કે નિરાધાર અનાથોના મામલામાં અલ્લાહથી ડરતા રહો કેમકે કેટલીક હરામ વાતોને હલાલ સમજી લેવામાં આવે છે.

વઅલમૂ અન્ન લિલ-યતીમે વલીય્યન, • આલિમંય-યહતદી બિ-ગયરિસ-સુઆલિ.

અને આ વાત સારી રીતે જાણી લો કે યતીમનો પણ એક બેલી જરૂર છે જે દરેક વાતનો પૂરી રીતે જાણકાર છે અને પૂછયા વિના દરેક વાત જાણી લે છે.

સુમ્મ માલલ -યતીમે લા તઅ-કુલૂહા • ઇન્ન માલલ યતીમે યરઆહુ વાલી.

અને યતીમનો માલ હડપ ના કરો કેમકે એક બેલીએવો છે જે યતીમના માલની નિગરાની કરતો રહે છે.

યા બનીય-યત-તખૂમા લા તખ્ઝુલૂ-હા, • ઇન્ન ખઝલત-તુખૂમે ઝૂ ઉક-કાલી.

હે બાળકો ! ધરતીની હદોમાં બેઇમાની ના કરો કેમકે ધરતીની હદોમાં બેઇમાની પ્રગતિના માર્ગને રૂંધનારી છે.

યા બનીય્યલ-ઐયામ લા તઅ-મનૂહા, • વહઝરૂ મકહા વ મર્રલ-લયાલી.

હે બાળકો ! કાળના ચક્કરથી અને રાતદિનની ઘટમાળથી નચિંત ના બનો. તેની ચાલબાજીઓથી ચેતીને રહો.

વઅલમૂ અન્ન મર્રહા લિ-નફાઝિલ-ખ—— • ——લ્કે મા કાના મિન જદીદિન વ બાલી.

અને યાદ રાખો કે રાતદિનનું વહેણ કે ચકકર લોકોને ખતમ કરવા માટે ચાલી રહ્યું છે; પછી તે નવી પ્રજા હોય કે જૂની.

વજ-મઊ અમ્ર-કુમ અલલ બિર્રે વત-તક—— • ——વા-વ-તરકિલ-ખના વ અખઝિલ-હલાલિ.

અને પોતાની જાતને નેક વિચારો માટે, પરહેઝગારી અપનાવવા માટે, નાતાઓને જોડવા માટે અને હલાલની કમાણી માટે મજબૂત બનાવો.

ઇસ્લામ અને નબી (સલ.)ની બરકતો————હઝરત અબૂ કૈસ સિરમહ રદિયલ્લાહુ અન્હુને ઇસ્લામ-સ્વીકારને પ્રતાપે જે પ્રતિષ્ઠા મળવા પામી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની મદીનહ પધરામણીની બરકતથી જે મહત્તા કે વિશેષતા મળવા પામી તેનું વર્ણન તેમણે શાઇરીમાં આ પ્રમાણે કર્યું છે.

સવય ફી કુરૈશિ બિદઅ અશરત હિજ્જતન, • યુઝક્કરુ લવ યલકા સદીકન મુવાતિયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ દસ વરસથી કંઇક વધુ સમય સુધી કુરૈશને એવી આશાએ નસીહતો ફરમાવતા રહ્યા કે કોઇ સાચો દોસ્ત મળી આવે.

વ યઅરિદુ ફી અહલિલ-મવાસિમિ નફસહૂ, • ફલમ યરમંય-યુઅવી વલમ યરા દાઇયા.

અને કબ્બબઇની હજ્જોના પ્રસંગોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની પવિત્ર જાતને લોકોની સામે રજૂ કરતા રહ્યા પણ કોઇ એવો ન દેખાયો જે આપને આસરો આપતે અને ન કોઇ એવો મળ્યો જે લોકોને અલ્લાહના દીન તરફ બોલાવનારો હોય.

ફલમ્મા અતાના અઝહરલ-લાહુ દીનહૂ, • ફ-અસબહ મસરૂરન બિ-તૈબતા રાદિયા.

પણ જ્યારે આપ અમારી પાસે પધાર્યા તો અલ્લાહ તઆલાએ પોતાના દીનને વર્ચસ આપ્યું અને તૈબહ એટલે મદીનહથી આપ રાજી-રાજી થઇ ગયા.

વ અલફય સદીકન વલ-મઅન્નત બિહિન-નવા, • વ કાના લના અવનમ મિનલ-લાહિ બાદિયા.

અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એવા મિત્રો મેળવી લીધા જેઓ થકી આપના વતન-ત્યાગ (ના આઘાત)ને શાંતિ મળી. આપ અમારા માટે અલ્લાહ તરફથી એવા સહકારી હતા કે આપનો સહકાર જગજાહેર હતો.

વ અસબહા લા યખશા મિનન-નાસિ વાહિદન, • કરીબંવ વલા યખશા મિનન-નાસિ નાઇયા.

અને આપનું પ્રભાત એવી દશામાં પ્રકટ થયું કે આપ કોઇથી નહિ ડર્યા. ન સામે વાળાથી ડર્યા ન દુરવાળાથી.

બઝલ-ના લહુમ-અમવાલ મિન હુલ્લ માલિના, • વ અન્ફુસના ઇન્દલ-વગા વત-તઅસ-સિયા

અમે આપની ઉપર અમારા પ્રાણો પાથરી દીધા અને અમારા માલનો મોટો ભાગ લડાઇઓમાં અને આપની હમદર્દીઓમાં ન્યોછાવર કરી દીધો.

વ નઅલમુ અન્નલ-લાહ લા શૈઇન ગયરુહૂ, • વ નઅલમુ અન્નલ-લાહ અફ-દલુ હાદિયા.

હવે અમને ભાન થયું કે અલ્લાહ સિવાય કોઇ વસ્તુ છે જ નહી અને આ વાતનું પણ અમને ભાન થયું કે અલ્લાહ તઆલા જ સૌથી મહાન અને ઉત્તમ માર્ગદર્શક છે.

નુઆદિલ લઝી આદા મિનન-નાસે કુલ્લહુમ, • જમીઅન વઇન કાનલ હબીબુલ-મુસાફિયા

લોકોમાંથી જેની તરફ આપની દુશ્મની જાહેર થાય છે. અમે પણ તેના દુશ્મન બની જઇએ છીએ, ભલે તે અમારો પાકો દોસ્ત કેમ ન હોય !

પ્રકરણ ૭૯

ઈસ્લામ અને મદીનહના યહૂદ

યહૂદીઓની દુશ્મનીના કારણો • બનૂ નદીરના યહૂદી દુશ્મનો • બનૂ સઅલબાના યહૂદી દુશ્મનો • બનૂ કૈનુકાઅના યહૂદી દુશ્મનો • બનૂ કુરૈઝહના યહૂદી દુશ્મનો • બીજા કબીલાઓના દુશ્મનો • અબ્દુલ્લાહ બિન સલામનો ઈસ્લામ સ્વીકાર • યહૂદી આલિમ મુખૈરિકનો ઈસ્લામ સ્વીકાર • હઝરત બીબી સફીય્યહની ગવાહી.

યહૂદીઓની દુશ્મનીના કારણો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને અરબની કૌમમાંથી ચૂંટી લઈને અરબોને અગ્રસ્થાન કે સરસાઈ આપી દીધી અને યહૂદની કૌમમાંથી કોઈને પોતાના પયગમ્બર નહિ બનાવ્યા. આ કારણે યહૂદી ધર્મના આલિમો, આગેવાનો અને ધર્મનેતાઓ ઉશ્કેરાઈને કે છંછેડાઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મની પર ઊતરી પડ્યા. તેઓની મઝહબી લાગણી કે કૌમવાદી મનોદશાને ઠેસ પહોંચેલી હોવાથી હસદ, અદેખાઈ અને કીના-કપટથી આપનો વિરોધ કરવો અને આપની દુશ્મની પાછળ મંડી રહેવું એને જ તેઓએ પોતાના જીવનનો મૂળ મકસદ બનાવી લીધો.

મદીનહના ઔસ અને ખઝરજ કબીલાના અરબોમાંથી મુસલમાન નહિ બનેલા કેટલાક લોકો મુનાફિક બની ગયા હતા. તેઓ બાપદાદાના મૂર્તિપૂજાના ધર્મને વળગી રહ્યા હતા. મરણ પછીના જીવનને જૂઠલાવવા પર હઠાગ્રહી બની ગયા હતા. પરંતુ ઈસ્લામના વર્ચસ કે દબદબાને કારણે મૂંગા બનેલા હતા. પોતે ખુલ્લી આંખે જોતા હતા કે અમારી કૌમના મોટી સંખ્યાના લોકો મુસલમાન બની ગયા છે જેથી તેઓ મનમાં ને મનમાં ગુસ્સાથી સમસમી રહ્યા હતા. એવા લોકોએ લાચારીએ જાહેરી રીતે તો ઈસ્લામ સ્વીકારી લીધો અને પોતાની ચામડી બચાવવા ખાતર ઈસ્લામનો ઢાલ તરીકે ઉપયોગ કરી લીધો પણ અંદરખાને તેઓ પાકા મુનાફિક બનેલા રહ્યા. તેઓની તમામ શુભેચ્છાઓ, લાગણીઓ અને આશીર્વાદો યહૂદીઓની સાથે હતા. કેમકે તેઓ જાણતા હતા કે યહૂદીઓ ઈસ્લામના કટ્ટર દુશ્મન હોવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જૂઠલાવી રહ્યા છે અને યહૂદી ધર્મગુરૂઓ તથા અગ્રેસરો હાથ ધોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ પડી ગયા છે અને તરેહ તરેહના સવાલો પૂછીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મૂંઝવી રહ્યા છે અને જાતજાતની શંકાઓ ઉપજાવીને હક તથા બાતિલને ભેળસેળ કરી રહ્યા છે અને અકાશી સચ્ચાઈને શંકાશીલ બનાવી રહ્યા છે.

યહૂદીઓ અને મુનાફિકોના સવાલો, શંકાઓ, ટીકાઓ, કટાક્ષો અને કાવાદાવાઓ વિષે અલ્લાહ તઆલા

Maktabe Ashraf

તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર કુર્આનની આયતો પણ ઊતરવા લાગી હતી. અલબત હલાલ શું અને હરામ શું એ વિષયને લગતા કેટલાક સવાલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખુદ મુસલમાનો તરફથી પણ અવારનવાર પૂછવામાં આવતા હતા.

બનૂ નઝીરના યહૂદી દુશ્મનો----------મદીનાના પ્રાંગણમાં વસનાર યહૂદીઓના ક્યા કબીલામાં અને ક્યા ખાનદાનમાં ઇસ્લામના તથા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કેટલા દુશ્મનો હતા તેઓના નામોની ટીપ આ પ્રમાણે છે.

મદીનાના બનૂ નઝીર કબીલાના યહૂદીઓમાં જે ગૃહસ્થો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પ્રત્યે પાકી અદાવત ધરાવતા હતા તેઓના નામો આ છે :

(૧) હુયય બિન અખ્તબ. પોતાના કબીલાનો સૌથી મોટો સરદાર. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા બેગમ હઝરત સફીય્યહ રદીયલ્લાહુ અન્હાનો બાપ. ગઝ્વે-ખન્દક પછી પોતાની ગદ્દારીને કારણે કતલ થયો.

હુયય બિન અખ્તબના બે ભાઈઓ : (૨) અબૂ યાસિર બિન અખ્તબ અને (૩) જુદી બિન અખ્તબ. (૪) સલ્લામ બિન મિશ્કમ (૫) કિનાનહ બિન રબીઅ બિન અબી હુકૈક (૬) એનો ભાઈ સલ્લામ બિન અબી હુકૈક. આ ગૃહસ્થ અબૂ રાફિઅ અલ-અઅવર નામે જાણીતો હતો. એની અવળચંડાઈઓના કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સહાબાએ ખૈબરમાં આવેલા એના કિલ્લામાં જઈને એને કતલ કર્યો હતો.

(૭) રબીઅ બિન રબીઅ બિન અબી હુકૈક (૮) અમ્ર બિન જહ્હાશ (૯) કઅબ બિન અશરફ. આ શખ્સ બનૂ તૈયની શાખ બનૂ નબહાનમાંથી હતો અને એની મા બનૂ નઝીરના કબીલામાંથી હતી. પોતાની કૌમનો બહુ મોટો શાઇર હતો અને જેટલો મોટો શાઇર હતો તેનાથી મોટો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો દુશ્મન હતો. આપની શાનમાં નિંદા-કાવ્યો લખવામાં પંકાયલો હતો. બાદમાં એને કતલ કરવામાં આવ્યો.
(૧૦) હજ્જાજ બિન અમ્ર (૧૧) કરદમ બિન કૈસ. આ બંને ગૃહસ્થો કઅબ બિન અશરફના હલીફ હતા એટલે તેની સાથે કરારોથી જોડાયેલા હતા. બનૂ નઝીર કબીલાના યહૂદીઓમાંથી આટલા ગૃહસ્થો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મનીમાં પંકાયેલા હતા.

બનૂ સઅલબાના યહૂદી દુશ્મનો----------બનૂ સઅલબા બિન ફિત્યૂન કબીલાના યહૂદીઓમાંથી (૧) અબ્દુલ્લાહ બિન સૂરીયા અલ-અઅવર. એના યુગમાં આખાના હિજાઝ પ્રદેશમાં, આસમાની કિતાબ તવરાતનો એનાથી મોટો બીજો કોઈ આલિમ ન હતો. એટલે તવરાતના મહાજ્ઞાની પંડિત કે મોટા પાદરી તરીકે યહૂદી કૌમમાં એનો જવાબ ન હતો.

(૨) ઇબ્ને સલૂબા (૩) મુખૈરીક. આ ગૃહસ્થ પણ આસમાની કિતાબ તવરાતના બહુ મોટા આલિમ હતા પાછળથી મુસલમાન બની ગયા હતા.

બનૂ કૈનુકાઅના યહૂદી દુશ્મનો----------બનૂ કૈનુકાઅ કબીલાના યહૂદીઓમાંથી (૧) ઝૈદ બિન લુસૈત. ઇબ્ને હિશામ એને ઇબ્નુલ-લુસૈત કહે છે. (૨) સઅદ બિન હુનૈફ (૩) મહ્મૂદ બિન સૈહાન (૪) ઉઝૈર બિન અબી ઉઝૈર (૫) અબ્દુલ્લાહ બિન સૈફ. ઇબ્ને હિશામ કહે છે : આ શખ્સને કેટલાક લોકો ઇ...

Maktabe Ashraf

દેઠ કહે છે.

(૬) સુવૈદ બિન હારિસ (૭) રિફાઅહ બિન કૈસ (૮) ફન્હાસ (૯) અશયાઅ (૧૦) નુઅમાન બિન ઈદાઅ (૧૧) બહરી બિન અમ્ર (૧૨) શાસ બિન કૈસ (૧૩) ઝૈદ બિન હારિસ (૧૪) નુઅમાન બિન અમ્ર. (૧૫) સુકૈન બિન અબી સુકૈન (૧૬) અદી બિન ઝૈદ (૧૭) નુઅમાન બિન અબી ઊફી (૧૮) અબૂ અનસ (૧૯) મહમૂદ બિન હયાન (૨૦) માલિક બિન સૈફ (૨૧) કઅબ બિન રાશિદ આઝર (૨૨) રાફિઅ બિન અબી રાફિઅ (૨૩) ખાલિદ (૨૪) અઝાર બિન અબી અઝાર. કેટલાક એને આરઝ બિન અબી આરઝ કહે છે. (૨૫) રાફિઅ બિન હારિસ (૨૬) રાફિઅ બિન હુરૈમલહ (૨૭) રાફિઅ બિન ખારિજહ (૨૮) માલિક બિન ઔફ (૨૯) રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત. (૩૦) અબ્દુલ્લાહ બિન સલ્લામ બિન હારિસ આ માણસ બનૂ કૈનુકાઅના યહૂદીઓનો બહુ મોટો આલિમ અને તેઓમાં સૌથી વધારે ધર્મનું જ્ઞાન ધરાવનાર વિદ્વાન હતો. એનું મૂળ નામ હુસૈન હતું. બાદમાં એમણે ઈસ્લામ સ્વીકાર્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એનનું નામ અબ્દુલ્લાહ રાખ્યું. આટલા માણસો બનૂ કૈનુકાઅના કબીલામાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે દુશ્મની રાખનારા હતા.

બનૂ કુરૈઝહના યહૂદી દુશ્મનો————બનૂ કુરૈઝહ કબીલાના યહૂદીઓમાંથી : (૧) ઝુબૈર બિન બાતા બિન વહબ (૨) અઝઝાલ બિન શમવીલ યા શમૂયલ (૩) કઅબ બિન અસદ. આ ગૃહસ્થે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે બનૂ કુરૈઝહ તરફથી કરાર કર્યા હતા જેને જંગે-અહઝાબ પ્રસંગે તોડી નાખ્યા હતા. (૪) શમૂયલ બિન ઝૈદ (૫) જબલ બિન અમ્ર બિન સુકૈનહ (૬) નહહામ બિન ઝૈદ (૭) કરદુમ બિન કઅબ (૮) વહબ બિન ઝૈદ (૯) નાફિઅ બિન અબી નાફિઅ (૧૦) અબૂ નાફિઅ (૧૧) અદી બિન ઝૈદ (૧૨) હારિસ બિન અવફ (૧૩) કરદુમ બિન ઝૈદ (૧૪) ઉસામહ બિન હબીબ (૧૫) રાફિઅ બિન ઝુમૈલા અથવા રુમૈલા (૧૬) જબલ બિન અબી કુશૈર (૧૭) વહબ બિન યહૂદા અથવા યહૂઝા બનૂ કુરૈઝહમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આટલા દુશ્મનો હતા.

બીજા કબીલાઓના દુશ્મનો————બનૂ ઝુરૈકના યહૂદીઓમાંથી : (૧) લબીદ અથવા લુબૈદ બિન અઅસમ. એજ તે યહૂદી ધર્મગુરૂ છે જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આપની પાક બેગમો પાસે જવાથી અટકાવવા માટે જાદૂ કર્યો હતો.

બનૂ હારિસહના યહૂદીઓમાંથી : (૧) કિનાનહ બિન સૂરીયા.

બનૂ અમ્ર બિન ઔફના યહૂદમાંથી : (૧) કરદુમ બિન અમ્ર.

બનૂ નજ્જારના યહૂદમાંથી : (૧) સિલસિલા બિન મરહામ.

સારાંશ કે આ લોકો યહૂદીઓના પાદરીઓ, પંડિતો, ધર્મગુરૂઓ અને અગ્રેસરો હતા. મઝહબના ઠેકેદારો, કીનાખોરો અને દગાખોરો હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનો સાથે દુશ્મની રાખનારા, ઊલટા-સૂલટા સવાલો કરનારા અને ઈસ્લામ વિરૂધ્ધ ફિત્નો ફેલાવનારા હતા કે જેથી ઈસ્લામના નૂરને ગુલ કરી દે. અલબત્ત અબ્દુલ્લાહ બિન સલ્લામ અને મુખૈરિક એમાંથી બાકાત છે.

અબ્દુલ્લાહ બિન સલામનો ઈસ્લામ———— ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન સલામના ઈસ્લામ-સ્વીકાર અને તેના લગતા બનાવોની જે માહિતી, તેમના ઘરવાળાં કે કુટુંબીઓ તરફથી મળ

પામી તેની વિગત એમ છે કે, અબ્દુલ્લાહ બિન સલામ યહૂદી ધર્મના એક ધુરંધર ધર્મગુરૂ, આકાશી કિતાબ તવરાતના પ્રખર જ્ઞાની અને વિદ્વાન આલિમ હતા. પોતાના ઈસ્લામ સ્વીકારની કથા કહેતાં પોતે કહ્યા કરતા કે,

"જ્યારે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક નામ સાંભળ્યું, તવરાતમાં દર્શાવેલા આપના સદ્‌ગુણો અને સંસ્કારોની કીર્તિ સાંભળી અને આપની પધરામણીના તે યુગની માહિતી મેળવી જેની અમે અધીરાઈથી રાહ જોતા હતા તો મને ખાતરી થઇ ગઇ કે નક્કી આ તેજ પયગમ્બર છે જેમની પધરામણીની પેશીનગોઈ તવરાતમાં મવજૂદ છે. તે વેળા આ વાતો જાણીને મને અપાર આનંદ થયો. પણ મેં બહુ ખામોશી અને સાવચેતીથી આ ભેદને મારા દિલમાં છુપાવી રાખ્યો, ત્યાં સુધી કે આપ મક્કહથી હિજરત કરીને કુબામાં બનૂ અમ્ર બિન ઔફના મહોલ્લામાં પધાર્યા.

એ પછી જ્યારે આપની સવારી મદીનહ શહેરમાં પ્રવેશી તો તે વેળા હું ખજૂરીના એક ઝાડ પર ચઢીને કામ કરતો હતો અને મારી ફોઇ ખાલિદહ બિન્તે હારિસ ઝાડ નીચે બેઠેલી હતી. એટલામાં એક શખ્સે ત્યાં આવીને પોકાર પાડ્યો કે, "મક્કહના પયગમ્બર મુહંમદની સવારી મદીનહમાં આવી લાગી છે." આ ખબર સાંભળતાં જ હું નિરંકુશ રીતે તકબીરનો નઅરો પોકારી ઊઠયો. મારો નઅરો સાંભળીને મારી ફોઇ ચોંકીને બોલી ઊઠી "અબ્દુલ્લાહ ! અલ્લાહ તને નામુરાદ બનાવે ! વલ્લાહ, તું તો એટલો બધો ખુશ થઈ ગયો કે તને, મૂસા બિન ઇમ્રાન પયગમ્બરની પધરામણીના સમાચાર મળત તોયે તું આટલો ખુશ ના થાત !"

મેં કહ્યું, "હે ફોઇ ! અલ્લાહના સોગંદ, મુહંમદ પયગમ્બર મૂસા બિન ઇમ્રાનના ભાઇ છે, તેમના જ ધર્મ પર છે અને તે જ વસ્તુ લઇને આવ્યા છે જેને મૂસા બિન ઇમ્રાન લઇને આવ્યા હતા."

આ સાંભળીને મારી ફોઇએ કહ્યું, "અરે બાબા ! તો શું આ તેજ પયગમ્બર છે જેની પધરામણીની આગાહી આપણને આપવામાં આવતી હતી કે કિયામત નજીક આવતાં તેઓ પધારવાના છે ?"

"હા, હા, ફૂફીજાન ! ખરેખર આ તે જ પયગમ્બર છે." મેં કહ્યું.

"એટલે જ તો તારી ખુશાલીની આ હાલત છે. " ફોઇ બોલી.

એ પછી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો અને સાચા દિલથી કલિમા પઢીને મુસલમાન બની ગયો.મુસલમાન બનવા બાદ હું મારાં ઘરવાળાંઓ તરફ ગયો. અને તેઓને મેં મુસલમાન બનવાનું કહ્યું તો મારાં બધા ઘરવાળાં પણ મુસલમાન બની ગયાં. અમે બધાંએ અમારા મુસલમાન બની જવાની વાત તમામ યહૂદીઓથી છુપાવેલી રાખી ત્યાં સુધી કે હું ફરીવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. મેં બા-અદબ અરજ કરી,

"યા રસૂલુલ્લાહ ! અમારા યહૂદીઓ જૂઠી વાતો ઘડી કાઢવામાં પાવરધા છે. હું ચાહું છું કે આપ પોતે એની ખાતરી કરી લો. આપ મને ઘરની એક ઓરડીમાં છુપાવી રાખો અને યહૂદીઓને બોલાવીને મારા વિષે પૂછો કે, "અબ્દુલ્લાહ બિન સલામ તમારામાં કેવા પાયાનો માણસ છે ?" અને પછી જુઓ કે તેઓ શું જવાબ આપે છે ! અગર તેઓને મારા ઇસ્લામની આગોતરી જાણ થઇ જશે તો તેઓ મારા માથે તોહમતો થોપશે અને મારી જાતને એબદાર ઠરાવી દેશે."

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારી દરખાસ્ત માન્ય રાખીને મને ઘરનાં એક કમરામાં સંતાઈ જવાનું ફરમાવ્યું. એ પછી યહૂદીઓને આપે કહેણ મોકલાવી તો તેઓ આપની તહેનાતમાં હાજર થઈ ગયા. આવતાં જ તેઓએ આપને ઊલટા-સુલટા સવાલો પૂછવા માંડયા. એ પછી તેઓ આપની સાથે વાતે વળગ્યા તો આપે તેઓને પૂછયું, "ઐયુ રજુલિલ-હુસૈનિબ્ને-સલામિન ફીકુમ ?"તમારામાં હુસૈન બિન સલામ કેવો માણસ છે ? [1]

"કોણ હુસૈન બિન સલામ ? "તેઓ બોલ્યા, "તે તો અમારો સરદાર છે અને અમારા સરદારનો બેટો છે. અમારામાં સૌથી વધુ બાહોશ અને અમારો સૌથી મોટો આલિમ છે."

મારા વખાણોને લગતી તેઓની વાતો પૂરી થતાં જ હું કમરામાંથી નીકળી આવ્યો અને અચાનક તેઓની સામે જઈને ઊભો થઈ ગયો.મેં તેઓને કહ્યું, " હે યહૂદી બિરાદરો ! અલ્લાહથી ડરો અને મુહંમદ જે વસ્તુ લઈને આવ્યા છે તેને કબૂલ કરી લો. અલ્લાહના સોગંદ ! તમે સારી રીતે જાણો છો કે મુહંમદ અલ્લાહના સાચા રસૂલ છે એવા રસૂલ કે તવરાતમાં આપનું નામ, આપની ખૂબીઓ, આપના સંસ્કારનું વર્ણન તમે વાંચતા રહો છો. હું ગવાહી આપું છું કે મુહંમદ અલ્લાહના રસૂલ છે. મેં આપને ઓળખી લીધા છે. હું આપની સચ્ચાઈનો સ્વીકાર કરૂં છું. હું આપની ઉપર ઇમાન લાવું છું."

યહૂદીઓ ઝટ બોલી ઊઠયા, "તું જૂઠો છે."

એ પછી તેઓ મારી જાતમાં કીડા નાખીને મારી ઐબો બયાન કરવા લાગ્યા અને મને ગાળો આપવા લાગ્યા ત્યારે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, "જોયું યા રસૂલલ્લાહ ! મેં આપને કહ્યું ન હોતું કે આ લોકો જૂઠું બોલનારા, તોહમતો થોપનારા, બેવફા અને નાફરમાન છે !"

સારાંશ કે મેં મારા ઇસ્લામની અને મારાં ઘરવાળાંઓના ઇસ્લામની જાહેરાત કરી દીધી અને મારી ફોઇ ખાલિદહ બિન્તે હારિસ પણ ઇસ્લામ કબૂલ કરીને સાચી મુસ્લિમ ખાતૂન બની ગઈ.

સંપાદકની નોંધ————બીજી રિવાયતમાં છે કે રસૂલુલ્લાહની શાનદાર સવારી જ્યારે મદીનહમાં પ્રવેશી તો લોકોના ટોળેટોળા ઊલટભેર આપના દર્શન માટે ઊમટી પડયાં હતાં. તે વેળા હઝરત અબ્દુલ્લાહ બિન સલામ ખજૂરીના એક ઝાડ પર ચઢેલા હતા કે જેથી સારી રીતે આપના દર્શન કરી શકે. જ્યારે આપની સવારી નજીક આવી લાગી તો આપનો નૂરાની-પયગમ્બરી ચેહરો જોતાં જ અબ્દુલ્લાહ બિન સલામ પોકારી ઊઠયા :

"અન્ન વજ-હહૂ લૈસા બિ-વજહે-કઝઝાબ."

એટલે નિશંક આ ચેહરો કોઇ જૂઠાનો ચેહરો હોય શકતો નથી. એ પછી અબ્દુલ્લાહ બિન સલામે નિરંકુશ રીતે "અલ્લાહુ અકબર !" નો નઅરો ગજાવ્યો જેને સાંભળીને ખજૂરીના સાયામાં ઊભેલી તેમની ફોઇ ચોંકી ઊઠી હતી. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લોકોને સંબોધીને ફરમાવી રહ્યા હતા :

---

૧. ઇસ્લામ પહેલાં એમનું નામ હુસૈન હતું (અરબીના સ્વાદ અક્ષરથી) મુસલમાન બનવા બાદ આપે એમનું અબ્દુલ્લાહ નામ રાખ્યું. "ह"

ઐયુહન-નાસ !	હે લોકો !
અફશુસ-સલામ	સલામનો ફેલાવો કરો,
વ અત-ઈમૂત-તઆમ,	અને ભૂખ્યાઓને જમાડો,
વ સિલૂલ-અરહામ,	અને સગાંઓ સાથે ભલાઈનો વર્તાવ કરો,
વ સલ્લૂ બિલ-લયલે	અને નમાઝ પઢો રાતના સમયે
વન્નાસુ નિયામ,	જયારે લોકો ભરઊંઘમાં પડેલા હોય.
તદ-ખુલૂલ-જન્નહ	દાખલ થઈ જશો તમે જન્નતમાં
બિ-સલામ.	સલામતી સાથે. (સીરતુલ-મુસ્તફા જિ.૧ પા. ૩૧૦) "હ"

યહૂદી આલિમ મુખૈરીકનો ઇસ્લામ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુખૈરીકના મામલામાં એમના ઇસ્લામ-સ્વીકારનો બનાવ એમ છે કે તેઓ યહૂદી ધર્મના એક ધુરંધર પાદરી હતા. અલ્લાહની આકાશી કિતાબ તવરાતના બહુ મોટા રહસ્યજ્ઞાની હતા. પોતાની ખજૂર-વાડીઓ અને ખેતરોની બહોળી આવક ધરાવતા હોવાથી મોટા માલદાર અને ખુશહાલ ગૃહસ્થ હતા. આકાશી કિતાબ તવરાત મારફતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સદ્‌ગુણો, સંસ્કારો અને ખૂબીઓની સાથે આપની પધરામણીના સમયની સંપૂર્ણ માહિતી ધરાવતા હતા. અલ્લાહથી ડરનારા અને ધર્મપ્રેમી હોવાથી મઝહબી આદેશનું ચુસ્ત રીતે પાલન કરતા હતા.

જયારે મક્કહના કુરૈશ સાથે જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો તો એ શનિવારનો દિવસ હતો. મુખૈરીક સાહેબ પોતાની કૌમ પાસે ગયા અને બોલ્યા, "હે યહૂદની જમાઅત ! વલ્લાહ, તમે સારી રીતે જાણો છો કે આપણે મુહંમદ સાથે કરારોથી જોડાયેલા છીએ. કરારનામાની શરતો મુજબ લડાઈમાં ભાગ લઈને મુહંમદની મદદ કરવી તે આપણી ધાર્મિક ફર્ઝ છે.

જવાબમાં યહૂદીઓ બોલ્યા, "હા પણ આજે તો શનિવારનો દિવસ છે ને !"

"શનિવારનો દિવસ છે તો શું થયું ?"મુખૈરીકે કહ્યું, "આજે તમારા માટે શનિવાર જેવું કંઈ નથી."[1]

આમ કહીને મુખૈરીક સાહેબ પોતાના ઘરે ગયા. હથિયારો સજીને લડાઈ માટે તૈયાર થયા અને ઘરવાળાંઓને વસીય્યત કરી કે લડાઈમાં માર્યો જાઉં તો (આટલી માલમિલકતને બાદ કરીને) બાકીની કુલ માલમિલકતના માલિક હું મુહંમદને બનાવું છું. તેઓ અલ્લાહના હુકમ મુજબ એની વ્યવસ્થા અને વિતરણ કરશે.

આમ કહીને જયાં કુરૈશ સાથે જંગ ખેલાવાનો હતો તે ઉહુદના મેદાનમાં પહોંચી ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા આપના સહાબાના લશ્કર સાથે શામિલ થઈ ગયા અને જયારે બંને લશ્કરોમાં લડાઈ શરૂ થઈ તો પોતે પણ તલવાર તાણીને દુશ્મનના લશ્કરમાં ઘૂસી ગયા અને બહાદૂરીથી લડીને છેવટે પોતે પણ અલ્લાહના રાહમાં કતલ થઈ ગયા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને માહિતી મળી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુખૈરીક વિશે પોતાના સહાબાને ફરમાવ્યા કરતા : "મુખૈરીકુ ખયરુ યહૂદિન." યહૂદીઓમાં મુખૈરીક બહુ ભલો માણસ હતો.

---

૧. શનિવારનો દિવસ યહૂદીઓનો ધાર્મિક તહેવાર હોવાથી એ દિવસને તેઓ છુટ્ટી તરીકે પાળતા હતા. એ દિવસે કોઇ કામ કરવાનો કે લડાઈમાં ભાગ લેવાનો તેઓને નિયમ ન હતો. પણ કરારપાલનની વફાદારી આગળ ધાર્મિક તહેવારનું શું મૂલ્ય હોય શકે ? તહેવાર બધા ઊજવી જાણે પણ વચનપાલન કોઈક વીરલો જ કરી જાણે ! "હ"

હઝરત મુખૈરીકની વસીય્યત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમની કૂકતે મિલકતો પોતાના કબજામાં કરી લીધી. મદીનહમાં જનતાની જરૂરતો કે લોક-કલ્યાણના કામોમાં આપ સામાન્ય રીતે મુખૈરીકની એજ મિલકતોની આવકમાંથી નાણાં વાપરતા હતા.

હઝરત બીબી સફીય્યહની ગવાહી - - ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્ર બિન મુહંમદ બિન અમ્ર બિન હઝમએ આ બનાવ કહી સંભળાવ્યો અને તેમને બીબી સફીય્યહ બિન્તે હુય્ય બિન અખ્તબ તરફથી આ બનાવની માહિતી મળવા પામી. હુય્ય બિન અખ્તબ બનૂ નદીર કબીલાનો સૌથી મોટો સરદાર અને યહૂદીઓનો મોટો પાદરી હતો. બીબી સફીય્યહ એની બેટી હતી. જેને જંગે-ખૈબર પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવવાનું માન મળ્યું. હુય્ય બિન અખ્તબના એક ભાઇનું નામ અબૂ યાસિર બિન અખ્તબ હતું જે બીબી સફીય્યહનો કાકો હતો. બીબી સફીય્યહ પોતાની કથા વર્ણવતાં કહે છે :

"હું મારા બાપા હુય્ય બિન અખ્તબની અવલાદમાં અને મારા કાકા અબૂ યાસિરના અવલાદમાં સૌથી વધુ લાડલી અને લાડકવાયી હતી. જેટલી લાડલી હતી તેટલી જ ઘરભરના લોકોમાં સૌને વધુ વહાલી હતી. મારા બાપા અને મારા કાકા જ્યારેય ઘરના બાળકોમાં મને જોતા તો બીજા બાળકોને પડતાં મૂકીને સૌપ્રથમ મને ગોદમાં ઉપાડી લેતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા અને કુબા વસતિના અમ્ર બિન ઔફના મહોલ્લામાં ઊતર્યા તો, મારા બાપા અને કાકા બીજા જ દિવસે વહેલી સવારે અંધારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુલાકાત માટે ઊપડી ગયા અને સાંજ સૂરજ આથમી જવા છતાં પાછા નહિ ફર્યા. રાતે જ્યારે થાકેલા પાકેલા ઘરમાં દાખલ થયા તો તેઓની ડગમગ ચાલથી એવું લાગતું હતું જાણે હમણા પડી જશે કે અબઘડી પડી જશે.

હું હમેંશના નિયમ મુજબ હરખાતી મલકાતી તેઓની પાસે દોડી ગઇ એવી આશાએ કે મને જોતાં જ તેઓ ગોદમાં ઉપાડી લેશે. પરંતુ અલ્લાહના સોગંદ ! બંનેમાંથી કોઇએ મુજ તરફ મુદ્દલ ધ્યાન આપ્યું નહિ. લાગતું હતું જાણે બંને ભાઇઓ કોઇ ગેહરી ચિન્તામાં ડૂબેલા છે. તેઓના ચેહરા બેહદ ગમગીન અને ઉદાસ લાગતા હતા. એજ ખામોશીની દશામાં મારા કાકા અબૂ યાસિર બિન અખ્તબના મુખેથી નીકળેલા આ શબ્દો મેં સાંભળ્યા જે તેમણે પોતાના ભાઇ હુય્ય બિન અખ્તબને એટલે મારા બાપાને કહ્યા. તેમણે કહ્યું, "હા તો ભાઇ સાહેબ ! શું આ તેજ માણસ છે ?"

બાપા બોલ્યા, "હા વલ્લાહ ! એ તેજ માણસ છે."

"શું તમે તહકીક કરી લીધી છે કે એ તેજ માણસ છે ?" મારા કાકાએ પૂછ્યું.

"હા, પૂરી તહકીક કરી લીધી છે."

"ત્યારે હવે શો વિચાર છે ? શું છે તમારા દિલમાં એના વિશે ?" કાકાએ પૂછ્યું.

એક ... ... ત. "પિતાજી બોલ્યા, "વલ્લાહ ! જીવીશ ત્યાં સુધી દુશ્મની વગર કશું નહિ."

Maktabe Ashraf

પ્રકરણ ૮૦

યહૂદ સાથે મેલજોલ રાખનારા મુનાફિકો

મદીનહના અરબ મુનાફિકોના નામો ● મુનાફિક વિરુધ્ધ કુર્આનની સાક્ષી ● સુવૈદ બિન સામિતની હત્યાનું વેર ● મુનાફિકોનો મોટો શયતાન ● મસ્જિદે-દિરારનો બાની ● મુજમ-મિઅની બિનશુંક ઈમામ તરીકે ● અલ્લાહ અને રસૂલની મશ્કરી ● આંખનો આંધળો, દિલનો પણ આંધળો ● મુનાફિક ડોસાનો મુસ્લિમ બેટો ● બખતરોનો ચોર અબૂતુઅમહ ● કુઝમાનની કૌમવાદી મનોદશા ● બનૂ અબ્દુલ-અશહલનો મુનાફિક ● તાગૂતને લવાદ બનાવનારા મુનાફિકો ● બનૂ નજ્જાર અને બનૂ સલિમહના મુનાફિકો ● મુનાફિકોનો સરદાર ● યહૂદીઓને મુનાફિકોની ભંભેરણી.

મદીનહના અરબ મુનાફિકોના નામો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મદીનહના ઔસ અને ખઝરજ કબીલાના અરબ મુશરિકોમાંથી જે લોકો યહૂદીઓ સાથે સંકળાયેલા હતા અને યહૂદીઓ સાથે મેલજોલ રાખનારા હતા અને મુનાફિક બની ગયા હતા તેઓના નામો, અમને મળેલી માહિતી મુજબ આ પ્રમાણે છે પણ તેઓની આ અસલ હકીકત અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે

●———ઔસ કબીલાની શાખ બનૂ અમ્ર બિન ઔફ બિન મલિક બિન ઔસ અને એની શાખ બનૂ લૂઝાન બિન અમ્ર બિન ઔફમાંથી : ઝવીય્ય બિન હારિસ મુનાફિક હતો.

●———અને બીજી શાખ બનૂ હબીબ બિન અમ્ર બિન ઔફમાંથી : જુલ્લાસ બિન સુવૈદ બિન સામિત મુનાફિક હતો અને એનો ભાઈ હારિસ બિન સુવૈદ બિન સામિત પણ મુનાફિક હતો.

આ જુલ્લાસ તે શખ્સ છે જે જંગે-તબૂક પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જવાને બદલે પોતાના ઘરમાં ગોંધાઈ રહ્યો અને લોકનો કહી દીધું કે, "આ માણસ અલ્લાહનો સાચો પયગમ્બર હોત તો અમારી હાલત ગધેડાથી પણ બદતર હોત !"(અલ્લાહની પનાહ !)

જુલ્લાસે આ નાપાક શબ્દો ઉચ્ચાર્યા તે વેળા ઉમૈર બિન સઅદ ત્યાં હાજર હતા. અને ઉમૈર બિન સઅદ જુલ્લાસના જ કુટુંબના એક ગૃહસ્થ હતા. જુલ્લાસે ઉમૈરના પિતાના મરણ બાદ ઉમૈરની માતા સાથે નિકાહ કરી લીધા હતા અને ઉમૈરને જુલ્લાસે જ પોતાના ખોળામાં રમાડીને પોતાની છત્રછાયા હેઠળ ઉછેરીને મોટા કર્યા હતા. ઉમૈરે કાનોકાન ગંદવાળા શબ્દો સાંભળ્યા તો તેમનાથી સહન થયું નહિ અને કહ્યા, જુલ્લાસ ! તમે સાચેસાચ મારા મુરબ્બી છો. તમામ લોકોમાં મને સૌથી વધુ વહાલા છો. તમે મુજ પર મોટા મોટા ઉપકારો કર્યા છે. હું દરેક રીતે તમારૂં ભલું ચાહનારો છું. અંતઃકરણથી તમારૂં માન જાળવનાર છું. ...

Maktabe Ashraf

તમારી સાથે માઠો વર્તાવ કરે તે હું સહન કરી શકું નહિ. પરંતુ અત્યારે તમે એવા શબ્દો ઉચ્ચાર્યા છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહી દઉં તો આખા શહેરમાં તમારો ફજેતો બોલાય જાય અને ચુપ રહું તો મારા દીન-ઈમાનનું નખ્ખોદ વળી જાય. આ બે વાતોમાંથી પહેલી વાત મારા માટે આસાન છે. બીજી વાત કોઈ કાળે મારાથી બની શકે નહિ !''

આમ કહીને હઝરત ઉમૈર બિન અસદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પવિત્ર સેવામાં હાજર થયા અને જુલ્લાસે જે નાપાક શબ્દો આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં ઉચ્ચાર્યા હતા તે બા-અદબ આપને કહી સંભળાવ્યા.

જુલ્લાસને આ સમાચાર મળતાં તે આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં દોડતો હાજર થયો અને અલ્લાહના કસમ ખાઈ-ખાઈને કહેવા લાગ્યો, ''હે મુહંમદ ! આ શબ્દો આપની શાનમાં હું બોલ્યો જ નથી. ઉમૈર મુજ પર ખોટો આરોપ થોપે છે.''

મુનાફિક વિરૂધ્ધ કુર્આનની સાક્ષી————મુનાફિકના આ જૂઠ વિષે અલ્લાહ તઆલાએ કુર્આનની આ આયત ઉતારી :

યહલિફૂન બિલ્લાહિ મા કાલૂ	અલ્લાહના સોગંદ ખાઈને કહે છે, ''અમે આવું બોલ્યા જ નથી,''
વલકદ્ કાલૂ કલિ-મતલ-કુફ્ર.	જો કે બેશક બોલ્યા છે તેઓ કુફ્રના કલિમો.
વ કુફ્ બઅદ ઈસ્લામિહિમ.	અને કાફિર બની ગયા તેઓ ઈસ્લામ લાવવા બાદ,
વ હમ્મૂ બિમા લમ યનાલૂ	અને ઈરાદો કર્યો એવી વાતનો જેને તેઓ મેળવી શક્યા નહિ
વમા નક્મૂ....	અને ન વેર લઈ શક્યા (સૂરએ-તવબહ આયત ૭૪)

ઈબ્ને ઈસ્હાક કહે છે : લોકોનું કહેવું છે કે એ પછી જુલ્લાસે પોતાના મુનાફિકપણા (ની નાપાકી) થી તોબા કરી લીધી અને એવી સાચી તોબા કીધી કે પોતાના ઈમાન અને ઈસ્લામમાં પંકાઈ ગયા.

એમનાં ભાઈ હારિસ બિન સુવૈદ તે શખ્સ છે જેણે હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ બલવી અને હઝરત કૈસ બિન ઝૈદ દિબઈને જંગે-ઉહુદમાં શહીદ કરી નાખ્યા હતા. હારિસ પાકો મુનાફિક હતો પણ જાહેરમાં મુસલમાન હોવાથી મુસલમાનો સાથે લશ્કરમાં ગયો અને દેખાવ એવો કર્યો કે મુસલમાનોની મદદ માટે કાફિરો સાથે લડવા જાય છે પછી જ્યારે બંને લશ્કરો આપસમાં બાખડી પડયાં તો એણે તક ઝડપી લઈને બંનેને શહીદ કરી નાખ્યા અને ઈસ્લામી લશ્કરમાંથી ફરાર થઈને કુરૈશના લશ્કરમાં જઈને ભળી ગયો.

સુવૈદ બિન સામિતની હત્યાનું વેર————ઈબ્ને હિશામ કહે છે : હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદે અગાઉ ઔસ અને ખઝરજ વચ્ચે ખેલાયેલા કોઈ યુધ્ધમાં હારિસના બાપ સુવૈદ બિન સામિતને મારી નાખ્યો હતો. પછી જ્યારે ઉહુદનું યુધ્ધ ખેલાયું તો હારિસ બિન સુવૈદ પોતાના બાપના વેર તરીકે તકની રાહ જોતો હતો કે મુજઝ-ઝિર ગફલતમાં પડે તો તરત તેનું ડોકું ઉડાડી મૂકે. આ તક તેને મળી આવી અને હઝરત મુજઝ-ઝિરને તેણે કતલ કરી નાખ્યા. તેણે ફકત તેમને એકને જ કતલ કર્યા આ વાત મેં અનેક જાણકારોના મુખે સાંભળી છે.

એક રિવાયતમાં છે કે, તેણે હઝરત કૈસ બિન ઝૈદને શહીદ કર્યા ન હતા. તેની દલીલ આ છે કે જંગે-

ઉહુદમાં શહીદ થનારાઓની ટીપમાં ઇબ્ને ઇસ્હાકે હઝરત કૈસ બિન ઝૈદનું નામ દર્શાવ્યું નથી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : જુલ્લાસ અને હારિસ઼ના બાપ સુવૈદ બિન સામિતને મુઆઝ બિન અફરાએ, બુઆસ઼ના યુધ્ધ પહેલાં લડાઇના કોઇ કારણ વિના, ધોકાથી તીર મારીને મારી નાખ્યા હતા. લોકોનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમર બિન ખત્તાબને, હારિસ઼ બિન સુવૈદ પર કાબૂ મળે કે તરત તેને મારી નાખવાનો આદેશ આપી દીધો હતો. પરંતુ તે છટકીને મક્કહ નાસી ગયો હતો એ પછી તેણે પોતાના ભાઇ જુલ્લાસને સંદેશો પાઠવ્યો કે હું મારા કૃત્યોથી તોબા કરૂં છું. તમે મારા તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં માફીની દરખાસ્ત કરો કે મને જીવનદાન આપીને મદીનહમાં રહેવાની પરવાનગી આપે. જુલ્લાસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં આ દરખાસ્ત રજૂ કરી તો જવાબમાં અલ્લાહ તઆલાએ તેના વિષે આ આયત નાઝિલ ફરમાવી :

કયફ યહદિલ્લાહુ કવમન	કેવી રીતે હિદાયત આપે અલ્લાહ એવા લોકોને
ક-ફ-રૂ બઅદ ઇમાનિ હિમ.	જેઓ કાફિર બની ગયા ઇમાન લાવવા પછી ?
વ શહિદૂ અન્નર- રસૂલ હક્કુંવ	જ્યારે કે તેઓએ સાક્ષી આપી હતી કે પૈગંબર બેશક સાચા છે.
વ જાઅહુમુલ - બૈયિનાત.	અને તેઓ પાસે ખુલ્લી નિશાનીઓ આવી ચૂકી હતી.
વલ્લાહુ લા યહદિલ	અને બેશક અલ્લાહ હિદાયત નથી આપતો
કવમઝ-ઝાલિમીન.	ઝાલિમ કૌમને (આલે-ઇમ્રાન આયત ૮૬)

મુનાફિકોનો મોટો શયતાન————બીજા મુનાફિકોમાં બનૂ દબીઅહ બિન ઝૈદ બિન માલિક બિન ઔફ બિન અમ્ર બિન ઔફ માંથી : બજાદ અથવા બિજાદ બિન ઉસ્માન બિન આમિર મુનાફિક હતો અને નબતલ બિન હારિસ઼ પણ મુનાફિક હતો. આ નબતલ તે શખ્સ છે જેના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું :

મન અહબ્બ અંય-યનઝુરા	જે માણસની ઇચ્છા હોય કે જોઇ લે;
ઇલશ-શયતાનિ	શયતાનને,
ફલ-યન્ઝુર	તો તેણે જોઇ લેવો જોઇએ
ઇલા નબ-તલિબ-નિલ-હારિસ઼.	નબતલ બિન હારિસ઼ને.

એટલે જે માણસ શયતાનને જોવાની ઇચ્છા ધરાવતો હોય તેણે નબતલ બિન હારિસ઼ને જોઇ લેવો જોઇએ. આ શખ્સ કદાવર કાયાનો, લાંબો તડંગો અને રંગે કાળો હતો. જાડા લટકેલા હોઠો, વિખરાયેલા વાળો, લાલ આંખો અને પિચકેલું ડાચું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે આવીને બેસી જતો. આપની સાથે વાતો કરતો. આપની વાતો સાંભળતો અને પછી સીધો મુનાફિકો પાસે જઇને બધું ઓકી દેતો. એજ તે શખ્સ છે જેણે કહ્યું હતું કે, ''મુહંમદને તો ફક્ત કાન જ કાન છે, કોઇ એને ગમે તેવી વાત કહે, તરત સાચી માની લે છે.'' [1] અલ્લાહ તઆલાએ એના વિષે આ આયત ઉતારી:

૧. એટલે કાચા કાનના છે. કોઇની ગમે તેવી વાતને તપાસ તહકીક વિના આંખો બંધ કરીને સાચી માની લે છે. (અલ્લાહની પનાહ આવી નાપાક વાતોથી.) ''હ''

Maktabe Ashraf

વ મિન હુમુલ-લઝીન	અને એ લોકોમાં અમુક એવા પણ છે જેઓ
યુઅઝૂ-નન-નબીય્ય	ઈજા આપે છે નબીને
વ યકૂલૂન હુવા ઉઝુન.	અને કહે છે એને તો કાન છે (એટલે કાચા કાનના છે.)
કુલ ઉઝુનુ ખયરિલ-લકુમ.	કહી દો કે હા કાન છે પણ એ તમારી બેહતરી માટે છે.

(તવબહ આયત ૬૧)

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હઝરત જિબ્રીલ હાજર થયા અને બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! આપની પાસે એક શખ્સ આવીને બેસે છે તે ઠીંગણો, કાળો, લટકેલા હાંઠોવાળો, ગૂંછળિયા વાળોવાળો, પિચકેલા ડાચાંવાળો છે. તેની બંને આંખો એવી લાલચોળ છે જાણે પિત્તળની બે હાંડીઓ. તેનું કાળજું ગધેડાના કાળજાથી પણ વધુ સખત છે. તે આપની વાતો મુનાફિકોને પહોંચાડે છે. આપ તેનાથી સાવચેતી રાખશો.''

લોકોના કહેવા મુજબ હઝરત જિબ્રીલની આ ચેતવણી નબતલ બિન હારિસને લગતી હતી અને હઝરત જિબ્રીલે દોરેલી આકૃતિ તેને જ બંધબેસતી આવતી હતી.

મસ્જિદે-દિરારનો બાની——————બનૂ દબીઅહમાંથી અબૂ હબીબહ બિન અઝઅર પણ મુનાફિક હતો. એ એવા લોકોમાંથી હતો જેઓએ મસ્જિદે-દિરાર બનાવી હતી. અને સઅલબા બિન હાતિબ તથા મુઅત્તબ બિન કુશૈર પણ મુનાફિક હતા. એજ તે લોકો છે જેઓએ અલ્લાહને વચન આપ્યું હતું કે, ''અલ્લાહ પોતાની કૃપાથી અમને કંઈક આપે તો અમે જરૂર અલ્લાહના રાહમાં દાન કરીશું અને સાચા મુસ્લિમ તરીકે નેક લોકોમાંથી બની જઈશું.''(વગેરે વગેરે)

અને મુઅત્તબ બિન કુશૈર તે ગૃહસ્થ છે જેણે જંગે-ઉહુદના દિવસે કહ્યું હતું કે, ''હુકૂમત અને સત્તામાં અમારો જરા જેટલો હિસ્સો પણ હોત તો અમે અહીં કતલ શા માટે થઈ જાત !''એના વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી : વ તાઈ-ફતુન કદ અહમ-મત્હુમ અન્ફુસુ-હુમ....

> ''અને એક સમૂહ હતો (મુનાફિકોનો) જેને તે વેળા પણ પોતાના પ્રાણોની જ ચિન્તા પડેલી હતી. તેઓ અલ્લાહ વિષે ખોટું ગુમાન ધરાવતા હતા, જાહિલિયતના યુગ જેવું ગુમાન ! કહે છે, ''જે કંઈ બન્યું તેમાં અમારા અધિકારની શું વાત હતી ?''કહી દો, બેશક તમામ વાતો અલ્લાહના જ અધિકારમાં છે. તેઓ છુપાવી રહ્યા છે જે કંઈ તેઓના દિલોમાં છે. તેને તેઓ તમારી સામે જાહેર કરતાં નથી. અને કહે છે, અગર આ મામલામાં અમને કંઈ અધિકાર હોત તો અહીં અમે માર્યા ન જાત !'' (છેવટ સુધી સૂરએ-આલે-ઈમ્રાન આયત ૧૫૪)

એજ મુઅત્તબ બિન કુશૈરે જંગે-અહ્ઝાબના દિવસે કહ્યું હતું કે, ''મુહંમદ અમને વાયદા તો આપે છે કૈસર અને કિસરાના ખજાના મેળવી લેવા કે, એક દિવસે એ બધું આપણે પચાવી પાડીશું, પણ હાલત આ છે કે અમે સંડાસ માટે પણ શાંતિથી જઈ શકતા નથી!''એના વિષે આ આયત ઊતરી :

વ ઇઝ યકૂલુલ-મુનાફિકૂન વલ્લઝીન ફી કુલૂબિ-હિમ મરદુન મા વઅદ-નલ્લાહુ વ રસૂલુહૂ ઇલ્લા ગુરૂરા. (સૂરએ અહઝાબ આ. ૧૨)	અને જ્યારે કહે છે મુનાફિકો અને તે લોકો જેઓના દિલોમાં રોગ છે કે, જે કંઇ વાયદો કર્યો છે અમને અલ્લાહએ અને તેના રસૂલે તે તો માત્ર એક ધોકો છે.

અને હારિસ બિન હાતિબ પણ મુનાફિક હતો. ઇબ્ને હિશામ કહે છે : મને મળેલી નક્કર માહિતી મુજબ મુઅત્તબ બિન કુશૈર અને હાતિબના બંને પુત્રો- સઅલબા તથા હારિસ મુનાફિક નહિ હતા. જંગે-બદ્રમાં શામિલ હતા. એ બંને બની ઉમૈયહ બિન ઝૈદની અવલાદમાંથી હતા. ખુદ ઇબ્ને ઇસ્હાકે પણ સઅલબા અને હારિસને ઉમૈયહ બિન ઝૈદની અવલાદ તથા અસહાબે-બદ્રમાંથી હોવાનો ઉલ્લેખ કર્યો છે.

ઇબ્ને ઈસ્હાક કહે છે : સુહૈલ બિન હુનૈફનો ભાઇ અબ્બાદ બિન હુનૈફ તથા બખરજ પણ મુનાફિક હતા અને મસ્જિદે-દિરારના બાનીઓમાંથી હતા. વળી અમ્ર બિન ખુઝામ તથા અબ્દુલ્લાહ બિન નબતલ પણ મુનાફિક હતા.

મુજમ-મિઅની નિમણૂંક ઇમામ તરીકે—————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ સઅલબા બિન અમ્ર બિન ઔફમાંથી જારિયહ બિન આમિર બિન અત્તાફ અને એના બે પુત્રો, ઝૈદ તથા મુજમ-મિઅ એ બધા પણ મસ્જિદે-દિરારના બાનીઓમાંથી જ હતા. આ લોકોમાં મુજમ-મિઅ એક નાની વયનો કિશોર છોકરો હતો. કુર્આનનો ઘણોખરો ભાગ એણે મોઢે યાદ કરી લીધો હતો. અને મસ્જિદે-દિરારમાં લોકોને નમાઝ પઢાવતો હતો. જ્યારે મસ્જિદે-દિરારને ઉખાડી કાઢવામાં આવી અને હઝરત ઉમર બિન ખત્તાબના યુગમાં બની અમ્ર બિન ઔફના લોકો પોતાના મહોલ્લાની મસ્જિદમાં નમાઝ પઢવા લાગ્યા તો હઝરત ઉમરને, એ મસ્જિદના ઇમામ તરીકે મુજમ-મિઅની નિમણુંક કરી દેવાની ભલામણ કરવામાં આવી તો હઝરત ઉમરે ફરમાવ્યું, "હરગિઝ નહિ. શું એ માણસ મસ્જિદે-દિરારમાં મુનાફિકોનો ઇમામ નહિ હતો?"

જવાબમાં મુજમ-મિઅ બોલ્યો, "હે મુસલમાનોના અમીર ! સોગંદ છે અલ્લાહના, મને એ લોકોના મામલાની કે એમના મુનાફિકપણાની કશી ખબર ન હતી. હું તો તે વેળા ઊગતી વયનો કિશોર હતો. મને કુર્આન યાદ હતું. એ લોકોમાંથી કોઇને કુર્આન આવડતું ન હતું. મને એ લોકોએ આગળ કરી દીધો અને હું ઇમામ બની ગયો. જાહેરમાં તેઓ જે કંઇ બોલતા હતા તેને હું સાચું માની લેતો હતો. તેઓના દિલોમાં શું હતું તે હું જાણતો ન હતો. જેથી હું ઇમામ બની ગયો હતો."

હઝરત ઉમરે તેની વાત માની લઇને મહોલ્લાની મસ્જિદના ઇમામ તરીકે તેની નિમણુંક કરી દીધી.

અલ્લાહ અને રસૂલ (સલ.)ની મશ્કરી—————બનૂ ઉમૈયહ બિન ઝૈદ માલિકમાંથી : વદીઅહ બિન સાબિત પણ મુનાફિક હતો અને મસ્જિદે-દિરારના બાનીઓમાંથી હતો. એજ તે શખ્સ છે જે કુર્આનની આયતોની ઠેકડી ઉડાવતો હતો. એના વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

વ લઇન સઅલ-તહુમ લ-યકૂ-લુન્ન ઇન્નમા કુન્ના નખૂદુ વ નલ-અબુ	અને જો તમે એમને પૂછો (કે આવી વાતો કેમ કરો છો?) તો જરૂર કહી દેશે કે અમે તો એમ જ દિલ્લગી અને હસીમજાક કરતા હતા.

કુલ અબિલ-લાહિ આયાતિહી	એમને કહો, શું અલ્લાહ અને તેની આયતો સાથે
વ રસુલિહી કુન્તુમ તસ-તહ-ઝિઊન.	અને તેના રસૂલ સાથે તમે હસીમજાક કરો છો ? [1]

અને બનૂ ઉબૈદ બિન ઝૈદ બિન માલિકમાંથી : ખુઝામ બિન ખાલિદ મુનાફિક હતો. એજ તે શખ્સ છે જેણે મસ્જિદે-દિરાર બનાવવા માટે પોતાનું ઘર આપ્યું હતું. અને બિશ્ર બિન ઝૈદ તથા રાફિઅ બિન ઝૈદ અને બંને ભાઈઓ પણ મુનાફિક હતા.

આંખનો આંધળો, દિલનો પણ આંધળો————ઇબ્ને ઈસ્હાક કહે છે : બની નુબૈતની શાખ બની હારિસ બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસમાંથી : મરબઅ પા. મુરબિઅ બિન કૈઝી પણ મુનાફિક હતો. એ આંખોનો આંધળો હતો અને એજ તે શખ્સ છે જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને, જંગે-ઉહુદ પ્રસંગે તેના ખેતરમાંથી પસાર થવાની રજા માગી તો તેણે જવાબ આપ્યો, "હે મુહંમદ! અગર તમે પયગમ્બર છો તો મારા ખેતરમાંથી પસાર થવાની હું તમને પરવાનગી આપી શકતો નથી."

એ પછી એ આંધળાએ ખોબો ભરીને મટોડું ઉપાડી લેતાં કહ્યું, "હે મુહંમદ ! મને ખાતરી હોત કે આ મટોડું તમારા વગર બીજા કોઈ પર ન પડે તો હું એને તમારે માથે જ દઈ મારત. !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ અપમાનથી મુસલમાન લોકો છંછેડાઈ ગયા અને તેને મારી નાખવા ઝપાટાભેર ધસી ગયા પણ આપે તેઓને રોકી લીધા અને ફરમાવ્યું :

દઊ-હુ ફ-હાઝલ-અઅમા.	છોડી દો એને, એ આંધળાઓનો આંધળો છે.
અઅમલ-કલબિ,	દિલનો પણ આંધળો છે,
અઅમલ-બસર.	આંખની રોશનીનો પણ આંધળો છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાત પૂરી થાય તે પહેલાં બનૂ અશહલવાળા હઝરત સઅદ બિન ઝૈદે કમાનના ફટકાથી તેનું માથું ફોડી નાખ્યું છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી એ આંધળાઓનો આંધળો કતલ થવાથી બચી ગયો.

એજ મરબઅનો ભાઈ ઔસ બિન કૈઝી પણ મુનાફિક હતો એજ તે શખ્સ છે જેણે જંગે-ખન્દકના દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું હતું કે, "અમારાં ઘરો ઉઘાડાં અને અરક્ષિત પડેલાં છે માટે અમને લડાઈમાં ભાગ લેવાથી માફી આપીને અમારાં ઘરોને સાચવી લેવાની પરવાનગી આપી દો." એના વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

યકૂલૂન ઇન્ન બુયૂતના અવરહ	તેઓ કહે છે, અમારાં ઘરો ઉઘાડાં પડેલાં છે
વ-માં-હિય બિ-અવરહ.	જો કે તે ઉઘાડાં પડેલાં નથી.
ઈય-યુરીદૂન ઇલ્લા ફિરારા.	માત્ર જંગથી ફરાર થવાનો ઇરાદો છે. [2]

મુનાફિક ડોસાનો મુસ્લિમ બેટો————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ઝફર જેનું નામ કઅબ બિન હારિસ બિન ખઝરજ હતું એમાંથી : હાતિબ બિન ઉમૈય બિન રાફિઅ મુનાફિક હતો. હાતિબ બિન ઉમૈયહ એક ખખડધજ મુસ્ટંડો બુઢ્ઢો હતો. આખી ઉંમર જહાલતમાં વેડફી નાખી. એના એક બેટાનું નામ

૧. સુરએ-તવબહ પારહ ૧૦ આયત ૬૫ ૨. સૂરએ-અહઝાબ પારહ ૨૧ આયત ૧૩

યઝીદ બિન હાતિબ હતું. એ પાકો-સાચો મુસલમાન હતો અને બેહતરીન મુસલમાનોમાંથી ગણાતો હતો. જંગે-બદ્રના દિવસે કુરૈશ સાથેની લડાઇમાં બહુ બુરી રીતે ઘવાયો. એવી ગંભીર રીતે ઘવાયો કે હલન-ચલનથી લાચાર થઇ ગયો. લોકો એને ઉપાડીને બનૂ ઝફરના મહોલ્લામાં એના ઘરે લઇ ગયા. હાલત પળે-પળે નાજુક બનતી ગઇ.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ માહિતી આપી કે હાતિબના ઘરમાં એના મુસલમાન સગાંઓ ઉપરાંત આજુબાજુના મુસલમાન સ્ત્રી-પુરૂષો ભેગાં થઇ ગયાં હતાં. એ બધાં હાતિબના બેટાની ખબર લેવા આવ્યા હતાં. જ્યારે હાતિબના બેટા યઝીદની હાલત મોતને ભેટવા જેવી ગંભીર બની ગઇ તો બધાએ એના બાપને દિલાસો આપ્યો અને બેટા માટે જન્નતની વધામણી આપતાં કહ્યું, "હે હાતિબ! તારા બેટાને જન્નતની ખુશખબર હો !"

આ સાંભળતાં જ બુઢ્ઢાનો મિજાજ ગયો. આવેશથી તડૂક્યો, "હા હા પેલા ઝાડી-ઝાંખરાંવાળી જન્નત! વલ્લાહ, તમે લોકોએ જ મારા ગરીબ બેટાને પટાવી-ફોસલાવીને મોતના મોઢામાં ધકેલી દીધો અને હવે જન્નતની વધામણી આપો છો !"

રાવીનું કથન છે : એજ તે પ્રસંગે હતો જ્યારે ઉપરના શબ્દોથી યઝીદના બાપ હાતિબનું મુનાફિકપણું જાહેર થઇ ગયું.

બખતરોનો ચોર અબૂ તુઅમહ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ તુઅમહ બશીર બિન ઉબૈરિક મુનાફિક હતો અને ચોર હતો. એણે બે બખતરોની ચોરી કરી હતી. એના વિષે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી :

વલા તુજાદિલ અનિલ-લઝીન	હે નબી ! એવા લોકોનો પક્ષ લઇને ઝઘડો ના કરો જેઓ
યખ્તા-નૂન અન-ફુ-સ્-હુમ.	વિશ્વાસઘાત કરે છે પોતાની જાનો સાથે.
ઇન્નલ્લાહ લા યુહિબ્બુ	બેશક અલ્લાહ પસંદ કરતો નથી એવા માણસને
મન કાના ખવ્વા-નન-અસીમા	જે દગાબાજ, મોટો પાપી છે. [૧]

કુઝમાનની કોમવાદી મનોદશા——————ઇબ્ને ઇસ્હાક કહે છે: મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે બનૂ ઝફરનો હલીફ કુઝમાન નામે શખ્સ પણ મુનાફિક હતો. એના મામલા અંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવ્યા કરતા, " એ માણસ બેશક જહન્નમીઓમાંથી છે."

પછી જ્યારે જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો તો કુઝમાન હથિયારો સજીને મુસલમાનોના લશ્કરમાં પહોંચી ગયો અને કાફિરો સાથે ખૂબ બહાદુરીથી લડયો. એટલે સુધી કે કાફિર લશ્કરના નવ માણસોને એણે કતલ કર્યા અને પોતે પણ ઘવાઇને ઢળી પડયો. લોકો એને ઉપાડીને બનૂ ઝફરના ઘરમાં લઇ આવ્યા ત્યારે એક મુસલમાને એને વધામણી આપતાં કહ્યું, "ધન્યવાદ હો હે કુઝમાન ! આજે તો તેં સાચેસાચ બહાદુરીનું પાણી બતાવી દીધું. પોતે અલ્લાહના રાહમાં જખ્મી થવા ની યાતનાઓ ભોગવી હવે શહીદ થઇને જન્નતમાં જવાની ખુશખબર હો!"

---

૧. સૂરએ નિસાઅ, પારહ ૫. આયત ૧૦૭

કુઝમાન બોલ્યો, "મારા માટે ધન્યવાદ કેવો અને ખુશખબર કેવી ? હું તો ફક્ત મારી કૌમની આણ ખાતર લડ્યો છું."

પછી જ્યારે જખ્મોની પીડા અસહ્ય થઇ પડી તો તેણે તીરોના ભાથામાંથી એક તીર કાઢ્યું અને તેનાથી હાથની નસો કાપીને આપઘાત કરી લીધો. [૧]

બનૂ અબ્દુલ-અશહલનો મુનાફિક————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ અબ્દુલ-અશહલના સ્ત્રી-પુરૂષોમાંથી કોઇનું મુનાફિકપણું ખુલ્લી રીતેજાહેર થયું ન હતું. અલબત્ત સઅદ બિન જૈદની બિરાદરી બનૂ કઅબમાંથી દહહાક બિન સાબિત નામે એક શખ્સ હતો. કોઇક વાર એની ઉપર યહૂદીઓની દોસ્તી તથા મુનાફિકતનો આરોપ લાગી જતો હતો હઝરત હસ્સાન બિન સાબિતે કહ્યું છે.

મન મુબ-લિગુદ-દહહાકે અન્ન ઉરૂકહૂ, • અઅયત અલલ-ઇસ્લામે અન્ તત-મજ-જદા.

દહહાક બિન સાબિતને આ સંદેશો પહોંચાડનાર કોણ છે ? માનઆબરૂ મેળવવા માટે તેની નસો થાકીને પાકી જવા આવી છે. અથવા ફૂલીને ફાટી જવા આવી છે.

અ-તુહિબ્બુ યુહદાનલ-હિજાઝે વ દીનહુમ, • કબિદલ-હિમારે વલા તુહિબ્બુ મુહમ્મદા.

શું તું ગધેડાનું કલેજું ધરાવનારા યહૂદીઓ સાથે અને તેઓના ધર્મ પ્રત્યે પ્રેમ ધરાવે છે ? અને મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મહબ્બત નથી રાખતો ?

તાગૂતને લવાદ બનાવનારા મુનાફિકો————ઇબ્ને ઇસ્હાક કહે છે : જુલ્લાસ બિન સુવૈદ બિન સામિત પણ તોબા કરવા પહેલાં મુનાફિક હતો. મુઅત્તિ બિન કુશૈર, રાફિઅ બિન ઝૈદ અને બિશ્ર આ બધા મુસલમાન હોવાનો દાવો કરતા હતા. જ્યારે એમની જ કૌમના અમુક મુસલમાનો સાથે એમનો ઝગડો થયો તો તેના ફેસલા માટે મુસલમાનોએ એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે જવાની હાકલ કરી. જવાબમાં એ લોકો બોલ્યા, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે જવાની શી જરૂર ? ચાલો કાહિનો પાસે જઇને એનો ફેસલો કરાવીએ, "એમના વિષે કુર્આનની આ આયતો ઉતરી : અલમ તરા ઇલલ-લઝીન યઝ-ઉમૂન અન્નહુમ આમનૂ......યુરીદૂન અંય-યતહા-કમૂ ઇલત-તાગૂત.....(છેવટ સુધી.)

"હે નબી ! શું તમે તે લોકોને નહિ જોયા જેઓ દાવો કરે છે કે બેશક અમે ઇમાન લાવ્યા છીએ તે વસ્તુ પર જે ઉતારવામાં આવી છે તમારી ઉપર અને જે ઉતારવામાં આવી છે તમારાથી પહેલાં. તેઓ ઇચ્છે છે કે રજૂ કરે પોતાનો કેસ તાગૂત પાસે. [૨] જો કે તેઓને હુકમ આપવામાં આવ્યો છે કે તેઓ અલ્લાહના દ્રોહીઓને ન માને. અને શયતાન ચાહે છે કે તેઓને ખુલ્લી ગુમરાહીમાં ભટકાવી મારે." (સૂરએ-નિસાઅ પા. ૫ આ. ૬૦)

---

૧. આ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશીનગોઇ પૂરી થઇ : આપે ફરમાવ્યું હતું : "અમ્મા ઇન્નહૂ મિન અહલિન-નાર" એટલે ભલે એણે બહાદુરીનું પાણી બતાવ્યું પણ એ જહન્નમીઓમાંથી છે. તેનું પૂરૂ નામ અબુલ ગૈદાક કુઝમાન ઝુફરી હતું. એ ખુદકુશી એટલે આત્મહત્યા કરીને હરામ મોતે મરી ગયો. એની બહાદુરી બેકાર ગઇ અને જિહાદ પણ કબૂલ નાહિ થયો. જિહાદ તે છે જે અલ્લાહના રાહમાં ઇસ્લામની સરબુલંદી ખાતર કરવામાં આવે. કૌમની હિમાયતમાં કે કૌમની આન ખાતર કાફિરો સાથે લડવું એ ઇસ્લામી જિહાદ નથી. "હ"

૨. તાગૂત : અલ્લાહને છોડીને જેની પણ તાબેદારી અને બંદગી કરવામાં આવે તેને તાગૂત કહે છે. જેમકે શયતાન, જિન્નાત, પથ્થરના ભગવાન, દેવી દેવતા, કાહિનો-જોગીઓ વગેરે. (કામૂસુલ-કુર્આન પા. ૩૧૨) "ક"

બનૂ નજ્જાર અને બનૂ સલિમહના મુનાફિકો————ખઝરજ કબીલાની શાખ બનૂ નજ્જારમાંથી: રાફિઅ બિન વદીઅહ, ઝૈદ બિન અમ્ર, અમ્ર બિન કૈસ અને કૈસ બિન અમ્ર બિન સહલ આ બધા પાક્કા મુનાફિક હતા.

અને બનૂ જુશમ બિન ખઝરજની શાખ બનૂ સલિમહમાંથી : જુદ્દ બિન કૈસ મુનાફિક હતો. એજ તે શખ્સ છે જેણે જંગે-તબૂક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું હતું, "હે મુહંમદ! મને તબૂકના યુધ્ધમાં ન ઝીંકો. મને ઘરમાં બેસી રહેવાની પરવાનગી આપો. મને ફિત્નામાં ન નાખો !" એના વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

વ મિન્હુમ મંય - યકૂલુઅ-	એમાંના અમુક એવા પણ છે જેઓ કહે છે,
ઝલ્લી વલા તફ-તિન્ની	મને છુટ્ટી આપી દો અને ફિત્નામાં ન ઝીંકો,
અલા ફીલ-ફિત્નતિ સકતૂ...	તો શું તેઓ ફિત્નામાં નહિ ઝીંકાયા ? [1] (તવબહ આ. ૪૯)

મુનાફિકોનો સરદાર————બનૂ ઔફ બિન ખઝરજમાંથી : અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ પાક્કો મુનાફિક હતો અને મદીનહના તમામ મુનાફિકોનો સૌથી મોટો સરદાર હતો. એની જ પાસે બધા મુનાફિકો છુપી મંત્રણા અને કાવાદાવા માટે એકત્ર થતા હતા. એણે જ બનૂ મુસ્તલિકના યુધ્ધ પ્રસંગે આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

લઇર-રજઅ-ના ઇલલ-મદીનતિ	જ્યારે અમે પાછા ફરીશું મદીનહ તરફ
લ યુખ-રિજન-નલ-અ-અઝઝુ	તો હાંકી કાઢશે ત્યાંનો મોટો આબરૂદાર
મિન્હલ અઝલ્લ.	એમાંના મોટા નીચને (સૂ-મુનાફિકૂન આયત ૮)

મુનાફિકોના સરદારનો મકસદ આ હતો કે મદીનહના સૌથી મોટા આગેવાનો અને આબરૂદારો તો અમે છીએ અને મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા આપના સાથીઓ તો મદીનહના સૌથી નીચ લોકો છે. લડાઈથી પરવારીને મદીનહ જતાં જ અમે એ બધા હલકટોને મદીનહમાંથી હાંકી કાઢીશું એના આ નાપાક શબ્દોને કારણે જ અલ્લાહ તઆલાએ પવિત્ર કુર્આનમાં પૂરી સૂરએ-મુનાફિકૂન નાઝિલ ફરમાવી દીધી. (મુનાફિકના આવા નાપાક બોલોથી અમે અલ્લાહની પનાહ ચાહીએ છીએ.) એના આ નાપાક વિચારો સાથે બનૂ ઔફનો વદીઅહ, માલિક બિન અબી કૂકલ, સુવૈદ અને દાઇસની ટોળકી પણ શામિલ હતી.

યહૂદીઓને મુનાફિકોની ભંભેરણી————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે બનૂ નદીરના યહૂદીઓ ફરતે ઘેરો નાખ્યો તો એજ અબ્દુલ્લાહ બિન ઉબય અને એની ટોળકીના લોકો તેઓને સન્માર્ગભિર્દ સલાહો આપતા હતા અને છુપી બાતમીઓ આપવાની જાસૂસી કરતા હતા અને કહેણ મોકલાવતા હતા કે, "હે અમારા યહૂદી ભાઇઓ ! તમે જરા પણ ગભરાશો નહિ. મુસલમાનોના મુકાબલા માટે પોતાના સ્થળે મક્કમ રહેજો. વલ્લાહ ! એ લોકો જો તમને તડીપાર કરશે તો અમે પણ તમારી સાથે તડીપાર થઇ જઇશું. તમારી વિરુધ્ધ અમે કોઇની વાત માનવાના નથી. તમારી સાથે કોઇ જંગ કરશે તો અમે જરૂર તમારી મદદ કરીશું." અલ્લાહ તઆલાએ એજ વેળા આ લોકો વિષે પૂરી વિગતો દર્શાવી દીધી : અલમ તરા ઇલલ-

---

૧. જંગથી ડરીને બાયલાઓ પેઠે ઘરમાં ભરાઇ રહેવું અને ખૂણામાં સંતાઇને કાંપતા રહેવું એ પણ હકીકતમાં એક મહાસંકટ કે ફિત્નામાં પડી જવા જેવું જ છે. "હ"

લઝીન નાફકૂ યકૂલૂન....

"શું તમે નહિ જોયા એવા લોકોને જેઓ મુનાફિક બની ગયા ? તેઓ અહલે-કિતાબમાંથી કાફિર બની ગયેલા પોતાના ભાઈઓને કહે છે કે, અગર તમને કાઢી મૂકવામાં આવ્યા તો અમે પણ તમારા સંગાતે નીકળી જઈશું અને તમારી વિરૂધ્ધ કોઈની કાંઇ વાત અમે કદી નહિ માનીશું. અગર તમારી સાથે લડાઇ કરવામાં આવશે તો અમે જરૂર તમારી મદદ કરીશું. અને અલ્લાહ સાક્ષી આપે છે કે બેશક તેઓ જૂઠા છે." [1]

મુનાફિકોની ઉશ્કેરણીની વિગત દર્શાવતાં અલ્લાહ તઆલાએ કુર્આનની એજ સૂરતમાં આગળ ફરમાવ્યું છે : ક-મસલિશ-શયતાન ઈઝ કાલા લિલ-ઈન્સાનિક-ફુર.....

"શયતાનના તે દાખલા પેઠે જ્યારે તેણે ઈન્સાનને કહ્યું કે, કાફિર બનીજા ! પછી જ્યારે તે કાફિર બની ગયો તો શયતાને તેને કહ્યું, હું તો તારાથી અલગ છું (તારા કુફ્રનો હું જોખમદાર નથી કેમકે) હું તો અલ્લાહથી ડરૂં છું જે આખા જગતનો પાલનહાર છે"[2]

---

૧. સૂરએ- હશ્ર પારહ ૨૮ આયત ૧૧ ૨. સૂરએ-હશ્ર પા. ૨૮ આ. ૧૩

Maktabe Ashraf

પ્રકરણ ૮૧

યહૂદીઓના મુનાફિક ધર્મગુરૂઓ

ખોવાયેલી ઊંટણી વિષે ઝેરીલો કટાક્ષ • મુનાફિકનું મરણ અને વંટોળિયાનું તોફાન • મસ્જિદમાંથી મુનાફિકોની હકાલપટ્ટી • પલીદ અને નાપાક મુનાફિક • મુનાફિકો વિષે એક સો જેટલી આયતો

ખોવાયેલી ઊંટણી વિષે ઝેરીલો કટાક્ષ-- -- --ઇબ્ને ઈસ્હાક કહે છે : યહૂદીઓના આલિમો, પંડિતો અને ધર્મગુરૂઓમાંથી જેઓ જાહેરી રીતે ઈસ્લામ સ્વીકારીને બાતિનમાં મુનાફિક બની ગયા અને ઈસ્લામના વાઘા સજીને મુસલમાનોમાં ભળી ગયા તેઓના નામો તથા કરતૂતોની વિગત આ પ્રમાણે છે:

બનૂ કૈનુકાઅના યહુદી આલિમોમાંથી (૧) સઅદ બિન હુનૈફ (૨) ઝૈદ બિન લુસૈત (૩) નુઅમાન બિન અવફા બિન અમ્ર (૪) ઉસ્માન બિન અવફા.

એમાં ઝૈદ બિન લુસૈત એ શખ્સ છે જેણે બનૂ કૈનુકાઅના બજારમાં હઝરત ઉમર બિન ખત્તાબ સામે પડકાર ફેંકીને રમખાણ મચાવ્યું હતું. અને એજ તે શખ્સ છે જેણે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી ખોવાઈ ગઈ ત્યારે ઝેરીલો કટાક્ષ કર્યો હતો :

> "મુહંમદ દાવો તો કરે છે કે હું અલ્લાહનો પયગમ્બર છું અને મારી પાસે આકાશની ખબરો આવે છે પણ તેને આટલી ખબર નથી કે તેની ખોવાયેલી ઊંટણી ક્યાં છે?"

એ પછી અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તેના આ કટાક્ષની જાણ કરી દીધી તો આપે લોકોને ફરમાવ્યું :

ઈન્ન કાઈલન કાલા	બેશક એક કહેનારે કહ્યું છે કે,
યઝઉમુ મુહમ્મદુન અન્નહુ	મુહંમદ દાવો તો કરે છે કે તેની પાસે,
યઅતીહિ ખબરુસ-સમાઅ.	આવતી રહે છે આકાશની ખબરો.
વલા યદરી ઐન નાકતુહૂ.	પણ તેને આટલી ખબર નથી કે તેની ઊંટણી ક્યાં છે ?
વઈન્ની વલ્લાહિ મા અઅલમુ	અને બેશક અલ્લાહના સોગંદ ! હું નથી જાણતો;
ઈલ્લા મા અલ્લમ-નિયલ્લાહ.	પરંતુ તેજ વાતો જે અલ્લાહ મને બતાવે છે.
વકદ દલ્લ-નિયલ્લાહુ અલૈહા.	હવે અલ્લાહએ મને બાતમી આપી દીધી છે તે (ઊંટણી)ની.
ફહીયા ફી હાઝશ-શિઅબિ	તો તે (ઊંટણી) ફલાણી ઘાટીમાં છે.

ફઇઅહ-બસત્હા શજરતુન	બેશક રોકી લીધી છે એક ઝાડે તેને
બિ-ઝિમામુહા.	તેની નાથ સાથે.

એટલે મારી ઊંટણી ફલાણી ઘાટીમાં આવેલા એક ઝાડ સાથે, તેની નાથ ભેરવાઇ ગઇ હોવાથી ત્યાં જ અટકી પડી છે. એજ વેળા કેટલાક મુસલમાનો ત્યાં ગયા. જોયું તો ઊંટણી એજ ઘાટીમાં એક ઝાડ પાસે ઊભેલી હતી. તેની નાથ ઝાડની ડાળીમાં ભેરવાયેલી હતી, જેના ગૈબી સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ આપ્યા હતા. સહાબા ઝાડની ડાળીમાંથી તેની નાથ છોડાવીને તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં લઇ આવ્યા.

મુનાફિકનું મરણ અને વંટોળિયાનું તોફાન————ઇબ્ને ઇસ્હાક કહે છે : યહૂદીઓના ધર્મગુરૂઓમાંથી (૫) રાફિઅ બિન હુરૈમલા પણ મુનાફિક હતો. મને મળેલી જાણકારી મુજબ જ્યારે રાફિઅ બિન હુરૈમલા મરી ગયો તો એના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "મુનાફિકોના ટોળાના મુખીઓમાંથી એક મોટો મુખી આજે મરી ગયો."

(૬) અને રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત પણ મુનાફિક હતો. આ તે શખ્સ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે બનૂ મુસ્તલિકના યુધ્ધથી મદીનાહ પાછા પધાર્યા તો એવું પ્રચંડ વાવાઝોડું ફૂંકાયું કે મુસલમાન લોકો ભયભિત થઇ ગયા. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : "તમારે ડરવાની જરૂર નથી. આ વાવાઝોડું તો કાફિરોના મોટા ગુરૂઓમાંથી એક ગુરૂના મરણ માટે ફુંકાય રહ્યું છે."

પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે સફર કરીને મદીનહ પધાર્યા તો રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત વિષે માલૂમ પડયું કે જે દિવસે વાવાઝોડું ફૂંકાયું તેજ દિવસે એ મરી ગયો હતો.

(૭) અને સિલસિલઃ બિન બરહામ તથા (૮) કિનાનહ બિન સૂરીયા પણ મુનાફિક હતા. આ બંને મુનાફિકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં આવતા હતા. મુસલમાનોની વાતો સાંભળતા હતા. પીઠ પાછળ તેઓની ગીબતો અને મશ્કરીઓ કરતા હતા. અને ઇસ્લામનો ઠઠ્ઠો ઉડાવતા હતા.

મસ્જિદમાંથી મુનાફિકોની હકાલપટ્ટી————એક દિવસે મુનાફિકોની ટોળકીના કેટલાક સભ્યો મસ્જિદે નબવીમાં ટોળું વળીને બેસી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પધાર્યા તો જોયું કે તેઓ એકમેકને વળગીને આપસમાં ગુસપુસ કરી રહ્યા છે. આપે તેઓને મસ્જિદમાંથી હાંકી કાઢવાનો હુકમ ફરમાવ્યો. તરત જ હઝરત અબૂ ઐયૂબ ખાલિદ બિન ઝૈદ અન્સારી ઝડપથી તેઓ તરફ ધસી ગયા અને બનૂ ગનમ બિન માલિક બિન નજ્જારવાળા મુનાફિક અમ્ર બિન કૈસના ટાંટિયા ઝાલીને તેને ઘસીટતા મસ્જિદની બહાર મૂકી આવ્યા અને મુનાફિક કહેતો જ રહી ગયો કે, "હે અબૂ ઐયૂબ ! શું તું મને બની સઅલબહનાં ઊંટ-બકરાં અને ઢોરો બાંધવાની કોઢમાંથી કાઢી મૂકે છે ![1] "અમ્ર બિન કૈસ તે મુનાફિક હતો જે જાહિલિયતના જમાનામાં મુશરિકોની મૂર્તિઓની પૂજા કરતો હતો.

તેને ખદેડવા પછી હઝરત અબૂ ઐયૂબ ઝપાટાભેર પાછા આવીને બની નજ્જારવાળા રાફિઅ બિન વદીઅહ તરફ ધાયા. તેની ગળચી પર પડેલી ચાદરનો છેડો ઝાલીને તેને ખૂબ ઝંઝેડયો. એક તમાચો તેના ગાલ પર ચોઢયો અને મસ્જિદમાંથી તેને બહાર કાઢતાં બોલ્યા, હે ખબીસ મુનાફિક ! તુફ છે તુજ પર ! દૂર થા રસૂલુલ્લાહ

૧. એટલે મસ્જિદે-નબવીને એણે ઢોરો બાંધવાની કોઢ સાથે સરખાવી. "હ"

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદથી અને પોતાના રસ્તો માપ અહીંથી !"

બીજી તરફ હઝરત ઉમારહ બિન હઝમ નામના સહાબી ઝૈદ બિન અમ્ર નામે મુનાફિક પર ત્રાટક્યા. ઝૈદ બિન અમ્ર લાંબી દાઢીવાળો મુનાફિક હતો. હઝરત ઉમારહએ તેને દાઢીથી પકડી લીધો અને જોરથી ઘસીટતા મસ્જિદથી બહાર લઈ ગયા અને એવો જોરદાર ઠોંસો તેને માર્યો કે તે ભોંય પર પછડાઈ પડ્યો. તે બોલ્યો, "હે ઉમારહ ! તેં તો મને ખોખરો જ કરી નાખ્યો ! "હઝરત ઉમારહએ તેને કહ્યું, "હે મુનાફિક ! અલ્લાહ તને ગારત કરે ! તારા માટે અલ્લાહએ આખેરતમાં જે અઝાબ તૈયાર રાખ્યો છે તે આથી યે આકરો છે. ખબરદાર હવે પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં આવ્યો તો !"

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ નજ્જારના અબૂ મુહંમદ નામે એક બદ્રી સહાબી હતા. મૂળ નામ એમનું હઝરત મસઊદ બિન ઔસ હતું. તેઓ કૈસ બિન અમ્ર બિન સહલ નામે મુનાફિક તરફ ધસી ગયા. એ ઊગતી વયનો જુવાનિયો હતો. મુનાફિકોમાં એના સિવાય મારી જાણ મુજબ ઊગતી વયનો બીજો કોઈ છોકરો ન હતો. અબૂ મુહંમદે આ જુવાનિયાની ગળચી પકડી લીધી અને તેને હડસેલા મારતા મસ્જિદથી બહાર મૂકી આવ્યા.

પલીદ અને નાપાક મુનાફિક————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે મુનાફિકોને મસ્જિદમાંથી બહાર કાઢવાનો હુકમ ફરમાવ્યો તો મશહૂર સહાબી હઝરત અબૂ સઈદ ખુદરીના ખુદરહ કબીલાના એક મુસલમાન જેમનું નામ હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ હતું, તેઓ હારિસ બિન અમ્ર નામે મુનાફિક તરફ ધસી ગયા. એ લાંબા ઝુલફાંવાળો મુનાફિક હતો. હઝરત અબ્દુલ્લાહએ તેનાં પટિયાં પકડી લીધાં અને જમીન પર જોરથી ઘસીટતા તેને મસ્જિદથી બહાર મૂકી આવ્યા. તે ચિલ્લાતો રહી ગયો કે, "હે અબ્દુલ્લાહ! આટલી બધી કરડાકી તો કંઈ હોય !"અબ્દુલ્લાહ બોલ્યા, "હે અલ્લાહના દુશ્મન ! તું એજ લાયક છે, અલ્લાહએ તારા વિષે એવો જ હુકમ ઉતાર્યો છે. હવે પછી ખબરદાર મસ્જિદમાં આવવું નહિ. તું પલીદ અને નાપાક છે !"

બનૂ અમ્ર બિન ઔફના એક મુસલમાન ગૃહસ્થ પોતના ભાઈ ઝવી બિન હારિસ પર ઝપટયા. બળપૂર્વક તેનું બાવડું ઝાલીને તેને મસ્જિદથી બહાર કાઢયો અને તેના પ્રત્યે ધિક્કાર દર્શાવતાં બોલ્યા, "તારા માથે શયતાન ચઢી બેઠો છે અને તું શયતાનનો ચેલો બની ગયો છે !"

સારાંશ કે તે દિવસે આટલા મુનાફિકો મસ્જિદમાં બેસીને ગપાટા મારતા હતા અને એક બીજાને વળગીને આપસમાં ગુસપુસ કરતા હતા. એ બધાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મસ્જિદથી બહાર કાઢી મૂકવાનો હુકમ ફરમાવ્યો હતો.

મુનાફિકો વિષે એક સો જેટલી આયતો————યહૂદી આલિમો અને ધર્મગુરૂઓ ઉપરાંત ઔસ તથા ખઝરજના મૂર્તિપૂજકોમાંથી જે લોકો જાહેરી રીતે ઈસ્લામ સ્વીકારીને મુનાફિક બની ગયા હતા, એ બધા માટે અલ્લાહ તઆલાએ કુર્આનની શરૂઆતની સૂરએ-બકરહમાં એકસો જેટલી આયતો નાઝિલ ફરમાવી છે.

(નોટ : અહીં અલ્લામા ઈબ્ને હિશામે મુનાફિકો વિષે ઊતરેલી એ બધી આયતો બહુ વિગતથી ટાંકેલી છે. એના ત્રણેક પ્રકરણોના પૂરા ૧૮ પાના અમે છોડી દીધાં છે વાંચકોને વિનંતી છે કે કુર્આને મજીદના પહેલા પારાની તફસીરમાં એની વિગતો જોઈ લે. "હ")

પ્રકરણ ૮૨

રસૂલુલ્લાહ (સલ.)ને યહૂદી પાદરીઓના સવાલો

યહૂદી પાદરીઓના ચાર સવાલો • પહેલો સવાલ : નર કેમ નારી કેમ ? • બીજો સવાલઃ આખેરી નબીની નિશાની • ત્રીજો સવાલ : યઅકૂબ પયગમ્બરના સોગંદ • ચોથો સવાલઃ રૂહ એટલે જિબ્રીલ વિષે • પયગમ્બર પર જાદૂગરનો આક્ષેપ.

યહૂદી પાદરીઓના ચાર સવાલો————————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાન બિન અબી હુસૈન મક્કીએ શહર બિન હવશબ અશઅરીના મુખે સાંભળેલી હદીસ કહી સંભળાવી કે, એક વેળા કેટલાક યહૂદી પાદરીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને બોલ્યા, "હે મુહંમદ ! અમ તમને ચાર સવાલો પૂછીએ છીએ. ખરા જવાબો આપશો તો અમે તમને સાચા માની લઈશું અને કલિમો પઢીને મુસલમાન બની જઈશું."

આપે ફરમાવ્યું, "શું તમે અલ્લાહને વચન આપો છો કે હું ખરા જવાબો આપું તો તમે મને સાચો માની લેશો અને મુજ પર ઈમાન લઈ આવશો ?"

તેઓ બોલ્યા, "હા બેશક જરૂર !"

આપે ફરમાવ્યું, "ફસ્અલૂ અમ્મા બદા લકુમ." વારૂ તમને વાજબી લાગે તે વાત પૂછી લો.

પહેલો સવાલ : નર કેમ નારી કેમ ?————તેઓ બોલ્યા, "ત્યારે બતાવો બાળક તેની માતા જેવું શું કારણે જન્મે છે ? જ્યારે કે નુત્ફો તો બાપનો હોય છે."

આપે ફરમાવ્યું :

નશુદુકુમ બિલ્લાહિ	હું તમને અલ્લાહના સોગંદ આપું છું
વ બિ-ઐયામિહી	અને તે નેઅમતોના સોગંદ આપું છું;
ઇન્દ બની ઇસરાઈલ.	જે તેણે બની ઇસરાઈલને આપી હતી.

હલ તઅ-લમૂન	શું તમને આ વાતનું જ્ઞાન છે કે
અન્ન નુત્ફતર રજુલિ	પુરૂષનું વીર્ય
બયદાઉ ગલીઝતુન	સફેદ તથા ઘટ્ટ હોય છે,
વ નુત્ફતલ-મરઅતિ	અને સ્ત્રીનું વીર્ય
સફરાઉ રકીકતુન.	પીળું તથા પાતળું હોય છે.
ફઅય-યતુહુમા ગલબત સાહિબતહા	એ બેમાંથી જે બીજા પર વર્ચસ મેળવી લે
કાના લહુશ-શબહુ.	બાળક તેના જ જેવું રૂપ લઇ લે છે.

પાદરીઓ બોલ્યા, "હે અલ્લાહ ! બિલકુલ સાચું છે !"

બીજો સવાલ : આખેરી નબીની નિશાની——————પછી તેઓએ પૂછયું, "વારૂ તવરાતમાં જે પયગમ્બરની પધરામણીની આગાહી કરવામાં આવી છે તેની ખાસ નિશાની શું છે ?"

આપે ફરમાવ્યું :

અન્શુદુ-કુમ બિલ્લાહિ	હું તમને અલ્લાહના સોગંદ આપું છું
વ બિ-ઐયામિહી,	અને તે નેઅમતોના સોગંદ આપું છું જે તેણે
ઈન્દ બની ઈસરાઈલ.	બની ઈસરાઈલને આપી હતી.
હલ તઅ-લમૂન	શું તમને આ વાતની ખબર છે કે,
અન્ન નવમલ-લઝી	તે શખ્સની ઊંઘ———કે જેના વિષે
તઝઉમૂન અન્ની લસ્તુ બિહી	તમારી ધારણા છે કે તે હું નથી———એવી છે કે,
તનામુ અયનાહુ	તેની આંખો ઊંઘે છે
વ કલબુહૂ યકઝાનુ.	પણ તેનું દિલ જાગતું રહે છે. [૧]

યહૂદી પાદરીઓ બોલ્યા, "હે અલ્લાહ ! બિલકુલ સાચી વાત છે !"

આપે ફરમાવ્યું :

ફ-કઝાલિક નવમી	ત્યારે મારી ઊંઘ પણ એવી જ છે———
તનામુ અયની	———મારી આંખો ઊંઘે છે.
વ કલ્બી યકઝાનુ.	પણ મારૂં દિલ જાગતું રહે છે.

ત્રીજો સવાલ : યઅકૂબ પયગમ્બરના સોગંદ——————તેઓએ ત્રીજો સવાલ કર્યો, "વારૂ અમને તે વસ્તુઓની બાતમી આપો જેને ઈસરાઈલ એટલે અલ્લાહના પયગમ્બર હઝરત યઅકૂબ અલૈહિસ-સલામએ

૧. યહૂદીઓની આકાશી કિતાબ તવરાતમાં આખેરી પયગમ્બરની એક નિશાની એવી પણ દર્શાવી છે કે, એ નબીની આંખો ઊંઘતી રહેશે પણ દિલ જાગતું રહેશે. યહૂદી ધર્મગુરૂઓને આ નિશાનીની ચોકકસ ખબર હતી જેથી તેઓએ આ સવાલ કર્યો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેનો સાચો જવાબ પણ આપી દીધો. છતાં તેઓ એવો ડોળ કરતા રહ્યા કે તે આ પયગમ્બર નથી. "હ"

પોતાની જત માટે હરામ ઠરાવી લીધી હતી !"

આપે ફરમાવ્યું :

અન્શુદુ-કુમ બિલ્લાહિ	હું તમને અલ્લાહના સોગંદ આપું છું
વ બિ-ઐયામિહી,	અને તે નેઅમતોના સોગંદ આપું છું જે તેણે
ઇન્દ બની ઇસરાઇલ.	બની ઇસરાઇલને આપી હતી.
હલ તઅ-લમૂન	શું તમે આ વાત જાણો છો કે
અન્નહુ કાના અહબ્બુત-	તેને (ઇસરાઇલને) સૌથી વધુ પસંદ
તઆમ વશ-શરાબ ઇલૈહિ	ખાણીપીણીની વસ્તુઓમાં
અલબાનુલ-ઇબિલિ વ લુહૂમુહા	ઊંટણીઓનું દૂધ અને તેનું માંસ હતું,
વ-અન્નહૂ ઇશ્તકય શકાઅ	અને તેઓ એક બીમારીમાં સપડાઇ ગયા
ફ-આફા-હુલ્લાહુ મિન્હા.	પછી અલ્લાહએ તેમાંથી તેમને સારા કરી દીધા.
ફ-હર્રમ અલા નફસિહી	તો હરામ કરી લીધી તેમણે પોતાની જત માટે
અહબ્બુત-તઆમિ વશ્શરાબ ઇલૈહિ	ખાવાપીવાની ચીજોમાંથી સૌથી વધુ મન પસંદ ચીજો
શુકરન લિલ્લાહિ.	અલ્લાહના આભાર તરીકે;
લુહૂમલ ઇબિલિ વ અલ્બાનિહા.	(એ ચીજો હતી) ઊંટણીનું માંસ અને દૂધ. [૧]

યહૂદી પાદરીઓ બોલ્યા, "હે અલ્લાહ ! બિલકુલ ખરો જવાબ છે !"

ચોથો સવાલ : રૂહ એટલે જિબ્રીલ વિષે————યહૂદી આલિમોએ ચોથો સવાલ કર્યો, "વારૂ અમને રૂહ વિષે કંઇ માહિતી આપો."જવાબમાં આપે ફરમાવ્યું :

અન્શુદુ કુમ બિલ્લાહિ	હું તમને અલ્લાહના સોગંદ આપું છું
વ બિ-ઐયામિહી,	અને તે નેઅમતોના સોગંદ આપું છું જે તેણે
ઇન્દ બની ઇસરાઇલ.	બની ઇસરાઇલને આપી હતી.
હલ તઅ-લમૂનહૂ જિબ્રીલ.	તમે તેને જાણો છો કે તે જિબ્રીલ છે.
વ હુવલ-લઝી યઅતિ-યની	અને એજ તે ફરિશ્તો છે જે મારી પાસે આવે છે.

યહૂદી પાદરીઓ બોલ્યા, "હે અલ્લાહ ! બિલકુલ સાચો જવાબ છે પણ હે મુહંમદ ! એ જિબ્રીલ તો અમારો દુશ્મન છે. એજ તે ફરિશ્તો છે જે તરહ તરહના અઝાબો, આફતો અને ખૂનરેઝીઓ લાવતો રહે

૧. અલ્લાહના પયગમ્બર હઝરત યઅકૂબ અલૈહિસ-સલામનું બીજું નામ ઇસરાઇલ હતું. યહૂદીઓ એમની જ અવલાદ હોવાથી બની ઇસરાઇલ એટલે ઇસરાઇલની અવલાદ કહેવાયા. એક વેળા હઝરત યઅકૂબ (અલૈ.) બીમાર પડયા તો માનતા લીધી કે અલ્લાહ મને આ બીમારીથી શિફા આપશે તો ખાણીપીણીમાંથી મારી મનપસંદ વાનગીઓનો ત્યાગ કરી દઇશ. અલ્લાહએ આપને શિફા આપી દીધી તો આપે ઊંટનું માંસ અને દૂધ છોડી દીધું. એજ આપની મનપસંદ વાનગી હતી. એનું બયાન ચોથા પારાની શરૂઆતની બીજી આયતમાં થયું છે :" ઇલ્લા મા હર્રમ ઇસ્રાઇલ.... "હ"

છે. આમ ન હોત તો જરૂર અમે તમારૂં અનુકરણ કરત !''

રાવી કહે છે : અલ્લાહ તઆલાએ એ યહૂદી ધર્મગુરૂઓના જવાબમાં આ આયતો ઉતારી : કુલ મન કાના અદુવ-વલ-લિ-જિબ્રીલ....

> ''કહી દો હે નબી ! જે માણસ જિબ્રીલનો દુશ્મન હોય (તો તેની એ ખોટી દુશ્મની છે) કેમકે તેણે જ ઉતાર્યું છે આ કુર્આન તમારા દિલ પર અલ્લાહના હુકમથી; જે સમર્થન કરનારૂં છે આથી પહેલાંની આકાશી કિતાબોનું, જેમાં હિદાયત અને વધામણી છે મુસલમાનો માટે.'' (બકરહ આયત ૯૭)

પયગમ્બર પર જાદૂગરનો આક્ષેપ——————એજ આયતમાં આગળ જતાં અલ્લાહના પયગમ્બર હઝરત સુલૈમાન (અલૈ.)નું બયાન આવેલું છે. જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ યહૂદીઓ આગળ હઝરત સુલૈમાન (અલૈ.)નું વર્ણન કર્યું તો અમુક પાદરીઓ પોતાના સાથીઓને કહેવા લાગ્યા, ''શું તમને મુહંમદની વાતોથી તઅજ્જુબ નથી થતો ? એમનો તો દાવો છે કે સુલૈમાન બિન દાવૂદ પયગમ્બર હતા જ્યારે કે સુલૈમાન તો ફકત એ જાદૂગર હતો.'' જવાબમાં અલ્લાહ તઆલાએ આયત ઉતારી :

વમા ક-ફ-ર સુલયમાનુ	અને સુલૈમાને કદી કુફ્રનું કામ નહિ કર્યું
વલાકિન-નશ-શયાતીન કફરૂ.	બલકે શયતાનો કુફ્રનું (જાદૂનું) કામ કરતા હતા
યુઅલ-લિમૂ-નન-નાસસ-સિહ્ર.	અને લોકોને પણ જાદૂ શીખાડતા હતા.

Maktabe Ashraf

પ્રકરણ ૮૩

યહૂદ અને નસારાના આપસના ઝગડા

ખૈબરના યહૂદીઓના નામે મુબારક કાગળ • ઇસ્લામના કટ્ટર દુશ્મનો • યહૂદના ધર્મગુરૂઓની ગુલાંટ • ઇમાનને બદલે કુફ્રની કમાણી • યહૂદી કૌમમાંથી કટ્ટર દુશ્મનો • યહૂદ અને નસારાનો ઝગડો • અલ્લાહની શાનમાં યહૂદીની ગુસ્તાખી • યહૂદી અને ખ્રિસ્તી બની જવાનું આમંત્રણ

ખૈબરના યહૂદીઓના નામે મુબારક કાગળ

ઇબ્ને ઇસ્હાક કહે છે : આલે-ઝૈદ બિન સાબિતના આઝાદ ગુલામે ઇકરિમહ અથવા સઇદ બિન જુબૈરથી રિવાયત કરી અને તેમણે હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુના મુખેથી આ રિવાયત સાંભળી. હઝરત ઇબ્ને અબ્બાસનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખૈબરના યહૂદીઓના નામે એક કાગળ લખીને મોકલાવી આપ્યો. એમાં આપે યહૂદીઓનો લખી જણાવ્યું કે :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના નામથી શરૂ જે રહમાન અને રહીમ છે

" આ કાગળ અલ્લાહના રસૂલ મુહમંદ તરફથી છે જેઓ મૂસાના દોસ્ત અને ભાઇ છે અને સમર્થન કરનારા છે તે કિતાબનું જેને મૂસા લઇને આવ્યા હતા.

હે અહલે-તવરાતની જમાઅત ! સાંભળી લો કે બેશક અલ્લાહ તઆલાએ તમને ફરમાવ્યું છે અને અલ્લાહ તઆલાની એ વાત તમારી તવરાતમાં પણ લખેલી છે કે : "મુહંમદ અલ્લાહના રસૂલ છે અને જે લોકો મુહંમદની સાથે છે તેઓ કુફ્ફાર પર બહુ આકરા છે પરંતુ આપસમાં તેઓ એકબીજા પર માયાળુ, મમતાળુ, મહેરબાન છે. તમે તેઓને રૂકુઅ કરનારા અને સિજદા કરનારા જોશો. તમે તેઓને અલ્લાહની કૃપા યાચનારા અને અલ્લાહની રઝામંદી તલબ કરનારા જોશો. સિજદાઓની અસરથી તેઓની નિશાની તમે તેઓના ચહેરાઓ પર જોશો. [૧]

"તેઓના આ દાખલો તવરાતમાં પણ લખેલો છે અને તેઓનો આ દાખલો ઇન્જીલમાં

૧. જે લોકો મુહંમદની સાથે છે.....એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના સહાબા. માનવંતા સહાબાની આ ખૂબીઓ અને સંસ્કારો સૂરએ-ફત્હના છેલ્લા રૂકૂઅમાં દર્શાવવામાં આવી છે. "ઇ"

પણ લખેલો છે. આ દાખલો એક ખેતી જેવો છે જેના દાણાએ ફણગો કાઢયો પછી તે ડું બનીને નક્કર થઈ ગયો પછી તે પોતાના મૂળિયાં પર ઊભો થઈને ટટાર થઈ ગયો. ખેડૂતોને એ હયરતમાં નાખી દે છે. (એજ મુજબ ઇસ્લામને અને મુસલમાનોને ધીરે ધીરે પ્રગતિને પંથે ચઢાવીને બળવાન બનાવી દીધા) કે જેથી કાફિરો પોતાનો જીવ બાળતા રહે અથવ. ગુસ્સામાં વળ ખાતા રહે.

"આ અલ્લાહનું વચન છે ઇમાનવાળાઓ માટે અને જેઓએ નેક કામો કર્યા તેઓ માટે માફી છે, અજરે-અઝીમ છે.

"હે અહલે-તવરાતની જમાઅત ! હું તમને સોગંદ આપું છું અલ્લાહના અને તે કિતાબના જે તમારા માટે ઉતારવામાં આવી છે, અને હું તમને સોગંદ આપું છું તે અલ્લાહના જેણે ખવાડયા "મન્ન" અને "સલવા" તમારા તે કબીલાઓને જે તમારાથી પહેલાં થઈ ગયા છે, અને હું તમને સોગંદ આપું છું તે અલ્લાહના જેણે સૂકવી નાખ્યો સમુદ્રને તમારા પૂર્વજો માટે એટલી હદે કે. અલ્લાહએ તેઓને તેમાંથી પાર ઉતારી દીધા અને ફિરઔનના ત્રાસો તથા તેના કરતૂતોથી તેઓને છુટકારો અપાવી દીધો.

"હવે તમે મને ખબર આપો કે જે કિતાબ અલ્લાહએ તમારા માટે ઉતારી છે, શું તેમાં લખેલું નથી કે તમે મુહંમદ પર ઇમાન લઈ આવો ?

હવે જો તમે એમ કહો કે એ વાત અમારી કિતાબમાં લખેલી જોવામાં નથી આવતી, ત્યારે તો તમારી ઉપર કોઈ જાતનું દબાણ નથી કેમકે હિદાયતનો રસ્તો ગુમરાહીથી અલગ થઈ ચૂકયો છે. માટે હું તમને અલ્લાહ અને તેના રસૂલ તરફ વળી જવાનું આમંત્રણ આપું છું."

ઇસ્લામના કટ્ટર દુશ્મનો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : પવિત્ર કુર્આનની કેટલીક આયતો યહૂદીઓના એવા ધર્મગુરૂઓ અને કાફિરો વિષે ઉતારવામાં આવી જેઓ રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાતજાતના સવાલો એટલા માટે પૂછતા હતા કે આપના માર્ગમાં અડચણો ઊભી કરે અને સત્યને અસત્ય સાથે ભેળસેળ કરી દે અને આકાશી સચ્ચાઈને શંકાશીલ બનાવી દે. એવા મુનાફિકો અને કાફિરોમાંથી એક અબૂ યાસિર બિન અખ્તબ નામે યહૂદી ધર્મગુરૂ હતો.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ બિન રુઆબની રિવાયત મુજબ મને એવી માહિતી મળી કે, એક વેળા અબૂ યાસિર બિન અખતબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાસેથી પસાર થયો. તે વેળા આપ સૂરએ-બકરહની શરૂઆતની આયતો : "અલિફ લામ મીમ ઝાલિકલ-કિતાબુ લા-રૈબ ફીહ"ની તિલાવત કરતા હતા. આ આયતો સાંભળીને અબૂ યાસિર પોતાના સાથીઓ સાથે પોતાના ભાઈ હુય બિન અખ્તબ પાસે દોડી ગયો અને બોલ્યો, "સાંભળો ભાઈ સાહેબ ! વલ્લાહ મેં મુહંમદને કુર્આનમાંથી, અલિફ લામ મીમ ઝાલિકલ-કિતાબનું વાચન કરતા સાંભળ્યા છે."

તેણે પૂછ્યું, "શું તેં પોતાના કાને સાંભળ્યું છે ?"

અબૂ યાસિર બોલ્યો, "હા હું મારા કાને સાંભળીને આવ્યો છું."

એજ વેળા હુય્ય બિન અખ્તબ પોતાની મિત્રમંડળી સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પાસે ગયો અને બોલ્યો, "હે મુહંમદ ! અમે સાંભળ્યું છે કે તમે, તમારા ઉપર ઊતરેલા કુર્આનમાંથી અલિફ લામ મીમનું વાંચન કરો છો ?"

આપે ફરમાવ્યું, "હા હું એનું વાંચન કરૂં છું."

તે બોલ્યો, "શું એને જિબ્રીલ અલ્લાહ પાસેથી તમારી પાસે લાવ્યા છે ?"

આપે ફરમાવ્યું, "હા જિબ્રીલ લાવ્યા છે."

તે બોલ્યો, "હે મુહંમદ ! તમારાથી પહેલાં જેટલા પયગમ્બરો આવ્યા એ બધાએ આ જગત પર કેટલી મુદ્દત રાજ કર્યું અને તેઓ પછી તેઓના અનુયાયીઓએ કેટલી મુદ્દત રાજ ભોગવ્યું તેની તો અમને ખબર છે પણ તમે અને તમારા અનુયાયીઓ આ જગત પર કેટલી મુદ્દત રાજ ભોગવશો તેની અમને ખબર નથી."

એ પછી હુય્ય બિન અખ્તબ પોતાના સાથીઓ તરફ મુખ કરીને કહેવા લાગ્યો, "જુઓ, સાંભળો. અલિફની સંખ્યા એક, લામની સંખ્યા ૩૦, અને મીમની સંખ્યા ૪૦ છે. એનો સરવાળો ૭૧ વરસ થાય છે." આમ કહીને તેણે યહૂદીઓને પૂછ્યું, "શું તમે લોકો એવા ધર્મમાં દાખલ થવાનું પસંદ કરશો જેની હુકૂમતની મુદ્દત ફક્ત ૭૧ વરસના ટૂંકાગાળા જેટલી હોય ?"

પછી તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂછ્યું, "હે મુહંમદ ! શું અલિફ, લામ, મીમની સાથે બીજું પણ કંઈ છે ?"

આપે ફરમાવ્યું, "હા અલિફ, લામ, મીમ, સ્વાદ છે."

હુય્ય બોલ્યો, "વલ્લાહ! એ તો બહુ ભારે અને લાંબું છે. જુઓ, અલિફની સંખ્યા એક, લામની સંખ્યા ૩૦, મીમની સંખ્યા ૪૦ અને સ્વાદની સંખ્યા ૯૦ અને સરવાળો ૧૬૧ વરસ થયાં. હે મુહંમદ ! એની સાથે બીજું પણ કંઈ છે ?"

આપે ફરમાવ્યું, "હા અલિફ, લામ, રા."

હુય્ય બોલ્યો, "લ્યો આ તો ઓર ભી ભારે અને લાંબુ છે. જુઓ અલિફના એક, લામના ૩૦ અને રા ના ૨૦૦ એનો સરવાળો થયો ૨૩૧ વરસ. વારૂ હે મુહંમદ ! એની સાથે બીજું પણ કંઈ છે ?"

આપે ફરમાવ્યું, "હા અલિફ, લામ, મીમ, રા."

હુય્ય બોલ્યો, "એ તો તેથીયે વધુ ભારે અને લાંબુલચ છે. જુઓ, અલિફના એક, લામના ૩૦ મીમના ૪૦ અને રાના ૨૦૦ એનો સરવાળો ૨૭૧ વરસ. હે મુહંમદ ! હવે તો તમારો અને અમારો મામલો ગૂંચવાઈને એકદમ શંકાશીલ બની ગયો. પત્તો જ લાગતો નથી કે તમે કેટલી મુદ્દત રાજસત્તા ભોગવવાના છો ?"

આમ કહેતાં બધા યહૂદીઓ હડબડાટ કરતા ઊભા થઈ ગયા. જતાં જતાં અબૂ યાસિરે યહૂદીઓને કહ્યું, "મારા ભાઈએ જે આંકડા ગણી બતાવ્યા એનો કુલ્લે સરવાળો ૭ સો ૩૪ વરસ થાય છે. તમને શું ખબર? કદાચ આ બધાં વરસો અલ્લાહએ મુહંમદના ખાતે જ જમા કરાવી દીધાં હોય ? પણ આટલું ચોક્કસ કે આપણા માટે અમનો મામલો શંકાશીલ બની ગયો છે."

Maktabe Ashraf

દીનના જાણકારોનું માનવું છે કે એજ યહૂદી આલિમોના મામલા અંગે આ આયતો ઉતારવામાં આવી છે : "મિન્હુ આયાતુમ મુહ-કમાતુન હુન્ન ઉમ્મુલ-કિતાબિ વ ઉખરુ મુતશા-બિહાત"....એટલે આ કિતાબની કેટલીક આયતો "મુહ-કમાત" છે અને એજ આયતો કિતાબનો પાયો કે તેના મૂળ છે અને બીજી આયતો "મુતશા-બિહાત" છે.[૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : દીનના જાણકારો તરફથી મને મળેલી માહિતી મુજબ આ આયત નજરાનના ખ્રિસ્તીઓ વિષે ઊતરેલી છે જેઓ હઝરત ઈસા (અલૈ.) સંબંધી સવાલ પૂછવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા હતા. પરંતુ મુહંમદ બિન અબૂ ઉમામહ નામે વિદ્વાને મને કહ્યું કે તેમના સાંભળવા મુજબ એ આયતો યહૂદીઓના જ એક જૂથ વિષે ઊતરેલી છે. એમાં ખરૂંખોટું શું તે અલ્લાહ બેહતર જાણે !

યહૂદના ધર્મગુરૂઓની ગુલાંટ————હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળવા પહેલાં, યહૂદીઓ ઓસ અને ખઝરજના મૂર્તિપૂજકો પર ફતેહ મેળવવા માટે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વસીલાથી, અલ્લાહના દરબારમાં દુઆઓ માગ્યા કરતા હતા. પરંતુ જ્યારે અલ્લાહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મક્કહમાં પોતાના પયગમ્બર તરીકે જાહેર કર્યા તો એજ યહૂદીઓએ ગુલાંટ મારીને કુફ્રનો રાહ ગ્રહણ કરી લીધો અને આપની પયગમ્બરીનો ઇન્કાર કરી બેઠા અને પોતાની વાતોથી પાછા ફરી ગયા. ત્યારે હઝરત મુઆઝ બિન જબલે તથા હઝરત બિશ્ર બિન બરાઅ બિન મઅરૂરે તેઓને કહ્યું,

"હે યહૂદીઓ ! અલ્લાહથી ડરો અને ઇસ્લામ કબૂલ કરી લો, કેમકે અમે મૂર્તિપૂજક હતા ત્યારે તમે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વસીલાથી અમારી ઉપર ફતેહ મેળવવાની દુઆઓ માગતા હતા. તમે વારંવાર અમને કહેતા હતા કે આખેરી યુગના પયગમ્બરની પધરામણીનો સમય આવી લાગ્યો છે. સાથે-સાથે તમે એ પયગમ્બરના સંસ્કારો અને ખૂબીઓ પણ અમને દર્શાવતા હતા. હવે એ પયગમ્બર આવી ગયા તો તમે પોતાની વાતોથી ફરી કેમ ગયા ?"

જવાબમાં બનૂ નદીરવાળા સલ્લામ બિન મિશ્કમ નામે યહૂદી પાદરીએ કહ્યું, "મુહંમદ પાસે અમારી જાણકારી મુજબની કોઇ નિશાની છે જ નથી અને એ તે પયગમબર નથી જેનું વર્ણન અમે તમારી આગળ કરતા હતા." એમના વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

વ લમ્મા જાઅહુમ	અને જ્યારે આવી લાગી તેઓની પાસે;
કિતાબુમ મિન ઇન્દિલ-લાહિ	કિતાબ અલ્લાહ તરફથી;
મુસદ-દિકુલ-લિમા મઅહુમ	જે તેઓની પાસેની વસ્તુનું સમર્થન કરનારી છે.
વકાનૂ મિન કબ્લુ યસ-તફ-તિહૂન	અને આથી પહેલાં તેઓ ફતેહની દુઆઓ માગતા હતા
અલલ-લઝીન કફરૂ.	એવા લોકો પર જેઓ કાફિર હતા.

૧. મુહ-કમાત : કુર્આનની એવી આયતો જેના શબ્દોનો અર્થ સ્પષ્ટ, નક્કર અને સરળ હોય, તેનો ભાવાર્થ નક્કી કરવામાં કોઇ દલીલ કે અર્થઘટનની જરૂર ન પડે. મુતશા-બિહાત : એવી આયતો જે વિશાળ અર્થી અને રહસ્યપૂર્ણ હોય. જેના ચોક્કસ અર્થ કે ભાવાર્થ નક્કી કરવાનું આસાન ન હોય, જેના રહસ્યોના ઉકેલ માટે કુર્આન અને હદીસની હદમાં રહીને તેનું અર્થઘટન કરવું પડે. અને તેના અર્થો કે રહસ્યો દીનના આલિમો, મુફતીઓ અને મોલવીઓ જ નક્કી કરી શકે. સામાન્ય માણસ નક્કી કરશે તો પોતે ગુમરાહ થશે. બીજાઓને પણ ગુમરાહ કરશે. "હ"

Maktabe Ashraf

ફલમ્મા જાઅહુમ	પછી જ્યારે આવી લાગી તેઓની પાસે તે વસ્તુ;
મા અરફૂ કફરૂ બિહી	જેને તેઓ ઓળખી ગયા તો તેનો ઈન્કાર કરી બેઠા.
ફ-લઅનતુલ-લાહિ અલલ-કાફિરીન.	તો અલ્લાહની લઅનત હો કાફિરો પર ! [૧]

અબૂ સલૂબા ફિત્યૂની નામના યહૂદીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, ''હે મુહંમદ! જેનું અમને જ્ઞાન હોય એવી કોઈ વસ્તુ લઈને તમે અમારી પાસે આવ્યા નથી. વળી અલ્લાહએ તમને કોઈ એવી નિશાની આપી નથી જેનું અમે અનુકરણ કરતે.'' એના બારામાં અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી:

વ-લકદ અન્ઝલ્ના ઈલૈક	હે નબી ! બેશક અમે ઉતારી છે તમારી તરફ
આયાતિમ બૈયિનાત	ચોખ્ખી-ખુલ્લી નિશાનીઓ.
વમા યકફુરુ બિહા	અને તેનો ઈન્કાર નથી કરતા;
ઈલ્લલ ફાસિકૂન	મગર પાપીઓ જ. (તેનો ઈન્કાર કરે છે.) [૨]

ઈમાનને બદલે કુફ્રની કમાણી ——————રાફિઅ બિન હુરૈમલા અને વહબ બિન ઝૈદ યહૂદીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, ''હે મુહંમદ ! તમે અમારા માટે આકાશથી કોઈ એવી કિતાબ લાવો જેને અમે વાંચી શકીએ અને અમારા માટે ધરતી પર નહેરો ચાલુ કરાવો તો અમે તમારી ઉપર ઈમાન લઈ આવીએ અને તમારી પયગમ્બરીનું સમર્થન કરીએ.'' એના જવાબમાં આ આયત ઊતરી :

અમ તુરીદૂન અન તસ્અલૂ રસૂલ-કૂમ	શું તમે ચાહો છો કે તમારા રસૂલને તેવા જ સવાલો પૂછો
કમા સુઈલા મૂસા મિન કબ્લ.	જેવા તમે પૂછયા હતા આથી પહેલા મૂસાને ?
વમંય યતબદ-દલિલ-કુફ્ર બિલ-ઈમાન	અને જેણે કુફ્ર સાથે ઈમાનને બદલી નાખ્યું
ફકદ દલ્લ સવાઅસ-સબીલ.	તો બેશક તે ભટકી ગયો સીધા રસ્તાથી. [૩]

યહૂદી કૌમમાંથી કટ્ટર દુશ્મનો ——————જ્યારે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી આપીને અરબના લોકો પર મહાન ઉપકાર કર્યો તો હસદખોર યહૂદીઓમાં હુય્ય બિન અખ્તબ અને તેનો ભાઈ અબૂ યાસિર સૌથી વધુ આકરા અને કટ્ટર હતા. લોકોને ઈસ્લામથી બહેકાવીને વટલાવી નાખવામાં બંને ભાઈઓ અગ્ર ભૂમિકા ભજવતા હતા. એમના વિષે આ આયત ઊતરી : વદ્દ કસીરુમ મિન અહલિલ-કિતાબિ લવ યરુદ-દૂનકુમ મિમ બઅદિ ઈમાનિકુમ....

> ''અહલે-કિતાબમાંથી ઘણા લોકો ઈચ્છા ધરાવતા હતા કે કાશ ! તમને પાછા ફેરવી નાખે ઈમાન લાવવા બાદ કુફ્ર તરફ, તેઓની અદેખાઈ કે હસદને કારણે, જ્યારે કે હક વાત તેઓની ઉપર જાહેર થઈ ચૂકી હતી. માટે એમને માફ કરી દો અને મુખ ફેરવી લો એમની તરફથી, ત્યાં સુધી કે અલ્લાહ પોતાના હુકમ મોકલી આપે. બેશક અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે '' [૪]

યહૂદ અને નસારાનો ઝગડો ——— —ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે નજરાનના ખ્રિસ્તીઓનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયું તો યહૂદી ધર્મગુરૂઓ પણ ત્યાં પહોંચી ગયા

૧. સૂરએ-બકરહ પા. ૧ આયત ૮૯ ૨. સૂ-બકરહ પા. ૧ આ. ૯૯
૩. સુરએ-બકરહ પા. ૧ આયત ૧૦૮ ૪ સૂ.બકરહ પા. ૧ આ. ૧૦૯

Maktabe Ashraf

અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે બંને પક્ષો ધર્મની બાબતમાં એકબીજા સાથે બાખડી પડ્યા. ત્યારે યહૂદી ધર્મગુરૂ રાફિઅ બિન હુરૈમલાએ ખ્રિસ્તીઓને કહ્યું, "તમે સાચા ધર્મ પર ચાલવાને બદલે ખોટા માર્ગે ભટકી ગયા છો." સાથે જ તેણે હઝરત ઈસા અલૈહિસ-સલામનો અને આકાશી કિતાબ ઈન્જીલનો ઈન્કાર કરી દીધો.

જવાબમાં નજરાનના ખ્રિસ્તીઓમાંથી એક પાદરીએ યહૂદીઓને કહ્યું, "તમે પોતે ઊલટા રસ્તે ચઢી ગયા છો."સાથે જ તેણે હઝરત મૂસા અલૈહિસ-સલામ અને આકાશી કિતાબ તવરાતનો ઈન્કાર કરી દીધો. અલ્લાહ તઆલાએ બંનેની બોલાબોલીની નકલ કરતાં કુર્આનમાં ફરમાવ્યું :

વ-કાલતિલ-યહૂદુ	અને યહૂદીઓ કહેવા લાગ્યા કે
લૈસતિન-નસારા અલા શૈઈંવ-	ખ્રિસ્તીઓ કોઇ સાચા ધર્મ પર નથી
-વ-કાલતિન-નસારા	ત્યારે ખ્રિસ્તીઓ બોલ્યા કે
લૈસતિલ-યહૂદુ અલા શૈઅ.	યહૂદીઓ કોઇ સત્ય માર્ગ પર નથી.
વહુમ યત્લૂ-નલ-કિતાબ.	હાલાં કે તેઓ (પોતપોતાની) કિતાબનું વાંચન કરે છે.
કઝાલિક કાલલ-લઝીન લા યઅ-લમૂન	એવી જ રીતે જે કાફિરો કંઈજ જાણતા નથી. તેઓ પણ
મિસ્લ કવલિ-હિમ.	એમના જ જેવી વાતો ઉચ્ચારવા લાગી ગયા.
ફલ્લાહુ યહકુમુ બૈનહુમ	ત્યારે અલ્લાહ ફેસલો કરી દેશે એમની વચ્ચે
યવમલ-કિયામતિ	કિયામતને દિવસે (તે વાતનો)
ફીમા કાનૂ ફીહિ યખ-તલિફૂન.	જેમાં તેઓ પરસ્પર ઝગડતા હતા. ૧

એટલે દરેક પક્ષ પોતાની આકાશી કિતાબમાં ઊતરેલા સત્યને જૂઠાડવા માટે એકબીજાના ટાંટિયા ખેંચતા હતા. યહૂદીઓ હઝરત ઈસા તથા ઈન્જીલને જૂઠાડતા હતા ત્યારે ખ્રિસ્તીઓ હઝરત મૂસા તથા તવરાતને જૂઠાડતા હતા. એમની દેખાદેખી પથ્થરની મૂર્તિઓની પૂજા કરનારા જાહિલ અરબો પણ એમના જ જેવી વાતો ઉચ્ચારવા લાગી ગયા કે યહૂદીઓ, ખ્રિસ્તીઓ, મુસલમાનો બધા જ જૂઠા છે ફકત અમે જ સાચા રાહ પર છીએ.

યહુદીઓની આકાશી કિતાબ તવરાતમાં હઝરત મૂસાએ યહૂદીઓ કનેથી લીધેલા આ વચનનો ઉલ્લેખ છે કે, "મારા પછી અલ્લાહના નબી ઈસા આવવાના છે. તેમને માનીને તેમની તાબેદારી કરશોને ?" તો યહૂદીઓએ હઝરત મૂસાને વચન આપ્યું હતું કે, "અમે જરૂર ઈસાને માનીને તેમની તાબેદારી કરીશું." આ વચન હઝરત મૂસાએ અલ્લાહના હુકમથી યહૂદીઓ કનેથી લીધું હતું જેનું બયાન તવરાતમાં મવજૂદ છે.

એવી જ રીતે હઝરત ઈસા (અલૈ.) પર ઊતરેલી ઈન્જીલમાં પણ તવરાતને સાચી માનવાનો અને યહૂદીઓએ હઝરત મૂસા (અલૈ.)ને આપેલા વચનનો ઉલ્લેખ છે. પરંતુ હવે બંને પક્ષો એકબીજા સાથે બાખડી પડીને એકબીજાની કિતાબનો ઈન્કાર કરતા હતા અને એકબીજાને જૂઠા ઠરાવી રહ્યા હતા.

અલ્લાહની શાનમાં યહૂદીની ગુસ્તાખી ——————યહૂદી પાદરી રાફિઅ બિન હુરૈમલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, "હે મુહંમદ ! જો તમે તમારા દાવા મુજબ સાચા પયગમ્બર છો અને અલ્લાહએ જ તમને મોકલેલા છે તો, તમારા અલ્લાહને કહો કે અમારી આંખ સામે આવી જાય અને અમારી

૧. સૂ-બકરહ પા. ૧ આયત ૧૧૩

રૂબરૂમાં આવીને અમારી સાથે એવી રીતે વાતો કરે કે અમે પોતાના કાને તેને સાંભળી લઈએ અને પોતાની આંખે તેને જોઈ લઈએ."

એના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી :

વ કાલલ-લઝીન લા યઅ-લમૂન	અને કહ્યું એવા લોકોએ જેઓ કશું જ્ઞાન ધરાવતા નથી;
લવ લા યુકલ-લિમુ-નલ્લાહુ	કેમ વાતો કરતો નથી અમારી સાથે અલ્લાહ ?
અવ-તઅ-તીના આયતુન.	અથવા કેમ મોકલતો નથી અમારી પાસે કોઈ નિશાની ?
કઝાલિક કાલલ-લઝીન	એવી જ રીતે કહી દીધી હતી એમનાથી
મિન કબ-લિહિમ મિસ્લ કવલિ-હિમ	પહેલાંના લોકોએ પણ એવી વાતો.
તશા બહત કુલૂબુ હુમ.	એમના દિલો એકબીજાના જેવાં થઈ ગયાં છે.
કદ બય-યન-નલ આયાતિ	બેશક અમે તો જાહેર કરી દીધી છે ખુલ્લી નિશાનીઓ
લિ-કવમિંય-યૂકિનૂન.	એવા લોકો માટે જેઓ યકીન ધરાવનારા છે.
	(બકરહ આયાત ૧૧૮)

યહૂદી અને ખ્રિસ્તી બની જવાનું આમંત્રણ ——— —અબ્દુલ્લાહ બિન સુરિયા અઅવર ફિત્યૂનીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, "હે મુહંમદ ! સીધો રાહ તેજ છે જેની ઉપર અમે ચાલીએ છીએ. માટે તમે અમારૂં અનુકરણ કરો, અમારી પેઠે તમે પણ સીધો રાહ મેળવી લેશો."

તેની વાત સાંભળીને ખ્રિસ્તીઓ બોલ્યા, "હે મુહંમદ ! સીધો રાહ તે છે જેની ઉપર અમે ચાલીએ છીએ. માટે તમે અમારી પેરવી કરો તો યકીની રીતે સીધો રાહ મેળવી લેશો."

યહૂદીઓ અને ઈસાઈઓના આ આમંત્રણ વિશે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

વ કાલૂ કૂનૂ હૂદન	અને તેઓ બોલ્યા, યહૂદી બની જાવ
અવ નસારા તહ-તદૂ	અથવા નસારા બની જાવ, સીધો રાહ મેળવી લેશો.
કુલ બલ મિલ્લત ઈબ્રાહીમ	કહી દો હે નબી ! અમે તો ઈબ્રાહીમના ધર્મ પર છીએ
હનીફા [1]	જેઓ જૂઠા ધર્મોને તરછોડનારા એકમાર્ગી હતા.
વમા કાન મિનલ-મુશરિકીન-	અને તેઓ મુશરિકોમાંથી નહિ હતા. (બકરહ આ. ૧૩૫)

અલ્લાહ તઆલાએ આ બાબત અંગે પૂરી વિગત દર્શાવીને પાછી ફરમાવી દીધું :

તિલ્ક ઉમ્મુતન કદ ખલત	આ એક ઉમ્મત હતી જે પસાર થઈ ગઈ.
લહા મા કસૂબત	તેઓ માટે તેઓની કરણી છે,
વ લકુમ મા કસબ તુમ.	અને તમારા માટે તમારી કરણી છે.
વલા તુસ-અલૂન	અને તમને નહિ પૂછવામાં આવશે.
અમ્મા કાનૂ યઅ-મલૂન	જે કંઈ તેઓએ કરણી કીધી. (બકરહ આયત ૧૪૧)

૧. હનીફઃ જગતના તમામ ખોટા ધર્મોને ધિક્કારીને-તરછોડીને એક અલ્લાહનો બંદો બની જનારને હનીફ કહે છે. એ અરબીના "હનફ"માંથી નીકળેલો શબ્દ છે જેના અર્થ ખોટા ધર્મોને ધિક્કારીને અને તરછોડીને અલ્લાહ તરફ આવી જવું. હનફના મુકાબલામાં "જનફ" શબ્દ આવે છે. જેના અર્થ સાચો ધર્મ છોડીને અહીં તહીં ભટકી જવું, આડેઅવળે રસ્તે ચઢી જવું. (કામૂસુલ-કુર્આન પા.૧૯૭) "હ"

Maktabe Ashraf

પ્રકરણ ૮૪

કિબ્લહની ફેરબદલી અને યહૂદનું કમીનાપણું

યહૂદની હલકટ મનોદશા ● કિબ્લહની ફેરબદલીની તમન્ના ● યહૂદ તરફથી દઅવતે-હકનો જવાબ ● યહૂદની ગુસ્તાખી અને તુમાખી ● હઝરત ઇબ્રાહીમ ન યહૂદી ન ખ્રિસ્તી ● તલબીસુલ-હક્ક-બિલ-બાતિલ.

Maktabe Ashraf

યહૂદની હલકટ મનોદશા ————ઇબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમની મદીનહની પધરામણીનો સત્તરમો મહિનો શરૂ થઇ ચૂક્યો હતો અને રજબનો મહિનો ચાલતો હતો ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને અલ્લાહ તરફથી કિબ્લહની ફેરબદલીનો હુકમ મળવા પામ્યો કે હવેથી બૈતુલ-મુકદ્દસને બદલે મક્કહના કઅબહ તરફ મુખ કરીને નમાઝ પઢયા કરો !

આ હુકમની યહૂદીઓને જાણ થતાં જ તેઓના ધર્મ ગુરૂઓ અને અગ્રેસરોમાંથી રિફાઅ બિન કૈસ, કરદુમ બિન અમ્ર, રાફિઅ બિન અબી રાફિઅ, કઅબ બિન અશરફ, એનો હલીફ હજ્જાજ બિન અમ્ર, રબીઅ બિન અબી હુકૈક, એનો ભાઇ કિનાનહ બિન રબીઅ બિન અબી હુકૈક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને કહેવા લાગ્યા,

''હે મુહંમદ ! આથી પહેલાં તમે જે કિબ્લહ પર હતા તેનાથી ફરી કેમ ગયા ? તમારો તો દાવો છે કે તમે ઇબ્રાહીમી ધર્મને માનનારા છો. માટે તમે અગાઉ જે કિબ્લહ પર હતા તેને જ પાછા અપનાવી લો તો અમે તમારી પયગમ્બરીને માની લઇને તમારા અનુયાયી બની જવા તૈયાર છીએ.''

હકીકતમાં યહૂદીઓનો મકસદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સાચા ધર્મથી ફેરવી નાખવાનો હતો જેથી અલ્લાહ તઆલાએ તેઓની આ શરારત કે બદમાશી વિશે નીચેની આયતો ઉતારી : સ-યકૂલુસ-સુફહાઉ મિનન-નાસિ-મા-વલ્લાહુમ...

> ''લોકોમાંથી ટૂંકી બુધ્ધિના મૂર્ખાઓ જરૂર કહી દેશે કે મુસલમાનોને તેઓના કિબ્લહ——જેની તરફ મોં કરીને તેઓ નમાઝ પઢતા હતા——એટલે બૈતુલ-મુકદ્દસ તરફથી કઇ વસ્તુએ ફેરવી નાખ્યા છે ?——કહી દો કે મશરિક અને મગરિબ એટલે પૂર્વ અને પશ્ચિમ તો અલ્લાહના જ છે ને ! અલ્લાહ ઇચ્છે તેને સીધા રસ્તાની દોરવણી આપે છે.'' (પારહ ૨ શરૂઆતની આયત)

યહૂદીઓની બંદગીનો કિબ્લો બૈતુલ-મુકદ્દસ તરફ હતો. ઈસ્લામની શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ અલ્લાહના હુકમ મુજબ એજ દિશાએ મુખ કરીને મુસલમાનો સાથે નમાઝ પઢતા

રહ્યા. યહૂદીઓ બહુ ખુશ હતા અને મનમાં મલકાતા હતા કે મઝહબ ભલે એમનો ઈસ્લામ રહ્યો, પણ નમાઝ તો તેઓ, અમારા જ કિબ્લહ તરફ મુખ કરીને પઢે છે. પછી જ્યારે કિબ્લહની ફેરબદલીનો હુકમ મળ્યો અને યહૂદીઓને તેની ખબર પડી તો તેઓ ખૂબ ગુસ્સે થઈ ગયા અને રાતાપીળા થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ટીકાઓના તીરો વરસાવવા લાગ્યા. ટીકાખોરો બધા યહૂદીઓના મોટા-મોટા પાદરીઓ હતા. તેઓ માટે અલ્લાહ તઆલાએ "સુ-ફ-હાઅ" શબ્દ ફરમાવ્યો જે અરબીના "સફીહ" શબ્દનું બહુવચન છે. સફીહ શબ્દના અર્થ છે : બેવકૂફ, મૂરખ, નીચ, હલકટ, નાદાન વગેરે.

મતલબ આ કે જ્યારે બધી દિશાઓ અલ્લાહની જ પૈદા કરેલી છે અને પોતાના કોઈ હુકમમાં ફેરફાર કરવાનો અધિકાર પણ અલ્લાહના જ હાથમાં છે તો અલ્લાહના પયગમ્બર પર ટીકાઓ કરવાનો, યહૂદીઓને ક્યાંથી અધિકાર મળી ગયો ?——ત્યારે યહૂદીઓ જેવા મૂર્ખાઓ બીજા કોણ હોય શકે ? અસલમાં તેઓની આ એક શરારત કે ચાલબાજી હતી મુસલમાનોમાં ફાટફૂટ નાખવાની. આ કારણે તેઓએ મુસલમાન બની જવાની લાલચ આપી.

પછી એજ આયતમાં ફરમાવ્યું : "કુલ-લિલ-લાહિલ-મશરિક વલ-મગરિબ." કહી દો હે નબી ! કે પૂર્વ અને પશ્ચિમ અલ્લાહના જ છે. એટલે કોઈ દિશાનું નક્કી કરવું તે કોઇ નેકી કે ઈબાદત નથી બલકે અસલ વસ્તુ અલ્લાહના હુકમ સામે માથું નમાવી દેવું અને પોતાની ઈચ્છાને જતી કરીને અલ્લાહની તાબેદારીનો સ્વીકાર કરી લેવો તે અસલ નેકી અને અસલ ઈબાદત છે.

(કિબ્લાની ફેરબદલીનો આ હુકમ સૂરએ-બકરહમાં નાઝિલ કરવામાં આવ્યો છે. એમાં આ બાબતની ચોખવટ કરી દેવામાં આવી છે કે અલ્લાહને કોઇ દિશા સાથે કંઇ લાગતું વળગતું નથી. તે કોઇ દિશા સાથે સંકળાયેલો નથી કે કોઈ દિશામાં બિરાજમાન નથી. તે તો સર્વવ્યાપિ, સર્વશકિતમાન, સર્વજ્ઞાતા તથા આરંભ અને અંતના બંધનથી મુક્ત છે. બધી દિશાઓ તેણે જ પેદા કરેલી છે. કુર્આનમાં છે : "વ લિલ-લાહિલ-મશરિકુ વલ મગરિબુ ફ-ઐનમા તુવલ્લૂ ફ સુમ્મ વજહુલ્લાહ." એટલે મશરિક અને મગરિબ અલ્લાહના જ છે, તો જે તરફ તમે મુખ કરો તેજ તરફ અલ્લાહનું મુખ છે. "હ")

ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછીની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "વમા જઅલ-નલ-કિબ્લતલ-લતી કુન્ત અલૈહા..."

> "હે નબી ! આથી અગાઉ તમે જે કિબ્લહ પર હતા તે તમારા માટે અને ફકત એટલા માટે મુકર્રર કર્યો હતો કે, પયગમ્બરની તાબેદારી કરનારાને, પયગમ્બરની તાબેદારી નહિ કરનારથી નોખા પાડી દે."

એટલે ખાનએ-કઅબહ અસલથી જ તમારો કિબ્લહ હતો. બૈતુલ-મુકદ્દસને ટુંક મુદ્દત માટે કિબ્લહ બનાવ્યો તેમાં કસોટી હતી આ વાતની કે કોણ ઈસ્લામને વળગી રહે છે અને કોણ ઈસ્લામથી ફરી જાય છે! કિબ્લહની ફેરબદલીનો હુકમ મળતાં કેટલાક જાહેરી મુસલમાનો ઈસ્લામથી ફરીને પાછા યહૂદ બની ગયા આ રીતે તેઓએ પોતાનું જ નુકસાન કર્યું જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મક્કમ રહેનારા મુસલમાનોએ કામયાબીના ઊંચા દરજ્જા મેળવી લીધા.

એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : "વ ઈન કાનત કબીરતન ઈલ્લા અલલ-લઝીન હદલ્લાહ..."

> "બેશક કિબ્લહની આ ફેરબદલી બહુ ભારે વાત હતી પણ એવા લોકો માટે ભારે

વાત ન હતી જેઓને અલ્લાહએ સીધો માર્ગ દેખાડી દીધો છે. અને અલ્લાહ એવો નથી કે તમારૂં ઈમાન બરબાદ કરી નાખે. બેશક અલ્લાહ, લોકો પર બહુ માયાળુ અને મોટો દયાળુ છે.''

યહૂદીઓના બધા ધમપછાડા નકામા ગયા તો તેઓએ મુસલમાનોને કહેવા માંડ્યું કે, ''બૈતુલ-મુકદ્દસ તરફ મુખ કરીને નમાઝ પઢનારાઓમાંથી જેટલા મુસલમાનો વફાત પામી ગયા તેઓની બધી નમાઝો નકામી ગઈ છે.''આ વાત સહાબાએ આપને પૂછી, ''યા રસૂલુલ્લાહ ! જે લોકો વફાત પામી ગયા તેઓની નમાઝોનું શું ? એજ વેળા વહી આવી, ''વ મા કાનલ્લાહુ લિ-યુદીઅ ઈમાનકુમ.'' અલ્લાહ તમારી નમાઝો અને ઈમાનને કદી બરબાદ નહિ થવા દે !

કિબ્લહની ફેરબદલીની તમન્ના-------------રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હિજરત કરીને મદીનહ પધાર્યા તો સોળ મહિના સુધી અલ્લાહના હુકમ મુજબ બૈતુલ-મુકદ્દસ તરફ મુખ કરીને તમામ મુસલમાનો સાથે નમાઝ પઢતા રહ્યા. પરંતુ આપની દિલી તમન્ના હતી કે મક્કહમાં આવેલું અલ્લાહનું ઘર એટલે કઅબહ શરીફ અમારો કિબ્લહ બની જાય તો કેવું સારૂં ! આ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વારંવાર પોતાનું મુબારક સર આકાશ તરફ ઉઠાવીને એવી આશાએ જોયા કરતા કે, શાયદ અલ્લાહ તરફથી કિબ્લહની ફેરબદલીનો હુકમ મળી જવા પામે !

અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ દિલી તમન્ના પૂરી કરી દીધી અને ફરમાવ્યું: ''કદ્ નરા તકલ્-લુબ વજ્-હિક ફિસ-સમાઈ....''

''હે નબી ! અમે આપના મુખનું વારંવાર આકાશ તરફ ઊંચુ થવું જોઈ રહ્યા છીએ, તો આપ રાજી છો એ કિબ્લહ તરફ અમે આપનું મુખ ફેરવી દઈશું. તો હવે નમાઝમાં આપ પોતાનું મુખ મસ્જિદે-હરામ (એટલે કઅબહ) તરફ કરતા રહો. અને હે મુસલમાનો! તમે ગમે ત્યાં હો, તમારાં મુખો (દરેક નમાઝમાં) એજ તરફ કર્યા કરો.''[1]

યહૂદ તરફથી દઅવતે-હકનો જવાબ-------------રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અહલે-કિતાબ યહૂદીઓને ઈસ્લામ-સ્વીકારનું નોતરૂં આપ્યું, સત્યના સ્વીકારની પ્રેરણા આપી. અને અલ્લાહના અઝાબથી ડરાવ્યા તો રાફિઅ બિન ખારિજહ અને માલિક બિન ઔફ કહેવા લાગ્યા, ''હે મુહંમદ ! અમે તમારી વાત માનવાના નથી. અમે તો તેજ ચીલે ચાલીશું જેની ઉપર અમારા બાપદાદા ચાલતા હતા. કેમકે તેઓ અમારા કરતાં વધારે જાણકાર અને અમારાથી વધુ શાણા હતા. અલ્લાહ તઆલાએ તેઓના બોલો આ આયતમાં ટાંકતા ફરમાવ્યું :

વ ઈઝા કીલા લહુમુત-તબિઊ	અને જ્યારે કહેવામાં આવ્યું તેઓને કે અનુકરણ કરો
મા અન-ઝલલ-લાહુ	તે કલામનું જે અલ્લાહએ ઉતાર્યું છે.
કાલૂ બલ નત-તબિઉ	તેઓ બોલ્યા, ના બલકે અમે તો અનુકરણ કરીશું
મા અલફૈના અલૈહિ આબા-અના.	તે વાતોનું જેની ઉપર જોયા અમે અમારા બાપદાદાને.
અવલવ કાન આબાઉ-હુમ	ભલેને તેઓના બાપદાદા
લા યઅ-કિલૂન શયઅંવ	ન કંઈ અક્કલ ધરાવતા હોય,
વલા યહ-તદૂન.	અને ન હિદાયત પામેલા હોય.[2]

૧. સૂરતુલ-બકરહ પારહ ૨ આયત ૧૪૪ ૨. સૂરતુલ-બકરહ પા. ૨ આ. ૧૭૦

યહૂદની ગુસ્તાખી અને તુમાખી————જંગે-બદ્રમાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને ફતેહમંદી આપી અને કુરૈશને માથે મુસીબતનો ડુંગર તૂટી પડ્યો તો લડાઈના મેદાનમાંથી મદીનહ આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદીઓને બનૂ કૈનુકાઅના બજારમાં ભેગા કરીને ફરમાવ્યું:

યા મઅશર યહૂદ ! અસલિમૂ	હે યહૂદની જમાઅત ! મુસલમાન બની જાવ,
કબ્લ અંય-યુસીબ-કુમુલ્લાહુ	એથી પહેલાં કે અલ્લાહ તમને મુસીબતમાં નાખી દે;
બિ-મિસ્લિ મા અસાબ બિહી કુરૈશન.	જેવી મુસીબતમાં તેણે કુરૈશને નાખી દીધા.

આ સાંભળીને યહૂદીઓએ પડકાર ફેંક્યો, "હે મુહંમદ ! એવી તુમાખીમાં ન રહેજો કે કુરૈશના અમુક માણસોને તમે મારી નાખ્યા તેથી અમે ડરી જઈશું ! કુરૈશ બિનઅનભુવી હતા. યુધ્ધની કળાથી અજ્ઞાન હતા. તેઓને તમે પછાડી નાખ્યા. વલ્લાહ ! અમારી સાથે જંગ કરશો તો ખબર પડી જશે કે જંગ કોને કહે છે. અમે તેઓથી નોખા અને પંકાયેલા યુધ્ધવીરો છીએ. ત્યારે તમે પણ કહી ઊઠશો કે લ્યો, આ તો માથાના મળ્યા !"

એના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "કુલ-લિલ-લઝીન કફરૂ સ-તુગ-લબૂન...."

"હે નબી ! કહી દો તે લોકોને જેઓએ કુફ્ર કર્યો કે, બહુ જ જલદી તમને પરાજિત કરી નાખવામાં આવશે અને ભેગા કરી દેવામાં આવશે જહન્નમ તરફ જે બહુ બુરૂં ઠેકાણું છે."[1]

યહૂદ સાથે વિવાદ————એક દિવસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ યહૂદીઓની દર્સગાહ (મદરસા)માં તશરીફ લઈ ગયા. આ તેઓની વિદ્યાપીઠ હતી જેમાં તવરાતનું શિક્ષણ આપવામાં આવતું હતું. શિક્ષકો ઉપરાંત કેટલાક યહૂદી અગ્રેસરો પણ ત્યાં હાજર હતા. આપે તેઓને અલ્લાહના દીન તરફ આવવાનું આમંત્રણ આપ્યું તો નુઅમાન બિન અમ્ર અને હારિસ બિન ઝૈદે આપને સવાલ કર્યો, "હે મુહંમદ ! તમે કયા ધર્મ પર છો ?"

આપે ફરમાવ્યું, "અલા મિલ્લતે ઈબ્રાહીમ વ દીનિહી." હું ઈબ્રાહીમની મિલ્લત અને તેમના દીન પર છું."

તેઓ બોલ્યા, "ઈબ્રાહીમ તો યહુદી હતા.

આપે ફરમાવ્યું, "ફ-હલ્લમુ ઈલત-તવરાત ફ-હિય બૈનના વ બૈનકુમ." વારૂ ત્યારે લાવો તવરાત મારી સામે તે અમારી અને તમારી વચ્ચે ફેસલો કરી દેશે.

તેઓએ તવરાત લાવવાનો ઈન્કાર કરી દીધો. અલ્લાહ તઆલાએ તેઓ વિષે આ આયત નાઝિલ કરી: "અલમ તર ઈલલ-લઝીન ઊતૂ નસીબમ મિનલ કિતાબ......"

"હે નબી ! શું તમે એ લોકોની હાલત નથિ જોઈ જેઓને કિતાબમાંથી અમુક ભાગ આપવામાં આવ્યો છે. તેઓને અલ્લાહની [illegible] તરફ બોલાવવામાં આવે [illegible] [illegible]ની વચ્ચે ફેસલો કરે. [illegible] જૂથ મોઢું ફેરવી [illegible] છે અને [illegible] હોય મોઢું ફેરવી લેનારા."[2]

1. સૂરએ-આલે-ઈમ્રાન [illegible] ૧૨
2. સૂરએ-આલે ઈમ્રાન [illegible] ૨૩

હઝરત ઇબ્રાહીમ ન યહૂદી ન ખ્રિસ્તી -----------યહૂદના પાદરીઓ અને નજરાનના ખ્રિસ્તીઓ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની રૂબરૂમાં હાજર થઇને આપસમાં ઝઘડવા લાગ્યા તો યહૂદી પાદરીઓ બોલ્યા, "ઇબ્રાહીમ તો યહૂદી હતા."

જવાબમાં નજરાનના ખ્રિસ્તીઓ બોલ્યા, "ના ઇબ્રાહીમ તો ખ્રિસ્તી હતા."

અલ્લાહ તઆલાએ એમના સંબંધી આ આયત ઉતારી : "કુલ યા અહલલ-કિતાબિ લિમ્ તુહાજ્જૂન ફી ઇબ્રાહીમ....."

> "હે નબી! કહી દો, હે અહલે-કિતાબ ! તમે ઇબ્રાહીમની બાબતમાં શું કામ ઝગડો કરો છો; જો કે તવરાત અને ઇન્જીલ તો એ પછી ઉતારવામાં આવી છે. એમ છતાં તમે કંઇ અક્કલ ધરાવતા નથી." ૧

એ પછીની આયતમાં ફરમાવ્યું : મા કાન્ ઇબ્રાહીમુ યહૂદીય-યંવ વલા નસરા-નિય્યા.....

> "ઇબ્રાહીમ ન યહુદી હતા ન નસારા હતા બલકે તેઓ તો "હનીફ-મુસ્લિમ" હતા. (એટલે તમામ લેભાગુ ભગવાનોને તરછોડીને એક અલ્લાહની તાબેદારી કરનારા બંદા હતા.) અને તેઓ મુશરિકોમાંથી પણ ન હતા."

તલબીસુલ-હક્ક બિલ-બાતિલ -------------એક વેળા અબ્દુલ્લાહ બિન સૈફ, અદી બિન ઝેદ અને હારિસ બિન ઔફ આ ત્રણ યહૂદી પ્રપંચીઓએ આપસમાં સલાહ કરીને એવું ઠરાવ્યું કે, મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર અલ્લાહ તરફથી જે કંઇ ઊતરે છે, સવારે તેને માની લેવું અને સાંજે તેનો ઇન્કાર કરી દેવો! એટલે સવારે મુસલમાન બની જવું અને સાંજે છડેચોક તેનો ઇન્કાર કરીને કહી દેવું કે મુહંમદના મઝહબમાં મઝા જેવું કંઇ નથી.

આ નીતિ અપનાવવાથી તેઓનો હેતુ એવો હતો કે મુસલમાનોના દિલોમાં પણ કુર્આન અને ઇસ્લામ પ્રત્યે શંકા-કુશંકાઓ જન્મ પામતાં તેઓનું ઇમાન પણ ડગમગી જશે અને તેઓ પણ આપણી પેઠે ઇસ્લામથી ફરી જશે. એમના સંબંધી અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી : "યા અહલલ-કિતાબિ લિમ્ તલ-બિસૂનલ-હક્ક બિલ-બાતિલ...."

> "હે અહલે-કિતાબ ! તમે હક સાથે બાતિલને કેમ ભેળસેળ કરી દો છો ? તમે જાણીબૂઝીને સત્યને કેમ છુપાવો છો ? અને અહલે-કિતાબની એક ટોળીએ કહ્યું કે, જે લોકો ઇમાન લાવ્યા છે, તેઓ પર જે વસ્તુ ઉતારવામાં આવી છે, તેને દિવસના આગલા ભાગમાં માની લો અને દિવસના છેલ્લા ભાગમાં તેનો ઇન્કાર કરી દો; કદાચ તેઓ પણ પોતાના ઇસ્લામથી ફરી જાય !"
>
> સૂરએ-આલે-ઇમ્રાન પારહ ૩ આયત ૭૧-૭૨)

---

૧. હવાલો ઉપર મુજબ આયત ૬૫

પ્રકરણ ૮૫

યહૂદીઓની ફિત્નાખોરી અને ફાટફૂટના કાવાદાવા

યહૂદ અને નસારાના શયતાની વસવસા ● અન્સારમાં ફાટફૂટ નાખવાની કોશિશ ● ઔસ અને ખઝરજનું રમખાણ ● મુસલમાનો પર યહૂદના આક્ષેપો ● યહૂદીઓ સાથે રાઝદારીની મનાઈ ● ફિન્હાસની ગુસ્તાખી અલ્લાહની શાનમાં ● ફિન્હાસની ગુસ્તાખીનો જવાબ ● ફિન્હાસની ફરિયાદ દરબારે-રસૂલમાં ● કુર્આનની ગવાહી.

Maktabe Ashraf

યહૂદ અને નસારાના શયતાની વસવસા—————ઇબ્ને ઇસ્હાક કહે છે : યહૂદીઓના પાદરીઓ અને નજરાનના ખ્રિસ્તીઓ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની રૂબરૂમાં હાજર થઈને આપસમાં ઝઘડવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બંને પક્ષના લોકોને ઇસ્લામ સ્વીકારી લેવાનું આમંત્રણ આપ્યું, જેને સાંભળીને અબૂ નાસિર કુરઝી નામનો યહૂદી પાદરી તડૂકી ઊઠયો, ''હે મુહંમદ ! તમે શું એમ ચાહો છો કે જેવી રીતે ખ્રિસ્તીઓ ઈસા બિન મરયમની પુજા કરે છે, અમે પણ તમારી પૂજા કરવા લાગીએ?''

આ સાંભળીને નજરાનનો રિબ્બીસ નામે[1] ખ્રિસ્તી બોલી ઊઠયો, ''હે મુહંમદ ! શું ખરેખર તમે એમ જ ચાહો છો ? શું અમે અલ્લાહને છોડીને તમારી પૂજા કરીએ ?''

જવાબમાં આપે બહુ ઠાવકાઈ અને ગંભીરતાથી ફરમાવ્યું :

મઆઝલ-લાહિ	હું અલ્લાહની પનાહ માગું છું આ વાતથી કે
અન અઅબુદ ગયરલ-લાહિ	અલ્લાહને છોડીને કોઈ બીજાની પૂજા કરૂં
અવ અમુર બિ-ઇબાદતિ ગયરિહી.	અથવા તેના સિવાય કોઈ બીજાની પૂજાનો હુકમ આપું.
ફમા બિ-ઝાલિક બઅસ-નિયલ્લાહુ	ન અલ્લાહએ મને એનું શિક્ષણ આપીને મોકલ્યો છે.
વ લા અ-મ-ર-ની-	અને ન મને એનો હુકમ ફરમાવ્યો છે.

અલ્લાહ તઆલાએ બંને પક્ષના આક્ષેપોની નોંધ લેતાં ફરમાવ્યું : મા કાન લિ-બશરિન અંય-યુઅતિ-યહુલ-લાહુલ-કિતાબ વલ-હુક્મ વન-નુબુવ્વહ.....

''કોઈ માનવ હસ્તીનું આ કામ નથી કે અલ્લાહ તો તેને કિતાબ, હિકમત અને પયગંબરી આપે, પછી તે લોકોને આમ કહે કે અલ્લાહને છોડીને તમે મારા પૂજારી બની જાવ.....''[2]

૧. કેટલીક રિવાયતોમાં એનું નામ ''અર-રીસ'' અને ''અર-રઈસ'' તરીકે આવ્યું છે.

૨. આલે-ઈમ્રાન પારઃ ૩ આયત ૭૯

એ પછીની આયતમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

વલા યઅમુર્ કુમ અન તત-તખિઝૂલ	અને તે હુકમ નહિ આપશે તમને કે બનાવી લો,
મલાઇકતા વન-નબીય્યીન અરબાબા.	તમે ફરિશ્તાઓ અને નબીયોને પોતાના ભગવાન.
અયઅ-મુરુકુમ બિલ-કુફ્રિ	શું તે હુકમ આપશે તમને કુફ્રનો ?
બઅદ ઇઝ અન્તુમ મુસ્લિમૂન.	જ્યારે કે તમે બની ચૂકયા છો મુસલમાન.

(આલે-ઇમ્રાન પા. ૩ આ. ૮૦)

અન્સારમાં ફાટફૂટ નાખવાની કોશિશ ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : યહૂદીઓમાં શાસ બિન કૈસ નામે એક ખર્રાટ-ખખડધજ બુઢ્ઢો તમામ કાફિરો અને ફિતૂરીઓનો ઉસ્તાદ ગણાતો હતો. મુસલમાનો પ્રત્યે સખત કીનો, હસદ અને અદાવત ધરાવતો હતો. એક વેળા તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાની મજલિસ પાસેથી પસાર થયો. જોયું તો ઔસ અને ખઝરજના મુસલમાનો આપસમાં બેસીને પ્રેમથી વાતો કરી રહ્યા હતા. હાલાં કે ઇસ્લામ પૂર્વે જાહિલિયતના જમાનામાં તેઓ એકમેકના કટ્ટર દુશ્મન હતા. હવે ઇસ્લામની બરકતથી તેઓ વચ્ચે માયા, મહબ્બત અને પ્રેમના ખુશગવાર સંબંધો કાયમ થઇ ગયા હતા. તેઓ સાચા અર્થોમાં એકબીજાના ભાઇ-ભાઇ બની ગયા હતા. સંપ, સંગઠન અને પ્રેમનું આ દ્રશ્ય જોઇને મેલા મનનો બુઢ્ઢો માથાથી પગ સુધી સળગી ઊઠયો અને મનોમન બબડી ઊઠયો, ''બનૂ કીલહના સરદારો હવે આ શહેરમાં સંપથી હળીમળી ગયા છે. વલ્લાહ ! એમના સંપ અને સંગઠનથી મારા મનને કદી શાંતિ મળવાની નથી!''

એજ વેળા તેણે યહૂદીના એક ચબરાક જવાનને ઇશારાથી બોલાવ્યો અને તેને પાણી ચઢાવતાં દાંત કચકચાવીને કહ્યું, ''બેટા ! જો તો ખરો ત્યાં શું ચાલી રહ્યું છે. જરા ત્યાં જઇને તેઓની ખબર તો લઇ નાખ. સાંભળ, મજલિસમાં જઇને તેઓની સાથે ભળી જજે. તેઓની વાતચીતમાં ટાપસી પૂરજે. પછી ચાલાકીથી ''જંગે-બુઆસ''ની ચિણગારી ચાંપી દેજે અને શાઇરોએ એ યુધ્ધ વિશે રચેલાં કાવ્યો લલકારજે.''

જંગે-બુઆસ તે ભીષણ યુધ્ધ હતું જે થોડાં વરસો પૂર્વે ઔસ અને ખઝરજના કબીલાઓ વચ્ચે ખેલાયું હતું. આ ખૂંખાર યુધ્ધમાં ઔસના કબીલાએ ખઝરજ પર વિજય મેળવ્યો હતો. તે વેળા ઔસનો સરદાર અબૂ ઉસૈદ બિન હુદૈર બિન સમ્માક અશહલી હતો અને ખઝરજનો સરદાર અમ્ર બિન નુઅમાન બયાદી હતો. બંને નામચીન સરદારો આ યુધ્ધમાં માર્યા ગયા હતા.

ઔસ અને ખઝરજનું રમખાણ ——————ઇબ્ને ઇસ્હાક કહે છેઃ પેલા યહૂદી જવાને બુઢ્ઢા શાસના કહેવા મુજબ કર્યું. ચાલાકીથી મજલિસમાં ભળી જઇને જંગે-બુઆસની ચિણગારી ચાંપી દીધી. જોતજોતામાં ઔસ અને ખઝરજ વચ્ચે તુંતુંકાર થવા લાગ્યો. જીભાજોડીના ઘર્ષણથી શરૂઆત થઇ તો વંશ અને ખાનદાનના ગર્વની ચડસા-ચડસીનો સિલસિલો ચાલ્યો અને મામલો ત્યાં સુધી લંબાયો કે બંને કબીલામાંથી એકેક માણસ એકબીજા પર છલાંગ મારવા તૈયાર થયો.

ઔસના કબીલામાંથી બનૂ હારિસ બિન હારિસનો માણસ જેનું નામ ઔસ બિન કૈઝી હતું તથા ખઝરજમાંથી બનૂ સાલિમનો માણસ જબ્બાર બિન સખ્ર બંને એકબીજા સાથે બાખડી પડયા. એકે બીજાને પડકાર ફેંકયોઃ ''મર્દબચ્ચો હોય તો નીકળ મેદાનમાં ખાંડાના ખેલ માટે !''

Maktabe Ashraf

સારાંશ કે બંને કબીલાના મુસલમાનો ગુસ્સાથી ગાંડાતૂર બનીને એકબીજા પર તૂટી પડવા તૈયાર થયા અને લલકારી ઊઠયા: "ચાલો પેલી કાળી પથરાળી ભૂમિના મેદાનમાં, ત્યાં જઈને તલવારનું પાણી બતાવી દઈએ !"

પછી તો હથિયારો લાવો ! હથિયારો લાવો !ની બૂમાબૂમથી વાતાવરણ ગાજી રહ્યું અને બંને પક્ષોમાં કાળી ભૂમિના મેદાન તરફ જવાની નાસભાગ મચી રહી.

આ સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળ્યા તો એજ પળે મુહાજિર સહાબાની એક જમાઅત સાથે આપ ત્યાં પધાર્યા અને તેઓને ઉદ્દેશીને આમ ફરમાવ્યું :

યા મઅશરલ-મુસ્લિમીન !	હે મુસલમાનોની જમાઅત !
અલ્લાહ ! અલ્લાહ !	અલ્લાહથી ડરો અલ્લાહથી ડરો.
અ બિ-અદવલ-જાહિલિય્યહ.	શું જાહિલિયતના દાવા પર એકમેક સાથે બાખડો છો ?
વ અન્ બૈન અજહુરિ-કુમ.	જો કે હું તમારી વચ્ચે મવજૂદ છું ;
બઅદ અન હદા-કુમુલ્લાહ	એ પછી કે હિદાયત આપી તમને અલ્લાહએ;
લિલ-ઇસ્લામ,	ઇસ્લામ કબૂલ કરી લેવાની !
વ અકરમ્ કુમ બિહી,	અને પ્રતિષ્ઠા આપી તમને ઇસ્લામના પ્રતાપે !
વ કતઅ બિહી અન્કુમ,	અને છોડાવી દીધી તમારાથી ઇસ્લામના પ્રતાપે ;
અમ્રલ-જાહિલિય્યહ.	જાહિલિયતની તમામ બુરાઇઓ !
વ અસ્તન-કઝકુમ બિહી મિનલ-કુફ્ર	અને મુકિત અપાવી કુફ્રથી ઇસ્લામના પ્રતાપે !
વ અલ્લફ બિહી બૈનકુમ.	અને પ્રેમની લાગણી જન્માવી તમારામાં ઇસ્લામના પ્રતાપે !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મીઠા ટપકાના આ નૂરાની બોલો સાંભળતાં જ તેઓની આંખો ખુલી ગઇ. તેઓના હોશ ઠેકાણે આવી ગયા અને તેઓ સમજી ગયા કે, આ એક શયતાની વસવસાનો વંટોળ હતો અને દુશ્મનની એક ચાલ હતી જેમાં અમે સપડાઇ ગયા. એજ વેળા તેઓ પોકેપોક રડી ઊઠયા અને એકબીજાને ગળે લાગી ગયા. આ રીતે ઔસ અને ખઝરજના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાનને માથે ચઢાવીને આપની સામે પોતાની ગરદનો ઝુકાવી દીધી અને આપના સંગાથે ત્યાંથી ચાલ્યા આવ્યા.

અલ્લાહના દુશ્મન શાસ બિન કૈસની નાપાક ચાલથી જે વંટોળ ઊઠયો હતો અને જે આગ ભડકી ઊઠી હતી, અલ્લાહ તઆલાએ પોતાની રહમતના પાણીથી તેને બુઝાવી દીધી અને તેની આ ચાલબાજી વિષે ફરમાવ્યું:
"કુલ યા અહલલ કિતાબિ લિમા તકફુરૂન બિ-આયાતિલ્લાહ..."

> "કહી દો હે નબી ! કે હે અહલે-કિતાબ ! અલ્લાહની આયતોનો તમે કેમ ઇન્કાર કરો છો ? હાલાં કે અલ્લાહ જોઇ રહ્યા છે તે કામો જે તમે કરી રહ્યા છો. હે અહલે-કિતાબ ! જે લોકો ઇમાન લઇ આવ્યા છે તેઓને તમે અલ્લાહના રસ્તાથી કેમ ફેરવી રહ્યા છો ? તેઓને તમે ઉલટા માર્ગે ચલાવવા ચાહો છો જો કે તમે ગવાહ છો અને જે

Maktabe Ashraf

કામો તમે કરી રહ્યા છો અલ્લાહ તેનાથી ગાફિલ નથી....[1]

ઔસ બિન કૈઝી, જબ્બાર બિન સખ્ર અને એમની ટોળકીના યહૂદી મુનાફિકોની શરારતખોરી તથા શાસ બિન કૈસ જેવા ફાંટાબાજ યહૂદી બુઢ્ઢાની ફિત્નાખોરી——જોગે જંગે બુઆસની જૂની વાતોની ચિનગારી ચાંપીને મુસલમાનોને આપસમાં લડાવી મારવાની નાપાક કોશિશ કરી હતી.——અંગે અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ ફરમાવી : ''યા એયુહલ-લઝીન આમનૂ ઈન તુતીઊ ફરીકમ મિનલ-લઝીન ઊતુલ-કિતાબ.....''

''હે મુસલમાન બનેલા લોકો ! જે લોકોને કિતાબ આપવામાં આવી છે (એટલે યહૂદીઓ) માંથી જો તમે કોઈ ટોળકીની વાત માનશો તો તેઓ તમને તમારા ઈમાન પછી પાછા કુફ્રની હાલતમાં પલટાવી નાખશે અને તમે કુફ્ર કેવી રીતે ગ્રહણ કરી શકો છો જયારે કે તમારી સામે અલ્લાહની આયતો પઢવામાં આવે છે અને તમારામાં તેનો રસૂલ મવજૂદ છે ?......હે મુસલમાન બનેલા લોકો ! તમે અલ્લાહથી એવી રીતે ડરો જેવી રીતે તેનાથી ડરવાનો હક છે અને તમે મરણ પામો તો માત્ર મુસલમાન તરીકે જ મરણ પામજો.''

મુસલમાનો પર યહૂદના આક્ષેપો————ઈબ્ને ઈસ્હાક કહે છે : યહૂદીઓના પંકાયેલા ધર્મગુરૂઓમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામ, હઝરત સઅલબા બિન સઈદ, એના ભાઈ હઝરત ઉસૈદ બિન સઈદ, હઝરત અસદ બિન ઉબેદ અને એમના બીજા યહૂદી સાથીઓ ઈમાન લાવીને ઈસ્લામ પર મક્કમ બની ગયા તો યહૂદી ધર્મગુરૂઓમાંથી જે કટ્ટર કાફિરો હતા તેઓ કહેવા લાગ્યા કે, ''મુહંમદ પર ઈમાન લાવનારા આ માણસો અમારી કૌમના સૌથી હલકટ અને નીચ માણસો હતા. અગર તેઓ કોઈ આબરૂદાર કે ખાનદાની ગૃહસ્થો હોત તો કદી બાપદાદાનો ધર્મ છોડીને વટલાઈ નહિ જાત !'' અલ્લાહ તઆલાએ એમના આ કથન વિશે આ આયત ઉતારી : ''લયસૂ સવાઅમ મિન અહલિલ-કિતાબિ ઉમ્મતુન કાઈમહ....''

''બધાની હાલત એકસરખી નથી. અહલે-કિતાબનું એક જૂથ એવું પણ છે જે સીધા રસ્તા પર મક્કમ છે. એ લોકો અલ્લાહની આયતો રાતના સમયોમાં પઢતા રહે છે અને સિજદહ કરતા રહે છે અને અલ્લાહ પર તથા આખિરતના દિવસ પર ઈમાન ધરાવે છે અને નેક કામોનો હુકમ આપે છે અને બુરાં કામોથી અટકાવે છે અને નેકીના કામોમાં એકબીજાને ટપી જવાની કોશિશ કરે છે અને એજ લોકો નેક લોકોમાંથી છે ''[2]

યહૂદીઓ સાથે રાઝદારીની મનાઈ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મદીનહમાં યહૂદીઓ અને મુસલમાનો વચ્ચે મેલજોલ હોવાથી બંનેના વહેવારૂ અને સામાજિક સંબંધો હતા. એકબીજાના પાડોશમાં વસેલા હોવાથી જહાલતકાળમાં તેઓ એકમેક સાથે કરારોથી પણ જોડાયેલા હતા. યહૂદીઓની દુશ્મની જાહેર થવા બાદ અલ્લાહ તઆલાએ તેઓની સાથે દોસ્તી નહિ રાખવાની અને તેઓની આગળ પોતાના ભેદો જાહેર નહિ કરવાની ચેતવણી રૂપે આ આયત નાઝિલ કરી : યા એયુહલ-લઝીન આમનૂ લા તત-તખિઝૂ બિતા-નતમ મિન દૂનિકુમ....

---

૧. આલે-ઇમ્રાન પારહ ૩ આયત ૯૯   ૨. આલે-ઇમ્રાન પા. ૪ આ. ૧૧૩-૧૧૪

"હે મુસલમાનો ! તમે પોતાનાં લોકો સિવાય બીજાઓને રાઝદાર ન બનાવો. તેઓ તમારી તબાહીમાં કંઈ કચાશ રાખતા નથી. તમે દુ:ખી થઈ જાવ એવું તેઓ ચાહે છે. તેઓની વાતોથી જ દુશ્મની જાહેર થઈ રહી છે......

"સાંભળો ! તમે લોકો તો તેઓને દોસ્ત ગણો છો પણ તેઓ તમને દોસ્ત ગણતા નથી. વળી તમે બધી જ આકાશી કિતાબોને માનો છો (પણ તેઓ તમારી કિતાબને માનતા નથી) અને એ લોકો જ્યારે તમને મળે છે તો કહે છે, અમે તો મુસલમાન છીએ. પણ જ્યારે એકાંતમાં હોય છે તો તમારા ઉપર ક્રોધથી પોતાના આંગળાં કરડે છે. કહી દો, હે નબી ! કે મરો તમે તમારા જ ક્રોધમાં!"[1]

ફુખ્ખાસની ગુસ્તાખી અલ્લાહની શાનમાં———ઈબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા હઝરત અબૂબક્ર સિદ્દીક ઈસ્લામની તબ્લીગ માટે યહૂદીઓના મઝહબી મદરસામાં તશરીફ લઈ ગયા. આ મદરસો તેઓની મઝહબી તઅલીમનું મુખ્ય મરકઝ હતું. એમાં તેઓની આકાશી કિતાબ ઉપરાંત ધાર્મિક વિષયોનું શિક્ષણ આપવામાં આવતું હતું. હઝરત અબૂબક્રે જોયું કે કેટલાક પાદરીઓ અને યહુદી સમાજના અગ્રેસરો એક ધર્માત્માની તહેનાતમાં બા-અદબ બેઠેલા છે. આ ધર્માત્માનું નામ ફુખ્ખાસ હતું. યહૂદી આલિમો, પંડિતો અને ધર્મજ્ઞાનીઓમાં આ ધર્માત્મા મોખરેનું સ્થાન ધરાવતા હતા અને આકાશી કિતાબ તવરાતના મહાજ્ઞાની તથા તેના રહસ્યોના પ્રખર અભ્યાસીઓમાંથી હતા. એમની જોડે અશયઅ નામના બીજા એક ધર્માત્મા પણ ત્યાં બિરાજમાન હતા.

હઝરત અબૂબક્રે વાર્તાલાપનો આરંભ કરતાં મહાત્મા ફુખ્ખાસને સંબોધીને ફરમાવ્યું, "હે ફુખ્ખાસ ! તમે તવરાતના મોટા આલિમ છો. આકાશી ઉલૂમના નિષ્ણાતોમાંથી છો. યહૂદી ધર્મની પૂરી માહિતી ધરાવો છો. મારી વિનંતી છે કે તમે અલ્લાહથી ડરો અને તવરાતના હુકમ મુજબ ઈસ્લામ કબૂલ કરી લો. કેમકે તમે યકીની રીતે જાણો છો કે મુહંમદ અલ્લાહના રસૂલ છે અને અલ્લાહ તરફથી ઈસ્લામ નામે સત્યધર્મ લઈને પધારેલા છે જેનું બયાન તમે તવરાત અને ઈન્જીલમાં વાંચતા રહો છો."

પોતાના યહૂદી ધર્મને મુકાબલે ઈસ્લામનું નામ સાંભળીને ફુખ્ખાસ મહાત્મા ચીડાઈ ગયા. ખિજાઈને આવેશથી બોલ્યા, "વલ્લાહ હે અબૂબક્ર ! સાચું કહી દઉં તમને ? સાંભળવું છે તમારે ? સાંભળો:

"અમે અલ્લાહના ગરજવાન નથી, અલ્લાહ અમારો ગરજવાન છે. અમે અલ્લાહને કરગરતા નથી, અલ્લાહ અમને કરગરે છે. અમે અલ્લાહની પરવા નથી કરતા નથી, અલ્લાહ અમારી પરવા કરે છે. જો અલ્લાહ અમારાથી બેપરવા હોત તો અમારા રૂપિયા-પૈસા અને અમારો માલ-સામાન કરજ તરીકે નહિ માગતે જેમકે તમારા દોસ્ત મુહંમદના કહેવા મુજબ અલ્લાહ આપણને તો વ્યાજ લેવાની ના પાડે છે પણ અલ્લાહ પોતે આપણને વ્યાજ આપવાનું વચન આપે છે. [2] જો અલ્લાહ બેપરવા હોત તો આપણને શા માટે વ્યાજ આપતે ? માલૂમ પડ્યું કે અલ્લાહ ફકીર છે અને આપણે ગની છીએ."

---

૧. આલે-ઈમ્રાન પારહ ૪ આયત ૧૧૮-૧૧૯

૨. ઈશારો છે આ આયત તરફ : મન ઝલ્લઝી યુક-રિદુલ્લાહ કર્દન હસના... કોણ છે જે અલ્લાહને કરઝે-હસના આપે? "હ"

ફુખ્ખાસની ગુસ્તાખીનો જવાબ————————રાવીનું બયાન છે : અલ્લાહ જલ્લે શાનુહુની શાને-આલીમાં ફુખ્ખાસની આ ગુસ્તાખી ભરેલી વાતો સાંભળીને હઝરત અબૂબક્રને અલ્લાહ વાસ્તે ગુસ્સો આવી ગયો. કોઇથી ડર્યા નહિ અને તરત તેના મોઢા પર એક લપડાક લગાવી દીધી. અને ફરમાવ્યું, "સોગંદ છે તે અલ્લાહના જેના હાથમાં મારી જાન છે, અગર તમારી યહૂદ કૌમ સાથે અમારા સુલેહશાંતિના કરાર ન હોત તો હે ફુખ્ખાસ ! હે અલ્લાહના દુશ્મન ! હું અબઘડી તારૂં મસ્તક તારા ધડથી છૂટું કરી દેત !"

ફુખ્ખાસની ફરિયાદ દરબારે-રસૂલમાં————————રાવીનું બયાન છે : કરારનામાની રૂએ ત્યાં બેઠેલ. યૂહુદીઓમાંથી કોઇ કંઇ બોલ્યું નહિ. તઅજ્જુબથી બધા એકબીજાનું મોં જોતા રહી ગયા. જાણતા હતા મામલો આગળ વધે તો શું અંજામ આવશે ? ખુદ તેઓને પણ અલ્લાહની શાનમાં પોતાના માણસની આ ગુસ્તાખી ગમી ન હતી. આ જોઇને ફુખ્ખાસ પાદરી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં દોડી ગયો અને ફરિયાદ રજૂ કરતાં બોલ્યો,

"હે મુહંમદ ! જુઓ, તમારા મિત્રે મને નાહક તમાચો મારી દીધો. હવે એનો ઇન્સાફ કરો,"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્રને પૂછયું, "મા હમલક અલા મા સનઅ-ત ?" તમે જે પગલું લીધું તેનું કારણ શું બન્યું ?

"હે અલ્લાહના રસૂલ !" હઝરત અબૂબક્રે અરજ કરી, "અલ્લાહના આ દુશ્મને અલ્લાહ તઆલાની શાનમાં ગુસ્તાખી કીધી, ગુમાખી ભર્યા શબ્દો ઉચ્ચાર્યા. અલ્લાહ જલ્લે શાનહૂની પવિત્ર જાતનું અપમાન કર્યું. એણે દાવો કર્યો કે એને અલ્લાહની કોઇ જરૂર નથી પણ અલ્લાહને એની જરૂર છે. એ અલ્લાહને કાલાવાલા કરતો નથી પણ અલ્લાહ એને કાલાવાલા કરે છે. અલ્લાહએ વ્યાજ હરામ કર્યું પણ અલ્લાહ પોતે એને વ્યાજ આપે છે. અલ્લાહને રૂપિયા પૈસાની જરૂર હોવાથી તે એની પાસેથી કરજ માગે છે. જેથી એનું કહેવું છે કે અલ્લાહ તો ફકીર છે અને એ પોતે ગની છે. એની આ ગુસ્તાખીથી યા રસૂલુલ્લાહ ! મને અલ્લાહને ખાતર ગુસ્સો આવી ગયો અને મેં એના મોં પર લપડાક મારી દીધી."

આ સાંભળીને ફુખ્ખાસ પોતાની વાતોથી ફરી ગયો અને ધરાર ઇન્કાર કરતાં બોલ્યો, "હે મુહંમદ ! હું આવું કશું બોલ્યો જ નથી."

કુર્આનની ગવાહી————————ફુખ્ખાસના ઇન્કારથી હઝરત અબૂબક્ર જૂઠા ઠરતા હતા. એજ વેળા આકાશથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર વહી ઊતરી અને અલ્લાહ તઆલાએ હઝરત અબૂબક્રની સચ્ચાઇનું સમર્થન કરીને ફુખ્ખાસનું જૂઠાણું જાહેર કરી દેતાં ફરમાવ્યું :

લકદ્ સમિઅલ્લાહુ કવલલ-લઝીન	બેશક અલ્લાહએ સાંભળી લીધી વાત એવા લોકોની
કાલૂ ઇન્નલ્લાહ ફકીરુંવ	જેઓએ કહી દીધું કે અલ્લાહ તો ફકીર છે
વ નહનુ અગ-નિયાઅ.	અને અમે ગની છીએ.
સ-નકતુબુ મા કાલૂ....	તેઓ જે કંઇ બોલ્યા તે અલ્લાહએ લખી લીધું. [૧]

આ મામલાની જે વાત પર હઝરત અબૂબક્રને ગુસ્સો આવી ગયો તેના સંબંધી ફરમાવ્યું : વ-લ-તસ-

૧. આલે-ઇમ્રાન પારહ ૪ આયત ૧૮૧

મઉન્ન મિનલ-લઝીન ઊતૂલ-કિતાબ મિન કબ્લિ-કુમ.....

"તમારાથી પહેલાં જે લોકોને આકાશી કિતાબ આપવમાં આવી અને જે લોકોએ અલ્લાહ સાથે શિર્ક કર્યો, તેઓ તરફથી તમારે ઘણી કષ્ટદાયક વાતો સાંભળવી પડશે. અને જો તમે ધીરજ ધરો અને સાવચેતીથી કામ લો તો બેશક એ મહાન કાર્યોમાંથી છે."[1]

સારાંશ કે ફન્હાસ, અશયઅ અને એમના જેવા સ્વાર્થી પાદરીઓ તથા દુનિયાના લોભી ધર્મગુરૂઓ ગુમરાહીના શયતાની કામોને સુંદર સ્વરૂપે, આકર્ષક શૈલીએ, દિલચસ્પ ઢબે લોકોની આગળ રજૂ કરતા હતા અને બદલામાં દુનિયાના લાભોની કમાણી કરી લેતા હતા. તેઓ ચાહતા હતા કે જે કામો તેઓએ નથી કર્યાં, દુનિયાના લોકો તેના પણ વખાણ કર્યા કરે અને જે આડાં-અવળાં કે ઊલટાં-સુલટાં કામો કર્યાં, લોકો તેને માની લઈને અપનાવતા રહે. દુનિયાના લોભી અને સ્વાર્થના પૂજારી જેવા આ યહૂદી ધર્મગુરૂઓએ ન તો લોકોની સાચી દોરવણી કરી, ન પોતે સચ્ચાઈના ધર્મ પર કાયમ રહ્યા.

આ રીતે પોતે તો જહન્નમના હકદાર ઠરી ગયા પણ પોતાની સાથે પોતાના અનુયાયીઓને પણ જહન્નમ તરફ ઘસડી ગયા અને ઉપરથી ચાહતા હતા કે લોકો તેમના કામોના વખાણ કરતા રહે કે વાહ કેટલું સુંદર કામ કરી ગયા !

---

૧. આલે-ઇમ્રાન પા. ૪ આ. ૧૮૬

પ્રકરણ ૮૬

ઈસ્લામ અને સચ્ચાઇના દુશ્મનો

મુસલમાનોને કંજૂસાઇની પ્રેરણા • બદઝબાની અને કાફિરી • પાદરીઓને ઈસ્લામનું આમંત્રણ • પાદરીઓને મુખે મૂર્તિપૂજાના વખાણ • કુર્આનનો ઈન્કાર કરનાર યહૂદ • પથ્થર ઝીંકવાનું કાવતરું • અલ્લાહના લાડીલા હોવાનો પોકળ દાવો • યહૂદીઓના પાખંડની પોલ • ઝિનાખોરીનો મુકદ્દમો • સંગસારની સજાનો અમલ • સંગસારને લગતી યહૂદી રિવાયત • લોહી દંડની ચુકવણીમાં ભેદભાવ

Maktabe Ashraf

મુસલમાનોને કંજૂસાઇની પ્રેરણા————ઇબ્ને ઈસ્હાક કહે છે : યહૂદી અગ્રેસર કઅબ બિન અશરફનો હલીફ કરદમ બિન કૈસ, ઉસામહ બિન હબીબ, નાફિઅ બિન અબી નાફિઅહ, બહરી બિન અમ્ર, હુય્ય બિન અખ્તબ અને રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત જેવા યહૂદી મુનાફિકો તથા એમની ટોળકીના મૂર્તિપૂજક મુનાફિકો, મુસલમાન પાસે આવી-આવીને તેઓને બહેકાવ્યા કરતા અને તેઓના દિલોમાં એવા શયતાની વસવસા નાખતા કે :

"ભાઈઓ ! રૂપિયા-પૈસા અને માલ-દવલતના મામલામાં તમારે ખાસ સાવચેતીથી કામ લેવાની જરૂર છે. અમને તમારી લાગણી હોવાથી શિખામણ રૂપે એ વાત તમને કહીએ છીએ. યાદ રાખો, ધર્મોના કામોમાં આંખો બંધ કરીને ધન વાપરતા રહેશો તો કાલે ઊઠીને ભિખારી બની જશો. તમને શી ખબર કે આવતી કાલે શું થવાનું છે ? સંજોગોને બદલાતાં વાર નથી લાગતી. ઈસ્લામનું પણ કંઇ નક્કી નથી. ઢચુપચુ કે ડગુમગુ જેવું ચાલી રહ્યું છે. નતીજો શું નીકળે અને અંજામ શું આવે તે કોણ કહી શકે ?"

આ મુનાફિકો કે બગલા ભગતો વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

અલ્લઝીન યબ્ખલૂન	જે લોકો (પોતે) કંજૂસાઈ કરે છે
વ યઅમુરૂ-નન્નાસ બિલ-બુખ્લ	અને હુકમ કરે છે લોકોને પણ કંજૂસ બનો,
વ યકતુમૂન મા આતા-હુમુલ્લાહુ	અને છુપાવે છે જે કંઇ અલ્લાહએ તેઓને આપ્યું;
મિન ફદ્લિહી.	પોતાની કૃપાથી [1]

બદઝબાની અને કાફિરી————ઇબ્ને ઈસ્હાક કહે છે : રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત યહૂદીઓના

[1]. સૂરએ-નિસાઅ પારહ ૫ આયત ૩૭

અગ્રેસરોમાંથી હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં આવીને વાતો કરતો ત્યારે જીભને વળ દઈને કે અક્ષરોને મરોડીને શબ્દો એવી રીતે ઉચ્ચારતો કે શબ્દના અર્થ બદલાઈ જતા અને અર્થના અનર્થ થઈ જતા. તે કહેતો : ''અર-ઈના સમઅક યા મુહંમદ ! હત્તા નુફ-હિમક.'' હે મુહંમદ ! અમારી તરફ ધ્યાન આપો કે જેથી અમે તમને સમજાવી દઈએ.

અસલ એમ છે કે હે મુહંમદ ! અમારી સાથે એવી રીતે વાતો કરો કે અમે તેને સમજી શકીએ પણ તે જીભને મરોડીને એવી રીતે બોલતો જેના અર્થ થતા : ''અમે તમને સમજાવી દઈએ.'' એ પછી તે એવી જ કઢંગી શૈલીમાં ઈસ્લામની બદગોઈ અને વગોવણી શરૂ કરી દેતો. એના વિષે અને એના જેવા બીજાઓ વિષે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

મિનલ-લઝીન હાદૂ યુહર-રિફૂનલ	યહૂદીઓમાંથી કેટલાક એવા છે જેઓ બદલી નાખે છે
કલિમા અમ મવાદેહે-હી.	શબ્દોને તેના ઠેકાણાઓથી
વ યકૂલૂન સમિઅ-ના વ અસૈના	અને કહે છે : સમિઅ-ના વ અસૈના.
વસ્મઅ ગયરા મુસ્મઅ.	અને કહે છે : વસ્મઅ ગયરા મુસ્મઅ.
વ રાએના	અને કહે છે : રાએના;
લય્યમ બિ-અલ-સિનતિ-હિમ	પોતાની જીભને વળ આપીને,
વ તઅનન ફિદ-દીન.	ઈસ્લામને ઐબ કે કલંક લગાડવા ખાતર.

એ પછી આગળ ફરમાવ્યું :

વ લવ અન્નહુમ કાલૂ	અગર જો તેઓ આમ કહેતે કે,
સમિઅ-ના વ અતઅ-ના	સમિઅ-ના વ અતઅ-ના
વસ્મઅ વન્ઝુર-ના	વસ્મઅ વન્ઝુર-ના
લ કાના ખયરલ-લહુમ.	તો એ તેઓ માટે બેહતર થતે.
વ અક-વમ.	કેમકે બિલકુલ સીધી-દુરૂસ્ત વાત છે.
વ લાકિલ-લ-અ-ન હુમુલ્લાહુ	પરંતુ લઅનત કરી છે અલ્લાહએ તેઓની ઉપર
બિ-કુફરિ-હિમ.	તેઓના કુફ્રના કારણે [૧]

સંપાદકની નોંધ————યહૂદીઓની આકાશી કિતાબ તવરાતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીને લગતી જે આયતો હતી, યહૂદીઓ કીનાખોરીથી એ આયતોને તેના સ્થળેથી બદલી નાખતા હતા અથવા જીભની હેરાફેરી કે શબ્દોના મરોડથી તેની રૂપરેખા બગાડી નાખતા હતા અને જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ યહુદીઓને કોઈ હુકમ ફરમાવતા તો જવાબમાં તેઓ ''સમિઅ-ના'' શબ્દ કહી દેતા એટલે અમે સાંભળ લીધું પણ જીભને વળ દઈને-મરોડીને એવી રીતે બોલતા કે ''સમિઅ-ના'' શબ્દ ''અસૈના'' બની જતો તેના અર્થ એવા થતા કે, ''અમે તમારી વાત સાંભળી લીધી પણ તેને માનવાને બદલે ઠુકરાવી દીધી.'' અસૈના એટલે અમે નાફરમાની કીધી. આ શબ્દ ''ઈસ્યાન''થી નીકળેલો છે જેના અર્થ નાફરમાની કરવી, હુકમ નહિ માનવો, આજ્ઞાનો અનાદર કરવો, ગુનાહના કામો કરવાં વગેરે થાય છે.

૧. સૂરએ-નિસાઅ આયત ૪૬ પા. ૫

Maktabe Ashraf

યહૂદીઓની જીભથી નીકળતા બીજા શબ્દો——— જેને અલ્લાહ તઆલાએ ઉપરની આયતમાં ટાંકેલા છે———તે "વસ્મઅ ગયરા મુસ્મઅ" છે. એના એક અર્થ આ છે કે, હે મુહંમદ ! અમારી વાત સાંભળો, અલ્લાહ આપને કોઈ બુરી કે ભૂંડી વાત નહિ સંભળાવે, એના બીજા અર્થ આ છે કે, તમે બહેરા બનો, અમારી વાત સાંભળો ! અથવા હે બહેરા ! અમારી વાત સાંભળી લો.

એની સાથે જ યહૂદીઓ આપને સંબોધતી વેળા "રાએના" શબ્દ પણ ઉચ્ચારતા હતા જેના અર્થ છે : હે મુહંમદ ! અમારો ખ્યાલ રાખજો, અમારી તરફ ધ્યાન આપજો. પરંતુ તેઓ આ શબ્દ બોલતી વેળા "ઐન"અક્ષરને જીભથી મરોડીને એવી રીતે ખેંચતા કે "રાએના"ને બદલે "રાઈના"બની જતું જેના અર્થ અમારો ગોવાળિયો કે અમારો ભરવાડ થાય છે.

શરૂઆતમાં મુસલમાનો પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું ધ્યાન દોરવા માટે રાએના શબ્દનો ઉપયોગ કરતા હતા. એટલે પોતાના કોઈ કામ કે હાજતની દરખાસ્ત માટે આપનું ધ્યાન ખેંચવું હોય તો "રાએના યા રસૂલલ્લાહ !"કહેતા હતા. પરંતુ જયારે યહૂદીઓએ આ નાપાક રમત શરૂ કરી તો અલ્લાહ તઆલાએ મુસલમાનોને રાએના શબ્દ બોલવાની મનાઈ કરતાં ફરમાવ્યું :

યા ઐયુહલ-લઝીન આમનૂ	હે ઈમાનવાળાઓ !
લા તકૂલૂ રાએના	(નબી સલ.)ને "રાએના"શબ્દ નહિ કહો
વ કૂલુન-ઝુરના.	અને એની જગાએ "ઉન્ઝુર-ના"શબ્દ કહો.

એટલે પોતાના કોઈ કામની દરખાસ્ત માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું ધ્યાન દોરવું હોય તો "રાએના" શબ્દને બદલે "ઉન્ઝુર-ના"શબ્દથી દરખાસ્ત કરો કે, "યા રસૂલુલ્લાહ ! કૃપા કરીને અમારો પણ ખ્યાલ રાખજો અને મહેરબાની કરીને અમારી તરફ પણ ધ્યાન આપજો. !"

ઉપરની આયતના છેલ્લા ભાગમાં અલ્લાહ તઆલાએ યહૂદીઓને નસીહત કરતાં ફરમાવ્યું કે અગર તેઓ અસૈના, રાએના જેવા શબ્દો બોલવાને બદલે આમ કહેતે કે : "સમિઅ-ના વ અતઅ-ના" એટલે હે મુહંમદ! અમે સાંભળી લીધું અને માની લીધું. અને "વસ્મઅ વન્ઝુરના"એટલે હે મુહંમદ ! સાંભળો અને અમારો ખ્યાલ રાખજો, તો એ તેઓ માટે બેહતર થતે. કેમકે આ શબ્દોમાં નમ્રતા છે. વિનય અને વિવેક છે. અદબ અને સભ્યતા છે. પણ યહૂદીઓની કૌમ માને એવી કયાં છે ? જેથી અલ્લાહ તઆલાએ તેઓના કુફ્રને કારણે તેઓની ઉપર લઅનત કરી છે. (સંપાદકની નોંધ પૂરી થઈ. "હ")

પાદરીઓને ઇસ્લામનું આમંત્રણ— ———ઇબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદી પાદરીઓના કેટલાક અગ્રેસરો સાથે વાતચીત કરી. તેઓમાં અબ્દુલ્લાહ સૂરી અઅવર તથા કઅબ બિન અસદ જેવા પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ હતા. આપે તેઓને ફરમાવ્યું :

યા મઅશર યહૂદ !	હે યહૂદની જમાઅત !
ઈત-તકૂલ્લાહ વ અસ્લિમૂ.	અલ્લાહથી ડરો અને ઈસ્લામ સ્વીકારી લો.
ફ-વલ્લાહિ ઈન્નકુમ	અલ્લાહના સોગંદ ! બેશક તમે
લ-તઅ-લમૂન ઈન્નહુ-લઝી	ચોક્કસ રીતે જાણો છો કે, જે વસ્તુ
જિઅતુકુમ બિહી લ-હક્કુન.	લઈને હું આવ્યો છું તમારી પાસે, તે બિલકુલ હક છે.

જવાબમાં તેઓ બોલ્યા, ''મા નઅરિફુ ઝાલિક યા મુહંમદ ! ''હે મુહંમદ ! આ બાત અંગે અમે કશું જાણતા નથી. જો કે બધા યહૂદીઓ આકાશી સત્યને ચોક્કસ રીતે જાણી ગયા હતા. અને તેઓ આપને એવી જ રીતે ઓળખી ગયા હતા જેવી રીતે તેઓ પોતાના બાળકોને ઓળખતા હતા. પરંતુ અજાણ્યા બનીને પોતાની અજ્ઞાનતા જાહેર કરતા રહ્યા અને આપની પયગમ્બરી તથા કુર્આનનો ઈન્કાર કરીને પોતાના પૂર્વગ્રહ કે હઠાગ્રહને વળગી રહ્યા. તો અલ્લાહ તઆલાએ તેઓ વિશે આ આયત ઉતારી : ''યા ઐયુહલ-લઝીન ઊતૂલ-કિતાબ આમિનૂ બિમા નઝ-ઝલ્ના....''

''હે તે લોકો જેઓને કિતાબ આપવામાં આવી ! તમે ઈમાન લાવો તે વસ્તુ પર જેને અમે ઉતારી છે. એ તમારી પાસેની વસ્તુ (તવરાત)નું પણ સમર્થન કરનારી છે. (એટલે કુર્આન પર ઈમાન લાવો કેમકે એ તવરાતની સચ્ચાઈને ટેકો આપે છે.)

''તમે ઈમાન લાવો એથી પહેલાં કે અલ્લાહ તમારા ચેહરાઓને બગાડી નાખે અને તમારા ચેહરાઓને તમારી પીઠોની પાછળ કરી દે અથવા તેઓની ઉપર અમે તેવી જ લઅનત ઉતારીએ જેવી લઅનત અમે ''અસ્હાબુસ-સબ્ત''ની ઉપર ઉતારી હતી. અને અલ્લાહનો હુકમ તો પૂરો થઈ ને જ રહે છે.'' [૧]

પાદરીઓને મુખે મૂર્તિપૂજાના વખાણ——————ઈબ્ને ઈસ્હાક કહે છે: મક્કહના કુરૈશમાંથી ગત્ફાન કબીલાના લોકોએ અને મદીનહના બનૂ કુરૈઝહના યહૂદીઓએ પોતાની નોખી ટોળીઓ બનાવી લીધી હતી. એક વેળા બનૂ કુરૈઝહમાંથી હુય્ય બિન અખ્તબ, અબૂ રાફિઅ સલ્લામ બિન અબીલ-હુકૈક, રબીઅ બિન અબીલ-હુકૈક, અબૂ અમ્માર, વહૂહ બિન આમિર અને હવઝહ બિન કૈસ આટલા ગૃહસ્થોનું એક મંડળ કુરૈશ પાસે જવા તૈયાર થયું. એમાંથી વહૂહ, અબૂ અમ્માર અને હવઝહ બનૂ વાઈલના કબીલામાંથી હતા. બાકીના બધા બનૂ નદીરમાંથી હતા.

આ લોકો પોતાના ધર્મનેતાઓ એટલે પાદરીઓ સાથે મક્કહ ગયા. કુરૈશના મોવડીઓએ મક્કહના લોકોને ભેગા કરીને કહ્યું, ''જુઓ ભાઈઓ ! આ યહૂદી ધર્મના ધુરંધર આલિમો અને પ્રખર પંડિતોનું મંડળ અહીં પધારેલું છે. એમને પૂછીને ખાતરી કરી લો કે તમારો મૂર્તિપૂજાનો ધર્મ ચઢિયાતો છે કે મુહંમદનો ઈસ્લામ ધર્મ ?

કુરૈશના લોકોએ સવાલ કર્યો, ''હે માનવંતા પાદરીઓ ! તમે આકાશી કિતાબ ધરાવો છો બતાવો. અમારો મૂર્તિપૂજાનો ધર્મ શ્રેષ્ઠ છે કે મુહંમદનો ઈસ્લામ ?''

જવાબમાં યહૂદી પાદરીઓ બોલ્યા, ''તમારો મૂર્તિપૂજાનો ધર્મ ઈસ્લામ કરતા ચઢિયાતો છે અને તમે લોકો, મુહંમદ તથા તેમના સાથીઓને મુકાબલે વધુ સાચા રસ્તે ચાલનારા છો.''

એમના વિશે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

---

૧. સૂરએ-નિસાઅ આયત ૪૭ પારહ ૫. ''અસ્હાબુસ-સબ્ત'' એટલે શનિવારવાળા. આ તે યહૂદીઓ છે જેઓ અલ્લાહની નાફરમાનીને કારણે અલ્લાહના અઝાબનો ભોગ બની ગયા હતા. અલ્લાહ તઆલાએ તેઓના ચેહરા બગાડી નાખ્યા હતા અને તેઓને વાંદરા તથા સુવ્વરના રૂપમાં ફેરવી નાખ્યા હતા. એનું બયાન સૂરએ-બકરહ પારહ ૧ની આયત ૬૫માં અને પારહ ૯ની સુરએ-અઅરાફમાં થયું છે. ''હ''

અલમ તરા ઈલલ-લઝીન	શું તમે નહિ જોયા એવા લોકને જેઓને
ઊતૂ નસીબમ મિનલ-કિતાબ.	આપવામાં આવ્યો કિતાબનો અમુક ભાગ.
યુઅ-મિનૂન બિલ જિબ્તે-	તેઓ ઈમાન ધરાવે છે જિબ્ત પર
વત-તાગૂત.	અને તાગૂત પર. [૧]

ઈબ્ને હિશામ કહે છે: એક અલ્લાહને છોડીને જે ભગવાનોની પૂજા કરવામાં આવે, અરબના લોકો તેને "જિબ્ત" કહે છે અને જે વસ્તુ લોકોને સચ્ચાઈના રાહથી ગુમરાહ કરી નાખે તેને "તાગૂત" કહે છે. એમાં જિબ્તનું બહુવચન જુબૂત અને તાગૂતનું બહુવચન તવાગીત છે. મને અબૂ નુજૈહની રિવાયત મળી છે તે મુજબ જિબ્તના અર્થ જાદૂ, મૂર્તિ, કાહિન, લેભાગુ ભગવાન વગેરે છે અને તાગૂતના અર્થ શયતાન, દેવી-દેવતા, બનાવટી ભગવાન વગેરે છે.

કુર્આનનો ઈન્કાર કરનારા યહૂદ————ઈબ્ને ઈસ્હાક કહે છે: એક વેળા સુકૈન અને અદી બિન ઝૈદ નામે યહૂદીએ આપની તહેનાતમાં આવીને કહેવા લાગ્યા, "હે મુહંમદ ! તમે કહો છો કે અલ્લાહએ તમારી ઉપર કુર્આન ઉતાર્યું છે પણ મૂસા પયગમ્બર પછી અલ્લાહએ કોઈ ઈન્સાન પર કોઈ વસ્તુ ઉતારી હોય તેવું અમારા જાણમાં નથી."

એ પછી એમની જ ટોળીના કેટલાક યહૂદીઓ આપની તહેનાતમાં હાજર થયા તો આપે તેઓને ફરમાવ્યું:

અમા વલ્લાહિ ઈન્નકુમ	સાંભળો, અલ્લાહના સોગંદ, તમે લોકો
લ-તઅ-લમૂન ઈન્ની	ચોક્કસ રીતે જાણો છો કે હું
રસૂલુન ઈલૈકુમ મિનલ્લાહ.	મોકલેલો (રસૂલ) છું તમારી તરફ અલ્લાહ તરફથી.

તેઓ જવાબમાં તોછડાઈથી બોલ્યા, "તમારા મામલા અંગે અમે કશુ જાણતા નથી અને એને લગતી કોઈ સાક્ષી આપવા અમે તૈયાર નથી."

એમના આ કથન વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી : લાકિનિલ-લાહુ યશહદુ બિમા અન્ઝલ ઈલૈક....

(ભલે તમે મારી પયગમ્બરીની ગવાહી ન આપો) "પણ અલ્લાહ ગવાહી આપે છે કે જે વસ્તુ તેણે તમારી તરફ ઉતારી છે તે તેણે પોતાના ઈલ્મથી ઉતારી છે અને ફરિશ્તા પણ ગવાહી આપે છે અને અલ્લાહની ગવાહી કાફી છે." [૨]

પથ્થર ઝીંકવાનું કાવતરૂં————હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીએ બનૂ આમિર કબીલાના બે માણસોને મારી નાખ્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓના લોહીદંડની ચૂકવણીની વાટાઘાટ માટે બનૂ નદીરના યહૂદીઓની વસતિમાં તશરીફ લઈ ગયા. આપની પધરામણીના સમાચાર મળતાં યહૂદી અગ્રેસરોએ આ તક ઝડપી લીધી અને યહૂદીઓને બોલાવીને છુપી મંત્રણા કરી કે, "મુહંમદ દાવમાં આવેલા છે અને આવી તક ફરીવાર મળવાની નથી." હાજર યહૂદીઓને તેઓએ હાકલ કરી :

"છે કોઈ બહાદુર જે મોટો પથ્થર લઈને આ મકાનના નેડા પર ચઢી જાય અને મુહંમદના માથા પર

૧. સૂરએ-નિસાઅ પા. ૫ આયત ૫૧

૨. સુરએ-નિસાઅ પા.૬ આ. ૧૬૬

Maktabe Ashraf

નિશાન તાકીને ઝીંકી મારે ! આમ બને અને એ મરે તો આપણને રાહત મળે !''

યહૂદીઓમાંથી અમ્ર બિન હજાશ બિન કઅબ નામના બહાદુરે આ બીડું ઝડપી લેતાં કહ્યું, ''હું જાનના જોખમે આ સાહસ ખેડવા તૈયાર છું.''

એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને આકાશી વહી મારફતે તેઓના કાવતરાની જાણ થઈ ગઈ. આપ એ મકાનની દીવાર પાસે બિરાજમાન હતા. અચાનક આપ ઊભા થઈ ગયા અને પોતાના સહાબા સાથે તેઓની વસતિમાંથી ચાલ્યા આવ્યા.

અલ્લાહ તઆલાએ અમ્ર બિન હજાશ બિન કઅબ અને તેની કોમના આ નાપાક કાવતરાંની નોંધ લેતાં આ આયત નાઝિલ ફરમાવી:

યા ઐયુહલ-લઝીન આમનૂઝ-કુરૂ	હે ઈમાન લાવનારાઓ ! યાદ કરો
નિઅ-મતલ્લાહિ અલૈકુમ	અલ્લાહની નેઅમતને જે તમારા પર થઈ;
ઈઝ હમ્મ કવમુન	જયારે કે ઈરાદો કર્યો હતો એક કોમે
અંય-યબસુતૂ ઈલૈકુમ ઐદિય-હુમ	કે લાંબા કરે તમારી તરફ પોતાના હાથ,
ફ-કફ્ફ ઐદિય-હુમ અન્કુમ	તો રોકી લીધા તેણે તેઓના હાથ તમારાથી.
વત-તકુલ્લાહ	તો ડરતા રહો અલ્લાહથી
વ અલલ-લાહિ	અને અલ્લાહ પર જ
ફલ-યતવક-કલિલ-મુઅમિનૂન.	ભરોસો કરવો જોઈએ મુસલમાનોએ.

અલ્લાહના લાડીલા હોવાનો પોકળ દાવો————યહૂદીઓમાંથી નુઅમાન બિન ઈદાઅ, બહરી બિન અમ્ર અને શાસ બિન અદી નામના ગૃહસ્થો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો આપે તેઓને અલ્લાહથી ડરીને મુસલમાન બની જવાની હાકલ કરી. જવાબમાં તેઓએ ખ્રિસ્તીઓના અકીદાનું અનુકરણ કરતાં ગર્વથી કહ્યું, ''હે મુહંમદ ! તમે શું અમને અલ્લાહથી ડરાવો છો? શું તમને ખબર નથી ? વલ્લાહ, અમે તો અલ્લાહના પુત્રો અને તેના લાડીલા છીએ !'' અલ્લાહ તઆલાએ તેઓના આ દાવા વિષે આ આયત નાઝિલ કરી :

વ કાલતિલ-યહૂદુ વન્નસારા	અને કહ્યું યહૂદ તથા નસારાએ,
નહનુ અબ્ના-ઉલ્લાહિ	અમે તો અલ્લાહના બેટાઓ
વ અહિબ્બા-ઉહૂ.	અને તેના લાડીલા છીએ.
કુલ ફલિમ્ યુઅઝ-ઝિબુકુમ	હે નબી ! કહી દો, એમ જ હોય તો શા માટે તે શિક્ષા આપે છે
બિ-ઝુ નૂબિ-કુમ.	તમને તમારા પાપોની ?
બલ-અન્તુમ બ-શ-રૂમ મિમ્મન ખલક	બલકે તમે તો ઈન્સાન છો અલ્લાહના પેદા કરેલા.
યગફિરુ લિમંય યશાઉ	તે ચાહે તેને માફ કરી દે છે
વ યુઅઝ-ઝિબુ મંય-યશાઅ.	અને ચાહે તેને શિક્ષા આપે છે. [1]

૧. સુરએ-માઇદહ પારહ ૬ આયત ૧૮

Maktabe Ashraf

યહૂદીઓના પાખંડની પોલ ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે યહુદીઓને ઇસ્લામની દઅવત આપી અને અલ્લાહના અઝાબથી ડરાવ્યા તો તેઓએ આપની વાત માનવાનો ચોખ્ખો ઇન્કાર કરી દીધો ત્યારે હઝરત મુઆઝ બિન જબલ, હઝરત સઅદ બિન ઉબાદહ અને હઝરત ઉકબહ બિન વહબે તેઓને કહ્યું, "હે યહૂદીઓ ! અલ્લાહથી ડરો. વલ્લાહ, તમે સારી રીતે જાણો છો કે મુહંમદ અલ્લાહના રસૂલ છે. અને આ વાત પણ તેટલી જ સાચી છે કે, મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી પહેલાં તમે અમારી આગળ એમનું વર્ણન કરતા હતા અને એમની ખૂબીઓ તથા એમના સંસ્કારોનું બયાન કરતા હતા અને એમની મદદ મેળવીને અમને ઠેકાણે પાડી દેવાની ધમકીઓ ઉચ્ચરતા હતા. હવે તમે પોતાની વાતોથી ફરી કેમ ગયા?"

આ સાંભળીને રાફિઅ બિન હુરૈમલા અને વહબ બિન યહૂઝા બોલી ઊઠ્યા, "બિલકુલ ખોટી વાત છે. અમે આવું કદી બોલ્યા જ નથી. અને સાંભળી લો, અલ્લાહએ મૂસા પછી ન કોઇ કિતાબ ઉતારી છે ન કોઇ ડરાવનાર કે વધામણી આપનારને મોકલાવ્યો છે." અલ્લાહ તઆલાએ એમના આ બોલો વિષે ફરમાવ્યું: "યા અહલલ-કિતાબિ કદ જાઅકુમ રસૂલુના યુબય-યિનુ લકુમ અલા ફત-રતિમ મિનર-રુસુલિ....."

> "હે અહલ-કિતાબ ! તમારી પાસે અમારો રસૂલ આવી ગયો છે. એ રસૂલોના "ફતરત"ના વચગાળામાં [1] તમારી આગળ અમારા હુકમોને જાહેર કરે છે કે જેથી તમે (બહાના કાઢીને) કહેવા ન લાગો કે અમારી પાસે ન તો કોઇ વધામણી આપનારો આવ્યો હતો ન કોઇ ડરાવનારો આવ્યો હતો. માટે હવે તમારી પાસે વધામણી આપનારો અને ડરાવનારો આવી ચૂક્યો છે. અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે."(સૂરએ-માઇદહ પા. ૬ આ. ૧૯)

ઝિનાખોરીનો મુકદ્દમો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને ઇબ્ને શિહાબ ઝુહરી તરફથી હઝરત અબૂ હુરૈરહ ની આ રિવાયત મળી છે : "જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પધાર્યા તો યહૂદીઓમાંથી એક પરણેલા પુરૂષે એક પરણેલી યહૂદણ સાથે વ્યભિચારનું પાપ આચર્યું. (લોકોએ બંનેને કઢંગી હાલતમાં ઝડપી લીધા.) મુકદ્દમો યહૂદી ધર્મગુરૂઓની અદાલતમાં રજુ થયો. તેઓ એના ચુકાદા માટે પોતાની ધર્મ-કચેરીમાં ભેગા થયા. કેસની સુનાવણીને અંતે તેઓએ એકમતે ઠરાવ્યું કે બંનેને મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે મોકલાવીને ફેસલાનો અધિકાર તેમને સોંપી દેવામાં આવે. જોઇએ તો ખરા કે તેઓ આ મુકદ્દમાનો કેવો ચુકાદો આપે છે ! અગર તેઓ આપણા રિવાજ મુજબ બંનેને "તજબીહ"ની [2] શિક્ષા ફટકારે તો સમજી લેવું કે તેઓ ફક્ત એક બાદશાહ છે, પયગમ્બર નથી. પણ જો તેઓ બંનને તવરાતના કાનૂન મુજબ "સંગસાર"નો હુકમ [3] ફરમાવે તો માની લેવું કે તેઓ પયગમ્બર છે. પણ આપણે તેમને પયગમ્બર

---

૧. બે પયગમ્બરોના વચગાળાના જમાનાને "ફતરત"કહે છે. "હ"

૨. બદફેલી કરનાર સ્ત્રી-પુરૂષને ચાબુકના ફટકા મારવામાં આવે, પછી તેઓના મોઢાં કાળાં કરીને, ગધેડા પર ઊલટા મુખે બેસાડીને, શહેરમાં તેઓનું સરઘસ કાઢવામાં આવે એને તેઓ "તજબીહ"કહેતા હતા અને તે વેળા યહૂદીઓમાં આ રિવાજ પ્રચલિત હતો. "તજબીહ" શબ્દનો મૂળ અર્થ ખજૂરીની છાલનો ચાબુક બનાવીને તેની ઉપર દરિયાઇ બતકના તેલની માલિશ કરવી અને એ ચાબુકનો, વ્યભિચારીઓને ફટકા મારવામાં ઉપયોગ કરવો. "હ"

૩. વ્યભિચારી સ્ત્રી-પુરૂષને પથ્થરમારો કરીને મારી નાખવામાં આવે એને સંગસાર કહે છે યહૂદીઓની આકાશી કિતાબ તવરાતનો એજ હુકમ હતો."હ"

Maktabe Ashraf

માની લઈને મુસલમાન બની જવાની જરૂર નથી. કેમકે આમ કરવાથી પયગમ્બરી આપણા ખાનદાનમાંથી ચાલી જશે.''

એ પછી યહૂદી કર્મચારીઓ બંને બદકારોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં લઈ ગયા અને તેઓનો મુકદ્દમો આપની અદાલતમાં રજૂ કરતાં બોલ્યા, 'હે મુહંમદ ! આ એક પરણેલો પુરૂષ છે. એણે આ પરણેલી સ્ત્રી સાથે બદફેલી કરી છે. એમના કેસનો આપ ફેસલો કરી દો. એમના ફેસલાનો સંપૂર્ણ અધિકાર અમે આપને સોંપી દઈએ છીએ.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓને લઈને યહૂદી ધર્મગુરૂઓની કચેરીમાં પધાર્યા અને તેઓને ફરમાવ્યું, ''યા મઅશર યહૂદ ! ઉખરિજુ ઈલય્ય ઉલમાઉ-કુમ.'' હે યહૂદીઓની જમાઅત ! તમે તમારા પાદરીઓને મારી પાસે લઈ આવો. તેઓએ અબ્દુલ્લાહ બિન સૂરી નામે પાદરીને આપની સામે હાજર કર્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ કુરૈઝહના યહુદીઓના કહેવા મુજબ તેઓએ અબ્દુલ્લાહ બિન સૂરી સાથે અબૂ યાસિર બિન અખ્તબ અને વહબ બિન યહૂઝાને પણ આપની તહેનાતમાં હાજર કર્યા. અને કહ્યું, ''આ અમારા ધર્મગુરૂઓ છે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને સવાલો પૂછવા માંડ્યા કે જેથી માલૂમ પડે કે તેઓમાં સૌથી મોટો એટલે વડો પાદરી કોણ છે ! છેવટે તેઓએ અબ્દુલ્લાહ બિન સૂરી વિષે કબૂલ કરી લીધું કે બેશક, અમારામાં એ તવરાતનો સૌથી મોટો આલિમ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબ્દુલ્લાહ બિન સૂરી સાથે એકાંતમાં વાતચીત કરી. એ બધા પાદરીઓમાં સૌથી નાની વયનો, નવજવાન, ચંચળ અને સમજબુધ્ધિ ધરાવનારો જવાન હતો. આપે કેસની ચકાસણીની શરૂઆત કરતાં ભારપૂર્વક તેને ફરમાવ્યું : ''હે સૂરીના બેટા ! હું તને અલ્લાહના સોગંદ આપું છું અને અલ્લાહએ યહૂદીઓ પર કરેલા ઉપકારોની તને યાદ અપાવું છું. મને સાચે સાચું કહેજે, શું અલ્લાહએ તવરાતમાં પરણેલા પુરૂષ અને પરણેલી સ્ત્રીની બદફેલી માટે સંગસારનો હુકમ નથી ફરમાવ્યો ?''

અથવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ફરમાવ્યું :

યબ્ન સૂરી ! હલ તઅલમુ	હે સૂરીના બેટા ! શું તું જાણે છે કે
અન્નલ્લાહ હુકમા	અલ્લાહએ હુકમ ફરમાવ્યો છે ;
ફીમન ઝના	એવા માણસ વિષે જેણે બદકારી કરી
બઅદા ઈહસાનિહી	શાદી કરવા પછી,
બિર-રજમે ફિત-તવરાત ?	સંગસારનો તવરાતમાં ?

જવાબમાં ઈબ્ને સૂરી પોકારી ઊઠ્યો, ''હ અલ્લાહ ! બિલકુલ સાચી વાત છે''

પછી તે બોલ્યો, ''વલ્લાહ હે મુહંમદ ! તવરાતમાં અલ્લાહનો એજ હુકમ છે. વળી બધા યહૂદીઓ પણની રીત જાણે છે કે આપ અલ્લાહના મોકલેલા સાચા નબી છો પણ હસદ અને અદેખાઈથી તેઓ એનો ઈન્કાર કરે છે.''

સંગસારની સજાનો અમલ ————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થયા અને આપને મળેલા અધિકાર મુજબ આપે તવરાતના હુકમ પ્રમાણે યહૂદી ગુનેહગારો માટે સંગસારનો

ફેસલો ફરમાવી દીધો. એ પછી આપ ત્યાંથી પોતાના મુકામે તશરીફ લઈ ગયા અને યહૂદીઓએ બંને બદકારોને, બનૂ ગનમ બિન માલિક બિન નજ્જારના મહોલ્લામાં આવેલી મસ્જિદ પાસે લઈ જઈને સંગસાર કરી દીધા.

રાવીનું કથન છે : બાદમાં અબ્દુલ્લાહ સૂરી પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો ઈન્કાર કરીને કાફિર બની ગયો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન તલહા બિન યઝીદ બિન રૂકાનહએ કહ્યું અને તેમણે ઈસ્માઈલ બિન ઈબ્રાહીમના મુખેથી સાંભળ્યું અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુના મુખેથી સાંભળીને બયાન કર્યું કે, "જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તવરાતના હુકમ મુજબ યહૂદી બદકારો અંગે સંગસારની શિક્ષાનો ચુકાદો આપ્યો તો બંનેને મસ્જિદના આંગણે ઊભા રાખીને સંગસાર કરી દેવામાં આવ્યા. સંગસાર વેળા યહૂદી બદકારે ચોતરફથી પથરા ઊડતા જોયા તો પોતાની મુસીબત ભૂલીને પોતાની સાથી સ્ત્રી તરફ દોડી ગયો અને પોતાના બાહુઓથી તેને ઘેરી લીધી અને ઝૂકીઝૂકીને અને લળીલળીને તેને પથ્થરમારાથી બચાવતો રહ્યો.

રાવીનું કથન છે : બદફેલી કરનાર પાપીઓને સંગસાર કરવાનો આ એવો મામલો છે જેને અલ્લાહ તઆલાએ પોતાના નબીના હાથે નોખી રીતે જાહેર કરાવ્યો કે જેથી બંનેને શિક્ષા મળવા પામે અને તવરાતનો જે કાનૂન યહૂદીઓએ બદલી નાખ્યો હતો, તેના મૂળ સ્વરૂપે તેનો અમલ થવા પામે.

સંગસારને લગતી યહૂદી રિવાયત ——————ઈબ્ને ઈસ્હાક કહે છે: મને સાલિહ બિન કીસાને કહ્યું અને તેમણે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુના આઝાદ ગુલામ નાફિઅથી સાંભળ્યું અને નાફિઅએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરના મુખેથી સાંભળીને બયાન કર્યું કે, યહૂદી પાદરીઓએ જયારે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બદકારીના કેસના લવાદ બનાવ્યા તો આપે તેઓને તવરાત લઈને આવવાનું ફરમાવ્યું. જયારે તેઓ તવરાત લઈ આવ્યા તો આપે એક પાદરીને, તવરાતનું તે પાનું વાંચવાનો હુકમ ફરમાવ્યો જેમાં બદકારીની શિક્ષાની આયત લખેલી હતી.

પાદરીએ તવરાતનું પાનું ખોલીને વાંચવાનું શરૂ કર્યું અને જયારે સંગસારની આયત આવી તો તેણે ચાલાકીથી એ આયત પર હાથ મૂકીને આગળ વાંચવા માંડયું. તેવેળા યહૂદી ધર્મને ત્યાગીને મુસલમાન બનેલા યહૂદી આલિમ હઝરત અબ્દુલ્લાહ બિન સલામ પણ ત્યાં હાજર હતા. તેમણે ઝટ પેલા પાદરીના હાથ પર ઝાપટ મારતાં કહ્યું, "હે અલ્લાહના નબી ! આ રહી સંગસારની તે આયત જેને એ વાંચતો નથી, અને જેને હાથચાલાકીથી એ છુપાવે છે."

ત્યારે આપે યહુદીઓને સંબોધીને ફરમાવ્યું :

વૈહકુમ યા મઅશર યહૂદ.	અફસોસ છે તમ પર હે યહૂદની જમાઅત !
મા દઆકુમ	કઈ વસ્તુએ પ્રેરણા આપી તમને
ઈલા તર્કે હુકમિલ્લાહ.	અલ્લાહનો હુકમ નજછોડી કાઢવાની ?
વ હુવા બિ-અયદી કુમ.	જયારે કે એ તમારા હાથોમાં છે.

બધા પાદરીઓ શરમાઈ ગયા. પછી ભોંઠપથી બોલ્યા, "સાંભળો હે મુહંમદ ! વલ્લાહ, આથી પહેલાં અમારામાં અલ્લાહના આ હુકમનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું હતું અને બદકારોને કાનૂન મુજબ શિક્ષા

કરવામાં આવતી હતી. પછી તે સમય આવ્યો જ્યારે અમારા યહૂદમાંથી બાદશાહી ખાનદાનના એક નબીરાએ લગ્ન કરવા બાદ વ્યભિચારનું પાપ આચર્યું. એ નબીરો બાદશાહનો માનીતો હતો. શાહી દરબારમાં માનમોભાનું ઊંચુ સ્થાન ધરાવતો હતો. ગુનાહની સાબિતી પછી યહૂદી આલિમોની અદાલતે તેને તવરાતના કાનૂન મુજબ સંગસારની શિક્ષા ફટકારી પણ બાદશાહ આડે આવી ગયો. તેણે તવરાતના કાનૂનનો અમલ નહિ થવા દીધો. આ રીતે શાહી ખાનદાનનો નબીરો ધરાર છૂટી ગયો એ પછી બીજા એક યહૂદીએ પરાઈ સ્ત્રી સાથે મોં કાળું કર્યું. બાદશાહે તેના સંગસારનો હુકમ ફરમાવ્યો તો યહૂદી અદાલતના આલિમો આડે આવી ગયા કે, જ્યાં સુધી પેલા શાહી ખાનદાનના નબીરાને સંગસાર નહિ કરો, એને પણ સંગસાર નહિ કરી શકાય.

લોકોમાં ચકચાર જાગી. અદાલતે સખત વાંધો લીધો, પણ બાદશાહની જોહુકમી આગળ કોઈનું કંઈ ચાલી શક્યું નહિ. ત્યારે યહૂદી આલિમો અને અગ્રેસરો આ મામલા પર ચર્ચા-વિચારણા માટે ભેગા થયા અને લાંબી લમણાંઝીકને અંતે તવરાતનો સંગસારનો કાનૂન બદલીને તેની જગાએ "તજબીહ"નો કાનૂન અપનાવી લેવા પર સહમત થઈ ગયા. બસ અહીંથી જ તવરાતના સંગસારના હુકમનો સિલસિલો ખતમ થઈ ગયો."

રાવીનું કથન છે : યહૂદી ધર્મગુરૂઓની આ કથા સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

ફ-અના અવ્વલુ મન	ત્યારે હું પહેલો શખસ છું જેણે
અહયા અમ્રલ્લાહિ	સજીવન કર્યો અલ્લાહનો કાનૂન
વ અમલ બિહી.	અને તેની ઉપર અમલ કર્યો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાને મળેલા અધિકાર મુજબ પેલા બંને બદકારો અંગે સંગસારનો હુકમ ફરમાવ્યો અને તેઓને બનૂ ગનમ બિન માલિક બિન નજ્જારના મહોલ્લામાં આવેલી મસ્જિદના આંગણે લઈ જવામાં આવ્યાં જ્યાં બંનેને સંગસાર કરી નાખવામાં આવ્યાં.

આ હદીસના રાવી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે કે સંગસાર કરનારાઓમાં હું પોતે પણ શામિલ હતો.

લોહીદંડની ચૂકવણીમાં ભેદભાવ ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને દાવૂદ બિન હુસૈનએ કહ્યું અને દાવૂદને ઈકરિમહએ કહ્યું અને ઈકરિમહને હઝરત ઈબ્ને અબ્બાસે આ હદીસ સંભળાવી કે સૂરએ-માઈદહમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે : "ફઈન જાઊિક ફહકુમ બૈનહુમ અવ અઅરિદ અન્હુમ વઈન તુઅરિદ અન્હુમ...."

> હે નબી ! અગર એ લોકો (એટલે યહૂદીઓ પોતાનો કોઈ મામલો લઈને) તમારી પાસે આવે તો (તમને અધિકાર છે કે) તેઓના મામલાનો ફેસલો કરી દો અથવા તેઓને ટાળીને ચાલતા કરી દો. અને જો તેઓને તમે ટાળી દો તોયે તેઓ તમારૂ કંઈ બગાડી શકતા નથી. અને જો તેઓ વચ્ચે તમે ફેસલો કરો તો ઈન્સાફપૂર્વક ફેસલો કરશો. બેશક અલ્લાહ ઈન્સાફ કરનારાઓને દોસ્ત રાખે છે.[1]

1. સૂરએ-માઈદહ પારહ ૬ આયત ૪૨

Maktabe Ashraf

આ આયતો યહૂદીઓના બનૂ નદીર અને બનૂ કુરૈઝહના બે કબીલાઓ વચ્ચે, લોહીદંડની રકમના મામલા અંગે ઊતરેલી છે. કારણ આ હતું કે બનૂ નદીર કબીલાના યહૂદ પોતાને ઊંચા ખાનદાનના ગણતા હતા. જ્યારે બનૂ કુરૈઝહ કબીલાના યહૂદને તેઓ પોતાની નીચા ખાનદાનના સમજતા હતા. બનૂ નદીરના હાથે બનૂ કુરૈઝહનો કોઈ માણસ માર્યો જતો તો આ લોકો તેઓને લોહીદંડની અર્ધી રકમ ચૂકવતા હતા. કેમકે તેઓ નીચા ખાનદાનના ગણાતા હતા. એથી વિરુદ્ધ બનૂ કુરૈઝહના હાથે બનૂ નદીરનો કોઈ માણસ માર્યો જતો તો આ લોકોએ તેઓને લોહીદંડની આખી રકમ ચૂકવવી પડતી હતી કેમકે તેઓ ઊંચા ખાનદાનના ગણાતા હતા.

આ બેઈન્સાફીનો ખટલો બનૂ કુરૈઝહના યહૂદીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અદાલતમાં લઈ ગયા. આપે બંનેને ઈન્સાફનું મહત્વ સમજાવીને તેઓ વચ્ચે સમાન લોહીદંડની પ્રથા ચાલુ કરાવી દીધી. ઈબ્ને ઈસ્હાક કહે છે કે આ આયત ઉતારવાનું અસલ કારણ શું હતું તે અલ્લાહ બેહતર જાણે છે.

Maktabe Ashraf

પ્રકરણ ૮૭

યહૂદની વધુ શરારતો અને ફિત્નાખોરીઓ

રસૂલુલ્લાહ (સલ.)ને છેતરવાની કોશિશ ● હઝરત મસીહની પયગમ્બરીનો ઇન્કાર ● અમે જ ખરા, તમે ખોટા છો ● અલ્લાહ વગર બીજા ભગવાન ● યહૂદ સાથે દોસ્તીની મનાઇ ● કિયામત અંગે સવાલ ● મુસલમાન નહિ બનવાના બહાના ● કુર્આન તવરાત જેવી કિતાબ નથી ● કુર્આન જેવી કિતાબ રચવાનો દાવો ● ઝુલ-કરનૈન વિષે સવાલ ● અલ્લાહ તઆલાને કોણે પૈદા કર્યા ? ● મુસલમાનોને શિખામણ.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ (સલ.)ને છેતરવાની કોશિશ———————ઇબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા કઅબ બિન અસદ, ઈબ્ને સલૂબા, અબ્દુલ્લાહ બિન સૂરી અને શાસ બિન કૈસે આપસમાં મસલત કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને છેતરવાનું નક્કી કર્યું કે ચાલો, મુહંમદ પાસે જઇને તેમને ધોકો આપીએ. બનવા જોગ છે તેમને છેતરી જવામાં આપણે ફાવી જઇએ કેમકે તેઓ પણ આખર આપણા જેવા એક ઈન્સાન જ છે !

આમ ઠરાવીને બધા આપની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "સાંભળો હે મુહંમદ ! તમે જાણો છો તેમ અમે અમારી યહૂદી કૌમના વડા પાદરીઓ છીએ. યહૂદી સમાજમાં અમારા માનમોભાનું જે સ્થાન છે તે પણ તમે સારી રીતે જાણો છો. ચોખ્ખી વાત છે કે જો અમે મુસલમાન બની જઈએ તો અમારી પૂરી કૌમ પણ મુસલમાન બની જશે. હવે અમારી કૌમમાં એક નવો ઝગડો ઊભો થયો છે. તેના નિકાલની પૂરી સત્તા અમે તમને સોંપીએ છીએ. તમારે ફક્ત આટલું કરવાનું કે અમારો પક્ષ લઇને અમારી તરફેણમાં ચુકાદો આપી દેવો. અમે તમારી પયગમ્બરીની સચ્ચાઇનો સ્વીકાર કરી લઇશું અને તમારા પર ઇમાન લાવીને મુસલમાન બની જાઈશું."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આકાશી જ્ઞાનની રોશનીમાં તેઓની ફરેબી ચાલ પારખી ગયા અને તેઓના ધોકામાં નહિ આવ્યા અને તેઓની વાત માનવાનો આપે ધરાર ઇન્કાર ફરમાવી દીધો. તેઓ વિષે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી

વલા તત-તાબિઅ અહવા-અહુમ વહઝર હુમ.	અને હે નબી ! અનુકરણ ન કરો તેઓની મનેચ્છાઓનું અને તેઓથી ચેતીને રહો.
અંય-યફ-તિનૂક અમ-બઅદિ મા અન-ઝલ-લાહુ ઈલૈક.	ન થાય કે તેઓ ફિત્નામાં નાખી દે તમને, અમુક તે અહકામથી જે અલ્લાહએ ઉતાર્યા છે તમારી તરફ.

હઝરત મસીહની પયગમ્બરીનો ઇન્કાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : એક વેળા કેટલાક યહૂદીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. એમાં અબૂ યાસિર બિન અખ્તબ, નાફિઅ બિન અબી નાફિઅ, આઝર બિન અબી આઝર, ખાલિદ, ઝૈદ, અઝાર બિન અઝાર તેમ અશયઅ જેવા પંકાયેલા યહૂદી ધર્માત્માઓ હતા. વાતની શરૂઆત કરતાં તેઓએ સવાલ કર્યો, ''હે મુહંમદ ! તમે પયગમ્બરોમાંથી કયા કયા પયગમ્બર પર ઇમાન ધરાવો છો ?''

જવાબમાં આપે ફરમાવ્યું :

નુઅમિનુ બિલ્લાહી	ઇમાન લાવ્યા અમે અલ્લાહ પર
વમા ઉનઝિલા ઇલૈના	અને તે વસ્તુ પર જે ઉતારવામાં આવી અમારી તરફ
વમા ઉનઝિલા ઇલા ઇબ્રાહીમ	અને તે વસ્તુ પર જે ઉતારવામાં આવી ઇબ્રાહીમ પર
વ ઇસ્માઇલ વ ઇસ્હાક વ યઅકૂબ	અને ઇસ્માઇલ પર અને ઇસ્હાક પર અને યઅકૂબ પર
વલ અસ્બાત	અને તેઓની અવલાદ પર
વમા ઊતીયા મૂસા વ ઇસા	અને તે વસ્તુ પર જે આપવામાં આવી મૂસા અને ઇસાને
વમા ઊતીયન-નબીય્યૂન	અને જે આપવામાં આવી બીજા પયગમ્બરોને
મિર-રબ્બે હિમ.	તેઓના પાલનહાર તરફથી.
લા નુફર-રિકુ	અમે કોઇ ભેદભાવ ધરાવતા નથી
બૈન અહદિમ-મિન્હુમ.	તેઓમાંથી કોઇની વચ્ચે.
વ નહનુ લહૂ મુસ્લિમૂન.	અને અમે તેના આજ્ઞાપાલક છીએ.

આપની વાતોમાં જયારે તેઓએ હઝરત ઇસા અલૈહિસ-સલામનું નામ સાંભળ્યું તો હઝરત ઇસાની પયગમ્બરીનો ઇન્કાર કરી દેતાં તેઓ બોલી ઊઠયા, ''હે મુહંમદ ! અમે ન ઇસા બિન મરયમને માનીએ છીએ અને ન ઇસા બિન મરયમને માનનારાઓને માનીએ છીએ.''

એના જવાબમાં અલ્લાહ તઆલા તરફથી આ આયત ઉતારવામાં આવી :''કુલ યા અહલલ-કિતાબે હલ તન-કિમૂન મિન્ના ઇલ્લા અન આમન્ના બિલ્લાહ......''

> ''હે નબી ! કહી દો કે હે અહલે-કિતાબ ! શું તમે અમારા પ્રત્યે એટલા માટે દુશ્મની ધરાવો છો કે અમે અલ્લાહ પર ઇમાન લઇ આવ્યા અને તે વસ્તુ પર ઇમાન લઇ આવ્યા જે અમારી તરફ ઉતારવામાં આવી છે ? અને તે વસ્તુ પર જે આથી પહેલાં ઉતારવામાં આવી ? અને ખરેખર તમારામાંના ઘણાખરા નાફરમાન છે.''

અમે જ ખરા, તમે ખોટા છો————ઇબ્ને ઇસ્હાક કહે છે : એક વેળા રાફિઅ બિન હારિસહ, સલ્લામ બિન મિશ્કમ, માલિક બિન સૈફ અને રાફિઅ બિન હુરૈમલહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયા અને બોલ્યા, ''હે મુહંમદ ! શું તમારો આ દાવો નથી કે તમે મિલ્લતે-ઇબ્રાહીમ અને દીને-ઇબ્રાહીમના અનુયાયી છો ? અને અમારી પાસે જે તવરાત છે તેને પણ માનો છો ? અને ગવાહી પણ આપો છો કે એ સાચી આકાશી કિતાબ છે ?''

જવાબમાં આપે ફરમાવ્યું, ''કેમ નહિ. બેશક મારો એજ દાવો છે પણ તવરાતમાં તમે નવી-નવી

Martabe Ashraf

વાતો ઘડીને ઘૂસાડી દીધી છે અને અલ્લાહએ તમારી પાસેથી લીધેલા વચનનો તમે ભંગ કર્યો છે અને જે વાતોને ખુલ્લી રીતે જાહેર કરવાનો તમને હુકમ ફરમાવ્યો હતો તેને તમે છુપાવી લીધી છે એટલે જ મેં પોતાને તમારી મનઘડત વાતોથી અલગ કરી લીધો છે.'' [૧]

આપની આ વાતોથી તેઓ ચીડાઈ ગયા અને બોલ્યા, ''હે મુહંમદ ! અગર એમ જ હોય તો અમે અમારી એજ વાતોને વળગી રહીશું. કેમકે અમારૂં મન કહે છે કે એજ વાતો સાચી છે અને અમે જ હક પર છીએ અને અમે જ સીધા રસ્તા પર ચાલનારા છીએ. તમને અમે કદી સાચા માનવાના નથી. કદી તમારી પયગમ્બરી પર ઈમાન લાવવાના નથી.''

એના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી : ''કુલ યા અહલલ-કિતાબે લસ્તુમ અલા શૈઈન હત્તા તુકીમુત-તવરાત વલ ઈન્જીલ....''

હે નબી ! કહી દો એમને કે હે અહલે-કિતાબ ! તમે કોઈ સાચી વસ્તુ પર નથી જ ત્યાં સુધી કે તમે તવરાત અને ઈન્જીલ અને તે વસ્તુના પાબંદ ન બની જાવ જે તમારા પાલનહાર તરફથી તમારી તરફ ઉતારવામાં આવી છે.''

અલ્લાહ વગર બીજા ભગવાન————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા નહહામ બિન ઝૈદ, કરદમ બિન કઅબ, બહરી બિન અમ્ર વગેરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને બોલ્યા, ''હે મુહંમદ ! શું તમે અલ્લાહ વગર કોઈ બીજાને પણ પોતાનો ભગવાન માનો છો ? અથવા શું તમને અલ્લાહની સાથે કોઈ બીજા ભગવાનની જાણકારી નથી ?''

આપે ફરમાવ્યું, ''જમીન અને આસમાનમાં એક અલ્લાહ વગર ન કોઈ ભગવાન છે, ન કોઈ મઅબૂદ છે, ન કોઈ બંદગીને પાત્ર છે. ''અલ્લાહુ લા ઈલાહ ઈલ્લા હુ બિ-ઝાલિક બુઇસ્તુ વ ઈલા ઝાલિક અદઊ. ''અલ્લાહ એક જ છે. તેના વગર કોઈ ભગવાન નથી. મને તેની જ બંદગી માટે મોકલવામાં આવ્યો છે અને હું તમને પણ તેની જ બંદગીનું આમંત્રણ આપું છું.''

એના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી : ''કુલ ઈન્નમા હુવા ઈલાહુંવ-વાહિદ વ ઈન-નની બરીઉમ મિમ્મા તુશ-રિકૂન.''

''હે નબી ! કહી દો કે તે તો બસ એક જ મઅબૂદ છે અને જે ભગવાનોને તમે તેના ભાગીદાર ઠરાવો છો તેઓથી હું એકદમ અલાહેદા છું.''

યહૂદ સાથે દોસ્તીની મનાઈ————રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત અને સુવૈદ બિન હારિસ પણ બીજા દગાબાજો પેઠે જાહેરમાં કલિમો પઢીને મુસલમાન બની ગયા હતા પણ અંદરખાને પાકા મુનાફિક બનેલા રહ્યા. મુસલમાનોનો એ બંને સાથે મેલજોલ હતો અને દોસ્તીભર્યા સંબંધો હતા. અલ્લાહ તઆલાએ એમની સાથે અને એમના ગોઠિયાઓ સાથે દોસ્તીની મનાઈ ફરમાવતાં આ આયત નાઝિલ ફરમાવી : ''યા ઐયુહલ-લઝીન આમનૂ લા તત-તખિઝુલ-લઝીનત-તખઝૂ દીનકુમ હુઝુવંવ-વ-લઈબા.....''

૧. એટલે અસલી આકાશી તવરાત પર મારૂં પાકું ઈમાન છે પણ તમે તેની આયતો બદલી નાખી. દીનમાં મનઘડત વાતો એટલે બિદઅતો ઘૂસાડી દીધી. મારી પયગમ્બરી પર ઈમાન લાવવાના વચનથી ફરી ગયા. અલ્લાહના હુકમોને છુપાવી લીધા. જેથી તમારી આ વાતોથી હું તમારાથી અલગ થઇ ગયો છું. ''હ''

"હે મુસલમાનો ! જેઓને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી છે; તેઓમાં એવા લોકોને, જેઓએ તમારા દીનને હસીમજાક અને ખેલતમાશો બનાવી લીધો છે અને કાફિરોને દોસ્ત ન બનાવો અને અલ્લાહથી ડરો અગર તમે સાચા મુસલમાન હો !"

કિયામત અંગે સવાલ————જબલ બિન અબી કુશૈર અને શમવીલ બિન ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "હે મુહંમદ ! અગર તમે અલ્લાહના પયગમ્બર છો જેમ કે તમે પયગમ્બર હોવાનો દાવો કરો છો તો બતાવો, કિયામત ક્યારે આવશે ?"

રાવીનું કથન છે કે જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી : "યસ્અલૂ-નકા અનિસ-સાઅતિ અૈયાના મુરસાહા....."

"હે નબી ! આ લોકો તમને કિયામત વિષે સવાલ કરે છે કે તે ક્યારે કાયમ થશે? તમે કહી દો કે તેનો ઇલ્મ તો મારા પાલનહારની જ પાસે છે. તે જ તેના સમયે તેને જાહેર ફરમાવી દેશે. આસમાનો અને જમીનમાં તે ભારે પડી જશે. અચાનક અને ઓચિંતી જ તે તમારી ઉપર આવી પડશે."

મુસલમાન નહિ બનવાના બહાના————ઇબ્ને ઇસ્હાક કહે છે : એક વેળા સલ્લામ બિન મિશ્કમ, અબૂ યૂનુસ નુઅમાન બિન અવફા, મુહમૂદ બિન દિહયા, શાસ બિન કૈસ અને માલિક બિન સૈફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં ઉપસ્થિત થયા અને બોલ્યા, "હે મુહંમદ ! તમે જ કહો કે અમે કેવી રીતે મુસલમાન બનીએ ? અને કેવી રીતે તમારી પેરવી કરીએ ? જ્યારે કે તમે અમારો કિબ્લો પણ છોડી બેઠા છો અને ઉપરથી ઉઝૈર પયગમ્બરને અલ્લાહનો બેટો પણ માનતા નથી ? અમારો તો અકીદો છે કે ઉઝૈર અલ્લાહનો બેટો છે."એના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી :

વ કાલતિલ યહૂદુ	અને યહૂદીઓએ કહી દીધું કે
ઉઝૈરુ નિબ્નુલ્લાહ.	ઉઝૈર અલ્લાહનો બેટો છે.
વ કાલતિન-નસારલ-	અને નસારાએ કહી દીધું કે
મસીહુબ-નુલ્લાહ.	મસીહ અલ્લાહનો બેટો છે.
ઝાલિક કવલુહુમ-બિ-અફવા-હિહિમ	આ તેઓના મોઢાઓની વાતો છે.

અને આયતની છેવટમાં ફરમાવ્યું : કાતલ-હુમુલ્લાહુ અન્ના યુઅ-ફકૂન. અલ્લાહ એમને ગારત કરે, કેવી અક્કલ વગરની વાતો કરી રહ્યા છે !

કુર્આન તવરાત જેવી કિતાબ નથી————એક વેળા મહમૂદ બિન સૈહાન, નુઅમાન બિન ઇદાઅ, બહરી બિન અમ્ર, ઉઝૈર બિન અબી ઉઝૈર, સલ્લામ બિન મિશ્કમ, અબ્દુલ્લાહ બિન સૂરી, ઇબ્ને સલૂબા, કિનાનહ બિન રબીઅ, અમ બિન ઉસૈદ, શમવીલ બિન ઝૈદ, જબલ બિન અમ્ર બિન સુકૈના વગેરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયા અને બોલ્યા, "હે મુહંમદ! જે કિતાબ તમારા ઉપર ઊતરી છે તે તમારા દાવા મુજબ અલ્લાહ તરફથી ઊતરેલી કિતાબ હોય તો શું કારણ છે કે તેની વાણી એટલી સુંદર, એટલી મધુર, એટલી આકર્ષક અને એટલી છટાદાર નથી જેટલી અમારી કિતાબ તવરાતની છે ?"

આપે તેઓને ફરમાવ્યું, "સાંભળો હે યહૂદીઓ ! વલ્લાહ, તમે લોકો નિશંક જાણો છો કે કુર્આન અલ્લાહ

Maktabe Ashraf

તરફથી ઊતરેલું છે. આ વાત તમારી કિતાબમાં પણ લખેલી છે. અગર દુનિયાભરના ઈન્સાન અને જિન્નાત ભેગા મળીને એના જેવું કલામ રચવા માગે તો કદી તેઓ રચી શકતા નથી.''

આ સાંભળીને તેઓ કહેવા લાગ્યા, ''હે મુહંમદ ! ઈન્સાન અને જિન્નાતમાંથી તો કોઈ તમને કુર્આનનું શિક્ષણ નથી આપતો વારૂ ?''(અથવા જિન્નાત અને ઈન્સાનમાંથી તો કોઈ તમને ભણાવી નથી જતું ?)

આપે ફરમાવ્યું, ''સાંભળી લો, વલ્લાહ ! તમે ખાતરીપૂર્વક જાણો છો કે એ કિતાબ અલ્લાહ તરફથી ઊતરેલી છે અને બેશક હું અલ્લાહનો રસૂલ છું. આ વાતો તમારી કિતાબ તવરાતમાં લખેલી છે જેનું તમે વાંચન કરો છો.''

કુર્આન જેવી કિતાબ રચવાનો દાવો————તેઓ બોલ્યા, 'હે મુહંમદ ! અલ્લાહ તો પોતાના પયગમ્બર માટે દરેક બાબતની વ્યવસ્થા કરી આપે છે. પયગમ્બરની દરેક જરૂરતો અને ઈચ્છાઓ પૂરી કરે છે તેને દરેક પ્રકારની સત્તા આપે છે. અગર એવી સત્તા તમારી પાસે હોય તો તમે આસમાન પરથી કોઈ કિતાબ અમારા માટે ઉતારો જેને અમે વાંચી લઈએ અને પોતાની આંખે તેને આસમાન પરથી ઊતરેલી જોઈ લઈએ. આમ ન કરી શકો તો સાંભળી લો, તમારી પાસે જે કિતાબ છે તેવી કિતાબ તો અમે પોતે પણ બનાવી શકીએ છીએ.'' અલ્લાહ તઆલાએ એના જવાબમાં આ આયત ઉતારી :

કુલ લઈનિજ-ત-મ-અતિલ-ઈન્સુ	કહી દો હે નબી ! અગર ભેગા થઈ જાય બધા ઈન્સાનો
વલ-જિન્નુ અલા અંય-યઅતૂ	અને જિન્નાત આ વાત પર કે તેઓ લઈ આવે
બિ-મિષ્લિ હાઝલ-કુર્આનિ,	આ કુર્આન જેવી કિતાબ;
લા યઅતૂન બિ-મિષ્લિહી	તો હરગિઝ તેઓ એના જેવી કિતાબ લાવી શકતા નથી.
વ લવ કાના બઅદુ-હુમ	ભલે તેઓ એકબીજાના
લિ-બઅદિન ઝહીરા.	મદદગાર કે સહકારી બની જાય !

ઝુલ-કરનૈન વિષે સવાલ————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક વેળા હુય્ય બિન અખ્તબ, કઅબ બિન અસદ, અબૂ નાફિઅ, અશયઅ, શમવીલ બિન ઝૈદ અને બીજા યહૂદી આગેવાનો, મુસલમાન બનેલા યહૂદી ધર્મગુરૂ હઝરત અબ્દુલ્લાહ બિન સલામ પાસે ગયા અને તેમને ઠપકો આપતાં બોલ્યા, ''શું જોઈને તું મુસલમાન બની ગયો ? અરબની કૌમમાં પયગમ્બરી જેવું ક્યાં છે ? પયગમ્બરી તો યહૂદી કૌમનો વારસો છે. તારો મિત્ર જેને તું પયગમ્બર માને છે તે પયગમ્બર નહિ, પણ બાદશાહ છે.''

એ પછી તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે ગયા અને બોલ્યા, ''હે મુહંમદ! તમે પયગમ્બર છો તો બતાવો, પેલો સહેલાણી કોણ હતો જે આખી ધરતીને ધમરોળી વળ્યો હતો ?'' આપે તેઓને તેજ જવાબ આપ્યો જે કુરૈશને આપ્યો હતો. એજ લોકોએ કુરૈશને આ સવાલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂછવાની સલાહ આપી હતી અને કહ્યું હતું કે, પયગમ્બર સિવાય કોઈ એનો જવાબ આપી શકે નહિ.

અલ્લાહ તઆલાને કોણે પૈદા કર્યા ?————ઈબ્ને હિશામ કહે છે : હઝરત સઈદ બિન જુબૈરની આ રિવાયત મારી આગળ બયાન કરવામાં આવી કે એક વેળા કેટલાક યહૂદીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને બોલ્યા, ''હે મુહંમદ ! આ જગત અલ્લાહએ પૈદા કર્યું તો બતાવો અલ્લાહને

Maktabe Ashraf

કોણે પૈદા કર્યો ?''

રાવીનું કથન છે : આ સવાલ સાંભળતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના પાલનહાર ખાતર ગુસ્સો આવી ગયો. આપના નૂરાની ચેહરાનો રંગ બદલાય ગયો. આપ બેહદ ખફા થઈ ગયા. એજ વેળા હઝરત જિબ્રીલ આપની તન્હાઈમાં પ્રગટ થયા અને આપને દિલાસો આપતાં બોલ્યા, ''યા રસૂલલ્લાહ! ગુસ્સો કરવાની કે ખફા થવાની જરૂર નથી. આપના પાલનહારે તેઓની ગુસ્તાખીના જવાબમાં આ આયતો મોકલી છે:

કુલ હુ વલ્લાહુ અહદ.	હે નબી ! કહી દો કે તે અલ્લાહ એક છે.
અલ્લાહુસ-સમદ.	અલ્લાહ બે-નિયાઝ છે.
લમ યલિદ્ વ લમ યૂલદ.	તેણે કોઈને જણ્યો નથી અને તેને કોઈએ જણ્યો નથી.
વલમ યકુલ્લહૂ કુફુવન અહદ્.	અને કોઈ પણ તેનો સમોવડિયો નથી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને આ આયતો પઢી સંભળાવી તો તેઓ બોલ્યા, ''હે મુહંમદ ! કહો તો ખરા અલ્લાહની શકલ-સુરત કેવી છે, તેના હાથો અને પગો કેવા છે. તેની આકૃતિ અને રૂપરેખા કેવી છે ?''

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઓરેભી ગુસ્સો આવી ગયો. આપે વધારે ખફા થઈને તેઓને ઠપકાર્યા તો ફરીવાર હઝરત જિબ્રીલ પ્રગટ થયા અને આપને તેજ વાતો કહી જે અગાઉ કહી હતી. પછી કહ્યું, ''યા રસૂલલ્લાહ ! એમના જવાબમાં અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી છે :

વમા કદરુલ્લાહ હક્ક કદરિહી	અલ્લાહનો જે મરતબો છે, આ લોકોએ તેનો અંદાજો નથી કાઢયો.
વલ-અર્દુ જમીઅન કબ્દતહૂ	હાલાં કે પૂરી ધરતી તેની મુઠીમાં હશે;
યવમલ-કિયામહ.	કિયામતના દિવસે.
વસ્સમાવાતુ મત્વીય્યાતુમ	અને બધા આકાશો લપેટાયેલા હશે
બિ-યમીનિહી..	તેના જમણા હાથમાં

મુસલમાનોને શિખામણ ——————ઇબ્ને ઇસ્હાક કહે છે :મને બનૂ તમીમના આઝાદ ગુલામ ઉત્બહ બિન મુસ્લિમે કહ્યું. તેમણે અબૂ સલમહ બિન અબ્દુર્રહમાનથી સાંભળ્યું અને તેમણે હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ અન્હુથી સાંભળ્યું હઝરત અબૂ હુરૈરહનું કથન છે કે, મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આમ ફરમાવતાં સાંભળ્યા છે :

''લોકો પોતાના પયગમ્બરને સવાલ પૂછવામાં એટલી હદે પહોંચી રહ્યા છે કે તેઓમાંથી એક પૂછનારો એમ પૂછવા લાગે કે, આ જગત અને તેની વસ્તુઓને તો અલ્લાહએ પેદા કરી પણ અલ્લાહને કોણે પેદા કર્યો ? તો જ્યારે તે આમ પૂછે તો જવાબમાં તમે કહો કે:

હુ વલ્લાહુ અહદ્.	તે અલ્લાહ એક છે.
અલ્લાહુસ-સમદ	અલ્લાહ બે નિયાઝ છે.
લમ યલિદ્	તેણે કોઈને જણ્યો નથી.
વ લમ યૂલદ	અને તેને કોઈએ જણ્યો નથી.

Maktabe Ashraf

વલમ યકુલ્લહૂ	અને કોઈ છે જ નથી તેના માટે
કુફુવન અહદ.	તેનો કોઈ સમોવડિયો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વધુમાં ફરમાવ્યું :

"અગર આ પ્રકારના શયતાની વસવસા આવે તો માણસને જોઈએ કે તે પોતાની ડાબી તરફ થૂથૂ કરીને ત્રણ વખત થૂંકી દે અને શયતાને-મરદૂદથી અલ્લાહની પનાહ માગે!"

ઇબ્ને હિશામ કહે છે : ઉપર દર્શાવેલી સૂરએ-ઈખ્લાસમાં "સમદ" શબ્દ આવેલો છે. સમદ તેને કહે છે કે જેના દરબારમાં દરેક કામની રજૂઆત કરવામાં આવે અને દરેકને તેની જરૂરત હોય પણ તેને કોઈની જરૂરત ન હોય. સમદ શબ્દ અલ્લાહ વહદહૂ લા શરીકનું એક સિફાતી એટલે ગુણવાચક નામ છે. આ સૂરતમાં બીજો શબ્દ "કુફુવન"આવેલો છે. કુફુવનનું મૂળ "કુફૂઅ" છે. એના અર્થ સમાન, સરખું, બરોબરિયું, સમોવડિયું, હરીફ, પ્રતિસ્પર્ધી વગેરે થાય છે. કુફૂઅનું બહુવચન "અકફાઅ"આવે છે.

Maktabe Ashraf

પ્રકરણ ૮૮

નજરાનના ખ્રિસ્તીઓનું મંડળ

પ્રતિનિધિ મંડળના મોવડીઓ • દુનિયાવી માયાની ઝંજીર • પ્રાચીન ગ્રંથમાં આખેરી નબીની બશારત • નસારાનું મંડળ દરબારે-રસૂલમાં • મઝહબી અકીદાઓનો મતભેદ • હઝરત ઈસાના પિતા વિષે સવાલ • કુર્આન, તવરાત, ઈન્જીલ, ફુર્કાન • હઝરત ઈસા મસીહની પૈદાઇશનું બયાન • ઈસા બિન મરયમના મુઅજિઝહ • ઈસા અને આદમનો દાખલો • ખ્રિસ્તીઓને મુબા-હલહનો પડકાર • નજરાનના પાદરીઓની સુલેહ • હઝરત અબૂ ઉબૈદહ નજરાનમાં

Maktabe Ashraf

પ્રતિનિધિ મંડળના મોવડીઓ ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં નજરાનના નસારાઓનું મંડળ હાજર થયું. મંડળના આ કાફલાના ૬૦ સવારોમાં ૧૪ પાદરીઓ કે ધર્મગુરૂઓ હતા જેઓ તેઓના, આગળ પડતા અગ્રેસરો કે મુખીઓ હતા. અને એ ૧૪માંથી ત્રણ સંતપુરૂષો એટલા લોકલાડીલા અને માનીતા હતા કે તેઓની કૌમના કુલ્લે અધિકારો એમના કબજામાં હતા. વળી એ ત્રાણમાં પણ અબ્દુલ-મસીહ નામે ધર્માત્મા એટલી બધી સત્તા ભોગવનારા ટોચના સુત્રધાર હતા કે એમનો મત છેવટનો મત અને એમનો ફેસલો આખેરી ફેસલો ગણાતો હતો. પછી એમના મત કે એમના ફેસલાનો વિરોધ કરવાની કોઈની પાસે સત્તા ન હતી. અબ્દુલ-મસીહનો લકબ ''અલ-આકિબ''હતો.

આ ત્રણ ધર્મનેતાઓમાંથી બીજા સંતગુરૂનું નામ ''અલ-ઐહમ'' હતું અને લકબ એમનો ''અસ-સૈયિદ'' હતો. એ પોતાની કૌમના કાફલાઓ, કાફલાના પ્રવાસી પડાવો, સામાજિક સભાઓ અને કૌમની દેખભાલ તથા વ્યવહારૂ મામલાઓના પ્રબંધક કે સૂત્રધાર હતા. ત્રીજા ધર્માત્માનું નામ અબૂ હારિસહ બિન અલકમહ હતું. એ બનૂબક્ર બિન વાઈલ કુટુંબના નબીરા, નસારાઓની કૌમના મઝહબી પેશવા, આકાશી કિતાબ ઈન્જીલના પ્રખર જ્ઞાની, તેઓના વડા ઈમામ અને તેઓની વિદ્યાપીઠોના ઉપરી અધિકારી હતા. આ અબૂ હારિસહએ ખ્રિસ્તી કૌમમાં અને પોતાના લોકોમાં માનમોભાનો ઊંચો મરતબો મેળવી લીધો હતો. મઝહબી કિતાબોનું શિક્ષાણ આપવામાં ચોમેર પંકાયેલા હતા. મઝહબી ઉલૂમના મહાજ્ઞાની હોવાથી દૂરદૂર સુધી એમના નામ અને કામનો ડંકો બજતો હતો. એમની ઈલ્મી, મઝહબી અને રૂહાની કીર્તિ, નજરાનની ભૂમિ પાર્ગી નીકળીને રોમના શાહી મહેલો સુધી પહોંચી ગઇ હતી. રોમના ખ્રિસ્તી શહેનશાહોને જ્યારે એમની ધર્મ મહારત કે જ્ઞાનપ્રતિભાના સમાચાર મળ્યા તો તેઓએ એમને માન-ઇકરામથી બિરદાવીને ધર્મના ઊંચા આસને બિરાજમાન કરી દીધા હતા અને ધન દવલત તથા નોકર ચાકરોથી એમને ભારે દબદબાવાળા બનાવી દીધા હતા. એમના

માટે કેટલાંક નવાં દેવળો ઊભા કરાવી દીધાં હતાં અને તરહ-તરહના ભારેખમ ઇલકાબોથી એમને વધાવી લીધા હતા.

દુનિયાવી માયાની ઝંજીર————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે ખ્રિસ્તી સમાજના આ કાફલાએ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થવા માટે નજરાનથી પ્રવાસનો આરંભ કર્યો તો અબૂ હારિસહ મહાત્મા પોતાના ખચ્ચરની પીઠ પર સવાર થયા. એમના સંગાથે એમનો ભાઈ પણ હતો જેનું નામ કૂર બિન અલકમહ હતું.

ઇબ્ને હિશામ કહે છે : અબૂ હારિસહના ભાઈનું નામ કેટલાકે કૂઝ અથવા કુર્ઝ બતાવ્યું છે. ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે કાફલાએ કૂચ આરંભી તો થોડે આગળ જતાં અબૂ હારિસહના ખચ્ચરે ઓચિંતી ઠોકર ખાધી. અલ્લાહના વલી જેવા ભાઈને ભોંય પર પછડાયેલો જઈને તેના ભાઈ કુર્ઝની જીભથી આ શબ્દો સરી પડયાઃ "નખ્ખોદ વળે પેલા દૂરવાળાનું !"

દૂરવાળાથી તેના ઇશારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ હતો. જવાબમાં અબૂ હારિસહએ કહ્યું, "તેનું નહિ, તારૂં નખ્ખોદ વળે !"

"ભાઈ સાહેબ ! આમ શા માટે ?" કુર્ઝે નવાઈ પામીને પૂછયું.

"વલ્લાહ !"અબૂ હારિસહ બોલ્યો, "એજ તો તે પયગમ્બર છે જેની આપણે રાહ જોતા હતા અને જેની વધામણી ઈન્જીલે આપી છે."

"ભાઈ સાહેબ !"કુર્ઝે ઠાવકા મુખે પૂછયું, "જયારે આપને ખબર છે તો તે કઈ વસ્તુ છે જેણે આપને તેમની ઉપર ઇમાન લાવવાથી અટકાવી રાખ્યા છે ?"

"એના કારણની શું તને ખબર નથી ?" અબૂ હારિસહએ કહ્યું, "સાંભળ, આપણી કૌમે આપણને શું-શું નથી આપ્યું ? ઊંચો મરતબો આપીને માનમરતબાવાળા બનાવ્યા, માલ આપીને માલવાળા કે માલદાર બનાવ્યા, ઇજ્જત આપીને ઇજ્જતવાળા બનાવ્યા. હવે હાલત એવી છે કે આપણી કૌમના આગેવાનોને તેના વિરોધ વગર બીજી કોઈ વાત મંજૂર નથી. આપણા માટે પણ તેના વિરોધ વિના બીજો રસ્તો નથી. તારા કહેવા મુજબ કરીએ તો આ એશઆરામ, આ સુખચેન, આ ઠાઠમાઠની જેટલી વસ્તુઓ તું જુએ છે એને આંચકી લેતાં તેઓને કેટલીવાર લાગે ?"

કુર્ઝ બિન અલકમહનું બયાન છે કે મારા ભાઈ અબૂ હારિસહના મુખેથી નીકળેલી આ બધી વાતો મેં બરાબર યાદ રાખી અને મારા મનમાં મેં તેને છુપાવી રાખી અને પછી જયારે મારા સંજોગો અનુકૂળ થઈ ગયા તો હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઈમાન લાવીને મુસલમાન બની ગયો અને મારી આ કથા રજૂ કરવાને શક્તિમાન બન્યો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : કુર્ઝ બિન અલકમહ અંગે મને જે માહિતી મળી તેમાંની એક આ છે કે મુસલમાન બનવા પછી કુર્ઝ પોતે, પોતાના ભાઈ અબૂ હારિસહને લગતી આ વાતો, પોતાના મુખે લોકોની આગળ બયાન કરતા હતા.

પ્રાચીન ગ્રંથમાં આખેરી નબીની બશારત————ઇબ્ને હિશામ કહે છે : મને પ્રાચીન ઇતિહાસના

Maktabe Ashraf

અભ્યાસીઓ તરફથી આ માહિતી મળી છે કે નજરાનના અમીરોમાંથી એક ધર્મપ્રેમી અમીર પાસે પુરાતન કાળનો એક જૂનો ગ્રંથ હતો. વંશપરંપરાથી આ ગ્રંથ તેના ખાનદાનમાં ઊતરી આવતો હતો. જ્યારે ખાનદાનના વડીલ મરણ પામતો અને જાગીરનો વારસો તેના પાટવી કુંવરને મળતો તો તે આ સીલબંધ ગ્રંથને, અગાઉના સીલો તોડયા વિના, પોતાના નામનો સિક્કો મારીને તિજોરીમાં બંધ કરી દેતો. આ પ્રથા પ્રાચીન કાળથી તેના ખાનદાનમાં ઊતરી આવતી હતી. ખૂબીની વાત આ હતી કે ખાનદાનનો કોઇ માણસ સીલ તોડીને ગ્રંથને વાંચવાનું સાહસ કરતો ન હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની યુગમાં જે અમીર આ ખાનદાનનો વડીલ હતો તેણે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીની કીર્તિ સાંભળી તો તે આપની મુલાકાત માટે મદીનહની સફર ખેડવા તૈયાર થયો. પણ જેવો જ તે પોતાના મહેલમાંથી નીકળ્યો, તેને એવી ઠોકર લાગી કે, તે ભોંય પર પછડાઇ પડયો. આ જોઇને તેનો કુંવર બોલી ઊઠયો, ''ખરાબી હો મદીનહવાળા નબીની!''

તેના બાપે કહ્યું, ''ખબરદાર બેટા ! આમ બોલવું નહિ. તે અલ્લાહના સાચા નબી છે. તેમનું નામ ''વદાઇઅ'' એટલે આપણા સુરક્ષિત ગ્રંથોમાં લખેલું મવજૂદ છે.''

જ્યારે આ અમીર મરી ગયો અને એનો વારસો એના કુંવરને મળ્યો તો પ્રથા મુજબ તેણે પેલો પુરાતન ગ્રંથ, પોતાના નામની મહોર મારવા માટે તિજોરીમાંથી કાઢયો. પણ મહોર મારતી વેળા તેના મનમાં ગલીગલી થઇ કે, ગ્રંથને ખોલીને વાંચવું તો જોઇએ કે, એમાં લખેલું શું છે ?

Maktabe Ashraf

તેણે મનને મજબૂત કરીને સીલબંધ મહોરો એક પછી એક તોડી નાખી અને ગ્રંથનું વાંચન કર્યું તો તેમાં આખેરી યુગના નબી હઝરત મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક નામ, આપની પયગમ્બરી અને તેની નિશાનીઓ તથા આપના સંસ્કારોને લગતી માહિતીઓ પીરસેલી હતી. આ લખાણ વાંચીને તેના દિલની આંખો ખુલી ગઇ. તેણે અંતરનો નાદ ઝીલી લીધો અને સાચા દિલથી કલિમા પઢીને મુસલમાન બની ગયો. અને છેવટ સુધી ઇસ્લામ પર મક્કમ રહીને હજ્જનું સદ્ભાગ્ય પણ મેળવી લીધું. આ શેઅર તેણે જ કહ્યો છે જે હજ્જના પ્રવાસને લગતો છે.

ઇલૈકા તગદૂ કલેકન વદીનુહા • મુઅ-તરિદન ફી બતનેહા જનીનુહા

મુખા-લફન દીનન-નસારા દીનુહા.

(મારી આ ઊંટણી) તારી જ તરફ દોડી રહી છે એવી હાલતમાં કે તેનો કમરબંધ હરકત કરી રહ્યો છે અને તેના પેટમાં બચ્ચું આડે આવી રહ્યું છે અને હાલત આ છે કે ઊંટણીવાળાનો ધર્મ, નસારાના ધર્મથી અલગ છે.

ઇબ્ને હિશામ કહે છે : શેઅરમાં ''વદીન'' શબ્દ (ઝુવાદથી) આવેલો છે જેનો અર્થ ''હિઝામુન-નાકહ''એટલે ઊંટણીનો કમરબંદ કે કાઠીની દોરડી થાય છે અને હિશામ બિન ઉર્વહનું કહેવું છે કે શેઅરની ત્રીજી કડી ઇસ્લામના કોઇ શાઇરે એમાં ઉમેરી દીધી છે.

નસારાનું મંડળ દરબારે-રસૂલમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે માહિતી આપી કે, નજરાનના નસારાઓનું મંડળ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના

દરબારમાં હાજર થયું તો તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની મસ્જિદમાં બિરાજમાન હતા. આપ જયારે મુસલમાનોને અસરની નમાઝ પઢાવીને પરવારી ગયા તો મંડળના લોકો મસ્જિદમાં દાખલ થયા. તેઓનો જાહેરી ઠાઠમાઠ અને ઠસ્સો જોઈને મુસલમાન લોકો દંગ થઈ ગયા. બધાએ સુંદર કિમતી પોશાકો પરિધાન કરેલા હતા. લાંબા ઉજળા ઝબ્બા પહેરેલા હતા. ખભાઓ પર મૂલ્યવાન ચાદરો નાખેલી હતી. અરબના બનૂ હારિસ બિન કઅબના બાંકા અમીરો પેઠે બેહદ જાજરમાન અને રૂઆબદાર લાગતા હતા.

રાવીનું કથન છે : રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાએ એમને જોયા તો જોતા જ રહી ગયા.તેઓનું કહેવું છે કે આટલા સુંદર અને આટલા મૂલ્યવાન પોશાકોમાં સજ્જ થયેલું ઝાકઝમાળ કે ઠસ્સાદાર મંડળ એ પછી તેઓએ કદી જોયું નહિ.

અસરની નમાઝ બાદ મંડળના સભ્યો મસ્જિદમાં દાખલ થયા. તે વેળા તેઓની નમાઝનો વખત પણ થઈ ગયો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં જ તેઓ પોતાની નમાઝ માટે ઊભા થઈ ગયા. આ જોઈને મુસલમાનોએ વાંધો લીધો તો આપે ફરમાવ્યું, "દઅ્-હુમ" છોડી દો એમને કે નમાઝ પઢી લે. તેઓએ મશરિક તરફ મુખ કરીને નમાઝ પઢી.

મઝહબી અકીદાઓનો મતભેદ————ઇબ્ને ઇસ્હાક કહે છે : ખ્રિસ્તીઓના મંડળમાં તેઓની કોમની નુમાઈન્દગી કરનારા તેઓના ૧૪ અગ્રેસરોના નામ આ છે.

(૧) અલ-આકિબ . મૂળ નામ અબ્દુલ-મસીહ (૨) અસ-સૈયિદ. અસલ નામ અલ-ઐહમ (૩) બનૂબક્ર બિન વાઈલવાળા અબૂ હારિસહ બિન અલકમહ (૪) ઔસ (૫) અલ-હારિસ (૬) ઝૈદ (૭) કૈસ (૮) યઝીદ (૯) નુબ્યહ (૧૦) ખુવૈલિદ (૧૧) અમ્ર (૧૨) ખાલિદ (૧૩) અબ્દુલ્લાહ (૧૪) યુહન્નસ.[1]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતચીત કે વાટાઘાટ કરનારાઓમાં પહેલાં નંબરે અબૂ હારિસહ બિન અલકમહ, બીજા નંબરે અલ-આકિબ અબ્દુલ-મસીહ અને ત્રીજા નંબરે અસ-સૈયિદ અલ-ઐહમ મુખ્ય હતા. એ બધા શાહી દરબારના ખ્રિસ્તી કાનૂનને આધીન હતા. આમ છતાં પોતપોતાના અનુયાયીઓ સાથે ખ્રિસ્તી ધર્મના જુદા-જુદા મસ્લકો કે સંપ્રદાયોને અનુસરનારા હતા. આપસમાં તેઓ એકબીજા સાથે મઝહબી મતભેદ ધરાવતા હતા. એક પક્ષ અલ્લાહના નબી હઝરત ઈસા બિન મરયમને અલ્લાહ તરીકે માનતો હતો. બીજો પક્ષ હઝરત ઈસા બિન મરયમ વિષે અલ્લાહના બેટા હોવાનો અકીદો ધરાવતો હતો, જયારે ત્રીજો પક્ષ હઝરત ઈસાને "ત્રણમાંનો ત્રીજો" હોવાની માન્યતા ધરાવતો હતો.

સારાંશ કે નસારાઓમાં ઘણાં ફિરકા એટલે ફાંટા પડી ગયા હતા. એમાંથી એક પક્ષનો અકીદો હતો કે ઈસા બિન મરયમ પોતે અલ્લાહ છે. આ અકીદાવાળા દલીલ કરતા હતા કે ઈસા બિન મરયમ મુરદાંઓને સજીવન કરી દેતા હતા. રોગીઓને સાજાસમાં કરી દેતા હતા. ગૈબની વાતો બતાવી દેતા હતા. હાથથી મટોડાંના પક્ષીઓ બનાવીને છુકારાથી તેમાં જાન નાખી દેતા હતા. જો કે આ પ્રકારના અદ્દભુત ચમત્કારો તેઓ અલ્લાહના હુકમથી કરી દેખાડતા હતા કે જેથી લોકો માત્ર અલ્લાહની કુદરતની એક નિશાની બની જાય અને લોકો તેમને અલ્લાહના સાચા પયગમ્બર માનીને તેમની ઉપર ઈમાન લઈ આવે.

---

૧. યુહન્નસ, યુહન્ના - Johannes, John વગેરે એક જ નામના જુદા જુદા રૂપો છે.

Maktabe Ashraf

એમાં જે લોકો હઝરત ઈસા બિન મરયમને અલ્લાહનો બેટો માનતા હતા તેઓ દલીલ કરતા હતા કે, ઈસા બિન મરયમ, વગર બાપે એટલે કોઈ પુરૂષના સ્પર્શ વિના કુંવારી મરયમની કૂખે પેદા થયા હતા અને પેદા થતાં જ પારણામાં લોકો સાથે વાતો કરવા લાગ્યા હતા. આ તેમનો એવો લાજવાબ ચમત્કાર છે કે દુનિયાની આંખે આથી પહેલાં આવો ચમત્કાર જોયો નથી.

હઝરત ઈસા બિન મરયમને "ત્રણમાંના ત્રીજા"નો અકીદો ધરાવનાર લોકો, ખુદ અલ્લાહ તઆલાના આ શબ્દોને દલીલ રૂપે રજૂ કરતા હતા કે અલ્લાહએ પોતે ફરમાવ્યું છે કે, "આ કામ અમે કર્યું ! આ હુકમ અમે આપ્યો ! આ બધું અમે પેદા કર્યું !"આ વાક્યોમાં વારંવાર આવતો "અમે" શબ્દ ચોખ્ખી રીતે દર્શાવે છે કે અલ્લાહ ફકત એક જ નથી બલકે એકથી વધારે અલ્લાહ મવજૂદ છે. અગર ફકત એક જ અલ્લાહ હોત તો "અમે"ને બદલે આમ કહેતે કે, "આ કામ મેં કર્યું ! આ હુકમ મેં આપ્યો ! આ બધું મેં પેદા કર્યું! "એટલે બહુવચનને બદલે એકવચનનો શબ્દપ્રયોગ કરતે. જયારે અલ્લાહએ બહુવચનનો શબ્દ ફરમાવ્યો તો એના આ અર્થ થયા કે, "અલ્લાહ, ઈસા અને મરયમની ત્રીપુટીએ મળીને આ કામ કર્યું, આ હુકમ આપ્યો, આ બધું પેદા કર્યું !"

આ લોકોના પોકળ દાવા અને પોકળ દલીલોનો રદિયો આપતી ઘણી આયતો અલ્લાહ તઆલાએ કુર્આને-મજીદમાં નાઝિલ ફરમાવી છે.

(સંપાદકની નોંધ :- ખ્રિસ્તીઓના મઝહબી અકીદાઓના આ મતભેદો આજે પણ જગતભરના ખ્રિસ્તીઓમાં પ્રવર્તે છે. જે લોકોનો અકીદો છે કે હઝરત ઈસા અલૈહિસ-સલામ પોતે અલ્લાહ છે એની તહકીક માટે અલ્લાહ તઆલા કિયામતના દિવસે હઝરત ઈસા અલૈહિસ-સલામને સવાલ કરશે જેનું બયાન કુર્આનમાં આ પ્રમાણે છે :

વઈઝ કાલલ્લાહુ યા ઈસબ્ન મરયમ	અને જયારે પૂછશે અલ્લાહ, હે ઈસા બિન મરયમ !
અ-અન્ત કુલ્ત લિન્નાસિત-	શું તેં કહ્યું હતું લોકોને કે,
તખિઝૂની વ ઉમ્મીયા ઈલાહૈન	બનાવી લેજો મને અને મારી માતાને બે અલ્લાહ;
મિન દૂનિલ્લાહ.	એક અલ્લાહને છોડીને ?

હઝરત ઈસાને અલ્લાહનો બેટો માનનારાઓ વિષે ફરમાવ્યું :

વ કાલતિન-નસારલ	અને કહી દીધું નસારાએ કે
મસીહુબ-નુલ્લાહ.	મસીહ અલ્લાહનો બેટો છે.

ત્રણમાંનો ત્રીજો માનનારાઓ વિષે કુર્આનમાં "સાલિસુ સલાસહ" શબ્દો આવેલા છે જેને ખ્રિસ્તીઓની મઝહબી ભાષામાં-TRINITY-કહે છે અને અરબીમાં "તસ્લીસ" કહે છે જેના અર્થ ત્રણ ભાગ પાડવા અથવા ત્રણ અલ્લાહ હોવાનો અકીદો રાખવો એટલે પિતા, પુત્ર અને હોલીઘોસ્ટ. "હ")

હઝરત ઈસાના પિતા વિષે સવાલ———— ઇબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતચીત કરનારા ત્રણ મોટા પાદરીઓ હતા. એમાંના બે મુખ્ય પાદરીઓએ વાતચીત શરૂ કરી અને જયારે તેઓ વિવાદમાં ઊતરીને દલીલો કરવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દલીલોના જવાબોને અંતે તેઓને ફરમાવ્યું, "અસ્લિમા !" હવે તમે બંને ઈસ્લામ કબૂલ કરી લો.

તેઓ બોલ્યા, ''અમે તો અગાઉથી જ ઈસ્લામ કબૂલ કરી ચૂક્યા છીએ.''

આપે ફરમાવ્યું, ''ઈન્ન કુમા લમ તુસ્લિમા, ફસ્લિમા !''ના, બેશક તમે બંનેએ ઈસ્લામ કબૂલ નથી કર્યો, હવે ઈસ્લામ કબૂલ કરી લો.

બંનેએ જવાબ આપ્યો, ''અમે તો તમારાથી પહેલાં ઈસ્લામ કબૂલ કરી લીધો છે.''

આપે ફરમાવ્યું :

કઝઝબ-તુમા	તમે બંને ખોટું બોલો છો,
યમનઅ-કુમા મિનલ-ઈસ્લામ	આડે આવી રહ્યો છે તમારા બંનેના ઈસ્લામને;
દુઆઉ-કુમા લિલ્લાહિ વલદન.	તમારો અલ્લાહના બેટાનો અકીદો.
વ ઈબાદતુ-કુમસ-સલીબુ	અને તમે પૂજા કરો છો સલીબ (એટલે ક્રોસ)ની.
વ અકલુ-કુમલ-ખિન્ઝીર.	અને તમે ખાઓ છો ડુક્કરનું માંસ તે.

એટલે ત્રણ વાતો તમારા ઈસ્લામને આડે આવી રહી છે : અલ્લાહનો બેટો હોવાનો અકીદો, સલીબની પૂજા અને ડુક્કરનું માંસ. [૧]

આ સાંભળીને તેઓ બોલ્યા, ''વારૂ હે મુહંમદ ! બતાવો ઈસા બિન મરયમનો બાપ કોણ હતો ?''

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખામોશ રહી ગયા. આપે તેઓને કોઈ જવાબ નહિ આપ્યો ત્યારે અલ્લાહ તઆલાએ તેઓની વાતો અને તેઓની દલીલોના જવાબમાં સૂરએ-આલે-ઈમ્રાન નાઝિલ ફરમાવી જેની શરૂઆતની ૮૦ જેટલી આયતોમાં તેઓની જૂદી જૂદી વાતો અને તેઓના અકીદાઓનું બયાન થયેલું છે જેમકે સૂરતની શરૂઆતમાં ફરમાવ્યું : ''અલિફ લામ મીમ અલ્લાહુ લા ઈલાહ ઈલ્લા હુવલ-હય્યુલ-કય્યૂમ.''

તરજુમો : અલિફ લામ મીમ. અલ્લાહ તો તે છે જેના સિવાય બીજો કોઈ મઅબૂદ નથી. તે જીવતો છે તે કાયમ છે. એટલે જમીન અને આસમાનોમાં તેના વગર બીજો કોઈ અલ્લાહ નથી. તે સર્વશક્તિમાન છે. કુલ્લે સત્તાનો તે એકલો માલિક છે. તેની સત્તામાં અને તેની બંદગીમાં કોઈ તેનો ભાગીદાર નથી. તે એવો જીવતો છે કે કદી તેને મોત નહિ આવે.

(જો કે ખ્રિસ્તીઓના અકીદા મુજબ હઝરત ઈસા બિન મરયમ અલ્લાહ હોવા છતાં શૂળીએ પણ ચઢી ગયા અને મરી પણ ગયા. કુર્આનમાં છે : વમા ક-ત-લૂ-હુ વમા સ-લ-બૂ-હુ - યહૂદીઓએ ન તો તેમને કતલ કર્યા અને ન શૂળીએ ચઢાવ્યા. ''હુ'')

અલ-કય્યૂમ એટલે કાઈમ-દાઈમ, નિગરાની કરનાર, દેખરેખ રાખનાર, જમીન, આસમાન અને દરેક વસ્તુને તેના સ્થળે ટકાવી રાખનાર અને પોતે પણ કાયમ માટે ટકી રહેનાર. જ્યારે કે ખ્રિસ્તીઓના કહેવા પ્રમાણે ઈસા બિન મરયમ જયાં હતા તે સ્થળેથી હટી ગયા અને બીજા સ્થળે ચાલ્યા ગયા. અલ્લાહની પાક

૧. એટલે તમે લોકો હઝરત ઈસા અલૈહિસ-સલામને અલ્લાહનો બેટો માનો છો. સલીબની પૂજા કરો છો અને સુવ્વરનું ગોશ્ત ખાઓ છો છતાં દાવો કરો છો કે અમે મુસલમાન છીએ ! સલીબ ખ્રિસ્તીઓનું ધર્મચિહ્ન છે. તેઓની માન્યતા મુજબ ચોકડીઘાટનો તે વધસ્તંભ જેની સાથે બાંધીને અને ખીલા ઠોકીને યહૂદીઓએ હઝરત ઈસા મસીહને શૂળી આપી હતી. ''હ''

Maktabe Ashraf

જાત વગર કાયમ માટે ટકી રહેનાર કોઇ નથી.

કુર્આન, તવરાત, ઇન્જીલ, ફુર્કાન————એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "નઝઝલા અલૈકલ-કિતાબ બિલ-હક્કે." નાઝિલ કરી તેણે તમારી ઉપર કિતાબ હકની સાથે એટલે તેણે આ કુર્આન તમારી ઉપર ઉતાર્યું જે સચ્ચાઇઓથી ભરેલું છે.

પછી ફરમાવ્યું : "વ અન-ઝલત-તવરાત વલ-ઇન્જીલ." અને તેણે તવરાત તથા ઇન્જીલ પણ ઉતારી. તવરાત હઝરત મૂસા પર અને ઇન્જીલ હઝરત ઇસા પર.

પછી ફરમાવ્યું :"વ અન-ઝલલ-ફુર્કાન.

કુર્આનનું એક નામ ફુર્કાન પણ છે. ફુર્કાન એટલે હકને બાતિલથી અલગ કરનાર અથવા સત્યને અસત્યથી નોખું પાડનાર કિતાબ. ખરાની સાથે ખોટું કે સાચની સાથે જૂઠું ભેળસેળ થઇ ગયું હોય તો કુર્આન બંનેને એકબીજાથી છૂટું પાડી દે છે.

ખ્રિસ્તીઓ અને યહૂદીઓએ જે નવી નવી વાતો ઘડી કાઢીને કિતાબોમાં ઘુસાડી દીધી હતી અને તરહ તરહની બિદઅતો ઉપજાવી કાઢીને દીનમાં દાખલ કરી દીધી હતી અને અલ્લાહના પયગમ્બરોના માથે જૂઠા આક્ષેપો થોપી દીધા હતા તેમાં સાચું શું અને જૂઠું શું ? તેને એકબીજાથી છૂટું પાડવા માટે અલ્લાહ તઆલાએ કુર્આન નાઝિલ કર્યું અને કુર્આને સાચનું સાચ અને જૂઠનું જૂઠ અલગ કરીને દેખાડી દીધું જેથી એને ફુર્કાન કહ્યું.

(સંપાદકની નોંધ :- અહીં અલ્લામા ઇબ્ને હિશામે સૂરએ-આલે-ઇમ્રાનની ઘણી આયતો ટાંકીને તેના તરજુમા અને તફસીરનું લંબાણ વિવેચન કર્યું છે. એના લગભગ પંદરેક પાનાંનો સાર, અમે પોતાના શબ્દોમાં, હઝરત ઇસા અલૈહિસ-સલામની પૈદાઇશના બયાન સાથે અહીં રજૂ કરીએ છીએ. "હ")

હઝરત ઇસા મસીહની પૈદાઇશનું બયાન————ખ્રિસ્તી મંડળના વડા પાદરીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દલીલોનો જવાબ નહિ આપી શકયા તો તેઓએ ટીકારૂપે સવાલ કર્યો, "બતાવો હે મુહંમદ ! ઇસા બિન મરયમનો બાપ કોણ હતો ?"

જવાબમાં આપ ખામોશ રહ્યા તો અલ્લાહ તઆલાએ સુરએ-આલે-ઇમ્રાન નાઝિલ ફરમાવી. એમાં તેઓના ખોટા અકીદાઓ અને મનઘડત આક્ષેપોના જવાબની સાથે બીબી મરયમને બેટાની બશારત આપતાં ફરમાવ્યું :

વ ઇઝ કાલતિલ-મલા-ઇકતુ	અને તે સમયને યાદ કરો જયારે કહ્યું ફરિશ્તાઓએ,
યા મરયમુ ઇન્નલ્લાહ	હે મરયમ ! બેશક અલ્લાહ
યુબશ-શિરુકિ બિ-કલિ-મ-તિમ	ખુશખબર આપે છે તને એક કલિમાની જે [૧]
મિન્હુસ-મુહુલ-મસીહુ	તેની તરફથી છે જેનું નામ મસીહ
ઇસબ્નુ મરયમ.	બિન મરયમ છે.

૧. અહીં કલિમાના અર્થ અલ્લાહનું કથન, અલ્લાહનો હુકમ છે. હઝરત ઇસા અલૈહિસ-સલામ, અલ્લાહના કથન "કુન"થી અને અલ્લાહના હુકમથી વગર બાપે પેદા થયા જેથી "કલિમતુલ્લાહ" કહેવાય છે. "હ"

અલ્લાહના જલીલુલ-કદ્ર પયગમ્બર હઝરત ઈસા મસીહ અલૈહિસ-સલામ, જેઓ "કલિમતુલ્લાહ" અને "રૂહુલ્લાહ" કહેવાય છે અને જેઓ કુદરતી નિયમથી હટીને, વગર બાપે અલ્લાહના "કુન" શબ્દથી પેદા થયા, એમની પૈદાઈશનું વર્ણન સુરએ-મયરમના બીજા રૂકૂઅમાં વિગતથી થયેલું છે અને તેની શરૂઆત આ પ્રમાણે થાય છે :

વઝકુર ફીલ-કિતાબિ મરયમ	અને હે નબી ! વર્ણન કરો આ કિતાબમાં મરયમનું
ઈઝિન ત-બ-ઝત મિન અહલિહા	જયારે તે એકાંતમાં થઈ ગઈ પોતાના ઘરવાળાંઓથી
મકાનન શર-કિય્યહ.	પૂર્વ દિશાના એક મકાનમાં.

આયતનો ખુલાસો આ છે : બીબી મરયમના પિતાનું નામ ઈમ્રાન અને માતાનું નામ હન્નહ હતું. બીબી મરયમ ગર્ભમાં હતાં, ત્યારે હન્નહએ મન્નત લીધી હતી કે અલ્લાહ મને બેટો આપશે તો તેને અલ્લાહની બંદગી માટે અલ્લાહના રાહમાં અર્પણ કરી દઈશ. પરંતુ બેટાને બદલે બેટીનો જન્મ થયો તો હતાશ થઈ ગયાં. પણ અલ્લાહ તઆલાએ બેટીને જ કબૂલ કરી લેવાની વધામણી આપી દીધી.

તે વેળા બૈતુલ-મુકદ્દસ મસ્જિદના મુતવલ્લી અને વડા ઈમામ અલ્લાહના પયગમ્બર હઝરત ઝકરીય્યા અલૈહિસ-સલામ હતા. જેઓ બીબી મરયમના સગા માસા હતા. મન્નત મુજબ બીબી મરયમને અલ્લાહના રાહમાં અર્પણ કરી દેવામાં આવ્યાં અને હઝરત ઝકરીય્યાની દેખરેખમાં ઉછેર પામવા લાગ્યાં. સમજુ વયે પહોંચ્યાં તો બીબી મરયમ પોતાનો પૂરો સમય મસ્જિદમાં અલ્લાહની બંદગીમાં લીન રહેવા લાગ્યાં અને જયારે જવાન વયે પહોંચીને બાલિગ થઈ ગયાં અને માસિક રૂતુનો સમય આવ્યો તો હવે મસ્જિદમાં રહી શકતાં ન હતાં. માબાપના ઘરમાં માસિક રૂતુના અટકાવ પછી ગુસલ કરીને પાકસાફ થવા માટે શર્મો-હયા આડે આવી ગયાં જેથી ઘરવાળાંઓથી અલગ થઈને, ગુસલ કરીને પાકસાફ થવા માટે બાજુના એકાંત મકાનમાં ચાલ્યાં ગયાં. આ મકાન બૈતુલ-મુકદ્દસની પૂર્વ દિશાએ આવેલું હતું. આગળ વાંચોઃ

ફત-ત-ખ-ઝત	તો તેણે કરી લીધો અથવા સરકાવી લીધો
મિન દૂનિ-હિમ હિજાબન.	ઘરવાળાંઓની સામેથી પરદો.

એટલે મકાનના ગુસલખાનામાં દાખલ થઈને પરદો સરકારવી લીધો. પછી ગુસલ કરીને, પાકસાફ થઈને સ્વચ્છ કપડાં પહેરી લીધાં આગળ વાંચોઃ

ફ-અર-સલ્ના ઈલૈહા	ત્યારે મોકલ્યો અમે તેની તરફ
રૂ-હના	અમારા ફરિશ્તા જિબ્રીલને
ફ-તમસ્-સલા લહા	તો તેણે રૂપ ધારણ કરી લીધું તેની સામે
બ-શ-રન સવીય્યા.	એક મુકમ્મલ ઈન્સાનનું.

એટલે જેવાં જ બીબી મરયમ સ્વચ્છ પોશાક સજીને સ્વસ્થ થયાં કે એજ પળે અને એજ સ્થળે અલ્લાહના સંદેશવાહક ફરિશ્તા હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ ઈન્સાનનું રૂપ ધારણ કરીને તેમની સામે પ્રગટ થયા. તેઓ એક સ્વરૂપવાન, જાજરમાન, બેહદ હસીનો-જમીલ ગભરૂ જવાનના રૂપમાં આવેલા હતા. "બ-શ-રન સવીય્યા"ના એજ અર્થ છે : સુડોળ બાંધાનો, સપ્રમાણ અવયવોનો, ઘાટીલા શરીરનો દેખાવડો પુરુષ.

એક દેખાવડા, અજાણ્યા, ગભરૂ જવાનને એકાંતમાં અચાનક પોતાની સામે ઊભેલો જોઈને બીબી મરયમ

ગભરાય ગયાં :

કાલત ઈન્ની અઊઝુ	બોલ્યાં, હું પનાહ ચાહું છું
બિર-રહમાનિ મિન્ક	અલ્લાહની તારાથી
ઈન કુન્ત તકીય્યા.	અગર તું તકી છે.

તકી એટલે નેક, સદાચારી, સંસ્કારી પુરૂષ. દરેક કામમાં અલ્લાહથી ડરનારો માણસ. ગભરાયને બીબી મરયમ બોલ્યાં, "હે જવાન ! હું તારી કનડગતથી અલ્લાહની પનાહ ચાહું છું.જો તારા દિલમાં અલ્લાહનો જરા પણ ડર હોય તો તું અહીંથી ચાલ્યો જા અને મને હાથ નહિ લગાડજે."

જવાબમાં હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામએ ફરમાવ્યું :

ઈન્નમા અના રસૂલુ રબ-બિકિ	હું તો મોકલાવેલો આવ્યો છું તારા પાલનહાર તરફથી
લિ-અ-હ-બ લકિ	કે જેથી આપી જાઉં તને
ગુલામન ઝકીય્યા.	એક પાકીઝહ છોકરો.

એટલે હે નેક બીબી ! મારાથી ગભરાવાની મુદ્દલ જરૂર નથી. હું ઈન્સાન નથી, અલ્લાહનો ફરિશ્તો છું. તારા પાલનહારે મને તારી પાસે મોકલાવ્યો છે કે જેથી હું તને એક પાકીઝહ, સ્વચ્છ અને મુબારક છોકરો આપી દઉં.

છોકરાના જન્મની બશારત સાંભળીને બીબી મરયમ બેહદ નવાઈ પામી ગયાં. બોલ્યાં :

અન્ના યકૂનુ લી ગુલામુંવ	મને કેવી રીતે થઈ શકે છોકરો ?
વલમ યમ-સસની બ-શ-રૂંવ	જયારે કે સ્પર્શી નથી મને કોઈ ઈન્સાને
વ લમ અકુ બગીય્યા.	અને ન હું બદકાર કે અપ્રજન છું.

તઅજ્જુબથી બોલ્યાં, "હે અલ્લાહના ફરિશ્તા ! ન તો મારા નિકાહ થયા છે, ન મારો કોઈ ખાવિન્દ છે. ન કોઈ પુરૂષે મને હાથ લગાડયો છે. ન હું કોઈ બદકાર કે લંપટ સ્ત્રી છું. પછી મને બાળક કેવી રીતે જન્મી શકે ?"

અલ્લાહના હુકમ મુજબ જવાબમાં હઝરત જિબ્રીલે ફરમાવ્યું :

કઝાલિકિ	એ તો એમ જ, એવી જ રીતે, બનવાનું જ છે.
કાલા રબ્બુકિ	(કેમકે) તારો પાલનહાર કહે છે કે
હુવા અલય્ય હૈયિન.	આ મામલો મારા માટે આસાન છે.

કઝાલિક : એટલે એ તો એમ જ, એવી જ રીતે બનવાનું છે અને બનીને જ રહેશે કેમકે તારા પાલનહારનું કહેવું છે કે, આ કામ તેના માટે એકદમ આસાન બલકે છેક જ નજીવું છે. એનું કારણ દર્શવતાં ફરમાવ્યું :

વ લિ-નજ-અ-લ હૂ	અને આ એટલા માટે કે અમે બનાવીએ તેને (આ પુત્રને)
આ-ય-તલ-લિન્નાસિ	એક નિશાની લોકો માટે
વ રહ-મતમ મિન્ના.	અને રહમત અમારી તરફથી.
વ કાના અમ્રમ મક-દિય્યા.	અને આ તો નિર્ધારિત કે નક્કી થયેલો મામલો છે.

અમ્રમ મક્-દિય્યા : એવી વાત જેનો નિર્ણય લેવાય ગયો હોય, એવું કામ જેનો ફેસલો થઈ ચૂક્યું હોય. એટલે તકદીરે-ઈલાહી મુજબ નક્કી થઈ ગયું છે કે હે મરયમ ! તારી કૂખથી પુરૂષના સ્પર્શ વિના એક બેટો જન્મે, જે અલ્લાહ તરફથી દુનિયાના લોકો માટે અલ્લાહની રહમત પુરવાર થાય અને લોકો માટે એક નિશાની એટલે કુદરતે-ઈલાહીનો એક જીવતો જાગતો નમૂનો બની રહે ! બચ્ચાંની પૈદાઈશ કુદરતના કાનૂન મુજબ સ્ત્રી-પુરૂષના નુત્ફાના મેળાપથી થાય છે, પણ વગર બાપે બાળકનો જન્મ ? એતો ખરેખર કુદરતે-ઈલાહીનો એક અજીબો-ગરીબ કરિશ્મો છે.

એ પછી અલ્લાહનો હુકમ થતાં હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામએ બીબી મરયમના ગિરેબાનમાં ફૂંક મારી અને અલ્લાહની કુદરતથી બીબી મરયમને હમલ રહી ગયો.એ પછીની આયત આ પ્રમાણે છે:

ફ હ-મ-લત્હુ	તો ઉપાડી લીધું તેણે તેને પેટમાં (ગર્ભ રહી ગયો.)
ફન- ત-બ-ઝત બિહી	ત્યારે તે અલગ થઈ ગઈ તેને લઈને
મકાનન કસીય્યા.	દૂરના સ્થળે .

ગર્ભ ધારણ કરવા પછી બાળક હઝરત બીબી મરયમના પેટમાં પરવરિશ પામતું રહ્યું. પછી એક સમય આવ્યો જ્યારે બીબી મરયમ, લોકોની બીકથી અને બદનામીના ડરથી દૂરના જંગલના એકાંત તરફ ચાલ્યાં ગયા . આ સ્થળનું નામ ''બૈતુલ-લહમ''હતું જે બૈતુલ-મુકદ્દસથી દૂર આવેલું હતું. અહીં ન કોઈ વસતિ હતી ન કોઈ ઈન્સાનનો વસવાટ હતો. ચોતરફ ચુપકીદીનો સન્નાટો પ્રસરેલો હતો. બીબી મરયમ હતાં અને ખામોશી હતી. અલ્લાહની પાકઝાત વગર કોઈનો સહારો ન હતો. એકદમ એકલાં અટૂલાં હતાં. બેહદ ગમગીન અને ઉદાસ હતાં. પ્રસૂતિનું દર્દ રહીરહીને ઊઠતું હતું. ત્યાં એક ખજૂરીનું સૂક્કું ઝાડ ઊભેલું હતું. પ્રસૂતિના દર્દની એવી હાલતમાં ત્યાં ચાલ્યાં ગયાં અને સહારા માટે સૂકી ખજૂરીના થડને અઢેલીને બેસી ગયાં. દર્દની આકરી પીડા સાથે બદનામીનો ડર લાગેલો હતો કે લોકો શું કહેશે ? લોકોને મોં કેવી રીતે બતાવીશ ? આ વિચાર આવતાં જ બીબી મરયમની જીભથી આ શબ્દો સરી પડયા : ''રે ! આથી પહેલાં જ હું મરીખપીને દુનિયાથી નેસ્તો-નાબૂદ થઈ ગઈ હોત !''

છેક છેલ્લા દરજ્જાની લાચારી અને બે-બસી અને બે-કસીની હાલતમાં બીબી મરયમની જીભથી નીકળેલા આ દર્દનાક શબ્દો બારગાહે-ઈલાહીમાં મકબૂલ થઈ ગયા. એમના એજ શબ્દોનું બયાન સુરએ-મરયમમાં આ પ્રમાણે કર્યું :

ફ-અજા-અહલ-મખાદુ	તો લઈ ગયું તેને પ્રસૂતિનું દર્દ
ઈલા જિઝઈન નખ્લહ.	ખજૂરીના થડ તરફ
કાલત યા લૈ તની	બોલી ઊઠી, ''ઐ કાશ !
મિત્તુ કબ્લ હાઝા	મરી ગઈ હોત હું આથી પહેલા !
વ કુન્તુ નસ્યન મન્સીય્યા.	અને હું બની ગઈ હોત ભૂલાયેલી - વિસારાયેલી !''[1]

ખજૂરીના જે થડને અઢેલીને હઝરત બીબી મરયમ બેઠેલાં હતાં તે એક ટેકરો હતો. ઝાડ એ ટેકરા પર હતુ અને સૂક્કુંસટ હતું. બીબી મરયમના દર્દનાક શબ્દો વાયુમાં વિલીન થાય તે પહેલાં, ટેકરાની નીચાણની

1. એટલે કાશ ! હું મરીખપી જઇ દુનિયાથી નેસ્તો-નાબૂદ થઇ ગઇ હોત ! ''હ''

ભૂમિથી અચાનક એક ગૈબી અવાજ આવ્યો. અલ્લાહના ફરિશ્તાએ પોકારીને કહ્યું:

ફ-નાદાહા મિન તહતિહા	ત્યારે તેણે તેને પોકારી, તેની નીચાણની ભૂમિથી,
અલ્લા તહ-ઝની	તું જરા પણ ગમગીન ના થા !
કદ્-જઅલા રબ્બુકિ	બેશક બનાવી દીધું તારા પાલનહારે
તહ-તકિ સરીય્યા.	તારી નીચાણની જમીનમાં એક ઝરણું.

હે મરયમ ! ગમગીન ના થા, ઉદાસ ન બન, ગમ ન ખા. જો, તારા પાલનહારે ટેકરાની નીચાણના ભાગમાં, તારા માટે સ્વચ્છ નીતરા પાણીનું એક ખડખડ વહેતું ઝરણું જારી કરી દીધું છે. પછી એજ પોકારમાં ફરિશ્તાએ પોતાની વાત ચાલુ રાખતાં કહ્યું :

વ હુઝ-ઝી ઈલૈકિ	અને હલાવી દે તારી તરફ
બિ-જિઝઈન-નખ્લતિ	ખજૂરીના થડને
તુસા-કીત અલૈકિ	ખરી પડશે તારી તરફ
રુ-ત-બન જનીય્યા.	તાજી ખજૂર.

રુતબ એટલે તાજી ખજૂર અને જનીય્યા એટલે ઝાડ પરથી ઉતારેલું તાજું-પાકું ફળ. હે મરયમ! એક તો તારા પાલનહારે જંગલની આ ખીણમાં મીઠા પાણીનું ઝરણું જારી કરી દીધું. બીજું તારા માથે ઊભેલા ખજૂરીના સૂકકા ઝાડને લીલુંછમ બનાવીને ફળદ્રુપ કરી દીધું છે. ફકત તારા હાથથી એના થડને હલાવવાની જરૂર છે. હલાવ્યું કે તુરંત ઉપરથી તાજી ખજૂરો ટપકી પડશે. એ પછી ફરિશ્તાએ કહ્યું:

ફ-કુલી વશ્રબી	તો તું ખા અને તું પી
વ કર્રી અૈનન.	અને ઠંડી કર પોતાની આંખો.

હે અલ્લાહની નેક બંદી ! એ તાજી-પાકી ખજૂરો ખા, નીતરૂં-મીઠું પાણી પી અને તારા કલેજાના કકડા અને ચાંદના ટુકડા જેવા બેટાને જોઈને પોતાની આંખો ઠંડી કર. [1] અલ્લાહની આ નેઅમતોને ખાવાપીવાથી શરીરમાં આવેલી કમજોરી દૂર થઈ જશે. ગયેલી તાકત પાછી મળતાં હાથ પગમાં સ્ફૂર્તિ આવી જશે. અને જો, તારૂં બાળક કેટલું રૂડું રૂપાળું અને ગુલાબના ગોટા જેવું છે એને જોઈને તારી આંખો ઠંડી થઈ જશે. રહ્યો બદનામીનો ડર કે લોકો શું કહેશે ? તો એ વિચારથી તારે પરેશાન થવાની જરૂર નથી. તારા પાલનહારે એનો ઈલાજ પણ બતાવી દીધો છે. સાંભળ :

ફ-ઈમ્મા ત-ર-યિન્ન	તો અગર તું જુએ
મિનલ બશરિ અહદન	ઈન્સાનમાંથી કોઈને
ફ-કૂલી ઈન્ની નઝર-તુ	તો તું કહી દેજે, ''મેં મન્નત લીધી છે
લિર-રહમાનિ સવમન	અલ્લાહને માટે રોઝાની, (રોઝા રાખવાની માનતા)
ફલન [illegible]-લિયમલ	તો હું વાત કરવાની નથી

૧. તફસીરમાં લખેલું છે કે અલ્લાહનાં હુકમથી કેટલાક ફરિશ્તાઓએ આવીને હઝરત બીબી મરયમ અલૈહસ-સલામને ખજૂરો ખવાડી, પાણી પીવાડયું અને બાળકને એટલે હઝરત ઈસા મસીહ અલૈહિસ-સલામને નવડાવી ધોવડાવીને જન્નતના કપડાં પહેરાવ્યાં અને બીબી મરયમ અલૈહિસ-સલામના ખોળામાં આપીને, દિલાસો દઈને ચાલ્યા ગયા. ''હ''

Maktabe Ashraf

યવમા ઈન્સીય્યા.	આજે કોઈ ઈન્સાનની સાથે !"

એટલે રસ્તામાં કોઈ ઓળખીતો મળે કે વસતિમાં જવા પછી લોકો બાળક વિષે પૂછપરછ કરે તો કહી દેવું કે આજે મેં રોઝાની માનતા લીધી છે, જેથી હું કોઈની સાથે વાત કરવાની નથી. (હઝરત મૂસા અલૈહિસ-સલામની શરીઅતમાં રોઝાની હાલતમાં ચુપ રહેવું પણ જરૂરી હતું.) આ રીતે અલ્લાહ તઆલાએ પોતાની નેક બંદીને લોકોના સવાલ જવાબની પરેશાનીથી પણ બચાવી લીધી.

હઝરત બીબી મરયમ અલૈહસ-સલામ જેવાં જ પોતાની વસતિમાં દાખલ થયાં, ગોદમાં ઉપાડેલા બાળકને જોતાં જ લોકો ચમકી ઊઠયા. આંખના ઈશારા કરીને તઅજ્જુબથી આપસમાં ગુસપુસ-કરવા લાગ્યા કે, મરયમ જેવી પાકબાઝ, નેકનામ, કુંવારી, ખાનદાની કન્યાએ આ કેવો ગજબ કરી નાખ્યો ! શાદી વગરનું એની ગોદમાં આ બાળક કેવું ? લોકોએ પૂછપરછ શરૂ કરી દીધી. એનું બયાન આ પ્રમાણે થયું છે :

ફ-અતત બિહી કવમ-હા	તો આવી તે તેને લઈને પોતાની કૌમ પાસે
તહ-મિલુહૂ.	ઉપાડેલો હતો તેને તેણે (ગોદમાં)
કાલૂ યા મરયમુ લકદ્ જિઅ-તિ	લોકો બોલ્યા, હે મરયમ ! ખરેખર તું આવી છે
શૈઅન ફરીય્યા.	એક અજીબ વસ્તુ લઈને.

"શૈઅન ફરીય્યા" એટલે જૂઠની વસ્તુ, તોહમત કે આરોપની વસ્તુ, એવી અજબ વસ્તુ જેને જોતાં જ લોકો પોકારી ઊઠે, "અરે આ શો ગજબ કર્યો ?" એ પછી લોકોએ બીબી મરયમને શરમમાં નાખતાં કહ્યું :

યા ઉખ્ત હારૂન !	હે હારૂનની બહેન ! [1]
મા કાના અબૂકિમ-રઅ સવઈન	નહિ હતો તારો બાપ બુરો માણસ
વમા કાનત ઉમ્મુ-કિ બગીય્યા.	અને નહિ હતી તારી મા બદકાર સ્ત્રી.

હે બીબી ! ન તો તારો બાપ કોઈ ખરાબ માણસ હતો, ન તારી મા બદકાર કે બદચલણ હતી અને તું તો પયગમ્બરોના ખાનદાનની શરીફ, સુશીલ, સંસ્કારી કન્યા છે. ન તારી મંગણી થઈ છે ન તારા લગ્ન લેવાયાં છે. પછી આ બાળક ક્યાંથી લઈ આવી ?

જવાબમાં બીબી મરયમે અલ્લાહના હુકમ મુજબ આંગળીથી બાળક તરફ ઈશારો કરી દીધો. ઈશારો અને તેના જવાબમાં લોકો શું બોલ્યા તેનું વર્ણન આ પ્રમાણે છે :

ફ-અશારત ઈલૈહિ.	તો ઈશારો કરી દીધો તેણે તેની તરફ.
કાલૂ કયફા નુકલ-લિમુ મન	લોકો બોલ્યા, કેવી રીતે બોલી શકે જે
કાના ફીલ-મહદિ સબીય્યા.	હજુ પારણામાં બચ્ચું છે.

ખાણીપીણાની સાથે ચુપનો પણ રોઝો હોવાથી બીબી મરયમે ઈશારો કરી દીધો કે મારું આ બાળક તમારા સવાલનો જવાબ આપશે. જે કંઈ હકીકત બની તે એને જ પૂછો. લોકો ઓર ભી નવાઈ પામી ગયા.

---

૧. આયતની તફસીર મુજબ હારૂન બીબી મરયમના ભાઈનું નામ અથવા ખાનદાનના કોઈ વલીનું નામ અથવા હઝરત મૂસાના ભાઈ હઝરત હારૂન કે જેમની નસલમાંથી બીબી મરયમ હતાં. એમનું ખાનદાન પયગમ્બરોની નસલમાંથી ઊતરી આવતું હતું. "હ"

Maktabe Ashraf

તઅજજુબથી બોલ્યા, ''અરે વાહ ! પારણાનું ધાવણું બાળક કદી બોલ્યું છે કે એ બોલશે ! એ કેવી રીતે બોલી શકે ? એક તો શંકાશીલ બાળક અને ઉપરથી અમારી મશ્કરી કરે છે ?''

આ વાતચીત ચાલતી જ હતી ત્યાં તો પારણાનું ધાવણું બાળક પોકારી ઊઠયું :

કાલા ઈન્ની અબ્દુલ્લાહ.	તેણે કહ્યું, હું અલ્લાહનો બંદો છું (બેટો નહિ.)
આતા નિયલ કિતાબ	આપી છે તેણે મને કિતાબ
વ જ-અ-લની નબીય્યા.	અને બનાવ્યો છે તેણે મને નબી
વ જ-અ-લ-ની મુબારકન.	અને બનાવ્યો તેણે મને બરકતવાળો
ઐન મા કુન્તુ	ભલે હું ગમે ત્યાં રહું !
વ અવસાની બિસ-સલાતિ	અને તેણે મને તાકીદી હુકમ ફરમાવ્યો નમાઝનો
વઝ-ઝકાતિ મા દુમ્તુ હય્યા.	અને ઝકાતનો જયાં સુધી હું જીવું (હર હાલમાં)
વ બર્રમ બિ-વાલિદ્-તી	અને બનાવ્યો તેણે મને કહ્યાગરો મારી મા નો
વ લમ યજ-અલ્ની	અને નહિ બનાવ્યો તેણે મને
જબ્બારન શકીય્યા.	તુમાખીખોર, બદબખ્ત.

જબ્બાર એટલે માથાફરેલ, ઉધ્ધત, નાલાયક, બળજબરી કરનારો અને શકી એટલે હતભાગી. બદનસીબ, બદબખ્ત.

ધાવણા બાળકે પોતાની વાત ચાલુ રાખતાં કહ્યું :

વસ્સલામુ અલય્ય	અને સલામતી હો મુજ પર,
યવમા વુલિત-તુ	જે દિવસે મને જાણવામાં આવ્યો !
વ યવમા અમૂતુ	અને જે દિવસે હું મરણ પામું !
વ યવમા ઉબ્અસુ હય્યા.	અને જે દિવસે મને જીવતો ઊંચકી લેવામાં આવે !

એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : ''ઝાલિક ઈસબ્નુ મરયમ.'' આ છે મરયમનો બેટો ઈસા!

આ આયતોમાં પારણાના ધાવણા બાળકે એટલે બીબી મરયમના બેટા હઝરત ઈસાએ લોકોની આગળ પોતાની આઠ ખૂબીઓ ગણી બતાવી :

•———હું અબ્દુલ્લાહ છું. એટલે અલ્લાહનો બંદો. (અલ્લાહનો બેટો નહિ.)

•———આગળ જતાં અલ્લાહ મને કિતાબ આપશે. (ઈન્જીલ)

•———અલ્લાહ મને પોતાનો પયગમ્બર બનાવશે.

•———અલ્લાહએ મને મુબારક એટલે બરકતવાળો બનાવ્યો છે. તેણે મને વગર બાપે માતાની કૂખથી પેદા કરીને હક જાતની ખૂબીઓ, ભલાઈઓ, નેઅમતો અને બરકત મારી જાતમાં ભરી દીધી છે.

•———હું જીવું ત્યાં સુધી અલ્લાહએ મને નમાઝ પઢવાનો અને ઝકાત આપવાનો હુકમ ફરમાવ્યો છે.

•———હું મારી મા સાથે ભલાઈનો વર્તાવ કરનારો બનીશ. હું મારી મા નો તાબેદાર કે કહ્યાગરો બેટો બનીને રહીશ.

Maktabe Ashraf

•——અલ્લાહએ મને બળજબરી કરનારો, સરકશી કરનારો, બદબખ્ત કે હતભાગી નથી બનાવ્યો. (નાલાયક, નફફટ, ઉધ્ધત કે સંગદિલ નથી બનાવ્યો.)

•—-—જે દિવસે હું પેદા થયો, જે દિવસે હું મરણ પામીશ અને જે દિવસે મને જીવતો ઊંચકી લેવામાં આવશે, હર હાલમાં અલ્લાહ તરફથી મને સલામતી મળેલી છે.

ઈસા બિન મરયમના મુઅજિઝહ—————અલ્લામા ઈબ્ને હિશામે હઝરત ઈસા બિન મરયમની પૈદાઈશના બયાન સાથે સૂરએ-આલે-ઈમ્રાનની તે આયતો પણ ટાંકેલી છે જેમાં હઝરત ઈસા અલૈહિસ-સલામના મુઅજિઝાઓનું બયાન થયેલું છે અને તે આયતો પણ ટાંકેલી છે જેમાં યહૂદીઓના દાવા મુજબ તેઓએ હઝરત ઈસા મસીહને ફાંસીએ લટકાવીને કે શૂળીએ ચઢાવીને મારી નાખ્યા હતા.

કુર્આને-કરીમના બયાન મુજબ અલ્લાહ તઆલાએ હઝરત ઈસા અલૈહિસ-સલામને તે યુગની દરેક કૌમ માટે નહિ, બલકે ખાસ યહૂદીઓની કૌમ માટે, યહૂદીઓની હિદાયત માટે, યહૂદીઓના પયગમ્બર બનાવીને મોકલ્યા હતા. જેમકે ફરમાવ્યું છે :

વ ઈઝ કાલા ઈસબ્નુ મરયમ,	અને જ્યારે કહ્યું ઈસા બિન મરયમે
યા બની ઈસરાઈલ !	હે બની ઈસરાઈલ ! (હે યહૂદીઓ !)
ઈન્ની રસૂલુલ્લાહિ ઈલૈકુમ.	હું અલ્લાહનો રસૂલ છું તમારી તરફ.

બીજી આયતમાં ફરમાવ્યું :

વ યુઅલ - લિમુહુલ - કિતાબ	અને અલ્લાહ શિક્ષણ આપશે તેને કિતાબનું
વલ હિકમત વત-તવરાત વલ-ઈન્જીલ	અને હિકમતનું અને તવરાતનું અને ઈન્જીલનું
વ રસૂલન ઈલા બની ઈસરાઈલ.	અને પયગમ્બર બનાવશે બની ઈસરાઈલ તરફ

પછી જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત ઈસાને કિતાબનું, હિકમતનું, તવરાતનું, ઈન્જીલનું શિક્ષણ આપ્યું અને સાથે પયગમ્બરી સચ્ચાઈની અદ્દભુત નિશાનીઓ પણ આપી દીધી તો હઝરત ઈસા તબલીગ માટે યહૂદીઓ પાસે ગયા અને તેઓને ફરમાવ્યું :

અન્ની કદ જિઅતુ કુમ	બેશક હું લઈને આવ્યો છું તમારી પાસે
બિ-આયતિમ મિર-રબ્બિકુમ.	ખુલ્લી નિશાની તમારા પાલનહાર તરફથી.
અન્ની અખ્લુકુ લકુમ મિનત-તીન	હું બનાવું છું તમારા માટે ભીનેલી માટીથી
ક-હૈઅતિત-તૈર	પક્ષીના આકાર જેવું.
ફ-અન-ફુખુ ફીહિ ફ-યકૂનુ	ફરી ફૂંક મારૂં છું તેમાં તો તે બની જાય છે
તયરમ બિ-ઈઝનિલ્લાહ.	ઊડનારૂં પક્ષી અલ્લાહના હુકમથી.

સ્ટોકામાં પાણી મેળવો તો તે કાદવ જેવું બની જાય છે. હઝરત ઈસાએ તેઓને ફરમાવ્યું, "હે યહૂદી આલિમો અને સજ્જનો ! અલ્લાહ તઆલાએ મને પોતાના પયગમ્બર બનાવીને તમારી હિદાયત માટે તમારી પાસે મોકલ્યો છે. અલ્લાહ તઆલાએ મને પયગમ્બરીની સચ્ચાઈની ખુલ્લી નિશાનીઓ પણ આપેલી છે જેને જોવાથી મારી પયગમ્બરીની તમે ખાતરી કરી શકો છો. એમાંની પહેલી નિશાની આ છે કે હું ભીનેલી માટીથી, ઊડનારાં પંખીના આકાર બનાવીને તેમાં ફૂંક મારૂં છું તો તે અલ્લાહના હુકમથી જીવતું થઈને ઊડનારૂં પંખી

Maktabe Ashraf

બની જાય છે.

એ પછી બીજી નિશાનીઓનું વર્ણન કરતાં યહૂદીઓને ફરમાવ્યું :

વ ઉબ-રિઉલ-અક્મહ.	અને હું સાજો કરી દઉં છું પૈદાઇશી આંધળાને
વલઅબ્-રસા	અને સાજો કરી દઉં છું કોઢીને (કોઢના રોગીને)
વ ઉહયિલ-મવતા	અને હું જીવતાં કરી દઉં છું મુરદાંઓને
બિ-ઈઝનિલ્લાહ	અલ્લાહના હુકમથી.

મારી પયગમ્બરીની સચ્ચાઇની બીજી નિશાની આ છે કે હું માદરઝાદ એટલે માના પેટથી જન્મેલા આંધળાઓને પણ દેખતા કરી દઉં છું અને ત્રીજી નિશાની આ છે કે હું કોઢના રોગી પર હાથ ફેરવી દઉં તો તે તદ્દન સાજોસમો બની જાય છે અને ચોથી નિશાની આ છે કે મુરદાંઓને હું જોતજોતામાં જીવતાં કરી દઉં છું અને આ બધું હું અલ્લાહના હુકમથી કરી દેખાડું છું. એટલે એમાં મારો પોતાનો કોઇ કમાલ નથી બલકે અલ્લાહની કુદરતનો કમાલ છે.

એ પછી હઝરત ઈસા બિન મરયમે તેઓને ફરમાવ્યું :

વ ઉનબ-બિઉકુમ	અને હું બતાવી દઉં છું તમને
બિમા તઅ-કુલૂન	તે વસ્તુઓ જે તમે ખાઓ છો
વ મા તદ-દખિરૂન	અને જે કંઇ તમે સંઘરો કરો છો
ફી બુયૂતિ કુમ.	પોતાના ઘરોમાં.

એટલે હું તમને આ વાતના પણ ગૈબી સમાચાર આપી શકું છું કે તમે પોતાના ઘરમાંથી શું શું ખાયને આવો છો અને કઇ કઇ વસ્તુઓ તમે પોતાના ઘરોમાં સંઘરેલી છે.

હઝરત ઈસા અલૈહિસ-સલામના મુઅજિઝાઓનું વધુ બયાન, પારહ ૭ સૂરએ-માઇદહની આયત નંબર ૧૧૦માં આ પ્રમાણે થયું છે :

- "તે દિવસે અલ્લાહ ફરમાવશે, "હે મયરમના બેટા ઈસા ! મેં તુજ પર અને તારી મા પર જે ઇનામ-ઉપકાર કર્યા તેને યાદ કર.
- પછી જ્યારે આમ બન્યું હતું કે મેં જિબ્રીલથી તારી અને તારી માની મદદ કરી હતી અને તું લોકોની સાથે વાતો કરતો હતો પારણામાં પણ, અને મોટી ઉંમરે પહોંચવા પછી પણ.
- અને જ્યારે આમ બન્યું હતું કે મેં તને કિતાબ અને હિકમત અને તવરાત અને ઇન્જીલનું જ્ઞાન આપી દીધું હતું.
- અને જ્યારે આમ બન્યું હતું કે તું મારા હુકમથી લીલું મટોડું ઉપાડી લેતો હતો અને પક્ષી જેવો તેનો આકાર બનાવી લેતો હતો પછી તેમાં ફૂંક મારી દેતો હતો ત્યારે તે મારા હુકમથી જીવતું પક્ષી બનીને ઊડી જતું હતું.
- પછી જ્યારે આમ બન્યું હતું કે તું મારા હુકમથી જન્મજાત આંધળાઓને દેખતા કરી

Maktabe Ashraf

દેતો હતો અને કોઢીઓને ભલાચંગા કરી દેતો હતો.

- અને જ્યારે આમ બન્યું હતું કે મેં બની ઈસરાઈલને રોકી રાખ્યા હતા તેઓની શરારતથી, જે તેઓ તારી વિરૂધ્ધ કર્યા કરતા હતા. (એટલે તને મારી નાખવાના યહૂદીઓના કાવાદાવાને હું દરેક વેળા નિષ્ફળ બનાવી દેતો હતો.)
- અને આ તે સમય હતો જ્યારે તું સચ્ચાઈની રોશન દલીલો લઈને તેઓની પાસે ગયો હતો અને તેઓમાંથી જે લોકોએ કુફ્રનો રાહ લીધો હતો તેઓ (આ રોશન દલીલો જોઈને) બોલી ઊઠયા હતા: "ઈન હાઝા ઈલ્લા સિહરુમ મુબીન." આ બીજું કંઈ જ નથી ફકત ખુલ્લો જાદૂ છે.

આ રોશન દલીલો કે મુઅજિઝા અલ્લાહ તઆલાએ હઝરત ઈસા અલૈહિસ-સલામને એટલા માટે આપ્યા હતા કે તેને જોઈને યહૂદીઓને યકીન આવી જાય કે હઝરત ઈસા ખરેખર અલ્લાહના સાચા નબી છે. પરંતુ યહુદી કાફિરો આ દલીલો કે નિશાનીઓ જોઈને કહી દેતા હતા કે આ માણસ જાદૂગર છે અને આપણને જાદૂગરીના ખેલતમાશા બતાવી રહ્યો છે.

સારાંશ યહૂદી કાફિરો હઝરત ઈસા અલૈહિસ-સલામની તબલીગથી છંછેડાઈ ગયા. આપને અલ્લાહના પયગમ્બર માનવાનો ઈન્કાર કરી બેઠા અને આપના મુઅજિઝાઓને જાદૂના ખેલતમાશામાં ખપાવીને આપના જાની દુશ્મન બની ગયા. તેઓના પાદરીઓ કે ધર્મગુરૂઓ આપની દુશ્મનીમાં સૌથી આગળ આગળ હતા. આપને મારી નાખવા માટે તેઓ જાતજાતના પેંતરા રચવા લાગ્યા. પરંતુ અલ્લાહની મદદ હઝરત ઈસાના શામિલે-હાલ હોવાથી પોતાના નાપાક ઈરાદામાં તેઓ નિષ્ફળ જતા હતા. જેનું બયાન ઉપરની આયતમાં થયું છે.

હઝરત ઈસા અલૈહિસ સલામને કતલ કરી નાખવાની વાત યહૂદીઓ માટે કોઈ નવી વાત ન હતી કેમકે આથી પહેલાં તેઓ અલ્લાહના અનેક પયગમ્બરોને કતલ કરી ચૂકયા હતા. જેનું બયાન કુર્આનમાં મવજૂદ છે: "વ યક-તુલૂનલ-અમ-બિયાઅ બિ-ગયરિલ-હક્ક." એટલે તેઓ કતલ કરી નાખતા હતા પયગમ્બરોને નાહક. એજ કારણ છે કે અલ્લાહના પયગમ્બર હઝરત દાવૂદ અલૈહિસ-સલામની જીભે અને હઝરત ઈસા અલૈહિસ-સલામની જીભે યહૂદીઓ પર લઅનત વરસાવવામાં આવી છે જેનું બયાન આ આયતમાં છે : "લુઈનલ-લઝીન કફરૂ મિમ બની ઈસરાઈલ અલા લિસાનિ દાવૂદ વ ઈસબ્ન મયરમ."એટલે યહૂદીઓમાંથી જે લોકોએ કુફ્રનો રસ્તો લીધો તેઓની ઉપર દાવૂદ અને ઈસા બિન મરયમની જીભે લઅનત વરસાવવામાં આવી.

જ્યારે યહૂદીઓ પોતાના દરેક દાવમાં કે કાવાદાવામાં નાકામ નીવડયા તો છેવટે તેઓ પેલેસ્ટાઈનના ગવર્નર પાસે ગયા જેનું નામ પીલાતૂસ હતું. તે વેળા પેલેસ્ટાઈન, હેરોદોસ નામે રોમન બાદશાહના તાબામાં હતું. યહૂદીઓએ હઝરત ઈસા અલૈહિસ-સલામ પર બગાવતનો કે રાજદ્રોહનો આરોપ મૂકીને ગવર્નરના કાન ભંભેર્યા કે આ માણસ હુકૂમતનો બળવાખોર છે અને લોકોને ઉશ્કેરીને બળવાની તૈયારી કરી રહ્યો છે. ઉપરથી મીઠુંમરચું ભભરાવીને ગવર્નરને દબાવવામાં ફાવી ગયા. તેણે ફોજ સિપાહીઓની એક ટુકડી તેમની સાથે કરી દીધી.એ દરમિયાન યહૂદી ધર્મનેતાઓની મઝહબી અદાલતે હઝરત ઈસા અલૈહિસ-સલામ વિરૂધ્ધ ઈલ્હાદ કે કુફ્રનો ફત્વો ઘડીને તેની જાહેરાત પોકારાવી દીધી. આ તરફ હઝરત મસીહને તેઓના છુપા કાવતરાની ખબર પડી ગઈ. સાથીઓની સાથે મંત્રણાને અંતે એક સલામત સ્થળે આવેલા એક મકાનમાં જઈને આપ સંતાઈ

Maktabe Ashraf

ગયા. ફોજી ટુકડી સાથે નીકળેલા યહૂદીઓને ખબર ન હતી કે હઝરત ઈસા ક્યાં છે ? એ બધા હઝરતના એક સાથી પાસે ગયા જેનું નામ યહૂદા હતું. હઝરત પર ઈમાન લાવીને મુસલમાન બનેલા સાથીઓને "હવારી"કહે છે જેનું બહુવચન "હવારીય્યૂન" છે. એ બધા ગરીબ વર્ગના ધોબી, સુથાર, કડિયા વગેરે હતા જેઓની સંખ્યા બહુ જૂજ હતી.

યહૂદીઓએ હઝરતના હવારી યહૂદાને રૂપિયા-પૈસાની લાંચ આપીને હઝરતનો પતો મેળવવા રાજી કરી લીધો. તે બધાને તેજ મકાન પાસે લઇ ગયો જ્યાં હઝરત પોતાની જાન બચાવવા સંતાયેલા હતા. પ્રથમ તેઓએ યહૂદાને મકાનમાં મોકલ્યો કે જેથી ખાતરી કરી લે. બસ એજ તે કટોકટીની પળ હતી જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત ઈસા બિન મયરમ કલિમતુલ્લાહ, રૂહુલ્લાહને પોતાની તરફ આસમાન પર જીવંતા ઉઠાવી લીધા અને પેલા ગદ્દાર હવારી યહૂદાનો ચેહરો હઝરત ઈસા જેવો બનાવી દીધો. યહૂદા મકાનનો ખૂણેખૂણો ખૂંદી વળ્યો પણ હઝરતનો પતો નહિ લાગ્યો. નિરાશ થઇને પરેશાન ચેહરે જેવો જ બારણે દેખાયો કે યહૂદીઓએ તેને પકડી લીધો અને સમજયા કે એજ ઈસા છે અને છટકી જવા માગે છે. હઝરત ઈસાની રૂપરેખાવાળા એજ શખ્સને પકડીને તેઓએ શૂળી પર ચઢાવી દીધો.

દુનિયાભરના ખ્રિસ્તીઓનો પણ પરંપરાથી આ મઝહબી અકીદો છે કે યહૂદીઓએ છટકું ગોઠવીને હઝરત ઈસા અલૈહિસ-સલામને શૂળીને ચઢાવી દીધા છે પણ અલ્લાહનું કલામ કુર્આને-મજીદ કહે છે : વ મા ક-ત-લૂ-હુ.... યહૂદીઓએ હઝરત ઈસાને ન તો કતલ કર્યા છે : વમા સ-લ-બૂ-હુ... અને ન શૂળીએ ચઢાવ્યા છેઃ વલાકિન શુબ્બિહા લહુમ. પરંતુ તેઓને શંકામાં નાખી દેવામાં આવ્યા. એટલે તે વેળા અલ્લાહ તઆલાએ એવા સંજોગો જન્માવી દીધા કે બધા લોકો શંકામાં પડી ગયા કે, જે શખ્સને શૂળી આપી તે ઈસા છે તો પેલો યહૂદા ક્યાં ગયો ? જો એ યહૂદા છે તો ઈસા બિન મયરમ ક્યાં ગયા ?

એ પછી અલ્લાહ તઆલાએ ભારપૂર્વક ફરમાવ્યું : "વમા-ક-ત-લૂ-હુ યકીનમ બર-ર-ફ-અ-હુલ્લાહુ ઇલૈહિ." એટલે યકીની રીતે યહૂદીઓએ ઈસાને કતલ નથી કર્યા બલકે અલ્લાહએ તેમને "ઇલૈહિ"એટલે પોતાની તરફ આસમાન પર ઉઠાવી લીધા છે.

(નોટ : અહીંથી અલ્લામા ઇબ્ને હિશામ ફરીવાર નજરાની ખ્રિસ્તીઓના મંડળનું બયાન આગળ વધારે છે. પાદરીઓનો આ સવાલ હતો કે, "હે મુહંમદ ! તમે અમારા પયગમ્બર પર આરોપ કેમ ચઢાવો છો ?"

આપે પૂછયું, ' તે કેવી રીતે ?"

તેઓ બોલ્યા, "તમે કહો છો કે ઈસા "અબ્દુલ્લાહ" એટલે અલ્લાહના બંદા છે."

આપે ફરમાવ્યું,"હા ખરેખર તે યકીની રીતે અલ્લાહના બંદા અને રસૂલ છે."

આ જવાબ સાંભળીને તેઓ આવેશથી બોલ્યા, "શું બાપ વગર કોઇ બાળકને તમે પેદા થતું જોયું છે ? તમે સાચા છો તો કોઇ દાખલો રજૂ કરો."

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખામોશ રહી ગયા તો અલ્લાહ

Maktabe Ashraf

તઆલાએ સૂરએ-આલે-ઈમ્રાનની ૮૦ જેટલી આયતો નાઝિલ કરી. એજ આયતોમાં પાદરીઓના આ સવાલનો જવાબ પણ આપી દેવામાં આવ્યો જેનું બયાન અલ્લામા ઈબ્ને હિશામ આગળ વધારે છે: "હ")

ઈસા અને આદમનો દાખલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : ખ્રિસ્તી આલિમોના જવાબમાં જે આયતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઉતારવામાં આવી તેમાં એક આયત આ છે:

ઈન્ન મ-સ-લ ઈસા ઈન્દલ-લાહિ	બેશક ઈસાનો દાખલો અલ્લાહ કને
ક-મ-સ-લિ આદમ.	આદમના દાખલા જેવો છે
ખ-લ-ક-હૂ મિન તુરાબિન.	પેદા કર્યો તેને મટોડીથી
સુમ્મ કાલા લહૂ કુન	પછી કહ્યું તેને "કુન" (એટલે બની જા)
ફ-યકૂન.	તો તે બની ગયો. (આદમનું સર્જન થઈ ગયું.)

એટલે અલ્લાહ તઆલા જ્યારે કોઈ વસ્તુના સર્જન માટે "કુન" શબ્દ ફરમાવી દે, તો "ફ-યકૂન" એટલે તેજ પળે તે વસ્તુ અલ્લાહની ઈચ્છા મુજબનો આકાર લઈ લે છે. માટે હે નબી ! લોકો ભલે અર્થહીન સવાલો કરે કે ટીકાઓ કરે પણ તમારે ઈસા બિન મરયમની, બિનબાપની પેદાઈશમાં શંકા કરવી નહિ. કેમકે મેં આદમને મટોડીથી પેદા કર્યો હતો. વગર બાપે અને વગર માએ પેદા કર્યો હતો. તેને પણ ઈસા બિન મરયમ પેઠે માંસ, લોહી, વાળ, હાડકાં, ચામડીથી બનાવ્યો હતો. જેથી ઈસાની પેદાઈશ પુરૂષના સ્પર્શ વિના એ કોઈ નવાઈની કે અજાયબી ભરેલી વાત નથી. કેમકે અલ્લાહ સર્વ શક્તિમાન છે.

ખ્રિસ્તીઓને મુબા-હલહનો પડકાર————સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને બહુ સમજાવ્યા, દાખલા દલીલો આપીને અલ્લાહની તવહીદના સ્વીકાર તથા મુસલમાન બનવાની પ્રેરણા આપી પણ તેઓ કોઈ રીતે માન્યા નહિ, છેવટ સુધી પોતાની હઠ પર અણનમ રહ્યા. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને "મુબા-હલહ" કરી લેવાની દઅવત આપી. [1] એનું વર્ણન આ આયતમાં થયું છે:

ફ-મન હાજ્જ-ક ફીહિ	તો હુજ્જત કરે જે માણસ તમારી સાથે આ બાબતમાં
મિમ બઅદિ મા જાઅક	એ પછી કે, આવી ચૂક્યો છે તેની પાસે
મિનલ-ઈલ્મ.	ઈલ્મ (એટલે સચ્ચાઈની દલીલ)
ફ-કુલ તઆલવ	તો કહી દો તેને કે, "આવો,
નદ્-ઉ અબના-અના	અમે બોલાવીએ અમારા પુત્રોને
વ અબના-અકુમ	અને તમે બોલાવો તમારા પુત્રોને.
વ નિસા-અના	અને અમે બોલાવીએ અમારી સ્ત્રીઓને
વ નિસા-અકુમ	અને તમે બોલાવો તમારી સ્ત્રીઓને.

૧. મુબા-હલહ એટલે કોઈ વાતના ફેસલામાં મતભેદ પડે અને સામો પક્ષ સત્યની દલીલોને સમજવા છતાં તેનો સ્વીકાર નહિ કરે તો તેના ઉકેલ માટે, બંને પક્ષો પોતપોતાના બાલબચ્ચાં સાથે મેદાનમાં નીકળે અને રડી-કરગરીને બારગાહે ઈલાહીમાં એવી યાચના કરે કે, "અમારામાંથી જે પક્ષ જુઠો હોય તેના ઉપર અલ્લાહની લઅનત કે અલ્લાહનો અઝાબ તૂટી પડો!" કુર્આનની ભાષામાં એને "મુબાહલહ" કહે છે. "હ"

વ અન-ફુ-સ-ના	અને હાજર થઈએ અમે પોતે પણ.
વ અન-ફુ-સ-કુમ	અને હાજર થાઓ તમે પોતે પણ.
સુમ્મા નબ તહિલ	પછી દુઆ માગીએ આપણે રડી કરગરીને.
ફ-નજઅલ-લઅ-નતલ્લાહિ	તો લઅનત કરીએ અલ્લાહની
અલલ-કાઝિબીન.	જૂઠાઓ પર !

ઈબ્ને હિશામ કહે છે : અબૂ ઉબૈદહના કહેવા મુજબ "નબ-તહિલ" નું મૂળ "ઈબ-તિહાલ"છે એમાંથી "મુબા-હલહ" શબ્દ નીકળેલો છે જેના અર્થ રડીકરગરીને કે દયા ઉપજાવે તેવી કાકલૂદીઓ કરીને લઅનતની દુઆ માગવી અને બારગાહે-ઈલાહીમાં એવી યાચના કરવી કે, "હે અલ્લાહ ! અમારામાંથી જે જૂઠો હોય તેની ઉપર આપની લઅનત ઊતરો ! અથવા અમારામાંથી જુઠા પર આપનો અઝાબ તૂટી પડો!"

ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને અલ્લાહની તવહીદના અકીદા પર સહમત થઈ જવાની હાકલ કરી. એટલે જેવી રીતે અમે મુસલમાન લોકો અલ્લાહને એક માનીએ છીએ અને કોઈ ભગવાન કે દેવીદેવતાને તેનો ભાગીદાર નથી ઠરાવતા અને એક અલ્લાહ સિવાય કોઈની બંદગી નથી કરતા તેવી જ રીતે તમે પણ ઈસા બિન મરયમ વિષે, ઉપજાવી કાઢેલા મૂર્તિપૂજકો જેવા અકીદાઓ અને ઘડી કાઢેલી બિદઅતોથી તોબા કરીને અલ્લાહના એક હોવાના અકીદા પર અમારી સાથે સંમત થઈ જાવ.

એનું વર્ણન આ આયતમાં થયું.

કુલ યા અહલલ-કિતાબ !	કહી દો હે નબી ! કે હે અહલે-કિતાબ !
તઆલવ ઈલા કલિ-મતિન	આવો એક એવી વાત તરફ જે
સવાઈમ બૈનના વ બૈનકુમ.	સમાન છે અમારી વચ્ચે અને તમારી વચ્ચે.
અલ્લા નઅબુદા	તે આ કે આપણે બંદગી નહિ કરીએ કોઈની
ઈલ્લલ્લાહ.	અલ્લાહ સિવાય.
વલા નુશરિકા બિહી શયઆ.	અને ન ભાગીદાર બનાવીએ તેની સાથે કોઈને પણ.
વલા યત-તખિઝ બઅદુના બઅદન	અને ન ઠરાવે કોઈ આપણામાંથી કોઈને
અરબાબમ-મિન-દુનિલ્લાહ.	પોતાનો પાલનહાર અલ્લાહને છોડીને.
ફ ઈન તવલ-લવ	તો પછી જો મોઢું ફેરવી લે તેઓ
ફ-કૂલૂશ-હદૂ	તો કહી દો તેઓને કે, "તમે ગવાહ રહેજો
બિ-અન્ના મુસ્લિમૂન.	કે અમે તો મુસલમાન છીએ."

એટલે જો તેઓ અલ્લાહની તવહીદના અકીદા પર તમારી સાથે સંમત ન થાય તો તેઓને કહી દો કે, હે અહલે-કિતાબ ! તમે નહીં માનતા તો ગવાહ રહેજો કે અમે તો એક જ અલ્લાહને માનનારા છીએ. તેની જ તાબેદારી કરનારા છીએ. તેની જ બંદગી કરનારા છીએ.

નજરાનના પાદરીઓની સુલેહ———ઈબ્ને ઈસ્હાક કહે છે : જ્યારે નજરાનના મંડળે ઈસ્લામ કબૂલ કરી લેવાની ના પાડી દીધી અને પોતાની વાતને વળગી રહ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને મુબા-હલહની દઅવત આપીને લાજવાબ કરી દીધા જે એક ભારોભાર ઈન્સાફની વાત હતી.

મુબા-હલહનો પડકાર સાંભળીને તેઓ બોલ્યા, "હે મુહંમદ ! આ મામલામાં જરા વિચાર કરી લેવાનો અમને સમય આપો. મુબા-હલહ કરવો કે ન કરવો તે અંગે મસલત કરીને અમે જવાબ આપીશું."

આપે ફરમાવ્યું, "કંઈ ઉતાવળ નથી. સારી રીતે સોચી વિચારીને પછી જવાબ આપજો."

એ પછી મંડળના બધા સભ્યો પોતાના ઉતારે ચાલ્યા ગયા. વિચારણા અને મંત્રણા માટે બધા માથાં જોડીને બેઠા. સમસ્યાના ઉકેલ માટે બધાએ અલ-આકિબ અબ્દુલ-મસીહની સેવામાં રજૂઆત કરી કેમકે એ તેઓમાં સાહિબે-રાય હતો. તેઓનો લાટ પાદરી હતો. તેનો મત છેવટનો મત અને તેનો ફેસલો આખેરી ફેસલો ગણાતો હતો. લોકોએ કહ્યું, "હે અબ્દુલ-મસીહ ! ફરમાવો, આ મામલામાં તમારો શો મત છે ? તમારો ફેસલો આખેરી ફેસલો હોય છે."

'હે નસારાની જમાઅત !'' અબ્દુલ-મસીહે ગંભીરતાથી કહ્યું, "તમે લોકો યકીની રીતે જાણો છો કે મુહંમદ અલ્લાહના સાચા નબી છે. ઈસા બિન મરયમ વિશે જે કંઈ તેમણે કહ્યું તે પણ સાચું છે. સાંભળી લો, તેમનો મુબા-હલહનો પડકાર ઝીલી લેવો તે અલ્લાહના અઝાબનો પડકાર ઝીલી લેવા સમાન છે. જે કૌમે પોતાના પયગમ્બર સાથે મુબા-હલહની ટક્કર લીધી તેનું નખ્ખોદ વળી ગયું. ન બુઢ્ઢા બાકી રહ્યા ન જવાનો જીવતા રહ્યા. તેઓમાંથી દરેકનું નામોનિશાન મૂળિયાં સહિત ઊખડી ગયું. માટે મુહંમદ સાથે મુબા-હલહ કરવો, પોતાના મૂળિયાં ઉખાડવા સમાન ગણાશે. અગર તમને પોતાનો જ મઝહબ વહાલો હોય તો મુહંમદ સાથે સુલેહ કરી લો અને શાંતિ તથા સલામતી સાથે પોતાના વતને સિધાવો."

લાટપાદરી અલ-આકિબ અબ્દુલ-મસીહની આ સલાહ સૌને ગમી ગઈ. તેનો ફેસલો દરેકને ગળે ઊતરી ગયો. બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "હે અબુલ-કાસિમ ! તમારી સાથે મુબા-હલહ કરવાનું અમને વાજબી નથી લાગતું અને ઈસ્લામ કબૂલ કરવાનું પણ અમને મંજૂર નથી. તમે તમારા મઝહબ પર કાયમ રહો, અમે પણ અમારા વતને જઈને અમારા મઝહબ પર કાયમ રહીએ. હવે આટલું કરો કે તમે તમારા સહાબામાંથી કોઈ એવા ગૃહસ્થને અમારા સંગાથે કરી દો જે અમારા દેશના નાણા-ખાતાનો કુશળતાથી વહીવટ ચલાવી શકે અને નાણા-તંત્રને લગતા અમારા મતભેદોનો બાહોશીથી નિકાલ લાવતો રહે. કેમકે અમારી માન્યતામાં તમે અને તમારા લોકો અમારી મરજી મુજબના હોવાથી અમારી ઈચ્છાઓને માન આપનારા લોકો છો."

હઝરત અબૂ ઉબૈદહ નજરાનમાં————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફરે કહ્યું કે મંડળના લોકોની વિનંતી સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

ઇઅતૂ-નિલ અશિય્યહ.	તમે લોકો મારી પાસે આવજો સાંજે
અબ-અસુ મઅ-કુમુલ-	હું મોકલી આપીશ તમારા સંગાથે
કવીય્યુલ અમીન.	એક મજબૂત પ્રમાણિક ગૃહસ્થને

રાવીનું કથન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ વાત હઝરત ઉમર બિન ખત્તાબે સાંભળી તો હઝરત ઉમર લોકોને કહ્યા કરતા કે, "એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાત સાંભળીને, નજરાન દેશના નાણાખાતાના વહીવટી-તંત્રના ઝઘડાઓનો નિકાલ લાવનાર જજ બની જવાની જેટલી પ્રબળ તમન્ના મારા દિલમાં ઉત્પન્ન થઈ તેટલી, તે પછી ક્યારેય નહિ થઈ. ફક્ત આટલા કારણે કે

Maktabe Ashraf

હું મજબૂત મનોબળ ધરાવતો હતો અને સાથે પ્રામાણિકપણાના તમામ ગુણો પણ ધરાવતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મને નજરાન દેશના નાણા-ખાતાનો જજ બનાવી દે તેવી આશાએ અને ઉત્સાહે, હું ઝુહરની નમાઝના વખતે, ઊકળતા તાપમાં મસ્જિદે પહોંચી ગયો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને ઝુહરની નમાઝ પઢાવી. અને જ્યારે નમાઝથી પરવારી ગયા તો આપે પોતાની ડાબી અને જમણી તરફ જોવાનું શરૂ કર્યું. હું ઊંચોનીચો થઇને પોતાને જાહેર કરવા લાગ્યો કે જેથી આપની નજર મુજ પર પડે તો મારા મનની મુરાદ બર આવે !

આપે જમણી-ડાબી પોતાની નજરથી તલાશ ચાલુ રાખી અને છેવટે અબૂ ઉબૈદહ બિન જર્રાહ પર આપની નજર ઠરી ગઇ. આપે તેમને પોતાની પાસે બોલાવ્યા અને ફરમાવ્યું :

અખ્રુજ મઅહુમ.	જાવ પેલા લોકોના સંગાથે,
ફક-દિ બૈનહુમ બિલ-હક્ક.	ચુકાદા આપ્યા કરો તેઓની વચ્ચે ઇન્સાફથી,
ફીમખ-ત-લ-ફૂ ફીહ.	તેઓના ઇખ્તેલાફી મામલાઓમાં.

હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ અબૂ ઉબૈદહ બિન જર્રાહ નજરાનના અમીર કે જજ બનીને ખ્રિસ્તીઓના મંડળ સાથે નજરાન તરફ રવાના થઇ ગયા.

Maktabe Ashraf

પ્રકરણ ૮૯

મદીનહના મુનાફિકો અને મદીનહની આબોહવા

મદીનહના મુનાફિકોનો સરદાર • મદીનહનો કટ્ટર કાફિર • મદીનહની આદરણીયોનો તાજ • કુફ્ર પર અબૂ આમિરની જીદ • અબૂ આમિરની હાજરી અને વાતચીત • અબૂ આમિરનો અંજામ • અબ્દુલ્લાહ બિન ઉબયની નાલાયકી • હક વાત કહી દેવાનો ગુસ્સો • હઝરત સઅદે આપેલો દિલાસો • મદીનહની આબોહવા અને મરકીનો તાવ • હઝરત અબૂબક્રની હાલત • હઝરત આમિરની હાલત • હઝરત બિલાલની હાલત • મદીનહથી મરકીની હકાલપટ્ટી • બેસીને નમાઝ પઢવાનો મામલો • જિહાદની તૈયારી.

Maktabe Ashraf

મદીનહના મુનાફિકોનો સરદાર — ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ જે રીતે વિગત કહી સંભળાવી તે આ પ્રમાણે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા તે સમયે મદીનહમાં વસનારા અરબ કબીલાઓનો સૌથી મોટો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ ઔફી નામે ગૃહસ્થ હતો. તે વેળા મદીનહમાં અરબોના બે મોટા કબીલા વસતા હતા. એકનું નામ કબીલએ-ઔફ હતું અને બીજાનું નામ કબીલએ-ખઝરજ હતું. બંને કબીલામાંથી બેશુમાર શાખાઓ કે ફાંટાઓ નીકળેલા હતા.

અબ્દુલ્લાહ બિન ઉબય, કબીલએ-ઔફની શાખ બનૂ હબલીની બિરાદરીમાંથી હતો. એ એટલો માનીતો અને લોકપ્રિય હતો કે એની નેતાગીરી કે સરદારી અંગે એની કોમના બે માણસો વચ્ચે રતીભાર જેટલો પણ મતભેદ ન હતો. આથી પહેલા ઔસ અને ખઝરજના કબીલાઓમાંથી કોઈ એક ગૃહસ્થની નેતાગીરી પર બંને કબીલા ક્યારેય સંમત કે સંયુક્ત થયા ન હતા. પણ અબ્દુલ્લાહ બિન ઉબયની નેતાગીરી કે સરદારી પર બંને કબીલા સંયુક્ત રીતે સંમત થઈ ગયા હતા. તે એક અજોડ દાખલો હતો. આવો દાખલો મદીનહના ઇતિહાસમાં ન અગાઉ બન્યો છે ન એ પછી; ત્યાં સુધી કે મદીનહમાં ઇસ્લામનું આગમન થયું.[1]

મદીનહનો કટ્ટર કાફિર ———— અલબત્ત અબ્દુલ્લાહ બિન ઉબય ઉપરાંત એક ઓર શખ્સ પણ હતો જેને બંને કબીલાના લોકો પોતાનો ધર્મગુરૂ માનતા હતા. તેના આદેશો અને ઉપદેશોને માનપાનથી સ્વીકારતા

૧. એનું કારણ ઔસ અને ખઝરજ વચ્ચે બાપદાદાથી ઊતરી આવતી દુશ્મની અને સેંકડો વરસથી આપસમાં ખેલાતાં યુદ્ધો હતાં. લડી-લડીને તેઓ થાકી ગયા હતા. જાનમાલની પારાવાર ખુવારીથી કંટાળી ગયા હતા. યહૂદીઓ પાસેથી લીધેલા નાણાંનું વ્યાજ ભરીને બેવડ વળી ગયા હતા. અરબોની વચ્ચે વસેલા યહૂદીઓ પોતાની હસ્તીને ટકાવી રાખવા, વ્યાજુ નાણાંની સાથે હથિયારો પણ ધીરતા હતા. અરબોને અંધકારમાં રાખીને પોતે ચેનની વાંસળી વગાડતા હતા. હવે બંને કબીલા શાંતિનું જીવન જીવવા માગતા હતા. જેથી તેઓ અબ્દુલ્લાહ બિન ઉબયની નેતાગીરી કે બાદશાહી પર સંમત થઈ ગયા હતા. "(ડ)"

હતા. તેના દર્શન માટે લોકોની ઠઠ લાગતી હતી. અને તેના ચરણસ્પર્શ માટે પડાપડી થતી હતી.એ પણ ઔસ કબીલામાંથી હતો. એનું નામ અબૂ આમિર અબ્દે-અમ્ર સૈફી બિન નુઅમાન હતું. એ ઔસ કબીલાની શાખ બનૂ સુબૈઅહ બિન ઝૈદની બિરાદરીમાંથી હતો.

અબૂ આમિરના એક જવાન બેટાનું નામ હન્ઝલહ હતું. હન્ઝલહ પોતાના બાપના મૂર્તિપૂજાનો ધર્મ ત્યાગીને ખરા દિલથી મુસલમાન બની ગયા હતા. બહુ પાકા મુસ્લિમ યુવક હતા. રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમના દિલોજાનથી આશિક હતા અને જયારે જંગે-ઉહુદમાં શહીદ થઈ ગયા તો અલ્લાહના ફરિશ્તાઓએ એક ખાસ કારણથી એમની લાશને વાયુમાં ઊંચકીને ગુસલ આપ્યો હતો. જેથી હઝરત હન્ઝલહનો લકબ ''ગસીલુલ-મલાઈકહ''થયો હતો. [૧]

હઝરત હન્ઝલહનો બાપ અબૂ આમિર અબ્દે-અમ્ર જાહિલિયતના જમાનામાં જ દુનિયાના ધંધા છોડીને સંસાર ત્યાગી સાધુ બની ગયો હતો. જાડાં વસ્ત્રોનો પોશાક સજીને પોતાને સંત સંન્યાસીઓમાં ખપાવતો હતો. એની કમનસીબી જુઓ, ઈસ્લામને અને અલ્લાહના નબી ને ધિક્કારતો હોવાથી ન આ દુનિયાનો રહ્યો ન તે દુનિયાનો રહ્યો. સંસાર ત્યાગને કારણે દુનિયાના લાભોથી પણ કમનસીબ રહ્યો અને ઈસ્લામી દ્રષ્ટિએ આખેરતથી પણ ગયો. (બીજી શબ્દોમાં ન ઈધર કે રહે ન ઉધર કે રહે. અથવા ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો.)

મદીનહની બાદશાહીનો તાજ————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન ઉબય માટે તો તેની કૌમે બાદશાહીનો તાજ તૈયાર કરી લીધો હતો. કે જેથી શુભ ચોઘડિયે આ તાજ તેના માથે મૂકીને તેને પોતાનો બાદશાહ બનાવી લે. પરંતુ એજ દરમિયાન અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને તેઓની પાસે મદીનહ મોકલાવી દીધા અને તેની બાદશાહીનો ખ્વાબ હવામાં ઓગળી ગયો.જયારે કૌમના બંને કબીલાએ અબ્દુલ્લાહ બિન ઉબયને પડતો મૂકીને ઈસ્લામ કબૂલ કરી લીધો તો તેના દિલમાં હસદ અને કીનાનો કાંટો ઊગી નીકળ્યો. તેને થઈ ગયું કે ઈસ્લામે આવીને મારી બાદશાહીનો ખ્વાબ ચકનાચૂર કરી નાખ્યો છે. તેણે જોયું કે મારી કૌમ ઈસ્લામ વગર કોઈ વાત માનતી જ નથી તો પોતે પણ નાછૂટકે ઈસ્લામના દાખલ થઈ ગયો. પણ મર્યો ત્યાં સુધી પોતાની કીનાખોરી પર મક્કમ રહ્યો અને અંદરખાને ઈસ્લામની જડ ખોદવાના કાવાદાવા કરતો રહ્યો.

કુફ્ર પર અબૂ આમિરની દ્રઢતા————ઔસ અને ખઝરજનો બીજો માનીતો સરદાર અબૂ આમિર અબ્દે-અમ્ર પણ મર્યો ત્યાં સુધી પોતાના કુફ્ર પર દ્રઢતાથી કાયમ રહ્યો. એક કટ્ટર કાફિર તરીકે કુફ્ર સિવાય કોઈ વાત તેણે માની નહિ. જ્યારે તેની કૌમ ઈસ્લામ પર અડગ રહી તો તેણે પોતાની કૌમને પણ તરછોડી દીધી અને મદીનહને છેલ્લી સલામ કરીને પોતાના મૂર્તિપૂજક ભાઈબંધો પાસે મક્કહ ચાલ્યો ગયો. તે પોતાની સાથે પોતાના દસથી કંઈક વધુ ચેલાઓને પણ મક્કહ લઈ ગયો અને તેના આ ચેલાઓ પણ પોતાના ગુરૂ પેઠે ઈસ્લામને અંતઃકરણથી ધિક્કારનારા હતા. આ રીતે અબૂ આમિર અને તેના ચેલાઓ ઈસ્લામને તરછોડીને અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી વિખૂટા પડીને મક્કહ તરફ નીકળી ગયા. જેમકે મને મુહંમદ બિન અબૂ ઉમામહએ અબૂ આમિરના બેટા હન્ઝલહના ઘરવાળાંઓ તરફથી મળેલી એક હદીસ કહી સંભળાવી

૧. હઝરત હન્ઝલહ કેવા સંજોગોમાં શહીદ થયા અને ફરિશ્તાઓએ કેમ એમની લાશને વાયુમાં ઊંચકીને ગુસલ આપ્યો હતો તેની વિગત જંગે-ઉહુદના પ્રકરણમાં આવશે. ''હ''

Maktabe Ashraf

જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ આમિર વિષે ફરમાવ્યું છે :

લા તકૂલુર-રાહિબ	ન કહો તેને રાહિબ
વલાકિન કૂલૂલ-ફાસિક.	પણ કહો તેને ફાસિક.

રાહિબ એટલે સંસાર ત્યાગી સાધુ-સંન્યાસી અથવા અલ્લાહનો વલી અને અલ્લાહનો તાબેદાર બંદો અને ફાસિક એટલે બદકાર, નાફરમાન, પાપી, અલ્લાહના હુકમોનું અપમાન કરનાર. મદીનહના લોકો અબૂ આમિરને "રાહિબ" કહીને બોલાવતા હતા. પણ તે રાહિબ નહિ બલકે "ફાસિક" હતો. જેથી આપે લોકોને ફરમાવ્યું કે, તમે તેને રાહિબ ન કહો બલકે ફાસિક કહો.

અબૂ આમિરની હાજરી અને વાતચીત ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હઝરત જઅફર બિન અબ્દુલ્લાહ બિન અબીલ-હકમનાં મુખે આ હદીસ મળી છે. હઝરત જઅફર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હતા. આપની નૂરાની મજલીસોમાં હાજરી આપતા હતા. આપની હદીસો સાંભળતા હતા અને લોકોની આગળ તેની રિવાયતો બયાન કરતા હતા. તેમણે મને કહ્યું કે, અબૂ આમિર અબ્દે-અમ્ર મદીનહથી નીકળી જવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો અને બોલ્યો, 'હે મુહંમદ ! તમારા ધર્મની હકીકત શું છે જેનો તમે પ્રચાર કરો છો ?"

આપે ફરમાવ્યું, "જિઅતુ બિલ-હનીફીય્યતે દીને-ઈબ્રાહીમ." હું બધા જૂઠા ધર્મો કે જૂઠા ભગવાનોને તરછોડીને માત્ર એક જ અલ્લાહનો બંદો બની જવાનો ઈબ્રાહીમી ધર્મ લઈને આવ્યો છું.

અબૂ આમિર બોલ્યો, "ત્યારે તો હે મુહંમદ ! હું પોતે પણ એજ ધર્મનો અનુયાયી છું."

આપે ફરમાવ્યું, "અન્તા લસ્ત અલૈહા." તું એ ધર્મ પર નથી.

"કેમ નહિ ?" અબૂ આમિર બોલ્યો, "હું એજ ધર્મ પર છું પરંતુ હે મુહંમદ ! તમે એ હનીફી ધર્મમાં એવી-એવી વાતો ઘડીને ઘૂસાડી છે જે એમાં ન હતી."

આપે ફરમાવ્યું, "મા ફઅલ-તુ વલા કિન-નની જિઅતુ બિહા બયદાઅ નકીય-યતીન." એટલે મેં આમ નથી કર્યું બલકે મેં એ ધર્મને વધુ રોશન કરીને, વધારે પાકસાફ કરીને સ્વચ્છ સ્વરૂપે રજૂ કર્યો છે.

આ સાંભળીને તેનો પિત્તો ઊછળ્યો અને તે તડૂકયો, "હે મુહંમદ ! આપણા બેમાંથી જે જૂઠો હોય, અલ્લાહ તેને તેના વતનથી હડસેલી કાઢે ને નિરાધાર હાલતના એકાંતમાં અલ્લાહ તેને મોત આપે!"

આ શ્રાપ કે બદ-દુઆના શબ્દો ઉચ્ચારીને તેણે માની લીધું કે, મેં મુહંમદ પર જબરજસ્ત કટાક્ષ કરી નાખ્યો છે. જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

અજલ ફમન કઝબ	હા, હા, જેણે જુઠું કહ્યું હોય અથવા જે જૂઠો હોય
ફઅલલ્લાહુ ઝાલિક બિહી.	અલ્લાહ તેની સાથે એવો જ વર્તાવ કરે !

અબૂ આમિરનો અંજામ ————સારાંશ : અલ્લાહના આ દુશ્મનની એના જ શબ્દો મુજબની દુર્દશા થવા પામી. પોતાના શ્રાપનો પોતે જ ભોગ બની ગયો. મદીનહ છોડીને મક્કહ ચાલ્યો ગયો જેના અર્થ વતનથી બેવતન થઈ ગયો. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે મક્કહ ફતેહ કર્યું તો અલ્લાહનો દુશ્મન અબૂ આમિર પોતાનો જીવ બચાવવા તાઈફ તરફ ફરાર થઈ ગયો અને જ્યારે તાઈફવાસીઓ

મુસલમાન બની ગયા તો એ સીરિયા તરફ નાઠો અને છેવટે સીરિયામાં જ બેવતની તથા નિરાધાર હાલતના એકાંતમાં મરી ગયો.

અબૂ આમિરની સાથે, અલ્કમા બિન ઉલાસા બિન ઔફ બિન અહવસ બિન જઅફર બિન કિલાબ તથા કિનાનહ બિન અબ્દે-યાલીલ બિન અમ્ર બિન ઉમૈર સકફી નામે તેના આ બે ચેલાઓ પણ ભાગી ગયા હતા. અબૂ આમિરના મરણ બાદ તેના આ ચેલાઓએ તેના વારસાને લગતો કેસ, રોમના બાદશાહ કૈસરની અદાલતમાં રજૂ કર્યો તો કૈસરે ચુકાદો આપતાં કહ્યું :

"સંસ્કારી શહેરીઓના વારસદાર સંસ્કારી શહેરીઓ હોય છે અને ગામડિયા ગમારોનો વારસો ગામડિયા ગમારોને મળે છે."

આ કાનૂનને આધારે રોમના બાદશાહે, કિનાનહ બિન અબ્દે- યાલીલને અબૂ આમિરનો વારસદાર ઠરાવ્યો કેમકે એ ગામડિયો ગમાર હતો. અલ્કમા બિન ઉલાસા તેના વારસાથી વિમુખ રહી ગયો; એના શહેરી સંસ્કારોને કારણે. આ સમાચાર મદીનહ પહોંચતાં મુસલમાનોના મશહૂર શાઈર હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ અબૂ આમિરની જંગલી અને અસંસ્કારી મનોદશાની ટીકા કરતાં કહ્યું:

મઆઝલ-લાહિ મિન અ-મ-લિન ખબીસિન, • ક-સઅયિકા ફીલ અશીરતે અબ્દ-અમ્રિન.

હે અબ્દે-અમ્ર ! ભૂંડાં કૃત્યો કે ગમારો જેવી મનોદશાથી અમે અલ્લાહની પનાહ માગીએ છીએ. જેમકે તારૂં કૃત્ય હે અબ્દે-અમ્ર ! તારા ખાનદાનના કૃત્યોથી ઊલટું હતું.

ફ-ઇમ્મા કુલ્ત લી શરફુંવ-વ-નખ્લુન. • ફ-કિદ-મન બિઅતા ઇમાનમ બિ-કુફરિન.

જો તું આમ કહે કે હું તો શ્રેષ્ઠતા ભોગવીને ઊંચા આસને બિરાજમાન રહ્યો અને હું તો બાગબગીચાનો માલિક હતો તો સાંભળી લે, તેં તો લાંબા સમય પહેલાં તારા ઇમાનને કુફ્રના બદલામાં વેચી માર્યું હતું.

ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ ઇસ્લામના આગમન બાદ અમુક સમય સુધી પોતાની કૌમનાં માનીતો રહીને, છુપાછુપા હાલતમાં અહીંતહીં ભટકતો રહ્યો. પછી જ્યારે તેણે જોયું કે ઇસ્લામ મદીનહ પર છવાઇ ગયો છે તો લાચારીએ તેણે પણ જાહેરી રીતે ઇસ્લામ કબૂલ કરી લીધો.

અબ્દુલ્લાહ બિન ઉબયની નાલાયકી ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ ઝુહરીએ કહ્યું અને તેમને ઉર્વહ બિન ઝુબૈરે કહ્યું અને ઉર્વહ બિન ઝુબૈરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલા સહાબી હઝરત ઉસામહ બિન ઝૈદ બિન હારિસહના મુખે સાંભળ્યું. હઝરત ઉસામહ બિન ઝૈદનું બયાન છે :

"એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ગધેડાની સવારી પર બિરાજમાન થયા. ગધેડાની પીઠ પર ટાટની કાઠી પડેલી હતી અને તેના મોંમાં ખજૂરીની છાલની દોરડાની લગામ હતી. આપે મને સવારી પર પોતાની પાછળ બેસાડી લીધો. આપના માનવંતા સહાબી સઅદ બિન ઉબાદહ બીમાર હતા. આપ તેમની બીમાર-પુર્સી માટે રવાના થયા.

રસ્તામાં અમારી સવારી અબ્દુલ્લાહ બિન ઉબયના બંગલા પાસેથી પસાર થવા લાગી. તે પોતાના "મુઝાહમ" નામે બંગલાના આંગણામાં બેઠેલો હતો. તેની કૌમના ઘણા માણસો ટોળું વળીને તેની ચોગર્દમ

Maktabe Ashraf

બેઠેલા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને જોયો તો ત્યાંથી સલામ-કલામ વગર એમ જ પસાર થઇ જવાનું આપને વાજબી નહિ લાગ્યું. આપ સવારી પરથી ઊતરી પડયા. તેની મજલિસમાં તશરીફ લઇ ગયા અને સલામ કરીને તેની પાસે બેસી ગયા. પછી આપે કુર્આનની કેટલીક આયતો પઢી સંભળાવી. લોકોને અલ્લાહના રસ્તે વળી જવાની અને અલ્લાહના આદેશો અપનાવી લેવાની નસીહતો ફરમાવી અને અલ્લાહથી ડરીને ચાલવાની પ્રેરણા આપીને જન્નતની નેઅમતોની બશારત સંભળાવી.''

હઝરત ઉસામહ ઝૈદનું બયાન છે : ''અબ્દુલ્લાહ બિન ઉબય ચૂપચાપ બધું સાંભળતો રહ્યો. વચ્ચે તેણે એક શબ્દ નહિ ઉચ્ચાર્યો. જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની વાતો ફરમાવી ચૂકયા તો તે બોલ્યો, ''જનાબ ! આપની વાતોથી ઉત્તમ બીજી કોઇ વાત નથી. પણ આપની એ બધી વાતો સાચી હોય તો પોતાના ઘરમાં બેસીને એવા લોકોને સંભળાવો જેઓ એને સાંભળવા માટે આવે. એવા લોકોને તમારે જે કહેવું હોય તે પોતાના ઘરમાં બેસીને કહેતા રહો. પણ જે લોકો તમારી પાસે નહિ આવે તેઓને આવી વાતો સાંભળવાની શા માટે તકલીફ આપો છો ? અમને તમારી વાતો ગમતી નથી પછી અમારી મજલિસમાં આવીને આવી વાતો કહેવાની શી જરૂર છે ?''

હક વાત કહી દેવાનો જુસ્સો —————હઝરત ઉસામહ બિન ઝૈદનું બયાન છે : ''અબ્દુલ્લાહ બિન ઉબયની મજલિસમાં હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા પણ પોતાના મુસલમાન સાથીઓ સાથે બેઠેલા હતા. એમને અબ્દુલ્લાહ બિન ઉબયની તોછડાઇ ભરેલી વાતો ગમી નહિ. તરત પોતાની જગાઓથી ઊભા થઇ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે આવીને ઇમાની જુસ્સાથી બોલ્યા, ''યા રસૂલલ્લાહ! અમારાં માબાપ આપની ઉપર કુરબાન ! આપ જરૂર અમારી મજલિસોમાં પધારતા રહો. અમારા મહોલ્લાઓમાં પધારતા રહો. અમારા ઘરોમાં પધારતા રહો. અમારા ઘરોમાં પધારીને આવી વાતો જરૂર ફરમાવતા રહો. આપની વાતો વલ્લાહ ! અમને બહુ ગમે છે. અમારાં ઘરવાળાંઓને આપની વાતો બેહદ પસંદ છે. અમે બધાં આપની વાતો સાંભળવા ઉત્સુક છીએ. આપની વાતો તે વાતો છે જેના પ્રતાપે અલ્લાહએ અમને હિદાયત આપી દીધી અને હિદાયત આપીને માનઆબરૂવાળા બનાવી દીધા.''

હઝરત અબ્દુલ્લાહની વાતો સાંભળીને અલ્લાહનો દુશ્મન અબ્દુલ્લાહ ભાંગી પડયો અને ભોંઠો પડીને ભોંય ખોતરવા લાગી ગયો. તેને થઇ ગયું કે હવે મુસલમાન બનવા વગર મારા માટે કોઇ રસ્તો રહ્યો નથી. પોતાની કૌમનો ખુલ્લેઆમ વિરોધ જોઇને તે બોલી ઊઠયો.

મતા મા યકુન મપલાક ખસ્મુકા લા તઝલ, • તઝિલ્લુ વ યસ-રઅકલ-લઝીના તુસારિઉ.

જ્યારે તારો મિત્ર જ તારો વિરોધી બની જાય તો તું સદા ઝલીલો-ખુવાર જ થતો રહેશે અને જેઓની સાથે તું બાખડતો રહે છે તેઓ તને પછાડી નાંખશે.

વહલ-યન-હદુલ-બાઝી બિ-ગયરે જનાહેહી, • વઇન જુઝ્ઝા યવમન રીશુહૂ ફઝ્વા વાકિઉ.

શું બાજ પક્ષી તેની પાંખો ન હોવા છતાં ઊંચે જઇ શકે છે ? અગર કદી તેનાં પીંછાં ઉખાડી નાખવામાં આવે તો જરૂર તે ભોંયે પટકાશે.

ઇબ્ને હિશામ કહે છે : બીજા શેઅરની રિવાયત ઇબ્ને ઇસ્હાકને બીજા જાણકારો તરફથી મળી છે.

હઝરત સઅદે આપેલો દિલાસો —————હઝરત ઉસામહ બિન ઝૈદનું બયાન છે : ''અબ્દુલ્લાહ

બિન ઉબયની વાતો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મજલિસમાંથી ઊભા થઇ ગયા. પોતાની સવારી પર બિરાજમાન થયા. મને પોતાની પાછળ સવારી પર બેસાડ્યાં અને સઅદ બિન ઉબાદહના ઘર તરફ રવાના થયા. સઅદ આપના જાં-નિસાર સહાબી હતા અને બીમાર હતા. આપ તેમની બીમાર પુર્સી માટે જતા હતા. આખા રસ્તે હાલત આ હતી કે, અબ્દુલ્લાહ બિન ઉબયની નાલાયકી ભરેલી તોછડી વાતોથી આપ ગમગીન હતા અને ઉદાસીની રેખાઓ આપના નૂરાની ચેહરા પર પ્રસરેલી સ્પષ્ટ રીતે દેખાતી હતી.

આપના નૂરાની ચેહરા પર નજર પડતાં જ સઅદ બિન ઉબાદહએ પૂછ્યું, ''યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપની ઉપર કુરબાન ! શું મામલો છે ? અત્યારે આપના ચેહરા પર હું કંઇક ફેરફાર જોઇ રહ્યો છું કંઇક અણગમતી વાતો આપે સાંભળેલી લાગે છે !''

''હા, સઅદ કંઇક એવું જ છે.'' આપે ફરમાવ્યું, એ પછી મજલિસમાં જે કંઇ બન્યું હતું અને જે વાતો અબ્દુલ્લાહ બિન ઉબયની સાંભળી હતી તેની વિગત દર્શાવી તો સઅદ બિન ઉબાદહએ આપને દિલાસો આપતાં કહ્યું, ''યા રસૂલલ્લાહ ! એ નાલાયકને જતો કરો. એની સાથે નરમીનો વર્તાવ કરો. કેમકે વલ્લાહ! આપની પધરામણી મદીનહમાં એવા સમયે થઇ અને અલ્લાહએ આપને એવા વખતે અમારી પાસે મોકલી આપ્યા જ્યારે અમે એના માટે બાદશાહીનો તાજ તૈયાર કરી ચૂક્યા હતા. એને દઝી ગયું છે કે આપે એની બાદશાહી પડાવી લીધી છે.''

મદીનહની આબોહવા અને મરકીનો તાવ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હિશામ બિન ઉર્વહ અને ઉમર બિન અબ્દુલ્લાહ બિન ઉર્વહએ કહ્યું અને તેઓએ ઉર્વહ બિન ઝુબૈરથી સાંભળ્યું અને ઉર્વહ બિન ઝુબૈરે હઝરત બીબી આઇશહના મુખથી સાંભળીને તેનું વર્ણન કર્યું.

મુસલમાનોના અમ્માંજી હઝરત બીબી આઇશહનું બયાન છે : ''જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહની ધરતી પર આવેલા મદીનહ શહેરમાં પધાર્યા તો અહીંની ધરતી ''વબાઇ બુખાર'' નો સૌથી વધુ ભોગ બનેલી હતી.[૧] રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાથીઓ મદીનહ આવતાંની સાથે મરકીના તાવમાં પટકાઇ પડ્યા પણ અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બલાથી બચાવી લીધા.''

હઝરત આઇશહનું બયાન છે : ''મારા માનવંતા બાપાજી અબૂબક્ર સિદ્દીક અને અબૂબક્રના આઝાદ કરેલા ગુલામોમાંથી આમિર બિન ફુહૈરહ અને બિલાલ, અબૂબક્રની સાથે એક જ ઘરમાં માંદગીને બિછાને પ્રચંડ તાવમાં ફૂંકાઇ રહ્યા હતા. હું મારા બાપાજી અબૂબક્ર અને બીજા દરદીઓની ખબર લેવા ગઇ. તે વેળા સુધી પારકા પુરૂષોથી પરદો કરવાનો હુકમ ઊતર્યો ન હતો. મેં જોયું કે તાવની આકરી પીડાથી તેઓની હાલત એટલી કફોડી હતી જેને અલ્લાહ વગર કોઇ જાણી શકતું ન હતું.

હું મારા બાપુજી અબૂબક્ર પાસે ગઇ. મેં પૂછ્યું, ''અબ્બાજાન ! આપ પોતાને કેવાં હાલતમાં જુઓ છો ?'' જવાબ મળ્યો :

---

૧. એટલે ચારે તરફ મરકી, મહામારી કે ચેપી તાવનો રોગચાળો ફાટી નીકળેલો હતો. ''હ''

કુલ્લુમ-રિઇમ મુસ્બહુન ફી અહલિહી, • વલ મવતુ અદના મિન શિરાકે નઅલિહી

દરેક શખ્સ પોતાના ઘરવાળાંઓમાં અમન-ચમનથી દિવસ ગુજારૂ છે (ત્યારે અમે પોતાના વતનથી દૂર પડેલા છીએ.) જો કે મોત દરેક શખ્સની જૂતીની દોરીથી પણ વધારે નિકટ છે.

આ સાંભળીને હું મનમાં બોલી ઊઠી, "વલ્લાહ ! બાબાજાનને હોશ નથી કે શું બોલી રહ્યા છે ! એટલે જ તો બહેકી-બહેકી વાતો કરે છે."

હઝરત આમિરની હાલત ——————એ પછી હું આમિર બિન ફુહેરહની ખબર લેવા ગઇ. "મેં પૂછયું, "આમિર ! તમારી શું હાલત છે ?" જવાબ મળ્યો :

લકદ વજદ-તુલ મવત કબ્લ ઝવકિહી, • ઇન્નલ જબાન હત્ફહૂ મિન ફવકિહી.

મેં તો મૃત્યુની મઝા, તેને ચાખવા પહેલાં ચાખી લીધી અને ડરપોકનું મોત તો બેઠાંબેઠ ઉપરથી તૂટી પડે છે એટલે રોગનો ભોગ બનીને મોતથી ડરનારા બીકણો, બહાદુરો પેઠે મરવા પામતા નથી.

કુલ્લુમ-રિઇમ મુજાહિદુન બિ-તવકિહી, • કલ્-સવરે યહમા જિલ્દહૂ બિ-રવકિહી.

દરેક માણસ પોતાની શકિત મુજબ પોતાના બચાવના પ્રયત્નો કરે છે જેવી રીતે બળદ પોતાની જાતનો, પોતાના શિંગડાંથી બચાવ કરતો રહે છે.

હું મનમાં બોલી ઊઠી, "વલ્લાહ ! આમિર શું બોલે છે તેનું અને પોતાને ભાન નથી."

હઝરત બિલાલની હાલત ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદના મુઅઝ-ઝિન બિલાલની આ હાલત હતી કે તાવ ઊતરી જતો ત્યારે ઘરના ચોકમાં લેટીને બુલંદ સ્વરે આ શેઅર લલકારતા:

અલા લૈત શિઅરી હલ અબીતન્ન લૈલતન, • બિ-ફખ-ખિંવ વ હવલી ઇઝ-ખરુંવ-વ-જલીલુ.

શું આમ નહિ બનશે ? કાશ ! મને ખબર હોત કે (મક્કહની બાજુમાં આવેલા) ફખ્ખ સ્થળે પણ કોઇ રાત હું એવી રીતે ગુજારી શકતે કે મારી આજુબાજુમાં ઇઝખર અને જલીલ (નામની જડીબુટ્ટીઓ) લહેરાતી હોત !

વ હલ ઉરિદના યવમન મિયાહ મજન-નતિન, • વ હલ યબ્દૂન લી શામતુંવ વ તફીલુ

અને શું હું કોઇ દિવસ "મજન્નહ"ના ઝરણાઓ પાસે જઇ શકીશ ખરો કે ? અને શું "શામહ" તથા "તફીલ"નામે પહાડોને પણ હું જોઇ શકીશ ખરો કે ?

મદીનહથી મરકીની હકાલપટ્ટી ——————હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છે : "મેં આ લોકોના મુખેથી જે વાતો સાંભળી હતી તે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહી સંભળાવી અને સાથે જ ઉમેર્યું, "યા રસૂલલ્લાહ ! આ લોકો આવી બહેકી-બહેકી વાતો કરે છે અને તાવના ઉકળાટમાં જે કંઇ બોલે છે તેનું એમને પોતાને ભાન નથી."

મારી વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બારગાહે-ઇલાહીમાં દુઆ માંગી:

અલ્લાહુમ્મ હબ-બિબ	હે અલ્લાહ ! મહબૂબ બનાવી દે
ઇલૈનલ-મદીનહ.	અમારા માટે મદીનહને.

Maktabe Ashraf

કમા હબ-બ્બ્તા ઇલૈના	જેવી રીતે મહબૂબ બનાવ્યું હતું તેં અમારા માટે
મક્કહ અવ અશદ્દ.	મક્કહને, બલકે તેથી વધારે (મહબૂબ બનાવી દે !)
વ બારિક લના	અને બરકત આપી દે અમારા માટે
ફી મુદ-દિહા વ સાએહા.	તેના મુદ્દમાં અને તેના સાઅમાં
વ અન્કુલ-વબાએહા	અને ચાલતો કરી દે તેના રોગચાળાને
ઇલા મહૈઅહ.	મહૈઅહ તરફ.

(સંપાદકની નોંધ : સાઅ અને મુદ્દ અનાજના માપતોલના કાટલાં. સાઅ આશરે સાડા ત્રણ રતલ જેટલું અને મુદ્દ મદીનહના તોલ મુજબ માણસનો ખોબો ભરાય જાય તેટલું. મહૈઅહ મક્કહથી મદીનહને રસ્તે, આશરે પાંચેક માઇલના અંતરે, હુજફહ વસતિ પાસે આવેલું એક સ્થળ.

આ દુઆ બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખ્વાબમાં જોયું કે, એક કાળાભમ્મર જેવા રંગની, બિહામણા ચહેરાની, વિખેરાયેલા વાળોવાળી, બિહામણી ડોશી મદીનહથી નીકળીને "મહૈઅહ"ના ગાઢ જંગલ તરફ ફરાર થઇ ગઇ. (સીરતે અહમદે મુજતબા જિલ્દ ૨ પેજ ૧૩૧ - હવાલો : સહીહ બુખારી જિલ્દ ૩ પેજ ૭૨૨. હદીસ નંબર ૧૯૨૦. "હ")

બેસીને નમાઝ પઢવાનો મામલો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને ઇબ્ને શિહાબ ઝુહરીએ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિદ્વાન સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ વાળીવાળી આ હદીસ કહી સંભળાવી કે:

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને આપના સહાબા હિજરત કરીને મદીનહ આવ્યા તો તેઓમાંના ઘણાખરા મદીનહના રોગચાળામાં એવા ઝીંકાયા કે તાવથી અકળાઇને મુંઝાય ગયા. તેઓ માટે ઊભા રહીને નમાઝ પઢવાનું પણ ભારે થઇ પડયું. ત્યારે તેઓ લાચારીએ બેસીને નમાઝ પઢવા લાગ્યા. અલબત્ત આ બલાથી અલ્લાહ તઆલાએ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બચાવી લીધા.

જયારે આપે પોતાના બીમાર સહાબાને બેસીને નમાઝ પઢતા જોયા તો ફરમાવ્યું :

ઇઅલમૂ અન્ન સલાતલ-કાઇદ	જાણી લો તમે કે બેઠેલાની નમાઝ
અલન-નિસ્ફ મિન સલાતિલ-કાઇમ.	અરધી હોય છે ઊભેલાની નમાઝથી.

રાવીનું કથન છે : નમાઝની આ ફઝીલત અને નમાઝનું આ મૂલ્ય સાંભળીને, બીમારી તથા કમજોરી હોવા છતાં, માનવંતા સહાબા ઊભા રહીને નમાઝની તકલીફ કરવા લાગ્યા.

જિહાદની તૈયારી————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જિહાદ એટલે ત્રાસવાદી દુશ્મનોના આતંકવાદ સામે ઝીંક ઝીલીને પોતાના બચાવ માટે લડાઇની તૈયારી કરવામાં લાગી ગયા. કેમકે અલ્લાહ તઆલાએ આપને ઇસ્લામના કટ્ટર અને ખૂંખાર ત્રાસવાદીઓ સાથે જિહાદ કરવાનો હુકમ ફરમાવી દીધો હતો. મદીનહ અને આજુબાજુમાં વસનારા દુશ્મનો, યહૂદીઓ, મુનાફિકો તથા મક્કહના કુરૈશી કાફિરો આપસમાં ગઠબંધન કરીને ઇસ્લામને જડમૂળથી ઉખાડી કાઢવાની તૈયારીઓ કરવા લાગી ગયા હતા. એ માટેના ચક્રો તેઓએ ગતિમાન કરી દીધા હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તેની માહિતીઓ પોતાના જાસૂસો મારફતે મળી રહી હતી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી તેના ૧૩ વરસ પછીનો આ બનાવ છે.

Maktabe Ashraf

પ્રકરણ ૯૦

ગઝવાતની શરૂઆત

હિજરતની તારીખ • ગઝવએ-વુદ્દાન યા ગઝવએ-અબવાઅ • સરીય્યએ-ઉબૈદહ બિન હારિસ • હઝરત સઅદ વક્કાસના શેઅરો • સરીય્યએ-હમ્ઝહ • સૌથી પહેલો લશ્કરી ઝંડો

Maktabe Ashraf

હિજરતની તારીખ——————હિજરતની તારીખને લગતી સનદી રિવાયતોને આધારે અબ્દુલ-મલિક બિન હિશામ કહે છે : અમને ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઈએ મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબીની રિવાયત કહી સંભળાવી. તેમણે કહ્યું :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સોમવારના દિવસે, ખરા બપોરે જયારે કે સૂરજ માથે આવવાની તૈયારીમાં હતો, રબીઉલ અવ્વલની ૧૨ રાતો પસાર થઇ ચૂકી હતી. મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા.

ઇબ્ને હિશામ કહે છે : એજ હિજરતની ખરી તારીખ છે જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહમાં પધરામણી થઈ.

ઈબ્ને ઈસ્હાક કહે છે: રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તે વેળા ૫૩ વરસના હતા. આપને પયગમ્બરી મળી તેના ૧૩ વરસ પછીનો આ બનાવ છે. આપ રબીઉલ-અવ્વલના બાકીના દિવસો ઉપરાંત રબીઉલ-આખિર, જમાદિલ-અવ્વલ, જમાદિલ-આખિરહ, રજબ, શઅબાન, રમદાન, શવ્વાલ, ઝુલ-કઅદહ અને ઝુલ-હિજ્જહ સુધી મદીનહમાં બિરાજમાન રહ્યા.

ઝુલ-હિજ્જહનો મહિનો હજ્જનો મહિનો હતો. આ વરસના હજ્જની વ્યવસ્થાનો વહીવટ મક્કહના મૂર્તિપૂજક કુરૈશના હાથમાં રહ્યો. મુહર્રમનો મહિનો પણ પસાર થઈ ગયો. એ પછી મદીનહની પધરામણીના બારમા મહિનાની શરૂઆતે એટલે સફરના મહિનામાં આપ ગઝવાત માટે નીકળી પડ્યા.

ઇબ્ને હિશામ કહે છે : મદીનહથી ઊપડવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ પોતાના નાયબ કે મદીનહના ગવર્નર તરીકે સઅદ બિન ઉબાદહ રદિયલ્લાહુ અન્હુની નિમણુંક કરી.

ગઝવએ-વુદ્દાન યા ગઝવએ-અબવાઅ——— ——ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈસ્લામમાં જિહાદનો આરંભ ગઝવએ-વુદ્દાનથી થવા પામ્યો. એજ ગઝવએ-વુદ્દાનનું બીજું નામ ગઝવએ-અબવાઅ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની લશ્કરી ટુકડી સાથે મદીનહથી નીકળીને વુદ્દાન સ્થળે પહોંચી ગયા. અહીં કુરૈશ તથા બનૂ દમ્રહ બિન બક્ર બિન અબ્દે મનાત બિન કિનાનહ સાથે લડવાનો આપનો ઈરાદા

હતાં પણ બનૂ દમ્રહના કબીલાએ આપની સાથે સુલેહના કરાર કરી લીધા. સુલેહ કરનાર ગૃહસ્થનું નામ મખ્શી બિન અમ્ર દમરી હતું જે તે સમયે પોતના બનૂ દમ્રહ કબીલાનો સરદાર હતો.

બનૂ દમ્રહ કબીલા સાથે સુલેહના કરાર બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની લશ્કરી ટુકડી સાથે મદીનહ વાપસ પધાર્યા. એ પછી અમુક મુદ્દત સુધી કોઈની સાથે મુકાબલો નહિ થયો. સફર મહિનાના બાકીના દિવસો અને રબીઉલ અવ્વલના શરૂઆતના દિવસો આપ મદીનહમાં જ બિરાજમાન રહ્યા.

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ સૌથી પહેલો ગઝવહ હતો.

સંપાદકની નોંધ----------ગઝવહ શબ્દ એકવચન છે. એનું બહુવચન ગઝવાત છે. ગઝવહ એવી લડાઈ કે લશ્કરી હિલચાલને કહે છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બ-નફસે-નફીસ એટલે જાતે ને પોતે ભાગ લીધો હોય અને જેમાં આપે પોતે ભાગ ન લીધો હોય તેવી લશ્કરી ટુકડીની હિલચાલને સરિય્યહ કહે છે જેનું બહુવચન સરાયા છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુરૈશથી પોતાની જાન બચાવીને, મક્કહથી હિજરત કરીને, પોતાના સાથીઓ સાથે સહીહ-સલામત મદીનહ આવી ગયા. મદીનહના અન્સારે દિલોજાનથી આપનો સત્કાર કરીને પોતાનું તન, મન, ધન બધું જ આપના ચરણોમાં ધરી દીધું. તે તરફ કુરૈશે જોયું કે ઇસ્લામને એક સલામત સ્થળ મળી ગયું છે જ્યાં તે બળ ભેગુ કરીને એક દિવસે મક્કહ પર ચઢી આવશે. બસ ત્યારથી જ તેઓની છાતી પર સાપ આળોટવા લાગી ગયો. તેઓની રાતોની ઊંઘ હરામ બની ગઈ. તેઓએ ઇસ્લામને જડમૂળથી ઉખાડી કાઢવાનો સંકલ્પ કરી લીધો. તેઓ જાણતા હતા કે મદીનહમાં ઇસ્લામી અભિયાન ચાલુ રહ્યું તો એક તરફ તેઓના બાપદાદાના ધર્મનો સફાયો બોલાય જશે. મંદિરો અને દેવસ્થાનોમાં કાગડા બોલતા થઈ જશે. ખાનએ-કઅબહમાં ગોઠવેલી ૩૬૦ મૂર્તિઓના ચરણોમાં ધરાતાં નજરાણાં અને માલમલીદાથી હાથ ધોવા પડશે. ખાનએ-કઅબહ એટલે અલ્લાહના ઘરને પ્રતાપે મળેલી પટેલાઈનો અંત આવી જશે. જેથી એક તરફ તેઓ પોતે મદીનહ પર ચઢાઈ કરવાની તૈયારી કરતા હતા. બીજી તરફ અરબભરના કબીલાઓને ઉશ્કેરવા લાગ્યા કે જો આ નવો ધર્મ બળ મેળવી લેશે તો તમારી આઝાદીનો મૃત્યુઘંટ બજી જશે. મુસલમાન લોકો તમને ગુલામીની સાંકળોમાં જકડી લેશે.

એજ દરમિયાન એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહ પધરામણીના થોડાક જ દિવસો પછી મક્કહના કુરૈશે, અન્સારના બંને કબીલાના બાદશાહ જેની તાજપોશીની શાહી તૈયારી થઈ ચૂકી હતી. તે અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલના નામે એક ધમકીભર્યો પત્ર લખ્યો જેનું લખાણ આ પ્રમાણે છે :

> "તમે લોકોએ આસરો આપ્યો છે અમારા આદમીને તમારા શહેરમાં. અમે સોગંદ લઈએ છીએ અલ્લાહના કે, કાં તમે લોકો કતલ કરી નાખો તેને, અથવા હાંકી કાઢો તેને મદીનહથી. જો તમે લોકો આમ નહિ કરો તો, ચઢાઈ કરી દઈશું અમે બધા મળીને એકત્ર બળે તમારી ઉપર, અને ફના કરી નાખીશું તમને બધાને, અને અમે લોંડીઓ બનાવી

Maktabe Ashraf

લઈશું તમારી સ્ત્રીઓને.''[1]

કુરૈશના આ પત્રની માહિતી મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અબ્દુલ્લાહ બિન ઉબય પાસે પધાર્યા અને તેને ફરમાવ્યું, ''શું તમે પોતાના જ બેટાઓ અને પોતાના જ ભાઈઓ પર ચઢાઈ કરી દેશો ?''

કેમકે એના જ ભાઈબંધો અને બેટાઓ મુસલમાન બની ગયા હતા. આપની વાતનો નુક્તો તે સમજી ગયો અને કુરૈશના ધમકીભર્યા હુકમનો અમલ કરી શકયો નહિ. જંગે બદ્ર પછી કુરૈશે ફરીવાર એવો જ ધમકીભર્યો પત્ર લખી મોકલ્યો જેની વિગત આગળ જતાં આવશે.

આમ છતાં કુરૈશના કાવાદાવા અને બહેકાવાઓથી મદીનહના મુનાફિકો અને યહૂદીઓનું મગજ ચકડોળે ચઢી ગયું હતું. એજ દિવસોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત સઅદ બિન ઉબાદહની બીમારીના સમાચાર મળતાં આપ તેમની ખબર લેવા ગયા. રસ્તામાં અબ્દુલ્લાહ બિન ઉબયની હવેલી પાસેથી પસાર થતાં આપે જોયું કે ત્યાં ઘણા માણસો બેઠેલા છે. મજલિસ પાસેથી સલામ-કલામ વગર પસાર થવાનું આપને વાજબી નહિ લાગ્યું આપ સવારી પરથી ઊતરીને મજલિસમાં પધાર્યા. સલામ કરીને આપે નસીહતની થોડીક વાતો ફરમાવી. આપની વાતો સાંભળીને અબ્દુલ્લાહ બિન ઉબયે જે તુમાખીભર્યો વર્તાવ કર્યો તેની વિગત ઈબ્ને હિશામની આ કિતાબમાં આપણે વાંચી આવ્યા છીએ.

અલ્લામા શિબ્લી નુઅમાની પોતાની સીરતુન-નબીમાં લખે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ગધેડાની સવારી પરથી ઊતરીને મજલિસમાં પધાર્યા તો આપના ગધેડાના ચાલવાથી ધૂળ ઊડી તે જોઈને અબ્દુલ્લાહ બિન ઉબયે જલદીથી પોતાના મોં પર કપડું નાખી લીધું અને નફરતથી મોઢું ફેરવી લેતાં બોલ્યાં, ''જોતા નથી ધૂળ ઊડે છે ?'' અને જ્યારે આપે સલામ કરીને કુર્આનની થોડકી આયતો સંભળાવી તો તે કહેવા લાગ્યો, ''જનાબ ! તમારી વાતો મને ગમતી નથી. એ સાચી હોય તો પણ અમારી મજલિસોમાં આવીને અમને સંભળાવવાની જરૂર નથી. પોતાના ઘરમાં બેસીને ત્યાં આવનારાઓને સંભળાવતા રહો !''

તેની આ તોછડાઈ ભરેલી વાતો સાંભળીને ત્યાં બેઠેલા મુસલમાનો છંછેડાઈ ગયા. અબ્દુલ્લાહના તરફદારો પણ તેનો પક્ષ લઈને મરવા મારવા તૈયાર થઈ ગયા. તલવારો મ્યાનમાંથી નીકળે તે પહેલાં આપે બંનેને સમજાવીને ઠંડા કર્યા.[2]

મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહ પધરામણી પછી મુદ્દત સુધી હાલત આ રહી કે આપ જાગી-જાગીને રાતો પસાર કરતા હતા. બધા મુસલમાનોની પણ એજ હાલત હતી. આપે સખત ચોકી પહેરો રાખવાનો હુકમ ફરમાવ્યો હતો. સહીહ બુખારીના જિહાદ પ્રકરણમાં છે કે એક રાતે આપે ફરમાવ્યું, ''આજે કોઈ સારો માણસ પહેરો ભરે તો સારૂં ! '' આ સાંભળીને હઝરત સઅદ બિન વક્કાસે હથિયારો સજીને રાતભર પહેરો ભર્યો ત્યારે આપ આરામથી સૂઈ શકયા. એથી વધીને હાકિમની આ રિવાયત વાંચો :

''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતા સાથીઓ સાથે મદીનહ પધાર્યા.

---

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૩૦૫ હવાલો : અબૂ દાવૂદ શરીફ જિ. ૨ પા. ૬૭

૨. સીરતુન-નબી જિલ્દ ૧ પા. ૩૦૫

Maktabe Ashraf

અન્સારે તેઓને આશરો આપ્યો તો આખું અરબ એકસાથે લડવા તૈયાર થઇ ગયું. તમામ સહાબા સવાર સુધી હથિયારો સજીને સાવચેતીથી સૂતા હતા.

મક્કહના કુરૈશ ખાનએ-કઅબહના મુતવલ્લી હોવાથી આખા અરબના ચૌધરી ગણાતા હતા. મક્કહથી મદીનહ સુધી ફેલાયેલા તમામ કબીલા એમના વર્ચસ હેઠળ હતા. બધા મૂર્તિપૂજાનો ધર્મ પાળતા હતા. કુરૈશે તેઓને ઠસાવી દીધું હતું કે ઇસ્લામના રૂપમાં આપણા માથે મોટું ધર્મસંકટ તૂટી પડયું છે બધા એ ભેગા મળીને એકત્ર બળે તેનો મુકાબલો કરવાનો છે.

સારાંશ કે આખા અરબને મુકાબલે મુસલમાનો મુઠ્ઠીભર સંખ્યામાં હતા. ચોતરફથી ખતરામાં ઘેરાયેલા હતા. ખુદ મદીનહમાં મુનાફિકો અને યહુદીઓ આસ્તીનના સાપ બનીને ડંખ મારવા તૈયાર હતા. જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહ પધારવા બાદ આ કટોકટીને પહોંચી વળવાના ઉપાય તરીકે સૌથી પહેલું જે કામ કર્યું તે સ્વબચાવનું હતું. એટલે પોતાના અને મુસલમાનોના બચાવ માટે પાણી પહેલા પાળ બાંધવાનું પગલું હતું. આ માટે આપે બે તદબીરો ગ્રહણ કરી. પહેલી તદબીર કુરૈશના વેપારી કાફલાઓનો તે રસ્તો બંધ કરી દેવો જયાંથી થઇને તેઓ શામ અને મિસર વેપાર માટે જતા હતા. કુરૈશની ખુશહાલી અને નવાબી ઝિન્દગીનો મોટો આધાર દેશપરદેશના વેપાર પર હતો જેની ઉપર તેઓ ખૂબ મગરૂર હતા. આ રસ્તો બંધ થતાં તેઓની મગરૂરી નીકળી જાય તો તેઓ સુલેહ કરવા પર લાચાર બને.

બીજી તદબીર તરીકે આપે નક્કી કર્યું કે મદીનહની આજુબાજુના પ્રદેશોમાં વસનારા કબીલાઓ સાથે સિફારતી સંબંધો કાયમ કરીને સુલેહશાંતિના કરારો કરી લેવામાં આવે કે જેથી, ''જીવો અને જીવવા દો'' ની નીતિ અમલમાં આવે તો ઇસ્લામી તબલીગનું કામ ગતિભેર આગળ વધી શકે. આ હેતુની સિધ્ધિ માટે આપે પોતાના સહાબાની નાની-નાની લશ્કરી ટુકડીઓને આજુબાજુના કબીલાઓ તરફ મોકલવાની યોજના ઘડી કાઢી અને તેના અમલીકરણ તરીકે સૌથી પહેલાં આપ પોતે પોતાના ૬૦ કે ૭૦ સહાબાની લશ્કરી ટુકડી સાથે વુદ્દાન નામના સ્થળે તશરીફ લઇ ગયા. જેનું બયાન ઇબ્ને હિશામની કિતાબમાં આપણે વાંચી આવ્યા છીએ. આ સ્થળ મદીનહથી મક્કહ જતાં ૮૦ માઇલના અંતરે આવેલું હતું. અહીં મદીનહની સરહદ ખતમ થઇને મક્કહની સરહદ શરૂ થતી હતી. વુદ્દાનની બાજુમાં જ ''અબવાઅ'' નામની વસતિ આવેલી હતી અને અબવાઅ તે વસ્તી છે જયાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા અમ્માંજી સાહેબા હઝરત બીબી આમિનહનો મઝાર આવેલો છે. અહીંનું મુખ્ય મથક ''ફરઅ''નામે શહેર છે જે આ ઇલાકાના જિલ્લા તરીકે જાણીતું છે. વુદ્દાન અને અબવાઅ સરહદી સ્થળ હોવાથી એનું મહત્વ આ છે કે કુરૈશના વેપારી કાફલાઓ અહીંથી જ થઇને શામ અને મિસર તરફ જતા હતા. આ વિસ્તારમાં બનૂ દમ્રહ નામનો મોટો કબીલો વસતો હતો જેના સરદારનું નામ મખ્શી બિન અમ્ર દમરી હતું. અહીં કોઇની સાથે મારામારી કે ઝપાઝપી નહિ થઇ આપનો એ મકસદ પણ ન હતો. આપનો મૂળ મકસદ સલામતી અને શાંતિના કરારો કરવાનો હતો જેમાં અલ્લાહ તઆલાએ આપને કામયાબીથી સરફરાઝ ફરમાવ્યા અને મખ્શી બિન અમ્રે આપની સાથે સુલેહના કરાર કરી લીધા, જેની ટૂંક વિગત આ છે.

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

●———આ લખાણ અલ્લાહના રસૂલ મુહંમદ તરફથી બનૂ દમ્રહ માટે છે.

- આ લોકોના જાન અને માલ સલામત રહેશે.
- અગર કોઈ કબીલો બળ વાપરીને એમની ઉપર આક્રમણ કરશે તો તેના મુકાબલા માટે અલ્લાહના રસૂલ તરફથી એમને મદદ કરવામાં આવશે.
- આ લોકો માટે જરૂરી છે કે હમેશા તેઓ અલ્લાહના રસૂલની મદદ કરતા રહે અને જયારે મદદ માટે એમને બોલાવવામાં આવે તો એ લોકો મદદ માટે આવી જશે.
- અલબત્ત મઝહબી લડાઈઓમાં એકબીજાની મદદ કરવાનું જરૂરી નહિ હશે.
- આ લખાણ પર અલ્લાહ અને તેના રસૂલની ઝિમ્મેદારી છે. [1]

સુલેહશાંતિના આ કરારની સિધ્ધિ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ૧૫ દિવસ સુધી મદીનહથી બહાર તશરીફ લઈ ગયા હતા જેથી આપે પોતાની જગાએ મદીનહના અમીર તરીકે હઝરત સઅદ બિન ઉબાદહની નિમણૂંક કરી હતી. તમામ સીરત-લેખકો અને ઈતિહાસકારોએ ગઝવાતની શરૂઆત ગઝવએ-વુદ્દાન કે ગઝવએ-અબવાઅથી જ કરી છે. સહીહ બુખારીમાં પણ એને જ "અવ્વલુલ-ગઝવાત" હોવાનું દર્શાવવામાં આવ્યું છે. (સંપાદકનું લખાણ પૂરૂં થયું. હવે અસલ કિતાબનું લખાણ વાંચો. "હ")

સરિય્યએ-ઉબૈદહ બિન હારિસ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહની એજ પધરામણી દરમિયાન હઝરત ઉબૈદહ બિન હારિસ બિન મુત્તલિબ બિન અબ્દે મનાફ બિન કુસૈયને, ઈસ્લામનો સૌથી પહેલો વાવટો, પોતાના મુબારક હાથથી તૈયાર કરીને ઈનાયત કર્યો અને ૬૦ અથવા ૮૦ સવારોની ટુકડી સાથે રવાના કર્યા. આ લશ્કરી ટુકડીમાં બધા જ મક્કહના મુહાજિરો હતા. મદીનહના અનસારમાંથી એમાં કોઈ ન હતું. આ લોકો ચાલતાં-ચાલતાં "સનિય્યતુલ-મુર્રહ" નામે પહાડની તળેટીમાં આવેલા એક ઝરણા પાસે પહોંચી ગયા. આ સ્થળ હિજાઝના ઈલાકામાં આવેલું હતું. અહીં અચાનક કુરૈશના એક મોટા જૂથ સાથે ભેટો થઈ ગયો. પરંતુ બંને વચ્ચે કોઈ અથડામણ થવા પામી નહિ. અલબત્ત હઝરત સઅદ બિન અબી વક્કાસે કુરૈશના કાફલા તરફ એક તીર (ધાક બેસાડવા માટે) છોડયું. આ તીર ઈસ્લામી ઈતિહાસનું પહેલું તીર હતું જે મુસલમાન મુજાહિદો તરફથી દુશ્મન મુશરિકો તરફ છોડવામાં આવ્યું. સામેથી જવાબ નહિ મળતાં બંને જૂથો એકબીજાના મુકાબલાથી અલગ રહ્યાં અને બંને વચ્ચે કોઈ અથડામણ કે છમકલું નહિ થવા પામ્યું. મુસલમાનો પાસે કુમકનો પણ બંદોબસ્ત હતો.

આ પ્રસંગે એક અજીબ બનાવ બની ગયો. બન્યું એમ કે મુશરિક કુરૈશના કાફલામાંથી બે જવાનો સુસવાટાભેર દોડતા આવીને મુસલમાનોની લશ્કરી ટુકડીમાં શામિલ થઈ ગયા. બાબત એમ હતી કે મક્કહના આ બંને જવાનો છૂપી રીતે મુસલમાન બની ગયા હતા. મુશરિકોની વચ્ચે રહેતા હોવાથી મક્કહથી નીકળી જવાની તક મળતી ન હતી જેથી કુરૈશના કાફલામાં શામિલ થઈને મોકાની તલાશ માટે આવ્યા હતા. એમાંના એક જવાનનું નામ હઝરત મિકદાદ બિન અમ્ર બહરાની હતું જેઓ બનૂ ઝુહરહના કરારી હતા. બીજા જવાનનું નામ હઝરત ઉત્બહ બિન ગઝવાન બિન જાબિર માઝની હતું જેઓ બનૂ નવફલ બિન અબ્દે મનાફના કરારી હતા. અહીં મોકો મળી જતાં કુરૈશના કાફલામાંથી તીર પેઠે નીકળ્યા અને નઅરએ-તકબીર પોકારતા વીજળી વેગે આવીને મુસલમાનો સાથે શામિલ થઈ ગયા.

૧. અલ્લામા શિબ્લી નુઅમાની : સીરતુન-નબી જિ. ૧ પા. ૩૧૧

Maktabe Ashraf

કુરૈશના. આ કાફલાનો કમાન્ડર અબૂ જહલનો બેટો ઇકરિમહ બિન અબૂ જહલ હતો.

ઇબ્ન હિશામ કહે છે : મને ઇબ્ને અબી અમ્ર બિન અલાઅ નહ્વી અબી અમ્ર મદનીની રિવાયત મળી, કે કુરૈશના આ કાફલાનો કમાન્ડર મુકરિઝ બિન હફ્સ બિન અખીફ હતો જે મુઐસ બિન આમિર બિન લુઐય બિન ગાલિબ બિન ફિહરના ખાનદાનનો એક ગૃહસ્થ હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને જે માહિતી મળી છે તેના આધારે હઝરત ઉબૈદહ બિન હારિસ જે વાવટો લઇને ગયા હતા તે ઇસ્લામનો સૌથી પહેલો વાવટો હતો જેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુસલમાન મુજાહિદો માટે તૈયાર કરીને ઇનાયત ફરમાવ્યો.

(નોંટ : અહીં ઉપરના પ્રસંગને અનુસરતા, જુદા-જુદા શાઇરોએ રચેલા ૩૩ શેઅરોના ત્રણ કસીદા અમે જતા કર્યા છે. હઝરત સઅદ બિન અબી વક્કાસે મુશરિકો તરફ છોડેલા તીરને લગતા થોડાક શેઅરો અહીં રજૂ કરીએ છીએ. ''ઇ'')

હઝરત સઅદ વક્કાસના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : કેટલાક જાણકારોના કહેવા મુજબ હઝરત સઅદ બિન અબી વક્કાસે મુશરિકોના જૂથ તરફ છોડેલા તેના તીર વિષે કહ્યું છે :

અલા હલ અતા રસૂલલ્લાહે અન્ની, • હમૈતુ સહાબતી બિ-સુદૂરે નબ્લી.

અરે સાંભળ ! શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પણ આ ખબર પહોંચી છે કે મેં મારા તીરના આગલા ભાગની અણીથી મારા સાથીઓની સહાયતા કરી છે ?

ફમા યઅતદ્દુ રામિન ફી અદુવ્વ-બિન, • બિ સહમિન યા રસૂલલ્લાહિ કબ્લી.

હે અલ્લાહના રસૂલ ! મુજથી પહેલાં કોઇ બાણાવળી (એટલે તીર ચલાવનાર વીર) પોતાના દુશ્મન માટે તીર તૈયાર રાખવાનો નથી.

વ ઝાલિકા અન્ન દીનકા દીનુ સિદકિન, • વ ઝૂ હક-કિન અતૈતા બિહી વ અદલી.

અને આ એટલા માટે યા રસૂલલ્લાહ ! કે આપનો દીન સાચો દીન છે અને આપે એ દીન મારફતે હકીકત અને ઇન્સાફની વાત રજૂ ફરમાવી છે.

યુનજ-જલ મુઅ-મિનૂન બિહી વ યુજ્ઝા, • બિહિલ-કુફ્ફારુ ઇન્દ મકામે મહલી.

એજ દીન મારફતે ઇમાનવાળાઓને નજાત મળશે અને કાફિર, ઢીલથી રહેવાના સ્થળે ફજેત થશે. (ઢીલથી રહેવાનું સ્થળ એટલે જહન્નમ જ્યાં અનંત કાળ સુધી રહેવાનું છે.)

ફ મહલા કદ ગવૈતા ફલા તઅબેની, • ગવીય્યલ-હય્યિ વૈહકા યબ્નુ જહલી.

માટે હે અબૂ જહલના બેટા ! હે ગુમરાહ કબીલા ! તુજ પર અફસોસ છે ! તું તો ગુમરાહ થઇ ચૂક્યો છે જેથી મુજ પર ઐબ ન લગાડ અને જરા થોભી જા અને જો, કે તારો શું અંજામ આવે છે !

સરિય્યએ-હઝરત હમ્ઝહ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ગઝવએ-અબવાઅથી વાપસ પધાર્યા તો એજ દિવસોમાં આપે પોતાના કાકા હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમને ૩૦ મુહાજિર સવારોની લશ્કરી ટુકડી સાથે ''ઇસ''તરફ રવાના કર્યા આ સ્થળ ''સીફુલ-બહ્ર''

Maktabe Ashraf

સ્થળની પાસે આવેલું છે. આ લશ્કરી ટુકડીમાં પણ બધા જ મક્કહના મુહાજિરો હતા અને અન્સારમાંથી કોઈ ન હતું.

હઝરત હમ્ઝહ જ્યારે પોતાની લશ્કરી ટુકડી સાથે "સીફુલ-બહ્ર" સ્થળે પહોંચ્યા તો અબૂ જહલ બિન હિશામ સાથે ભેટો થઈ ગયો. અબૂ જહલ પોતાના ૩૦૦ સવારોના વેપારી કાફલા સાથે સીરિયાથી પરત થઈને મક્કહ જતો હતો. કોઈ લડાઈ કે છમકલું થાય તે પહેલાં મજ્દી બિન અમ્ર જુહની નામે, તે ઈલાકાના જુહૈનહ કબીલાનો સરદાર, બંને જૂથોની આડે આવી ગયો. તેણે કુનેહબુધ્ધિથી કામ લઈને બંને જૂથો વચ્ચે સુલેહ કરાવી દીધી. તેને બંને સાથે સારા-સારી હોવાથી મામલો રફેદફે થઈ જતાં કોઈ રમખાણ નહિ થયું અને હઝરત હમ્ઝહ પોતાની ટુકડી સાથે પાછા આવી ગયા [૧]

સૌથી પહેલો લશ્કરી ઝંડો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : કેટલાક જાણકારોના મત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સૌથી પહેલો વાવટો કોઈ મુસલમાન મુજાહિદ માટે બનાવી આપ્યો હોય તો તે હઝરત હમ્ઝહનો વાવટો હતો. મૂળ બાબત એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બંને લશ્કરી ટુકડીઓને એકીવેળા અલગ-અલગ દિશાએ રવાના કરી હતી. એમાંથી એક ટુકડીના અમીર હઝરત હમ્ઝહ હતા અને બીજી ટુકડીના અમીર હઝરત ઉબૈદહ બિન હારિસ હતા. આ કારણે સૌથી પહેલવહેલા ઈસ્લામી વાવટા અંગે લોકોમાં મતભેદ પડી ગયો.

કેટલાક જાણકારો એમ પણ કહે છે કે, સર્વપ્રથમ ઇસ્લામી વાવટાનું માન ખાટવા બદલ હઝરત હમ્ઝહએ એક કાવ્ય રચેલું છે જેમાં એવો ઉલ્લેખ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સૌથી પહેલો વાવટો બનાવીને મને ઈનાયત ફરમાવ્યો હતો. અગર એ કાવ્ય હઝરત હમ્ઝહનું જ રચેલું છે તો આ વાતમાં લેશ પણ શંકા નથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સૌથી પહેલો વાવટો બનાવીને હઝરત હમ્ઝહને જ ઈનાયત ફરમાવ્યો હોય. કેમકે હઝરત હમ્ઝહ સત્ય વિના બીજું કંઈ ફરમાવે તેની કલ્પના પણ નહિ કરી શકાય. હવે એમાં કઈ રિવાયત સહીહ છે તે અલ્લાહ બેહતર જાણે ! પણ મને જાણકારો તરફથી મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સૌથી પહેલો વાવટો હઝરત ઉબૈદહ બિન હારિસને ઈનાયત ફરમાવ્યો હતો.

(નોટ : હઝરત હમ્ઝહ રદિયલ્લાહુ અન્હુનું રચેલું એ કાવ્ય ૧૪ શેઅરોનું છે. એના જવાબમાં અબૂ જહલનું રચેલું કાવ્ય ૧૫ શેઅરોનું છે. એ બંને કાવ્યો અમે જતાં કર્યા છે. "હ")

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મોકલેલી આ બંને ટુકડીઓની લશ્કરી હિલચાલ પૂરી રીતે કામયાબ નીવડી. આજુબાજુના કબીલાઓ અને મક્કહના કુરૈશને અંદાજે થઈ ગયો કે મદીનહના મુસલમાનો ગાફિલ નથી, પૂરી રીતે સાવચેત છે અને કોઈપણ કટોકટીને પહોંચી વળવાનું બળ ધરાવે છે અને પોતાના બચાવ માટે હર પળે તૈયાર છે. ટુકડીઓને મોકલવાનો હેતુ પણ એજ હતો કે ઈસ્લામના દુશ્મનોના દિલો પર મુસલમાનોની ધાક બેસી જાય. "હ"

પ્રકરણ ૯૧

જંગે-બદ્રની પ્રસ્તાવના

ગઝવએ-બુવાત • ગઝવએ-ઉશૈરહ • હઝરત અલીનો લકબ: અબૂ તુરાબ • અબૂ તુરાબ લકબની બીજી રિવાયત • સરિય્યએ-હઝરત સઅદ વક્કાસ • ગઝવએ-બદ્રે-ઊલા • સરિય્યએ-હઝરત અબ્દુલ્લાહ બિન જહશ • મુજાહિદોને નખ્લહ જવાનો હુકમ • કુરૈશી કાફલા સાથે ઝપાઝપી • રસૂલુલ્લાહ (સલ.)ની નારાજી • કુરૈશ અને યહૂદીઓના ઠપકા • અલ્લાહની રહમતના ઉમેદવાર • ગનીમતના માલની વહેંચણી • હઝરત અબ્દુલ્લાહના શેઅરો • કિબ્લહની ફેરબદલીનો હુકમ

ગઝવએ-બુવાત——————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રબીઉલ-અવ્વલ મહિનામાં કુરૈશના એક બહુ મોટા વેપારી કાફલાને અટકાવવાના ઇરાદે (૨૦૦ સહાબાની લશ્કરી ટુકડી લઇને) મદીનહથી રવાના થયા.

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહથી કૂચ કરવા પહેલાં પોતાની જગાએ પોતાના નાયબ કે મદીનહના અમીર તરીકે હઝરત સાઇબ બિન ઉસ્માન બિન મઝઊનની નિમણુંક કરી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની લશ્કરી ટુકડી સાથે મદીનહથી કૂચ કરીને રઝવી જિલ્લાના બુવાત સ્થળે પહોંચી ગયા. અહીં પણ કોઇ લડાઇ કે છમકલું નહિ થવા પામ્યું ત્યારે આપ પોતાની લશ્કરી ટુકડી સાથે ત્યાંથી વાપસ થઇને મદનીહ તશરીફ લઇ આવ્યા. રબીઉલ-આખિરના બાકીના દિવસો અને જમાદિલ-અવ્વલના અમુક દિવસો આપ મદીનહમાં બિરાજમાન રહ્યા. [1]

ગઝવએ-ઉશૈરહ——————એ પછી કુરૈશના બીજા એક વેપારી કાફલાને અટકાવવાના ઇરાદે આપ પોતાના દોઢ સો કે બસો સહાબાની લશ્કરી ટુકડી સાથે મદીનહથી રવાના થયા. મદીનહથી કૂચ કરવા પહેલાં આપ મદીનહમાં પોતાની જગાએ પોતાના નાયબ તરીકે હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદની નિમણુંક કરી.

---

૧. આ ગઝવહનું નામ ગઝવએ-બુવાત છે. બુવાત જુહૈનહ કબીલાના વિસ્તારમાં આવેલા એક પહાડનું નામ છે અને એક ખીણનું પણ નામ છે. મદીનહથી ૪૮ માઇલના અંતરે છે. રઝવી જિલ્લાના પહાડી પ્રદેશથી કુરૈશનો એક બહુ મોટો વેપારી કાફલો પસાર થવાનો હતો. આપ એ કાફલાને અટકાવવા માગતા હતા પણ કુરૈશના જાસૂસો મારફતે આગોતરી બાતમી મળી જતાં કાફલાનો સાલાર ઉમય્યહ બિન ખલફ સરિયામ રસ્તો છોડીને ભાગંભાગ પલાયન થઇ ગયો. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા.૪૬)

મદીનાહથી રવાના થઈને આપ બનૂ દીનારના પહાડોની વચ્ચે આવેલી ખીણમાં પધાર્યા અને ત્યાંથી કૂચ કરીને "અલ-ખુબાર"ના જંગલોને વટાવતા, ઇબ્ને અઝહર નામે પથરાળી ભૂમિમાં આવેલા "ઝાતુસ-સાક"નામે ઝાડના સાયા હેઠળ પધારીને બિરાજમાન થયા. અહીં આપે પોતાના સાથીઓ સાથે નમાઝ પઢી. આ સ્થળે હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એક મસ્જિદ આવેલી છે. અહીં આપના માટે જમણ તૈયાર કરવામાં આવ્યું. આપે પોતાના સાથીઓ સાથે બેસીને જમણને ન્યાય આપ્યો. અહીંની જે જગાએ આગ જલાવીને હાંડીઓ ચઢાવવામાં આવી તે પણ હવે જાણીતું સ્થળ બની ગયું છે. અહીં "અલ-મશરબ" નામે એક ઝરણું વહેતું હતું તેમાંથી આપના માટે પાણી લાવવામાં આવ્યું. બધાએ સાથે મળીને પાણી પીધું અને અલ્લાહની નેઅમતોનો શુક્ર અદા કર્યો.

અહીંથી આપ પોતાના સાથીઓ સાથે કૂચ કરીને "અલ-ખલાક"સ્થળની ડાબી દિશાએથી એક પહાડી નદીના રસ્તેથી પસાર થયા જેનું નામ "શિઅબએ-અબ્દુલ્લાહ"હતું. આ સ્થળ આજે પણ (એટલે અલ્લામા ઇબ્ને હિશામના યુગમાં) એજ નામે પંકાયેલું છે. અહીંથી ડાબી દિશાની નીચાણ ભૂમિમાં કૂચ કરીને "યલયલ"સ્થળ વટાવતા "અલ-ઝબૂઅહ"સ્થળના સંગમે પધાર્યા. અહીંની એક વાવડીમાંથી પાણી ભરીને એક હરિયાળી ભૂમિનો રસ્તો લીધો. આ રળિયામણી ભૂમિનું નામ "મલલ" હતું. અહીંથી આગળ વધીને આપ પોતાના સાથીઓ સાથે "સખૈરાતુલ-યમામ" પાસેના સરિયામ રસ્તે આવી ગયા અને અહીંથી કૂચકદમ ચાલુ રાખીને "યમ્બૂઅ"ની ખીણમાં આવેલા "અલ-ઉશૈરહ" મુકામે પધાર્યા. અહીં પહોંચીને આપે પોતાના સાથીઓ સાથે પડાવ નાખી દીધો.

જમાદિલ-અવ્વલ અને જમાદિલ-આખિરની કેટલીક રાતો આપે પોતાના સાથીઓ સાથે આ જંગલમાં પસાર કરી. એ દરમિયાન આપે બનૂ મુદલિજ અને તેઓના સંધિ-કરારીઓ, બનૂ દમ્રહની શાખોના કબીલાઓ સાથે સુલેહના કરાર કરી લીધા. કરારનામાની વિધિથી પરવારીને આપ પોતાના સાથીઓ સાથે વાપસ મદીનહ તશરીફ લઈ ગયા. આ ગઝવહમાં કોઈ લડાઈ કે છમકલું થયું નહિ.

એજ ગઝવહ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબી તાલિબને એવા શબ્દોનો લકબ આપ્યો કે તેઓ આ લકબે પણ મશહૂર થઈ ગયા.

હઝરત અલીનો લકબ : અબૂ તુરાબ——————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન મુહંમદ બિન ખુસૈમ મુહારિબી તરફથી રિવાયત મળી, તેમને મુહંમદ બિન કઅબ કુરઝી તરફથી, તેમને અબૂ યઝીદ મુહંમદ બિન ખુસૈમ તરફથી અને તેમને હઝરત અમ્માર બિન યાસિર તરફથી રિવાયત મળી.

હઝરત અમ્માર બિન યાસિરનું બયાન છે : "હું અને અલી બિન અબૂ તાલિબ ગઝવએ-ઉશૈરહમાં સાથે-સાથે હતા. અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે પ્રવાસ કરતા ઉશૈરહ મુકામે પહોંચી ગયા. અહીં પહોંચીને આપે પડાવ નાખી દીધો. આ સ્થળે અમે બનૂ મુદલિજ કબીલાના કેટલાક ખેડૂતોને ખજૂર-વાડીઓમાં જળસિંચન કરતા જોયા. અચાનક અલીએ મને પૂછ્યું, "હે અબૂ યકઝાન ! (હઝરત અમ્મારનું ઉપનામ) શું ખેતીવાડીના ધંધા પ્રત્યે તમને કંઈ રસ છે ?"

મેં કહ્યું, "કેમ નહિ !"

બોલ્યા, "ચાલો ત્યારે, જોઈએ તો ખરા આ લોકો કેવી રીતે ખેતીનું કામકાજ કરે છે."

Maktabe Ashraf

મેં કહ્યું, ''હા તમારી ઇચ્છા હોય તો ચાલો, હું તૈયાર છું.''

અમે ખેડૂતોની પાસે જઈને ઊભા થઈ ગયા અને થોડીવાર સુધી તેઓનું ખેતીનું કામકાજ જોતા રહ્યા. એટલામાં થાક અને ઉજાગરાને કારણે ઊંઘનું દબાણ થતાં અમે ત્યાંથી પાછા વળ્યા અને બાજુમાં જ ખજૂરીઓના નાના-નાના ઝાડોના સાયા હેઠળ નરમ જમીન પર પડતું મૂકીને મઝાથી ઊંઘી ગયા. પછી સોગંદ છે અલ્લાહના! અમને કોઈ વાતના હોશ ન રહ્યા. અને કોઈએ ત્યાં આવીને અમને નહિ જગાડયા, ત્યાં સુધીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે ત્યાં પધારીને પોતાના પગરવથી અમને જગાડયા. ખેતરમાં સૂતેલા હોવાથી ત્યાંનું ધૂળ-મટોડું અમારા આખા શરીરે ચોંટી ગયું હતું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલીને ધૂળ-મટોડાંમાં અટાયેલા જોઈને ફરમાવ્યું, ''મા લકા યા અબા તુરાબ !'' તારી આ શી દશા છે હે અબૂ તુરાબ ! (અબૂ તુરાબ એટલે મટોડાંનો બાપ)

એ પછી આપે ફરમાવ્યું, ''અલા ઉહદ-દિસુ-કુમા બિઅશ-કિન્નાસે રજુલૈન'' એટલે હે અલી ! શું હું તમને એવા બે માણસોને લગતી બાતમી નહિ આપું જેઓ જગતના તમામ લોકોમાં સૌથી વધુ બદબખ્ત કે હતભાગી હશે ?

મેં અરજ કરી, ''જરૂર ફરમાવો યા રસૂલલ્લાહ !

આપે ફરમાવ્યું, ''ઉહેમિરુ, સમૂદલ-લઝી અકરન-નાકહ'' એમાંથી એક ઉહૈમિર નામે સમૂદી માણસ છે જેણે ઊંટણીના પગોની નસો કાપી નાખી હતી. [૧]

એ પછી આપે ફરમાવ્યું, ''વલ્લઝી યદરિબુકા યા અલીય્યુ ! અલા હાઝિહી.'' અને બીજો હતભાગી તે માણસ હે અલી ! જે તમારા આ ભાગે તલવારનો ફટકો મારશે. આમ ફરમાવીને આપે હઝરત અલીના માથાના ઉપલા ભાગે પોતાનો મુબારક હાથ મૂકયો. (એટલે દુશ્મન હઝરત અલીના માથાના આ ભાગે તલવારનો ઘા કરશે.)

એ પછી આપે ફરમાવ્યું, ''હત્તા યબુલ્લ મિન્હા હાઝિહી.''અહીં સુધી કે એ ફટકાથી માથાથી અહીં સુધીનો ભાગ લોહીથી તરબતર થઈ જશે. આમ ફરમાવીને આપે હઝરત અલીની દાઢી પર પોતાનો મુબારક હાથ મૂકયો. [૨]

અબૂ તુરાબ લકબની બીજી રિવાયત————ઈબ્ને ઈસ્હાક કહે છે : કેટલાક જાણકારો તરફથી બીજી આ રિવાયત મને મળી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીને અબૂ તુરાબનો લકબ આપ્યો તેનું કારણ એમ બન્યું કે પોતાના ઘરમાં હઝરત અલી જયારેય પોતાના પાક બેગમ ખાતૂને-જન્નત બીબી ફાતિમહથી ખફા થઈ જતા તો કોઈ એવી વાત નહિ કહેતા જેનાથી બીબી ફાતિમહનું દિલ દુખાવા પામે. બસ ફકત પોતાની નારાજી જાહેર કરવા બીબી ફાતિમહ સાથે અબોલાં લઈ લેતા અને થોડીક માટી

૧. અલ્લાહના પયગમ્બર હઝરત સાલિહ અલૈહિસ-સલામની કોમનું નામ સમૂદ હતું. સમૂદની કોમમાં ઉહૈમિર નામે માણસ સૌથી મોટો બદબખ્ત હતો. આ હતભાગી માણસે, હઝરત સાલિહ અલૈહિસ-સલામની દુઆથી, [illegible]ડમાંથી પ્રગટેલી અલ્લાહની ઊંટણીના પગોની [illegible]ો કાપીને તેને મારી નાખી હતી. પરિણામે અલ્લાહનો અઝાબ તૂટી પડયો અને સમૂ[illegible] પૂરી કોમ ધરતી પરથી નાબૂદ થઇ ગઇ. ''ક''

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ પેશગોઇ મુજબ, સન ૪૦ હિજરીના રમઝાનની ૧૫ તારીખે, ફજરની નમાઝના સમયે, ઇબ્ને મુલજિમ નામના બદબખ્ત માણસે, કુફા શહેરની જામિઅ મસ્જિદમાં હઝરત અલી રદિયલ્લાહુ અન્હુના મુબારક માથાના એજ ભાગે તલવારનો ઘા કરીને આપને શહીદ કરી નાખ્યા.''ક''

Maktabe Ashraf

ઉપાડીને પોતાના સર પર નાખી લેતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે હઝરત અલીના માથે ધૂળ-માટી જોતા તો સમજી જતા કે અલી આજે મારી બેટી ફાતિમહથી ખફા છે. ત્યારે ફરમાવતા, "મા લકા યા અબા તુરાબ !" આજે તમારી આ શી દશા છે હે અબૂ તુરાબ !" હવે એમાંથી કઈ રિવાયત સહીહ છે તે અલ્લાહ તઆલા બેહતર જાણે !

સરિય્યએ-હઝરત સઅદ વક્કાસ—————ઇબ્ને ઇસ્હાક કહે છે : એજ દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સઅદ બિન અબી વક્કાસને મક્કહના મુહાજિરીનમાંથી આઠ જવાનોની લશ્કરી ટુકડી આપીને રવાના કર્યા. હઝરત સઅદ પોતાના જવાનો સાથે મદીનહથી નીકળીને હિજાઝની ભૂમિમાં "ખર્રાર" નામના સ્થળે પહોંચી ગયા. દિવસે છુપાતા અને રાતે ચાલતા અહીં પહોંચવા પછી ખબર પડી કે કુરૈશનો કાફલો નીકળી ગયો છે અને કોઇ સામે નહિ આવ્યું તો જવાનોની આ ટુકડી મદીનહ વાપસ આવી ગઇ. જાણકારોના કહેવા મુજબ હઝરત સઅદની આ ટુકડીને હઝરત હમ્ઝહની ટુકડી પછી રવાના કરવામાં આવી હતી.

ગઝવએ-બદ્રે-ઊલા—————ઇબ્ને ઇસ્હાક કહે છે : ગઝવએ-ઉશૈરહથી વાપસી બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પૂરી દસ રાતો પણ મદીનહમાં બિરાજમાન નહિ રહ્યા. ત્યાં તો મક્કહના કુર્ઝ બિન જાબિર ફિહરી નામના માણસે મદીનહની ચરાગાહ પર ચઢાઇ કરીને લૂંટમાર મચાવી દીધી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળતાં આપે તાબડતોડ તેની પૂઠે જવાની તૈયારી કરી. મદીનહથી ઊપડવા પહેલાં આપે પોતાની જગાએ મદીનહના અમીર તરીકે હઝરત ઝૈદ બિન હારિસહની નિમણુંક કરી જેઓ આપના આઝાદ કરેલા ગુલામ હતા.

એ પછી આપ પોતાના સહાબાની લશ્કરી ટુકડી લઇને પેલા આક્રમણખોરની પૂઠે રવાના થઇ ગયા. તેની શોધમાં ચાલતાં-ચાલતાં આપ બદ્રના ઇલાકાની તે ખીણ સુધી પહોંચી ગયા જેનું નામ સફવાન છે. (બદ્રનું મેદાન તે જગા છે જ્યાં કુરૈશ સાથે સૌથી પહેલું યુધ્ધ ખેલાયું હતું. જેનું નામ જંગે-બદ્ર છે.) અહીં પહોંચવા પછી પણ કુર્ઝ બિન જાબિર ફિહરીનો પતો લાગ્યો નહિ. તે જીવ બચાવીને છટકી જવામાં સફળ થઇ ગયો હતો. આપ પોતાના સહાબા સાથે બદ્રથી વાપસ થઇને મદીનહ તરફ રવાના થયા. [૧]

એજ તે ગઝવહ છે જેનું નામ ગઝવએ-બદ્રે-ઊલા છે. એટલે બદ્રની ભૂમિ પર નહિ ખેલાયેલું પ્રથમ યુધ્ધ. એ પછી જમાદિલ-આખિરના બાકીના દિવસો તથા રજબ અને શઅબાનના મહિનામાં આપ મદીનહમાં જ બિરાજમાન રહ્યા.

સરિય્યએ હઝરત અબ્દુલ્લાહ બિન જહશ—————ગઝવએ-બદ્રે-ઊલાથી વાપસી બાદ રજબના મહિનામાં આપે હઝરત અબ્દુલ્લાહ બિન જહશ બિન રિઆબ અસદીને મુહાજિરીનના આઠ લશ્કરી જવાનોની ટુકડી આપીને રવાના કર્યા. મદીનહના અન્સારમાંથી કોઇ આ ટુકડીમાં ન હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

---

૧. કુર્ઝ બિન જાબિર ફિહરી મક્કહના આગેવાનોમાંથી હતો. મદીનહની ચરાગાહમાં ઘૂસીને, લૂંટફાટ કરીને ભાગી ગયો. બાદમાં કુર્ઝ બિન જાબિર મુસલમાન બનીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા આશિક બની ગયા. ફત્હે-મક્કહ વેળા શહીદ થયા. અલ્લાહ એમના થી રાઝી હો !"હ"

વ સલ્લમએ એક કાગળ લખીને ટુકડીના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન જહશને આપ્યો અને સાથે હુકમ આપતાં ફરમાવ્યું :

"બે દિવસ સુધી આ કાગળ ખોલ્યા વગર ચાલ્યા કરવું અને જ્યારે બે દિવસો વીતી જાય તો આ કાગળ ખોલીને એનું લખાણ વાંચવું અને એમાં જે હુકમ આપવામાં આવ્યો છે તેનું પાલન કરવું અને પોતાના સાથીઓમાંથી કોઈની ઉપર દબાણ નહિ કરવું."

હઝરત અબ્દુલ્લાહ બિન જહશના સાથીઓમાં નીચે મુજબ લશ્કરી જવાનો હતા :

૧———બની અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફમાંથી : હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ અને એમના જ હલીફોમાંથી :

૨———હઝરત અબ્દુલ્લાહ બિન જહશ. જેઓ આ ટુકડીના અમીર હતા.

૩———હઝરત ઉકાશહ બિન મિહસન બિન હુરસાન.એ બની અસદ બિન ખુઝૈમહમાંથી હતા.

૪———બનૂ નવફલ બિન અબ્દે-મનાફમાંથી : હઝરત ઉત્બહ બિન ગઝવાન બિન જાબિર.

૫———બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી : હઝરત સઅદ બિન અબી વક્કાસ.

૬———બનૂ અદી બિન કઅબમાંથી : હઝરત આમિર બિન રબીઅહ. એ બનૂ અદીની શાખ અન્ઝ બિન વાઈલમાંથી હતા.

૭———બનૂ તમીમમાંથી એમના હલીફ : હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દે-મનાફ બિન અરબદ બિન સુઅલબહ બિન યરબૂઅ.

૮———બનૂ સઅદ બિન લૈસમાંથી : હઝરત ખાલિદ બિન બુકૈર.

૯———બનૂ હારિસ બિન ફિહરમાંથી : હઝરત સુહૈલ બિન બયદાઅ. (રદિયલ્લાહુ અન્હુમ.)

મુજાહિદોને નખ્લહ જવાનો હુકમ ———જ્યારે સેનાપતિ હઝરત અબ્દુલ્લાહ બિન[1] જહશ પોતાના આઠ સૈનિકોની ટુકડી સાથે બે દિવસોની મંઝિલ કાપી ચૂક્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ તેમણે આપનો કાગળ ખોલીને વાંચ્યો. તેમાં લખ્યું હતું.

ઇઝા નઝરતા ફી કિતાબિ હાઝા,	જ્યારે તમે વાંચો મારું આ લખાણ,
ફમદિ હત્તા તનઝ-ઝલ નખ્લતન.	તો ચાલતા રહો ત્યાં સુધી કે પહોંચી જાવ નખ્લહ સ્થળે;
બૈન મક્કતંવ વત-તાઇફ.	જે મક્કહ અને તાઇફ વચ્ચે આવેલું છે.
ફ-તરસ્સદ્ બિહા કુરૈશંવ	તો નિરીક્ષણ કરતા રહો કુરૈશની હિલચાલનું
વ તઅલમ્ લના	અને માહિતી પહોંચાડો અમને
મિન અખબારિ-હિમ.	તેઓની હિલચાલની.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું આ લખાણ વાંચીને સેનાપતિ પોકારી ઊઠ્યા, "સમ્અન વ તાઅતન." મેં સાંભળ્યું અને તેનું પાલન કર્યું. હું હરેક રીતે આજ્ઞાનો ગુલામ છું.

૧. હઝરત અબ્દુલ્લાહ બિન જહશ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઈ ભાઈ અને આપના પાક પત્ની હઝરત ઝૈનબ બિન્તે જહશના ભાઈ હતા. અને નંબર ૧ના હઝરત અબૂ હુઝૈફહ મક્કહના જાણીતા સરદાર ઉત્બહ બિન રબીઅહના નવજવાન પુત્ર હતા. "હ"

Maktabe Ashraf

એ પછી હઝરત અબ્દુલ્લાહ બિન જહશે પોતાના સૈનિકોને કાગળના લખાણથી વાકિફ કરીને કહ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને હુકમ ફરમાવ્યો છે કે, હું મક્કહ અને તાઈફ વચ્ચે આવેલા નખ્લહ મુકામે પહોંચું. ત્યાં થોભીને કુરૈશની હિલચાલનું નિરીક્ષણ કરતો રહું અને તેના સમાચારોથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માહિતગાર કરૂં. મને તમારામાંથી કોઈની ઉપર દબાણ નહિ કરવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી આદેશ મળ્યો છે. માટે તમારામાંથી જે શહીદ થવાની તમન્ના ધરાવે, જેને શહાદત પ્રત્યે પ્રેમ છે તે મારી સાથે આવે પણ, જેને એ નાપસંદ હોય તે રાજીખુશીથી પરત થઈ જાય. હું તો આજ્ઞાનું પાલન કરનારાઓમાંથી છું અને અબઘડી ઊપડું છું."

આમ કહીને તેઓ ચાલી નીકળ્યા. બધા સાથીઓ પણ એમની પાછળ થઈ ગયા. એમાંથી કોઈએ પીછેહઠ કરવાનું કે પાછા ફરવાનું પસંદ નહિ કર્યું. એ બધા હિજાઝના રસ્તે ઊપડયા. જ્યારે ફરઅ પ્રદેશની ફરઅ નામે ખાણ પાસે પહોંચ્યા જેને બહરાન પણ કહે છે તો સંજોગજોગે હઝરત સઅ્દ બિન અબી વક્કાસ અને હઝરત ઉત્બહ બિન ગઝવાનનો તે ઊંટ ખોવાઈ ગયો જેને તેઓ પોતાની પાછળ દોરીને લાવતા હતા. બંને ગૃહસ્થો તેની તલાશમાં નીકળી પડયા અને સાથીઓથી વિખૂટા પડી ગયા.

સેનાપતિ હઝરત અબ્દુલ્લાહ બિન જહશે બાકીના સાથીઓ સાથે આગેકૂચ ચાલુ રાખી અને નખ્લહ મુકામે પહોંચીને પડાવ નાખી દીધો. એજ દરમિયાન એમની સામેથી કુરૈશનો એક કાફલો પસાર થયો જેમાં ઊંટોની પીઠ પર સૂકી દ્રાક્ષ, ચામડાં અને બીજો વેપારી માલ લાદેલો હતો. આ કાફલામાં અમ્ર બિન અલ-હઝ્રમી નામનો ગૃહસ્થ પણ હતો. (આ તે શખ્સ છે જે જંગે-બદ્રની પ્રસ્તાવના બની ગયો અને જેના કારણે બદ્રનું સૌથી પહેલું યુદ્ધ ખેલાવા પામ્યું)

કુરૈશી કાફલા સાથે ઝપાઝપી——————ઈબ્ને હિશામ કહે છે : આ અમ્ર બિન અલ-હઝ્રમીનું નામ અબ્દુલ્લાહ બિન અબ્બાદ હતું. એ સદફના અવલાદમાંથી હતો. સદફનું નામ અમ્ર બિન માલિક હતું જે બની સકૂન બિન અશરસ બિન કિન્દહના કુટુંબમાંથી હતો. આ કારણે એને કિન્દી પણ કહેવામાં આવે છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશી કુફ્ફારના આ વેપારી કાફલામાં ઉસ્માન બિન અબ્દુલ્લાહ બિન મુગીરહ મખઝૂમી, એનો ભાઈ નવફલ બિન અબ્દુલ્લાહ મખઝૂમી તથા હિશામ બિન મુગીરહનો આઝાદ ગુલામ હકમ બિન કીસાન પણ હતો. મુસલમાનોની લશ્કરી ટુકડીને જોતાં જ કાફલાના લોકો હેબતાઈ ગયા. હઝરત ઉકાશહ બિન મિહસન કાફલાના લોકોની સામે જઈને ઊભા થઈ ગયા. એમણે માથું મૂંડાવેલું હતું. એ દેખીને કાફલાના લોકોને સંતોષ થઈ ગયો કે આ તો કઅબહનો ઉમ્રહ કરનારા મુસલમાનો છે. એમનાથી ડરવાની કોઈ જરૂર નથી.

આ તરફ મુસલમાનોએ મંત્રણા કરી કે આજે રજબ મહિનાનો છેલ્લો દિવસ છે. આજે રાતે એમને છોડી દઈએ તો એ લોકો હરમની હદમાં પ્રવેશીને સુરક્ષિત થઈ જશે. પછી આપણે એમની ઉપર હાથ નહિ ઉપાડી શકીએ. અને જો એમની સાથે લડાઈ કે ખૂનરેઝી કરીએ તો રજબના મહિનામાં લડવું કે ખૂનરેઝી કરવી હરામ છે.

સારાંશ કે એક સમસ્યા હતી જેનો ઉકેલ મળતો ન હતો. છેવટે મુસલમાનોએ મનને મજબૂત કરીને ઈસ્લામના દુશ્મનો સાથે લડવાનું નક્કી કર્યું કે દાવમાં આવે તેને છોડવો નહિ અને ગનીમતનો જે માલ હાથ

Maktabe Ashraf

લાગે તેને જતાં કરવા નહિ.[1]

બધાની સંમતિ મળતાં હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહ તમીમીએ નિશાન તાકીને એક તીર અમ્ર બિન અલ-હદ્રમી પર એવું છોડયું કે તે ત્યાં જ તરફડિયાં ખાતો મરી ગયો. એ પછી મુસલમાનોએ ઉસ્માન બિન અબ્દુલ્લાહ અને હકમ બિન કીસાનને કેદ કરી લીધા અને નવફલ બિન અબ્દુલ્લાહ જાન બચાવીને નાસી જવામાં સફળ થઇ ગયો.

રસૂલુલ્લાહ (સલ.)ની નારાજી————એ પછી હઝરત અબ્દુલ્લાહ બિન જહશ અને એમના જવાનો, બંને કેદીઓ તથા ગનીમતનો માલ લઇને મદીનહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા. રસ્તામાં હઝરત અબ્દુલ્લાહ બિન જહશે પોતાના સાથીઓને કહી દીધું હતું કે ગનીમતનો જે માલ હાથ લાગ્યો છે એનો પાંચમો ભાગ આપણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ભેટ ધરીશું. (ગનીમતના માલની વહેંચણીનો કાનૂન અલ્લાહ તરફથી ઊતરે તે પહેલાંનો આ બનાવ છે.) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે પાંચમો ભાગ અલગ કરીને બાકીનો માલ તેઓએ આપસમાં વહેંચી લીધો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે આ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો તેઓની કથા સાંભળીને આપને પારાવાર ખેદ થયો. આપે તેઓને ઠપકારૂપે ફરમાવ્યું : "મા અમરતુ-કુમ બિ-કિતાલિન ફી અશ-હુરિલ-હરામ." મેં તમને હરામ મહિનાઓમાં લડાઇનો હુકમ તો આપ્યો ન હતો !

આપે કાફલાના ઊંટો અને ગનીમતનો બધો માલ એમ જ રહેવા દીધો. એનો પાંચમો ભાગ પણ આપે કબૂલ નહિ ફરમાવ્યો. આ નિર્ણય જોઇને હઝરત અબ્દુલ્લાહ અને એમના સાથીઓના હોશ ઊડી ગયા. પારાવાર આઘાત અને પસ્તાવાથી બધા સમસમી રહ્યા. તેઓને થયું કે આપણે તબાહ થઇ ગયા. બીજા મુસલમાનો પણ તેઓને ઠપકારતા હતા કે તમે લોકોએ આ શું કર્યું ?

કુરૈશ અને યહૂદીઓના ઠપકા————મક્કહમાં આ સમાચાર પહોંચતા કુરૈશ કહેવા લાગ્યા કે મુહંમદ અને તેમના સાથીઓએ હરામ મહિનાને પણ હલાલ બનાવી લીધો.હરામ મહિનામાં ખૂનરેજી કરી. હરામ મહિનામાં માલ લૂંટયો. હરામ મહિનામાં લોકોને કેદ કર્યા. મક્કહમાં અટકી પડેલા મુસલમાનો પોતાના ભાઇઓના બચાવ તરીકે જવાબ આપતા હતા કે મુસલમાનોએ જે કંઇ કર્યું એ રજબના મહિનામાં નહિ, શઅબાનના મહિનામાં કર્યું. રજબમાં લડાઇ હરામ છે, શઅબાનમાં નહિ.

આ તરફ મદીનહના યહૂદીઓએ આ બનાવને એવો ઉછાળી મૂકયો કે તેઓએ એને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લન વિરૂધ્ધ એક અપશુકનનું રૂપ આપી દીધું. તેઓ એવો પ્રચાર કરવા લાગ્યા કે વાકિદ બિન અબ્દુલ્લાહએ જેને કતલ કર્યો તેનું નામ અમ્ર બિન અલ-હદ્રમી હતું. અમ્રના અર્થ થાય છે: "અમ્રતુલ-હર્બ"એટલે લડાઇ લાંબી ચાલશે અને અલ-હદ્રમીના અર્થ થાય છે : "હદ્રતુલ-હર્બ"એટલે લડાઇ માથે આવી લાગી. અને જેણે એને કતલ કર્યો તેનું નામ વાકિદ છે વાકિદના અર્થ "વકદતુલ-હર્બ" એટલે લડાઇનો શઅલા

---

૧. લશ્કરી ટુકડીમાંથી કોઇએ એવો અભિપ્રાય દર્શાવ્યો કે રજબનો મહિનો તો ખતમ થઇ ચૂકયો છે હવે શઅબાનનો મહિનો બેસી ગયો છે. રજબમાં લડાઇ કરવી હરામ છે શઅબાનમાં નહિ. માટે એમની સાથે લડી લેવામાં વાંધો નથી. (સીરતે-અહમદે-મુજતબ. જિ.૨ પા. ૨૦૦) "હ"

Maktabe Ashraf

ભટકી ઊઠશો.

જવાબમાં અલ્લાહ તઆલાએ તેઓના કટાક્ષો અને ટીકાઓની આફતનો ટોપલો તેઓના જ માથે ઠાલવી દેતાં ફરમાવ્યું :

યસ-અલૂનક અનિશ-શહરિલ-હરામ કિતાલિન ફીહ.	હે નબી ! આ લોકો તમને પૂછે છે, હરામ મહિનામાં લડવું કેવું છે ?
કુલ કિતાલુન ફીહિ કબીર.	કહી દો કે એમાં લડવું મોટું પાપ છે.
વ સદ-દુન અન સબી-લિલ્લાહિ	પરંતુ અલ્લાહના રાહથી લોકોને રોકવું,
વ કુફ્રુમ બિહિ	અને તેનો ઈન્કાર કરવો (લોકોને મુસલમાન ન બનવા દેવું),
વલ-મસ્જિદિલ-હરામં	અને મસ્જિદે-હરામમાં જવાથી અટકાવવું,
વ ઈખરાજુ અહલિહિ મિન્હુ	અને ત્યાંથી ત્યાંના વસનારાઓને હાંકી કાઢવા,
અકબરુ ઈન્દલ્લાહ.	અલ્લાહ કને તેનાથી યે મોટું પાપ છે.
વલ-ફિત્નતુ અકબરુ મિનલ-કત્લ.	અને ફિત્નો જન્માવવો તો કતલથી પણ મોટું પાપ છે.
વલા યઝાલૂન યુકાતિલૂન-કુમ	અને આ લોકો તો હમેશા તમારી સાથે લડતા જ રહેશે,
હત્તા યરુદ-દૂકુમ અન દીનકુમ	ત્યાં સુધી કે તમને ફેરવી નાખે તમારા ધર્મથી.
ઈનિસ-તતાઊ. (બકરહ આ. ૨૧૭)	અગર તેઓને એની તક મળી જાય તો !

એટલે હરામ મહિનામાં લડવું બેશક પાપ છે પણ લોકોને અલ્લાહના રસ્તા તરફ આવવાથી અટકાવવા, મસ્જિદમાં બંદગી માટે જવાથી અટકાવવા કે ત્યાંના વસનારાઓને હરમમાંથી હાંકી કાઢવા તે લડવાથી પણ મોટું પાપ છે. વળી છમકલાંઓ કરીને મુસલમાનોને ચેનથી બેસવા ન દેવા, મુસલમાનો વિરુદ્ધ ખોટો પ્રચાર કરવો અને સતામણીના અવનવા ફિત્ના જન્માવીને શાંતિ-સલામતીનું વાતાવરણ કાયમ ન થવા દેવું તે તો કતલ કે ખૂન કરતાં પણ મોટું પાપ છે. બાબત એમ છે કે આ કટ્ટર કાફિરો ન પોતે ચેનથી બેસવાના છે ન તમને ચેનથી બેસવા દેવાના છે. એ કાયમ માટે તમારી સાથે લડતા જ રહેવાના છે. એમનો હેતુ જ આ છે કે કાં તમને મિટાવી દે કાં ઈસ્લામને ઊખેડી નાખે !

જયારે કુર્આનની આ આયતો અલ્લાહ તરફથી ઉતારવામાં આવી તો મુસલમાનોની ખુશીનો પાર નહિ રહ્યો. તેઓને આ વાતનો સંતોષ થઇ ગયો કે જે કંઇ તેઓએ કર્યું તે વાજબી જ હતું. દિલમાંથી ડર દૂર થઇ ગયો.મનમાંથી કાંટો નીકળી ગયો અને તેઓની તમામ શંકાઓનું સમાધાન થઇ ગયું ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગંનીમતના માલનો પાંચમો ભાગ સ્વીકારી લીધાં અને કાફલાના ઊંટો તથા કેદીઓને પોતાના કબજામાં કરી લીધા.

એ પછી મક્કહના કુરૈશે પોતાના બંને કેદીઓને છોડાવવા માટે મુક્તિ-દંડની રકમ મોકલાવી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "તમારા કેદીઓને છોડી નહિ શકીએ જયાં સુધી કે અમારા બે સાથીઓ આવી નહિ જાય. (એટલે હઝરત સઅદ બિન અબી વક્કાસ અને હઝરત ઉત્બહ બિન ગઝવાન જેઓ પોતાના ખોવાયેલા ઊંટની શોધમાં નીકળીને રસ્તો ચૂકી ગયા હતા.) આ બંને વિષે અમને તમારા તરફથી શંકા છે. અગર તમે એ બંનેને કતલ કરી નાખ્યા તો અમે પણ તમારા બંને સાથીઓને કતલ કરી નાખીશું!"

Maktabe Ashraf

એ પછી હઝરત સઅદ અને હઝરત ઉત્બહ પોતના ઊંટ સાથે હેમખેમ આવી લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ મુકિતદંડ લઈને તેઓના બંને કેદીઓને આઝાદ કરી દીધા. આઝાદ થનાર એમાંથી હકમ બિન કીસાન મુસલમાન બની ગયા અને મક્કહને બદલે મદીનહમાં જ રહી ગયા. બીજો કેદી ઉસ્માન બિન અબ્દુલ્લાહ મક્કહ ઊપડી ગયો અને કુફ્રની જ હાલતમાં મરી ગયો.

અલ્લાહની રહમતના ઉમેદવાર——————જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન જહશ અને તેમના સાથીઓના દિલોમાંથી કુર્આનની આયતો ઊતરવા બાદ ડર અને શંકાઓની લાગણી દુર થઈ ગઈ તો તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂછ્યું, ''યા રસૂલલ્લાહ ! શું અમે આશા રાખીએ કે અમે જે કંઈ કર્યું તે જિહાદ જ હતો ? અને આ જિહાદનો અમને બીજા મુસલમાનોના જિહાદ જેટલો જ સવાબ મળશે ?'' જવાબમાં અલ્લાહ તઆલા તરફથી આ આયત ઊતરી :

ઈન્નલ-લઝીન આમનૂ વલ્લઝીન હાજરૂ	જે લોકો ઈમાન લાવ્યા અને જે લોકોએ હિજરત કરી
વ જાહદૂ ફી સબીલિલ્લાહ	અને જિહાદ કર્યો અલ્લાહના રાહમાં,
ઉલાઈક યરજૂન રહ-મતલ્લાહ	એજ લોકો આશાવાદી છે અલ્લાહની રહમતના.
વલ્લાહુ ગફૂરુર-રહીમ.	બેશક અલ્લાહ ક્ષમાદાતા અને મોટો દયાળુ છે.

અલ્લાહ તઆલાએ એમને નિરાશ નહિ કરતાં પોતાની રહમતના આશાવાદી બનાવીને એમની ઉપર મોટો ઉપકાર કર્યો. આ હદીસની રિવાયત ઈમામ ઝુહરી અને યઝીદ બિન રૂમાનથી છે અને તેઓએ ઉર્વહ બિન ઝુબૈરના મુખે સાંભળી છે.

ગનીમતના માલની વહેંચણી——————ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન જહશના અમુક સ્નેહીઓના મંતવ્ય મુજબ અલ્લાહ તઆલાએ જ્યારે ગનીમતનો માલ હલાલ ઠરાવીને તેની વહેંચણી કરી તો ચાર ભાગ એમને અપાવ્યા અને પાંચમો ભાગ અલ્લાહ અને તેના રસૂલ માટે નક્કી કર્યો. આ રીતે અલ્લાહ તઆલાએ હઝરત અબ્દુલ્લાહ બિન જહશની વહેંચણીને માન્ય રાખીને ગનીમતના માલની વહેંચણીનો ફેસલો કરી દીધો.

ઇબ્ને ઈસ્હાક કહે છે : ઈસ્લામમાં આ સૌથી પહેલો ગનીમતનો માલ હતો જે મુસલમાનોએ અલ્લાહના દુશ્મનો પાસેથી મેળવ્યો. દુશ્મન પક્ષમાંથી અમ્ર બિન અલ-હઝ્રમી પહેલો શખ્સ હતો, જેને મુસલમાનોએ અલ્લાહના રાહમાં કતલ કર્યો. ઉસ્માન બિન અબ્દુલ્લાહ અને હકમ બિન કીસાન સૌથી પહેલા કેદી હતા જેઓને મુસલમાનોએ ગિરિફતાર કર્યા.

હઝરત અબ્દુલ્લાહના શેઅરો——————ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન જહશના આ ગઝવહ અંગે જ્યારે કુરૈશના લોકોએ મુસલમાનો પર આરોપો મૂકયા કે ''મુહંમદ અને તેમના સાથીઓએ હરામ મહિનાને હલાલ બનાવી લીધો અને હરામ મહિનામાં ખૂનરેઝી કરી અને કાફલાનો માલ લૂટી લીધો અને અમારા માણસોને કેદ કરી લીધા !'' તો આ આરોપોના જવાબમાં હઝરત અબૂબક્ર સિદ્દીકે એક કાવ્ય રચ્યું. કેટલાક લોકો કહે છે કે આ કાવ્ય હઝરત અબૂબક્ર સિદ્દીકે નહિ બલકે હઝરત અબ્દુલ્લાહ બિન જહશે પોતે રચેલું છે.

ઇબ્ને હિશામ કહે છે : આ કાવ્ય મારી તહકીક મુજબ હઝરત અબ્દુલ્લાહ બિન જહશે જ રચેલું છે

Maktabe Ashraf

જે આ પ્રમાણે છે :

તઉદ-દુના કત્લાન ફિલ હરામે અઝી-મતન, • વ અઅઝમુ મિન્હુ લવ યરર રૂશ્દા રાશિદુ.

તમે લોકો હરામ મહિનાની ખૂનરેજીને મોટા પાપમાં ખપાવી રહ્યા છો જે કે કોઈ માણસ સીધો રાહ જોઈ લે અને તે સીધા રાહ પર ચાલવા લાગે (અને બળજબરીથી તેને અટકાવવામાં આવે તો;-

સુદ્દુ-કુમ અમ્મા યકૂલુ મુહમ્મદુન, • વ કુફરુમ બિહી વલ્લાહુ રાઈન વ શાહિદુ.

તમે લોકો મુહંમદની વાતોનો વિરોધ કરો છો અને તમે લોકો મુહંમદની વાતોથી લોકોને અટકાવો છો તો એ તેનાથી પણ મોટું પાપ છે અને અલ્લાહ આ બધું જુએ છે અને અલ્લાહ એનો ગવાહ છે.

વ ઈખરાજુ કુમ મિમ મસ્જિદિલ્લાહે અહ-લહૂ, • લિ અલ્લા યુરા લિલ્લાહે ફિલ-બયતે સાજિદુ

અને અલ્લાહની મસ્જિદમાંથી તેમાં રહેનારાઓને તમે એટલા માટે હાંકી કાઢો છો કે તેમાં અલ્લાહને સિજદો કરનારો કોઈ માણસ દેખાવા ન પામે. (તો એ પણ હરામ મહિનામાં ખૂનરેજી કરવાથી મોટું પાપ છે.)

સકૈના બિન્નિબ-નિલ હદરમીય્ય રિમા-હિના, • બિ નખ્લત લમ્મા અવ-કદલ-હર્બ વાકિદુ.

અમે ઈબ્ને હદ્રમીના લોહીથી નખ્લહ મુકામે અમારા ભાલાઓની તરસ બુઝાવી જ્યારે કે વાકિદ બિન અબ્દુલ્લાહએ લડાઈની આગ ભડકાવી.

કિબ્લહની ફેરબદલીનો હુકમ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ કિબ્લહને બદલી નાખવાનો હુકમ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહ પધરામણીના અઢારમા મહિનાની શરૂઆતે, શઅબાનમાં મળવા પામ્યો. આથી પહેલાં આપ બૈતુલ મુકદ્દસ તરફ મુખ કરીને નમાઝ પઢતા હતા. હવે કઅબાહ તરફ મુખ કરીને નમાઝ પઢવા લાગ્યા.

પ્રકરણ ૯૨

આતિકહનો ખ્વાબ અને કુરૈશનો કાફલો

કુરૈશનો વેપારી કાફલો • બીબી આતિકહનો ખ્વાબ • મક્કહમાં જાગેલી ચકચાર • દમદમ ગિફારીનું મક્કહમાં આગમન • કુરૈશની તડામાર તૈયારી • બનૂબક્ર અને કુરૈશની લડાઇઓ ફણગો • સુરાકહના રૂપમાં શયતાનનું આગમન • મદીનહથી રસૂલુલ્લાહ (સલ.)ની રવાનગી • બદ્ર સુધીના પ્રવાસની મંઝિલો • જંગ વિષે સહાબા સાથે મંત્રણા • હઝરત સઅદનું જોશીલું પ્રવચન • ઇસ્લામી લશ્કર બદ્રના મેદાન તરફ • વૃધ્ધ શેખ સાથે વાતચીત • કુરૈશી લશ્કરની સંખ્યા કેટલી? • મક્કહના જિગરના ટુકડા • અબૂ સુફયાનનો વેપારી કાફલો • કુરૈશના અંજામનો બીજો ખ્વાબ • અબૂ જહલની હેંકડાઇ • સમજુ લોકોની મક્કહ વાપસી.

Maktabe Ashraf

કુરૈશનો વેપારી કાફલો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે મક્કહનો સરદાર અબૂ સુફયાન બિન હર્બ કુરૈશના એક જબ્બર વેપારી કાફલા સાથે સીરિયાથી આવી રહ્યો છે અને આ કાફલામાં કુરૈશનો લખલૂટ વેપારી માલ ઊંટોની પીઠો પર લદાયેલો છે જેના રક્ષણ માટે કુરૈશના ત્રીસથી ચાલીસ જવાનો કાફલાની સાથે છે જેમાં મખરિમહ બિન નવફલ બિન ઉહૈબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ તથા અમ્ર બિન આસ બિન વાઇલ બિન હિશામ જેવા બહાદુર નવજવાનો પણ છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ ઝુહરી, આસિમ બિન ઉમર બિન કતાદહ, અબ્દુલ્લાહ બિન અબીબક્ર તેમ યઝીદ બિન રૂમાનએ, ઉર્વહ બિન ઝુબેર તથા બીજા અનેક જાણકારોને મુખેથી સાંભળેલી હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી.

હઝરત ઇબ્ને અબ્બાસનું બયાન છે : ''જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અબૂ સુફયાનના વેપારી કાફલાના સમાચાર મળ્યા તો આપે મુસલમાનોને બોલાવીને એક સ્થળે ભેગા કર્યા અને તેઓને કાફલાનો રસ્તો રોકવાની પ્રેરણા આપતાં ફરમાવ્યું :

હાઝિહી ઇંરુ કુરૈશિન	આ કુરૈશનો કાફલો છે
ફીહા અમ્વાલુ હુમ	એમાં તેઓના માલ છે
ફાખ્રુજૂ ઇલૈહા લઅલ-લલ્લાહ	માટે બધા તેની તરફ. કદાચ અલ્લાહ

યુનફ્-ફિલ-કુમ્હા.[1] | અપાવી દે એમાંથી તમને કંઇક ગનીમતનો માલ.

લોકો આપની પ્રેરણાદાયી વાતોથી પ્રભાવિત થયા. કેટલાક એજ વેળા ઉત્સાહભેર તૈયાર થઇ ગયા. કેટલાકે આળસથી કામ લઇને ઢચુપચુની નીતિ અપનાવી. કારણ આ હતું કે તેઓની માન્યતામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમ નહિ ફરમાવ્યું હતું કે, યુધ્ધની કટોકટી સર્જાઇ છે માટે તરત તૈયારી કરો !

અબૂ સુફયાનનો વેપારી કાફલો મદીનહના સીમાડે પહોંચ્યો તો અબૂ સુફયાન રસ્તામાં મળનાર દરેક રાહગીર અને દરેક સવારને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લગતા સમાચાર પૂછતો હતો કેમકે કોઇ અજાણ્યા ભયના વિચારે તેનું કાળજું થથરી રહ્યું હતું. એ દરમિયાન કેટલાક રાહગીરોએ તેને બાતમી આપી કે મુહંમદે તારા વેપારી કાફલાને ઝડપી લેવાની પોતાના સાથીઓને સૂચના આપી દીધી છે. આ સાંભળતાં જ તેણે સાવચેતીના પગલાં તરીકે દમદમ બિન અમ્ર ગિફારી નામે શખ્સને મહેનતાણું આપીને મક્કહ દોડાવી દીધો અને તેને હુકમ ફરમાવ્યો કે મક્કહ પહોંચીને કુરૈશને કટોકટીના સમાચાર આપે અને કાફલાના રક્ષણનો તત્કાળ પ્રબંધ કરે અને તેઓને આ ખબર સંભળાવી દે કે મુહંમદ કાફલાની આડે આવી ગયા છે.[2]

દમદમ બિન અમ્ર ગિફારી એજ પળે મારતી સાંઢણીએ મક્કહ તરફ ઊપડી ગયો.

બીબી આતિકહનો ખ્વાબ—————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇકરિમહએ હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયતથી અને યઝીદ બિન રૂમાને ઉર્વહ બિન ઝુબૈરની રિવાયતથી મને આ હદીસ સંભળાવી કે, દમદમ બિન અમ્ર ગિફારી, અબૂ સુફયાનનો સંદેશો લઇને મક્કહ પહોંચે તેની ત્રણ રાતો પહેલાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબની પુત્રી, બીબી આતિકહએ એક અજીબો-ગરીબ ખ્વાબ જોયો. આ ખ્વાબ એટલે દહેશતનાક હતો કે તેણે આતિકહની ઊંઘ ઉડાડી મૂકી. જ્યારે પરેશાની હદ વટાવી ગઇ અને ધીરજ ખૂટી ગઇ તો આતિકહએ પોતાના ભાઇ અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબને બોલાવ્યા અને કહ્યું,

"વલ્લાહ હે ભાઇ સાહેબ ! ગઇ રાતે મેં એક બિહામણો ખ્વાબ જોયો જેણે મને પરેશાન કરી નાખી છે. મને તો તમારી કૌમ પર કોઇ ભયંકર આફત તૂટી પડે તેવી ધાસ્તી લાગે છે. તમારી સામે હું એ ખ્વાબની વિગત રજૂ કરૂં છું પણ તમે એને ભેદ તરીકે પોતાના દિલમાં છુપાવી રાખજો."[3]

---

૧. યુનફ્-ફિલનું મૂળ "અન્ફાલ" છે એનું એકવચન "નફલ" જેના અર્થ ગનીમતનો માલ થાય છે. એટલે એવો માલ જે કાફિરો સાથેની લડાઇમાં મુસલમાનોને હાથ લાગે. કાફિરોનો આ પ્રકારનો માલ મુજાહિદો માટે અલ્લાહ તરફથી એક ઇનામ કે બક્ષિસ હોય છે. આખેરતનું ઇનામ મુજાહિદો માટે અલગ હોય છે. આ દુનિયામાં પણ અલ્લાહ તેઓને પોતાના ફઝલો-કરમ કે કૃપાઓથી નવાઝતો રહે છે. કેટલાક આલિમોના મત મુજબ નફલ અને ગનીમતમાં થોડો ફરક છે. નફલ તે માલ જે લડાઇ વગર હાથ લાગે એનું બીજું નામ "ફૈઅ" અને ગનીમત તે માલ જે લડાઇમાં હાથ લાગે. (કામૂસુલ-કુર્આન પેજ ૮૦) "હ"

૨. હકીકત આ છે કે મક્કહના મુશરિકો ઇસ્લામ અને મુસલમાનોને જડમૂળથી ઉખેડી નાખવા માગતા હતા. મક્કહમાં તેઓને ચેનથી રહેવા ન દીધા. હબશહ હિજરત કરી ગયા ત્યાં પણ ચેનથી બેસવા ન દીધા. મક્કહ છોડીને મદીનહ ચાલ્યા ગયા ત્યાં પણ પીછો નહિ છોડયો. હવે વેપારના આ માલથી હથિયારો અને લડાયક સામગ્રી ખરીદીને તેઓ એકી વેળા મુસલમાનોનો સફાયો બોલાવી દેવા માગતા હતા. આ વેપારી કાફલામાં મક્કહના દરેક કબીલાના સ્ત્રી પુરુષોએ પોતાની મૂડી ઝોંકી દીધી હતી. સીરતકારોની તહકીક મુજબ આ વેપારી વણઝારમાં પચાસ હજાર સોનામહોરોનો માલ હતો. એને અટકાવવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી આ. પાણી પહેલાં પાળ બાંધવાનું એક સાવચેતીનું પગલું હતું. "હ"

૩. બીબી આતિકહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઇ હતાં. અબ્દુલ-મુત્તલિબના બેટી હતાં અબૂ તાલિબના સગી બહેન હતાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ બીબી ઉમ્મે સલમહના પિતાજી અબૂ ઉમૈયહ બિન મુગીરહના બેગમ હતાં. એમના ઇસ્લામ વિષે મતભેદ છે. બહુમતીના મત મુજબ ઇસ્લામ કબુલ કર્યો હતો. "હ"

અબ્બાસે પૂછયું, ''બહેન કહો તો ખરા તમે શું જોયું ?''

આતિકહએ કહયું, ''ભાઇસાહેબ ! મેં એક સવારને જોયો, તે પોતાના ઊંટ પર બેસીને જઇ રહ્યો છે. ચાલતાં-ચાલતાં તે ''અબતહ''ની ખીણમાં જઇને ઊભો થઇ ગયો.ત્યાંથી તે કર્કશ સ્વરે ઘાંટો પાડીને ચિલ્લાયો, ''સાંભળો હે દ્રોહીઓ ! નીકળી પડો જંગ માટે અને ઊપડી જાવ પોતાની કતલગાહ તરફ ત્રણ દિવસની અંદર!''

''મેં જોયું, લોકો ટોળું વળીને તેની આસપાસ એકઠા થઇ ગયા છે. ઊંટસવાર ત્યાંથી આગળ બઢયો. લોકો પણ તેની પાછળ ચાલી નીકળ્યા. ઊંટ પોતના સવારને લઇને મસ્જિદે-હરામમાં દાખલ થઇ ગયો. લોકો પણ ચાલતાં-ચાલતાં ત્યાં આવી લાગ્યા. થોડીવારે શું જોઉં છું કે ઊંટ પોતાના સવારને લઇને ખાનએ-કઅબહની છત પર ઊભેલો છે. અહીંથી ફરીવાર તે બુલંદ સ્વરે ઘાંટો પાડીને ચિલ્લાયો, ''હે ગદ્દારો ! સાંભળો, ત્રણ દિવસની અંદર ઊપડી જાવ પોતાની કતલગાહ તરફ જંગ માટે !''

''થોડીવારે ઊંટ પોતાના સવારને લઇને ''અબૂ કુબૈસ'' પહાડની ટોચે ઊભેલો મને દેખાયો. અહીંથી ફરીવાર ઊંટ સવારે ઉપર મુજબનો ઘાંટો ગજાવ્યો. પછી મેં જોયું કે તેણે પહાડની ટોચ પરથી એક પ્રચંડ ચટ્ટાણ ઉપાડી લીધી અને પૂરા બળથી તેને નીચે ગબડાવી દીધી. ચટાણ ગબડતી-ગબડતી નીચે આવી અને ભોંયે પછડાતાં જ તેના ભૂકા વેરાઇ ગયા. મક્કહના ઘરોમાંથી કોઇ ઘર એવું ન રહ્યું જેમાં ચટાણનો કોઇ ટુકડો ન પહોંચ્યો હોય. ઘરોના આંગણા અને વાડાઓમાં પણ ચટાણના ટુકડા વિખેરાઇ ગયા. મેં જોયું ચટાણના ઊડેલા ટુકડાઓના આઘાતથી મક્કહના ઘરેઘરમાં રડારોળની બૂમરાણ મચી રહી.''

આતિકહનો બિહામણો ખ્વાબ સાંભળીને અબ્બાસે કહ્યું, ''બહેન ખરેખર બહુ દહેશત ભર્યો ખ્વાબ છે. કોઇને કહેવા જેવો નથી. તમે પણ એને છુપાવી રાખજો.''

એ પછી અબ્બાસ, બહેન આતિકહના ઘરમાંથી નીકળીને પોતાના મિત્ર વલીદ બિન ઉત્બહ બિન રબીઅહના ઘર તરફ ઊપડ્યા અને તેને આ ખ્વાબની વિગત કહી સંભળાવી અને તેને તાકીદ કરતાં બોલ્યા, ''કોઇને કહેશો નહિ.''

અબ્બાસના જવા બાદ વલીદે પોતાના પિતાજી ઉત્બહ બિન રબીઅહને ખ્વાબની વિગત કહી સંભળાવી અને પછી તો એની ચર્ચા મક્કહના ઘરેઘરમાં થવા લાગી.

મક્કહમાં જાગેલી ચકચાર————આતિકહના ખ્વાબે મક્કહના ઘરેઘરમાં એવી ચકચાર જગાડી કે જ્યાં બે માણસો ભેગા મળતા, એની ચર્ચા થવા લાગતી. લોકો ખ્વાબની વિગત સાંભળીને હયરતનું પૂતળું બની જતા.

અબ્બાસનું બયાન છે : ''બીજા દિવસે વહેલી સવારે હું કઅબહના તવાફ માટે જવા લાગ્યો. મેં જોયું કે અબૂ જહલ બિન હિશામ કુરૈશની મજલિસમાં બેઠેલો છે. મારૂં માનવું છે કે મજલિસના લોકો ખ્વાબની જ ચર્ચા કરતા હતા. અબૂ જહલની મુજ પર નજર પડતાં જ તે કહેવા લાગ્યો, ''હે અબુલ-ફઝલ ! તવાફથી પરવારીને જરા અહીં આવજો.''

તવાફના સાત ફેરાઓ ખતમ કરીને હું સીધો અબૂજહલની પાસે મજલિસમાં જઇને બેસી ગયો. મારા બેસતાં જ તેણે કટાક્ષ ઉછાળ્યો, ''હે અબ્દુલ-મુત્તલિબના કુટુંબીઓ ! તમારા ખાનદાનમાં એક સ્ત્રી ક્યારથી પયગમ્બર બની ગઇ ?''

Maktabe Ashraf

''કેમ શું વાત છે ? '' મેં પૂછયું.

''અરે પેલો જ આતિકહવાળો ખ્વાબ.'' તે બોલ્યો.

''કેવો ખ્વાબ ? આખર તેણે શું જોયું ? મેં પૂછયું.

તે આવેશથી તડૂકયો, ''હે અબ્દુલ-મુત્તલિબની અવલાદ ! તમારા ખાનદાનમાં એક પુરૂષે પયગમ્બરીનો દાવો કર્યો તે શું તમારા માટે બસ ન હતું કે હવે તમારી સ્ત્રીઓ પણ પયગમ્બરીનો દાવો કરવા લાગી ગઈ? આતિકહનો આ કેવો ખ્વાબ ? જેના આધારે તે દાવો કરે છે કે ત્રણ દિવસની અંદર પોતાના કતલખાના તરફ જંગ માટે નીકળી પડો ! ભલે અમે ત્રણ દિવસ સુધી રાહ જોઈશું. ખ્વાબ સાચો ઠર્યો ત્તો ઠીક, અમે તેને માની લઈશું. પણ જો જૂઠો ઠર્યો તો સાંભળી લો, અમે એક લખાણ લખીને કઅબહના દરવાજે લટકાવી દઈશું જેને આખા અરબના લોકો વાંચતા રહેશે.''

''કેવું લખાણ ?'' મેં પૂછયું.

તે બોલ્યો, ''અબ્દુલ-મુત્તલિબનું ખાનદાન આખા અરબમાં સૌથી મોટું જૂઠું ખાનદાન છે !''

અબ્બાસનું કથન છે : ''અબૂ જહલના બકવાટનો મેં કોઈ જવાબ નહિ આપ્યો, સિવાય કે ખ્વાબનો ઈન્કાર કરતાં મેં કહી દીધું, ''આતિકહએ એવો કોઈ ખ્વાબ જોયો નથી.''

એ પછી હું મજલિસમાંથી ઊઠીને મારા ઘર તરફ ઊપડી ગયો. પરંતુ સાંજ પડતાં જ મારા ખાનદાનની તમામ બેગમો મારા ઘરે આવી લાગી અને મને ઠપકો આપતાં કહેવા લાગી,. ''અબ્બાસ ! તમે પેલા બદકાર, નાલાયક, ખબીસ અબૂ જહલની વાતો ચુપચાપ કેમ સાંભળી લીધી ? તેના ઝેરીલા ટાણાનો જડબાંતોડ જવાબ કેમ નહિ આપ્યો ? તે નફ્ફટ તમારા પુરૂષોની નુકતેચીની કરતો-કરતો હવે તમારી સ્ત્રીઓ પર ઊતરી પડયો છે. તમે એ બધું મૂંગે મોઢે કેમ ચલાવી લીધું ? તમારી ગયરતને શું થઈ ગયું હતું ?''

મેં કહ્યું, ''વલ્લાહ, હે બેગમો ! તે વેળા તો હું કોઈ લાંબોચોડો જવાબ તેને આપી શકયો નહિ, પણ હવે જો તે કંઈ બોલ્યો તો હું તેને છોડવાનો નથી. એવો જડબેસલાક જવાબ આપીશ કે તેના દાંત ખાટા થઈ જશે અને અને પેલી નુકતેચીનીનો પણ બદલો વાળી લઈશ.''

દમદમ ગિફારીનું મક્કહમાં આગમન————અબ્બાસનું બયાન છે : ''આતિકહના ખ્વાબના ત્રીજા દિવસનું પ્રભાત થયું તો હું ગુસ્સામાં વળ ખાતો હતો અને મારી જાતને ઠપકો આપતો હતો કે, હાથ લાગેલી કેવી સુંદર તક મેં જતી કરી ! મારા જીવનની કેટલી મોટી ભૂલ મેં કરી નાખી ! રહીરહીને મનમાં ઊભરો આવતો હતો કે અબઘડી જઈને અબૂ જહલને તેની જહાલતની મઝા ચખાડી દઉં !

એજ તરંગોમાં ગોથાં ખાતો અને ગુસ્સામાં વળ ખાતો હું ખાનએ-કઅબહ તરફ ઊપડયો. તે વેળા મનમાં મેં ગાંઠી લીધું હતું કે જેવો જ અબૂ જહલ ગઈ કાલની વાતોમાંથી જરાક કંઈ બોલે કે હું તરત તેની ઉપર તૂટી પડું. કઅબહ પાસે જઈને મેં જોયું અબૂ જહલ તેના ગોઠિયાઓ સાથે મજલિસ જમાવીને બેઠેલો છે. અચાનક મને લાગ્યું કે હું પાટાભેર ધસારો કરતો તેની તરફ જઈ રહ્યો છું. મારો ધસારો જોઈને તે પણ ચેતી ગયો હોય તેવું લાગ્યું. તે એક નબળો-પાતળો, દુબળી કાયાનો પણ આકરા મગજનો, તેજાબી જીભનો, ઝેરીલી નજરનો માણસ હતો.

Markaze Ashraf

મને ધસારાભેર પોતાની તરફ આવતો જોયો તો મજલિસમાંથી ઊઠીને તે મસ્જિદના દરવાજા તરફ નાઠો. મેં મનમાં કહ્યું, "ફિટકાર હજો એની ઉપર અલ્લાહની ! શું એ મારાથી ડરીને નાઠો છે ? શું એ એટલા માટે નાઠો છે કે હું એના ઝેરીલા કટાક્ષોનો જડબાંતોડ જવાબ આપીશ ?"

પરંતુ તે વેળા મામલો કંઇ જુદો જ હતો. તેના નાસવાનું કારણ કંઇ ઓર જ હતું. મૂળ બાબત એમ હતી કે તે વેળા જે કંઇ તેણે સાંભળ્યું હતું તે મેં સાંભળ્યું ન હતું. તેના દોડવાનું કારણ અબૂ સુફયાનના દૂત દમદમ બિન અમ્ર ગિફારીનો ધાંટો હતો.

અબૂ સુફયાનનો દૂત મક્કહમાં——————અબ્બાસનું બયાન છે : અબૂ સુફયાને વેપારી કાફલાને બચાવવા માટે દમદમ ગિફારીને મક્કહ દોડાવી દીધો હતો. તેનો ધાંટો અબૂ જહલે સાંભળી લીધો હતો. હું ગુસ્સામાં હોવાથી તેનો ધાંટો સાંભળી શકયો ન હતો.

દમદમ બિન અમ્ર ગિફારી એક ખીણમાં પોતાનો ઊંટ થોભાવીને બૂમરાણ મચાવી રહ્યો હતો. તેણે તે સમયના રિવાજ મુજબ ઊંટનું નાક ચીરી નાખ્યું હતું. ઊંટની પીઠ પરની કાઠી ઉલટાવી નાખી હતી. પોતાનું પહેરણ ફાડીને ચીંથરાં કર્યા હતાં અને ધાંટો પાડીને ચિલ્લાતો હતો :

"હે કુરૈશના લોકો ! ફરિયાદ છે ફરિયાદ !

તમારા માલસામાનના ઊંટો ! તમારા માલસામાનના ઊંટો !

બચાવો તમારા ઊંટોને ! બચાવો તમારા માલને !

મુહંમદ અને તેના સાથીઓ તેની ઘાતમાં છે.

જલદી કરો, દોડો, અબૂ સુફયાનની વહારે ધાઓ, વિના વિલંબે પહોંચો !"

કુરૈશની તડામાર તૈયારી——————અબ્બાસનું બયાન છે : "દમદમ ગિફારીની આ ડારણી કિકિયારી અબૂ જહલે સાંભળી લીધી હતી, જોગે અબૂ જહલનું ધ્યાન મુજથી અને મારૂં ધ્યાન અબૂ જહલથી હટાવી દીધું હતું. દમદમ ગિફારીના ઓચિંતા ધડાકાથી મક્કહમાં ચોતરફ ખળભળાટ મચી રહ્યો. લોકો અહીંતહીં દોડાદોડી કરવા લાગ્યા. એજ પળે તેઓ ઝટપટ અને ઝપાટાભેર તૈયારી કરવા લાગ્યા. લોકો એકબીજાને કહેતા હતા, "શું મુહંમદ અને તેના સાથીઓએ આપણા કાફલાને પણ ઇબ્ને હદ્રમીના કાફલા જેવો ધારી લીધો છે ? વલ્લાહ! બહુ જલદી તેઓને સમજાઇ જશે કે કુરૈશે ચૂડીઓ પહેરેલી નથી.

હવે કાફલાને બચાવવાના મામલામાં મક્કહવાસીઓની બે ટોળીઓ થઇ ગઇ. કેટલાક ઝટપટ તૈયારી કરીને વિના વિલંબે ઊપડી જવા માગતા હતા. કેટલાકે પોતે જવાને બદલે પોતાની જગાએ બીજાને મોકલવાની ખટપટ કરવા માંડી. કુરૈશ કબીલાના લગભગ બધા જ મોવડીઓ ઝટપટ પ્રબંધ કરીને વિના વિલંબે ઊપડવાની તૈયારીમાં પડ્યા. કોઇ કુરૈશી અગ્રેસર એવો ન રહ્યો જે ઉપડવાની ખટપટમાં ન પડ્યો હોય; સિવાય અબૂ લહબ બિન અબ્દુલ-મુત્તલિબના.

અબૂ લહબે કાફલાના બચાવ માટે જવાની હામ ભીડી નહિ. તેણે પોતાની જગાએ આસ બિન હિશામ બિન મુગીરહને જવા માટે તૈયાર કર્યો. આસ બિન હિશામ પર તેના ચાર હજાર દિરહમ બાકી હતા. અબૂ લહબ આથી પહેલાં પોતાના લેણાંનો તકાજો કરી ચૂકયો હતો પણ આસ બિન હિશામે રકમ વાપરી નાખી

હતી અને અત્યારે તેની હાલત ફકીરની ફાટેલી ગોદડી જેવી હતી. આ લેણાના બદલામાં અબૂ લહબે તેને મોકલી આપ્યો અને પોતે નપુંસક પેઠે ઘરમાં ભરાય રહ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન નુજૈહએ મને માહિતી આપી કે કુરૈશના ટોચના અગ્રણીઓમાં એક ઉમૈયહ બિન ખલફ પણ હતો. તેણે પણ નપુંસક પેઠે ઘરમાં જ ભરાય રહેવાનું નક્કી કરી લીધું હતું. આ બુઢ્ઢો શાનદાર ડીલડોલનો, લાંબોતડંગો અને ભારેભરખમ કાયાનો હતો. કાફલાના બચાવ માટે કૂચનો ઢંઢેરો પીટાયો ત્યારે એ બુઢ્ઢો, કઅબહમાં પોતાના માણસોની મજલિસ જમાવીને, એક અંગેઠીમાં અગરની સુંગધીની ધૂપ જલાવતો હતો. એટલામાં ઉકબા બિન અબી મુઐત તેની પાસે આવ્યો. જોયું તો ઉમૈયહ નિરાંતે બેસીને અંગેઠીમાં ધૂપ જલાવે છે. આ જોઈને ઉકબાનો મિજાજ ગયો.તેણે કટાક્ષ કર્યો, "હે અબૂ અલી ! તું બાયડીઓ પેઠે બેસીને ધૂપ જલાવ્યા કર કેમકે તું પણ બાયડીઓ જેવો જ છે. જંગ કે યુધ્ધ સાથે તને શું લાગે વળગે?

ઉમૈયહ તડૂકયો, "અલ્યા મૂરખ ! અલ્લાહ તારૂં નખ્ખોદ વાળે, શું બકવાસ કરે છે !"

છેવટે ઉકબાના કટાક્ષથી ઝંખવાણો થઈને ઉમૈયહએ પણ ઊપડવાની તૈયાર કરવા માંડી. [૧]

બનૂબક્ર અને કુરૈશની લડાઈનો ફણગો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જયારે કુરૈશના લોકો કાફલાના બચાવની પૂરી તૈયારી કરીને જવા માટે તૈયાર થયા તો કૂચનું નગારૂં ગગડે તે પહેલાં, તેઓને તે યુધ્ધનું સ્મરણ થઈ આવ્યું જે આથી પહેલાં કુરૈશ અને બનૂબક્ર બિન અબ્દે મનાફ બિન કિનાનહ વચ્ચે ખેલાયું હતું. ઊપડવા પહેલાં કુરૈશના મોવડીઓને એવો વિચાર આવ્યો કે, એવું ન થાય કે, બનૂ બક્રના લોકો મક્કહને ખાલી જોઈને ચઢાઈ કરી દે અને પાછળથી આવીને આપણી પીઠ પર ઘા કરી દે ! જો આમ થાય તો આપણે ન આ તરફના રહીએ ન તે તરફના !

ઈબ્ને ઈસ્હાક કહે છે : મુહંમદ બિન સઈદ બિન મુસૈયબની રિવાયત મુજબ કુરૈશ અને બનૂબક્ર વચ્ચે જે સંગ્રામ ખેલાયો હતો તેનું કારણ હફ્સ બિન અખીફનો ફાંકડો છોકરો હતો. આ છોકરો બનૂ મુઐસ બિન આમિર બિન લુઐયના કુટુંબનો નબીરો હતો. બહુ ફાંકડો અને છેલછબીલો કિશોર હતો. માથે લાંબા ઝુલ્ફાં વાળ હતા. ઉજળો સ્વચ્છ પોશાક સજતો હતો. રંગે બહુ રૂડો અને દેખાવે બહુ રૂપાળો.

એક વેળા આ છેલછબીલો છોકરો પોતાની ખોવાયેલી ઊંટણીની શોધમાં જંગલના પહાડી પ્રદેશની ખીણ તરફ જઈ ચઢયો. આ સ્થળનું નામ "દજનાન" હતું. [૨] અહીં એક માણસ તેના જોવામાં આવ્યો જે પોતાના બીજા માણસો સાથે ત્યાં ઊભેલો હતો. એનું નામ આમિર બિન યઝીદ બિન આમિર બિન મુલ્લૂહ હતું. એ પોતના બનૂબક્ર કબીલાનો સરદાર હતો. આજુબાજુમાં જ એમની વસતિ આવેલી હતી. છોકરાની અનેરી સજધજ અને આકર્ષક રૂપરેખા જોઈને આમિર છક થઈ ગયો. તેણે પૂછયું, "હે કિશોર ! તું કોનો છોકરો છે, અહીં કેમ આવેલો છે ?"

Maktabe Ashraf

૧. ઉમૈયહ બિન ખલફ : હઝરત બિલાલ રદિયલ્લાહુ અન્હુનો જૂનો શેઠ. મક્કહના ધખધખતા બપોરે હઝરત બિલાલને આગ જેવી ચટાઈ પર ચત્તાપાટ સુવાડીને છાતી પર પથ્થર મૂકી દેતો હતો. ગળામાં દોરડું ભેરવીને આખા મક્કહમાં હઝરત બિલાલનું સરઘસ કાઢતો હતો. અને ઉકબા બિન અબી મુઐત તે મનહૂસ અને મરદૂદ શખ્સ છે જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહે વ સલ્લમના નૂરાની મુખડા પર થૂંકયો હતો. બંનેના કરૂણ અંજામની વિગત જંગે-બદ્રમાં આવશે. "હ"

૨. દજનાન : એક પહાડનું નામ. બાકિદીના બયાન મુજબ આ સ્થળ મક્કહથી ૨૫ માઈલના અંતરે આવેલું છે

તે બોલ્યો, "કાકા ! હું કુરૈશના હફ્સ બિન અખીફનો બેટો છું. મારી ઊંટણી ખોવાઇ ગઇ છે તેની શોધમાં આવેલો છું."આમ કહીને તે આગળ ચાલ્યો ગયો.

કુરૈશનો બોલ સાંભળીને આમિર ચમકી ગયો. તેણે પોતાના માણસોને તાજેતરનું યુધ્ધ યાદ દેવડાવીને પૂછ્યું, "કુરૈશના સાથે તમારા કોઇ ખૂનનું લેણું તો નથી ?"

તેઓ બોલ્યા, "કેમ નહિ ? કુરૈશના માથે અમારા ઘણા માણસોના ખૂનનો બદલો બાકી છે."

"ત્યારે વાર કોની જુઓ છો ?" આમિર બોલ્યો, "જુઓ આ તક ફરી મળવાની નથી. તમારામાંથી કોઇ માણસ આ છોકરાને મારી નાખે તો સમજી લેવું કે તેણે પોતાનો પૂરો બદલો વાળી લીધો."

આ સાંભળીને બનૂબકનો એક માણસ છોકરા તરફ દોડી ગયો અને તલવારના એક જ ઝાટકે તેનું ડોકું ઉડાડી મુક્યું. અને સમજી લીધું કે કુરૈશ પર રહી ગયેલા ખૂનનો બદલો વાળી લીધો.

જયારે આ સમાચાર મક્કહ પહોંચ્યા તો કુરૈશના કેટલાક આગેવાનો બનૂબક્ર કબીલાના સરદાર આમિર બિન યઝીદ મુલ્લૂહ પાસે ગયા અને તેને પૂછ્યું, "તમે અમારા નિર્દોષ છોકરાનું નાહક લોહી રેડ્યું તેનું શું કારણ?"

આમિર બોલ્યો, "હે કુરૈશના લોકો ! તમારી તરફ અમારા ઘણા માણસોના ખૂનના લેણા નીકળે છે. આ તો અમે એકનો જ બદલો લીધો છે. હવે તમે અમારાં બધાં ખૂનોનો બદલો ચૂકવી આપો તો અમે પણ આ ખૂનનો બદલો ચૂકવવા તૈયાર છીએ. અથવા જે કંઇ બની ગયું તેને ભૂલી જાવ તો અમે પણ ગઇ ગુજરી ભૂલી જવા તૈયાર છીએ."

કુરૈશને થયું કે આ માણસે ખરેખર ઇન્સાફની વાત કરી છે. વળી તેઓની નજરમાં એક છોકરાનું ખૂન મામૂલી હોવાથી તેનું ખાસ મહત્વ ન હતું જેથી તેઓએ મામલો સંકેલી લેવાના વિચારે કહ્યું, "આ તો એમ કહોને કે ખૂનનો બદલો ખૂન !" આમ કહીને તેઓ આગળ વધી ગયા.

પછી સંજોગજોગે એવું બન્યું કે એક દિવસે મરનાર છોકરાનો ભાઇ જેનું નામ મુકરિઝ બિન હફ્સ બિન અખીફ હતું. મર્રુઝ-ઝહરાન સ્થળેથી પસાર થતો હતો. અચાનક તેની નજર બનૂબક્રના સરદાર આમિર બિન યઝીદ બિન મુલ્લૂહ પર પડી. તે પોતાના ઊંટ પર બેસીને જતો હતો. તેને જોતાં જ મુકરિઝની આંખોમાં લોહી ઊતરી આવ્યું. દોડીને તેના ઊંટની નાથ પકડી લીધી અને આમિર સ્વસ્થ થાય તે પહેલાં, તલવારના એક જ ઝાટકે તેનું ડોકું ઉડાડી મૂક્યું. પછી તેની જ તલવારની અણી તેના પેટમાં ઘોંચીને ઘુમાડી દીધી અને તેનું કપાયેલું માથું તથા તલવાર ઉપાડીને મક્કહ લઇ ગયો અને રાતના અંધારામાં આ માથું તેણે કઅબાહના પર્દા સાથે લટકાવી દીધું.

સવારે કુરૈશ જાગ્યા અને રોજના નિયમ મુજબ કઅબહમાં ગયા. પર્દા સાથે લટકતું માથું અને તલવાર જોઇને તેઓ સ્તબ્ધ થઇ ગયા કે, "અરે ! આ તો આમિર બિન યઝીદ મુલ્લૂહનું માથું અને તેની જ તલવાર છે !" બાદમાં ખબર પડી કે મુકરિઝે તેનું ખૂન કરીને પોતાના ભાઇના ખૂનનું વેર વાળી લીધું છે.

તો અબૂ સુફયાનના કાફલાની કટોકટી વેળા કુરૈશ તથા બનૂબક્ર વચ્ચે આ કટોકટીના સંજોગો હતા. ક્યારે યુધ્ધનો દાવાનળ ક્યારે પ્રકટી ઊઠે તે કોઇ કહી શકતું ન હતું. એજ સળગતા સંજોગોમાં ઇસ્લામી સૂર્યનો ઉદય

Maktabe Ashraf

થતાં તેના કિરણો ચોતરફ ફેલાવા લાગ્યાં. ઈસ્લામના દુશ્મનો આપસની જૂની દુશ્મની અને ગઈ ગુજરી બધું ભૂલીને સંગઠિત બની ઈસ્લામની જડ ખોદવા પાછળ મંડી પડયા. ત્યાં સુધીકે અબૂ સુફયાનના વેપારી કાફલાને બચાવી લેવાની કટોકટીનો પ્રસંગ આવી લાગ્યો. દશા આ હતી કે મક્કહના લોકો પૂરી તૈયારી સાથે હથિયારો સજીને અબૂ સુફયાનના કાફલાને બચાવવા માટે બદ્ર તરફ જવા માટે થનગની રહ્યા હતા. બસ એજ સમયે તેઓને બનૂબકની એ જૂની દુશ્મનીનો પ્રસંગ સાંભરી આવ્યો કે, રખેને બનૂબકના દુશ્મનો અમારી ગેરહાજરીમાં મક્કહ પર ચઢાઈ કરી દે, કાં પાછળથી આવીને અમારી પીઠમાં ઘા કરી દે !

સુરાકહના રૂપમાં શયતાનનું આગમન——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મુને યઝીદ બિન રૂમાનએ ઉર્વહ બિન ઝુબૈરની રિવાયત કહી સંભળાવી. ઉર્વહ બિન ઝુબૈરનું બયાન છે : "જયારે કુરૈશના લોકો અબૂ સુફયાનના કાફલાને બચાવવા હથિયારો સજીને લશકરી ઢબે જવા તૈયાર થઈ ગયા તો એજ અણીને પ્રસંગે તેઓના મગજમાં બનૂબક્રની પુરાની અદાવતનો ચમકાર થઈ ગયો. એની સાથે જ તેઓના પગો ઢીલા પડી ગયા અને હિંમતની કેડ વાંકી વળી ગઈ. ઢચુપચુની દશામાં તેઓ જવાનું માંડી વાળવાની તૈયારીમાં જ હતા ત્યાં તો ઈબલીસે-લઈન એટલે શયતાને-મરદૂદની સવારી તેઓની પાસે આવી લાગી. તે બનૂ કિનાનહના સરદાર સુરાકહ બિન માલિક બિન જુઅશમ મુદલિજીનું રૂપ ધારણ કરીને કુરૈશની સામે આવ્યો હતો. તેણે પાણી ચઢાવતાં કુરૈશને પડકાર્યા, "હે કુરૈશી બહાદુરો ! કોઈથી ડરવાની જરૂર નથી. હિંમત રાખીને આગળ બઢો. બનૂબક્રની મજાલ નથી કે તમારી ગેરહાજરીમાં મક્કહ પર ચઢાઈ કરી દે, કે પીઠ પાછળ ઘા કરે. એની જોખમદારી હું ઉપાડું છું."

સુરાકહની લલકારથી કુરૈશની રગોમાં બહાદુરીનું લોહી ફરીવાર ગતિમાન થઈ ગયું. તેઓએ ભારોભાર સુરાકહ અને તેના કબીલાનો આભાર માન્યો અને કૂચનું નગારૂં ગગડતાં બધા નચિંતાઈથી બદ્રના મેદાન તરફ રવાના થઈ ગયા.

મદીનહથી રસૂલુલ્લાહ (સલ.)ની રવાનગી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહમાં રમઝાનની થોડીક રાતો પસાર કરી. એ પછી આપ પોતાના કેટલાક સહાબા સાથે જવા માટે મદીનહથી નીકળ્યા.

ઈબ્ને હિશામ કહે છે : રમઝાનના આઠ દિવસો વીતી જવા પછી સોમવારના દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહથી રવાના થયા. મદીનહથી નીકળવા પહેલાં આપે પોતાની જગાએ મસ્જિદના ઈમામ તરીકે હઝરત અમ્ર બિન ઉમ્મે મકતૂમને મુકર્રર કર્યા. કહેવાય છે કે એમનું નામ અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ હતું અને તેઓ બનૂ આમિર બિન લુએયમાંથી હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે મદીનહથી નીકળીને જયારે "રવહાઅ" સ્થળે પહોંચ્યા તો અહીં આપે હઝરત અબૂ લુબાબહ બિન અબ્દુલ-મુનઝિરને મદીનહના ગવર્નર બનાવીને પોતાના નાયબ તરીકે મદીનહ રવાના કરી દીધા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે મનાફને વાવટો ઈનાયત ફરમાવ્યો.

ઈબ્ને હિશામ કહે છે : આ વાવટાનો રંગ સફેદ હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે બીજા બે કાળા વાવટા પણ હતા. એમાંનો એક હઝરત અલી બિન અબી તાલિબ પાસે હતો જેનું નામ "ઉકાબ"હતું બીજો વાવટો એક અન્સારી સહાબી પાસે હતો.

એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા સાથે સિત્તેર ઊંટો હતાં અને તેઓ પોતપોતાની વારી પ્રમાણે તેની ઉપર સવારી કરતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, અને હઝરત અલી બિન અબી તાલિબ અને હઝરત મરસદ બિન અબી મરસદ ગનવી વચ્ચે એક ઊંટ હતો જેની ઉપર વારી મુજબ તેઓ સવારી કરતા હતા.

એક ઊંટ પર હઝરત હમ્ઝહ બિન અબ્દુલ મુત્તલિબ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામો હઝરત ઝૈદ બિન હારિસહ, હઝરત અબૂ કબશહ તથા હઝરત આનિસહ વારાફરતી બેસતા હતા. એક ઊંટ પર હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક તથા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પોતપોતાની વારી પ્રમાણે સવારી કરતા હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : લશ્કરના છેલ્લા ભાગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ માઝિન બિન નજ્જારવાળા હઝરત કૈસ બિન સઅ-સઆને મુકર્રર કર્યા હતા. ઇબ્ને હિશામના કથન મુજબ અન્સારનો ઝંડો હઝરત સઅદ બિન મુઆઝના હાથમાં હતો.

બદ્ર સુધીના પ્રવાસની મંઝિલો—————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે મદીનહથી નીકળીને મક્કહની દિશાએ રવાના થયા. મદીનહના પહાડોની ખીણમાંથી પસાર થઇને "અકીક" સ્થળે પધાર્યા. અકીકથી કૂચ ચાલુ રાખીને "ઝુલ-હુલૈફહ" પહોંચ્યા. અહીંથી આગળ વધીને "ઊલાતુલ-જૈશ"પધાર્યા. ઇબ્ને હિશામના કથન મુજબ આ સ્થળનું નામ "ઝાતુલ-જૈશ"છે. અહીંથી આગળ વધીને "તિરબાન"અને ત્યાંથી કૂચ કરીને "મલલ", "ગમીસુલ-હમામ"અને "સખીરાતુલ-યમામ"ની પથરાળી ભૂમિ તથા "સૈયાલહ"સ્થળો વટાવતા "ફજ્જુર-રવહાઅ"ની ધરતી પર પધાર્યા. અહીંથી આગળ વધીને "શનૂકહ"ના સરિયામ રસ્તે પહોંચ્યા. આ સરિયામ રસ્તે થઇને આપ પોતના સહાબા સાથે "અર્કુઝ-ઝબિય્યહ"સ્થળે જઇને બિરાજમાન થયા.

આ સ્થળે અરબનો એક ગમાર આપના જોવામાં આવ્યો. આપે તેને કુરૈશી લશ્કરના સમાચાર પૂછ્યા પણ એ વિષે તેને કશી ખબર ન હતી. સહાબાએ ગમારને કહ્યું, "હે ભાઇ ! આ અલ્લાહના રસૂલ છે એમને સલામ કરો."

તેણે આપને પૂછ્યું, "શું તમે અલ્લાહના રસૂલ છો ?"

હકારમાં જવાબ મળતાં તેણે આપને સલામ કરી અને સાથે સવાલ કર્યો, "અગર તમે અલ્લાહના રસૂલ છો તો બતાવો મારી ઊંટડીના પેટમાં શું છે ?"

સહાબાને તેનો આ સવાલ ગમ્યો નહિ. હઝરત સલમહ બિન સલામહ વચ્ચે પડીને ગમારને કહ્યું, "હે ભાઇ ! તારે આવો સવાલ અલ્લાહના રસૂલને પૂછવો નહિ. ચાલ મારી સાથે, હું તને એનો જવાબ આપું."

હઝરત સલમહ બિન સલામહ તેને બાજુએ લઇ ગયા અને કહ્યું, "સાંભળી લે, તું તારી ઊંટડીના સમાગમમાં આવ્યો તેનો હમલ તારી ઊંટડીના પેટમાં રહી ગયો છે."

Maktaba Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સલમહની આ વાત સાંભળી લીધી. આપે નારાજીથી ફરમાવ્યું, "મહ અફ-હશ્ત અલર રજુલૈ."ખામોશ, તમે એને ગાળ આપી દીધી અથવા તમે એને બીભત્સ વાત કહી દીધી. આમ ફરમાવીને આપે હઝરત સલમહ તરફથી પોતાનો નૂરાની ચેહરો ફેરવી લીધો.

અહીંથી કૂચ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ "સ-જ-જ" સ્થળે બિરાજમાન થયા જેનું બીજું નામ "બિઅરૂર-રવહાઅ" છે. અહીંથી ઊપડીને આપ "અલ-મુન્સરિફ"મુકામે પધાર્યા તો મક્કહનો રસ્તો ડાબા હાથે રાખીને, "અન-નાઝિયાની" જમણી દિશાએથી બદ્રના મેદાને પહોંચવાનો રસ્તો લીધો. આગળ જતાં એક ખીણ વટાવીને "સુફરાઅ" તથા "અન-નાઝિયાની" વચ્ચે આવેલી એક સાંકળી ખીણમાંથી થઈને સુફરાઅની ભાગોળે પહોંચી ગયા જેનું નામ "હકાન" હતું.

જયારે આપ સુફરાઅ મુકામની પાસે બિરાજમાન થયા તો અહીં આપે બનૂ સાઈદહના કરારી હઝરત બસબસ બિન અમ્ર જુહની તથા બનૂ નજ્જારના કરારી હઝરત અદી બિન અબી ઝગબાને બદ્ર તરફ રવાના કર્યા કે, ત્યાં જઈને અબૂ સુફયાનના કાફલાની બાતમી મેળવી લાવે . પોતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ બંનેની પાછળ કૂચ કરીને તેઓથી આગળ નીકળી ગયા અને બે પહાડોની ખીણમાં આવેલી સુફરાઅ નામે વસતિમાં પહોંચીને થોભી ગયા.

અહીં પધારીને આપે લોકોને પૂછયું, "આ પહાડોના નામો શું છે ?"

લોકો બોલ્યા, "આ તરફના પહાડનું નામ "મુસલિહ"છે અને પેલી તરફના પહાડને "મુખરી"કહે છે." [૧]

આપે પૂછયું, "અહીં કોણ લોકો વસે છે ?"

લોકો બોલ્યા, "બનૂ ગિફારના બે કબીલા અહીં વસેલા છે. એકનું નામ બનૂ નાર બીજાનું નામ બનૂ હુરાક. એ બંને બનૂ ગિફારની શાખો છે. [૨]

પહાડો અને કબીલાના મકરૂહ નામો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની વચ્ચેથી પસાર થવાને નાપસંદ ફરમાવ્યું જેથી બંને પહાડો અને સુફરાઅની વસતિને ડાબી દિશાએ છોડીને સીધી તરફ એક ખીણનો રસ્તો લીધો જેનું નામ "ઝફિરાન" હતું. ઝફિરાનની ખીણ વટાવીને થોડે આગળ વધ્યા અને ત્યાં જ આપ પોતાના સહાબા સાથે પધારીને બિરાજમાન થયા.

અહીં જ આપને સમાચાર મળી ગયા કે કુરૈશનું લશ્કર ધૂમધડાકાથી અબૂ સુફયાનના કાફલાને બચાવવા માટે મક્કહથી નીકળી ચૂકયું છે.

જંગ વિષે સહાબા સાથે મંત્રણા————કુરૈશી લશ્કરના સમાચાર મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ભેગા કર્યા અને ફરમાવ્યું, "કુરૈશનું લશ્કર પોતાના કાફલાને બચાવવા મક્કહથી નીકળી ચૂકયું છે. મને સલાહ આપો, હવે આપણે શું કરવું ?" આપના મુબારક શબ્દો આ છે:'

---

૧. મુસલિહ (અરબીના સીન અક્ષરથી : સિલહથી નીકળેલો શબ્દ છે જેના અર્થ હથિયાર વગેરે અને મુખરી, ખરિર કે ખર્રરહથી નીકળેલો શબ્દ જેના અર્થ પવનનો સૂસવાટો, પાણીનો સપાટો વગેરે. "હ"

૨. બનૂ ગિફારના કબીલા લૂંટફાટ અને ડાકુગરીનો ધંધો કરતા હતા. કબીલાના નામોમાં નાર અને હુરાકના શબ્દો આવેલા છે. નાર એટલે આગ. અને હુરાક એટલે બેહદ ખારૂં. હુરાકથી હુરાકહ એટલે બળી ગયેલી વસ્તુ. "હ"

Maktabe Ashraf

અશીરૂ અલય્ય ઐયુહન-નાસુ !'' એટલે સલાહ આપો મને હે લોકો! [૧]

આ સાંભળીને સૌથી પહેલા હઝરત અબૂબક્ર સિદ્દીક ઊભા થઈ ગયા. તેમણે પૂરી વફાદારી અને સાબિત-કદમી સાથે આપના પડખે રહીને આપની ઉપર પોતાના પ્રાણ પાથરી દેવાનું જોશીલું પ્રવચન કર્યું અને બેસી ગયા. એ પછી હઝરત ઉમર બિન ખત્તાબ ઊભા થયા. એમણે પણ પૂરી વફાદારીથી આપની ઉપર પોતાની જાન કુરબાન કરી દેવાનું જોશીલું પ્રવચન કર્યું અને બેસી ગયા. હઝરત ઉમર પછી હઝરત મિકદાદ બિન અમ્ર ઊભા થયા અને જાન પાથરી દેવાના જુસ્સા સાથે બોલ્યા :

"યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલા આપને જે તરફ રસ્તો દેખાડે, જે કામ માટે ફરમાવે તે તરફ ચાલો, અમે આપના સંગાતે છીએ, આપના પડખે છીએ.

વલ્લાહ યા રસૂલલ્લાહ ! અમે આપને તે વાત નહિ કહીએ જે બની ઈસરાઈલે મૂસાને કહી હતી કે :

ઈઝહબ અન્ત વ રબ્બુક	તું અને તારો પાલનહાર ચાલ્યા જાવ,
ફ-કાતિલા	તમે બંને જઈને લડી લો.
ઈન્ના હાહુના કાઈદૂન.	અમે તો અહીં જ બેસી રહેવાના.

યા રસૂલલ્લાહ ! એને બદલે અમે તો એમ કહીશું, "આપ અને આપનો પાલનહાર બંને ચાલો અને લડો. અમે પણ આપના પડખે રહીને લડીશું."

યા રસૂલુલ્લાહ ! સોગંદ છે તે અલ્લાહના જેણે આપને સાચા પયગમ્બર બનાવીને મોકલ્યા છે અગર આપ અમને "બર્કુલ-ગમાદ" [૨] સુધી દોરી જવા માગો તો અમે આજ્ઞાપાલન માટે તૈયાર છીએ !'' [૩]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મિકદાદના વખાણ કર્યા અને તેમના માટે દુઆ કરી પછી ફરમાવ્યું, "અશીરૂ અલય્ય ઐયુહન-નાસ !'' હે લોકો ! આ બાબતે મને સલાહ આપો.

હમણા સુધી જે લોકોએ તકરીર કરી એ મક્કહના મુહાજિર સહાબા હતા. હવે ઐયુહન-નાસથી આપનો

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફકત અબૂ-સુફયાનના વેપારી કાફલાને અટકાવવાના ઇરાદે પધાર્યા હતા. આપનો ઇરાદો જાણીને જેટલા સહાબા આવીને ભેગા થઇ ગયા, તેઓને લઇને આપ નીકળી પડ્યા હતા. મદીનહથી નીકળતી વેળા મક્કહથી પણ કોઇ લશ્કર ઊપડ્યું ન હતું. જેથી કોઇ લશ્કરની સાથે લડી લેવાનો સવાલ જ ન હતો. અને હવે મદીનહથી ૮૦ માઇલ દૂર આવી જવા પછી આપે મોકલેલા જાસૂસો મારફતે અચાનક સમાચાર મળ્યા કે કુરૈશનું લશ્કર પૂરી તૈયારી સામે મક્કહથી નીકળી ચૂક્યું છે. આપ લડાઇથી બચવા માગતા હતા જેથી સહાબાને સલાહ માટે ભેગા કર્યા કે, અહીંથી પાછા વળવું, આગળ વધવું કે શું કરવું ? સહાબાની સંખ્યા ૩૧૩ હતી. બે ઘોડા હતા, ૭૦ ઊંટો હતાં. રોજના હાથમાં રાખવાના હથિયારો હતાં. લડાઇની કોઇ તૈયારી ન હતી. "હ"

૨. બર્કુલ-ગમાદ અથવા બિર્કુલ-ગમાદ : મુલ્કે-યમનના એક સ્થળનું નામ : કેટલાકના કથન મુજબ આ સ્થળ મુલ્કે-હબશહમાં આવેલું છે. મતલબ આ કે ગમે તેટલા દુરો-દરાઝ સ્થળે જવાનો હુકમ ફરમાવો, તેના પાલન માટે પણ દિલોજાનથી હાજર છીએ. "હ"

3. સહીહ બુખારીમાં હઝરત મિકદાદની તકરીરના આ શબ્દો પણ દર્શાવેલા છે :

વલાકિન્ના નુકાતિલુ અંય-યમીનિક	પરંતુ અમે લડીશું આપની જમણી બાજુથી
વઅન શિમાલિક	અને આપની ડાબી બાજુથી
વ બૈન યદૈક	અને આપની સામેથી
વ ખલ્ફક.	અને આપની પીઠ પાછળથી.

હઝરત મિકદાદના શબ્દો સાંભળીને આપનો નૂરાની ચેહરો ખુશીથી તમતમી રહ્યો. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા.૬૧)"હ"

Maktabe Ashraf

ઈશારો મદીનહના અન્સાર તરફ હતો. અન્સાર તરફ આપના ઈશારાનું કારણ આ હતું કે મક્કહમાં બૈઅતે-અકબા વેળા તેઓએ આપને એવું વચન આપ્યું હતું કે, "યા રસૂલલ્લાહ ! અમે આપના રક્ષણની જવાબદારી ત્યારે જ ઉપાડી શકીએ જયારે કે આપ મદીનહ પધારો. મદીનહમાં અમે દુશ્મનોથી આપનું તેવું જ રક્ષણ કરીશું જેવું અમે અમારાં બાલબચ્ચાંઓનું કરીએ છીએ."

આ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અંદેશો એવો હતો કે, અન્સાર કદાચ એમ ન કહી દે કે, "યા રસૂલલ્લાહ ! અમે આપની મદદ માટે ત્યારે જ બંધાયેલા છીએ જયારે કે બહારનો દુશ્મન મદીનહ પર ચઢી આવે. પણ મદીનહથી બહાર નીકળીને આપની મદદ માટે અમે બંધાયેલા નથી!"

હઝરત સઅદનું જોશીલું પ્રવચન—— ———તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે ફરીવાર "અૈયુહન-નાસ"ના શબ્દો ફરમાવ્યા તો અન્સારમાંથી હઝરત સઅદ બિન મુઆઝ ઊભા થયા અને બોલ્યા, "વલ્લાહ યા રસૂલલ્લાહ ! મારૂં માનવું છે કે કદાચ આપ અમને ફરમાવી રહ્યા છો ?"

આપે ફરમાવ્યું, "હા." હઝરત સઅદ બોલ્યા :

"યા રસૂલલ્લાહ ! અમે આપ પર ઈમાન લાવી ચૂકયા. અમે આપની પયગમ્બરીનો ઈકરાર કરી લીધો. અને આ વાતની સાક્ષી આપી દીધી કે આપે જે વસ્તુ અમારી સામે રજૂ કરી તે હક છે. એની ઉપર અમે આપને કૌલ આપી ચૂકયા અને આપની તાબેદારી તથા આજ્ઞાપાલનનું પુખ્તા વચન આપી દીધું.

હે અલ્લાહના રસૂલ ! આપ મદીનહથી કોઈ જુદા વિચારે નીકળ્યા હતા, હવે અલ્લાહ તઆલાએ કોઈ જુદા જ સંજોગો જન્માવી દીધા છે. માટે આપની ઈચ્છા હોય ત્યાં અમને લઈને ચાલો, અમે આપના પડખે છીએ.

યા રસૂલુલ્લાહ ! આપની ઈચ્છા હોય તેની સાથે સંબંધ કાયમ કરો, આપની ઈચ્છા હોય તેની સાથે સંબંધ કાપી નાખો. આપની ઈચ્છા હોય તેની સાથે સુલેહ કરો. આપની ઈચ્છા હોય તેની સાથે દુશ્મની કરો.

અને હે અલ્લાહના રસૂલ ! આપ અમારા માલમાંથી જેટલું ચાહો તેટલું લઈ લો અને જેટલું ચાહો તેટલું અમને આપી દો. વલ્લાહ ! જેટલું આપ અમારા માલમાંથી લેશો તે અમને વધારે પ્યારૂં હશે તે માલથી જેને આપ અમારી પાસે રહેવા દેશો. આપ જે હુકમ ફરમાવશો તેની અમે તાબેદારી કરીશું અને જો આપ અમને બર્કુલ-ગમાદ સુધી લઈ જવા માગો તો અમે જરૂર આપના સંગાતે આવીશું.

યા રસૂલુલ્લાહ ! અમે સોગંદ ખાઈને કહીએ છીએ તે અલ્લાહના જોગ આપને સચ્ચાઈની સાથે મોકલ્યા છે, અગર આપ અમને સમુદ્રમાં ઝંપલાવવાનો હુકમ ફરમાવો તો અમે સમુદ્રમાં છલાંગ મારવા તૈયાર છીએ, અમારામાંથી કોઈ પાછળ રહેવાના નથી. દુશ્મનો સાથે લડવું અમારા માટે જરા પણ ભારરૂપ નથી. જંગ ખેલવામાં અમે શૂરા અને ટક્કર લેવામાં અમે મક્કમ છીએ.

Maktabe Ashraf

હે અલ્લાહના રસૂલ ! આશા છે કે અલ્લાહ તઆલા અમારી તરફથી એવા પરાક્રમાં આપને દેખાડશે જેનાથી આપની આંખો ઠંડી થશે. માટે અલ્લાહના ભરોસા પર આપ અમને પોતાની સાથે લઈને આગળ બઢો !''

હઝરત સઅદ બિન મુઆઝની આ તકરીર સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખુશ થઈ ગયા. તેમની વાતો આપના માટે અપૂર્વ આનંદનું કારણ બની ગઈ. આપે ફરમાવ્યું :

સીરૂ વ અબશિરૂ.	ચાલો અને ખુશખબરી સાંભળી લો.
ઇન્નલ-લાહ કદ્ વઅદની	બેશક અલ્લાહએ મને વાયદો આપી દીધો છે
ઇહદત-તાઇ-ફતૈન.	બંને જૂથોમાંથી એક જૂથનો.
વલ્લાહે લ-કઅન-નિષલ-આન	સોગંદ છે અલ્લાહના, બેશક અત્યારે જાણે
અન્ઝુરુ ઇલા	હું જોઈ રહ્યો છું
મસા-રિઇલ-કવમે.	કૌમના પછડાઈ પડવાના સ્થળોને.

સંપાદકની નોંધ----------બંને જૂથોમાંથી એક જૂથ : એમાં એક જૂથ અબૂ સુફયાનના વેપારી કાફલાનું અને બીજું મક્કાહથી ઊપડી ચૂકેલું કુરૈશી લશ્કરનું જૂથ. હઝરત સઅદ બિન મુઆઝનું તન,મન,ધન કુરબાન કરી દેવાનું પ્રવચન સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખુશ થઈ ગયા અને સહાબાને ખુશખબર આપતાં આપે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ બંને જૂથોમાંથી એક જૂથ પર ફતેહમંદી આપવાનો મને વાયદો ફરમાવી દીધો છે. તે સમયે મુસલમાનોમાં ગરીબી, તંગી અને નાદારી હોવાથી આપની ઇચ્છા તો એજ હતી કે વેપારી કાફલા પર કાબૂ મળી જાય તો સારૂં. વળી આ કાફલો કુરૈશે એવા જ વિચારે તૈયાર કર્યો હતો કે તેના વેપારથી પૂરૂં બળ ભેગું કરીને મુસલમાનોને નાબૂદ કરી નાખવામાં આવે. પરંતુ અલ્લાહ તઆલાની ઇચ્છા કંઈ જુદી જ હતી જેમકે ફરમાવ્યું છે : '' વઇઝ યઇદુ કુમુલ્લાહુ ઇહદત-તાઇ-ફતૈન.....''

''અને તે સમયને યાદ કરો જયારે અલ્લાહ તમને વાયદો આપતો હતો કે બે જૂથોમાંથી એક જૂથને તમારે હવાલે કરી દેશે અને તમે ચાહતા હતા કે હથિયાર વગરનું જૂથ તમને મળી જાય અને અલ્લાહ એમ ચાહતો હતો કે હક વાતને પોતાના હુકમથી સાબિત કરી દે અને કાફિરોનું મુળ કાપી નાખે કે જેથી સત્યને સત્ય અને જૂઠને જૂઠ કરી દેખાડે, ભલે પાપીઓ તેનાથી નારાજ થાય.'' [૧]

એટલે વેપારી કાફલો તમારા હાથથી સલામત રીતે નીકળી જશે અને કુરૈશી લશ્કર સાથે જંગ થશે અને જંગમાં તમને ફતેહ મળશે અને જંગના મેદાનમાં કુરૈશનો કયો માણસ તમારા હાથથી કયા સ્થળે કતલ થશે તે પણ જંગ પહેલાં અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને દેખાડી દીધું જેથી આપે પોતાના સહાબાને ફરમાવ્યું, ''અન્ઝુરુ ઇલા મસારિઇલ-કવમે.'' એટલે કૌમના પછડાઈ પડવાના સ્થળોને હું જોઇ રહ્યો છું. (સંપાદકની નોંધ પૂરી થઇ.)

ઇસ્લામી લશ્કર બદ્રના મેદાન તરફ----------ઇબ્ને ઇસ્હાક કહે છે : આ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઝફિરાન સ્થળેથી કૂચ ફરમાવી અને પોતાના સહાબા સાથે ''અલ-અસાફર''નામે પહાડોને

૧. સૂરએ-અન્ફાલ પારહ ૯ આયત ૭-૮

વટાવતા એક વસતિ તરફ પધાર્યા જેનું નામ "અદ-દુબ્બહ" હતું. અહીંથી "અલ-હનાન"નામે મોટા પહાડ જવા ટેકરાને જમણી બાજુએ રાખીને બદ્રના મેદાન પાસે પધાર્યા. અહીં આપ પડાવ નાખીને બિરાજમાન થયા.

અહીં આપ પોતાના સહાબામાંથી એક ગૃહસ્થની સાથે સવારી પર બિરાજમાન થઇને અહીંની વસતિ તરફ જવા નીકળ્યા. ઇબ્ને હિશામ કહે છે : એ ગૃહસ્થ આપના સાથી હઝરત અબૂબક્ર સિદ્દીક હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન યહયા બિન હબ્બાને માહિતી આપી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત અબૂબક્ર સાથે સવારી પર બિરાજમાન થઇને આ વસતિના એક વૃધ્ધ અરબ શૈખના મકાને પધાર્યા.

વૃધ્ધ શૈખ સાથે વાતચીત————આપે સલામ કરીને અરબના એ વૃધ્ધ શૈખને પૂછયું, "બડે મિયાં ! કુરૈશ, મુહંમદ અને મુસલમાનોના શું સમાચાર છે ? કંઇ જાણતા હો તો બતાવો !"

વૃધ્ધ શૈખે જવાબમાં કહ્યું, "પ્રથમ મને આ વાત બતાવો કે તમે કયા લોકોમાંથી છો ? જયાં સુધી તમે પોતે કોણ છો એ નહિ બતાવો, હું પણ કંઇ બતાવવાનો નથી."

આપે તેને ફરમાવ્યું :

ઇઝા અખ-બ-ર-તના	જયારે તમે બતાવી દેશો અમને
અખ-બ-ર-નાકા	તો અમે પણ બતાવી દઇશું તમને.

વૃધ્ધ શૈખ બોલ્યાં, "અરે વાહ ! હું બતાવું તો જ તમે બતાવશો ?"

આપે ફરમાવ્યું, "નઅમ !" હા.

"ત્યારે સાંભળો, " વૃધ્ધ શેખે કહ્યું, "મને સમાચાર મળ્યા છે કે મુહંમદ અને તેના સાથીઓ ફલાણા દિવસે મદીનહથી નીકળ્યા છે. અને જુઓ, જે બાતમીદારે મને આ સમાચાર આપ્યા છે એ સાચા હોય તો મુહંમદ અને તેના સાથીદારો આજના દિવસે ફલાણા સ્થળે હોવા જોઇએ."

વૃધ્ધ શૈખે તેજ સ્થળનું નામ લીધું જયાં આપે પોતાના સાથીઓ સાથે પડાવ નાખ્યો હતો.

બડેમિયાંએ પોતાની વાત ચાલુ રાખતાં ઉમેર્યું, "મને એવી બાતમી પણ મળી છે કે કુરૈશના લોકો ફલાણા દિવસે મક્કહથી નીકળ્યા છે અને જુઓ, જે બાતમીદારે મને આ સમાચાર આપ્યા છે તે સાચા હોય તો કુરૈશના લોકો આજના દિવસે ફલાણા સ્થળે હોવા જોઇએ."

બડેમિયાંએ તેજ સ્થળનું નામ લીધું જયાં કુરૈશી લશ્કર પડાવ નાખીને થોભેલું હતું.

આ બાતમી આપીને બુઢ્ઢા શૈખે કહ્યું, "હવે તમે બતાવો કે તમે બંને કોણ છો અને કયા લોકોમાંથી છો?"

આપે ફરમાવ્યું, "નહનુ મિમ માઅ !" અર્થાત : અમે પાણીમાંથી છીએ. આમ ફરમાવીને આપ તુરંત પોતાના સાથી સાથે ત્યાંથી ચાલી નીકળ્યા. રાવીનું કથન છે : બડેમિયાં પૂછતા જ રહી ગયા, કે 'મિમ માઅ"ના શો અર્થ છે ? શું ઇરાકના પાણીથી ?"

Maktabe Ashraf

ઇબ્ને હિશામ કહે છે : અરબના વૃધ્ધ શેખનું નામ સુફયાન દમરી હતું.[૧]

કુરૈશી લશ્કરની સંખ્યા કેટલી ?————ઇબ્ને ઇસ્હાક કહે છે : વૃધ્ધ શેખ સાથેની વાતચીત પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા તરફ તશરીફ લઇ ગયા. સાંજના સમયે આપે હઝરત અલી બિન અબી તાલિબ, હઝરત ઝુબૈર બિન અવ્વામ અને હઝરત સઅદ બિન અબી વક્કાસને સહાબાની એક ટુકડી સાથે બદ્રના ઝરણા તરફ રવાના કર્યા કે, ત્યાં જઇને કુરૈશી લશ્કરની હિલચાલની બાતમી મેળવી લાવે. જ્યારે આ ગૃહસ્થો ત્યાં પહોંચ્યા તો ઝરણાનું પાણી ભરનારા કેટલાક માણસો એમના જોવામાં આવ્યા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઝીદ બિન રૂમાને ઉર્વહ બિન ઝુબૈરની રિવાયતથી કહ્યું કે સહાબા જ્યારે ઝરણાં પાસે પહોંચ્યા તો ઝરણામાંથી પાણી ભરનારાઓની એક ટોળી તેઓના જોવામાં આવી. એમાંથી બે માણસોને સહાબાએ પકડી લીધા. એ બંને કુરૈશના ગુલામો હતા અને પાણી ભરવા આવ્યા હતા. એમાંથી એકનું નામ અસ્લમ હતું જે બનૂ હજ્જાજનો ગુલામ હતો. બીજાનું નામ અબૂ યસાર ઉરૈઝ હતું. એ બનૂ આસ બિન સઇદનો ગુલામ હતો.

માનવંતા સહાબા બંને ગુલામનોને પકડીને ઇસ્લામી સૈન્યની છાવણીમાં લઇ આવ્યા તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નમાઝ પઢવામાં મશ્ગૂલ હતા. સહાબાએ તેઓને પૂછ્યું, ''તમે કોણ છો ?''

અમે કુરૈશના ગુલામ છીએ.'' બંને બોલ્યા, ''કુરૈશે અમને પાણી ભરવા મોકલ્યા હતા.''

સહાબાને એમની વાતનો વિશ્વાસ નહિ બેઠો. સાચી વાત મેળવવા તેઓએ એમની મારપીટ કરવા માંડી કેમકે તેઓનું માનવું હતું કે એ બંને અબૂ સુફયાનના નોકરો છે અને વેપારી કાફલામાંથી આવેલા છે. છેવટે મારપીટથી કંટાળીને બંનેએ કહી દીધું કે હા, અમે અબૂ સુફયાનના નોકરો છીએ. આ સાંભળીને સહાબાએ એમને રહેવા દીધા. એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નમાઝ પૂરી કરી અને ફરમાવ્યું:

ઇઝા સ-દ-કા કુમ દરબ-તુમૂ-હુમા	જ્યારે બંને સાચુ બોલ્યા, તમે એમની મારપીટ કરી
વઇઝા ક-ઝ-બા કુમ તરક-તુમૂ-હુમા	અને જ્યારે બંને જૂઠું બોલ્યા, તમે એમને છોડી દીધા.
સ-દ-કા વલ્લાહિ	બંનેએ સાચું જ કહ્યું છે અલ્લાહના સોગંદ ! કે
ઇન્ના હુમા લિ-કુરૈશિન.	એ બંને કુરૈશના જ માણસો છે.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને સંબોધીને ફરમાવ્યું, ''અખબિરાની અન કુરૈશ.'' મને કુરૈશના સમાચાર આપો કે તેઓ ક્યાં છે ?

બંને બોલ્યા, ''તેઓ પેલા આઘે દેખાતા ટેકરાની પાછળ છે.''[૨]

આપે પૂછ્યું, ''તેઓ કેટલા છે ?

બંને બોલ્યા, ''તેઓ ઘણાબધા છે.''

---

૧. બડેમિયાંનો સવાલ હતો, ''મિમ્મન અન્તુમ ?''તમે ક્યાં લોકોમાંથી છો? તેના સવાલ મુજબ જવાબમાં આપે ફરમાવ્યું, ''નહનુ મિમ માઅ.'' અમે પાણીમાંથી છીએ. એટલે અમારી પૈદાઇશ પાણીથી થઇ છે. જેમકે કુર્આનમાં છેઃ ''વ જઅલ-ના મિનલ-માઅ કુલ્લ શૈઇન હય્ય.'' એટલે દરેક વસ્તુને અમે પાણીથી બનાવી છે અથવા પાણીથી જીવન આપ્યું છે ''હ''

૨. એ ટેકરાનું નામ ''અકન-કલ''હતું. એ બદ્રના મેદાનના દક્ષિણ ખૂણે આવેલો હતો. ત્યાંથી થઇને મક્કહ જવાતું હતું. કુર્આનમાં એજ ટેકરાની દિશાને ''ઉદ-વતુલ-કુસ્વા''એટલે દૂરનું નાકું કહેવામાં આવ્યું છે. સૂરએ-અન્ફાલમાં એનું વર્ણન થયું છે. ''હ''

આપે પૂછ્યું, "તેઓની સંખ્યા કેટલી છે ?"

બંને બોલ્યા, " અમને ખબર નથી."

આપે પૂછ્યું, "વારૂ રોજ તેઓ કેટલાં ઊંટો કાપે છે ?"

તેઓ બોલ્યા, "કોઇ દિવસે નવ કોઈ દિવસે દસ."

આપે ફરમાવ્યું, "માલૂમ પડયું તેઓની સંખ્યા નવ સોથી હજાર જેટલી છે."

મક્કહના જિગરના ટુકડા————એ પછી આપે ગુલામોને પૂછ્યું, "કુરૈશના આગેવાનોમાંથી કોણ-કોણ આવેલા છે ?"

તેઓ બોલ્યા, "ઉત્બહ બિન રબીઅહ, શૈબહ બિન રબીઅહ, અબુલ-બુખ્તરી બિન હિશામ, હકીમ બિન હિઝામ, નવફલ બિન ખુવૈલિદ, હારિસ બિન આમિર બિન નવફલ, તુઐમહ બિન અદી બિન નવફલ, નદ્ર બિન હારિસ, ઝમ્અહ બિન અસ્વદ, અબૂ જહલ બિન હિશામ, ઉમૈયહ બિન ખલફ, હજ્જાજના બે પુત્રો: નુબૈહ અને મુનબ્બહ, સુહૈલ બિન અમ્ર, અમ્ર બિ અબ્દે-વદ્દ....."

આ નામો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ સહાબાને સંબોધીને ફરમાવ્યું, "મક્કહએ તમારા મુકાબલા માટે પોતાના જિગરના ટુકડા તમારી સામે નાખી દીધા છે !"

અબૂ સૂફયાનનો વેપારી કાફલો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સુફરાઅ સ્થળેથી હઝરત બસબસ બિન અમ્ર અને હઝરત અદી બિન અબી ઝગબાને કુરૈશી લશ્કરની બાતમી માટે રવાના કર્યા હતા. તેઓ ચાલતાં-ચાલતાં બદ્રના મેદાને પહોંચી ગયા. ત્યાં એક ટેકરા પાસે આવેલા ઝરણાને કિનારે તેઓએ પોતાના ઊંટોને બેસાડયા. ઊંટોની કાઠી પરથી મશ્કો ઉતારીને તેમાં પાણી ભરવા લાગ્યા. તે વેળા મજ્દી બિન અમ્ર જુહની નામે ગૃહસ્થ ત્યાં ઊભેલો હતો અને પાણી ભરનારી બે સ્ત્રીઓ પણ ઝરણા પાસે ઊભેલી હતી. હઝરત બસબસ અને હઝરત અદીએ બંને સ્ત્રીઓને આપસમાં જોરજોરથી વાતો કરતાં સાંભળી. કોઈ બાબત અંગે બંને આપસમાં રકઝક કરતી હતી. ધ્યાન દઇને સાંભળ્યું તો માલૂમ પડયું, બંને સ્ત્રીઓ કોઇ લેણાની રકમ બાબતે આપસમાં ઝગડી રહી છે.

હઝરત બસબસ અને હઝરત અદીએ સાંભળ્યું કે, એક સ્ત્રીએ બીજીને કહ્યું, "બહેન ! જરા ધીરજ રાખ, કાફલો આજકાલમાં આવી જશે. તેની મઝદૂરી કરીને હું તારૂં કરજ ચૂકવી આપીશ."

મજ્દી જુહનીએ આગળ વધીને એ સ્ત્રીની વાતને ટેકો આપતાં બીજીને કહ્યું, "બિલકુલ સાચી વાત છે અધીરાઈની જરૂર નથી. કાફલો આવવાની તૈયારીમાં છે." આમ કહીને મજ્દીએ બંનેનો ઝગડો પતાવી દીધો. હઝરત બસબસ અને હઝરત અદીએ આ વાતો સાંભળી લીધી. એજ વેળા તેઓ પોતાના ઊંટો પર સવાર થઇને ઊપડી ગયા. કુરૈશી કાફલાની બાતમી મળી ગઇ હતી. બંનેએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને મળેલી બાતમીના સમાચાર આપી દીધા.

તે તરફ અબૂ સુફયાનને પણ પોતાનો કાફલો ખતરામાં હોવાના સમાચાર મળી ગયા હતા. બહુ સાવચેતીપૂર્વક તે કાફલા સાથે આગળ ધપતો હતો. બદ્ર નજીક પહોંચીને તેણે કાફલાને એક સલામત સ્થળે થોભાવી દીધો અને પોતે આગળ વધીને કંઇક નવાજૂની જાણવાના હેતુએ ટેકરાની પાછળ આવેલાં ઝરણા પાસે પહોંચી ગયો.

Maktabe Ashraf

મજદી બિન અમ્ર જુહની ત્યાં ઊભેલો તેના જોવામાં આવ્યો, અબૂ સુફયાને તેની પાસે જઈને અધીરાઈથી પૂછ્યું, "અહીં કોઈ માણસોને આવેલા તમે જોયા ?"

મજદી બોલ્યો, "હા બે ઊંટસવારો સિવાય કોઈ અજાણ્યો માણસ અહીં નથી આવ્યો. બંનેએ પોતાના ઊંટો ટેકરા પાસે થોભાવ્યા અને મશકોમાં પાણી ભરીને ઊંટો દોડાવતા ચાલ્યા ગયા."

અબૂ સુફયાન ઊંટસવારોનું સાંભળીને ચમકી ઊઠ્યો. ઝડપથી ચાલતો ટેકરા પાસે ગયો. ત્યાં પડેલી ઊંટની લીંડીઓ ઉપાડીને જોવા લાગ્યો. તોડીને જોયું તો તેમાં ખજૂરના ઠળિયા હતા. મનોમન બોલી ઊઠ્યો."વલ્લાહ ! આ તો યસ્રિબનો ચારો છે !" (યસ્રિબ મદીનહનું જૂનું નામ.)

એક પળના વિલંબ વિના ધસારાભેર દોડતો કાફલાના ઊંટો પાસે પહોંચ્યો અને ઊંટોના છોગડાંઓ પર થાબડા મારી-મારીને તેઓના મુખો સમુદ્ર તરફ ફેરવી દીધાં અને બદ્રથી મક્કહ જનારા સરિયામ રસ્તાને ડાબાં બાજુએ મૂકીને ભાગંભાગ કાફલાને સમુદ્રકાંઠેના રસ્તાથી હંકારી ગયો.

કુરૈશના અંજામનો બીજો ખ્વાબ----------કુરૈશનું લશ્કર મક્કહથી કૂચકદમ કરતું જ્યારે જુહ્ફહ સ્થળે પહોંચ્યું તો અહીં જ રાતવાસા માટે પડાવ નાખીને થોભી ગયું. પ્રભાત થતાં જ જુહૈમ બિન સલ્ત બિન મખરેમહ બિન મુત્તલિબ બિન અબ્દે મનાફ નામે ગૃહસ્થે પોકારીને કહ્યું :

> "હે લોકો ! રાતે મેં એક ખ્વાબ જોયો છે. હું તે દુનિયામાં હતો જેમાં સૂતેલો માણસ કંઈ ન કંઈ જુએ છે. હું સૂવા અને જાગવાની હાલતમાં ઝોલાં ખાતો હતો. ખ્વાબમાં શું જોઉં છું કે એક માણસ આવી રહ્યો છે. તે પોતાના ઘોડાની પીઠ પર સવાર હતો. આવતાં જ તે મારી સામે ઊભો થઈ ગયો. તેની પાછળ તેનું એક ઊંટ પણ હતું. ઘોડો થોભાવતાં જ તેણે પોકાર પાડ્યો :
>
> "ઉત્બહ બિન રબીઅહ માર્યો ગયો ! શૈબહ બિન રબીઅહ માર્યો ગયો ! અબુલ-હકમ બિન હિશામ (એટલે અબૂ જહલ) માર્યો ગયો ! ઉમૈયહ બિન ખલફ માર્યો ગયો! ફલાણો ફલાણો કતલ થઈ ગયો !"

તેણે એવા તમામ લોકોના નામો પોકાર પાડીને ગણી બતાવ્યાં જેઓ કુરૈશના ટોચના અગ્રેસરોમાંથી હતા અને જેઓ જંગે-બદ્રમાં કતલ થઈ ગયા.

"પછી મેં જોયું કે ઘોડેસવારે અચાનક પોતાના ઊંટની છાતીમાં ભાલો ઘોંચી દીધો. લોહીનો ફુવ્વારો ઊડ્યો અને એજ હાલતમાં ઊંટને તેણે આપણા લશ્કરમાં દોડાવી દીધું. લશ્કરની છાવણીના તંબૂઓમાંથી કોઈ તંબૂ એવો ન રહ્યો જેને ઊંટે પોતાના લોહીથી ખરડ્યો ન હોય !"

રાવીનું કથન છે : આ સાંભળતાં જ અબૂ જહલનો પિત્તો ઊછળ્યો. આક્રોશથી બોલ્યો, "લ્યો, બનૂ મુત્તલિબમાં બીજો પયગમ્બર ઊગી નીકળ્યો. કાલે જંગ જામતાં ખબર પડી જશે કે મેદાનમાં કોની લાશો પડે છે!"

અબૂ જહલની હેંકડાઈ----------ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ સુફયાન પોતાના વેપારી કાફલાને સહીહ-સલામત બચાવીને છટકી જવામાં સફળ થઈ ગયો તો રસ્તામાંથી જ તેણે પોતાના માણસને દોડાવીને

Maktabe Ashraf

કુરૈશને કહેણ મોકલાવી કે :

"હે કુરૈશ ! તમે તો ફક્ત તમારા કાફલાને, તમારા માલને, તમારા માણસોને બચાવવા નીકળ્યા હતા. અલ્લાહએ તેઓને બચાવી લીધા છે માટે તમે પાછા વળો મક્કહ તરફ."

આ કહેણ સાંભળીને અબૂ જહલ છંછેડાઇ ગયો. હૅકડાઇથી બોલ્યો, " શા માટે પાછા વળીએ ? અમે જરૂર બદ્રમાં જઇશું. ઊંટોની ગરદનો કાપીશું, શરાબની છોળો ઉડાવીશું. ગાનારીઓના ગાયનો સાંભળીશું, નાચમુજરા જોઇશું, રંગરાગની મહેફિલો જમાવીશું. ત્રણ રાત દિવસ ત્યાંના મેળામાં થોભીને મોજમજાની ઉજાણીઓ કરીશું. આખા અરબ પર આપણા દબદબાની હાક વાગી જશે. આપણી જાહોજલાલી જોઈને અરબના લોકો હેબતાઇ જશે. માટે બહાદુરો, આગળ બઢો !"

સમજુ લોકોની મક્કહ વાપસી————અખ્નસ બિન શરીક બિન અમ્ર બિન વહબ સકફી કુરૈશના આગેવાનોમાંથી હતો. બનૂ ઝુહરહના કબીલા સાથે કરારોથી જોડાયેલો હતો અને બનૂ ઝુહરહનો સરદાર હતો. અબૂ જહલની ડંકાસ સાંભળીને તેણે હુજફહ સ્થળે પોતાની કૌમના લોકોને ભેગા કરીને કહ્યું, "હે બનૂ ઝુહરહ! અલ્લાહએ તમારો કાફલો બચાવી લીધો, તમારો માલ બચાવી લીધો અને તમારા દોસ્ત મખ્રમહ બિન નવફલને પણ બચાવી લીધો. તમે તો ફક્ત તમારા માલ અને તમારા દોસ્તને બચાવવા નીકળ્યા હતા. તમારૂં કામ થઇ ગયું હવે હાથે કરીને મુસીબતમાં પડવાની શી જરૂર ! અબૂ જહલને પડતો મૂકો, મક્કહ પાછા વળો. કોઇ બાયલાપણાનો ટાણો મારે તો હું હાજર છું !"

બનૂ ઝુહરહના તમામ લોકોએ અખ્નસ બિન શરીકની વાત માની લીધી. તે પોતાની કૌમનો માનીતો અને લાડીલો સરદાર હતો. લોકો દિલોજાનથી તેનો પડયો બોલ ઝીલી લેતા હતા. આ વેળા પણ તેની વજનદાર વાતો લોકોને ગળે ઊતરી ગઇ અને બધા મક્કહ પાછા વળી ગયા. બનૂ ઝુહરહના એક પણ માણસે જંગે-બદ્રમાં ભાગ નહિ લીધો.

કુરૈશ કબીલાની કોઇ શાખ એવી ન હતી જેમાંના અમુક લોકો આ લશ્કરમાં ન જોડાયા હોય. અલબત્ત બનૂ અદી બિન કઅબનો એક પણ માણસ આ લશ્કરમાં જોડાયો ન હતો. જેથી બનૂ ઝુહરહ અને બનૂ અદી બિન કઅબ આ બે કબીલામાથી એક પણ માણસ જંગે-બદ્રમાં હાજર રહ્યો નહિ.

એવી જ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બનૂ હાશિમ ખાનદાનમાંથી તાલિબ બિન અબૂ તાલિબ પણ પોતાના માણસો સાથે મક્કહ પાછો વળી ગયો. જતી વેળા કુરૈશના અમુક લોકોએ વાંધો લેતાં બંને પક્ષો વચ્ચે સવાલ-જવાબની ટપાટપી થવા પામી છતાં તાલિબ બિન અબૂ તાલિબે મચક નહિ આપતાં પોતાના માણસો સાથે મક્કહ તરફ હંકારી મૂક્યું. ત્યારે કુરૈશે ટાણો માર્યો કે, "હે બનૂ હાશિમ! તમે ભલે અમારા સંગાતે આવી તો ગયા પણ દિલ તો તમારૂં મુહંમદની સાથે જ ચોંટેલું છે !"

Maktabe Ashraf

પ્રકરણ ૯૩

ગઝવએ-બદ્ર

ઇસ્લામ અને કુફ્રની પહેલી ટક્કર

કુરૈશી લશ્કરનો પડાવ ● અલ્લાહની રહમતનો વરસાદ ● રસૂલુલ્લાહ (સલ.) માટે છાપરૂં ● કુરૈશી લશ્કર રણભુમિ તરફ ● કુરૈશની તુમાખી ● રસૂલે-રહમતની શાને-રહમત ● કુરૈશને પાછા વળવાની નેક સલાહ ● લડાઇને ટાળવાની બીજી કોશિશ ● ઉત્બહની હાકલ :મક્કહ પાછા વળો ! ● અબૂ જહલની ફિત્નાખોરી ● આમિર અલ હદ્રમીની બૂમરાણ ● અબૂ જહલની જહાલતનો જવાબ ● અસ્વદ મખ્ઝૂમીની પ્રતિજ્ઞા ● હાથોહાથના યુધ્ધનો પડકાર ● બે લશ્કરો સામસામે ● ઇસ્લામી કતારોની દુરૂસ્તી ● આશિકે-રસૂલની અજીબ હરકત ● બારગાહે ઇલાહીમાં ગદ્‌ગદ દુઆઓ ● જંગે-બદ્રના સૌથી પહેલા શહીદો ● જિહાદનું પ્રેરક પ્રવચન ● જિહાદનો જોશ, સહાબાની ફિદાકારી ● અબૂ જહલનો શ્રાપ ● દુશ્મન તરફ મુઠ્ઠીભર કાંકરી ● હઝરત સઅદનો અણગમો ● લાચારીએ લડવા આવેલા લોકો ● હઝરત અબૂ હુઝૈફહની પશેમાની ● અબુલ-બુખ્તરીની કમબખ્તી ● હઝરત મુજઝ-ઝિરનું રણગીત.

કુરૈશી લશ્કરનો પડાવ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ ઝુહરહ, બનૂ અદી બિન કઅબ અને તાલિબ બિન અબૂ તાલિબની મક્કહ વાપસી પછી, કુરૈશનું લશ્કર અબૂ જહલની આગેવાની હેઠળ, ઝુજફહ સ્થળેથી કૂચકદમ કરતું બદ્રના ''ઉદ-વતુલ-કુસ્વા'' માં પહોંચી ગયું. આ સ્થળ મક્કહની દિશાએ ''અકન-કલ'' નામે રેતીના ટેકરાની પાછળ અને ''યલયલ''નામની ખીણમાં આવેલું છે. એ બદ્રના મેદાનનો મક્કહ તરફ આવેલો દૂરનો છેડો હતો. [૧]

આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે બદ્રના મેદાનમાં પધાર્યા અને કુરૈશી લશ્કરની સામી દિશાએ આવેલા ''ઉદ-વતુદ-દુન્યા'' માં પધારીને આપે પોતાના સહાબા સાથે પડાવ નાખી દીધો. એ મદીનહની દિશાએ બદ્રના મેદાનનો નઝદીકનો છેડો હતો. બંને લશ્કરો વચ્ચે બદ્રનું મેદાન આવેલું હતું. બદ્રના કૂવા અથવા પાણીના ઝરા યલયલની ખીણમાં તે તરફ મદીનહની દિશાએ આવેલા હતા. [૨]

---

૧. કુર્આને-મજીદમાં કુરૈશી લશ્કરના પડાવના સ્થળ માટે 'ઉદવતુલ-કુસ્વા''શબ્દો આવેલા છે. ઉદવહ એટલે કિનારો, છેડો અને કુસ્વા એટલે બહુ દૂર. મતલબ બદ્રના મેદાનનો મક્કહ તરફ આવેલો દૂરનો કિનારો. ''હ''

૨. ઉદવતુદ-દુન્યા : બહુ જ પાસેનો કિનારો, નિકટતર છેડો-અરબીમાં ''દુન્યા''ના એક અર્થ સૌથી વધારે નઝદીકનો કિનારો. એના મુકાબલે ''કુસ્વા'' શબ્દ છે જેના અર્થ બહુ દૂરનો કિનારો. મતલબ એક લશ્કરે મક્કહ તરફના મેદાનના દૂરના કિનારે પડાવ નાખ્યો હતો. બીજા લશ્કરે મદીનહ તરફના મેદાનના નિકટના કિનારે પડાવ નાખ્યો હતો. બંનેની વચ્ચે બદ્રનું ખુલ્લું મેદાન હતું. સામેના પાનામાં ઉદૂ નકશામાં જોઇ શકાય છે. ''હ'

કુરૈશી લશ્કરે પેશકદમી કરેલી હોવાથી અનુકૂળ સ્થળો પર કબજો કરીને મોરચા માંડવાની તક ઝડપી લીધી હતી. મુસલમાનો બાદમાં પહોંચ્યા હતા. અહીં ન કૂવો હતો ન ઝરણા હતાં ન લશ્કર માટે અનુકૂળ જગા હતી. પડાવની જમીન પણ એટલી રેતાળ કે ઊંટોના પગો રેતીમાં ધસી ધસી જતા હતા. આ પરિસ્થિતિ જોઈને હઝરત હુબાબ બિન મુનઝિર બિન જમૂહ— —મદીનહના એક અન્સારી સહાબી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપે પડાવ માટે આ સ્થળ પસંદ કર્યું. શું એ અલ્લાહનો હુકમ છે કે પછી જંગી ચાલને આધારે છે ? અગર અલ્લાહનો હુકમ છે તો એક ઇંચ આગળ-પાછળ થવાનો અમને અધિકાર નથી. પણ જો જંગી ચાલ હોય તો મારી એક સલાહ છે."

આપે ફરમાવ્યું, "બલ હુવર રઅયુ વલ-હર્બુલ-મકીદહ" નહિ, અલ્લાહનો હુકમ નથી બલકે મારો અંગત મત છે અને એક જંગી ચાલને આધારે છે.

હઝરત હુબાબ બિન મુનઝિરે અરજ કરી, "ત્યારે યા રસૂલલ્લાહ ! આ કોઈ અનુકૂળ જગા નથી. આપ અહીંથી આગળ પધારો. આપણે પેલા ઝરણા પાસે જઈને પડાવ નાખીએ જે કુરૈશથી બહુ નિકટ આવેલું છે એની પાછળ જેટલા ઝરા કે કૂવા છે તેને બેકાર બનાવી દઈએ. ત્યાં એક તલાવડી જેવો ખાડો ખોદીને તેને પાણીથી ભરી લઈએ. આ રીતે પાણીના પૂરવઠા પર કબજો કરીને જંગ કરીએ કે જેથી આપણને પાણી મળતું રહે અને દુશ્મનને નહિ મળે."

આપે ફરમાવ્યું, "લકદ અશરતા બિર રઅયં." તમે ખરેખર સાચી સલાહ આપી છે. [૧]

હઝરત હુબાબની સલાહ મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અહીંથી આગળ બઢયા અને કુરૈશી લશ્કરના પડાવથી સૌથી નઝદીક આવેલા ઝરણા પાસે પધારીને આપે પોતાના સહાબા સાથે પડાવ નાખી દીધાં. આપના હુકમથી અહીંના બધા કૂવા અને ઝરણા બેકાર બનાવી દેવામાં આવ્યાં, એ પછી છાણવીના ઝરણા પાસે તલાવડી જેવું બનાવીને તેને પાણીથી ભરી દેવામાં આવી કે જેથી વુઝૂ અને ગુસલ માટે આસાની રહે. પાણીના વાસણો પણ તલાવડીને કિનારે મૂકી દીધાં.

અલ્લાહની રહમતનો વરસાદ———અલ્લાહની કુદરતનો કરિશ્મો જુઓ, એજ સંજોગોમાં અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી વરસાદ વરસાવી દીધો.આ વરસાદથી મુસલમાનોને આ લાભ થયો કે રેતીની રજકણો આપસમાં ગંઠાઈને જમીન સખત બની ગઈ. અને તેની ઉપર ચાલવા ફરવાનું સરલ બની ગયું. બીજી તરફ એજ વરસાદ કુરૈશ માટે રહમતને બદલે ઝહમત બની ગયો. તેઓ નીચાણમાં હોવાથી ત્યાંની જમીન કાદવ-કીચડવાળી બની ગઈ અને તેઓ માટે ચાલવા ફરવાનું મુસીબત બની ગયું.

મુસલમાનો માટે આ વરસાદ અલ્લાહની રહમત અને અલ્લાહના ઉપકાર સમાન હતો.એનું વર્ણન કુર્આને-કરીમમાં આ પ્રમાણે થયું છે :

વ યુનઝ-ઝિલુ મિનસ-સમાઇ	અને વરસાવ્યુ તેણે આકાશથી
માઅલ-લિયુતહ-હિ-રે-કુમ બિહી,	પાણી, જેનાથી તે તમને પાક કરી દે

૧. હઝરત હુબાબ બિન મુનઝિર બદ્રના મેદાનથી પૂરી રીતે માહિતગાર હતા. દર વરસે અહીં મોટો મેળો ભરાતો હતો. દૂર-દૂરથી અરબના લોકો મેળામાં આવતા હતા. મદીનહ અહીંથી ૮૦ માઇલ છેટુંહતું. હઝરત હુબાબ ઇસ્લામ પહેલાં મિત્રમંડળી સાથે અચૂક મેળામાં આવતા હતા. અહીંના કૂવાઓમાં મીઠું સ્વચ્છ પાણી હતું. (અસિહ-હુસ-સિયર પેજ ૧૨૮) "હ"

વ યુઝહિબા અન્કુમ	અને દૂર કરી દે તમારાથી
રિજ્ઝશ શયતાન.	શયતાનની ગંદકીને,
વ-લિયુર બિતા અલા કુલૂબિકુમ	અને જેથી મજબૂત કરી દે તમારા દિલોને,
વ યુસબ-બિતા બિહિલ અકદામ.	અને મક્કમ બનાવી દે તમારા કદમોને.

રસૂલુલ્લાહ (સલ.) માટે છાપરૂં————હઝરત અબ્દુલ્લાહ બિન અબીબકની રિવાયત પ્રમાણે હઝરત સઅદ બિન મુઆઝ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને ગદ્‌ગદ સ્વરે અદબથી કહેવા લાગ્યા :

> "યા રસૂલલ્લાહ ! આપની ઉપર મારાં માબાપ કુરબાન ! અમે આપના માટે એક છાપરૂં ઊભું કરી દઈએ કે જેથી આપ તેમાં બિરાજી શકો. ત્યાં આપના માટે સવારી પણ તૈયાર રાખીએ. પછી અમે રણભૂમિમાં દુશ્મનો સાથે જંગ કરીએ. જંગમાં અલ્લાહ તઆલા અમને ફતેહ આપે તો અમે પોતાના હેતુમાં કામયાબ થઈ ગયા. પણ જો મામલો ઊલટો બને તો આપ સવારી પર બિરાજીને મદીનહ પધારી જશો. ત્યાં અમારી કોમના પાછળ રહી ગએલા બધા જ લોકો એવા છે જેઓ આપના સારા પ્રેમીઓ છે અને જેઓ આપને પ્રેમ કરવામાં અમારાથી પાછળ પડે એવા નથી. અગર તેઓને ખબર હોત કે દુશ્મનો સાથે આપને લડવું પડશે તો હરગિઝ તેઓ પાછળ નહિ પડત ! અલ્લાહ તેઓની મારફતે આપનું રક્ષણ કરશે. તેઓ આપના મદદગાર અને આપના ખેરખાહ બની રહેશે. તેઓ આપની ઉપર પોતાના પ્રાણ પાથરી દેશે. તેઓ આપના પડખે રહીને દુશ્મનો સાથે જિહાદ કરશે."

હઝરત સઅદ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુની આ લાગણીભરી વાતો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ તેમના ભારોભાર વખાણ કર્યા અને તેમના માટે ભલાઈની દુઆ કરી.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે છાવણીને છેડે એક છાપરૂં ઊભું કરી દેવામાં આવ્યું જેમાં પધારીને આપ બિરાજમાન થયા અને રાતભર આપે તેમાં આરામ ફરમાવ્યો.

કુરૈશી લશ્કર રણભૂમિ તરફ————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે પ્રભાત થયું તો કુરૈશી લશ્કર પોતાની છાવણીમાંથી નીકળીને ઇસ્લામી લશ્કરની સામે જવા લાગ્યું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે તેને "અકન-કલ"ની ટેકરીથી ઊતરીને ઇસ્લામી છાવણીની ખીણ તરફ આવતું જોયું તો આપે બારગાહે-ઇલાહીમાં ગદ્‌ગદ સ્વરે યાચના કરી :

અલ્લાહુમ્મ હાઝિહી કુરૈશુન.	હે અલ્લાહ ! આ રહ્યા કુરૈશ !
કદ અક-બલત બિ-ખુયલા-ઇહા	તેઓ આવી લાગ્યા છે પોતાના ઘમંડ સાથે,
વ ફખરિહા.	અને પોતાના અભિમાન સાથે.

તુલાદ-દુકા	તેઓ વિરોધ કરે છે તારો,
વ તુકઝ-ઝિબુ રસૂલકા.	અને જૂઠલાવે છે તારા પયગમ્બર ને [૧]
અલ્લાહુમ્મ ફ-નસ-રકલ-લઝી	હે અલ્લાહ ! હું તલબગાર છું તારી તે મદદનો જેનો
વઅ-દ-તની	તેં મને વાયદો આપ્યો છે.
અલ્લાહુમ્મ અહિન-હુમુલ-ગદાત.	હે અલ્લાહ ! વિનાશ બોલાવી દે એમનો આજે સવારે !

આ કુરૈશી લશ્કરમાંથી જ્યારે લશ્કરના સેનાપતિ ઉત્બહ બિન રબીઅહને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક લાલ ઊંટ પર સવાર થઈને આવતો જોયો તો આપે ફરમાવ્યું :

ઈંય-યકુન ફી અહદે મિનલ-કવમે ખૈરુન	આ લોકોમાંથી કોઈમાં જો કંઈ ભલાઈ હોય
ફ-ઈન્દ સાહિબલ-જમલિલ-અહમર.	તો તે આ લાલ ઊંટવાળા પાસે હશે.
ઈંય-યુતીઉહુ યરશુદૂ.	જો લોકો એનું કહ્યું માની લે તો સીધા રસ્તે આવી જશે.

કુરૈશની તુમાખી————જ્યારે કુરૈશી લશ્કર પોતાની છાવણીમાંથી નીકળીને ઈસ્લામી લશ્કરની છાવણી તરફ જવા લાગ્યું તો રસ્તામાં એક માણસ દોડતો એમની પાસે આવી લાગ્યો. એનું નામ ખુફાફ બિન ઐમાઅ બિન રહદા ગિફારી હતું. એનો બાપ ઐમાઅ બિન રહદા આ પ્રદેશના રાણવાસીઓનો સરદાર હતો. તેણે પોતાના બેટા ખુફાફને, થોડાંક કાપીને ખાવા જેવાં ઊંટો, કુરૈશ માટે ભેટ તરીકે આપીને કહેણ મોકલાવી હતી કે, "આ ઊંટો તમારા ખાવા માટે મોકલ્યાં છે. અગર કુરૈશની ઈચ્છા હોય તો હથિયારો અને માણસોથી પણ અમે મદદ કરવા તૈયાર છીએ !"

જવાબમાં કુરૈશે તેની શુભેચ્છાનો આભાર માનતાં તેના બેટા મારફતે કહેવડાવ્યું કે, "હે ભલા સરદાર! અમે તમારી ભલી લાગણીઓનો આભાર માનીએ છીએ. અલ્લાહ કરે કે આપણો આ પ્રેમસંબંધ કાયમ માટે ટકી રહે. તમે તમારી ફરજ યોગ્ય રીતે બજાવી છે. અમે મુસલમાનો સાથે જંગ ખેલવા નીકળ્યા છીએ. તમારે જાણવું જોઈએ કે જંગ ખેલવામાં અમે જરાપણ નબળા કે ડરપોક નથી. તેઓના મુકાબલે અમારામાં કોઈ તરહની કમજોરી નથી. પરંતુ એક વાત છે કે મુહંમદના દાવા મુજબ જો આ જંગ અલ્લાહ સાથે હોય તો અલ્લાહ સાથે કોણ ટક્કર લઈ શકે ? માટે અમને તમારા હથિયારો કે માણસોની મુદ્દલ જરૂર નથી."

રસૂલે-રહમતની શાને-રહમત————કુરૈશી લશ્કર જ્યારે લડાઈના મેદાનમાં ઈસ્લામી લશ્કરની સામે પહોંચી ગયું તો કુરૈશના કેટલાક માણસો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તલાવડી પાસે પાણી પીવા આવ્યા. તેઓમાં હકીમ બિન હિઝામ નામે ગૃહસ્થ પણ હતો. આ દેખીને સહાબાએ તેઓને અટકાવવાનો વિચાર કર્યો તો આપે ફરમાવ્યું, "કોઈને અટકાવો નહિ. દરેકને પાણી પીવાની છુટ આપી દો."

એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તલાવડીમાંથી જેટલા લોકોએ પાણી પીધું એ

---

૧. કુરૈશી લશ્કર અભિમાનથી ઇતરાતું, હેંકડાઈથી પોતાની જાહોજલાલીનું પ્રદર્શન કરતું, ઢોલતાંસાંના ધૂમધડાકા સાથે મક્કાહથી નીકળ્યું હતું. એનું બયાન કુર્આનમાં આ રીતે થયું છે

વલા તકૂનૂ કલ-લઝીન	તમે એવા લોકો જેવા ન બનતા જેઓ
ખ-ર-જૂ મિન દિયારિ - હિમ	નીકળ્યા પોતાના ઘરોમાંથી
બ-ત-રંવ વ રિઆઅન-નાસ	અભિમાનથી ઈતરાતા અને લોકોને દેખાડતા
વ યસુદ-દૂન અન સબીલિલ્લાહ.	અને લોકોને અટકાવતા અલ્લાહના રસ્તાથી.

બધા જંગે-બદ્રમાં માર્યા ગયા. અલબત્ત તેઓમાંથી હકીમ બિન હિઝામ કતલ થવાથી બચી ગયો. બાદમાં હકીમ બિન હિઝામ મુસલમાન બની ગયા અને એમનો ઇસ્લામ પણ છેવટ સુધી બહુ શાનદાર રહ્યો. હઝરત હકીમ બિન હિઝામ જ્યારેય કોઇ વાતના પાકા સોગંદ લેતા તો આ શબ્દો ઉચ્ચારતા, "સોગંદ છે તે અલ્લાહના જેણે મને બદ્રના દિવસે કતલ થવાથી બચાવી લીધો !"

કુરૈશને પાછા વળવાની નેક સલાહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબૂ ઇસ્હાક બિન યસારે તેમ બીજા જાણકારોએ, અન્સારમાંથી પોતાના માનવંતા ઉસ્તાદોની રિવાયતથી આ માહિતી આપી કે, જ્યારે કુરૈશી લશ્કર લડાઇના મેદાનમાં આવીને કરીઠામ થયું તો આગેવાનોએ ઉમૈર બિન વહબ જુહની નામે લશ્કરી ઉપરીને ઇસ્લામી લશ્કરની જાસૂસી માટે મોકલ્યો કે, જઇને જોઇ આવે કે મુહંમદના સાથીઓની સંખ્યા કેટલી છે !

ઉમૈર બિન વહબ ઘોડા પર સવાર થઇને ઊપડયો. તેણે ઘોડો દોડાવીને ઇસ્લામી લશ્કરની ફરતે એક ચક્કર લગાવ્યો. મુસલમાનોની સંખ્યાની અવલોકન કર્યું અને પાછા આવીને કહ્યું,

"મુહંમદના સાથીઓ ત્રણ સો જેટલા લાગે છે. કદાચ એથી કંઇક વધુ હોય કે ઓછા હોય. પણ થોભો, હું ફરીવાર જોઇ આવું. તેઓની આજુબાજુમાં કુમક માટેની બીજી લશ્કરી ટુકડીઓ સંતાયેલી હોય તો નવાઇ જેવું નથી."

આમ કહીને ઉમૈર બિન વહબે ફરીવાર પોતાનો ઘોડો મારી મૂકયો. તેણે ઇસ્લામી લશ્કરની ફરતે દૂરદૂરનો ચક્કર લઇને બારીક નજરે અવલોકન કર્યું. પણ તેને કુમક જેવી કોઇ લશ્કરી ટુકડી સંતાયેલી દેખાઇ નહિ ત્યારે તે પાછો આવી લાગ્યો અને કુરૈશને ચેતવણી આપતો હોય તેવા દર્દભર્યા સ્વરે બોલ્યો :

> "પાસે કે આઘે કુમક જેવી કોઇ ટુકડી દેખાતી નથી પણ હે કુરૈશ ! મારી એક વાત સાંભળી લો. વલ્લાહ ! મેં જોયું છે કે બલાઓ અને આફતો મોતને ઉપાડીને તમારી તરફ ધસી રહી છે. મેં એવું પણ જોયું કે મૃત્યુનો રાક્ષસ યસ્રિબની ઊંટણીઓ પર સવાર થઇને આવી લાગ્યો છે.
>
> વલ્લાહ હે કુરૈશ ! મુસલમાનોને મેં એવી હાલતમાં જોયા છે કે તેઓની તલવારો સિવાય કોઇ તેઓને બચાવનારૂં નથી. તલવારો સિવાય તેઓની પાસે પોતાના બચાવનો ન કોઇ સામાન છે ન જીવ બચાવીને નાસવાનો કોઇ રસ્તો છે. તેઓ મરણિયા થઇને આવેલા લાગે છે. તમારામાંથી એકએકને માર્યા વગર મરવાના નથી. પછી જ્યારે પોતાની સંખ્યા પ્રમાણે તેઓ તમને મારી નાખશે તો બતાવો, જીવનનો શો આનંદ? અને એવા જીવનનો શો અર્થ ?
>
> હે કુરૈશ ! જે કંઇ મેં જોયું અને જાણ્યું તે મેં તમને બતાવી દીધું. હવે તમારે જે કરવું હોય તે કરો અને માનવું હોય તેમ માનો !"

Maktabe Ashraf

લડાઇને ટાળવાની બીજી કોશિશ————હકીમ બિન હિઝામ કુરૈશી લશ્કરમાં એક ઠરેલ સ્વભાવનો સમજુ યુવક હતો. [૧] ઉમૈર બિન વહબની વાતો સાંભળીને તેણે લડાઇની બલાને ટાળવાનું નક્કી કર્યું. સૌથી પહેલાં તે લશ્કરના કમાન્ડર ઉત્બહ બિન રબીઅહ પાસે ગયો. અને મુદ્દાની રજૂઆત કરતાં બોલ્યો, "હે અબા વલીદ ! તમે કુરૈશના અગ્રેસર અને લશ્કરના સેનાપતિ છો. બધા લોકો તમારા હુકમને માન આપે છે. શું તમારી એવી ઇચ્છા નથી કે લોકો કાયમ માટે તમને ભલાઇથી યાદ કરતા રહે ?"

"એ હકીમ ! તે શું વાત છે ?"ઉત્બહએ પૂછયું.

"લોકોને મક્કહ પાછા વાળો." હકીમે કહ્યું, "લડાઇની બલાને ટાળો.

"તે કેવી રીતે ?"ઉત્બહએ પૂછયું.

હકીમે કહ્યું, "મુસલમાનોના હાથે કતલ થનાર અમ્ર બિન અલ-હદ્રમી તમારો કરારી હતો. તેનો લોહીદંડ ચૂકવવાનું તમે માથે લઇ લો અને તેના વારસદારોને રાજી કરી લો." [૨]

"મને કબૂલ છે."ઉત્બહએ કહ્યું, "હું તેના ખૂનનો દંડ આપવા તૈયાર છું. એટલું જ નહિ, મુસલમાનોએ તેનો જે માલ લૂંટયો છે તે પણ હું મારા માલમાંથી આપવા તૈયાર છું. માટે એ હકીમ ! તમે એક કામ કરો. જલદી અબૂ જહલ પાસે જાવ અને કોઇ રીતે તેને રાજી કરો. લોકોને ઉશ્કેરનારો અને લોકોમાં ફાટફૂટ નાખનારો તેના વગર બીજો કોઇ નથી. તે રાજી નહિ થાય ત્યાં સુધી કોઇ મક્કહ જવાનું નથી."

ઉત્બહની હાકલ : "મક્કહ પાછા વળો !"————આમ કહીને એજ વેળા ઉત્બહ બિન રબીઅહ ઊભો થઇ ગયો. તેણે પ્રવચન કરતાં કુરૈશને હાકલ કરી :

> "હે કુરૈશની જમાઅત ! વલ્લાહ, તમને મુહંમદ અને તેના સાથીઓ સાથે લડાઇ કરવાથી શું મળવાનું છે ?
>
> હા, આમ જરૂર બનશે કે તમારામાંથી કોઇ, સામા પક્ષે પોતાના માસીભાઇને મારી નાખશે, કોઇ પોતાના કાકાભાઇને કતલ કરશે તો કોઇ પોતાના સ્નેહીના લોહીથી પોતાના હાથ ખરડી લેશે. બદલામાં કાયમ માટે એકબીજાના દિલોમાં વેરનો કાંટો ખૂંપી જશે. તમે આપસમાં જ એકબીજાને નફરત કરતા થઇ જશો.
>
> હત્યારાનું મોઢું જોતાં જ તમને થઇ આવશે કે આ માણસ મારા મુસ્લિમ ભાઇનો ખૂની છે કે મારા કાકાભાઇનો ખૂની છે કે મારા ફલાણા સ્નેહીનો ખૂની છે ! આ રીતે તમે આપસમાં જ એકબીજાને ધિક્કારતા થઇ જશો.
>
> "હે કુરૈશની જમાઅત ! મારૂં માનો તો મક્કહ પાછા વળો. મુહંમદને આખા અરબને હવાલે કરી દો. જો અરબના લોકો મુહંમદને પછાડી નાખે તો એથી રૂડું બીજું શું ? તમારા

---

૧. હકીમ બિન હિઝામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત ખદીજહ રદિયલ્લાહુ અન્હાના ભત્રીજા થતા હતા. "હ"

૨. અમ્ર બિન અલ-હદ્રમીનું બયાન પ્રકરણ ૯૧ "કુરૈશી કાફલા સાથે ઝપાઝપી"માં આવી ગયું છે નખલહ સ્થળે હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુએ તેને તીર છોડીને મારી નાખ્યો હતો. "ક"

દિલની મુરાદ બર આવી જશે. પણ માની લો કે એથી ઊલટો મામલો બને તો મને યકીન છે કે, મુહંમદ કદી તમારી છેડતી નહિ કરે જ્યાં સુધી કે તમે તેની છેડતી નહિ કરો !'' [૧]

અબૂ જહલની ફિત્નાખોરી----------હકીમ બિન હિઝામ કહે છે : ઉત્બહ બિન રબીઅહ પાસેથી ઊપડીને હું સીધો અબૂ જહલ પાસે પહોંચી ગયો. મેં જોયું કે તે પોતાનું બખતર પેટીમાંથી કાઢીને લડાઈની તૈયારી કરી રહ્યો છે. મેં તેને કહ્યું, ''હે અબુલ-હકમ ! ઉત્બહએ મને આ સંદેશો આપીને તમારી પાસે મોકલ્યાં છે.'' (તેણે સંદેશાની વિગત કહી સંભળાવી.)

ઉત્બહનો સંદેશો સાંભળતા જ અબૂ જહલ સળગી ઊઠયો. ગુસ્સાથી વળ ખાતાં મોટેથી બોલ્યો, ''ઉત્બહએ જ્યારથી મુહંમદ અને તેના સાથીઓને જોયા છે, તેનું ફેફસું ફૂલી ગયું છે. મુહંમદના ડરથી તેને પોતિયાં ઢીલાં થઈ ગયાં છે. વલ્લાહ ! આમ હરગિઝ બનવાનું નથી. જ્યાં સુધી કે અલ્લાહ આપણી વચ્ચે અને મુહંમદ વચ્ચે ફેસલો નહિ કરી દે, અમે પાછા વળવાના નથી. ઉત્બહએ આમ એટલા માટે કહ્યું છે કે તેનો છોકરો પણ મુહંમદના પક્ષે આવેલો છે. ઉત્બહને આ વાતનો ડર છે કે આપણે લડાઈના મેદાનમાં તેના છોકરાને પણ કાપીને ફેંકી દઈશું. [૨] સાંભળો, મુહંમદ અને તેના સાથીઓની સંખ્યા માત્ર એક ઊંટનું માંસ ખાય શકે તેટલી જ છે. ઉત્બહ જાણે છે કે આપણે એ બધાને કાપીને ફેંકી દઈશું. એટલે જ તે મક્કહ પાછા વળવાની સલાહ આપે છે. ''

આમિર અલ-હઝ્રમીની બૂમરાણ----------અબૂ જહલે એજ ઉશ્કેરાટની હાલતમાં અમ્ર બિન અલ-હઝ્રમીના ભાઈ આમિર બિન અલ-હઝ્રમીને બોલાવીને કહ્યું, ''અલ્યા જુએ છે શું ? મળેલી તક છટકી જવાની અણી પર છે. તારો કરારી ઉત્બહ બધાને મક્કહ પાછા વળવાની સલાહ આપે છે. જા, કુરૈશને તારા ભાઈનું ખૂન યાદ અપાવ અને મેદાનમાં નીકળીને વેરનો પડકાર ગજાવી દે !''

આમિર બિન અલ-હઝ્રમી એજ વેળા કુરૈશની વચ્ચે ઊભો થઈ ગયો. તેણે પોતાનું પહેરણ ફાડી નાખ્યું. બનેલા બનાવની વિગત રજૂ કરી અને પછી ભાઈના છાજિયાં લેતાં પોક મૂકીને ચિલ્લાયો, ''વા અમ્રહ ! વા અમ્રહ !''હાય અમ્ર ! હાય હાય રે અમ્ર !

એના પડઘા રૂપે લાગતો જ યુધ્ધનો દાવાનળ પ્રકટી ઊઠયો. ઉલઝેલા મામલાને સુલઝાવવાનું કોઈના કાબૂમાં ન રહ્યું. યુધ્ધે ચઢેલા યોધ્ધાઓ ખાંડાના ખેલ માટે થનગની રહ્યા. ઉત્બહ બિન રબીઅહએ સુલેહનો જે માર્ગ સૂચવ્યો હતો તેના ભૂક્કા વેરાય ગયા.

અબૂ જહલની જહાલતનો જવાબ----------ઉત્બહ બિન રબીઅહને જ્યારે અબૂ જહલના આ ઝેરીલા ટોણાની ખબર પડી કે, ઉત્બહનું ફેફસું ફૂલી ગયું છે તો તે આવેશથી બોલી ઊઠયો, ''એ બાયલાને

---

૧. ઉત્બહ બિન રબીઅહ કુરૈશના ટોચના અને સગોમાંથી બહુ શાણો, ઠરેલ સ્વભાવનો ગૃહસ્થ હતો. એટલે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે એને લાલ ઊંટ પર બેસીને મેદાનમાંથી નીકળતો જોયો તો ફરમાવ્યું હતું, ''આ લોકોમાંથી કોઈનામાં કંઈ ભલાઈ હોય તો તે આ લાલ ઊંટવાળા પાસે હશે.'' આજે લશ્કરની લગામ બેશક ઉત્બહના હાથમાં હતી પણ લશ્કરીઓની લગામ અબૂ જહલના હાથમાં હતી. ઉત્બહનું કંઈ ચાલી શક્યું નહિ અને અબૂ જહલની જહાલતે કુરૈશી લશ્કરનું ધાણ કાઢી નાખ્યું. ''હ''

૨. ઉત્બહ બિન રબીઅહના ફરઝંદ હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરમાં બદ્રના મેદાનમાં હાજર હતા. એટલે જ અબૂ જહલે તેને બેટાનો ટાણો મારવાની તક ઝડપી લીધી. ''હ''

જલ્દી ખબર પડી જશે કે કેફસું કોનું ફૂલી ગયું; એનું કે મારૂં ?''

એજ વેળા ઉત્બહએ માથે મૂકવાના લોખંડી ટોપની માગણી કરી. એક પછી એક લોખંડી ટોપ લાવવામાં આવ્યા પણ ઉત્બહની ખોપરી મોટી હોવાથી કોઈના લોખંડી ટોપમાં તેનું માથું સમાયું નહિ ત્યારે તેણે એક ચાદર માથા ફરતે વીંટાળી લીધી.

અસ્વદ મખ્ઝૂમીની પ્રતિજ્ઞા — — ઇબ્ને ઇસ્હાક કહે છેઃ કુરૈશના લશ્કરમાં અસ્વદ બિન અબ્દુલ-અસદ અલ-મખ્ઝૂમી એક તુમાખીખોર, અવળચંડો અને કમજાત શખ્સ હતો. લશ્કરમાંથી નીકળીને ઊભો થઈ ગયો અને પ્રતિજ્ઞા લેતો બોલ્યો, ''કાં હું મુહંમદની તલાવડીનું પાણી પીઈશ, કાં તેને તોડી નાખીશ, કાં તેના માટે મારા પ્રાણ આપી દઈશ !''

અલ્લાહના સોગંદપૂર્વકની પ્રતિજ્ઞા લઈને તે ઝપાટાભેર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તલાવડી તરફ ધસી ગયો. તેને ધસારાભેર આવતો જોઈને અલ્લાહના સિંહ હઝરત હમ્ઝહ તલવાર લઈને ઊભા થઈ ગયા અને તેને પડકારતાં બોલ્યા, ''ખબરદાર ! આગળ વધ્યો તો તારા બે ટુકડા કરી નાખીશ.''

આ ધમકીની દરકાર નહિ કરતાં તે હઝરત હમ્ઝહ સાથે બાખડી પડ્યો અને ઝપાઝપી કરવા લાગ્યો. ત્યારે હઝરત હમ્ઝહએ તેના પગ પર તલવારનો ફટકો માર્યો જેનાથી તેનો પગ પિંડલીની વચ્ચેથી કપાઈને ઊડી ગયો. આમ છતાં તે પોતાના ઝનૂનમાં તલાવડી તરફ બઢવે ગયો પણ ત્યાં પહોંચવા પહેલાં પીઠભેર ભોંયે પછડાયો. તેના કપાયેલા પગથી લોહીનો ફૂવારો તેના સાથીઓ તરફ ઊડતો હતો. આ દશામાં પણ તે ભોંય પર ઢસડાતો તલાવડી તરફ બઢતો ગયો કે જેથી તેનું પાણી પીને કે તેને ગંદું કરીને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરે. હઝરત હમ્ઝહ પણ તેની પૂઠે ગયા અને તલવારનો બીજો ફટકો મારીને તેને જહન્નમ રસીદ કરી દીધો.

હાથોહાથના યુધ્ધનો પડકાર- — —ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી કુરૈશી લશ્કરનો સિપહસાલાર ઉત્બહ બિન રબીઅહ લશ્કરમાંથી નીકળ્યો. તેણે પોતાના ભાઈ શૈબહ બિન રબીઅહ અને પોતાના પુત્ર વલીદ બિન ઉત્બહને સાથે લીધા અને લશ્કરમાંથી નીકળીને તલવારો ચમકાવતા મેદાનમાં આવીને ઊભા થઈ ગયા. ઉત્બહએ યુધ્ધની ગર્જના કરતાં હાથોહાથની લડાઈનો પડકાર ફેંક્યો, ''હલ મિમ મુબારિઝ ?''છે કોઈ મર્દબચ્ચો મુકાબલે આવનારો ?

તેનો પડકાર ઝીલીને ઇસ્લામી લશ્કરમાંથી મદીનહના ત્રણ અન્સારી જવાનો નીકળી આવ્યા. એમાં હારિસના બે પુત્રો હઝરત ઔફ બિન હારિસ અને હઝરત મુઅવ્વઝ બિન હારિસ હતા. બંને જવાનોની અમ્માંજીનું નામ બીબી અફરાઅ હતું. ત્રીજા જવાન હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા હતા. [1]

જ્યારે ત્રણે જવાનો મેદાનમાં સામે આવી ગયા તો ઉત્બહએ પૂછ્યું, ''મન અન્તુમ ?'' તમે કોણ છો?

૧. હઝરત ઔફ અને હઝરત મુઅવ્વઝના બાપાજીનું નામ હારિસ હતું. અને માનું નામ અફરાઅ હતું. હારિસથી ત્રણ બેટા થયા : ઔફ, મુઅવ્વઝ અને મુઆઝ. હારિસના મરણ બાદ બીબી અફરાઅ, બુકૈર બિન યાલીલના નિકાહમાં આવ્યાં. બુકૈરથી ચાર બેટા થયા : ઇયાસ, આકિલ, ખાલિદ અને આમિર. હઝરત બીબી અફરાઅની આ વિશેષતા છે કે અલ્લાહએ એમને સાત પુત્રો આપ્યા અને સાતે સાત પુત્રો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જંગે-બદ્રમાં પધારેલા છે. અલ્લાહ એ સૌથી રાજી હો ! (કશ્ફુલ-બારી અમ્મા ફી સહીહિલ-બુખારી જિ ૨ પા. ૬૨) ''હ''

"રહતુમ મિનલ-અન્સાર." તેઓ બોલ્યા, "અમે મદીનહના અન્સારની કૌમમાંથી છીએ."

અન્સારનું નામ સાંભળીને ઉત્બહએ માથું ધૂણાવ્યું, "મા લના બિકુમ હાજતુન." અમને તમારી જરૂર નથી, પાછા વળો.

એજ પળે ઉત્બહના સાથીઓમાંથી એક જાણે ઘાંટો ગજાવીને કહ્યું, "અખરિજ ઈલૈના યા મુહંમદ ! અકફા-અના મિન કવમિના." એટલે હે મુહંમદ ! આપણી કૌમના માણસો જેઓ અમારી જોડના હોય, એવાઓને અમારા મુકાબલે મોકલાવો.

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

"હે ઉબૈદહ બિન હારિસ ! તમે ઊભા થાવ."

"હે હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ ! તમે ઊભા થાવ."

"હે અલી બિન અબૂ તાલિબ ! તમે ઊભા થાવ."

હુકમ મળતાં જ ત્રણે વીરનરો તલવારો ચમકાવતા મુકાબલા માટે મેદાનમાં પહોંચી ગયા. ત્રણેએ પોતાના ચેહરા પર નિકાબ નાખેલો હતો. ઉત્બહએ તેઓને ઓળખ્યા નહિ. પૂછયું, "મન અન્તુમ ?"

ત્રણેએ પોતાનો પરિચય આપ્યો તો ઉત્બહએ કહ્યું, "નઅમ અકફાઅ કિરામ." હા તમે અમારી જોડના આબરૂદાર લોકોમાંથી છો.

એમાં હઝરત ઉબૈદહ બિન હારિસ ઉંમરમાં સૌથી મોટા હતા. તેઓ ઉત્બહ બિન રબીઅહના મુકાબલે આવ્યા. હઝરત હમ્ઝહ શૈબહની સામે થયા અને હઝરત અલીએ વલીદની સામે તલવાર તાણી લીધી. હાથોહાથનું યુધ્ધ જામ્યું. તલવારોની વીજળી ઝબૂકવા લાગી. હઝરત હમ્ઝહએ પળની ઢીલ આપ્યા વિના શૈબહ બિન રબીઅહને કાપીને ફેંકી દીધો. હઝરત અલીએ પણ પોતાના હરીફ વલીદ બિન ઉત્બહનું માથું આંખના પલકારામાં કાપીને ધૂળ ચાટતું કરી દીધું. હઝરત ઉબૈદહ અને ઉત્બહની તલવારો ટકરાવા લાગી. તેઓ પેંતરા બદલી-બદલીને એકબીજા પર વાર કરતા રહ્યા. છેવટે બંનેએ એકબીજાને ઘાયલ કરીને બેસાડી દીધા અને હલનચલનથી બંને લાચાર થઇ ગયા. હઝરત હમ્ઝહ અને હઝરત અલીએ આગળ વધીને ઉત્બહને કતલ કરી નાખ્યો અને પોતાના સાથીને ઉપાડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઇ ગયા. [૧]

બે લશ્કરો સામસામે————એ પછી બંને લશ્કરો એકબીજાની સામે આવી ગયાં. આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને તાકીદી હુકમ આપતાં ફરમાવ્યું : "જ્યાં સુધી મારો હુકમ નહિ મળે, આક્રમણ કરવું નહિ !" આપે એમ પણ ફરમાવ્યું:

ઈન ઈક-ત-ન-ફ કુમુલ કવમુ	જો આ લોકો તમને ઘેરી લે
ફન-દહૂ-હુમ અન્કુમ બિન-નબ્લ.	તો બચાવ માટે તેઓ પર તીર વરસાવતા રહો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝૂંપડીમાં હઝરત અબૂબક્ર સિદ્દીક સાથે બિરાજમાન હતા.

---

૧. એજ ઘવાયેલી હાલતમાં હઝરત ઉબૈદહ રદિયલ્લાહુ અન્હુએ આપના પવિત્ર ચરણો પર માથું નાખી દીધું અને પૂછયું, "યા રસૂલુલ્લાહ! શું હું શહીદ નથી ?" આપે ફરમાવ્યું, "અશ્હદુ અન્નક શહીદુન." હું સાક્ષી આપું છું કે બેશક તમે શહીદ છો. એ પછી હઝરત ઉબૈદહ વફાત પામ્યા. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૭૬) "ક"

Maktabe Ashraf

બદ્રનું યુદ્ધ શુક્રવારના દિવસે, રમઝાનની ૧૭ તારીખે ખેલાયું. એ અબૂ જઅફર મુહંમદ બિન અલી બિન હુસૈનની રિવાયત છે.[1]

ઇસ્લામી કતારોની દુરૂસ્તી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હબ્બાન બિન વાસિઅ બિન હબ્બાને પોતાની કૌમના ધર્મજ્ઞાનીઓની આ રિવાયત કહી સંભળાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બદ્રને દિવસે પોતાના સહાબાની સફો દુરસ્ત કીધી. આપના મુબારક હાથમાં એક તીર હતું જેનાથી આપ સહાબાની સફો સીધી ફરમાવતા હતા. સફો સીધી કરતી વેળા જ્યારે આપ, બનૂ અદી બિન નજ્જારના કરારી, હઝરત સવાદ બિન ગઝિય્યહ પાસેથી પસાર થયા તો આપે જોયું, તેઓ કતારમાંથી આગળ નીકળી આવેલા છે. આપે તેમના પેટમાં પેલું તીર અડાડીને ફરમાવ્યું, "હે સવાદ ! સફમાં સીધા ઊભા રહો !"

આશિકે-રસૂલની અજીબ હરકત——————પેટ સાથે તીરનો સ્પર્શ થતાં જ હઝરત સવાદ બિન ગઝિય્યહ પોકારી ઊઠયા, "યા રસૂલલ્લાહ ! આપે પોતાના તીરથી મને તકલીફ પહોંચાડી દીધી, જ્યારે કે અલ્લાહએ તો આપને ન્યાય અને સત્ય સાથે મોકલ્યા છે. હવે મારે એનો બદલો લેવો છે."

આપે એજ વેળા પોતાના મુબારક પેટ પરથી પહેરણ હટાવીને ફરમાવ્યું, "હા સવાદ ! લ્યો બદલો વાળી લો."

આ સાંભળતાં જ હઝરત સવાદ આગળ વધ્યા. માન અદબ અને પ્રેમના અપૂર્વ જુસ્સાથી આપના નૂરાની સીના સાથે વળગી પડયા. આપના મુબારક પેટ પર ચુંબનો આપ્યાં. પોતાની આંખો અને ચેહરો નૂરાની પેટ સાથે લગાડયો અને આંખો ઢાળીને એક તુચ્છ ગુલામ પેઠે ઊભા રહી ગયા.

"હે સવાદ !" આપે ફરમાવ્યું, "આ શી હરકત છે જે અત્યારે તારી તરફથી જાહેર થઇ ?"

"યા રસૂલલ્લાહ !" સવાદ ગદ્ગદ સ્વરે બા-અદબ બોલ્યા, "જે કટોકટી અત્યારે સર્જાયેલી છે તે આપણી આંખ સામે છે. મને થયું કે કટોકટીની આ પળોમાં, મારા મહબૂબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની બદન સાથે, મુજ ગુલામના બદનનો સ્પર્શ થઇ જાય તો દીનો-દુનિયામાં મારો બેડો પાર થઇ જાય."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સવાદ માટે ભલાઇની દુઆ ફરમાવી.

ઇબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારોએ આ સહાબીના નામનો સવાદને બદલે "સવ્વાદ" ઉચ્ચાર કર્યો છે કેમકે સવાદ નામે અન્સારમાંથી બીજા એક સહાબી હતા.

બારગાહે-ઇલાહીમાં ગદ્ગદ દુઆઓ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઇસ્લામી લશ્કરની કતારો દુરસ્ત કરીને છાપરામાં તશરીફ લઇ ગયા. હઝરત અબૂબક્ર સિવાય આપની સાથે છાપરામાં કોઇ ન હતું. આપ પોતાના પાલનહારની બારગાહમાં, તેની મદદનો વાયદો પૂરો કરાવવાની દુઆઓમાં, એક ચિત્તે તન્મય બની ગયા. હવે આપ હતા અને આપનો પાલનહાર હતો. અબ્દ અને મઅબૂદ વચ્ચે રાઝો-નિયાઝની વાતો થવા લાગી. આપ પોતાના પાલનહારને કસમો પર કસમો આપીને દુઆઓ માગવા લાગ્યા. આ પ્રસંગના જે દુઆઓ હદીસોમાં વર્ણવી છે તેમાં આ શબ્દો પણ હતા :

---

૧. જંગે-બદ્રની તારીખ : ૧૭ રમઝાન હિજરી સન ૨. ઇસ્વી સન ૬૨૫ માર્ચ.

Maktabe Ashraf

અલ્લાહુમ્મ અનજિઝ-લી	હે અલ્લાહ ! પૂરો કર તે વાયદો
મા વઅદ-તની.	જેને પૂરો કરવાનું તેં મને વચન આપ્યું છે.
અલ્લાહુમ્મ ઈન તહલિક	હે અલ્લાહ ! અગર હલાક થઈ ગઈ
હાઝિહિલ-ઈસાબહ,	આ નાનકડી જમાઅત
મિન અહલિલ-ઈસ્લામ,	મુસલમાનોમાંથી, તો
લા તઅબુદુ ફીલ-અર્દ.	તારી પૂજા થવાની નથી ધરતી પર.

આપ બેહદ ગદ્‌ગદ સ્વરે પૂરી તન્મયતા સાથે દુઆઓ માગવામાં તલ્લીન હતા. દયા ઉપજાવે તેવી કરૂણા અને સંવેદના આપના નૂરાની મુખડા પર છવાયેલી હતી. પછી જ્યારે આપની કાકલૂદીઓ છેક દયાજનક અને રોમાંચક બની ગઈ તો હઝરત અબૂબક્રને આપની દયા આવી ગઈ. તેમણે રડમશ સ્વરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! બસ કરો. દુઆઓમાં કમી કરો. અલ્લાહએ આપની દુઆઓ સાંભળી લીધી છે અને જે કંઈ વાયદો અલ્લાએ આપને ફરમાવ્યો છે, અલ્લાહ જરૂર તેને પૂરો કરશે. અલ્લાહએ જે કંઈ વાયદો આપને ફરમાવ્યો છે, અલ્લાહ જરૂર તેને પૂરો કરશે."

દુઆઓની એજ એકાગ્રતા અને તલ્લીનતામાં થોડીક પળો માટે આપની ઉપર તંદ્રાની કૈફીયત છવાઇ ગઇ. પછી જાણે ચોંકીને અચાનક જાગી ગયા હોય તેમ આપનું મુબારક સર હાલી ઊઠ્યું. એ પછી આપ પૂરી રીતે તંદ્રામાંથી જાગી ગયા અને જાગતાં જ ફરમાવ્યું :

અબ્શિર યા અબાબક્ર !	ખુશખબર હો હે અબૂબક્ર !
અતાક નસરુલ-લાહિ.	આવી લાગી તમારી પાસે અલ્લાહની મદદ,
હાઝા જિબ્રીલ	આ રહ્યા જિબ્રીલ !
આખિઝુમ બિ ઈનાને ફરસિન	આવેલા છે પોતાના ઘોડાની લગામ પકડીને,
યકૂદુહુ અલા સનાયા-હુન-નકઉ.	ઘોડાના સામેના દાંતો પર ધૂળ ચોંટેલી છે.

એટલે મેદાનમાં જે ઘમસાણનું યુધ્ધ ચાલી રહ્યું છે તેમાંથી ઊડનારી ધૂળ હઝરત જિબ્રીલના ઘોડાના આગલા દાંતો પર ચોંટેલી છે.

જંગે-બદ્રના સૌથી પહેલા શહીદો————ઇબ્ને ઈસ્હાક કહે છેઃ તે વેળા યુધ્ધની પરિસ્થિતિ એવી હતી કે તલવારોની ખટાખટ સાથે તીરો પણ સનસનાટ કરતાં આવી રહ્યાં હતાં. અચાનક એક તીર સનસનાટ કરતું દુશ્મન તરફથી આવીને હઝરત ઉમર બિન ખત્તાબના આઝાદ ગુલામ હઝરત મિહજઅને એવું ભોંકાયું કે તેઓ પોતાની જગાએ જ શહીદ થઇ ગયા. હઝરત મિહજઅ મુસલમાનોને પક્ષે જંગે-બદ્રના પહેલા શહીદ હતા. અલ્લાહ એમનાથી રાજી હો !

એ પછી બનૂ અદી બિન નજ્જારવાળા હઝરત હારિસાહ બિન સુરાકહ નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક અન્સારી સહાબી તરફ એક તીર સનસનાટ કરતું આવી રહ્યું. તેઓ ઈસ્લામી લશ્કરની તલાવડીમાંથી પાણી પી રહ્યા હતા. દુશ્મન તરફથી આવેલા તીરે હઝરત હારિસહનું ગળું છેદી નાખ્યું અને તેઓ પણ ત્યાં જ શહીદ થઇ ગયા. અલ્લાહ રાજી હો એમનાથી !

જિહાદનું પ્રેરક પ્રવચન————ઇબ્ને ઈસ્હાક કહે છેઃ અલ્લાહ તઆલા તરફથી વિજયની વધામણી

મળી ગઈ હતી. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝૂંપડીમાંથી નીકળીને મુસલમાનો તરફ પધાર્યા. મુજાહિદોને જિહાદની પ્રેરણા આપતાં આપે ફરમાવ્યું :

વલ્લઝી નફ્સુ મુહમ્મદિન-બિ-યદિહી	સોગંદ છે તેના, જેના અધિકારમાં મુહંમદના પ્રાણ છે.
લા યુકાતિલુ-હુમુલ-યવમ રજુલુન	જંગ કરશે દુશ્મન સાથે આજે જે કોઈ માણસ,
ફ - યુક-તલુ સાબિરન	પછી માર્યો જશે મક્કમ રહીને,
મુહ તસિબન	નેકી કે સવાબનું કામ સમજીને,
મુક-બિલન	આગળ ધસી-ધસીને,
ગૈર મુદ-બિરિન	પૂઠ ફેરવ્યા વગર,
ઈલ્લદ્-ખ-લ્ હુલ્લાહુ-જન્નહ	તો દાખલ કરશે અલ્લાહ તેને જન્નતમાં.[1]

જિહાદનો જોશ, સહાબાની ફિદાકારી————અનૂ સલમહ વાળા હઝરત ઉમૈર બિન હુમામના હાથમાં થોડીક ખજૂરો હતી, જેને તેઓ ખાઈ રહ્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શબ્દો સાંભળતાં જ બોલી ઊઠ્યા, "અહાહા ! શું મારી વચ્ચે અને જન્નત વચ્ચે આટલું જ અંતર છે કે હું કાફિરોના હાથે શહીદ થઈ જાઉં ?"

આટલી જ તેમણે ખજૂરો હાથમાંથી ફગોટી દીધી. હાથમાં તલવાર પકડી લીધી. દુશ્મનો પર તૂટી પડ્યા. અહીં સુધી લડ્યા કે અનેકને કતલ કરીને પોતે પણ શહીદ થઈ ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે, હઝરત ઔફ બિન હારિસ, જેમના અમ્માંજીનું નામ બીબી અફરાઅ હતું, તેમણે આપને પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! બંદાની કઈ વાત અલ્લાહને ખુશ કરી દે છે ?"

આપે ફરમાવ્યું, "જ્યારે તે બખ્તર વગરનો હોવા છતાં પોતાના હાથ દુશ્મનના લોહીમાં ડુબાડી દે!"

એજ વેળા બીબી અફરાઅના લાડીલાએ પહેરેલું બખ્તર કાઢીને ફેંકી દીધું. તલવાર હાથમાં લીધી. દુશ્મનો પર ત્રાટકી પડ્યા અને ત્યાં સુધી લડ્યા કે પોતે શહીદ થઈ ગયા.

અબૂ જહલનો શ્રાપ— — — ——ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરીએ બનૂ ઝુહરહના હલીફ અબ્દુલ્લાહ બિન સઅલબા બિન સુઐર અઝરીની આ રિવાયત સંભળાવી. તેમણે કહ્યું, 'જ્યારે બંને લશ્કરો એકબીજાના મુકાબલા માટે સામસામે આવી ગયાં તો અબૂ જહલ આગળ વધ્યો. લશ્કરની સામે મેદાનમાં આવ્યો. તેણે પોતાના બંને હાથ ઊંચા કર્યા અને બારગાહે-ઈલાહીમાં દુઆ માગતાં ઊંચા સાદે કહ્યું :

"હે અલ્લાહ ! અમારામાંથી જે માણસ સગપણ-સંબંધને તોડી નાખનારો હોય અને બાપદાદાએ નહિ સાંભળી હોય તેવી વાતો રજૂ કરનારો હોય, આજની લડાઈમાં તેનો વિનાશ બોલાવી દેજે !"

[1]. એટલે મારા સહાબામાંથી આજે જે કોઈ વીરનર મક્કમ પગલે, આગળ ધસીધસીને અને મરણિયો થઈને અને જિહાદને....અલ્લાહની ઈબાદત સમજીને, પૂઠ ફેરવ્યા વગર દુશ્મન સાથે લડશે અને શહીદ થઈ જશે તો અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે. "હ"

Maktabe Ashraf

રાવીનું કથન છે : આ શ્રાપ કે બદ-દુઆ માગીને અબૂ જહલે, પોતાની અને પોતાના લશ્કરની બરબાદીનો દરવાજો પોતે ખોલી નાખ્યો. બારગાહે-ઇલાહીમાં તેની આ દુઆ કબૂલ થઇ ગઇ. તે પોતે બરબાદ થયો અને તેનું લશ્કર પણ આ લડાઇમાં બરબાદ થયું.[૧]

દુશ્મન તરફ મુઠ્ઠીભર કાંકરી————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જમીન પરથી મુઠ્ઠીભર કાંકરીઓ ઉપાડી લીધી અને કુરૈશી લશ્કર તરફ મુખ કરીને ફરમાવ્યું:

'શાહતિલ-વુજૂહ ! ''ચેહરાઓ કાળા પડો ! મોઢાંઓ વિકૃત બનો !

આમ ફરમાવીને કાંકરીઓ આપે દુશ્મન તરફ ઉછાળી મૂકી અને પોતાના સહાબાને ફરમાવ્યું ''દુશ્મનો પર તૂટી પડો !''

આપનો હુકમ મળતાં જ સહાબા દુશ્મનો પર તૂટી પડયા. મારતા-મારતા આગળ બઢયે ગયા અને કુરૈશી લશ્કરનો પરાજય થઇ ગયો. અલ્લાહ તઆલાએ તેઓના અનેક નામચીન સૂરમાઓને કતલ કરાવી નાખ્યા અને તેઓના ઘણાખરા ટોચના સરદારોને કેદ કરાવ્યા.

જયારે મુસલમાન મુજાહિદો કુરૈશને કેદ કરવા લાગ્યા તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝૂંપડીમાં બિરાજમાન હતા. હઝરત સઅદ બિન મુઆઝ ઉઘાડી તલવારે ઝૂંપડીના દરવાજે પહેરો ભરતા હતા. તેમની સાથે કેટલાક અન્સાર જવાનો, અંગરક્ષકો તરીકે ખુલ્લી તલવારે ઊભેલા હતા કે, રખેને દુશ્મન આપની ઉપર હુમલો ન કરી દે !

સંપાદકની નોંધ : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશી લશ્કર તરફ ઉછાળેલી મુઠ્ઠીભર કાંકરીઓનું બયાન કુર્આન-મજીદમાં આ રીતે થયું છે :

વમા રમૈત	હે નબી ! એ કાંકરી તમે નહિ ફેંકી,
ઇઝ રમૈત,	જયારે કે એ કાંકરી ફેંકવામાં આવી.
વલા કિન્નલ્લાહ રમા.	બલકે અલ્લાહએ એ કાંકરી ફેંકી.

કુરૈશના એક હજારના દૂર સુધી ફેલાયેલા લશ્કરમાં કોઇ દુશ્મન સિપાહી એવો ન રહ્યો જેની આંખ કે નાક-કાનમાં કાંકરીની રજકણો ન પહોંચી ગઇ હોય. જાહેરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથથી કાંકરી ફેંકવામાં આવી પણ એક હજારના લશ્કરમાં દરેકની આંખમાં કાંકરીનું પહોંચવું તે આપનું કામ નહિ બલકે અલ્લાહનું કામ હતું. અને ખરેખર એ અલ્લાહની કુદરતનો એક અદના કરિશ્મો હતો કે, કાંકરી આંખોમાં પડતાં જ દુશ્મનના હોંજા ગગડી ગયા, હિંમતો પડી ભાંગી, પગો ઊખડી ગયા, તેઓમાં નાસભાગ મચી રહી.

સહીહ બુખારીમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુઠ્ઠીભર કાંકરી ઉપાડી તે વેળા આપની મુબારક ઝબાન પર આ આયત હતી :

સયુહ-ઝમુલ-જમ્ઉ	બહુ જ જલદી કાફિરોનું લશ્કર શિકસ્ત પામશે
વ યુવલ્લૂ-નદ-દુબુર.	અને પૂઠ ફેરવીને ભાગી ઊઠશે.

૧. જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં. કટક એટલે લશ્કર, અથવા તેના અનુયાયીઓ કે તેના પગલે ચાલનારા અંધશ્રદ્ધાળુઓ. ''હ''

કુરૈશના લશ્કરમાં સઈદ બિન આસનો જવાન પઠ્ઠો ઉબૈદહ બિન સઈદ પણ મુસલમાનો સાથે લડવા આવ્યો હતો. ઇસ્લામનો કટ્ટર દુશ્મન હતો. માથાથી પગ સુધી લોખંડમાં ડૂબેલો હતો. બખતરમાંથી આંખો સિવાય તેના બદનનો કોઈ ભાગ દેખાતો ન હતો. ઉત્બહ, શૈબહ અને વલીદ જેવા નામચીન સરદારોના માર્યા જવાથી તેની આંખોમાં ખૂન ઊતરી આવ્યું. ઝનૂનમાં આવીને મેદાનમાં દોડી ગયો અને પડકાર્યો, ''હું અબૂ કિર્શ છું !'' ૧

તેનો પડકાર ઝીલીને હઝરત ઝુબૈર મેદાનમાં પહોંચી ગયા. જોયું તો તે માથાથી પગ સુધી લોખંડી પોશાકમાં ગરકાવ હતો. માત્ર લોખંડી ટોપમાંથી તેની આંખો દેખાતી હતી. હઝરત ઝુબૈરે નિશાન તાકીને પોતાની બરછી તેની આંખોમાં એવી સિફતથી મારી કે બરછીનું ફળ તેની આંખોની આરપાર નીકળી ગયું. લાગલો જ ઢગલો થઈને તે ભોંય પર ઢળી પડ્યો. હઝરત ઝુબૈરને બરછી કાઢવા માટે તેની ખોપરી પર પગ મૂકવો પડ્યો ત્યારે જેમતેમ કરીને તે નીકળી શકી.

આ બરછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક યાદગાર તરીકે હઝરત ઝુબૈર પાસેથી માગી લીધી. આપની વફાત બાદ હઝરત અબૂબક્ર પાસે રહી. પછી હઝરત ઉમર પાસે, પછી હઝરત ઉસ્માન પાસે, પછી હઝરત અલી પાસેથી થઈને છેવટે હઝરત ઝુબૈરના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ પાસે પહોંચી ગઈ. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૯૯ હવાલો સહીહ બુખારી. સંપાદકની નોંધ પૂરી થઈ. ''હ'')

હઝરત સઅદનો અણગમો————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશી લશ્કરની નાસભાગ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝૂંપડીમાં બિરાજમાન હતા. મુસલમાન લોકો નાસતા દુશ્મનને કૈદ પકડતા હતા. હઝરત સઅદ બિન મુઆઝ ઉઘાડી તલવારે પહેરો ભરતા હતા તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સઅદના ચેહરા પર નાગવારી કે અણગમાની રેખાઓ પ્રસરેલી જોઈ તો આપે પૂછ્યું, ''સઅદ ! શું કેદીઓ પકડાઈ તે તમને પસંદ નથી ?''

હઝરત સઅદે બાઅદબ અરજ કરી, ''જી હા યા રસૂલલ્લાહ ! મુશરિકો માટે આ પહેલી આફત છે જે તેઓની ઉપર તૂટી પડી અને મુસલમાનો માટે આ પહેલો પ્રસંગ છે જેમાં અલ્લાહએ તેઓને ફતેહ આપી. મુશરિકો અલ્લાહ અને તેના રસૂલ સાથે લડવા આવ્યા હતા. મને તો એજ પસંદ હતું કે તેઓને જીવતા છોડવાને બદલે ખૂબ કતલ કરતે !''

લાચારીએ લડવા આવેલા લોકો————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્બાસ બિન અબ્દુલ્લાહ બિન મઅબદે પોતાના ઘરવાળાંઓથી અને તેઓએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત મને સંભળાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બદ્રને દિવસે પોતાના સહાબાને ફરમાવી દીધું હતું :

> ''મને સમાચાર મળ્યા છે તે મુજબ બનૂ હાશિમ અને કુરૈશના બીજા કેટલાક લોકોને બળજબરીથી જંગ માટે હાંકી લાવવામાં આવ્યા છે તેઓને આપણી સાથેની લડાઈ સિવાય કંઈ લાગેવળગે નહિ. માટે બનૂ હાશિમમાંથી કોઈ માણસ તમારી દોટે ચઢે તો તેને કતલ

---

૧. અબૂ કિર્શ : સામેવાળાને કીડીઓ પેઠે પગની એડી હેઠળ કચડી નાખનારનો બાપ. ''હ''

Maktabe Ashraf

કરવો નહિ.

"અને અબુલ-બુખ્તરી બિન હિશામ બિન હારિસ બિન અસદ તમારામાંથી કોઈની સામે આવે તો તેને કતલ કરવો નહિ.

"અને રસૂલુલ્લાહના કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ તમારામાંથી કોઈની સામે આવે તો તેમને કતલ કરવા નહિ. કેમકે એ બધાને પરાણે હાંકીને અહીં લાવવામાં આવ્યા છે."

હઝરત અબૂ હુઝૈફહની પશેમાની————આ સાંભળીને ઉત્બહના ફરઝંદ હઝરત અબૂ હુઝૈફહ (જિહાદના જુસ્સામાં) બોલી ઊઠયા, "વાહ ! અમે અમારા બાપ, દાદા, પુત્રો, પૌત્રો, ભાઈઓ અને અમારા ખાનદાનના લોકોને કતલ કરીએ અને અબ્બાસને છોડી દઈએ ? વલ્લાહ, અબ્બાસ જો મારી દોટે ચઢી જશે તો જરૂર હું તેને મારી તલવારનો કોળિયો બનાવી લઈશ !"

Maktabe Ashraf

આ વાતની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને ખબર પહોંચી તો આપે ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુને ફરમાવ્યું :

યા અબા હફ્સ ! અ યુદ-રબુ વજહુ અમ્મે રસૂલિલ્લાહિ બિસ-સૈફ ?	હે અબૂ હફ્સ ! શું ફટકો મારવામાં આવશે, રસૂલુલ્લાહના કાકાના ચહેરા પર તલવારથી ?

હઝરત ઉમરનું કથન છે : આ પહેલો પ્રસંગ હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને "અબૂ હફ્સ"ના ઉપનામે સંબોધન કર્યું.

જવાબમાં હઝરત ઉમરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો કે તેની ગરદન તલવારથી ઉડાવી દઉં. કેમકે વલ્લાહ ! અબૂ હુઝૈફહ મુનાફિક બની ગયો છે."

બાદમાં હઝરત અબૂ હુઝૈફહ રદિયલ્લાહુ અન્હુ કહ્યા કરતા, "તે દિવસે જે શબ્દો (જિહાદના જોશમાં) અનાયાસ મારી જીભથી સરી પડયા, આજે પણ તેના ભયથી હું થથરી ઊઠું છું. ખરેખર મારી એ ગંભીર ભૂલ હતી. આ ભૂલ મારા દિલની ધડકન બની ગઈ છે. સમજાતું નથી એનો બદલો કેવી રીતે વાળું ? હા, અલ્લાહના રાહમાં શહીદ થઈ જાઉં તો કદાચ એનો બદલો વળી શકે !"

હઝરત અબૂ હુઝૈફહ પોતાના જીવનમાં આ ભૂલનો સતત પસ્તાવો કરતા રહ્યા ત્યાં સુધી કે જંગે-યમામહમાં શહીદ થઈ ગયા.[૧]

અબુલ-બુખ્તરીની કમબખ્તી————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબુલ-બુખ્તરીને કતલ કરવાની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ કારણે મના ફરમાવી હતી કે, એ ઠરેલ પ્રકૃતિનો, શરીફ તબીઅતનો, સતજનોચિત ભાવનાવાળો માણસ હતો. આપ મક્કહમાં હતા ત્યારે હમેશા આપનો પક્ષ લેતો હતો. આપને નાપસંદ હોય તેવી દરેક વાતથી કુરૈશને અટકાવતો હતો. પોતાની વાતથી અબુલ-બુખ્તરીએ કદી આ

૧. બદ્રના દિવસે શરૂઆતમાં દ્વંદ્વયુદ્ધની લડાઈમાં હઝરત અબૂ હુઝૈફહ રદિયલ્લાહુ અન્હુનો બાપ, કાકો અને ભાઈ માર્યા ગયા હતા એટલે ઉત્બહ, શૈબહ અને વલીદ. આ શબ્દો જિહાદના જુસ્સામાં અનાયાસે તેમના મુખેથી સરી પડયા હતા. "હ"

કોઈ તકલીફ પહોંચાડી ન હતી. મક્કહમાં બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ વિરૂધ્ધના બહિષ્કારી પ્રેરા વેળા કુરૈશે જે અન્યાયી દસ્તાવેજ લખ્યાં હતો તેને તોડવામાં આ ભલા માણસે અગ્ર ભાગ ભજવ્યો હતો.

બદ્રના મેદાનમાં ઘમસાણનું યુધ્ધ મચેલું હતું ત્યારે અબુલ-બુખ્તરી અચાનક હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ બલવીના મુકાબલે આવી ગયો. હઝરત મુજઝ-ઝિર બલવીએ તેને સંબોધીને ફરમાવ્યું, "હે અબુલ-બુખ્તરી ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તને કતલ કરવાની અમને મના ફરમાવી છે."

અબુલ-બુખ્તરીની સાથે તેનો એક મિત્ર પણ હતો જેનું નામ જુનાદહ બિન મુલૈહા બિન્તે જુહૈર બિન હારિસ બિન અસદ હતું જે બનૂ લૈસના કબીલામાંથી હતો. બંને જિગરજાન મિત્રો હતા. મક્કહથી સાથે આવેલા હતા બંનેની સવારીઓ પણ સાથે-સાથે હતી.

જવાબમાં અબુલ-બુખ્તરી બોલ્યાં, "વારૂ તો મારા આ સાથીને પણ તું કતલ નહિ કરશેને ?"

"નહિ વલ્લાહ ! અમે તારા સાથીને નહિ છોડીએ." હઝરત મુજઝ-ઝિરે કહ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફક્ત તને કતલ નહિ કરવાનો અમને હુકમ ફરમાવ્યો છે."

"ત્યારે તો વલ્લાહ !" અબુલ-બુખ્તરી બોલ્યો, "એ હરગિઝ નહિ બની શકે. કાં અમે બંને સાથે જીવીશું કાં અમે બંને સંગાતે મરીશું. મક્કહની બેગમોનો આ ટાણો હું સહન કરી શકું નહિ કે, અબુલ બુખ્તરીએ પોતાની જાન બચાવવા પોતાના સાથીનો સંગાત છોડી દીધો."

લાચારીએ હઝરત મુજઝ-ઝિરે તેને યુધ્ધનો પડકાર ફેંક્યો. અબુલ-બુખ્તરીએ જોયું કે હવે જંગ વિના બીજો રસ્તો નથી. તેણે પણ તલવાર તાણી લીધી અને આ રણગીત લલકારતો આગળ આવી ગયો :

લંય યુસ્લે-મબ્નુ હુર-રતિન ઝમીલહૂ,[૧] • હત્તા યમૂત્ અવ યરા સબીલહૂ.

કુળવાન નારીનો જણેલો નર પોતાના સાથીને કદી છોડી શકતો નથી ; ત્યાં સુધી કે પોતે કપાઈ મરે કાં પોતાના સાથીના બચાવનો કોઈ રસ્તો કાઢે.

હઝરત મુજઝ-ઝિરનું રણગીત————સારાંશ કે હઝરત મુજઝ-ઝિરની કોઈ વાત તેણે માની નહિ. છેવટે બંને વચ્ચે મુકાબલો થયો અને હઝરત મુજઝ-ઝિરે તેને કતલ કરી નાખ્યો.

અબુલ-બુખ્તરી સાથે જંગ કરતી વેળા હઝરત મુજઝ-ઝિર આ રણગીત લલકારતા હતા :

ઇમ્મા જહિલ્તા અવ નસીતા નસબી, • ફઅસ-બિતિન નસબતા અન્ની મિન બલી.

કાં તો તું મારા નસબ એટલે વંશને ભૂલી ગયો છે અથવા તેનાથી તું અજ્ઞાત છે. પોતાના મગજમાં સારી રીતે ઠસાવી લે કે હું બનૂ બલીના વંશમાંથી છું.

અત-તાઇનીન બિ-રિમાહિલ-યઝની, • વદ-દારેબી-નલ કબ્શ હત્તા યન્હની.

આ તે વંશ છે જેના વીરનરો ભાલાઓથી જંગ ખેલતા રહે છે અને કબીલાના આગેવાન જ્યાં સુધી નમે નહિ ત્યાં સુધી વાર કરતા રહે છે.

બશ-શર બીતુમ મિન અબીહિલ બુખ્તરી, • અવ બશ-શિર્ન બિ-મિસ્લેહા મિન્ની બની.

૧. ઝમીલ : એવો સાથી જે સવારીની પાછળ બેઠેલો હોય અથવા જેની સવારી જોડેજોડ હોય. એવા સાથીને ઉર્દૂમાં "હમ રેકાબ" કહે છે. "હ"

Maktabe Ashraf

અબુલ-બુખ્તરીને તેના બાપથી વિખૂટા પડવાની વધામણી આપી દો અથવા તમે બંને મારાં બાળકોને એવી જ ખુશખબરી સંભળાવી દો !

અનલ લઝી યુકાલુ અસ્લી મિમ બલી, • અ-તઅનુ બિસ-સઅદતે હત્તા તન્સની.

હું જ તે છું જેના વિશે કહેવાય છે કે મારૂં કુળ બનૂ બલી છે.હું ભાલાનું ફળ વાંકું નહિ વળી જાય ત્યાં સુધી વાર કરતો રહું છું.

વઅ-બિતુલ-કિર્ન બિ અદબિન મશરેકી, • અરઝિમુ લિલ-મવતે ક-ઇરઝામિમ મરી.

ફલા તરા મુજઝ-ઝિરન યફરી ફરી.

મારા હરીફને હું મશરિકી તલવારથી કતલ કરૂં છું. મોત માટે હું તે ઊંટણી પેઠે બરાડું છું જેનું દૂધ તેના થાનમાં અટકી ગયું હોય. મુજઝ-ઝિરને તું વિચિત્ર વાતો કરતાં નહિ જુએ ! (હું જે કહું છું તે કરીને દેખાડું છું.)

ઇબ્ને હિશામ કહે છે : છેલ્લા શેઅરની બીજી કડીમાં ''અલ-મરી''શબ્દ આવેલો છે એની રિવાયત ઇબ્ને ઇસ્હાકને બદલે બીજા જાણકારોથી મને મળી છે અને ''અલ-મરી''ના અર્થ એવી ઊંટણી જેનું દૂધ મહામુશ્કેલીએ દોહી શકાતું હોય.

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ બલવી [1] રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! તે અલ્લાહના સોગંદ જેણે આપને સચ્ચાઇની સાથે પોતાના પયગમ્બર બનાવીને મોકલ્યા છે, મેં અબુલ-બુખ્તરીને આપના ફરમાન મુજબ બચાવી લેવાની પૂરી કોશિશ કરી કે, તેને જીવતો પકડીને આપની તહેનાતમાં હાજર કરૂં. પણ જંગ વિના મારી કોઇ વાત તાણે માની નહિ. જ્યારે મેં જોયું કે જંગ વિના બીજો રસ્તો નથી તો લાચારીએ મારે તેની સાથે લડવું પડયું અને મેં તેને મારી નાખ્યો.''

ઇબ્ને હિશામ કહે છે : અબુલ-બુખ્તરીનું અસલી નામ આસ બિન હિશામ બિન હારિસ બિન અસદ હતું.

---

૧. મુજઝ-ઝરના અર્થ : જાડા કદનો, મજબૂત હાથપગનો, ગંઠાયેલા શરીરનો આદમી. એવું ઊંટ જેના હાડકાં અને સાંધાઓ પર ખૂબ માંસ ચડેલું હોય. (બયાનુલ-લિસાન પેજ ૬૯૪) ''હ''

પ્રકરણ ૯૪

ગઝવએ-બદ્રમાં અલ્લાહની ગૈબી મદદ

ઉમૈયહ બિન ખલફનો અંજામ • આજે એ નહિ કે હું નહિ ! • જંગે-બદ્રમાં ફરિશ્તાઓની હાજરી • અબૂ જહલનું રણગીત • લશ્કરનો સંકેત શબ્દ • અબૂ જહલનો અંજામ • હઝરત મુઆઝ બિન અમ્રની જવાંમર્દી • અબૂ જહલની છેલ્લી પળો • અબૂ જહલની આપવડાઈ • અબૂ જહલનું માથું • અવ્સ બિન હિશામની કતલ • લાકડાની તલવાર ખરેખરી તલવાર • હઝરત ઉક્કાશહને જન્નતની બશારત • લડાઈમાં બાપ-બેટાનો સામનો • મુશરિકોના મુરદાંઓને સંબોધન • હઝરત હસ્સાનના શેઅરો • મુસ્લિમ બેટાના ઈમાનની શાન • કુરૈશ પક્ષે માર્યા ગયેલા મુસ્લિમ જવાનો.

ઉમૈયહ બિન ખલફનો અંજામ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહ્યા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના પિતાજીની રિવાયત કહી સંભળાવી. એજ રિવાયત અબ્દુલ્લાહ બિન અબીબક્રે પણ બયાન કરી અને આ બંને ગૃહસ્થો ઉપરાંત બીજા માહિતગારોએ પણ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હુની એજ રિવાયત મને કહી સંભળાવી.

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફનું બયાન છે : ''મક્કહમાં ઉમૈયહ બિન ખલફ નામે કુરૈશી અગ્રેસર મારો દોસ્ત હતો. હું મુસલમાન બન્યો તે પહેલાં મારૂં નામ અબ્દે-અમ્ર હતું. મુસલમાન બનવા પછી મેં મારૂં નામ અબ્દુર્રહમાન રાખી લીધું. તે સમયે અમે બધા મક્કહમાં જ રહેતા હતા.

એક દિવસે મારા દોસ્ત ઉમૈયહ બિન ખલફે મને કહ્યું, ''ભલા માણસ ! તારા બાપે તારૂં નામ અબ્દે-અમ્ર રાખ્યું હતું. એ કેટલું રૂડું રૂપાળું નામ છે ! શું તને પોતાના એ નામથી નફરત છે કે તેં પોતાનું અબ્દુર્રહમાન નામ રાખી લીધું ?''

મેં કહ્યું, ''હા મને એ નામથી નફરત છે.''

ઉમૈયહ બોલ્યો, ''એટલે જ તો જ્યારે હું તને જૂના નામે બોલાવું છું તો તું જવાબ નથી આપતો. હવે પોતાનું કોઈ એવું નામ બતાવ કે તેજ નામે હું તને બોલાવ્યા કરૂં !''

મેં કહ્યું, ''મારૂં નવું નામ અબ્દુર્રહમાન છે. એ નામે મને બોલાવ્યા કર.''

તે બોલ્યો, ''નહિજી બિલકુલ નહિ. કેમકે રહમાન કોણ વ્યક્તિ છે તે અમે નથી જાણતા. તારૂં આ

Maktabe Ashraf

ઇસ્લામી નામ મને બહુ વિચિત્ર લાગે છે."

મેં કહ્યું, "હે અબૂ અલી ! એમ જ હોય તો તું પોતે મારૂં કોઈ નામ રાખી લે." [૧]

ઉમૈયહ બોલ્યો, "વારૂ તો હું તારૂં નામ અબ્દુલ-ઈલાહ રાખું છું આજથી એજ નામે હું તને બોલાવ્યા કરીશ. બોલ કબૂલ છે ?"

મેં કહ્યું, "એ તો બહુ જ સુંદર અને પ્યારૂં નામ છે. મને કબૂલ છે."

એ પછી ઉમૈયહ બિન ખલફ એજ નામે મને હાંક મારતો તો હું તરત જવાબ આપી દેતો. પણ જ્યારે અબ્દે અમ્રના જૂના નામે બોલાવતો તો સાંભળવા છતાં હું જવાબ નહિ આપતો.

એ પછી જ્યારે બદ્રનો દિવસ આવ્યો અને લડાઈમાં કુરૈશનો પરાજય થયો તો નાસતા દુશ્મનના ઘણા બખતરો લૂંટમાં મારે હાથ લાગ્યાં. હું એ બખતરો ઉપાડીને જઈ રહ્યો હતો ત્યાં તો અચાનક ઉમૈયહ બિન ખલફ પર મારી નજર પડી. તે પોતાના જવાન બેટા અલીનો હાથ ઝાલીને પરેશાન દશાએ મેદાનમાં ઊભેલો હતો. મને જોતાં જ તે પોકાર્યો , "હે અબ્દે-અમ્ર !"

મેં સાંભળવા છતાં જવાબ નહિ આપ્યો ત્યારે તે પોકાર્યો, "હે અબ્દે-ઈલાહ !"

મેં કહ્યું, "હા હાજર છું, બોલ શું કહેવું છે ?"

તે બોલ્યો, "ભલા માણસ ! મારો જુનો દોસ્ત હોવા છતાં તને મારી કંઈ લાગણી નથી ?"

મેં કહ્યું, "કેમ નહિ, બોલ શું કહેવું છે ?"

તે બોલ્યો, "સાંભળ આ તારી પાસે જેટલા બખતરો છે એના કરતાં , મારી અને મારા બેટાની તને વધારે કિંમત મળશે."

મેં કહ્યું, "વાહ એ તો બહુ મજાની વાત છે." આમ કહીને મેં બખતરો ફેંકી દીધાં અને ઉમૈયહ તથા તેના બેટાનો હાથ ઝાલીને આગળ વધ્યો. ચાલતાં-ચાલતાં તેણે કહ્યું, "હે દોસ્ત ! આજના જેવો આકરો દિવસ મારા જીવનમાં મેં કદી જોયો નથી. બોલ, શું તને દૂધની જરૂર નથી ?"

ઇબ્ને હિશામ કહે છે : દૂધથી તેની આ મતલબ હતી કે જે માણસ તેને કેદ કરીને લઈ જશે તો છૂટકારાના દંડ તરીકે તેને ઘણીબધી દૂધાળી ઊંટણીઓ મળવા પામશે.

આજે એ નહિ કે હું નહિ————હઝરત અબ્દુર્રહમાન બિન ઔફનું બયાન છે : "જ્યારે હું ઉમૈયહ અને તેના બેટા અલીનો હાથ ઝાલીને આગળ જવા લાગ્યો, એવી હાલતમાં કે બાપ-બેટા મારી ડાબી જમણી ચાલતા હતા અને હું વચ્ચે હતો, તો અચાનક ઉમૈયહએ એક શખ્સ તરફ આંગળી ચીંધીને મને પૂછ્યું, "હે અબ્દુલ-ઈલાહ ! પેલો બાંકો જવાન કોણ છે જેના સીના પર શાહમૃગના પીછાં શોભી રહ્યાં છે ?"

મેં કહ્યું, "એ હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ છે."

ઉમૈયહ બોલ્યો, "એજ તે માણસ છે જેણે આજે અમને બહુ મોટું નુકસાન પહોંચાડ્યું છે."

બાપબેટાના હાથ ઝાલીને હું મેદાનમાં આગળ જવા લાગ્યો ત્યાં જ અચાનક બિલાલની નજર ઉમૈયહ

૧. અબૂ અલી : ઉમૈયહ બિન ખલફનું ઉપનામ : આ માણસ હઝરત બિલાલ રદિયલ્લાહુ અન્હુનો મક્કહનો જૂનો શેઠ હતો. "હ"

પર પડી ગઈ. ઉમૈયહને જોતાં જ બિલાલ ચમકીને ઉભા રહી ગયા કેમકે મક્કહમાં બિલાલ એજ ઉમૈયહના ગુલામ રહી ચૂકયા હતા. મુસલમાન બનતાં જ ઉમૈયહએ બિલાલ પર કાળો કહેર વર્તાવી દીધો હતો. ઇસ્લામ છોડી દેવા માટે બિલાલ પર તરહ-તરહના અત્યાચાર ગુજાર્યા હતા. આગ જેવી ધખધખતી રેતી પર ચત્તાપાટ સુવાડી દેતો, પછી બિલાલની છાતી પર ગરમ ચટ્ટાણ મૂકી દેતો અને પછી કહેતો, ''એજ દશામાં પડયો રહેશે કે મુહંમદનો ધર્મ છોડી દેશે ?''

જવાબમાં બિલાલ અહદ ! અહદ ! પોકાર્યા કરતા એટલે અલ્લાહ એક છે. અલ્લાહ એક છે.

હવે જ્યારે બિલાલે ઉમૈયહને જોઈ લીધો તો ત્યાંથી જ ચિલ્લાયા, ''અરે આ તો અલ્લાહનો દુશ્મન છે ! કાફિરોનો સરદાર ઉમૈયહ બિન ખલફ છે ! આજે એ નહિ કે હું નહિ !''

''હે બિલાલ ! ''મેં ઊંચા સાદે કહ્યું, ''ખામોશ રહો. એ મારા કેદીઓ છે. તમારે મારા કેદીઓ વિષે આમ બોલવું નહિ !''

બિલાલ ફરીવાર ચિલ્લાયા, ''આજે એ જીવતો રહ્યો તો હું જીવતો નહિ રહું. એ બચી ગયો તો હું નહિ બચું !''

એની સાથે જ બિલાલ જોરથી ચિલ્લાયા, ''યા અન્સારલ્લાહ ! એટલે હે અલ્લાહના અન્સાર ! આ રહ્યો કાફિરોનો સરદાર! આ રહ્યો ઉમૈયહ બિન ખલફ ! જલદી દોડો, આજે એ નહિ કે હું નહિ !''

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફનું બયાન છે :''બિલાલનો ઘાંટો સાંભળીને લોકો ચારે તરફથી દોડી પડયા. તેઓએ અમને કંગન પેઠે ઘેરી લીધા. હું મારા બંને હાથો અને પૂરા શરીરથી બંનેને બચાવવાની કોશિશ કરતો રહ્યો. તલાવરો અહીં તહીં વીંઝાતી હતી. એક અનસારીએ તેના બેટા અલીના પગ પર તલવારનો ફટકો માર્યો અને તે ભોંય પર પછડાઈને તરફડિયાં ખાવા લાગ્યો. જુવાનજોધ બેટાને ખાકો-ખૂનમાં તડપતો જોઈને ઉમૈયહએ દહેશતથી એવી તો ભયંકર ચીસ પાડી કે તેવી ચીસ મેં મારા જીવનમાં સાંભળી નથી.''

''હે ઉમૈયહ ! તારા દીકરાને રહેવા દે'' મેં તેને કહ્યું, ''તું પોતાના બચાવની ફિકર કર. જીવ લઈને ગબડી મારી દે. વલ્લાહ ! હવે હું તને બચાવી શકતો નથી.''

હાલત આ હતી કે અમે અલ્લાહના અન્સારની ભીંસમાં હતા. હું મારા હાથો અને શરીરથી તેનો બચાવ કરતો હતો પણ કયાં સુધી ? અંતે અનસારે કાબૂ મેળવી લીધો અને જોતજોતામાં તલવારોથી બંનેના ટુકડા કરી નાખ્યા.

બાદમાં અબ્દુર્રહમાન કહ્યા કરતા : ''બિલાલ પર અલ્લાહ રહમ કરે ! મારાં બખતરો પણ ગયાં અને મારા બંને કેદીઓ પણ હાથથી ગયા.''

જંગે-બદ્રમાં ફરિશતાઓની હાજરી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રે હઝરત ઇબ્ને અબ્બાસની આ રિવાયત કહી સંભળાવી કે બનૂ ગિફાર કબીલાના એક શખ્સે પોતે અનુભવેલ. બનાવ ટાંકતાં મને કહ્યું : ''બદ્રના દિવસે હું અને મારો કાકાભાઈ લડાઈનો તમાશો જોવા એક ઊંચા ટેકરા પર ચઢી ગયા. ત્યાંથી લડાઈનું દ્રશ્ય અમે સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા. તે વેળા સુધી અમે મુસલમાન બન્યા ન હતા. અમે જોવા માગતા હતા કે, કોણ જીતે છે કોણ હારે છે અને લડાઈની આફત કોની ઉપર તૂટી

Maktabe Ashraf

પડે છે ? પછી હારેલા લશ્કરનો માલ લૂંટવામાં અમે પણ ભાગીદાર બની જઈએ.

"અમે જોયું કે લડાઈની શરૂઆત થઈ ગઈ. બંને લશ્કરો એકબીજા સાથે આથડી પડયાં. ઘમસાણનું યુદ્ધ જામી ગયું. અમે પહાડી ટેકરા પરથી લડાઈનું ખૂંખાર દ્રશ્ય જોવામાં તલ્લીન હતા એટલામાં શું જોઈએ છીએ કે કાળાં વાદળનો એક ટુકડો અમારા માથેથી થોડે ઊંચે આવીને થંભી ગયો. અમે હયરત પામી ગયા કે વાદળનો આ કેવો ટુકડો ! એટલામાં અચાનક વાદળમાંથી ઘોડાઓના હણહણાટના અવાજો આવવા લાગ્યા. પછી લાગલો જ વાદળમાંથી બીજો કડાકો સંભળાયો. કોઈએ કાનફાડ સ્વરે પોતાના સાથીને કહ્યું, "એ હયઝૂમ! આગળ બઢ!" [1]

વીજળીના કડાકા જેવો આ અવાજ સાંભળતાં જ મારા કાકાભાઈના દિલનો પર્દો ફાટી ગયો અને ત્યાં જ બેઠોબેઠો તે મરી ગયો. હું પોતે પણ મરવાની અણીએ પહોંચી ગયેલો પણ નસીબ પાધરૂં હોવાથી બચી ગયો અને મોડે સુધી દિલ થામીને બેસી રહ્યો."

ઇબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્રે બનૂ સાઇદહના કેટલાક ગૃહસ્થોથી સાંભળેલી, હઝરત અબૂ ઉસૈદ માલિક બિન રબીઅહ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી. હઝરત અબૂ ઉસૈદ બદ્રની લડાઈમાં હાજર હતા. બાદમાં એમની આંખોની રોશની ચાલી ગઈ હતી. હઝરત અબૂ ઉસૈદ કહ્યા કરતા: "જો આજે હું બદ્રના મેદાનમાં હોત અને તમે મારી જોડે હોત તો હું તમને તે ઘાટી દેખાડતે જ્યાંથી થઈને ફરિશ્તાઓ બદ્રના મેદાનમાં હાજર થયા હતા. જાત અનુભવના મામલામાં શંકાને સ્થાન જ કયાં છે ?"

ઇબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ ઈસ્હાકે કહ્યું અને તેમણે બનૂ માઝિન બિન નજ્જારના લોકોથી સાંભળ્યું અને તેઓએ હઝરત અબૂ દાવૂદ માઝની રદિયલ્લાહુ અન્હુથી સાંભળ્યું અને હઝરત અબૂ દાવૂદ માઝની બદ્રની લડાઈમાં હાજર હતા. તેમનું બયાન છે : "તે દિવસે હું એક મુશરિકની પાછળ દોડયો કે તેને ઝડપી લઈને કતલ કરી નાખું. તે મારા દાવમાં આવી ગયો પણ મારી તલવાર તેનું ડોકું કાપે તે પહેલાં તેનું ડોકું કપાઈને જમીન પર આવી રહ્યું. હું નવાઈ પામી ગયો કે એને કોણે કતલ કર્યો ? મારી તલવારે તો એનું ડોકું કાપ્યું ન હતું. છેવટે મેં જાણી લીધું કે મારા વગર બીજા કોઈની તલવારે તેને કતલ કર્યો છે."

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે, બદ્રને દિવસે ફરિશ્તાઓનું નિશાન સફેદ પાઘડીઓ હતી. આ પાઘડીઓના છેડા તેઓએ પોતાની પીઠ પાછળ લટકાવેલા હતા. અલબત્ત જંગે-હુનૈનમાં મુસલમાનોની મદદે આવેલા ફરિશ્તાઓની પાઘડીઓ લાલ રંગની હતી.

ઇબ્ને હિશામ કહે છે : કેટલાક વિદ્વાન આલિમોએ મને હઝરત અલી રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી. હઝરત અલીએ કહ્યું : "પાઘડી અરબના લોકોના માથાનો તાજ છે. બદ્રના દિવસે અલ્લાહના ફરિશ્તાઓનો તાજ તેઓની સફેદ પાઘડીઓ હતી. આ પાઘડીઓના છેડા તેઓએ પોતાની પીઠ પાછળ લટકાવેલા હતા. અલબત્ત હઝરત જિબ્રીલે એ દિવસે પોતાને માથે પીળી પાઘડી સજેલી હતી."

ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે : "અલ્લાહના ફરિશ્તાઓએ જંગે-બદ્ર સિવાય બીજી કોઈ લડાઈમાં ખૂનરેજી નહિ કરી. બીજી બધી લડાઈઓમાં તેઓ

---

૧. હયઝૂમ : હઝરત જિબ્રીલના ઘોડાનું નામ.

મુસલમાનોની સંખ્યા વધારવાના હેતુએ, તેઓના મદદગાર તરીકે આવતા હતા. બદ્ર સિવાયની બધી લડાઈઓમાં તેઓ કોઈ કાફિરને કતલ કરતા ન હતા.

અબૂ જહલનું રણગીત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બદ્રને દિવસે અબૂ જહલ લડતી વેળા આ રણગીત લલકારતો હતો :

મા તન-કિમુલ-હરબુલ-અવાનુ મિન્ની • બાઝિલુ આમૈને હદીસુ સિન્ની.

લિ-મિસ્લે હાઝા વલ્-દત્ની ઉમ્મી.

જે યુધ્ધોમાં વારંવાર ઘમસાણો થતાં રહે છે તેવાં ખૂંખાર યુધ્ધો પણ મુજથી વેર લેવાનું બળ ધરાવતાં નથી. હું તો ઊંટાર્ગ઼ના બે વરસના તીવ્ર દાંતોવાળા આખલા જેવો છું. મારી માએ એવા જ પરાક્રમો માટે મને જણેલો છે.

લશ્કરનો સંકેત શબ્દ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બદ્રના યુધ્ધ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાના લશ્કરને અહદ ! અહદ ! નો "શિઆર" એટલે સંકેત શબ્દ આપેલો હતો.

(**સંપાદકની નોંધ** : શિઆર એટલે યુધ્ધ પ્રસંગે કે દુશ્મન પર અચાનક છાપો મારતી વેળા વપરાતો એવો ભેદી શબ્દ જેનાથી પોતીકા અને પારકાને ઓળખી શકાય અને આપસમાં કપાઈ મરવાની ધાસ્તી ન રહે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે દરેક યુધ્ધ પ્રસંગે આપ પોતાના સહાબાના લશ્કરને એક સંકેત શબ્દ બનાવી દેતા હતા જેના આધારે તેઓ ઓળખી લેતા કે સામેવાળો દોસ્ત છે કે દુશ્મન! આ ભેદી શબ્દ બનાવ્યા વિના કોઈ શખ્સ ન લશ્કરમાંથી નીકળી શકતો ન અંદર પ્રવેશી શકતો. આજે પણ લશ્કરોમાં આ નિયમ ચાલુ છે. અંગ્રેજીમાં એને કોડવર્ડ કે પાસવર્ડ કહે છે. "હ")

અબૂ જહલનો અંજામ——————દુશ્મન સાથેના યુધ્ધથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને અબૂ જહલ વિષે હુકમ ફરમાવ્યો કે, મૃતદેહો પાસે જઈને તેને શોધી કાઢવામાં આવે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને સૌર બિન ઝૈદે કહ્યું અને તેને ઈકરિમહએ કહ્યું અને ઈકરિમહએ હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયત બયાન કરી અને હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રે મને એવી જ રિવાયત સંભળાવી દીધી. તેઓનું બયાન છે કે, "પહેલવહેલાં જે ગૃહસ્થે અબૂ જહલ સાથે મુકાબલો કર્યો તે બનૂ સલિમહવાળા હઝરત મુઆઝ બિન અમ્ર બિન જમૂહ હતા. તેમણે લોકોના મુખે સાંભળેલું કે, અબૂ જહલ ઝાડોના ઝુંડ સાથે લપટાયેલા ઝાડ જેવો છે : " ફી મિસ્લિલ-હરજહ."એટલે લોકોના ટોળાંની વચ્ચોવચ્ચ.

ઈબ્ને હિશામ કહે છે : અલ-હરજહ અથવા અલ-હરિજહના અર્થ એવું ઝાડ જે ઝાડોના ઝુંડ સાથે વીંટળાયેલું હોય છે. હદીસમાં હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુની રિવાયતમાં છે કે, એક વેળા આપે એક ગામડાના રહીશને "અલ-હરજહ"ના અર્થ પૂછયા તો તેણે કહ્યું, "આ શબ્દ એવા ઝાડ માટે બોલાય છે જે ઝાડોના ઝુંડની વચ્ચે વીંટાળાઈને ઊભેલું હોય અને તેની પાસે પહોંચવાનું શક્ય ન હોય."

હઝરત મુઆઝ બિન અમ્રની જવાંમર્દી——————હઝરત મુઆઝ બિન અમ્ર બિન જમૂહનું બયાન

Maktabe Ashraf

છે : "મેં લોકોના મુખે સાંભળેલું કે અબૂ જહલ સુધી કોઇ પહોંચી શકતું નથી. આ શબ્દો સાંભળીને મેં અબૂ જહલને જ નિશાનો બનાવવાનો નિર્ધાર કરી લીધો. સાહસ ખેડીને કે મરણિયો બનીને છેવટે હું તેની પાસે પહોંચી ગયો. પછી લાગ મળતાં જ હું તેની ઉપર તુટી પડયો. નિશાન તાકીને મેં તલવારનો એવો ફટકો માર્યો કે તેની ટાંગ અર્ધી પિંડલીથી કપાઇને ઊડી ગઇ. વલ્લાહ ! જયારે તેની ટાંગ ઊડી તો મને એવું લાગ્યું જાણે પથ્થર પર પડેલો ખજૂરનો ઠળિયો પથ્થરના પ્રહારથી ઊડી ગયો.

પરંતુ બીજી જ પળે તેના બેટા ઇકરિમહએ મારા ખભા પર પાછળથી તલવારનો વાર કર્યો જેનાથી મારો હાથ ખભાથી કપાઇને ખભા પાછળની ચામડી સાથે લટકી પડયો. હવે લટકેલા હાથ સાથે લડવાનું મારા માટે મુશ્કેલ બની ગયું. છતાં લટકેલા હાથ સાથે જ મોડે સુધી હું લડતો રહ્યો અને લટકેલા હાથને પણ સંભાળતો રહ્યો. પછી જયારે લટકેલો હાથ હદથી વધુ પીડાદાયક બની ગયો તો મેં તેની ઉપર પગ મૂકીને એક જ ઝાટકે તોડીને ફગાવી દીધો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત મુઆઝ બિન અમ્ર બિન જમૂહ એ પછી લાંબી મુદ્દત સુધી હયાત રહ્યા અને હઝરત ઉસ્માનના ખિલાફતકાળમાં પણ તેઓ હયાત હતા.

અબૂ જહલની છેલ્લી પળો-----------કપાયેલા પગને કારણે અબૂ જહલ લંગડો થઇને ભોંય પર પડેલો હતો. એટલામાં હઝરત મુઅવ્વઝ બિન અફરાઅ ત્યાંથી પસાર થયા. એમણે પણ તલવારના થોડાક વારોથી તેને અધમૂવો બનાવીને ભોંયભેગો કરી દીધો અને પોતે આગળ નીકળી ગયા. આમ છતાં તેનામાં કંઇક જીવ બાકી હતો અને તેનો શ્વાસ ચાલતો હતો. હઝરત મુઅવ્વઝ આગળ જઇને લડતાં-લડતાં શહીદ થઇ ગયા. એટલામાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ અબૂ જહલ પાસેથી ત્યારે પસાર થયા જયારે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને મૃતદેહોમાંથી શોધી કાઢવાનો હુકમ ફરમાવ્યો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું હતું :

> "અગર મૃતદેહોમાં તમે અબૂ જહલને ઓળખી ન શકો તો તેના ઘૂંટણ પર પડેલા જખમનું એક નિશાન જુઓ. કેમકે મક્કહમાં એક દિવસે અબ્દુલ્લાહ બિન જુદઆનની દઅવતમાં અબૂ જહલ સાથે મારી ટપાટપી થઇ ગઇ હતી. તે વેળા અમે બંને કુમળી વયના હતા. તેના મુકાબલે હું કંઇક કમજોર કે નબળો જ હતો છતાં મેં તેને હડસેલો માર્યો તો તે ઘૂંટણભેર ભોંયે પછડાયો અને તેના એક ઘૂંટણ પર ઉઝરડો પડી ગયો જેનું નિશાન આજ સુધી તેના ઘૂંટણ પર યાદગાર રહી ગયેલું છે."

અબૂ જહલની આપવડાઇ-- ··· --હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદનું બયાન છે : "મેં જોયું કે અબૂ જહલ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો છેલ્લા શ્વાસો લઇ રહ્યો છે. મેં તરત તેને ઓળખી લીધો અને તેની ગરદન પર મારો પગ મૂકી દીધો. તેણે મને પણ મક્કહમાં એકવાર જબરજસ્તીથી પકડી લઇને ખૂબ ઇજાઓ આપી હતી અને મુક્કાઓથી મારી મારપીટ કરી હતી. મેં તેને કહ્યું, "હે અલ્લાહના દુશ્મન ! શું અલ્લાહએ તારો ફજેતો નહિ બોલાવી દીધો ?"

તે બોલ્યો, "એમાં ફજેતા જેવું શું છે અને કઇ વાતે મારો ફજેતો બોલાવ્યો ? શું તેં મારાથી મહાન

Maktabe Ashraf

કોઈ માણસને પણ કદી કતલ કર્યો છે ? વારૂ બતાવ આજે લડાઈનું પલ્લું કોના પક્ષે નમેલું છે ?''

મેં કહ્યું, ''અલ્લાહ અને તેના રસૂલના પક્ષે.''

અબૂ જહલનું માથું————બનૂ મખ્ઝૂમના કહેવા મુજબ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ કહ્યા કરતા : ''અબૂ જહલના જીવનની આ છેલ્લી પળોમાં જ્યારે મેં તેની ગરદને પગ મૂકયો તો તેણે મને કહ્યું, ''હે બકરાં ચરાવનાર નીચ ભરવાડ ! તું બહુ ઊંચી જગાએ ચઢી ગયો છે !''

પછી મેં તેનું માથું કાપી લીધું અને તેને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. મેં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! આ રહ્યું અલ્લાહના દુશ્મન અબૂ જહલનું માથું !''

આમ કહીને મેં એ માથું આપની સામે નાખી દીધું. અબૂ જહલનું માથું જોઈને આપે અલ્લાહનો આભાર માનતાં ફરમાવ્યું : ''અલ્લાહુલ-લઝી લા ઈલાહ ગયરહ.'' હે લોકો ! અલ્લાહની જ તે જાત છે જેના વગર કોઈ મઅબૂદ નથી.

આસ બિન હિશામની કતલ————ઈબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહ અને યુદ્ધના બીજા જાણકાર આલિમોએ પણ આ માહિતી આપી કે એક વેળા હઝરત ઉમર બિન ખત્તાબ પાસેથી હઝરત સઈદ બિન આસ પસાર થયા, તો હઝરત ઉમરે તેમને કહ્યું, ''હે સઈદ ! હું જોઈ રહ્યો છું કે તમારા દિલમાં મારી તરફથી કંઈક કાંટો છે. શું તમારૂં માનવું છે કે તમારા બાપને મેં કતલ કર્યો છે ? જો ખરેખર મેં જ તેને કતલ કર્યો હોત તોપણ મારે તમારી માફી માગવાની જરૂર નથી. હા, મેં મારા મામા આસ બિન હિશામ બિન મુગીરહને જરૂર કતલ કર્યો છે. તમારા બાપ પાસેથી તો હું ત્યારે પસાર થયો જ્યારે તે, પેલા શિંગડાથી ભોંય ખોતરનારા સાંઢ પેઠે ભોંય ખોતરી રહ્યો હતો. હું તેનાથી આડકતરો સરકી ગયો. પછી તેના પિતરાઈ અલીએ આગળ વધીને તેને કતલ કરી નાખ્યો.

લાકડાની તલવાર ખરેખરી તલવાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ અબ્દે શમ્સ બિન અબ્દે મનાફના કરારી હઝરત ઉક્કાશહ બિન મુહસિન બિન હરસાન અસદી, બદ્રના સંગ્રામમાં એટલી બહાદુરીથી લડયા કે અનેક કાફિરોને કતલ કરતાં-કરતાં તેમની તલવાર તૂટી ગઈ. તૂટેલી તલવાર લઈને તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા, ''યા રસૂલલ્લાહ ! મારી તલવાર તૂટી ગઈ !''

આપે જલાવવાની લાકડીઓમાંથી એક લાકડી ઉપાડી લીધી અને તેમના હાથમાં આપતાં ફરમાવ્યું, ''કાતિલ બિ-હાઝા યા ઉક્કાશહ !''તમે એનાથી લડો હે ઉક્કાશહ !

જ્યારે હઝરત ઉક્કાશહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથમાંથી આ લાકડી લીધી અને તેને હલાવી તો તે નક્કર મૂઠની, ચમકારા મારતી, લોખંડની લાંબી તલવાર બની ગઈ. આ ચમત્કારી તલવાર લઈને તેઓ ફરીવાર શત્રુના સૈન્ય પર તૂટી પડયા અને ત્યાં સુધી લડયા કે અલ્લાહ તઆલાએ મુસલમાનોને ફતેહમંદીથી પાવન કર્યા.

હઝરત ઉક્કાશહની આ તલવારનું નામ ''અલ-ઔન''હતું. આ તલાવરને હર પળ તેઓ પોતાની સાથે રાખતા અને એજ તલવાર લઈને તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે લડાઈઓમાં ભાગ લેતા. પછી તે સમય આવ્યો. જ્યારે મુરતદો સાથેના સંગ્રામમાં તેઓ શહીદ થઈ ગયા. તે વેળા આ તલવાર તેમની પાસે હતી. તુલૈહા બિન ખુવૈલિદ અસદી નામના શખ્સે એમને શહીદ કર્યા.

Maktabe Ashraf

હઝરત ઉક્કાશહને જન્નતની બશારત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ ઉક્કાશહ બિન મુહસિન તે જ ગૃહસ્થ છે કે જ્યારે રસૂલુલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું :

યદ-ખુલુલ-જન્નત	દાખલ થશે જન્નતમાં
સબઊન અલ્ફમ મિન ઉમ્મતી	સિત્તેર હજાર લોકો મારી ઉમ્મતમાં
અલા સૂરતિલ-કમરે લૈલતલ-બદરે.	ચઉદમી રાતના ચાંદ જેવા ચેહરાવાળા.

આ સાંભળતાં જ હઝરત ઉક્કાશહએ વિનંતી કરી હતી, "યા રસૂલલ્લાહ ! દુઆ કરો કે અલ્લાહ મને પણ તેઓમાંથી બનાવી દે."

આપે ફરમાવ્યું, "ઈન્નક મિન્હુમ." બેશક તમે તેઓમાંથી છો.

અથવા આપે એમ ફરમાવ્યું, "અલ્લા-હુમ્મજ-અલ્હુ મિન્હુમ." હે અલ્લાહ ! એને પણ તેઓ માંથી બનાવી દે !

આ સાંભળીને એક ગૃહસ્થ અન્સારમાંથી ઊભા થઈ ગયા અને બોલ્યા, "યા રસૂલુલ્લાહ ! દુઆ કરો કે અલ્લાહ મને પણ તેઓમાંથી બનાવી દે !"

આપે ફરમાવ્યું :

સ-બ-ક-કા બિહા ઉક્કાશતુ	ઉક્કાશહ તને ટપી ગયો
વ બ-ર-દ તિદ-દઅવતુ.	અને દુઆ ઠંડી થઈ ગઈ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : જે માહિતી મને હઝરત ઉક્કાશહના ઘરવાળાંઓ તરફથી મળી તેના આધારે એક વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "મિન્ના ખયરુ ફ઼ારિસિન ફીલ અરબ." એટલે અરબનો સૌથી ફાંકડો ઘોડેસવાર આપણામાંથી છે.

લોકોએ પૂછ્યું, "તે કોણ યા રસૂલલ્લાહ ?"

આપે ફરમાવ્યું, "ઉક્કાશહ બિન મુહસિન."

લોકો બોલ્યા, "દિરાર બિન અઝવર અસદી પણ ફાંકડો ઘોડે સવાર છે. તે શું આપણામાંથી નથી યા રસૂલલ્લાહ ?"

આપે ફરમાવ્યું, "લયસા મિન્કુમ વલા કિન્નહુ મિન્ના લિલ-હિલ્ફે." તે તમારામાંથી નથી પણ કરારી હોવાને કારણે આપણામાંથી ગણાય છે.

લડાઈમાં બાપ-બેટાનો સામનો——————ઘમસાણનું યુધ્ધ જામેલું હતું ત્યારે હઝરત અબૂબક્ર સિદ્દીકે પોતાના બેટા અબ્દુર્રહમાનને જોઈ લીધો. તે કુરૈશને પક્ષે રહીને મુસલમાનો સાથે લડવા આવ્યો હતો. હઝરત અબૂબક્રે તેને જોતાં જ પડકાર્યો, "હે અબીસ ! મારો માલ ક્યાં છે ?"

જવાબમાં અબ્દુર્રહમાને આ શેઅર લલકાર્યો :

લમ યબ્ક ગયરુ શિક-કતિંવ વ યઅબૂબુ, • વ સારિમિન યક્તુલુ દુલ્લા-લશ-શયબુ.

હથિયારો, પવનવેગી ઘોડાઓ અને અવળે રસ્તે ભટકી ગયેલા ડોસાઓને કતલ કરનારી તલવાર સિવાય

Maktabe Ashraf

કશું રહેવા પામ્યું નથી.

મુશરિકોના મુરદાંઓને સંબોધન——ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન રૂમાને કહ્યું, તેમને ઉર્વહ બિન ઝુબૈરે કહ્યું અને ઉર્વહ બિન ઝુબૈરે મુસલમાનોના અમ્માંજી હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાના મુખેથી સાંભળ્યું.

હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ મુશરિકોના મુરદાંઓને ખાડામાં નાખી દેવામાં આવ્યાં; સિવાય ઉમૈયહ બિન ખલફના મુરદાંને——તેની લાશ બખતરમાં ફૂલી ગઈ હતી. જયારે લોકો તેને ઉપાડવા ગયા તો તેનો સાંધેસાંધો અલગ હતો. તેને એમ જ રહેવા દઈને, ઉપરથી માટી પથરા નાખીને છુપાવી દેવામાં આવી.

મુશરિકોના મુરદાંઓને ખાડામાં નાખી દેવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં પધાર્યા. આપે મુરદાંઓને સંબોધીને ફરમાવ્યું :

યા અહલલ કલીબ [1]	હે ખાડાવાળાઓ !
હલ વજદ-તુમ	શું તમે સાચો જોયો કે નહિ તે વાયદો
મા વઅદ રબ્બુકુમ હક્કા.	જે તમારા પાલનહારે તમને આપ્યો હતો ?
ફ ઈન્ની કદ વજદ્તુ	મેં તો બેશક સાચો જોઈ લીધો તે વાયદો
મા વઅદની રબ્બી હક્કા.	જે મારા પાલનહારે મને આપ્યો હતો.

હઝરત આઈશહ ફરમાવે છે : ''મુરદાંઓને આમ ફરમાવતાં સાંભળીને આપના તમામ સહાબા બેહદ તઅજ્જુબ પામી ગયા. અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! શું આપ મુરદાંઓ સાથે વાતો કરો છો?''

આપે ફરમાવ્યું : ''લકદ અલિમૂ અન્ન મા વઅદ-હુમ રબ્બુહુમ હકકુન.'' આ લોકોએ હવે ચોક્કસ રીતે જાણી લીધું કે એમના પાલનહારે જે કંઈ વાયદો એમને આપ્યો હતો એ સાચો જ છે.

હઝરત બીબી આઈશહ ફરમાવે છે : ''લોકોનું આમ કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુરદાંઓ વિષે આ શબ્દો ફરમાવ્યા : ''લકદ્ સમિઊ મા કુલ્તુ લહુમ.'' એટલે જે કંઈ મેં કહ્યું તે આ લોકોએ સાંભળી લીધું. જો કે સાચી વાત આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ''લકદ્ સમિઊ'' નહિ બલકે ''લકદ્ અલિમૂ''શબ્દો ફરમાવ્યા એટલે આ લોકોએ જાણી લીધું.

ઈબ્ને ઈસ્હાક કહે છેઃ મને હમીદુત-તવીલે હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત સંભળાવી કે, જયારે રાતનો વચલો પ્રહર થયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુશરિક મુરદાંઓના ખાડા પાસે પધાર્યા અને મુસલમાનોએ આપને આમ ફરમાવતાં સાંભળ્યા :

યા અહલલ-કલીબ !	હે ખાડાવાળાઓ !
યા ઉત્બતુબ્નુ રબીઅહ !	હે ઉત્બહ બિન રબીઅહ !
વ યા શૈબતબ્ન રબીઅહ !	અને હે શૈબહ બિન રબીઅહ !
વ યા ઉમૈયતબ્ન ખલફિન !	અને હે ઉમૈયહ બિન ખલફ !

૧. જૂના પુરાના કાચા કૂવાને પણ કલીબ કહે છે. ''હ''

વ યા અબા જહલિબ્ને હિશામિન !	અને હે અબૂ જહલ બિન હિશામ !

અને એ ખાડામાં પડેલા કુરૈશી સરદારોના નામો ગણી બતાવ્યાં અને પછી ફરમાવ્યું :

હલ વજત-તુમ મા વઅદ-કુમ	શું તમે સાચો જોયો કે નહિ તે વાયદો
રબ્બુકુમ હક્કન.	જે તમારા પાલનહારે તમને આપ્યાં હતો ?
ફ-ઇન્ની કદ વજદ-તુ	હા બેશક મેં તો સાચો જોઇ લીધો તે વાયદો
વઅદની રબ્બી હક્કન.	જે મારા પાલનહારે મને આપ્યો હતો.

આ સાંભળીને મુસલમાનોએ કહ્યું, "યા રસૂલલ્લાહ ! શું આપ એવા લોકોને પોકારો છો જેઓ મરી-ખપીને સડી ગયા છે ? " આપે ફરમાવ્યું :

મા અન્તુમ બિ-અસ્મઅ	તમે તેઓથી વધારે સાંભળનારા નથી
લિમા અકૂલુ મિન્હુમ.	જે કંઇ હું તેઓને કહી રહ્યો છું.
વલાકિન્ન હુમ લા યસ-તતી-ઊના	પરંતુ તેઓ તાકત ધરાવતા નથી આ વાતની
અંય યુજીબૂની.	કે મને જવાબ આપી શકે.

એટલે જેટલું તમે સાંભળો છો તેટલું એ લોકો પણ સાંભળે છે. મારી વાત એ લોકોએ સાંભળી લીધી પણ જવાબ આપવાનું એ લોકોમાં બળ કે ચૈતન્ય નથી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : પાકી માહિતી ધરાવનારા કેટલાક આલિમોએ મારી આગળ બયાન કર્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ, એ દિવસે જે કંઇ ફરમાવ્યું તે આ હતું :

યા અહલલ-કલીબ !	હે ખાડાવાળાઓ !
બિઅસા અશી-રતુન નબીય્યે અન્તુમ	તમે નઠારા લોકો હતા તમારા નબીની કૌમમાંથી,
લિ-નબીય-યિકુમ.	તમારા નબી માટે.
કઝઝબ-તુમૂની	તમે મને જૂઠાડયો
વ સદ્દક-નીન-નાસ.	ત્યારે બીજાઓએ મને સાચો માન્યો.
વ અખ્રજ-તુમૂની	તમે મને કાઢી મૂકયો
વ આવાનીન-નાસ.	અને બીજા લોકોએ મને આસરો આપ્યો.
વ કાતલ-તુમૂની	તમે મારી સાથે લડાઇ કરી
વ ન-સ-ર નીન-નાસ.	અને બીજા લોકોએ મારી મદદ કરી.
હલ વજત-તુમ મા વઅદ કુમ	શું તમે સાચો જોયો તે વાયદો
રબ્બુકુમ હક્કન	જે તમારા પાલનહારે તમને આપ્યો હતો ?

હઝરત હસ્સાનના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ પ્રસંગે દરબારે નબવીના શાઇરે હઝરત હસ્સાન બિન સાબિત આ શેઅરો કહ્યા : (૧૮ શેઅરોના કાવ્યમાંથી થોડાક શેઅરો અ. રહ્યા :)

ફ-લાકૈના - હુમ મિન્ના બિ-જમ્ઇન, • ક-અસ્દીલ - ગાબે મુર-દાનિન વ શૈબે.

તો અમે અમારી જમાઅત સાથે જઇને તેઓનો (કુરૈશી લશ્કરનો) મુકાબલો કર્યો. અમારી એવી જમાઅત

જેના બુઢ્ઢા અને જવાન બધા જ સિંહો જેવા હતા.

અમામા મુહમ્મદિન કદ વાઝરૂ - હુ, • અલલ - અઅદાએ ફી લફહિલ - હુરૂબે.

અમારા લોકોએ લડાઇની સળગી ઊઠેલી અગ્નિ-જ્વાળાઓમાં મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું રક્ષણ કર્યું.

ફગા-દરના અબા જહલિન સરીઅન, • વ ઉત્બત્ કદ તરક-ના બિલ જુબૂબે.

ત્યારે અબૂ જહલને અમે પછડાયેલી દશામાં અને ઉત્બહને નક્કર જમીન પર પછડાયેલો છોડી દીધો.

વ શૈબત્ કદ તરક-ના ફી રિજાલિન, • ઝવી હસબિન ઇઝા નુસિબૂ હસીબે.

અને શૈબહને એવા લોકોમાં છોડયો કે જેઓની ખાનદાની બતાવવામાં આવે તો ઊંચા-ઊંચા ખાનદાનવાળા નીકળે. (પણ તેઓ એવા પછડાઇ પડયા છે કે તેઓની ખાનદાનીને પૂછનારૂં છે કોણ?)

યુનાદી હિમ રસૂલુલ્લાહિ લમ્મા, • કઝફ-ના હુમ કબાકેબા ફીલ કલીબે.

જયારે અમે તેઓના જથ્થાના જથ્થા ખાડામાં નાખ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તેઓને સંબોધીને ફરમાવતા હતા :

અલમ તજિદૂ કલામી કાના હક્કન, • વ અમ્રુલ-લાહે યઅખુઝુ બિલ-કુલૂબે.

શું તમે જાણી નહિ લીધું કે મારી વાત સાચી હતી ? અને અલ્લાહનો હુકમ દિલોને પણ પકડી લે છે ?

ફમા નતકૂ વલવ નતકૂ લ-કાલૂ, • સદક-તા વ કુન્ત ઝા -રઅયિન મુસીબે.

તેઓએ જવાબમાં કોઇ વાત નહિ કરી અને જો તેઓ વાત કરત તો કહી દેત, "હે મુહંમદ ! તમે સાચું કહ્યું હતું અને સાચો મત તમારો જ હતો !"

મુસ્લિમ બેટાના ઇમાનની શાન————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુશરિકોના મૃતદેહોને ખાડામાં નાખી દેવાનો હુકમ ફરમાવ્યો તો ઉત્બહ બિન રબીઅહની લાશને ઘસેડીને લાવવામાં આવી. તે વેળા ઉત્બહના મુસલમાન બેટા હઝરત અબૂ હુઝૈફહ ત્યાં હાજર હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ હુઝૈફહ તરફ જોયું તો તેમના ચેહરાનો રંગ બદલાયેલો હતો. તેઓ બેહદ ગમગીન અને ઉદાસ દેખાયા.

આપે ફરમાવ્યું, "અબૂ હુઝૈફહ ! તમારા બાપની દશા જોવાથી કદાચ તમારા દિલમાં કોઇ વાત ખૂંપી ગઇ છે, નહિ વારૂ ?"

"નહિ યા રસૂલલ્લાહ !" તેઓ અદબથી બોલ્યા, "મારા બાપના કુફ્ર વિષે કે મારા બાપના માર્યા જવા વિષે મારા દિલમાં કોઇ શંકા ન હતી પણ મારા બાપને હું સારી રીતે જાણતો હતો. તેઓ ઘણા બુધ્ધિશાળી, સહનશીલ અને ઉચ્ચ સંસ્કારો ધરાવનારા ગૃહસ્થ હતા. હું સદા આશાવાદી રહ્યો કે આ સંસ્કારો અને આ ખૂબીઓ તેમને ઇસ્લામ તરફ આકર્ષી લેશે, પરંતુ મેં જોયું કે તેઓ આફતો અને સંકટોનો ભોગ બનીને કુફ્રની હાલતમાં મરી ગયા તો, મારી આશા પૂરી નહિ થવાનો મને ખેદ થયો છે."

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ હુઝૈફહના વખાણ કર્યા અને તેમને ભલાઇની દુઆઓ આપી.

કુરૈશ પક્ષે માર્યા ગયેલા મુસ્લિમ જવાનો----------ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ કુર્આનની "ઝાલિમી અન્ફુસિ-હિમ"વાળી આયત મક્કહના કેટલાક મુસલમાન જવાનો વિશે ઊતરેલી છે જેઓ કુરૈશી લશ્કરની સાથે આવ્યા અને બદ્રની લડાઇમાં મુસલમાનોના હાથે માર્યા ગયા. પૂરી આયત આ છે : "ઇન્નલ-લઝીન તવફ્-ફા હુમુલ-મલાઇકતુ ઝાલિમી અન્ફુસિ-હિમ....."

"જે લોકોને ફરિશ્તાઓએ એવી હાલતમાં મૃત્યુ આપ્યું કે તેઓ પોતાની જાનો પર ઝુલ્મ કરનારા હતા તો ફરિશ્તાઓએ તેઓને પૂછ્યું, "તમે શી દશામાં હતા?"

તેઓ બોલ્યા, "અમે ધરતી પર તદ્દન લાચાર હતા."

ફરિશ્તાઓએ કહ્યું, "શું અલ્લાહની ધરતી વિશાળ ન હતી કે તમે ત્યાંથી બીજા સ્થળે ચાલ્યા જતે ?"

તો એજ તે લોકો છે જેઓનું ઠેકાણું જહન્નમ છે અને તે બહુ બુરૂં ઠેકાણું છે."[૧]

એ કેટલાક મુસલમાન નવયુવકો હતા. જેઓના નામ આ છે.

૧----------બનૂ જમૂહમાંથી : અલી બિન ઉમૈયહ બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ. (બદ્રના મેદાનમાં હઝરત બિલાલના કહેવાથી પોતાના બાપ સાથે માર્યો ગયો.)

૨----------બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈયમાંથી : હારિસ બિન ઝમઅહ બિન અસ્વદ બિન અબ્દુલ-મુત્તલિબ.

૩----------બનૂ મખ્ઝૂમમાંથી : અબૂ કૈસ બિન ફાકિહા બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ.

૪----------અને અબૂ કૈસ બિન વલીદ બિન મુગીરહ.

૫----------બનૂ સહમમાંથી : આસ બિન મુનબ્બેહ બિન હજ્જાજ બિન આમિર બિન હુઝૈફહ બિન સઅદ.

આ નવયુવકોનો બનાવ એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મક્કહમાં હતા ત્યારે એ બધા મુસલમાન બની ગયા હતા. પછી જયારે આપ હિજરત કરીને મદીનહ પધાર્યા તો તેઓના બાપદાદા તથા કુટુંબીજનોએ તેઓને કેદ કરી લીધા. ઇસ્લામથી વટલાવવા માટે કાફિરોએ એમની ઉપર અત્યાચાર ગુજાર્યા અને બળજબરી કરી તો એ બધા ઇસ્લામ ત્યાગીને મુર્તદ બની ગયા અને ધર્મસંકટમાં પડી ગયા. એ પછી કુરૈશી લશ્કરમાં શામિલ થઇને મુસલમાનો સાથે લડવા માટે બદ્રમાં આવ્યા અને લડાઇમાં મુસલમાનોના હાથે બધા જ માર્યા ગયા.

---

૧. સૂરઅ-નિસાઅ પારહ ૫ આયત ૯૭

પ્રકરણ ૯૫

ગનીમતનો માલ અને બદ્રના કેદીઓ

ગનીમતના માલ અંગે મતભેદ • દુશ્મનની મર્ઝુબાન તલવાર • મદીનહમાં વિજયની ખુશખબરી • બદ્રથી મદીનહ તરફ પધરામણી • ફતેહની મુબારકબાદી • નઝ્ર અને ઉકબાના માથાં કપાયાં • રસૂલુલ્લાહ (સલ.)ના હજ્જામની હાજરી • મુશરિકોના કેદીઓ મદીનહમાં • કેદીઓ સાથે ભલાઈથી વર્તવાની તાકીદ • શિકસ્તના સમાચાર મક્કહમાં • અબ્બાસના ગુલામની કથા • અબૂ લહબનો અંજામ • મક્કહના ઘરઘરમાં માતમ • અસ્વદ બિન મુત્તલિબનું વિલાપગીત • તવંગર બેટો બાપને છોડાવે છે • મક્કહનો જાણીતો શાઈર સુહૈલ બિન અમ્ર • ઈસ્લામમા મુસ્લહની મનાઈ • ચમડી સાથે દમડી નહિ જાય • અબૂ સુફયાનના બેટાનો છુટકારો • રસૂલુલ્લાહ (સલ.)ના દામાદનો મામલો • રસૂલુલ્લાહ (સલ.)ના બીજા દામાદ • અબુલ-આસને કુરૈશની પેશકશ • ઉત્બહને કુરૈશની પેશકશ • બીબી ઝૈનબનો યાદગાર હાર.

ગનીમતના માલ અંગે મતભેદ————ઈબ્ને ઈસ્હાક કહે છે : લડાઈના મામલાથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને હુકમ ફરમાવ્યો કે, મેદાનમાં જઈને દુશ્મનના લશ્કરનો ગનીમતનો માલ એક સ્થળે ભેગો કરવામાં આવે ! એજ વેળા આપના હુકમનું પાલન થયું. મુસલમાન લોકો મેદાનમાં જઈને દુશ્મનનો માલ એકઠો કરવા લાગ્યા. પરંતુ માલ એકઠો કરતી વેળા તેઓમાં મતભેદ પડી ગયો અને તેઓ આપસમાં રકઝક કરવા લાગી ગયા.

જે લોકો મેદાનમાં દુશ્મનનો માલ ભેગો કરતા હતા તેઓનું કહેવું હતું કે વલ્લાહ ! આ માલ અમારો છે. કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી અમે એને ભેગો કર્યો છે.

ત્યારે દુશ્મનની સાથે લડનારા અને નાસતા દુશ્મનની પરપકડ માટે તેઓની પૂઠે જનારા લડવૈયા કહેતા હતા કે વલ્લાહ ! માલ અમારો છે કેમકે લડાઈ અમે કરી છે. અગર અમે મુકાબલો ન કરતે અને જનના લોગે દુશ્મનને મારી ન હટાવતે તો માલ ભેગો કરવાની તમને ક્યાંથી તક મળતે ?

ત્રીજી તરફ એ લોકો હતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પહેરો ભરનારા લોકો કહેતા કે, વલ્લાહ ! માલ અમારો છે. અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનાં રક્ષણ માટે પહેરો ભરવામાં લાગેલા હતા. અમે ખડે પગે ચાંપતી નજર રાખી હતી કે દુશ્મન છટકબારી શોધીને કે પલટીને આપની ઉપર

ઓચિંતો હુમલો ન કરી દે. અલ્લાહએ દુશ્મનને અનેક વાર અમારા કબજામાં આપી દીધા હતા. અમે દરેકને તઆલાએ કતલ કરી શકતા હતા. માલ લૂંટવાના પણ એવા મોકા મળ્યા કે અમને કોઈ રોકી શકતું ન હતું. પણ અમને રસૂલુલ્લાહ પર દુશ્મનના હુમલાની ધાસ્તી હોવાથી અમે પહેરો ભરવામાં લાગેલા રહ્યા જેથી વલ્લાહી માલના અમે વધારે હકદાર છીએ.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુર્રહમાન બિન હારિસ વગેરેએ સુલૈમાન બિન મૂસાની રિવાયત કહી સંભળાવી અને સુલૈમાન બિન મૂસાએ મકહૂલના મુખેથી સાંભળેલી અને મકહૂલે અબૂ ઉમામહ બાહિલીની રિવાયત બયાન કરી. ઇબ્ને હિશામ કહે છે : અબૂ ઉમામહ બાહિલીનું નામ સુદૈય બિન ઇજલાન હતું.

અબૂ ઉમામહ બાહિલી કહે છે કે મેં હઝરત અબ્દુલ્લાહ બિન સામિતને કુર્આનની સૂરએ-અન્ફાલ વિષે પૂછ્યું તો તેમણે કહ્યું કે, કુર્આનની સૂરએ-અન્ફાલ અમારા બદ્રવાળા લોકોની શાનમાં અલ્લાહ તઆલાએ ઉતારેલી છે. બાબત એમ બની કે બદ્રની લડાઈ પછી, દુશ્મનના માલના મામલામાં અમારી વચ્ચે ઉગ્ર મતભેદ ઊભો થઈ ગયો અને માલના લોભમાં અમારી મનોદશા પલટાવા લાગી તો અલ્લાહ તઆલાએ માલનો મામલો અમારા હાથમાંથી લઈ લીધો અને પોતાના પયગમ્બરના અધિકારમાં આપી દીધો ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનો વચ્ચે માલની સરખી રીતે વહેંચણી કરી દીધી. આ વહેંચણીનું નામ "બવાઅ" હતું. અને "અન-બવાઅ" એટલે "અલસ-સવાઅ" એટલે સમાનતા ભરેલી સરખી વહેંચણી.

દુશ્મનની મર્ઝુબાન તલવાર -------ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન બક્ર અને તેમને બનૂ સાઇદહના કેટલાક ગૃહસ્થોએ કહ્યું કે બદ્રની લડાઈમાં હઝરત અબૂ ઉસૈદ સાઇદી પણ હતા જેમનું મૂળ નામ માલિક બિન રબીઅહ હતું. એમનું કથન છે કે, બદ્રની લડાઈમાં બનૂ આઇઝ મખ્ઝૂમીઓની એક તલવાર મને મળી આવી. એ તલવારનું નામ મર્ઝુબાન અથવા મિર્ઝબાન હતું. જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો કે જેની પાસે ગનીમતનો જે માલ હોય તે આ ઢગલામાં લાવીને નાખી દે ! તો મેં પણ આપના હુકમ મુજબ એ તલવાર લાવીને માલના એ ઢગલામાં નાખી દીધી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે કોઈ માણસ કોઈ વસ્તુની માગણી કરતો તો આપ તરત તે વસ્તુ તેને ઇનાયત ફરમાવી દેતા. હઝરત અરકમ બિન અબી અરકમે આપનો આ નિયમ પારખી લીધો અને વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! પેલી તલવાર મને ઇનાયત ફરમાવી દો !" આપે તેમની વિનંતીનો સ્વીકાર કર્યો અને પેલી તલવાર તેમને ઇનાયત ફરમાવી દીધી.

મદીનહમાં વિજયની ખુશખબરી-----------ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જંગે-બદ્રમાં મળેલા વિજયની ખુશખબર આપવા માટે બે દૂતોને મદીનહ રવાના કર્યા. એમાંના એક હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા હતા અને બીજા હઝરત ઝૈદ બિન હારિસહ હતા. "અલ આલિયહ" એટલે મદીનહના ઊંચાણના વિભાગ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને અને "અસ-સાફિલહ" એટલે મદીનહના નીચાણના વિભાગે હઝરત ઝૈદ બિન હારિસહને ફતેહની ખુશખબર આપવા રવાના કર્યા કે ફતેહ જે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને જંગે-બદ્રમાં આપી હતી.

હઝરત ઝૈદ બિન હારિસહના ફરઝંદ હઝરત ઉસામહ બિન ઝૈદ કહે છે: "મદીનહમાં ફતેહની ખુશખબર અમને ત્યારે મળી જ્યારે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડકાં બેટી હઝરત રુકૈયહ

Maktabe Ashraf

(રદિયલ્લાહુ અન્હા)ને કબ્રસ્તાનમાં દફન કરીને કબરનું મટોડું સરખું કરી દીધું હતું. હઝરત બીબી રૂકૈયહ હઝરત ઉસ્માન બિન અફફાનના નિકાહમાં હતાં અને ગંભીર રીતે બીમાર હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બદ્ર તરફ ઊપડવા પહેલાં હઝરત ઉસ્માનની સાથે મને પણ હઝરત બીબી રૂકૈયહની સારવાર માટે મદીનહમાં રહેવાનો હુકમ ફરમાવ્યો હતો.

પછી જ્યારે અમને સમાચાર મળ્યા કે મારા બાપા ઝૈદ બિન હારિસહ બદ્રથી આવ્યા છે તો હું પણ તેમની પાસે દોડી ગયો. તેઓ મસ્જિદે-નબવીમાં ઊભેલા હતા. લોકોએ તેમને ઘેરી લીધા હતા. અને તેઓ કહી રહ્યા હતા:

> "ઉત્બહ બિન રબીઅહ, શૈબહ બિન રબીઅહ, અબૂ જહલ બિન હિશામ, ઝમ્અહ બિન અસ્વદ, અબુલ-બુખ્તરી આસ બિન હિશામ, ઉમૈયહ બિન ખલફ, હજ્જાજના બંને પુત્રો નુબૈહ અને મુનબ્બેહ બધા જ બદ્રમાં માર્યા ગયા."

મેં પૂછ્યું, "અબ્બાજાન ! શું એ સાચું છે ?"

તેઓ બોલ્યા, "હા બેટા ! વલ્લાહ, બિલકુલ સાચું છે."

બદ્રથી મદીનહ તરફ પધરામણી————પછી બદ્રથી મદીનહ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણી એવી રીતે થઈ કે આપની સાથે મુશરિકોના હારેલા લશ્કરના કેદીઓ પણ હતા. એમાં ઉકબા બિન અબી મુઐત અને નઝ્ર બિન હારિસ જેવા ઇસ્લામના કટ્ટર દુશ્મનો પણ હતા. અને મુશરિકોથી મળેલો ગનીમતનો માલ પણ સાથે હતો. આ માલની નિગરાની કે સાચવણી માટે આપે હઝરત અબ્દુલ્લાહ બિન કઅબ બિન અમ્ર બિન અવફ બિન મબ્ઝૂલ બિન અમ્ર બિન ગનમ બિન માઝિન બિન નજ્જારની નિમણુંક કરી હતી. તે વેળા મુસલમાનોના શૌર્યગાન લલકારનારા શાઇરે કહ્યું : (ઇબ્ને હિશામે શાઇરનું નામ હઝરત અદી બિન અબી ઝગબા દર્શાવ્યું છે.)

અકિમ લહા સુદૂરહા યા બિસબિસુ, • લૈસા બિઝિત-તલહિ લહા મુઅર-રસુ.

હે બિસબિસ ! "ઝિત-તલહ" સ્થળે રાત ગુજારવાનો કોઈ ઉતારો નથી માટે ઊંટોને કૂચકદમ માટે તૈયાર રાખ!

વલા બિ સહરાઇ ગમીરિન મહબસુ, • ઇન્ન મતાયલ-કવમિ લા યહબિસુ.

અને "ગમીર"ના અરણ્યમાં પણ થોભવાનું કોઈ સ્થળ નથી અને એવા (આબરૂદાર) લોકોની સવારીઓને અયોગ્ય સ્થળે થોભાવીને તેઓનું અપમાન કરી શકાય નહિ.

ફ હમ્લહા અલત-તરીકે અહૈસુ, • કદ નસરલ્લાહ વ ફર્રલ-અખનસુ.

માટે આ ઊંટોને લઈને રસ્તા પર ચાલતા રહેવામાં જ શાણપણ છે. અલ્લાહ તઆલાએ પોતાની મદદ તો મોકલાવી જ દીધી છે. અને અખ્નસ બિન શરીક તો ફરાર થઈ જ ગયો.

ફતેહની મુબારકબાદી———— —બદ્રથી કૂચ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઇસ્લામી લશ્કર સાથે સુફરાઅ સ્થળની ઘાટીથી પસાર થયા તો એ ઘાટી અને "અન-નાઝિયહ" વચ્ચે આવેલા "સૈર" નામે ટેકરા પર એક મોટા ઝાડ હેઠળ પડાવ નાખ્યો. અહીં જ આપે ગનીમતના માલની સમાનતા ભરેલી

Maktabe Ashraf

વહેંચણી કરી દીધી. આ તે માલ હતો જેને અલ્લાહ તઆલાએ બદ્રના યુધ્ધમાં મુશરિકો કનેથી લઈને મુસલમાનોને અપાવી દીધો હતો. એ પછી અહીંથી કૂચ કરીને આપ ''રવહા'' સ્થળે પધાર્યા તો જોયું, મદીનહના મુસલમાનો મોટી સંખ્યામાં આપને સત્કારવા અને જંગમાં મળેલી જીતની મુબારકબાદી પાઠવવા ઊમટી આવ્યા હતા. આ મુબારકબાદી તે જીતની હતી જે અલ્લાહ તઆલાએ આપને અને આપના સાથી મુસલમાનોને પોતાની કૃપાથી આપી હતી.

આસિમ બિન ઉમર બિન કતાદહ અને યઝીદ બિન રૂમાનના કહેવા મુજબ જયારે મદીનહના મુસલમાનોએ અલ્લાહુ અકબરના નઅરા સાથે વિજયના ધન્યવાદ ગજાવ્યા તો હઝરત સલમહ બિન સલામહ નામના સહાબીએ તેઓને કહ્યું, ''તમે કઈ વાતની અમને મુબારકબાદી આપો છો ? અમારા મુકાબલે તો માત્ર ગંજા બુઢ્ઢાઓ હતા. તેઓના પગો કુરબાનીના ઊંટો પેઠે જકડાયેલા હતા. અમે જોતજોતામાં તેઓની કુરબાની કરી નાખી!''[1]

હઝરત સલમહ બિન સલામહના, ''કુરબાની કરી નાખી''શબ્દો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસ્કુરાય પડયા અને પછી આપે તેમને ફરમાવ્યું ''એ ઇબ્ને અખી ! ઉલા-ઇકલ-મલાઅ'' હે ભત્રીજા ! એજ લોકો તો તેઓના આગેવાનો, નેતાઓ કે લીડરો હતા.

ઇબ્ને હિશામ કહે છે : ''અલ-મલઅ''શબ્દના અર્થ માનવંતા મોવડીઓ, પ્રતિષ્ઠિત આગેવાનો કે મોભાદાર લીડરો થાય છે. એટલે ખખડી ગયેલા જેવા લાગતા એજ બુઢ્ઢાઓ તો કુરૈશી મુશરિકોના બળવાન નેતાઓ કે બહાદુર આગેવાનો હતા. જેઓની તમે કુરબાની કરી નાખી.

નઝ્ર અને ઉકબાના માથાં કપાયાં——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુફરાઅ સ્થળે પધાર્યા હતા તો અહીં જ આપે કુરૈશના શયતાન નઝ્ર બિન હારિસને કતલ કરવાનો હુકમ ફરમાવ્યો હતો.

મક્કહના કેટલાક જાણકારોએ મને માહિતી આપી કે નઝ્ર બિન હારિસને હઝરત અલી બિન અબી તાલિબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી કતલ કર્યો. અહીંથી ઊપડીને જયારે આપ ''અર્કુઝ-ઝબ્યહ'' સ્થળે પધાર્યા તો અહીં આપના હુકમથી ઉકબા બિન અબી મુઐતને કતલ કરવામાં આવ્યો. કુરૈશના આ શયતાનને બનૂ ઇજલાનવાળા હઝરત અબ્દુલ્લાહ બિન સલિમહએ કેદ કર્યો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી એને હઝરત આસિમ બિન સાબિત બિન અબી અફલહ અનસારીએ કતલ કર્યો જેમકે મને અબૂ ઉબૈદહ બિન મુહંમદ બિન અમ્માર બિન યાસિરે એની માહિતી આપી.

ઇબ્ને હિશામ કહે છે : અમુક માહિતગારોના મંતવ્ય મુજબ ઉકબા બિન અબી મુઐતને પણ હઝરત અલી બિન અબી તાલિબે કતલ કર્યો. આ માહિતી મને ઇબ્ને શિહાબ ઝુહરી વગેરે જાણકારો તરફથી મળવા પામી.

રસૂલુલ્લાહ (સલ.)ના હજ્જામની હાજરી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : એજ સ્થળે હઝરત

[1]. આ શબ્દોથી હઝરત સલમહ બિન સલામહનો હેતુ આ હતો કે, યુધ્ધમાં જે વિજય અમને મળ્યો તે અમારી હિંમત, અમારી બહાદુરી કે અમારા લશ્કરી બળે જે પ્રતાપે નહિ બલકે ફકત અલ્લાહની કૃપા અને અલ્લાહની મદદથી મળ્યો છે. અલ્લાહએ કાફિરોના દિલો પર અમારી ધાક અને એવો રૂઆબ નાખી દીધો કે તેઓ જકડી રાખેલ બુઢ્ઢાઓ પેઠે અમારા ચરણોમાં આવી પડયા અને અમે તેઓને ઘાસ પેઠે કાપી ફેંકી દીધા. જેમકે કુરઆનમાં છે : ''સઉલ્કી ફી કુલૂબિલ-લઝીન કફરુર-રુઅબા....'' એટલે હે મુસલમાનો! હું બહુ જ જલદી કાફિરોના દિલોમાં તમારો રૂઆબ નાખી દઇશ. ''૬''

Maktabe Ashraf

અબૂ હિન્દ નામે એક સહાબી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. આ ગૃહસ્થ ફર્વહ બિન અમ્ર અલ-બયાદીના આઝાદ કરેલા ગુલામ હતા. તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે એક નાનકડી મશક જેવા થેલામાં "હૈસ" ભરીને લાવ્યા હતા. (પનીર, ખજૂર અને ઘીના મિશ્રણથી બનાવેલી એક પ્રકારની વાનગીને હૈસ કહે છે.)

આ અબૂ હિન્દ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હજ્જામ હતા. જંગે-બદ્રમાં શરીક થઈ શક્યા ન હતા. એ સિવાયની તમામ જંગોમાં આપના સંગાતે રહ્યા હતા. જરૂર પડતી ત્યારે આપને શિંગીનું નિશ્તર પણ લગાવ્યા કરતા હતા.[1] આપે એજ અબૂ હિન્દ વિષે ફરમાવ્યું હતું :

ઈન્નમા અબૂ હિન્દ	બેશક અબૂ હિન્દ
ઈમ્રઉમ-મિનલ-અન્સાર	એક ગૃહસ્થ છે અનસારમાંથી.
ફન-કિહૂ-હુ	લગ્ન-સંબંધ કાયમ કરો એમની સાથે
વન-કિહૂ ઈલૈહિ.	અને લગ્નની પરસ્પર લેવડ-દેવડ કરો.

એમની સાથે લગ્ન-સંબંધ કાયમ કરો એટલે એમની બેટી લાવો અને એમને બેટી આપો. તમામ મુસલમાનોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ આદેશનું યોગ્ય રીતે પાલન કર્યું.[2]

મુશરિકોના કેદીઓ મદીનહમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સફરાઅ સ્થળેથી રવાના થયા અને મુશરિકોના જંગી કેદીઓ મદીનહ પહોંચે તેના એક દિવસ પહેલાં મદીનહ પહોંચી ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્રે યહ્યા બિન અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાનની રિવાયત કહી સંભળાવી. એ રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ————મુસલમાનોના માનવંતા માતાજી હઝરત બીબી સવદહ બિન્તે ઝમ્અહનું બયાન છે કે :

"જ્યારે મુશરિકોના જંગી કેદીઓને મદીનહ લાવવામાં આવ્યા તે વેળા હું બીબી અફરાઅના ઘરમાં બેઠેલી હતી. બીબી અફરાઅના બે જવાન પુત્રો————ઔફ અને મુઅવ્વઝ બદ્રની લડાઈમાં શહીદ થઈ ગયા હતા. તેમના બીજા સ્નેહીઓ સાથે હું બીબી અફરાઅને દિલાસો આપવા ગઈ હતી. તે વેળા સુધી મુસલમાન મહિલાઓ પર પર્દો ફર્ઝ થયો ન હતો."

હઝરત બીબી સવદહ ફરમાવે છે : "હું અફરાઅના ઘરમાં હતી. ત્યાં જ મને સમાચાર મળ્યા કે મુશરિકોના કેદીઓ મદીનહ આવી ગયા છે. હું તરત ત્યાંથી ઊઠીને મારે ઘેર પહોંચી ગઈ. જોયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઘરમાં બિરાજમાન હતા. મેં જોયું કે મુશરિકોના કેદીઓમાં અબૂ યઝીદ સુહૈલ બિન અમ્ર

---

૧. શિંગડાંની ભેલી ભાગ શરીર સાથે અડાડીને શ્વાસ વડે ખરાબ લોહી કે બદનની ગરમી ચૂસી લેવાની પ્રક્રિયાને સિંગી કે શિંગા કહે છે. "હ"

૨. સામાન્ય રીતે હજ્જામ, મોચી, પિંજારા વગેરે જાતમહેનતની કમાણી કરનારાઓને કેટલાક લોકો હલકી જાતિના ગણીને તેઓ સાથે રોટી-બેટીનો વહેવાર રાખતા નથી. પરંતુ ઇસ્લામી નજરે ધંધા કે પેશાને કારણે કોઈ માણસ હલકી જાતિનો બની જતો નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વંશ, ખાનદાન, માલદારી વગેરેનું અભિમાન ઊખેડી કાઢ્યું હોવાથી ઇસ્લામમાં ઊંચનીચની માન્યતાને મુદ્દલ સ્થાન નથી. આપે એક હજ્જામ સાથે રોટી-બેટીના વહેવારનો પોતાના સહાબાને આદેશ આપ્યો અને માનવંતા સહાબાએ તેનો અમલ કરીને દેખાડી દીધો. ઇસ્લામ વગર જગતનો બીજો કોઈ ધર્મ માનવતાની સમાનતાનો આ દાખલો રજૂ કરી શકે એમ નથી. "હ"

Maktabe Ashraf

ઓરડીના એક ખૂણામાં બેઠેલા છે અને તેના બંને હાથો દોરડીથી ગરદન સાથે જકડાયેલા છે. અબૂ યઝીદને આ દશામાં જોઇને હું મારા મન પર કાબૂ રાખી શકી નહિ. મેં તેને આવેશથી કહી દીધું, "હે અબૂ યઝીદ! તમે લોકોએ આ રીતે કેદ થવાનું કબૂલ કરી લીધું ? મર્દાનગીથી લડીને આબરૂભેર મરી ન ગયા ?"

મારા આ શબ્દો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે સવદહ ! શું અલ્લાહ અને તેના રસૂલના મુકાબલામાં એની ઉશ્કેરણી કરો છો ?"

મેં કહ્યું, "નહિ યા રસૂલલ્લાહ ! સોગંદ છે તે અલ્લાહના જેણે આપને સાચા પયગમ્બર બનાવ્યા છે. અબૂ યઝીદને આ દશામાં જોઇને હું મારા મન પર કાબૂ રાખી શકી નહિ અને નિરંકુશ રીતે આ શબ્દો મારી જીભેથી સરી પડ્યા."

બાદમાં હઝરત બીબી સવદહ (રદિયલ્લાહુ અન્હા)ને આ શબ્દોનો બહુ પસ્તાવો થયો.

કેદીઓ સાથે ભલાઇથી વર્તવાની તાકીદ————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે મુશરિકોના કેદીઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર કરવામાં આવ્યા તો આપે પોતાના સહાબામાં એ કેદીઓની વહેંચણી કરી દીધી અને સહાબાને હુકમ આપતાં ફરમાવ્યું, "આ કેદીઓ સાથે ભલાઇ અને સમાનતાનો વર્તાવ કરવાની મારી વસિયત યાદ રાખજો !"

હઝરત મુસઅબ બિન ઉમૈરનો સગો ભાઇ અબૂ અઝીઝ બિન ઉમૈર બિન હાશિમ પણ આ કેદીઓમાં હતો. અબૂ અઝીઝનું કથન છે, "મારો સગો ભાઇ મુસઅબ બિન ઉમૈર અને અન્સારનો અબૂ યુસ્ર નામે એક જવાન મને કેદ કરવા આવ્યા. મારા ભાઇએ એ અન્સારી જવાનને કહ્યું, "તમે એને કેદ કરીને મજબૂતીથી એનો હાથ ઝાલી રાખો. એ છટકવા નહિ પામે. એની મા મક્કહની માલદાર ઓરત છે. તે મોંમાગી રકમ દંડ તરીકે આપીને એને છોડાવી લેશે."

આ સાંભળીને મેં મુસઅબને કહ્યું, "હે ભાઇ સાહેબ ! શું હું તમારો સગો ભાઇ નથી ? શું તમે જોતા નથી કે તમારો સગો ભાઇ કેદ થાય છે ?"

તેઓ બેપરવાઇથી બોલ્યા, "નહિજી ! તું મારો ભાઇ નથી. મારો ભાઇ તો તને કેદ કરનાર આ અન્સારી જવાન છે." ૧

અબૂ અઝીઝનું બયાન છે : "જ્યારે હું બદ્રથી કેદી અવસ્થામાં રવાના થયો તો અન્સારી મુસલમાનોની એક ટુકડીએ અમને પોતાના ઘરોમાં અને પહેરામાં રાખ્યા હતા. ખાવાનો સમય થતો ત્યારે રોટી તેઓ અમને આપી દેતા અને પોતે ખજૂર-પાણી પર ગુજારો કરી લેતા. તેઓમાંથી કોઇને રોટલીનો કકડો સરખો હાથ લાગતો કે તરત તેઓ અમને આપી દેતા. તેઓ પોતે ખજૂર ખાય અને અમે રોટલી ખાઇએ તે વાત અમને બહુ નામોશી ભરેલી લાગતી. આ કારણે રોટલી અમે તેઓને પાછી આપી દેતા પણ તેઓ રોટલીને હાથ સુધ્ધાં અડાડતા

૧. એટલે તું મારો ભાઇ ભલે રહ્યા પણ મુસલમાન બને નહિ ... સુધી તું મારો ભાઇ કહેવડાવાને લાયક નથી. ત્યારે આ અન્સારી ભલે મારો સગો નથી પણ મુસલમાન છે એટલે મારા સગા ભાઇ જેવા છે. હઝરત મુસઅબ અને અબૂ અઝીઝ મક્કહના માલેતુજાર કુટુંબના નબીરા હતા. શાહઝાદાઓ જેવા ઠાઠથી રહેતા હતા. હઝરત મુસઅબ બિન ઉમૈરે ઇસ્લામ ખાતર અમીરી છોડીને ફકીરી ગ્રહણ કરી લીધી, અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા આશિક અને ગુલામ બની ગયા. એમના જ પ્રયત્નોથી મદીનહના ઘરેઘરમાં ઇસ્લામની રોશની ફેલાઇ હતી. "હ"

નહિ, ત્યારે એજ રોટલી અમારે ખાવી પડતી.'' [૧]

ઈબ્ને હિશામ કહે છે : બદ્રના યુધ્ધમાં એજ અબૂ અઝીઝ બિન ઉમૈર, કુરૈશી લશ્કરનો ઝંડાધારી હતો. એનાથી પહેલાં કુરૈશનો ઝંડાધારી નદ્ર બિન હારિસ હતો. જ્યારે અબૂ અઝીઝની માતાને એના કેદ પકડાયાના સમાચાર મળ્યા તો તેણે લોકોને પૂછ્યું,

''કેદીના મુક્તિદંડની વધુથી વધુ કેટલી રકમ આપવી પડે ?''

જવાબ મળ્યો, '' ચાર હજાર દિરહમ''

તેણે મુક્તિદંડના ચાર હજાર દિરહમ મોકલાવીને પોતાના પુત્ર અબૂ અઝીઝને મુસલમાનોની કેદમાંથી છોડાવી લીધો.

શિકસ્તના સમાચાર મક્કહમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : બદ્રના દિવસે કુરૈશના સંકટગ્રસ્ત લશ્કરમાંથી છટકીને જે ગૃહસ્થ સૌથી પહેલાં મક્કહમાં દાખલ થયો તે હૈસમાન બિન અબ્દુલ્લાહ ખુઝાઇ હતો. આ તરફ મક્કહના લોકો બદ્રના સમાચાર જાણવા આતુર હતા. અને ફતેહની ખુશખબર સાંભળવા થનગની રહ્યા હતા. તેઓને ખાતરી હતી કે અમારા બહાદુરો મુઠ્ઠીભર મુસલમાનોને આંખના પલકારામાં કાપીને ફેંકી દેશે. હૈસમાનને જોતાં જ લોકોએ તેને અધીરાઈથી પૂછ્યું, ''હૈસમાન ભાઈ ! તમને અલ્લાહના સોગંદ છે. જલદી કહો ને બદ્રના શું સમાચાર છે ?''

તે બાનસૂની દશામાં બોલ્યો, ''ઉત્બહ બિન રબીઅહ, શૈબહ બિન રબીઅહ, વલીદ બિન ઉત્બહ અબુલ-હકમ બિન હિશામ, એટલે અબૂ જહલ, ઉમૈયહ બિન ખલફ, ઝમ્અહ બિન અસ્વદ, હજ્જાજના બંને પુત્રો નુબૈહ અને મુનબ્બેહ, અબુલ-બુખ્તરી બિન હિશામ.... બધા જ માર્યા ગયા.''

હાંફળો-ફાંફળો હૈસમાન કુરૈશી સરદારોના નામો ગણાવવા લાગ્યો તે વેળા સફવાન બિન ઉમૈયહ નામનો કુરૈશી અગ્રેસર કઅબહના હતીમ સ્થળે બેઠેલો હતો. હૈસમાનની વાત સાંભળીને તે બોલી ઊઠ્યો, ''વલ્લાહ! આ માણસનું મગજ ઠેકાણે લાગતું નથી જેથી પાગલો જેવો લવારો કરે છે. એની અક્કલ ઠેકાણે હોય તો એને પૂછો કે હું કોણ છું ?''

લોકોએ તેને પૂછ્યું, ''હે હૈસમાન ! તે જુઓ પેલો કોણ માણસ છે અને તે ક્યાં બેઠેલો છે?''

હૈસમાન બિન અબ્દુલ્લાહ બોલ્યો, ''એ સફવાન બિન ઉમૈયહ છે અને કઅબહના હતીમમાં બેઠેલો છે. વલ્લાહ ! એનો બાપ અને ભાઈ બંને માર્યા ગયા. એ બંનેને બદ્રમાં કતલ થતાં મેં મારી આંખે જોયા છે.'' (એટલે ઉમૈયહ બિન ખલફ અને તેનો બેટો અલી.)

અબ્બાસના ગુલામની કથા————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હુસૈન બિન અબ્દુલ્લાહ બિન ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન અબ્બાસે, હઝરત ઈબ્ન અબ્બાસના આઝાદ કરેલા ગુલામ હઝરત ઈકરિમહની રિવાયત કહી સંભળાવી તે ઈકરિમહને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામ

---

૧. કેદ પકડાઇને મદીનહ આવેલા મુશરિકો ઇસ્લામ અને મુસલમાનોના કટ્ટર દુશ્મનો હતા. આમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમની સાથે ઇન્સાનિયતને છાજે તેવો વર્તાવ કરવાનો પોતાના સહાબાને હુકમ ફરમાવી દીધો. સહાબા પણ પોતાના આકાના હુકમને માથે ચડાવીને અગાઉની તમામ દુશ્મની ભૂલી ગયા અને કેદીઓ સાથે એવો ઉત્તમ અને ઉદાર વર્તાવ કર્યો કે મુશરિકોના ઘણાખરા કેદીઓ એજ અવસ્થામાં મુસલમાન બની ગયા. ''હ''

હઝરત અબૂ રાફિઅએ પોતાની વીતક કથા કહી સંભળાવી. હઝરત અબૂ રાફિઅ પોતાની કથા ટાંકતા કહે છે:

"હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબનો ગુલામ હતો. અને મક્કહમાં અબ્બાસના ઘરમાં જ રહેતો હતો. ઇસ્લામ અમારા ઘરમાં પ્રવેશી ચૂક્યો હતો. અબ્બાસ અને એમના બેગમ બીબી ઉમ્મે-ફઝલ અને હું પોતે અમે ત્રણે છુપી રીતે મુસલમાન બની ગયા હતા. અબ્બાસ પોતાની કુરૈશ કોમથી ડરતા હોવાને કારણે પોતાના ઇસ્લામને છુપાવતા હતા. અબ્બાસ મક્કહના મોટા માલદાર ગૃહસ્થ હતા. એમના રૂપિયા-પૈસાની મક્કહના લોકોમાં હેરાફેરી થયા કરતી. (એટલે તેઓ વ્યાજનો ધંધો કરતા હતા.) અબ્બાસનો ભાઇ જેનું નામ અબૂ લહબ હતું તે બદ્રની લડાઇમાં ગયો ન હતો. પોતાની જગાએ અબૂ લહબે આસ બિન હિશામ બિન મુગીરહ નામના શખ્સને બદ્રમાં મોકલાવ્યો હતો. મક્કહમાં એવા બીજા લોકો પણ હતા જેઓ પોતે ગયા ન હતા, બીજાઓને (પૈસા આપીને) પોતાની જગાએ મોકલાવી આપ્યા હતા. જ્યારે બદ્રની આફત મક્કહ પર તૂટી પડી તો તેના સમાચાર સાંભળીને અબૂ લહબના આઘાતનો પાર ન રહ્યો. અલ્લાહએ એને ઝલીલો-ખ્વાર કરીને પછાડી નાખ્યો અને અમારા આનંદનો પાર ન રહ્યો. અમારૂં બળ અને મનોબળ વધી ગયું. અમારા ઉત્સાહ અને માનઆબરૂમાં વધારો થયો હોય તેવો અમને એહસાસ થવા લાગ્યો."

હઝરત અબૂ રાફિઅએ પોતાની કથા ચાલુ રાખતાં ઉમેર્યું, "હું એક ગરીબ માણસ હતો. શરીરે પણ નિર્બળ કે નબળો હતો. તીરો બનાવવાનો ધંધો કરતો હતો. ઝમઝમના કૂવા પાસે આવેલા તંબૂમાં તીરોને છોલી-છોલીને ભેગાં કરતો હતો. વલ્લાહ ! એ દિવસે પણ નિયમ મુજબ તંબૂમાં બેસીને હું તીરો બનાવવાના કામમાં લાગેલો હતો. અબ્બાસના બેગમ બીબી ઉમ્મે-ફઝલ મારી પાસે બેઠેલાં હતાં. બદ્રના મળેલા સમાચારથી અમારો આનંદ અને ઉત્સાહ માતો ન હતો. એટલામાં અચાનક અબૂ લહબ કઢંગી રીતે પડતો આખડતો આવી લાગ્યો અને તંબૂ પાસે આવીને જાણે ભોંય પર ફસકાઇ પડયો. તે અમારી તરફ પૂઠ ફેરવીને ત્યાં જ બેસી ગયો. તેના બેસતાં જ લોકોએ પોકાર પાડયો, "લ્યો આ રહ્યો અબૂ સુફ્યાન બિન હારિસ઼ બિન અબ્દુલ-મુત્તલિબ ! એ પણ બદ્રથી આવી લાગ્યો."

ઇબ્ને હિશામ કહે છે : આ અબૂ સુફ્યાન બિન હારિસ઼ બિન અબ્દુલ-મુત્તલિબનું મુળ નામ મુગીરહ બિન હારિસ઼ હતું અને હારિસ઼ રસૂલુલ્લાહનો કાકા હતો.

અબૂ લહબનો અંજામ——————અબૂ લહબે તેને હાંક મારી, "હે અબૂ સુફ્યાન ! જરા અહીં મારી પાસે આવજે. લડાઇની સાચી માહિતી તું જ આપી શકે છે. જરા વિગતથી કહે કે ત્યાં બદ્રમાં શું બન્યું?"

અબૂ સુફ્યાન તેના હુકમને માન આપીને આગળ વધ્યો અને તેની પાસે જઇને બેસી ગયો. લોકોનું ટોળું અમારી આજુબાજુમાં આવીને ઊભું થઇ ગયું. અબૂ લહબે તેને પૂછ્યું, "અબૂ સુફ્યાન ! લડાઇમાં તેઓની શી દશા હતી ? જરા વિગતથી બતાવ કે મામલો શું બન્યો ?"

તેણે કહ્યું, "વલ્લાહ ! મામલો આટલો જ બન્યો કે અમે તેઓને રણક્ષેત્રે મેદાનમાં નીકળીને અમારા ખભા અને અમારી ગરદનો તેઓને હવાલે કરી દીધી. તેઓ પોતાની મરજી મુજબ અમને કતલ કરતા રહ્યા. અને પોતાની મરજી મુજબ અમને કેદ કરતા રહ્યા. જાણે અમે પોતાના જ હાથે પોતાના હાથપગ બાંધીને તેઓને શરણે ચાલ્યા ગયા. આમ છતાં અમે પોતાની જાતને કોઇ ઠપકો નહિ આપ્યો કેમકે ત્યાં એક નવો

Maktabe Ashraf

જ તમાશો અમારા જોવામાં આવ્યો. બાબત એમ બની કે મેદાનમાં મુસલમાનો ઉપરાંત બીજું એક લશ્કર હતું જેમાં ગોરા રંગના લોકો, કાબર-ચીતરા ઘોડાઓ પર બેઠેલા, જમીન આસમાનની વચ્ચે અધ્ધર દેખાતા હતા. તેઓ કોઈને છોડતા ન હતા અને કોઈ તેઓની સામે ટકી શકતું ન હતું.''

હઝરત અબૂ રાફિઅ કહે છે : આ સાંભળીને મારાથી રહેવાયું નહિ. હું બોલી ઊઠયો, ''અલ્લાહના સોગંદ ! એ તો ફરિશ્તાઓની ફોજ હતી.''

આ સાંભળતાં જ અબૂ લહબનો મિજાજ ગયો. તેણે હાથ લાંબો કરીને જોરથી એક લપડાક મારા ચેહરા પર મારી દીધી. મેં પણ તેને થાપડ મારીને બદલો લઈ લીધો. તેણે મને હાથોમાં ઉપાડીને ભોંય પર પટકી માર્યો અને પછી મારી છાતી પર ચઢીને મને મારવા લાગ્યો. આ જોઈને બીબી ઉમ્મે-ફઝલ તંબૂનો એક ખૂંટો ઉખેડી લાવ્યાં અને તેના માથા પર એવો ફટકો માર્યો કે તેની ખોપરી ફાટી ગઈ. પછી બોલ્યાં, ''શું સમજે છે તું તારા મનમાં ? એનો શેઠ અહીં નથી એટલે તેં એને નબળો ધારી લીધો છે !''

આ અપમાન જાણીને અબૂ લહબ ભોંઠો પડી ગયો અને લડથડત થઈને ત્યાંથી ચાલ્યો ગયો. પરંતુ એ પછી અલ્લાહના આ દુશ્મનને સાત દિવસથી વધુ જીવવાનુ નસીબ થયું નહિ. એને ''અદસહ''નો ચેપી રોગ લાગી ગયો જાણે એના પ્રાણ હરી લીધા. [૧]

મક્કહમાં ઘરઘરમાં માતમ-- ————ઈબ્ને ઇસ્હાક કહે છે : મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના બાપ અબ્બાદની રિવાયત કહી સંભળાવી કે, શિકસ્તના સમાચારથી પ્રથમ તો મક્કહના લોકોએ પોતાના મરનારાઓનો ખૂબ વિલાપ કર્યો. રુદન, આક્રંદ અને રડારોળથી વાતાવરણ ગજાવી દીધું. પણ પછી ઢંઢેરો પીટાવી દીધો કે, કોઈએ પોતાના મરનારનો વિલાપ કરવો નહિ. કેમકે મુહંમદ અને તેમના સાથીઓ સાંભળશે તો ઘણા ખુશ થશે વળી કોઈએ પોતાના કેદીને છોડાવવા માટે દંડની રકમ પણ મોકલવી નહિ. કેમકે આપણી અધીરાઈ અને ઉતાવળ જોઈને તેઓ દંડની રકમ વધારી દેશે. માટે થોડા દિવસ રાહ જુઓ.

અસ્વદ બિન મુત્તલિબનું વિલાપગીત————અસ્વદ બિન મુત્તલિબની અવલાદમાંથી ત્રણ શખ્સો, ઝમ્અહ બિન અસ્વદ, અકીલ બિન અસ્વદ અને હારિસ બિન ઝમ્અહ આ લડાઈની આફતમાં માર્યા ગયા હતા. અસ્વદ એમની ઉપર પોક મૂકીને રડવા માગતો હતો. પરંતુ ઢંઢેરો પીટાવાથી તે ગડમથલની દશામાં હતો. એટલામાં એક રાતે અચાનક કોઈના મોટેથી રડવાનો અવાજ તેના કાને પડયો. અસ્વદની આંખની રોશની ચાલી ગઈ હતી. પોતાના ગુલામને તેણે કહ્યું, ''અલ્યા! બહાર જઈને તપાસ કરી આવ, શું મોટેથી રડવાની પરવાનગી મળી ગઈ છે ? શું કુરૈશ પોતાના મરનારાઓને રડે છે ? હું પણ મારા પુત્રો પર પોક મૂકીને રડવા માગું છું કેમકે મારા તનબદનમાં આગ લાગેલી છે.''

ગુલામે તપાસ કરીને સમાચાર આપતાં કહ્યું, ''સાહેબ ! એક સ્ત્રીનું ઊંટ ખોવાય ગયું છે અને એ સ્ત્રી પોતાના ઊંટને રડે છે.'' આ સાંભળતા જ અસ્વદ બોલી ઊઠયો :

---

૧. અદસહ : શીતળાના પ્રકારનો એક ચેપી રોગ જેમાં મસૂરના દાણા જેવા લાલ ફોલ્લા શરીરે ફૂટી નીકળે છે. કહેવાય છે કે એ જીવલેણ હોય છે.''હ''

અ-તબ્કી અંય-યદિલ્લ-લહા બઈરુન. • **વ યમ-નઉહા-મિનન-નવમિસ-સુહૂદ.**

શું તે પોતાના એક ઊંટના ખોવાય જવા પર રડે છે ? અને ઉજાગરો તેને ઊંઘથી અટકાવી રહ્યો છે?

ફલા તબ્કી અલા બકરિંવ - વલાકિન, • **અલા બદરિન તકાસર-તિલ જુદૂદ.**

હે સ્ત્રી ! પોતાના જવાન ઊંટના ખોવાય જવા પર ન રડ ! બલકે બદ્રની બનેલી ઘટના પર રડ ! જે દિવસે કે નસીબ ફૂટી ગયું.

અલા બદરિન સરાતિન બની હુસૈસિન, • **વ મખ્ઝૂમિન વ રહતિ અબીલ-વલીદિ.**

અરે ! બદ્ર પર રડ ! બની હુસૈસના સુપુત્રો પર રડ ! બની મખ્ઝૂમ પર રડ ! અને અબૂ વલીદના ખાનદાન પર રડ!

વ બકકી ઈન બકૈતિ અલા અકીલિન, • **વ બક્કી હારિસન અસદલ- ઉસૂદિ.**

અને જો તારે રડવું જ હોય તો અકીલ પર રડ ! અને હારિસ પર રડ જે સિંહોના સિંહ હતા.

અલા કદ સાર બઅદ-હુમ રિજાલન, • **વ લવલા યવમુ બદરિલ લમ યસૂદૂ.**

સાંભળી લો, એમના પછી એવા લોકો સરદાર બની ગયા કે અગર બદ્રનો સંગ્રામ ન જામતે તો એ લોકો કદી સરદાર બની શકતે નહિ.

તવંગર બેટો બાપને છોડાવે છે————ઇબ્ને ઈસ્હાક કહે છે : બદ્રના કેદીઓમાં અબૂ વદાઅહ બિન દબીરહ સહમી નામે એક ગૃહસ્થ પણ હતો. એનો મુત્તલિબ નામે બેટો મક્કહનો મોટો વેપારી હતો. એના વિષે રસૂલુલ્લાહ-સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું :

ઈન્ન લહૂ બિ-મક્કત ઈબ્નન કૈસન	એનો એક ચંચળ બેટો મક્કહમાં છે,
તાજિરન ઝા-માલિન.	તે વેપારી અને માલદાર છે.
વ કઅન્નકુમ બિહી કદ જાઅકુમ	જાણે કે તે આવી લાગ્યો છે તમારી પાસે
ફી તલબિ ફિદાઇ અબીહિ.	દંડની રકમ લઈને પોતાના બાપને છોડાવવા.

કુરૈશે જ્યારે મક્કહમાં જાહેરાત કરાવી હતી કે પોતાના કેદીઓને છોડાવવા માટે ઉતાવળ કરવી નહિ નકર તેઓ દંડની મોટી રકમની માગણી કરશે. તે વેળા અબૂ વદાઅહના પુત્ર મુત્તલિબે આ જાહરોતને ટેકો આપતાં કહ્યું હતું કે, બિલકુલ સાચી વાત છે. ઉતાવળ કરવાની મુદ્દલ જરૂર નથી. પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશીનગોઈ મુજબ મુત્તલિબ પોતે રાતના સમયે છુપી રીતે મક્કહથી નીકળીને મદીનહ પહોંચી ગયો અને દંડની રકમ ચાર હજાર દિરહમ ચૂકવીને પોતાના બાપને છોડાવીને લઈ ગયો.

મક્કહનોજાણીતો શાઇર સુહૈલ બિન અમ્ર————એ પછી કુરૈશે પણ પોતપોતાના કેદીઓને છોડાવવા માટે દંડની રકમો મોકલવાનું શરૂ કર્યું. મુકરિઝ બિન હફ્સ બિન અલ-અખીફ નામે એક ચાલાક આદમી દંડની રકમ ન હતા છતાં પોતાના સ્નેહી સુહૈલ બિન અમ્રને છોડવવા મદીનહ પહોંચી ગયો. બનૂ સાલિમ બિન ઓફવાળા હઝરત માલિક બિન દખ્શમે સુહૈલ બિન અમ્રને કેદ કર્યો હતો. કેદ કરતી વેળા હઝરત માલિક બિન દખ્શમે આ શૌર્યગીત લલકાર્યું હતું :

Maktabe Ashraf

અસરતુ સુહૈલન ફલા અબ્તગી • અસીરન બિહી મિન જમીઇલ ઉમમ.

સુહૈલને મેં કેદ પકડ્યો છે. એના બદલામાં દુનિયાની તમામ પ્રજાઓમાંથી કોઈને પણ કેદ કરવાનું હું પસંદ કરી શકું નહિ.

વ ખિન્દફૂ તઅ્લમુ અન્નલ ફતા • ફતાહા સુહૈલુન ઇઝા યુઝલમ.

અને બનૂ ખિન્દફના લોકો જાણે છે કે, ઝુલ્મનો બદલો લેવાનો પ્રસંગ આવી પડે તો, કબીલામાં કોઈ જવામર્દ કે વીરનર હોય તો તે સુહૈલ બિન અમ્ર જ છે.

દરબ્તુ બિઝિશ શફરિ હત્તન ન્સનય • વ અકરહતુ નફસી અલલ ઝિલ-અલમ.

મેં સુહૈલ પર તલવારના વાર કર્યા ત્યાં સુધી કે તે નમી પડયો. એના જેવા કપાયેલા હોઠવાળા સરદાર સાથે લડવા માટે મેં પોતાના જીવને મજબૂર કર્યો. (સુહૈલ બિન અમ્રનો નીચલો હોઠ કપાયેલો હતો.)

ઇસ્લામમાં મુસ્લહની મનાઇ———————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને બનૂ આમિર બિન લુઐયવાળા મુહંમદ બિન અમ્ર બિન અતાએ માહિતી આપી કે જ્યારે મુકરિઝ બિન હફ્સ દંડની રકમ લઇને સુહૈલ બિન અમ્રને છોડાવવા આવ્યો તો હઝરત ઉમર બિન ખત્તાબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો કે સુહૈલ બિન અમ્રના બે ઉપલા દાંતો અને બે નીચલા દાંતો તોડી નાખું કે જેથી એની જીભ લબડિયાં લેતી થઈ જાય અને પછી કોઈ સભા કે જલસામાં એ આપની વિરૂધ્ધ ઉશ્કેરાણીભર્યું ભાષણ ન કરી શકે !"

હઝરત ઉમરની વિનંતીના જવાબમાં આપે ફરમાવ્યું :

લા ઉમસ્સિલુ બિહી	નહિ, હું એનો મુસ્લહ નહિ કરૂં,
ફયુમસ્સિલલ્લાહુ બી	કેમકે અલ્લાહ મારો પણ મુસ્લહ કરી નાખશે,
વઇન કુન્ત નબિય્યન.	ભલે હું પયગમ્બર છું.[1]

આમ ફરમાવીને આપે હઝરત ઉમર બિન ખત્તાબને ફરમાવ્યું, "હે ઉમર ! સાંભળો :

ઇન્નહુ અસા	બેશક બહુ જ જલદી એક સમય આવશે
અંય યકૂમા મુકામન	જ્યારે એ એવા સ્થળે બિરાજશે કે
લા તઝુમ્મુહુ.	તમે એને ઠપકો આપી શકશો નહિ.

ઇબ્ને હિશામ કહે છે : અલ્લાહ તઆલાએ ચાહ્યું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ હદીસ એટલે સુહૈલ બિન અમ્ર વિષે ઉચ્ચારેલી આપની પેશીનગોઈનું વિવેચન હું તેના યોગ્ય પ્રસંગે કરીશ.[2]

૧. મુસ્લહ : નાક-કાન કાપી નાખવા, દાંત તોડવા કે શરીરના કોઈ અવયવને વિકૃત કરી નાખવાને અરબી ભાષામાં મુસ્લહ કહે છે.

૨. સુહૈલ બિન અમ્ર મક્કહનો સરદાર, લોકલાડીલો શાઇર અને વાણીશૂરો સાહિત્યકાર હતો. સભાઓમાં ભાષણ કરતો ત્યારે [illegible] વાણીથી સભાજનોમાં [illegible] દેતો. મહેફિલો [illegible] કવિતાનો જાદૂ [illegible] છટાદાર [illegible] ઇસ્લામની જડ ખોદવા કરતો. [illegible] ઉમર રદિયલ્લાહુ અન્હુની વિનંતીના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમે [illegible] સુહૈલ બિન અમ્ર વિષે પેશીનગોઈ ઉચ્ચારી કે, એક સમય આવશે જ્યારે એજ સુહૈલ ઇસ્લામના બચાવ માટે ઢાલ બનીને ઇસ્લામને બચાવશે. આ પેશીનગોઈ મુજબ ફત્હે મક્કહ પછી સુહૈલ બિન અમ્ર મુસલમાન બની ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત [illegible] અરબના કેટલાક કબીલા મુર્તદ બની ગયા અને એનો ચેપ મક્કહ સુધી ફેલાયો ત્યારે એજ સુહૈલ બિન અમ્ર, કવિત [illegible] અને [illegible] ની તલવાર સાથે લોખંડી તલવાર લઇને મેદાને પડયા. અને એવો જિહાદ કર્યો કે આ નાપાક ચેપના મૂળીયાં ઉખેળી ફેંકી દીધાં. [illegible] મક્કહના લોકો મુર્તદ થવાથી બચી ગયા. વધુ વિગત ફત્હે-મક્કહ પછીના પ્રકરણમાં આવશે.

Maktabe Ashraf

સુહૈલની મુકિત માટે મુકરિઝની યુકિત—————સુહૈલ બિન અમ્રને છોડાવવા માટે તેનો મિત્ર મુકરિઝ બિન હફ્સ મદીનહ પહોંચ્યો. તેણે મુસલમાનો સાથે વાટાઘાટ કરીને સુહૈલની મુકિત માટે તેઓને રાજી કરી લીધા ત્યારે મુસલમાનોએ તેને કહ્યું, ''વારૂ દંડની જે કંઇ રકમ લાવ્યો હોય તે આપી દે અને સુહૈલને લઇ જા.''

મુકરિઝ બોલ્યો, ''સાચું કહું તો દંડની રકમ મારી પાસે નથી. પણ એની ટાંગને બદલે મારી ટાંગ પકડી લો અને એને છોડી મુકો કે જેથી એ મક્કહ જઇને દંડની રકમનો બંદોબસ્ત કરે.''

મુસલમાનોએ સુહૈલ બિન અમ્રને છોડી મૂકયો અને તેની ટાંગના બદલામાં મુકરિઝની ટાંગ પકડી લીધી. એટલે સુહૈલને આઝાદ કરીને તેના મિત્ર મુકરિઝને બાનમાં કેદ કરી લીધો. તે વેળા મુકરિઝ આ શેઅરો લલકારવા લાગ્યો.

ફદૈતુ બિ-અઝ-વાદિન સમાનિન સબા ફતન, • યનાલુસ-સમીમા અઝમુહા લલ-મવાલિયા.

મેં આઠ મૂલ્યવાન ઊંટો આ નવજવાનને છોડાવવા માટે આપી દીધાં. એની ચૂકવણી નાદાન ગુલામો નહિ, શરીફ કે ખાનદાની લોકો જ કરી શકે છે.

રહન્તુ યદી વલ માલુ ઐસરુ મિન યદી, • અલય્યા વલાકિન્ની ખશીતુલ ખાઝિયા.

મેં મારા હાથને ગીરો મૂકી દીધો જો કે હાથને બદલે માલને ગીરો મૂકવાનું આસાન હતું પણ હું બદનામીથી ડરી ગયો.

વ કુલ્ના સુહૈલુન ખયરુના ફઝ-હબૂ બિહી, • લિ- અબ્નાઅના હત્તા નુદીરલ અમાનિયા.

અને અમે કહી દીધું કે, સુહૈલ અમારામાંથી સૌથી શ્રેષ્ઠ ગૃહસ્થ છે. જેથી અમારાં બાળકોને બદલે એને ... લઇ જાવ કે જેથી અમારી આશાઓમાં અમે સફળતાનું માન ખાટી શકીએ.

ઇબ્ને હિશામ કહે છે : કાવ્ય કળાના કેટલા જ્ઞાનીઓ, આ શેઅરો મુકરિઝના હોવાનો ઇન્કાર કરે છે.

ચમડી સાથે દમડી નહિ જાય———————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબકે કહ્યું કે બદ્રના કેદીઓમાં કુરૈશના ટોચના અગ્રેસર અબૂ સુફયાન બિન હર્બનો જવાન બેટો અમ્ર બિન અબૂ સુફયાન પણ હતો. એ કુરૈશના કટ્ટર કાફિર અને શયતાન જેવા આગેવાન ઉકબા બિન અબી મુઐતનો નવાસો થતો હતો એટલે તેની બેટીનો બેટો હતો. [૧]

ઇબ્ને હિશામ કહે છે : અબૂ સુફયાનના પુત્ર અમ્રની મા અબૂઅમ્રની બેટી હતી જે અબૂ મુઐત બિન અમ્રની બહેન હતી અને અબૂ સુફયાનના બેટા અમ્રને હઝરત અલી બિન અબી તાલિબે બદ્રના મેદાનમાંથી પકડીને કેદ કર્યો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન અબીબકના બયાન મુજબ કુરૈશના લોકોએ અબૂ સુફયાનને કહ્યું ''હે અમારા સરદાર ... પણ મદીનહ જા અને દંડની રકમ ચૂકવીને તારા બેટા અમ્રને છોડાવી લાવ.''

આ સાંભળતાં જ અબૂ સુફયાન તડૂકયો, ''વાહ રે મારૂ લોહી પણ વહે અને પૈસા પણ જાય ! (એટલે

૧. ઉકબા બિન અબી મુઐત કુરૈશના શયતાનોમાંથી હતો. બદ્રની લડાઇમા કેદ પકડાયો. મદીનહ પાછા ફરતા ''અઈઝ-ઝબિયહ'' સ્થળે રસૂલ અલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી હઝરત અલીએ એનો કતલ કર્યો. ''હ''

ચમડી પણ જાય અને દમડી પણ જાય !) સાંભળો, મારા બીજા બેટા હન્ઝલહને તો તેઓએ લડાઈમાં મારી જ નાખ્યો છે હવે અમ્રના દંડની રકમ શા માટે મોકલાવું ? ભલે તેઓ એને પણ મારી નાખતા હોય કે મરજી પડે ત્યાં સુધી કેદમાં પૂરી રાખતા હોય !"

અબૂ સુફ્યાનના બેટાનો છુટકારો————અબૂ સુફ્યાનનો બેટો અમ્ર બિન અબૂ સુફ્યાન મદીનહમાં મુસલમાનોની કેદમાં હતો. એ દરમિયાન મદીનહના એક મુસ્લિમ ગૃહસ્થ ખાનએ-કઅબહના ઉમ્રહ માટે મદીનહથી મક્કહ ગયા. એમનું નામ હઝરત સઅદ બિન નુઅમાન બિન અક્કાલ હતું. એ બનૂ અમ્ર બિન ઔફની શાખ બનૂ મુઆવિયહમાંથી હતા. પોતે મોટી વયના ગૃહસ્થ હતા અને એમની સાથે એમના જવાન બેગમ પણ હતાં. બંને મિયાંબીબી મદીનહથી બહાર આવેલા એમના "નકીઅ"નામના સ્થળે પોતાના ઘેટાં-બકરાં સાથે વસવાટ કરતાં હતાં અને ત્યાંથી જ બારોબાર ઉમ્રહ માટે મક્કહ ચાલ્યા ગયાં હતાં. પોતાના યુવાન બેગમ સાથે મક્કહમાં દાખલ થતાં જ કુરૈશના લોકોએ બંને મિયાંબીબીને કેદ કરી લીધાં.

હઝરત સઅદ બિન નુઅમાનના ખ્વાબો-ખ્યાલમાં પણ ન હતું કે કુરૈશના લોકો એમને કેદ કરી લેશે કેમકે આથી પહેલાં કુરૈશ સાથે કરાર થયા હતા કે મદીનહથી હજ્જ યા ઉમ્રહ માટે મક્કહ આવનારને તેઓ અટકાવશે નહિ અને ભલાઈ સિવાય બીજો કોઈ વર્તાવ તેની સાથે કરશે નહિ. મતલબ કે અબૂ સુફ્યાન બિન હર્બે કરારભંગ કરીને મક્કહમાં તેઓને કેદ કરી લીધા અને મિયાંબીબી સાથે દાબદબાણનો તોછડાઈ ભરેલો વર્તાવ કર્યો.

જ્યારે મદીનહમાં હઝરત સઅદ બિન નુઅમાનના કુટુંબીજનોને આ સમાચાર મળ્યા તો તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયાં અને દરખાસ્ત રજૂ કરતાં બોલ્યા, "યા રસૂલલ્લાહ! અબૂ સુફ્યાને મક્કહમાં અમારા માણસોને કેદ કરી લીધા છે. આપ તેના બેટા અમ્રને તેને હવાલે કરી દો કે જેથી અમે તેના બદલામાં અમારા માણસોને છોડાવી લાવીએ."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની દરખાસ્ત મંજૂર ફરમાવી લીધી. આપે અબૂ સુફ્યાનના બેટા અમ્રને આઝાદ કરીને એમના હવાલે કર્યો. આ લોકોએ અમ્રને અબૂ સુફ્યાન પાસે મોકલાવી દીધો. બદલામાં અબૂ સુફ્યાને હઝરત સઅદ તથા તેમના બેગમને આઝાદ કરી દીધાં.

રસૂલુલ્લાહ (સલ.)ના દામાદનો મામલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : બદ્રના કેદીઓમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જમાઈ અબુલ-આસ બિન રબીઅહ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબ્દે-શમ્સ પણ કેદ પકડાઈને આવ્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા સાહબઝાદી હઝરત બીબી ઝૈનબ રદિયલ્લાહુ અન્હા અબુલ-આસના નિકાહમાં હતાં.

ઈબ્ને હિશામ કહે છે : અબુલ-આસને ખિરાશ બિન સિમ્મહ બિન હરામના એક મુજાહિદે બદ્રમાં ગિરિફતાર કર્યા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અબુલ-આસનો શુમાર મક્કહના એવા આબરૂદાર લોકોમાં થતો હતો જેઓ પોતાની પ્રામાણિકતા, બહોળા વેપાર અને માલદારીમાં નેકનામી સાથે પંકાયેલા હતા. અબુલ-આસની માતાનું નામ હાલહ બિન્તે ખુવૈલિદ હતું. તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા બેગમ હઝરત બીબી ખદીજહ (રદિયલ્લાહુ અન્હા)ના હકીકી બહેન હતા. બીબી ખદીજહના કહેવાથી જ આપે અબુલઆસ

Maktabe Ashraf

સાથે બીબી ઝેનબના નિકાહ કરાવ્યા હતા. કેમકે આપ પોતાના બેગમ હઝરત બીબી ખદીજહની કોઇ વાતનો વિરોધ કરતા ન હતા.

નિકાહનો આ બનાવ આપને પયગમ્બરી મળી તે પહેલાંનો છે. અબુલ-આસને હઝરત બીબી ખદીજહ પોતાના સગા પુત્ર પેઠે ચાહતાં હતાં. અલ્લાહ તઆલાએ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરીની પદવિથી સરફરાઝ કર્યા તો બીબી ખદીજહએ આપની પયગમ્બરીનું સમર્થન કર્યું. આપની ઉપર ઇમાન લાવ્યાં અને મુસલમાન બની ગયાં. આપના તમામ માનવંતા બેટીઓ પણ મુસલમાન બની ગયાં. દરેકે આપની પયગમ્બરીનું સમર્થન કર્યું અને આ વાતની સાક્ષી આપી કે જે વસ્તુ લઇને આપ પધાર્યા છે તે સાચી જ છે. પરંતુ આપના જમાઇ અબુલ-આસ પોતે મુસલમાન નહિ બન્યા અને પોતાના મૂર્તિપૂજાના ધર્મને વળગી રહ્યા.

રસૂલુલ્લાહ (સલ.)ના બીજા દામાદ————તે વેળા હઝરત બીબી ખદીજહથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બીજી બે સાહબઝાદીઓ પણ હતાં, હઝરત બીબી રૂકૈયહ અને હઝરત બીબી ઉમ્મે-કુલસૂમ. એમાંથી બીબી રૂકૈયહ અથવા બીબી ઉમ્મે-કુલસૂમના નિકાહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના કાકા અબૂ લહબના પુત્ર ઉત્બહ સાથે કરાવી દીધા હતા. ૧

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળી તો આપે અલ્લાહના હુકમ મુજબ મક્કહમાં તવહીદનો નાદ ગજાવ્યો અને મૂર્તિપૂજાનો વિરોધ કર્યો આ કારણે કુરૈશના લોકો આપના દુશ્મન બની ગયા અને કમર કસીને મેદાને નીકળી આવ્યા. ત્યારે તેઓએ આપસમાં મંત્રણા કરી કે જુઓ, મુહંમદ કેટલી નચિંતાઇ અને બેફિકરીથી પોતાનું કામ કરી રહ્યા છે ! એમની શાંતિનું નખ્ખોદ વાળવાનો આસાન રસ્તો આ છે કે એમની બેટીઓને તલાક અપાવી દેવાની કોશિશ કરવી જોઇએ. બેટીઓને જો તલાક મળી જાય તો મુહંમદના દિલને એવો ઊંડો ઘા લાગશે કે તેઓ શાંતિથી પોતાનું કામ કરી શકશે નહિ અને બેટીઓની ચિંતામાં પડી જશે.

અબુલ-આસને કુરૈશની પેશકશ————આમ ઠરાવીને કુરૈશના મોવડીઓ પ્રથમ અબુલ-આસ પાસે ગયા અને બોલ્યા, "હે અબુલ-આસ ! તેં મુહંમદને બિલકુલ નચિંત બનાવી દીધા છે જેથી તેઓ શાંતિથી પોતાનું કામ કરી રહ્યા છે. માટે તું મુહંમદની બેટીને તલાક આપી દે અને કુરૈશના કોઇ પણ ખાનદાનની રૂપવાન કન્યાનું નામ બતાવી દે. અમે તેની સાથે તારા લગ્ન કરાવી દઇશું."

જવાબમાં અબુલ-આસે પરખાવી દીધું, "નહિ વલ્લાહ ! હું હરગિઝ આમ નહિ કરૂં. ન હું મારી બીબીને તલાક આપીશ ન બીજાં લગ્ન કરીશ. કુરૈશની કોઇ કન્યાને હું પસંદ કરતો નથી."

ઇબ્ને હિશામ કહે છે : મને જાણવા મળ્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અબુલ-આસના આ જવાબની ખબર પડી તોઆપ બેહદ ખુશ થયા અને અબુલ-આસની દામાદીના આપે ઘણા વખાણ કર્યા.

---

૧. સહીહ રિવાયત મુજબ અબૂ લહબના પુત્ર ઉત્બહ સાથે બીબી રૂકૈયહ (રદિયલ્લાહુ અન્હા)ના નિકાહ થયા હતા અને અબૂ લહબના બીજા પુત્ર ઉતૈબહ સાથે બીબી ઉમ્મે-કુલસૂમના નિકાહ થયા હતા. મગર શાદી પછી હજુ સુધી કોઇ સાહબઝાદીની રૂખ્સતી થવા પામી ન હતી. "હ"

ઉત્બહને કુરૈશની પેશકશ——————અબુલ-આસથી નિરાશ થઈને કુરૈશના લોકો રસૂલુલ્લાહના કાકા અબૂ લહબના બેટા ઉત્બહ પાસે ગયા અને બોલ્યા, "મુહંમદની બેટીને તલાક આપી દે અને કુરૈશની કોઈ મનપસંદ કન્યાનું નામ બતાવી દે. તેની સાથે અમે તારા લગ્ન કરાવી દઈશું."

ઉત્બહ હરખભેર બોલ્યો, "મને કબૂલ છે. તમે અબાન બિન સઈદ બિન આસની કન્યા અથવા સઈદ બિન આસની કન્યા જોડે મારી શાદી કરાવી દો. હું મુહંમદની બેટીને તલાક આપી દઈશ."

કુરૈશના લોકોએ તાબડતોડ બંદોબસ્ત કરીને (ઝટ મંગની પટ બિયાહ પેઠે) સઈદ બિન આસની બેટી સાથે ઉત્બહના નિકાહ કરાવી દીધા. અને તેણે મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બેટીને તલાક આપી દીધી. જો કે નિકાહ પછી હજુ સુધી રૂખ્સતી થવા પામી ન હતી. આ રીતે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ અને લાડલા પયગમ્બરની લાડલી બેટીને, નાલાયક બાપના નાલાયક બેટાના કબજામાંથી છોડાવી લીધી અને નૂરના ટુકડા જેવી બેટીની આબરૂ પણ બચાવી લીધી. અને ઉત્બહને હડધૂત કરીને ઝલીલો-ખ્વાર બનાવી દીધો. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના આ માસૂમ બેટીના નિકાહ હઝરત ઉસ્માન બિન અફ્ફાન સાથે થયા.[૧]

તે વેળાના મક્કહના જીવનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરી મળવા પહેલાં નિકાહ કે લગ્ન-સંબંધ વિષે અલ્લાહ તરફથી કોઈ ખાસ આદેશો મળેલા ન હતા. ખાનદાનના રિવાજ મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બેટીઓના નિકાહ કરાવ્યા હતા. પછી જ્યારે ઈસ્લામ આવ્યો અને આપના બેટી બીબી ઝૈનબ મુસલમાન બની ગયાં અને એમના પતિ અબુલ-આસ મુસલમાન નહિ બન્યા તો હવે ઈસ્લામે બંને વચ્ચે છૂટાછેડા તો કરાવી દીધા. પરંતુ મક્કહમાં તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંજોગો એવા ન હતા કે મિયાંબીબીને એકબીજાથી અલગ કરાવી દેતે. કુરૈશથી આપ દબાયેલા હોવાથી આ પ્રકારની કોઈ સત્તા કે અધિકાર ધરાવતા ન હતા. આ કારણે મુસલમાન બની જવા પછી પણ હઝરત બીબી ઝૈનબ પોતાના મૂર્તિપૂજક પતિ અબુલ-આસની સાથે જ રહ્યાં.

એ પછી આપ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા અને જ્યારે જંગે-બદ્રનો પ્રસંગ સર્જાયો તો અબુલ-આસ પણ કુરૈશના લશ્કર સાથે મુસલમાનોના મુકાબલા માટે બદ્રમાં આવ્યા અને કુરૈશના બીજા કેદીઓ પેઠે પોતે પણ પકડાઈ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહ અલૈહિ વ સલ્લમના એક કેદી તરીકે મદીનહમાં હાજર થયા.

બીબી ઝૈનબનો યાદગાર હાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે તેમના પિતાજી અબ્બાદને મુખે સાંભળેલી હઝરત બીબી આઈશહની આ રિવાયત

Maktabe Ashraf

---

૧. અબૂ લહબના એક બેટાનું નામ ઉતૈબહ હતું. એની શાદી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરે-નઝર, લખ્તે-જિગર હઝરત બીબી ઉમ્મે-કુલસૂમ સાથે થઈ હતી. ઉતૈબહએ પણ કુરૈશના કહેવાથી હઝરત બીબી ઉમ્મે-કુલસૂમને તલાક આપી દીધી. તલાક આપતી વેળા તેણે કહ્યું, "હે મુહંમદ ! હું તમારા કુર્આનની આયતોનો ઈન્કાર કરૂં છું અને તમારી પયગમ્બરીને ધિક્કારૂં છું." આમ કહીને તે જરૂરતથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની મુખડા તરફ થૂંક્યો. આપે દુઆ માગી, "હે અલ્લાહ ! તારા કૂતરાઓમાંથી કોઈ કૂતરાને એની ઉપર નિર્માણ કરી દે !"

એ પછી ઉતૈબહ પોતાના બાપ સાથે વેપાર અર્થે સીરિયા ઊપડયો. રાત પડતાં કાફલાએ જંગલમાં પડાવ નાખ્યો અને ખાયપીને બધા ભરઊંઘમાં પડયા. જંગલમાંથી એક સિંહ નીકળી આવ્યો. બધાને છોડીને તેણે ઉતૈબહને ઝડપી લીધો અને તેને ચીરીફાડીને પોતાને રસ્તે પડી ગયો. (સીરતે-સરવરે આલમ જિ. ૨ પા. ૫૦૧) "હ"

બયાન કરી. બીબી આઇશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે :

"મક્કહના લોકોએ જયારે પોતાના કેદીઓને છોડાવવા માટે મુકિતદંડની રકમ મોકલવા માંડી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલાં બેટી બીબી ઝૈનબે પણ પોતાના પતિ અબુલ-આસના છુટકારા માટે કંઇક માલ મોકલ્યો તો તેમાં એક હાર પણ હતો. આ તે હાર હતો જે એમના લગ્ન પ્રસંગે એમના માનવંતા માતાજી બીબી ખદીજહએ શાદીની ભેટ તરીકે આપ્યો હતો અને એજ હાર પોતાની બેટીના ગળામાં પહેરાવીને બેટીને અબુલ-આસના ઘરે રૂખ્સત કર્યા હતાં."

હઝરત બીબી આઇશહ ફરમાવે છે : "જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ હાર જોયો તો આપનું હૈયું ભરાઇ આવ્યું. આપની આંખોમાં આંસુ આવી ગયાં. આપે ગદ્ગદ સ્વરે પોતાના સહાબાને ફરમાવ્યું :

ઇન રઐતુમ	અગર તમને વાજબી લાગે
અન તત્લેકૂ લહા અસીરહા.	કે તમે છોડી મૂકો તેના કેદીને.
વ તરૂદ-દૂ અલૈહા માલહા	અને પાછો આપી દો તેના માલને.
ફફઅલૂ.	તો તમે એમ જ કરો !

જવાબમાં સહાબા બોલી ઊઠયા, "કેમ નહિ યા રસૂલલ્લાહ ! અમારાં માબાપ, અમારાં બાલબચ્ચાં અમારાં જાનમાલ બધું આપની ઉપર કુરબાન !"

એજ વેળા સહાબાએ અબુલ-આસને છોડી મૂકયા. તેમના બીજા માલ સાથે પેલો હાર પણ પાછો આપી દીધો જેને લઇને અબુલ-આસ મક્કહ તરફ ઊપડી ગયા."

ગુજરાતી સંપાદકનો વધારો———જંગે-બદ્રમાં પકડાયેલા કેદીઓમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ પણ હતા. મુસલમાનોએ બીજા કેદીઓ પેઠે એમને પણ દોરડીથી બાંધેલા હતા. દોરડીની ગાંઠો કંઇક વધુ કસીને બાંધેલી હોવાથી તેની પીડાથી તેઓ વારંવાર ઊંહકારા નાખતા હતા. એમનાં દર્દીલા ઊંહકારા સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બેચેન થઇ ગયા આપની ઊંઘ ઊડી ગઇ. એજ વેળા આપે સહાબાને હુકમ ફરમાવ્યો કે અબ્બાસની દોરડીની ગાંઠો ઢીલી કરી દેવામાં આવે. સહાબાએ દોરડીના બંધનો ઢીલાં કરી દીધાં. અબ્બાસની પીડા મટી ગઇ ત્યારે આપ આરામથી સૂઇ શકયા.

અબ્બાસે પોતાના બદન પર જે પહેરણ પહેરેલું હતું તે ફાટીને ચીંથરાં જેવું થઇ ગયું હતું પોતે મજબૂત કાયાના ઊંચા કદના ગૃહસ્થ હોવાથી સહાબામાંથી કોઇનું પહેરણ એમના શરીરે ફિટ થતું ન હતું. ત્યારે મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલનું પહેરણ માગી લેવામાં આવ્યું કેમકે તે પણ એમના જ જેવો ઊંચા કદનો પુરૂષ હતો. તેણે રાજીખુશીથી પોતાનું પહેરણ આપી દીધું જે અબ્બાસના શરીરે ફીટ થઇ ગયું. અબ્દુલ્લાહ બિન ઉબયના આ એહસાનના બદલામાં જયારે એ મરી ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનું મુબારક પહેરણ એના કફન માટે ઇનાયત ફરમાવી દીધું હતું. આ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

Maktabe Ashraf

અલૈહિ વ સલ્લમએ પોતાના કાકા તરફથી મુનાફિકોના સરદારના એહસાનનો બદલો વાળી દીધો હતો.

મુક્તિદંડની સૌથી વધુ રકમ અબ્બાસ પાસેથી વસૂલ કરવામાં આવી કેમકે એ મક્કાના એક નાણાંવંત અને માલેતુજાર ગૃહસ્થ હતા. અન્સાર સહાબાએ વિનંતી કરી હતી, ''યા રસૂલલ્લાહ ! આપની પરવાનગી હોય તો અબ્બાસના દંડની રકમ અમે ચૂકવી આપીએ કેમકે એ આપના કાકા છે અને અમારા ભાણેજ થાય છે.''

આપે ફરમાવ્યું, એમની પાસેથી એક દિરહમ પણ જતો ના કરો.''

એ પછી આપે અબ્બાસ પાસેથી દંડની રકમની માગણી કરી. તમેણે પોતાની નાદારી જાહેર કરતાં કહ્યું, ''દંડની રકમ ક્યાંથી લાવું ? હે ભત્રીજા ! શું તમે એમ ચાહો છો કે હું કુરૈશ પાસે ભીખ માંગતો ફરૂં ?''

આપે ફરમાવ્યું, ''ચચાજાન ! પેલા સોનાના દલ્લાનું શું થયું જે તમે તમારા બેગમ ઉમ્મે-ફઝલને આપીને ચૂપકેથી કહ્યું હતું કે લડાઈથી જીવતો પાછો ન ફરૂં તો આ દલ્લો તમારા અને બચ્ચાંઓના કામમાં આવશે !''

આ સાંભળીને અબ્બાસ દંગ થઈ ગયા અને બોલ્યા, ''હે મુહંમદ ! બેશક તમે અલ્લાહના રસૂલ છો. મારા અને ઉમ્મે-ફઝલ વગર આ ભેદની કોઈને ખબર ન હતી.''

એ પછી અબ્બાસ પાસેથી દંડની રકમ સો ઊકિયા વસૂલ કરવામાં આવી. એક ઊકિયા ચાલીસ દિરહમનો થાય છે. બદ્રના કેદીઓમાં જેઓ નાદાર અને ગરીબ હતા. તેઓને દંડ લીધા વિના છોડી મૂકવામાં આવ્યા અને જેઓ લખવા વાંચવાનું જાણતા હતા તેઓને કહેવામાં આવ્યું કે, દસ-દસ માણસોને લખવા-વાંચવાનું શીખવી દો તો તમે આઝાદ છો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દત્તક અને આઝાદ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસાહ રદિયલ્લાહુ અન્હુ બદ્રના એજ કેદીઓ પાસેથી લખવા વાંચવાનું શીખ્યા હતા.

પ્રકરણ ૯૬

અબુલ-આસનો ઇસ્લામ-સ્વીકાર

બીબી ઝૈનબનો મદીનહ પ્રવાસ • રવાનગી અને રૂકાવટ • કુરૈશની પાયમાલીનો ચિતાર • હઝરત ઝૈ-સમહના શેઅરો • હબ્બારને આગમાં ફૂંકી નાખવાનું ફરમાન • અબુલ-આસનો વેપારી માલ • બીબી ઝૈનબ તરફથી રક્ષણની જાહેરાત • અબુલ-આસના માલની વાપસી • અબુલ-આસનાં ઇસ્લામની જાહેરાત • વિના દંડે છોડી મૂકાયેલા કેદીઓ • અબૂ અઝઝાની શાઇરી • ઉમૈર બિન વહબનો ખૂની ઇરાદો • ઉમૈર મદીનહ તરફ • ખાનગી મંત્રણાનો ભેદ • ઉમૈર મુસલમાન બને છે • કુરૈશ સાથે ઇબલીસની દગાબાજી • હઝરત હસ્સાનનો કસીદો • હજ્જ પ્રસંગે જમણ પીરસનારા અગ્રેસરો • બદ્રમાં મુસલમાનોના ઘોડા.

બીબી ઝૈનબનો મદીનહ પ્રવાસ————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબુલ આસ મુસલમાનોની કેદમાંથી છૂટીને મક્કહ જવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમની પાસેથી કબૂલાત લીધી હતી અથવા તેમણે પોતે વચન આપી દીધું હતું કે મક્કહ પહોંચીને તેઓ પોતાના બેગમ બીબી ઝૈનબને મદીનહ આવવાની પરવાનગી આપી દેશે. આ વાત તેમના છુટકારાની શરતોમાંથી એક શરત હતી કે કેમ, તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી, ન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી ન અબુલ-આસ તરફથી. એમાં હકીકત શું છે તે અલ્લાહ બેહતર જાણે.

જ્યારે અબૂલ-આસને છોડી મૂકવામાં આવ્યા અને તેઓ મક્કહ પહોંચી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ હઝરત ઝૈદ બિન હારિસ઼ અને અન્સારમાંથી એક ગૃહસ્થને એજ વેળા મક્કહ રવાના કરતાં ફરમાવ્યું :

કૂના બિ-બત્ને-યઅજજ,	તમે બંને યઅ-જજની ખીણમાં જઇને થોભી જાવ. [1]
હત્તા તુમુર્રે બિકુમા ઝૈનબ	પછી જ્યારે પસાર થાય તમારી પાસેથી ઝૈનબ,
ફ-તુસ-હબાહા	તો તેમના સંગાથે થઇ જાવ,
હત્તા તઅ-તિયાની બિહા.	ત્યાં સુધી કે લઇ આવો મારી પાસે તેમને.

બંને ગૃહસ્થો એજ વેળા મક્કહ તરફ ઊપડી ગયા. આ બનાવ જંગે-બદ્રના આસરે એક મહિના પછીનો

૧. યઅજજ : મક્કહથી મદીનાહ જતાં તન્ઇમના રસ્તે મક્કહથી ચારપાંચ માઇલ દૂર આવેલું એક સ્થળ.

છે. અબુલ-આસ જ્યારે મક્કહ પહોંચી ગયા તો વચન મુજબ તેમણે બીબી ઝૈનબને તેમના માનવંતા પિતાજી પાસે જવાની પરવાનગી આપી દીધી અને બીબી ઝૈનબ મદીનહ જવાની તૈયારી કરવા લાગ્યાં.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબકે, બીબી ઝૈનબ રદિયલ્લાહુ અન્હાની આ કથા સંભળાવી જેમાં હઝરત ઝૈનબ પોતે ફરમાવે છે કે,

"અબુલ-આસના કહેવાથી હું મારા પિતાજી પાસે જવાની, મક્કહમાં તૈયારી કરતી હતી એટલામાં ઉત્બહ બિન રબીઅહની બેટી હિન્દ મારી પાસે આવી અને બોલી, "હે મુહંમદની બેટી ! શું તું એમ ધારે છે કે, તું તારા પિતાજી પાસે જવાની તૈયારી કરે છે તેની મને ખબર નથી ?"

મેં કહ્યું, "ના રે બહેન મારો એવો કોઇ વિચાર નથી."

તે બોલી, "હે મારા કાકાની બેટી ! શું કામ તું આમ બોલે છે ? મારાથી વાત છુપાવવાની જરૂર નથી. આ હું તને એટલા માટે કહું છું કે મુસાફરીમાં પૈસા કે બીજી કોઇ વસ્તુની જરૂર હોય તો મને કહે, હું તને મદદ કરવા તૈયાર છું. મારી પાસેથી માગી લેવામાં કંજૂસી કે નામોશી કેવી ? બદ્રમાં જે સંગ્રામ ખેલાયો તે પુરૂષોનો મામલો હતો. એના એવા અર્થ નથી કે આપણે સ્ત્રીઓ પણ આપસના સંબંધો બગાડી નાખીએ!"[1]

હઝરત બીબી ઝૈનબ ફરમાવે છે : " ઉત્બહની બેટી હિન્દ જે કંઇ કહ્યું તેને તે કરીને દેખાડી દેતે તેની મને ખાતરી હતી. તેમ છતાં તેની તરફથી એક જાતનો વસવસો મારા દિલમાં આવી ગયો જેથી મેં મારો ભેદ છુપાવી રાખ્યો અને મદીનહ જવાની તૈયારી કરી નાખી.

રવાનગી અને રૂકાવટ————જ્યારે મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બેટી બીબી ઝૈનબ પ્રવાસની તૈયારી કરી ચૂક્યાં તો તેમનો દેવર કિનાનહ બિન રબીઅ ઊંટ લઇને આવી લાગ્યો.તે તીર કામઠાંથી પૂરી રીતે સજ્જ હતો. હઝરત ઝૈનબ ઊંટની કાઠી પર બેસી ગયાં. કિનાનહ ઊંટને નાથથી દોરીને લઇ જવા લાગ્યો. મક્કહના બજારમાંથી પસાર થતાં લોકોએ જોયું કે ઝૈનબ ઊંટની કાઠી પર બેસીને જઇ રહ્યાં છે. ઊંટ પસાર થઇ ગયું પણ કુરૈશના લોકોમાં એની ચર્ચા થવા લાગી અને સમાચાર શહેરમાં ફેલાઇ ગયા.

કુરૈશના કેટલાક લોકો બીબી ઝૈનબની તલાશ માટે પૂઠે પડયા અને છેવટે ઝીતુવા સ્થળે પહોંચીને તેઓને ઝડપી લીધા. [2] સૌથી પહેલો જે શખ્સ બીબી ઝૈનબ પાસે પહોંચ્યો તે હબ્બારે બિન અસ્વદ બિન મુત્તલિબ બિન અસદ બિન અબ્દુલ-ઉઝઝા ફિહરી હતો. હઝરત ઝૈનબ ઊંટની કાઠી પર બેઠેલાં હતાં. હબ્બારે પોતાનો ભાલો બીબી ઝૈનબ પર એવી રીતે ઘૂમાવવા માંડયો જાણે હમણાં ઘોંચી દેશે ને અબઘડી ઘોંચી દેશે. બીબી ઝૈનબ ખૂબ ડરી ગયાં અને તે વેળા હમલથી હતાં. હબ્બારના ભાલાના ભયથી થથરી ઊઠયાં અને તેના આઘાતથી તેમનો હમલ પડી ગયો..

જોતજોતામાં આ કરૂણ ઘટના સર્જાઇ ગઇ. હઝરત ઝૈનબનો દેવર કિનાનહ અચાનક જમીન સાથે લાગી ગયો અને કામઠાં સાથે તીર જોડીને લલકાર્યો," ખબરદાર ! કોઇ આગળ વધ્યો તો આ તીરથી તેને વીંધી

૧. હિન્દ બિન્તે ઉત્બહ : બદ્રમાં કતલ થનાર કુરૈશી કમાન્ડર ઉત્બહ બિન રબીઅહની બેટી, કુરૈશી આગેવાન અબૂ સૂફયાનની બેગમ અને હઝરત અમીર મુઆવિયહની માનું નામ. ઇસ્લામની કટ્ટર દુશ્મન હતી. જંગે-ઉહુદમાં હઝરત હમ્ઝહ શહીદ થયા તો તેમનું કાળજું કાઢીને ચાવીને ફેંકી દીધું હતું. ફત્હે-મક્કહ વેળા બંને મિયાંબીબી મુસલમાન બન્યાં. અલ્લાહ એમનાથી રાજી હો ! "હ"

૨. ઝી-તુવા : મક્કહથી મદીનહ જતાં, મક્કહથી ચાર પાંચ માઇલના અંતરે આવેલું સ્થળ.

નાખીશ!''

ફૂટે આવેલાં લોકોમાંથી કોઇએ આગળ વધવાનું સાહસ નહિ કર્યું અને તેઓ ત્યાંથી ભાગી ગયા. એટલામાં અબૂ સુફયાન કુરૈશના કેટલાક મોવડીઓને લઇને ત્યાં આવી ગયો. તેણે કિનાનહને કહ્યું, ''હે ભાઇ ! કામઠામાંથી તીર કાઢી નાખ, અમે તારી સાથે કંઇક વાતચીત કરવા માગીએ છીએ.''

કુરૈશની પાયમાલીનો ચિતાર————રાવીનું કથન છે : કિનાનહએ તીરકામઠું સંકેલી લીધું તો અબૂ સુફયાન આગેવાનો સાથે આગળ વધ્યો અને તેની પાસે આવીને ઊભો થઇ ગયો અને કુરૈશની વર્તમાન હાલહવાલીનો ચિતાર દર્શાવતાં બોલ્યો,

''હે યુવક ! તેં સીધો રસ્તો નથી લીધો. તારૂં આ પગલું વાજબીસરનું નથી. ભરબજારે લોકોના દેખતાં તું આ સ્ત્રીને લઇને નીકળ્યો છે. શું તને આપણી મુસીબત, આપણી નામોશી, આપણી પાયમાલીની ખબર નથી ? મુહંમદ તરફથી જે બરબાદી, જે આફત કુરૈશ પર તૂટી પડી તેનું તને ભાન નથી ? હવે મુહંમદની બેટીને તું ખુલ્લી રીતે ભરબજારે અહીંથી લઇ જશે તો જરા વિચાર કર કે, અરબના લોકો આપણા વિષે શું ધારશે ?———એજ ધારશે ને કે બદ્રના બનાવે કુરૈશના હોશ ખાટા કરી દીધા અને તેઓ એટલા ઢીલા થઇ ગયા કે મુહંમદની બેટીને પણ અટકાવી શકયા નહિ. એ પણ આપણી કમજોરી, નામોશી અને લાચારીની નિશાની છે જેના કારણે આ બધું બની ગયું.

''સાંભળ હે જવાન ! હું મારા જીવનના સોગંદ ખાઇને કહું છું કે આ સ્ત્રીને તેના બાપ પાસે જવાથી અટકાવવાની અમને કોઇ જરૂર નથી, ન અમે આ સ્ત્રી પાસેથી કોઇ વેર લેવા માગીએ છીએ. માટે અત્યારે તું એને લઇને મક્કહ પાછો વળી જા અને ધીરજથી કામ લે. પછી જ્યારે શોરબકોર શમી જાય, ઉશ્કેરાટ અને આક્રોશ નરમ પડે અને લોકો છાતી ઠોકીને કહે કે, હા અમે રાજીખુશીથી મુહંમદની બેટીને જવાની પરવાનગી આપી છે ત્યારે તું ચૂપકેથી એને લઇને નીકળી જજે અને એના બાપ પાસે એને પહોંચાડી આવજે. !''

રાવીનું કથન છે : અબૂ સુફયાનની આ સૂફિયાણી વાતો કિનાનહને ગળે ઊતરી ગઇ. તેણે એમ જ કર્યું. હઝરત ઝૈનબને લઇને મક્કહ પાછો વળી ગયો અને જ્યારે ઊહાપોહ કે શોરબકોર શમી ગયો તો રાતની વેળા ચૂપકેથી હઝરત ઝૈનબને લઇને મક્કહથી નીકળ્યો અને હઝરત ઝૈદ બિન હારિસહ તથા તેમના સાથીને હવાલે કરી આવ્યો.

આ બંને ગૃહસ્થો મક્કહથી ચાર પાંચ માઇલના અંતરે આવેલા યઅજજ સ્થળે હઝરત ઝૈનબની પધરામણીની રાહ જોતા હતા. તેઓ હઝરત ઝૈનબને લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઇ ગયા.

હઝરત ખૈસમહના શેઅરો————ઇબ્ને હિશામ કહે છે : હઝરત ઝૈનબ રદિયલ્લાહુ અન્હા સાથે મક્કહમાં જે કમનસીબ બનાવ બન્યો તેના વિષે બનૂ સાલિમ બિન ઔફવાળા હઝરત અબૂ ખૈસમહએ ૧૩ શેઅરોનું કાવ્ય રચ્યું જેના કેટલાક શેઅરો આ છે :

અતાનીલ-લઝી લા યકદિરૂન-નાસુ કદ-રહૂ. • લિ-ઝૈનબ ફીહિમ મિન ઉકૂકિંવ-વ-માસમે.

મને તે બનાવના સમાચાર મળ્યા જેનો સંબંધ હઝરત ઝૈનબ રદિયલ્લાહુ અન્હાની સાથે છે. હઝરત ઝૈનબ સાથે હદ ઉપરાંત ગુનાહિત કે જંગલી વર્તાવ કરવામાં આવ્યો કે જેની કલ્પના પણ લોકો કરી શકે નહિ.

વ યન્દમુ કવમુન લમ તુતીઊ મુહમ્મદન, • અલા અમ્રે-હિમ વ એયુ હીનિન તન્દમે.

તે કૌમ પોતાના કરેલા પર પસ્તાશે જેણે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું કહ્યું નહિ માન્યું અને ક્યારે પસ્તાશે ? જ્યારે કે પસ્તાવો કરવાથી કશું પાકવાનું નથી.

ફ-અબશિર બિ-ખિઝયે ફીલ હયાતે મુઅજ-જલિન, • વ સિરબાલુ નારિન ખાલિદન ફી જહન્નમે.

તેને વધામણી આપી દે કે આ જીવનમાં જ તત્કાળ મળનારી ખુવારી અને રૂસ્વાઈ તારા ભાગે આવશે અને જહન્નમની આગનો પોશાક તેને પહેરાવવામાં આવશે.

ઇબ્ને ઈસ્હાક કહે છે : કિનાનહ બિન રબીઅએ જ્યારે હઝરત ઝૈનબને પેલા બંને ગૃહસ્થોને હવાલે કર્યા તો ઝૈનબ વિશે તેણે કહ્યું :

અજિબ-તુ લિ-હબ્બારિન વ અવબાશે કવમેહી, • યુરીદૂના ઇખ્ફારી બિ-બિન્તે મુહમ્મદિ.

હું હબ્બાર અને તેની કૌમના બદમાશો કે ગુંડાઓ કે ત્રાસવાદીઓથી હયરાન છું. તેઓ ચાહે છે કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બેટી સાથે મારા જે કરાર છે તેને તોડી નાખવામાં આવે.

વ લસ્તુ અબાલી મા હયીતુ અદીદુ હુમ, • વમસ તજ-મઅત કબઝત યદી બિલ મુહન્નદિ.

અને જ્યાં સુધી હું જીવતો છું, મને તેઓની વિરાટ સંખ્યાની કોઈ પરવા નથી; જ્યાં સુધી કે મારો હાથ હિન્દી તલવાર પર મજબૂતીથી કાયમ છે.

હબ્બારને આગમાં ફૂંકવાનું ફરમાન——ઇબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન અબી હબીબે, તેમને બુકૈર બિન અબ્દુલ્લાહ બિન અશજ્જે, તેમને સુલૈમાન બિન યસારે અને તેમણે અબૂ ઈસ્હાક દવસીના મુખે સાંભળેલી હઝરત અબૂ હુરૈરહની આ રિવાયત બયાન કરી. હઝરત અબૂ હુરૈરહ ફરમાવે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબાની એક ટુકડી રવાના કરી. આ ટુકડીમાં હું પણ શામિલ હતો. આપે અમને હુકમ ફરમાવ્યો:

ઇન ઝફિર તુમ	અગર તમે કાબૂ મેળવી લો
બિ-હબ્બારિબ-નિલ-અસ્વદ	હબ્બાર બિન અસ્વદ પર
અવ રજુલિલ-આખિરિલ-લઝી	અથવા પેલા બીજા માણસ પર જે
સ-બ-ક મઅહૂ ઇલા ઝયનબ	ધસ્યો હતો તેની સાથે ઝૈનબ તરફ
ફ-હર-રિકૂ હુમા બિન્નાર.	તો એ બંનેને ફૂંકી નાખશો આગમાં.

ઇબ્ને હિશામ કહે છે : ઇબ્ને ઈસ્હાકે હબ્બાર સાથેના આ બીજા માણસનું નામ નાફિઅ બિન અબ્દે-કૈસ બતાવ્યું છે. હબ્બાર સાથે એને પણ આગમાં ફૂંકી નાખવાનું ફરમાન હતું.

હઝરત અબૂ હુરૈરહનું બયાન છે : ફરમાન મળતાં અમે હબ્બાર બિન અસ્વદ અને નાફિઅ બિન અબ્દે કૈસની શોધમાં રવાના થઈ ગયા. જ્યારે બીજે દિવસ થયો તો અમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી આ સંદેશો મળ્યો :

ઇન્ની કદ કુન્તુ અમરતુકુમ	બેશક મેં હુકમ ફરમાવ્યો હતો તમને,
બિ-તહરીકે હાઝૈનિર-રજુલૈન	આગમાં ફૂંકી મારવાનો આ બંને માણસોને;

ઇન અખઝ-તુમૂ-હુમા.	જ્યારે કે તમે ગિરિફતાર કરી લો એ બંનેને.
સુમ્મ રઐતુ અન્નહૂ	હવે હું એવા મત પર આવ્યો છું કે બેશક, આ વાત
લા યમ્બગી લિ-અહદિન	કોઈ બીજાને શોભે નહિ કે તે કોઈને
અંય યુઅઝ-ઝિબુ બિન્નાર.	શિક્ષા આપે આગમાં બાળી નાખવાની
ઇલ-લલ્લાહ.	અલ્લાહ સિવાય. ૧
ફઇન ઝફિરતુમ બિહિમા	માટે જો તમે કાબૂ મેળવી લો એ બંને પર
ફકતુલૂ હુમા.	તો તેઓને કતલ કરી નાખજો.

અબુલ-આસનો વેપારી માલ————ઇબ્ને ઈસ્હાક કહે છે : આ બનાવ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના જમાઈ અબુલ-આસ એક મુદ્દત સુધી મક્કહમાં રહ્યા અને એમના બેગમ હઝરત ઝૈનબ મદીનહમાં રહ્યાં. ઇસ્લામે બંને મિયાંબીબી વચ્ચે છૂટાછેડા કરાવી દીધા હતા.

એ પછી સંજોગજોગે એવું બન્યું કે, ફત્હે-મક્કહના થોડા દિવસ પહેલાં અબુલ-આસ વેપાર અર્થે પોતાનો અને કુરૈશના બીજા લોકોને માલ લઈને સીરિયા તરફ ઊપડી ગયા. પોતે ઈમાનદારીમાં પંકાયેલા હોવાથી મક્કહના લોકો પોતાનો માલ વેપાર માટે એમને આપતા હતા. આ વેળા પણ ઘણા લોકોએ પોતાનો માલ એમને આપ્યો હતો. વેપારથી પરવારીને અબુલ-આસનો કાફલો સીરિયાથી પાછો ફર્યો તો રસ્તામાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મોકલેલી એક લશ્કરી ટુકડીની દોટે ચઢી ગયા. તેઓએ કાફલાનો બધો વેપારી માલ આંચકી લીધો પણ અબુલઆસ પોતે તેઓના હાથથી છટકી જવામાં સફળ થઇ ગયા. મુસલમાનો તેમને પકડી શક્યા નહિ.

લશ્કરી ટુકડીના માણસો કાફલાનો બધો માલ લઈને મદીનહ ચાલ્યા ગયા અને અબુલ-આસ રાતના અંધારામાં છુપાતા છુપાતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બેટી હઝરત બીબી ઝૈનબ પાસે પહોંચી ગયા. તેમણે પોતાને રક્ષણ આપવાની બીબી ઝૈનબને વિનંતી કરી. બીબી ઝૈનબે અબુલ-આસને રક્ષણ આપી દીધું. અબુલ-આસ પોતાના કાફલાનો માલ લેવાના હેતુએ આવ્યા હતા.

પ્રભાત થયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફજરની નમાઝ માટે ઘરમાંથી નીકળીને મસ્જિદમાં પધાર્યા. નમાઝની તૈયારી હતી. તકબીરનો પોકાર થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહુ અકબર કહીને નમાઝ શરૂ કરી. તમામ મુસલમાનો પણ અલ્લાહુ અકબર કહીને આપની ઇમામતમાં નમાઝ પઢવા લાગ્યા.

બીબી ઝૈનબ તરફથી રક્ષણની જાહેરાત————એજ વેળા બીબી ઝૈનબે સ્ત્રીઓના ચબૂતરા પરથી બુલંદ અવાજે જાહેરાત પોકારી, "હે લોકો ! સાંભળી લો, મેં અબુલ-આસ બિન રબીઅને રક્ષણ આપ્યું છે !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નમાઝનું સલામ ફેરવીને લોકો તરફ જોયું અને ફરમાવ્યું, "હે લોકો ! જે અવાજ મેં સાંભળ્યો, શું તમે પણ સાંભળ્યો છે ?"

---

૧. એટલે આગમાં બાળવાની શિક્ષા આપવાનો હક ફકત અલ્લાહને જ છે. ઇસ્લામી કાનૂન મુજબ કોઈ ઇન્સાનને આ હક નથી કે તે કોઇ ગુનેહગારને આગમાં બાળવાની શિક્ષા આપી શકે. "ક"

Maktabe Ashraf

"હા, યા રસૂલુલ્લાહ ! અમે પણ સાંભળ્યો છે." લોકો બોલ્યા. ત્યારે આપે ફરમાવ્યું :

અમા વલ્લઝી	સાંભળી લો, તે જાતના સોગંદ
નફસુ મુહમ્મદિમ બિ-યદિહી	જેના અધિકારમાં મુહંમદના પ્રાણ છે.
મા અલિમ્તુ બિ-શૈઈમ મિન ઝાલિક.	હું કશું જાણતો ન હતો આ બાબત અંગે.
હત્તા સમિઅ-તુ મા સમિઅ-તુમ.	પછી જે અવાજ મેં સાંભળ્યો તે તમે સાંભળ્યો.
ઈન્નહૂ યુજીરુ	બાબત આ છે કે આસરો આપવાનો અધિકાર
અલલ-મુસ્લિમીન અદના-હુમ.	મુસલમાનો તરફથી અદના માણસ પણ ધરાવે છે.

અબુલ-આસના માલની વાપસી————નમાઝથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના બેટી હઝરત ઝૈનબ પાસે પધાર્યા અને તેમને ફરમાવ્યું :

અય બુનૈયહ ! અકરિમી મસ્વાહુ	એ બેટી ! એમની ખાતરદારી કરજો
વલા યખ્લુ-સન્ન ઈલૈકે	અને એમને તમારા એકાંતમાં ન આવવા દેજો
ફ-ઈન્નકે લા તહિલ્લીન લહૂ.	કેમકે તમે એમના માટે હલાલ નથી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્રે કહ્યું કે, જે લશ્કરી ટુકડીના માણસો અબુલ-આસનો માલ આંચકી લાવ્યા હતા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને કહેણ મોકલાવી કે:

"અબુલ-આસ અમારી સાથે જે સંબંધ ધરાવે છે તે તો તમે જાણો જ છો. હવે તમે એનો માલ લઈ લીધો છે. અગર તમે એની સાથે ભલાઈનો વર્તાવ કરો અને એનો માલ એને પાછો આપી દો તો એ વાત અમને પસંદ છે. પણ જો તમે ઈન્કાર કરી દો તો એ માલના તમે વધારે હકદાર છો. કેમકે એ માલ અલ્લાહના રસ્તામાં આવેલો છે જેને અલ્લાહએ તમને ગનીમતના માલ તરીકે આપ્યો છે."

આ સંદેશો મળતાં જ તેઓ બોલી ઉઠયા, "યા રસૂલલ્લાહ ! આપનો હુકમ સર આંખો પર. એ બધો માલ અમે રાજીખુશીથી અબુલ-આસને પાછો આપી દઈએ છીએ."

આમ કહીને તેઓએ કાફલાનો ચૂકતે માલ પાછો લોટાવી દીધો. જેમકે કોઈ લોટો લાવતો હતો, કોઈ ડોલ લાવતો હતો, કોઈ મશક લાવતો હતો, એટલે સુધી કે ગાંસડીઓ અને પોટલાં ઉપાડવાના વાંકાચૂકા વાંસળા સુધ્ધાં લાવીને હાજર કરી દીધા. કાફલાની કોઈ નજીવી કે મામૂલી વસ્તુ પણ રહેવા દીધી નહિ અને કોઈ ચીજ ગેરવલ્લે પડી નહિ. અબુલ-આસ ઢગલાનો આ બધો માલ સમેટી-સમેટાવીને હરખભેર મક્કહ તરફ ઊપડી ગયા અને કુરૈશના જે જે સ્ત્રી પુરૂષની વેપારમાં ભાગીદારી હતી, પૂરી ઈમાનદારી સાથે દરેકને તેનો માલ પહોંચતો કરી દીધો.

અબુલ-આસના ઈસ્લામની જાહેરાત————દરેક ભાગીદારને તેના ભાગનો માલ આપી દેવા પછી અબુલ-આસે પોકારીને કહ્યું. "હે કુરૈશના લોકો ! શું તમારામાંથી કોઈનો કંઈ માલ મારી પાસે રહી ગયો છે ?"

લોકો બોલ્યા, " અમારો કોઈ માલ તમારી પાસે રહ્યો નથી. અમારો ભાગ અમને મળી ગયો છે."

Maktabe Ashraf

"હે કુરૈશ ! શું તમારૂં કોઈ લેણું મુજ પર નીકળે છે ?" અબુલ-આસે પૂછયું.

"ના અમારૂં કોઈ લેણું નીકળતું નથી." કુરૈશ બોલ્યા, "અલ્લાહ તમને તમારી પ્રામાણિકતાનો ઉત્તમ બદલો આપે. ખરેખર તમે એક પ્રામાણિક, સંનિષ્ઠ અને સજ્જન પુરૂષ છો."

"ત્યારે સાંભળો," અબુલ આસ બોલ્યા, "હુ સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી અને હું સાક્ષી આપું છું કે મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. સાંભળો હે કુરૈશ ! વલ્લાહ, હું તો મદીનહમાં જ મુસલમાન બની જવા માગતો હતો પણ આ વિચારે હું અટકી ગયો કે, તમે એમ ન કહી દો કે, આ માણસ અમારો માલ હજમ કરી જવા માટે મુસલમાન બની ગયો છે. હવે તમારામાંથી દરેકનો માલ ઈમાનદારીથી આપી દેવાનો સંતોષ અનુભવીને હું મારા ઈસ્લામની જાહેરાત કરૂં છું."

એ પછી હઝરત અબુલ-આસ રદિયલ્લાહુ અન્હુ મક્કહ છોડીને મદીનહ ચાલ્યા ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને દાવૂદ બિન હુસૈને કહ્યું અને તેમને ઈકરિમહએ કહ્યું અને ઈકરિમહએ હઝરત ઈબ્ને અબ્બાસના મુખેથી સાંભળ્યું. હઝરત ઈબ્ને અબ્બાસનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના પ્યારી બેટી બીબી ઝૈનબને ૬ વરસ પછી પહેલા નિકાહને આધારે જ હઝરત અબુલ-આસને હવાલે કરી દીધાં અને બીજીવાર નિકાહ પઢાવ્યા નહિ."

એવા ઈસ્લામનું શું મૂલ્ય ?—— ——ઈબ્ને હિશામ કહે છે : મને હઝરત અબૂ ઉબૈદહએ આ માહિતી આપી કે અબુલ-આસ બિન રબીઅ જયારે સીરિયાથી કુરૈશી મુશરિકોની ભાગીદારીનો માલ લઈને આવ્યા અને સહાબાની લશ્કરી ટુકડીએ તેમના વેપારી કાફલાને ઝડપી લીધો તો મુસલમાનોએ તેને કહ્યું, "અબુલ-આસ ! અમારી એક શર્ત કબૂલ કરો તો બધો માલ તમને પાછો આપી દઈએ."

"કેવી શર્ત ?" અબુલ-આસે પૂછયું

"મુસલમાન બની જાવ." સહાબાએ કહ્યું, 'શર્ત મંજૂર હોય તો મુશરિકોની ભાગીદારીના બધા માલના પણ તમને માલિક બનાવી દઈએ."(કેમકે એ મૂર્તિપૂજક દુશ્મનોનો માલ છે અને જિહાદમાં ઈસ્લામના દુશ્મનો તરફથી મળેલો માલ ગનીમત કહેવાય છે જેને અલ્લાહ તઆલાએ મુસલમાનો માટે હલાલ બનાવી દીધો છે.)

જવાબમાં અબુલ-આસે કહ્યું, "બેઈમાની કે વિશ્વાસઘાતથી જ હું મારા ઈસ્લામની શરૂઆત કરૂં તો એવા ઈસ્લામની શી કિંમત ?"

ઈબ્ને હિશામ કહે છે : ઉપરની રિવાયત મને અબૂ ઉબૈદહ તરફથી મળી છે. એવી જ રિવાયત મને અબ્દુલ-વારિસ બિન સઈદ તન્નૂરીએ કહી સંભળાવી અને અબ્દુલ-વારિસે દાવૂદ બિન અબૂ હિન્દથી સાંભળી અને દાવૂદે આમિર બિન શુઐબીના મુખે સાંભળી

વિના દંડે છોડી મૂકાયેલા કેદીઓ— —— ——ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશના જે કેદીઓને ફિદયો એટલે મુક્તિદંડ લીધા વગર ઉપકાર તરીકે છોડી મૂકવામાં આવ્યા તેઓના નામોની ટીપ, મને મળેલી માહિતી મજુબ આ છે :

૧———બનૂ અબ્દે-શમ્સ બિન મનાફમાંથી : અબુલ-આસ બિન રબીઅ બિન અબ્દુલ-ઉઝઝા બિન અબ્દે-

Maktabe Ashraf

શમ્સ બિન અબ્દ-મનાફ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના બેટી બીબી ઝૈનબે મક્કહથી એમના મુક્તિદંડ તરીકે કંઈક માલ અને ગળાનો એક હાર મોકલ્યો હતો પરંતુ આપે સહાબાની સંમતિથી ઉપકાર તરીકે એમને છોડી મૂકયા અને માલ તથા હાર પણ પાછો આપી દીધો. બાદમાં મુસલમાન બની ગયા.

૨———બનૂ મખ્ઝૂમ બિન યકઝહમાંથી . મુત્તલિબ બિન હુનૈતિબ બિન હારિસ બિન ઉબૈદ બિન ઉમર બિન મખ્ઝૂમ. એને બનૂ હારિસ બિન ખઝરજના એક મુસલમાન ગૃહસ્થે ગિરિફતાર કર્યો હતો અને તેમના જ કેદી તરીકે તેમને આપી દેવામાં આવ્યો હતો. તેમણે એને દંડની રકમ લીધા વિના આઝાદ કરી દીધો અને તે મક્કહ ચાલ્યો ગયો.

ઇબ્ને હિશામ કહે છે : મુત્તલિબ બિન હુનૈતિબને બનૂ નજ્જારવાળા હઝરત ખાલિદ બિન ઝૈદ એટલે હઝરત અબૂ ઐયૂબ અન્સારીએ કેદ કર્યો હતો અને દંડ વિના છોડી મૂકયો હતો.

૩ ———ઇબ્ને ઇસ્હાક કહે છે : સૈફી બિન અબી રિફાઅહ બિન આઇઝ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ. જે લોકોએ એને કેદ કર્યો હતો. તેઓને જ હવાલે કરી દેવામાં આવ્યો. જ્યારે મક્કહથી દંડની રકમ લઈને કોઈ એને છોડાવવા નહિ આવ્યું તો એણે વચન આપ્યું કે મક્કહ જઈને દંડની રકમ મોકલાવી આપીશ. લોકોએ એને છોડી મૂકયો પણ દંડની રકમ એણે મોકલાવી નહિ. છૂટવા માટે જૂઠનો આસરો લીધો. હઝરત હસ્સાન બિન સાબિતે એના વિષે કહ્યું.

વમા કાના સૈફી લયૂફી અમાનતન——— • કફઅ સઅ-લબિન અઅબા બિ-બઅદિલ-મવારિદે.

સૈફી અમાનત અદા કરે તેવો માણસ હતો જ નહિ, તે તો શિયાળની ડોકી જેવો હતો જે પાણી પીવાની કોઈ જગાએ થાકી ગઈ હોય.

ઇબ્ને હિશામ કહે છે : આ શેઅર હઝરત હસ્સાનની કવિતામાંથી લીધેલો એક શેઅર છે.

૪———અબૂ અઝઝા બિન અબ્દુલ્લાહ બિન ઉસમાન બિન ઉહૈબ બિન હુઝાફહ બિન જુમહ. મક્કહનો પંકાયેલો શાઈર હતો પણ બહુ ગરીબ અને છેક કંગાલ માણસ હતો. ઘરમાં છોકરીઓની લંગાર લાગેલી હતી. એણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અરજ કરી, "હે મુહંમદ ! તમે જાણો છો હું છેક ગરીબ અને કંગાલ માણસ છું. ઘરમાં ખાવાના વાખા છે. ઉપરથી બાલબચ્ચાંવાળ છું. મુજ પર દયા કરો, ઉપકાર કરો, મને છોડી મુકો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એની ઉપર ઉપકાર કર્યો અને દયાભાવથી કામ લઈને એને આઝાદ કરી દીધો પણ એની પાસેથી કબૂલાત લીધી કે મુસલમાનો વિરૂધ્ધ દુશ્મનની મદદ નહિ કરશે. એણે પણ તેની પાકી કબૂલાત આપી દીધી. એ પછી તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ભારોભાર વખાણ કરતો રહ્યો.

અબૂ અઝઝાની શાઇરી———અબૂ અઝઝા એક જાણીતો, માનીતો, નામીચો શાઈર હતો. આઝાદી બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના ઉપકારભર્યા વર્તાવના વખાણ કરતો રહ્યો. આપની શાનમાં તેણે એક પ્રશંસા-કાવ્ય રચ્યું જેમાં તે આપની શરાફત, આપના સંસ્કાર, આપની ખૂબીઓનું વર્ણન કરતાં કહે છે :

મમ મુબ-લિગુન અન્નીર રસૂલ મુહમ્મદન, • બિ-અન્નક હક્કુંય બલ મલીકુ હમીદુ.

કહેજો છે જે મારા તરફથી અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સંદેશો પહોંચાડી દે કે આપ અલ્લાહના સાચા રસૂલ છો અને બધા વખાણ તો સાચા બાદશાહ અલ્લાહને જ શોભે છે.

વ અન્તમ-રઉન તદઊ ઇલલ હક્કે વલ હુદા. • અલૈક મિનલ-લાહિલ અઝીમે શહીદુ.

અને આપ એવા ગૃહસ્થ છો કે આપે અમારામાં ઊંચું સ્થાન મેળવી લીધું છે; એવું સ્થાન કે તેના પગથિયાં પર ચઢવું એક રીતે છેક આસાન અને એક રીતે બહુ અઘરું છે.

ફ ઇન્નક મન હારબ-તહૂ લ-મુહારબુન, • શકીય્યુન વ મન સાલમ-તહૂ લ સઇદુ.

અને આપની હાલત આ છે કે જેની સાથે આપની લડાઈ થાય તે કમનસીબ દુશ્મન છે અને જેની સાથે આપની સુલેહ થાય તે ખુશનસીબ ઇન્સાન છે.

વલાકિન ઇઝા ઝુક-કરતુ બદરંવ વ અહ-લહૂ, • તઅવ-વબા મા બી હસ રતુંવ વ કઊદુ.

પરંતુ જ્યારે મને બદ્ર અને બદ્રવાળાઓની યાદ આવી જાય છે તો પસ્તાવો અને નાહિંમતી, જે મુજમાં રહેલી છે, ઘેરી વળે છે.

ઇબ્ને હિશામ કહે છે : તે દિવસે બદ્રમાં કેદ પકડાયેલા કુરૈશી મુશરિકોના મુક્તિદંડની રકમ ચાર હજાર દિરહમથી લઈને એક હજાર દિરહમ સુધી હતી. પરંતુ જે કેદી પાસે કંઈ ન હતું, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના ઉપર ઉપકાર કર્યો.

ઉમૈર બિન વહબનો ખૂની ઇરાદો ——— ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે ઉર્વહ બિન ઝુબૈરની રિવાયત બયાન કરી કે જંગે-બદ્રમાં કુરૈશ પર જે આફત તૂટી પડી તેના થોડાક જ દિવસો પછીનો આ બનાવ છે. મક્કહમાં ઉમૈર બિન વહબ જુમહી અને સફવાન બિન ઉમૈયહ બે મિત્રો હતા. એક દિવસે બંને ખાનએ-કઅબહના હિજ નામે સ્થળના એકાંતમાં બેસીને છૂપી મંત્રણા કરવા લાગ્યા.[1]

ઉમૈર બિન વહબ કુરૈશના શયતાનોમાંથી એક શયતાન હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં હતા ત્યારે આપને અને આપના સાથીઓને ખૂબ ત્રાસ આપતો હતો. આપ મક્કહમાં રહ્યા ત્યાં સુધી સતામણીની કોઈ તક તેણે જતી કરી ન હતી. એનો જવાન બેટો વહબ બિન ઉમૈર બદ્રમાં કેદ પકડાયો હતો અને મદીનહમાં મુસલમાનોની કેદમાં હતો. ઇબ્ને હિશામ કહે છે : ઉમૈરના બેટા વહબને બનૂ ઝુબૈરવાળા હઝરત રિફાઅહ બિન રાફિઅએ કેદ કર્યો હતો.

ઉમૈર બિન વહબ અને સફવાન બિન ઉમૈયહ ખાનએ-કઅબહના એકાંત સ્થળે બેસીને ખાનગી મંત્રણા કરવા લાગ્યા. વાતની શરૂઆત કરતાં સફવાન દુઃખી સ્વરે બોલ્યો, "આહ ! આપણા કેવા-કેવા બહાદુર યોદ્ધાઓ માર્યા ગયા ! મુસલમાનોએ તેઓને તલવારોથી કાપીને બદ્રના ખાડામાં ફગોટી દીધા. બતાવો, એમના પછી જીવીને શું કરવું ? અને એવા જીવનની શી મઝા ?"

"વલ્લાહ હે સફવાન !" ઉમૈર બિન વહબ બોલ્યો, "બિલકુલ સાચી વાત છે. જીવન છેક નિરર્થક

1. સફવાન બિન ઉમૈયહ : એનો બાપ ઉમૈયહ બિન ખલફ અને એનો ભાઈ અલી બદ્રમાં હઝરત બિલાલના હાથથી માર્યા ગયા હતા. "હ"

અને રસ વગરનું થઈ ગયું છે. અગર મુજ પર બાલબચ્ચાંનો બોજ અને કરજનો ભાર ન હોત તો વલ્લાહ ! ઊંટ પર બેસીને મદીનહ ઊપડી જાત અને મુહંમદને કતલ કરીને દિલની આગ ઠંડી કરત ! મદીનહ જવાનું પણ મારી પાસે કારણ છે. મારો બેટો તેઓની કેદમાં છે. તેઓ એમ જ સમજશે કે પોતાના બેટાને છોડાવવા આવ્યો છે. પણ બાલબચ્ચાંની ફિકર અને કરજની ચિન્તા મને અટકાવે છે. મુહંમદના બદલામાં તેઓ મને મારી નાખશે પછી મારાં બાલબચ્ચાં રખડી જશે અને કરજ પણ માથે ઊભેલું રહેશે.''

રાવીનું કથન છે : ઉમૈરની વાત સાંભળીને સફવાન મનમાં ખુશ થયો. તેને થયું, એણે મારા મનની વાત કરી છે. તક ઝડપી લેતાં તે બોલ્યો, ''વલ્લાહ હે દોસ્ત ! હું જીવતો બેઠેલો છું. તારે તારાં બાલબચ્ચાં અને કરજની ફિકર કરવાની જરૂર નથી. સાંભળ, તારૂં કરજ હું મારા માલમાંથી ચૂકવી આપીશ અને તારાં બાલબચ્ચાં મારા ઘરમાં મારાં બાલબચ્ચાં સાથે રહેશે. તેઓ જીવશે ત્યાં સુધી હું તેઓની મદદ કરતો રહીશ અને કોઈ વસ્તુ માટે તેઓને સેંકવા નહિ દઈશ.''

આ સાંભળીને ઉમૈર પણ સંતોષ પામ્યો. તેણે કહ્યું, 'વારૂ તો મારી અને તારી આ વાતચીતને ખાનગીમાં રાખજે.'' સફવાને કબૂલાત આપી દીધી.

ઉમૈર મદીનહ તરફ————એ પછી ઉમૈરે પોતાની તલવાર તેજ કરવા માટે આપી અને તલવારને તેજ કરાવીને તેને ઝહેરમાં પણ બુઝાવવામાં આવી. એજ ઝેરીલી અને તેજધાર તલવાર લઈને તે ઊંટ પર સવાર થયો અને મારતી સવારીએ મદીનહ તરફ ઊપડી ગયો.

ઉમૈરની સવારી મદીનહ પહોંચી તે વેળા હઝરત ઉમર બિન ખત્તાબ પોતાના મિત્રોની મેહફિલમાં બેસીને જંગે-બદ્રને જ લગતી વાતો કરી રહ્યા હતા. વિષય આ હતો કે અલ્લાહ તઆલાએ મુસ્લમાનોની નાનકડી જમાઅતને ફતેહમંદીથી બા-મુરાદ બનાવી દીધી અને દુશ્મનની મોટી જમાઅતને શિકસ્તથી ના-મુરાદ કરી દીધી. અચાનક હઝરત ઉમરની નજર ઉમૈર પર પડી ગઈ. તે પોતાના ઊંટને મસ્જિદના આંગણે બેસાડી રહ્યો હતો અને તેણે ગળે તલવાર પણ ભેરવેલી હતી.

હઝરત ઉમર બોલી ઊઠ્યા, ''આ કૂતરો, અલ્લાહનો દુશ્મન જરૂર કોઈ બુરા ઇરાદે આવેલો લાગે છે. એજ તે માણસ છે જેણે આપણી વચ્ચે લડાઈની આગ ભડકાવી હતી અને એજ તે માણસ છે જેણે બદ્રના મેદાનમાં આપણી સંખ્યાના અંદાજની કુરૈશને બાતમી આપી હતી.''

એજ વેળા હઝરત ઉમર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! અલ્લાહનો દુશ્મન ઉમૈર બિન વહબ ગળે તલવાર ભેરવીને આવેલો છે.''

આપે ફરમાવ્યું, ''ફઅદખલહુ અલય્ય.'' તેને અહીં મારી પાસે લઈ આવો.

રાવીનું કથન છે : હઝરત ઉમર તેની પાસે પહોંચી ગયા. તેની તલવારને તેની જ ગરદનમાં તેની ગળચી સાથે દબાવીને પકડી લીધી અને પોતાના સાથીઓને બોલ્યા, ''એને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે અંદર ખેંચી લાવો અને આપની તહેનાતમાં લઈ જઈને બેસાડી દો. પણ આ દગાબાજ ખબીસ વિષે સાવચેત રહેજો કેમકે એ ભરોસાને લાયક નથી.

આ રીતે ઉમૈર બિન વહબને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરવામાં

Maktabe Ashraf

આવ્યાં.

ખાનગી મંત્રણાનો ભેદ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જોયું કે ઉમર તેની ગળચી દબાવીને ઊભેલા છે તો ફરમાવ્યું, "અરસિલ્હુ યા ઉમર ! ઉદનુ યા ઉમૈર !"હે ઉમર ! એને છોડી દો. હે ઉમૈર ! મારી પાસે આવો.

ઉમૈર આપની પાસે પહોંચી ગયો અને તેણે "અન્ઈમૂ સબાહન !" કહીને આપને સલામ કરી એટલે હે મુહંમદ ! તમારો દિવસ શાંતિથી પસાર હો ! આ ઈસ્લામ પૂર્વેના જાહિલિયત યુગની સલામ હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ફરમાવ્યું :

કદ અકરમ-નલ્લાહુ	બેશક અલ્લાહએ અમને માનપાનથી વધાવી લીધા છે.
બિ તહિય-યતિન ખૈરિમ	એક એવી દુઆથી જે બેહતર છે
મિન-તહિય-યતિકા યા ઉમૈર !	તારી દુઆથી હે ઉમૈર !
બિસ-સલામે	આ એક એવી સલામ છે
તહિય-યતે અહલિલ-જન્નહ.	જે જન્નતવાસીઓની દુઆ છે.[૧]

તે બોલ્યો, "સાંભળો હે મુહંમદ ! વલ્લાહ આ તો તમારી ઉપજાવી કાઢેલી વાતો છે. અમને એવી વાતોની બહુ ઓછી જાણકારી છે."

આપે ફરમાવ્યું, "હે ઉમૈર ! કઇ વસ્તુ તને અહીં ખેંચી લાવી છે ?"

તે બોલ્યો, "હું પેલા કેદી માટે આવ્યો છું જે તમારી કેદમાં પડેલો છે. તેના વિષે મારી ઉપર ઉપકાર કરો હે મુહંમદ !"

"ત્યારે તારા ગળે આ તલવાર કેવી ?" આપે ફરમાવ્યું.

તે બોલ્યો, "અલ્લાહ આ તલવારોનું નખ્ખોદ વાળે. એ અમારા શા કામમાં આવી ?"

"સાચેસાચું બોલી દે હે ઉમૈર !"આપે ફરમાવ્યું, શું કામે તું અહીં આવ્યો છે ?"

તે બોલ્યો, "કહી ચૂક્યો છું. મારા બેટાને છોડાવવા સિવાય બીજા કોઇ કામે હું આવ્યો નથી."

આ સાંભળીને આપે ફરમાવ્યું :

બલ કઅદ્તા અન્ત વ	કેમ નહિ ! તું બેઠો અને
સફવાનુબ્નુ ઉમૈયતા ફીલ-હિજ્ર.	સફવાન બિન ઉમૈયહ બેઠો કઅબહના હિજ્ર સ્થળે.
ફ-ઝકર-તુમા	પછી તમે બંનેએ મળીને ચર્ચા કરી
અસ્હાબલ-કલીબે મિન કુરૈશિન.	કુરૈશના ખાડાવાળાઓ વિષે.
સુમ્મ કુલ્તા લવ લા દૈનુન	પછી તું બોલ્યો, "જો કરજ ના હોત
અલૈ વ ઈયાલુન ઈન્દી	મુજ પર અને મારાં બાળબચ્ચાં ન હોત તો

૧. એટલે અસ્સલામુ અલૈકુમ. મુલાકાત વેળા એક મુસલમાન બીજા મુસલમાનને આ રીતે સલામ કરે છે. એ જન્નતીઓની સલામ છે. અલ્લાહ તઆલા તરફથી પણ જન્નતીઓને આ સલામ પહોંચાડવામાં આવશે. સૂરએ-યાસીનમાં છે : "સલામુન કવલમ મિર-રબ્બિર-રહીમ." "૬"

લ-અરેજા-તુ ફહતા	ઉપાડી જતે હું કે જેથી
અકતુલુ મુહમ્મદન.	કતલ કરી નાખું મુહંમદને."

આપે પોતાની વાત ચાલુ રાખતાં ફરમાવ્યું, "એ પછી સફવાન બિન ઉમૈયહએ તને વચન આપ્યું કે, તારું કરજ અને તારા બાલબચ્ચાંનો બોજ હું ઉપાડી લઈશ એવી શરતે કે તું મુહંમદને કતલ કરી નાખે. પણ તેં આટલો વિચાર નહિ કર્યો કે અલ્લાહ મારી અને તારી વચ્ચે હાજર છે અને તું કદી પોતાના હેતુમાં સફળ થઈ શકતો નથી."

ઉમૈર મુસલમાન બને છે————આ સાંભળતાં જ ઉમૈર બિન વહબ નિરંકુશ રીતે બોલી ઊઠ્યા:

અશહદુ અન્નક રસૂલલ-લાહિ.	હું સાક્ષી આપું છું કે બેશક આપ અલ્લાહના પેગંબર છો.
અન્ન હાઝલ હદીસ કાના	નિશંક આ વાતચીત જે થઈ હતી,
બૈની વ બૈન સફવાન ફિલ-હિજ્ર.	મારી અને સફવાનની વચ્ચે હિજ્ર સ્થળે,
લમ યત-તલિઉ અલૈહિ અહદુન	ખબર ન હતી એની કોઈને,
ગયરિ વ ગયરિહી	મારા અને તેના સિવાય.
ફ-અખ્બર-કલ્લાહુ બિહી.	તો એના સમાચાર આપી દીધા અલ્લાહએ આપને.
ફ-આમન્તુ બિલ્લાહી વ રસૂલિહી.	જેથી હું ઈમાન લાવું છું અલ્લાહ પર અને તેના રસૂલ પર.

ઉમૈરે પોતાની વાત ચાલુ રાખી, "યા રસૂલલ્લાહ ! હું કબૂલ કરું છું કે, આકાશની જે ગૈબી ખબરો આપ અમને બતાવતા હતા તેને માનવાને બદલે અમે આપને જૂઠલાવતા હતા. હવે જે ભેદની વાત આપે બતાવી દીધી, એને મારા અને સફવાન સિવાય કોઈ જાણતું ન હતું. કેમકે અમારા બે વિના ત્રીજું ત્યાં કોઈ ન હતું. મારું ઈમાન છે કે આ ભેદના સમાચાર અલ્લાહ સિવાય કોઈએ આપને આપ્યા નથી. બધા વખાણ તે અલ્લાહને શોભે છે જે મને ઈસ્લામનો રાહ દેખાડવા અહીં હાંકી લાવ્યો છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું :

ફક-કિહૂ અખાકુમ ફી દીનિહી	પોતાના ભાઈને દીનનું શિક્ષણ આપો.
વઅક્રિઉ-હુલ કુર્આન	અને એને કુર્આન પઢવાનું શીખવો.
વત-લિકૂ લહૂ અસીરહૂ.	અને એના ખાતર એના કેદીને છોડી મૂકો.

ઉમૈર બિન વહબે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આજથી પહેલાં હું અલ્લાહના નૂરને બુઝાવવામાં રાતદિન મશ્ગૂલ હતો. મુસલમાન બનનારાઓ પર ત્રાસ ગુજારવામાં બેહદ શૂરો હતો. હવે મારી ઈચ્છા છે કે, આપ મને પરવાનગી આપો કે મક્કહ જાઉં, ત્યાં જઈને લોકોને અલ્લાહના રસ્તા તરફ બોલાવું. અને તેઓ નહિ માને, તો જેનો ઉપર મારું જોર ચાલે, તેને એવી જ રીતે ત્રાસ આપું જેવી રીતે આપના મુસલમાન બનનારા સાથીઓને આપતો હતો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ઉમૈરની ઈસ્લામની તબલીગની નેમને સાંભળીને મક્કહ જવાની પરવાનગી આપી દીધી અને તેઓ મક્કહ ચાલ્યા ગયા. બીજી તરફ જ્યારે ઉમૈર બિન વહબ મક્કહથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કતલ કરવા રવાના થયા હતા તો સફવાન બિન ઉમૈયહએ લોકોને કહેવા માંડ્યું હતું, "હે લોકો ! ખુશ થઈ જાવ. ટૂંકમાં જ તમને એવી ખુશખબર મળશે કે તમે બદ્રના બનાવને

Maktabe Ashraf

ભુલી જશો!''

હવે સફવાન મદીનહ તરફથી આવનારા દરેક કાફલાને ઉમૈર વિષે પૂછપરછ કર્યા કરતો. છેવટે એક ઊંટસવાર આવ્યો. સફ્વાને તેને ઉમૈર વિષે પૂછ્યું તો તેણે સમાચાર કહ્યા કે, ઉમૈર તો મુસલમાન બની ગયો છે. આ સાંભળતાં જ તે ઢીલોઢફ થઈ ગયો અને મનમાં સમસમી રહ્યો. તેણે સોગંદ લીધા કે, આજ પછી ન તો ઉમૈર સાથે બોલીશ ન તેને લાભ પહોંચે તેવું કોઈ કામ કરીશ !

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગી મેળવીને હઝરત ઉમૈર બિન વહબ મક્કહ ચાલ્યા ગયા અને લોકોને મુસલમાન બનાવવા માટે ત્યાં જ રહેવા લાગ્યા. પૂરા ખંત અને ઉત્સાહથી ઈસ્લામ પ્રસારની સેવા બજાવતા રહ્યા. સામનો કરનારને ડહાપણ કે દાબદબાણથી કામ લઈને મુસલમાન બનાવી લેતા. એમના પ્રયત્નોથી મક્કહના ઘણા લોકોને હિદાયત મળી અને તેઓ મુસલમાન બની ગયા.

કુરૈશ સાથે ઈબલીસની દગાબાજી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉમૈર બિન વહબ અથવા હારિસ બિન હિશામ [1] આ બં ગૃહસ્થોમાંથી કોઈએ બદ્રના યુધ્ધમાં પોતાની આંખે જોયું કે શયતાન ઊભી પૂછડીએ નાસી રહ્યો છે. એ દિવસે શયતાન સુરાકહ બિન માલિક બિન જુઅશમનું રૂપ ધારણ કરીને કુરૈશને પાણી ચઢાવવા તેઓના સંગાથે થઈ ગયો હતો. પરંતુ જ્યારે બંને લશ્કરો સામસામે થયાં તો એ દુમ દબાવીને ભાગી ઊઠયો. ત્યારે બંને ગૃહસ્થોમાંથી કોઈએ એને લલકાર્યો, ''હે સુરાકહ ! ભાગીને ક્યાં જઈ રહ્યો છે ?''

પરંતુ તે તો ઠેકડા મારતો અને કારણ દર્શાવતો ભાગતો જ ચાલ્યો ગયો. માલૂમ પડયું કુરૈશને પાણી ચઢાવવા સુરાકહ બિન માલિકનું રૂપ ધારણ કરીને આવ્યો હતો અને કુરૈશને લડાઈની આગમાં ઝોંકીને અણીને પ્રસંગે દગો આપી ગયો. અલ્લાહ તઆલાએ કુર્આનમાં એની દગાબાજીનું વર્ણન કર્યું છે :

વઈઝ-ઝય્યન લહુમુશ-	અને તે સમયને યાદ કરો જ્યારે સુંદર સ્વરૂપે દેખાડયાં
શયતાનુ અઅમાલ-હુમ.	શયતાને તેઓને તેઓના કામો.
વ કાલ લા ગાલિબ લકુમુલ-	અને કહ્યું, તમારી ઉપર કોઈ ફાવી શકે તેમ નથી,
યવમ મિનન-નાસ.	આજના દિવસે લોકોમાંથી.
વ ઈન્ની જારુલ-લકુમ-	અને હું ખરેખર તમારો મદદગાર છું.

આ રીતે શયતાને સુરાકહનો સ્વાંગ સજીને તેઓને ધોકો આપી દીધો; તે એવી રીતે કે કુરૈશ જ્યારે હથિયારો સજીને બદ્ર જવા તૈયાર થયા હતા, તો તેઓને બનૂબક્ર બિન કિનાનહ સાથે તાજેતરનું ખેલાયેલું યુધ્ધ યાદ આવી ગયું હતું. ત્યારે તેઓ ઢચુપચુ થઈ ગયા હતા. એજ પળે શયતાન બનૂબક્ર બિન કિનાનહના સરદાર સુરાકહ બિન માલિકનું રૂપ ધારણ કરીને આવી લાગ્યો અને બોલ્યો, ''હે કુરૈશ ! તમારે કોઈથી ડરવાની જરૂર નથી. તમારી પેઠે અમે પણ મુસલમાનોના દુશ્મન છીએ. તમે હિંમતથી આગળ વધો. અમે તમારી સાથે છીએ. [2] આ રીતે પાણી ચઢાવીને શયતાન તેઓને બદ્રના મેદાન સુધી લઈ ગયો. એ પછી કુર્આનમાં છે :

ફલમ્મા તરા-અતિલ-ફિઅતાન	પછી જ્યારે બંને લશ્કરો સામસામે થયાં.
ન-કસ્સ્ અલા અકિબૈહ.	તો શયતાન પાછલા પગે નાઠો

૧. હારિસ બિન હિશામ : અબૂ જહલના ભાઈનું નામ :

[illegible] શરૂઆતમાં આવી ગયું છે. ''હ''

વકાલ ઇન્ની બરીઉમ મિન્કુમ.	અને બોલ્યો, મારો તમારી સાથે કોઈ સંબંધ નથી.

કારણ આ હતું કે યુદ્ધની શરૂઆત થતાં જ શયતાને પોતાની આંખે જોયું કે મુસલમાનોની મદદ માટે આકાશ પરથી ફરિશ્તાઓનું લશ્કર ઊતરી આવ્યું છે. અલ્લાહની આ ગૈબી મદદ જોતાં જ તે દુમ દબાવીને નાસવા લાગ્યો ત્યારે હારિસ બિન હિશામ કે ઉમૈર બિન વહબે તેને પૂછ્યું, "હે સુરાકહ ! નાસે છે કેમ ? "શયતાને જે જવાબ આપ્યો તેનું બયાન કુર્આનમાં આ રીતે થયું છે :

ઇન્ની અરા	ખરેખર જે કંઈ હું જોઈ રહ્યો છું,
મા લા તરૌન.	તમે તેને જોઈ શકતા નથી.
ઇન્ની અખાફુલ-લાહ	બેશક હું તો અલ્લાહથી ડરું છું
વલ્લાહુ શદીદુલ-ઇકાબ.	અને અલ્લાહ આકરી શિક્ષા આપનારો છે.

સારાંશ કે કુરૈશી લશ્કર શયતાનને સુરાકહના રૂપમાં દરેક મંઝિલે જોતું રહ્યું અને શયતાન વિષે તેઓના દિલોમાં કોઈ તરહની શંકા નહિ જન્મી, ત્યાં સુધી કે, તેઓને ધોખામાં રાખીને બદ્રના મેદાન સુધી ખેંચી ગયો. અને પછી જ્યારે બંને લશ્કરો આપસમાં ટકરાયાં તો પોતે ગબડી મારતો પાછલા પગે ત્યાંથી ભાગી છૂટ્યો. આ રીતે વિશ્વાસઘાત કરીને કુરૈશને નિરાધાર દશામાં ઝોંકી ગયો.

હઝરત હસ્સાનનો કસીદો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઇર હઝરત હસ્સાન બિન સાબિત (રદિયલ્લાહુ અન્હુ) એ બદ્રના પ્રસંગોને અનુસરીને એક કસીદો રચ્યો છે જેમાં તેઓ કહે છે :

કવમીલ-લઝીન હુમ આવવ નબીય-ય હુમ, • વ સદ-દકૂહુ વ અહલલ-અર્દિ કુફ્ફારુ.

મારી કૌમના લોકો એવા છે જેઓએ પોતાના નબીને રક્ષણ આપ્યું અને તેમનું સમર્થન એવા સંજોગોમાં કર્યું, જ્યારે ધરતી પર વસનારા લોકો કાફિર હતા.

ઇલ્લા ખસાઇસ અકવામિન હુમ સલફુન, • લિસ-સાલિહીન મઅલ-અન્સારે અન્સારુ

આ લોકોના સંસ્કારો પોતાના પૂર્વગામી પૂર્વજો જેવા નથી.[1] આ લોકો સદાચારીઓના મદદગારોની સાથે થઈને મદદ કરનારા છે.

મુસ્તબ શિરીન બિ-કસ-મિલ્લાહિ કવલુ-હુમ, • લમ્મા અતાહુમ કરીમુલ અસ્લે મુખ્તારુ.

જ્યારે ઊંચા કુળના ચુનંદા નબી એમની પાસે પધાર્યા તો એઓ અલ્લાહની વહેંચણી પર ખુશ થઈ ગયા (કે એમને આ સદ્‌ભાગ્ય મળવા પામ્યું.)

અહલંવ વ સહલન ફફી અમ્ને વફી સઅતિન • નિઅમન-નબીય્યુ વ નિઅમલ-કસ્મુ વલ-જારુ.

તેઓનો નઅરો "અહલંવ-વ-સહલન !" હતો (એટલે ભલે પધાર્યા હે નબી !) અર્થાત : આપના માટે અહીં મહતવી શોભીતો તથા આરામદાયક હતો. આપ તેઓના સંગાથે શાંતિ અને કુશળતાથી રહેશો. આપનાં નસીબ પણ સારૂં છે અને પાડોશ પણ ઉત્તમ છે.

---

1. કેમકે મુસલમાન બનેલા લોકોના પૂર્વજો મૂર્તિપૂજક હતા જેથી તેઓના સંસ્કારો પણ મૂર્તિપૂજકો જેવા હતા. "હ"

Maktabe Ashraf

ફઅન-ઝલુહુ બિ-દારિન લા યખાફુ બિહા • મન કાના જાર-હુમ દારન હિયદ-દારુ.

તેઓએ આપને એવા સ્થળે ઉતાર્યા જ્યાં કોઈ તરહનો ભય કે ખતરો ન હતો. જે ગૃહસ્થ એવા લોકોના પાડોશી હોય તો એવા જ ઘરને સાચા અર્થમાં ઘર કહી શકાય.

વ કાસિમુ હુમ બિહલ-અમ્વાલ ઇઝ કદિમૂ, • મુહાજિરીન વ કસ્મુલ-જાહિદિ - નારુ.

જ્યારે તે લોકો હિજરત કરીને આવ્યા તો આ લોકોએ તેઓને પોતાના પાડોશી-ભાગીદાર બનાવી લીધા અને (સચ્ચાઈના)ઇન્કારીઓના નસીબમાં તો આગ જ છે.

સિરના વ સારૂ ઇલા બદરિન લહી-બિહિમ, • લવ યઅ-લમૂન યકીનલ ઇલ્મે લા સારૂ.

અમે પણ ઊપડયા અને તેઓ પણ બદ્ર તરફ પોતાના મૃત્યુને આવકારવા હાલી નીકળ્યા. અગર તેઓને મૃત્યુની પાકી ખાતરી હોત તો બદ્ર તરફ કદી નહિ ઊપડતે !

દલ્લા હુમ બિ-ગુરૂરિ સુમ્મ અસ્લમ હુમ, • ઇન્નલ-ખબીસા લિમન વાલાહુ ગદ્દારુ.

તેઓને, એ શયતાન અભિમાનપૂર્વક નઝદીકથી રસ્તો દેખાડતો લઈ આવ્યો અને પછી તેણે દોસ્તી ફગોટી દીધી. એ નાપાકની દશા જ એવી છે કે જે માણસ એની સાથે દોસ્તી ગાંઠે તેને તે ધોકો આપી દે છે.

વ કાલા ઇન્ની લકુમ જારુન ફ અવરદ હુમ, • શર્રલ મવારિદિ ફીહિલ ખિઝયિ વલ આરુ.

અને તેણે કહ્યું, "હું તમારો મદદગાર-ટેકેદાર છું અને પછી તેઓને એવા ઓવારે લઈ જઈને ઉતારો આપ્યો જે સૌથી ભૂંડો હતો. જેમાં નામોશી અને ફજેતી જ હતી.

સુમ્મલ-તકૈના ફવલ-લવ અન સરાતિ-હિમ, • મિમ-મુન જિદીના વ મિન્હુમ ફિર્કતુન ગારૂ.

પછી જ્યારે અમે આપસમાં ટકરાય ગયા તો તે પોતાના સર્વોત્તમ સરદારોને છોડીને-પૂઠ ફેરવીને ભાગી ગયા. એમાંના કેટલાક તો ઊંચા સ્થળોએ ચાલ્યા ગયા અને કેટલાકે નીચાણની ધરતીમાં આસરો લીધો.

હજ્જ પ્રસંગે જમણ પીરસનારા અગ્રેસરો————ઇબ્ને ઈસ્હાક કહે છે : બદ્રના યુધ્ધમાં ભાગ લેનારા કુરૈશના જે અગ્રેસરો હજ્જના દિવસોમાં બહારથી આવનારા હાજીઓને જમણ પીરસવાની માનદ સેવા બજાવતા હતા તેઓના નામો આ છે :

•————બનૂ હાશિમ બિન અબ્દે-મનાફમાંથી : અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ.

•————બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફમાંથી : ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ.

•————બનૂ નવફલ બિન અબ્દે-મનાફમાંથી : હારિસ બિન આમિર બિન નવફલ અને તુઐમહ બિન અદી બિન નવફલ. બંને વારા મુજબ આ સેવા બજાવતા હતા.

•————બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝામાંથી : અબુલ-બુખ્તરી બિન હિશામ બિન હારિસ બિન અસદ અને હકીમ બિન હિઝામ બિન ખુવૈલિદ બિન અસદ. બંને વારા મુજબ

•————બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી : નદ્ર બિન હારિસ બિન કલ્દહ બિન અલકમહ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર.

•————બનૂ મખ્ઝૂમ બિન યકઝહમાંથી : અબૂ જહલ બિન હિશામ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન

Maktabe Ashraf

ઉમર બિન મખ્ઝૂમ.

•———બનૂ જુમહમાંથી : ઉમૈયહ બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ.

•———બનૂ સહમ બિન અમ્રમાંથી : અલ-હજ્જાજ બિન આમિર બિન હુઝૈફહ બિન સઅદ બિન સહમના બંને પુત્રો નુબેહ અને મુનબ્બેહ. બંને વારા ફરતી.

•———બનૂ આમિર બિન લુએયમાંથી : મુહેલ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસર બિન માલિક બિન હસલ બિન આમિર.

બદ્રમાં મુસલમાનોના ઘોડા– ———ઈબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારોએ મને માહિતી આપી કે બદ્રને દિવસે મુસલમાનો પાસે ત્રણ ઘોડા હતા. એમાં હઝરત મરસદ બિન અબી ગન્વી (રદિયલ્લાહુ અન્હુ)નો ઘોડો પણ હતો જેનું નામ ''અસ-સૈલ''હતું (એટલે પાણીનો રેલો.)

એમાં હઝરત મિકદાદ બિન અમ્ર બહરાની (રદિયલ્લાહુ અન્હુ)નો ઘોડો પણ હતો જેનું નામ ''બઅ-ઝજા''હતું. અમુકના કથન મુજબ એનું નામ ''સુબ્હા''હતું (એટલે માળાનો મણકો.)

એમાં હઝરત ઝુબૈર બિન અવ્વામ (રદિયલ્લાહુ અન્હુ)નો ઘોડો પણ હતો જેનું નામ ''યઅસૂબ'' હતું (એટલે શહદની માખીઓનો બાદશાહ અથવા રાણી.)

ઈબ્ને હિશામ કહે છે : જંગે-બદ્રમાં કુરૈશી મુશરિકોના લશ્કરમાં એક સો ઘોડા હતા.

Maktabe Ashraf

પ્રકરણ ૯૭

જંગે-બદ્રનું બયાન કુર્આનમાં

સૂરએ-અન્ફાલની આયતો • સૂરએ-અન્ફાલની શરૂઆત • મદીનહથી રવાનગીનું કારણ • કુરૈશ સાથે ટકરાવી દેવાનું કારણ • અલ્લાહની મદદનો વાયદો • અલ્લાહની ગૈબી મદદ ફરિશ્તાઓના રૂપમાં • અલ્લાહની ગૈબી મદદ ઊંઘના રૂપમાં • અલ્લાહની ગૈબી મદદ વરસાદના રૂપમાં • લડાઇથી નાસવું જહન્નમમાં પડવું • કઅબહમાં ઇન્સાફની દુઆ • શત્રુના સૈન્ય પર ફેંકેલી કાંકરી • મુસલમાનોની બેહતરીન પરીક્ષા • અબૂ જહલના કથનનો જવાબ • અલ્લાહ અને રસૂલની ઇતાઅત.

સૂરએ-અન્ફાલની આયતો————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે જંગે-બદ્રની ઘટના સર્જાઇ ચૂકી અને ગનીમતના માલ અંગે મુસલમાનોમાં મતભેદ ઊભો થયો તો અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર પર કુર્આને-મજીદની પૂરી સૂરએ-અન્ફાલ નાઝિલ ફરમાવી.

(સંપાદકની નોંધ : સુરએ-અન્ફાલ કુર્આને-કરીમના નવમા પારહમાં પોણા ભાગથી શરૂ થઇને દસમા પારહના પા ભાગમાં ખતમ થાય છે. આ સૂરત મદીનહમાં ઊતરેલી છે. એમાં ૭૫ આયતો અને ૧૦ રૂકૂઅ છે. ઇબ્ને હિશામની સીરતુન-નબીમાં જંગે-બદ્રને લગતી પૂરી આયતો ટાંકીને તેનું લંબાણ વિવેચન કરવામાં આવ્યું છે. અમે ટૂંકાણના હેતુએ પૂરી આયત લખવાને બદલે, તેના શરૂઆતના શબ્દો લખીને પૂરી આયતનો તરજુમો લખી દીધો છે. "હ")

સૂરએ-અન્ફાલની શરૂઆત————ઇબ્ને ઇસ્હાક કહે છે : ગનીમતના માલ વિષે સુરએ-અન્ફાલની શરૂઆત આ રીતે થાય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : "યસ-અલૂનક અનિલ-અન્ફાલ...."

"હે નબી ! આ લોકો આપને અન્ફાલ એટલે ગનીમતના માલ વિષે પૂછે છે તો કહી દો કે, ગનીમતનો માલ અલ્લાહ અને તેના રસૂલનો છે. માટે તમે અલ્લાહથી ડરો અને પોતાના આપસના સંબંધો દુરસ્ત રાખો અને અલ્લાહ તથા તેના રસૂલની તાબેદારી કરતા રહો અગર તમે સાચા મુસલમાન છો."

હઝરત ઉબાદહ બિન સામિત રદિયલ્લાહુ અન્હુને સૂરએ-અન્ફાલની આ આયત વિશે પૂછવામાં આવતું ના જવાબમાં તેઓ ફરમાવતા હતા :

> "આ આયત અમ બદ્રવાળાઓની જમાઅત અંગે ઊતરેલી છે. બન્યું એમ કે ફતેહ પછી ગનીમતના માલની વહેંચણીમાં અમારી વચ્ચે વિખવાદ થયો અને અમારા દિલોમાં માલની માયા જાગી તો અલ્લાહ તઆલાએ એનો અધિકાર અમારી પાસેથી લઇને પોતાના રસૂલના હાથમાં આપી દીધો અને અલ્લાહના રસૂલે અમારી વચ્ચે એ માલની "અલસ-સવાઅ" એટલે સરખી રીતે વહેંચણી કરી દીધી. આ રીતે અમારી વચ્ચે જન્મેલા ઝગડા કે વિખવાદનો અંત આવી ગયો અને ખરૂં પૂછાવો તો એમાં જ અલ્લાહનો ડર અને અલ્લાહના આદેશોનું પાલન અને અલ્લાહના રસૂલની તાબેદારી અને અમારા આપસના સંબંધોની દુરૂસ્તી હતી."

મદીનહથી રવાનગીનો હેતુ————એ પછી અલ્લાહ તઆલાએ સૂરએ-અન્ફાલમાં તે પ્રસંગનું વર્ણન દર્શાવ્યું જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે, કુરૈશનું લશ્કર અબુ સુફ્યાનના વેપારી કાફલાને બચાવવા મક્કહથી ઊપડી ચૂક્યું છે તો આપ પણ મુસલમાનોને લઇને મદીનહથી નીકળ્યા. જો કે આપ મુસલમાનોને લઇને લડવાના હેતુએ નહિ નીકળ્યા હતા બલકે કાફલાને અટકાવીને ગનીમતના માલની આશાએ નીકળ્યા હતા. જેમકે સુરએ-અન્ફાલમાં છે : "કમા અખ-રજક રબ્બુક મિમ બૈતિક બિલ-હક્ક...."

> "જેવી રીતે તમારા પાલનહારે તમને તમારા ઘરમાંથી હિકમતની સાથે (બદ્ર તરફ) રવાના કર્યા પણ તમારામાંથી મુસલમાનોનું એક જૂથ એને નાપસંદ કરતું હતું. સત્ય જાહેર થઇ જવા પછી પણ તેઓ (આ મામલા અંગે) આપની સાથે ઝગડતા હતા. જાણે કે તેઓને દેખીતી આંખે મૃત્યુ તરફ હંકારવામાં આવી રહ્યા છે."

સત્ય જાહેર થવાના અર્થ અહીં "જિહાદ" થાય છે. મક્કહમાં કુરૈશના ઝુલ્મો-સિતમ છતાં જિહાદ ફર્ઝ થયો ન હતો. મક્કહથી ઘરબાર અને વતન છોડીને મદીનહ આવી જવા પછી પણ કુરૈશે મુસલમાનોને નાબૂદ કરવાના કાવાદાવા ચાલુ રાખ્યા ત્યારે જિહાદ ફર્ઝ કરવામાં આવ્યો. આમ છતાં મદીનહથી નીકળેલા મુસલમાનોમાંથી એક પક્ષ, દુશ્મનનો મુકાબલો થઇ જાય તો લડવું પડશે તેવી ધાસ્તીથી ઢચુપચુ હતો અને મુકાબલો કરવાનું નાપસંદ કરતો હતો. આ પક્ષનો હેતુ ફક્ત વેપારી કાફલાને અટકાવવાનો હતો. કેમકે કાફલામાં માત્ર ૪૦ જેટલા માણસો હતા જ્યારે કુરૈશનું લશ્કર એક હજારનું હતું અને મુસલમાનો ૩૧૩ની સંખ્યામાં હતા. આ કારણે આ પક્ષને આટલા મોટા લશ્કર સાથે લડવું તે દેખીતી આંખે મૃત્યુના મોંમાં હોમાઇ જવા જેવું લાગતું હતું.

કુરૈશ સાથે ટકરાવી દેવાનું કારણ————બસ એજ કારણે મુસલમાનોનો આ પક્ષ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વિવાદ કરતો હતો. પરંતુ અલ્લાહ તઆલાને એ મંજૂર ન હતું જેથી ફરમાવ્યું:

Maktabe Ashraf

"વ ઇઝ યઇદુ-કુમુલ્લાહુ ઇહ-દત-તાઇ-ફતૈન....."

"અને યાદ કરો તે સમયને જયારે અલ્લાહ તમને વાયદો આપતો હતો કે બે સમૂહોમાંથી એક સમૂહ જરૂર તમારે હાથ લાગશે, જયારે કે તમે એમ ચાહતા હતા કે હથિયાર અથવા લશ્કરી બળ વગરનો કાફલો તમારા હાથે ચઢી જાય (એટલે ગનીમતનો માલ મળી જાય અને કુરૈશી લશ્કર સાથે ટક્કર ન થાય.) અને અલ્લાહ ચાહતો હતો કે પોતાના ફરમાનો મારફતે સત્યનો વાયદો સાચો કરી દેખાડે અને કાફિરોની જડ કાપી નાખે કે જેથી હકને હક અને જૂઠને જૂઠ પુરવાર કરી બતાવે. ભલેને પાપીઓને ખોટું લાગે."

એટલે તેઓ વેપારી કાફલાનો માલ ચાહતા હતા અને અલ્લાહ ચાહતો હતો કે બંને સમૂહોને બદ્રના મેદાનમાં પહોંચાડી દે અને એક સમૂહને બીજા સમૂહની સાથે ટકરાવી દે કે જેથી સાચનું સાચ ને જૂઠનું જૂઠ અલગ પડી જાય. આ કારણે અલ્લાહ તઆલાએ કાફલાને છટકાવી દીધો અને લશ્કરની સાથે મુસલમાનોને ટકરાવી દીધા કે જેથી કુરૈશના સુરમાઓ અને બડેખાંઓના મગજમાં ભરાયેલો અભિમાનનો ધુમાડો કાઢી નાખે.

અલ્લાહની મદદનો વાયદો————મુસલમાનોએ બદ્રના મેદાનમાં પહોંચીને જોયું કેકુરૈશી લશ્કરની સંખ્યા તો બહુ મોટી છે અને તેઓને મુકાબલે અમારી સંખ્યા છેક નજીવી છે તો તેઓ બારગાહે-ઇલાહીમાં નમી પડ્યા અને રડી કરગરીને દુઆ કરવા લાગ્યા જેમકે ફરમાવ્યું "ઇઝ તસ-તગીસૂન રબ્બકુમ ફસ-તજાબ લકુમ....."

"તે સમયને યાદ કરો જયારે તમે પોતાના પાલનહાર પાસે મદદની દુઆ માગતા હતા તો તેણે તમારી દુઆ કબૂલ કરી લીધી કે, જરૂર હું લગાતાર આવનારા એક હજાર ફરિશ્તાઓથી તમારી મદદ કરીશ."

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુઆની બરકતથી મુસલમાનોની દુઆ કબૂલ કરી લીધી. કેમકે એક તરફ છાપરામાં આપ પણ સિજદામાં પડીને દયાભાવે અને ગદ્દગદ સ્વરે દુઆ માગતા હતા અને તમામ મુસલમાનો પણ દુઆમાં તન્મય હતા.

અલ્લાહની ગૈબી મદદ ફરિશ્તાઓના રૂપમાં ————અલ્લાહ તઆલાએ પોતાના વાયદા મુજબ લગાતાર આવનારા એક હજાર ફરિશ્તાઓને બદ્રના મેદાનમાં મોકલાવી દીધા અને સાથે જ ફરિશ્તાઓને હુકમ ફરમાવ્યો કે, લડાઇમાં તમે મુસલમાનોના કદમોને મક્કમ રાખજો, હું બહુ જ જલદી કાફરોના દિલો પર મુસલમાનોની ધાક બેસાડી દઇશ તો તમે તેઓની ગરદનો પર મારજો અને તેઓની આંગળીઓના સાંધેસાંધા કાપજો. જેમકે ફરમાવ્યું છે : "ઇઝ યૂહી રબ્બુક ઇલલ-મલા-ઇકતિ અન્ની મઅકુમ....."

"તે સમયને યાદ કરો જયારે તમારો પાલનહાર ફરિશ્તાઓને હુકમ ફરમાવતો હતો કે, હું તમારી સાથે છું માટે તમે મુસલમાનોના કદમોને મજબૂત રાખજો. હું બહુ જ જલદી કાફરોના દિલોમાં ધાક નાખી દઇશ તો તમે તેઓની ગરદનો પર મારજો અને તેઓની

આંગળીઓના સાંધા કાપજો.''

આસમાન પરથી લગાતાર ઊતરનારા ફરિશ્તાઓ લડાઈના મેદાનમાં પહોંચી ગયા અને અલ્લાહના હુકમ મુજબ તેઓએ મુસલમાનોના કદમ મજબુતીથી જમાવી દીધા અને બહુ જ જલદી અલ્લાહ તઆલાએ કાફિરોના દિલો પર મુસલમાનોની ધાક બેસાડી દીધી જેની દહેશતથી તેઓના હોંશ ઊડી ગયા, ટાંટિયા ઢીલા થઈ ગયા, કાળજાં કાંપી ઊઠયાં, હિંમતો પડી ભાંગી અને મેદાનથી તેઓના પગ ઊખડી ગયા. ફરિશ્તા અને ધાકની ગૈબી મદદથી મુસલમાનોએ ઘણા દુશ્મનોને ગાજરમૂળા પેઠે કાપીને ફેંકી દીધા.

અલ્લાહની ગૈબી મદદ ઊંઘના રૂપમાં————મુસલમાનોને એક ગૈબી મદદ અલ્લાહ તઆલા તરફથી આ રીતે પણ મળી કે લડાઈના મોદનમાં અલ્લાહ તઆલા તરફથી મુસલમાનોની આંખોમાં ઊંઘ કે ઊંઘનું ઝોકું નાખી દેવામાં આવ્યું અને જયારે તેઓ જાગ્યા તો જાગતાં જ તેઓને થયું કે અમે તો બિલકુલ તરોતાઝા, ફુલગુલાબી તબીઅતના, જોમજુસ્સાથી ભરેલા છીએ. પોતાની સંખ્યા થોડી હોવાનો ખોફ તેઓના દિલોમાંથી નીકળી ગયો. અને તેઓના હોસલા બુલંદ થઈ ગયા. આ ઊંઘ તેઓની શાંતિ માટે નાખવામાં આવી હતી. જેમકે ફરમાવ્યું છે : ''ઇઝ યુગશ્શી કુમુ-નુઆસ અ-મ-ન- તમ મિન્હુ.'' એટલે તે સમયને યાદ કરો જયારે તેણે ઓઢાડી હતી ઊંઘની ચાદર તમારી ઉપર તમારી શાંતિ માટે.

જોમ, જુસ્સા અને ઉત્સાહને છલકાવી નાખે તેવી મીઠી નિંદરનું એક ઝોકું હતું. જાગતાં જ તેઓ આનંદથી પ્રફુલ્લી રહ્યા. દિલોમાંથી દરેક પ્રકારની દહેશત નીકળી ગઈ. શયતાની વસવસા દૂર થઈ ગયા. શાંતિ અને આત્મ-વિશ્વાસ અનુભવીને તમામ ખતરાઓથી નિર્ભય બની ગયા. બદ્રમાં એ પણ મુસલમાનો પર અલ્લાહનું બહુ મોટું ઇનામ હતું.

અલ્લાહની ગૈબી મદદ વરસાદના રૂપમાં————એની સાથે જ અલ્લાહ તઆલાએ બીજા એક ઇનામનું પણ વર્ણન કર્યું અને એ છે વરસાદના રૂપમાં આસમાનથી ઊતરેલી અલ્લાહની ગૈબી મદદ જેમકે ફરમાવ્યું છે : ''વ યુનઝ-ઝિલુ અલૈકુમ મિનસ-સમાઇ મા અન......''

> ''અને યાદ કરો તે સમયને જયારે અલ્લાહ પાણી વરસાવતો હતો આકાશથી તમારી ઉપર કે જેથી તમને પાકસાફ કરી દે અને તમારાથી શયતાનની ગંદકી એટલે વસવસા દુર કરી દે અને એટલા માટે કે તમારા દિલોને મજબૂત કરી દે અને તેના વડે તમારા કદમને જમાવી દે.''

અલ્લાહ તઆલાએ આ વરસાદ એજ રાતે વરસાવી દીધો જેનાથી મેદાનની રેતી કઠણ બની ગઈ. ચાલવા ફરવાનું આસાન બની ગયું. આથી પહેલાં પગો રેતીમાં ખસી જતા હતા. તેઓએ આગળ વધીને જગ્યાઓ પર કબજો કરી લીધો. બીજી તરફ એજ વરસાદ કુરૈશી લશ્કર માટે રહમતને બદલે ઝેહમત બની ગયો. કાદવ-કીચડને કારણે ચાલવા ફરવાનું તેઓ માટે મુસીબત બની ગયું. જયા હતા ત્યાં જ પડાવ નાખીને પડયા રહ્યા.

Maktabe Ashraf

લડાઇથી નાસવું જહન્નમમાં પડવું————એ પછી અલ્લાહ તઆલાએ મુસલમાનોને મેદાને-જંગમાં મક્કમ કે મજબૂત કે સાબિત-કદમ રહેવાનો આદેશ આપતાં ફરમાવ્યું :" યા ઐયુહલ-લઝીન આમનૂ ઇઝા લકી-તુમુલ-લઝીન કફરૂ ઝહફન......"

"હે મુસલમાનો ! જ્યારે કાફિરો સાથે (મેદાને-જંગમાં) તમારી ટક્કર લાગી જાય તો તેઓથી પૂઠ ન ફેરવો અને જે કોઇ એ દિવસે પૂઠ ફેરવીને ભાગશે————સિવાય કે લડાઇના પેંતરા માટે પૂઠ ફેરવે અથવા પોતાના લશ્કરમાં ભળી જવા માટે પાછળ હટે! (આ બે વાતો સિવાય પૂઠ ફેરવે) તો તે અલ્લાહના ક્રોધને પાત્ર ઠરી ગયો અને તેનું ઠેકાણું જહન્નમ છે અને તે બહુ બુરૂં ઠેકાણું છે."

એટલે કાફિરો સાથેની લડાઇમાં મેદાનથી પૂઠ ફેરવનારા બે મુજાહિદો ન અલ્લાહના ક્રોધને પાત્ર ઠરે છે ન પૂઠ ફેરવવાથી જહન્નમને પાત્ર ઠરે છે. એક તે મુજાહિદ જે લડતાં-લડતાં જંગી ચાલને આધારે, દુશ્મનને ધોકો આપવા માટે, અચાનક પૂઠ ફેરવીને ગબડી મારી દે અને દુશ્મન તેની પૂઠે આવવા લાગે તો ઓચિંતો પલટીને તલવારથી તેને જહન્નમ ભેગો કરી દે. બીજો તે મુજાહિદ જે પોતાના લશ્કરથી આગળ નીકળીને ધસી-ધસીને લડતો હોય પરંતુ દુશ્મનના પ્રચંડ ધસારાને કારણે ખુદ એના લશ્કરને એની વધારે જરૂરત હોય તો એવા સંજોગોમાં આ મુજાહિદનું પોતાના લશ્કરમાં આવી જવા માટે પૂઠ ફેરવવું અલ્લાહના ક્રોધને પાત્ર ઠરતું નથી.

કઅબહમાં ઇન્સાફની દુઆ————મક્કહથી ઊપડવા પહેલાં કુરૈશના લોકો ખાનએ-કઅબહમાં ગયા હતા અને ત્યાં તેઓએ પોતાની જહાલત, પોતાની નાદાની, પોતાની કમનસીબીથી ખુદ પોતાની જ વિરૂધ્ધ ઇન્સાફી ફેસલાની દુઆ માગી હતી તેનું વર્ણન કરતા ફરમાવ્યું :

વ ઇઝ કાલૂલ્લા-હુમ્મ	અને યાદ કરો તે સમયને જ્યારે તેઓ બોલ્યા, "યા અલ્લાહ!
ઇન કાના હાઝા હુવલ-હક્કુ	અગર આ કુર્આન સાચું જ હોય
મિન ઇન-દિકા	તારી જ તરફથી ઊતરેલું હોય
ફ અમ-તિર અલૈના	તો વરસાવી દે અમારી ઉપર
હિજાર-રતમ મિનસ-સમાઅ.	પથ્થર આસમાનથી.
અવિઅ-તિના	અથવા લઇ આવ અમારી ઉપર
બિ-અઝાબિન અલીમ.	દર્દનાક અઝાબ.

કુરૈશ અને અબૂ જહલે કઅબહમાં જઇને માગેલી આ દુઆ બારગાહે ઇલાહીમાં મકબૂલ થઇ ગઇ. બદ્રમાં જઇને અબૂ જહલ પોતે પણ ખુવાર થયો અને પોતાની જહાલતથી લશ્કરની પણ ખુવારી બોલાવી દીધી. આસમાનથી પથ્થર તો નહિ વરસ્યા પણ મુઠીભર કાંકરી જરૂર વરસી જે આસમાની પથ્થરના નમૂના જેવી જ હતી.

Maktabe Ashraf

શત્રુના સૈન્ય પર ફેંકેલી કાંકરી————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુઠ્ઠીભર કાંકરીઓ પોતાના મુબારક હાથમાં ઉપાડીને દુશ્મનના લશ્કર તરફ ઉછાળી મૂકી હતી તેનું વર્ણન કરતાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "વમા રમૈત ઈઝ રમૈત વલા કિન્નલ-લાહ રમા......"

"અને હે નબી ! જ્યારે તમે કાંકરીઓ ફેંકી તો એ તમે નહિ ફેંકી હતી બલકે અલ્લાહએ ફેંકી મારી હતી."

એટલે કાંકરીઓ ફેંકી મારવામાં અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરની જે મદદ કરી, એ મદદ અલ્લાહ તઆલા નહિ કરતે અને કાંકરીઓમાં જે તાસીર અલ્લાહ તઆલાએ જન્માવી એ તાસીર, અલ્લાહ તઆલા નહિ જન્માવતે અને દુશ્મનને શિકસ્ત આપતી વેળા જે દહેશત, અલ્લાહ તઆલાએ દુશ્મનના દિલમાં નાખી એ દહેશત અલ્લાહ તઆલા દુશ્મનના દિલમાં નહિ નાખતે તો કાંકરીઓનો જે ચમત્કાર આપના મુબારક હાથથી જાહેર થયો તે જાહેર નહિ થવા પામતે !

મુસલમાનોની બેહતરીન પરીક્ષા————એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું: "વ લિયુબ-તલિયલ-મુઅમિનીન મિન્હુ બલાઅન હસના."

"અને એટલા માટે કે મુસલમાનોને પોતાની તરફથી બેહતરીન આઝમાઈશમાં નાખે (કે જેથી દુશ્મનને પણ એનો અનુભવ થઈ જાય.)

એટલે દુશ્મનનું લશ્કર સંખ્યામાં બહુ મોટું હતું તેના મુકાબલે મુસલમાનો નજીવી સંખ્યામાં હતા. તેમ છતાં અલ્લાહ તઆલાએ નજીવી સંખ્યાના લશ્કરને વિરાટ સંખ્યાના લશ્કર સાથે અથડાવી માર્યું એ અલ્લાહ તરફથી મુસલમાનોની એક બેહતરીન કસોટી હતી. મુસલમાનો આ કસોટીમાં તોળાઈને કુશળતાથી પાર ઊતરી ગયા. અલ્લાહની મદદને ભરોસે તેઓ ન તો દુશ્મનની પ્રચંડ બહુમતીથી ડર્યા ન હથિયારોથી કે લશ્કરી ધૂમધડાકાથી ડર્યા. તેઓ પર એવી બહાદુરીથી તૂટી પડ્યા જેમ સિંહ બકરાં પર તૂટી પડે છે અથવા ગરૂડ ગગનમાં ઊડનારાં ચકલાં પર તૂટી પડે છે. આ રીતે કુફ્ર-શિર્કના ટાંટિયા ઢીલા થઈ ગયા અને ઈસ્લામનો પાયો દુનિયામાં મજબૂત થઈ ગયો. આ ઉત્તમ પરીક્ષા અલ્લાહ તઆલાએ થોડી સંખ્યાના લશ્કરને વિરાટ સંખ્યાના લશ્કર પર વિજયી બનાવીને મુસલમાનો પર મહાન ઉપકાર કર્યો કે જેથી તેઓ તેના ઉપકારનો આભાર માને અને તેની નિઅમતોની કદર કરે અને યકીન રાખે કે હારજીતનો આધાર હથિયારોની વિપુલતા કે લશ્કરની બહુમતી પર નથી.

અબૂ જહલના કથનનો જવાબ————એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "ઈન તસ-તફ-તિહૂ ફકદ જાઅકુમુલ-ફત્હુ....."

"અગર તમે ઈન્સાફની જીત ચાહો છો તો એ જીત તો તમારી પાસે આવી ગઈ (અને હે કુરૈશ!) અગર તમે અટકી જાવ તો એ તમારા માટે બેહતર છે અને જો તમે ફરીવાર એમ જ કર્યું તો અમે પણ ફરીથી એમ જ કરીશું."

અબૂ જહલે બદ્રની લડાઈ વેળા ઊંચા સાદે દુઆ માગી હતી કે, "હે અલ્લાહ અમારામાંથી જે માગસ

Maktabe Ashraf

સગાઈના સંબંધ તોડનારા હોય, આજની લડાઈમાં તેનો વિનાશ બોલાવી દે !'' તેની આ બદ-દુઆ કે શ્રાપ અલ્લાહનો અઝાબ બનીને તેની જ ઉપર તૂટી પડયો અને પોતાની બદ-દુઆનો પોતે જ ભોગ બની ગયો અને અલ્લાહ તઆલાએ બદ્રની લડાઈમાં તેનો વિનાશ બોલાવી દીધો અને મુસલમાનોને ફરમાવી દીધું કે દુશ્મનના મુકાબલામાં તમે ઇન્સાફની ફતેહની દુઆ માગતા હતા તે કબૂલ કરી લેવામાં આવી છે અને કુરૈશને ફરમાવી દીધું કે બસ આટલેથી જ અટકી જાવ. અગર નહિ અટકશો અને બીજીવાર એમ જ કર્યું તો અમે પણ ફરીવાર એમ જ કરીશું. એટલે બદ્રમાં જે આફત તમારી ઉપર ઉતારી તેવી જ આફત ફરીવાર ઉતારીશું.

અલ્લાહ અને રસૂલની ઇતાઅત————એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું ''યા ઐયુહલ-લઝીન આમનૂ અતીઉલ્લાહ વ રસૂલહૂ.....''

> ''હે મુસલમાનો ! અલ્લાહ અને તેના રસૂલની તાબેદારી કરો અને તેનાથી મોઢું ન ફેરવો. જો કે તમે તેમની વાતો સાંભળો છો અને એવા લોકો જેવા ન બનજો જેઓએ કહી દીધું કે અમે સાંભળી લીધું જો કે તેઓ કોઈ વાત સાંભળતા નથી.''

એટલે અલ્લાહ અને તેના રસૂલની વાતો સાંભળીને તેનો અમલ કરો અને મુનાફિકો જેવા ન બનો જેઓ રૂબરૂમાં તો કહી દે છે કે અમે જરૂર એનું પાલન કરીશું પણ પીઠ પાછળ જઈને તેનો વિરોધ કરે છે. એટલે તેઓનું સાંભળવું ન સાંભળવું સરખું છે. એજ લોકો અલ્લાહની મખ્લૂકમાં બદતરીન લોકો છે. અને બિલકુલ જાનવરો જેવા છે. ન હક વાત બોલે છે ન હક વાત સાંભળે છે ન હક વાત કબૂલ કરે છે ન ખરા-ખોટાને પારખવાની બુદ્ધિ ધરાવે છે.

એ પછી આગળ જતાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : ''વઝકુરૂ ઇઝ અન્તુમ કલીલુમ.......''

> ''અને યાદ કરો તે સમયને જયારે તમે થોડા હતા અને (મક્કહની) ભૂમિમાં કમજોર હતા. અને ડરતા હતા કે લોકો તમને ખતમ ન કરી નાખે તો તેણે તમને ઠેકાણું આપ્યું અને પોતાની મદદથી તમને ટેકો આપ્યો અને પાકીઝા વસ્તુઓની તમને રોજી આપી કે જેથી તમે તેનો શુક્ર અદા કરો.

(નોટ : આ પ્રકરણના લખાણને કાટી છાંટીને ટૂંકાણમાં તેનો ખુલાસો ગુજરાતીમાં રજૂ કર્યો છે. ''હ'')

Maktabe Ashraf

પ્રકરણ ૯૮

અલ્લાહની ગૈબી મદદના બીજા બનાવો

દુશ્મનો સાથે જંગનો મૂળ હેતુ • ગનીમતના માલની વહેંચણી • બદ્રની લડાઇનો નકશો • રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ • મેદાને-જંગમાં મક્કમ રહેવાનો હુકમ • અભિમાન અને આડંબરની મનાઈ • યુધ્ધ માટે તૈયારીનો હુકમ • મુસલમાનોની બહાદુરીની શાન • બહાદુરીનો ઓછામાં ઓછો દરજ્જો • અલ્લાહના પાંચ વિશેષ ઇનામો • દુનિયા નહિ, આખેરત.

Maktabe Ashraf

દુશ્મનો સાથે જંગનો મૂળ હેતુ——એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "વકાતિલૂહુમ હત્તા લા તકૂન ફિત્નહ....."

"અને હે મુસલમાનો ! તમે તેઓની સાથે ત્યાં સુધી લડતા રહો કે (કુફ્ર-શિર્કનો) કોઈ ફિત્નો બાકી ન રહે (એટલે મૂર્તિપૂજા છોડીને મુસલમાન બનનારા લોકો કાફિરોના ત્રાસોથી સુરક્ષિત થઈ જાય) અને દીન પૂરેપૂરો અલ્લાહનો જ થઈ જાય. પછી જો તેઓ (પોતાના કુફ્રથી અને જોરજુલ્મ કરવાથી) અટકી જાય તો બેશક અલ્લાહ તેઓના કામોને જોઈ રહ્યો છે. પણ જો તેઓ મોઢું ફેરવી લે તો જાણી લો કે અલ્લાહ તમારો હિમાયતી છે. અલ્લાહ કેવો સારો હિમાયતી અને કેવો સારો મદદગાર છે."

એટલે ઈસ્લામના કટ્ટર દુશ્મનો સાથે ત્યાં સુધી લડો કે તેઓનું બળ તૂટી જાય અને તેઓ એટલા ઢીલા થઈ જાય કે લોકોને મુસલમાન બનવાથી અટકાવવાનું કે ઈસ્લામનો નાશ કરવાની ધમકીઓ આપવાનું સાહસ ન કરે. એટલું જ નહિ, તેઓની સાથે ત્યાં સુધી લડો કે કુફ્રો-શિર્કનો દબદબો તૂટી જાય, મૂર્તિપૂજાનું પોકળ અને સેંભાગુ ભગવાનોની પોલ ખુલી જાય. જગતના બધા બાતિલ ધર્મો પર ઈસ્લામની હાક વાગવા લાગે ને દુનિયામાં ફક્ત અલ્લાહની જ સત્તા અને અલ્લાહનો જ હુકમ ચાલવા લાગે.

ગનીમતના માલની વહેંચણી——એ પછી અલ્લાહ તઆલાએ સૂરએ-અન્ફાલમાં ગનીમતના માલની વહેંચણીના નિયમો દર્શાવતાં ફરમાવ્યું : "વઅ-લમૂ અન્નમા ગનિમ તુમ મિન શૈઈન... ..."

"અને જાણી લો કે (કાફિરોથી લડતાં) ગનીમતનો જે માલ તમે મેળવ્યો તેમાંથી પાંચમો ભાગ અલ્લાહનો છે, અને તેના રસૂલનો છે, અને તેમના કુટુંબીજનોનો છે, અને

યતીમોના છે અને મુહતાજોનો છે અને મુસાફિરોનો છે અગર તમે ઇમાન ધરાવતા હો અલ્લાહ પર અને તે વસ્તુ પર જેને અમે ઉતારી છે અમારા બંદા મુહંમદ પર ફેસલાના દિવસે તે દિવસે જ્યારે કે બે લશ્કરો સામસામે ટકરાય ગયાં હતાં અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે.''

ફેસલાના દિવસ માટે ઉપરની આયતમાં ''યવમલ ફુર્કાન''ના શબ્દો આવ્યા છે જેના અર્થ જોગે-બદ્રનો દિવસ થાય છે. ફુર્કાન એટલે નોખા પાડવું, અલગ અલગ કરવું, હકને બાતિલથી નોખા પાડવું, સત્યને અસત્યથી અલગ કરવું, ખરા અને ખોટા વચ્ચે ફેસલો કરવો....... મતલબ આ છે કે બદ્રને દિવસે ઇસ્લામ અને કુફ્ર વચ્ચે ટક્કર જામતાં અલ્લાહ તઆલાએ હકને બાતિલથી અલગ કરીને કે સત્યને અસત્યથી નોખું કરીને ચોખ્ખો ફેસલો કરી દીધો હતો. અને આ તે દિવસ હતો જ્યારે કે મુસલમાનોનું ટચૂકડું લશ્કર અને કુરૈશી કુફ્ફારનું વિરાટ લશ્કર બદ્રના મેદાનમાં આવીને એકબીજાની સામે પડાવ નાખીને પડેલું હતું.

બદ્રની લડાઇનો નકશો————ઇસ્લામી લશ્કરે અને કુરૈશી લશ્કરે બદ્રના મેદાનમાં આવીને કયા સ્થળે પડાવ નાખેલો હતો તેનો નકશો દર્શાવતાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : ''ઇઝ અન્તુમ બિલ-ઉદ-વતિદ-દુન્યા વ હુમ બિલ ઉદ વતિલ-કુસ્વા.......''

''જ્યારે કે તમે મેદાનને આ કિનારે હતા અને તેઓ મેદાનને પેલે કિનારે હતા અને કાફલો તમારાથી નીચાણની ભૂમિમાં હતો. અગર તમે આપસમાં લડાઇનો વાયદો કરી લીધો હોત તોય તમે એકી સાથે વાયદા મુજબ સમયસર પહોંચી ન શકતે. તમારામાં કંઇ ન કંઇ મતભેદ પડી જતે.''

એટલે તમે અબૂ સુફયાનના કાફલાને અટકાવવાને ઇરાદે નીકળ્યા હતા અને કુરૈશ અબૂ સુફયાનના કાફલાને બચાવવાને ઇરાદે નીકળ્યા હતા. એ માટે ન તમારા તરફથી કોઇ સ્થળ નક્કી કરવામાં આવ્યું હતું ન તેઓ તરફથી કોઇ સ્થળ નક્કી કરવામાં આવ્યું હતું. અગર વાયદાને આધારે બંને તરફથી કોઇ સમય અને સ્થળ નક્કી કરવામાં આવ્યાં હોત તો તેઓની સંખ્યા અને તેઓનું લશ્કરી બળ જોઇને તમે કદી લડવાનું પસંદ નહિ કરતે.

એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : ''વલાકિલ-લિયક-દિયલ્લાહુ અમ્રન કાના મફઊલા.......''

''પરંતુ આ બધું એટલા માટે બન્યું (એટલે ઓચિંતા તમને એટલા માટે લડાવ્યા) કે જે કામ નિર્માણ થઇ ચૂકયું હતું તેને અલ્લાહ પૂરૂં જ કરી નાખે કે જેથી જેને મરવું હોય તે દલીલ કાયમ થવા પછી મરે અને જેને જીવવું હોય તે દલીલ કાયમ થવા પછી જીવે.''

બંને લશ્કરો અને કાફલાનો વ્યૂહ એવો હતો કે ઇસ્લામી લશ્કર મદીનહ તરફના મેદાનને છેડે હતું અને કુરૈશી લશ્કર મક્કહ તરફના મેદાનને છેડે હતું અને અબૂ સુફયાનનો કાફલો મેદાનની નીચાણની ખીણમાંથી સમુદ્રના કાંઠાની દિશાએ પસાર થઇ રહ્યો હતો. હવે નકશો એવો બન્યો કે ઇસ્લામી લશ્કર આ તરફ હતું. અબૂ સુફયાનનો કાફલો તે તરફ હતો. વચ્ચે કુરૈશી લશ્કર પડાવ નાખીને પડેલું હતું. કુરૈશ પોતાના કાફલાને બચાવવા આવ્યા હતા. તમે એ કાફલાને અટકાવવા આવ્યા હતા. પણ કાફલો નીચાણની ખીણમાંથી કૂચકદમ

Maktabe Ashraf

કરતાં સમુદ્ર કાંઠા તરફ સરકી ગયો. તે વેળા બંને લશ્કરો એક જ મેદાનને બે છેડે પડાવ નાખીને પડેલા હતાં. અગાઉથી કોઈને એકબીજાની ખબર ન હતી. સાબિત થઈ ગયું કે અલ્લાહ તઆલાએ જ પોતાની કુદરત અને હિકમતથી તમને ત્યાં પહોંચાડી દીધા અને પછી અણધારેલી રીતે બંને લશ્કરો વચ્ચે યુધ્ધના સંજોગો સર્જી દીધા કે જેથી જાહેર થઈ જાય કે સત્ય શું છે અને બાતિલ શું છે ? અથવા ખરાને ખોટાથી અલગ કરીને દેખાડી દે. અથવા જેને મરવું હોય તે દલીલપૂર્વક મરે અને જેને જીવવું હોય તે દલીલપૂર્વક જીવે !

રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ————એ પછી અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી ઈનામ રૂપે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એક ખ્વાબ દેખાડયો જેનું વર્ણન કરતાં ફરમાવ્યું : "ઈઝ યુરીકહુ-મુલ્લાહુ ફી મનામિક કલીલા......"

> "હે નબી ! યાદ કરો તે સમયને જયારે અલ્લાહએ તમને ખ્વાબમાં તે લોકોને ઓછા કરીને દેખાડી દીધા. અગર અમે તેઓને મોટી સંખ્યામાં તમને દેખાડતે તો (હે મુસલમાનો!) તમે હિંમત હારી જતે અને જંગ વિષે ઝગડવા લાગી જતે. પણ અલ્લાહએ તમને બચાવી લીધા. બેશક અલ્લાહ દિલોના ભેદોને ખૂબ જાણનારો છે."

બદ્રનું યુધ્ધ ખેલાયું તેની વીતેલી રાતે અલ્લાહ તઆલાએ રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખ્વાબમાં કુરૈશી સૈન્યની સંખ્યાને ઓછી કરીને દેખાડી દીધી. એ પણ મુસલમાનો પર અલ્લાહનું મોટું ઈનામ અને તેની ગૈબી મદદ હતી. એનાથી મુસલમનોનાં ઉત્સાહ વધી ગયો.દુશ્મનનો ડર તેઓના દિલોમાંથી નીકળી ગયો. તેઓ જોશ અને જુસ્સામાં આવી ગયા. અને શૂરા બનીને દુશ્મન પર એવી રીતે તૂટી પડયા જેમ શેરે-બબ્બર બકરાં પર તૂટી પડે છે.

એનાં પછીની આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "વ ઈઝ યૂરીકુમૂ-હુમ ઈઝિલ-તકૈનુમ....."

> "અને યાદ કરો તે સમયને જયારે તમે તેઓને મુકાબલે પડયા તો અલ્લાહે તેઓને તમારી આંખોમાં થોડા કરીને દેખાડી દીધા અને તેઓની આંખોમાં તમને થોડા કરીને દેખાડી દીધા કે જેથી જે કામ નિર્માણ થઈ ચૂકયું હતું, અલ્લાહ તેનો ફેસલો કરી નાખે."

મુસલમાનોના મુકાબલામાં કુરૈશી સૈન્યની સંખ્યા ત્રણ ગણી હતી પણ લડાઈના મેદાનમાં મુસલમાનોને તેઓ છેક નજીવી સંખ્યામાં દેખાતા હતા. એનું રહસ્ય આ છે કે બદ્રમાં કુફ્રની હાલતમાં માર્યા જનારા કાફિરો ફકત ૭૫ હતા. જેઓ જીવતા બચી ગયા તેઓનો મોટો ભાગ આગળ જતાં મુસલમાન બની ગયો. આ મુસલમાન બનનારાઓને મુસલમાનોની નજરથી ઓઝલ રાખવામાં આવ્યા. મુશરિકોની આંખોમાં મુસલમાનો ઓછા દેખાયા તે લડાઈની શરૂઆતમાં હતું. બાદમાં મદદ માટે એક હજાર ફરિશ્તાઓનું લશ્કર આવી ગયું ત્યારે મુસલમાનો તેઓને મોટી સંખ્યામાં દેખાવા લાગ્યા.

બંને લશ્કરોને એકબીજાની નજરમાં ઓછાં કરીને દેખાડવાં તેનું રહસ્ય આ હતું કે બંને લશ્કરો એકબીજાને નજીવી સંખ્યામાં જોઈને આપસમાં ટકરાઈ જાય. અલ્લાહની [illegible] એવી હતી કે પોતાના દુશ્મનના અભિમાનનું માથું તોડીને તેને કમજોર બનાવી દે અને પોતાના પયગમ્બરની મદદ કરીને તેમને બળવાન તથા આબરૂદાર બનાવી દે. એ પણ મુસલમાનો પર અલ્લાહના ઈનામોમાંથી એક મોટું ઈનામ હતું. આ ઈનામથી મુસલમાનોના હોંસલા બુલંદ થઈ ગયા. પોતે થોડા છે, નિર્બળ છે, હથિયાર વગરના છે તેવો અહેસાસ તેઓના દિલોમાંથી

Maktabe Ashraf

નીકળી ગયા અને તેઓ શૂરા બનીને દુશ્મન સાથે ટકરાઈ ગયા.

(નોટ : બદ્રના યુધ્ધમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બ-ઝાતે-ખુદ શામિલ હતા. લશ્કરની સંખ્યા ૩૧૩ હતી. જેમાં ૭૭ મક્કહના મુહાજિર સહાબા અને ૨૩૬ મદીનહના અન્સાર સહાબા હતા. ૭૦ ઊંટો, બે અથવા ત્રણ ઘોડા, ૬ બખ્તરો અને ૮ તલવારો હતી. સામા પક્ષે એક હજાર લડવૈયા, ૭૦૦ ઊંટો, ૧૦૦ ઘોડા અને પૂરતાં હથિયારો હતાં. યુધ્ધ જામતાં અલ્લાહની ગેબી મદદ આવી લાગી. તો દુશ્મનના હાંજા ગગડી ગયા. તેઓમાં નાસભાગ મચી રહી. કેટલાક કતલ થયા, કેટલાક કેદ પકડાયા, કેટલાક જીવ બચાવવામાં સફળ થયા. સારાંશ કે પૂરી સાધન સામગ્રીવાળા બળવાન લશ્કરની હાર અને હરેક રીતે નબળી સ્થિતિના મુસલમાનોની જીત આંખોવાળાઓ માટે ઇબ્રતપાત્ર ઘટના છે. હારજીતનો આધાર સંખ્યા અને બળ પર નહિ, અલ્લાહની ઇચ્છા અને મદદ પર રહેલો છે. રશિયા જેવા સુપર પાવરનો તાજો દાખલો દુનિયાની આંખ સામે મવજૂદ છે. ''હ'')

મેદાને-જંગમાં મક્કમ રહેવાનો હુકમ——————એ પછી અલ્લાહ તઆલાએ મુસલમાનોને મેદાને-જંગમાં સાબિત-કદમ એટલે અડગ અને મક્કમ રહેવાનો હુકમ આપતાં ફરમાવ્યું : ''યા ઐયુહલ-લઝીન આમનૂ ઇઝા લકીતુમ ફિઅતન ફષ્બુતૂ......''

> ''હે મુસલમાનો ! જ્યારે કોઈ લશ્કર સાથે તમારો મુકાબલો થાય તો સાબિત કદમ રહો અને અલ્લાહને ખૂબ યાદ કરતા રહો કે જેથી તમે સફળતા મેળવી લો. અને અલ્લાહ તથા તેના રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડો નહિ કરો, નહિ તો તમે બુઝદિલ બની જશો અને તમારી હવા ઊખડી જશે અને ધીરજ ધરો બેશક અલ્લાહ ધીરજવાનોની સાથે છે.''

''ફષ્બુતૂ'' એટલે સાબિત-કદમ રહો. કાફિરના મુકાબલામાં અડગ, અચળ અને દ્રઢ રહો. તમારા કદમ ડગમગાવા નહિ પામે. એની સાથે આ શર્ત પણ છે કે, ''વઝ-કુરુલ્લાહ કસીરા.'' એટલે સાથે-સાથે અલ્લાહને પણ યાદ કરતા રહો. અલ્લાહના પવિત્ર નામની માળા જપતા રહો. તેની બારગાહમાં દુઆ માગતા રહો. તેની પાસે મદદની યાચના કરતા રહો. એનાથી ઈમાન તાજું રહે છે. દિલને શાંતિ મળે છે. મન પ્રફુલ્લ રહે છે. જિહાદનો જોશ અને જુસ્સો કાયમ રહે છે. અને ''હિંમતે-મર્દાં તો મદદે-અલ્લાહ''નો વાયદો પૂરો થાય છે. અલ્લાહની યાદ અને દુઆ એજ મુસલમાનોનું સૌથી મોટું હથિયાર હોય છે.

એ પછી ફરમાવ્યું કે આપસના ઝઘડા અને વિખવાદથી દૂર રહો. પરસ્પરની લડઝઘડથી તમે બુઝદિલ બની જશો. તમારી હિંમતો પડી ભાંગશે. તમારા હોસલા પસ્ત થઇ જશે. દુશ્મનોના દિલો પર તમારી જે ધાક બેઠેલી છે તેની હવા ઊખડી જશે. અગર તમે સંપથી રહેશો અને ધીરજથી કામ લેશો તો અલ્લાહ તઆલા ફરમાવે છે કે હું ધીરજવાનોની સાથે છું.

અભિમાન અને આડંબરની મનાઇ——————તે પછી અલ્લાહ તઆલાએ મુસલમાનોને અભિમાન, અહંકાર, બડાઈ, તુમાખી તેમ ઠાઠમાઠ અને જાહેરી ભપકા કે ધુમધડાકાથી અલગ રહેવાની નસીહત ફરમાવી અને ફરમાવ્યું : ''વલા તકૂનૂ કલ્લઝીન ખરજૂ મિન દિયારિહિમ બ-ત-રૅ-વ-ર-રિઆઅન-નાસ......''

> ''અને તમે તે લોકોના જેવા ના બનજો જેઓ પોતાના ઘરોમાંથી ઇતરાતા-અકડાતા અને લોકોને (પોતાની જાહોજલાલીનો ભપકો) દેખાડતા નીકળ્યા. અને તેઓ લોકોને અટકાવતા હતા અલ્લાહના માર્ગથી અને અલ્લાહ તેઓના તમામ કામોને

Maktabe Ashraf

ઘેરી વળેલા છે."

આયતમાં "બતર" શબ્દ (તોયથી) આવેલો છે. જેના અર્થ ઈતરાવું, અકડવું, મોટાઈ મારવી, ભપકો દેખાડવો વગેરે થાય છે. મક્કહના કુરૈશ પોતાના કાફલાને બચાવવા એવી હેંકડાઈ, એવી શાનો-શવકત, એવા ધૂમધડાકાથી ઈતરાતા-મલકાતા નીકળ્યા હતા જાણે તેઓનો લશ્કરી ભપકો કે દબદબો જોતાં જ મુસલમાનોના છક્કા છુટી જશે અને તેઓ મેદાન મૂકીને ભાગતા નજર આવશે. અબૂ જહલ આ જાહેરી ભપકા કે લશ્કરી દબદબાથી મુસલમાનો ઉપરાંત આખા અરબખંડ પર પોતાની ધાક બેસાડવા માગતો હતો એટલે જ તેણે મક્કહ પાછા વળવાની કોઈની સલાહ માની ન હતી.

કુરૈશની હેંકડાઈ અને જાહેરી ભપકાના મુકાબલામાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને નસીહત ફરમાવી કે તમારે કાફિરો જેવા બનવું નહિ. કોઈ કામ પર ઈતરાવું કે અકડાવું નહિ. કોઈ વાતની બડાશ મારવી નહિ. દંભ, દેખાવ, આડંબર અને અભિમાનથી અલગ રહેવું અને તમારૂં દરેક કામ માત્ર અલ્લાહની રઝામંદી તથા આખેરતની કામયાબી માટે હોવું જોઈએ.

યુદ્ધ માટે તૈયારીનો હુકમ————એ પછી અલ્લાહ તઆલાએ મુસલમાનોને દુશ્મનો તરફથી સાવધ રહીને તેઓના મુકાબલા માટે દરેક પ્રકારના લડાયક શસ્ત્રો તૈયાર રાખવાનો હુકમ આપતાં ફરમાવ્યું: "વ અઈદ્દૂ લહુમ મસ્-તતઅ-તુમ મિન કુવ્વતિંવ-વ મિર રિબાતિલ-ખૈલ......"

"અને હે મુસલમાનો ! તમે તેઓના મુકાબલા માટે તમારાથી બને તેટલું બળ અને કેળવેલા ઘોડાઓથી તૈયારી રાખો કે તેના વડે તમે અલ્લાહના દુશ્મનો અને તમારા પોતાના દુશ્મનો અને તેઓ વગર બીજા દુશ્મનો પર તમારી ધાક બેસાડતા રહો......

"અને જે કંઈ તમે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરશો તેનું પૂરેપૂરૂં વળતર તમને આપી દેવામાં આવશે અને તમારી સાથે જરાયે અન્યાય નહિ કરવામાં આવશે."

ઈસ્લામના દુશ્મનો છેલ્લા દરજજાના કાવતરાંબાજ, કરારભંગી, વિશ્વાસઘાતી અને ખંધા હોય છે ક્યારે દગો આપીને ઓચિંતા તૂટી પડે તે કહી શકાય નહિ. જેથી તેઓ તરફથી સાવધ રહીને તેઓના મુકાબલા માટે હથિયારો તેમ હરેક પ્રકારની સાધનસામગ્રીથી હર પળે તૈયાર રહેવાનો હુકમ ફરમાવી દીધો. આ લડાયક તૈયારી પાછળ મુસલમાનો જે કંઈ ખર્ચ કરશે તેનું પૂરેપુરૂં વળતર આપી દેવાનું અલ્લાહ તઆલાએ તેઓને વચન આપી દીધું છે એટલે આખેરતમાં જન્નત રૂપે જે બદલો મળશે તે અલગ, અહીં દુનિયામાં પણ પૂરૂં વળતર આપી દેવાનું ફરમાવ્યું છે.

એ પછીની આયતમાં સુલેહનું બયાન થયેલું છે જેમકે ફરમાવ્યું છે : "વ ઈન જ-ન-હૂ લિસ્-સલ્મે ફજ-નહ લહા વ તવક્કલ અલલ્લાહ.. "

"અને જો તેઓ સુલેહ તરફ ઝુકે તો તમે પણ તે તરફ ઝુકી જાવ અને અલ્લાહ પર ભરોસો કરો ના, બેશક અલ્લાહ સાંભળનારો, જાણનાર છે.

"અને જો તેઓ તમને ધોકો આપવાના વિચારે સુલેહ કરે તો અલ્લાહ તમારા માટે કાફી છે......"

Maktabe Ashraf

દગાબાજ દુશ્મન કયારે ધોકો આપી દે તે કહી શકાય નહિ અને દિલોનો ભેદ અલ્લાહ વગર કોઈ જાણતું નથી. જાનના ખોફથી દુશ્મન સુલેહ તરફ ઝુકી જાય તો તમારે પણ ખાતરી કર્યા પછી તેઓ સાથે સુલેહ કરી લેવી જોઈએ. અને અલ્લાહ પર ભરોસો કરવો જોઈએ, પણ તેઓના ધોકા તરફથી પણ સજાગ રહેવું જોઈએ. કદાચ તેઓ ધોકો આપી જ દે તો અલ્લાહ તમારી મદદ માટે કાફી છે. કેમકે તેઓની છુપી તદબીરો પેઠે અલ્લાહની પણ છુપી તદબીરો હોય છે.

મુસલમાનોની બહાદુરીની શાન————કાફિર દુશ્મન સાથે જિહાદ કરનારા મુસલમાનો કેટલા બહાદુર હોય શકે અને તેઓની બહાદુરીની કેવી શાન છે તેનું ધોરણ દર્શાવતાં અલ્લાહ તઆલા ફરમાવે છે: ''યા ઐયુહન-નબીય્યુ હર-રિદિલ-મુઅમિનીન અલલ-કિતાલ....''

> ''હે નબી ! મુસલમાનોને ઉત્સાહી બનાવો જિહાદ માટે. અગર તમારામાં દ્રઢ કે અડગ રહેનારા વીસ મુજાહિદો હશે તો તેઓ બસો દુશ્મનો પર ફતેહ મેળવશે અને જો તમારામાંથી એક સો એવા હશે તો એવા હજાર કાફિરો પર વર્ચસ્વશાળી રહેશે. કારણ કે કાફિરો સમજબુધ્ધિ ધરાવનાર કોમમાંથી નથી.''

એટલે ઇસ્લામના દુશ્મનો અલ્લાહ અને આખિરતને માનતા નથી. નેકી અને બદીનો ભેદ જાણતા નથી. મરણ પછીના જીવનમાં કરણીના ફળનો અકીદો ધરાવતા નથી. અલ્લાહને છોડીને તેણે પેદા કરેલી વસ્તુઓની પૂજા કરતા હોવાથી તેઓનો કોઈ બેલી હોતો નથી. મરણ પામીને માટીમાં મળી જવાની માન્યતા ધરાવતા હોવાથી માત્ર દુનિયાના સ્વાર્થની સિધ્ધિ ખાતર લડતા હોય છે. જેથી તેઓ ટૂંકી બુધ્ધિના અને સંકુચિત મનોદશાના હોય છે. એથી વિરૂધ્ધ મુસલમાનોની જ્ઞાનબુધ્ધિ આ દુનિયાથી લઈને તે દુનિયા સુધી વિકસેલી હોય છે. તેઓ અલ્લાહનો બોલ બાલા કરવા ખાતર લડતા હોય છે. જાનનો ખતરો ઊભો થતાં કાફિરો દુમ દબાવીને ભાગી ઊઠે છે. જ્યારે મુસલમાનો માટે જાનના ખતરા જેવી કોઈ બીક હોતી નથી કેમકે માર્યા ગયા તો શહીદ અને જીવતા રહ્યા તો ગાઝી. દુનિયાની પણ કામયાબી આખિરતની પણ કામયાબી. મુસલમાનોના જાન-માલ તો અલ્લાહએ અગાઉથી જ જન્નતના બદલામાં ખરીદી લીધેલા હોય છે જેથી તેઓ આ પાર કે પેલે પારનો નિર્ણય કરીને લડતા હોય છે. અને અલ્લાહ તરફથી તેઓને ગૈબી મદદ પણ મળે છે.

બહાદુરીનો ઓછામાં ઓછો દરજો————એ પછી અલ્લાહએ મુસલમાનો માટે વધારે આસાની કરીને બહાદુરીનું પ્રમાણ ઘટાડી દેતાં ફરમાવ્યું : અલઆન ખફ-ફફલ-લાહુ અન્કુમ વ અલિમા અન્ન ફીકુમ દઅફન.......''

> ''હવે અલ્લાહએ બોજો હળવો કરી દીધો તમારાથી અને જાણી લીધું કે તમારામાં કંઈક નબળાઈ છે તો , હવે જો તમારામાં દ્રઢ રહેનારા એક સો માણસો હશે તો તેઓ બસો પર ગાલિબ આવી જશે અને જો તમારામાંથી એક હજાર એવા હશે તો બે હજાર પર તેઓ જીત મેળવી લેશે અલ્લાહના હુકમથી.....''

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે જ્યારે, દસના મુકાબલામાં સો કાફિરો અને સો ના મુકાબલામાં એક હજાર કાફિરો સાથે લડવાની આયત ઊતરી તો અમુક મુસલમાનોને બહુ બોજ જેવું લાગ્યું ત્યારે અલ્લાહ તઆલાએ મુસલમાનો પર દયા કરીને ઓરભી આસાની કરી દીધી અને બહાદુરીનું

Maktabe Ashraf

પ્રમાણ ઘટાડીને, બસોને મુકાબલે એક સો તથા બે હજારને મુકાબલે એક હજાર કરી દીધું.

આમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક જમાનામાં એક હજાર મુસલમાનો એંસી હજાર કાફિરો સાથે લડયા છે અને ''જંગે-મૂતહ''માં તો ફક્ત ત્રણ હજાર મુસલમાનો બે લાખ કાફિરોને મુકાબલે મક્કમ રહીને વીરતાથી લડયા છે અને આવા તો અનેક દાખલા ઇસ્લામી ઇતિહાસને પાને નોંધાયેલા છે.

અલ્લાહના પાંચ વિશેષ ઇનામો————એ પછી મુસલમાનોએ કુરૈશને કેદ પકડયા અને ગનીમતનો માલ હાથ કીધો તે પ્રત્યે અલ્લાહ તઆલાએ પોતાની નારાજી જાહેર કરી કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી પહેલાંના પયગમ્બરોમાંથી કોઇ પયગમ્બરે દુશ્મનો પાસેથી ગનીમતનો માલ હાથ કરીને ખાધો નથી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબૂ જઅફર મુહંમદ બિન અલી બિન હુસૈન કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

નુસરિતુ બિર-રૂઅબ.	મારી મદદ કરવામાં આવી રૂઆબથી
વ જુઇલત લિયલ-અર્દુ,	અને બનાવી દેવામાં આવી મારા માટે જમીનને
મસ્જિદંવ-વ-તહૂરા.	મસ્જિદ તથા પાક સ્થળ.
વ ઉઅતીતુ જવામિઅલ-કલિમ.	અને ઇનામ આપવામાં આવ્યું મને ''જવામિઉલ-કલિમ''નું.
વ ઉહિલ્લત લિયલ-મગાનિમુ,	અને હલાલ કરવામાં આવ્યો મારા માટે ગનીમતનો માલ;
વલમ તુહલલ લિ-નબીય્યીન,	જેને હલાલ નહિ કરવામાં આવ્યો કોઇ નબી માટે
કાના કબ્લી.	મારાથી પહેલાં.
વ ઉઅતી-તુશ-શફાઅત.	અને અર્પણ કરવામાં આવી મને શફાઅત.
ખમ્સુન લમ તુઅ-તહુન્ન	આ પાંચ વસ્તુઓ નહિ આપવામાં આવી
નબીય્યુન કબ્લી.	મારાથી પહેલાંના કોઇ નબીને.

ગુજરાતી સંપાદકની નોંધ :- રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહ તઆલા તરફથી ખાસ પાંચ વસ્તુઓનું એવું ઇનામ મળ્યું જે આપથી પહેલાંના કોઇ નબીને નહિ મળ્યું :

•———પહેલી વસ્તુ રૂઆબ એટલે ધાક અને દબદબો. એવી ધાક, એવો દબદબો કે જેનાથી દુશ્મનો થથરી ઊઠે, તેઓના હાંજા ગગડી જાય, કાળજાં તાળવે આવી લાગે.

•———બીજી વસ્તુ મસ્જિદ એટલે આખી ધરતીને આપના માટે મસ્જિદ બનાવી દેવામાં આવી. ફક્ત મસ્જિદમાં જ નહિ, ધરતીના કોઇ પણ ભાગમાં નમાઝ પઢી શકાય છે અને તે જગા મસ્જિદ જેવી જ પાક હોય છે. આપથી પહેલાં કોઇ નબી માટે આખા જગતની જમીનને મસ્જિદ નહિ બનાવવામાં આવી.

•———ત્રીજી વસ્તુ ''જવામિઉલ-કલિમ''———એમાં ''જવામિઅ''શબ્દ ''જામિઅ'' શબ્દનું બહુવચન છે અને જામિઅ એટલે જમા કરનાર, ભેગું કરનાર વગેરે. એવી જ રીતે ''કલિમ'' શબ્દ ''કલિમહ''નું બહુવચન છે. માણસના મુખેથી નીકળતી વાતો, શબ્દો કે બોલોને કલિમહ કહે છે. મતલબ આ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક જીભથી જે કલિમહ કે બોલો નીકળતા તેના શબ્દો થોડા પણ અર્થો બેહદ વિશાળ અને રહસ્યો તથા મર્મોથી ભરેલા હોતા. આપ સાચા અર્થોમાં વાણીપ્રતિભા, વાકચાતુર્ય અને ભાષાવિજ્ઞાનના

Maktabe Ashraf

ભંડાર હતા. અલ્લાહ તઆલાએ આપને "અલ-કલામુલ-જમિઅ" બનાવ્યા હતા. એટલે જેના શબ્દો થોડા અને અર્થો વિશાળ હોય.

●———ચોથી વસ્તુ "મગાનિમ" જે મગ્નમ શબ્દનું બહુવચન છે જેના અર્થ લૂંટનો માલ થાય છે. ઈસ્લામમાં મગાનિમ તે માલને કહે છે જે કાફિર દુશ્મનો સાથેની લડાઈમાં મુસલમાનોને મળવા પામે. આ માલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે હલાલ કરી દેવામાં આવ્યો. આપથી પહેલાંના કોઈ પયગમ્બર માટે હલાલ નહિ હતો.

●———પાંચની વસ્તુ શફાઅત જેના અર્થ સિફારિશ કે ભલામણ થાય છે. કિયામતને દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની ઉમ્મતના ગુનેહગાર લોકો માટે અલ્લાહના દરબારમાં માફીની ભલામણ કરશે અને તેઓને જહન્નમથી છોડાવીને જન્નતમાં લઈ જશે. અલ્લાહના આ પાંચ ઈનામો છે જે આપને ખૂસૂસી રીતે ઈનાયત કરવામાં આવ્યાં. (સંપાદકની નોંધ પૂરી થઈ. "હ")

દુનિયા નહિ, આખેરત——————ઈબ્નેઈસ્હાક કહે છે : એ પછી મુસલમાનોએ બદ્રમાં પકડાયેલા કેદીઓ પાસેથી દંડની રકમ લઈને, બદલામાં તેઓને છોડી મૂકયા તે વાત અલ્લાહ તઆલાને ગમી નહિ જેથી પોતાની નારાજી દર્શાવતાં ફરમાવ્યું : "મા કાના લિ-નબીય-યિન અંય-યકૂન લહૂ અસરા હત્તા યુસ્-ખિના ફિલ-અર્દ......."

> "કોઈ નબીની શાનને લાયક નથી કે તેની પાસે કેદીઓ બાકી રહે; ત્યાં સુધી કે જમીનમાં સારી રીતે ખૂનરેઝી નહિ કરી લે.
>
> (હે મુસલમાનો !) "તમે દુનિયાનો માલસામાન ચાહો છો અને અલ્લાહ તમારા માટે આખેરતની ભલાઈ ચાહે છે..... અગર અલ્લાહનું લખાણ અગાઉથી નિર્માણ ન થઈ ચૂકયું હોત તો જે માલ તમે લીધો તેના બદલામાં તમારી ઉપર મોટો અઝાબ આવી લાગતે."

જંગે-બદ્રમાં કુરૈશના ૭૦ માણસો કેદ થયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કેદીઓના મામલામાં પોતાના સહાબાની સલાહ માગી તો હઝરત અબૂબક્ર સિદ્દીકે પોતાનો મત રજૂ કરતાં અરજ કરી, "યા રસૂલુલ્લાહ ! આ બધા કેદીઓ આપણા જ સગાંસ્નેહીઓ છે. એમને દંડ લઈને છોડી મૂકો. કદાચ આગળ જતાં એ લોકો મુસલમાન બની જાય તો અલ્લાહ તઆલા એ બધાને જહન્નમની આગથી બચાવી લેશે."

હઝરત ઉમર ફારૂકે પોતાનો અભિપ્રાય રજૂ કરતાં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આ બધા કેદીઓ અલ્લાહ અને તેના રસૂલના દુશ્મન છે. એ લોકોએ આપને જૂઠલાવ્યા છે. આપની સાથે લડાઈ કરી છે. આપને આપના વતનથી હાંકી કાઢયા છે. એ બધા કુફ્ર-શિર્કના ચાલતા ફરતા પૂતળાં છે. એ બધાને કતલ કરાવી નાખો કે જેથી ઈસ્લામને સરબુલંદી મળે અને કુફ્રનું મોં કાળું થાય."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સમગ્ર જગતના લોકો માટે દયાના ભંડાર બનીને પધાર્યા હતા. આપે હઝરત અબૂબક્રની સલાહ સ્વીકારી લીધી. મુસલમાનોની બહુમતીનું વલણ પણ એજ તરફ હતું જેથી આપે દંડની રકમ લઈને બધા કેદીઓને આઝાદ કરી દેવાનો હુકમ ફરમાવી દીધો.

Maktabe Ashraf



અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની •
પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિ •

ઇબ્ને હિશામની

સીરતુન-નબી

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

ભાગ બીજો

મૂળ લેખક

હઝરત અલ્લામા અબૂ મુહંમદ
અબ્દુલ-મલિક બિન હિશામ
(રહમતુલ્લાહિ અલૈહિ)

ઉર્દૂ તરજુમો

મવલાના અબ્દુલ
જલીલ સિદ્દીકી

ગુજરાતી તરજુમો

અહમદ મુહંમદ
હથુરણી

પ્રકાશક

મુહંમદ યૂસુફ સીદાત
ચાસાવાલા

Maktabe Ashraf

અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની •

• પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિ •

ઇબ્ને હિશામની

સીરતુન-નબી

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

(ભાગ બીજો)

મૂળ લેખક

અલ્લામહ અબૂ મુહંમદ અબ્દુલ-માલિક બિન હિશામ

સંપાદક

અહમદ મુહંમદ હથુરણી

પ્રકાશક

મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાલા

Maktabe Ashraf

સરવરે - કાએનાત, ફખ્રે-મવજૂદાત, રહમતે-દો આલમ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના

પવિત્ર જીવન ચરિત્ર પર

અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની

• પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિનો

ગુજરાતી તરજુમો

પુસ્તકનું નામ .... ઈબ્નો હિશામની સીરતુન-નબી

મૂળ અરબી લેખક .... અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ

ઉર્દૂ તરજુમો .... મવલાના અબ્દુલ-જલીલ સિદ્દીકી

ગુજરાતી તરજુમો................. અહમદ મુહંમદ હથુરાણી

પ્રકાશક .... મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાલા

મુદ્રણાલય .... ઈઝી ઓફસેટ વર્કસ - સુરત- ગુજરાત (ઈન્ડિયા)

આવૃત્તિ............................ પહેલી

પ્રત .... બે હજાર (ભાગ-૧ અને ભાગ-૨)

હિજરી તારીખ..................... ૩ ઝીલ-કઅદહ ૧૪૨૨ જુમઅહ

ઈસ્વી તારીખ .... ૧૮, જાન્યુઆરી - ૨૦૦૨

હદિયો ...રૂપિયા...૧૦૦૦/=[redacted]/- (પોસ્ટેજ ચાર્જ અલગ)

પૃષ્ઠ સંખ્યા ....ભાગ-૧ ૮૬૨ પાના અને રંગીન તસ્વીરોનાં પેજો

.... ભાગ-૨ ૯૧૦ પાના અને રંગીન તસ્વીરોનાં પેજો

આ કિતાબના હિન્દી અને અંગ્રેજી તરજુમા માટે એવા કલમકારની જરૂર છે જે ગુજરાતી ભાષાની સાથે હિન્દી અને અંગ્રેજી તરજુમાનો માહિર હોય. કામ બેશક બેહદ કઠિન છે પણ કેટલું ઊંચું છે તે જોતાં બીડું ઝડપી લેવા જેવું છે:

બ-હર કારે કે હિમ્મત બસ્તા ગરદદ
અગર ખારે બુવદ ગુલદસ્તા ગરદદ

Maktabe Ashraf

بسم الله الرحمن الرحيم

• અરબી ભાષાની સૌથી પ્રાચીન • સાડા બાર સો વરસ પુરાની
• પ્રમાણભૂત • સદાબહાર સીરત-કૃતિ

ઇબ્ને હિશામની

સીરતુન-નબી

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

(ભાગ બીજો)

મૂળ લેખક

હઝરત અલ્લામા અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ
(રહમતુલ્લાહિ અલૈહિ)

ઉર્દૂ તરજુમો

મવલાના અબ્દુલ-જલીલ સિદ્દીકી

ગુજરાતી તરજુમો

અહમદ મુહંમદ હથુરાણી

પ્રકાશક

મુહંમદ યૂસુફ સીદાત ચાસાવાળા

Maktabe Ashraf

ઇબ્ને હિશામની સીરતુન-નબી (સલ.) ભાગ-૨ ની

અનુક્રમણિકા

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૧		પ્રકરણ ૯૯
	૮૬૩	જંગે-બદ્રમાં ભાગ લેનારા મુહાજિરીન
	,,	બનૂ હાશિમ બિન અબ્દે-મનાફ
	,,	બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ
	,,	બનૂ સઅદ બિન ખુઝૈમહ
	,,	બનૂ કબીરના હલીફો અને બનૂ નવફલ
	,,	બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝા
	,,	બનૂ અબ્દુદ-દાર બિન કુસૈય
	,,	બનૂ ઝુહરહ બિન કિલાબ
	,,	બનૂ તૈમ બિન મુર્રહ
	,,	બનૂ મખ્ઝૂમ બિન મુર્રહ
	,,	બનૂ અદી બિન કઅબ
	,,	બનૂ જુમહ અને બનૂ સહમ
	,,	બનૂ માલિક બિન હસ્લ
	,,	બનૂ હારિસ બિન ફિહર
૨		પ્રકરણ ૧૦૦
	૮૭૧	જંગે-બદ્રમાં ભાગ લેનારા અન્સાર
	,,	બનૂ અબ્દે-અશહલ
	,,	બનૂ સવાદ અને બનૂ રઝાહ
	,,	બનૂ હારિસહ બિન હારિસ
	,,	બનૂ દુબૈઅહ બિન ઝૈદ
	,,	બનૂ ઉમૈયહ બિન ઝૈદ
	,,	બનૂ ઉબૈદ બિન ઝૈદ
	,,	બનૂ સઅલબા બિન અમ્ર
	,,	બનૂ જહજબા બિન કલફહ
	,,	બનૂ ગનમ બિન સલમ
	,,	બનૂ મુઆવિયહ બિન માલિક.
૩		પ્રકરણ ૧૦૧
	૮૭૬	જંગે-બદ્રમાં ભાગ લેનારા અન્સાર
	,,	બનૂ ઇમ્રઉલ-કૈસ
	,,	બનૂ ઝૈદ અને બનૂ અદી
	,,	બનૂ અહમર, બનૂ જુશમ, બનૂ ઝૈદ
	,,	બનૂ જિદારહ અને બનૂ અબજર
	,,	બનૂ ઔફ અને બનૂ જઝઅ
	,,	બનૂ સાલિમ, બનૂ અસરામ, બનૂ દઅદ
	,,	બનૂ કરયૂશ, બનૂ મર્ઝખહ, બનૂ લુઝાન
	,,	બનૂ ગુસૈનહ
	,,	બનૂ સાઇદહ, બનૂ બુદ્દી, બનૂ તરીફ
	,,	બનૂ જુહૈનહ
	,,	બનૂ જુશમ
	,,	બનૂ ઉબૈદ બિન અદી
	,,	બનૂ ખુનાસ બિન સિનાન
	,,	બનૂ નુઅમાન, અને બનૂ સવાદ
	,,	બનૂ અદી બિન નાબી
	,,	બનૂ ઝુરૈક બિન આમિર
	,,	બનૂ ખાલિદ અને બનૂ ખલદહ
	,,	બનૂ ઇજલાન અને બનૂ બયાદહ
	,,	બનૂ હબીબ, બનૂ સઅલબા, બનૂ ઉસૈરહ બનૂ અમ્ર
	,,	બનૂ ઉબૈદ અને બનૂ આઇઝ
	,,	બનૂ ઝૈદ અને બનૂ સવાદ
	,,	બનૂ આમિર અને બનૂ અમ્ર
	,,	બનૂ અદી બિન અમ્ર
	,,	બનૂ હરામ અને બનૂ માઝિન
	,,	બનૂ ખન્સાઅ, બનૂ સઅલબા, બનૂ દીનાર
	,,	બનૂ કૈસ બિન માલિક.
૪		પ્રકરણ ૧૦૨
	૮૮૯	જંગે-બદ્રમાં શહીદ થયેલા સહાબા
	,,	હઝરત ઉબૈદહ બિન હારિસ
	,,	હઝરત ઉમૈર બિન અબી વક્કાસ
	,,	હઝરત ઝુશ-શમાલૈન
	,,	હઝરત આકિલ બિન બુકૈર
	,,	હઝરત મહજઅ
	,,	હઝરત સફવાન બિન બૈદાઅ
	,,	હઝરત સઅદ બિન ખૈસમહ
	,,	હઝરત યઝીદ બિન હારિસ
	,,	હઝરત ઉમૈર બિન હુમામ
	,,	અનસારના બીજા શહીદો.
૫		પ્રકરણ ૧૦૩
	૮૯૨	જંગે-બદ્રમાં માર્યા ગયેલા મુશરિકો
	,,	બનૂ અબ્દે-શમ્સ
	,,	બનૂ નફલ અને બનૂ અસદ
	,,	બનૂ અબ્દે-દાર અને બનૂ તૈમ
	,,	બનૂ મખ્ઝૂમ બિન યકઝહ
	,,	બનૂ સહમ બિન અમ્ર
	,,	બનૂ જુમહ બિન અમ્ર
	,,	બનૂ આમિર બિન લુઐય

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	બદ્રના મકતૂલોની સંખ્યાનો ફેસલો
	,,	કુરૈશના બાકીના માર્યા ગયેલા માણસો.
૬		**પ્રકરણ ૧૦૪**
	૯૦૦	**જંગે-બદ્રમાં કેદ પકડાયેલા મુશરિકો**
	,,	બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ
	,,	બનૂ અબ્દે-શમ્સ
	,,	બનૂ નવફલ અને બનૂ અબ્દુદ-દાર
	,,	બનૂ અસદ અને બનૂ મખઝૂમ
	,,	બનૂ સહ્મ બિન અમ્ર
	,,	બનૂ જુમહ બિન અમ્ર
	,,	બનૂ આમિર અને બનૂ હારિસ
	,,	જંગે-બદ્રના વધુ કેદીઓ.
૭		**પ્રકરણ ૧૦૫**
	૯૧૯	**ગઝવાત અને સરાયાત**
	,,	ગઝવએ-કુદ્ર
	,,	ગઝવએ-સવીક
	,,	ગઝવએ-ઝી-અમ્ર
	,,	ગઝવએ-બુહરાન
	,,	ગઝવએ-બનૂ કૈનુકાઅ
	,,	યહૂદીઓની ખતરનાક શરારતો
	,,	મુનાફિકોના સરદારની ગુસ્તાખી
	,,	યહૂદીઓ પ્રત્યે બેજારીની જાહેરાત
	,,	યહૂદ અને નસારાની દોસ્તી વિષે હુકમ
	,,	સરિય્યહે-ઝૈદ બિન હારિસહ.
૮		**પ્રકરણ ૧૦૬**
	૯૨૮	**કઅબ બિન અશરફની કતલ**
	,,	કઅબની ઇસ્લામ દુશ્મની
	,,	કુરૈશના મકતૂલોનો મરસિયો
	,,	હઝરત હસ્સાનનો જવાબ
	,,	બીબી મૈમૂનહનો જવાબ
	,,	કઅબ બિન અશરફની અવળચંડાઇ
	,,	કઅબની કતલ માટે મનસુબો
	,,	કઅબની નીચ મનોવૃત્તિ
	,,	અલ્લાહના દુશ્મનની કમબખ્તી
	,,	કઅબ બિન અશરફની કતલ
	,,	દરબારે-નબવીમાં હાજરી
	,,	હઝરત કઅબ બિન મલિકના શેઅરો
	,,	ફિત્નાખોર યહૂદીઓની કતલનો હુકમ
	,,	હુવૈયસાના ઇસ્લામની કથા.

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૯		**પ્રકરણ ૧૦૭**
	૯૩૯	**ગઝવએ-ઉહુદ : બીજું મહાયુદ્ધ-૧**
	,,	રિવાયતોનો સંગ્રહ
	,,	કુરૈશનો જુસ્સો અને જંગની તૈયારી
	,,	કુરૈશ લશ્કર એકઠું કરે છે
	,,	અબૂ ઉઝઝહ શાઇરની ગદ્દારી
	,,	મસાફિઅ શાઇરની રણભેરી
	,,	વહશી ગુલામને આઝાદીનું વચન
	,,	કુરૈશની બેગમો અને મહિલાઓ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ
	,,	સહાબા સાથે યુધ્ધની મંત્રણા
	,,	મુનાફિકોના સરદારનો વિરોધ
	,,	જોશીલા જવાનોનો જોશ અને જુસ્સો
	,,	મુનાફિકોની અંતરિયાળ દગલબાજી
	,,	ઘોડાની દુમ અને તલવારનો શુકન
	,,	આંખ અને દિલનો આંધળો
	,,	ઉહુદની ઘાટીમાં પડાવ
	,,	લડાઇની તૈયારી અને તીરંદાઝોને હુકમ
	,,	સગીર વયના કિશોરો માટે હુકમ
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની તલવારનો હક
	,,	અબૂ આમિર ફાસિકની ચાલ
	,,	અબૂ સુફ્યાન અને ઝંડાધારીઓ
	,,	કુરૈશી વીરાંગનાઓનો જુસ્સો
	,,	અબૂ દુજાનહ અને તલવારનો હક
	,,	હિન્દ અને તલવારનો હક
	,,	હઝરત હમ્ઝહની શહાદત
	,,	વહશીની કથા વહશીના મુખે
	,,	વહશીની આપવીતી
	,,	મક્કહથી વહશીની નાસભાગ
	,,	મુસૈલિમહ કઝઝાબની કતલ.
૧૦		**પ્રકરણ ૧૦૮**
	૯૬૦	**ગઝવએ-ઉહુદ : બીજું મહાયુદ્ધ-૨**
	,,	હઝરત મુસઅબની શહાદત
	,,	હઝરત અલીની સિંહગર્જના
	,,	કુરૈશનો ઝંડાધારી મેદાનમાં
	,,	કુરૈશના ઝંડાધારી અંગે બીજી રિવાયત
	,,	ખોપરીમાં શરાબ પીવાની પ્રતિજ્ઞા
	,,	કુરૈશના બીજા ઝંડાધારીનો પડકાર
	,,	હઝરત હન્ઝલહની શહાદત
	,,	હઝરત હન્ઝલહને ફરિશ્તાઓનો ગુસલ
	,,	ઇસ્લામી સૈન્યનો ઝળહળતો વિજય
	,,	હિન્દ અને કુરૈશની બેગમો
	,,	વિજયનું પલટાયેલું પાસું
	,,	ઇબ્ને મુહમ્મદના કદ કુતિલા

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	સુવાબ હબશીનું પરાક્રમ
	,,	પયગમ્બરને ઘાયલ કરનારી કૌમ
	,,	નસીબના ફૂટેલા હતભાગી લોકો
	,,	તકલીફો અને દુઃખોની પરંપરા
	,,	ચાલતો ફરતો જીવતો શહીદ
	,,	હઝરત અબૂ ઉબૈદહના દાંત
	,,	હઝરત હસ્સાનના શેઅરો
	,,	હઝરત ઇબ્નુસ-સકનની ફિદાકારી
	,,	બીબી ઉમ્મે ઉમારહની બહાદુરી
	,,	હઝરત અબૂ દુજાનહની જાંનિસારી
	,,	ફિદાકા અબી વ ઉમ્મી
	,,	હઝરત કતાદહની આંખ
	,,	રસૂલુલ્લાહ (સલ.)તો શહીદ થઈ ગયા.
	,,	હાઝા રસૂલુલ્લાહ !
૧૧		**પ્રકરણ ૧૦૯**
	૯૭૪	ગઝવએ-ઉહુદ : બીજું મહાયુદ્ધ-૩
	,,	ઉબય બિન ખલફની કમબખ્તી
	,,	હઝરત હસ્સાનના શેઅરો
	,,	અલ્લાહનો ગઝબ અને ગુસ્સો
	,,	હઝરત સઅદનો જુસ્સો
	,,	કુરૈશની ચઢાઇ ઘાટી પર
	,,	હઝરત તલહા માટે જન્નતની બશારત
	,,	હઝરત સાબિત અને હઝરત હુસૈલ
	,,	મુનાફિકની ઊલટી ખોપરી
	,,	કુઝમાન મુનાફિકની આત્મહત્યા
	,,	જિહાદમાં ભાગ લેનાર યહૂદીનો કિસ્સો
	,,	એક મુનાફિકની દગાખોરી
	,,	જન્નતમાં જનારો બેનમાઝી
	,,	હઝરત અમ્રની શહાદતનો કિસ્સો
	,,	કુરૈશની બેગમો લડાઇના મેદાનમાં
	,,	હિન્દના વેરનો જ્વાળામુખી
	,,	હિન્દને હિન્દનો જવાબ
	,,	હિન્દ બિન્તે ઉત્બહના શેઅરો
	,,	હઝરત ઉમર અને હઝરત હસ્સાન
	,,	અબૂ સુફયાન અને હઝરત હમઝહ
	,,	અબૂ સુફયાન અને હઝરત ઉમર
	,,	અબૂ સુફયાનની ધમકી
	,,	હઝરત અલી કુરૈશી લશ્કરની પૂઠે
	,,	હઝરત સઅદનો આખેરી પયગામ
	,,	હઝરત સઅદની બાળકી.
૧૨		**પ્રકરણ ૧૧૦**
	૯૯૧	ગઝવએ-ઉહુદ : બીજું મહાયુદ્ધ- ૪
	,,	હઝરત હમઝહની જન્નતી લાશ
	,,	કુર્આનમાં ધીરજની પ્રેરણા

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	શહીદોના જનાઝહની નમાઝ
	,,	બહેનની ધીરજનો લાજવાબ દાખલો
	,,	હઝરત અબ્દુલ્લાહ બિન જહશ
	,,	શહીદોની લાશોની તદફીન
	,,	બીબીના દિલમાં ખાવિન્દનો મરતબો
	,,	અન્સારી ખાતૂનોનો વિલાપ
	,,	દીનારી ખાતૂન અને ઇશ્કે-નબી
	,,	તલવારો પાણીથી ધોવામાં આવી
	,,	લા સૈફ ઇલ્લા ઝુલ-ફકાર
	,,	દુશ્મનને ભયભિત કરવાની જંગી ચાલ
	,,	મુસલમાનોનો જિહાદનો જુસ્સો
	,,	હમરાઉલ-અસદમાં પડાવ
	,,	એક મુશરિકની શરારત
	,,	અબૂ સુફયાનની ધમકી
	,,	સફવાન બિન ઉમૈયહની સલાહ
	,,	શાઇરની ગદ્દારીનો અંજામ
	,,	મુઆવિયહ બિન મુગીરહનો અંજામ
	,,	મુનાફિકોના સરદારની હાલહવાલી
	,,	જંગે-ઉહુદ : બેહદ આકરી કસોટી.
૧૩		**પ્રકરણ ૧૧૧**
	૧૦૦૫	ગઝવએ-ઉહુદ અને કુર્આને-મજીદ
	,,	આલે-ઇમ્રાનની સાઠ આયતો
	,,	નાહિમ્મતીનો વસવસો
	,,	ફરિશ્તાઓની મદદ
	,,	મુહંમદ અલ્લાહના રસૂલ
	,,	અલ્લાહનો સાચો વાયદો
	,,	લડાઇની કૈફીયત
	,,	શાંતિભરેલી મીઠી ઊંઘ
	,,	મુનાફિકોની કૈફીયત
	,,	જંગે-ઉહુદની મુસીબતો
	,,	શહીદોનું અમર જીવન
	,,	જંગે-ઉહુદના શહીદોનો મરતબો
	,,	શહીદો માટે જન્નતની વધામણી.
૧૪		**પ્રકરણ ૧૧૨**
	૧૦૧૫	ઇસ્લામના શહીદો અને કુરૈશના મકતૂલો (શહીદ થનારા સહાબાના મુબારક નામો)
	,,	શહીદ થયેલા મુહાજિરીન
	,,	શહીદ થયેલા અન્સાર
	,,	ઉહુદમાં કતલ થયેલા કુરૈશી કુફ્ફાર
૧૫		**પ્રકરણ ૧૧૩**
	૧૦૨૨	જંગે-ઉહુદ અને શાઇરોના કાવ્યો
	,,	હુબૈરહ બિન વહબના શેઅરો

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	હઝરત હસ્સાનનો જવાબ
	,,	હઝરત કઅબનો જવાબ
	,,	ઈબ્ને ઝબિઅરાનઃ શેઅરો
	,,	હઝરત હસ્સાનના જવાબી શેઅરો
	,,	હઝરત ઈબ્ને રવાહાના શેઅરો
	,,	દિરાર ઈબ્ને ખત્તાબના શેઅરો
	,,	હઝરત સફીય્યહનું શોકગીત
	,,	હિન્દ બિન્તે ઉત્બહના શેઅરો.
૧૬		**પ્રકરણ ૧૧૪**
	૧૦૩૧	**રજીઅની દર્દનાક ઘટના**
		કીનાખોર કાફિરોની દગલબાજી
	,,	દીની શિક્ષણનું બહાનું
	,,	દગાબાજ કાફિરોની ગદ્દારી
	,,	કાફિરોના વચનનો વિશ્વાસ
	,,	હઝરત આસિમનું મુબારક માથું
	,,	હઝરત ઈબ્ને તારિકની શહાદત
	,,	હઝરત ખુબૈબનો સોદો
	,,	હઝરત ઝૈદનો સોદો
	,,	હઝરત ખુબૈબની શહાદત
	,,	હઝરત ઉમરના સમયનો બનાવ
	,,	હતભાગી મુનાફિકોના ઝેરીલા ટાણા
	,,	હઝરત ખુબૈબના દર્દનાક શેઅરો
	,,	હઝરત હસ્સાને રચેલો મરસિયો
	,,	હઝરત ખુબૈબ અને રફીકોનો માતમ
	,,	હઝરત ખુબૈબની હત્યાના સાક્ષીઓ
	,,	હઝરત હસ્સાનનું નિંદાકાવ્ય.
૧૭		**પ્રકરણ ૧૧૫**
	૧૦૪૩	**બીરે-મઊનહનો હત્યાકાંડ**
		(માહે-સફર સન ૪ હિજરી)
	,,	તબલીગ માટે અબૂ બરાઅની દરખાસ્ત
	,,	ધર્મધુરંધર સહાબાની જમાઅત
	,,	આમિરની ગદ્દારી અને દગલબાજી
	,,	હઝરત મુનઝિરની શહાદત
	,,	બે અજાણ્યા આમિરીઓની હત્યા
	,,	સહાબાની કત્લે આમનો સદમો
	,,	હઝરત આમિરની લાશનો અજીબ બનાવ
	,,	જબ્બાર બિન સુલમીનું બયાન
	,,	અબૂ બરાઅનો બદ અંજામ
	,,	હઝરત હસ્સાનનું વિલાપ-કાવ્ય.

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૧૮		**પ્રકરણ ૧૧૬**
	૧૦૫૫	**બનૂ નદીરના યહૂદનો દેશનિકાલ**
		(રબીઉલ-અવ્વલ સન ૪ હિજરી)
	,,	આમિરીઓની દિયતનો મામલો
	,,	યહૂદ પાસે દિયતની માગણી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની હત્યાનું કાવતરૂં
	,,	યહૂદનો ઘેરો અને ખજૂરીના ઝાડો
	,,	યહૂદને મુનાફિકોની ઉશ્કેરણી
	,,	મદીનહથી નીકળી જવાની પરવાનગી
	,,	ખૈબરમાં જઇને વસેલા યહૂદીઓ
	,,	યહૂદીઓના માલની વહેંચણી
	,,	મુસલમાન બનેલા બે યહૂદીઓ
	,,	બનૂ નદીર કુર્આનની રોશનીમાં
	,,	હઝરત કઅબના શેઅરો.
૧૯		**પ્રકરણ ૧૧૭**
	૧૦૫૮	**ગઝવએ-ઝાતિર-રકાઅ**
		(સન ૪ હિજરીની ઘટના)
	,,	ઝાતિર-રકાઅના ગઝવહની તૈયારી
	,,	ઝાતિર-રકાઅ નામ પડવાનું કારણ
	,,	સલાતુલ-ખૌફ પઢવાની તરકીબ
	,,	ગવરસ પહેલવાનનો કિસ્સો
	,,	ગવરસ વિષે ઊતરેલી આયત
	,,	હઝરત જાબિરના ઊંટનો કિસ્સો
	,,	ઊંટનો બાકી રહેલો કિસ્સો
	,,	બે પહેરેગીરોનો કિસ્સો.
૨૦		**પ્રકરણ ૧૧૮**
	૧૦૬૫	**બદ્રુલ-આખિરહ અને દૂમતુલ-જન્દલ**
		(શઅબાન સન ૪ હિજરી)
	,,	ઇસ્લામી લશ્કર બદ્રના મેદાનમાં
	,,	મખ્શી દમરીની ધમકી
	,,	મઅબદ ખુઝાઇનો ફરાર
	,,	હઝરત કઅબના શેઅરો
	,,	દૂમતુલ-જન્દલનો ગઝવહ.
૨૧		**પ્રકરણ ૧૧૯**
	૧૦૭૧	**ગઝવએ-અહઝાબ —એટલે**
		ખન્દકનું અભૂતપૂર્વ યુધ્ધ
	,,	યહૂદી નેતાઓનું મંડળ મક્કહમાં
	,,	યહૂદના મુખે મૂર્તિપૂજાના વખાણ
	,,	જંગ માટે બીજા કબીલાઓની ઉશ્કેરણી
	,,	વિવિધ કબીલાઓના ફોજી સરદારો
	,,	ખન્દકની તૈયારી

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	ખન્દકમાં મુસલમાનોનું રણગીત
	,,	ખન્દકમાં પ્રગટેલા મુઅજિઝા
	,,	નક્કર જમીન નરમ બની ગઈ.
	,,	થોડીક ખજૂરોમાં લશ્કર ધરાઈ ગયું.
	,,	ખાના થોડા ખાનેવાલે બહુત
	,,	કાળમીંઢ ચટ્ટાનના ચૂરેચૂરા
	,,	કુરૈશી સૈન્યનો પડાવ મદીનહમાં
	,,	ઈસ્લામી લશ્કરની રવાનગી
	,,	બે યહૂદી સરદારોની મુલાકાત
	,,	બનૂ કુરૈઝહની ગદ્દારીની તહકીક
	,,	યહૂદી સરદારની બદતમીઝી
	,,	મુનાફિકોના નિફાકની જાહેરાત
	,,	ગત્ફાન સાથે સમાધાનની કોશિશ
	,,	ખન્દક અરબો માટે એક અજાયબી
	,,	સલમાનુ મિન્ના અહલલ-બૈત.
૨૨		**પ્રકરણ ૧૨૦**
	૧૦૮૮	**જંગે-ખન્દકમાં અલ્લાહની ગૈબી મદદ**
	,,	અમ્ર બિન અબ્દે-વુદ્દની સિંહ ગર્જના
	,,	હઝરત અલીના શેઅરો
	,,	હઝરત સઅદને ખૂંપેલું તીર
	,,	બીબી સફિય્યહની બહાદુરી
	,,	નુઐમનું શાનદાર કારનામું
	,,	હઝરત નુઐમ અને યહૂદી અગ્રેસરો
	,,	હઝરત નુઐમ અને કુરૈશી અગ્રેસરો
	,,	મુશરિકોમાં પડેલી ફાટફૂટ
	,,	દુશ્મનો પર આંધીનો અઝાબ
	,,	મુશરિકોના લશ્કરની કફોડી હાલત
	,,	મક્કહ પાછા વળોની જાહેરાત
	,,	હઝરત હુઝૈફહની વાપસી.
૨૩		**પ્રકરણ ૧૨૧**
	૧૧૦૦	**ગઝવએ-બનૂ કુરૈઝહ —યહૂદીઓની ગદ્દારીનો અંજામ—**
	,,	હઝરત જિબ્રીલની પધરામણી
	,,	બનૂ કુરૈઝહ પર ચઢાઈનું એલાન
	,,	હઝરત અલી યહૂદની વસતિમાં
	,,	હઝરત જિબ્રીલ યહૂદીઓની વસતિમાં
	,,	મોડેથી આવનારા મુસલમાનો
	,,	બનૂ કુરૈઝહની નાકાબંદી
	,,	જીવન મરણની ત્રણ વાતો
	,,	સલાહ માટેની યહૂદીઓની માગણી
	,,	હઝરત અબૂ લુબાબહની ભૂલ
	,,	હઝરત અબૂ લુબાબહનો પસ્તાવો
	,,	હઝરત અબૂ લુબાબહને મળેલી માફી
	,,	તોબા કબૂલ થવાની કુર્આની બશારત

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	ત્રણ યહૂદીઓનો ઈસ્લામ સ્વીકાર
	,,	એક યહૂદીની અજીબ ઘટના
	,,	બનૂ કુરૈઝહ માટે માફીની દરખાસ્ત
	,,	હઝરત સઅદ બિન મુઆઝની હાલત
	,,	હઝરત સઅદનો ફેસલો
	,,	ગદ્દારો માટે તવરાતનો કાનૂન
	,,	યહૂદીઓની કતલગાહ
	,,	હુય્ય બિન અખ્તબની કતલ
	,,	એક યહૂદી સ્ત્રીની કતલ
	,,	એક યહૂદી બુઢ્ઢાનો અજીબ બનાવ
	,,	બે યહૂદી કિશોરોનો મામલો
	,,	યહૂદીઓની માલમિલકતની વહેંચણી
	,,	રૈહાનહ ખાતૂનનો બનાવ
	,,	યહૂદીઓની બરબાદીનો ચિતાર.
૨૪		**પ્રકરણ ૧૨૨**
	૧૧૧૮	**જંગે-ખન્દકનો ઉપસંહાર**
	,,	હઝરત સઅદ બિન મુઆઝની વફાત
	,,	ફૂલથી પણ હળવો જનાઝો
	,,	જંગે-ખન્દકમાં શહીદ થનાર સહાબા
	,,	મુશરિકોના માર્યા ગયેલા માણસો
	,,	બે શહીદોનો સવાબ મેળવનારા સહાબી
	,,	ઘેરા દરમિયાન એક સહાબીની વફાત
	,,	કુરૈશ વિષે એક પેશીનગોઈ
	,,	દિરાર બિન ખત્તાબનું કાવ્ય
	,,	હઝરત કઅબનું જવાબી કાવ્ય.
૨૫		**પ્રકરણ ૧૨૩**
	૧૧૨૬	**સલ્લામ બિન અબિલ-હુકૈકની કતલ**
	,,	ખૈબરનો કિલ્લાખોર યહૂદી સરદાર
	,,	ખઝરજી મુસલમાનોની દરખાસ્ત
	,,	ખઝરજી બહાદુરોની પ્રતિજ્ઞા
	,,	ખઝરજી સાહસવીરો ખૈબર તરફ
	,,	યહૂદી સરદારના કિલ્લામાં
	,,	સાહસવીરો સલ્લામના શયનખંડમાં
	,,	સલ્લામના મરણની જાહેરાત
	,,	સલ્લામને કોણે કતલ કર્યો
	,,	હઝરત હસ્સાનના શેઅરો.
૨૬		**પ્રકરણ ૧૨૪**
	૧૧૩૨	**અમ્ર બિન આસ અને ખાલિદ બિન વલીદ ઈસ્લામના ચરણોમાં**
	,,	અમ્ર બિન આસ નજાશીના દરબારમાં
	,,	હઝરત અમ્ર દમરીનું આગમન
	,,	હઝરત અમ્રને કતલ કરવાની દરખાસ્ત

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	"	નજાશીના ગુસ્સાનો પારો
	"	મદીનહ જતાં ખાલિદ સાથે ભેટો
	"	અમ્ર અને ખાલિદ ઇસ્લામના ચરણોમાં
	"	ઇબ્ને તલહાનો ઇસ્લામ સ્વીકાર.
૨૭		**પ્રકરણ ૧૨૫**
	૧૧૩૭	**ગઝવએ - બની લિહયાન**
		——અને——
		ગઝવએ - ઝી - કરદ
	"	બનૂ લિહયાન કબીલા પર ચઢાઇ
	"	પ્રવાસની મંઝિલો
	"	બનૂ લિહયાનની નાસભાગ
	"	હઝરત જાબિરની રિવાયત
	"	ગઝવએ-ઝી-કરદ
	"	રસૂલુલ્લાહ (સલ.)ના ઊંટો પર છાપો
	"	હઝરત ઇબ્નુલ-અકવઅની બહાદુરી
	"	દીને-હકના શાહસવારો
	"	હઝરત અબૂ ઐયાશનો મામલો
	"	હઝરત મુહરિઝની શહાદત
	"	મુસલમાનોના ઘોડાઓના નામ
	"	લૂંટારાઓ પર સહાબાનું આક્રમણ
	"	મરનાર ગિફારીની બેગમનો કિસ્સો
	"	હઝરત હસ્સાનના શેઅરો.
૨૮		**પ્રકરણ ૧૨૬**
	૧૧૪૫	**ગઝવએ-બનૂ મુસ્તલિક**
	"	ઇસ્લામી લશ્કરની રવાનગી
	"	બનૂ મુસ્તલિકના યુધ્ધનું કારણ
	"	દુશ્મન લશ્કરનો પરાજય
	"	જહજાહ અને સિનાનની અથડામણ
	"	મુનાફિકોના સરદારની ઉશ્કેરણી
	"	અબ્દુલ્લાહ બિન ઉબયનું જુઠ્ઠાણું
	"	હઝરત ઉસૈદ બિન હુદૈરની વિનંતી
	"	ઊગતા ફિત્નાને ડામવાની તદબીર
	"	કટ્ટર કાફિરની મોતનું વાવાઝોડું
	"	અબ્દુલ્લાહ વિષે ઊતરેલી આયતો
	"	બાપને કતલ કરવાની દરખાસ્ત
	"	મુનાફિકોના સરદાર અને તેની કૌમ
	"	એક મુનાફિકની ગદ્દારી
	"	યા મન્સૂર અમિત અમિત
	"	કબીલાના સરદારની રૂપવાન બેટી
	"	બીબી જુવૈરિયહની બરકતો
	"	બીબી જુવૈરિયહના બાપુની કથા
	"	ઝકાતની ઉઘરાણી વેળાની સમજફેર
	"	મુનાફિકોની નવી ફિત્નાખોરી.

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૨૯		**પ્રકરણ ૧૨૭**
	૧૧૫૭	**ઇફ્કુમ - મુબીન અને બુહતાનુન - અઝીમ**
	"	રિવાયતની સાંકળ
	"	પાક બેગમોના નામોની ચિઠ્ઠીઓ
	"	ગળાના હારની ગુમશુદગી
	"	હઝરત સફવાન બિન મુઅત્તલ
	"	ખોટા આરોપના પ્રત્યાઘાતો
	"	મૂળ બનાવની મળેલી બાતમી
	"	રસૂલુલ્લાહ (સલ.)ની તકરીર
	"	મુનાફિકો, જૂઠ્ઠાઓ, ફિત્નાખોરો
	"	તકરીરનો પ્રતિસાદ
	"	મામલાની આગળ વધતી તપાસ
	"	રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણી
	"	ફ-સબ્રુન-જમીલ
	"	તોહમતના આરોપીઓને મળેલી શિક્ષા
	"	તોહમત વિષે મિયાંબીબીની વાતચીત
	"	પાકદામની વિષે ઊતરેલી આયતો
	"	હઝરત અબૂબક્ર અને હઝરત મિસ્તહ
	"	હઝરત સફવાન અને હઝરત હસ્સાન
	"	ખટલો દરબારે-નબવીમાં
	"	હઝરત હસ્સાનની દિલદારી
	"	હઝરત હસ્સાનનો કસીદો
	"	એક મુસ્લિમ શાઇરના શેઅરો.
૩૦		**પ્રકરણ ૧૨૮**
	૧૧૭૬	**સુલ્હે-હુદૈબિયહની ઘટના**
	"	ઉમ્રહ માટે મક્કહ તરફ રવાનગી
	"	ઉમ્રહ માટેની ખુલ્લેઆમ જાહેરાત
	"	કુરબાની માટેના જાનવરો
	"	ઉમ્રહ માટે જનારાઓની સંખ્યા
	"	મુકાબલા માટે કુરૈશની તૈયારી
	"	કુરૈશની કમનસીબીનો ખેદ
	"	લડાઇને ટાળવાનો નવો રસ્તો
	"	હુદૈબિયહની ભૂમિમાં પ્રવેશ
	"	રસૂલુલ્લાહ (સલ.)ની ઊંટણી
	"	સૂક્કા રણમાં મીઠા પાણીની વીરડી
	"	બુદૈલ બિન વરકાનું આગમન
	"	કુરૈશના બે એલચીઓનું આગમન
	"	કુરૈશનો ત્રીજો એલચી
	"	કાકા-ભત્રીજાની ટપાટપી
	"	ઉર્વહએ જોયેલા અજાયબ દ્રશ્યો
	"	ઉર્વહનો સચોટ જવાબ કુરૈશને
	"	હઝરત ખિરાશ કુરૈશ તરફ
	"	કુરૈશના મરણિયા જવાનો

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	હઝરત ઉસમાન કુરૈશ તરફ
	,,	હઝરત ઉસમાનની હત્યાની અફવા.
૩૧		**પ્રકરણ ૧૨૯**
	૧૧૯૬	**બૈઅતે-રિદ્‌વાનની કુર્બાની ઘટના**
	,,	કુરૈશ સાથે લડી લેવાની પ્રતિજ્ઞા
	,,	બૈઅતમાં ટપી જનારા સહાબી
	,,	કુરૈશ તરફથી સુલેહની કોશિશ
	,,	હઝરત ઉમરનો ઇમાની જુસ્સો
	,,	હઝરત ઉમરનો પારાવાર પસ્તાવો
	,,	સુલેહનામું અને તેનું લખાણ
	,,	હુદૈબિયહનું સુલેહનામું
	,,	બંને પક્ષે જોડાઇ જનારા કબીલા
	,,	લખાણ વેળા બનેલો બનાવ
	,,	બાપ-બેટા વચ્ચે ખેંચાતાણી
	,,	સુલેહનામાના સાક્ષીઓ
	,,	ઊંટોની કુરબાની અને સરમૂંડન
	,,	ચાંદીના છલ્લાંવાળું અબૂ જહલનું ઊંટ
	,,	ઇન્ના ફતહના લફ્ઝ ફતહમ-મુબીના
	,,	બૈઅતે-રિદ્‌વાન : અલ્લાહની ખુશનૂદી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના ખ્વાબનો મામલો
	,,	મુસલમાનોને મળેલી શાનદાર ફતેહ
	,,	અબૂ બસીરને પાછા જવાનો હુકમ
	,,	અબૂ બસીરનું પરાક્રમ
	,,	અબૂ બસીરની છાપામાર પ્રવૃત્તિ
	,,	શરત પાછી ખેંચી લેવાની દરખાસ્ત
	,,	મરનાર આમિરીની દિયતનો મામલો
	,,	બીબી ઉમ્મે-કુલસૂમની હિજરત
	,,	કાફિર સ્ત્રીઓની તલાકનો હુકમ
	,,	ફત્હે-મક્કહની બશારત વિષે સવાલ.
૩૨		**પ્રકરણ ૧૩૦**
	૧૨૧૫	**ગઝવએ-ખયબર (યહૂદીઓ સાથે ખેલાયેલું ખૂંખાર યુધ્ધ)**
	,,	ઇસ્લામી સૈન્યની કૂચ ખયબર તરફ
	,,	હઝરત ઇબ્ને-અકવઅનું રણગીત
	,,	હઝરત આમિરની શહાદતની પેશગોઇ
	,,	ખયબર પાસે રસૂલુલ્લાહ (સલ.)ની દુઆ
	,,	ખયબરના લોકોની નાસભાગ
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના રસ્તાની મંઝિલો
	,,	ગત્ફાનનું લશ્કર યહૂદીઓની મદદે
	,,	એક પછી એક કિલ્લાની જીત
	,,	ચાર વસ્તુઓની મનાઇનો હુકમ
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના બીજા સૂચનો
	,,	બનૂ સકમના લૂંટાયા લોકોની દરખાસ્ત
	,,	ઇસ્લામી લશ્કરનો જંગી શિકાર
	,,	યહૂદનો મરહબ પહેલવાન
	,,	મરહબનું અભિમાની માથું
	,,	મરહબના ભાઇનો પડકાર
	,,	હઝરત અલીની અનેરી શાન
	,,	હઝરત અલી અને કિલ્લાનો દરવાજો
	,,	હઝરત કઅબ બિન અમ્રનો કિસ્સો.
૩૩		**પ્રકરણ ૧૩૧**
	૧૨૪૨	**યહૂદીઓની શરણાગતિ**
	,,	શાહઝાદી સફિય્યહનો ખ્વાબ
	,,	યહૂદીઓનો છુપો ખઝાનો
	,,	યહૂદીઓની સમાધાનની કોશિશ
	,,	યહૂદીઓ સાથે સુલેહના કરાર
	,,	યહૂદણ તરફથી ઝેરીલી દઅવત
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના ગુલામનો કિસ્સો
	,,	ચરબીથી ભરેલો ડબ્બો
	,,	બીબી સફિય્યહ સાથે નિકાહ
	,,	ઇસ્લામી લશ્કર પર ઊંઘનું દબાણ
	,,	ખયબરમાં મુસ્લિમ મહિલાઓની હાજરી
	,,	ખયબરના શહીદોના મુબારક નામો
	,,	ખયબરના ગોવાળ અસવદ રાઇ
	,,	હજ્જાજ બિન અલાતની ચતુરાઇ.
૩૪		**પ્રકરણ ૧૩૨**
	૧૨૫૭	**ખયબરના માલની વહેંચણી**
	,,	ખયબરના માલે-ગનીમતની વહેંચણી
	,,	હિસ્સાદારોની સંખ્યા
	,,	માલે-ગનીમતના અઢાર ઢગલા
	,,	અલ-કુતૈબહના માલની વહેંચણી
	,,	પાક બેગમોના હિસ્સાઓનો દસ્તાવેજ
	,,	દાર કબીલાની વંશાવળી
	,,	ફદકના માલનો મામલો
	,,	માલના ભાગ પાડવાનું ન્યાયી તંત્ર
	,,	યહૂદીઓની પૈદાઇશી બદમાશી
	,,	કતલ વિષે રસૂલુલ્લાહ (સલ.)નો ફેસલો
	,,	ખયબરથી યહૂદીઓની હકાલપટ્ટી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની વસીયત
	,,	યહૂદીઓના દેશનિકાલની બીજી રિવાયત
	,,	વાદીયુલ-કુરાના માલની વહેંચણી.
૩૫		**પ્રકરણ ૧૩૩**
	૧૨૬૭	**હબશહના મુહાજિરોની વાપસી**
	,,	હઝરત જઅફરની પધરામણી
	,,	હબશહથી પધારેલા મુહાજિરો

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	બનૂ અબ્દે-શમ્સના મુહાજિરો
	,,	બનૂ અસદ વગેરેના મુહાજિરો
	,,	બનૂ જુમહ બનૂ અસદ વગેરે
	,,	હબશહના બાકીના મુહાજિરો
	,,	બનૂ ઉમૈયહના મુહાજિરો
	,,	બનુ અસદ અને બનૂ અબ્દે-દાર
		બનૂ ઝુહરહ બનૂ તૈમ બનૂ મખઝૂમ
	,,	બનૂ જુમહ બિન અમ્રના મુહાજિરો
	,,	બનૂ સહમ બિન અમ્રના મુહાજિરો
	,,	બનૂ અદી બિન કઅબના મુહાજિરો
	,,	બનૂ આમિર અને બનૂ હારિસના મુહાજિરો
	,,	હબશહમાં વફાત પામનારા સહાબા
	,,	હબશહમાં વફાત પામનારા ખાતૂનો
	,,	મુહાજિરોના હબશહમાં જન્મેલા સંતાનો.
૩૬		**પ્રકરણ ૧૩૪**
	૧૨૭૪	**ઉમ્રતુલ-કઝા**
		(ઝી-કઅદહ સન ૭ હિજરી)
	,,	ઉમ્રહ માટે મક્કહ તરફ રવાનગી
	,,	મક્કહના આગેવાનો પહાડો તરફ
	,,	કુરૈશનો કટાક્ષ
	,,	તવાફ અને સઅી
	,,	નૂરાની સવારીનો દબદબો
	,,	બીબી મયમૂનહ સાથે નિકાહ
	,,	કુરૈશનો વટહુકમ-મક્કહ ખાલી કરો
	,,	ઉમ્રતુલ-કઝા વિષે આયત
૩૭		**પ્રકરણ ૧૩૫**
	૧૨૮૦	**ગઝવએ-મૂતહ**
		(જુમાદિલ-ઊલા ૮ હિજરી)
	,,	ઇસ્લામી લશ્કર મૂતહ તરફ
	,,	એક પછી એક ત્રણ સેનાપતિઓ
	,,	હઝરત અબ્દુલ્લાહ રડી પડયા.
	,,	હિરકલનું બે લાખનું લશ્કર
	,,	ઇસ્લામી લશ્કરની મૂંઝવણ
	,,	હઝરત ઇબ્ને રવાહાનું જોશીલું પ્રવચન
	,,	શહાદતની તમન્નાનો તનમનાટ
	,,	વિરાટ લશ્કર સાથે ટક્કર
	,,	પહેલા સિપહસાલારની શહાદત
	,,	બીજા સિપહસાલારની શહાદત
	,,	હઝરત ઇબ્ને રવાહાની શહાદત
	,,	હઝરત ખાલિદની વરણી સાલાર તરીકે
	,,	જંગનો આબેહૂબ ચિતાર
	,,	રસૂલુલ્લાહ (સલ.)ને લાગેલો આઘાત
	,,	માલિક બિન ઝાફિલહની કતલ

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	એક સાધુડીની ચેતવણી
	,,	મદીનહમાં લશ્કરનો સત્કાર
	,,	જંગે-મૂતહના શહીદો
	,,	હઝરત હસ્સાનના શેઅરો
	,,	હઝરત કઅબના શેઅરો.
૩૮		**પ્રકરણ ૧૩૬**
	૧૨૯૬	**હુદૈબિયહના સુલેહનામાનો ભંગ**
		(રમઝાન સન ૮ હિજરી)
	,,	બનૂબક્ર અને બનૂ ખુઝાઅહમાં ખૂનરેઝી
	,,	ખૂનરેઝીનું કારણ
	,,	સુલેહનામાની એક કલમ
	,,	બનૂ બક્રનું ઓચિંતુ આક્રમણ
	,,	હરમ કેવું અને ભગવાન કેવા ?
	,,	તમીમ બિન અસદના શેઅરો
	,,	અહરઝ બિન લુઅતના શેઅરો
	,,	બુદૈલના જવાબી શેઅરો
	,,	અલ-મદદ ! યા રસૂલલ્લાહ !
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ
	,,	બુદૈલ દરબારે-નબવીમાં
	,,	અબૂ સુફયાનના આગમનની પેશગોઇ
	,,	અબૂ સુફયાન મદીનહમાં
	,,	અબૂ સુફયાનની હાલહવાલી
	,,	હઝરત અલીની સલાહ
	,,	કુરૈશની મૂંઝવણ.
૩૯		**પ્રકરણ ૧૩૭**
	૧૩૦૭	**ફત્હે - મક્કહ મુકર્રમહ**
	,,	ફત્હે-મક્કહ માટેની તૈયારી
	,,	હઝરત હસ્સાનના શેઅરો
	,,	હઝરત હાતિબનો છુપો કાગળ
	,,	છુપા કાગળ સાથે સ્ત્રીની ધરપકડ
	,,	છુપો કાગળ લખવાની કબૂલાત
	,,	ઇસ્લામી લશ્કર મક્કહ તરફ
	,,	મર્રુઝ-ઝહરાનમાં લશ્કરનો પડાવ
	,,	હઝરત અબ્બાસની હિજરત
	,,	મક્કહના બે ગૃહસ્થો દરબારે-નબવીમાં
	,,	હઝરત ઇબ્ને હારિસના શેઅરો
	,,	કુરૈશના સેનાપતિનો બાકીનો કિસ્સો
	,,	અબૂ સુફયાન દરબારે-નબવીમાં
	,,	અબૂ સુફયાન અને હઝરત ઉમર
	,,	અબૂ સુફયાન ઇસ્લામના ચરણોમાં
	,,	અબૂ સુફયાનનું બહુમાન
	,,	ઇસ્લામી લશ્કરની શાનદાર સવારી
	,,	જૈશે-ખદરાઅનો દબદબો
	,,	હઝરત સઅદની ધમકી

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	અબૂ સુફયાનની મક્કહ વાપસી
	,,	ફત્હે-મક્કહની મગરૂરી નહિ, નમ્રતા
	,,	અબૂ કુહાફહનો ઈસ્લામ સ્વીકાર
	,,	ઈસ્લામી લશ્કરનો મક્કહ પ્રવેશ
	,,	મક્કહના ગુંડાઓનું તોફાન
	,,	બહાદુરીના બણગા ફૂંકનારો યુવક
	,,	હઝરત ખાલિદ સાથે ઝપાઝપી
	,,	બહાદુર યુવકની બુઝદિલી
	,,	ઈસ્લામી લશ્કરનો શિઆર.
૪૦		**પ્રકરણ ૧૩૮**
	૧૩૨૭	**મક્કહના ઈશ્તેહારી મુજરિમો**
	,,	લશ્કરના ઉપરીઓને મળેલું ફરમાન
	,,	પહેલા નંબરનો મુજરિમ
	,,	બીજા નંબરનો મુજરિમ
	,,	ઈબ્ને ખતલની ગાનારી લોંડીઓ
	,,	પાંચમા નંબરનો મુજરિમ
	,,	છઠ્ઠા નંબરનો મુજરિમ
	,,	સાતમા નંબરે સારહ બીબી
	,,	અબૂ જહલનો જવાન બેટો
	,,	કોણ કોણ કતલ થયા
	,,	બે ભગેડુઓ ઉમ્મે હાનીના ઘરમાં
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની કઅબહમાં પધરામણી
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો ખુત્બો
	,,	આઝાદી અને સલામતીની બશારત
	,,	કઅબહની કૂંચીનો હકદાર
	,,	બૈતુલ્લાહની તસવીરો અને મૂર્તિઓ
	,,	કઅબહની અંદર નમાઝ
	,,	કઅબહમાં સૌથી પહેલી અઝાન
	,,	ખૂનનો એક કમનસીબ બનાવ
	,,	બૈતુલ્લાહની અઝમતનો ખુત્બો
	,,	મદીનહના અન્સારને હૈયાધારણ
	,,	મૂર્તિઓ ઊંધા માથે ગબડી પડી
	,,	રસૂલુલ્લાહ (સલ.)ને કતલ કરવાની ચેષ્ટા
	,,	નિરાશાવાદી સફવાન બિન ઉમૈયહ
	,,	સફવાન અને ઇકરિમહની બેગમો
	,,	મક્કહનો પંકાયેલો શાઈર
	,,	ઈબ્ને ઝિબઅરાનો કસીદો
	,,	બીજી ઉમ્મે હાનીનો ખાવિન્દ
	,,	ફત્હે-મક્કહમાં ઈસ્લામી સૈન્યની સંખ્યા
	,,	મૂર્તિના પેટમાં બેઠેલો ભેદી શાઈર.
૪૧		**પ્રકરણ ૧૩૯**
	૧૩૫૩	**સહાબાની તબલીગી જમાઅતો**

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	હઝરત ખાલિદની તબલીગી જમાઅત
	,,	સમજફેરથી સર્જાયેલી ઘટના
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો એક ખ્વાબ
	,,	સમાધાન માટે હઝરત અલીની રવાનગી
	,,	હઝરત ખાલિદનો પસ્તાવો
	,,	બે સરદારો વચ્ચે ઉગ્ર ટપાટપી
	,,	જાહિલિયતના યુગનો બનાવ
	,,	બનૂ જઝીમહના એક પ્રેમીની કહાણી
	,,	હઝરત ખાલિદના હાથે ઉઝ્ઝા મૂર્તિનું ખંડન.
૪૨		**પ્રકરણ ૧૪૦**
	૧૩૬૦	ગઝવએ-હુનૈન
		(ફત્હે-મક્કહ બાદ સન ૮ હિજરી)
	,,	હવાઝિનની મક્કહ પર ચઢાઇ
	,,	દુરૈદ બિન સિમ્મહ
	,,	અનુભવી વડીલના સલાહ સૂચનો
	,,	માલિક બિન ઔફના જાસૂસો
	,,	રસૂલુલ્લાહ (સલ.)ના જાસૂસ
	,,	લડાઇના હથિયારોની સમસ્યા
	,,	ઈસ્લામી લશ્કરની સંખ્યા
	,,	મક્કહના સૌથી પહેલા ગવર્નર
	,,	નવમુસ્લિમોની મુશરિકો જેવી માગણી
	,,	હવાઝિનનું ઓચિંતું આક્રમણ
	,,	મક્કમ રહેનારા સહાબાના નામો
	,,	કાળા ઝંડાવાળો લડવૈયો
	,,	મક્કહના નવા મુસલમાનોની મોકાણ
	,,	શૈબહ બિન ઉસ્માનનો બદ ઈરાદો
	,,	હઝરત અબ્બાસનો પહાડી ઘાંટો
	,,	દુશ્મનનો લાલ ઊંટવાળો ઝંડાધારી
	,,	બીબી ઉમ્મે-સુલૈમનો કિસ્સો
	,,	હઝરત અબૂ કતાદહનો કિસ્સો
	,,	જંગે-હુનૈનમાં અલ્લાહની ગૈબી મદદ
	,,	મુશરિક લશ્કરની શિકસ્ત.
૪૩		**પ્રકરણ ૧૪૧**
	૧૩૭૬	**ગઝવએ-હુનૈનનો અંજામ**
	,,	સરદાર સાથે લશ્કરનો ફરાર
	,,	હઝરત ઈબ્ને મિરદાસનો કસીદો
	,,	દુરૈદ બિન સિમ્મહની કતલ
	,,	દુરૈદ બિન સિમ્મહની બેટી
	,,	હઝરત અબૂ આમિરની શહાદત
	,,	શહાદતને લગતી બીજી રિવાયત
	,,	મુશરિકોના ભાગેડુ સરસાલારની કહાણી
	,,	નબળાઓને કતલ કરવાની મનાઈ
	,,	દૂધ-બહેન શૈમાઅની ગિરિફ્તારી

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	દૂધ-બહેન, દૂધ-ભાઈના દરબારમાં
	,,	કલામે પાકમાં હુનૈનનું બયાન
	,,	શહીદ થનારાઓના મુબારક નામો
	,,	ગનીમતનો માલ અને યુધ્ધના કેદીઓ.
૪૪		**પ્રકરણ ૧૪૨**
	૧૩૮૫	**તાઈફનું યુધ્ધ**
	,,	પરાજિત સૈન્યનું તાઈફમાં સંગઠન
	,,	હઝરત કઅબનો કસીદો
	,,	તાઈફના પ્રવાસની મંઝિલો
	,,	જંગે-તાઈફમાં પાક બીબીઓ
	,,	મિન્જનીકનો ઉપયોગ
	,,	તાઈફમાં વસેલી મક્કહની કન્યાઓ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ
	,,	તાઈફનો ઘેરો ઉઠાવી લેવાનું ફરમાન
	,,	જિહાદમાં આવનાર મુનાફિકનો હેતુ
	,,	સકીફના આઝાદ થયેલા ગુલામો
	,,	કેદીને બદલે કેદી
	,,	તાઈફમાં શહીદ થયેલા સહાબા
	,,	સકીફ માટે બદ-દુઆની દરખાસ્ત.
૪૫		**પ્રકરણ ૧૪૩**
	૧૩૯૪	**હવાઝિનના કેદીઓ અને માલની વહેંચણી**
	,,	હવાઝિનનું મંડળ દરબારે-નબવીમાં
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ
	,,	રસૂલુલ્લાહ (સલ.)ની ભલામણ
	,,	છ હજાર કેદીઓને મળેલી આઝાદી
	,,	લોંડી તરીકે મળેલાં ડોશીમા
	,,	સરસાલારનો ઈસ્લામ સ્વીકાર
	,,	માલિકને મળેલો ઓહદો
	,,	માલની વહેંચણીનો આગ્રહ
	,,	માલમાં ઈમાનદારીની તાકીદ
	,,	કપડાં સીવવાની એક સોય
	,,	મુઅલ-લ-ફ-તુલ-કુલૂબ માટે ભેટો
	,,	હુનૈનના માલે-ગનીમતની વહેંચણી
	,,	રસૂલુલ્લાહ (સલ.) પર અન્યાયનો આક્ષેપ
	,,	અન્સારની નારાજીનો બનાવ
	,,	હઝરત હસ્સાનના શેઅરો
	,,	અન્સારને સંબોધન
	,,	જિઈર્રાનહથી બૈતુલ્લાહનો ઉમ્રહ
	,,	બૈતુલ્લાહના ઉમ્રહની તારીખ.
૪૬		**પ્રકરણ ૧૪૪**
	૧૪૧૨	**કઅબ બિન ઝુહૈર અને બાનત સુઆદ**

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	ભાઈનો કાગળ ભાઈને નામે
	,,	કઅબ બિન ઝુહૈરનો જવાબ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો અભિપ્રાય
	,,	શાઈરીનો જવાબ શાઈરીમાં
	,,	કઅબની હાજરી દરબારે-નબવીમાં
	,,	કઅબનો કસીદો : બાનત સુઆદ
	,,	અન્સારની પ્રશંસાનું કાવ્ય.
૪૭		**પ્રકરણ ૧૪૫**
	૧૪૨૩	**ગઝવએ-તબૂક (રજબ સન ૯ હિજરી)**
	,,	તબૂક માટે તૈયારીનો આદેશ
	,,	જંગે-તબૂક અને મુનાફિકોના બહાના
	,,	પ્રચંડ ગરમીનું ઠંડુ બહાનું
	,,	મુનાફિકોના કાવતરાનું મથક
	,,	જંગે-તબૂક માટે ફાળાની ફર્માઈશ
	,,	સવારીના અભાવે રડનારાઓની કથા
	,,	પાછળ રહી જનાર નિખાલસ સહાબા
	,,	પાછળ રહી જનારૂં મુનાફિકોનું લશ્કર
	,,	હઝરત અલી પર મુનાફિકોનો આક્ષેપ
	,,	હઝરત અબૂ ખૈસમહનો કિસ્સો
	,,	અઝાબનો ભોગ બનેલા લોકોની ધરતી
	,,	હિજ્રની ભૂમિમાં રડતાં જવાનું ફરમાન
	,,	વરસાદનો મુઅજિઝો
	,,	મુઅજિઝા પર મુનાફિકોનો કટાક્ષ
	,,	ખોવાયેલી ઊંટણી પર કટાક્ષ
	,,	હઝરત અબૂ ઝરનો કિસ્સો
	,,	અબૂ ઝરની વફાતની પેશીનગોઈ
	,,	મુનાફિકોની અવનવી હરકતો
	,,	ઐલહના રાજા સાથે સુલેહ
	,,	દૂમહના બાદશાહના શરણાગતિ
	,,	ઉકૈદર બાદશાહનો છુટકારો
	,,	તબૂકથી વાપસી અને પાણીનો મુઅજિઝા
	,,	હઝરત ઝુલ-બજાદૈનની વફાત
	,,	ઝુલ-બજાદૈન નામ પડવાનું કારણ
	,,	પાછળ રહી ગયેલાઓ અંગે સવાલ
	,,	મુનાફિકોની મસ્જિદે-ઝિરારનું ખંડન
	,,	મસ્જિદે - ઝિરારના બાનીઓ
	,,	મદીનહથી તબૂક સુધીની મસ્જિદો
૪૮		**પ્રકરણ ૧૪૬**
	૧૪૪૮	**તબૂકમાં ગેરહાજર રહેલા ત્રણ સહાબાની કથા**
	,,	પાછળ રહેલા ગૃહસ્થો વિષે હુકમ
	,,	હઝરત કઅબની આપવીતી

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	''	તબૂકમાં ઢીલનું કારણઃ ફકત આળસ
	''	બહાનું નહિ ફકત સુસ્તી
	''	કઅબની સાફગોઈ અને સચ્ચાઈ
	''	કઅબની આકરી કસોટી
	''	એક ઈબ્રતનાક ઘટના
	''	ગસ્સાનના બાદશાહનો કાગળ
	''	બીજીથી અલગ રહેવાનું ફરમાન
	''	અલ્લાહ તરફથી માફીની બશારત
	''	મુબારકબાદ અને ધન્યવાદ
	''	કઅબની દરબારે-નબવીમાં હાજરી
	''	સચ્ચાઈના પ્રતાપે મળેલી સરફરાઝી.
૪૯		**પ્રકરણ ૧૪૭**
	૧૪૫૯	**તાઈફનું મંડળ દરબારે - નબવીમાં (રમઝાન ૯ હિજરી)**
	''	ઉર્વહ બિન મસઊદનો ઈસ્લામ
	''	હઝરત ઉર્વહની શહાદત
	''	સકીફના લોકો ઈસ્લામના ચરણોમાં
	''	અબ્દ બિન ઉમૈયહ અને અબ્દે-યાલીલ
	''	તાઈફનું મંડળ દરબારે-નબવીમાં
	''	મંડળની દરબારે-રસૂલમાં હાજરી
	''	મંડળના સભ્યોનો ભાવભીનો સત્કાર
	''	મંડળના સભ્યોની માગણીઓ
	''	ઉસ્માન બિન અબીલ-આસની સરદારી
	''	મંડળના સભ્યો અને રમઝાનના રોઝહ
	''	ઈમામને ટૂંકી નમાઝનો હુકમ
	''	બનૂ સકીફની "તાગિયહ"નો ધ્વંસ
	''	અબૂ મુલૈહ અને કારિબની કહાણી
	''	મૂર્તિના ખઝાનામાંથી કરજની અદાયગી
	''	બનૂ સકીફ માટેનું લખાણ.
૫૦		**પ્રકરણ ૧૪૮**
	૧૪૬૯	**ઈસ્લામી હજ્જ અને બરાઅતનું એલાન (સન ૯ હિજરી)**
	''	સૌથી પહેલા અમીરુલ-હજ્જ
	''	મુશરિકો અને સૂરએ-બરાઅત
	''	સૂરએ-બરાઅતની આયતો
	''	સૂરએ-બરાઅતની જાહેરાત
	''	ઈન્નમલ-મુશરિકૂન નજસુન
	''	મુનાફિકોના સરદારનું મરણ
	''	મુનાફિકના જનાઝહની નમાઝ.
૫૧		**પ્રકરણ ૧૪૯**
	૧૪૭૫	અરબના મંડળો દરબારે-નબવીમાં (સન ૯ હિજરી મુતાબિક સન ૬૩૧ ઈસ્વી)
	''	અખિલ અરબ ઈસ્લામના ચરણોમાં
	''	બનૂ તમીમનું મંડળ દરબારે-નબવીમાં
	''	મંડળના સભ્યોનું ગમારો જેવું વર્તન
	''	મંડળના ખતીબનું છટાદાર પ્રવચન
	''	હઝરત સાબિતનું જવાબી પ્રવચન
	''	ઝબરકાનનું અભિમાની કાવ્ય
	''	હઝરત હસ્સાનનું જવાબી કાવ્ય
	''	ઝબરકાનનું બીજું કાવ્ય
	''	હઝરત હસ્સાનનો જવાબ
	''	મંડળના સભ્યોનો ઈસ્લામ
	''	રસૂલુલ્લાહ (સલ.)ની ઉદારદિલી
	''	ગમારો જેવા વર્તનની ઝાટકણી.
૫૨		**પ્રકરણ ૧૫૦**
	૧૪૮૫	**અરબના મંડળોની પરંપરા-૧**
	''	બનૂ આમિરનું મંડળ
	''	આમિર બિન તુફૈલનો બદ ઇરાદો
	''	આમિરનો બદ અંજામ
	''	અરબદનો બદ અંજામ
	''	બનૂ સઅદ બિન બકરનું મંડળ
	''	દિમામ બિન સઅલબાના સવાલો
	''	કૌમને ઈસ્લામની દઅવત
	''	અબ્દુલ-કૈસ કબીલાનું મંડળ
	''	જારૂદનો ઈસ્લામ સ્વીકાર
	''	હઝરત જારૂદની ઈસ્લામ પર દ્રઢતા
	''	ઈબ્ને સાવાનો ઈસ્લામ-સ્વીકાર
	''	બનૂ હનીફહનું મંડળ અને મુસૈલિમહ કઝઝાબ
	''	મુસૈલિમહનો પયગમ્બરીનો દાવો
	''	મુસૈલિમહનો કાગળ
	''	ઝૈદુલ-ખૈલ અને બનૂ તયનું મંડળ
	''	ઝૈદુલ-ખૈલના વખાણ
	''	હઝરત ઝૈદુલ-ખૈરની વફાત.
૫૩		**પ્રકરણ ૧૫૧**
	૧૫૦૪	**અરબના મંડળોની પરંપરા-૨**
	''	અદી બિન હાતિમનું મંડળ
	''	હાતિમ તાઇના બેટાનો કિસ્સો
	''	અદીની બહેનની ગિરિફતારી
	''	હાતિમની બેટીને મળેલી આઝાદી
	''	ભાઈને બહેનનો ઠપકો અને સલાહ
	''	અદીની દરબારે-નબવીમાં હાજરી
	''	રસૂલુલ્લાહ (સલ.)ની પેશીનગોઇઓ
	''	પેશીનગોઇઓ સાચી ઠરી
	''	હઝરત ફુર્વહ દરબારે-નબવીમાં

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	હઝરત ફુર્વહનો ઈસ્લામ.
૫૪		**પ્રકરણ ૧૫૨**
	૧૫૧૩	**અરબના મંડળોની પરંપરા-૩**
	,,	બનૂ ઝુબૈદનું મંડળ
	,,	મંડળના સભ્યો દરબારે-નબવીમાં
	,,	હઝરત ઈબ્ને મઅદી કરબના શેઅરો
	,,	બનૂ કિન્દહ કબીલાનું મંડળ
	,,	મંડળના સભ્યો દરબારે-નબવીમાં
	,,	અશઅસ બિન કૈસનો વંશ
	,,	અઝદ કબીલાનું મંડળ
	,,	મંડળના સભ્યોનો ઈસ્લામ-સ્વીકાર
	,,	અહલે-જુરશ સાથે જિહાદ
	,,	જુરશના બે એલચીઓનો મામલો
	,,	અહલે-જુરશનો ઈસ્લામ-સ્વીકાર
	,,	હિમ્યરી બાદશાહોના રાજદૂતો
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો મુબારક કાગળ
	,,	ઝુરઅહ ઝૂ-યઝનના નામે કાગળ
	,,	હઝરત મુઆઝ બિન જબલને વસીયત
	,,	હઝરત ફુર્વહ બિન અમ્રનો ઈસ્લામ
	,,	બનૂ હારિસના લોકો ઈસ્લામના ચરણોમાં
	,,	હઝરત ખાલિદનો કાગળ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ
	,,	બનૂ હારિસના મંડળ સાથે વાતચીત
	,,	અમ્ર બિન હઝમ માટે રસૂલુલ્લાહ (સલ.)નું લખાણ.
૫૫		**પ્રકરણ ૧૫૩**
	૧૫૩૧	**અરબના મંડળોની પરંપરા-૪**
	,,	રિફાઅહ બિન ઝૈદનો કબીલો
	,,	હઝરત રિફાઅહ દરબારે-નબવીમાં
	,,	હમદાન કબીલાનું મંડળ
	,,	મંડળના સભ્યો દરબારે-નબવીમાં
	,,	માલિક બિન નમતનું પ્રવચન
	,,	હમદાન માટે દસ્તાવેજી લખાણ
	,,	હઝરત માલિકના શેઅરો
	,,	મુસૈલિમહ કઝ્ઝાબ અને અસવદ અન્સી
	,,	મુસૈલિમહ કઝ્ઝાબનો કાગળ
	,,	મુસૈલિમહના કાગળનો જવાબ
	,,	દજ્જાલો અને પેશીનગોઈ
	,,	ઝકાત-સદકાત ઉઘરાવનારા અમલદારો.
૫૬		**પ્રકરણ ૧૫૪**
	૧૫૩૭	**હજ્જતુલ-વદાઅ (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનની આખેરી હજ્જ)**
	,,	હજ્જ માટેની તૈયારી
	,,	હઝરત બીબી આઈશહનો મામલો
	,,	યમનથી હઝરત અલીની હાજરી
	,,	હઝરત અલી વિરૂધ્ધ શિકાયત
	,,	હજ્જતુલ-વદાઅનો ખુત્બો
	,,	વ્યાજ અને ખૂનનો મામલો
	,,	શયતાનની પૂજા અને તાબેદારી
	,,	મહિનાઓની ખરી ગણતરી
	,,	સ્ત્રીઓના શું હકો છે?
	,,	ઈસ્લામી બિરાદરીનું મહત્વ
	,,	રસૂલુલ્લાહ (સલ.)નો બીજો ખુત્બો
	,,	વારસા, વંશ અને ગુલામ
	,,	બીજી કેટલીક વાતોનું શિક્ષણ
	,,	હજ્જતુલ-વદાઅનું વિગતવાર બયાન.
૫૭		**પ્રકરણ ૧૫૫**
	૧૫૯૭	**રસૂલુલ્લાહ (સલ.)ના એલચીઓ બાદશાહોના દરબારોમાં**
	,,	વફાત પહેલાંનું આખેરી લશ્કર
	,,	ઈસ્લામી લશ્કરના સરસેનાપતિ
	,,	એલચીઓ બાદશાહોના દરબારોમાં
	,,	એલચીઓના મુબારક નામો
	,,	ઈબ્ને હબીબની રિવાયત
	,,	ઈસા બિન મરયમના એલચીઓ
	,,	રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળોનું વધુ બયાન.
૫૮		**પ્રકરણ ૧૫૬**
	૧૬૩૬	**ગઝવાત અને સરાયા-૧**
	,,	નાના-મોટા ગઝવાતની સંખ્યા
	,,	સરાયાની સંખ્યા
	,,	સરિય્યએ-ગાલિબની વિગત
	,,	બનૂ મુલવ્વેહની વસાહત પર છાપો
	,,	બાકી રહેલા સરાયા અને બુઊસ
	,,	હઝરત ઝૈદના સરાયાની વિગત
	,,	ઉમ્મે-કિર્ફહ અને તેની બેટીનો મામલો.
૫૯		**પ્રકરણ ૧૫૭**
	૧૬૪૯	**ગઝવાત અને સરાયા-૨**
	,,	બાકીના સરાયાની વિગત
	,,	સરિય્યએ-ઈબ્ને રવાહા
	,,	સરિય્યએ-ઈબ્ને અતીક
	,,	સરિય્યએ-ઈબ્ને ઉનૈસ

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	''	ઈસ્લામના દુશ્મનનું માથું
	''	મુબારક લાકડીનો તોહફો
	''	કેટલાક બીજા સરાયા
	''	બનૂ અમ્બરના કેદીઓનું આગમન
	''	સરિય્યએ-ગાલિબ
	''	કલિમો પઢનારાને કતલ કરી શકાય ?
	''	સરિય્યએ-ઇબ્ને આસ
	''	રાફિઅ તાઈ ખ્રિસ્તીની આપવીતી
	''	હઝરત અબૂબક્રની વસીહત
	''	ખિલાફત પછીનો બનાવ
	''	શંકાશીલ ઊંટનું ગોશ્ત.
૬૦		**પ્રકરણ ૧૫૮**
	૧૬૫૭	**ગઝવાત અને સરાયા-૩**
	''	સરિય્યએ-હઝરત ઇબ્ને અબી હદરદ
	''	સલામ કરનારની કતલ
	''	મરનારની દિયતનો ખટલો
	''	હત્યારા માટે માફીની દુઆની દરખાસ્ત
	''	હત્યારાનો ઇબ્રતનાક અંજામ
	''	મરનારની દિયતનો વિખવાદ
	''	સરિય્યએ-હઝરત ઇબ્ને અબી હદરદ
	''	દુશ્મનો પર મેળવેલી જીત
	''	સરિય્યએ-હઝરત ઇબ્ને ઔફ
	''	અન્સારી યુવકના સવાલો
	''	તબાહી નોતરનારી પાંચ ખસલતો
	''	ઇબ્ને ઔફને રવાનગીનો હુકમ
	''	સરિય્યએ હઝરત અબૂ ઉબૈદહ
	''	સમુદ્રની વિરાટકાય માછલી
	''	સરિય્યએ-હઝરત અમ્ર બિન ઉમૈયહ
	''	ઘોડાવાળા કુરૈશીની હત્યા
	''	બૂનબક્રના એક મુશરિકની કતલ
	''	સરિય્યએ-હઝરત ઝૈદ બિન હારિસહ.
૬૧		**પ્રકરણ ૧૫૯**
	૧૬૭૦	**ગઝવાત અને સરાયા-૪**
	''	સરિય્યએ-હઝરત સાલિમ બિન ઉમૈર
	''	અબૂ અફક યહૂદીની કતલ
	''	સરિય્યએ-હઝરત ઉમૈર બિન અદી
	''	અસમાઅ બિન્તે મરવાન
	''	અસમાઅ શાઇરહનું નિંદા-કાવ્ય
	''	અસમાઅ શાઇરહની કતલ
	''	ખત્મહ કબીલાનો ઇસ્લામ સ્વીકાર
	''	સરિય્યએ-હઝરત મુહંમદ બિન મસ્લમહ
	''	સુમામહ બિન ઉસાલની ધરપકડ
	''	સુમામહનો ઇસ્લામ સ્વીકાર
	''	કાફિરના સાત આંતરડાં

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	''	હઝરત સુમામહ મક્કહમાં
	''	સરિય્યએ-હઝરત અલ્કમહ
	''	રમૂજી તબીઅતના સહાબી
	''	સરિય્યએ-હઝરત કુર્ઝ બિન જાબિર
	''	મોટા પેટવાળા ગમારો
	''	ઉપકારનો બદલો અપકાર
	''	સરિય્યએ-હઝરત અલી.
૬૨		**પ્રકરણ ૧૬૦**
	૧૬૭૯	**રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ની વફાત- ૧**
	''	હઝરત ઉસામહ બિન ઝૈદનું લશ્કર
	''	પવિત્ર જીવનનું છેલ્લું લશ્કર
	''	બીમારીની શરૂઆત
	''	જન્નતુલ-બકીઅમાં મગફેરતની દુઆ
	''	હઝરત આઇશહ સાથે રમૂજી સંવાદ
	''	પાક બીબીઓના મુબારક નામો
	''	હઝરત ખદીજતુલ-કુબ્રા (રદિ.)
	''	હઝરત આઇશહ સિદ્દીકહ (રદિ.)
	''	હઝરત સવદહ (રદિ.)
	''	હઝરત ઝૈનબ (રદિ.)
	''	હઝરત ઉમ્મે સલમહ (રદિ.)
	''	હઝરત હફસહ (રદિ.)
	''	હઝરત ઉમ્મે હબીબહ (રદિ.)
	''	હઝરત જુવૈરિય્યહ (રદિ.)
	''	હઝરત સફિય્યહ (રદિ.)
	''	હઝરત મયમૂનહ (રદિ.)
	''	હઝરત ઝૈનબ (રદિ.)
	''	પાક બીબીઓની સંખ્યા અને ઘરસંસાર
	''	કુરૈશ કબીલાની પાક બીબીઓ
	''	અરબ અને બિનઅરબ પાક બીબીઓ.
૬૩		**પ્રકરણ ૧૬૧**
	૧૬૯૧	**રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ની વફાત -૨**
	''	હઝરત આઇશહના ઘરમાં કિયામ
	''	સાત કૂવાઓના પાણીનો ગુસલ
	''	બીમારીમાં મિમ્બર પર ખુત્બો
	''	હઝરત અબૂબક્રની શાન
	''	હઝરત ઉસામહની સરદારી પર ટીકા
	''	મદીનહના અનસાર માટે વસીય્યત
	''	દવા પિવડાવવાનો કિસ્સો
	''	હઝરત ઉસામહ માટે દુઆ
	''	પયગમ્બરોને મોતનો અધિકાર
	''	હઝરત અબુબક્રને નમાઝનો હુકમ
	''	નમાઝની ઇમામતની બીજી રિવાયત

Maktabe Ashraf

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
	,,	વફાતના દિવસે તબીઅતમાં સુધારો
	,,	મસ્જિદમાં પધરામણી
	,,	હઝરત અબ્બાસ અને હઝરત અલી
	,,	વફાતથી થોડો સમય પહેલાં : મિસ્વાક
	,,	હઝરત ઉમરની ઉત્તેજિત દશા
	,,	હઝરત અબૂબક્રની ઠરેલ નીતિ
	,,	હઝરત અબુબક્રનો ખુત્બો.
૬૪		**પ્રકરણ ૧૬૨**
	૧૭૦૫	**સકીફએ-બની સાઇદહ**
	,,	ખિલાફતનો મામલો
	,,	સહાબામાં મતભેદ અને વિવાદ
	,,	અન્સારની મિટિંગમાં હાજરી
	,,	અન્સારના ખતીબનું પ્રવચન
	,,	હઝરત અબૂબક્રનું જવાબી પ્રવચન
	,,	હઝરત અબૂબક્રના હાથ પર બૈઅત
	,,	રસ્તામાં મળેલા બે અન્સારી ગૃહસ્થો
	,,	બૈઅતે-આમ અને હઝરત ઉમરનું પ્રવચન
	,,	હઝરત અબૂબક્રનો ખુત્બો
	,,	હઝરત ઉમરના ગુસ્સાનું કારણ.

અનું. નંબર	પેજ નંબર	પ્રકરણનું નામ
૬૫		**પ્રકરણ ૧૬૩**
	૧૭૧૩	**રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તજહીઝ અને તકફીન**
	,,	ગુસલ આપનારા લોકો
	,,	ગુસલ વેળા કપડાં ઉતારવાનો મામલો
	,,	મુબારક કફનના કપડાં
	,,	કબર શરીફનો મામલો
	,,	જનાઝહની નમાઝ અને તદફીન
	,,	વગર ઇમામે જનાઝહની નમાઝ
	,,	કબરમાં ઉતારનારા ગૃહસ્થો
	,,	કબરમાં રહેલા આખેરી શખ્સ
	,,	સૌથી છેલ્લા મુબારક શબ્દો
	,,	ઇરતિદાદનો ફિત્નો અને તેનું નિકંદન.
૬૬		**પ્રકરણ ૧૬૪**
	૧૭૨૦	**હઝરત હસ્સાનના માતમી શેઅરો (ઇબ્ને હિશામની સીરતુન-નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું છેલ્લું પ્રકરણ.)**

Maktabe Ashraf

પ્રકરણ ૯૯

જંગે-બદ્રમાં ભાગ લેનારા મુહાજિરીન

બનૂ હાશિમ બિન અબ્દે-મનાફ ● બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ ● બનૂ સઅદ બિન ખુઝૈમહ ● બનૂ કબીરના હલીફો અને બનૂ નવફલ ● બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા ● બનૂ અબ્દુદ-દાર બિન કુસૈય ● બનૂ ઝુહરહ બિન કિલાબ ● બનૂ તૈમ બિન મુર્રહ ● બનૂ મખ્ઝૂમ બિન મુર્રહ ● બનૂ અદી બિન કઅબ ● બનૂ જુમહ અને બનૂ સહમ ● બનૂ માલિક બિન હસલ ● બનૂ હારિસ બિન ફિહર

Maktabe Ashraf

બનૂ હાશિમ બિન અબ્દે-મનાફ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ મુબારક નામો એવા મુસલમાનોના છે જેઓ બદ્રના યુધ્ધમાં હાજર હતા. એમાંથી મક્કહના મુહાજિરોના મુબારક નામોની ફિહરિસ્ત નીચે મુજબ છે :

●————કુરૈશ કબીલાની શાખ બનૂ હાશિમ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐય બિન ગાલિબ બિન ફિહર બિન માલિક બિન નદ્ર બિન કિનાનહ માંથી :

૧ ————મુહંમદ, અલ્લાહના પયગમ્બર, અલ્લાહના પયગમ્બરોના સરદાર બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ. સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

૨ ————અલ્લાહ અને અલ્લાહના રસૂલના સિંહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ. (રદિયલ્લાહુ અન્હુ.)

૩————હઝરત અલી બિન અબી તાલિબ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ. (રદિયલ્લાહુ અન્હુ.)

૪————હઝરત ઝૈદ બિન હારિસહ બિન શુરહબીલ બિન કઅબ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન ઈમ્રઉલ-કૈસ અલ-કલ્બી. (રદિયલ્લાહુ અન્હુ.) જેમની ઉપર અલ્લાહ અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અનેક ઉપકારો કર્યા હતા.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત ઝૈદની વંશાવળી આ છે : ઝૈદ બિન હારિસહ બિન શુરહબીલ બિન કઅબ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન ઈમ્રઉલ-કૈસ બિન આમિર બિન નુઅમાન બિન આમીર બિન અબ્દે-વુદ્દ બિન ઔફ બિન કિનાનહ બિન બક્ર બિન ઔફ બિન ઉઝ્રહ બિન ઝૈદુલ્લાહ બિન રુફૈદહ બિન સૌર બિન કઅબ બિન વબ્રહ.

૫————હઝરત અન્સહ (રદિયલ્લાહુ અન્હુ.) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા

ગુલામ.

૬———હઝરત અબૂ કબશહ (રદિયલ્લાહુ અન્હુ) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામ. ઇબ્ને હિશામ કહે છે : હઝરત અન્સહ હબશી હતા અને હઝરત કબશહ ઇરાની હતા.

૭———હઝરત અબૂ મરસદ કન્નાઝ બિન હિસ્ન અથવા હુસૈન બિન યરબૂઅ બિન અમ્ર બિન યરબૂઅ બિન જુર્શહ બિન સઅદ બિન સઅદ બિન ઝરીફ બિન જલાન બિન ગનમ બિન ગની બિન યઅસુર બિન સઅદ બિન કૈસ બિન અયલાન. (રદિયલ્લાહુ અન્હુ)

૮———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ મરસદના બેટા હઝરત મરસદ બિન અબી મરસદ (રદિયલ્લાહુ અન્હુ) હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબના હલીફ હતા. (એટલે આપસમાં કરારોથી જોડાયેલા.)

૯———હઝરત ઉબૈદહ બિન હારિસ બિન મુત્તલિબ. (રદિયલ્લાહુ અન્હુ)

૧૦———હઝરત તુફૈલ બિન હારિસ બિન મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ)

૧૧———હઝરત હુસૈન બિન હારિસ બિન મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ) એ ત્રણે ભાઇઓ હતા.

૧૨———હઝરત મિસ્તહ (રદિયલ્લાહુ અન્હુ) અસલ નામ ઔફ બિન ઉસાસહ બિન અબ્બાદ બિન મુત્તલિબ.

• **બનૂ અબ્દે-શમ્સ-બિન અબ્દે મનાફ**————બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફના ખાનદાનમાંથી:

૧———હઝરત ઉસ્માન બિન અફ્ફાન બિન અબી આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ. (રદિયલ્લાહુ અન્હુ) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દામાદ હતા. પોતાના બેગમ હઝરત બીબી રુકૈયહ (રદિયલ્લાહુ અન્હા)ની માંદગીમાં સારવાર માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી મદીનહમાં રહ્યા હતા. આપે ગનીમતના માલમાંથી એમનો ભાગ આપ્યો તો એમણે અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! મારો ભાગ?'' આપે ફરમાવ્યું, 'હા તમારો ભાગ પણ નક્કી છે.''

૨———હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ. (રદિયલ્લાહુ અન્હુ) એમનો બાપ ઉત્બહ બિન રબીઅહ બદ્રની લડાઇમાં માર્યો ગયો જે બદ્રમાં કુરૈશી લશ્કરનો સિપહસાલાર હતો. ઇબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ હુઝૈફહનું મૂળ નામ મુહશમ હતું.

૩———હઝરત અબૂ હુઝૈફહના આઝાદ કરેલા ગુલામ હઝરત સાલિમ. (રદિયલ્લાહુ અન્હુ) એટલે જ લોકો હઝરત સાલિમને ''મવલા અબી હુઝૈફહ''કહેતા હતા. (અરબીમાં ''મવલા''શબ્દના એક અર્થ આઝાદ કરેલા ગુલામ થાય છે.)

૪———ઇબ્ને ઇસ્હાક કહે છે : કેટલાક માહિતગારોના કથન મુજબ અબુલ-આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સના આઝાદ કરેલા ગુલામ હઝરત સબીહએ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે બદ્રમાં જવાની તૈયારી કરી લીધી હતી. પછી અચાનક બીમાર થઇ ગયા તો હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ (રદિયલ્લાહુ અન્હુ) એમને પોતાના ઊંટ પર બેસાડીને મદીનહ લઇ ગયા. એ પછીની દરેક લડાઇમાં હઝરત સબીહ (રદિયલ્લાહુ અન્હુ) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહ્યા.

• **બનૂ અસદ બિન ખુઝૈમહ**- ———બનૂ અબ્દે-શમ્સના હલીફો એટલે કરારીઓની શાખ બનૂ અસદ બિન ખુઝૈમહના ખાનદાનમાંથી :

૧———હઝરત અબ્દુલ્લાહ બિન જહશ બિન રિઆબ બિન યઅમુર......(રદિયલ્લાહુ અન્હુ)[૧]

૨———હઝરત ઉક્કાશહ બિન મિહસન બિન હુરસાન બિન કૈસ.....(રદિયલ્લાહુ અન્હુ)

૩———હઝરત શુજાઅ બિન વહબ બિન રબીઅહ બિન અસદ.......(રદિયલ્લાહુ અન્હુ)

૪———હઝરત શુજાઅના ભાઈ હઝરત ઉકબહ બિન વહબ બિન રબીઅહ (રદિયલ્લાહુ અન્હુ)

૫———હઝરત યઝીદ બિન કૈસ બિન રિઆબ બિન યઅમુર ......(રદિયલ્લાહુ અન્હુ)

૬———હઝરત અબૂ સિનાન બિન મિહસન બિન હુરસાન. (રદિયલ્લાહુ અન્હુ) હઝરત ઉક્કાશહ બિન મિહસન બિન હુરસાનના ભાઈ.

૭———હઝરત મુહરિઝ અથવા મિહરઝ બિન નદલહ બિન અબ્દુલ્લાહ......(રદિયલ્લાહુ અન્હુ)

૮———હઝરત સિનાન બિન અબી સિનાન. (રદિયલ્લાહુ અન્હુ) હઝરત અબૂ સિનાન મિહસનના ફરઝંદ.

૯———હઝરત રબીઅહ બિન અકસુમ બિન સન્જરહ બિન અમ્ર.....(રદિયલ્લાહુ અન્હુ)

• **બનૂ કબીરના હલીફો અને બનૂ નવફલ**————બનૂ કબીર બિન ગનમ બિન દૂદાન બિન અસદના હલીફોમાંથી :

૧———હઝરત સકફ બિન અમ્ર. (રદિયલ્લાહુ અન્હુ)

૨———હઝરત માલિક બિન અમ્ર (રદિયલ્લાહુ અન્હુ)

૩———હઝરત મુદલિજ બિન અમ્ર. (રદિયલ્લાહુ અન્હુ) ઈબ્ને હિશામ કહે છે : નામ મુદલિજ નહિ મુદલાજ બિન અમ્ર છે. ત્રણે ભાઈઓ હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ નવફલ બિન અબ્દે-મનાફમાંથી બે ગૃહસ્થો હતા:

૪———હઝરત ઉત્બહ બિન ગઝવાન બિન જાબિર બિન વહબ......(રદિયલ્લાહુ અન્હુ)

૫———હઝરત ઉત્બહ બિન ગઝવાનના આઝાદ ગુલામ હઝરત ખબ્બાબ......(રદિયલ્લાહુ અન્હુ)

• **બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા**————બનૂ અસદ બિન અબ્દુલ ઉઝ્ઝા બિન કુસૈયમાંથી ત્રણ ગૃહસ્થો :

૧———હઝરત ઝુબૈર બિન અવ્વામ બિન ખુવૈલિદ બિન અસદ.(રદિયલ્લાહુ અન્હુ)

૨———હઝરત હાતિબ બિન અબી બલ્તઅહ.(રદિયલ્લાહુ અન્હુ)

૩———હઝરત હાતિબના આઝાદ ગુલામ હઝરત સઅદ.(રદિયલ્લાહુ અન્હુ)

ઈબ્ને હિશામ કહે છે : હઝરત હાતિબના બાપ અબી બલ્તઅહનું નામ અમ્ર હતું અને તેઓ બનૂ લખ્મ કબીલામાંથી હતા અને હઝરત સઅદ બનૂ કલ્બમાંથી હતા.

• બનૂ અબ્દુદ-દાર બિન કુસૈય————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી બે ગૃહસ્થો :

---

૧. લાંબી વંશાવળીમાંથી બીજાં નામો જતાં કર્યાં છે. ''ક''

૧———હઝરત મુસઅબ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર બિન કુસૈય. (રદિયલ્લાહુ અન્હુ) મદીનહમાં એમની કોશિશથી ઈસ્લામનું નૂર ફેલાયું

૨———હઝરત સુવૈબિત બિન સઅદ બિન હુરૈમલહ બિન માલિક.....(રદિયલ્લાહુ અન્હુ)

• **બનૂ ઝુહરહ બિન કિલાબ**————બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી આઠ ગૃહસ્થો :

૧———હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ બિન અબ્દે-ઔફ બિન અબ્દ બિન હારિસ બિન ઝુહરહ. (રદિયલ્લાહુ અન્હુ)

૨———હઝરત સઅદ બિન અબી વક્કાસ. (રદિયલ્લાહુ અન્હુ) અબી વક્કાસનું નામ માલિક બિન ઉહૈબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ હતું.

૩———હઝરત સઅદના ભાઈ હઝરત ઉમૈર બિન અબી વક્કાસ. (રદિયલ્લાહુ અન્હુ)

૪———એમના હલીફોમાંથી હઝરત મિકદાદ બિન અમ્ર બિન સઅલબહ બિન માલિક બિન રબીઅહ........(રદિયલ્લાહુ અન્હુ)

૫———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ બિન હારિસ બિન શમખ બિન મખઝૂમ બિન સાહિલહ બિન કાહિલ બિન હારિસ......(રદિયલ્લાહુ અન્હુ)

૬———હઝરત મસઊદ બિન રબીઅહ બિન અમ્ર બિન સઅદ.........(રદિયલ્લાહુ અન્હુ)

૭———ઈબ્ને હિશામ કહે છે : હઝરત ઝુશ-શમાલૈન બિન અબ્દે-અમ્ર બિન નદલહ બિન ગુબશાન બિન સુલૈમ બિન મુલ્કાન.....(રદિયલ્લાહુ અન્હુ) બનૂ ખુઝાઅહમાંથી હતા. એમને ઝુશ-શમાલૈન એટલા માટે કહેતા કે, એ દરેક કામ ડાબા હાથે કરતા હતા. નામ ઉમૈર હતું.

૮———હઝરત ખબ્બાબ બિન અલ-અરત્ત અથવા અરિત્ત. (રદિયલ્લાહુ અન્હુ) બનૂ તમીમમાંથી હતા. એમની અવલાદ પણ છે અને તે કૂફામાં રહે છે. અમુકના કથન મુજબ બનૂ ખુઝાઅહમાંથી હતા.

• **બનૂ તૈમ બિન મુર્રહ**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ તૈમ બિન મુર્રહમાંથી પાંચ ગૃહસ્થોઃ

૧———હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ આપનું નામ અતીક બિન ઉસમાન બિન આમિર બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તૈમ હતું. (આપ ઈસ્લામમાં પહેલા ખલીફા હતા. આપના બાપાજી ઉસમાન, અબૂ કુહાફહ ઉપનામે જાણીતા હતા.)

ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબૂબક્રનું નામ અબ્દુલ્લાહ હતું અને અતીક આપનો લકબ હતો. ખૂબસુરતી અને ખાનદાનીના કારણે અતીક નામે ખ્યાતિ પામ્યા.

૨———હઝરત અબૂબક્રના આઝાદ કરેલા ગુલામ હઝરત બિલાલ રદિયલ્લાહુ અન્હુ. આપ બનૂ જુમહના સરદાર ઉમૈયહ બિન ખલફના ગુલામ હતા. તે આપને બેહદ ત્રાસ આપતો હતો. હઝરત અબૂ બક્રે આપને તેની પાસેથી ખરીદી લઈને આઝાદ કરી દીધા હતા. હઝરત બિલાલના બાપાજીનું નામ રબાહ હતું. હઝરત બિલાલની કોઈ અવલાદ ન હતી. હઝરત બિલાલ હબશી કૌમમાંથી હતા.

૩———હઝરત આમિર બિન ફુહૈરહ. રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત આમિર બિન ફુહૈરહ બનૂ અસદના ગુલામોમાંથી હતા. તેઓ પાસેથી જ હઝરત અબૂબક્રે એમને ખરીદીને આઝાદ કરી દીધા હતા. હબશી હતા.

૪———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત સુહૈબ બિન સિનાન રદિયલાહુ અન્હુ. જેઓ નમિર બિન કાસિતમાંથી હતા.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત સુહૈબ, નમિર બિન કાસિત બિન હમ્બ બિન અફસા બિન જદીલહ બિન અસદ બિન રબીઅહ બિન નિઝારમાંથી હતા. રોમ દેશના વતની હતા. રોમીઓએ એમને પકડીને ગુલામ બનાવી લીધા હતા. અને તેઓ પાસેથી જ એમને ખરીદી લેવામાં આવ્યા હતા. હઝરત સુહૈબ વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ હદીસ છે : "સુહૈબુ સાબિકુર-રૂમ" એટલે સુહૈબ તમામ રોમવાસીઓથી આગળ નીકળી જનાર છે. અથવા તમામ રોમન લોકો પર શ્રેષ્ઠતા ભોગવે છે.

૫———હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ બિન ઉસ્માન બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તૈમ રદિયલ્લાહુ અન્હુ. મુલ્કે શામના વતની હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બદ્રથી વાપસ પધાર્યા ત્યારે આપની તહેનાતમાં હાજર થયા. આપની સાથે વાતચીત થતાં આપે એમને પણ બદ્રની ગનીમતમાંથી ભાગ આપ્યો.હઝરત તલહાએ પૂછ્યું, "યા રસૂલુલ્લાહ ! માલમાં મારો પણ ભાગ ખરો ?" આપે ફરમાવ્યું, "હા તમારો ભાગ પણ ખરો."

• **બનૂ મખ્ઝૂમ બિન મુર્રહ**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ મખ્ઝૂમ બિન મુર્રહમાંથી પાંચ ગૃહસ્થો:

૧———હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ રદિયલ્લાહુ અન્હુ. હઝરત અબૂ સલમહનું નામ અબ્દુલ્લાહ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ હતું.

૨———હઝરત શમ્માસ બિન ઉસ્માન બિન શુરૈદ બિન સુવૈદ બિન હુરમી બિન આમિર બિન મખ્ઝૂમ-રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત શમ્માસનું અસલ નામ ઉસ્માન હતું. શમ્માસ નામ પડવાનું કારણ એમ બન્યું કે, જાહિલિયતના જમાનામાં શમ્માસા કુટુંબમાંથી શમ્માસ નામધારી એક યુવક બેહદ રૂપાળો અને ફાંકડો હતો. એક દિવસે એ મક્કહ આવ્યો તો લોકો એના રૂપનો ઠસ્સો જોઈને છક થઈ ગયા. ત્યારે હઝરત ઉસ્માનના મામા ઉત્બહ બિન રબીઅહએ લોકોને કહ્યું, "એનું રૂપ જોઈને શું છક થઈ ગયા ? એના કરતાં પણ વધુ ફાંકડો યુવક હું તમને દેખાડું છું." આમ કહીને તેણે પોતાના ભાણેજ ઉસ્માનને બોલાવી મંગાવ્યો. (ઉસ્માનનું રૂપ જોઈને લોકો આફરીન પોકારી ઊઠયા.) ત્યારથી હઝરત ઉસ્માન શમ્માસના નામે પંકાઈ ગયા. ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરી વગેરેએ પણ આ બનાવનો ઉલ્લેખ કર્યો છે.

૩———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અરકમ બિન અબી અરકમ રદિયલ્લાહુ અન્હુ. અબી અરકમનું નામ અબ્દે મનાફ બિન અસદ હતું. અસદનું ઉપનામ અબૂ જુન્દુબ હતું અને તે અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમનો બેટો હતો.

૪— ——હઝરત અમ્માર બિન યાસિર રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત અમ્માર બિન યાસિર અન્સી, બનૂ મઝહિજની શાખમાંથી હતા.

૫———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત મુઅત્તબ બિન ઔફ બિન આમિર બિન ફદલ બિન અકીફ બિન કુલૈબ બિન હુબૈશહ બિન સલૂલ બિન કઅબ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ. બનૂ મખ્ઝૂમના હલીફ હતા. બનૂ ખુઝાઅહમાંથી "ઐહામહ" નામે જાણીતા થયેલા ગૃહસ્થ હઝરત મુઅત્તબ પોતે હતા.

• બનૂ અદી બિન કઅબ————બનૂ અદી બિન કઅબમાંથી ૧૪ ગૃહસ્થો

૧———હઝરત ઉમર બિન ખત્તાબ બિન નુફૈલ બિન અબ્દુલ-ઉઝઝા બિન રયાહા બિન અબ્દુલ્લાહ બિન કુર્ત બિન રઝાહ બિન અદી રદિયલ્લાહુ અન્હુ. મુસલમાનોના બીજા ખલીફા.

૨———હઝરત ઉમરના ભાઈ હઝરત ઝૈદ બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત ઉમરના આઝાદ કરેલા ગુલામ હઝરત મહજઅ રદિયલ્લાહુ અન્હુ. મુલ્કે-યમનના વતની હતા. જંગે-બદ્રમાં બંને લશ્કરોની વચ્ચે મુસલમાનોમાંથી જે સૌથી પહેલા શહીદ થયા તે હઝરત મહજઅ હતા. એમને દુશ્મનનું તીર ભોંકાયું હતું.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત મહજઅ બનૂ અક્ક બિન અદનાનમાંથી હતા.

૪———હઝરત અમ્ર બિન સુરાકહ બિન મુઅતમિર બિન અનસ બિન અઝાહ બિન અબ્દુલ્લાહ બિન કુર્ત બિન રયાહ બિન રઝાહ બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત અમ્રના ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન સુરાકહ રદિયલ્લાહુ અન્હુ.

૬———હઝરત વાકિદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દે-મનાફ બિન ઈરયન બિન સઅલબા બિન યરબૂઅ બિન હન્ઝલહ બિન માલિક ઝૈદ મનાત બિન તમીમ રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત ખવલી બિન અબી ખવલી રદિયલ્લાહ અન્હુ.

૮———હઝરત માલિક બિન અબી ખવલી રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : અબી ખવલી બનૂ ઈજ્લ બિન લુજૈમ બિન સઅબ બિન અલી બિન બક્ર બિન વાઈલમાંથી હતા.

૯———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત આમિર બિન રબીઅહ રદિયલ્લાહુ અન્હુ. જેઓ આલે-ખત્તાબના હલીફ અન્ઝ બિન વાઈલમાંથી હતા.

૧૦———હઝરત આમિર બિન બુકૈર બિન અબ્દે-યાલીલ બિન નાશિબ બિન ગિયરહ બિન સઅદ બિન લૈસ રદિયલ્લાહુ અન્હુ.

૧૧———હઝરત આકિલ બિન બુકૈર રદિયલ્લાહુ અન્હુ.

૧૨———હઝરત ખાલિદ બિન બુકૈર રદિયલ્લાહુ અન્હુ.

૧૩———હઝરત ઈયાસ બિન બુકૈર રદિયલ્લાહુ અન્હુ. બનૂ અદી બિન કઅબના હલીફ.

૧૪———હઝરત સઈદ બિન ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ બિન અબ્દુલ-ઉઝઝા બિન અબ્દુલ્લાહ બિન કુર્ત બિન રયાહ બિન રઝાહ બિન અદી બિન કઅબ રદિયલ્લાહુ અન્હુ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની જંગ-વાપસી પછી મુલ્કે-શામથી આવ્યા તો આપે હઝરત સઈદને પણ ગનીમતના માલમાંથી ભાગ આપ્યો

Maktabe Ashraf

તો એમણે કહ્યું, "યા રસૂલુલ્લાહ ! ગનીમતના માલમાં મારો ભાગ ?" આપે ફરમાવ્યું, "હા તમારો ભાગ પણ ખરો."

• **બનૂ જુમહ અને બનૂ સહમ**————બનૂ જુમહ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી પાંચ ગૃહસ્થો:

૧————હઝરત ઉસ્માન બિન મઝઊન બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત ઉસ્માનના બેટા હઝરત સાઈબ બિન ઉસ્માન રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત ઉસ્માનના ભાઈ હઝરત કુદામહ બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત ઉસ્માનના ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુ.

૫————હઝરત મઅમર હારિસ બિન મઅમર બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી એક ગૃહસ્થ :

૧————હઝરત ખુનૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી બિન સહમ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ માલિક બિન હસ્લ**————બનૂ આમિર બિન લુઐયની શાખ બનૂ માલિક બિન હસ્લમાંથી પાંચ ગૃહસ્થો :

૧————હઝરત અબૂ સબ્રહ બિન અબી રુહમ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબી કૈસ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત અબ્દુલ્લાહ બિન મખ્રમહ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબી કૈસ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત અબ્દુલ્લાહ બિન સુહૈલ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લ રદિયલ્લાહુ અન્હુ. હઝરત અબ્દુલ્લાહ પોતાના પિતા સુહૈલ બિન અમ્ર સાથે મુસલમાનો વિરુધ્ધ લડવા માટે મક્કહથી આવ્યા હતા. જ્યારે બંને લશ્કરો બદ્રના મેદાનમાં આવ્યા તો હઝરત અબ્દુલ્લાહ મોકાની શોધમાં હતા તક મળતા કુરૈશના લશ્કરમાંથી નાસીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને કુરૈશી લશ્કરનો બહાદુરીથી મુકાબલો કર્યો.

૪————સુહૈલ બિન અમ્રના આઝાદ કરેલા ગુલામ હઝરત ઉમૈર બિન ઔફ રદિયલ્લાહુ અન્હુ.

૫————સુહૈલ બિન અમ્રના હલીફ હઝરત સઅદ બિન ખવલહ રદિયલ્લાહુ અન્હુ. મુલ્કે-યમનના વતની હતા.

• **બનૂ હારિસ બિન ફિહર**————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ હારિસ બિન ફિહરમાંથી પાંચ ગૃહસ્થો

૧————હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ રદિયલ્લાહુ અન્હુ. એમનું નામ આમિર બિન અબ્દુલ્લાહ બિન જર્રાહ બિન હિલાલ બિન ઉહૈબ બિન દિબાહ બિન હારિસ હતું.

૨————હઝરત અમ્ર બિન હારિસ બિન ઝુહૈર બિન અબી શદ્દાદ બિન રબીઅહ બિન હિલાલ બિન ઉહૈબ બિન દિબાહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત સુહૈલ બિન વહબ બિન રબીઅહ બિન હિલાલ બિન ઉહૈબ બિન દિબહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત સુહૈલના ભાઈ હઝરત સફવાન બિન વહબ રદિયલ્લાહુ અન્હુ. બંને ભાઈઓ બૈદાઅના બેટા હતા.

૫———હઝરત અમ્ર બિન અબી સરહ બિન રબીઅહ બિન હિલાલ...... રદિયલ્લાહુ અન્હુ.

સારાંશ કે મક્કહથી હિજરત કરીને મદીનહ આવેલા આ બધા મુહાજિરો જંગે-બદ્રમાં શામિલ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને ગનીતમમાંથી હિસ્સો આપ્યો. કુલ સંખ્યા ૮૩ થાય છે.

ઈબ્ને હિશામ કહે છે : ઈબ્ને ઈસ્હાક વગર જંગે-બદ્રની માહિતી ધરાવનારા ઘણા જાણકારોએ બીજા ત્રણ ગૃહસ્થોના નામો પણ દર્શાવ્યાં છે જેઓએ જંગે-બદ્રમાં ભાગ લીધો હતો. ઈબ્ને ઈસ્હાકે દર્શાવેલી ટીપમાં એમના નામો નથી. એ ત્રણ ગૃહસ્થો આ છે :

૧———બનૂ આમિર બિન લુઐયમાંથી : હઝરત વહબ બિન સઅદ બિન અબી સરહ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત હાતિબ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ.

૩———બનૂ હારિસ બિન ફિહરમાંથી : હઝરત અયાઝ બિન અબી ઝુહૈર રદિયલ્લાહુ અન્હુ.

જો આ ત્રણ ગૃહસ્થોને પણ શામિલ કરી લેવામાં આવે તો જંગે-બદ્રમાં ભાગ લનોરા મુહાજિરોની સંખ્યા ૮૬ થાય છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૦

જંગે-બદ્રમાં ભાગ લેનારા અન્સાર

ઔસ કબીલાના મુજાહિદોના મુબારક નામો [૧]

બનૂ અબ્દે-અશહલ • બનૂ સવાદ અને બનૂ રઝાહ • બનૂ હારિસહ બિન હારિસ • બનૂ દુબૈઅહ બિન ઝૈદ • બનૂ ઉમૈયહ બિન ઝૈદ • બનૂ ઉબૈદ બિન ઝૈદ • બનૂ સઅલબા બિન અમ્ર • બનૂ જહજબા બિન કલફહ • બનૂ ગનમ બિન સલમ • બનૂ મુઆવિયહ બિન માલિક.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મદીનહના અન્સારમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જંગે-બદ્રમાં શામિલ થનારા સહાબાના મુબારક નામોની ટીપ આ છે :

• **બનૂ અબ્દે-અશહલ**——————ઔસ બિન હારિસહ બિન સઅલબા બિન અમ્ર બિન આમિરની શાખ બનૂ અબ્દે-અશહલ બિન જુશમ બિન હારિસ બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસમાંથી ૧૫ ગૃહસ્થો :

૧———હઝરત સઅદ બિન મુઆઝ બિન નુઅમાન બિન ઇમ્રઉલ-કૈસ બિન ઝૈદ બિન અબ્દે-અશહલ-રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અમ્ર બિન મુઆઝ બિન નુઅમાન. રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત હારિસ બિન અનસ બિન રાફિઅ બિન ઇમ્રઉલ-કૈસ રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત હારિસ બિન ઔસ બિન મુઆઝ બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ.

---

૧. મદીનહમાં અરબોના બે મુખ્ય કબીલા વસતા હતા : ઔસ અને ખઝરજ. વધુ ભાગે બધા ખેતીવાડીનો ધંધો કરતા હતા. નુબુવ્વતને દસમે વરસે બંને કબીલાના કેટલાક લોકો હજ્જ માટે મક્કહ ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તબલીગથી મુસલમાન બની ગયા. એ પછી આપના સહાબી હઝરત મુસઅબ બિન ઉમૈર (રદિ.)ની તબલીગથી બંને કબીલાઓનો મોટો ભાગ મુસલમાન બની ગયો. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મદીનહ પધારવાનું ભાવાભીનું આમંત્રણ આપ્યું. દિલોજાનથી આપનો સત્કાર કર્યો પોતાનું સર્વસ્વ આપના ચરણોમાં કુરબાન કરીને આપના અદના ગુલામ બની ગયા અને અન્સારનો માનભર્યો લકબ મેળવ્યો. અન્સાર અરબીના નાસિર શબ્દનું બહુવચન છે. જેના અર્થ મદદગાર, સહાયક, સહકારી વગેરે થાય છે. ઇસ્લામની પરિભાષામાં અન્સાર મદીનહના તે લોકોને કહે છે જેઓએ ઇસ્લામના આરંભ કાળમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા આપના મક્કી સાથીઓની દરેક પ્રકારે મદદ કરી. બંને કબીલામાંથી ઘણી શાખો નીકળેલી હતી. અહીં ઔસ કબીલાની શાખોમાંથી બદ્રમાં શરીક થયેલા સહાબાના મુબારક નામોની

૫———બનૂ ઉબૈદ બિન કઅબ બિન અબ્દે-અશહલમાંથી: હઝરત સઅદ બિન ઝૈદ બિન માલિક બિન ઉબૈદ રદિયલ્લાહુ અન્હુ.

૬———બનૂ ઝઊરા બિન અબ્દે-અશહલમાંથી : હઝરત સલમહ બિન સલામહ બિન વકૂશ બિન ઝઅબહ બિન ઝઊરા. રદિયલ્લાહ અન્હુ.

૭———હઝરત અબ્બાદ બિન બિશ્ર બિન વકૂશ બિન ઝઅબહ બિન ઝઊરા. રદિયલ્લાહુ અન્હુ.

૮———હઝરત સલમહ બિન સાબિત બિન વકશ. રદિયલ્લાહુ અન્હુ.

૯———હઝરત રાફિઅ બિન યઝીદ બિન કુર્ઝ બિન સકન બિન ઝઊરા. રદિયલ્લાહુ અન્હુ.

૧૦———હઝરત હારિસ બિન ખુઝામહ બિન અદી બિન ઉબય બિન ગનમ બિન સાલિમ બિન ઔફ બિન અમ્ર બિન ખઝરજ રદિયલ્લાહુ અન્હુ જેઓ બનૂ ઔફ બિન ખઝરજમાંથી બનૂ અબ્દે અશહલના હલીફ હતા.

૧૧———બનૂ હારિસહ બિન હારિસમાંથી તેઓના હલીફ હઝરત મુહંમદ બિન મસ્લમહ બિન ખાલિદ બિન અદી બિન મજદિઆ બિન હારિસહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૧૨———બનૂ હારિસહ બિન હારિસમાંથી તેઓના હલીફ હઝરત સલમહ બિન અસ્લમ બિન હુરૈશ બિન અદી બિન મજદિઆ બિન હારિસહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૧૩———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબુલ-હૈસમ બિન તૈયિહાન. રદિયલ્લાહુ અન્હુ.

૧૪———હઝરત ઉબૈદ બિન તૈયિહાન રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે : કેટલાકના કથન મુજબ ઉબૈદને બદલે અતીક બિન તૈયિહાન. રદિયલ્લાહુ અન્હુ.

૧૫———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન સહલ રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે: હઝરત અબ્દુલ્લાહ બિન સહલ બનૂ ઝઊરામાંથી હતા. કેટલાકે કહ્યું કે ગસ્સાન કબીલામાંથી હતા.

• **બનૂ સવાદ અને બનૂ રઝાહ**————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ ઝફરની શાખ બનૂ સવાદ બિન કઅબ અને કઅબનું જ બીજું નામ ઝફરમાંથી બે ગૃહસ્થો :

૧———હઝરત કતાદહ બિન નુઅમાન બિન ઝૈદ બિન આમિર બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત ઉબૈદ બિન ઔસ બિન માલિક બિન સવાદ. રદિયલ્લાહુ અન્હુ.

ઇબ્ને હિશામ કહે છે : હઝરત ઉબૈદ બિન ઔસ તે ગૃહસ્થ છે જેમનું નામ "મુકર્રિન" પડી ગયું હતું કેમકે બદ્રમાં એમણે ચાર મુશરિક કેદીઓને પકડીને એકઠા કરી દીધા હતા. અને હઝરત અલીના ભાઇ અકીલ બિન અબી તાલિબને પણ એમણે જ ગિરિફતાર કર્યા હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ અબ્દ બિન રઝાહ બિન કઅબમાંથી ત્રણ ગૃહસ્થો :

૧———હઝરત નસ્ર બિન હારિસ બિન અબ્દ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત મુઅત્તબ બિન અબ્દ રદિયલ્લાહુ અન્હુ.

૩———અને એમના હલીફોમાંથી બનૂ બલ્લીવાળા હઝરત અબ્દુલ્લાહ બિન તારિક રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ હારિસહ અને બનૂ ઉબૈદહ———— –બનૂ હારિસહ બિન હારિસ બિન ખઝરજ બિન અમ્ર બિન

માલિક બિન ઔસમાંથી ત્રણ ગૃહસ્થો :

૧———હઝરત મસઊદ બિન સઅદ બિન આમિર બિન અદી બિન જુશમ બિન મજ્દઆ બિન હારિસહ રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે : કેટલાકે મસઊદ બિન અબ્દે-સઅદ કહ્યું છે.

૨———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ અબ્સ બિન જબ્ર બિન અમ્ર બિન ઝૈદ બિન જુશમ બિન મજ્દઆ બિન હારિસહ રદિયલ્લાહુ અન્હુ.

૩———અને બનૂ બલ્લીમાંથી એમના હલીફ હઝરત અબૂ બુર્દહ બિન નયાર જેમનું નામ હાની બિન નયાર બિન ઉમર બિન ઉબૈદ બિન કિલાબ....બિન કુદાઅહ હતું. રદિયલ્લાહુ અન્હુ.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ અમ્ર બિન ઔફ બિન ઓસની શાખ બનૂ દુબૈઅહ બિન ઝૈદ બિન માલિક બિન ઔફ બિન અમ્ર બિન ઔફમાંથી પાંચ ગૃહસ્થો :

૧———હઝરત આસિમ બિન સાબિત બિન કૈસ રદિયલ્લાહુઅન્હુ.

૨———હઝરત મુઅત્તબ બિન કુશૈર બિન મુલૈલ બિન ઝૈદ બિન અત્તાફ બિન દુબૈઅહ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત અબૂ મુલૈલ બિન અઝઅર બિન ઝૈદ બિન અત્તાફ બિન દુબૈઅહ રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત ઉમૈર બિન મઅબદ રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત સહલ બિન હુનૈફ બિન વાહિબ બિન ઉકૈમ બિન મજ્દઆ બિન હારિસ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ ઉમૈયહ બિન ઝૈદ**————બનૂ ઉમૈયહ બિન ઝૈદ બિન માલિકમાંથી ૯ ગૃહસ્થો :

૧———હઝરત મુબશ-શિર બિન અબ્દુલ મુનઝિર બિન ઝૈદ બિન ઉમૈયહ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત રિફાઅહ બિન અબ્દુલ-મુનઝિર બિન ઝનીર રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત સઅદ બિન ઉબૈદ બિન નુઅમાન બિન કૈસ બિન અમ્ર બિન ઝૈદ બિન ઉમૈયહ રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત ઉવૈમ બિન સાઇદહ રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત રાફિઅ બિન ઉન્જદહ રદિયલ્લાહુ અન્હુ. ઉન્જદહ એમની માનું નામ છે.

૬———હઝરત ઉબૈદ બિન અબી ઉબૈદ રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત સઅલબહ બિન હાતિબ રદિયલ્લાહુ અન્હુ.

૮———હઝરત અબૂ લુબાબહ બિન અબ્દુલ-મુનઝિર રદિયલ્લાહુ અન્હુ.

૯———હઝરત હારિસ બિન હાતિબ રદિયલ્લાહુ અન્હુ.

છેલ્લા બે ગૃહસ્થો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે મદીનહથી બદ્ર જવા રવાના થયા. જ્યારે ''રવહા''સ્થળે પહોંચ્યા તો આપે એ બંને ગૃહસ્થોને મદીનહ મોકલાવી દીધા. એમાંથી હઝરત અબૂ લુબાબહને મદીનહના હાકિમ એટલે ગવર્નર બનાવીને મોકલાવ્યા. ગનીમતના માલમાંથી આપે બંને ગૃહસ્થોને

અને હઝરત અબૂ લુબાબહનું અસલ નામ બશીર હતું.

• **બનૂ ઉબૈદ બિન ઝૈદ**——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ઉબૈદ બિન ઝૈદ બિન માલિકમાંથી સાત ગૃહસ્થો :

૧———હઝરત ઉનૈસ બિન કતાદહ બિન રબીઅહ બિન ખાલિદ બિન હારિસ બિન ઉબૈદ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત મઅન બિન અદી બિન જદ્દ બિન ઈજલાન બિન દુબૈઅહ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત સાબિત બિન અકરામ બિન સઅલબા બિન અદી બિન ઈજલાન રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત અબ્દુલ્લાહ બિન સલમહ બિન માલિક બિન હારિસ બિન અદી બિન ઈજલાન રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત ઝૈદ બિન અસલમ બિન સઅલબા બિન અદી બિન ઈજલાન રદિયલ્લાહુ અન્હુ.

૬———હઝરત રબઈ બિન રાફિઅ બિન ઝૈદ બિન હારિસહ બિન જદ્દ બિન ઈજલાન રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત આસિમ બિન અદી બિન જદ્દ બિન ઈજલાન રદિયલ્લાહુ અન્હુ. હઝરત આસિમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે મદીનહથી બદ્ર જવા રવાના થયા હતા. પણ આપે એમને પાછા મોકલાવી દીધા અને ગનીમતના માલમાંથી હિસ્સો આપ્યો.

• **બનૂ સઅલબા બિન અમ્ર**——————બનૂ સઅલબા બિન અમ્ર બિન ઔફમાંથી સાત ગૃહસ્થો:

૧———હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર બિન નુઅમાન બિન ઉમૈયહ બિન બુર્ક જેનું નામ ઈમ્રઉલ-કૈસ બિન સઅલબા રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત આસિમ બિન કૈસ બિન સાબિત બિન નુઅમાન બિન ઉમૈયહ બિન ઈમ્રઉલ-કૈસ બિન સઅલબા રદિયલ્લાહુ અન્હુ.

૩———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ દય્યાહ બિન સાબિત બિન નુઅમાન બિન ઉમૈયહ બિન ઈમ્રઉલ-કૈસ બિન સઅલબા રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત અબૂ હન્નહ બિન સાબિત બિન નુઅમાન....રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ હન્નહ હઝરત અબૂ દય્યાહના ભાઈ હતા. કેટલાકે અબૂ હન્નાહને બદલે અબૂ હય્યહ કહ્યું છે.

૫———હઝરત સાલિમ બિન ઉમૈર સાબિત બિન નુઅમાન.....રદિયલ્લાહુ અન્હુ. કેટલાકે એમને સાબિત બિન અમ્ર પણ કહ્યા છે.

૬———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત હારિસ બિન નુઅમાન બિન ઉમૈયહ બિન ઈમ્રઉલ-કૈસ બિન સઅલબા રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત ખવાત અથવા ખવ્વાત બિન જુબૈર બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને પણ ગનીમતના માલમાંથી હિસ્સો આપ્યો.

• **બનૂ જહજબા બિન કલફહ**——————બનૂ જહજબા બિન કલફહ બિન ઔફ બિન અમ્ર બિન ઔફમાંથી બે ગૃહસ્થો :

૧————હઝરત મુનઝિર બિન મુહંમદ બિન ઉકબહ બિન ઉહૈહા બિન જુલાહ બિન હુરૈશ બિન જહજબા બિન કુલફહ રદિયલ્લાહુ અન્હુ.

૨————એમના હલીફો બનૂ ઉનૈફમાંથી હઝરત અબૂ અકીલ બિન અબ્દુલ્લાહ બિન સઅલબા બિન તૈજાન બિન આમિર......રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ ગનમ બિન સલમ**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ગનમ બિન સલમ બિન ઈમ્રઉલ-કૈસ બિન માલિક બિન ઔસમાંથી પાંચ ગૃહસ્થો :

૧————હઝરત સઅદ બિન ખૈસમહ બિન હારિસ બિન માલિક બિન કઅબ બિન નુહાત.....રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત મુનઝિર બિન કુદામહ બિન અર્ફજહ રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત માલિક બિન કુદામહ બિન અર્ફજહ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત હારિસ બિન અર્ફજહ. રદિયલ્લાહુ અન્હુ.

૫————બનૂ ગનમના આઝાદ કરેલા ગુલામ હઝરત તમીમ રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત તમીમ, સઅદ બિન ખૈસમહના આઝાદ કરેલા હતા.

• **બનૂ મુઆવિયહ બિન માલિક**————ઈબ્ને ઈસ્હાક કહે છે: બનૂ મુઆવિયહ બિન માલિક બિન ઔફ બિન અમ્ર બિન ઔફમાંથી ત્રણ ગૃહસ્થો :

૧————હઝરત જબ્ર બિન અતીક બિન હારિસ બિન કૈસ બિન હૈશહ બિન હારિસ બિન ઉમૈયહ બિન મુઆવિયહ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત માલિક બિન નુમૈલહ રદિયલ્લાહુઅન્હુ. બનૂ મઝીનહના હલીફોમાંથી.

૩————બનૂ બલ્લીના હલીફોમાંથી હઝરત નુઅમાન બિન અસ્ર અથવા ઉસ્ર રદિયલ્લાહુ અન્હુ.

સારાંશ કે મદીનહના અન્સારના ઔસ કબીલામાંથી જે લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની સાથે જંગે-બદ્રમાં શરીક રહ્યા અને જેઓને આપે ગનીમતના માલમાંથી હિસ્સો આપ્યો એ ૬૧ ગૃહસ્થો હતા.

પ્રકરણ ૧૦૧

જંગે-બદ્રમાં ભાગ લેનારા અન્સાર

ખઝરજ કબીલાના મુજાહિદોના મુબારક નામો

બનૂ ઇમ્રઉલ-કૈસ • બનૂ ઝૈદ અને બનૂ અદી • બનૂ અહમર, બનૂ જુશમ, બનૂ ઝૈદ • બનૂ ખ઼િદારહ અને બનૂ અબજર • બનૂ ઔફ અને બનૂ જઝઅ • બનૂ સાલિમ, બનૂ અસરામ, બનૂ દઅદ • બનૂ કરયૂશ, બનૂ મર્ઝખહ, બનૂ લુઝાન • બનૂ ગુસૈન્હ • બનૂ સાઇદહ, બનૂ બુદ્દી, બનૂ તરીફ • બનૂ જુહૈનહ • બનૂ જુશમ • બનૂ ઉબૈદ બિન અદી • બનૂ ખુનાસ બિન સિનાન • બનૂ નુઅમાન, અને બનૂ સવાદ • બનૂ અદી બિન નાબી • બનૂ ઝુરૈક બિન આમિર • બનૂ ખાલિદ અને બનૂ ખલદહ • બનૂ ઇજલાન અને બનૂ બયાદહ • બનૂ હબીબ, બનૂ સઅલબા, બનૂ ઉસૈરહ બનૂ અમ્ર • બનૂ ઉબૈદ અને બનૂ આઇઝ • બનૂ ઝૈદ અને બનૂ સવાદ • બનૂ આમિર અને બનૂ અમ્ર • બનૂ અદી બિન અમ્ર • બનૂ હરામ અને બનૂ માઝિન • બનૂ ખન્સાઅ, બનૂ સઅલબા, બનૂ દીનાર • બનૂ કૈસ બિન માલિક.

• **બનૂ ઇમ્રઉલ-કૈસ**————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે મદીનહના અન્સારમાંથી ખઝરજ બિન હારિસ બિન સઅલબા બિન અમ્ર બિન આમિરની શાખ બનૂ હારિસ બિન ખઝરજ અને પછી તેની શાખ બનૂ ઇમ્રઉલ-કૈસ બિન માલિક બિન સઅલબા બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ બિન ખઝરજમાંથી ચાર ગૃહસ્થો જંગે-બદ્રમાં શામિલ હતા.

૧————હઝરત ખારિજહ બિન ઝૈદ બિન અબી ઝુહૈર બિન માલિક બિન ઇમ્રઉલ-કૈસ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત સઅદ બિન રબીઅ બિન અમ્ર બિન અબી ઝુહૈર બિન માલિક બિન ઇમ્રઉલ-કૈસ રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત અબ્દુલ્લાહ બિન રવાહ બિન સઅલબા બિન ઇમ્રઉલ-કૈસ બિન અમ્ર બિન ઇમ્રઉલ-કૈસ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત ખલ્લાદ બિન સુવૈદ બિન સઅલબા બિન અમ્ર બિન હારિસહ બિન ઇમ્રઉલ-કૈસ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ ઝૈદ અને બનૂ અદી**————બનૂ ઝૈદ બિન માલિક બિન સઅલબા બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ બિન ખઝરજમાંથી બે ગૃહસ્થો :

૧———હઝરત બશીર બિન સઅદ બિન સ઼અલબા બિન ખલ્લાસ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત સમ્માક બિન સઅદ રદિયલ્લાહુ અન્હુ હઝરત બશીરના ભાઈ

• બનૂ અદી બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ઼ બિન ખઝરજમાંથી ત્રણ ગૃહસ્થો :

૩———હઝરત સુબૈઅ બિન કૈસ બિન એશહ બિન ઉમૈયહ બિન માલિક બિન આમિર બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત અબ્બાદ બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ. હઝરત સુબૈઅના ભાઈ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે કહ્યું કે એશહ નહિ બલકે અબ્બાદ બિન કૈસ બિન અબસહ છે.

૫———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્સ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ અહમર, બનૂ જુશમ, બનૂ ઝૈદ**———બનૂ અહમર બિન હારિસ઼હ બિન સ઼અલબા બિન કઅબ બિન ખઝરજ બિન હારિસ઼ બિન ખઝરજમાંથી એક જ ગૃહસ્થ :

૧———હઝરત યઝીદ બિન હારિસ઼ બિન કૈસ બિન માલિક બિન અહમર રદિયલ્લાહુ અન્હુ. એમને જ ઈબ્ને-ફુસ્હમ પણ કહે છે. ઈબ્ને હિશામ કહે છે. ફુસ્હમ એમના માતાજીનું નામ હતું અને તે બનૂ અલ-કૈન બિન જસ્રમાંથી હતી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ જુશમ બિન હારિસ઼ બિન ખઝરજ અને ઝૈદ બિન હારિસ઼ બિન ખઝરજ (જેઓ જોડિયા હતા) માંથી ચાર ગૃહસ્થો :

૧———હઝરત ખુબૈબ બિન ઈસાફ બિન ઉત્બહ બિન અમ્ર બિન ખુદૈજ બિન આમિર બિન જુશમ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ બિન સ઼અલબા...રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત હુરૈસ઼ બિન ઝૈદ બિન સ઼અલબા.....રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત સુફયાન બિન બિશ્ર અંગે પણ દાવો કરવામાં આવે છે કે જંગે-બદ્રમાં શામિલ હતા રદિયલ્લાહુ અન્હુ ઈબ્ને હિશામ કહે છે : સુફયાન બિન બિશ્ર નહિ, સુફયાન બિન નસ્ર બિન અમ્ર બિન હારિસ઼ બિન કઅબ બિન ઝૈદ.

બનૂ જિદારહ અને બનૂ અબજર———ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ જિદારહ બિન ઔફ બિન હારિસ઼ બિન ખઝરજમાંથી ચાર ગૃહસ્થો :

૧———હઝરત તમીમ બિન યુઆર બિન કૈસ બિન અદી બિન ઉમૈયહ બિન જિદારહ રદિયલ્લાહુ અન્હુ.

૨———બનૂ હારિસ઼હમાંથી : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે: અબ્દુલ્લાહ બિન ઉમૈર બિન અદી બિન ઉમૈયહ બિન જિદારહ.

૩———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઝૈદ બિન મુઝૈયિન બિન કૈસ બિન ઉમૈયહ બિન જિદારહ. રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત અબ્દુલ્લાહ બિન અર્ફતહ બિન અદી બિન ઉમૈયહ બિન જિદારહ રદિયલ્લાહુ અન્હુ

Maktabe Ashraf

૫————બનૂ અબજર જેઓને બનુ ખુદરહ અથવા ખદિરહ બિન ઔફ બિન હારિસ બિન ખઝરજ પણ કહેવામાં આવે છે——માંથી એક ગૃહસ્થ : હઝરત અબ્દુલ્લાહ બિન રબીઅ બિન કૈસ બિન અમ્ર બિન અબ્બાદ બિન અબજર રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ ઔફ અને બનૂ જઝઅ**————બનૂ ઔફ બિન ખઝરજની શાખ બનૂ ઉબૈદ બિન માલિક બિન સાલિમ બિન ગનમ બિન ઔફ બિન ખઝરજ- જેઓને બનૂ હુબ્લા પણ કહે છે-માંથી બે ગૃહસ્થોઃ

૧————હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉબય બિન માલિક બિન હારિસ બિન ઉબૈદ રદિયલ્લાહુ અન્હુ ઇબ્ને હિશામ કહે છે : હુબ્લાનું નામ સાલિમ બિન ગનમ બિન ઔફ હતું. તેનું પેટ મોટું ફૂલી ગયેલું હોવાથી હુબ્લા નામે પ્રખ્યાત થઇ ગયો. હઝરત અબ્દુલ્લાહનો બાપ અબ્દુલ્લાહ બિન ઉબય મદીનહના મુનાફિકોનો સૌથી મોટો સરદાર હતો. તે "ઇબ્ને-સલૂલ"ના નામે પંકાયેલો હતો. સલૂલ એક સ્ત્રીનું નામ હતું જે ઉબયની મા હતી. અબ્દુલ્લાહ બિન ઉબયના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ સાચા મુસ્લિમ યુવક હતા.

૨————હઝરત ઔસ બિન ખવલી બિન અબ્દુલ્લાહ બિન હારિસ બિન ઉબૈદ રદિયલ્લાહુ અન્હુ.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ જઝઅ બિન અદી બિન માલિક બિન સાલિમ બિન ગનમમાંથી છ ગૃહસ્થોઃ

૧————હઝરત ઝૈદ બિન વદીઅહ બિન અમ્ર બિન કૈસ બિન જઝઅ રદિયલાહુ અન્હુ.

૨————બનૂ અબ્દુલ્લાહ બિન ગત્ફાનમાંથી તેઓના હલીફ : હઝરત ઉકબહ બિન વહબ બિન કલદહ રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત રિફાઅહ બિન અમ્ર બિન ઝૈદ બિન અમ્ર બિન સઅલબા બિન માલિક બિન સાલિમ બિન ગનમ રદિયલ્લાહુ અન્હુ.

૪————એમના હલીફ હઝરત આમિર બિન સલમહ બિન આમિર યમનવાળા રદિયલ્લાહુ અન્હુ.

૫————હઝરત અબૂ ખુમૈસહ મઅબદ બિન અબ્બાદ બિન કુશૈર...રદિયલ્લાહુ અન્હુ.

૬————એમના હલીફ હઝરત આમિર બિન બુકૈર રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે : કેટલાકે એમને આમિર બિન ઉકૈર અને અમુકે આસિમ બિન ઉકૈર કહ્યા છે.

• **બનૂ સાલિમ, બનૂ અસરામ, બનૂ દઅદ**————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ સાલિમ બિન ઔફ બિન અમ્ર બિન ઔફ બિન ખઝરજની શાખ બનૂ ઇજલાન બિન ઝૈદ બિન ગનમ બિન સાલિમમાંથી એક ગૃહસ્થ :

૧————હઝરત નવફલ બિન અબ્દુલ્લાહ બિન નદલહ બિન માલિક બિન ઇજ્લાન રદિયલ્લાહુ અન્હુ.

બનૂ અસરામ બિન ફિહર બિન સઅલબા બિન ગનમ બિન સાલિમ બિન ઔફમાંથી બે ગૃહસ્થોઃ

૨————હઝરત ઉબાદહ બિન સામિત બિન કૈસ બિન અસરામ રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત ઔસ બિન સામિત રદિયલ્લાહુ અન્હુ. હઝરત ઉબાદહના ભાઇ.

૪————હઝરત નુઅમાન બિન માલિક બિન સઅલબા બિન દઅદ રદિયલ્લાહુ અન્હુ. આ હઝરત નુઅમાન

તે ગૃહસ્થ છે જેમને ફૂકલ કહેવામાં આવે છે.

• **બનૂ કરયૂશ, બનૂ મર્ઝખહ, બનૂ લૂઝાન**————બનૂ કરયૂશ બિન ગનમ બિન ઉમૈયહ બિન સાલિમમાંથી એક ગૃહસ્થ :

૧———હઝરત સાબિત બિન હઝાલ બિન અમ્ર બિન કરયુશ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ મર્ઝખહ બિન ગનમમાંથી એક ગૃહસ્થ :

૨———હઝરત માલિક બિન દખશમ બિન મર્ઝખહ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ લૂઝાન બિન સાલિમમાંથી ત્રણ ગૃહસ્થો :

૩———હઝરત રબીઅ બિન ઈયાસ બિન અમ્ર બિન ગનમ બિન ઉમૈયહ બિન લૂઝાન રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત વર્કહ બિન ઈયાસ રદિયલ્લાહુ અન્હુ હઝરત રબીઅહના ભાઈ.

૫———એમના હલીફ હઝરત અમ્ર બિન ઈયાસ યમનવાળા રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ ગુસૈનહ**————ઈબ્ને ઈસ્હાક કહે છે : એમના હલીફ બનૂ બલ્લીની શાખ બનૂ ગુસૈનહમાંથી પાંચ ગૃહસ્થો :

૧———હઝરત મુજઝ-ઝર બિન ઝિયાદ બિન અમ્ર બિન ઝુમઝમહ......રદિયલ્લાહુ અન્હુ.

૨———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉબાદહ બિન ખશખાશ બિન અમ્ર બિન ઝુમ-ઝમહ. રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત નહહાબ અથવા નહહાસ બિન સઅલબા બિન ખઝમહ......રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત અબ્દુલ્લાહ બિન સઅલબા બિન ખઝમહ.....રદિયલ્લાહુ અન્હુ.

૫———બનૂ બહરાઅમાંથી એમના હલીફ હઝરત ઉત્બહ બિન રબીઅહ બિન ખાલિદ બિન મુઆવિયહ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ સાઈદહ, બનૂ બુદ્દી, બનૂ તરીફ**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ સાઈદહ બિન કઅબ બિન ખઝરજની શાખ બનૂ સઅલબા બિન ખઝરજના સાઈદહમાંથી બે ગૃહસ્થો :

૧———હઝરત અબૂ દુજાનહ સમ્માક બિન ઓસ બિન ખરશહ બિન લૂઝાન......રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત મુનઝિર બિન અમ્ર બિન ખુનૈસ બિન હારિસહ બિન લૂઝાન રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે એમને મુનઝિર બિન ખુનૈસ કહ્યા છે.

૩———ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ બુદ્દી બિન આમિર બિન ઔફ બિન હારિસહમાંથી બે ગૃહસ્થો: હઝરત અબૂ ઉસૈદ માલિક બિન રબીઅહ બિન બુદ્દી રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત માલિક બિન મસઊદ બિન બુદ્દી રદિયલ્લાહુ અન્હુ.

૫———બનૂ તરીફ બિન ખઝરજ બિન સાઈદહમાંથી એક ગૃહસ્થ : હઝરત અબ્દે-રબ-બિહી બિન હક્ક

• **બનૂ જુહૈનહ**——————બનૂ જુહૈનહના હલીફોમાંથી પાંચ ગૃહસ્થો :

૧———હઝરત કઅબ બિન જમ્માર બિન સ઼અલબા રદિયલ્લાહુ અન્હુ કેટલાકે જમ્મારને બદલે જમ્માઝ કહ્યા છે અને તેઓ ગુબશાનમાંથી હતા.

૨———હઝરત દમ્રહ બિન બિશ્ર રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત ઝિયાદ બિન બિશ્ર રદિયલ્લાહુ અન્હુ બંને ભાઈઓ હતા.

૪———હઝરત બસબસ અથવા બસીસ બિન અમ્ર બિન રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત અબ્દુલ્લાહ બિન આમિર બનૂ બલ્લીવાળા રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ જુશમ**——————બનૂ જુશમ બિન ખઝરજની શાખ બનૂ સલમહ બિન સઅદ બિન અલી બિન સઅદ....બિન જુશમ બિન ખઝરજના કબીલાના બનૂ હરામ બિન કઅબ બિન ગનમ બિન કઅબ બિન સલમહમાંથી ૧૨ ગૃહસ્થો :

૧———હઝરત ખરાશ બિન સિમ્મહ બિન અમ્ર બિન જુમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત હુબાબ બિન મુનઝિર બિન જુમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત ઉમૈર બિન હમામ બિન જુમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત ખરાશ બિન સિમ્મહના આઝાદ ગુલામ હઝરત તમીમ રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ બિન સ઼અલબા બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૬———હઝરત મુઆઝ બિન અમ્ર બિન જુમૂહ રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત મુઅવ્વઝ બિન અમ્ર બિન જુમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૮———હઝરત ખલ્લાદ બિન અમ્ર બિન જુમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૯———હઝરત ઉકબહ બિન આમિર બિન નાબી બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૧૦———હઝરત ઉકબહના આઝાદ ગુલામ હઝરત હબીબ બિન અસ્વદ રદિયલ્લાહુ અન્હુ.

૧૧———હઝરત સ઼ાબિત બિન સ઼અલબહ બિન ઝૈદ બિન હારિસ઼ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ આ તે સ઼અલબહ છે જેઓ અલ-જઝઅ નામે પંકાયેલા હતા.

૧૨———હઝરત ઉમૈર બિન હારિસ઼ બિન સ઼અલબહ બિન હારિસ઼ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે : ઉમૈર બિન હારિસ઼ પછી લબદહ પછી સ઼અલબહ છે.

• **બનૂ ઉબૈદ બિન અદી**——————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ ઉબૈદ બિન અદી બિન ગનમ બિન કઅબ બિન સલિમહની શાખ બનૂ ખન્સાઅ બિન સિનાન બિન ઉબૈદમાંથી ૯ ગૃહસ્થો :

૧———હઝરત બિશ્ર બિન બરાઅ બિન મઅરૂર બિન સખ્ર બિન માલિક બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત તુફૈલ બિન નુઅમાન બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ

૩———હઝરત તુફૈલ બિન માલિક બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત સિનાન બિન સૈફી બિન સખ્ર બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૫————હઝરત અબ્દુલ્લાહ બિન જદ્દ બિન કૈસ બિન સખ્ર બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૬————હઝરત ઉત્બહ બિન અબ્દુલ્લાહ બિન સખ્ર બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૭————હઝરત જબ્બાર બિન સખ્ર બિન ઉમૈયહ બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૮————હઝરત ખારિજહ બિન હુમૈર રદિયલ્લાહુ અન્હુ.

૯————હઝરત અબ્દુલ્લાહ બિન હુમૈર રદિયલ્લાહ અન્હુ. છેલ્લા બે ગૃહસ્થો, અશજઅ બનૂ દહમાનમાંથી, બનૂ ઉબૈદના હલીફ હતા.

• **બનૂ ખુનાસ બિન સિનાન**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ખુનાસ બિન સિનાન બિન ઉબૈદમાંથી ૭ ગૃહસ્થો :

૧————હઝરત યઝીદ બિન મુનઝિર બિન સરહ બિન ખુનાસ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત મઅકલ બિન મુનઝિર બિન સરહ બિન ખુનાસ રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત અબ્દુલ્લાહ બિન નુઅમાન બિન બલ્દમહ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે: કેટલાકે બુલ્ઝુમહ અને બુલ્દુમહ કહ્યું છે.

૪————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત દહહાક બિન હારિસહ બિન ઝૈદ બિન સઅલબહ બિન ઉબૈદ બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૫————હઝરત સવાદ બિન ઝુરૈક બિન સઅલબહ બિન ઉબૈદ બિન અદી રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે સવાદ બિન રઝન બિન ઝૈદ બિન સઅલબહ કહ્યું છે.

૬————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત મઅબદ બિન કૈસ બિન સખ્ર બિન હરામ બિન રબીઅહ બિન અદી બિન ગનમ બિન કઅબ બિન સલિમહ રદિયલ્લાહુ અન્હુ.

૭————હઝરત અબ્દુલ્લાહ બિન કૈસ બિન સખ્ર બિન હરામ બિન રબીઅહ બિન અદી બિન ગનમ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ નુઅમાન અને બનૂ સવાદ**————બનૂ નુઅમાન બિન સિનાન બિન ઉબૈદમાંથી ૪ ગૃહસ્થો:

૧————હઝરત અબ્દુલ્લાહ બિન મનાફ બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ બિન રિઆબ બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત ખુલૈદહ બિન કૈસ બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત ખુલૈદહના આઝાદ ગુલામ હઝરત નુઅમાન બિન સિનાન રદિયલ્લાહુ અન્હુ.

બનૂ સવાદ બિન ગનમ બિન કઅબ બિન સલિમહની શાખ બનૂ હદીદહ બિન અમ્ર બિન ગનમ બિન સવાદમાંથી ૪ ગૃહસ્થો : ઈબ્ને હિશામ કહે છે : સવાદનો ગનમ નામે કોઈ બેટો ન હતો.

૧————હઝરત અબુલ-મુનઝિર યઝીદ બિન આમિર બિન હદીદહ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત સુલૈમ બિન અમ્ર બિન હદીદહ રદિયલ્લાહુ અન્હુ.

Maktabe Ashraf

૩————હઝરત કુત્બહ બિન આમિર બિન હદીદહ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત સુલૈમ બિન અમ્રના આઝાદ ગુલામ હઝરત અન્તરહ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : હઝરત અન્તરહ, બનૂ સુલૈમ બિન મન્સૂરની શાખ બનૂ ઝકવાનમાંથી હતા.

• **બનૂ અદી બિન નાબી** ————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ અદી બિન નાબી બિન અમ્ર બિન સવાદ બિન ગનમમાંથી ૬ ગૃહસ્થો.

૧————હઝરત અબ્સ બિન આમિર બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત સ.અલબહ બિન ગનમહ બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત અબુલ-યુસ્ર કઅબ બિન અમ્ર બિન અબ્બાદ બિન અમ્ર બિન ગનમ બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત સહલ બિન કૈસ બિન અબી કઅબ બિન અલ્કૈન બિન કઅબ બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ.

૫————હઝરત અમ્ર બિન તલિક બિન ઝૈદ બિન ઉમૈયહ બિન સિનાન બિન કઅબ બિન ગનમ રદિયલ્લાહુ અન્હુ.

૬————હઝરત મુઆઝ બિન જબલ બિન અમ્ર બિન ઔસ બિન આયિઝ બિન અદી બિન કઅબ બિન અદી બિન અદૈય બિન સઅદ બિન અલી બિન અસદ બિન સારદહ બિન તઝીદ બિન જુશમ બિન ખઝરજ બિન હ.રિસહ બિન સ.અલબહ બિન અમ્ર બિન આમિર રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : હઝરત મુઆઝની વંશાવળીમાં ઔસ પછી અબ્બાદ બિન અદી બિન કઅબ બિન અમ્ર બિન અદૈય બિન સઅદ છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત મુઆઝ બિન જબલને બનૂ સવાદમાંથી એટલા માટે શુમાર કર્યા છે કે તેઓ, બનૂ સવાદમાંથી ન હોવા છતાં તેઓની સાથે જ રહેતા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ સલિમહ કબીલાની મૂર્તિઓ અને મંદિરોનું ખંડન કરનારાઓમાં હઝરત મુઆઝ બિન જબલ, હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ અને હઝરત સ.અલબહ બિન ગનમહએ આગળ પડતો ભાગ લીધો હતો. (ઈસ્લામ પહેલાં પોતે પણ એજ મૂર્તિઓના પૂજારી હતા. ઈસ્લામ બાદ પોતાના જ હાથે મૂર્તિઓ-મંદિરોનું ખંડન કરી નાખ્યું. કૌમ જોતી જ રહી ગઈ. પછી જ્યારે સત્ય સમજમાં આવી ગયું તો લોકો મુસલમાન બની ગયા.) એ બધા બનૂ સવાદ બિન ગનમની કૌમમાંથી જ હતા. અલ્લાહ તઆલા એ બધાથી રાજી હો !

• **બનૂ ઝુરૈક બિન આમિર** ————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ઝુરૈબ બિન આમિર બિન ઝુરૈક બિન અબ્દે-હારિસહ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજની શાખ બનૂ મખ્લદ બિન આમિર બિન ઝુરૈકમાંથી ૭ ગૃહસ્થો : ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે આમિર બિન અઝરક હોવાનું કહ્યું છે.

૧————હઝરત કૈસ બિન મિહસન બિન ખાલિદ બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે કૈસ બિન હિસ્ન કહ્યું છે.

૨————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ ખાલિદ હારિસ બિન કૈસ બિન ખાલિદ બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ.

૩————હઝરત જુબૈર બિન ઇયાસ બિન ખાલિદ બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત અબૂ ઉબાદહ સઅદ બિન ઉસ્માન બિન ખલ્દહ બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ.

૫————હઝરત અક્બહ બિન ઉસ્માન બિન ખલ્દહ બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ.

૬————હઝરત ઝકવાન બિન અબ્દે-કૈસ બિન ખલ્દહ બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ.

૭————હઝરત મસઊદ બિન ખલ્દહ બિન આમિર બિન મખ્લદ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ ખાલિદ અને બનૂ ખલ્દહ**————બનૂ ખાલિદ બિન આમિર બિન ઝુરૈકમાંથી એક ગૃહસ્થઃ

૧————હઝરત અબ્બાદ બિન કૈસ બિન આમિર બિન ખાલિદ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ ખલ્દહ બિન આમિર બિન ઝુરૈકમાંથી ૪ ગૃહસ્થો :

૧————હઝરત અસઅદ બિન યઝીદ બિન ફાકેહ બિન ઝૈદ બિન ખલ્દહ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત અલ-ફાકેહ બિન બિશ્ર બિન ફાકેહ બિન ઝૈદ બિન ખલ્દહ રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે : અલ-ફાકેહ પછી બિશ્ર નહીં યુસ્ર બિન ફાકેહ છે.

૩———— ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત મુઆઝ બિન માઇસ બિન કૈસ બિન ખલ્દહ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત આયિઝ બિન માઇસ બિન કૈસ બિન ખલ્દહ રદિયલલાહુ અન્હુ.

• **બનૂ અજલાન અને બનૂ બયાદહ**————બનૂ અજલાન બિન અમ્ર બિન આમિર બિન ઝુરૈકમાંથી ૩ ગૃહસ્થો :

૧————હઝરત રિફાઅહ બિન રાફિઅ બિન માલિક બિન અજલાન રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત ખલ્લાદ બિન રાફિઅ બિન માલિક બિન અજલાન રદિયલ્લાહુ અન્હુ. હઝરત રિફાઅહના ભાઇ.

૩————હઝરત ઉબૈદ બિન ઝૈદ બિન આમિર બિન અજલાન રદિયલ્લાહુ અન્હુ.

બનૂ બયાદહ બિન આમિર બિન ઝુરૈકમાંથી ૬ ગૃહસ્થો :

૧————હઝરત ઝિયાદ બિન લુબૈદ બિન સઅલબહ બિન સિનાન બિન આમિર બિન અદી બિન ઉમૈયહ બિન બયાદહ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત ફર્વહ બિન અમ્ર બિન વઝફહ બિન ઉબૈદ બિન આમિર બિન બયાદહ રદિયલ્લાહુ અન્હુ ઇબ્ને હિશામ કહે છે : કેટલાકે વઝફહને બદલે વદફહ કહ્યું છે.

૩————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ખાલિદ બિન કૈસ બિન માલિક બિન અજલાન બિન આમિર બિન બયાદહ રદિયલ્લાહુ અન્હુ.

૪————હઝરત રુજૈલહ બિન સઅલબહ બિન ખાલિદ બિન સઅલબહ બિન આમિર બિન બયાદહ રદિયલ્લાહુ અન્હુ. ઇબ્ને હિશામ કહે છે : કેટલાકે રુજૈલહ નહિ, રુખૈલહ કહ્યું છે.

૫————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અતિય્યહ બિન નુવૈરહ બિન આમિર બિન અતિય્યહ બિન આમિર બિન બયાદહ રદિયલ્લાહુ અન્હુ.

૬———હઝરત ખુલૈફહ બિન અદી બિન અમ્ર બિન માલિક બિન આમિર બિન કુહૈરહ બિન બયાદહ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે ખુલૈફહ નહિ, ઉલૈફહ કહ્યું છે.

• હબીબ, સઅલબહ, ઉસૈરહ, બનૂ અમ્ર ————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ હબીબ બિન અબ્દે-હારિસહ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજમાંથી એક ગૃહસ્થ :

૧———હઝરત રાફિઅ બિન મુઅલ્લા બિન લૂઝાન બિન હારિસહ બિન અદી બિન ઝૈદ બિન સઅલબહ બિન ઝૈદ મનાત બિન હબીબ રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ નજ્જાર તૈમુલ્લાહ બિન સઅલબહ બિન અમ્ર બિન ખઝરજની શાખ બનૂ ગનમ બિન માલિક બિન નજ્જારના કબીલા બનૂ સઅલબહ બિન અબ્દે-ઔફ બિન ગનમમાંથી એક ગૃહસ્થ:

૧———હઝરત અબૂ ઐયૂબ ખાલિદ બિન ઝૈદ બિન કુલૈબ બિન સઅલબહ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ ઉસૈરહ બિન અબ્દે-ઔફ બિન ગનમમાંથી એક ગૃહસ્થ

૧———હઝરત સાબિત બિન ખાલિદ બિન નુઅમાન બિન ખન્સાઅ બિન ઉસૈરહ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે ઉસૈરહને ઉશૈરહ પણ કહ્યું છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ અમ્ર બિન અબ્દે-ઔફ બિન ગનમમાંથી બે ગૃહસ્થો :

૧———હઝરત ઉમારહ બિન હઝ્મ બિન ઝૈદ બિન લૂઝાન બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત સુરાકહ બિન કઅબ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન ગઝયહ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ ઉબૈદ અને બનૂ આઈઝ ————બનૂ ઉબૈદ બિન સઅલબહ બિન ગનમમાંથી બે ગૃહસ્થો:

૧———હઝરત હારિસહ બિન નુઅમાન બિન ઝૈદ બિન ઉબૈદ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત સુલૈમ બિન કૈસ બિન કહદ રદિયલ્લાહુ અન્હુ. કહદનું નામ ખાલિદ બિન કૈસ બિન ઉબૈદ હતું. ઈબ્ને હિશામ કહે છે : હારિસહ બિન નુઅમાન બિન નફઅ બિન ઝૈદ. (નંબર ૧નું નામ)

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ આઈઝ બિન સઅલબહ બિન ગનમમાંથી બે ગૃહસ્થો : ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે આઈઝ નહિ, આબિદ કહ્યું છે.

૧———હઝરત સુહૈલ બિન રાફિઅ બિન અબી અમ્ર બિન આઈઝ રદિયલ્લાહુ અન્હુ.

૨———એમના હલીફ જુહૈનહવાળા હઝરત અદી બિન ઝગબાઅ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ ઝૈદ અને બનૂ સવાદ————બનૂ ઝૈદ બિન સઅલબહ બિન ગનમમાંથી ત્રણ ગૃહસ્થો:

૧———હઝરત મસઊદ બિન ઔસ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અબૂ ખુઝૈમહ બિન ઔસ બિન ઝૈદ બિન અસરામ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત રાફિઅ બિન હારિસ બિન સવાદ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ સવાદ બિન માલિક બિન ગનમમાંથી ૧૦ ગૃહસ્થો :

૧———હઝરત ઔફ રદિયલ્લાહુ અન્હુ.

Maktabe Ashraf

૨———હઝરત મુઅવ્વઝ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત મુઆઝ રદિયલ્લાહુ અન્હુ. મુઅવ્વઝ અને મુઆઝ બંને, હારિસ બિન રિફાઅહ બિન સવાદના બેટા હતા. એમના અમ્માંજીનું નામ બીબી અફરાઅ રદિયલ્લાહુ અન્હા હતું. ઈબ્ને હિશામ કહે છે : અફરાઅ બિન્તે ઉબૈદ બિન સઅલબહ બિન ગનમ બિન માલિક બિન નજ્જાર અને કેટલાકે રિફાઅહ બિન હારિસ બિન સવાદ હોવાનું કહ્યું છે.

૪———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત નુઅમાન બિન અમ્ર બિન રિફાઅહ બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકે નુઅમાન નહિ, નુઐમાન કહ્યું છે.

૫———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત આમિર બિન મખ્લદ બિન હારિસ બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ.

૬———હઝરત અબ્દુલ્લાહ બિન કૈસ બિન ખાલિદ બિન ખલ્દહ બિન હારિસ બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત બનૂ અશ્જઅમાંથી એમના હલીફ હઝરત ઉસૈમહ રદિયલ્લાહુ અન્હુ.

૮———બનૂ જુહૈનહમાંથી એમના હલીફ હઝરત વુદૈઅહ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ.

૯———હઝરત સાબિત બિન અમ્ર બિન ઝૈદ બિન અદી બિન સવાદ રદિયલ્લાહુ અન્હુ.

૧૦———એમનો દાવો છે કે, હારિસ બિન અફરાઅના આઝાદ ગુલામ હઝરત અબુલ-હમરાઅ પણ જંગે બદ્રમાં શામિલ હતા. રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : અબુલ-હમરાઅ હારિસ બિન રિફાઅહના આઝાદ કરેલા ગુલામ હતા.

• **બનૂ આમિર અને બનૂ અમ્ર**———ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ આમિર બિન માલિક બિન નજ્જાર (અને આમિરનું નામ મબઝૂલ હતું.)ની શાખ બનૂ અતીક બિન અમ્ર બિન મબઝૂલમાંથી ત્રણ ગૃહસ્થો :

૧———હઝરત સઅલબહ બિન અમ્ર બિન મિહસન બિન અમ્ર બિન અતીક રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત સહલ બિન અતીક બિન નુઅમાન બિન અમ્ર બિન અતીક રદિયલ્લાહુ અન્હુ.

૩———અને હઝરત હારિસ બિન સિમ્મહ બિન અમ્ર બિન અતીક રદિયલ્લાહુ અન્હુ. એમની ટાંગ રવહાઅ સ્થળે તૂટી ગઈ હતી. એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગનીમતના માલમાંથી હિસ્સો ઈનાયત કર્યો.

બનૂ અમ્ર બિન માલિક બિન નજ્જાર, જેઓ બનૂ હુઝૈલહ કહેવાય છે, ની શાખ બનૂ કૈસ બિન ઉબૈદ બિન ઝૈદ બિન મુઆવિયહ બિન અમ્ર બિન માલિક બિન નજ્જારમાંથી બે ગૃહસ્થો : ઈબ્ને હિશામ કહે છે: બીબી હુઝૈલહ બિન્તે માલિક, મુઆવિયહ બિન અમ્ર બિન માલિક નજ્જારની મા હતી, જેથી બનૂ મુઆવિયહ એમના જ નામે ઓળખાય છે.

૧———હઝરત ઉબય બિન કઅબ બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અનસ બિન મુઆઝ બિન અનસ બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ અદી બિન અમ્ર**———બનૂ અદી બિન અમ્ર બિન માલિક બિન નજ્જારમાંથી ત્રણ ગૃહસ્થો: ઈબ્ને હિશામ કહે છે : આ લોકો બનૂ મગાલહ બિન્તે ઔફ બિન અબ્દે-મનાત બિન અમ્ર બિન માલિક

બિન કિનાનહ બિન ખુઝૈમહનું કુટુંબ છે. કેટલાકના કથન મુજબ બીબી મગાલહ, બનૂ ઝુરૈકની અને અદી બિન અમ્રની મા હતી જેથી બનૂ અદીના લોકો તેઓમાંથી જ ગણાય છે.

૧———હઝરત ઔસ બિન સાબિત બિન મુનઝિર બિન હરામ બિન અમ્ર બિન ઝૈદ મનાત બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અબૂ શૈખ ઉબય બિન સાબિત બિન મુનઝિર બિન હરામ........રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : અબૂ શૈખ ઉબય બિન સાબિત હઝરત હસ્સાન બિન સાબિતના ભાઈ છે.

૩———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ તલહા ઝૈદ બિન સહલ બિન અસ્વદ બિન હરામ બિન અમ્ર બિન ઝૈદ મનાત બિન અદી રદિયલ્લાહુ અન્હુ.

બનૂ અદી બિન નજ્જારની શાખ બનૂ અદી બિન આમિર બિન ગનમ બિન અદી બિન નજ્જારમાંથી ૮ ગૃહસ્થો :

૧———હઝરત હારિસહ બિન સુરાકહ બિન હારિસ બિન અદી.........રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અમ્ર બિન સઅલબહ બિન વહબ બિન અદી.........રદિયલ્લાહુ અન્હુ. એમનું ઉપનામ અબૂ હકીમ હતું.

૩———હઝરત સુલૈત બિન કૈસ બિન અમ્ર બિન અતીક બિન માલિક બિન અદી બિન આમિર રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત અબૂ સુલૈત રદિયલ્લાહુ અન્હુ. એમનું નામ ઉસૈરહ બિન અમ્ર છે. અમ્રનું ઉપનામ અબૂ ખારિજહ બિન કૈસ છે.

૫———હઝરત સાબિત બિન ખન્સાઅ બિન અમ્ર બિન માલિક બિન અદી બિન આમિર રદીયલ્લાહુ અન્હુ.

૬———હઝરત આમિર બિન ઉમૈયહ બિન ઝૈદ બિન હસહાસ બિન માલિક.......રદિયલ્લાહુ અન્હુ.

૭———હઝરત મુહરિઝ બિન આમિર બિન અદી બિન આમિર રદિયલ્લાહુ અન્હુ.

૮———હઝરત સવાદ બિન ગઝયહ બિન ઉહૈબ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ હરામ અને બનૂ માઝિન**———ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ હરામ બિન જુન્દુબ બિન આમિર બિન ગનમ બિન અદી બિન નજ્જારમાંથી ૪ ગૃહસ્થો :

૧———હઝરત અબૂ ઝૈદ કૈસ બિન સકન બિન કૈસ બિન ઝઊરા બિન હરામ. રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત અબુલ-અઅવર બિન હારિસ બિન ઝાલિમ બિન અબ્સ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત સુલૈમ બિન મિલ્હાન રદિયલ્લાહુ અન્હુ.

૪———હઝરત હરામ બિન મિલ્હાન રદિયલ્લાહુ અન્હુ. હઝરત સુલૈમના ભાઈ. મિલ્હાનનું નામ માલિક બિન ખાલિદ બિન ઝૈદ બિન હરામ હતું.

બનૂ માઝિન બિન નજ્જારની શાખ બનૂ ઔફ બિન મબઝૂલ બિન અમ્ર બિન ગનમ બિન માઝિન બિન નજ્જારમાંથી ૩ ગૃહસ્થો :

Maktabe Ashraf

૧———હઝરત કૈસ બિન અબૂ સઅસઆ રદિયલ્લાહુ અન્હુ. અબૂ સઅસઆનું નામ અમ્ર બિન ઝૈદ બિન ઔફ હતું.

૨———હઝરત અબ્દુલ્લાહ બિન કઅબ બિન અમ્ર બિન ઔફ રદિયલ્લાહુ અન્હુ.

૩———બનૂ અસદ બિન ખુઝૈમહમાંથી તેઓના હલીફ હઝરત ઉસૈમહ રદિયલ્લાહુ અન્હુ.

• **ખન્સાઅ, સુઅલબહ, બનૂ દીનાર**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ખન્સાઅ બિન મબઝૂલ બિન અમ્ર બિન ગનમ બિન માઝિનમાંથી બે ગૃહસ્થો :

૧———હઝરત અબૂ દાવૂદ ઉમૈર બિન આમિર બિન માલિક બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત સુરાકહ બિન અમ્ર બિન અતિય્યહ બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ સુઅલબહ બિન માઝિન નજ્જારમાંથી એક ગૃહસ્થ :

૧———હઝરત કૈસ બિન મખ્લદ બિન સઅલબહ બિન સખ્ર બિન હબીબ બિન હારિસ બિન સુઅલબહ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ દીનાર બિન નજ્જારની શાખ બનૂ મસઊદ બિન અબ્દુલ-અશહલ બિન હારિસહ બિન દિનાર બિન નજ્જારમાંથી ૫ ગૃહસ્થો :

૧———હઝરત નુઅમાન બિન અબ્દે-અમ્ર બિન મસઊદ રદિયલાહુ અન્હુ.

૨———હઝરત દહહાક બિન અબ્દે-અમ્ર બિન મસઊદ રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત સુલૈમ બિન હારિસ બિન સુઅલબહ બિન કઅબ બિન હારિસહ બિન દીનાર રદિયલ્લાહુ અન્હુ. હઝરત સુલૈમ, હઝરત દહહાક અને હઝરત નુઅમાનના માદરી ભાઈ હતા.

૪———હઝરત જાબિર બિન ખાલિદ બિન અબ્દુલ-અશહલ બિન હારિસહ રદિયલ્લાહુ અન્હુ.

૫———હઝરત સઅદ બિન સુહૈલ બિન અબ્દુલ-અશહલ રદિયલ્લાહુ અન્હુ.

• **બનૂ કૈસ બિન માલિક**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ કૈસ બિન માલિક બિન કઅબ બિન હારિસહ બિન દીનાર બિન નજ્જારમાંથી બે ગૃહસ્થો :

૧———હઝરત કઅબ બિન ઝૈદ બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ.

૨———એમના કરારી હઝરત બુજૈર બિન અબી બુજૈર. રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : સારાંશ કે મદીનહના અન્સારના ખઝરજ કબીલામાંથી જંગે-બદ્રમાં ભાગ લેનારા કુલ ૧૭૦ ગૃહસ્થો હતા.

ઈબ્ને હિશામ કહે છે : જંગે-બદ્રની પાયાની માહિતી ધરાવનારાઓમાંથી ઘણા માહિતગારોનું કહેવું છે કે, જંગે-બદ્રમાં ખઝરજ કબીલાના જે ગૃહસ્થો હાજર હતા તેઓમાં ખઝરજના નીચે દર્શાવેલા ગૃહસ્થોએ પણ જંગમાં ભાગ લીધો હતો :

૧———બનૂ અજલાન બિન ઝૈદ બિન ગનમ બિન સાલિમ બિન ઔફ બિન અમ્ર બિન ઔફ બિન ખઝરજમાંથી: હઝરત ઈત્બાન યા ઉત્બાન બિન માલિક બિન અમ્ર બિન અજલાન. રદિયલ્લાહુ અન્હુ.

૨———હઝરત મુલૈલ બિન વબરહ બિન ખાલિદ બિન અજલાન રદિયલ્લાહુ અન્હુ.

૩———હઝરત ઉસ્મહ યા ઈસ્મહ બિન હુસૈન બિન વબરહ બિન ખાલિદ બિન અજલાન. રદિયલ્લાહુ અન્હુ.

૪———બનૂ હબીબ બિન અબ્દે-હારિસહ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજની શાખ બનૂ ઝુરૈકમાંથી : હઝરત હિલાલ બિન મુઅલ્લા બિન લૂઝાન બિન હારિસહ બિન અદી બિન ઝૈદ બિન સઅલબા બિન માલિક બિન ઝૈદ મનાત બિન હબીબ રદિયલ્લાહુ અન્હુ પણ બદ્રની લડાઈમાં શામિલ હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : સારાંશ કે મક્કહના મુહાજિરોમાંથી જંગે-બદ્રમાં ભાગ લેનારા ૮૩ ગૃહસ્થો હતા.

મદીનહના અન્સારમાંથી ઔસ કબીલાના ૬૧ ગૃહસ્થો હતા. અને ખઝરજ કબીલામાંથી ૧૭૦ ગૃહસ્થો હતા, જેઓ જંગે-બદ્રમાં શામિલ થયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને ગનીમતના માલમાંથી હિસ્સો આપ્યો. આ હિસાબે બધા મળીને કુલ ૩૧૪ ગૃહસ્થોએ જંગે-બદ્રમાં ભાગ લીધો.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૨

જંગે-બદ્રમાં શહીદ થયેલા સહાબા

હઝરત ઉબૈદહ બિન હારિસ • હઝરત ઉમૈર બિન અબી વક્કાસ • હઝરત ઝુશ-શમાલૈન • હઝરત આકિલ બિન બુકૈર • હઝરત મહજઅ • હઝરત સફવાન બિન બૈદાઅ • હઝરત સઅદ બિન ખૈસમહ • હઝરત યઝીદ બિન હારિસ • હઝરત ઉમૈર બિન હુમામ • અનસારના બીજા શહીદો.

Maktabe Ashraf

જંગે-બદ્રને દિવસે જે મુસલમાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જંગમાં શામિલ હતા તેઓમાંથી શહીદ થનારા સહાબાના મુબારક નામોની ટીપ આ છે :

• **હઝરત ઉબૈદહ બિન હારિસ**—————કુરૈશની શાખ બનૂ મુત્તલિબ બિન અબ્દે-મનાફમાંથી એક ગૃહસ્થ: હઝરત ઉબૈદહ બિન હારિસ બિન મુત્તલિબ, રદિયલ્લાહુ અન્હુ.[૧]

હઝરત ઉબૈદહને એમના હરીફ ઉત્બહ બિન રબીઅહએ કતલ કર્યા. બદ્રને દિવસે ઉત્બહ કુરૈશી લશ્કરનો સરસેનાપતિ હતો. ઉત્બહએ હઝરત ઉબૈદહનો પગ કાપી નાખ્યો હતો. [૨] એજ ઝખ્મને કારણે સુફરાઅ સ્થળે પહોંચીને હઝરત ઉબૈદહનો ઇન્તેકાલ થઇ ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અહીં જ એમને દફન કર્યા. આ કબીલાના એજ એક ગૃહસ્થ શહીદ થયા.

• **હઝરત ઉમૈર બિન અબી વક્કાસ**—————બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી બે ગૃહસ્થો શહીદ થયા:
૧———હઝરત ઉમૈર બિન અબી વક્કાસ બિન ઉહૈબ બિન અબ્દે-મનાફ બિન ઝુહરહ રદિયલ્લાહુ અન્હુ.

---

૧. મુત્તલિબ : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદા હઝરત હાશિમના ભાઇ હતા જેઓ મદીનહ જઇને આપના દાદા અબ્દુલ-મુત્તલિબને તેમના માતાજી બીબી સલમા પોથી લઇ આવ્યા હતા. હઝરત ઉબૈદહ એજ મુત્તલિબના ફરઝંદ હારિસના બેટા હતા. ''હ''

૨. એજ ઝખ્મી હાલતમાં હઝરત ઉબૈદહને એમના સાથીઓ ઉપાડી લાવ્યા હતા. એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર ચરણોમાં માથું નાખી દીધું અને પૂછયું, ''યા રસૂલલ્લાહ ! શું હું શહીદ નથી ?'' આપે ફરમાવ્યું, ''અશહદુ અન્નક શહીદુન'' હું સાક્ષી આપું છું કે બેશક તમે શહીદ છો. ''હ''

ઇબ્ને હિશામ કહે છે : હઝરત ઉમૈર હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુના ભાઇ હતા. ૧

• **હઝરત ઝુશ-શમાલૈન**————બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી શહીદ થનારા બીજા ગૃહસ્થ:

૨————હઝરત ઝુશ-શમાલૈન બિન અબ્દે-અમ્ર બિન નદલહ. રદિયલ્લાહુ અન્હુ. એ બનૂ ખુઝાઅહની શાખ બનૂ ગુબશાનમાંથી હતા અને બનૂ ઝુહરહના હલીફ એટલે કરારી હતા.

હઝરત આકિલ બિન બુકૈર————બનૂ અદી બિન કઅબ બિન લુઐયમાંથી બે ગૃહસ્થો શહીદ થયા:

૧————હઝરત આકિલ બિન બુકૈર રદિયલ્લાહુ અન્હુ. એ બનૂ સઅદ બિન લૈસ બિન બક્ર બિન અબ્દે-મનાત બિન કિનાનહમાંથી હતા અને બનૂ અદી બિન કઅબના હલીફ હતા. (૩૪ વરસની ઉંમર હતી.)

• **હઝરત મહજઅ**————બનૂ અદી બિન કઅબ બિન લુઐયમાંથી શહીદ થનારા બીજા ગૃહસ્થ:

૨————હઝરત મહજઅ રદિયલ્લાહુ અન્હુ. એ હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુના આઝાદ કરેલા ગુલામ હતા.

• **હઝરત સફ્વાન બિન બૈદાઅ**————બનૂ હારિસ બિન ફિહરમાંથી એક ગૃહસ્થ :

૧————હઝરત સફ્વાન બિન બૈદાઅ રદિયલ્લાહુ અન્હુ.

મક્કહના મુહાજિરીનમાંથી ઉપરના ૬ ગૃહસ્થો બદ્રમાં શહીદ થયા.

• **હઝરત સઅદ બિન ખૈસમહ**————મદીનહના અનસારમાં બનૂ અમ્ર બિન ઔફમાંથી બે ગૃહસ્થો શહીદ થયા :

૧————હઝરત સઅદ બિન ખૈસમહ રદિયલ્લાહુ અન્હુ.

૨————હઝરત મુબશ-શિર બિન અબ્દુલ-મુનઝિર બિન ઝુમ્બુર રદિયલ્લાહુ અન્હુ.

• **હઝરત યઝીદ બિન હારિસ**————બનૂ હારિસ બિન ખઝરજમાંથી એક ગૃહસ્થ બદ્રમાં શહીદ થયા:

૧————હઝરત યઝીદ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ જેઓ ઇબ્ને -ફુસ્હુમ નામે જાણીતા હતા.

• **હઝરત ઉમૈર બિન હુમામ**————બનૂ સલિમહની શાખ બનૂ હરામ બિન કઅબ બિન ગનમ બિન કઅબ બિન સલિમહમાંથી એક ગૃહસ્થ બદ્રમાં શહીદ થયા :

૧————હઝરત ઉમૈર બિન હુમામ રદિયલ્લાહુ અન્હુ. જેઓ ખજૂરો ખાવાનું છોડીને બહાદુરીથી લડતાં શહીદ થઇ ગયા.

• **અનસારના બીજા શહીદો**————બનૂ હબીબ બિન અબ્દે-હારિસહ બિન માલિક બિન ગદબ બિન

૧. હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિ.)નું કથન છે : જયારે અમે મદીનહથી બદ્ર જવા ભેગા થયા તો મારો નાનો ભાઇ ઉમૈર પણ ચૂપકેથી આવીને લોકોની પાછળ અહીંતહીં સંતાવા લાગ્યો. મેં તેને જોઇ લીધો અને પૂછયું, ''ભાઇ! આ કેવું ?'' બોલ્યો, ''મારે બદ્ર આવવું છે પણ ધાસ્તી આ વાતની કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મને જોઇ લેશે તો છોકરો સમજીને ઘરે મોકલાવી દેશે. પછી જયારે આપે લશ્કરનું અવલોકન કર્યું તો ઉમૈરને પણ હાજર કરવામાં આવ્યો . આપે તેની કિશોર વયને કારણે તેને પાછા જવાનો હુકમ ફરમાવ્યો ઉમૈર રડવા લાગી ગયો. ત્યારે તેનો ઇમાની જુસ્સો જોઇને આપે તેને પરવાનગી આપી દીધી. બદ્રમાં જઇને ખરેખર તેણે પોતાની મર્દાનગીનું પાણી બતાવી દીધું. એવી બહાદુરી અને દ્રઢતાથી લડયો કે અંતે શહીદ થઇ ગયો. તે વેળા તેની ઉંમર ૧૬ વરસની હતી. (તબકાતે-ઇબ્ને સઅદ જિ.૩ પા. ૧૦૬) ''હ''

જુશમમાંથી એક ગૃહસ્થ :

૧——હઝરત રાફિઅહ બિન મુઅલ્લા રદિયલ્લાહુ અન્હુ.

બનૂ નજ્જારમાંથી એક ગૃહસ્થ :

૧——હઝરત હારિસહ બિન સુરાકહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

બનૂ ગનમ બિન માલિક બિન નજ્જારમાંથી બે ગૃહસ્થો :

૧——હઝરત ઔફ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૧——હઝરત મુઅવ્વઝ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

આ બંને શહીદો હારિસ બિન રિફાઅહ બિન સવાદના જવાન ફરઝંદો હતા અને જેઓએ હઝરત બીબી અફરાઅ રદિયલ્લાહુ અન્હા જેવી બહાદુર ખાતૂનની કુખે જન્મ લીધો હતો.

મદીનહના અનસારમાંથી કુલ ૮ ગૃહસ્થો જંગે-બદ્રમાં શહીદ થયા. મક્કહના મુહાજિરીન માંથી ૬ ગૃહસ્થો મળી ને કુલ્લે ૧૪ મુસલમાનો બદ્રની લડાઇમાં શહીદ થયા.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૩

જંગે-બદ્રમાં માર્યા ગયેલા મુશરિકો

બનૂ અબ્દે-શમ્સ • બનૂ નફલ અને બનૂ અસદ • બનૂ અબ્દે-દાર અને બનૂ તૈમ • બનૂ મખ્ઝૂમ બિન યકઝહ • બનૂ સહમ બિન અમ્ર • બનૂ જુમહ બિન અમ્ર • બનૂ આમિર બિન લુઐય • બદ્રના મકતૂલોની સંખ્યાનો ફેસલો • કુરૈશના બાકીના માર્યા ગયેલા માણસો.

Maktabe Ashraf

• **બનૂ અબ્દે-શમ્સ**——————બદ્રને દિવસે કુરૈશના મુશરિકોમાંથી જે લોકો કતલ થયા તેઓના નામોની ટીપ આ છે:

કુરૈશની શાખ બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફમાંથી ૧૨ ગૃહસ્થો બદ્રના મેદાનમાં કતલ થયા:

૧——————હન્ઝલહ બિન અબી સુફયાન બિન હર્બ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ.

ઈબ્ને હિશામ કહે છે : અબૂ સુફયાનના આ જવાન પુત્રને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા હઝરત ઝૈદ બિન હારિસહએ કતલ કર્યો. કેટલાક જાણકારો મુજબ હઝરત અલી અને હઝરત ઝૈદ બિન હારિસહ (રદિયલ્લાહુ અન્હુ)એ સાથે મળીને એને કતલ કર્યો.

૨——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ-હારિસ બિન અલ-હદ્રમી.

૩——————આમિર બિન અલ-હદ્રમી. આ બંને હદ્રમી ગૃહસ્થો બનૂ અબ્દે-શમ્સના હલીફ હતા. આમિરને હઝરત અમ્માર બિન યાસિર (રદિયલ્લાહુ અન્હુ) એ કતલ કર્યો અને અલ-હારિસને ઈબ્ને હિશામના કથન મુજબ હઝરત નુઅમાન બિન અસર (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. હઝરત નુઅમાન ઔસ કબીલાના હલીફ હતા.

૪——————હદ્રમીઓનો આઝાદ ગુલામ ઉમૈર બિન અબી ઉમૈર. ઈબ્ને હિશામના કથન મુજબ ઉમૈરને હઝરત અબૂ હુઝૈફહના આઝાદ ગુલામ હઝરત સાલિમે કતલ કર્યો.

૫——————ઉમૈર બિન અબી ઉમૈરનો જવાન પુત્ર.

૬——————ઉબૈદહ બિન સઈદ બિન આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ. એને હઝરત ઝુબૈર બિન અવ્વામ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૭——————આસ બિન સઈદ બિન આસ બિન ઉમૈયહ. એને હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૮———ઉકબા બિન અબી મુઐત બિન અબી અમ્ર બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ. એને હઝરત આસિમ બિન સાબિત બિન અબી અફલહ (રદિયલ્લાહુ અન્હુ)એ કેદી અવસ્થામાં કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છેઃ કેટલાકના કહેવા મુજબ એને હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૯———ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ. (કુરૈશી લશ્કરનો કમાન્ડર) એને હઝરત ઉબૈદહ બિન હારિસ બિન મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકના કથન મુજબ ઉત્બહને હઝરત હમ્ઝહ તથા હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુમા)એ ભેગા મળીને કતલ કર્યો.

૧૦———શૈબહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સ. એને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. (શૈબહ ઉત્બહનો ભાઈ હતો.)

૧૧———વલીદ બિન ઉત્બહ બિન રબીઅહ. એને હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. (ઉત્બહનો બેટો)

૧૨———આમિર બિન અબ્દુલ્લાહ. એ બનૂ અનમાર બિન બુગૈદનો હલીફ હતો. એને હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

• **બનૂ નવફલ અને બનૂ અસદ**———બનૂ નવફલ બિન અબ્દે-મનાફમાંથી બે ગૃહસ્થો જંગે-બદ્રમાં કતલ થયા :

૧———હારિસ બિન આમિર બિન નવફલ. કેટલાક જાણકારો મજુબ એને બનૂ હારિસહ બિન ખઝરજવાળા હઝરત ખુબૈબ બિન ઈસાફ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૨———તુઐમહ બિન અદી બિન નવફલ. એને હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ) એ કતલ કર્યો. અથવા કેટલાકના કથન મુજબ હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ એને કતલ કર્યો.

બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝા બિન કુસૈયમાંથી પાંચ ગૃહસ્થો :

૩———ઝમ્અહ બિન અસ્વદ બિન મુત્તલિબ બિન અસદ. ઈબ્ને હિશામ કહે છે : એને બનૂ હરામવાળા હઝરત સાબિત બિન જિઝઅ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. ત્યારે કેટલાક કહે છે કે હઝરત હમ્ઝહ, હઝરત અલી અને હઝરત સાબિત (રદિયલ્લાહુ અન્હુમ) એ સાથેમળીને એને કતલ કર્યો.

૪———હારિસ બિન ઝમઅહ. એને હઝરત અમ્માર બિન યાસિર (રદિયલ્લાહુ અન્હુ) એ કતલ કર્યો.

૫———અકીલ બિન અસ્વદ બિન મુત્તલિબ. ઈબ્ને હિશામના કથન મુજબ એને હઝરત હમ્ઝહ અને હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુમા) એ ભેગી રીતે કતલ કર્યો.

૬———અબુલ-બુખ્તરી આસ બિન હિશામ બિન હારિસ બિન અસદ. એને હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ બલ્વી (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : અબુલ-બુખ્તરી આસ બિન હિશામ નહિ પણ હાશિમ.

૭———ઈબ્ને ઈસ્હાક કહે છે : નવફલ બિન ખુવૈલિદ બિન અસદ. એનું જ નામ ઈબ્ને અદૂયહ અથવા

બિન ઉબૈદુલ્લાહ (રદિયલ્લાહુ અન્હુ) જે મુસલમાન બનતી વેળા એક જ દોરડીથી જકડી લીધા હતા. એજ કારણે બંને સાહેબોનું નામ "કરીનેન" પડી ગયું હતું એટલે એકબીજા સાથે દોરડીથી જકડી લીધેલા. એ શખ્સ કુરૈશના શયતાનોમાંથી એક શયતાન હતો. એને હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

● **બનૂ અબ્દે-દાર અને બનૂ તૈમ**————બનૂ અબ્દે-દાર બિન કુસૈયમાંથી બે ગૃહસ્થો :

૧———નદ્ર બિન હારિસ બિન કલદહ બિન અલકમા બિન અબ્દે-મનાફ બિન અબ્દે-દાર. કેટલાકના કહેવા મુજબ એને સુફરાઅ મુકામે કેદી અવસ્થામાં હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે કતલ કર્યો.

૨———ઝૈદ બિન મુલેસ. એ ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દે-દારનો આઝાદ કરેલો ગુલામ હતો. ઇબ્ને હિશામ કહે છેઃ એને હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિયલ્લાહુ અન્હુ)ના આઝાદ કરેલા ગુલામ હઝરત બિલાલ બિન રબાહ તથા હઝરત ઝૈદ (રદિયલ્લાહુ અન્હુમા)એ કતલ કર્યો. હઝરત ઝૈદ બનૂ માઝિન બિન માલિક બિન અમ્ર બિન તૈમમાંથી હતા અને બનૂ અબ્દેદારના હલીફ હતા. અમુકના કથન પ્રમાણે ઝૈદ બિન મુલૈસને હઝરત મિકદાદ બિન અમ્ર (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ તૈમ બિન મુર્રહમાંથી બે ગૃહસ્થો કતલ થયા :

૧———ઉમૈર બિન ઉસ્માન બિન કઅબ બિન સઅદ બિન તૈમ. ઇબ્ને હિશામ કહે છેઃ એને હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. કેટલાકના કથન મુજબ હઝરત અબ્દુર્રહમાન બિન ઓફ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૨———ઉસ્માન બિન માલિક બિન ઉબૈદુલ્લાહ બિન ઉસ્માન બિન અમ્ર બિન કઅબ. એને હઝરત સુહૈબ બિન સિનાન (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

● **બનૂ મખ્ઝૂમ બિન યકઝહ**————બનૂ મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહમાંથી ૧૭ ગૃહસ્થો બદ્રમાં કતલ થયા :

૧———અબૂ જહલ બિન હિશામ. એનું અસલ નામ અમ્ર બિન હિશામ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ હતું. એક નવયુવક હઝરત મુઆઝ બિન અમ્ર બિન જમૂહ (રદિયલ્લાહુ અન્હુ)એ એનો પગ કાપી નાખ્યો. વળતામાં અબૂ જહલના જવાન પુત્ર ઇકરિમહએ હઝરત મુઆઝ પર વાર કરીને તેમનો હાથ અલગ કરી નાખ્યો. એ પછી હઝરત મુઅવ્વઝ બિન અફરાઅ (રદિયલાહુ અન્હુ) એ તલવારનો પ્રચંડ ફટકો ઝીંકીને અબૂ જહલને ભોંયભેગો કરીદીધો. અને તેને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી દશામાં છોડી દીધો. પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો કે અબૂ જહલને મરનારાઓમાં તલાશ કરો તો હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રયિલ્લાહુ અન્હુ)એ એને પૂરો કરી નાખ્યો અને એનુ માથું કાપીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર કરી દીધું.

૨———આસ બિન હિશામ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ. એને હઝરત ઉમર બિન ખત્તાબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

Maktabe Ashraf

૩————યઝીદ બિન અબ્દુલ્લાહ. ઈબ્ને હિશામ કહે છે : એ બનૂ તમીમની શાખ બનૂ અમ્ર બિન તમીમમાંથી હતો. મોટો બહાદુર અને જોરાવર હતો. એને હઝરત અમ્માર બિન યાસિર (રદિયલ્લાહુ અન્હુ) એ કતલ કર્યો. એ બનૂ મખ્ઝૂમનો હલીફ હતો.

૪————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબૂ મુસાફિઅ અશઅરી. એ પણ બનૂ મખ્ઝૂમનો હલીફ હતો. એને હઝરત અબૂ દુજાનહ સાઈદી (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૫————હર્મલહ બિન અમ્ર એ પણ હલીફ હતો. એને બલહારિસ બિન ખઝરજવાળા હઝરત ખારિજહ બિન ઝૈદ બિન અબી ઝુહૈર (રદિયલ્લાહુ અન્હુ) એ કતલ કર્યો. કેટલાકના કથન મુજબ હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ એને કતલ કર્યો. હર્મલહ બનૂ અસદમાંથી હતો.

૬————મસઊદ બિન અબી ઉમૈયહ બિન મુગીરહ. એને ઈબ્ને હિશામના કથન મુજબ હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૭————અબૂ કૈસ બિન વલીદ બિન મુગીરહ. એને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ) અથવા હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૮————અબૂ કૈસ બિન ફાકેહ બિન મુગીરહ. એને હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો. કેટલાકના કહેવા મુજબ હઝરત અમ્માર બિન યાસિર (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૯————રિફાઅહ બિન અબી રિફાઅહ બિન આઈઝ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમ. એને બલહારિસ બિન ખઝરજવાળા હઝરત સઅદ બિન રબીઅ (રદિયલ્લાહુ અન્હુ)એ કતલ કર્યો.

૧૦————અલ-મુનઝિર બિન રિફાઅહ બિન આઈઝ : એને ઈબ્ને હિશામની તહકીક મુજબ બનૂ ઉબૈદ બિન ઝૈદ બિન માલિક બિન ઔફના હલીફ હઝરત મઅન બિન અદી બિન જદ્દ બિન અજલાન રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૧૧————અબ્દુલ્લાહ બિન મુનઝિર બિન અબી રિફાઅહ બિન આઈઝ : એને ઈબ્ને હિશામના કહેવા મુજબ હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૧૨————ઈબ્ને ઈસ્હાક કહે છે : સાઈબ બિન અબી સાઈબ બિન આઈઝ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ :

ઈબ્ને હિશામ કહે છે : આ સાઈબ બિન અબી સાઈબ નામે ગૃહસ્થ વેપારમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ભાગીદાર હતો. આ ગૃહસ્થ વિશે આપે પોતાની હદીસમાં ફરમાવ્યું છે :

નિઅમશ-શરીકુસ-સાઈબ	સાઈબ બહુ સારો ભાગીદાર છે
લા યુશારી વલા યુમારી.	ન આગ્રહ કરનારો છે ન ઝગડાખોર છે.

એટલે વેપારમાં ભાગીદાર તરીકે સાઈબ એક ભરોસાદાર અને પ્રામાણિક ગૃહસ્થ છે. રકઝક કે લડઝગડ કરનારો માણસ નથી. ઈબ્ને હિશામ કહે છે : મને મળેલી માહિતી મુજબ સાઈબ બિન અબી સાઈબે ઈસ્લામ ગ્રહણ કર્યો અને અલ્લાહ બેહતર જાણે છે કે તે ઈસ્લામમાં પણ મક્કમ રહ્યો. હઝરત ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરીએ, ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહના મુખે સાંભળેલી, હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ

અન્હુની આ રિવાયત ટાંકી છે કે :

> ''સાઈબ બિન અબી સાઈબ આઈઝ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ કુરૈશના એવા લોકોમાંથી છે જેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરી, કલિમો પઢયો અને મુસલમાન બની ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સાઈબને જિઅરાનાને દિવસે ગનીમતમાં માલમાંથી હિસ્સો પણ આપ્યો.''

૧૩———ઇબ્ને ઇસ્હાક કહે છે : અસ્વદ બિન અબ્દુલ-અસદ બિન હિલાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ : આ માણસને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૧૪———હાજિબ બિન સાઈબ બિન ઉવૈમર બિન અમ્ર બિન આઈઝ બિન અબ્દ બિન ઇમ્રાન બિન મખ્ઝૂમ: ઇબ્ને હિશામ કહે છે : કેટલાકે હાજિબને બદલે હાજિઝ કહ્યું છે. આ મુશરિકને હઝરત અલી બિન અબી તાલિબે કતલ કર્યો.

૧૫———ઇબ્ને ઇસ્હાક કહે છે : ઉવૈમર બિન સાઈબ બિન ઉવૈમરને હઝરત નુઅમાન બિન માલિક કૂકલી રદિયલ્લાહુ અન્હુએ, ઇબ્ને હિશામના કથન મુજબ હાથોહાથના મુકાબલા વેળા કતલ કર્યો.

૧૬———અમ્ર બિન સુફયાન.

૧૭———જાબિર બિન સુફયાન

આ બંને મુશરિકો બનૂ તયના કબીલામાંથી હતા અને બનૂ મખ્ઝૂમ કબીલાના હલીફ હતા. એમાંથી અમ્રને હઝરત યઝીદ બિન રૂકૈશ રદિયલ્લાહુ અન્હુએ અને જાબિરને હઝરત અબૂ બુર્દહ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

• **બનૂ સહમ બિન અમ્ર**————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐયમાંથી પાંચ ગૃહસ્થો :

૧———મુનબ્બેહ બિન હજ્જાજ બિન આમિર બિન હુઝૈફહ બિન સઅદ બિન સહમ : આ માણસને બનૂ સલિમહવાળા હઝરત અબુલ યસર રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૨ મુનબ્બેહનો બેટો આસ બિન મુનબ્બેહ બિન હજ્જાજ : એને ઇબ્ને હિશામના કથન મુજબ હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહ અન્હુએ કતલ કર્યો.

૩———નુબૈહ બિન હજ્જાજ બિન આમિર : એને ઇબ્ને હિશામના કથન મુજબ હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ અને હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુએ મળીને કતલ કર્યો.

૪———અબુલ-આસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ : ઇબ્ને હિશામ કહે છે : આ માણસને હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો. કેટલાક કહે છે કે હઝરત નુઅમાન બિન માલિક કૂકલી રદિયલ્લાહુ અન્હુએ અને કેટલાક કહે છે કે હઝરત અબૂ દુજાનહ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૫———ઇબ્ને ઇસ્હાક કહે છે : આસિમ બિન ઔફ બિન દુબૈરહ બિન સુઐદ બિન સઅદ બિન સહમ : એને ઇબ્ને હિશામના કથન મુજબ બનૂ સલિમહવાળા હઝરત અબુલ યુસ્ર રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

Maktabe Ashraf

• **બનૂ જમહ બિન અમ્ર**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ જમહ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબ બિન લુઐયમાંથી ત્રણ ગૃહસ્થો :

૧————ઉમૈયહ બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જમહ : એને બનૂ માઝિનના એક અન્સારી સહાબાએ કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકના કહેવા મુજબ એને હઝરત મુઆઝ બિન અફરાઅ, હઝરત ખારિજહ બિન ઝૈદ અને હઝરત ખુબૈબ બિન ઈસાફ રદિયલ્લાહુ અન્હુમએ મળીને કતલ કર્યો.

૨————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉમૈયહનો બેટો અલી બિન ઉમૈયહ બિન ખલફ : એને હઝરત અમ્માર બિન યાસિર રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૩————ઔસ બિન મુઐર બિન લૂઝાન બિન સઅદ બિન જમહ : ઈબ્ને હિશામ કહે છે : એને હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો. કેટલાકે કહ્યું છે કે એને હઝરત અલ-હુસૈન બિન હારિસ બિન મુત્તલિબ અને હઝરત ઉસ્માન બિન મઝઊન રદિયલ્લાહુ અન્હુમાએ મળીને કતલ કર્યો.

• **બનૂ આમિર બિન લુઐય**————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ આમિર બિન લુઐયમાંથી બે ગૃહસ્થો

૧————મુઆવિયહ બિન આમિર. એ અબ્દુલ-કૈસની બિરાદરીમાંથી હતો અને બનૂ આમિરનો હલીફ હતો. એને હઝરત અલી બિન અબૂ તાલિબ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : કેટલાકના કહેવા મુજબ એને હઝરત ઉકાશહ બિન મિહસન રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૨————ઈબ્ને ઈસ્હાક કહે છે : મઅબદ બિન વહબ. આ માણસ બનૂ કલ્બ બિન ઔફ બિન કઅબ બિન આમિર બિન લૈસમાંથી બનૂ આમિરનો હલીફ હતો. એને બુકૈરના બેટાઓ હઝરત ખાલિદ અને હઝરત ઈયાસ રદિયલ્લાહુ અન્હુમાએ કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : મઅબદ બિન વહબને હઝરત અબૂ દુજાનહ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

બદ્રના મકતૂલોની સંખ્યાનો ફેસલો————ઈબ્ને ઈસ્હાક કહે છે: જંગે-બદ્રમાં માર્યા ગયેલા કુરૈશી કાફિરોની કુલ સંખ્યા મને મળેલી માહિતી મુજબ ૫૦ છે.

ઈબ્ને હિશામ કહે છે : મને હઝરત અબૂ ઉબૈદહએ હઝરત અબૂ અમ્રની રિવાયત બયાન કરી કે જંગે-બદ્રમાં માર્યા ગયેલા કુરૈશી કાફિરોની કુલ સંખ્યા ૭૦ હતી અને એટલી જ સંખ્યામાં કુરૈશના માણસો કેદ પકડાયા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત સઈદ બિન મુસૈયબનો પણ એજ મત છે. અલ્લાહ તઆલાની કિતાબમાં છે : "અ-વ-લમ્મા અસાબત-કુમ મુસીબતુન કદ અસબ-તુમ મિસ્લૈહા." તરજુમો : અને શું જયારે તમે એવી મુસીબતમાં ઝીંકાયા જેની બમણી મુસીબતમાં તમે સામા પક્ષને ઝીંકી ચૂકયા હતા. [1]

આ આયત "જંગે-ઉહુદ" સંબંધી ઊતરેલી છે. જંગે-ઉહુદમાં ૭૦ મુસલમાનો શહીદ થઈ ગયા તો કેટલાક સહાબા તઅજજુબથી બોલી ઊઠયા, "અરે આ સંકટ કયાંથી આવી પડયું ?"આયતના શબ્દો આ છે : "કુલ્તુમ અન્ના હાઝા." તરજુમો : "તેઓ બોલ્યા, આ મુસીબત કયાંથી ઊતરી આવી ?"

એટલે અલ્લાહ તઆલા ફરમાવે છે કે જંગે-ઉહુદમાં તમારા ૭૦ માણસોના શહીદ થવાની જે મુસીબત તમારી ઉપર તૂટી પડી તેનાથી તઅજજુબ પામીને , "આ મુસીબત કયાંથી ઊતરી આવી ?" તેવું બોલવાનો

Maktabe Ashraf

જરૂર નથી કેમકે એનાથી બમણી મુસીબતમાં તમે દુશ્મનને જંગે-બદ્રમાં ઝીંકી ચૂક્યા છો. બમણી મુસીબત એટલે ૭૦ માર્યા ગયા અને ૭૦ કેદ થયા.

ઈબ્ને હિશામ કહે છે : અબૂ ઝૈદ અન્સારીએ મને હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુનો આ શેઅર સંભળાવ્યો :

ફ-અકામા બિલ- અતનિલ મુઅત-તને મિન્હુમ, • સબઊન ઉત્બતા મિન્હુમ વલ-અસ્વદુ.

પાણીના ખાડામાં ઊંટોના બેસવાના સ્થળે, તેઓના ૭૦ માણસો જઈને ઝીંકાઈ પડયા જેમાં ઉત્બહ અને અસ્વદ પણ હતા.

ઈબ્ને હિશામ કહે છે : શાઈરનો ઈશારો જંગે-બદ્રમાં કુરૈશના મકતૂલો તરફ છે. આ શેઅર હઝરત કઅબ બિન માલિકે રચેલા કસીદામાંથી લીધો છે. જેમાં જંગે-બદ્રનું બયાન થયેલું છે. ઈન્શા અલ્લાહ આ પૂરો કસીદો તેના પ્રસંગે રજૂ કરીશ.

કુરૈશના બાકીના માર્યા ગયેલા માણસો————ઈબ્ને હિશામ કહે છેઃ જંગે-બદ્રમાં કુરૈશના માર્યા ગયેલા ૭૦ માણસોમાંથી જેઓના નામો ઈબ્ને ઈસ્હાકે લખ્યાં નથી, તેમાંથી કેટલાક નામો આ છે :

• ————બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફમાંથી બે માણસો :

૧————વહબ બિન હારિસ : બનૂ અન્મારની બિરાદરીમાંથી બનૂ અબ્દે-શમ્સનો હલીફ હતો.

૨————આમિર બિન ઝૈદ : યમનવાસીઓમાંથી એમનો હલીફ હતો.

બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝામાંથી બે માણસો :

૧————ઉકબા બિન ઝૈદ : એમનો હલીફ હતો.

૨————એમનો આઝાદ કરેલો ગુલામ જેનું નામ ઉમૈર હતું.

બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી ૪ માણસો

૧————નુબૈહ બિન ઝૈદ બિન મુલૈસ.

૨————ઉબૈદહ બિન સુલૈત : બનૂ કૈસમાંથી એમનો હલીફ હતો.

૩————માલિક બિન ઉબૈદુલ્લાહ બિન ઉસ્માન કેદ થયો, કેદી અવસ્થામાં મરી ગયો જેથી એને મકતૂલોમાં ગણી લેવામાં આવ્યો.

૪————કેટલાકના કથન મુજબ અમ્ર બિન અબ્દુલ્લાહ બિન જુદઆન.

બનૂ મખ્ઝૂમ બિન યકઝહમાંથી ૭ માણસો :

૧————હુઝૈફહ બિન અબી હુઝૈફહ બિન મુગીરહ : એને હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૨————હિશામ બિન હુઝૈફહ બિન મુગીરહ : એને હઝરત સુહૈબ બિન સિનાન રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૩————ઝુહૈર બિન અબી રિફાઅહ : એને હઝરત અબૂ ઉસૈદ માલિક બિન રબીઅહ રદિયલ્લાહુ અન્હુએ

Maktabe Ashraf

કતલ કર્યો.

૪————આઈઝ બિન સાઈબ બિન ઉવૈમર : એ કેદ થયો, દંડ ભરીને આઝાદ થયો પણ લડાઈમાં હઝરત હમ્ઝહ રદિયલ્લાહુ અન્હુની તલવારથી એને જે ઘા લાગ્યો હતો તેના કારણે મક્કહ જતાં રસ્તામાં મરી ગયો.

૫————સાઈબ બિન અબી રિફાઅહ : એને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૬————ઉમૈર : બનૂ તૈયમાંથી એમનો હલીફ.

૭————ખિયાર : અલ-કારહમાંથી એમનો હલીફ :

બનૂ જમહ બિન અમ્રમાંથી એક માણસ કતલ થયો :

૧————સબ્રહ બિન માલિક : એમનો હલીફ.

બનૂ સહમમાંથી બે માણસો કતલ થયા :

૧————અલ-હારિસ બિન મુનબ્બેહ બિન હજ્જાજ : એને હઝરત સુહૈબ બિન સિનાન રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

૨————આમિર બિન અબી ઔફ બિન દુબૈરહ : એને હઝરત અબ્દુલ્લાહ બિન સલિમહ અજલાની રદિયલ્લાહુ અન્હુએ અથવા હઝરત અબૂ દુજાનહ રદિયલ્લાહુ અન્હુએ કતલ કર્યો.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૪

જંગે-બદ્રમાં કેદ પકડાયેલા મુશરિકો

બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ • બનૂ અબ્દે-શમ્સ • બનૂ નવફલ અને બનૂ અબ્દુદ-દાર • બનૂ અસદ અને બનૂ મખઝૂમ • બનૂ સહમ બિન અમ્ર • બનૂ જુમહ બિન અમ્ર • બનૂ આમિર અને બનૂ હારિસ • જંગે-બદ્રનાં વધુ કેદીઓ.

Maktabe Ashraf

ઇબ્ને ઇસ્હાક કહે છે : બદ્રની લડાઈમાં કુરૈશના મુશરિકોમાંથી જે લોકો મુસલમાનોના હાથે કેદ પકડાયા તેઓના નામોની ટીપ આ પ્રમાણે છે :

• **બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબ**——————કુરૈશની શાખ બનૂ હાશિમ બિન અબ્દે-મનાફમાંથી ત્રણ ગૃહસ્થો.

૧——— અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ બિન અબ્દે-મનાફ.

૨——— હઝરત અલીના ભાઈ અકીલ બિન અબી તાલિબ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ.

૩——— નવફલ અને હારિસ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ.

બનૂ મુત્તલિબ બિન અબ્દે-મનાફમાંથી બે શખ્સો :

૪——— સાઈબ બિન ઉબૈદ બિન અબ્દે-યઝીદ બિન હાશિમ બિન મુત્તલિબ.

૫——— નુઅમાન બિન અમ્ર બિન અલકમહ બિન મુત્તલિબ.

• **બનૂ અબ્દે-શમ્સ**——————બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફમાંથી સાત ગૃહસ્થો :

૧——— અમ્ર બિન અબી સુફયાન બિન હર્બ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ. (કુરૈશી સેનાપતિનો બેટો.)

૨——— હારિસ બિન અબી દજઝહ બિન અબી અમ્ર બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ. ઇબ્ને હિશામ કહે છે : કેટલાકે અબી દજઝહને બદલે અબી હરેહ કહ્યું છે.

૩——— અબુલ-આસ બિન રબીઅ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબ્દે શમ્સ.

૪——— અબુલ-આસ બિન નવફલ બિન અબ્દે-શમ્સ.

૫——— અમ્ર બિન અઝરક.

૬——— અબૂ રૈશહ યા અબૂ રીશહ બિન અબી અમ્ર.

૭———ઉકબહ બિન હારિસ બિન હદ્રમી.

• **બનૂ નવફલ અને બનૂ અબ્દુદ-દાર**————બનૂ નવફલ બિન અબ્દે-મનાફમાંથી ત્રણ ગૃહસ્થો:

૧———અદી બિન ખિયાર બિન અદી બિન નવફલ.

૨———ઉસ્માન બિન અબ્દે-શમ્સ. ગઝવાન બિન જાબિરનો ભત્રીજો. બનૂ બિન મનસૂરનો કરારી.

૩———અબૂ સૌર બનૂ માઝિનનો કરારી

બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી બે શખ્સો

૪———અબૂ અઝીઝ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર. (હઝરત મુસઅબ બિન ઉમૈરનો ભાઈ.

૫———અસ્વદ બિન આમિર.

• **બનૂ અસદ અને બનૂ મખ્ઝૂમ**————બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયમાંથી ત્રણ ગૃહસ્થો

૧———સાઈબ બિન અબી હુબૈશ બિન મુત્તલિબ બિન અસદ.

૨———હુવૈરિસ બિન અબ્બાદ બિન ઉસ્માન બિન અસદ. ઇબ્ને હિશામ મુજબ : હારિસ બિન આઈઝ બિન ઉસ્માન બિન અસદ.

૩———સાલિમ બિન શમ્માખ. એમનો કરારી.

બનૂ મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહમાંથી ૯ ગૃહસ્થો :

૪———ખાલિદ બિન હિશામ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ.

૫———ઉમૈયહ બિન અબી હુઝૈફહ બિન મુગીરહ.

૬———વલીદ બિન વલીદ બિન મુગીરહ.

૭———ઉસ્માન બિન અબ્દુલ્લાહ બિન મુગીરહ.

૮———અબુલ-મુનઝિર બિન રિફાઅહ બિન આબિદ બિન અબ્દુલ્લાહ.

૯———સૈફી બિન અબી રિફાઅહ.

૧૦———અબૂ અતા અબ્દુલ્લાહ બિન અબી સાઈબ બિન આબિદ બિન અબ્દુલ્લાહ.

૧૧———મુત્તલિબ બિન હન્તબ બિન હારિસ બિન ઉબૈદ બિન ઉમર બિન મખ્ઝૂમ.

૧૨———ખાલિદ બિન અઅલમ. આ તે પહેલો શખ્સ છે જે મુસલમનોના રૂઆબથી હેબતાઈને મેદાનમાંથી નાઠો અને આ શેઅર લલકારતો ગયો :

વ લસ્ના અલલ અદબારિ તદમી કુલૂમુના, • વલાકિન અલા અકદામિના યકતુરુદ - દમુ.

અમે એવા લોકોમાંથી નથી જેઓનું લોહી તેઓની પૂઠના જખ્મોથી વહેવા લાગે. અમે તો એવા લોકોમાંથી છીએ કે અમારું લોહી અમારી સામેના અંગમાંથી વહી રહ્યું છે. (એટલે અમે પૂઠ ફેરવનારા નથી. સામી છાતીએ લડનારા છીએ.)

Maktabe Ashraf

ખાલિદ બિન અઅલમ બનૂ ખુઝાઅહમાંથી હતો. કેટલાક કહે છે કે બનૂ અકીલમાંથી હતો.

• **બનૂ સહમ બિન અમ્ર**————બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસમાંથી ૪ શખ્સો

૧————અબૂ વદાઅહ બિન દબીરહ બિન સઈદ બિન સઅદ બિન સહમ. બદ્રના કેદીઓમાંથી આ પહેલો શખ્સ છે જેણે દંડ ભરીને છુટકારો મેળવ્યો. એનો દંડ એના પુત્ર મુત્તલિબે ચૂકવ્યો.

૨————ફર્વહ બિન કૈસ બિન અદી બિન હુઝાફહ બિન સઈદ બિન સહમ.

૩————હન્ઝલહ બિન કુબૈદહ બિન હુઝાફહ બિન સઈદ બિન સહમ.

૪————હજ્જાજ બિન હારિસ઼ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ.

• **બનૂ જુમહ બિન અમ્ર**————બનૂ જુમહ બિન અમ્ર બિન હુસૈસમાંથી ૫ ગૃહસ્થો :

૧————અબ્દુલ્લાહ બિન ઉબય બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ.

૨————અબૂ અઝ્ઝા અમ્ર બિન અબ્દુલ્લાહ બિન ઉસ઼માન બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ.

૩————અલ-ફાકેહ. ઉમૈયહ બિન ખલફનો આઝાદ ગુલામ.

૪————વહબ બિન ઉમૈર બિન વહબ બિન ખલફ......બિન જુમહ.

૫————રબીઅહ બિન દર્રાજ બિન અમ્બસ બિન ઉહબાન......બિન જુમહ.

• **બનૂ આમિર અને બનૂ હારિસ઼**————બનૂ આમિર બિન લુઐયમાંથી ત્રણ માણસો :

૧————સુહૈલ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસલ બિન આમિર.

૨————અબ્દ બિન ઝમ્અહ બિન કૈસ બિન અબ્દે-શમ્સ........બિન આમિર.

૩————અબ્દુર્રહમાન બિન શનૂઅહ બિન વકદાન બિન કૈસ બિન અબ્દે-શમ્સ......... બિન આમિર.

બનૂ હારિસ઼ બિન ફિહરમાંથી બે શખ્સો

૪————તુફૈલ બિન અબી કુનૈઅ.

૫————ઉત્બહ બિન અમ્ર બિન હજદમ અથવા જહદમ

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ બધા મળીને કુલ ૪૩ કેદીઓ છે જેઓના નામોની મને માહિતી મળી છે.

જંગે-બદ્રના વધુ કેદીઓ————ઈબ્ને હિશામ કહે છે : ઈબ્ને ઈસ્હાકે ૪૩ કેદીઓનો આંકડો દર્શાવ્યો છે પણ એક કેદીનું નામ લખવાનું તેઓ ચૂકી ગયા છે. [1] વળી બીજા જે કેદીઓના નામો ઈબ્ને ઈસ્હાકે દર્શાવ્યાં છે તે આ રહ્યાં :

૧————બનૂ હાશિમ બિન અબ્દે-મનાફમાંથી એક શખ્સ ઉત્બહ જે બનૂ ફિહરમાંથી તેઓનો હલીફ હતો.

બનૂ મુત્તલિબ બિન અબ્દે-મનાફમાંથી ત્રણ શખ્સો :

૨————અકીલ બિન અમ્ર એમનો હલીફ.

૩————અકીલનો ભાઈ તમીમ બિન અમ્ર

---

૧. એ નામ અમે પ્રકરણની શરૂઆતમાં નંબર ૬માં લખી દીધું છે. "હ"

૪————તમીમ બિન અમ્રનો પુત્ર.

બનૂ અબ્દે-શમ્સ બિન મનાફમાંથી ત્રણ ગૃહસ્થો :

૫————ખાલિદ બિન ઉસૈદ બિન અબી ઐસ અથવા ઈસ.

૬————અબુલ-અરીદ યસાર. આસ બિન ઉમૈયહનો આઝાદ ગુલામ.

૭————બનૂ નવફલ બિન અબ્દે-મનાફમાંથી એક શખ્સ નબહાન. તેઓનો આઝાદ ગુલામ.

૮————બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝામાંથી એક શખ્સઃ અબ્દુલ્લાહ બિન હમીદ બિન ઝુહૈર બિન હારિસ.

૯————બનૂ અબ્દે-દાર બિન કુસૈયમાંથી એક શખ્સ-અકીલ. યમનવાસી કરારી.

બનૂ તમીમ બિન મુર્રહમાંથી બે ગૃહસ્થો :

૧૦————મુસાફિઅ બિન અયાદ બિન સખ્ર બિન આમિર બિન કઅબ બિન સઅદ બિન તૈમ.

૧૧————જાબિર બિન ઝુબૈર.

૧૨————બનૂ મખ્ઝૂમ બિન યકઝહમાંથી એક શખ્સ : કૈસ બિન સાઈબ.

બનૂ જુમહ બિન અમ્રમાંથી પાંચ ગૃહસ્થો :

૧૩————અમ્ર બિન ઉબય બિન ખલફ.

૧૪————અબૂ રુહમ બિન અબ્દુલ્લાહ.

૧૫————બીજો એક કરારી જેનું નામ મારી પાસેથી જતું રહ્યું.

૧૬————ઉમૈયહ બિન ખલફના આઝાદ કરેલા બે શખ્સો, જેમાંથી એકનું નામ નસતાસ હતું.

૧૭————ઉમૈયહ બિન ખલફનો ગુલામ અબૂ રાફિઅ.

૧૮————બનૂ સહમ બિન અમ્રમાંથી એક શખ્સ અસલમ જે નુબૈહનો આઝાદ ગુલામ હતો.

બનૂ આમિર બિન લુઐયમાંથી બે ગૃહસ્થો :

૧૯————હબીબ બિન જાબિર.

૨૦————સાઈબ બિન માલિક.

બનૂ હારિસ બિન ફિહરમાંથી બે ગૃહસ્થો :

૨૧————શાફિઅ. યમનનો વતની, એમનો હલીફ.

૨૨————શફીઅ. યમનનો વતની, એમનો હલીફ.

ગુજરાતી સંપાદકની નોંધ————જંગે-બદ્રનું પ્રકરણ પૂરૂં કરીને અલ્લામા ઈબ્ને હિશામે, પ્રસ્તુત યુધ્ધને લગતાં, મુસ્લિમ અને મુશરિક શાઈરોએ રચેલા લાંબા-લાંબા કાવ્યો ટાંકેલા છે. આ કાવ્યકૃતિઓમાં, મુસલમાન શાઈરોએ જિહાદી જુસ્સાથી છલકાતા યુધ્ધના રોમાંચક પ્રસંગો આલેખીને, મુસ્લિમ મુજાહિદોની અનુપમ બહાદુરી તથા કુરૈશી મુશરિકો સાથે યાહોમ ઝીલેલી ટક્કરનો હૃદયસ્પર્શી ચિતાર દર્શાવ્યો છે. ત્યારે

કુરૈશ પક્ષના શાઈરો તથા શાઈરહઓએ યુધ્ધમાં માર્યા જનારા પોતાના સરદારો અને વીરનરોના દર્દનાક વિલાપ-કાવ્યો રચીને પોતાની કમનસીબી, લશ્કરની ખુવારી તથા નામોશી ભરેલી હારનું હૈયાંફાટ રૂદન કર્યું છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા શાઈરોએ જંગે-બદ્રને લગતા જે કાવ્યો રચેલા છે એમાં હઝરત અલી બિન અબૂ તાલિબ રદિયલ્લાહુ અન્હુનો કસીદો સૌથી વધુ તેજસ્વી, છટાદાર અને કાવ્યરસથી ભરપૂર છે. સામા પક્ષે મુશરિકોમાંથી જે શાઈરોએ પોતાના મરનારાઓના વિયોગમાં જે મરસિયા એટલે શોક-કાવ્યો રચેલા છે એમાં સૌથી વધુ છટાદાર અને કરૂણારસથી છલકાતો મરસિયા કુરૈશના સરદાર અબૂ સુફયાન બિન હર્બની બેગમ હિન્દ બિન્તે ઉત્બહનો છે. આ મરસિયો (એટલે વિલાપ-કાવ્ય) એણે પોતાના બાપ ઉત્બહ બિન રબીઅહના વિયોગમાં રચેલો છે.

શાઈરોના આ કસીદાઓ અને મરસિયાઓ સીરતે-ઈબ્ને હિશામના ચાર પ્રકરણોના ૫૮ પાનાંઓ પર ફેલાયેલા છે. એમાં મુસ્લિમ અને બિનમુસ્લિમ ૧૬ શાઈરોના કુલ ૩૮૯ શેઅરો તેના ઉર્દૂ તરજુમા સાથે ટાંકવામાં આવ્યા છે. એમાં ચાર શાઈરહઓ એટલે કવિયણો કે કવિયિત્રીઓ પણ શામિલ છે. અમે ઈખ્તેસારના હેતુએ આ કાવ્યકૃતિઓ જતી કરીએ છીએ. અલબત્ત નમૂના દાખલ થોડાક શેઅરો રજૂ કરવાનું મુનાસિબ લેખાશે. આ કસીદાઓમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુના રચેલા પૂરા સાત કસીદા ટાંકેલા છે. એમાં એક કસીદાના ત્રણ શેઅરો આ છે.

ફીનર-રસૂલુ વ ફીનલ-હક્કુ નત-બઉહૂ, • હત્તલ-મમાતે વ નસ્રુન ગયરુ મહદૂદે.

અમારામાં અલ્લાહના રસૂલ બિરાજમાન છે અને અમારામાં હક છે, સચ્ચાઈ છે. અમે મરતાં દમ સુધી આ સચ્ચાઇનું અનુસરણ કરતા રહીશું અને આ (અલ્લાહની એક) અમર્યાદ કે અનંત મદદ છે.........

વાફિંવ વ માઝિન શિહાબુન યુસ-તદાઉ બિહી, • બદરુન અનારા અલા કુલ-લિલ અમાજીદે.

એવી મદદ જે મુકમ્મલ છે, પરિપૂર્ણ છે, તુરંત મળનારી છે. અને અલ્લાહના રસૂલ એવા શિહાબ એટલે ઝળહળતા સિતારા છે જેનાથી રોશની લેવામાં આવે છે અને એવા બદ્રે-કામિલ એટલે પૂર્ણિમાના ચાંદ છે જેણે તમામ આબરૂદારો અને પ્રતિભાશાળીઓને રોશન કરી દીધા છે.

મુસ્તઅ-સિમીના બિ-હબલિન ગયરે મુન-જઝેમિન, • મુસ્તહ-કિમિન મિન હિબાલિલ-લાહે મમ્દૂદે.

અમે એવી દોરી પકડી લીધી છે જે કદી તૂટનારી નથી. એ અલ્લાહ તરફથી લંબાવવામાં આવેલી દોરીઓમાંથી એક મજૂબત કે અતૂટ દોરી છે.

કસીદા અને મરસિયા રચનારા શાઈરો તથા શાઈરાતના નામો આ છે.

૧ હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ.
૨ હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ.
૩ હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુ.
૪ હઝરત ઉબૈદહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.
૫ હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ.
૬ હારિસ બિન હિશામ બિન મુગીરહ.
૭ દિરાર બિન ખત્તાબ ફિહરી.
૮ ઉમૈયહ બિન અબી સલ્ત
૯ અબ્દુલ્લાહ બિન ઝબિઅરા.
૧૦ તાલિબ બિન અબી તાલિબ
૧૧ અબૂબક્ર શદ્દાદ બિન અસ્વદ લૈસી.
૧૨ અબૂ ઉસામહ મુઆવિયહ બિન ઝુબૈર.
૧૩ હિન્દ બિન્તે ઉત્બહ બિન રબીઅહ.
૧૪ હિન્દ બિન્તે ઉસાસહ.
૧૫ સફિય્યહ બિન્તે મુસાફિર.
૧૬ કતીલહ બિન્તે હારિસ

Maktabe Ashraf

ઈબ્ને હિશામ કહે છે : લડાઈની શરૂઆતમાં હાથોહાથના મુકાબલા વેળા જ્યારે હઝરત ઉબૈદહ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુની ટાંગ પર ઉત્બહ બિન રબીઅહની તલવારનો ફટકો પડયો અને તેઓ ભોંય પર ઢળી પડયા કે તરત પોકારી ઊઠયા :

ફઈન તકતઉી રિજલી ફ ઈન્ની મુસ્લિમુન. • ઉરજ્જી બિહા અયશમ મિનલ્લાહે દાનિયા.

ત્યારે જો તેઓએ મારી ટાંગ કાપી નાખી તો કંઈ વાંધા જેવું નથી કેમકે હું તો મુસલમાન છું એજ કપાયેલી ટાંગના બદલામાં હું અલ્લાહ પાસેથી બહુ જ જલદી એક શાનદાર જીવનનો આશાવાદી છું.

મઅલ-હૂરે અમ્સા-લત- તમાસીલે ઉખ્લેસત, • મિનલ-જન્નતિલ - ઉલ્યા લિમન કાના આલિયા.

મારૂં તે જીવન મોટી-મોટી સુંદર આંખોવાળીઓ એટલે જન્નતની હૂરો સાથે પસાર થશે. એ હૂરો રૂપ-સૌંદર્યની પૂતળીઓ જેવી હશે અને ઊંચા વર્ગના જન્નતીઓમાંથી એવા લોકો માટે ખાસ હશે જેઓ ઊંચો મરતબો ધરાવનારા હશે.

ફ-અકરમ-નીર-રહમાનુ મિન ફદલે મન્નેહી, • બિ-સવબિમ મિનલ-ઈસ્લામે ગત્તલ-મસાવિયા.

અને બેહદ દયાળુ અલ્લાહએ પોતાની કૃપાથી મને ઈસ્લામના એવા શિરપાવ કે મૂલ્યવાન પોશાકથી સરફરાઝ કર્યો છે જેણે મારી તમામ બુરાઈઓને ઢાંકી દીધી છે.

વલમ યબ્ગે ઈઝ સાલુન-નબીય્યે સવાઅના, • સલાસત-ના હત્તા હદર-નલ મુનાદિયા.

જ્યારે તેઓએ (એટલે ઉત્બહ, શૈબહ અને વલીદે) નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોકારીને માગણી કરી (કે અમારા મુકાબલા માટે અન્સારને નહિ, અમારી કોમના લોકોને મોકલાવો) તો, આપે અમે ત્રણ સિવાય (એટલે હઝરત હમ્ઝહ, હઝરત અલી, હઝરત ઉબૈદહ સિવાય) બીજા કોઈને નહિ બોલાવ્યા તો અમે તુરંત એજ પળે પોકારનાર પાસે હાજર થઈ ગયા.

લકીના હુમ કલ-ઉસ્દે તખતિરુ બિલ-કના, • નુકાતિલુ બિર-રહમાને મન કાના આસિયા.

અમે ભાલા તાણીને સિંહો પેઠે દમામભેર ચાલતા તેઓની પાસે પહોંચી ગયા અને જે નાફરમાન કે બંડખોર હતો તેની સાથે, બેહદ દયાળુ અલ્લાહ માટે જંગ ખેલવા લાગ્યા.

ફમા બરેહ્ત અકદામુ-ના મિમ મકામેના, • સલાસતિ-ના હત્તા ઉઝીરૂલ-મનાઈયા.

સારાંશ કે અમે ત્રણે પોતપોતાના સ્થળે અડગ રહ્યા ત્યાં સુધી કે તેઓની, મૃત્યુઓ સાથે મુલાકાત કરાવી દેવામાં આવી.

ઈબ્ને હિશામ કહે છે : બીજી રિવાયત મુજબ જ્યારે હઝરત ઉબૈદહની ટાંગ પર તલવારનો ફટકો પડયો તો એજ પળે તેઓ પોકારી ઊઠયા, "અરે સાંભળો તો ખરા ! અલ્લાહના સોગંદ, જો આજે અબૂ તાલિબ જીવતા હોત તો તેઓ જાણી લેત કે તેમના કસીદાના આ શેઅરોનો સૌથી વધારે હકદાર હું છું :

કઝબ-તુમ વ બૈતિલ્લાહે નુબ્ઝા મુહમ્મદન. • વ લમ્મા નુતાઈનું દૂનહૂ વ નુનાદેલે.

બૈતુલ્લાહના સોગંદ ! તમે તદ્દન ખોટું કહ્યું કે તમે મુહંમદને બળજબરીથી અમારી પાસેથી છીનવી જશો. તેમના બચાવ માટે હજુ સુધી અમે ન તો ભાલા તાણ્યા છે ન તીરોનો મારો ચલાવ્યો છે.

વ નુસ-લિમુહૂ હત્તા નુસર-રઆ હવ-લહૂ, • વ નઝહલા અન અબ્ના-ઈના વલહલાઈલે.

Maktabe Ashraf

(બૈતુલ્લાહના સોગંદ ! તમે સાવ ખોટું કહ્યું કે) અમે તેમને તમારે હવાલે કરી દઈશું. (એ કદાપિ બનવા જોગ નથી) ત્યાં સુધી કે અમે તેમની ચોગર્દમ પછડાઈ પડીએ અને અમારાં બાલ-બચ્ચાંઓને પણ ભૂલી જઈએ.

ઈબ્ને હિશામ કહે છે : ઉપરના બંને શેઅરો અબૂ તાલિબના એક કસીદાના છે. આ કસીદો અમે શરૂઆતના એક પ્રકરણમાં ટાંકી આવ્યા છીએ. અબૂ તાલિબે આ કસીદો પોતાના ભત્રીજા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં રચ્યો હતો જ્યારે કે કુરૈશના લોકો આપના દુશ્મન બની ગયા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મરસિયા રચનારી કવિયણોમાં એક કતીલહ (અથવા કુતૈલહ) બિન્તે હારિસ પણ છે. એ કુરૈશના નામચીન સરદાર નદ્ર બિન હારિસની બહેન હતી. (નદ્ર કેદ પકડાયો હતો. મદીનહ જતાં રસ્તામાં સુફરાઅ સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી હઝરત અલી રદિયલ્લાહુ અન્હુએ એને કતલ કર્યો.)

કતીલહને જ્યારે પોતાના ભાઈની હત્યાના સમાચાર મળ્યા તો પોતાના મરસિયામાં તેણે કહ્યું :

હલ યસ-મઅન-નિન-નદ્રુ ઈન નાદૈતુહૂ, • અમ કૈફ યસ્મઉ મૈયિતુન લા યનતિકુ.

જો હું પોકાર પાડું તો શું નદ્ર મારો પોકાર સાંભળી લેશે ? જે મુરદું વાત ન કરી શકે તે કેવી રીતે સાંભળી શકે?

અ મુહમ્મદુન યા ખૈર દિન્એ કરીમતિન, • ફી કવમિહા વલ ફહલુ ફહલુન મઅરિકુ.

હે મુહંમદ ! હે પોતાની કૌમની સૌથી શરીફ ખાતૂનની સૌથી ઉત્તમ અવલાદ ! શરીફ તો કુળની દ્રષ્ટિએ શરીફ જ હોય છે.

મા કાના દર્રકા લવ મનન-ત વ રુબ્બમા, • મન્નલ-ફતા વહુવલ મગીઝુલ મુનહિકુ.

આપનું શું નુકસાન થાત અગર આપ ઉપકાર કરતે અને તેને છોડી મુકતે ! કોઈકવાર એવું પણ બન્યું છે કે ગુસ્સામાં ભરાયેલા એક કીનાખોર જવાંમર્દે ઉપકારથી કામ લીધું છે.

અવ કુન્તા કાબિલ્ ફિદ-યતિન ફલ-યુન-ફકન, • બિઅ અઅ-ઝમા યગ્લૂ બિહી મા યુનફિકુ.

અથવા આપ મુક્તિ દંડની રકમ કબૂલ કરી લેત તો કિંમત આકરી અને અઘરી હોવા છતાં અમારા તરફથી તેને ચૂકવી દેવામાં આવતે !

ફન-નદ્રુ અક-રબુ મન અસ-રતા કરાબતન, • વ અહક્કુ હુમ ઈન કાના ઈત્કુન યુઅ-તકુ.

કેમકે જે લોકોને આપે કેદ કર્યા એ બધામાં નદ્ર તો સૌથી વધુ નિકટનો સગો હતો અને આ વાતનો સૌથી વધુ હકદાર હતો કે કોઈને આઝાદી આપવામાં આવતે તો તે સૌથી પહેલાં આઝાદ થઈ જતે !

તલલત સુયૂફુ બની અબીહે તનવ-શુહૂ, • લિલ્લાહિ અરહામુન હુનાકા તુશક-કકૂ.

તેના ભાઈઓની તલવાર તેના ટુકડે ટુકડા કરવા લાગી. અરે અલ્લાહને ખાતર જુઓ, અહીં સગાઈના ટુકડે ટુકડા થઈ રહ્યા છે !

સબ્રન યુકાદુ ઈલલ મનીય-યતિ મુત-અબન, • રસ્ફુલ મુકય-યદિ વહુવા આનિન મવ-સકુ.

મૃત્યુ તરફ તેને એવી હાલતમાં ઘસીટવામાં આવ્યો કે તેના હાથપગ બંધાયેલા છે. તે થાકેલો પાકેલો છે. બેડીઓમાં માંડમાંડ પગલું ઉપાડે છે અને સાંકળોમાં જકડાયેલો છે.

ઈબ્ને હિશામ કહે છે : મને કેટલાક જાણકારો તરફથી આ માહિતી મળી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે કતીલહ બિન્તે હારિસના આ શેઅરોની ખબર પહોંચી તો આપે ફરમાવ્યું:

લવ બલગની હાઝા	જો મારી પાસે પહોંચી જતે તેના આ શેઅરો
કબ્લ કતલિહિ	તેના કતલ થવા પહેલાં,
લ મનન-તુ અલૈહિ.	તો જરૂર હું તેની ઉપર ઉપકાર કરતે. [૧]

અરબ શાઈરો ઉપરાંત મદીનહના એક પંકાયેલા યહુદી શાઈરે પણ બદ્રમાં માર્યા ગયેલા મક્કહના સરદારોના માતમમાં એક જોરદાર અને કરૂણારસથી ભરપૂર મરસિયો રચ્યો હતો. એ યહૂદી શાઈરનું નામ કઅબ બિન અશરફ હતું. પોતાના કબીલાનો સરદાર હતો. દેખાવે પણ રૂપાળો ફાંકડો અને છેલછબીલો હતો. તેના ઝુલ્ફાંમાથી ખુશ્બૂની સેરો ફૂટતી હતી. બહુ ધર્માંધ, કટ્ટરવાદી અને કીનાખોર હતો. ઈસ્લામનો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પાકો દુશ્મનો હતો. મરસિયો રચીને મક્કહ ગયો અને કુરૈશની મજલિસોમાં એવી દર્દનાક ઢબે રડીરડીને વાંચી સંભળાવ્યો કે લોકોની આહો-ઝારીની સાથે વેર-વેરના પોકારોથી મજલિસો ગાજી રહી. તેની શાઈરીએ આખા મક્કહમાં તરખાટ મચાવી દીધો. સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાં વેર-વેરના પોકારો ગજાવતા ઘરોમાંથી નીકળી પડયાં. આ રીતે યહુદી બચ્ચો પોતે પણ ખૂબ રડયો અને મક્કહના લોકોને પણ ધાર-ધાર રડાવ્યા અને આખા મક્કહમાં તેણે મુસલમાનો વિરૂધ્ધ વેરનો દાવાનળ પ્રકટાવી દીધો. આગળ જતાં ઈબ્ને અશરફનો એજ મરસિયો જંગે-ઉહુદની પ્રસ્તાવના બની ગયો. મક્કહના લોકો આખું વરસ મુસલમાનો વિરૂધ્ધ લડાઈની તૈયારી કરતા રહ્યા. કઅબ બિન અશરફના આ મરસિયાનો જવાબ બીબી મયમૂનહ બિન્તે અબ્દુલ્લાહ નામે એક મુસ્લિમ ખાતૂને શાઈરીમાં આપીને તેના દાંત ખાટા કરી દીધા હતા. એનું બયાન આગળ આવે છે.

ગઝવએ-બદ્રની નોંધપાત્ર વાતો————અલ્લામા ઈબ્ને સઅદના મંતવ્ય મુજબ ઈસ્લામી લશ્કર મદીનહથી નીકળીને બદ્ર તરફ રવાના થયું એ શનિવારનો દિવસો હતો. હિજરતનું બીજું વરસ અને રમઝાનુલ મુબારકની ૧૨ તારીખ હતી. ઈસ્વીસન મુજબ ૬૨૪ના માર્ચની ૮ તારીખ હતી. અલ્લામા ઈબ્ને હિશામે સોમવારનો દિવસ અને રમઝાન ૮ તારીખ દર્શાવી છે. સહીહ તારીખ અંગે ઈતિહાસકારોમાં મતભેદ પ્રવર્તે છે. છતાં આટલું ચોક્કસ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની હિજરતનું બીજું વરસ અને રમઝાનનો મુબારક મહિનો હતો.

• મદીનહથી એકાદ માઈલ જવા પછી "બીરે-અબી અનીબહ"સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ ઈસ્લામી ફોજનું અવલોકન કર્યું. એમાં કેટલાક ઊગતી વયના કિશોરો પણ દેખાયા તો આપે એ છોકરાઓને મદીનહ પાછા જવાનું ફરમાવ્યું. ઊગતી વયના આ જુવાનિયાઓમાં હઝરત ઉમૈર બિન અબી વક્કાસ, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત બરાઅ બિન આઝિબ, હઝરત રાફિઅ બિન ખુદૈજ, હઝરત ઉસામહ બિન ઝૈદ, હઝરત ઝૈદ બિન અરકમ, હઝરત ઝૈદ બિન સાબિત અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહના નામો

૧. ઈબ્ને હિશામ જિ.૧ પા. ૮૮૫

મળે છે. (અલ્લાહએ બધાથી રાજી હો !) વાપસીનું સાંભળીને હઝરત ઉમૈર બિન અબી વક્કાસ રડવા લાગ્યા તો આપે એમને સાથે આવવાની પરવાનગી આપી દીધી.

• એ પછી ગણત્રી કરવામાં આવી તો ઈબ્ને ઈસ્હાકના કથન મુજબ મુજાહિદોની સંખ્યા ૩૧૪ હતી. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ શામિલ હતા. લશ્કરમાં સવારી માટે ૭૦ ઊંટો અને બે કે ત્રણ ઘોડા હતા. સરેરાશ ત્રણ કે ચાર મુજાહિદો વચ્ચે એક ઊંટ હતું. જેની ઉપર વારાફરતી સવારી કરવામાં આવતી. આ રીતે બદ્ર સુધીનાં ૮૦ માઈલનો રસ્તો વધુ ભાગે પગપાળા કાપવામાં આવ્યો મુજાહિદોમાં ફક્ત છ બખ્તરધારી અને ૮ શમશીરબાજ હતા. બાકીના મુજાહિદો બરછી, ભાલા અને તીર કામઠાંથી સજ્જ હતા. કોઈની પાસે બખતર છે તો ઢાલ નથી અને ઢાલ છે તો તલવાર નથી.

• સવારીના ઊંટમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ત્રણ મુજાહિદો———હઝરત અલી, હઝરત અબૂ લુબાબહ અને હઝરત ઝૈદ બિન હારિસહ શામિલ હતા. ત્રણે ગૃહસ્થોએ અરજ કરી, "યા રસૂલલ્લાહ! અમે મઝાથી ચાલતા રહીશું, આપ આરામથી સવારી પર બિરાજમાન રહો." જવાબમાં આપે ફરમાવ્યું:

> "ન તમે ચાલવામાં મારા કરતાં વધારે જોરાવર છો ન હું નેકીની કમાણીમાં તમારાથી કમજોર છું."

સમાનતા, સભાનતા અને ન્યાયશીલતાનો આ તે સિધ્ધાંત છે જેને આજના મુસ્લિમ નેતાઓ વિસારી બેઠા છે. મુજાહિદોની આ નાદારી અને બે-સરો-સામાની દેખીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ દુઆ માંગી:

> "યા અલ્લાહ ! આ લોકો પગપાળા છે એમને સવારી આપ. એ ભૂખ્યા છે એમને ખાવાનું આપ. એમનાં તન પર કપડાં નથી એમને કપડાં આપ. એ ગરીબ છે, તારી કૃપાથી એમને ગની કરી દે !"

બારગાહે-ઈલાહીમાં આપની આ દુઆ કબૂલ થઈ. લડાઈ બાદ એમાંનો કોઈ મુજાહિદ એવો ન હતો જે પોતાની માલિકીના સવારી પર બેસીને મદીનહ વાપસ ન થયો હોય. અલ્લાહ તઆલાએ દુશ્મન પાસેથી ગનીમતનો માલ અપાવીને બધાને ગની કરી દીધા. [1]

• મક્કહના મુશરિકોનું લશ્કર એક રિવાયત મુજબ એક હજારનું અને બીજી રિવાયત મુજબ ૧૩ સો સિપાહીઓનું હતું. લડાયક સાધન-સામગ્રીથી સંપૂર્ણ રીતે સજ્જ હતું. એમાં ૬૦૦ બખતરધારી યોધ્ધાઓ, એક સો હથિયારસજ્જ ઊંટસવારો, ત્રણ સો અધૂરાં હથિયારવાળા સિપાહીઓ અને ઘોડેસવારોની ટુકડીમાં બસો ઘડાયેલા વીરનરો હતા. એમાં કુરૈશના સરદારો અને અમીરો ઊંચી કિંમતના લાલ ઊંટો પર સવાર હતા. અબૂ જહલ પોતાના જાતવાન અને મૂલ્યવાન ઊંટ પર દબદબાથી આરૂઢ હતો.

• લશ્કરમાં અલગ-અલગ ટુકડીના અલગ-અલગ સેનાપતિ હતા અને પૂરા લશ્કરનો સરસેનાપતિ ઉત્બહ બિન રબીઅહ હતો પણ સત્તા આખા લશ્કર પર અબૂ જહલની ચાલતી હતી. તેની પકડ એટલે મજબૂત હતી કે સરસેનાપતિ પણ એના હુકમ આગળ લાચાર હતો.

---

૧. સીરતે-અહમદે-મુજતબા જિ.૨ પા. ૨૪૮ સીરતુલ-મુસ્તફા જિ. ૨ પા. ૫૭

Maktabe Ashraf

• અબ્દુ-દાર કબીલાના ત્રણ ઝંડાધારીઓ હતા. એમના નામ અબૂ અઝીઝ બિન ઉમૈર, નદ્ર બિન હારિસ અને તલહા બિન અબી તલહા.બખતરધારી પાયદળ ફોજનો ઝંડો સાઈબ બિન યઝીદના હાથમાં હતો. માલવાહક ઊંટો ઉપરાંત ખોરાકીના ઊંટો પણ મોટી સંખ્યામાં હતાં જેમકે :

———મક્કહથી નીકળીને અબૂ જહલે ૧૦ ઊંટો કાપીને ઉજાણી કરાવી.

———ઉસફાન સ્થળે ઉમૈયહ બિન ખલફે ૯ ઊંટો કાપીને ઉજાણી કરાવી.

———કુદૈદ સ્થળે પહોંચીને સુહૈલ બિન અમ્રે ૧૦ ઊંટોની ઝિયાફત કરાવી.

———સમુદ્રકાંઠે પહોંચીને શૈબહ બિન રબીઅહએ ૧૦ ઊંટોની ઉજાણી કરાવી.

———હુજફહ સ્થળે પડાવ નાખીને ઉત્બહ બિન રબીઅહએ ૧૦ ઊંટોની કુરબાની કરી.

———અબવાઅ મુકામે નુબૈહ અને મુનબ્બહ ભાઇઓએ ૧૦ ઊંટો ઝબહ કર્યા.

———બદ્રથી પહેલાં અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબે ૧૦ ઊંટોની ઉજાણી કરાવી.

———બદ્રના મેદાનમાં પહોંચીને અબુલ-બુખ્તરીએ ૧૦ ઊંટોની ઝિયાફત કરાવી.

• મક્કહથી ૨૦૦ માઈલનો પ્રવાસ આ લશ્કરે ૧૦ દિવસમાં પુરો કર્યો. ૬ રમઝાને મક્કહથી નીકળીને ૧૬ રમઝાને બદ્રમાં આવીને પડાવ નાખ્યો. નાચનારીઓ અને ગાનારીઓ પણ લશ્કરની સાથે આવી હતી. અબૂ જહલે ગાનારીઓને દફ અને ઢોલકની થાપ પર શાઇરોના વીરરસથી છલકાતાં કાવ્યો અને મુસલમાનોની બદગોઈઓના નિંદાકાવ્યો લલકારાવીને પોતાના સિપાહીઓને પાણી ચઢાવવા સાથે લીધી હતી. [1]

• ઈસ્લામી લશ્કરની મદદ માટે આવેલા ફરિશ્તાઓને માથે પીળાં રંગની પાઘડીઓ હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબાને ફરમાવ્યું, "તમે પણ ફરિશ્તાઓ પેઠે પોતાની નિશાની મુકર્રર કરી લો." સહાબાએ પોતાની પાઘડીઓ પર પશ્મીના (ઊની કાપડ)ની પટ્ટીઓ કલગી પેઠે બાંધી લીધી.

• સહાબાના પૂરા લશ્કરમાં ચાર વીરનરો સૌથી નોખા તરી આવતા હતા. અલ્લાહ અને તેના રસૂલના સિંહ હઝરત અમીર હમ્ઝહના ટોપ પર શાહમૃગના સુંદર પીંછા શોભી રહ્યાં હતાં. શેરે નર હઝરત અલીના સરે સફેદ રંગની ઊની પટ્ટી શોભતી હતી. હઝરત ઝુબૈરની પાઘડીનો પીળો રંગ અનેરૂં આકર્ષણ ધરાવતો હતો. હઝરત અબૂ દુજાનહને માથે લાલ પટ્ટી અલબેલી શાનથી શોભતી હતી.

હાથોહાથના ધમસાણ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અગાઉથી મુજાહિદોને પોતાની અને દુશ્મનની ઓળખ માટેનો સંકેત-શબ્દ - CODE-WORD - નકકી કરી આપ્યો હતો. મક્કહના મુહાજિરીનનો સંકેત શબ્દ "યા બની અબ્દિર્રહમાન" હતો. ખઝરજ કબીલાના અનસારનો "યા બની અબ્દિલ્લાહ"અને ઔસ કબીલાના અનસારના "યા બની ઉબૈદિલ્લાહ" અને પૂરા લશ્કરનો "યા મન્સૂર અમિત" હતો. જેના અર્થ મારો, હે ફતેહયાબ ! બીજી રિવાયત મુજબ પૂરા લશ્કરનો સંકેત શબ્દ "અહદ" અને પૂરા લશ્કરનો જંગી નઅરો"યા હય્યુ યા કય્યૂમ"હતો.

સાથે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાન મુજાહિદોને હુકમ ફરમાવ્યો હતો:

• લડાઈમાં પહેલ નહિ કરો.

૧. સીરતે-અહમદે-મુજતબા જિ.૨ પા. ૨૫૭

Maktabe Ashraf

- મારો હુકમ મળતાં લડાઈ શરૂ કરો.
- નક્કર ચટાન પેઠે પોતાના સ્થળે અડગ રહો.
- દુશ્મન આક્રમણ કરે તો તેને આવવા દો. જ્યારે તે તીરોના નિશાના પર આવે તો તીરો વરસાવો. તે પહેલા છોડશો તો તીરો નકામા જશે.
- દુશ્મન ધસારો કરીને વધારે નજીક આવે તો પથ્થરોનો મારો ચલાવો.
- ભાલાઓ અને બરછીઓની હદમાં આવે તો ભાલાઓ અને બરછીઓનો ઉપયોગ કરો.
- તલાવરનો ઉપયોગ સૌથી છેલ્લે કરો.
- દુશ્મનને કતલ કરો તો ઉત્તમ રીતે કતલ કરો. કુર્આનના આદેશ મુજબ તેની ગરદન અને સાંધાઓ પર મારો કે જેથી તે લડવાને લાયક ન રહે. બિનજરૂરી ખૂનરેજીથી બચવાનો એ ઉત્તમ તરીકો છે.
- વૃધ્ધો, બાળકો, સ્ત્રીઓ પર તલવાર ન ઉપાડો. લાશોનો મુસ્લહ ન કરો. શોરબકોર કે ઘોંઘાટ બિલકુલ ના કરો. પહાડ પેઠે પોતાની જગાએ ખામોશ રહો.
- રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરની સફબંદી એવી રીતે ફરમાવી કે દુશ્મન પોતાનું પૂરૂં લશ્કર ઝોંકી ન શકે. સફબંદીમાં સૂરજ અને પવનની દિશાનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો. આપે ફરમાવ્યું, "સુરજ પીઠની પાછળ કે પડખે હોવો જોઈએ કે જેથી લડતી વળા સૂરજથી આંખો ચુંધાવા ન પામે. અને પવન સામી દિશાએ નહિ આવે કે જેથી રેતીની રજકણો ઊડીને આંખોમાં નહિ પડે.
- અલ્લાહની આકાશી કિતાબે જંગે-બદ્રના દિવસને "યવમુલ-ફુરકાન"નું નામ આપ્યું છે એટલે હકને બાતિલથી અલગ કરનારો કે સચ્ચાઈને જૂઠાણાથી નોખા પાડનારો દિવસ. ઈસ્લામી ઈતિહાસમાં એનું નામ ગઝવએ-બદ્ર, બદ્રે-કુબ્રા, બદ્રુલ-કિતાલ, બદ્રુલ-બત્શા છે. એ દિવસે સ્નેહના તમામ બંધનો, લોહીના તમામ સંબંધો અને લોહીની સગાઈના તમામ રિશ્તાઓ ખતમ થઈને ફક્ત એક જ રિશ્તો રહી ગયો હતો. એ રિશ્તો ઈસ્લામનો તથા અલ્લાહના પયગમ્બરનો રિશ્તો.......

આજે બેટો બાપને મુકાબલે છે તો બાપ બેટાને મુકાબલે. આજે ભાઈ પોતાના ભાઈને મુકાબલે છે તો ભાણેજ મામાને મુકાબલે. એવી રીતે બીજા બધા રિશ્તાઓ.......તલવારે એ બધા વચ્ચે ચોખ્ખો ફેસલો કરી દીધો. જેમકે :

બાપ-- ઉત્બહ બિન રબીઅહ.................... બેટો ------ હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ રદિયલ્લાહુ અન્હુ.

કાકા -- શૈબહ બિન રબીઅહ..................... ભત્રીજા ---- હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ રદિયલ્લાહુ અન્હુ.

ભાઈ -- વલીદ બિન ઉત્બહ .... ભાઈ ------ હઝરત અબૂ હુઝૈફહ બિન ઉત્બહ. રદિયલ્લાહુ અન્હુ.

કાકા -- અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ ...... ભત્રીજા ---- હઝરત મુહંમદ બિન અબ્દુલ્લાહ. સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

Maktabe Ashraf

ભાઈ-- અકીલ બિન અબી તાલિબ.............. ભાઈ------ હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ.

કાકા -- ઉમૈર બિન ઉસમાન..................... ભત્રીજા---- હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ.

બેટો -- અબ્દુર્રહમાન બિન અબીબક્ર .... બાપ------ હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ.

ભાઈ-- અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ ...... ભાઈ------ હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ.

મામા - આસ બિન હિશામ બિન મુગીરહ ...... ભાણેજ---- હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુ.

દામાદ અબુલ-આસ બિન રબીઅ .... ખુસર ----- હઝરત મુહંમદ બિન અબ્દુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ.

ભાઈ-- અબૂ અઝીઝ બિન ઉમૈર................ ભાઈ------ હઝરત મુસઅબ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુ.

ભાઈ-- અબૂ જહલ બિન હિશામ .... ભાઈ------ હઝરત અય્યાશ બિન અબી રબીઅહ રદિયલ્લાહુ અન્હુ.

એક દિવસે વાત નીકળતાં અબ્દુર્રહમાન બિન અબીબક્રે કહ્યું, "અબ્બાજાન ! બદ્રના મેદાને-જંગમાં આપ મારી તલાવરની દોટે ચઢી ગયા હતા પણ મેં આમ વિચારીને હાથ ખેંચી લીધો કે એ તો મારા માનવંતા અબ્બાજાન છે."

બાપાનો જવાબ બેટા માટે કેવળ અણધારેલો હતો. ફરમાવ્યું "બેટાજી! એ લોહીની સગાઈનો મામલો ન હતો, એ તો ઈસ્લામ અને કુફ્રનો મામલો હતો. તું કુફ્ર તરફથી લડવા આવ્યો હતો. જો મારી તલવારની દોટે ચઢી ગયો હોત તો હું મુત્લક વિચાર ન કરતે કે તું મારો બેટો છે. કુફ્રનું જોર તોડવા ભરપૂર વાર કરતે અને આ વાતનો વિચાર ન કરતે કે મુકાબલામાં મારૂં પોતાનું લોહી છે." (ગુજરાતી સંપાદકનું લખાણ પૂરૂં થયું)

ઈબ્ને ઈસ્હાક કહે છેઃ રસૂલુલ્લાહ સલ્લિલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-બદ્રના મામલાઓથી રમઝાનના અંતમાં અવધા શવ્વાલ હિજરી ૨ના આરંભમાં ફારિગ થયા.

Maktabe Ashraf

જંગે-બદ્રનો ઉપસંહાર

(ગુજરાતી સંપાદક તરફથી)

બાપ-બેટા આમને સામને—————ઈસ્લામ પહેલાં જાહિલિયતના યુગમાં, કૌમવાદ, સગાંવાદ, કબીલાવાદ કે લોહીવાદના રાક્ષસે અરબભરમાં અંધેર મચાવી દીધો હતો. અરબના લોકોમાં આ વાદો વંશપરંપરાથી ઊતરી આવતા હતા. કબીલાવાદની લડાઈઓ વરસોના વરસો સુધી પેઢી-દર-પેઢી ચાલ્યા કરતી હતી. ઈસ્લામે આવીને આ વાદોનું નિકન્દન કાઢી નાખ્યું. એટલું જ નહિ, બદ્રના મેદાનમાં જ્યારે બે લશ્કરો સામસામે થયાં તો માલૂમ પડ્યું કે હવે કૌમવાદ તો શું, સગાંવાદ અને લોહીવાદનું પણ કશું મૂલ્ય રહ્યું નથી.

ઈસ્લામી લશ્કરમાં એક તરફ હઝરત અબૂબક્ર સિદ્દીક હતા તો બીજી તરફ કુરૈશી લશ્કરમાં એમના બેટા તલવાર તાણીને ઊભેલા હતા. બાદમાં બેટા મુસલમાન બની ગયા તો બાપુજીને કહેવા લાગ્યા, "અબ્બાજાન ! જાણો છો લડાઈના મેદાનમાં આપ મારી તલવારની દોટે ચઢી ગયા હતા. પણ બીજી જ પળે મગજમાં ચમકાર થયો, "અરે એ તો મારા મુરબ્બી અબ્બાજાન છે !" તરત તલવારવાળો મારો હાથ નીચો થઈ ગયો."

બેટાજી ધારતા હતા કે બાપુજી મારા વખાણ કરશે, મારો આભાર માનશે, મને શાબાશી આપશે પણ હઝરત અબૂબક્રનો જવાબ બેટા માટે કેવળ અણધારેલો હતો, "બેટા ! મારી તલવારની દોટે કદાચ તમે ચઢી જાત તો એક જ ઝાટકે તમારૂં ડોકું ઉડાવી દેત. કેમકે એ લોહીની સગાઈનો મામલો ન હતો. એ તો ઈસ્લામ અને કુફ્રનો મામલો હતો. તે વેળા હું આ વિચાર નહિ કરતે કે તમે મારૂં લોહી છો."

ઈસ્લામ પહેલાં અરબોની કલ્પનામાં પણ ન હતું કે લોહીની સગાઈને મુકાબલે ઈમાન અને અકીદાની સગાઈ અધિક બળવાન હોય શકે છે. જંગે-બદ્રને જ લઈ લો. એક તરફ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હતા તો સામા પક્ષે આપના કાકા અબ્બાસ, આપના જમાઈ અબુલ-આસ અને આપના પાક બેગમ હઝરત ખદીજહના ભત્રીજા હકીમ બિન હિઝામ આપના મુકાબલે લડવા આવ્યા હતા. આ તરફ હઝરત અલી હતા તો તે તરફ એમના ભાઈ ઉકૈલ બિન અબૂ તાલિબ હતા. આ પક્ષે હઝરત ઉમર ફારૂક હતા તો તે પક્ષે એમના મામા આસ બિન હિશામ બિન મુગીરહ હતા. આ તરફ હઝરત અબૂ હુઝૈફહ હતા તો સામા પક્ષે એમના બાપા ઉત્બહ બિન રબીઅહ, એમનો કાકો શૈબહ બિન રબીઅહ અને ભાઈ વલીદ બિન ઉત્બહ હતો.

લડાઈ પછી સામા પક્ષના માર્યા ગયેલાઓની લાશોને ખાડામાં નાખવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો. જ્યારે ઉત્બહની લાશ લાવવામાં આવી તો આપે તેના બેટા હઝરત અબૂ હુઝૈફહના ચેહરા પર ઉદાસી કે રંજોગમની રેખાઓ પ્રસરેલી જોઈ. આપ તરત મૂળ કારણ સમજી ગયા. બહુ પ્યારથી નરમાશભર્યા સ્વરે ફરમાવ્યું, "અબૂ હુઝૈફહ ! કંઈક કાંટો તમારા મનમાં આવી ગયેલો લાગે છે, નહિ વારૂ!"

"જી હા યા રસૂલલ્લાહ !" ઉદાસ ચેહરે અદબથી બોલ્યા, "કાંટો ફક્ત આ વાતનો યા રસૂલલ્લાહ ! કે મારા બાપા બહુ શાણા, ઠરેલ અને સમજુ ગૃહસ્થ હતા. આ ખૂબીઓને કારણે તેમના મુસલમાન બનવાની મને

પૂરેપૂરી આશા હતી. આજે નહિ તો કાલે મારા બાપા જરૂર મુસલમાન બની જશે તેની મને ખાતરી હતી. હવે તેમનો આ અંજામ આવેલો જોઈને મારી આશાના ચૂરેચૂરા થઈ ગયા છે. બસ એજ કાંટો મારા મનને ડંખે છે. એ સિવાય બીજું કશું નહિ યા રસૂલલ્લાહ !''

બાપ પ્રત્યે બેટાની આટલી ઊંડી લાગણી જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ હુઝૈફહના વખાણ કર્યા અને તેમને ખૂબ-ખૂબ દુઆઓ આપી.

બદ્રના સંગ્રામમાં અન્સારની પરીક્ષા પણ જેવી તેવી ન હતી મગર સૌથી આકરી પરીક્ષા મક્કહના મુહાજિર મુસલમાનોની હતી. એમના પોતાના જ ભાઈબંધો મરવા-મારવા થનગની રહ્યા હતા. કોઈનો બાપ, કોઈનો બેટો, કોઈનો કાકો, કોઈનો મામો તો કોઈનો ભાઈ પોતાની જ તલવારની હડફટમાં આવી રહ્યો હતો. પોતાના જ હાથે પોતાના જિગરના ટુકડાઓને કાપવા પડતા હતા. આગના અંગારા જેવી આ કસોટીમાંથી તેજ લોકો પાર ઊતરી શકતા હતા જેઓએ પૂરી ગંભીરતા, પૂરા ઈખ્લાસ, પૂરી દ્રઢતાથી સચ્ચાઈને અપનાવીને કુફર સાથેનો નાતો તોડી નાખ્યો હોય.

ઈસ્લામી લશ્કરની રવાનગી————મક્કહના અબૂ જહલોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વતનથી બેવતન કરવા પછી મદીનહમાં પણ ચેનથી બેસવા દીધા નહિ. મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયને ધમકીભર્યો કાગળ લખ્યો કે મુહંમદને કતલ કરી નાખો કાં પોતાના શહેરમાંથી હાંકી કાઢો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુસલમાનોની નાનકડી જમાઅતને બચાવવાની સૌથી મોટી ચિન્તા હતી. આ જમાઅત આપે ૧૪ વરસોની લાગલગાટ મેહનત અને ઝહમતથી તૈયાર કરી હતી. દુશ્મનોના કાવાદાવાઓથી માહિતગાર રહેવા માટે આપ મુહાજિરોની ટુકડીઓને મક્કહ અને શામના રસ્તે મોકલ્યા કરતા હતા જેને ''સરિય્યહ'' કહે છે.અને જે ટુકડી સાથે આપ પોતે તશરીફ લઈ જતા તેને ''ગઝવહ'' કહે છે. એવી જ એક ટુકડી લઈને આપ અબૂ સુફયાનના વેપારી કાફલાને અટકાવવા બદ્ર તરફ રવાના થયા હતા.

આ ટુકડીમાં ૩૧૩ જેટલા સહાબા જોડાયા હતા. ફક્ત અબૂ સુફયાનના વેપારી કાફલાને અટકાવવાનો ઈરાદો હતો. કોઈ લશ્કર સાથે બા-કાયદા લડાઈ કરવાનો ઈરાદો ન હતો. અબૂ સુફયાનને તેના જાસૂસો મારફતે સમાચાર મળી ગયા. તેણે તાબડતોડ કુરૈશને સંદેશો મોકલાવ્યો કે પોતાના કાફલાને બચાવવો હોય તો જલ્દી તૈયાર થઈને આવી લાગો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને રસ્તામાં સમાચાર મળ્યા કે કુરૈશનું એક હજારનું લશ્કર મુકાબલા માટે આવી રહ્યું છે. આપના લશ્કરમાં લડાઈ કરી શકે એવા મુહાજિરોની સંખ્યા ૮૦ જેટલી હતી. બાકીના મદીનહના અન્સાર હતા. આટલી નજીવી સંખ્યાથી મક્કી બળનો મુકાબલો કરવો મુશકિલ હતો. આપે મામલો અન્સારની સામે રજૂ કર્યો. અન્સારના સરદાર હઝરત સઅદ બિન મુઆઝે પોતાના બધા જ સાથીઓ સાથે મદદનું વચન આપી દીધું તો વાત બની ગઈ. આપે અલ્લાહનું નામ લઈને બદ્ર તરફ કૂચનો હુકમ ફરમાવી દીધો.

ઈસ્લામી લશ્કર હિજરી સન ૨ના રમઝાનની ૧૨ તારીખે મદીનહથી રવાના થયું તો જરા વિચાર કરો કે તે સમયે મદીનહમાં કેવું દ્રશ્ય સર્જાયું હશે ! અમુક હજારની વસતિ ધરાવતા મદીનહ માટે એક લશ્કરની રવાનગી કોઈ મામૂલી બનાવ ન હતો. લશ્કરની રવાનગીનું દ્રશ્ય જોવા માટે ગલીકૂચીઓમાંથી બાળકો, વૃધ્ધો, સ્ત્રીઓ, પુરૂષો નીકળી આવ્યાં હતાં. બનૂ નદીર, બનૂ કૈનુકાઅ, બનૂ કુરૈઝહના માલદાર યહૂદીઓ પોતાના ઘરો અને દુકાનોમાંથી નીકળી આવ્યા હતા. એ બધા મસ્જિદે-નબવીથી કુબાની વસતિ તરફ જનારા રસ્તા પર મુજાહિદોના લશ્કરને જોવા માટે પહોંચી ગયા હતા.

ઔસ અને ખઝરજ બંને કબીલાના મુસલમાન સ્ત્રી-પુરૂષો, મક્કહ તરફ જનારા રસ્તાની બંને બાજુએ, મુજાહિદોને અલ-વદાઅ કહેવા માટે ટોળીઓ વળીને ઊભા થઈ ગયા હતા. આ લશ્કરમાં તેઓના બેટાઓ,

Martabe Ashraf

ભાઈઓ, ખાવિન્દો, બાપો અને બીજા સ્નેહીઓ હતા. તેઓને રસ્તાના ભાથાં તરીકે ખજૂરો, સત્તુઓ અને ખાદ્યખોરાકીની બાંધેલી પોટલીઓ આપતા હતા અને તેઓ હેમખેમ મદીનહ પાછા આવે તેવી દુઆઓ પણ આપતા હતા અને એવી નજરે જોતા હતા જેમાં પ્યારની સાથે અનુકંપા કે દર્દની લાગણી ભરેલી હતી કે, અલ્લાહ જાણે ફરીવાર આ દુનિયામાં આ લોકોની સાથે મુલાકાત થશે કે કેમ ?

ઈસ્લામી લશ્કરમાં ફક્ત ૩૧૩ જેટલા મુજાહિદો હતા. ફક્ત ૭૦ ઊંટો હતાં જેની ઉપર વારાફરતી સવારી કરતા હતા. ઘોડા ફક્ત ત્રણ કે ચાર હતા. લડાઈના હથિયારો અને બીજો સામાન પણ છેક નજીવો હતો. અલબત્ત તેઓના હોસલા બુલંદ હતા. અલ્લાહના રસ્તામાં નીકળેલા હોવાથી ઈમાનનો જોશ હતો. જિહાદનો જુસ્સો હતો. મતલબ કે મદીનહથી એવી રીતે રવાના થયા કે તેઓ એકબીજાને દુઆઓ આપતા હતા અને એકબીજાની દુઆઓ લેતા હતા. જીભ પર અલ્લાહની તસબીહ હતી તો દિલમાં અલ્લાહની યાદ હતી અને સૌથી મોટી વાત આ કે અલ્લાહના આખેરી નબી, અલ્લાહના પ્યારા નબી, અલ્લાહના લાડલા નબી તેઓની સાથે હતા.

કુરૈશી લશ્કરનો ઠાઠ અને ભપકો————હવે તે તરફ જુઓ કે કુરૈશનું એક હજારનું લશ્કર મક્કહથી કેવી રીતે રવાના થયું ? એનો આછો ચિતાર અલ્લાહના પાક કલામ કુર્આને દર્શાવ્યો છે. એની રોશનીમાં કહી શકાય કે અલ્લાહનું ફિટકારેલું આ લશ્કર પોતાની તાકત, પોતાના હથિયારો, પોતાની બહુમતીના ઘમંડમાં પોતાની જાહોજલાલીનું પ્રદર્શન કરતું નીકળ્યું. લોકોને ઈસ્લામથી અટકાવવા, ઈસ્લામને ઉખેડી કાઢવા ભારે હેકડાઈ અને અભિમાનથી નીકળ્યું. ઈતરાતું અકડાતું અને તલવારો, ભાલાઓ, બરછાઓના દેખાવો કરતું ઊછળતું કૂદતું નીકળ્યું. ઢોલતાસાંના ધૂમધડાકા સાથે વાજતે ગાજતે નીકળ્યું. તેઓની સાથે સુરીલા કંઠે ગાનારીઓ હતી અને ઝાંઝરના ઝંકાર સાથે નાચનારીઓ પણ હતી.

અબૂ જહલઃ જહાલતનું પૂતળું————કુરૈશની કૌમને તબાહીથી બચાવવા માટે અલ્લાહ તરફથી અનેક ગૈબી ચેતવણીઓ પણ આપવામાં આવી મગર કુરૈશે તેની ઐસીતૈસી કરીને પોતાની હિંસક પ્રવૃત્તિ ચાલુ રાખી. દાખલા તરીકે કુરૈશની એક ખાનદાની ખાતૂનનો બિહામણો ખ્વાબ.

આ ખાતૂનનું નામ આતિકહ બિન્તે અબ્દુલ-મુત્તલિબ હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બાપાની બહેન એટલે આપની ફોઈ હતી. આતિકહએ ખ્વાબમાં જોયું કે એક ઊંટસવાર પોતાના ઊંટ સાથે ખાનએ-કઅબહની છત પર ઊભેલો છે અને ઘાંટો પાડીને કર્કશ અવાજે પોકાર પાડી રહ્યો છેઃ "હે ગદ્દારો! ત્રણ દિવસની અંદર પોતાના ઘરોમાંથી નીકળીને પોતાની કતલની જગાએ પહોંચી જાવ !"

અહીંથી ઊપડીને તે પોતાના ઊંટ સાથે અબૂ કુબૈસ નામે પહાડની ચોટી પર ચઢી ગયો અને ત્યાંથી તેણે એક વિરાટ ચટાણ ગબડાવી દીધી. જમીન પર પટકાતાં જ ધડાકો થયો. ધરતી ધણધણી ઊઠી. ચટાણના ચૂરેચૂરા થઈ ગયા. મક્કહનું કોઈ ઘર એવું ન રહ્યું જેમાં ચટાણના ટુકડા ઊડીને ન ગયા હોય.

આતિકહએ આ ખ્વાબ પોતાના ભાઈ અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબને વર્ણવ્યો. અબ્બાસે પોતાના મિત્ર ઉત્બહ બિન રબીઅહને ખ્વાબની વાત કરી અને જયારે એ વાત અબૂ જહલને કાને પડી તો તે ગુસ્સાથી સમસમી રહ્યો. તેણે ધિક્કારથી અબ્બાસ પર કટાક્ષ ઉછાળતાં કહ્યું, "અબ્બાસ ! તમારા ખાનદાનમાં સ્ત્રીઓ કયારથી પયગમ્બર બની ગઈ ?"

બીજી ચેતવણીનો બનાવ એમ બન્યો કે કુરૈશી લશ્કરે અલ-જુહફહ મુકામે પડાવ નાખેલો હતો. સવારે જુહૈમ બિન સલ્ત નામના સરદારે પોતાનો ખ્વાબ વર્ણવ્યો કે એક ઘોડેસવાર ઊંટ સાથે ધસી આવ્યો. આવતાં જ તેણે પોકાર પાડયો, "ઉત્બહ કતલ થઈ ગયો, શૈબહ કતલ થઈ ગયો, ઉમૈયહ કતલ થઈ ગયો. અબૂ જહલ કતલ થઈ ગયો. ફલાણો કતલ થઈ ગયો....." એ પછી તેણે ઊંટના સીનામાં તલવાર ભોંકીને ઊંટને લશ્કરમાં દોડાવી દીધું. કોઈ તંબૂ એવો ન રહ્યો જે ઊંટના લોહીથી લોહીલુહાણ ન થઈ ગયો હોય.

Maktabe Ashraf

જુહૈમનો આ ખ્વાબ સાંભળીને અબૂ જહલ ગુસ્સાથી તડૂકી ઊઠયો, "લ્યો અબ્દુલ-મુત્તલિબમાં આ બીજો પયગમ્બર ફૂટી નીકળ્યો !"

અબૂ સુફયાનનો સંદેશો—————કુરૈશનું લશ્કર અહીંથી ઊપડયું તો અબૂ સુફયાનનો સંદેશો મળ્યો કે તમે ફકત કાફલાને બચાવવા નીકળ્યા હતા. કાફલો માલસામાન સાથે સહીસલામત મક્કહ પહોંચી ગયો છે માટે પાછા વળો.

અબૂ જહલે સાંભળ્યું તો બોલી ઊઠયો, "હરગિઝ નહિ. પાછા વળવાનો સવાલ જ નથી. વલ્લાહ હવે તો બદ્ર પહોંચીને ત્રણ દિવસો ત્યાં ધામો નાખીશું. ઊંટો કાપીને ઉજાણી કરીશું. શરાબની છોળો ઉડાવીશું. ગાનારીઓના ગાયનો સાંભળીશું. નાચનારીઓના મુજરા જોઇશું. અરબભરમાં આપણી જાહોજલાલીનો ડંકો બજી જશે.

આ સાંભળીને બનૂ ઝુહરહનો સરદાર અખનસ બિન શરીક ઊભો થઇ ગયો. તેણે અબૂ જહલને પડકારતાં કહ્યું, "કાફલો જયારે સહીસલામત મક્કહ પહોંચી ગયો તો હવે લડવાનો શો અર્થ ? પોતાની જાનોને જાણી જોઇને નાહક હલાકતમાં શા માટે નાખવી ? હે લોકો ચાલો મક્કહ પાછા વળો."

મગર અબૂ જહલની જહાલત આગળ અખનસનું પણ કંઇ ચાલી શકયું નહિ. ખરૂં જોતાં અબૂ સુફયાનનો સંદેશો પણ એક ચેતવણી જ હતી. કુરૈશ આ તક ઝડપી લેવામાં પણ થાપ ખાઇ ગયા. તેઓના માથે પનોતીનું પંખી બેસી ગયું હતું.

ઉમૈર બિન વહબની ચેતવણી——————છેવટે કુરૈશી લશ્કરે બદ્રના મેદાનમાં પહોંચીને પડાવ નાખી દીધો. લડાઇ શરૂ કરવા પહેલાં લશ્કરના સિપહસાલાર ઉત્બહ બિન રબીઅહએ ઉમૈર બિન વહબ જુહમી નામે કમાનદારને ઇસ્લામી લશ્કરનું અવલોકન કરવા મોકલ્યો. ઉમૈરે ઘોડા પર સવાર થઇને ઇસ્લામી લશ્કરની ફરતે એક વખત નહિ, બે વખત ચક્કર લગાવ્યો. ચારે તરફ નજર કરીને બહુ બારીકીથી નિરીક્ષણ કર્યું અને આવીને કહેવા લાગ્યો, "હે કુરૈશ ! મને તો એવું લાગ્યું કે બલાઓ, આફતો અને મુસીબતોના ખભા પર બેસીને મૃત્યુનો દેવ આવી ગયો છે. મદીનહની ઊંટણીઓની પીઠો પર માણસો નહિ, મોતના લાલ ફરિશ્તા બેઠેલા છે. તેઓની ખૂંખાર નજરોથી મને થયું કે જયાં સુધી પોતાની સંખ્યા પ્રમાણે તેઓ આપણને કાપી નહિ નાખે, પોતે પણ મરવાના નથી. પછી જયારે આપણા આટલા માણસો કતલ થઇ ગયા તો તમે જ બતાવો, એવા જીવનની શી મજા ?"

આ સાંભળીને હકીમ બિન હિઝામ નામે ઠરેલ ગૃહસ્થ ઉત્બહ બિન રબીઅહ પાસે ગયા અને બોલ્યા, "હે ઉત્બહ ! તમે લશ્કરના સરસાલાર છો. શું તમારી ઇચ્છા નથી કે લોકો તમને ભલાઇથી યાદ કરતા રહે?"

"કેમ નહિ, બોલો શું કહેવું છે ?"

"અમ્ર બિન હદ્રમીનો મૃત્યુદંડ ચૂકવવાનું માથે લઇ લો અને લશ્કરને મક્કહ તરફ પાછા વાળો."

"હા મેં માથે લઇ લીધું. તેનો મૃત્યુદંડ હું મારા માલમાંથી ચૂકવી આપીશ." ઉત્બહ બોલ્યો, "અમ્ર બિન હદ્રમી મુસલમાનોના હાથે માર્યો ગયો તેનો મૃત્યુદંડ હું તેના ભાઇ આમિરને ચૂકવી આપીશ. પણ હે હકીમ ! તમે એક કામ કરો."

"તે શું ?" હકીમે પૂછયું.

"અબૂ જહલને જઇને રાજી કરો. જુઓ, સિપહસાલાર હું છું પણ સત્તા અબૂ જહલની ચાલે છે."

આ સાંભળીને હકીમ બિન હિઝામ અબૂ જહલ તરફ જવા રવાના થયો. ઉત્બહ બિન રબીઅહ મક્કહનો એક બહુ જ શાણો, ઠરેલ સ્વભાવનો, સમજબુધ્ધિ ધરાવનારો આગેવાન હતો. પોતે પણ દિલથી ચાહતો હતો

કે લડાઇ ટળી જાય તો સારૂં. તેણે લશ્કરની સામે ઊભા થઇને પ્રવચન આપતાં કહ્યું :

"હે કુરૈશી બહાદુરો ! મારી વાત ધ્યાનથી સાંભળો. સારી રીતે સોચો, વિચાર કરો પછી ફેસલો કરો. જુઓ મુહંમદ અને તેમના સાથીઓ સાથે લડવાનો કોઇ અર્થ નથી. એ બધા તમારા જ ભાઇબંધો છે. આપસમાં આથડીને પોતાના જ ભાઇબંધો પોતાના જ હાથે કતલ થઇ ગયા તો બાદમાં એવા જીવનની શી મજા ? મારૂં માનો તો મુહંમદને અરબના લોકોને હવાલે કરી દો. જો અરબના લોકો મુહંમદને પછાડી નાખે તો તમારી મુરાદ પૂરી થઇ અને જો મુહંમદ અરબના લોકો પર ફતેહ મેળવી લે તો એ તમારી જ ફતેહ લેખાશે. તેમની સાથે અરબમાં તમારૂં નામ પણ રોશન થઇ જશે. જુઓ, મારી વાતને તરછોડશો નહિ. મને હલકટ કે મૂર્ખાઓમાં ખપાવશો નહિ." [૧]

બીજી તરફ હકીમ બિન હિઝામે જઇને અબૂ જહલને વાત કરી તો સાંભળતાં જ તે એવી રીતે ભડકી ઊઠયો જેમ ભુરાયો આખલો લાલ કપડું જોતાં જ ભડકી ઊઠે છે. ઉત્બહ બિન રબીઅહ પર ઝેરીલો કટાક્ષ કરતાં બોલી ઊઠયો, "મુહંમદ અને તેમના સાથીઓને જોઇને ઉત્બહનું ફેફસું ફૂલી ગયેલું લાગે છે. સામા પક્ષે તેનો બેટો પણ છે જેથી તેના પોતિયાં ઢીલાં થઇ ગયાં છે."

સાથે જ અબૂ જહલે અમ્ર બિન હદ્રમીના ભાઇ આમિરને બોલાવીને કહ્યું, "અલ્યા જુએ છે શું ? જોતો નથી તારા ભાઇનું ખૂન ફોગટ જઇ રહ્યું છે ?"

આ સાંભળતાં જ અમ્રના ભાઇ આમિરે પોતાના કપડાં ફાડી નાખ્યાં. માથાના વાળો પીંખી નાખ્યા અને "વા અમ્રાહ ! વા અમ્રાહ!" ની બૂમરાણથી આખા લશ્કરમાં ખળભળાટ મચાવી દીધો. વેર-વેરના પોકારોથી વાતાવરણ ગાજી ઊઠયું. બીજી તરફ લશ્કરના સિપહસાલાર ઉત્બહએ સાંભળ્યું કે અબૂ જહલે તેને બાયલાપણાનો ટાણો માર્યો છે તો મગજ પરનો કાબૂ ગુમાવીને જુસ્સાથી તે બોલી ઊઠયો, "એ બાયલાને હમણા ખબર પડી જશે કે ફેફસું કોનું ફૂલી ગયું છે, એનું કે મારૂં ?"

એજ ઉત્તેજિત દશામાં ઉત્બહએ લોખંડી ટોપ મંગાવ્યો જે તેના માથે ફિટ નહિ થયો. ત્યારે પોતાની ચાંદર તેણે માથે વીંટાળી લીધી અને પોતાના ભાઇ શૈબહ તથા પોતાના બેટા વલીદને લઇને તલવાર ચમકાવતો મેદાને પડયો અને હાથોહાથ લડાઇનો પડકાર ગજાવ્યો. એ પછી બદ્રના મેદાનમાં જે કંઇ બન્યું તેની વિગત આપણે આ કિતાબમાં વાંચી આવ્યા છીએ.

શાનદાર જીત અને ગનીમતનો માલ————સારાંશ કે આટઆટલી ચેતવણીઓ છતાં કુરૈશના નસીબમાં ચેતવાનું લખેલું ન હતું. દરેક વાર અબૂ જહલની જહાલત આડે આવી ગઇ. એની નહૂસતે આખા લશ્કરને તબાહ કરી નાખ્યું અને પેલી કહેવત સાચી ઠરી કે, જેનો આગેવાન આંધળો તેનું કટક કૂવામાં !

અબૂ જહલ પોતાની જહાલતને લીધે ખરેખર બેહદ મગરૂર, બેહદ તુમાખીખોર અને અભિમાની માણસ હતો. મૂર્ખાઓના સ્વર્ગમાં રાચનાર દોઢ ડાહ્યા પેઠે દરેક વાતમાં પોતાની ટાંગ અડાડવાનું ચૂકતો ન હતો. તેની હાલત "મિયાં પડે તો પડે લેકીન ટંગડી ખડી" જેવી હતી. મેદાનમાં જખ્મી દશામાં કણસી રહ્યો હતો. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિયલ્લાહુ અન્હુ એનું માથું કાપવા લાગ્યા તો બોલી ઊઠયો, "અલ્યા ભરવાડ! મારૂં માથું જરા નીચેથી કાપજે કે જેથી જોનાર પોકારી ઊઠે કે ખરેખર કોઇ મોટા સરદારનું માથું છે !"

એટલે જ એની લાશ જયારે ખાડામાં નાખવા માટે લાવવામાં આવી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "એક ફિરઓન અલ્લાહના પેગમ્બર મૂસાની ઉમ્મતમાં થઇ ગયો છે. મારા ઝમાનામાં

૧. સીરતુલ-મુસ્તફા જિલ્દ-૨ પેજ ૭૩

મારી ઉમ્મતનો ફિરઔન અબૂ જહલ છે.''

ગઝવએ-બદ્ર એટલે ઈસ્લામ અને કુફ્રની પહેલી ટક્કરમાં અલ્લાહની મદદથી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુઆઓથી મુસલમાનોને શાનદાર ફતેહ મળી. આપે એટલા ગદગદ સ્વરે બારગાહે-ઈલાહીમાં દુઆ માગી હતી કે આપની દુઆ ખતમ થાય તે પહેલાં હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ ફતેહની ખુશખબર લઈને આવી ગયા.

મુસલમાનોને કુરૈશી લશ્કરમાંથી ગનીમતનો બેશુમાર માલ મળ્યો. ૭૦ કેદીઓ, ૧૦ ઘોડા, ૧૫૦ ઊંટો,એક હજારથી વધારે હથિયારો, કીમતી ચામડાં જેને તેઓ વેચવા માટે લાવ્યા હતા. બેશુમાર પોશાકો, ચાદરો, ચટાઈઓ વગેરે. ૭૦ કેદીઓ પાસેથી મુક્તિ-દંડની વસૂલ થયેલી મબલખ રકમ. મુનબ્બેહ બિન હજ્જાજ સહમી નામે કુરૈશી સરદારની ઝુલ-ફકાર નામે મૂલ્યવાન તલવાર. આ તલવાર આપે હઝરત અલીને ભેટ તરીકે ઈનાયત ફરમાવી. એજ તલવારનું પાણી બતાવીને હઝરત અલીએ યહૂદીઓનું વતન ખયબર ફતેહ કર્યું અને ''ફાતિહે-ખયબર'' તરીકે નામના મેળવી.

ગનીમતના માલમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પણ એક ઊંટ મળ્યો. એ બહુ તાજો, બળવાન અને દેખાવડો ઊંટ હતો. જાણો છો એ કોનો ઊંટ હતો ?————અબૂ જહલનો !

અલ્લાહના પાંચ ઈનામો————અલ્લાહ તઆલાએ ગઝવએ-બદ્રના ૩૧૩ મુજાહિદોની અલબેલી જમાઅત પર પોતાના ખાસ પાંચ ઈનામોની નવાઝિશ ફરમાવી. આ પાંચ એવા ઈનામો છે જે તેઓથી પહેલાના કોઈ પયગમ્બરની ઉમ્મતને તો નહિ મળ્યાં મગર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉમ્મતમાં, સહાબાના ચીલે ચાલનારા બાદના મુજાહિદોને કિયામત સુધી મળતાં રહેશે. કુર્આને-કરીમમાં એ પાંચે ઈનામોનું ચોખ્ખા શબ્દોમાં વર્ણન કરવામાં આવ્યું છે. એમાંના બે ઈનામોનું વર્ણન સૂરએ-આલે-ઈમ્રાનમાં થયું છે અને બાકીના ત્રણ ઈનામોનું વર્ણન સૂરએ-અન્ફાલમાં થયું છે.

પહેલું ઈનામ————લડાઈના મેદાનમાં જયારે ૩૧૩ મુજાહિદો, આકરી કસોટી અને કટોકટીની પળોમાં, એક હજારને મુકાબલે પૂરા શિસ્ત-પાલન સાથે અડગ, અચળ અને મક્કમ રહ્યા તો તેઓની સંખ્યાની કમીને પૂરી કરવા માટે અલ્લાહ તઆલાએ આસમાનથી ફરિશ્તાઓને મોકલાવી દીધા. પ્રથમ એક હજાર, પછી ત્રણ હજાર અને પછી પાંચ હજાર ફરિશ્તા મોકલાવ્યા.

કારણ આ હતું કે કુરૈશી લશ્કરની મદદ માટે શયતાને-મરદૂદ પોતાનું શયતાની લશ્કર લઈને આવી લાગ્યો હતો. શયતાન પોતે સુરાકહ બિન માલિકના રૂપમાં આવ્યો હતો અને તેનું લશ્કર બનૂ મુદલિજ કબીલાના જવાનોના રૂપમાં આવ્યું હતું. તેઓના મુકાબલા માટે અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રીલ, હઝરત મીકાઈલ અને હઝરત ઈસરાફીલની આગેવાની હેઠળ ફરિશ્તાઓનું લશ્કર મોકલાવી દીધું. શયતાન અને તેની અવલાદ ઈન્સાનના રૂપમાં આવી હતી. જેથી ફરિશ્તા પણ આસમાનથી ઈન્સાનના રૂપમાં આવ્યા. પછી એવું બન્યું કે શયતાને જયારે લડાઈના મેદાનમાં ફરિશ્તાઓને જોયા તો તે દુમ દબાવીને ભાગી ઊઠયો અને તેની સાથે તેની અવલાદ પણ ઊભી પૂછડીએ નાઠી અને કુરૈશ તેઓને પોકારતા જ રહી ગયા.....

મુસલમાનોની મદદ માટે આકાશથી ઊતરેલા ફરિશ્તા ઈન્સાનના રૂપમાં હતા અને તેઓએ પોતાને માથે પાઘડીઓ સજેલી હતી. પાઘડીઓના રંગને લગતી બે રિવાયતો છે. એક રિવાયત મુજબ સફેદ રંગ અને બીજી રિવાયત મુજબ પીળો રંગ. પાઘડીઓના છેડા તેઓના ખભાઓની વચ્ચે લટકતા હતા. માલૂમ પડયું કે પાઘડી મુસલમાન મુજાહિદો માટે કેટલો સુંદર પોશાક છે કે અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓ માટે તેને યુનિફોર્મનો એક ભાગ બનાવી દીધો.

બીજું ઈનામ————અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ ફરમાવ્યો કે : ''ફ-સબ-બિતૂલ-

લઝીન આમનૂ'' એટલે હે ફરિશ્તાઓ ! જમીન પર જઈને મુસલમાનોના દિલોને મજબૂત બનાવો કે જેથી તેઓના પગો લડાઈના મેદાનમાં મક્કમ રહે. તેઓના સરો ઉન્નત રહે અને તેઓ ખેલદિલીથી મારા દુશ્મનો સાથે લડે.

અહીં આ વાત યાદ રાખો કે જેવી રીતે શયતાનને અલ્લાહ તઆલાએ લોકોના દિલોમાં શયતાની વસવસાઓ જન્માવવાની તાકત બખ્શેલી છે તેવી જ રીતે ફરિશ્તાઓને લોકોના દિલોમાં નેકીના વિચારો જન્માવવાની તાકત બખ્શેલી છે. કુર્આનમાં એના માટે ''અલ્હમ'' શબ્દ આવેલો જે અરબીના ''ઈલ્હામ'' શબ્દમાંથી નીકળેલો છે. ઈલ્હામ એટલે અલ્લાહ તરફથી દિલમાં કોઈ વાત નાખી દેવી. એને લગતી કુર્આને-કરીમની આયત વાંચો : ''ફ-અલ-હ-મૂ-હા ફુજૂ-રહા વ તક્વાહા.'' ભાવાર્થ આ છે કે, અમે ઈન્સાનને સુંદર સ્વરૂપે જન્માવ્યો અને પછી તેના દિલમાં નેકી અને બદીને પારખવાની ભાવનાઓ જન્માવી એટલે નેકી અને બદીના ભેદને પારખવાની સમજબુધ્ધિ આપી. એક તરફ શયતાને વસવસો નાખ્યો, બીજી તરફ ફરિશ્તાએ દિલમાં પ્રેરણા નાખી કે, નહિજી નેકીનો રસ્તો એ નહિ આ છે. તો અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને ઈન્સાનના દિલમાં નેકીની ભાવના જન્માવવાની તાકત આપેલી છે જેને ઈલ્હામ કહે છે. શયતાન તરફથી હોય તો તે બુરો વિચાર છે જેને વસવસો કહે છે. ખરૂં જોતાં હારજીતનો આધાર મનોબળની મજબૂતાઈ કે મનોબળની નબળાઈ પર રહેલો છે. મનોબળ મજબૂત હોય તો બેડો પાર અને જ્યાં મનોબળ ઢીલું થયું કે બેડો ગરક. આ રીતે અલ્લાહ તઆલાએ બદ્રની લડાઈમાં ફરિશ્તાઓ મારફતે મુસલમાનોના મનોબળને મજબૂત કરીને તેઓની જીતનું કારણ બનાવી દીધું.

ત્રીજું ઈનામ————અલ્લાહ તઆલાએ દુશ્મનોના દિલો પર મુસલમાનોની ધાક બેસાડી દીધી. મુસલમાનોના રૂઆબની એવી થરથરી નાખી દીધી કે મુહંમદી લશ્કરને જોતાં જ તેઓના હાંજા ગગડી ગયા. હાથપગ ઢીલા થઈ ગયા. હિંમતની કમ્મર તુટી ગઈ. જેમકે ફરમાવ્યું : ''સનુલ્કી ફી કુલૂબિલ-લઝીન કફરૂર-રૂઅબ.'' અમે બહુ જ જલદી કુફ્ફારના દિલોમાં તમારો રૂઆબ નાખી દઈશું.

ચોથું ઈનામ————અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને લડાઈના મેદાનમાં જઈને મુસલમાનોના દુશ્મનો સાથે લડાઈ કરવાનો હુકમ ફરમાવ્યો. આથી પહેલાં નાફરમાન કે બંડખોર કૌમોને શિક્ષા આપવાનો અલ્લાહનો કાનૂન જુદો હતો. જેમકે જમીનને ફાડી નાખનારો ભયંકર ધરતીકંપ, કડાકા ધડાકા સાથે તૂટી પડનારો વરસાદ, પાણીની પ્રચંડ રેલ, જોશભેર ફૂંકાતા પવનનો ઝંઝાવાત, આકાશથી દેમાર પથ્થરમારો વગેરે. પહેલાંની ઈસ્લામ-દુશ્મન પ્રજાઓને આ રીતે શિક્ષા આપવામાં આવતી હતી.

એથી વિરૂધ્ધ અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉમ્મત પર જિહાદ ફર્ઝ કર્યો અને હુકમ ફરમાવ્યો કે મેદાને-જંગમાં ઊતરીને લડાઈખોર દુશ્મનોનો મુકાબલો કરો. પોતે પણ કતલ થાવ અને જન્નત મેળવો. દુશ્મનોને પણ કતલ કરો અને જહન્નમભેગા કરો. તમારી તલવારોથી અલ્લાહના દુશ્મનોને શિક્ષા આપો. તમારી મદદ માટે હું મારા ફરિશ્તાઓને મોકલાવી આપીશ. એની સાથે જ અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને પણ જિહાદનો હુકમ ફરમાવ્યો અને એ ફરિશ્તાઓને મુસલમાનોની મદદ માટે બદ્રના મેદાનમાં મોકલાવી દીધા.

પાંચમું ઈનામ————અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને મુસલમાનોના મદદગાર અને સહકારી બનાવી દીધા. અસલ લડનારા મુસલમાનો હતા અને ફરિશ્તા તેઓને તાબે હતા. સૂરએ-આલે-ઈમ્રાનમાં ''અન્ની મુમિદ-દુકુમ'' એટલે હું તમારી મદદ કરનારો છું અને ''હાઝા યુમ-દિદ-કુમ રબ્બુકુમ''ના શબ્દો એજ તરફ ઈશારો કરે છે કે બેશક તમારો પાલનહાર તમારી મદદ કરશે. અલ્લાહના રસ્તામાં જિહાદ કરનારા મુસલમાનો માટે અલ્લાહના આ પાંચ ખાસ ઈનામો છે. (સીરતુલ-મુસ્તફા જિલ્દ ૨ પેજ ૮૨)

એનાથી માલૂમ પડ્યું કે ઈસ્લામી જિહાદનો આધાર લશ્કરની બહુમતી કે લઘુમતી અને હથિયારો કે દારૂગોળા પર નહિ બલકે અલ્લાહની મદદ પર રહેલો છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૫

ગઝવાત અને સરાયાત [૧]

ગઝવએ-કુદ્ર • ગઝવએ-સવીક • ગઝવએ-ઝી-અમર્ર • ગઝવએ-બુહરાન • ગઝવએ-બનૂ કૈનુકાઅ • યહૂદીઓની ખતરનાક શરારતો • મુનાફિકોના સરદારની ગુસ્તાખી • યહૂદીઓ પ્રત્યે બેઝારીની જાહેરાત • યહૂદ અને નસારાની દોસ્તી વિષે હુકમ • સરિય્યહે-ઝૈદ બિન હારિસહ.

Maktabe Ashraf

ગઝવએ-કુદ્ર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બદ્રના યુધ્ધથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રમઝાનના અંતમાં અથવા સન હિજરી ૨ ના શવ્વાલની શરૂઆતમાં નિવૃત્ત થયા. એ પછી આપ મદીનહ પધારીને સાત દિવસોથી કંઈક વધુ મદીનહમાં બિરાજમાન રહ્યા. એ પછી આપે બનૂ સુલૈમની વસતિ તરફ પોતે જવાનો નિર્ધાર કર્યો. [૨]

ઈબ્ને હિશામ કહે છે : મદીનહથી ઊપડવા પહેલાં આપે હઝરત સબાઅ બિન અર્ફતહ ગિફારી અથવા હઝરત ઈબ્ને ઉમ્મે-મકતૂમને મદીનહના હાકિમ (ગવર્નર) બનાવ્યા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી આપ મદીનહથી નીકળીને બનૂ સુલૈમની વસતિના એક ઝરણા પાસે પહોંચ્યા. આ ઝરણાનું નામ ''કુદ્ર'' હતું. અહીં લગાતાર ત્રણ દિવસો સુધી આપ પોતાની લશ્કરી ટુકડી સાથે બિરાજમાન રહ્યા. જ્યારે મુકાબલા માટે કોઈ નહિ આવ્યું તો આપ પાછા મદીનહ આવી ગયા. એ પછી શવ્વાલના બાકીના દિવસો અને ઝુલ-કઅદનો પુરો મહિનો આપ મદીનહમાં બિરાજમાન રહ્યા. એ દરમિયાન કુરૈશના કેદીઓની મોટી સંખ્યાને મુકિતદંડની રકમ લઈને છોડી મૂકવામાં આવી.

---

૧. ગઝવાત : ગઝવહનું બહુવચન. ઇસ્લામી લશ્કરની એવી ચઢાઇ કે લડાઇને ગઝવહ કહે છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બ-નફસે-નફીસ એટલે જાતે ને પોતે ભાગ લીધો હોય. ગઝવ, ગઝવાન, ગઝાવહ એટલે લડાઇ કરવી કે લડાઇ માટે નીકળવું. સરાયાત : સરિય્યહનું બહુવચન. સરિય્યહ એટલે નાનકડી લશ્કરી ટુકડી. એમાં પાંચથી લઇને ત્રણ સો કે ચારસો સુધીનો સમાવેશ થાય છે. ઇસ્લામી પરિભાષામાં સરિય્યહ એવી ચઢાઇ, લડાઇ કે લશ્કરી હિલચાલ જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે ભાગ ન લીધો હોય. ''હ''

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બાતમીદારોથી સમાચાર મળ્યા કે બનૂ સુલૈમ અને બનૂ ગત્ફાનના દુશ્મન કબીલા મદીનહ પર ચઢાઈ માટે એકત્ર થઇ રહ્યા છે. તેઓના પ્રતિકાર માટે બસો સહાબાની લશ્કરી ટુકડી સાથે આપ પોતે ત્યાં પહોંચી ગયા ત્રણ દિવસો સુધી આપે ત્યાં પડાવ નાખીને દુશ્મનની રાહ જોઇ પણ કોઇ મુકાબલા માટે નહિ આવ્યું. આપના પધરામણીના સમાચાર મળતાં જ તેઓ ફરાર થઇ ગયા હતા. ''હ''

ગઝવએ-સવીક————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ કહે છે : મને ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુકકાઈએ મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબીની રિવાયત કહી સંભળાવી જે આ પ્રમાણે છે : મક્કહના સરદાર અબૂ સુફયાન બિન હર્બએ એ પછી ઝિલ હજ્જના મહિનામાં મુસલમાનો સાથે લડાઈનો પ્રસંગ સર્જાવી દીધો જેને "જંગે-સવીક" કહેવામાં આવે છે. આ વરસની કઅબહની હજ્જનો સંપૂર્ણ અધિકાર અને પૂરેપૂરો વહીવટ પણ મક્કહના મુશરિકોના હાથમાં જ રહ્યો.

મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈર અને યઝીદ બિન રૂમાને અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિકની રિવાયત કહી સંભળાવી જેઓ મદીનહના અન્સારમાં સૌથી બહોળું અને વિશાળ જ્ઞાન ધરાવનારા વિદ્વાન હતા. અબ્દુલ્લાહ બિન કઅબની રિવાયત જે શબ્દોમાં મેં સાંભળી તે આ પ્રમાણે છે :

"ગઝવએ-સવીક"નો પ્રસંગ એવી રીતે સર્જાયો કે અબૂ સુફયાન જયારે પોતાના વેપારી કાફલા સાથે સહીહ સલામત મક્કહ પોહંચી ગયો અને કુરૈશના હારેલા સૈનિકો પણ બદ્રથી જાન બચાવીને મક્કહ પહોંચી ગયા તો (પોતાની કૌમનો કરૂણ અંજામ આવેલો જોઈને) અબૂ સુફયાને એવી માનતા લીધી કે:

"જ્યાં સુધી મુહંમદ સાથે જંગ કરીને મારી કૌમનું વેર નહિ લઉં, ન તો માથામાં
તેલ નાખીશ ન નાપાકીનો ગુસલ ઉતારીશ !"

પોતાની આ માનતા કે બાધાને અમલમાં મૂકવા માટે તે લશ્કરી જવાનોની બસો સવારોની ટુકડી સાથે મક્કહથી નીકળીને મદીનહ તરફ ઊપડયો. મક્કહથી નજદ પ્રદેશના રસ્તે કૂચ કરતો નહેરના ઊંચાણ વિભાગે આવેલા એક પહાડની તળેટીમાં જઈને તેણે પડાવ નાખ્યો. આ સ્થળનું નામ "સૈબ"હતું જે મદીનહથી આ તરફના અંતરે આવેલું હતું. જયારે રાત પડી તો રાતના અંધારાનો લાભ લઈને પોતાના સવારોની ટુકડી સાથે સાવચેતીપૂર્વક મદીનહમાં દાખલ થયો અને અંધારાંમાં લપાતો છુપાતો બનૂ નદીર કબીલાના યહૂદીઓના મહોલ્લામાં પહોંચી ગયો. [1] અહીં બનૂ નદીર યૂહદીઓના સરદાર હુય્ય બિન અખ્તબનું મકાન આવેલું હતું. અબૂ સુફયાને મકાનનો દરવાજો ખખડાવ્યો. "કોણ છે દરવાજે ?" હુય્ય બિન અખ્તબે અંદરથી પૂછયું.

જવાબ મળ્યો, "અબૂ સુફયાન, મક્કહનો સરદાર."

આ નામ સાંભળતાં જ હુય્ય બિન અખ્તબ બીકનો માર્યો થથરી ઊઠયો. દરવાજો ખોલવાનો તેણે ધરાર ઈન્કાર કરી દીધો. અહીંથી નિરાશ થઈને અબૂ સુફયાન સલ્લામ બિન મિશ્કમના મકાને પહોંચ્યો. તે વેળા સલ્લામ બિન મિશ્કમ બનૂ નદીરનો મોટો સરદાર અને પોતાની કૌમના ખજાનાનો મંત્રી હતો. અબૂ સુફયાને દરવાજો ખખડાવીને પોતાની ઓળખ આપી અને મકાનમાં આવવાની પરવાનગી માગી. સલ્લામે તુરંત દરવાજો ખોલીને તેને ભાવભીનો આવકાર આપ્યો. માનપાનથી સત્કારીને તેની મેહમાનીનો પ્રબંધ કર્યો. શરાબ અને ખાણીપીણીની વાનગીઓથી તેની સરભરા કરી. મુસલમાનોને લગતી ઘણી છુપી બાતમીઓથી તેને માહિતગાર કર્યો. બંને મોડે સુધી બેસીને ગુપ્ત મંત્રણાઓ કરતા રહ્યા. જયારે રાતનો પાછલો પ્રહર થયો તો અબૂ સુફયાન સલ્લામના મકાનમાંથી નીકળીને પોતાના સાથીઓ તરફ ઊપડી ગયો. પોતાના કેટલાક સાથીઓને તેણે અમુક

---

૧. યહૂદીઓની વસ્તી મદીનહના ઉપનગર જેવી હતી. શહેરનો જ લત્તો ગણાતો હતો પણ અલગ રીતે વસેલા હતા. "હ"

સૂચનો આપીને મદીનહના એક ચોક્કસ વિભાગ તરફ દોડાવી દીધા.

અબૂ સુફયાનના આ સાથીઓ તેના સૂચન મુજબ મદીનહને છેડે આવેલા અરીદ અથવા ઉરૈદ નામના સ્થળે પહોંચી ગયા.અહીં અન્સારના એક કુટુંબના ખેતરો અને ખજૂરના ઝાડો આવેલા હતાં. તેઓએ ખજૂરના ઝાડોમાં આગ લગાડી દીધી. ખેતરમાં બે માણસો સૂતેલા જોવામાં આવ્યા. એક અન્સારી (હઝરત સઅદ બિન અમ્ર) હતા અને બીજા તેમના કરારી હતા. તેઓએ બંનેને સૂતેલી દશામાં કતલ કરી નાખ્યા અને પ્હો ફાટવા પહેલાં ત્યાંથી ફરાર થઈને અબૂ સુફયાન પાસે પહોંચી ગયા.

જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બનાવના સમાચાર મળ્યા તો વિના વિલંબે તૈયારી કરીને આપ પોતાના સાથીઓ સાથે અબૂ સુફયાન અને તેના માણસોની તલાશમાં નીકળી પડયા અને તેઓની પૂઠે પડીને ''કરકરતુલ-કુદ્ર''સુધી પહોંચી ગયા. પરંતુ અબૂ સુફયાન ઊભી પૂછડીએ પોતાના સાથીઓ સાથે એવો નાઠો કે તેનો પત્તો નહિ લાગ્યો અને છટકી જવામાં સફળ થઈ ગયો. રસ્તામાં થોડે થોડે દૂર થોડાક થેલાઓ જોવામાં આવ્યા. એ સવીક એટલે સત્તુના થેલા હતા. અબૂ સુફયાન અને તેના સાથીઓ આંધાધૂંધ નાસવાની ઉતાવળમાં ઊંટોનો બોજ હલકો કરવા રસ્તામાં ઠેરઠેર સવીકના આ થેલા નાખતા ગયા હતા. મુસલમાનોએ સત્તુના એ બધા થેલા કબજે કરી લીધા. સત્તુના થેલાઓને કારણે આ ગઝવહનું નામ ''ગઝવએ-સવીક'' પડી ગયું.

મદીનહ તરફ પાછા ફરતાં સહાબાએ પૂછયું, ''યા રસૂલલ્લાહ ! શું આ બનાવ પણ અમારા માટે એક ગઝવહ છે જેનો અમને સવાબ મળશે''

આપે ફરમાવ્યું, ''હા એ પણ એક ગઝવહ છે જેનો સવાબ મળશે.''

ઇબ્ને હિશામ કહે છે : અબૂ સુફયાન અને તેના સાથીઓની તલાશમાં મદીનહથી ઊપડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત બશીર બિન અબ્દુલ-મુનઝિરને જેમનું ઉપનામ અબૂ લુબાબહ હતું, મદીનહમાં પોતાના નાયબ તરીકે નિર્માણ કર્યા હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : સલ્લામ બિન મિશ્કમના મકાનેથી ઊપડતી વેળા અબૂ સુફયાન બિન હર્બે તેની મેહમાન-નવાઝીના વખાણમાં એક કસીદો કહ્યો. તેના બે શેઅર આ રહ્યા :

વ ઇન્ની તખય-યરતુલ-મદીનત વાહિદન, • લ હિલ-ફિન ફલમ અન્દમ વલમ અતાઉમિ.

મેં મદીનહમાંથી એક ગૃહસ્થને કોલ-કરાર માટે ચૂંટી લીધો તો તેનો મને કોઇ પસ્તાવો નથી, ન મેં કોઇ એવું કામ કર્યું જેના કારણે હું ઠપકાપાત્ર ઠરી જાઉં !

સકાની ફઈવાની કુમયતન મુદા-મતન, • અલા અજલિમ મિન્ની સલામુબ્ને મિશ્કમિ.

સલ્લામ બિન મિશ્કમે મને કાળાશ પડતી લાલ શરાબનું પાન કરાવ્યું, જો કે હું ત્યાંથી નીકળી નાસવાની ઉતાવળમાં હતો.

ગઝવએ-ઝી અમર્ર——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જયારે ગઝવએ-સવીકથી

વાપસ મદીનહ પધાર્યા તો ઝિલ-હજ્જના બાકીના લગભગ બધા દિવસો આપે મદીનહમાં પસાર કર્યા. એ પછી નજદના પ્રદેશ તરફ બનૂ ગત્ફાને જન્માવેલા ફિત્નાને ડામવા માટે જવાનો આપે નિર્ણય લીધો. ઇબ્ને હિશામ મુજબ નજદ તરફ જતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહમાં પોતાના નાયબ તરીકે હઝરત ઉસ્માન બિન અફ્ફાનની નિમણૂંક કરી.

સફરનો લગભગ પૂરો મહિનો આપે પોતાના સાથીઓ સાથે નજદમાં પસાર કર્યો પણ કોઇ મુકાબલા માટે નહિ આવ્યું. એનું જ નામ ગઝવએ-ઝી અમર્ર છે. અહીંથી કૂચ કરીને આપ પાછા મદીનહ પધાર્યા. કોઇએ આ પ્રવાસમાં સામે આવવાનું સાહસ નહિ કર્યું. રબીઉલ-અવ્વલનો બાકીનો ભાગ અથવા તેનો થોડો ભાગ આપ મદીનહમાં બિરાજમાન રહ્યા.

ગઝવએ-બુહરાન——————એ પછી રબીઉલ-આખિરના મહિનામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે બુહરાન સ્થળે કુરૈશ અને બનૂ સુલૈમના લોકો ઈસ્લામ વિરૂધ્ધ બળવો જગાડવા એકત્ર થઇ રહ્યા છે. આ ઉપદ્રવને શમાવવા આપે બુહરાન જવાનું નક્કી કર્યું. મદીનહમાં આપે હઝરત ઇબ્ને ઉમ્મે-મકતૂમને પોતાના નાયબ તરીકે નીમ્યા અને બુહરાન તરફ કૂચ કરી.

ઇબ્ને ઇસ્હાક કહે છેઃ બુહરાન હિજાઝ પ્રદેશના ફરઅ જિલ્લામાં આવેલી એક ખાણ છે. ત્યાં આપ રબીઉલ-આખિર અને જુમાદલ-અવ્વલના લગભગ બે મહિના સુધી થોભ્યા પણ કોઇએ મુકાબલા માટે નીકળવાની હામ નહિ ભીડી. આપની પધરામણીનું સાંભળીને બધા વેરવિખેર થઇ ગયા હતા. કોઇ મુકાબલો નહિ થયો. પોતાના સાથીઓ સાથે આપ મદીનહ પાછા આવી ગયા.

ગઝવએ- બની કૈનુકાઅ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ગઝવએ-બુહરાનથી મદીનહમાં પધરામણી થતાં યહૂદીઓના બની કૈનુકાઅ કબીલાની કમનસીબ ઘટના સર્જાઇ ગઇ. આ ઘટના આપની પધરામણી દરમિયાન બનવા પામી. આપને એના સમાચાર મળતાં આપ બની કૈનુકાઅના બજારમાં પધાર્યા અને બની કૈનુકાઅના યહૂદીઓને ભેગા કરીને આપે ફરમાવ્યું :

યા મઅશર યહૂદ !	હે યહૂદીઓની જમાઅત !
અહઝરૂ. મિનલ્લાહ.	અલ્લાહથી ડરો,
મિસ્લ મા નઝલ,	ક્યાંક તમારી ઉપર ન તૂટી પડે ;
બિ-કુરૈશિમ-મિનન-નિકમતિ.	જેવી આફત કે કુરૈશ પર તૂટી પડી.
વ અસલિમૂ	અને તમે બધા મુસલમાન બની જાવ,
ફઈન-નકુમ કદ-અરફ-તુમ	કેમકે બેશક તમે સારી રીતે જાણો છોકે,
અન્ની નબિય્યુમ-મુર્સલુન.	હું અલ્લાહનો મોકલેલો પૈગંબર છું,
તજિદુન ઝાલિક ફી કિતાબી-કુમ	જેનું લખાણ તમે પોતાની કિતાબમાં જુઓ છો,
વ અહદલ્લાહિ ઈલૈકુમ.	અને અલ્લાહએ તમારી પાસેથી એનું વચન લીધું છે.

આ સાંભળતા જ યહૂદીઓ ઉશ્કેરાઇ ગયા અને આવેશથી બોલ્યા :

"હે મુહંમદ ! શું તમે એમ ધારી લીધું છે કે અમે પણ તમારી કૌમ કુરૈશ જેવા છીએ? એવા ગુમાનમાં બિલકુલ ન રહેજો. તમે એવા લોકો સાથે મુકાબલો કર્યો જેઓ

Maktabe Ashraf

યુધ્ધની કળા વિશે કશું જ જાણતા ન હતા. એજ કારણે તમે તેઓ પર જીત મેળવી લીધી. અગર અમારી સાથે તમે ટક્કર લીધી તો અલ્લાહના સોગંદ ! તમને ખબર પડી જશે કે લડાઈ કોને કહે છે : અમે અનુભવી લડવૈયા અને ખરા મર્દબચ્ચા છીએ !" [૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઝૈદ બિન સાબિતના આઝાદ કરેલા ગુલામે કહ્યું. તેમને સઈદ બિન જુબૈરે અથવા ઈકરિમહએ કહ્યું અને તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયતને આધારે કહ્યું કે આ આયત, બનૂ કૈનુકાઅના યહૂદીઓના એજ જવાબ અંગે ઊતરેલી છે :

કુલ લિલ-લઝીન કફરૂ	કહી દો હે નબી ! આ કાફિરોને કે
સ-તુગ-લબૂન	બહુ જ જલદી તમે પછડાઈ પડશો.
વ તુહશરૂન ઈલા જહન્નમ	અને ભેગા કરવામાં આવશે તમને જહન્નમ તરફ
વ બિઅસલ મિહાદ.	અને તે બહું બુરૂં ઠેકાણું છે. [૨]

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહના યહૂદીઓ સાથે સુલેહશાંતિના જે કરારો કર્યા હતા એમાં સૌથી પહેલાં જે લોકોએ કરારભંગ કર્યો તે બનૂ કૈનુકાઅના યહૂદીઓ હતા. આ લોકોએ કરારનામાનો ભંગ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ટક્કર લીધી. ટક્કરનો આ બનાવ જંગે-બદ્ર અને જંગે-ઉહુદના વચગાળે બનવા પામ્યો.

યહૂદીઓની ખતરનાક શરારતો——————ઈબ્ને હિશામ કહે છે : અબ્દુલ્લાહ બિન જઅફર બિન મિસ્વર બિન મખ્રમહએ અબૂ ઔનના મુખે સાંભળેલી રિવાયત મુજબ આ કમનસીબ ઘટનાનું મૂળ કારણ એમ બન્યું કે મદીનહની એક મુસલમાન ખાતૂન પોતાનો કંઈક માલ વેચવા માટે બનૂ કૈનુકાઅના બજારમાં ગઈ. પોતાનો માલ વેચીને તે એક ઝવેરીની દુકાનમાં ગઈ. આ ઝવેરી યહુદી હતો. તેણે ખાતૂનને બેસી જવાનું કહ્યું અને પછી આગ્રહ કર્યો કે ખાતૂને પોતાના ચેહરા પર નાખેલો નિકાબ હટાવી દે. ખાતૂન માની નહિ અને તેણે નિકાબ હટાવવાનો ઈન્કાર કરી દીધો. થોડી વારે ઝવેરી ચૂપકેથી ખાતૂનની પીઠ પાછળ ગયો અને તેના નિકાબનો છેડો પોશાકના પાલવ સાથે એવી રીતે બાંધી દીધો કે ખાતૂન જયારે ઊભી થઈ તો નિકાબ સરકી ગયો ને તેનો ચેહરો ખુલ્લો થઈ ગયો. ઝવેરી અને બીજા યહુદી ગુંડાઓએ આ બનાવને એક તમાશો બનાવી લીધો અને ઊછળીકૂદીને ખાતૂનની હાંસી ઉડાવવા લાગ્યા. આ અપમાનથી ખાતૂન ભોંઠી પડીને છંછેડાઈ ગઈ અને તેણે મદદ માટે શોર મચાવી દીધો. [૩]

સંજોગજોગે એજ સમયે એક મુસલમાન ગૃહસ્થ ત્યાંથી પસાર થતા હતા. ખાતૂનનો શોર સાંભળીને

૧. મુસલમાન બનેલા યહૂદી ધર્મગુરૂ હઝરત અબ્દુલ્લાહ બિન સલામ રદિયલ્લાહુ અન્હુ બનૂ કૈનુકાઅનીમિગ્રદરીમાંથી હતા. આ કબીલાના યહૂદીઓ ઘણા બહાદુર અને યુધ્ધકળામાં પંકાયેલા હતા. સોનાચાંદીનો ધંધો કરતાં હોવાથી ઘણા માલદાર હતા. બનૂ કૈનુકાઅનું બજાર મદીનહમાં સોનાચાંદી અને ઝવેરાતનું મુખ્ય મથક ગણાતું હતું. "હ"

૨. સૂરએ-આલે-ઇમ્રાન પારહ ૩ આયત ૧૨

૩. બીજી રિવાયત મુજબ આ મુસ્લિમ ખાતૂન દૂધ વેચવા કે બીજા કોઇ સોદા માટે આવી હતી. કામ પતાવીને ઝવેરીની દુકાનમાં ગઇ. જંગે-બદ્રનો મામલો તાજો હતો. યહૂદીઓ મુસલમાનોની જીતથી મનમાં સમસમી રહ્યા હતા. ખાતૂન દુકાનમાં માલ જોતી હતી. યહૂદી ગુંડાએ ખાતૂનની બેખબરીમાં તેના પોશાકનો છેડો પાછળથી એવી રીતે બાંધી દીધો કે જયારે તે ઊભી થઇ તો પીઠ પાછળનું શરીર ખુલી ગયું આ જોઇને યહૂદીઓને ખૂબ મજા પડી. તેઓએ કટાક્ષો અને અટ્ટહાસ્યોની રમઝટ બોલાવી દીધી. (સીરતે-અહમદે-મુજતબા જિ.૨

Maktabe Ashraf

દુકાનમાં દોડી ગયા. તેણે મુસ્લિમ ખાતૂનનો પક્ષ લઈને પેલાઓને ઠપકાર્યા. જવાબમાં તેઓ મરવા મારવા પર ઊતરી પડયા. મુસલમાન ગૃહસ્થને ગુસ્સો આવી ગયો. તેણે પેલા ઝવેરી પર ત્રાટકીને તેને કતલ કરી નાખ્યો. બદલામાં યહૂદીઓએ આ મુસલમાન ગૃહસ્થને શહીદ કરી નાખ્યા. જોતજોતામાં આ બનાવના સમાચાર મદીનહમાં ફેલાય ગયા. મરનાર મુસલમાનના સ્નેહીઓ દોડી આવ્યા અને તેઓએ બીજા મુસલમાનોને મદદની હાકલ કરી. આ રીતે બનૂ કૈનુકાઅના ઝવેરી બજારમાં મુસલમાનો અને યહૂદીઓ વચ્ચે રમખાણ મચી ગયું.

મુનાફિકોના સરદારની ગુસ્તાખી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે જયારે મામલો આટલી હદે પહોંચી ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ કૈનુકાઅના બજારમાં પધાર્યા અને યહૂદીઓને શાંતિ જાળવી રાખવાની, અલ્લાહના અઝાબથી ડરવાની, કરારનામાનું પાલન કરવાની અને ઈસ્લામ કબૂલ કરી લેવાની નસીહત ફરમાવી. પરંતુ જવાબમાં યહુદીઓએ ધાકધમકીથી કામ લીધું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આસિમ બિન ઉમર બિન કતાદહએ મને આપેલી માહિતી મુજબ યહૂદીઓએ જયારે હેંકડાઈ કે તુમાખીથી કામ લઈને જંગની ધમકી ઉચ્ચારી તો લાચારીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ કૈનુકાઅના મહોલ્લા ફરતે ઘેરો નાખી દીધો. તેઓની વસતિને ઘેરવા પહેલાં આપે હઝરત બશીર બિન અબ્દુલ-મુનઝિરની, મદીનહમાં પોતાના નાયબ તરીકે નિમણૂંક કરી. ઘેરાની મુદ્દત લગાતાર પંદર દિવસ સુધી ચાલુ રહી. છેવટે યહૂદીઓ આ ઘેરાથી તંગ આવી ગયા તો તેઓએ આપની શરણાગતિ સ્વીકારી લેવાનું કબૂલ કરી લીધું અને આપનો જે કંઈ હુકમ કે ફેસલો હશે તેને માની લેવા તેઓ રાજી થઈ ગયા.

જયારે અલ્લાહ તઆલાએ આપને બનૂ કૈનુકાઅના યહૂદીઓ પર વર્ચસ આપી દીધું તો એજ વેળા મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય સલૂલ આપની તહેનાતમાં હાજર થયો. તેને યહૂદીઓની કતલના ફેસલાની ધાસ્તી હતી. તે બોલ્યો, "હે મુહંમદ ! મારા મિત્રો સાથે ભલાઈનો વર્તાવ કરો. એ લોકો મારા ખઝરજ કબીલા સાથે કરારોથી જોડાયેલા છે."

આપે અબ્દુલ્લાહને જવાબ આપવામાં વિલંબ કર્યો તો તેની ધીરજ ખૂટી ગઈ. અધીરાઈથી બોલ્યો, "હે મુહંમદ ! મારા દોસ્તો સાથે ઉદારદિલીનો વર્તાવ કરો."

આપે તેની તરફથી પોતાનો નૂરાની ચેહરો ફેરવી લીધો તો તેણે આગળ વધીને આપના બખતરના ખીસામાં હાથ નાખી દીધો. આપે ફરમાવ્યું, "અરસિલ-ની." છોડી દે મને !

રાવીનું કથન છે : તે વેળા આપને એવો ગુસ્સો આવી ગયો કે લોકોના કહેવા મુજબ આપનો નૂરાની ચેહરો રાતો થઈ ગયો.આપે બીજીવાર ફરમાવ્યું, "વૈહકા અરસિલ-ની." ખરાબી હો તારા માટે, છોડી દે મને !

તે બોલ્યો, "ના વલ્લાહ ! ત્યાં સુધી નહિ છોડું કે તમે મારા મિત્રોને જીવતદાન આપીને તેઓની ઉપર ઉપકાર નહિ કરો. મારા આ યહૂદી મિત્રોમાં ચાર સો બખતર વગરના અને ત્રણ સો બખતરધારી એવા લડવૈયા છે જેઓએ દરેક કાળા-ધોળાથી મારૂં રક્ષણ કર્યું છે એ બધા એટલા બહાદુર છે કે આજ સુધી કોઈ

જંગથી પૂઠ ફેરવી નથી. શું તમે એ બધાને એક જ દિવસે કાપીને ફેંકી દેવા માગો છો ? વલ્લાહ ! મને તો એનો જ ખટકો લાગેલો છે.''

આપે ફરમાવ્યું, ''જા એ બધા મેં તને બખ્શી દીધા.''[૧]

આ સાંભળીને અબ્દુલ્લાહ બિન ઉબય રાજી-રાજી થઈ ગયો.

યહૂદીઓ પ્રત્યે બેજારીની જાહેરાત————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ ઈસ્હાક બિન યસારે ઉબાદહ બિન વલીદ બિન ઉબાદહ બિન સામિતની આ રિવાયત કહી સંભળાવી કે જ્યારે બનૂ કૈનુકાઅના યહૂદીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરારભંગ કરીને લડાઈ કરી તો અબ્દુલ્લાહ બિન ઉબય તેઓના મામલાની આડે આવી ગયો. આ દેખીને અન્સારના બનૂ ઔફ કબીલાના સરદાર હઝરત ઉબાદહ બિન સામિત રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. હઝરત ઉબાદહ પણ બનૂ કૈનુકાઅ સાથે કરારોથી જોડાયેલા હતા. એમના પણ આ યહૂદીઓ સાથે દોસ્તીના તેવા જ સંબંધો હતા જેવા કે મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયના હતા. હઝરત ઉબાદહ આપની તહેનાતમાં હાજર થયા અને બા-અદબ બોલ્યા,

''યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપ પર કુરબાન ! આજથી હું બનૂ કૈનુકાઅના યહૂદીઓ પ્રત્યે ખુલ્લા શબ્દોમાં મારી બેજારીની જાહેરાત કરૂં છું. તેઓ સાથે કરેલા કરારોને તોડી નાખું છું. હું અલ્લાહ અને તેના રસૂલનો પક્ષ લઉં છું અને યહૂદીઓથી અલગ થઈ જવાની જાહેરાત પોકારૂં છું. યા રસૂલલ્લાહ ! હું અલ્લાહ અને તેના રસૂલનો ગુલામ છું. હું અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળાઓ સાથે મહબ્બત રાખું છું. આ યહૂદી કાફિરોની દોસ્તી તથા તેઓના કરારી બનવા પ્રત્યે મારો ધિક્કાર જાહેર કરૂં છું.''

યહૂદ અને નસરાની દોસ્તી વિષે હુકમ————હઝરત ઉબાદહ બિન સામિતનું બયાન છે કે, બનૂ કૈનુકાઅના યહૂદીઓ સાથે અમે કરારોથી જોડાયેલા હતા અને તેઓ સાથે અમારા મૈત્રીભર્યા સંબંધો હતા. પરંતુ જ્યારે તેઓએ કરારનો ભંગ કર્યો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ઉધ્ધતાઈ ભર્યો વર્તાવ કર્યો અને લડાઈની ધમકી ઉચ્ચારી તો હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયો અને યહૂદીઓ સાથેના સંબંધો તોડી નાખવાની જાહેરાત કરતાં મેં વિનંતી કરી, ''યા રસૂલલ્લાહ ! હું અલ્લાહ સાથે તેના રસૂલ સાથે અને મુસલમાનો સાથે ખરા દિલથી મહબ્બત રાખું છું. હું આ યહૂદી કુફ્ફારની દોસ્તી અને તેઓના કરારી હોવાથી બેજારીની જાહેરાત કરૂં છું. [૨]

રાવીનું કથન છે કે અબ્દુલ્લાહ બિન ઉબય અને તેના જેવા મુનાફિકો વિષે કુર્આનની સૂરએ માઈદહમાં

---

૧. બીજી રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબ્દુલ્લાહ બિન ઉબય અને હઝરત ઉબાદહ બિન સામિતની ભલામણ સ્વીકારીને તેઓને જ ફેસલાનો અધિકાર સોંપી દીધો. તેઓના ફેસલા મુજબ ગદ્દાર યહૂદીઓ કતલ થવાથી બચી ગયા અને જીવતદાન મેળવીને મદીનહથી દેશનિકાલ થઈ ગયા. તેઓના માલ અસબાબ પર કબજો કરી લેવામાં આવ્યો. (અસિહ-હુસ-સિયર પેજ ૧૧૧) ''હ''

૨. આ હદીસથી માલૂમ પડયું કે અલ્લાહ, તેના રસૂલ અને મુસલમાનો સાથે મહબ્બત રાખવી તે ઈસ્લામ અને ઈમાનની પહેલી શર્ત છે. એવી જ રીતે અલ્લાહ, તેના રસૂલ અને મુસલમાનોના દુશ્મનો પ્રત્યે બેજારી દર્શાવીને તેની જાહેરાત કરી દેવી તે પણ ઈમાનની અગત્યની શર્ત છે. જેમકે હઝરત ઉબાદહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઈને યહૂદીઓ પ્રત્યે પોતાની બેજારીની ખુલ્લા શબ્દોમાં જાહેરાત કરી. ''હ''

આ આયત નાઝિલ થઇ : ''યા ઐયુહલ-લઝીન આમનૂ લા તત-તખિઝૂલ-યહૂદ વન્નસારા......

''હે ઈમાનવાળાઓ ! તમે યહૂદીઓ અને ખ્રિસ્તીઓને પોતાના દોસ્ત ન બનાવો. તેઓ આપસમાં (તમારી દુશ્મની માટે) એકબીજાના દોસ્ત છે. અને જે કોઇ તમારામાંથી તેઓની સાથે દોસ્તી રાખે તો તે પણ તેઓમાંથી જ ગણાશે બેશક અલ્લાહ ઝુલ્મગાર કોમને હિદાયત આપતો નથી. ''[1]

એ પછી બીજી આયતમાં ફરમાવ્યું : ''ઇન્નમા વલીય-યુકુમુલ-લાહુ વ રસૂલુહૂ......''

''તમારા દોસ્ત તો માત્ર અલ્લાહ અને તેના રસૂલ છે. અને તે મુસલમાનો છે જેઓ નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે અને નમ્રતા ગ્રહણ કરનારા છે.''[2]

આ એટલા માટે ફરમાવ્યું કે હઝરત ઉબાદહ બિન સામિત, અલ્લાહ તેના રસૂલ અને મુસલમાનો સાથે મહબ્બત ધરાવતા હતા અને યહુદીઓની દોસ્તી તથા તેઓના કરારી હોવાથી પોતાની બેજારી જાહેર કરી ચૂકયા હતા. એ પછી ફરમાવ્યું : ''વ મંય યતવલ-લલ્લાહ વ રસૂલહૂ....''

''અને જે શખ્સ અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળાઓ સાથે દોસ્તી રાખશે તો બેશક અલ્લાહની જ જમાઅત સૌની ઉપર ફાવી જનારી છે.''[3]

સરિય્યએ-ઝૈદ બિન હારિસહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ ચઢાઇ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઝૈદ બિન હારિસહને ''કર્દહ'' સ્થળે રવાના કર્યા. એ નજદ પ્રદેશના એક ઝરણાનું નામ છે. અહીં પહોંચીને હઝરત ઝૈદે કુરૈશના એક કાફલાને ઝડપી લીધો. એમાં અબૂ સુફયાન બિન હર્બ પણ હતો.

આ બનાવની વિગત એવી છે કે બદ્રના યુધ્ધ પછી મક્કહના કુરૈશ મુસલમાનોથી એટલા ડરી ગયા હતા કે તેઓએ સીરિયાના વેપારી પ્રવાસ માટે મદીનહનો રસ્તો છોડીને ઈરાકનો રસ્તો ગ્રહણ કરી લીધો હતો. આ વેળા પણ કુરૈશના કેટલાક સોદાગરોએ જેમાં અબૂ સુફયાન બિન હર્બ પણ હતો, વેપારી માલનો કાફલો તૈયાર કર્યો. વેપારના માલમાં ચાંદી પુષ્કળ પ્રમાણમાં હતી. મોટે ભાગે ચાંદી જ એ લોકોના વેપારમાં મોખરે રહેતી હતી. પોતાના વેપારી કાફલાની દોરવણી માટે તેઓએ બનૂબક્ર બિન વાઇલના ફુરાત બિન હૈયાન નામે ગૃહસ્થને મહેનતાણું આપીને ભોમિયા તરીકે સાથે લીધો હતો. તેની દોરવણી હેઠળ ઈરાકને રસ્તે કાફલાને લઇને તેઓ સીરિયા તરફ રવાના થયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ વેપારી કાફલાના સમાચાર મળ્યા. આપે હઝરત ઝૈદ બિન હારિસહ (રદિ.)ને એક લશ્કરી ટુકડી સાથે કાફલાને અટકાવવા રવાના કર્યા. આ લશ્કરી ટુકડીએ નજદના અલ-કર્દહ અથવા અલ-કર્વહ નામે ઝરણા પાસે પહોંચીને કાફલાને ઝડપી લીધો. અને તેઓની ઉપર ઓચિંતો હમલો કરી દીધો. અચાનક આક્રમણથી કાફલાના લોકો ગભરાઇને નાસી છૂટવામાં સફળ થઇ ગયા. કોઇ કેદ પકડાયું નહિ. કાફલાનો પૂરોમાલ હાથ લાગ્યો. જેને લઇને હઝરત ઝૈદ બિન હારિસહ પોતાના સાથીઓ સાથે

૧. સુરએ-માઇદહ પા.૬ આ. ૫૧   ૨. માઇદહ આયત ૫૫   ૩. માઇદહ આયત ૫૬

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઈ ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશે જંગે-બદ્ર પછી મુસલમાનોથી ડરીને વેપાર માટે બીજો રસ્તો લીધો તો હઝરત હસ્સાન બિન સાબિતે તેઓને ઠપકારતાં આ શેઅરો કહ્યા :

દઉ-ફ-લજાતિશ-શામે કદ હાલા દૂનહા, • જિલાદુન-ક-અફવાહિલ - મખાદિલ - અવારિકે

મુલ્કે-શામની નાની નેહરોને હવે છોડી દો. તેની અને તમારી વચ્ચે એવી તેજધાર-પાણીદાર તલવારો આડે આવી ગઈ છે જે પીલૂડીના ઝાડનો પાલો ખાનારી ઊંટણીઓના હાથાંઓ પેઠે ખોફનાક છે.

બિ અયદી રિજાલિન હાજરૂ નહવા રબ્બેહિમ, • વ અન્સારેહી હક્કંવ-વ-ઐદિલ-મલાઈકે.

આ તલવારો એવા લોકોના હાથોમાં છે જેઓએ પોતાના પાલનહાર તરફ અને પોતાનાં સાચા મદદગાર તરફ હિજરત કરી છે. અને આ તલવારો ફરિશ્તાઓના હાથોમાં છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૬

કઅબ બિન અશરફની કતલ

કઅબની ઇસ્લામ દુશ્મની ● કુરૈશના મકતૂલોનો મરસિયો ● હઝરત હસ્સાનનો જવાબ ● બીબી મૈમૂનહનો જવાબ ● કઅબ બિન અશરફની અવળચંડાઇ ● કઅબની કતલ માટે મનસુબો ● કઅબની નીચ મનોવૃત્તિ ● અલ્લાહના દુશ્મનની કમબખ્તી ● કઅબ બિન અશરફની કતલ ● દરબારે-નબવીમાં હાજરી ● હઝરત કઅબ બિન માલિકના શેઅરો ● ફિત્નાખોર યહૂદીઓની કતલનો હુકમ ● હુવૈયસાના ઇસ્લામની કથા.

Maktabe Ashraf

કઅબની ઇસ્લામ દુશ્મની——————ઇબ્ને ઇસ્હાક કહે છેઃ યહૂદી સરદાર કઅબ બિન અશરફની ઇસ્લામ-દુશ્મની અને તેની હલકટ મનોદશાનો કિસ્સો એમ છે કે જયારે બદ્રના મેદાનમાં કુરૈશ પર આફત તૂટી પડી અને મુસલમાનોને અલ્લાહની મદદથી જીત મળી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જીતની ખુશખબર આપવા માટે હઝરત ઝૈદ બિન હારિસહને મદીનહના નીચાણવાળા વિભાગે મોકલ્યા અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને મદીનહના ઊંચાણવાળા વિભાગે મોકલ્યા. આ બંને ગૃહસ્થોએ મદીનહ પહોંચીને મુસલમાનોને ખુશખબર આપતાં કહ્યું કે, અલ્લાહ તઆલાએ બદ્રમાં મુસલમાનોને જીત આપી છે અને કુરૈશના ફલાણા-ફલાણા આગેવાનો માર્યા ગયા છે.

આ સમાચાર મદીનહમાં કઅબ બિન અશરફના કાને પણ પહોંચી ગયા. એ બનૂ તયની શાખ બનૂ નબહાનમાંથી હતો. એની મા યહૂદીઓના બનૂ નદીર કબીલાની એક સ્ત્રી હતી. કઅબ પોતે મોટો અમીર, વૈભવશાળી, દબદબાવાળો અને કબીલાનો સરદાર હોવા ઉપરાંત એક પંકાયેલો શાઇર પણ હતો. મુસલમાનોની જીતના સમાચાર સાંભળતાં જ એ બોલી ઊઠયો :

> "હેં........શું એ સાચી વાત છે ? શું તમે માનો છો કે પેલા બંનેના કહેવા મુજબ મુહંમદે મક્કહના મહાન માણસોને કાપી નાખ્યા છે ? તેઓ તો અરબના નામીચા બહાદુરો અને લોકોના બાદશાહો હતા. વલ્લાહ ! અગર મુહંમદે એ લોકોને કાપી નાખ્યા છે તો જમીનનું પેટ, જમીનની પીઠ કરતાં બેહતર છે !"

અલ્લાહના આ દુશ્મનને જયારે આ સમાચારની પાકે પાયે ખાતરી થઇ ગઇ તો તે યહૂદીઓના મોભાદાર આગેવાનો સાથે મદીનહથી ઊપડીને મક્કહ પહોંચી ગયો. અહીં તેણે અબ્દુલ-મુત્તલિબ બિન અબી વદાઅહ બિન સુબૈરહ સહમીના મકાને ઉતારો લીધો. આ સહમીની બેગમનું નામ આતિકહ હતું જે અબીલ-ઈસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફની બેટી હતી. આતિકહએ કઅબ બિન અશરફને ઉમળકાભેર

સત્કાર્યો અને માનપાનથી તેની પરોણાગત કીધી.

અહીં આવીને કઅબ બિન અશરફે બદ્રમાં માર્યા ગયેલા અને બદ્રના ખાડામાં દાટી દેવાયેલા કુરૈશી સરદારોનું દર્દનાક વિલાપકાવ્ય રચ્યું, અને ભરબજારે કુરૈશની મજલિસોમાં તેને દર્દનાક શૈલીએ ગાઈ-ગાઈને, લોકોની ઘવાયેલી લાગણીઓને ઉશ્કેરી મૂકી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ વેરના ભારેલા અગ્નિને એવી રીતે ભભૂકતો કરી દીધો કે રડારોળની સાથે વેર-વેર-વેરના બૂમાટાઓથી મજલિસો ગાજી ઊઠી.

કુરૈશના મકતૂલોનો મરસિયા————બદ્રના મેદાનમાં માર્યા ગયેલા સરદારોના માતમમાં કઅબ બિન અશરફે રચેલા મરસિયામાં તે કહે છે :

તહનત રહય બદરિન લ - મુહલિકા અહલિહી, • વલ મિસ્લે બદરિન તસ-તહિલ્લુ વ તદ-મઉ

બદ્રની ચક્કી એવી રીતે ચાલી કે પોતાના જ લોકોને દળણા પેઠે દળીને તેણે બરબાદ કરી નાખ્યા. અને બદ્રના દર્દનાક બનાવો પર આંખો આંસુઓ સારતી જ રહેશે.

કુતિલત સરાતુન-નાસિ હવલા હિયાદિ-હિમ, • લા તબ્અદૂ ઈન્નલ-મુલૂકા તુસર-રઉ.

લોકોના સરદારો પોતાના જ હવેડાઓની ચોગર્દમ કતલ થઈ ગયા, તો આ વાતને તમે અક્કલ-વિહોણી ન સમજો કેમકે બાદશાહો પણ પછડાઈ પડે છે.

કમ કદ ઉસીબા બિહી મન અબ્યદા માજિદિન, • ઝી બહ-જતિન યઅવી ઈલૈહિદ-દુઆઉ.

કેટલાય આબરૂદાર, રોનકદાર સુંદર મુખડા મુસીબતમાં સપડાઈ ગયા, જેઓની પાસે નાદારો,ગરીબો, હાજતમંદો આસરો લેતા હતા.

સારલ લઝી અસરલ હદીસા બિ-તઅ-નતિન, • અવ આશ અઅમા મુર-અશન લા યસ્મઉ.

જેણે આ વાતો વહેતી કરી છે કાશ ! તેજ ભાલાનો નિશાનો બની ગયો હોત ! અથવા આંધળો બનીને જીવતો રહેત ! તરફડિયાં મારતો રહેત ! અને કંઈ પણ સાંભળી ન શકત !

નુબ્બઅ-તુ અન્ન બનીલ-મુગીરત કુલ્લ-હુમ, • ખશઉલ-કત્લે અબીલ-હકમે વ જુદ-દઉ.

મને સમાચાર મળ્યા કે અબુલ-હકમ (અબૂ જહલ)ની હત્યાને કારણે તમામ બનૂ મુગીરહનું નાક કપાઈ ગયું અને તેઓ બધા ઝલીલો-ખ્વાર થઈ ગયા.

વબ્ના રબીઅતા ઈન્દહૂ વ મુનબ-બહુન, • મા નાલા મિસ્લલ મુહલિ-કૈન વ તુબ્બઉ.

અને રબીઅહના બંને પુત્રો (ઉત્બહ અને શૈબહ) પણ તેની જ પાસે પહોંચી ગયા અને મુનબ્બીહ પણ તેઓની પાસે પહોંચી ગયો.

હઝરત હસ્સાનનો જવાબ————ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી હઝરત હસ્સાન બિન સાબિત અનસારી રદિયલ્લાહુ અન્હુએ એનો જવાબ આપ્યો અને કહ્યું :

અબ્કય કઅબિન સુમ્મ ઉલ્લા બિ અબ-રતિન, • મિન્હૂ વ આશ મુજદ-દઅન લા યસ-મઉ

કઅબ બિન અશરફે તેઓનો કરૂણાજનક મરસિયો કહ્યો. ત્યારે તેને આંસુઓના ઘૂંટડા બીજીવાર પીવાડવામાં

Maktabe Ashraf

વલકદ્ રઐતુ બિ-બત્ને-બદરિમ મિન્હુમ, • કત્લા તસુહ-હુ-લહલ-ઉયૂનુ વ તદ-મઉ.

મેં બદ્રની ખીણમાં કુરૈશના એવા માર્યા ગયેલા મોવડીઓને જોયા જેઓ માટે આંખો રડી રહી છે અને આંસુઓની ઝડી લાગેલી છે.

ફબ્કી ફકદ અબકૈતા અબ્દન રાદિઅન, • શિબ્હલ-કુલૈબે ઇલલ-કુલૈબતિ યત્બઉ.

(હે કઅબ !) તેં મક્કહના અછૂતો જેવા કે હલકટ ગુલામોને તો ખુબ રડાવ્યા. હવે તું પોતે (પોક મૂકીને) રડ જેવી રીતે કે કૂતરીનું નર બચ્ચું કૂતરીના માદા બચ્ચાં પછી ભેંકડો તાણે છે.

વલકદ્ શફર-રહમાનુ મિન્ના સૈયિદન, • વ અહાના કવમન કાતલૂહુ સુર-રઉ.

અને બેશક અમારા સરદાર (હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ના પવિત્ર દિલને તો દયાળુ અલ્લાહએ સંતુષ્ટ કરી દીધું છે અને જે લોકોએ એમની સાથે યુધ્ધ કર્યું તેઓને ઝલીલો-ખ્વાર કરી નાખ્યા અને તેઓ પછડાઇ પડયા.

વ નજા વ અફલિત મિન્હુમ મન કલ્બહૂ, • શઅફુન યઝલ્લુ લિ-ખવફિહી યત્સદ-દઉ.

અને તેઓમાંથી જે શખ્સ બચી ગયો અને નાસી છૂટયો તેના દિલમાં અગ્નિ ભડકી રહ્યો છે. અને અમારા તે સરદાર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ડરથી તેનું હૈયુ ફાટી રહ્યું છે.

બીબી મૈમૂનહનો જવાબ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુસલમાનોમાંથી એક માનવંતા ખાતૂનનું નામ (ઇબ્ને હિશામના કહેવા મુજબ) મૈમૂનહ બિન્તે અબ્દુલ્લાહ હતું. આ ખાતૂન બનૂ બલ્લીની શાખ બનૂ મુરૈદમાંથી હતાં. એમણે કઅબ બિન અશરફના મરસિયાનો જવાબ શાઇરીમાં આપતાં કહ્યું:

તહન-નન હાઝલ-અબ્દુ કુલ્લ તહન-નુનિન • યુબક્કી અલા કત્લા વ લૈસા બિ-નાસિબિ.

આ (કઅબ બિન અશરફ જેવા હલકટ) ગુલામે માર્યા ગયેલાઓ પર બનાવટી રીતે ખૂબ રૂદન-આક્રંદ કર્યું કે જેથી બીજાઓને પણ પોકેપોક રડાવે. જો કે વાસ્તવમાં આઘાત જેવું તેના દિલમાં કંઇ જ નથી.

બકત ઐનુ મંય યબ્કી લિ-બદરિંવ-વ અહલિહી, • વ ઉલ્લત બિ-મિસ્લૈહા લુઐયબ્નુ ગાલિબિ.

બદ્ર અને બદ્રવાળાઓ પર જેઓને તેણે રડાવ્યા તેઓની આંખો તો રડી ઊઠી પણ લુઐય બિન ગાલિબવાળાઓને તો તેના આંસુઓના બમણા ઘૂંટડા પીવાડવામાં આવ્યા.

ફલૈતલ-લઝીન દુર્રિહૂ બિ-દમા-ઇહિમ, • યરા મા બિહિમ મન કાના બૈનલ-અખાશિબિ.

કાશ ! જે લોકો પોતાના જ લોહીમાં ખરડાઇ ગયા તેઓ એવા લોકોની હાલત જોઇ લેત જેઓ મક્કહના પહાડોની વચ્ચે રહેલા છે-

ફ-યઅલમ હક્કન અંય-યકીનિંવ-વ-યુબસિરૂ, • મજર-રહુમ ફવલકલ-લહા વલ-હવાજિબિ.

તો તેઓને મૂળ હકીકતની જાણકારી મળવા પામત ! અને તેઓ પોતાની આંખે જોઇ લેત કે, કેવી રીતે તેઓને કપાળભેર અને લમાણાભેર ભોંય પર ઘસીટવામાં આવ્યા.

• કઅબ બિન અશરફે મૈમૂનહ ખાતૂનના જવાબમાં કહ્યું :

અલા ફઝજુરૂ મિન્કુમ સફીહન લિ-તસ્લમૂ, • અનિલ કવલિ યઅતી મિન્હુ ગૈર મુકારિબિ.

અરે સાંભળો ! તમે પોતાના નાદાનોને ધમકાવો કે આવી વાતોથી તેઓ અલગ રહે, કેમકે એ વાતો ખરાબ સંજોગો જન્માવે છે.

અતશ-તુમુની અન કુન્તુ અબ્કી બિ-અબ્રતિન, • લિ-કવમિન અતાની વુદ્દુ-હુમ ગયરુ કાઝિબિ.

તું મને એટલા માટે ઠપકો આપી રહી છે કે, હું તે કૌમ માટે આંસુઓ વહાવું છું જેની, મારા દિલમાં કોઇ જૂઠી મહબ્બત નથી રહી.

ફ ઇન્ની લ બાકિન મા બકીતુ વ ઝાકિરુન, • મઆસિરા કવમુ મજદુ-હુમ બિલ જબાજિબિ.

હું તો જીવીશ ત્યાં સુધી રડતો જ રહીશ અને એ લોકોની ભલાઇઓને યાદ કરતો રહીશ જેઓની જાહોજલાલી મક્કહની મંઝિલોમાં જગજાહેર છે.

લઉમ્રી લકદ કાના મુરૈદુન બિ-મઅ-ઝિલિન, • અનિશ-શર્રે ફહ-તાલત વુજૂહુસ-સઆલિબિ.

મારા જીવનના સોગંદ ! પેલો (મૈમૂનહ ખાતૂનનો) મુરૈદ કબીલો આજ સુધી બુરાઇઓથી બિલકુલ અલગ-થલગ હતો પણ હવે તેણે પોતાનો રંગ છેકજ બદલી નાખ્યો છે. એ શિયાળવાં જેવા ચેહરાવાળાઓની તો હું સદા બદગોઇઓ કરતો જ રહીશ.

કઅબ બિન અશરફની અવળચંડાઇ——————મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ લોકલાગણી ઉશ્કેરીને અને વેરનો જ્વાળામુખી પ્રગટાવીને કઅબ બિન અશરફ મદીનહ ચાલ્યો આવ્યો.

મદીનહ પહોંચીને તેણે પાકદામન મુસલમાન મહિલાઓની આબરૂને બટ્ટો લાગે અને ફજેતો ફેલાવે તેવાં પ્રેમરસથી છલકાતાં કાવ્યો રચીને અને મજલિસોમાં તેને ગાઇગાઇને મુસલમાનોને માનસિક તકલીફો આપવાની શરૂઆત કરી ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન મુગીસ રદિયલ્લાહુ અન્હુના કથન મુજબ એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું, ''મન લી બિ-ઇબ્ને અશરફ ?'' અર્થાત : કોણ છે જે મારી તરફથી કઅબ બિન અશરફની ખબર લેવાનું બીડું ઝડપે ?

બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત મુહંમદ બિન મસ્લમહ બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! હું આપની આબરૂ ખાતર એનું બીડું ઝડપું છું. હુકમ ફરમાવો તો તેને કતલ કરી નાખું !''

આપે ફરમાવ્યું, ''ફફઅલ ઈન કદર-તા અલા ઝાલિક.'' અગર તમને એની તક મળે તો એમ જ કરી નાખો !

આ વાતચીત પછી એજ પળે હઝરત મુહંમદ બિન મસ્લમહ ત્યાંથી ઊઠીને પોતાના ઘર તરફ ઊપડી ગયા. લગાતાર ત્રણ રાત-દિવસ સુધી પોતાના ઘરમાં ભરાઇ રહ્યા અને ત્રણ રાત-દિવસ સુધી કશું ખાધુંપીધું નહિ. આ સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળ્યા તો આપે તેમને બોલાવીને ફરમાવ્યું, ''લિમા તરક-તત-તઆમ વશ-શરાબ ?''તમે ખાવાનું અને પીવાનું કેમ છોડી દીધું ?

અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! મેં આપને એક વાતનું વચન તો આપી દીધું પણ તેનું પાલન કરી શકીશ કે નહિ તેની ખબર નથી.''

આપે ફરમાવ્યું, ''ઇન્નમા અલૈકલ-જહદુ.'' તમારા માથે માત્ર કોશિશ છે.

ફરમાવ્યું, "કૂલૂ મા બદઅ લકુમ ફ-અન્તુમ ફી હિલ્લીમી મિન ઝાલિક."અર્થાત : તમને વાજબી લાગે તે પૂછી લો. એમાંની દરેક વાત તમારા માટે યોગ્ય લેખાશે.

કઅબની કતલ માટે મનસુબો————સારાંશ કે કઅબ બિન અશરફની કતલ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી પરવાનગી મળી જતાં હઝરત મુહંમદ બિન મસ્લમહએ અન્સાર સાથે મળીને તેને કતલ કરવાની યોજના ઘડી કાઢી.આ યોજનાના અમલીકરણ માટે તેમણે અન્સારના નીચે મુજબ ચાર ગૃહસ્થોની પસંદગી કરી :

• ——— બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત સલકાન બિન સલામહ બિન વકશ રદિયલ્લાહુ અન્હુ.

• ——— બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત અબ્બાદ બિન બિશ્ર બિન વકશ રદિયલ્લાહુ અન્હુ.

• ——— બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત હારિસ બિન ઔસ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુ.

• ——— બનૂ હારિસહવાળા હઝરત અબૂ અબ્સ બિન જબ્ર રદિયલ્લાહુ અન્હુ.

આ પાંચે ગૃહસ્થો એક સ્થળે ભેગા થઈને યોજના સાથે સહમત થઈ ગયા. એમાં હઝરત સલકાન બિન સલામહનું ઉપનામ અબૂ નાઈલહ હતું અને તેઓ કઅબ બિન અશરફના દૂધશરીક ભાઈ થતા હતા.

સૌથી પહેલાં ચારે ગૃહસ્થોએ હઝરત અબૂ નાઈલહને અલ્લાહના દુશ્મન કઅબ બિન અશરફ પાસે મોકલાવ્યા. અબૂ નાઈલહ તેના મકાને પહોંચી ગયા અને લગભગ કલાક સુધી તેની સાથે અલક-મલકની વાતો કરતા રહ્યા. શેઅરો-શાઈરીની ચર્ચા કરીને પોતપોતાના કાવ્યો એકબીજાને સંભળાવતા રહ્યા. અબૂ નાઈલહ પોતે પણ બહુ અચ્છા શાઈર હતા.

રંગ જમાવીને અબૂ નાઈલહ અચાનક બોલ્યા, "હે અશરફના બેટા ! હું તો એક જરૂરી કામ માટે તારી પાસે આવ્યો છું. પ્રથમ મારી વાત સાંભળી લે પણ એ ભેદની વાત છે. એને ખાનગીમાં રાખવાનું તારે વચન આપવું પડશે."

"હા બોલ શું વાત છે ?" કઅબે અધીરાઈથી પોતાના દૂધ શરીક ભાઈને પૂછયું.

"બાબત એમ છે કે....." હઝરત અબૂ નાઈલહ બોલ્યા, "પેલા માણસનું (એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મદીનહ આવવું અમારા માટે એક મુસીબત બની ગયું છે. તેના આવવા પછી તરહ તરહની તકલીફો અને આફતો અમારી ઉપર તૂટી પડી છે. સાચું કહું તો આખું અરબ અમારૂં દુશ્મન થઈ પડયું છે. એક જ કમાનથી અમારી ઉપર તીરો વરસી રહ્યાં છે. ચોતરફથી અમારા રસ્તા બંધ થઈ રહ્યા છે. અમારાં બાલબચ્ચાં બરબાદ થઈ રહ્યાં છે. અમારા માટે ભૂખે મરવાનો વખત આવી લાગ્યો છે. અમારા માટે જાનનો જોખમ ઊભો થઈ ગયો છે. મતલબ કે ચોતરફથી અમે આફતોમાં ઘેરાઈ ગયા છીએ." [૧]

કઅબની નીચ મનોવૃત્તિ————હઝરત અબૂ નાઈલહએ પોતાની વાત પૂરી કરી તો કઅબ બોલ્યો, "હું અશરફનો બેટો છું હે અબૂ નાઈલહ ! સાંભળ મારી વાત, હું તને અગાઉથી જ એ માણસ વિષે ચેતવતો

૧. આવો શબ્દો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં એક સહાબી તો શું, એક અદના દરજ્જાનો મુસલમાન પણ બોલી શકે નહિ અને બોલે તો ઇસ્લામથી ખારિજ થઈને વાજિબુલ-કત્લ બની જાય જેવી રીતે મલઊન અને મરદૂદ સલમાન રૂશ્દી વાજિબુલ-કત્લ બની ગયો. મસ્લેહતને ખાતર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે હઝરત મુહંમદ બિન મસ્લમહને એની પરવાનગી આપી દીધી હતી. "ઠ"

રહ્યો છું કે પરિણામ માઠું આવવાનું છે અને તે આવીને જ રહ્યું....."

"હે અશરફના બેટા !" અબૂ નાઈલહએ તેની વાત કાપતાં કહ્યું, "અત્યારે તો હું એટલા માટે આવ્યો છું કે કંઈક ખાવાપીવાની વસ્તુઓ તું મને વેચાતી આપી દે. બદલામાં તું કહે તે વસ્તુ ગીરો મૂકવા તૈયાર છું પણ ઉપકારથી કામ લેજે કે જેથી હું તારો વિશ્વાસ કેળવવાની નીતિ અપનાવી શકું."

"વારૂ !" કઅબ બોલ્યો, "શું તું તારાં છોકરાં મારે ત્યાં ગીરો મૂકી શકશે ?"

"હે અશરફના બેટા !"હઝરત અબૂ નાઈલહ બોલ્યા, "શું તું મારો ફજેતો બોલાવવા માગે છે ? એથી તો આખા અરબમાં મારી આબરૂના કાંકરા વેરાઈ જશે. મારી સાથે મારા કેટલાક સાથીઓ પણ છે. તેઓ પણ મારા જેવા દુખિયારા છે. આફતોમાં ઘેરાયેલા છે અને તારી મદદના આશાવાદી છે. તેઓને હું તારી પાસે હાજર કરવા માગું છું. મહેરબાની કરીને થોડુંઘણું અનાજ તેઓને પણ આપી દેજે. બદલામાં અમે અમારાં હથિયારો અનાજની કિંમતના વળતર તરીકે તારી પાસે ગીરો મૂકી દઈશું."

હથિયારની યુક્તિ હઝરત અબૂ નાઈલહએ એટલા માટે અજમાવી કે જ્યારે એમના સાથીઓ હથિયારો લઈને આવે તો કઅબ બિન અશરફ ચોંકી નહિ જાય. એ પછી હઝરત અબૂ નાઈલહ પોતાના આ યહુદી દૂધભાઈથી રૂખ્સત થઈને પોતાના સાથીઓ પાસે ગયા અને પૂરો કિસ્સો તેઓને કહી સંભળાવતાં ઉમેર્યું, "તમે બધા પોતપોતાના હથિયારો ઉપાડી લો અને ચાલો મારી સાથે."

ઈબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારો તરફથી મને જે રિવાયત મળી તે મુજબ કઅબ બિન અશરફે આ લોકોને કહ્યું, "શું તમે પોતાના બચ્ચાં મારે ત્યાં ગીરો મૂકશો ?"

અબૂ નાઈલહ ચમકીને બોલ્યા, "અરે એનાથી તો આખા અરબમાં અમારા ફજેતાનો ઢંઢેરો પીટાઈ જશે."

"વારૂ તો પોતાની સ્ત્રીઓને મારે ત્યાં ગીરો મૂકો." કઅબ બોલ્યો.

"અમારી સ્ત્રીઓને કેવી રીતે ગીરો મૂકીએ ?"અબૂ નાઈલહ બોલ્યા, "કેમકે તું તો એક ફાંકડો અને બાંકો-છબીલો રંગીલો નર છે. મદીનહવાસીઓમાં સૌથી વધુ જુવાનીનો જુસ્સો ધરાવનાર મર્દબચ્ચો છે. ચોવીસે કલાક મસ્તીભરી ખુશબૂઓમાં અંઘાયેલો રહે છે."

"ચાલો જવા દો એ વાતને." કઅબ બોલ્યો.

અલ્લાહના દુશ્મનની કમબખ્તી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને સૌર બિન ઝૈદે કહ્યું અને તેમને ઈકરિમહએ કહ્યું અને ઈકરિમહએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત બયાન કરી કે હઝરત અબૂ નાઈલહ અને તેમના સાથીઓ હથિયારો સજીને રસૂલુલ્લાહ સલ્લલલાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. બનેલી હકીકતથી આપને માહિતગાર કર્યા અને અલ્લાહના દુશ્મન તરફ ઝીપટવાની પરવાનગી માગી.

હઝરત ઈબ્ને અબ્બાસ ફરમાવે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ લોકોની સાથે "બકીઉલ-ગરકદ" સુધી ચાલતા પધાર્યા [1] પછી તેઓને રૂખ્સત કરતાં ફરમાવ્યું :

ઈન-તલિકૂ અલા ઇસ્મિલ્લાહિ	ઊપડી જાવ અલ્લાહનું નામ લઈને.
અલ્લા હુમ્મ અઈન-હુમ.	હે અલ્લાહ ! એમની મદદ ફરમાવજે !

આ લોકોને અલ્લાહની મદદની દુઆઓથી રૂખ્સત કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના મકાન તરફ તશરીફ લઈ ગયા.

રાવીનું બયાન છે : ચાંદરણી રાત હતી. હઝરત અબૂ નાઈલહ અને તેમના સાથીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુઆઓ સાથે ત્યાંથી ઊપડીને કઅબ બિન અશરફના બંગલે પહોંચી ગયા. હઝરત અબૂ નાઈલહએ ઊંચા સાદે તેને હાંક મારી. કઅબની શાદીને થોડાક જ દિવસો થયા હતા. બૂમ સાંભળીને તેની દુલ્હને કોઈ અજાણ્યા ખતરાનો આંચકો અનુભવ્યો. પણ કઅબ બૂમ સાંભળીને પથારીમાંથી નીકળી પડ્યો. તેની દુલ્હને તેની કમલીનો છેડો પકડી લેતાં કહ્યું, "તમે એક લડવૈયા સૈનિક છો. આવા સમયે ચંચળ સૈનિકો સાવચેતી વિના બહાર નીકળતા નથી."

"અરે એ તો અબૂ નાઈલહ છે મારો દૂધભાઈ !" કઅબ બોલ્યો, "એમાં ચિન્તા જેવું કંઈ નથી. એને ખબર હોત કે હું ઊંઘી ગયો છું તો કદી મને જગાડત નહિ."

દુલ્હન બોલી, "વલ્લાહ ! તેના અવાજમાં મને ખતરાની ગંધ લાગે છે." [૧]

કઅબ બોલ્યો, "ખરો જવાંમર્દ તે છે જે ખાંડાના ખેલનો પડકાર વિના વિલંબે ઝીલી લે!"

એ પછી તે નીચે ઊતરી આવ્યો અને આ લોકો સાથે થોડીવાર વાતચીત કરતો રહ્યો. આ લોકો પણ તેની સાથે વાતે વળગ્યા અને પછી તેઓ બોલ્યા, "હે ઈબ્ને અશરફ ! જુઓ ચાંદરણું કેવું પુરબહારમાં ખીલેલું છે. ચાલો ચાંદરણાની મોજ માણતા "શિઅબુલ-અજૂઝ" તરફ જઈએ અને ત્યાં બેસીને શાંતિથી થોડીક વાતો કરીએ."[૨]

"તમારી ઇચ્છા હોય તો ચાલો મને વાંધો નથી." કઅબ બોલ્યો.

કઅબ બિન અશરફની કતલ————સારાંશ કે તેઓ ટહેલતા-ટહેલતા ત્યાંથી ઊપડ્યા અને થોડીવાર ચાલતા રહ્યા. અચાનક હઝરત અબૂ નાઈલહએ તેના ઝુલફાં વાળોમાં હાથ નાખ્યો અને પછી તેને સૂંઘતાં બોલ્યા, "અહા ! ખુશબૂથી મઘમઘી રહેલી આજની રાતથી વધુ અલબેલી રાત મેં કદી જોઈ નથી."

આગળ ચાલતાં થોડીવાર પછી હઝરત અબૂ નાઈલહએ પાછું એમ જ કર્યું ત્યાં સુધી કે કઅબના દિલને સંતોષ થઈ ગયો. થોડે આગળ જતાં ફરીવાર એનું પુનરાવર્તન કરતાં હઝરત અબૂ નાઈલહએ બળપૂર્વક તેના ઝુલફાંના વાળો પોતાની મુઠ્ઠીમાં દબાવી લીધા અને ગર્જના કરી, "કાપી નાખો અલ્લાહના દુશ્મનને!"

બધાએ તાબડતોડ તેની ઉપર તલવારના પ્રહારો ઝીંક્યા પણ ઉતાવળમાં તેઓની તલવારો એકબીજાની તલવાર સાથે ટકરાવા લાગી. અલ્લાહના દુશ્મને કમલી ઓઢેલી હોવાથી તલવારના વારો કારગર નીવડતા ન હતા.

હઝરત મુહંમદ બિન મસ્લમહનું બયાન છે : "જ્યારે મેં જોયું કે અલ્લાહના દુશ્મન પર અમારી તલવારોના

---

૧. બીજી રિવાયતમાં આ શબ્દો આવેલા છે : "મને તેના અવાજમાં લોહીની ગંધ લાગે છે." "હ"

૨. શિઅબુલ-અજૂઝ : મદીનહથી થોડે દૂર આવેલું એક રળિયામણું સ્થળ :

વારો કારગર નીવડતા નથી તો અચાનક મારૂં ખંજર મને યાદ આવી ગયું. મેં અલ્લાહના દુશ્મનને ભોંય પર પછાડી નાખ્યો અને ખીસામાંથી ખંજર ખેંચી કાઢયું.

મને ખંજર કાઢતો જોઇને અલ્લાહના દુશ્મને બરાડો પાડીને એવી ભયંકર ચીસ ગજાવી કે આજુબાજુના મકાનોમાં સૂતેલા લોકો હડબડાટ કરતા જાગી ઊઠયા અને તેઓના મકાનોમાં દીવાઓની રોશની દેખાવા લાગી.

મેં ખંજરની અણી તેની નાફ નીચે ઘોંચીને પૂરા બળથી ખંજર દબાવી દીધું તો અણી તેની નાફની નીચેના ભાગ સુધી પહોંચી ગઇ અને અલ્લાહનો દુશ્મન જહન્નમ રસીદ થઇ ગયો. આ ધમાચકડીમાં અમારો એક સાથી હારિસ બિન ઔસ બિન મુઆઝ પણ બુરી રીતે ઘવાઇ ગયો. તેના સર અથવા પગમાં જખમો આવ્યા જે અમારી જ તલવારોના હતા.

અલ્લાહના દુશ્મનને ઠેકાણે પાડીને અમે ઝપાટાભેર ત્યાંથી નીકળી નાઠા. અહીંથી અમે બનૂ ઉમૈયહ બિન ઝૈદ અને બનૂ કુરૈઝહના મહોલ્લા વટાવતા બુઆસ સ્થળે થઇને ''હર્રતુલ-ઉરૈદ''ને ટેકરે ચઢી ગયા. [૧] અહીં થોભીને અમે અમારા સાથી હારિસ બિન ઔસની રાહ જોવા લાગ્યા. થોડીવારના ઇન્તેઝાર બાદ તેઓ પડતા આખડતા આવી લાગ્યા. માલૂમ પડયું કે એ અમારી જ તલવારોથી બુરી રીતે ઘવાયા હતા. અને લોહી વધુ વહી જવાથી કમજોર થઇ ગયા હતા.''

દરબારે નબવીમાં હાજરી————હઝરત મુહંમદ બિન મસ્લમહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે:'' અમે પોતાના ઘવાયેલા સાથીને અમારી પીઠ પર ઉપાડી લીધો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થવા ત્યાંથી ઊપડયા. રાતના પાછલા પ્રહરે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તે વેળા આપ નમાઝ માટે ઊભા થઇ ગયા હતા. અમે સલામ કરી તો આપ નમાઝથી પરવારીને બહાર પધાર્યા. અમે અલ્લાહના દુશ્મનની કતલના આપને સમાચાર આપ્યા જેને સાંભળીને આપ બહુ ખુશ થયા. પછી આપે અમારા ઘવાયેલા સાથીના જખમ પર પોતાનું મુબારક થૂંક લગાડી દીધું અને અમે બધા પોતપોતાના ઘરો તરફ ઊપડી ગયા.

જયારે સવાર પડી તો અમે જોયું કે રાતના બનાવની દહેશતથી સમસમીને તમામ યહૂદીઓ થરથર કાંપી રહ્યા છે અને તેઓની વસતિઓમાં સન્નાટો છવાઇ ગયો છે અને આઇન્દા માટે તેઓને પોતાની જાનોનો ખતરો લાગુ પડી ગયો છે. [૨]

હઝરત કઅબ બિન માલિકના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહના દુશ્મન કઅબ બિન અશરફની કતલ અંગે હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો કહ્યા :

ફગૂદિરા મિન્હુમ કઅબુન સરીઅન, • ફ-ઝલ્લત બઅદ મસરઇ-હિન નદીરુ.

---

૧. કઅબ બિન અશરફની હવેલી મદીનહની દક્ષિણે બનૂ નદીરના ઊંચા મહોલ્લા પાસે આવેલી હતી. એની સામે કંઇક નીચાણમાં યહૂદીઓની વાડીઓ હતી. બનૂ ઉમૈયહ બિન ઝૈદની વસતિ ત્યાં નજીકમાં જ હશે. એની પાસે બનૂ કુરૈઝહના યહૂદીઓની વસતિ હતી. એથી આગળ બુઆસ આવેલું હતું. કેટલીક રિવાયતો મુજબ બુઆસ કિલ્લાનું નામ અથવા પડતર જમીનનું નામ હતું. અનુમાન મુજબ આ સ્થળો મદીનહની આબાદીથી આશરે બે અઢી માઇલના અંતરે આવેલાં હશે. 'હર્રહ''કાળા રંગની પથરીલી જમીનને કહે છે. મદીનહના પૂર્વ અને પશ્ચિમમાં બે હર્રહ આવેલા છે. અને દરેક હર્રહના અલગ નામો છે. હર્રતુલ-ઉરૈદ પૂર્વ દિશાના હર્રહનો એક ભાગ છે. (ઇબ્ને હિશામનો હાશિયો જિ.૨ પા. ૩૬)

૨. કઅબ બિન અશરફની કતલનું બયાન બુખારી શરીફના ''બાબે-કત્લે-કઅબ બિન અશરફ''માં પણ થયેલું છે. વધુ વિગત માટે જુઓ

Maktabe Ashraf

છેવટે તેઓમાંથી કઅબને પછાડી નાખવામાં આવ્યો અને તેના પછડાઈ જવા પછી બનૂ નદીર (કબીલાના યહૂદીઓ) ઝલીલો-ખ્વાર થઇ ગયા.

અલલ કફ્-ફૈને સુમ્મ વકદ અલ્લહુ, • બિ-ઐદીના મુશહ-હરતુન ઝુકૂરુ.

તે ત્યાં હથેલીઓભેર પછડાયેલો હતો અને અમારી ઉઘાડી તલવારો તેની ઉપર છવાયેલી હતી.

બિ-અમરે મુહમ્મદિન ઇઝ દસ્સ લૈલન, • ઇલા કઅબિન અખા કઅબિન યસીરુ.

તે સમયને યાદ કરો જ્યારે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી બનૂ કઅબનો એક શખ્સ રાતની વેળા છુપી રીતે કઅબ બિન અશરફ તરફ જઈ રહ્યો હતો.

ફમા કરહુ ફઅન-ઝલહુ બિ-મકરિન, • વ મહમૂદુન અખૂ સિક્તિન જસૂરુ.

તો તેણે તેની સાથે એક યુક્તિ કીધી અને એ યુક્તિથી તેને નીચે ઉતાર્યો. સાચી વાત આ છે કે પોતાની જાત પર ભરોસો કરનાર, સાહસિક નર પ્રશંસાપાત્ર હોય છે.

ઇબ્ને હિશામ કહે છે : આ શેઅરો હઝરત કઅબ બિન માલિકના તે કસીદાના છે જેનો સંબંધ બનૂ નદીર સાથે ખેલાયેલા યુધ્ધ સાથે છે. ઇન્શા અલ્લાહ આ યુધ્ધનું બયાન અમે તેના પ્રસંગે કરીશું.

ફિત્નાખોર યહૂદીઓની કતલનો હુકમ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : કઅબ બિન અશરફની કતલ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું : "મન ઝફિર-તુમ બિન રિજાલિ યહૂદ ફક્તુલૂ-હુ." એટલે ફિત્નાખોર, આતંકવાદી અને માથાભારે યહૂદીઓમાંથી જેની ઉપર તમે કાબૂ મેળવો તેને કતલ કરી નાખો.

મદીનહમાં ઇબ્ને સુનૈનહ નામે એક યહૂદી બહુ મોટો સોદાગર હતો. એ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કટ્ટરવાદી દુશ્મન હતો. તરહ-તહરના ફિત્ના જન્માવીને લોકોને આપની વિરુધ્ધ ઉશ્કેર્યા કરતો. એક દિવસે લાગ મળતાં હઝરત મુહૈયસા બિન મસઊદ બિન કઅબ બિન આમિર બિન અદી.......બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસ નામના મુસ્લિમ યુવકે તેને કતલ કરી નાખ્યો.

હઝરત મુહૈયસાના મોટાભાઇનું નામ હુવૈયસા હતું. એ હજુ સુધી મુસલમાન બન્યો ન હતો. આ બનાવના સમાચાર મળતાં તેણે નાનાભાઇ મુહૈયસાને પકડીને ખૂબ માર્યો અને કહ્યું, "હે અલ્લાહના દુશ્મન ! તેં ઇબ્ને સુનૈનહ જેવા ભલા ગૃહસ્થને શું કામ કતલ કર્યો ? તેના માલની કંઇક ચરબી-તો તારા પેટમાં હજુ પડેલી હશે!"

હઝરત મુહૈયસાએ હિંમતથી જવાબ આપ્યો, "ભાઇ સાહેબ ! સાંભળી લો. તેની કતલનો હુકમ મને એવા ગૃહસ્થે આપ્યો હતો કે એ ગૃહસ્થ મને તમારી કતલનો હુકમ આપતે તો હું બેધડક તમારૂં ડોકું પણ ઉડાવી મૂકતે !"

આ સણસણતો જવાબ સાંભળીને હુવૈયસા દંગ થઇ ગયો. ગુસ્સાથી તડૂક્યો, "અલ્યા શું બોલ્યો ? શું મુહંમદ હુકમ કરતે તો તું મને પણ મારી નાખતે ?"

"હા બિલકુલ યકીની વાત છે." નાનાભાઇએ ઠાવકા મુખે કહ્યું.

હઝરત મુહૈયસાના આ હિંમતભર્યા જવાબની હુવૈયસાના મન પર ઊંડી છાપ પડી. તેના દિલે પ્રથમ વાર ઇસ્લામ પ્રત્યે આકર્ષણ અનુભવ્યું. જાણે ઇસ્લામની સચ્ચાઇનો ફણગો તેના દિલમાં ફૂટયો હોય તેમ તેણે

વિચાર્યું કે, જેના ધર્મે નાનાભાઇને આટલો હિંમતવાન અને નિડર બનાવી દીધો એ જરૂર કોઇ અનોખી વસ્તુ હોવી જોઇએ! એ પછી વધુ દિવસો પસાર નહિ થયા તો હુવૈયસાએ પણ પોતાનું માથું ઇસ્લામના ચરણોમાં નાખી દીધું.

ઇબ્ને ઇસ્હાક કહે છે : આ રિવાયત મને બનૂ હારિસહના આઝાદ કરેલા ગુલામે સંભળાવી અને તેણે મુહૈયસાની બેટીને મુખે સાંભળી અને બેટીએ તેના બાપ મુહૈયસાને મુખે સાંભળી.

હુવૈયસાના ઇસ્લામની કથા————ઇબને હિશામ કહે છે : મને હુવૈયસાના ઇસ્લામ કબૂલ કરવાની જે રિવાયત મળી તેની વિગત એમ છે કે, જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ કુરૈઝહના યહૂદીઓ પર ફતેહમંદી મેળવી તો તેઓના ચાર સો જેટલા પુરૂષોને ગિરફતાર કરી લીધા. આ યહૂદીઓ બનૂ ખઝરજના કબીલા વિરૂધ્ધ ઔસ કબીલા સાથે કરારોથી જોડાયેલા હતા. જયારે આપે આ યહૂદીઓની ગરદનો મારવાનો હુકમ ફરમાવ્યો તો ખઝરજ કબીલાના મુસલમાનો હોંસે-હોંસે તેઓની ગરદનો મારવા તૈયાર થઇ ગયા અને આનંદ તથા ઉલ્લાસના ભાવોથી તેઓના ચેહરા પ્રફુલ્લા બની ગયા.

એથી વિરૂધ્ધ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઔસ કબીલાના મુસલમાનોને જોયા તો તેઓના ચેહરાઓ પર આનંદને બદલે ઉદાસીની રેખાઓ પ્રસરેલી હતી. આ જોઇને આપ તરત એનું કારણ પામી ગયા કે ઔસના લોકો આ યહૂદીઓના કરારી હોવાથી ખઝરજના લોકો એમની ગરદનો મારે તે એમને પસંદ નથી અને તેથી એ બધા ઉદાસ છે.

હવે યહૂદીઓના ફકત બાર પુરૂષો બાકી રહી ગયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખઝરજના લોકોને તેઓની ગરદનો મારવાથી અટકાવી દીધા. અને બાકી રહેલા બાર યહૂદીઓને ઔસ કબીલાના ૨૪ માણસોને હવાલે કરી દીધા અને હુકમ ફરમાવ્યો કે બબ્બે માણસો એક-એક યહૂદીને કતલ કરે અને તે એવી રીતે કે : "લિયબ-રિ ફુલાનુન વલ-યુઝફ-ફિફ ફુલાનુન." એટલે ફલાણો માણસ તલવારથી ઘાયલ કરે અને ફલાણો તેનો ખાતેમો કરે.

ઔસ કબીલાના મુસલમાનોને સોંપાયેલા યહૂદીઓમાં કઅબ બિન યહૂઝા નામે યહૂદી પણ હતો જે બનૂ કુરૈઝહનો માનવંતો સરદાર હતો. એ હઝરત મુહૈયસા બિન મસઊદ અને હઝરત અબૂ બુરદહ બિન નયારને ભાગે આવ્યો. આ હઝરત અબૂ બુરદહ તેજ ગૃહસ્થ છે જેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બકરીઇદની કુરબાનીમાં એક વરસના બકરાની કુરબાની કરવાની ખાસ પરવાનગી આપી હતી. આપે એ બંનેને ફરમાવ્યું : "લિયદ-રિબ્હુ મુહૈયસતુ વલ-યુઝફ-ફિફ અલૈહિ અબૂ બુરદહ." એટલે મુહૈયસા એને ઘાયલ કરે અને અબૂ બુરદહ એનો ખાતેમો બોલાવે.

આ ફરમાન મુજબ હઝરત મુહૈયસાએ કઅબ બિન યહૂઝાને તલવારનો હળવો પ્રહાર કરીને ઘાયલ કર્યો અને હઝરત અબૂ બુરદહએ આગળ વધીને તેનો ખાતેમો કરી નાખ્યો.

હઝરત મુહૈયસાના મોટા ભાઇનું નામ હુવૈયસહ હતું. એ હજુ સુધી મુસલમાન બન્યો ન હતો. જયારે એને ખબર પડી કે મારા નાના ભાઇએ કઅબ બિન યહૂઝાને મારીનાખ્યો છે તો તે બહુ નારાજ થઇ ગયો. તરત નાના ભાઇ પાસે પહોંચીને ગુસ્સાથી બોલ્યો, "અલ્યા ! કઅબ બિન યહૂઝાને તેં કતલ કર્યો ?"

તે બોલ્યો, "હા ભાઇસાહેબ ! મેં તેને કતલ કર્યો."

Maktabe Ashraf

"નાલાયક નફ્ફટ !" હુવૈસહ બરાડયો, "તું છેક નગુણો ઈન્સાન છે. તેના રોટલા ખાય-ખાયને તારા પેટમાં આટલી ચરબી ચઢી ગઇ છતાં તેં તેને મારી નાખ્યો. તેના ઉપકારોનો જરાયે વિચાર નહિ કર્યો. ખરેખર તું નીચ માણસ છે."

"સાંભળો મુરબ્બી સાહેબ !" મુહૈયસા હિંમતથી બોલ્યો, "બેશક મેં તેને કતલ કર્યો પણ જાણો છો કોના હુકમથી ? એવા ગૃહસ્થના હુકમથી કે એ ગૃહસ્થ મને તમારા ખૂનનો હુકમ ફરમાવતે તો બેધડક હું તમારૂં ખૂન પણ કરી નાખતે !"

આ સણસણતો જવાબ સાંભળીને હુવૈયસા સમસમી રહ્યો. નીચી મૂંડી કરીને એજ દશામાં તે ત્યાંથી હાલી નીકળ્યો. લોકોનું બયાન છે કે રાતભર તે તરંગોમાં ગોથાં ખાતો રહ્યો અને નાના ભાઈની હિંમત પર તઅજ્જુબ કરતો રહ્યો. આખી રાત તેને ઊંઘ નહિ આવી અને સવાર પડી તો પોકારી ઊઠયો, "વલ્લાહ! બેશક સાચો ધર્મ એજ છે."

પછી એજ પળે ઝપાટાભેર ચાલતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો અને સાચા દિલથી કલિમો પઢીને મુસલમાન બની ગયો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ગઝવએ-બુહરાનથી નિવૃત્ત થઇને મદીનહ વાપસ પધાર્યા અને જુમાદલ-આખિરહ, રજબ, શઅબાન તથા રમઝાન ચાર મહિના મદીનહમાંજ બિરાજમાન રહ્યા. એ પછી હિજરતના ત્રીજા વરસે એટલે હિજરી સન ૩ના શવ્વાલ મહિનામાં મક્કહના કુરૈશ લાવલશ્કર લઇને મદીનહ પર ચઢી આવ્યા અને મદીનહથી થોરે દૂર આવેલા ઉહુદ સ્થળે આપની સાથે ટક્કર લીધી જેનું નામ જંગે-ઉહુદ છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૭

ગઝવએ-ઉહુદ : બીજું મહાયુધ્ધ

—૧—

રિવાયતોનો સંગ્રહ • કુરૈશનો જુસ્સો અને જંગની તૈયારી • કુરૈશ લશ્કર એકઠું કરે છે • અબૂ ઉઝઝહ શાઇરની ગદ્દારી • મસાફિઅ શાઇરની રણભેરી • વહશી ગુલામને આઝાદીનું વચન • કુરૈશની બેગમો અને મહિલાઓ • રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ • સહાબા સાથે યુધ્ધની મંત્રણા • મુનાફિકોના સરદારનો વિરોધ • જોશીલા જવાનોનો જોશ અને જુસ્સો • મુનાફિકોની અંતરિયાળ દગલબાજી • ઘોડાની દુમ અને તલવારનો શુકન • આંખ અને દિલનો આંધળો • ઉહુદની ઘાટીમાં પડાવ • લડાઇની તૈયારી અને તીરંદાઝોને હુકમ • સગીર વયના કિશોરો માટે હુકમ • રસૂલુલ્લાહ (સલ.)ની તલવારનો હક • અબૂ આમિર ફાસિકની ચાલ • અબૂ સુફયાન અને ઝંડાધારીઓ • કુરૈશી વીરાંગનાઓનો જુસ્સો • અબૂ દુજાનહ અને તલવારનો હક • હિન્દ અને તલવારનો હક • હઝરત હમ્ઝહની શહાદત • વહશીની કથા વહશીના મુખે • વહશીની આપવીતી • મક્કહથી વહશીની નાસભાગ • મુસૈલિમહ કઝ્ઝાબની કતલ.

રિવાયતોનો સંગ્રહ——બુહરાનથી વાપસી પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ચાર મહિના મદીનહમાં ગુજાર્યા. પછી હિજરી સન ૩ ના શવ્વાલમાં કુરૈશી કુફ્ફાર સાથે ઉહુદનો સંગ્રામ ખેલાયો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : જંગે-ઉહુદના બનાવોનો આધાર તે રિવાયતો પર છે જેને, આપણા માનવંતા ધર્મ-વિશારદોમાંથી હઝરત મુહંમદ બિન મુસ્લિમ ઝુહરી, હઝરત મુહંમદ બિન યહ્યા બિન હબ્બાન, હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહ, હઝરત હુસૈન બિન અબ્દુર્રહમાન બિન અમ્ર બિન સઇદ બિન મુઆઝ વગેરેએ વર્ણવી છે. એ બધાએ જંગે-ઉહુદના બનાવોમાંથી કંઇ ન કંઇ પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. મેં જે જે બનાવો અહીં રજૂ કર્યા છે તે ઉપરના વિદ્વાનોની તમામ રિવાયતોનો સંગ્રહ છે.

કુરૈશનો જુસ્સો અને જંગની તૈયારી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહના કુરૈશને બદ્રની રણભૂમિમાં નામોશી ભરેલી શિકસ્ત મળી. તેઓના મોટા-મોટા સરદારો અને નામીચા વીરનરો માર્યા ગયા અને મેદાનમાંથી જીવ લઇને નાઠેલા સૈનિકો મક્કહ પહોંચી ગયા. તે વેળા સુધીમાં અબૂ સુફયાન બિન હર્બ પણ વેપારી કાફલા સાથે મક્કહ પહોંચી ગયો હતો.

એ પછી અબ્દુલ્લાહ બિન રબીઅ, ઈકરિમહ બિન અબૂ જહલ અને સફવાન બિન ઉમૈયહ શિકસ્તના ઊંડા આઘાત સાથે મક્કહ પહોંચી ગયા અને કુરૈશના એવા લોકો પાસે ગયા જેઓના બાપ-બેટા કે ભાઇઓ બદ્રના મેદાનમાં કતલ થઇ ગયા હતા. તેઓ, એ બધાને લઇને અબૂ સુફયાન અને વેપારી કાફલાના અગ્રેસરો પાસે ગયા અને ટહેલ નાખતાં બોલ્યા :

"હે કુરૈશી સરદારો ! મુહંમદે તમારો કિલ્લો ઉખેડી કાઢયો છે. તમારા લશ્કરી બળના ભૂક્કા બોલાવી દીધા છે. તમારા નામીચા સરદારો અને ચુનંદા માણસોને મોતને ઘાટ ઉતારી દીધા છે. હવે અમારી વિનંતી છે કે કાફલા સાથે વેપારનો જેટલો માલ તમે લાવ્યા છો એ બધો મુહંમદ સાથેના મુકાબલામાં ઝોંકી દો કે જેથી અમે અમારા માણસોનું વેર લઇ શકીએ !"

અબૂ સુફયાન અને કાફલાના સોદાગરોએ તેઓની આ વિનંતીનો સ્વીકાર કરી લીધો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને કુર્આની ઉલૂમના જ્ઞાનીઓએ માહિતી આપતાં કહ્યું કે, એજ તે લોકો છે જેઓના બારામાં કુર્આને-મજીદની આ આયત નાઝિલ થઇ : "ઈન્નલ-લઝીન કફરૂ યુન-ફિકૂન અમ્વાલ-હુમ લિ-યસુદ્દૂ અન સબીલિલ્લાહ...."

"બેશક જે લોકો કુફ્ર પર આગ્રહી છે તેઓ પોતાનું ધન એવા હેતુએ વાપરે છે કે તેનાથી અલ્લાહના માર્ગમાં રૂકાવટો નાખી શકે. પછી તેઓ વધુ ધન પણ વાપરશે. પરંતુ નતીજ રૂપે તેઓ પોતાનું ધન વાપરીને પસ્તાવા તથા હતાશા સિવાય કશું મેળવી શકવાના નથી. અને પછી પછડાઇ પડશે. અને કુફ્ર ગ્રહણ કરનારાઓને છેવટે જહન્નમમાં ભેગા કરી દેવામાં આવશે." [૧]

કુરૈશ લશકર એકઠું કરે છે————અબૂ સુફયાન અને વેપારી કાફલાના અધિકારીઓની ઉશ્કેરણીથી કુરૈશના તમામ કબીલાઓ અને તેઓની સાથે કરારોથી જોડાયેલા બીજા કબીલાઓ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મુકાબલાના યુધ્ધ માટે એકઠા થઇ ગયા. એટલું જ નહિ, તેઓથી દબાયેલા અને તેઓની આણ હેઠળ રહેનારા બનૂ કિનાનહ તેમજ તિહામહ પ્રદેશમાં વસનારા કબીલાઓના લોકો પણ દરેક પ્રકારે કુરૈશની મદદ કરવા તૈયાર થઇ ગયા.

અબૂ ઉઝઝહ શાઇરની ગદ્દારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબૂ ઉઝઝહ અમ્ર બિન અબ્દુલ્લાહ જુમહી નામે એક પંકાયેલો શાઈર હતો. બદ્રની લડાઇમાં કેદ પકડાઇને મદીનહ આવ્યો હતો. બહુ ગરીબ, કંગાલ અને નાદાર હોવા ઉપરાંત ઘરમાં છૈયાં છોકરાંની લંગાર ધરાવતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ રહમદિલીથી કામ લઇને એની ઉપર મોટો ઉપકાર કર્યો હતો. એણે વિનંતી કરી હતી, "હે મુહંમદ! તમે જાણો છો કે હું એક ગરીબ માણસ છું. ઘરમાં છોકરાંઓની લંગાર છે. હાજતો પૂરી થતી નથી. દંડની રકમ ક્યાંથી લાવું? બસ મુજ પર ઉપકાર કરો. મને છોડી મુકો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એની પાસેથી કબૂલાત લીધી હતી, "અબૂ ઉઝઝહ! વચન

---

૧. સૂરએ-અન્ફાલ પા. ૯ આયત ૩૬

Maktabe Ashraf

આપો કે અમારા દુશ્મનની મદદ નહિ કરશો.'' શાઈરે વચન શબ્દ પર ભાર મૂકતાં કહ્યું હતુંઃ

''હે મુહંમદ ! હા પાકું વચન છે. ન તમારા દુશ્મનનો પક્ષ લઈશ ન તેની મદદ કરીશ.''

ત્યારે આપે તેની ઉપર ઉપકાર કરીને દંડ લીધા વિના તેને છોડી મૂકયો હતો.

હવે સફવાન બિન ઉમૈયહ એની પાસે ગયો અને બોલ્યો, ''હે અબૂ ઉઝઝહ ! તમે એક જાણીતા અને અચ્છા શાઈર છો. પોતાની શાઈરી અને જોશીલી વાણીથી અમારી મદદ કરો અને અમારી સાથે જંગમાં પણ ચાલો.''

''જુઓભાઈઓ ! સાંભળો,'' તેણે પોતાની લાચારી દર્શાવતાં કહ્યું, ''જંગે-બદ્રમાં મુહંમદ સાહેબે મુજ પર ઉપકાર કર્યો છે. તેમની વિરૂધ્ધ કોઈ પગલું નહિ લેવાનું મેં વચન આપી દીધું છે.''

સફવાન બોલ્યો, ''વારૂ શાઈરી કે વાણીથી મદદ કરવાની વાત જવા દો. ફકત પોતાની જાતથી અમારી મદદ કરો. હું વચન આપું છું કે જંગમાંથી તમે હેમખેમ પાછા ફર્યા તો એટલો માલ આપીશ કે તમે માલામાલ થઈ જશો અને જો માર્યા ગયા તો તમારાં બાલબચ્ચાંની જવાબદારી હું ઉપાડી લઈશ. તમારી બેટીઓ મારી જ બેટીઓ હશે. મારા જ ઘરમાં મારી બેટીઓ સાથે રહેશે. સુખ અને દુખ બંને હાલતમાં અમારૂં જીવન અને મરણ સાથે જ હશે.''

અબૂ ઉઝઝહ શાઈર સફવાનની ચીકણી વાતો પર લપસી પડયો અને તેની મરજી પર ચાલવા તૈયાર થઈ ગયો. એ પછી તે કુરૈશે ઘડેલા કાર્યક્રમ મુજબ તિહામહ પ્રદેશ તરફ ઊપડયો અને ત્યાં વસનારા કબીલાઓમાં જઈને વીરહાક ગજાવતાં લલકાર્યો :

ઐયુહા બની અબ્દે મનાતર રુઝામ, • અન્તુમ હુમાતુન વ અબૂકુમ હામ.

રણસંગ્રામમાં દ્રઢતાથી લડનારા હે બનૂ અબ્દે-મનાત ! તમે પોતાના બાપદાદા પેઠે મોટા જોરાવર અને પીઠબળ આપનારા લડવૈયા છો. (આ પ્રસંગે અમારી મદદ કરો.)

લા તએદૂની નસ્ર-કુમ બઅદલ-આમ, • લા તુસ-લિમૂની લા યહિલ્લુ ઈસ્લામ

આ વરસ પછી તમારે અમારી મદદ કે સહકારનું વચન આપવાની કોઈ જરૂર નહિ રહેશે. બસ આટલું કરો કે અમને દુશ્મનના હાથને હવાલે નહિ કરો. કેમકે આ નીતિ કોઈ રીતે વાજબી નથી.

મુસાફિઅ શાઈરની રણભેરી——————મુસાફિઅ બિન અબ્દે-મનાફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ નામે શાઈર બનૂ માલિક બિન કિનાનહની વસતિમાં પહોંચી ગયો અને તેઓની કૌમી તથા ધાર્મિક લાગણીઓને ઉશ્કેરીને અને તેઓના બાપદાદાઓની પરંપરાગત ખૂબીઓના સંભારણા કરાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ યુધ્ધનો નાદ ગજાવતાં લલકાર્યો :

યા માલિક માલલ હસબિલ મુકદ-દમિ, • અન્શુદુ ઝલ-કુરબા વઝત-તઝમ-મુમિ.

મન કાના ઝા રુહમિન વમલ-લમ યરહમિ, • અલ-હિલ્ફ વસ્તલ બલદિલ મુહર-રમિ.

ઈન્દ હતીમિલ-કઅબતિલ-મુઅઝ-ઝમિ.

હે બનૂ માલિક બિન કિનાનહ (ના બહાદુરો !) તમારા ભૂતપૂર્વ સંસ્કાર તમારા સ્વમાન અને શરાફતને

શું થઇ ગયું કે, હું કદી આ ભાઇબંધને તો કદી પેલા જવાબદાર ગૃહસ્થને શોધતો ફરી રહ્યો છું ! તમે જ કહો, દયાળુ અને સહાનુભૂતિવાળા કોણ હતા ? માનવંતા કઅબહના હતીમ પાસેના, માનવંતા શહેર (મક્કહ)ની વચ્ચે કોણે લાગણીભર્યો વર્તાવ નહિ કર્યો ? (એ તમે જ હતા) ત્યારે બતાવો હવે તમારી બહાદુરી અને તમારા વારસાગત સંસ્કારને શું થઇ ગયું છે ?

વહશી ગુલામને આઝાદીનું વચન————ઇબ્ને ઇસ્હાક કહે છે : જુબૈર બિન મુત્ઇમનો એક હબશી ગુલામ હતો. લોકો એને વહશી નામે બોલાવતા હતા. એ હબશીઓની પ્રણાલી મુજબ બરછો ફેંકી મારવાની કળામાં પારંગત હતો. એનું તાકેલું નિશાન ભાગ્યે જ ખાલી જતું. એની પાસે હબશ દેશનો એક બરછો હતો. આ બરછો મલકુલ-મવત એટલે યમદૂતનો બરછો ગણાતો. જેને ખેંચી મારતો તેનું આવી બનતું.

જુબૈર બિન મુત્ઇમે પોતાના આ ગુલામને કહ્યું, "અલ્યા વહશી ! ચાલ તું પણ અમારી જોડે લડાઇમાં જોડાઇ જા. જો તું મારા કાકા તુઐમહ બિન અદીના બદલામાં મુહંમદના કાકા હમ્ઝહને કતલ કરી નાખે તો તું આઝાદ છે. તારી આઝાદીની એજ કિંમત છે." [૧]

કુરૈશની બેગમો અને મહિલાઓ————જ્યારે કુરૈશના લોકો પોતાના તાબેદારો, કરારીઓ, સહકારીઓ અને બનૂ કિનાનહ તથા તિહામહ પ્રદેશના કબીલાઓ સાથે જંગી તૈયારીઓથી પરવારી ગયા તો યુધ્ધની સંપૂર્ણ સાધનસામગ્રી સાથે પોતાનું લાવલશ્કર લઇને લડાઇના મેદાન તરફ રવાના થઇ ગયા. આ વેળા સૈનિકો લડાઇનું મેદાન છોડીને નાસી ના છૂટે અને લોહીના છેલ્લાં ટીપાં સુધી મરણિયા થઇને બહાદુરીથી લડી લે તે માટે કુરૈશે પોતાની બેગમો તથા કુળવાન મહિલાઓને પણ સાથે લીધી અને ઊંટની કાઠીઓ પર બેસાડીને પોતાની સાથે લઇ ગયા કે જેથી આ વીરાંગનાઓ રણભૂમિમાં વીરકાવ્યો લલકારીને સૈનિકોને શૂર ચઢાવતી રહે અને કોઇ સિપાહી મેદાને-જંગથી પૂઠ ફેરવીને ફરાર થવાનું બાયલાપણું નહિ બતાવે. જંગે-ઉહુદમાં ઉત્સાહભેર શામિલ થયેલી કુરૈશી બેગમોના નામ આ છે :

• ——— કુરૈશના સરસેનાપતિ અબૂ સુફયાન બિન હર્બે પોતાની બેગમ હિન્દ બિન્તે ઉત્બહ બિન રબીઅહને સાથે લીધી. એ હઝરત અમીર મુઆવિયહની મા હતી. એનો બાપ ઉત્બહ બિન રબીઅહ, એનો કાકો શૈબહ બિન રબીઅહ, એનો ભત્રીજો વલીદ બિન ઉત્બહ, એનો બેટો હન્ઝલહ બદ્રમાં માર્યા ગયા હતા.

• ——— ઇકરિમહ બિન અબૂ જહલે પોતાની બેગમ ઉમ્મે-હકીમ બિન્તે હારિસ બિન હિશામ બિન મુગીરહને સાથે લીધી.

• ——— હારિસ બિન હિશામ બિન મુગીરહએ પોતાની બેગમ ફાતિમહ બિન્તે વલીદ બિન મુગીરહને સાથે લીધી.

• ——— સફવાન બિન ઉમૈયહએ પોતાની બેગમ બરઝહ બિન્તે મસઊદ બિન ઉમર બિન ઉમૈર સકફિયહને સાથે લીધી. આ બરઝહ બેગમ અબ્દુલ્લાહ બિન સફવાન બિન ઉમૈયહની મા છે. ઇબ્ને હિશામ કહે છે : બરઝહનું અસલ નામ રૂકૈયહ છે. ઇબ્ને ઇસ્હાકે કુરૈશની બીજી બેગમોના નામો પણ દર્શાવ્યાં છે જેમકે :

• ——— અમ્ર બિન આસે પોતાની બેગમ રીતહ બિન્તે મુનબ્બેહ બિન હજ્જાજને સાથે લીધી. આ રીતહ

૧. જુબૈર બિન મુત્ઇમનો કાકો તુઐમહ બિન અદી જંગે-બદ્રમાં હઝરત હમ્ઝહ રદિયલ્લાહુ અન્હુના હાથે માર્યો ગયો હતો. "હ"

Maktabe Ashraf

બેગમ અબ્દુલ્લાહ બિન અમ્રની મા છે.

• ——— એવી જ રીતે તલહા બિન અબી તલહાએ પોતાની બેગમ સુલાફહ બિન્તે સઅદ બિન શહીદ અન્સારીયહને સાથે લીધી. સુલાફહનો પતિ તલહા, તેના બેટાઓ મુસાફિઅ, જુન્નાસ અને કિલાબ એ બધા જ આ જંગે-ઉહુદમાં કતલ થઈ ગયા.

• ——— એવી જ રીતે બનૂ માલિક બિન હુસ્લની મહિલાઓમાંથી ખુનાસ બિન્તે માલિક બિન મિદરબ પોતાના જવાન બેટા અબૂ અઝીઝ બિન ઉમૈર સાથે મેદાને-જંગ તરફ ઊપડી ગઈ. આ ખુનાસ બેગમ હઝરત મુસઅબ બિન ઉમૈરની મા છે. અબૂ અઝીઝ જંગે-બદ્રમાં કેદ પકડાયો હતો.

• ——— એવી જ રીતે અમ્રહ બિન્તે અલ્કમહ પણ કુરૈશી લશ્કરની સાથે હતી. આ અમ્રહ બેગમ બનૂ હારિસહ બિન કિનાનહની બેગમોમાંથી હતી. [૧]

આખા રસ્તે અને લડાઈના મેદાનમાં અબૂ સુફયાનની બેગમ હિન્દ બિન્તે ઉત્બહ જયારે ય હબશી ગુલામ વહશી પાસેથી પસાર થતી તો તેને "અબૂ વસમા" ઉપનામે સંબોધીને હાકલ કરતી, "યા અબા વસમા! ઈશ્ફે વસ-તશ્ફે." એટલે તું તારૂં કલેજું પણ ઠંડું કરજે અને મારૂં કલેજું પણ ઠંડું કરજે ! મતલબ હમ્ઝહને મારી નાખશે તો આઝાદી મળતાં તારૂં કલેજું ઠંડું થઈ જશે અને મારી મુરાદ બર આવતાં મારા કલેજાંની આગ ઠંડી થઈ જશે.

સારાંશ કે આ લોકો ધૂમધડાકાથી લાવલશ્કર સાથે ઈતરાતા-મલકાતા અને ફોજી બૂટોના ધમાકાથી ધરતી ધરૂજાવતા લડાઈના મેદાન તરફ રવાના થઈ ગયા અને મેદાનમાં પહોંચીને "જબલે-અયનૈન"પાસે પડાવ નાખી દીધો. આ સ્થળ મદીનહની સામી દિશાએ "કનાત"ની ખીણને છેડે "સબેખા"ની ભૂમિમાં આવેલું છે.

રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે સમાચાર મળ્યા કે કુરૈશનું લશ્કર જંગની તૈયારી કરીને શસ્ત્રસરંજામ સાથે આવી લાગ્યું છે તો આપે મુસલમાનોને ભેગા કર્યા અને તેઓને સંબોધીને ફરમાવ્યું :

> "હે મુસલમાનો ! સોગંદ છે અલ્લાહના, રાતે મેં એક અજીબો-ગરીબ ખ્વાબ જોયો છે. પણ ખ્વાબનો અંજામ રૂડો છે. મેં કેટલીક ગાયો જોઈ અને પછી જોયું કે મારી તલવારમાં એક દન્દાનો એટલે દાંતો પડી ગયો છે. સાથે જ એવું પણ જોયું કે મેં મારો હાથ એક મજબૂત બખતરમાં દાખલ કરી દીધો છે. મારી ધારણા મુજબ એનો ઈશારો મદીનહ તરફ છે."

ઈબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારોએ મને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ શબ્દો કહ્યા : "રઐતુ બકરન તુઝબહુ." એટલે મેં ખ્વાબમાં કેટલાક ગાય-બળદો જોયાં. એ બધાં મારાં છે અને એ બધાંને ઝબહ કરવામાં આવે છે. વધુમાં આપે ફરમાવ્યું :

> "ગાય-બળદોનો ઈશારો મારા કેટલાક સહાબા છે. જેઓ આ લડાઈમાં શહીદ થઈ

---

૧. આ બેગમોમાંથી અમ્રહ બિન્તે અલ્કમહ અને ખુનાસ બિન્તે માલિક વગર બાકીની બધી બેગમો આગળ જતાં મુસલમાન બની ગઈ. (સીરતુલ-મુસ્તફા જિ. ૨ પા. ૧૮૭) "ફ"

જવાના છે. અને મારી તલવારમાં દાંતો પડી જવાનો ઈશારો મારા ખાનદાનનો કોઈ મોટો માણસ છે જે આ લડાઈમાં શહીદ થઈ જશે."

સહાબા સાથે યુધ્ધની મંત્રણા————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનો સાથે યુધ્ધને લગતી મંત્રણાનો આરંભ કરતાં ફરમાવ્યું, "હે મુસલમાનો! સાંભળો, અગર તમારો અભિપ્રાય એવો હોય કે આપણે મુકાબલા માટે મદીનહમાં જ રહીએ અને કુરૈશને તેઓના પડાવને સ્થળે જ રહેવા દઈએ તો આ વાત આપણા માટે અનુકૂળ હશે અને તેઓ માટે અનુકૂળ નહિ હશે કેમકે તેઓએ ખોટા સ્થળની પસંદગી કરીને પડાવ નાખેલો છે. પછી જો તેઓ મદીનહ પર ચઢી આવીને આક્રમણ કરી દે તો આપણે અહીં જ રહીને તેઓનો મુકાબલો કરીશું."[1]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પોતાનો અભિપ્રાય એવો હતો કે મદીનહથી બહાર નીકળીને અને કુરૈશના પડાવને સ્થળે જઈને મુકાબલો નહિ કરવામાં આવે બલકે મદીનહમાં જ રહીને દુશ્મનનો મુકાબલો કરવામાં આવે.

મદીનહના મુનાફિકો અને તેઓનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય પણ આ મશ્વરામાં શામિલ હતા. આપની વાત સાંભળીને અબ્દુલ્લાહ આપના મત સાથે પૂરી રીતે સંમત થઈ ગયો બલકે તેણે આગળ વધીને ભારપૂર્વક કહ્યું, "હરગિઝ બહાર નીકળીને લડાઈ નહિ કરવામાં આવે. બલકે મદીનહમાં જ રહીને તેઓનો મુકાબલો કરવામાં આવે."

અનુભવોથી ઘડાયેલા પાકટ વયના સહાબા પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ મત સાથે સહમત હતા. આમ છતાં મુસલમાનોમાં કેટલાક નવલોહિયા અને જોશીલા જવાનો એવા હતા જેઓ જંગે-બદ્રમાં ભાગ લેવાથી પાછળ પડી ગયા હતા અને જેઓ અલ્લાહના રાહમાં જિહાદ કરીને શહીદ કે ગાઝી બનવાની તમન્ના ધરાવતા હતા અને જેઓના નસીબમાં આ લડાઈમાં શહીદ થવાના લેખ લખાય ચૂકયા હતા, તેઓએ આગળ વધીને આગ્રહપૂર્વક વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! અમને મદીનહથી બહાર નીકળીને દુશ્મનનો મુકાબલો કરવાની તક આપો કે જેથી દુશ્મન એમ ન સમજે કે, અમારામાં કોઈ તરહની બુઝદિલી કે કમજોરી પેદા થઈ ગઈ છે."

મુનાફિકોના સરદારનો વિરોધ————જિહાદ માટે થનગનતા યુવકોની વાત કાપતાં અબ્દુલ્લાહ બિન ઉબય બોલી ઊઠયો, "યા રસૂલલ્લાહ ! હરગિઝ નહિ, મદીનહથી બહાર નીકળશો નહિ. આપણા માટે મદીનહમાં જ રહેવાનું હરહાલમાં મુનાસિબ છે. આ બધા કાચી બુધ્ધિના છોકરાઓ છે. એમનું કહ્યું માનીને બહાર નીકળવામાં મોટું જોખમ રહેલું છે. મારો અંગત અનુભવ છે કે જયારે પણ કદી મદીનહથી બહાર નીકળીને શત્રુ પર આક્રમણ કરવામાં આવ્યું તો સદા શિકસ્તનું જ મુખ જોવું પડયું છે. એથી વિરૂધ્ધ દુશ્મન જયારે પહેલ કરીને મદીનહ પર તૂટી પડયો તો વિજય અમારો જ થયો છે. માટે કુરૈશને તેઓની દશા પર છોડી દો. અગર તેઓ પોતાના પડાવે જ પડી રહ્યા તો એજ સ્થળ તેઓ માટે કેદખાનું પુરવાર થશે અને જો મદીનહમાં

---

૧. એટલે કુરૈશના મુકાબલા માટે આપણે મદીનહથી બહાર નીકળવાની જરૂર નથી. ભલે તેઓ ત્યાં પડી રહીને આપણી રાહ જોતા રહે. એમાં બે લાભ છે. એક તો તેઓના પડાવનું સ્થળ ખોટું છે. બીજું કે રાહ જોયા કરવામાં તેઓનું નુકસાન છે આપણું કોઈ નુકસાન નથી. પછી થાકીહારીને તેઓ ચઢાઈ કરી દે તો આપણે મદીનહમાં જ રહીને તેઓનો મુકાબલો કરીશું. "હ"

પ્રવેશીને તેઓએ આક્રમણ કર્યું તો અમારા પુરૂષો જાન પર ખેલીને તેઓનો જોરદાર મુકાબલો કરશે. અમારી સ્ત્રીઓ અને બાળકો ઘરોની છતો પરથી તેઓ પર પથ્થરોનો મારો ચલાવશે. પછી જો તેઓને પીછેહટ કરવી પડી તો પીછેહટ કરતા જ ચાલ્યા જશે ત્યાં સુધી કે જાનો બચાવવા મક્કહ તરફ નાસતા નજર આવશે. આ રીતે તેઓની નાકામી કે નિષ્ફળતા પકીની વાત છે.''

જોશીલા જવાનોનો જોશ અને જુસ્સો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જે લોકો શહેરથી બહાર નીકળીને દુશ્મનનો મુકાબલો કરવા માગતા હતા તેઓ લગાતાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આગ્રહ કરતા રહ્યા અને જે લોકો જંગે-બદ્રમાં પાછળ પડી ગયા હતા તેઓનો ટેકો પણ ચાલુ રહ્યો. ત્યારે ના છૂટકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરમાં તશરીફ લઈ ગયા અને પોતાના પવિત્ર અંગ પર લોખંડી બખતર તથા લડાઈના બીજાં હથિયારો સજીને પાછા બહાર પધાર્યા.

(એક રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે ઘરમાં તશરીફ લઈ ગયા તો ઠરેલ મતના અનુભવી સહાબાએ જવાનો તથા તેઓના ટેકાદારોને સમજાવ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આગ્રહ કરવો કોઈ પણ રીતે વાજબી નથી. આપની ઉપર આકાશથી વહી ઊતરે છે. આપનો જે કંઈ ફેસલો હશે તે અલ્લાહનો ફેસલો હશે. માટે કયા સ્થળે દુશ્મનનો મુકાબલો કરવો તે આપની મરજી પર છોડી દેવું જોઈએ. પરંતુ તેટલી વારમાં તો આપ હથિયારો સજીને બહાર પધારી ચૂકયા હતા. રાવીનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઘરમાં પધારીને પવિત્ર અંગ પર બખતર ધારણ કર્યું. મુબારક શિરે પાઘડી સજાવી. નૂરાની કમ્મરે પટ્ટો બાંધ્યો. હાથમાં ભાલો અને ગળે તલવાર લટકાવીને બહાર પધાર્યા. પયગમ્બરીની આ અનેરી શાન અને નિરાલી અદા જોઈને સહાબા સમજી ગયા કે આપે બહુમતીના મતને વધાવી લઈને અને મદીનહથી બહાર નીકળીને મુકાબલો કરવાનું નક્કી કરી લીધું છે.''હ'')

હવે લોકોને શરમિન્દગી થઈ અને તેઓ પસ્તાવો કરવા લાગ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અમે નાહક આગ્રહ શા માટે કર્યો ? અને શું કામ આપને બહાર નીકળવાની ઝેહમત આપી ? પોતાનો ખેદ જાહેર કરતાં તેઓએ દરખાસ્ત કરી, '' યા રસૂલલ્લાહ ! અમે નાહક આપને તકલીફમાં નાખી દીધા. કોઈ પણ રીતે એ વાત અમને છાજતી ન હતી. આપની ઈચ્છા મુજબ આપ અમારી સાથે મદીનહમાં જ થોભો અને મદીનહથી બહાર નીકળવાની તકલીફ ના ફરમાવો.''

જવાબમાં આપે ફરમાવ્યું, ''આ વાત અલ્લાહના પયગમ્બરની શાનને લાયક નથી કે તે એક વાર હથિયારો સજી લે તો દુશ્મનના મુકાબલા વગર તેને ઉતારી નાખે. અથવા અલ્લાહના નબી માટે આ વાત જાઈઝ કે શોભતી નથી કે સજેલા હથિયારોને હારજીતના ફેસલા વગર કાઢી નાખે. હવે અલ્લાહનું નામ લઈને આગળ બઢો.''

ઈબ્ને ઈસ્હાક કહે છે : શુક્રવારનો મુબારક દિવસ હતો. હિજરીનું ત્રીજું વરસ અને શવ્વાલની ૧૫ તારીખ હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે તમામ મુસલમાનો જુમઅહની નમાઝથી પરવારી ચૂકયા હતા. એજ દિવસે બનૂ નજ્જાર કબીલાના એક અન્સારી હઝરત માલિક બિન અમ્રની વફાત થઈ હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબા સાથે તેમના જનાઝહની નમાઝ પઢી. પછી દુશ્મન લશ્કરના મુકાબલાના ઈરાદે મુસલમાનોના લશ્કરને લઈને મદીનહથી નીકળી પડયા.

Maktabe Ashraf

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સહાબાના લશ્કર સાથે મદીનહથી રવાના થયા તે પહેલાં, આપે મદીનહમાં પોતાના નાયબ તથા નમાઝના ઈમામ તરીકે મશહૂર અંધ સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમની નિમણૂંક કરી.

મુનાફિકોની અંતરિયાળ દગલબાજી————ઈબ્ને ઈસ્હાક કહે છે : સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના એક હજાર સહાબાના સૈન્ય સાથે મદીનહથી બહાર નીકળ્યા અને જ્યારે મદીનહ તથા ઉહુદની વચ્ચે આવેલા "શવત" મુકામે પહોંચ્યા તો મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય પોતાના ત્રણ સો સિપાહીઓને લઈને ઈસ્લામી લશ્કરથી અલગ થઈ ગયો અને જતી વેળા બોલ્યો, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કાચી બુધ્ધિના છોકરાઓની વાત માની લીધી અને મારા જેવા પાકટ બુધ્ધિના અનુભવીની વાત નહિ માની તો હે લોકો ! જાણી જોઈને મૃત્યુના ડાચાંમાં જવાની મૂર્ખાઈ શા માટે કરવી ?"

સારાંશ કે નિફાક, કપટ, અદેખાઈ, વૈમનસ્ય અને શંકા-કુશંકાની ગંદકીમાં સબડતા લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ઈસ્લામી લશ્કરને તરછોડીને અલગ થઈ ગયા અને અબ્દુલ્લાહ બિન ઉબય એ બધાને લઈને મદીનહ તરફ પાછો વળ્યો. એ જોઈને બનૂ સલિમહવાળા હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ તેઓની પાછળ-પાછળ ગયા અને વિનવણી કરતાં બોલ્યા,

"હે મારી કૌમના ભાઈબંધો ! તમે પોતાની કૌમના ભાઈબંધોને અને અલ્લાહના પયગમ્બરને દુશ્મનની ભીંસમાં અંતરિયાળ છોડીને ચાલ્યા જાવ એ કોઈ પણ રીતે વાજબી પગલું લીધેલું ન કહેવાય. હું તમને યાદ દેવાડું છું કે અલ્લાહ તઆલાએ તમને એની મનાઈ ફરમાવી છે. માટે પાછા વળો."

મુનાફિકોએ તેમની વાતનો જવાબ આપતાં કહ્યું, "હે અબ્દુલ્લાહ ! જો અમને પાકે પાયે ખાતરી હોત કે આજે કાપાકાપીનું યુધ્ધ જામવાનું જ છે તો અમે કદી તમને છોડીને ચાલ્યા નહિ જાત. પણ અમારી ધારણા પ્રમાણે આજે કાપાકાપી જેવું કશું જ અહીં બનવાનું નથી."

મુનાફિકોએ હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રની કોઈ વાત નહિ માની અને જવાની જ હઠ લઈ બેઠા તો તેમણે ભારે ખેદથી કહ્યું, "હે હતભાગી મુનાફિકો ! તમે અલ્લાહના ઉઘાડા દુશ્મન છો. ભલે તમે ચાલ્યા જાવ, અલ્લાહ તમને પોતાની રહમતથી દૂર રાખે ! બહુ જ જલદી અલ્લાહ પોતાના નબીને તમારાથી બે-નિયાઝ કરી દેશે. પછી અલ્લાહના નબીને તમારી કોઈ જરૂર નહિ રહેશે."

ઈબ્ને હિશામ કહે છે : જ્યારે જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો તો અન્સારી મુસલમાનોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને, યહૂદીઓ સાથે થયેલા કરારનામાને આધારે અરજ કરી, "યા રસૂલલ્લાહ! યહૂદીઓ આપણી સાથે કરારોથી જોડાયેલા છે. લડાઈના આ પ્રસંગે કેમ તેઓની મદદ નહિ લેવામાં આવે ?"

આપે ફરમાવી દીધું, "આપણને યહૂદીઓની મદદની કોઈ જરૂરત નથી."

ઘોડાની દુમ અને તલવારનો શુકન————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈસ્લામી લશ્કર સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કૂચકદમ ચાલુ રહી. જ્યારે આપ બનૂ હારિસહની પથરાળી ભૂમિમાં પહોંચ્યા તો ત્યાં એક બનાવ બની ગયો. બન્યું એમ કે એક ફોજીના ઘોડાએ સપાટાભેર પોતાની દુમ ઘૂમાવવા માંડી. તેની દુમનો ઝપાટો એક સિપાહીની તલવારની મૂઠ પર પડ્યો અને તલવાર મ્યાનમાંથી નીકળીને જમીન પર

પછડાઇ પડી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને નેક શગુન એટલે શુભશુકન લેવાનું પસંદ હતું પણ કોઈ બનાવથી અપશુકન લેવાને આપ નાપસંદ ફરમાવતા હતા. આપે તલવારવાળા સિપાહીને ફરમાવ્યું, "પોતાની તલવાર ઝટપટ ઉપાડીને મ્યાનમાં કરી લો. મારૂં માનવું છે કે આજે તલવારો મ્યાનમાંથી નીકળી પડશે."

આંખ અને દિલનો આંધળો----------એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સાથીઓને ફરમાવ્યું, "કોણ છે જે અમને નિકટન. રસ્તેથી દુશ્મન તરફ લઈ જાય; એવો રસ્તો જે દુશ્મનની આંખ સામેથી પસાર થતો ન હોય ?"

બનૂ હારિસહ બિન હારિસવાળા હઝરત અબૂ ખૈસમહ આગળ આવ્યા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ! એ રસ્તે હું લઈ જઈશ."

તેઓ પોતાની દોરવણી હેઠળ ઇસ્લામી લશ્કરને લઈને બનૂ હારિસહની પથરાળી ભૂમિ તરફ બઢયા. સાથે-સાથે રસ્તામાં આવનારી લોકોની વાડીઓ, ખેતરો અને જમીનોના નામો પણ બતાવતા ગયા. ચાલતાં-ચાલતાં તેઓ મિરબ્બેઅ બિન કૈઝી નામે ખેડૂતની વાડી પાસેથી પસાર થવા લાગ્યા. આ માણસ પાકો મુનાફિક અને બદજાત હતો અને આંખે આંધળો હતો. એને ઇસ્લામી લશ્કરના આગમનના સમાચાર મળી ગયા હતા. જ્યારે એણે લશ્કરના પગલાંની ધમક સાંભળી તો ધૂળના ખોબા ભરીભરીને લશ્કર તરફ ઉછાળવા લાગ્યો. સાથે સાથે બરાડતો પણ હતો કે "અગર તું અલ્લાહનો પયગમ્બર છે તો હું તને મારી વાડીમાંથી જવાની પરવાનગી નથી આપતો."

કહેવાય છે કે મિરબ્બેઅ બિન કૈઝી પોતાના ખોબામાં ધૂળ ભરીને જોરજોરથી બોલતો હતો, "હે મુહંમદ! મને ખબર હોત કે આ ધૂળ તારા સિવાય કોઈ બીજાના ચેહરા પર નહિ પડશે તો હું નક્કી તારા જ ચેહરા પર એને ઝીંકી મારતે !"

તેના આ નાપાક શબ્દો સાંભળીને મુસલમાનોનું લોહી ઊકળી ઊઠયું. કેટલાક સહાબા તેને કતલ કરવા તેની તરફ ધસી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને રોકી લીધા અને ફરમાવ્યું, "એને કતલ ના કરો, એને જવા દો. એ આંખોનો પણ આંધળો છે અને દિલનો પણ આંધળો છે !"

પરંતુ આપના રોકવા પહેલાં બનૂ અબ્દુલ-અશહલવાળા હઝરત સઅદ બિન ઝૈદ ઝપાટાભેર તેની તરફ ધસી ગયા હતા. તેમણે પોતાની કમાન ઉપાડીને તેની ખોપરીએ દઈ મારી જેનાથી તેનું માથું ફાટી ગયું.

ઉહુદની ઘાટીમાં પડાવ----------ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ચાલતાં-ચાલતાં ઉહુદ પહાડની એક ઘાટીમાં પહોંચી ગયા. આપે પોતાના લશ્કર સાથે ત્યાં જ પડાવ નાખી દીધો. આ સ્થળ ખીણથી પહાડ તરફની ઊંચાઈએ આવેલું હતું. આપે લશ્કર અને ઊંટોને પહાડની તળેટી તરફ રાખ્યાં અને સહાબાને ફરમાવ્યું, "તમારામાંથી કોઈ લડાઈની શરૂઆત નહિ કરે જ્યાં સુધી કે મારો હુકમ નહિ મળે."

તે વેળા કુરૈશના લોકો પોતાના ઊંટો અને ઘોડાઓને "સમગહ"ના ખેતરોમાં ચરાવી રહ્યા હતા. એ ઉહુદ પહાડની પાસે કનાતની ખીણનો એક મોટો ટુકડો હતો અને આ જમીનના માલિક અન્સારી મુસલમાનો હતા. આપે લડાઈની શરૂઆત નહિ કરવાની સૂચના ફરમાવી હતી જેથી કુરૈશના ઢોરોને એમાં ચરતાં જોઈને

એક અન્સારી ગૃહસ્થ બોલી ઊઠયા, "અફસોસ ! બનૂ કૈલહના ખેતરોનો નાશ થઈ રહ્યો છે છતાં બચાવમાં અમે અમારી તલવારોનો ઉપયોગ કરવાથી લાચાર છીએ."

લડાઇની તૈયારી અને તીરંદાજોને હુકમ————હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લડાઇની તૈયારી કરવા માંડી. અત્યારે આપની સાથે કુલ સાત સો લશ્કરીઓ હતા. બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈરને આપે તીરંદાજોની ટુકડીના ઉપરી બનાવ્યા. તે વેળા તેઓ સફેદ પોશાકમાં સજ્જ હોવાને કારણે નોખા તરી આવતા હતા. તીરંદાજોની સંખ્યા કુલ પચાસની હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને સંબોધીને હુકમ આપતાં ફરમાવ્યું :

> "દુશ્મનના સવારોને તમારા તીરોથી રોકી રાખવાનું કામ તમારૂં છે કે જેથી તેઓ પાછળથી આવીને આપણી ઉપર હુમલો ન કરી દે. સાંભળો, લડાઇનો નકશો ગમે તેવો હોય, અમે જીતીએ કે હારીએ, હર હાલમાં તમારે પોતાની જગાએ મક્કમ રહેવું. પોતાની જગા હરગિઝ છોડવી નહિ. તમારી દિશાએથી અમારી ઉપર હુમલો નહિ થવો જોઇએ."

એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક શરીરે બે બખતરો સજેલાં હતાં. એટલે એકની ઉપર બીજું અને લશ્કરનો ઝંડો બનૂ અબ્દે-દારવાળા હઝરત મુસઅબ બિન ઉમૈરને હવાલે કર્યો. (એમની મા ખુનાસ બિન્તે માલિક પોતાના બીજા પુત્ર અબૂ અઝીઝ સાથે કુરૈશી લશ્કરને પાણી ચઢાવવા સામા પક્ષે હાજર હતી.)

Maktabe Ashraf

સગીર વયના કિશોરો માટે હુકમ————ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે મદીનહથી નીકળીને "શયખૈન"સ્થળે પહોંચ્યા હતા તો અહીં આપે લશ્કરનું નિરીક્ષણ કર્યું હતું. માલૂમ પડ્યું કે લશ્કરના મુજાહિદો સાથે કેટલાક ઊગતી વયના કિશોરો પણ જિહાદના જોશમાં નીકળી આવ્યા હતા. એમાં નીચે મુજબ આઠ કિશોરો હતા :

૧ ——— હઝરત ઉસામહ બિન ઝૈદ બિન હારિસહ રદિયલ્લાહુ અન્હુ.
૨ ——— હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુ.
૩ ——— બનૂ માલિક બિન નજ્જારમાંથી હઝરત ઝૈદ બિન સાબિત રદિયલ્લાહુ અન્હુ.
૪ ——— બનૂ હારિસહમાંથી હઝરત બરાઅ બિન આઝિબ રદિયલ્લાહુ અન્હુ.
૫ ——— બનૂ માલિક બિન નજ્જારમાંથી હઝરત અમ્ર બિન હઝમ રદિયલ્લાહુ અન્હુ.
૬ ——— બનૂ હારિસહમાંથી હઝરત ઉસૈદ બિન ઝુહૈર રદિયલ્લાહુ અન્હુ.
૭ ——— હઝરત સમુરહ બિન જુન્દુબ ફઝારી રદિયલ્લાહુ અન્હુ.
૮ ——— હઝરત રાફિઅ બિન ખુદૈજ રદિયલ્લાહુ અન્હુ, બનૂ હારિસહવાળા.

લશ્કરનું અવલોકન કરતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ આઠ કિશોરોને લડાઇમાં આવવાથી અટકાવી દીધા તો આપને કહેવામાં આવ્યું, "યા રસૂલલ્લાહ ! રાફિઅ તો પંદર વરસનો છે અને તીરંદાજીમાં મોટો નિશાનાબાજ છે."

આ સાંભળીને આપે રાફિઅને લડાઇમાં આવવાની પરવાનગી આપી દીધી ત્યારે સમુરહ વિષે પણ દરખાસ્ત કરવામાં આવી, "યા રસૂલલ્લાહ ! સમુરહ પણ પંદર વરસનો છે. એ તો કુસ્તીમાં રાફિઅને પછાડી નાખે

છે.''

ત્યારે બંને વચ્ચે કુશ્તી ગોઠવવામાં આવી અને ખરેખર સમુરહએ રાફિઅને કુશ્તીમાં પછાડી નાખ્યો તો સમુરહને પણ લડાઈમાં આવવાની પરવાનગી મળી ગઈ. બાકીના કિશોરોને મદીનહ પાછા મોકલાવી દેવામાં આવ્યા. એ બધા બાળમુજાહિદોને ખન્દકના યુધ્ધમાં ભાગ લેવાની પરવાનગી મળી ગઇ હતી કેમકે ત્યારે તેઓ પંદર વરસના થઈ ગયા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશે પણ જંગની તૈયારી આરંભી દીધી. તેઓનું સૈન્ય ત્રણ હજાર યોધ્ધાઓ પર ફેલાયેલું હતું. એમાં સાત સો બખતરધારી હતા. બસો ઘોડા અને ત્રણ હજાર ઊંટો હતા. સવારોની જમણી પાંખે ખાલિદ બિન વલીદની નિમણુંક કરવામાં આવી. ડાબી પાંખે ઈકરિમહ બિન અબૂ જહલની નિમણુંક થઈ.

સંપાદકની નોંધ————કુરૈશી ફોજ પર પાંચ કમાન્ડરોની નિમણુંક કરવામાં આવી. જમણી પાંખે ખાલિદ બિન વલીદની, ડાબી પાંખે ઈકરિમહ બિન અબૂ જહલની, પાયદળ ફોજ પર સફવાન બિન ઉમૈયહ અથવા અમ્ર બિન આસની અને તીરંદાજો પર અબ્દુલ્લાહ બિન અબી રબીઅહની. આગળ જતાં આ પાંચે કમાન્ડરો મુસલમાન બની ગયા. ફોજની સંખ્યા ત્રણ હજારની હતી. એમાં સાત સો બખતરધારી હતા. બસો ઘોડા, ત્રણ હજાર ઊંટો અને ઊંચા ખાનદાનોની પંદર આબરૂદાર બેગમો હતી જેઓ રણગીતોથી વાતાવરણ ગજાવીને યુધ્ધવીરોને પાણી ચઢાવવા આવી હતી.

બીજી તરફ ત્રણ સો મુનાફિકોના ચાલ્યા જવા બાદ ઈસ્લામી ફોજની સંખ્યા ઘટીને સાત સોની થઈ ગઈ હતી. એમાં એક સો બખતરધારી હતા. બે ઘોડા હતા. એક ઘોડો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો અને એક ઘોડો હઝરત અબૂ બુરદહ બિન નયાર હારિસનો. લશ્કરની ગોઠવણી આ રીતે કરવામાં આવી કે મદીનહ લશ્કરની સામે હતું અને ઉહુદ પહાડ તેઓની પાછળ હતો. પાછળથી ઓચિંતા આક્રમણનો ખતરો હોવાથી ૫૦ તીરંદાજોને ઘાટીને નાકે ગોઠવવામાં આવ્યા હતા જેઓના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર હતા. લશ્કરનો ઝંડો હઝરત મુસઅબ બિન ઉમૈરના હાથમાં હતો. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૧૮૭) ''હ''

રસૂલુલ્લાહ (સલ.)ની તલવારનો હક————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની તલવાર પોતાના મુબારક હાથમાં લીધી અને પોતાના સાત સો સહાબાના લશ્કરને સંબોધીને ફરમાવ્યું: ''મંય યઅખુઝુ હાઝસ-સૈફ બિ-હક-કિહી.'' એટલે કોણ છે જે આ તલવારને લઈને તેનો હક અદા કરે ?

આ શબ્દો સાંભળતાં જ ૧૪ સો હાથો તલવાર લેવાની તમન્નામાં લાંબા થઇ ગયા પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કોઇને તલવાર નહિ આપતાં તેને પોતાના મુબારક હાથમાં પકડી રાખી. છેવટે બનૂ સાઈદહવાળા હઝરત અબૂ દુજાનહ સિમાક બિન ખરશહ ઊભા થઇને આગળ-વધ્યા અને અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! આપની તલવારનો શો હક છે ?''

જવાબમાં આપે ફરમાવ્યું: ''અન તદરિબ બિહિલ-અદુવ્વ હત્તા યનહની.'' એટલે એનો હક આ છે કે એનાથી દુશ્મનોને એટલા મારો કે મારતાં-મારતાં એ વાંકી વળી જાય.

''યા રસૂલલ્લાહ !'' હઝરત અબૂ દુજાનહ બોલ્યા, ''એ તલવાર હું લઇશ, મને આપો આ તલવાર, યા

રસૂલલ્લાહ ! હું એનો હક અદા કરીશ યા રસૂલલ્લાહ !''

તલવાર હઝરત અબૂ દુજાનહને મળી ગઈ. એ અલ્લાહના લાડલા, અલ્લાહના હબીબ, અલ્લાહના આખેરી નબીની તલવાર હતી. હઝરત અબૂ દુજાનહનું મૂળ નામ સિમાક બિન ખરશહ હતું. અરબના પંકાયેલા વીરનર, મોટા બહાદુર, યુધ્ધકળાના નિષ્ણાંત અને યુધ્ધના બારીકથી બારીક દાવપેચોથી પૂરી રીતે માહિતગાર હતા. યુધ્ધમાં ઝંપલાવતી વેળા એમનો નિયમ હતો કે લાલ રંગના રૂમાલ જેવી એક પટ્ટી માથા ફરતે વીંટાળી લેતા જેના અર્થ એવા થતા કે અબૂ દુજાનહ હવે મરણિયા થઈને દુશ્મન પર તૂટી પડવા તૈયાર છે. અત્યારે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથથી તલવાર મેળવતાં જ એમણે લાલ પટ્ટી કાઢીને માથા ફરતે વીંટાળી લીધી અને ઈતરાતા-અકડાતા, સીનો તાણીને અક્કડ ચાલે ચાલતા, બંને ફોજોની વચ્ચે આવેલા મેદાનમાં વિફરેલા સિંહ પેઠે આંટા મારવા લાગી ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબના આઝાદ ગુલામ જઅફર બિન અબ્દુલ્લાહ બિન અસ્લમે બનૂ સલિમહના એક અન્સારીની રિવાયતથી મને આ માહિતી આપી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે હઝરત અબૂ દુજાનહને આ રીતે સીનો તાણીને અક્કડ ચાલે આંટા મારતા જોયા તો ફરમાવ્યું: ''ઈન્નહા લિ-મશિય્યતુ યબ્ગદુ-હલ્લાહુ ઈલ્લા ફી મિસ્લે હાઝલ મવતિને.''[૧]

અર્થાત : અકડવું, ઈતરાવું, સીનો તાણીને અક્કડ ચાલવું અલ્લાહને સખત નાપસંદ છે પરંતુ રણભૂમિના આ વર્તમાન સંજોગોમાં આ ચાલ અલ્લાહને નાપસંદ નથી.

અબૂ આમિર ફાસિકની ચાલ————ઈબ્ને ઈસ્હાક કહે છે : આસિમ બિન અમ્ર બિન કતાદહનું બયાન છે કે મદીનહમાં અબૂ આમિર બિન અબ્દે અમ્ર બિન સૈફી બિન માલિક બિન નુઅમાન નામે એક શખ્સ બનૂ દબીઅહના કબીલામાંથી હતો. એ અન્સારના ઔસ કબીલાનો માનીતો આગેવાન હતો. જગતની મોહમાયા અને સંસારની લીલાનો ત્યાગ કરીને પોતે સંસારત્યાગી સાધુ બની ગયો હતો. પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા અને આ સાધુના ચેલા પણ મુસલમાન બનવા લાગ્યા તો એના મનમાં અદેખાઈ અને અંટસનો કાંટો ખૂંપી ગયો. અંદરખાને રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો દુશ્મન બની ગયો. જ્યારે પોતાની કોઈ યુક્તિમાં ફાવ્યો નહિ તો એના દિલમાં વેરનો અગ્નિ ભભૂકી ઊઠયો. મદીનહમાં રહીને વેર લેવાનો કોઈ ઉપાય દેખાયો નહિ તો વતનથી બેવતન થઈને પોતાના ૫૦ ચેલાઓ સાથે મક્કહ જઈને વસી ગયો. અહીં કુરૈશ સાથે મળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ લોકલાગણી ઉશ્કેરતો રહ્યો. કુરૈશના આગેવાનોને છાતી ઠોકીને કહ્યા કરતો,

> ''તમે લશ્કર તો તૈયાર કરો પછી મારા જેવા પહોંચેલા સાધુનાં ચમત્કાર જુઓ. સૌથી પહેલાં મર્દે-મેદાન તરીકે હું યુધ્ધનો નઅરો ગજાવીશ. મારો નઅરો સાંભળતાં જ મારી કૌમના લોકો મુહંમદનો પક્ષ છોડીને મારા પક્ષે આવી જશે. મારો વિરોધ કરનારા બે માણસો પણ સામા પક્ષે રહી જાય તો મારૂં નામ અબૂ આમિર નહિ.''

---

૧. ''મવતિન''માં ત્રીજો અક્ષર તોયથી છે જેના અર્થ મયદાને-જંગ એટલે લડાઈનું મેદાન થાય છે. એનું બહુવચન મવાતિન છે. જિહાદમાં દુશ્મન પર રૂઆબ જમાવવા અને તેઓના હાંજા ગગડાવવા માટેની અક્કડ ચાલ અલ્લાહને નાપસંદ નથી. અલબત્ત તુમાખી ભરેલી અભિમાની ચાલ અલ્લાહને સખ્ત નાપસંદ છે. બંને ચાલમાં જમીન-આસમાનનો ફરક છે ઓર અભિમાની કા સર સદા નીચા. ''ફ''

અને જ્યારે યુધ્ધનો પ્રસંગ સર્જાયો અને બંને લશ્કરો મુકાબલા માટે સામસામે આવી ગયાં તો સૌથી પહેલાં જે શખ્સ મુકાબલા માટે મેદાને નીકળ્યો તે એજ અબૂ આમિર હતો. અલ્લાહનો આ દુશ્મન મક્કહના કેટલાક ગુલામો અને હબશીઓને લઈને કુરૈશી લશ્કરમાંથી આગળ વધ્યો અને ઈસ્લામી લશ્કરની સામે આવીને નઅરો ગજાવતાં લલકાર્યો, ''હે બનૂ ઔસના લોકો ! હું છું અબૂ આમિર, તમારો માનીતો સાધુ મહારાજ!''

જવાબમાં ઈસ્લામી લશ્કરમાંથી તેની કૌમના લોકોએ ધિક્કારભર્યા અવાજે તેને ઠપકાર્યો, ''હે બદકાર પાપી ! અમે તને સારી રીતે જાણીએ છીએ. અલ્લાહ તને આંખોથી આંધળો બનાવી દે !''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણી પેહલાં મદીનહના લોકો અબૂ આમિરને ''રાહિબ'' એટલે સાધુ કે સંન્યાસીના હુલામણા નામે બોલાવતા હતા પણ એના શયતાની ધંધા જોઇને આપે એને ''ફાસિક'' નામ આપ્યું હતું. ફાસિક એટલે બદકાર, પાપી, દુરાચારી, લંપટ.

પોતાની કૌમ તરફથી સણસણતો જવાબ સાંભળીને એને ઠસી ગયું કે મારી કૌમે ખરેખર મને ઠુકરાવી દીધો છે તો ભોંઠો પડીને બહાનુ બનાવતાં કુરૈશને બોલ્યો, ''ભૂલ મારાથી થઇ છે. કૌમને તરછોડીને ચાલ્યો આવ્યો તો કૌમના વિચારો બદલાય ગયા તેનું આ પરિણામ છે.''

એ પછી તેણે બઢીચઢીને યુધ્ધમાં ભાગ લીધો અને પોતાના ચેલાઓ સાથે મુસલમાનો પર પથ્થરમારાની સાથે તીરોની પણ દેમાર શરૂઆત કરી દીધી. [૧]

અબૂ સુફયાન અને ઝંડાધારીઓ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-બદ્ર પેઠે જંગે-ઉહુદમાં પણ કુરૈશી સૈન્યનો ઝંડો અબ્દુદ-દાર ખાનદાનના લોકોના હાથમાં હતો. અબૂ સુફયાન લશ્કરમાં ઘૂમીફરીને સૈનિકોને પાણી ચઢાવતો હતો. અચાનક ઝંડાધારીઓ પાસે જઇને કહેવા લાગ્યો :

> ''હે અબ્દુદ-દારના વીરનરો ! સાંભળો, જંગે-બદ્રમાં પણ ઝંડો તમારા હાથમાં હતો. તે વેળા જે આફતો કુરૈશ પર ઊતરી તે તમે જાણો છો. જુઓ, ઝંડાને ઊંચો જોઇને જ સૈનિકોના પગો રણભૂમિમાં મક્કમ રહે છે. જ્યાં ઝંડો પડયો કે લોકોના પગો ઊખડી ગયા. પગો ઊખડતાં જ લશ્કરમાં નાસભાગ મચી રહે છે.
>
> હે બહાદુરો! હજુ સમય છે, કાં તમે મને ખાતરી અપાવો કે ઝંડાને જાનને ભોગે ઊંચો જ રાખશો અને નહિ તો ઝંડો અમારે હવાલે કરી દો. અમે એને સંભાળી લઈશું !''

આ સાંભળીને અબ્દુદ-દારના ઝંડાધારીઓએ પોતાની બહાદુરી, અડગતા અને પોતાની મર્દાનગીનું વચન આપતાં કહ્યું, ''ભલા ઝંડો અમે તમને આપી દઈએ ? એ બની શકે ખરૂં ? હે અબૂ સુફયાન ! જ્યારે ઘમસાણનું યુધ્ધ જામે તો જોઈ લેજો કે અમે કેવા પરાક્રમો કરી બતાવીએ છીએ !''

કુરૈશી વીરાંગનાઓનો જુસ્સો——————જ્યારે બંને લશ્કરો સામસામે આવી ગયાં, ટક્કરની કટોકટીની પળ તોળાવા લાગી અને તેઓ એકમેકથી નિકટતર થતા ગયા તો હિન્દ અને તેની સાહેલીઓ ઊભી થઇ

---

૧. અલ્લાહની કુદરતનો કરિશ્મો જુઓ. અબૂ આમિર જેવા શયતાન સાધુના એક જવાન બેટાનું નામ હન્ઝલહ હતું. હન્ઝલહ પાકા મુસલમાન અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા આશિક હતા. આ લડાઇમાં હઝરત હન્ઝલહ ઈસ્લામી લશ્કરમાં મવજૂદ હતા અને બહાદુરીનું પાણી બતાવતાં એજ લડાઇમાં શહીદ થઇ ગયા અને શહીદ થઇને ''ગસીલુલ-મલાઇકહ'' કહેવાયા. એમની પૂરી વિગત આગળ આવે છે. ''હ''

Maktabe Ashraf

ગઇ અને ઢોલકના ધૂમધડાકા સાથે રણગીત લલકારીને પુરૂષોને શૂર ચઢાવવા લાગી. ઢોલકની તાલ સાથે આ રણચંડીઓ વીરકાવ્ય લલકારીને વાતાવરણ ગજાવતી હતી :

વયહન બની અબદિદ-દાર • વયહન હુમાતુલ અદબાર

દરબન બિ - કુલ્લે બત્તાર.

ખબરદાર ! ઊઠો, ઊભા થાવ, હે બનૂ અબ્દુદ-દાર ! હે પોતાની પાછળ રહેનારાઓના સહાયકો અને સંરક્ષકો! ઊભા થઇ જાવ અને દરેક શમશીરબાજને કાતિલ ફટકાઓથી કાપીને ફેંકી દો !

એની સાથે જ હિન્દ તાલબધ્ધ રીતે આ રણગીત પણ લલકારતી હતી :

નહનુ બનાતુ તારિક • નમશી અલન નમારિક.

ઇન તુકબિલૂ નુઆનિક • વ નફ-રુશુન નમારિક.

અવ તુદબિરૂ નુફારિક • ફિરાકા ગયરા વાફિક.

અમે આકાશના તારલાઓની પુત્રીઓ છીએ. અમે જાજમ પર ચાલનારી સન્નારીઓ છીએ. જો તમે બઢીચઢીને બહાદુરીથી મુકાબલો કરશો તો અમે તમને ગળે વળગાડી લઇશું અને તમારા રાહમાં ગાલીચા પાથરીને તમારો સત્કાર કરીશું. પણ જો તમે પૂઠ ફેરવીને નાઠા તો અમે પ્રેમબંધન તોડીને તમને તરછોડી દઇશું જેવી રીતે કોઇ પ્રેમ ન કરનારો તરછોડી દે છે.

ઇબ્ને હિશામ કહે છે : ઉહુદના યુધ્ધ પ્રસંગે મુસલમાનોનો નઅરો એટલે એકબીજાને ઓળખવાનો સંકેત શબ્દ "અમિત ! અમિત !" હતો. જેના અર્થ મારો ! મારો ! થાય છે.

અબૂ દુજાનહ અને તલવારનો હક————ઇબ્ને ઇસ્હાક કહે છે : બંને લશ્કરો વચ્ચે ઘમસાણનું યુધ્ધ જામી ગયું અને લડાઇનો જુસ્સો તેની પરાકાષ્ટાએ પહોંચી ગયો. હઝરત અબૂ દુજાનહ ખાંડાના ખેલ ખેલતા, દુશ્મનની સફોને ચીરતા, વિફરેલા સિંહ પેઠે અંદર ઘૂસતા ચાલ્યા ગયા.

ઇબ્ને હિશામ કહે છે : અનેક જાણકારોએ મને એવી માહિતી પણ આપી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઇભાઇ હઝરત ઝુબૈર બિન અવ્વામે આ પ્રસંગે કહ્યું હતું :

> "તલવારના હકની હાકલ વેળા મેં પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી આપની તલવાર માગી હતી. પરંતુ હું મહરૂમ રહી ગયો અને અબૂ દુજાનહને એ મળી ગઇ. મારૂં માનવું હતું કે હું આપના ફોઇ બીબી સફીય્યહનો બેટો છું અને હાશિમી તથા કુરૈશી છું. મેં અબૂ દુજાનહથી પહેલ કરીને તલવાર માગી હતી છતાં મને ના મળી શકી, અને અબૂ દુજાનહને આપી દેવામાં આવી. હવે હું જોવા માગતો હતો કે અબૂ દુજાનહ એ તલવારથી કેવા પરાક્રમો કરી દેખાડે છે અને એનો કેવો હક અદા કરે છે !"

આમ વિચારીને હું અબૂ દુજાનહની પાછળ થઇ ગયો. મેં જોયું કે અબૂદુજાનહએ પોતાની પેલી લાલ પટ્ટી કાઢીને માથે વીંટાળી લીધી. આ જોઇને કેટલાક અન્સાર બોલી ઊઠયા, "અબૂ દુજાનહએ મોતની પટ્ટી બાંધી લીધી છે." પછી મેં જોયું, તેઓ આ કાવ્ય લલકારતા મેદાને-જંગમાં કૂદી પડયા:

અનલ લઝી આહદની ખલીલી • વ નહનુ બિસ-સફહે લદન-નખીલે.

અલા અકૂમદ-દહ્ર ફિલ-કૈયૂલે • ઇદરિબ બિ-સૈફિલ-લાહે વર-રસૂલે.

હું તે છું કે જેની પાસેથી મારા હબીબે એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખજૂરીના ઝાડો પાસે, પહાડની તળેટીમાં કોલકરાર લીધા છે કે, હું ખડા પગે મક્કમ રહીને, છેલ્લી લાઈન સુધી લગાતાર લડતો રહીશ અને અલ્લાહ તથા તેના રસૂલની તલવાર બરાબર ચલાવતો રહીશ.

હઝરત ઝુબૈર બિન અવ્વામનું બયાન છે : "અબૂ દુજાનહને મુકાબલે જે કોઈ આવતો, પળવારમાં અબૂ દુજાનહ તેનો ખાતેમો કરી નાખતા. મેં જોયું કે શત્રુના સૈન્યમાં એક બહાદુર લડવૈયો એવો પણ હતો જે અમારા માણસોનો સફાયો કરતો જતો હતો. કોઈ, વીરલો જ તેનાથી બચી શકતો હતો. સામે આવનારને પેલો એક જ ઝાટકે કાપી નાખતો હતો.

પછી મેં જોયું કે એ બહાદુર અને અબૂ દુજાનહ એકબીજાથી નિકટ આવી રહ્યા છે. મેં દુઆ માગી, "હે અલ્લાહ ! બંને બહાદુરોને આપસમાં ટકરાવી દે !" અલ્લાહનું કરવું એવું થયું કે બંનેનો મુકાબલો થઈ જ ગયો. બંનેની તલવારો ટકરાવા લાગી. પેલા બહાદુરે અબૂ દુજાનહ પર પોતાની તલવારનો વાર કર્યો. આ વાર અબૂ દુજાનહએ પોતાની તલવાર પર ઝીલી લીધો અને પોતે સાફ બચી ગયા. પછી પોતે પેંતરો બદલીને પેલા બહાદુર દુશ્મન પર એવો પ્રચંડ વાર કર્યો કે તે બચી ન શક્યો અને ત્યાં જ ઢગલો થઈને ભોંયે પછડાઈ પડયો.

હિન્દ અને તલવારનો હક————હઝરત ઝુબૈરનું બયાન છે : "અબૂ દુજાનહ તલવાર વીંઝતા આગળ બઢયે ગયા. અચાનક અબૂ સુફયાનની બેગમ હિન્દ બિન્તે ઉત્બહ સાથે સામનો થઈ ગયો. મેં જોયું કે અબૂ દુજાનહનો હાથ બુલંદ થયો અને તલવારની વીજળી ઝબૂકી ગઈ. તલવારનો ભરપૂર વાર હતો પણ તેનો ફટકો હિન્દના માથા પર પડે તે પહેલાં અબૂ દુજાનહએ વીજળીની ગતિથી પોતાનો હાથ રોકી લીધો. તલવાર પર તેમના કાબૂની આ અદભુત કળા જોઈને હું છકક થઈ ગયો. હું વિચારવા લાગ્યો કે એનો ભેદ અલ્લાહ અને તેના રસૂલ જ જાણે છે કે અબૂ દુજાનહએ ચાલી ચૂકેલી તલવારનો વાર કેમ અને કેવી રીતે રોકી લીધો!"[1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ દુજાનહ પોતે આ બનાવ ટાંકતાં ફરમાવે છે : "મેદાને-જંગમાં મેં એક માણસને જોયો તે પોતાની શાઈરીથી સિપાહીઓને પાણી ચઢાવતો હતો. હું જિહાદના જુસ્સામાં તેની તરફ ધસી ગયો કે એક જ વારમાં તેનો ખાતેમો બોલાવી દઉં. જેવી જ તલવાર મેં તેના માથે ઉગામી દીધી કે તે કમકમું ખાયને ઊંટ પેઠે બિલબિલાવી ઊઠયો. મેં જોયું તો તે એક સ્ત્રી હતી. એજ પળે મેં વિચાર્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તલવારથી એક સ્ત્રીને શું મારવી? એનાથી તો આ ગૌરવશાળી તલવારને પાક જ રાખવી બેહતર છે."

હઝરત હમ્ઝહની શહાદત————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ પણ સિંહ પેઠે વિફરી-વિફરીને દુશ્મનો પર ત્રાટકી રહ્યા હતા અને સામે આવનારનો સફાયો કરતા ચાલ્યા જતા હતા. એટલામાં અરતાત બિન અબ્દે-શુરહબીલ બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-

1. ચાલી ચૂકેલી તલવાર પર હઝરત અબૂ દુજાનહનો અદ્ભુત કાબૂ જોઈને ખુદ હઝરત ઝુબૈર દંગ થઈ ગયા. ભેદ નહિ સમજાયો તો મામલો અલ્લાહ અને તેના રસૂલ પર છોડી દીધો. આ હકીકત છે કે કોઈ વસ્તુ પર લાઠી કે તલવારનો વાર કરી દેવામાં આવે તો અધવચ્ચે તેને રોકી લેવું અસંભવિત લાગે છે. પરંતુ અહીં તલવાર અલ્લાહના પયગમ્બરની હતી અને હાથ અબૂ દુજાનહ જેવા આશિકે રસૂલનો હતો. એ એમની યુદ્ધકળાનો કમાલ હતો. આમ છતાં ચાલી ચૂકેલી તલવારનો વાર ખાલી નહિ ગયો બલ્કે રહમત બનીને વરસી પડયો. એનાથી હિન્દની ગરદન તો નહિ કપાઈ અલબત તેના કુફ્રો-શિર્કની ગરદન જરૂર કપાઈ ગઈ. એની સાબિતી ફત્હે-મક્કહ વેળા મળવા પામી. "હ"

Maktabe Ashraf

દાર પર એમની નજર પડી. તેણે કુરૈશનો ઝંડો ઉપાડેલો હતો. હઝરત હમ્ઝહએ આગળ વધીને તલવારના એક જ વારથી તેને કાપીને ફેંકી દીધો. એ દરમિયાન સિબાઅ બિન ઉબ્દુલ-ઉઝ્ઝા ગુબશાની હઝરત હમ્ઝહ તરફ આવી ચઢયો. આ માણસ અબૂ નયારના ઉપનામે જાણીતો હતો. એની માનું નામ ઉમ્મે-અન્માર હતું જે શરીક બિન અમ્ર બિન વહબ સકફીની લોંડી હતી.

ઈબ્ને હિશામ કહે છે : ઉમ્મે-અન્માર નામે આ સ્ત્રી શરીક બિન અખ્નસ બિન શરીકની લોંડી હતી અને મક્કહમાં સ્ત્રીઓના ખત્ના કરવાનો ધંધો કરતી હતી.

હઝરત હમ્ઝહએ સિબાઅ ગુબશાનીને જોતાં જ પડકાર કર્યો, "હલુમ્મ ઈલય્ય યબ્ન મુ-ક-ત-તઅતિલ- બુઝૂર. "હે સ્ત્રીઓના ખત્ના કરનારી સ્ત્રીના બચ્ચા ! મર્દ બચ્ચો હોય તો અહીં મારી પાસે આવ !"

આ પડકાર ઝીલીને જેવો જ તે પલટયો કે હઝરત હમ્ઝહએ તેના બે ટુકડા કરી નાખ્યા.

એજ પ્રસંગે અને એજ સ્થળે જુબૈર બિન મુત્ઈમનો હબશી ગુલામ જેનું નામ વહશી હતું, એક ચટાણની પાછળ લપાઈને બેઠેલો હતો અને મોકાની રાહ જોતો હતો. એને હઝરત હમ્ઝહના ખૂન બદલ આઝાદીનું વચન મળ્યું હતું. વહશીનું પોતાનું બયાન છે : "હું હમ્ઝહની તાકમાં ચટાણની પાછળ લપાઈને બેઠેલો હતો. મેં જોયું કે હમ્ઝહ લોકોનો સફાયો કરતા ચાલ્યા જાય છે. કોઈ એમની તલવારથી બચતું નથી. તે વેળા તેઓ ગુસ્સામાં વિફરેલા ભૂરા રંગના ઊંટ જેવા લાગતા હતા. જેવો જ હમ્ઝહએ સિબાઅ ગુબશાની પર વાર કર્યો, આબાદ એજ સમયે મેં મારો ભાલો ઘુમાવ્યો અને નિશાન તાકીને પુરા બળથી હમ્ઝહ તરફ ફેંકી માર્યો. ભાલો સનન કરતો હમ્ઝહની દૂંટીના ઉપલા ભાગમાં ખૂંપી ગયો અને બંને ટાંગોની વચ્ચેથી આરપાર નીકળી ગયો. એજ પળે હમ્ઝહ ઝનૂનથી મારી તરફ લપકયા પણ બીજી જ પળે તમ્મર ખાયને ભોંય પર ઢળી પડયા. મેં એમને એજ હાલતમાં પડી રહેવા દીધા ત્યાં સુધી કે એમની રૂહ પરવાઝ કરી ગઈ. એ પછી હું ઊભો થઈને એમની પાસે ગયો. પોતાનો ભાલો લીધો અને લશ્કરમાંથી નીકળીને મેદાનના એક ખૂણે જઈને બેસી ગયો. હવે મારી કોઈ જરૂર રહી ન હતી. હું મારી આઝાદી માટેની કામગીરી બજાવી ચૂકયો હતો."

વહશીની કથા વહશીના મુખે————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન ફઝલ બિન અબ્બાસ બિન રબીઅહ બિન હારિસે કહ્યું. તેમને સુલૈમાન બિન યસારે કહ્યું અને સુલૈમાન બિન યસારે આ કથા જઅફર બિન અમ્ર બિન ઉમૈયહ દમરીના મુખે સાંભળી. જઅફર બિન અમ્ર બિન ઉમૈયહ દમરીનું બયાન છે :

"હઝરત અમીર મુઆવિયહ બિન અબૂ સુફયાનના ખિલાફત-કાળમાં હું અને મારો મિત્ર ઉબૈદુલ્લાહ બિન અદી બિન ખિયાર એક કાફલા સાથે પ્રવાસ કરતા મુલ્કે-શામના હિમ્સ શહેરમાં પહોંચી ગયા. અહીં અમને સમાચાર મળ્યા કે જુબૈર બિન મુત્ઈમનો આઝાદ કરેલો ગુલામ વહશી અહીં જ રહે છે. એક દિવસે ઉબૈદુલ્લાહ બિન અદીએ મને કહ્યું, "હે જઅફર બિન અમ્ર ! શા માટે વહશીની મુલાકાત નહિ લેવી ? એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા કાકા હમ્ઝહનો ખૂની છે. એને મળીને ખૂનની વિગત એના જ મુખે સાંભળીએ તો કેમ ?"

મેં કહ્યું, " હા તમારી ઈચ્છા હોય તો ચાલો. તેનાં જ મુખે ખૂનની પુરી વિગત સાંભળીએ."

પ્રથમ અમે શહેરના એક મોભાદાર ગૃહસ્થ પાસે ગયા. આ ગૃહસ્થ વહશીના હાલાતથી બાખબર હતા. અમે તેને વહશી વિષે પૂછયું તો તે બોલ્યા, "હા વહશી તમને આ શહેરના ફલાણા મહોલ્લાના ફલાણા ઘરમાં મળશે. પરંતુ તે એવો ગૃહસ્થ છે કે વધુ ભાગે ઊંઘતો રહે છે. મુલાકાત વેળા તે હોશમાં હશે તો અરબી ભાષામાં તમારી સાથે વાત કરશે. આ હાલતમાં તમારી મુલાકાતનો હેતુ બર આવશે. જે કંઈ સવાલ તમે પૂછશો તેનો જવાબ મળશે. પણ જો તે ઘેનમાં હોય તો વળતા પગલે ચાલ્યા આવશો. હરગિઝ કોઈ વાત તેની સાથે નહિ કરશો."

જઅફર બિન અમ્ર બિન ઉમૈયહનું બયાન છે : "પેલા ગૃહસ્થની વાત સાંભળીને અમે બંને ઊભા થઈ ગયા અને તેણે બતાવેલા ઠેકાણે વહશીના મકાને પહોંચી ગયા. અમે જોયું તો વહશી પોતાના મકાનની સામે આવેલા ચોકમાં એક ચટાઈ પર બેઠેલો હતો. અત્યારે તે "બુગાસ" નામના કાળા પક્ષી પેઠે કે કાળા રંગના કાગડા પેઠે એકદમ કાળો અને છેક બુઢ્ઢો લાગતો હતો. [૧] અમે જોયું તો વહશી સાહેબ ઊંઘની ઘેનમાં ન હતા. પૂરી રીતે હોશની હાલતમાં હતા. અમે સલામ કરી તો ખુશદિલીથી અમારી સલામનો જવાબ આપ્યો.

મારો સાથી ઉબૈદુલ્લાહ બિન અદી બિન ખિયાર મક્કહના જીવનમાં પોતાના બચપનથી વહશીની આંખ સામે ઉછેર પામ્યો હતો. વહશી સાહેબ તેને ધારીધારીને જોવા લાગ્યા. અચાનક ઉબૈદુલ્લાહના પગ તરફ જોઈને પૂછયું, "ભાઈ તું અદી બિન ખિયારનો છોકરો ઉબૈદુલ્લાહ તો નહિ ?"

"હા હું તેજ છું." મારા સાથીએ કહ્યું, "પણ કાકા ! તમે મને ઓળખ્યો કેવી રીતે ?"

વહશી સાહેબ બોલ્યા, "વલ્લાહ ! હું તારા વિષે વધુ તો નથી જાણતો પણ આટલું જરૂર જાણું છું કે અદી બિન ખિયારે એક સ્ત્રી સાથે શાદી કરી હતી જેનું નામ ઉમ્મુલ-કિતાલ બિન્તે અબીલ-ઈસ હતું. આ સ્ત્રીથી અદીનો એક છોકરો મક્કહમાં જન્મ પામ્યો હતો. આ બાળક માટે મેં એક દાયણ શોધી હતી. પછી એ બાળકને હું મારા ખોળામાં ઉપાડીને દાયણ પાસે લઈ ગયો હતો. તે વેળા બાળકના પગ પર જે નિશાન મેં જોયું હતું તેજ નિશાન જોઈને મેં તને ઓળખી કાઢયો છે." [૨]

અમે વહશી પાસે બેસી ગયા અને અમારા આગમનનો મુદ્દો રજૂ કરતાં બોલ્યા, "વહશી સાહેબ ! અમે એટલા માટે આવ્યાં છીએ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હમ્ઝહના બનાવની વિગત માલૂમ કરીએ કે તમે કેવી રીતે હમ્ઝહ જેવા પંકાયેલા વીરનરને કતલ કર્યા હતા ?"

હઝરત વહશીની આપવીતી——————જવાબમાં હઝરત વહશી રદિયલ્લાહુ અન્હુએ પોતાની આપવીતી વાર્ણવતાં કહ્યું, "હમ્ઝહના બનાવની વિગત હું તમને એવી જ રીતે કહી સંભળાવીશ જેવી રીતે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહી સંભળાવી હતી. હું મક્કહમાં જુબૈર બિન મુત્ઈમનો ગુલામ હતો. જુબૈરનો કાકો તુઐમહ

૧. સહીહ બુખારીની રિવાયતમાં "ક-અન્નહુ હમીત" શબ્દો આવેલા છે. હમીત પાણીથી છલોછલ ભરેલી ચામડાંની મોટી મશકને કહે છે. મશક પર વાળ નથી હોતા અને તેનો રંગ કાળો હોય છે. મતલબ આ કે હઝરત વહશી સાહેબ શરીરે જાડા અને રંગે કાળા હતા. (ફત્હુલ-બારી જિલ્દ ૨ પાનું ૨૭૨) "હ"

૨. બીજી રિવાયત મુજબ હઝરત ઉબૈદુલ્લાહની દાયણનું નામ સઅદિયહ હતું જેણે મક્કહની ઝી-તુવા નામે વસતિમાં એમને દૂધ ધવડાવ્યું હતું. સઅદિયહ ઊંટ પર બેઠેલી હતી અને એજ હાલતમાં વહશીએ હાથ લાંબા કરીને એમને સઅદિયહના ખોળામાં આપ્યા હતા. તે વેળા એમનું શરીર કપડામાં લપેટાયેલું હતું ફક્ત પગ દેખાતા હતા. પગ પર જે નિશાન હતું તેજ નિશાન જોઈને હઝરત વહશીએ એમને ઓળખી લીધા. "હ"

Maktabe Ashraf

બિન અદી જંગે-બદ્રમાં હમ્ઝહના હાથે માર્યો ગયો હતો. મક્કહના કુરૈશે જંગે-ઉહુદની તૈયારી કરી તો જુબૈર બિન મુત્ઈમે મને કહ્યું, "અલ્યા વહશી ! ચાલ તું પણ અમારી સાથે લડાઇમાં જોડાઇ જા અને સાંભળ, જો તું મારા કાકાના બદલામાં મુહંમદના કાકા હમ્ઝહને કતલ કરી નાખે તો તું મારી ગુલામીથી આઝાદ છે."

આઝાદીની લહેરમાં હું પણ કુરૈશ સાથે જંગે-ઉહુદમાં ભાગ લેવા નીકળી પડયો. હું એક હબશી છું અને હબશીઓની પ્રણાલી મુજબ બરછો ખેંચી મારવાની કળામાં પારંગત છું. મારૂં તાકેલું નિશાન ભાગ્યે જ ખાલી જાય છે. જયારે બંને પક્ષે ઘમસાણનું યુધ્ધ જામી ગયું તો મેં હમ્ઝહનો નિશાનો તાકી લીધો અને એક અનુકૂળ સ્થળની પસંદગી કરીને તકની રાહ જોવા લાગ્યો. મેં જોયું કે હમ્ઝહ ધૂળમાં અંટાયેલા હતા અને ભૂરા રંગના ઊંટ જેવા લાગતા હતા. તેઓ ગુસ્સામાં વિફરેલા હતા અને સામે આવનારનો તલવારથી સફાયો કરતા બઢયે જતા હતા. તેમની તલવાર સામે કોઇ ટકી શકતું ન હતું.

હમ્ઝહને આગળ બઢતા જોઇને મેં તૈયારી કરવા માંડી અને તેમની સમીપ પહોંચવા માટે કોઇ ઝાડ કે ચટાણની આડ લેવા લાગ્યો. નસીબજોગે એવી એક ચટાણ મળી ગઇ અને હું તેની પાછળ એક શિકારી પેઠે લપાઇને બેસી ગયો કે હમ્ઝહ જેવા જ દાવમાં આવે કે હું મારો બરછો ફેંકી મારૂં .

એજ દરમિયાન સિબાઅ બિન અબ્દુલ-ઉઝ્ઝા મારી સામેથી પસાર થઇને હમ્ઝહ તરફ જવા લાગ્યો. તેને જોતાં જ હમ્ઝહએ તેને લલકાર્યો : "યા સિબાઅ ! ઇબ્ન ઉમ્મ અન્માર ! મુ-ક-ત-તઅતિલ-બુઝૂર! અ-તુહાદ-દુલ્લાહ વ રસૂલહૂ ?"

હે સિબાઅ ! હે સ્ત્રીઓના ખત્ના કરનાર ઉમ્મે-અન્મારના બચ્ચા ! તું અલ્લાહ અને તેના રસૂલ સાથે લડવા આવ્યો છે ?

આમ કહીને હમ્ઝહએ આગળ વધીને તલવારના એક જ વારથી તેના ટુકડા કરી નાખ્યા. આબાદ એજ સમયે મેં મારો બરછો ઘૂમાવ્યો અને નિશાન તાકીને છુટટો દઇ માર્યો. બરછો સીધો હમ્ઝહની નાફના ઉપલા ભાગે પેટમાં ઘૂસી ગયો અને તેમની બંને ટાંગોની વચ્ચેથી આરપાર નીકળી ગયો. લાગલી જ તેમણે મારી તરફ છલાંગ મારી પણ તેઓ બેબસ થઇ ગયા હતા. ત્યાં જ તમ્મર ખાઇને પડી ગયા. મેં એજ હાલતમાં તેમને રહેવા દીધા. પછી જયારે તેમનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું તો હું તેમની પાસે ગયો. મારો બરછો મેં ઉપાડી લીધો અને લશ્કરના એક ખૂણે જઇને બેસી ગયો. હવે કોઇ વસ્તુની મને જરૂર ન હતી. હમ્ઝહને મેં ફકત એટલા કારણે કતલ કર્યા કે મને આઝાદીની જરૂર હતી અને જયારે અમે મક્કહ પહોંચી ગયા તો મારા શેઠ તરફથી મને આઝાદી મળી ગઇ."

મક્કહથી વહશીની નાસભાગ————વહશી સાહેબે પોતાનું બયાન ચાલુ રાખતાં કહ્યું, "હું મક્કહમાં જ રહેતો હતો. પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ ફતેહ કરી લીધું તો હું ત્યાંથી ફરાર થઇને તાઇફ ચાલ્યો ગયો અને ત્યાં જ રહેવા લાગ્યો. એ પછી જયારે તાઇફની ફતેહનો વારો આવ્યો અને તાઇફના લોકોનું મંડળ મુસલમાન બનવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મદીનહ ગયું તો મારા પગો તળેથી જમીન સરકી ગઇ. શું કરવું, કયાં જવું, કેવી રીતે જાન બચાવવી, કંઇ મને સમજાતું ન હતું. કોઇક

Maktabe Ashraf

વાર થતું કે મુલ્કે-શામ ચાલ્યો જાઉં યા પછી યમન ભાગી જાઉં ? એજ ગડમથલમાં હતો ત્યાં એક ગૃહસ્થે મને કહ્યું, "અરે ગાંડા ! શું તને ખબર નથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો દયાના ભંડાર છે. એવા માણસને કતલ નથી કરતા જે તેમનો ધર્મ કબૂલ કરીને તેમાં દાખલ થઇ જાય અને કલિમએ-શહાદત પઢી લે."

એમના મુખે આ ખુશખબર સાંભળીને મારા દિલમાં આશાનો સંચાર થયો. મેં મદીનહ જવાનું ઠરાવી લીધું અને જ્યારે મદીનહ પહોંચી ગયો તો એક દિવસે મોકો જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગયો. તે વેળા આપ પોતાના કેટલાક સહાબા સાથે બેઠેલા હતા. હું ચૂપકેથી જઇને આપની પીઠ પાછળ ઊભો થઇ ગયો અને કલિમએ-શહાદત પઢવા લાગી ગયો. સાચું કહું છું મને કલિમએ-શહાદત પઢતો સાંભળીને આપને એટલો બધો અચંબો થયો કે એટલો અચંબો આપને કદી થયો નહિ હોય.

મને જોઇને આપે પૂછ્યું, "કોણ વહશી છે કે ?"

મેં કહ્યું, "જી હા યા રસૂલલ્લાહ !"

આપે ફરમાવ્યું, "બેસી જાવ, અમને બતાવો કે તમે હમ્ઝહને કેવી રીતે કતલ કર્યા હતા ?"

હઝરત વહશીનું બયાન છે : "મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હમ્ઝહની કતલનો બનાવ એવી જ રીતે કહી સંભળાવ્યો જેવી રીતે કે હું તમને સંભળાવી રહ્યો છું. મારી વાત પૂરી થતાં આપે મને ફરમાવ્યું: "વૈહકા ગય્યિબા અન્ની વજહકા, ફલા ઉ-ર-યન્નકા." અર્થાત : તારૂં બુરૂં થાય! તું પોતાનો ચેહરો મારી સામેથી હટાવી લે. ફરીવાર હું કદી તારો ચેહરો જોવા નહિ પામું !

(સંપાદકની નોંધ : બીજી રિવાયતમાં છે કે હઝરત વહશી તાઇફના મંડળ સાથે મદીનહ પહોંચી ગયા અને મોકો જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પીઠ પાછળ ઊભા થઇને કલિમએ-શહાદત પઢવા લાગી ગયા. સહાબા બોલ્યા, "વહશી છે યા રસૂલલ્લાહ ! હમ્ઝહનો ખૂની."

આપે ફરમાવ્યું :

દઅવ-હુ	છોડી દો એને.
ફલ-ઇસ્લામુ રજુલુન વાહિદુન	એક માણસનું મુસલમાન બનવું
અહબ્બુ ઈલય્ય	મને વધારે પસંદ છે
મિન કત્લે-અલ્ફ કાફિર.	એક હજાર કાફિરોને કતલ કરવાથી.

એ પછી આપે તેમને જોઇને પૂછ્યું, "અન્ત વહશીય્યુન ?"શું તું વહશી છે ?

વહશી બોલ્યા, "નઅમ." જી હું વહશી છું.

આપે પૂછ્યું, "અન્ત કતલ-તા હમ્ઝહ ?" શું હમ્ઝહને તેં કતલ કર્યા ?

વહશી બોલ્યા, "કદ કાના મિનલ અમ્રે મા બલગ-કા." જી હા યા રસૂલલ્લાહ ! આપને જે સમાચાર મળ્યા તેજ પ્રમાણે બન્યું છે.

આપે ફરમાવ્યું :

ફ-હલ તસ-તતીઉ અન	શું તું આમ કરી શકે છે કે
તુગય્યબા વજ-હકા અન્ની.	છુપાવી રાખે પોતાનો ચેહરો મુજથી ?

પોતાનો ચેહરો છુપાવી રાખે એટલે મારી સામે, મારી રૂબરૂમાં આવવું નહિ કેમકે તેનો ચેહરો જોઇને આપને પોતાના કાકાનો સદમો તાજો નહિ થઈ જાય. સદમો તાજો થાય તો આપના દિલને તકલીફ પહોંચે અને જે ઈન્સાનથી અલ્લાહના પયગમ્બરને તકલીફ પહોંચે તેનાથી મોટો મનહૂસ અને બદનસીબ ઈન્સાન બીજો કોણ હોય શકે ? એવા હતભાગી ઈન્સાન પર તો સદા અલ્લાહની લઅનત વરસતી રહે છે. એક તો આપે હઝરત વહશી જેવા ખૂનીને માફી બખ્શી દીધી. બીજું તેના ઈસ્લામનો સ્વીકાર કરી લીધો અને ત્રીજું તેને અલ્લાહની લઅનતનો ભોગ બનવાથી બચાવી લીધો. ઉપકાર પર ઉપકાર અને ઈનામ પર ઈનામ તે આનું નામ. ખરેખર આપ નખશિખ રહમત જ રહમત હતા. એટલે જ તો અલ્લાહ તઆલાએ આપની શાનમાં ફરમાવ્યું છે: "વમા અરસલના-ક ઈલ્લા રહમતલ-લિલ-આલમીન. "હ")[1]

મુસૈલિમહ કઝ્ઝાબની કતલ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત વહશીનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ હુકમ મળવા પછી જ્યારે પ હું આપની મજલિસમાં હાજર થતો તો મારો ચેહરો છુપાવીને આપની મુબારક પીઠ પાછળ બેસી જતો કે જેથી મારો ચેહરો આપને દેખાવા નહિ પામે. આ નિયમ મેં છેવટ સુધી જાળવી રાખ્યો ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઇ ગઇ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : પયગમ્બરીના જુઠા દાવેદાર કે લેભાગુઓના સરદાર મુસૈલિમહ કઝ્ઝાબને કતલ કરવાની ઘટના હઝરત વહશી આ રીતે વર્ણવે છે : જ્યારે ઈસ્લામી લશ્કર મુસૈલિમહ કઝ્ઝાબના લશ્કર સાથે જિહાદ કરવા મદીનહથી રવાના થયું તો હું પણ મારો તેજ બરછો લઇને ઈસ્લામી લશ્કરમાં જોડાઇ ગયો. એજ બરછાથી મેં હઝરત હમ્ઝહને શહીદ કર્યા હતા.

જ્યારે બંને લશ્કરો પરસ્પર આથડી પડયાં તો મેં જોયું, દુશ્મનના લશ્કરમાં એક ઘોડેસવાર હાથમાં તલવાર લઇને પોતાના ફોજીઓને જોશીલી વાણીથી પાણી ચઢાવી રહ્યો છે. હું મુસૈલિમહને ઓળખતો ન હતો. મારી બાજુના એક મુજાહિદને મેં પૂછયું, "પેલો તલવારધારી કોણ છે જે પોતાના સૈનિકોને પાણી ચઢાવી રહ્યો છે?"

તેણે કહ્યું, "એજ તો જૂઠાઓનો સરદાર મુસૈલિમહ છે."

આ સાંભળતાં જ હું તેને કતલ કરવા કટિબધ્ધ થઇ ગયો. ગમે તે ભોગે તેને ઠેકાણે પાડી દેવાનો સંકલ્પ કરીને હું ત્યાંથી ઊપડયો. બીજી તરફ એક અન્સારી મુજાહિદને પણ એજ વિચારે આગળ બઢતા મેં જોયા. અમે બંને તેને પોતાનો નિશાનો બનાવવા માગતા હતા. બઢતાં-બઢતાં હું એક અનુકૂળ જગાએ પહોંચી ગયો અને ત્યાં જ લપાઇને ઘાતમાં બેસી ગયો. પછી જ્યારે તે મારા નિશાના પર આવી ગયો તો પૂરા બળથી મેં બરછો ઘૂમાવવા માંડયો અને નિશાન તાકીને તેને દઈ માર્યો. મેં મારી આંખે જોયું કે મારા બરછાએ તેને વીંધી નાખ્યો છે પરંતુ બીજી જ પળે પેલા અન્સારી ફોજીએ પણ ઝપાટાભેર ધસીને તેની ઉપર તલવારનો વાર કરી દીધો. હવે અલ્લાહને જ ખબર છે કે અમારા બંનેમાંથી કોના વારે તેનો ખાતેમો બોલાવી દીધો !

---

૧. ઇસ્લામનો આ ચમત્કાર છે કે માણસે કુફ્રો-શિર્કની હાલતમાં ગમે તેવાં અને ગમે તેટલાં પાપકર્મો આચર્યાં હોય, મુસલમાન બનતાં જ ઇસ્લામ તેના તમામ પાપોને ધોઈ નાખે છે અને તે તમામ ગુનાહોથી એવો પાક સાફ થઇ જાય છે જાણે આજે જ મા ના પેટથી પૈદા થયો હોય. "અલ-ઇસ્લામુ યહદિમુ મા કાના કબ્લહૂ. એટલે ઇસ્લામ, મુસલમાન બનવા પહેલાંના તમામ પાપોને મિટાવી દે છે. "હ"

અગર તે મારા બરછાથી જહન્નમ રસીદ થઇ ગયો તો હું સમજું છું કે જ્યાં મેં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પછી, સૌથી શ્રેષ્ઠ ઇન્સાન-હઝરત હમ્ઝહને કતલ કર્યા ત્યાં સૌથી બદતર ઇન્સાન-મુસૈલિમહ કઝઝાબને પણ મેં જ કતલ કર્યો.

ઇબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન ફઝલે કહ્યું અને તેમને સુલૈમાન બિન યસારે કહ્યું અને સુલૈમાન બિન યસારને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબે કહ્યું.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબનું બયાન છે : મુસૈલિમહ કઝઝાબ સાથે ખેલાયેલા યુધ્ધમાં જેનું નામ જંગે-યમામહ છે. હું હાજર હતો. જેવો જ મુસૈલિમહ કતલ થયો, તેના લશ્કરમાં નાસભાગ મચી રહી. અચાનક મેં સાંભળ્યું કે એક માણસ ઘાંટો પાડીને ચિલ્લાતો હતો, ''મુસૈલિમહ કઝઝાબને વહશી ગુલામે કતલ કરી નાખ્યો!''

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૮

ગઝવએ-ઉહુદ : બીજું મહાયુદધ

—૨—

હઝરત મુસઅબની શહાદત • હઝરત અલીની સિંહગર્જના • કુરૈશનો ઝંડાધારી મેદાનમાં • કુરૈશના ઝંડાધારી અંગે બીજી રિવાયત • ખોપરીમાં શરાબ પીવાની પ્રતિજ્ઞા • કુરૈશના બીજા ઝંડાધારીનો પડકાર • હઝરત હન્ઝલહની શહાદત • હઝરત હન્ઝલહને ફરિશ્તાઓનો ગુસલ • ઈસ્લામી સૈન્યનો ઝળહળતો વિજય • હિન્દ અને કુરૈશની બેગમો • વિજયનું પલટાયેલું પાસું • ઈબ્ને મુહમ્મદન કદ કુતિલા • સુવાબ હબશીનું પરાક્રમ • પયગમ્બરને ઘાયલ કરનારી કૌમ • નસીબના ફૂટેલા હતભાગી લોકો • તકલીફો અને દુઃખોની પરંપરા • ચાલતો ફરતો જીવતો શહીદ • હઝરત અબૂ ઉબૈદહના દાંત • હઝરત હસ્સાનના શેઅરો • હઝરત ઈબ્નુસ-સકનની ફિદાકારી • બીબી ઉમ્મે ઉમારહની બહાદુરી • હઝરત અબૂ દુજાનહની જાંનિસારી • ફિદાકા અબી વ ઉમ્મી • હઝરત કતાદહની આંખ • રસૂલુલ્લાહ (સલ.)તો શહીદ થઈ ગયા. • હાઝા રસૂલુલ્લાહ !

Maktabe Ashraf

હઝરત મુસઅબની શહાદત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં હઝરત મુસઅબ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુ ઈસ્લામી સૈન્યના ઝંડાધારી હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દુશ્મનથી બચાવવામાં તલવારનું પાણી બતાવતા હતા અને ખૂબ બહાદુરીથી લડતા હતા. એજ હાલતમાં એમને શહીદ કરી નાખવામાં આવ્યા. એમને કતલ કરનાર ઈબ્ને કમીઅહ લૈસી નામે શખ્સ હતો.

હઝરત મુસઅબ બિન ઉમૈર ચેહરેમુહરે અને રૂપરેખાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળતા આવતા હતા જેથી ઈબ્ને કમીઅહ સમજ્યો કે મેં મુહંમદને કતલ કરી નાખ્યા છે. તેની આ ધારણા મુજબ તેણે શોરબકોરથી મેદાન ગજાવી નાખ્યું. વારંવાર તે ચિલ્લાતો હતો., ''કતલ્તુ મુહમ્મદન !''એટલે મુહંમદને મેં કતલ કરી નાખ્યા છે. કતલ્તુ મુહમ્મદન.....!

હઝરત મુસઅબ બિન ઉમૈરના શહીદ થવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરનો ઝંડો હઝરત અલી બિન અબી તાલિબને ઈનાયત ફરમાવ્યો. હવે હઝરત અલી પણ બીજા મુજાહિદો સાથે મળીને પુરાં જુસ્સાથી મુશરિકોના લશ્કર પર તૂટી પડ્યા.

હઝરત અલીની સિંહગર્જના——————એ પછીનો બનાવ ઈબ્ને હિશામે, મુસૈલિમહ બિન અલ્કમહ

માઝનીને મુખે ટાંકેલો છે. ઇબ્ને હિશામ કહે છે : મુસૈલિમહ માઝનીનું બયાન છે કે જયારે ઉહુદની રણભૂમિમાં ઘમસાણનું યુધ્ધ જામી ગયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અન્સારના ઝંડા નીચે પધારીને બેસી ગયા અને હઝરત અલીને માણસ મારફતે કહેણ મોકલાવી કે તેઓ ઝંડો લઇને આગળ ધપે. હુકમ મળતાં જ હઝરત અલી ઝંડો ઉપાડીને યાહોમ ધસારો કરતા આગળ બઢયા અને બુલંદ સ્વરે લલકાર્યા : "અના અબુલ-કુસમ ! અના અબુલ-કુસમ !" એટલે હું કુસમનો બાપ છું, હું કુસમનો બાપ છું !

ઇબ્ને હિશામ કહે છે : કુસમના અર્થ લાકડીને એવી સિફતથી તોડવી કે તેના સાંધા વિખૂટા નહિ પડે અને કુસમ એટલે કોઇ વસ્તુને એવી રીતે તોડવી કે તેનો સાંધેસાંધો અલગ થઇને તેના ભૂક્કા વેરાય જાય. બંને રીતે એના અર્થ થયા : "હું દુશ્મનનો સાંધેસાંધો છૂટો પાડીને તેના ભૂકકા વેરી નાખનારો વીરનર છું."

કુરૈશનો ઝંડાધારી મેદાનમાં——————રણભૂમિમાં હઝરત અલીની આ વીરહાક સાંભળીને કુરૈશનો ઝંડાધારી અબૂ સઅદ બિન અબી તલહા મેદાને નીકળી આવ્યો. તેણે હઝરત અલીને પડકાર્યા, "હે અબુલ-કુસમ ! શું મેદાને પડીને મારી સાથે ટક્કર લેવાની હિંમત છે ?"

"કેમ નહિ !"હઝરત અલીએ તેનો પડકાર ઝીલી લીધો. બંને વીરનરો મેદાને પડયા. બંને ઝંડાધારી હતા. બંને બહાદુર હતા. તલવાર સાથે તલવાર ટકરાવા લાગી. હઝરત અલીએ તેનો વાર પોતાની તલવાર પર ઝીલી લીધો અને તતક્ષણ પેંતરો બદલીને તલવારનો એવો ફટકો માર્યો કે આંખના પલકારામાં તે ભોંયે પછડાઇ પડયો. પરંતુ એજ પળે હઝરત અલી તેને પૂરો કરવા પહેલાં નીચી આંખે ચૂપચાપ ત્યાંથી સરકી આવ્યા.

સાથીઓએ પૂછયું, "અલી ! તેને અધમૂઓ છોડીને કેમ પલટી આવ્યા ?"

ફરમાવ્યું, "તે મારી સામે એવી રીતે પછડાયો કે તેની શર્મગાહ ખુલી ગઇ જેથી શરમને લીધે મને તેની દયા આવી ગઇ. છતાં મને ખાતરી છે કે અલ્લાહએ તેને મૃત્યુ આપી દીધું છે ."

કુરૈશના ઝંડાધારી અંગે બીજી રિવાયત——————કુરૈશના ઝંડાધારી અબૂ સઅદ બિન અબૂ તલહા વિષે બીજી રિવાયત એવી છે કે તેણે બંને સૈન્યોની વચ્ચે મેદાને પડીને પડકાર ફેંકયો હતો., "અના કાસિમુન!"એટલે હું સાંધેસાંધો તોડી નાખનારો ભડવીર છું; તો છે કોઇ મર્દ બચ્ચો જે મારા મુકાબલે મેદાને પડે?"[1]

જયારે મુસલમાનોમાંથી કોઇ તેના મુકાબલા માટે નહિ નીકળ્યો તો હેંકડાઇથી બડાશ હાંકતાં તે લલકાર્યો:

> "હે મુહંમદના સાથીઓ ! તમારો દાવો છે કે તમારા કતલ થનારા જન્નતમાં પહોંચી જાય છે જયારે અમારા કતલ થનારા જહન્નમ ભેગા થઇ જાય છે. તો શું કારણ છે કે તમારામાંથી કોઇ જન્નતમાં જનારો બહાદુર મારા મુકાબલા માટે મેદાને નથી પડતો?
>
> સાંભળો, હું મારા લાત ભગવાનના સોગંદ ખાઇને કહું છું કે તમે પોતાના દાવામાં જૂઠા છો. અને જો સાચા છો તો છે કોઇ માઇનો લાલ ! જે મારી તલવારથી જન્નત ભેગો થઇ જાય અથવા મને પોતાની તલવારથી જહન્નમ ભેગો કરી દે!"

---

૧. અહીં "કાસિમ"શબ્દ અરબીના "સ્વાદ"અક્ષરથી આવેલો છે જેના અર્થ છૂટું પાડનાર, તોડી નાખનાર વગેરે થાય છે. એનું મુળ "કસ્મ" શબ્દ છે. જેના અર્થ છુટું પાડવું, અલગ કરવું વગેરે છે. એક "કાસિમ"શબ્દ અરબીના "સીન"અક્ષરથી આવે છે જેના અર્થ વહેંચણી કરનાર થાય છે. એનું મૂળ પણ "કસ્મ"શબ્દ છે જેના અર્થ વહેંચણી કરવી, ચૂરવું વગેરે. "હ"

Maktabe Ashraf

તેનો આ કટાક્ષભર્યો પડકાર સાંભળીને હઝરત અલી એજ પળે મેદાનમાં નીકળી આવ્યા. બંને વચ્ચે ખરાખરીનો ખેલ જામ્યો. છેવટે હઝરત અલીએ તેનો વાર ખાળીને તલવારનો એવો ફટકો માર્યો કે તે ભોંયે પછડાઈને તરફડિયાં ખાવા લાગ્યો. આ રીતે હઝરત અલીએ તેને જહન્નમ રસીદ કરી દીધો અને જહન્નમમાં જવાની તેની તમન્ના પૂરી કરી દીધી.

ખોપરીમાં શરાબ પીવાની પ્રતિજ્ઞા————ઈબ્ને ઈસ્હાક કહે છે : બીજી રિવાયત મુજબ કુરૈશના ઝંડાધારી અબૂ સઅદ બિન અબૂ તલહાને હઝરત સઅદ બિન અબી વક્કાસે કતલ કર્યો હતો. એના પછી એનો ભાઈ તલહા બિન અબૂ તલહા મેદાને આવ્યો. એને હઝરત અલીએ કતલ કર્યો. એના પછી એનો ભાઈ ઉસ્માન બિન અબૂ તલહા મેદાને આવ્યો. એને હઝરત હમ્ઝહએ કતલ કરી નાખ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉહુદના યુધ્ધમાં અબુલ-અફલહના બહાદુર બેટા હઝરત આસિમ બિન સાબિત રદિયલ્લાહુ અન્હુ પણ અપૂર્વ બહાદુરીથી લડ્યા. તીરંદાજીની કળામાં પારંગત હતા. એમણે મુસાફિઅ બિન તલહા અને જુલ્લાસ બિન તલહા નામે બે ભાઈઓને પોતાના તીરોથી વીંધી નાખ્યા. એક પછી એક બે તીરો છોડયાં અને બંનેને ધૂળ ચાટતા કરી દીધા. તીર છોડતાંની સાથે જ લલકારી ઊઠતા, ''લેતો જા, હું છું અબુલ-અફલહનો બેટો !''

મુસાફિઅ અને જુલ્લાસની માનું નામ સુલાફહ હતું. તે પણ કુરૈશની બેગમો સાથે આ લડાઈમાં હાજર હતી. પોતાના જવાન બેટાઓને ખાકો-ખૂનમાં તરફડિયાં ખાતા જોઈને દોડી આવી. બંનેના માથાં પોતાના ખોળામાં મૂકી લીધાં અને પૂછયું, ''મારા વીરાઓ ! મારા દિલના ટુકડાઓ ! તમને કોણે વીંધી નાખ્યા ?''

બંનેએ વારાફરતી કહ્યું, ''મા ! તીર ભોંકાયું ત્યારે અમે આ શબ્દો સાંભળ્યા હતા, ''લેતો જા, હું છું અબુલ-અફલહનો બેટો !''

આ સાંભળીને સુલાફહએ એજ વેળા માનતા લીધી : ''અગર અલ્લાહ મને કાબૂ આપશે તો હું આસિમ બિન સાબિત બિન અબુલ-અફલહની ખોપરીને પ્યાલું બનાવીને અને તેમાં શરાબ પીને મારૂં કલેજું ઠંડું કરીશ!''

બીજી તરફ અબુલ-અફલહના બેટા હઝરત આસિમ બિન સાબિતને આ સમાચાર મળતાં તેમણે પણ અલ્લાહ તઆલા પાસે પ્રતિજ્ઞા લીધી : ''યા ઈલાહી ! ન હું કોઈ મુશરિકના શરીરને હાથ લગાડીશ. ન કોઈ મુશરિક મારા શરીરને હાથ લગાડવા પામે !''[1]

કુરૈશના બીજા ઝંડાધારીનો પડકાર————કુરૈશનો પહેલો ઝંડાધારી અબૂ સઅદ બિન અબૂ તલહા હઝરત અલીના હાથે માર્યો ગયો તો મુશરિકોનો ઝંડો તેના ભાઈ ઉસ્માન બિન અબૂ તલહાએ સંભાળી લીધો. ઝંડો ઉપાડતા જ તે આ રણગીત લલકારતો મેદાનમાં નીકળી આવ્યો :

ઈન્ન અલા અહલિલ-લિવાએ હક્કન ; • અંચ યખ-દિબુસ-સઅદતા અવ તન-દક્કન.

સાંભળી લો ! ઝંડાધારીઓનું આ કર્તવ્ય છે કે તેનો ભાલો લડતાં-લડતાં દુશ્મનના લોહીથી ખરડાઈ જવો જોઈએ કાં પછી તૂટી જવો જોઈએ !

૧. એટલે યા અલ્લાહ : જો હું શહીદ થઇ જાઉં તો કોઇ કાફિર મારી લાશ સુધી પહોંચવા નહિ પામે. રજીઅની ઘટનામાં કાફિરોએ હઝરત આસિમને દોકાથી કતલ કરી નાખ્યા. એમના ખૂનીઓ ઈનામની લાલચે લાશને સુલાફહ પાસે મક્કહ લઇ જવા માગતા હતા. મધમાખીઓનું ઝુંડ આવી લાગ્યું. કાફિરો ડરીને ભાગી ગયા. વિગત રજીઅના પ્રકરણમાં આવશે. ''હ''

ઉસ્માન બિન અબૂ તલહાના રણગીતનો પડઘો વાયુમાં વિલીન થાય તે પહેલાં હઝરત હમ્ઝહ સિંહ પેઠે તેની ઉપર ત્રાટક્યા અને આંખના પલકારામાં તેને કાપીને ફેંકી દીધો.

હઝરત હન્ઝલહની શહાદત——————લંપટ, પાપી અને ફાસિક અબૂ આમિર નામે સંસારત્યાગી સાધુનું વર્ણન આગળ ઉપર આવી ગયું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પાકો દુશ્મન અને ઇસ્લામનો કટ્ટર વિરોધી હતો. એના જવાન પુત્રનું નામ હન્ઝલહ હતું. પાકા મુસ્લિમ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જાંનિસાર આશિક હતા. મજબૂત ઈમાનના મજબૂત મનોબળ ધરાવનારા વીરનર હતા. આપના સંગાતે, જે હાતલમાં હતા તેજ હાલતમાં, જિહાદનો પોકાર સાંભળતાં પોતાના ઘરમાંથી નીકળી આવ્યા હતા.

લડાઈમાં મેદાનમાં ઘમસાણનું યુધ્ધ જામ્યું તો કુરૈશી લશ્કરના સરસેનાપતિ અબૂ સુફયાન બિન હર્બ સાથે અચાનક હઝરત હન્ઝલહનો મુકાબલો થઈ ગયો. ખાંડાના ખેલમાં હઝરત હન્ઝલહ તેને ભારે પડી રહ્યા હતા. તલવાર ઉગામીને જેવા જ અબૂ સુફયાન પર વાર કરવા જાય છે કે એજ પળે પાછળથી શદ્દાદ બિન અસ્વદ નામના મુશરિક સિપાહીએ તલવારના એક જ ઝાટકે એમને શહીદ કરી નાખ્યા.

હઝરત હન્ઝલહને ફરિશ્તાઓનો ગુસલ——————હઝરત હન્ઝલહના શહીદ થતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''હું જોઈ રહ્યો છું કે અલ્લાહના ફરિશ્તા આકાશથી ઊતરીને તમારા મિત્ર (હન્ઝલહ)ને ગુસલ આપી રહ્યા છે.''

બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાનથી મુસલમાનોએ હઝરત હન્ઝલહના ઘરે જઈને તેમના બેગમને પૂછ્યું હતું કે, ''હન્ઝલહ લડાઈ માટે ઘરમાંથી નીકળ્યા ત્યારે કેવી હાતલમાં હતા ?'' બેગમે જવાબ આપ્યો, ''જનાબત એટલે હમબિસ્તરીની નાપાકીનો ગુસલ ફર્ઝ થાય તેવી હાલતમાં હતા. લડાઈ માટે કૂચનો હુકમ સાંભળતાં જ તલવાર લઈને પળના વિલંબ વિના ઝપાટાભેર ઊપડી ગયા અને ગુસલ ઉતારવા જેટલા સમયનો પણ વિલંબ નહિ કર્યો.'' [૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત હન્ઝલહની દુલહનનો આ જવાબ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''એટલે જ તો હન્ઝલહને અલ્લાહના ફરિશ્તાઓએ ગુસલ આપ્યો.''

આ કારણે હઝરત હન્ઝલહ ''ગસીલુલ-મલાઈકહ''ના અભૂતપૂર્વ લકબે પ્રખ્યાત થઈ ગયા. એટલે એવા પાકબાઝ જવાન જેને જનાબતથી પાક કરવા માટે અલ્લાહના ફરિશ્તાઓએ આકાશ પરથી ઊતરીને ગુસલ આપ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત હન્ઝલહને કતલ કર્યા તે વેળા તેમનો ખૂની શદ્દાદ બિન અસ્વદ આ શેઅર લલકારતો હતો :

---

૧. હઝરત હન્ઝલહ રદિયલ્લાહુ અન્હુના દુલહનનું નામ જમીલહ હતું. મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયના બહેન હતાં. પણ પોતે પાકા મુસલમાન સહાબિયહ હતાં. હઝરત હન્ઝલહ શહીદ થવાના હતા એ રાતે જમીલહ ખાતૂને ખ્વાબ જોયો કે આકાશનો દરવાજો ખુલી ગયો. હઝરત હન્ઝલહ અંદર ચાલ્યા ગયા અને દરવાજો બંધ થઈ ગયો. સમજી ગયાં કે સરતાજ આ જગતથી રૂખ્સત થવાના છે.

લડાઈ પછી હઝરત હન્ઝલહની લાશ ઉપાડવામાં આવી તો બદન પરથી પાણીના ટીપાં ટપકતાં હતાં. આ કારણે ''ગસીલુલ-મલાઈકહ''ના માનભર્યા લકબે પંકાઈ ગયા. એમનો બાપ અબૂ આમિર ફાસિક મેદાને આવ્યો તો એમણે પોતાના બાપને કતલ કરવાની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પરવાનગી માગી. પણ બેટો બાપને કતલ કરે તે આપને પસંદ ન હતું. પરવાનગી નહિ આપી. ''ગસીલુલ-મલાઈકહ'' એટલે એવા શહીદ જેને અલ્લાહના ફરિશ્તાઓએ ગુસલ આપ્યો. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૧૯૫) ''૬''

Maktabe Ashraf

લઅહ-મિયન્ન સાહિબી વ નફ્સી, • બિ-તઅનતિ મિસ્લે શુઆઇશ-શમસિ.

હું મારા મિત્રને અને મારી પોતાની જાતને એવા ભાલા થકી બચાવી લઇશ જે સૂર્યના કિરણ પેઠે ચમકારા મારતો હશે.

("નોંધ : - અહીં હઝરત હન્ઝલહ રદિયલ્લાહુ અન્હુના ખૂની શદ્દાદ બિન અસ્વદના પરાક્રમ બદલ તેની પ્રશંસામાં રચેલું અબૂ સુફયાનનું કાવ્ય અને તેના વળતા જવાબ તરીકે હઝરત હસ્સાન બિન સાબિત અને હારિસ બિન હિશામના કાવ્યો અમે જતા કર્યાં છે.)

ઈસ્લામી સૈન્યનો ઝળહળતો વિજય————ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી તો અલ્લાહ તઆલાએ પોતાની ગૈબી મદદથી મુસલમનોને કુરૈશી કુફ્ફાર પર ઝળહળતા સૂરજ જેવો ખુલ્લો અને શાનદાર વિજય અપાવીને પોતાનો વાયદો પૂરો કરી દેખાડયો. મુસલમાનોએ મુશરિકોને તલવારની ધાર પર લીધા અને મારી મારીને તેઓને હલાકત તથા પરાજયની ચરમસીમાએ પહોંચાડી દીધા. દુશ્મનની ફોજ વેરવિખેર થઇ ગઇ. લશ્કરી ગોઠવણીનું તંત્ર છિન્ન-વિછિન્ન થઇ ગયું. લશ્કરીઓ જીવ બચાવવા આંધળુંધ નાસવા લાગ્યા અને ખુલ્લી રીતે તેઓને એવી હાર મળી ગઇ જેમાં શંકાને રત્તીભાર સ્થાન રહ્યું નહિ.

હિન્દ અને કુરૈશની બેગમો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું અને યહયાએ પોતાના પિતા અબ્બાદના મુખે સાંભળ્યું અને અબ્બાદે પોતાના પિતા હઝરત અબ્દુલ્લાહના મુખે સાંભળ્યું અને હઝરત અબ્દુલ્લાહએ પોતાના પિતા હઝરત ઝુબૈરના મુખે સાંભળ્યું અને હઝરત ઝુબૈરે જંગે-ઉહુદમાં પોતાની આંખે જોયેલી હકીકતનું વર્ણન કરતાં ફરમાવ્યું :

"અલ્લાહના સોગંદ ! મેં મારી આંખે જોયું કે અબૂ સુફયાનની બેગમ હિન્દ બિન્તે ઉત્બહ અને તેની સાથે આવેલી કુરૈશી બેગમો ઘાઘરા ઊંચકીને ગબડી મારતી નાસી રહી છે. તેઓના દુપટ્ટા હવામાં લહેરાય રહ્યા છે. કોઇને કોઇના કે પોતાના હોશ ન હતા. પાછળ ફરીને જોવાની પણ કોઇએ હિંમત નહિ કરી. એજ કારણ છે કે કેદી તરીકે પકડાયેલી બેગમો બહુ ઓછી હતી."

વિજયનું પલટાયેલું પાસું————હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના પિતા હઝરત ઝુબૈરનું બયાન ચાલુ રાખતાં ઉમેર્યું : "જયારે અમે કુરૈશી કુફ્ફારના હારેલા લશ્કરને છિન્નવિછિન્ન કરી નાખ્યું તો અમારા તીરંદાજોએ——જેઓને રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પહાડની ઘાટીને નાકે ગોઠવેલા હતા અને તાકીદી હુકમ ફરમાવ્યો હતો કે, "લડાઇનો નકશો ગમે તેવો હોય, અમે જીતીએ કે હારીએ, તમારે પોતાને સ્થાને મક્કમ રહેવું. તમારી દિશાએથી અમારી ઉપર હુમલો નહિ થવો જોઇએ!"——એ તીરંદાજોએ પોતાનું સ્થાન છોડી દીધું અને તેઓ કુરૈશના શિકસ્ત ખાઇને નાસી રહેલા લશ્કર તરફ દોડી પડયા."

સંપાદકની નોંધ————કુરૈશનું લશ્કર મેદાન મૂકીને નાસવા લાગ્યું તો કેટલાક મુસલમાનો તેઓને કેદ કરવા તેઓની પૂઠે દોડયા અને મોટા ભાગના મુસલમાનો તેઓનો છોડેલા માલ ભેગો કરવામાં લાગી ગયા. તે તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પહાડની ઘાટીને નાકે ગોઠવેલા ૫૦ તીરંદાજોએ જોયું કે દુશ્મનનું લશ્કર શિકસ્ત ખાયને ભાગી રહ્યું છે અને મુજાહિદો તેઓનો માલસામાન ભેગો કરી રહ્યા છે તો તેઓ પણ પોતાનું સ્થાન છોડીને જવા માટે તૈયાર થઇ ગયા. એમના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈરે તેઓને બહુ વાર્યા, વિનવ્યા

કાકલૂદી કરી અને કહ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું તાકીદી ફરમાન છે કે લડાઈનો ગમે તેવો નકશો હોય, તમારે પોતાની જગા છોડવી નહિ !"પણ નવલોહિયા અને જોશીલા યુવકોએ તેમની વાત માની નહિ અને પોતાની જગા છોડીને માલસામાન તરફ દોડી પડયા. હવે ઘાટીને નાકે તેઓના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર સાથે પચાસમાંથી ૧૦ તીરંદાજો રહી ગયા. "હ"

"ઈન્ન મુહમ્મદન કદ કુતિલા"——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઝુબૈરે પોતાની વાત ચાલુ રાખતાં કહ્યું: "હવે મેદાનનો નકશો એવો બન્યો કે અમારી પીઠો કુરૈશના ભાગી રહેલા ઘોડેસવારો તરફ થઈ ગઈ. [1] એ પછી દુમ દબાવીને ભાગતા દુશ્મને અણીની તક ઝડપી લીધી અને પાછળથી આવીને ઓચિંતા અમારી ઉપર તૂટી પડયા. [2]

બીજી તરફ એજ પળે કોઇ "સારિખ"ના ઘાંટાનો પડઘો વાતાવરણમાં ગુંજી રહ્યો.

"અલા ! ઈન્ન મુહમ્મદન કદ કુતિલા !"

સાંભળો ! સાંભળો ! બેશક મુહંમદ કતલ થઈ ગયા !

દુશ્મન ઘોડેસવારોના ઓચિંતા આક્રમણથી મુસલમાનો ગભરાય ગયા અને સાવધ થઈને મુકાબલો કરે તે પહેલાં પેલો બુમાટો સાંભળીને દુશ્મનના નાસી રહેલા બીજા લોકો પણ પલટી આવ્યા. આ પરિસ્થિતિ ત્યાર પછી ઊભી થઇ જ્યારે કે અમે મુશરિકોના એકેએક ઝંડાધારીને ભોંયભેગા કરી ચૂકયા હતા. તે વેળા કોઈની મજાલ ન હતી કે પોતાના ઝંડા પાસે જઈને તેને ઉપાડી લે."

ઈબ્ને હિશામ કહે છે: "સારિખ" પેલો ઘાંટો ગજાવનાર, પહાડોમાં વસનારો 'સારિખ"નામે શયતાન હતો.

સુવાબ હબશીનું પરાક્રમ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં ભાગ લેનારા અમુક મુજાહિદોના કહેવા મુજબ તે વેળા કુરૈશી કુફ્ફારનો ઝંડો ધૂળચાટતી દશામાં ભોંય પર પડી રહ્યો હતો. બાદમાં અમ્રહ બિન્તે અલકમા હારિસીયા નામની મહિલાએ હિંમતથી આગળ વધીને તેને ઉપાડી લીધો અને કુરૈશ તરફ મુખ કરીને તેને હવામાં લહેરાતો કરી દીધો. આ જોઈને કુરૈશ ફરીવાર તેની આજુબાજુમાં એકઠા થઇ ગયા. ધીરેધીરે આ ઝંડો સુવાબ નામે હબશીના હાથમાં પહોંચી ગયો. આ હબશી, અબૂ તલહાનો ગુલામ હતો. મુશરિકોમાં સૌથી છેલ્લો એજ હબશી હતો જેના હાથમાં કુરૈશનો ઝંડો આવ્યો. ઝંડાને ઊંચો રાખવામાં સુવાબ હબશી છેલ્લી પળ સુધી ઝઝૂમતો રહ્યો. જ્યારે તેના બંને હાથો પણ કપાઇ ગયા તો તે ઘૂંટણીએ પડી ગયો અને ઝંડાને ઘૂંટણોથી સીના સાથે ચાંપીને વાયુમાં લહેરાવતો રહ્યો અને ત્યાં સુધી તેને નમવા નહિ દીધો જ્યાં સુધી કે પોતે કતલ નહિ થઇ ગયો. તે વેળા તે આ શબ્દો ઉચ્ચારતો હતો : "અલ્લા-હુમ્મ, હલ અઅ-ઝરતુ ! અલ્લા-હુમ્મ, હલ અઅ-ઝરતુ !" હે અલ્લાહ ! શું મેં કોઇ કસર રહેવા દીધી છે ? હે અલ્લાહ! શું મેં કોઇ કસર રહેવા દીધી છે?

૧. એટલે કુરૈશના નાસી રહેલા ઘોડેસવારો તરફ પૂઠ કરીને જીતની ખુશાલીમાં બધા મુસલમાનો તેઓનો માલસામાન એકઠો કરવામાં લાગી ગયા જેથી કોણ ક્યાં નાસે છે અને ક્યાં જાય છે તે જાણવાની કોઇએ દરકાર નહિ કરી. "હ"

૨. કુરૈશની જમણી પાંખની સરદારી ખાલિદ બિન વલીદને અને ડાબી પાંખની સરદારી ઇકરિમહ બિન અબૂ જહલને મળી હતી. નાસતી વેળાં ખાલિદ બિન વલીદે જોઇ લીધું કે ઘાટીનું નાકું ખુલ્લું છે અને ત્યાં ગણત્રીના જ માણસો ઊભેલા છે. ખાલિદે આ તક ઝડપી લીધી. પોતાના ઘોડેસવારો અને ઇકરિમહના સાથીઓ સાથે પલટી આવ્યા અને ઘાટીને નાકે જઇને તીરંદાજો પર તૂટી પડયા અને બધાને કતલ કરીને મારતે ઘોડે મેદાનમાં પહોંચી ગયા અને માલ ભેગો કરનારા મુસલમાનો પર પાછળથી જઇને ઓચિંતા ત્રાટકી પડયા. "હ"

કુરૈશનો ઝંડો ઉપાડનાર સુવાબ હબશી અબૂ તલહાનો ગુલામ હતો. એના વિષે હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો કહ્યા :

ફખરતુમ બિલ લિવાએ વ શર્રુ ફખરિન, • લિવાઉન હીના રૂદ્દા ઇલા સુવાબે.

તમે પોતાના ઝંડા પર ગર્વ લઈ રહ્યા છો ! જો કે તમારો આ ગર્વ સૌથી ભૂંડો ગર્વ છે. કેમકે એ ઝંડો છેવટે સુવાબ જેવા હબશી હલકટ ગુલામના હાથમાં પહોંચી ગયો હતો.

જઅલ-તુમ ફ-ખ-ર કુમ ફીહે બિ-અબદિન, • વલ ઉમ્મુ મંચ યતા-અફરત - તુરાબે.

ઝંડાને લગતો આ ગર્વ તમે એક હબશી ગુલામને પ્રતાપે લઈ રહ્યા છો ? તે હબશી ગુલામ કે જેની માની હાલત આ છે કે......... (તરજુમો છોડી દીધો છે.)

અને કુરૈશના ધૂળ ચાટતા ઝંડાને ઉપાડીને હવામાં લહેરાવનાર બહાદુર ખાતૂન અમ્રહ બિન્તે અલ્કમા હારિસીયા વિષે હઝરત હસ્સાને આ શેઅર કહ્યો :

ફ-લવલા લિવાઉલ-હારિસીય્યતે અસ્બહૂ, • યુબાઉના ફીલ-અસ્વાકે બેઅલ-જલાઇબે.

અગર અમ્રહ હારિસીય્યહ ઝંડો ન ઉપાડતે તો તેઓ એટલે કુરૈશના લોકો વેપારના માલ પેઠે બજારોમાં વેચાતા જોવામાં આવતે.

પયગમ્બરને ઘાયલ કરનારી કૌમ————ઇબ્ને ઈસ્હાક કહે છે : પછી તો પાછળથી ધસી આવેલા દુશ્મનના ઓચિંતા આક્રમણથી મુસલમાનોની સફો વેરણછેરણ થઈ ગઈ. તેઓ પોતાના બચાવ માટે તલવારો કાઢે તે પહેલાં શત્રુએ તેઓને પોતાની તલવારોની ધાર પર લઈ લીધા. ચોતરફથી તેઓ પર તલવારો વરસવા લાગી. જેઓના નસીબમાં અલ્લાહ તઆલાએ શહીદ થવાનું લખેલું હતું એ બધા શહીદ થઈ ગયા. બાકીના લોકો મરણિયા બનીને પોતાનો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો બચાવ કરવા લાગ્યા.

ખરેખર મુસલમાનો માટે બેહદ આકરી કસોટીનો સમય હતો અને તેઓ માટે જીવ સટોસટની પળો આવી લાગી હતી. એજ દરમિયાન દુશ્મનનો એક રેલો પ્રચંડ ધસારો કરતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની લગોલગ આવી લાગ્યો. તેઓએ પથ્થરોનો મારો ચાલુ કરી દીધો. મામલો એટલી હદે પહોંચી ગયો કે પથ્થરોની દેમારથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પડખાંભેર નીચે પડી ગયા. એક પથ્થરથી આપનો આગલો મુબારક દાંત તૂટી ગયો. મુબારક ચેહરો લોહીલુહાણ થઈ ગયો. મુબારક હોઠ પર ઊંડો જખમ આવ્યો. જે હતભાગી માણસે આપને પથ્થરથી ઘાયલ કર્યા તેનું નામ ઉત્બહ બિન અબી વક્કાસ હતું. એ મશહૂર સહાબી હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુનો ભાઈ હતો.

નસીબના ફૂટેલા હતભાગી લોકો————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને હમીદુત-તવીલે હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી. હઝરત અનસનું બયાન છે : જંગે-ઉહુદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સામેનો મુબારક દાંત તૂટી ગયો. નીચલો મુબારક હોઠ ફાટી ગયો. નૂરાની ચેહરા પર ઊંડો ઘા આવ્યો. લોહી વહી રહ્યું હતું. મુબારક મુખડો લોહીલુહાણ હતો. આપ પોતાના હાથથી લોહી લૂંછતા

હતા અને ફરમાવતા હતા :

કયફા યુફલિહુ કવમુન	કેવી રીતે સફળતા મેળવી શકે તે કોમ
ખ-દ-બૂ વજહુ નબીય-યિહિમ	જે લોહીલુહાણ કરી નાખે પોતાના નબીના ચેહરાને;
વહુવા યદઊહુમ	જો કે તે બોલાવી રહ્યો છે તેઓને
ઈલા રબ્બેહિમ.	તેઓના પાલનહાર તરફ.

ત્યારે અલ્લાહ તઆલાએ આ મામલા અંગે આ આયત નાઝિલ ફરમાવી :

લયસા લકા મિનલ અમ્રે શૈઉન.	હે નબી ! આપને કશો અધિકાર નથી આ મામલામાં
અવ યતૂબ અલૈહિમ	અલ્લાહ ચાહે તેને માફ કરી દે
અવ યુઅઝ - ઝિબહુમ	અથવા ચાહે તેને અઝાબ આપે
ફઈન - નહુમ ઝાલિમૂન.	કેમકે એ ઝાલિમ લોકો છે.

તકલીફો અને દુખોની પરંપરા————ઈબ્ને હિશામ કહે છે : રૂબૈહ બિન અબ્દુર્રહમાન બિન અબૂ સઈદ ખુદરીએ મને કહ્યું અને તેમણે પોતાના પિતા અબ્દુર્રહમાનથી સાંભળ્યું અને અબ્દુર્રહમાને તેના પિતાજી હઝરત અબૂ સઈદ ખુદરીથી સાંભળ્યું.

હઝરત અબૂ સઈદ ખૂદરી રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : "જંગે-ઉહુદમાં ઉત્બહ બિન અબી વક્કાસે પથ્થરના પ્રહારથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નીચલો દાંત તોડી નાખ્યો અને નીચેનો હોઠ પણ ચીરી નાખ્યો. તેઓમાં બીજો શખ્સ અબ્દુલ્લાહ બિન શિહાબ ઝુહરી હતો જેના પથ્થરથી આપની મુબારક પેશાની પર ઊંડો ઘા આવ્યો અને ત્રીજો શખ્સ ઈબ્ને કમિઅહ છે જેણે અચાનક ધસી આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર તલવારનો વાર કરી દીધો જેના આઘાતથી લોખંડી ટોપની બે કડીઓ આપના મુબારક ગાલના ઉપલા ભાગે ઊંડે સુધી ઊતરીને તેમાં ખૂંપી ગઈ. તેના એજ આકરા પ્રહારના આઘાતથી આપ એક ઊંડા ખાડામાં ગબડી પડ્યા.

આવા કેટલાક છુપા ખાડાઓ પેલા જ લંપટ અને પાપી અબૂ આમિર ફાસિક નામના ઢોંગી સાધુએ, ઈસ્લામી લશ્કરના આગમન પહેલાં મેદાનમાં ખોદાવીને ઉપરથી ઢાંકી દીધા હતા કે જેથી મુસલમાન મુજાહિદો તેમાં ગબડી-ગબડીને હલાક થતા રહે. ખાડાઓ ખાસા ઊંડા હતા અને એવી સિફતથી ઢાંકેલા હતા કે જોનારને તેનો પતો લાગતો ન હતો. આપને ખાડામાં ગબડેલા જોઈને હઝરત અલી બિન અબી તાલિબ દોડી આવ્યા. બીજી તરફથી હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ દોડી આવ્યા. હઝરત અલીએ વાંકા વળીને આપનો મુબારક હાથ ઝાલી લીધો અને હઝરત તલહાએ વાંકા વળીને આપની મુબારક કમરને સહારો આપ્યો ત્યારે આપ ખાડામાંથી ઉપર આવ્યા અને બંને સાહેબોએ હાથોના ટેકાઓથી આપને સીધા ઊભા કરી દીધા.

હઝરત માલિક બિન સિનાન એટલે હઝરત અબૂ સઈદ ખુદરીના બાપાજી પણ ત્યાં આવી લાગ્યા હતા. એમણે આગળ વધીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરાનું તમામ લોહી પોતાની જીભથી ચૂસીચૂસીને આપનો નૂરાની ચેહરો સાફ કરી દીધો. હઝરત માલિક દરેક વેળા પોતાની જીભથી આપનું આબે-હયાત જેવું લોહી સાફ કરીને તેને ગળી જતા હતા. તેમનો આ પ્રેમભાવ જોઈને આપે ફરમાવ્યું : "મય-મસ્સ દમી, દ-મ-હૂ લમ તુસિબ-હુન્નાર." એટલે જેણે મારા લોહીનો સ્પર્શ કર્યો, તેના લોહીને જહન્નમની

Martabe Ashraf

આગ સ્પર્શી શકવાની નથી.

ચાલતો ફરતો જીવતો શહીદ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક બદન પર બે લોખંડી બખતરોનો બોજ હોવાથી આપ ખાડામાં પડી ગયા હતા. હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહએ આપની મુબારક કમરને ટેકો આપીને આપને ખાડામાંથી બહાર કાઢયા હતા. ખાડામાંથી બહાર પધારીને આપે હઝરત તલહા વિષે ફરમાવ્યું :

મન અહબ્બ અંય-યન્ઝુરા	જે માણસ જોવાનું પસંદ કરે
ઈલા શહીદિન અલા વજહિલ-અર્દે	જીવતા શહીદને જમીનની સપાટી પર;
ફલ-યન્ઝુર	તો તેણે જોવું જોઈએ
ઈલા તલ્હ-તબ્ને ઉબૈદિલ્લાહ.	તલહા બિન ઉબૈદુલ્લાહ તરફ.

એટલે કોઈ માણસ કોઈ જીવતા જાગતા કે ચાલતા ફરતા શહીદને જમીનની સપાટી પર જોવા માગે તો તેણે હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહને જોઈ લેવા જોઈએ. કેમકે શહીદ તો તે છે જે અલ્લાહના રાહમાં લડતાં-લડતાં કાફિરના હાથે કતલ થઈ જાય અને કતલ થઈને કબરમાં લેટી જાય. અહીં જીવતા જાગતા હઝરત તલહા રદિયલ્લાહુ અન્હુને શહીદ હોવાનું બેનમૂન માન મળ્યું.

હઝરત અબૂ ઉબૈદહના દાંત————ઈબ્ને હિશામ કહે છે : મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત આઈશહ પોતાના માનવંતા પિતાજી હઝરત અબૂબક્ર સિદ્દીકનું કથન ટાંકતાં ફરમાવે છે : "ઈબ્ને-કમીઅહના પ્રહારથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક ગાલમાં લોખંડી ટોપની જે બે કડીઓ ખૂપી ગઇ હતી તેને હઝરત ઉબૈદહ બિન જર્રાહએ પોતાના દાંતોના ઝાટકાથી બહાર ખેંચી કાઢી હતી. પહેલી કડી ખેંચી કાઢી તેની સાથે જ અબૂ ઉબૈદહનો આગલો દાંત પડી ગયો અને જયારે બીજી કડી દાંતના ઝાટકાથી ખેંચી કાઢી તો અબૂ ઉબૈદહનો બીજો દાંત પણ નીકળીને બહાર આવી ગયો. આ રીતે તેમના આગલા બંને દાંતો પડી ગયા.

હઝરત હસ્સાનના શેઅરો————ઈબ્ને હિશામ કહે છે : હઝરત હસ્સાન બિન સાબિતે ઉત્બહ બિન અબી વક્કાસની નાલાયકી, સંગદિલી, ગુસ્તાખી અને બદનસીબીને લગતા આ શેઅરો કહ્યા :

ઇઝલ-લાહિ જાઝા મઅ-શરન બિ-ફઅઆલિ-હિમ, • વ દર્રહુમુર - રહમાનુ રબ્બુલ-મશારિકિ.

જે સમયે અલ્લાહ તઆલા કોઈ ગુમરાહ ટોળકીને તેના કરતૂતોની શિક્ષાનો ફેસલો સંભળાવે અને જે સમયે પૂર્વ-પશ્ચિમનો પાલનહાર અલ્લાહ તેઓને સંકટમાં નાખી દે તો——

ફ અખ્ઝાકા રબ્બી યા ઉતૈ-બબ્ને માલિકિ, • વ લિક-કાક કબ્લલ-મવતિ ઇહદસ-સવાઈકિ.

તે સમયે હે ઉત્બહ બિન માલિક ! મારો પાલનહાર તને ખુબ ઝલીલો-ખ્વાર અને રૂસ્વા કરે અને તારા મરણ પહેલાં વીજળીઓમાંથી કોઈ વીજળી તુજ પર તૂટી પડે !

બસત્તા યમીનન લિન-નબીય્યે તઅમ-મુદન, • ફ અદમૈત ફાહુ કુત્તઅત બિલ-બવારિકિ.

તારો હાથ નિશાન તાકીને નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ઊપડયો અને તેનાથી આપનો નૂરાની મુખડો લોહીલુહાણ થઈ ગયો. તારા એ હાથના તલવારોથી ટુકડે ટુકડા કરવામાં આવે !

ફ હલ્લા ઝકર-તલ્લાહુ વલ મનઝિલિલ-લઝી, • તુસીરુ ઇલૈહિ ઇન્દ ઇહદલ-બવાઇકિ.

તો શું તને અલ્લાહ અને તે સ્થળ યાદ નહિ આવ્યું જેની તરફ એક સંકટ સમયે પલટીને જવાનું છે? એટલે કિયામતને દિવસે સજીવન થઇને અલ્લાહની અદાલતમાં હાજર થવાનું છે અને કરણીનો હિસાબ આપવાનો છે તેને શું તું ભૂલી ગયો ?

હઝરત ઇબ્નુસ-સકનની ફિદાકારી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હુસૈન બિન હમાન બિન અમ્ર બિન સઅદ બિન મુઆઝે કહ્યું અને તેમને મહમૂદ બિન અમ્રે આ માહિતી આપી કે, જ્યારે દુશ્મને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ચોતરફથી ઘેરી લીધા તો આપે પોતાના સહાબાને ફરમાવ્યું:

"મન રજુલુંય-યશરી લના નફ-સહૂ !"

કોણ છે જે અમારા માટે પોતાના પ્રાણ વેચવા તૈયાર હોય ?"

એટલે મારા બચાવ માટે પોતાના પ્રાણને હોડમાં મૂકીને કોણ જન્નત ખરીદવા તૈયાર છે ? [૧]

આ સાંભળતાં જ હઝરત ઝિયાદ બિન સકન જેઓ "ઇબ્નુસ-સકન" એટલે સકનના બેટાને નામે જાણીતા હતા, પાંચ અન્સારી જવાનોને લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે આવીને ચટાણ પેઠે ઊભા થઇ ગયા. બીજી રિવાયત મુજબ હઝરત ઉમારહ બિન યઝીદ બિન સકન પાંચ અન્સારી જવાનો સાથે આવીને ઊભા થઇ ગયા. આ બહાદુર જવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રક્ષણ અને બચાવમાં વીરતાથી લડતાં-લડતાં એક પછી એક શહીદ થતા ગયા. એમાં સૌથી છેલ્લા હઝરત ઝિયાદ બિન સકન (અથવા હઝરત ઉમારહ) હતા જેઓ છેવટ સુધી મરણિયા થઇને ઝઝૂમતા રહ્યા ત્યાં સુધી કે જખમોથી ચૂર થઇને પડી ગયા. એમના પછી મુસ્લિમ વીરનરોની બીજી ટુકડી આવી લાગી. એ બધાએ મુશરિકો સાથે એવી ટક્કર લીધી કે તેઓને મારીમારીને પાછળ ધકેલી દીધા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તેઓના ઘેરામાંથી કાઢી લીધા.

દુશ્મનના ઘેરામાંથી નીકળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જોયું તો હઝરત ઝિયાદ બિન સકન ઘાયલ દશામાં ત્યાં જ પડેલા હતા. આપે સહાબાને ફરમાવ્યું, "અદનૂહુ મિન્ની ! અદનૂહુ મિન્ની!" એમને મારી પાસે લઇ આવો, એમને મારી પાસે ઉપાડી લાવો ! સહાબા હઝરત ઝિયાદ બિન સકનને ઉપાડીને આપની પાસે લઇ આવ્યા. આપે હઝરત ઝિયાદને સુવાડી દીધા અને પોતાના મુબારક ખોળાનો તકિયો બનાવીને તેમનું માથું પોતાના ખોળામાં મૂકી દીધું અને એજ દશામાં તેમણે પોતાના પ્રાણ અલ્લાહને હવાલે કરી દીધા. [૨]

---

૧. દુશ્મનના ઓચિંતા આક્રમણથી થોડીવાર માટે મોટામોટા વીરનરો પણ ગભરાય ગયા મગર દુશ્મનના ઘેરામાં આવી જવા છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દ્રઢતા, મક્કમતા કે અડગતામાં કશો ફેર પડ્યો ન હતો. આપ બેમિસાલ બહાદુરીથી પોતાના સ્થળે મક્કમ રહીને દુશ્મનોના વારો ખાળી રહ્યા હતા. શત્રુના મુકાબલામાં અલ્લાહના પયગમ્બરના પગો ડગમગી જાય એ બનવા જોગ નથી. પહાડ પોતાના સ્થળેથી ટળી જાય અને દુશ્મન ઉલટો લટકી જાય એ બની શકે પણ પયગમ્બર દુશ્મનના મુકાબલાથી નાસે એ કોઇ કાળે બની શકે નહિ. પયગમ્બરની બહાદુરી આખા જગતની બહાદુરીથી વધુ વજનદાર હોય છે કેમકે પયગમ્બરને અલ્લાહનું, અલ્લાહના ફરિશ્તાઓનું અને પૂરી ગૈબી દુનિયાનું પીઠબળ મળેલું હોય છે. "હ"

૨. અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની અને જન્નતી ખોળામાં માથું મૂકીને મરી જવું એનાથી મોટી ખુશનસીબી બીજી કઇ હોય શકે ? ધન્ય હો અલ્લાહના પયગમ્બરના પ્રેમીઓને કે તેઓએ પોતાના પ્રાણોની પરવા નહિ કરી અને પોતાના આકાના ચરણોમાં કુરબાન થઇ ગયા. "હ"

બીબી ઉમ્મે-ઉમારહની બહાદુરી————ઇબ્ને હિશામ કહે છે : હઝરત બીબી ઉમ્મે-ઉમારહ જેમનું મૂળ નામ નુસૈબહ બિન્તે કઅબ માઝનિયહ હતું એમણે પણ ઉહુદના યુધ્ધમાં ભાગ લઈને દુશ્મનો સાથે મુકાબલો કર્યો અને વીર પુરૂષો જેવી મર્દાનગીથી લડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો બચાવ કર્યો.

સઈદ બિન અબૂ ઝૈદ અન્સારીના બયાન મુજબ બીબી ઉમ્મે-સઅદ બિન્તે સઅદ બિન રબીઅ કહ્યા કરતાં કે, એક દિવસે હું ઉમ્મે-ઉમારહ પાસે ગઈ. સલામ કલામ બાદ મેં કહ્યું, "માસી! તમે જંગે-ઉહુદમાં મુશરિકો સાથે લડયાં હતાં. તે પ્રસંગના તમારા કંઈક અનુભવો કહી સંભળાવશો ?"

બીબીજી બોલ્યાં, "હા સાંભળો. તે દિવસે લડાઈના મેદાનમાં શું ચાલી રહ્યું છે તે જાણવા હું સવારના પહોરમાં ઘરમાંથી નીકળીને ઉહુદના મેદાન તરફ રવાના થઈ ગઈ. પાણીથી ભરેલી મશક પણ મેં ઉપાડી લીધી હતી. ધીરે ધીરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બિરાજમાન હતા ત્યાં હું પહોંચી ગઈ. આપ પોતાના સહાબા સાથે ત્યાં મવજૂદ હતા. મુશરિકોના લશ્કર પર ફતેહ તો મુસલમાનોને અલ્લાહની મદદથી મળી ગઈ હતી. પણ જ્યારે લડાઈએ પલટો ખાધો અને મુસલમાનો મુશરિકોના ઘેરામાં આવી ગયા તો હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાસે પહોંચી ગઈ. દુશ્મનો ચોતરફથી ધસારો કરીને ધસી રહ્યા હતા. મેં પણ તલવાર ખેંચીને જંગમાં ઝંપલાવી દીધું.

દુશ્મનનો જબરદસ્ત ધસારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ હતો. આપના બચાવમાં હું તલવાર પર તલવાર ચલાવવા લાગી. કોઈક વાર મોકો જોઈને તીરકામઠું ઉપાડી લેતી અને દુશ્મન તરફ તાકીતાકીને તીરોની વૃષ્ટિ કરી દેતી. જીવ સટોસટના આ સંગ્રામમાં ઝઝૂમતાં મારૂં બદન જખમોથી ચાલણી જેવું બની ગયું."

બીબી ઉમ્મે સઅદનું બયાન છે : બીબીજીએ આટલું કહીને પોતાના ખભા પરથી કપડું સરકાવી દીધું. મેં જોયું તો બીબીજીના ખભા પર ઊંડો ઘા પડેલો હતો. મેં પૂછયું, "માસી ! મન અસાબકા બિ-હાઝા?" આટલો ઊંડો ઘા તમને કોણે કર્યો ?

બોલ્યાં, "એ પેલા કમબખ્ત ઈબ્ને-કમીઅહની તલવારના ઘા છે. અલ્લાહ તેને ગારત કરે. આ ઘમસાણમાં થોડીક પળો એવી પણ આવી જ્યારે મુસલમાન લોકો દુશ્મનના બેપનાહ ધસારાથી જરા આઘાપાછા થઈ ગયા. આ તકનો લાભ લઈને ઈબ્ને-કમીઅહ ઓચિંતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ધસી આવ્યો અને ગુસ્સાથી બરાડયો :

દલ્લૂની અલા મુહમ્મદિન ?	લોકો ! મને બતાવો મુહંમદ કયાં છે ?
ફલા ન-જવતુ અન-ન-જ-અ.	જો તેઓ બચી ગયા તો મારૂં જીવવું બેકાર છે !

તેનો આ બૂમાટો સાંભળતાં જ હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ દોડી પડી. મારી સાથે જ લશ્કરના ઝંડાધારી મુસઅબ બિન ઉમૈર અને બીજા કેટલાક મુસલમાનો પણ આપના બચાવ માટે દોડીને આપની સામે આવી ગયા. અમે જાનને હથેલીમાં લઈને આપનો બચાવ કરતાં હતાં. એજ દરમિયાન ઈબ્ને-કમીઅહ જેવા કમીનાએ મને તલવારનો આ ફટકો માર્યો હતો. મેં પણ આગળ વધીને તાબડતોડ તલવારના તેની ઉપર વાર કર્યા પણ અલ્લાહના એ દુશ્મને બબ્બે બખતરો પહેરેલાં હતાં જેથી મારા વાર તેની ઉપર કારગર નિવડયા નહિ."

Maktabe Ashraf

હઝરત અબૂ દુજાનહની જાંનિસારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં મુસલમાનોના વિજયનું પાસું પલટાયું તો હઝરત અબૂ દુજાનહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે આવીને ઊભા થઇ ગયા. એમણે પોતાના બદનને આપના માટે ઢાલ બનાવી લીધું. તીરો પર તીરો આવતાં હતાં અને એ બધાં એમની પીઠમાં આવીને ખૂપી જતાં હતાં. એ દિવસે હઝરત અબૂ દુજાનહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે સાચેસાચ ઢાલ બની ગયા હતા.

"ફિદાકા અબી વ ઉમ્મી !"————હઝરત સઅદ બિન અબી વક્કાસ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બચાવમાં દુશ્મનો તરફ તાકી તાકીને તીર પર તીર છોડી રહ્યા હતા. એમનું કથન છે કે જ્યારે મારૂં તીરોનું ભાથું ખાલી થઇ ગયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના તીરોનું ભાથું મારી સામે ઠાલવતાં ફરમાવ્યું, "ઈરમે ફિદાકા અબી વ ઉમ્મી !" એટલે હે સઅદ! તીર પર તીર ચલાવો, મારા માબાપ તમ પર કુરબાન ! [1]

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને એવું તીર આપ્યું જેમાં ફળ ન હતું. આમ છતાં આપે ફરમાવ્યું, "ઈરમે બિહી." એટલે લો, એને જ કમાનમાં જોડીને ચલાવો.

હઝરત કતાદહની આંખ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમૈર બિન કતાદહએ કહ્યું કે, એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પણ પોતાના કામઠાંમાંથી લગાતાર તીરો વરસાવતા રહ્યાં. એજ દરમિયાન કામઠાંનો એક તરફનો ભાગ ફાટી ગયો. તરત જ હઝરત કતાદહ બિન નુઅમાને આગળ વધીને એ ફાટેલું કામઠું આપના હાથમાંથી લઇ લીધું. એજ પળે એક તીર સનન કરતું દુશ્મન તરફથી આવ્યું અને હઝરત કતાદહની આંખમાં એવું ભોંકાયું કે આંખ, કુંડાળામાંથી નીકળીને ગાલ પર લટકી પડી. એજ હાલતમાં હઝરત કતાદહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે જઈને ઊભા થઇ ગયા. આપે પોતાનો મુબારક હાથ તેમની આંખ પર ફેરવ્યો અને આંખને મુબારક હાથથી તેના સ્થાને ગોઠવી દીધી તો તે પહેલાં કરતાં વધારે રોશન થઈ ગઇ. એટલે હઝરત કતાદહ અગાઉ કરતાં વધારે તેજીલી નજરના બની ગયા.

રસૂલુલ્લાહ (સલ.)તો શહીદ થઈ ગયા !————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને બનૂ અદી બિન નજ્જારવાળા કાસિમ બિન અબ્દુર્રહમાન બિન રાફિઅએ માહિતી આપતાં કહ્યું કે જીતેલી લડાઈનું પાસું પલટાતાં મુસલમાનોમાં અફરા-તફરી ફેલાઇ ગઇ હતી. દુશ્મને પાછળથી આવીને અચાનક હલ્લો બોલી દીધો હતો. ઈબ્ને કમીઅહએ રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થવાના સમાચાર ફેલાવી દીધા હતા. કેટલાક મુસલમાનો આ સમાચારથી હતાશ થઇને નાસીપાસ થઇ ગયા હતા. એવી દશામાં હઝરત અનસ બિન માલિકના કાકા હઝરત અનસ બિન નદ્ર એક તરફથી પસાર થયા. તેમણે જોયું કે હઝરત ઉમર બિન ખત્તાબ અને હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ મેદાનને એક ખૂણે માથે હાથ દઈને બેઠેલા છે. અન્સાર અને મુહાજિરીનમાંથી બીજા ગૃહસ્થો પણ પારાવાર નિરાશાની દશામાં માથે હાથ દઈને ત્યાં બેઠેલા હતા.

હઝરત અનસ બિન નદ્રનું બયાન છે : મેં તેઓને પૂછયું, "આપ લોકો અહીં કેમ બેઠેલા છો?"

---

૧. હઝરત અલી રદિયલ્લાહુ અન્હુનું કથન છે : "ઇરમે ફિદાકા અબી વ ઉમ્મી !"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ ભારેખમ શબ્દો કોઈના માટે ફરમાવતાં મેં કદી સાંભળ્યા નથી; સિવાય સઅદ બિન અબી વક્કાસના. આ અનુપમ માન આપના લાખો સહાબામાં ફક્ત હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુને મળવા પામ્યું એટલે ફિદા-ક અબી વ ઉમ્મીનું માન (કશ્ફુલ-બારી અમ્મા ફી સહીહિલ-બુખારી જિ.૨ પેજ ૨૧૧) "હ"

ભારે હતાશાથી તેઓ બોલ્યા, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો કતલ થઇ ગયા. આપણે હવે લડીને શું કરવું ?''

મેં કહ્યું, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કતલ થઇ ગયા તો આપણે જીવીને શું કરવું? ચાલો ઊઠો, જે હેતુ ખાતર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના પ્રાણ આપી દીધા, આપણે પણ તેની ઉપર કુરબાન થઇ જઇએ.''

આમ કહીને હઝરત અનસ બિન નઝ્ર કુફ્ફારના લશ્કર પર તૂટી પડયા અને સામે આવનારને મારતા કાપતા છેવટે પોતે પણ શહીદ થઇ ગયા. એમના ભત્રીજા હઝરત અનસ બિન માલિકનું કથન છે : ''એ દિવસે મારા કાકાના બદન પર તલવાર, ભાલા અને તીરના ૭૦ થી ૮૦ જેટલા ઘા લાગ્યા હતા. આખું શરીર જખ્મોથી ચૂરચૂર હોવાને કારણે કોઇ એમને ઓળખી શકયું નહિ. એમના બહેન બીબી રૂબૈયઅ બિન્તે નઝ્રે આંગળી પરની નિશાનીથી એમને ઓળખ્યા.''

ઇબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારો તરફથી મને મળેલી માહિતી અનુસાર જંગે-ઉહુદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો બચાવ કરતી વેળા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના ચેહરા પર એવા તો જોરથી દુશ્મનનો પથરો લાગ્યો કે એમનો આગલો દાંત તૂટી ગયો. ઉપરાંત વીસ કે તેથી વધારે તલવારના ફટકા લાગવાથી એમનું આખું બદન લોહીલુહાણ થઇ ગયું. કેટલાક ફટકા પગો પર પડયા જેથી તેઓ લંગડા બની ગયા. રદિયલ્લાહુ અન્હુ.

''હાઝા રસૂલુલ્લાહ !''————ઇબ્ને ઇસ્હાક કહે છે: મને ઇબ્ને શિહાબ ઝુહરીએ કહ્યું કે જંગે-ઉહુદમાં હારી જવા પછી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થવાની અફવા ફેલાવા પછી સૌથી પહેલાં જે ગૃહસ્થે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઓળખી કાઢયા તે હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ હતા.

હઝરત કઅબ બિન માલિકનું બયાન છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોખંડી ટોપ પોતાના મુબારક માથે મૂકેલો હતો જેમાં આપનો નૂરાની ચેહરો છુપાયેલો હતો. અચાનક મારી નજર આપની નૂરાની આંખો પર પડી જે લોખંડી ટોપમાં ચમકી રહી હતી. આપની ચમકારા મારતી નૂરાની આંખો જોતાં જ મેં આપને ઓળખી કાઢયા અને એજ પળે બુલંદ અવાજે મેં નઅરો ગજાવ્યો:

યા મઅ-શરલ મુસ્લિમીન !	હે મુસલમાનોના સમૂહ !
અબશિરૂ	ખુશખબરી કે વધામણી હો !
હાઝા રસૂલુલ્લાહ !	આ રહ્યા અલ્લાહના રસૂલ !

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ખામોશ રહેવાનું ફરમાવ્યું. પરંતુ મારા મુખેથી સરી પડેલા શબ્દોના શુભ સમાચાર સાંભળતાં જ તમામ મુસલમાનો અહીંતહીંથી સમેટાઇને આપની પાસે આવીને એકત્ર થઇ ગયા. આપ એ બધાને લઇને પહાડની ઘાટી તરફ રવાના થયા. તે વેળા બીજા મુસલમાનો ઉપરાંત આપની સાથે હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર બિન ખત્તાબ, હઝરત અલી બિન અબી તાલિબ, હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ, હઝરત ઝુબૈર બિન અવ્વામ, હઝરત હારિસ બિન સિમ્મહ વગેરે હતા. રદિયલ્લાહુ અન્હુમ.

સંપાદકની નોંધ——————જંગે-ઉહુદ વિશે કેટલાક ઈતિહાસકારોએ શિકસ્ત અથવા પરાજય શબ્દનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે ઈસ્લામી લશ્કર આ જંગ હારી ગયું હતું. કેટલાકે લખ્યું છે કે આ યુધ્ધમાં અણધારેલી રીતે અમુક એવા પ્રસંગો સર્જાઈ ગયા જેણે મુસલમાનોની શાનદાર જીતને પરાજયમાં પલટાવી નાખી.

પરંતુ ઈસ્લામી ઈતિહાસના અભ્યાસીઓ અને યુધ્ધકળાના નિષ્ણાંતોએ તેઓના આ મંતવ્યનો વિરોધ કરતાં એવી દલીલ કરી છે કે, શિકસ્ત અથવા પરાજય જે વસ્તુનું નામ છે તે ત્રણ રૂપોમાંથી એક રૂપનું નામ હોય છે:

૧ ——— દુશ્મન સામે હથિયાર નાખી દેવામાં આવે.

૨ ——— જીતેલા પ્રદેશ પર દુશ્મન કબજો કરી લે.

૩ ——— હારેલું લશ્કર મેદાન મૂકીને નાસી જાય.

એમાંની એક પણ વાત જંગે-ઉહુદમાં બનવા પામી નથી. ઈસ્લામી લશ્કર ન તો મેદાન મૂકીને નાસી ગયું, ન ઈસ્લામી લશ્કરે દુશ્મન સામે હથિયાર નાખી દીધાં, ન દુશ્મનની શરણાગતિ સ્વીકારી, ન મુસલમાનોના પ્રદેશ પર દુશ્મનનો કબજો થયો. દુશ્મને ન તો મુસલમાનોનો માલ-સામાન લૂંટયો ન કોઈને કેદ કર્યા ન કોઈને લોંડીગુલામ બનાવ્યા. પોતાના પ્રદેશ પર મુસલમાનોનો અગાઉ જેવો જ કબજો રહ્યો. પોતાના વતનની તસુ જેટલી જમીન પણ દુશ્મનના કબજામાં જવા પામી નહિ.

અલબત્ત પહાડની ઘાટીને નાકે ગોઠવેલા તીરંદાજોમાંથી ઘણાખરાએ પોતાના પયગમ્બરની નાફરમાની કરી અને પોતાનું સ્થળ છોડીને ચાલ્યા ગયા જેના કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અને ઈસ્લામી લશ્કરને જે ઘા લાગ્યો તે બહુ ઊંડો હતો. "હ"

Maktabe Ashraf

પ્રકરણ ૧૦૯

ગઝવએ-ઉહુદ : બીજું મહાયુદ્ધ

—૩—

ઉબય બિન ખલફની કમબખ્તી • હઝરત હસ્સાનના શેઅરો • અલ્લાહનો ગઝબ અને ગુસ્સો • હઝરત સઅદનો ગુસ્સો • કુરૈશની ચઢાઈ ઘાટી પર • હઝરત તલહા માટે જન્નતની બશારત • હઝરત સાબિત અને હઝરત હુસૈલ • મુનાફિકની ઊલટી ખોપરી • કુઝમાન મુનાફિકની આત્મહત્યા • જિહાદમાં ભાગ લેનાર યહૂદીનો કિસ્સો • એક મુનાફિકની દગાખોરી • જન્નતમાં જનારો બેનમાઝી • હઝરત અમ્રની શહાદતનો કિસ્સો • કુરૈશની બેગમો લડાઈના મેદાનમાં • હિન્દના વેરનો જવાળામુખી • હિન્દને હિન્દનો જવાબ • હિન્દ બિન્તે ઉત્બહના શેઅરો • હઝરત ઉમર અને હઝરત હસ્સાન • અબૂ સુફયાન અને હઝરત હમ્ઝહ • અબૂ સુફયાન અને હઝરત ઉમર • અબૂ સુફયાનની ધમકી • હઝરત અલી કુરૈશી લશ્કરની પૂઠે • હઝરત સઅદનો આખેરી પયગામ • હઝરત સઅદની બાળકી.

Maktabe Ashraf

ઉબય બિન ખલફની કમબખ્તી————ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે ઘાટીના ટેકરા પર ચઢી ગયા તો ઉબય બિન ખલફ નામે કુરૈશી દુશ્મન આપની બાતમી મેળવીને ઘોડો દોડાવતો અને મોટેથી બૂમબરાડા ગજાવતો ત્યાં આવી લાગ્યો. તે બૂમાટા મારતો હતો : "અય મુહંમદ ! લા નજવ-તુ ઈન નજવ-તા !"

એટલે હે મુહંમદ ! અગર તમે બચી ગયા તો મારે બચવું નથી. બીજા શબ્દોમાં તમે નહિ કે હું નહિ!

તેના આ બૂમાટા કે હાકોટા સાંભળીને સહાબાએ પૂછયું, "યા રસૂલલ્લાહ ! શું અમારામાંથી કોઈ માણસ એના મુકાબલા માટે આગળ વધે ?"

આપે ફરમાવ્યું, "દઅવ-હુ." એને છોડી દો, આગળ આવવા દો.

પછી જયારે ઉબય બિન ખલફ ઘોડો કૂદાવતો અને ધસારો કરતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે આવી લાગ્યો તો આપે હઝરત હારિસ બિન સિમ્મહના હાથમાંથી બરછી લઈને એવા તો જોરથી તેને ઘુમાવી કે બધા સહાબા ડરના માર્યા આપની આજુબાજુથી એવી રીતે હટી ગયા જેમ ઊંટની પીઠ પર બેઠેલી ડંખ મારનારી માખી ઊંટની ધ્રુજારીથી ડરીને ઊડી જાય છે. બરછી ઘુમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમ આગળ વધ્યા અને ઉબય બિન ખલફની ગરદન પર એવો તો ઘા કર્યો કે તે ઘોડાની પીઠ પર લથડિયાં ખાય ગયો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને સાલિહ બિન ઈબ્રાહીમ બિન અબ્દુર્રહમાન બિન અવફે માહિતી આપતાં કહ્યું, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મક્કહમાં હતા તો ઉબય બિન ખલફ જ્યારે ય આપને જોતો, હમેશા કહ્યા કરતો, "હે મુહંમદ ! મારી પાસે બચાવનું એક મજબૂત સાધન છે અને તે સાધન મારો ઘોડો છે જેને હું રોજ એક "ફર્ક"દાણા ખવાડીને પાળી રહ્યો છું કે જેથી તેની પીઠ પર સવાર થઈને હું તમને કતલ કરી શકું !"[૧]

તેની આ ધમકીના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવી દેતા, "ઈન્શા અલ્લાહ હું જ તને કતલ કરીશ."

બરછીનો ઘા ખાઈને જ્યારે ઉબય બિન ખલફ કુરૈશ પાસે પહોંચ્યો તો જો કે તેની ગરદનમાં કોઈ ઊંડો ઘા ન હતો, માત્ર થોડુંક લોહી અછરતા ઘાથી નીકળીને, તેની ચામડીમાં અટકીને થીજી ગયું હતું છતાં પારાવાર વેદનાથી તે ચિલ્લાઈ રહ્યો હતો, "ક-ત્-લ્-ની વલ્લાહિ મુહંમદુન !" એટલે વલ્લાહ મુહંમદે તો મને મારી જ નાખ્યો ! ક-ત-લ-ની વલ્લાહિ....!

તેની આ હાયપીટ કે હૈયાફૂટ સાંભળીને કુરૈશે તેને ઠપકાર્યો, "અલ્યા ! બાયલા પેઠે હિંમત શેં હારે છે ? હજુ તો તું હટ્ટો-કટ્ટો છે."

"અરે તમે જાણતા નથી." ઉબય બિન ખલફ બોલ્યો, "મક્કહમાં મુહંમદે મને કહ્યું હતું કે, હું જ તને કતલ કરીશ. વલ્લાહ ! મુહંમદ મારી ઉપર થૂંકી દેત તો યે હું મરી જાત !"

પછી જ્યારે કુરૈશ ઉહુદથી મક્કહ તરફ પાછા વળ્યા તો "સરિફ" સ્થળે પહોંચીને ઉબય બિન ખલફ મરી ગયો. [૨]

હઝરત હસ્સાનના શેઅરો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહના પયગમ્બરના મુબારક હાથથી લાગેલો બરછીનો નજીવો ઘા અને તેનાથી ઉબય બિન ખલફના નિપજેલા મૃત્યુ અંગે હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો કહ્યા :

લકદ વરિસદ-દલાલતા અન અબીહે, • ઉબય્યુન યવમ બારિ-ઝહુર-રસૂલુ

ઉબય બિન ખલફને ગુમરાહી તેના બાપ તરફથી વારસામાં મળી હતી. તે ઉહુદના મેદાનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે બાખડી પડયો.

અતૈતા ઈલૈહિ તહમિલુ રિમ્મ અઝમિન, • વ તૂઈદહૂ વ અન્ત બિહી જહૂલુ.

હે ઉબય બિન ખલફ ! તું પોતાના જર્જરિત હાડકાંનો ભાર વેંઢારતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ધસી રહ્યો હતો. મૂળ હકીકતથી અંજાણ હોવા છતાં તું ધમકીઓ આપતો હતો.

વકદ કુતિલત બનૂન- નજ્જાર મિન્કુમ, • ઉમૈયતા ઇઝ યુગવ-વસ યા અકીલુ.

૧. ફર્ક : સવા પાંચ શેર કે આઠ શેર દાણા માપવાનું એક વાસણ.

૨. સરિફ : મક્કહથી ૬ માઈલના અંતરે આવેલું એક સ્થળ.

Maktabe Ashraf

બનૂ નજ્જારે તમારામાંથી ઉમૈયહ બિન ખલફને એવી હાલતમાં રહેંસી નાખ્યો જ્યારે કે તે "યા બનૂ અકીલ ! યા બનૂ અકીલ !"ના પોકારથી ફરિયાદ કરી રહ્યો હતો.

વ તબ્બ ઈબ્ના રબીઅતા ઇઝ અતાઆ, • અબા જહલિન લિ-ઉમ્મે-હિમલ- હબૂલુ.

રબીઅહના બંને બેટા (ઉત્બહ બિન રબીઅહ અને શૈબહ બિન રબીઅહ) અબૂ જહલનું કહ્યું માનીને હલાક થઈ ગયા. હવે તેઓની મા તેઓને ઢૂંઢતી ફરે છે.

અલા મન મુબલ-લિગુન અન્ની ઉબૈયન, • લકદ ઉલ-કિયત ફી સુહકિસ-સઈરી.

શું કોઈ એવો શખ્સ છે જે ઉબય બિન ખલફને મારો સંદેશો પહોંચાડે ? તે સંદેશો આ છે કે તને જહન્નમના ઊંડાણમાં ઉતારી દેવામાં આવ્યો છે.

તમન્ની બિદ-દલાલતા મિમ-બઅીદિન, • વ તુકસિમ અન કદરતા મઅન-નુઝુરી.

તું મુદ્દત સુધી ગુમરાહીની તમન્નાઓ સેવતો રહ્યો અને સોગંદો ખાતો રહ્યો કે તું જરૂર કામયાબ થવાનો છે.

તમન-નૈકલ-અમાનિય્યા મિમ-બઅીદિન, • વ કવલુલ-કુફરિ યરજિઉ ફી ગુરૂરી.

તું ફુઝૂલ આશાઓ સેવતો રહ્યો જો કે કુફ્રને છાજનારી વાતોનો નતીજો પોતાને ધોકો આપવા સિવાય શું હોય શકે ?

ફકદ લ-અકતકા તઅનતુ ઝી હુફાઝિન, • કરીમુલ બયતિ લૈસા બિ-ઝી ફુજૂરી.

એજ કારણ છે કે તું એવા ગૃહસ્થના ભાલાનો ભોગ થઈ પડયો જે નિષ્ઠાવાન છે, કુળવાન છે અને બેશરમીની વાતોથી આઘા રહેનારા છે.

લહૂ ફદલુ અલલ-ઈહયાએ તુર્રન, • ઈઝા નાબત મુલમ-માતુલુ ઉમૂરી.

તે એવા ગૃહસ્થ છે કે મોટી મોટી સમસ્યાઓ અને સંકટોના આક્રમણ સમયે પણ તમામ ઈન્સાનો પર શ્રેષ્ઠતા ભોગવે છે.

અલ્લાહનો ગઝબ અને ગુસ્સો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે ઘાટીના ટેકરા પર બિરાજમાન થઈ ગયા તો હઝરત અલી બિન અબી તાલિબ "મિહરાસ"[1] નામે ઝરણા પાસે ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પીવા માટે તથા આપના જખમો ધોવા માટે ત્યાંથી પોતાની ઢાલમાં પાણી ભરીને લઈ આવ્યા. આ પાણીમાં ગંધ હોવાથી આપને કરાહત જેવું લાગ્યું જેથી આપે એ પાણી નહિ પીધું. હઝરત અલીએ પાણી રેડીને આપના મુબારક ચેહરાનું લોહી ધોવા માંડયું. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવતા હતા: "અલ્લાહનો ગઝબ અને ગુસ્સો એવા માણસ પર આકરો બની ગયો જેણે તેના પયગમ્બરના ચેહરાને લોહીલુહાણ કરી નાખ્યો !"

હઝરત સઅદનો જુસ્સો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મહાન અને માનવંતા સહાબી હઝરત સઅદ બિન અબી વક્કાસ હમેશા ફરમાવ્યા કરતા હતા કે, 'અલ્લાહના

---

૧. ઉહુદ પહાડની એ ઘાટી પાસે આવેલા એક ઝરણાનું નામ મિહરાસ હતું.

સોગંદ ! મારા દિલમાં કોઇનું ખૂન કરી નાખવાની એટલી પ્રબળ તમન્ના નહિ જાગી જેટલી મારા ભાઇ ઉત્બહ બિન અબી વક્કાસનું ખૂન કરી નાખવાની તમન્ના મારા દિલમાં જાગી. આ તમન્ના રહી રહીને મારા દિલમાં ઉછાળા મારતી હતી કેમકે મારા એજ ભાઇએ પથ્થરથી નિશાનો તાકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નૂરાની ચેહરો લોહીલુહાણ કરી નાખ્યો હતો. જો કે હું જાણતો હતો કે મારા ભાઇના આ પાપી કૃત્યની શિક્ષા તરીકે તેનું ખૂન કરીને હું મારી કૌમમાં હડધૂત થઇ પડવાનો છું. છતાં જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું આ કથન મેં સાંભળ્યું કે : "અલ્લાહનો ગઝબ અને ગુસ્સો એવા માણસ પર આકરો બની ગયો જેણે તેના પયગમ્બરના ચેહરાને લોહીલુહાણ કરી નાખ્યો"તો કંઇક મારા મનને સંતોષ થયો કે, ચાલો ! મારો ભાઇ અલ્લાહના ગઝબ અને ગુસ્સાનો ભોગ બને એટલું જ બસ છે !"

કુરૈશની ચઢાઇ ઘાટી પર————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે એ ઘાટીમાં જ હતા એ દરમિયાન કુરૈશના કેટલાક સૈનિકો ઘાટીના ટેકરા પર ચઢવા લાગ્યા. ઇબ્ને હિશામની રિવાયત મુજબ પૂઠ પકડનારા ઘોડેસવારોનો ઉપરી ખાલિદ બિન વલીદ હતો. આ લોકોને પહાડી ટેકરા પર ચઢતા જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દુઆ માગી : "અલ્લાહુમ્મ ઇન્નહુ લા યમ્બગી લહુમ અંય-યઅલૂના !"એટલે હે અલ્લાહ ! એમનું અમારાથી ઊંચે હોવું મુનાસિબ નથી.

એજ વેળા હઝરત ઉમર બિન ખત્તાબ અને મુહાજિર મુજાહિદોની એક જમાઅત તલવારો ચમકાવતી દોડી ગઇ અને મરણિયા થઇને તેઓનો ઝબરદસ્ત મુકાબલો કર્યો અને છેવટે તેઓને પહાડ પરથી ભગાડી મૂકયા.

હઝરત તલહા માટે જન્નતની બશારત————ઇબ્ને ઇસ્હાક કહે છે : જે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથીઓ સાથે પહાડની ઘાટી તરફ પધાર્યા હતા તો આપે એક ચટાણ પર ચઢવાની કોશિશ કરી હતી. પરંતુ જખમોમાંથી લોહી પુષ્કળ પ્રમાણમાં વહી ગયું હોવાથી કમજોરી ઘણી આવી ગઇ હતી. વળી બબ્બે બખતરો આપે પવિત્ર શરીરે સજેલાં હોવાથી ચટાણ પર ચઢી શકયા નહિ. એ જોઇને હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ તરત દોડી આવ્યા અને વાંકા વળીને જમીન પર બેસી ગયા. તેમના ખભાની મદદ લઇને એટલે તેમના ખભા પર પવિત્ર પગો મૂકીને આપ ઉપર ચઢી ગયા અને ચટાણ પર પહોંચીને આપે પોતાને સંભાળી લીધા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઝુબૈરનું બયાન છે કે, એ દિવસે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આમ ફરમાવતાં સાંભળ્યા : "અવજબ તલહતુ હીના સનઆ બિ-રસૂલિલ્લાહિ મા સનઆ." એટલે તલહાએ એજ પળે પોતાને માટે જન્નત વાજિબ કરી લીધી; જ્યારે કે તેણે અલ્લાહના રસૂલની આ સેવા બજાવી.

ઇબ્ને હિશામ કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની રિવાયતથી આ માહિતી મળી છે કે, નિર્બળતા અને કમશકિતને કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પહાડની ઘાટીના બનેલાં પગથિયાં ચઢી શકયા ન હતા. વળી ગુફરહના આઝાદ ગુલામ ઉમરને મુખે એવી પણ માહિતી મળી કે જંગે-ઉહુદમાં જખમોની કમશકિતને કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઝુહરની નમાઝ બેસીને પઢાવી હતી.

અને તમામ મુસલમાનોએ પણ ઝુહરની એ નમાઝ બેસીને જ આપની પાછળ પઢી હતી. [૧]

હઝરત સાબિત અને હઝરત હુસૈલ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : કુરૈશી કાફિરોના ઓચિંતા આક્રમણની કટોકટીમાં મુસલમાન મુજાહિદો છેરણવેરણ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી આઘાપાછા થઈ ગયા હતા. કેટલાક દૂરદૂર સુધી પાછલા પગે ધકેલાય ગયા હતા ત્યારે કેટલાક તો "અઅવદ" મુકામે આવેલા "મનકા"કે મનક્કા સ્થળ સુધી જઈ પહોંચ્યા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉંમર બિન કતાદહએ મહમૂદ બિન લબીદની આ રિવાયત કહી સંભળાવી : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે જંગે-ઉહુદ માટે ઈસ્લામી સૈન્ય સાથે મદીનહથી નીકળ્યા તે પહેલાં આપે સાવચેતીના પગલાં તરીકે મુસલમાન સ્ત્રી-બાળકો માટે શહેરથી બહાર આવેલા કિલ્લામાં રહેવાનો બંદોબસ્ત કરી દીધો હતો અને તેઓની હિફાઝત માટે હઝરત હુસૈલ બિન જાબિર તથા હઝરત સાબિત બિન વક્શનો પહેરો ગોઠવી દીધો હતો. હઝરત હુસૈલને લોકો "યમાન"નામે પણ બોલાવતા હતા જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનીતા અને જાણીતા સહાબી હઝરત હુઝૈફહના માનવંતા પિતાજી હતા. હઝરત યમાન અને હઝરત સાબિત બિન વક્શ બંને પાકટ વયના વયોવૃધ્ધ ગૃહસ્થો હતા.

એ પછી જ્યારે ઉહુદના મેદાનમાં રણસંગ્રામ જામ્યો તો બંને વૃધ્ધોએ એકબીજાને કહ્યું, "અફસોસ છે આપણી ઉપર ! આપણે બંને કબરમાં ટાંટિયા લટકાવીને બેઠેલા ડોસા છીએ. આપણી ઉંમર એટલી જ રહી ગઈ છે જેટલી ગધેડાના બે વખત પાણી પીવાની વચ્ચે રહેલી હોય છે. આજે નહિ મર્યા તો કાલે મરવાના! કેમ નહિ આપણે પણ તલવારો ખેંચીને કાફિરોને કતલ કરવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પહોંચી જઈએ ? બનવા જોગ છે અલ્લાહ તઆલા આપણને પણ શહાદતનો દરજ્જો આપી દે !

"ત્યારે હવે વાર કોની જોવાની ?"કહીને બંને બહાદુર ડોસાઓ તલવારો લઈને શહાદતની તમન્નામાં લડાઈના મેદાન તરફ ઊપડી ગયા અને જતાં જ કાફિરો પર તૂટી પડયા. આ તરફ મુસલમાનોને આ ડોસાઓ વિષે કોઈ માહિતી ન હતી. મારામારી અને કાપાકાપીથી લડાઈનું મેદાન ગરમ હતું. હઝરત સાબિત બિન વક્શને તો મુશરિકોએ શહીદ કરી નાખ્યા. રહ્યા હઝરત હુસૈલ બિન જાબિર ઉર્ફે યમાન, તો અજાણતામાં મુસલમાનોની જ તલવારો એમની ઉપર તૂટી પડી અને અણધારેલી રીતે એમને મૃત્યુને ઘાટ ઉતારી દીધા. એમના પુત્ર હઝરત હુઝૈફહ તેટલામાં જ હતા. પોતાના પિતાજીને તલવારોની હડફટમાં આવેલા જોઈને પોકારતા જ રહી ગયા, "અરે અરે હે મુસલમાનો ! એ તો મારા બાપાજી યમાન છે!" પણ એટલામાં તો કામ તમામ થઈ ચુકયું હતું, કેમકે કોઈને ખબર ન હોવાથી કોઈ એમને ઓળખી શકયું નહિ. ત્યારે મુસલમાનોએ કહ્યું, "અલ્લાહ બેહતર જાણે છે , અમે એમને ઓળખી શકયા નહિ."

અને વાત પણ બિલકુલ સાચી હતી. જવાબમાં હઝરત યમાનના બેટા હઝરત હુઝૈફહ બોલ્યા, "હે મુસલમાનો ! અલ્લાહ તમારા પર રહમ કરે, તમને બધાને માફ કરે તે મોટો દયાળુ છે."

બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત હુઝૈફહને એમના શહીદ થયેલા બાપાજીનો

---

૧. શરૂઆતમાં એવો જ હુકમ હતો કે ઈમામ કોઈ કારણે બેસીને નમાઝ પઢાવે તો મુકતદીયોએ પણ બેસીને જ ઈમામ પાછળ નમાઝ પઢવી જોઈએ. બાદમાં આ હુકમ બદલાય ગયો જેમકે વફાતની બીમારીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બેસીને નમાઝ પઢાવી હતી અને સહાબાએ ઊભા રહીને આપની પાછળ નમાઝ પઢી હતી. "૬"

લોહીદંડ ચૂકવી આપવાનું સૂચન ફરમાવ્યું. પણ હઝરત હુઝૈફહએ બાપાજીનો લોહીદંડ રાજીખુશી અને ઉદારદિલીથી મુસલમાનોને માફ કરી દીધો. આ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હઝરત હુઝૈફહનો મરતબો ઓરભી બુલંદ થઇ ગયો.

મુનાફિકની ઊલટી ખોપરી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : આસિમ બિન ઉમર બિન કતાદહએ મને આ માહિતી આપી કે, મદીનહના મુસલમાનોમાં હાતિબ બિન ઉમૈયહ બિન રાફિઅ નામે શખ્સનો એક જવાન બેટો હતો જેનું નામ યઝીદ હતું. યઝીદે મુસલમાનો સાથે જંગે-ઉહુદમાં ભાગ લીધો હતો અને કુફ્ફારની તલવારોથી બુરી રીતે ઘાયલ થઇ ગયો હતો. મુસલમાન લોકો તેને ઉપાડીને તેના ઘરે લઇ ગયા. ઘરના લોકો અને સગાસ્નેહીઓ તેની આસપાસ ભેગા થઇ ગયાં. યઝીદ ગંભીર રીતે ઘવાયેલો હોવાથી જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. ઘરમાં ભેગાં થયેલા સ્ત્રી-પુરૂષો તેને દિલાસો આપતાં હતાં. કેટલાક તેને જન્નતની વધામણી આપતાં હતાં : ''અબશિર યબ્ન હાતિબ બિલ જન્નહ !''એટલે ખુશખબરી હો તને જન્નતની હે હાતિબના બેટા ! અથવા હે યઝીદ ! તને જન્નતની બશારત હો !

યઝીદનો બુઢ્ઢો બાપ છેક જાહિલ અને ઠોઠ હતો. ઉપરથી મુનાફિક હોવા છતાં પોતાને મુસલમાનોમાં ખપાવતો હતો. બેટાને લોકોના મુખે જન્નતની વધામણીના શબ્દો સાંભળીને ચીડાઇ ગયો અને કટાક્ષરૂપે ધિક્કારથી તડુકી ઊઠયો, ''હે લોકો ! તમે મારા બેટાને કઇ જન્નતની વધામણી આપો છો ? શું તે જન્નત જે હરમલના ઝાડીઝાંખરાંઓથી ભરેલી છે ? અલ્લાહના સોગંદ ! એક તો તમે મારા જવાન બેટાને ધોકો આપીને મરાવી નાખ્યો!'' અને ઉપરથી તેને ઝાડીઝાંખરાંવાળી જન્નતની વધામણી આપો છો !'' [૧]

કુઝમાન મુનાફિકની આત્મહત્યા——————ઇબ્ને ઇસ્હાક કહે છે : આસિમ બિન ઉમર બિન કતાદહના કથન મુજબ મદીનહમાં બહારનો કોઇ અજાણ્યો માણસ આવેલો હતો. એ કોણ છે, કયાંથી આવેલો છે અને કયા કબીલાનો છે તેની કોઇને ખબર ન હતી. લોકો એને કુઝમાન નામે બોલાવતા હતા અને એજ એનું નામ હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે જયારેય એનું નામ બોલાતું તો આપ ફરમાવી દેતા: ''ઇન્નહૂ લમિન અહલિન-નાર !'' એટલે એ માણસ જહન્નમીઓમાંથી છે.

પછી જયારે ઉહુદનું યુધ્ધ ખેલાયું તો કુઝમાને તેમાં ખૂબ બઢીચઢીને ભાગ લીધો. જોશીલા બહાદુર નર પેઠે એકલાએ પરાક્રમ કરીને સાત આઠ મુશરિકોને કતલ કરી નાખ્યા. ખરેખર મોટો બહાદુર અને બળવાન માણસ હતો. એને પોતાને પણ એટલા જખમો લાગ્યા હતા કે ઉઠાતું ન હતું. મુસલમાન લોકો એને ઉપાડીને બનૂ ઝફરના મહોલ્લામાં લઇ આવ્યા. ત્યાં મુસલમાનોએ એને ધન્યવાદ આપતાં કહ્યું, ''શાબાશ છે હે કુઝમાન! તમે કસોટીમાં પૂરા ઉતર્યા. ખુશખબરી હો તમને જન્નતની !''

''ખુશખબરી કેવી ને વાત કેવી ?'' તે બોલ્યો, ''મને કોઇ શાબાશી કે ખુશખબરીની જરૂર નથી. હું જન્નત માટે નહિ, મારી કૌમની આંટ-આબરૂ ખાતર લડયો છું. જાન ભલે જાય, કૌમની આંટ નહિ જવી

---

૧. હરમલ : ઘણું કરીને કબ્રસ્તાનો કે મસાણોમાં ઊગી નીકળતી એક જડીબુટ્ટી કે વનસ્પતિનું નામ છે. એમાંથી રાયના દાણા જેવાં કાળાં બિયાં નીકળે છે. ભૂવાઓ કે તાવીજ-પલીતાવાળા બાપુંઓ જિનભૂતના વળગાડને ભગાડવા માટે એના બિયાંઓની ધૂણી દઝાવે છે. મુનાફિક

Martabe Ashraf

જોઇએ. એનો ખ્યાલ નહિ હોત તો હું કદી લડાઇમાં ભાગ નહિ લેત !'' [1]

એ પછી જ્યારે જખમોની પીડા હદ ઉપરાંત વધી ગઇ તો કુઝમાને ભાથામાંથી તીર કાઢીને આત્મહત્યા કરી લીધી. આ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના વિષે ઉચ્ચારેલી પેશીનગોઇ સાચી પડી.

જિહાદમાં ભાગ લેનાર યહૂદીનો કિસ્સો———ઇબ્ને ઇસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં માર્યા જનારાઓમાં મુખૈરીક નામે એક નેકદિલ યહૂદીનું નામ પણ તરી આવે છે. ભલા માણસ જેવો એ યહૂદી મદીનહના બનૂ સઅલબા બિન ફિત્યૂન કબીલાનો એક પ્રામાણિક, નિષ્ઠાવાન અને ધર્મચુસ્ત ગૃહસ્થ હતો. જમીન-જાગીર અને બાગ-બગીચાનો માલિક હતો. યહૂદીઓમાં માનમોભાનું સ્થાન ધરાવતો હતો.

જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો તો એણે પોતાના કબીલાના લોકોને ભેગા કરીને હાકલ કરી હતી, ''હે મારી કૌમના લોકો ! તમે સારી રીતે જાણો છો કે આપણે મુસલમાનો સાથે સુલેહ-શાંતિના કરારોથી જોડાયેલા છીએ. યુધ્ધની આ કટોકટીને પ્રસંગે મુહંમદની મદદ કરવી તે આપણું કૌમી અને ધાર્મિક કર્તવ્ય છે. માટે ચાલો એની તૈયારી કરીએ.''

''હે અમારા ભલાભાઇ મુખૈરીક !'' યહૂદીઓ બોલ્યા, ''વાત તમારી બિલકુલ સાચી છે. પણ તમે જાણો છો તેમ આજે તો આપણો ''યવમે-સબ્ત'' છે ને ! તવરાતની રૂએ એ આપણા કૌમી તહેવારનો દિવસ છે. તહેવારના દિવસે યુધ્ધમાં મદદ કેવી રીતે કરી શકાય ?''

''સાંભળો મારા યહૂદી ભાઇઓ !'' જવાબમાં મુખૈરીકે કહ્યું, ''તવરાતની રૂએ વચન-પાલનના મૂલ્ય આગળ તહેવારની ઉજવણીનું કોઇ મૂલ્ય રહેતું નથી. માટે હે યહૂદીઓ ! આજે તમારા માટે ''યવમે-સબ્ત'' જેવું કશું જ નથી.'' [2]

છતાં યહૂદીઓ માન્યા નહિ ત્યારે મુખૈરીક યહૂદીએ મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી અને વસિય્યત રૂપે યહૂદીઓને કહ્યું, ''તમે ભલે તહેવારની ઉજવણી કરતા રહો. હું તો મુહંમદની મદદ માટે લડાઇમાં જાઉં છું અને સાંભળો, અગર લડાઇમાંથી જીવતો પાછો ફર્યો તો ઠીક અને માર્યો ગયો તો મારો જેટલો માલ-સામાન અને જમીન-જાગીર છે એ બધું હું મુહંમદને આપી દઉં છું. એનું દસ્તાવેજી લખાણ તૈયાર છે. માર્યો ગયો તો મારી કુલ પુંજીના માલિક મુહંમદ છે. તેઓ પોતાની મરજી મુજબ એનો ઉપયોગ કરવાના પૂરા અધિકારી છે.

એ પછી મુખૈરીક યહૂદી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ગયો. આપના લશ્કરમાં જોડાઇને મેદાને-જંગમાં પહોંચ્યો અને મર્દાનગીથી મુશરિકો સાથે લડીને પોતે પણ કતલ થઇ ગયો. એની કતલના સમાચાર મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એના વખાણ કરતાં ફરમાવ્યું, ''મુખૈરીક

---

૧. માલૂમ પડયું કે મુસ્લિમ અને કાફિર વચ્ચે લડાઇના ભેદને નોખી પાડનારી વસ્તુ ''નિય્યત''છે. એટલે જેવી નિય્યત તેવી બરકત. એટલે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુઝમાનના જનાઝહની નમાઝ પઢાવવાનો ઇન્કાર ફરમાવી દીધો હતો. એટલા માટે નહિ કે તેણે આપઘાત કરી લીધો હતો બલકે એટલા માટે કે તેણે ઇસ્લામને બદલે કૌમી આંટ માટે જિહાદ કર્યો હતો. ''હ''

૨. ''યવમે-સબ્ત'' એટલે શનિવારનો દિવસ. એ યહૂદીઓના તહેવારનો દિવસ હોય છે. યહૂદી ધર્મ મુજબ શનિવારે કામ કરવાની મના છે. જંગે-ઉહુદ માટે મદીનહથી નીકળતી વેળા અન્સાર સહાબાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી હતી, ''યા રસૂલલ્લાહ ! યહૂદીઓ સાથે આપણા કરાર થયેલા છે. એ કરારને આધારે આ પ્રસંગે કેમ તેઓની મદદ નહિ લેવામાં આવે ?''
આપે ફરમાવ્યું હતું, ''આપણને યહૂદીઓની મદદની કોઇ જરૂર નથી.'' ''હ''

પોતાની કૌમમાં બહુ ભલો યહૂદી હતો."

એક મુનાફિકની દગાખોરી—————ઈબ્ને ઈસ્હાક કહે છે : મદીનહમાં હારિસ બિન સુવેદ બિન સામિત નામે એક મેલા મનનો કીનાખોર મુનાફિક હતો. જંગે-ઉહુદ વેળા ચાલાકીથી ઈસ્લામી લશ્કરમાં ભળી જઈને લડાઈના મેદાનમાં પહોંચી ગયો. જ્યારે બંને લશ્કરો આપસમાં ટકરાઈ ગયાં તો હારિસ બિન સુવેદે અનુકૂળ તક ઝડપી લઈને અને પાછળથી ઘા કરીને હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ બલવી અને બનૂ દુબૈઅહવાળા હઝરત કૈસ બિન ઝૈદને કતલ કરી નાખ્યા અને કુરૈશી લશ્કરમાં શામિલ થઈને મક્કહ ભાગી ગયો.

લોકોના કહેવા મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ દગાબાજ મુનાફિકને કતલ કરી નાખવાનો હઝરત ઉમર બિન ખત્તાબને હુકમ ફરમાવી દીધો હતો. પરંતુ તક ન મળવાથી હઝરત ઉમર તેને કતલ ન કરી શકયા. હારિસ બિન સુવેદનો ભાઈ જુલ્લાસ બિન સુવેદ મદીનહમાં રહેતો હતો. મક્કહથી હારિસ મુનાફિકે પોતાના ભાઈ જુલ્લાસને કહેણ મોકલાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને મારા માટે જીવતદાન મેળવી લો. હું મારા પાપી કૃત્ય બદલ તોબા કરીને માફી માગું છું.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયત મુજબ આ આયત એજ મુનાફિક વિશે ઊતરેલી છે :

કયફ્ર યહદિલ્લાહુ કવમન	અલ્લાહ કેવી રીતે હિદાયત આપે એવા લોકોને
ક-ફ્રે-રૂ બઅદ ઈમાનિ હિમ.	જેઓએ કુફ્ર ગ્રહણ કર્યો ઈમાન લાવવા પછી.
વ શહિદૂ અન્નર રસૂલ હક્કુન	અને તેઓએ સાક્ષી આપી કે બેશક રસૂલ સાચા છે
વ જાઅ-હુમુલ-બૈયિનાત.	અને આવી ગઈ હતી તેઓની પાસે રોશન દલીલો. [૧]

ઈબ્ને હિશામ કહે છે : કેટલાક ભરોસાદાર માહિતગારોએ મને કહ્યું કે હારિસ બિન સુવૈતે હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ બલવીને કતલ કર્યા હતા. હઝરત કૈસ બિન ઝૈદને તેણે કતલ કર્યા ન હતા. એની દલીલ આ છે કે ઈબ્ને ઈસ્હાકે જંગે-ઉહુદના શહીદોની ટીપમાં હઝરત કૈસ બિન ઝૈદનું નામ દર્શાવ્યું નથી. અને હારિસ બિન સુવૈતે હઝરત મુજઝ-ઝિરને કતલ કર્યા તેનું કારણ આ હતું કે હઝરત મુજઝ-ઝિરે હારિસના બાપ સુવૈદને ઈસ્લામ પૂર્વે, ઔસ અને ખઝરજ વચ્ચે ખેલાયેલા કોઈ યુધ્ધમાં મારી નાખ્યો હતો. એનું વર્ણન અમે આ પુસ્તકના પાછલા પ્રકરણોમાં કરી આવ્યા છીએ.

પછી એક દિવસે એવું બન્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની મજલિસમાં બિરાજમાન હતા ત્યાં હારિસ બિન સુવૈદ અચાનક કોઈ બગીચામાંથી નીકળી આવ્યો. તેણે પોતાના અંગ પર લાલ રંગના બે વસ્ત્રો પહેરેલાં હતાં. તેને જોઈને આપે હઝરત ઉસ્માન બિન અફ્ફાનને અથવા એક અન્સારીને તેને કતલ કરી નાખવાનો હુકમ ફરમાવી દીધો. આ હુકમ મળતાં જ તેનું ડોકું ઉડાવી દેવામાં આવ્યું.

જન્નતમાં જનારો બેનમાઝી—————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હુસૈન બિન અબ્દુર્રહમાન બિન અમ્ર બિન સઅદે કહ્યું અને તેમને અબૂ સુફયાન ઈબ્ને અબૂ અહમદના આઝાદ ગુલામે આ માહિતી આપી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિદ્વાન સહાબી હઝરત અબૂ હુરૈરહ મુસલમાનોને હમેશા પૂછયા

---

૧. આલે ઈમ્રાન પારહ ૩ આયત ૮૫

કરતા,

"હે મુસલમાનો ! શું તમે એવો માણસ મને બતાવી શકો છો જેણે ન તો મુસલમાનો સાથે કોઇ સંબંધ રાખ્યો ન પોતાના જીવનમાં તેણે કોઇ નમાઝ પઢી છતાં તે જન્નતનો હકદાર બનીને જન્નતમાં દાખલ થઈ ગયો ?"

આ સવાલ સાંભળીને લોકો હયરતના ચક્કરમાં પડી જતા કે એવો કોણ માણસ હોય શકે જે ન મુસલમાનોની સાથે રહ્યો ન તેણે પોતાના જીવનમાં કોઈ નમાઝ પઢી છતાં તે જન્નતી બની ગયો? જયારે એવો કોઈ માણસ તેઓના ધ્યાનમાં નહિ આવતો તો તેઓ હઝરત અબૂ હુરૈરહને જ પૂછી લેતા, "હઝરત ! તમે જ બતાવો ને એવો કોણ સદભાગી માણસ છે ?"

હઝરત અબૂ હુરૈરહ ફરમાવતા, "એ અબ્દુલ-અશહલ કુટુંબનો નબીરો ઉસૈરમ છે જેનું અસલ નામ અમ્ર બિન સાબિત બિન વક્શ છે."

ઇબ્ને ઈસ્હાક કહે છે : ખુદ હુસૈન બિન અબ્દુર્રહમાનનું બયાન છે કે મેં મહમૂદ બિન અસદને પૂછયું, "ઉસૈરમનો શો મામલો બન્યો હતો ?"

તેઓ બોલ્યા, "ઉસૈરમ પોતાની કૌમના લોકોને એમ જ કહેતો રહ્યો કે હું કદી મુસલમાન બનવાનો નથી. પરંતુ જયારે જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હથિયારો સજીને જંગ માટે જવા તૈયાર થયા તો ઉસૈરમના દિલમાં ઇસ્લામનો ચમકાર થયો. એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. તેણે પોતાની જીભથી કલિમો પઢયો અને સાચા દિલથી મુસલમાન બન્યો અને ઇસ્લામી સૈન્યમાં શામિલ થઈને લડાઇના મેદાનમાં પહોંચી ગયો. પછી જયારે લડાઇ શરૂ થઈ તો ઇસ્લામના દુશ્મનો સાથે એવી બહાદુરીથી લડયો કે પોતે પણ જખમોથી ચૂર થઈને હલનચલનથી લાચાર બની ગયો.

એ પછી જયારે યુધ્ધ સંકેલાઇ ગયું અને લોકો રણભૂમિમાં પોતાના માર્યા ગયેલા કે ઘાયલ થયેલા માણસોને શોધવા નીકળી પડયા તો અબ્દુલ-અશહલના લોકો પણ મૃતદેહોમાં પોતાના માણસોને શોધવા લાગ્યા. અચાનક તેઓની નજર ઉસૈરમ પર પડી. ચમકીને બોલી ઊઠયા, "અરે આ તો ઉસૈરમ છે !"ઉસૈરમના ઇસ્લામની કોઇને ખબર ન હતી. તેને રણભૂમિમાં ઘાયલ દશામાં જોઇને તેઓ નવાઇ પામી ગયા કે, આખર ઉસૈરમ જેવા જવાનને કઇ વસ્તુ અહીં ખેંચી લાવી? કેમકે તેઓ તો એને કુફ્રની હાલતમાં છોડીને આવ્યા હતા. તેઓએ ઉસૈરમ પાસે જઈને પૂછયું, "હે અમ્ર ! કહો તો ખરા કે કઈ વસ્તુ તમને અહીં ખેંચી લાવી ? શું પોતાની કૌમનો પ્રેમ તમને અહીં ખેંચી લાવ્યો કે પછી ઇસ્લામનું આકર્ષણ ?"

ઉસૈરમે એજ ઘાયલ દશામાં જવાબ આપ્યો, "કૌમનો પ્રેમ નહિ, માત્ર ઈસ્લામનું આકર્ષણ......હું અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યો. સાચા દિલથી કલિમો પઢીને મુસલમાન બની ગયો. પોતાની તલવાર લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે લડાઈમાં જોડાઇ ગયો અને અલ્લાહ તથા તેના રસૂલના દુશ્મનો સાથે લડતો રહ્યો. અનેકને કતલ કરીને પોતે પણ ઘાયલ થઇ ગયો. હવે મારી જે હાલત છે તે તમે જોઈ રહ્યા છો....!"

એ પછી હઝરત ઉસૈરમ પોતાના જ માણસોના હાથોમાં વફાત પામી ગયા. જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમના દરબારમાં ઉસૈરમનું વર્ણન કરવામાં આવ્યું તો આપે ફરમાવ્યું, "ઈન્નહૂ મિન અહલિલ-જન્નતે." બેશક તે જન્નતીઓમાંથી છે. એટલે જ હઝરત અબૂ હુરૈરહ ફરમાવ્યા કરતા, "ઉસૈરમ તે સહાબી છે જેણે એક વખતની નમાઝ નહિ પઢી અને જન્નતમાં દાખલ થઈ ગયા."

હઝરત અમ્રની શહાદતનો કિસ્સો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મારા બાપાજી ઈસ્હાક બિન યસારે કહ્યું અને તેમને બનૂ સલિમહના માહિતગાર વડીલો તરફથી આ માહિતી મળવા પામી તે મુજબ ઈસ્હાક બિન યસારે મને હઝરત અમ્ર બિન જમૂહની આ કથા સંભળાવી કે, હઝરત અમ્ર બિન જમૂહ ખાસ્સા લંગડા હતા. એમના ચાર પુત્રો હતા અને ચારેય સિંહ જેવા બહાદુર હતા. એ બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પડખે રહીને દરેક લડાઈમાં સિંહ પેઠે લડયા કરતા. જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો તો અમ્રે પોતાના પુત્રોને કહ્યું, "દીકરાઓ ! મારે પણ ઉહુદમાં લડાઈ માટે આવવું છે."

આ વીરનરોએ પોતાના બાપને લડાઈમાં ભાગ લેવાની ના પાડી, "બાપુજી ! તમે અપંગ છો અને અલ્લાહ તઆલાએ અપંગો પર જિહાદ ફર્ઝ કર્યો નથી. તમે ઘરમાં બેસી રહો. અમે જંગમાં જઈએ છીએ."

હઝરત અમ્ર બિન જમૂહને લડાઈમાં જઈને મરવા મારવાની અને શહીદ થવાની તાલાવેલી લાગી હતી. બેટાઓથી નિરાશ થઈને ડગુમગુ ચાલતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચી ગયા અને અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારા દીકરાઓ મને જિહાદમાં જવાથી અટકાવે છે."

"તેઓ શું કહે છે ?" આપે પૂછ્યું.

"તેઓ કહે છે કે બાપુજી ! તમે લંગડા છો અને લંગડાઓ પર જિહાદ ફર્ઝ નથી. પણ યા રસૂલલ્લાહ! મારી આ દિલી તમન્ના છે કે હું મારા આ લંગડાપણા સાથે જિહાદ કરીને શહીદ થઈ જાઉં અને શહીદ થઈને આ લંગડાપણા સાથે જન્નતની સહેલ માણતો ફરું !"

આપે ફરમાવ્યું, "હે અમ્ર ! તમારા બેટા સાચું કહે છે. અલ્લાહ તઆલાએ તમને જિહાદમાં નહિ જવાની છૂટ આપી દીધી છે, પછી તકલીફ લેવાની શી જરૂર ?"

એ પછી આપે એમના બેટાઓને બોલાવીને ફરમાવ્યું, "તમારા બાપુજીની એજ ઈચ્છા છે તો એમને શું કામ રોકો છો ? બનવા જોગ છે અલ્લાહ તઆલા એમને શહીદ થવાનું નસીબ ફરમાવે અને જન્નતમાં જવાની એમની તમન્ના બર આવે !"

કહ્યાગરા બેટાઓ રાજી થઈ ગયા. એમના બાપુજી હઝરત અમ્ર બિન જમૂહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ઉહુદના મેદાનમાં ગયા અને પોતાના લંગડાપણા સાથે કાફિરો પર તૂટી પડીને ખૂબ બહાદુરીથી જિહાદ કર્યો અને લડતાં-લડતાં છેવટે પોતે પણ શહીદ થઈ ગયા. [૧]

કુરૈશી બેગમો લડાઈના મેદાનમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : અમે સાલિહ બિન કીસાનએ કુરૈશી બેગમોને લગતી માહિતી આપતાં કહ્યું : "મુસલમાનોની જીતેલી લડાઈનું પાસું પલટાયું તો ઘાઘરા

૧. હઝરત અમ્ર બિન જમૂહ રદિયલ્લાહુ અન્હુની સાથે એમના બેટા હઝરત અલ્લાદ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ પણ આ લડાઈમાં શહીદ થઈ ગયા. બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન જમૂહના બેગમ બીબી હિન્દહને ફરમાવ્યું, "બેશક મેં અમ્ર બિન જમૂહને તેના લંગડાપણા સાથે જન્નતના બગીચામાં ટહેલતા જોયા." (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૨૪) "હ" આ અમ્ર બિન જમૂહ તેજ સહાબી છે જેના ભગવાનની મૂર્તિને લોકો ઉકરડામાં ફેંકી આવતા હતા .

ઊંચકીને નાસી રહેલી કુરૈશી બેગમો પણ પલટીને ફરીવાર મેદાનમાં આવી લાગી. ઉહુદના મેદાનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી જે લોકો શહીદ થઈ ગયા હતા, આ બેગમો અબૂ સુફયાનની બેગમ સાથે તેઓની લાશો પાસે પહોંચી ગઇ. વેરનો ભૂત દરેક બેગમનાં માથે ચઢી બેઠો હતો. આ બેગમો શહીદોની પાક લાશોના નાક-કાન કાપી કાપીને તેના હાર તથા ઝાંઝર વગેરે બનાવવા લાગી અને હદ વળી કે હિન્દ બિન્તે ઉત્બહએ પોતે એ હાર પોતાને ગળે લટકાવ્યા અને પોતાના ગળે પહેરેલા હાર, એરિંગ, કંઠા વગેરે ઉતારીને જુબૈર બિન મુત્ઈમના ગુલામ વહશીને ઇનામ તરીકે આપી દીધા.

હિન્દના વેરનો જ્વાળામુખી————એ પછી હિન્દ બિન્તે ઉત્બહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થયેલા માનવંતા કાકા, સૈયિદુશ-શુહદાઅ એટલે શહીદોના સરદાર હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુનું મુબારક પેટ ચીરી નાખ્યું અને તેમાંથી કાળજું કાઢી લઇને પોતાના દાંતોથી તેને ચાવવા લાગી. હિન્દના વેરનો જ્વાળામુખી ભભૂકી ઊઠયો હતો. તેણે શહીદોના સરદારના પવિત્ર કાળજાંને દાંતોથી ચાવીચાવીને ગળાંથી નીચે ઉતારવાની મથામણ કરી પણ ઊતરી શકયું નહિ. લાચારીએ ધિક્કારની લાગણીથી ભોંય પર થૂંકી કાઢયું. એ પછી તે ઊંચી ચટાણ પર ચઢી ગઇ અને લલકારીને આ શેઅરો ગાવા લાગી :

નહનુ જઝય-ના કુમ લિ-યવમે બદરિન, • વલ-હર્બુ બઅદલ-હર્બે ઝાતા સુઅરી.

(આજે જંગે-ઉહુદમાં) અમે જંગે-બદ્રનો બદલો વાળી લીધો. ખરેખર એક યુધ્ધ પછી બીજું યુધ્ધ વધારે ભીષણ અને અંગારા ઝરતું હોય છે.

મા કાના અન ઉત્બતે લી મિન-સબરિન...., • વ લા અખી વ અમ્મેહી વ બિકરી.

મારા બાપ ઉત્બહની કતલના આઘાતની ધીરજ ન મુજને હતી, ન મારા ભાઇને હતી, ન ઉત્બહના કાકાને હતી અને ન મારા પહેલા ખોળાની અવલાદને હતી. [૧]

શફૈતુ નફ્સી વ કદૈતુ નઝરી, • શફૈતા વહશીય્યુન ગલીલુ સદરી.

તો મેં મારૂં કલેજું ઠંડું કરી લીધું અને મેં મારી બાધા પૂરી કરી લીધી. હે વહશી ! તેં મારા સીનાની કારમી તરસ બુઝાવી દીધી.

ફ શુકરૂ વહશીય્યીન અલય્ય ઉમરી, • હત્તા તરીમ્મ અઅઝુમી ફી કબરી.

તો હું જીવનભર વહશીના ઉપકારની આભારી રહીશ ત્યાં સુધી કે મારી કબરમાં મારાં હાડકાં ઓગળી ન જાય !

હિન્દને હિન્દનો જવાબ————હિન્દ બિન્તે ઉત્બહના આ કાવ્યનો જવાબ એક મુસલમાન ખ્વાતૂને આપ્યો છે. આ ખાતૂનનું નામ પણ હિન્દ છે અને તે ઉસાસહ બિન અબ્બાદ બિન-મુત્તલિબની બેટી છે. હિન્દ બિન્તે ઉસાસહ કહે છે :

ખઝીતિ ફી બદરિંવ વ બઅદા બદરિન, • યા બિન્ત વક-કાઇન અઝીમિલ કુફરી.

---

૧. હિન્દનો બાપ ઉત્બહ બિન રબીઅહ, હિન્દનો કાકો શૈબહ બિન રબીઅહ, હિન્દનો ભાઇ વલીદ બિન ઉત્બહ જંગે-બદ્રમાં હાથોહાથની લડાઇમાં માર્યા ગયા હતા. "ઠ"

હે સ્ત્રી ! તું એવા પુરુષની પુત્રી છે જે કાયમ ધિક્કારભર્યા અને હલકટ કૃત્યોમાં સબડયા કરતો હતો અને જેનું કુફ્ર હદ વટાવી ગયું હતું. તું જંગે-બદ્રમાં પણ ખુવાર થઈ અને તારો ફજેતો બોલાય ગયો અને જંગે-બદ્ર પછી પણ.

સબ-બહ કલ્લાહ ગદાતલ-ફજરિ. • મિલ્હા શિય - યમીનત - તવાલિઝ - ઝુહરી.

બિ - કુલ્લે કતાઈન હુસામિન યફરી, • હમ્ઝતુ લૈસી વ અલીય્યુન સકરી.

અલ્લાહ કરે કે સવારના પહોરમાં જ, ટિક્કાબોટી કરી નાખનારી તલવારોવાળા, લાંબા-કદ્દાવર કાયાના, રૂપાળા-દેખાવડા હાશિમીઓના સપાટામાં તું આવી જાય ! હઝરત હમઝહ મારા સિંહ છે અને હઝરત અલી મારા શાહીન છે. [1]

ઈઝ રામા શયબુન વ અબૂકા ગદરી, • ફખદ - દબા મિન્હુ દવાહિન નહરી,

વ નઝ - રુફિસ-સૂઅ ફ-શર્રુ નઝરી.

જ્યારે શૈબહ અને તારા બાપે અમારી સાથે ગદ્દારી કરી તો હઝરત હમઝહ અને હઝરત અલીએ તેઓની છાતીઓના ખુલ્લા ભાગોને લોહીલુહાણ કરી નાખ્યા. ઈબ્ને હિશામ કહે છે : આ કાવ્યના ત્રણ શેઅરો મેં છોડી દીધા છે.

હિન્દ બિન્તે ઉત્બહના શેઅરો———ઈબ્ને ઈસ્હાક કહે છેઃ હિન્દ બિન્તે ઉત્બહએ જંગે-ઉહુદ પ્રસંગે આ શેઅરો પણ કહ્યા હતા :

શફૈતુ મિન હમ્ઝતા નફસી બિ-ઉહદિન, • હત્તા બકરતુ બત્નહુ અનિલ કબ્દે.

મેં ઉહુદના મેદાનમાં હમ્ઝહ તરફથી મારું દિલ ખૂબ ઠંડું કરી લીધું. તેનું પેટ ચીરીને તેનું કાળજું સુધ્ધાં કાઢી લીધું.

અઝહબ અન્ની ઝાકા મા કુન્તુ અજિદ, • મિન લઝ-અતિલ-હુઝનિશ-શદીદિલ મુઅતમિદ.

આમ કરવાથી, આત્માને બુરી રીતે કોરી ખાનાર રંજોગમના તે નિસાસા શમી ગયા જે રહીરહીને મારા સીનામાં ઊઠતા હતા.

વલ - હર્બુ તઅલૂ-કુમ બેશૂ-બૂબિ બરિદ, • તુકદિમુ ઇકદામન અલૈકુમ કલ-અસદ.

આ યુધ્ધ તમારી ઉપર બરફ અને વરસાદના તોફાન પેઠે તૂટી પડયું અને એક ખૂંખાર સિંહ પેઠે તમારી ઉપર ચઢતું ચાલ્યું ગયું.

હઝરત ઉમર અને હઝરત હસ્સાન———ઈબ્ને ઈસ્હાક કહે છે : મને સાલિહ બિન કીસાને કહ્યું અને તેમને આ સનદી માહિતી મળી કે કુરૈશ અને મુસલમાનો વચ્ચે શાઈરીની આ સાઠમારી વેળા હઝરત ઉમર બિન ખત્તાબે એક દિવસે હઝરત હસ્સાન બિન સાબિતને સંબોધીને કહ્યું, "હે ફરીઅહના બેટા ! શું તમે હિન્દ બિન્તે ઉત્બહની તુમાખી ભરેલી વાતો સાંભળી ? કેટલી હેંકડાઈથી ટેકરા પર ચઢીને આપણી વિરૂધ્ધ નિંદાકાવ્ય લલકારતી હતી અને હમ્ઝહ સાથેના જંગલી વર્તાવનું અભિમાન લઈને કેટલી નફરતથી આપણી ઠેકડી

---

૧. શાહીન : એક જાણીતું શિકારી પક્ષી. "હ"

ઉડાવતી હતી. કેમ તમે તેનો જવાબ નથી આપતા ?"[૧]

હઝરત હસ્સાને દુઃખ ભરેલી લાગણીથી કહ્યું, "હે ઉમર ! મારી આંખોમાં વહશીના ફેંકેલા બરછાનું દ્રશ્ય ઘૂમી રહ્યું છે. તેણે બરછો ફેંકયો તે વેળા હું એક ટેકરા પર ઊભેલો હતો. વહશીનો ઘૂમતો બરછો જોઇને મેં વિચાર્યું કે આ તે બરછો નથી જેને અરબના લોકો વાપરે છે. બરછો વાયુને ચીરતો ગયો તે મેં મારી આંખે જોયું પણ નિશાને પહોંચીને બરછાએ કેવું ધમસાણ વાળ્યું તેની મને ખબર નહિ પડી. અલબત્ત એજ પળે હિન્દના આ શબ્દો મેં સાંભળ્યા : "ઇક-ફકા-મૂહા !"એટલે લેતો જા, તારા માટે આટલું જ બસ છે !

હઝરત હસ્સાને વધુમાં ઉમેર્યું, "હે ઉમર ! હું મારા આ તરંગોમાં ગોથાં ખાતો હતો. હિન્દે શું કહ્યું અને કેવું કાવ્ય લલકાર્યું તેની મને ખબર નહિ પડી. જરા કહો તો ખરા કે હિન્દ શું બોલી છે ?"

હઝરત ઉમરે હિન્દના શેઅરો સંભળાવ્યા તો હઝરત હસ્સાને તેના જવાબમાં ઢગલાબંધ શેઅરો ફીલ-બદીહ રચીને સંભળાવી દીધા. એમાંનો એક શેઅર :

અશિરત લકાઆ વ કાના આદતુ-હા, • લઊમન ઇઝા અશિરત મઅલ કુફરે.

હિચકારી નીચ સ્ત્રી અકડતી-મલકાતી-ઇતરાતી ફરે છે. તેની આ જન્મજાત હેંકડાઇ છેલ્લા દરજાની નીચતા છે. મૂર્તિપૂજાની ગંદકીમાં લબછબ હોવા છતાં અકડતી ફરે છે.

ઇબ્ને હિશામ કહે છે : હઝરત હસ્સાનના લાંબા કાવ્યમાંથી તારવીને આ શેઅર મેં અહીં રજૂ કર્યો છે. બાકીના શેઅરો મેં જતા કર્યા છે કેમકે તેમાં બહુ આકરી અને ઉઘાડી વાતો કહેવામાં આવી છે. હઝરત હસ્સાને આ પ્રકારના બીજા શેઅરો પણ કહ્યા છે જેનો કાફિયો દાલ અને ઝાલ છે.

અબૂ સુફયાન અને હઝરત હમ્ઝહ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હુલૈસ બિન ઝબ્બાન એક મુશરિક હતો. એ બનૂ હારિસ બિન અબ્દે-મનાતમાંથી હતો અને જંગે ઉહુદમાં કુરૈશની મદદે આવેલા અહાબીશ કબીલાનો સરદાર હતો. લડાઇમાં માર્યા ગયેલાઓની લાશો પાસેથી પસાર થતાં હુલૈસે જોયું કે કુરૈશી લશ્કરનો સેનાપતિ અબૂ સુફયાન, હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબની લાશ પાસે બેઠેલો છે. તેના હાથમાં ભાલો છે અને આ ભાલાની અણીથી તે હઝરત હમ્ઝહની લાશના જડબામાં ગોદા મારી રહ્યો છે અને કહી રહ્યો છેઃ "ઝુક ઉ-ક-ક !" હે નાફરમાન ! હવે મઝા ચાખ !

હુલૈસથી અબૂ સુફયાન જેવા સરદારનું આ નીચ કૃત્ય જોવાયું નહિ. તેણે પોતાના લોકોને બૂમ મારીને કહ્યું, "હે બનૂ કિનાનહ ! આ રહ્યો અબૂ સુફયાન ! જુઓ તો ખરા, એ પોતાના પિતરાઇ સાથે કેવી નીચ હરકત કરી રહ્યો છે !"

આ સાંભળીને અબૂ સુફયાન ભોંઠો પડી ગયો. ગિન્નાઇને બોલ્યો, "ચૂપ મર કમબખત ! ખબરદાર કોઇને કહ્યું તો ! મારી ભૂલ થઇ છે."

અબૂ સુફયાન અને હઝરત ઉમર——————લડાઇનો મામલો ખતમ થયો તો અબૂ સુફયાન તે ટેકરા પાસે ગયો જેની ઉપર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે બિરાજમાન હતા.

૧. ફરીઅહ : હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુના માતાજીનું નામ. હઝરત હસ્સાન મદીનહના અન્સારના પંકાયેલા શાઇર, વાણીના પિતા અને શાઇરીના શહેનશાહ હતા. મુશરિક શાઇરોના નિંદાકાવ્યોના જવાબમાં ફીલ-બદીહ શેઅરો રચીને તેઓના દાંત ખાટા કરી દેતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે : "હસ્સાનની શાઇરીને જિબ્રીલનો ટેકો મળેલો છે." "હ"

આ ટેકરાની સામે આવેલા પહાડી ટેકરા પર તે ચઢી ગયો અને જોરજોરથી બુમાટો મારતાં બોલ્યો, "અફીલ-કવમે મુહમ્મદુન ?" શું મુહંમદ તમારામાં જીવે છે ?

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબાને ફરમાવ્યું, "કોઇ એનો જવાબ નહિ આપે."

અબૂ સુફયાને ઉપર મુજબ ત્રણ વાર બુમાટો માર્યો છતાં જવાબ નહિ મળ્યો તો ફરીવાર તેણે ઘાંટો પાડીને પૂછ્યું, "અફીલ-કવમે ઇબ્ને-અબી કુહાફહ ?" શું તમારામાં કુહાફહનો પુત્ર અબૂબક્ર જીવે છે ?

આપે ફરીવાર પોતાના સહાબાને ખામોશ રહેવાનું ફરમાવ્યું અને જવાબમાં કોઇ કંઇ બોલ્યું નહિ. જયારે ત્રણ વાર પૂછવા છતાં જવાબ નહિ મળ્યો તો અબૂ સુફયાને ફરીવાર ઘાંટો પાડીને પૂછ્યું, "અફીલ-કવમે ઇબ્નુલ-ખત્તાબ ?"શું તમારામાં ખત્તાબનો પુત્ર ઉમર જીવે છે ?

આ શબ્દોને ત્રણવાર દોહરાવવા છતાં જવાબ નહિ મળ્યો તો અબૂ સુફયાને ખુશાલીના જોશમાં પોતાના સાથીઓને ઘાંટો ગજાવતાં કહ્યું :

અમા હાઉલાઈ કદ કુતિલૂ.	ખરેખર બધા જ માર્યા ગયા છે.
ફલવ કાનૂ અહયાઅ લ-અજાબૂ.	અગર જીવતા હોત તો જરૂર જવાબ આપતે !

આ સાંભળીને હઝરત ઉમર બિન ખત્તાબથી રહેવાયું નહિ. બુલંદ સ્વરે જવાબમાં ફરમાવ્યું :

કઝબતા વલ્લાહિ	વલ્લાહ ! તું જૂઠું બોલ્યો છે,
યા અદુવ-વલ્લાહિ !	હે અલ્લાહના દુશ્મન !
અબ્કલ-લાહુ અલૈક	હજુ બાકી રાખ્યું છે અલ્લાહએ તારા માટે
મા યહઝુન્ક.	તારા સંતાપ કે બળાપાનું સાધન.

આ સાંભળીને અબૂ સુફયાન નિરંકુશ રીતે બરાડી ઊઠયો :

ઉઅલુ હુબલ !	હુબલ દેવતાની જય હો !
ઉઅલુ હુબલ !	જય હો હુબલ ભગવાનની !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમરને ફરમાવ્યું, "એના જવાબમાં આમ કહો: "અલ્લાહુ અઅલા ! વ અજલ્લ !" એટલે અલ્લાહ સૌથી ઉચ્ચતર અને કીર્તિવંત કે જાહોજલાલીવાળો છે.

હઝરત ઉમરે એજ ભવ્ય શબ્દોમાં તેને જવાબ આપી દીધો. વળતા જવાબમાં અબૂ સુફયાન પહાડી ટેકરા પરથી ચિલ્લાયો :

અન્ન લનલ-ઉઝઝા !	બેશક ઉઝઝા દેવી અમારી બેલી છે.
વલા ઉઝઝા લકુમ !	તમારા માટે ઉઝઝા જેવી કોઇ દેવી નથી !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમરને ફરમાવ્યું, "એને જવાબ આપો :

અલ્લાહુ મવલાના !	અલ્લાહ અમારો બેલી છે.
વલા મવલા લકુમ !	તમારો કોઇ બેલી નથી.

આ સાંભળીને પહાડી ટેકરી પરથી ઘાંટો પાડીને અબૂ સુફયાન બોલ્યો : "યવમુન બિ-યવમિ બદરિન! વલ-હર્બુ સિજાલ !" આજનો દિવસ બદ્રના દિવસ સાથે સરખો થઇ ગયો અને લડાઇ ડોલ જેવી છે; કદી

Maktabe Ashraf

ઉપર કદી નીચે અથવા કદી સીધી કદી ઊલટી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમરને ફરમાવ્યું. "ઉમર ! ઊભા થઈને એને જવાબ આપો :

લા સવાઉન	આજનો દિવસ સરખો કેવી રીતે હોય શકે ?
કુતિલાના ફિલ-જન્નહ.	અમારા માર્યા ગયેલા જન્નતમાં છે
વ કુતિલા-કુમ ફિન્નાર.	અને તમારા માર્યા ગયેલા જહન્નમમાં છે.

એના જવાબમાં અબૂ સુફયાને પોકારીને હઝરત ઉમરને કહ્યું, "હલુમ્મ ઇલય્ય યા ઉમર ! એટલે હે ઉમર! જરા મહેરબાની કરીને મારી પાસે આવો.

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ-સલ્લમએ હઝરત ઉમરને ફરમાવ્યું, "ઉમર ! "જાવ એની પાસે, જુઓ તો ખરા એ શું કહેવા માગે છે."

હઝરત ઉમર ટેકરા પરથી ઊતરીને તેની પાસે પહોંચી ગયા તો અબૂ સુફયાને કહ્યું, "હે ઉમર ! હું તમને અલ્લાહના સોગંદ આપીને પૂછું છું. સાચેસાચું કહેજો, અમે મુહંમદને કતલ કરી નાખ્યા છે ને ?"

હઝરત ઉમર બિન ખત્તાબે જવાબ આપ્યો, "ના બિલકુલ નહિ, અલ્લાહના રસૂલ તો અત્યારે પોતે તમારી બધી વાતો સાંભળી રહ્યા છે."

અબૂ સુફયાન બોલ્યો, "ઠીક છે હે ઉમર ! હું તમને ઇબ્ને-કમીઅહ કરતાં વધારે સાચા અને પ્રામાણિક સમજું છું. તેણે તો દાવો કર્યો હતો કે તેણે મુહંમદને કતલ કરી નાખ્યા છે."[1]

ઇબ્ને હિશામ કહે છે : ઇબ્ને કમીઅહનું નામ અબ્દુલ્લાહ હતું. અને તે મક્કહનો પંકાયેલો પહેલવાન અને એક હજાર સવારોની બરાબર ગણાતો હતો.

અબૂ સુફયાનની ધમકી————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી અબૂ સુફયાને ટેકરા પરથી પોકારીને કહ્યું, "હે મુસલમાનો ! તમારા માર્યા ગયેલાઓમાંથી અમુકનો "મુસ્લહ" કરવામાં આવ્યો છે. પરંતુ અલ્લાહના સોગંદ ! મને લાગે વળગે છે ત્યાં સુધી હું આ કામથી ન રાજી છું ન નારાજ, ન મેં એનો હુકમ આપ્યો ના કોઈને મના કરી."[2]

અને જ્યારે અબૂ સુફયાન પોતાના લાવલશ્કર સાથે મક્કહ જવા લાગ્યો તો તેણે લલકારીને એવી ધમકી ઉચ્ચારી કે, "હે મુસલમાનો ! આવતા વરસે બદ્રની રણભૂમિમાં આપણી વચ્ચે ફરીવાર જંગ જામશે !"

એના જવાબરૂપે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબામાંથી એક ગૃહસ્થને ફરમાવ્યું કે અબૂ સુફયાનને કહી દો, "હા અમે એના માટે તૈયાર છીએ. બદ્રનું મેદાન આવતા વરસની લડાઈ માટે નક્કી થઈ ચૂકયું છે!"

---

૧. ઇબ્ને હિશામની સીરતુન-નબીમાં અબૂ સુફયાન સાથેના આ સવાલ-જવાબનો ક્રમ કંઇક અલગ રીતે થયો હોવાથી તેને જ આધારે અમે સનદી રિવાયતો મુજબ ક્રમવાર ગોઠવણી કરીને એની રજૂઆત કરી છે. "ह"

૨. નાક-કાન વગેરે અવયવો કાપીને માણસની આકૃતિને વિકૃત કરી નાખવી એને અરબી ભાષામાં "મુસ્લહ" કહે છે. આ શબ્દમાં ("સ" અરબી બારાખડીનો ચોથો અક્ષર છે.) "ह"

હઝરત અલી કુરૈશી લશ્કરની પૂઠે—————જ્યારે કુરૈશી લશ્કર મક્કહ ભણી ઊપડી ગયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીને મુશરિકોની પૂઠે જવાનો હુકમ આપતાં ફરમાવ્યું, "જરા એમની પાછળ-પાછળ તો જાવ. જુઓ તો ખરા તેઓ શું કરવા માગે છે ! અગર તેઓ ઘોડાઓના મુખો દક્ષિણ તરફ કરી દે અને પોતે ઊંટો પર સવાર થઇ જાય તો સમજી લેવું કે તેઓ મક્કહ જાય છે. પણ જો તેઓ ઘોડાઓ પર સવાર થઇને ઊંટોને હાંકવા લાગે તો સમજી લેવું કે તેઓનો ઇરાદો મદીનહ પર ચઢાઇ કરવાનો છે. જો આમ જ હોય અને તેઓ મદીનહ પર ચઢાઇ કરે તો, સોગંદ છે તે અલ્લાહના જેના હાથમાં મારા પ્રાણ છે, હું પોતે આગળ બઢીને તેઓની સાથે અવશ્ય જંગ કરીશ!"

હઝરત અલી ફરમાવે છે, "હું તેઓની પૂઠે ગયો કે જોઉં તેઓ શું કરવા માગે છે. મેં જોયું કે તેઓ પોતાના ઘોડાઓને દક્ષિણ તરફ હાંકી રહ્યા છે. પોતે ઊંટો પર સવાર થઇ ગયા છે. અને મક્કહ તરફ કૂચ કરી રહ્યા છે.

હઝરત સઅદનો આખેરી પયગામ—————કુરૈશી લશ્કર મક્કહ તરફ ઊપડી ગયું તો હવે મુસલમાનોને પોતાના શહીદો તરફ ધ્યાન આપવાની તક મળી. લોકો પોતપોતાના શહીદોની તલાશમાં નીકળી પડ્યા. ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાન બિન અબૂ સઅસઆ માઝિનીએ માહિતી આપી કે આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું, "કોણ છે જે તપાસ કરીને મને બતાવે કે, સઅદ બિન રબીઅ સાથે શું મામલો બન્યો ? શું તેઓ જીવતાઓમાં છે કે મરનારાઓમાં ?"

તરત એક અન્સારી ગૃહસ્થ ઊભા થઇ ગયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! હું અબઘડી તપાસ કરીને બતાવું છું કે સઅદ સાથે શું મામલો બન્યો છે !"

એજ વેળા અન્સારી ગૃહસ્થ હઝરત સઅદ બિન રબીઅની તલાશમાં નીકળી પડ્યા. મેદાનમાં શહીદ થયલાઓની લાશોમાં જઇને જોયું તો હઝરત સઅદ ગંભીર રીતે ઘવાયેલી હાલતમાં પડેલા હતા અને જીવનના છેલ્લા શ્વાસો લઇ રહ્યા હતા.

અન્સારી ગૃહસ્થનું કથન છે : મેં સઅદને તેમનું નામ લઇને કહ્યું, "હે સઅદ ! શું તમે સાંભળો છો? મને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો છે કે હું તપાસ કરીને ખબર આપું કે તમે જીવતાઓમાં છો કે પછી મરનારાઓમાં શામિલ થઇ ગયા છો ?"

હઝરત સઅદે જવાબ આપ્યો, "હે ભાઇ ! હું મરનારાઓમાંથી છું. તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મારાં સલામ પહોંચાડો અને કહો કે સઅદ બિન રબીઅ આપની સેવામાં અરજ કરે છે :

> "યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલા આપને મારા તરફથી અને તમામ મુસલમાનો તરફથી એવી ઉત્તમ જઝા આપે કે આજ સુધી કોઇ નબીને તેની ઉમ્મત તરફથી તેવી ઉત્તમ જઝા નહિ મળી હોય."

એ પછી હઝરત સઅદે કહ્યું :

> "હે ભાઇ ! તમે મારા બધા મુસલમાનોને પણ મારાં સલામ પહોંચાડશો અને કહેશો

કે, જ્યાં સુધી તમારી આંખોમાં પલકારા મારવાની શકિત રહેલી છે ત્યાં સુધી, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જરાજેટલી તકલીફ પહોંચી તો યાદ રાખજો, અલ્લાહના દરબારમાં તમારૂં કોઈ બહાનું ચાલી શકવાનું નથી.''

અન્સારી ગૃહસ્થ કહે છે : હું ત્યાં જ બેઠેલો હતો કે મારા દેખતાં સઅદ બિન રબીઅ વફાત પામી ગયા. એ પછી હું ત્યાંથી ઊઠીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયો અને સઅદની પૂરી વિગત મેં આપને કહી સંભળાવી.

હઝરત સઅદની બાળકી——————ઈબ્ને હિશામ કહે છે : મને અબૂબક્ર ઝુબૈરીએ આ રિવાયત કહી સંભળાવી કે, એક દિવસે એવું બન્યું કે હઝરત અબૂબક્ર સિદ્દીક હઝરત સઅદ બિન રબીઅની એક નાનકડી બાળકીને પોતાના મુબારક ખોળામાં બેસાડીને રમાડી રહ્યા હતા અને તેને ચૂમીઓ આપતા હતા એટલામાં એક ગૃહસ્થ આવ્યા. તેણે હઝરત અબૂબકને બાળકીને બચીઓ કરતા જોઈને પૂછયું, ''હઝરત! એ કોની બાળકી છે ?''

હઝરત અબૂબકે ફરમાવ્યું, ''એ મારાથી શ્રેષ્ઠ એક શખ્સ સઅદ બિન રબીઅની બાળકી છે. સઅદ તે શખ્સ છે જેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ''બૈઅતે-અકબા''વેળા પોતાના નકીબ બનાવ્યા હતા.

''અને સઅદ તે શખ્સ છે જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જંગે-બદ્રમાં ભાગ લીધો હતો.''

''અને સઅદ તે શખ્સ છે જેણે જંગે-ઉહુદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પડખે રહીને શહાદતનો મરતબો મેળવી લીધો હતો.''

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૦

ગઝવએ-ઉહુદ : બીજું મહાયુધ્ધ

હઝરત હમઝહની જન્નતી લાશ • કુર્આનમાં ધીરજની પ્રેરણા • શહીદોના જનાઝહની નમાઝ • બહેનની ધીરજનો લાજવાબ દાખલો • હઝરત અબ્દુલ્લાહ બિન જહશ • શહીદોની લાશોની તદફીન • બીબીના દિલમાં ખાવિન્દનો મરતબો • અન્સારી ખાતૂનોનો વિલાપ • દીનારી ખાતૂન અને ઇશ્કે-નબી • તલવારો પાણીથી ધોવામાં આવી • લા સૈફ ઇલ્લા ઝુલ-ફકાર • દુશ્મનને ભયભિત કરવાની જંગી ચાલ • મુસલમાનોનો જિહાદનો જુસ્સો • હમરાઉલ-અસદમાં પડાવ • એક મુશરિકની શરાફત • અબૂ સુફ્યાનની ધમકી • સફ્વાન બિન ઉમૈયહની સલાહ • શાઇરની ગદ્દારીનો અંજામ • મુઆવિયહ બિન મુગીરહનો અંજામ • મુનાફિકોના સરદારની હાલહવાલી • જંગે-ઉહુદ : બેહદ આકરી કસોટી.

હઝરત હમઝહની જન્નતી લાશ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી સનદી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે હઝરત હમ્ઝહની તલાશ માટે નીકળ્યા તો તેમની લાશ મેદાનની વચ્ચે પડેલી મળી આવી. જોયું તો લાશનું પેટ ચીરાયેલું હતું. જિગર ચવાયેલું હતું. નાક-કાન કપાયેલા હતા.[1]

ઇબ્ને ઇસ્હાક કહે છે : મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે મને કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે આ કમકમાટી ભરેલું દ્રશ્ય જોયું તો ફરમાવ્યું :

> "અગર મને આ વાતની ધાસ્તી ન હોત કે સફિય્યહને આઘાત પહોંચશે [2] અને મારા પછી લોકો એને રિવાજ તરીકે અપનાવી લેશે તો હું મારા કાકા હમ્ઝહની લાશને એમ જ છોડી દેત કે જેથી એ જંગલી પ્રાણીઓના પેટોમાં અને પક્ષીઓના પોટાઓમાં પહોંચી જાય ! અને જો અલ્લાહ તઆલાએ કદી મને કુરૈશ પર વર્ચસ આપ્યું તો હું તેઓની ત્રીસ માણસોનો મુસ્લહ કરી નાખીશ !"

મુસલમાનોએ જ્યારે હઝરત હમ્ઝહ સાથે આ જંગલી વર્તાવ કરનારાઓ પ્રત્યે રસૂલુલ્લાહ અલૈહિ વ

1. એનાથી કલ્પના કરો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના વહાલા કાકાની લાશની આ હાલત જોઇને કેટલો ઊંડો સદમો થયો હશે ! "હ"

2. હઝરત બીબી સફિય્યહ : હઝરત હમઝહના બહેન અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઇનું નામ. "હ"

સલ્લમનો આ ગમ, આ આઘાત, આ ગુસ્સો, આ આક્રોશ જોયો તો તેઓ પણ બોલી ઊઠયા :

> "અલ્લાહના સોગંદ ! અલ્લાહ તઆલા જયારે ય કદી અમને એ કાફિરો પર વિજય આપશે તો, અમે તેઓનો એવો મુસ્લહ કરીશું કે અરબભરમાં કોઇએ કોઇનો કદી કર્યો ન હોય !"

આગળ ઇબ્ને હિશામનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે હઝરત હમ્ઝહની લાશ પાસે પધાર્યા તો તેમને સંબોધીને ફરમાવ્યું :

> "હે કાકા ! તમારા કારણે મારા દિલને જે આઘાત લાગ્યો છે એવો આઘાત આઇન્દા કદી મારા દિલને નહિ લાગશે અને હું કદી એવા સ્થળે ઊભો થયો નથી જયાં આ સ્થળથી વધુ મને ગુસ્સો આવ્યો હોય !"[1]

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "જિબ્રીલ અલૈહિસ-સલામ મારી પાસે આવ્યા અને કહ્યું :" સાતે આકાશોના લોકોમાં હમ્ઝહ વિષે લખી દેવામાં આવ્યું છે કે : "હમ્ઝહ ઇબ્ને અબ્દુલ-મુત્તલિબ, અસદુલ્લાહ, અસદુ રસૂલિહી !"

એટલે : હમ્ઝહ અબ્દુલ-મુત્તલિબના ફરઝંદ, અલ્લાહના સિંહ છે, અલ્લાહના રસૂલના સિંહ છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે અને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ મુત્તલિબ અને હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ ત્રણે આપસમાં દૂધભાઇઓ થતા હતા. ત્રણેએ અબૂ લહબની લોંડી બીબી સુવૈબહનું દૂધપાન કર્યું હતું.

કુર્આનમાં ધીરજની પ્રેરણા————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની રિવાયતમાં છે : અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આક્રોશ અને આઘાત અંગે, તથા મુસલમાનોના આક્રોશ અને આઘાત અંગે, તથા સંગદિલ કાફિરોથી "મુસ્લહ"નું વેર લેવાની લાગણી અંગે આ આયતો નાઝિલ ફરમાવી :

વઇન આકબ-તુમ ફ-આકિબૂ	અને જો તમે શિક્ષા આપો તો તેટલી જ શિક્ષા આપો
બિ-મિસ્લિ-મા ઊકિબ્તુમ બિહી.	જેટલી તમને તકલીફ પહોંચાડવામાં આવી છે.
વ લઇન સબર-તુમ લ-હુવ	અને જો તમે ધીરજ ધરો તો એજ
ખૈરુલ-લિસ-સાબિરીન.	બેહતર છે ધીરજવાનો માટે.
વસ-બિર વમા સબ્રુક	અને (હે નબી !) તમે ધીરજ ધરો, તમારૂં ધીરજ ધરવું;
ઇલ્લા બિલ્લાહિ.	અલ્લાહની જ મદદથી થઇ શકે.
વલા તહઝન અલૈહિમ	અને દિલગીર ના થાવ તેઓના કૃત્યો પર,
વલા તકુ ફી દૈકિમ	અને ન મૂઝવણમાં પડો,
મિમ્મા યમ-કુરૂન.	તેઓના કાવાદાવા અને પ્રપંચો વિષે. [2]

૧. હઝરત જાબિર રદિયલ્લાહુ અન્હુની રિવાયતમાં છે કે, હઝરત હમ્ઝહ રદિયલ્લાહુ અન્હુની મુબારક લાશની આ રોમાંચકારી કે કમકમાટી ઉપજાવનારી બે-હુરમતી જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એટલું રડયા કે આપની હિચકી બંધાઇ ગઇ. પછી ફરમાવ્યું, "સૈયિદુશ-શુહદાઅ ઇન્દલ-લાહિ યવમલ-કિયામતિ હમઝહ." એટલે હઝરત હમ્ઝહ કિયામતને દિવસે અલ્લાહ કને તમામ શહીદોના સરદાર હશે. એટલે જ હઝરત હમ્ઝહ રદિયલ્લાહુ અન્હુ "સૈયિદુશ-શુહદાઅ"ના લકબે પંકાઇને અમર થઇ ગયા. "હ"

૨. સૂરએ-નહલ પારહ ૧૪ આયત ૧૨૫-૧૨૭

અલ્લાહ તઆલાનો આ આદેશ મળતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ધીરજનો પાલવ મજબૂતીથી ઝાલી લીધો. નિર્દય, હિંસક અને જંગલી દુશ્મનોને માફ કરી દીધું અને દુશ્મનોની લાશ "મુસ્લહ" નહિ કરવાનો પોતાના સહાબાને હુકમ ફરમાવી દીધો.

હઝરત સુમ્રહ બિન જુન્દુબ રદિયલ્લાહુ અન્હુનુ બયાન છે : મુસ્લહના મનાઇ હુકમ પછી આમ કદી બન્યું નથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કોઇ સ્થળે ઉતારો લીધો હોય તો ત્યાંથી ઊપડવા પહેલાં આપે અમને દાન-ખૈરાત કરવાનો અને મુસ્લહ નહિ કરવાનો હુકમ ન ફરમાવ્યો હોય.

શહીદોના જનાઝહની નમાઝ————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની આ રિવાયત મને , અબ્દુલ્લાહ બિન હારિસના આઝાદ ગુલામ મુકસ્સમ મારફતે મળી છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ફરમાવે છે :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત હમ્ઝહની લાશને એક ચાદરમાં લપેટી લેવાનો હુકમ ફરમાવ્યો અને પછી તેમના જનાઝહની નમાઝ પઢી જેમાં સાત તકબીરો પોકારવામાં આવી. એ પછી સહાબા આપના હુકમથી બીજા શહીદોની લાશો લાવી-લાવીને હઝરત હમ્ઝહની લાશની બાજુમાં મૂકતા ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓના જનાઝહની નમાઝ પઢતા રહ્યા અને સાથે-સાથે હઝરત હમ્ઝહ માટેની નમાઝ પણ થતી રહી.

આ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત હમ્ઝહ પર ૭૨ વખત જનાઝહની નમાઝ પઢી."

બહેનની ધીરજનો લાજવાબ દાખલો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી પ્રમાણભૂત માહિતી મુજબ અબ્દુલ-મુત્તલિબના સુપુત્રી હઝરત બીબી સફિય્યહ પોતાના શહીદ થયેલા વહાલા ભાઈ હઝરત હમ્ઝહની લાશના દર્શન માટે ઉહુદના મેદાનમાં આવી લાગ્યાં. બીબી સફિય્યહ અને હઝરત હમ્ઝહ, મા અને બાપ બંને તરફથી આપસમાં હકીકી ભાઇ-બહેન હતાં.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સમાચાર મળ્યા તો આપે બીબી સફિય્યહના ફરઝંદ હઝરત ઝુબૈર બિન અવ્વામને બોલાવીને ફરમાવ્યું, "જુઓ તમે જઇને સફિય્યહને મળો અને તેમને સમજાવીને પાછા વાળો કે જેથી તેમના ભાઈ સાથે જે કંઇ બન્યું છે તેને તેઓ જોવા નહિ પામે."

હઝરત ઝુબૈર બિન અવ્વામ એજ પળે પોતાના માનવંતા માતાજીની સેવામાં ગયા અને બા-અદબ બોલ્યા, "અમ્મીજાન ! તમે પાછા વળો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ છે.

"આ હુકમનું કારણ હું સમજી ગઇ છું."બીબી સફિય્યહએ જવાબ આપ્યો, "જુઓ બેટા ! મને સમાચાર મળી ચૂકયા છે કે મારા ભાઇનો મુસ્લહ કરવામાં આવ્યો છે. અને આ બધું અલ્લાહના રાહમાં બન્યું છે. અને જે કંઇ બન્યું છે તેની ઉપર રાજી રહેવાની અલ્લાહ તઆલાએ આપણને સદ્દબુધ્ધિ આપી છે. જુઓ, અલ્લાહએ ચાહયું તો હું સહનશીલતાથી કામ લઇશ અને મન પર કાબૂ રાખીને ધીરજ ધરીશ."

હઝરત ઝુબૈરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઇને માતાજીની આ વાતોથી આપને વાકિફ કર્યા. પોતાના માનવંતા ફોઈનો આ જવાબ સાંભળીને આપે ફરમાવ્યું, "વારૂ તો એમનો રસ્તો છોડી દો !"

પરવાનગી મળતાં હઝરત સફિય્યહ પોતાના ભાઈ હઝરત હમ્ઝહના મૈયિત પાસે આવ્યાં. ભાઈની લાશની કમકમિયાં કે અરેરાટી ઉપજાવનારી હાલત પોતાની આંખે જોઈ. જનાઝહની નમાઝ પઢી અને "ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન"પઢયાં અને મગફેરતની દુઆ માગીને ત્યાંથી ચાલ્યા ગયાં.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શહીદોને દફન કરવાનો હુકમ ફરમાવ્યો.

હઝરત અબ્દુલ્લાહ બિન જહશ————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ રિવાયત મને હઝરત અબ્દુલ્લાહ બિન જહશના કુટુંબીજનોએ કહી સંભળાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબ્દુલ્લાહ બિન જહશની લાશને હઝરત હમ્ઝહની લાશ સાથે એક જ કબરમાં દફન કરાવી. હઝરત અબ્દુલ્લાહ, બીબી ઉમૈમહ બિન્તે અબ્દુલ-મુત્તલિબના બેટા હતા. અને બીબી ઉમૈમહ હઝરત હમ્ઝહના બહેન હતાં. આ રિશ્તાથી હઝરત હમ્ઝહ અને હઝરત અબ્દુલ્લાહ બિન જહશ આપસમાં મામા-ભાણેજ થતા હતા. હઝરત હમ્ઝહ પેઠે હઝરત અબ્દુલ્લાહની લાશનો પણ મુસ્લહ કરવામાં આવ્યો પણ એમના પેટને ચીરીને કાળજું નહિ કાઢવામાં આવ્યું.

આ રિવાયત મેં હઝરત અબ્દુલ્લાહના કુટુંબીઓ સિવાય કોઈને મુખે નહિ સાંભળી.

શહીદોની લાશોની તદફીન————ઈબ્ને ઈસ્હાક કહે છે : અમુક મુસલમાનો પોતાના કેટલાક શહીદોને ઉપાડીને મદીનહ લઈ ગયા અને ત્યાંની ભૂમિમાં તેઓને દફન કરી દીધા. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને હુકમ ફરમાવ્યો, "શહીદોને તેજ સ્થળે દફન કરો જ્યાં તેઓ શહીદ થયા."

મને મુહંમદ બિન મુસ્લિમ ઝુહરીએ, અબ્દુલ્લાહ બિન સઅલબા સુએરની આ રિવાયત બયાન કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉહુદના મેદાનમાં પધારીને શહીદોની લાશો જોઈ તો ફરમાવ્યું:

> "કિયામતને દિવસે હું આ બધા શહીદોનો સાક્ષી હોઈશ. અને કિયામતને દિવસે, અલ્લાહના રાહમાં દરેક જખમી થનારને, અલ્લાહ એવી રીતે ઉઠાડશે કે તેના જખમોમાંથી લોહી ટપકી રહ્યું હશે. એ લોહીનો રંગ સામાન્ય લોહી જેવો જ હશે પણ તેની ખુશ્બૂ મુશ્ક જેવી હશે."

એ પછી આપે ફરમાવ્યું, "જુઓ શહીદોમાં જે શહીદને કુર્આને-મજીદના વધારે ભાગો યાદ હતા તેને દફનમાં આગળ રાખો."એ પછી બબ્બે અને ત્રણ-ત્રણ શહીદોને એકેક કબરમાં દફન કરવામાં આવ્યા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મારા પિતાજી ઈસ્હાક બિન યસારે બનૂ સલમહના જાણકાર વડીલોથી સાંભળેલી આ રિવાયત મને કહી સંભળાવી કે, શહીદોને દફન કરતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો, "અમ્ર બિન જમૂહ અને અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામની લાશો ક્યાં છે ? એ બંને આ દુનિયામાં એકબીજાના ગાઢા અને સાચા મિત્રો હતા જેથી બંનેને એક જ કબરમાં દફન કરો !"

બીબીના દિલમાં ખાવિન્દનો મરતબો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મેંને કહેવામાં આવ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે પોતાના સહાબા સાથે મદીનહ પધારવા લાગ્યા તો રસ્તામાં બીબી હમિનહ બિન્તે જહશ આવતાં દેખાયાં.[૧]

---

૧. હઝરત બીબી હમિનહ બિન્તે જહશ હઝરત મુસઅબ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુના બેગમ હતાં અને હઝરત મુસઅબ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે માનીતા અને ઊંચા પાયાના સહાબી હતા જેમની તબલીગથી ઇસ્લામની શરૂઆતમાં મદીનહના દરેક ઘરમાં ઇસ્લામ ફેલાયો હતો. જંગે ઉહુદમાં હઝરત મુસઅબ ઇસ્લામી લશ્કરના ઝંડાધારી હતા, અને જંગે-ઉહુદમાં જ શહીદ થઇ ગયા. "હ"

લોકોએ બીબી હમિનહને એમના ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન જહશના શહીદ થવાના સમાચાર કહ્યા તો બીબી હમિનહએ ''ઇન્ના લિલ્લાહિ વ ઇન્ના ઈલૈહિ રાજિઊન'' પઢીને તેમના માટે મગફેરતની દુઆ માગી.

એ પછી લોકોએ એમના મામા હઝરત હમ્ઝહની શહાદતના સમાચાર કહ્યા તો બીબી હમિનહએ તેવી જ રીતે ''ઇન્ના લિલ્લાહિ વ ઇન્ના ઈલૈહિ રાજિઊન'' પઢીને તેમના માટે પણ મગફેરતની દુઆ કરી.

એ પછી જ્યારે લોકોએ એમના ખાવિન્દ હઝરત મુસઅબ બિન ઉમૈરની શહાદતના સમાચાર કહ્યા તો તેને સાંભળતાં જ બીબી હમિનહએ રડવા-ચીખવાનું શરૂ કર્યું. એ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> ''બાબત આ છે કે બેગમના દિલમાં પોતાના ખાવિન્દ માટે એક નોખું સ્થાન હોય છે. આ કારણે હમિનાહ પોતાના ભાઈ અને પોતાના મામાનો સદમો તો સહન કરી ગયાં પણ ખાવિન્દના સદમાને સહન ન કરી શકયાં.''

અન્સારી ખાતૂનોનો વિલાપ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે જયારે મદીનહમાં પધાર્યા અને બનૂ અબ્દે-અશહલ તથા બનૂ ઝફરના મહોલ્લાઓમાં રહેનારા અન્સારીઓના એક મકાન પાસેથી પસાર થયા તો ઘરમાંથી સ્ત્રીઓના રડવાનો અને કલ્પાંત કરવાનો અવાજ આપના સાંભળવામાં આવ્યો. માલૂમ પડ્યું કે અન્સારી ખાતૂનો પોતાના શહીદોનો માતમ કરે છે. તેઓના કરૂણ કલ્પાંત કે છાજિયાં સાંભળીને આપનું મુબારક હૈયું પણ દ્રવી ઊઠયું અને આપની નૂરાની આંખોમાંથી ટપટપ આંસુ સરવા લાગ્યાં. અચાનક આપે ફરમાવ્યું, ''હા પણ હમ્ઝહ પર રડનારૂં કોઈ નથી !''

આ સાંભળીને હઝરત સઅદ બિન મુઆઝ અને હઝરત ઉસૈદ બિન હુદૈર પોતાના ઘરે ગયા અને ઘરની ખાતૂનોને કહ્યું, ''જાવ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હમ્ઝહના ઘરે જઈને તેમનો વિલાપ કરો.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હકીમ બિન હકીમ બિન અબ્બાદ બિન હુનૈફએ બનૂ અબ્દે-અશહલના એક મોવડીનું આ કથન ટાંકી બતાવ્યું કે: ''અમારી ઓરતોના રોવા-કકળવાનો અવાજ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરમાંથી બહાર પધાર્યા. જોયું તો અન્સારની ઔરતો મસ્જિદના બારણે જ હઝરત હમ્ઝહનો માતમ કરતી હતી. આપે ફરમાવ્યું, ''હે ખાતૂનો ! અલ્લાહની રહમત હો તમારી ઉપર ! જાવ, પોતપોતાને ઘરે સિધાવો. તમે પોતાના તરફથી દિલાસાનો હક અદા કરી દીધો.''

ઇબ્ને હિશામ કહે છે : એજ દિવસથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મરનારાઓ પર વિલાપ કરવાની કે છાજિયાં લઈને રડવાની મના ફરમાવી દીધી.

બીજી રિવાયતમાં છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સ્ત્રીઓનો કરૂણ કલ્પાંત સાંભળ્યો તો ઘરમાંથી બહાર પધારીને ફરમાવ્યું, ''અલ્લાહની દયા હો અન્સાર પર ! એમની દિલસોજી, સહાનુભૂતિ કે હમદર્દી પ્રાચીન યુગથી પરંપરાગત ઊતરી આવે છે. હવે એ ઓરતાંને કહો કે પોતાને ઘરે સિધાવે !''

સંપાદકની નોંધ————જંગે-ઉહુદ પહેલાં અને જંગે-ઉહુદ સુધી મુરદાં પર કે શહીદો પર

Martabe Ashraf

જોરજોરથી રડવાની, કરૂણ સ્વરે વિલાપ કરવાની, છાતી કૂટીને છાજિયાં લેવાની, કપડાં ફાડીને કે વાળો પીંખીને કે માથા પર ટપલા મારીને કલ્પાંત કરવાની મના ન હતી. એટલે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું કે હમ્ઝહ પર રડનારૂં કોઇ નથી ! એજ દિવસે અલ્લાહનો હુકમ આવી લાગ્યો અને જાહિલિયત કાળના આ રિવાજ પર પ્રતિબંધ મૂકીને એને કાયમ માટે હરામ ઠરાવી દેવામાં આવ્યો. મરનારના ગમમાં છાના આંસુ સારવાની મનાઇ નથી. હદીસ શરીફમાં છે કે જયારે ય પોતાનો ગમ કે મુસીબત યાદ આવે તો ઇન્ના લિલ્લાહિ વ ઇન્ના ઇલૈહિ રાજિઊન પઢી લેવું. એનાથી ગમ હળવો થઇ જશે અને દિલને તસલ્લી મળી જશે. ‘‘હ’’

દીનારી ખાતૂન અને ઇશ્કે-નબી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ-વાહિદ બિન અબૂ ઔનએ ઇસ્માઇલ બિન મુહંમદના વાસ્તાથી હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી.

‘‘ હઝરત સઅદ બિન અબી વક્કાસનું બયાન છે : મદીનહના અન્સારના બનૂ દીનાર કબીલાની એક ખાતૂનનો ખાવિન્દ અને એ ખાતૂનનો એક ભાઇ અને એ ખાતૂનનો બાપ જંગે-ઉહુદમાં એક પછી એક શહીદ થઇ ગયા હતા. એ ત્રણેના શહીદ થવાના સમાચાર ખાતૂનને કહેવામાં આવ્યા. ખાતૂને પૂછયું, ‘‘પ્રથમ મને આ બતાવો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કેમ છે ?’’

લોકોએ કહ્યું, ‘‘હે ફલાણાની મા ! રસૂલુલ્લાહ સલલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો તારી તમન્ના મુજબ અલ્લાહના ફઝલો-કરમથી સહીહ-સલામત છે.’’

ખાતુને કહ્યું, ‘‘વારૂ તો અલ્લાહના રસૂલ કયાં છે એ મને બતાવો. હું મારી આંખોથી આપના દીદાર કરી લઉં તો જ મારા દિલને સંતોષ થશે.’’

લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ઇશારો કરીને કહ્યું, ‘‘જુઓ પેલા રહ્યા અલ્લાહના રસૂલ ! જોઇ લો અને ખાતરી કરી લો.’’

ખાતૂને પોતાની આંખથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જોયા તો જોતાં જ નઅરો ગજાવ્યો:

‘‘કુલ્લુ મુસીબહ બઅદક જલલ !’’

આપ સલામત છો તો તમામ મુસીબતો તુચ્છ છે ! [1]

તલવારો પાણીથી ધોવામાં આવી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરવાળાંઓમાં પધાર્યા તો આપે પોતાની તલવારો પોતાના લાડલાં બેટી ખાતૂને-જન્નત હઝરત બીબી ફાતિમહને આપીને ફરમાવ્યું, ‘‘લો બેટી, આ તલવાર ! એનું લોહી ધોઇ નાખો. જંગમાં એ બહુ સાચી પુરવાર થઇ છે.’’

હઝરત અલીએ પણ પોતાની તલવાર બીબી ફાતિમહને આપતાં ફરમાવ્યું, ‘‘આ તલવાર પણ લો. એનું લોહી પણ ધોઇ નાખો. અલ્લાહના સોગંદ ! લડાઇમાં આ તલવારે પણ પોતાનું પાણી બતાવી દીધું

૧. આ ખાતૂનનું નામ હિન્દ હતું. એમના લંગડા પતિ હઝરત અમ્ર બિન જમૂહ અને એમના પુત્ર હઝરત ખલ્લાદ બિન અમ્ર આ જંગમાં શહીદ થઇ ગયા હતા. જોયું કે મુસલમાન બીબીઓ ! મુસલમાન બીબીઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કેટલી મહબ્બત હતી? કે તેના મુકાબલામાં પોતાના ખાવિન્દો, પોતાના બાપો-બેટાઓ કે ભાઇઓની મહબ્બત પણ કશી વિસાતમાં ન હતી. ‘‘હ’’

Maktabe Ashraf

છે."

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે અલી ! અગર તમે જંગમાં મક્કમ રહીને તલવારનું પાણી બતાવી દીધું છે તો તમારી સાથે સહલ બિન હુનૈફ અને અબૂ દુજાનહએ પણ સાબિત-કદમ રહીને તલવારનું પાણી બતાવી આપ્યું છે."

લા સૈફ ઈલ્લા ઝુલ-ફકાર————ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તલવાર "ઝુલ-ફકાર"નામે પંકાયેલી હતી. કેટલાક જાણકારોએ મને કહ્યું કે જંગે-ઉહુદના દિવસે રણભૂમિમાં અચાનક કોઈનો આ ગૈબી નઅરો ગાજી ઊઠયો હતો :

"લા સૈફ ઈલ્લા ઝુલ-ફકાર ! લા ફતન ઈલ્લા અલી !"

એટલે ઝુલ-ફકાર જેવી કોઈ તલવાર નથી અને અલી જેવો કોઈ જવાન નથી.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીને ફરમાવ્યું, "મુશરિકો આ પ્રકારની તલવારને કોઈ નુકસાન પહોંચાડી શકતા નથી. અલબત્ત અલ્લાહ તેઓને આપણી ઉપર ફતેહમંદી આપી જ દે તો એ જુદી વાત છે."

ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉહુદનું યુધ્ધ શવ્વાલની વચલી તારીખે ખેલાયું. એ શનિવારનો દિવસ હતો.[1]

દુશ્મનને ભયભિત કરવાની જંગી ચાલ————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉહુદનું યુધ્ધ શનિવારે ખેલાયું. બીજા દિવસે રવિવારે શવ્વાલની ૧૬ તારીખ આવી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી ઢંઢેરો પીટનારે દુશ્મનની પૂઠ પકડવાની જાહેરાત પોકારી. આ જાહેરાતમાં તેણે એમ પણ પોકાર કર્યો:

"જે લોકો ગઈ કાલે શનિવારે લડાઈમાં અમારી સાથે નહિ હતા તેઓમાંથી કોઈ અમારી સાથે દુશ્મનની પૂઠે નહિ આવે !"

આ જાહેરાત સાંભળીને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં દોડી ગયા અને બા-અદબ કહેવા લાગ્યા,

"યા રસૂલલ્લાહ ! મારા પિતાજીએ મને મારી સાત બહેનોની દેખરેખ માટે ઘરમાં રહેવાનો હુકમ આપ્યો હતો. અને કહ્યું હતું કે બેટા ! આપણે ઘરની સ્ત્રીઓને કોઈ પુરૂષની દેખરેખ વગર અટૂલી મૂકીને ચાલ્યા જઈએ તે વાત ન મને શોભે ન તમને શોભે. વળી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે જઈને જિહાદનું માન બેટો ખાટી જાય અને બાપ લટકી પડે તે પણ નહિ બને. માટે બહેનોની નિગરાની માટે તમારે ઘરમાં રહેવું પડશે. તો આ કારણે યા રસૂલલ્લાહ ! હું પાછળ રહી ગયો હતો."

પાછળ રહી જવાના કારણનો સબળ પુરાવો હોવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જાબિરની દરખાસ્ત મંજૂર ફરમાવી લીધી અને તેમને પોતાની સાથે દુશ્મનની પૂઠે આવવાની પરવાનગી આપી દીધી.

દુશ્મનની પૂઠ પકડવાનો મૂળ મકસદ કેવળ આટલો જ હતો કે દુશ્મન ભયભિત બની જાય અને તેને ઠસી જાય કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરીવાર લડાઈના હેતુએ જ પૂઠ પકડી છે અને

૧. ૧૫ શવ્વાલ સન ૩ હિજરી મુતાબિક ૩૧ માર્ચ ૬૨૫ ઈસ્વી (ઇબ્ને હિશામ)

મુસલમાનોમાં દુશ્મનનો મુકાબલો કરવાનો દમખમ મવજૂદ છે અને લડાઇની જે અણધારેલી કટોકટી સર્જાઇ ગઇ તેનાથી મુસલમાનોમાં કોઇ તરહની નાહિંમતી કે કમજોરી પેદા થવા પામી નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ એક જંગી ચાલ હતી.

મુસલમાનોનો જિહાદનો જુસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ અબ્દુલ-અશહલ કબીલાના એક અન્સારી મુજાહિદનું બયાન છે :

"હું અને મારો ભાઇ અમે બંને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જંગે-ઉહુદમાં શામિલ હતા. લડાઇ પછી અમે મદીનહ આવ્યા તો અમારાં શરીરો જખમોથી ચૂર અને થાકથી લોથપોથ હતાં. આમ છતાં જ્યારે અમે દુશ્મનની પૂઠે જવાની જાહેરાત સાંભળી તો મેં મારા ભાઇને કહ્યું અથવા તેણે મને કહ્યું, "હે ભાઇ ! શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે દુશ્મનની પૂઠે જવામાં આપણે પાછળ પડી જઇશું ? જો આમ બને તો આપણા જેવો કમભાગી બીજો કોણ હોય શકે ? અધુરામાં પુરૂં આપણી પાસે સવારી પણ નથી કે તેની ઉપર બેસીને જઇએ અને ઉપરથી આપણે બંને સખત રીતે ઘવાયેલા પણ છીએ."

એજ અન્સારી ગૃહસ્થનું બયાન છે : "જખમોથી ચૂર અને થાકથી લોથપોથ હોવા છતાં અમે બંને ભાઇઓ હિંમત કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે નીકળી જ પડયા. હું મારા ભાઇ કરતાં કંઇક ઓછો ઘવાયેલો હતો. જ્યારે ચાલવામાં તે લથડિયાં ખાવા લાગતો તો હું તેને મારી પીઠ પર ઉપાડી લેતો અને ચાલવામાં સૌથી પાછળ પડી જતો. આ રીતે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે પડતા-આખડતા છેવટે ધારેલા સ્થળે પહોંચી જ ગયા."

હમરાઉલ-અસદમાં પડાવ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે મદીનહથી નીકળીને "હમરાઉલ-અસદ"પહોંચી ગયા. આ સ્થળ મદીનહથી આઠ માઇલના અંતરે આવેલું હતું.

ઇબ્ને હિશામ કહે છે : મદીનહથી ઊપડવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના નાયબ તરીકે હઝરત ઇબ્ને-ઉમ્મે-મકતૂમની મદીનહના અમીર તરીકે નિમણૂંક કરી દીધી હતી. ઇબ્ને ઇસ્હાકના કથન મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ "હમરાઉલ-અસદ" સ્થળે સોમવાર, મંગળવાર, બુધવાર સુધી પડાવ નાખીને બિરાજમાન રહ્યા અને તે પછી પોતાના સહાબા સાથે મદીનહ વાપસ તશરીફ લઇ ગયા. [1]

એક મુશરિકની શરાફત————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન અબૂબકે મને કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે હમરાઉલ-અસદમાં બિરાજમાન હતા તે વેળા મઅબદ ખુઝાઇ નામનો ગૃહસ્થ ત્યાંથી પસાર થવા લાગ્યો. એ પોતાના ખુઝાઅહ કબીલાનો સરદાર હતો અને અત્યાર સુધી મુશરિક કે મૂર્તિપૂજક હતો. તે આપની તહેનાતમાં હાજર થયો અને બોલ્યો, "હે મુહંમદ! સાચું માનજો, તમારા ઘણા માણસો લડાઇમાં માર્યા ગયા. તેઓના માર્યા જવાનો જે આઘાત તમને લાગ્યો છે તેનો મને ભારે ખેદ છે. અલ્લાહ તમને દુશ્મનોની વચ્ચે હમેશા સલામત અને આબાદ રાખે તેવી હું શુભેચ્છા

---

૧. એટલે ૧૫ શવ્વાલ શનિવારે યુધ્ધ ખેલાયું. ૧૬ શવ્વાલ રવિવારે કુરૈશની પૂઠે ગયા અને ૧૮-૧૯ શવ્વાલે હમરાઉલ-અસદમાં બિરાજમાન રહ્યા. (ઇબ્ને હિશામનો હાશિયો)

Makabe Ashraf

પાઠવું છું.''

મઅબદ ખુઝાઈ બહુ ભલો ગૃહસ્થ હતો. મૂર્તિપૂજક હોવા છતાં સંસ્કારી અને સજ્જન પુરૂષ હતો. માનવતાના મુલ્યોને આંકનારો અને સુલેહ શાંતિમાં માનનારો હતો. મુસલમાનો અને મુશરિકો વચ્ચે સુલેહ શાંતિ જળવાય રહે તેવું દિલથી ચાહતો હતો. એના ખુઝાઅહ કબીલાના લોકો પણ સુલેહશાંતિની નીતિને અનુસરનારા હતા. એમાં કેટલાક મુસલમાન પણ બની ગયા હતા. આ કબીલાના મુશરિક કે મુસલમાન બધા જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચાહક અને આપના પ્રત્યે શુભેચ્છાની લાગણી ધરાવનારા હતા. તેઓએ પોતાના તિહામહ પ્રદેશનો કોઈ પણ ભેદ આપથી નહિ છુપાવવાનું અને દરેક નવાજૂનીથી આપને બા-ખબર રાખવાનું નક્કી કરી લીધું હતું.

મઅબદ ખુઝાઈ આપને શુભેચ્છાનો સંદેશ પાઠવીને અને એજ સ્થળે રાહ જોવાનું સૂચન કરીને ''રવહાઅ''સ્થળે પહોંચી ગયો. એજ રવહાઅ સ્થળે અબૂ સુફયાન બિન હર્બ પોતાના લશ્કર સાથે પડાવ નાખીને થોભેલો હતો. અહીં પહોંચવા પછી તેઓને પોતાની ભૂલનું ભાન થયું હતું. અબૂ સુફયાન અને તેના સાથીઓએ ફરીવાર મુસલમાનો પર ચઢાઈ કરી દેવાનો એકમતે ફેસલો કરી લીધો હતો. જીતેલી લડાઈનું મેદાન મૂકીને ચાલ્યા આવવાનો તેઓને રહીરહીને પસ્તાવો થતો હતો. અહીં તેઓ એકબીજાને ઠપકો આપતા હતા કે :

> ''અરે આપણે આ કેવી મૂર્ખાઈ કરી કે, તેઓના પંકાયેલા વીરનરો, અગ્રણી સરદારો અને નામચીન નેતાઓને રહેંસી નાખવા છતાં તેઓનું નિકંદન કાઢ્યા વગર આપણે ત્યાંથી ચાલ્યા આવ્યા ! તો શું તેઓનો સફાયો કર્યા વગર આપણે મક્કહ પાછા વળી જવું ? નહિજી આપણે જરૂર તેઓના બાકી રહેલા લોકો પર તૂટી પડીશું અને તેઓનો મુકમ્મલ ખાતેમો બોલાવીને પછી મક્કહ જઈશું!''
>
> અબૂ સુફયાને મઅબદ ખુઝાઈને જોયો તો તેને પોતાની પાસે બોલાવીને પૂછયું, ''કહો મઅબદ! શું સમાચાર છે ?''

મઅબદ બોલ્યો, ''સમાચાર આ છે કે મુહંમદ પોતાના સાથીઓના લાવલશ્કર સાથે તમારી પૂઠે પડીને હમરાઉલ અસદ સુધી આવી લાગ્યા છે. મુહંમદના ખૂંખાર અને જંગી લશ્કર જેવો દાખલો મેં આજ સુધી જોયો નથી. તેઓ મરણિયા થઈને આવેલા લાગે છે. એક એકની આંખમાંથી વેરની આગના તણખા ઝરી રહ્યા છે અને વેરના જુસ્સાથી તેઓ થનગની રહ્યા છે. ઘણા લોકો તો એવા છે જેઓ ઉહુદના મેદાનમાં ગેરહાજર હતા અને પોતાની ગેરહાજરીનો તેઓ પસ્તાવો કરી રહ્યા છે. અને લડાઈમાં પાછળ કેમ રહી ગયા તે માટે પોતાની જાતને ઠપકો આપી રહ્યા છે. મતલબ કે તમારી વિરૂધ્ધ આક્રોશ, ઉન્માદ અને વેરના ઝનૂનનો જોશભેર ફૂંકાતો એક વંટોળિયો છે જે આથી પહેલાં કદી મારા જોવામાં નથી આવ્યો.''

અબૂ સુફયાન બોલ્યો, ''અલ્યા મઅબદ ! નખ્ખોદ વળે તારૂં, તું આ બધું શું બકે છે ?''

''સાચું જ કહું છું હે કુરૈશી સરદાર ! '' મઅબદે કહ્યું, ''માનવામાં ન આવે તો ચાલો મારી સાથે અને નજરોનજર જોઈને ખાતરી કરી લો.''

''ગમે તેમ હોય.'' અબૂ સુફયાન બોલ્યો, ''અમે તો ફરીવાર મુસલમાનો પર તૂટી પડવાનો ફેસલો

કરી લીધો છે કે જેથી તેઓના બાકી રહેલા લોકોના મૂળિયાં પણ ઉખેડી કાઢીએ.''

"એમ જ હોય તો હે કુરૈશી સરદાર !''મઅબદે કહ્યું, "વલ્લાહ ! તમને અટકાવનાર હું કોણ? પણ તમને મારી સલાહ છે કે પોતાના જ હાથે પોતાનો વિનાશ નહિ બોલાવવો જોઈએ. કેમકે મુસલમાનોના જોશ અને જુસ્સાનો જે પ્રભાવ મારા દિલ પર પડ્યો છે તેને લગતા કેટલાક શેઅરો પણ તે વેળા મારી જીભેથી સરી પડયા હતા. ''

''કેવા શેઅરો ?'' અબૂ સુફયાને અધીરાઈથી પૂછ્યું.

''હા વલ્લાહ સાંભળો, તે શેઅરો આ છે : મઅબદે કહ્યું :

કાદત તુહદ્દા મિનલ અસ્વાતે રાહેલતી, • ઇઝ સાલતિલ-અર્દુ બિલ-જુરદિલ-અબાબીલે

લશ્કરોના ધોંધાટ કે ચીખ-પોકારથી મારી ઊંટણી ભયભિત થઇને ગબડી પડવાની અણી પર હતી; જ્યારે કે જમીન પર ઢગલાબંધ ઘોડાઓનું ઘોડાપૂર ધસારાભેર આવી લાગ્યું.

તરદી બિ-ઉસદિન કિરામિન લા તનાબલ-તિન, • ઇન્દલ-લિકાએ વલા મીલિમ મઆઝીલે.

આ ઘોડા યુધ્ધ પ્રસંગે ઠેકડા મારતા પોતાના સવારોને ઝપાટાભેર લઇ જઇ રહ્યા હતા. આ સવારો લાંબાતડંગા, કદ્દાવર કાયાના, શરીફ સિંહો જેવા હતા. એ બધા ખાલી હાથના કે હથિયાર વગરના ન હતા. (બલકે પૂરી રીતે હથિયારોથી સુસજજ હતા.)

ફ-ઝિલ્તુ અદવન અઝન્નલ-અર્દ માઇલતન, • લમ્મા સમવ બિ-રઈસિન ગૈર મખ્ઝૂલે.

આ જોઇને હું ઝપાટાભેર દોડી ગયો. તે વેળા ધરતી મને ધ્રૂજી રહેલી લાગતી હતી, જ્યારે કે પેલા હથિયારબંધ, લાંબાતડંગા સિંહો પોતાના અણનમ કે અજિત સરદારની સાથે આગળ બઢી રહ્યા હતા.

ફ-કુલ્તુ વયલબ્ને હર્બિન મિન લિકા-ઇકુમ. • ઇઝા તગત-મતલિલ-બત્હાઉ બિલ-જલીલે.

ત્યારે મેં મનમાં કહ્યું, "હર્બના બેટા અબૂ સુફયાનનું આવી જ બનશે અગર તે પેલા કદ્દાવર કાયાના સિંહો સાથે મુકાબલો કરશે તો!'' આ વાત મેં ત્યારે કહી જ્યારે બત્હાની જમીન લશ્કરોથી ધણીધણી ઊઠી હતી.

ઇન્ની નઝીરુલ-લિ-અહલિલ-બસ્લે દાહિયતન, • લિ-કુલ્લે ઝી ઇર-બતિમ મિન્હુમ વ મઅકૂલે.

મિન જૈશે અહમદા લા વહશિન કનાબિ-લતિન, • વ લૈસા યૂ-સફુ મા અન્ઝરતુ બિલ-કીલે.

હું ફકત કુરૈશને નહિ, બલકે દરેક બુધ્ધિશાળી અને હોશમંદ ગૃહસ્થને અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે લશ્કરથી ડરાવું છું જે કોઇ હલકટ કે નબળા લોકોનું લશ્કર નથી અને જે વસ્તુથી હું ડરાવું છું. તે ન ધમકી છે ન શબ્દોની સાઠમારી છે.

અબૂ સુફયાનની ધમકી————એ પછી અબ્દુલ-કૈસ કબીલાના કેટલાક ઘોડેસવાર અબૂ સુફયાનના પડાવ પાસેથી પસાર થયા. અબૂ સુફયાને તેઓને બોલાવીને પૂછ્યું, "તમે લોકો કયાં જાઓ છો ?''

જવાબ મળ્યો, ''અમે મદીનહ જાઇએ છીએ.''

''કેમ શું કામે જાઓ છો ?''

"અરે એમ જ સહેલ સપાટા માટે"

"વારૂ તો મારૂં એક કામ કરી આપશો ?" અબૂ સુફ્યાને પૂછ્યું.

"બોલો શું કામ છે ?"

"હું તમારી મારફતે મુહંમદને એક સંદેશો પાઠવવા માંગુ છું. બોલો મારો આ સંદેશો તમે પહોંચાડી દેશો?"

"કેમ નહિ, જરૂર પહોંચાડી દઈશું. બોલો શું સંદેશો છે ?"

"સાંભળો, "અબૂ સુફયાને કહ્યું, "જો તમે મુહંમદને મારો આ સંદેશો પહોંચાડી દેશો તો હું ઉકાઝના મેળા પ્રસંગે તમારા ઊંટને સૂકી દ્રાક્ષથી લાદી દઈશ. બોલો કબૂલ છે ?"

"હા કબૂલ છે." અબ્દુલ-કૈસના સવારો બોલ્યા, "પણ સાહેબ ! સંદેશો શું છે તે તો કહો ?"

અબૂ સુફયાને કહ્યું, "મુહંમદ સાથે મુલાકાત થાય તો તેમને ખબરદાર કરી દેશો કે, અબૂ સુફયાન અને તેના લશ્કરે તમારા બાકીના લોકોના મૂળિયાં પણ ખોદી કાઢવાનો ફરીવાર સંકલ્પ કરી લીધો છે."

અબ્દુલ-કૈસ કબીલાના સવારોએ હમરાઉલ-અસદ સ્થળે પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અબૂ સુફ્યાનનો આ સંદેશો પહોંચાડી દીધો. સંદેશો સાંભળીને આપે ફરમાવ્યું : "હસ્બુનલ-લાહુ વ નિઅમલ-વકીલ." એટલે અલ્લાહ અમારા માટે કાફી છે અને તેજ અમારો નિગહબાન છે.

સફવાન બિન ઉમૈયહની સલાહ————ઈબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહએ માહિતી આપી કે અબૂ સુફયાન બિન હર્બ પોતાના લશ્કર સાથે જંગે-ઉહુદ પછી મક્કહ પાછા જતાં, રવહાઅ સ્થળે થોભ્યો તો ત્યાં અચાનક તેણે ફરીવાર પલટીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બાકીના સાથીઓનું નિકંદન કાઢી નાખવાનું નકકી કરી લીધું. પરંતુ મંત્રણા દરમિયાન સફવાન બિન ઉમૈયહએ સલાહ આપતાં અબૂ સુફ્યાનને કહ્યું, "આમ નહિ કરો કેમકે એક જંગ આપણે ખેલી ચૂકયા છીએ, બીજી જંગનો રંગ કંઈ જુદો હશે. મુહંમદના સાથીઓ સખત રોષે ભરાયેલા છે. બનવા જોગ છે પરિણામ ઊલટું આવે. મારી સલાહ છે કે મક્કહ પાછા વળો".

સફવાનની સલાહ વધાવી લઈને અબૂ સુફ્યાન પોતાના લશ્કર સાથે મક્કહ તરફ રવાના થઈ ગયો. બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સમાચાર મળ્યા તો આપે ફરમાવ્યું :

વલ્લઝી નફસી બિ-યદિહી	સોગંદ છે તે અલ્લાહના જેના હાથમાં મારા પ્રાણ છે,
લકદ સુવ્વેમત લહુમ	(અઝાબ તરીકે) કોતરાઈ ગયાં હતાં તેઓના નિશાન
હિજારતન.	પથ્થરો પર.
લવ સુબ્બેહૂ બિહા	જો સવારે ભેટો થતે તેઓનો આ પથ્થરો સાથે
લકાનૂ ક-અમ-સિઝ-ઝાહિબ.	તો નામોનિશાન મટી જતે તેઓનું ગઈ કાલ પેઠે. ૧

૧. એટલે જેવી રીતે હઝરત લૂત અલૈહિસ-સલામની બદકાર કૌમ માટે પથ્થરો પર અલ્લાહ તરફથી નિશાન બની ગયાં હતાં. અને અઝાબ આવ્યો ત્યારે દરેક બદકાર, નિશાન મુજબના પથ્થરથી હલાક થઈ ગયો. આ રીતે આખી કૌમ તબાહ થઈ ગઈ. એવી જ રીતે અબૂ સુફયાન અને તેના લશ્કરના માણસો માટે પથ્થરો પર અલ્લાહ તરફથી નિશાન બની ગયાં હતાં. અગર સવારે પાછા વળીને મુસલમાનો પર હુમલો કરતે તો અબૂ સુફયાન અને તેના લશ્કરનો પણ એજ અંજામ આવતે. "હ"

Maktabe Ashraf

શાઇરની ગદ્દારીનો અંજામ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ ઉબૈદહના કહેવા મુજબ અબૂ અઝઝા જુમ્હી એક ગદ્દાર શાઇર હતો. જંગે-બદ્રમાં કુરૈશ તરફથી લડવા આવ્યો હતો અને કેદ પકડાયો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એના છૈયાંછોકરાંની દયા ખાયને દંડ લીધા વિના એને છોડી મૂકયો હતો. ફકત દુશ્મનોની મદદ નહિ કરવાની એની પાસેથી કબૂલાત લીધી હતી. કમનસીબીથી એ પોતાના વચન પર કાયમ નહિ રહ્યો. ગદ્દારી કરીને પોતાની શાઇરીથી લોકોને ઉશ્કેર્યા અને જંગે-ઉહુદમાં મુસલમાનો સાથે લડવા પોતે પણ દોડી આવ્યો હતો.

જંગે-ઉહુદથી પાછા મદીનહ ફરવા પહેલાં એજ વિસ્તારમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બે શખ્સોને ગિરિફ્તાર કરી લીધા હતા. એમાં એક અબૂ અઝઝા જુમ્હી હતો. બીજો મુઆવિયહ બિન મુગીરહ બિન અબી આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ હતો. અબૂ અઝઝા શાઇરને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરવામાં આવ્યો તો તેણે ફરીવાર યાચના કરી, ''યા રસૂલલ્લાહ ! આપ તો દયાના ભંડાર છો. મારી દયા ખાવ, મને માફ કરી દો.''

આપે ફરમાવ્યું, ''અલ્લાહના સોગંદ ! હવે તું મક્કહ જઇને બડાશ નહિ મારી શકે કે, હું મુહંમદને બે વખત છેતરી આવ્યો છું. હે ઝુબૈર ! એની ગરદન ઉડાવી દો !''

હઝરત ઝુબૈરે હુકમના પાલનમાં એની ગરદન ઉડાવી દીધી.

ઇબ્ને હિશામ કહે છે : મને સઇદ બિન મુસય્યબની આ રિવાયત પહોંચી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શાઇરની વિનંતીના જવાબમાં ફરમાવ્યું:

ઇન્નલ-મુઅમિન લા યુલ્દગુ	બેશક મુઅમિન ડંખ ખાય શકતો નથી
ફી હુજરિમ મર્રતૈન.	એક દરમાંથી બે વખત.
ઇદરિબ ઉનુકહૂ	ઉડાવી દો એની ગરદન
યા આસિમબ્ન સાબિત !	હે આસિમ બિન સાબિત !

હઝરત આસિમ બિન સાબિતે વિના વિલંબે આપના હુકમનું પાલન કર્યું.

મુઆવિયહ બિન મુગીરહનો અંજામ——————ઇબ્ને હિશામ કહે છે : એવું કહેવાતું હતું કે હઝરત ઝૈદ બિન હારિસહ અને હઝરત અમ્માર બિન યાસિરે હમરાઉલ-અસદથી આવવા બાદ મુઆવિયહ બિન મુગીરહને કતલ કર્યો. કારણ આ હતું કે મુઆવિયહએ હઝરત ઉસમાન ગનીનો આસરો લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માફીની દરખાસ્ત કરી હતી. આપે એવી શરતે તેને માફી આપી દીધી હતી કે ત્રણ દિવસની અંદર મદીનહ છોડીને ચાલ્યો જાય. પછી જોવામાં આવશે તો કતલ થઇ જશે.

પરંતુ મુઆવિયહ બિન મુગીરહ ત્રણ દિવસો વીતી જવા છતાં મદીનહથી ગયો નહિ અને કોઇ છુપા સ્થળે સંતાય રહ્યો. ત્યારે આપે હઝરત ઝૈદ અને હઝરત અમ્મારને બોલાવીને ફરમાવ્યું, ''મુઆવિયહ બિન મુગીરહ ફલાણી જગાએ સંતાયેલો છે. જઇને તેની ગરદન મારી દો.''

આપના ફરમાન મુજબ બંને ગૃહસ્થો તે સ્થળે ગયા. જોયું તો મુઆવિયહ ત્યાં જ સંતાયેલો હતો. બંનેએ મળીને તેને કતલ કરી નાખ્યો. આ મુઆવિયહ, ખલીફા અબ્દુલ-મલિક બિન મરવાનની મા આઇશહનો બાપ એટલે અબ્દુલ-મલિકનો નાનો થતો હતો.

Maktabe Ashraf

મુનાફિકોના સરદારની હાલહવાલી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈબ્ને શિહાબ ઝુહરીએ આ માહિતી આપી કે મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ પોતાની અંગત પ્રતિષ્ઠા, બહોળી લાગવગ અને કૌમી માનમોભો ધરાવતો હોવાને કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં તેના માટે એક અલાહેદા જગાનો ખાસ બંદોબસ્ત કરવામાં આવતો હતો. કશી રોકટોક કે અડચણ વિના મસ્જિદમાં આવીને તે પોતાની આ નોખી જગાએ બેસી જતો અને અહીં જ ઊભા રહીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઈમામતમાં જુમઆની નમાઝ પઢતો હતો. મદીનહના મોટા માણસ તરીકે તેણે એવો નિયમ અપનાવ્યો હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે જુમઆના ખુત્બા માટે મિમ્બર પર બિરાજમાન થતા તો લાગલો જ એ પોતાની જગાએ ઊભો થઈ જતો અને જુમઅહની નમાઝ માટે આવેલા લોકોને સંબોધીને આ પ્રમાણે પ્રવચન કરતો:

> "હે લોકો ! આ રહ્યા અલ્લાહના પયગમ્બર જેઓ તમારી વચ્ચે બિરાજમાન છે. અલ્લાહ તઆલાએ એમની બરકતથી તમને માન-આબરૂ અને પ્રતિષ્ઠાથી વધાવી લીધા છે. તમારૂં કર્તવ્ય છે કે તમે એમની મદદ કરો. એમને સાથ-સહકાર આપો. એમની તબલીગી પ્રવૃત્તિને વેગવાન બનાવો. એમના હુકમોને સાંભળો અને એમની આજ્ઞાઓનું પાલન કરો !"

આટલું પ્રવચન કરીને તે પોતાની નોખી જગાએ બેસી જતો. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જુમ્આનો ખુત્બો બયાન ફરમાવતા. આ સિલસિલો મુદ્દતથી ચાલુ જ હતો ત્યાં તો જંગે-ઉહુદનો પ્રસંગ સર્જાયો. જંગે-ઉહુદ વેળા અબ્દુલ્લાહ બિન ઉબયે જે પગલું લીધું તે એને છાજતું ન હતું. અણીને પ્રસંગે કે કટોકટીના સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દગો આપી દીધો. રસ્તાની અધવચ્ચેથી પોતાના ત્રણ સો સાથીઓને લઈને ચાલ્યો ગયો.

એ પછી એવું બન્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-ઉહુદથી નિવૃત્ત થઈને ઈસ્લામી લશ્કર સાથે મદીનહ આવી ગયા અને પછી જ્યારે જુમઅહનો દિવસ આવ્યો તો અબ્દુલ્લાહ બિન ઉબય પોતાના નિયમ મુજબ મસ્જિદમાં આવીને પોતાની નોખી જગાએ બેસી ગયો. જ્યારે ખુત્બાનો સમય આવ્યો તો એ પોતાની જગાએ પ્રવચન કરવા ઊભો થઈ ગયો. પરંતુ જેવો જ ઊભો થયો કે લોકો તેની તરફ ધસી ગયા. કોઈએ તેનું બાવડું ઝાલ્યું, કોઈએ તેની ગળચી પકડી લીધી તો કોઈએ તેના કપડાં ખેંચવા માંડયાં. બધા તેને ઠપકારતા હતા, "હે અલ્લાહના દુશ્મન ! બેસી જા, તું એ લાયક નથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં કંઈ બોલી શકે. જંગે-ઉહુદના દિવસે જે પગલું તેં લીધું એ શું તને છાજતું હતું ?"

લોકોના અચાનક ધસારા અને આક્રોશભર્યા ઠપકારાઓથી અબ્દુલ્લાહ બિન ઉબય મૂઝાઈ ગયો. પોતાને તેઓની પકડથી બચાવવાના ફાંફાં મારતો, લોકોને ઓળંગતો-ફલાંગતો અને કફોડી દશાએ હડધૂત થતો બહાર જવા લાગ્યો. સાથે કહેતો જતો હતો, "ભલા મેં શું કોઈ ખોટું કામ કર્યું છે ? હું તો એમની જ ભલાઈના કામોમાં ટેકો આપવા ઊભો થયો હતો. એમાં મારો કોઈ અંગત સ્વાર્થ હોય તો કહો ?"

મસ્જિદના દરવાજે પહોંચતાં સામેથી એક અન્સારી ગૃહસ્થ આવી લાગ્યા. તેમણે પૂછ્યું, "કેમ શું મામલો છે ? શોર કેમ મચાવે છે ?"

Maktabe Ashraf

મુનાફિકોનો સરદાર બોલ્યો, "હું તો એમનો જ મામલો મજબૂત કરવા ઊભો થયો હતો પણ રસૂલુલ્લાહના સાથીઓમાંથી અમુકે મારી સાથે તાણાતાણી કરવા માંડી. કોઈએ મારી ગળચી પકડી લીધી તો કોઈએ મારૂં બાવડું ઝાલી લીધું. જાણે મેં કોઇ ખોટી વાત કહી દીધી હોય ! જાણે મારો પોતાનો કોઇ અંગત સ્વાર્થ હોય!

અન્સારી ગૃહસ્થ બોલ્યા, "તારૂં ભૂંડું થાય ! પાછો વળ, ચાલ મારી સાથે, હું રસૂલુલ્લાહને તારી ભલામણ કરૂં છું. તેઓ તારા માટે અલ્લાહ પાસે માફીની દુઆ માગશે."

જવાબમાં મોઢું મચકોડતાં બોલ્યો, "વલ્લાહ ! મને શું પડી છે કે હું રસૂલુલ્લાહ પાસે જઈને માફીની દુઆ મંગાવું ? અલ્લાહના સોગંદ, મને તેમની માફીની કે દુઆની કોઇ જરૂર નથી."

જંગે-ઉહુદ : બેહદ આકરી કસોટી————ઇબ્ને ઈસ્હાક કહે છે : જંગે ઉહુદ મુસલમાનો માટે જીવસટોસટ કે કાળજું તાળવે આવી જવાની એક બેહદ આકરી કસોટી હતી. એ મુસીબતો, સંકટો, યાતનાઓ અને આફતોની અગ્નિપરીક્ષાનો દિવસ હતો. અલ્લાહ તઆલાએ એ દિવસે મુસલમાનોની ખૂબ આઝમાઈશ કરી લીધી અને સાથે-સાથે મુનાફિકોની પણ પરીક્ષા લઇ લીધી; તે મુનાફિકો કે જેઓ પોતાના દિલોમાં કુફ્રને છુપાવીને ફક્ત જીભોથી ઈમાનની જાહેરાત અને ઇસ્લામનું એલાન કરતાં થાકતા ન હતા. વળી આ જંગમાં અલ્લાહ તઆલાએ પોતાના જે-જે મકબૂલ બંદાઓના નસીબમાં અમર કીર્તિ અને બેનમૂન સિધ્ધિના લેખ લખી દીધા હતા તેઓને શહાદતના મરતબાથી બિરદાવીને પોતાના દરબારમાં બોલાવી લીધા.

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૧

ગઝવએ-ઉહુદ અને કુર્આને-મજીદ

આલે-ઇમ્રાનની સાઠ આયતો • નાહિંમતીનો વસવસો • ફરિશ્તાઓની મદદ • મુહંમદ અલ્લાહના રસૂલ • અલ્લાહનો સાચો વાયદો • લડાઈની કૈફીયત • શાંતિભરેલી મીઠી ઊંઘ • મુનાફિકોની કૈફીયત • જંગે-ઉહુદની મુસીબતો • શહીદોનું અમર જીવન • જંગે-ઉહુદના શહીદોનો મરતબો • શહીદો માટે જન્નતની વધામણી.

Maktabe Ashraf

આલે-ઇમ્રાનની સાઠ આયતો——————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામે ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઈથી સાંભળ્યું અને બુક્કાઈએ મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબીથી સાંભળીને બયાન કર્યું કે : જંગે-ઉહુદના સિલસિલામાં અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને-મજીદનો જે વિભાગ નાઝિલ કર્યો તે સૂરએ-આલે ઇમ્રાનની ૬૦ આયતો છે. કલામે-પાકની એ આયતોમાં તે બનાવો અને પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે જે જંગે-ઉહુદમાં સર્જાવા પામ્યા.

(નોટ : અલ્લામા ઇબ્ને હિશામે આ ૬૦ આયતોનું વિવેચન અને સ્પષ્ટીકરણ પુસ્તકના બે પ્રકરણોના ૨૪ પાનાઓમાં કર્યું છે. લંબાણથી બચવાના હેતુએ અમે એ પ્રકરણોનો મુકમ્મલ તરજુમો જતો કરીને એમાંના મુખ્ય બનાવોનું બયાન ટૂંકાણમાં રજૂ કરીએ છીએ. સીરતે-પાકના પ્રેમીઓ અને અભ્યાસીઓને એનું મુકમ્મલ બયાન, તરજુમા-તફસીરવાળા કલામે-પાકમાં વાંચી લેવાની ભલામણ છે. "હ")

નાહિંમતીનો વસવસો——————અલ્લાહ તઆલા પોતાના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સંબોધીને ફરમાવે છે : "વઇઝ ગદવ-તા મિન અહલિક તુબવ-વિઉલ-મુઅમિનીન......"

"અને યાદ કરો તે સમયને હે નબી ! જ્યારે કે તમે પોતાના ઘરવાળાંઓને છોડીને સવાર પડતાં જ નીકળી પડયા. (તે વેળા) તમે (ઉહુદના મેદાનમાં) મુસલમાનોને લડાઈ માટે મોરચાઓમાં ગોઠવી રહ્યા હતા. અને અલ્લાહ બધું જ સાંભળનારો અને જાણનારો છે."

એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : "ઇઝ હમ્મત તાઈ-ફતાનિ મિન્કુમ અન તફ-શલા."

"પછી જયારે એવું બન્યું હતું કે તમારામાંથી બે સમૂહોએ ઇરાદો કર્યો કે હિંમત હારી બેસે અને (લડાઇ માંડી વાળીને) પાછા વળી જાય."

એટલે ઇસ્લામી લશ્કરમાંથી જે બે સમૂહોએ હિંમત હારીને પાછા વળી જવાનો વિચાર કર્યો હતો એમાંનું એક જૂથ ખઝરજ કબીલામાંથી બનૂ સલિમહ બિન જુશમના મુસલમાનો હતા અને બીજું જૂથ ઓસ કબીલામાંથી બનૂ હારિસહ બિન નુબૈતના લોકો હતા. જયારે કે બંને કબીલાના એજ લોકો ઇસ્લામી લશ્કરની બંને પાંખોને સંભાળનારા હતા.

એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : "વલ્લાહુ વલીયુ-હુમા." એટલે અલ્લાહ તેઓનો મદદગાર અને બેલી હતો. મતલબ આ છે કે ઉપરના બંને સમૂહોના વીરનરોમાં જે નાહિંમતી કે મનોબળની નબળાઇનો સંચાર થયો જેના કારણે લડયા વિના પાછા વળી જવાનો તેઓએ વિચાર કર્યો તો એજ વેળા અલ્લાહ તઆલાએ પોતાની કૃપા અને મદદથી તેઓની એ નાહિંમતી કે નબળાઇને દફે કરી દીધી. તેઓના મનોબળને મજબૂત કરી દીધું. તેઓના દિલોમાં ઉત્સાહનો જુસ્સો જન્માવી દીધો. તેઓના હોસલાઓને બુલંદ કરી દીધા. અલ્લાહની આ ગૈબી મદદ મળતાં જ શયતાની વસવસા તેઓના મગજમાંથી નીકળી ગયા અને ફરીવાર તેઓ કાફિરો સાથે ટક્કર લેવા નવા જોશ અને જુસ્સાથી થનગની રહ્યા.

આ બે સમૂહોના દિલોમાં જે નાહિંમતી કે નબળાઇનો સંચાર થયો તેનું કારણ માત્ર મનોબળની નબળાઇ હતી. તેઓના દીનમાં, ઇમાનમાં, ઇસ્લામમાં કોઇ નબળાઇ, કોઇ સંદેહ, કોઇ વસવસો ન હતો. એટલે જ અલ્લાહની મદદ આવી લાગતાં તેઓ પૂરા જોશ, જુસ્સા અને ઉત્સાહથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પડખે રહીને કાફિરો સાથે ટક્કર લેવા થનગની રહ્યા.

આ નાહિંમતીનું કારણ એમ બન્યું હતું કે મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય પોતાના ૩૦૦ સૈનિકોની સાથે ઇસ્લામી લશ્કરને અટૂલું મૂકીને ચાલ્યો ગયો અને મુસલમાનો ફકત સાત સોની સંખ્યામાં રહી ગયા તો અચાનક બંને સમૂહોના દિલોમાં પાછા વળી જવાનો શયતાની વસવસો આવી ગયો. પરંતુ એજ પળે અલ્લાહની મદદ આવી લાગતાં એ વસવસો દૂર થઇ ગયો. પછી તેઓ મક્કમ રહીને ખૂબ બહાદુરીથી લડયા અને જિહાદનો જે હક હતો તે પૂરી રીતે અદા કરી દીધો.

ફરિશ્તાઓની મદદ——————અલ્લાહ તઆલા ફરમાવે છે : "ઇઝ તકૂલુ લિલ-મુઅમિનીન અલંય-યકુ-ફિયકુમ અંય-યુમિદ-દકુમ રબ્બુકુમ......"

"હે નબી ! જયારે તમે (મેદાને-જંગમાં) મુસલમાનોને કહી રહ્યા હતા કે, શું તમારા માટે આ કાફી નથી કે તમારો પાલનહાર ત્રણ હજાર ઉતારેલા ફરિશ્તાઓથી તમારી મદદ કરે. બલકે જો તમે ધીરજ અને દ્રઢતાથી કામ લેશો અને અલ્લાહથી ડરતા રહેશો અને એ પછી જો તેઓ તમારા પર તૂટી પડશે તો તમારો પાલનહાર પાંચ હજાર એવા ફરિશ્તાઓથી તમારી મદદ કરશે જેઓની ઓળખ માટેની નિશાનીઓ હશે."

એટલે અલ્લાહના દુશ્મનોના મુકાબલામાં ધીરજ, દ્રઢતા અને મક્કમતાથી કામ લેશો, અલ્લાહથી ડરીને તેના આદેશોનું પાલન કરતા રહેશો અને પછી જો દુશ્મનો અચાનક હલ્લો કરી દેશે તો અલ્લાહ તઆલા પાંચ

હજાર એવા ફરિશ્તાઓથી તમારી મદદ કરશે જેઓની ઓળખ માટેની નિશાનીઓ કરેલી હશે. એ નિશાનોથી તમે લડાઈના મેદાનમાં એ ફરિશ્તાઓને ઓળખી લેશો.

આથી પહેલાં બદ્રના યુદ્ધમાં ઈસ્લામી લશ્કરની મદદ માટે આકાશથી ઊતરેલા ફરિશ્તાઓની ઓળખ તેઓની સફેદ પાઘડીઓ હતી જેને તેઓએ પોતાને માથે બાંધેલી હતી, જેનું બયાન જંગે-બદ્રના પ્રકરણમાં આવી ગયું છે. જંગે-ઉહુદમાં ઈસ્લામી લશ્કરની મદદ માટે ઊતરેલા ફરિશ્તાઓની ઓળખ, હઝરત હસન બિન અબુલ-હસન બસરીના કથન મુજબ આ હતી કે એ ફરિશ્તાઓના ઘોડાઓની પૂછડીઓ અને પેશાનીઓ પર સફેદ ઊનના નિશાન લગાડી દેવામાં આવ્યા હતાં.

મુહંમદ અલ્લાહના રસૂલ————અલ્લાહ તઆલા ફરમાવે છે : "વમા મુહમ્મદુન ઈલ્લા રસૂલ કદ ખલત મિન કબ-લિહિર રુસુલ......"

"અને મુહંમદ તો અલ્લાહના એક રસૂલ જ છે. આપથી પહેલાં પણ ઘણા રસૂલો થઈ ગયા છે, તો અગર આપની વફાત થઈ જાય અથવા આપને શહીદ કરી નાખવામાં આવે તો શું તમે ઊલટા પગે પાછા વળી જશો ? અને જે કોઈ ઊલટા પગે પાછો વળી જશે તે અલ્લાહને લેશ પણ નુકસાન પહોંચાડી શકવાનો નથી અને અલ્લાહ શુક્રગુઝાર બંદાઓને બહુ જલદી ઉત્તમ બદલો આપશે."

એટલે જ્યારે એવી અફવા ઊડી હતી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કતલ કરી નાખવામાં આવ્યા છે તો મુસલમાનોનો એક સમૂહ હિંમત હારી બેઠો હતો અને ભારે હતાશાથી તેણે કહી દીધું હતું કે, અલ્લાહના રસૂલ જ ન રહ્યા તો હવે લડીને શું કરવું ? આમ કહીને તેઓ પાછલા પગે વળી જવાનો વિચાર કરતા હતા. તો શું આ અફવાને આધારે તમે ઈસ્લામને છોડીને પાછા તેવા જ બની જશો જેવા ઈસ્લામથી પહેલાં હતા ? શું તમે અલ્લાહની કિતાબમાં લખેલી આ વાત વિસારી બેઠા કે અલ્લાહના રસૂલો કાયમ માટે આ દુનિયામાં રહેતા નથી બલકે વફાત પામીને બીજા ઈન્સાનો પેઠે તેઓ પણ અલ્લાહના દરબારમાં ચાલ્યા જાય છે. માટે જે કોઈ એવું કરશે તે અલ્લાહનું તો કંઈ બગાડી શકશે નહિ પણ પોતાનું જ નુકસાન કરી નાખશે.

અલ્લાહ તઆલા ફરમાવે છે : "વ મા કાન્ લિ-નફસિન અન તમૂત ઈલ્લા બિ-ઈઝનિલ્લાહ....."

"અને કોઈ ઈન્સાન માટે આ બનવા જોગ નથી કે તે મરી જાય; સિવાય કે લખી દીધેલા નિર્મિત સમયે અલ્લાહનો હુકમ આવી લાગે."

એટલે અલ્લાહના રસૂલ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત માટેનો પણ એક સમય નિર્માણ થઈ ચૂકયો છે. જ્યારે એ સમય આવી લાગશે તો આપ પણ વફાત પામીને પોતાના પાલનહારના દરબારમાં ચાલ્યા જશે.

અલ્લાહનો સાચો વાયદો————અલ્લાહ તઆલા ફરમાવે છે : "વ લકદ્ સદક્-કુમુલ્લાહુ વઅ-દહૂ ઈઝ તહુસ્સૂન-હુમ બિ-ઈઝનિહી.........."

"અને અલ્લાહએ તો પકીની રીતે તમારી આગળ પોતાનો વાયદો સાચો કરીને દેખાડી

દીધો જ્યારે કે તમે કાફિરોને અલ્લાહના હુકમથી કતલ કરી રહ્યા હતા ત્યાં સુધી કે તમે પોતે જ ઢીલા પડી ગયા અને આપસમાં હુકમનો વિરોધ કરવા લાગી ગયા અને તમે નાફરમાની કરી અને આ તે પછી બન્યું જ્યારે કે તમને તે વાત દેખાડી દીધી હતી જેને તમે ચાહતા હતા તમારામાં અમુક તે લોકો હતા જેઓ દુનિયાને ચાહનારા હતા અને અમુક તેઓ હતા. જેઓ આખેરતને ચાહનારા હતા. પછી તમને કાફિરોથી હટાવી દેવામાં આવ્યા કે જેથી અલ્લાહ તમારી આઝમાઈશ કરે. અને પછી અલ્લાહએ તમને માફી પણ આપી દીધી અને અલ્લાહ મુસલમાનો પર મોટો ફઝલ કરનારો છે.''

એટલે મેં તમારા દુશ્મન વિરૂધ્ધ તમારી મદદનો જે વાયદો આપ્યો હતો તે પૂરો કરીને દેખાડી દીધો હતો અને એ વાયદો ત્યારે પૂરો થયો હતો જ્યારે કે તમે પોતાની તલવારોથી કાફિરોનો સફાયો કરી રહ્યા હતા કેમકે એ બધું મારા જ હુકમથી થઈ રહ્યું હતું. તમારા હાથો કાફિરો પર ચાલી રહ્યા હતા. અને કાફિરોના હાથોને મેં રોકી રાખ્યા હતા. એ પછી તમે ઢીલા પડી ગયા અને એકબીજાની મદદ કરવાનું છોડી બેઠા અને તમે મારા હુકમનો વિરોધ કર્યો. એટલે તમારા નબીએ તમને જે હુકમ આપ્યો હતો અને જે જોખમદારી સોંપી હતી તેને તમે અંજામે નહિ પહોંચાડી. એટલે મારા નબીએ તીરંદાજોને જે તાકીદી હુકમ ફરમાવ્યો હતો તેની અવગણના કરીને પોતાની જગા તેઓએ છોડી દીધી અને મેદાન તરફ દોડી ગયા કે જેથી કાફિરોએ છોડેલા માલમાં ભાગ પડાવે. [૧]

અલ્લાહ તઆલા ફરમાવે છે : ''મિમ બઅદિ મા અરાકુમ મા તુહિબ્બૂન.'' એટલે જે જીત કે ફતેહની તમે ઇચ્છા ધરાવતા હતા એ ફતેહ તો મેં તમને દેખાડી દીધી હતી જેમાં રતીભાર શંકાને સ્થાન રહ્યું ન હતું અને કાફિરોને ખુલ્લી હાર આપી દીધી હતી અને તેઓ તમારી આંખો સામે મેદાન છોડીને અંધાધૂંધ ભાગી ઊઠયા હતા. એ પછી તમારી નાફરમાનીનો બનાવ બન્યો જેના કારણે તમે આકરી કસોટીમાં સપડાઇ ગયા.

લડાઇની કૈફીયત————અલ્લાહ તઆલા ફરમાવે છે : ''ઈઝ તુસ-ઇદૂન વલા તલ્વૂન અલા અહદિંવ-વર્રસૂલુ યદ્ઊ-કુમ.........''

''અને તે સમયને યાદ કરો જ્યારે તમે (મેદાને-જંગથી) દોડી જતા હતા અને કોઇ એકબીજાને પાછળ ફરીને જોતું ન હતું અને રસૂલ તમારી પાછળ તમને બોલાવી રહ્યા હતા. ત્યારે નતીજા રૂપે અલ્લાહએ તમને એની શિક્ષામાં ગમ પર ગમ આપ્યો કે જેથી તમે આ બનાવથી ધડો લો અને તે વસ્તુનો ગમ ન કરો જે હાથથી નીકળી જાય અને તે મુસીબતનો ગમ ન કરો જે તમારી ઉપર ઊતરી આવે.''

એટલે તમારા દેખતાં તમારા કેટલાક ભાઇઓનું કતલ થઇ જવું, દુમ દબાવીને ભાગતા દુશ્મનનું ઓચિંતા પલટીને તૂટી પડવું, દુશ્મનના અચાનક હલ્લાથી તમારૂં ગભરાઇ જવું, તમારા લશ્કરી તંત્રનું છેરણવેરણ થઇ

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તીરંદાજોની એક ટુકડીને પહાડી ટેકરાને નાકે ગોઠવી દઇને તાકીદી હુકમ ફરમાવી દીધો હતો કે જંગમાં અમારી જીત થાય કે હાર, તમારે પોતાની જગા છોડવી નહિ કે જેથી દુશ્મન પાછળથી આવીને અચાનક અમારી ઉપર તૂટી નહિ પડે. પણ કુરૈશ જ્યારે ખુલ્લી હાર પામીને નાસવા લાગ્યા તો ટુકડીના કેટલાક બિનઅનુભવી અને જોશીલા જવાનો-તેઓના અમીરના ના કહેવા છતાં- પોતાની જગા છોડીને ચાલ્યા ગયા. એજ નાફરમાની મુસલમાનોની આકરી કસોટીનું કારણ બની ગઇ. ''હ''

જવું, મારોકાપોની બૂમરાણમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થવાના સમાચારથી તમારી હિંમતોનું પડી ભાંગવું, તેના આઘાતથી હતાશ થઈને બેસી પડવું વગેરે. આ બધી પરેશાનીઓ, આફતો, મુસીબતો, બેચેનીઓ એક પછી એક લગાતાર તમારી ઉપર ત્રાટકી પડી. જેનું બયાન કુર્આનમાં "ગમ્મમ-બિ-ગમ્મિન"ના શબ્દોથી કરવામાં આવ્યું એટલે ગમ પર ગમ, દુખ પર દુખ, આઘાત પર આઘાત........આ બધું તમારા દિલોમાં એટલા માટે જન્માવવામાં આવ્યું કે, કાફિરો પર મળેલી શાનદાર જીતનો તમે પસ્તાવો કે ગમ ન કરો જે તમારા હાથમાંથી સરકી જવા પામી અને વળી તે મુસીબતનો પણ તમે ગમ કે પસ્તાવો ન કરો જે તમારા ભાઈઓની કતલના રૂપમાં તમારા પર તૂટી પડી.

એ દિવસે મુસલમાનો પર તૂટી પડેલી મુસીબતોમાં એક મુસીબત એટલી બધી આકરી, પ્રચંડ અને ભીષણ હતી કે જેના આઘાતથી તેઓ અકળાઈ-મૂંઝાઈને હોશ ગુમાવી બેઠા હતા. તે આ હતી કે તેઓના મહબૂબ, તેઓના આકા અને મવલા, તેઓના પ્રાણપ્યારા, આકાએ-નામદાર અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થઈ જવાની ખબર જેને મરદૂદ શયતાને આખા મેદાનમાં ફેલાવી દીધી હતી. પછી અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી એ શયતાની જૂઠાણાના ઢોલની પોલ ખોલીને મુસલમાનોને જીવલેણ મુસીબતમાંથી ઉગારી લીધા. જયારે તેઓએ પોતાના મહબૂબ, પોતાના આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાની વચ્ચે જીવતા-જાગતા, સહીહ-સલામત અને હેમખેમ જોયા તો એટલા બધા ખુશ થઈ ગયા જાણે તેઓને દીનો-દુનિયાની દવલત મળી ગઈ છે.

આ રીતે દુશ્મન પર મળેલી જીત પછીની હારનો જે પસ્તાવો મુસલમાનોને થયો હતો તે આપને જોવા પછી એકદમ દૂર થઈ ગયો અને પોતાના ભાઈઓની કતલથી જે પારાવાર આઘાત લાગ્યો હતો તે પણ આપને સહીહ-સલામત જોવા પછી નહિવત્ બની ગયો. મતલબ કે એક આઘાત, જીતનો નકશો પલટાઈ જવાનો અને બીજો આઘાત પોતાના ભાઈઓની કતલનો અને ત્રીજો આઘાત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થઈ જવાના સમાચારનો.....પછી જયારે આપની સલામતીની ખુશખબર મળી તો પોતાની આંખે આપના નૂરાની દીદાર કરીને તેઓ એટલા બધા ખુશ થઈ ગયા કે જેની આગળ અગાઉના આઘાતોની કોઈ હકીકત નહિ રહી.

શાંતિભરેલી મીઠી ઊંઘ———અલ્લાહ તઆલા ફરમાવે છે : "સુમ્મ અન્ઝલ અલૈકુમ મિમ બઅદિલ-ગમ્મિ અમ્નતન-નુઆસંય-યગ્શા........."

> "પછી એવું બન્યું કે આઘાત અને પસ્તાવા બાદ તમારી ઉપર બેખોફી એટલે નિર્ભયતાની ઊંઘ મોકલી દેવામાં આવી."

એટલે અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતો પર મુકમ્મલ યકીન રાખનારા મુસલમાનો પર અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી એક ખાસ પ્રકારની ઊંઘ મોકલાવી આપી જેનાથી તેઓના દિલોને શાંતિ મળી ગઈ. આ એટલી મીઠી, પ્યારી અને ગેહરી નીંદર હતી જેણે મુજાહિદોના દિલોમાંથી દરેક પ્રકારનો ડર દૂર કરી દીધો. ચિન્તાઓ, ખતરાઓ અને પરેશાનીઓનો એહસાસ જતો રહ્યો અને પરોઢે જયારે જાગ્યા તો માનસિક, આંતરિક, શારીરિક સર્વરીતે શાંત, સંતુષ્ઠ અને પ્રફુલ્લ હતા.

Maktabe Ashraf

મુનાફિકોની કૈફીયત————અલ્લાહ તઆલા ફરમાવે છે : "વ મા અસાબ-કુમ યવમલ-તકલ-જમ્આનિ ફ-બિ-ઈઝનિલ્લાહિ......"

> "અને જે મુસીબત તમારી ઉપર તે દિવસે ઊતરી પડી જયારે બંને સમૂહો એકમેકને મુકાબલે આવી ગયા તો એ અલ્લાહના હુકમથી થયું અને એટલા માટે થયું કે અલ્લાહ મુસલમાનોને પણ તપાસી લે અને તે લોકોને પણ તપાસી લે જેઓએ નિફાકનો વર્તાવ કર્યો."

એટલે ઉહુદની રણભૂમિમાં જયારે દુશ્મનો સાથે તમારો બરાબરીનો સંગ્રામ જામ્યો તે વેળા જે કંઇ બની ગયું તે અલ્લાહના કાનૂન મુજબ બન્યું. [૧] તે સમયે મારી મદદ પહોંચી ચૂકી હતી અને મારો વાયદો પૂરો થઇ ગયો હતો. પછી જે કંઇ તમે કર્યું તે કરી નાખ્યું. બસ એજ પ્રસંગે મુનાફિકોનું ટોળું મુસલમાનોથી નોખું પડી ગયું.

એ પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "વ કીલ લહુમ તઆલવ કાતિલૂ ફી સબીલિલ્લાહિ અવિદ-ફઊ.........."

> "અને જયારે મુનાફિકોને કહેવામાં આવ્યું કે આવો (સમયનો પડકાર ઝીલી લઈએ) કાં તો અલ્લાહના રાહમાં (બહાર નીકળીને) જંગ કરો અથવા (શહેરમાં રહીને) દુશ્મનોના આક્રમણને ખાળો ! તેઓ બોલ્યા, જો અમને ખબર હોત કે જરૂર લડાઇ થવાની છે તો અમે અવશ્ય તમારો સાથ આપતે !

એટલે મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય જંગે-ઉહુદ પ્રસંગે પોતાના સાથીઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સંગાત છોડીને ફરાર થઇ ગયો હતો. તે વેળા તેણે બહાનું કાઢીને કહ્યું હતું કે જો અમને ખાતરી હોત કે યુધ્ધ જરૂર થવાનું છે તો અમે તમારા સંગાતે આવીને જરૂર તમારા દુશ્મનો સાથે યુધ્ધ ખેલતે. પરંતુ અમારૂં માનવું છે કે યુધ્ધ જેવું કે કાપાકાપી જેવું કશું બનવાનું નથી. આ રીતે મેલા મનના મુનાફિકો પોતાના સીનાઓમાં મુનાફિકતની જે નાપાકી છુપાવતા હતા તેને અલ્લાહ તઆલાએ જગજાહેર કરી દીધી.

જંગે-ઉહુદની મુસીબતો————અલ્લાહ તઆલા ફરમાવે છે : "અ-વ-લમ્મા અસાબત-કુમ મુસીબતુન કદ્ અસબ-તુમ મિસ્લૈહા કુલ્તુમ અન્ના હાઝા......"

> "અને શું જયારે તમારી ઉપર (હારનું) સંકટ તૂટી પડયું - જેનાથી બમણી હારનું સંકટ તમે તેઓની ઉપર ઉતારી ચૂકયા હતા - તો તે વેળા તમે બોલી ઊઠયા કે, આ મુસીબત કયાંથી આવી લાગી ? કહી દો હે નબી ! આ મુસીબત ખુદ તમારા તરફથી આવી છે. બેશક અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કુદરત ધરાવે છે."

---

૧. એટલે અલ્લાહ તઆલાએ લડાઇ માટે હારજીતના જે સિદ્ધાંતો ઘડી આપ્યા છે તે મુજબ થયું. શરૂઆતમાં તમને કામયાબી મળી અને અલ્લાહની મદદનો વાયદો પૂરો થયો. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આજ્ઞાનો અનાદર કરીને તીરંદાજોએ પોતાનો મોરચો છોડી દીધો. પરિણામે મુસલમાનો સંકટોમાં સપડાઇ ગયા. "હ"

એટલે તમારી જ ભૂલોને કારણે તમારા ભાઈઓ પર મુસીબત ઊતરી આવી તો એમાં તઅજ્જુબ પામવા જેવું શું છે ? આથી પહેલાં જંગે-બદ્રમાં તમે તેઓની ઉપર બમણી મુસીબત ઉતારી ચૂકયા હતા અને તેઓના મોટા-મોટા સરદારોને કાપીને ફેંકી દીધા હતા. જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે : "ઈંય-યમ-સસ્કુમ કર્હુન ફકદ મસ્સલ-કવમ કર્હુમ મિસ્લુહ......"

> "અગર તમે જંગે-ઉહુદમાં જખમ ખાધા છે તો કુરૈશની કૌમને પણ તેવા જ જખમ જંગે-બદ્રમાં લાગી ચૂકયા છે. અસલમાં હાર-જીતના આ દિવસો હોય છે જેને અમે લોકોની વચ્ચે અદલ-બદલ કરતા રહીએ છીએ."

એટલે બંદાઓની આઝમાઈશ, કસોટી કે શિક્ષા તરીકે સંજોગ મુજબ કોઈને ફતેહથી વધાવી લઈએ છીએ તો કોઈને શિકસ્તની ખાઈમાં ઝીંકી દઈએ છીએ. કોઈની પાસેથી સત્તાની લગામ છીનવી લઈએ છીએ તો કોઈને સત્તાની ગાદીએ બિરાજમાન કરી દઈએ છીએ.

અલ્લાહ તઆલા ફરમાવે છે : "વલા તહિનૂ વલા તહઝનૂ." જે મુસીબતો તમારા પર આવી તેનાથી કમજોર ન બની જાવ અને તેનો ગમ ન કરો કેમકે "વ અન્તુ-મુલ અઅલૌન ઈન કુન્તુમ મુઅમિનીન." તમે જ વર્ચસશાળી રહેશો, તમે જ ઉપરવટ ભોગવતા રહેશો જો તમે સાચા મુસલમાન હો તો !

શહીદોનું અમર જીવન————અલ્લાહ તઆલા ફરમાવે છે : વલા તહ-સબન-નલ-લઝીન કુતિલૂ ફી સબીલિલ્લાહિ અમ્વાતા......"

> "જે લોકો અલ્લાહના રાહમાં માર્યા ગયા તેઓને તમે મરી ગયેલાં મુરદાં ન સમજો, બલકે તેઓ જીવતા છે. પોતાના પાલનહારના માનીતા છે. તેઓને રોજી આપવામાં આવે છે. અલ્લાહએ પોતાની કૃપાથી જે કંઈ તેઓને આપ્યું છે તેનાથી તેઓ ખુશ છે. જે લોકો તેઓની પાછળ રહી ગયા છે અને (શહીદ થઈને) તેઓમાં શામિલ થયા નથી તેઓ વિષે આનંદ ઊજવે છે કેમકે (કિયામતને દિવસે) તેઓને પણ ન કોઈ ડર હશે ન તેઓ ગમગીન થશે."

એટલે જે લોકો અલ્લાહના રાહમાં દુશ્મન કાફિરો સાથેની લડાઈમાં કાફિરોની તલવારોથી કતલ થઈ ગયા તેઓને મરી ગયેલાં મુરદાં ન ધારો બલકે તેઓ જીવતા છે. અલ્લાહના રાહમાં શહીદ થઈને અમર જીવન મેળવી ચૂકયા છે. શહીદ થવા પછી અલ્લાહ તઆલાએ તેઓને જન્નતનું નવજીવન આપી દીધું છે. અલ્લાહ તઆલા તેઓને જન્નતમાં રોજી પહોંચાડે છે. તેઓ જન્નતના બગીચાઓમાં આનંદથી મહાલે છે અને અલ્લાહની રોજી ખાયને જન્નતમાં એશઆરામથી રહે છે જેમકે અલ્લાહ તઆલા ફરમાવે છે : "યસ-તબ-શિરૂન બિ-નિઅ-મતિમ મિનલ્લાહિ વ ફદલિન....."

> "અલ્લાહના ઈનામો, નેઅમતો અને કૃપાઓથી તેઓ ખુશખુશાલ છે અને આ વાતથી કે અલ્લાહ મુઅમિનોનો અજર બરબાદ કરતો નથી કેમકે તેઓએ જોઈ લીધું કે અલ્લાહનો જે વાયદો હતો તે સાચો ઠર્યો અને કાયમની સફળતા મળી ગઈ."

જંગે-ઉહુદના શહીદોનો મરતબો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈસ્માઈલ બિન ઉમૈયહએ અબૂ ઝુબૈરના વાસ્તાથી હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત બયાન કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "જંગે-ઉહુદમાં તમારા જેટલા ભાઈઓ કતલ થઈ ગયા, અલ્લાહ તઆલાએ તેઓની રૂહોને લીલા રંગના પંખીઓનું રૂપ આપી દીધું છે. આ પંખીઓ જન્નતની નહેરો પાસે આવે છે. જન્નતની નહેરોમાંથી પાણી પીએ છે. જન્નતના બગીચાઓમાંથી ફળો ખાય છે. આ ફળો તેઓ ઝાડો પરથી તોડી તોડીને ખાય છે અને અલ્લાહના અર્શના સાયામાં લટકેલી સોનાની કિન્દીલોમાં તેઓ નિવાસ કરે છે."[1]

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "જયારે આ રૂહો જન્નતની ખાણીપીણીની વાનગીઓની અલબેલી ખુશ્બૂ સૂંઘે છે અને પોતાના એશઆરામ કે પોતાના રહેઠાણોની જાહોજલાલી જુએ છે તો પોકારી ઊઠે છે : કાશ ! અમારા મુસલમાન ભાઈઓને આ વાતની ખબર પડતે કે અલ્લાહ તઆલાએ અમારી સાથે કેવા એશઆરામનો મામલો કર્યો છે તો તેઓ, ન જિહાદથી બેપરવાઈ દાખવતે અને ન લડાઈના મેદાનથી ફરાર થવાની કલ્પના કરતે !"

એના જવાબમાં અલ્લાહ તઆલા તેઓને ફરમાવે છે , "હે મારા રાહમાં શહીદ થનારા મારા બંદાઓ! હું તમારી આ તમન્ના દુનિયામાં વસનારા તમારા ભાઈઓ સુધી પહોંચાડી દઉં છું !"

એ પછી અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર કુર્આનની આ આયત ઉતારી :

વલા તહ-સબન-નલ-લઝીન	અને તમે એવું ન ધારો એવા લોકો વિષે જેઓ
કૂતિલૂ ફી સબીલિલ-લાહિ	માર્યા ગયા અલ્લાહના રાહમાં
અમવાતા.	કે તેઓ મરી પરવાર્યા છે.
બલ અહયા-ઉન	બલકે તેઓ જીવતા છે,
ઈન્દ રબ-બિહિમ યુર-ઝકૂન.	પોતાના પાલનહાર તરફથી રોજી મેળવે છે.
ફરિહીન બિમા આતા	ખુશ છે તે પર જે કંઈ આપ્યું છે
હુમુલ્લાહુ મિન ફદલિહી.	અલ્લાહએ તેઓને પોતાની કૃપાથી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હારિસ બિન ફુઝૈલએ મહમૂદ બિન લબીદ અન્સારીના હવાલાથી કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

"જન્નતના દરવાજા પર "બારિક" નામે એક નહેર છે. શહીદો એ નહેરના એક

---

[1]. કિન્દીલ-કન્દીલ એટલે ફાનસ અથવા કાચથી બનાવેલું એવું પાત્ર જેમાં દીવો પેટાવીને છત સાથે સાંકળથી લટકાવી દેવામાં આવે છે. "હ"

લીલા રંગના ગુંબદમાં રહે છે. સવાર-સાંજ જન્નતમાંથી એમની પાસે એમની રોઝી પહોંચતી રહે છે." [૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે કે, ઉપર ટાંકેલી આયતઃ "વલા તહ-સબન-નલ-લઝીન કુતિલૂ....." વિષે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદને પૂછવામાં આવ્યું તો જવાબમાં તેમણે કહ્યું કે, મેં પોતે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ આયત વિષે પૂછયું હતું તો જવાબમાં આપે ફરમાવ્યું :

"ઉહુદની લડાઈમાં તમારા જે ભાઈઓ શહીદ થઇ ગયા, અલ્લાહ તઆલાએ તેઓની રૂહોને લીલા રંગના પંખીઓનું રૂપ આપી દીધું. આ પંખીઓ જન્નતની નહેરો પર આવે છે. જન્નતના ઝાડોના મેવા ખાય છે. અર્શના સાયામાં સોનાની કિન્દીલોમાં નિવાસ કરે છે. અલ્લાહ તઆલા તેઓની પાસે પધારે છે અને પૂછે છે : "યા ઈબાદી ! મા તશ્તહૂન ફ-અઝીદ-કુમ !" એટલે હે મારા બંદાઓ ! તમારી શી ઈચ્છા છે ? હું તમને વધારે આપવા તૈયાર છું.

આ રૂહો જવાબ આપે છે : "રબ્બના ! લા ફવક મા અઅતૈ-તનલ-જન્નહ." એટલે હે અમારા પાલનહાર ! જન્નતમાં જે કંઈ તેં અમને આપી દીધું છે તેનાથી વિશેષ કંઇ નહિ જોઈએ. તારી જન્નતમાં અમારી ઈચ્છા મુજબ અમે ખાયપીને મહાલીએ છીએ.

ત્રણ વાર એજ મુજબ સવાલ-જવાબ થાય છે. અલબત્ત છેલ્લી વાર રૂહો અરજ કરે છે : "હે અમારા પાલનહાર ! વધુમાં અમારી આટલી જ ઈચ્છા છે કે આપ અમારી રૂહોને ફરીવાર અમારા બદનોમાં દાખલ કરી દો અને દુનિયામાં અમને પાછા મોકલાવી દો કે જેથી, ફરીવાર અમે તારા રાહમાં (ઈસ્લામના દુશ્મનો સાથે) જિહાદ કરીએ, ત્યાં સુધી કે એકવાર ફરીથી અમને કતલ કરી નાખવામાં આવે."

શહીદો માટે જન્નતની વધામણી——ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુનુ બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ફરમાવ્યું, "હે જાબિર! શું હું તને ખુશખબર નહિ સંભળાવું ?"

મેં કહ્યું, "કેમ નહિ, જરૂર યા રસૂલલ્લાહ !"

આપે ફરમાવ્યું, "ઉહુદના મેદાનમાં જે સ્થળે તારા બાપા માર્યા ગયા તેજ સ્થળે અલ્લાહ તઆલાએ તેમને જીવતા કર્યા અને પૂછયું, "હે અબ્દુલ્લાહ બિન અમ્ર ! બતાવ તારી શી ઈચ્છા છે ?"

તેમણે કહ્યું, "હે મારા પાલનહાર ! મારી આ ઈચ્છા છે કે તું મને દુનિયામાં પાછો મોકલાવી દે કે

૧. "બારિક"(મોટા કાંકથી) જન્નતની લહેરનું નામ. એના કિનારે આવેલો ગુંબદ જેમાં શહીદોની રૂહો રહે છે, એ કેટલો ભવ્ય, કેટલો સુંદર, કેટલો નૂરાની અને કેટલો આલીશાન કે અઝીમુશ-શાન હશે તે કોણ કહી શકે ? હદીસ શરીફમાં છે કે જન્નતમાં અલ્લાહ તઆલાએ એવી એવી નેઅમતો પેદા કરેલી છે કે ઇન્સાનના વહેમો-ગુમાનમાં પણ નહિ આવી શકે અને ઇન્સાનની કલ્પના પણ ત્યાં સુધી નહિ પહોંચી શકે. "હ"

Maktabe Ashraf

જેથી હું ફરીવાર તારા રાહમાં જિહાદ કરૂં અને બીજીવાર કતલ થઇ જાઉં."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "સોગંદ છે તે અલ્લાહના જેના હાથમાં મારા પ્રાણ છે, આ દુનિયા છોડીને ચાલ્યો જનાર કોઇ મુઅમિન એવો નથી જે બીજીવાર આ દુનિયામાં પાછા આવવાની ઇચ્છા જાહેર કરે, ભલેને દુનિયાભરની દવલત તેને આપી દેવામાં આવે. અલબત્ત શહીદ સિવાય. તે બેશક એમ ચાહે છે કે તેને ફરીવાર આ દુનિયામાં મોકલાવી દેવામાં આવે કે જેથી તે અલ્લાહના રાહમાં જિહાદ કરે અને એકવાર ફરીથી તેને કતલ કરી નાખવામાં આવે."[1]

એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : "યસ્તબ-શિરૂન બિ-નિઅમતિમ મિનલ્લાહિ......"

> "તેઓ આનંદ ઊજવે છે અલ્લાહની નેઅમતો પર અને અલ્લાહની કૃપાઓ પર . અને બેશક અલ્લાહ મુઅમિનોનો અજર અકારત જવા દેતો નથી; એવા મુઅમિનો જેઓ જખમોથી ચૂર હોવા છતાં અલ્લાહ અને તેના રસૂલની હાકલ પર લબ્બૈક પોકારી ઊઠયા."

એટલે જંગે-ઉહુદમાં દુશ્મનની તલવારોના આકરા, ઊંડા અને જીવલેણ જખમો લાગેલા હોવા છતાં અલ્લાહ અને રસૂલની હાકલ પર લબ્બૈક પોકારનારા તે મુસલમાનો છે જેઓ જંગે-ઉહુદના બીજા દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે "હમરાઉલ-અસદ" નામે સ્થળ તરફ કુરૈશી લશ્કરની પૂઠે ગયા હતા અને પોતાના કારી જખમોની તેઓએ મુદ્દલ પરવા કરી ન હતી.

---

૧. એટલે આ દુનિયાથી મરણ પામીને બીજી દુનિયામાં જનાર સાચા મુસલમાનને આખી દુનિયાની દવલત આપી દેવામાં આવે તો પણ તે આ દુનિયામાં પાછા આવવાની ઇચ્છા નહિ દર્શાવે. ફકત શહીદ જ તે મુસલમાન છે જે ફરીવાર આ દુનિયામાં પાછા આવવાની પ્રબળ ઇચ્છા ધરાવે છે. "હ"

પ્રકરણ ૧૧૨

ઈસ્લામના શહીદો અને કુરૈશના મકતૂલો

(શહીદ થનારા સહાબાના મુબારક નામો)

શહીદ થયેલા મુહાજિરીન ● શહીદ થયેલા અન્સાર ● ઉહુદમાં કતલ થયેલા કુરૈશી કુફ્ફાર

Maktabe Ashraf

શહીદ થયેલા મુહાજિરીન————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ભાગ લઈને મક્કહના જે મુહાજિર મુસલમાનો શહીદ થઈ ગયા તેઓના મુબારક નામોની ટીપ આ છે :

૧ ——— હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબ બિન હાશિમ. રદિયલ્લાહુ અન્હુ. એમને જુબૈર બિન મુત્ઈમના ગુલામ વહશીએ શહીદ કર્યા. હઝરત હમ્ઝહ કુરૈશની શાખ બનૂ હાશિમમાંથી હતા.

૨ ——— હઝરત અબ્દુલ્લાહ બિન જહશ. રદિયલ્લાહુ અન્હુ. કુરૈશની શાખ બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સમાંથી હતા.

૩ ——— હઝરત મુસઅબ બિન ઉમૈર. રદિયલ્લાહુ અન્હુ. કુરૈશની શાખ બનૂ અબ્દે-દાર બિન કુસૈયમાંથી હતા. એમને ઈબ્ને કમીઅહ લૈસીએ શહીદ કર્યા.

૪ ——— હઝરત શમ્માસ બિન ઉસ્માન. રદિયલ્લાહુ અન્હુ. કુરૈશની શાખ બનૂ મખઝૂમ બિન યકઝહમાંથી હતા. મક્કહના મુહાજિરોમાંથી આ ચાર ગૃહસ્થો જંગે-ઉહુદમાં શહીદ થયા જેઓ કુરૈશના કબીલામાંથી હતા.

શહીદ થયેલા અન્સાર————મદીનહના અન્સારમાંથી જે મુસલમાનો જંગે-ઉહુદમાં શહીદ થયા તેઓના મુબારક નામો આ છે :

૫ ——— હઝરત અમ્ર બિન મુઆઝ બિન નુઅમાન. રદિયલ્લાહુ અન્હુ. બનૂ અબ્દુલ-અશહલના ખાનદાનમાંથી હતા.

૬ ——— હઝરત હારિસ બિન અનસ બિન રાફિઅ. રદિયલ્લાહુ અન્હુ. બનૂ અબ્દુલ-અશહલવાળા.

૭ ——— હઝરત ઉમારહ બિન ઝિયાદ બિન સકન. રદિયલ્લાહુ અન્હુ. બનૂ અબ્દુલ-અશહલવાળા

૮ ——— હઝરત સલમહ બિન સાબિત બિન વકશ. રદિયલ્લાહુ અન્હુ.

૯ ——— હઝરત અમ્ર બિન સાબિત બિન વકશ. રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આસિમ બિન ઉમર બિન કતાદહના કહેવા મુજબ આ બંને જવાનોના પિતા હઝરત સ઼ાબિત બિન વક્શ પણ જંગે-ઉહુદમાં શહીદ થયા. રદિયલ્લાહુ અન્હુ.

૧૦ ——— હઝરત સ઼ાબિત બિન વક્શ. રદિયલ્લાહુ અન્હુ.

૧૧ ——— હઝરત રિફાઅહ બિન વક્શ. રદિયલ્લાહુ અન્હુ.

૧૨ ——— હઝરત હુસૈલ બિન જાબિર રદિયલ્લાહુ અન્હુ. એમને યમાન પણ કહેવામાં આવે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનીતા સહાબી હઝરત હુઝૈફહ રદિયલ્લાહુ અન્હુના પિતા હતા. અજાણતામાં એમને મુસલમાનોએ જ શહીદ કરી નાખ્યા.

૧૩ ——— હઝરત સૈફી બિન કૈઝી રદિયલ્લાહુ અન્હુ.

૧૪ ——— હઝરત હુબાબ બિન કૈઝી રદિયલ્લાહુ અન્હુ.

૧૫ ——— હઝરત અબ્બાદ બિન સહલ રદિયલ્લાહુ અન્હુ.

૧૬ ——— હઝરત હારિસ઼ બિન ઔસ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુ.

૧૭ ——— હઝરત ઈયાસ બિન ઔસ બિન અતીક બિન અબ્દુલ-અઅલમ બિન ઝઊરા બિન જુશમ બિન અબ્દુલ-અશહલ રદિયલ્લાહુ અન્હુ.

૧૮ ——— હઝરત ઉબૈદ બિન તૈયિહાન. ઈબ્ને હિશામ મુજબ હઝરત અતીક બિન તૈયિહાન રદિયલ્લાહુ અન્હુ.

૧૯ ——— હઝરત હબીબ બિન યઝીદ બિન તૈમ. રદિયલ્લાહુ અન્હુ. (હઝરત ઈયાસ, હઝરત ઉબૈદ, હઝરત હબીબ ત્રણે રાબિહવાળાઓમાંથી છે જેઓ મદીનહ પાસેના એક ગઢમાં રહેતા હતા.

૨૦ ——— હઝરત યઝીદ બિન હાતિબ બિન ઉમૈયહ બિન રાફિઅ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઝફરની બિરાદરીમાંથી હતા.

૨૧ ——— હઝરત અબૂ સુફયાન બિન હારિસ઼ બિન કૈસ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ. બનૂ દુબૈઅહની બિરાદરીમાંથી હતા.

૨૨ ——— હઝરત હન્ઝલહ બિન અબૂ આમિર બિન સૈફી બિન નુઅમાન બિન માલિક રદિયલ્લાહુ અન્હુ. એમનો લકબ "ગસીલુલ-મલાઈકહ" હતો. શહીદ થવા પછી અલ્લાહના ફરિશ્તાઓએ એમને ગુસલ આપ્યો હતો. કારણ આગળ દર્શાવી દીધું છે. બનૂ દુબૈઅહમાંથી હતા. એમને શદ્દાદ બિન વુદ્દ બિન શુઊબ લૈસીએ શહીદ કર્યા.

ઈબ્ને હિશામનું બયાન આ પ્રમાણે છે : હઝરત કૈસ બિન ઝૈદ બિન દુબૈઅહ અને હઝરત માલિક બિન ઉમહ બિન દુબૈઅહ. આ બે જવાનો બનૂ દુબૈઅહના કબીલામાંથી શહીદ થયા. રદિયલ્લાહુ અન્હુમા.

૨૩ ——— હઝરત ઉનૈસ અથવા અનીસ બિન કતાદહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઉબૈદ બિન ઝૈદવાળા.

૨૪ ——— હઝરત અબૂ હય્યહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ સ઼અલબહ બિન અમ્ર બિન ઔફવાળા. હઝરત સઅદ બિન ખૈસમહના મા-શરીક ભાઈ હતા. ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ હુબ્બહ બિન અમ્ર બિન

Maktabe Ashraf

સાબિત.

૨૫ ——— હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પહાડની ઘાટીમાં ગોઠવેલા તીરંદાજોના અમીર હતા. એમની ટુકડીના કેટલાક જવાનો પોતાની જગા છોડીને મેદાન તરફ દોડી ગયા. હઝરત અબ્દુલ્લાહ પોતાના બાકી સાથીઓ સાથે પોતાની જગાએ અડગ રહ્યા અને ખાલિદ બિન વલીદના ઘોડેસવારો સાથે ટક્કર ઝીલીને શહીદ થઈ ગયા. આ રીતે પોતાના મહબૂબ અને અલ્લાહના હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આદેશને છેલ્લા શ્વાસ સુધી વફાદારીથી વળગી રહીને પોતાની જાન કુરબાન કરી દીધી. બનૂ સઅલબહમાંથી હતા.

૨૬ ——— હઝરત ખૈસમહ અબૂ સઅદ બિન ખૈસમહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ અસલમ બિન ઈમ્રઉલ-કૈસ બિન માલિક બિન ઔસમાંથી હતા.

૨૭ ——— હઝરત અબ્દુલ્લાહ બિન સલમહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઈજલાનમાંથી હતા જેઓ બનૂ સલમહના હલીફ હતા.

૨૮ ——— હઝરત સુબૈઅ બિન હાતિબ બિન હારિસ બિન કૈસ બિન હુબશહ બિન મુઆવિયહ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : એમનું નામ સુવૈબિક બિન હારિસ બિન હાતિબ બિન હૈશહ હતું.

૨૯ ——— હઝરત અમ્ર બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને હિશામ કહે છે : એમનું નામ અમ્ર બિન કૈસ બિન ઝૈદ બિન સવાદ બિન માલિક બિન ગની. બનૂ નજ્જારમાંથી હતા.

૩૦ ——— હઝરત કૈસ બિન અમ્ર બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ. એ અમ્ર બિન કૈસના બેટા હતા.

૩૧ ——— હઝરત સાબિત બિન અમ્ર બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ. ઈબ્ને ઈસ્હાક મુજબ બનૂ નજ્જારમાંથી હતા.

૩૨ ——— હઝરત આમિર બિન મુખલિદ રદિયલ્લાહુ અન્હુ. (ઈબ્ને ઈસ્હાકની રિવાયત મુજબ)

૩૩ ——— હઝરત અબૂ હુબૈરહ બિન હારિસ બિન અલકમા બિન અમ્ર બિન સકફ બિન માલિક બિન મબઝૂલ રદિયલ્લાહુ અન્હુ. બનૂ મબઝૂલવાળા.

૩૪ ——— હઝરત અમ્ર બિન મુત્તરિબ બિન અલકમહ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ. બનૂ મબઝૂલમાંથી.

૩૫ ——— હઝરત ઔસ બિન સાબિત બિન મુનઝિર રદિયલ્લાહુ અન્હુ. બનૂ અમ્ર બિન માલિકમાંથી. ઈબ્ને હિશામ કહે છે : હઝરત ઔસ બિન સાબિત હઝરત હસ્સાનના ભાઈ હતા.

૩૬ ——— હઝરત અનસ બિન નઝ્ર બિન દમદમ બિન ઝૈદ બિન હરામ બિન જુન્દુબ બિન આમિર બિન ગનમ બિન અદી બિન નજ્જાર રદિયલ્લાહુ અન્હુ. બનૂ અદી બિન નજ્જારમાંથી હતા. ઈબ્ને હિશામ કહે છે : હઝરત અનસ બિન નઝ્ર હઝરત અનસ બિન માલિકના કાકા હતા. અને હઝરત અનસ બિન માલિક, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખાદિમ હતા.

૩૭ ——— હઝરત કૈસ બિન મુખલ્લદ રદિયલ્લાહુ અન્હુ. બનૂ માઝિન બિન નજ્જારમાંથી હતા.

૩૮ ——— હઝરત કૈસાન અથવા કીસાન રદિયલ્લાહુ અન્હુ. બનૂ માઝિનના ગુલામ હતા.

Maktabe Ashraf

૩૯ ——— હઝરત સલીમ અથવા સુલૈમ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ. બનૂ દીનાર બિન નજ્જારમાંથી હતા.

૪૦ ——— હઝરત નુઅમાન બિન અબ્દે-અમ્ર રદિયલ્લાહુ અન્હુ. બનૂ દીનારમાંથી હતા.

૪૧ ——— હઝરત ખારિજહ બિન ઝૈદ અબૂ ઝુહૈર રદિયલ્લાહુ અન્હુ. બનૂ હારિસ બિન ખઝરજમાંથી.

૪૨ ——— હઝરત સઅદ બિન રબીઅ બિન અમ્ર બિન અબૂ ઝુહૈર રદિયલ્લાહુ અન્હુ. બનૂ હારિસના કબીલામાંથી હતા. હઝરત સઅદ અને હઝરત ખારિજહ એક જ કબરમાં દફન થયા.

૪૩ ——— હઝરત ઔસ બિન અરકમ બિન ઝૈદ બિન કૈસ બિન નુઅમાન બિન માલિક બિન સઅલબહ બિન કઅબ રદિયલ્લાહુ અન્હુ. બનૂ હારિસમાંથી હતા.

૪૪ ——— હઝરત માલિક બિન સિનાન બિન ઉબૈદ બિન સઅલબહ બિન ઉબૈદ બિન અલ-જબ્ર રદિયલ્લાહુ અન્હુ. હઝરત માલિક બિન સિનાન મશહૂર સહાબી હઝરત અબૂ સઈદ ખૂદરીના પિતા હતા. એ બનૂ અલ-જબ્ર અથવા બનૂ ખુદરહમાંથી હતા. ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુનું નામ સિનાન હતું. કેટલાક કહે છે સઅદ હતું.

૪૫ ——— હઝરત સઈદ બિન સુવૈદ બિન કૈસ બિન આમિર બિન અબ્બાદ બિન અલ-જબ્ર રદિયલાહુ અન્હુ. બનૂ અબજરવાળા.

૪૬ ——— હઝરત ઉત્બહ બિન રબીઅ બિન રાફિઅ બિન મુઆવિયહ બિન ઉબૈદ બિન સઅલબહ બિન ઉબૈદ રદિયલાહુ અન્હુ. બનૂ અબજરમાંથી હતા.

૪૭ ——— હઝરત સઅલબહ બિન સઅદ બિન માલિક બિન ખાલિદ બિન સઅલબહ બિન હારિસહ બિન અમ્ર બિન ખઝરજ બિન સાઈદહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ સાઈદહવાળા.

૪૮ ——— હઝરત સફ્ફ બિન ફર્વહ બિન બદય. રદિયલ્લાહુ અન્હુ. બનૂ સાઇદહમાંથી હતા.

૪૯ ——— હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન વહબ બિન સઅલબહ બિન વકશ બિન સઅલબહ બિન તરીફ રદિયલ્લાહુ અન્હુ. બનૂ તરીફમાંથી હતા.

૫૦ ——— હઝરત દમ્રહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ તરીફના હલીફ હતા અને બનૂ જુનૈહનહ કબીલામાંથી હતા.

૫૧ ——— હઝરત નવફલ બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઔફવાળા

૫૨ ——— હઝરત અબ્બાસ બિન ઉબાદહ બિન નદલહ બિન માલિક બિન ઈજલાન રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઔફમાંથી હતા.

૫૩ ——— હઝરત નુઅમાન બિન માલિક બિન સઅલબહ બિન ફિહર બિન ગનમ બિન સાલિમ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઔફવ.ળા.

૫૪ ——— હઝરત મુજઝ-ઝિર બિન ઝિયાદ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઔફવાળા.

૫૫ ——— હઝરત ઉબાદહ બિન હશહાસ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઔફવાળા.

Maktabe Ashraf

બનૂ ઔફ કબીલાના આ પાંચ ગૃહસ્થો છે જેઓ જંગે-ઉહુદમાં શહીદ થયા. એમાંથી હઝરત નુઅમાન, હઝરત મુજઝ-ઝિર અને હઝરત ઉબાદહને એક જ કબરમાં દફન કરવામાં આવ્યા.

૫૬ ——— હઝરત રિફાઅહ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ. બનૂ હબ્લીવાળા.

૫૭ ——— હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ બિન સઅલબહ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ. મશહૂર સહાબી હઝરત અનસના બાપાજી હતા. શહીદ થયા તેજ સ્થળે અલ્લાહ તઆલાએ એમને જીવતા કર્યા અને એમની સાથે વાતો કરી. બનૂ સલિમહમાંથી હતા.

૫૮ ——— હઝરત અમ્ર બિન જમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ. પગે લંગડા હતા. બનૂ સલિમહમાંથી હતા. એમને અને હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રને એક જ કબરમાં દફન કરવામાં આવ્યા. બંને પાકા મિત્ર હતા.

૫૯ ——— હઝરત ખલ્લાદ બિન અમ્ર બિન જમૂહ બિન ઝૈદ બિન હરામ રદિયલ્લાહુ અન્હુ. બનૂ સલિમહવાળા.

૬૦ ——— હઝરત અબૂ અયમન રદિયલ્લાહુ અન્હુ. હઝરત અમ્ર બિન જમૂહના આઝાદ ગુલામ.

૬૧ ——— હઝરત સુલૈમ બિન અમ્ર બિન હદીદહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ સવાદવાળા.

૬૨ ——— હઝરત અન્તરહ રદિયલ્લાહુ અન્હુ. હઝરત સુલૈમ બિન અમ્રના આઝાદ ગુલામ.

૬૩ ——— હઝરત સહલ બિન કૈસ બિન અબૂ કઅબ બિન કૈન રદિયલ્લાહુ અન્હુ. બનૂ સવાદમાંથી.

૬૪ ——— હઝરત ઝકવાન બિન અબ્દે કૈસ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઝુરૈક બિન આમિરમાંથી.

૬૫ ——— હઝરત ઉબૈદ બિન મુઅલ્લા બિન લૂઝાન રદિયલ્લાહુ અન્હુ. બનૂ ઝુરૈક બિન આમિરના કબીલામાંથી. ઈબ્ને હિશામના કથન મુજબ બનૂ હબીબના કબીલામાંથી.

ઇબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં જે મુહાજિર અને અન્સાર સહાબા શહીદ થયા તેઓની સંખ્યા ૬૫ હતી.

ઈબ્ને હિશામ કહે છે : જંગે-ઉહુદમાં શહીદોની સંખ્યા ૭૦ હતી. શહીદોમાંથી જે પાંચ શહીદોના નામો ઈબ્ને ઈસ્હાકે દર્શાવ્યાં નથી તે આ છે :

૬૬ ——— હઝરત માલિક બિન નુમૈલહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ મુઝૈનહમાંથી હતા અને બનૂ મુઝૈનહ બનૂ મુઆવિયહના હલીફ હતા.

૬૭ ——— હઝરત હારિસ બિન અદિલ્લી બિન ખરશહ બિન ઉમૈયહ બિન આમિર બિન ખતમહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ ખતમહવાળા અને ખતમહનું નામ અબ્દુલ્લાહ બિન જુશમ બિન માલિક બિન ઔસ હતું.

૬૮ ——— હઝરત માલિક બિન ઈયાસ રદિયલ્લાહુ અન્હુ. ખઝરજની શાખ બનૂ સવાદ બિન માલિકમાંથી હતા.

૬૯ ——— હઝરત ઈયાસ બિન અદિલ્લી રદિયલ્લાહુ અન્હુ. બનૂ અમ્ર બિન માલિક બિન નજ્જારમાંથી હતા.

૭૦ ——— હઝરત અમ્ર બિન ઇયાસ રદિયલ્લાહુ અન્હુ. બનૂ સાલિમ બિન ઔફમાંથી હતા.

ઉહુદમાં કતલ થયેલા કુરૈશી કુફ્ફાર

ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદમાં કુરૈશની શાખ બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયનું ખાનદાન જેના લોકો કુરૈશી લશ્કરના ઝંડાધારી હતા, તેઓમાંથી જે મુશરિકો કતલ થઇ ગયા તેઓના નામો આ છે :

૧ ——— તલહા બિન અબી તલહા. એનું નામ અબ્દુલ્લાહ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન ઉસ્માન બિન અબ્દુદ-દાર હતું. કુરૈશના લશ્કરમાંથી હાથોહાથની લડાઇ માટે સૌથી પહેલાં મેદાને આવીને પડકાર ફેંક્યો. ઇસ્લામી લશ્કરમાંથી હઝરત અલી બિન અબી તાલિબે એને કતલ કર્યો. [૧]

૨ ——— એનો ભાઈ ઉસ્માન બિન અબી તલહા. એને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબે કતલ કર્યો.

૩ ——— એનો ભાઇ અબૂ સઅદ બિન અબી તલહા. એને હઝરત સઅદ બિન અબી વક્કાસે કતલ કર્યો.

૪ ——— મુસાફિઅ બિન તલહા. એને હઝરત આસિમ બિન સાબિત બિન અબુલ-અફલહએ કતલ કર્યો.

૫ ——— એનો ભાઈ જુલ્લાસ બિન તલહા. એને પણ હઝરત આસિમ બિન સાબિતે કતલ કર્યો. [૨]

૬ ——— કિલાબ બિન તલહા. એને બનૂ ઝફરના હલીફ કુઝમાને કતલ કર્યો. [૩]

૭ ——— હારિસ બિન તલહા. એને પણ કુઝમાને કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : કહેવાય છે કે કિલાબ બિન તલહાને હઝરત અબ્દુર્રહમાન બિન અવફે કતલ કર્યો.

૮ ——— અરતાત બિન અબ્દે-શુરહબીલ બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર. એને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબે કતલ કર્યો.

૯ ——— અબૂ યઝીદ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર. એને કુઝમાને કતલ કર્યો.

૧૦ ——— સુવાબ. અબૂ યઝીદનો હબશી ગુલામ. એને પણ કુઝમાને જ કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છેઃ કહેવાય છે કે સુવાબ હબશીને હઝરત અલી બિન અબી તાલિબે કતલ કર્યો. બીજી રિવાયત મુજબ હઝરત સઅદ બિન અબૂ વક્કાસે અને ત્રીજી રિવાયત મુજબ હઝરત અબૂ દુજાનહએ એને કતલ કર્યો.

૧૧ ——— કાસિત બિન શુરૈહ બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર કુઝમાને એને કતલ કર્યો.

૧૨ ——— અબ્દુલ્લાહ બિન હુમૈદ બિન ઝુહૈર બિન હારિસ બિન અસદ. (બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયના કબીલામાંથી) એને હઝરત અલી બિન અબી તાલિબે કતલ કર્યો.

---

૧. હઝરત અલી અને દરેક સહાબીના મુબારક નામ સાથે રદિયલ્લાહુ અન્હુ વાંચવું. "હ"

૨. મુસાફિઅ અને જુલ્લાસની મા નું નામ સુલાફહ હતું જેણે બાધા લીધી હતી કે હઝરત આસિમ પર કાબૂ મેળવશે તો તેમની ખોપરીને જામ બનાવીને તેમાં શરાબ ઢીંચશે. "હ"

૩. આ કુઝમાન તે બહાદુર જવાન છે જે ઇસ્લામ ખાતર નહિ, પોતાની કૌમની આંટ ખાતર લડયો હતો. બાદમાં જખમોની પીડાથી કાયર થઇને આપઘાત કરી લીધો અને જહન્નમી બની ગયો. "હ"

૧૩ ——— અબુલ-હકમ બિન અખનસ બિન શરીક બિન અમ્ર બિન વહબ સ્રકફી. (બનૂ ઝુહરહ બિન કિલાબનો કરારી.) એને હઝરત અલી બિન અબી તાલિબે કતલ કર્યો.

૧૪ ——— સિબાઅ બિન અબ્દુલ-ઉઝઝા. અબ્દુલ-ઉઝઝાનું નામ અમ્ર બિન નદલહ બિન ઉન્શાન બિન સુલૈમ બિન મલકાન બિન અકસા છે. આ સિબાઅ પણ બનૂ ઝુહરાનો કરારી હતો અને બનૂ ખુઝાઅહમાંથી હતો. એને હઝરત હમ્ઝહ બિન અબ્દુલ-મુત્તલિબે કતલ કર્યો.

૧૫ ——— હિશામ બિન અબૂ ઉમૈયહ બિન મુગીરહ. (બનૂ મખઝૂમ બિન યકઝહમાંથી હતો.) એને કુઝમાને કતલ કર્યો.

૧૬ ——— વલીદ બિન આસ બિન હિશામ બિન મુગીરહ. (બનૂ મખઝૂમ બિન યકઝહમાંથી હતો.) એને પણ કુઝમાને કતલ કર્યો.

૧૭ ——— અબૂ ઉમૈયહ બિન અબૂ હુઝૈફહ બિન મુગીરહ. (બનૂ મખઝૂમ બિન યકઝહમાંથી હતો.) એને હઝરત અલી બિન અબી તાલિબે કતલ કર્યો.

૧૮ ——— ખાલિદ બિન અઅલમ. (બનૂ મખઝૂમનો કરારી) એને કુઝમાને કતલ કર્યો.

૧૯ ——— અમ્ર બિન અબ્દુલ્લાહ બિન ઉમૈરહ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ. એનું ઉપનામ અબૂ ઉઝઝહ છે જે શાઈર હતો અને જેણે ગદ્દારી કરી હતી. બનૂ જુમહ બિન અમ્રના કબીલામાંથી હતો. એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી કતલ થયો.

૨૦ ——— ઉબય બિન ખલફ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ. બનૂ જુમહ બિન અમ્રમાંથી હતો. એને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક હાથથી કતલ કર્યો.

૨૧ ——— ઉબૈદહ બિન જાબિર. બનૂ આમિરમાંથી હતો.

૨૨ ——— શૈબહ બિન માલિક બિન મુદર્રિબ. બનૂ આમિરમાંથી હતો. એ બંનેને કુઝમાને કતલ કર્યા. ઈબ્ને હિશામ કહે છે : કહેવાય છે કે ઉબૈદહ બિન જાબિરને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદે કતલ કર્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ બધા કુરૈશી મુશરિકોની સંખ્યા, જેઓને અલ્લાહ તઆલાએ ઉહુદના સંગ્રામમાં કતલ કરાવ્યા, કુલ્લે ૨૨ હતી.

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૩

જંગે-ઉહુદ અને શાઈરોના કાવ્યો

હુબૈરહ બિન વહબના શેઅરો • હઝરત હસ્સાનનો જવાબ • હઝરત કઅબનો જવાબ • ઇબ્ને ઝબિઅરાના શેઅરો • હઝરત હસ્સાનના જવાબી શેઅરો • હઝરત ઇબ્ને રવાહાના શેઅરો • દિરાર ઇબ્ને ખત્તાબના શેઅરો • હઝરત સફીય્યહનું શોકગીત • હિન્દ બિન્તે ઉત્બહના શેઅરો.

Maktabe Ashraf

ગુજરાતી સંપાદકની નોંધ

જંગે-બદ્ર પેઠે જંગે-ઉહુદ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને કુરૈશના આક્રમણખોર કાફિરો વચ્ચે ખેલાયેલું હક અને બાતિલનું ભીષણ ધર્મયુદ્ધ હતું. તે સમયના અરબ શાઈરોના ચીલા મુજબ મુસ્લિમ અને મુશરિક શાઈરોએ જંગે-ઉહુદને લગતા પણ લાંબા-લાંબા કસીદાઓ અને મરસિયાઓ રચેલા છે. અલ્લામા ઈબ્ને હિશામે પોતાની ''સીરતુન-નબી''માં એ બધાં કાવ્યો વિગતવાર ટાંકેલાં છે, જે તેના ઉર્દૂ તરજુમા સાથે પુસ્તકના ૬ પ્રકરણોના લગભગ ૭૦ પાનાઓ પર ફેલાયેલાં છે. અરૂં જોતાં સીરતુન-નબીના મૂળ વિષય સાથે આ કાવ્યોનો ઝાઝો સંબંધ નથી. છતાં લંબાણથી બચવા કે પુસ્તકનું દળ ઓછું કરવાના હેતુએ ગુજરાતીમાં એ વિભાગનો પૂરો તરજુમો જતો કરીને થોડાક શેઅરો નમૂના દાખલ પીરસીએ છીએ. કાવ્યકૃતિઓ રચનારા શાઈરોના નામો વાંચકોની જાણ ખાતર રજૂ કરીએ છીએ જે આ પ્રમાણે છે :

૧—— હુબૈરહ બિન અબૂ વહબ બિન અમ્ર
૨—— અબ્દુલ્લાહ બિન ઝબિઅરા
૩—— દિરાર બિન ખત્તાબ ફિહરી
૪—— અમ્ર બિન આસ
૫—— અબૂ ઝઅના બિન અબ્દુલ્લાહ
૬—— ઈકરિમહ બિન અબૂ જહલ
૭—— અઅશા બિન ઝુરારહ તમીમી
૮—— શમ્માસ બિન ઉસમાનની બેગમ નુઅમ

૧—— હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુ.
૨—— હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ.
૩—— હઝરત હજ્જાજ બિન અલ્લાત સુલમી રદિયલ્લાહુ અન્હુ.
૪—— હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ.

૯—— નુઅમનો ભાઈ અબુલ-હકમ બિન સઈદ

૧૦—— હિન્દ બિન્તે ઉત્બહ.

૫—— હઝરત બીબી સફીય્યહ બિન્તે અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હા. (હઝરત હમ્ઝહ ના બહેન.)

હુબૈરહ બિન અબૂ વહબના શેઅરો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદ પ્રસંગે અરબના શાઈરોએ પોતાની પ્રણાલી મુજબ જે કાવ્યકૃતિઓની રચના કરી અને પછી મજલિસો કે સંમેલનોમાં તેને વાંચી સંભળાવી તેમાં હુબૈરહ બિન અબી વહબ બિન અમ્ર બિન આઈઝ બિન અબ્દ બિન ઈમ્રાન બિન મખ્ઝૂમ નામે શાઈરના શેઅરો પણ છે. તે કહે છે :

કઅન-નહૂ ઈઝ જરા ઐરુન બિ-ફદ્‌ફદ્ - તિન, • મુકદ-દમુન લાહિકુન બિલ ઊને યહમીહા.

મેં મારા જંગી હથિયારો એવા ઘોડા પર સજાવ્યા છે જેના રૂપના ઠસ્સાને લોકો આંખો પહોળી કરી કરીને જુએ છે. આ ઘોડો લાંબા-લાંબા ડગ ભરનારો, રવાલ ચાલે ગતિભેર દોડનારો અને ઘોડદોડના મુકાબલામાં આગળ નીકળી જનારો છે. એવો પવનવેગી ઘોડો છે કે જંગલના મેદાનમાં પૂરપાટ દોડનારાં જંગલી ગધેડાંને પણ જોતજોતામાં આંબીને એવી રીતે પાછળ છોડી દે છે જાણે કોઈએ એને બચકાં ભર્યાં હોય ! (એવો ઝનૂની ઘોડો છે.)

નહનુલ ફવારિસુ યવમલ-જર્રે મિન ઉહદિન, • હાબત મઅદ-દુન ફ-કુલ્ના નહનુ નાઅતીહા.

હાબૂ દિરાબન વ તઅનન સાદિકન ખઝિમન, • મિમ્મા યરવ-ના વકદ સુમ્મત કવાસીહા.

ઉહુદ પહાડની તળેટીમાં ખેલાયેલા રણસંગ્રામમાં અમે જ તો શાહસવારો હતા. જ્યારે "એ આવી લાગ્યા!"નો પડકારો ગાજ્યો તો મઅદ્દૂનો કબીલો ધ્રૂજી ઊઠયો. પછી જ્યારે અમારી તલવારબાજી અને ભાલાબાજી જોઈ——જેનાથી તેઓના શરીરોના ચીંથરાં ઊડતાં હતાં અને તેઓના બધા વીરનરો દૂર-નિકટથી એકઠા થઈ ગયા હતા છતાં તેઓ થરથર કાંપતા હતા.

સુમ્મતા રુહના ક-અન્ના આરિદુન બરિદુન, • વ કામ હામુ બનિન-નજ્જારિ યબકીહા.

ક-અન્ન હામહુમ ઇન્દલ-વગા ફલિકુન, • મિન કૈઝે રુબદિન નફલ્હુ અન અદાહીહા.

પછી અમે સાંજના સમયે ધોધમાર બરફના તોફાની વાદળો પેઠે ત્રાટકી પડયા તો તે વેળા હાલત આ હતી કે બનૂ નજ્જાર (કબીલાના મુસલમાનો)ની મોતના પંખીઓ તેઓના છાજિયાં લેતાં હતાં. અને લડાઈના મેદાનમાં તેઓની ખોપરીઓ એવી લાગતી હતી જાણે તે શુતુરમુર્ગના તૂટેલાં ઈંડાઓના એવા ટુકડા છે જેને માળાઓમાંથી જમીન પર પટકી મારવામાં આવ્યા હોય ! (શુતુરમુર્ગ એટલે શાહમૃગ.)

હઝરત હસ્સાનનો જવાબ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હુબૈરહ શાઈરના ઉપરના શેઅરોના જવાબમાં હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો કહ્યા :

સુકતુમ કિનાનતા જહલન મિન સફાહતિ કુમ, • ઇલર રસૂલિ ફ જુન્દુલ - લાહિ મુખઝીહા.

તમે પોતાની બેવકૂફી અને નીચ મનોવૃત્તિને કારણે હકીકતને સમજ્યા વગર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુકાબલે બનૂ કિનાનહને લઈ આવ્યા, નતીજો છેલ્લે એ નીકળ્યો કે અલ્લાહના લશ્કરે બનૂ કિનાનહને

ઝલીલો-ખ્વાર કરીને તેઓનો ફજેતો બોલાવી દીધો.

અવરદ - તમુહા હિયાદલ - મવતિ દાહિયતન, • ફન્નારુ મવઇદુ-હા વલ-કત્લુ લાકીહા.

ખરૂં પૂછાવો તો તમે સવારના પહોરમાં જ તેઓને મોતના ખાબોચિયા પર ખેંચી લાવ્યા હતા તો, જહન્નમ તેઓનું ઠેરવેલું ઠેકાણું બની ગયું અને કતલ (ની તલવારે) તેઓનો સત્કાર કર્યો.

જમઅ - તુમૂહા અહાબીશન બિલા હસબિન, • અઇમ - મતલ- કુફ્રે ગર્રત્ - કુમ તવાગીહા.

તમે હલકટ હબશીઓના ટોળાંને ભેગા કરી લીધા હતા જેઓનું કોઈ ચરિત્ર હોતું નથી. કુફ્રના આગેવાનોમાં જેઓ અભિમાની અને બંડખોર હતા તેઓએ તમને ધોકામાં નાખ્યા હતા.

ઇલ્લઅ-તબર તુમ બિ-ખૈલિલ્લાહિ ઇઝ કતલત, • અહલલ - કલીબે વ મન અલ્કૈ - નહ ફીહા.

શું તમે અલ્લાહના શાહસવારોથી ધડો નહિ લીધો ? જ્યારે કે તેઓએ બદ્રના સંગ્રામમાં કાફિરોને રહેંસી નાખ્યા હતા અને એવા લોકોને કતલ કર્યા હતા જેઓને ખાડામાં ફગોટી દેવામાં આવ્યા હતા.

કમ મિન અસીરૈ ફ-કકનાહુ બિલા સમનિન, • વ જઝ-ઝા નાસિ-યતિન કુન્ના મવાલીહા.

કેટલાય કેદીઓ હતા જેઓને અમે દંડ લીધા વિના છોડી મૂક્યા અને અમે તેઓના કપાળની ચોટલીઓ સુધ્ધાં નહિ કાપી. અમે મોટો ઉપકાર કર્યો હતો.

હઝરત કઅબનો જવાબ————ઈબ્ને ઈસ્હાક કહે છે : અને હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો કહ્યા જેમાં હુબૈરહના શેઅરોનો જવાબ છે :

વલા કિન બિ- બદરિન સઅલૂ મન્ લકૈતુમ, • મિનન-નાસે વલ અમબાઉ બિલ-ગૈબે તન્ફઉ.

જરા પૂછો તો ખરા, બદ્રના મેદાનમાં કયા વીરનરો સાથે તમારો પનારો પડયો હતો ? જ્યારે કે ગૈબથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે વહી મારફતે ખબરો આવતી હતી અને તેનો લાભ પણ મળી રહ્યો હતો.

ફલવ ગયરુના કાનત જમીઅન તકીદુ-હુલ, • બરિય્યતુ કદ અઅતવ યદન વ તવઝ-ઝઉ.

નુજાદિલુ લા તબ્કી અલૈના કબીલતુન, • મિનન-નાસે ઇલ્લા અન્વ યહાબૂ વ યકઝઉ.

જ્યારે તમારા ટોળેટોળા કાવાદાવાઓથી પરાજય આપવા માટે ઉમટી આવ્યાં હતાં તો અમારા સિવાય કોણ હતું જે પોતાની હાર ન માની લેત ? અને ટુકડે-ટુકડા ન થઈ જાત ? પણ અમે બહાદુરીથી મુકાબલો કરતા રહ્યા અને એવો કોઈ કબીલો ન રહ્યો જે અમારાથી ભયભિત થઈને ભાન ન ભૂલી ગયો હોય !

વ ફીના રસૂલુલ - લાહિ નત્બઉ અમ્રહૂ. • ઇઝા કાલ્ ફીનલ-કવલા લા નત-તલ્લઉ.

અમારી વચ્ચે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બિરાજમાન છે. દરેક મામલામાં અમે તેમના આદેશોનું પાલન કરીએ છીએ. તેઓ અમારા વિષે કંઈ ફરમાવે તો અમે તેમના દબદબા અને માન ખાતર નજર પણ ઉઠાવતા નથી.

વ કાલા રસૂલુલ્લાહિ લમ્મા બદવ લના, • ઝરૂ અન્કુમ હવલલ-મનિય્યાતિ વત્મઊ.

જ્યારે દુશ્મનો અમારી સામે આવી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને ફરમાવ્યું,

Maktabe Ashraf

"મૃત્યુનો ડર દિલમાંથી કાઢી નાખો બલકે મૃત્યુની તમન્ના કરો અને એવા લોકો જેવા બની જાવ જેઓ અલ્લાહની નઝદીકી મેળવવા માટે પોતાની જાનો સુધ્ધાં વેચી નાખે છે; એવા અલ્લાહની નઝદીકી જેના દરબારમાં દરેક ઈન્સાનને સજીવન કરવામાં આવશે અને તેની જ પાસે પલટીને જવાનું છે."

ફ-ઈલા મવજિમ મિનલ-બહરે વસ્તહૂ • અહાબીશુ મિન્હુમ હાસિરુન વ મુકન-નઉ.

છેવટે અમે સમુદ્રના મોજાં પેઠે કુફ્ફારના લશ્કરમાં ઘૂસી ગયા. તેઓમાં હબશી ગુલામો પણ મવજૂદ હતા. અમુકે માથે ટોપ મૂકેલો હતો અને અમુક ઉઘાડા માથે હતા.

વ રાહૂ સિરાઅન મુજઐને કઅન-નહુમ, • જહામુન હરાકત માઅહુર-રીહુ મુકલઉ.

પછી એ કુફ્ફાર ઊભી પૂછડીએ નાસવા લાગ્યા. એવું લાગતું હતું જાણે એક ઊખડી ગયેલું વાદળ છે જેનું પાણી પવને નિચોવી નાખ્યું હોવાથી તે ઊડતું ચાલ્યું જાય છે.

ફખર-તા અલૈ-યબ્નઝ-ઝબ્અરી વકદ સરી, • લકુમ તલબુન મિન આખિરિલ-લૈલે મુતબિઉ.

હે ઝબિઅરીના બેટા ! તું પોતાની સરસાઈ જાહેર કરીને અમારી ઉપર ગર્વ લઈ રહ્યો છે ! જો કે તમે લોકો દુમ દબાવીને ભાગી છૂટયા હતા અને અમારા માણસો રાતની છેવટ સુધી તમારી પૂઠે દોડધૂપ કરતા રહ્યા.

ઈબ્ને ઝબિઅરાના શેઅરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ઉહુદ પ્રસંગે સામે પક્ષના અબ્દુલ્લાહ બિન ઝબિઅરાએ આ શેઅરો કહ્યા હતા :

અબ-લિગન હસ્સાન અન્ની આયતન • ફ-કરીદુશ-શઅરે યશ્ફી ઝલ-ગુલલ.

હે સંદેશવાહક ! હસ્સાન બિન સાબિતને મારા તરફથી આ નિશાની (શેઅર) પહોંચાડી દે. કેમકે તરસ્યાઓની તરસ શેઅરના ટુકડા જ છીપાવી શકે છે.

કમ તરા બિલ-જર્રિ મિન જુમ-જુમતિન • વ અકુફ્-ફિન કદ ઉતિર્રત વ રિજલ

તમે ઉહુદ પહાડની તળેટીમાં એક તરફ કેટલીયે ખોપરીઓ જોઈ હશે અને બીજી તરફ કેટલાયે કપાયેલા હાથ પગ જોયા હશે.

કમ કતલ-ના મિન કરીમિન સૈયિદિન, • માજિદિલ-જદ - દૈન મિકદામિન બતલ.

કેટલાયે શરીફ સરદારોને અમે કાપી નાખ્યા જેઓ માતપિતા બંને તરફથી ઊંચા કુળના હતા અને જંગમાં સૌથી આગળ રહેનારા બહાદુર લોકો હતા.

સુમ્મ ખફ-ફૂ ઈન્દ ઝાકુમ રુક-કસન, • રફ્સલ-હફ-ફાનિ યઅલૂ ફિલ-જબલ.

(તે દ્રશ્ય જોવા જેવું હતું) જ્યારે કુબા સ્થળે તેઓના ઊંટો જમીન સાથે ચોંટી ગયાં હતાં, અને બનૂ અબ્દે-અશહલમાં જોરોશોરથી કત્લે-આમ ચાલી રહી હતી. પછી એ લોકો ઉતાવળે નાચતા-નાચતા એવી રીતે નાસી રહ્યા હતા જેમ શુતુરમુર્ગ પહાડ પર ચઢતી વેળા નાચે છે.

હઝરત હસ્સાનના જવાબી શેઅરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને ઝબિઅરાના ઉપરના શેઅરોનો જવાબ હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ પ્રમાણે આપ્યો :

ઝહબત યબ્નઝ-ઝબિઅરી વક-અતુન • કાના મિન્નલ-ફદલુ ફીહા લવ અદલ.

ઇબ્ને ઝબેઅરાને માથેથી એવું યુધ્ધ પસાર થઇ ગયું કે અગર તે યોગ્ય રીતે ખેલાતે તો ફતેહમંદીનું ગૌરવ અમને જ મળતે.

નદઉલ અસ્યાફ ફી અકતાફે-હિમ • હયસુ નહવી અલલન બઅદા નહલ.

અમે તેઓના ખભાઓ પર તલવારો ચલાવી રહ્યા હતા અને એવી જ રીતે તેઓ પર તૂટી-તૂટીને એક પછી એક લોહીની તરસ બુઝાવી રહ્યા હતા.

વુખ-રિજુલ-અદ્‌યાહ મિન ઇસ્તાહે-કુમ • ક-સુલાહન-નીબે યઅકુલ-નલ અસલ.

અમે તમારા થાપાઓ પર (તલવારો મારી-મારીને) જાણે પાણીના મિશ્રણવાળું દૂધ કાઢી રહ્યા હતા; એવું દૂધ જે એવી ડોબી ઊંટણીઓનું હોય છે જે "નબાતે-અસલ" (એક પ્રકારનું ઘાસ) ખાનારી છે. (જેના ખાવાથી દૂધમાં લાલી આવી જાય છે.)

ઇઝ તુવલ-લૂના અલા અઅકાબે-કુમ • હુર્રબન ફિશ - શિઅબે અશબા - હિર રસલ.

અમે તમારા થાપાઓમાંથી તે વેળા દૂધ કાઢી રહ્યા હતા જ્યારે તમે પૂઠ ફેરવીને ઘાટીમાં એવી રીતે ઉલટા પગે નાસી રહ્યા હતા જેમ કતારબંધ ઊંટો નાસે છે.

નહનુ લા અમ્સાલુ-કુમ વુલ્દ ઉસ્તેહા • નહ-દુરુન - નાસ ઇઝલ-બઅસુ નઝલ.

અમે તમારી પેઠે થાપાઓથી પૈદા થનારી અવલાદ નથી. જંગની કારમી આફતો આવી પડે ત્યારે અમે ગાયબ થઇ જતા નથી બલકે સામી છાતીએ રણભૂમિમાં બધાની સામે હાજર રહીએ છીએ.

હઝરત ઇબ્ને રવાહાના શેઅરો——————ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા રદિયલ્લાહુ અન્હુ પોતાના આ શેઅરોમાં હઝરત હમ્ઝહ રદિયલ્લાહુ અન્હુની કરૂણ શહાદત પર વિલાપ કરતાં કહે છે:

બકત ઐની વ હક્ક લહા બુકાહા • વમા યુગનિલ-બુકાઅ વલલ-અવીલુ

મારી આંખોમાંથી આંસુની ધારા ફૂટી નીકળી અને એમ થવું જ જોઈતું હતું ! પણ આ હાયકારા અને રડાકૂટનો લાભ શો ?

અલા અસદિલ - ઇલાહિ ગદાતા કાલૂ • અ હમ્ઝતુ ઝાકુમુર - રજુલુલ- કતીલુ.

મારાં આંસુ અલ્લાહના સિંહ હમ્ઝહ પર ત્યારે નીકળી પડયાં જ્યારે લોકોએ કહ્યું, "શું આ શહીદ થયેલા ગૃહસ્થ હમ્ઝહ છે ?"

ઉસીબલ મુસ્લિમૂન બિહી જમીઅન • હુનાકા વકદ્ ઉસીબા બિહિર રસૂલુ.

હઝરત હમ્ઝહની કતલથી તમામ મુસલમાનોને આઘાત લાગ્યો છે. બીજાઓની તો વાત શી ? ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એનો પારાવાર આઘાત લાગ્યો છે.

અબા યઅલા લકલ અરકાના હુદ્દત • વ અન્તલ માજિદિલ બર્રુલ વસૂલુ

હે અબૂ યઅલા ! (હઝરત હમ્ઝહનું ઉપનામ) તારા પવિત્ર શરીરના તમામ અવયવો કાપી લેવામાં આવ્યા. જો કે તમે એક શરીફ, નેક અને દરેકના કામમાં આવનારા ગૃહસ્થ હતા.

અલૈકા સલામુન રબ્બક ફી જિનાન • મુખાલિતુ-હા નઈમુન લા યઝૂલુ.

તમારી ઉપર તમારા પાલનહાર તરફથી જન્નતમાં સલામતી ઊતરો ! એ જન્નતમાં તમને અમર એશઆરામ મળતો રહેશે.

અલા યા હાશિમુલ અખ્યારુ સબ્રન • ફ કુલ્લુ ફિઆલુ-કુમ હસનુન જમીલુ.

હે હાશિમી નબીરા ! ધીરજશીલતામાં તમે સૌથી શ્રેષ્ઠ હતા. તમારૂં દરેક કામ રૂડું અને રૂપાળું હતું.

રસૂલુલ-લાહિ મુસ્તબિ-રુન કરીમુન • બિ-અમ્રિલ-લાહિ યનતિકુ ઈઝ યકૂલુ.

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ બેહદ ધીરજવાન અને ઉદારવૃત્તિના છે.

તેઓ જ્યારે કંઈ ફરમાવે છે, અલ્લાહની જ વાત પોતાની મુબારક જીભથી ફરમાવે છે.

વ કબ્લલ યવમે મા અરફૂ વ ઝાકૂ • વ કાએ-અના બિહા યુશ્ફલ ગલીલુ.

અને ઉહુદના આ યુધ્ધ પહેલાં બદ્રના યુધ્ધમાં કાફિરોએ અમને બરાબર ઓળખી લીધા હતા અને અમારા મુકાબલાની મઝા પણ ચાખી ચૂકયા હતા, જેનાથી તરસ્યાઓની તરસ બુઝાવવામાં આવતી હતી.

નસીતુમ દરબ્ના બિ-કલીબે બદરિન • ગદાતા અતા-કુમુલ - મવતુલ - અજીલુ.

શું તમે અમારી તે શમશેરબાજી ભૂલી ગયા જે બદ્રના કૂવા પર ખેલાઈ હતી જ્યારે કે મૃત્યુ તમને જલદી-જલદી ભરખી રહ્યું હતું.

ગદાતા સવય અબૂ જહલિન સરીઅન • અલૈહિત તયરુ હાએ - મતુન તજૂલુ.

અબૂ જહલને જ્યારે પછાડીને કતલ કરી નાખવામાં આવ્યો હતો અને ગીધ જેવાં લાશખોર પક્ષીઓ તેની ઉપર ચકરાવો લઇ લઈને ઘૂમી રહ્યાં હતાં.

વ ઉત્બતુ વબ્નહૂ ખરવ જમીઅન • વ શૈબતુ અદ્દુહુસ - સૈફુસ - સકીલુ.

અને ઉત્બહ તથા તેનો બેટો બંને પછડાઈ પડયા હતા અને શૈબહને પાણી ચઢાવેલી તલવારે ચીરી નાખ્યો હતો.

વ મત્રુકુ-ના ઉમૈયતા મુજ-લઇબન • વ ફી હયઝૂ - મહ લદુનુન નબીલુ.

અને અમે ઉમૈયહને લાંબો કરી નાખ્યો હતો અને તેના હલકમાં લાંબો ભાલો ઘૂસાડી દીધો હતો.

વ હામુ બની રબીઅતા સાઇલૂહા • ફફી અસ્યાફે-ના મિન્હા ફલૂલુ.

હે હિન્દ ! હવે ખૂબ રડ અને રડવાથી કંટાળજે નહિ, કેમકે તું મોટાં મોટાં આંસુઓ સારનારી અને પોતાની અવલાદને ગુમાવી નાખનારી સ્ત્રી છે.

અલા યા હિન્દ લા તુબ્દી શિમાતન • બિ-હમ્ઝતા ઈન્ન અઝ-ઝકુમ ઝલીલુ.

હે હિન્દ ! તારા દિલમાં હઝરત હમઝહ (રદિયલ્લાહુ અન્હુ) તરફથી કીનો અને કપટ ભરેલા છે. હવે તેને જાહેર ન કરજે કેમકે તારી આબરૂ ધૂળ ભેગી થઈ ગઇ છે.

દિરાર ઈબ્ને ખત્તાબના શેઅરો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : દિરાર ઈબ્ને ખત્તાબ શાઇરે જંગે-

ઉહુદને લગતા આ શેઅરો કુરૈશ તરફથી કહ્યા છે :

મા યન-તહૂન અનિલ-ગૈયિલ - લઝી રકિબૂ • વમા લહુમ મિન લુઐયિન વય-હહુમ અદ્દુ.

આ મુસલમાન લોકો જે ગુમરાહીને ગ્રહણ કરી બેઠા છે તેનાથી અટકી જવાનું નામ જ નથી લેતા. જો કે લુઐયના કબીલા તરફથી કોઇ સાથ-સહકાર એમને મળેલો નથી. બુરૂં હો એમનું !

વકદ નશદ્‌ના - હુમ બિલ્લાહિ કાતિ-બતન, • ફમા તરુદ - દુહુમુલ - અરહામુ વન-નશદુ.

અમે એમને બધાને અલ્લાહના સોગંદો પણ અપાવ્યા પણ એ એવા હઠીલા અને જક્કી લોકો છે કે ન એમને સોગંદો નડે છે ન સગાઇના સંબંધો એમને પાછા વાળે છે.

ફઅલ - રઝલ - હૈનુ કવમંવ મિન-મનાઝિલે-હિમ, • ફ કાના મિન્ના વ મિન્હુમ મુલ્તકન ઉહુદુ.

ત્યારે આ મુસલમાનોને મૃત્યુ જ તેઓના ઘરોમાંથી ખેંચીને લઇ આવ્યું હતું અને પછી ઉહુદનું સ્થળ અમારી અને તેઓની વચ્ચે જંગનું મેદાન બની ગયું.

ફગૂ-દિરત મિન્હુમ કત્લા મુજદ - દલતુન; • કલમઅઝે અસ-રદ્દહૂ બિસ્સર-દહિલ બરદુ.

એટલે જ એમના ઘણાબધા માણસોને કતલ કરીને જમીન પર ફગોટી દેવામાં આવ્યા. એવું લાગતું હતું જાણે પહાડની પથરાળી જમીન પર પછડાઇ પડેલા એવા લોકો છે જેઓ કડકડતી ટાઢમાં ટૂંટિયું વળી ગયા છે.

કત્લા કિરામુન બનૂન - નજજારા વસ્તહુમ, • વ મુસ્અબ મિન કિનાના હવલહૂ કિસદુ.

તેઓમાંથી જેઓ આબરૂદાર કે પ્રતિભાશાળી આગેવાનો હતા, બધાને જ કાપી નાખવામાં આવ્યા. તેઓની વચ્ચે બનૂ નજ્જારના લોકો પણ હતા અને મુસઅબ બિન ઉમૈર પણ હતો. [૧] તેઓની આજુબાજુ અમારા ભાલાઓના ટુકડા તૂટી-તૂટીને એકઠા થઇ ગયા હતા.

વ હમ્ઝતલ - કવમુ મસ્રૂઉન તુતીફુ બિહી, • સકલય વકદ હુઝઝ મિન્હુલ - અન્ફુ વલ - કબિદુ.

અને હમ્ઝહ જેવો બહાદુર સરદાર પણ પછડાઇને પડેલો હતો. [૨] અને તેની બહેન સફીય્યહ, બાળક ગુમાવી નાખનાર માતા પેઠે આંટાફેરા મારીમારીને પોતાના તે ભાઇને જોઇ રહી હતી જેના નાક-કાન, દિલ જિગર કાપી નાંખવામાં આવ્યા હતા. (મુસ્લહ કરી નાખવામાં આવ્યો હતો.)

તબ્કી અલૈહિમ નિસાઉન લા બુઊલા લહા, • મિન કુલ્લે સાલિ-બતિન અસ્વાબુ-હા કિદ્દુ.

ધણી વગરની સ્ત્રીઓ માતમી પોશાક સજીને તેઓના છાજિયાં લેતી હતી અને પોતાના કપડાં ફાડી-ફાડીને તેના ચીથરાં ઉડાવતી હતી.

વકદ તરકના-હુમ લિત-તૈરે મલ-હમતન, • વ લિદ-દબાએ ઇલા અજસાદિ-હિમ તફ્દુ.

અમે તેઓને, પક્ષીઓ અને મરેલાંનું માંસ ખાનારા પશુઓનો ખોરાક બનાવીને છોડી દીધા. એ પશુઓ અને પંખીઓના ટોળેટોળાં આવીને તેઓનું માંસ ખાય રહ્યા હતા.

---

૧. હઝરત મુસ્અબ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુ. ઇસ્લામી લશ્કરના ઝંડાધારી.

૨. હઝરત હમ્ઝહ શહીદોના સરદાર રદીયલ્લાહુ અન્હુ.

હઝરત સફીય્યહનું શોકગીત————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત બીબી સફીય્યહ બિન્તે અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હાએ પણ આ પ્રસંગે એક શોક-કાવ્ય રચ્યું જેમાં તેઓ પોતાના શહીદ ભાઇ હઝરત હમ્ઝહ પર માતમી આંસુ સારતાં કહે છે.

અ સા-ઈ-લ-તુન અસ્હાબ ઉહદિન મખા-ફતન, • બનાતુ અબી મિન અઅજમ વ ખબીરી.

એ મારી બહેનો ! શું તમે ડરતાં-ડરતાં ઉહુદના લડવૈયાઓને પૂછવા માગો છો ? ભલે તેઓમાંથી કોઇ ત્યાંના બનાવોનો જાણકાર હોય કે ન હોય ?

ફ કાલલ - ખબીરુ ઈન્ન હમ્ઝતા કદ સવય, • વઝીરુ રસૂલિલ-લાહિ ખયરુ વઝીરી.

લો સાંભળી લો ! જાણકાર અને માહિતગાર શખ્સો તો બતાવી પણ દીધું કે હમ્ઝહ—જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડીલા-માનીતા વઝીર એટલે મદદગાર અને સલાહકાર મંત્રી હતા, બલકે બેહતરીન વઝીર હતા - અલ્લાહને પ્યારા થઇ ગયા.

દઆહુ ઈલાહલ-હક્કે ઝુલ-અર્શિ દઅ-વતન, • ઈલા જન્નતિન યુહયા બિહા વ સરૂરી.

હમ્ઝહને આસમાનોવાળા હકીકી મઅબૂદે જન્નત તરફ બોલાવી લીધા, જ્યાં તેમને જીવતા કરવામાં આવશે અને આનંદ ભરેલું જીવન ગુજારશે.

ફ ઝાલિકા મા કુન્ના નુરજ-જી-વ-નર-તજી, • લિ હમ્ઝતા યવમલ - હશરે ખૈરુ મસીરી.

વળી આ તો તે વસ્તુ છે જેની આપણે બધા જ પોતપોતાને માટે તમન્ના ધરાવીએ છીએ અને બીજાઓને તેવી તમન્ના કરવાનું કહીએ છીએ. હશરના દિવસે હમ્ઝહની, આ જગતથી ઉત્તમ વાપસી હશે.

ફ-વલ્લાહિ લા અન્સાકા મા હબ્બતસ-સબા, • બુકાઅન વ હુઝનન મહદરી વ મસીરી.

તો અલ્લાહના સોગંદ ! જ્યાં સુધી પૂર્વનો શીતલ વાયુ લહેરાતો રહેશે હું કદી તમને ભૂલીશ નહિ અને ઘરમાં - સફરમાં ગમગીન રહીને તમારો માતમ કરતી રહીશ.

અલા અસ્દુલ-લાહિલ - લઝી કાના મિદ-રહન, • યઝૂદુ અનિલ-ઈસ્લામે કુલ્લ કફૂરી.

હું અલ્લાહના એ સિંહ પર હંમેશા ઉદાસ રહીને માતમ કરનારી રહીશ, જે પોતાની કોમનો મદદગાર અને દરેક કાફિરથી ઈસ્લામનો બચાવ કરનારો હતો.

ફ યા લૈત શલ્વી ઈન્દ ઝાક વ અઅઝુમી • લદય અઝ્બુઉ તઅતાદ-ની વ નુસૂરી.

એ કાશ ! મારૂં બાકી શરીર અને મારાં હાડકાં સુધ્ધાં તે ગીધો અને મુરદાર ખાનારાં પશુઓનો ખોરાક બની જાત જે ઈન્સાનોનું માંસ ખાનારા છે ! ——

અકૂલુ વકદ અઅલન નઇય્ય અશીરતી, • જઝલ્લાહુ ખયરન મિન અખિંવ વ નસીરી.

જે સમયે મૃત્યુના સમાચાર આપનારે મારા ખાનદાનને આ સમાચાર આપ્યા તો (તેને સાંભળતાં જ) હુ પોકારી ઊઠી : "જઝલ્લાહુ ખયરન મિન અખિંવ-વ-નસીરી !" એટલે મારા સહાયક અને મદદગાર ભાઇ તરફથી અલ્લાહ તેને જઝાએ-ખૈર આપે !

હિન્દ બિન્તે - ઉત્બહના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે મુશરિકોનું લશ્કર ઉહુદના

મેદાનથી મક્કહ તરફ ઊપડયું તો હિન્દ બિન્તે ઉત્બહ, અબૂ સુફયાનની બેગમે આ શેઅરો કહ્યા:

રજઅ-તુ વફી નફસી બલાબિલુ જુમ્મતન, • વકદ ફ-અ-તિની બઅદુલ-લઝી કાના મત્લબી

હું એવી દશામાં પાછી વળી કે મારા દિલમાં ઘણાબધાં દુઃખો બાકી રહી ગયાં અને મારી તે ઇચ્છાઓ અધૂરી રહી ગઇ.........

મિન અસ્હાબે-બદરિન મિન કુરૈશિન વ ગૈરિહિમ, • બની હાશિમિન મિન્હુમ વ મિન અહલે-યસ્રિબી

એ ઇચ્છાઓ અને મુરાદો હું બદ્રના લડવૈયાઓ પાસેથી પૂરી કરવા માગતી હતી જેઓમાં કુરૈશ, બનૂ હાશિમ અને મદીનહવાસીઓ શામિલ હતા.

વલા કિન્ની કદ નિલ્તુ શૈઅન વ લમ યકુન, • કમા કુન્તુ અરજૂ ફી મસીરી વ મરકબી.

આ વાતમાં કોઈ શંકા નથી કે અમુક હદે તો મેં મારી મુરાદ પૂરી કરી લીધી પણ આ સફરથી અને જંગલની રખડપટ્ટીથી અને લડાઇથી હું જે મુરાદો લઈને આવી હતી તે બધી બર નહિ આવી.

પ્રકરણ ૧૧૪

રજીઅની દર્દનાક ઘટના

કીનાખોર કાફિરોની દગલબાજી

દીની શિક્ષણનું બહાનું • દગાબાજ કાફિરોની ગદ્દારી • કાફિરોના વચનનો વિશ્વાસ • હઝરત આસિમનું મુબારક માથું • હઝરત ઇબ્ને તારિકની શહાદત • હઝરત ખુબૈબનો સોદો • હઝરત ઝૈદનો સોદો • હઝરત ખુબૈબની શહાદત • હઝરત ઉમરના સમયનો બનાવ • હતભાગી મુનાફિકોના ઝેરીલા ટાણા • હઝરત ખુબૈબના દર્દનાક શેઅરો • હઝરત હસ્સાને રચેલો મરસિયો • હઝરત ખુબૈબ અને રફીકોનો માતમ • હઝરત ખુબૈબની હત્યાના સાક્ષીઓ • હઝરત હસ્સાનનું નિંદાકાવ્ય.

Maktabe Ashraf

દીની શિક્ષણનું બહાનું————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામે ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઈથી, તેમણે મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબીથી, તેમણે આસિમ બિન ઉમર કતાદહથી રિવાયત કરી.

આસિમ બિન ઉમર બિન કતાદહનું બયાન છેઃ કે, ઉહુદના યુધ્ધ પછી અદલ અને કારહ નામે બંને કબીલાના કેટલાક અગ્રેસરોનું એક મંડળ રસૂલુલ્લાહ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મદીનહ હાજર થયું.

ઇબ્ને હિશામ કહે છે : આ બંને કબીલા હૂન બિન ખુઝૈમહ બિન મુદરિકહ કબીલાની શાખામાંથી હતા. અદલ અને કારહના આ મોવડીઓ મદીનહ આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થઈને દરખાસ્ત રજૂ કરતાં બોલ્યા :

> "હે મુહંમદ ! અમારા કબીલાઓના લોકોમાં ઈસ્લામ પ્રત્યે આકર્ષણ છે. અને તેઓ મુસલમાન બનવા માટે આતુર છે. કૃપારાહે આપ પોતાના સાથીઓમાંથી થોડાક જાણકાર ગૃહસ્થોને અમારી સાથે મોકલાવો કે જેથી તેઓ અમારી કૌમને ઈસ્લામનું શિક્ષણ આપે. અમને કુર્આન પઢવાની તઅલીમ આપે અને અમારામાં ઈસ્લામના સિધ્ધાંતોની સમજબુધ્ધિ કેળવે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની દરખાસ્ત મંજૂર ફરમાવી અને પોતાના સહાબામાંથી નીચે મુજબ છ કેળવાયેલા વિદ્વાન આલિમોને તેઓના સંગાતે મોકલાવી આપ્યાઃ

૧———— હઝરત મરસદ બિન અબી મરસદ ગનવી રદિયલ્લાહુ અન્હુ. હઝરત હમઝહ બિન અબ્દુલ-

મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુના હલીફ (કરારી) હતા.

૨———— હઝરત ખાલિદ બિન બુકૈર લૈસી રદિયલ્લાહુ અન્હુ. બનૂ અદી બિન કઅબના કબીલાના હલીફ હતા.

૩———— હઝરત આસિમ બિન સાબિત બિન અબુલ-અફલહ રદિયલ્લાહુ અન્હુ. બનૂ અમ્ર બિન ઔફ બિન માલિકના ખાનદાન સાથે એમનો ભાઈચારો જોડાયો હતો.

૪———— હઝરત ખુબૈબ બિન અદી રદિયલ્લાહુ અન્હુ. એમનો ભાઈચારો બનૂ જહજબી બિન કુલફા બિન અમ્ર બિન ઔફના કુટુંબ સાથે જોડાયો હતો.

૫———— હઝરત ઝૈદ બિન દસિનહ બિન મુઆવિયહ રદિયલ્લાહુ અન્હુ. એમનો ભાઈચારો બનૂ બયાદહ બિન અમ્ર ઝુરૈક બિન અબ્દે-હારિસહ બિન માલિક બિન ગદબ બિન જુશમ બિન ખઝરજના ખાનદાન સાથે થયો હતો.

૬———— હઝરત અબ્દુલ્લાહ બિન તારિક રદિયલ્લાહુ અન્હુ. એ બનૂ ઝફર બિન ખઝરજ બિન અમ્ર બિન માલિક બિન ઔસના હલીફ હતા.

દગાબાજ કાફિરોની ગદ્દારી————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મરસદ બિન અબી મરસદને આ તબલીગી જમાઅતના અમીર બનાવ્યા. [૧] મંડળના મોવડીઓ સાથે આ ૬ કેળવાયેલા શિક્ષકો મદીનહથી રવાના થઈ ગયા અને ચાલતાં-ચાલતાં છેવટે એ બધા લોકો રજીઅ નામના સ્થળે પહોંચી ગયા. આ સ્થળ હિજાઝ પ્રદેશના એક જિલ્લામાં હદઅત અથવા હદાત મુકામે વસનારા હુઝૈલ કબીલાના એક ઝરણા કે કૂવાનું નામ હતું જે ઉસ્ફાન અને મક્કહ વચ્ચે આવેલું હતું.

રજીઅ સ્થળે પહોંચતાં જ અદલ અને કારહના કીનાખોર કાફિરોએ મુસલમાનો સાથે ગદ્દારી કરી. અહીંના વિસ્તારમાં હુઝૈલ કબીલાના લોકોની મોટી વસતિ હતી. એ બધા ઇસ્લામ સાથે ખાર રાખીને મુસલમાનો પ્રત્યે દુશ્મની ધરાવતા હતા અને કટ્ટર કાફિરો હતા.

મંડળના અમુક આગેવાનોએ હુઝૈલની વસતિમાં જઈને ત્યાંના લોકોને મુસલમાનો વિરૂધ્ધ ઉશ્કેરી મૂકયા અને મારોકાપોની બૂમરાણ મચાવીને મદદ માટે બૂમાબૂમ કરી મૂકી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા અહીં પડાવ નાખીને આરામ લેતા હતા અને મંડળના મોવડીઓના આગમનની રાહ જોતા હતા એટલામાં શું જુએ છે કે લોકોનું મોટું ટોળું તલવારો અને તીરકામઠાં લઈને ધસમસતું આવી રહ્યું છે. [૨] આ અણધારેલી પરિસ્થિતિથી તેઓ લેશ પણ ગભરાયા કે મૂંઝાયા નહિ. પોતાની સવારીઓ પર મક્કમ રહીને મર્દાનગીપૂર્વક મુકાબલા માટે તૈયાર થઈ ગયા. અલબત્ત જેઓના હાથોમાં તલવારો હતી તેઓ સવારી પરથી કૂદીને ધસી આવનાર પહેલી ટોળી પર તૂટી પડ્યા. બહાદુરીથી એમાંના

---

૧. સહીહ બુખારીમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબામાંથી ૧૦ જાણકાર સહાબાને મોકલાવ્યા. એ બધા કેળવાયેલા આલિમો અને શિક્ષકો હતા. એમના અમીર તરીકે આપે હઝરત આસિમ બિન સાબિતની નિમણુક કરી હતી. વલ્લાહુ અઅલમ. (અસિહ-હુસ-સિયર પા. ૧૫૩) ''હ''

૨. બીજી રિવાયતમાં છે કે હુમલાખોરો હુઝૈલ કબીલાની શાખ બનૂ લિહયાનમાંથી હતા. એમાં એક સો હુમલાખોરો તલવારો અને તીરકામઠાંથી સજ્જ હતા. (સીરતુન-નબી જિ.૧ પા. ૩૯૧) ''હ''

દરેકને જેર કરીને તેઓના હથિયારો ઝૂંટવી લીધા. પછી એ બધાને કતલ કરવાની તૈયારીમાં જ હતા એટલી વારમાં તો હુમલાખોરોનું મોટું ટોળું જોતજોતામાં ધસી આવ્યું. તેઓએ હાકોટા અને પડકારા ગજાવતાં ચોતરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાથીઓને ઘેરી લીધા અને બુલંદ સ્વરે બોલ્યા,

"હે મુસલમાનો ! સાંભળી લો, અલ્લાહના સોગંદ ! અમે તમને કતલ કરવા નથી માગતા. અમારો હેતુ માત્ર આટલો જ છે કે તમને પકડીને મક્કહ લઈ જઈએ અને બદલામાં કુરૈશ તરફથી જાહેર થયેલી ઇનામની રકમ મેળવી લઈએ. બસ એથી વધુ કંઈ નહિ. તમે અમારો વિશ્વાસ રાખો. અમે અલ્લાહના સોગંદપૂર્વક તમને કતલ નહિ કરવાનું વચન આપીએ છીએ !"

કાફિરોના વચનનો વિશ્વાસ————હઝરત મરસદ બિન અબૂ મરસદ, હઝરત ખાલિદ બિન બુકૈર- અને હઝરત આસિમ બિન સાબિતે જવાબ આપ્યો, "વલ્લાહ ! અમે કદી દગલબાજ કાફિરોના સોગંદ કે વચનનો વિશ્વાસ કરવાના નથી." આમ કહીને હઝરત આસિમ બિન સાબિત આ રણગીત લલકારતા મર્દાનગીથી કાફિરો પર તૂટી પડયાઃ

મા ઇલ્લતી વ અના જલ્દુન નાબિલુન, • વલ - કવસુ ફીહા વતુન ઉનાબિલુ.

તઝલ્લ અન સફ-હતિહલ મકાબિલુ, • અલ મવતુ હક-કુન વલ હયાતુ બાતિલુ.

હું એક બળવાન, બહાદુર અને નિશાનબાજ બાણાવળી છું. મારા ધનુષમાં એક સખત તાંતણો લાગેલો છે, જેમાંથી લાંબાં-ચોડાં ધારદાર તીરો ઝપાટાભેર નીકળી શકે છે તો પછી મારામાં કઈ વસ્તુની ખોટ છે ? મોત તો બરહક છે (એક ન એક દિ' આવીને જ રહેવાનું) અને જીવન એ તો નાપાયેદાર વસ્તુ છે.

વ કુલ્લુ મા હમ્મલ - ઇલાહુ નાઝિલુ, • બિલ-મરએ વલ-મરઓ ઇલૈહિ આઇલુ,

ઇન - લમ ઉકાતિલ્-કુમ ફ-ઉમ્મી હાબિલુ.

દરેક એવી વસ્તુ જે અલ્લાહ તઆલાએ નસીબમાં લખી દીધી છે તે ઇન્સાન પર નાઝિલ થઈને જ રહે છે અને દરેક ઇન્સાને હર હાલમાં અલ્લાહ તરફ જ પલટીને જવાનું છે ત્યારે જો હું મુકાબલો નહિ કરૂં તો મારી મા પોતાના બેટાના મરણનો આઘાત વેઠે !

અના સુલયમાનુ વરીશુલ મુકઅદે, • વ દાલતુન મિસ્લલ-જહીમિલ-મૂકઅદે.

ઇઝન-નવાજી અફ-તુરિશ્તે લમ ઉઅદે, • વ મુજનઅ મિન જલ્દે-સૌરિન અજરદે.

વ મુઅમિનુન બિમા અલા મુહમ્મદે.

હું અબૂ સુલૈમાન છું. હું મુકઅદ નામના કારીગરે બનાવેલા તીરની અણી છું. હું તે કમાન છું જેને દાલહ નામે ઝાડની ડાળીથી બનાવવામાં આવી છે. એ કમાન ધગધગી ઊઠેલા જહન્નમ જેવી છે. જ્યારે ઝડપભેર દોડનારાં ઊંટો પણ પડુ-પડુ થઈ જાય છે તો મારા શરીર પર કંપારી સુધ્ધાં પ્રસરતી નથી. હું બળદની ચીકણી ચામડીથી બનેલી નખશિખ ઢાલ છું. અને હું મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર આકાશથી ઊતરનારી વહી તથા હિદાયત પર મુકમ્મલ ઇમાન ધરાવનારો છું.

હઝરત આસિમ બિન સાબિત આ રણગીત લલકારતા અપૂર્વ બહાદુરીથી દગાબાજ કે બેઈમાન કાફિરો સાથે લડતા, અનેકને જહન્નમ-રસીદ કરીને પોતે પણ શહીદ થઈ ગયા. એમની સાથે એમના બંને સાથીઓ——

Maktabe Ashraf

હઝરત મરસદ અને હઝરત ઇબ્ને બુકૈર પણ કાફિરો સાથે લડીને શહીદ થઇ ગયા. લડતી વેળા હઝરત આસિમ બિન સાબિતે બારગાહે ઈલાહીમાં દુઆ કરીને આ યાચના ગુજારી હતી :

"યા ઈલાહી ! આજે હું તારા દીનના રક્ષણ કાજે તારી પ્રસન્નતા મેળવવા ખાતર લડી રહ્યો છું તો હે અલ્લાહ ! તું પણ તારી રહમતથી મારા મૃતદેહનું રક્ષણ કરી લેજે!"

હઝરત આસિમનું મુબારક માથું——————હઝરત આસિમ બિન સાબિતની શહાદત થતાં હુઝૈલના ખૂનીઓએ વિચાર્યું કે એમનું માથું કાપી લઈને મક્કહ લઇ જઇએ અને સુલાફહ બિન્તે સઅદને વેચી દઈએ અને બદલામાં એક સો ઊંટોનું ઇનામ ઝડપી લઇએ. આ સુલાફહ બિન્તે સઅદ કુરૈશની તેજ સ્ત્રી છે જેણે જંગે-ઉહુદમાં પોતાના બે જવાન પુત્રોની હત્યા વેળા માનતા લીધી હતી કે, "જો હું આસિમનું માથું મેળવી શકું તો તેની ખોપરીનો વાડકો બનાવીને અને તેમાં શરાબ ઢીંચીને મારો વેરાગ્નિ શાંત કરીશ !"[૧]

હુઝૈલના હિંસક હુમલાખોરો જયારે હઝરત આસિમ બિન સાબિત બિન અબુલ-અફલહનું મુબારક માથું કાપવા આગળ વધ્યા તો અચાનક જંગલી મધમાખીઓનું એક મોટું ઝુંડ ઝનૂનથી બણબણાટ કરતું આવી ચઢ્યું અને તેણે આ હત્યારાઓને હઝરત આસિમના પવિત્ર મૃતદેહ પાસે જવા દીધા નહિ.. મધમાખીઓ આડે આવી ગઈ તો લાચારીએ એ લોકો બોલ્યા, "ચાલો હમણા રહેવા દો, સાંજ પડતાં માખીઓ ચાલી જશે ત્યારે અહીં આવીને એનું માથું કાપી લઇશું !"એ પછી અલ્લાહના હુકમથી એ ભૂમિમાં વરસાદનું એક જોરદાર ઝાપટું તૂટી પડ્યું અને પાણીનો પ્રચંડ રેલો આવી ગયો જે હઝરત આસિમની પવિત્ર મૈયતને તાણીને લઇ ગયો.[૨]

એ પછી હઝરત આસિમ બિન સાબિતના પવિત્ર મૃતદેહનો કોઈને પત્તો મળી શકયો નહિ. લડતી વેળા હઝરત આસિમે આ દુઆ પણ માગી હતી, "હે અલ્લાહ ! કોઇ મુશરિક ન તો મારા શરીરનો સ્પર્શ કરવા પામે ન હું કોઇ મુશરિકના શરીરનો સ્પર્શ કરવા પામું !"એનું કારણ આ હતું કે અલ્લાહ તઆલાના આદેશ મુજબ તેઓ મુશરિકોને નાપાક સમજતા હતા.[૩]

હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુને જયારે સમાચાર મળ્યા કે મધની માખીઓએ હઝરત આસિમ બિન સાબિતની પવિત્ર લાશની હિફાઝત કરી લીધી તો ફરમાવ્યું :

"અલ્લાહ તઆલા પોતાના મુઅમિન બંદાની પોતે હિફાઝત કરે છે. આસિમે માનતા લીધી હતી કે મારા જીવનમાં કોઈ મુશરિક મારા અંગને હાથ નહિ અડાડે ન હું કોઈ મુશરિકના અંગને હાથ અડાડવા પામું. અલ્લાહ તઆલાએ એમની વફાત પછી પણ એમની એ માનતા પૂરી કરાવી દીધી જેવી રીતે એમના જીવનમાં પૂરી કરાવી હતી."(એટલે ન જીવતા

---

૧. સુલાફહના પુત્રોનું નામ મુસાફિઅ અને જુલ્લાસ હતું. હઝરત આસિમ બિન સાબિત બિન અબુલ-અફલાહ રદિયલ્લાહુ અન્હુએ બંનેને તીરોથી વીંધી નાખ્યા હતા. તીરો છોડતી વેળા હઝરત આસિમ લલકારતા હતા : "લેતો જા ! હું છું અબુલ-અફલાહનો બેટો !" તે વેળા સુલાફહએ ઉપર મુજબની માનતા લીધી હતી. "હ"

૨. આ રીતે હુઝૈલના હિચકારા, હિંસક અને દગાબાજ કાફિરો પોતાના નાપાક ઇરાદામાં નિષ્ફળ ગયા ત્યારે તેઓ ખાલી હાથે ઇનામની રકમ લેવા મક્કહ દોડી ગયા અને સુલાફહ બિન્તે સઅદ પાસે જઇને બોલ્યા, "હે બેગમ ! અમે તારા પુત્રોના ખૂનીને મારી નાખ્યો છે. ઇનામની રકમ આપી દે !" બેગમ બોલી, "મારી માનતા તો ખોપરીમાં શરાબ પીવાની હતી. જાવ ખોપરી લઇ આવો પછી ઇનામ મેળવો !" ખૂનીઓ વીલે મોઢે પાછા ફર્યા. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૫૫) "હ"

૩. કુર્આને-મજીદમાં છે : "ઇન્નમલ-મુશરિકૂન નજસુન. "બેશક મુશરિકો નજસ એટલે નાપાક છે. એનાથી મતલબ બદનની જાહેરી નાપાકી નહિ બલકે કુફ્ર અને શિર્કની બાતિની નાપાકી છે. "હ"

Maktabe Ashraf

કેદ પકડાયા ને વફાત પછી કોઈને મળ્યા.)

હઝરત ઈબ્ને તારિકની શહાદત————છ કેળવાયેલા આલિમ મુજાહિદોમાંથી બાકીના ત્રણ હઝરત ઝૈદ બિન દસિનહ અને હઝરત ખુબૈબ બિન અદી અને હઝરત અબ્દુલ્લાહ બિન તારિક પોતાના સાથીઓની શહાદત બાદ કંઈક કમજોર અને નરમ પડી ગયા. તેઓએ કાફિરોના વચનનો વિશ્વાસ કરી લીધો. તેઓને તાબે થઈને સ્વેચ્છાએ ગિરિફ્તારી વહોરી લીધી. બનૂ હુઝૈલના હુમલાખોરો તેઓને કેદ કરીને મક્કહ લઈ જવા લાગ્યા કે જેથી તેઓને કુરૈશને હાથે વેચી મારીને કિંમત ઉપજાવી લે. જ્યારે ઝહરાન સ્થળે પહોંચ્યા તો હઝરત અબ્દુલ્લાહ બિન તારિક રદિયલ્લાહુ અન્હુએ બળ વાપરીને હાથો પર બાંધેલા દોરડાની ગાંઠો છોડી નાખી અને તલવાર કબજે કરીને કાફિરો પર ત્રાટક્યા. આ જોઈને કાફિરો જીવ બચાવીને નાઠા અને દૂર જઈને પથ્થરોનો જોરદાર મારો ચલાવ્યો ત્યાં સુધી કે એમને શહીદ કરી નાખ્યા. હઝરત અબ્દુલ્લાહ બિન તારિકની કબર આજ તલક ઝહરાનમાં જ છે.

એ પછી હઝરત ખુબૈબ બિન અદી અને હઝરત ઝૈદ બિન દસિનહનો મામલો એવો બન્યો કે હુઝૈલના કાફિરો એમને બંદીવાન હાલતમાં મક્કહ લઈ ગયા. ઈબ્ને હિશામ કહે છે : હુઝૈલી કાફિરોએ બંનેને મક્કહ લઈ જઈને કુરૈશને હવાલે કરી દીધા અને બદલામાં પોતાના બે કેદીઓને છોડાવી લાવ્યા જેઓ અગાઉથી જ કુરૈશની કેદમાં હતા.

હઝરત ખુબૈબનો સોદો————ઈબ્ને ઈસ્હાકની રિવાયત આ છે કે હઝરત ખુબૈબ બિન અદીને મક્કહના હુજૈર બિન અબૂ ઈહાબ તમીમીએ કુરૈશ પાસેથી ખરીદી લીધા. હુજૈરનો હેતુ આ હતો કે પોતાના બાપની હત્યાના વેર તરીકે હઝરત ખુબૈબને કતલ કરી નાખે. હુજૈર, બનૂ નવફલનો કરારી હતો. એનો બાપ અબૂ ઈહાબ, મા તરફથી હારિસ બિન આમિર બિન નવફલનો ભાઈ હતો. ઈબ્ને હિશામ કહે છે : હારિસ બિન આમિર, અબૂ ઈહાબનો મામો હતો અને અબૂ ઈહાબ, બનૂ ઉસૈદ બિન અમ્ર બિન તમીમના કબીલામાંથી હતો. હઝરત ખુબૈબે હુજૈરના બાપ અબૂ ઈહાબને કતલ કરી નાખ્યો હતો. બદલામાં હુજૈરે કતલ માટે હઝરત ખુબૈબને કુરૈશ પાસેથી ખરીદી લીધા હતા.

હઝરત ઝૈદનો સોદો————હવે રહ્યો હઝરત ઝૈદ બિન દસિનહનો મામલો તો એમને મક્કહના સફ્વાન બિન ઉમૈયહએ તેના બાપ ઉમૈયહ બિન ખલફની હત્યાના બદલામાં કતલ કરવા માટે કુરૈશ પાસેથી ખરીદી લીધા અને હઝરત ઝૈદને પોતાના ગુલામ નસ્તાસ રૂમી સાથે તનઈમ સ્થળે મોકલાવી દીધા કે જેથી હરમની હદથી બહાર લઈ જઈને એમને કતલ કરી નાખે.[1]

હઝરત ઝૈદની કતલનો તમાશો જોવા માટે કુરૈશનું એક જંગી ટોળું તનઈમ સ્થળે એકત્ર થઈ ગયું. આ ટોળામાં મક્કહનો સરદાર અબૂ સુફયાન પણ હાજર હતો. જ્યારે હઝરત ઝૈદને કતલ માટે ત્યાં ઊભા કરવામાં આવ્યા તો અબૂ સુફયાને તેમને પૂછ્યું,

''હે ઝૈદ ! હું તને અલ્લાહના સોગંદ આપીને સવાલ કરૂં છું. મને સાચું કહેજે, શું તું આ વાતને પસંદ કરશે કે અત્યારે તારી જગાએ અમે મુહંમદને કતલ કરત અને તું તારા ઘરમાં બાલબચ્ચાં સાથે મજાથી બેઠેલો

૧. તનઈમ : મક્કહના હરમની હદથી બહાર આવેલું એક સ્થળ છે. કુરૈશના લોકો કુફ્રની હાલતમાં પણ કઅબહના હરમનું માન જાળવતા હતા અને હરમની હદમાં હત્યાને પાપ સમજતા હતા. સફ્વાનનો બાપ ઉમૈયહ અને તેનો બેટો અલી જંગે-બદ્રમાં હઝરત બિલાલના કહેવાથી માર્યા ગયા હતા. ''હ''

હોત ?''

"ના અલ્લાહના સોગંદ હરગિઝ નહિ !'' હઝરત ઝૈદે જવાબ આપ્યો, "સાંભળી લો, મારા પ્રાણની તો આટલી કિંમત પણ નથી કે મારા મહબૂબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પગમાં કાંટો ખૂંપે અને હું મારા ઘરમાં આરામથી બેઠેલો હોઉં !''

અબૂ સુફયાન પોકારીને બોલ્યો, "સાંભળી લીધું તમે હે લોકો ! વલ્લાહ, આજ સુધી મેં કોઇ એવો માણસ નથી જોયો જેને લોકો એટલો પ્રેમ કરતા હોય જેટલો મુસલમાન લોકો મુહંમદને પ્રેમ કરે છે. સાચેસાચ બધા મુસલમાનો મુહંમદના સાચા આશિક છે. સાચા ગુલામ છે. સાચા પ્રેમી છે.''

એ પછી સફવાન બિન ઉમૈયહના ગુલામ નસતાસે હઝરત ઝૈદને કતલ કરી નાખ્યા. અલ્લાહની લાખો રહમતો હો હઝરત ઝૈદના પવિત્ર આત્મા પર ! [૧]

હઝરત ખુબૈબની શહાદત————હઝરત ખુબૈબને ખરીદી લેનાર હુજૈર બિન અબૂ ઇહાબની લોંડી માવિય્યા, જે છુપી રીતે મુસલમાન બની ચૂકી હતી તેનું બયાન છે કે, " ખુબૈબ મારા શેઠના ઘરમાં જ બંદીવાન અવસ્થામાં હતા. એક દિવસે મેં તેમની ઓરડીમાં ઝાંખીને જોયું તો શું જોઉં છું કે, માણસના માથા જેટલો લીલી દ્રાક્ષાનો ઝૂમખો ખુબૈબના હાથમાં છે અને ઝૂમખામાંથી દાણો-દાણો તોડીને તેઓ મઝાથી ખાય રહ્યા છે. આ દ્રશ્ય જોઇને હું બેહદ નવાઇ પામી ગઇ. જે દ્રાક્ષ તેઓ ખાતા હતા, અલ્લાહની જમીન પર તેવી દ્રાક્ષાનો નમૂનો મેં કદી જોયો ન હતો. અને તે વેળા દ્રાક્ષની મોસમ પણ ન હતી. ખૂબીની વાત આ છેકે તેઓ બેડીઓમાં જકડાઇને કેદી તરીકે ઓરડીમાં પૂરાયેલા હતા.'' [૨]

માવિય્યાએ પોતાનું બયાન ચાલુ રાખતાં ઉમેર્યું, "ખુબૈબની હત્યાનો દિવસ આવ્યો તો તેમણે મને બોલાવીને કહ્યું, ''બીબીજી ! મને એક અસ્તરો નહિ આપો કે જેથી હું મરવા પહેલાં પાકીસાફી લઇને સ્વચ્છ થઇ જાઉં !''

મેં મારા બાળકને બોલાવીને તેને અસ્તરો આપતાં કહ્યું, "બેટા ! જા આ ઘરમાં જે કેદી છે તેને આ અસ્તરો આપી આવ.''મારો એવો હેતુ ન હતો કે છોકરાને હું તેમના કાબૂમાં આપી દઉં અને તેઓ અસ્તરાથી તેનું ગળું કાપી નાખે. ત્યારે મને ધ્રાસ્કો પડયો કે અરે મેં આ શું કર્યું ? અલ્લાહના સોગંદ, ખુબૈબ હવે છોકરાનું ગળું કાપીને વેર વાળી લેશે અને આદમીને બદલે આદમીનો હિસાબ ચૂકતે કરી દેશે !

ખુબૈબ મારા બદલાયેલા મુખભાવોથી મારા દિલની દહેશત પામી ગયા. છોકરાના હાથમાંથી અસ્તરો લઇને કહેવા લાગ્યા, "બેટા ! તારી માના દિલમાં એવો વસવસો પેઠો છે કે હું કદાચ આ અસ્તરાથી તને કાપી નહિ નાખું ! હરગિઝ નહિ. મુસલમાન એવી ગદ્દારી કરી શકતો નથી. ''એ પછી જરૂરત પુરી કરીને અસ્તરો તેમણે પાછો મોકલાવી દીધો.'' ઇબ્ને હિશામ કહે છે : એ છોકરો માવિય્યાનો જ બેટો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી હઝરત ખુબૈબને ફાંસીએ લટકાવવા માટે તન્ઇમ સ્થળે લઇ જવામાં આવ્યા. ફાંસીને માચડે લટકાવવાનો સમય આવ્યો ત્યારે હઝરત ખુબૈબે કુફ્ફારને કહ્યું, "શું તમે મને એટલો સમય આપશો કે હું બે રકઅત નમાઝ પઢી લઉં ?''

૧. બાદમાં હઝરત નસ્તાસ રૂમી ફત્હે-મક્કહ વેળા મુસલમાન બની ગયા હતા. (સીરતુન્નબી જિ.૧ પા. ૩૯૩ નો હાશિયો.)

૨. અલ્લાહ તઆલા પોતાના મુજાહિદ બંદાના દિલાસા માટે આ રીતે પણ પોતાની કુદરત દેખાડે છે અને દુનિયામાં જ તેને જન્નતની વધામણી આપે છે. ''હ''

Maktabe Ashraf

કુરૈશી કાફિરોએ એમની વિનંતી માન્ય રાખી, "વારૂ નમાઝ પઢી લો."

હઝરત ખુબૈબે અલ્લાહના દરબારમાં રજૂ થઇને બહુ ખૂબીથી પરંતુ કંઇક ઉતાવળથી બે રકઅત નમાઝ પઢી લીધી પછી કુફ્ફારને સંબોધીને કહ્યું, "કદાચ તમે એવું ધારી લો કે હું મરવાના બીકે લાંબી નમાઝ પઢું છું જેથી મેં જલ્દી નમાઝ પઢી લીધી છે. આ ડર ના હોત તો હું ઓરભી લાંબી નમાઝ પઢત !"

આ રિવાયત ટાંકનાર હઝરત આસિમ બિન ઉમર બિન કતાદહનું બયાન છે : હઝરત ખુબૈબ બિન અદી પહેલા ગૃહસ્થ છે જેમણે ઈસ્લામ ખાતર અલ્લાહના રસ્તામાં કતલ થવા પહેલાં બે રકઅત નમાઝ પઢવાનો રિવાજ ચાલુ કર્યો. એ પછી હઝરત ખુબૈબને ફાંસીના તખતા પર ઊભા કરીને દોરડીઓથી મુશ્કેટાટ જકડી લેવામાં આવ્યા. તે વેળા એમણે બારગાહે-ઈલાહીમાં દુઆ માગી :

અલ્લા હુમ્મ ઈન્ના કદ બલ્લગ્ના	હે અલ્લાહ ! અમે પહોંચાડી દીધો
રિસાલત રસૂલિક	તારા રસૂલનો સંદેશો.
ફ-બલ્લગ્ - હુલ - ગદાત	તો તું પણ ખબર આપી દે તારા રસૂલને સવારે, કે
મા યુસ્નઉ બિના.	શું મામલો બન્યો અમારી સાથે ?

એ પછી હઝરત ખુબૈબ રદિયલ્લાહુ અન્હુએ અલ્લાહની બારગાહમાં આ દુઆ માગી :

અલ્લા-હુમ્મ અહસિ-હિમ અ-દ-દા.	હે અલ્લાહ ! આ કુફ્ફારને એક સ્થળે એકઠા કરજે !
વકતુલ-હુમ બ-દ-દા.	અને એમને વીણી-વીણીને કતલ કરજે !
વલા તુગાદિર મિન્હુમ અ-હ-દા.	અને એમાંના એકને પણ જીવતો નહિ છોડજે !

એ પછી કુરૈશી કાફિરોએ હઝરત ખુબૈબ રદિયલ્લાહુ અન્હુને કતલ કરી નાખ્યા. અલ્લાહ તઆલાની લાખો રહમતો હો એમના પવિત્ર આત્મા પર !

હઝરત અમીર મુઆવિયહ બિન અબૂ સુફયાન પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યા કરતા કે, "ખુબૈબની હત્યા વેળા હું પણ મારા પિતા અબૂ સુફયાન સાથે લોકોના ટોળાંમાં ઊભેલો હતો. ખુબૈબને મુખે બદ-દુઆના આ ખોફનાક શબ્દો સાંભળતાં જ મારા પિતા અબૂ સુફયાન મને ઝાલીને તરત જમીન પર આડા થઇને લેટી ગયા. અરબના લોકોની માન્યતા હતી કે કોઈને બદ-દુઆ કે શ્રાપ આપવામાં આવે અને તે તરત પડખાંભેર જમીન પર લેટી જાય તો શ્રાપના શબ્દો ફોગટ જાય છે અને કોઈ તરહનું નુકસાન થવા પામતું નથી."

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ખુબૈબે ઉહુદના યુધ્ધમાં હારિસ઼ બિન આમિર નામે કુરૈશી કાફિરને કતલ કર્યો હતો. હારિસ઼ના પુત્રોએ હઝરત ખુબૈબને કુરૈશ પાસેથી ખરીદી લીધા હતા કે જેથી બાપના બદલામાં હઝરત ખુબૈબને કતલ કરી નાખે. હારિસ઼ના એક પુત્રનું નામ ઉકબા બિન હારિસ઼ હતું.

આ ઉકબા બિન હારિસ઼ અલ્લાહના સોગંદ ખાયને કહે છે કે, "વલ્લાહ ! ખુબૈબ બિન અદીને મેં કતલ નથી કર્યા કેમકે તે વેળા હું સગીર વયનો છોકરો હતો. બન્યું એમ કે બનૂ અબ્દે-દાર વાળા અબૂ મૈસરહએ મારા હાથમાં ભાલો પકડાવી દીધો. પછી તેણે મારો ભાલાવાળો હાથ ઝાલીને ખુબૈબના બદનમાં એ ભાલો ભોંકી દીધો અને વારંવાર મારા હાથથી ભાલો ભોંકી-ભોંકીને તેમને કતલ કરી નાખ્યા." [1]

---

૧. હુજૈર બિન અબૂ ઈહાબ તમીમી જેણે હઝરત ખુબૈબ રદિયલ્લાહુ અન્હુને કુરૈશ પાસેથી ખરીદી લીધા હતા તે આ ઉકબા બિન હારિસ઼નો મા-શરીક ભાઈ હતો. બાદમાં ઉકબા બિન હારિસ઼ મુસલમાન બની ગયા હતા. "હ"

Maktabe Ashraf

હઝરત ઉમરના સમયનો બનાવ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કેટલાક જાણકાર ગૃહસ્થોએ મને આ ઘટના કહી સંભળાવી કે, મુસલમાનોના બીજા ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુએ સઈદ બિન આમિર બિન જિઝ્યૈમ જુમહીને મુલ્કે-શામના કેટલાક પ્રાંતોના ગવર્નર બનાવીને મોકલાવ્યા હતા. આ ગવર્નર સાહેબ કોઇ માનસિક બીમારીના રોગી હતા. અવારનવાર એમને બેહોશીના દવરા પડતા હતા. બેઠાં-બેઠાં લોકોની સામે બેહોશ થઇને ઢળી પડતા હતા. એમના રોગનું વર્ણન હઝરત ઉમરની સામે કરવામાં આવ્યું અને કહેવામાં આવ્યું કે આ ગવર્નર સાહેબ કોઇ માનસિક વિકૃતિના રોગથી પીડાઇ રહ્યા છે જેના કારણે કોઇકવાર બેઠાં-બેઠાં અચાનક બેહોશ થઇ જાય છે.

એ પછી એક પ્રસંગે ગવર્નર સાહેબ હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુના દરબારમાં હાજર થયા. વાતચીત દરમિયાન હઝરત ઉમરે પૂછ્યું, ''સઈદ ! કહો તો ખરા તમને શું તકલીફ છે ? તમે બેઠાં-બેઠાં બેહોશ કેમ થઇ જાઓ છો ?''

હઝરત સઈદ બિન આમિર બોલ્યા, '' હે અમીરૂલ-મુઅમિનીન ! વલ્લાહ મને કોઇ તકલીફ નથી. ન હું માનસિક વિકૃતિનો રોગી છું ન મારી જાતમાં કોઇ જાતનો બગાડો છે. અસલ વાત આટલી છે કે જ્યારે ખુબૈબને કતલ કરવામાં આવ્યા તો તમાશો જોનારાઓના ટોળાંમાં હું પણ હાજર હતો. બીજા લોકોની પેઠે મેં પણ ખુબૈબની બદ-દુઆના આ શબ્દો સાંભળ્યા હતા :

અલ્લાહુમ્મ અહસિ-હિમ અ-દ-દા.	હે અલ્લાહ ! આ લોકોને એક જગાએ ભેગા કરજે !
વકતુલ-હુમ બ-દ-દા.	અને વીણી વીણીને એમને કતલ કરજે !
વલા તુગાદિર મિન્હુમ અ-હ-દા.	અને એમાંના એકને પણ નહિ છોડજે !

હે અમીરૂલ-મુઅમિનીન ! એ પછી મારી આ હાલત થઇ ગઇ કે જ્યારે પણ ખુબૈબની બદ-દુઆના આ શબ્દો મને યાદ આવે છે તો મારા કાનોમાં તેના ભણકારા વાગે છે અને એજ પળે હું બેહોશ થઇ જાઉં છું.''

આમ કહેતાં જ ગર્વનર સાહેબ હઝરત ઉમરની સામે બેહોશ થઇને ઢળી પડયા.

ઇબ્ને હિશામ કહે છે : હઝરત ખુબૈબ રદિયલ્લાહુ અન્હુ ''અશહુરે-હરામ'' એટલે હરામ મહિના ખતમ થયા ત્યાં સુધી કુરૈશી કાફિરોની કેદમાં રહ્યા. કેદ દરમિયાન એમના પગોમાં લોખંડી બેડીઓ નાખી દેવામાં આવી હતી અને ગૈબથી રોજી મળતી હતી. હરામ મહિના વીતી જવા પછી એમને કતલ કરવામાં આવ્યા.

હતભાગી મુનાફિકોના ઝેરીલા ટાણા————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : ''રજીઅ સ્થળે હિચકારા, હિંસાખોર અને દગલબાજ કાફિરો તરફથી બેગુનાહ મુસલમાનો પર જે આગધારી આફત નાઝિલ થઇ અને હઝરત મરસદ બિન અબી મરસદ હઝરત આસિમ બિન સાબિત તથા એમના સાથીઓ કટ્ટર કાફિરોની ગદ્દારીથી શહીદ થઇ ગયા તો મદીનહના મુનાફિકો ટાણા મારવા લાગ્યા :

યા વૈહ ! હાઉલાઇલ - મફતૂનીન !	નખ્ખોદ વળે આ પાગલોનું !
અલ્લઝીન હ-લ-કૂ	જેઓ પોતે કપાઇ મર્યા.
લા હુમ કઅદૂ ફી અહલી-હિમ	ન પોતાના બાલબચ્ચાંમાં રહી શકયા

Maktabe Ashraf

વલા હુમ ઉદ્દુ	અને ન સંદેશો પહોંચાડી શકયા
રિસાલતા સાહિબિ-હિમ.	પોતાના રસૂલનો.

એટલે રજીઅ સ્થળે શહીદ થનારા સહાબા નાલાયક માણસો હતા. પાગલો પેઠે કતલ થઇ ગયા. ન પોતાના ઘરોમાં બાલબચ્ચાં સાથે રહી શકયા ન પોતાના પયગમ્બરનો સંદેશો પહોંચાડી શકયા. ન બાલબચ્ચાનું ભલું કરી શકયા ન પોતાનું ભલું કરી શકયા. જેમકે મુનાફિકોએ આ શબ્દો પણ કહ્યા : ''વમા અસાબ ઉલા-ઇકન-નસ્રુ મિનલ-ખૈર બિલ્લઝી અસાબહુમ.'' એટલે પાગલોની આ ટોળી કોઇ પ્રકારની ભલાઇ મેળવી શકી નહિ.

ઇબ્ને ઇસ્હાક કહે છે : એના જવાબમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : ''વ ઇઝા તવલ્લા સઆ ફીલ-અર્દિ લિ-યુફસિદા ફીહા......''

> ''અને હે નબી ! આ લોકો જયારે આપની પાસેથી મુખ ફેરવીને જાય છે તો ધરતીમાં ફિત્નો-ફસાદ ફેલાવવાના પ્રયત્નો શરૂ કરી દે છે અને ખેતીઓ તથા નસલોને બરબાદ કરી નાખવાની કોશિશો કરે છે. અને અલ્લાહ ફસાદ કે તબાહી અને બરબાદીને પસંદ કરતો નથી.''
>
> ''અને જયારે તેઓને કહેવામાં આવે છે કે અલ્લાહથી તો ડરો ત્યારે (તેઓ અભિમાન કરે છે જેથી) તેઓનું અભિમાન તેઓને વધારે પાપો તરફ દોરે છે. તો એવાઓ માટે તો જહન્નમ જ બસ છે અને તે બહુ બુરૂં ઠેકાણું છે.
>
> અને લોકોમાંથી કેટલાક એવા છે જેઓ અલ્લાહની ખુશ્નૂદી કે પ્રસન્નતા મેળવવા માટે પોતાની જાનો સુધ્ધાં વેચી દે છે. અને અલ્લાહ પોતાના બંદાઓ પર બેહદ દયાળુ છે.''
>
> ''હે મુસલમાનો ! ઇસ્લામમાં સંપૂર્ણ રીતે દાખલ થઇ જાઓ અને શયતાનને પગલે ન ચાલો. બેશક તે તમારો ખુલ્લો દુશ્મન છે.'' [૧]

એટલે સાચા મુસલમાનો અલ્લાહના રાહમાં ઇસ્લામના દુશ્મનો સાથે જિહાદ કરીને અને સચ્ચાઇ પર અડગ રહીને રાજીખુશીથી મૃત્યુને આમંત્રણ આપે છે અને આ રીતે પોતાની જાનોને અલ્લાહની ખુશ્નૂદી માટે વેચી દે છે. આયતનો ઇશારો રજીઅની એજ ઘટના તરફ છે.

> (સંપાદકની નોંધ : હઝરત ખુબૈબ બિન અદી રદિયલ્લાહુ અન્હુની કરૂણ શહાદત પ્રસંગે ખુદ હઝરત ખુબૈબે રચેલા ૧૦ શેઅરોના દર્દનાક કાવ્ય ઉપરાંત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઇર હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ રજીઅની આ કમનસીબ ઘટના અંગે રચેલા ૫૩ શેઅરોના મરસિયાઓ, અલ્લામા ઇબ્ને હિશામે અહીં પૂરા એક પ્રકરણમાં ટાંકેલા છે. ઇખ્તેસારના હેતુએ થોડાક શેઅરો તરજુમા સાથે અહીં રજૂ કરીએ છીએ.)

હઝરત ખુબૈબના દર્દનાક શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રજીઅના ઝરણા સ્થળે દગલબાજ

---

૧. સૂરએ-બકરહ પારહ ૨ આયત ૨૦૫-૨૦૬-૨૦૭-૨૦૮

કાફિરોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા સહાબા સાથે ગદ્દારી કરી તેને લગતા કાવ્યોમાં તે શેઅરો પણ છે જે હઝરત ખુબૈબે તે વેળા કહ્યા જ્યારે તેમને ફાંસી આપવા માટે કાફિરોનું મોટું ટોળું એકઠું થઇ ગયું હતું. હઝરત ખુબૈબ કહે છે :

લકદ જમ્મઅલ-અહઝાબુ હવલી વ અલ્લબૂ, • કબાઇલ-હુમ વસ્તજ - મઊ કુલ્લ મજમઇ.

જુઓ તો ખરા ! આ ટોળાંઓએ પોતપોતાના કબીલાઓને મારી ચોગર્દમ એકઠા કરી લીધા છે. તેઓએ બૂમો પાડી-પાડીને લોકોનું ટોળું ભેગું કરી લીધું છે.

વકદ જમ્મઊ અબ્ના-અહુમ વ નિસાઅ-હુમ, • વ કુર્રિબ્તુ મિન જિઝઇન તવીલિન મુમન-નઇ.

તેઓએ પોતાના પુત્રોને અને પોતાની સ્ત્રીઓને બૂમાબૂમ કરીને મોટું ટોળું ભેગું કરી લીધું અને મને એક લાંબા થાંભલાં પાસે ઊભો કરી લીધો છે.

ફ - ઝલ - અર્શી સબ-બિરની અલા મા યુરાદુ-બી, • ફકદ બદ-દઊ લહમી વકદ યાસા મત્મઇ.

તો હે અર્શના માલિક ! મારા માટે જે મનસૂબો ઘડવામાં આવ્યો છે તેની ઉપર ધીરજ ધરવાની મને સદ્બુધ્ધિ આપજે ! આ હિંસાખોરોએ મારા માંસની બોટી-બોટી કરી નાખવાનું વિચારી લીધું છે તો હવે મારી દરેક આશા, નિરાશામાં પલટાઈ ગઇ છે.

વ ઝાલિક ફી ઝાતિલ-ઇલાહે વ ઇંય યશઅ, • યુબારિક અલા અવસાલિ શલ્વે મમઝ-ઝઇ.

આ બધું ચોખ્ખી રીતે અલ્લાહના રાહમાં બની રહ્યું છે. તે ચાહશે તો મારા શરીરના કરી નાખેલા અલગ-અલગ ટુકડાઓમાં બરકત નાઝિલ કરી દેશે.

વમા બી હઝરુલ- મવતે ઇન્ની લ-મૈયિતુન, • વલાકિન હિઝારી જહમ નારુન મુલફ-ફઇ.

મને મોતનો કોઈ ડર નથી. હું તો મરી જનારો છું. પરંતુ મને જહન્નમની આગના, લાંબે સુધી લપેટી લેનારા ભડકાઓનો ડર છે.

ફવલ્લાહિ મા અરજૂ ઝા-મિત્તુ મુસ્લિમન, • અલા ઐયિ જમ્બિન કાના ફિલ્લાહિ મસરિઇ.

અલ્લાહના રાહમાં કયા પડખે પછાડીને મને મારી નાખવામાં આવશે તેનો તો અલ્લાહના સોગંદ, મને કોઈ ડર કે ગમ નથી, જ્યારે કે હું મુસલમાન તરીકે મરી રહ્યો છું.

ફ - લસ્તુ બિ-મુબદિન લિલ-અદુવ્વે તખશ-શુઅન, • વલા જઝઅન ઇન્ની ઇલલ-લાહિ મરજિઇ.

તો દુશ્મનની સામે હું કોઈ તરહનો ગભરાટ કે હલકટપણું જાહેર કરનારો નથી. કેમકે હું તો અલ્લાહના તરફ પલટીને જઇ રહ્યો છું.

હઝરત હસ્સાને રચેલો મરસિયો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિતે હઝરત ખુબૈબની શહાદત અંગે આ શેઅરો કહ્યા :

મા બાલુ ઐનિકા લા તરકા મદમ-અહા, • સહહન અલસ સદરિ મિસ્લલ લુઅલુ-ઇલ - કલિકિ.

તારી આંખોને શું થઇ ગયું છે કે તારાં આંસુઓ થંભતાં જ નથી અને તૂટેલાં મોતીઓ પેઠે અનરાધાર સીના પર વહયે જ ચાલ્યાં જાય છે !

અલા ખુબૈબિન ફતલ ફિત્યાને કદ અલિમૂ, • લા ફશિલિન હીના તલકાહુ વલા નઝિકિ.

આ આંસુઓ નવયુવકોના નવયુવક ખુબૈબ પર વહી રહ્યાં છે. લોકો જાણે છે કે મુકાબલા વેળા તે ન તો બુઝદિલ કે ડરપોક પુરવાર થતો હતો અને ન તે તૂંડમિજાજી કે ભૂંડી ટેવો વાળો હતો.

ફા ઐનુ જૂદી બિ-દમ્ઇન મિન્કા મુન-સકિબિન, • વ અબ્કી ખુબૈબન મઅલ-ફિત્યાને લમ યઉબિ.

હે આંખ ! તારાં લગાતાર વહેનારાં ચોધાર આંસુઓની સખાવત ચાલુ રાખજે જ્યારે કે હું ખુબૈબ પર રડું! તે ખુબૈબ જે પોતાના જવાનો સાથે પાછો પલટીને નથી આવ્યો.

કદ હાજા ઐની અલા ઈલ્લાતિ અબ-રતિહા, • ઈઝ કીલા નુસ્સા ઈલા જિઝઈમ મિનલ-ખુશબિ.

રડતાં-રડતાં આંખો એમ જ સુકાઈ ગઈ હતી અને હવે આંસુઓનું નીકળવું પણ દુશ્વાર બની ગયું હતું. તેમ છતાં જ્યારે એવા ગમનાક સમાચાર મળ્યા કે ખુબૈબને ફાંસીને માચડે લટકાવીને મારી નાખવામાં આવ્યા છે તો ધસારાભેર આંસુઓનો ધોધ ફૂટી નીકળ્યો. [1]

હઝરત ખુબૈબ અને રફીકોનો માતમ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિતે આ શેઅરોમાં હઝરત ખુબૈબ તથા તેમના શહીદ થયેલા સાથીઓનો મરસિયો કહ્યો છે :

સલ્લલ-ઈલાહિ અલલ-લઝીન તતા-બઉ • યવમર - રજીએ ફ-અકરિમૂ વ ઉસીબૂ.

અલ્લાહ તઆલા તે લોકો પર પોતાની રહમત નાઝિલ કરે જેઓ એક પછી એક રજીઅ સ્થળે કતલ થઈ ગયા અને એજ કારણે તેઓ માનપાનવાળા અને પ્રતિષ્ઠાશાળી પણ બની ગયા અને સવાબના હકદાર પણ ઠરી ગયા.

રઅસસ સરિય્યતે મરસદુંવ - વ - અમીરુ હુમ • વબ્નલ - બુકૈરે ઈમામુ - હુમ વ ખુબૈબુ.

આ કતલ થનારાઓમાં એ જમાઅતના અમીર કે સરદાર મરસદ હતા અને તેઓના ઈમામ કે આગેવાન ઈબ્ને બુકૈર તથા ખુબૈબ હતા.

વબ્નુ લિ-તારિક વબ્નુ દસિનતા મિન્હુમ, • વ અફાહુ સમ્મ હિમા-મુહુલ - મકતૂબિ.

અને તેઓમાં ઈબ્ને તારિક અને ઈબ્ને દસિનહ હતા. એ બંને અલ્લાહના રાહમાં સંપૂર્ણરીતે વફાદારીને વળગી રહ્યા. પછી તકદીરી મોતના શિકાર બની ગયા.

વલ-આસિમલ - મકતૂલુ ઈન્દ રજીઈ - હિમ • કસબલ - મઆલી ઈન્નહૂ લ-કસૂબિ.

અને તેઓમાં આસિમ છે જેમને રજીઅ મુકામે કતલ કરવામાં આવ્યા. તેમણે ઊંચા મરતબા મેળવી લીધા અને ઊંચા મરતબા મેળવી લેવામાં તેઓ બહુ ઝડપી ગતિના હતા.

મનઅલ - મુકાવતા અંય-યનાલૂ ઝહ-રહૂ, • હત્તા યુજાલિદુ ઈન્નહૂ લ નજીબિ.

તેઓએ નામોશી કે હલકટપણું પોતાની નજદીક પણ આવવા દીધું નહિ, અને આ વાત ગવારા નહિ કીધી કે પૂરી રીતે મુકાબલો કર્યા વિના દુશ્મન તેઓની ઉપર કાબૂ મેળવી લે. ખરેખર તેઓ કુળવાન અને ખાનદાની નબીરા હતા.

---

૧. પચાસેક શેઅરોનો લાંબો મરસિયા છે. નમૂના દાખલ થોડાક શેઅરો લખી દીધા છે. "હ"

હઝરત ખુબૈબની હત્યાના સાક્ષીઓ————ઈબ્ને ઈસ્હાક કહે છે : જે લોકો બૂમબરાડા પાડતા અને દેકારા તથા પડકારા ગજાવતા હઝરત ખુબૈબની ફાંસી પ્રસંગે એકઠા થઈને પોતાની આંખે કતલનો તમાશો જોતા હતા તે એક જંગી ટોળું હતું. એમાંથી કેટલાક કુરૈશી કાફિરોના નામો આ છે : (૧) ઈકરિમહ બિન અબૂ જહલ (૨) સઈદ બિન અબ્દુલ્લાહ બિન અબૂ કૈસ બિન અબ્દે-વુદ્દ (૩) અખનસ બિન શરીક સકફી (૪) ઉબૈદહ બિન હકીમ બિન ઉમૈયહ બિન હારિસહ (૫) ઉમૈયહ બિન અબૂ ઉત્બહ (૬) અલ-હદરમીના કુટુંબીજનો અને કુરૈશનું જંગી ટોળું.

હઝરત હસ્સાનનું નિંદાકાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિતે લિહયાન અને હુઝૈલ કબીલાની ગદ્દારી પ્રત્યે ધિક્કાર જાહેર કરતાં ફરમાવ્યું :

ઈન સર્રકલ ગદરૂ સિરફન લા મિઝાજા લહૂ • ફાતિર રજીઅ ફ-સલ અન દારિલ હયાને.

અગર તને આણીશુધ્ધ એટલે મેળવણી વગરની ગદ્દારીથી ખુશી થતી હોય તો રજીઅ સ્થળે પહોંચી જા અને ત્યાં જઈને લિહયાનનું ઘર પૂછી લે. (અહીં ગદ્દારીની કળાનું શિક્ષણ લેવાની ખરી તક મળી જશે.)

કવમુન તવાસવ બિ - અકલિલ જારે બૈનહુમ • ફલ કલ્બુ વલ કિ-ર-દુ વલ ઈન્સાનુ મિસ્લાને.

લિહયાન એક એવી કોમ છે જેણે પાડોશીને ઓઈયાં કરી જવાની એકબીજાને વસીય્યત કરી રાખી છે. આ કોમની નજરમાં કૂતરાં, વાંદરાં અને ઈન્સાન બધાં સરખાં જ હોય છે.

લહલ્લાહે લિહયાનન ફ-લૈસત દિમાઉ હુમ • લના મિન કતીલા ગદ-રતિન બિ-વફાએ.

અલ્લાહ તઆલા લિહયાન કબીલાની ચામડીના ચીંથરાં ઉડાડી દે ! તેઓએ અમારા આદમીઓ સાથે ગદ્દારી કરીને તેઓને કતલ કરાવી નાખ્યા. અમે તેઓના ખૂનનું વેર લઈશું. એ ગદ્દારી નહિ લેખાશે.

ફલા વલ્લાહે મા તદરી હૈઝૈલુન • અસાફિન માઉ ઝમઝમા અમ મશૂબુ.

હુઝૈલનો કબીલો વલ્લાહ ! અજીબો-ગરીબ અને વિચિત્ર કબીલો છે. તેને આ વાતનું પણ ભાન નથી કે ઝમઝમના કૂવાનું પાણી પવિત્ર છે કે ગંદું અથવા પાક છે કે નાપાક ?

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૫

બીરે-મઊનહનો હત્યાકાંડ

(માહે-સફર સન ૪ હિજરી)

તબલીગ માટે અબૂ બરાઅની દરખાસ્ત ● ધર્મધુરંધર સહાબાની જમાઅત ● આમિરની ગદ્દારી અને દગલબાજી ● હઝરત મુનઝિરની શહાદત ● બે અજાણ્યા આમિરીઓની હત્યા ● સહાબાની કત્લે આમનો સદમો ● હઝરત આમિરની લાશનો અજીબ બનાવ ● જબ્બાર બિન સુલમીનું બયાન ● અબૂ બરાઅનો બદ અંજામ ● હઝરત હસ્સાનનું વિલાપ-કાવ્ય.

તબલીગ માટે અબૂ બરાઅની દરખાસ્ત————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ શવ્વાલના બાકીના દિવસો ઉપરાંત ઝુલ-કઅદહ, ઝુલ-હિજજહ અને મુહર્રમના મહિનાઓમાં મદીનહમાં જ બિરાજમાન રહ્યા. આ વરસના હજજની ક્રિયાઓ અને બીજી તમામ ધાર્મિક વિધિઓના કાર્યક્રમનો ચૂકતે વહીવટ કુરૈશી મુશરિકોના હાથમાં રહ્યો. એ પછી જંગે-ઉહુદના ચાર મહિના બાદ સફરના મહિનામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાની એક જમાઅતને તૈયાર કરીને બીરે-મઊનહ તરફ કૂચ કરવાનો હુકમ ફરમાવ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : સહાબાની આ જમાઅતને બીરે-મઊનહ મોકલવા અંગે જે કંઈ માહિતી મને મળવા પામી તે મારા પિતાજી ઈસ્હાક બિન યસારે તથા અબ્દુલ્લાહ બિન અબીબક્ર બિન મુહંમદ બિન અમ્ર વગેરેએ મુગીરહ બિન અબ્દુર્રહમાન બિન હારિસ બિન હિશામના મુખે સાંભળીને મને તેનું વર્ણન કરતાં કહ્યું કે,

અબૂ બરાઅ આમિર બિન માલિક બિન જઅફર નામે જાણીતો સરદાર જે "મુલાઈબુલ-અસિન્નહ" એટલે બરછીઓના ખેલાડી તરીકે ચોમેર પંકાયેલો હતો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મદીનહ હાજર થયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પ્રથમ તેને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. આમંત્રણનો જવાબ તેણે ન હકારમાં આપ્યો ન નકારમાં આપ્યો. અર્થાત ગોળ-ગોળ વાતો કરીને તેણે ન ઈસ્લામનો ઈન્કાર કર્યો ન ઈસ્લામનો સ્વીકાર કર્યો. એ પછી તેણે દરખાસ્ત રજૂ કરતાં અરજ કરી :

> "હે મુહંમદ ! અગર તમે પોતાના રફીકોમાંથી થોડાક જાણકાર ગૃહસ્થોને નજદ પ્રદેશની વસતિઓમાં મોકલાવી આપો અને તેઓ ત્યાં આવીને તમારો પયગામ પહોંચાડે, ઈસ્લામની તબલીગ કરે, લોકોને ઈસ્લામનું આમંત્રણ આપે તો મને ખાતરી છે કે નજદની વસતિઓના

ઢગલાબંધ માણસો તમારા પયગામ પર લબ્બૈક પોકારીને જરૂર મુસલમાન બની જશે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જવાબમાં ફરમાવ્યું, ''ઇન્ની અખ્શા અલૈહિમ અહલ-નજ્દિન.''એટલે મને મારા માણસો વિશે નજદવાસીઓ તરફથી ધાસ્તી લાગે છે.

અબૂ બરાઅ બોલ્યો, ''અના લહુમ જારુન, ફબ્અસ્-હુમ, ફલ-યદ-ઉન-નાસ ઇલા અમરિક.''હું તેઓના સંરક્ષક અને સહકારી તરીકે તેઓના સંગાથે રહીશ. તમે બેધડક તેઓને મારી સાથે મોકલાવી આપો કે જેથી તેઓ ત્યાંના લોકોને તમારા સંદેશાનું આમંત્રણ આપે.

ધર્મધુરંધર સહાબાની જમાઅત————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ બરાઅ આમિર બિન માલિકની દરખાસ્ત મંજૂર ફરમાવીને પોતાના ૪૦ સહાબાની એક જમાઅતને નજ્દના ઇલાકામાં જવા માટે તેના સંગાથે કરી દીધી. એ બધા કેળવાયેલા ધર્મજ્ઞાનીઓની જમાઅત હતી. એમાં નીચે મુજબ ગૃહસ્થો પણ શામિલ હતા :

૧—— હઝરત મુનઝિર બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ એમનો લકબ ''અલ-મુઅનિક લિ-યમૂત'' હતો એટલે શહાદતની મોત માટે ઝડપથી દોડનાર. હઝરત મુનઝિર બનૂ સાઇદહની બિરાદરી સાથે ભાઇચારાને રિશ્તે જોડાયેલા હતા. ૪૦ સહાબાની તબલીગી જમાઅતના એ જ અમીર હતા.

૨—— હઝરત હારિસ્ બિન સિમ્મહ રદિયલ્લાહુ અન્હુ.

૩—— હઝરત હરામ બિન મિલહાન. રદિયલ્લાહુ અન્હુ. આ બંને ગૃહસ્થો બનૂ અદી બિન નજ્જાર કબીલાના મુવાખાતી ભાઇ હતા.

૪—— હઝરત ઉર્વહ બિન અસમા બિન સલ્ત સુલમી રદિયલ્લાહુ અન્હુ.

૫—— હઝરત નાફિઅ બિન બુદૈલ બિન વરકાઅ ખુઝાઇ રદિયલ્લાહુ અન્હુ.

૬—— હઝરત આમિર બિન ફુહૈરહ રદિયલ્લાહુ અન્હુ. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુના આઝાદ કરેલા ગુલામ. મદીનહની હિજરત વેળા સફરના સાથી.

એવી જ રીતે ૪૦ ચુનંદા અને ધર્મધુરંધર વિદ્વાનોની આ જમાઅત હતી.

સંપાદકની નોંધ————સહીહ બુખારીની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ બરાઅ આમિર બિન મલિક સાથે ૪૦ નહિ, ૭૦ અનસારી સહાબાની જમાઅત મોકલાવી હતી. એ બધા ઊંચા પાયાના ધર્મજ્ઞાનીઓ, કુર્આનના નિષ્ણાત કારીઓ અને સૂફી-દરવેશો જેવા ગુણો ધરાવનારા પાકબાઝ કે પવિત્ર પુરુષો હતા. એમાંના ઘણાખરા ''અસહાબે-સુફફહ''માંથી હતા. અને બધા જ દીની ઉલૂમના આલિમ-ફાઝિલ હતા. એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે ઇસ્લામ અને કુર્આનનું શિક્ષણ આપીને તબલીગી કામના નિષ્ણાત બનાવ્યા હતા. એમનો રોજિંદો નિયમ હતો કે દિવસના અમુક ભાગે જંગલમાંથી લાકડાં કાપી લાવતાં અને સાંજે તેને વેચીને પોતાનું ગુજરાન ચલાવતા અને બાકીનો સમય ઇલ્મે-દીન હાસિલ કરવામાં ગુજારતા. રાતનો મોટો ભાગ તહજ્જુદ અને તિલાવતમાં લાગેલા રહેતા. (સીરતુન-નબી જિ.૧ પા. ૩૯૦- સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૮૫) ''હ''

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુનઝિર બિન અમ્રની, આ તબલીગી

Maktabe Ashraf

જમાઅતના અમીર તરીકે નિમણુક કરેલી હતી. આ લોકો પ્રવાસની મંઝિલો વટાવતા છેવટે ''બીરે-મઊનહ'' સ્થળે પહોંચી ગયા. આ સ્થળ બનૂ સુલૈમ કબીલાના એક કૂવાનું નામ હતું જે બનૂ આમિર અને બનૂ સુલૈમની બે વસતિઓની વચ્ચે આવેલો હતો.

મદીનહથી ઊપડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ આમિર કબીલાના સરદાર આમિર બિન તુફૈલને નામે એક કાગળ લખીને હઝરત હરામ બિન મિલહાનને આપતાં ફરમાવ્યું હતું, ''મારો આ કાગળ આમિર બિન તુફૈલને હાથોહાથ પહોંચાડી દેજો !''

આમિરની ગદ્દારી અને દગલબાજી————બીરે-મઊનહ મુકામે પહોંચીને તબલીગી જમાઅતના સભ્યોએ પડાવ નાખી દીધો. જમાઅતના અમીરે હઝરત હરામ બિન મિલહાનને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાગળ પહોંચાડવા માટે આમિર બિન તુફૈલ તરફ રવાના કર્યા. અલ્લાહના દુશ્મન આમિર બિન તુફૈલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઇને તેને વાંચવા પહેલાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂત હઝરત હરામ બિન મિલહાનને તલવારના એક જ ઝાટકે કતલ કરી નાખ્યા. અને તરત જ બૂમાટા પાડી-પાડીને પોતાની કોમને તાબડતોડ ભેગી કરી અને તેઓને હુકમ ફરમાવ્યો કે અબઘડી બીરે-મઊનહ જઇને મુસલમાનો પર તૂટી પડો અને એકેકને વીણી-વીણીને કતલ કરી નાખો.

જવાબમાં તેની કોમના લોકોએ તેનો હુકમ માનવાનો ચોખ્ખો ઇન્કાર કરી દીધો અને કહ્યું, ''તમારા કાકા અબૂ બરાઅએ આ મુસલમાનોના રક્ષણનું મુહંમદને વચન આપી દીધું છે. તેના આ વચનનો અમે કેવી રીતે ભંગ કરી શકીએ ?''[1]

આ જવાબથી નિરાશ થઇને અલ્લાહના દુશ્મન આમિર બિન તુફૈલે પોતાની કોમને પડતી મૂકી અને બનૂ સુલૈમના કબીલાઓને મુસલમાનો પર તૂટી પડવાની હાકલ કરી. આ કબીલાઓમાં બનૂ ઉસૈયહ, બનૂ રિઅલ અને બનૂ ઝક્વાનનો સમાવેશ હતો. આ કબીલાઓના ખૂની લોકોએ અલ્લાહના દ્રોહી આમિર બિન તુફૈલના જંગલી હુકમનું પાલન કર્યું. તીરકામઠાં અને તલવારો લઇને દોડી આવ્યા અને મુસલમાનોને ચારે તરફથી ઘેરી લીધા. મુસલમાન બહાદુરો પણ તેઓની ગદ્દારી જોઇને કટોકટીની પળ પારખી ગયા અને તલવારો ખેંચી કાઢીને પોતાથી અનેક ગણા દુશ્મનો પર તૂટી પડ્યા અને મરણિયા બનીને ત્યાં સુધી લડ્યા કે એક-એક કરીને અલ્લાહના રાહમાં શહીદ થઇ ગયા. અલ્લાહની અપાર રહમતો હો એ વીરનરોના પવિત્ર આત્માઓ પર !

શહીદ થયેલા આ મુજાહિદોમાં ફક્ત હઝરત કઅબ બિન ઝેદ હતા જેઓ જીવતા રહી જવા પામ્યા. હઝરત કઅબ પણ ગંભીર રીતે ઘવાઇને પોતાના શહીદ સાથીઓની પવિત્ર લાશોમાં પડેલા હતા અને થોડો-થોડો શ્વાસ ચાલતો હતો. કાફિરો એમને મરેલા ધારીને લાશોમાં છોડી ગયા હતા. બાદમાં શહીદ થયેલા સાથીઓની

---

૧. આમિર બિન તુફૈલ પોતાના બનૂ આમિર કબીલાનો સરદાર હતો. અને મુસલમાનોને લઇ આવનાર અબૂ બરાઅ આમિર બિન માલિકનો ભત્રીજો હતો. આમિર બહુ આપખુદ, સત્તાનો ભૂખ્યો અને ગમારો પેઠે જંગલી મનોવૃત્તિનો શખ્સ હતો. સહીહ બુખારીમાં છે કે, એક પ્રસંગે એણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મુસલમાન બનવા માટે ત્રણ વાતોનો પ્રસ્તાવ મૂકતાં કહ્યું હતું : રણ વિસ્તારના તમે માલિક બનો અને હું શહેરી પ્રદેશનો માલિક બનું. બીજું તમારી વફાત પછી મને તમારો ગાદીવારસ બનાવો અને આ શરતો મંજૂર ન હોય તો લડાઇ માટે તૈયાર રહો. યાદ રાખો, મોટું લાવલશ્કર લઇને મદીનહ પર ચઢાઇ કરી દઇશ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એનો આ પ્રસ્તાવ મંજૂર નહિ રાખતાં ફરમાવી દીધું હતું, ''અલ્લાહ અમારા માટે કાફી છે.'' એટલે જ આપે એના કાકા અબૂ બરાઅને ફરમાવ્યું હતું કે, ''મને મારા માણસો માટે નજદવાસીઓ તરફથી ધાસ્તી છે.'' (સીરતુન-નબી જિ.૧ પા. ૩૮૯ હવાલો સહીહ બુખારી) ''હ''

Maktabe Ashraf

લાશોમાંથી એમને ઉપાડીને લાવવામાં આવ્યા. પછી નસીબની યારીથી ધીરે-ધીરે તંદુરસ્ત થઈને એકદમ સારા થઈ ગયા અને ખન્દકના યુધ્ધમાં શહીદ થઈ ગયા. અલ્લાહની અગણિત રહમતો હો એમના પવિત્ર આત્મા પર !

હઝરત મુનઝિરની શહાદત————ઈબ્ને હિશામ કહે છે : બીરે-મઊનહની તબલીગી જમાઅતમાંથી બે સાથીઓ, હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી અને બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત મુનઝિર બિન મુહંમદ બિન ઉકબા બિન ઉહેહા બિન જુલાહ અનસારી પણ હતા જેઓ બીરે-મઊનહ આવવા પછી કાફલાના ઊંટોને ચરાવવા જંગલમાં નીકળી ગયા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ બંને ગૃહસ્થોને પોતાના સાથીઓ પર શું વીતી અને કેવો ખૂંખાર બનાવ તેઓની સાથે બની ગયો તેની કશી ખબર ન હતી. જ્યારે બંને ગૃહસ્થો ઊંટોને ચરાવીને વાપસ થયા તો દૂરથી જોયું કે ગીધ જેવાં પક્ષીઓ આકાશમાં ચકરાવો લેતાં ઊડી રહ્યાં છે, તો બંને બેહદ નવાઇ લાગી. બોલી ઊઠયા, ''વલ્લાહ! કંઇ નવાજૂની થયેલી લાગે છે. જરૂર કોઇ અવનવો મામલો બન્યો છે. પક્ષીઓનો વિચિત્ર ચકરાવો તો જુઓ.''

જ્યારે નઝદીક પહોંચી ગયા તો શું જુએ છે કે બધા સાથીઓની લાશો ખાકો-ખૂનમાં ખરડાયેલી વેરવિખેર હાલતમાં પડેલી છે અને જે કાફિરોએ એમને કતલ કર્યા હતા તેઓ દૂર ઊભેલા છે. હઝરત મુનઝિર બિન મુહંમદ અન્સારીએ પોતાના સાથીને કહ્યું, ''બોલો હવે તમારો શો મત છે ?''

હઝરત અમ્ર બિન ઉમૈયહ બોલ્યા, ''મારા મત મુજબ આપણે મદીનહ જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બનાવના સમાચાર આપવા જોઇએ.''

હઝરત મુહંમદ બિન મુનઝિરે કહ્યું, ''સમાચાર તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વહી મારફતે મળી ગયા હશે, પણ જે સ્થળે મુનઝિર બિન અમ્ર પોતાના સાથીઓ સાથે કતલ થઇ ગયા ત્યાંથી હું પોતાની જાન બચાવીને પાછો ફરવા માગતો નથી. સાથીઓનો સંગાથ કેવી રીતે છોડું !''

આમ કહીને હઝરત મુહંમદ બિન મુનઝિર દુશ્મનને પડકારતા તેઓના ટોળાં પર તૂટી પડયા અને અનેકને જહન્નમ રસીદ કરીને પોતે પણ શહીદ થઇને જન્નતમાં પહોંચી ગયા.

એ પછી બુઝદિલ અને હિચકારા કાફિરોએ હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને ગિરિફતાર કરી લીધા અને બનૂ આમિર કબીલાના સરદાર આમિર બિન તુફૈલને હવાલે કરી દીધા. આ નરાધમ કાફિરને જ્યારે ખબર પડી કે હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી મુદર કબીલાના એક અગ્રણી ગૃહસ્થ છે તો તેણે એમની પેશાની પરથી ચોટલી જેટલા વાળ કાપી લીધા અને એમને છોડી મૂકતાં કહ્યું, ''જા હું તને આઝાદ કરું છું, મારી માએં એક ગુલામને આઝાદ કરવાની માનતા લીધી હતી. મારી મા તરફથી તું આઝાદ છે.''

બે અજાણા આમિરીઓની હત્યા————નસીબની બલિહારીથી દુશ્મન કાફિરોના પંજામાંથી આઝાદ થઇને હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી મદીનહ તરફ રવાના થઇ ગયા. બીજા દિવસે જ્યારે કતાદહની ખીણમાં આવેલા ''કર-કરહ''સ્થળે પહોંચ્યા તો અહીં બે અજાણ્યા માણસો સાથે એમનો ભેટો થયો. આ બંને માણસો બનૂ આમિરના કબીલામાંથી હતા.

ઇબ્ને હિશામ કહે છે : આ બંને માણસો બનૂ આમિરના કબીલાના નહિ બલકે બનૂ કિલાબ કબીલામાંથી

હતા અને બીજી રિવાયત મુજબ બનૂ સુલૈમના કબીલામાંથી હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી આ બંને માણસો હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી સાથે ત્યાંના એક જ ઝાડના સાયા તળે આરામ કરવા લાગ્યા. બનૂ આમિરના કબીલા સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સુલેહશાંતિના કરાર થયેલા હતા અને બંધારણ મુજબ બંને એકમેક સાથે પાડોશીઓના હકો પેઠે વર્તવાને બંધાયેલા હતા. પણ હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને આ કરારની ખબર ન હતી.

હઝરત અમ્ર બિન ઉમૈયહએ બંનેને પૂછયું, ''તમે કયા કબીલામાંથી છો ?''

''અમે બનૂ આમિરના કબીલામાંથી છીએ.'' બંનેએ જવાબ આપ્યો.

હઝરત અમ્રે એમને એમ જ રહેવા દીધા અને જયારે તેઓ ઊંઘી ગયા તો હઝરત અમ્રે બંનેને એજ હાલતમાં પોતાની તલવારથી કતલ કરી નાખ્યા અને મનમાં વિચાર્યું કે, બંનેને મારી નાખીને મેં બનૂ આમિરના કબીલા પાસેથી મારા સાથીઓના ખૂનનો દંડ વસૂલ કરી લીધો છે.

એ પછી જયારે હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બનેલા બનાવની વિગત સાથે બે આમિરીઓની કતલનો કિસ્સો કહ્યો તો તેને સાંભળીને આપ બેહદ નારાજ થઈ ગયા. ફરમાવ્યું, ''જુઓ તમે એવા બે શખ્સોને કતલ કર્યા છે જેઓના કબીલા સાથે આપણા સુલેહશાંતિના કરાર હતા. હવે બંધારણ મુજબ એ બંનેના લોહીનો દંડ ચૂકવવો મારા માટે જરૂરી છે.'' [1]

સહાબાની કત્લેઆમનો આઘાત————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને પોતાના ચુનંદા અને કુર્આનના હાફિઝો, કારીઓ, આલિમો જેવા વિદ્વાન સહાબાઓની અણધારેલી કત્લે-આમથી બેહદ ઊંડો આઘાત લાગ્યો. આમ છતાં આપે અલ્લાહના આદેશ પર રાજી રહીને ધીરજથી કામ લીધું અને ફરમાવ્યું, ''એ અબૂ બરાઅ આમિર બિન માલિક બિન જઅફરનું કારસ્તાન છે. તેણે મને એમના રક્ષણનું વચન આપ્યું હતું છતાં પોતાનું વચન તેણે પાળ્યું નહિ. મને અગાઉથી જ એની ધાસ્તી હતી એટલે જ હું મારા સહાબાને મોકલવા રાજી ન હતો.'' [2]

બીજી તરફ વચન આપનાર અબૂ બરાઅ આમિર બિન માલિકને પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાની કત્લે-આમના સમાચારથી પારાવાર આઘાત લાગ્યો. સૌથી મોટો આઘાત તેને આ વાતનો હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરેલા કોલકરારના, ખુદ તેના નાલાયક ભત્રીજા આમિર બિન તુફૈલે ભૂકકા કરી નાખ્યા હતા. તેને આ વાતનું પણ પારાવાર દુખ થયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

૧. હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનીતા સહાબી હતા. બાદશાહોના દરબારી આદાબ અને રાજકારણના માહિતગાર હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ સુફયાનના બેટી બીબી ઉમ્મે હબીબહ સાથે નિકાહ કર્યા તે વેળા બીબી ઉમ્મે હબીબહ હબશહ દેશમાં હતાં. નિકાહનો પયગામ આપીને આપે હઝરત અમ્ર બિન ઉમૈયહને નજાશી બાદશાહના દરબારમાં મોકલાવ્યા હતા. નજાશી બાદશાહને ઈસ્લામના આમંત્રણનો કાગળ લખ્યો તો એ કાગળ પણ એમને જ આપીને બાદશાહના દરબારમાં મોકલાવ્યા હતા. ''ઇ''

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ દર્દનાક ઘટનાના સમાચારથી વર્ણવી ન શકાય એટલો ઊંડો આઘાત લાગ્યો હતો. એજ દિવસથી આપે ફજરની નમાઝમાં ''કુનૂતે-નાઝિલહ'' પઢવાનું શરૂ કર્યું. નમાઝની બીજી રકઅતમાં રૂકુઅથી સર ઉઠાવવા બાદ કુનૂતે-નાઝિલહમાં દગાબાજ કાફિરો-ખૂનીઓ માટે બદ-દુઆ ફરમાવતા રહ્યા. એક રિવાયતમાં એક મહિનો અને બીજી રિવાયત મુજબ ૪૦ દિવસો સુધી બદ-દુઆ ફરમાવી એ પછી આપે કુનૂતે-નાઝિલહ પઢવાનું છોડી દીધું. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૬૦ - અસિહ-હુસ સિયર પા. ૧૫૬) ''ઇ''

અલૈહિ વ સલ્લમને રક્ષણની જામિનગીરી આપવા છતાં આપના સહાબાને બેદર્દીથી રહેંસી નાખવામાં આવ્યા.

હઝરત આમિરની લાશનો અજીબ બનાવ————કત્લે-આમના એજ હિંસાકાંડમાં હઝરત અબૂબક્ર સિદ્દીકના આઝાદ ગુલામ હઝરત આમિર બિન ફુહૈરહ પણ શહીદ થઈ ગયા હતા. શહીદ થતાં જ એમનો જનાઝો આકાશ તરફ ઉઠાવવામાં આવ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હિશામ બિન ઉર્વહએ પોતાના પિતાજી ઉર્વહની રિવાયત ટાંકતાં મને કહ્યું કે, જયારે હઝરત આમિર બિન ફુહૈરહને કતલ કરવામાં આવ્યા તો એમની લાશ આકાશ તરફ ઊંચે ચઢી ગઈ. લાશનું આકાશે જવાનું દ્રશ્ય ખુદ આમિર બિન તુફૈલે પોતાની આંખથી જોયું હતું. આ અજીબો-ગરીબ દ્રશ્ય જોઈને તે બેહદ નવાઈ પામી ગયો હતો.

હઝરત ઉર્વહનું બયાન છે : જયારે "બીરે મઊનહ"માં ૭૦ સહાબાને શહીદ કરી નાખવામાં આવ્યા અને હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને કેદ કરી લેવામાં આવ્યા તો આમિર બિન તુફૈલે એક કતલ થનાર તરફ ઈશારો કરીને પૂછયું, "આ કોણ માણસ છે હે અમ્ર ?"

હઝરત અમ્રે જવાબ આપ્યો, "એ આમિર બિન ફુહૈરહ છે."

આમિર બિન તુફૈલ બોલ્યો, "મેં મારી આંખે જોયું કે જયારે એને કતલ કરવામાં આવ્યો તો એની લાશને આસમાન તરફ ઊંચકવામાં આવી. પછી મેં જોયું કે લાશ આસમાન અને જમીન વચ્ચે અધ્ધર છે. એ પછી લાશને જમીન પર મૂકી દેવામાં આવી."

ઈબ્ને ઈસ્હાક કહે છે : બીજી રિવાયત એવી છે કે આમિર બિન તુફૈલે કેદ થયેલા હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને લાશોના ઢગલા પાસે લઈ જઈને કહ્યું, "તપાસ કરીને મને બતાવો કે કોની લાશ ગાયબ છે?"

હઝરત અમ્રે તપાસને અંતે ફરમાવ્યું, આમિર બિન ફુહૈરહની લાશ દેખાતી નથી." ૧

જબ્બાર બિન સુલમીનું બયાન————ઈબ્ને ઈસ્હાક કહે છે : જબ્બાર બિન સુલમી બિન માલિક બિન જઅફરના એક બેટાએ મને આ વિગત જણાવી કે બીરે-મઊનહની કત્લે-આમમાં મારા પિતાજી જબ્બાર પણ મુસલમાનોના ખૂની આમિર બિન તુફૈલની સાથે શામિલ હતા. બાદમાં મારા પિતાજી મુસલમાન બની ગયા હતા. પિતાજીના મુસલમાન બનવાનું કારણ તેઓ પોતે વર્ણવતા હતા. તેમનું બયાન છે કે, આ કત્લે-આમમાં મેં એક મુસલમાનના બંને ખભા વચ્ચે એવા જોરથી ભાલો માર્યો કે ભાલાનું ફળ તેના સીનાને ભેદીને આરપાર નીકળી ગયું. ભાલો ખાતાં જ તે પોકારી ઊઠયો, "ફુઝતુ વલ્લાહિ !"એટલે અલ્લાહના સોગંદ, હું કામયાબ થઈ ગયો.

તેના આ શબ્દો સાંભળીને હું ચમકી ઊઠયો. નવાઈ પામીને મેં મારા મનમાં કહ્યું, "શું મેં એને કાપીને ફેંકી નથી દીધો ? પછી એ "કામયાબ થઈ ગયો" તેવા શબ્દો કેવી રીતે ઉચ્ચારી શકે ? મરી જવામાં કામયાબી કેવી ? તેના આ શબ્દો મારા દિલ પર કોતરાઈ ગયા. બાદમાં કેટલાક જાણકારોને મેં એના અર્થ પૂછયા તો તેઓએ કહ્યું, "કામયાબીના અર્થ અલ્લાહના રાહમાં કતલ થવું છે અને અલ્લાહના રાહમાં કતલ થનાર જન્નતમાં જવાની કામયાબી મેળવી લે છે."

---

૧. હઝરત આમિર બિન ફુહૈરહ રદિયલ્લાહુ અન્હુ બહુ ઊંચા પાયાના સહાબી હતા. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુના આઝાદ કરેલા ગુલામ હતા. હિજરતે-મદીનહના પ્રવાસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ત્રીજા સાથી હતા. ચોથો સાથી તે ભોમિયો હતો જેનું નામ અબ્દુલ્લાહ બિન ઉરૈકિત હતું. "હ"

આ સાંભળીને મેં મનમાં કહ્યું, "વલ્લાહ ! ત્યારે તો મારા હાથથી કતલ થનાર એ મુસલમાન સાચેસાચ કામયાબ છે. એ પછી હું પોતે પણ સાચા દિલથી કલિમો પઢીને મુસલમાન બની ગયો. કેમકે મુસલમાન તરીકે અલ્લાહના રાહમાં કતલ થવાથી જન્નત મળતી હોય તો કાફિર તરીકે જાન આપીને જહન્નમમાં શા માટે જવું ?"

અબૂ બરાઅનો બદ અંજામ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વાયદો આપીને ૭૦ મુસલમાનોને લઈ જનાર અબૂ બરાઅ આમિર બિન માલિક પણ પોતાના બુરા અંજામે પહોંચી ગયો. તેના ભત્રીજા આમિર બિન તુફૈલે તેની સાથે હડહડતી ગદ્દારી કીધી. નાલાયક ભત્રીજાની આ ગદ્દારી તેના માટે પ્રાણઘાતક નીવડી. એજ ગમમાં પસ્તાવો કરીકરીને અને એજ દુઃખમાં ઝુરીઝુરીને છેવટે તે મરી ગયો. તેના એક જવાન બેટાનું નામ રબીઅહ બિન અબૂ બરાઅ હતું. તેણે પોતાના બાપના ખૂને-નાહકના વેર તરીકે આમિર બિન તુફૈલ પર હુમલો કરીને ભાલો ઝીંકી દીધો જે આમિરની જાંઘમાં ખૂપી ગયો પણ ઘા ઊંડો ન હોવાથી તે કતલ થવાથી બચી ગયો. હા ઘોડાની પીઠ પરથી લથડિયાં ખાતો ભોંય પર પછડાઈ પડયો અને પડતાં-પડતાં બોલી ઊઠયો.

"આ તો નક્કી મારા કાકા અબૂ બરાઅના વેરનો વાર લાગે છે ! વાંધો નહિ, જો હું મરી ગયો તો મારૂં ખૂન મારા કાકાના મરણનું સાટું થઈ જશે. તમારામાંથી કોઈએ તેની પાછળ પડીને બનેલા મામલાને લંબાવવો નહિ. પણ જો હું જીવતો રહી ગયો તો બનેલા મામલા અંગે શું પગલું લેવું તેનો હું વિચાર કરીને નિર્ણય લઈશ!"

હઝરત હસ્સાનનું વિલાપ-કાવ્ય————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ બીરે-મઊનહના શહીદો——ખાસ કરીને તેઓના અમીર હઝરત મુનઝિર બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુની કરૂણ શહાદત અંગે ખેદ અને અફસોસ વ્યકત કરતાં માતમી કાવ્યના આ શેઅરો કહ્યાઃ

અલા કત્લા બીરે-મઊનતા ફસ - તહિલ્લી, • બિ-દમ્ઇલ - ઐનિ સહહન ગયર નઝરિ.

અલા ખૈલિર રસૂલે ગદાતા લાકૂ, • મનાયા - હુમ વ લાકત-હુમ બિ-કદરિ.

દિલ ખોલીને કે મન મુકીને પોતાની આંખોમાંથી આંસુઓ વહાવો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે લશ્કરો પર જેઓને બીરે-મઊનહ મુકામે કતલ કરી નાખવામાં આવ્યાં. એ દિવસે તેઓ મૃત્યુનો સત્કાર કરતા હતા અને મૃત્યુ તેઓનો સત્કાર કરી રહ્યું હતું.

અસા-બહુમુલ - ફનાઉ બિ-અકદે કવમિન, • તુખવ-વના અકદુ હબ-લિહિમ બિ-ગદ્રિ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ સિપાહીઓને વિશ્વાસઘાત કરનારા કાફિરોના વચનભંગને કારણે મૃત્યુને ઘાટ ઊતરી જવું પડયું. તે કાફિરો કે જેઓ ગદ્દારીની દોરડીમાં જકડાયેલા છે.

ફયા લહફીલ- મુનઝિરે ઇઝ તવલ્લા, • વ અઅનકા ફી મનિય-યતેહી બિ-સબરિ.

તો અફસોસ છે કે હઝરત મુનઝિર જેઓ અમારાથી મુખ ફેરવીને રૂખ્સત થઇ ગયા અને અતિશય ધીરજ તથા સહનશીલતાથી મૃત્યુ તરફ ઉતાવળે બઢી ગયા.

વ કાઇનુ કદ ઉસીબા ગદાતા ઝાકુમ, • મિન અબ-યદિ માજિદિમ મિન સિર્રે અમરિ.

તે દિવસે સવારના સમયે તેમને કતલ કરવામાં આવ્યા. તેઓ બેહદ રૂપાળા-દેખાવડા, માનપાનવાળા અને અમ્રના સૌથી શ્રેષ્ઠ પુત્ર હતા. [૧]

---

૧. અહીં બીજા શાઇરોના ૧૨ શેઅરો જતા કર્યા છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૬

બનૂ નદીરના યહૂદનો દેશનિકાલ

(રબીઉલ-અવ્વલ સન ૪ હિજરી)

આમિરીઓની દિયતનો મામલો • યહૂદ પાસે દિયતની માગણી • રસૂલુલ્લાહ (સલ.)ની હત્યાનું કાવતરૂં • યહૂદનો ઘેરો અને ખજૂરીના ઝાડો • યહૂદને મુનાફિકોની ઉશ્કેરણી • મદીનાહથી નીકળી જવાની પરવાનગી • ખૈબરમાં જઇને વસેલા યહૂદીઓ • યહૂદીઓના માલની વહેંચણી • મુસલમાન બનેલા બે યહૂદીઓ • બનૂ નદીર કુર્આનની રોશનીમાં • હઝરત કઅબના શેઅરો.

Maktabe Ashraf

આમિરીઓની દિયતનો મામલો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : બીરે-મઊનહથી પાછા ફરતી વેળા હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીએ [૧] રસ્તામાં મળેલા બનૂ આમિર કબીલાના બે માણસોને ઊંઘની હાલતમાં કતલ કરી નાખ્યા હતા અને માની લીધું હતું કે મેં મારા સાથીઓની કત્લે-આમનો બદલો વાળી લીધો છે. બનૂ આમિરના કબીલા સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મૈત્રીના કરાર થયા હતા પણ હઝરત અમ્ર બિન ઉમૈયહને એ કરારની ખબર ન હતી જેથી બે-ખબરીની હાલતમાં તેમણે એમને કતલ કરી નાખ્યા હતા. પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને આ સમાચાર મળ્યા તો આપે પોતાની નારાજી દર્શાવીને ફરમાવ્યું હતું કે, "બનૂ આમિર સાથે આપણા મૈત્રીના કરાર હતા. એ કરારને આધારે બંનેની હત્યાનો લોહીદંડ ચૂકવવો મારા માટે જરૂરી છે." [૨]

યહૂદ પાસે દિયતની માગણી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના કેટલાક સહાબા સાથે બનૂ નદીર કબીલાના યહૂદીઓની વસતિમાં તશરીફ લઇ ગયા; એવા હેતુએ કે બનૂ આમિરના બે માણસોની હત્યાના લોહીદંડની રકમ અંગે તેઓની સાથે વાતચીત કરે અને મુસલમાનો સાથે થયેલા કરાર મુજબ તેઓને ભાગે આવતા ફાળાની રકમ મેળવે. કેમકે બનૂ આમિરના બે

---

૧. હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી રદિયલ્લાહુ અન્હુ નસીબની બલિહારીથી કતલ થવાથી બચી ગયા હતા. દગાખોર આમિર બિન તુફૈલે એમની પેશાની પરથી ચોટલી જેટલા વાળ કાપી લઇને કહી દીધું હતું કે, જા હું તને આઝાદ કરૂં છું કેમકે મારી માએ એક ગુલામને આઝાદ કરવાની મન્નત લીધી હતી. "હ"

૨. એજ કરારને આધારે જ્યારે અલ્લાહના દુશ્મન આમિર બિન તુફૈલે પોતાની કૌમ - બનૂ આમિરના લોકોને મુસલમાનો પર તુટી પડવાનો હુકમ આપ્યો હતો તો તેઓએ ચોખ્ખો ઇન્કાર કરી દેતાં કહી દીધું હતું કે, અમે મુહંમદ સાથે થયેલા કરારનો ભંગ કરી શકીએ નહિ : "હ"

માણસોને હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીએ બે-ખબરીની હાલતમાં કતલ કરી નાખ્યા હતા. અને કરારને આધારે બનૂ નદીરના યહૂદ પણ ફાળાની રકમ ભરપાઇ કરવા માટે બંધાયેલા હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઝીદ બિન રૂમાને કહ્યું કે, બનૂ નદીરના કબીલા અને બનૂ આમિરના કબીલા વચ્ચે એકબીજાની મદદના કોલ-કરાર થયેલા હતા અને તેઓ આપસમાં એકમેકના સહકારના કરારોથી જોડાયેલા હતા. આ હેતુએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ નદીરના યહૂદીઓની વસતિમાં તશરીફ લઇ ગયા.

પોતાના સહાબા સાથે બનૂ નદીરની વસતિમાં પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓના અગ્રેસરો અને મુખીઓને ભેગા કર્યા અને પોતાના આગમનનો હેતુ દર્શાવીને લોહીદંડની ચૂકવણીમાં સહકારી બનવાની અને ફાળે આવતી રકમ ભરપાઇ કરી દેવાની તેઓ પાસે માગણી રજૂ કરી.

બનૂ નદીરના અગ્રેસરોએ ઉમળકાભેર કે ઉત્સાહભેર આપની માગણી વધાવી લેતાં કહ્યું, "હા હે અબુલ-કાસિમ ! [૧] આપ શાંતિ રાખો. જે કંઇ આપ ચાહો છો તેમાં અમે આપના સહકારી જ છીએ. અમારે ફાળે આવતી રકમથી જરૂર આપની મદદ કરવામાં આવશે. મહેરબાની કરીને થોડીવાર માટે આપ પેલી દીવારના સાયા તળે આરામ ફરમાવો. અમે નાણાંની વ્યવસ્થા કરીને જલદી આવીએ છીએ."

રસૂલુલ્લાહ (સલ.)ની હત્યાનું કાવતરૂં————આ જવાબ આપીને યહૂદી અગ્રેસરો આપસમાં ઘુસપુસ કરતા એક મકાનમાં ચાલ્યા ગયા અને ત્યાં છુપી મંત્રણા કરતાં એકબીજાને કહેવા લાગ્યા, "વલ્લાહ ! આ શખ્સને (રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને) ફરીવાર આ હાલતમાં જોવાની તક નહિ મળશે. અત્યારે બરાબર દાવમાં આવેલા છે. કોણ બહાદુર છે જે આ અણીની તક ઝડપી લે અને મકાનની અગાશી પર જઇને મોટો પથરો એમનાં માથે ઝીંકી દે અને આપણી આખી કૌમને એમની રોજ-રોજની કનડગતથી નજાત અપાવી દે !" [૨]

તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ નદીરના એક મકાનની દીવારના સાયા તળે પોતાના સહાબા સાથે બિરાજમાન થઇને આરામ ફરમાવતા હતા. યહૂદી અગ્રેસરોની હાકલ પર અમ્ર બિન હંજાશ બિન કઅબ નામે જોશીલા યુવકે એનું બીડું જડપી લેતાં કહ્યું, "હું મારી જાનના જોખમે આ સાહસ ખેડવા તૈયાર છું!"

આમ કહીને તે મોટો પથરો લઇને અગાશી પર પહોંચી ગયો અને ચાહતો જ હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક સર પર પથ્થર ઝીંકી મારે ત્યાં જ આકાશી વહી મારફતે આપને બનૂ નદીરના છુપા મનસૂબાની બાતમી મળી ગઇ. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે માનવંતા સહાબાની જે જમાઅત બેઠેલી હતી તેમાં હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક અને હઝરત અલી પણ હતા. અલ્લાહ

---

૧. યહૂદીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુહંમદ નામે બોલાવવાને બદલે અબુલ-કાસિમ ઉપનામે બોલાવતા હતા. કારણ આ હતું કે મુહંમદ નામે બોલાવે તો તવરાતના હુકમ મુજબ આપની પયગમ્બરીનો સ્વીકાર કરવો તેઓ માટે જરૂરી ઠરતો હતો. "હ"

૨. આ છુપી મંત્રણા વેળા સલ્લામ બિન મિશ્કમ નામે યહૂદી સરદાર પણ તેઓમાં હાજર હતો. તેણે ચેતવણી આપતાં કહ્યું હતું, "ભાઇઓ! હરગિઝ આમ ન કરો. વલ્લાહ ! મુહંમદને તેમનો પાલનહાર આ છુપા કાવતરાની ખબર કરી દેશે. વળી એ કરારભંગ પાત્ર છે જેનો નતીજો બુરો આવશે." કોઇએ તેની વાત માની નહિ. (રહિકુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૬૧)

Maktabe Ashraf

એ સૌથી રાજી હો ! [1]

અલ્લાહ તઆલા તરફથી યહૂદીઓના છુપા કાવતરાની બાતમી મળતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થઈ ગયા અને પોતાના સહાબાને કંઈ પણ કહ્યા વિના મદીનહની વસતિ તરફ વાપસી માટે રવાના થઈ ગયા. સહાબાએ વિચાર્યું, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કોઈ અગત્યના કામ અંગે તશરીફ લઈ ગયા છે. એ કામ પતાવીને તુરંત પાછા પધારશે. પરંતુ જયારે પાછા પધારવામાં લાંબો વિલંબ થઈ ગયો તો માનવંતા સહાબા પણ ફિકરમંદ થઈને આપની તલાશમાં મદીનહ તરફ રવાના થયા. રસ્તામાં મદીનહ તરફથી આવનારા એક મુસલમાન ગૃહસ્થ મળ્યા. સહાબાએ એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે પૂછયું તો તેઓ બોલ્યા, ''હા મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મદીનહમાં દાખલ થતાં જોયા છે.''

આ સાંભળીને સહાબા ત્યાંથી આગળ વધ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા. આપે સહાબાને અસલ હકીકતના સમાચાર આપતાં યહૂદીઓના છુપા કાવતરાની બાતમી આપી કે તેઓએ ગદ્દારીથી કામ લઈને કેવો ખોફનાક ત્રાગડો રચ્યો હતો ! એ પછી આપે સહાબાને બનૂ નદીરના ગદ્દાર અને કરારભંગી યહૂદીઓ સાથે જંગની તૈયારી કરવાનો અને જલદી તેઓની વસતિમાં પહોંચી જવાનો હુકમ ફરમાવી દીધો.

યહૂદનો ઘેરો અને ખજૂરીના ઝાડ——————ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહથી ઊપડતી વેળા પોતાની જગાએ પોતાના નાયબ તરીકે એટલે મદીનહના ગર્વનર તરીકે હઝરત ઈબ્ને ઉમ્મે મકતૂમની નિમણૂંક કરી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગની તૈયારી કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે બનૂ નદીરના મુકાબલા માટે પહોંચી ગયા અને તેઓની વસતિ ફરતે ઘેરો ઘાલીને પડાવ નાખી દીધો.

ઈબ્ને હિશામ કહે છે : બનૂ નદીરની વસતિ ફરતે ઘેરાનો આ બનાવ સન ૪ હિજરીના રબીઉલ-અવ્વલમાં બન્યો. આપે ૬ રાતો સુધી બનૂ નદીરના યહૂદની વસતિને પોતાના ઘેરામાં રાખી. એજ દિવસોમાં શરાબના હરામ હોવાનો હુકમ અલ્લાહ તઆલા તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળવા પામ્યો. આજ સુધી શરાબ હલાલ હતો, હવે હરામ ઠરી ગયો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : યહૂદીઓ પોતાના બાલબચ્ચાં અને કુટુંબ-કબીલા સાથે પોતાના કિલ્લાઓમાં ભરાય ગયા. ફાટકો અને દરવાજા બંધ કરી લીધા અને માની લીધું કે મુસલમાનો તરફથી અમે હરેક રીતે સલામત છીએ. આ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓના ખજૂરીઓના ઝાડોને કાપી નાખવાનો

---

૧. સહાબાની આ જમાઅતમાં હઝરત ઉસમાન ગની, હઝરત ઝુબૈર, હઝરત તલહા, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ, હઝરત સઅદ બિન મુઆઝ, હઝરત સઅદ બિન ઉબાદહ અને હઝરત ઉસૈદ બિન હુદૈર (રદિયલ્લાહુ અન્હુમ) પણ હાજર હતા. એ શનિવારનો દિવસ હતો. મસ્જિદે કુબામાં નમાઝ પઢીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના આ સહાબા સાથે બનૂ નદીર પાસે તશરીફ લઈ ગયા. એમની વસતિ મદીનહથી ૬ માઈલના અંતરે આવેલી હતી. એમના સરદારનું નામ હુયય બિન અખ્તબ હતું. એમનો ધર્મગુરૂ સલ્લામ બિન મિશ્કમ પણ હાજર હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાંથી ચાલ્યા ગયા તો યહૂદીઓ ભોંઠા પડીને બેહદ પસ્તાયા. કિનાનહ બિન હુવૈરા નામે યહૂદી ધર્મગુરૂ બોલ્યો, ''જાણો છો મુહંમદ કેમ ઊઠીને ચાલ્યા ગયા ? વલ્લાહ, તેઓ અલ્લાહના સાચા રસૂલ છે અને તેમને આપણી ગદ્દારીની બાતમી મળી ગઈ છે.'' (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૬૧ - સીરતે - અહમદે મુજતબા જિ.૨ પા.૪૯૧ હવાલો સહીહ બુખારી) ''હ''

Maktabe Ashraf

અને તેમાં આગ ચાંપી દેવાનો હુકમ ફરમાવી દીધો.

પોતાના ઝાડોને ભડભડાટ બળતાં જોઈને યહૂદીઓ રાડારાડ કરવા લાગ્યા, ''અરે ઓ મુહંમદ ! તમે તો ફિત્ના-ફસાદથી લોકોને અટકાવો છો અને જે ફસાદ કરે તેને ઠપકારો છો. હવે આ ઝાડોને કાપવું અને તેમાં આગનું ચાંપવું એ શું છે ?''

જે ઝાડોને કાપવામાં આવ્યાં તે ''લીનહ'' નામે મામૂલી ખજૂરના ઝાડો હતાં. ઉત્તમ કોટિના મૂલ્યવાન ઝાડો ન હતાં. એ ઝાડોના ઝુંડ પાછળ યહૂદીઓ કિલ્લામાં ભરાયેલા હતા. આ ઝાડોને કાપી નાખવાનું વર્ણન કુર્આનમાં આ પ્રમાણે છે :

મા કતઅ-તુમ મિલ - લીનતિન	જે ઝાડો તમે કપાવ્યાં લીનહ નામે ખજૂરનાં,
અવ તરક-તુમૂહા કાઈ-મતન	અથવા જેટલાં ઝાડો તમે કાયમ રહેવા દીધાં.
અલા ઉસૂલિહા	તેના મૂળિયાં પર,
ફ-બિ-ઈઝનિલ્લાહિ	એ બધું અલ્લાહના હુકમથી થયું છે
વ-લિ-યુખ-ઝિયલ ફાસિકીન.	કે જેથી અલ્લાહ ફજેતો બોલાવે આ નાફરમાનોનો.[1]

યહૂદને મુનાફિકોની ઉશ્કેરણી————યહૂદીઓ ફરતેના ઘેરાના સમાચાર જ્યારે મદીનહના મુનાફિકોને મળ્યા તો બનૂ ઔફ બિન ખઝરજના મુનાફિકોની એક ટોળી—જેમાં મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ, વદીઅહ, માલિક બિન અબી કૂકલ, સુવૈદ અને દાઈસ વગેરે શામિલ હતા. આ ટોળીએ બનૂ નદીરના યહૂદીઓ પાસે જઈને કહ્યું :

''હે યહૂદી બિરાદરો ! તમે પોતાના સ્થળે અડગ અને મક્કમ રહેજો. અમે તમારી દરેક મદદ માટે તૈયાર છીએ. અગર તમે મુસલમાનો સાથે લડશો તો અમે પણ તમારા પડખે રહીને લડીશું. અગર તમે તમારા ઘરબાર છોડીને તડીપાર થઈ જશો તો અમે પણ અમારાં ઘરબાર છોડીને તમારી સાથે તડીપાર થઈ જઈશું. તમને અમે અટૂલા નહિ છોડી દઈશું. હર હાલમાં અડગનમ રહેશો અને નમતું નહિ આપશો.''

અલ્લાહ તઆલાએ મુનાફિકોની આ ઉશ્કેરણીની નોંધ લેતાં કુર્આનમાં એનું વર્ણન આ પ્રમાણે કર્યું :

અલમ તરા ઈલલ-લઝીન - નાફકૂ,	શું તમે નહિ જોયા આ મુનાફિકોને ?
યકૂલૂન લિ-ઈખ્વા-નિહિમુલ-લઝીન	કહે છે પોતાના તે ભાઈઓને જેઓએ
ક-ફ-રૂ મિન અહલિલ-કિતાબિ-	કુફ્ર કર્યો અહલે-કિતાબમાંથી.
લઈન ઉખ-રિજ-તુમ	અગર તમે નીકળી જશો તો
લનખ-રુજન્ન મઅકુમ.	અમે પણ નીકળી જઈશું તમારી સાથે.
વલા નુતીઉ ફીકુમ અહદન અબદા.	તમારા મામલામાં અમે કોઈનું કહ્યું નહિ માનીશું.
વઈન કૂતિલ-તુમ	અને જો કોઈ લડયું તમારી સાથે
લનન-સુરન-નકુમ.	તો અમે આવી લાગીશું તમારી મદદ માટે.[2]

૧. સૂરએ-હશ્ર પા. ૨૮ આયત ૫ - મતલબ આ કે ઝાડો કાપવામાં આવ્યાં તે કોઈ ફસાદ કે ફિત્નો ન હતો બલકે અલ્લાહનો હુકમ હતો. કેમકે આ દગાખોર અને ગદ્દાર યહૂદીઓને અલ્લાહ તઆલા ઝિલ્લતો-ખ્વારીની શિક્ષા આપવા માગતો હતો. ''હ''

૨. સૂરએ-હશ્ર પારહ ૨૮ આયત ૧૧

Maktabe Ashraf

સારાંશ કે બનૂ નદીરના આ કાફિર યહૂદીઓ ઘણા દિવસો સુધી મુનાફિકોને ભરોસે કિલ્લેબંધ રહ્યા અને તેઓની મદદની કાગને ડોળે રાહ જોતા રહ્યા પણ તેઓમાંથી કોઈ મદદ માટે નહિ આવ્યું તે નહિ આવ્યું. છેવટે તેઓની હિંમતે જવાબ આપી દીધો અને અલ્લાહ તઆલાએ તેઓના દિલો પર મુસલમાનોનો રૂઆબ બેસાડી દીધો.

મદીનહથી નીકળી જવાની પરવાનગી————યહૂદીઓએ મજબૂર થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી, "હે મુહંમદ ! રહમદિલીથી કામ લો. લોહી રેડવાની જરૂર નથી. અમને મદીનહથી નીકળી જવાની પરવાનગી આપો. એવી શરતે કે જેટલો માલ સામાન અમારા ઊંટોની પીઠો પર લાદી શકાય તેટલો અમે પોતાની સાથે લઈ જઈએ."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની આ શરત કબૂલ ફરમાવી. યહૂદીઓ જેટલો માલ-સામાન ઊંટો પર લાદી શકયા તે બધો લાદીને લઈ ગયા. [1] એટલે સુધી કે પોતાના મકાનોના બારીબારણા સુદ્ધાં ઉખાડીને, ઊંટોની પીઠો પર લાદીને લઈ ગયા અને જતી વેળા પોતાનાં ઘરોને પણ પોતાના હાથથી તોડતા-ફોડતા ગયા. એમાંના કેટલાક યહૂદીઓ તો મુલ્કે શામ તરફ નીકળી ગયા અને કેટલાક પોતાના બાલબચ્ચાં સાથે ખૈબરના ઈલાકામાં જઈને વસી ગયા.

ખૈબરમાં જઈને વસેલા યહૂદીઓ————યહૂદીઓના જે આબરૂદાર અમીરો, ધર્મનેતાઓ કે મોભાદાર અગ્રેસરો મદીનહથી તડીપાર થઈને ખૈબરના ઈલાકામાં ચાલ્યા ગયા તેઓમાં સલ્લામ બિન અબી હુકૈક, કિનાનહ બિન રબીઅ બિન અબી હુકૈક અને હુય્ય બિન અખ્તબ જેવા નામીચા સજ્જનો કે સરદારો શામિલ હતા. જયારે આ લોકો ખૈબર પહોંચ્યા તો ત્યાંના વસાહતીઓએ એમને હાથોહાથ લીધા અને પછી તો જોતજોતામાં એ બધા આપસમાં કુટુંબીજનો જેવા બની ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રે તેમને મળેલી માહિતી મુજબ કહ્યું કે, બનૂ નદીરના યહૂદીઓ ઊંટોની પીઠો પર પોતાની ઔરતો, બચ્ચાંઓ અને માલસામાન લાદીને મદીનહથી નીકળ્યા તો તેઓની સાથે ઢોલતાસાં અને વાજાંગાજાં પણ હતાં. તેઓના ગુલામો પાછળ-પાછળ ચાલતા હતા. ગાનારીઓ ગાયન લલકારતી હતી અને ગુલામો ઢોલતાસાંની થાપ સાથે સૂરો પૂરાવીને હાકોટા ગજાવતા હતા. આ લોકો વાજતે-ગાજતે ધૂમધડાકાથી મદીનહથી ઊપડયા.

આ યહૂદીઓમાં ઉર્વહ બિન વરદ અબ્સી નામે પંકાયેલા શાઈરની હસીનો-જમીલ કે બાંકી-છબીલી માશૂકા પણ હતી. તેનું નામ સલમા અથવા લયલા હતું. અને ઉપનામ ઉમ્મે-અમ્ર હતું. એ ગિફારી કબીલાની એક હસીના હતી એટલી રૂપવાન અને ફાંકડી કે જેનો જવાબ ન હતો. ઉર્વહ શાઈર એને કોઈ રમખાણ પ્રસંગે લૂંટમાં ઉપાડી લાવ્યો હતો અને એક માલદાર યહૂદીને હાથે એને વેચી મારી હતી. સારાંશ કે બનૂ નદીરના યહૂદીઓ હદ વગરની હેંકડાઈ અને અભિમાનની અલબેલી છટાથી રવાના થયા. તે જમાનાના અરબના કોઈ કબીલાએ આવા લાજવાબ અભિમાન કે હેંકડાઈનો દાખલો રજૂ કર્યો નથી.

યહૂદીઓના માલની વહેંચણી————બનૂ નદીરના યહૂદીઓ પોતાનો બાકીનો માલસામાન

---

૧. યહૂદીઓને લડાઈના હથિયારો લઈ જવાની ઈજાઝત નહિ આપવામાં નહિ. એમણે છોડેલાં હથિયારોમાં ૫૦ બખતરો, ૫૦ લોખંડી ટોપ અને ૩૪૦ તલવારો હતી. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૧૨) "હ"

રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે છોડી ગયા. આ પૂરો માલસામાન ખાસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અંગત ઉપયોગ માટે જ હતો. આપને અલ્લાહ તઆલાએ એના માલિક બનાવ્યા હતા અને આપ એના માલિક હોવાથી પોતાની મરજી મુજબ એને વાપરી શકતા હતા. [૧]

આમ છતાં આપે એ બધો માલ, મક્કહથી પ્રથમ હિજરત કરીને ખાલી હાથે આવનારા ગરીબ અને નાદાર મુહાજિરોમાં વહેંચી આપ્યો. મદીનહના અન્સાર મુસલમાનોને આ વહેંચણીમાં શામિલ નહિ કરવામાં આવ્યા. અલબત્ત અન્સારમાંથી હઝરત સહલ બિન હુનૈફ અને હઝરત અબૂ દુજાનહ સિમાકની ગરીબી કે નાદારીનો હાલ સાંભળીને આપે તેઓને પણ એમાંથી અમુક ભાગ ઈનાયત કર્યો.

મુસલમાન બનેલા બે યહૂદીઓ——————બનૂ નદીરના યહૂદીઓમાંથી ફકત બે ગૃહસ્થોએ ઈસ્લામનો સ્વીકાર કર્યો. એક હતા યામીન બિન ઉમૈર બિન કઅબ બિન અમ્ર બિન હજાશ અને બીજા હતા અબૂ સઅદ બિન વહબ. આ બંને ગૃહસ્થોએ પોતાની માલમિલકતની માલિકીની શરતે ઈસ્લામ કબૂલ કર્યો. મુસલમાન બનવા બાદ એમનો પૂરો માલ-સામાન કે મિલકત જે કંઈ હતું બધું એમને આપી દેવામાં આવ્યું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મુસલમાન બનેલા હઝરત યામીન બિન ઉમૈરની અવલાદમાંથી એક ગૃહસ્થે મને આ માહિતી આપી. તેણે કહ્યું કે મારા વડીલ યામીન મુસલમાન બની ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ફરમાવ્યું, ''હે યામીન ! શું તને ખબર છે કે તારા પિતરાઈ ભાઈ અમ્ર બિન હજાશે અગાશી પર જઈને મારી સાથે કેવો ભૂંડો વર્તાવ કરવાનો ઈરાદો કર્યો હતો ?''

આ વાત પર યામીન બિન ઉમૈરે એક માણસને પૈસા આપીને અમ્ર બિન હજાશની હત્યા માટે તૈયાર કર્યો અને તેણે તક ઝડપી લઈને અમ્ર બિન હજાશને કતલ કરી નાખ્યો. [૨]

બનૂ નદીર કુર્આનની રોશનીમાં——————બનૂ નદીરના યહૂદીઓની ગદ્દારી અંગે અલ્લાહ તઆલાએ કુર્આને મજીદના પારહ ૨૮ માં પૂરેપૂરી સૂરએ-હશ્ર નાઝિલ ફરમાવી. એમાં આ વાતની ચોખવટ છે કે અલ્લાહ તઆલાએ એ નાલાયક ગદ્દારો પર પોતાના હબીબે પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સંપૂર્ણ કાબૂ અપાવીને તેઓની ગદ્દારીની કેવી આકરી શિક્ષા અપાવી દીધી. એને લગતી પૂરી વિગત સૂરએ-હશ્રમાં દર્શાવવામાં આવી છે.

(સંપાદકની નોંધ : અલ્લામા ઈબ્ને હિશામે અહીં સૂરએ-હશ્રની આયતો ટાંકીને લંબાણથી તેનું વિવેચન કર્યું છે. થોડીક આયતોનો તરજુમો આ છે :)

અલ્લાહ તઆલા ફરમાવે છે : ''હુવલ-લઝી અખ-રજલ-લઝીન ક-ફ-રૂ મિન અહલિલ-કિતાબિ....''

''તે અલ્લાહ તઆલા જ છે જેણે અહલે-કિતાબના (બનૂ નદીરના) કાફિરોને પ્રથમ

---

૧. ઈસ્લામના દુશ્મનો પાસેથી જે માલ હાથ લાગે તેના બે પ્રકાર છે : ગનીમત અને ફૈઅ. ગનીમત તે માલ જે લડાઈમાં હાથ લાગે અને ફૈઅ તે માલ જે લડાઈ વગર હાથ લાગે. આ બીજા પ્રકારનો ચૂકતે માલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મિલકત હોય છે. ઈસ્લામી હુકૂમત હોય તો એ માલ બૈતુલ-માલમાં જાય છે. એમાંથી ન પાંચમો ભાગ કાઢવામાં આવે છે ન મુજાહિદોને વહેંચવામાં આવે છે. વધુ વિગત માટે જુઓ કામૂસુલ-કુર્આન પેજ ૩૬૬-૩૮૯ ''હ''

૨. અમ્ર બિન હજાશ તે જોશીલો યહૂદી જવાન છે જેણે બનૂ નદીરની વસતિમાં મકાનની અગાશી પર જઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક સર પર પથ્થર ઝીંકી મારવાનું બીડું ઝડપ્યું હતું. ''હ''

Maktabe Ashraf

વાર એક સામટા જ તેઓના ઘરબારમાંથી હાંકી કાઢયા. તમે તો વિચારી પણ શકતા ન હતા કે એ લોકો કદી પોતાના ઘરબારમાંથી નીકળી જશે. અને તેઓ પોતે તો એમ જ ધારતા હતા કે તેઓના કિલ્લા તેઓને અલ્લાહના અઝાબથી બચાવી લેશે, તો અલ્લાહ એવા સ્થળેથી તેઓની પાસે પહોંચી ગયો કે તેઓની કલ્પનામાં પણ ન હતું.''

''અને અલ્લાહ તઆલાએ તેઓના દિલોમાં એવી ધાક બેસાડી દીધી કે તેઓ પોતાના ઘરોને પોતાના જ હાથે અને મુસલમાનોના હાથે વેરાન કરવા લાગ્યા. (કેમકે એ લોકો પોતાના મકાનોને તોડી ફોડીને, તેના બારીબારણા ઉખાડીને, ઊંટોની પીઠો પર લાદીને ઉપાડી ગયા હતા.) તો હે આંખવાળાઓ ! એનાથી ઇબ્રત ગ્રહણ કરો.''

''અને જો અલ્લાહ તઆલાએ તેઓના દેશનિકાલની વાત લખી દીધી ન હોત તો તેઓને દુનિયામાં જ (કતલ અથવા કેદની) શિક્ષા આપી દેત ! પણ આખિરતમાં તેઓ માટે આગની શિક્ષા છે.''

''આ શિક્ષાનું કારણ આ કે તેઓ અલ્લાહ તથા તેના રસૂલના વિરોધી છે. અને જે કોઇ અલ્લાહ તથા તેના રસૂલનો વિરોધ કરે તો અલ્લાહ આકરી શિક્ષા આપનારો છે. અને જે માલ તેઓ પાસેથી અલ્લાહએ પોતાના રસૂલને અપાવ્યો (તેમાં હે મુસલમાનો! તમારો હક નથી કેમકે) તેને મેળવવા માટે તમે ન ઘોડા દોડાવ્યા છે ન ઊંટો દોડાવ્યાં છે પરંતુ અલ્લાહ ચાહે તેની ઉપર પોતાના રસૂલને ફતેહમંદી અપાવે છે.''

(સંપાદકની નોંધ :- અહીં અલ્લામા ઇબ્ને હિશામે બનૂ નદીરના યહૂદની આ ઘટના અંગે, બંને પક્ષના શાઇરોએ સામસામે રચેલાં સોટદાર કાવ્યો ટાંકેલાં છે. જવાબુલ-જવાબના આસરે એક સો જેટલા શેઅરો તેના ઉર્દૂ તરજુમા સાથે ૧૫ પાનાંઓ પર ફેલાયેલા છે. ઇખ્તેસારના હેતુએ અમે આ કાવ્યો જતાં કરીએ છીએ. ફકત હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુના કાવ્યમાંથી થોડાક શેઅરો પીરસીએ છીએ. હ)

હઝરત કઅબના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ બનૂ નદીરની હકાલપટ્ટીને લગતા આ શેઅરો કહ્યા છે :

લકદ ખઝિયત બિ-ગદ-રતિ - હલ - હુબૂરુ • કઝા કદ- દહરુ ઝૂ સરફિન યદૂરુ.

યહૂદીઓના અહબાર એટલે ધર્મગુરૂઓ કે પાદરીઓ પોતાની ગદ્દારીને કારણે ઝલીલો-ખ્વાર થઇને રહી ગયા. કાળનું આ ચક્કર એવી જ ઘટનાઓ સાથે ઘૂમતું રહે છે.

વ ઝાલિક અન્ન હુમ ક-ફ-રૂ બે - રબ્બે-હિમ • અઝીઝિન અમ્રુહૂ અમ્રુન કબીરુ.

અને એનું કારણ આટલું જ કે યહૂદના આ ધર્મગુરૂઓએ પોતાના એવા પાલનહાર સાથે ગદ્દારી કરી જે બેહદ જોરાવર છે અને જેનો હુકમ અતિશય બળવાન છે.

વ કદ ઊતૂ મઅન ફહમંવ વ ઇલ્મન • વ જાઅહુમ મિનલ-લાહિન નઝીરુ.

જો કે આ ધર્મગુરૂઓને ઇલ્મ પણ આપવામાં આવ્યો હતો અને અક્કલ પણ આપવામાં આવી હતી અને

તેઓની પાસે અલ્લાહ તરફથી ડરાવનારો પણ આવ્યો હતો. (જહન્નમના અઝાબથી)

નઝીરુન સાદિકુન અદ્દા કિતાબન • વ આયાતિમ મુબય-યિ-ન - તવ તુનીરુ.

તે ડરાવનારો વાતનો તદ્દન સાચો હતો જેને અલ્લાહ તરફથી કિતાબ તથા એવી ખુલ્લી અને સ્પષ્ટ નિશાનીઓ મળેલી હતી જે સૂર્ય પેઠે રોશન છે.

ફ કાલૂ મા અતૈતા બિ-અમ્રિન સિદકીન • વ અન્તા બિ મુન-કરિન મિન્ના જદીરુ.

આમ છતાં યહૂદીઓએ કહી દીધું કે તમે કોઈ સાચી વાત લઈને આવ્યા નથી અને તમે તો અમને એવી વસ્તુ જેવા લાગો છો જે તદ્દન વિચિત્ર અને અપ્રાપ્ય હોય છે.

ફ તિલ્ક બનૂન - નદીરુ બિં દારિન સવઇન • અબાર હુમ બિમજ તરમુલ મુબીરુ.

તો આ બનૂ નદીર મોટી બુરાઈ અને બદીના ભૂંડા મુકામે પહોંચેલા હતા. તેઓએ જે અપરાધો આચર્યા તેના કારણે બરબાદ કરી નાખનારા અલ્લાહએ તેઓને બરબાદ કરી નાખ્યા.

ગદાત અતામુમ ફીઝ ઝહફે રહવન • રસૂલુલ્લાહિ વ હુવા બિહિમ બસીરુ.

આ તે દિવસનો બનાવ છે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે મંદ ગતિએ ચાલતા પધાર્યા હતા અને આપ તેઓને સારી રીતે ઓળખતા હતા.

ફ ઝાકૂ ગિબ્બા અમ-રિહિમ વબાલન • લિ કુલ્લે સુલા સુતિમ મિન્હુમ બઓરુ.

તો તેઓએ પોતાના કરતૂતના અંજામની મઝા ચાખી લીધી. તેઓના દરેક ત્રણ માણસો માટે એક ઊંટ હતું.

ઈબ્ને હિશામ કહે છે : અબૂ અમ્ર મદનીએ આપેલી માહિતી મુજબ બનૂ નદીરના બનાવ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ મુસ્તલિક કબીલાના બળવાખોરો તરફ જવાનું ઠરાવ્યું. એનું બયાન ઈબ્ને ઈસ્હાકે જે જગાએ રજૂ કર્યું છે, હું પણ ઈન્શા અલ્લાહ તેજ જગાએ એનું બયાન રજૂ કરીશ.

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૭

ગઝવએ-ઝાતિર-રકાઅ

(સન ૪ હિજરીની ઘટના)

ઝાતિર-રકાઅના ગઝવહની તૈયારી • ઝાતિર-રકાઅ નામ પડવાનું કારણ • સલાતુલ-ખૌફ પઢવાની તરકીબ • ગવરસ પહેલવાનનો કિસ્સો • ગવરસ વિષે ઊતરેલી આયત • હઝરત જાબિરના ઊંટનો કિસ્સો • ઊંટનો બાકી રહેલો કિસ્સો • બે પહેરેગીરોનો કિસ્સો.

Maktabe Ashraf

ઝાતિર રકાઅના ગઝવહની તૈયારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ નદીર કબીલાના ગદ્દાર યહૂદીઓની મદીનહથી હકાલપટ્ટી બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ, સન ૪ હિજરીના રબીઉલ-અવ્વલથી લઈને જમાદિલ-અવ્વલની શરૂઆતના અમુક દિવસો મદીનહમાં બિરાજમાન રહીને પસાર કર્યા.[1]

એ પછી નજદ પ્રાંતમાં વસનારા ગત્ફાન કબીલાની શાખો——બનૂ મુહારિબ અને બનૂ સઅલબહના માથાભારે આક્રમણખોરોના મુકાબલા માટે આપ મદીનહથી નીકળીને પોતાના સહાબા સાથે નજદના ઈલાકા તરફ રવાના થયા.[2]

મદીનહથી રવાના થવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ મદીનહના અમીર તરીકે હઝરત અબૂ ઝર ગિફારી રદિયલ્લાહુ અન્હુની નિમણૂક કરી.

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહના અમીર કે ગવર્નર તરીકે હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુની નિમણૂક કરી.

ઈબ્ને ઈસ્હાક વધુમાં ઉમેરે છે : મદીનહથી રવાના થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ''નખ્લ'' મુકામે પધાર્યા તો અહીં જ આપે પોતાના સહાબા સાથે પડાવ નાખી દીધો.[3]

ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈસ્લામી ઈતિહાસમાં આ ગઝવહનું નામ ''ગઝવએ-ઝાતિર-રકાઅ''છે.

---

૧. ઓગસ્ટ - સપ્ટેમ્બર ઈસ્વી સન ૬૩૫ (ઈબ્ને હિશામનો હાશિયો)

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના જાસૂસો મારફતે સમાચાર મળ્યા કે આ બંને કબીલાના દુશ્મન સરદારો મોટું લશ્કર ભેગું કરીને મુસલમાનો વિરૂધ્ધ જંગની તૈયારી કરી રહ્યા છે. તેઓ મદીનહ પર ચઢી આવે તે પહેલાં આપ પોતાના ૪૦૦ સહાબાનું સૈન્ય લઈને તેઓના ઈલાકામાં પહોંચી ગયા. જોયું તો દુશ્મનનું લશ્કર પણ ત્યાં પડાવ નાખીને પડેલું હતું. બીજી રિવાયતો મુજબ ઈસ્લામી લશ્કરની સંખ્યા સાત સો થી આઠ સો જેટલી હતી. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૬૫) હ

3. નખ્લ : નજદની ભૂમિમાં ગત્ફાન કબીલાની એક વસતિનું નામ.

ઝાતિર-રકાઅ નામ પડવાનું કારણ——————ઈબ્ને હિશામ કહે છે : આ ગઝવહનું નામ ઝાતિર-રકાઅ એટલા માટે પડયું કે ઈસ્લામી લશ્કર માટે જે વાવટા તૈયાર કરવામાં આવ્યા તે એવા કપડાંના હતા જેમાં થીંગડાં મારેલાં હતાં.

બીજું કથન એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબા સાથે જે નખ્લ મુકામે પડાવ નાખેલો હતો ત્યાં ઝાતિર-રકાઅ નામનું એક ઝાડ ઊભેલું હતું. ઝાડના નામે આ ગઝવહનું પણ એજ નામ પડી ગયું. ત્રીજું કથન એમ છે કે ઈસ્લામી સૈન્યે જ્યાં પડાવ નાખેલો હતો તે એક પહાડ હતો અને એ પહાડનું નામ ઝાતિર-રકાઅ હતું. ચોથું કથન એમ છે કે આ ગઝવહના પ્રવાસમાં પથરીલી જમીન પર ચાલી-ચાલીને મુસલમાનોના પગો છોલાઈ ગયા હતા જેથી તેઓએ પગોના છાલાં અને આંટણો ફરતે ચીંથરાં વીંટાળી લીધાં હતાં.[1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : નખ્લ મુકામે ગત્ફાન કબીલાના એક જંગી ટોળાં સાથે મુસલમાનોનો આમનો-સામનો થઈ ગયો. હિલચાલમાં ગરમી આવતાં બંને લશ્કરો એકબીજાની લગોલગ આવી લાગ્યાં પણ મામલો ઉગ્ર બને તે પહેલાં શમી ગયો અને કોઈ દંગો, છમકલું કે અથડામણ થવા પામી નહિ. અલબત્ત બંને લશ્કરોની દહેશત એકબીજાના દિલો પર એટલી હદે છવાઈ ગઈ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "સલાતુલ-ખૌફ"એટલે ભય કે ખતરા કે સંકટ સમયની નમાઝ પઢાવી હતી. એ પછી દુશ્મનો ભાગી ગયા તો ઈસ્લામી સૈન્ય પણ મદીનહ પાછું વળ્યું.

સલાતુલ-ખૌફ પઢવાની તરકીબ——————ઈબ્ને હિશામ કહે છે : સલાતુલ-ખૌફ પઢવાની તરકીબ વિશે મને અબ્દુલ-વારિસ બિન સઈદ તન્નૂરીએ માહિતી આપી. અબ્દુલ-વારિસનું ઉપનામ અબૂ ઉબૈદહ હતું. એમને આ માહિતી, અનુક્રમે યૂનુસ બિન ઉબૈદ તથા હસન બિન અબુલ-હસન તરફથી મળવા પામી અને આ બંને ગૃહસ્થોને એની વિગત હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ તરફથી મળવા પામી.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સલાતુલ-ખૌફ પઢવા માટે અમારા લશ્કરની બે જમાઅતો બનાવી. સૌથી પહેલાં આપે એક જમાઅતને બે રકઅતો પઢાવી અને બે રકઅતો પઢાવીને સલામ ફેરવી દીધું. એ દરમ્યાન અમારી બીજી જમાઅત દુશ્મનના મુકાબલા માટે મેદાનમાં તૈયાર ઊભેલી રહી કે જેથી દુશ્મન નમાઝ પઢનારી જમાઅત પર તૂટી નહિ પડે.

બે રકઅત નમાઝ ખતમ કરીને પહેલી જમાઅત દુશ્મનના મુકાબલા માટે મેદાનમાં ચાલી ગઈ અને ત્યાં પહેરો ભરનારી બીજી જમાઅત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ આવીને ઊભી થઈ ગઈ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ બીજી જમાઅતને છેલ્લી બે રકઅત પઢાવી અને સલામ ફેરવી દીધું.

ઈબ્ને હિશામ કહે છે : અબ્દુલ-વારિસ તન્નૂરીએ, અનુક્રમે ઐયૂબ અને અબૂ ઝુબૈર જાબિર બિન અબ્દુલ્લાહના વાસ્તાથી મળેલી રિવાયત આ પ્રમાણે બયાન કરી : સૌથી પહેલાં સહાબાની એક જમાઅતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ નમાઝની સફ બનાવી અને બીજી જમાઅત દુશ્મનના

૧. અરબી ભાષામાં થીગડાં કે ચીંથરાંને "રકાઅ" કહે છે. એનું એકવચન "રૂકઅહ" છે જેના અર્થ થીગડું, ચીંથરું વગેરે. "ઝાતિર-રકાઅ"એટલે થીંગડાવાળું કે ચીંથરાંવાળું. "હ"

મુકાબલા માટે મેદાનમાં ઊભેલી રહી.

જે જમાઅતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ સફ બનાવેલી હતી તેને આપે નમાઝની એક રકઅત પઢાવી અને એક રકઅત પઢાવીને આપ નમાઝની હાલતમાં ઊભા રહી ગયા. આ જમાઅતે પોતે બીજી રકઅત પઢીને પોતાની નમાઝ પૂરી કરી લીધી અને સલામ ફેરવીને આ જમાઅતના લોકો દુશ્મનના મુકાબલા માટે મેદાનમાં જઈને ઊભા થઈ ગયા.

હવે બીજી જમાઅત આવી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની બાકી રહેલી એક રકઅત આ જમાઅતને પઢાવી અને પછી આપ સલામ ફેરવ્યા વગર કઅદહમાં બેસી રહ્યા ત્યારે આ લોકોએ ઊભા થઈને પોતાની બાકી રહેલી બીજી રકઅત પઢવા માંડી. જ્યારે આ લોકોએ રૂકૂઅ અને સિજદહ કરી લીધા અને કઅદહમાં બેસીને તશહ-હુદ, દુરૂદ વગેરેથી ફારિગ થઈ ગયા તો એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની સાથે સલામ ફેરવી દીધું. [1]

ઈબ્ને હિશામ કહે છે : અબ્દુલ-વારિસ બિન સઈદ તન્નૂરીને, અનુક્રમે ઐયૂબ તથા નાફિઅ બિન ઉમર તરફથી જે રિવાયત મળી તે મુજબ ફરમાવ્યું :

સલાતુલ-ખૌફમાં ઈમામ સાહેબ ઊભા થાય છે તો તેમની સાથે એક જમાઅત ઊભી થઈ જાય છે અને બીજી જમાઅત દુશ્મનના મુકાબલા માટે મેદાનમાં રહે છે. ઈમામ સાહેબ પહેલી જમાઅતને રૂકૂઅ તથા સિજદહ સાથે એક રકઅત પઢાવે છે. આ એક રકઅત ખતમ થતાં આ જમાઅત પાછળ હટીને દુશ્મનના મુકાબલા માટે મેદાનમાં જઈને ઊભી થઈ જાય છે. અને ત્યાં ઊભેલી જમાઅત ત્યાંથી આવીને ઈમામની પાછળ નમાઝ માટે ઊભી થઈ જાય છે. હવે ઈમામ આ જમાઅતને એક રકઅત નમાઝ રૂકૂઅ તથા સિજદાઓ સાથે પઢાવે છે. એ પછી બંને જમાઅતો એક-એક રકઅત પોતે જ પઢી લે છે. આ રીતે બંને જમાઅતોની નમાઝની એક રકઅત ઈમામની સાથે થાય છે અને બીજી રકઅત તેઓ પોતે પઢી લે છે.

ગવરસ પહેલવાનનો કિસ્સો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અમ્ર બિન ઉબૈદે હસનના વાસ્તાથી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહની આ રિવાયત કહી સંભળાવી. હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે :

''બનૂ મુહારિબ કબીલાનો એક જવાન બહાદુરી અને પરાક્રમમાં પંકાયેલો હતો. તેનું નામ ગવરસ બિન હારિસ હતું. તેણે ગત્ફાન અને મુહારિબના લોકોને કહ્યું, ''તમે કહો તો હું હમણાં જઈને મુહંમદને કતલ કરી નાખું.''

લોકો બોલ્યા, ''વાહ એથી ઉત્તમ બીજું શું, પણ તું મુહમંદને કતલ કેવી રીતે કરશે ?''

''બસ વાતોમાં લગાડીને અચાનક કતલ કરી નાખીશ.'' ગવરસ બોલ્યો.

આમ કહીને તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ચાલી નીકળ્યો અને તરંગોમાં ગોથાં

---

૧. હઝરત ઈમામ માલિક ફરમાવે છે કે સલાતુલ-ખૌફની આ તરકીબ સૌથી બેહતર છે. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બીજી રકઅત પછી કઅદહમાં બેસી રહ્યા અને બીજી જમાઅતના લોકો પોતાની નમાઝ પૂરી કરે તેની રાહ જોતા રહ્યા. અને જયારે આ બીજી જમાઅતે તશહ-હુદ, દુરૂદ વગેરે પઢીને પોતાની નમાઝ પૂરી કરી તો આપે તેઓની સાથે સલામ ફેરવી લીધું. (ફત્હુલ-બારી જિ.૨ પા. ૩૨૦) ''હ''

Maktabe Ashraf

ખાતો આપની પાસે પહોંચી ગયો. બપોરનો સમય હતો. તડકો આકરો બની ગયો હતો. આપ પોતાના સાથીઓથી દૂર એક સાયાદાર ઝાડ તળે આરામ માટે બિરાજેલા હતા. આપની તલવાર આપના ખોળામાં હતી. ગવરસે જતાં જ કહ્યું, "મુહંમદ સાહેબ ! જરા તમારી તલવાર તો મને દેખાડો."

"ભલે જોઈ લે, આ રહી મારી તલવાર." આમ ફરમાવીને આપે પોતાની તલવાર તેનાં હાથમાં આપી દીધી. તલવાર ચાંદીની સૂંદર મૂઠથી શોભી રહી હતી. તેણે તલવાર હાથમાં લઈને ઘૂમાવવા માંડી. તેનો વિચાર આપની ઉપર ઓચિંતો વાર કરવાનો હતો. ઘૂમાવતાં-ઘૂમાવતાં વાર કરવા જ માગતો હતો કે અચાનક તેનું પોતાનું માથું ઘૂમી ગયું. અલ્લાહ તઆલાએ તેના દિલમાં દહેશત નાખીને તેના ગાત્રો ઢીલાં કરી દીધાં. બોલ્યો, "મુહંમદ ! શું તમને મારો ડર નથી લાગતો ?"

"કેવો ડર ?" આપે ફરમાવ્યું.

"જોતા નથી મારા હાથમાં ખુલ્લી તલવાર છે ?"

આપે ફરમાવ્યું, "ના મને કોઇ વાતનો ડર નથી અને ડર કેવો ?"

બોલ્યો, "તમને ડર કેમ નથી લાગતો ?"

"એટલા માટે કે મારો રક્ષક અલ્લાહ છે."

અલ્લાહનું નામ સાંભળતાં જ તેણે તલવાર મ્યાનમાં કરીને આપના ચરણોમાં ધરી દીધી.

સંપાદકની નોંધ :————સહીહ બુખારીમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહની રિવાયત આ પ્રમાણે ટાંકેલી છે : જ્યારે તડકો આકરો બની ગયો તો લોકો સાયાદાર ઝાડોનો આસરો લેવા માટે અહીંતહીં ફેલાઈ ગયા. ત્યાં કાંટાવાળાં (બાવળના) ઝાડો ફેલાયેલાં હતાં. ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક મોટા ઝાડ પાસે જઈને તેના સાયામાં આરામ લેવા બિરાજમાન થયા. પોતાની તલવાર આપે ઝાડની એક ડાળ સાથે લટકાવી દીધી.

હઝરત જાબિર ફરમાવે છે : થોડીક જ વાર અમે સૂતેલા હોઈશું ત્યાં તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને બોલાવ્યા. અમે ગયા તો જોયું કે એક તગડો ગામડિયો જવાન ત્યાં બેઠેલો છે. આપે ફરમાવ્યું, "આ માણસે મારી તલવાર આંચકી લીધી હતી. એટલે બિલ્લી પગે આવીને ઝાડ પરથી ચૂપકેથી ઉતારી લીધી હતી. હું સૂતેલો હતો. તરત જ મારી આંખ ખુલી તો શું જોઉં છું કે આ માણસ મારી તલવાર તાણીને મારા માથે ઊભેલો છે. કહેવા લાગ્યો, "હે મુહંમદ ! તમને મારા હાથથી કોણ બચાવશે ?"

મેં કહ્યું, "અલ્લાહ !" તો જુઓ એ તમારી સામે બેઠેલો છે."

સહાબા તેને ઠપકારવા લાગ્યા તો આપે ફરમાવ્યું, "મેં એને માફ કરી દીધું છે."

વાકિદીનું બયાન છે કે આ ગમાર એજ વેળા મુસલમાન બની ગયો અને પછી તે પોતાના કબીલામાં જઈને ઇસ્લામની તબલીગ કરવા લાગ્યો અને તેની તબલીગથી ઘણા મૂર્તિપૂજકો મુસલમાન બની ગયા. (ફત્હુલ-બારી જિ.૨ પા. ૩૨૩) "હ"

ગવરસ વિષે ઊતરેલી આયત————હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ ફરમાવે છે : ગવરસના એજ બનાવ અંગે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી : "યા ઐયુહલ-લઝીન આમનૂઝ-કુરૂ નિઅ-મતલ-લાહિ અલૈકુમ ઈઝ હમ્મ કવમુન......"

Maktabe Ashraf

"હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહના તે ઉપકારને યાદ કરો જયારે એક જૂથે તમારી ઉપર હાથ ઉગામવાનો ઈરાદો કર્યો હતો પણ અલ્લાહએ તેનો હાથ પકડી લીધો અને તમે અલ્લાહથી ડરતા રહો અને મુસલમાનો તો ફકત અલ્લાહ પર જ ભરોસો કરે છે."[1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : યઝીદ બિન નુઅમાને મને કહ્યું કે આ આયત બનૂ નદીરના યહૂદી અમ્ર બિન હજાશ વિષે ઊતરેલી છે જેણે મકાનની અગાશી પરથી પથ્થર ગબડાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કતલનું બીડું ઝડપેલું હતું. હવે એમાંની કઇ વાત સાચી છે તે અલ્લાહ બેહતર જાણે!

હઝરત જાબિરના ઊંટનો કિસ્સો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને વહબ બિન કૈસાને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનો આ કિસ્સો કહ્યો. હઝરત જાબિરનું પોતાનું બયાન છેઃ

"ઝાતિર-રકાઅના ગઝવહ પ્રસંગે હું પણ મારા ઊંટ પર બેસીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ગયો હતો ત્યાંથી પાછા ફરતી વેળા મારો ઊંટ બેહદ નબળો પડી ગયો હતો. મારા સાથીઓ વારંવાર આગળ નીકળી જતા હતા અને હું વારંવાર તેઓથી પાછળ પડી જતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ફરમાવ્યું, "હે જાબિર ! શું વાત છે ? પાછળ કેમ પડી જાય છે ?"

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારો ઊંટ નબળાઈને કારણે બરાબર ચાલતો નથી. એણે મને પાછળ પાડી દીધો છે."

આપે ફરમાવ્યું, "વારૂ એને બેસાડી દે."

મેં મારા ઊંટને બેસાડી દીધો તો આપે પણ પોતાના ઊંટને બેસાડી દીધો. પછી ફરમાવ્યું, "તારા હાથમાં જે લાકડી છે એ મને આપી દે અથવા જા, કોઇ ઝાડની લાકડી કાપીને લઇ આવ."

મેં તુરંત આપના હુકમનું પાલન કર્યું. આપે એ લાકડી પોતાના મુબારક હાથમાં પકડી લીધી અને પોતાના મુબારક હાથથી મારા ઊંટના પડખાંમાં એ લાકડીથી થોડાક હળવા ગોદા માર્યા. પછી મને ફરમાવ્યું, "ચાલ હવે પોતાના ઊંટની પીઠ પર સવાર થઇ જા."

હુકમનું પાલન કરતાં હું મારા ઊંટની પીઠ પર સવાર થઈ ગયો અને પછી જો મારો ઊંટ ચાલ્યો છે તો કસમ છે તે અલ્લાહના, જેણે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના બરહક પયગમ્બર બનાવ્યા છે, એટલી ઝડપી ગતિએ તે ચાલ્યો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટથી પણ પાછળ નહિ પડયો. એજ ઝડપી ગતિએ મારો ઊંટ રાબેતા મુજબ ચાલતો રહ્યો અને હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની જોડેજોડ રહીને આપની જોડે વાતો કરતો રહ્યો.

આપે મને ફરમાવ્યું : "અ-તબીઉની, જ-મ-લુકા હાઝા યા જાબિરુ ?"એટલે હે જાબિર ! શું તારો આ ઊંટ મને વેચવો છે ?

મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! વેચવાની વાત કેવી ? હું એને આપના ચરણોમાં ભેટ ધરૂં છું."

આપે ફરમાવ્યું, "ના ભેટ તરીકે નહિ, મને વેચાતો આપી દે."

"વારૂ તો આપ મારા ઊંટની કેટલી કિંમત આંકો છો ?"મેં પૂછ્યું.

---

૧. સૂરએ-માઇદહ પારહ ૬ આયત ૧૧

ફરમાવ્યું, "જા એક દિરમની કિંમતે મેં એને ખરીદી લીધો."

"નહિંજી યા રસૂલલ્લાહ !" મેં કહ્યું, " આ કિંમતે તો આપ મને ખોટના ધંધામાં નાખી રહ્યા છો."

"વારૂ તો બે દિરમ આપું છું બોલ, કબૂલ છે ?"

મે ફરીવાર એજ જવાબ આપી દીધો." નહિંજી આ તો ખોટના ધંધા છે યા રસૂલલ્લાહ ! "

ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારા ઊંટની કિંમત વધારતાં-વધારતાં એક ઉકીય્યહ સોનું કરી દીધી. [1]

મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શું સાચેસાચ આટલી ઊંચી કિંમતે આપ એને ખરીદવા રાજી છો?"

ફરમાવ્યું, "હા કેમ નહિ, એજ કિંમતે હું એને ખરીદવા રાજી છું."

"વારૂ તો યા રસૂલલ્લાહ ! આ કિંમતે મારો ઊંટ મેં આપને વેચી દીધો. હવે આપ એના માલિક બની ગયા."

"હા મેં પણ એજ કિંમતે એને ખરીદી લીધો."

એ પછી આપે ફરમાવ્યું, "જાબિર ! શું તેં શાદી કરી લીધી છે ?"

મેં કહ્યું, "જી હા યા રસૂલલ્લાહ !"

ફરમાવ્યું, "કુંવારી સાથે કે વિધવા સાથે ?"

"યા રસૂલલ્લાહ !"મેં કહ્યું, "શાદી તો મેં વિધવા સાથે કરી છે."

ફરમાવ્યું, "અ-ફલા જારિયહ તલા-અબહા વ તલા-અબક." એટલે કુંવારી કન્યા સાથે કેમ શાદી નહિ કરી ? અથવા શું કોઇ કુંવારી કન્યા તને નહિ મળી ? તે તારાથી ખુશ થતે અને તું તેનાથી ખુશ થતે!

મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારા બાપા ઉહુદની લડાઇમાં શહીદ થઇ ગયા. [2] તેમણે પોતાની પાછળ મારી સાત બહેનો છોડી છે. મેં વિચાર્યું, એવી સ્ત્રી સાથે શાદી કરૂં જે મારી બહેનોની સંભાળ રાખી શકે. હવે જે ખાતૂન સાથે મેં શાદી કરી તે મારી બહેનોને નવડાવે-ધોવડાવે છે. મારી બહેનોની કંગીચોટી કરે છે. ખવડાવે-પીવડાવે છે. અને હરેક રીતે તેઓની સંભાળ રાખે છે."

આપે ફરમાવ્યું, "જાબિર ! ખરેખર તેં બહુ અકલમંદીનું કામ કર્યું છે. અલ્લાહ તઆલાએ ચાહ્યું તો તારા કામમાં બરકત થશે."

એ પછી આપે ફરમાવ્યું, "જાબિર ! જ્યારે આપણે સિરાર મુકામે પહોંચીશું [3] તો ઊંટ ઝબહ કરાવીશું અને આજનો દિવસ ત્યાં જ પસાર કરીશું અને હે જાબિર ! જ્યારે તારી બીબીને આપણા આવવાની ખબર પડશે તો તે આપણી પરોણાગત માટે ગાદી-તકિયા પાથરશે."

---

૧. ઉકીય્યહ : રતલનો ૧૨ મો ભાગ, ૪૦ દિરમના વજન જેટલું અથવા ૩ તોલા કે આઉંસ. (બયાનુલ-લિસાન પેજ ૭૪) "હ"

૨. હઝરત જાબિર રદિયલ્લાહુ અન્હુના બાપાજી હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ રદિયલ્લાહુ અન્હુ જંગે-ઉહુદમાં શહીદ થઇ ગયા હતા. "હ"

3. સિરાર : મદીનહથી ત્રણ માઇલના અંતરે આવેલા સ્થળનું નામ.

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! અમારા ઘરમાં ગાદી-તકિયા કયાંથી ?"

ફરમાવ્યું, "જાબિર ! અલ્લાહએ ચાહ્યું તો એ પણ મળી રહેશે અને સાંભળ, જયારે તું ઘેર પહોંચે તો તારે બહુ હોશિયારી અને સાવચેતીથી કામ લેવાનું છે."

હઝરત જાબિરનું બયાન છે : "જયારે અમે સિરાર મુકામે પહોંચ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી ઊંટ ઝબહ કરવામાં આવ્યું અને પૂરો દિવસ અમે ત્યાં જ પસાર કર્યો અને જયારે સાંજ પડી તો મદીનહમાં દાખલ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને હું મારા ઘર ભણી ઊપડયો. મેં મારી ઘરવાળીને પૂરો કિસ્સો કહી સંભળાવ્યો અને રસ્તામાં જે કંઈ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મારી વાતચીત થઈ હતી તેની વિગત પણ કહી સંભળાવી. આ બધું સાંભળીને મારી બીબી બોલી, "જુઓ તમારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એકએક હુકમને માથે ચઢાવીને તેનો અમલ કરવાનો છે. સાંભળ્યું ને ?"

ઊંટનો બાકી રહેલો કિસ્સો——————હઝરત જાબિર રદિયલ્લાહુ અન્હુનુ બયાન છે : "સવાર પડી તો હું મારા ઊંટને દોરીને મસ્જિદને દરવાજે લઈ ગયો. ત્યાં ઊંટને બેસાડીને પોતે મસ્જિદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાસે જઈને બેસી ગયો. નમાઝ પૂરી કરીને આપ મસ્જિદથી બહાર પધાર્યા તો મારા ઊંટને ત્યાં ઊભેલો જોઈને આપે ફરમાવ્યું, "મા હાઝા ? "આ કોનો ઊંટ છે ?

લોકોએ કહ્યું, "યા રસૂલલ્લાહ ! જાબિર આ ઊંટ લઈ આવ્યો છે."

ફરમાવ્યું, "જાબિર કયાં છે ? તેને અહીં લઈ આવો."

હું તરત આપની તહેનાતમાં હાજર થઈ ગયો. મને જોઈને આપે ફરમાવ્યું, "ભત્રીજા ! આ તો તારો જ ઊંટ લાગે છે. જા અહીંથી એને લઈ જા." (તું જ એનો માલિક છે.)

એ પછી આપે બિલાલને બોલાવીને ફરમાવ્યું, "બિલાલ ! જાબિરને તમારી સાથે લઈ જાવ અને એને એક ઊકીય્યહ સોનું આપી દો."

હું બિલાલ સાથે ચાલ્યો ગયો અને તેમણે એક ઊકીય્યહ સોનું મને આપી દીધું બલકે કંઈક વધારે જ આપી દીધું.

હઝરત જાબિરે વધુમાં ઉમેર્યું : "સોગંદ છે અલ્લાહના ! આ એક ઊકીય્યહ સોનું મારા ઘરમાં રહ્યું અને તેમાં રોજ-બ-રોજ વધારો એટલે બરકત થતી રહી ત્યાં સુધી કે "હર્રહની હોનારત"સર્જાઈ ગઈ. આ કમનસીબ ઘટનામાં મારા ઘરના બીજા માલસામાનની સાથે મારું આ સોનું પણ લૂંટી લેવામાં આવ્યું."

સંપાદકની નોંધ——————હર્રહની હોનારતની મુખ્તસર વિગત એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી તે સમય આવ્યો જયારે મકકહ-મદીનહ પર હઝરત અમીર મુઆવિયહનો પાટવી કુંવર યઝીદ રાજગાદીએ બેસીને રાજ કરતો હતો. મદીનહવાસીઓએ યઝીદની બૈઅત તોડીને તેના ગવર્નર મરવાન બિન હકમને પદભ્રષ્ટ કર્યો અને તેની જગાએ હઝરત હન્ઝલહના બેટા હઝરત અબ્દુલ્લાહને મદીનહના ગવર્નર બનાવી દીધા. (હઝરત હન્ઝલહ તે સહાબી છે જેઓ જંગે-ઉહુદમાં શહીદ થયા હતા અને જેમની મૈયિતને ફરિશ્તાઓએ ગુસલ આપ્યો હતો.)

યઝીદને આ સમાચાર મળતાં તેણે મુસ્લિમ બિન ઉકબા નામે ફોજીને મોટી ફોજ આપીને રવાના કર્યો. તેણે મદીનહ પર ચઢાઇ કરીને ઝુલ્મો-સિતમની સાથે લૂંટમાર મચાવી દીધી. હઝરત જાબિર તે સમયે વયોવૃધ્ધ હોવાથી એમની આંખોની રોશની ચાલી ગઇ હતી. મદીનહની ગલીઓમાં હઝરત જાબિર શહીદોની લાશો વચ્ચે ઠોકરો ખાતા હતા અને કહેતા હતા, "હે લોકો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે કે, જેણે મદીનહના લોકોને ભયભિત કર્યા તેણે મને એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ભયભિત કર્યા. બળવાખોરો હઝરત જાબિરને કતલ કરી નાખવા માગતા હતા પણ મરવાન બિન હકમે હઝરત જાબિરને પોતાના મકાનમાં આસરો આપીને કતલ થવાથી બચાવી લીધા. આ રમખાણ કે હોનારતમાં હઝરત જાબિરનું ઘર લૂંટી લેવામાં આવ્યું જેમાં બળવાખોરો પેલું સોનું પણ લૂંટી ગયા. (ઇબ્ને હિશામ જિ.ર પા. ૨૨૪નો હાશિયો)"હ"

બે પહેરેગીરોનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મારા કાકા સદકા બિન યસારે કહ્યું અને તેમને ઉકૈલ બિન જાબિરે કહ્યું અને ઉકૈલ બિન જાબિરને તેમના બાપાજી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહએ આ કિસ્સો કહી સંભળાવ્યો. હઝરત જાબિરનું બયાન છે :

"અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે "ઝાતિર-રકાઅ"નો મામલો પતાવીને મદીનહ પાછા ફરતા હતા. રસ્તામાં અમને એક મુશરિક સ્ત્રી મળી. પૂછપરછ દરમિયાન આ મુશરિક સ્ત્રીએ અવળચંડાઇથી કામ લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં સખત ગુસ્તાખીભર્યા શબ્દો ઉચ્ચાર્યા. અમારા એક જોશીલા જવાને આગળ વધીને તેને કતલ કરી નાખી. એ પછી અમે આગળ વધી ગયા. મુશરિક સ્ત્રીની કતલ વેળા તેનો ખાવિન્દ તેની સાથે ન હતો. જ્યારે તેને આ કતલની ખબર પડી તો તેણે સોગંદ લીધા કે, જ્યાં સુધી મુહંમદના સહાબામાંથી કોઇનું ખૂન નહિ કરશે, ચેનથી બેસવાનો નથી.

એ પછી તે છુપી રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ લાગી ગયો. જ્યારે રાત પડી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક મંઝિલે પડાવ નાખ્યો અને ફરમાવ્યું, "આજે રાતે કોણ મારી હિફાઝત માટે પહેરો ભરવા તૈયાર છે ?"

હઝરત જાબિર ફરમાવે છે, આ સાંભળીને એક મુહાજિર જવાન અને એક અન્સારી જવાન આગળ આવ્યા અને બોલ્યા "યા રસૂલલ્લાહ ! અમે પહેરો ભરવા તૈયાર છીએ."

આપે ફરમાવ્યું, "જુઓ આ ઘાટીને નાકે જઇને પહેરો ભરવાનો છે." એ રાતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જંગલની એજ ઘાટીમાં પોતાના લશ્કર સાથે પડાવ નાખ્યો હતો.

ઇબ્ને હિશામ કહે છે : પહેરા માટે તૈયાર થયેલા સહાબામાંથી એક હઝરત અમ્માર બિન યાસિર હતા અને બીજા હઝરત અબ્બાદ બિન બિશ્ર હતા. (રદિયલ્લાહ અનહુમા) ઇબ્ને ઇસ્હાક કહે છે : આ પહેરેગીરો જ્યારે ઘાટીને નાકે પહોંચી ગયા તો અન્સારીએ મુહાજિરને પૂછયું, "કહો ભાઇ, રાતના પહેલા ભાગનો પહેરો તમે ભરશો કે હું ભરૂં ?"

મુહાજિરે કહ્યું, "પહેલા ભાગની જવાબદારી તમે ઉપાડી લો. હું બીજા ભાગે ઊઠીને પહેરાની જવાબદારી સંભાળી લઇશ. તેટલી વાર આરામ કરી લઉં."

હઝરત જાબિરનું બયાન છે : આટલી વાતચીત બાદ મુહાજિર સહાબી આરામ માટે લેટી ગયા અને

Maktabe Ashraf

અન્સારી સહાબી નમાઝનો કોલ બાંધીને અલ્લાહના દરબારમાં ઊભા થઇ ગયા, કે જેથી અલ્લાહની બંદગી પણ થાય અને જાગતા રહીને પહેરા માટે પણ સચેત રહે.

બીજી તરફ પેલી મુશરિક સ્ત્રીનો ખાવિન્દ પણ સચેત રહીને ઘાતમાં બેઠેલો હતો અને તકની રાહ જોતો હતો. રાતના સન્નાટામાં લપાતો છુપાતો ઘાટીના નાકાથી થોડે દૂર આવીને ઊભો થઇ ગયો. તેણે જોયું કે એક મુસલમાન ઘાટીના નાકે ઊભેલો છે. સમજી ગયો કે લશ્કરનો પહેરેગીર છે. તેણે કમાનમાં તીર જોડયું અને તાકીને અન્સારી સહાબી તરફ છોડયું જે તેમના શરીરના એક ભાગમાં ખૂપી ગયું. અન્સારીએ બદનમાં ખૂપેલું તીર કાઢીને જમીન પર ફેંકી દીધું અને તેવી જ રીતે નમાઝમાં તલ્લીન રહ્યા. તેટલી વારમાં મરનાર સ્ત્રીના ખાવિન્દનું બીજું તીર આવ્યું અને તે પણ એમના બદનમાં ઊતરી ગયું. અન્સારી જવાને એને પણ બદનમાંથી કાઢીને ભોંય પર ફગોટી દીધું અને કંઇ બન્યું જ ન હોય તેમ નમાઝમાં મશગૂલ રહ્યા. ત્યારે સામી દિશાએથી ફરીવાર ત્રીજું તીર આવ્યું અને એ પણ એમના શરીરમાં અંદર ઊતરી ગયું. અલ્લાહના બંદા અન્સારીએ એને પણ શરીરમાંથી ખેંચી કાઢીને જમીન પર નાખી દીધું. તેટલી વારમાં નમાઝ પૂરી થઈ ગઈ. નમાઝનું સલામ ફેરવીને પોતાના મુહાજિર સાથીને હાંક મારતાં બોલ્યા, ''ઊઠો ભાઇ અને જુઓ, મારૂં આખું શરીર લોહીલુહાણ છે. હું મારી જગાએ ઢગલો વળી ગયો છું.''

મારી હાંક સાંભળીને મુહાજિર સાથી સફાળો ઊભો થઇ ગયો. મુશરિક સ્ત્રીના ખાવિન્દે મારા સાથીને પણ ત્યાં ઊભેલો જોયો તો ડરનો માર્યો ફવરન ત્યાંથી પલાયન થઇ ગયો. તેને થયું કે લશ્કરના બીજા માણસો પણ એના સંગાતે લાગે છે. આ ડરથી ગભરાઇને તે ભાગી છૂટયો.

હઝરત જાબિર ફરમાવે છે : મુહાજિર સાથીએ અન્સારી સાથીને લોહીલુહાણ જોયા તો તઅજ્જુબથી બોલ્યા, ''સુબ્હાનલ્લાહ, ભાઈ સાહેબ ! પહેલું તીર લાગતાં જ કેમ મને જગાડી નહિ દીધો ?''

અન્સારી સાથી શાંતિથી બોલ્યા, ''ભાઇ ! હું નમાઝમાં કલામે-પાકની એક લાંબી સૂરત પઢવામાં તન્મય હતો. સૂરતને ખતમ કર્યા વગર અધવચ્ચે છોડી દેવાનું મને મુનાસિબ નહિ લાગ્યું. હું નમાઝમાં મારા અલ્લાહ સાથે વાતો કરતો હતો એ દરમિયાન એક પછી એક તીર આવવા લાગ્યું. મને થયું કે ભલે તીર પર તીર આવે, શરૂ કરેલી સૂરતને ખતમ કરીને જ જંપીશ. પછી અચાનક મને વિચાર આવ્યો કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિફાઝતના પહેરાની જવાબદારી પણ ઉપાડેલી છે. એનું ભાન થતાં જ મેં રૂકૂઅ સિજદા કરીને મારી નમાઝ પૂરી કરી લીધી. અલ્લાહના સોગંદ ! જો આ જવાબદારી ન હોત તો નમાઝને ઔરભી લંબાવી દેત ત્યાં સુધી કે સૂરત પૂરી થઇ જતે ભલે એમાં મારી જાન પણ ચાલી જાત !''

ઇબ્ને ઇસ્હાક કહે છે : ગઝવએ-ઝાતિર-રકાઅના મામલાથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથીઓ સાથે મદીનહ વાપસ પધાર્યા. એ પછી જમાદિલ-અવ્વલના બાકીના દિવસો અને જમાદિલ-આખિરનો પૂરો મહિનો અને રજબના અમુક દિવસો મળીને પૂરા બે મહિના આપ મદીનહમાં બિરાજમાન રહ્યા.

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૮

બદ્રુલ-આખિરહ અને દૂમતુલ-જન્દલ

(શઅબાન સન ૪ હિજરી)

ઇસ્લામી લશ્કર બદ્રના મેદાનમાં • મખ્શી દમરીની ધમકી • મઅબદ ખુઝાઇનો ફરાર • હઝરત કઅબના શેઅરો • દૂમતુલ-જન્દલનો ગઝવહ.

Maktabe Ashraf

ઇસ્લામી લશ્કર બદ્રના મેદાનમાં——————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સન ૪ હિજરીના શઅબાનમાં પોતાના સહાબાનું એક લશ્કર લઇને બદ્રના મેદાન તરફ રવાના થયા. કારણ કે જંગે-ઉહુદ પ્રસંગે કુરૈશનો સરસેનાપતિ અબૂ સુફયાન ધમકી આપી ગયો હતો કે આવતા વરસે આજની તારીખે આજ મેદાનમાં ફરીવાર આપણી વચ્ચે યુધ્ધ જામશે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેની ચેલેંજ ઝીલી લીધી હતી. જેથી તેનો નક્કી કરેલો દિવસ આવી લાગતાં તેજ મેદાન તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાનું લશ્કર લઇને રવાના થઇ ગયા અને બદ્રના મેદાનમાં પડાવ નાખીને અબૂ સુફયાન અને તેના લશ્કરની રાહ જોવા લાગ્યા.[૧]

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ મદીનહના હાકિમ તરીકે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલની નિમણૂંક કરી.[૨]

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બદ્ર મુકામે પડાવ નાખીને અબૂ સુફયાનના ઇન્તેઝારમાં આઠ રાતો પસાર કરી. તે તરફ અબૂ સુફયાન પોતાનું લશ્કર લઇને મક્કહથી રવાના થયો પણ ઝહરાનની બાજુમાં આવેલા મજિન્નહ અથવા ઉસ્ફાન મુકામે પહોંચીને ત્યાં જ તેણે પડાવ નાખી દીધો.[૩]

જયારે કુરૈશી લશ્કર ઉસ્ફાન મુકામે પહોંચ્યું તો અહીં પડાવ નાખવા પછી અબૂ સુફયાનના વિચારો બદલાય

૧. ઇસ્લામી લશ્કરમાં ૧૫ સો સહાબા હતા. ૧૦ ઘોડા હતા. હઝરત અલી લશ્કરના ધજાધારી હતા. (અસિહ-હુસ-સિયર પેજ ૧૬૩) "હ"

૨. હઝરત અબ્દુલ્લાહ, મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલના જવાન બેટા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા આશિક અને ઊંચા પાયાના સહાબી હતા. "હ"

3. ઝહરાન : મક્કહ પાસે આવેલી એક ખીણનું નામ. અહીં મરનામ નામે એક ગામ છે જેને ઝહરાન કહે છે અને ઉસ્ફાન, મક્કહ-મદીનહના રસ્તે આવેલું જાણીતું સ્થળ જે મક્કહથી બે મંઝિલના અંતરે આવેલું છે.

ગયા. તેને થયું કે કુરૈશ માટે સંજોગો હજુ અનુકૂળ થયા નથી જેથી અત્યારે યુધ્ધને ટાળી દેવું બેહતર છે. લશ્કરીઓ સાથે ચર્ચા વિચારણાને અંતે બધા એવા ઠરાવ પર આવ્યા કે ખરેખર આપણા સંજોગો યુધ્ધને અનુકૂળ નથી જેથી મક્કહ પાછા વળી જવું. આ ઠરાવ બાદ અબૂ સુફયાને પોતાના સિપાહીઓને સંબોધીને કહ્યું :

"હે કુરૈશી જવાનો ! યુધ્ધકળાની દ્રષ્ટિએ, જંગ ખેલવા માટે હરિયાળી જમીન અને વસંતની ફળદ્રુપતાની મોસમ જ આપણા માટે અનુકૂળ હોય શકે છે. બાગો-બહારની લીલીછમ ૠતુમાં તમે પોતાના ઊંટોને ઝાડોના લીલાંછમ પાંદડાનો ચારો પણ ખવડાવી શકો છો અને ઊંટણીઓનું તાજું ગરમાગરમ દૂધ પણ પી શકો છો. ત્યારે આ તો દુકાળનું સૂક્કું વરસ ચાલે છે. આવા સૂકામણા અને પાનખરના કાળઝાળ દિવસોમાં લડાઇ આપણને માફક આવે એમ નથી. માટે હું પાછો વળું છું. તમે પણ મક્કહ પાછા વળો."

સેનાપતિની વાત સિપાહીઓને ગળે ઊતરી ગઇ અને તેઓ ડાહ્યા ડમરા કે કહ્યાગરા પેઠે મક્કહ પાછા વળી ગયા. મક્કહના કુરૈશે તેઓની આ દલીલની નોંધ લીધી અને આ "અણખેલાયેલા યુધ્ધનું પરાક્રમ કરનારા" પોતાના લશ્કરને "જૈશુસ-સવીક"એટલે "સત્તુ પીનેવાલા લશ્કર"નું નામ આપ્યું. મક્કહના લોકો કહ્યા કરતા કે આપણું લશ્કર સત્તુ ઢીંચવા માટે મક્કહથી નીકળીને મુસલમાનો તરફ ગયું હતું.

મખ્શી દમરીની ધમકી——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાના લશ્કર સાથે બદ્રના મેદાનમાં અબૂ સુફયાનના ઈન્તેઝારમાં બિરાજમાન હતા એ દરમિયાન દમરહ કબીલાનો સરદાર મખ્શી બિન અમ્ર દમરી આપની તહેનાતમાં હાજર થયો. આ તે ગૃહસ્થ છે જેણે "ગઝવએ-વુદ્દાન"પ્રસંગે ખટપટ કરીને બંને પક્ષ વચ્ચે સુલેહશાંતિ કરાવી દીધી હતી. આવતાં જ તે કહેવા લાગ્યો, "હે મુહંમદ ! શું આ સ્થળે તમે કુરૈશ સાથે લડવા આવ્યા છો ?"

આપે ફરમાવ્યું, હા હે બનૂ દમરહના ભાઇ ! તારી ઈચ્છા હોય તો આપણી વચ્ચે થયેલું સુલેહનામું પાછું ખેંચી લઉં અને આપણી વચ્ચે જંગ જામી જાય. પછી તારી સાથે એટલો લડું કે અલ્લાહ આપણી વચ્ચે સુલેહ કરાવી દે !"

મખ્શી દમરી ગભરાય ગયો અને ઝટ બોલ્યો, "નહિ નહિ હે મુહંમદ ! વલ્લાહ તમારી સાથે લડવાની મારી કોઇ ઈચ્છા નથી."

મઅબદ ખુઝાઈનો ફરાર——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાના લશ્કર સાથે બદ્રમાં પડાવ નાખીને અબૂ સુફયાનની રાહ જોતા હતા એટલામાં મઅબદ બિન અબૂ મઅબદ ખુઝાઈ નામે પોતાના કબીલાનો સરદાર ત્યાં આવી લાગ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને ઈસ્લામી લશ્કરને જોતાં જ તેણે પોતાની ઊંટણીને પૂરપાટ દોડાવી દીધી: ઊંટણી હવા સાથે વાતો કરવા લાગી. ફરાર થતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ મુખ કરીને તે આ શેઅરો લલકારતો હતો:

કદ નફરત મિન રૂફ-કતૈ મુહમ્મદ. • વ અજ-વતિમ મિન યસરિબ કલ-અન્જદિ.
તહવી અલા દીને અબીહલ-અતલદ. • કદ જઅલત માઅ કુદૈદિન મવ-ઈદી.
વ માઅ દજનાન લહા દુહલ-ફદિ.

મારી ઊંટણી મુહંમદના રફીકોની બંને જમાઅતોથી (ભડકીને) ભાગી ઊઠી અને યસરિબ એટલે મદીનહની

Maktabe Ashraf

(અજવહ) ખજૂરનો ઠળિયો બની ગઈ. મારી ઊંટણી પોતાની જૂની નસલની ટેવ મુજબ એટલી તેજીથી ભાગી કે (મક્કહ નજીક આવેલા) કુદૈદના ઝરણાને જોતજોતામાં તેણે મારી મંઝિલ બનાવી દીધી. અને (હવે) દજનાનનું ઝરણું બીજા દિવસે તેની મંઝિલ હશે.

હઝરત કઅબના શેઅરો————ઇબ્ને હિશામ કહે છે : બદ્રુલ-આખિરહના મામલા અંગે હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ રચેલા આ શેઅરો મને અબૂ ઝૈદ અનસારીએ સંભળાવ્યાઃ

વઅદ-ના અબા સુફયાના બદરન ફલમ નજિંદ, • લિ-મીઆદિહી સિદકન વમા કાના વાફિયા.

અમે અબૂ સુફયાન સાથે બદ્રમાં લડવાનો વાયદો આપ્યો હતો. પરંતુ અમે જોયું કે તે પોતાના વાયદા અને વચનમાં સાચો ઠર્યો નહિ અને તે પોતાના વાયદાને પૂરો કરી શકયો નહિ.

ફ-ઉકસિમુ લવ વાફય-તના ફ-લકી-તિના, • લ-ઉબ્તા ઝમીમન વાફતા-કદતલ-મવાલિયા.

હું કસમ ખાયને કહું છું (હે અબૂ સુફયાન !) અગર તું પોતાનો વાયદો પૂરો કરત તો અમારા હાથે ઝડપાઇ જાત ! અમારા કબજામાં આવી જાત તો પોતાના સગાં-સ્નેહીઓનો વિનાશ નોતરીને, હતાશ થઇને, ભૂંડો અને ખુવાર થઇને પાછો ફરત !

તરકના બિહી અવસાલા ઉત્બતા વબ્નહૂ, • વ અમ્રન અબા જહલિન તરક-નાહુ સાવિયા.

બદ્રમાં અમે ઉત્બહ અને તેના બેટાનો સાંધેસાંધો તોડી નાખ્યો અને અમ્રે, અબૂ જહલને ત્યાં જ ઠેકાણે પાડી દીધો.

અસય-તુમ રસૂલલ્લાહિ ઉફ-ફિન લ-દીનેકુમ, • વ અમ્રે-કુમુસ - સય્યલ - લઝી કાના ગાવિયા.

હે કુરૈશ ! તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નાફરમાનીઓ કરી તો, તુફ છે તમારા એ ધર્મ પર ! અને તુફ છે તમારા તે મામલાઓ પર જે અતિશય ભૂંડા અને ગુમરાહ કરી નાખનારા છે !

ફ ઇન્ની વઇન - અન્ - નફ - તુમૂની લ-કાઇલુન, • ફિદન લિ રસૂલિલ્લાહિ અહલી વ માલિયા.

સાંભળી લો ! ભલે તમે મને ગમે તેટલો ઠપકો આપો, હું તો એમ જ કહીશ કે મારાં બાલ-બચ્ચાં અને મારો માલ-સામાન બધું જ અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર કુરબાન થઇ જાય !

અતઅના-હુ લમ નઅ-દિલ્હુ ફીના બિ-ગયરિહી, • શિહાબન લના ફી ઝુલ-મતિલ-લયલે હાવિયા.

અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તાબેદારી માટે અમારાં મસ્તકો નમાવી દીધાં છે. આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રાતના અંધારામાં અમારા માટે એક રોશન સિતારા છે, એ અમારી રાહબરી (માર્ગદર્શન) કરે છે. અમે અમારામાંથી કોઇને પણ આપના હમ-પલ્લા, સમોવડિયા કે સરખા પલ્લાંના ઠરાવી શકતા નથી.

(નોટ : હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુનું રચેલું ૯ શેઅરોનું કાવ્ય અને અબૂ સુફયાન બિન હર્બે રચેલું ૧૦ શેઅરોનું જવાબી કાવ્ય જતું કરવામાં આવ્યું છે.)

દૂમતુલ-જન્દલનો ગઝવહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સન ૫ હિજરીના રબીઉલ-અવ્વલમાં બદ્રથી વાપસ થઇને અને મદીનહ પધારીને થોડા મહિના

મદીનહમાં બિરાજમાન રહ્યા, ત્યાં સુધી કે ઝિલ-હજ્જનો મહિનો પસાર થઈ ગયો. આ વરસે એટલે સન ૪ હિજરીના વરસે પણ હજ્જની તમામ ક્રિયાઓ અને વિધિઓનો સંપૂર્ણ વહીવટમક્કહના કુરૈશી મુશરિકોના હાથમાં રહ્યો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ યુધ્ધને ઈરાદે પોતાના સહાબાના લશ્કર સાથે દૂમતુલ-જન્દલ તરફ રવાના થયા. ઈબ્ને હિશામ કહે છે : આ રવાનગી સન ૫ હિજરીના રબીઉલ-અવ્વલમાં થવા પામી. [1] મદીનહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના નાયબ કે ગવર્નર તરીકે હઝરત સબાઅ યા સિબાઅ બિન અર્ફતહ રદિયલ્લાહુ અન્હુની નિમણૂંક કરી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ દૂમતુલ-જન્દલ પહોંચવા પહેલાં જ પોતાના લશ્કર સાથે મદીનહ વાપસ થઈ ગયા. કોઈ મુકાબલો થવા પામ્યો નહિ. પછી સન ૫ હિજરીનું બાકીનું વરસ આપે મદીનહમાં પસાર કર્યું. [2]

ગુજરાતી સંપાદકની નોંધ————દૂમતુલ-જન્દલ ઈરાની અખાત અને રાતા સમુદ્ર વચ્ચે સીરિયાની અંતિમ સરહદે આવેલો પ્રદેશ છે. મદીનહથી પંદર અને દમિશ્કથી પાંચ રાતોનું અંતર છે. અહીં કબાઈલી ડાકૂઓનો અડ્ડો હતો જેઓ વેપારી કાફલાઓ કે પસાર થનારા વટેમાર્ગુંઓને લૂંટી લેતા હતા. આ પ્રદેશ પર ઉકૈદર બિન અબ્દુલ-મલિક નામે ખ્રિસ્તી રાજાનું શાસન ચાલતું હતું. એ રોમના શહેનશાહ હિરકલનો ખંડિયો હતો. મદીનહથી તડીપાર થયેલા યહૂદીઓની ઉશ્કેરણીથી કબાઈલી ડાકૂઓ મદીનહ પર ચઢાઈ કરવાની તૈયારી કરતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના બાતમીદાર કે જાસૂસ મારફતે એના સમાચાર મળતાં આપ એક હજાર સહાબાનું લશ્કર લઈને તેઓની સરકોબી માટે રવાના થયા. પરંતુ ડાકૂઓને આગોતરી બાતમી મળી જતાં તેઓ ત્યાંથી ફરાર થઈને વેરવિખેર થઈ ગયા. કોઈ અથડામણ કે છમકલું થવા પામ્યું નહિ. આ રીતે સીરિયાની સરહદે વસનારા ખ્રિસ્તીઓ અને મૂર્તિ પૂજક અરબો પર મુસલમાનોની ધાક બેસી ગઈ. (સીરતે-અહમદે-મુજતબા જિ.૨ પા. ૫૦૯ - સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૭૦ - પયગમ્બરે-ઈન્સાનિયત પા. ૪૨૯) "હ"

---

૧. ઑગસ્ટ ઇસ્વી સન ૬૨૬

૨. એપ્રિલ ઈ.સ. ૬૨૭

Maktabe Ashraf

પ્રકરણ ૧૧૯

ગઝવએ-અહઝાબ

——એટલે——

ખન્દકનું અભૂતપૂર્વ યુધ્ધ

યહૂદી નેતાઓનું મંડળ મક્કહમાં • યહૂદના મુખે મૂર્તિપૂજાના વખાણ • જંગ માટે બીજા કબીલાઓની ઉશ્કેરણી • વિવિધ કબીલાઓના ફોજી સરદારો • ખન્દકની તૈયારી • ખન્દકમાં મુસલમાનોનું રણગીત • ખન્દકમાં પ્રગટેલા મુઅજિઝા • નક્કર જમીન નરમ બની ગઇ. • થોડીક ખજૂરોમાં લશ્કર ધરાઇ ગયું. • ખાના થોડા ખાનેવાલે બહુત • કાળમીંઢ ચટાણના ચૂરેચૂરા • કુરૈશી સૈન્યનો પડાવ મદીનહમાં • ઇસ્લામી લશ્કરની રવાનગી • બે યહૂદી સરદારોની મુલાકાત • બનૂ કુરૈઝહની ગદ્દારીની તહકીક • યહૂદી સરદારની બદતમીઝી • મુનાફિકોના નિફાકની જાહેરાત • ગત્ફાન સાથે સમાધાનની કોશિશ • ખન્દક અરબો માટે એક અજાયબી • સલમાનુ મિન્ના અહલલ-બૈત.

યહૂદી નેતાઓનું મંડળ મક્કહમાં——————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક ઇબ્ને હિશામ કહે છે: ખન્દકના યુધ્ધને લગતી આ રિવાયત મને ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઇએ કહી સંભળાવી અને તેમણે મુહંમદ ઇબ્ને ઇસ્હાક મુત્તલબીના મુખેથી સાંભળી. મુહંમદ ઇબ્ને ઇસ્હાક મુત્તલબી કહે છે : એ પછી સન ૫ હિજરીના શવ્વાલમાં ગઝવએ-અહઝાબ એટલે ખન્દકનું અભૂતપૂર્વ યુધ્ધ ખેલાયું. [૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આલે-ઝુબૈર બિન ઉર્વહ બિન ઝુબૈરના આઝાદ ગુલામ યઝીદ બિન રૂમાને તથા બીજા વિશ્વાસપાત્ર માહિતગારોએ અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિક, મુહંમદ બિન કઅબ કુરઝી, ઇમામ મુહંમદ બિન શિહાબ ઝુહરી, આસિમ બિન ઉમર બિન કતાદહ અને અબ્દુલ્લાહ બિન અબીબક્ર વગેરે આલિમોની, જંગે-ખન્દકને લગતી જેટલી રિવાયતો મળી એ બધી મેં અહીં ભેગી કરી દીધી છે. આ રિવાયતોમાં જંગે-ખન્દકને લગતી વિવિધ માહિતી પીરસવામાં આવી છે. કોઇએ એક બનાવનું વર્ણન કર્યું છે તો કોઇએ બીજા બનાવનું વર્ણન કર્યું છે. કેટલાક એવા બનાવો પણ છે જેની વિગત કોઇએ દર્શાવી છે તો કોઇએ નથી દર્શાવી.

આ બધી રિવાયતોને આધારે જંગે-ખન્દકનું કારણ એમ બન્યું કે મદીનહથી તડીપાર થયેલા યહૂદી કબીલા બનૂ નદીરના આગેવાનો તથા બનૂ વાઇલ કબીલાના કેટલાક યહૂદી સરદારો ખાનગી મંત્રણા માટે એક સ્થળે

૧. શવ્વાલનો મહિનો ફેબ્રુઆરી ૬૨૭ ની ૨૩ તારીખે શરૂ થઇને માર્ચ ૬૨૭ ની ૨૩ તારીખે પૂરો થયો. (ઇબ્ને હિશામનો હાશિયો જિ.૨ પા. ૨૪૮)

ભેગા થયા. હાજર ગૃહસ્થોમાં સલ્લામ બિન અબુલ-હુકૈક નદરી, કિનાનહ બિન અબુલ-હુકૈક નદરી, હુય્ય બિન અખ્તાબ નદરી, હવઝહ બિન કૈસ વાઈલી તથા અબૂ અમ્માર વાઈલી જેવા અગ્રેસરો અને ધર્મનેતાઓનો સમાવેશ હતો.

ખાનગી મંત્રાણામાં ઠરાવ્યા મુજબ યહૂદી કૌમના પંકાયેલા આગેવાનોનું એક મોવડી મંડળ પ્રવાસની મંઝિલો વટાવતું મક્કહના કુરૈશ પાસે પહોંચી ગયું. તેઓએ કુરૈશને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે લડી લેવાનું આમંત્રણ આપ્યું અને પોતાની યહૂદી કૌમના સંપૂર્ણ સહકારની ખાતરી અપાવતાં કહ્યું:

> "હે કુરૈશ ! તમે તેમની ઉપર (એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર) બેધડક ચઢાઇ કરી દો અને સાંભળો, અમે ત્યાં સુધી તમારો સંગાથ આપીશું જ્યાં સુધી કે, તેમનો અને તેમના સાથીઓનો સમૂળગો સફાયો નહિ થઈ જાય!"

યહૂદના મુખે મૂર્તિપૂજાના વખાણ————યહૂદીઓની વાત સાંભળીને મક્કહના કુરૈશે તેઓને સવાલ કર્યો, "હે યહૂદી ધર્મનેતાઓ ! તમારી પાસે આકાશી કિતાબનું જ્ઞાન છે. તમે તવરાતને માનનારા છો જેના આધારે તમે અમારા અને મુહંમદના મઝહબી મતભેદોની પૂરી માહિતી ધરાવો છો. હવે બતાવો કે અમારો મૂર્તિપૂજાનો ધર્મ ચઢિયાતો છે કે મુહંમદનો ઇસ્લામ ?"

જવાબમાં યહૂદી ધર્મગુરૂઓ બોલ્યા, "નહિ નહિ, તમારો દીન તેઓના દીનથી ચઢિયાતો છે અને તમારો મૂર્તિપૂજાનો ધર્મ તેઓના ઇસ્લામ કરતાં સચ્ચાઇથી વધારે નઝદીક છે."

યહૂદી પાદરીઓનો આ જવાબ સાંભળીને કુરૈશ મલકાઈ ઊઠયા અને એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ લડાઇનો પ્રસ્તાવ વધાવી લઈને મદીનહ પર ચઢાઇ કરવાની પોતાની અનુમતિ દર્શાવી દીધી.

એજ તે લોકો છે જેઓના બારામાં કુર્આને-મજીદની આ આયતો ઉતારવામાં આવી:

અલમ તરા ઇલલ લઝીન	શું તમે નહિ જોયા એવા લોકોને જેઓને
ઊતૂ નસીબમ મિનલ કિતાબ	આપવામાં આવ્યો કિતાબનો એક ભાગ ?
યુઅમિનૂન બિલ જિબ્તિ વત-તાગૂત	જેઓ ઇમાન ધરાવે છે મૂર્તિઓ અને શયતાનો પર
વ યકૂલૂન લિલ-લઝીન ક-ફ-રૂ	તેઓ કહે છે કાફિરો વિશે કે
હાઉલાઇ અહદા	આ લોકો વધારે સત્યમાર્ગે ચાલનારા છે
મિનલ લઝીન આમનૂ સબીલા.	મુસલમાનો કરતાં.
ઉલાઇકલ લઝીન લઅન હુમુલ્લાહ	એજ તે લોકો છે જેઓને ફિટકારી નાખ્યા છે અલ્લાહએ
વમંય યલ-અનિલ્લાહુ	અને જેને ફિટકારી નાખે અલ્લાહ
ફલન તજિદા લહૂ નસીરા.	તેનો કોઈ મદદગાર તમને મળશે નહિ. [1]

૧. સૂરએ-નિસાઅ પારહ ૫ આયત ૫૧-૫૨. આ આયતોમાં અલ્લાહ તઆલાએ, ઇસ્લામના મુકાબલામાં મૂર્તિપૂજાના ધર્મને ચઢિયાતો કહેનારા યહૂદીઓને ફિટકારી નાખ્યા એટલે તેઓની ઉપર પોતાની લઅનત મોકલાવી કેમકે યહૂદીઓએ મૂર્તિપૂજાના વખાણ કરીને પોતાનું ઇમાન વેચી નાખ્યું. તવરાતના શિક્ષણ મુજબ તેઓ જાણતા હતા કે મૂર્તિપૂજા મોટું પાપ છે, એટલું મોટું કે જેની માફી નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મશહૂર હદીસ છે : "અલ-કુફ્રુ મિલ્લતુન વાહિદહ." એટલે ઇસ્લામના મુકાબલામાં દુનિયાના બીજા ધર્મો એક અંગ જેવા છે. ઇસ્લામનો સવાલ આવે તો યહૂદીઓ, મૂર્તિપૂજકો, ખ્રિસ્તીઓ, કાદયાનીઓ, શીયાઓ વગેરે તમામ ધર્મોના લોકો પોતાના આપસના મતભેદો ભૂલાવીને એક થઇ જાય છે. અને મુસલમાનો વિરૂધ્ધ એકબીજાની મદદ કરે છે. "હ"

જંગ માટે બીજા કબીલાઓની ઉશ્કેરણી——————સારાંશ કે યહૂદી ધર્મના નેતાઓનો જવાબ સાંભળીને મક્કહના કુરૈશ ગેલમાં આવી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ યુધ્ધનું આમંત્રણ તેઓ માટે અપૂર્વ આનંદ અને ઉત્સાહનું કારણ બની ગયું. બસ પછી શું હતું ! બધા જ કુરૈશી કબીલા યહૂદીઓ સાથે સહમત થઈને હોંસે-હોંસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ જંગની તૈયારીમાં લાગી ગયા.

કુરૈશ પાસેથી ઊઠીને યહૂદનું મોવડી મંડળ બનૂ ગત્ફાન અને કૈસ અયલાનના કબીલાઓ પાસે પહોંચ્યું અને તેઓને પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ યુધ્ધનું આમંત્રણ પાઠવીને ખાતરી અપાવી કે અમે છેલ્લી પળ સુધી તમારે પડખે રહીને હરેક પ્રકારે તમારી ભરપૂર મદદ કરીશું. એમ પણ જણાવ્યું કે કુરૈશ અમારો સાથ આપીને જંગ માટે તૈયાર થઇ ગયા છે. આ સાંભળીને બનૂ ગત્ફાન અને બનૂ અયલાનના કબીલા પણ પોતાની સંમતિ દર્શાવીને જંગની તૈયારીમાં પરોવાઇ ગયા.

વિવિધ કબીલાઓના ફોજી સરદારો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મક્કહના કુરૈશી મુશરિકોના લશ્કરમાં કુરૈશનો સિપહસાલાર અબૂ સુફયાન બિન હર્બ હતો. બનૂ ગત્ફાન કબીલાઓની ફોજમાં ત્રણ સિપહસાલારો હતા. જેમાં ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્ર પોતાના બનૂ ફઝારહ કબીલાનો સિપહસાલાર હતો.

એવી જ રીતે હારિસ બિન ઔફ બિન અબૂ હારિસહ મુર્રી નામનો યોધ્ધો પોતાના બનૂ મુર્રહ કબીલાની ફોજનો સિપહસાલાર હતો. અને મિસઅર બિન રૂખૈલહ બિન નુવૈરહ બિન તરીફ બિન સુહમહ બિન અબ્દુલ્લાહ બિન હિલાલ બિન ખલાદહ બિન અશજઅ બિન રૈસ બિન ગત્ફાન પોતાના બનૂ અશજઅ કબીલાના લશ્કરી જવાનોનો ઉપરી અધિકારી હતો. આ બધા કબીલાઓનું એક વિરાટ લશ્કર જંગની સર્વાંગી તૈયારી કરીને લશ્કરી દબદબા સાથે મદીનહ તરફ રવાના થઈ ગયું.[૧]

ખન્દકની તૈયારી——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે સમાચાર મળ્યા કે અરબના કબીલાઓના ધાડેધાડાં જંગની તૈયારી કરીને મદીનહ પર ચઢાઇ કરવા નીકળી ચૂકયાં છે તો આપે પોતાના અને મુસલમાનોના બચાવ માટે મદીનહની ફરતે ખન્દક ખોદવાની તૈયારી કરવાનો હુકમ ફરમાવી દીધો. ખન્દક ખોદવાની પ્રવૃત્તિમાં મુસલમાનોને પ્રોત્સાહન મળે અને તેઓના દિલોમાં નેકી તથા આખિરતની કમાણીનો ઉત્સાહ જન્મે તેટલા ખાતર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જાતે ને પોતે પણ બધા મુસલમાનો સાથે શામિલ થઇને ખન્દકના ખોદકામમાં પરોવાઇ ગયા. આપને જમીન ખોદતા જોઇને તમામ મુસલમાનો બમણા ઉત્સાહે કામ કરવા લાગ્યા.

ખન્દકના ખોદકામમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મજબૂત મનોબળ અને નક્કર નિષ્ઠાથી કામ લઇને બીજા મુસલમાનો સાથે ભારે જેહમત ભરેલી મેહનત ઉઠાવી પણ મુનાફિકોમાંથી કેટલાક લોકો આળસ અને ઢીલીપોચી નીતિથી કામ કરતા હતા. તેઓના દિલોમાં જે કંઇ હતું તેને છુપાવતા હતા અને અમલમાં આળસુ કે માયકાંગલા બની ગયા હતા. દાખલા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગી

૧. મક્કહના કુરૈશી લશ્કરમાં ૪ હજાર સૈનિકો, ૩૦૦ ઘોડા અને ૧ હજાર ૫૦૦ ઊંટો હતાં. મક્કહથી નીકળીને કુરૈશી લશ્કર મર્રુઝ-ઝહરાન (વાદીએ-ફાતિમહ) સ્થળે પહોંચ્યું તો બનૂ સુલૈમ, બનૂ અસદ, બનૂ ફઝારહ, બનૂ અશજઅ, બનૂ મુર્રહ વગેરેના લશ્કરી જૂથો અને ફોજી જથ્થાઓ પણ ત્યાં આવીને સાથે થઇ ગયા. આ રીતે મુશરિકોનું ૧૦ હજારનું વિરાટ લશ્કર ભેગું થઇને ઇસ્લામના મૂળિયાં ખોદી કાઢવાને ઇરાદે મદીનહ તરફ ઊપડી ગયું. (અસિહ-હુસ-સિયર પા. ૧૭૭ ફત્હુલ-બારી જિ.૨ પા. ૨૭૫) "હ"

Maktabe Ashraf

લીધા વગર વારંવાર પોતાના બાલબચ્ચાં પાસે જવા માટે ચુપચાપ છટકી જતા હતા. જો કે ખન્દક ખોદવાનું કામ વારાફરતી ચાલતું હતું. મુસલમાનો રાબેતા મુજબ ભારે ખંતથી બઢીચઢીને કામગીરી બજાવતા હતા. કોઈને કંઈ જરૂરત ઊભી થતી તો તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થતો. કાયદેસર આપની રજા મેળવતો અને પછી પોતાને ઘેર જતો અને કામ પત્યું કે તુરંત પાછો આવીને પોતાના કામે વળગી જતો કેમકે મુસલમાનના દિલમાં નેકીની ભાવના સાથે પોતાની જવાબદારી પૂરી કરવાનો અપૂર્વ ઉત્સાહ હતો.

એજ પ્રસંગને અનુસરીને સાચા મુસલમાનોને બગલાભગત જેવા મુનાફિકોથી નોખા પાડવા માટે અલ્લાહ તઆલાએ આ આયતો ઉતારી : "ઈન્નમલ-મુઅમિનૂ-નલ-લઝીન આમનૂ બિલ્લાહિ વ રસૂલિહી....." છેવટ સુધી તરજુમો :

"બેશક મુસલમાન તો તેજ છે જે અલ્લાહ પર અને તેના રસૂલ પર ઈમાન ધરાવે છે અને રસૂલ પાસે જ્યારે તેઓ એવા જ કોઈ કામ માટે ભેગા થાય છે તો પોતાની કોઈ જરૂરત માટે આપની પરવાનગી લીધા વગર ત્યાંથી જતા નથી."

"હે નબી ! જે લોકો આવા પ્રસંગોએ આપની પરવાનગી માગે છે એજ લોકો અલ્લાહ પર અને તેના રસૂલ પર ઈમાન ધરાવનારા છે તો જ્યારે એ લોકો (આવા પ્રસંગે) પોતાના કોઈ કામ માટે આપની રજા માગે તો તેઓમાંથી જે કોઈ માટે આપની ઈચ્છા હોય તેને રજા આપતા રહો અને તેઓ માટે અલ્લાહ પાસે માફીની દુઆ માગો. બેશક અલ્લાહ માફ કરનારો અને મોટો દયાળુ છે." [1]

એ પછીની આયતમાં તે મુનાફિકોનું બયાન છે જેઓ કામચોરો પેઠે પોતાની જાન બચાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગી લીધા વગર પોતાના ઘરો તરફ ચુપચાપ છટકી જતા હતા. જેમકે ફરમાવ્યું છે : "લા તજ-અલૂ દુઆઅર-રસૂલિ બૅનકુમ...." તરજુમો.

"તમે લોકો રસૂલને બોલાવવાને મામૂલી બોલાવવા જેવું ન સમજો જેમકે તમે આપસમાં એકબીજાને બોલાવો છો. અલ્લાહ એવા લોકોને ખૂબ જાણે છે જેઓ તમારામાંથી એકબીજાની આડ લઈને સરકી જાય છે. તો જે લોકો અલ્લાહના હુકમનો વિરોધ કરે છે તેઓએ આ વાતથી ડરવું જોઈએ કે તેઓ પર (દુનિયામાં) કોઈ આફત ન ઊતરી આવે યા આખેરતમાં દર્દનાક અઝાબ ન તૂટી પડે.....(સૂરએ-નૂર આયત ૬૩)

ખન્દકમાં મુસલમાનોનું રણગીત————ઈબ્ને ઈસ્હાક કહે છે : તમામ મુસલમાનો દિલોજાનથી ખન્દક ખોદવામાં લાગેલા રહ્યા ત્યાં સુધી કે તેને મુકમ્મલ કરીને જંપ્યા. ખન્દક ખોદતી વેળા બધા મુસલમાનો હઝરત જુઐલ નામના એક સહાબી સાથે ભેગા સ્વરે આ રણગીત લલકારતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જુઐલનું નામ બદલીને અમ્ર નામ રાખી લીધું હતું. એજ જુઐલ અને અમ્ર નામનું આ રણગીત હતું :

સમ્માહુ મિમ બઅદિ જુઐલિ અમ્રન, • વ કાના લિલ-બાઈસિ યવમન ઝહરન.

---

૧. સૂરએ-નૂર પા. ૧૮ આયત ૬૨ આ આયત એવા મુસલમાનો માટે ઊતરી જેઓ પોતાની જવાબદારીનું ભાન રાખે છે. નેકીના કામો તરફ દોડીદોડીને જાય છે અને અલ્લાહ તથા તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તાબેદારી માટે એકમેકની ટપી જવાના પ્રયત્નો કરે છે. "હ"

Maktabe Ashraf

અર્થાત : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુઐલનું નામ બદલીને અમ્ર નામ રાખી લીધું અને તે વેળા આ નામ ખન્દક ખોદનારાઓ માટે શક્તિ કે ઉત્સાહનું પ્રતીક બની ગયું.

ખન્દક ખોદનારા સહાબા જ્યારે ઉપરના શેઅરની પહેલી કડીનો અમ્ર શબ્દ લલકારતા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ અમ્ર શબ્દ ઉપાડી લઈને તેઓના સૂરમાં પોતાનો સૂર પુરાવતા હતા અને જ્યારે તેઓ બીજી કડીનો ઝહરન શબ્દ લલકારતા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ એ શબ્દને ઉપાડી લઈને તેઓના સૂરમાં પોતાનો સૂર પુરાવતા હતા.

ગુજરાતી સંપાદકની નોંધ————

અલ્લામા ઈબ્ને હિશામની સીરતુન-નબીમાં જંગે-ખન્દકને લગતી કેટલીક પ્રમાણભૂત વિગતો રહી જવા પામી છે. બીજા સનદી સીરત-ગ્રંથોને આધારે તેનો ટૂંકસાર અહીં રજૂ કરીએ છીએ.

યહૂદીઓની ઉશ્કેરણીથી મદીનહની મુકદ્દસ ભૂમિમાં ખેલાયેલા આ અભૂતપૂર્વ યુધ્ધના બે નામો સીરતની કિતાબોમાં જોવામાં આવે છે : ગઝવએ-ખન્દક અને ગઝવએ-અહઝાબ, ખન્દક અસલમાં ફારસી ભાષાનો ''કન્દહ'' શબ્દ છે જેના અર્થ ખોદી કાઢેલી જમીન કે ખાડો થાય છે. એજ ''કન્દહ''થી અરબીનો ''ખન્દક'' શબ્દ બન્યો છે. આ જંગ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર ઈરાની સહાબી હઝરત સલમાન ફારસી રદિયલ્લાહુ અન્હુની સલાહથી મદીનહની ફરતે રક્ષણ માટે ઊંડી ખાઈ ખોદી કાઢવામાં આવી હતી જેથી એને ગઝવએ-ખન્દક કે જંગે-ખન્દક કહે છે.

આ જંગનું બીજું નામ ગઝવએ-અહઝાબ છે. અહઝાબ અરબીના ''હિઝ-બ'' શબ્દનું બહુવચન છે. ''હિઝ-બ''ના અર્થ જમાઅત, જથ્થો, જૂથ, ટોળું, ગિરોહ, સમૂહ ટોળેટોળાં કે ધાડેધાડાં વગેરે થાય છે. બાબત એમ બની કે યહૂદીઓની ઉશ્કેરણીથી અરબભરના અનેક કબીલાઓના ટોળેટોળાં કે ધાડેધાડાં સંગઠિત થઈને ઈસ્લામના મૂળિયાં ખોદી કાઢવા માટે મદીનહ પર ચઢી આવ્યાં હતાં. જેથી એને ગઝવએ-અહઝાબ કે જંગે-અહઝાબ કહે છે. કુર્આને-મજીદમાં ''સૂરતુલ-અહઝાબ'' નામે એક પૂરી સૂરત મવજૂદ છે જેમાં આ જંગનું વર્ણન કરવામાં આવ્યું છે.

દસ હજારનું આ વિરાટ લશ્કર વાજતે ગાજતે એવા ધૂમધડાકાથી મદીનહ પર ચઢી આવ્યું કે ફોજીઓના બૂટો અને ઘોડાઓની ટાપોના ધમાકાઓથી મદીનહની ધરતી ધણધણી ઊઠી, અને મુસલમાનોના કલેજાં તાળવે આવી ગયાં. એનું બયાન સૂરએ-અહઝાબની આયત ૧૦માં આ રીતે થયું છે:

ઈઝ જાઊ કુમ	જ્યારે ચઢી આવ્યા તે લોકો તમારી ઉપર
મિન ફવકિ કુમ	ઉપરની દિશાએથી પણ
વ મિન અસ્ફલ મિન્કુમ	અને નીચાણની દિશાએથી પણ
વ ઈઝ ઝાગતિલ અબ્સારુ	અને જ્યારે આંખો ફાટેલી રહી ગઈ
વ બલગ-તિલ-કુલૂબુલ-હનાજિરા	અને કલેજાં તાળવે આવી લાગ્યાં
વ તઝૂન-નૂન	અને તમે કલ્પના કરવા લાગ્યા
બિલ્લાહિઝ-ઝનૂના.	અલ્લાહની સાથે જાતજાતની કલ્પના.[૧]

૧. સૂરએ-અહઝાબ પારહ ૨૧ આયત ૧૦ ''ક''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જ્યારે સમાચાર મળ્યા કે કુરૈશની સાથે અહઝાબ એટલે અરબના કબીલાઓના ટોળેટોળાંનું જંગી લશ્કર મદીનહ પર ચઢાઈ કરવાના ઈરાદે નીકળી ચૂક્યું છે તો આપે પોતાના સહાબાને સલાહ-મંત્રણા માટે ભેગા કર્યા. યુધ્ધકળાના નિષ્ણાત સહાબાએ પોતપોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. સહાબામાં હઝરત સલમાન ફારસી રદિયલ્લાહુ અન્હુ પણ હતા. હઝરત સલમાન મુલ્કે-ઈરાનના વતની હતા. ઈરાનમાં જંગે-દિફાઈ એટલે સ્વરક્ષણની લડાઈનો નોખો તરીકો પ્રચલિત હતો જેનાથી અરબના લોકો સાવ અજ્ઞાત હતા, પણ હઝરત સલમાન ફારસી તેનાથી પૂરી રીતે માહિતગાર હતા. તે તરીકો આ હતો કે સ્વરક્ષણના યુધ્ધની કટોકટી ઊભી થતાં ઈરાની લોકો શહેરથી બહાર નીકળીને મુકાબલો કરવાને બદલે શહેરની ફરતે લાંબી-ચોડી અને ઊંડી ખાઇ ખોદી લેતા અને તેની હદમાં રહીને આક્રમણખોર દુશ્મનનો મુકાબલો કરતા.

હઝરત સલમાન ફારસીએ વર્તમાન કટોકટીને અનુલક્ષીને ખાઇ ખોદવાની રૂપરેખા વિગતથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં રજૂ કરી. ખાઈની રૂપરેખાની વિગત જાણીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઘોડા પર સવાર થયા અને હઝરત સલમાન ફારસીને સાથે લઈને આપે અવલોકનની દ્રષ્ટિએ મદીનહનો એક ચક્કર લગાવ્યો. શહેરના ત્રણ ભાગ ફરતે મકાનો અને ખજૂરવૃક્ષોની હારમાળા લાગેલી હતી જે એક રીતે શહેર-પનાહ એટલે નગરકોટની ગરજ સારતી હતી. ફક્ત મુલ્કે-શામ તરફની દિશાનો ભાગ ખુલ્લો હતો જ્યાંથી દુશ્મન શહેરની અંદર પ્રવેશી શકતો હતો.

આપે હઝરત સલમાન ફારસીની સલાહ સાથે સંમત થઈને એજ તરીકો અપનાવી લેવાનું નક્કી કર્યું અને એજ વેળા ખન્દક એટલે ખાઇ ખોદવાના સાધનો એકઠાં કરીને પોતાના ત્રણ હજાર સહાબાને શહેરથી બહાર તે સ્થળે લઈ ગયા જ્યાંથી મદીનહનો ભાગ ખુલ્લો હતો. આપે ખન્દક ખોદવા માટે પોતાના મુબારક હાથથી જમીન પર લિસોટા દોરીને તેની હદો નક્કી કરી દીધી અને દસ-દસ માણસો વચ્ચે દસ-દસ ગજ જમીનનું ખોદકામ વહેંચી આપ્યું. એટલે દરેક માણસ એક ગજ લાંબી અને પાંચ હાથ ઊંડી જમીન ખોદે. ચોડાઇ એટલી રાખવામાં આવી કે ખન્દકમાં ઊતર્યા વિના માણસ કે ઘોડો છલાંગ મારીને તેને પાર ન કરી શકે. આ વહેંચણી અને ગોઠવણી મુજબ ૬ દિવસમાં ત્રણ હજાર મુજાહિદોના મુબારક હાથોએ, લગભગ સાડા ત્રણ માઈલ લાંબી ખન્દક ખોદી કાઢવાનું કામ અંજામે પહોંચાડી દીધું. કેટલીક રિવાયતોમાં ૧૫ કે ૨૦ દિવસનો ઉલ્લેખ છે.

ખોદકામની શરૂઆત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક હાથે ફરમાવી. અલ્લાહનું નામ લઈને કોદાળી જમીન પર મારતાં આપે આ પંક્તિઓ લલકારી :

બિસ્મિલ્લાહિ વ બિહી બદીના • વ-લવ અબદના ગયરિહી શકીના

અમે અલ્લાહના નામથી શરૂઆત કરીએ છીએ અને જો એક અલ્લાહને છોડીને અમે કોઇ બીજાની બંદગી કરીએ તો એજ સૌથી મોટી કમનસીબી છે.

હબ્બઝા રબ્બંવ વ હબ્બઝા દીના.

વાહ વાહ અમારો પાલનહાર કેટલો ભલો છે ! અને સુબ્હાનલ્લાહ અમારો દીન કેટલો રૂડો છે!

શિયાળાની મોસમ હતી. કડકડતી ટાઢના દિવસો હતા. ઠંડો પવન જોશભેર ફૂંકાતો હતો. દુકાળનું વરસ હતું. કેટલાય દિવસના લાગલગાટ ફાકા હતા. ખાવાપીવાના સાંસા હતા. ત્યાં ન નોકરો હતા ન ચાકરો હતા

ન ગુલામો હતા ન મઝદૂરો હતા. મુહાજિરીન અને અન્સાર પોતે અલ્લાહના ગુલામ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અદના નોકર ચાકર હતા. ખંતીલા મઝદૂરો પેઠે જિહાદના જુસ્સાથી ખન્દક ખોદવામાં લાગેલા હતા. ન ભૂખ તેઓના જુસ્સાને અવરોધી શકતી હતી ન બરફીલા વાયુના સૂસવાટા તેઓના ઉત્સાહને ભાંગી શકતા હતા. માટીના ટોપલા ઉપાડી-ઉપાડીને લાવતા હતા અને એક સ્વરે આ રણગીત લલકારતા હતાઃ

નહનુલ લઝીના બાયઊ મુહમ્મદન • અલલ જિહાદે મા બકીના અબદા.

અમે તે લોકો છીએ જેઓએ મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર જિહાદની બૈઅત કરી છે. અમે જ્યાં સુધી બાકી રહીશું કે જીવીશું, હમેશા આપની સાથે રહીને જિહાદ કરતા રહીશું.

હઝરત સહલ બિન સઅદ અન્સારી રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જોયું કે મારા સહાબા સવારના પહોરમાં અને કડકડતી ટાઢમાં ખન્દક ખોદી રહ્યા છે અને માટીના ટોપલા ખભાઓ પર મૂકીને આવજાવ કરી રહ્યા છે તો આપે તેઓની ભૂખ અને જિહાદનો જુસ્સો જોઈને ફરમાવ્યુંઃ

અલ્લા હુમ્મ લા ઐશ ઈલ્લા ઐશુલ-આખિરહ, • ફગફિર લિલ-અન્સારે વલ-મુહાજિરહ.

હે અલ્લાહ ! અસલ ઝિન્દગી તો આખિરતની ઝિન્દગી છે (અને ખરૂં સુખ તો પરલોકનું સુખ છે) તો હે અલ્લાહ ! આપ અન્સાર અને મુહાજિરીનની મગફિરત ફરમાવી દેજો !

અને કદી આપ પોતાની મુબારક જીભે આ શેઅર ફરમાવતા :

અલ્લાહુમ્મ ઈન્નહૂ લા ખૈર ઈલ્લા ખૈરુલ-આખિરહ, • ફ-બારિક ફિલ-અન્સારે વલ-મુહાજિરહ.

હે અલ્લાહ ! ભલાઈ તો બેશક પરલોકની જ ભલાઈ છે તો અન્સાર અને મુહાજિરીનને બરકત અતા ફરમાવ !

હઝરત અનસ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : "મુહાજિરીન અને અન્સાર ખન્દક ખોદતી વેળા અને માટીના ટોકરા ઉપાડતી વેળા જ્યારે આ શેઅર લલકારતા :

નહનુલ લઝીન બાયઊ મુહમ્મદન • અલલ ઈસ્લામે મા બકીના અબદા.

તો તેઓના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ ઉપરનો શેઅર બુલંદ સ્વરે ફરમાવતા.

સહીહ બુખારીમાં હઝરત બરાઅ બિન આઝિબ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત ટાંકેલી છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક સીના પર નૂરાની વાળોની એક બારીક લીટી મુબારક પેટ સુધી ઊતરેલી હતી. ખન્દકના દિવસોમાં જમીન ખોદતાં અને માટી ઉપાડતાં આપનું મુબારક પેટ ધૂળથી ઢંકાઈ જતું અને વાળોની લીટી પણ ધૂળથી ઢંકાઈ જતી. આમ છતાં આપ અલ્લાહની દયા-યાચના તથા તેના ઉપકારોના આભાર-દર્શન તરીકે આ કડીઓ બુલંદ સ્વરે ફરમાવતા હતા : "વલ્લાહિ લવ લા અલ્લાહુ મહ-તદૈના." અથવા આ પ્રમાણે :

અલ્લા-હુમ્મ લવ લા અન્તા મા અહ-તદૈના, • વલા તસદ-દકના વલા સલ-લૈના.

હે અલ્લાહ ! જો આપ અમને સત્યપંથે ન દોરતે તો અમને ન દાન-ખયરાતની સદ્‌બુદ્ધિ મળતે ન નમાઝ પઢવાની !

ફ - અન - ઝિલન સકી-નતન અલૈના, • વ સબ્બ - બિતિલ - અકદામ ઇન લાકૈના.

તો હે અલ્લાહ ! આપ અમ પર આપની શાંતિ ઉતારજો અને જંગ વેળા અમને સાબિત-કદમ રાખજો!

ઇન્નલ ઉલા કદ બગવ અલૈના, • ઇઝા અરાદૂ ફિત - નતન અબૈના.

તેઓએ અમારી ઉપર ત્રાસ ગુજારવામાં પહેલ કરી છે. જયારે પ તેઓએ ફિત્નો જગાડયો છે અમે તેને દાબી દીધો છે.

જયારે શેઅરનો છેલ્લો શબ્દ આવતો તો આપનો અવાજ બુલંદ થઇ જતો અને વારંવાર એ શબ્દને આપ દોહરાવતા. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૦૨-૩૦૩ - સીરતુન-નબી જિ.૧ પા. ૪૨૧ - ફત્હુલ-બારી અમ્મા ફી સહીહિલ-બુખારી જિ.૨ પા. ૨૮૮) ગુજરાતી સંપાદકનું લખાણ પૂરું થયું. અસલ કિતાબનું લખાણ વાંચો.

ખન્દકમાં પ્રગટેલા મુઅજિઝા————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી સનદી માહિતી મુજબ ખન્દક ખોદતી વેળા અમુક એવા પ્રસંગો સર્જાયા જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કેટલાક અદ્ભુત કે અજાયબી ભરેલા મુઅજિઝા જાહેર થયા. આ અજાયબી ભરેલા બનાવોમાં અલ્લાહ તરફથી તેના પયગમ્બરની સચ્ચાઇ તથા પયગમ્બરીની ચકાસણીની દલીલો અંગે બોધપાઠ મવજૂદ છે. ખન્દક વેળા સર્જાયેલા આ મુઅજિઝા ખન્દક ખોદનારા મુસલમાનોએ પોતાની સગી આંખે જોયા હતા. એના દર્શનથી મુસલમાનોનું ઇમાન તાજું થઇ ગયું અને તેઓના ઇમાન તથા યકીનમાં અનેક ગણો વધારો થઇ ગયો.

નક્કર જમીન નરમ બની ગઇ————હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : "ખન્દક ખોદતી વેળા જમીનમાં એક જગાએ પથરીલી જમીન નીકળી આવી. બાહુબળ ધરાવનારા મજબૂત જવાનોના પ્રયત્નો છતાં જમીન તૂટી શકી નહિ ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સમસ્યાની ખબર કરવામાં આવી કે, "યા રસૂલલ્લાહ ! એની ઉપર કોદાળીના ઘા પણ કારગર નિવડતા નથી."આપ ત્યાં પધાર્યા. જમીનની નક્કરતા કે પથ્થર જેવી ખાસિયત જોઇને આપે એક વાસણમાં પાણી મંગાવ્યું. એ પાણીમાં આપે પોતાનું લુઆબે-દહન એટલે પવિત્ર થૂંક મેળવ્યું. પછી અલ્લાહ જાણે કેવી દુઆ માગી. દુઆ બાદ એ પાણી એજ પથરીલી જમીન પર છાંટી દીધું. જે લોકો ત્યાં હાજર હતા તેઓનું કહેવું છે :

"તે અલ્લાહના સોગંદ જેણે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના બરહક નબી બનાવીને મોકલાવ્યા, પાણી છાંટતા જ જમીન એકદમ નરમ અને ભુરભુરી રેતી જેવી બની ગઇ. પછી એ જમીન ન કોદાળીને ઠેલવતી હતી ન પાવડાને."

થોડીક ખજૂરોમાં લશ્કર ધરાઇ ગયું————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત બશીર બિન સઅદની બેટી જે હઝરત નુઅમાન બિન બશીરની બહેન હતી, પોતાના જાતઅનુભવની કથા વર્ણવતાં કહે છે : "મારાં અમ્માંજી અમ્રહ બિન્તે રવાહાએ મને હાંક મારીને પોતાની પાસે બોલાવી અને ખોબો ભરીને ખજૂર મારી ઓઢણીના પાલવમાં ઠાલવતાં કહ્યું, "બેટી ! તારા બાપા અને તારા મામા અબ્દુલ્લાહ બિન રવાહા પાસે જા અને તેઓને આ નાશ્તો આપી આવ."

હું ખજૂરોનો નાશ્તો લઈને ઘરેથી ચાલી નીકળી અને ખન્દક પાસે જઈને મારા બાપા તથા મારા મામાને શોધવા લાગી. એજ શોધમાં હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી પસાર થઈ. મને જોઈને આપે ફરમાવ્યું, "તઆલી યા બુનય્યતુ મા હાઝા મઅકે ?" હે બાળકી ! અહીં આવ, તારી પાસે આ શું છે ?

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! થોડીક ખજૂરો છે, મારી માએ મને આપીને મારા બાપા બશીર બિન સઅદ અને મારા મામા અબ્દુલ્લાહ બિન રવાહા પાસે મોકલાવી છે કે જેથી તેઓ નાશ્તો કરી લે."

"હે બાળકી !" આપે ફરમાવ્યું "અહીં લાવ એ ખજૂર."

મેં આપના મુબારક ખોબામાં એ ખજૂરો સરકાવી દીધી. મેં જોયું કે આટલી ખજૂરોથી આપનો ખોબો ભરાયો નહિ. પછી આપે એક પાથરણું મંગાવ્યું. તેને જમીન પર પાથરીને બધી ખજૂરો તેની ઉપર વિખેરી દીધી અને પછી એક કપડાંથી તેને પૂરી રીતે ઢાંકી દીધી. ખજૂરોને ઢાંકવા બાદ આપે ત્યાં ઊભેલા એક સહાબીને ફરમાવ્યું, "જાવ બધા ખન્દક ખોદનારાઓને બોલાવી લો કે અહીં આવીને નાશ્તો કરી લે."

જોતજોતામાં લોકો આવી-આવીને કપડાંની નીચે ઢાંકેલી ખજૂરો ખાવા લાગ્યા. ખજૂરોમાં લાગલગાટ બરકત થતી જ ચાલી ગઈ ત્યાં સુધી કે તમામ લોકોએ ધરાઈને નાશ્તો કરી લીધો. એ પછી પણ ઢાંકેલી ખજુરો પાથરણાના કિનારેથી નીકળી-નીકળીને બહાર સરકતી રહી.

ખાના થોડા ખાનેવાલે બહોત——————ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ પોતાનો અનુભવ ટાંકતાં ફરમાવે છે : "ખન્દક ખોદનારાઓમાં હું પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે શામિલ હતો. મારી પાસે કુમળી વયનું એક માતેલું બકરૂં હતું. મેં વિચાર્યું, એને ઝબહ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દઅવત કરૂં તો બેહતર છે. મેં ઘરે જઈને મારી ઘરવાળીને કહ્યું, "હે બેગમ! ઘરમાં જેટલા જવ હોય તેને દળીને અમારા માટે રોટલી પકાવી લો."

મેં બકરૂં ઝબહ કર્યું અને તેને ભૂંજીભાંજીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દઅવત માટે તૈયાર કરી લીધું. દિનભર ખન્દક ખોદવા બાદ સાંજ પડી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વાપસીનો ઈરાદો કર્યો. અમે બધા પણ પોતપોતાના ઘરે ઊપડવા લાગ્યા. તે વેળા મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારી પાસે એક જાડું તાજું કુમળું બકરૂં હતું. તેને ઝબહ કરીને મેં આપની દઅવત માટે તૈયાર રાખ્યું છે. તેની સાથે જવની રોટલી પણ છે. મારી ઈચ્છા છે કે આપ કૃપા રાહે મારે ઘેર પધારો."

હઝરત જાબિર ફરમાવે છે : "મારો હેતુ આ હતો કે ફક્ત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એકલા મારા ઘેર પધારે. પણ જ્યારે હું કહી ચૂકયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક માણસને હુકમ ફરમાવ્યો કે, ઘરે જનારા તમામ લોકોને પોકાર પાડીને બોલાવી લો. ત્યારે પોકાર પાડનારે પોકાર ગજાવ્યો, "હે લોકો ! તમે બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે જાબિરના ઘર તરફ વળો."

આ સાંભળીને હું "ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન" બોલી ઊઠયો (કે હવે શું થશે?)

પોકાર સાંભળતાં જ બધા લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે મારા ઘર તરફ વળી

ગયા. ઘરમાં પધારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બેસી ગયા. અમે રોટલી અને બકરાનું ભૂંજેલું ગોશ્ત આપની તહેનાતમાં પેશ કર્યું. આપે "બિસ્મિલ્લાહ"અને "બારકલ્લાહ" પઢીને ખાવાનું શરૂ કર્યું અને પછી બીજા લોકોએ પણ વારાફરતી ખાવા માંડ્યું. એક સફ ખાઇ પરવારીને ઊઠી જતી તો બીજી સફ આવીને ખાવા લાગતી. આ સિલસિલો એમ જ ચાલતો રહ્યો ત્યાં સુધી કે ખન્દક ખોદનારા તમામ લોકો મજાથી ખાઇ પીને પરવારી ગયા.

કાળમીંઢ ચટાણના ચૂરેચૂરા——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત સલમાન ફારસીનું બયાન છે : "હું ખન્દકના એક ખૂણામાં ખોદકામ કરતો હતો એટલામાં એક કાળમીંઢ ચટાણ નીકળી આવી. તેને તોડવાની મેં તનતોડ મથામણ કરી પણ તે પોતાની જગાએથી હાલી સુધ્ધાં નહિ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારી બાજુમાં જ જમીન ખોદતા હતા. પથ્થર પર મને કોદાળીના લગાતાર પ્રહારો કરતો જોઇને આપ કળી ગયા કે પથ્થર નકકર છે અને તેને તોડવામાં મુશ્કેલી નડી રહી છે. આપ નીચે ઊતરી આવ્યા. કોદાળી મારા હાથમાંથી લઇ લીધી અને પછી ચટાણ પર એક જોરદાર પ્રહાર કર્યો તો પથ્થરમાંથી આગના તણખા ઊડયા જાણે કે વીજળી ઝબૂકી ગઇ. પછી લાગલો જ આપે બીજો પ્રહાર કર્યો તો ફરીવાર વીજળી ઝબૂકી ગઇ. ત્રીજીવાર કોદાળીનો પ્રહાર કર્યો તો એજ મુજબ ચટાણમાં વીજળીના ઝબકારા થયા. આ ઝબકારાઓથી હું બેહદ નવાઇ પામી ગયો.

મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ! મારાં માબાપ આપની ઉપર કુરબાન ! આપના પ્રહારો વેળા ચટાણમાં વીજળી ઝબૂકતી હતી એ શી વસ્તુ છે ?"

આપે ફરમાવ્યું, "સલમાન ! શું તમે એ વીજળી જોઇ લીધી ?"

મેં અરજ કરી, "હા યા રસૂલલ્લાહ ! મેં મારી આંખે આગના તણખા અને વીજળીના ઝબકારા જોયા."

ફરમાવ્યું, "પ્રથમ વાર જે વીજળી ઝબૂકી તેની રોશનીમાં મેં જોયું કે અલ્લાહ તઆલાએ મુલ્કે-યમન મારા માટે ફતેહ કરાવી દીધો. બીજીવારની રોશનીમાં મેં જોયું કે અલ્લાહ તઆલાએ મુલ્કે-શામ અને મગરિબનો ઇલાકો મારા માટે ફતેહ કરાવી દીધો. અને ત્રીજીવારની રોશનીમાં અલ્લાહ તઆલાએ મશરિકનો ઇલાકો મારા માટે ફતેહ કરાવી દીધો."

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ હુરૈરહનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશીનગોઇ મુજબ એ મુલ્કો અને ઇલાકાઓ હઝરત ઉમરના ખિલાફત કાળમાં, હઝરત ઉસમાનના ખિલાફત કાળમાં અને તે પછીના જમાનામાં અલ્લાહ તઆલાએ મુસલમાનોના હાથે ફતેહ કરાવી દીધા.

હઝરત અબૂ હુરૈરહ મુસલમાન મુજાહિદોને હમેશા કહ્યા કરતા, "હે અલ્લાહના સિપાહીઓ ! તમારે જે દેશો અને જે પ્રદેશો ફતેહ કરવા હોય તે ફતેહ કરતા ચાલ્યા જાવ. કસમ છે તે અલ્લાહના જેના અધિકારમાં અબૂ હુરૈરહના પ્રાણ છે. આજ સુધી જેટલા મુલ્કો તમે ફતેહ કર્યા અને હવે પછી જેટલા ફતેહ કરવાના છો એ દરેકની ચાવીઓ અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હાથમાં અગાઉથી જ આપી દીધી હતી."

કુરૈશી સૈન્યનો પડાવ મદીનહમાં——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમ ખન્દકની તૈયારીથી ફારિગ થયા ત્યાં સુધીમાં કુરૈશનું વિરાટ લશ્કર ધરતી ધ્રુજાવતું મદીનહને આંગણે આવીને જુરુફ તથા ઝગાબહની વચ્ચે બીરે-રૂમહ તરફથી વહેતાં નાળાંઓને સંગમે પડાવ નાખી ચૂક્યું હતું.[1]

કુરૈશી કુફ્ફાર દસ હજારનું વિરાટ લશ્કર લઈને મદીનહ પર ચઢી આવ્યા હતા. એમાં અહાબીશ,[2] બનૂ કિનાનહ અને તિહામહ પ્રદેશમાં વસનારા તેઓના ખાંધિયાઓના જુદા જુદા કબીલાઓના સૈનિકો હતા. સાથે જ ગત્ફાનનો કબીલો, પોતાના ખાંધિયા નજદવાસીઓની જંગી ફોજ સાથે ઉહુદ પહાડની તળેટીમાં "ઝમ્બ-નકમી" નામના સ્થળે પહોંચીને પડાવ નાખી ચૂક્યો હતો.[3]

ઈસ્લામી લશ્કરની રવાનગી————હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ મુસલમાનોનું લશ્કર લઈને નીકળ્યા અને મદીનહના સિલઅ નામે પહાડ પાસે પહોંચી ગયા. અહીં પધારીને આપે લશ્કરની ગોઠવણી એવી રીતે કરી કે પહાડને પીઠ પાછળ રાખવામાં આવ્યો અને ખન્દક બંને લશ્કરોની વચ્ચે આડ બની ગઈ. મુસલમાનોની સંખ્યા ત્રણ હજારની હતી.

Maktabe Ashraf

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહથી કૂચ કરવા પહેલાં પોતાની જગાએ મદીનહના અમીર કે ગવર્નર તરીકે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમની નિમણુક કરી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી સ્ત્રીઓ અને બાળકોને કિલ્લાઓમાં પહોંચાડી દેવામાં આવ્યાં કે જેથી તેઓ ત્યાં સલામત રહી શકે.

બે યહૂદી સરદારોની મુલાકાત————આ કટોકટી કે આકરી કસોટીની પળોમાં, મદીનહથી તડીપાર થઈને ખૈબરમાં વસેલા યહૂદી કબીલા-બનૂ નદીરનો સરદાર અને અલ્લાહ તથા તેના રસૂલનો દુશ્મન હુય્ય બિન અખ્તબ વેશપલ્ટો કરીને રાતના સમયે છુપી રીતે મદીનહમાં દાખલ થયો અને અંધારામાં ભારે સાવચેતીથી ડગ ભરતો કઅબ બિન અસદ કુરઝીના કિલ્લા પાસે પહોંચી ગયો.

કઅબ બિન અસદ મદીનહના જાણીતા યહૂદી કબીલા—બનૂ કુરૈઝહનો સૌથી મોટો સરદાર હતો. કૌમી મામલાઓની ચૂકતે લગામ એના હાથમાં હતી. યહૂદીઓના બીજા કબીલાઓ પેઠે બનૂ કુરૈઝહનો કબીલો પણ સૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે સુલેહશાંતિ અને એકબીજાની મદદના કોલકરારથી જોડાયેલો હતો. કઅબ પોતે પોતાની કૌમ તરફથી કરારનામાનો મુખ્તારે-કુલ હતો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરારનામાનું પાકું લખાણ કરી ચૂક્યો હતો. આ કારણે જ્યારે તેને ખબર પડી કે હુય્ય બિન અખ્તબ આવેલો છે અને તે તેને મળવા માગે છે તો તેણે પોતાના કિલ્લાનો દરવાજો બંધ કરી લીધો. હુય્ય બિન અખ્તબની આગ્રહભરી વિનવણી છતાં તેણે દરવાજો ખોલવાની ઘસીને ના પાડી દીધી.

ત્યારે હુય્યે ઘાંટો ગજાવીને આવેશથી કહ્યું, "અલ્યા તારું ભૂંડું થાય. દરવાજો તો ખોલ !"

---

૧. જુરુફ, ઝગાબહ, રગાબહ, ગાબહ વગેરે મદીનહની ઉત્તર-પશ્ચિમે આવેલાં સ્થળો છે. જુરુફ મદીનહથી લગભગ ત્રણ માઈલના અંતરે અને ઝગાબહ તેથી આગળ આવેલું છે. મદીનહ અને તેની આજુબાજુમાં અનેક ખીણો આવેલી છે જયાંથી ચોમાસામાં વરસાદનું પાણી નાળાંઓ રૂપે વહીને ઝગાબહ કે ગાબહની ખાડીમાં આવીને મળી જાય છે. એને બુહૈરહ પણ કહે છે. એટલે સરોવર.

૨. અહાબીશ : મક્કહ પાસે હુબશી નામે પહાડ આવેલો છે તેની ખીણમાં વસનારા અહાબીશ કહેવાય છે.

[illegible] અહીં ગત્ફાન અને નજદ કબીલાના લશ્કરે પડાવ નાખેલો હતો.

કઅબ બોલ્યો, "ભૂંડું તારૂં થાય, દરવાજો હરગિઝ નહિ ખોલું. તું મોટો મનહૂસ અને ખોડખાંપણો માણસ છે. સાંભળી લે, હું મુહંમદ સાથે પાકા કોલકરાર કરી ચૂકયો છું. કરારને તોડવાનું સાહસ ખેડવા હું તૈયાર નથી, કેમકે મુહંમદમાં સચ્ચાઇ અને વચન-પાલન કે વફાદારી સિવાય મેં કોઇ વસ્તુ જોઇ નથી."

જવાબમાં હુય્ય બિન અખ્તબ બોલ્યો, "અરે તારૂં ભૂંડું થાય, ભલા માણસ. તું સમજતો કેમ નથી? દરવાજો તો ખોલ, મારે જરૂરી વાત કરવી છે."

આમ છતાં કઅબે દરવાજો ખોલવાનો ઇન્કાર કરી દીધો તો હુય્ય બિન અખ્તબે કંજૂસીનું મહેણું મારતાં ઝનૂનથી કહ્યું, "હવે હું સમજ્યો હે કંજૂસોના સરદાર ! શું તું એમ માને છે કે હું તારૂં જશીશા પકવાન એક જ કોળિયે ઝાપટી જઇશ ? શું એના જ ડરથી તું દરવાજો ખોલવાની ના પાડે છે ?"[1]

કંજૂસીના નામોશીભર્યા કે ઝેરીલા ટાણાથી કઅબ છંછેડાઇ ગયો અને એજ ઉત્તેજિત દશામાં તેણે કિલ્લાનો દરવાજો ખોલી નાખ્યો. હુય્યે અંદર ધસી જતાં કહ્યું,

"હે કઅબ ! ભલા માણસ તને શું થઇ ગયું છે ? જરા સમજ તો ખરો ! જો, હું તારા માટે દુનિયાભરની ઇઝઝત-આબરૂ લઇને આવ્યો છું. અરબના કબીલાઓનો એક મોજાં મારતો સમુદ્ર લઇને આવ્યો છું જે મુહંમદની વિરૂધ્ધ ઉછાળા મારી રહ્યો છે. હું કુરૈશને લઇને આવ્યો છું. તેઓના તમામ સરદારો, સાલારો અને નેતાઓ પણ મવજૂદ છે. મેં તેઓને રૂમહ પ્રદેશની ખીણોના સંગમે થોભાવ્યા છે. હું ગત્ફાનના કબીલાને પણ લઇ આવ્યો છું. તેના તમામ મદદગારોનું લાવલશ્કર પણ પોતાના સરદારો, નેતાઓ અને લશ્કરી અધિકારીઓ સાથે આવી ગયું છે. મેં એ બધાને ઉહુદ પહાડને એક ખૂણે ઝમ્બ-નકમીમાં ઉતારો આપ્યો છે. એ બધા સાથે મારા પાકા કોલકરાર થઇ ગયા છે આ વાતના કે :

> "ત્યાં સુધી અહીંથી ટળીશું નહિ જ્યાં સુધી કે મુહંમદ અને તેના સાથીઓને જડમૂળથી ઉખેડી નહિ નાખીશું !"

કઅબ તેની વાતો સાંભળતો રહ્યો અને પછી જવાબમાં બોલ્યો, "હે હુય્ય ! સાંભળી લે, વલ્લાહ! તું મારા માટે ઇઝઝત-આબરૂ નહિ, દુનિયાભરની ઝિલ્લતો-ખ્વારી અને બરબાદીનું એવું વાદળ લઇને આવ્યો છે જેનું પાણી વરસી ચૂકયું છે. આ વાદળમાં કડાકા અને ધડાકા તો છે પણ અંદરખાને એકદમ પોલું છે. હે હુય્ય ! તારૂં ભૂંડું થાય, તું મને મારી દશા પર છોડી દે અને જાણી લે કે મુહંમદમાં મેં સચ્ચાઇ, વફાદારી અને કરાર-પાલન વગર કંઇ જોયું નથી."

બનૂ કુરૈઝહના બાદશાહ જેવા સરદાર કઅબનો આ ઠાવકો જવાબ સાંભળવા છતાં હુય્ય બિન અખ્તબ નિરાશ થયો નહિ. બરાબર તેને બહેલાવતો અને ફોસલાવતો રહ્યો. છેવટે છેલ્લા તીર તરીકે તેણે એવી બાંયધરી કે જામિનગીરી આપી કે :

> "હે કઅબ ! માની લે કે કુરૈશ અને ગત્ફાન મળીને પણ મુહંમદનો ખાત્મો ન બોલાવી શકયા તો હું મારી જાતને તારે હવાલે કરી દઇશ અને તારી સાથે તારા કિલ્લામાં રહીને નસીબમાં જે કંઇ લખ્યું હશે તે ભોગવવા તૈયાર છું."

જ્યારે તેનો આગ્રહ ખૂબ વધી ગયો અને છેલ્લે તેણે આપેલી ઉપર મુજબની જામિનગીરીના શબ્દો

૧. જશીશા પકવાન : ઘઉંના જાડા લોટથી પકાવેલી એક સ્વાદિષ્ટ વાનગી.

Maktabe Ashraf

સાંભળ્યા તો અંતે કઅબ બિન અસદનું દિલ પણ પીગળી ગયું અને તેણે નમતું જોખીને વચન આપી દીધું કે, "હુય્ય ! જા હું મુહંમદ સાથે થયેલા મારા કરાર તોડી નાખું છું."

એ પછી કઅબ બિન અસદે પોતાની કૌમ તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરેલા કરાર તોડી નાખવાની જાહેરાત પોકારાવી દીધી.

બનૂ કુરૈઝહની ગદ્દારીની તહકીક——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનોને જ્યારે સમાચાર મળ્યા કે બનૂ કુરૈઝહના સરદારે મુસલમાનો સાથેના કરાર તોડીને હુય્ય બિન અખ્તબ સાથે નવા કરાર કરી લીધા છે તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હકીકતની તહકીક માટે હઝરત સઅદ બિન મુઆઝ બિન નુઅમાનને મોકલ્યા, જેઓ તે સમયે ઔસ કબીલાના સરદાર હતા અને એમની સાથે હઝરત સઅદ બિન ઉબાદહ બિન દુલૈમને પણ મોકલ્યા જેઓ બનૂ સાઇદહ બિન કઅબ બિન ખઝરજ કુટુંબના નબીરા અને તે સમયે ખઝરજ કબીલાના સરદાર હતા. આ બંને માનવંતા સરદારોની સાથે બનૂ હારિસ બિન ખઝરજવાળા હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા તથા બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત ખવ્વાત બિન જુબૈરને પણ મોકલાવ્યા.

ઊપડતી વેળા આ ચારેય ગૃહસ્થોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સુચના ફરમાવી, "જઈને તહકીક કરો કે સમાચાર સાચા છે કે નહિ ? અગર સાચા છે તો અહીં પાછા આવીને મને ફકત સાંકેતિક ભાષામાં ઈશારો કરી દેજો કે જેથી હું સમજી જાઉં. ખુલ્લેઆમ તેની જાહેરાત કરીને મુસલમાનોમાં બદ-દિલી કે બેચેની ફેલાવવી નહિ. પણ જો સમાચાર ખોટા હોય અને બનૂ કુરૈઝહના યહૂદ આપણી સાથેના કરારને વફાદારીથી વળગી રહ્યા હોય તો ખુલ્લેઆમ તેની જાહેરાત કરી દેવી."

યહૂદી સરદારની બદતમીઝી——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું આ દૂરંદેશી ભરેલું ફરમાન સાંભળીને ચારે અગ્રણીઓ બનૂ કુરૈઝહના યહૂદીઓની વસતિમાં પહોંચ્યા. તહકીકને અંતે માલૂમ પડ્યું કે જે કંઇ સાંભળેલું હતું, મામલો તેનાથી અનેકગણો ગંભીર અને બદતર હતો. આ ગૃહસ્થોએ કબીલાના સર્વેસર્વા કઅબ બિન અસદને પૂછ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરેલા કરારને તોડી નાખવાનું કારણ ?"

કઅબ બોલ્યો, "હું નથી જાણતો કે રસૂલુલ્લાહ કોણ છે અને કરાર શી વસ્તુ છે ? સાંભળો, તેમની સાથે અમારા કોઇ કરાર થયા નથી."

હઝરત સઅદ બિન મુઆઝ બિન નુઅમાન તેને ઠપકારૂપે બુરૂં ભલું કહેવા લાગ્યા. જવાબમાં યહૂદી સરદાર પણ આવેશમાં આવી ગયો અને બદ-કલામી પર ઊતરી પડીને હઝરત સઅદ સાથે ઝગડવા લાગ્યો. હઝરત સઅદ જરા કડક તબીઅતના હતા. આવેશથી બોલ્યા, "બદતમીઝી કરવાનું માંડી વાળો, જે કરાર આપણી વચ્ચે થયા હતા એજ મુખ્ય વસ્તુ છે."

અહીંથી ઊઠીને હઝરત સઅદ બિન મુઆઝ બિન નુઅમાન પોતાના સાથીઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને સલામ કરવા બાદ સંકેતભાષામાં બોલ્યા, "અદલુંવ-વલ-કારહ !"

એટલે જેવી રીતે "રજીઅ" ની ઘટનામાં અદલ અને કારહ કબીલાના દગાબાજ કાફિરોએ હઝરત ખુબૈબ અને તેમના સાથીઓ સાથે વિશ્વાસભંગ કરીને ગદ્દારી કરી હતી તેવી જ રીતે બનૂ કુરૈઝહના યહૂદીઓએ પણ

કરારભંગની ગદ્દારી કરી છે અને યા રસૂલલ્લાહ ! આપને મળેલા સમાચાર સાચા છે.

તેમની વાત સાંભળીને આપે ફરમાવ્યું : "અલ્લાહુ અકબર ! અબશિરૂ યા મઅ-શરલ-મુસ્લિમીન." એટલે અલ્લાહ સૌથી મહાન છે. અલ્લાહએ ચાહ્યું તો હે મુસલમાનોની જમાઅત ! તમારા માટે ખુશખબરી જ છે. (તેની રહમતથી નિરાશ થવાની જરૂર નથી.)

મુનાફિકોના નિફાકની જાહેરાત————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ રીતે મુસલમાનો માટે આકરી કસોટી કે ખરેખરી આઝમાઇશનો સમય આવી લાગ્યો. તેઓ જીવ સટોસટની કટોકટીમાં મૂકાઇ ગયા. દુશ્મનોએ દરેક દિશાએથી ત્રાટકીને તેઓને ઘેરી લીધા. તરહ તરહના અંદેશાઓ અને વસવસાઓએ તેઓને ભરડામાં લઇ લીધા. કુર્આનમાં પણ છે કે આ પ્રસંગે ઇમાનવાળાઓની ખરેખરી કસોટી થઇ. દુશ્મનોના ધાડેધાડાં ઊતરી આવેલાં જોઇને આંખો ફાટેલી રહી ગઇ. ડર અને દહેશતથી કલેજાં તાળવે આવવા લાગ્યાં અને ધરતીકંપથી ધરતી ધણધણી ઊઠે તેમ હવે શું થશે ? ના ડરથી તેઓને હચમચાવી નાખવામાં આવ્યા. [૧]

અધૂરામાં પૂરૂં મુસલમાનોની સાથે મુનાફિકો પણ ભળેલા હતા. જાહેરમાં તેઓ મુસલમાન હોવાનો દાવો કરતા હતા જેથી નાછૂટકે હાજરી પૂરાવવા આવેલા હતા. મગર શિયાળાની સખ્તી, ખાધખોરાકીની તાણ, લાગલગાટ ફાકા, રાતોના ઉજાગરા અને કુફ્ફારના તોતિંગ લશ્કરની ચઢાઇ આ બધી વાતોએ તેઓના ઇસ્લામનો ભાંડો ફોડી દીધો અને ખુલ્લેઆમ તેઓનો નિફાક જાહેર થવા લાગ્યો. બનૂ અમ્ર બિન ઔફના મુઅત્તિબ બિન કુશૈરે તો એટલે સુધ્ધાં કહી દીધું કે :

> "મુહંમદ અમને વાયદા તો આપે છે કે આપણે કૈસર અને કિસરાના ખજાના હજમ
> કરી જઇશું પણ હવે હાલત આ છે કે કોઇ માણસ જાજરૂમાં પણ નિરાંતે જઇ શકતો નથી."[૨]

ઇબ્ને હિશામ કહે છે : યુધ્ધોની સનદી માહિતી ધરાવનારા જાણકારોએ મને કહ્યું કે મુઅત્તિબ બિન કુશૈર મુનાફિકોની ટોળીમાંથી ન હતા. એની દલીલ આ છે કે એ ગૃહસ્થ જંગે-બદ્રમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરમાં શામિલ હતા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ હારિસહ બિન હારિસ કુટુંબનો ઔસ બિન કૈઝી નામે મુનાફિક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે આવીને બોલ્યો, "યા રસૂલલ્લાહ ! અમારાં ઘરો મદીનહથી બહાર આવેલાં છે. ત્યાં દુશ્મનની મોટી ફોજે પડાવ નાખેલો છે અને અમારાં ઘરો ખુલ્લાં પડેલાં છે અને ખતરામાં ઘેરાયેલાં છે. મહેરબાની કરીને રજા આપો તો અમે ઘર ભેગા થઇએ."

કોઇ મુનાફિક આવીને કહેતો હતો, "યા રસૂલલ્લાહ અમારાં ઘરો ચોપટ ખુલ્લાં પડેલાં છે, જોખમમાં મુકાઇ ગયાં છે, અમને જવાની પરવાનગી આપી દો."કુર્આનમાં છે :

યકૂલૂન ઇન્ન બુયૂ-તના અવરહ	તેઓ કહે છે, અમારાં ઘરો ખુલ્લાં પડેલાં છે,
વમા હિયા બિ-અવરહ	અને એ ઘરો ખુલ્લાં પડેલાં ન હતાં,
ઇંય યુરીદૂન ઇલ્લા ફિરારા.	તેઓ ફક્ત ફરાર થવાના બહાના શોધે છે. [૩]

---

૧. જુઓ સુરએ-અહઝાબ આયત ૧૦-૧૧

૨. તે સમયે ઘરો કે વાડાઓમાં જાજરૂનો રિવાજ ન હતો. કુદરતી હાજત માટે લોકો ખેતરો કે વગડાઓમાં ચાલ્યા જતા હતા. "હ"

૩. સૂરએ-અહઝાબ પા. ૨૧ આયત ૧૩

એજ તે કટોકટીની પળો હતી જેમાં મુનાફિકો અને મુસલમાનોને કસોટીએ ચઢાવીને કસવામાં આવ્યા. એમાં મુનાફિકો નાકામ નિવડયા અને તેઓના ઈસ્લામનો ભાંડો ફૂટી ગયો ત્યારે સાચા મુસલમાનો એમાંથી હેમખેમ પાર ઊતરી ગયા. જેમકે કુર્આનમાં છે :

વ લમ્મા રઅલ મુઅમિનૂ-નલ	જયારે જોયાં મુસલમાનોએ
અહઝાબ કાલૂ હાઝા મા	કબાઈલીઓના લશ્કર તો બોલી ઊઠયા, આ તો તે જ છે
વઅદ-નલ્લાહુ વ રસૂલુહૂ.	જેનો વાયદો અલ્લાહ અને તેના રસૂલે અમને આપ્યો હતો.
વ સદકલ્લાહુ વ રસૂલુહૂ.	અને અલ્લાહ તથા તેના રસૂલ સાચા જ હતા.
વમા ઝાદ હુમ ઈલ્લા	આ બનાવે ઓરભી વધારો કરી દીધો
ઈમાનંવ - વ - તસ્લીમા.	તેઓના ઈમાનમાં અને તાબેદારીમાં. [૧]

ઇબ્ને ઈસ્હાક કહે છે : તસ્લીમના અર્થ આઝમાઈશમાં અડીખમ રહેવું, કસોટીમાં ધીરજ ધરીને સંઘર્ષ કરવું, તકદીરના લખાણ પર રાજી રહીને તદબીર કરવી વગેરે થાય છે.

ઇબ્ને ઈસ્હાક કહે છે : ખન્દકની આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને ખન્દકની તે તરફ મુશરિકોનું લશ્કર બંને ૨૮ અથવા ૨૯ રાતો એટલે લગભગ એક મહિનો એકબીજાને મુકાબલે અડીખમ રહ્યા અને જેને યુધ્ધ કહી શકાય તેવી બા-કાયદા લડાઈની નવબત નહિ આવી. ફકત ઘેરો કાયમ રહ્યો અને બંને પક્ષે તીરો તથા પથ્થરોનો મારો ચાલુ રહ્યો.

ગત્ફાન સાથે સમાધાનની કોશિશ——————મુહંમદ બિન મુસ્લિમ બિન અબ્દુલ્લાહ બિન શિહાબ ઝુહરીનું બયાન છે : જયારે મુસલમાનો આકરી આઝમાઈશમાં પડી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દુશ્મન પક્ષના ગત્ફાન કબીલાના બે સરદારો — ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્ર તથા હારિસ બિન ઔફ બિન અબૂ હારિસહને કહેણ મોકલાવીને બોલાવી લીધા [૨] અને તેઓને ફરમાવ્યું, "જુઓ મદીનહના ફળોની પેદાવારનો ત્રીજો ભાગ અમે તમને આપવા તૈયાર છીએ શરત આટલી કે તમારા સાથીઓને લઈને લશ્કરથી અલગ થઈ જાવ."

હવે બંને પક્ષો સુલેહની વાટાઘાટનો આરંભ થઈ ગયો. પછી તો સુલેહને લગતું એક લખાણ પણ કરી આપ્યું. પરંતુ ખતપત્ર પર સાક્ષીઓની સહીઓ થવા પામી ન હતી અને છેવટનો ચોક્કસ ફેસલો થયો ન હતો. ફકત દોડધૂપ ચાલુ હતી. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ છેવટનો નિર્ણય લેવા પહેલાં હઝરત સઅદ બિન મુઆઝ અને હઝરત સઅદ બિન ઉબાદહને બોલાવી મંગાવ્યા અને આ બાબત અંગે તેઓની સલાહ માગી. [૩]

તેઓએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શું એ અલ્લાહનો હુકમ છે કે પછી આપનો અંગત મત છે?"

આપે ફરમાવ્યું, "ના અલ્લાહનો હુકમ નથી, મારો પોતાનો અંગત મત છે. હું ફકત મુસલમાનોને આ કટોકટીમાંથી ઉગારવા અને ઊતરી આવેલી આફતથી બચાવવાના હેતુએ તેઓની સાથે આ સોદો કરવા

૧. અહઝાબ આયત ૨૨ ૨. આ બંને સરદારો પોતાના લશ્કરી જથ્થાઓના સિપહસાલાર હતા.

3. હઝરત સઅદ બિન મુઆઝ રદ્યિલ્લાહુ અન્હુ અન્સારનાં ઔસ કબીલાના સરદાર હતા અને હઝરત સઅદ બિન ઉબાદહ રદ્યિલ્લાહુ અન્હુ અન્સારના ખઝરજ કબીલાના સરદાર હતા. "હ"

Maktabe Ashraf

માગું છું. કેમકે હું જોઇ રહ્યો છું કે તમારા સરો પર તીરો વરસી રહ્યાં છે અને ચારે તરફથી તમને ઘેરી લેવામાં આવ્યા છે. આ કારણે મને થયું કે દુશ્મનની તાકત તોડી નાખું.''

હઝરત સઅદ બિન મુઆઝે નમ્ર વાણીમાં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! આથી પહેલાં અમે બધા જ કાફિર હતા. પથ્થરની મૂર્તિઓને પૂજતા હતા. કુફરો-શિર્કની ગંદકીમાં લબછબ હતા. ન અલ્લાહની બંદગી કરતા હતા ન અલ્લાહને ઓળખતા હતા. તેવા વખતે પણ અમે કોઇથી ડરતા ન હતા. કોઇની મજાલ ન હતી કે અમારી એક ખજૂર તરફ પણ લાલચની નજરે જોઇ લે. હા પરોણાગત અને વેપારી લેણદેણની વાત અલગ છે. હવે અલ્લાહ તઆલાએ અમને ઇસ્લામની દવલતથી માલામાલ કર્યા છે. ઇસ્લામ મારફતે અમને સીધા રાહે દોર્યા છે. આપની બરકતથી અમને માનઆબરૂના ઊંચા મુકામે બિરાજમાન કરી દીધા છે. તો યા રસૂલલ્લાહ! શું અમે દુશ્મનથી દબાઇને અમારો માલ તેઓને આપી દઇએ ? સોગંદ છે અલ્લાહના યા રસૂલલ્લાહ ! દુશ્મન સાથે આવો કોઇ સોદો કરવાની જરૂર નથી. આપણી તરફથી દુશ્મનને તલવાર વગર કોઇ ઇનામ મળવાનું નથી, ત્યાં સુધી કે અલ્લાહ તઆલા આપણી અને તેઓની વચ્ચે ફેસલો કરી દે.''

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સઅદના ઇમાની જુસ્સાના વખાણ કર્યા અને ફરમાવ્યું, ''ફ-અન્ત વ ઝાક !'' વારૂ તો તમે જાણો અને તમારૂં કામ.

હઝરત સઅદ બિન મુઆઝે લખાણની તે ચબરખી મેળવી લીધી અને તેમાંનું લખાણ મિટાવી દેતાં કહ્યું, ''લિ-યજહદૂ અલૈના.'' હવે એ કાફિરો અમારી વિરૂધ્ધ બળ વાપરીને જોઇ લે અથવા તેઓથી જે થાય તે કરી લે!

ખન્દક : અરબો માટે એક અજાયબી———— –ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઇસ્લામી લશ્કર સાથે મુશરિકોના મુકાબલા માટે કટીબધ્ધ હતા. દુશ્મન તરફથી ઘેરો ચાલુ હતો. કોઇ કાયદેસરનું યુધ્ધ જામેલું ન હતું ત્યારે કુરૈશના કેટલાક નામીચા બહાદુરો ખરાખરીના યુધ્ધનું પરાક્રમ કરવા તૈયાર થયા. તેઓમાં મક્કહનો પંકાયેલો પહેલવાન અમ્ર બિન અબ્દે-વુદ્દ બિન અબૂ કૈસ, ઇકરિમહ બિન અબૂ જહલ મખ્ઝૂમી, દિરાર બિન ખત્તાબ જાણીતો શાઇર, હુબૈરહ બિન અબૂ વહબ મખ્ઝૂમી અને બનૂ મુહારિબ બિન ફિહરવાળા ઇબ્ને મિરદાસ જેવા લડવૈયા શામિલ હતા. એ બધા લડાઇના હથિયારોથી સજ્જ થઇને ઘોડાઓની પીઠો પર સવાર થયા અને જ્યારે બનૂ કિનાનહની ફોજી છાવણી પાસેથી પસાર થયા તો યુધ્ધનો પડકાર ગજાવતાં બોલ્યા, ''હે બનૂ કિનાનહના બહાદુરો ! જંગ માટે તૈયાર રહો. મુસલમાનોના મુકાબલામાં આજે તમને ખબર પડી જશે કે કોણ શાહસવાર છે અને કોણ મર્દે-મેદાન છે !''

કુરૈશના આ વીરનરો પૂરપાટ ઘોડા દોડાવતા આગળ બઢયા અને જ્યારે ખન્દક પાસે પહોંચી ગયા તો અચાનક પોતાના ઘોડાઓને થોભાવી દીધા અને ભારે ખેદની લાગણીથી બોલી ઊઠયા, ''અલ્લાહના સોગંદ! આ તો યુદ્ધકળાની તે ચાલ છે જેને અરબના લોકોમાંથી કોઇ જાણતું નથી.''

સલમાનુ મિન્ના અહલલ-બૈત————ઇબ્ને હિશામ કહે છે : કહેવાય છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખન્દક ખોદવાની સલાહ હઝરત સલમાન ફારસીએ આપી હતી અને તેને ખોદવાની તરકીબ પણ બતાવી હતી.

મને કેટલાક જાણકારો તરફથી આ માહિતી મળી કે ખન્દક ખોદવાની વહેંચણી વેળા મુહાજિરીન અને

Maktabe Ashraf

અન્સારમાં હઝરત સલમાન ફારસી વિષે મતભેદ પડી ગયો. દરેક પક્ષ એમને પોતાના પક્ષે રાખવા માગતો હતો. મક્કહના મુહાજિરીન દાવો કરતા હતા કે ''સલમાનુ મિન્ના !''એટલે સલમાન અમારામાંથી છે. અમારા જેવા મુહાજિર છે. અમે મક્કહથી હિજરત કરી એમણે ઈરાનથી હિજરત કરી.

ત્યારે મદીનહના અન્સાર કહેતા હતા કે ''સલમાનુ મિન્ના !''સલમાન અમારામાંથી છે. અમારા જેવા અન્સારી છે જેથી અમારી સાથે હોવા જોઈએ.

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

''સલમાનુમ-મિન્ના અહલલ-બૈત .''

એટલે સલમાન તો અમારા અહલે-બૈતમાંથી છે અથવા અમારા કુટુંબના સભ્યોમાંથી છે. [1]

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક પરદેશી ગુલામને ''મિન્ના અહલલ-બૈત''ફરમાવીને જે માનપાનથી બિરદાવી લીધા તે દલીલ છે આ વાતની કે ઈસ્લામમાં ઊંચનીચ કે કાળાધોળાના સવાલને સ્થાન જ નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું હાશિમી ખાનદાન અરબભરમાં સૌથી ઊંચું ખાનદાન ગણાય છે. અબૂ લહબ એજ ખાનદાનમાંથી હોવા છતાં પોતાના ભૂંડા કૃત્યોને કારણે કાયમી ફિટકારનો અધિકારી ઠરી ગયો ત્યારે હઝરત સલમાન ફારસી મૂળે એક યહૂદીની ગુલામીમાંથી છૂટેલા હોવા છતાં અહલે-બૈતમાંથી હોવાનું માન ખાટી ગયા. રદિયલ્લાહુ અન્હુ. ''દ''

પ્રકરણ ૧૨૦

જંગે-ખન્દકમાં અલ્લાહની ગેબી મદદ

અમ્ર બિન અબ્દે-વુદ્દની સિંહ ગર્જના • હઝરત અલીના શેઅરો • હઝરત સઅદને ખૂંપેલું તીર • બીબી સફિય્યહની બહાદુરી • નુઐમનું શાનદાર કારનામું • હઝરત નુઐમ અને યહૂદી અગ્રેસરો • હઝરત નુઐમ અને કુરૈશી અગ્રેસરો • મુશરિકોમાં પડેલી ફાટફૂટ • દુશ્મનો પર આંધીનો અઝાબ • મુશરિકોના લશ્કરની કફોડી હાલત • મક્કહ પાછા વળોની જાહેરાત • હઝરત હુઝૈફહની વાપસી.

Maktabe Ashraf

અમ્ર બિન અબ્દે-વુદ્દની સિંહગર્જના——————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુરૈશી સૈન્યનો પંકાયેલો વીરનર અમ્ર બિન અબ્દે-વુદ્દ અને તેના બહાદુર સાથીઓ ઘોડા દોડાવતા અને ખન્દકનું નિરીક્ષણ કરતા એક તંગ જગાએ પહોંચીને થંભી ગયા. અહીં ખન્દક સાંકળી હોવાથી ઘોડા કુદાવવા માટે અનુકૂળ લાગી. તેઓએ ઘોડાઓને એડ મારી અને બીજી જ પળે ઘોડા ખન્દકની પેલે પાર હતા. હવે ખન્દક અને સિલઅ પર્વત વચ્ચેની ખારી ભૂમિમાં તેઓના ઘોડા ચક્કર મારવા લાગ્યા. આ તરફથી હઝરત અલી રદિયલ્લાહુ અન્હુ મુસલમાન જવાનોની એક ટુકડી લઈને નીકળ્યા કે જેથી તે સ્થળનો કબજો લે જ્યાંથી કુરૈશી સવારોએ ઘોડા કુદાવ્યા હતા. એમને જોઈને એજ પળે કુરૈશી સવારો ઘોડા દોડાવતા હઝરત અલીની સામે આવી લાગ્યા.

અમ્ર બિન અબ્દે-વુદ્દ જંગે-બદ્રમાં કુરૈશી લશ્કર સાથે આવ્યો હતો અને બહાદુરીથી લડીને બુરી રીતે ઘાયલ થઈ ગયો હતો. એજ કારણે તે જંગે-ઉહુદમાં ગેરહાજર રહ્યો હતો. હવે ખન્દકના યુધ્ધ માટે અનેરી શાનથી પોતાના અંગ પર વીરતાના અનેરા નિશાનો સજીને આનબાનથી આવ્યો હતો કે જેથી આખા લશ્કરમાં પોતે બીજા બહાદુરોથી નોખો તરી આવે. તેણે મુસલમાનો તરફ મુખ કરીને યુધ્ધનો પડકાર ફેંકતાં ગર્જના કરી, "છે કોઈ બહાદુર જે મારા મુકાબલા માટે મેદાનમાં આવે ?" [૧]

હઝરત અલી તેનો પડકાર ઝીલીને મુકાબલા માટે નીકળી આવ્યા અને બોલ્યા, "હે અમ્ર ! શું તારું આ સોગંદપૂર્વકનું વરદાન નથી કે કોઈ કુરૈશી તારી પાસે બે વસ્તુઓની માગણી કરે તો તું તેને કબૂલ રાખે છે ?"

"હા બેશક એ મારું વરદાન છે."અમ્ર ગર્વભેર બોલ્યો, "બોલ તારી શું ઈચ્છા અને શી માગણી છે?"

---

૧. અમ્ર બિન અબ્દે-વુદ્દ કુરૈશનો પંકાયેલો યુધ્ધવીર હતો. અરબમાં એક હજાર સવારોની બરાબર ગણાતો હતો.અત્યારે તેની વય ૯૦ વરસથી વધારે હતી પણ લડવાનો જુસ્સો બહાદુર જવાનો જેવો હતો. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૦૯ હવાલો ઝુરકાની) "હ"

"મારી પહેલી માગણી આ છે કે," હઝરત અલીએ કહ્યું, "તું એક અલ્લાહ પર અને તેના રસૂલ પર ઈમાન લાવીને મુસલમાન બની જા."

"તારા ઈસ્લામની મને કોઈ જરૂર નથી." અમ્ર તુચ્છકારથી બોલ્યો.

"વારૂ તો મારા મુકાબલા માટે મેદાનમાં આવવાનું મારૂં આમંત્રણ સ્વીકારી લે!" હઝરત અલીએ ફરમાવ્યું.

"હે મારા ભાઈના પુત્ર !" "અમ્ર નવાઈથી બોલ્યો, "આ આમંત્રણ તારા જેવા છોકરાને નહિ શોભે. અલ્લાહના સોગંદથી કહું છું પાછો વળી જા. હું તને કતલ કરવાનું પસંદ નથી કરતો."

હઝરત અલીએ જુસ્સાથી કહ્યું, "પણ સોગંદ છે અલ્લાહના, હું તને કતલ કરવાનું પસંદ કરૂં છું."

આ સાંભળીને અમ્ર ઉશ્કેરાઇ ગયો અને ગુસ્સાથી ગજબનાક થઇ ગયો. તરત ઘોડા પરથી કૂદીને નીચે ઊતરી પડયો અને તલવારનો પહેલો ફટકો તેણે પોતાના ઘોડાના પગ પર માર્યો જેનાથી તેની કૂંચો કપાઈ ગઈ. પછી તેના છોબડાં પર મુક્કો માર્યો કે જેથી તે પાછળ હટી જાય. [1] એ પછી તે હઝરત અલી તરફ ધસ્યો. બંને વચ્ચે ખરાખરીનો ખેલ જામ્યો. છેવટે હઝરત અલીએ તેનો ખાતેમો બોલાવી દીધો. [2] બાકીના સવારો શિકસ્ત ખાઇને ખન્દક ઓળંગતા નાસી છૂટયા. ઈકરિમહ બિન અબૂ જહલ બદ્-હવાસીમાં પોતાનો ભાલો ફેંકીને ભાગી છૂટયો.

હઝરત અલીના શેઅરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અલી બિન અબૂ તાલિબે એજ પ્રસંગને અનુસરીને આ શેઅરો કહ્યા છે :

નસરલ હિજારતા મિન સફાહતે રાયિહી, • વ નસરતુ રબ્બ મુહમ્મદિન બિ-સવાબી.

તેણે એટલે અમ્ર બિન અબ્દે વુદ્દે પોતાના હલકટ કે કાચા મત મુજબ પથ્થરની મૂર્તિઓને મદદ પહોંચાડી ત્યારે મેં મારા નક્કર મત મુજબ મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાલનહારને મદદ પહોંચાડી. (એટલે તે પોતાના લેભાગુ ભગવાનો માટે લડયો અને હું મારા હકીકી પાલનહાર માટે લડયો.)

વ અફીફ-તુ અન અસ્વાબે-હી વલવ અન્નની, • કુન્તુલ મુ-કત-તર બઝ- ઝની અસ્વાબી.

મારો હેતુ અલ્લાહનો બોલ ઊંચો કરવાનો અને મૂર્તિપૂજાનું ખંડન કરવાનો હતો. લૂંટમાર કરવાનો મારો હેતુ ન હતો. જેથી મેં તેના પોશાકને હાથ સુધ્ધાં અડાડયો નહિ. પણ જો પોશાક મારા અંગ પર હોત અને હું માર્યો જાત તો કદી તે છોડત નહિ; જરૂર મારો પોશાક ઉતારીને ભાગી જાત !

લા તહ-સબન - નલ્લાહ ખાઝિલા દીનહૂ, • વ નબીય્યહૂ યા મઅ-શરલ અહઝાબી.

૧. આમ તેણે એટલા માટે કર્યું કે હઝરત અલી જમીન પર હતા અને પોતે ઘોડા પર સવાર હતો. તેની ગયરતે ગવારા નહિ કર્યું કે પોતે ઘોડા પર સવાર રહીને જમીન પર ઉભેલા દુશ્મનનો મુકાબલો કરે. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૨૭) "ક"

૨. બીજી રિવાયતો મુજબ હઝરત અલીએ અમ્રનો વાર પોતાની ઢાલ પર લીધો. પણ તલવાર ઢાલ પરથી ઉછળીને હઝરત અલીની પેશાની પર લાગી જેનાથી ઊંડો ઘા આવ્યો. એનું નિશાન યાદગાર તરીકે જીવનભર કાયમ રહ્યું. હઝરત અલી ને "ઝુલ-કરનૈન" પણ કહે છે કેમકે આપની મુબારક પેશાની પર બે ઘાના નિશાન હતાં. એક અમ્ર બિન અબ્દે-વુદ્દની તલવારનો અને બીજો ઈબ્ને -મુલજિમની તલવારનો જેમાં આપ શહીદ થઈ ગયા. અમ્રનો ખાતેમો બોલાવીને હઝરત અલીએ અલ્લાહુ અકબરનો નઅરો ગજાવ્યો જેનાથી મુસલમાનો સમજી ગયા કે અલ્લાહની મદદથી ફતેહ મળી છે. આ રંગ જોઇને તેના સાથીઓ નાઠા પણ નવફલ બિન અબ્દુલ્લાહ નામના જવાને મુકાબલો કર્યો અને તે પણ માર્યો ગયો. મુશરિકોએ બંનેની લાશો માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દસ હજાર દિરહમની ફર્માઇશ કરી પણ આપે ફરમાવ્યું, "અમને તમારા પૈસા કે જહન્નમી લાશોની જરૂર નથી. અહીં આવીને પોતે ઉપાડી જાવ." (સીરતુન-નબી જિ.૧ પા. ૪૨૭ - સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૦૯) "ક"

Maktabe Ashraf

હે મુશરિકોના ટોળેટોળાં ! તમે એમ ન ધારતા કે અલ્લાહ તઆલા પોતાના દીનને અને પોતાના નબીને મદદ વગરના, નિરાધાર દશામાં છોડી દેશે !

ઈબ્ને ઈસ્હાક કહે છે : અમ્ર બિન અબ્દે વુદ્દના માર્યા જવાથી તેના સાથીઓ જીવ લઈને નાઠા અને ઈકરિમહ બિન અબૂ જહલ પોતાનો ભાલો ફેંકીને ભાગી ગયો તે વિષે હઝરત હસ્સાન બિન સાબિતે શેઅરો કહ્યા. તેમાંનો એક શેઅર આ છે.

ફર્રા વ અલ્કા લના રૂમ્હહ • લઅલ્લકા ઈકરિમા લમ તફઅલે.

અમારા માટે પોતાનો ભાલો છોડીને ઈકરિમા ફરાર થઈ ગયો. માનવામાં નથી આવતું હે ઈકરિમા! કે ભાલો છોડીને ભાગવાની ભૂલ તેં કરી હોય !

હઝરત સઅદને ખૂંપેલું તીર————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને બનૂ હારિસહવાળા અબૂ લયલા બિન સહલ બિન અબ્દુર્રહમાન બિન સહલ અન્સારીએ કહ્યું કે, જંગે-ખન્દક વેળા મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હા બનૂ હારિસહના કિલ્લામાં બિરાજમાન હતાં. મદીનહના બીજા કિલ્લાઓ કરતાં આ કિલ્લો સૌથી વધારે સલામત હતો. એમાં હઝરત આઈશહ સાથે મુસ્લિમ ખાતૂનો ઉપરાંત હઝરત સઅદ બિન મુઆઝના માનવંતા અમ્માંજી પણ બિરાજેલા હતાં.

હઝરત બીબી આઈશહ ફરમાવે છે : "મુસલમાન ખાતૂનો માટે હજુ સુધી પર્દાનો હુકમ ઊતરેલો ન હતો. હું કિલ્લાની અગાશી પરથી ખન્દકનું દ્રશ્ય જોતી હતી એટલામાં સઅદ બિન મુઆઝ એ તરફથી પસાર થયા. તેમણે શરીર પર બખતર કસેલું હતું. એ બહુ ટૂંકું હતું. કોણી સુધી એમના હાથ બખતરમાંથી ખુલ્લા હતા. એમના એક હાથમાં ભાલો હતો જેને હલાવતાં હલાવતાં તેઓ ઉતાવળે ચાલતા આ કડીઓ લલકારતા હતા :

લબ્બસ કલીલન યશ-હદિલ - હયજા જમલ, • લા બઅસા બિલ મવતે ઈઝા હાનલ અજલ.

જરા થોભી જા ! ઊંટને જંગ જોઈ લેવા દે. પછી મૃત્યુનો સમય આવી લાગે તો વાંધો નહિ.

આ પ્રાચીન યુગના યુધ્ધગીતની પંકિતઓ છે જેને સઅદ દાખલા રૂપે લલકારતા હતા. એને સાંભળીને સઅદના માતાજીએ પોતાના પુત્રને કહ્યું, "બેટા ! વાત તારી સાચી છે પણ તું બહુ મોડો પડયો છે માટે ઉતાવળ કર અને જલદી જા !"

હઝરત આઈશહ ફરમાવે છે : "સઅદના માતાજીની વાત સાંભળીને મેં કહ્યું, "અમ્માજી ! ખેદ આટલો કે સઅદનું બખતર બહુ ટૂંકું છે. કાશ ! માપસરનું બખતર એમના અંગ પર હોત !"

અમ્માજી બોલ્યાં, "બીબીજી ! શું તમને ધાસ્તી છે કે દુશ્મનનું તીર સઅદની ખુલ્લી કોણીએ ભોંકાશે?"

અને પછી તો સંજોગે પુરવાર કરી દીધું કે જંગે-ખન્દકમાં દુશ્મનનું તીર સઅદની એજ ખુલ્લી કોણીએ ભોંકાયું જેનાથી તેમની અકહલ નામે રગ જે કોણીના સામેના ભાગે આવેલી છે તે કપાઈ ગઈ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ આ માહિતી આપી કે, હઝરત સઅદ બિન મુઆઝને તીર મારનારનું નામ હિબ્બાન બિન કૈસ બિન અરિકહ હતું જે બનૂ આમિર બિન લુઐયના ખાનદાનમાંથી હતો. કમાનમાંથી તીર છોડતી વેળા તે બરાડયો હતો: "ખુઝહા મિન્ની વ અનબ-નુલ-

અરિકહ!''લેતો જા એને મારી તરફથી, હું છું અરિકહનો બેટો !

તીર લાગતાં જ હઝરત સઅદના મુખેથી આ શબ્દો સરી પડયા, ''હે હતભાગી ! હે અલ્લાહના દુશ્મન! અલ્લાહ તારા મનહૂસ ચેહરાને જહન્નમ ભેગો કરી દે !''

એ પછી હઝરત સઅદે બારગાહે-ઈલાહીમાં ગદ્‌ગદ સ્વરે યાચના કરી :

> ''હે અલ્લાહ ! જો આ યુધ્ધ લાંબું ચાલવાનું હોય તો મને તેના અંત સુધી જીવતો રાખજે !
>
> ઈલાહી ! તારા દુશ્મન કાફિરો સાથે જિહાદ કરવાનું મને આ દુનિયામાં સૌથી વધારે પ્રિય છે.
>
> યા અલ્લાહ ! સામા પક્ષે તે લોકો છે જેઓએ તારા રસૂલને અપાર કષ્ટો આપ્યાં છે. જેઓએ તારા રસૂલને જૂઠલાવ્યા છે. જેઓએ તારા રસૂલને વતનથી બેવતન કર્યા છે.
>
> પણ યા ઈલાહી ! જો આ યુધ્ધનો અંત આવ્યો હોય તો મને શહાદતની મોત નસીબ કરજે ! અને ત્યાં સુધી મને મોત ન આપજે જ્યાં સુધી કે બનૂ કુરૈઝહના દગાબાજ અને ગદ્દાર યહૂદીઓનો અંજામ હું મારી આંખે ન જોઈ લઉં !'' [1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિકની રિવાયત મુજબ હઝરત સઅદ બિન મુઆઝને અબૂ ઉસામહ જુશમી નામના મુશરિકે તીર મારીને શહીદ કર્યા હતા. એ બનૂ મખઝૂમ કબીલા સાથે કરારોથી જોડાયેલો હતો.

ઈબ્ને હિશામ કહે છે : એક રિવાયત આ છે કે હઝરત સઅદ બિન મુઆઝને ખફાજહ બિન આસિમ બિન હિબ્બાન નામના મુશરિકે તીર માર્યું હતું.

બીબી સફિય્યહની બહાદુરી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહ્યા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબેરે પોતાના બાપા અબ્બાદની આ રિવાયત કહી સંભળાવી. અબ્બાદનું બયાન છે કે, અબ્દુલ-મુત્તલિબના પુત્રી એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઈ હઝરત બીબી સફિય્યહ રદિયલ્લાહુ અન્હા ખન્દકના યુધ્ધ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિતના કિલ્લામાં હતાં. આ કિલ્લામાં સ્ત્રીઓ અને બાળકોની હિફાઝત માટે હઝરત હસ્સાનની નિમણૂક કરવામાં આવી હતી.

Maktabe Ashraf

---

૧. હઝરત સઅદ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુ દુશ્મનના એજ તીરથી વીંધાઈને પુષ્કળ લોહી વહી જવાને કારણે એક મહિના પછી વફાત પામી ગયા. એ દરમિયાન બનૂ કુરૈઝહના ગદ્દાર યહૂદીઓનો ફેસલો પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી કરતા ગયા જેની વિગત આગળ આવે છે. હઝરત સઅદ પોતાના ઔસ કબીલાના સર્વે સર્વા હતા. હઝરત મુસઅબ બિન ઉમૈરના હાથે મુસલમાન બન્યા હતા અને સાંજ સુધીમાં એમના કહેવાથી ઔસનો પૂરો કબીલો મુસલમાન બની ગયો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા આશિક, અદના ગુલામ અને અલ્લાહના મકબૂલ બંદા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''સઅદનો જનાઝો ફરિશ્તાઓએ ઉપાડયો અને એમની વફાતથી અલ્લાહનો અર્શ હાલી ઊઠયો.'' (અરિહ-હુસ-સિયર પેજ ૧૮૧) ''હ''

હઝરત બીબી સફિય્યહનું બયાન છે : "અમે કિલ્લામાં બેઠેલાં હતાં એ દરમિયાન મેં જોયું કે એક યહૂદી અમારા કિલ્લાની ફરતે શકમંદ હાલતમાં ચક્કર લગાવી રહ્યો છે. મને થયું કે નક્કી યહૂદીઓએ આ માણસને અમારી જાસૂસી માટે મોકલ્યો છે. કેમકે આથી પહેલાં અમને સમાચાર મળી ગયા હતા કે બનૂ કુરૈઝહના યહૂદીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ગદ્દારી કરીને એકબીજાની મદદના કરારો તોડી નાખ્યા છે અને હવે તેઓ અમારા દુશ્મન બનીને કાફિરો સાથે ભળી ગયા છે. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસલમાનો સાથે લડાઈને મોરચે રોકાયેલા હતા. હઝરત હસ્સાન વગર કોઈ પુરૂષ અમારા કિલ્લામાં ન હતો. કોઈ દુશ્મન કિલ્લા પર ચઢી આવે તો મદદ કરનારૂં કોઈ ન હતું. એટલે મેં હસ્સાનને કહ્યું,

"હસ્સાન ! તમે જુઓ છો, પેલો યહૂદી કિલ્લાની ફરતે આંટા મારી રહ્યો છે. મને એ દુશ્મનનો જાસૂસ લાગે છે. મને ભય છે કે એ અહીંથી જઈને બીજા યહૂદીઓને આપણા છુપા રહેઠાણની ખબર કરી દેશે. અત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને બીજા મુસલમાનો આપણા તરફ ધ્યાન આપી શકશે નહિ કેમકે તેઓ બધા લડાઈને મોરચે રોકાયેલા છે. માટે તમે અબઘડી નીચે ઊતરો અને એ યહૂદી જાસૂસને કતલ કરી નાખો!"

જવાબમાં હસ્સાન બોલ્યા, "યગ-ફિરુલ્લાહુ લકિ યબ્નતા અબ્દલ-મુત્તલિબ ! વલ્લાહિ લકદ અરફ-તિ મા અના બિ -સાહિબિ હાઝા !"હે અબ્દુલ-મુત્તલિબની બેટી ! અલ્લાહ તને માફ કરે. વલ્લાહ તું જાણે છે કે અત્યારે હું એ કામને લાયક નથી."

ગુજરાતી સંપાદકની નોંધ————હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુ મદીનહના કાવ્યસમ્રાટ અને શાઈરોના શિરોમણિ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હતા. અરબના મુશરિક શાઈરો જ્યારેય રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં નિંદાકાવ્યો રચતા કે મુસલમાનોને મુકાબલે પોતાની મોટાઈના બણગા ફૂંકતા કે મુશાઈરાઓ ગોઠવીને ઇસ્લામની વગોવણી કરતા તો હઝરત હસ્સાન પોતાની ફીલ-બદીહ શાઈરીમાં તેનો જડબાતોડ જવાબ આપીને સામેવાળાના દાંત ખાટા કરી દેતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરમાવતા કે હસ્સાનને "રૂહુલ-કુદ્સ" એટલે અલ્લાહના ફરિશ્તા જિબ્રીલની મદદ મળે છે. અત્યારે હઝરત હસ્સાન કોઈ માનસિક રોગથી પીડાતા હોવાથી આપે એમને સ્ત્રી બાળકોની હિફાઝત માટે નીમેલા હતા.

બીબી સફિય્યહનું બયાન છે : હસ્સાનનો આ જવાબ સાંભળીને મને થયું કે એમનામાં હિંમત કે મનોબળ જેવું નથી ત્યારે મેં કમર કસીને દંડો હાથમાં લીધો. સાવચેતીથી નીચે ઊતરી અને તક ઝડપી લઈને પેલા યહૂદી જાસૂસની ખોપરી પર પૂરા બળથી દંડો ફટકારી માર્યો જેનાથી તે ત્યાં જ ઢગલો થઈને ઢળી પડયો. એ પછી કિલ્લામાં જઈને મેં હસ્સાનને કહ્યું, "પેલાને મેં મારી નાખ્યો છે. તમે નીચે જઈને તેનો સામાન, હથિયાર જે કંઈ હોય ઉપાડી લાવો. હું પોતે લઈ આવતે પણ તે પુરૂષ હોવાથી મેં તેને હાથ અડાડયો નહિ."

હસ્સાન બિન સાબિતે કહ્યું, "હે અબ્દુલ-મુત્તલિબની બેટી ! સાચું કહું તો તેના માલ કે હથિયારની મને જરૂર નથી."

હઝરત હસ્સાનનો જવાબ સાંભળીને બીબી સફિય્યહ ફરીવાર નીચે ગયાં અને જાસૂસનું માથું કાપીને યહૂદીઓની વસતિ તરફ ઉછાળી મૂકયું જેનાથી યહૂદીઓ સમજી ગયા કે કિલ્લામાં રક્ષણ માટે લશ્કરી સિપાહીઓ મવજૂદ છે.

(સીરતુન-નબી જિ.૧ પા. ૪૨૯) "હ"

નુઐમનું શાનદાર કારનામું——————ઈબ્ને ઈસ્હાક કહે છે : દુશ્મનનું દસ હજારનું વિરાટ લશ્કર પૂરી સાધનસામગ્રી સાથે, સંયુકત બળે મદીનહ પર ચોતરફથી તૂટી પડયું હતું કે જેથી ઈસ્લામને જડમૂળથી ઉખાડીને કાયમ માટે મુસલમાનોનો સફાયો બોલાવી દે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ત્રણ હજાર સહાબા સાથે આકરી કસોટીમાં મૂકાઈ ગયા હતા. રોજીરોટી કે જીવન-નિર્વાહનો ધંધો-રોજગાર ઠપ થઈ ગયો હતો. કેટલાય દિવસના ફાકા ચાલતા હતા. [1] આમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનોના કદમ લેશ પણ ડગમગાવા પામ્યા ન હતા. તેઓ પહાડ પેઠે પોતાના સ્થળે અચળ રહીને પોતાથી અનેકગણા બળવાન દુશ્મનની ઝીંક ઝીલતા હતા.

પછી કટોકટીની આ નાજુક પળોમાં અલ્લાહની કુદરતથી એવું બન્યું કે નુઐમ બિન મસઊદ બિન આમિર બિન ઉનૈફ બિન સઅલબહ બિન કુન્ફઝ બિન હિલાલ બિન ખલાદહ બિન અશજઅ બિન રૈસ બિન ગત્ફાન નામના ગૃહસ્થ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા,

"યા રસૂલલ્લાહ ! હું અંતઃકરણથી મુસલમાન બની ગયો છું. પણ મારા ઈસ્લામકરણની યહૂદીઓને કે મારા ગત્ફાન કબીલામાંથી કોઈને ખબર નથી.હવે જે કંઈ સેવા મારે લાયક હોય તે ફરમાવો. આજ્ઞા પાલન માટે બંદો હાજર છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે નુઐમ ! અમારામાં તમે જ એક એવા ગૃહસ્થ છો જે આ કોકડાનો ઉકેલ લાવી શકે છે. જો તમારાથી બની શકે તો મુસલમાનોની ખેરખાહી ખાતર દુશ્મનના લશ્કરમાં ભંગાણ નાખી દો. કેમકે "અલ-હર્બુ ખદઅહ" એટલે લડાઈ યુકિત-પ્રયુકિતનું નામ છે તે મુજબ કોઈ એવી તરકીબ કરો કે દુશ્મનોમાં ફાટફૂટ પડી જાય."

હઝરત નુઐમ બોલ્યા, "બહુ સારૂં યા રસૂલલ્લાહ ! " [2]

હઝરત નુઐમ અને યહૂદી અગ્રેસરો——————હઝરત નુઐમ બિન મસઊદ મદીનહ પર ચઢી આવેલા ગત્ફાન કબીલાના જ એક અગ્રણી ગૃહસ્થ હતા. જાહિલિયતના યુગથી જ બનૂ કુરૈઝહના યહૂદીઓના વિશ્વાસુ અને ગાઢા મિત્ર હતા. જેથી પ્રથમ તેઓ બનૂ કુરૈઝહના યહૂદ પાસે ગયા અને તેઓના મોવડી મંડળને બોલાવીને બોલ્યા, "હે બનૂ કુરૈઝહના માનવંતા અગ્રેસરો ! આજ સુધી તમારી સાથે મારા જે દોસ્તીભર્યા સંબંધો રહ્યા છે એ તો તમે જાણો જ છો ને ?"

તેઓ બોલ્યા, "હા તમે અમારા ભલા મિત્ર છો. તમારી દોસ્તીમાં શંકા કરવાનું અમારા માટે કોઈ કારણ

---

૧. એક મહિના જેટલા ઘેરા દરમિયાન એવો સમય પણ આવ્યો જયારે લગાતાર ત્રણ રાતદિવસ સુધી ખાણીપીણીનો કોઈ બંદોબસ્ત થઈ શકયો નહિ. સહાબા પર લગાતાર ત્રણ દિવસના ફાકા પસાર થઈ ગયા. ભૂખથી બેતાબ થઈને સહાબાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે પોતાના પેટ ખુલ્લા કર્યાં, જોયું તો તેઓના પેટ પર પથ્થર બાંધેલા હતા. શમાઈલે-તિરમિઝી હદીસગ્રંથમાં છે કે અરબના લોકો સખત ભૂખની હાલતમાં પેટ પર પથ્થર બાંધી લેતા હતા. એનાથી કમર વાંકી વળવા પામતી ન હતી. સહાબાના પેટે પથ્થર બાંધેલા જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનું મુબારક પેટ ખુલ્લું કરી દીધું. જોયું તો ત્યાં એકને બદલે બે પથ્થરો બાંધેલા હતા. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૨૭- સીરતુલ-મુસ્તફા જિ. ૨ પા. ૩૦૪) "હ"

૨. હઝરત નુઐમે દુશ્મનમાં ફાટફૂટ નાખવા માટે જે યુકિત કે હિકમતથી કામ લીધું તે એમની બાહોશી, કુનેહબુદ્ધિ કે રાજનીતિને આભારી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુઆઓ એમની સાથે હતી. અલ્લાહ તઆલાએ એમની કોશિશમાં કામયાબી આપી અને દુશ્મનમાં ભંગાણ પડી ગયું. "હ"

Maktabe Ashraf

નથી.''

''ત્યારે સાંભળો, '' હઝરત નુઐમે કહ્યું, ''હું તમારા ભલા ખાતર તમને ચેતવવા આવ્યો છું. તમે કુરૈશ અને ગત્ફાનના કહેવાથી મુહંમદ સાથેના કરાર તોડી નાખ્યા છે એ મારા મત મુજબ તમે વાજબી કર્યું નથી. કેમકે કરારભંગના અંજામનો તમે વિચાર કર્યો નથી. જુઓ, તમારા અને કુરૈશના સંજોગો એકસરખા નથી. તેઓ બહાર ગામથી આવેલા છે. તેઓની ઓરતો, તેઓના છૈયાંછોકરાં, માલ મિલ્કત, ઢોરઢાંખર બધું તેઓના જ વતનમાં છે. જ્યારે તમે કાયમી ધોરણે અહીંના જ વતની છો. મદીનહ તમારૂં, તમારા બાપદાદાનું તમારી અવલાદનું વતન છે. તમારી ઓરતો, તમારાં છૈયાછોકરાં, તમારી માલ મિલ્કત, વેપાર રોજગાર બધું અહીં જ છે. તમે આ બધું અહીંથી ખસેડીને બીજા કોઈ શહેરમાં લઈ જઈ શકતા નથી. કુરૈશ અને ગત્ફાન પોતાનું લાવલશ્કર લઈને મુહંમદ સાથે લડવા આવેલા છે. તમે મુહંમદ સાથે કરારભંગ કરીને એમની સાથે જોડાઈ ગયા છો. માની લો કે કુરૈશની જીત થઇ અને તેઓ લૂંટમાર કરશે તો એના છાંટા તમારી ઉપર પણ ઊડશે. પણ જો બાજી પલટાઇ ગઇ અને હાર ખમવી પડી તો તમારૂં શું થશે? પેલા બધા તો જાનો બચાવીને પોતાના વતન તરફ ભાગતા નજર આવશે અને તમને મુહંમદના રહમો-કરમ પર છોડી જશે. ત્યારે તમે નિરાધાર હાલતમાં એકલા પડી જશો. કોઇ તમારો મદદગાર કે બેલી ન હશે. આ સંજોગોમાં મુસલમાનો તમારી ઉપર તૂટી પડશે તો કેવી રીતે તમે પોતાનો બચાવ કરી શકશો? તમારામાં એટલું બળ કયાં છે કે એકલા હાથે તેઓનો મુકાબલો કરી શકો ?''

સારાંશ કે હઝરત નુઐમ બિન મસઊદે પોતાની કુનેહબુધ્ધિ અને છટાદાર વાણીથી વસ્તુસ્થિતિનો એવો ચિતાર દર્શાવી દીધો કે યહૂદીઓના કાળજાં કોઈ નામાલૂમ ભયથી કાંપી ઊઠયાં. તેઓએ પૂછયું, ''ત્યારે હે નુઐમ! તમે શું સલાહ આપો છો ?''

હઝરત નુઐમ બોલ્યા, ''મારૂં માનો તો પોતાના બચાવ ખાતર તમે કુરૈશ અને ગત્ફાન પાસે જઈને માગણી કરો કે તેઓ પોતાના થોડાક માનમોભાવાળા માણસોને બાન તરીકે તમારે હવાલે કરે. આ માણસો તમારા બાનમાં ત્યાં સુધી રહેશે જ્યાં સુધી કે તેઓ મુહંમદ અને તેમના સાથીઓનો મુકમ્મલ સફાયો નહિ બોલાવી દે. આ રીતે તેઓ પોતાના માણસોને તમારા બાનમાંથી છોડાવવા માટે પૂરા જુસ્સા અને ઝનૂનથી લડી લેશે. પૂઠ ફેરવીને ભાગવાનો કોઈ વિચાર સુધ્ધાં નહિ કરશે.''

બનૂ કુરૈઝહ બોલ્યા, ''ખરેખર હે નુઐમ ! તમે બહુ ઉત્તમ સલાહ આપી છે. એ સિવાય અમારા બચાવનો બીજો રસ્તો નથી.કુરૈશ અને ગત્ફાન અમારી આ માગણી મંજૂર નહિ રાખે તો અમે તેઓની મદદથી હાથ ઉપાડી લઈશું.'' ૧

હઝરત નુઐમ અને કુરૈશી અગ્રેસરો————હઝરત નુઐમ બિન મસઊદ બનૂ કુરૈઝહના યહૂદને આ પાઠ ભણાવીને કુરૈશી લશ્કરની છાવણી તરફ ગયા અને અબૂ સુફયાન બિન હર્બ તથા તેના સાથીઓ પાસે જઇને બોલ્યા, ''હે કુરૈશી સરદારો ! મ.રા વિષે તમારો શો અભિપ્રાય છે ?''

તેઓ બોલ્યા, ''તમે એક બહુ સાચા અને બહુ ભલા ગૃહસ્થ છો. અમારૂં ભલું ચાહનારા ભલા મિત્ર છો.''

૧. આથી પહેલા યહૂદી સરદાર હુય્ય બિન અખ્તબ પણ બનૂ કુરૈઝહના યહૂદને એવી જ બાંયધરી આપી ચૂકયો હતો કે તમારી હાર થાય તો હું તમારા સંગાતે રહીને, નસીબમાં જે કંઇ ભોગવવાનું લખ્યું હશે તે ભોગવવા તૈયાર છું. આ બાંયધરી પછી જ બનૂ કુરૈઝહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથેના કરાર તોડયા હતા. ''હ''

"તમે બિલકુલ સાચું જ કહ્યું." હઝરત નુએમ બોલ્યા, "સાંભળો ! મુહંમદ સાથે મને જે દુશ્મનાવટ છે અને તમારી સાથે મને જે હમદર્દી છે એ તમે સારી રીતે જાણો છો. એજ લાગણીથી પ્રેરાઈને હું તમારી પાસે આવ્યો છું. એક નવી વાત મારી જાણમાં આવી છે તે હું તમારી ભલાઈ ખાતર તમને કહેવા આવ્યો છું. તમે ખાનગીમાં રાખો અને કોઈને મારૂં નામ જાહેર નહિ કરો તો કહું !"

કુરૈશ બોલ્યા, "નુએમ ! જલદીથી કહો, શી વાત છે ? અમે કોઈને નહિ કહીએ એ અમારૂં વચન છે."

નુએમ ઠાવકા મુખે બોલ્યા, "તમને કદાચ ખબર નહિ હોય પણ તાજા સમાચાર છે કે બનૂ કુરૈઝહના લોકો મુહંમદ સાથેના કરાર તોડીને ખૂબ પસ્તાઈ રહ્યા છે. એટલું જ નહિ, તેઓએ મુહંમદ પાસે એવી શરતે માફી માગી છે કે, અમે અમારી ભૂલના ભોગ તરીકે કુરૈશ તથા ગત્ફાનના થોડાક આબરૂદાર માણસોને પકડીને તમારે હવાલે કરવા તૈયાર છીએ. તમે ચાહો તો તેઓની ગરદનો મારી દેજો અને ચાહો તો દંડ લઈને છોડી મૂકજો. જવાબમાં મુહંમદ સાહેબે બનૂ કુરૈઝહની આ શરત સ્વીકારી લઈને તેઓને માફી આપી દીધી છે. હવે બનૂ કુરૈઝહના આગેવાનો તમારી પાસે આવવાના છે કે જેથી તેઓ તમારા આબરૂદાર માણસોને બાન તરીકે માગી લઈને મુસલમાનોને હવાલે કરી દે અને મુહંમદ સાહેબ કાં તેઓની ગરદન મારી દે કાં દંડ લઈને તેઓને છોડી મૂકે. માટે હે કુરૈશ ! ખબરદાર પોતાનો એક પણ માણસ તેઓને હવાલે કરવો નહિ અને કરશો તો પસ્તાવું પડશે."

હઝરત નુએમે વધુમાં ઉમેર્યું, "હે કુરૈશ ! મેં તમારા લાભની જે ખાનગી વાત કરી છે તેના ખરા-ખોટાની ખાતરી કરવી હોય તો તમારા કોઈ માણસને અબઘડી બનૂ કુરૈઝહ પાસે મોકલાવીને એની તહકીક કરાવી લો."

કુરૈશના અગ્રણીઓને આ પાઠ ભણાવીને હઝરત નુએમ ગત્ફાનના આગેવાનો પાસે પહોંચ્યા અને તેઓને સંબોધીને બોલ્યા, "હે મારી કૌમના આગેવાનો ! હું તમારી જ કૌમમાંથી છું. તમારો જ માણસ છું. તમે આ જગતમાં મને સૌથી વધુ વહાલા છો. તમે મને જૂઠો તો નહિ જ ધારો તેની મને ખાતરી છે. કેમકે કૌમના નફા-નુકસાનના આપણે સરખા ભાગીદાર છીએ."

ગત્ફાન બોલ્યા, "તમે સાચું કહ્યું. અમારા દિલમાં તમારા વિષે કોઈ શંકા નથી."

નુએમે કહ્યું, "હું જે કંઈ કહું તેને ખાનગી રાખજો."

"હા ખાનગીનું વચન છે. પણ વાત શું છે તે કહો !"

જવાબમાં હઝરત નુએમે કુરૈશને જે કંઈ કહ્યું હતું તેજ ગત્ફાનીઓ આગળ દોહરાવી દીધું અને એમને પણ એવી જ રીતે ભયભીત કર્યા જેમ કુરૈશને કર્યા હતા.

મુશરિકોમાં પડેલી ફાટફૂટ——————સન ૫ હિજરીના શવ્વાલ મહિનાના શનિવારની રાત હતી. અલ્લાહ તઆલાએ પોતાના હબીબે પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ગૈબી મદદ માટે એવા સંજોગો જન્માવી દીધા કે અબૂ સુફયાન બિન હર્બ અને ગત્ફાનના ફોજી અધિકારીઓએ બંને પક્ષના પ્રતિનિધિઓને ઇકરિમહ બિન અબૂ જહલની આગેવાની હેઠળ બનૂ કુરૈઝહના યહૂદ પાસે વાટાઘાટ માટે દોડાવી દીધા. મંડળના સભ્યોએ ત્યાં પહોંચીને યહૂદીઓને કહ્યું.

"હે બનૂ કુરૈઝહના ભાઈબંધો ! અમારા દુઃખોની કથા સાંભળો. અમે પરદેશથી અહીં લડવા આવેલા છીએ. તમારા બોલાવવાથી, તમારા વચનને ભરોસે આવેલા છીએ. આ અમારૂં વતન નથી. અહીં અમારાં ઘરબાર નથી.

અહીં ઘરઆંગણા જેવી સહૂલતો નથી. અમે જાતજાતની હાડમારીઓ અને તરહ તરહની તકલીફો ભોગવી રહ્યા છીએ. અમારાં ઊંટો મરી રહ્યાં છે. અમારા ઘોડા મરી રહ્યા છે. ખાદ્યસામગ્રી ખૂટી રહી છે. અમારી દરખાસ્ત આટલી જે કે તમે પોતાનું વચન પુરૂં કરો. અમારી મદદ કરો. સવાર પડતાં જ અમારી સાથે જોડાઇ જાવ. લડાઈ માટે તૈયાર રહો. આપણે એકસામટો હલ્લો કરી દઈએ અને ભેગા બળે મુહંમદને પરાજય આપીને આ ઝંઝટથી કાયમ માટે છુટકારો મેળવી લઈએ.''

જવાબમાં યહૂદીઓ બોલ્યા, ''હે કુરૈશ અને ગત્ફાનના એલચીઓ ! જુઓ કાલે શનિવારનો દિવસ છે. એ અમારો તહેવારનો દિવસ છે. એમાં અલ્લાહની બંદગી વગર બીજું કોઇ કામ અમે કરી શકીએ નહિ. આ દિવસે લડાઇ કે મારામારી અમારા માટે હરામ છે. બીજું કે અમે એક નિર્ણય પર આવેલા છીએ. સાંભળો, જ્યાં સુધી તમે પોતાના અમુક આબરૂદાર માણસોને બાનમાં નહિ મૂકો, અમારા હવાલે નહિ કરો, અમે તમારી મદદ માટે તૈયાર નથી અને તમારા પડખે રહીને મુહંમદ સાથે જંગ કરવા તૈયાર નથી. કારણ આ છે કે કાલે ઊઠીને કદાચ તમારી હાર થઈ જાય તો તમે અમને લટકતા છોડીને દામન ખંખેરતા પોતાના વતને ચાલ્યા જશો ત્યારે અમારૂં શું થશે ? તમારૂં વતન મક્કહ છે. અમારૂં વતન મદીનહ છે. અમે નાસીને ક્યાં જઇશું? અમારે તો અહીં જ રહેવાનું છે. શું મુહંમદ અમને જીવતા છોડી દેશે? અમારામાં એટલું બળ ક્યાં છે કે એકલપંડે મુહંમદનો મુકાબલો કરી શકીએ ? હા તમારા માણસો અમારે ત્યાં ગીરો હશે તો અમે મન મૂકીને પૂરા બળથી તમારો સંગાથ આપી શકીશું એ સિવાય અમારા માટે બીજો કોઇ ઉપાય નથી.''

ગત્ફાન અને કુરૈશના એલચીઓ, યહૂદીઓનો આ જવાબ લઈને પોતાના લશ્કરમાં પાછા આવ્યા તો બધાને પાકે પાયે ખાતરી થઇ ગઇ કે નુઐમ બિન મસઊદે જે ભેદની વાત કહી હતી તે બિલકુલ સાચી છે. ત્યારે કુરૈશ અને ગત્ફાન કહેવા લાગ્યા, ''અલ્લાહના સોગંદ ! નુઐમ બિન મસઊદ સાચો માણસ છે અને તેણે આપેલી ભેદી માહિતી પણ સાચી છે.''

એ પછી કુરૈશ અને ગત્ફાને યહૂદીઓને કહેવડાવી દીધું, ''સોગંદ છે અલ્લાહના ! અમે અમારા એક પણ માણસને બાનમાં મૂકવા કે તમારા હવાલે કરવા તૈયાર નથી. તમારો લડવાનો વિચાર હોય તો આવો. અમારી મદદ કરો. પોતાનું વચન પૂરૂં કરો. અમારી સાથે રહીને લડો. ખભેખભા મેળવીને મુહંમદનો મુકાબલો કરો.''

કુરૈશ અને ગત્ફાનના એલચીઓના જવા બાદ બનૂ કુરૈઝહના યહૂદીઓ આપસમાં કહેવા લાગ્યા, ''વલ્લાહ! નુઐમ બિન મસઊદે જે ખાનગી ખબર આપણને આપી હતી તે બિલકુલ સાચી જ છે. હવે જો કુરૈશની જીત થાય તો એ લોકો ઝનૂનમાં આવીને મદીનહ પર તૂટી પડશે અને આડેધડ લૂંટફાટ મચાવી દેશે. પણ જો હારી ગયા તો દુમ દબાવીને પોતાના વતન તરફ દોટ મૂકી દેશે અને આપણને મુંહમદના ભરોસે લટકતી હાલતમાં છોડી જશે, કે જેથી મુહંમદ આપણને ઘેટાબકરાં પેઠે ઝબહ કરી નાખે. માટે હે ભાઇઓ ! કુરૈશ અને ગત્ફાનને આ કહેણ મોકલાવી દો કે, અલ્લાહના સોગંદ ! અમે મુહંમદ વિરૂધ્ધ હરગિઝ તમારા સંગાથે રહીને લડવાના નથી જ્યાં સુધી કે તમે તમારા અમુક આબરૂદાર માણસોને બાન તરીકે અમારે હવાલે નહિં કરો.''

પરંતુ જવાબમાં કુરૈશ તથા ગત્ફાનના આગેવાનોએ તેઓની આ માગણીને કબૂલ કરવાનો ધરાર ઈન્કાર કરી દીધો. આ રીતે અલ્લાહ તઆલાએ દુશ્મનોમાં ફાટફૂટ કે ભંગાણ જન્માવીને પોતાના હબીબે પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ગૈબી મદદ ફરમાવી.

દુશ્મનો પર આંધીનો અઝાબ————ઇબ્ને ઇસ્હાક કહે છે : એની સાથે જ કડકડતા શિયાળાની કડકડાટ ઠંડીની કાળઅંધારી રાતોમાં અલ્લાહ તઆલાએ જોશભેર ફૂંકાતા પવનના એવા સૂસવાટાઓ મોકલ્યા કે મુશરિકોની હાંડીઓ ચૂલાઓ પરથી ઊંધી વળી ગઇ. વાસણો આંધીના સૂસવાટાઓમાં અહીંતહીં ગબડવા લાગ્યાં. ખાવાપીવાની વસ્તુઓ વેરણછેરણ થઇ ગઇ. તંબૂઓ ફડફડાટ કરતા હવામાં ઊડીને ભોંય પર પછડાવા લાગ્યા. એજ આંધીના અઝાબનું કુર્આનમાં આ રીતે વર્ણન થયું છે :

યા ઐયુહલ - લઝીન આમનૂઝ - કુરૂ	હે મુસલમાનો ! યાદ કરો
નિઅ - મતલ્લાહિ અલૈકુમ	અલ્લાહના તે ઉપકારને જે તમારી ઉપર
ઇઝ જાઅત - કુમ જુનૂદુન	તે સમયે થયો જ્યારે તૂટી પડયાં લશ્કરો તમારી ઉપર
ફઅર - સલ્ના અલૈહિમ રીહંવ	તો અમે મોકલાવી દીધી આંધી તેઓની ઉપર.
વ જુનૂદલ લમ તરવ-હા.	અને એવાં લશ્કરો જે તમને દેખાતાં ન હતાં. [૧]

મુશરિકોના લશ્કરની કફોડી હાલત————જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાણ થઇ કે અલ્લાહ તઆલાએ દુશ્મનોના લશ્કરમાં ફાટફૂટ નાખી દીધી છે અને તેઓના સંગઠનના ભૂક્કા કરી નાખ્યા છે અને અલ્લાહનો કહેર ઝંઝાવાત રૂપે તેઓની ઉપર તૂટી પડયો છે તો આપ નામદારે, પોતાના સાહસિક અને રાઝદાર સહાબી હઝરત હુઝૈફહ બિન યમાનને બોલાવીને ફરમાવ્યું, "જઇને જોઇ આવો કે મુશરિકોની શું હાલત છે, તેઓ શું કરે છે અને રાત કેવી રીતે પસાર કરે છે !"

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઝીદ બિન ઝિયાદે મુહંમદ બિન કઅબ કુરઝીની આ રિવાયત કહી સંભળાવીઃ કૂફાવાસીઓમાંથી એક જવાન હઝરત હુઝૈફહ બિન યમાનની મુલાકાતે ગયો અને તેમને પૂછયું, "માનવંતા કાકાજી ! શું તમે પોતાની આંખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના દર્શન કર્યા છે?"

"હા મેં મારી આંખે દર્શન કર્યા છે." હઝરત હુઝૈફહએ ફરમાવ્યું, "કેમ શું વાત છે ?"

કૂફી જવાન બોલ્યો, "વારૂ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં તમારો વર્તાવ કેવો હતો અને કેવા નિયમો તમે અપનાવતા હતા ?"

"હે ભત્રીજા !" હઝરત હુઝૈફહ બોલ્યા, "અલ્લાહના સોગંદ ! અમે બધા આજ્ઞાપાલન માટે ખડે પગે તૈયાર રહેતા હતા. આપનો હુકમ મળતાં જ અમે દોડી પડતા હતા. આપના ચરણોમાં જાનની કુરબાની અમારા માટે કોઇ સમસ્યા ન હતી."

"ધન્ય છે તમારા ઇશ્કે-નબીને !" કુફી જવાન બોલ્યો, "હે માનવંતા કાકા ! સાચું માનજો, જો હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જમાનામાં હોત તો હું પણ મારી જાન આપના ચરણોમાં કુરબાન કરી દેત અને આપને જમીન પર ચાલવા દેવાને બદલે હું આપને મારા ખભે ઉપાડી-ઉપાડીને ફેરવ્યા કરત!"

"સાંભળ તો ખરો હે ભત્રીજા !" હઝરત હુઝૈફહએ ફરમાવ્યું, "વલ્લાહ ! જંગે-ખન્દકનું એ દ્રશ્ય આજે પણ મારી આંખોમાં ઘૂમી રહ્યું છે. અમે બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર હતા. રાતનો સમય હતો. શિયાળાની રૂતુ હતી. ટાઢ કહે મારૂં કામ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નિયમ મુજબ રાતના એક ભાગમાં પોતાના પાલનહારના દરબારમાં ઊભેલા હતા. નમાઝનું સલામ ફેરવતાં જ આપે અચાનક પાછળ

૧. અહઝાબ પારહ ૨૧ આયત ૯

Maktabe Ashraf

ફરીને જોયું અને અમારી તરફ મુખ કરીને ફરમાવ્યું,

"કોણ છે જે દુશ્મનની છાવણીમાં જવાનું બીડું ઝડપે ? બસ ત્યાં જઈને જોઇ આવે કે દુશ્મનો અત્યારે કેવી હાલતમાં છે અને શું કરી રહ્યા છે ? અને સાંભળો, જાનને જોખમમાં નાખીને દુશ્મનની છાવણીમાં જનાર માટે મારૂં વચન છે કે તે સહી સલામત પાછો ફરશે અને હું દુઆ કરીશ કે અલ્લાહ તઆલા જન્નતમાં તેને મારો રફીક બનાવે !"

ચિન્તા, ભૂખ, કડકડતી ઠંડી, બરફીલા પવનના સૂસવાટા અને જાનના ડરથી કોઇ ઊઠયું નહિ કે પછી પવનના સૂસવાટાઓમાં કોઈના કાને આપનો અવાજ ગયો નહિ ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારા નામનો પોકાર ફરમાવ્યો, "હુઝૈફહ કયાં છે ? પછી મને બોલાવીને ફરમાવ્યું,

"હુઝૈફહ ! ઊઠો અને ખન્દકની પેલે પાર જાવ અને દુશ્મનોમાં ઘૂસીને ખબર લઇ આવો કે તેઓ કેવી હાલતમાં છે, શું કરી રહ્યા છે અને શું કરવા માગે છે ? હા સાંભળો, ત્યાંની ખબર લઇને આવો તો સીધા મારી પાસે આવજો. વચ્ચે ન કોઈની સાથે વાત કરવી ન કોઇ બીજું કામ કરવું."

હઝરત હુઝૈફહ બિન યમાનનું બયાન છે : "હુકમ મળતાં જ હું ઊપડી ગયો. પૂરી સાવચેતીથી ખન્દક પાર કરીને દુશ્મનના ટોળાંમાં ઘૂસી ગયો. મેં જોયું કે દુશ્મનની છાવણીઓમાં વંટોળિયાનું તોફાન મચેલું છે. અને અલ્લાહની ગૈબી ફોજે પૂરા બળથી પોતાની કામગીરી બજાવી રહી છે. પવનના બરફીલા સૂસવાટા તેઓની હાંડીઓમાં, તેઓની આગમાં, તેઓના તંબુઓમાં ઝંઝાવાત મચાવતા હતા. એટલામાં શું જોઉં છું કે અબૂ સુફયાન અચાનક ઊભો થઇ ગયો અને મારી તરફ આંગળી ચીંધતાં બોલ્યો, "હે કુરૈશ ! જુઓ તો ખરા. પેલું ત્યાં કોણ બેઠેલું છે ? કોઇ અજાણ્યો માણસ લાગે છે."

એક માણસે ઝીણી આંખે ધારીધારીને મારી તરફ જોયું અને પછી બોલ્યો, "મને તો એ હુઝૈફહ જેવો લાગે છે."

મારી બાજુમાં જ એક માણસ બેઠેલો હતો. મેં ઝટ દઈને તેનો હાથ ઝાલી લેતાં પહાડી અવાજે પૂછયું, "હે ભાઇ ! તું કોણ છે ? તારૂં નામ શું છે, તારા બાપનું નામ શું છે ?"

તે બોલ્યો, "હું તો ફલાણો બિન ફલાણો બિન ફલાણો છું." [1]

મક્કહ પાછા વળોની જાહેરાત————એ પછી અબૂ સુફયાને ઘાંટો ગજાવતાં પોતાના લશ્કરને કહ્યું, "હે કુરૈશી જવાનો ! જુઓ, અલ્લાહના સોગંદ ! આપણે એવી જગાએ આવી ચઢયા છીએ જયાં જૂતીઓ સુધ્ધાં ફાટી ગઇ છે. આપણા ઘોડા અને આપણા ઊંટો હલાકતને ઘાટ ઊતરી ગયા છે. બનૂ કુરૈઝહના યહૂદે આપણી સાથે વિશ્વાસઘાત કર્યો છે. તેઓએ દગાખોરીથી કામ લઈને જે માગણી રજુ કરી તે ધિક્કારને પાત્ર છે. તમે જુઓ છો કે આપણે આંધીની આફતમાં સપડાયેલા છીએ. ન આપણી હાંડીઓ ચૂલા પર સલામત રહી, ન આપણી આગ સળગતી રહી, ન આપણા તંબૂઓ ખૂંટા સાથે વળગેલા રહ્યા. માટે ચાલો પાછા વળો. હું મક્કહ તરફ કૂચ કરૂં છું, તમે પણ કૂચ કરો."

હઝરત હુઝૈફહ ફરમાવે છે : "આમ કહીને અબૂ સુફયાન પોતાના ઊંટ પાસે જઈને ઊભો થઇ ગયો. તેનો

---

૧. આ તરકીબથી હઝરત હુઝૈફહએ પોતાની જાન બચાવી લીધી કેમકે તેઓ છુપા વેશે જાસૂસી માટે લશ્કરના સેનાપતિ સુધી પહોંચી ગયા હતા. "હ"

ઊંટ દોરડીથી બંધાઈને ઝંઝાવાતી પવનના સપાટા ઝીલતો હતો. અબૂ સુફયાને ઊંટને ઊભો કર્યો. પછી તેની પીઠ પર સવાર થઈને તેને થાબડા મારવા લાગ્યો. ઊંટ પોતાની જગાએ કાયમ રહીને ત્રણ વખત ઊછળ્યો-કૂદયો પણ તેના પગોની દોરડી તૂટી શકી નહિ. ઊંટ ઊભેલો હતો ત્યાંને ત્યાં જ ઊભેલો રહી ગયો.''

હઝરત હુઝૈફહ ફરમાવે છે : ''જો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારી પાસેથી સીધા આવી જવાનું, કોઈની સાથે વાત નહિ કરવાનું અને કોઈ કામગીરી નહિ બજાવવાનું વચન ના લીધું હોત તો અબૂ સુફયાનને એજ હાલતમાં તીરથી વીંધીને ઠેકાણે પાડી દેત !''

હઝરત હુઝૈફહની વાપસી————હઝરત હુઝૈફહનું બયાન છે : ''કુરૈશના પડાવથી ઊપડીને હું સીધો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. તે વેળા આપ પોતાના પાક બેગમોમાંથી કોઈ બીબીની નકશીદાર યમની ચાદર ઓઢીને નમાઝમાં તલ્લીન હતા. મને આવેલો જોઈને આપે પોતાના ચરણોમાં મને બેસાડી લીધો અને ચાદરનો એક પલ્લૂ મુજ પર નાખી દીધો. હું ચાદરમાં જ હતો અને આપ રૂકૂઅ સિજદા કરતા રહ્યા. જયારે આપે નમાઝ પૂરી કરી તો નમાઝના સલામ બાદ, દુશ્મનની છાવણીમાં જે કંઈ બન્યું હતું અને જે કંઈ મેં જોયું હતું તેની પૂરી વિગત આપને કહી સંભળાવી.

બીજી તરફ ખન્દકની પેલે પાર ગત્ફાની લશ્કરના જથ્થાઓએ જયારે જોયું કે અબૂ સુફયાન અને તેનું કુરૈશી લશ્કર કૂચ કરતું મક્કહ તરફ ઊપડી રહ્યું છે તો તેઓએ પોતે પણ મક્કહ તરફ હંકારી મૂક્યું.

આ રીતે ઇસ્લામના દુશ્મન કાફિરોનું દસ હજારનું લશ્કર પરાજયના આઘાતથી હીણુંહલકું પડીને કે નિષ્ફળતાના ઘાથી ઘાયલ થઈને, પોતાના જ ગુસ્સામાં વળ ખાતું મેદાન મૂકીને મક્કહ તરફ પલાયન થઈ ગયું. ન વિજયનો આનંદ મળ્યો ન ગનીમતની કોઈ વસ્તુ હાથ લાગી. એનો આબેહૂબ ચિતાર કુર્આને આ રીતે દર્શાવ્યો છે:

વ રદ-દલ લાહુલ લઝીન કફરૂ	અને પાછા પલટાવી દીધા અલ્લાહએ કાફિરોને
બિ-ગયઝિ - હિમ.	તેઓના જ ગુસ્સામાં વળ ખાતા.
લમ યનાલૂ ખયરા.	તેઓને મળ્યો નહિ કંઈ જ લાભ.
વ કફલ - લાહુલ	અને લઈ લીધી અલ્લાહએ પોતાની ઉપર
મુઅ - મિનીનલ- કિતાલ.	મુસલમાનોની આ લડાઈ. (અહઝાબ આયત ૨૫)

ઇબ્ને ઇસ્હાક કહે છે : અને જયારે પ્રભાતનું અજવાળું રેલાયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ પોતાના સહાબાના લશ્કર સાથે ખન્દક છોડીને મદીનહ તરફ તશરીફ લઈ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે તમામ મુસલમાનોએ પણ પોતપોતાના હથિયાર ઉતારી નાખ્યા.

Maktabe Ashraf

પ્રકરણ ૧૨૧

ગઝવએ-બનૂ કુરૈઝહ

——યહૂદીઓની ગદ્દારીનો અંજામ——

(સન ૫ હિજરી)

હઝરત જિબ્રીલની પધરામણી ● બનૂ કુરૈઝહ પર ચઢાઈનું એલાન ● હઝરત અલી યહૂદની વસતિમાં ● હઝરત જિબ્રીલ યહૂદીઓની વસતિમાં ● મોડેથી આવનારા મુસલમાનો ● બનૂ કુરૈઝહની નાકાબંદી ● જીવન મરણની ત્રણ વાતો ● સલાહ માટેની યહૂદીઓની માગણી ● હઝરત અબૂ લુબાબહની ભૂલ ● હઝરત અબૂ લુબાબહનો પસ્તાવો ● હઝરત અબૂ લુબાબહને મળેલી માફી ● તોબા કબૂલ થવાની કુર્આની બશારત ● ત્રણ યહૂદીઓનો ઈસ્લામ સ્વીકાર ● એક યહૂદીની અજીબ ઘટના ● બનૂ કુરૈઝહ માટે માફીની દરખાસ્ત ● હઝરત સઅદ બિન મુઆઝની હાલત ● હઝરત સઅદનો ફેસલો ● ગદ્દારો માટે તવરાતનો કાનૂન ● યહૂદીઓની કતલગાહ ● હુય્ય બિન અખ્તબની કતલ ● એક યહૂદી સ્ત્રીની કતલ ● એક યહૂદી બુઢ્ઢાનો અજીબ બનાવ ● બે યહૂદી કિશોરોનો મામલો ● યહૂદીઓની માલમિલકતની વહેંચણી ● રૈહાનહ ખાતૂનનો બનાવ ● યહૂદીઓની બરબાદીનો ચિતાર.

હઝરત જિબ્રીલની પધરામણી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મુહંમદ ઈબ્ને શિહાબ ઝુહરીના બયાન મુજબ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પોતાના સહાબાના લશ્કર સાથે જંગે-ખન્દકથી પરવારીને મદીનહ વાપસ પધાર્યા. આપની સાથે તમામ મુસલમાનોએ પોતાના શરીરે સજેલાં હથિયાર ઉતારી નાખ્યાં. એજ દરમિયાન ઝુહરની નમાઝનો સમય આવી લાગ્યો. એજ વેળા અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. હઝરત જિબ્રીલે પોતાને માથે રેશમી પાઘડી સજેલી હતી અને પોતે એક ખચ્ચરની પીઠ પર સવાર થઈને આવેલા હતા. ખચ્ચરની પીઠ પર જીન સજેલું હતું અને જીન પર રેશમી કપડું પડેલું હતું.

"યા રસૂલલ્લાહ ! શું આપે પોતાના હથિયાર ઉતારી નાખ્યાં ?" હઝરત જિબ્રીલે પૂછયું.

આપે ફરમાવ્યું, "હા અલ્લાહ તઆલાએ દુશ્મનને દફે કર્યો અને નિરાંત થઈ એટલે હથિયાર ઉતારી નાખ્યાં."

"પણ યા રસૂલલ્લાહ ! "જિબ્રીલે કહ્યું," અલ્લાહના ફરિશ્તાઓએ હજુ નતો હથિયારો ઉતારેલાં

છે ન તેઓ પાછા વળેલા છે કેમકે તેઓની જરૂરત હજુ બાકી છે."

આપે ફરમાવ્યું, "કેવી જરૂરત ?"

જિબ્રીલે અરજ કરી, "અલ્લાહ તઆલાએ આપને બનૂ કુરૈઝહની વસતિ તરફ કૂચ કરવાનો હુકમ ફરમાવ્યો છે. હું પોતે પણ તેઓની વસતિ તરફ જઇ રહ્યો છું. ત્યાં પહોંચતાં જ હું તેઓની વસતિમાં ધરતીકંપ નાખું છું."

બનૂ કુરૈઝહ પર ચઢાઇનું એલાન———એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક સહાબીને બોલાવીને ફરમાવ્યું :

> "મુસલમાનોમાં જઇને એલાન પોકારી દો કે જે લોકો અલ્લાહ અને તેના રસૂલની તાબેદારી કરનારા છે તેઓ અસરની નમાઝ અહીં નહિ, બનૂ કુરૈઝહની વસતિમાં જઇને પઢે."

ઇબ્ને હિશામ કહે છે : આ એલાન પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ મદીનહના હાકિમ તરીકે હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમ્મે મકતૂમની નિમણૂક કરી.

હઝરત અલી યહૂદની વસતિમાં———એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબી તાલિબને ઇસ્લામી લશ્કરનો ઝંડો આપીને "મુ-કદ-દિમતુલ-જૈશ" તરીકે બનૂ કુરૈઝહની વસતિ તરફ મોકલાવી દીધા. [1] હઝરત અલીને જંગી ઝંડા સાથે જતા જોઇને ઘણા મુસલમાનો પણ દોડીને એમની સાથે શામિલ થઇ ગયા. હઝરત અલી ચાલતા-ચાલતા બનૂ કુરૈઝહના કિલ્લાઓ પાસે પહોંચી ગયા. એમને આવેલા જોઇને કિલ્લાઓમાંથી દેકારા અને પડકારા ગાજવા લાગ્યા. યહૂદીઓ બેબાકળા થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં અણછાજતા અને અપમાનભર્યા નઅરા ગજાવતા હતા. તેઓના બેહૂદા પડકારા સાંભળીને હઝરત અલી પોતાના સાથીઓ સાથે પાછલા પગે વળી ગયા. રસ્તામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મુલાકાત થઇ તો હઝરત અલીએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! એ કાળામુખાઓની નઝદીક પણ નહિ જશો."

આપે ફરમાવ્યું, "કેમ શું થયું ? નઝદીક પણ કેમ નહિ જવું ? કદાચ તમે તેઓને મુખે મારી ભાંડણલીલાના શબ્દો સાંભળ્યા હશે ?"

હઝરત અલીએ હકારમાં જવાબ આપ્યો તો આપે ફરમાવ્યું, "વાંધો નહિ, તેઓ મને જોઇ લેશે તો તેવું બોલશે નહિ."

કિલ્લા પાસે પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદીઓને સંબોધીને ફરમાવ્યું, "હે ભોજલાંઓના ભાઇઓ ! શું અલ્લાહ તઆલાએ તમને ઝલીલો-ખ્વાર નહિ કર્યા? અને શું અલ્લાહ તઆલાએ તમારી ઉપર વાંદરા બની જવાનો અઝાબ નહિ ઉતાર્યો ?"

બનૂ કુરૈઝહ બોલ્યા, "હે અબુલ-કાસિમ ! સાચી વાત છે. આપને એ બનાવની પૂરી ખબર છે અને

૧. મુ-કદ-દિમતુલ-જૈશ : લશ્કરી સૈનિકોની એવી ટુકડી જે લશ્કરની વ્યવસ્થા માટે સૌથી આગળ રહે છે. "હ"

આપ અમારા કરતાં એ બનાવની વધારે માહિતી ધરાવો છો." [૧]

હઝરત જિબ્રીલ યહૂદીઓની વસતિમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સહાબાની એક જમાઅત સાથે યહૂદીઓની વસતિ તરફ જવા રવાના થયા. ચાલતાં-ચાલતાં જ્યારે રસ્તામાં "સવરૈન" નામની જગાએથી પસાર થયા તો ત્યાં કેટલાક માણસો ઊભેલા જોવામાં આવ્યા. આપે તેઓને પૂછ્યું, "શું તમે અહીંથી કોઈ માણસને જતાં જોયો છે ?"

તેઓ બોલ્યા, "હા યા રસૂલલ્લાહ ! હમણા જ અહીંથી દિહયહ બિન ખલીફહ કલબી પસાર થયા છે. તેઓ સફેદ ખચ્ચર પર સવાર હતા. ખચ્ચરની પીઠ પર જીન કસેલું હતું અને જીન પર રેશમી કપડું પડેલું હતું [૨]

આપે ફરમાવ્યું, "એ જિબ્રીલ હતા. અલ્લાહ તઆલાએ એમને બનૂ કુરૈઝહની વસતિ તરફ તેઓના કિલ્લાઓના પાયા હચમચાવી નાખવા માટે મોકલ્યા છે જેનાથી તેઓના દિલો થથરી ઊઠશે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અહીંથી પોતાના સહાબા સાથે રવાના થયા અને બનૂ કુરૈઝહની વસતિમાં પધારીને તેઓના "બીરે-અના" નામે કૂવા પાસે પડાવ નાખીને બિરાજમાન થયા. ઈબ્ને હિશામ કહે છે : યહૂદીઓના આ કૂવાનું નામ બીરે-અન્ની હતું.

મોડેથી આવનારા મુસલમાનો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હવે મદીનહ તરફથી મુસલમાનોના ટોળેટોળા આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં એકત્ર થવા લાગ્યાં. મુસલમાનોનું આગમન ચાલુ જ રહ્યું ત્યાં સુધી કે કેટલાક મુસલમાનો તો ઈશાની નમાઝ પછી આવ્યા. જો કે એલાનમાં આપે ફરમાવી દીધું હતું કે કોઈ મુસલમાન અસરની નમાઝ મદીનહમાં નહિ, બનૂ કુરૈઝહની વસતિમાં પહોંચીને પઢે. મોડા આવનારા સાહેબોએ હજુ સુધી અસરની નમાઝ પઢી ન હતી. નમાઝ નહિ પઢવાનું અને મોડા પડવાનું કારણ જંગને લગતી તૈયારી જ હતી. અનિવાર્ય સંજોગોને લીધે જ તેઓ મોડા પડયા હતા એટલે જ તેઓએ આપના એલાન મુજબ અસરની નમાઝ પઢી ન હતી. પછી જ્યારે એ લોકો બનૂ કુરૈઝહની વસતિમાં આપની પાસે પહોંચી ગયા તો પ્રથમ તેઓએ ઈશાની નમાઝ અદા કરી અને ઈશાની નમાઝ ખતમ કરીને લાગલી જ અસરની નમાઝ પઢી લીધી. અસરની નમાઝ કઝા કરવા બદલ અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં એ લોકોને ન તો કોઈ ઠપકો આપ્યો ન પોતાની નારાજી દર્શાવી.

બનૂ કુરૈઝહની નાકાબંધી——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ કુરૈઝહની વસતિની નાકાબંધી ૨૫ રાતો સુધી લગાતાર ચાલુ રાખી ત્યાં સુધી કે તેઓ આ જડબેસલાક નાકાબંધીથી કંટાળીને થાકીને પાકી ગયા. અલ્લાહ તઆલાએ તેઓના દિલો પર મુસલમાનોની દહેશત નાખી દીધી.

કુરૈશ અને ગત્ફાનના લશ્કરોના ચાલ્યા જવા પછી હુય્ય બિન અખ્તબ જે બનૂ નદીરના યહૂદનો બાદશાહ

---

૧. અલ્લાહ તઆલાએ યહૂદીઓના પૂર્વજોની એક કૌમને તેની નાફરમાનીઓ અને અલ્લાહ તઆલા સાથે છેતરપિંડીની રમતને કારણે વાંદરાઓના વિકૃત રૂપમાં ફેરવી નાખી હતી. એનું બયાન કુર્આનના પહેલા પારહમાં અને નવમા પારહની સુરએ- અઅરાફમાં થયું છે. સૂરએ-બકરહની આયત ૬૫ માં છે : "કૂનૂ કિ-ર - દતન ખાસિઈન." એટલે જાવ ધુતકારાયેલા વાંદરા બની જાવ અને તેઓ વાંદરા બની ગયા. "હ"

૨. હઝરત દિહયહ બિન ખલીફહ કલબી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા સહાબી હતા. બહુ દેખાવડા, રૂપાળા, જાજરમાન જવાન હતા. હઝરત જિબ્રીલ ઘણું કરીને એમની જ શકલ સૂરતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પધારતા હતા. "હ"

Maktabe Ashraf

હતો અને જે પોતાની કૌમ સાથે મદીનહથી તડીપાર થઇને ખૈબરમાં જઇને વસી ગયો હતો અને જેણે મુસલમાનો સાથેના કરાર તોડી નાખવા બદલ બનૂ કુરૈઝહના બાદશાહ કઅબ બિન અસદને, સાથે જીવવાનું-સાથે મરવાનું વચન આપ્યું હતું તે, પોતાની જાન બચાવીને ખૈબર ભાગી નહિ ગયો બલકે મર્દબચ્ચા પેઠે વચન-પાલન માટે બનૂ કુરૈઝહની સાથે તેઓના કિલ્લામાં જ રહી ગયો હતો.

જીવન-મરણની ત્રણ વાતો——————જ્યારે બનૂ કુરૈઝહના યહૂદને પાકે પાયે ખાતરી થઇ ગઇ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગ કર્યા વિના અહીંથી પાછા જવાના નથી તો તેઓના સરદાર કઅબ બિન અસદે પોતાની કૌમને સંબોધીને કહ્યું, "હે યહૂદીઓની જમાઅત ! જે સંકટ આપણા માથે તૂટી પડ્યું છે એ તમે પોતે જોઇ રહ્યા છો. હવે હું ત્રણ વાતો તમારી આગળ રજૂ કરૂં છું. એમાંથી જે પસંદ કરવા લાયક હોય તેને કબૂલ કરી લો."

યહૂદીઓએ પૂછ્યું, "એ ત્રણ વાતો શું છે ? જરા વિગતથી સમજાવો !"

કઅબ બિન અસદે પોતાનું બયાન ચાલુ રાખ્યું, "પહેલી વાત આ છે કે આપણે એ શખ્સની તાબેદારી સ્વીકારી લઇએ અને એની પયગમ્બરીનું સમર્થન કરીને મુસલમાન બની જઇએ. હું અલ્લાહના સોગંદ ખાઇને કહું છું કે મારી પેઠે તમને બધાને પણ ખાતરી છે કે, એ શખ્સ યકીની રીતે નબીય્યે-મુરસલ એટલે અલ્લાહના મોકલેલા પયગમ્બર છે અને આ વાત પણ જગજાહેર છે કે એ તેજ પયગમ્બર છે જેનો ઉલ્લેખ આપણી કિતાબ તવરાતમાં દાખલા-દલીલો સાથે થયેલો છે અને જેને આપણે રોજ વાંચીએ છીએ. હવે જો તમે તેનું સમર્થન અને અનુકરણ કરી લેશો તો પોતાના જાન-માલ, આલ-અવલાદ, ખેતીવાડી અને પોતાની ઔરતોને સુરક્ષિત કરીને તમામ આફતોથી નચિંત થઇ જશો. બોલો તમારો શું જવાબ છે?"

આ સાંભળીને યહૂદીઓએ મક્કમતાથી કહ્યું, "અમે તવરાતનો ધર્મ કદી છોડવાના નથી, ન એને બદલે કોઇ બીજો ધર્મ કબૂલ કરવા તૈયાર છીએ."

કઅબ બોલ્યો, "વારૂ મારી પહેલી વાત તમને માન્ય નથી તો આવો, પ્રથમ આપણે આપણા બેટા-બેટીઓ અને ઓરતોને પોતાના હાથે કતલ કરી નાખીએ પછી આપણા શમશેરબાજોને સાથે લઇને આગળ બઢીએ અને તલવારો તાણીને મુસલમાનો પર તૂટી પડીએ અને ત્યાં સુધી લડીએ કે અલ્લાહ, તેઓ વચ્ચે અને આપણી વચ્ચે આખેરી ફેસલો કરી દે. જો આ મુકાબલામાં આપણે હાર્યા તો સમજી લેવું કે જમીન પરથી આપણી નસલની જડ કપાઇ ગઇ. સૌથી મોટી ચિન્તા આપણને આપણી ઔરતો અને અવલાદની જ છે. પણ જો આપણે જીતી ગયા તો મારા પ્રાણના સોગંદ, ઔરતો અને બચ્ચાં તો જેટલાં જોઇએ તેટલાં આપણને મળી જ રહેશે."

આ વાત સાંભળીને યહૂદીઓ બોલ્યા, "એ પણ બને નહિ. પોતાના હાથે પોતાની બેગુનાહ ઔરતો અને નિર્દોષ બચ્ચાંઓને અમે કેવી રીતે કતલ કરીએ ? એમની હત્યા પછી જીવનનો શો આનંદ અને જીવવાના શો અર્થ ?"

કઅબ બિન અસદે કહ્યું, "મારી બીજી વાત પણ તમને મંજૂર નથી તો હવે ત્રીજી અને છેવટની વાત સાંભળી લો. જુઓ આજે શનિવારની રાત છે. મુહંમદને આપણે દરખાસ્ત કરીએ કે આજની રાત માટે અમને જીવતદાન આપી દો. મને યકીન છે કે મુહંમદ આપણી વાત માની લેશે. શનિવારે લડવું આપણા માટે હરામ

છે એ વાત તેઓ જાણે છે જેથી તેઓ આપણા તરફથી નચિંત થઇને ઊંઘતા રહેશે. પછી મોડી રાતે ચૂપચાપ કિલ્લાઓમાંથી નીકળીને મુસલમાનો પર ઓચિંતા તૂટી પડીએ. બનવા જોગ છે આ રીતે તેઓને અંધારામાં રાખીને આપણે પોતાના હેતુમાં કામયાબી મેળવી લઇએ. "

એનો જવાબ યહૂદીઓએ આ રીતે આપ્યો, "હે કઅબ ! જુઓ શનિવાર આપણા મઝહબી તહેવારનો દિવસ છે. એની પવિત્રતા જાળવવી આપણા મઝહબનું ફરમાન છે. મઝહબની મર્યાદાનો ભંગ કરીશું તો એ પોતાના હાથે પોતાના પગ પર કુહાડો મારવા જેવું છે. મઝહબમાં બિદઅતો ઘડી કાઢવી અને નવી વાતો ઉપજાવી કાઢવી તે અલ્લાહના અઝાબને નોતરવા સમાન છે. આપણા પૂર્વજો એવી જ ભૂલ કરી ચૂકયા છે જેની શિક્ષા રૂપે અલ્લાહએ તેઓના ચેહરા બગાડી નાખ્યા હતા. આ વાતો આપણી કિતાબમાં લખેલી છે અને આપણે રોજ તેનું વાંચન કરીએ છીએ."

"આહ મારી કૌમ ! અફસોસ મારી કૌમ !" કઅબે ભારે નિરાશા અને દુઃખની લાગણીથી નિસાસો નાખતાં કહ્યું, "સાંભળો, તમારામાંથી દરેક માણસ જ્યારથી પૈદા થયો છે, આજ સુધી એક પણ રાત એવી ગુજારી શકયો નથી જેમાં તે, પોતાનું ધારેલું કામ પાર પાડી શકયો હોય !"

સલાહ માટેની યહૂદીઓની માગણી————પચ્ચીસ રાતોના લગાતાર ઘેરાને અંતે અને પોતાના બાદશાહ જેવા કઅબ બિન અસદની ત્રણે માગણીઓને ઠુકરાવી દેવા પછી બનૂ કુરૈઝહના યહૂદે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સંદેશો મોકલાવ્યો કે, "હે મુહંમદ ! તમારો એક સાથી કે જેનું નામ અબૂ લુબાબહ બિન મુનઝિર છે તેને અમારી પાસે મોકલાવો, કે જેથી અમે અમારા મામલા અંગે તેની સલાહ લઇ શકીએ. એ અમારૂં ભલું ચાહનારો ભલો મિત્ર છે. અમને વાજબી જ સલાહ આપશે."

હઝરત અબૂ લુબાબહ બિન મુનઝિર મદીનહના અન્સારના બનૂ અમ્ર બિન ઔફના ખાનદાનમાંથી એક આગેવાન ગૃહસ્થ હતા. બનૂ કુરૈઝહના યહૂદીઓ સાથે અગાઉથી કરારોથી જોડાયેલા હતા. બંને વચ્ચે મૈત્રીના ખુશગવાર સંબંધો બાપદાદાથી ઊતરી આવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદીઓની દરખાસ્ત મંજૂર ફરમાવીને હઝરત અબૂ લુબાબહને તેઓની પાસે મોકલાવી આપ્યા.

હઝરત અબૂ લુબાબહની ભૂલ————જેવા જ હઝરત અબૂ લુબાબહ કિલ્લામાં દાખલ થયા, એમને જોતાં જ બધા યહૂદીઓ માનભેર ઊભા થઇ ગયા. સ્ત્રીઓ અને બાળકોએ ચારે તરફથી આવીઆવીને એમને ઘેરી લીધા. બધાં જ એમની પાસે આવીને રડવા પીટવા લાગી ગયાં. ડૂસકાંઓથી વાતાવરણ ઘેરૂં બની ગયું. હઝરત અબૂ લુબાબહનું હૈયુ પણ ભરાય આવ્યું. તેઓનું દુખ જોઇને અનુકંપાની લાગણીથી પોતે પણ ગળગળા થઇ ગયા.

યહૂદીઓએ દયામણા સ્વરે કહ્યું, "અબૂ લુબાબહ ! નસીબના ચક્કરથી અમે જે સંકટમાં સપડાયા એ તમે જાણો છો. હવે અલ્લાહ અને તમારા વગર અમારો કોઇ બેલી નથી. તમે અમારા મિત્ર છો. અમારૂં ભલું ચાહનારા છો. અમારે હવે શું કરવું ? કહો અમારા મામલામાં તમારી શું સલાહ છે ? શું મુહંમદના આદેશ મુજબ અમારે કિલ્લામાંથી નીચે ઊતરી આવવું ?"

જવાબમાં હઝરત અબૂ લુબાબહએ પોતાનું માથું હકારમાં ધુણાવી દીધું. પરંતુ એની સાથે જ બે-ખ્યાલી કે બે-ધ્યાનીમાં એમનો હાથ પોતાના ગળાં તરફ ચાલ્યો ગયો અને અણધારેલી રીતે પોતાના ગળાં તરફ પોતાની

આંગળી ચીંધીને ઈશારો કરી દીધો જેનો અર્થ આ હતો કે, "જેવા જ કિલ્લાથી નીચે ઊતર્યા કે જાનથી ગયા !" મોઢેથી કશું બોલ્યા નહિ, ફક્ત આંગળી પોતાના ગળાં તરફ ચીંધીને ઈશારો જ કર્યો કે, હે યહૂદીઓ ! તમારૂં કિલ્લામાંથી નીકળી આવવું ઝબહ થઈ જવા જેવું છે.

ઈશારો કરતાં તો કરી દીધો પછી શું બન્યું તેની વિગત ખુદ હઝરત અબૂ લુબાબહના જ મુખે સાંભળો. હઝરત અબૂ લુબાબહનું પોતાનું બયાન છે :

"બે-ધ્યાનીમાં આંગળીથી મારા ગળાં તરફ ઈશારો તો મેં કરી દીધો પણ વલ્લાહ ! બીજી જ મને ભાન થયું કે અરે મેં આ શું કરી નાખ્યું ? આ તો અલ્લાહ અને તેના રસૂલ સાથે મેં ચોખ્ખો વિશ્વાસઘાત કર્યો છે. આ વિશ્વાસઘાત કે ગદ્દારીનું ભાન થતાં જ હું માથાથી પગ સુધી થથરી ઊઠયો. એ પછી મારા હોશ મારા કાબૂમાં નહિ રહ્યા. ભાન ભૂલીને હું શૂન્ય-મનસ્ક બની ગયો. મારૂં મગજ બહેર મારી ગયું."

હઝરત અબૂ લુબાબહનો પસ્તાવો————એજ પળે એજ ભાનસૂની દશામાં, પારાવાર પરેશાની અને પશેમાની સાથે, યહૂદીઓ પાસેથી ઊઠીને હું ચાલી નીકળ્યો. પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જવાને બદલે સીધો મસ્જિદે-નબવીમાં પહોંચી ગયો. મારા પગો પોતે મને દોરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં લઈ ગયા. અહીં પહોંચીને મેં પોતાને મસ્જિદના એક થાંભલા સાથે દોરડીથી બાંધી લીધો અને નિરંકુશ રીતે રડવા લાગી ગયો. આંસુ હતાં કે ધોધ પેઠે ધસારાભેર વહેતાં હતાં. મેં મનમાં ગાંઠ વાળી લીધી કે આ સ્થળેથી ત્યાં સુધી નહિ ટળું જ્યાં સુધી કે અલ્લાહ મારી તોબા કબૂલ નહિ કરે. પછી મેં અલ્લાહ પાસે સોગંદ લીધા કે હવે પછી બનૂ કુરૈઝહની વસતિમાં પગ નહિ મૂકું અને આજ પછી આ શહેરમાં કોઈના દીઠામાં નહિ આવું, તે શહેર કે જેમાં અલ્લાહ અને તેના રસૂલ સાથે મેં ગદ્દારી કરી છે."

ઈબ્ને હિશામ કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબૂ કતાદહ તરફથી મળેલી રિવાયત મુજબ હઝરત અબૂ લુબાબહના એજ મામલા અંગે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

યા ઐયુહલ - લઝીન આમનૂ.	હે તે લોકો જેઓ ઈમાન લઈ આવ્યા !
લા તખૂનૂલ્લાહ વર-રસૂલ.	તમે ખિયાનત ન કરો અલ્લાહ અને તેના રસૂલ સાથે.
વ તખૂનૂ અમાનાતિ કુમ.	અને ન ખિયાનત કરો પોતાની અમાનતમાં,
વ અન્તુમ તઅ-લમૂન.	જ્યારે કે તમે જાણો છો. [1]

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અબૂ લુબાબહનો ઈન્તેઝાર ફરમાવતા હતા. જ્યારે તેમની વાપસીમાં ખાસ્સો વિલંબ થયો તો તપાસને અંતે મૂળ બનાવની જાણ થતાં આપે ફરમાવ્યું :

"અગર અબૂ લુબાબહ મારી પાસે હાજર થઈ જાત તો હું તેના માટે આ ભૂલ બદલ અલ્લાહની બારગાહમાં માફીની દુઆ માગતે. હવે અબૂ લુબાબહએ એવું પગલું લીધું છે કે જ્યાં સુધી અલ્લાહ તેની તોબા કબૂલ નહિ કરે, હું તેને થાંભલાના બંધનથી છોડી શકું નહિ."

૧. સૂરએ-અન્ફાલ પા. ૯ આયત ૨૭

Maktabe Ashraf

હઝરત અબૂ લુબાબહને મળેલી માફી————ઇબ્ને ઇસ્હાક કહે છે : યઝીદ બિન અબ્દુલ્લાહ બિન કુસૈતે મને માહિતી આપી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના પાક બેગમ હઝરત ઉમ્મે-સલમહના મકાનમાં બિરાજમાન હતા. વહેલી સવારનો સમય હતો. પ્રભાતનું અજવાળું રેલાયું ન હતું. આપ નમાઝ અને દુઆમાં મશગૂલ હતા એટલામાં અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ આપની તહેનાતમાં પધાર્યા અને અલ્લાહ તઆલાએ અબૂ લુબાબહની તૌબા કબૂલ કરી લીધી તે અંગેની આયત આપને પઢી સંભળાવી. એ આયત સાંભળીને આપનો નૂરાની ચેહરો આનંદની મુસ્કુરાહટથી પ્રફુલ્લી રહ્યો.

બીબી હઝરત ઉમ્મે સલમહ ફરમાવે છે : "મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વહેલી સવારે જોયા કે આપના નૂરાની હોઠો પર ગુલાબી હાસ્ય ફરકી રહ્યું છે. મેં નવાઇ પામીને અરજ કરી, "યા રસૂલલ્લાહ ! અલ્લાહ આપને હમેશા હસતા રાખે. આજે વહેલી સવારે આપના નૂરાની હોઠો પર મીઠું હાસ્ય રમી રહ્યું છે. એનું શું કારણ છે ?"

ફરમાવ્યું, "અબૂ લુબાબહની તૌબા કબૂલ થઇ ગઇ."

મેં અરજ કરી, "જઇને અબૂ લુબાબહને એની વધામણી નહિ આપું ?"

ફરમાવ્યું, "હા તમારી ઇચ્છા હોય તો જઇને વધામણી આપી આવો."

હઝરત ઉમ્મે સલમહ પોતાના મકાનની ઓરડીને બારણે [1] જઇને ઊભા થઇ ગયાં અને આ ત્યારની વાત છે કે મુસલમાન ઓરતો માટે પરાયા પુરૂષોથી પર્દો કરવાનો હુકમ હજુ ઊતરેલો ન હતો. હઝરત સલમહએ બારણે ઊભા રહીને પોકાર પાડ્યો, "હે અબૂ લુબાબહ ! વધામણી હો, અલ્લાહ તઆલાએ તમારી તૌબા કબૂલ કરી લીધી છે."

હઝરત ઉમ્મે સલમહનું બયાન છે : "બધા મુસલમાનો ફજરની નમાઝ માટે મસ્જિદમાં આવી ગયા હતા. મારો પોકાર સાંભળતાં જ લોકો અબૂ લુબાબહ તરફ દોડી પડ્યા કે જેથી તેમને થાંભલાંના બંધનથી મુકત કરે.

લોકોની પડાપડી જોઇને અબૂ લુબાબહ બોલ્યા, "ના, નહિ, વલ્લાહ બિલકુલ નહિ, હમણા મારે છૂટવું નથી, ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પધારીને પોતાના મુબારક હાથથી મને નહિ છોડે."

પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફજરની નમાઝ માટે મસ્જિદમાં પધાર્યા તો અબૂ લુબાબહ પાસે જઇને પોતાના મુબારક હાથથી આપે તેમને થાંભલાથી છોડીને આઝાદ કરી દીધા.

તૌબા કબૂલ થવાની કુર્આની બશારત————ઇબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ લુબાબહ મસ્જિદે-નબવીમાં ખજૂરીના થાંભલાં સાથે લગાતાર છ રાતો સુધી બંધાયેલી હાલતમાં રહ્યા. દરેક નમાઝના વખતે એમના બેગમ મસ્જિદમાં આવીને એમને થાંભલાંથી છોડી મૂકતાં અને નમાઝ ખતમ થતાં એમને પૂર્વવત બાંધીને ચાલ્યાં જતાં. કલામે-પાકની જે આયત એમની તૌબા કબૂલ થવા અંગે ઊતરી તે આ છે:

૧. પાક બીબીઓના મકાનો મસ્જિદની જોડે જ આવેલાં હતાં. "હ"

Maktabe Ashraf

વ આખરૂ-નઅ - ત-ર-ફૂ	અને બીજા તે લોકો જેઓએ કબૂલાત કરી લીધી
બિ ઝુનૂબિ હિમ.	પોતાના ગુનાહોની.
ખ-લ-તૂ અમલન સાલિહન	તેઓએ ભેળસેળ કરી દીધાં નેક કામોને
વ આખર સૈયિઆ.	બુરાં કામોની સાથે.
અસલ્લાહુ અંય-યતૂબ અલૈહિમ	આશા છે અલ્લાહ તેઓની તોબા કબૂલ કરી લે
ઈન્નલ્લાહ ગફૂરૂર રહીમ.	અને અલ્લાહ માફ કરનારો મોટો દયાળુ છે. [૧]

ત્રણ યહૂદીઓનો ઈસ્લામ સ્વીકાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ બનૂ કુરૈઝહના લોકો કિલ્લામાંથી નીકળીને બહાર આવી ગયા તે વેળા યહૂદીઓમાંથી ત્રણ ગૃહસ્થો———સઅલબા બિન સઅયહ, ઉસૈદ બિન સઅયહ અને અસદ બિન ઉબૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા. આ ત્રણે ગૃહસ્થો બનૂ હઝલની બિરાદરીમાંથી હતા. યહૂદીઓના બનૂ કુરૈઝહ કે બનૂ નદીરના કબીલા સાથે એમનો કોઈ સંબંધ ન હતો. એમનો વંશ આ કબીલાઓના વંશ કરતાં ઊંચો ગણાતો હતો. અને એ ત્રણે તેઓના કાકાભાઈઓની અવલાદમાંથી હતા. યહૂદીઓ કિલ્લા પરથી ઊતરી આવ્યા એજ રાતે આ ત્રણે ગૃહસ્થો મુસલમાન બની ગયા.

એક યહૂદીની અજીબ ઘટના——————એજ રાતના અંધારાંમાં બનૂ કુરૈઝહના યહૂદમાંથી અમ્ર બિન સુઅદી કુરઝી નામે ગૃહસ્થ કિલ્લા પરથી ઊતરીને ઘેરામાંથી બહાર જવા લાગ્યા. ઘેરાના નાકે પહોંચ્યા તો ત્યાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચોકીદાર હઝરત મુહંમદ બિન મસ્લમહ પહેરો ભરતા હતા. તેમણે એમને જોઈ લીધા. કડક સ્વરે પૂછયું, "ભાઈ ! તમે કોણ છો, કયાં જાઓ છો ?"

યહૂદી ગૃહસ્થ બોલ્યા, "મારૂં નામ અમ્ર બિન સુઅદી કુરઝી છે."

આ નામ સાંભળીને હઝરત મુહંમદ બિન મસ્લમહએ એમને ઓળખી લીધા. કેમકે આ અમ્ર બિન સુઅદી તે યહૂદી ગૃહસ્થ છે જેણે ગદ્દારી અને કરારભંગના મામલામાં પોતાની કૌમનો સાથ આપ્યો ન હતો. પૂરી કૌમનો વિરોધ કરીને એમણે સાફ શબ્દોમાં સુણાવી દીધું હતું કે હે મારી કૌમ ! તમે માનો કે નહિ માનો, પણ મુહંમદ અલ્લાહના સાચા રસૂલ છે અને અલ્લાહના રસૂલ સાથે હું કદી ગદ્દારી કરી શકું નહિ. આ વાત મુસલમાનોના કાનો સુધી પહોંચી ગઈ હતી. આ કારણે હઝરત મુહંમદ બિન મસ્લમહએ એમનો રસ્તો છોડી દીધો અને સાથે જ આ દુઆ માગી, "હે અલ્લાહ ! શરીફ અને સદાચારી માણસોની ભૂલો માફ કરી દેવાની મને સદ્બુધ્ધિ આપજે!"

અમ્ર બિન સુઅદી અહીંથી આગળ વધીને રાતના અંધારાંમાં ચાલતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદના દરવાજે જઈને ઊભા થઈ ગયા. થોડીવાર અહીં થોભીને ફરી આગળ વધ્યા અને એ પછી રાતના અંધારાંમાં તેઓ ધરતીના કયા ભાગમાં જઈને ગાયબ થઈ ગયા તેનો આજ સુધી કોઈને પત્તો મળ્યો નથી.

અમ્ર બિન સુઅદીના ગુમ થવાની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "આ તે યહૂદી ગૃહસ્થ છે જેની વફાદારી અને વચનપાલનના ઈનામ તરીકે અલ્લાહ તઆલાએ તેને નજાત

૧. સૂરએ-તવબહ પા. ૧૧ આયત ૧૦૨

આપી દીધી.''

બીજી રિવાયતો મુજબ અમ્ર બિન સુઅદીનો કિસ્સો એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી જયારે બનૂ કુરૈઝહના લોકોને કેદ કરવા માટે દોરડીઓથી બાંધવામાં આવ્યા તો અમ્ર બિન સુઅદીને પણ એક જૂની દોરડીથી બાંધી દેવામાં આવ્યા. આ જર્જરિત દોરડી આપમેળે કપાઇને નીચે પડી ગઇ. દોરડી કપાતાં તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા અને ઘેરાના નાકેથી પસાર થઇને બહાર નીકળી ગયા. એ પછી તેમનો પત્તો નહિ લાગ્યો કે રાતના અંધારાંમાં તેઓ કયાં ચાલ્યા ગયા અને તેમનું શું થયું ? આ તે રાતનો બનાવ છે કે જે રાતે રસૂલુલ્લાહના હુકમથી બનૂ કુરૈઝહના લોકોને કિલ્લા પરથી ઉતારીને કેદ કરી લેવામાં આવ્યા. હવે એમાંની કઇ રિવાયત ખરી છે તે અલ્લાહ બેહતર જાણે !

બનૂ કુરૈઝહ માટે માફીની દરખાસ્ત————બનૂ કુરૈઝહને કેદ કરી લેવામાં આવ્યા તો સવાર પડતાં જ અન્સારના ઔસ કબીલાના મુસલમાનો ઝડપભેર ચાલતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને કહેવા લાગ્યા,

''યા રસૂલલ્લાહ ! બનૂ કુરૈઝહના યહૂદ કાયમથી અમારા કરારી રહ્યા છે. બાપદાદાથી અમારી વચ્ચે આ સંબંધ ઊતરી આવે છે. જયારે કે અમારા ભાઇબંધ ખઝરજના લોકો બનૂ કૈનુકાઅના યહૂદ સાથે દોસ્તીના કરારથી જોડાયેલા રહ્યા છે. આથી પહેલાં બનૂ કૈનુકાઅના યહૂદ પણ ગદ્દારી કરી ચૂકયા છે જેની શિક્ષા રૂપે આપે તેઓને મદીનહથી કાઢી મૂકયા છે. એ ગદ્દારો જયારે આપના હુકમથી કિલ્લામાંથી નીકળ્યા હતા તો મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય- જે ખઝરજના કબીલામાંથી છે.— આપની સેવામાં દોડી આવ્યો હતો અને એ બધાને જીવતા છોડી મૂકવાની તેણે આપને ભલામણ કરી હતી અને તેની ભલામણનો સ્વીકાર કરીને આપે તેઓને જીવતા છોડી દીધા હતા. તો હવે યા રસૂલલ્લાહ ! આ બનૂ કુરૈઝહના ગદ્દારોના મામલામાં એમને જીવતા છોડી મૂકવાની અમારી ભલામણ કબૂલ નહિ ફરમાવો?''

જવાબમાં આપે ફરમાવ્યું, ''હે ઔસના મુસલમાનો ! શું તમે આ વાતથી ખુશ થશો કે તમારા જ કબીલાના એક સરદારને એમના ફેસલાનો અધિકાર હું સોંપી દઉં ?''

''કેમ નહિ યા રસૂલલ્લાહ ! અમે બહુ જ ખુશ છીએ. ફરમાવો, તે અમારો સરદાર કોણ છે?''

આપે ફરમાવ્યું, ''જાવ સઅદ બિન મુઆઝને મળો. એ તમારા કબીલાના સરદાર છે. બનૂ કુરૈઝહના ફેસલાની સત્તા મેં તેમને સોંપી દીધી. તેઓ જે ફેસલો કરે તે મને કબૂલ છે.''

હઝરત સઅદ બિન મુઆઝની હાલત————ઔસ કબીલાના સરદાર હઝરત સઅદ બિન મુઆઝ ખન્દકના યુધ્ધમાં દુશ્મનના તીરથી બુરી રીતે ઘવાઇ ગયા હતા. કોણી ઉપરની એમની ''અકહલ''નામે રગ કપાઇ ગઇ હતી. પુષ્કળ લોહી વહી જવાથી બેહદ કમજોર થઇ ગયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને અસ્લમ કબીલાના તબીબ ખાતૂન (લેડી ડૉકટર) હઝરત રૂફૈદહના દવાખાનમાં દાખલ કરાવી દીધા હતા. આ દવાખાનું એક તંબૂમાં હતું અને તંબૂ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદની બાજુમાં આવેલો હતો. આ શિફાખાનામાં તબીબી ખાતૂન હઝરત રૂફૈદહ, લડાઇમાં ઘવાયેલાઓના મલમપટ્ટા અને સારવાર કરતાં હતાં. હઝરત સઅદ દુશ્મનના તીરથી ગંભીર રીતે ઘવાય. તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સાગરીતોને ફરમાવ્યું હતું, ''સઅદને રૂફૈદહના તંબૂમાં દાખલ કરી દો કે જેથી હું જાતે

Maktabe Ashraf

એમની ખબર અંતર લેતો રહું." [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે હઝરત સઅદ બિન મુઆઝને બનૂ કુરૈઝહના કેસના "હકમ" એટલે જજ બનાવ્યા તો બનૂ ઔસના લોકો એમને તેડવા ગયા. હઝરત સઅદ બીમાર હોવાથી એમના માટે સવારીનો બંદોબસ્ત કરવામાં આવ્યો. બેહદ કમજોર હોવાથી સવારીના નરમ બિછાના પર ચામડાંનો સુંવાળો ગાદલો ગોઠવી દેવામાં આવ્યો. હઝરત સઅદ "જસીમ" અને "જમીલ" પુરૂષ હતા. (જસીમ એટલે મજબૂત બાંધાના ભારેખમ માણસ અને જમીલ એટલે રૂપાળા, દેખાવડા, જાજરમાન પુરૂષ) [૨]

લોકો એમને સવારી પર બેસાડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઇ આવ્યા. રસ્તામાં આ લોકો એમને કહેતા રહ્યા હતા કે :

> "હે અબૂ અમ્ર ! (હઝરત સઅદનું ઉપનામ) જોજે, દયા-માયાથી કામ લેજે. આપણા કરારીઓના મામલામાં તેઓની ઉપર ઉપકાર કરજો અને તેઓના કેસમાં દયાભરેલો ચુકાદો આપજો. એજ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમને તેઓના કેસના હકમ બનાવ્યા છે."

આ લોકો રસ્તામાં વારંવાર એવી જ આગ્રહભરેલી કાકલૂદીઓ કરતા રહ્યા તો હઝરત સઅદે ફરમાવી દીધું, "મારી એક વાત સાંભળી લો. સઅદ એવો માણસ નથી જે અલ્લાહના મામલામાં કોઇ ઠપકો આપનારના ઠપકાની પરવા કરે !"

આ જવાબ સાંભળીને એમની કૌમના કેટલાક મુનાફિકો ચુપચાપ ત્યાંથી સરકીને અબ્દુલ-અશહલના મહોલ્લામાં પહોંચી ગયા અને હઝરત સઅદ આવે તે પહેલાં બનૂ કુરૈઝહના યહૂદીઓની કત્લે-આમના સમાચાર ફેલાવી દીધા.

હઝરત સઅદ બિન મુઆઝ જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો એમને જોતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ત્યાં બેઠેલા લોકોને સંબોધીને ફરમાવ્યું, "તમારા સરદારની તઅઝીમ માટે ઊભા થઇ જાવ!"

સરદારના સન્માન અર્થે ઊભા થઇ જવાનો હુકમ કોના માટે હતો ? મક્કહના મુહાજિરોની દલીલ હતી કે આ હુકમ મદીનહના અન્સાર માટે હતો કેમકે સઅદ બિન મુઆઝ અન્સારના સરદાર હતા. ત્યારે અન્સાર દલીલ કરતા હતા કે આ હુકમ ત્યાં હાજર રહેલા તમામ લોકો માટે હતો કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમામ હાજરજનોને સંબોધીને હુકમ ફરમાવ્યો હતો.

મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ મળતાં જ ત્યાં હાજર રહેલા તમામ લોકો હઝરત સઅદ બિન મુઆઝની તઅઝીમ માટે ઊભા થઇ ગયા. લોકો હઝરત સઅદને આવકાર આપતાં બોલ્યા,

---

૧. હઝરત બીબી રૂફૈદહ રદિયલ્લાહુ અન્હા મદીનહના જાણીતા તબીબ ખાતૂન હતાં. ઇલ્મે-તિબ એટલે તબીબી વિદ્યાનો બહોળો અનુભવ ધરાવતાં હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગીથી એક તંબૂમાં શિફાખાનું કાયમ કરીને ઘવાયેલાઓ અને દરદીઓની સારવાર કરતાં હતાં. નીમ હકીમો એટલે ઊંટવૈદોને દરદીઓની દવાદારૂ કરવાની આપના તરફથી સખત મનાઇ હતી. "હ"

૨. હઝરત સઅદ રદિયલ્લાહુ અન્હુ જસીમ અને જમીલની સાથે જસૂર પણ હતા એટલે મોટા બહાદુર કે વીરનર પણ હતા. ઔસ કબીલાના સૌથી મોટા સરદાર હતા. પોતે મુસલમાન બન્યા તો સાંજ સુધીમાં એમનો પૂરો કબીલો પણ મુસલમાન બની ગયો. "હ"

"હે સઅદ ! ધન્યવાદ હો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમારા કરારીઓના મામલામાં ફેસલો આપવાનો અધિકાર તમારે હવાલે કરી દીધો છે."

હઝરત સઅદનો ફેસલો————હઝરત સઅદે ન્યાયની ગાદીએ બેસીને સૌથી પહેલાં પોતાની કૌમને પૂછ્યું, "હે મારી કૌમ ! શું તમે અલ્લાહને વચન છો કે હું જે ફેસલો આપું તેજ કાયમ રહેશે અને તેનો જ અમલ થશે ?"

બધાએ હકારમાં જવાબ આપ્યો, "હા બેશક તમારો જ ફેસલો કાયમ રહેશે અને તેનો જ અમલ થશે."

એ પછી એ જ સવાલ હઝરત સઅદે તે લોકોને કર્યો જ્યાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બિરાજમાન હતા. હઝરત સઅદનો હેતુ આપને જ સવાલ કરવાનો હતો કે, "યા રસૂલલ્લાહ! શું મારો ફેસલો આપને પણ માન્ય હશે ? "એટલે હું જે ફેસલો આપું તેને માનવા શું આપ પણ રાજી છો ? પરંતુ આ સવાલ વેળા હઝરત સઅદે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માન ખાતર ન તો આપની તરફ મુખ કર્યું ન આપનું મુબારક નામ ઉચ્ચાર્યું.

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "બેશક હે સઅદ ! તમારો ફેસલો મને પણ લાગુ પડશે અને હું તેને કબૂલ કરવા રાજી છું."

આ સાંભળીને હઝરત સઅદે કેસનો ચુકાદો આપતાં કહ્યું :

"મારો ફેસલો આ છે કે બનૂ કુરૈઝહના પુરૂષોને કતલ કરવામાં આવે. તેઓની માલ-મિલકતની વહેંચણી કરી લેવામાં આવે. તેઓની ઓરતો અને બચ્ચાંઓને કેદ કરી લેવામાં આવે."

ગદ્દારો માટે તવરાતનો કાનૂન————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ અબ્દુર્રહમાન બિન અમ્ર બિન અસદ બિન મુઆઝ તથા અલ્કમહ બિન વક્કાસ લૈસીની આ રિવાયત કહી સંભળાવી : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સઅદનો આ ફેસલો સાંભળીને ફરમાવ્યું:

"હે સઅદ ! બનૂ કુરૈઝહના મામલામાં તમે અલ્લાહના ફરમાન મુજબ ફેસલો સાદર કર્યો છે. આ ફેસલો આકાશોથી ઊતરેલો ફેસલો છે." (એટલે યહૂદીઓની આકાશી કિતાબ તવરાતમાં અલ્લાહના ઉતારેલા કાનૂન મુજબનો ફેસલો છે.)

સંપાદકની નોંધ————અલ્લામા શિબ્લી નુઅમાની સાહેબ તવરાતમાંથી આ હુકમનો હવાલો આપતાં લખે છેઃ તવરાત, કિતાબે-તસ્નિયહ, અસહાહ ૨૦ આયત ૧૦ માં છે :

"જ્યારે તું કોઈ શહેર પર ચઢાઈ કરવા જાય તો પ્રથમ સુલેહનો પયગામ આપ જો, તેઓ કબૂલ કરી લે અને દરવાજા ખોલી નાખે તો જેટલા લોકો ત્યાં હોય એ બધા તારા ગુલામ બની જશે."

"પણ જો તેઓ સુલેહ ન કરે તો તું તેઓને ઘેરી લે. પછી જ્યારે તારો ખુદાવંદ ખુદા તેઓ પર તને કબજો અપાવી દે તો જેટલા પુરૂષો હોય, બધાને કતલ કરી નાખ. બાકીના બચ્ચાંઓ, ઔરતો, જાનવરો અને જેટલી ચીજો શહેરમાં મવજૂદ હોય એ બધું તારા

માટે ગનીમતનો માલ હશે.''(સીરતુન-નબી જિલ્દ ૧ પાનું ૪૩૬) સંપાદકની નોંધ પૂરી થઇ. ''હ''

ઇબ્ને હિશામ કહે છે : કેટલાક ભરોસેદાર આલિમોએ મને માહિતી આપી કે હઝરત સઅદ બિન મુઆઝના ફેસલા વેળા બનૂ કુરૈઝહના લોકો હજુ કિલ્લા પરથી ઊતરેલા ન હતા અને ઇસ્લામી લશ્કરનો ઘેરો ચાલુ હતો. ફેસલો સાંભળવા છતાં યહૂદીઓએ નીકળવાનો ઇન્કાર કરી દીધો તો હઝરત અલીએ નઅરો ગજાવ્યો :

> ''હે મુસલમાનો ! ફેસલો સાંભળવા છતાં યહૂદીઓ કિલ્લામાંથી નહિ નીકળે તો હું પણ હમ્ઝહ પેઠે શહીદ થઇ જઇશ અથવા તો કિલ્લો ફતેહ કરીને જંપીશ!''

આમ કહીને હઝરત અલી તથા હઝરત ઝુબૈર બિન અવ્વામ બનૂ કુરૈઝહના કિલ્લા તરફ ધસી ગયા. પરંતુ હઝરત અલીનો પડકાર સાંભળતાં જ યહૂદીઓના હાંજા ગગડી ગયા. તરત જ તેઓએ શરણાગતિ સ્વીકારી લેતાં કહ્યું, ''હે મુહંમદ ! અમે સઅદના હુકમ મુજબ કિલ્લામાંથી નીકળી આવીએ છીએ.''

યહૂદીઓની કતલગાહ—————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ કુરૈઝહને કિલ્લામાંથી નીકળી આવવાનો હુકમ મળતાં તેઓ બહાર નીકળી આવ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ બધાને બનૂ નજ્જાર ખાનદાનની એક ખાતુનના મકાનમાં કેદ કરી દીધા. આ ખાતૂનનું નામ કૈસિહ બિન્તે હારિસ હતું. આથી પહેલાં આ ખાતૂન પયગમ્બરીના જૂઠા દાવેદાર મુસૈલિમહ કઝ્ઝાબના નિકાહમાં હતાં. હવે અબ્દુલ્લાહ બિન આમિરના નિકાહમાં આવ્યાં હતાં.

યહૂદીઓને બીબી કૈસિહના મકાનમાં પૂરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના માણસો સાથે મદીનહના બજારમાં તશરીફ લઇ ગયા. એ હાટડીનો દિવસ હોવાથી બજાર ભરચક હતું. બજારને એક ખૂણે આપના હુકમથી કેટલાક ઊંડા ખાડા ખોદી કાઢવામાં આવ્યા. એ પછી બનૂ કુરૈઝહના પુરૂષોને ત્યાં લઇ જવામાં આવ્યા અને એક પછી એકને બોલાવીને તેની ગરદન મારી દેવાનો હુકમ ફરમાવવામાં આવ્યો. યહૂદીઓની એક પછી એક ટોળી આવતી હતી અને વારાફરતી એકેકનું ડોકું કાપીને તેનું માથું ખાડામાં નાખી દેવામાં આવતું હતું.

કતલ થનારાઓમાં અલ્લાહના દુશ્મન હુય્ય બિન અખ્તબ અને કઅબ બિન અસદ જેવા યહૂદી કૌમના સરદારો કે બાદશાહો જેવા નેતાઓ પણ હતા. મકતૂલોની સંખ્યા છ સો અથવા સાત સો જેટલી હતી. કેટલાકે આઠ સો કે નવ સો ની સંખ્યા પણ દર્શાવી છે.

કહેવાય છે કે કતલગાહ તરફ લઇ જતી વેળા યહૂદીઓ હઝરત સઅદ બિન મુઆઝને પૂછતા હતા, ''હે સઅદ ! તમે લોકો અમને ક્યાં લઇ જાઓ છો ? અમારી સાથે તમે શું મામલો કરવા માગો છો?'' જવાબમાં હઝરત સઅદ ફરમાવતા હતા :

> ''તમે યહૂદી લોકો દરેક મોકા પર અજાણ્યા થઇને નાસમજીની વાતો કરતાં આવ્યા છો. જોતા નથી જેને લઇ જવામાં આવે છે તે અટકતો નથી અને જે ગયો તે પાછો ફરતો નથી. સોગંદ છે અલ્લાહના ! બસ કતલ જ કતલ છે.''

આ સિલસિલો એમ જ ચાલતો રહ્યો ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહના આદેશને અંજામે પહોંચાડવાના કામથી ફરાગત મેળવી લીધી.

Maktabe Ashraf

હુય્ય બિન અખ્તબની કતલ————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ કતલ પ્રસંગે અલ્લાહના દુશ્મન હુય્ય બિન અખ્તબને કતલગાહમાં હાજર કરવામાં આવ્યો. તેણે ગુલાબી રંગનો પોશાક પરિધાન કરેલો હતો અને પોતાના કપડાંઓને તેણે ઠેકઠેકાણેથી આંગળી જેટલાં ફાડી નાખ્યાં હતાં કે જેથી કોઇના પહેરવાના કામમાં આવી શકે નહિ. દોરડીથી તેના બંને હાથ ગરદન સાથે બાંધેલા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરા પર નજર પડતાં જ તે પોકારી ઊઠયો :

"અમા વલ્લાહિ ! હા અલ્લાહના સોગંદ ! મને આ વાતનો જરાયે અફસોસ નથી કે મેં કેમ તારી સાથે અદાવત રાખી ? પણ અસલ વાત એમ છે કે જે માણસ અલ્લાહને છોડી દે છે, અલ્લાહ પણ તેને છોડી દે છે."

એ પછી તેણે ત્યાં ઊભેલા લોકો તરફ જોયું. પછી તેઓને સંબોધીને બોલ્યો :

"હે લોકો ! અલ્લાહના હુકમનું પાલન કરવામાં કશો વાંધો નથી. એ તો અલ્લાહનો એક હુકમ હતો. એ મારા નસીબનો લખેલો એક લેખ હતો. એક આકરી શિક્ષા હતી જેને અલ્લાહએ બની ઇસરાઇલ માટે લખી દીધી હતી." ૧

આમ કહીને તે ગરદન નમાવીને બેસી ગયો અને બીજી જ પળે તેનું ડોકું ઉડાવી દેવામાં આવ્યું. એજ પ્રસંગ માટે જબલ-બિન જવ્વાલ સઅલબી નામના શાઇરે આ શેઅરો કહ્યા છે :

લ અમ્રેકા મા લામબ્નુ અખ્તબા નફ-સહૂ, • વલા-કિન્નહૂ મંય - યખ - ઝુલિલ્લાહુ યુખ્ઝલે.

તારી જાનના સોગંદ ! અખ્તબના બેટાએ પોતાની જાતને કોઇ ઠપકો નહિ આપ્યો પણ વાત એમ છે કે જે માણસ અલ્લાહને તરછોડે છે તેને પણ તરછોડી કાઢવામાં આવે છે.

લ જાહદા હત્તા અબ-લગન નફસા ઉઝ-રહા, • વ કલ્કલા યબગિલ-ઇઝઝા કુલ્લ મુકલ-કલે.

તેણે ખૂબ યત્નો-પ્રયત્નો કર્યા ત્યાં સુધી કે પોતાને માટે વાંધા જેવું કશું રહેવા દીધું નહિ અને માનપાન કે પ્રતિષ્ઠા મેળવી લેવાની ખૂબ ધમપછાડ કરી.

એક યહૂદી સ્ત્રીની કતલ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે કહ્યું અને તેમને ઉર્વહ બિન ઝુબૈરે કહ્યું અને ઉર્વહ બિન ઝુબૈરે આ રિવાયત હઝરત આઇશહના મુખેથી સાંભળી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે :

"બનૂ કુરૈઝહની સ્ત્રીઓમાંથી ફકત એક સ્ત્રીને કતલ કરવામાં આવી. એ યહૂદી ખાતૂન મારી પાસે બેસીને મઝાથી વાતોના તડાકા ઉડાવતી હતી અને સાથે ખુલ્લા દિલથી વાતવાતમાં હાસ્યની છોળો ઉછાળતી હતી. બીજી તરફ એની કોમના લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહના બજારમાં કતલ કરાવતા હતા. એટલામાં પોકારનારાએ એના નામનો પોકાર પાડયો, "હે ફલાણાની બેટી ફલાણી ! હાજર થઇ જા !"

૧. અલ્લાહનો એજ તે હુકમ હતો જેને હુય્ય બિન અખ્તબ છોડી બેઠો હતો. એજ હુકમ અને નસીબના એજ લેખ મુજબ તેણે કતલ થઇ જવાનું પસંદ કર્યું પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી પર ઇમાન લાવીને મુસલમાન બનવાનું પસંદ નહિ કર્યું. જો કે હુય્ય તવરાતનો બહુ મોટો આલિમ, યહૂદી ધર્મનો પ્રખર પાદરી અને પૂરી કોમનો બાદશાહ જેવો ધર્મનેતા હતો. ખરેખર અલ્લાહ જેને ગુમરાહ કરી નાખે તેને કોઇ હિદાયત આપી શકતું નથી. હુય્ય પોતે તો કુફ્રની મોતે મરી ગયો, સાથે પોતાની કોમને પણ લઇ ડૂબ્યો. ખરૂં છે, જેનો નેતા આંધળો તેનું કટક કૂવામાં. "ઙ"

પોતાનું નામ સાંભળતાં જ એ બોલી, "વલ્લાહિ લબ્બૈક !" અલ્લાહના સોગંદ, હું હાજર છું.

હઝરત આઇશહ ફરમાવે છે : મેં એને પૂછ્યું, "તારૂં ભલું થાય, તારો શો ગુનાહ છે ? કેમ તારા નામનો પોકાર પડયો ?"

તે બોલી, "એક જ ગુનાહ જે મારૂં મસ્તક ઉડાવી દેશે."

પછી તેને કતલખાનામાં લઇ જવામાં આવી અને બીજા યહૂદીઓ પેઠે તેની પણ ગરદન ઉડાવી દેવામાં આવી.

હઝરત બીબી આઇશહ ફરમાવ્યા કરતાં, "અલ્લાહના સોગંદ ! આ યહૂદી ખાતૂનના મામલામાં સૌથી નવાઇ પમાડનારી જે વાત મેં જોઇ તેને હું કદી ભૂલી શકતી નથી. એ ખાતૂન જાણતી હતી કે પળ બે પળમાં તેનું ડોકું ઊડી જવાનું છે છતાં તે એટલી પ્રફુલ્લ અને મોજીલી હતી કે વાતવાતમાં હસી પડતી હતી."

ઇબ્ને હિશામ કહે છે : આ તેજ યહૂદી સ્ત્રી છે જેણે મકાનના મેડા પરથી ઘંટીનું પડ ઝીંકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત ખલ્લાદ બિન સુવૈદને કતલ કર્યા હતા. [૧]

એક યહૂદી બુઢ્ઢાનો અજીબ બનાવ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરીએ આ બનાવ મને કહી સંભળાવ્યો કે બનૂ કુરૈઝહના યહૂદીઓમાં ઝુબૈર બિન બાતા કુરઝી નામે [૨] એક ગૃહસ્થ હતો. એનું ઉપનામ અબૂ અબ્દુર્રહમાન હતું. યહૂદીઓની કત્લે-આમ વેળા એણે પોતાની કૌમ સાથે મરી જવાનું જે પરાક્રમ કર્યું તેનો દાખલો મળવો અઘરો છે.

અસલ બાબત એમ બની કે જાહિલિયતના યુગમાં એટલે ઇસ્લામના આગમનના થોડા વરસો પહેલાં ઝુબૈર બિન બાતાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ પર દયા ખાયને મોટો ઉપકાર કર્યો હતો. આ ઉપકાર તેણે ઇસ્લામના આગમન પહેલાં ખેલાયેલ જંગે-બુઆસ નામે યુધ્ધ પ્રસંગે કર્યો હતો. લડાઇ દરમિયાન ઝુબૈર બિન બાતાએ હઝરત સાબિત બિન કૈસને ગિરિફ્તાર કરી લીધા અને પછી એમને કતલ કરવાને બદલે એમની ચોટલીના વાળ કાપી લઇને છોડી મૂકયા હતા.

એ પછી ઇસ્લામી સૂર્યનો ઉદય થતાં હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ મુસલમાન બની ગયા અને જયારે બનૂ કુરૈઝહની ગદ્દારીનો પ્રસંગ સર્જાયો ત્યારે ઝુબૈર બિન બાતા બુઢ્ઢો થઇ ગયો હતો. એનો ઉપકાર યાદ રાખીને હઝરત સાબિત બિન કૈસ એની પાસે ગયા અને બોલ્યા, "હે ઝુબૈર ! શું તું મને ઓળખે છે?"

તે બોલ્યો, "મારા જેવો માણસ તને નહિ ઓળખે તો કોને ઓળખશે ?"

હઝરત સાબિતે કહ્યું, "સાંભળ મેં નક્કી કર્યું છે કે મુજ પર તારો જે ઉપકાર છે, આજે તેનો બદલો ચૂકવી આપું."

ઝુબૈર બોલ્યો, "હા ખાનદાની માણસ જ ખાનદાની માણસનો બદલો ચૂકવે છે."

એ પછી હઝરત સાબિત બિન કૈસ રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને અરજ કરી, "યા રસૂલલ્લાહ! મુજ પર ઝુબૈર બિન બાતાનું મોટું એહસાન છે. ચાહું છું કે આજે તેનો

૧. એ યહૂદી ખાતૂનનું નામ બુનાનહ હતું અને તે હકમ કુરઝીની બેગમ હતી. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૧૯) "ક"

૨. એના નામની જોડણીમાં મતભેદ છે. કેટલાકે ઝુબૈરનો ઉચ્ચાર ઝબીર કર્યો છે.

બદલો વાળી દઉં તો યા રસૂલલ્લાહ ! મારે ખાતર તેનું લોહી માફ ફરમાવી દો !"

આપે ફરમાવ્યું, "ફહુવા લકા." જા તેનું લોહી મેં તને બખ્શી દીધું.

હઝરત સાબિત હરખભેર તેની પાસે ગયા અને બોલ્યા, "મુબારક હો ઝુબૈર ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તારૂં લોહી મને બખ્શી દીધું છે. હવે તારા લોહીનો તું માલિક છે."

ઝુબૈર બોલ્યો, "ભાઇ ! હું બુઢ્ઢો માણસ મારાં બીબી-બચ્ચાં માર્યાં જશે તો હું જાન બચાવીને શું કરીશ અને કોના સહારે જીવીશ ?"

લાગલા જ હઝરત સાબિત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા, "યા રસૂલલ્લાહ ! ઝુબૈરના બીબી-બચ્ચાં પણ તેને બખ્શી દો."

"જા તેનાં બીબી-બચ્ચાં પણ મેં તને બખ્શી દીધાં. આપે ફરમાવ્યું.

હઝરત સાબિત ત્રીજી વાર ઝુબૈર બિન બાતા પાસે ગયા અને તેને વધામણી આપતાં બોલ્યા, "લો જનાબ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તારાં બીબી-બચ્ચાં પણ તને બખ્શી દીધાં. હવે તો રાજી છો ને !"

ઝુબૈર બોલ્યો, "બીબી-બચ્ચાં તો બચી ગયાં પણ જે માણસના ઘરબાર અને માલ-મિલકત લૂંટાઇ જાય તે બીબી-બચ્ચાંનું ભરણ-પોષણ કેવી રીતે કરી શકે ?"

હઝરત સાબિત પાછા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા, "યા રસૂલલ્લાહ ! મારાં માંબાપ આપની ઉપર કુરબાન ! તેના ઘરબાર અને માલ-મિલકત પણ તેને બખ્શી દો."

આપે તેના ઘરબાર અને માલ-મિલકત પણ તેને ઇનાયત ફરમાવી દીધાં.

હઝરત સાબિતે ઝુબૈર પાસે જઇને વધામણી આપી, "લે ભાઇ ! એ બધું પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તને બખ્શી દીધું. હવે તો રાજી છે ને !"

ઝુબૈર બિન બાતા ગંભીર મુખે બોલ્યો, "હે સાબિત ! કહે તો ખરો કે અમારો તે સરદાર જેનો મુખડો મુલ્કે-ચીનના આઇના જેવો સ્વચ્છ હતો જેમાં મહોલ્લાની કુંવારી કન્યાઓ અને રૂપવાન સન્નારીઓ પોતાના મુખડા જોવાની પડાપડી કરતી હતી, તેનો શું અંજામ આવ્યો ?" (એટલે યહૂદીઓના બાદશાહ જેવા સરદાર કઅબ બિન અસદનો અંજામ?)

હઝરત સાબિતે ફરમાવ્યું, "તે તો કતલ થઇ ગયો."

ઝુબૈરે પૂછ્યું, "વારૂ અમારા સૈયિદુલ-હાઝિર વલ-બાદી (એટલે શહેરો અને ગામડાંઓના સરદાર) હુય્ય બિન અખ્તબનું શું થયું ?"

"તે પણ કતલ થઇ ગયો."હઝરત સાબિતે જવાબ આપ્યો.

ઝુબૈરે પૂછ્યું, "વારૂ કહે તો ખરો કે અમારો તે ભડવીર જે અમારી ચઢાઇઓમાં સૌથી આગળ રહેતો હતો અને અમારી પીછેહટમાં અમારો રખેવાળ હતો તેનું શું થયું ?"

હઝરત સાબિતે પૂછ્યું, "તમારા એ ભડવીરનું નામ ?"

Maktabe Ashraf

ઝુબૈર બોલ્યો, ''અઝ્ઝાલ બિન સમઊલ અમારો પંકાયેલો વીરનર.''

''તે પણ માર્યો ગયો.''

ઝુબૈરે પૂછ્યું, ''વારૂ હવે બતાવ અમારી બંને મજલિસોની મિત્રમંડળી એટલે બનૂ કઅબ બિન કુરૈઝહ અને બનૂ અમ્ર બિન કુરૈઝહનું શું થયું ?''

''એ બધા પણ કતલ થઇ ગયા.''

''ત્યારે હે સાબિત !'' ઝુબૈર બોલ્યો, ''મારા ઉપકારના બદલામાં હું એક જ માગણી તારી પાસે રજૂ કરૂં છું.''

''તે શું ? હઝરત સાબિતે પૂછ્યું.

''હે સાબિત ! મને પણ ત્યાં જ પહોંચાડી દે જ્યાં તમે લોકોએ મારી કૌમના લોકોને પહોંચાડી દીધા છે. તેઓના મરણ પછી મારે જીવીને શું કરવું ? અને એવા જીવનની મઝા શી ? હવે તો હું એટલી ધીરજ પણ રાખી શકતો નથી કે ભરેલી ડોલનું પાણી ઘડામાં ઠાલવવામાં આવે. બસ બસ હવે તો મિત્રોને જઈ મળવાની મારી અધીરાઇ ખૂટી ગઇ છે. હું મિત્રોની મુલાકાતનો અભિલાષી છું.''

વયોવૃધ્ધ ઝુબૈર બિન બાતાની આ અભિલાષા અને તેની આખેરી ઈચ્છા જાણીને હઝરત સાબિતે ફરમાવ્યું, ''વારૂ તો લંબાવી દે તારૂં ડોકું.'' અને જેવું જ તેણે ડોકું લંબાવ્યું કે હઝરત સાબિતે તલવારના એક જ ઝાટકે ધડથી તેને છૂટું કરી દીધું.

હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુએ જ્યારે બાતાના બેટાના આ શબ્દો સાંભળ્યા કે, ''હું મિત્રોની મુલાકાતનો અભિલાષી છું'' તો ફરમાવ્યું, ''વલ્લાહ ! એ બુઢ્ઢો જહન્નમમાં જઈને પોતાના મિત્રોને મળવાનો છે જ્યાં કાયમ માટે રહેવાનું છે.''

બે યહૂદી કિશોરોનો મામલો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ કુરૈઝહમાંથી પુરૂષોની સાથે એવા બાલિગ કિશોરો, જેઓના નાક નીચેના વાળ ઊગેલા હોય, તેઓને પણ કતલ કરવાનો હુકમ ફરમાવ્યો હતો.

યહૂદીઓના એવા કિશોરોમાંથી એકનું નામ અતિય્યહ કુરઝી હતું. એજ અતિય્યહ કુરઝીની રિવાયત મને મળી છે જેમાં અતિય્યહ કુરઝીનું પોતાનું બયાન છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમારા કબીલા (બનૂ કુરૈઝહ)ના બાલિગ છોકરાઓને પણ અલ્લાહના ફરમાન મુજબ કતલ કરવાનો હુકમ ફરમાવ્યો હતો. આ હુકમ મુજબ મારી પણ તપાસ કરવામાં આવી. હું કિશોર હતો અને તે સમય સુધીમાં મારા નાક નીચેના વાળ ફૂટયા ન હતા જેથી મને છોડી દેવામાં આવ્યો.''

ઇબ્ને ઇસ્હાક વધુમાં ઉમેરે છે : બનૂ અદી બિન નજ્જારમાંથી એક મુસલમાન ખાતૂનનું નામ સલમા બિન્તે કૈસ હતું. એ હઝરત મુનઝિરના અમ્માંજી હતાં અને હઝરત સુલૈત બિન કૈસના બહેન હતાં. સગાઈમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માસી થતાં હતાં. બીબી સલમાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે બંને કિબ્લહ તરફ મોં કરીને નમાઝો પઢી હતી અને ''બૈઅતુન-નિસાઅ''એટલે સ્ત્રીઓની બૈઅતમાં પણ શામિલ હતાં. એમણે રિફાઅહ બિન સમૂઅલ નામે એક યહૂદી છોકરા વિષે ભલામણ કરી.

આ યહૂદી છોકરો બાલિગ હતો અને તેણે બીબી સલમાનો આસરો મેળવી લીધો હતો જેની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર હતી.

બીબી સલમાએ દરખાસ્ત કરી, "યા રસૂલલ્લાહ ! મારાં માંબાપ આપની ઉપર કુરબાન ! આ રિફાઅહ નામે યહુદી છોકરો મને અર્પણ કરી દો. એ કહે છે કે હું નમાઝ પઢીશ અને ઊંટનું માંસ ખાઈશ."

આપે બીબી સલમાની વિનંતી માન્ય રાખીને એ છોકરો તેમને અર્પણ કરી દીધો. આ રીતે બીબી સલમાએ એક યહૂદી છોકરાની જાન બચાવી અને તેને મુસલમાન બનાવીને જહન્નમની આગથી પણ કાયમ માટે બચાવી લીધો.

યહૂદીઓની માલમિલકતની વહેંચણી————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ કુરૈઝહની સ્ત્રીઓ, બાળકો અને માલ-મિલ્કતની મુસલમાનોમાં વહેંચણી કરી દીધી. આ પ્રસંગે આપે સવારો અને પાયદળોના હિસ્સા નક્કી કર્યા અને ખુમ્સ એટલે પાંચમો ભાગ કાઢયો. ઘોડેસવારના ત્રણ હિસ્સા નક્કી કર્યા. એમાં બે હિસ્સા ઘોડાના અને એક હિસ્સો સવારનો હતો. પાયદળના સૈનિકનો ફકત એક હિસ્સો મુકર્રર થયો. બનૂ કુરૈઝહ પરની ચઢાઈમાં ૬૩ ઘોડાઓના સવારો હતા. વળી આ સૌથી પહેલો માલે-ગનીમત હતો જેમાં હિસ્સા નક્કી કરવામાં આવ્યા અને પાંચમો ભાગ કાઢવામાં આવ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માલે-ગનીમતની વહેંચણીના જે ધારાધોરણો ઘડી આપ્યાં હતા એજ ધારાધોરણો બાદના જમાના માટે પણ ઈસ્લામમાં કાયમ માટે ચાલુ રહ્યા.

Maktabe Ashraf

વહેંચણીથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ અબ્દુલ-અશ્હલવાળા હઝરત સઅદ બિન ઝૈદ અન્સારીને બનૂ કુરૈઝહના કેટલાક કેદીઓ આપીને નજદના ઈલાકામાં મોકલ્યા. અહીંના બજારમાં તેમણે એ કેદીઓને વેચીને ઘોડા તથા હથિયારો ખરીદી લીધાં.

રૈહાનહ ખાતૂનનો બનાવ————બનૂ કુરૈઝહની ખાતૂનોમાં એક સન્નારીનું નામ રૈહાનહ બિન્તે અમ્ર બિન ખુનાફહ હતું. એ બનૂ અમ્ર બિન કુરૈઝહ કુટુંબના એક આબરૂદાર મહિલા હતાં. વહેંચણી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ ખાતૂન પર પોતાની પસંદગી ઉતારી. આપે તેમને ફરમાવ્યું, "હે ખાતૂન ! તમને પર્દામાં રહેવાનું કબૂલ છે ? કબૂલ હોય તો મારી સાથે નિકાહ કરી લો અને મારા હરમમાં પ્રવેશી જાવ."

જવાબમાં રૈહાનહ ખાતૂને અરજ કરી, "હે અલ્લાહના નબી ! પર્દો પાળવાનું કામ અઘરૂં છે. આપ મને પોતાની મિલ્કતમાં જ રહેવા દો. એમાં મારા માટે સહૂલત છે અને આપના માટે પણ."

આપે એમને એજ હાલત પર છોડી દીધાં અને જયારે થોડા દિવસો પસાર થઈ ગયા તો આપે તેમને ઈસ્લામ કબૂલ કરી લેવાનું આમંત્રણ આપ્યું. જવાબમાં રૈહાનહ ખાતૂને ઈસ્લામ કબૂલ કરવાનો ઈન્કાર કરી દીધો અને પોતાના યહૂદી ધર્મ પર કાયમ રહ્યાં. તેમના ઈન્કારથી આપને રંજ થયો. એ પછી આપે તેમની તરફ ઝાઝું ધ્યાન નહિ આપ્યું.

એક દિવસે આપ પોતાના સહાબાની મજલિસમાં બિરાજમાન હતા. એટલામાં પીઠ પાછળથી કોઈ આવનારની જૂતીઓનો અવાજ સંભળાયો. આપે પાછળ જોયા વિના ફરમાવ્યું," એ તો સઅલબા બિન સઅયહ

છે. મારા માટે રૈહાનહના ઈસ્લામની ખુશખબર લાવ્યા છે.'' [૧]

સઅલબાએ આવતાં જ સલામ બાદ અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! ખુશખબર હો ! રૈહાનહએ ઈસ્લામ કબૂલ કરી લીધો છે.''

આ સાંભળીને આપ ખુશ થઈને મુસ્કુરાવા લાગ્યા. [૨]

ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહ તઆલાએ જંગે-ખન્દક અને બનૂ કુરૈઝહની ગદ્દારી અંગે સૂરએ-અહઝાબમાં જે આયતો નાઝિલ ફરમાવી તેનો સંબંધ ઉપરની બંને ઘટનાઓ વેળા સર્જાયેલા પ્રસંગો સાથે છે. એમાં મુસલમાનો પર જે ઓચિંતી આફત——દુશ્મન કબીલાઓના ઘાડેધાડાંની ચઢાઈના રૂપમાં- ઊતરી આવી અને મુસલમાનો જે કટોકટીમાં ઘેરાઈ ગયા અને ઉપરથી મુનાફિકોએ જે હિંમતતોડ વાતો કીધી અને ઝેરીલા ટાણા માર્યા એ બધી વાતોનું આ આયતોમાં વર્ણન કર્યું. એ પછી અલ્લાહ તઆલાએ પોતાના આકાશી લશ્કરો મોકલાવીને મુસલમાનોની ગૈબી મદદ ફરમાવી અને ગદ્દાર યહૂદીઓને નામોશી ભરેલી હાર આપી એ બધી વાતોનો આ આયતોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

> (નોટ : અલ્લામા ઈબ્ને હિશામે સુરએ-અહઝાબ પારહ ૨૧ની આ બધી આયતો પાંચ પાનાંઓમાં ટાંકેલી છે. એમાંની કેટલીક આયતો અમે તેના પ્રસંગે ગુજરાતી તરજુમા સાથે ટાંકી આવ્યા છીએ.)

યહૂદીઓની બરબાદીનો ચિતાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ કુરૈઝહના યહૂદીઓની ગદ્દારીના અંજામ રૂપે તેઓની જમીન-જાગીર અને માલ-મિલ્કતની બરબાદી, તેઓના પુરૂષોની જાનોની ખુવારી અને તેઓના સ્ત્રી-બાળકોની ગુલામીનો ચિતાર અલ્લાહ તઆલાએ પોતાના કલામે-પાકની આયતોમાં દર્શાવ્યો છે. જેમકે ફરમાવ્યું છે : વ અન-ઝલલ-લઝીન ઝાહરૂ-હુમ મિન અહલિલ-કિતાબિ મિન સયાસી-હિમ......''

> ''અને અહલે-કિતાબમાંથી જે લોકોએ (એટલે બનૂ કુરૈઝહના યહૂદે) તે લોકોની મદદ કરી હતી(એટલે કુરૈશ અને ગત્ફાનના લશ્કરોની મદદ કરી હતી) તેઓને અમે તેઓના કિલ્લાઓ પરથી નીચે ઉતારી નાખ્યા અને તેઓના દિલોમાં તમારી ધાક બેસાડી દીધી (જેથી તેઓના હાંજા ગગડી ગયા) તેઓના એક જૂથને તમે કતલ કરતા હતા.(એટલે પુરૂષોને) અને એક જૂથને તમે કેદ કરતા હતા. (એટલે સ્ત્રીઓ અને બાળકોને)
>
> ''અને અલ્લાહ તઆલાએ તમને વારસદાર બનાવી દીધા તેઓની જમીનના, અને તેઓના ઘરોના, અને તેઓના માલોના, અને એવી જમીનના પણ જેની ઉપર તમે પગ મૂક્યો ન હતો. અને અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કુદરત ધરાવનારો છે.'' (સૂરએ-અહઝાબ પારહ ૨૧ આયત ૨૬-૨૭)

---

૧. સઅલબા બિન સઅયહ : કિલ્લામાંથી નીકળવા પછી જે ત્રણ યહૂદી ગૃહસ્થો સ્વેચ્છાએ મુસલમાન બની ગયા હતા, તેમાંના એક ગૃહસ્થનું નામ. એમની કોશિશથી બીબી રૈહાનહ મુસલમાન બન્યાં હશે. અલ્લાહ એ સૌથી રાજી હો !''હ''

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીબી રૈહાનહને ખુદમુખ્તાર બનાવી દીધાં હતાં. એટલે ઇસ્લામ કબૂલ કરવું ન કરવું તેમની મરજી પર છોડી દીધું હતું. પછી જયારે તેઓ મુસલમાન બની ગયાં તો આપે તેમને આઝાદ કરી દીધાં. આઝાદ થવા પછી બીબી રૈહાનહ રાજીખુશીથી આપના નિકાહમાં આવી ગયાં અને પર્દાની પાબંદી સાથે આપના હરમમાં દાખલ થઇ ગયાં. (અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૪૪૦) ''હ''

પ્રકરણ ૧૨૨

જંગે-ખન્દકનો ઉપસંહાર

હઝરત સઅદ બિન મુઆઝની વફાત • ફૂલથી પણ હળવો જનાઝો • જંગે-ખન્દકમાં શહીદ થનારા સહાબા • મુશરિકોના માર્યા ગયેલા માણસો • બે શહીદોનો સવાબ મેળવનારા સહાબી • ઘેરા દરમિયાન એક સહાબીની વફાત • કુરૈશ વિષે એક પેશીનગોઇ • દિરાર બિન ખત્તાબનું કાવ્ય • હઝરત કઅબનું જવાબી કાવ્ય.

હઝરત સઅદ બિન મુઆઝની વફાત————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ કુરૈઝહના યહૂદનો મામલો અંજામે પહોંચતા જ મદીનહના ઔસ કબીલાના સૌથી મોટા સરદાર હઝરત સઅદ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુનો જખમ ખુલી ગયો અને તેમાંથી પુષ્કળ લોહી વહી ગયું એમાંથી તેઓ બચી શકયા નહિ અને વફાત પામી ગયા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુઆઝ બિન રિફાઅહ ઝુરકીએ પોતાની કૌમના વિશ્વાસુ અને જ્ઞાની મિત્રોને મુખે સાંભળેલી આ રિવાયત બયાન કરી કે, રાતના વચલા ભાગે એટલે મધરાતે હઝરત સઅદની રૂહ પરવાઝ કરી ગઇ તો એજ સમયે અને એજ પળે અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ, માથે રેશમી કાપડની પાઘડી સજીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને આપને પૂછવા લાગ્યા, "મુહંમદ! હમણા કોણ ગૃહસ્થ વફાત પામી ગયા કે જેના માટે આસમાનના દરવાજા ઉઘાડી નાખવામાં આવ્યા અને અલ્લાહનો અર્શ હાલી ઊઠયો ?"

રાવીનું કથન છે : આ સાંભળતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ચાદર ઘસીટતા ઝપાટાભેર સઅદના ઘર તરફ ચાલી નીકળ્યા. જઇને જોયું તો સઅદ વફાત પામી ગયા હતા. [૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્રએ અમ્રહ બિન્તે અબ્દુર્રહમાનની આ રિવાયત કહી સંભળાવી કે મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હા પોતાના સ્વજનો સાથે મક્કહથી પાછા ફરતાં હતાં. એમાં ઔસ કબીલાના અગ્રણી હઝરત ઉસૈદ બિન હુદૈર પણ હતા. રસ્તામાં હઝરત ઉસૈદને એમના એક બેગમના મરણના સમાચાર મળ્યા જેના આઘાતથી એમનું હૈયું ભરાઇ આવ્યું અને તેઓ બેગમના મરણનો ખેદ દર્શાવવા લાગ્યા. હઝરત આઇશહએ તેમને ફરમાવ્યું, "હે અબૂ યહયા ! (હઝરત ઉસૈદનું ઉપનામ) અલ્લાહ તમને માફ કરે ! તમે એક સ્ત્રીના મરણ પર આટલો ખેદ દર્શાવો છો જયારે કે

૧. જે સહાબીની વફાતથી આસમાનના દરવાજા ઊઘડી જાય અને અલ્લાહનો અર્શ હાલી ઊઠે, એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ [illegible] સહાબી હશે અને અલ્લાહના દરબારમાં તેનો કેટલો ઊંચો મરતબો હશે તેની કલ્પના કરવી રહી! "ક"

તમારા કાકાભાઇ સઅદ બિન મુઆઝનો પણ ઇન્તેકાલ થઇ ગયો જેની વફાતથી અલ્લાહનો અર્શ પણ હાલી ઊઠયો!''

ફૂલથી પણ હળવો જનાઝો————ઇબ્ને ઇસ્હાક કહે છે : અલ્લાહના વલી અને વિદ્વાન આલિમ હઝરત હસન બસરીથી રિવાયત છે કે હઝરત સઅદ બિન મુઆઝ એક લહીમ-શહીમ એટલે રૂષ્ટ-પુષ્ટ કે સ્થૂળ કાયાના ભારેખમ ગૃહસ્થ હતા. પરંતુ લોકોએ જ્યારે તેમનો જનાઝો ઉપાડયો તો તે છેક હલકા વજનનો ફૂલ જેવો જનાઝો હતો. લોકો નવાઇ પામીને એકબીજાને કહેવા લાગ્યા, ''અલ્લાહના સોગંદ ! એ હતા તો જાડાતાજા ગૃહસ્થ પણ એમના જનાઝહથી વધારે હલકો જનાઝો અમે આજ સુધી ઉપાડયો નથી.''

લોકોની આ વાતની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર પડી તો આપે ફરમાવ્યું, ''ઇન્ન લહૂ હમલતુન ગયરૂ કુમ.'' એટલે એમના જનાઝહને ઉપાડનારા તમારા ઉપરાંત બીજા લોકો પણ હતા. (એટલે અલ્લાહના ફરિશ્તા.)

પછી આપે ફરમાવ્યું, ''કસમ છે તે અલ્લાહના જેના અધિકારમાં મારા પ્રાણ છે, સઅદની રૂહથી ફરિશ્તાઓએ બશારત મેળવી અને અલ્લાહનો અર્શ પ્રસન્ન થયો.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુઆઝ બિન રિફાઅહએ મહમૂદ બિન અબ્દુર્રહમાન બિન અમ્ર બિન જુમૂહના વાસ્તાથી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહની આ રિવાયત બયાન કરી કે, ''જ્યારે સઅદ બિન મુઆઝને દફન કરવામાં આવ્યા તો અમે બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે ત્યાં હાજર હતા. દફન વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ''સુબહાનલ્લાહ''નો પોકાર કર્યો તો અમે બધાએ પણ આપની સાથે સુબહાનલ્લાહનો પોકાર કર્યો. એ પછી આપે ''અલ્લાહુ અકબર''નો પોકાર કર્યો તો અમે બધાએ પણ આપની સાથે અલ્લાહુ અકબરનો પોકાર કર્યો.

ત્યારે બધાએ નવાઇ પામીને પૂછયું, ''યા રસૂલલ્લાહ ! આપે સુબહાનલ્લાહ અને અલ્લાહુ અકબરનો પોકાર કર્યો તેનું કારણ શું ?''

આપે જવાબમાં ફરમાવ્યું, ''અલ્લાહના આ નેક બંદા પર કબર તંગ થઇ ગઇ હતી. પછી અલ્લાહ તઆલાએ તેને કુશાદા કરી દીધી.''

ઇબ્ને હિશામ કહે છે : હઝરત આઇશહનું કથન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''કબર દરેક માણસ પર તંગ થઇને કે સંકોચાઇને તેને દબાવે છે. અગર કોઇ એના દબાવથી બચવા પામતે તો તે સઅદ હતા.''

ઇબ્ને ઇસ્હાક કહે છે : એક અન્સારી સહાબીએ હઝરત સઅદની વફાત પર આ શેઅર કહ્યો:

વમહ-તઝઝા અર્શુલ-લાહિ મિમ મવતિ હાલિકિન, • સમિઅના બિહિ ઇલ્લા લિસઅદિન અબી અમ્રી.

અમે આજ પર્યંત સાંભળ્યું નથી કે કોઇ મરનારના મરણ પર અલ્લાહનો અર્શ હાલી ઊઠયો હોય. પણ અબૂ અમ્ર એટલે સઅદના મરણ પર હાલી ઊઠયો.

જ્યારે હઝરત સઅદનો જનાઝો ઉપાડવામાં આવ્યો તો એમના અમ્માંજી રડતાં રડતાં આ શેઅરો ઉચ્ચારતાં હતાં.

Maktabe Ashraf

વયલુ ઉમ્મે-સઅદિન સઅદન • સરા - મતંવ - વ - હદ-દન,

વ સૂદ-દંવ - વ - મજદન • વ ફારિસન મુઅદ-દન,

સુદ્દ બિહિ મસદ - દન • યકુદ્દુ હામન કદ-દન.

અર્થ : સઅદના માતાજીને સઅદના મરણનો ખેદ છે. તે એક સત્તાવાહી બળ અને તલવારની ધાર હતો. તે એક નખશિખ નેતાગીરી, સરદારી, પ્રતિષ્ઠા અને પ્રતિભાનું પૂતળું હતો. તે હર પળે તૈયાર ઊભેલા સવાર જેવો હતો જેના થકી દુશ્મનનો રસ્તો બંધ હતો અને જે શત્રુઓના માથાં કાપીને ધૂળ ચાટતાં કરી દેનાર હતો.

ઇબ્ને હિશામના કથન મુજબ હઝરત સઅદના અમ્માંજીનું નામ અને નસબ આ છે : કુબૈશહ બિન્તે રાફિઅ બિન મુઆવિયહ બિન ઉબૈદ બિન સઅલબહ બિન જબ્ર.

સઅદના અમ્માંજીનું વિલાપગીત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : દરેક વિલાપ કરનારી સ્ત્રી જુઠું બોલનારી છે. અલબત્ત સઅદ પર વિલાપ કરનારી એમાંથી બાકાત છે. તેણે જે કંઇ કહ્યું, દુરૂસ્ત કહ્યું.''

જંગે-ખન્દકમાં શહીદ થનારા સહાબા————ઇબ્ને ઇસ્હાક કહે છે : જંગે-ખન્દક પ્રસંગે વધારે નહિ, ફક્ત છ ગૃહસ્થો શહીદ થયા :

• બનૂ અબ્દુલ-અશહલમાંથી ત્રણ ગૃહસ્થો : (૧) હઝરત સઅદ બિન મુઆઝ રદિયલ્લાહુ અન્હુ (૨) હઝરત અનસ બિન અવસ બિન અતીક બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ (૩) હઝરત અબ્દુલ્લાહ બિન સહલ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ જુશમ બિન ખઝરજની શાખ બનૂ સલિમહમાંથી બે ગૃહસ્થો : (૧) હઝરત તુફૈલ બિન નુઅમાન રદિયલ્લાહુ અન્હુ. (૨) હઝરત સઅલબહ બિન ગનમહ રદિયલ્લાહુ અન્હુ.

• બનૂ નજ્જારની શાખ બનૂ દીનારમાંથી એક ગૃહસ્થ : (૧) હઝરત કઅબ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ એમને કોઇ નામાલૂમ વ્યક્તિનું તીર વાગ્યું જેનાથી એ શહીદ થઇ ગયા.

મુશરિકોના માર્યા ગયેલા માણસો————મુશરિક પક્ષે ફક્ત ત્રણ માણસો આ જંગમાં માર્યા ગયા :

• બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી : (૧) મુનબ્બેહ બિન ઉસ્માન બિન ઉબૈદ બિન સિબાક બિન અબ્દુદ-દાર. એક તીરથી એ વીંધાઇ ગયો અને મક્કહમાં જઇને મરી ગયો.

• બનૂ મખઝૂમ બિન યકઝહમાંથી : (૧) નવફલ બિન અબ્દુલ્લાહ બિન મુગીરહ કતલ થયો. મુસ્લમાનોએ એની લાશનો કબજો લીધો હતો. મુશરિકોએ એની લાશ ખરીદી લેવાની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફર્માઇશ કરી હતી કે, જે કિંમત માગો તે આપવા તૈયાર છીએ. એણે ખન્દક ઓળંગવાનું પરાક્રમ કર્યું હતું. તેમાં એ ગબડી પડયો અને માર્યો ગયો. ફર્માઇશના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''અમે મરેલાઓના મૃતદેહોની કિંમત ખાનારા નથી. પોતે આવો અને વગર પૈસે એને ઉપાડીને લઇ જાવ.'' પરવાનગી મળતાં મુશરિકો આવીને એની લાશ ઉપાડી ગયા.

ઈબ્ને હિશામ કહે છે : ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરીની આ રિવાયત મને મળી છે કે મુશરિકોએ નવફલના મૃતદેહની કિંમત તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દસ હજાર દિરહમની પેશકશ કરી હતી.

બનૂ આમિર બિન લુઐયની શાખ બનૂ માલિક બિન હસિલમાંથી : (૧) અમ્ર બિન અબ્દે-વુદ્દ જંગે-ખન્દકમાં માર્યો ગયો. એને હઝરત અલી બિન અબૂ તાલિબે તલવારથી કતલ કર્યો.

ઈબ્ને હિશામ કહે છે : મને એક પ્રામાણિક ગૃહસ્થે ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરીની આ રિવાયત કહી સંભળાવી કે હઝરત અલી બિન અબી તાલિબે જંગે-ખન્દકમાં અમ્ર બિન અબ્દે-વુદ્દની સાથે તેના પુત્ર હસિલ બિન અમ્રને પણ કતલ કર્યો હતો.

બે શહીદોનો સવાબ મેળવનારા સહાબી———ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ કુરૈઝહના યહૂદ સાથે સર્જાયેલી ઘટના વેળા એક મુસલમાન ગૃહસ્થ શહીદ થયા. અર્થાત : બનૂ હારિસ બિન ખઝરજમાંથી હઝરત ખલ્લાદ બિન સુવૈદ બિન સઅલબા બિન અમ્રને શહીદ કરી નાખવામાં આવ્યા. એમના સર પર ઉપરથી પથ્થરની ઘંટી ઝીંકવામાં આવી જેણે એમને કચડીને ફેંકી દીધા. આ ઘંટી એક યહૂદી સ્ત્રીએ મેડા પરથી ઝીંકી મારી હતી.[૧] લોકોનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના વિષે ફરમાવ્યું, "ખલ્લાદ બિન સુવૈદને બે શહીદોનો સવાબ મળશે."

ઘેરા દરમિયાન એક સહાબીની વફાત———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ કુરૈઝહ ફરતે ઘેરો નાખ્યો હતો તે વખતે હઝરત અબૂ સિનાન બિન મિહસન બિન હુરસાન નામે સહાબીનો ઈન્તેકાલ થઇ ગયો. એ બનૂ અસદ બિન ખુઝૈમહના કરારી હતા. એમને બનૂ કુરૈઝહના તે કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા જ્યાં તેઓ ખુદ પોતાના માણસોને દફન કરતા હતા. ઈસ્લામના યુગમાં પણ તેઓ પોતાના માણસોને અહીં જ દફન કરતા હતા.

કુરૈશ વિષે એક પેશીનગોઇ———ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ખન્દકથી નિવૃત્ત થઈને મુસલમાન લોકો મદીનહ વાપસ થયા તો મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ઉદ્દેશીને ફરમાવ્યું :

લમ તગઝૂ-કુમ કુરૈશુન	કુરૈશ હરગિઝ જંગ કરી શકવાના નથી;
બઅદ આમિકુમ હાઝા.	આ વરસ પછી તમારી સાથે.
વલાકિન્ન કુમ તગઝૂ-નહુમ.	પણ હવે તમે તેઓ સાથે જંગ કરી શકશો.

બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ પેશીનગોઇ અક્ષરસઃ સાચી ઠરી. કુરૈશ એ પછી ક્યારેય મદીનહ પર કોઇ ચઢાઇ કરી શક્યા નહિ. ઊલટાનું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓની સાથે લડતા રહ્યા અને વધુ સમય વીત્યો નહિ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશ પર ચઢાઇ કરીને મક્કહ ફતેહ કરી લીધું.

(નોટ : અલ્લામા ઈબ્ને હિશામે જંગે-ખન્દક અને બનૂ કુરૈઝહ પર ચઢાઇનું બયાન ખતમ કરીને રાબેતા મુજબ અરબના પંકાયેલા મુસ્લિમ અને મુશરિક શાઈરોના તે લાંબાચોડા

૧. આ સ્ત્રીનું નામ બુનાનહ હતું જે કતલ થવાં પહેલાં હઝરત બીબી આઇશહ સાથે હસીહસીને વાતો કરતી હતી. "હ"

કસીદા તથા મરસિયા ટાંકેલા છે જે તેઓએ ઉપરની બંને ઘટનાઓને અનુસરીને રચેલા છે. આ કાવ્યો પુસ્તકના બે પ્રકરણોના ૩૩ પાનાંઓ પર તેના તરજુમા સાથે ફેલાયેલાં છે. અમે એ બંને પ્રકરણો જતાં કર્યાં છે. શાઈરોના નામ આ છે : દિરાર બિન ખત્તાબ બિન મિરદાસ, હઝરત કઅબ બિન માલિક, અબ્દુલ્લાહ બિન ઝિબઅરા, હઝરત હસ્સાન બિન સાબિત, મુસાફિઅ બિન અબ્દે-મનાફ, હુબૈરહ બિન અબી વહબ, અબૂ સુફયાન બિન હારિસ બિન મુત્તલિબ , ઈબ્ને જબ્વાલ સઅલબી.

ફક્ત બે શાઈરોના કલામના ચુનંદા શેઅરો નમુના તરીકે અત્રે રજૂ કરીએ છીએ. એમાંના એક શાઈર વિરોધ પક્ષના દિરાર બિન ખત્તાબ બિન મિરદાસ છે. અને બીજા શાઈર મુસ્લિમ પક્ષના હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ છે. "હ"

દિરાર બિન ખત્તાબનું કાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ મુહારિબ બિન ફિહરની બિરાદરીવાળા દિરાર બિન ખત્તાબ બિન મિરદાસે જંગે-ખન્દકને લગતા આ શેઅરો કહ્યા છે :

વ મુશ-ફિકતુ તઝુન્ન બિનઝ - ઝુનૂના. • વકદ કુદના અરમ-દસ્તન તહૂના.

કેટલીયે માયાળુ સન્નારીઓ અમારા મામલા અંગે તરહ-તરહના ગુમાનો કરવા લાગી ગઈ; જ્યારે કે અમે એક બળવાન અને વિરાટ લશ્કરની નેતાગીરીનું સુકાન સંભાળી લીધું. અમારૂં લશ્કર જે દિશાએથી પસાર થઈ જતું, ઘંટીના પડો પેઠે બધું જ દળી નાખતું હતું.

કઅન્ન ઝહા-અહા ઉહુદુન ઇઝા મા • બદત અરકા - નુહૂ લિન-નાઝિરીના .

જ્યારે આ વિરાટ લશ્કરના ચારે ય ખૂંટા, જોનારાઓની નજરે પડતા તો એવું લાગતું જાણે ઉહુદ પહાડ ઊભેલો છે.

તરલ - અબદાન ફીહા મુસ - બિગાતિન • અલલ - અબતાલે વલ-યલબલ - હસીના.

તમે આ લશ્કરમાં મોટા-મોટા ભડવીરોને બખતરોના પોશાકમાં સજ્જ થયેલા અને ભારે ભરખમ ઢાલો ઉપાડીને ચાલતા જોઈ લેત !

વ જુરદન કલ-કિદાહે મુસવ- વ માતિન • નઉમ્મુ બિહલ - ગુવાતલ - ખાતિઈના.

અને આ લશ્કરમાં ઓછા વાળોવાળા, મોંઘી કિંમતવાળા, તીરની ગતિએ દોડનારા જાતવાન ઘોડાઓ તમને દેખાતે. આ ઘોડાઓ થકી અમે ગુનાહખોરોની, ખોટા રસ્તે ચાલનારાઓની, માથાભારે ઈન્સાનોની પૂઠ પકડતા હતા. (એટલે મુસલમાનોની)

કઅન્ન-હુમ ઇઝા સાલૂ વ સુલ્ના • બિ-બાબિલ - ખન્દકૈને મુસા - ફિહૂના.

જે સમયે ખન્દકને દરવાજે તેઓએ પણ આક્રમણ કર્યું અને અમે પણ આક્રમણ કર્યું તો એ ભટકેલા અને ગુમરાહ ઈન્સાનો જાણે અમારી સાથે હસ્તધૂનન કરતા હતા.

ઉનાસુન લા નરા ફીહિમ રશીદન • વકદ કાલૂ અ-લસ્ના રાશિદીના.

એ એવા લોકો છે કે જેઓમાં એક પણ ઈન્સાન તમને સીધા રસ્તે ચાલનારો દેખાશે નહિ. આમ છતાં તેઓનો દાવો છે કે, "શું અમે સીધા રસ્તે ચાલનારા લોકો નથી ?"

Maktabe Ashraf

ફઅહ-જરના • હુમ શહરન કરીતન • વ કુન્ના ફવ-કહુમ કલ- કાહિરીના.

અમે તેઓને મુકમ્મલ એક મહિના સુધી ઘેરામાં ગૂંગળાવી રાખ્યા, અને તેઓને માથે અઝાબે-ઈલાહી પેઠે છવાયેલા રહ્યા.

બિ - ઐદીના સવારિમુ મુર-હફાતુન • વકદ્દુ બિહલ મફારિકે વશ-શુઊના.

અમારા હાથોમાં કાપીને ટુકડા કરી નાખનારી તલવારો હતી. એજ તલવારોથી અમે તેઓના મસ્તકો અને ખોપરીઓના ચીંથરાં ઉડાવી રહ્યા હતા.

ફ - લવલા ખન્દકુન કાનૂ લદૈહિ • લદમ - મરના અલૈહિમ અજ-મઐના.

અગર એ ખન્દક ન હોત જેના સહારે તેઓ ટકી રહ્યા હતા તો, અમે એક-એકને વીણી-વીણીને કતલ કરી નાખતે !

ફઈન નરહલ ફઈન્ના કદ તરક -ના • લદચ અબયાતે - કુમ સઅદન રૈહના.

માટે જો અમે મક્કહ ભણી કૂચ કરી રહ્યા છીએ તો શું અમે તમારા ઘરો પાસે સઅદ બિન મુઆઝને મરવા માટે ગીરો નથી મૂકી આવ્યા ?

ઈઝા જન્નઝ - ઝલામુ સમિઅ-તા નવહય • અલા સઅદિન યુર-જિઅનલ - હનૈના.

જયારે રાતનું અંધારૂં ઊતરી આવે તો તે વેળા બૈરાંઓની રડારોળ સાંભળી લેજો; જેઓ પોતાની રડાકૂટથી, સઅદના છાજિયાં લેનારી હશે અને એકબીજીના સૂરમાં સૂર પુરાવનારી હશે.

હઝરત કઅબનું જવાબી કાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : દિરાર બિન ખત્તાબના ઉપલા શેઅરોનો જવાબ, બનૂ સલમહવાળા હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ આપ્યો છે. તેઓ કહે છે :

વ સાઇ-લતિન તુસાઇલુ મા લકૈના • વલવ શહિદત અરત્ના સાબિરૈના.

કેટલીયે પૂછનારી સન્નારીઓ પૂછી રહી છે કે અમે જંગમાં કઈ વસ્તુ સાથે બાખડયા ? અને અમે શું-શું કરી દેખાડયું ? મારો જવાબ આ છે કે, અગર એ સન્નારીઓ જોઈ લેત તો એ પ્રસંગે તેઓ અમને ખૂંખાર દુશ્મનના મુકાબલાની ઝીંક ઝીલી રહેલા જોતે !

સબરના લા નરા લિલ્લાહિ ઇદલન • અલા મા નાબના મુત-વક - કલીના.

અમે સંપૂર્ણ ધીરજ અને દ્રઢતાથી કામ લીધું. અમારી ઉપર સતત તૂટી પડનારી મુસીબતોમાં અને આફતોમાં, અલ્લાહ પર ભરોસો કરીને, અમે જે સહનશીલતાથી કામ લીધું તેનો દાખલો જડે એમ નથી.

વ કાના લનન-નબીય્ય વઝીરા સિદ્કિન • બિહી નઅલૂલ-બરિય-યતા અજ-મઈના.

અને અમારા માટે અલ્લાહના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હતા; જેઓ હક અને સચ્ચાઈમાં અમારા મદદગાર હતા; જેમના વસીલાથી અમે સારીયે મખ્લૂક પર વર્ચસ અને ઉપરવટ મેળવી લઈશું.

નુકાતિલુ મઅ-શરન ઝલમૂ વ અક-કૂ • વ કાનૂ બિલ ગદાવતે મુરસિદીના.

તે જથ્થાઓ જેઓ સિતમખોર, હિંસાખોર અને નાફરમાન છે અને જેઓએ કેવળ દુશ્મનીના પાયા

પર (નહિ કે સચ્ચાઈના પાયા પર) અમારી સાથે લડાઈની આટલી જંગી તૈયારી કરી છે, અમે છેવટ સુધી તેઓની સાથે લડતા રહીશું.

બિ-બાબિલ - ખન્દકૈન કઅન્ન ઉસ્દન • શવાબિકુ - હુન્ન યહમી - નલ - અરૈના.

ખન્દકને દરવાજે જાણે સિંહો ઊભેલા હતા જેઓ સંગઠિત થઈને પોતાના બોડનું રક્ષણ કરી રહ્યા હતા.

ફવારિસુ-ના ઈઝા બ-ક-રૂ વ રાહૂ • અલલ - અઅદાએ શૂશન મુઅલે - મયના.

લ -નન્સુર અહમદંવ વલ્લાહિ હુત્તા • નકૂના ઈબાદ સિદકીન મુખ-લિસીના.

જંગની નોબત ગગડાવનારા અને અભિમાનની તિરછી નજરથી જોનારા દુશ્મન પર જ્યારે અમારા સવારો સવાર-સાંજ ત્રાટકી રહ્યા હતા તો અમે અમારા પ્યારા અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદ કરી રહ્યા હતા. એના જ નતીજારૂપે આજે અમે અલ્લાહના સાચા અને નિખાલસ બંદા બની ગયા છીએ.

વ - યઅ - લમુ અહલ - મક્કતા હીના સારૂ • વ - અહઝાબુન અતવ મુતહઝ - ઝબીના.

બિઅન - નલ્લાહ લૈસા લહૂ શરીકુન • વઅન - નલ્લાહ મવલલ મુઅ-મિનીના.

મક્કહના કુરૈશ અને તે જૂથો જેઓ જથ્થાબંધી કરીને ચઢી આવ્યા હતા, જ્યારે પાછા જવા લાગ્યા તો તેઓને ખાતરી થઈ ગઈ હતી કે સાચેસાચ અલ્લાહનો કોઈ ભાગીદાર નથી અને સાચેસાચ અલ્લાહ મુસલમાનોનો બેલી છે.

ફ - ઈમ્મા તકતુલૂ સઅદન સિફાહન • ફ - ઇન - નલ્લાહ ખયરુલ - કાદિરીના

અગર તમે પોતાની નાદાની અને બેવકૂફીથી હઝરત સઅદને મારી પણ નાખ્યા તો એથી શું થાય છે? અલ્લાહ તઆલા તો દરેક પર કુદરત અને કાબૂ ધરાવનારો છે.

સયુદ - ખિલુ - હૂ જિનાનન તૈયિબાતિન • તકૂનુ મકા - મતન લિસ - સાલિહીના.

એ અલ્લાહ ! હઝરત સઅદને ઊંચા વર્ગની જન્નતમાં જગા આપજે ! એ જન્નત અલ્લાહના નેક બંદાઓનું કાયમી રહેઠાણ છે.

કમા કદ્ રદ્દકુમ ફલ્લા શરીદન • બિ - ગૈઝિકુમ ખઝાયા ખાએબીના.

જેમકે તેણે એટલે અલ્લાહ તઆલાએ તમને શિકસ્ત આપીને ભાગેડુ બનાવી દીધા અને તમે પોતાનાજ ગુસ્સામાં વળ ખાતા, ઝલીલો-ખ્વાર થઈને, નિરાશ ચેહરે, નુકસાન વેઠનારા બનીને, દુમ દબાવતા ભાગી ગયા. અને આ સ્થળે તમને કંઈ પણ મળવા પામ્યું નહિ.

બિ - રીહિન આસિફિન હબ્બત અલૈકુમ • ફ - કુન્તુમ તહ-તહા મુતકમ - મિહીના.

એટલું જ નહિ, તમારી ઉપર પ્રચંડ વાવાઝોડાનું જે તોફાન તૂટી પડ્યું અને જેનાથી તમે આંધળા બનીને ઊંધા વળી ગયા હતા. એ એવો અઝાબ હતો જેનાથી તમારૂં નામો-નિશાન દુનિયાની સપાટી પરથી નાબૂદ થતાં-થતાં બચી ગયું.

ઈબ્ને ઈસહાક કહે છે : વિરોધ પક્ષના શાઈર અબ્દુલ્લાહ બિન ઝિબઅરાએ પણ લાંબું કાવ્ય રચેલું છે. (એમાંના બેએક શેઅરો આ છે :)

Maktabe Ashraf

જૈશુન ઉયય-નતુ કાસિદુન બિ - લવાએહી, • ફીહે વ સખ્રુન કાઇદુલ- અહઝાબે.

અમારૂં લશ્કર તે લશ્કર હતું જેમાં ઉયૈનહ જેવો મહારથી પણ મવજૂદ હતો જેણે યુધ્ધનો ઝંડો ઉપાડેલો હતો અને લશ્કરોનો સૌથી મોટો ઉપરી અબૂ સુફયાન જેવો સરસેનાપતિ પણ સંગાતે હતો.

કરમાના કલ બદરૈના અસ્બહા ફીહેમા, • ગયસલ ફકીર વ - મઅ-કલિલ હુર્રાબે.

આ બંને વીરનરો આખા લશ્કરમાં ચઉદમી રાતના ચાંદ જેવા લાગતા હતા. જરૂરતમંદોની ફરિયાદો સાંભળવી, લોકોની હાજતો પુરી કરવી, મેદાનથી નાસનારાઓને બાંધીને કેદ કરવા, એ બધી કામગીરી આ બંને વીરનરો બજાવતા હતા.

લવલલ ખનાદિકુ ગાદિરૂ મિન જમ-ઇહિમ, • કત્લા લ-તયરિન સુગ-ગબિન વ ઝિઆબે.

અગર આ ખન્દકો ખાડી પેઠે આડે નહિ આવતે તો અમારા લોકો, મુસલમાનોના લશ્કરમાંથી બેશુમાર લોકોને કતલ કરીને, ભૂખ્યાં પક્ષીઓ તથા ભૂખ્યાં વરૂઓના ખોરાક તરીકે છોડી જતે.

ઈબ્ને ઝિબઅરાના આ શેઅરોનો જવાબ પણ હઝરત કઅબ બિન માલિકે ૨૨ શેઅરોના કાવ્યમાં આપ્યો છે જેનો છેલ્લો શેઅર આ છે.

જાઅત સખીનતુ કય તુગાલિબા રબ્બહા, • ફ - લ - યુગ - લબ્બન મુગા - લિબુલ - ગલ્લાબે.

આ દુશ્મન કુરૈશીઓ એવા વિચારે ચઢી આવ્યા હતા કે જીત મેળવી લેવામાં પોતાના પાલનહારની સાથે ટક્કર ઝીલે. પરંતુ સૌથી બળવાન અને શક્તિશાળી અલ્લાહની પાક જાત સાથે જે કોઇ ટક્કર ઝીલે તે જરૂર-બેજરૂર પટકાઇ પડે છે.

ઈબ્ને હિશામ કહે છે : મને એક ખાતરીના ગૃહસ્થે આ માહિતી આપી અને આ ગૃહસ્થને અબ્દુલ-મલિક બિન યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું કે, હઝરત કઅબ બિન માલિકનો ઉપરનો શેઅર જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સાંભળ્યો તો આપે તેમને ફરમાવ્યું, ''હે કઅબ! આ શેઅર બદલ અલ્લાહ તઆલાએ તમારો આભાર માન્યો.''

Maktabe Ashraf

પ્રકરણ ૧૨૩

સલ્લામ બિન અબિલ-હુકૈકની કતલ

ખૈબરનો ફિત્નાખોર યહૂદી સરદાર ● ખઝરજી મુસલમાનોની દરખાસ્ત ● ખઝરજી બહાદુરોની પ્રતિજ્ઞા ● ખઝરજી સાહસવીરો ખૈબર તરફ ● યહૂદી સરદારના કિલ્લામાં ● સાહસવીરો સલ્લામના શયનખંડમાં ● સલ્લામના મરણની જાહેરાત ● સલ્લામને કોણે કતલ કર્યો ● હઝરત હસ્સાનના શેઅરો.

Maktabe Ashraf

ખૈબરનો ફિત્નાખોર યહૂદી સરદાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અબૂ રાફિઅ સલ્લામ બિન અબિલ-હુકૈક નામે યહૂદી સોદાગર પોતાની કૌમનો જાણીતો અને માનીતો સરદાર હતો. સલ્લામ તેનું નામ અને અબૂ રાફિઅ તેનું ઉપનામ હતું. એ યહૂદીઓના એવા અગ્રણી સરદારોમાંથી હતો જેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના મુકાબલામાં ખન્દકનું યુધ્ધ ખેલવા માટે કુરૈશ ઉપરાંત, અરબના ઢગલાબંધ મુશરિક કબીલાઓને ઉશ્કેરીને, તેઓના જથ્થાઓના જથ્થાઓને સંગઠિત કરી લીધા હતા કે જેથી મદીનહ પર ચઢાઈ કરીને કાયમ માટે ઈસ્લામના મૂળિયાં ઉખેડી નાખવામાં આવે. [1]

આથી પહેલાં અનસારના ઔસ કબીલાના કેટલાક સાહસિક મુસલમાનો, જંગે-ઉહુદ પૂર્વે યહૂદી સરદાર અને શાઈર કઅબ બિન અશરફને, તેની ઈસ્લામ- દુશ્મની અને ફિત્નાખોરીને કારણે કતલ કરી ચૂકયા હતા. કેમકે એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો બહુ મોટો દુશ્મન હતો. પોતાની શાઈરીથી આપની શાનમાં નિંદાકાવ્યો કે આપની બદગોઈઓની કવિતાઓ રચીને લોકોની લાગણીઓને આપની વિરૂધ્ધ ભડકાવ્યા કરતો હતો. વળી હદ તો ત્યારે વળી જયારે તેણે પાકદામન મુસલમાન ખાતૂનોની આબરૂને કલંક લાગે તેવાં પ્રેમરસથી છલકાતાં કાવ્યો લખીને તેનો પ્રચાર કરવા માંડયો હતો.

ખઝરજી મુસલમાનોની દરખાસ્ત——————મુસલમાનોને જયારે જંગે-ખન્દક અને બનૂ કુરૈઝહના બખેડાઓથી ફરાગત મળી તો ખઝરજ કબીલાના કેટલાક સાહસિક જવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને તેઓએ સલ્લામ બિન અબિલ-હુકૈકને કતલ કરી નાખવાની દરખાસ્ત આપની સેવામાં રજૂ કરી. તે સમયે સલ્લામ ખૈબરમાં રહેતો હતો. આપે તેઓની આ દરખાસ્ત કબૂલ કરી

---

૧. સલ્લામ બિન અબિલ-હુકૈક બહુ માલદાર અને મોટો વેપારી ગૃહસ્થ હતો. ખૈબરમાં વસનારા યહૂદીઓ સાથે પોતાના કિલ્લામાં રહેતો હતો. કઅબ બિન અશરફ અને હુય્ય બિન અખ્તબ પેઠે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો જાની દુશ્મન હતો. મક્કહના કુરૈશ અને મુશરિક કબીલાઓના જથ્થાઓની હરેક પ્રકારે મદદ કરીને મદીનહ પર ચઢાઈ કરાવવામાં એણે અગ્ર ભાગ ભજવ્યો હતો. (સીરતુલ-મુસ્તફા જિ. ૨ પા. ૧૭૬) ''૯''

લીધી અને સલ્લામને કતલ કરી નાખવાની તેઓને પરવાનગી આપી દીધી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરીએ હઝરત અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિકની આ રિવાયત બયાન કરી. તેમણે કહ્યું :

''અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે સફળતા અને સિધ્ધિના જે સાધનો તૈયાર કરી રાખ્યાં હતાં તેમાંથી એક આ વાત પણ હતી કે, મદીનહના અન્સારના બંને કબીલા એટલે ઔસ અને ખઝરજના મુસલમાનો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં ગર્વ લેવા જેવું મર્દાનગીનું કોઇ સાહસ ખેડવામાં અને પરાક્રમ કરી બતાવવામાં હમેશા એકબીજાને ટપી જવાના પ્રયત્નો કરતા રહેતા હતા.

એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાભનું એક જોખમ ભરેલું કામ અગર ઔસ કબીલાના બહાદુરો કરી બતાવતા તો ખઝરજ કબીલાના બહાદુરો તરત પોકારી ઊઠતા કે, ''આ પરાક્રમમાં પણ તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં અમારા ઉપર સરસાઇ કે શ્રેષ્ઠતા ભોગવી શકવાના નથી!'' (એટલે અલ્લાહએ ચાહ્યું તો એના કરતાં પણ મોટું પરાક્રમ કરીને અમે તમને દેખાડી દઇશું !) એ પછી ખઝરજ કબીલાના બહાદુરો ત્યાં સુધી ચેનથી નહિ બેસતા જ્યાં સુધી કે તેવું જ અથવા તેથી ચઢિયાતું કોઇ પરાક્રમ કરીને દેખાડી નહિ દે ! અને જ્યારે ખઝરજવાળા એ જોખમી પરાક્રમ કરીને બતાવી દેતા તો ઔસના બહાદુરો કોઇ બીજા જોખમી પરાક્રમનું બીડું ઝડપી લેતા.

ખઝરજી બહાદુરોની પ્રતિજ્ઞા———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટરવાદી દુશ્મન કઅબ બિન અશરફને જ્યારે તેની અદાવતને કારણે ઔસ કબીલાના બહાદુરોએ કતલ કરી નાખ્યો હતો તો ખઝરજ કબીલાના સાહસખેડુ બહાદુરોએ પ્રતિજ્ઞા લેતાં કહી દીધું હતું કે, ''અલ્લાહના સોગંદ! આ સાહસમાં પણ ખઝરજવાળા અમારા ઉપર સરસાઇ ભોગવી શકવાના નથી !''

રાવીનું કથન છે : આ પ્રતિજ્ઞા પછી ખઝરજ કબીલાના લોકોમાં એવી ચર્ચા ચાલી નીકળી કે, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નાહકની દુશ્મની રાખવામાં આજકાલ કઅબ બિન અશરફ જેવો કોણ માણસ છે ?''

જવાબમાં લોકોએ સલ્લામ બિન અબિલ-હુકૈકનું નામ લીધું. ત્યારે ખઝરજના સાહસવીરોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જઇને સલ્લામને કતલ કરી નાખવાની પરવાનગી માગી તો આપે તેઓને પરવાનગી આપી દીધી.

ખઝરજી સાહસવીરો ખૈબર તરફ———હવે ખઝરજ કબીલાની શાખ બનૂ સલિમહના પાંચ સાહસિક જવાનો એટલે : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન અતીક રદિયલ્લાહુ અન્હુ (૨) હઝરત મસઊદ બિન સિનાન રદિયલ્લાહુ અન્હુ (૩) હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ રદિયલ્લાહુ અન્હુ (૪) હઝરત અબૂ કતાદહ હારિસ બિન રિબ્ઇ રદિયલ્લાહુ અન્હુ (૫) અને હઝરત ખુઝાઇ બિન અસવદ રદિયલ્લાહુ અન્હુ જેઓ અસલમ કબીલાના એક સભ્ય અને બનૂ સલિમહના કરારી હતા. એ બધા આ હેતુની સિધ્ધિ માટે ખૈબર તરફ રવાના થયા. મદીનહથી ઊપડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબ્દુલ્લાહ બિન અતીકને આ જમાઅતના અમીર બનાવ્યા અને સાથે તાકીદ ફરમાવી કે કોઇ સ્ત્રી કે બાળકની હત્યા કરવી નહિ.

આ સૂચનો લઇને પાંચે સાહસવીરો અંતે ખૈબરમાં વસેલા યહૂદીઓની વસતિમાં પહોંચી ગયા.

Maktabe Ashraf

યહૂદી સરદારના કિલ્લામાં————રાતનો વધુ સમય વીત્યો ન હતો. પાંચે ગૃહસ્થો અલ્લાહનું નામ લઈને સલ્લામ બિન અબિલ-હુકૈકની કિલ્લા જેવી હવેલી પાસે પહોંચીને બેધડક તેમાં દાખલ થઇ ગયા. પૂરી સાવચેતીથી કદમ બઢાવતા દરેક ખંડનો દરવાજો બંધ કરતા ગયા કે જેથી અંદરનો કોઇ માણસ બહાર ન આવી શકે. સલ્લામ ઉપરના માળે પોતાના શયનખંડમાં દરવાજો બંધ કરીને સૂતેલો હતો. માળ પર જવા માટે ખજૂરીના થડની સીડી લાગેલી હતી. એજ સીડી પર થઇને આ લોકો તેના શયનખંડને દરવાજે જઈને ઊભા થઇ ગયા અને અંદર આવવાની રજા માટે તેના દરવાજા પર ટકોરા માર્યા. સલ્લામની બીબી જાગતી હતી. ટકોરા સાંભળીને બારણા પાસે આવી અને બોલી, "કોણ છે ?"

જવાબ મળ્યો, "અમે અરબના વેપારી છીએ. અનાજની ખરીદી માટે આવ્યા છીએ."

બીબી બારણું ઉઘાડતાં બોલી, "આવો ઘરધણી અંદરના કમરામાં છે. કદાચ જાગતા હશે. અંદર જઈને વાત કરો."

સાહસવીરો સલ્લામના શયનખંડમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : અહીંથી આગળ એ સાહસવીરોનું પોતાનું બયાન શરૂ થાય છે : "અમે યહૂદના ફિત્નાખોર સરદાર સલ્લામ બિન અબિલ-હુકૈકના શયનખંડમાં પહોંચી ગયા. સાથે જ સાવચેતી રૂપે કમરાનું બારણું અંદરથી બંધ કરી લીધું કે જેથી તેની બીબી કે ઘરની કોઇ વ્યક્તિ અંદર આવીને અમારા કામમાં ખલલ નહિ નાખે. કમરાનો દરવાજો બંધ થતાં જ તેની બીબી બૂમરાણ મચાવવા લાગી અને બૂમો પાડી-પાડીને લોકોને મદદ માટે બોલાવવા લાગી કે, "દોડો કોઇ ડાકૂઓ ઘરમાં ઘૂસી આવ્યા છે !"

"અમે જલદીથી પોતાની તલવારો મિયાનમાંથી કાઢીને હાથોમાં લઈ લીધી. અબુલ-હુકૈકનો બેટો સલ્લામ પોતાની પથારી પર લાંબો થઇને સૂતેલો હતો અને અલ્લાહના સોગંદ ! રાતના અંધારાંમાં તેના શરીરની સફેદી સિવાય બીજી કોઇ વસ્તુથી તેની નિશાની જાણાતી ન હતી. બસ એવું લાગતું હતું જાણે સફેદ રંગનું કોઇ મિસરી કપડું પલંગ પર પડેલું છે.

તેની બીબી બૂમબરાડા મચાવવા લાગતી ત્યારે અમારામાંથી એક જણ તેના માથે તલવાર તાણી લેતો પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સૂચનનો ખ્યિાલ કરીને તરત પોતાનો હાથ નીચો કરી લેતો. જો આ સૂચન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી ના મળ્યું હોત તો એજ પળે તેની બીબી તરફથી પણ અમને છુટકારો મળી જાત !

છેવટે અમે પોતાની તલવારો અબુલ-હુકૈકના બેટા તરફ લંબાવી દીધી. અબ્દુલ્લાહ બિન ઉનૈસની તલવાર તેના પેટમાં ઘૂસી ગઇ. તલવારની અણી તેના પેટમાં ઘૂસતાં જ તે ચિલ્લાઇ ઊઠયો, "કતની! કતની !" એટલે બસ-બસ, આટલું જ મારા માટે બસ છે !

એ પછી અમે બહાર દોડી ગયા. અબ્દુલ્લાહ બિન ઉનૈસની નજર ઝાંખી હોવાથી ઓછું દેખાતું હતું. ઉતાવળમાં નીચે ઊતરતાં સીડીથી ગબડી પડયા જેના કારણે તેમનો હાથ બુરી રીતે મોચકાઇ ગયો. ઇબ્ને હિશામની રિવાયત મુજબ સીડી પરથી પટકાઈ જવાને કારણે તેમનો હાથ નહિ, પગ મોચકાઇ ગયો અને બીજી રિવાયત મુજબ તેમના પગનું હાડકું તૂટી ગયું. અમે એમને ખભે ઉપાડી લીધા અને લોકોની નજરોથી બચતા પાણીના ગરનાળાને રસ્તેથી એમને લઈને બહાર નીકળી ગયા.

એ દરમિયાન કિલ્લાવાળાઓએ દીવા પેટાવીને રોશની કરી હતી અને તેના પ્રકાશમાં અમને પકડી પાડવાની ચોતરફ દોડધામ કરી મુકી હતી. પણ અંતે તો તેઓએ નિરાશાનું જ મોં જોવું પડયું. રાતના અંધારાંનો લાભ લઇને અમે તેઓની પહોંચથી બહાર નીકળી ગયા હતા. છેવટે થાકીહારીને હતાશ ચેહરે તેઓ અબુલ-હુકૈક પાસે ચાલ્યા ગયા અને દીવાઓની રોશનીમાં તેના પલંગની ફરતે જઈને ઊભા થઇ ગયા. તે વેળા અલ્લાહના એ દુશ્મન પર સકરાતની હાલત હતી અને તેનો શ્વાસ તૂટી રહ્યો હતો."

સલ્લામના મરણની જાહેરાત————"તે વેળા અમારી વચ્ચે સવાલ ઊભો થયો કે, આખર આપણને ખબર કેવી રીતે પડે કે અલ્લાહનો એ દુશ્મન મરી ગયો છે ? એના જવાબનું જોખમ ખેડવા અમારો એક સાથી તૈયાર થયો. તેણે કહ્યું, "હું હમણા જઈને એની બાતમી મેળવી લાવું છું."

આમ કહીને અમારો એ સાથી અંધારાંમાં ગાયબ થઇ ગયો અને પૂરી સાવચેતી તથા સાવધાનીથી લપાતો-છુપાતો કિલ્લા પાસે પહોંચી ગયો અને ત્યાં ઊભેલાં લોકોના ટોળામાં સિફતપૂર્વક ઘૂસી ગયો. ત્યાંથી પાછા આવીને તેણે વિગત દર્શાવતાં કહ્યું, "મેં જોયું કે યહૂદી સ્ત્રી-પુરૂષો તેને ઘેરીને ઊભેલાં છે. તેની બીબી હાથમાં દીવો લઈને ખાવિન્દનું મોં જોતી હતી અને રડતાં-રડતાં લોકોને કિસ્સો કહેતી હતી. તે બોલતી હતી, "અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે મારા કાનોએ અબ્દુલ્લાહ બિન અતીક જેવો અવાજ સાંભળ્યો હતો. પછી મને થયું કે ના, ઇબ્ને અતીક તો મદીનહમાં રહે છે, તે અહીં કયાંથી ?"

આમ કહીને તે ફરીવાર તેના ખાવિન્દનું મોં જોવા લાગી અને પછી અચાનક પોકારી ઊઠી, "હાય હાય, રબ્બે-યહૂદના સોગંદ ! એ તો મને રડતી મૂકીને ચાલી નીકળ્યો !"

અમારા સાથીએ પોતાની વાત ચાલુ રાખતાં ઉમેર્યું, "બસ પછી શું હતું ! સાચું કહું તો તેની બીબીના આ બોલોથી વધુ મીઠા બોલો મારા કાનોએ આજ સુધી સાંભળ્યા નથી !"

સલ્લામને કોણે કતલ કર્યો————આ સમાચાર મળતાં જ અમે અમારા સાથીને ખભે ઉપાડીને ત્યાંથી ચાલી નીકળ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને અલ્લાહના દુશ્મનની કતલનો પૂરો કિસ્સો કહી સંભળાવ્યો. આપની એજ મજલિસમાં કોની તલવારે અલ્લાહના દુશ્મનને કતલ કર્યો તે અંગે અમારી વચ્ચે મતભેદ ઊભો થયો કેમકે અમારામાંથી દરેક જણ તેની કતલનો દાવેદાર હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "વારૂ તમે લોકો તમારી તલવારો મારી સામે પેશ કરો."

અમે અમારી તલવારો રજૂ કરી. આપે તલવારોની ઝીણવટભરી તપાસ કરી અને પછી ફરમાવ્યું, "તે અબ્દુલ્લાહ બિન ઉનૈસની તલવારથી કતલ થયો છે. એમની તલવાર પર હું અનાજની અસર જોઉં છું."

હઝરત હસ્સાનના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : સાહસવીરોના આ પરાક્રમના મામલે હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ કેટલાક શેઅરો કહ્યા જેમાં તેમણે કઅબ બિન અશરફ અને સલ્લામ બિન અબિલ-હુકૈકની કતલનો ઉલ્લેખ કર્યો છે :

સિલ્લાહે દર્ઈ અસા-બતિન લાકૈ - તહુમ, • યબ્નલ - હુકૈકા વ અન્તા યબ્નલ - અશરફે.

હે ઇબ્ને અબિલ - હુકૈક ! અને હે કઅબ બિન અશરફ ! તે જમાઅતનું શું પૂછવું જેની સાથે તમે

ભોટકાઇ પડયા !

યસરૂના બિલ - બીદિલ - બિફાફે ઇલૈકુમ, • મ-ર-હન ક - ઉસદિન ફી અરીબિમ મુગરેફે.

આ લોકો પોતાની હલકી-ફુલકી તલવારો લઇને, ઝાડીઓની બોડમાં ભરાયેલા સિંહો પેઠે, મજામજાથી રાતની વેળા તમારી તરફ ચાલી નીકળ્યા.

હત્તા અતવ - કુમ ફી મહલ્લે બિલાદે - કુમ, • ફ - સ - કવ કુમ હત્ફન બે - બીદિન ઝુફ - ફફે.

ત્યાં સુધી કે તેઓ તમારી વસતિના રહેઠાણો સુધી પહોંચી ગયા અને પોતાની ધારદાર તલવારોથી તમને મૃત્યુનું જળ પીવાડી દીધું.

મુસ્તબ - સિરીન લિ-નસરે - દીને - નબીય - યિહિમ, •મુસ્તસ - ગિરીન લિ - કુલ્લે અમરિન મુજ - હેફે.

કેવળ પોતાના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દીનની મદદ ખાતર અને પોતાના જાન-માલને હકીર કે તુચ્છ સમજીને.

સંપાદકની નોંધ——————સહીહ બુખારીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત બરાઅ બિન આઝિબ રદિયલ્લાહુ અન્હુના મુખે, અબૂ રાફિઅ સલ્લામની કતલની વિગત આ પ્રમાણે ટાંકેલી છે :

હઝરત બરાઅ બિન આઝિબનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇસ્લામના કટ્ટર દુશ્મન અબૂ રાફિઅ સલ્લામ યહૂદીને કતલ કરવા માટે અન્સારમાંથી કેટલાક સહાબાને પરવાનગી આપી દીધી. જયારે આ લોકો સલ્લામના કિલ્લા પાસે પહોંચ્યા તો સુરજ આથમી ગયો હતો. અંધારૂં ઊતરી આવ્યું હતું. લોકો જંગલમાંથી પોતાના ઢોરઢાંખર ચરાવીને આવી રહ્યા હતા. અન્સારના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન અતીકે પોતાના સાથીઓને કહ્યું, "તમે લોકો અહીં જ થોભો. હું કિલ્લા પાસે જઇને અંદર દાખલ થવાની કોઇ તદબીર કરૂં છું. અલ્લાહએ ચાહ્યું તો કામયાબી મળશે."

કિલ્લાના ફાટકે ચોકીદાર પહેરો ભરતો હતો. લોકો અંદર દાખલ થઇ રહ્યા હતા. એટલામાં હઝરત અબ્દુલ્લાહ ફાટક પાસેના એક ખૂણે હાથપગ સંકોચીને એવી રીતે બેસી ગયા જાણે તેઓ પેશાબ કરવા બેઠા હોય. અચાનક ચોકીદારે પોકાર પાડયો, "હે અલ્લાહના બંદા ! અંદર આવવું હોય તો ઉતાવળ કર, હું ફાટક બંધ કરૂં છું."

હઝરત અબ્દુલ્લાહ બિન અતીક ફરમાવે છે : "આ પોકાર સાંભળતાં જ હું ઝડપભેર કિલ્લામાં દાખલ થઇ ગયો. બાજુમાં જ ગધેડાનો તબેલો આવેલો હતો. હું તેમાં જઇને લપાઇને બેસી ગયો. ચોકીદારે ફાટક બંધ કરીને ચાવીઓ ત્યાંના એક ગોખલાની ખીંટીએ ટાંકી દીધી. સલ્લામના કિલ્લામાં રાતે કિસ્સા કહાણીઓની મજલિસ જામતી હતી. કથાકારો કથા માંડતા હતા. જયારે એ બધા ચાલ્યા ગયા અને રાત ખાસી વીતી ગઇ તો હું તબેલામાંથી નીકળ્યો. ગોખલાના ખૂંટે ટાંકેલી ચાવીઓ ઉપાડી અને સીડી પરથી થઇને સલ્લામના શયનખંડ તરફ જવા લાગ્યો. જયારે હું કોઇ દરવાજો ખોલતો તો અંદરથી તરત તેને બંધ કરી દેતો કે જેથી કોઇ અંદર ન આવી શકે. સલ્લામ પોતાની બેગમ સાથે એક અંધારા કમરામાં સૂતેલો હતો પણ કમરાની કઇ દિશાએ સૂતેલો છે તેની મને ખબર ન હતી.

મેં હળવેથી પોકાર પાડયો, "હે અબૂ રાફિઅ !"

Maktabe Ashraf

તે બોલ્યો, ''કોણ છે ?''

એજ પળે અવાજની દિશાએ હું ધસી ગયો અને તલવારનો વાર કરી દીધો. પણ અંધારૂં હતું. હું ગભરાટમાં હતો. વાર ખાલી ગયો. સલ્લામે જેવી જ ચીસ પાડી કે તરત હું કમરામાંથી નીકળી ગયો. બહાર થોડીવાર થોભીને પાછો કમરામાં ગયો અને અવાજ બદલીને બોલ્યો, ''હે અબૂ રાફિઅ ! તમારા કમરામાં એ કોનો અવાજ હતો?''

''તારી મા મરે, શું કોઈએ તલવાર મારી હતી ? જા જઈને જોઈ આવ કે કોણ છે ?'' અબૂ રાફિઅ બોલ્યો.

હવે મને સમજાય ગયું કે તે કયાંથી બોલે છે. નઝદીક જઈને તલવારનો ભરપૂર વાર કરી દીધો. પછી મને થયું કે એ પણ ઓછો પડયો છે ત્યારે મેં તલવારની અણી તેના પેટમાં ઘૂસાડી દીધી ત્યાં સુધી કે અણી તેની કેડ સુધી પહોંચી ગઈ. હવે મને ખાતરી થઇ કે મેં તેને કતલ કરી નાખ્યો છે.

એ પછી હું ત્યાંથી પલટયો અને મેં બંધ કરેલો એકએક દરવાજો ખોલતો સીડી સુધી પહોંચી ગયો. પગથિયાં ઊતરતી વેળા મને થયું કે હું જમીન સુધી પહોંચી ગયો છું, જો કે જમીન હજી દૂર હતી. આ રીતે હું સીડી પરથી પટકાતો નીચે પાછડાયો જેના કારણે મારી પિંડલીનું હાડકું તૂટી ગયું. તરત જ પાઘડી ઉતારીને મેં પિંડલી ફરતે મજબૂતીથી કસી દીધી. તે વેળા ચાંદરણું ખીલી ઊઠયું હતું.

કિલ્લાથી બહાર નીકળીને મેં ફેસલો કરી લીધો કે ત્યાં સુધી અહીંથી ટળવાનો નથી જયાં સુધી કે અબૂ રાફિઅના મરણની પાકે પાયે ખાતરી નહિ થઇ જાય. ત્યાં જ કિલ્લાના ફાટકની બહાર બેસી રહ્યો. જયારે કૂકડાએ પરોઢની બાંગ પોકારી તો મરણની જાહેરાત કરનારે કિલ્લાની અગાશી પરથી પોકાર પાડયો, ''હે લોકો ! આથી હું હિજાઝના શાહસોદાગર અબૂ રાફિઅના મરણની જાહેરાત કરૂં છું !''

તેના મરણની જાહેરાતથી હું એટલો આનંદમાં આવી ગયો કે પગની તકલીફ હોવા છતાં મને પગની તકલીફનો એહસાસ નહિ રહ્યો. સાથીઓ પાસે જઈને મેં કહ્યું, ''અન-નજાઅ'' જલદી કરો. મેં અબૂ રાફિઅને કતલ કરી નાખ્યો છે.

એ પછી અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને પૂરો કિસ્સો આપને કહી સંભળાવ્યો. આપે મને ફરમાવ્યું, ''તમારો પગ લાંબો કરો.''

મેં અદબથી પગ લંબાવી દીધો. આપે મારી પિંડલીના તૂટેલા ભાગ પર પોતાનો મુબારક હાથ ફેરવી દીધો. વલ્લાહ ! પગ એવો સાજોસમો થઇ ગયો જાણે તેને કંઇ જ થયું ન હતું. (કશ્ફુલ-બારી અમ્મા ફી સહીહિલ-બુખારી જિ.૨ પા. ૧૯૮ થી ૨૦૨ - સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૧૭૮) ''હ''

પ્રકરણ ૧૨૪

અમ્ર બિન આસ અને ખાલિદ બિન વલીદ ઇસ્લામના ચરણોમાં

અમ્ર બિન આસ નજાશીના દરબારમાં • હઝરત અમ્ર દમરીનું આગમન • હઝરત અમ્રને કતલ કરવાની દરખાસ્ત • નજાશીના ગુસ્સાનો પારો • મદીનહ જતાં ખાલિદ સાથે ભેટો • અમ્ર અને ખાલિદ ઇસ્લામના ચરણોમાં • ઇબ્ને તલહાનો ઇસ્લામ સ્વીકાર.

Maktabe Ashraf

ગુજરાતી સંપાદકની નોંધ————અમ્ર બિન આસ અને ખાલિદ બિન વલીદ ઇસ્લામી ઇતિહાસના નામચીન સિપહસાલાર થઇ ગયા છે. કુફ્રો-શિર્કની હાલતમાં પણ બંને વીરનરો બહુ જોશીલા, બાહોશ અને કુનેહબુધ્ધિ ધરાવનારા મુત્સદ્દી કે રાજકારણી તરીકે જાણીતા હતા. લશ્કરી વ્યૂહરચના અને રાજકારણના દાવપેચના નિષ્ણાંત હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટરવાદી દુશ્મનોમાંથી હતા. ઇસ્લામને ઉખેડી કાઢવાની પ્રવૃત્તિઓમાં બઢીચઢીને ભાગ લેતા હતા. પછી તે સમય આવ્યો જ્યારે બંનેની આંખો પરથી શયતાની પર્દા હટી ગયા. અને ઇસ્લામની સચ્ચાઇની બંનેને ખાતરી થઇ ગઇ. ત્યારે બંનેએ અંતરનો નાદ ઝીલી લેવામાં પળનો પણ વિલંબ નહિ કર્યો. બેધડક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થઇને અંતઃકરણથી મુસલમાન બની ગયા. આ રીતે બંને રાજપુરૂષોએ ઇસ્લામના ચરણોમાં માથાં નમાવીને બંને જહાનની કામયાબી મેળવી લીધી. હઝરત અમ્ર બિન આસે મિસરના વિજેતા તરીકે અને મિસરના ગવર્નર તરીકે અમર નામના મેળવી જ્યારે હઝરત ખાલિદ બિન વલીદે સરકારે-મદીનહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી ''સૈફુલ્લાહ'' એટલે અલ્લાહની તલવારનો ખિતાબ મેળવ્યો અને મુલકોના મુલકો ફતેહ કરી લીધાં. ''હથુરાણી''

અમ્ર બિન આસ નજાશીના દરબારમાં——ઈબ્ને ઈસ્હાક કહે છે : અમ્ર બિન આસના મુસલમાન બનવાની આ કથા મને યઝીદ બિન અબૂ હબીબે કહી સંભળાવી અને તેણે હબીબ બિન અબૂ ઔસ સકફીના આઝાદ ગુલામ રાશિદના મુખે સાંભળી અને રાશિદે આ કથા હબીબ બિન અબૂ ઔસ સકફીના મુખે સાંભળી. હબીબ બિન અબૂ ઔસનું બયાન છે કે, અમ્ર બિન આસે સ્વમુખે પોતાના ઈસ્લામ-સ્વીકારની કથા મારી આગળ વર્ણવતાં કહ્યું :

"ખન્દકના યુધ્ધમાં હરેક પ્રકારે ખુવાર થઈને અમારૂં વિરાટ લશ્કર વીલે મોઢે મક્કહ પાછું ફર્યું. તે વેળા મારી ચિન્તા, મારી ઉદાસી અને મારી હતાશા-નિરાશાનો પાર ન હતો. ત્યારે મેં કુરૈશના કેટલાક એવા જવાનોને ભેગા કર્યા જેઓ મારી સલાહને મહત્વ આપીને વધાવી લેતા હતા અને મારો પડયો બોલ ઝીલી લેવા તૈયાર હતા.

મેં તેઓને કહ્યું, "હે કુરૈશી જવાનો ! જુઓ, અલ્લાહના સોગંદ, તમે બધા જાણો છો કે હવે મુહંમદનો બોલ ઊંચે ને ઊંચે જઈ રહ્યો છે. તેમને જીત પર જીત અને ફતેહ પર ફતેહ મળી રહી છે. સાચું કહું તો તેમની આ ચઢતી મને દીઠી ગમતી નથી અને ઈસ્લામના પ્રવાહને અટકાવવાની આપણી કોઈ તદબીર કારગર નીવડતી નથી. હવે આ પરિસ્થિતિ કે લમણાઝીંકથી છૂટવાનો એક રસ્તો મારા ઝેહનમાં આવે છે. કહો એ વિષે તમારો શો મત છે ?" (એટલે મારો આ વિચાર જાહેર કરૂં કે ન કરૂં ?)

કુરૈશી જવાનો બોલ્યા, "હે અમ્ર ! પ્રથમ બતાવો તમે શું વિચાર્યું છે ?"

મેં કહ્યું, "જુઓ આપણે થોડીક ભેટની વસ્તુઓ લઈને હબશહ દેશના બાદશાહ નજાશીના દરબારમાં જઈએ અને તેને રાજી કરીને ત્યાં જ રહી પડીએ. મારી માન્યતામાં મુહંમદના તાબેદાર બનીને રહેવા કરતાં નજાશીના તાબેદાર બનીને રહેવું વધારે બેહતર છે. પછી જો મુહંમદ આપણી કૌમ પર વર્ચસ મેળવી લે તો આપણે નજાશી પાસે જ કાયમનો વસવાટ ગ્રહણ કરી લઈશું. અને જો આપણી કૌમ મુહંમદ પર વર્ચસ મેળવી લે તો એનાથી રૂડું બીજું શું ? આપણી કૌમ આપણને ઓળખે જ છે. તે જરૂર મક્કહમાં આપણું સ્વાગત કરશે."

કુરૈશી જવાનો મારા વિચારો સાથે સંમત થતાં બોલ્યા, "હે અમ્ર ! તમારી આ વાત ખરેખર વાજબી જ છે અને વધાવી લેવા જેવી છે."

મેં કહ્યું, "ત્યારે તે વસ્તુઓ ભેગી કરો જે આપણે નજાશીના દરબારમાં ભેટ તરીકે રજૂ કરવાની છે."

અમ્ર બિન આસ કહે છે : "અમારા દેશની જે કીમતી વસ્તુ નજાશી બાદશાહને વધુથી વધુ ગમી શકે તે અરબના ઉત્તમ પ્રકારના ચામડાંની મહામૂલી ભેટ હતી. અમે ખાસ્સા પ્રમાણમાં મૂલ્યવાન ચામડાં ભેગાં કર્યાં. તેને લઈને ચાલી નીકળ્યા અને નજાશી બાદશાહના દેશ મુલ્કે-હબશહ પહોંચી ગયા."

હઝરત અમ્ર દમરીનું આગમન——અમ્ર બિન આસ કહે છે : "અમે હબશહમાં જ હતા કે એક દિવસે અચાનક અમ્ર બિન ઉમૈયહ દમરી મારા જોવામાં આવ્યો. મેં તેને બાદશાહના દરબારમાં જતાં અને ત્યાંથી બહાર નીકળતાં જોયો. [૧] મક્કહથી હિજરત કરીને આવેલા મુસલમાનોમાંથી કેટલાક હજુ સુધી

૧. હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂત કે એલચી હતા. મક્કહના મુહાજિરોમાંથી હઝરત જઅફર બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ અને તેમના કેટલાક સાથીઓ હજુ સુધી હબશહમાં જ હતા. તેઓને તેડી લાવવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમે હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને નજાશી પાસે મોકલ્યા હતા. "હ"

Maktabe Ashraf

હબશહમાં જ હતા. પૂછપરછ કરતાં ખબર પડી કે મુહંમદ સાહેબે અમ્ર બિન ઉમૈયહ દમરીને, જઅફર બિન અબૂ તાલિબ તથા તેના સાથી મુસલમાનોના મામલા અંગે નજાશી પાસે મોકલ્યો હતો કે જેથી તે બધા મુસલમાનોને હબશહથી તેડીને મદીનહ લઇ જાય.''

''અમ્ર બિન આસ કહે છે : અમ્ર બિન ઉમૈયહ દમરીને જોતાં જ મારા તનબદનમાં આગ લાગી ગઇ. મેં મારા સાથીઓને કહ્યું,

''કેવું સારૂં થાય કે હું નજાશી પાસે જાઉં ! તેને દરખાસ્ત રજૂ કરૂં ! તે અમ્ર બિન ઉમૈયહને મારે હવાલે કરી દે ! અને હું તલવારથી તેનું મસ્તક ઉડાવી દઉં !''

જો આ રીતે મારી યોજના સફળ થાય અને અમ્રને હું કતલ કરી નાખું તો વિચાર કરો, કુરૈશ કેટલા ખુશ થશે ! તેઓ મને ધન્યવાદ આપતાં પોકારી ઊઠશે, ''હે અમ્ર બિન આસ ! ખરેખર તેં કુરૈશ કૌમની ભારે સેવા કરી છે !''

હઝરત અમ્રને કતલ કરવાની દરખાસ્ત——————એ પછી હું મારા સાથીઓ સાથે નજાશીના દરબારમાં હાજર થયો. ત્યાંના દરબારી નિયમ મુજબ અમે નજાશીને સિજદો કર્યો. મને જોતાં જ નજાશી મલકાયો, ''ભલે પધાર્યા મારા દોસ્ત ! કહો મારા માટે પોતાના દેશનો શું તોહફો લાવ્યા છો ?''

મેં અરજ કરી, ''જી હા બાદશાહ સલામત ! આપ નામદાર માટે હું ઠીક પ્રમાણમાં મૂલ્યવાન ચામડાંનો તોહફો લાવ્યો છું.''

આમ કહીને મેં અરબના કીમતી ચામડાંનો તોહફો બાદશાહના ચરણોમાં ભેટ ધર્યો. નજાશીને એ તોહફો ગમી ગયો. પછી થોડીક અહીંતહીંની વાતો કરીને મેં અરજ કરી, ''બાદશાહ સલામત ! પરવાનગી હોય તો એક દરખાસ્ત રજૂ કરૂં !''

નજાશી બોલ્યો, ''કહો શું છે ?''

મેં કહ્યું, ''જહાંપનાહ ! મેં આપના દરબારમાંથી મદીનહના એક શખ્સને નીકળતો જોયો છે. તે એક એવા ગૃહસ્થનો એલચી છે જે અમારો અને અમારી કૌમનો કટ્ટર દુશ્મન છે. એ દુશ્મને અમારી કૌમના અનેક આબરૂદારો અને સરદારોને મારી નાખ્યા છે. માટે આપ અમારા એ દુશ્મનના એલચીને મારે હવાલે કરી દો કે જેથી હું તેને કતલ કરી નાખું !''

નજાશીના ગુસ્સાનો પારો——————''વલ્લાહ ! મારી આ દરખાસ્ત સાંભળતાં જ નજાશીના ગુસ્સાનો પાર ન રહ્યો. ક્રોધથી તેના ચેહરાનો રંગ બદલાય ગયો. એજ ઉત્તેજિત દશામાં તેણે પોતાના જ નાક પર પોતાના હાથથી એવા જોરનાં મુક્કો માર્યો કે મને થયું, એણે પોતાનું જ નાક ભાંગી નાખ્યું છે ! તેની આ ઝનૂની હાલત જોઈને ભયથી મારાં રૂવાટાં ખડાં થઇ ગયાં. મને થયું કે કાશ ! જમીન ફાટી જાત અને હું તેમાં ગરક થઇ જાત !''

ઝંખવાણો થઇને હું બોલ્યો, ''બાદશાહ સલામત ! મને માફ કરો. મારી ભૂલ થઇ છે. જો મને ખબર હોત કે મારી વાતથી આપનું દિલ દુભાશે તો હું કદી એવી દરખાસ્તની ગુસ્તાખી નહિ કરત !''

નજાશી ગુસ્સાથી બોલ્યો, ''શું તું એવા ગૃહસ્થના એલચીને કતલ કરવાની માગણી કરે છે જેમની

પાસે અલ્લાહનો તેજ માનવંતો ફરિશ્તો આવે છે જે મૂસા પયગમ્બર પાસે આવતો હતો ?"

મેં નવાઈ પામીને કહ્યું, "બાદશાહ સલામત ! આખર આ બધો શું મામલો છે ? ફરિશ્તો...... પયગમ્બર........મને તો કંઈ જ સમજાતું નથી."

નજાશી ઠાવકા મુખે બોલ્યો, "ભલા માણસ મારૂં માને તો જઈને મુહંમદની તાબેદારી કબૂલ કરી લે. અલ્લાહના સોગંદ ! તેઓ પોતાની પયગમ્બરીના દાવામાં બિલકુલ સાચા છે. જેવી રીતે મૂસા પયગમ્બરે તે સમયના બાદશાહ ફિરઔન અને તેના લશ્કર પર વિજય મેળવ્યો હતો તેવી જ રીતે મુહંમદ પણ એવા તમામ લોકો પર વિજય મેળવી લેશે જેઓ તેમનો વિરોધ કરે છે."

"બાદશાહ સલામત ! શું ખરેખર એમ જ બનવાનું છે ?" મેં પૂછ્યું.

"હા બેશક એમ જ બનવાનું છે." નજાશીએ મક્કમતાથી જવાબ આપ્યો.

"ત્યારે એક કામ કરો બાદશાહ સલામત !"મેં પ્રસ્તાવ મૂક્યો.

"તે શું ?"

"હે દયાળુ બાદશાહ ! આપ પોતે મુહંમદ તરફથી મને મુસલમાન બનાવી લો."

"હા, બેશક, જરૂર, કેમ નહિ !" આમ કહીને નજાશીએ પોતાનો જમણો હાથ લંબાવી દીધો અને મેં નજાશીના હાથ પર ઈસ્લામની બૈઅત કરી લીધી. એ પછી હું નજાશી પાસેથી ઊઠીને મારા સાથીઓ પાસે ચાલ્યો ગયો. તેઓની સાથે મારી જે યોજના હતી તેને અમલમાં મૂકવાનું હવે મારા માટે શક્ય ન હતું. તેઓની સાથે મતભેદો પડવા લાગ્યા કેમકે મુસલમાન બનવાની વાત મારા સાથીઓથી મેં છુપાવી રાખી હતી.

મદીનહ જતાં ખાલિદ સાથે ભેટો——એ પછી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવાના વિચારે હબશહથી નીકળીને મદીનહ તરફ ઊપડયો. મેં મનમાં ઠરાવી લીધું હતું કે જાતે ને પોતે મદીનહ હાજર થઈને ખુદ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરીશ. સંજોગજોગે રસ્તામાં અચાનક ખાલિદ બિન વલીદ સાથે મારો ભેટો થઈ ગયો. મક્કહ ફતેહ થયું તેના થોડા દિવસ પહેલાંનો આ બનાવ છે. ખાલિદ બિન વલીદ મક્કહથી આવી રહ્યા હતા. મેં પૂછ્યું, "હે અબૂ સુલેમાન ! (ખાલિદનું ઉપનામ) ક્યાંનો વિચાર છે ?"

બોલ્યા, "અલ્લાહના સોગંદ ! સત્ય બોલી ઊઠયું છે. એ ગૃહસ્થ (એટલે હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ) સાચેસાચ અલ્લાહના નબીય્યે-બરકહ છે. વલ્લાહ ! હું તેમની જ તહેનાતમાં જઈ રહ્યો છું. કે જેથી ઈસ્લામ કબૂલ કરી લઉં. આખર ક્યાં સુધી હું સત્યથી ભાગતો રહીશ ?"

મેં કહ્યું, "ચાલો ત્યારે એકથી બે ભલા. હું પણ એટલા જ ખાતર જઈ રહ્યો છું કે ઈસ્લામ કબૂલ કરી લઉં."

અમ્ર અને ખાલિદ ઈસ્લામના ચરણોમાં——એ પછી હું અને ખાલિદ બિન વલીદ ભેગા સફર કરતા મદીનહ પહોંચી ગયા. ખાલિદ બિન વલીદે મારાથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરીને ઈસ્લામ સ્વીકારી લીધો. પછી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો.

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મુસલમાન બનવા પહેલાં મારી એક શરત છે."

"કહો શું શરત છે ?"

મેં કહ્યું, "આપના હાથ પર એવી શરતે બૈઅત કરીશ કે જેટલા ગુનાહો થઈ ચૂકયા છે એ બધા માફ કરી દેવામાં આવે. હવે પછી જે ગુનાહો થશે તેના વિશે કંઈ કહેતો નથી."

આપે ફરમાવ્યું, "હે અમ્ર ! બૈઅત કરી લો. જેટલા ગુનાહો પહેલાં થઈ ચૂકયા છે એ બધાને ઈસ્લામ મિટાવી દે છે અને અલ્લાહના રાહમાં હિજરત પણ તમામ ગુનાહોને ધોઈ નાખે છે."

એ પછી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરીને મુસલમાન બની ગયો અને ત્યાંથી પાછો આવી ગયો."

ઈબ્ને તલહાનો ઈસ્લામ સ્વીકાર ——— ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી પ્રમાણભૂત માહિતી મુજબ ઉસ્માન બિન તલહા બિન અબૂ તલહાએ પણ હઝરત અમ્ર બિન આસ અને હઝરત ખાલિદ બિન વલીદની સાથે જ ઈસ્લામ સ્વીકારી લીધો હતો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉસ્માન બિન તલહા અને હઝરત ખાલિદ બિન વલીદના ઈસ્લામ સ્વીકારથી નારાજ થઈને ઈબ્ને ઝિબઅરા શાઈરે આ રીતે ટકોર કરી છે :

ઈમ - ફતાહ બૈતિન ગયરે બૈતિકા તબતગી, • વમા યુબ્તગી મિમ મજદે બૈતિન મુઅસ્સ - સલિ

(હે ઉસ્માન !) શું તું પોતાના ઘર સિવાય બીજાના ઘરની ચાવીઓનો તલબગાર છે ? અને શું તું અલ્લાહના પ્રાચીન ઘરનું ગૌરવ નથી ઈચ્છતો ? [૧]

ફલા તઅ-મનન્ન ખાલિદન બઅદા હાઝિહી, • વ ઉસ્માનુ જાઅ બિદ-દુહૈમિલ મુઅદ - દલિ.

હે ખાલિદ ! યાદ રાખજે આપણા બાપદાદાઓથી ચાલ્યા આવતા કરારોને તોડી નાખવા પછી તું પણ સલામત રહી શકવાનો નથી અને ઉસ્માન તો એક બહુ મોટી મુસીબત લઈને આવી લાગ્યો છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સન ૫ હિજરીના ઝી-કઅદહના છેલ્લા દિવસો અને ઝિલ-હજજની શરૂઆતમાં [૨] બનૂ કુરૈઝહના ચહૂદ પર ફતેહ મેળવી હતી. વળી મક્કહના મુશરિકો હજુ સુધી ખાનએ-કઅબહના મુતવલ્લી હોવાથી આ વરસના ઝિલ-હજજના મહિનામાં હજજને લગતો પૂરો વહીવટ તેઓના જ હાથમાં રહ્યો.

---

૧. હઝરત ઉસ્માન બિન તલહા રદિયલ્લાહુ અન્હુ મક્કહના આબરૂદાર ખાનદાનના નબીરા હતા. ખાનએ-કઅબહની ચાવી રાખવાનો માનભર્યો ઓહદો એમના જ ખાનદાનમાં ઊતરી આવતો હતો. શાઈરે એજ તરફ ઈશારો કર્યો છે.

૨. સન ૫ હિજરીનો ઝિલ-હજજ મહિનો ૨૩ એપ્રિલ ૬૨૭ થી શરૂ થયો. (ઈબ્ને હિશામ જિ.૨ પા. ૩૩૩નો હાશિયો)

પ્રકરણ ૧૨૫

ગઝવએ - બની લિહયાન

——અને——

ગઝવએ - ઝી - કરદ

બનૂ લિહયાન કબીલા પર ચઢાઈ • પ્રવાસની મંઝિલો • બનૂ લિહયાનની નાસભાગ • હઝરત જાબિરની રિવાયત • ગઝવએ-ઝી-કરદ • રસૂલુલ્લાહ (સ.લ.)ના ઊંટો પર છાપો • હઝરત ઈબ્નુલ-અકવઅની બહાદુરી • દીને-હકના શાહસવારો • હઝરત અબૂ ઐયાશનો મામલો • હઝરત મુહરિઝની શહાદત • મુસલમાનોના ઘોડાઓના નામ • લૂંટારાઓ પર સહાબાનું આક્રમણ • મરનાર ગિફારીની બેગમનો કિસ્સો • હઝરત હસ્સાનના શેઅરો.

બનૂ લિહયાન કબીલા પર ચઢાઈ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝીલ-હજ્જ પછી સન ૬ હિજરીના મુહર્રમ, સફર, રબીઉલ-અવ્વલ અને રબીઉલ-આખિરના અંત સુધી મદીનહ મુનવ્વરહમાં બિરાજમાન રહ્યા.[૧]

બનૂ કુરૈઝહના યહૂદ પર ફતેહ મેળવવાના લગભગ ૬ મહિના પછી જુમાદલ-અવ્વલમાં આપ, બનૂ લિહયાનના ગદ્દાર તથા દગાખોર કબીલા પર ચઢાઈને ઈરાદે, મદીનહથી ઈસ્લામી લશ્કર સાથે રવાના થયા.[૨]

આપનો મૂળ મકસદ ''અસહાબે-રજીઅ'' એટલે હઝરત ખુબૈબ બિન અદી રદિયલ્લાહુ અન્હુ અને હઝરત આસિમ બિન સાબિત રદિયલ્લાહુ અન્હુ તથા એમના સાથીઓની ક્રુર હત્યા કરનારા દગાબાજ ખૂનીઓ કનેથી બદલો લેવાનો હતો. પરંતુ આપે જાહેર એવું કર્યું જાણે આપ પોતાના સાથીઓ સાથે બનૂ લિહયાન તરફ નહિ, બલ્કે મુલ્કે-શામ તરફ જઈ રહ્યા છે. મતલબ આ કે બનૂ લિહયાનને અંધારામાં રાખીને અચાનક તેઓની ઉપર ચઢાઈ કરી દેવામાં આવે.

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહથી ઊપડવા પહેલાં પોતાની જગાએ મદીનહના હાકિમ તરીકે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે-મકતૂમની નિમણૂક કરી.

---

૧. સન ૬ હિજરીનો રબીઉલ-આખિર મહિનો ઈસ્વી સન ૬૨૭ ના સપ્ટેમ્બરની ૧૭ તારીખે પૂરો થયો.

૨. સન ૬ હિજરીનો જુમાદલ-અવ્વલ મહિનો ઈ.સ. ૬૨૭ ના સપ્ટેમ્બરની ૧૮ તારીખે શરૂ થયો. (ઈબ્ને હિશામ જિ.૨ પા. ૩૩૩ નો હાશિયો.)

પ્રવાસની મંઝિલો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મદીનહના વિસ્તારમાં ઉત્તર દિશાએ, મુલ્કે-શામને રસ્તે ગુરાબ નામે પહાડ આવેલો છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના માણસો સાથે આ પહાડ પાસેથી પસાર થઇને પ્રથમ મુહીસ સ્થળે પધાર્યા અને અહીંથી કૂચ કરીને તબરા અથવા બતરા સ્થળે પહોંચી ગયા. અહીંથી આપ ડાબા હાથે વળીને ''બીન'' નામની ખીણ વટાવતા ''સખીરાતુલ-યમામ''સ્થળે પહોંચી ગયા.[1] અહીંથી પ્રસ્થાન કરીને આપ મક્કહની શાહરાહ પર આવી ગયા. આ શાહરાહ પર આપે ઝડપભેર ચાલવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે ગુરાન નામનું સ્થળ આવી ગયું. એજ સ્થળે બનૂ લિહયાન કબીલાની વસતિઓ આવેલી હતી. અહીં પધારીને આપે પોતાના સાથીઓ સાથે પડાવ નાખી દીધો. ગુરાન એક ખીણવાળા જંગલ પ્રદેશનું નામ છે જે ઉમજ અને ઉસ્ફાન વચ્ચે આવેલો છે. ગુરાનની ખીણ, ત્યાં આવેલા સાયહ નામે સ્થળ સુધી પ્રસરેલી છે.

બનૂ લિહયાનની નાસભાગ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથીઓ સાથે અહીં પધાર્યા તે પહેલાં, બનૂ લિહયાનના લોકો ડરના માર્યા પોતાની વસતિઓમાંથી ફરાર થઇને પહાડોની ચોટીઓ અને બખોલોમાં ભરાય ગયા હતા.

ગુરાન સ્થળના પડાવે જ્યારે આપને, બનૂ લિહયાનના લોકોને ભૂલાવામાં રાખવાના હેતુમાં સફળતા નહિ મળી તો આપે પોતાના સહાબાને ફરમાવ્યું, ''અહીંથી જો આપણે ઉસ્ફાન ગામે પહોંચી જઇએ તો મક્કહવાસીઓને સમાચાર મળી જશે કે આપણે મક્કહ સુધી આવી લાગ્યા છીએ.''[2]

આમ ફરમાવીને આપ બસો સવારોને સાથે લઇને ઉસ્ફાન મુકામે પહોંચી ગયા. અહીંથી આપે બે સવારોને ''કુરાઉલ-ગમીમ'' તરફ મોકલી આપ્યા. અહીં પણ કોઇએ મુકાબલે આવવાની હિંમત નહિ કરી તો આપ પોતાના સહાબા સાથે મદીનહ વાપસ પધાર્યા.[3]

હઝરત જાબિરની રિવાયત——————હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ ફર્માવ્યા કરતા કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે ઉસ્ફાન મુકામેથી કૂચ કરીને મદીનહ પધારવા રવાના થયા તો આપની મુબારક જીભ પર આ કલિમાત હતા :

- આઇબૂન તાઇબૂન ઇન્શા અલ્લાહુ : અલ્લાહએ ચાહયું તો અમે પાછા આવનારા અને તૌબા કરનારા છીએ.
- લિ-રબ્બેના હામિદૂન : અમે અમારા પાલનહારની હમ્દો-સના કરનારા છીએ.
- અઊઝુ બિલ્લાહિ મિંવ વઅસા-ઇસ-સફરે : હું અલ્લાહની પનાહ ચાહું છું સફરની તકલીફોથી.
- વ કાબતિલ મુન-કલબે : અને રંજો-ગમની બદઅંજામીઓથી.
- વ સવઇલ-મન્ઝરે ફીલ-અહલે વલ-માલ : અને બાલબચ્ચાં તથા માલસામાનમાં બદહાલી જોવાથી.

મદીનહના મશહૂર શાઇર હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુએ બનૂ લિહયાનના ગઝવહ પ્રસંગે તેઓની બુઝદિલી પર કટાક્ષ કરતાં ફરમાવ્યું :

---

૧. સખીરાતુલ-યમામ : આ સ્થળનો ઉલ્લેખ બદ્રના પ્રવાસમાં પણ થયેલો છે. જુઓ જંગે-બદ્રનું પ્રકરણ.

૨. હેતુ આ હતો કે ઇસ્લામી લશ્કરની ટુકડી મક્કહના સીમાડા સુધી આવી લાગી તેની જાણ કુરૈશને થઇ જાય તો તેઓના દિલો પર મુસલમાનોની ધાક બેસી જાય. ઉસ્ફાન મક્કહથી બે મંઝિલના વિસ્તારે મક્કહ-મદીનહ વચ્ચે આવેલી એક વસતિનું નામ.

૩. આ સફરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ૧૪ દિવસો મદીનહથી બહાર રહ્યા. (અસ્સિહ-હુસ-સિયર પેજ ૧૮૬) ''હ''

Maktabe Ashraf

લવ અન્ન બની લિહ્યાન કાનૂ તનાઝરૂ, • લકૂ ઉ-સ-બનફી દારેહિમ ઝાત મસ્દકે.

બનૂ લિહયાનવાળા થોડીક વાર જોતે તો પોતાના જ ઘરોમાં સત્યને ચાહનારાં જુથો સાથે તેઓનો ભેટો થઇ જતે.

વલા - કિન્ન હુમ કાનૂ વબારન તતબ-બઅત, • શિહાબે હિજાઝિન ગયરે મુ-ન- નફ-ફકે.

પરંતુ તેઓ તો નોળિયા હતા, હિજાઝની એવી ઘાટીઓમાં જઇને ભરાય ગયા જેનો કોઇ દરવાજો પણ ન હતો. [૧]

ગઝવએ - ઝી - કરદ

રસૂલુલ્લાહ (સલ.)ના ઊંટો પર છાપો———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ લિહયાનના ગઝવહથી વાપસ થઇને મદીનહ પધારી ચૂકયા હતા. થોડીક જ રાતો વીતી હતી ત્યાં તો ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્ર ફઝારી (નામના દુશ્મન ડાકૂ)એ પોતાના ગત્ફાન કબીલાના સવારોની ટુકડી સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટો પર છાપો માર્યો. આ ઊંટો ઝી-કરદ સ્થળે આવેલા ગાબહ નામે જંગલના એક બીડમાં ચરતાં હતાં. ઊંટોનો રખેવાળ ગિફારી કબીલાનો એક જવાન હતો જે પોતાની બેગમ સાથે ઊંટોની રખેવાળી કરતો હતો.

ઊંટોની લૂંટના આ છાપામાં ઉયૈનહ તથા તેના સવારોએ ગિફારી કબીલાના આ જવાનને મારી નાખ્યો. તેની બેગમને ઉપાડી લીધી અને ઊંટોને હંકારતા ઝપાટાભેર ત્યાંથી પલાયન થઇ ગયા. [૨]

હઝરત ઇબ્નુલ-અકવઅની બહાદુરી———ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત સલમહ બિન અમ્ર બિન અકવઅ અસ્લમી પહેલા ગૃહસ્થ હતા જેમને ડાકુઓના આ છાપાની સૌથી પહેલાં જાણ થઇ. પરોઢના અંધારામાં જ તીર-કામઠું સજીને ગાબહ તરફ ઊપડી ગયા. એમની સાથે તલહા બિન ઉબૈદુલ્લાહનો ગુલામ પણ ઘોડો હંકારીને ચાલતો હતો. મદીનહથી બહાર નીકળીને હઝરત સલમહ બિન અકવઅ "સનિય્યતુલ-વદાઅ" ડુંગરની ટેકરી પર ચઢી ગયા. જોયું તો દૂર ધૂળના ગોટેગોટા ઊડતા દેખાયા અને દુશ્મનોના ઘોડા પણ દેખાયા. એજ પળે હઝરત સલમહએ સિલઅ પર્વત તરફ મુખ કરીને "વા સબાહાહ !" નો જોરદાર ઘાંટો ગજાવ્યો જેનો પડઘો મદીનહમાં ગુંજતાં બીજા મુસલમાનો સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ સાંભળી લીધો. [૩]

ઘાંટો ગજાવીને હઝરત સલમહ ટેકરી પરથી કૂદીને છલાંગો મારતા દુશ્મનની પૂઠે દોડી પડયા. દોડતી વેળા બિલકુલ વિકરાળ સિંહ જેવા લાગતા હતા. છેવટે શત્રુના સરે પહોંચીને તીરોથી તેઓની ખબર લેવા લાગ્યા.

---

૧. બનૂ લિહયાનના બુઝદિલ કાફિરોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ૭૦ વિદ્વાન સહાબાને ઇસ્લામી તબલીગના બહાને બોલાવીને બીરે-મઊનહ સ્થળે દગાબાજીથી કતલ કરી નાખ્યા હતા. "હ"

૨. ઝી-કરદ : મદીનહની ઉત્તરે એક દિવસના અંતરે બનૂ ગત્ફાનની વસતિ પાસે આવેલા એક ઝરણાનું નામ. અહીંના જંગલના એક બીડમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટો ચર્યા કરતાં હતાં. આપે ઊંટોની રખેવાળી ગિફારી કબીલાના એક જવાનને સોંપેલી હતી. કેટલાકના કથન મુજબ આ જવાન, મશહૂર સહાબી હઝરત અબૂ ઝર ગિફારીના ફરઝંદ હતા. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૭૯ - સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૨૭) "હ"

૩. વા સબાહાહ : સંકટ સમયે ચેતવણી અને મદદ માટેનો ઘાંટો. દાખલા તરીકે : વાઘ આવ્યો રે વાઘ આવ્યો, ધાજો રે ધાજો !

Maktabe Ashraf

તીરંદાજીની કળામાં પણ કમાલ ધરાવતા હતા. કામઠાંમાંથી તીર છોડતી વેળા જોરદાર અવાજે પોકારી ઊઠતાઃ

ખુઝહા વ અનબ-નુલ - અકવઅ • અલ - યવમુ યવમુર - રૂદ્દઅ.

લેતા જાવ હું અક-વઅનો સપૂત છું. આજનો દિવસ કમીનાઓ કે નીચ લોકોની બરબાદીનો દિવસ છે.

તાબડતોડ તીરોનો મારો થતાં જ દુશ્મન સવારો ગભરાઈને નાસવા લાગ્યા. પણ પછી સ્વસ્થ થઈને મુકાબલા માટે પલટી આવ્યા. હઝરત સલમહ પણ જરાયે ડર્યા કે ડગ્યા નહિ. તીર પર તીર છોડતા રહ્યા અને તીર છોડતાં જ પોકારી ઊઠતા, "લેતા જાવ મારૂં તીર, હું અકવઅનો બેટો છું. આજનો દિવસ હિચકારાઓનો વિનાશનો દિવસ છે !"

દુશ્મન સવારો પલટી આવ્યા તે વેળા તેઓમાંથી એક સવાર આમ બોલતો સંભળાયો, "અરે એ તો અકવઅનો બચ્ચો છે. સાચું કહું તો એ આપણા માટે આજની સવારનો નાસ્તો છે !"

દીને-હકના શાહસવારો————હઝરત ઇબ્ને અકવઅના ધાંટાનો પડઘો મદીનહમાં ગુંજી ઊઠયો હતો અને બીજા મુસલમાનો પેઠે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ સાંભળી લીધો હતો. એજ વેળા આપે "અલ-ફઝઅ ! અલ-ફઝઅ !" એટલે ખતરો છે ખતરો છે નો નઅરો બુલંદ કર્યો. વાયુવેગે આપનો નઅરો મદીનહમાં પ્રસરી ગયો. જોતજોતામાં મુસલમાન શાહસવારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ દોડી પડયા. સૌથી પહેલાં જે શાહસવાર આપની તહેનાતમાં હાજર થયા તે હઝરત મિકદાદ બિન અમ્ર અન્સારી હતા. લોકો એમને મિકદાદ બિન અસ્વદ પણ કહેતા હતા, કારણ કે એ બનૂ ઝુહરહના હલીફ હતા.

હઝરત મિકદાદ અન્સારી પછી જે શાહસવાર બીજા નંબરે આપની તહેનાતમાં હાજર થયા તે હઝરત અબ્બાદ બિન બિશ્ર બિન વકસ બિન ઝુગબહ બિન ઝઊરા હતા. એ બનુ અબ્દુલ-અશહલમાંથી હતા. એમના પછી બનૂ કઅબ બિન અબ્દુલ-અશહલવાળા હઝરત સઅદ બિન ઝૈદ તથા બનૂ હારિસ બિન હારિસવાળા હઝરત ઉસૈદ બિન ઝુહૈર તથા બનૂ અસદ બિન ખુઝૈમહવાળા હઝરત ઉક્કાશહ બિન મિહસન તથા બનૂ અસદ બિન ખુઝૈમહવાળા હઝરત મુહરિઝ બિન નદલહ તથા બનૂ સલિમહવાળા હઝરત અબૂ કતાદહ હારિસ બિન રિબ્ઈ તથા બનૂ ઝુરૈકમાંથી હઝરત અબૂ ઐયાશ ઉબૈદ બિન ઝૈદ બિન સામિત આ બધા શાહસવારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં દોડી આવ્યા. આપે હઝરત સઅદ બિન ઝૈદને આ શાહસવારોના અમીર બનાવ્યા અને ફરમાવ્યું, "તમે બધા જઈને એ લૂંટારાઓનો પીછો પકડો. હું પણ તમને આવીને મળું છું."

હઝરત અબૂ ઐયાશનો મામલો————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ઝુરૈકના જાણકારો તરફથી મને મળેલી માહિતી મુજબ આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ ઐયાશ ઉબૈદ બિન ઝૈદને નસીહતરૂપે ફરમાવ્યું, "હે અબૂ ઐયાશ ! શું આ વાજબી નહિ લેખાશે કે તમે પોતાનો ઘોડો કોઈ એવા શાહસવારને આપી દો જે તમારા કરતાં વધારે ચપળ, વધારે ઘડાયેલો હોય, જે તમારાથી પહેલાં પહોંચીને દુશ્મન પર તૂટી પડે ?"

અબૂ ઐયાશે અદબથી અરજ કરી, "યા રસૂલલ્લાહ ! હું તો સૌથી વધારે ઘડાયેલો અને પાકો શાહસવાર

છું.''

હઝરત અબૂ ઐયાશનું બયાન છે : "આમ કહીને મેં મારો ઘોડો મારી મૂકયો પણ વલ્લાહ ! તે મને લઇને પચાસ ગજ પણ ગયો ન હશે ત્યાં અચાનક તેણે મને જમીન પર પટકી માર્યો. હવે મને મારી વાતનો પસ્તાવો થયો કે મેં કેમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે બડાશ મારી કે હું સૌથી વધારે ઘડાયેલો શાહસવાર છું.!''

બનૂ ઝુરૈકના જાણકારોનું કહેવું છે કે એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ ઐયાશનો એ ઘોડો હઝરત મુઆઝ બિન માઇસ અથવા આઇઝ બિન માઇસ બિન કૈસ બિન ખલદહને આપી દીધો. આ શાહસવારોમાં એમનો આઠમો નંબર હતો. કેટલાક લોકો હઝરત સલમહ બિન અકવઅને આઠમા નંબરે ગણે છે અને હઝરત ઉસૈદ બિન હુદૈરને પડતા મુકે છે. હવે એમાંની કઇ વાત સાચી છે તે અલ્લાહ બેહતર જાણે !

ખરૂં જોતાં હઝરત સલમહ બિન અકવઅ એ દિવસે ઘોડા પર સવાર ન હતા બલકે પગે ચાલતા એકલપંડે સિંહ પેઠે છલાંગો મારતા લૂંટારૂઓની પાછળ દોડી પડયા હતા અને તીરોથી તેઓનો મુકાબલો કરતા હતા. મતલબ કે આ બધા શાહસવારો ઘોડા દોડાવતા દુશ્મનના સરે પહોંચીને તેઓ સાથે લડવા લાગી ગયા.

હઝરત મુહરિઝની શહાદત————ઇબ્ને ઇસ્હાક કહે છે : સૌથી પહેલો શાહ સવાર જે લૂંટારૂઓના માથે પહોંચીને લડવા લાગ્યો તે હઝરત મુહરિઝ બિન નદલહ હતા. હઝરત મુહરિઝને લોકો અખ્રમ અને કુમૈર નામે પણ બોલાવતા હતા. વળી એવું પણ કહેવામાં આવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે ખતરાનું એલાન કર્યું હતું અને લોકો ઘોડેસવાર થઇને જવા લાગ્યા હતા તે વેળા ઘોડાઓના હણહણાટનો અવાજ સાંભળીને હઝરત મુહંમદ બિન મસ્લમહનો ઘોડો મસ્તી-તોફાને ચઢી ગયો. આ ઘોડો ખાસ ઘરનો ઘાસચારો ખાતો હતો. એને જંગલના ચારા માટે છોડવામાં આવતો ન હતો. બનૂ અબ્દુલ-અશહલની કેટલીક ખાતૂનોએ આ ઘોડાને, ખજૂરીના થડ સાથે બંધાઇને ઊછળકૂદ કે મસ્તી-તોફાન કરતો જોયો તો કહેવા લાગી, "હે કુમૈર ! તમે આ ઘોડા પર સવાર થઇને લૂંટારૂઓ પર તૂટી પડો તો કેવું સારૂં ! જુઓ છો ને, કેવો તોફાને ચઢેલો છે !''

હઝરત કુમૈર એટલે હઝરત મુહરિઝે હા પાડી તો ખાતૂનોએ ઘોડો લાવીને હાજર કરી દીધો. હઝરત મુહરિઝ ઘોડાની પીઠ પર સવાર થયા. એડ મારતાં જ ઘોડો પવનવેગી ચાલે દોડતો અને મંઝિલો કાપતો દુશ્મનના સરે પહોંચી ગયો. હઝરત મુહરિઝે પડકાર ગજાવ્યો, "યા બનલ-કયસહ !" એટલે હે નીચ માતાની અવલાદ! જરા થોભો, મુહાજિર અને અન્સાર હમણા આવી લાગવાના છે. તમને મઝા ચખાડી દેશે.

રાવીનું બયાન છે : હઝરત મુહરિઝનો પડકાર સાંભળીને લૂંટારૂઓનો એક આદમી પલટી આવ્યો અને તેણે ઓચિંતો ધસારો કરીને હઝરત મુહરિઝને કતલ કરી નાખ્યા. પછી તાબડતોડ તેણે ઘોડાને કાબૂમાં લેવાની મથામણ કરી તો ઘોડો બે પગે અલિફ ઉભો થઇને તોફાને ચઢી ગયો. કેમે કરી દુશ્મનના કાબૂમાં નહિ આવતાં ત્યાંથી પૂરપાટ દોડી પડયો અને બનૂ અબ્દુલ-અશહલની વાડીમાં પહોંચીને પોતાની જગાએ ઊભો થઇ ગયો.

આ ઘટનામાં હઝરત મુહરિઝ સિવાય બીજા કોઇ મુસલમાન શહીદ નહિ થયા.

ઇબ્ને હિશામ કહે છે : મને સંખ્યાબંધ માહિતગારો તરફથી કહેવામાં આવ્યું કે એ દિવસે મુસલમાનોમાંથી

હઝરત મુહરિઝ ઉપરાંત હઝરત વક્કાસ બિન મુજઝ-ઝિઝ મુદલજીને પણ શહીદ કરી નાખવામાં આવ્યા (રદિયલ્લાહુ અન્હુમા.)

મુસલમાનોના ઘોડાઓના નામ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત મહમૂદના ઘોડાનું નામ ''ઝુલ-લુમ્મહ''હતું. ઈબ્ને હિશામ કહે છે : હઝરત સઅદ બિન ઝૈદના ઘોડાનું નામ ''લાહિક''હતું. હઝરત મિકદાદના ઘોડાનું નામ ''બઅ-જઝહ'' અથવા સબ્હ કે સબ્હહ હતું. હઝરત ઉકાશહ બિન મિહસનના ઘોડાનું નામ ''ઝુલ-લિમ્મહ''હતું. હઝરત અબૂ કતાદહના ઘોડાનું નામ ''હઝવહ''હતું. હઝરત અબ્બાદ બિન બિશ્રના ઘોડાનું નામ ''લમ્માઅ''હતું. હઝરત ઉસૈદ બિન ઝુહૈરના ઘોડાનું નામ ''મસનૂન''હતું. હઝરત અબૂ ઐયાશના ઘોડાનું નામ ''જુલ્વહ''હતું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિકની રિવાયત મુજબ જે લોકો એ દિવસે, હઝરત ઉકાશહ બિન મિહસનના ''જનાહ''નામે ઘોડા પર સવાર હતા તેઓના કહેવા પ્રમાણે હઝરત વક્કાસ બિન મુજઝ-ઝિઝ શહીદ થઈ ગયા તો દુશ્મનો જનાહને પણ લઈ નાઠા.

લૂંટારાઓ પર સહાબાનું આક્રમણ————જ્યારે બધા શાહસવારો એક સ્થળે એકત્ર થઈ ગયા તો તેઓ ઘોડા દોડાવતા લૂંટારાઓ પર તૂટી પડ્યા. તેઓના સરદારનું નામ ઉયૈનહ બિન હિસ્ન હતું. તેનો હબીબ નામે બેટો પણ આ લૂંટમાં શામિલ હતો. એ હઝરત અબૂ કતાદહ બિન હારિસની દોટે ચઢી ગયો તો તેમણે તલવારના એક જ ઝાટકે તેનું ડોકું ઉડાવી દીધું અને પછી તેની લાશ પર પોતાની ચાદર ઓઢાવી દીધી. આ કામ પતાવીને હઝરત અબૂ કતાદહ પોતાના લોકોમાં પાછા આવી ગયા. જોયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં પધારી ચૂકયા હતા.

ઈબ્ને હિશામ કહે છે : મદીનહથી ઊપડવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ મદીનહના અમીર તરીકે હઝરત ઈબ્ને ઉમ્મે મકતૂમની નિમણૂક કરી હતી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : ડાકૂઓના સરદારના બેટા હબીબની લાશ પર હઝરત અબૂ કતાદહએ પોતાની ચાદર ઓઢાડી દીધી હતી. લાશ પર અબૂ કતાદહની ચાદર જોઈને બીજા સાથીઓ ''ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન'' પોકારી ઊઠયા અને દુખી અવાજે બોલ્યા, ''લ્યો અબૂ કતાદહ તો કતલ થઈ ગયા !''

ખરૂં જોતાં હઝરત અબૂ કતાદહ તે વેળા પોતાના સાથીઓથી આગળ નીકળીને દુશ્મનો પર તૂટી પડયા હતા અને ડાકૂઓ પોતાની જાન બચાવવા આડેધડ નાસી રહ્યા હતા. હઝરત અબૂ કતાદહની કતલની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''અબૂ કતાદહની ચાદર હેઠળ અબૂ કતાદહની લાશ નથી બલકે અબૂ કતાદહના શિકારની લાશ છે. લાશ ઉપર તેમણે પોતાની ચાદર એટલા માટે ઓઢાડી કે જેથી તમે જાણી શકો કે એ અબૂ કતાદહનો મારેલો શિકાર છે.''

લૂંટારાઓમાં નાસભાગ મચી ગઈ હતી. તેઓ પોતાની જાન બચાવવા આડેધડ નાસી રહ્યા હતા. અદબાર નામનો ડાકૂ તેના અમ્ર બિન અદબાર નામે બેટા સાથે એક જ ઊંટ પર બેસીને ભાગી રહ્યો હતો. બંને બાપ-બેટા હઝરત ઉકાશહ બિન મિહસનની દોટે ચઢી ગયા. હઝરત ઉકાશહએ તાકીને ભાલાનો એવો જોરદાર ઘા કર્યો કે બાપ-બેટા બંને તેમાં પરોવાઈને ભોંય પર પછડાઈ પડયા. તેમણે આગળ વધીને બંનેને કતલ કરી નાખ્યા. આમ છતાં કેટલાક ડાકૂઓ ઊંટો છોડીને ભાગવામાં સફળ થઈ ગયા.

Maktabe Ashraf

એ દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ શાહસવારોની એક ટુકડી સાથે રવાના થઈને બાજુમાં આવેલા ઝી-કરદ પહાડની ટેકરી પર પધારીને બિરાજમાન થયા. થોડીવારે બીજા શાહસવારો પણ દુશ્મનને ભગાડીને ત્યાં આવવા લાગ્યા. ઝી-કરદ સ્થળે આપ પોતાના સાથીઓ સાથે એક રાત અને એક દિવસ બિરાજમાન રહ્યા. હઝરત સલમહ બિન અકવઅએ વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! આપ મને એક સો જવાનો આપો. હું બાકીના ઊંટો પણ છોડાવી લાવું અને ડાકૂઓના ડોકાં પણ કાપી લાવું!"

આપે ફરમાવ્યું, "યબ્નલ-અકવઅ ! મલકતા ફ-અસ્જેઅ." હે અકવઅના બેટા ! જ્યારે તેં કાબૂ મેળવી લીધો છે તો હવે નમ્ર બની જા.

અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મેં તેઓને પાણી પણ પીવા દીધું નથી. બધા પ્યાસા છે."

આપે ફરમાવ્યું, "હવે ગત્ફાનની વસતિમાં ઊંટણીઓનું દૂધ પીવાઈ રહ્યું છે."

રાવીનું કથન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દર સો મુસલમાનો દીઠ એક ઊંટના હિસાબે માલે-ગનીમતની વહેંચણી કરી દીધી અને ઝી-કરદ સ્થળે એક દિન એક રાત થોભીને મદીનહ મુનવ્વરહ વાપસ પધાર્યા.

મરનાર ગિફારીની બેગમનો કિસ્સો————ડાકૂઓ હઝરત ગિફારીને શહીદ કરીને તેમની બેગમને ઉપાડી ગયા હતા. નસીબની બલિહારીથી ગિફારીના બેગમ બચી જવા પામ્યાં અને પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણીઓમાંથી એક ઊંટણી પર સવાર થઈને મદીનહ આવી લાગ્યાં અને આપની તહેનાતમાં હાજર થઈને, પ્રથમથી છેવટ સુધી જે કંઈ બન્યું હતું તેનો કિસ્સો આપની આગળ બયાન કર્યો અને વધુમાં ઉમેર્યું :

"યા રસૂલલ્લાહ ! આ ઊંટણી પર નાસતી વેળા મેં માનતા લીધી હતી કે, જો આ ઊંટણીના પ્રતાપે અલ્લાહપાક મને બચાવી લેશે તો આ ઊંટણીની હું અલ્લાહના રાહમાં કુરબાની કરીશ."

સ્ત્રીની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસ્કુરાવા લાગ્યા. પછી આપે ફરમાવ્યું, "હે બહેન ! તેં આ ઊંટણીને બહુ ભૂંડો બદલો આપવાનો નિર્ણય લીધો. અલ્લાહ તઆલાએ આ ઊંટણીને પ્રતાપે તારો જીવ બચાવી લીધો અને તું એજ ઊંટણીને ઝબહ કરીને એનો જીવ લેવા માગે છે. એ તો મોટા ગુનાહનું કામ છે. ગુનાહના કામમાં અને અલ્લાહની નાફરમાની થતી હોય તેવા કોઈ પણ કામમાં માનતા લઈ શકાય નહિ. વળી જે વસ્તુની તું પોતે માલિક નથી તેના વિશે માનતા લેવાનો તને કોઈ અધિકાર નથી. આ ઊંટણી તો મારાં ઊંટોમાંથી છે. માટે બહેન તું અલ્લાહની બરકતો સાથે તારે ઘેર ચાલી જા."

ઈબ્ને ઈસ્હાક કહે છે : ગિફારીની બેગમ, તેણે વર્ણવેલો કિસ્સો, તેણે પૂછેલી વાતો, તેને મળેલો જવાબ એની કુલ વિગત હસન બિન અબૂ હસન બસરીએ દર્શાવેલી છે અને અબૂ ઝુબૈર મક્કીએ મને બયાન કરી છે.

(નોટ : અલ્લામા ઈબ્ને હિશામે અહીં ઝી-કરદની ઘટનાને લગતાં, શાઈરોએ રચેલાં કેટલાંક કાવ્યો ટાંકેલા છે. આ કાવ્યો અમે જતાં કરીએ છીએ. ફકત થોડાક શેઅરો નમૂના તરીકે જુઓ :)

હઝરત હસ્સાનના શેઅરો——————હઝરત હસ્સાન બિન સાબિત ફરમાવે છે :

અઝઅ્ના ઉયય-નતુ ઇઝ-ઝારહા • બિઅન્ન સવફા યહદિમુ ફીહા કુસુરન.

શું ઉયૈનહ જયારે મદીનહ પર ચઢી આવ્યો તો તેણે ધારી લીધું હતું કે તે મદીનહના મહેલો ઉખેડી કાઢશે?

ફ-ઇફતલ-મદીનતા ઇઝ ઝુર તહા • વઆનસ્ત લિલ-ઉસુદે ફીહા ઝઇરન.

જયારે તું મદીનહ આવ્યો અને ત્યાં તેં સિંહોની ગર્જના સાંભળી તો તારા છક્કા છૂટી ગયા અને મદીનહથી તું ગભરાય ગયો.

ફ-વલ્લવ સિરાઅન કશદ્દીન નઆમે • વલમ યકશફૂ અન મુલિત્તિન હસીરન.

પછી તું એટલી તેજીથી નાઠો જેમ શાહમૃગ નાસે છે અને કોઇ ઊંટ સુધી તું પહોંચી શકયો નહિ.

અમીરુન અલૈના રસૂલુલ - મલીકે • અહબિબ બિઝાકા ઇલૈના અમીરન.

અખિલ જગતના શહેનશાહના પયગમ્બર અમારા અમીર છે. તેઓ અમારા સૌથી વધારે લાડીલા, વહાલા, પ્રાણપ્યારા અમીર છે.

રસૂલુન નુસદ - દકુ મા જાઅ-હૂ • વ યત્લૂ કિતાબન મુદીઅન મુનીરન.

એવા પયગમ્બર કે જે કંઇ તેઓ લઇને આવ્યા છે અમે તેનું સમર્થન કરીએ છીએ. તેઓ અમને નૂર અને રોશનીથી ભરેલી કિતાબ વાંચી સંભળાવે છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૨૬

ગઝવએ-બનૂ મુસ્તલિક

ઈસ્લામી લશ્કરની રવાનગી • બનૂ મુસ્તલિકના યુધ્ધનું કારણ • દુશ્મન લશ્કરનો પરાજય • જહજાહ અને સિનાનની અથડામણ • મુનાફિકોના સરદારની ઉશ્કેરણી • અબ્દુલ્લાહ બિન ઉબયનું જુઠાણું • હઝરત ઉસૈદ બિન હુદૈરની વિનંતી • ઊગતા ફિત્નાને ડામવાની તદબીર • કટ્ટર કાફિરની મોતનું વાવાઝોડું • અબ્દુલ્લાહ વિષે ઊતરેલી આયતો • બાપને કતલ કરવાની દરખાસ્ત • મુનાફિકોના સરદાર અને તેની કૌમ • એક મુનાફિકની ગદ્દારી • યા મન્સૂર અમિત અમિત • કબીલાના સરદારની રૂપવાન બેટી • બીબી જુવૈરિયહની બરકતો • બીબી જુવૈરિયહના બાપુની કથા • ઝકાતની ઉઘરાણી વેળાની સમજફેર • મુનાફિકોની નવી ફિત્નાખોરી.

Maktabe Ashraf

ઈસ્લામી લશ્કરની રવાનગી————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જમાદિલ-આખિર [1] મહિનાનો અમુક ભાગ અને રજબનો પૂરો મહિનો મદીનહમાં બિરાજમાન રહીને ગુજાર્યો. પછી આપ શઅબાન ૬ હિજરીમાં બનૂ ખુઝાઅહના એક કબીલા બનૂ મુસ્તલિક સાથે જંગને ઈરાદે તૈયારી કરીને મદીનહથી રવાના થયા. [2]

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ હઝરત અબૂ ઝર ગિફારી રદિયલ્લાહુ અન્હુની મદીનહના ગવર્નર તરીકે નિમણૂક કરી. બીજી રિવાયત આ છે કે હઝરત નુમૈલહ બિન અબ્દુલ્લાહ લૈસી રદિયલ્લાહુ અન્હુને મદીનહના ગવર્નર નીમવામાં આવ્યા.

બનૂ મુસ્તલિકના યુધ્ધનું કારણ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહ, અબ્દુલાહ બિન અબૂબક્ર અને મુહંમદ બિન યહયા બિન હબ્બાનએ બનૂ મુસ્તલિકના યુધ્ધને લગતી રિવાયતોના અલગ-અલગ પ્રસંગો કહી સંભળાવ્યા જેનો સાર આ છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એવા સમાચાર મળ્યા કે બનૂ મુસ્તલિક કબીલાના લોકો આપની સાથે ખરાખરીનું યુધ્ધ ખેલી લેવા માટે મોટા પ્રમાણમાં લશ્કર ભેગું કરી રહ્યા છે. આ કબીલાનો સરદાર અને સુત્રધાર હારિસ બિન અબૂ દિરાર

૧. ઈસ્લામી પંચાંગના પાંચમા અને છઠ્ઠા મહિનાઓનો સહીહ ઉચ્ચાર અરબી લુગાત મુજબ આ પ્રમાણે છે : (૧) જુમાદલ-અવ્વલ અથવા જુમાદલ-ઊલા (૨) જુમાદલ-આખિર અથવા જુમાદસ્-સાની (બયાનુલ-લિસાન પા. ૧૭૬) "હ"

૨. શઅબાનનો મહિનો ઈ.સ. ૬૨૭ના ડિસેમ્બરની ૧૬ તારીખે શરૂ થયો. જંગે-બનૂ મુસ્તલિકની તારીખ અંગે સીરતકારોમાં મતભેદ પ્રવર્તે છે. અમુકના મત મુજબ આ યુધ્ધ ૬ હિજરીમાં નહિ પણ ૫ હિજરીમાં ખેલાયું એટલે જંગે-ખન્દક અને બનૂ કુરૈઝહની ઘટના સર્જાઈ તે પહેલાં મવલાના શિબ્લી નુઅમાની અને બીજા સીરતકારોએ હિજરી ૫ નો ઉલ્લેખ કર્યો છે. (સીરતુન-નબી જિ. ૧ પા. ૪૧૩ - અસિહ-હુસ-સિયર પા. ૧૬૪) "હ"

નામે ગૃહસ્થ હતો જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત જુવૈરિયહનો બાપ હતો.[૧]

દુશ્મન લશ્કરનો પરાજય——————મદીનહ પર આક્રમણના સમાચાર મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસલમાનોના લશ્કર સાથે મદીનહથી રવાના થયા અને બનૂ મુસ્તલિક કબીલાના ''મુરૈસિઅ''નામે ઝરણા કે કૂવા પાસે પહોંચીને પડાવ નાખી દીધો.[૨]

મુરૈસિઅ ઝરણું કુદૈદ પ્રદેશની બાજુમાં સમુદ્ર કાંઠે આવેલું હતું. છેવટે એજ સ્થળે બંને લશ્કરો સામસામે આવી ગયાં અને તેઓ વચ્ચે ભીષણ સંગ્રામ જામ્યો. ખૂનરેઝીને અંતે અલ્લાહ તઆલાએ બનૂ મુસ્તલિકને પરાજિત કરી નાખ્યા. તેઓના જેટલા માણસોના નસીબમાં મરવાનું લખાયું હતું એ બધા માર્યા ગયા. પરિણામે અલ્લાહ તઆલાએ તેઓની અવલાદ, તેઓની સ્ત્રીઓ અને તેઓનો માલ-સામાન બધું જ માલે-ગનીમત તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અર્પણ કરી દીધું.

ઈસ્લામી લશ્કરમાંથી બનૂ કલ્બ બિન ઔફ બિન આમિર બિન લૈસ બિન બક્રની બિરાદરીના એક મુસલમાન જેમનું નામ હિશામ બિન સુબાબહ હતું અને લોકો જેમને ઈબ્ને-સુબાબહ નામે બોલાવતા હતા, તેઓ હઝરત ઉબાદહ બિન સામિતની લશ્કરી ટુકડીના એક અન્સારી મુસ્લિમને હાથે માર્યા ગયા. અન્સારી ગૃહસ્થે હઝરત હિશામ બિન સુબાબહને દુશ્મનનો માણસ સમજીને ભૂલથી કતલ કરી નાખ્યા હતા.

જહજાહ અને સિનાનની અથડામણ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હજુ મુરૈસિઅ ઝરણા પાસે ઈસ્લામી લશ્કર સાથે બિરાજમાન હતા ત્યાં તો અણધારેલી રીતે એક કમનસીબ ઘટના સર્જાઈ ગઈ. બન્યું એમ કે હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુનો એક ગિફારી, ચાકર કે ગોવાળ હતો. તેનું નામ જહજાહ બિન મસઊદ હતું. તે હઝરત ઉમરનો ઘોડો લઈને એમના સંગાથે ચાલતો હતો. અને ઘોડાની રખેવાળી કરતો હતો.

જહજાહ જયારે ઘોડાને પાણી પીવાડવા માટે ઝરણા પાસે લઈ ગયો તો સિનાન બિન વબર જુહની નામે માણસ સાથે એનો ઝગડો થઈ ગયો. આ સિનાન બિન વબર, બનૂ ઔફ બિન ખઝરજના લોકો સાથે દોસ્તીના કરારોથી જોડાયેલો હતો. જહજાહ અને સિનાન પોતાના ઘોડાઓને લઈને ઝરણા પાસે પહોંચી ગયા. બંને મુસલમાન હતા પણ ઘોડાને પાણી પીવાડવા બાબતે બોલાચાલી થતાં બંને વચ્ચે ટક્કર લાગી ગઈ.

બંનેની ટક્કરે ઉગ્ર રૂપ લીધું તો સિનાન બિન વબર જુહનીએ અરબની પ્રથા મુજબ મદદ માટેનો નઅરો ગજાવ્યો, ''યા મઅ-શરલ અન્સાર !'' એટલે હે અન્સારના લોકો ! મદદ માટે દોડો.

લાગલો જ જહજાહએ પણ નઅરો ગજાવ્યો, ''યા મઅ-શરલ-મુહાજિરીન !'' એટલે હે મક્કહના મુહાજિરોની જમાઅત ! મદદ માટે દોડો.

મુનાફિકોના સરદારની ઉશ્કેરણી——————બનૂ મુસ્તલિક સાથેના આ ગઝવહમાં મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ પણ પોતાની ટોળકી સાથે ગનીમતનો માલ મેળવવાની આશાએ શામિલ થઈ ગયો હતો. મદીનહના આ મુનાફિકો ઈસ્લામના કટ્ટર દુશ્મન હતા અને મુસલમાનોમાં ફિત્નો ફેલાવવાની

૧. હઝરત બીબી જુવૈરિયહ એજ લડાઈમાં બીજા લોકો સાથે કેદ પકડાયાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં. વિગત આગળ આવે છે. ''હ''

૨. ઝરણાના મુરૈસિઅ નામને કારણે ગઝવએ-બનૂ મુસ્તલિકને ગઝવએ-મુરૈસિઅ પણ કહે છે. ''હ''

Maktabe Ashraf

કોઈ તક જતી કરતા ન હતા. જહજાહ અને સિનાનના પડકારા સાંભળીને અબ્દુલ્લાહ બિન ઉબયને ગુસ્સો આવી ગયો. મગજનો કાબૂ ગુમાવીને તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા મક્કહના મુહાજિરો વિરૂધ્ધ બેફામ બફાટ કરવા માંડયો. તેના આ બફાટ વેળા હઝરત ઝૈદ બિન અરકમ ત્યાં ઊભેલા હતા. તે સમયે હઝરત ઝૈદ બિન અરકમ કિશોર વયના છોકરા હતા પણ દરેક વાત સાંભળીને સમજી શકે તેવી ચંચળ બુધ્ધિના હતા. એમણે મુનાફિકોના સરદારનો એકેક બોલ પોતાના કાને સાંભળી લીધો.

મુનાફિકોના સરદારે ગુસ્સાથી બેકાબૂ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા મક્કહના મુહાજિરો વિરૂધ્ધ મદીનહના અન્સારની લાગણીઓ ઉશ્કેરતાં કહેવા માંડયું :

• "વાહ્ તો હવે એમની હિંમતો આટલી હદે વધી ગઈ ? ખરૂં કહું તો એજ તે લોકો છે જેઓએ અમારી કોમ વચ્ચે નફરતના બી રોપી દીધાં.

• અમારા જ શહેરમાં અમારી ઉપર પોતાની સંખ્યા અને પોતાના બળનો વટ જમાવવા માંડયો !

• અમે એમને આવકાર આપ્યો, માનપાનથી વધાવી લીધા, અમારા જ જેવા હકો અને અધિકારો આપ્યા ત્યારે હવે એ અમારા જ માથે સવાર થઈ ગયા !

• જુઓ તો ખરા અલ્લાહના સોગંદ ! અમે એ "જલાબીબે-કુરૈશ" એટલે કુરૈશી ભિખારીઓ કે ફકીરડાઓને પોતાના જ જેવા ગણીને જે સમાન દરજ્જો આપી દીધો તેનો દાખલો તો શાણાઓની પેલી કહેવત જેવો જ થયો કે "સમ-મિન કલ્બક યઅ-કુલક!"એટલે પોતાના કુતરાને પાળીપોષીને જાડોતાજો બનાવ કે જેથી તે તને જ ફાડી ખાય !" [૧]

પોતાનો બકવાટ ચાલુ રાખતાં તેણે વધુમાં ઉમેર્યું :

• "હા, હા, સાંભળી લો, અલ્લાહના સોગંદ ! જયારે અહીંથી અમે પાછા વળીને મદીનહ પહોંચીશું તો, અમારામાં જે લોકો વધારે આબરૂદાર અને વધારે બળવાન છે તેઓ, પોતાથી ઊતરતા દરજ્જાના હલકટ તથા નબળા લોકોને યકીની રીતે મદીનહથી હાંકી કાઢશે." [૨]

એ પછી તેની પોતાની ટોળકીના જેટલા લોકો ત્યાં હાજર હતા તેઓની તરફ મુખ કરીને કહેવા લાગ્યો:

• "સાંભળો, આ બધી પીડા તમે પોતે જ ઊભી કરેલી છે. તમે જ એ લોકોને ખેંચીને મદીનહ લઈ આવ્યા. તમે જ એમને પોતાના શહેરમાં જગા આપી અને ઉપરથી-પોતાની

૧. મતલબ આ કે જે માણસ કૂતરાને પાળીપોષીને જડોતાજો કે તગડો બનાવે અને કૂતરો પણ બહારથી આવી ચઢેલો હોય તો અંજામ એ સિવાય શું હોય શકે કે, કૂતરો એક દિવસે બેવફા થઈને પોતાના જ માલિકને ફાડી ખાય ! મુનાફિકોનો સરદાર એમ કહેવા માગતો હતો કે દુશ્મનને પાળવો કૂતરાને પાળવા સમાન છે. "હ"

૨. એટલે મદીનહના આબરૂદાર તથા બળવાન લોકો તો અમે છીએ. મુસલમાન મુહાજિરો તો બહારથી આવેલા હોવાથી પરદેશી છે. હલકટ છે. નબળા છે, અમારાથી ઊતરતા દરજ્જાના છે. તેના મુખથી નીકળેલ: "આબરૂદાર-હલકટ"શબ્દો કુર્આને ઉપાડી લીધા છે. વિગત આગળ આવે છે. "હ"

જાયદાદ, પોતાના ઘર, પોતાનો માલસામાન બધું જ એમને વહેંચી આપ્યું.

• હા જુઓ, અલ્લાહના સોગંદ ! કેવું સારૂં થાત કે તમે એમની મદદથી પોતાના હાથ ઉપાડી લેત ! આમ કરશો તો જ એ લોકો લાચાર બનીને કોઇ બીજા શહેર તરફ ચાલતી પકડશે !''

જયારે તે આ ભાષણ કરતો હતો તો હઝરત ઝૈદ બિન અરકમ નામે જે છોકરો ત્યાં ઊભેલો હતો તેણે તેનું આ પૂરૂં ભાષણ પોતાના કાને સાંભળી લીધું અને પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જઇને સંભળાવી દીધું. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, દુશ્મન એટલે બનૂ મુસ્તલિકના મામલાથી પરવારી ચૂકયા હતા અને હઝરત ઉમર બિન ખત્તાબ પણ આપની તહેનાતમાં હાજર હતા. તેના ભાષણની વાતો સાંભળીને હઝરત ઉમરના ગુસ્સાનો પાર નહિ રહ્યો. અદબથી બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! અબ્બાદ બિન બિશ્રને હુકમ ફરમાવો કે અબઘડી જઇને અલ્લાહના દુશ્મનને કતલ કરી નાખે !''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''ઉમર ! એ કેવી રીતે બની શકે ? લોકો કહેશે કે મુહંમદ પોતાના જ સાથીઓને કતલ કરાવી નાખે છે. આ વાત કોઇ પણ રીતે વાજબી નથી.''

હઝરત ઉમર ખામોશ થઇ ગયા તો એજ પળે આપે ફરમાવ્યું, ''ઉમર ! હવે હું અત્યારે જ અહીંથી કૂચ કરવા માગું છું. તમે અબઘડી જઇને મારા કૂચના હુકમનું એલાન પોકારી દો !''

જો કે આ સમયે અત્યારે અહીંથી કૂચ કરવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કોઇ ઇરાદો ન હતો અને આવા પ્રસંગે આપનો એ નિયમ પણ ન હતો. તેમ છતાં આપના હુકમનું એલાન થતાં જ પૂરૂં લશ્કર કૂચ માટે તૈયાર થઇ ગયું.

અબ્દુલ્લાહ બિન ઉબયનું જૂઠાણું————અબ્દુલ્લાહ બિન ઉબયને ખબર પડી ગઇ કે ઝૈદ બિન અરકમે તેના મુખેથી જે કંઇ સાંભળ્યું હતું તે તેણે જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સંભળાવી દીધું છે તો એજ પળે તે આપની તહેનાતમાં દોડી ગયો અને કસમ ખાતાં કહેવા લાગ્યો, ''યા રસૂલલ્લાહ!:

વલ્લાહે મા કુલ્તુ મા કાલ.	વલ્લાહ ! હું બોલ્યો જ નથી, જે કંઇ તેણે કહ્યું.
વલા તકલ - લમ્તુ બિહી.	અને કોઇ વાત એ વિષે મેં કહી જ નથી. [1]

અબ્દુલ્લાહ બિન ઉબય પોતાની કૌમનો મોટો માણસ હતો. સમાજમાં માનઆબરૂનું ઊંચું સ્થાન ધરાવતો હતો. આ કારણે તેની કૌમના જે અન્સારી મુસલમાનો ત્યાં હાજર હતા તેઓ કહેવા લાગ્યા, ''યા રસૂલલ્લાહ! ઝૈદ બિન અરકમ બાળક છે, બનવા જોગ છે અબ્દુલ્લાહની વાતો વિષે તેની કંઇ સમજફેર થઇ હોય યા સાંભળવામાં ભૂલ થઇ હોય કે પછી અબ્દુલ્લાહની વાતો સારી રીતે તેને યાદ ન રહી હોય !''

આ વાતો મુનાફિકોના સરદારની તરફેણમાં, તેનો પક્ષ લઇને, તેના બચાવ તરીકે, તેની કૌમ તરફથી કહેવામાં આવી હતી.

હઝરત ઉસૈદ બિન હુદૈરની વિનંતી————ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

૧. અબ્દુલ્લાહના આ જૂઠાણાથી હઝરત ઝૈદ બિન અરકમ ચંચળ બુદ્ધિના કિશોર હોવા છતાં જૂઠા ઠરતા હતા. ખુલાસો આગળ આવે છે. ''હ''

Maktabe Ashraf

અલૈહિ વ સલ્લમ પોતાના ઊંટ પર માલ લાદીને સાંજની વેળા રવાના થયા તો રસ્તામાં હઝરત ઉસૈદ બિન હુદૈર રદિયલ્લાહુ અન્હુ આપની તહેનાતમાં હાજર થયા. [૧]

સૌથી પહેલાં એમણે આપને, અલ્લાહના પયગમ્બર હોવાની હેસિયતે અદબથી સલામ કરી અને પછી અરજ કરી, "હે અલ્લાહના નબી ! એક સવાલ મારા મનને મૂંઝવે છે. સાંજના આગમનના સમયે સફર કરવાનો આપનો નિયમ નથી. આજે નિયમ વિરુધ્ધ આપ સાંજના સમયે કૂચ ફરમાવો છો. શું મામલો છે ?"

આપે ફરમાવ્યું, "હે ઉસૈદ ! શું તમારા સાથીએ જે કંઇ કહ્યું તેની તમને ખબર નથી ?"

અરજ કરી, "ના યા રસૂલલ્લાહ ! મારો કયો સાથી ?"

ફરમાવ્યું, "અબ્દુલ્લાહ બિન ઉબય."

અરજ કરી, "તેણે શું કહ્યું, યા રસૂલલ્લાહ !"

ફરમાવ્યું, "તેણે કહ્યું છે કે, જયારે તે અહીંથી પાછો વળીને મદીનહ પહોંચશે તો ત્યાંના જે આબરૂદાર અને બળવાન લોકો છે તેઓ ત્યાંના હલકટ, નીચ અને નબળા લોકોને મદીનહથી હાંકી કાઢીને જંપશે."

હઝરત ઉસૈદે જુસ્સાથી કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપની ઉપર કુરબાન ! આપની ઇચ્છા હશે તો વલ્લાહ, આપ પોતે તેને મદીનહથી હાંકી કાઢશો. હે અલ્લાહના નબી ! આપથી વધીને વધારે આબરૂદાર અને આપથી વધીને વધારે બળવાન અલ્લાહની મખ્લૂકમાં કોણ હોય શકે ? હલકટ, નીચ, નબળો, હિચકારો અબ્દુલ્લાહ બિન ઉબય પોતે છે."

પછી નમ્રભાવે અદબથી અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારી વિનંતી છે કે આપ તેની સાથે નરમાશ ભરેલો ઉદાર વર્તાવ કરો. આપ રસૂલે-રહમત છો. અલ્લાહ તઆલાએ આપને અમારા માટે દયાના ભંડાર બનાવીને મોકલ્યા છે. બાબત એમ છે કે તેની કૌમે તેના માટે તાજ બનાવ્યો હતો કે જેથી એ તાજ તેના માથે મૂકીને તેને પોતાનો બાદશાહ બનાવી લે. પછી આપની પધરામણીથી તેની બાદશાહી ધૂળધાણી થઇ ગઇ જેથી તેને ઠસી ગયું છે કે આપે તેની બાદશાહી પડાવી લીધી છે. તેની કૌમનો હેતુ તેનો પક્ષ લેવાથી આટલો જ છે કે તેને એક નકામો માણસ ગણીને પડતો મૂકી દેવામાં આવે."

ઊગતા ફિત્નાને ડામવાની તદબીર———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લશ્કરના બધા લોકોને લઇને આખો દિવસ લગાતાર ચાલતા રહ્યા ત્યાં સુધી કે સાંજના પડછાયા જમીન પર પથરાઇ ગયા અને પછી રાતભર સતત ચાલવાનું ચાલુ રાખ્યું ત્યાં સુધી કે સવારનું અજવાળું ઊતરી આવ્યું. જયારે બીજે દિવસ થયો તો પણ ચાલવાનું ચાલુ રાખ્યું ત્યાં સુધી કે સૂરજ તપતાં તડકો આકરો બની ગયો તો લોકો કાળઝાળ તાપથી અકળાઇને મૂંઝાય ગયા ત્યારે આપે લોકોને વિસામા માટે એક સ્થળે થોભાવ્યા. બધા લોકો થાકથી એટલા લોથપોથ હતા કે જમીન પર પડતાં જ ઘસઘસાટ ઊંઘી ગયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને લાગલગાટ ચાલતા રખાવ્યા તેથી આપનો હેતુ આ હતો કે અબ્દુલ્લાહ બિન ઉબયની ઝેરીલી વાતોથી જે લોકો ગઇ કાલે ફિત્નામાં પડવાના હતા તેનાથી તેઓને

૧. હઝરત ઉસૈદ બિન હુદૈર : અન્સારી મુસલમાનોમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનીતા અને જાણીતા સહાબી. મદીનહમાં સૌપ્રથમ મુસલમાન બનનારાઓમાં અગ્રસ્થાન ધરાવનાર સહાબી "ર"

Maktabe Ashraf

ગાફિલ બનાવી દેવામાં આવે અને ઊગતા ફિત્નાને તરત ડામી દેવામાં આવે કે જેથી લોકોનું ધ્યાન ફિત્ના તરફથી હટી જવા પામે.

કટ્ટર કાફિરની મૌતનું વાવાઝોડું————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરીવાર લશ્કરના લોકોને અહીંથી લઈને હિજાઝની દિશાએ રવાના થયા. હિજાઝની ભૂમિ પર પધારીને જ્યારે હિજાઝના "બકાઆ" નામે ઝરણા પાસે પધાર્યા તો અહીં આપે ઉતારો લીધો અને આપના હુકમથી લશ્કરના લોકોએ પણ અહીં પડાવ નાખી દીધો. બકાઆ નામનું આ ઝરણું નકીઅ સ્થળની બાજુમાં આવેલું હતું.

અહીંથી જ્યારે કૂચનો સમય થયો તો ઊપડતી વેળા એક નોંધ લેવા જેવી અજીબ ઘટના સર્જાઈ ગઈ. બન્યું એમ કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લોકોને લઈને અહીંથી રવાના થયા તો અચાનક પ્રચંડ વાવાઝોડું ફૂંકાવા લાગ્યું. વંટોળિયાના દેમાર સુસવાટાઓથી ગભરાઈને લોકો ભયભિત થઈ ગયા. આ રંગ જોઈને આપે ફરમાવ્યું, "હે લોકો ! તમારે ગભરાવાની કે ભયભિત થવાની જરૂર નથી. આ વાવાઝોડું તો એક મોટા કાફિરના મરણથી ફૂંકાયું છે."

પછી જ્યારે બધા મદીનહ પહોંચી ગયા તો માલૂમ પડયું કે રિફાઅહ બિન ઝૈદ બિન તાબૂત નામે કટ્ટર કાફિર એજ દિવસે મરી ગયો હતો જે દિવસે વાવાઝોડું ફૂંકાયું હતું. એ બનૂ કૈનુકાઅના યહૂદીઓમાંથી હતો અને તેઓના મોટા માણસોમાંથી એક મોટો માણસ હતો અને મુનાફિકોની ટોળકીનો મોટો મુરબ્બી હતો.

અબ્દુલ્લાહ વિષે ઊતરેલી આયતો————હવે અબ્દુલ્લાહ બિન ઉબય અને તેના જેવા બીજા મુનાફિકોના બારામાં કુર્આને-મજીદની તે સૂરત નાઝિલ થઇ જેનું નામ સૂરએ-મુનાફિકૂન છે. આ સૂરત પારહ ૨૮માં આવેલી છે. એમાં મુનાફિકોની મનોદશા, મુનાફિકોના જૂઠાણા અને અબ્દુલ્લાહએ કરેલા બફાટની નોંધ લેવામાં આવી છે. જેમકે ફરમાવ્યું છે : "હુમુલ લઝીન યકૂલૂન લા તુન-ફિકૂ અલા મન ઈન્દ રસૂલિલ્લાહ........"

> "એજ તે લોકો છે જેઓ કહે છે કે અલ્લાહના રસૂલ સાથે જે લોકો છે (એટલે મક્કહના મુહાજિરો) તેઓ પર ખર્ચ કરવાનું માંડી વાળો કે જેથી તેઓ પોતે કંટાળીને વેરવિખેર થઇ જાય; હાલાં કે આકાશો અને ધરતીના ખઝાના અલ્લાહના જ છે પણ મુનાફિકો સમજતા નથી."

અબ્દુલ્લાહએ પોતાને આબરૂદાર અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા મક્કહના મુહાજિરોને હલકટમાં ખપાવીને મદીનહથી હાંકી કાઢવાની બડાશ મારી હતી જેમકે ફરમાવ્યું છે : "યકૂલૂન લઈર રજઅ-ના ઈલલ-મદીનતિ......"

> "એજ તે લોકો છે જેઓ કહે છે કે જ્યારે અમે મદીનહ પાછા જઈશું તો ત્યાંના આબરૂદાર લોકો ત્યાંના તુચ્છ કે હલકટ લોકોને હાંકી કાઢશે; હાલાં કે ઈઝઝત અલ્લાહના માટે છે અને તેના રસૂલના માટે છે અને મુસલમાનો માટે છે પણ મુનાફિકો જાણતા નથી.[1]

મુનાફિકોને લગતી કુર્આને-મજીદની આ સૂરત નાઝિલ થઇ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ

૧. મુનાફિકૂન પા. ૨૮ આયત ૭-૮

Maktabe Ashraf

પેલા કિશોર એટલે હઝરત ઝૈદ બિન અરકમનો કાન પોતાના મુબારક હાથથી ઝાલી લીધો અને ફરમાવ્યું.

"આ તે છોકરો છે જેના કાને સાંભળેલી વાતનું અલ્લાહ તઆલાએ સમર્થન કરી દીધું કે, એના કાને જે વાતો સાંભળી તે સાચી જ હતી. પછી અલ્લાહની ખુશ્નૂદી મેળવવા ખાતર એણે મારી પાસે આવીને એ વાતો મને કહી સંભળાવી."

બાપને કતલ કરવાની દરખાસ્ત————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલના એક ફરઝંદનું નામ અબ્દુલ્લાહ હતું. એ બહુ પાકા, સાચા, નક્કર મુસલમાન હતા. એમને સમાચાર મળ્યા કે મારા નાલાયક બાપે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાને-આલીમાં તોછડાઈ ભરેલા નાપાક શબ્દો ઉચ્ચારીને આપનું અપમાન કર્યું છે.

રાવીનું બયાન છે : આ સમાચાર મળતાં જ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉબય રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! મારા સાંભળવામાં આવ્યું છે કે મારા બાપે આપની શાનમાં જે લવારો કર્યો છે તેના કારણે આપ તેને કતલ કરવા માગો છો. જો આપનો એજ ઈરાદો હોય તો હું પોતે જાઉં છું. મારા બાપને મારા હાથે કતલ કરૂં છું અને તેનું માથું લાવીને આપની તહેનાતમાં પેશ કરૂં છું. યા રસૂલલ્લાહ ! સોગંદ છે અલ્લાહના, મારા ખઝરજ કબીલાના તમામ લોકો જાણે છે કે, અમારા કબીલામાં એક પણ છોકરો એવો નથી જે પોતાના બાપનો, એટલો તાબેદાર હોય જેટલો હું મારા બાપનો તાબેદાર છું. આ મામલામાં યા રસૂલલ્લાહ ! મને ડર આ વાતનો છે કે જો આપના હુકમથી મારા બાપને મારા સિવાય કોઈ બીજો મુસલમાન કતલ કરે અને પછી એ મુસલમાનને હું જમીન પર ચાલતો ફરતો જોઈ લઉં તો, કદાચ મગજનો કાબૂ ગુમાવીને હું મારા બાપના બદલામાં તેને કતલ કરી નાખું. પરિણામે મારા કાફિર બાપના બદલામાં એક મુસલમાનને કતલ કરીને હું કાયમ માટે જહન્નમી બની જાઉં !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પ્યારથી ફરમાવ્યું, "નહિ હે અબ્દુલ્લાહ ! તમારા બાપને કતલ કરવાનો મારો કોઈ ઈરાદો નથી. તમે નચિંત રહો, હું તમારા બાપ સાથે નરમાશ ભરેલો ઉદાર વર્તાવ કરીશ અને જ્યાં સુધી તે આપણા સંગાતે છે, હું તેને મારી મજલિસોમાં બેસાડવાનું પસંદ કરીશ."

મુનાફિકોનો સરદાર અને તેની કૌમ————આ કમનસીબ બનાવ પછી અબ્દુલ્લાહ બિન ઉબય જ્યારે ય કોઈ નવો ફિત્નો જન્માવતો તો ખુદ તેની જ કૌમના લોકો નારાજ થઈને તેને ઝડપી લેતા. બુરૂંભલું કહીને તેને ધમકાવતા અને ઠપકો આપીને તેની સાથે આકરો વર્તાવ કરતા.

આ વાતોની જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાણ થઈ તો આપે હઝરત ઉમરને ફરમાવ્યું, "કહો ઉમર ! હવે તમારો શો મત છે ? તે દિવસે તમારા કહેવાથી હું જેને કતલ કરાવતે તો તેની કૌમ મારાથી નારાજ થઈ જતે. હવે વખત એવો છે કે આજે હું તેની કતલનો હુકમ ફરમાવું તો તેની જ કૌમ તેના ટુકડા કરી નાખે."

હઝરત ઉમરે અરજ કરી, "વલ્લાહ યા રસૂલલ્લાહ ! હું અચ્છી રીતે જાણું છું કે ક્યાં ઉમર અને ક્યાં અલ્લાહના રસૂલ ? બેશક ઉમરની વાતથી અલ્લાહના રસૂલની વાત લાખ દરજ્જે બરકતો ભરેલી હોય છે."

એક મુનાફિકની ગદ્દારી——————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ મુસ્તલિક પર ચઢાઇ વેળાના રમખાણમાં હઝરત હિશામ બિન સુબાબહ નામે મુસલમાન એક મુસલમાનના હાથે ભૂલથી કતલ થઇ ગયા હતા. એમનો એક ભાઇ મિકયસ બિન સુબાબહ નામે મક્કહમાં રહેતો હતો. એ મુસલમાન બનેલો ન હતો. એક દિવસે મિકયસ મદીનહ આવી લાગ્યો અને સીધો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને કહેવા લાગ્યો, "યા રસૂલલ્લાહ ! હું અંતઃકરણથી મુસલમાન બનીને આપની તહેનાતમાં હાજર થયો છું. મારો ભાઇ હિશામ બિન સુબાબહ ફલાણા મુસલમાનના હાથે કતલ થઇ ગયો છે. મારી દરખાસ્ત છે કે તેના પ્રાણદંડની રકમ મને ચૂકવી આપવામાં આવે."

તેની દરખાસ્તનો સ્વીકાર કરીને આપે તેના મરનાર ભાઇની દિયત ચૂકવી આપવાનો હુકમ ફરમાવ્યો. આપના હુકમનું તુરંત પાલન કરવામાં આવ્યું. એ પછી મિકયસ મુસલમાન તરીકે થોડા દિવસો મદીનહમાં જ રહી ગયો અને એક દિવસે મોકો મળી જતાં પોતાના ભાઇના કાતિલને કતલ કરીને મક્કહ ફરાર થઇ ગયો અને ત્યાં જઇને ઈસ્લામથી પણ ફરી ગયો અને કાફિર બનીને કાફિરોમાં ભળી ગયો.

યા મન્સૂર અમિત અમિત——————ઇબ્ને હિશામ કહે છે : બનૂ મુસ્તલિકના યુધ્ધમાં મુસલમાનોનો શિઆર એટલે એકબીજાને ઓળખવાનો સંકેત શબ્દ "યા મન્સૂર ! અમિત ! અમિત !" હતો. મન્સૂર એટલે જેની મદદ કરવામાં આવી અથવા જીત મેળવીને ફતેહમંદ થયેલો માણસ. અને અમિત એટલે મારો, કાપો, કતલ કરો.

ઇબ્ને ઈસ્હાક કહે છે : આ જંગમાં બનૂ મુસ્તલિકના ખાસ્સા માણસો માર્યા ગયા. હઝરત અલીએ તેઓના બે માણસો, માલિક અને તેના બેટાને કતલ કર્યા. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફએ એક સવારને કતલ કર્યો જેનું નામ અહમર અથવા ઉહૈમર હતું.[૧]

કબીલાના સરદારની રૂપવાન બેટી——————ઇબ્ને ઈસ્હાક કહે છે : આ જંગમાં બનૂ મુસ્તલિકના ઘણા માણસો મુસલમાનોના હાથે કેદ પકડાયા. એ બધાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોમાં વહેંચી આપ્યા. લડાઇના કેદીઓમાં કબીલાના સરદાર હારિસ બિન અબી દિરારની બેટી પણ હતી જેનું નામ જુવૈરિયહ બિન્તે હારિસ હતું. બાદમાં બીબી જુવૈરિયહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં અને નિકાહમાં આવવા બાદ એમને ઉમ્મુલ-મુઅમિનીન એટલે દુનિયાભરના મુસલમાનોના માનવંતા અમ્માંજી બનવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

ઇબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે કહ્યું અને તેમણે ઉર્વહ બિન ઝુબૈરથી સાંભળ્યું અને ઉર્વહએ મુસલમાનોના અમ્માંજી હઝરત બીબી આઇશહ રદિયલ્લાહુ અન્હાના મુખેથી સાંભળ્યું. હઝરત બીબી આઇશહ ફરમાવે છે :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે બનૂ મુસ્તલિકના કેદીઓની વહેંચણી કરી તો

---

૧. આ યુધ્ધમાં બનૂ મુસ્તલિક કબીલાના ૧૦ માણસો માર્યા ગયા. બાકીના સ્ત્રી-પુરૂષો, વૃધ્ધો, બાળકો બધા કેદ થયા. તેઓના માલ-સામાનનો કબજો લેવામાં આવ્યો. બે હજાર ઊંટો, પાંચ હજાર બકરાં હાથ લાગ્યાં. સાત સોથી વધારે માણસો મુસલમાનોના લોંડી-ગુલામ બની ગયાં જેમાં બસો જેટલાં કુટુંબોનો સમાવેશ થાય છે. (કશ્ફુલ-બારી જિ.૨ પા. ૩૨૮ - અસહ-હુસ-સિયર પા. ૬૧૦- સીરતુલ-મુસ્તફા જિ. ૨ પા. ૨૭૧) "હ"

જુવૈરિયહ બિન્તે હારિસ, હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસના ભાગે આવ્યાં અથવા એમના એક કાકાભાઈના ભાગે આવી. જુવૈરિયહએ પોતાના માલિક સાથે "મુકાતબત" કરી લીધી. એટલે અમુક રકમ ઠેરવીને બદલામાં આઝાદી મેળવી લેવાના કરાર કરી લીધા. જુવૈરિયહ એક તો પોતાના કબીલાના સરદારની બેટી હતાં. બીજું બેહદ હસીન, જમીલ અને સલૂણું રૂપ ધરાવનાર રૂપવાન કન્યા હતાં. જોનારના દિલ પર તરત કબજો જમાવી લેતી હતી. પોતાના માલિકને રાજી કરીને એટલે તેમની સાથે આઝાદીના કરાર કરીને બીબી જુવૈરિયહ મદદ મેળવવાની આશાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા તંબૂમાં બિરાજમાન હતા."

હઝરત બીબી આઇશહનું બયાન છે : "અલ્લાહના સોગંદ ! જુવૈરિયહને જ્યારે મેં મારા તંબૂના બારણે ઊભેલી જોઈ તો એને જોતાં જ મને કરાહત થઈ આવી (એટલે મારૂં મૂડ બગડી ગયું) મને થયું કે જે હુસ્નો-જમાલ, જે રૂપ-સૌન્દર્ય મેં એનું જોયું છે એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ જોઈ લેશે! મતલબ કે જુવૈરિયહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પહોંચી ગઈ અને બોલી,

"હે અલ્લાહના નબી ! મારૂં નામ જુવૈરિયહ છે. હું અમારા કબીલાના સરદાર હારિસ બિન અબી દિરારની બેટી છું. જે મુસીબત મુજ પર તૂટી પડી તે આપથી છાની નથી. હું આપના સાથી સાબિત બિન કૈસ બિન શમ્માસ અથવા તેમના કાકાભાઈના ભાગે આવી છું. મેં મારા માલિકને "કિતાબત"(આઝાદીના કરાર) પર રાજી કરી લીધા છે. અત્યારે ઠેરવેલી રકમની ચૂકવણી અંગે આપની મદદ માગવા હાજર થઈ છું."[1]

આપે ફરમાવ્યું, "જુવૈરિયહ ! તમારી સાથે એનાથી યે ઉત્તમ વર્તાવ કરવામાં આવે તો તમે પસંદ કરશો?"

"તે શું હે અલ્લાહના નબી ?" બીબી જુવૈરિયહએ પૂછ્યું.

"હું તમારી આઝાદીની કિંમત ચૂકવી આપું, તમે મારી સાથે નિકાહ કરી લો." આપે ફરમાવ્યું.

"જી હા, યા રસૂલલ્લાહ ! એનાથી રૂડું બીજું શું ? હું રાજી છું. મને કબૂલ છે."

આપે ફરમાવ્યું, "મને પણ કબૂલ છે."

હઝરત જુવૈરિયહની બરકતો————હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : "જોત જોતામાં લશ્કરના લોકોમાં સમાચાર પ્રસરી ગયા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુવૈરિયહ બિન્તે હારિસને નિકાહના બંધનથી પોતાની સાથે જોડી લીધાં છે. બસ પછી શું હતું. લશ્કરના બધા જ મુસલમાનો એક અવાજે કહેવા લાગ્યા, "દુશ્મનના આ બધા કેદીઓ તો હવે રસૂલુલ્લાહના સુસરાલી રિશ્તાદાર બની ગયા. એમને લોંડી-ગુલામ તરીકે કેવી રીતે રાખી શકાય ?"

જોતજોતામાં તમામ મુસલમાનોએ તમામ કેદીઓને એક જ ઝાટકે આઝાદ કરી દીધા. હઝરત બીબી આઇશહનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુવૈરિયહ સાથે નિકાહ કરી લીધા તો

૧. બીબી જુવૈરિયહના પહેલા નિકાહ બનૂ મુસ્તલિક કબીલાના મુસાફિઅ બિન સફવાન નામે એક ખાનદાની યુવક સાથે થયા હતા. મુસાફિઅ આ લડાઈમાં માર્યો ગયો હતો. હઝરત બીબી જુવૈરિયહ કેદ થયાં ત્યારે ૨૦ વરસના હસીનો-જમીલ યુવતિ હતાં. આઝાદીની કિંમત ૯ ઊકીયહ સોનું નક્કી થયું હતું. (અસહ-હુસ-સિયર પેજ ૬૦૯-૬૧૦) "હ"

Maktabe Ashraf

જુવૈરિયહની બરકતથી મુસલમાનોએ બનૂ મુસ્તલિકના કેદ થયેલાં સો ખાનદાનોને આઝાદ કરી દીધાં, કેમકે એ બધાં હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સુસરાલી રિશ્તાદાર બની ગયાં હતાં. મારી નજરમાં કોઇ એવી સ્ત્રી નથી જે પોતાની સમગ્ર કૌમ માટે દયાના ભંડાર જેવી પુરવાર થઇ હોય; સિવાય જુવૈરિયહના !'' ૧

બીબી જુવૈરિયહના બાપુની કથા——————ઇબ્ને ઇસ્હાક કહે છે : બીજી રિવાયત એવી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ મુસ્તલિકના મામલાથી ફરાગત મેળવીને વાપસ થયા તો બીબી જુવૈરિયહ આપના સંગાથે હતાં. આપ લશ્કરની વ્યવસ્થામાં લાગેલા હોવાથી બીબી જુવૈરિયહને આપે એક અન્સારી સહાબીની નિગરાનીમાં સોંપી દીધાં અને ફરમાવ્યું, ''એમના આરામનો ખ્યાલ રાખજો, એમને કોઇ તકલીફ ના થવા પામે.''

એ પછી આપ પોતાના લશ્કરને લઇને મદીનહ પધાર્યા. બીજી તરફ કબીલાનો સરદાર હારિસ઼ બિન અબૂ દિરાર પોતાની બેટીને છોડાવવા માટે કેટલાંક ઊંટો ફિદયા તરીકે લઇને મદીનહ તરફ રવાના થયો. જયારે તે અકીક સ્થળે પહોંચ્યો તો ફિદયાના ઊંટો તરફ તેણે અવલોકનની નજર નાખી. એમાંના બે ઊંટો પર તેની નજર ચોંટી ગઇ. બંને બહુ ફાંકડાં, રૃષ્ટપુષ્ટ અને ચપળ ઊંટો હતાં. આ ઊંટોને રોકી લેવાની લાલચ જાગતાં તેણે બંને ઊંટોને અકીકની ઘાટીમાં સલામત સ્થળે છુપાવી દીધાં અને બાકીના ઊંટોને હંકારતો મદીનહ પહોંચ્યો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને કહેવા લાગ્યો, ''હે મુહંમદ ! તમે મારી બેટીને પકડીને લઇ આવ્યા છો. સરદારની બેટી લોંડી નહિ બની શકે. આ રહ્યો એનો ફિદયો. એનો સ્વીકાર કરો અને બદલામાં મારી બેટી મને આપી દો.''

આપે ફરમાવ્યું, ''હારિસ઼ ! એ વાત પછી થશે. પહેલાં બતાવો, પેલાં બે ઊંટોનું શું થયું ?

''કેવાં બે ઊંટો ?'' હારિસ઼ે ચમકીને પૂછયું.

ફરમાવ્યું, ''જેને તમે અકીકની ફલાણી ઘાટીમાં છુપાવી દીધાં છે.''

નિરંકુશ રીતે હારિસ઼ સાહેબ પોકારી ઊઠયા, ''અશહદુ અલ-લાઇલાહ ઇલ્લલ્લાહુ વ અન્નક મુહમ્મદર રસૂલુલ્લાહ.'' તરજુમો : હું આ વાતની સાક્ષી આપું છું એટલે ઇકરાર કરૂં છું કે અલ્લાહ સિવાય કોઇ મઅબૂદ નથી અને હે મુહંમદ ! બેશક તમે અલ્લાહના રસૂલ છે.

એની સાથે જ હારિસ઼ે કહ્યું, ''ફ-વલ્લાહિ મા અત્તલઉ અલા ઝાલિક ઇલ્લલ્લાહ.'' એટલે હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે આ મામલાની અલ્લાહ વગર કોઇને મેં જાણ થવા દીધી નથી.

એ પછી હારિસ઼ બિન અબૂ દિરાર ખરા દિલથી મુસલમાન બની ગયા. એમની સાથે એમના બે બેટાઓ ઉપરાંત એમની કૌમના કેટલાક લોકો પણ મુસલમાન બની ગયા. એ પછી હઝરત હારિસ઼ે પોતાના માણસને મોકલાવીને પેલાં બંને ઊંટો પણ મંગાવી લીધાં અને બધાં ઊંટો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની

૧. પોતાની સોકણના મુકત કંઠે વખાણ કરવા અને સોકણની ખૂબીઓનો ખુલ્લા દિલે ઇકરાર કરવો એ જેવી તેવી બેગમોનું ગજું નહિ. એવી નિખાલસતા, ઉદારતા અને ખેલદિલી તો મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત આઇશહ સિદ્દીકહ જ દેખાડી શકે. રદિયલ્લાહુ અન્હા. ''હ''

Maktabe Ashraf

તહેનાતમાં ધરી દીધાં. બદલામાં એમના બેટી જુવૈરિયહને એમને હવાલે કરી દેવામાં આવ્યાં. જુવૈરિયહ પોતે પણ કલિમો પઢીને અંતઃકરણથી મુસલમાન બની ગયાં અને ઇસ્લામ પર દ્રઢ બની ગયાં. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના બાપાજીને નિકાહનો પયગામ આપ્યો. ચાર સો દિરહમ નિકાહની મહર નક્કી કરીને એમણે પોતાની બેટીના, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ કરાવી દીધા.

ઝકાતની ઉઘરાણી વેળા સમજફેર————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઝીદ બિન રૂમાનએ માહિતી આપી કે બનૂ મુસ્તલિક કબીલાના લોકો મુસલમાન બની ગયા તો ઝકાતની ઉઘરાણીનો સમય આવતાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબી, હઝરત વલીદ બિન ઉકબા બિન અબી મુઐતને ઝકાતની ઉઘરાણી માટે તેઓની વસતિમાં મોકલ્યા. બનૂ મુસ્તલિકના લોકોને સમાચાર મળ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કર્મચારી ઝકાતની ઉઘરાણી માટે પધારી રહ્યા છે તો તેઓ સવારીઓ પર બેસીને હઝરત વલીદ બિન ઉકબાના સત્કાર માટે પોતાની વસતિમાંથી બહાર નીકળી આવ્યા.

આ તરફ હઝરત વલીદ બિન ઉકબાએ જોયું કે લોકો સવારીઓ પર બેસીને ઝપાટાભેર આવી રહ્યા છે તો તેઓ મનમાં ડરી ગયા કે નક્કી, આ લોકોને ઝકાતનો માલ આપવાનું ભારે લાગવાથી તેઓ મને કતલ કરવાના ઇરાદે ઝપાટાભેર આવી રહ્યા છે. ડરના માર્યા હઝરત વલીદ એજ વેળા પાછા વળ્યા અને મારતી સવારીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને કહેવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! તેઓ ઝકાતનો માલ તો ક્યાંથી આપે, ઉલટાનું તેઓની સવારીઓનો ઝપાટો જોઇને મને તો થયું કે એ લોકો મને કતલ કરી નાખે તો નવાઇ નહિ. આ કારણે હું પાછો વળીને આવી ગયો."

આ બનાવથી મુસલમાનોમાં આક્રોશ વ્યાપિ ગયો અને બનૂ મુસ્તલિક સાથે જંગ કરવાની તેઓમાં જોરોશોરથી ચર્ચા થવા લાગી. મામલો એટલી હદે લંબાયો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ તેઓની સાથે જિહાદનો ઇરાદો કરી લીધો. જ્યારે આ સમાચાર બનૂ મુસ્તલિકની વસતિ સુધી પહોંચી ગયા તો તેઓનું એક મોવડી મંડળ દરબારે-નબવીમાં હાજર થયું અને તેણે ખુલાસો કરતાં અરજ કરી:

"યા રસૂલલ્લાહ ! આપનો એલચી ઝકાતની ઉઘરાણી માટે અમારી વસતિમાં પધારે તેવા સમાચાર મળતાં અમે સવારીઓ પર બેસીને વસતિમાંથી નીકળી પડયા કે જેથી માન-ઇકરામ સાથે તેમનો સત્કાર કરીએ અને ઝકાતનો જે માલ આપવાનું અમે કબૂલ કર્યું હતું તે તેમને હવાલે કરી દઇએ. પરંતુ એ ગૃહસ્થ તો અમને જોતાં જ પાછલા પગે વળીને સવારી ભગાવતા ચાલ્યા ગયા. હવે મળેલા સમાચાર મુજબ તેઓ આપને કહે છે કે અમે તેમને કતલ કરવા દોડી ગયા હતા, તો સોગંદ છે અલ્લાહના, યા રસૂલલ્લાહ! અમારો એવો કોઇ ઇરાદો હતો જ નહિ."

આ ઘટના સંબંધી અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર આ આયતો નાઝિલ ફરમાવી : યા ઐયુહલ-લઝીન આમનૂ ઇન જાઅકુમ ફાસિકુમ......"

> "હે મુસલમાનો ! જો કોઇ દુરાચારી માણસ તમારી પાસે કોઇ સમાચાર લઇને આવે તો, તમે પાકે પાયે તેની તહકીક કરી લો. એવું ન થાય કે તમે તૂટી પડો અજાણતામાં કોઇ કૌમ પર, પછી તમે પસ્તાવો કરવા લાગો તે કામનો જે તમે કરી નાખ્યું અને જાણી

લો કે અલ્લાહના રસૂલ તમારી વચ્ચે મવજૂદ છે.....”[૧]

મતલબ આ છે કે જ્યારે કોઈ ખબર કે અફવા સાંભળો તો પ્રથમ પાકે પાયે તહકીક કરીને તેની ખાતરી કરી લો. આંખો બંધ કરીને તેને માની લેવાનું માઠું પરિણામ આવે છે.

મુનાફિકોની નવી ફિત્નાખોરી—————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ મુસ્તલિકના ઇલાકાથી વાપસીના પ્રવાસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત બીબી આઇશહ રદિયલ્લાહુ અન્હા આપના સંગાથે હતાં. આ સફરમાં લશ્કર મદીનહ પહોંચે તે પહેલાં હઝરત આઇશહ સાથે એક બેહદ આકરો, બેહદ ગંભીર, બેહદ કમ-નસીબ અને ચકચારભર્યો બનાવ બની ગયો જેણે મદીનહની શાંતિનું નખ્ખોદ વાળી દીધું અને આખા મદીનહમાં ખળભળાટ મચાવી દીધો.

ઈસ્લામી લશ્કર મદીનહ પહોંચે તે પહેલાં ફિત્નાખોર મુનાફિકો, હસદખોરો, દુનિયાભરના જુઠાઓ અને ફિતૂરીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત આઇશહની પાકદામની પર નાપાકીનું કલંક લગાડીને તરહ તરહની વાતો મદીનહની બજારોમાં વહેતી કરી દીધી જેનું બયાન કુર્આને-મજીદની સૂરએ-નૂરમાં ''ઇફકુમ-મુબીન'' અને ''બુહતાનુન-અઝીમ''ના શબ્દોથી કરવામાં આવ્યું છે.

---

૧. સૂરએ-હુજુરાત પારહ ૨૬ આયત ૬-૭

પ્રકરણ ૧૨૭

ઇફ્કુમ - મુબીન અને બુહતાનુન - અઝીમ

(મદીનહના મુનાફિકો, જૂઠ્ઠાઓ અને ફિત્નાખોરોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાકદામન બેગમ હઝરત બીબી આઇશહ સિદ્દીકહ રદિયલ્લાહુ અન્હાની પાકદામની પર મૂકેલા ખોટા આરોપના બનાવનું બયાન)

રિવાયતની સાંકળ • પાક બેગમોના નામોની ચિઠ્ઠીઓ • ગળાના હારની ગુમશુદગી • હઝરત સફવાન બિન મુઅત્તલ • ખોટા આરોપના પ્રત્યાઘાતો • મૂળ બનાવની મળેલી બાતમી • રસૂલુલ્લાહ (સલ.)ની તકરીર • મુનાફિકો, જૂઠ્ઠાઓ, ફિત્નાખોરો • તકરીરનો પ્રતિસાદ • મામલાની આગળ વધતી તપાસ • રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણી • ફ-સબ્રુન-જમીલ • તોહમતના આરોપીઓને મળેલી શિક્ષા • તોહમત વિશે મિયાંબીબીની વાતચીત • પાકદામની વિશે ઊતરેલી આયતો • હઝરત અબૂબક્ર અને હઝરત મિસ્તહ • હઝરત સફવાન અને હઝરત હસ્સાન • ખટલો દરબારે-નબવીમાં • હઝરત હસ્સાનની દિલદારી • હઝરત હસ્સાનનો કસીદો • એક મુસ્લિમ શાઇરના શેઅરો.

રિવાયતની સાંકળ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ ઇબ્ને શિહાબ ઝુહરીએ અલ્કમહ ઇબ્ને વક્કાસ, સઇદ ઇબ્ને મુસૈયબ, ઉર્વહ ઇબ્ને ઝુબૈર અને ઉબૈદુલ્લાહ ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્ને ઉત્બહની રિવાયતો કહી સંભળાવી.

ઇબ્ને શિહાબ ઝુહરીએ મને કહ્યું કે એમાંના દરેક વિદ્વાને રિવાયતને લગતો અમુક - અમુક ભાગ મને કહ્યો. કોઇએ બનેલા બનાવની અમુક વિગતો કહી સંભળાવી તો કોઇએ એજ બનાવની બીજી વિગતો બયાન કરી. આ વિદ્વાનોમાં અમુક એવા હતા જેઓ પોતાના બીજા સાથીઓને મુકાબલે વધારે સ્મરણશકિત ધરાવનારા કે તેઓથી વધારે યાદદાસ્તી ધરાવનારા હતા. વિદ્વાનોની આ જમાઅતે ''ઇફ્કુમ-મુબીન'' કે ''બુહતાનુન-અઝીમ''ની ઘટનાને લગતી જે કંઇ માહિતી મને પૂરી પાડી તે મેં લોકો માટે એકત્ર કરી દીધી છે.

(સંપાદકની નોંધ————ઇમામ ઇબ્ને શિહાબ ઝુહરીના ચાર ઉસ્તાદો છે : હઝરત અલ્કમહ ઇબ્ને વક્કાસ, હઝરત સઇદ બિન મુસૈયબ, હઝરત ઉર્વહ બિન ઝુબૈર અને હઝરત ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહ. આ ચારેય ઉસ્તાદો ઊંચા પાયાના તાબિઇ હોવા ઉપરાંત કુર્આન અને હદીસના બહુ મોટા જ્ઞાની અને ઇલ્મો-હિકમતના ભંડાર હતા. દીની ઉલૂમનો મોટો ભાગ એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના

પાક બેગમ હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હા પાસેથી મેળવ્યો હતો. હઝરત આઈશહ પર મૂકાયેલા જૂઠા આરોપની વિગત ખુદ હઝરત આઈશહએ પોતાના મુખે એમને કહી સંભળાવી. એમણે આ કહાણીનો જે જે ભાગ જેવી રીતે સાંભળેલો તેજ પ્રમાણે પોતાના શાગિર્દ ઇબ્ને શિહાબ ઝુહરીને કહી સંભળાવ્યો અને ઇબ્ને શિહાબ ઝુહરીએ પોતાના શાગિર્દ ઈબ્ને ઈસ્હાકને કહી સંભળાવ્યો અને ઇબ્ને ઈસ્હાકે તેની વિગતો આ કિતાબમાં ભેગી કરી દીધી. ''હ'')

પાક બેગમોના નામોની ચિઠ્ઠીઓ——————ઈબ્ને ઇસ્હાક કહે છે : જુદા જુદા રાવીઓ તરફથી મને મળેલી પ્રમાણભૂત માહિતી મુજબ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત આઈશહ પર, મદીનહના જુઠ્ઠાઓ અને ફિતૂરીઓએ જે જૂઠો અરોપ મૂકયો હતો તેની વિગત ખુદ હઝરત આઈશહએ પોતાના મુખે વર્ણવી છે આ પ્રમાણે :

હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે કોઇ પ્રવાસે જવાનો ઈરાદો ફરમાવતા તો આપનો નિયમ હતો કે પોતાની પાક બીબીઓમાંથી, કોઇને સાથે લઇ જવા માટે તેઓના નામોની ચિઠ્ઠીઓ નાખતા. પછી જે બીબીનું નામ ચિઠ્ઠીમાં નીકળી આવતું તેને સફરમાં પોતાની સાથે લઇ જતા.

બનૂ મુસ્તલિક પરની ચઢાઇ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સફરમાં જવા પહેલાં એજ નિયમ મુજબ પોતાની પાક બીબીઓના નામોની ચિઠ્ઠીઓ નાખી તો તેમાં મારૂં નામ નીકળી આવ્યું. ત્યારે આ સફરમાં રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમ પોતાની સાથે મને લઇ ગયા.

ગળાના હારની ગુમશુદગી——————હઝરત આઈશહ ફરમાવે છે : ''જયારે કોઈ સફરમાં જવાનો પ્રસંગ ઊભો થતો તો અમે બીબીઓ તે વેળા, સાદો-હળવો ખોરાક લેવાની નીતિને અનુસરતા હતાં. સાદો-હળવો ખોરાક લેવાથી સુસ્તી કે આળસનું દબાણ થતું ન હતું બલકે ચુસ્ત, ચાલાક અને ચપળ રહી શકાતું હતું. તે વેળા ગોશ્તના આહારથી અમે પરહેજી જાળવતાં હતાં. એનાથી મન પર ભાર આવી જતો હતો. સફરની તૈયારી પછી જયારે ઊપડવાનો સમય આવતો તો મારા માટે ઊંટની કાઠી લાવવામાં આવતી. કાઠીને ઊંટની પીઠ પર ગોઠવવા પહેલાં હું તેમાં જઇને બેસી જતી. એ પછી કાઠી લાવનારો માણસ હાજર થતો અને તે મુજ સહિત કાઠીને ઉપાડીને ઊંટની પીઠ પર ગોઠવી દેતો અને કાઠીને સરખી કરીને તેને દોરડીઓથી કસી દેતો. એ પછી તે ઊંટનું ડોકું પકડીને તેને ઊભું કરી દેતો અને તેને દોરીને ચાલી નીકળતો. [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ મુસ્તલિકના ગઝવહથી ફારિગ થઈને મદીનહ પાછા ફરી રહ્યા હતા. વાપસીની આ સફરમાં ઇસ્લામી લશ્કરનો કાફલો મદીનહના સીમાડે પહોંચ્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અહીંની એક મંઝિલે પધારીને પડાવ નાખી દીધો. રાતનો વધુ ભાગ કાફલાએ જંગલની એજ મંઝિલે આરામ કરવામાં પસાર કર્યો. એ પછી રાતના અંધારાંમાં જ કૂચની જાહેરાત પોકારી દેવામાં આવી કે જેથી લોકો હાજત વગેરેથી પરવારીને કૂચ માટે તૈયાર થઇ જાય. કાફલો ઊપડે તે પહેલાં હું પણ કુદરતી હાજત માટે કાફલાના પડાવથી કંઇક દૂર નીકળી ગઇ. તે વેળા મારા ગળામાં ''ઝફાર''ના મોતીઓનો હાર પડેલો હતો. જવાની ઉતાવળમાં હારની લડી તૂટી જતાં તે મારા ગળામાંથી નીકળી પડયો. ઉતાવળ અને અંધારાંમાં

૧. આ કાઠી એક પ્રકારની પાલખી જેવી હોતી જેમાં આરામથી બેસવાની સગવડ સાથે પર્દાની પણ પૂરી સગવડ હોતી. ''હ''

Maktabe Ashraf

મને તેની જાણ નહિ થવા પામી. [૧]

કુદરતી હાજતથી પરવારીને જ્યારે મારા ઊંટની, જમીન પર મૂકેલી મારી કાઠી પાસે પહોંચી ગઈ તે વેળા અચાનક મારો હાથ મારા ગળા તરફ પહોંચી ગયો. ચારે તરફ ગળે હાથ ફેરવવાથી માલૂમ પડયું કે હાર ગળામાંથી નીકળી પડયો છે. તે વેળા કાફલો કૂચ કરવા લાગ્યો હતો. તરત જ પાછી વળીને તે સ્થળે પહોંચી ગઈ જ્યાં હાજત માટે ગઈ હતી. અંધારામાં હારની તલાશમાં થોડો સમય નીકળી ગયો. તલાશથી હાર મળી ગયો પણ વાપસ આવીને જોયું તો કાફલાના લોકો ઊપડી ચૂકયા હતા.

જે લોકો મારા ઊંટની કાઠી ઉપાડવા અને ગોઠવવાના કામ પર નિર્માણ હતા તેઓ મારા આવવા પહેલાં કાઠીને ઉપાડીને અને ઊંટની પીઠ પર કસીને ઊપડી ચૂકયા હતા. તેઓના મનથી એમ કે હું નિયમ મુજબ અગાઉથી કાઠીમાં બેસી ચૂકી છું. એક તો તે વેળા હું ઊગતી વયની કન્યા હતી અને બીજું બદનની છેક હલકી-ફુલકી કે નબળી-પાતળી હતી. આ કારણે તેઓને કાઠીમાં મારી ગેરહાજરીનો પત્તો નહિ લાગ્યો. જ્યારે હું પડાવના તે સ્થળે આવી જ્યાં મારી કાઠી મૂકવામાં આવી હતી, તો મેં જોયું કે ત્યાં ન કોઈ બોલાવનાર હતો ન કોઈ જવાબ આપનાર હતો. બધા જ કૂચ કરી ચૂકયા હતા.

હઝરત સફવાન બિન મુઅત્તલ————હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છેઃ "મારી પરેશાની, મારી મૂંઝવણ, મારા દુઃખનો પાર ન હતો. હવે શું થાય ? લાચારીએ ચાદરમાં લપેટાઈને તેજ જગાએ લેટી ગઈ જ્યાં મારી કાઠી મૂકવામાં આવી હતી. વિચાર્યું કે મારી તલાશ થશે તો તેઓ મને શોધતા અહીં જ આવશે. પછી તો સોગંદ છે અલ્લાહના, જમીન પર હું લેટેલી જ હતી એટલામાં સફવાન બિન મુઅત્તલ સુલમી ત્યાં આવી લાગ્યા. તેઓ તેમને સોંપાયેલી કામગીરીને મામલે લશ્કરથી પાછળ રહેતા હતા. [૨] એમણે પણ રાત લશ્કરની સાથે અહીં જ ગુજારી હતી. પ્રભાતનું અજવાળું રેલાવા લાગ્યું હતું. દૂરથી એમણે જોયું કે કોઈ વસ્તુ જમીન પર પડેલી છે. તેઓ આગળ વધ્યા અને મારી પાસે આવીને ઊભા રહી ગયા.

પર્દાનો હુકમ ઊતરવા પહેલાં તેઓ મને જોઈ ચૂકયા હતા. જોતાં જ મને ઓળખી લીધી અને મોટેથી પોકારી ઊઠયા : "ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન !" [૩] પછી બોલ્યા, "અરે આ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખાતૂન છે !"

હું ચાદરમાં જ લપેટાઈને લેટેલી રહી. કોઈ જવાબ મેં નહિ આપ્યો તો પૂછયું, "માનવંતા ખાતૂન! આપ પાછળ કેમ રહી ગયાં ? અલ્લાહ આપની ઉપર રહમ ફરમાવે !"

મેં કોઈ જવાબ નહિ આપ્યો અને ખામોશીથી લેટેલી રહી. તેઓ પોતાનો ઊંટ મારી પાસે લાવીને બોલ્યા, "માનવંતા ખાતૂન ! એની ઉપર બેસી જાવ." આમ કહીને તેમણે ઊંટને બેસાડી દીધો અને તેની આગલી

---

૧. ઝફાર : મુલ્કે-યમનના એક શહેરનું નામ ત્યાંના મોતીઓ ઘણા સુંદર અને કીમતી ગણાતાં હતાં. કેટલાકે કહ્યું છે કે ઝફાર એક ખાસ સુગંધીદાર પદાર્થ છે. તેને મણકા કે મોતીના રૂપમાં ઢાળીને હાર બનાવવામાં આવે છે. હઝરત આઈશહના હારની કીમત ૧૨ દિરહમ આંકવામાં આવી છે. (ફત્હુલ-બારી જિ.૨ પા. ૩૪૬) "હ"

૨. હઝરત સફવાન બિન મુઅત્તલ રદિયલ્લાહુ અન્હુને લશ્કરની પાછળ રહીને કોઈની રહી ગયેલી કે પડી ગયેલી વસ્તુ ઉપાડી લાવવાની કામગીરી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી સોંપાયેલી હતી. "હ"

૩. કોઈ આફત કે દુખના સમાચાર વેળા પઢવાની કુર્આની આયત. એનો અર્થ : અમે અલ્લાહ તરફથી આવેલા છીએ અને અલ્લાહ તરફ જ અમે પાછા જવાના છીએ. "હ"

ટાંગ ખેંચી લીધી કે જેથી હું આસાનીથી બેસી શકું. એ પછી પોતે પાછળ ચાલ્યા ગયા. જ્યારે હું ઊંટ પર બેસી ગઈ તો તેમણે ઊંટનું માથું ઝાલીને તેને ઊભો કર્યો અને તેની નાથ પકડીને ઝપાટાભેર ત્યાંથી ઊપડયા કે જેથી લશ્કરને પકડી પાડે. પણ અલ્લાહના સોગંદ, અમે લશ્કરને પકડી શકયા નહિ. ન તો કોઇ હમણા સુધી મારી તલાશમાં નીકળેલું હતું. હવે પ્રભાતનું અજવાળું ફેલાય ગયું હતું. લશ્કરનો કાફલો આગળની મંઝિલે પહોંચીને ત્યાં પડાવ નાખી ચૂકયો હતો. સફવાન મને લઈને કાફલા સુધી પહોંચી ગયા.

એ પછી લશ્કરમાં હાજર રહેલા મદીનહના મુનાફિકો, જૂઠાઓ અને ફિત્નાખોરોએ મને ખોટા આરોપમાં સંડોવીને જે હોબાળો મચાવી દીધો તેનો કિસ્સો જગજાહેર છે. આખા લશ્કરમાં સનસનાટી પ્રસરી ગઈ. તે વેળા હું આ ગોઝારા બોહતાનથી તદ્દન અંજાણ હતી. મને કંઈ ખબર નહિ પડી કે જૂઠાઓ અને ફિતૂરીઓએ મારા માથે કેવી તોહમત ચઢાવી દીધી અને કેવી કેવી વાતો વહેતી કરીને મદીનહમાં ચકચાર જગાડી દીધી !

ખોટા આરોપના પ્રત્યાઘાતો————મદીનહ પહોંચતાં જ હું સખત માંદગીમાં પટકાઇ પડી. મને પોતાને તો કંઇ જ ખબર ન હતી કે મદીનહમાં મારી વિરૂધ્ધ કેવો પવન ફૂંકાય રહ્યો છે. અલબત્ત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મારાં માબાપને પૂરા કિસ્સાની જાણ થઇ ચૂકી હતી, પણ એ લોકો મારી આગળ તેનો બોલ સુધ્ધાં ઉચ્ચારતા ન હતા. આટલું ચોક્કસ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો વર્તાવ મારી સાથે બદલાઇ ગયો હતો. આપના વર્તનમાં આવેલા ફેરફારથી મને થયું કે જરૂર કોઈ મામલો બન્યો છે. હવે અગાઉ જેવી માયા-મહબ્બત અને લુત્ફો-કરમનો વર્તાવ આપ મારી સાથે નહિ ફરમાવતા હતા. આથી પહેલાં જ્યારેય હું બીમાર પડતી, આપ મારી દિલદારી ફરમાવતા, પોતાની મીઠી મધુરી વાતોથી મને દિલાસો આપતા, હરેક રીતે મારૂં મન રીઝવતા. પણ આ વેળાની મારી ગંભીર માંદગી છતાં આપે દિલાસો કે તસલ્લીનો મીઠો બોલ સરખો નહિ ફરમાવ્યો તો મને અજબ જેવું લાગ્યું. હું વિચારવા લાગતી, ''યા અલ્લાહ ! શું મામલો છે ?''

હવે પરિસ્થિતિ કે હાલત એવી હતી કે મારાં વહાલાં અમ્માંજી મારી સારવારમાં લાગેલાં હતાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારી પાસે પધારતા તો મારાં અમ્માંજીને આટલું જ પૂછી લેતા, ''હવે એમને કેમ છે ?'' બસ એથી વધુ કંઇ નહિ. [૧]

મૂળ બનાવની મળેલી બાતમી————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત આઇશહએ પોતાની આપવીતી ચાલુ રાખતાં ઉમેર્યું : ''હવે હું દિલમાં ને દિલમાં જ ગમગીન રહેવા લાગી. મનમાં ને મનમાં મુંઝાવા લાગી. એક ચિન્તા હતી જે અંદરખાને મારૂં કાળજું કોરી ખાવા લાગી. પછી જયારે મારી ધીરજ કે સહનશીલતા ખૂટી ગઈ તો મેં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! આપ મને મારી માને ઘેર જવાની રજા આપો તો સારૂં, ત્યાં મારી સારી રીતે સારવાર થઈ શકશે. ''

''જેવી તમારી મરજી.'' આપે ટૂંકમાં ફરમાવી દીધું.

પરવાનગી મળતાં હું મારાં અમ્માંજીને ઘેર ચાલી ગઇ. હજુ સુધી મૂળ મામલાની મને જાણ થઈ ન હતી. રંજો-ગમના આઘાતથી કમજોરી બેહદ વધી ગઇ હતી. મગજ પર એક ભાર હતો અને મન પર એક

૧. લોકોની વાતોથી આપના પવિત્ર મન પર મોટો બોજો હોવાથી વધુ બોલવાનું આપનું મન થતું ન હતું જેથી મુખ્તસર શબ્દોમાં ખબર પૂછી લેતા હતા. ''હ''

Maktabe Ashraf

ધા હતો જે મારા દિલને કોરી ખાતો હતો અને આ બનાવ બન્યાને વીસથી વધુ રાત્તો વીતી ચૂકી હતી.

તે સમયે અમે અરબના લોકો અમારા ઘરોની અંદર "બૈતુલ-ખલા" એટલે જાજરૂ કે સંડાસ બનાવતા ન હતા જેવી રીતે કે અજમના લોકો પોતાના ઘરો કે વાડાઓમાં બનાવે છે. [૧] ઘરોમાં બનાવેલા આવા જાજરૂ પ્રત્યે અમને કરાહત કે નફરત થતી હતી. અમે તો કુદરતી હાજત માટે ઘરોમાંથી નીકળીને મદીનહથી બહાર આવેલા ખુલ્લાં મેદાનોની કોઈ આડમાં ચાલ્યા જતા હતા. અમે ઔરતો રાતના સમયે ફરાગત મેળવવા માટે ઘરોમાંથી નીકળતી હતી. એજ અમારો રોજનો નિયમ હતો.

એજ દિવસોમાં એક રાતે હું કુદરતી હાજતથી ફરાગત મેળવવા મારા ઘરમાંથી બહાર નીકળી. તે વેળા મારા સંગાથે એક ખાતૂન ઉમ્મે-મિસ્તાહ નામે પણ હતાં. મિસ્તહ એમના બેટાનું નામ હતું જેથી લોકો એમને ઉમ્મે-મિસ્તહ નામે બોલાવતા હતા. આ ખાતૂન અબૂ રૂહમ બિન મુત્તલિબ બિન અબ્દે મનાફની બેટી હતાં. ઉમ્મે-મિસ્તહની માનું નામ સખ્ર હતું જે આમિર બિન કઅબ બિન સઅદ બિન તૈમની બેટી હતાં. બીબી સખ્ર પોતે મારા બાપાજી અબુબકના માસી થતાં હતાં.

અમે કુદરતી હાજત માટે ઘરમાંથી નીકળીને મેદાન તરફ જતાં હતાં. ઉમ્મે-મિસ્તહ મારી જોડે-જોડે ચાલતાં હતાં. રસ્તામાં અચાનક ઉમ્મે-મિસ્તહનો પગ તેમની લાંબી ચાદરમાં ભેરવાયો અને તેઓ ઠોકર ખાય ગયાં. ઠોકર ખાતાં જ તેમના મુખેથી આ શબ્દો સરી પડયા : "તઈસા મિસ્તહ !" રે નખ્ખોદ જાય રે તારૂં મિસ્તહ !

મિસ્તહ એમના બેટાનો લકબ હતો. અસલ નામ તેનું ઔફ હતું. આ ઔફ કે મિસ્તહ જંગે-બદ્રમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે રહીને કુરૈશી કાફિરો સાથે લડયો હતો. ઉમ્મે-મિસ્તહના મુખેથી પોતાના બેટા વિષે નીકળેલા બદ-દુઆના શબ્દો સાંભળીને મેં કહ્યું, "એ બીબી! તમે આ શબ્દો તમારા એવા બેટા વિષે કહો છો જે જંગે-બદ્રમાં રસૂલુલ્લાહના સંગાતે હતો. ખરેખર જે કંઈ તમે કહ્યું, બહુ બુરૂં કહ્યું." [૨]

"બુરૂં નહિ, સાચું જ કહ્યું છે." ઉમ્મે-મિસ્તહ બોલ્યાં.

"સાચું કહ્યું છે....કેવી રીતે ?" મેં પૂછયું.

"ત્યારે તો હે અબૂબકની બેટી ! શું તને ખબર જ નથી કે મદીનહમાં શું ચાલી રહ્યું છે ?" ઉમ્મે-મિસ્તહએ નવાઇ પામીને સવાલ કર્યો.

"ના મને કશી ખબર નથી." મેં પણ નવાઈ પામીને પૂછયું, "કહો શું ચાલી રહ્યું છે અને કેવી ખબર છે?"

હવે તેમણે ખબર આપતાં ખુલાસો કર્યો, "આહ હે અબૂબકની બેટી ! તું કેટલી ભોળી, કેટલી સીધીસાદી, કેટલી નિર્દોષ છે ! બેશક તને કંઇ ખબર નથી. પણ સાંભળ, અહીંના જુઠ્ઠાઓ, ફિતૂરીઓ અને હસદખોરોએ

---

૧. અજમના લોકો એટલે અરબ વગર બીજા દેશોના લોકો "હ"

૨. જંગે-બદ્રમાં ભાગ લેનારા સહાબા વિષે અલ્લાહ તઆલાએ ફરમાવી દીધું હતું : "એઅમલૂ મા શિઅતુમ ફ-કદ વ-જ-બતુ લકુમુલ-જન્નતુ અવ ફ-કદ ગફર-તુ લકુમ."એટલે તમારી મરજીમાં આવે તેમ કરો, મેં તમારા માટે જન્નત વાજિબ કરી દીધી છે અથવા મેં તમને બખ્શી દીધા છે. આ કારણે હઝરત આઇશહએ હઝરત મિસ્તહનો બચાવ કર્યો હતો. "હ"

તારા માથે આ...આ જાતનું....બોહતાન થોપીને તેનું જૂઠાણું આખા શહેરમાં ફેલાવી દીધું છે."

"અરેરેરે.....!" દુઃખના ચીત્કારા સાથે હું બોલી ઊઠી, "હે મિસ્તહની મા ! તમે આ શું કહો છો ?"

"હે અબૂબકની ભોલી બેટી ! હા અલ્લાહના સોગંદ, સાચું જ કહું છું."

મને થયું જાણે હમણા જ મારા પગો તળેથી જમીન સરકી જશે. કુદરતી હાજતથી પણ હું સારી રીતે ફરાગત મેળવી શકી નહિ. તરત જ પાછલા પગે ત્યાંથી પાછી વળી ગઇ. એકધારી રીતે આખા રસ્તે રડતી રહી. આંસુઓ હતાં કે તેનો તાર તૂટતો જ ન હતો; ત્યાં સુધી કે મને થયું કે રંજોગમના આઘાતથી મારૂં જિગર ફાટી જશે. ઘરમાં પ્રવેશતાં જ રડતાં-રડતાં મેં મારાં માને કહ્યું, "હે મા, હે મારાં અમ્માંજી ! અલ્લાહ આપને માફ કરે, લોકોએ આટલો હોબાળો મચાવી દીધો, શહેરભરમાં મારો ફજેતો બોલાવી દીધો, તમે મને વાત સરખી નહિ કરી !"

મમતાના માર્યાં અમ્માંજી રડમશ સ્વરે બોલ્યાં, "મારી બેટી, મારી દીકરી ! ઓ મારા કલેજાંના કકડા! મન મેલું ના કર, દિલ પર કાબૂ રાખ, સબરથી કામ લે. પોતાને સંભાળ. અલ્લાહના સોગંદ ! આમ તો જવલ્લે જ બની શકે કે એક બીબી રૂપાળી પણ હોય, તેનો ખાવિન્દ તેને પ્રેમ પણ કરતો હોય, તેની સોકણો પણ હોય, પછી આ સોકણોની બહેનો અને હસદખોરો અને જૂઠાઓ અને ફિતૂરીઓ તેના વિષે તરહ તરહની વાતો વહેતી ન કરી દે !"

Maktabe Ashraf

રસૂલુલ્લાહ (સલ.)ની તકરીર————હઝરત આઇશહ ફરમાવે છે : "મને આ ગંદા આરોપની ખબર પડે તે પહેલાં એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને ભેગા થવાનો હુકમ ફરમાવ્યો. જ્યારે લોકો આવી ગયા તો આપ તેઓની સામે તકરીર કરવા ઊભા થયા. અલ્લાહની હમ્દો-સના પછી આપે ફરમાવ્યું :

> "હે મુસલમાનો ! એવા લોકોને શું થઇ ગયું છે જેઓ મારાં ઘરવાળાંને મામલે મને ઇજા પહોંચાડી રહ્યા છે ? જેઓ મારા ઘરવાળાં પર ખોટો આરોપ લગાડી રહ્યા છે. અલ્લાહના સોગંદ ! મારા ઘરવાળાંમાં મેં નેકી સિવાય કંઇ જોયું નથી. અને જે વ્યકિત સાથે મારા ઘરવાળાંને સંડોવીને આ જૂઠાણું ઘડી કાઢવામાં આવ્યું છે, તેમાં પણ અલ્લાહના સોગંદ, મને ભલાઇ સિવાય કંઇ દેખાયું નથી. એ વ્યકિત જયારે પ મારી પાસે આવે છે, મારી સાથે જ મારા ઘરમાં દાખલ થાય છે."[૧]

મુનાફિકો, જુઠ્ઠાઓ, ફિત્નાખોરો————હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : "આ ફિત્નાખોરીનો મુખ્ય સૂત્રધાર મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય હતો. તોહમતનો જૂઠો કિસ્સો ઘડીને તેને ઉછાળવામાં પણ મોટો ભાગ એનો જ હતો. ખઝરજ કબીલાના એના અમુક ભાંઇબંધો એની સાથે ભળી ગયા હતા. એ બધા ગઠબંધન કરીને કિસ્સાના પ્રચારમાં લાગેલા હતા. આ પ્રચારમાં મિસ્તહ નામે શખ્સ અને હમ્નહ બિન્તે જહશ નામે એક મહિલા પણ એમના સહકારી બની ગયાં હતાં.

---

૧. એટલે હું ઘરમાં ન હોઉં તો એ વ્યકિત મારા ઘરમાં પગ પણ મૂકતી નથી. એ વ્યકિત એટલે હઝરત સફવાન બિન મુઅત્તલ. "હ"

હઝરત આઈશહનું બયાન છે : "હમ્નહ બિન્તે જહશ આ કિસ્સામાં મુનાફિકો અને જુઠ્ઠાઓની સહભાગી બની ગઈ તેની હકીકત એમ છે કે હમ્નહ બિન્તે જહશના બહેન, ઝૈનબ બિન્તે જહશ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બેગમ હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બેગમોમાં મારો મુકાબલો કરી શકે અથવા મારા મરતબાની તોલે પહોંચી શકે તેવું ઝૈનબ સિવાય કોઈ ન હતું. [૧] જે હેતભાવ કે પ્રેમભાવ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુજ પ્રત્યે હતો તેવો કોઈ બીજી બીબી સાથે ન હતો. ઝૈનબ પોતે બહુ ભલાં, નેક, સમજદાર, ઉદારદિલના, ઠરેલ સ્વાભાવના સંસ્કારી ખાતૂન હતાં. હસદ, ઈર્ષા, અદેખાઈ કે કીનાકપટ જેવી નાપાક ટેવોથી અલ્લાહ તઆલાએ એમને સલામત રાખ્યાં હતાં. એથી ઊલટું એમની બહેન હમ્નહ બિન્તે જહશ પોતાની બહેન ખાતર બળાપો કરીને મારી અદેખાઈ કર્યા કરતી હતી. આ કારણે તે ફિત્નાખોરોની સહભાગી બનીને બદબખ્તીનો શિકાર બની ગઈ હતી. તોહમતના કિસ્સાને ઉછાળવામાં હમ્નહએ પણ અગ્ર ભાગ ભજવ્યો હતો."

તકરીરનો પ્રતિસાદ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની તકરીર ખતમ કરી તો ઔસ કબીલાના અગ્રેસરોમાંથી હઝરત ઉસૈદ બિન હુદૈર ઊભા થઈ ગયા અને બોલ્યાઃ

"યા રસૂલલ્લાહ ! અગર એ તોહમતખોરો અમારા ઔસ કબીલામાંથી છે તો અમે તેઓ માટે કાફી છીએ. અને જો તેઓ અમારા ખઝરજી ભાઈબંધોમાંથી છે તો યા રસૂલલ્લાહ ! આપ અમને હુકમ ફરમાવો, અમે તેઓની ગરદનો ઉડાવી દઈએ કેમકે અલ્લાહના સોગંદ ! એ બધા એ લાયક ઠરી ચૂકયા છે કે તેઓની ગરદનો ઉડાવી દેવામાં આવે."

આ સાંભળતાં જ ખઝરજ કબીલાના આગેવાન હઝરત સઅદ બિન ઉબાદહ જુસ્સાથી ઊભા થઈ ગયા. હઝરત સઅદ જો કે બહુ ભલા, નેક અને પાકા મુસલમાન હતા પણ પોતાના કબીલાના લોકોનું નામ સાંભળીને એમને લાગી આવ્યું જેથી કૌમી લાગણીના જુસ્સાથી બોલી ઊઠયા,

"હે ઉસૈદ ! અલ્લાહના સોગંદ, તમે ખોટું કહ્યું. કોઈની મજાલ નથી કે તે મારી કૌમના લોકોની ગરદન ઉડાવી શકે ! આ વાત તમે એટલા માટે કહી કે તમે પાકે પાયે જાણો છો કે તોહતમખોરો અમારા ખઝરજ કબીલાના લોકો છે. પણ જો તોહમતખોરો તમારા ઔસ કબીલાના હોત તો વલ્લાહ ! તમે આ શબ્દો ના બોલ્યા હોત !"

જવાબમાં હઝરત ઉસૈદ પણ તેટલા જ જુસ્સાથી બોલ્યા, "હે સઅદ ! વલ્લાહ, હું જરા પણ ખોટું બોલ્યો નથી. ખોટું તમે પોતે બોલો છો. મને તો લાગે છે હે સઅદ ! તમે પણ મુનાફિક બની ગયા છો એટલે જ મુનાફિકોનો પક્ષ લઈને લડવા માગો છો !"

હઝરત આઈશહ ફરમાવે છે : "હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હાજરીમાં બંને પક્ષના લોકો ઊભા થઈને મારામારી માટે તૈયાર થઈ ગયા. બંને કબીલાઓ વચ્ચે ફિત્નાની અગ્નિ ભભૂકી ઊઠવાની

---

૧. હઝરત ઝૈનબ બિન્તે જહશ બહુ ઊંચા ખાનદાનમાંથી હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઈ બીબી ઉમૈમહના બેટી હતાં. ઉમૈમહ આપના દાદા અબ્દુલ-મુત્તલિબના બેટી હતાં. હઝરત ઝૈનબના પહેલા નિકાહ આપના આઝાદ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહ સાથે થયા હતા. ખાનદાનની ઊંચાઈ આડે આવવાથી મિયાં-બીબીમાં મનમેળ નહિ જામતાં તલાક થઈ ગઈ. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવ્યાં. "હ"

તૈયારીમાં જ હતો એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓની વચ્ચે પધારીને ઊભા થઇ ગયા. આપે તેઓને નરમાશ અને હિકમતથી સમજાવીને ઠંડા પાડી દીધા. હઝરત અલીએ પણ વચ્ચે પડીને મામલો રફેદફે કરાવી દીધો.''

મામલાની આગળ વધતી તપાસ————હઝરત આઇશહ પોતાનું બયાન ચાલુ રાખતાં ફરમાવે છે : ''એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરમાં તશરીફ લઇ ગયા. આપે અલી બિન અબૂ તાલિબ અને ઉસામહ બિન ઝૈદને પોતાની પાસે બોલાવ્યા અને મારા મામલા અંગે તેઓની સલાહ માગી. [1] ઉસામહએ મારાં ઘણા વખાણ કર્યા. મારા માટે ભલાઇના ઉત્તમ શબ્દો કહ્યા અને પછી અરજ કરી:

''યા રસૂલલ્લાહ ! આપ પોતાના ઘરવાળાં વિષે પોતે જાણો છો કે તેઓમાં ભલાઇ સિવાય બુરાઇનો છાંટો સરખો નથી. રહી તે વાતો જે આપના ઘરવાળાં વિષે વહેતી કરવામાં આવી છે તો એ નર્યું જૂઠાણું અને હડહડતું બોહતાન છે.''

એથી વિરૂધ્ધ અલી બિન અબી તાલિબે જે કંઇ કહ્યું તે આ પ્રમાણે છેઃ

''યા રસૂલલ્લાહ ! દુનિયામાં ઔરતો બેશુમાર છે. આપના માટે ઔરતો કે કન્યાઓની કોઇ કમી નથી. આપની ઇચ્છા હોય તો એકની જગાએ કોઇ બીજીને લાવી શકો છો.[2] પણ બેહતર છે કે ઘરમાં કામ કરનારી પેલી છોકરીને બોલાવીને તહકીક કરી લો. એ આપને આપના ઘરવાળાં વિષે સાચેસાચું બતાવી દેશે.'' [3]

બંને ગૃહસ્થોની વાતો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મામલાની તહકીક માટે મારી લોંડીને બોલાવી જેનું નામ બરીરહ હતું. જ્યારે તે આવી ગઇ તો અલી બિન અબી તાલિબે ધમકીરૂપે તેને ચેતવણી આપી, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આગળ સાચેસાચું જ કહેજે. ખબરદાર જૂઠું બોલી તો !''

પૂછપરછના જવાબમાં બરીરહએ પોતાનું બયાન આપતાં કહ્યું :

''અલ્લાહના સોગંદ ! આઇશહમાં ભલાઇ સિવાય કોઇ વાત હું જાણતી નથી. આઇશહના ચરિત્ર પર કોઇ જાતની એબ હું મૂકી શકતી નથી. અલબત્ત આટલી વાત જરૂર છે કે જ્યારે હું રોટલી માટે લોટ ગૂંધીને તૈયાર કરી દેતી અને પછી કોઇકવાર આઇશહને કહી દેતી કે બેગમ ! લોટ તૈયાર છે જરા જોતી રહેજો !'' (બકરી વગેરે આવીને ડાકું ન મારી દે !)

''એ પછી બેગમ સાહેબા લોટ તરફથી ગાફિલ થઇને આરામ માટે લેટી જતાં. એ દરમિયાન બકરી આવી લાગતી અને લોટ ખાઇને દોડી જતી.'' (આ ગફલત સિવાય

૧. બંને ગૃહસ્થો ઘરના જ માણસો હતા. હઝરત અલી આપના દામાદ હતા અને હઝરત ઉસામહ આપના આઝાદ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહના ફરઝંદ હતા. ઘરના લોકો ઘરના મામલાઓથી સારી રીતે માહિતગાર હોય છે. ''હ''

૨. આ શબ્દો હઝરત અલીએ ફકત આપની તસલ્લી કે દિલજોઇ માટે કહ્યા હતા. હઝરત આઇશહની પાકદામની પર જે ગંદો આક્ષેપ મુનાફિકોએ મૂકયો હતો તેના જૂઠા હોવા અંગે હઝરત અલીના દિલમાં કોઇ શંકા ન હતી. ''હ''

3. હઝરત આઇશહને ઘરના કામકાજમાં મદદ કરનારી છોકરી કે લોંડીનું નામ બરીરહ હતું. પુરૂષોને મુકાબલે ઘરની લોંડીઓ કે દાસીઓ ઘરની વાતોની વધારે જાણકાર હોય છે. ''હ''

Maktabe Ashraf

આઈશહમાં કોઈ એબ નથી.)

રસૂલુલ્લાહ (સલ.)ની પધરામણી——————હઝરત બીબી આઈશહ ફરમાવે છે : "મારો એ આખો દિવસ પણ રડવામાં પસાર થઈ ગયો. આંસુઓ હતાં કે થમવાનું નામ લેતાં ન હતાં. ન ઊંઘ આવતી હતી ન ચેન પડતું હતું. આવનારી રાત પણ એજ દશામાં વીતી ગઈ. મારાં માબાપનું કહેવું હતું કે લગાતાર રડયા કરવાથી મારૂં જિગર ફાટી જશે.

સવાર પડી તો મારાં માબાપ મારી પાસે આવીને બેસી ગયાં. એટલામાં એક અન્સારી ખાતૂન આવી લાગ્યાં. તેમણે મારી પાસે અંદર આવવાની રજા માગી. મેં રજા આપી દીધી. મને રડતી જોઈને અન્સારી ખાતૂન પણ રડવા લાગી ગયાં. અમે એજ હાલતમાં હતાં કે અચાનક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણી થઈ. આપ સલામ કરીને મારી પાસે બેસી ગયા. તોહમતના મામલા પછી આપ કદી મારી પાસે આવીને બેઠા ન હતા. આજે પહેલો પ્રસંગ હતો કે આપ પધારીને મારી પાસે બિરાજમાન થયા. એક મહિનાથી વધુ સમય વીતી ચૂકયો હતો. એ દરમિયાન મારા મામલા વિષે કોઈ વહી આકાશથી આપની ઉપર ઊતરી ન હતી.

બેસી જવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહ તઆલાની હમ્દો-સના બયાન કરી અને પછી મને સંબોધીને ફરમાવ્યું :

"હે આઈશહ ! લોકોમાં તમારા વિષે જે વાતો વહેતી થઈ છે એ તમે પણ સાંભળી લીધી છે માટે અલ્લાહથી ડરો. લોકોના કહેવા મુજબ જો તમે આ ગંદકીમાં પડી ગયાં હોય તો અલ્લાહના દરબારમાં માફી માગો અને તોબા કરી લો. બેશક અલ્લાહ પોતાના બંદાઓની તોબા કબૂલ કરે છે."

હઝરત આઈશહ ફરમાવે છે : "મારાં માબાપ મારી પાસે હાજર હતાં. પેલાં અન્સારી ખાતૂન પણ હાજર હતાં. હું રડતી હતી. અન્સારી ખાતૂન પણ રડતાં હતાં. અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની વાત ખતમ કરે તે પહેલાં તો મારી આંખોમાંથી આંસુઓનો ધોધ ફૂટી નીકળ્યો. એ પછી મને કોઈ વાતના હોશ નહિ રહ્યા. એક પળ માટે નજર ઉઠાવીને મેં મારાં માબાપ તરફ જોયું એવી આશાએ કે તેઓ, મારી તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વાતનો કંઈ જવાબ આપશે. પરંતુ તેઓએ કોઈ જવાબ નહિ આપ્યો. બસ ખામોશીથી બેસી રહ્યાં.

હઝરત આઈશહનું બયાન છે :

> "અલ્લાહના સોગંદ ! તે વેળા મને એવું લાગ્યું જાણે મારી નજરમાં હું પોતે સૌથી વધુ તુચ્છ થઈ પડી છું. જાણે આ દુનિયામાં મારાથી વધારે તુચ્છ કોઈ છોકરી નથી. તુચ્છકારની આ લાગણીને કારણે મને થયું કે, હું એ લાયક જ નથી કે અલ્લાહ તઆલા મારા જેવી તુચ્છ કે હકીર છોકરી માટે, કુર્આનમાં કોઈ એવી આયતો ઉતારે જે મારી પાકદામની, મારી પવિત્રતા, મારી બેગુનાહી કે નિર્દોષતાની સાક્ષી આપે અને જે મુનાફિકોએ થોપેલા ગંદા આરોપને ખોટો પુરવાર કરી બતાવે. અને પછી કુર્આનની એજ આયતોને દુનિયાભરના મુસલમાનો પોતાની નમાઝોમાં, પોતાની ઈબાદતોમાં, મસ્જિદોમાં, ઘરોમાં, કુર્આનની તિલાવતોમાં કિયામત સુધી પઢતા રહે !

"હા બેશક મને એવી આશા જરૂર હતી કે અલ્લાહ તઆલા મારા મામલામાં અન્યાય નહિ થવા દેશે અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કોઇ એવો ખ્વાબ જરૂર દેખાડી દેશે જે આ જૂઠાણાની પોલ ખોલીને, મારી પાકદામની કે મારી બેગુનાહીની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખાતરી કરાવી દેશે. અથવા એવી જ કોઇ આકાશી ખબર મારફતે આપને મૂળ હકીકતની જાણ કરી દેશે.

"રહી ગઇ આ વાત કે અલ્લાહ તઆલા મારા માથે થોપાયેલા આરોપના જૂઠાણા વિષે કુર્આનમાં કોઇ આયતો ઊતારશે તો અલ્લાહના સોગંદ ! તે વેળા આ વાત મારા જેવી તુચ્છ છોકરીની કલ્પનામાં પણ આવી શકતી ન હતી."

ફ-સબ્રુન-જમીલ————હઝરત આઇશહએ પોતાનું બયાન ચાલુ રાખતાં ફરમાવ્યું : "જયારે મેં જોયું કે મારાં માબાપ કંઇ બોલતાં નથી તો મેં મારા બાપાજીને કહ્યું, "અબ્બાજાન ! આપ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મારા તરફથી કોઇ જવાબ કેમ નથી આપતા ?"

"બેટી!" અબ્બાજાન બોલ્યા, "મને કંઇ સમજાતું નથી, શું જવાબ આપું ?"

એજ સવાલ મેં મારાં અમ્માંજીને કર્યો તો તેમણે પણ એજ જવાબ આપી દીધો.[૧]

ત્યારે મને થયું કે અત્યારે જે સંકટ, જે મુસીબત, જે આફત અબૂબકના કુટુંબ પર તૂટી પડી છે, અરબના બીજા કોઇ કુટુંબ પર ભાગ્યે જ તૂટી પડી હશે. મારા માબાપે જયારે કોઇ જવાબ નહિ આપ્યો તો ફરીવાર મારૂં હૈયું ભરાય આવ્યું. મેં રડતાં રડતાં કહ્યું :

"યા રસૂલલ્લાહ ! હું અલ્લાહ પાસે કઇ વાતની માફી માગું ? મેં કયો ગુનોહ કર્યો જેની હું તોબા કરૂં ? આપે લોકચર્ચાના મામલા વિષે જે કંઇ ફરમાવ્યું તેની તો હરગિઝ અલ્લાહ પાસે તોબા નહિ કરૂં. સોગંદ છે અલ્લાહના ! જો હું લોકોના જૂઠાણાનો ઇન્કાર કરૂં તો આપને મારી વાતનો વિશ્વાસ નહિ બેસશે; જો કે અલ્લાહ જાણે છે કે તોહમતના મામલામાં હું તદ્દન નિર્દોષ છું અને જો હું લોકોની વાતનો ઇકરાર કરૂં તો, ઘડપાયા વગરના એવા પાપનો ઇકરાર લેખાશે જે મેં કદી આચર્યો જ નથી અને અલ્લાહ જાણે છે કે એ પાપથી મારો પાલવ પવિત્ર છે."

આટલું કહેવા પછી મેં અલ્લાહના પયગમ્બર યઅકૂબ અલૈહિસ-સલામનું નામ યાદ કર્યું પણ તે વેળા એ નામ મારી જીભે ચઢયું નહિ ત્યારે મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! હું તો તેજ વાત કહીશ જે યૂસુફના બાપાએ કહી હતીઃ

"ફ-સબ્રુન જમીલ વલ્લાહુલ-મુસ્તઆનુ અલા મા તસિફૂન."

તરજુમો : તો સબ્રે -જમીલ એટલે ઉત્તમ પ્રકારની ધીરજ સિવાય બીજો ઉપાય નથી અને જે કંઇ તમે લોકો આડેધડ કહી રહ્યા છો તે માટે અલ્લાહની જ મદદ માગી શકાય.[૨]

૧. હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાના અમ્માંજીનું નામ બીબી ઉમ્મે-રૂમાન હતું. રદિયલ્લાહુ અન્હા. "હ"

૨. યૂસુફના બાપા એટલે અલ્લાહના પયગમ્બર હઝરત યૂસુફ અલૈહિસ-સલામના બાપા જેમનું નામ હઝરત યઅકૂબ અલૈહિસ-સલામ હતું. હઝરત યૂસુફના સાવકા ભાઇઓએ અદેખાઇને લીધે હઝરત યૂસુફને જંગલના કૂવામાં નાખી દીધા હતા અને લોહીથી ખરડેલું પહેરણ દેખાડીને પોતાના બાપા હઝરત યઅકૂબ અલૈહિસ-સલામને કહી દીધું હતું કે યૂસુફને તો જંગલમાં વરૂએ ફાડી ખાધો છે. એના જવાબમાં હઝરત યઅકુબે દર્દનાક સ્વરે ફરમાવી દીધું : "ફ-સબ્રુન જમીલ......" (જુઓ સૂરએ-યૂસુફ પારહ ૧૨ આયત ૧૮) "હ"

Maktabe Ashraf

આરોપ ખોટો હોવાનું આકાશી પ્રમાણપત્ર————હઝરત બીબી આઇશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : "અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હજુ તો મારી પાસે એજ મજલિસમાં બેઠેલા હતા ત્યાં તો અચાનક અલ્લાહના માનવંતા ફરિશ્તા જિબ્રીલના આવવાની નિશાની જાહેર થઇ. તેઓ અલ્લાહ તરફથી તેજ વસ્તુ લઇને આવતા હતા જેને લઇને આવવાનો તેમનો નિયમ હતો. તેમના આગમનની નિશાની હું રાતદિવસ જોયા કરતી હતી. તેમના આવતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની પેશાની પરથી પરસેવાના ટીપાં મોતી પેઠે ટપકવા લાગ્યાં. આ કેફીયત જોઇને હું સમજી ગઇ કે આકાશી વહીનું આગમન થયું છે. એજ વેળા આપના મુબારક સર હેઠળ ચામડાંનો તકિયો ગોઠવી દેવામાં આવ્યો અને એક ચાદર આપના પવિત્ર બદન પર નાખી દેવામાં આવી.

તે વેળાની આપની આ કેફીયત જોઇને અલ્લાહના સોગંદ ! ન તો મને કોઇ જાતનો ગભરાટ થયો ન કોઇ પ્રકારની પરેશાની થઇ કેમકે જાણતી હતી કે બિલકુલ પાકસાફ છું, પવિત્ર છું, નિર્દોષ છું, બેગુનાહ છું. અલ્લાહ તઆલા મારા મામલામાં કોઇ અન્યાય કરનારો નથી. પરંતુ મારાથી ઊલટું મારાં માબાપની હાલત, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ કેફીયત જોઇને બેહદ દયાજનક થઇ પડી હતી.

હું તે અલ્લાહના સોગંદ ખાયને કહું છું જેના અધિકારમાં આઇશહના પ્રાણ છે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર આકાશી વહીની કેફીયત જોઇને, મારાં માબાપ એટલા બધાં ગભરાયાં જાણે સદમાથી હમણા તેઓનો દમ નીકળી જશે. એવા ડરથી તેઓ થરથર કાંપતાં હતાં કે જો કદાચ, અલ્લાહની આકાશી વહી, ફિત્નાખોરોના ગંદા આક્ષેપનું સમર્થન કરી દે તો શું થશે ? તેઓ પર છવાયેલી અધ્ધરતાલની આ પરિસ્થિતિ ત્યાં સુધી ચાલુ રહી જ્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર છવાયેલી વહીની કેફીયત ખતમ નહિ થઇ અને મૂળ હકીકત જાણી નહિ લીધી.

વહીની કેફીયત ખતમ થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊઠીને બેસી ગયા. મેં જોયું કે ભર-શિયાળાની કડકડતી ઠંડી હોવા છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની પેશાની પરથી પરસેવાના બિન્દુઓ એવી રીતે ટપકી રહ્યાં છે જેમ ચાંદીના દાણાઓ મોતીઓના રૂપમાં હોય છે. પેશાની પરથી પરસેવો લૂંછતાં આપે ફરમાવ્યું, "આઇશહ ! ખુશખબરી હો ! સાંભળો, અલ્લાહ તઆલાએ તમારી બરાઅત ઉતારી દીધી છે."

મેં કહ્યું, "અલ-હમ્દુ લિલ્લાહ !" એટલે દરેક પ્રકારના વખાણ અલ્લાહને શોભે છે.

ગુજરાતી સંપાદકનો વધારો————આ પ્રસંગ માટે સહીહ બુખારી શરીફમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ શબ્દો ટાંકેલા છે : "અબશિરી યા આઇશહ ! ફકદ અન-ઝલલ્લાહુ બરાઅત-કિ." એટલે હે આઇશહ ! ખુશખબરી હો તમને, બેશક અલ્લાહ તઆલાએ તમારી બરાઅત નાઝિલ કરી દીધી છે. બરાઅત એટલે આરોપમાંથી છુટકારો.

સહીહ બુખારીની બીજી રિવાયતમાં આ શબ્દો આવેલા છે : "યા આઇશહ ! અમ્મલ-લાહુ અઝઝ વ જલ્લ ફકદ બર્રા-અકિ." હે આઇશહ ! જાણી લો, બેશક મહાન અને ઉચ્ચતર અલ્લાહએ તમારો છુટકારો કરાવી દીધો.

આ ખુશખબર સાંભળીને એમના અમ્માંજીએ કહ્યું, "આઇશહ ! ઊઠો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

વ સલ્લમનો આભાર માનો !''

''અમ્માંજી !'' હઝરત આઈશહએ જવાબ આપ્યો, ''હું મારા અલ્લાહ સિવાય કોઈનો આભાર માનવાની નથી. કેમકે મારો છુટકારો અલ્લાહએ કરાવ્યો છે.''

એ પછી આકાશી વધામણીની ખુશાલીમાં હઝરત અબૂબક્ર સિદ્દીક ઊભા થઈ ગયા અને આગળ વધીને પોતાની પાકદામન બેટીની મુબારક પેશાની પર ચૂમી આપી તો બેટીએ કહ્યું, ''અલ્લા અઝ-ઝર-તની ?'' અબ્બાજાન ! પહેલેથી તમે મને કેમ બેકસૂર કે નિર્દોષ નહિ સમજી ? એટલે તેજ વેળા મારો પક્ષ લઈને કેમ મારો બચાવ નહિ કર્યો ?

હઝરત આઈશહનો, પોતાના બાપાજીને આ બહુ આકરો સવાલ હતો.

હઝરત અબૂબક્રને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારથી ''સિદ્દીકે-અકબર''નો ખિતાબ મળ્યો હતો એટલે સૌથી વધારે સાચા પુરૂષ. સચ્ચાઈ એમની રગેરગમાં પ્રસરેલી હતી અને પોતે સચ્ચાઈના પ્રચંડ પહાડ જેવા હતા. દુનિયાની મોટામાં મોટી આફત કે દુઃખનો ડુંગર પણ એમને સચ્ચાઈના રાહ પરથી ડગમગાવી શકતો ન હતો. બેટીના સવાલનો આપે જે જવાબ આપ્યો તે દિલની તખતી પર કોતરી લેવા જેવો છે. જવાબમાં ફરમાવ્યું: ''બેટી !

ઐયુ સમાઈન તુઝિલ્લુની.	તે કયું આકાશ છે જે મુજ પર સાયો નાખે !
વ ઐયુ અર્દિન તુકિલ્લુની.	અને તે કઈ જમીન છે જે મારો ભાર ઉપાડે !
ઇઝા કુલ્તુ	જ્યારે કે હું મારી જીભથી તે વાત ઉચ્ચારૂં
મા લમ અઅલમ.	જેના વિષે મને કંઈ જ માહિતી ન હોય.

એટલે જે મામલાને લગતી મારી પાસે કશી જ માહિતી કે દલીલ ન હોય તેના ખરા-ખોટા હોવા વિષે હા કે ના કહી દઉં તો મુજ પર આકાશ ન તૂટી પડે ? અને જમીન ફાટીને મને ગરક ન કરી નાખે ? મતલબ આ કે મુનાફિકોના આરોપને લગતું કોઈ જ્ઞાન મારી પાસે ન હોવાથી તમારો પક્ષ લેવાનો કે તમારો બચાવ કરવાનો મને કોઈ અધિકાર ન હતો. [1] (સંપાદકની વાત પૂરી થઈ. અસલ કિતાબનું લખાણ વાંચો)

તોહમતના આરોપીઓને મળેલી શિક્ષા————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત અબૂબક્રના ઘરમાંથી નીકળીને મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને લોકોને ભેગા કરીને તેઓની સામે તકરીર કીધી અને તોહમતના મામલા અંગે અલ્લાહ તઆલા તરફથી કુર્આનની જે આયતો ઊતરી હતી તે લોકોની મજલિસમાં પઢી સંભળાવી. એ પછી આપે હુકમ ફરમાવ્યો કે મિસ્તહ બિન ઉસાસહ, હસ્સાન બિન સાબિત અને હમ્નહ બિન્તે જહશને ખોટી તોહમતના ગુનાહની ઈસ્લામી કાનૂન મુજબ શિક્ષા આપવામાં આવે. એ ત્રણે એવા લોકોમાંથી હતા જેઓએ આ તોહમતના જૂઠાણાનો પ્રચાર કર્યો હતો. ત્રણેને તોહમતના પાપની કાનૂની શિક્ષા આપવામાં આવી.

સંપાદકની નોંધ————હઝરત મિસ્તહ બિન ઉસાસહ, હઝરત હસ્સાન બિન સાબિત અને બીબી હમ્નહ બિન્તે જહશ ત્રણે સાચા-પાકા મુસલમાન હતા. ઈસ્લામના દુશ્મન કે મુનાફિકોમાંથી ન હતા. પણ માણસ માત્ર ભૂલને પાત્ર મુજબ તેઓ પોતાના ભોલા સ્વભાવ, મનોબળની કમજોરી કે બીજા કોઈ કારણે

---

૧. સીરતુલ-મુસ્તફા: જિલ્દ ૨ પાનું ૨૮૮-૨૯૦

મુનાફિકોના કાવતરાનો ભોગ બની ગયા. ત્રણેને કુર્આનના કાનૂન મુજબ એંસી-એંસી ફટકા મારવામાં આવ્યા. શિક્ષા ભોગવીને ત્રણેએ તોબા કરીને માફી માગી લીધી. આ જૂઠાણાના ફિત્નાનો મૂળ સૂત્રધાર અબ્દુલ્લાહ બિન ઉબય હતો. તેને શિક્ષા નહિ આપવામાં આવી કેમકે તે મુસલમાન ન હતો, મુનાફિક હતો. બીજી રિવાયતોમાં છે કે તેને પણ આ શિક્ષા ફટકારવામાં આવી. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૨૯૧) "હ"

તોહમત વિષે મિયાંબીબીની વાતચીત———ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મારા પિતાજી ઈસ્હાક બિન યસારે મદીનહના નજ્જાર કબીલાના અમુક ગૃહસ્થોની આ રિવાયત બયાન કરી કે, હઝરત અબૂ ઐયૂબ ખાલિદ બિન ઝૈદ અનસારીના બેગમ હઝરત બીબી ઉમ્મે-ઐયૂબે પોતાના ખાવિન્દને કહ્યું, "અબૂ ઐયૂબ! શું તમે સાંભળ્યું નહિ, લોકો આઈશહ વિષે કેવું કેવું બોલે છે ?"

હઝરત અબૂ ઐયૂબે જવાબ આપ્યો, "કેમ નહિ ? બધું નર્યું જૂઠાણું છે. વારૂ મારી એક વાતનો જવાબ આપો."

"કઈ વાતનો ?" બીબી ઉમ્મે-ઐયૂબે પૂછયું.

"શું આવું ગોઝારૂં પાપ તમે આચરી શકો છો ?"

"નહિ જી ! વલ્લાહ નહિ, હરગિઝ નહિ, કોઈ કાળે નહિ !"

"ત્યારે સાંભળો," હઝરત અબૂ ઐયૂબ બોલ્યા, "આઈશહનો મરતબો તો અલ્લાહના સોગંદ! તમારા કરતાં ઘણો ઊંચો છે. આ ગોઝારૂં પાપ તે કેવી રીતે આચરી શકે ?"

પાકદામની વિષે ઊતરેલી આયતો———હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : "આલે-ઈફક" એટલે જૂઠું તોહમતનામું ઘડી કાઢીને લોકોમાં ચકચાર જગાડનારા મુનાફિકો તથા તેનો પ્રચાર કરીને ખળભળાટ મચાવી દેનારા ફિત્નાખોરોના જૂઠાણાની પોલ ખોલી નાખતાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

ઈન્નલ-લઝીન જાઊ બિલ-ઈફ્ક	જે લોકો આ તોહમતનામું ઘડીને લઈ આવ્યા છે,
ઉસ્બતુમ મિન્કુમ.	એ તમારા માંહેના થોડાક જ લોકો છે.
લા તહ-સબૂહુ શર્રલ-લકુમ	તમે પોતાના હકમાં એને બુરૂં ન સમજો,
બલ હુવ ખૈરુલ-લકુમ.	બલકે એ તમારા હકમાં બેહતર જ છે.
લિ-કુલ-લિમ - રિઈમ મિન્હુમ	તેઓમાંથી દરેક જણને;
મક્-તસબ મિનલ-ઈસ્મિ.	જેટલું તેણે કર્યું તેટલો જ ગુનાહ થયો.
વલ્લઝી તવલ્લા કિબ્રહુ મિન્હુમ	અને તેઓમાંથી જેણે એનો મોટો બોજ ઉપાડી લીધો,
લહૂ અઝાબુન અઝીમ.	તેના માટે મહાન શિક્ષા છે.[1]

ઈબ્ને હિશામ કહે છે : આયતમાં "તમારા માંહેના થોડાક લોકો"નો ઈશારો હઝરત હસ્સાન બિન સાબિત અને તેમના બે સાથીઓ હઝરત મિસ્તહ અને બીબી હમ્નહ છે જેઓએ ન બનેલી વાત વહેતી કરી હતી. બીજી રિવાયત મુજબ એનો ઈશારો અબ્દુલ્લાહ બિન ઉબય તરફ છે જેનો ઉલ્લેખ ઈબ્ને ઈસ્હાકે કર્યો છે. એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે :

---

૧. સૂરએ-નૂર પારહ ૧૮ આયત ૧૧

લવ લા ઈઝ સમિઅ-તુમૂહુ	જ્યારે તમે એ વાત સાંભળી હતી,
ઝન્નલ-મુઅમિનૂન વલ મુઅમિનાત	તો મુસ્લિમ પુરૂષો અને મુસ્લિમ સ્ત્રીઓએ,
બિ-અન્ફુસિ-હિમ ખયરા.	પોતાના માણસો પ્રત્યે નેક ગુમાન કેમ નહિ કર્યો ?
વ કાલૂ	અને કહી કેમ ન દીધું કે,
હાઝા ઈફકુમ મુબીન.	આ તો ખુલ્લી તોહમત છે.

એ પછી અલ્લાહ તઆલા ફરમાવે છે : ''લવ લા જાઊ અલૈહિ બિ-અર-બઅતિ શુહદાઅ.......''

''ત્યારે આ તોહમતની વાત પર તેઓ ચાર સાક્ષીઓ કેમ નહિ લઈ આવ્યા ? તો જયારે તેઓ (કાનૂન મુજબ) સાક્ષીઓ નહિ લાવી શકયા તો અલ્લાહ કને એજ લોકો જૂઠા છે.

''અને જો તમારી ઉપર દુનિયા અને આખેરતમાં અલ્લાહની કૃપા તથા રહમત ન હોત તો આ ચર્ચા કરવા બદલ કોઈ મહાન અઝાબ તમારી ઉપર આવી પડત.''

''જયારે કે તમે આ તોહમતની ચર્ચા તમારી જીભો પર ચઢાવવા લાગ્યા અને પોતાના મુખોથી એવી વાત બોલવા લાગ્યા તો તમને કશી જ ખબર ન હતી અને જેને તમે એક નજીવી વાત સમજતા હતા પણ અલ્લાહ કને તો તે બહુ ભારે વાત હતી.''

''અને તમે એ જૂઠાણું સાંભળતાં જ કહી કેમ ન દીધું કે આવી વાતો ઉચ્ચારવી અમને છાજતી નથી. તમારે તો સાંભળતાં જ કહી દેવું હતું કે, ''સુબ્હાનક હાઝા બુહતાનુન અઝીમ !'' [૧]

એટલે હે અલ્લાહ! આપ તો દરેક એબથી પાક છો. દરેક દુષણથી પવિત્ર છો. મુનાફિકો, ફિત્નાખોરો અને જુઠાઓએ જે જૂઠાણું વહેતું કર્યું છે એ તો ''બુહતાને-અઝીમ''એટલે મહાન બોહતાન કે હડહડતું તોહમત છે.

સંપાદકની નોંધ————ઉમ્મુલ-મુઅમિનીન હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હા પર મુકાયેલા નાપાક આક્ષેપના ગંદા સમાચાર સાંભળતાં જ સાચા મુસલમાનોની જીભે તો એજ શબ્દો સરી પડતા હતા જેનું બયાન કુર્આનમાં થયું છે. એટલે ''સુબ્હાનક હાઝા બુહતાનુન અઝીમ !''જેમકે હઝરત અબૂ ઐયૂબ અન્સારી અને તેમના બેગમ બીબી ઉમ્મે ઐયૂબે ફરમાવી દીધું હતું.

આપણે આગળ ઉપર વાંચી આવ્યા તેમ પારાવાર દુખ અને હતાશાની હાલતમાં હઝરત આઇશહના આ શબ્દો કે, ''મારી નજરમાં હું પોતે તુચ્છ થઈ પડી હતી અને મારી કલ્પનામાં પણ ન હતું કે અલ્લાહ તઆલા મારા જેવી તુચ્છ કન્યાની બેગુનાહી વિષે કુર્આનમાં કોઈ એવી આયતો ઉતારે જેને મુસલમાન લોકો પોતાની નમાઝો અને તિલાવતોમાં પઢતા રહે !''

તો અલ્લાહ તઆલાએ હઝરત આઇશહની કલ્પનામાં પણ નહિ આવે તેવી વાતને હકીકતનું રૂપ આપીને, પુરી દસ આયતો પોતાના કલામે-પાકની સુરએ-નૂરમાં નાઝિલ ફરમાવી અને પોતાની નેક,નિર્દોષ, પાકદામન

૧. સૂરએ-નૂર પારહ ૧૮ આયત ૧૩ થી ૧૬ સુધી.

બંદીની પાકીઝગીનું આકાશી પ્રમાણપત્ર ઈનાયત ફરમાવી દીધું. તે સમયથી લઈને આજ સુધી જગતભરના મુસલમાનો પોતાની નમાઝોમાં, મસ્જિદોમાં, મેહરાબોમાં, મદરસાઓમાં, મજલિસોમાં, ઘરોમાં આ આયતોને પઢતા આવ્યા છે અને કિયામત સુધી પઢતા રહેશે.

કુર્આનના આદેશ મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તમામ "અઝવાજે-મુતહ-હરાત" એટલે આપના પાક બેગમો જગતભરના મુસલમાનોના રૂહાની માતાઓ છે. હઝરત બીબી આઈશહ રદિયલ્લાહુ અન્હા પણ આપણા માનવંતા મા સાહેબા છે અને દુનિયાના તમામ મુસલમાન સ્ત્રી-પુરૂષો હઝરત આઈશહની રૂહાની અવલાદ છે. આપણા માનવંતા મા સાહેબાની બરકતથી આપણને કલામે-પાકની આ આયતો નસીબ થઈ તે બદલ આપણા મા સાહેબાનો આપણે જેટલો આભાર માનીએ તેટલો થોડો છે. (સંપાદકની નોંધ પૂરી થઈ. "હ")

હઝરત અબૂબક્ર અને હઝરત મિસ્તહ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત આઈશહ અને તોહમતખોરોના જૂઠાણાને લગતી આ આયતો ઊતરવા બાદ હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુએ, પોતાના ગરીબ અને નાદાર સ્નેહી મિસ્તહ બિન ઉસાસહને, દર મહિને ખાણીપીણીનો જે ખરચ આપતા હતા તે બંધ કરી દીધો અને ઉપરથી કસમ ખાય લીધા કે :

> "વલ્લાહ ! હવે મિસ્તહને હું કદી ભરણપોષણનો ખર્ચ નહિ આપું અને મારી જાતથી તેને કોઈ લાભ નહિ પહોંચાડું કેમકે એણે મારી બેટી આઈશહ વિષે જૂઠી વાતો ફેલાવીને અમને મુસીબતમાં નાખી દીધા."

હઝરત આઈશહ ફરમાવે છે : મારા બાપા અબૂબક્રના કસમ અંગે આ આયત ઊતરી :

વલા યઅતલિ	અને કસમ નહિ ખાવા જોઈએ એવા લોકોએ,
ઉલુલ-ફદલિ મિન્કુમ	જેઓ મોટા દરજાના છે તમારામાંથી,
વસ-સઅતિ	અને ગુંજાઈશવાળા છે,
અંય યુઅતૂ ઉલિલ-કુર્બા......	આ વાતના કે તેઓ મદદ નહિ કરશે સ્નેહીઓની

અને મિસ્કીનોની અને અલ્લાહના રાહમાં હિજરત કરનારાઓની. બલકે તેઓને માફી આપી દે અને દરગુજર કરે."

"શું તમે પસંદ નથી કરતા કે અલ્લાહ તમને માફ કરી દે ? અને અલ્લાહ માફ કરનારો મોટો દયાળુ છે." [૧]

ઈબ્ને ઈસ્હાકના કહેવા મુજબ હઝરત આઈશહનું બયાન છે : "આ આયત સાંભળીને મારા બાપા અબૂબક્રે ફરમાવ્યું :

બલા વલ્લાહિ	હા બેશક અલ્લાહના સોગંદ !
ઈન્ની લ - ઉહિબ્બુ	હું અવશ્ય પસંદ કરૂં છું કે
અંય-યગ-ફિરલ્લાહુ લી.	અલ્લાહ મને માફ ફરમાવી દે.

૧. સૂરએ-નૂર આયત ૨૨

હઝરત આઈશહ ફરમાવે છે : " એ પછી મારા બાપા અબુબક્રે પોતાના કસમ પાછા ખેંચી લીધા અને મિસ્તહને રાબેતા મુજબ ખરચ આપવાનું ચાલુ કરી દીધું અને ફરમાવ્યું : "વલ્લાહિ લા અનઝિઉહા મિન્હુ અબદા." અલ્લાહના સોગંદ ! આઈન્દા કયારેય એનો ખરચ નહિ અટકાવું.

હઝરત સફવાન અને હઝરત હસ્સાન——————જ્યારે હઝરત સફવાન બિન મુઅત્તલને ખબર પડી કે હઝરત હસ્સાન બિન સાબિતે પણ તોહમતના જૂઠાણામાં ભાગ લઈને તેનો ફેલાવો કર્યો છે અને ઉપરથી મારી બદગોઈનું નિંદાકાવ્ય પણ લખ્યું છે તો તેઓ તલવાર લઈને હઝરત હસ્સાન પાસે પહોંચી ગયા અને તલવારનો ઘા કરતાં લલકાર્યા :[૧]

તલક્કા ઝુબાબસ - સયફે અન્ની ફ - ઈન્નની, • ગુલામુન ઈઝા હુવા જીતુ લસ્તુ બિ-શાઈરે.

લેતો જા મારી તરફથી તલવારની ધાર ! કેમકે હું તે નવજવાન છું કે જ્યારે મારી નિંદા કરવામાં આવે તો તેનો જવાબ, હું શાઈરીમાં નથી આપતો, કેમકે હું શાઈર નથી.

ખટલો દરબારે-નબવીમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હારિસ તૈમીએ જણાવ્યું કે, હઝરત સફવાન બિન મુઅત્તલે જ્યારે હઝરત હસ્સાન બિન સાબિતને તલવારનો ઘા કર્યો તો હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ ત્યાં હાજર હતા. તેઓ ચીલઝડપથી સફવાન તરફ ધસી ગયા. તેમની તલવાર પર કબજો કર્યો અને પછી તેમના બંને હાથો દોરડીથી જકડી લઈને તેમના ગળામાં બાંધી દીધા અને એજ હાલતમાં તેઓ હઝરત સફવાનને બનૂ હારિસ બિન ખઝરજના મહોલ્લામાં ખેંચી ગયા. ત્યાં હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા સાથે મુલાકાત થઈ.

તેમણે તઅજ્જુબથી પૂછયું, "અરે આ બધું શું છે ? શું મામલો છે ?"

હઝરત સાબિત બિન કૈસ બોલ્યા, "તમને તઅજ્જુબ થાય છે ? જુઓ એમણે હસ્સાન પર તલવારનો ઘા કર્યો છે. મને તો લાગે છે કે હસ્સાનને એમણે મારી જ નાખ્યા છે."

હઝરત અબ્દુલાહ બિન રવાહાએ હઝરત સફવાનને ઠપકા રૂપે કહ્યું, "હે સફવાન ! તમે બહુ ખોટું સાહસ કરી નાખ્યું છે. વારૂ બતાવો, શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બનાવની ખબર છે?"

હઝરત સફવાને કહ્યું, "ના, નહિ, બિલકુલ નહિ."

આ સાંભળીને હઝરત અબ્દુલ્લાહએ હઝરત સાબિત બિન કૈસને કહ્યું, "સફવાનને છોડી દો અને ચાલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં."

અહીંથી ઊપડીને એ બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં પહોંચી ગયા અને બનાવની પૂરી વિગત આપને કહી સંભળાવી. આપે હઝરત હસ્સાન બિન સાબિતને પણ બોલાવી લીધા.

હઝરત સફવાને બા-અદબ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! હસ્સાને મુજ પર ખોટો આરોપ મૂકયો. જૂઠાણું ફેલાવીને મને બદનામ કર્યો. મને દુખી કરી નાખ્યો. ઉપરથી મારી નિંદાનું કાવ્ય લખ્યું અને તેમાં કુરૈશની પણ વગોવણી કરી. આ કારણે યા રસૂલલ્લાહ ! મને ગુસ્સો આવી ગયો અને મેં એમને તલવાર મારી દીધી.

---

૧. હઝરત હસ્સાનનું લખેલું નિંદાકાવ્ય જતું કર્યું છે. "ક"

હઝરત સફવાનનું નિવેદન સાંભળીને આપે હઝરત હસ્સાનને ફરમાવ્યું :

અહસિન યા હસ્સાન !	ભલાઈનો વર્તાવ કરો હે હસ્સાન !
અ-તશવ-વહત અલા કવમી ?	શું તમે મારી કોમની નિંદા કરીને તેને વગોવો છો ?
હદા-હુમુલ્લાહુ લિલ-ઈસ્લામ.	જો કે અલ્લાહએ તેને ઈસ્લામની હિદાયત આપી છે.

એ પછી આપે ફરમાવ્યું:"અહસિન હસ્સાનુ ફિલ્લઝી અસાબક." હે હસ્સાન ! તમને પહોંચેલી તકલીફના મામલામાં પણ ભલાઈનો વર્તાવ કરો.

એ પછી આપે ફરમાવ્યું, "હસ્સાન ! તમને જે તલવારનો ઘા થયો તે માફ કરી દો."

હઝરત હસ્સાને અરજ કરી, "હિયા લકા યા રસૂલલ્લાહ ! "એટલે હે અલ્લાહના રસૂલ ! બંદો આજ્ઞાપાલન માટે દિલોજાનથી હાજર છે. હું જરૂર ભલાઈનો જ વર્તાવ કરીશ."

ઈબ્ને હિશામ કહે છે : એક રિવાયતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ શબ્દો ટાંકેલા છે : "અ-બઅદા અન હદા-કુમુલ્લાહુ લિલ-ઈસ્લામ." શું એ પછી પણ તમે મારી કુરૈશ કોમની નિંદા કરો છો જયારે કે અલ્લાહ તઆલાએ તમને ઈસ્લામની હિદાયત આપી દીધી છે ?

હઝરત હસ્સાનની દિલદારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હારિસ તૈમીએ મને માહિતી આપી કે, હઝરત હસ્સાન બિન સાબિતને લાગેલા તલવારના ઘા બદલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને "બૈરહાઅ" નામે મદીનહમાં આવેલો જમીનનો ટુકડો ઈનાયત ફરમાવ્યો. હાલમાં જમીનના એજ ટુકડા પર બનૂ જુદૈલહનો બંગલો આવેલો છે. આ જમીનનો ટુકડો અબૂ તલહા બિન સહલની માલિકીનો હતો જેને તેમણે આલે-રસૂલના ચરણોમાં ભેટ ધરી દીધો હતો. એજ ટુકડો રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત હસ્સાનની દિલદારી ખાતર, તેમને લાગેલા ઘા બદલ ઈનાયત ફરમાવ્યો. સાથે જ એક કિબ્તી લોંડી પણ ઈનાયત ફરમાવી જેનું નામ સીરીન હતું. હઝરત હસ્સાનના બેટા હઝરત અબ્દુર્રહમાન એજ સીરીન બીબીને કૂખે જન્મ પામ્યા હતા.

હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છે : "સફવાન બિન મુઅત્તલ વિષે તેમના મિત્રોની વાત સાંભળવામાં આવી.તેમના મિત્રોનું કહેવું હતું કે સફવાન એક "હસૂર" ગૃહસ્થ હતા. બાદમાં કાફિરો સાથેની કોઈ લડાઈમાં શહીદ થઈ ગયા." [૧]

હઝરત હસ્સાનનો કસીદો————હઝરત હસ્સાન બિન સાબિતે હઝરત આઈશહના મામલા અંગે થયેલી ભૂલ બદલ માફી માગતાં, જે કંઈ થયું તે સમજફેરથી થયું તેનો સ્વીકાર કરીને, હઝરત આઈશહની શાનમાં એક છટાદાર કસીદો રચ્યો જે આ પ્રમાણે છે :

હસાનુન રઝાનુન મા તુઝન્નુ બિ-રીબતિન • વ તુસ્બેહુ ગરસયા મિલ-લુહૂમિલ-ગવાફિલે.

તે આઈશહ પાકદામન અને પાકબાઝ છે. પ્રભાવશાળી, દમામદાર અને પ્રતિષ્ઠાવાન છે. કોઈ શંકા કે સંદેહમાં એમને સંડોવી શકાય નહિ. એમનું પ્રભાત એવી રીતે ઊગે છે કે, બેખબર ભોળીભાળી મુસ્લિમ

૧. હસૂર : એટલે માનમોભાનો ભંગ થાય તેવી વાતોથી પોતાના મન પર કાબૂ રાખનાર માણસ અને મર્દાઈ-શકિત હોવા છતાં પોતાને સ્ત્રીઓથી અલગ રાખનાર પાકબાઝ પુરૂષને પણ હસૂર કહે છે. કુર્આનમાં આ શબ્દ અલ્લાહના પયગમ્બર હઝરત યહ્યા અલૈહિસ-સલામ માટે આવેલો છે. જૂઓ કામૂસુલ-કુર્આન પેજ ૧૯૨, આ શબ્દ મોટા હ અને સ્વાદથી લખાય છે. "હ"

Maktabe Ashraf

મહિલાઓની નિંદાથી બિલકુલ પાક હોય છે. [૧]

અકીલતુ હૈયિન મિન લુઅય-ઈબ્ને ગાલિબિન • કિરામિલ મસાઈ મજદુ - હુમ ગયરુ ઝાઈલે.

તેઓ લુએય બિન ગાલિબ કબીલાના એવા બુધ્ધિશાળી ખાતૂન છે જેઓ પોતાની પ્રતિષ્ઠા, પ્રતિભા અને આબરૂ માટે હમેશા પ્રયત્નશીલ રહે છે અને જેમની પ્રતિષ્ઠા તથા આબરૂને પનોતી નથી.

મુહઝ-ઝબતુન કદ તય્ય - બલ્લાહુ ખીમહા • વ તહ-હરહા મિન કુલ્લે સૂઈંવ - વ - બાતિલે.

તેઓ એક એવાં સુસભ્ય અને સંસ્કારી ખાતૂન છે જેમની ફિતરત જ અલ્લાહ તઆલાએ સ્વચ્છ, નિર્મલ અને પાકીઝહ બનાવી છે અને દરેક ઐબો, દુષણો તથા પાખંડોથી એમને પવિત્ર રાખ્યાં છે.

ફઈન કુન્તુ કદ કુલ્તુલ-લઝી કદ ઝઅમ-તુમ • ફલા રફઅત સવતિયા ઈલય્ય અનામિલે.

ત્યારે જો મારા મુખેથી અજાણતામાં કોઈ અણછાજતી વાત નીકળી ગઈ છે જેની તમે ચર્ચાઓ કરી રહ્યા છો તો, ખૂબ સમજી લો કે, મારો હેતુ આ ન હતો કે હું મારો ચાબુક મારા જ હાથથી મને જ મારી લઉં! (એટલે હઝરત આઈશહની પાકદામની પર કોઈ હરફ આવે તે મારો મકસદ ન હતો.)

વ કૈફ્ફ વ વુદ્દી મા હયીતુ વ નુસ્રતી • લિ આલે રસૂલિલ્લાહે ઝૈનલ મહાફિલે.

અને આમ કેવી રીતે બની શકતું હતું જ્યારે કે મારી મહબ્બત, મારી દોસ્તી, મારી મદદ, મારો સહકાર જીવું ત્યાં સુધી આલે-રસૂલ માટે જ છે; તે આલે-રસૂલ કે જેઓ તમામ મજલિસો અને મેહફિલો માટે શોભારૂપ છે.

લહૂ રતબુન આલિન અલન-નાસે કુલ્લેહિમ, • તકાસિરુ અન્હુ સુરતુલ-મુત્-તાવિલે.

જગતના તમામ ઈન્સાનોથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મરતબો ઊંચો છે. બનાવટી રીતે ઊંચો બનનાર માણસની ઊછળકૂદ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંચા મરતબાની તોલે પહોંચવાથી કાયમ નિષ્ફળ નિવડે છે.

ફઈન - નલ - લઝી કદ કીલા લૈસા બિલા-ઈતિન • વલાકિન - નહૂ કવલુમ - રિઈન બી માહિલે.

જે વાત (આરોપ, આક્ષેપ, જૂઠાણાની) વહેતી કરવામાં આવી તે કાયમ રહેનારી કે ટકનારી વસ્તુ નથી પણ એ એવી વ્યક્તિ (અબ્દુલ્લાહ બિન ઉબય)ના બોલો છે જે મારી ચુગલખોરી કરે છે.

ઈબ્ને હિશામ કહે છે: અબૂ ઉબૈદહએ મારી આગળ બયાન કર્યું કે મદીનહની એક મુસ્લિમ ખાતૂને, હઝરત આઈશહની સામે, હઝરત હસ્સાનની બેટીના વખાણમાં, હઝરત હસ્સાનના આ કસીદાનો પહેલો શેઅર કહી સંભળાવ્યો :

હસાનુન રઝાનુન મા તુઝન્નુ બિ-રીબતિન, • વ તુસ્બેહુ ગરસય મિલ-લુહૂમિલ-ગવાફિલે.

શેઅર સાંભળીને હઝરત આઈશહએ ફરમાવ્યું, "હા પણ એ બેટીનો બાપ એવો ન હતો."

---

૧. બીજી કડીના અંતમાં "ગવાફિલ" શબ્દ આવેલો છે. એનું મૂળ "ગફલત" શબ્દ છે જેના અર્થ બેખબરી, બેપરવાઈ, અંજાણ હોવું વગેરે. મતલબ આ કે નિર્દોષ પ્રકૃતિની ભોલીભાલી મુસલમાન બીબીઓ પોતાના સીધાસાદા સ્વભાવને કારણે કમજાત સ્ત્રીઓના કાવાદાવા કે છળકપટથી તદ્દન અંજાણ હોય છે. આવી ભોલીભાલી બીબીઓ ન કોઈને નુકસાન પહોંચાડે છે, ન કોઈની નિંદા કે ગીબત કરે છે ન પારકી પંચાતમાં પડે છે. "હ"

Maktabe Ashraf

એક મુસ્લિમ શાઇરના શેઅરો———ઈબ્ને ઈસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન ઉબય અને તેની ટોળકીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાકદામન બેગમ હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હા પર ખોટો આરોપ ચઢાવ્યો અને સાચા મુસલમાનોમાંથી હઝરત હસ્સાન, હઝરત મિસ્તહ તથા બીબી હમ્નહએ તેઓના સૂરમાં સૂર પુરાવ્યો અને જૂઠાણાને વહેતું કર્યું જેની શિક્ષારૂપે તેઓને કાનૂન મુજબ ફટકા મારવામાં આવ્યા અને જેના કારણે હઝરત હસ્સાન પર તલવારનો વાર કરવામાં આવ્યો એના સંદર્ભમાં એક મુસલમાન શાઈરે કેટલાક શેઅરો કહ્યા જે આ પ્રમાણે છે :

લકદ ઝાકા હસ્સાનુલ - લઝી કાના અહ-લહૂ • વ હમ્નતુ ઇઝ કાલૂ હજીરંવ વ મિસ્તહૂ.

હઝરત હસ્સાને તે વસ્તુની મઝા ચાખી લીધી જેને તેઓ લાયક જ હતા એવી જ રીતે બીબી હમ્નહ અને હઝરત મિસ્તહએ પણ તેની મઝા ચાખી લીધી જ્યારે કે તેઓએ એક કઢંગી વાતને ઉછાળી મૂકી.

તઆવત બિ રજમિલ-ગયબે ઝવજા નબીય્યે-હિમ • વ સખ્તત ઝીલ-અરશિલ-કરીમે ફ-ઉત્રેહૂ.

તેઓએ પોતાના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘરવાળાં પર છેક ખોટી તોહમત લગાડી દીધી અને ધરતી તથા આકાશના માલિક અલ્લાહના ગુસ્સાને જાગૃત કર્યો જેથી તેઓ રંજોગમના શિકાર થઈ પડયા.

વ આઝવ રસૂલલ્લાહે ફીહા ફ - જુલ-લલૂ • મખાઝિયા તબકય ઉમ્મેમૂ-હા વ ફુદ - દહૂ.

અને આ મામલામાં તેઓએ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પારાવાર ઈજા પહોંચાડી જેથી તેઓ પર એવી નામોશી તૂટી પડી, એવી ખુવારી આવી પડી જે સર્વ સામાન્ય અને કાયમ માટે રહી જનારી છે અને તેઓ એકદમ ફજેત થઈને રહી ગયા.

વ સુબ્બત અલૈહિમ મુહ-સદાતે ક-અન્નહા • શઆબીબુ કતરિમ મિન ઝુરલ-મુઝના તસ્ફહૂ.

અને તેઓની ઉપર ફટાફટ કોરડા એવી રીતે વીંઝાયા જેમ ઊંચાં વાદળોમાંથી મોટાં મોટાં ટીપાંઓનું ઓચિંતુ ઝાપટું ટપોટપ વરસી પડે છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૨૮

સુલ્હે-હુદૈબિયહની ઘટના

ઉમ્રહ માટે મક્કહ તરફ રવાનગી • ઉમ્રહ માટેની ખુલ્લેઆમ જાહેરાત • કુરબાની માટેના જાનવરો • ઉમ્રહ માટે જનારાઓની સંખ્યા • મુકાબલા માટે કુરૈશની તૈયારી • કુરૈશની કમનસીબીનો ખેદ • લડાઇને ટાળવાનો નવો રસ્તો • હુદૈબિયહની ભૂમિમાં પ્રવેશ • રસૂલુલ્લાહ (સલ.)ની ઊંટણી • સૂક્કા રણમાં મીઠા પાણીની વીરડી • બુદૈલ બિન વરકાનું આગમન • કુરૈશના બે એલચીઓનું આગમન • કુરૈશનો ત્રીજો એલચી • કાકા-ભત્રીજાની ટપાટપી • ઉર્વહએ જોયેલા અજાયબ દ્રશ્યો • ઉર્વહનો સચોટ જવાબ કુરૈશને • હઝરત ખિરાશ કુરૈશ તરફ • કુરૈશના મરણિયા જવાનો • હઝરત ઉસ્માન કુરૈશ તરફ • હઝરત ઉસ્માનની હત્યાની અફવા.

Maktabe Ashraf

સંપાદકની નોંધ- — ——— —હિજરતનું છઠ્ઠું વરસ ચાલતું હતું. ઝીલ-કઅદહની પહેલી તારીખ અને સોમવારનો દિવસ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ૧૪ સો સહાબા સાથે ખાનએ-કઅબહના ઉમ્રહ માટે મદીનહથી નીકળીને મક્કહ તરફ રવાના થઇ ગયા. કુરબાની માટેના ૭૦ ઊંટો આપની સાથે હતાં.

સનદી રિવાયતો મુજબ કઅબહના દર્શન અને ઉમ્રહનું કારણ એમ બન્યું કે એક રાતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખ્વાબ જોયો કે આપ પોતાના સહાબા સાથે મક્કહ પધાર્યા છે. આપના હાથમાં કઅબહની ચાવીઓ છે. આપે પૂરી શાંતિથી બૈતુલ્લાહનો ઉમ્રહ અદા કર્યો. ઉમ્રહની ક્રિયાઓથી પરવારીને આપના કેટલાક સહાબાએ વાળનું મૂંડન કરાવ્યું અને કેટલાકે કાતરથી વાળ કપાવ્યા.

આ ખ્વાબ જોતાં જ ખાનએ-કઅબહના દર્શનની અભિલાષાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બેચેન બનાવી દીધા. મક્કહના કુરૈશ તરફથી પૂરી ધાસ્તી હોવા છતાં આપ પોતાના સહાબાને લઇને મક્કહ તરફ રવાના થઇ ગયા. સાથે જ કુરબાની માટેના ૭૦ ઊંટો પણ લીધાં કે જેથી કુરૈશને ખાતરી થઇ જાય કે બેશક રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમ કઅબહના દર્શન અને ઉમ્રહ માટે પધારેલા છે, લડાઇ માટે નહિ, કઅબહ અલ્લાહનું ઘર હોવાથી અરબના તમામ લોકોનું યાત્રાધામ હતું. જેથી કઅબહના દર્શનનો દરેક માણસ સરખી રીતે અધિકાર ભોગવતો હતો. આ અધિકારને આધારે

મુસલમાનો પણ કઅબહના દર્શનના પૂરી રીતે અધિકારી ઠરતા હતા.[૧] (સંપાદકની નોંધ પૂરી થઈ.)

ઉમ્રહ માટે મક્કહ તરફ રવાનગી———ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહુ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સન ૬ હિજરીના રમઝાન અને શવ્વાલમાં મદીનહમાં બિરાજમાન રહ્યા.[૨] એ પછી આપ ઝી-કઅદહના મહિનામાં ખાનએ-કઅબહનો ઉમ્રહ અદા કરવાને ઈરાદે મદીનહથી કૂચ કરીને મક્કહ તરફ રવાના થયા.[૩]

કુરૈશ સાથે જંગ કરવાનો કે મક્કહ પર ચઢાઈ કરવાનો આપનો કોઈ ઈરાદો ન હતો.

ઉમ્રહ માટેની ખુલ્લેઆમ જાહેરાત———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સમગ્ર અરબદેશ તથા આજુબાજુના વિસ્તારોમાં વસનારા ગ્રામ્યજનોને ઉમ્રહ માટે સાથે આવવાની ખુલ્લેઆમ જાહેરાત પોકારાવી દીધી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મક્કહના કુરૈશ તરફથી———જેઓ ઈસ્લામને ઉખેડી કાઢવાના કાવાદાવાની ધૂનમાં રહેતા હતા અને જેઓ મુસલમાનોને મિટાવી દેવાની અનેક લડાઈઓ લડી ચૂક્યા હતા.———તરફથી પૂરી ધાસ્તી હતી કે, કુરૈશ અમારા આગમનનું સાંભળીને ક્યાંક લડાઈ માટે તૈયાર ન થઈ જાય ! અને ક્યાંક મક્કહમાં દાખલ થવાથી અમને અટકાવી ન દે !

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉમ્રહ માટેની ખુલ્લેઆમ જાહેરાત સાંભળીને, કેટલાક ગ્રામ્યવાસીઓએ જલદી તૈયાર થઈને આવી લાગવામાં કંઈક ઢીલ કરી નાખી હતી. આમ છતાં ચારે દિશાએથી લોકો, ઉમ્રહના પ્રવાસમાં આપની સાથે જોડાઈ જવા માટે તૈયાર થઈ-થઈને આવવા લાગ્યા. મદીનહના અનસાર તથા મક્કહના મુહાજિરીનમાંથી જે લોકો તૈયારી કરી ચૂક્યા હતા અને અરબ તથા ગામડાંઓના જે મુસલમાનો આવી લાગ્યા હતા એ બધાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની સાથે લીધા અને ફક્ત ઉમ્રહને જ ઈરાદે મદીનહથી નીકળીને મક્કહ તરફ આપ રવાના થઈ ગયા.

ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉમ્રહને ઈરાદે મદીનહથી રવાના થવા પહેલાં પોતાની જગાએ મદીનહના ગવર્નર તરીકે હઝરત નુમૈલહ બિન અબ્દુલ્લાહ લૈસી રદિયલ્લાહુ અન્હુની નિમણૂક કરી.

કુરબાની માટેના જાનવરો———રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉમ્રહ માટેના આ પ્રવાસમાં પોતાની સાથે "હદી" અથવા "હદીય્ય" એટલે કુરબાની માટેના જાનવરો પણ લીધાં હતાં કે જેથી કુરૈશને એવો ડર કે ખટકો ન રહે કે આપ લડાઈને ઈરાદે મક્કહ આવી રહ્યા છે, બલકે તેઓને ખાતરી

---

૧. ફત્હુલ-બારી જિ.૨ પા. ૩૫૯ - સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૩૮- સીરતુન-નબી જિ.૧ પા. ૪૪૯

૨. હિજરી સન ૬નો રમઝાન મહિનો ૧૪ જાન્યુઆરી ૬૨૮થી શરૂ થયો અને ૬ હિજરીનો શવ્વાલ ૬૨૮ના માર્ચની ૧૨ તારીખે ખતમ થયો. ઝી-કઅદહની શરૂઆત ૬૨૮ના માર્ચની ૧૩ તારીખે થઈ. (ઇબ્ને હિશામ જિ.૨ પેજ ૩૬૮નો હાશિયો)

૩. ઉમ્રહ : હજ્જની નાની આવૃત્તિને કહે છે. હજ્જનો મહિનો અને તારીખો નક્કી થયેલી હોય છે. ઉમ્રહ વરસમાં કોઈ પણ સમયે કરી શકાય છે. ઉમ્રહમાં હજ્જની ઘણીખરી ક્રિયાઓનો સમાવેશ હોય છે. જેમકે એહરામ એટલે હજ્જનો ખાસ પોશાક, કઅબહનો તવાફ, સફા-મર્વહની સઈ, વાળમૂંડન, કુરબાની વગેરે. વધુ વિગતો કિતાબો કે અહલે-ઇલ્મથી જાણી શકાય છે. "હ"

થઈ જાય કે આપ ફક્ત બૈતુલ્લાહની ઝિયારત, બૈતુલ્લાહના ઉમ્રહ અને બૈતુલ્લાહના માન-ઈકરામ માટે જ પધારેલા છે. એ સિવાય આગમનનો કોઈ હેતુ નથી.

ઉમ્રહ માટે જનારાઓની સંખ્યા————ઈબ્ને ઈસ્હાક કહે છે: મને મુહંમદ ઈબ્ને શિહાબ ઝુહરીએ, ઉર્વહ બિન ઝુબૈરના વાસ્તાથી, મિસ્વર બિન મખ્રમહ તથા મરવાન બિન હકમની આ રિવાયત કહી સંભળાવી. એ બંને ગૃહસ્થોએ ઉર્વહ બિન ઝુબૈરને કહ્યું :

"જે વરસે હુદૈબિયહની ઘટના સર્જાઈ એ વરસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફક્ત ખાનએ-કઅબહની ઝિયારત તથા ઉમ્રહને ઈરાદે જ મદીનહથી રવાના થયા હતા. કુરૈશ સાથે જંગ કરવાનો કે મક્કહ પર આક્રમણ કરવાનો આપનો કોઈ ઈરાદો ન હતો. એટલે જ આપે પોતાની સાથે હદીય્ય એટલે કુરબાની માટેના ૭૦ ઊંટો લીધાં હતાં. ઉમ્રહ માટેના આ કાફલામાં ૭૦૦ માણસોની સંખ્યા હતી. આ હિસાબે ૧૦ માણસો દીઠ એક ઊંટ આવતું હતું."

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી સીધી માહિતી મુજબ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુ ફરમાવતા હતા : "અમે હુદૈબિયહમાં ૧૪ સો માણસો હતા." [૧]

મુકાબલા માટે કુરૈશની તૈયારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને શિહાબ ઝુહરીના કહેવા પ્રમાણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહથી રવાના થઈને જ્યારે ઉસ્ફાન મુકામે પહોંચ્યા તો અહીં, આપના મોકલેલા જાસૂસ હઝરત બિશ્ર બિન સુફયાન કઅ્બી આવી લાગ્યા. એમને આપે કુરૈશની હિલચાલની ખબર લાવવા માટે મોકલી આપ્યા હતા.

ઈબ્ને હિશામ કહે છે : એક રિવાયત મુજબ એમનું નામ બિશ્ર નહિ, બુસ્ર બિન સુફયાન કઅ્બી છે.

બુસ્ર બિન સુફયાને આપની તહેનાતમાં હાજર થઈને કહ્યું, "હે અલ્લાહના રસૂલ ! કુરૈશને આપના આગમનની બાતમી મળી ગઈ છે. તેઓ પોતાની ઔરતો અને બચ્ચાંઓ સાથે ઘરોમાંથી નીકળીને આવી લાગ્યા છે. તેઓએ પોતાના શરીરો પર ચિત્તાઓના ચામડાના પોશાક પહેરેલા છે તેઓ જંગની પૂરી તૈયારી સાથે "ઝી-તુવા" સ્થળે પડાવ નાખી ચૂક્યા છે.[૨] તેઓએ સોગંદ લીધા છે કે આપને હરગિઝ મક્કહમાં દાખલ થવા દેશે નહિ. ખાલિદ બિન વલીદ તેઓના સવારોનો સિપહસાલાર છે. કુરૈશે અગાઉથી "કુરાઅલ-ગમીમ" સ્થળે ખાલિદને તેના સવારો સાથે આપના મુકાબલા માટે ગોઠવી દીધો છે." [૩]

કુરૈશની કમનસીબીનો ખેદ————બુસ્ર બિન સુફયાનની વાતો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બેહદ અફસોસ થયો. ભારે ખેદની લાગણીથી આપે ફરમાવ્યું :

"બુરૂં હો કુરૈશનું ! એમને તો લડાઈ ખાય ગઈ છે. એટલે લડાઈએ એમની કમર
તોડી નાખી છતાં વાતવાતમાં લડાઈ ! જો કુરૈશના લોકો મારા મામલાને મુજ પર અને

---

૧. સહાબાની સંખ્યામાં મતભેદ છે. મશહૂર રિવાયત મુજબ ૧૪ સોની સંખ્યા છે. "હ"

૨. ઝી-તુવા : મક્કહની પાસે આવેલા એક સ્થળનું નામ.

3. કુરાઅલ-ગમીમ : અગાઉ જણાવ્યા પ્રમાણે એક ખીણનું નામ છે જે ઉસ્ફાનથી મક્કહ તરફ ૮ માઈલના અંતરે આવેલું છે. અહીં ખાલિદ બિન વલીદ પોતાના ઘોડેસવારો સાથે મુકાબલા માટે તૈયાર હતો. પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લડાઈને ટાળવા માટે નવો રસ્તો લીધો. ખાલિદ હજુ મુસલમાન બન્યા ન હતા. "હ"

Maktabe Ashraf

અરબો પર છોડી દે તો એમાં તેઓનું શું બગડવાનું હતું ? પછી જો અરબના લોકો મને પછાડી નાખે તો કુરૈશની મુરાદ બર આવી જશે. અને જો અલ્લાહ તઆલા મને, અરબના લોકો પર ફતેહમંદી આપી દે તો, લોકોના ટોળેટોળાં ઈસ્લામમાં દાખલ થઈ જશે. અને જો તેઓ ઈસ્લામમાં દાખલ નહિ થાય તો તેઓમાં બળ હશે ત્યાં સુધી તેઓ મારી સાથે લડતા રહેશે. અગર એમ જ બને તો એમાં પણ કુરૈશનું શું બગડે છે ? અને તેઓ કેમ આડે આવે છે ? મને સમજાતું નથી કે કુરૈશ શું વિચારમાં છે અને તેઓ શું કરવા માગે છે ? સોગંદ છે અલ્લાહના ! આ મકસદ માટે હું છેલ્લા શ્વાસ સુધી બરાબર જિહાદ કરતો રહીશ જેના માટે અલ્લાહ તઆલાએ મને પયગમ્બર બનાવીને મોકલ્યો છે; ત્યાં સુધી કે કાં અલ્લાહ મને ફતેહમંદ બનાવી દે કાં મારૂં મોત આવી જાય !''

લડાઈને ટાળવાનો નવો રસ્તો————એ પછી આપે મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું, ''કોણ છે જે મને કુરૈશી લશ્કરના પડાવનો રસ્તો છોડીને બીજા રસ્તેથી લઈ જાય ?''

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબૂબક્રે માહિતી આપી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ સવાલ સાંભળીને અસ્લમ કબીલાનો એક જવાન તરત ઊભો થઈ ગયો. તેણે આગળ વધીને કહ્યું, ''અના યા રસૂલલ્લાહ ! '' એટલે હે અલ્લાહના રસૂલ ! આ સેવા હું બજાવીશ.

પછી આ અસ્લમી ગૃહસ્થ બધાને જંગલના એક ખરબચડા-પથરીલા રસ્તે થઈને ઘાટીઓમાંથી પસાર કરાવતા આગળ બઢયા. મુસલમાનો માટે જંગલનો ખાડાખૈયાવાળો આ રસ્તો બેહદ આકરો, કઠિન અને ત્રાસદાયક હતો. જયારે બધા પડતા-આખડતા અને પથરીલો રસ્તો વટાવતા નરમ જમીનની ખીણમાં દાખલ થયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું.

''હે મુસલમાનો ! તમે બધા બારગાહે ઈલાહીમાં યાચના કરો અને આમ કહો :'' નસ્તગ-ફિરૂલ્લાહ વ નતૂબુ ઈલૈહિ.'' તરજુમો : અમે બધા અલ્લાહથી માફીના તલબગાર છીએ અને તેની રૂબરૂ તોબા કરીએ છીએ.

તમામ મુસલમાનોએ આપના હુકમનું પાલન કર્યું. બધાએ બારગાહે-ઈલાહીમાં તોબા અને ઈસ-તિગ-ફાર કર્યો. એ પછી આપે ફરમાવ્યું, ''અલ્લાહના સોગંદ ! આ તેજ ''હિત્તહ''છે જેને અલ્લાહ તઆલાએ બની ઈસરાઈલની સામે પેશ કર્યો તો તેઓએ એને માનવાનો ઈન્કાર કરી દીધો.''

ગુજરાતી સંપાદકની નોંધ————કુર્આનમાં ''હિત્તહ''શબ્દ બની ઈસરાઈલ એટલે યહૂદીઓ માટે આવેલો છે. હિત્તહ એટલે ''હિત-તતુન અન્ના ઝુનૂબના.'' એટલે હે અલ્લાહ ! અમારા ગુનાહો અમારાથી દૂર કરી દે ! અમે માફી માગીએ છીએ અને તોબા કરીએ છીએ.

અલ્લાહની નાફરમાનીઓ કરીને ''તીહ''ના આંધળા જંગલમાં ભટકી ગયેલા બની ઈસરાઈલ પર અલ્લાહને દયા આવી ગઈ. તીહના જંગલમાંથી નીકળવાનો રસ્તો બતાવી દીધો અને સાથે હુકમ ફરમાવી દીધો કે તમે બધા ''હિત્તહ''શબ્દનું રટણ કરતા બૈતુલ-મુકદ્દસમાં દાખલ થજો ! પરંતુ શહેરમાં દાખલ થતી વેળા તેઓએ ''હિત્તહ''શબ્દ નું રટણ કરવાને બદલે ''હિન્તહ'' શબ્દનો નાદ ગજાવ્યો અને ''હિન્તહ''નું રટણ કરતા શહેરમાં દાખલ થયા જેના અર્થ છે : ''હે અલ્લાહ ! અમને ઘઉં આપી દે !''આ નાફરમાની બદલ તેઓ

અલ્લાહના અઝાબના ભોગ બની ગયા. યહૂદીઓનો આ કિસ્સો પહેલા પારહના છઠ્ઠા રૂકૂઅમાં બયાન થયેલો છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જંગલના ખરબચડા-પથરાળી રસ્તા પરથી પસાર થતાં પોતાના સહાબાને એજ પ્રસંગ યાદ દેવાડયો કે જેથી તેઓ માફી અને તોબાથી અલ્લાહની રહમતના હકદાર ઠરે. (સંપાદકની નોંધ પૂરી થઇ.)

હુદૈબિયહની ભૂમિમાં પ્રવેશ————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇબ્ને શિહાબ ઝુહરીના કહેવા પ્રમાણે નરમ જમીનની ખીણમાં પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સાથીઓને હુકમ ફરમાવ્યો, ''અહીંથી હવે જમણી તરફ વળો અને ''ઝહરિલ-હમ્શ''ની વચ્ચેના તે રસ્તે ચાલો જે ''સનીય્યતુલ-મુરાર''તરફ નીકળે છે.''

આ સનીય્યતુલ-મુરાર સ્થળ હુદૈબિયહ નામે કસબાના ઢોળાવ તરફ આવેલું છે. જે મક્કહની તળભૂમિવાળા પ્રદેશની સામે છે. મુસલમાન લોકો મળેલા આદેશ મુજબ એજ રસ્તે ચાલી નીકળ્યા. બીજી તરફ ખાલિદ બિન વલીદવાળા કુરૈશી સવારોએ જ્યારે ઇસ્લામી લશ્કરની ધૂળ ઊડતી જોઇ તો તેઓએ પોતાનો રસ્તો બદલી નાખ્યો અને બીજે રસ્તેથી સવારીઓ દોડાવતા કુરૈશના પડાવ તરફ ઊપડી ગયા કે જેથી તેઓને ઇસ્લામી લશ્કરના આગમનના સમાચાર આપે.

રસૂલુલ્લાહ (સલ.)ની ઊંટણી————આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે પોતાના સહાબા સાથે હુદૈબિયહના સનીય્યતુલ-મુરાર સ્થળે પહોંચી ગયા તો અહીં આવતાં જ અચાનક આપની ઊંટણી બેસી ગઇ. આપે તેને ઉઠાડવાની કોશિશ કરી પણ તે બેઠી તે બેઠી. આ જોઇને લોકો બોલી ઊઠયા, ''ખલ્અતિલ-કસવાઅ ! ખલ્અતિલ-કસવાઅ !'' એટલે ઊંટણી પોતાની જગા છોડવાની નથી. એ બેઠી એ બેઠી. હવે એ જામી ગઇ છે.[1]

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''ઊંટણી જામી ગઇ નથી, એ એની ટેવ પણ નથી. પણ એને તે પાક હસ્તીએ રોકી લીધી છે જેણે મક્કહમાં દાખલ થવાથી હાથીઓને રોકી લીધા હતા. ''

એ પછી આપે ફરમાવ્યું, ''કસમ છે તે અલ્લાહના જેના અધિકારમાં મારી જાન છે, આજે કુરૈશ મારી પાસેથી ગમે તે વસ્તુની માગણી કરે તે હું તેઓને આપ્યા વિના રહેવાનો નથી; શરત આટલી કે એ માગણીમાં સ્નેહ-સંબંધને જાળવી રાખવાની મીઠી લાગણી હોય અને અલ્લાહના કોઇ હુકમની નાફરમાની ન હોય.''

સૂક્કા રણમાં મીઠા પાણીની વીરડી————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને ફરમાવ્યું, ''અનઝિલૂ !'' અહીં ઊતરી પડો, અહીં પડાવ નાખી દો.

''યા રસૂલલ્લાહ !'' લોકોએ કહ્યું, ''અમે ઊતરી તો પડીએ પણ આ ખીણમાં પાણી નથી.''

એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના તર્કશમાંથી તીર ખેંચી કાઢયું અને એક સહાબીને આપતાં ફરમાવ્યું, ''લો આ તીર, એને અહીંની કોઇ વાવડીમાં ખોંસી દો.''

---

૧. ખલઅ, ખિલાઅ, ખુલૂઅ : કોઇ પણ જાતની બીમારી વગર ઊંટણીનું બેસી પડવું અને પોતાની જગાએથી નહિ ટળવું. કસવાઅઃ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણીનું નામ. ''હ''

Maktabe Ashraf

આ સહાબી એ તીર લઈને ત્યાંની એક સૂકી વાવડીમાં ઊતરી ગયા અને વાવડીની વચ્ચેની જમીનમાં તીર ખોસી દીધું. બસ પછી શું હતું ! જોતજોતામાં પાતાળ ફાટયું હોય તેમ પાણીનો ધોધ ફૂટી નીકળ્યો. એટલું પાણી છલકાયું કે લોકોએ પોતાની જગા છોડીને ઊંચી જગાએ જવું પડયું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : કેટલાક માહિતગારોએ મને અસ્લમ કબીલાના લોકોની આ રિવાયત કહી સંભળાવી કે, જે સહાબી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું તીર લઈને વાવડીમાં ઊતર્યા હતા તેમનું નામ હઝરત નાજિયહ બિન જુન્દુબ બિન ઉમર બિન યઅમુર બિન દારિમ બિન અમ્ર બિન વાઈલહ બિન સહમ બિન માઝિન બિન સલામાં બિન અસલમ બિન અફસા બિન અબૂ હારિસહ હતું. એ તે ગૃહસ્થ છે જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કુરબાનીના ઊંટો હાંકતા હતા.

ઈબ્ને હિશામ કહે છે : મને મળેલી માહિતી મુજબ એ ગૃહસ્થનું નામ અફઝા બિન હારિસહ હતું અને બીજી રિવાયત મુજબ વાવડીમાં તીર લઈને ઊતરેલા સહાબીનું નામ બરાઅ બિન આઝિબ હતું. હઝરત બરાઅ બિન આઝિબ લોકોને કહ્યા કરતા કે, "હું તે માણસ છું જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું તીર લઈને કૂવામાં ઊતર્યો હતો." હવે અલ્લાહ બેહતર જાણે કે ત્રણેમાંથી તીર લઈને કૂવામાં ઊતરનારા કોણ ગૃહસ્થ હતા !

અસ્લમ કબીલાના લોકોએ મને કેટલાક શેઅરો સંભળાવીને કહ્યું કે એ નાજિયહ બિન જુન્દુબના શેઅરો છે. તેઓએ એમ પણ કહ્યું કે, નાજિયહ કૂવામાં હતા અને લોકોને ડોલ ભરીભરીને પાણી પીવાડતા હતા. એટલામાં એક અન્સારી કન્યા આવીને આ શેઅર ગાવા લાગી.

યા ઐયુહલ - માઇહ દલ્વય દૂનકા • ઈન્ની રઐતુન - નાસ યહમદૂ-નકા,

યસનૂન ખયરંવ - વ - યુમજ - જદૂનકા

હે ડોલ ભરીભરીને પાણી પીવાડનારા ! લે મારી આ ડોલ. એને પાણીથી ભરી આપ. કેમકે મેં લોકોને જોયા કે તેઓ તારા ખૂબ વખાણ કરે છે અને તારી ઉદારદિલી તથા પ્રતિષ્ઠાના ગુણગાન ગાય છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત નાજિયહએ ડોલ ભરી-ભરીને લોકોને પાણી પીવાડતાં એ અનસારી કન્યાના શેઅરોનો આ પ્રમાણે જવાબ આપ્યો :

કદ અલિમત જારિયતુન યમાનિયહ • અન્ની અનલ માઇહુ વસ્મય નાજિયહ.

યમાની-અન્સારી કન્યાને ખબર મળી ગઈ કે હું પાણી ભરી-ભરીને આપી રહ્યો છું અને મારૂં નામ નાજિયહ છે.

બુદૈલ બિન વરકાનું આગમન————મુહંમદ બિન શિહાબ ઝુહરીનું બયાન છે : "હુદૈબિયહ મુકામે બિરાજમાન થવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શાંતિનો શ્વાસ લીધો. એટલામાં બુદૈલ બિન વરકા ખુઝાઈ નામે ગૃહસ્થ પોતાના ખુઝાઅહ કબીલાના કેટલાક અગ્રણીઓ સાથે આપની તહેનાતમાં હાજર થયો.

બુદૈલે આપને પૂછ્યું, "મલ્લઝી જાઅ બિહી ?" શા હેતુએ આપ પધાર્યા છો ?

આપે ફરમાવ્યું, "અમે લડાઈને ઈરાદે આવેલા નથી. અમારો હેતુ ફકત બૈતુલ્લાહના દર્શન, બૈતુલ્લાહનો

Maktabe Ashraf

ઉમ્રહ અને બૈતુલ્લાહના માન-ઇકરામ છે.''

એ પછી આપે બુદૈલ અને તેના સાથીઓને તેજ વાતો કહી જે આથી પહેલાં આપે બિશ્ર બિન સુફયાનને કહી હતી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જવાબથી સંતોષ પામીને બુદૈલ અને તેના સાથીઓ કુરૈશ પાસે પહોંચ્યા અને તેઓની આગળ ખુલાસો કરતાં બોલ્યા, ''હે કુરૈશી ગૃહસ્થો ! તમે મુહંમદના મામલામાં ઉતાવળિયું કે અવિચારી પગલું ભરો છો. મુહંમદ લડાઇ, ચઢાઇ કે ધાંધલ માટે હરગિઝ આવેલા નથી. તેમનો મકસદ ફકત બૈતુલ્લાહની ઝિયારત અને ઉમ્રહ છે. એ સિવાય કંઇ જ નહિ.''

આ સાંભળીને કુરૈશ છંછેડાઇ ગયા. તેઓએ બુદૈલ અને તેના સાથીઓ પર મુસલમાનોની તરફદારીનો આક્ષેપ મૂકીને, તોછડાઇભરી વાતો કરવા માંડી અને છેવટમાં ઉમેર્યું, ''મુહંમદ ભલે લડાઇને ઇરાદે નથી આવેલા પણ અલ્લાહના સોગંદ ! બળ વાપરીને તેઓ હરગિઝ કઅબહમાં પ્રવેશી શકવાના નથી. અને કાન ખોલીને સાંભળી લો, તમારા જેવા અરબોએ આ મામલામાં માથું મારવાની જરૂર નથી. શું ખબર મુહંમદ ઝિયારતનો ધોકો આપીને અમારા શહેર પર કબજો કરી લે અને પછી આખા અરબમાં અમારૂં નાક કપાઇ જાય કે, કુરૈશ બેવકૂફ હતા કે મુહંમદના ધોકામાં આવી ગયા !''

ઇબ્ને શિહાબ ઝુહરીનું કથન છે : ખુઝાઅહ કબીલાના તમામ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શુભેચ્છક અને રાઝદાર હતા. કબીલાના મુશરિકો અને છુપા મુસલમાનો બધા જ આપને ચાહનારા અને આપના શુભચિંતક હતા. કુરૈશની કોઇ વાત તેઓ આપથી છુપાવતા ન હતા. [૧]

કુરૈશના બે એલચીઓનું આગમન——એ પછી મક્કહના કુરૈશે મિકરઝ બિન હફ્સ બિન અખીફ નામે ગૃહસ્થને પોતાનો એલચી બનાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં વાટાઘાટ માટે મોકલ્યો. એ બનૂ આમિર બિન લુઐયમાંથી હતો. એને દૂરથી આવતો જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું, ''હાઝા રજુલુન ગાદિરુન.'' આ માણસ ગદ્દાર લાગે છે.

જ્યારે એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને વાતચીત કરવા લાગ્યો તો આપે એને પણ તેજ જવાબ આપી દીધો જે બુદૈલ બિન વરકા અને તેના સાથીઓને આપ્યો હતો. મિકરઝે કુરૈશ પાસે જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સંદેશો પહોંચાડી દીધો. પણ એણે કંઇ એવી ઢબે કહ્યું કે કુરૈશને એની વાતોથી સંતોષ નહિ થયો. બલકે ઓરભી તેઓ ઉશ્કેરાઇ ગયા.

મિકરઝ પછી કુરૈશે હુલૈસ બિન અલકમા યા હુલૈસ બિન ઝબ્બાનને પોતાના એલચી તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મોકલ્યો. આ માણસ તે વેળા હબશીઓનો સરદાર હતો અને બનૂ હારિસ બિન અબ્દે મનાત બિન કિનાનહનો એક સભ્ય હતો. એને આવતો જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''આ માણસ અલ્લાહની ઇબાદત કરનારી કૌમમાંથી છે. એની સામે કુરબાનીના ઊંટોને

૧. ખુઝાઅહ કબીલાના લોકો હજુ સુધી મુસલમાન બન્યા ન હતા. પણ મુસલમાનો સાથે સુલેહ-સહકારના કરારોથી જોડાયેલા હોવાથી તેઓ મુસલમાનો પ્રત્યે માનની લાગણી ધરાવતા હતા. મક્કહમાં જે કંઇ બનતું હતું, છુપી રીતે તેની બાતમી આપી દેતા હતા. બુદૈલ બિન વરકા આ કબીલાના સરદાર હતા. ફત્હે-મક્કહ વેળા મુસલમાન બન્યા. કુરૈશે એમની સાથે જે તોછડાઇભર્યો વર્તાવ કર્યો તેનું એજ કારણ હતું. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૫૦) ''હ''

Maktabe Ashraf

લાવીને ઊભાં કરી દો કે જેથી એ પોતાની આંખે કુરબાનીના જાનવરોને જોઇ લે. અને સમજી જાય કે આપણે લડાઇ માટે નથી આવેલા.

હુલૈસે જયારે કતારબંધ ઊંટોને ખીણ તરફથી લગાતાર પોતાની સામે આવતાં જોયાં તો ઊંટોની ગરદનોમાં કુરબાનીની નિશાની તરીકે પડેલા પટ્ટા જોઇને તે સમજી ગયો કે ખરેખર એ કુરબાનીના જાનવરો છે. તેના દિલને સંતોષ થઇ ગયો કે મુસલમાનો લડવા માટે નથી આવેલા. આથી તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પણ નહિ ગયો અને રસ્તામાંથી જ પાછો વળીને કુરૈશ તરફ ઊપડી ગયો. મતલબ કે તેણે કુરૈશ પાસે જઇને આંખે દેખ્યો અહવાલ કહી સંભળાવ્યો.

તેનો અહવાલ સાંભળીને કુરૈશ એકદમ તપી ગયા અને બોલ્યા :

અજલિસ ફ-ઈન્નમા અન્તા	બેસી જા ! કેમકે બેશક તું
અઅરા - બિય્યુન.	ગામડિયો ગમાર છે.
લા ઈલ્મ લકા !	કંઇ જાણતો નથી.

ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રની રિવાયત મુજબ કુરૈશનું તોછડું કે અપમાનજનક વર્તન જોઇને હુલૈસ પણ તપી ગયો અને ઉગ્રતાથી બોલ્યો, "હે કુરૈશ ! અલ્લાહના સોગંદ, આપણી વચ્ચે એકબીજાનું અપમાન કરવા બાબત કોઇ કરાર થયા નથી, ન આ વાતના કોઇ કરાર થયા છે કે જે માણસ બૈતુલ્લાહની ઝિયારત કે ઉમ્રહ માટે આવે તેને અટકાવી દેવામાં આવે ! સોગંદ છે તે અલ્લાહના જેના કબજામાં મારા પ્રાણ છે, કાં તો મુહંમદને બૈતુલ્લાહની ઝિયારત કરવા દો, કાં હું અબઘડી મારા અહાબીશના લશ્કર સાથે તમારાથી અલગ થઇ જાઉં છું !"[૧]

હુલૈસની આક્રોશભરેલી ધમકી સાંભળીને કુરૈશ નરમ પડી ગયા અને ભોંઠપભર્યા સ્વરે કહેવા લાગ્યા, "અરે મિયાં હુલૈસ ! જરા ધીરા પડો. લ્યો તમે તો ખફા થઇ ગયા ! જુઓ સાંભળો, અમે પોતે કોઇ એવો રસ્તો શોધવાની ફિકરમાં છીએ જેની ઉપર આપણે બધા સંમત થઇ શકીએ !"

કુરૈશનો ત્રીજો એલચી————ઇબ્ને ઈસ્હાક કહે છે : મુહંમદ બિન શિહાબ ઝુહરીનું બયાન છે કે એ પછી કુરૈશે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ઉર્વહ બિન મસઊદ સકફી નામે ગૃહસ્થને પોતાના એલચી તરીકે મોકલાવ્યો.[૨] ઊપડવા પહેલાં ઉર્વહએ કુરૈશને સંબોધીને કહ્યું.

"હે કુરૈશી ગૃહસ્થો ! હું તમારા તે એલચીઓને જોઇ ચૂકયો છું જેઓને તમે મુહંમદ પાસે મોકલ્યા

૧. મક્કહના નીચાણવાળા જંગલ વિસ્તારમાં હુબૈશ નામે પહાડ આવેલો છે. એની આજુબાજુના ગામડાઓમાં કેટલાક કબીલાઓ વસેલા હતા. એ લોકો બદુઓ કે ગામડિયા કહેવાતા હતા અને સંયુકત રીતે અહાબીશ તરીકે ઓળખાતા હતા. કુરૈશ સાથે દોસ્તીના કરારો હોવાથી કુરૈશની મદદ માટે પોતાનું લશ્કર લઇને આવ્યા હતા. એ લોકો તીરંદાજીની કળામાં પાવરધા હતા. હુલૈસ તેઓનો સરદાર હતો. હુલૈસ જેવા ગામડિયા સરદારને એલચી તરીકે મોકલવાથી કુરૈશનો હેતુ આ હતો કે જો મુહંમદ એની વાત નહિ માને અને જંગ જામે તો અહાબીશનું લશ્કર પણ મન મૂકીને અમારી મદદ કરશે. પણ મામલો ઊલટો બન્યો. "હ"

૨. ઉર્વહ બિન મસઊદ સકફી તાઇફ શહેર અને આજુબાજુના વિસ્તારનો સૌથી મોટો સરદાર હતો. પાકટ વયનો, કુશાગ્ર બુધ્ધિનો, મજબૂત મનોબળનો, અનુભવોથી ઘડાયેલો ગૃહસ્થ હતો. તાઇફનો લોકલાડીલો નેતા હતો. અત્યારે મુશરિક હતો અને પોતાના જવાનોને લઇને કુરૈશની મદદ માટે આવ્યો હતો. કુરૈશનું માનવું હતું કે ઉર્વહ જરૂર પોતાના મકસદમાં કામયાબ થઇને આવશે. ફત્હે-મક્કહ પછી જંગે-તાઇફ વેળા ઉર્વહ મુસલમાન બની ગયા. ઇસ્લામમાં પણ એમનો મરતબો બહુ ઊંચો રહ્યો. "હ"

Maktabe Ashraf

હતા અને તેઓ જે સંદેશો લઈને આવ્યા તેના જવાબમાં તમે જે તોછડાઈભર્યા શબ્દો ઉચ્ચાર્યા તે પણ હું સાંભળી ચૂક્યો છું. આ વાત તમે બધા જાણો છો કે તમે મારા બાપ જેવા છો અને હું તમારા બાળક જેવો છું. [1] અત્યારે જે સંકટમાં તમે સપડાયા છો તે પણ હું જાણું છું. મેં મારી કૌમના એવા જવાનોને એકઠા કરી લીધા છે જેઓ મારો પડયો બોલ ઝીલી લેનારા છે. એ બધાને લઈને હું તમારી સેવા માટે અહીં આવ્યો છું. હવે બતાવો, તમારા દિલોમાં મારા પ્રત્યે કોઈ શંકા કે બદગુમાની તો નથી ને ?''

કુરૈશ બોલ્યા, ''નહિ જી ! તમારી બાબતે કોઈ શંકા કે બદગુમાની અમારા દિલોમાં નથી. અમને તમારો પૂરો વિશ્વાસ છે.''

કુરૈશના આ જવાબથી સંતોષ પામીને ઉર્વહ બિન મસઊદ સકફી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચી ગયો અને આપની સામે બેસીને તેજીથી બોલ્યો,

> ''હે મુંહમદ ! તમે જાતજાતના લોકોને ભેગા કરી લીધા છે અને એ બધાને સમેટીને એટલા માટે અહીં લઈ આવ્યા છો કે પોતાની જ કૌમને, પોતાના જ કુરૈશ કબીલાને છિન્નભિન્ન કરી નાખો.
>
> સાંભળી લો, કુરૈશ પોતાના બૈરી છોકરાંઓને લઈને ઘરોમાંથી નીકળી આવ્યા છે. બધાએ ચિત્તાઓના ચામડાના પોશાક પહેરી લીધા છે. તેઓએ અલ્લાહ પાસે સોગંદ લીધા છે કે તમને બળ વાપરીને મક્કહમાં હરગિઝ દાખલ થવા દેશે નહિ. અત્યારે તેઓ તમારાથી છેટા નથી. તેઓનું મોટું લશ્કર તમારા મુકાબલા માટે તૈયાર છે.
>
> હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે, જો કાલે જંગનું પાસું પલટાયું તો આ જેટલા લોકોને તમે ખેંચી લાવ્યા છો એ બધા તમને પડતા મૂકીને નાસતા નજર આવશે.''

હઝરત અબૂબક સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ ઉર્વહની વાતો વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ બેઠેલા હતા. ઉર્વહના છેલ્લા શબ્દો સાંભળીને એકદમ જોશમાં આવી ગયા. ગુસ્સાથી ઊભા થઈને તેને એક સખત ગાળ આપી. [2] અને ફરમાવ્યું, ''શું બોલ્યો હે ઉર્વહ ! શું અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને છોડીને નાસી જઈશું ?''

ઉર્વહની રગોમાં ભયની ધ્રુજારી પ્રસરી ગઈ. તેણે પૂછયું, ''હે મુહંમદ ! આ કોણ માણસ છે?''

''એ અબૂ કુહાફહના બેટા અબૂબક્ર છે.'' આપે ફરમાવ્યું.

ઉર્વહ સ્વસ્થ થતાં બોલ્યો, ''હે મુહંમદ ! અબૂબકનો મુજ પર એક ઉપકાર છે જેનો બદલો હું આજ સુધી વાળી શકયો નથી. આમ ન હોત તો અલ્લાહના સોગંદ ! હું એના અસભ્ય વર્તનનો જડબાંતોડ જવાબ આપી દેત!'' [3]

---

૧. આ શબ્દો ઉર્વહએ એટલા માટે કહ્યા કે એ પોતે કુરૈશ કબીલાના પૂર્વજ અબ્દે-શમ્સની પુત્રી સુબૈઅહનો પુત્ર હતો જો કે અત્યારે વયમાં એ કુરૈશના વડીલ જેવો હતો. બીજી કિતાબોમાં એના આ શબ્દો ટાંકેલા છે. : ''હે કુરૈશ ! શું હું તમારો બાપ નથી અને તમે મારા પુત્રો નથી ?'' ''હ''

૨. ''ઉમસુસુ બઝરલ-લાતી'' એટલે તું જઈને તારી લાત મૂર્તિની ઈંદ્રિ ચાટયા કર. અરબોમાં આ બહુ આકરી ગાળ ગણાતી હતી. તાઈફનો સકીફ કબીલો લાત મૂર્તિનો પૂજારી હતો. (અસિહ-હુસ-સિયર પા. ૨૦૧) ''હ''

૩. ઈસ્લામ પેહલાં ઉર્વહ લોહી-દંડના એક ખટલાનો આરોપી ઠરી ગયો હતો. હઝરત અબૂબક સિદ્દીક રદિયલ્લાહુ અન્હુએ દસ જવાન ગાયો (કે ઊંટો) આપીને તે સમયે એની મદદ કરી હતી. અહીં એ તરફ ઈશારો છે. (અસિહ-હુસ-સિયર પા. ૨૦૧)''હ''

કાકા-ભત્રીજાની ટપાટપી————વાતચીત દરમિયાન ઉર્વહ વારંવાર અરબોની ટેવ પ્રમાણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક દાઢીમાં હાથ નાખીને વાતો કરતો હતો. ઉર્વહના ભત્રીજા હઝરત મુગીરહ બિન શુઅબહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અંગરક્ષક તરીકે ઉઘાડી તલવારે, પાછળ ઊભા રહીને પહેરો ભરતા હતા. ઉર્વહને વારંવાર મુબારક દાઢીમાં હાથ નાખતો જોઇને એમનો હાથ પણ વારંવાર તલવારની મૂઠ પર ચાલ્યો જતો હતો. છેવટે રહેવાયું નહિ તો લલકાર્યા, "હે ઉર્વહ ! હાથ હટાવી લે. હવે પછી દાઢીમાં હાથ નાખ્યો તો ખબરદાર ! એ હાથ સલામત નહિ રહે !"

ઉર્વહ બોલ્યો, "તારૂં બુરૂં થાય ! કેટલો સંગદિલ અને કરડો માણસ છે."

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસ્કુરાવા લાગ્યા.

ઉર્વહએ પૂછ્યું, "હે મુહંમદ ! એ વળી કોણ છે ?"

આપે ફરમાવ્યું, "મુગીરહ બિન શુઅબહ, તમારો ભત્રીજો," [1]

ઉર્વહ તડૂક્યો, "ઓ નગુણા......નાલાયક.....ગદ્દાર ! તારી બદમાશીનું ટીલું હજુ તો કાલે જ મેં ધોયું છે."

ઇબ્ને હિશામ કહે છે : "આ ઠપકાથી ઉર્વહનો મતલબ એ હતો કે હઝરત મુગીરહ બિન શુઅબહએ મુસલમાન બનવા પહેલાં બનૂ સકીફ કબીલાની શાખ બનૂ માલિકના તેર માણસોને મારી નાખ્યા હતા. આ કારણે એ બંને કબીલા વચ્ચે લડાઇની આગ ભડકી ઊઠે તે પહેલાં ઉર્વહએ વચ્ચે પડીને પોતાના ભત્રીજા મુગીરહ તરફથી દરેક મરનારનો લોહીદંડ ચૂકવીને મામલો રફેદફે કરી દીધો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇબ્ને શિહાબ ઝુહરીના કહેવા મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉર્વહ બિન મસઊદ સાથેની વાતચીતમાં તેજ વાતોની ચર્ચા કરી જે આથી પહેલાંના કુરૈશી એલચીઓ સાથે કરી હતી. અર્થાત : અમારા આગમનનો મકસદ જંગ નહિ, માત્ર બૈતુલ્લાહની ઝિયારત છે.

ઉર્વહને આપના મૂળ મકસદની ખાતરી થતાં તે આપની પાસેથી જવા માટે ઊભો થઇ ગયો.

ઉર્વહએ જોયેલાં અજાયબ દ્રશ્યો————ઉર્વહ બિન મસઊદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં સામે બેસીને આપની સાથે બેતકલ્લુફીથી વાતો કરતો હતો પણ તેની ચકોર આંખો ચોતરફ ઘૂમતી હતી અને દરબારે-રસૂલમાં બનનારા બનાવોનું બારીકીથી નિરીક્ષણ કરતી હતી.

તેણે જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વુઝૂ કરે છે તો આપના વુઝૂનું પાણી ઝીલી લેવા માટે લોકો પડાપડી કરે છે અને વુઝૂના પાણીનું ટીપું સરખું જમીન પર પડવા દેતા નથી.

તેણે જોયું કે વુઝૂ કરતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે પોતાનું લુઆબે-દહન એટલે પવિત્ર મોઢાનું પવિત્ર થૂંક ફેંકે છે તો તેને ઝીલી લેવા માટે મુસલમાન લોકો એકબીજા પર તૂટી પડે છે અને પવિત્ર થૂંકને ઝીલી લઇને પોતાના ચેહરા પર મસળી લે છે.

એવી જ રીતે તેણે જોયું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દાઢી મુબારક યા સર મુબારકમાંથી કોઇ "મૂએ-મુબારક" એટલે પવિત્ર વાળ ખરી પડે છે તો આપના સહાબા એ વાળને ઝડપી લેવા માટે ઝપાઝપી

૧. હઝરત મુગીરહએ માથે ટોપ પહેરેલો હોવાથી કાકો ભત્રીજાને ઓળખી શક્યો નહિ. "હ"

Maktabe Ashraf

કરે છે અને તબર્રૂક તરીકે તેને સાચવી રાખે છે.

ઉર્વહનો સચોટ જવાબ કુરૈશને————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અઝમત અને શાન, આપના માન અને અદબ અને સહાબાની ફિદાકારી કે જાં-નિસારીના આ અભૂતપૂર્વ દ્રશ્યો જોઇને ઉર્વહ બિન મસઊદ તરંગોમાં ગોથાં ખાતો કુરૈશ પાસે આવી લાગ્યો અને ખામોશીથી તેઓની મજલિસમાં બેસી ગયો અને ગંભીર સ્વરે તેઓને સંબોધીને બોલ્યો :

> "હે કુરૈશી અગ્રેસરો ! મેં ઇરાનના શહેનશાહ કિસરાની, તેના આલીશાન દરબારમાં મુલાકાત લીધી છે. હું રોમના શહેનશાહ કૈસરને, તેના ભવ્ય દરબારમાં મળી ચૂકયો છું. મુલ્કે-હબશહના બાદશાહ નજાશીનો આલીશાન દરબાર પણ મેં જોયો છે. મગર અલ્લાહના સોગંદ ખાઇને કહું છું કે મેં આજ સુધી કોઇ એવો શહેનશાહ કે બાદશાહ જોયો નથી જે પોતાની કૌમમાં એટલો લોકપ્રિય હોય જેટલા મુહંમદ પોતાની કૌમમાં લોકપ્રિય છે. સાંભળો, મારી આ આંખો હમણા એક એવી કૌમને જોઇને આવી છે જે કોઇ પણ કિંમતે કે કોઇપણ ભોગે મુહંમદને છોડીને અલગ થનારી નથી. મેં જે કંઇ જોયું તેનો સાચો ચિતાર તમને દર્શાવી દીધો. હવે તમારો શો મત છે એ તમે જાણો અને તમારૂં કામ !"

હઝરત ખિરાશ કુરૈશ તરફ————ઇબ્ને ઇસ્હાક કહે છે : જાણકારો તરફથી મને મળેલી માહિતી મુજબ એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખિરાશ બિન ઉમૈયહ ખુઝાઇ નામે પોતાના સહાબીને બોલાવ્યા. તેમને પોતાના સઅલબ નામે ઊંટ પર સવાર કરાવ્યા અને કુરૈશ તરફ પોતાના એલચી તરીકે મોકલ્યા કે જેથી તેઓ કુરૈશના મોવડીઓને સંદેશો પહોંચાડી દે કે મુહંમદના આવવાનો શો હેતુ છે !

હઝરત ખિરાશ બિન ઉમૈયહ જયારે મક્કહ પહોંચ્યા તો કુરૈશના ઉશ્કેરાયેલા ટોળાંએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટને કાપી નાખ્યો. પછી તેઓ હઝરત ખિરાશને પણ જાનથી મારી નાખવા માગતા હતા એટલામાં અહાબીશના કેટલાક હબશીઓ આવી લાગ્યા. તેઓએ દરમિયાનગીરી કરીને હઝરત ખિરાશને જેમતેમ તેઓના કબજામાંથી છોડાવી લીધા અને મહામેહનતે જાન બચાવીને હઝરત ખિરાશ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચી ગયા.

કુરૈશના મરણિયા જવાનો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની રિવાયત પ્રમાણે કુરૈશના લોકોએ પોતાના ૪૦ અથવા ૫૦ જેટલા મરણિયા જવાનોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પડાવ પાસે જવા માટે તૈયાર કર્યા અને તેઓને સૂચના આપી કે ત્યાં જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની છાવણી ફરતે ચક્કર લગાવે અને જે કોઇ મુસલમાન દોટે ચઢી જાય તેને મારી નાખે. પરંતુ આ ઝનૂની જવાનો પોતે જ મુસલમાનોની દોટે ચઢી ગયા.

બન્યું એમ કે આ ઝનૂની જવાનોએ ઇસ્લામી છાવણીનો ચક્કર લગાવતી વેળા ગુસ્સાથી બેકાબૂ થઇને મુસલમાનો પર તીરો અને પથ્થરોનો મારો ચાલુ કરી દીધો. મુસલમાનોએ તેઓની ફરતે ઘેરો નાખીને બધાને ગિરિફતાર કરી લીધા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લાવીને ઊભા કરી દીધા. આપ તો દયાના સાગર હતા. દુશ્મનો માટે પણ રહમત બનીને પધાર્યા હતા. આપે દયા ખાઇને બધાને બિનશરતે છોડી મૂકવાનો હુકમ ફરમાવી દીધો. (આ શરારતમાં પણ કુરૈશ પોતાના નાપાક હેતુમાં નિષ્ફળ ગયા.)

Maktabe Ashraf

હઝરત ઉસ્માન કુરૈશ તરફ————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમર બિન ખત્તાબને બોલાવીને ફરમાવ્યું, "હે ઉમર ! તમે મક્કહ જાવ અને કુરૈશના મોવડીઓને કહી આવો કે, અમારા આવવાનો હેતુ માત્ર ઉમ્રહ છે લડાઈ નહિ !

હઝરત ઉમરે અદબથી અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આપનો હુકમ સર આંખો પર ! પણ મને મારી જાત માટે કુરૈશ તરફથી ધાસ્તી છે. મક્કહમાં મારા બનૂ અદી બિન કઅબ ખાનદાનનો એક પણ આદમી નથી જે મારો પક્ષ લઈને મારો બચાવ કરી શકે. કુરૈશ સાથે મને જે અદાવત છે અને કુરૈશ પ્રત્યે મારો જે કડક વર્તાવ છે તે આપ જાણો છો. હું જવા માટે તૈયાર છું પણ કદાચ જીવતો પાછો નહિ ફરૂં. માટે યા રસૂલલ્લાહ! હું આપને એવા માણસનું નામ નહિ સૂચવું જે મારા કરતાં શ્રેષ્ઠ છે ?"

ફરમાવ્યું, "તે કોણ ?"

અરજ કરી, "ઉસ્માન બિન અફ્ફાન."

એજ વેળા આપે હઝરત ઉસ્માન બિન અફ્ફાનને બોલાવીને ફરમાવ્યું, "હે ઉસ્માન ! તમે મારા એલચી બનીને અબૂ સુફયાન તેમ કુરૈશી અગ્રેસરો પાસે જાવ અને મારો આ પયગામ પહોંચાડી દો કે, અલ્લાહના રસૂલ જંગ માટે નથી આવેલા. આવવાનો મકસદ ફક્ત બૈતુલ્લાહની ઝિયારત અને ઉમ્રહ છે."

હઝરત ઉસ્માનની હત્યાની અફવા————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ હઝરત ઉસ્માન મક્કહ તરફ રવાના થઈ ગયા. મક્કહમાં દાખલ થવા પહેલાં અથવા પછી અબાન બિન સઈદ બિન આસ નામે ગૃહસ્થ સાથે મુલાકાત થઈ ગઈ. બંને વચ્ચે અગાઉના મૈત્રીભર્યા સંબંધો હતા. અબાન બિન સઈદે હઝરત ઉસ્માનને આવકાર્યા અને આગ્રહપૂર્વક મેહમાન તરીકે પોતાના ઘરમાં રાખ્યા અને ત્યાં સુધી પોતાના આસરામાં રાખ્યા જ્યાં સુધી કે હઝરત ઉસ્માને કુરૈશના અગ્રેસરોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પયગામ નહિ પહોંચાડી દીધો.

પયગામ પહોંચાડતી વેળા અબાન બિન સઈદ પોતે હઝરત ઉસ્માન સાથે કુરૈશ પાસે ગયો. ત્યાં જઈને હઝરત ઉસ્માને અબૂ સુફયાન તથા કુરૈશી સરદારોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પયગામ પહોંચાડયો. પરંતુ કુરૈશે એ પયગામને માનવાની ઘસીને ના પાડી દીધી ત્યારે લાચારીએ હઝરત ઉસ્માન પાછા જવા માટે તૈયાર થઈ ગયા.

કુરૈશી અગ્રેસરો બોલ્યા, "હે ઉસ્માન ! આવ્યા જ છો તો કઅબહનો તવાફ કેમ નથી કરી લેતા? ખુશીથી તવાફ કરીને પછી જાવ !"

હઝરત ઉસ્માને જવાબમાં ફરમાવ્યું, "હું ત્યાં સુધી તવાફ કરી શકું નહિ જ્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે તવાફ નહિ કરે !"

આ જવાબથી કુરૈશી અગ્રેસરો છંછેડાઈ ગયા. એજ વેળા તેઓએ હઝરત ઉસ્માન બિન અફ્ફાનને અટકમાં લઈ લીધા અને કહી દીધું, "હવે તમે તમારી મરજીથી જઈ શકો નહિ !"

આ તરફ આગળ ધારેલી રીતે આ મામલો બની ગયો. બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનોને એવા સમાચાર મળ્યા કે મક્કહના કુરૈશે હઝરત ઉસ્માનને કતલ કરી નાખ્યા છે.

Maktabe Ashraf

સુલ્હે-હુદૈબિયહનો ઉપસંહાર

જિહાદની બરકતો————હુદૈબિયહ મક્કહથી એક મંઝિલ એટલે ૯ માઇલના અંતરે આવેલા એક કૂવાનું નામ છે. એની આજુબાજુના વિસ્તારમાં એક ગામ વસેલું છે એ પણ હુદૈબિયહના નામે પંકાયેલું છે. એની ભૂમિનો મોટો ભાગ હરમની હદમાં દાખલ છે. બાકીનો ભાગ ''હિલ્લ'' છે એટલે હરમની હદથી ખારિજ છે. કેટલાકે લખ્યું છે કે હુદૈબિયહનું અસલ જૂનું નામ ''મિરાઉઝ-ઝહરાન'' હતું. આજે એનું વર્તમાન નામ ''શુમૈસી'' છે અને આખા અરબમાં એજ નામે જાણીતું છે.

કુર્આને-કરીમમાં સૂરએ-ફત્હમાં આપેલી વધામણી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખ્વાબમાં જોયું કે આપ પોતાના સહાબાની જમાઅત સાથે મક્કહમાં દાખલ થઇ ગયા અને કઅબહની મસ્જિદે-હરામમાં પહોંચીને ઉમ્રહની ક્રિયાઓ કરી અને પછી આપના સહાબામાંથી કેટલાકે પોતાના વાળો મૂંડાવી લીધા અને કેટલાકે કાતરથી કપાવી લીધા.

આ ખ્વાબ જોતાં જ બૈતુલ્લાહની મહબ્બતે ઉછાળો માર્યો. કઅબહના દર્શનની જે ચિણગારી મનમાં દબાયેલી હતી એકાએક ભડકી ઊઠી. સહાબા આગળ ખ્વાબની વિગત દર્શાવી. તેઓને થયું કે અલ્લાહના પ્યારા પયગમ્બરનો ખ્વાબ છે. આ વરસે જ આપણે મક્કહમાં પ્રવેશીને કઅબહમાં દાખલ થઇ જઇશું. કુરૈશની મજાલ નથી કે આપણને અટકાવી શકે. બસ મોં જોતા જ રહી જશે. બધાએ જોરશોરથી ઉમ્રહની તૈયારી કરવા માંડી.

એક તે સમય હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મક્કહમાં રહેવાનું ત્રાસવાદી કુરૈશે આગની પથારી જેવું બનાવી દીધું હતું. લાચારીએ પોતાનું પ્યારૂં વતન છોડીને મદીનહ નાસી જવું પડયું. વતનથી બે-વતન કરવા પછી પણ સંગદિલ કુરૈશે આપનો પીછો છોડયો ન હતો. આજે આ હાલત હતી કે આતંકવાદીઓની ઇજાઓની પરવા કર્યા વગર મક્કહમાં દાખલ થઇ જવાની જોશભેર તૈયારીઓ થવા લાગી. આ પલટો કેવી રીતે આવી ગયો ? કેમ અલ્લાહના દુશ્મનોનું જોર તૂટી ગયું હતું ? શા કારણે તેઓની ધાક વાયુમાં વિલીન થઇ ગઇ હતી ?————એ બધી જિહાદની બરકતો હતી. તે સમય વીતી ગયો હતો જયારે એક ગાલ પર તમાચો ખાઇને બીજો ગાલ ધરી દેવો પડતો હતો. જિહાદના ઇમાની જુસ્સાએ તેઓના ત્રાસવાદના સ્ક્રોરાં ઢીલાં કરી દીધાં હતાં. સહાબાએ પોતાના તન-મન-ધન અલ્લાહને વેચી દીધાં હતાં અને અલ્લાહએ તેઓ પાસેથી એ બધું ખરીદી લીધું હતું જન્નતના બદલામાં.

લશ્કરનું વ્યવસ્થિત તંત્ર————સોમવારનો દિવસ હતો. સન ૬ હિજરીનો ઝુલ-કઅદનો મહિનો હતો. ઇ.સ. ૬૨૮ ના માર્ચમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉમ્રહને ઇરાદે મક્કહ જવાનું ઠરાવ્યું. ૧૫ સો મુહાજિરીન અને અન્સારની નૂરાની જમાઅત આપની તહેનાતમાં હતી. મદીનહથી કૂચ કરીને ઝુલ-

Maktabe Ashraf

હુલૈફહ મુકામે પહોંચ્યા. ઝુહરની નમાઝ નબીઓના ઈમામની ઈમામતમાં અદા કરી. અહીં જ ઉમ્રહની નિય્યતે એહરામ બાંધ્યો અને હઝરત બુસ્ર બિન સુફયાન નામે સહાબીને જાસૂસ બનાવીને કુરૈશની બાતમી મેળવવા આગળ રવાના કરી દીધા. કુરૈશ સાથે જંગનો કોઇ ઈરાદો ન હતો. કોઇ પ્રકારના લડાયક હથિયારો સાથે લીધાં ન હતાં. ફકત એટલાં હથિયારો સાથે લીધાં જેટલાં એક મુસાફિર માટે પ્રવાસમાં જરૂરી હોય છે.

જાસૂસે આવીને સમાચાર આપ્યા કે કુરૈશે ખબર થતાં જ લશ્કર ભેગું કરી લીધું છે અને આપને મક્કહમાં દાખલ નહિ થવા માટે મરવા-મારવાનો આખેરી નિર્ણય કરી લીધો છે. જો કે જાહિલિયતના કાનૂન મુજબ પણ કઅબહના દર્શન માટે એહરામ બાંધીને આવનારા યાત્રીઓને————ખાસ કરીને હરામ મહિનાઓમાં આવનારાઓને અટકાવવાનો કોઇને અધિકાર ન હતો. આ કાનૂન બાપદાદાના જમાનાથી ઊતરી આવતો હતો અને અમલી કાનૂન તરીકે આખા અરબમાં પ્રચલિત હતો.

એ પછી સમાચાર મળ્યા કે ખાલિદ બિન વલીદની કમાન હેઠળ બસો મરણિયા જવાનોની લશ્કરી ટુકડી ''કુરાઉન-નઈમ'' સ્થળે પહોંચી ગઇ છે. આ સ્થળ મક્કહની મુખ્ય સડકને નાકે આવેલું હોવાથી અહીંથી જ થઈને મક્કહ જવાતું હતું. આ ખબર મળતાં ખૂનરેઝીને ટાળવા આપે રસ્તો બદલી નાખ્યો. એક પથરીલી, ખરબચડી, પગના તળિયાં છોલી નાખનારી ભૂમિમાંથી થઈને આપ હુદૈબિયહ પહોંચી ગયા. એ આપની સમયસૂચકતા, સતેજ બુધ્ધિ અને આપના અદ્‌ભૂત જાસૂસીતંત્રનો કમાલ હતો. તે તરફ ખાલિદ બિન વલીદ પોતાના લડવૈયાઓ સાથે રાહ જોતો રહી ગયો. ખાલિદની ચાલ આપની પયગમ્બરી ચાલ આગળ પાણી ભરતી હતી. ઈતિહાસકારો મુજબ એજ તે વસ્તુ છે જેણે ખાલિદ બિન વલીદ જેવા યુધ્ધવીર સિંહને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ગુલામીમાં પહોંચાડી દીધા.ખાલિદ પોતે પણ જંગી ચાલો અને લશ્કરી વ્યૂહ-રચનાઓના બાદશાહ હતા. એજ ''સુલ્હે-હુદૈબિયહ'' પછી મદીનહ જઈને રાજીખુશીથી મુસલમાન બની ગયા. બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખાલિદ બિન વલીદની સિંહ જેવી બહાદુરી અને એજ અદ્‌ભુત જંગી ચાલોને કારણે એમને ''સૈફુલ્લાહ'' એટલે અલ્લાહની તલવારના અઝીમુશ-શાન ખિતાબથી બિરદાવી લીધા.

રસૂલુલ્લાહ (સલ.)નો દ્રઢ નિર્ણય————હુદૈબિયહના આ સ્થળેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની ઊંટણીની લગામ મક્કહની દિશા તરફ ફેરવી દીધી તો લાગલી જ ઊંટણી જમીન પર બેસી પડી. ઉઠાડવાના અનેક પ્રયત્નો કર્યા પણ ઊંટણી બેઠી તે બેઠી. આપે ફરમાવ્યું, ''બેસી પડવાની એની ટેવ નથી પણ એને તે હસ્તીએ રોકી લીધી છે જેણે ''અસહાબે-ફીલ'' એટલે હાથીવાળાઓને રોકી લીધા હતા.

એજ સ્થળે પડાવ નાખવા બાદ બુદૈલ બિન વરકા ખુઝાઈ નામે સરદાર આપની તહેનાતમાં હાજર થયો. એ આપનું ભલું ચાહનાર ભલો ગૃહસ્થ હતો. બોલ્યો, ''મુહંમદ સાહેબ ! કુરૈશે હુદૈબિયહની કોરેમોરેના તમામ ઝરણાંઓ પર કબજો કરી લીધો છે. લશ્કરી જવાનો હથિયારો સજીને પહેરો ભરી રહ્યા છે. છેવટનો એક જ નિર્ણય કે કોઈ પણ ભોગે આપને મક્કહમાં દાખલ નહિ થવા દેશે.''

આપે મક્કમ સ્વરે ફરમાવ્યું, ''અમે લડાઈને ઈરાદે આવેલા નથી. લડાઈએ તો કુરૈશનું ધાણ કાઢી નાખ્યું છે. છતાં એમને લડાઈ વગર કશું ખપતું નથી. સાંભળો બુદૈલ ! કુરૈશની ઇચ્છા હોય તો એક ચોક્કસ મુદ્દતનું સુલેહનામું કરી લેવા તૈયાર છું. એ મુદ્દતમાં અલ્લાહની મદદથી અરબ પર વર્ચસ મેળવી લઉં તો કુરૈશ માટે બે રસ્તા ખુલ્લા

Maktabe Ashraf

છે. કાં મુસલમાન બનવાનું કબૂલ કરી લે, કાં મેદાને પડીને સાચ-જૂઠનો ફેસલો કરી લે. હમણા કુરૈશ-કમજોર છે. લડાઇ કરે તો ઝીંક ઝીલવાની હાલતમાં નથી. જરા થોભી જાય. સુલેહ કરીને વિસામો ખાય લે તો સુલેહની મુદ્દતમાં લડાઇની તૈયારી કરીને બળવાન બની જશે. પછી કુરૈશને લડાઇ જ જોઇતી હશે તો, હું તે અલ્લાહના સોગંદ ખાયને કહું છું જેના અધિકારમાં મારા પ્રાણ છે, તેઓની સાથે હું લડતો જ રહીશ ત્યાં સુધી કે મારી ગરદન કપાઇ જાય. હે અલ્લાહ ! તારી ઇચ્છા મુજબનો ફેસલો કરી દેજે !''

બુદૈલ બિન વરકાએ આ સંદેશો કુરૈશને પહોંચાડયો તો તેઓ છંછેડાઇ ગયા અને તપીને બોલી ઊઠયા, ''તારા જેવા બે કોડીના અરબે અમારા મામલામાં માથું મારવાની જરૂર નથી.'' બુદૈલ મોઢું લટકાવીને ચુપચાપ પોતાના રસ્તે પડી ગયા.

સહાબા વિષે દુશ્મનની ગવાહી——————એ પછી કુરૈશે અહાબીશ નામે સંગઠનના ઉપરી હુલૈસ બિન અલકમાને પોતાનો પ્રતિનિધિ બનાવીને મોકલ્યો. તેણે ઊંટોના ગળામાં પડેલા પટ્ટા જોયા તો સમજી ગયો કે એ કુરબાનીના જાનવરો છે અને મુસલમાન લોકો લડાઇ માટે નહિ, સાચેસાચ કઅબહના દર્શન માટે આવેલા છે. કાનૂન મુજબ મુસલમાનોને અટકાવવાનો કુરૈશને કોઇ અધિકાર નથી. હુલૈસે જે કંઇ જોયું હતું કુરૈશને કહી સંભળાવ્યું. તેની વાત સાંભળીને કુરૈશનો પિત્તો ફરીવાર ઊકળી ઊઠયો. ઠેકડી ઉડાવતાં બોલ્યા, ''અલ્યા હુલૈસ ! તું ખરેખર એક ગામડિયો ગમાર છે. ગમારોને રાજકારણ સાથે શું લાગે વળગે ? જા પોતાનું કામ કર !''

હુલૈસ પણ આ અપમાનથી તપી ગયો તો કુરૈશે ભાઇબાપાના કાલાવાલાથી જેમતેમ કરીને તેને શાંત પાડયો. એ પછી તાઇફના સકીફ કબીલાના આગેવાન ઉર્વહ બિન મસઊદ સકફીએ વચ્ચે પડીને મામલો થાળે પાડવાની કોશિશ કરી પણ કુરૈશના દિલોમાં જામી ગયેલો અદાવતનો મેલકચરો કયાં ધોવાયો હતો. તેઓના દિલોમાં તો વેરનો લાવો ઊકળી રહ્યો હતો. પોતાની હઠને વળગી રહીને કોઇ વાત માનવા તૈયાર નહિ થયા. આ હઠનો ઇલાજ બાદમાં ફત્હે-મક્કહના રૂપમાં જાહેર થયો.

ઉર્વહ બિન મસઊદ સકફીએ તો પાછા વળીને સાફ શબ્દોમાં એમ પણ કહ્યું કે, ''હે કુરૈશ ! વલ્લાહ, હું કૈસર, કિસરા અને નજાશી જેવા બાદશાહોના આલીશાન દરબારો જોઇ ચૂકયો છું. આ બાદશાહોના દરબારીઓ કે નોકર-ચાકરોને, પોતાના બાદશાહોનું એટલું માન જાળવતા મેં નથી જોયા, જેટલું માન મુહંમદના સાથીઓ મુહંમદનું જાળવે છે. મુહંમદ જયારે હાથ-મોં ધોતી વેળા થૂંકારે છે તો, તેમનું થૂંક ઝીલી લેવા એવી પડાપડી થાય છે જાણે હમણાં રમખાણ મચી જશે. જેના નસીબે મુહંમદનું થૂંક આવી જાય તે તેને તબર્રૂક તરીકે પોતાના ચેહરા અને બદન પર મસળી લે છે. જેના નસીબે મુહંમદનું થૂંક નહિ આવે તે અફસોસથી હાથ ઘસતા રહી જાય છે. અને મુહંમદ જયારે નમાઝ માટે હાથ-મોં ધોતા હતા તો મેં જોયું કે લોકો એ પાણીને ઝીલી લેવા માટે આપસમાં લડી પડતા હતા. મુહંમદ જયારે કોઇ કામનો હુકમ આપતા હતા તો તેના પાલનમાં લોકો દોડી પડતા હતા. તેમની વાતો વેળા એવો સન્નાટો છવાઇ જતો જાણે બધાને માથે ચકલાં બેઠેલાં હોય. કોઇની મજાલ ન હતી કે નજર ઉઠાવીને તેમની સામું જોઇ લે. આ બધી વાતો હું મારી આંખે જોઇને આવ્યો છું. માટે હે કુરૈશ ! મુહંમદે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને માની લેવામાં જ તમારી બેહતરી છે. પછી તો તમે જાણો ને તમારૂં કામ !''

સાહસખેડુ જુવાનિયાઓનું પરાક્રમ——————આ પ્રસંગે કુરૈશના કેટલાક જોશીલા જુવાનિયાઓએ ભેગા થઇને વિચાર કર્યો કે મુસલમાનો દાવમાં આવેલા છે. વતનથી દૂર છે. કોઇ કુમક કે મદદ એમને મળી શકે એમ

Maktabe Ashraf

નથી. આ મળેલી તક ઝડપી લઇને આપણે બહાદુરીનું કોઇ એવું પરાક્રમ કરી બતાવવું જોઇએ જેને સાંભળીને આપણા વડીલો અને મોવડીઓ ખુશ થઇ જાય અને આપણને શાબાશી આપીને ધન્યવાદના પોકારોથી વધાવી લે.

વિચારણાને અંતે નક્કી એવું કર્યું કે રાતના અંધારાંનો લાભ લઇને મુસલમાનોના પડાવ પર છાપો મારીએ અને ઓચિંતા તૂટી પડીને થોડાકને કતલ કરીને ધમાચકડી મચાવી દઇએ. જાન બચાવવાની નાસભાગમાં કોઇને કોઇના હોશ ન હશે. એજ તક ઝડપી લઇને મુહંમદનું કામ તમામ કરી નાખીશું અને આપણા નામનો ડંકો બજી જશે.

પણ મૂર્ખાઓના સ્વર્ગમાં રાચનારા આ જુવાનિયા જાણતા ન હતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાથીઓ ઘેટાંઓનું ટોળું નથી, સાવચેત સિંહ જેવા છે. તેઓ કઅબહના દર્શન માટે આવેલા ફક્ત યાત્રાળુ નથી બલકે લોખંડી સાંકળની મજબૂત કડીઓ પેઠે એક વ્યવસ્થિત જાસૂસી-તંત્ર ધરાવનાર લશ્કર પણ છે. કટોકટી વેળા યાત્રાળુ છાવણીને લશ્કરી છાવણીમાં ફેરવી શકે છે.

જેવા જ આ સાહસખેડુ જુવાનિયાઓ મુસલમાનોની છાવણી પાસે પહોંચ્યા કે અંધારાંમાં પહેરો ભરતા સંત્રીઓના હાથે ઝડપાઇ ગયા. પહેરેગીરોના ઉપરીનું નામ હઝરત મુહંમદ બિન મસ્લમહ હતું જેઓ છાપામાર પ્રવૃત્તિમાં ચોમેર પંકાયેલા હતા. બધાએ મળીને જુવાનિયાઓને ગિરિફ્તાર કરી લીધા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઇ જાઇને ઊભા કરી દીધા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શુભેચ્છા અને સુલેહના સંદેશા તરીકે આ ઉછાછળા જુવાનિયાઓને માફી આપીને આઝાદ કરી દીધા. મુસલમાનોની આ ઉદારદિલી આ ચોકસાઇ અને સમય વર્તે સાવધાનની નીતિએ દુશ્મનોના દિલો પર ગેહરી છાપ પાડી. પારહ ૨૬ સૂરતુલ-ફત્હમાં આ બનાવનું બયાન થયેલું છે.

હઝરત ઉસ્માન ગની અને કુરૈશ—————હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે કુરૈશ પાસે સુલેહની વાતચીત માટે પોતાના એવા એલચીને મોકલવાનું ઠરાવ્યું જે અંગત માનમોભો ધરાવવા ઉપરાંત બાહોશીની સાથે રાજનીતિનો માહિર હોય અને વિવેક-બુધ્ધિથી મુસલમાનોનો કેસ કુરૈશ આગળ રજૂ કરી શકે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પસંદગી હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુ પર ઊતરી. કુરૈશ પણ એમનું માન જાળવતા હતા. મક્કહ પહોંચીને હઝરત ઉસ્માને ભારે કુશળતાથી મુસલમાનોનો કેસ રજૂ કરી દીધો. પણ કુરૈશના મોવડીઓએ ચાલુ વરસે મુસલમાનોને મક્કહમાં દાખલ થવાની ધસીને ના પાડી દીધી. સાથે જ હઝરત ઉસ્માનના માનમોભાનો ખ્યાલ કરીને ફર્માઇશ કરી. ''ઉસ્માન ! તમારી ઇચ્છા હોય તો કઅબહનો તવાફ કરી લો. અમને વાંધો નથી.''

લડાઇખોર મોવડીઓએ આપેલું આ માન જેવું તેવું ન હતું. પણ હઝરત ઉસ્માને તેઓની ઉદાર ફર્માઇશને ઠુકરાવી દીધી અને આ વાત પસંદ નહિ કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તવાફ કરવા પહેલાં પોતે તવાફ કરી લે. પોતાના આકા અને મવલા તો તવાફની તમન્નામાં તડપતા રહે અને એક ગુલામ, આગળ વધીને તવાફ કરી લે એનાથી મોટી બે-અદબી બીજી શું હોય શકે ? ખરેખર એક સાચા આશિકે-રસૂલની એજ શાન હોય છે. જેમકે જવાબમાં હઝરત ઉસ્માને બેધડક ફરમાવી દીધું, ''જ્યાં સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તવાફ નહિ કરે, હું તવાફ કરી શકું નહિ.''

Maktabe Ashraf

મૃત્યુ પર બૈઅત————આ જવાબ સાંભળીને કુરૈશ ખામોશ થઇ ગયા પણ તેઓએ હઝરત ઉસ્માનને રોકી લીધા. એક તરફ હઝરત ઉસ્માનની વાપસીમાં અસાધારણ વિલંબ થયો બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે કુરૈશે હઝરત ઉસ્માનને શહીદ કરી નાખ્યા છે. તે વેળા આપ ત્યાં આવેલા એક ઝાડ હેઠળ બિરાજમાન હતા. આ પ્રસંગે આપે પયગમ્બરી ઈલ્મની રોશનીમાં એક એવો નિર્ણય લીધો જેણે મુસલમાનોને, કટોકટીના મામલામાં શું નિર્ણય લેવો તેનો રસ્તો બતાવી દીધો. આપે ફરમાવ્યું :

"આ સ્થળેથી આપણે ત્યાં સુધી ટળવાના નથી જ્યાં સુધી કે ઉસ્માનના ખૂનનો બદલો નહિ વાળી લઇએ."

એજ વેળા આપે મૃત્યુ પર બૈઅત લેવાનું એલાન ફરમાવી દીધું. ચારે તરફથી લોકો તૂટી પડયા. બધાએ જોશ અને જુસ્સાથી આપના મુબારક હાથ પર આ વાતની પ્રતિજ્ઞા લીધી કે મરી જઈશું પણ લડાઇનું મેદાન નહિ છોડીશું.

અલ્લાહ તઆલાને મુસલમાનોની આ ફિદાકારી, આ જાં-નિસારી, આ વફાદારી અને એક મુસલમાનની જાનનો બદલો લેવાનો દ્રઢ સંકલ્પ એટલો પસંદ પડયો કે આસમાન પરથી ખૂશ્નૂદીની વધામણી મળી ગઇ. એટલે જ ઝાડ હેઠળ લીધેલી આ બૈઅતને "બૈઅતે-રિદવાન" કહે છે. રિદવાન એટલે ખુશ્નૂદી, રઝામંદી, પ્રસન્નતા. સૂરતુલ-ફત્હમાં એનું બયાન થયેલું છે : લકદ રદિયલ્લાહુ અનિલ-મુઅમિનીન.... એટલે અલ્લાહ પ્રસન્ન થઇ ગયો મુસલમાનોથી જ્યારે કે તેઓ બૈઅત લેતા હતા એક ઝાડ હેઠળ.

જ્યારે મૃત્યુની બૈઅતના સમાચાર મક્કહના કુરૈશને મળ્યા તો તેઓ ભયથી થથરી ઊઠયા. ગંભીર બનેલી કટોકટીને શમાવવા તેઓએ કહેણ મોકલાવી કે ઉસ્માન મક્કહમાં સલામત છે અને કુરૈશનો તાજો જવાબ લઇને આવી રહ્યા છે. હઝરત ઉસ્માને આવીને કહ્યું કે કુરૈશ સુલેહનો માનભર્યો રસ્તો લેવા માગે છે. તેઓનો આગ્રહ છે કે આ વરસે મુસલમાનો પાછા ચાલ્યા જાય કે જેથી અરબના લોકો એમ ન કહે કે મુસલમાનો બળ વાપરીને મક્કહમાં પ્રવેશી ગયા અને કુરૈશ મોં જોતા રહી ગયા.

એ પછી કુરૈશે સુલેહની વાટાઘાટનો સિલસિલો શરૂ કર્યો. જેનું વિગતવાર બયાન આપણે આ કિતાબમાં વાંચી આવ્યા છીએ. અહીં સવાલ આ ઊભો થાય છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મદીનહથી રવાના થયા તો હુદૈબિયહમાં જઇને પડાવ નાખવાનું આપના પ્રોગ્રામમાં ન હતું, ન મક્કહ જતી વેળા હુદૈબિયહ આપના રસ્તામાં આવતું હતું. પછી હુદૈબિયહમાં જઇને પડાવ નાખવાનું શું કારણ હતું ?

હુદૈબિયહમાં પધરામણીનું કારણ————બાબત એમ બની કે જયારે ઝુલ-હુલૈફહ મુકામેથી ઉમ્રહનો એહરામ બાંધીને આપ પોતાના કાફલા સાથે ઉસ્ફાન નામના ગામે પહોંચ્યા તો આપને સમાચાર મળ્યા કે કુરૈશી લશ્કર મક્કહના રસ્તે આવેલા ઝી-તુવા સ્થળે આપની સાથે ટક્કર લેવા તૈયાર ઊભેલું છે. અને ખાલિદ બિન વલીદ પોતાના લશ્કરી જવાનો સાથે તેથીયે આગળ વધીને આપનો રસ્તો અટકાવવા, ઉસ્ફાનથી થોડે દૂર આવેલા "કુરાઉન-નઈમ" સ્થળે મુકાબલા માટે તૈયાર છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બધા જ સાથીઓ સિંહ જેવા બહાદુર અને અનુભવોથી ઘડાયેલા લડવૈયા હતા. દોઢ હજાર યાત્રાળુઓનો કાફલો આંખના પલકારામાં લડનારા લશ્કરનું રૂપ લઇ શકતો હતો. પરંતુ આ રીતે શાંતિ અને સલામતીના પયગમ્બર તરીકેનો આપનો મૂળ હેતુ માર્યો જતો હતો. આપ

Maktabe Ashraf

લડવા માટે હરગિઝ પધારેલા ન હતા. કુરૈશની આ લડાઈખોર મનોદશા પર આપે પોતાનો ખેદ જાહેર કર્યો અને નાહક ખૂનરેઝીથી બચવા માટે આપે જોરથી ફરમાવ્યું, "કોઈ છે જે અમને એવા રસ્તેથી મક્કહ લઈ જાય કે કુરૈશી લશ્કરનો સામનો નહિ થવા પામે."

"યા રસૂલલ્લાહ ! હું આ સેવા માટે હાજર છું." ઈસ્લામી કાફલામાંથી એક જવાન ઊભા થઈ ગયા અને તેઓ આ કાફલાને એક ખતરનાક, ખરબચડી, ઢેકાઢળિયાવાળી ભૂમિમાંથી લઈ જવા લાગ્યા. પથરીલી, ખાડા ખૈયાવાળી જમીનના નોકીલા પથરાઓથી લોકોના પગો છોલાઈ ગયા. જેમતેમ કરીને કાફલો હુદૈબિયહની ભૂમિમાં દાખલ થયો પણ અહીં પહોંચતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી બેસી પડી અને એવી બેઠી કે તેણે ઊઠવાનું નામ નહિ લીધું. ઊંટણીને ખુદ અલ્લાહ તઆલાએ બેસાડી દીધી હતી.

ઝુલ-કઅદહનો મહિનો એવા ચાર મહિનાઓમાંથી હતો જેમાં લડાઈ, મારામારી, ખૂનરેઝી તમામ અરબો કને હરામ લેખાતી હતી. બધા એ મહિનાઓનું માન જાળવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું માનવું હતું કે કુરૈશ પણ આ મહિનાનું માન જાળવશે અને મક્કહમાં દાખલ થવાથી અટકાવશે નહિ. પરંતુ કુરૈશ હઠના એવા પાકા નીકળ્યા કે લશ્કર તૈયાર કરીને લડવા માટે રસ્તામાં ઊભા થઈ ગયા. છેવટે સુહૈલ બિન અમ્રને કુરૈશે સુલેહની શરતો માટે પોતાના એલચી તરીકે આપની પાસે મોકલાવ્યો. આપ પોતે પણ સુલેહ, શાંતિ અને સલામતીના પયગમ્બર હતા. આપે સુહૈલ બિન અમ્રને વધાવી લીધો અને કુરૈશની મનગમતી શરતો મુજબ સુલેહનામુ કરી લીધું. એમાંની કેટલીક શરતો એવી હતી જેને મુસલમાન લોકો પોતાને માટે નામોશી ભરેલી લેખતા હતા અને હઝરત ઉમર ફારૂક સહિત ઘણા લોકો તેનાથી ખૂબ નારાજ હતા અને કહેતા હતા કે કુરૈશથી દબાઈ જઈને સુલેહ કરવાની શી જરૂર છે ?

સુહૈલ અને તેનો બેટો અબૂ જન્દલ————માનવંતા સહાબાની આ નારાજી પરાકાષ્ટાએ ત્યારે પહોંચી ગઈ જ્યારે સુલેહનામા પર સહીસિક્કા થતાં જ એક યુવક બેડીઓ ખખડાવતો ત્યાં આવી લાગ્યો. એ યુવકનું નામ અબૂ જન્દલ હતું. એજ સુહૈલ બિન અમ્રનો નવજવાન બેટો હતો. મુસલમાન બનવાને વાંકે સુહૈલે એને એક અંધારી કોટડીમાં કેદ કરીને હાથપગોમાં બેડીઓ નાખી દીધી હતી. આવતાં જ એણે ઊંચા સાદે કહ્યું, "હે મુસલમાનો ! હું તમારી સામે મદીનહ જવા માગું છું."

લાગલો જ એક તમાચો એના ગાલ પર પડ્યો. સુહૈલે ગુસ્સામાં ઊભા થઈને એને તમાચો મારી દીધો હતો. એનાથી માલુમ પડે છે કે મક્કહમાં સુહૈલ પોતાના બેટા સાથે કેવો વર્તાવ કરતો હતો. જરા પણ સુહૈલે વિચાર નહિ કર્યો કે અત્યારે પોતે મુસલમાનોના કેમ્પમાં છે. અને હમણા થોડીવાર પહેલાં મુસલમાનોએ લોહીના છેલ્લાં ટીપાં સુધી કુરૈશ સાથે લડી લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. એમ પણ સુલેહનામાની નામોશી ભરેલી શરતોને કારણે મુસલમાનોની લાગણીઓ ઉશ્કેરાયેલી હતી. સુહૈલને પોતાની ભૂલનું ભાન ન હતું કે ઉશ્કેરાયેલા મુસલમાનોની આંખોની સામે, એક લાચાર મુસલમાનને તમાચો મારીને તે તેઓની લાગણીઓને ઓરબી ભડકાવી રહ્યો છે.

હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુના ઈમાની જુસ્સાએ ઉછાળો માર્યો. તલવાર સાથે અબૂ જન્દલ તરફ ખસી ગયા એવા વિચારે કે એના ગાલનો ઘા તાજો છે. કદાચ મારા હાથમાંથી તલવાર ઝૂંટવીને બાપનું ડોકું ઉડાવી દે ! પરંતુ અબૂ જન્દલ એટલા નાલાયક બેટા ન હતા કે ઝનૂનમાં આવીને મુરબ્બી બાપનું જ ડોકું ઉડાવી દે. નાલાયક કે ઝનૂની હોત તો મુસલમાન જ શા માટે બનતે !

સુહૈલે સુલેહનામાની એક કલમનો હવાલો આપતાં કહ્યું, "હે મુહંમદ ! અબૂ જન્દલને મક્કહ પાછો મોકલાવવો પડશે. શરતને આધારે તમે એને મદીનહ લઇ જઈ શકતા નથી."

"હા વચન-પાલન એક મુસલમાનનું સર્વોપરિ કર્તવ્ય છે." એ પછી આપે હઝરત અબૂ જન્દલને તસલ્લી આપતાં ફરમાવ્યું. "અબૂ-જન્દલ ! સબર કરો, ધીરજથી કામ લો. અલ્લાહ તમારા માટે આઝાદીનો કોઇ રસ્તો કરી આપશે. અમે વચન-પાલન માટે બંધાયેલા છીએ."

બીબી ઉમ્મે સલમાની સલાહ————એ પછી આપે મુસલમાનોને કુરબાની કરવાનો અને વાળો મુંડાવવાનો હુકમ ફરમાવ્યો. પણ હઝરત અબૂબક્ર અને થોડાક મુસલમાનો સિવાય કોઇ ઊઠયું નહિ. બધા નારાજીની હાલતમાં બેસી રહ્યા. આ રંગ જોઇને આપ ઉદાસ ચેહરે પોતાના તંબૂમાં તશરીફ લઇ ગયા. આ સફરમાં આપના પાક બેગમ હઝરત બીબી ઉમ્મે સલમા રદિયલ્લાહુ અન્હા આપના સંગાથે હતાં. નૂરની ચેહરા પર ઉદાસીની રેખાઓ જોઇને પૂછયું, "યા રસૂલલ્લાહ ! શું મામલો છે ?"

"કોઇ સાંભળતું નથી. કોઇ મારૂં કહ્યું માનતું નથી."

"યા રસૂલલ્લાહ ! તેઓને થઇ ગયું છે કે દુશ્મનથી દબાઇને સુલેહ કરી છે. એની નામોશીના ભારથી નારાજીની હાલતમાં ગુમસૂમ બેઠેલા છે. પરવાનગી હોય તો એક સલાહ આપું."

"હા કહો શું સલાહ છે ?"

"યા રસૂલલ્લાહ ! આપ પોતે તેઓના દેખતાં કુરબાનીની શરૂઆત કરો."

માનવંતા સહાબા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આશિકો અને ગુલામો હતા. તેઓએ જોયું કે અમારા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુરબાની કરી રહ્યા છે. બધા જ આંખના પલકારામાં ઊભા થઇને કુરબાની માટે દોડી પડયા. આ રીતે એક ઉલઝેલો મામલો આંખના પલકારામાં સુલઝી ગયો.

અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સલાહ આપનાર એક સ્ત્રી હતી. એ કોઇ મામૂલી નહિ, મારા તમારા અને જગતના તમામ મુસલમાનોના સરોના તાજ જેવાં હઝરત બીબી ઉમ્મે સલમા હતાં, જેઓ આપણા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ અને જગતભરના મુસલમાનોના માનવંતા અમ્માંજી હતાં. એનાથી અંદાજો કાઢી લો કે ઇસ્લામમાં એક મુસલમાન સ્ત્રીનું શું સ્થાન છે ? અલ્લાહના લાખો સલામ હો આપણા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ! અને અલ્લાહના લાખો સલામ હો આપણા માનવંતા અમ્માંજી હઝરત બીબી ઉમ્મે સલમા રદિયલ્લાહુ અન્હા પર !

હુદૈબિયહનું ચમત્કારી ઝાડ————હવે હુદૈબિયહના પેલા બાવળના ઝાડનું બયાન વાંચો જેનું બયાન કુર્આન શરીફમાં થયું છે અને જેના સાયા હેઠળ બિરાજમાન થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક હાથ પર પોતાના દોઢ હજાર ફિદાકારો પાસેથી મોતની બૈઅત લીધી હતી. આ ઝાડ બીજા ઝાડો પેઠે એક મામૂલી ઝાડ હતું. જેમ બીજા ઝાડો ઊગી નીકળે છે એ પણ હુદૈબિયહની ભૂમિમાં ઊગી નીકળ્યું હતું. પણ એની ખુબી એ હતી કે એના સાયા હેઠળ અલ્લાહના પયગમ્બરે બૈઅત લીધી હતી. બસ એજ ખૂબી, સમયના વહેણની સાથે દયુપયુ અકીદાના લોકોની ગુમરાહીનું કારણ બની ગઇ.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતની એક મુદ્દત પછી લોકો આ ઝાડને બરકતવાળું અને ગૈબી ચમત્કારો વાળું ઝાડ સમજવા લાગ્યા. શયતાને તેઓને બહેકાવી દીધા કે આ ઝાડ કોઈ મામૂલી ઝાડ નથી. એના સાયા હેઠળ અલ્લાહના પયગમ્બર બિરાજમાન થયા હતા. અલ્લાહના પયગમ્બરની સોબતની બરકતથી એ ઝાડ ચમત્કારી ઝાડ બની ગયું છે. એના વસીલાથી મુરાદો માગનારની મોં માગી મુરાદો પૂરી થઈ જાય છે. જો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કોઈને ફરમાવ્યું ન હતું કે હું અલ્લાહનો પયગમ્બર છું. મેં આ ઝાડ હેઠળ બેસીને બૈઅત લીધી છે. મારી સોબતની અસરથી ઝાડ બરકતવાળું બની ગયું છે. તમે અહીં આવીને મુરાદો માગજો. તમારી બધી મુરાદો પૂરી થઈ જશે. અલ્લાહની પનાહ ! અલ્લાહના પયગમ્બર અલ્લાહને છોડીને ઝાડ પાસે મુરાદો માગવાની બિદઅતોનો કેવી રીતે હુકમ ફરમાવી શકતા હતા ?

પણ બન્યું એમ જ......આપની વફાત શરીફની એક મુદ્દત પછી આ ઝાડ હેઠળ, ઉપજાવી કાઢેલી બિદઅતોના ઢોંગધતૂરા ચાલુ થઈ ગયા. ઢચુપચુ અકીદાના લોકો અહીં આવીને મુરાદો માગવા લાગ્યા. એ હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુની ખિલાફતનો જાહોજલાલીવાળો યુગ હતો.

ઈસ્લામી ઈતિહાસમાં આ વાતનું બયાન મવજૂદ છે કે ફારૂકી ખિલાફતના જાહોજલાલીવાળા યુગમાં ઢિલમિલ-યકીન એટલે ઢચુપચુ અકીદાના લોકોએ આ ઝાડને પોતાની હાજતો અને મુરાદોનું મથક બનાવી લીધું હતું. આ જાહિલોને શયતાને એવાં ઊંઠાં ભણાવી દીધાં હતાં કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બેઠકનું ઝાડ હોવાથી એમાં મુરાદો પૂરી કરવાનો ગૈબી ચમત્કાર આવી ગયો છે. ઝાડના થડ અને ડાળખીઓ પર લટકતી રંગબેરંગી ચીંદરડીઓ, કોડિયાંઓના તેલમાં ટમટમતા દીવા, કાળા રંગના ધાગાદોરાઓની લટકતી હજારો ગાંઠો, વાયુમાં ફરફર થતો ઝંડો અને ઝંડીઓ તથા સ્ત્રીઓના વાળોના ગુચ્છાઓની પાછળ, એવા જાહિલોની ભેદભરેલી કહાણીઓ છુપાયેલી હતી જેઓ અવલાદ કે પુત્ર માટે ઝંખતા હતા. જેઓ મગરૂર હઠીલી માશૂકાને તાબે કરવા માગતા હતા. જેઓ વેપારમાં બરકત કે દૌલતની તમન્ના ધરાવતા હતા. જેઓ જિનભૂતની ઝાપટ કે ચુડેલ-ડાકણના વળગાડથી છૂટવા માગતા હતા. અને દરેક કામમાં કામયાબીની મુરાદો લઈને આવતા હતા.

હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુને ખબર પડી. હઝરત ઉમરનો સીનો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કેળવણીથી અલ્લાહની તવહીદનો એવો જ્વાળામુખી બનેલો હતો જે શિર્ક અને બિદઅતના દરેક શયતાની રૂપને બાળીને ભસ્મ કરી નાખતો હતો. તરત ઝાડને કાપી નાખવાનો હુકમ ફરમાવી દીધો. સરકારી વટહુકમનું પાલન કરવામાં આવ્યું. ઝાડને જડમૂળથી એવું કાપી નાખવામાં આવ્યું કે હુદૈબિયહની ભૂમિમાં આજે તેનું નામોનિશાન બાકી નથી.

હઝરત ઉમર ફારૂક તે જાહોજલાલીવાળા ખલીફા છે જેમના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું, "મારા પછી કોઈને પયગમ્બરી મળતે તો તે ઉમર બિન ખત્તાબ છે." અને એમ પણ ફરમાવ્યું, "ઉમર જે ગલીમાંથી પસાર થઈ જાય, શયતાન ત્યાંથી ઊભી પૂછડીએ ભાગી છૂટે છે." (ગુજરાતી સંપાદક તરફથી.)

Maktabe Ashraf

પ્રકરણ ૧૨૯

બૈઅતે-રિદ્‌વાનની કુર્આની ઘટના

કુરૈશ સાથે લડી લેવાની પ્રતિજ્ઞા • બૈઅતમાં ટપી જનારા સહાબી • કુરૈશ તરફથી સુલેહની કોશિશ • હઝરત ઉમરનો ઈમાની જુસ્સો • હઝરત ઉમરનો પારાવાર પસ્તાવો • સુલેહનામું અને તેનું લખાણ • હુદૈબિયહનું સુલેહનામું • બંને પક્ષે જોડાઈ જનારા કબીલા • લખાણ વેળા બનેલો બનાવ • બાપ-બેટા વચ્ચે ખેંચાતાણી • સુલેહનામાના સાક્ષીઓ • ઊંટોની કુરબાની અને સરમૂંડન • ચાંદીના છલ્લાંવાળું અબૂ જહલનું ઊંટ • ઈન્ના ફતહના લક ફત્હમ-મુબીના • બૈઅતે-રિદ્‌વાન : અલ્લાહની ખુશનૂદી • રસૂલુલ્લાહ (સલ.)ના ખ્વાબનો મામલો • મુસલમાનોને મળેલી શાનદાર ફતેહ • અબૂ બસીરને પાછા જવાનો હુકમ • અબૂ બસીરનું પરાક્રમ • અબૂ બસીરની છાપામાર પ્રવૃત્તિ • શરત પાછી ખેંચી લેવાની દરખાસ્ત • મરનાર આમિરીની દિયતનો મામલો • બીબી ઉમ્મે-કુલસૂમની હિજરત • કાફિર સ્ત્રીઓની તલાકનો હુકમ • ફત્હે-મક્કહની બશારત વિષે સવાલ.

કુરૈશ સાથે લડી લેવાની પ્રતિજ્ઞા——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબૂબક્રની આ રિવાયત મળી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે એવા સમાચાર મળ્યા કે, મક્કહના કુરૈશી મુશરિકોએ હઝરત ઉસમાન બિન અફ્ફાનને કતલ કરી નાખ્યા છે તો આપે મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું :

> "હવે આપણે આ સ્થળેથી ત્યાં સુધી નહિ હટીએ જયાં સુધી કે કુરૈશની કૌમ સાથે જંગ કરીને ઉસમાનના ખૂનનો બદલો નહિ વાળી લઈએ !"

એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બૈઅત લેવાનું આમંત્રણ આપી દીધું અને આ તેજ ઘટના છે જેનું કુર્આની નામ "બૈઅતે-રિદ્‌વાન" છે. બૈઅતની વિધિ ત્યાં આવેલા એક ઝાડ હેઠળ પતાવવામાં આવી. બૈઅત કરનારા લોકોનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ત્યાં આવેલા એક ઝાડ હેઠળ અમારી પાસેથી મૃત્યુ માટેની બૈઅત લીધી હતી.

એથી વિરૂધ્ધ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું કહેવું એમ છે કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમારી કનેથી મૃત્યુ માટેની નહિ, બલકે અમે કોઈ પણ સંજોગોમાં ત્યાંથી ભાગીશું નહિ તે વાતની બૈઅત લીધી હતી."

Maktabe Ashraf

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ વધુમાં ફરમાવે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બૈઅત લેવા માંડી તો એક પણ મુસલમાન એવો હતો નહિ જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત નહિ લીધી હોય, અથવા પાછીપાની કે આનાકાની કીધી હોય ! અલબત્ત જદ્દ બિન કૈસ બિન સખ્ર નામના મુસલમાને બૈઅત લેવામાં પાછીપાની કીધી એ શખ્સ બનૂ સલિમહની બિરાદરીમાંથી હતો.

હઝરત જાબિર ફરમાવતા હતા, "અલ્લાહના સોગંદ ! જાણે હું અત્યારે પણ જોઈ રહ્યો છું કે જદ્દ બિન કૈસ પોતાની ઊંટણીના પગો પાછળ લપાઈ રહ્યો છે કે જેથી લોકોની નજરોથી છુપાઈ જાય ! આ હરકત બાદ તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે આવીને ઊભો થઈ ગયો અને બોલ્યો, "હે અલ્લાહના રસૂલ ! ઉસ્માન વિષે જે સમાચાર મળ્યા છે તે તદ્દન ખોટા અને વજૂદ વગરના છે."

બૈઅતમાં ટપી જનારા સહાબી——————ઈબ્ને હિશામ કહે છે : ઈસ્માઈલ બિન અબી ખાલિદ શુઅબીની રિવાયત મુજબ બૈઅતની જાહેરાત થતાં જ સૌથી પહેલાં જે મુસલમાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કીધી તે હઝરત અબૂ સિનાન અસદી નામના સહાબી હતા.

આપે પૂછયું, "અબૂ સિનાન ! તું કઈ વાતની બૈઅત કરે છે ?"

અબૂ સિનાન બોલ્યા, "તે વાતની જે મારા મનમાં છે."

ફરમાવ્યું, "તારા મનમાં શું છે ?"

બોલ્યા, "યા રસૂલલ્લાહ ! મારા મનમાં આ વાત છે કે તલવાર ત્યાં સુધી ચલાવતો રહું કે અલ્લાહ આપને ફતેહમંદી આપે, અને નહિ તો આ રાહમાં હું મારી જાન કુરબાન કરી દઉં !"

આ સાંભળીને તરત જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે પોતાના મુબારક હાથ પર તેમની બૈઅત લઈ લીધી. એ પછી તમામ સહાબાએ એક પછી એક આગળ બઢીને પોતાની જાનો કુરબાન કરી દેવાની બૈઅત કરી લીધી.

ઈબ્ને હિશામ કહે છે : ઈબ્ને અબી મુલૈકહ બિન અબૂ ઉમરની સનદી રિવાયત મુજબ જ્યારે તમામ સહાબા બૈઅતથી પરવારી ગયા તો સૌથી છેલ્લે હઝરત ઉસ્માન બિન અફ્ફાન તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે બૈઅત લીધી. તે એવી રીતે કે આપે પોતાનો ડાબો હાથ પોતાના જમણા હાથ પર મૂકી લીધો અને ફરમાવ્યું, "આ બૈઅત ઉસ્માન તરફથી છે."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પાકે પાયે ખબર મળી કે હઝરત ઉસ્માનની કતલ વિષે મળેલા સમાચાર સાચા નથી એકદમ ખોટા છે. એના સંદર્ભમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનો પાસેથી જે બૈઅત લીધી તેનું નામ "બૈઅતે-રિદ્વાન" છે.[1]

કુરૈશ તરફથી સુલેહની કોશિશ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને શિહાબ ઝુહરીના બયાન

---

૧. બૈઅતે-રિદ્વાનનું બયાન અલ્લાહ તઆલાએ કુર્આને-મજીદની સૂરએ-ફત્હમાં કર્યું છે. બાકીની વિગત આગળ આવે છે. કુરૈશને આ બૈઅતના સમાચાર મળતાં તેઓ એટલા ભયભિત થઈ ગયા કે તેઓએ સુલેહ માટેની વાતચીત માટે સુહૈલ બિન અમ્રને મોકલવાનું નક્કી કર્યું. "હ"

મુજબ કુરૈશી અગ્રેસરોએ બનૂ આમિર બિન લુઐયવાળા સુહૈલ બિન અમ્રને પોતાનો એલચી બનાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મોકલ્યો. [૧]

કુરૈશે તેને સૂચના આપતાં કહ્યું, ''સુહૈલ ! તમે મુહંમદ પાસે જઈને સુલેહની વાટાઘાટ કરો. પણ સુલેહની શરતોમાં આ વાત બેહદ જરૂરી છે કે મુહંમદ આ વરસે કોઈ પણ ભોગે મક્કહમાં દાખલ નહિ થવા પામે અને પાછા જવા જ જોઈએ. કેમકે અલ્લાહના સોગંદ ! અગર તેઓ મક્કહમાં દાખલ થઈ ગયા તો અરબના લોકો ટાણા મારશે કે મુસલમાનો બળનો ઉપયોગ કરીને મક્કહમાં પ્રવેશી ગયા અને કુરૈશ બુઝદિલ હતા કે તેઓનું મોં જોતા રહી ગયા !''

આ સૂચનો લઈને સુહૈલ બિન અમ્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા રવાના થયો. સુહૈલને આવતો જોઈને આપે પોતાના સહાબાને ફરમાવ્યું, ''કદ સહુલ-લકુમ મિન અમ્રિકુમ.'' એટલે નક્કી તમારો મામલો સહેલો બની ગયો. [૨]

એ પછી આપે ફરમાવ્યું, ''આ ગૃહસ્થને મોકલાવીને કુરૈશ હવે આપણી સાથે સુલેહ કરવા તૈયાર થયા છે.''

સારાંશ કે સુહૈલ બિન અમ્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો અને તેણે અહીંતહીંની વાતોમાં વાતચીતનો વિસ્તાર લંબાવી દીધો. આમ છતાં છેવટે આપસમાં સુલેહ થઈ ગઈ. ફકત સુલેહનામાનું લખાણ બાકી રહ્યું. [૩]

હઝરત ઉમરનો ઈમાની જુસ્સો————ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી જયારે સુલેહનો મામલો એકદમ પાકો થઈ ગયો અને ફકત સુલેહનામાનું લખાણ કરવાનું બાકી રહી ગયું તો સુલેહનામાની શરતોનું પલ્લું કુરૈશ પક્ષે નમેલું હોવાથી હઝરત ઉમર ફારૂક ઝપાટાભેર હઝરત અબૂબક્ર પાસે પહોંચી ગયા અને કહેવા લાગ્યા.

હઝરત ઉમર — ''અબૂબક્ર ! શું આ રસૂલ અલ્લાહના પયગમ્બર નથી ?''

હઝરત અબૂબક્ર — ''કેમ નહિ, બેશક તેઓ અલ્લાહના સાચા પયગમ્બર છે.''

હઝરત ઉમર — ''શું આપણે મુસલમાન નથી ?''

હઝરત અબૂબક્ર — ''કેમ નહિ, બેશક આપણે મુસલમાન છીએ.''

---

૧. સુહૈલ બિન અમ્ર ફત્હે-મક્કહ પછી મુસલમાન બન્યા. અત્યારે પાકા મુશરિક અને મૂર્તિપૂજાના ધર્મ પર મક્કમ હતા. મક્કહના પંકાયેલા મહાન શાઈર, સભાઓ ગજાવનારા પ્રખર વકતા અને તીવ્ર બુધ્ધિના વિદ્વાન ગૃહસ્થ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં નિંદા-કાવ્યો રચીને મજલિસો ગજાવતા હતા. જંગે-બદ્રમાં કેદ થયા તો હઝરત ઉમરે અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! સુહૈલના આગલા બે દાંતો તોડી નાખીએ કે જેથી પ્રવચન ન કરી શકે. ''ફરમાવ્યું,'' ઉમર ! હું એના અંગનો કોઈ ભાગ વિકૃત બનાવું તો નબી હોવા છતાં અલ્લાહ મારાં અંગનો કોઈ ભાગ પણ વિકૃત બનાવી દે !'' પછી આપે દયા ખાઈને સુહૈલને આઝાદ કરી દીધા. દાંત પણ એમના સલામત રહ્યા અને કેદથી પણ છૂટી ગયા. મુસલમાન બનવા બાદ ઈસ્લામ પર મક્કમ બની ગયા; એટલા મક્કમ કે જયારે ઈરતિદાદ એટલે ઈસ્લામથી ફરી જવાનો ફિત્નો ફેલાયો તો તલવાર તાણીને મેદાને નીકળી પડયા અને લલકાર્યા, ''જોઉં છું-કોણ મુર્તદ બને છે ?''એમની આ મર્દાનગીથી ઊગતો ફિત્નો જોતજોતામાં શમી ગયો.''હ''

૨. સુહૈલ અરબીના સહલમાંથી નીકળેલો શબ્દ છે. એના અર્થ સહૂલત, નરમી, સરલતા, આસાની વગેરે થાય છે. હદીસ શરીફમાં છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કોઈ વાત પરથી શુભશુકન લેવાનું પસંદ હતું. જેથી સુહૈલને જોઈને એમના નામ પરથી ઉપલા શબ્દો ફરમાવ્યા. ''હ''

3. આ સુલેહની શરતોનું પલ્લું ચોખ્ખી રીતે કુરૈશ પક્ષે નમેલું હતું. જાહેર રીતે લાગતું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશથી દબાઈ જઈને સુલેહ કરી લીધી છે. ''હ''

હઝરત ઉમર —— "શું કુરૈશ મુશરિક નથી ?"

હઝરત અબૂબક્ર —— "કેમ નહિ, બેશક તેઓ મુશરિક છે."

હઝરત ઉમર —— "ત્યારે દીનના મામલામાં દબાઈ જઈને સુલેહ કરવી એ શું આપણા માટે નામોશી ભરેલું નથી ?"

હઝરત અબૂબક્ર —— "હે ઉમર ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો દામન મજબૂતીથી પકડી રાખો. હું ગવાહી આપું છું કે મુહંમદ અલ્લાહના રસૂલ છે."

એ પછી હઝરત ઉમર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને કહેવા લાગ્યા :

હઝરત ઉમર ——"યા રસૂલલ્લાહ ! શું આપ અલ્લાહના રસૂલ નથી ?"

રસૂલુલ્લાહ સલ.——"કેમ નહિ, બેશક હું અલ્લાહનો રસૂલ છું."

હઝરત ઉમર ——"યા રસૂલલ્લાહ ! શું આપણે મુસલમાન નથી ?"

રસૂલુલ્લાહ સલ.——"કેમ નહિ, બેશક આપણે મુસલમાન છીએ."

હઝરત ઉમર —— "શું કુરૈશ મુશરિક નથી ?"

રસૂલુલ્લાહ સલ. —— "બેશક તેઓ મુશરિક છે."

હઝરત ઉમર —— "ત્યારે યા રસૂલલ્લાહ ! શું દીનના મામલામાં દબાઈ જઈને સુલેહ કરી લેવી તે આપણા માટે નામોશીની વાત નથી ?"

રસૂલુલ્લાહ સલ. —— "હે ઉમર ! હું અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છું. હું તેના હુકમનો અનાદર કોઈ પણ રીતે કરી શકતો નથી. અલ્લાહ મને કયારેય બરબાદ નહિ થવા દે."

હઝરત ઉમરનો પારાવાર પસ્તાવો————ઈબ્ને શિહાબ ઝુહરીનું બયાન છે : હઝરત ઉમર તે વેળા ઈમાની જુસ્સાની હાલતમાં આ બધું બોલી તો ગયા પણ પછી પોતાની આ બેધડક વાતચીત પર તેમના પસ્તાવોનો પાર ન રહ્યો. તેઓ ખૂબ પસ્તાયા, બેહદ શરમાયા, ધારધાર રડયા અને અનરાધાર રડતા રહ્યા. બાદમાં હઝરત ઉમર ફરમાવ્યા કરતા, "એ પ્રસંગે જે કંઈ હું બોલી ગયો તેના પસ્તાવા રૂપે હું ગરીબો, મિસ્કીનો, નાદારોને ખૂબ દાન-ખેરાત કરતો રહ્યો., રોઝહ રાખતો રહ્યો. નમાઝો પઢતો રહ્યો. ગુલામોને આઝાદ કરતો રહ્યો; તે વાતચીતના ડરથી જે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરી હતી, ત્યાં સુધી કે મને આશા બંધાઈ કે હવે અલ્લાહએ ચાહ્યું તો મારો મામલો સલામતીથી પાર ઊતરી જશે."

સુલેહનામું અને તેનું લખાણ————ઈબ્ને શિહાબ ઝુહરીનું બયાન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સુલેહનામાના લખાણ માટે હઝરત અલી બિન અબી તાલિબને બોલાવ્યા અને ફરમાવ્યું, "હે અલી ! લખો :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

"બિસ્મિલ્લાહ"ના બોલો સાંભળતાં જ સુહૈલ બિન અમ્ર બોલી ઊઠયો, "હે મુહંમદ ! આ તમારા

Maktabe Ashraf

શબ્દો હું નથી જાણતો. એ બોલો અમને નહિ ખપે. એની જગાએ લખાવો : "બિસ્મિક અલ્લા-હુમ્મ !" એના અર્થ છે : તારા નામથી હે અલ્લાહ ! [૧]

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે અલી ! એમ જ લખો: "બિસ્મિક અલ્લાહુમ્મ !"

હઝરત અલીએ હુકમનું પાલન કરીને સુહૈલની ઈચ્છા મુજબ એજ શબ્દો કાગળને મથાળે લખી દીધા.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અલી ! લખો :

"હાઝા મા સાલહા અલૈહિ મુહમ્મદુર રસૂલુલ્લાહ."

એટલે આ તે કરારનામું છે જેના પર અલ્લાહના રસૂલ મુહંમદએ સુહૈલ બિન અમ્ર સાથે સુલેહ કરી લીધી.

"મુહમ્મદુર રસૂલુલ્લાહ" ના શબ્દો સાંભળીને સુહૈલ ચમકી ઊઠયો અને બોલ્યો, "હે મુહંમદ! અમે તમને અલ્લાહના રસૂલ માની લેત તો જંગની આ કટોકટી શા માટે સર્જાત ! જુઓ, એ શબ્દો પણ અમને નહિ ખપે. માટે "રસૂલુલ્લાહ"ને બદલે ફકત તમારૂં અને તમારા બાપાજીનું નામ લખાવો."

હુદૈબિયહનું સુલેહનામું————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સુહૈલ બિન અમ્ર સાથે નક્કી થયેલી શરતો મુજબનું સુલેહનામું લખાવતાં હઝરત અલીને ફરમાવ્યું," અલી ! લખો :

હાઝા મા સાલહા અલૈહિ	આ તે કરારનામું છે જે પર સુલેહ કરી લીધી
મુહમ્મદુબ્નુ અબ્દિલ્લાહિ	મુહંમદ બિન અબ્દુલ્લાહએ
સુહૈલબ્ન અમ્રિન.	સુહૈલ બિન અમ્રની સાથે.
ઈસ્તલહા અલા :	બંને પક્ષ સંમત થઈ ગયા આ વાત પર કે :
વદઅ્લ - હર્બિ	લડાઈ સંકેલી લેવામાં આવી
અનિન-નાસિ અશ્રુ સિનીન.	લોકો તરફથી દસ વરસ સુધી.
યઅમનુ ફીહિન-નાસ.	લોકો એ ગાળામાં શાંતિનું જીવન ગુજારશે,
વ યકુફ્ફુ બઅદુહુમ અન બઅદ.	અને તેઓ એકબીજાથી હાથ રોકેલા રાખશે,
અલા અન્નહૂ મન અતા	એવી શરતે કે જે માણસ નાસીને આવશે,
મુહમ્મદન મિન કુરૈશિન	મુહંમદ પાસે કુરૈશ પક્ષ તરફથી,
બિ-ગયરિ ઈઝનિ વલીય-યિહી	તેના વાલીની રજા વગર તો,
રદ્દહૂ અલૈહિમ.	મુહંમદ તેને પાછો મોકલાવી દેશે કુરૈશ પાસે.
વ મન જાઅ કુરૈશન	અને જે માણસ નાસીને જશે કુરૈશ પાસે,
મિમ્મમ મઅ મુહમ્મદુન	મુહંમદના સાથીઓમાંથી તો,
લમ યરુદ-દૂહુ અલૈહિ.	કુરૈશ તેને પાછો નહિ મોકલાવશે મુહંમદ પાસે.

૧. તે સમયે અરબમાં લખાણને મથાળે એજ શબ્દો લખવાનો રિવાજ ચાલ્યો આવતો હતો. બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમના આકાશી-જન્નતી શબ્દો ઇસ્લામે આવીને અરબોને શીખાડયા. "હ"

Maktabe Ashraf

વ ઈમ બૈનના ઐબત	અને વળી દિલોમાં છુપાયેલી અદાવતો,
મક-ફૂ-ફહ:	દિલોમાં જ રહેશે,
વ અન્નહૂ લા અસ્લાલ	અને તેને ન તો જાહેર કરવામાં આવશે,
વ લા અગલાલ.	અને ન વચનભંગ કે વિશ્વાસઘાત કરવામાં આવશે.
વ અન્નહૂ મન અહબ્બ અંય	અને વળી જે કોઈ એમ ઇચ્છે કે,
યદખુલ ફી અકદે-મુહંમદિંવ	જોડાઈ જાય મુહંમદ સાથેની સંધિમાં,
વ અહદિહી દખલ ફીહ.	અને તેમના કરારનામામાં તો, તે તેમાં જોડાઈ જાય.
વ મન અહબ્બ અંય યદખુલ	અને જે કોઈ એમ ઇચ્છે કે જોડાઈ જાય,
ફી અકદે કુરૈશિન	કુરૈશ સાથેની સંધિમાં,
વ અહદિ હિમ	અને કુરૈશના કરારનામામાં,
દખલ ફીહ.	તો તે તેમાં જોડાઈ જાય.

સંપાદકનો વધારો——————બંને પક્ષની સંમતિથી જે સુલેહનામું તૈયાર કરવામાં આવ્યું તેની વિગત સીરતની બીજી કિતાબોને આધારે નીચે મુજબ છે :

૧—— તારા નામથી હે અલ્લાહ !

૨—— આ તે સુલેહનામું છે જે મુહંમદ બિન અબ્દુલ્લાહ અને સુહૈલ બિન અમ્ર વચ્ચે નક્કી થયું.

૩—— બંને પક્ષ વચ્ચે દસ વરસ સુધી લડાઈ સંકેલી લેવાનું એકમતે ઠરાવવામાં આવ્યું છે. એ દરમિયાન લોકોએ સુખશાંતિ અને અમ્નો-અમાનથી રહેવું. કોઇ એકબીજા સાથે આથડે નહિ.

૪—— મુહંમદના સાથીઓમાંથી જે માણસ હજ્જ, ઉમ્રહ કે વેપાર અર્થે મક્કહ આવે તેને, તેની જાન અને માલનું રક્ષાણ મળશે. કુરૈશનો જે માણસ વેપાર અર્થે મિસર, શામ કે ઇરાક જવા માટે મદીનહથી પસાર થાય તેને, તેની જાન અને માલનું રક્ષાણ મળશે.

૫—— કુરૈશનો કોઇ માણસ પોતાના વાલી કે વડીલની રજા વગર નાસીને મુહંમદ પાસે ચાલ્યો જશે તો મુહંમદ તેને પાછો મોકલાવી દેશે. અને મુહંમદના સાથીઓમાંથી કોઈ માણસ નાસીને કુરૈશ પાસે આવશે તો કુરૈશ તેને પાછો મોકલાવશે નહિ.

જાહેરમાં આ શરત દેખીતી રીતે મુસલમાનો માટે બેહદ આકરી અને નામોશીભરેલી હતી. હઝરત ઉમરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શું આપ વાત પર રાજી છો કે આપણા માણસને તેઓ પાછો નહિ મોકલાવે અને તેઓના માણસને આપણે પાછો મોકલાવી દઇએ ?"

આપે ફરમાવ્યું, "હા મારો જે માણસ નાસીને કુરૈશ પાસે ચાલ્યો જશે તે મુનાફિક હશે જેથી તેનું ચાલ્યા જવું જ બેહતર છે. અલબત્ત કુરૈશ પાસેથી નાસીને આવેલા મુસલમાનને આપણે પાછો મોકલાવી દઇશું તો અલ્લાહ તઆલા જલદી તેના છુટકારાનો કોઇ રસ્તો કરી દેશે."

Maktabe Ashraf

૬—— બંને પક્ષના લોકોના સીના અકબંધ રહેશે. દિલોમાં છુપાયેલી અદાવતો દિલોમાં જ રહેશે. ન તેને જાહેર કરવામાં આવશે, ન કરારભંગ કે વિશ્વાસઘાત કરવામાં આવશે.

એટલે અગાઉની લડાઈઓ અને દુશ્મનીઓને કારણે દિલોમાં જે વેરઝેર અને કીના-કપટનો મેલ-કચરો જામી ગયો છે તેને ધોઇ ખુરચીને દિલોને સાફસૂથરાં અને સ્વચ્છ કરી નાખવાં પડશે. એને આધારે ન સુલેહભંગ કરી શકાશે ન વિશ્વાસઘાત કે ગદ્દારી કરી શકાશે અને ન વેરની વસૂલાત જેવું કોઈ પગલું લઇ શકાશે. જાહેરી અને બાતિની રીતે એકબીજાના જાનમાલ એકબીજાથી સલામત રહેશે. બહારનો કોઈ દુશ્મન પણ ફરકું મારી શકશે નહિ.

૭—— અરબના કબીલાઓમાંથી જેને મુહંમદના પક્ષમાં જોડાઈ જવું હોય તો તે તેમ કરી શકે છે. અને અરબના કબીલાઓમાંથી જેને કુરૈશના પક્ષમાં જોડાઈ જવું હોય તો તે તેમ કરી શકે છે.

આ શરતાને આધારે એ જ વેળા બનૂ ખુઝાઅહનો કબીલો મુસલમાનોના પક્ષમાં જોડાઈ ગયો અને બનૂબક્રનો કબીલો કુરૈશના પક્ષમાં જોડાઈ ગયો. એની વિગત આગળ આવે છે.

૮—— આ વરસે મુહંમદ પોતાના સાથીઓ સાથે મક્કહમાં દાખલ નહિ થશે અને ઉમ્રહ કર્યા વગર પાછા ચાલ્યા જશે. અલબત્ત આવતા વરસે કુરૈશ મક્કહથી બહાર ચાલ્યા જશે અને મુહંમદ તથા તેમના સાથીઓ મક્કહમાં દાખલ થઈને ત્રણ રાતો થોભી શકશે. મુહંમદ સાથે ફક્ત સવારીનું હથિયાર હશે. એટલે ફક્ત તલવાર લાવી શકશે અને એ તલવાર પણ મિયાનમાં બંધ હશે અને મિયાન પણ કોઈ થેલામાં બંધ હશે. એ સિવાય બીજું કોઈ હથિયાર લાવશે નહિ.

૯—— કુરબાનીના જે જાનવરો મુહંમદ પોતાની સાથે લાવેલા છે એ જાનવરો અત્યારે જ્યાં ઊભેલાં છે ત્યાં જ તેઓની કુરબાની કરવી પડશે. મક્કહમાં લઈ જઈને કુરબાની નહિ કરશે. અને છેવટમાં આ વાતની ચોખવટ કે અમારા અને તમારા હકો કે અધિકારો સરખા જ હશે.

આ બધી વાતો સીરત-ગ્રંથો અને મુસ્લિમ શરીફ વગેરે હદીસ-ગ્રંથમાં લખેલી છે. સંપાદકનું લખાણ પૂરું થયું. અસલ કિતાબનું લખાણ વાંચો. ''હ''

બંને પક્ષે જોડાઈ જનારા કબીલા——————ઈબ્ને ઈસ્હાક કહે છે : આ સુલેહનામાનું લખાણ પૂરું થતાં જ બનૂ ખુઝાઅહ કબીલાના લોકો ઊભા થઇ ગયા અને તેજીથી આગળ વધીને બોલ્યા, ''લોકો! સાંભળી લો, આ સંધિમાં અમે મુહંમદના પક્ષે મુસલમાનો સાથે જોડાઈએ છીએ !''

એમનું સાંભળીને બનૂબક્ર કબીલાના લોકો ઝપાટાભેર ઊભા થઈને બોલી ઊઠયા, ''હે લોકો ! સાંભળો, આ સંધિ અને આ કરારમાં અમે કુરૈશ પક્ષે જોડાઈએ છીએ !'' [1]

---

૧. બનૂ ખુઝાઅહ અને બનૂબક્રના કબીલા મક્કહની આજુબાજુમાં વસેલા હતા. બંને વચ્ચે જાહિલિયતના યુગથી બાપમાર્યાની દુશ્મની ચાલી આવતી હતી. ખુઝાઅહના લોકો મુસલમાનો પ્રત્યે હમદર્દી ધરાવતા હતા જેથી તેઓ આ સંધિમાં મુસલમાનો સાથે જોડાઇ ગયા. એજ ખુઝાઅહ કબીલાના બુદૈલ બિન વરકા નામે સરદાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સંદેશો લઇને કુરૈશ પાસે ગયા હતા પણ કુરૈશે એમના માથે પક્ષપાતનો આરોપ મૂકીને એમને ધુત્કારી કાઢયા હતા. જુઓ પેજ ૯૬૨. ''હ''

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને કુરૈશ વચ્ચે સુલેહનામાનું જે લખાણ થયું તેમાં બાકીની શરતો આ પ્રમાણે હતી :

•—— મુહંમદ અને આપના સાથીઓ આ વરસે મક્કહમાં દાખલ થશે નહિ. કઅબહનો ઉમ્રહ કર્યા વગર પાછા જશે. આવતા વરસે ઉમ્રહ માટે આવી શકશે. મક્કહમાં ફક્ત ત્રણ દિવસ રોકાઇ શકશે. એ દરમિયાન કુરૈશના લોકો તેઓ માટે મક્કહ ખાલી કરીને બહાર ચાલ્યા જશે.

•—— મુસલમાન લોકો પોતાની સાથે લડાઇના હથિયાર લાવી શકશે નહિ. ફક્ત એક-એક તલવાર લાવી શકશે, તે પણ મિયાનમાં, ગિલાફોમાં કે થેલાઓમાં લપેટાયેલી હશે.

લખાણ વેળા બનેલો બનાવ————ઇબ્ને ઇસ્હાક કહે છે : સુલેહનામાનું લખાણ ચાલુ જ હતું ત્યાં એક અજીબ બનાવ બની ગયો. સુહૈલ બિન અમ્રના એક જવાન બેટાનું નામ અબૂ જન્દલ હતું. મુસલમાન બનવાને વાંકે કુરૈશે અબૂ જન્દલના પગોમાં બેડીઓ નાખીને એમને મક્કહના એક ઘરમાં કેદ કરી દીધા હતા. સુલેહનામાનું લખાણ ચાલુ હતું ત્યાં અચાનક અબુ જન્દલ સાંકળો ખખડાવતા, ડગુમગુ ચાલે પડતા આખડતા આવી લાગ્યા. નસીબની યારીથી કુરૈશની કેદમાંથી છટકીને અબૂ જન્દલને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચવાનો મોકો મળી ગયો હતો.

અત્યારે પરિસ્થિતિ એવી હતી કે એક તરફ સુલેહનામાનું લખાણ લખાઇ રહ્યું છે. બીજી તરફ મુસલમાનો સુલેહની શરતોથી નારાજ હોવાથી ત્યાંથી ઊઠીને ચાલ્યા ગયા હતા. કેમકે શરૂમાં તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખ્વાબની વાતો સાંભળીને હોંશે-હોંશે ઉમ્રહ માટે આવ્યા હતા. [1] આ ખ્વાબને આધારે ઉમ્રહની સાથે-સાથે મક્કહને ફતેહ કરી લેવાની પણ તેઓને ખાતરી હતી, જેમાં કોઇ તરહની શંકા ન હતી. હવે જયારે તેઓએ જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશથી દબાઇને નાછૂટકે સુલેહની શરતો સ્વીકારી લીધી છે અને ઉમ્રહ કર્યા વગર પાછા જવાનું કબૂલ કરી લીધું છે તો, તેઓની આશાઓ પડી ભાંગી હતી. એટલે ન ઉમ્રહ નસીબ થયો ન મક્કહ ફતેહ થયું. આ કારણે તેઓ બેહદ ગમગીન અને ઉદાસ હતા. આ પરિસ્થિતિને તેઓ પોતાના મૃત્યુ સમાન લેખતા હતા.

સંપાદકની નોંધ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશથી દબાઇ જઇને કે સસ્તું જોખીને જે સુલેહ કરી લીધી તેમાં બેશુમાર હિકમતો અને રહસ્યો છુપાયેલાં હતાં. આજ સુધી કુરૈશે જેટલી લડાઇઓ કરી તેમાં બીજા કબીલાઓની આગેવાની પણ કુરૈશે જ લીધી હતી. આ સુલેહ વેળા કુરૈશે એ કબીલાઓને પડતા મૂકયા હતા અને કોઇને તેમાં ભાગ લેવાનું આમંત્રણ આપ્યું ન હતું. કુરૈશે ફક્ત બનૂબક્ર કબીલાના જોડાણથી સંતોષ માની લીધો. બીજા કબીલા નારાજ થઇ ગયા અને કુરૈશ એ બધા કબીલાથી વિખૂટા પડી ગયા. એમ પણ જંગે-ખન્દકમાં કુરૈશની ખુમારી કે તુમાખી નીકળી ગઇ હતી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પેશગોઇ ફરમાવી હતી કે આજ પછી કુરૈશ મદીનહ પર ચઢાઇ કરી શકશે નહિ. આપ તેઓને વધુથી વધુ ઢીલ આપીને ચાહતા હતા કે એ લોકો મુસલમાન બની જાય તો અરબના બીજા કબીલાઓ માટે ઇસ્લામનો રસ્તો ખુલી જાય. કેમકે કુરૈશના લોકો કઅબહને પ્રતાપે આખા અરબના ધર્મનેતા કે બાદશાહ ગણાતા હતા. ''હ''

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ ખ્વાબની વિગત અમે પ્રકરણની શરૂઆતમાં દર્શાવી દીધી છે કેમકે ત્યાં એ ખ્વાબની વિગત લખેલી ન હતી. આ ખ્વાબનું બયાન સૂરએ-ફત્હમાં થયેલું છે. ''હ''

બાપ-બેટા વચ્ચે ખેંચાતાણી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : પોતાના બેટા અબૂ જન્દલને જોતાં જ સુહેલ બિન અમ્રે આગળ ધસીને તેના મોં પર તમાચો માર્યો અને તેની ગળચી પકડી લીધી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ જોઈને કહ્યું, "હે મુહંમદ ! અબૂ જન્દલના આવવા પહેલાં મારી અને તમારી વચ્ચે મામલો નક્કી થઈ ચૂકયો છે."

આપે ફરમાવ્યું, "હે સુહેલ ! તમે સાચું કહ્યું."

સુહેલ બિન અમ્રે અબૂ જન્દલની ગળચી પકડીને તેને પોતાના તરફ ખેંચવા માંડયો, બાપ-બેટા વચ્ચે ખેંચાતાણી થવા લાગી. સુહેલનો હેતુ આ હતો કે અબૂ જન્દલને ખેંચીતાણીને કુરૈશની ટોળીમાં ઘુસાડી દે. બીજી તરફ અબૂ જન્દલે ચિલ્લાઈને ઘાંટો ગજાવ્યો, "હે મુસલમાનો ! શું તમે મને પાછો મુશરિકોને હવાલે કરશો કે જેથી તેઓ મારા દીન-ઈમાનનો ખુરદો કરી નાખે ?"

અબૂ જન્દલના આ કરૂણ ઘાંટાએ મુસલમાનોના રોમાંચ ખડાં કરી દીધાં. એમ પણ બધા મુસલમાનો બેહદ ઉદાસ અને ગમગીન હતા. ઓરભી તેઓ આકળ-વિકળ થઈ ગયા.

એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે અબૂ જન્દલ ! સબર કરો, ધીરજથી કામ લો, આખિરતના ઈનામનો ખ્યાલ કરો. અલ્લાહ તમારા માટે અને તમારા લાચાર સાથીઓ માટે છુટકારાનો કોઈ રસ્તો કાઢી આપશે. અમે અમારી અને આ કૌમ વચ્ચે સુલેહનું કરારનામું કરી લીધું છે. આ કરારનામા પર અમે અને એમણે અલ્લાહના સોગંદ ખાધા છે. આ સોગંદ કોઈ પણ ભોગે તોડવા અમે તૈયાર નથી."

ઈબ્ને શિહાબ ઝુહરી કહે છે : "હઝરત ઉમર ઠેકડો મારીને અબૂ જન્દલ પાસે પહોંચી ગયા અને તેમના પડખે લાગીને ચાલવા લાગ્યા અને મંદ-સ્વરે બોલ્યા, "અબૂ જન્દલ ! ધીરજથી કામ લો. આ લોકો હડહડતા કાફિર છે. એમનું લોહી કૂતરાના લોહી જેવું છે."

ઈબ્ને શિહાબ ઝુહરી વધુમાં ઉમેરે છે : "હઝરત ઉમર આમ કહેતી વેળા વારંવાર પોતાની તલવારની મૂઠ અબૂ જન્દલના હાથ પાસે લઈ જતા હતા. હઝરત ઉમરના કથન મુજબ કે, "હું ધારતો હતો કે અબૂ જન્દલ મારા હાથમાંથી તલવાર ખેંચી લઈને પોતાના બાપને કતલ કરી નાખશે. પરંતુ આ નેકદિલ જવાને પોતાના બાપના મરતબાનો ખ્યાલ કર્યો અને સુલેહનો કાયદો લખાઈને લાગુ પડી ગયો."

સુલેહનામાના સાક્ષીઓ——————સુલેહનામું તૈયાર થઈ ગયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેની ઉપર અમુક મુસલમાનો અને અમુક મુશરિકોની, સાક્ષીઓ તરીકે સહી કરાવી. તેઓના નામો આ છે :

મુસ્લિમ પક્ષના સાક્ષીઓ :

(૧) હઝરત અબૂબક્ર બિન અબી કુહાફહ રદિયલ્લાહુ અન્હુ.

(૨) હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુ.

(૩) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હુ.

(૪) હઝરત અબ્દુલ્લાહ બિન સુહૈલ બિન અમ્ર રદિયલ્લાહુ અન્હુ.

(૫) હઝરત સઅદ બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુ.

(૬) હઝરત મહમૂદ બિન મસ્લમહ રદિયલ્લાહુ અન્હુ.

(૭) હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ.

મુશરિક પક્ષના સાક્ષીઓ :

(૧) મુકરિઝ બિન હફ્સ અને એમના સાથીઓ. (મુકરિઝ બિન હફ્સ હજુ સુધી મુસલમાન બન્યા ન હતા.)

સુલેહનામું લખનાર : હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ. [1]

ઊંટોની કુરબાની અને સરમૂંડન————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તંબૂઓ હુદૈબિયહમાં "હિલ્લ" એટલે હરમની હદની બહાર ઊભા કરેલા હતા પણ નમાઝ તંબૂમાં પઢવાને બદલે આપ હરમની ભૂમિ પર પઢતા હતા. હરમની હદ હુદૈબિયહની લગોલગ આવેલી હતી. [2]

સુલેહનામાના મામલાથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુરબાનીના ઊંટો પાસે પધાર્યા. આ ઊંટોને આપે પોતાના મુબારક હાથથી ઝબહ કર્યા. એ પછી ત્યાં જ બેસીને આપે પોતાના મુબારક સરનું મૂંડન કરાવ્યું. એ દિવસે જે ગૃહસ્થે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું સરમૂંડન કર્યું તેમનું નામ, મને મળેલી માહિતી મુજબ હઝરત ખિરાશ બિન ઉમૈયહ બિન ફઝલ ખુઝાઈ હતું.

જ્યારે મુસલમાનોએ જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઊંટો ઝબહ કર્યા અને સરમૂંડન કરાવ્યું તો પોતે પણ દોડી-દોડીને કુરબાની તથા સરમૂંડન કરાવવા લાગી ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિદ્વાન સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનું બયાન છે : સુલ્હે-હુદૈબિયહને દિવસે કેટલાક મુસલમાનોએ પોતાના આખા માથાના વાળ અસ્તરાથી મૂંડાવી નાખ્યા ત્યારે કેટલાકે મૂંડાવવાને બદલે કાતરથી કપાવી લીધા.

એ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "યરહમુ-હુલ્લાહુલ-મુહલ-લિકીન!" એટલે મૂંડન કરાવનારાઓ પર અલ્લાહ રહમ ફરમાવે !

લોકોએ પૂછ્યું, "વલ-મુકસ્સેરીન યા રસૂલલ્લાહ ?" એટલે કાતરથી કપાવનારાઓ પર યા રસૂલલ્લાહ?

જવાબમાં આપે ફરમાવ્યું, "યરહમુ-હુલ્લાહુલ-મુહલ-લિકીન !"

લોકોએ બીજી વાર પૂછયુ તો એજ જવાબ મળ્યો અને જ્યારે લોકોએ ત્રીજીવાર પૂછ્યુ, "વલ-મુકસ્સેરીન યા રસૂલલ્લાહ ?"

તો આપે ફરમાવ્યું, "વલ-મુકસ્સેરીન !" એટલે કાતરથી કપાવનારાઓ પર પણ અલ્લાહ રહમ ફરમાવે! ભલે તેઓએ મૂંડાવ્યા નહિ.

લોકોએ પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! મૂંડાવનારાઓ પર આપે આટલો બધો ભાર મૂકયો પણ કપાવનારાઓ

---

૧. સુલેહનામાની એક નકલ મુસલમાનો પાસે રહી અને બીજી નકલ સુહૈલ બિન અમ્રને આપવામાં આવી. "હ"

૨. હુદૈબિયહ અસલમાં એક કૂવાનું નામ છે. એજ નામે ત્યાં એક નાનકડું ગામ હતું જે મક્કહથી ૧૨ માઈલ પશ્ચિમે મક્કહ અને જિદ્દહ વચ્ચે આવેલું હતું. આજકાલ એ કૂવાને બીરે-શુમૈસ કહે છે. "હ"

પર નહિ મૂક્યો તેનું કારણ શું ?"

"કારણ.....?" આપે ફરમાવ્યું, "કારણ આ કે તેઓએ ન કોઈ આનાકાની કરી ન મારો હુકમ માનવામાં કશો વિલંબ કર્યો."

સંપાદકની નોંધ————આનાકાની અને હુકમમાં વિલંબની વિગત એમ છે કે સુલેહનામા પર સહી-સિક્કા થઈ જવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું,

"હે મુસલમાનો ! ચાલો, ઊઠો, તમે પણ કુરબાનીના જે જાનવરો લાવેલા છો તેને ઝબહ કરો અને પછી સરમૂંડન કરાવી લો !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ હુકમ છતાં બેચાર મુસલમાનો સિવાય કોઈ પોતાની જગાએથી ઊભું થયું નહિ. બધા ઉદાસ ચેહરે પોતપોતાની જગા પર ચુપચાપ બેસી રહ્યા. કુરૈશથી દબાઈ જઈને કરેલી સુલેહના આઘાત તથા નામોશીની લાગણીથી તેઓની હાલત બેહદ કાબિલે-રહમ હતી. ઉપરથી સુહેલના બેટા અબૂ જન્દલને કાફિરોની કેદથી બચાવી શક્યા નહિ અને ફરીવાર તેમને મુશરિકોને હવાલે કરી દેવા પડયા તેનો પણ તેઓને પારાવાર સદમો હતો. અધૂરામાં પૂરૂં બૈતુલ્લાહની ઝિયારત અને બૈતુલ્લાહના ઉમ્રહની તમન્ના પણ મનમાં ને મનમાં રહીને દમ તોડી ચૂકી હતી.

આ હાલત જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજીવાર ફરમાવ્યું. તેમ છતાં કોઈ પોતાની જગાએથી ઊઠયું નહિ ત્યારે આપે ત્રીજીવાર ફરમાવ્યું મગર તે પછી પણ કોઈ તૈયાર થયું નહિ. ત્યારે આ પરિસ્થિતિથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અપાર રંજ થયો અને એજ ઉદાસીની હાલતમાં આપ પોતાના તંબૂમાં તશરીફ લઈ ગયા.

આ તંબૂમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે આવેલાં આપના પાક બેગમ હઝરત ઉમ્મે-સલમહ મવજૂદ હતાં. આપે હઝરત ઉમ્મે-સલમહને શિકાયત કરતાં ફરમાવ્યું, "કોઈ મારૂં સાંભળતું નથી. કોઈ મારૂં માનતું નથી."

હઝરત ઉમ્મે-સલમહએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આ સુલેહનો તેઓના મન પર ઊંડો આઘાત છે. આપ તેઓથી દરગુજર ફરમાવો. આપની ઈચ્છા હોય કે તેઓ પણ કુરબાની કરે અને સરમૂંડન કરાવે તો મારી સલાહ એવી છે કે આપ તેઓને કંઈ ન કહો. પોતે જઈને ઊંટો ઝબહ કરો અને સરમૂંડન કરાવી લો. આપને જોઈને જરૂર તેઓ આપનું અનુકરણ કરશે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમ્મે-સલમહની સલાહ મુજબ એમ જ કર્યું. બસ પછી શું હતું. લાગલા જ બધા મુસલમાનો હડબડાટ કરતા ઊભા થઈ ગયા. આપના અનુસરણમાં બધાએ ઊંટોની કુરબાની કીધી. કુરબાની પછી તેઓમાંથી કેટલાકે સરમૂંડન કરાવ્યું અને કેટલાકે વાળ કપાવી લીધા. આ રીતે ઉમ્મુલ-મુઅમિનીન હઝરત ઉમ્મે-સલમહ રદિયલ્લાહુ અન્હાની ડહાપણ ભરેલી સલાહથી સમસ્યાનો શાંતિપૂર્ણ ઉકેલ આવી ગયો. [1] (ગુજરાતી સંપાદકની નોંધ પૂરી થઈ)

ચાંદીના છલ્લાંવાળું અબૂ જહલનું ઊંટ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન

૧. સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૪૮- સીરતુન્નબી જિ.૧ પા. ૪૫૮

અબ્બાસની રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સુલ્હે-હુદૈબિયહ પ્રસંગે જે ઊંટોની કુરબાની કરી તેમાં એક ઊંટ અબૂ જહલનું પણ હતું જેના નાકની નાથમાં ચાંદીનું છલ્લું હતું. અબૂ જહલનું આ ઊંટ જંગે-બદ્ર પ્રસંગે હાથ લાગ્યું હતું.

ઈન્ના ફતહના લક ફત્હમ મુબીના——————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને શિહાબ ઝુહરીના કથન મુજબ સુલેહનામાના ત્રણ દિવસ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે હુદૈબિયહથી ઊપડીને મદીનહ તરફ રવાના થયા. જ્યારે મક્કહ અને મદીનહની વચ્ચે પહોંચ્યા તો અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ કુર્આનની સૂરએ-ફત્હ લઈને આપની તહેનાતમાં હાજર થયા :

ઈન્ના ફતહના લક્ ફત્હમ મુબીના	હે નબી ! બેશક અમે આપને ખુલ્લી ફતેહ આપી,
લિ-યગફિર્ લકલ્લાહુ મા તકદ્દમ	કે જેથી માફ કરે અલ્લાહ આપની આગલી ભૂલોને
મિન ઝંમબિક વમા તઅખ્ખર	અને આપની પાછલી ભૂલોને
વ યુતિમ્મુ નિઅ-મતહુ અલૈક	અને પરિપૂર્ણ કરી દે પોતાની નેઅમતો આપની ઉપર
વ યહદિયક સિરાતમ-મુસ્તકીમા.	અને દોરવણી કરે આપની સીધા માર્ગે. [1]

એ પછીની આયતોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને આપના સહાબાનું વર્ણન કરવામાં આવ્યું ત્યાં સુધી કે બૈઅતે-રિદ્વાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો. જેમકે ફરમાવ્યું છે : "ઈન્નલ-લઝીન યુબા-યિઊનક ઈન્નમા યુબા-યિઊનલ્લાહ........"પૂરી આયત.

> "બેશક જે લોકો (હુદૈબિયહમાં) આપની બૈઅત કરે છે તેઓ (હકીકતમાં) અલ્લાહથી જ બૈઅત કરે છે. જાણે કે અલ્લાહનો હાથ તેઓના હાથો પર છે. ફરી જે કોઈ કરારભંગ કરશે તો તેનો વબાલ તેની જ ઉપર પડશે. અને જે કોઈ તે કરાર પાળશે જેનું તેણે અલ્લાહને વચન આપ્યું છે તો અલ્લાહ તેને ટૂંક સમયમાં મહાન બદલો આપશે."[2]

એ પછી તે ગામડાવાસીઓનો ઉલ્લેખ છે જેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આમંત્રણ પર તુરંત આવવાને બદલે આવવામાં ઢીલ કરી નાખી હતી.

બૈઅતે-રિદ્વાન : અલ્લાહની ખુશ્નૂદી——————એ પછી હઝરત ઉસમાનની કતલના સમાચાર મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર મરવા-મારવાની લીધેલી બૈઅતનો ઉલ્લેખ કર્યો છે :

લકદ રદિયલ્લાહુ અનિલ-મુઅમિનીન	ચોક્કસ રીતે અલ્લાહ રાજી થયો મુસલમાનોથી
ઈઝ યુબાયિઊનક તહતશ-શજરતિ.	જ્યારે કે તેઓ બૈઅત લેતા હતા આપની, ઝાડ હેઠળ
ફ-અલિમ મા ફી કુલૂબિહિમ.	તો અલ્લાહ જાણતો હતો જે કંઈ તેઓના દિલોમાં હતું.
ફ-અન્ઝલસ-સકીનત અલૈહિમ	ફરી અલ્લાહએ ઉતારી શાંતિ તેઓની ઉપર
વ અસાબહુમ ફત્હન કરીબા.	અને ઈનામમાં આપી તેઓને નજીકની એક ફતેહ
વ મગાનિમ કસીરહ.	અને ઘણોબધો ગનીમતનો માલ. 3

---

૧. સૂરએ-ફત્હ પા. ૨૬ આ. ૧ ૨. સૂરએ-ફત્હ પા. ૨૬ આ. ૧૦ ૩. સૂરએ-ફત્હ પા. ૨૬ આ. ૧૮

પછી જે લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને આપના સાથીઓને મસ્જિદે-હરામમાં ખાનએ-કઅબહની ઝિયારત તથા ઉમ્રહથી અટકાવી દીધા હતા તેઓ વિષે ફરમાવ્યું :

હુમુલ-લઝીન કફરૂ વ સદ્દૂકુમ	એજ તે લોકો છે જેઓએ કુફ્ર કર્યો અને તમને અટકાવી દીધા
અનિલ-મસ્જિદિલ-હરામ.	મસ્જિદે-હરામમાં જવાથી.
વલ-હદ્ય મઅકૂફન	અને કુરબાનીના જાનવરો અટકેલાં રહ્યાં
અંય યબલુગા મહિલ્લહ.	તેની જગાએ પહોંચવાથી. [૧]

એ પછી સુલેહનામું લખતી વેળા સુહૈલ બિન અમ્રે બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ લખવા અંગે જહાલતના જમાના જેવી હઠ પકડી હતી કે એ શબ્દો તમે લખી શકો નહિ તે વિષે ફરમાવ્યું : ''ઇઝ જઅલલ-લઝીન કફરૂ ફી કુલૂ-બિહિમુલ-હમિય્યહ.......''

> ''જયારે એ કાફિરોએ પોતાના દિલોમાં જાહિલિયતની હઠ જમાવી તો અલ્લાહએ પોતાના રસુલ તથા મુસલમાનો પર પોતાની તરફની શાંતિ ઉતારી અને તેઓને તકવાની વાત પર મક્કમ રાખ્યા.''

રસૂલુલ્લાહ (સલ.)ના ખ્વાબનો મામલો—————મદીનહથી રવાના થવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખ્વાબ જોયો હતો કે મુસલમાનો સાથે ખાનએ-કઅબહનો તવાફ કરી રહ્યા છે. તવાફથી પરવારીને કેટલાકે મૂંડન કરાવ્યું અને કેટલાકે વાળ કપાવ્યા. એ ખ્વાબ વિષે ફરમાવ્યું:

લકદ સદકલ્લાહુ રસૂલહુર-	બેશક અલ્લાહએ સાચો કરી દેખાડયો પોતાના રસૂલનો
રુઅયા બિલ - હક્ક.	ખ્વાબ, સચ્ચાઈની સાથે.
લ-તદ-ખુલુન્નલ-મસ્જિદલ-હરામ	બહુ જલદી તમે દાખલ થશો મસ્જિદે-હરામમાં.
ઈન્શા-અલ્લાહુ આમિનીન.	અલ્લાહએ ચાહ્યું તો સલામતીની સાથે.
મુહલ-લિકીન રુઊસકુમ	તમારામાંથી કોઈ માથું બોડાવતો હશે
વ મુ-ક-સ-સિરીન લા તખાફૂન.	અને કોઈ વાળ કતરાવતો હશે નિર્ભયતાથી. [૨]

એટલે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરને દેખાડેલો ખ્વાબ તદ્દન સાચો છે. આ વરસે ભલે નહિ જઈ શકયા, આવતા વરસે જરૂર જશો. એ પછી ફરમાવ્યું :

ફ-અલિમ મા લમ તઅલમૂ.	તો અલ્લાહ તે વાતો જાણે છે જે તમે જાણતા નથી.
ફ-જઅલ મિન દૂનિ ઝાલિક	ફરી નિર્માણ કરી દીધી તેણે આથી પહેલાં
ફત્હન કરીબા.	એક નઝદીકની ફતેહ.

એટલે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દેખાડેલો ખ્વાબ નઝદીકના ભવિષ્યમાં સાચો કરી દેખાડયો. આપ પોતાના સહાબા સાથે કોઈ પણ ભય વિના શાંતિથી મક્કહમાં પ્રવેશી ગયા અને મક્કહ ફતેહ કરી લીધું. આયતમાં ''ફત્હન કરીબા''નો મતલબ સુલ્હે-હુદૈબિયહ છે. કેમકે એજ સુલેહ ફત્હે-મક્કહની પ્રસ્તાવના હતી.

---

૧. સૂરએ ફત્હ આયત ૨૫ ૨. સૂરએ-ફત્હ આયત ૨૭

મુસલમાનોને મળેલી શાનદાર ફતેહ——————ઈબ્ને શિહાબ ઝુહરી ફરમાવે છે : ઈસ્લામમાં સુલ્હે-હુદૈબિયહ પહેલાં મુસલમાનોને આટલી મોટી ફતેહ ક્યારેય મળી ન હતી. આથી પહેલાં જ્યાં બંને પક્ષના લોકો એકબીજાને જોઇ લેતા કે તુરંત રમખાણ મચી જતું. પણ જ્યારે આ સુલેહનામું થયું તો જંગનો જ્વાળામુખી શાંત પડી ગયાં. સુલેહની શરતોને કારણે લોકો એકબીજાથી સુરક્ષિત થઇ ગયા. આપસમાં મેળમિલાપ વધી ગયો. લોકો એકબીજાની મુલાકાત કરવા લાગ્યા. પરસ્પરની વાટાઘાટ કે વિચારોની આપ-લે દ્વારા શુભેચ્છા તથા વિશ્વાસનું વાતાવરણ કાયમ થવા લાગ્યું. નતીજો એ નીકળ્યો કે કોઇ માણસ ઈસ્લામ વિષે પૂછતો અને તેના મનનું સમાધાન થઇ જતું તો તે બેધડક મુસલમાન બની જતો.

હુદૈબિયહની સુલેહ પહેલાં મુસલમાનોની જે સંખ્યા હતી તેટલી જ સંખ્યામાં અથવા તેના કરતાં બમણી સંખ્યામાં લોકો સુલેહના આ બે વરસોમાં મુસલમાન બની ગયા. [૧]

> ઈબ્ને હિશામ કહે છે : ઈબ્ને શિહાબ ઝુહરીના આ દાવાની દલીલ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહની રિવાયત છે જેમાં તેઓ કહે છે, "સુલ્હે-હુદૈબિયહ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની સાથે એક હજાર ચાર સો મુસલમાનોને લઇને મદીનહથી નીકળ્યા હતા. પરંતુ બે વરસ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહ ફતેહ કરવા ગયા તો આપની સાથે ૧૦ હજાર મુજાહિદો હતા."

અબૂ બસીરને પાછા જવાનો હુકમ——————ઈબ્ને ઈસ્હાક કહે છેઃ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુલ્હે-હુદૈબિયહથી ફારિગ થઇને પોતાના સહાબા સાથે મદીનહ આવી ગયા તેના થોડા દિવસો પછી અબૂ બસીર નામે એક જવાન મક્કહથી નાસીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મદીનહ હાજર થયો. એ જવાનનું નામ ઉત્બહ બિન ઉસૈદ બિન જારિયહ હતું. અબૂ બસીર એનું ઉપનામ હતું. મુસલમાન બનવાને વાંકે કુરૈશે એને કેદ કરી લીધો હતો અને બેફામ અત્યાચાર એની ઉપર ગુજાર્યો હતો. મદીનહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આસરો મેળવવા નાસી આવ્યો હતો.

સંપાદકની નોંધ— ————-મક્કહમાં એવા ઘણા મુસલમાનો હતા જેઓને કુરૈશે કેદમાં નાખી દીધા હતા. જેથી તેઓ હિજરત કરીને મદીનહ જઇ શકતા ન હતા. કુરૈશ એમની ઉપર ખૂબ ત્રાસ ગુજારતા હતા. સાંકળોમાં જકડી લઇને ચાબુકથી ફટકારતા હતા. એમાંના કોઇને જ્યારેય તક મળતી, કેદમાંથી છટકીને મદીનહ નાસી જતો. હઝરત અબૂ બસીર એમાંના જ એક મઝલૂમ હતા. બીજા મઝલૂમ હઝરત અબૂ જન્દલનું બયાન આપણે વાંચી આવ્યા છીએ. એવા જ લાચાર મુસલમાનો માટે કુરૈશે શરત મૂકી હતી કે, અમારો કોઇ માણસ મક્કહથી નાસીને મદીનહ આવે તો તેને પરત કરવો પડશે. આવા મુસલમાનો "મુસ્તઝ - અફીને - મક્કહ" કહેવાય છે. એટલે મક્કહના કમજોર કે નિર્બળ કે લાચાર મુસલમાનો. "હ

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ બસીરના મદીનહ આવતાં જ મક્કહના બે માણસો એમની પાછળ

૧. હઝરત ઉમર સહિત બધા મુસલમાનો હુદૈબિયહની સુલેહને પોતા માટે નામોશીભરેલી હાર માનીને નારાજ થઇ ગયા હતા. પરંતુ અલ્લાહ તઆલાએ એજ સુલેહને "ફત્હન કરીબા" કહીને મુસલમાનો માટે ફત્હે-મક્કહની પ્રસ્તાવના બનાવી દીધી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમરને બોલાવીને એ આયતો સંભળાવી તો તેમણે તઅજજુબથી પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! શું એ ફતેહની ખુશખબર છે ?" આપે ફરમાવ્યું, "હા." હઝરત ઉમર ખુશ થઇ ગયા. (સીરતુન્નબી જિ.૧ પા. ૪૫૮ હવાલો સહીહ બુખારી, સહીહ મુસ્લિમ.) "હ"

Maktabe Ashraf

આવી લાગ્યા. આ બે માણસોને મક્કહના સરદારોમાંથી અઝહર બિન અબ્દે-અવફ તથા અખનસ બિન શરીક બિન અમ્ર સકફીએ હઝરત અબૂ બસીરની પાછળ દોડાવી દીધા હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નામે લખેલો એક કાગળ પણ આપ્યો હતો જેમાં લખ્યું હતું કે હુદૈબિયહના કરાર મુજબ અબૂ બસીરને મક્કહ પાછો મોકલાવી દેવામાં આવે. મક્કહના સરદારોએ બનૂ આમિર બિન લુઐય કુટુંબના એક માણસને આ કાગળ આપીને દોડાવી દીધો હતો અને પોતાના એક ગુલામને પણ તેના સંગાતે કરી દીધો હતો.

આ બંને જણ અઝહર અને અખનસનો કાગળ લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની તહેનાતમાં હાજર થયા. કાગળનો મઝમૂન જાણીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ બસીરને બોલાવ્યા અને ફરમાવ્યું,

"હે અબૂ બસીર ! તમે જાણો છો કે અમે કુરૈશની કૌમ સાથે સુલેહનામું કર્યું છે. અમારા મઝહબમાં કરારભંગની કોઈ ગુંજાઈશ નથી. અલ્લાહ તમારા માટે અને તમારા જેવા બીજા કમજોર મુસલમાનો માટે છુટકારાનો જરૂર કોઈ રસ્તો કરી આપશે. તમે તમારી કૌમ પાસે પાછા મક્કહ ચાલ્યા જાવ."

હઝરત અબૂ બસીરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શું આપ મને મુશરિકો તરફ પાછો વાળો છો કે જેથી તેઓ મારૂં ઈમાન બગાડી નાખે ?"

આપે ફરમાવ્યું, "અબૂ બસીર ! તમે પાછા જાવ. અલ્લાહ બહુ જલદી તમારા માટે રસ્તો મોકળો કરી દેશે."

અબૂ બસીરનું પરાક્રમ————હઝરત અબૂ બસીર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ કુરૈશના બંને માણસો સાથે મક્કહ તરફ રવાના થઈ ગયા. જ્યારે "ઝુલ-હુલૈફહ"મુકામે[1] પહોંચ્યા તો વિસામો લેવા માટે ત્યાંની એક દીવારને અઢેલીને બેસી ગયા. એમની સાથે આમિરી અને તેનો સાથી પણ બેસી ગયા. અચાનક હઝરત અબૂ બસીરે આમિરીની તલવાર તરફ જોતાં કહ્યું, "આમિરી ભાઈ! તલવાર તો તમારી સુંદર છે. એ કોની છે ?"

આમિર બોલ્યો, "મારી પોતાની તલવાર છે."

"શું એ એક જ ઝાટકે કાપી નાખે તેટલી પાણીદાર પણ છે ?"

"હા પાણીદારની સાથે એ ધારદાર પણ છે."આમિરી બોલ્યો.

"હું એને જોઈ શકું, નહિ વારૂ ?"

"કેમ નહિ, ઈચ્છા હોય તો જોઈ લો."

ઈબ્ને શિહાબ ઝુહરીનું બયાન છે : હઝરત અબૂ બસીરે આમિરીની તલવાર લઈ લીધી અને જાણે પરીક્ષા લેતા હોય તેમ હવામાં વીંઝવા માંડી. પછી અચાનક પેંતરો બદલીને આમિરી પર તૂટી પડયા અને તેને કતલ કરી નાખ્યો. આ જોઈને તેનો ગુલામ-સાથી જીવ લઈને ગભરૂ મારતો એવો નાઠો કે મદીનહ પહોંચીને સીધો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પહોંચી ગયો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

---

૧. ઝુલ-હુલૈફહ : મદીનહથી છએક માઈલના અંતરે આ વેલું એક સ્થળ. મદીનહથી હજ્જ માટે જનારાઓની મીકાત છે. અહીંથી તેઓ હજ્જનો એહરામ બાંધે છે. આજકાલ લોકો એને આબાર અલી કહે છે. "હ"

Maktabe Ashraf

મસ્જિદમાં બિરાજમાન હતા. તેને બેબાકળો જોઈને આપે ફરમાવ્યું, "એણે જરૂર કોઈ દહેશતનાક દ્રશ્ય જોયું છે."

જ્યારે તે નઝદીક આવી ગયો તો આપે તેને પૂછયું, "તારૂં ભલું થાય, શું મામલો છે ?"

તે બોલ્યો, "સાહેબ ! આપના સાથીએ મારા સાથીને કતલ કરી નાખ્યો છે."

રાવીનું બયાન છે : કુરૈશનો ગુલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં બેસીને બનાવની વિગત કહેતો હતો ત્યાં જ હઝરત અબૂ બસીર તલવાર-સજ્જ દશામાં આવી લાગ્યા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપની ઝિમ્મેદારી પૂરી થઈ ગઈ. આપે કુરૈશને આપેલા વચનનું મેં પાલન કર્યું છે. એ વચન મુજબ આપે મને એવા લોકોને હવાલે કરી દીધો હતો જેઓ મારૂં દીન-ઈમાન બગાડી નાખતે. હવે ધર્મસંકટમાં પડવાથી અલ્લાહએ મને બચાવી લીધો છે."

ઈબ્ને શિહાબ ઝુહરી કહે છે : અબૂ બસીરની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "એની માનું ભલું થાય ! ભારે લડાઈખોર માણસ લાગે છે. એને જો થોડાક સાથીઓ મળી આવે તો લડાઈની આગ ભડકાવી નાખે એવો છે !"

અબૂ બસીરની છાપામાર પ્રવૃત્તિ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ વાત સાંભળીને હઝરત અબૂ બસીરને થયું કે જો હું અહીં રહ્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરીવાર મને કુરૈશને હવાલે કરી દેશે. અને એમ થાય તો જાણીજોઈને મોતના મુખમાં પડવા જેવું છે. એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને સમુદ્ર કાંઠે આવેલા "ઈસ" નામે સ્થળ તરફ ઉપડી ગયા. આ સ્થળ કુરૈશના એવા રસ્તે આવેલું હતું જ્યાંથી થઈને તેઓના વેપારી કાફલા સીરિયા જતા હતા અને જે સમુદ્ર કાંઠાને અડીને ઝિલ-મુર્વહ પાસે આવેલું હતું. હઝરત અબૂ બસીર પગપાળા પ્રવાસ ખેડતા ઈસ મુકામે પહોંચી ગયા અને અલ્લાહનું નામ લઈને ત્યાં જ અડ્ડો જમાવી દીધો.

તે તરફ મક્કહમાં કુરૈશની કેદમાં સબડી રહેલા લાચાર-નિરાધાર મુસલમાનોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે શબ્દોના સમાચાર મળી ગયા જે આપે અબૂ બસીરને સંબોધીને ફરમાવ્યા હતા કે, આ લડાઈખોર માણસને કદાચ થોડાક સાથીઓ મળી આવે તો લડાઈની આગ ભડકાવી નાખે એવો છે ! આ શબ્દોએ મઝલૂમ મુસલમાનોના દિલોમાં આઝાદીની તડપ જન્માવી દીધી. ધીરે-ધીરે કુરૈશની કેદમાંથી છટકી-છટકીને તેઓ ઈસ સ્થળે અબૂ બસીર પાસે ભેગા થવા લાગ્યા. થોડાક જ અરસામાં કુરૈશના આતંકનો ભોગ બનેલા લગભગ ૭૦ મુસલમાનો અબૂ બસીર પાસે આવી લાગ્યા. આ મરણિયાઓએ કુરૈશી કાફલાઓનો કાફિયો તંગ કરી દીધો. જે કુરૈશી દાંટે ચઢી જતો તેને કતલ કર્યા વિના છોડતા નહિ અને જે કાફલો ત્યાંથી પસાર થતો તેની ઉપર ઓચિંતો છાપો મારતા.

શરત પાછી ખેંચી લેવાની દરખાસ્ત——————છેવટે કુરૈશ તેઓની છાપામાર પ્રવૃત્તિથી તંગ આવી ગયા. તેઓએ આપસની સગાઈનો વાસ્તો આપીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી કે, "અબૂ બસીર અને તેની ટોળીના મુસલમાનોની અમને કોઈ જરૂર નથી. આપ ખુશીથી એ લોકોને પોતાની પાસે મદીનહ બોલાવી લો. સુલેહનામાની એ શરત અમે પડતી મૂકીએ છીએ."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશની દરખાસ્ત માન્ય રાખીને એ બધાને મદીનહ આવીને

રહેવાની પરવાનગી આપી દીધી. બધાએ પોતાની છાપામાર પ્રવૃત્તિ સંકેલી લીધી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આદેશ મુજબ મદીનહ આવીને રહેવા લાગ્યા. [૧]

મરનાર આમિરીની દિયતનો મામલો—————ઇબ્ને ઇસ્હાક કહે છે : સુલેહનામાના પક્ષકાર સુહૈલ બિન અમ્રને જ્યારે સમચાર મળ્યા કે અબૂ બસીરે કુરૈશીઓના સાથી આમિરીને મારી નાખ્યો છે. તો તેને સખત આંચકો લાગ્યો. એજ વેળા તે ખાનએ-કઅબહમાં ગયો અને ખાનએ-કઅબહની દીવાર સાથે પીઠ ટેકવીને ઊભો થઇ ગયો અને પોકારીને પ્રતિજ્ઞા લેતાં બોલ્યો, "સોગંદ છે અલ્લાહના, હું મારી પીઠ ખાનએ-કઅબહની દીવારથી ત્યાં સુધી નહિ હટાવું જ્યાં સુધી કે આમિરીની કતલનો લોહીદંડ મુહંમદ પાસેથી વસૂલ નહિ કરી લઉં !"

આ સાંભળીને કુરૈશનો સેનાપતિ અબૂ સુફયાન બિન હર્બ બોલ્યો, "અલ્લાહના સોગંદ ! આ તો બુવકૂફી ભરેલી માગણી છે. તેનો લોહીદંડ મુહંમદ પાસેથી વસૂલ નહિ કરી શકાય. તેમણે તો વચન મુજબ અબુ બસીરને મક્કહ મોકલાવી દીધો હતો અને અબૂ બસીરે મુહંમદના હુકમથી તેને કતલ નહિ કર્યો હતો."

બીબી ઉમ્મે-કુલસૂમની હિજરત—————ઇબ્ને ઇસ્હાક કહે છે : એજ સમય દરમિયાન મક્કહના એક અગ્રેસર ઉકબહ બિન અબી મુઐતના મુસલમાન બનેલા પુત્રી બીબી ઉમ્મે-કુલસૂમ કોઇ રીતે મક્કહથી હિજરત કરીને મદીનહ પહોંચવામાં સફળ થઇ ગયાં. લાગલા જ એમના બે ભાઇઓ, ઉમારહ અને વલીદ એમને પાછા પકડી લાવવા મદીનહ આવી લાગ્યા. તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઇને બોલ્યા, "હે મુહંમદ ! અમે અમારી બહેન ઉમ્મે-કુલસૂમને લેવા માટે આવેલા છીએ. કુરૈશ સાથે આપનું હુદૈબિયહનું જે સુલેહનામું થયું છે તેની શરતને આધારે અમારી બહેનને પાછી મોકલાવો."

પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉમ્મે-કુલસૂમને પાછા મોકલવાનો ઇન્કાર કરી દીધો અને ફરમાવ્યું, "અલ્લાહ તઆલાએ મને મક્કહથી આવનારી મુસલમાન સ્ત્રીઓને પાછા મોકલાવી દેવાની મના ફરમાવી છે."

આ બાબત અંગે કુર્આનની જે આયતો ઊતરી તેનો ખુલાસો નીચે મુજબ છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ખલીફા અબ્દુલ-મલિક બિન મરવાનના એક સુબેદારનું નામ ઇબ્ને અબી હુનૈદહ હતું. તેણે ઉર્વહ બિન ઝુબૈરને નામે એક કાગળ લખીને પૂછાવ્યું કે કુર્આનની આ આયત અંગે તમારો શો અભિપ્રાય છે : (તે આયત આ છે :)

યા ઐયુહલ-લઝીન આમનૂ ઇઝા જાઅકુમુલ-મુઅમિનાતુ મુહાજિરાતિન ફમ-તહિનૂ હુન્ન.	હે મુસલમાનો ! જ્યારે કે આવે તમારી પાસે મુસલમાન સ્ત્રીઓ હિજરત કરીને તો તમે તેણીઓની પરીક્ષા લઇ લો.

Maktabe Ashraf

૧. કુરૈશની દરખાસ્ત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ બસીરને નામે કાગળ લખીને એક માણસ સાથે મોકલાવ્યો. કાગળ મળ્યો તે વેળા હઝરત અબૂ બસીર રદિયલ્લાહુ અન્હુ મૃત્યુ-શૈયા પર આ દુનિયાથી રુખસત થવાની તૈયારીમાં હતા. કાગળ તેમના હાથમાં આપવામાં આવ્યો. મુબારક કાગળને આંખો સાથે લગાડતા હતા અને ચુંબન આપતા હતા એજ હાલતમાં એમની રૂહ પરવાઝ કરી ગઇ. અને મુબારક કાગળ સીના પર પડેલો હતો. હઝરત અબૂ જન્દલ બિન સુહૈલ રદિયલ્લાહુ અન્હુએ એમના ગુસલ-કફનની વ્યવસ્થા કરી અને એજ સ્થળે એમને દફનાવી દીધા. પછી પોતાના સાથીઓને લઇને મદીનહ આવ્યા ગયા. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૫૧) "ક"

અલ્લાહુ અઅલમુ બિ-ઈમાનિ-હિન્ન.	અલ્લાહ તેણીઓના ઈમાનને ખૂબ જાણે છે.
ફઈન અલિમતુમૂ-હુન્ન મુઅમિનાતિન	ફરી જો તમે તેણીઓને ઈમાનદાર સમજો
ફલા તરજિઊ-હુન્ન ઈલલ-કુફ્ફાર.	તો પાછી વાળો નહિ તેણીઓને કાફિરો તરફ.
લા-હુન્ન હિલ્લુલ-લહુમ	કેમકે આ સ્ત્રીઓ હલાલ નથી કાફિરો માટે
વલા હુમ યહિલ્લૂન લહુન્ન.....	અને ન કાફિરો હલાલ છે તેણીઓ માટે. [૧]

ઉર્વહ બિન ઝુબૈરે એ કાગળનો જવાબ આપતાં ઈબ્ને અબી હુનૈદહને લખી જણાવ્યું :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુદૈબિયહની ઘટના વેળા કુરૈશ સાથે એવી શરતે સુલેહ કરી હતી કે મક્કહનો કોઇ માણસ તેના વાલીની રજા વગર મદીનહ નાસી જશે તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેને પાછો મોકલાવી દેશે. આ શરત પુરૂષો માટે હતી, સ્ત્રીઓ માટે નહિ હતી. મક્કહની મુસલમાન બનેલી સ્ત્રીઓ જયારે હિજરત કરીને મદીનહ આવવા લાગી તો અલ્લાહ તઆલાએ એમને મક્કહ મોકલાવી દેવાની ના પાડતાં હુકમ ફરમાવ્યો કે, એ સ્ત્રીઓના ઈસ્લામની પરીક્ષા કરી લો. પરીક્ષામાં પાસ થઇ જાય અને એમનો ઇસ્લામ પાકો હોવાની ખાતરી થઇ જાય તો એમને મુશરિકો પાસે પાછી મોકલવી નહિ. સાથે જ એમની મહર (નિકાહના બદલામાં ચૂકવેલી રકમ) એમના પતિઓને પાછી આપી દેવાનો હુકમ પણ ફરમાવ્યો એવી શરતે કે મુશરિકો પણ મક્કહમાં રોકી રાખેલી મુસ્લિમ સ્ત્રીઓની મહર મુસલમાનોને ચૂકવી આપે. અલ્લાહનો એજ ફેસલો છે જે તેણે બંને પક્ષો વચ્ચે ફરમાવી દીધો છે. અલ્લાહના એજ ફેસલાને આધારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહથી આવનારી સ્ત્રીઓને રોકી લીધી હતી અને પુરૂષોને પાછા મોકલાવી દીધા હતા. અલ્લાહના હુકમ મુજબ, મક્કહમાં રોકી રાખેલી સ્ત્રીઓની મહર, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુશરિકો પાસેથી માગી લીધી હતી અને કહેવડાવી દીધું હતું કે, તેઓની ઇચ્છા હોય તો તેઓ પણ પોતાની સ્ત્રીઓની મહર અમારા પાસેથી માગી લે. જો અલ્લાહનો આ ફેસલો ન હોત તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પુરૂષો પેઠે સ્ત્રીઓને પણ પાછી મોકલાવી દેત. હુદૈબિયહના કરારનામા પહેલાં આવનારી સ્ત્રીઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રોકી પણ લેતા હતા અને મહર પણ મોકલાવતા ન હતા. પરંતુ કરારનામા પછી અલ્લાહના હુકમ મુજબ એવી સ્ત્રીઓને રોકી લઇને તેઓના પતિઓની ઇચ્છા હોય તો મહર મોકલાવી દેતા હતા."

કાફિર સ્ત્રીઓને તલાક આપી દેવાનો હુકમ——ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉપર ટાંકેલી આયતમાં આગળ જતાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "વલા તુમસિકૂ બિ-ઇસ્મિલ-કવાફિર" એટલે હે મુસલમાનો! કાફિર સ્ત્રીઓ સાથેના નિકાહને ટકાવી રાખો નહિ. અર્થાત : મિયાં મુસલમાન બને અને બીબી મુસલમાન નહિ બને તો એવી સ્ત્રીને તલાક આપીને છૂટી કરી દો. બંનેમાંથી એક મુસલમાન નહિ બનનાર દંપતિ ઇસ્લામી કાનૂન મુજબ પતિ-પત્ની કે મિયાં-બીબી તરીકે સાથે રહી શકે નહિ.

કુર્આને-કરીમના આ કાનૂનને આધારે જે મુસલમાનોએ પોતાની કાફિર પત્નીઓને તલાક આપી દીધી હતી એમાં હઝરત ઉમર પણ હતા. આ હુકમ મળવા પછી હઝરત ઉમરે પોતાની બે મુશરિક બીબીઓને તલાક આપી દીધી હતી. એમાંની એક બીબીનું નામ કુરૈબહ બિન્તે અબૂ ઉમૈયહ બિન્તે મુગીરહ હતું. તલાક બાદ

૧. સૂરએ-મુમતહિનહ પારહ ૨૮ આયત ૧૦ વધુ ખુલાસા માટે એ આયતની તફસીર જુઓ.

Maktabe Ashraf

કુરૈબહએ મુઆવિયા બિન અબૂ સુફ્યાન સાથે શાદી કરી લીધી હતી. તે વેળા કુરૈબહ અને મુઆવિયા કુફ્રની હાલતમાં મક્કહમાં હતાં. હઝરત ઉમરની બીજી બીબીનું નામ ઉમ્મે-કુલસૂમ બિન્તે જરવલ ખુઝાઈયા હતું. તલાક બાદ ઉમ્મે-કુલસૂમે અબૂ જહમ બિન હુઝૈફહ બિન ગાનમ સાથે લગ્ન કરી લીધાં હતાં. અબૂ જહમ હઝરત ઉમર રદિયલ્લાહુ અન્હુની બિરાદરીમાંથી હતો. તે વેળા એ બંને કુફ્રની હાલતમાં મક્કહમાં હતાં.

ફત્હે-મક્કહની બશારત વિષે સવાલ——————ઇબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહએ માહિતી આપતાં જણાવ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે હુદૈબિયહની સુલેહનું કામ પતાવીને મદીનહ તરફ પધારી રહ્યા હતા તો અમુક મુસલમાનોએ, જેઓ આપના સંગાતે હતા, આપને સવાલ કર્યો,

"યા રસૂલલ્લાહ ! ઉમ્રહ માટે મક્કહ જતી વેળા શું આપે ન હોતું ફરમાવ્યું કે, આપણે હેમખેમ મક્કહમાં દાખલ થઈ જઈશું ?"

"હા, કેમ નહિ !" આપે ફરમાવ્યું, "પણ શું મેં એમ કહ્યું હતું કે આ વરસે જ ?"

"ના યા રસૂલલ્લાહ !" સવાલ કરનારા બોલ્યા, "એમ તો આપે નહિ ફરમાવ્યું હતું."

"ત્યારે બસ." આપે ફરમાવ્યું, "જે કંઈ મેં કહ્યું હતું તે જિબ્રીલના કહેવાથી કહ્યું હતું."

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૦

ગઝવએ-ખયબર

———(યહૂદીઓ સાથે ખેલાયેલું ખૂંખાર યુધ્ધ)———

ઈસ્લામી સૈન્યની કૂચ ખયબર તરફ • હઝરત ઈબ્ને-અકવઅનું રણગીત • હઝરત આમિરની શહાદતની પેશગોઈ • ખયબર પાસે રસૂલુલ્લાહ (સલ.)ની દુઆ • ખયબરના લોકોની નાસભાગ • રસૂલુલ્લાહ (સલ.)ના રસ્તાની મંઝિલો • ગત્ફાનનું લશ્કર યહૂદીઓની મદદે • એક પછી એક કિલ્લાની જીત • ચાર વસ્તુઓની મનાઈનો હુકમ • રસૂલુલ્લાહ (સલ.)ના બીજા સૂચનો • બનૂ સહમના ભૂખ્યા લોકોની દરખાસ્ત • ઈસ્લામી લશ્કરનો જંગી શિઆર • યહૂદનો મરહબ પહેલવાન • મરહબનું અભિમાની માથું • મરહબના ભાઈનો પડકાર • હઝરત અલીની અનેરી શાન • હઝરત અલી અને કિલ્લાનો દરવાજો • હઝરત કઅબ બિન અમ્રનો કિસ્સો.

ઈસ્લામી સૈન્યની કૂચ ખયબર તરફ————મુહંમદ ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હુદૈબિયહથી વાપસ થઈને ઝિલ-હજ્જના પૂરા મહિના ઉપરાંત મુહર્રમના થોડાક દિવસો સુધી મદીનહમાં જ બિરાજમાન રહ્યા. આ વરસના ઝિલ-હજ્જમાં પણ હજ્જની તમામ ક્રિયાઓનો સંપૂર્ણ વહીવટ કુરૈશી મુશરિકોના મુતવલ્લીઓના જ કબજામાં રહ્યો. એ પછી મુહર્રમના છેલ્લા દિવસોમાં ઈસ્લામી સૈન્યને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ ખયબર તરફ રવાના થયા.[૧]

ઈબ્ને હિશામ કહે છે : ખયબરની કૂચ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ હઝરત નુમૈલહ બિન અબ્દુલ્લાહ લૈસી રદિયલ્લાહુ અન્હુની, મદીનહના ગવર્નર તરીકે નિમણૂંક કરી. ઈસ્લામી સૈન્યનો ઝંડો આપે હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુને ઈનાયત કર્યો. આ ઝંડો સફેદ રંગનો હતો.

ગુજરાતી સંપાદકનો વધારો————ઈબ્ને હિશામની કિતાબમાં ખયબરનું યુધ્ધ કેમ ખેલાયું તેના કારણને લગતી વિગતો લખેલી નથી. સીરતની સનદી કિતાબોને આધારે તેનો ટૂંકસાર અત્રે રજૂ કરીએ છીએ:

અરબની ભૂમિમાં ખયબરનો ઈલાકો યહૂદીઓના લશ્કરી બળનો મજબૂત અને અભેદ કિલ્લો બની ગયો

૧. હિજરી ૬નો ઝિલ-હજ્જ મહિનો ઈસ્વી સન ૬૨૫ ના માર્ચની ૧૨ તારીખે શરૂ થયો. અને ૭ હિજરીનો મુહર્રમ મહિનો ઈ.સ. ૬૨૫ના મે મહિનાની ૧૧ તારીખે શરૂ થયો. મુહર્રમના છેલ્લા દિવસોનો મતલબ મેના અંતમાં અથવા જૂનની શરૂઆતમાં આપ ખયબર તરફ રવાના થયા (ઈબ્ને હિશામનો હાશિયો જિ.૨ પા. ૩૯૨)

હતો. ઈસ્લામને ઉખેડી કાઢવાના કાવતરાં અહીં જ ઘડાતાં હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ અરબના કબીલાઓને ઉશ્કેરીને મદીનહને ખેદાનમેદાન કરી નાખવાની યોજનાઓ અહીં જ આકાર લેતી હતી. યહૂદીઓ પોતાની ગદ્દારીઓને કારણે મદીનહથી તડીપાર થઇને ખયબરમાં વસી જવા છતાં ચેનથી બેઠા ન હતા. વીંછીની ઝેરીલી ફિતરત પેઠે તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ડંખ મારવાનું ચાલુ રાખ્યું હતું. જો કે આપ તો જગતજનોને માટે દયાના સાગર બનીને પધાર્યા હતા. તેઓની ગદ્દારીઓ છતાં રહમદિલીથી કામ લઇને તેઓને જીવતદાન આપી દીધું હતું અને ખયબરમાં જઇને વસવાની તેઓને પરવાનગી આપી દીધી હતી. પરંતુ યહૂદીઓની ગદ્દાર કૌમ પોતાની ફિતરતથી લાચાર હતી. એમની જ ગદ્દારીઓ અને સાઝિશોને પરિણામે મદીનહ પર અરબ કબીલાઓના ધાડાંના ધાડાં ઉમટી આવ્યાં હતાં. અને ખન્દકનું એવું ખતરનાક યુધ્ધ ખેલાયું હતું કે કુર્આને-કરીમના બોલોમાં : "મદીનહની ધરતી ધણધણી ઊઠી અને મુસલામાનોના કલેજાં તાળવે આવી ગયાં !" તે વેળા મુસલમાનોના જાન-માલ, દીન-ઈમાન, બીવી-બચ્ચાં, ઘરબાર સર્વસ્વ પર ચોતરફથી મુસીબત તૂટી પડી હતી. છેવટે અલ્લાહની મદદથી આ આફતથી તેઓનો છુટકારો થયો હતો. આ બધી લડાઇઓ યહૂદીઓ તરફથી પરાણે થોપવામાં આવી હતી અને લાચારીએ મુસલમાનોએ પોતાનો બચાવ કરવો પડયો હતો.

ખયબરમાં વસી જવા પછી ધીરે ધીરે પગદંડો જમાવીને યહૂદીઓએ ત્યાં પોતાની હુકૂમત કાયમ કરી લીધી હતી. તેઓના બાદશાહો જેવા સરદારોના માર્યા જવા પછી જે શાહઝાદાઓ તેઓની ગાદીએ બેઠા તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુશ્મનીમાં બે કે ચાર ડગલાં નહિ, અનેક ડગલાં આગળ નીકળી ગયા. અબૂ રાફિઅ સલ્લામ બિન અબિલ-હુકૈકના માર્યા જવા પછી યહૂદીઓએ ઉસૈર બિન રઝામ નામે સરદારને તેની ગાદીએ બેસાડી દીધો. સત્તાનું સુકાન સંભાળતાં જ તેણે યહૂદીઓને ભેગા કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ ઝેરીલું પ્રવચન કરતાં કહ્યું :

> "મારાથી પહેલાં હુયય બિન અખ્તબ, સલ્લામ બિન અબિલ-હુકૈક અને બીજા અગ્રેસરોએ મુહંમદ વિરૂધ્ધ જે રાજનીતિ અપનાવી તે બિલકુલ ખોટી હતી જેને કારણે તેઓ માર્યા ગયા, યહૂદીઓ દુઃખી થયા અને મુહંમદને કદમ જમાવવાનો મોકો મળી ગયો. મારી રાજનીતિ આ છે કે મોટું લશ્કર ભેગું કરીને ખુદ મુહંમદના પાટનગર પર ઓચિંતો ફટકો મારી દેવામાં આવે અને હું એજ રાજનીતિ અપનાવીશ !" [1]

એ પછી ઉસૈર બિન રઝામ, કિનાનહ બિન રબીઅ બિન અબિલ-હુકૈક, મરહબ પહેલવાન અને બીજા સરદારો બનૂ ગત્ફાન કબીલાના લોકો પાસે ગયા. બનૂ ગત્ફાન અરબ મુશ્રિકોનો બહુ મોટો કબીલો હતો અને ખયબરની બાજુમાં જ વસેલો હતો. તેઓના સરદારોને ભેગા કરીને બોલ્યા, "અમારી સાથે મળીને મદીનહ પર ચઢાઈ કરો તો ખયબરની ખેતીવાડીની અર્ધી આવક તમને આપવા તૈયાર છીએ."

તેઓ અર્ધી આવકની શરત પર રાજી થઇ ગયા. ગત્ફાનનો એક બળવાન કબીલો બનૂ ફઝારહ નામે હતો. તેઓને જ્યારે ખબર પડી કે ખયબરના યહૂદીઓ મદીનહ પર ચઢાઇ કરવા માગે છે તો તેઓએ પણ લડાઈમાં શામિલ થવાની સંમતિ દર્શાવી દીધી. ગત્ફાનનો કબીલો તેજ છે જેના ડાકૂઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

---

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૪૬૭- જમાલે-મુસ્તફા જિ.૪ પા. ૨૩૬

અલૈહિ વ સલ્લમના ઊંટો પર છાપો માર્યો હતો અને ઊંટોના રખેવાળ, હઝરત અબૂ ઝર રદિયલ્લાહુ અન્હુના બેટાને કતલ કર્યો હતો અને ઊંટોની સાથે તેની બીબીને પણ ઉપાડી ગયા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જ્યારે યહૂદીઓની આ સાઝિશના સમાચાર મળ્યા તો આપે હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા રદિયલ્લાહુ અન્હુને ખયબર મોકલ્યા કે પોતે ત્યાં જઇને મૂળ મામલાની તહકીક કરે. થોડાક માણસોને લઇને તેઓ ખયબર ગયા અને છુપા વેશે ખુદ ઉસૈર બિન રઝામને મુખે તેની યોજના જાણી લીધી અને મદીનહ આવીને જણાવ્યું કે સમાચાર બિલકુલ સાચા છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નાહકની ખૂનરેજીથી બચવા માટે હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને ૩૦ માણસોની ટુકડી સાથે ઉસૈર બિન રઝામ પાસે મોકલ્યા અને કહેવડાવ્યું કે, અગર તે લડાઇ સંકેલી લે અને પોતે મદીનહ આવીને સુલેહની વાતચીત કરે તો ખયબરની હુકૂમત તેને આપી દેવામાં આવશે. હઝરત અબ્દુલ્લાહ પોતાના ૩૦ માણસો સાથે ખયબર જઇને ઉસૈર બિન રઝામને મળ્યા. હઝરત અબ્દુલ્લાહની વાતો સાંભળીને તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પ્રસ્તાવ વધાવી લીધો અને સુલેહની વાતચીત માટે મદીનહ જવા સંમત થઇ ગયો. મુસલમાનોની સંખ્યા પ્રમાણે તેણે પણ પોતાના ૩૦ માણસોને સાથે લીધા.

પ્રવાસમાં બંને પક્ષના માણસો પોતપોતાની સવારી પર એવી રીતે જતા હતા કે એક મુસલમાનની સાથે એક યહુદીની સવારી લાગેલી હતી. બે-બે માણસોની જોડમાં સાઠ સવારીઓની ત્રીસ કતાર લાગેલી હતી. ઉસૈર બિન રઝામ હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસની જોડે સવારી દોડાવતો હતો. જ્યારે કાફ્લો ''કરકરહ''સ્થળેથી પસાર થવા લાગ્યો તો કોઇ અજાણ્યા ભયથી શયતાને ઉસૈર બિન રઝામના દિલમાં બદગુમાનીનો વસવસો જન્માવી દીધો. તેણે અચાનક ઝાપટ મારીને હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસની તલવાર ઝૂંટવી લેવાની કોશિશ કરી. આ જોઇને હઝરત અબ્દુલ્લાહ ચોંકી ઊઠયા,

''હે અલ્લાહના દુશ્મન ! તારો શું વિચાર છે ? શું તું વચનભંગ કરવા માગે છે ?'' આ સાંભળીને ઉસૈરને વધુ શૂર ચઢયું અને તે ખેંચાતાણી કરવા લાગી ગયો. હઝરત અબ્દુલ્લાહએ સવારીની લગામ ખેંચી લીધી અને તેને દાવમાં લઇને તલવારનો વાર કર્યો જેનાથી તેની જાંઘ કપાઇ ગઇ. તે ઘોડા પરથી ગબડી પડયો પણ પડતાં-પડતાં તેણે હઝરત અબ્દુલ્લાહને પણ પોતાની તલવારથી જખ્મી કરી નાખ્યા. આ બધું આંખના પલકારામાં એવી રીતે બની ગયું કે બંને પક્ષના માણસો કંઇ સમજી શકયા નહિ. પોતપોતાના માણસને લોહીલુહાણ હાલતમાં જોઇને તેઓની આંખોમાં પણ લોહી ઊતરી આવ્યું. તલવારો તાણીને તેઓ પણ એકબીજા પર તૂટી પડયા. થોડીવાર રમખાણ જામેલું રહ્યું. નતીજા રૂપે ઉસૈર બિન રઝામ અને તેના કેટલાક માણસો માર્યા ગયા અને બાકીના જીવ લઇને નાસવા લાગ્યા. મુસલમાનોએ તેઓની પૂઠ નહિ પકડી કેમકે જંગ કરવાનો તેઓનો કોઇ ઇરાદો ન હતો અને ગદ્દારીની શરૂઆત તેઓ તરફથી થઇ ન હતી. કુર્આનના આદેશ મુજબ મુસલમાનોએ આ પ્રકારની ગદ્દારી કદી કરી ન હતી. જયારે યહૂદીઓ આથી પહેલાં અનેક વાર ગદ્દારીના અમલી નમૂના રજૂ કરી ચૂકયા હતા. એનાથી અનુમાન થઇ શકે છે કે આ કોઇ ઓચિંતી સર્જાયેલી ઘટના ન હતી બલકે યહૂદીઓએ અગાઉથી યોજના ઘડી હશે કે રસ્તામાં મુસલમાનોની છેડતી કરીને તેઓનો ખાતેમો બોલાવી દેવામાં આવે.

ઉસૈર બિન રઝામ અને તેના સાથીઓની હત્યાના સમાચાર ખયબર પહોંચ્યા તો ત્યાંની તમામ યહૂદી

વસતિઓમાં હાહાકાર મચી ગયો. જંગલની આગ પેઠે બનૂ ગત્ફાનના કબીલાઓમાં પણ સમાચાર પ્રસરી ગયા. લોકો લડાઈની તડામાર તૈયારીઓ કરવા લાગી ગયા. જવાળામુખીના પેટાળમાં જે લાવો ખદબદતો હતો તે ભયંકર ગર્જનાઓ સાથે બહાર નીકળવા ઉછાળા મારવા લાગ્યો.

આ તરફ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અને એમના સાથીઓએ મદીનહ પહોંચીને આ બનાવના રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર આપ્યા. સાંભળીને આપને બેહદ રંજ થયો. આપ તો ચાહતા હતા કે યહૂદીઓ અને મુસલમાનો વચ્ચે સુલેહશાંતિનું વાતાવરણ કાયમ થઇ જાય. એજ હેતુની સિધ્ધિ માટે આપે હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને શાંતિના દૂત બનાવીને મોકલ્યા હતા. હવે મામલો પલટો ખાઇને એકદમ ગંભીર બની ગયો હતો અને અનુમાન મુજબ મદીનહ પર યહૂદીઓની ચઢાઇ યકીની બની ગઇ હતી.

આપે સલાહસુચન માટે પોતાના સહાબાને ભેગા કર્યા અને સંજોગને અનુસરીને એવો ફેસલો કર્યો કે ખયબરના યહૂદીઓ જંગે-ખન્દક પેઠે બનૂ ગત્ફાન, બનૂ ફઝારહ વગેરેનું લાવલશ્કર લઇને મદીનહ પર ચઢી આવે તે પહેલાં તેઓના મુકાબલા માટે આપણે ખયબર પહોંચી જવું જોઇએ.

આ ફેસલા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇસ્લામી લશ્કરને તૈયાર થઇ જવાનો હુકમ ફરમાવી દીધો. આ લડાઇની તૈયારીમાં આપે બહુ સાવચેતી અને ઉતાવળથી કામ લીધું. મુનાફિકોમાંથી કોઇને સલાહ માટે બોલાવ્યા નહિ. તૈયારીના હુકમ સાથે એવું એલાન પણ ફરમાવ્યું કે, ''ખયબર માટે ઇસ્લામી લશ્કરમાં તેજ લોકો શામિલ થઇ શકે છે જેઓ સુલ્હે-હુદૈબિયહ અને બૈઅતે-રિદવાનમાં અમારી સાથે શામિલ હતા. ''હુદૈબિયહમાં પાછળ રહી જનારા મુસલમાનોને આપે ખયબરમાં આવવાની મના ફરમાવી દીધી. આપના આ ફરમાનનું કારણ અલ્લાહનો આ હુકમ હતો : ''સ-યકૂલુલ મુખલ-લફૂન ઇઝન-તલક-તુમ ઇલા મગાનિમ લિતઅ-ખુઝૂહા.......''

> ''હવે જ્યારે તમે (ખયબરની) ગનીમત લેવા જશો તો (હુદૈબિયહમાં) પાછળ રહી જનારા કહેશે કે, અમને પણ પરવાનગી આપો કે તમારી સાથે આવીએ. તેઓ ચાહે છે કે અલ્લાહનો હુકમ બદલી નાખે. કહી દો કે તમે હરગિઝ અમારી સાથે આવી શકતા નથી. અલ્લાહએ તો પ્રથમથી એમ જ ફરમાવી દીધું છે, ત્યારે તેઓ કહેશે કે નહિ, અલ્લાહનો એ હુકમ નથી બલકે તમે અમારી સાથે હસદ કરો છો. (જો કે એવું કંઇ નથી.) બલકે વાત એમ છે કે તેઓ બહુ ઓછી સમજબુધ્ધિ ધરાવનારા છે.''[૧]

સન ૭ હિજરીના મુહર્રમમાં ઇસ્લામી લશ્કર તૈયાર થઇને મદીનહથી નીકળ્યું. કુલ સંખ્યા ૧૬ સો મુજાહિદોની હતી, જેમાં બસો ઘોડેસવારો હતા. પાક બીબીઓમાંથી હઝરત ઉમ્મે-સલમહ સાથે હતાં કેમકે હુદૈબિયહમાં પણ સાથે હતાં. કેટલાક સાનવંતા મુસ્લિમ ખાતૂનો પણ ઘવાયેલાઓના મલમપાટા, જખ્મીઓને પાણી પીવાડવા, તીરો વગેરે ઉપાડીને આપવા માટે સાથે હતાં.

જંગે-ખયબરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પ્રથમવાર ત્રણ મોટા ઝંડા તૈયાર કરાવ્યા. આથી પહેલાં સામાન્ય પ્રકારના નાના ઝંડા લઇ જવામાં આવતા હતા. એમાંનો એક ઝંડો આપે હઝરત હુબાબ બિન મુનઝિરને, બીજો હઝરત સઅદ બિન ઉબાદહને અને ત્રીજો ''અલમે-નબવી''એટલે ખાસ નબી સલ્લલ્લાહુ

૧. સૂરએ-ફત્હ પા. ૨૬ આયત ૧૫ એમાં પાછળ રહી જનારાઓનો ઇશારો મુનાફિકો તરફ છે.

Martabe Ashraf

અલૈહિ વ સલ્લમનો ઝંડો આપે હઝરત અલીને ઇનાયત ફરમાવ્યો. આ ઝંડો હઝરત બીબી આઇશહના દુપટ્ટાથી તૈયાર કરવામાં આવ્યો હતો.

મદીનહથી નીકળતી વેળા મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય આપની તહેનાતમાં હાજર થયો. તેણે પોતાના સાથીઓ સાથે ઇસ્લામી લશ્કરમાં શામિલ થવાની પરવાનગી માગી. જવાબમાં આપે ફરમાવ્યું, ''આ લડાઇમાં ફક્ત તેજ લોકો શામિલ થઇ શકે જેઓનો હેતુ ફક્ત જિહાદ અને અલ્લાહનો બોલ બાલા કરવાનો હોય છે. દુન્યવી માલની આશાએ કે લાલચે કોઇ શામિલ થઇ શકે નહિ.''

આ જવાબ સાંભળીને તે પોતાના સાથીઓ સાથે છોબડું લટકાવતો ચાલ્યો ગયો અને એજ વેળા છુપી રીતે યહૂદીઓને કહેણ મોકલાવી કે, ''મુહંમદ તમારી સાથે જંગ માટે નીકળી ચૂકયા છે. કિલ્લાઓમાંથી બહાર નીકળીને એમનો મુકાબલો કરજો. સંખ્યા તમારી સરખામણીમાં એમની બહુ થોડી છે અને હથિયારો પણ કંઇ ખાસ નથી.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુનાફિકોની તમામ ચાલબાજીઓની ખબર હતી. આપે ઝડપી ગતિએ ઇસ્લામી લશ્કરને રવાના થવાનો હુકમ ફરમાવ્યો. આ લશ્કરમાં હઝરત આમિર બિન અકવઅ નામે સહાબી પણ હતા જેઓ બનૂ ગત્ફાન કબીલાના ડાકૂઓનો એકલપંડે મુકાબલો કરનાર હઝરત સલમહ બિન અમ્ર બિન અકવઅના કાકા હતા. હઝરત આમિર બિન અકવઅ મોટા શાઇર હોવા ઉપરાંત મધુર કંઠે ''હુદી-ગીત'' ગાવામાં પણ પંકાયેલા હતા. જ્યારે ઇસ્લામી લશ્કર રેગિસ્તાનની ભૂમિના શાંત વાતાવરણમાં પહોંચ્યું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત આમિર બિન અકવઅને હુદી-ગીત લલકારવાની ફર્માઇશ કરી. (આ લખાણના હવાલા માટે જુઓ, અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૪૭૫-૪૮૧-જમાલે-મુસ્તફા જિ.૪ પા. ૨૩૬-૨૪૧ ગુજરાતી સંપાદકનું લખાણ પૂરૂં થયું. ઇબ્ને હિશામનું લખાણ વાંચો)

હઝરત ઇબ્ને-અકવઅનું હુદી-ગીત————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને ઇબ્રાહીમ બિન હારિસ તૈમીએ કહ્યું અને ઇબ્રાહીમે અબુલ-હૈસમ બિન નસ્ર અસલમીના મુખેથી સાંભળ્યું અને અબુલ-હૈસમે પોતાના બાપાજીના મુખેથી સાંભળ્યું. અબુલ-હૈસમના બાપાનું બયાન છે :

''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાના લશ્કર સાથે મદીનહથી નીકળીને ખયબર તરફ રવાના થઇ ગયા. ખયબરના આ પ્રવાસમાં હઝરત સલમહ બિન અમ્ર બિન અક-વઅના કાકા હઝરત આમિર બિન અકવઅ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે હતા. અકવઅનું અસલ નામ સિનાન હતું.

આગળ જતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત આમિર બિન અકવઅને ફર્માઇશ કરતાં ફરમાવ્યું, ''હે અકવઅના બેટા આમિર ! ચાલો અમને ''હુદી''ના ગીતોમાંથી કોઇ ગીત સંભળાવો.''[1]

ફર્માઇશી હુકમનું પાલન કરતાં અકવઅના બેટા આમિરે આ હુદી-ગીત લલકાર્યું :

---

૧. હઝરત આમિર બિન અકવઅ શાઇર હોવા ઉપરાંત મધુર કંઠે ગીત ગાવામાં પણ પંકાયેલા હતા. અરબના ઊંટ સવારોના રણગીતને ''હુદી'' કહે છે. રેતાળ રણના પ્રવાસમાં ઊંટોને મસ્તીમાં લાવવા અને તેજીથી ભગાવવા માટે આ ગીત ગાવામાં આવે છે. રણના સન્નાટામાં સ્વર અને શબ્દોના જાદૂથી ઊંટો મસ્તીમાં ઝૂમતાં ખુબ તેજીથી ભાગવા લાગે છે. ''ઠ''

વલ્લાહે લવ - લલ્લાહુ મહ તદૈના ● વલા તસદ - દકના વલા સલ-લૈના.

અલ્લાહના સોગંદ ! જો અલ્લાહની કૃપા કે તવફીક ન હોત તો અમે ન હિદાયત પામત, ન દાન-ખૈરાત કરત અને ન નમાઝ પઢત !

ઇન્ના ઇઝા કવમુન બગત અલૈના ● વ ઇન અરાદૂ ફિત-નતન અબૈના.

કોઇ કૌમ જ્યારે અમારી સાથે બગાવત કે બળવો કરે કે કોઇ ફિત્નો જગાડે તો અમે તેને નફરતથી ધુતકારી કાઢીએ છીએ. (ફિત્નાને ઊગતો ડામી દઇએ છીએ.)

ફ અન-ઝિલન સકી - નતન અલૈના ● વ સબ - બિતિલ અકદામ ઇન લાકૈના.

તો હે અલ્લાહ ! આપ અમારી ઉપર શાંતિ-સલામતી ઉતારજો ! અને દુશ્મનો સાથે મુકાબલો થાય તો અમને સાબિત-કદમ કે અડગ રાખજો !

શહીદ થવાની પેશીનગોઇ————આ હુદી-ગીત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "યા આમિર ! યરહમુ કલ્લાહુ !" એટલે હે આમિર ! અલ્લાહ તુજ પર રહમ ફરમાવે!

આ સાંભળતાં જ હઝરત ઉમર બોલી ઊઠયા, "ત્યારે તો યા રસૂલલ્લાહ ! આમિર માટે તો શહાદત વાજિબ થઇ ગઇ. અલ્લાહના સોગંદ, કાશ ! અમને પણ એની તક મળવા પામત !"

અને ખરેખર પછી જ્યારે ખયબરનો સંગ્રામ ખેલાયો તો હઝરત આમિર બિન અકવઅ તેમાં શહીદ થઇ ગયા. એની વિગત એમ છે કે હઝરત આમિર જ્યારે જંગે-ખયબરમાં યહૂદી કાફિરો પર તલવાર વીંઝતા હતા તો એમની જ તલવારે પલટો ખાયને એમને ગંભીર રીતે ઘાયલ કરી નાખ્યા. બન્યું એમ કે લડાઇ શરૂ થતાં હઝરત આમિરે એક યહૂદીની ટાંગ પર તલવારનો ફટકો માર્યો. તલવાર નાની હોવાથી વાર ખાલી ગયો અને પલટો ખાયને તલવારની ધારદાર અણી એમના ઘૂંટણમાં ઊંડે ઊતરી ગઇ. આ જખમથી તેઓ બચી શકયા નહિ અને શહીદ થઇ ગયા.

મુસલમાનોમાં હઝરત આમિરની શહાદત અંગે શંકા જાગી. તેઓ ચર્ચા કરવા લાગ્યા અને તેઓમાં મતભેદ પડી ગયો. કેટલાક કહેતા હતા કે આમિર શહીદ થયા છે ત્યારે કેટલાકનું કહેવું હતું કે એમને તો એમના જ હથિયારે ઘાયલ કર્યા છે. (જે એક રીતે આપઘાત કે આત્મહત્યા જેવું છે જેથી શહીદ થયેલા નહિ કહેવાય.)

હઝરત આમિરના ભત્રીજા હઝરત સલમહ બિન અમ્ર બિન અકવઅનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારા ચેહરા પર ઉદાસીના ભાવો જોઇને મારો હાથ પકડી લીધો અને પૂછયું, "સલમહ! શું મામલો છે ? ઉદાસ કેમ છો ?"

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપ પર કુરબાન ! લોકો કહે છે કે મારા કાકા આમિરનો અમલ બરબાદ થઇ ગયો છે." (એટલે તેમણે આપઘાત કરી લીધો છે. શું તેઓ શહીદ થયેલા કહેવાય ?)

આપે ફરમાવ્યું, "જે કોઇએ આમ કહ્યું તેણે ખોટું કહ્યું છે. આમિર યકીની રીતે શહીદ થયા છે. તેમની શહાદતમાં કોઇ શંકા નથી."

---

૧. સહાબામાં મશહૂર હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે "યરહમુ-કલ્લાહ"ના શબ્દોથી કોઇ સહાબીને દુઆ આપતા તો તેના માટે શહીદ થઇને જન્નતમાં જવાનું વાજિબ થઇ જતું હતું. "હ"

Maktabe Ashraf

એ પછી આપે બે આંગળી ભેગી કરીને ફરમાવ્યું, "આમિરને તો બમણો અજ્ર મળશે કેમકે તે કુફ્ફારના મુકાબલામાં જાનની પરવા નહિ કરનારા મર્દે-મુજાહિદ હતા."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમામ મુસલમાનો સાથે હઝરત આમિર બિન અકવઅના જનાઝહની નમાઝ પઢી.

ખયબર પાસે રસૂલુલ્લાહ (સલ.)ની દુઆ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અતાઅ બિન અબૂ મરવાન અસ્લમી તથા તેમના બાપાજી તરફથી મને હઝરત અબૂ મુઅત્તિબ બિન અમ્રની આ રિવાયત મળી. હઝરત અબૂ મુઅત્તિબનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે ખયબરની [1] નઝદીક પહોંચી ગયા અને ખયબરની વસતિ પર આપની નજર પડી તો આપે પોતાના સહાબાને ફરમાવ્યું, "કુફૂ!"એટલે ઠેહરો, થોભી જાવ !

આજ્ઞા મળતાં જ ૧૬ સો મુજાહિદોનું લશ્કર થોભી ગયું. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનો સાથે બારગાહે ઈલાહીમાં આ દુઆ માગી :

અલ્લાહુમ્મ રબ્બસ-સમાવાતિ	હે અલ્લાહ ! હે આકાશોના પાલનહાર !
વમા અઝ-લલના.	અને જે કંઈ આકાશોના સાયામાં છે તેના પાલનહાર !
વ રબ્બલ-અરદીન	અને હે ધરતીઓના પાલનહાર !
વમા અક્-લલના.	અને જે કંઈ ધરતીમાંથી ઊગે છે તેના પાલનહાર !
વ રબ્બશ - શયાતીન	અને હે શયતાનોના પાલનહાર !
વમા અદ્દ - લલના-	અને શયતાનો જેઓને ગુમરાહ કરે છે તેઓના પાલનહાર!
વ રબ્બર-રિયાહિ	અને હે વાયુઓના પાલનહાર !
વમા અરઝીના.	અને વાયુઓને ઉડાવનારા ફરિશ્તાઓના પાલનહાર !
ફ-ઈન્ના નસ-અલુકા	તો અમે યાચના કરીએ છીએ તુજથી,
ખૈર હાઝિહિલ-કરયહ.	આ વસતિની ભલાઈની !
વ ખૈર અહલુહા	અને એમાં વસનારાઓની ભલાઈની !
વ ખૈર મા ફીહા.	અને જે કંઈ એ વસતિમાં છે તેની ભલાઈની !
વ નઊઝુ બિકા	અને અમે રક્ષણ માગીએ છીએ તુજથી,
મિન શર્રે - હા	એ વસતિની બુરાઈથી !
વ શર્રા અહલિ-હા	અને એમાં વસનારાઓની બુરાઈથી !
વ શર્રે મા ફીહા.	અને જે કંઈ એ વસતિમાં છે તેની બુરાઈથી !

આ દુઆથી ફારિગ થઈને આપે ફરમાવ્યું, "અક્દિમૂ બિસ્મિલ્લાહ !" એટલે અલ્લાહનું નામ લઈને હવે આગળ વધો. હઝરત અબૂ મુઅત્તિબ ફરમાવે છે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે કોઈ શહેર કે વસતિમાં પધારતા તો તેમાં દાખલ થવા પહેલાં આ દુઆ પઢતા હતા. (ઉપર મુજબની)

ખયબરના લોકોની નાસભાગ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ

૧. ખયબર મદીનહથી આઠ મંઝિલ એટલે આસરે બસો માઈલના ફાસલા પર શામની દિશાએ આવેલું છે. કેટલાકે ૧૮૪ કી.સી. એટલે લગભગ સવા સો માઈલનો ફાસલો દર્શાવેલો છે. (કશ્ફુલ-બારી જિ.૨ પા. ૪૦૯) "હ"

અન્હુનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારેય કોઈ કૌમ સાથે જંગ કરતા તો વહેલી સવારે તેની ઉપર છાપો મારતા હતા. અગર કોઈ વસતિમાંથી અઝાનનો અવાજ સાંભળતા તો છાપો મારવાથી અટકી જતા હતા. પણ જ્યારે અઝાનનો અવાજ નહિ સાંભળવામાં આવતો તો વહેલી સવારના સમયે છાપો મારતા."

હઝરત અનસ બિન માલિકનું બયાન છે : "સારાંશ કે અમે લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રાતના સમયે ખયબરમાં દાખલ થયા. એક જગાએ પડાવ નાખીને રાત ત્યાં જ ગુજારી અને સવાર પડી ગઈ. પ્રભાતનું અજવાળું રેલાયું છતાં કોઈ દિશાએથી અઝાનનો અવાજ નહિ સંભળાયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઘોડા પર સવાર થઈ ગયા. આપના હુકમ મુજબ અમે પણ સવાર થઈ ગયા. હું અબૂ તલહાની પાછળ-પાછળ હતો. મારો કદમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કદમની લગોલગ હતો. આગળ જતાં અમે જોયું કે ખયબરના ખેડૂતો, કામદારો અને ધંધાદારી લોકો સવારના પહોરમાં અમારી સામેથી પસાર થવા લાગ્યા. તેઓ પોતાના પાવડા, કોદાળા, ટોકરા વગેરે ઉપાડીને ખેતરો કે વાડીઓ તરફ જતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને આપના લશ્કરને જોતાં જ તેઓ ચોંકી ઊઠ્યા અને પોકારી ઊઠ્યા,

"મુહમ્મદુન વલ્લાહિ !" અરે અલ્લાહના સોગંદ મુહંમદ !

"મુહમ્મદુન વલ-ખમીસુ !" અરે મુહંમદ અને લશ્કર ! [1]

'આમ કહેતાં જ તેઓ પૂઠ ફેરવીને ભાગી ઊઠ્યા અને શહેરની ગલીકૂંચીઓમાં ભરાય ગયા. એમને નાસતા જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : "અલ્લાહુ અકબર ! ખરિબત ખયબરૂ ઈન્ના ઈઝા નઝલ-ના બિ-સાહતિ કવમિન ફ-સાઅ સબાહુલ-મુન્ઝરીન."

એટલે અલ્લાહ મહાન છે. ખયબર વેરાન થઈ ગયું. બેશક અમે જ્યારે ય કોઈ કૌમના આંગણમાં ઊતર્યા તો ત્યાંના "મુન્ઝરીન"ની ભયંકર ચીસો નીકળી ગઈ છે. અથવા ત્યાંના "મુન્ઝરીન"ની સવાર બગડી ગઈ છે અને "મુન્ઝરીન" તે લોકો છે જેઓને અલ્લાહ તરફથી પયગમ્બરો મારફતે જહન્નમના અઝાબથી ડરાવવામાં આવ્યા હોય. એટલે કાફિરો, મુશરિકો, મુનાફિકો, ઈસ્લામના દુશ્મનો વગેરે.

રસૂલુલ્લાહ (સલ.)ના રસ્તાની મંઝિલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે મદીનહથી ખયબર જવા માટે નીકળ્યા તો "ઈસ્ર" નામે પહાડને રસ્તે પોતાનું લશ્કર લઈને રવાના થયા. [2] આ સ્થળે આપના માટે એક મસ્જિદ બનાવી દેવામાં આવી હતી. અહીંથી કૂચ કરીને આપ "સહબા" મુકામે પહોંચી ગયા અને અહીંથી લશ્કર સાથે કૂચ કરીને આગળ વધ્યા તો "રજીઅ"ની મંઝિલે પહોંચીને પડાવ નાખી દીધો. [3]

---

૧. ખમીસ : અરબીમાં લશ્કરને કહે છે જેના પાંચ ભાગ હોય છે : (૧) મય-મનહઃ જમણી પાંખ (૨) મય-સરહઃ ડાબી પાંખ (૩) કલ્બ : વચલો ભાગ (૪) મુ-કદ-દિમહ અથવા મુ-કદ-દિમતુલ-જૈશ : લશ્કરનો આગલો ભાગ (૫) સાકહ અથવા સાકતુલ-જૈશઃ લશ્કરનો પાછલો ભાગ. "હ"

૨. ઈસ્ર : મદીનહ અને અલ-ફર્અની વચ્ચે આવેલા એક પહાડનું નામ. એવી જ રીતે સહબા : મદીનહ અને ખયબરની વચ્ચે, ખયબરથી વધારે નજીક આવેલું સ્થળ છે.

3. રજીઅ : ખયબર અને ગત્ફાનની વસતિ વચ્ચે આવેલું સ્થળ. ઈસ્લામી લશ્કરે અહીં પડાવ નાખીને બંને વચ્ચે દીવારનું રૂપ લીધું કે જેથી ગત્ફાનના મુશરિકો યહૂદીઓની મદદે નહિ જઈ શકે. રજીઅ નામે એક વસતિ પણ છે જેનું બયાન પ્રકરણ ૧૧૪માં થયું છે "હ"

Maktabe Ashraf

રજીઅની મંઝિલે પડાવ નાખી દેવાનો હેતુ આ હતો કે આ સ્થળ, ખયબર અને ગત્ફાન કબીલાની વસતિ વચ્ચે આવેલું હતું. બીજો હેતુ આ હતો કે આપનું લશ્કર, ખયબરના યહૂદીઓ અને ગત્ફાનના લોકો વચ્ચે એક દીવાર કે આડ બની જાય કે જેથી, યહૂદીઓને ગત્ફાન તરફથી કોઈ કુમક કે મદદ મળવા નહિ પામે. કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળી ગયા હતા કે ગત્ફાન કબીલાના મુશરિકો યહૂદીઓની મદદ માટે તૈયાર છે.

ગત્ફાનના મુશરિકો યહૂદીઓની મદદે————ઈબ્ને ઈસ્હાક કહે છે : જાણકારો તરફથી મળેલી માહિતી મુજબ ગત્ફાનના મુશરિકોને જ્યારે ખબર પડી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના લશ્કર સાથે રજીઅમાં ડેરા નાખી દીધા છે તો તેઓએ તાબડતોડ પોતાના લડવૈયાઓને તૈયાર કરી નાખ્યા અને યહૂદીઓની મદદ માટે ચાલી નીકળ્યા. પરંતુ પહેલી મંઝિલે પહોંચતાં જ તેઓને પોતાના બાલબચ્ચાં અને ઘરબાર વિષે જે ખતરનાક સમાચાર મળ્યા તેનાથી તેઓનો જંગી જુસ્સો ઠંડોગાર થઈ ગયો. તેઓને થયું કે પૂરી કૌમે સાથ આપ્યો નથી અને બાલબચ્ચાંના રક્ષણની યોગ્ય વ્યવસ્થા કરી નથી. જો અમારી ગેરહાજરીમાં તૈયાર ઊભેલું ઈસ્લામી લશ્કર અમારાં બાલબચ્ચાં પર તૂટી પડે તો નવાઈ જેવું નથી કે અમારી હાલત ધોબીના કૂતરા જેવી થઈ પડે ! આ ખટકો જાગતાં જ તેઓ પાછલા પગે પોતાની વસતિ તરફ વળી ગયા. આ ખટકો અલ્લાહ તઆલા તરફથી મુસલમાનોની એક ગૈબી મદદ હતી. આ રીતે તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અને યહૂદીઓના ખયબરને તેઓની હાલત પર છોડી દીધા.

એક પછી એક કિલ્લાની જીત————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરના યહૂદીઓ પર હલ્લો કરી દીધો અને તેઓનો એક પછી એક કિલ્લો સર કરીને તેઓની માલ-મિલકત પર કબજો કરવા માંડયો. સૌથી પહેલાં જે કિલ્લો ફતેહ કર્યો તેનું નામ ''હિસ્ને-નાઈમ''હતું. આ કિલ્લાની ફતેહ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી હઝરત મહમૂદ બિન મસ્લમહ શહીદ થઈ ગયા. હઝરત મહમૂદે અપૂર્વ બહાદુરીથી કિલ્લા પર આક્રમણ કર્યું અને મોડે સુધી લડતા રહ્યા. થાક લાગતાં કિલ્લાની દીવારના સાયામાં વિસામો લેવા બેઠા. એજ પળે કિલ્લાની અગાશી પરથી કિનાનહ બિન રબીઅ નામે યહૂદી યુવકે પથ્થરની ઘંટીનું પડ હઝરત મહમૂદના માથા પર ઝીંકી માર્યું. માથું ફાટી જતાં હઝરત મહમૂદ બિન મસ્લમહ રદિયલ્લાહુ અન્હુ શહીદ થઈ ગયા.

બીજા નંબરે ફતેહ થનારો ''હિસ્ને-કમૂસ''નામે કિલ્લો હતો. એ અબુલ-હુકૈક નામે યહૂદી સરદારના પરિવાર અને કુટુંબીઓનો કિલ્લો હતો. આ કિલ્લામાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જેટલા કેદીઓ મળ્યા તેમાં સફિય્યહ બિન્તે હુય્ય નામે એક રૂપવાન ખાતૂન પણ હતી. આ સફિય્યહ ખાતૂન યહૂદી કૌમના બાદશાહ જેવા સરદાર હુય્ય બિન અખ્તબની શાહઝાદી હતી. સફિય્યહના ખાવિન્દનું નામ કિનાનહ બિન રબીઅ બિન અબિલ-હુકૈક હતું. [1] સફિય્યહની સાથે તેની બે ચચેરી બહેનો પણ હતી. સફિય્યહ ખાતૂનને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાને માટે પસંદ કરી લીધી.

કેદીઓની વહેંચણી વેળા હઝરત દિહયહ બિન ખલીફહ કલ્બીએ દરખાસ્ત કરી, ''યા રસૂલલ્લાહ !

૧. સફિય્યહ ખાતૂનના પહેલા નિકાહ સલ્લામ બિન મિશ્કમ નામે યહૂદી જવાન સાથે થયા હતા. તેના મરણ બાદ કિનાનહ બિન રબીઅના નિકાહમાં આવ્યાં. આ કિનાનહ તેજ છે જેણે ઘંટીનું પડ ઝીંકીને હઝરત મહમૂદને શહીદ કરી નાખ્યા હતા. (ફત્હુલ-બારી જિ.૨ પેજ ૪૩૦) ''૯''

આ સફિય્યહ નામે ખાતૂન મને ઈનાયત ફરમાવી દો.''

પરંતુ સફિય્યહ ખાતૂનને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાને માટે પસંદ ફરમાવી લીધી હતી જેથી હઝરત દિહયહને તેની બે ચચેરી બહેનો આપી દેવામાં આવી. ખયબરના કિલ્લાઓમાંથી ઘણીબધી યહૂદી ઔરતો ગનીમતના માલ તરીકે મુસલમાનોને ભાગે આવી.

ચાર વસ્તુઓની મનાઈનો હુકમ————જંગે-ખયબર વેળા ખાધખોરાકીની અછતને લીધે મુસલમાનોએ ''હુમુરે-અહલી''એટલે ઘરેલું ગધેડાઓનું ગોશ્ત ચૂલે ચઢાવ્યું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર પડી તો આપે ઊભા થઈને કેટલીક વસ્તુઓની મનાઈનો હુકમ ફરમાવ્યો અને એ વસ્તુઓના નામોની પણ જાહેરાત કરાવી દીધી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અમ્ર બિન દમ્રહ ફઝારી તરફથી મળેલી માહિતી મુજબ અબ્દુલ્લાહ બિન સલીતના બાપાજીનું કહેવું છે કે, જંગે-ખયબર વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી જ્યારે અમે ''હુમુરે-અહલી'' એટલે ઘરેલું ગધેડાઓનું માંસ ખાવાની મનાઈનો હુકમ સાંભળ્યો તો તે વેળા અમારી હાંડીઓમાં ગધેડાનું ગોશ્ત ખદખદી રહ્યું હતું. હુકમ સાંભળતાં જ અમે હાંડીઓ ચૂલાઓ પરથી ઉતારીને ઊંધી વાળી દીધી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન નજીહએ મકહૂલની આ રિવાયત બયાન કરી કે જંગે-ખયબર વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોને ચાર વસ્તુઓની મનાઈનો હુકમ ફરમાવી દીધો:

૧--- કેદ પકડાયેલી હામિલહ એટલે ગર્ભવતી સ્ત્રીઓ સાથે સમાગમ.

૨—— ઘરેલુ ગધેડાઓનું માંસ.

૩—— ચીરીફાડી નાખનાર કે ચીરીફાડીને ખાય જનાર પ્રાણીઓનું માંસ.

૪—— વહેંચણી પહેલાં ગનીમતના માલનું ખરીદ-વેચાણ.

ઘોડાનું ગોશ્ત ખાવાની પરવાનગી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને સલામ ઈબ્ને કિર-કિરાહએ અમ્ર બિન દીનાર અને જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીની આ રિવાયત કહી સંભળાવી. (એમાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી જંગે-ખયબરમાં હાજર નહિ હતા.) તેમણે કહ્યું : ''જંગે-ખયબર પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે મુસલમાનોને ઘરેલું ગધેડાઓનું ગોશ્ત નહિ ખાવાનો હુકમ ફરમાવ્યો તો તે વેળા આપે મુસલમાનોને ઘોડાઓનું ગોશ્ત ખાવાની પરવાનગી આપી દીધી. [૧]

---

૧. ઘોડાના માંસ વિષે ફિકહી ઈમામોના જુદા જુદા મતો છે :

- ઈમામ શાફિઈ, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહંમદ અને અકસર આલિમો કને ઘોડાનું ગોશ્ત જાઈઝ અને મુબાહ છે. (મુબાહ એટલે છૂટ છે, રજા છે, ખાયા શકાય છે.)
- ઈમામ અબૂ હનીફહ અને ઈમામ માલિક કને મકરૂહ છે.
- માલિકી મસ્લકના કેટલાક આલિમો કને મકરૂહે-તહરીમી અને કેટલાક કને મકરૂહે-તનઝીહી છે.
- હઝરત ઈમામ અબૂ હનીફહ અને હઝરત ઈમામ માલિકે હઝરત ખાલિદ બિન વલીદની એક રિવાયતને આધારે દલીલ કરી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આદમાં ઘોડાના ગોશ્તની મના ફરમાવી દીધી હતી. હઝરત ખાલિદની એ રિવાયત અબૂ દાવૂદ, નસાઈ તથા ઈબ્ને માજહએ ટાંકેલી છે અને તે આ પ્રમાણે છે : ''નહા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અન અકલે-લુહૂમિલ-ખયલે, વલ-બિગાલે, વલ-હુમુર.'' એટલે મના ફરમાવી છે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઘોડાઓનું, ખચ્ચરોનું અને ગધેડાઓનું ગોશ્ત ખાવાની. (ફત્હુલ-બારી જિ.૨ પા. ૪૪૨) ''હ''

રસૂલુલ્લાહ (સલ.)ના બીજા હુકમો——ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન અબૂ હબીબે તુજીબના આંઝાદ ગુલામ અબૂ રઝૂકના વાસતાથી હનશ સન્આનીની આ રિવાયત કહી સંભળાવી. હનશ સન્આની કહે છે : "અમે હઝરત રૂવૈફિઅ બિન સાબિત અન્સારી સાથે મગરિબના મુલ્કોમાં જિહાદ માટે ગયા હતા. ત્યાં "જિરબહ"નામે ટાપુમાં આવેલું એજ નામનું શહેર ફતેહ કરી લીધું. તે પ્રસંગે હઝરત રૂવૈફિઅ બિન સાબિતે ઈસ્લામી લશ્કર સામે ઊભા થઈને પ્રવચન કરતાં ફરમાવ્યું, "હે મુસલમાનો ! હું તમને તેજ વાતો કહેવા માગું છું જે મેં, જંગે-ખયબર પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક મુખેથી સાંભળી છે. આપે ઈસ્લામી લશ્કરને સંબોધીને ફરમાવ્યું હતું :

૧—— અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન રાખનાર મુસલમાન માટે જાઈઝ નથી કે તે પોતાના પાણીથી બીજાની ખેતીને ખરાબ કરે. (એટલે કેદ થયેલી ગર્ભવતી સ્ત્રી સાથે સમાગમ કરે.)

૨—— અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન રાખનાર મુસલમાન માટે જાઈઝ નથી કે તે કોઈ હામિલહ કેદી સ્ત્રી સાથે હમબિસ્તર થાય જ્યાં સુધી કે તે હમલના દિવસોમાંથી પાર નહિ ઊતરી જાય.

૩—— અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન રાખનાર મુસલમાન માટે જાઈઝ નથી કે વહેંચણી પહેલાં ગનીમતના માલનું ખરીદ-વેચાણ કરે.

૪—— અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન રાખનાર મુસલમાન માટે જાઈઝ નથી કે તે મુસલમાનોના માલે-ગનીમતનું કપડું લઈને પહેરે અને તેને જૂનું કરીને વાપસ કરે.

૫—— અલ્લાહ અને આખરેતના દિવસ પર ઈમાન રાખનાર મુસલમાન માટે જાઈઝ નથી કે તે કોઈ મુસલમાનના માલે-ગનીમતનું જાનવર પકડાવી લે. પછી તેની ઉપર સવારી કરે અને તેને નબળું બનાવીને વાપસ કરે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન અબ્દુલ્લાહ બિન કુસૈતે હઝરત ઉબાદહ બિન સામિતની આ રિવાયત બયાન કરી. હઝરત ઉબાદહ બિન સામિત ફરમાવે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જંગે-ખયબર પ્રસંગે અમને આ વાતોની પણ મના ફરમાવી :

૧—— સોનાના સિક્કાના બદલામાં કાચા સોનાનું ખરીદ-વેચાણ નહિ કરવું.

૨—— ચાંદીના સિક્કાના બદલામાં કાચી ચાંદીનું ખરીદ-વેચાણ નહિ કરવું.

૩—— પછી આપે ફરમાવ્યું, "પાકા સોનાના બદલામાં કાચી ચાંદી અને પાકી ચાંદીના બદલામાં કાચા સોનાનું ખરીદ-વેચાણ કરો.

ભૂખ્યા મુજાહિદોની ફરિયાદ——ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રે કહ્યું અને તેમને એક અસ્લમી મુજાહિદે કહ્યું કે, જંગે-ખયબર વેળા અમારા બનૂ સહમ અસ્લમી કબીલાના કેટલાક મુજાહિદો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જઈને ભૂખમરાની ફરિયાદ કરતાં બોલ્યા, "વલ્લાહ યા રસૂલલ્લાહ ! અમે ભૂખમરાની ભારે પીડા ભોગવીએ છીએ. ભૂખથી અમારાં પેટો પીચકી ગયાં છે. હાથપગ અમે બહુ હલાવ્યા તેમ છતાં અમારા હાથ ખાલી છે."

તે વેળા ખયબરમાં એમને આપવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પણ કશું હતું નહિ. જેથી આપે બારગાહે ઈલાહીમાં હાથ ફેલાવી દીધા :

Maktabe Ashraf

"યા ઈલાહી ! તું તારા આ બંદાઓના હાલ જાણે છે. હવે એમનામાં કમાણીનું બળ રહ્યું નથી. મારી પાસે પણ એમને આપવા માટે અત્યારે કશું નથી. યા ઈલાહી ! તું તારી રહમતથી અહીંનો કોઈ મોટો કિલ્લો, જેમાં વધારે માલસામાન, વધારે અનાજ હોય તેને એમના હાથે ફતેહ કરાવી દે !"

બીજા દિવસનું પ્રભાત થતાં જ આ લોકો અલ્લાહનું નામ લઈને ઊપડયા અને પૂરા બળથી સઅબ બિન મુઆઝના કિલ્લા પર તૂટી પડયા અને મરણિયા થઈને ખૂબ બહાદુરીથી લડયા. છેવટે યહૂદીઓની હિંમતે જવાબ આપી દીધો અને અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી આ કિલ્લો એમના હાથે ફતેહ કરાવી દીધો. ખયબરમાં જેટલા કિલ્લા હતા, આ કિલ્લાથી વધારે અનાજ અને વધારે માલસામાન ધરાવનારો બીજો કોઈ કિલ્લો ન હતો. (આ કિલ્લાની ફતેહ પછી ખાવાપીવાની તંગી દુર થઈ ગઈ.)

ઈસ્લામી લશ્કરનો જંગી શિઆર———ઈબ્ને ઈસ્હાક કહે છે : ખયબરના જેટલા કિલ્લા ફતેહ કરાવવાનું અલ્લાહને મંજૂર હતું એ બધા ફતેહ કરાવી દીધા અને ગનીમતનો જેટલો માલસામાન મુસલમાનોને અપાવવાનું મંજૂર હતું એ બધો અપાવી દીધો.

એ પછી ઈસ્લામી લશ્કર યહૂદીઓના "અલ-વતીહ" અને "સુલાલમ" નામે કિલ્લાઓ તરફ રવાના થયું. આ બે તે કિલ્લા હતા જે સૌથી છેલ્લે ફતેહ થવા પામ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લગભગ દસ રાતો સુધી આ કિલ્લાઓનો ઘેરો ચાલુ રાખ્યો.

ઈબ્ને હિશામ કહે છે : ખયબરના યહૂદીઓ સાથેના યુધ્ધમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરનો "શિઆરે-જંગ" એટલે લડાઈમાં એકબીજાને ઓળખવાનો સંકેત શબ્દ "યા મન્સૂર! અમિત ! અમિત !" હતો. મન્સૂર એટલે ફતેહયાબ અને અમિત-અમિત એટલે મારો ! કાપો !

યહૂદનો મરહબ પહેલવાન———ઈબ્ને ઈસ્હાક કહે છે : મને બનૂ હારિસહવાળા અબ્દુલ્લાહ બિન સહલ બિન અબ્દુર્રહમાન બિન સહલએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી. હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું બયાન છે : "ખયબરના યહૂદીઓનો પંકાયેલો પહેલવાન મરહબ પોતાના કિલ્લામાંથી નીકળ્યો. [1] તે લડાઈના તમામ હથિયારોથી સુ-સજ્જ હતો. કિલ્લામાંથી નીકળતાં જ તે આ રાણગીત લલકારવા લાગ્યો :

કદ અલિમત ખયબરુ અન્ની મરહબુ, • શાકિસ-સિલાહે બતલુન મુજર-રબુ.

ખયબરના તમામ લોકોને ખબર છે કે હું મરહબ છું, શસ્ત્ર-સજ્જ છું, વીરનર છું, અનુભવોથી ઘડાયેલો છું.

અત્અનુ અહયાનંવ - વ - હીનન અદ-રિબુ, • ઈઝલ - લયૂસ અક્ - બલત તહર [?] રબુ.

આક્રમણખોર સિંહો જયારે ક્રોધથી વિફરીને હુમલો કરે છે તો એવા સિંહોને હું કદી ભાલાઓથી મારી નાખું છું તો કદી તલવારોથી.

૧. મરહબ અરબનો પંકાયેલો પહેલવાન હતો અને તે એક સો નહિ, એક હજાર સવારોની બરાબર ગણાતો હતો. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૮૪) "હ"

Maktabe Ashraf

ઈન હમાઅ લિલ-હમા લા યુકરિબુ.

કોઈની મજાલ નથી કે તે મારી ખાસ ભૂમિના પ્રાંગણમાં પ્રવેશી શકે.

એની સાથે જ મરહબ ગર્જના કરતો હતો, ''મમ-મુબારિઝ ? મમ-મુબારિઝ ?'' એટલે છે કોઈ બહાદુર ? છે કોઈ નર મારા મુકાબલે આવનારો ?

મરહબના પડકારનો જવાબ————મરહબની યુધ્ધ-ગર્જના અને મરહબના રણગીતના જવાબમાં હઝરત કઅબ બિન માલિકે આગળ વધીને તેને શાઈરીમાં પડકાર્યો :

કદ અલિમત ખયબરુ અન્ની કઅબુ • મુફર-રિજુલ - ગુમ્મા જરિઉન સુલ્બુ.

તમામ ખયબરવાસીઓને ખબર છે કે હું કઅબ બિન માલિક છું. નડતરો, રૂકાવટો, હાડમારીઓને મારી હઠાવનાર સાહસવીર છું. મજબૂત છું, બળવાન છું.

ઈઝ - શુબ - બતિલ - હર્બુ તલ - તહલ હરબુ • મઈય હુસામુન કલ અકીક ગદબુ.

જ્યારે જંગનો દાવાનળ પ્રકટી ઊઠે અને તે પછી જંગ આવી લાગે તો મારી પાસે ટુકડા કરી નાખનારી તલવાર છે જે વીજળી પેઠે ચમકારા મારે છે.

નતઉ કુમ હત્તા યઝિલ - લસ સઅબુ • નુઅતિલ - જઝાઅ અવ યફિઅન - નહબુ.

અમે તમને કચડીને છૂંદી નાખીશું ત્યાં સુધી કે અડચણ, અડચણ નહિ રહે અથવા હાડમારી, હાડમારી નહિ રહે. અમે તમને વળતી શિક્ષા આપીને જ જંપીશું ત્યાં સુધી કે ગનીમતનો માલ હાથવગો થઈ જાય.

બિ-કફ્ફે માદિન લૈસ ફીહે અત્બુ.

મારા એવા ઝડપી બાહુબળ કે અક્કડ હાથને પ્રતાપે જેમાં લેશ પણ વાંકાપણું નથી.

ઈબ્ને હિશામ કહે છે : મરહબનો વંશીય સંબંધ યમનના પ્રાચીન વંશના હિમ્યર કબીલા સાથે હતો.

મરહબનું અભિમાની માથું————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન સહલએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહની રિવાયત કહી સંભળાવી. હઝરત જાબિર ફરમાવે છે : ''મરહબ પહેલવાનની ''મમ-મુબારિઝ !''ની ગર્જના સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું, ''મન હાઝા ?'' એટલે કોણ છે જે એના મુકાબલા માટે મેદાને પડે ?

એજ પળે હઝરત મુહંમદ બિન મસ્લમહ ઊભા થઈ ગયા, ''યા રસૂલલ્લાહ ! હું મેદાને પડીશ. હું એનો મુકાબલો કરીશ. હું જરૂર એની પાસેથી તે ખૂનનો બદલો વાળીશ, જેણે કાલે મારા ભાઈ મહમૂદ બિન મસ્લમહને કતલ કર્યા છે.''

''વારૂ તો જાવ એનો મુકાબલો કરો'' આપે ફરમાવ્યું, ''હે અલ્લાહ ! યહૂદી વિરૂધ્ધ તારા મુસલમાન બંદાની મદદ કરજે !''

હઝરત જાબિરનું બયાન છે : ''જ્યારે બંને બહાદુરો એકબીજાની સામસામે આવી ગયા તો ત્યાં ઊભેલું એક જુનું ઝાડ બંને વચ્ચે આડ બની ગયું. આ ઝાડના ડાળખાં ખુલ્લી છત્રી જેવાં હતાં. બંને બહાદુરો આ ઝાડનું ઓથું લેવા લાગ્યા. જ્યારે બંનેમાંથી એક, ઝાડની ઓથે આવતો તો બીજાની તલવાર તેના માથાને

Maktabe Ashraf

બદલે ઝાડની ડાળીને કાપી નાખતી, ત્યાં સુધી કે ઝાડની ડાળીઓ કપાતી-કપાતી સફાચટ થઇ ગઇ. હવે બંને બહાદુરો ખુલ્લી રીતે એકમેકની સામે આવી ગયા. તેઓની સામે કોઇ આડ રહી નહિ અને ઝાડનું ઠૂંઠું એક ઊભેલા માણસ પેઠે વચમાં કાયમ રહી ગયું.

એ પછી મરહબ પહેલવાને આગળ વધીને કાંડાંના પૂરા બળથી હઝરત મુહંમદ બિન મસ્લમહ પર તલવારનો ભરપૂર વાર કર્યો. આ વાર એમણે પોતાની ચામડાંની ઢાલ પર ઝીલી લીધો. મરહબની તલવાર ઢાલ પર પડી તો ઢાલને કાપતી વચમાં જ ફસાઇને રહી ગઇ. જવાબમાં પેંતરો બદલીને હઝરત મુહંમદ બિન મસ્લમહએ પોતાની તલવારનો એવો ફટકો માર્યો કે, તલવાર મરહબની ખોપરી ચીરતી દાંતો સુધી ઊતરી ગઇ.

સંપાદકની નોંધ——— ——સીરતુન-નબી, કશ્ફુલ-બારી તેમ બીજા સીરતગ્રંથોમાં મરહબ પહેલવાનનો બનાવ જુદી રીતે આલેખાયો છે. ટૂંકમાં કહીએ તો મરહબ જયારે યુદ્ધગીત લલકારતો વિફરેલા સિંહ પેઠે કિલ્લામાંથી નીકળ્યો તો તેના મુકાબલા માટે હઝરત અલી મેદાને પડયા અને તેના રણગીતના જવાબમાં લલકાર્યા :

અનલ-લઝી સમ્મતની ઉમ્મી હૈદરહ • ક-લૈસે ગાબાતિન કરીહલ-મન્ઝરહ.

હું તે છું કે મારી માએ મારૂં નામ હયદર (એટલે શેરે-બબર) રાખ્યું છે. હું જંગલના શેરે-બબર પેઠે વિકરાળ અને બિહામણો છું.

મરહબ એક હજાર વીરનરોની તોલે ગણાતો હતો. એજ તુમાખીમાં યુદ્ધના પડકારા ગજાવતો કિલ્લામાંથી નીકળ્યો હતો. તેના ''મન-મુબારિઝ !'' ના જવાબમાં હઝરત અલીએ આગળ વધીને પોતાની ''ઝુલ-ફકાર''તલવાર એવા તો જોરથી તેના માથા પર ફટકારી કે તે, તેની ખોપરીને ચીરતી દાંતો સુધી ઊતરી ગઇ. અને ફટકાનો અવાજ મુસલમાનોના કાનો સુધી પહોંચી ગયો. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૮૮ - કશ્ફુલ-બારી જિ.૨ પા. ૪૧૨) હઝરત અલીનું પૈદાઇશી નામ હયદર હતું. અરબીમાં શેરે-નર કે શેરે બબરને હયદર કહે છે. સંપાદકની નોંધ પૂરી થઇ. ''હ''

મરબહના ભાઇનો પડકાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : મરહબને કતલ થયેલો જોઇને તેનો ભાઇ યાસિર ''મન-મુબારિઝ ! ''ના નઅરા ગજાવતો કિલ્લામાંથી નીકળી આવ્યો. એના મુકાબલા માટે હઝરત ઝુબૈર બિન અવ્વામ --જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઇ બીબી સફિય્યહના જવાન ફરઝંદ હતા—મેદાને પડયા. તે વેળા બીબી સફિય્યહ ત્યાં હાજર હતાં. બેટાને મેદાને-જંગમાં જતો જોઇને કહેવા લાગ્યાં, ''યા રસૂલલ્લાહ ! મારો બેટો માર્યો જશે.''[૧]

જવાબમાં આપે ફરમાવ્યું, ''નહિ જી, અલ્લાહએ ચાહ્યું તો તમારો બેટો યાસિરને કતલ કરશે.''

સારાંશ કે બંને વચ્ચે ખરાખરીનું યુધ્ધ જામ્યું. તલવારોની વીજળી ઝબૂકવા લાગી. અને જોતજોતામાં હઝરત ઝુબૈરે મરહબના ભાઇ યાસિરને કાપીને ફેંકી દીધો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હિશામ બિન ઉર્વહના કહેવા પ્રમાણે લોકો હઝરત ઝુબૈર બિન અવ્વામને પૂછયા કરતા, ''કેમ ભાઇ ! ખયબરને દિવસે તમારી તલવાર તો એક જ ઝાટકે કાપી નાખે તેટલી ધારદાર હશે ને?''

---

૧. કેમકે યાસિર પણ પોતાના ભાઇ પેઠે લાંબોતડંગો, મજબૂત કાઠાનો, બહાદુર લડવૈયો હતો. હ

હઝરત ઝુબૈર જવાબમાં ફરમાવી દેતા, "નહિજી અલ્લાહના સોગંદ ! મારી તલવાર તો તેટલી તેજીલી ન હતી પણ હું તેને બહુ તેજીથી વીંઝતો હતો."

હઝરત અલીની અનેરી શાન————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને બુરૈદહ બિન સુફયાન બિન ફર્વહ અસ્લમીએ પોતાના બાપાજી સુફયાન બિન ફર્વહના વાસ્તાથી હઝરત સલમહ બિન અમ્ર બિન અકવઅની રિવાયત કહી સંભળાવી.

હઝરત સલમહ બિન અમ્ર બિન અકવઅ ફરમાવે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્ર સિદ્દીકને ઝંડો આપીને ખયબરનો "કમૂસ" નામે કિલ્લો ફતેહ કરવા મોકલ્યા. હઝરત અબૂબક્ર લશ્કર લઈને ખયબરના એ કિલ્લા પાસે ગયા અને કિલ્લાના યહૂદીઓ સાથે ખૂબ બહાદુરીથી લડયા. અવનવી તરકીબો કે વિવિધ યુધ્ધ-કળાથી કિલ્લાને જીતી લેવાની કોશિશ કરી પણ કિલ્લો સર થયો નહિ ત્યારે પોતાનું લશ્કર લઈને પાછા આવી ગયા.

બીજા દિવસે આપે હઝરત ઉમર બિન ખત્તાબને લશ્કર આપીને એ કિલ્લો સર કરવા માટે મોકલ્યા. હઝરત અબૂબક્ર પેઠે હઝરત ઉમર પણ ખૂબ બહાદુરીથી લડયા. અનેક પ્રયત્નો છતાં કિલ્લો સર થયો નહિ તો એમને પણ લશ્કર લઈને પાછા આવી જવું પડયું.. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું,

> "કાલે ઝંડો હું એવા શખ્સને આપીશ જે અલ્લાહ અને તેના રસૂલને પ્રેમ કરે છે. અલ્લાહ તઆલા તેના હાથે કિલ્લો ફતેહ કરાવી દેશે અને તે મેદાને-જંગથી કોઈ પણ સંજોગોમાં પીછેહટ કરશે નહિ."[1]

બીજા દિવસનું પ્રભાત થયું તો નમાઝ અને નિત્યકર્મથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અલી કયાં છે ?"

તે વેળા હઝરત અલીને "આશોબે-ચશ્મ"એટલે આંખોના દુખાવાની શિકાયત હતી. હઝરત અલી તહેનાતમાં હાજર થયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમની આંખોમાં પોતાનું "લુઆબે-દહન" એટલે પવિત્ર મોઢાનું પવિત્ર થૂંક આંજયું અને પછી ફરમાવ્યું, "અલી ! આ ઝંડો લઈને જાવ અને ત્યાં સુધી લડો કે અલ્લાહ તમને ફતેહ અપાવી દે."

હઝરત સલમહ બિન અકવઅનું બયાન છે : "હઝરત અલી ઝંડો લઈને ઊપડયા. અલ્લાહના સોગંદ, તેઓ હાંપતા-હાંપતા ઝપાટાભેર ચાલવા લાગ્યા. અમે લોકો પાછળ-પાછળ તેમના પગલાંના નિશાને ચાલતા રહ્યા.ત્યાં સુધી કે તેમણે ત્યાં પહોંચીને કિલ્લાની નીચે પથ્થરોના એક ઢગલા પર ઝંડો ખોસી દીધો. તે વેળા કિલ્લાની અગાશી પર એક યહૂદી ઊભેલો હતો. અગાશી પરથી તેણે ઝાંખીને જોયું અને બૂમ મારીને પૂછયું, "મન અન્તા ?"તું કોણ છે ?

જવાબ મળ્યો, "હું અલી બિન અબી તાલિબ છું."

યહૂદીએ ડોકું લંબાવતાં કહ્યું, "અલવ-તુમ વમા ઉનઝિલ્ અલા મૂસા."કસમ છે તે કિતાબના જે મૂસા

---

૧. કાલે ઝંડો કોને મળશે તેવા વિચારોમાં સહાબાની આ રાત આશા-નિરાશાની રાત હતી. કાલે કોણ ખુશનસીબ હશે જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથથી ઝંડો મેળવવાનું અપૂર્વ માન ખાટશે તેની બેચેનીમાં સહાબાની રાત પસાર થઈ. કેમકે દરેકની તમન્ના હતી કે ગર્વનો આ તાજ પોતાના સરે સજાવી લે ! ह

Maktabe Ashraf

પયગમ્બર પર ઊતરી હતી, તમે લોકો ફતેહયાબ થઇ ગયા."

આ કિલ્લાથી હઝરત અલી ત્યાં સુધી પાછા નહિ ફર્યા જ્યાં સુધી કે કિલ્લો ફતેહ નહિ થઇ ગયો.

હઝરત અલી અને કિલ્લાનો દરવાજો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામ હઝરત અબૂ રાફિઅનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીને ઝંડો આપીને કિલ્લો ફતેહ કરવા મોકલ્યા. જયારે કિલ્લાની નઝદીક પહોંચ્યા તો હઝરત અલીને જોતાં જ બધા યહૂદીઓ કિલ્લામાંથી નીકળી આવ્યા. હવે ઇસ્લામી લશ્કર અને યહૂદીઓ વચ્ચે હાથોહાથનો મુકાબલો થયો. ટક્કર લાગતાં મારામારી અને કાપાકાપી થવા લાગી.

એક યહૂદીએ હઝરત અલી પર તલવારનો વાર કર્યો. આ વાર હઝરત અલીએ પોતાની ઢાલ પર ઝીલી લીધો પણ ફટકો આકરો હોવાથી ઢાલ હાથમાંથી છટકીને નીચે પડી ગઇ. વાંકા વળીને ઉપાડી લેવાની તક ન હતી. એજ વેળા હઝરત અલીએ જિહાદના જુસ્સાથી કિલ્લા પાસેનો એક દરવાજો ઉખેડી કાઢયો અને એક હાથમાં તેને જ લઇને ઢાલ તરીકે તેનો ઉપયોગ કરવા લાગ્યા. પછી તો લડાઇ ચાલુ રહી ત્યાં સુધી આ દરવાજો ઢાલનું કામ આપતો રહ્યો, એટલે સુધી કે અલ્લાહ તઆલાએ આ કિલ્લો તેમના હાથે ફતેહ કરાવી દીધો. જંગનો અંત આવતાં આ દરવાજો હઝરત અલીએ હાથમાંથી ફગોટી દીધો."

હઝરત અબૂ રાફિઅનું બયાન છે : "મારી ટુકડીમાં સાત જવાનો બીજા હતા અને આઠમો હું પોતે હતો. અમે બધાએ ભેગા બળે આ દરવાજો હટાવવાની મથામણ કરી પણ અમે એ દરવાજાને તેની જગાએથી હટાવી શકયા નહિ."

હઝરત કઅબ બિન અમ્રનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને બુરૈદહ બિન સુફયાન અસલમીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હઝરત અબુલ-યુસ્ર કઅબ બિન અમ્રની આ રિવાયત કહી સંભળાવી.

હઝરત અબુલ-યુસ્ર કઅબ બિન અમ્રનું બયાન છે : "ખયબરમાં એક સાંજે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર હતા એટલામાં અમે જોયું કે એક યહૂદીના બકરાં કિલ્લા તરફ જઇ રહ્યાં છે તે વેળા એ કિલ્લાની ફરતે અમે ઘેરો નાખેલો હતો. બકરાંના ટોળાંને સામેથી પસાર થતું જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું,

"કોણ છે જે અમને આ બકરાઓમાંથી એકના ગોશ્તની લહાણી કરાવે ?"

હઝરત કઅબ બિન અમ્રનું બયાન છે : "આ સાંભળતાં જ મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ! હું છું. હું જવા માટે તૈયાર છું. હું આપને એની લહાણી કરાવીશ."

"તો જાવ, ઊઠો, દોડો." આપે ફરમાવ્યું.

હું ઊભો થઇ ગયો અને નર શાહમૃગ પેઠે ઠેકડા મારતો દોડયો. મને દોડતો જોઇને આપે ફરમાવ્યું, "અલ્લાહ એની કોશિશનો આપણને લાભ આપે !"

હું ઠેકડા મારતો બકરાં પાસે પહોંચી ગયો. તે વેળા પણનું પહેલું બકરું કિલ્લામાં દાખલ થઇ ગયું હતું. મેં પાછળમાંથી છેલ્લાં બે બકરાં ઝડપી લીધાં. બંનેને બગલમાં દબાવીને મેં એવી રીતે ગલકી મારી જાણે મારી

પાસે કોઈ વસ્તુ હતી જ નહિં. બકરાં લાવીને મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં રજૂ કરી દીધાં. લોકોએ બંનેને ઝબહ કર્યા અને તેનું ગોશ્ત રાંધીને બધાએ સાથે મળીને ખાધું.''

ઇબ્ને ઈસ્હાક કહે છે : આ હઝરત અબુલ-યુસ્ર કઅબ બિન અમ્ર તે ગૃહસ્થ છે જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તમામ સહાબામાં સૌથી છેલ્લે વફાત પામ્યા. જ્યારેય તેઓ આ કિસ્સો બયાન ફરમાવતા તો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એ નૂરાની સમયને યાદ કરીને નિરંકુશ રીતે રડી પડતા.

વફાત વેળા હઝરત અબુલ-યુસ્રે ફરમાવ્યું, ''હું મારા જીવનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સદા સેવા કરતો રહ્યો અને આપના સહાબાની પણ સેવા કરતો રહ્યો અને હવે સૌથી છેલ્લે મરણ પામીને અલ્લાહના દરબારમાં જઈ રહ્યો છું.''

Maktabe Ashraf

જંગે-ખયબરનો ઉપસંહાર

(ગુજરાતી સંપાદક તરફથી)

ખયબરની ખીણના કિલ્લા————ખયબર મદીનહ મુનવ્વરહની ઉત્તર દિશાએ મદીનહથી ૧૮૪ કિલોમિટરના ફાસલા પર આવેલો એક લીલોછમ, ફળદ્રુપ અને રળિયામણો ઈલાકો છે. સમુદ્રની સપાટીથી લગભગ એક હજાર મિટર બુલંદ છે. અહીં પહાડોના સીનાઓમાંથી નીકળીને જમીનની છાતી પર ખડખડ વહેતાં ઝરણા છે. માઈલોના વિસ્તાર પર પથરાયેલાં ખજૂરીના ઝાડો છે. અંગૂર, અનાર, અંજીર, લીંબુ વગેરેના મનોરમ્ય બાગબગીચા છે. આંખોને ઊડીને વળગે એવી લીલીકુંજાર હરિયાળી મોટા વિસ્તારમાં છવાયેલી છે. ખયબરનો ઈલાકો આખા અરબમાં ખજૂરીના ઝાડોનું સૌથી મોટું "નખલિસ્તાન" ગણાય છે. ખયબરની ફતેહ પછી મુસલમાનોએ ખજૂરીના ઝાડોની ગણતરી કરી તો ફકત "નત્અત" નામની એક જ ખીણમાં ૪૦ હજાર ઝાડો નીકળ્યાં.[૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની યુગમાં ખયબરના ઈલાકામાં વસેલા યહૂદીઓના ૮ મશહૂર અને આલીશાન કિલ્લાઓ આવેલા હતા અને ખયબરના લોકોની વસતિ ખયબરના બે વિભાગોમાં વહેંચાયેલી હતી. એમાંના એક વિભાગના વિસ્તારમાં આ પાંચ કિલ્લા આવેલા હતાઃ (૧) કિલ્લા અન-નાઈમ (૨) કિલ્લા અસ-સઅબ (૩) કિલ્લા ઝુબૈર (૪) કિલ્લા અબી (૫) કિલ્લા અન-નિઝાર.

એમાંના પહેલા ત્રણ કિલ્લા એટલે નાઈમ, સઅબ અને ઝુબૈર, ખયબરના જે ખીણવિસ્તારમાં આવેલા હતા તે આખો પ્રદેશ "અન-નતઅત" નામે ઓળખાતો હતો. બાકીના બે કિલ્લાઓનો પ્રદેશ "અશ-શક" નામે પંકાયેલો હતો.

ખયબરની વસતિનો બીજો વિભાગ "અલ-કુતૈબહ" નામે જાણીતો હતો. એમાં ફકત આ ત્રણ કિલ્લા આવેલા હતા : (૧) કિલ્લા અલ-કમૂસ (૨) કિલ્લા અલ-વતીહ (૩) કિલ્લા અલ-સુલાલીમ.

ખયબરના બંને વિભાગોની વસાહતોમાં આવેલા આ આઠ કિલ્લા પહાડોના નક્કર ટેકરાઓ પર મોટામોટા પથ્થરોથી ચણેલા હતા. બેહદ આલીશાન અને મજબૂત અને ખયબરની ખીણોની બંને બાજુએ એવા ઉન્નત મસ્તકે ઊભેલા હતા કે એમાંનો દરેક કિલ્લો, ખીણની સુરક્ષાનો "સાવચેત સંત્રી" કે "જાગતો ચોકીદાર" ગણાતો હતો. બધા કિલ્લા એકબીજા સાથે એવી રીતે સંકળાયેલા હતા કે કુમકની જરૂરત ઊભી થતાં, જરાયે અડચણ વગર તેની વ્યવસ્થા પણ કરી લેવામાં આવતી. સારાંશ કે દરેક કિલ્લો લોખંડની દીવાર પેઠે અભેદ અને અજીત ગણાતો હતો.

આઠ કિલ્લાઓની આ "સલામત નગરી" વચ્ચે યહૂદીઓના કબાઈલી મહોલ્લા આવેલા હતા. એમાંના દરેક મહોલ્લાના આજુબાજુના વિસ્તારમાં, એ મહોલ્લામાં વસનારા કબીલાના પોતાના ખેતરો, પોતાની ખજૂરવાડીઓ, પોતાના બાગબગીચા અને જળ-સિંચન માટે પોતાના ઝરણા કે તળાવો હતાં. મહોલ્લાઓમાં

૧. પ્રોફેસર અબ્દુર્રહેમાન અબ્દ કૃત : હરમે-મદીનહ ભાગ ૨ પેજ ૧૦૪

Maktabe Ashraf

બેઠાઘાટના મકાનો ઉપરાંત બબ્બે,ત્રણત્રણ કે પાંચપાંચ મંઝિલોના મકાનો પણ હતાં જેમાં લડાઈ પ્રસંગે સ્ત્રીઓ અને બાળકો આસરો લઈ શકતાં હતાં. પથ્થરોના બનેલાં આ મકાનો મીનાર આકારના હતાં. એની ઉપર ઊભા થઈને દુશ્મન પર ગોફણોના ગોળા કે પથ્થરોનો મારો ચલાવી શકાતો હતો. જે કબીલાની વસતિમાં આ પ્રકારની હવેલીઓ વધારે હોતી તે વધારે જોરાવર અને માલદાર કબીલો ગણાતો.

એ સિવાય યહૂદી સરદારો, મહોલ્લાના મુખીઓ અને ગામના પટેલો જેવા આગેવાનોના આલીશાન બંગલાઓ અલગ હતા. એ પણ ટચૂકડા કિલ્લાઓ જેવા જ હતા, જ્યાંના ફાટકો પર પહેરો ભરતા ચોકીદારો ખડેપગે હથિયારબંધ થઈને પહેરો ભરતા હતા. સારાંશ કે કિલ્લાઓ, બંગલાઓ અને હવેલીઓના આ સંગ્રહ કે ગઠબંધનનું નામ ખયબર હતું અને એમાં વસનારા યહૂદીઓ સુરક્ષાની દ્રષ્ટિએ સલામત હતા અને આજીવિકાની દ્રષ્ટિએ સ્વતંત્ર હતા. ન કોઈના ઓશિયાળા હતા ન કોઈથી દબાયેલા હતા. ન કોઈના ગુલામ હતા ન કોઈની રૈયત હતા. આઝાદીના વાતાવરણમાં એશો-ઈશરત કે વિલાસ-વૈભવનું જીવન ગુજારતા હતા.

કાવતરાખોરીની જન્મજાત ટેવ———ખયબરની રળિયામણી ખીણોમાં આવીને વસી- ગયેલા યહૂદીઓ વધારે ભાગે પેલેસ્ટાઇન, શામ, મદીનહ વગેરેથી તડીપાર કે હડધૂત થઈને આવેલા લોકો હતા. કાવાદાવા, ષડયંત્રો, રાજખટપટો એમની જન્મજાત ટેવ હતી. ન પોતે ચેનથી બેસતા હતા ન બીજાઓને ચેનથી બેસવા દેતા હતા. પોતાની આ જન્મજાત ટેવને કારણે યહૂદની કૌમ અલ્લાહની લઅનત અને અલ્લાહની ફિટકારનો ભોગ બની ગઈ હતી. અલ્લાહના અનેક પયગમ્બરોને નાહક કતલ કરી નાખ્યા હતા. કુર્આને-કરીમમાં છે કે બની ઈસરાઈલમાંથી કુફ્ર કરનારા લોકો પર અલ્લાહ તઆલાએ, હઝરત દાવૂદ નબી અને હઝરત ઈસા બિન મરયમ નબીના મુખે લઅનત વરસાવી છે.

પોતાની આ જન્મજાત ટેવને કારણે ખયબરના યહૂદીઓ કોઈ અજાણ્યા હુમલાખોરોની ધાકથી હર પળે ધ્રૂજ્યા કરતા હતા. કોઈ ના-માલૂમ દુશ્મનની દહેશત ગાંડા ભૂત પેઠે તેઓના મસ્તક પર સવાર રહેતી હતી. કોઈ વણદેખી ગૈબી તલવાર હતી જેને તેઓ રાતદિન પોતાના માથે લટકતી જોતા હતા. પોતાની એજ કાવતરાંખોરી અને વીંછી પેઠે ડંખ મારવાની મનોદશાને કારણે તેઓએ પોતાની હિફાઝત માટેની જડબેસલાક વ્યવસ્થા કરેલી હતી અને શાહમૃગ પેઠે રેતીમાં મોઢું છુપાવીને માની લીધું હતું કે દુશ્મન અમારો વાળ પણ વાંકો વાળી શકતો નથી.

પરંતુ આ વાત તેઓ ભૂલી ગયા હતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની જિહાદ-શાળામાં તઅલીમ પામેલા યુધ્ધવીર સહાબાઓના ઈમાની જુસ્સા અને જિહાદી જઝબાની સામે નક્કર ચટાણોના આ કિલ્લા નડતરરૂપ બની શકવાના નથી અને જે કિલ્લાઓને તેઓ અભેદ કે અજીત ગણે છે તે શેખચલ્લીના નર્યા હવાઈ કિલ્લા સાબિત થશે. પછી જયારે અલ્લાહ તઆલા તરફથી એમના માટે નક્કી થયેલો શિક્ષાનો સમય આવી લાગ્યો તો આ ચટાણી કિલ્લા તેઓના કશા કામમાં નહિ આવ્યા. ઈસ્લામી લશ્કરના જિહાદી જુસ્સાથી એક પછી એક કિલ્લો સર થતો ગયો અને છેવટે તેઓએ પોતાની હાર કબૂલ કરી લીધી. પરિણામે ખયબરમાં વસેલા યહૂદીઓ ઉપરાંત ફદક, વાદીયુલ-કુરા અને તૈમાની વસતિઓના યહૂદીઓ પણ સહાબાના હાથે પરાજિત થઈને મુસલમાનોની રૈયત બની ગયા.

નામોશી ભરેલી હાર ખમવા પછી યહૂદીઓએ જીવતદાનની દરખાસ્ત રજૂ કરી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને જીવતા છોડી દીધા એટલું જ નહિ, અર્ધા ભાગની ગણોતની શરતે તેઓના ખેતરો અને બાગબગીચા પણ તેઓની જ પાસે રહેવા દીધા. સાથે જ આપે તેઓને ખુલ્લા શબ્દોમાં એમ પણ ફરમાવી દીધું કે, અમારી ઈચ્છા હશે ત્યારે અમે તમને અહીંથી ચાલતા કરી દઈશું. આમ છતાં ડંખ મારવાની તેઓની જન્મજાત ફિતરતમાં કશો ફેરફાર થયો નહિ અને અંદરખાને કાવાદાવા કરવાની નીતિનો સિલસિલો તેઓએ

જારી રાખ્યો.

મુહંમદી લશ્કરની ચલગાર——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ત્રણ ખૂંખાર દુશ્મનોનો સામનો હતોઃ કુરૈશ, યહૂદ અને અરબના મુશરિક કબીલા——————જંગે-ખન્દકમાં એજ ત્રણે દુશ્મનો ગઠબંધન કરીને ઈસ્લામને જડમૂળથી ઉખેડી કાઢવા મદીનહ પર ચઢી આવ્યા હતા. બનૂ નદીરના યહૂદીઓ જ્યારથી મદીનાથી તડીપાર થઈને ખયબર આવ્યા હતા, પોતાની શરારતો અને સાઝિશોથી તેઓએ મદીનહની સલામતી અને શાંતિને સખત જોખમમાં મૂકી દીધી હતી. મુશરિક કબીલાઓના ધાડાંના ધાડાંઓને મદીનહ પર ચઢાવી લાવવામાં તેઓએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. મદીનહમાં સુલેહસંપથી રહેનારા બનૂ કુરૈઝહના યહૂદીઓને તેઓએ જ ગદ્દારી પર ઉશ્કેર્યા હતા. એમની જ ઉશ્કેરણીથી બનૂ ગત્ફાનના મુશરિકો ચાર હજારના લશ્કરી જવાનો સાથે જંગે-ખન્દક માટે મદીનહ પર તૂટી પડયા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાકે પાયે જાણી ગયા હતા કે જ્યાં સુધી યહૂદી ફિત્નાનું ઝેરીલું માથું નહિ કચડી નાખવામાં આવે, મદીનહને માથે યહૂદી ફિત્નાનો નાગ ફૂંફાડા મારતો જ રહેશે અને યહૂદી ફિત્નાની તલવાર લટકતી જ રહેશે અને મદીનહની સલામતી જોખમાયેલી જ રહેશે. એજ કારણ હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુદૈબિયહમાં કુરૈશથી દબાઈ જઈને અને પોતાના જાં-નિસાર સાથીઓને નારાજ કરીને પણ કુરૈશની આકરી શરતોનો સ્વીકાર કરી લીધો હતો. અસલ હેતુ આ હતો કે ઈસ્લામી લશ્કર ખયબર તરફ કૂચ કરે તો પાછળથી કુરૈશી આક્રમણનો ખતરો ન રહે.

આ દ્રષ્ટિએ જોતાં ખયબર તરફની લશ્કરી કૂચનો હેતુ ન તો યહૂદીઓના વતન પર ફતેહમંદીનો વાવટો ફરકાવવાનો હતો ન બળજબરીથી યહૂદીઓની જમીન પચાવી પાડવાનો હતો. બલકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો અસલ હેતુ યહૂદી ફિત્નાનું માથું કચડીને અરબમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ કાયમ કરવાનો હતો કે જેથી ઈસ્લામની તબલીગનો રસ્તો સાફ થઈ જાય અને કુફ્રો-શિર્કના આંધળા જંગલમાં ભટકી રહેલા અલ્લાહના બંદાઓ પોતાના એક જ માલિકના દરબારમાં હાજર થઈને તેની જ બંદગી કરે, તેની જ બારગાહમાં માથું નમાવે, તેની જ પાસે માગે અને જહન્નમના કાયમી અઝાબથી છુટકારો મેળવી લે.

માલૂમ પડયું ખયબર તરફથી કૂચનો મૂળ હેતુ યહૂદીઓ પર આક્રમણખોરી નહિ બલકે તેઓના વારંવારના કાવાદાવાઓથી પોતાના બચાવનું, ઈસ્લામના બચાવનું, મદીનહના બચાવનું એક સાવચેતી ભરેલું પગલું હતું. શાણાઓની કહેવત મુજબ કે પોતાના બચાવ માટે પાણી પહેલાં પાળ બાંધવી જોઈએ અને દુશ્મન ડંખ મારે તે પહેલાં તેનું માથું કચડી નાખવું જોઈએ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી વધીને બીજો શાણો કોણ હોય શકે ? એટલે જ તો આપે અલ્લાહના હુકમ મુજબ પોતે આગળ વધીને, પોતાથી અનેકગણા બળવાન દુશ્મનની ટક્કર લેવાનું "સાહસ" ખેડયું હતું.

યહૂદીઓનું લડાયક બળ——————સાહસ શબ્દ એટલા માટે લખ્યો કે ખયબરના યહૂદની કૌમ કોઈ નમાલી, નપુંસક કે બુઝદિલ કૌમ ન હતી બલકે પયગમ્બરોના વંશમાંથી ઊતરી આવેલી બહાદુર કૌમ હતી. તલવારની ધાણી અને ખાંડાના ખેલથી ઘડાયેલી કૌમ હતી. એજ કારણ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તમામ જિહાદી લડાઈઓમાં ખયબરની લડાઈ સૌથી વધુ લાંબી અને સૌથી વધુ સહનશીલતાની આકરી કસોટી જેવી પુરવાર થઈ. એમાં મુસલમાન મુજાહિદો લગાતાર બે મહિના સુધી યહૂદી સુરમાઓની આકરી ઝીંક ઝીલતા રહ્યા. પછી જ્યારે ખયબર ફતેહ થયું તો ફતેહમંદીનો ગજરો યહૂદીઓએ કંઈ ફૂલોની થાળીમાં સજાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પેશ નહિ કર્યો બલકે એમાં ૧૯ સહાબાએ પોતાની કિંમતી જાનોનું નઝરાણું અલ્લાહના રસ્તામાં પેશ કર્યું ત્યારે ખયબર ફતેહ થયું.

આ લડાઈમાં યહૂદીઓ દરેક રીતે મુસલમાનોથી ચઢિયાતા હતા. ઈસ્લામી લશ્કરમાં મુજાહિદોની સંખ્યા

Maktabe Ashraf

એક હજાર ૯૦૦ ની હતી. ત્યારે સામા પક્ષે યહૂદના યુધ્ધકળાથી ઘડાયેલા યુધ્ધવીરોની સંખ્યા દસ હજારથી વધુ હતી. યહૂદી વીરનરોએ પોતે પણ, સિંહ જેવા બહાદુર કે મર્દે-મેદાન હોવાનું પુરવાર કરી બતાવ્યું હતું. બનૂ ગત્ફાન નામે મુશરિક કબીલાના ચાર હજાર લડવૈયા હથિયારો સજીને યહૂદીઓની મદદ માટે તૈયાર ઊભેલા હતા. આ મુશરિક કબીલાનો ઉયૈનહ બિન હિસ્ન ફઝારી નામે સરદાર આજથી ત્રણ કે ચાર દિવસ પહેલાં જ પોતાના બહારવટિયાઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટોના ફાર્મ પર ત્રાટકી પડ્યો હતો. ઊંટોના રખેવાળ હઝરત ગિફારીને કતલ કરી નાખ્યા હતા. તેમની બેગમને ઉપાડી લીધી હતી અને ઊંટોને હંકારતા ફરાર થઈ ગયા હતા. એજ મુશરિક કબીલો જંગે-ખન્દક વેળા પોતાનું લાવલશ્કર લઈને કુરૈશ સાથે મદીનહ પર તૂટી પડ્યો હતો.

ખયબરના યહૂદીઓ મુસલમાનો કરતાં દરેક રીતે બળવાન હતા. તેઓના અભેદ ગણાતા કિલ્લા પહાડોની બુલંદ ચોટીઓ પર આવેલા હતા. પહાડોનો રસ્તો બેહદ કઠિન અને આંટીઘૂંટીવાળો હતો.ત્યાં સુધી પહોંચવું અને હલ્લો કરીને ફતેહ કરવું જાનજોખમનું કામ હતું. તેઓની ત્રણ ત્રણ ચાર ચાર માળની, મીનાર આકારની હવેલીઓ પણ નાનકડા કિલ્લાઓ જેવી જ હતી. તેમાં ઊભા રહીને તીરો અને પથ્થરોનો મારો ચલાવી શકાતો હતો. ખાદ્ય-ખોરાકી કે ખાણીપીણીનો જથ્થો એટલો વિપુલ હતો કે વરસો સુધી કિલ્લેબંધ રહીને મુસલમાનોનો મુકાબલો કરી શકતા હતા. લડાઈના હથિયારો અને બીજી લડાયક સામગ્રી પણ મુસલમાનોથી અનેકગણી વધારે, બેહતર અને શક્તિશાળી હતી. એમાં મિન્જનીકો પણ હતી જેનાથી તેઓ બોમ્બગોળાઓ પેઠે પથ્થરોના ગોળા મુસલમાનો પર વરસાવી શકતા હતા. વળી પોતાના વતનમાં અને પોતાના ઘરઆંગણે હોવાથી દરેક પ્રકારની સગવડ ભોગવતા હતા. યહૂદીઓનો એક લડવૈયો જેનું નામ મરહબ પહેલવાન હતું તે એકલો એક હજાર લડવૈયાઓની તોલે ગણાતો હતો. મુસલમાનોની સંખ્યા એક હજાર ૯ સો હતી. એક હજારનો મુકાબલો મરહબ એકલો કરી શકતો હતો. બાકીના ૯ સો ના મુકાબલા માટે યહૂદના ૧૦ હજાર લડવૈયા હતા. મુસલમાનો પોતાના વતનથી દુર હતા. જંગલો, પહાડો અને ઊંચાનીચા ટેકરાઓનો લાંબો પ્રવાસ ખેડીને આવેલા હોવાથી થાકેલા પાકેલા હતા. એજ કારણ છે કે મુકાબલાની શરૂઆતના જ દિવસોમાં યહૂદના નિશાનબાજ તીરંદાજોએ કિલ્લામાંથી નીકળીને મુસલમાનો પર એટલો સખત હમલો કર્યો કે કેટલાક સહાબા શહીદ થઈ ગયા અને લગભગ પચાસ જેટલા સહાબા બુરી રીતે ઝખ્મી થઈ ગયા.

ખરૂં પૂછાવો તો જંગે-ખયબરનો દાખલો યહૂદીની તલવાર અને મુસલમાનની લાઠી જેવો હતો. ફરક આટલો હતો કે જે હાથમાં તલવાર હતી તે કાવાદાવા અને ફિત્ના-ફસાદની તલવાર હતી અને એ તલવારવાળા હાથને શયતાનનું પીઠબળ હતું. એથી વિરૂધ્ધ જે હાથમાં લાઠી હતી તે અલ્લાહની લાઠી હતી અને એ લાઠીવાળા હાથને અલ્લાહનું, અલ્લાહના ફરિશ્તાઓનું અને અલ્લાહના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું પીઠબળ હતું.

સમાચાર ધીરેધીરે આખા અરબમાં ફેલાય ગયા હતા. અરબના લોકોનું ચોક્કસ રીતે માનવું હતું કે આ લડાઈ મુસલમાનોની છેલ્લી લડાઈ હશે. એમાં મુસલમાનોને એવી સજજડ હાર મળશે કે ફરીવાર તેઓ બેઠા થઈ શકવાના નથી. તેઓની દલીલ હતી કે ખયબરમાં યહૂદીઓના ચટાણો જેવા નક્કર અને પહાડોની ટોચે આવેલા અભેદ કિલ્લાઓને મુસલમાનો કદી ફતેહ કરી શકવાના નથી. ત્યારે ખયબરથી ૭ સો કિલોમિટર દૂર આવેલા મક્કહમાં એવું બન્યું કે કુરૈશના લોકોએ જંગે-ખયબરની હારજીતને મામલે આપસમાં શરતો લગાવવા માંડી. જેવી રીતે તેઓએ ઇસ્લામની શરૂઆતમાં રોમ-ઇરાનની લડાઈ વેળા હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ સાથે શરત લગાવી હતી.

અદ્‌ભૂત જંગી ચાલ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના જાસૂસો મારફતે દુશ્મનની છેક છૂપી ચાલોની પણ બાતમી મેળવી લેતા હતા. આપને સમાચાર મળી ગયા હતા કે ગત્ફાન કબીલાના

મુશરિકોનું મોટું લશ્કર યહૂદની મદદ માટે તૈયાર ઊભેલું છે. આપ વીજળીની ગતિથી ઇસ્લામી લશ્કરને કૂચ કરાવતા અને વાયુના વંટોળ પેઠે લગભગ બસો કિલોમીટરનું અંતર કાપતા ખયબરના સીમાડે ત્રણ દિવસ પુરા થાય તે પહેલાં પહોંચી ગયા અને આગળ વધીને "રજીઅ" સ્થળે પડાવ નાખી દીધો. આ સ્થળ ખયબર અને ગત્ફાનની વચ્ચે આવેલું હતું. અહીંથી એક રસ્તો ખયબર તરફ જતો હતો અને બીજી તરફ ગત્ફાનની વસતિ તરફ જતો હતો. હેતુ આ હતો કે ગત્ફાનના લોકો ભયભિત થઇને યહૂદની મદદ માટે જવાની હામ નહિ ભીડે. અલ્લાહની મદદથી બન્યું પણ એમ જ. ગત્ફાને જોયું કે ખુદ તેઓની અને તેઓના બાલબચ્ચાંઓની જાનો ખતરામાં છે. જરા હિલચાલ કરી કે મુસલમાનો અમારી વસતિ પર તૂટી પડશે. અલ્લાહ તરફથી તેઓના દિલો પર મુસલમાનોની ધાક બેસાડી દેવામાં આવી. હિંમતો પડી ભાંગી અને ખામોશીથી પોતાના ઘરોમાં ભરાઇ રહ્યા.

યહૂદને મુલ્કે-શામની રોમન સત્તા તરફથી પણ જંગી મદદની પૂરી આશા હતી. આ કારણે આપે દક્ષિણને બદલે ઉત્તર દિશાએથી પેશકદમી કરીને યહૂદીઓ અને રોમનોનો રસ્તો બંધ કરી દીધો અને ખયબરના પાદરે આવેલા "સહબા" નામે સ્થળે પહોંચીને અસરની નમાઝ પઢી અને પૂરી રાત ઇસ્લામી લશ્કર સાથે અહીં જ પસાર કરી. આપ અલ્લાહ તઆલાના પયગમ્બરે-આ'ઝમ પણ હતા અને મુહંમદી લશ્કરના સિપહસાલારે-આ'ઝમ પણ હતા. પયગમ્બર તરીકે આપની દરેક વાત લા-જવાબ હતી તો સિપહસાલાર તરીકે પણ આપની દરેક જંગી ચાલ લા-જવાબ હતી. દુશ્મનો હક્કા-બક્કા થઇને એકબીજાનું મોં તાકતા રહી જતા હતા. તેઓ તેનો તોડ કાઢે તે પહેલાં આપની ચાલ નિશાનાને વીંધી નાખતી હતી.

હયરત ભરેલી જંગી ચાલો ઉપરાંત મુહંમદી લશ્કરની વીજળી જેવી ગતિ, વાવાઝોડાં જેવી ઝડપ અને પોતાને છુપાવી રાખવાની ભેદભરેલી નીતિની આ હાલત હતી કે મુહંમદી લશ્કરે ખયબરના પાદરે આવેલા "સહબા" મુકામે રાત ગુજારીને પ્રભાતના આછા અજવાળામાં ખયબર પર ઓચિંતી ચઢાઇ કરી દીધી તો યહૂદીઓને કાનોકાન ખબર નહિ થવા પામી. સવારે જ્યારે ખયબરના ખેડૂતો અને મઝદૂરો પાવડા, કોદાળા, ટોકરા લઇને ખેતરો તરફ જવા નીકળ્યા તો જોયું કે મુહંમદી લશ્કરે તેઓને ઘેરી લીધા છે. આ જોઇને તેઓ ચીખતા ચિલ્લાતા ભાગી ઊઠયા.

હઝરત અલી અને મરહબ પહેલવાન————ખયબરના કિલ્લાઓમાંથી સૌથી પહેલાં નાઇમ નામે કિલ્લો ફતેહ થયો. હઝરત મહમૂદ બિન મસ્લમહ પોતાના જવાનો સાથે ખૂબ બહાદુરીથી લડયા. યહૂદી બહાદુરોએ પણ ખરાખરીની ટક્કર લીધી. પાંચ દિવસ નીકળી ગયા. હઝરત મહમૂદ થાકથી લોથપોથ થઇને કિલ્લાની દીવારના સાયામાં વિસામો લેવા બેઠા. આ તક ઝડપી લઇને કિનાનહ બિન રબીઅ નામે યહૂદીએ કિલ્લા પરથી ચક્કીનો પથ્થર ઝીંકી માર્યો. હઝરત મહમૂદ શહીદ થઇ ગયા. એમના ભાઇ હઝરત મુહંમદ બિન મસ્લમહએ આ કિલ્લો ફતેહ કરી લીધો.

કિલ્લા નાઇમ પછી ઇસ્લામી લશ્કરે કિલ્લા કમૂસ પર હલ્લો કર્યો. આ કિલ્લો પોતાના સ્થળ અને જંગી ચાલની દ્રષ્ટિએ યહૂદીઓના સ્વરક્ષણની અને શહેરના બચાવની લોખંડી દીવાર ગણાતો હતો. એ યહૂદીઓના મરહબ નામે પંકાયેલા પહેલવાનનો કિલ્લો હતો. લોકો એને "હિસ્ને-મરહબ" એટલે મરહબનો કિલ્લો કહેતા હતા. મરહબ તે યહૂદી પહેલવાન હતો જે એક હજાર યુધ્ધવીરોની બરાબર ગણાતો હતો. એટલે એકલપંડે એક હજાર બહાદુરોનો મુકાબલો કરી શકતો હતો અને વિફરેલા સિંહ પેઠે પોતાના શિકારના ચીંથરાં ઉડાવી દેતો હતો. અહીં મરહબ પહેલવાન સાથે હઝરત અલી રદિયલ્લાહુ અન્હુનો તે ઐતિહાસિક યાદગાર મુકાબલો થયો જેનો અંજામ, મરહબની ખોપરીના બે સરખા ભાગોની વહેંચણીમાં આવ્યો.

વાત ફક્ત આટલી જ નથી કે હઝરત અલીએ મરહબને કતલ કરી નાખ્યો હતો. હકીકતમાં હઝરત અલીએ પોતાના બાહુબળ અને અલ્લાહની મદદથી ખયબરના વિજયની ચાવી મેળવી લીધી હતી. મરહબ એક લાંબાં-

Maktabe Ashraf

તડંગો, હટ્ટો-કટ્ટો, મુસ્તંડો, કદ્દાવર કાયાનો ઝનૂની વીરનર હતો. રિવાયતોમાં છે કે તે એક સિંહ પેઠે ગર્જના કરતો અથવા એક વિફરેલા સાંઢ પેઠે બરાડતો અને લલકારતો હઝરત અલીની સામે આવ્યો. તેના ફોજી બૂટના ધમાકાઓથી જાણે ધરતી ધણધણી ઊઠી હતી. પગથી માથા સુધી લોખંડી બખ્તરમાં ગરકાવ હતો. ખોપરી પર વજનદાર લોખંડી ટોપ સજેલો હતો. શાનદાર ઘોડા પર સવાર થયેલો હતો. પહાડી અવાજે યુધ્ધગીત લલકારતો હતો. યહૂદીઓનો માનીતો અને આંખના તારા જેવો પહેલવાન હતો અને મુસલમાનોને ખરાખરીના ખેલ માટે પડકારી રહ્યો હતો.

હઝરત અલી તેના મુકાબલા માટે મેદાને પડયા તો તેઓ ત્રીસ-બત્રીસ વરસના, એકવડી કાયાના બૂટા કદના જવાન હતા. ''વેઈટ-લીફટિન્ગ''ની પરિભાષામાં હઝરત અલી લાઈટ-વેઈટ કે ફેધર-વેઈટ———**Feather Weight**———હતા તો મરહબ હેવી-વેઈટ———**Heavy Weight**———હતો. બંનેના શરીર અને ડીલડોલની દ્રષ્ટિએ આ મુકાબલો કોઈ પણ રીતે બરાબરી કે ખરાખરીનો હરગિઝ નહિ હતો. પરંતુ હઝરત અલી ''અસદુલ્લાહ'' હતા. અલ્લાહના શેર અને અલ્લાહના સિંહ હતા. એમના હાથોમાં અને બાહુઓમાં અલ્લાહ તઆલાએ તે તાકત, તે કુવ્વત, તે મનોબળ પૂરેલું હતું જે સિંહના પંજાઓમાં નથી હોતું. એટલે જ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારથી હઝરત અલીને ''અસદુલ્લાહ'' એટલે અલ્લાહના સિંહનો ખિતાબ મળેલો હતો. જંગે-બદ્રમાં એમણે દસબાર કુફફારને મૃત્યુને ઘાટ ઉતાર્યા હતા. જંગે-ખન્દકમાં અમ્ર બિન અબ્દે-વુદ્દ જેવા અરબના પંકાયેલા અને અજીત ગણાતા ભારેખમ શમશેર-બાજને હાથોહાથની લડાઈમાં ધૂળ ચાટતો કરી દીધો હતો. હવે હઝરત અલી મરહબના મુકાબલા માટે નીકળ્યા તો એમની કામયાબી, ઈસ્લામ અને મુસલમાનો માટે ''ફત્હે-અઝીમ'' એટલે જવલંત વિજયનું કારણ બનવાની હતી.

લગાતાર વીસ દિવસથી મરહબનો કિલ્લો મુસલમાન મુજાહિદોના હલ્લાઓની ઝીંક ઝીલી રહ્યો હતો. છેવટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું.

> ''વલ્લાહ ! કાલે ઝંડો હું એવા આદમીને આપીશ જે અલ્લાહ અને તેના રસૂલને પ્રેમ કરે છે અને અલ્લાહ તથા તેના રસૂલ તેને પ્રેમ કરે છે. આ કિલ્લાને તે બળજબરીથી ફતેહ કરશે.''

આ સાંભળીને ૧૬સો સહાબામાંથી દરેક સહાબીના દિલની ધડકન વધી ગઈ. આખી રાત એજ ઈન્તેઝારમાં પસાર થઈ કે કાલે ઝંડો કોને મળશે ? દરેકની ઈચ્છા હતી કે ઝંડો તેને મળી જાય. કોણ સહાબી હતા જેને અલ્લાહ અને તેના રસૂલ સાથે મહબ્બત ન હોય ? દરેક સહાબી અલ્લાહ અને તેના રસૂલના સાચા આશિક હતા. પોતાની જાનને હથેલી પર લઈને અલ્લાહ અને તેના રસૂલના ચરણોમાં કુરબાન કરવા તૈયાર હતા. બીજી સવારે લોકોના ઉત્સુક કાનોએ અચાનક સાંભળ્યું, અલી કયાં છે ?''

માલૂમ પડયું તેમની આંખો આવેલી છે અને આંખોમાં સખત દુખાવો છે. આપે અલીને બોલાવી મંગાવ્યા. તેમની આંખોમાં પોતાનું ''લુઆબે-દહન'' એટલે પવિત્ર થૂંક લગાડયું. એજ વેળા તેમની આંખોને શિફા મળી ગઈ. આપે તેમને ઝંડો ઈનાયત ફરમાવ્યો અને તેમની ફતેહ માટે બારગાહે-ઈલાહીમાં દુઆ માગી.

હઝરત અલીએ અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! શું તલવારના જોરે યહૂદીઓને મુસલમાન બનાવી લઉં?''

''નહિ.'' આપે ફરમાવ્યું, ''નરમી અને હિકમતથી ઈસ્લામ પેશ કરો. તમારી કોશિશથી એક આદમી પણ મુસલમાન બની જાય તો લાલ ઊંટોથી બેહતર છે.''

તો તરફ મરહબ પહેલવાન મર્દે-મેદાન પેઠે યુધ્ધના પડકારા ગજાવતો હતો અને આ રણગીત લલકારતો હતો :

કદ અલિમત ખયબરુ અન્ની મરહબુ • શાકિસ-સિલાહે બતલુન મુજર-રબુ.

આખું ખયબર જાણે છે કે હું મરહબ છું. વીરનર છું. અનુભવોથી ઘડાયેલો છું. હથિયાર-સજ્જ છું. સામેવાળાને ચીરીફાડી નાખું છું.

હઝરત અલી પયગમ્બરી ઝંડો અને પોતાની ઝુલ-ફકાર તલવાર લઇને રવાના થયા તો તે વેળા પહાડની ટોચે આવેલા કમૂસ કિલ્લાની બેશુમાર બારીઓ અને અગાશીઓ પરથી યહૂદી ફોજીઓ અને તેઓના સેંકડો બાલબચ્ચાંઓની હજારો આંખો મેદાન પર ચોંટેલી હતી. હાથોહાથની લડાઇનો શું અંજામ આવે તે જોવા બધા આતુર હતા. આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના મુહંમદી લશ્કરની વચ્ચે ઘોડા પર બિરાજમાન હતા. આપે બમણું બખ્તર સજેલું હતું. સર મુબારક પર લોખંડી ટોપ શોભતો હતો. આપના ૧૬સો ફિદાકારો અને જાં-નિસારોએ આપને પોતાના ઘેરામાં લીધેલા હતા. ''અલ્લાહુ અકબર !''ના નઅરા બુલંદ થઇ રહ્યા હતા.

હઝરત અલીના ચેહરા પર જિહાદી જલાલ અને ઈમાની દબદબાની રેખાઓ પ્રસરેલી હતી. રગેરગમાં જિહાદી જુસ્સાનું લોહી ઉછાળા મારતું હતું. કિલ્લાના મેદાનમાં પહોંચીને ઝંડો એક પથ્થરમાં જોરથી ખોસી દીધો. મરહબ તરફ જોઇને તેના રણગીતના જવાબમાં લલકાર્યા :

અનલ-લઝી સમ્મત-ની ઉમ્મી હયદરહ • ક-લૈસ્રૂ ગાબાત કરીહલ-મન્ઝરહ.

હું તે છું કે મારી માએ મારૂં નામ હયદર એટલે શેરે-બબર રાખેલું છે. જંગલના સિંહ પેઠે એકદમ વિકરાળ અને બિહામણો છું.

મરહબ પહેલવાન અને હઝરત અલી વચ્ચે મુકાબલો શરૂ થયો. કિલ્લાની બારીઓ અને અગાશી પરથી ઝાંખી રહેલા યહૂદીઓના શ્વાસો અધ્ધર થઇ ગયા. દિલની ધડકનો વધી ગઇ. કલેજાં તાળવે આવી ગયાં. મરહબે બઢીબઢીને ધસીધસીને જે રીતે હઝરત અલી પર તાબડતોડ વારો કર્યા તેનાથી તેની કુવ્વત, તેની બહાદુરી, તેની મર્દાનગી અને બાહુબળની ઝાંખી થતી હતી. ખરેખર તે એક પંકાયેલો વીરનર અને ઘડાયેલો શમશેરબાજ હતો. પરંતુ જયારે હઝરત અલીએ તલવારવાળો પોતાનો હાથ બુલંદ કર્યો તો એ શાહે-મર્દાં, શેરે-યઝદાં, કુવ્વતે-પરવર્દગારનો હાથ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ''ઝુલ-ફકાર'' નામે તલવાર એમને જંગે-બદ્રના ગનીમતના માલમાંથી આપેલી હતી. તેના ભારેખમ વજન અને જોરદાર કાટની ખૂબીઓ હઝરત અલીના હાથમાં આવીને સોના પર સુહાગા જેવી બની ગઇ હતી.

હઝરત અલીએ જયારે મરહબ પર ભરપૂર વાર કર્યો તો એ હાથમાં અલ્લાહની મદદની કુવ્વત પણ સાથે હતી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દુઆ તથા ખુશ્નૂદી પણ સાથે હતી. ઝુલ-ફકાર તલવાર મરહબના લોખંડી ટોપને તોડતી, પછી તેની ખોપરીને ચીરતી તેની દાઢો સુધી ઊતરી ગઇ બેશક....બેશક:

શાહે-મરદાં, શેરે-યઝદાં, કુવ્વતે-પરવર્દગાર • લા ફતા ઇલ્લા અલી, લા સૈફ ઇલ્લા ઝુલ-ફકાર

અલ્લાહના રસ્તામાં લડનારા, જિહાદી જુસ્સાવાળા મુજાહિદનો હાથ, ખરૂં જોતાં અલ્લાહની ગૈબી મદદનો હાથ હોય છે. એ ગૈબી હાથનો વાર કદી ખાલી જતો નથી. હઝરત અલીના વારની સાથે જ, લોખંડી બખ્તરમાં જકડાયેલી, મરહબની ભારેભરકમ લાશ, ઘોડા પરથી ધડામ કરતી જમીન પર પછડાઇ પડી તો, કિલ્લાની ઉપર હારજીતનો મુકાબલો જોનારા સેંકડો યહૂદીઓના ચેહરા હયરત, દહેશત, ખોફ અને નિરાશાથી લટકી પડયા. સ્ત્રીઓ અને બાળકોની રડારોળથી કિલ્લાનું વાતાવરણ બિહામણું બની ગયું. માયૂસી, તબાહી, બરબાદીના ખોફનાક ઓળા કિલ્લા પર ઊતરી આવ્યા. પોતાનો અંજામ ખયબરના યહૂદને ખુલ્લી આંખે નજર આવી ગયો.

મરહબ પછી તેનો ભાઇ યાસિર હઝરત-ઝુબૈરના હાથે માર્યો ગયો. એ પછી યહૂદીઓ ઝનૂનમાં આવીને મુસલમાનો

Maktabe Ashraf

પર તૂટી પડ્યા. મુસલમાનો તેઓને મારતા કાપતા ખદેડવાં લાગ્યા. એ યહૂદી બહાદુરે મોકો જોઈને હઝરત અલીના હાથ ઉપર તલવારનો વાર કર્યો. હાથ તો બચી ગયો પણ ઢાલ હાથમાંથી છૂટીને જમીન પર પડી ગઈ. બીજો યહૂદી ચીલ-ઝડપે ઢાલ ઉપાડીને કિલ્લા તરફ નાઠો. હઝરત અલી જિહાદના જુસ્સામાં અલ્લાહના સિંહ બનેલા હતા. પેલા યહૂદીની પૂઠે કિલ્લાના દરવાજા સુધી પહોંચી ગયા. એજ જુસ્સામાં કિલ્લાનો દરવાજો પકડીને એવો ઝાટકો માર્યો કે બારીબારણા ધણધણી ઊઠયાં. બીજી જ પળે દરવાજો ઊખડીને કકડભૂસ થઇ ગયો. તેના જ એક ફાટકને થાહોમ ઉપાડી લીધું અને તેનાથી ઢાલનું કામ લઈને લડતા રહ્યા. ઇબ્ને હિશામમાં છે કે લડાઇ પછી આઠ બળવાન મુજાહિદોએ એ ફાટકને ઉપાડવાની મથામણ કરી પણ ઉપાડવાનું તો કોરે રહ્યું, તેને તેની જગાએથી હટાવી પણ નહિ શકયા. બસ એજ દિવસથી હઝરત અલી "ફાતિહે-ખયબર" એટલે ખયબરના વિજેતા તરીકે પંકાય ગયા.

હઝરત અલીના આંસુ————હઝરત અલી ફતેહનો ઝંડો લહેરાવતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. આપ પોતાના તંબૂમાંથી બહાર પધાર્યા. મહબ્બતના જોશમાં હઝરત અલીને પોતાના મુબારક બાહુમાં લીધા. તેમની પેશાની પર પોતાના નૂરાની લબોનો બોસો આપ્યો અને ફરમાવ્યું, "અલી ! બેશક અલ્લાહ તમારાથી રાજી છે અને હું પણ તમારાથી રાજી છું."

આ વધામણી સાંભળીને હઝરત અલીનું હૈયું ભરાય આવ્યું. એટલા ગળગળા થઇ ગયા કે આંખો આંસુઓથી છલકાઈ ઊઠી. આપે ફરમાવ્યું, "અલી ! આ આંસુ ખુશીના છે કે ગમીના ?"

"યા રસૂલલ્લાહ ! ગમીનું શું કામ ? એ તો ખુશીના આંસુ છે. અલ્લાહના આભારના આંસુ છે. આપ મારાથી ખુશ છો તેના આંસુ છે."

ફરમાવ્યું, "અલી ! હું જ તમારાથી ખુશ નથી બલકે અલ્લાહ પણ તમારાથી ખુશ છે. જિબ્રીલ, મીકાઈલ અને તમામ ફરિશ્તા પણ તમારાથી ખુશ છે." ૧

હબશી ગોવાળ અને નસીબના લેખ————ખયબરના યહૂદમાં આમિર નામે એક યહૂદી પોતાના કબીલાનો સરદાર હતો. મોટો તવંગર અને જમીનજાગીરનો માલિક હતો. અસવદ રાઈ નામે એનો એક હબશી ગોવાળ હતો. ઘેટાં-બકરાં ચારવાની સેવા બજાવતો હતો. એક દિવસે એણે યહૂદીઓને ખટપટમાં પડેલા અને દોડધામ કરતા જોયા. પૂછપરછ કરતાં એના એક ગોવાળ સાથીએ કહ્યું કે મદીનહથી મુહંમદ નામના પયગમ્બર પોતાનું લશ્કર લઇને ખયબરના યહૂદીઓ સાથે લડવા આવ્યા છે. એ પછી અસવદે યહૂદીઓને આપસમાં વાતો કરતાં સાંભળ્યા. તેઓ કહેતા હતા કે આપણી લડાઇ એવા માણસ સાથે છે જે પોતે અલ્લાહના પયગમ્બર હોવાનો દાવો કરે છે અને તેમને માનનાર. પોતાને મુસલમાન કહે છે.

મુસલમાન કોને કહે છે અને પયગમ્બર એટલે શું, એ જાણવાની અસવદ રાઈના દિલમાં એવી તમન્ના જાગી જેને તે દબાવી શકયો નહિ. મોકો મળતાં એક દિવસે તે બકરાંના ધણ સાથે ઇસ્લામી લશ્કરની છાવણીમાં પહોંચી ગયો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક કિલ્લાને ઘેરીને ત્યાં જ બિરાજમાન હતા. લોકોએ અસવદને આપની તહેનાતમાં હાજર કરી દીધો. આપનો રૂઆબદાર અને મનમોહક અને પયગમ્બરીના નૂરથી પ્રકાશી રહેલો ચેહરો જોતાં જ તે થથરી ઊઠયો. આપે પ્યારથી ફરમાવ્યું, "જરા પણ ડરો નહિ. અહીં મારી પાસે આવો. કહો કેમ અહીં આવવાનું થયું ?"

"સાહેબ તમે કોણ છો, તમારૂં નામ શું છે, તમારૂં શું કહેવું છે ?" અસવદે હિંમતભેગી કરીને પૂછયું.

"હાં સાંભળો." આપે પ્યારથી ફરમાવ્યું, "હું અલ્લાહનો રસૂલ છું. મારૂં નામ મુહંમદ છે. મારૂં કહેવાનું આ છે કે એક અલ્લાહ પર ઈમાન લાવો. મને તેનો રસૂલ માનો અને ગવાહી આપો કે અલ્લાહ એક છે અને મુહંમદ તેના રસૂલ છે."

---

૧. જમાલે-મુસ્તફા જિલ્દ-૪ પેજ ૨૫૩

"જો હું તમારી બધી વાતો માની લઉં તો બદલામાં મને શું મળશે ?"

આપે ફરમાવ્યું, "જન્નત."

"જન્નતમાં શું છે ?"

"સાંભળો," આપે ફરમાવ્યું, "જન્નતમાં અલ્લાહની નેઅમતો છે. બાગબગીચા છે. સોનાચાંદીના મહેલો છે. દૂધ, શહદ, શરાબે-તહૂરની નહેરો છે. એશઆરામની દરેક વસ્તુ જન્નતમાં મવજૂદ છે."

"સાંભળો હે મુહંમદ !" અસવદ રાઇ બોલ્યો, "હું એક યહૂદીનો નોકર છું. જાતનો હબશી છું. મારો રંગ કાળો છે. મારો ચહેરો બેડોળ છે. બદન પસીનાથી બદબૂદાર છે. ગરીબ માણસ છું. આ બધું છતાં હું જન્નતમાં જઇ શકું ?"

"કેમ નહિ ?" આપે ફરમાવ્યું, "મુસલમાન બની જાય અને અમારી સાથે રહીને અમારા દુશ્મનો સાથે લડો."

યહૂદીનો હબશી ગોવાળ એજ વેળા કલિમો પઢીને મુસલમાન બની ગયો. એ પછી હઝરત અસવદ રાઇ રદિયલ્લાહુ અન્હુ બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આ બકરાંનું મારે શું કરવું ?"

"બકરાંને અલ્લાહનું નામ લઇને હંકારી મૂકો. પોતાને ઠેકાણે ચાલ્યાં જશે."

હઝરત અસવદ રાઇએ હુકમનું પાલન કર્યું. બધાં બકરાં પોતાને ઠેકાણે ચાલ્યાં ગયાં. એ પછી હઝરત અલી ઇસ્લામી ઝંડો લઇને યહૂદીઓના મુકાબલા માટે નીકળ્યા તો અસવદ રાઇ પણ આપની પાછળ થઇ ગયા. જિહાદના જુસ્સાથી ખૂબ બહાદૂરીપૂર્વક લડ્યા અને શહીદ થઇ ગયા. લડાઇ બાદ હઝરત અસવદની લાશ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે લાવવામાં આવી તો એમનો ચેહરો જોતાં જ આપે ફરમાવ્યું, "અરે આ તો તેજ હબશી ગોવાળ છે !"

એ પછી આપે ફરમાવ્યું, "અલ્લાહ તઆલાએ એનો ચેહરો હસીનો-જમીલ બનાવી દીધો. એના બદનને ખુશ્બુદાર બનાવી દીધું. એને જન્નતમાં દાખલ કર્યો અને રૂપાળી આંખોવાળી બે હૂરો એને મળી ગઇ. જુઓ, જિહાદ સિવાય બીજું કોઇ નેકીનું કામ એણે નહિ કર્યું. એક વખતની નમાઝ પણ નહિ પઢી. ફકત ઇમાન અને જિહાદની બરકતથી જન્નતનો હકદાર ઠરી ગયો."

સીરતની તમામ કિતાબોમાં હઝરત અસવદ રાઇનો આ બનાવ ટાંકેલો છે. હવે એજ જંગે-ખયબરમાં બનેલો બીજો એક બનાવ વાંચો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શિસ્ત-પાલન એટલે લશ્કરી તંત્રની વ્યવસ્થા જાળવી રાખવાની ટ્રેનિંગ માટે જાહેરાત કરાવી હતી કે જ્યાં સુધી મારો હુકમ નહિ મળે, કોઇએ લડાઇની શરૂઆત નહિ કરવી. નજ્દ પ્રદેશના અશજઅ નામે કબીલાના એક જોશીલા જવાને જોયું કે એક યહૂદી તેની તલવારના નિશાને દાવમાં આવેલો છે. જેવી જ તેમણે તલવાર ઉપાડી કે પાછળથી મરહબે ત્રાટકીને અશજઇને મારી નાખ્યા. આ જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરીવાર જાહેરાત કરાવી કે, કોઇ નાફરમાન માટે જન્નતમાં જવાનું જાઇઝ નથી. [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એક મશહૂર હદીસ છે. એમાં આપે ફરમાવ્યું છે:

> "કોઇક વાર એવું બને છે કે એક આદમી જીવનભર નેકીના કામો કરતો રહે છે. અહીં સુધી કે જન્નત હાથવેંત જેટલી રહી જાય છે. ત્યારે અચાનક નસીબના લેખ આડે આવી જાય છે અને તે કોઇ એવું કામ કરી નાખે છે કે જહન્નમનો હકદાર ઠરી જાય છે. એવી જ

---

૧. પ્રોફેસર અબ્દુર્રહમાન અબ્દ કૃત હરમે-મદીનહ ભાગ ૨ પેજ ૧૦૦

પ્રકરણ ૧૩૧

યહૂદીઓની શરણાગતિ

શાહઝાદી સફિય્યહનો ખ્વાબ • યહૂદીઓનો છુપો ખઝાનો • યહૂદીઓની સમાધાનની કોશિશ • યહૂદીઓ સાથે સુલેહના કરાર • યહૂદણ તરફથી ઝેરીલી દઅવત • રસૂલુલ્લાહ (સલ.)ના ગુલામનો કિસ્સો • ચરબીથી ભરેલો ડબ્બો • બીબી સફિય્યહ સાથે નિકાહ • ઈસ્લામી લશ્કર પર ઊંઘનું દબાણ • ખયબરમાં મુસ્લિમ -હિલાઓની હાજરી • ખયબરના શહીદોના મુબારક નામો • ખયબરના ગોવાળ અસવદ રાઈ • હજ્જાજ બિન અલાતની ચતુરાઈ.

Maktabe Ashraf

શાહઝાદી સફિય્યહનો ખ્વાબ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે યહૂદી સરદાર સલ્લામ બિન અબિલ-હુકૈકના કુટુંબીઓનો ''કમૂસ'' નામે કિલ્લો ફતેહ કરી લીધો તો યહૂદીઓના બીજા મોટા સરદાર હુય્ય બિન અખ્તબની બેટી સફિય્યહને તથા તેની સાથે બીજી એક કન્યાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની તહેનાતમાંહાજર કરવામાં આવ્યાં. આ બંને કન્યાઓને હાજર કરનાર હઝરત બિલાલ હતા.

હઝરત બિલાલ એ બંનેને જંગમાં માર્યા ગયેલા યહૂદીઓના મુરદાંઓની વચ્ચેથી પસાર કરાવીને લઈ આવ્યા હતા. બીજી કન્યાએ પોતાની યહૂદી કોમના મુરદાંઓને રસ્તાની વચ્ચે પડેલા જોયાં તો તેની ચીસો નીકળી ગઈ. ચીસો પાડી-પાડીને રડવાની સાથે તે પોતાના મોઢા પર તમાચા મારવા લાગી અને ધૂળ ખોબામાં ઉપાડી-ઉપાડીને પોતાના માથા પર ઉછાળવા લાગી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેની ચીસોની સાથે, આ પાગલો જેવી હાલત જોઈને ફરમાવ્યું, ''એ શૈતાનહને મારી સામેથી દૂર કરી દો અને સફિય્યહને મારી સામે લઈ આવો.''

યહૂદી સરદારની શાહઝાદી બીબી સફિય્યહ શરમાતાં સંકોચાતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પાછળ જઈને ઊભાં થઈ ગયાં. આપે પોતાની મુબારક ચાદર તેમના અંગ પર નાખી દીધી. મુસલમાનો સમજી ગયા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને પોતાને માટે પસંદ કરી લીધાં છે. પછી પેલી કકળાટ કરનારી યહૂદી કન્યાના હાલ જોઈને આપે હઝરત બિલાલને ફરમાવ્યું, ''બિલાલ ! તમે આ શું કર્યું? આ કન્યાઓને મુરદાંઓની વચ્ચેથી કેમ લઈ આવ્યા ? એમના મરેલાંઓનાં મુરદાં જોવા છતાં શું તમારા દિલમાંથી

દયાની લાગણી નીકળી ગઇ હતી?''

યહૂદી સરદાર હુચ્ય બિન અખ્તબના શાહઝાદી સફિય્યહના પતિનું નામ કિનાનહ બિન રબીઅ બિન અબિલ-હુકૈક હતું. એ યહૂદીઓના મશહૂર સરદાર સલ્લામ બિન અબિલ-હુકૈકનો ભત્રીજો હતો અને સલ્લામના મરણ બાદ તેની રાજગાદીએ બિરાજેલો હતો. બીબી સફિય્યહ પોતાના ખાવિન્દ કિનાનહ બિન રબીઅના નિકાહમાં હતાં, ત્યારનો આ બનાવ છે. એક રાતે બીબી સફિય્યહએ એવો ખ્વાબ જોયો કે ચાંદ આકાશ પરથી ઊતરીને એમની ગોદમાં આવી પડ્યાં છે. સવારે આ ખ્વાબ એમણે પોતાના પતિ કિનાનહ આગળ વર્ણવ્યો. ખ્વાબની વિગત સાંભળતાં જ આવેશથી તે તડૂક્યો, ''એ સિવાય શું છે કે, તું હિજાઝના બાદશાહ મુહંમદના હરમમાં જવાની તમન્ના ધરાવે છે ?''

આમ કહેતાં જ તેણે બીબી સફિય્યહના ચેહરા પર એવા જોરનો તમાચો માર્યો કે તેમની આંખો નીલી બની ગઇ. બીબી સફિય્યહને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરવામાં આવ્યાં ત્યારે પણ તમાચાનું નિશાન મવજૂદ હતું. બાદમાં એ નિશાન જોઇને આપે પૂછ્યું હતું, ''સફિય્યહ! આ શું છે ?'' જવાબમાં બીબી સફિય્યહએ પૂરો કિસ્સો આપને કહી સંભળાવ્યો.

સંપાદકની નોંધ————સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં હઝરત અનસ રદિયલ્લાહુ અન્હુના મુખે બીબી સફિય્યહનો કિસ્સો આ રીતે ટાંકેલો છે : જંગે-ખયબર ખતમ થતાં કેદીઓને ભેગા કરવામાં આવ્યા. હઝરત દિહ્યહ કલબીએ વિનંતી કરી, ''યા રસૂલલ્લાહ ! એમાંની એક લોંડી મને ઇનાયત ફરમાવો.'' (હઝરત દિહ્યહ કલબી તે સહાબી છે જેમના રૂપરંગમાં અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ પધારતા હતા.)

આપે ફરમાવ્યું, ''પોતે જઇને કોઇ લોંડીને પસંદ કરી લો.''

તેમણે જઇને બીબી સફિય્યહને પસંદ કરી લીધાં.

આ પસંદગી બદલ મુસલમાનોએ વાંધો લેતાં કહ્યું, ''યા રસૂલલ્લાહ ! સફિય્યહ તો બનૂ નદીર અને બનૂ કુરૈઝહના શાહઝાદી છે. આપના સિવાય કોણ એમને લાયક હોય શકે ?''

એ પછી આપે બીબી સફિય્યહને આઝાદ કરીને એમની સાથે નિકાહ કરી લીધા.

બીજી રિવાયતમાં નિકાહનું કારણ આ રીતે દર્શાવેલું છે : ''બીબી સફિય્યહ ઊંચા ખાનદાનના, ઊંચા મરતબાના યહૂદી સરદારના શાહઝાદી હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વગર કોઇ બીજાના ઘરમાં લોંડી તરીકે જવું એ શાહઝાદીનું અપમાન હતું. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૯૧) યહૂદીઓ સાથેના આ સુસરાલી રિશ્તા પછી હઝરત સફિય્યહ રદિયલ્લાહુ અન્હાની ઝાતથી યહૂદીઓને અનેક લાભો મળવા પામ્યા. ''હ''

યહૂદીઓનો છુપો ખઝાનો————ઇબ્ને ઇસ્હાક કહે છે : બીબી સફિય્યહના ખાવિન્દ કિનાનહ બિન રબીઅ બિન અબિલ-હુકૈકને ગિરિફતાર કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર કરવામાં આવ્યો. આપને મળેલી બાતમી મુજબ બનૂ નદીરનો છુપો ખજાનો એના કબજામાં હતો. આપે કિનાનહને ખજાનના સ્થળ વિષે પૂછ્યું. તે બોલ્યો, ''હે મુહંમદ ! ખજાનાના સ્થળની મને ખબર નથી.''

ત્યારે એક યહૂદી ગૃહસ્થને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં ઊભો કરવામાં આવ્યો.

Maktabe Ashraf

તેણે જબાની આપતાં કહ્યું, "ખજાનાની ચોક્કસ માહિતી મને પણ નથી. અલબત્ત કિનાનહને રોજ સવારે ફલાણા વગડામાં ભેદી રીતે આંટાફેરા મારતાં મેં જરૂર જોયો છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કિનાનહને ચેતવણી આપતાં ફરમાવ્યું, "શું તમે જાણો છો કે જૂઠું બોલવા પછી ખજાનો તમારા પાસેથી મળી આવ્યો તો તમે માર્યા જશો ?"

કિનાનહએ હકારમાં જવાબ આપ્યો ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પેલા નિર્જન વગડાની ચોક્કસ જમીનને ખોદવાનો હુકમ ફરમાવ્યો. વગડાની એ જમીન ખોદવામાં આવી તો ત્યાંથી ખજાનાનો અમુક ભાગ મળી આવ્યો. બાકીના ખજાના વિષે કિનાનહને પૂછવામાં આવ્યું તો તેણે ફરીવાર ઇન્કાર કરી દીધો કે ખજાનાને લગતી કોઇ માહિતી મારી પાસે નથી.

હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઝુબૈર બિન અવ્વામને ફરમાવ્યું, "એને ત્યાં સુધી સજા આપો કે જે કંઇ એની પાસે છે તેને મેળવી લેવામાં આવે."

હઝરત ઝુબૈર બિન અવ્વામ કિનાનહના સીના પર ચકમકમાંથી ઝરતી આગના ડામ દેવા લાગ્યા ત્યાં સુધી કે તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. છતાં તે માન્યો નહિ ત્યારે તેને હઝરત મુહંમદ બિન મસ્લમહને હવાલે કરી દેવામાં આવ્યો અને હઝરત મુહંમદ બિન મસ્લમહએ તેને પોતાના ભાઇ મહમૂદ બિન મસ્લમહનું ખૂન કરવા બદલ કતલ કરી નાખ્યો. કિનાનહએ કિલ્લા પરથી ઘંટીનું પડ ગબડાવીને હઝરત મહમૂદને શહીદ કરી નાખ્યા હતા. [1]

યહૂદીઓની સમાધાનની કોશિશ——રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરના યહૂદીઓના "વતીહ" અને "સુલાલિમ" નામે છેલ્લા બે કિલ્લાઓની ફરતે ઘેરો નાખેલો હતો અને દસ દિવસો પસાર થઇ ગયા હતા. હવે યહૂદીઓને પોતાના પરાજય અને પાયમાલીની યકીની રીતે ખાતરી થઇ જવા પામી હતી જેથી લાચારીએ તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી, "હે મુહંમદ ! અમારૂં લોહી રેડાવાથી અમને બચાવી લો. અમને જીવતદાન આપો. અમને વતનમાંથી નીકળી જવા દો !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉદારદિલી સાથે દયાભાવથી તેઓની દરખાસ્ત મંજૂર ફરમાવી લીધી. અત્યાર સુધીમાં આ બે કિલ્લા વગર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓનાં બધા કિલ્લાઓ——નતઅત શિક્ક, કુતૈબહ, વતીહ, કમૂસ, સુલાલિમ વગેરેના માલ-અસબાબ પર કબજો કરી લીધો હતો.

યહૂદીઓને જીવતદાન આપી દેવાના સમાચાર ખયબરની આજુબાજુની વસતિઓમાં વસનારા બીજા યહૂદીઓને પણ મળી જવા પામ્યા. જ્યારે "ફદક"નામના યહૂદીઓને આ બનાવની જાણ થઇ તો તેઓએ

Maktabe Ashraf

---

૧. અલ્લામહ શિબ્લી નુઅમાની પોતાની સીરતુન્નબીમાં યહૂદીઓના છુપા ખજાનાવાળી રિવાયતનું પૃથક્કરણ કરતાં લખે છે કે, ખજાનાવાળી રિવાયત સનદી હદીસોના ધોરણ પર પૂરી ઊતરતી નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આખા જગત માટે દયાના ભંડાર બનીને પધાર્યા હતા. દુનિયાની દવલત માટે કોઇને આગમાં બાળવાની શિક્ષા આપે તે વાત બુદ્ધિગમ્ય નથી. કિનાનહ બિન રબીઅને કતલ કરવામાં આવ્યો એ વાત સાચી, પણ તેનું કારણ એ નથી કે તેણે ખજાનો બતાવવાનો ઇન્કાર કર્યો હતો. બલકે તેનું મૂળ કારણ આ છે કે તેણે કિલ્લા પરથી ઘંટીનું પડ ઝીંકીને હઝરત મહમૂદ બિન મસ્લમહની હત્યા કરી હતી. જેથી ખૂનના બદલામાં તેને કતલ કરવામાં આવ્યો. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૯૪) "હ"

પણ જાન બચાવવાની આ તક ઝડપી લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી કે, "અહલે-ખયબર પેઠે અમને પણ જીવતદાન આપીને વતનથી નીકળી જવાની પરવાનગી આપો. અમે પણ અમારો બધો માલ-અસબાબ, ખેતીવાડી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે છોડીને વતનથી નીકળી જવા તૈયાર છીએ."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કૃપારાહે ફદકવાસીઓની દરખાસ્ત પણ મંજૂર ફરમાવી લીધી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી યહૂદીઓ સાથે સુલેહ-સમાધાનની વાટાઘાટ કરનારાઓમાં બીજા ગૃહસ્થો ઉપરાંત બનૂ હારિસહવાળા હઝરત મુહૈયિસહ બિન મસઊદ મુખ્ય હતા.

યહૂદીઓ સાથે સુલેહના કરાર——————જયારે ખયબરના પરાજિત યહૂદીઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી જાનની સલામતીનું વચન મળી ગયું તો તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી કે, અમારી સાથે ખેતીવાડીના પાક અંગે અર્ધાઅર્ધનો મામલો નક્કી કરી લો. સાથે જ તેઓએ ઉમેર્યું કે ખેતીવાડીના મામલામાં અમે તમારા કરતાં બહોળો અનુભવ ધરાવીએ છીએ અને અમે ઘડાયેલા ખેડૂતો છીએ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અર્ધાઅર્ધને ધોરણે તેઓની સાથે એવી શરતે સુલેહ કરી લીધી કે, અમારી ઈચ્છા હશે ત્યાં સુધી તમે અહીં રહી શકશો અને જયારેય તમને કાઢવા માગીશું, તમારે ચાલ્યા જવું પડશે. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ શરત પણ માની લીધી. ફદકના યહુદીઓએ પણ એજ શરતો મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે સુલેહ કરી લીધી.

હવે ખયબરની ચૂકતે માલ-મિલકત ખેતીવાડી વગેરે મુસલમાનો માટે ગનીમતનો માલ ઠરી ગયો. જયારે કે ફદકનો બધો માલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે ખાસ ઠરી ગયો. કેમકે એ "માલે-ફૈઅ"ની શ્રેણીમાં આવતો હતો. એટલે એને મેળવવા માટે ઘોડા અને ઊંટો સાથેની લશ્કરી ચઢાઈ કરવી પડી ન હતી બલકે વિના યુધ્ધે હાથ લાગ્યો હતો.

યહૂદણ તરફથી ઝેરીલી દઅવત——————ખયબરના મામલાઓથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કંઈક શાંતિનો શ્વાસ લીધો તો ઝૈનબ બિન્તે હારિસ નામે એક યહૂદી સ્ત્રીએ——જે યહૂદીઓના સરદાર સલ્લામ બિન મિશકમની બેગમ હતી——રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખાવાની દઅવત આપી. આપે વિવેક ખાતર શુભનિષ્ઠાથી તેની દઅવતનો સ્વીકાર કરી લીધો. પછી પોતાના કેટલાક સહાબા સાથે તેના ઘરે તશરીફ લઈ ગયા. ઝૈનબે મહેમાનદારીમાં ભૂંજેલા બકરાંનું ગોશ્ત પીરસ્યું. આ ગોશ્તમાં તેણે સિફતપૂર્વક ઝેર ભેળવી દીધું હતું. દઅવત પહેલાં ઝૈનબે પૂછાવ્યું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બકરાંના ક્યા ભાગનું ગોશ્ત વધારે ભાવે છે. જવાબમાં કહેવામાં આવ્યું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બાવડાંનું ગોશ્ત વધારે પસંદ છે. એમ તો તેણે પૂરા ગોશ્તમાં ઝેર ભેળવ્યું હતું પણ બાવડામાં વિશેષ રીતે ભેળવી દીધું હતું.

આ દઅવતમાં આપની સાથે હઝરત બિશ્ર બિન બરાઅ બિન મઅરૂર પણ શામિલ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બાવડાના ગોશ્તમાંથી એક ટુકડો લઈને મુખમાં પધરાવ્યો. આ પહેલો જ કોળિયો ચાવીને ગળવાનો વિચાર કર્યો પણ તે ગળેથી નીચે ઊતર્યો નહિ. આપની સાથે બિશ્ર બિન બરાઅ

બિન મઅરૂરે પણ કોળિયો લઇને મોઢામાં મૂકયો અને તેને ચાવીને ગળેથી નીચે ઉતારી લીધો. પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કોળિયો તરત થૂંકી કાઢયો અને ફરમાવ્યું, ''આ હાડકું મને કહે છે કે ગોશ્તમાં ઝેર ભેળવેલું છે.''

પછી ઝૈનબને બોલાવીને પૂછયું, તેણે ગોશ્તમાં ઝેરની મેળવણીની કબૂલાત કરી લીધી. આપે તેને પૂછયું, ''મા હમલકિ હાઝા ?'' કઇ વાતે તને આ કામ માટે ઉશ્કેરી ? અથવા આમ કરવાનું કારણ શું ?

ઝૈનબ બોલી, ''હે મુહંમદ ! મારી કૌમના મામલામાં આપ જે હદે પહોંચી ગયા તે આપથી છુપું નથી. મેં વિચાર્યું, અગર આપ બાદશાહ છો તો આપને ઝેરથી મારીને મનની શાંતિ સાથે મારી પૂરી કૌમનો બદલો વાળી લઇશ. અને જો આપ નબી છો તો આપને ગૈબથી ખબર પડી જ જશે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દરગુજરની નીતિથી કામ લઇને ઝૈનબને જતી કરી દીધી અને હઝરત બિશ્ર બિન બરાઅ ઝેરીલો લુકમો ગળી જવાને કારણે વફાત પામી ગયા. [૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મરવાન બિન ઉસ્માન બિન અબૂ સઈદ બિન મુઅલ્લાએ કહ્યું કે, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતનો સમય આવ્યો તો હઝરત બિશ્ર બિન બરાઅના બહેન હઝરત ઉમ્મે-બિશ્ર આપની ખબર લેવા આવ્યાં. આપે ફરમાવ્યું, ''હે ઉમ્મે-બિશ્ર ! ખયબરમાં તમારા ભાઇની સાથે જે ઝેરીલો લુકમો મેં ચાવ્યો હતો તેની અસરથી મારા દિલની ''રગે-અબહર''[૨] ફફડી રહી છે અને હમણા ફાટી જશે તેવું મને લાગે છે.''

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક જીવનની છેલ્લી પળ સુધી આ ઝહેરની અસર કાયમ રહી જેથી તમામ મુસલમાનોનો અકીદો છે કે અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પયગમ્બરીના માનમરતબાની સાથે શહીદ થવાના મરતબાથી પણ વધાવી લીધા છે. જેમકે હઝરત બિશ્રને શહીદ થવાનો મરતબો મળ્યો.

રસૂલુલ્લાહ (સલ.)ના ગુલામનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખયબરથી પરવારીને ''વાદીલ-કુરા'' નામે યહૂદીઓની વસતિમાં પધાર્યા.[૩] થોડીક રાતો સુધી આ વસતિનો ઘેરો ચાલુ રાખ્યો. પછી આપ મદીનહ જવા માટે રવાના થયા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ હુરૈરહનું બયાન છે કે, ''જયારે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ખયબરથી ઊપડીને વાદીલ-કુરા પહોંચ્યા તો સુરજ આથમતાં જ અમે ત્યાં પડાવ નાખી ચૂકયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો એક ગુલામ હતો જેનું નામ મિદઅમ હતું. હઝરત

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની જાત માટે કોઇની પાસેથી વેર લેતા ન હતા. પણ ઝહેરની અસરથી બે ત્રણ દિવસ પછી હઝરત બિશ્ર બિન બરાઅ રદિયલાહુ અન્હુ વફાત પામી ગયા તો કિસાસના કાનૂન મુજબ ઝૈનબને પણ કતલ કરવામાં આવી. (સીરતુન્નબી જિ.૧ પા. ૪૯૩) ''હ''

૨. રગે-અબહર : પીઠની, ગરદનની કે હાથની એક રગ એટલે એક ખાસ રકત-વાહિનીનું નામ. (બયાનુલ-લિસાન પા.૫) ''હ''

૩. વાદીલ-કુરા : તૈમા અને ખયબર વચ્ચેના ખીણપ્રદેશનું નામ. અહીં મોટી સંખ્યામાં યહૂદીઓ વસેલા હતા. પ્રાચીન યુગમાં આદ અને સમૂદની કૌમો અહીં વસેલી હતી જેના અવશેષો આજે પણ જોવામાં આવે છે. ઇસ્લામથી પહેલાં યહૂદીઓ અહીં આવીને વસવા લાગ્યા હતા. જળસિંચનમાં તરક્કી કરીને બાગ-બગીચા લહેરાતા કરી દીધા તે પછી આ પ્રદેશ યહૂદીઓનું ધામ બની ગયો હતો. (સીરતુન્નબી જિ.૧ પા. ૫૦૨) ''હ''

રિફાઅહ બિન ઝૈદ જઝામી નામના ગૃહસ્થે આ ગુલામ આપને ભેટ ધર્યો હતો.''

હઝરત અબૂ હુરૈરહનું બયાન છે : ''આ ગુલામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટની કાઠી કસી જ રહ્યો હતો એટલામાં સનન કરતું એક તીર કોઈ દિશાએથી આવ્યું અને ગુલામના શરીરમાં ખૂપી ગયું અને થોડીક જ પળોમાં તેની રૂહ પરવાઝ કરી ગઈ. [૧]

આ જોઈને લોકો ચારે તરફથી દોડી આવ્યા અને ગુલામને આ રીતે શહીદ થયેલો જોઈને બોલી ઊઠયા, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગુલામને જન્નત મુબારક હો !''

તુરંત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''હરગિઝ નહિ, અલ્લાહના સોગંદ ! અત્યારે એના શરીર પર એણે ઓઢેલી ચાદર આગમાં બળી રહી છે. એણે ખયબરમાં મુસલમાનોના માલે-ગનીમતમાં ખિયાનત કરી હતી.''

આ સાંભળતાં જ ઈસ્લામી લશ્કરમાંથી એક સિપાહી નીકળી આવ્યો. તેના હાથમાં જૂતીની દોરીઓ હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જઈને કહેવા લાગ્યો, ''યા રસૂલલ્લાહ ! મેં મારી બંને જૂતીઓ માટે ગનીમતના માલમાંથી આ દોરીઓ ઉપાડી લીધી હતી.''

આપે ફરમાવ્યું, ''એજ બંને દોરીઓના પ્રમાણમાં આગની બે દોરીઓ તારા પગે બાંધવામાં આવશે.''

ચરબીથી ભરેલો ડબ્બો———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન મુગફ્ફલ મુઝનીનું બયાન છે કે, ''ખયબરના માલે-ગનીમતમાંથી મેં ચરબીથી ભરેલો એક ડબ્બો ઉપાડી લીધો અને તેને ખભે મૂકીને હું મારા સાથીઓ તરફ ઊપડયો. રસ્તામાં માલે-ગનીમતની નિગરાની કરનારા અમલદાર સાથે મારો ભેટો થઈ ગયો. મારા ખભે ડબ્બો જોતાં જ તે ધસી આવ્યો અને ડબ્બાનો ખૂણો પકડી લેતાં બોલ્યો, ''આ ડબ્બો કયાં લઈ ચાલ્યા ? એ તો ગનીમતનો માલ છે. ગમીનતના બીજા માલ સાથે એની વહેંચણી કરવાની છે.''

મેં કહ્યું, ''ડબ્બો છોડી દો. અલ્લાહના સોગંદ, એ હું તમને નહિ આપું.''

તેણે ડબ્બો મજબૂતીથી ઝાલી લીધો અને મારી સાથે ખેંચાતાણી કરવા માંડી. એજ ખેંચાતાણીની દશામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને જોઈ લીધા. અમને ખેંચાતાણી કરતા જોઈને આપ મુસ્કુરાઈ પડ્યા. પછી પેલા અમલદારને આપે ફરમાવ્યું, ''અરે ભાઈ છોડી દે એને, ડબ્બો લઈ જવા દે એને.''

આપનો હુકમ મળતાં તેણે ડબ્બો છોડી દીધો. હું એ ડબ્બો લઈને મારા સાથીઓ પાસે પહોંચી ગયો અને અમે બધાએ મળીને ચરબીના ભોજનની સારી રીતે ઉજાણી કરી.

બીબી સફિય્યહ સાથે નિકાહ———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરમાં જ યા તો ખયબરના રસ્તામાં કોઈ સ્થળે પોતાના તંબૂમાં બીબી સફિય્યહ સાથે નિકાહ કરી લીધા. હઝરત અનસ બિન માલિકના અમ્માંજી બીબી ઉમ્મે-સલીમહ બિન્તે મિલહાનએ બીબી સફિય્યહને

---

૧. વાદીલ-કુરામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો જંગનો ઈરાદો ન હતો પણ યહૂદીઓ અગાઉથી જંગની તૈયારી કરીને બેઠા હતા. ઈસ્લામી લશ્કર પર તીરોની વૃષ્ટિ ચાલુ કરી દીધી જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મિદઅમ નામે ગુલામ શહીદ થઈ ગયા. નતીજારૂપે જંગ જામી ગયો. થોડાક જ મુકાબલા પછી યહૂદીઓએ હથિયાર નાખી દીધાં અને ખયબર જેવી જ શરતોએ સુલેહ થઈ ગઈ. (સીરતુન્નબી જિ.૧ પા. ૫૦૨) ''હ''

Maktabe Ashraf

શણગારી-સંવારીને દુલહન બનાવી દીધાં હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ રાત એજ તંબૂનાં બીબી સફિય્યહ સાથે પસાર કરી. બનૂ નજ્જારવાળા હઝરત અબૂ ઐયૂબ ખાલિદ બિન ઝૈદ અન્સારી ઉઘાડી તલવારે આખી રાત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તંબૂનો પહેરો ભરતા રહ્યા. પ્રભાતે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ ઐયૂબને ઉઘાડી તલવારે તંબૂને આંગણે જોયા તો પૂછયું, ''કેમ અબૂ ઐયૂબ ! શું મામલો છે ?''

હઝરત અબૂ ઐયૂબે અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! મને આપના વિષે આ સ્ત્રી તરફથી ખતરો હતો. કેમકે આ તે સ્ત્રી છે જેના બાપને, ખાવિન્દને અને જેની કૌમને આપે ખતમ કરી નાખી છે. અને એ હજી નવીસવી મુસલમાન બની છે. એટલે એની તરફથી આપના માટે મને ખતરો હતો.'' [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખુશ થઈને હઝરત અબૂ ઐયૂબને દુઆ આપી, ''હે અલ્લાહ! અબૂ ઐયૂબને તારા રક્ષણના પહેરામાં રાખજે જેવી રીતે રાતભર એણે મારો પહેરો ભર્યો.''

ઈસ્લામી લશ્કર પર ઊંઘનું દબાણ———————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરીએ મને સઈદ બિન મુસૈયબની આ રિવાયત કહી સંભળાવી કે ખયબરથી વાપસી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ રસ્તામાં રાતવાસા માટે થોભી ગયા અને ફરમાવ્યું, ''રાતનો છેલ્લો પ્રહર છે. કોણ છે જે અમને ફજર વખતે જગાડવાની જવાબદારી ઉપાડે ?''

હઝરત બિલાલ બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! એ જવાબદારી હું ઉપાડું છું.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને બધા મુસલમાનો સવારીઓ પરથી ઊતરીને સુઈ ગયા. હઝરત બિલાલ ઊભા થઈને નમાઝ પઢવા લાગ્યા અને અલ્લાહને મંજૂર હતું ત્યાં સુધી નમાઝ પઢતા રહ્યા. પછી પોતાના ઊંટને અઢેલીને આડા પડયા અને મુખ તે દિશાએ કરી લીધું જે દિશાએથી સૂરજ ઊગતો હતો. ઊંઘનું એટલું દબાણ થયું કે ભરનિદ્રામાં પોઢી ગયા. પછી તો સૂરજના તડકાએ જ એમને જગાડયા. રસૂલુલ્લાહ પોતાના સાથી સહાબામાં સૌથી પહેલાં જાગ્યા. બિલાલ ઊઠીને આવ્યા તો આપે ફરમાવ્યું, ''બિલાલ ! તમે અમારી સાથે આ શું કર્યું ?''

બિલાલે અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! જે વસ્તુએ આપને ઝાલી લીધા એજ વસ્તુએ મને પણ ઝાલી લીધો.''

ફરમાવ્યું, ''બિલાલ ! તમે સાચું કહો છો.''

બધા લોકો તૈયાર થઈને રવાના થયા. થોડે આગળ જઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઊંટને બેસાડી લીધો. ઊંટ પરથી ઊતરીને વુઝૂ કર્યો. લોકોએ પણ ઊંટ પરથી ઊતરી-ઊતરીને વુઝૂ કર્યો.

---

૧. હકીકત આ છે કે નિકાહ બાદ હઝરત બીબી સફિય્યહ, જીવનની છેલ્લી પળ સુધી રસૂલુલ્લાહસલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વફાદાર અને તાબેદાર રહ્યાં. વફાતની બીમારીમાં તમામ પાક બીબીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની તહેનાતમાં હાજર હતાં. આપની બીમારીની તકલીફ જોઈને બીબી સફિય્યહ બોલી ઊઠયાં, ''યા રસૂલલ્લાહ ! કાશ ! આપનું દુઃખ, આપની પીડા હું ઉપાડી લેત !'' આ સાંભળીને પાક બીબીઓ એકબીજાને જોવા લાગ્યાં તો આપે ફરમાવ્યું, ''વલ્લાહિ ઈન્નહા લ-સાદિકહ.'' અલ્લાહના સોગંદ સફિય્યહ બિલકુલ સાચું કહે છે. હઝરત સફિય્યહ હિજરી ૫૦ના રમઝાનમાં વફાત પામ્યાં અને જન્નતુલ-બકીઅમાં દફન થયાં. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૩૪૮) સફિય્યહ અરબી શબ્દ છે જેના અર્થ : ગનીમતના માલમાં એવી સ્વચ્છ, ઉત્તમ, મૂલ્યવાન અને ચુનંદી વસ્તુ જેને બાદશાહ પોતાને માટે પસંદ કરી લે. ''હ''

Maktabe Ashraf

આપે બિલાલને અઝાન-ઈકામતનો હુકમ ફરમાવ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બધા લોકો સાથે મળીને બા-જમાઅત નમાઝ પઢી. નમાઝના સલામ બાદ લોકો તરફ મુખ કરીને આપે ફરમાવ્યું, "જ્યારે તમે નમાઝ પઢવાનું ચૂકી જાવ તો યાદ આવતાં તરત પઢી લેતા રહો. અલ્લાહ તઆલા ફરમાવે છે : "અકિમિસ-સલાત લિ-ઝિકરી." એટલે મને યાદ કરતાં જ નમાઝ પઢી લેતા રહો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબર ફતેહ કરી લીધું તો ત્યાંના તમામ મરઘાં-બતકાં અને પાલતુ પ્રાણીઓ આપે ઈબ્ને લુકૈમ અબસી નામના ગૃહસ્થને આપી દીધાં અને ખયબર ૭ હિજરીના સફર મહિનામાં ફતેહ થયું હતું. એજ ફતેહની ખુશીમાં ઈબ્ને લુકૈમ અબસીએ નીચેનું પ્રશસ્તિ-કાવ્ય રચ્યું હતું. (આ કાવ્યના બે શેઅર વાંચો :)

રૂમિયત નતાતુ મિનર રસૂલે બિ-ફય-લકે • શહબાઅ ઝાતે મનાકિબા વ ફકારે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી નતાતના કિલ્લા પર, મજબૂત હાડકાંવાળું અને બળવાન ખભાઓવાળું, તલવારો અને ભાલાઓથી ચમકારા મારતું, એક પ્રચંડ લશ્કર તૂટી પડયું.

જર્રત બિ-અબ્તહે- હઝ-ઝયૂલ ફલમ તદઅ • ઈલ્લદ દજાજ તસીહુ ફીલ અસહારે.

આ લશ્કરે નતાત કિલ્લાની નીચેની જમીન પર પોતાનો પાલવ ખેંચી રહ્યું હતું. પછી આ લશ્કરે, બૂમાબૂમ કરનારાં મરઘાં-બતકાં સિવાય કશું છોડયું નહિ.

ખયબરમાં મુસ્લિમ મહિલાઓની હાજરી————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ખયબરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે કેટલીક મુસ્લિમ મહિલાઓએ પણ ભાગ લીધો હતો. ગનીમતના માલમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને પણ કંઈક આપ્યું હતું. પરંતુ નિયમ મુજબનો એમનો કોઈ ચોક્કસ હિસ્સો મુકર્રર કર્યો ન હતો.

આ જંગમાં ભાગ લેનાર ગિફારી કબીલાના એક ખાતૂનનું બયાન છે : "હું બનૂ ગિફારની મહિલાઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ. તે વેળા આપ ખયબર તરફ કૂચ કરી રહ્યા હતા. અમે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આ જંગમાં આપની સાથે આવવાનો અમે ઈરાદો કર્યો છે કે જેથી જખ્મીઓને પાણી પીવાડીએ. તેઓની દવાદારૂ અને મલમ પટ્ટા કરીએ અને અમારી શકિત મુજબ તેઓની મદદ પણ કરીએ."

આપે ફરમાવ્યું, "અલા બરકતિલ્લાહ !"અલ્લાહ તમારા કામમાં બરકત આપે.

એજ ગિફારી ખાતૂન વધુમાં ઉમેરે છે :"પછી અમે બધાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે રવાના થયાં તે વેળા હું કિશોર વયની કન્યા હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ વ સલ્લમએ મને પોતાની પાછળ ઊંટની કાઠીની ગાંસડીમાં બેસાડી લીધી. સવાર પડી તો આપ ઊંટ પરથી ઊતર્યા. ઊંટને બેસાડી લીધું. હું પણ કાઠીની ગાંસડી પરથી નીચે ઊતરી. શું જોઉં છું કે એ ગાંસડીમાં મારૂં લોહી લાગેલું છે. એ મારૂં માસિક ધર્મનું સૌથી પહેલું લોહી હતું. હું શરમથી લજવાઈને ઊંટની પાછળ લપાઈ ગઈ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારી દશા અને લોહી જોઈને ફરમાવ્યું, "અરે તારી ભલી થાય. આ તો પેલું લોહી લાગે છે."

મેં લજ્જા ભરેલા તીણા અવાજે કહ્યું, "જી હા યા રસૂલલ્લાહ !"

ફરમાવ્યું, "ચાલો બેટી પોતાને ઠીક કરી લો. વાસણમાં પાણી લઈ આવો. એમાં નમક મેળવી લો. ગાંસડીને ધોઈને પાક કરી લો અને પોતાની જગાએ જઈને બેસી જાવ."

ગિફારી ખાતૂનનું બયાન છે :"ખયબર ફતેહ થયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માલે-ગનીમતમાંથી કંઈક મને પણ આપી દીધું. આ હાર જે મારા ગળામાં પરોલો છે, એજ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ઈનાયત કર્યો હતો અને પોતાના મુબારક હાથે મને પહેરાવ્યો હતો. સોગંદ છે અલ્લાહના આ યાદગાર હાર મારા ગળેથી કદી અળગો થતો નથી."

કહેવાય છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પહેરાવેલો આ યાદગાર હાર લગાતાર એ ખાતૂનના ગળામાં રહ્યો ત્યાં સુધી કે એ ખાતૂન વફાત પામી ગયાં. છેલ્લી પળોમાં વસીયત કરી હતી કે હારને પણ મારા દેહ સાથે કબરમાં દફન કરી દેજો. પોતાના જીવનમાં એ ખાતૂનનો નિયમ રહ્યો કે માસિક ધર્મ પછી જે પાણીથી ગુસલ કરીને પાક થતાં હતાં એ પાણીમાં નમક પણ અચૂક મેળવી લેતાં હતાં. અને એમ પણ વસીયત કરી હતી કે મરી જાઉં ત્યારે મારા ગુસલના પાણીમાં પણ નમક મેળવી લેજો.

ખયબરના શહીદોના મુબારક નામો————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ખયબરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જે સહાબા શહીદ થયા તેઓના નામોની ટીપ આ છે :

• બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સના કુરૈશીઓ તથા તેઓના હલીફોમાંથી : (૧) હઝરત રબીઅહ બિન અકસુમ બિન સખીરહ બિન અમ્ર બિન બુકૈર બિન આમિર બિન ગનમ બિન દૂદાન બિન અસદ (૨) હઝરત સકીફ બિન અમ્ર. (૩) હઝરત રિફાઅહ બિન મસરૂહ (રદિયલ્લાહુ અન્હુમ.)

• બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝામાંથી : (૪) હઝરત અબ્દુલ્લાહ બિન હુબૈબ બિન ઉહૈબ બિન સુહૈમ બિન ગિયરહ. બનૂ સઅદ બિન લૈસમાંથી હતા. બનૂ અસદના હલીફ અને બનૂ અસદની બહેનના બેટા હતા. (રદિયલ્લાહુ અન્હુ.)

• અન્સારના બનૂ સલિમહ કબીલામાંથી : (૫) હઝરત બિશ્ર બિન બરાઅ બિન મઅરૂર. બકરીનું ઝેરીલું માંસ ખાવાથી શહીદ થયા. ઝૈનબ નામે યહૂદણે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મારી નાખવા માટે માંસમાં ઝહેર ભેળવેલું હતું. (૬) હઝરત ફુઝૈલ બિન નુઅમાન, (રદિયલ્લાહુ અન્હુમા.)

• બનૂ ઝુરૈકના ખાનદાનમાંથી : (૭) હઝરત મસઊદ બિન અસદ બિન કૈસ બિન ખલદહ બિન આમિર બિન ઝુરૈક (રદિયલ્લાહુ અન્હુ.)

• ઔસ કબીલાની શાખ બનૂ અબ્દે-અશહલમાંથી : (૮) હઝરત મહમૂદ બિન મસ્લમહ બિન ખાલિદ બિન અદી બિન મજદિઅહ બિન હારિસહ બિન હારિસ (રદિયલ્લાહુ અન્હુ.)

• બનૂ અમ્ર બિન ઔફમાંથી : (૯) હઝરત અબૂ દ્યાહ બિન સાબિત બિન નુઅમાન બિન ઉમૈયહ બિન ઈમ્રઉલ-કૈસ બિન સુઅલબહ બિન અમ્ર બિન અવફ (૧૦) હઝરત હારિસ બિન હાતિબ (૧૧) હઝરત ઉર્વહ બિન મુર્રહ બિન સુરાકહ (૧૨) હઝરત ઔસ બિન કાઈદ (૧૩) હઝરત ઉનૈફ બિન હબીબ (૧૪) હઝરત સાબિત બિન અસલહ (૧૫) હઝરત તલહા (રદિયલ્લાહુ અન્હુમ.)

Maktabe Ashraf

• બનૂ અસલમમાંથી : (૧૭) હઝરત આમિર બિન અકવઅ (૧૮) હઝરત અસવદ રાઈ. એમનું નામ અસલમ હતું. ઈબ્ને હિશામ કહે છે : હઝરત અસવદ રાઈ ખયબરવાસીઓમાંથી હતા. જંગે-ખયબર વેળા મુસલમાન બન્યા અને ખયબરમાં જ શહીદ થયા. (રદિયલ્લાહુ અન્હુમ.)

• ઈબ્ને શિહાબ ઝુહરીના કથન મુજબ બનૂ ઝુહરહ ખાનદાનના જે મુસલમાનો જંગે-ખયબરમાં શહીદ થયા તેઓના નામો આ છે : (૧૯) હઝરત મસઊદ બિન રબીઅહ એ કારહ કબીલામાંથી હતા અને બનૂ ઝુહરહના હલીફ હતા. (રદિયલ્લાહુ અન્હુ.)

• બનૂ અમ્ર બિન ઔફના અન્સારમાંથી : (૨૦) હઝરત ઔસ બિન કતાદહ શહીદ થયા. (રદિયલ્લાહુ અન્હુ.)

ખયબરનો ગોવાળ અસવદ રાઈ ——— ઈબ્ને ઈસ્હાક કહે છે : અસવદ રાઈનો બનાવ એમ છે કે યહૂદીના બકરાંઓનો આ ગોવાળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. તે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદીઓના એક કિલ્લાની ફરતે ઈસ્લામી લશ્કર સાથે ઘેરો નાખેલો હતો. અસવદ બકરાંઓનું ટોળું લઈને આવેલો હતો. આ બકરાંઓનો માલિક એક યહૂદી હતો અને અસવદ તેના ગોવાળ તરીકે બકરાં ચરાવવાની નોકરી કરતો હતો.

અસવદે હાજર થઈને કહ્યું, ''હે મુહંમદ ! મને મુસલમાન બનાવી લો.''

આપે તેની વિનંતીનો સ્વીકાર કરીને તેને મુસલમાન બનાવી લીધો. કેમકે કોઈ માણસ મુસલમાન બનવાની દરખાસ્ત કરે તો તેને નિરાશ કરવાનું કે નારાજ કરવાનું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પસંદ ન હતું. અથવા કોઈને મુસલમાન બનાવતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ વાત જોતા ન હતા કે તે કાળો છે કે ધોળો, શેઠ છે કે નોકર, ઊંચા ખાનદાનનો છે કે નીચા ખાનદાનનો.

મુસલમાન બનવા પછી હઝરત અસવદે અરજ કરી, ''હે અલ્લાહના નબી ! હું આ બકરાંના માલિકનો પગારદાર ચાકર છું. મારે આ બકરાંનું શું કરવું ?''

ફરમાવ્યું, ''હે ભાઈ ! બકરાંને એના રસ્તે હંકારી મૂકો. બધાં પોતાના માલિક પાસે ચાલ્યાં જશે.''

હઝરત અસવદે વાંકા વળીને મુઠ્ઠીભર કાંકરી જમીન પરથી ઉપાડી લીધી અને બકરાં તરફ ફેંકતાં કહ્યું, ''રે બકરાં ! તમે બધાં પોતાના રહેઠાણે ચાલ્યાં જાવ. સોગંદ છે અલ્લાહના, આજ પછી હું કદી તમારા સંગાથે નહિ રહું.

આ સાંભળીને બકરાં પૂઠ ફેરવીને ત્યાંથી એવી રીતે ચાલી નીકળ્યાં જાણે કોઈ એમને હંકારીને લઈ જઈ રહ્યું હોય. બધાં બકરાં કિલ્લાના ફાટકમાંથી પોતાના વાડામાં ચાલ્યા ગયાં.

આ તરફ હઝરત અસવદ, ઈસ્લામી લશ્કરે ઘેરી લીધેલા કિલ્લા તરફ ચાલી નીકળ્યા કે જેથી મુસલમાનો સાથે શામિલ થઈને અલ્લાહના રાહમાં જિહાદ કરે. લડાઈ દરમિયાન હઝરત અસવદના માથે કિલ્લા પરથી મોટો પથ્થરો ઝીંકાયો જેના આઘાતથી ત્યાં જ શહીદ થઈ ગયા.

હઝરત અસવદના ઈસ્લામને ઝાઝી વાર લાગી ન હતી. એક તરફ મુસલમાન બન્યા. બીજી તરફ એજ પળે જિહાદમાં દોડી ગયા અને પથ્થરો લાગતાં શહીદ થઈ ગયા. એક પણ નમાઝ પઢવાની હજુ તક મળી ન હતી.. એમની લાશને લાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પીઠ પાછળ મૂકી દેવામાં આવી

અને જે પહેરણ એમના અંગ પર હતું તેનાથી લાશને ઢાંકી દેવામાં આવી. આપે પોતાનું મુબારક મુખ ફેરવીને અસવદની લાશ તરફ જોયું અને જોતાંની સાથે તરત જ પોતાનું મુખ ફેરવી લીધું. જે સહાબા ત્યાં બેઠેલા હતા તેઓ બેહદ નવાઈ પામી ગયા કે આપે લાશને જોતાં જ મુખ કેમ ફેરવી લીધું ?

તઅજજુબથી પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! લાશને જોતાં જ આપે મુખ કેમ ફેરવી લીધું ?"

ફરમાવ્યું, "મેં જોયું કે એની પાસે મોટી સુંદર આંખોવાળી જન્નતની બે હૂરો બેઠેલી છે. એ બંને એની જન્નતી બીબીઓ છે."

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન નુજૈહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ હદીસ બયાન કરી :

> "જયારે કોઈ મુજાહિદ અલ્લાહના રાહમાં જિહાદ વેળા કાફિરની તલવારથી માર્યો જાય છે તો એજ વેળા જન્નતની "હૂરે-ઈન"માંથી તેની બે બીબીઓ હાજર થઈ જાય છે. તેના ચેહરા પરથી ધૂળકચરો સાફ કરવા લાગે છે અને સાથે કહેતી જાય છે, "જેણે તારા ચેહરા પર ધૂળકચરો નાખ્યો, અલ્લાહ તેના ચેહરા પર ધૂળકચરો નાખે ! અને જેણે તને કતલ કર્યો, અલ્લાહ તેને કતલ કરે !"

સંપાદકની નોંધ————બીજી રિવાયતો મુજબ અસવદ રાઈ ખયબરના યહૂદીઓમાંથી એક મોટા અંદૂતનો ગોવાળિયો હતો. ખયબરના યહૂદીઓ સાથે લડાઈનો હંગામો જોઈને તેણે પોતાના એક સાથીને પૂછ્યું, "કેમ ભાઈ ! આ બધું શું ચાલે છે ?"

જવાબ મળ્યો, "એવા માણસ સાથે યહૂદીઓની લડાઈ છે જે પોતાને અલ્લાહનો પયગમ્બર કહે છે."

પૂછ્યું, "તેના આ સાથીઓ કોણ છે અને એ બધા કયાંથી આવેલા છે ?"

જવાબ મળ્યો, "તેના સાથીઓ પોતાને મુસલમાન કહે છે અને એ બધા યસ્રિબ નામે શહેરથી આવેલા છે."

અસવદ રાઈ રણપ્રદેશમાં ઊછરેલો એક ગમાર અને ગોવાળિયો હતો. પયગમ્બર અને મુસલમાન જેવા શબ્દોથી તેને નવાઈ ઊપજી. તેના મનમાં એને લગતી જાણકારી મેળવવાની ઉત્કંઠા જાગી. એજ વેળા બકરાંના ધણ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચી ગયો. આપનો પયગમ્બરી રૂઆબ જોતાં જ તે થથરી ઊઠયો. એ પછી તેણે પૂછ્યું, "સાહેબ ! તમે કોણ છો ? તમારૂં નામ શું છે ?"

"મારૂં નામ મુહંમદ છે."આપે ફરમાવ્યું, "અને હું અલ્લાહનો રસૂલ છું. મારૂં કામ લોકોને મુસલમાન બનાવવાનું છે. હું તને ઈસ્લામની દઅવત આપું છું."

"હે મુહંમદ ! ઈસ્લામ એટલે શું ?" તેણે પૂછ્યું.

ફરમાવ્યું, "અલ્લાહને એક માનો અને તેનો રસૂલ માની લો."

"હું આ વાતો માની લઉં તો મને શું મળશે ?"

ફરમાવ્યું, "અલ્લાહ તઆલા તરફથી તને જન્નત મળશે."

"પણ તો આ બકરાં મારાં નથી. એનું શું કરૂં ?"

ફરમાવ્યું, "બકરાંઓને હંકારી મૂકો, એના માલિક પાસે ચાલ્યા જશે.

અસવદ રાઈ બોલ્યો, "હે અલ્લાહના રસૂલ ! હું મુસલમાન તો બનું છું પણ હું એક ગમાર અને ગોવાળ છું. મારો રંગ કાળો છે. મારો ચહેરો બેડોળ છે. મારા બદનમાં બદબૂ છે. ગરીબ છું. બકરાંની ગુલામી કરૂં છું. માલસામાન જેવું મારી પાસે કશું નથી, તો આમ છતાં હે અલ્લાહના રસૂલ ! જો હું લડાઈમાં માર્યો જાઉં તો પણ મને જન્નત મળશે ?"

"હા જરૂર તને જન્નત મળશે અને જન્નતની હૂરો પણ મળશે." આપે ફરમાવ્યું.

એ પછી હઝરત રાઈ રદિયલ્લાહુ અન્હુ તે કિલ્લા તરફ ચાલી નીકળ્યા જ્યાં મુસલમાનો સાથે યહૂદીઓની લડાઈ ચાલતી હતી. હઝરત અસવદ એજ લડાઈમાં શહીદ થઈ ગયા. જ્યારે એમની લાશ લાવવામાં આવી તો તેને જોઈને આપે ફરમાવ્યું, "અલ્લાહ તઆલાએ એનો રંગ રૂડો બનાવી દીધો. એનો ચહેરો રૂપાળો બનાવી દીધો. એનું બદન ખૂશબૂદાર બનાવી દીધું. જન્નતની બે હૂરો બીબીઓ તરીકે એને મળી ગઈ. જિહાદ વગર કોઈ નેકી એણે કીધી નથી. ન કોઈ નમાઝ એણે પઢી છે ન રમઝાનના રોઝા રાખ્યા છે છતાં ઈમાન ઈખ્લાસ અને જિહાદની બરકતથી જન્નતી બની ગયો. (અસિહ-હુસ-સિયર પા. ૨૧૫, કરફુલ-બારી, સીરતુલ-મુસ્તફા વગેરે. સંપાદકની નોંધ પૂરી થઈ.)

હજ્જાજ બિન અલાતની ચતુરાઈ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હજ્જાજ બિન અલાત સુલમી બહઝી નામે એક ચતુર વેપારી મુસલમાન બની ગયા હતા. કુનેહબુધ્ધિ ધરાવનારા સોદાગરોમાંથી હતા. વાયદાના સાચા અને વાતના પાકા હોવાથી નેકનામીમાં પંકાયેલા હતા. મક્કહના લોકો સાથે બહોળા પાયે વેપાર કરતા હતા. ખયબરના વિજય પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને કુરૈશ સાથેની વેપારી લેણદેણની સમસ્યા વર્ણવતાં બોલ્યા,

"યા રસૂલલ્લાહ ! મારી બેગમ મક્કહમાં રહે છે. તેનું નામ ઉમ્મે શૈબહ બિન્તે તલહા છે. તેનો એક બેટો મુઅરિઝ બિન તલહા પણ મક્કહમાં તેની મા સાથે રહે છે. મક્કહમાં એમના મકાનમાં મારો પુષ્કળ માલ પડેલો છે. ઉપરાંત મક્કહના કેટલાક વેપારીઓ પાસે મારા લેણાની મોટી રકમો નીકળે છે. જો એ બધાને ખબર પડે કે હું મુસલમાન બની ગયો છું તો માલ અને લેણામાંથી કશું મળવાની આશા નથી, તો માલ અને લેણાની વસૂલાત માટે આપ મને મક્કહ જવાની પરવાનગી નહિ આપો ?"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને મક્કહ જવાની પરવાનગી આપી દીધી. ત્યારે હજ્જાજ સોદાગરે વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! માલ અને પૈસા કઢાવવા માટે કદાચ કોઈ યુકિતની જરૂર પડે તો તેની પણ મને પરવાનગી આપો."

ફરમાવ્યું, "વાંધો નહિ."

હજ્જાજ બિન અલાત પોતાની કથા વર્ણવતાં કહે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગી મળતાં હું મારતી સાંઢણીએ મક્કહ તરફ ઊપડયો. જ્યારે મક્કહ પાસે આવેલા "સનીય્યતુલ-બૈદાઅ" મુકામે પહોંચ્યો તો કેટલાક કુરૈશીઓ ત્યાં ટોળું વળીને ઊભેલા મારા જોવામાં આવ્યા. સાંઢણી થોભાવીને મેં તેઓની મુલાકાત કરી. તેઓ સાથેની વાતચીતથી જણાયું કે એ બધા જંગે-ખયબરનો અંજામ જાણવાની અધીરાઈમાં શહેરથી નીકળી આવ્યા હતા. જ્યારથી કુરૈશને ખયબરના યહૂદીઓ પર મુસલમાનોની ચઢાઈના

સમાચાર મળ્યા હતા, બધાને લડાઈનો અંજામ જાણવાની તાલાવેલી લાગી હતી. રોજ સવારે ઘરોમાંથી નીકળી પડતા હતા અને શહેરથી બહાર જે કોઈ મળી આવે તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સમાચાર પૂછતા હતા. મક્કહના કુરૈશને જંગે-ખયબરનો અંજામ જાણવાની એટલી ચટપટી લાગેલી હતી કે મને જોતાં જ તેઓ પોકારી ઊઠયા હતા, ''અરે આ તો હજ્જાજ બિન અલાત છે !''

પછી કહેવા લાગ્યા, ''હે ભાઈ ! તમને અલ્લાહના સોગંદ છે. જલદી કહો, ખયબરના શું સમાચાર છે ?''

હજ્જાજ બિન અલાતનું બયાન છે : ''મક્કહના કુરૈશમાંથી મારા ઈસ્લામ-કરણની કોઈને ખબર ન હતી. બલકે મારા અલ્લાહ સિવાય મક્કહમાં કોઈ જાણતું ન હતું કે હું મુસલમાન બની ગયો છું. મને ખયબરની દિશાએથી આવેલો જોઈને આ લોકોએ મારા નામનો પોકાર ગજાવ્યો અને મારી સાંઢણી તરફ ધસી જતાં ભારે અધીરાઈથી બધા ભેગા સ્વરે પૂછવા લાગ્યા,

''હજ્જાજ સાહેબ ! તમને અલ્લાહના સોગંદ છે. અમારા માટે કોઈ તાજા સમાચાર, કોઈ નવા ખબર હોય તો જલદી કહો. અમને જાણવા મળ્યું છે કે પેલો ''કાતિઅ'' [1] ખયબર પર તૂટી પડયો છે, તેજ ખયબર કે જે યહૂદીઓનું વતન છે અને જે હિજાઝની ધરતીનો સૌથી વધારે ફળદ્રુપ તથા રળિયામણો ઈલાકો છે.''

મેં કહ્યું, ''ભાઈઓ ! જરા ધીરજ ધરો, શાંતિ રાખો, તમારા માટે મારી પાસે એવા તાજા, તમતમતા સમાચાર છે કે તેને સાંભળીને તમે ખુશખુશાલ થઈ જશો.''

મારી આ વાત સાંભળીને ઓરમી તેઓની ધીરજ ખૂટી ગઈ. બધા મારી ઊંટણીની ચોગર્દમ ટોળું વળીને ઊભા થઈ ગયા. મને ઘેરી લઈને હોબાળો મચાવતાં બોલ્યા, ''હજ્જાજ ભાઈ ! જલદી કહો ને, અમારા માટે શું ખુશખબર છે ?''

''અરે હે કુરૈશીઓ !''મેં કહેવા માંડયું, ''સાંભળો તેમને એટલે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તો એવી નામોશી ભરેલી હાર મળી છે કે જેનો દાખલો મળે એમ નથી. તેઓએ એટલે યહૂદીઓએ મુહંમદને કેદ કરી લીધા છે. તેઓના સરદારોનું કહેવું છે કે, મુહંમદને મક્કહ લઈ જઈને કુરૈશને હવાલે કરી દઈશું કે જેથી મક્કહના લોકો પોતાના માર્યા ગયેલા માણસોના બદલામાં મુહંમદને કતલ કરી નાખે.''

આ ''તાજા-તમતમતા'' સમાચાર સાંભળતાં જ બધા લોકો ખુશાલીના પોકારો કરતા મક્કહ તરફ દોડી પડયા. શહેરમાં પહોંચતા જ સપાટો બોલાવી દીધો:

''હે લોકો ! હે કુરૈશ ! તમારા માટે તાજા સમાચાર છે. મુહંમદ પકડાઈ ગયા છે. યહૂદીઓ મુહંમદને મક્કહ લઈ આવે છે કે જેથી તમે પોતાના હાથે મુહંમદને જાહેરમાં

---

૧. મક્કહના મુશરિકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચિત્રવિચિત્ર નામો પાડેલાં હતાં જેમકે મુ-ઝમ-મ્મમ એટલે નઠારા, સાહિર એટલે જાદૂગર, મજનું એટલે પાગલ, શાઇર એટલે કવિતાઓ રચનાર, કાહિન એટલે જિન્નાતને તાબે કરનાર વગેરે. એમાનું એક નામ ''કાતિઅ''પણ હતું જેના અર્થ સ્નેહ-સંબંધને તોડી નાખનાર, સગાઈના સંબંધોને કાપી નાખનાર, સગાંસ્નેહીઓમાં ફાટફૂટ નાખનાર વગેરે થાય છે. અસલ બાબત એમ છે કે જંગે-ખયબરના સમાચારથી કુરૈશને ખૂબ લાગી આવ્યું હતું અને તેઓ મનમાં ને મનમાં સમસમી રહ્યાં હતા. કેમકે સુલ્હે-હુદૈબિયહને આધારે તેઓ યહૂદીઓથી એકદમ કપાઈ ગયા હતા. ન માણસોથી યહૂદીઓની મદદ કરી શકતા હતા ન હથિયારોથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓનાં હાથપગ બાંધી લીધા હતા. એમ પણ લડાઈઓએ તેઓને ઢીલા કરી નાખ્યા હતા. એજ કારણે જંગે-ખયબરનો અંજામ જાણવાની તેઓને ચટપટી કે તાલાવેલી લાગેલી હતી. એ સિવાય તેઓ કરી પણ શું શકતા હતા ? ''ક''

કતલ કરી નાખો.''

હજ્જાજ બિન અલાત પોતાની કથા ચાલુ રાખતાં ઉમેરે છે : ''તેઓની પાછળ હું પણ મક્કહ પહોંચી ગયો. મેં કુરૈશને કહ્યું, ''હે ભાઈઓ ! મારી તમને એક વિનંતી છે. જે વેપારીઓ પાસે મારા નાણા નીકળે છે તેની ચૂકવણીમાં તમે બધા મારી મદદ કરો. મારૂં લેણું મને જલદી અપાવો. એજ નાણા લઇને હું ઉતાવળે ખયબર જવા માગું છું કે જેથી મુહંમદ અને મુસલમનોનો જે માલ, યહૂદીઓએ કબજે કર્યો છે તેને સસ્તા ભાવે ખરીદી લઉં, એથી પહેલાં કે બીજા વેપારીઓ મારા કરતાં પહેલાં પહોંચીને એનો લાભ ખાટી જાય.''

મારી વાત સાંભળતાં જ કુરૈશ હરકતમાં આવી ગયા. તેઓએ જોતજોતામાં મારાં લેણાના નાણા કરજદારો પાસેથી વસૂલ કરીને મારી પાસે એવી રીતે જમા કરાવી દીધાં કે મારી હયરતનો પાર ન રહ્યો.

એ પછી હું મારી ઔરત પાસે ગયો. મેં તેને કહ્યું, ''ઉમ્મે-શૈબહ ! ખાનગી વાત છે. હમણા કોઇને કહેવું નહિ. મારો જે માલ તમારી પાસે છે તે બધો જલદી મને આપી દો. ખયબરમાં મુહંમદ અને તેમના સાથીઓ બુરી રીતે હારી ગયા છે. તેઓનો ચૂકતે માલ યહૂદીઓના કબજામાં છે. એ માલની તેઓ જાહેર હરાજી કરવાના છે. હું ખયબર જઇને એ બધો માલ ખરીદી લેવા માગું છું. એવું ન થાય કે બીજા વેપારીઓ મારા કરતાં પહેલાં પહોંચીને એ માલ ખરીદી લે અને હું મોઢું તકાસતો રહી જાઉં !''

તેણે બધો માલ વિના આનાકાનીએ મારે હવાલે કરી દીધો.

હજ્જાજ બિન અલાતનું બયાન છે : ''મેં જે વાત વહેતી મૂકી હતી તેને સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ સન્નાટામાં આવી ગયા. તેઓ ભાગંભાગ મારી પાસે દોડી આવ્યા. તે વેળા હું વેપારીઓના એક તંબૂમાં ઊભેલો હતો. અબ્બાસ મને એક ખૂણામાં લઇ ગયા અને ગંભીર મુખે બોલ્યા, ''હજ્જાજ ! તું આ કેવા સમાચાર લઇને આવ્યો છે ?''

મેં કહ્યું, ''અબ્બાસ ! જે કંઇ મેં તમને આપેલું હતું તે તમને યાદ છે ?''

બોલ્યા, ''હા બરાબર યાદ છે.''

મેં ચૂપકેથી કહ્યું, ''ત્યારે અબ્બાસ ! હમણા તમે થોભી જાવ. પ્રથમ મને મારો મામલો સંપૂર્ણ રીતે સંકેલી લેવા દો. પછી હું તમને ખાનગીમાં મળીને બધો ખુલાસો કરીશ.''

જ્યારે માલ અને લેણાના નાણા તરફથી મને નિરાંત વળી તો મક્કહથી ઊપડવા પહેલાં હું અબ્બાસ પાસે ગયો. મેં તેમને કહ્યું, ''અબુલ-ફઝલ ! જુઓ પ્રથમ મારી એક શરત છે. વચન આપો કે ભેદની જે વાત કહું તેને ત્રણ દિવસ સુધી ખાનગી રાખશો. મારી જાનનો જોખમ છે. ત્રણ દિવસ પહેલાં વાત ફૂટી તો કુરૈશ મને પકડી પાડીને મારી નાખશે. ત્રણ દિવસ પછી તમારા મનમાં આવે તેમ કરજો.''

અબ્બાસે કહ્યું, ''ભલે મારા વચનની ખાતરી રાખ. જલદી બોલ મામલો શું છે ?''

મેં કહ્યું, ''અબુલ-ફઝલ ! હવે અસલ હકીકત સાંભળો. અલ્લાહના સોગંદ ખાઇને કહું છું કે તમારા ભત્રીજાએ ખયબરના યહૂદીઓ પર શાનદાર જીત મેળવી છે. ખયબરનો આખો ઈલાકો તેમના કબજામાં આવી ગયો છે. એટલું જ નહિ તમારા ભત્રીજાએ યહૂદીઓના બાદશાહ હુય્ય બિન અખ્તબની રૂપવાન શાહઝાદી સફિય્યહ સાથે શાદી પણ કરી લીધી છે. દુલહા-દુલહનને શાદીની મુબારકબાદ આપીને હું ત્યાંથી રવાના થયો

હતો. હવે ખયબરના બાગ-બગીચા અને યહૂદીઓના માલ-ખજાનાના માલિક તમારા ભત્રીજા અને તેમના સાથીઓ છે.''

મારી વાતો સાંભળીને અબ્બાસ મને હયરતથી તાકી રહ્યા. પછી ચોંકીને બોલી ઊઠયા, ''હે હજ્જાજ! તું આ શું કહે છે ?''

''અલ્લાહના સોગંદ! સાચું જ કહું છું.'' મેં કહ્યું અને સાંભળો હું મુસલમાન બની ગયો છું. ફકત મારો માલ કઢાવવા મેં આ યુકિત કરી હતી. બસ ત્રણ દિવસ સુધી વાત છુપાવી રાખજો. પછી તમારે જે કહેવું હોય તે કહેજો.''

હજ્જાજ બિન અલાતનું બયાન છે : ''જયારે ત્રીજો દિવસ પસાર થઈ ગયો તો અબ્બાસે પોતાનો હુલ્લહ (એટલે પહેરણ અને લુંગીનો ઉજળો પોશાક) પોતાના બદન પર સજયો. ખલૂક (એટલે જાફરાનની ઉત્તમ ખૂશબૂ)થી પોતાનો પોશાક મઘમઘાવ્યો. પોતાની સુંદર છડી હાથમાં પકડી લીધી. ઘરમાંથી નીકળીને ખાનએ-કઅબહમાં ગયા અને કઅબહનો તવાફ કરવા લાગ્યા.

કુરૈશના લોકો એમનો આ ઠાઠ અને ચેહરા પર અનેરા આનંદનો ભપકો જોઇને નવાઇ પામી ગયા અને કહેવા લાગ્યા, ''અબુલ-ફઝલ ! દુઃખના સમયે આ ઠાઠ અને આનંદ કેવો ? તમારે તો તમારા ભત્રીજાના દુઃખ પ્રસંગે દુઃખી થવું જોઇએ. તેને બદલે તમારી આ ધીરજ, તમારી આ દ્રઢતા અને સહનશીલતા નવાઇ ઉપજાવે તેવી છે !''

અબ્બાસે ગંભીરતાથી કહ્યું, ''હે લોકો ! હકીકત એમ નથી. સાંભળી લો, તે અલ્લાહના સોગંદ કે જેના તમે પણ વારંવાર સોગંદ ખાતા રહો છો, મુહંમદે ખયબર પર ફતેહ મેળવી લીધી છે. ખયબરના બાદશાહની શાહઝાદી સાથે શાદી કરી લીધી છે. તેઓ ખયબરના યહૂદીઓની માલ-મિલકતના માલિક બની ચૂકયા છે. હવે ખયબરનો પૂરો ઇલાકો મુહંમદ અને તેમના સાથીઓની મિલકત બની ગયો છે.''

''હે અબુલ-ફઝલ ! તમે આ શું કહો છો ?''લોકોએ ભારે નવાઇથી કહ્યું, ''સાચું કહેજો. કોણે આ સમાચાર તમને કહ્યા છે ?''

અબ્બાસે કહ્યું, ''અરે તેણે જ જેણે તમને મુસલમાનોની હાર અને મુહંમદના કેદ થવાના સમાચાર આપ્યા હતા. હજ્જાજ બિન અલાત મુસલમાન બની ગયો હતો. આ યુકિતથી તે પોતાનો માલ અને લેણાની રકમ તમારી પાસેથી વસૂલ કરવા આવ્યો હતો. હવે તે સલામત રીતે અહીંથી છટકીને મુસલમાનો પાસે પહોંચી ગયો છે.''

આ સાંભળીને કુરૈશના લોકો ગુસ્સાથી વળ ખાતા મનમાં ને મનમાં સમસમી રહ્યા. પછી કહેવા લાગ્યા. ''હે અલ્લાહના બંદાઓ ! અલ્લાહનો દુશ્મન હાથથી છટકી ગયો. આપણને આબાદ બેવકૂફ બનાવી ગયો. તેજ વેળા જાણ થઈ હોત તો તેના ધજાગરા ઉડાવી દેત !''

હઝરત હજ્જાજ બિન અલાતનું કથન છે : ''એ પછી ટૂંકમાં જ કુરૈશના લોકોને પોતાના બાતમીદારોને મુખે પણ યહૂદીઓની હાર અને મુસલમાનોની જીતના સમાચાર મળી જવા પામ્યા.

(નોટ :- ફત્હે - ખયબરની ખુશાલીમાં મુસલમાન શાઇરોએ રચેલાં કેટલાંક કાવ્યો અહીં ટાંકવામાં આવ્યાં છે તે અમે ઇખ્તેસારના હેતુએ જતાં કર્યાં છે.)

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૨

ખયબરના માલની વહેંચણી

ખયબરના માલે-ગનીમતની વહેંચણી • હિસ્સાદારોની સંખ્યા • માલે-ગનીમતના અઢાર ઢગલા • અલ-કુતૈબહના માલની વહેંચણી • પાક બેગમોના હિસ્સાઓનો દસ્તાવેજ • દાર કબીલાની વંશાવળી • ફદકના માલનો મામલો • માલના ભાગ પાડવાનું ન્યાયી તંત્ર • યહૂદીઓની પૈદાઈશી બદમાશી • કતલ વિષે રસૂલુલ્લાહ (સલ.)નો ફેસલો • ખયબરથી યહૂદીઓની હકાલપટ્ટી • રસૂલુલ્લાહ (સલ.)ની વસીયત • યહૂદીઓના દેશનિકાલની બીજી રિવાયત • વાદીયુલ-કુરાના માલની વહેંચણી.

Maktabe Ashraf

ખયબરના માલે-ગનીમતની વહેંચણી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : ખયબરના માલ-અસબાબ એટલે અલ-શક્ક, નતાત અને અલ-કુતૈબહ કિલ્લાઓના માલની વહેંચણી કરવામાં આવી. અલ-શક્ક અને નતાતમાં મુસલમાનોના હિસ્સા નક્કી કરવામાં આવ્યા અને અલ-કુતૈબહમાં અલ્લાહનો પાંચમો ભાગ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ભાગ, રિશ્તેદારો, યતીમો અને મિસ્કીનોનો ભાગ, પાકબેગમોનો રોજિંદો ખરચ, તથા જે લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તથા ફદકવાસીઓ વચ્ચે સુલેહ-સમાધાનની દોડધામ કરી હતી જેમાં હઝરત મુહૈયિસહ બિન મસઊદ પણ હતા, એ બધાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જવ અને ખજૂર ત્રીસ-ત્રીસ વસક ઈનાયત ફરમાવ્યા હતા.[૧]

એ ઉપરાંત જંગે-ખયબરમાં અને સુલ્હે-હુદૈબિયહમાં જેટલા મુસલમાનો હાજર હતા, વહેંચણીમાં એ બધાનો હિસ્સો પણ કાઢવામાં આવ્યો. હુદૈબિયહવાળા ભલે જંગે-ખયબરમાં હાજર થયા કે નહિ થયા. જો કે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હરામ સિવાય કોઈ ગેરહાજર નહિ હતું. જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહને પણ તેટલો જ હિસ્સો આપ્યો, જેટલો હાજરજનોને આપ્યો. ખયબરની બે ખીણો હતી. એક વાદીએ-સુરૈર અને બીજી વાદીએ-ખાસ (અથવા સુહૈલના કથન મુજબ વાદીએ-ખિલ્સ) ખયબરનો પૂરો વિસ્તાર એજ બે ખીણો પર વિસ્તરેલો હતો. એમાંથી અલ-શક્ક અને નત્અતના કુલ કિલ્લાઓના અઢાર મોટા ભાગ પાડવામાં આવ્યા. એમાંથી પાંચ ભાગ નત્અતના

૧. એક વસક ૬૦ સાઅ. એક સાઅ આશરે સાડા ત્રણ શેર. આપણા હિસાબ મુજબ લગભગ ૪ મણ ૯ શેર. એને સામાન્ય રીતે એક ભાર ઊંટ કહેવામાં આવે છે.

અને તેર ભાગ અલ-શક્કના હતા. પછી સરેરાશ વ્યકિત દીઠ અલ-શક્ક અને નત્અતના કુલ માલની, એક હજાર આઠ સો ભાગોમાં વહેંચણી કરી દેવામાં આવી.

હિસ્સાદારોની સંખ્યા—————જે સહાબા પર ખયબરની વહેંચણી કરવામાં આવી તેઓના હિસ્સાઓની સંખ્યા, માણસો અને ઘોડાઓ મળીને કુલ એક હજાર આઠ સો હતી. માણસોની સંખ્યા ૧૪ સો અને ઘોડાઓની સંખ્યા બસો હતી. દરેક ઘોડાના ભાગ નક્કી થયા. દરેક સવારનો એક હિસ્સો. એવી જ રીતે દરેક પાયદળનો એક હિસ્સો. આમ દરેક હિસ્સા માટે એક નફરી થઇ, જેમાં બસો નફરી ઘોડાઓની થઇ. (કુલ ચાર સો હિસ્સા, નફરી દીઠ બે હિસ્સાના હિસાબે) સરવાળો ૧૮ સો થઇ ગયો. (૧૪ સોમાં ૪ સો ઉમેરવાથી ૧૮ સો થયા.)

ઇબ્ને હિશામ કહે છે : ખયબરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અરબી નસલના ઘોડાઓને વર્ણસંકર ઘોડાઓ (જેઓની મા ગેરઅરબી હતી)થી તારવીને અલગ અલગ કરી દીધા હતા.

માલે-ગનીમતના અઢાર ઢગલા—————માલે-ગનીમતના ૧૮ સો હિસ્સાઓના ૧૮ જેટલા મોટા ઢગલા કરી દેવામાં આવ્યા હતા. એટલે ઢગલા દીઠ સો હિસ્સા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ ઢગલા આ પ્રમાણે હતા :

(૧) હઝરત અલી બિન અબી તાલિબ (૨) હઝરત ઝુબૈર બિન અવ્વામ (૩) હઝરત તલહા બિન અબ્દુલ્લાહ (૪) હઝરત ઉમર બિન ખત્તાબ (૫) હઝરત અબ્દુર-રહમાન બિન અવફ (૬) હઝરત આસિમ બિન અદી બનૂ ઇજલાન વાળા (૭) હઝરત ઉસૈદ બિન હુદૈર (૮) હઝરત હારિસ઼ બિન ખઝરજ (૯) બનૂ નાઇમ (૧૦) બનૂ બયાદહ (૧૧) બનૂ ઉબૈદ જેમને કેટલાકે બનૂ ઉબૈદહ કહ્યા છે (૧૨) બનૂ હરામ બનૂ સલિમહવાળા (૧૩) ઉબૈદ સહહામ (૧૪) બનૂ સાઇદહ (૧૫) બનૂ ગિફાર અને બનૂ અસલમ (૧૬) બનૂ નજ્જાર (૧૭) બનુ હારિસ઼હ (૧૮) બનૂ ઔસ.

નંબર ૧૩ માં ઉબૈદનો લકબ સહહામ હતો. આ લકબ પડવાનું કારણ ઇબ્ને હિશામના કથન મુજબ એમ હતું કે એમણે અમુક હિસ્સા ખરીદી પણ લીધા હતા. હઝરત ઉબૈદ, બનૂ હારિસ઼હ બિન હારિસ઼ બિન ખઝરજમાંથી હતા. એમનું નામ ઉબૈદ બિન ઔસ છે.

એમાંથી નત્અત કિલ્લાનો જે પહેલો ભાગ કાઢવામાં આવ્યો તે હઝરત ઝુબૈર બિન અવ્વામનો હતો. એમના ભાગે ખયબર પાસેના ખૂઅ વિસ્તારમાં આવેલું સુરૈર નામે એક ગામ હતું. બીજો હિસ્સો બનૂ બયાદહનો હતો. ત્રીજો હિસ્સો ઉસૈદનો, ચોથો બનૂ હારિસ઼ બિન ખઝરજનો, પાંચમો નાઇમનો જેમાં બનૂ ઔસ બિન ખઝરજ તેમ મુઝૈનહ અને તેઓના ભાગીદારો શામિલ હતા. અહીં જ હઝરત મહમૂદ બિન મસ્લમહ શહીદ થયા હતા. આ પાંચ હિસ્સા નત્અત કિલ્લાના થયા.

પછી અલ-શક્કની વહેંચણી આ પ્રમાણે કરવામાં આવી : પહેલો હિસ્સો આસિમ બિન અદી બનૂ ઇજલાનવાળાનો, એમની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ શામિલ હતા. બીજો હિસ્સો હઝરત અબ્દુર-રહમાન બિન અવફનો, ત્રીજો સાઇદહનો, ચોથો બનૂ નજ્જારનો, પાંચમો હઝરત અલી બિન અબી તાલિબનો, છઠ્ઠો હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહનો, સાતમો ગિફાર અને અસલમનો, આઠમો હઝરત ઉમર બિન ખત્તાબનો, નવમો હઝરત સલિમહ બિન ઉબૈદનો, દસમો બનૂ હરામનો, અગિયારમો હારિસ઼હનો,

Maktabe Ashraf

બારમો ઉબૈદ સહહામનો, તેરમો ઔસનો જેમાં જુહેનહ અને જંગે-ખયબરમાં ભાગ લેનારા બાકીના બધા મુસલમાનોનો હિસ્સો શામિલ હતો. એમના મુકાબલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પોતાનો હિસ્સો હતો.

અલ-કુતૈબહના માલની વહેંચણી——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ-કુતૈબહ એટલે વાદીએ-ખાસની, પોતાના રિશ્તેદારો, પાક બીબીઓ તેમ બીજા સ્ત્રી-પુરૂષો વચ્ચે વહેંચણી કરી દીધી. જેમકે પોતાના સાહબઝાદી બીબી ફાતિમહને બસો વસક, હઝરત અલી બિન અબી તાલિબને એક સો વસક, હઝરત ઉસામહ બિન ઝૈદને બસો વસક અને સાથે પચાસ વસક ખજૂરના ઠળિયા, મુસલમાનોના અમ્માંજી હઝરત આઇશહને બસો વસક, હઝરત અબૂબકને એક સો વસક, હઝરત ઉકૈલ બિન અબૂ તાલિબને એક સો વસક, બનૂ જઅફરને પચાસ વસક, હઝરત રબીઅહ બિન હારિસ઼ને એક સો વસક, હઝરત સલ્ત બિન મખરિમહ અને તેમના બે પુત્રોને એક સો વસક (હઝરત સલ્ત માટે ૪૦ વસક) હઝરત અબી નબકહને પચાસ વસક, હઝરત રૂકાનહ બિન અબ્દે યઝીદને પચાસ વસક, હઝરત કૈસ બિન મખરિમહને ત્રીસ વસક હઝરત અબુલ-કાસિમ બિન મખરિમહ (કૈસના ભાઇ)ને ચાલીસ વસક, બનૂ ઉબૈદહ બિન હારિસ઼ની પુત્રીઓ તથા હુસૈન બિન હારિસ઼ની પુત્રીને એક સો વસક, બનૂ ઉબૈદ બિન અબ્દે યઝીદને સાઠ વસક, હઝરત ઇબ્ને ઓસ બિન મખરિમહને ત્રીસ વસક, હઝરત મિસ્તહ બિન ઉસ઼ાસહ અને હઝરત ઇબ્ને ઇલ્યાસને પચાસ વસક, હઝરત ઉમ્મે રમીસ઼હને ચાલીસ વસક, હઝરત નુઐમ બિન હિન્દને ત્રીસ વસક, હઝરત બુહૈનહ બિન્તે હારિસ઼ને ત્રીસ વસક, હઝરત ઉજૈર બિન અબ્દે યઝીદને ત્રીસ વસક, હઝરત ઉમ્મે હકીમ બિન્તે ઝુબૈર બિન અબ્દુલ-મુત્તલિબને ત્રીસ વસક, હઝરત જુમાનહ બિન્તે અબી તાલિબને ત્રીસ વસક, હઝરત હમ્નહ બિન્તે જહશને ત્રીસ વસક, હઝરત ઇબ્ને અરકમ યા ઉમ્મે અરકમને પચાસ વસક, હઝરત અબ્દુર-રહમાન બિન અબીબકને ચાલીસ વસક, હઝરત દબાદહ બિન્તે ઝુબૈરને ચાલીસ વસક, હઝરત ઉમ્મે ઝુબૈરને ચાલીસ વસક, હઝરત ઇબ્ને અબી ખુનૈસને ત્રીસ વસક, હઝરત ઉમ્મે તાલિબને ચાલીસ વસક, હઝરત અબી બસરહને વીસ વસક, હઝરત નુમૈલહ કલબીને પચાસ વસક, હઝરત અબ્દુલ્લાહ બિન વહબ અને તેમની બે પુત્રીઓને નેવુ વસક - એમાંથી એમના બેટાઓ માટે ચાલીસ વસક, હઝરત ઉમ્મે હબીબ બિન્તે જહશને ત્રીસ વસક, હઝરત મલિક બિન અબ્દહૂને ત્રીસ વસક, બાકીનું પાક બીબીઓ માટે સાત સો વસક. (રદિયલ્લાહુ અન્હુમ.)

ઇબ્ને હિશામ કહે છે : ઘઉં, જવ, ખજૂરના ઠળિયા વગેરેની જરૂરત મુજબ વહેંચણી કરવામાં આવી. અબ્દુલ-મુત્તલિબના કુટુંબીજનો સૌથી વધારે જરૂરતમંદ હતા જેથી તેઓનો હિસ્સો પણ વધારે આપવામાં આવ્યો.

ગુજરાતી સંપાદકની નોંધ——————ઇસ્લામી જિહાદમાં જંગ કરીને દુશ્મન પાસેથી જે માલ હાથ લાગે તેને માલે-ગનીમત કહે છે. એના હકદારોની વિગત કુર્આનમાં આ રીતે દર્શાવવામાં આવી છે :

વઅલમૂ અન્નમા	જાણી લો કે (કાફિરો સાથેની લડાઇમાં)
ગનિમ-તુમ મિન શૈઇન	જે કંઇ માલ તમને ગનીમતમાં મળે
ફ-અન્ન લિલ્લાહિ ખુમુસહૂ	તો તેમાંથી પાંચમો ભાગ અલ્લાહ માટે છે,
વ-લિર - રસૂલિ	અને તેના રસૂલ માટે છે,

Maktabe Ashraf

આ સાંભળીને યહૂદીઓ પોકારી ઊઠતા, ''બિ-હાઝા અકામતિસ-સમાવાતિ વલ-અર્દ.'' એજ અદલ ઈન્સાફને કારણે તો આસમાન અને જમીનં પોતાની જગાએ સલામતીથી ટકેલાં છે.''

હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા ફક્ત એક વરસ સુધી આ ઓહદા પર કાયમ રહીને આ સેવા બજાવતા રહ્યા. પછી જંગે-મૂતહમાં શહીદ થઇ ગયા. અલ્લાહ તઆલા એમનાથી રાજી રહે અને એમના આત્મા પર રહમ ફરમાવે ! એમના પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ ઓહદા પર હઝરત જબ્બાર બિન સખ્ર બિન ઉમૈયહ બિન ખનસાઅની નિમણૂક કરી. એમણે પણ અગાઉની પ્રથા મુજબ વહેંચણીનો એજ નિયમ ચાલુ રાખ્યો. દર વરસે ખયબર જઇને અંદાજથી માલના બે ભાગ પાડતા. યહૂદીઓની પસંદગી બાદ બીજો ભાગ મુસલમાનો માટે લઇ આવતા.

યૂહૂદીઓની પૈદાઇશી બદમાશી————ઈબ્ને ઈસ્હાક કહે છે : ખયબરના યહૂદીઓનો મામલો એજ પરંપરા પ્રમાણે મુદ્દત સુધી ચાલતો રહ્યો. તેઓ સુલેહનામાની શરતોનું યોગ્ય રીતે પાલન કરતા રહ્યા. મુસલમાનોને તેઓની વર્તણુકમાં વાંધા જેવું કંઇ દેખાતું ન હતું; ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હયાતીમાં જ યહૂદીઓએ બનૂ હારિસહવાળા હઝરત અબ્દુલ્લાહ બિન સહલને બેરહમીથી કતલ કરી નાખ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનોએ હઝરત અબ્દુલ્લાહની કતલમાં યહૂદીઓનો હાથ હોવાની શંકા જાહેર કરી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈબ્ને શિહાબ ઝુહરીએ બનૂ હારિસહના આઝાદ ગુલામ સહલ બિન અબૂલ હસમહની રિવાયત કહી સંભળાવી કે, ''હઝરત અબ્દુલ્લાહ બિન સહલ ખયબરમાં યહૂદીઓની વસતિમાં માર્યા ગયા. તેઓ પોતાના અમુક સાથીઓ સાથે ખયબરની ખજૂરવાડીઓ જોવા ગયા હતા. એ દરમિયાન કોઇ કારણે પોતાના સાથીઓથી વિખૂટા પડી ગયા. તે પછી એક નાળાંમાં તેમની લાશ પડેલી જોવામાં આવી. ગરદન તોડીને લાશને નાળામાં પધરાવી દેવામાં આવી હતી. સાથીઓએ લાશને નાળાંમાંથી કાઢીને દફનાવી દીધી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઇને પુરી વિગત કહી સંભળાવી.

કતલ વિષે રસૂલુલ્લાહ (સલ.)નો ફેસલો————ખયબરમાં શહીદ થનાર હઝરત અબ્દુલ્લાહ બિન સહલના ભાઇ હઝરત અબ્દુર્રહમાન બિન સહલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. એમની સાથે એમના પિતરાઇ ભાઇઓ- હઝરત હુવૈસહ અને હઝરત મુહૈયિસહ (મસઊદના પુત્રો) પણ હતા. અબ્દુર્રહમાન બિન સહલ, એ બધામાં ઊગતી વયના નવલોહિયા યુવક હતા. એમના લોહીમાં જુવાનીનો જુસ્સો હતો. ટોળીમાં એજ સૌથી આગળ હતા. પોતાથી મોટી ઉંમરના પિતરાઇ ભાઇઓને પડતા મૂકીને પોતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતચીત કરવા આગળ ધસી ગયા.

આ અશિષ્ટ કે બેઅદબી જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને ફરમાવ્યું, ''અલ-કિબર ! અલ-કિબર !'' એટલે મોટાઓનું માન જાળવો. તેઓને આગળ આવવા દો. (આપે તેમને અદબ શીખવવા આમ ફરમાવ્યું.)

ઇબ્ને હિશામ કહે છે : હઝરત માલિક બિન અનસની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ''કુબ્બર ! કુબ્બર !'' ફરમાવ્યું. એટલે મોટેરાઓને આગળ કરો. સારાંશ કે અબ્દુર્રહમાન ચુપ થઇ ગયા ત્યારે હુવૈસહ તથા મુહૈયિસહ આગળ આવ્યા. તેઓએ હઝરત અબ્દુલ્લાહની કતલ અંગે રસૂલુલ્લાહ

Maktabe Ashraf

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતચીત કરી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "જે યહૂદીએ ખૂન કર્યું તમે એ ખૂનીનું નામ બતાવો અને પચાસ વખત કસમ ખાઇને કહો કે એજ ખૂની છે. હું ખૂનીને તમારે હવાલે કરી દઇશ."

તેઓએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! જે વાતની અમને જાણકારી નથી તેના વિષે કસમ કેવી રીતે ખાઇએ ?"

આપે ફરમાવ્યું, "વારૂ યહૂદીઓ પચાસ વખત અલ્લાહના કસમ ખાઇને કહી દે કે આ ખૂન અમે નથી કર્યું, ન અમે ખૂનીને ઓળખીએ છીએ તો, આ હાલતમાં તેઓ અબ્દુલ્લાહના ખૂનથી નિર્દોષ ઠરી જશે. શું તમે એને માનવા તૈયાર છો ?"

તેઓએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! યહૂદીઓ દુનિયાભરના જૂઠ્ઠા લોકો છે. મોટા મોટા ગુનાહો કરે છે અને તેથી મોટી કસમો ખાવા તૈયાર રહે છે. તેઓનું કુફ્ર તેઓના ગુનાહોથી ચઢિયાતું હોય છે. એવાઓની કસમોનો અમે કેવી રીતે ભરોસો કરીએ ?"

રાવીનું કથન છે : "એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના તરફથી એ લોકોને લોહીદંડના સો ઊંટો આપી દીધાં."

આ વિગત ટાંકનાર હઝરત સહલ બિન હસમહ કહે છે : "અલ્લાહના સોગંદ ! લોહીદંડના આ સો ઊંટોમાં રાતારંગના તે ફાંકડા જવાન ઊંટને હું ભૂલી શકતો નથી. જ્યારે એ મારકણા ઊંટને હું પકડવા લાગ્યો તો તેણે મને માર્યો હતો."

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન ઇબ્રાહીમ બિન હારિસ તૈમીએ અબ્દુર્રહમાન બિન બુજૈદ બિન કૈઝીની આ રિવાયત કહી સંભળાવી કે, સહલ બિન હસમહ ખૂનના આ બનાવ અંગે, અબ્દુર્રહમાન બિન બુજૈદથી વધારે જાણકારી ધરાવતા નથી. હા ઉંમરમાં જરૂર તેઓ મોટા હતા. પણ બનાવની વિગત ટાંકવામાં તેમની શરતચૂક થવા પામી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પેલા ભાઇઓને એમ નહિ ફરમાવ્યું હતું કે, "જે વાતની તમે જાણકારી ધરાવતા નથી તેના વિષે કસમ ખાય લો !" કેમકે મૂળ બનાવ અંગે કશું નહિ જાણનારને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કસમ ખાવાનું કેવી રીતે ફરમાવી શકતા હતા?

અસલ બાબત એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરના યહૂદીઓને લખ્યું હતું કે, "તમારી વસતિમાં તમારા ઘરોની સામે અમારા માણસની લાશ પડેલી મળી આવી છે. એનો લોહીદંડ તમારે ચૂકવી આપવો પડશે."

જવાબમાં યહૂદીઓએ અલ્લાહના સોગંદ ખાઇને લખી જણાવ્યું હતું કે, "અમારા ઘરોની સામે જે લાશ પડેલી મળી આવી તે કોની છે અને કોણે તેનું ખૂન કર્યું તે અંગે અમે કશું જાણતા નથી." આ જવાબ મળવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની પાસેથી લોહીદંડની રકમ ચૂકવી આપી હતી.

ઇબ્ને ઇસ્હાક કહે છે : અમ્ર બિન શુઐબે પણ અબ્દુર્રહમાન બિન બુજૈદ જેવી જ રિવાયત ટાંકેલી છે. એમાં આટલો વધારો છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદીઓને લખી જણાવ્યું હતું કે,"મરનારનો લોહીદંડ ચૂકવી આપો કાં લડાઇ માટે તૈયાર રહો !"

Maktabe Ashraf

જવાબમાં યહૂદીઓએ લખ્યું હતું કે, ''અમે અલ્લાહના સોગંદ ખાઇને કહીએ છીએ કે, આ ખૂન અમે નથી કર્યું, ન અમે ખૂનીને ઓળખીએ છીએ !'' આ જવાબ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોહીદંડ ચૂકવી આપ્યો હતો.

ખયબરથી યહૂદીઓની હકાલપટ્ટી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મેં ઈબ્ને શિહાબ ઝુહરીને પૂછ્યું, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખયબરના યહૂદીઓને ખજૂર આપતા હતા તેનો શું તરીકો હતો? શું ઝાડો પરથી ખજૂર ઉતારાવીને પોતાના કબજામાં લેવા બાદ આપતા હતા અથવા ઝાડો પર જ બારોબાર આપી દેતા હતા ?''

ઈબ્ને શિહાબે જવાબ આપ્યો, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યહૂદીઓ સાથે જંગ કરીને લશ્કરી બળથી ખયબર પર કબજો કર્યો હતો. અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખયબરનો ઈલાકો ગનીમતના માલ તરીકે પ્રદાન કર્યો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેનો પાંચમો ભાગ અલ્લાહ માટે કાઢવા પછી મુસલમાનોમાં તેની વહેંચણી કરી હતી. ખયબરના પરાજય પછી યહૂદીઓ પોતાની માલ-મિલ્કત અને બાગ-બગીચા છોડીને વતન-ત્યાગ માટે તૈયાર થયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને બોલાવીને ફરમાવ્યું.

''જુઓ, અમે તમને અહીં જ રહેવા દઈએ, તમારી ખેતીવાડી અને માલ-મિલકત પણ તમારા જ કબજામાં કાયમ રાખીએ, પછી તમે એમાં મહેનત કરો અને જે પૈદાવાર ઊતરે તેનો અર્ધો ભાગ તમારો અને અર્ધો ભાગ અમારો, તો શું આ શરત તમને મંજૂર છે ?''

યહૂદીઓ બોલ્યા, ''હા અમને મંજૂર છે હે મુહંમદ''

સાથે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એવી શરત પણ મૂકી કે, ''અમારી મરજી હશે ત્યારે અમે તમને અહીંથી ચાલતા કરી દઈશું.'' યહૂદીઓએ આ શરત પણ કબૂલ કરી લીધી.

સુલેહનામું થવા બાદ યહૂદીઓ રાબેતા મુજબ પોતાની ખેતીવાડીમાં કામ કરતા હતા અને ફસલ તૈયાર થતાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને મોકલી આપતા હતા. તેઓ પાકની વહેંચણી વેળા અટકળ કે અંદાજમાં યહૂદીઓ સાથે ઈન્સાફનો વર્તાવ કરતા હતા. પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઇ ગઇ તો આપના પછી હઝરત અબૂબક્રે પણ એજ પરંપરા ચાલુ રાખી અને ખયબરનો ઈલાકો યહૂદીઓ પાસે રહેવા દઈને તેઓની સાથે તેજ મામલો કર્યો જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓ સાથે નક્કી કર્યો હતો.

રસૂલુલ્લાહ (સલ.)ની વસીયત—— ——ઈબ્ને શિહાબ ઝુહરીનું બયાન છે : હઝરત અબૂબક્રની વફાત પછી હઝરત ઉમરે પણ પોતાની ખિલાફતના આરંભકાળમાં એજ પરંપરા ચાલુ રાખી. એ પછી હઝરત ઉમરને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તે વસીય્યત યાદ આવી જે આપે પોતાની વફાત વેળા ફરમાવી હતી કે, ''અરબ ખંડમાં બે ધર્મો રહેવા ન પામે !''

હઝરત ઉમરે ઊંચા પાયાના જાણકાર સહાબાઓને બોલાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ વસીય્યતની તહકીક કરી તો વાત પાકે પાયે સાબિત થઇ ગઇ. હઝરત ઉમરના યુગમાં ઈસ્લામ ઉન્નતિને શિખરે પહોંચેલો હતો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એ વસીય્યતને અમલમાં મૂકવાનો

Maktabe Ashraf

સમય પાકી ગયો હતો. જેથી હઝરત ઉમરે યહૂદીઓને પોતાના દરબારમાં બોલાવીને ફરમાવ્યું,

"અલ્લાહ તઆલાએ તમને દેશનિકાલ કરવાની મને પરવાનગી આપી છે. આ વાતની મને ખબર છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વસીય્યત ફરમાવી હતી કે, "અરબ ખંડમાં બે ધર્મો ભેગા ન થવા પામે." માટે જે યહૂદીઓ પાસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કરારનામાનું લખાણ મવજૂદ હોય તે મારી પાસે લઈ આવે, હું તેને ચાલુ રહેવા દઈશ અને જે યહૂદીઓ પાસે એવો પુરાવો ન હોય તેઓ ખયબરથી નીકળી જવાનો બંદોબસ્ત કરી લે."

આ હુકમ પછી જે યહૂદીઓ પાસે દસ્તાવેજી પુરાવો હતો એ બધાને હઝરત ઉમરે ખયબરમાં રહેવા દીધા અને જેઓ પાસે એ પુરાવો ન હતો તેઓને હઝરત ઉમરે ખયબરથી દેશનિકાલ કરી દીધા.

યહૂદીઓના દેશનિકાલની બીજી રિવાયત—————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું બયાન છે કે, "એક વેળા હું અને ઝુબૈર અને મિકદાદ બિન અસવદ અમે ત્રણ જણ ખયબરમાં અમારી ખેતીવાડીની ખબર કાઢવા ગયા. ત્યાં પહોંચીને અમે પોતપોતાની ખેતીવાડીમાં ચાલ્યા ગયા. આ રીતે અમે ત્રણે એકબીજાથી અલગ થઈ ગયા. રાતનું અંધારૂં છવાયું તો મુજ પર અચાનક હુમલો કરવામાં આવ્યો. હું મારી પથારી પર ઊંઘમાં હતો એજ દશામાં મારી બંને કોણીઓના સાંધા ઉતારી નાખવામાં આવ્યા. સવાર પડી તો મારા બંને રફીકોએ મારા રહેઠાણે આવીને મને બૂમ મારી અને મારી પાસે આવી લાગ્યા. હું દુ:ખથી કાગુસી રહ્યો હતો. મારી કોણીઓ સાંધામાંથી ઊતરેલી જોઈને બોલ્યા, "આ કોણે તમારી કોણીઓ ઉતારી નાખી ?"

મેં કહ્યું, "મને ખબર નથી. અંધારૂં હતું. હું હુમલાખોરોને જોઈ શક્યો નહિ."

સાથીઓએ મારી કોણીઓ દુરૂસ્ત કરી દીધી પછી તેઓ મને હઝરત ઉમર પાસે લઈ ગયા. મારી કથા સાંભળીને હઝરત ઉમરે ફરમાવ્યું, "એ યહૂદીઓની કારસ્તાની લાગે છે." પછી લોકોના ટોળામાં ઊભા થઈને પ્રવચન કરતાં ફરમાવ્યું :

> "લોકો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરના યહૂદ સાથે એવી શરતે સુલેહ કરી હતી કે અમે ચાહીશું ત્યારે તમને અહીંથી કાઢી મુકીશું. હવે તેઓએ અબ્દુલ્લાહ બિન ઉમર પર ઓચિંતો હુમલો કરીને તેની બંને કોણીઓ ઉતારી નાખી છે. આથી પહેલાં તમે જાણો છો તેમ અબ્દુલ્લાહ બિન સહલની કતલનો આરોપ એમના જ માથે હતો. આ કારસ્તાની પણ એમની જ લાગે છે એમાં હવે શંકાને સ્થાન રહ્યું નથી કેમકે ખયબરમાં યહૂદીઓ વગર બીજો કોઈ આપણો દુશ્મન નથી. હવે ખયબરથી એમને દેશનિકાલ કર્યા વગર બીજો રસ્તો નથી. તમારામાંથી જે જે લોકોની જમીન-જાગીર, ખયબરમાં હોય તેઓ ત્યાં જઈને તેનો કબજો લઈ લે. ખયબરમાંથી યહૂદીઓને કાઢી મૂકવાનો મેં પાકો નિર્ણય લઈ લીધો છે."

એ પછી હઝરત ઉમરે યહૂદીઓને ખયબરમાંથી કાઢી મૂકયા.

વાદીયુલ-કુરાના માલની વહેંચણી—————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રનું બયાન છે કે, "હઝરત ઉમરે જયારે યહૂદીઓને ખયબરથી તડીપાર કર્યા તો તે વેળા હઝરત ઉમર

Maktabe Ashraf

પોતે મુહાજિરીન તથા અન્સારની એક જમાઅત સાથે સવાર થઈને ખયબર તરફ રવાના થયા. એમની સાથે હઝરત જબ્બાર બિન સખ્ર બિન ઉમૈયહ બિન ખન્સાઅ પણ હતા જેઓ દર વરસે ખયબર જઈને અડસટ્ટાથી માલની વહેંચણી કરતા હતા. એમની સાથે હઝરત યઝીદ બિન સાબિત પણ હતા. હઝરત ઉમર સાથે ખયબર પહોંચીને આ બંને ગૃહસ્થોએ અગાઉથી નક્કી થયેલા હિસ્સાઓ મુજબ લોકોમાં ખયબરની વહેંચણી કરી દીધી.

હઝરત ઉમરે વાદીએ-કુરાની વહેંચણીમાં નીચે દર્શાવેલા ગૃહસ્થોનો હિસ્સો પણ મુકર્રર કરી દીધો : (૧) હઝરત ઉસ્માન બિન અફફાન (૨) હઝરત અબ્દુર-રહમાન બિન ઔફ (૩) હઝરત ઉમર બિન સલમહ (૪) હઝરત આમિર બિન રબીઅહ્ (૫) હઝરત અમ્ર બિન સુરાકહ (૬) હઝરત રુશૈમ. (રદિયલ્લાહુ અન્હુમ.)

ઈબ્ને હિશામ કહે છે : કહેવાય છે કે ઉપરના હિસ્સેદારો ઉપરાંત એમાં નીચે દર્શાવેલા ગૃહસ્થોનો પણ સમાવેશ હતો : (૧) બનૂ અસલમ અને બનૂ જઅફર (૨) મુઐકીબ (૩) અબ્દુલ્લાહ બિન અરકમ (૪) અબ્દુલ્લાહ અને ઉબૈદુલ્લાહ (બે હિસ્સા) (૫) ઈબ્ને અબ્દુલ્લાહ બિન જહશ (૬) ઈબ્ને બુકૈર (૭) મુઅતમર (૮) ઝૈદ બિન સાબિત (૯) ઉબય બિન કઅબ (૧૦) મુઆઝ બિન અફરાઅ (૧૧) અબૂ તલહા અને હસન (૧૨) જબ્બાર બિન સખ્ર (૧૩) જાબિર બિન અબ્દુલ્લાહ (૧૪) માલિક બિન સઅસઆ અને જાબિર બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન હુદૈર (૧૫) ઈબ્ને સઅદ બિન મુઆઝ (૧૬) સલામહ બિન સલામહ (૧૭) અબ્દુર-રહમાન બિન સાબિત અને અબૂ શરીક અબૂ અબ્સ બિન જબ્ર (૧૮) મુહંમદ બિન મસ્લમહ અને ઉબાદહ બિન તારિક અથવા કતાદહ બિન તારિક. ઈબ્ને ઈસ્હાક કહે છે : જબ્ર બિન અતીક (અર્ધો હિસ્સો) હારિસ બિન કૈસના બે પુત્રો (અર્ધો હિસ્સો) ઈબ્ને હઝમહ અને ઝહહાક (એક હિસ્સો) અલ્લાહ તઆલા એ સૌથી રાજી હો !

ઈબ્ને હિશામ કહે છે : આ છે તે વિગતો જે મને ખયબર અને વાદીલ-કુરાની જમીન-જાગીરની વહેંચણી અંગે વિશ્વાસપાત્ર સાધનો દ્વારા મળવા પામી.

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૩

હબશહના મુહાજિરોની વાપસી

હઝરત જઅફરની પધરામણી • હબશહથી પધારેલા મુહાજિરો • બનૂ અબ્દે-શમ્સના મુહાજિરો • બનૂ અસદ વગેરેના મુહાજિરો • બનૂ જુમહ બનૂ અસદ વગેરે • હબશહના બાકીના મુહાજિરો • બનૂ ઉમૈયહના મુહાજિરો • બનુ અસદ અને બનૂ અબ્દે-દાર બનૂ ઝુહરહ બનૂ તૈમ બનૂ મખઝૂમ • બનૂ જુમહ બિન અમ્રના મુહાજિરો • બનૂ સહમ બિન અમ્રના મુહાજિરો • બનૂ અદી બિન કઅબના મુહાજિરો • બનૂ આમિર અને બનૂ હારિસના મુહાજિરો • હબશહમાં વફાત પામનારા સહાબા • હબશહમાં વફાત પામનારા ખાતૂનો • મુહાજિરોના હબશહમાં જન્મેલા સંતાનો.

હઝરત જઅફરની પધરામણી——————ઈબ્ને હિશામ કહે છે : સુફયાન બિન ઉયૈનહએ અજલઅના વાસ્તાથી શુઅબીની રિવાયત ટાંકતા કહ્યું કે, "જે દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબર ફતેહ કર્યું, આબાદ એજ દિવસે હઝરત જઅફર બિન અબૂ તાલિબ મુલ્કે-હબશહથી વાપસ થઈને ખયબર આવી લાગ્યા. હઝરત જઅફરને જોતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખુશીના જુસ્સાથી ઊભા થઈ ગયા અને આગળ વધીને હઝરત જઅફરની બંને આંખો વચ્ચે પોતાના મુબારક લબોથી ચુંબન આપ્યું. પોતાના પવિત્ર સીના સાથે એમને ચાંપી લીધા અને લાગણીવશ સ્વરે ફરમાવ્યું:

"મા અદરી બિ-ઐયિહિમા અના અસુર્રૂ બિ-ફત્હે-ખયબર અમ બિ-કુદૂમે-જઅફર ?" અર્થાત: હું કહી શકતો નથી કે મને કઈ વાતથી વધારે આનંદ થયો ? ફત્હે-ખયબરથી કે પછી જઅફરના આગમનથી?

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જેટલા સાથીઓ મક્કહથી હિજરત કરીને હબશહમાં ઠરીઠામ થયા હતા તેઓને પાછા લઈ આવવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને હઝરત નજાશી બાદશાહ પાસે મોકલ્યા હતા. હઝરત નજાશી બાદશાહે બધા મુહાજિરોને હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી સાથે બે વહાણોમાં બેસાડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં રવાના કરી દીધા હતા. એ બધા આબાદ તેજ દિવસે હેમખેમ ખયબર પહોંચી ગયા હતા જે દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબર પર ફતેહયાબ થઈને ફરાગત મેળવી લીધી હતી.

હબશહથી પધારેલા મુહાજિરો——————મુલ્કે હબશહથી વાપસ થઈને ખયબરમાં આવેલા મક્કહના

મુહાજિરોના મુબારક નામોની ટીપ આ પ્રમાણે છે :

• બનૂ હાશિમ બિન અબ્દે મનાફના કુટુંબમાંથી : (૧) હઝરત જઅફરે બિન અબૂ તાલિબ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ.

(૨) હઝરત જઅફરના બેગમ હઝરત અસમા બિન્તે ઉમૈસ રદિયલ્લાહુ અન્હા.

(૩) હઝરત જઅફરના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર રદિયલ્લાહુ અન્હુ. એમનો જન્મ મુલ્કે-હબશહમાં થયો હતો. બનૂ હાશિમની બિરાદરીનું આ ફક્ત એક કુટુંબ હતું જે હબશહથી આવ્યું.

હઝરત જઅફર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબૂ તાલિબના ફરઝંદ અને હઝરત અલીના ભાઈ હતા. ઈસ્લામના આરંભ કાળમાં કુરૈશી મુશરિકોનો ત્રાસ હદ ઉપરાંત વધી ગયો તો ઘણા મુસલમાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગીથી મક્કહથી હિજરત કરીને હબશહ ચાલ્યા ગયા હતા, એમાં હઝરત જઅફર અને એમના બેગમ પણ હતાં. કુરૈશે એ બધાને પકડી લાવવા માટે એક મંડળ હબશહ મોકલ્યું હતું ત્યારે નજાશી બાદશાહના દરબારમાં મુસલમાન મુહાજિરોના નેતા તરીકે હઝરત જઅફરે છટાદાર પ્રવચન કરીને, ઈસ્લામ પહેલાં અરબના લોકો કેવું જંગલી જીવન ગુજારતા હતા તેનો સચોટ ચિતાર દર્શાવ્યો હતો અને સાથે અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમ સંબંધી મુસલમાનોના મઝહબી અકીદાની ચોખવટ કરી હતી જેને સાંભળીને નજાશી બાદશાહે કુરૈશી મંડળના સભ્યોને દરબારમાંથી ચાલતા કરી દીધા હતા અને દરબારી પાદરીઓ ફૂંફાડા મારતા રહી ગયા હતા.

હઝરત જઅફર મુલ્કે-શામની જંગે-મૂતહમાં શહીદ થયા જ્યારે કે એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરના અમીર બનાવીને મોકલાવ્યા હતા.

• બનૂ અબ્દે-શમ્સના મુહાજિરો————બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે મનાફના કુટુંબમાંથી:

(૧) હઝરત ખાલિદ બિન સઈદ બિન આસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ. રદિયલ્લાહુ અન્હુ.

(૨) એમના બેગમ હઝરત ઉમૈનહ બિન્તે ખલફ બિન અસઅદ રદિયલ્લાહુ અન્હા. ઈબ્ને હિશામ મુજબ એમનું નામ ઉમૈનહ નહિ, હુમૈનહ બિન્તે ખલફ હતું.

(૩) એમના પુત્ર હઝરત સઈદ બિન ખાલિદ રદિયલ્લાહુ અન્હુ.

(૪) એમના પુત્રી હઝરત અમહ બિન્તે ખાલિદ રદિયલ્લાહુ અન્હા. બંનેનો જન્મ હબશહમાં થયો. હઝરત ખાલિદ બિન સઈદ હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુના ખિલાફત કાળમાં દમિશ્ક પાસે આવેલા ''મર્જુસ-સુફ્ફર''સ્થળે જિહાદમાં શહીદ થયા.

(૫) હઝરત ખાલિદ બિન સઈદના ભાઈ હઝરત અમ્ર બિન સઈદ બિન આસ રદિયલ્લાહુ અન્હુ.

એમના બેગમ હઝરત ફાતિમહ બિન્તે સફ્વાન બિન ઉમૈયહ બિન મુહર્રિસ કિનાની રદિયલ્લાહુ અન્હા. મુલ્કે હબશહમાં વફાત પામી ગયાં. એમના ખાવિન્દ હઝરત અમ્ર બિન સઈદ હઝરત અબૂબક્રની ખિલાફત વેળા જંગે-અજનાદીનમાં શહીદ થયા. અજનાદીન મુલ્કે-શામના એક શહેરનું નામ છે.

(૬) હઝરત મુઐકીબ અથવા મુઐકીસ બિન અબી ફાતિમહ રદિયલ્લાહુ અન્હુ. એમને હઝરત ઉમર ફારૂકે પોતાની ખિલાફતમાં બૈતુલ-માલના ખજાનચી બનાવ્યા હતા. એ હઝરત સઈદ બિન આસના ખાનદાન સાથે સંકળાયેલા હતા.

(૮) હઝરત અબૂ મૂસા અશઅરી અબ્દુલ્લાહ બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ, જેઓ આલે-ઉત્બહ બિન રબીઅહ બિન અબ્દે-શમ્સના હલીફ હતા.

• **બનૂ અસદ વગેરેના મુહાજિરો**————બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયમાંથી : (૧) હઝરત અસવદ બિન નવફલ બિન ખુવૈલિદ રદિયલ્લાહુ અન્હુ. ફકત એક ગૃહસ્થ.

• બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયના લોકોમાંથી : (૧) હઝરત જુહમ બિન કૈસ બિન અબ્દે શુરહબીલ રદિયલ્લાહુ અન્હુ. એમના બેગમ હઝરત હર્મલહ બિન્તે અબ્દુલ-અસવદ રદિયલ્લાહુ અન્હા અને એમના બે પુત્રો હઝરત અમ્ર બિન જુહમ અને હઝરત ખુઝૈમહ બિન જુહમ રદિયલ્લાહુ અન્હુમા મુલ્કે-હબશહમાં વફાત પામી ગયા. આ બંને પુત્રો બીબી હર્મલહની કૂખે જન્મ પામ્યા હતા. આ કુટુંબના ફકત એક ગૃહસ્થ.

• બનૂ ઝુહરહ બિન કિલાબમાંથી : (૧) હઝરત આમિર બિન અબી વક્કાસ રદિયલ્લાહુ અન્હુ. (૨) હઝરત ઉત્બહ બિન મસઊદ રદિયલ્લાહુ અન્હુ જેઓ બનૂ હુઝૈલમાંથી હતા અને બનૂ ઝુહરહના હલીફ હતા.

• બનૂ તૈમ બિન મુર્રહ બિન કઅબમાંથી : (૧) હઝરત હારિસ બિન ખાલિદ બિન સખ્ર રદિયલ્લાહુ અન્હુ. હઝરત હારિસના બેગમનું નામ હઝરત રૈતહ બિન્તે હારિસ બિન જુબૈલહ રદિયલ્લાહુ અન્હા. જેઓ મુલ્કે-હબશહમાં વફાત પામી ગયાં.

બનૂ જુમહ બનૂ સહમ વગેરે————બનૂ જુમહ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી: (૧) હઝરત ઉસ્માન બિન રબીઅહ બિન ઉહબાન રદિયલ્લાહુ અન્હુ. ફકત એક ગૃહસ્થ.

• બનુ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી : (૧) હઝરત મુહૈમિયહ બિન જઝર રદિયલ્લાહુ અન્હુ જેઓ બનૂ ઝુબૈદની બિરાદરીમાંથી હતા. એમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માલે-ગનીમતના ખુમ્સના અધિકારી બનાવ્યા હતા. બનૂ સહમ બિન અમ્રના હલીફ હતા.

• બનૂ અદી બિન કઅબ બિન લુઐયમાંથી : (૧) હઝરત મઅમર બિન અબ્દુલ્લાહ બિન નદલહ રદિયલ્લાહુ અન્હુ ફકત એક ગૃહસ્થ.

• બનૂ આમિર બિન લુઐય બિન ગાલિબમાંથી : (૧) હઝરત અબૂ હાતિબ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ રદિયલ્લાહુ અન્હુ. (૨) હઝરત માલિક બિન રબીઅહ બિન કૈસ બિન અબ્દે-શમ્સ રદિયલ્લાહુ અન્હુ. (૩) એમના બેગમ હઝરત અમ્રહ બિન્તે સુઅદા બિન વકદાન બિન અબ્દે-શમ્સ રદિયલ્લાહુ અન્હા.

• બનૂ હારિસ બિન ફિહર બિન માલિકમાંથી : (૧) હઝરત હારિસ બિન અબ્દે-કૈસ બિન લકીત રદિયલ્લાહુ અન્હુ.

હબશહના બાકીના મુહાજિરો————ઉપરાંત મુલ્કે-હબશહમાં જે સહાબા વફાત પામી ગયા હતા તેઓની બેગમોને પણ નજાશી બાદશાહે એ બે વહાણોમાં બેસાડીને રવાના કર્યા હતાં. કેટલાક સહાબા જંગે-બદ્ર પછી હબશહથી આવી ગયા હતા. કેટલાક હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીના આવી જવા પછી આવ્યા હતા. એ બધા અને હબશહમાં વફાત પામેલા સહાબાની કબીલાવાર તફસીલ આ પ્રમાણે છે :

• **બનૂ ઉમૈયહના મુહાજિરો**————બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફના લોકોમાંથી: (૧) ઉબૈદુલ્લાહ બિન જહશ બિન રિઆબ અસદી. એ બનૂ ઉમૈયહનો હલીફ હતો. એની સાથે એના બેગમ હઝરત ઉમ્મે-હબીબહ બિન્તે અબૂ સુફયાન અને એમના બેટી હબીબહ પણ હતાં. એજ બેટીના નામ પરથી

Maktabe Ashraf

એના માનું ઉપનામ ઉમ્મે-હબીબહ હતું. અસલ નામ રમલહ હતું.

ઉબૈદુલ્લાહ બિન જહશ મુહાજિર તરીકે મુસલમાનો સાથે મક્કહથી હબશહ ગયો. ત્યાં તેણે ઇસ્લામ છોડીને ખ્રિસ્તી ધર્મ કબૂલ કરી લીધો અને ખ્રિસ્તી તરીકે જ હબશહમાં મરી ગયો. એના મરણ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમ્મે-હબીબહ સાથે નિકાહ કરીને એમને પોતાના હરમમાં લઇ લીધાં.

ઇબ્ને ઇસ્હાક કહે છે : ઉબૈદુલ્લાહ બિન જહશ મુસલમાન હતો. મુસલમાન તરીકે હિજરત કરીને બીજા મુસલમાનો સાથે હબશહ ગયો હતો. ત્યાં જવા પછી ધર્મપલટો કરીને ખ્રિસ્તી બની ગયો. હબશહમાં જયારે એ મુસલમાનો પાસેથી પસાર થતો તો તેઓને કહ્યા કરતો, ''ફતહના વ સઅસઅ-તુમ !''એટલે અમારી તો આંખો ઊઘડી ગઇ પણ તમે હજુ આંખો ઉઘાડવાની મથામણમાં લાગેલા છો. મતલબ આ છે કે અમે તો હકીકતના દર્શન કરી લીધાં પણ તમે હકીકતને પામી શકયા નથી. આ એવી રીતે કે કૂતરીના ગલૂડિયાં પેદા થવા પછી આંખો ખોલવા પહેલાં જોવા માટે આંખો પટપટાવતાં હોય છે. જેથી તેણે મુસલમાનોને કૂતરીના ગલૂડિયાંની ઉપમા આપી છે. અર્થાત : મેં તો આંખો ઉઘાડીને જોઇ લીધું પણ તમારી આંખો ઊઘડતી નથી. તમે તો આંખો પટપટાવવામાં જ લાગેલા છો. (૨) ઇબ્ને ઇસ્હાક કહે છે : બીજા ગૃહસ્થ હઝરત કૈસ બિન અબ્દુલ્લાહ છે. એ બનૂ અસદ બિન ખુઝૈમહમાંથી હતા. એમની પુત્રીનું નામ ઉમૈયહ હતું. અને ઉમૈયહ હઝરત ઉમ્મે-હબીબહની સાથે હતાં. હઝરત કૈસના બેગમનું નામ બરકહ બિન્તે યસાર હતું. અને બીબી બરકહ, અબૂ સુફયાનના આઝાદ કરેલાં લોંડી હતાં. અબૂ સુફયાનના બેટી હઝરત ઉમ્મે-હબીબહએ બીબી બરકહનું દૂધ ધાવ્યું હતું. હઝરત કૈસ અને ઉબૈદુલ્લાહ બિન જહશ હબશહ ગયા તો હઝરત ઉમ્મે-હબીબહ, હઝરત બરકહ અને પુત્રી ઉમૈયહને પણ સાથે લઇ ગયા હતા.

• **બનૂ અસદ અને બનૂ અબ્દે-દાર**————બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈયમાંથી : (૧) હઝરત યઝીદ બિન ઝમઅહ બિન અસવદ બિન મુત્તલિબ બિન અસદ. જંગે-હુનૈનમાં શહીદ થયા. (૨) હઝરત અમ્ર બિન ઉમૈયહ બિન હારિસ બિન અસદ મુલ્કે-હબશહમાં વફાત પામ્યા.

• બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી : (૧) હઝરત અબૂર-રૂમ બિન ઉમૈર બિન હાશિમ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર (૨) હઝરત ફરાશ બિન નદ્ર બિન હારિસ બિન કલાત બિન અલકમહ બિન અબ્દે-મનાફ બિન અબ્દુદ-દાર. બે ગૃહસ્થો.

બનૂ ઝુહરહ, બનૂ તૈમ, બનૂ મખઝૂમ————બનૂ ઝુહરહ બિન કિલાબ બિન મુર્રહમાંથી : હઝરત મુત્તલિબ બિન અઝહર બિન અબ્દે-ઔફ બિન અબ્દ બિન હારિસ બિન ઝુહરહ. એમના બેગમ હઝરત રમલહ બિન્તે અબૂ ઔફ બિન દુબૈરહ બિન સુઐદ બિન સઅદ બિન સહમ. હઝરત મુત્તલિબ બિન અઝહર હબશહમાં વફાત પામી ગયા. એમના પુત્ર અબ્દુલ્લાહનો અહીં જ જન્મ થયો. કહેવાય છે કે અબ્દુલ્લાહ બિન મુત્તલિબ પહેલા ગૃહસ્થ છે જેઓ ઇસ્લામમાં બાપના વારસદાર બન્યા. આ કુટુંબના એક ગૃહસ્થ.

• બનૂ તૈમ બિન મુર્રહ બિન કઅબ બિન લુઐયમાંથી : (૧) હઝરત અમ્ર બિન ઉસ્માન બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તૈમ. એ હઝરત સઅદ બિન અબી વક્કાસની કમાન હેઠળ જંગે-કાદિસિયહમાં શહીદ થયા. એક ગૃહસ્થ.

• બનૂ મખઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબમાંથી : (૧) હઝરત હબ્બાર બિન સુફયાન બિન અબ્દુલ-અસદ. હઝરત અબૂબક્રના ખિલાફતકાળમાં મુલ્કે-શામના શહેર અજનાદીનના યુધ્ધમાં શહીદ થયા. (૨) એમના

Maktabe Ashraf

ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન સુફયાન. હઝરત ઉમરની ખિલાફત વેળા મુલ્કે-શામની જંગે-યરમૂકમાં શહીદ થયા. (૩) હઝરત હિશામ બિન અબૂ હુઝૈફહ બિન મુગીરહ. ત્રણ ગૃહસ્થો.

• **બનૂ જુમહ બિન અમ્રના મુહાજિરો**——બનૂ જુમહ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી: હઝરત હાતિબ બિન હારિસ બિન મઅમર બિન હબીબ બિન વહબ બિન હુઝાફહ બિન જુમહ. એમના બે પુત્રો હઝરત મુહંમદ અને હઝરત હારિસ. હઝરત હાતિબના બેગમ હઝરત ફાતિમહ બિન્તે મુજલ્લિલ. હઝરત હાતિબ હબશહમાં વફાત પામી ગયા. એમના બે પુત્રો પોતાની સગી મા સાથે બે વહાણોમાંથી એકમાં બેસીને વાપસ થયા. હઝરત હાતિબના ભાઈ ખત્તાબ બિન હારિસ એમના બેગમ હઝરત ફુકૈહા બિન્તે યસાર. હઝરત ખત્તાબ પણ હબશહમાં જ વફાત પામી ગયા. એમના બેગમ વહાણમાં સવાર થઈને વાપસ થયાં. હઝરત સુફયાન બિન મઅમર બિન હબીબ. એમના બે પુત્રો જુનાદહ અને જાબિર. પુત્રોના માતાજી હઝરત હુસિનહ. માતાજી તરફથી એમના ભાઈ હઝરત શુરહબીલ બિન હુસિનહ. હઝરત સુફયાન અને એમના પુત્રો જુનાદહ તથા જાબિર હઝરત ઉમરના ખિલાફતકાળમાં વફાત પામ્યા. કુલ ૬ જણ.

• **બનૂ સહમ બિન અમ્રના મુહાજિરો**——બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસ બિન કઅબમાંથી: હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ. હઝરત અબ્દુલ્લાહ શાઈર હતા. હબશહમાં જ વફાત પામ્યા.

હઝરત અબૂ કૈસ બિન હારિસ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ.

હઝરત અબૂબકના ખિલાફતકાળમાં જંગે-યમામહમાં શહીદ થયા. હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી બિન સઅદ બિન સહમ: રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એલચી તરીકે કિસરા બાદશાહના દરબારમાં ગયા હતા. હઝરત કૈસ બિન હુઝાફહ બિન કૈસ બિન અદી હઝરત હારિસ બિન હારિસ બિન કૈસ..... હઝરત મઅમર બિન હારિસ બિન કૈસ....હઝરત બિશ્ર બિન હારિસ બિન કૈસ....એમના માતાજી તરફથી બીજા એક ભાઈ જેમનું નામ હઝરત સઈદ બિન અમ્ર હતું. જેઓ હઝરત અબૂબકની ખિલાફત વેળા જંગે-અજનાદીનમાં શહીદ થયા. એમના માતાજી બનૂ તમીમ કબીલામાંથી હતાં. હઝરત સઈદ બિન હારિસ બિન કૈસ જેઓ હઝરત ઉમરની ખિલાફત વેળા જંગે-યરમૂકમાં શહીદ થયા. હઝરત સાઈબ બિન હારિસ બિન કૈસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જંગે-તાઈફમાં ગયા અને જખ્મી થયા અને હઝરત ઉમરના જમાનામાં જંગે-ફહલમાં શહીદ થયા. એક રિવાયત મુજબ જંગે-ખયબરમાં શહીદ થયા. આ રિવાયત શંકાશીલ છે. હઝરત ઉમૈર બિન રિઆબ બિન હુઝૈફહ બિન મુહશમ બિન સઅદ બિન સહમ. હઝરત અબૂબકની ખિલાફતમાં હઝરત ખાલિદ બિન વલીદ સાથે યમામહથી પાછા ફરતાં ઐનિત-તમર [1] સ્થળે શહીદ થયા. કુલ ૧૧ ગૃહસ્થો.

• **બનૂ અદી બિન કઅબના મુહાજિરો**——બનુ અદી બિન કઅબ બિન લુઐયના કબીલામાંથી: હઝરત ઉર્વહ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન હુરસાન બિન ઔફ બિન ઉબૈદુલ્લાહ બિન ઉવૈજ બિન અદી બિન કઅબ. મુલ્કે-હબશહમાં વફાત પામ્યા. હઝરત અદી બિન નદલહ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન હુરસાન. મુલ્કે-હબશહમાં વફાત પામ્યા. હઝરત અદી સાથે એમના પુત્ર હઝરત નુઅમાન બિન અદી પણ હતા. એ પણ હબશહથી વાપસ થનારા મુસલમાનોની સાથે હતા. હઝરત ઉમરે નુઅમાનને બસરાના મયસાન નામે શહેરના

૧. ઐનિત-તમર : સીરિયા દેશના એક સ્થળનું નામ જયાં ફત્હે-દમિશ્કના એક વરસ પછી યુદ્ધ ખેલાયું હતું.

અમલદાર બનાવ્યા હતા. નુઅમાન ઉચ્ચ કોટિના શાઇર હતા. શાઇરોની પ્રકૃતિ મુજબ તરંગમાં આવીને એક ગઝલમાં શરાબ અને સુંદરીના વખાણ કરી નાખ્યાં. આ ગઝલ હઝરત ઉમરના દરબાર સુધી પહોંચી ગઇ તો હઝરત ઉમરે તરત એમને પદભ્રષ્ટ કરી દીધા.

આ સમાચાર મળતાં શાઇર સાહેબ ભાગંભાગ હઝરત ઉમરના દરબારમાં હાજર થયા અને માફી માગતાં બોલ્યા, ''હે અમીરુલ-મુઅમિનીન ! મારી જે ગઝલ આપે સાંભળી એ શાઇરોની કલ્પનાના તરંગ-તુક્કા જેવી છે. એમાંની કોઇ વાત પર મારો અમલ નથી. હું એક શાઇર શખ્સ છું. શાઇરોની ખસલત મુજબ લહેરમાં આવીને ગઝલ રચી નાખી. એના વિષય સાથે મારો કોઇ સંબંધ નથી.''

હઝરત ઉમરે ફરમાવ્યું, ''શાઇર સાહેબ ! ગમે તેમ હોય, ગઝલ તો તમારી જ રચેલી છે. અલ્લાહના સોગંદ, જીવતો છુ ત્યાં સુધી કોઇ ઓહદા પર તમારી નિમણૂક નહિ કરૂં.''

• **બનૂ આમિર અને બનૂ હારિસ઼ના મુહાજિરો**——————બનૂ આમિર બિન લુઐય બિન ગાલિબ બિન ફિહરના ખાનદાનમાંથી : હઝરત સુલૈત બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લ બિન આમિરઃ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને યમામહના રાજા હવઝહ બિન અલી હનફીના દરબારમાં રાજદૂત તરીકે મોકલ્યા હતા. ફક્ત એક ગૃહસ્થ.

• બનૂ હારિસ઼ બિન ફિહર બિન માલિકના ખાનદાનમાંથી : હઝરત ઉસ્માન બિન અબ્દે ગનમ બિન ઝુહૈર બિન અબૂ શદ્દાદ, હઝરત સઅદ બિન અબ્દે-કૈસ બિન લકીઝ બિન આમિર બિન ઉમૈયહ બિન ઝરીફ બિન હારિસ઼ બિન ફિહર, હઝરત અયાઝ બિન ઝુહૈર બિન અબૂ શદ્દાદ ત્રણ ગૃહસ્થો.[1]

હબશહમાં વફાત પામનારા સહાબા——————મુલ્કે-હબશહમાં જે મુહાજિરો અને તેમના સંતાનો વફાત પામી ગયાં તેઓના નામોની કબીલાવાર ફિહરિસ્ત આ છે.

• બનૂ અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફમાંથી : (૧) ઉબૈદુલ્લાહ બિન જહશ. ઇસ્લામની રોશનીમાંથી કુફ્રના અંધારામાં જઇને નસારા તરીકે મરી ગયો.

• બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝામાંથી : (૧) હઝરત અમ્ર બિન ઉમૈયહ બિન હારિસ઼ બિન અસદ.

• બનૂ જુમહમાંથી : (૧) હઝરત હાતિબ બિન હારિસ઼ (૨) એમના ભાઇ હઝરત ખત્તાબ બિન હારિસ઼.

• બનૂ સહમ બિન અમ્ર બિન હુસૈસમાંથી : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ઼.

• બનૂ અદી બિન કઅબમાંથી : (૧) હઝરત ઉર્વહ બિન અબ્દુલ-ઉઝ્ઝા. (૨) હઝરત અદી બિન નદ્લહ.

• બનૂ તૈમ બિન મુર્રહમાંથી : (૧) હઝરત મૂસા બિન હારિસ઼ બિન ખાલિદ. કુલ ૮ ગૃહસ્થો.

હબશહમાં વફાત પામનારા ખાતૂનો——————જે સહાબિયહ ખાતૂનો મુલ્કે-હબશહ હિજરત કરી ગયાં- ચાહે તે પાછા આવ્યાં કે ત્યાં જ વફાત પામી ગયાં-તેઓની સંખ્યા ૧૬ હતી. જે બાળકીઓનો જનમ હબશહમાં થયો એમાંથી કેટલીક પાછી આવી અને કેટલીક ત્યાં જ વફાત પામી ગઇ. માનવંતા સહાબિયા ખાતૂનોના નામો કબીલાવાર આ છે.

• કુરૈશનું ખાનદાન બનૂ હાશિમમાંથી : (૧) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાહબઝાદી હઝરત

૧. સારાંશ કે હબશહના મુહાજિરોમાંથી જે સહાબા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પાછા મક્કહમાં ન આવી શકયા અને ન જંગે-બદ્રમાં શરીક થઇ શકયા અને જેઓ જંગે-બદ્ર પછી આવ્યા અને જેઓ નજાશી બાદશાહના બંને વહાણોમાં સવાર થઇને નહિ આવી શકયા એ કુલ્લે ૩૪ ગૃહસ્થો હતા. (નોંટ : આ લખાણ ઉપરના લખાણ સાથે લખવાનું ચૂકી ગયા જેથી હાશિયામાં દર્શાવી દીધું છે.)

Maktabe Ashraf

બીબી રૂકૈયહ રદિયલ્લાહુ અન્હા.

• બનૂ ઉમૈયહ ખાનદાનના જે ખાતૂનો પાછા આવ્યાં તેમાં : (૧) હઝરત ઉમ્મે-હબીબહ બિન્તે અબૂ સુફયાન બિન હર્બ (૨) એમના પુત્રી હઝરત હબીબહ. જેને હઝરત ઉમ્મે-હબીબહ મક્કહથી સાથે લઇ ગયાં અને સાથે લઇને પાછા આવ્યાં.

• બનૂ મખઝૂમના ખાનદાનમાંથી : (૧) હઝરત ઉમ્મે-સલમહ બિન્તે અબૂ ઉમૈયહ. પોતાની પુત્રી ઝૈનબને સાથે લઇને આવ્યાં. ઝૈનબનો જન્મ હબશહમાં થયો. પિતાનું નામ હઝરત અબૂ સલમહ જેઓ હઝરત ઉમ્મે-સલમહના ખાવિન્દ હતા.

• બનૂ તમીમ બિન મુર્રહના ખાનદાનમાંથી : (૧) હઝરત રીતહ બિન્તે હારિસ બિન જુબૈલહ. હબશહથી આવતાં રસ્તામાં વફાત પામ્યાં. એમની બે પુત્રીઓ આઇશહ બિન્તે હારિસ અને ઝૈનબ બિન્તે હારિસનો જન્મ હબશહમાં થયો. એમના ભાઇ મૂસા બિન હારિસ (જેમનું વર્ણન ઉપર થયું છે.) એ ત્રણેએ આવતી વેળા રસ્તામાં પાણી પીધું અને મરી ગયાં. હઝરત રીતહની બીજી એક પુત્રી ફાતિમહ નામે પણ હબશહમાં જન્મી હતી. એમની અવલાદમાં એજ એક જીવતી રહી.

• બનૂ સહમ બિન અમ્રમાંથી : (૧) હઝરત રમલહ બિન્તે અબૂ અવફ બિન દુબૈરહ.

• બનૂ અદીના ખાનદાનમાંથી : (૧) હઝરત લયલા બિન્તે અબૂ હસમહ બિન ગાનમ

• બનૂ આમિર બિન લુઐયમાંથી : (૧) હઝરત સવદહ બિન્તે ઝમઅહ બિન કૈસ (૨) હઝરત સહલહ બિન્તે સુહૈલ બિન અમ્ર (૩) હઝરત ઉમ્મે-ઇબ્નતુલ- મુજલ-લિલ (૪) હઝરત અમરહ બિન્તે સુઅદા બિન વકદાન (૫) હઝરત ઉમ્મે-કુલસૂમ બિન્તે સુહૈલ બિન અમ્ર. અલ્લાહ એ સૌથી રાજી રહો !

• અરબના જુદા જુદા કબીલાઓમાંથી : (૧) હઝરત અસમા બિન્તે ઉમૈસ બિન નુઅમાન ખસ્અમીય્યહ (૨) હઝરત ફાતિમહ બિન્તે સફવાન બિન ઉમૈયહ બિન મુહર્રિસ કિનાનિયહ (૩) હઝરત ફુકૈહા બિન્તે યસાર (૪) હઝરત બરકહ બિન્તે યસાર (૫) હઝરત હસિનહ અને (૬) હઝરત ઉમ્મે-શુરહબીલ બિન્તે હસિનહ. રદિયલ્લાહુ અન્હુન્ન.

મુહાજિરોના હબશહમાં જન્મેલાં સંતાનો————જે છોકરા-છોકરીઓ હબશહમાં પૈદા થયાં તેઓના નામો :

૧- હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર બિન અબી તાલિબ. ૨- હઝરત મુહંમદ બિન અબૂ હુઝૈફહ. ૩- હઝરત સઇદ બિન ખાલિદ બિન સઇદ. ૪- એમના બહેન અમહ બિન્તે ખાલિદ. ૫- હઝરત ઝૈનબ બિન્તે અબૂ સલમહ બિન અસદ. ૬- હઝરત અબ્દુલ્લાહ બિન મુત્તલિબ બિન અઝહર. ૭- હઝરત મૂસા બિન હારિસ બિન ખાલિદ. એમની ત્રણ બહેનો ૮- આઇશહ બિન્તે હારિસ. ૯- ફાતિમહ બિન્તે હારિસ ૧૦- ઝૈનબ બિન્તે હારિસ.

કુલ દસ એમાં પાંચ છોકરા અને પાંચ છોકરીઓ. અલ્લાહ તઆલા એ સૌથી રાજી રહો !

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૪

ઉમ્રતુલ-કઝા

(ઝી-કઅદહ સન ૭ હિજરી)

ઉમ્રહ માટે મક્કહ તરફ રવાનગી • મક્કહના આગેવાનો પહાડો તરફ • કુરૈશનો કટાક્ષ • તવાફ અને સઅી • નૂરાની સવારીનો દબદબો • બીબી મયમૂનહ સાથે નિકાહ • કુરૈશનો વટહુકમ-મક્કહ ખાલી કરો • ઉમ્રતુલ-કઝા વિષે આયત •

ઉમ્રહ માટે મક્કહ તરફ રવાનગી————ઇબ્ને ઇસ્હાક કહે છે : ખયબરથી વાપસી પછીના આઠ મહિના રબીઉલ-અવ્વલ, રબીઉલ-આખિર, જમાદિલ -ઊલા, જમાદિલ-ઉખ્રા, રજબ, શઅબાન, રમઝાન અને શવ્વાલમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહમાં બિરાજમાન રહ્યા. એ દરમિયાન ગઝવહ અને સરાયાના છૂટાછવાયા બનાવો બનતા રહ્યા. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સુલ્હે-હુદૈબિયહ વેળા અદા નહિ થયેલા ઉમ્રહની કઝા માટે મક્કહ તરફ રવાના થયા.

ઝુલ-કઅદહ તે મહિનો છે જેમાં ગયા વરસે મક્કહના મુશ્રિકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બૈતુલ્લાહની ઝિયારત અને ઉમ્રહ કરવાથી અટકાવી દીધા હતા. પરિણામે કુરૈશ સાથે ''સુલ્હે-હુદૈબિયહ''નું કરારનામું કરવું પડ્યું જેમાં ઠરાવવામાં આવ્યું કે આવતા વરસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઉમ્રહ માટે આવી શકે છે. આ કારણે તે વેળાનો ઉમ્રહ કઝા થઇ ગયો હતો. હવે તેની અદાયગી માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહ તરફ રવાના થઇ ગયા. એજ કારણે આ ઉમ્રહને ''ઉમ્રતુલ-કઝા'' કહે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ ઉમ્રહને ''ઉમ્રતુલ-કિસાસ''નું નામ આપ્યું છે. કેમકે મક્કહના મુશરિકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સન ૬ હિજરીના ઝુલ-કઅદહ મહિનામાં ઉમ્રહથી અટકાવી દીધા હતા. આ તે મહિનો છે જેમાં લડાઇ કરવી સર્વાનુમતે હરામ ગણાતી હતી, જેનો ચોખ્ખો અર્થ આ હતો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લડાઇ માટે નહિ બલકે ફકત ઉમ્રહ માટે પધાર્યા હતા. છતાં કુરૈશે બળજબરીથી આપને મક્કહમાં દાખલ થવા દીધા ન હતા. આ કારણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહના મુશરિકો પાસેથી કિસાસ એટલે બદલો લીધો. જેથી એને ''ઉમ્રતુલ-કિસાસ''નું નામ આપ્યું. હવે બરાબર એક વરસ પછી સન ૭ હિજરીના ઝુલ-કઅદહ મહિનામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં દાખલ થયા.

Maktabe Ashraf

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુના કથન મુજબ અલ્લાહ તઆલાએ એજ બનાવ અંગે "વલ-હુરુમાતુ કિસાસ"ની આયત ઉતારી એટલે હુર્મતના મામલામાં અદલાનો બદલો છે.

ઇબ્ને હિશામ કહે છે : મદીનહથી રવાના થવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ મદીનહના ગવર્નર તરીકે હઝરત ઉવૈફ બિન અઝબત દયલી રદિયલ્લાહુ અન્હુની નિમણૂક કરી.

મક્કહના આગેવાનો પહાડો તરફ————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઉમ્રહ માટે જનારા કાફલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે બધા જ સહાબા શામિલ હતા જેઓને ગયા વરસે મક્કહના મુશરિકોએ મક્કહમાં દાખલ થવાથી અટકાવી દીધા હતા. [૧]

આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે બૈતુલ્લાહના ઉમ્રહ માટે મદીનહથી નીકળીને મક્કહની નઝદીક પહોંચી ગયા. બીજી તરફ મક્કહના મુશરિકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીના સમાચાર મળતાં તેઓએ પોતાના ઘરોમાંથી નીકળીને મક્કહથી બહાર આવેલા પહાડોમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું.[૨]

કુરૈશનો કટાક્ષ————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : "મક્કહના લોકો પોતપોતાના ઘરોમાંથી નીકળી ગયા અને "દારુન-નદવહ"માં ચાલ્યા ગયા. અહીંથી તેઓ મુસલમાનોના મક્કહમાં દાખલ થવાનો તમાશો જોવા માગતા હતા. પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે મક્કહમાં દાખલ થયા અને બે હજાર મુસલમાનોની સાથે "લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક !"નો પોકાર કરતા ત્યાંથી પસાર થવા લાગ્યા તો લોકોના ટોળાં કતારમાં ગોઠવાઈને આપને અને આપના સહાબાને હયરતભરી નજરે તાકી રહ્યા. પછી તેઓ આપસમાં કહેવા લાગ્યાઃ

> "અરે મુહંમદ અને તેમના સાથીદારો તો ભૂખમરા અને તંગીની તકલીફનો શિકાર બની ગયા છે. જોતા નથી છેક નબળા, પાતળા, ખખડી ગયેલા લાગે છે !"

તેઓના આ શબ્દો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાનો સુધી પહોંચી ગયા.

તવાફ અને સઅી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને એક વિશ્વાસપાત્ર રાવીએ હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસની આ રિવાયત બયાન કરી : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીનું સાંભળીને કુરૈશના લોકો દારૂન-નદવહમાં જઈને થોભી ગયા. જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આવતા જોયા તો સફ-દર-સફ એટલે કતારબંધ ઊભા થઈને આપને તથા આપના સહાબાને જોવા લાગ્યા. સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખાનએ-કઅબહના તવાફ માટે મસ્જિદે-હરામમાં દાખલ થયા. તવાફ પહેલાં આપે "ઇસ-તિબાગે-રિદાઅ" ફરમાવ્યો. (એટલે એહરામના પોશાકની ચાદરનો એક ભાગ જમણી બગલમાં દબાવીને ચાદરનો બીજો ભાગ ડાબા ખભે નાખી લીધો.) અને પોતાનો જમણો હાથ ચાદરમાંથી બહાર કાઢેલો રાખ્યો. એ પછી આપે મુસલમાનોને સંબોધીને ઊંચા સાદે ફરમાવ્યું :

---

૧. ગયા વરસે આવેલા મુસલમાનોની સંખ્યા ૧૪ સો જેટલી હતી. આ વરસે લગભગ બે હજાર જેટલી હતી.

૨. કુરૈશના ઘણાખરા સરદારો અને વડીલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણીનો તાપ જીરવી શકતા ન હતા. હસદ, નફરત અને ભોંઠપના માર્યા ઘરોમાંથી નીકળીને પહાડોમાં ચાલ્યા ગયા કે જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સવારીનો દબદબો પોતાની આંખે નહિ જુએ. મોટા ભાગના લોકો, બે હજાર મુસલમાનોના મક્કહ-પ્રવેશનો તમાશો જોવા ઘરોમાંથી નીકળીને દારૂન-નદવહ એટલે મક્કહના પાર્લામેન્ટ હાઉસમાં ચાલ્યા ગયા. "હ"

Maktabe Ashraf

''રહિમલ્લાહુ ઈમ્રઅ અરાહુમુલ-યવ્મ મિન નફસેહી કુવ્વહ.''

અર્થાત : આજે અલ્લાહ એવા બંદા પર રહમ ફરમાવે, જે આજે મુશરિકોની સામે પોતાની તાકતનું, પોતાના બળનું, પોતાની શકિતનું પ્રદર્શન કરે.

એ પછી આપે હજરે-અસ્વદને બોસો આપ્યો અને પછી ખાનએ-કઅબહનો તવાફ શરૂ કર્યો. આપ અને આપના સહાબા લપકી-લપકીને, ધસીધસીને, ઝપાટાભેર તવાફ કરવા લાગ્યા; ત્યાં સુધી કે આપ કઅબહના ઓથાંમાં આવીને મુશરિકોની આંખથી ઓઝલ થઇ ગયા.

મક્કહના કુરૈશે કટાક્ષ કર્યો હતો કે મુહંમદ અને મુહંમદના સાથીદારો તો ભૂખમરા અને તંગીની તકલીફોનો શિકાર બનીને નબળા પડી ગયા છે. આ કારણે આપે પોતાના સહાબા સાથે ઝપાટાભેર ધસીધસીને તવાફ કરવાનું શરૂ કર્યું કે જેથી દુશ્મનોને બતાવી શકાય કે મુસલમાનોમાં કોઇ તરહની નબળાઇ કે કમજોરી આવેલી નથી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તવાફની ઝડપ અને આપની તેજીલી કે ઝડપી ચાલને કુરૈશના લોકો ફાટી આંખે ત્યાં સુધી જોતા રહ્યા જ્યાં સુધી કે આપ કઅબહના ઓથાંમાં આવીને તેઓની આંખોથી ઓઝલ નહિ થઇ ગયા. એ પછી આપે કઅબહના ''રૂકને-યમાની''ને બોસો આપ્યો. કઅબહના ત્રણ તવાફમાં આપે એવી જ ઝડપ કે તેજ-રફતારી દેખાડી. બાકીના તવાફના ચાર ચકકરો મામૂલી રફતારથી પૂરા કર્યા.

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુ ફરમાવતા હતા : ''લોકોનું માનવું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ ''હર્વલહ'' (એટલે તવાફમાં તેજીથી ઝડપભેર ચાલવું) વાજિબ ન હતું. ફકત કુરૈશના કટાક્ષ કે ટાણાની ખબર પડી જવાથી આપે તેઓને દેખાડવા માટે આમ કર્યું હતું. પરંતુ એ પછી ''હજ્જતુલ-વદાઅ''પ્રસંગે પણ આપે એજ પધ્ધતિથી તવાફ કર્યો તો ત્યારથી તવાફનો એજ તરીકો મુસલમાનો માટે લાઝિમ બની ગયો અને એજ પધ્ધતિથી તવાફ કરવો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સુન્નત બની ગયો. [૧]

નૂરાની સવારીનો દબદબો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન અબીબક્રે મને કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઉમ્રતુલ-કઝા માટે મક્કહમાં દાખલ થયા તો આપ પોતાની નાકહ એટલે ઊંટણી પર બિરાજમાન હતા અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા આપની ઊંટણીનો અછોડો પકડીને આગળ-આગળ ચાલતા હતા અને પોતાની જોશીલી શાઇરીમાં આ છડી પોકારતા હતા :

ખલ્લૂ બનીલ-કુફ્ફારે અન સબીલેહી • ખલ્લૂ ફ-કુલ્લુલ ખયરે ફી રસૂલેહી.

હે કાફિરો અને મૂર્તિપૂજકોની અવલાદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રસ્તામાંથી હટી જાવ અને રસ્તો આપી દો. જગતની તમામ ભલાઇઓ, કામયાબીઓ, સિધ્ધિઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં જ છે.

યા રબ્બે ઇન્ની મુઅમિનુ બિ-કીલેહી • અઅરેફુ હક્કલ - લાહે ફી કબૂલેહી.

હે મારા પાલનહાર ! હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તમામ વાતો પર મુકમ્મલ ઇમાન

---

૧. આ પ્રકારના તવાફને રમલ કહે છે એટલે સીનો તાણીને અક્કડ ચાલે ઝડપભેર ચાલવું. ચાલવા અને દોડવાની વચ્ચેની ગતિને ''હર્વલહ''કહે છે. તવાફમાં આ ચાલ કુરૈશના કટાક્ષનો જવાબ હતો. રમલ એટલે તવાફનો આ પ્રથા આજે પણ ચાલુ છે અને કિયામત સુધી આ સુન્નત ચાલુ રહેશે. ''૬''

Maktabe Ashraf

ધરાવનારો છું. આપની ઉપર ઈમાન લાવવા પછી જ હું અલ્લાહના હકોને ઓળખી શકયો છું. (અલ્લાહ કોણ અને તેના હકો શું તેની મને આથી પહેલાં કશી ખબર ન હતી.)

દર-બંધ યુઝીલુલ - હામ અન. મકીલેહી • વ યુઝ - હિલુલ ખલીલુ અન ખલીલેહી.

જો તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઉમ્રહ કર્યા વગર મક્કહથી ચાલ્યા જવાનું કહ્યું તો અમે એવી તલવારોથી ખૂનરેઝી કરીશું જે તમારી ખોપરીઓને પથારીઓથી કાયમ માટે અલગ કરી દેશે અને મિત્રને મિત્રથી વિખૂટા પાડી દેશે. ૧

બીબી મયમૂનહ સાથે નિકાહ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબાન બિન સાલિહ અને અબ્દુલ્લાહ બિન અબૂ નજીહએ, અતા બિન અબૂ રબાહ તથા મુજાહિદ અબુલ-હજ્જાજના વાસ્તાથી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની રિવાયત કહી સંભળાવી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસનું બયાન છે :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉમ્રતુલ-કઝાના એજ સફરમાં, મક્કહમાં, એહરામની હાલતમાં બીબી મયમૂનહ બિન્તે હારિસ સાથે નિકાહ કરી લીધા. નિકાહ કરાવનાર આપના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ હતા."

ઈબ્ને હિશામ કહે છે : બીબી મયમૂનહએ પોતાના નિકાહનો મામલો પોતાના બહેન ઉમ્મુલ-ફઝલને સોંપી દીધો હતો. ઉમ્મુલ-ફઝલ, હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબના બેગમ હતાં. ઉમ્મુલ-ફઝલએ નિકાહનો મામલો પોતાના ખાવિન્દને સોંપી દીધો હતો. એ પછી હઝરત અબ્બાસે પોતાનાં સાલીના નિકાહ મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરાવી દીધા. નિકાહની મહરના ચાર સો દિરમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી હઝરત અબ્બાસે પોતે અદા કર્યા. ૨

કુરૈશનો વટહુકમ : મક્કહ ખાલી કરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના બે હજાર સાથીઓ સાથે ત્રણ દિવસ મક્કહમાં બિરાજમાન રહ્યા. ત્રીજો દિવસ ખતમ થવા આવ્યો તો મક્કહનો મોવડી હુવૈતિબ બિન અબ્દુલ-ઉઝઝા બિન અબૂ કૈસ બિન અબ્દે વુદ્દ બિન નસ્ર બિન માલિક હસ્લ કુરૈશના કેટલાક આગેવાનો સાથે આવી લાગ્યો. મક્કહના કુરૈશે હુવૈતિબને પોતાનો વકીલ બનાવીને મોકલ્યો હતો. હુવૈતિબ બિન અબ્દુલ-ઉઝઝાએ આવતાં જ વટહુકમ છોડયો,

"હે મુહંમદ ! ત્રણ દિવસ પૂરા થઈ ગયા. અમારા માટે મક્કહ ખાલી કરી દો. પોતાના સાથીઓ સાથે મક્કહની જમીન ખાલી કરીને ચાલતા થાવ."

---

૧. આ શેઅરો હઝરત ઉમરે સાંભળ્યા તો ફરમાવ્યું, "હે અબ્દુલ્લાહ ! શું તમે અલ્લાહના ઘરમાં અલ્લાહના રસૂલની સામે શાઈરી કરી રહ્યા છો ?" રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "ઉમર ! એમને શાઈરી કરવા દો. આ શેઅરો અલ્લાહ અને રસૂલના દુશ્મનો માટે તીરોથી પણ વધુ પીડાદાયક છે." (ફત્હુલ-બારી જિ.૨ પા. ૪૭૨ હવાલો શમાઈલે તિરમિઝી.) આ શેઅરોમાં અલ્લાહના એહસાનોનો આભાર પણ હતો અને મગરૂર કુરૈશની તુમાખીઓ તથા હઠધર્મીઓનો જવાબ પણ હતો. "હ"

૨. હઝરત બીબી મયમૂનહ રદિયલ્લાહુ અન્હા કુરૈશના ઊંચા ખાનદાનના વિધવા ખાતૂન હતાં. ઈસ્લામ પહેલાં એમના નિકાહ મસઊદ બિન ઉમર સકફી સાથે થયા હતા. મિયાંબીબીમાં મનમેળ નહિ થતાં તલાક થઈ ગઈ. પછી અબૂ રુહમ બિન અબ્દુલ-ઉઝઝા સાથે નિકાહ કર્યા. એની સાથે પણ બનતા નહિ થતાં છૂટાછેડા લીધા. પોતાના બહેન ઉમ્મે-ફઝલ સાથે હઝરત અબ્બાસના ઘરમાં રહેતાં હતાં. હઝરત મયમૂનહના એક બહેનનું નામ લુબાબહ સુગરા હતું જે ઈસ્લામી ઈતિહાસના પંકાયેલા સિપહસાલાર હઝરત ખાલિદ બિન વલીદ રદિયલ્લાહુ અન્હુની મા હતી. (અસ્હિહ-હુસ-સિયર પેજ ૬૧૬) "હ"

બીજી રિવાયત મુજબ કુરૈશના આ મોવડી મંડળમાં મક્કહનો પંકાયેલો શાઇર સુહૈલ બિન અમ્ર પણ હતો જેણે હુદૈબિયહનું સુલેહનામું કર્યું હતું. આવતાં જ સુહૈલ બોલ્યો, ''હે મુહંમદ ! ત્રણ દિવસ પૂરા થઇ ગયા. હવે મક્કહની જમીન ખાલી કરીને ચાલ્યા જાવ.''

તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના અન્સાર સહાબાની મજલિસમાં બિરાજમાન હતા. હઝરત સઅદ બિન ઉબાદહ જોશીલી તબીઅતના ગૃહસ્થ હતા. સુહૈલ બિન અમ્રનો તોછડાઇ ભરેલો હુકમ સાંભળીને જોશમાં આવી ગયા અને જુસ્સાથી બોલ્યા, ''હે સુહૈલ ! જમીન ન તારી છે ન તારા બાપની. હરગિઝ અમે જવાના નથી.''

મામલો ગરમ થઇને સળગી ઊઠે તે પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ઠંડો પાડી દીધો. આપે પોતાની ડહાપણ ભરેલી વાણીમાં રમૂજની ચાશણી ઉમેરતાં ફરમાવ્યું :

''હે કુરૈશી ગૃહસ્થો ! અમે થોડુંક વધુ મક્કહમાં થોભીએ તો તમને શો વાંધો છે ? જો આ મામલો તમે મુજ પર છોડી દેત તો કેવું સારૂં થાત ! સાંભળો, મેં તમારા લોકોની એક ખાતૂન સાથે શાદી કરી છે. શાદીની ઉજવણીમાં હું તમને નોતરૂં આપતે, આપણે બધા ભેગા મળતે, સાથે બેસીને ઉજાણી કરતે. એમાં વાંધા જેવું શું છે ?''

''હે મુહંમદ !'' તેઓ બોલ્યા, ''સાંભળી લો. અમને તમારી ઉજવણી કે ઉજાણીની કોઇ જરૂર નથી. બસ અમારા માટે મક્કહ ખાલી કરી દો. મક્કહની જમીન છોડીને ચાલતા બનો.''

''ભલે જેવી તમારી મરજી !'' આમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના તમામ સહાબા સાથે મક્કહથી નીકળી ગયા. બીબી મયમૂનહની દેખભાલ માટે આપે પોતાના આઝાદ ગુલામ હઝરત અબૂ રાફિઅને મક્કહમાં રહેવા દીધા. મુસલમાનોનો કાફલો જ્યારે મક્કહથી દસેક માઇલના અંતરે આવેલા સરિફ મુકામે પહોંચ્યો તો અહીં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પડાવ નાખી દીધો. અહીં આપના માટે તંબૂ ઊભો કરી દેવામાં આવ્યો. હઝરત બીબી મયમૂનહ અહીં જ આપની તહેનાતમાં હાજર થઇ ગયાં. શાદીની રસમ અહીં જ ઉજવવામાં આવી અને તંબૂમાં મેળાપ થઇ ગયો.

ગુજરાતી સંપાદકનો વધારો————મક્કહથી ઊપડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા શહીદોના સરદાર હઝરત હમ્ઝહની સગીર વયની બાળકી જેનું નામ ઉમામહ કે અમતુલ્લાહ કે ઉમારહ હતું. ''યા અમ્મ ! યા અમ્મ !''એટલે હે કાકા ! હે કાકા ! કહેતી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે દોડી આવી. તેને જોતાં જ હઝરત અલીએ આગળ વધીને તેને ગોદમાં ઉપાડી લીધી. એટલામાં હઝરત અલીના ભાઇ હઝરત જઅફર અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહ પણ દોડી આવ્યા અને બાળકીને મેળવી લેવાના પોતે વધારે હકદાર છે તેવી દલીલ કરવા લાગ્યા.

હઝરત અલીની દલીલ હતી, ''આ બાળકી મારા કાકાની બેટી છે જેથી હું એનો વધારે હકદાર છું.''

હઝરત જઅફરની દલીલ હતી, ''આ બાળકી મારા કાકાની બેટી છે. મારી બેગમ એની સગી માસી થાય છે માટે એને લેવાનો હું વધારે હકદાર છું.''

હઝરત ઝૈદ બિન હારિસહની દલીલ હતી, ''આ બાળકીના બાપા હમ્ઝહ મારા દીની ભાઇ હતા. ભાઇની

Maktabe Ashraf

બેટીને મેળવી લેવાનો હું વધારે હકદાર છું."

યતીમ બાળકીના લાલન-પાલન માટે ત્રણે ગૃહસ્થોએ પોતાનો દાવો રજૂ કરી દીધો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ત્રણે ગૃહસ્થોની દલીલો સાંભળીને ફેસલો ફરમાવતાં ફરમાવ્યું : "અલ-ખાલતુ બિ-મન-ઝિલતિલ-ઉમ્મ." એટલે માસી માની બરાબર હોય છે.અથવા માંની જગાએ હોય છે.

આ ફેસલાને આધારે બાળકીને હઝરત જઅફરને હવાલે કરી દેવામાં આવી કેમકે હઝરત હમ્ઝહના બેગમ બીબી સલમા બિન્તે ઉમૈસ અને હઝરત જઅફરના બેગમ બીબી અસમા બિન્તે ઉમૈસ સગી બહેનો હતાં. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૦૪ - કશ્ફુલ-બારી જિ. ૨ પા. ૪૭૫ "હ") સંપાદકનું લખાણ પુરૂં થયું.

ઉમ્રતુલ-કઝા વિષે આયત————ઇબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહએ માહિતી આપતાં કહ્યું કે કઅબહની ઝિયારત અને ઉમ્રહને લગતો જે ખ્વાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જોયો હતો તેના બારામાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી : "લકદ સ-દ-કલ્લાહુ રસૂ-લહુર - રૂઅયા બિલ-હક્કે ...."

> "બેશક અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને તેમનો ખ્વાબ સચ્ચાઇની સાથે સાચો કરી દેખાડયો કે, અલ્લાહ તઆલાએ ચાહ્યું તો તમે શાંતિ-સલામતીની સાથે પોતાના માથાં મૂંડાવતા અને વાળો કપાવતા મસ્જિદે-હરામમાં એટલે બૈતુલ્લાહમાં દાખલ થઇ જશો...." (સૂરતુલ-ફત્હ પારહ ૨૬ છેલ્લો રૂકૂઅ.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી સન ૭ હિજરીના ઝિલ-હિજજહ મહિનામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા સાથે મદીનહ વાપસ પહોંચી ગયા.

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૫

ગઝવએ-મૂતહ

(જુમાદિલ-ઊલા ૮ હિજરી)

ઈસ્લામી લશ્કર મૂતહ તરફ • એક પછી એક ત્રણ સેનાપતિઓ • હઝરત અબ્દુલ્લાહ રડી પડયા. • હિરકલનું બે લાખનું લશ્કર • ઈસ્લામી લશ્કરની મૂંઝવણ • હઝરત ઈબ્ને રવાહાનું જોશીલું પ્રવચન • શહાદતની તમન્નાનો તનમનાટ • વિરાટ લશ્કર સાથે ટક્કર • પહેલા સિપહસાલારની શહાદત • બીજા સિપહસાલારની શહાદત • હઝરત ઈબ્ને રવાહાની શહાદત • હઝરત ખાલિદની વરણી સાલાર તરીકે • જંગનો આબેહૂબ ચિતાર • રસૂલુલ્લાહ (સલ.)ને લાગેલો આઘાત • માલિક બિન ઝાફિલહની કતલ • એક સાધુડીની ચેતવણી • મદીનહમાં લશ્કરનો સત્કાર • જંગે-મૂતહના શહીદો • હઝરત હસ્સાનના શેઅરો • હઝરત કઅબના શેઅરો.

Maktabe Ashraf

સંપાદકની નોંધ —————મુલ્કે-શામની ભૂમિમાં આવેલા મૂતહ મુકામે બે લાખ ખ્રિસ્તીઓના લશ્કર સાથે ફકત ત્રણ હજારની મામૂલી સંખ્યાનું ઈસ્લામી લશ્કર ટકરાઇ ગયું તેની વિગતો ઈબ્ને હિશામે આ પ્રકરણમાં ટાંકેલી છે. પરંતુ મૂતહનું યુધ્ધ કેમ ખેલાયું તેનું કારણ દર્શાવવામાં આવ્યું નથી. સનદી સીરતગ્રંથોને આધારે એની ટૂંક વિગત આ છે:

મૂતહ, મુલ્કે-શામની ભૂમિમાં બલકા નામે ઈલાકા પાસે આવેલા એક સ્થળનું નામ છે. અહીંની બનેલી પાણીદાર મશરેકી તલવારો અરબભરમાં મશહૂર હતી. તે વેળા મૂતહનું વિશાળ મેદાન શામની ધરતીમાં આવેલું હતું. હવે એ જોર્ડનમાં આવી ગયું છે. તે સમયે અરબ અને શામના સરહદી પ્રદેશો પર જે અરબ નવાબો અને રાજાઓ હુકૂમત કરતા હતા તેઓમાં શુરહબીલ બિન અમ્ર ગસ્સાની નામે બાદશાહ, રોમન શહેનશાહ કયસર તરફથી તેના ખંડિયા રાજા તરીકે બલકા પ્રદેશ પર રાજ કરતો હતો. શુરહબીલ પોતે અરબી વંશમાંથી હતો પણ ખ્રિસ્તી ધર્મ પાળતો હતો.

જંગે-મૂતહનું કારણ એમ બન્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સુલ્હે-હુદૈબિયહ પછી દુનિયાના બાદશાહોને નામે ઈસ્લામી તબલીગના કાગળો લખ્યા હતા. તેમાં એક કાગળ શુરહબીલ ગસ્સાનીના નામે પણ લખ્યો હતો જેમાં તેને ઈસ્લામ સ્વીકારી

લેવાનું આમંત્રણ આપ્યું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એલચી તરીકે આપના માનવંતા સહાબી હઝરત હારિસ બિન ઉમૈર રદિયલ્લાહુ અન્હુ આ મુબારક કાગળ લઈને તેના દરબારમાં ગયા હતા. શુરહબીલ ગસ્સાની કાગળ વાંચતાં જ ગુસ્સામાં આવી ગયો. ગુસ્સાના જુસ્સામાં મુબારક કાગળને જમીન પર પટકી માર્યો અને હઝરત હારિસ બિન ઉમૈરને કતલ કરી નાખ્યા. એલચીઓની કતલ તે સમયે પણ ખિલાફે-કાનૂન એટલે ગેરકાયદેસર ગણાતી હતી. એના કિસાસ કે બદલા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ત્રણ હજાર સહાબાનું લશ્કર તૈયાર કરીને શુરહબીલ ગસ્સાનીના મુકાબલા માટે મુલ્કે-શામ તરફ રવાના કર્યું. (અસિહ-હુસ-સિયર પેજ ૨૫૭- સીરતુન-નબી જિ.૧ પા. ૫૦૫ - ફરફુલ-બારી જિ.૨ પા. ૪૭૭ ''હ'')

ઈસ્લામી લશ્કર મૂતહ તરફ————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઉમ્રતુલ-કઝાની અદાયગી પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી પોતાના સહાબા સાથે મદીનહ પધાર્યા અને ઝુલ-હિજ્જહના બાકીના દિવસો ઉપરાંત મુહર્રમ, સફર, રબીઉલ-અવ્વલ, રબીઉલ-આખિરના મહિનાઓમાં મદીનહમાં બિરાજમાન રહ્યા.

આ વરસના ઝુલ-હિજ્જહમાં હજ્જના વહીવટ અને વ્યવસ્થાની પૂરી સત્તા રાબેતા મુજબ મક્કહના કુરૈશી મુશરિકોના હાથમાં જ રહી. એ પછી જુમાદલ-ઊલામાં [1] રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈસ્લામી લશ્કરને મુલ્કે-શામ તરફ મોકલવાની વ્યવસ્થા ફરમાવી. મુલ્કે-શામનો ઈલાકો મદીનહથી દૂરદરાઝના વિસ્તારે હતો. આપના ફરમાન મુજબ ઈસ્લામી લશ્કર સતત કૂચકદમ કરતું શામના ઈલાકામાં પહોંચી ગયું અને મૂતહ મુકામે પહોંચીને દુશ્મનના વિરાટ લશ્કર સાથે ટકરાય ગયું.

એક પછી એક ત્રણ સેનાપતિઓ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરએ ઉર્વહ બિન ઝુબૈરની રિવાયત બયાન કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુમાદલ-ઊલા સન ૮ હિજરીમાં મુલ્કે-શામ તરફ લશ્કર રવાના કર્યું. લશ્કરના સરસેનાપતિ તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહની નિમણૂક કરી અને સાથે જ આપે ફરમાવ્યું :

> ''ઝૈદ માર્યા જાય તો જઅફર બિન અબી તાલિબને લશ્કરના અમીર બનાવવામાં આવે અને જઅફર પણ માર્યા જાય તો અબ્દુલ્લાહ બિન રવાહા લશ્કરની કમાન સંભાળી લે.''

આ રિવાયતમાં અલ્લામા ઝુરકાનીએ વધુમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ શબ્દો ઉમેર્યા છે : ''જો અબ્દુલ્લાહ બિન રવાહા પણ માર્યા જાય તો મુસલમાનો પોતામાંથી કોઈને ચૂંટી કાઢે અને તેને પોતાનો અમીર બનાવી લે.''

હઝરત અબ્દુલ્લાહ રડી પડયા————સારાંશ કે સાધન-સામગ્રી સાથે ત્રણ હજાર મુજાહિદોનું

---

૧. જુમાદલ-ઊલાનો મહિનો ઈસ્વી સન ૬૨૯ ના ઓગષ્ટની ૨૭ તારીખે શરૂ થયો. (ઇબ્ને હિશામનો હાશિયો)

Maktabe Ashraf

લશ્કર જિહાદ માટે તૈયાર થઈને મુલ્કે-શામ તરફ રવાના થઈ ગયું. બીજા મુસલમાનો સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે પણ લશ્કરને અલ-વદાઅ કહેવા માટે મદીનહથી નીકળીને "સનિય્યતુલ-વદાઅ" સુધી પધાર્યા. મુસલમાનોએ લશ્કરના અમીરો તથા મુજાહિદોને અલ-વદાઅ કહીને તેઓની કામયાબી માટે બારગાહે-ઈલાહીમાં દુઆઓ માગી. જ્યારે ત્રીજા નંબરના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને અલ-વદાઅ અને સલામતીની શુભેચ્છા પાઠવવામાં આવી તો તેઓ નિરંકુશ રીતે રડવા લાગી ગયા. એમને રડતા જોઈને લોકો તઅજ્જુબ પામી ગયા. પૂછયું, "રવાહાના બેટા ! રડવાનો સબબ ?"

રડતાં રડતાં બોલ્યા, "વલ્લાહ મારા ભાઈઓ ! મને દુનિયાનો કોઈ લોભ કે મોહ નથી, ન મને તમારા પ્રત્યે એટલી માયા છે કે અલ્લાહની મુલાકાતને મુકાબલે તમારો વિયોગ વસમો લાગે. હકીકત આ છે કે મને કુર્આનની એક આયત રડાવી રહી છે અને એ આયતને પઢતાં મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સાંભળ્યા છે. તમે પણ સાંભળો :

"વઈમ મિન્કુમ ઈલ્લા વારિદુહા કાન અલા રબ્બિકા હત્મમ મકદિય્યા."

તરજુમો : "તમારામાંથી કોઈ પણ એવો નથી જેને જહન્નમ પરથી પસાર નહિ થવું પડે. આ તારા પાલનહારનો પાકો અને નક્કર ફેસલો છે." હવે ભાઈઓ ! મને ખબર નથી કે જહન્નમ પરથી સહીહ-સલામત પસાર થવાનું મારા નસીબમાં છે કે નહિ ?"

આ સાંભળીને મુસલમાનોએ લશ્કરને તથા લશ્કરના અમીરોને દુઆઓ આપી અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને કહ્યું, "હે રવાહાના બેટા ! અલ્લાહ તમારો અને લશ્કરનો નિગેહબાન બને. અલ્લાહ તમારો સાથ આપીને તમારી મદદ કરે. અલ્લાહ તમને પોતાના રક્ષણમાં રાખે. અલ્લાહ તમને આફતો અને બલાઓથી બચાવે અને સહીહ-સલામત અમારી તરફ પાછા લાવે !"

એ પછી હઝરત અબ્દુલ્લાહ આ શેઅરો લલકારવા લાગ્યા :

લાકિન - ની અસ-અલુર રહમાન મગફિરતન • વ દર-બતન ઝાત ફરગિન તક-ઝિફુઝ-ઝબદા.

પરંતુ હું મહાદયાળુ અલ્લાહથી માફી તથા દરગુજરની યાચના કરું છું અને તલવારનો એક એવો ઊંડો ઘા ખાવાની દુઆ માગું છું જેમાંથી લોહીનું ફીણ નીકળતું હોય.

અવ તઅ-નતન બિ-યદય હર્રાન મુજ-હિઝતન • બિ-હર્બતિન તુન-ફિઝુલ અહશાઅ વલ-કબિદા.

અથવા એવા ભાલાનો ઘા ખાવાની દુઆ જેને કોઈ લોહી તરસ્યો કાફિર પોતાના કાંડાના પુરા બળથી ફટકારીને જોતજોતામાં મને કતલ કરી નાખે અને જે જિગરને ચીરીને મારાં આંતરડાં સુધી ઊતરતો ચાલ્યો જાય.

હત્તા યુકાલુ ઈઝા મર્રૂ અલા જદસય • અરશદ-હુલ્લાહુ મિન ગાઝિંવ વકદ રશદા.

પછી જ્યારે લોકો મારી કબર પાસેથી પસાર થાય તો આમ કહેતાં પસાર થાય કે, અલ્લાહ તઆલાએ આ મુજાહિદને સાચો રાહ દેખાડયો અને તેણે એજ રાહ ગ્રહણ કરી લીધો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી લશ્કરે ઊપડવાની તૈયારી કરી તો હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. આપને છેલ્લી સલામ કરી અને આ શેઅરો કહ્યા :

Maktabe Ashraf

ફસબ - બતલ્લાહુ મા આતાક મિન હસનિન • તસ્બીત મૂસા વ નસ્રન કલ્લઝી નુસિરૂ

યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલાએ જેટલી ખૂબીઓ, સદગુણો અને સંસ્કારો આપને અર્પણ કર્યા તે પાકે પાયે પુરવાર થઇ ગયા છે. જેવી રીતે હઝરત મૂસા (અલૈ.)ની ખૂબીઓ, સદગુણો અને સંસ્કારો પાકે પાયે પુરવાર થયેલા છે.

ઇન્ની તફર - રસ્તુ ફીકલ - ખયર નાફિલતન • અલ્લાહુ યઅલમુ ઇન્ની સાબિતુલ-બસરિ.

અલ્લાહએ આપની મદદ અને આપની નુસરતનો મામલો પણ સાબિતીની ટોચે પહોંચાડી દીધો છે જેમકે આપથી પહેલાંના બધા પયગમ્બરોની પૂરી મદદ કરવામાં આવી હતી. મેં આ વાત સમજબુધ્ધિથી જાણી લીધી છે કે આપની ભલાઇઓ અને કામયાબીઓ અલ્લાહ તરફથી મળેલી ભેટ છે. અલ્લાહ જાણે છે કે હું આ વાત અંતર-જ્ઞાનથી સમજી શકયો છું.

અન્તર રસૂલુ ફમંય યુહરમા નવા-ફિલહૂ • વલ વજહુ મિન્હુ ફકદ અઝરી બિહિલ કદરુ.

આપ અલ્લાહના રસૂલ છો તો જે માણસ અલ્લાહના દીધેલાં ઇનામોથી, અલ્લાહની હિદાયતોથી અને અલ્લાહની પ્રસન્નતાઓથી કમનસીબ રહી ગયો તેની કમનસીબી તેને, નિષ્ફળ અને હડધૂત બનાવતી જ રહેશે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : છેવટે ઇસ્લામી લશ્કર રવાના થયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહથી બહાર સુધી તેઓને અલ-વદાઅ કહેવા અને વળાવવા માટે પધાર્યા. જ્યારે આપ ત્યાંથી વાપસ થવા લાગ્યા તો હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ શાઇરીમાં કહ્યું :

ખલફસ - સલામુ અલા ઇમ્રેઇન વદ્દ - અતુ • ફીન નખ્લે ખયરા મુશય-યઅ વ ખલીલે.

યા રસૂલલ્લાહ ! આપ અલ્લાહના ચુનંદા બંદા છો તો આ ચુનંદા બંદા પર અમારા જવા પછી પણ અલ્લાહની સલામતી હો ! આપ તે બંદા છો જેમનાથી અમે ખજુરવૃક્ષોના ઝુંડમાં રૂખ્સત થયા, જયાં આપ અમને વળાવવા પધાર્યા અને યા રસૂલલ્લાહ ! આપ તો સૌથી ઉત્તમ વળાવનારા અને સૌથી શ્રેષ્ઠ દોસ્ત છો.

હિરકલનું બે લાખનું લશ્કર————ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી ઇસ્લામી લશ્કર મદીનહથી કૂચ કરીને જંગલો અને પહાડોનો પ્રવાસ ખેડતું સીરિયાની ભૂમિમાં આવેલા મઆન સ્થળે પહોંચી ગયું.[૧] અહીં મુસલમાનોને પોતાના જાસૂસો મારફતે બાતમી મળી કે રોમનો શહેનશાહ હિરકલ[૨] વત્તાઓછા એક લાખ રોમન સિપાહીઓનું લશ્કર લઇને, બલકા પ્રદેશના મઆબ સ્થળે ઇસ્લામી સૈન્યની રાહ જોઇ રહ્યો છે.[3]

રોમનોના આ એક લાખના લશ્કર ઉપરાંત કબીલએ-લખ્મ, કબીલએ-જુઝામ, કબીલએ-કૈન, કબીલએ-બહરા અને કબીલએ-બલીના લડવૈયાઓએ વધુ એક લાખના સૈન્યનો ઉમેરો કરી દીધો છે. આ એક લાખના સૈન્યનો સરસેનાપતિ માલિક બિન ઝાફેલહ નામે પંકાયેલો લડવૈયો હતો. એ અરબના બલી કબીલાની શાખ અરાશહમાંથી હતો.[૪]

---

૧. મઅન સ્થળ તે વેળા મુલ્કે શામમાં હતું. હવે જોર્ડાનની રાજભૂમિમાં છે.

૨. હિરકલ, હિરકિલ, હિ-રક-લ, હરકલયૂસ, હરકયુલસ જુદા જુદા ઉચ્ચારો છે.

3. મઆબનું નામ બાઇબલમાં મઅરાબ લખેલું છે. આ સ્થળ બુહૈરએ-લૂત એટલે ડેડ-સીનો મશરેકી પ્રદેશ છે.

૪. આ એક લાખના લશ્કરનો સૂત્રધાર શુરહબીલ ગસ્સાની પોતે હતો જે રોમન શહેનશાહ હિરકલ તરફથી ખંડિયા રાજા તરીકે બલકા પ્રદેશ પર રાજ કરતો હતો અને જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂત હઝરત હારિસ બિન ઉમૈરનો ખૂની હતો. ''હ''

ઇસ્લામી લશ્કરની મૂંઝવણ——————ઈસ્લામી લશ્કરને પોતાના જાસૂસો મારફતે બે લાખના ખ્રિસ્તી લશ્કરની માહિતી મળતાં તેઓ સલાહ-મંત્રણા માટે ભેગા થયા. મઆન સ્થળે બે રાતો એજ મંત્રણામાં પસાર થઇ ગઇ. છેવટે વધુ મતોથી એવા નિર્ણય પર આવ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કાગળ લખીને દુશ્મનના જંગી લશ્કરની માહિતી આપવી. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કાં વધુ કુમક મોકલાવે કે પછી જે કંઇ હુકમ ફરમાવે તેનું પાલન કરવું.

હઝરત ઇબ્ને રવાહાનું જોશીલું પ્રવચન——————આ નિર્ણય લેવાતાં હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને રવાહા જુસ્સાથી ઊભા થઇ ગયા. એમણે પોતાની જોશીલી તકરીરથી મુજાહિદોના દિલોમાં જિહાદનો જુસ્સો જન્માવી દીધો. મુસલમાન મુજાહિદોને જિહાદની હાકલ કરતાં ફરમાવ્યું :

> મુસલમાનો ! સોગંદ છે અલ્લાહના, જે વસ્તુથી તમે હિચકિચાટ અનુભવી રહ્યા છો, એજ તો તે વસ્તુ છે જેના તલબગાર બનીને તમે અહીં આવ્યા છો.
>
> સાંભળો ! મુસલમાન લોકો સંખ્યાબળ, શસ્ત્રબળ કે બહુમતીના ભરોસે લડતા નથી બલકે આપણે તો કુફ્ફાર એટલે ઇસ્લામના દુશ્મનો સાથે ધર્મના રક્ષણ કાજે લડીએ છીએ; તે ધર્મ કે જેનાથી અલ્લાહ અને તેના રસૂલે આપણને માલામાલ કર્યા છે. માટે આગળ બઢો અને મુકાબલો કરો. જુઓ, બે ભલાઈઓમાંથી એક ભલાઇ કયાંયે ગઈ નથી; કાં ફતેહ કાં શહાદત ! કાં ગાઝી કાં શહીદ !"

બધા લોકો એક સ્વરે પોકારી ઊઠયા, "વલ્લાહ ! અબ્દુલ્લાહ બિલકુલ સાચું કહે છે."હવે બધા મુજાહિદો એકમતે મુકાબલા માટે તૈયાર થઈને આગળ બઢવા લાગ્યા.

શહાદતની તમન્નાનો તનમનાટ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન અબીબક્રે એક રાવીના વાસ્તાથી મને હઝરત ઝૈદ બિન અરકમ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી. હઝરત ઝૈદ બિન અરકમનું બયાન છે :

"હું કિશોર વયનો એક યતીમ છોકરો હતો અને અબ્દુલ્લાહ બિન રવાહાની સાથે રહેતો હતો. તેઓ મારૂં લાલન-પાલન કરતા હતા. જંગે-મૂતહના જિહાદમાં જતી વેળા તેમણે મને પણ સાથે લીધો હતો અને પોતાના ઊંટની કાઠીની પાછળ મને બેસાડી લીધો હતો. અલ્લાહના સોગંદ ! રાતનો સમય હતો. અબ્દુલ્લાહ બિન રવાહા ઇસ્લામી લશ્કરની સાથે પોતાની સવારી દોડાવતા હતા અને સાથે દર્દનાક શૈલીએ આ શેઅરો લલકારતા હતા અને હું એને કાન માંડીને એકાગ્ર ચિત્તે સાંભળતો હતો :

ઇઝા અદ-દય-તિની વ હમલ-તે રહલી • મસીરતા અર-બઇન બઅદલ-હિસાઇ.

ફ-શઅનુકે અન-ઉમુન વ ખલાક ઝમ્મુન • વલા અરજિઅ ઇલા અહલી વ રાઇ.

હે જીવ ! જયારે તેં પોતાનો હક અદા કરી દીધો અને કાંકરીવાળી જમીન વટાવવા પછી ચાર દિનના વિસ્તાર માટે મારી કાઠી કસી દીધી તો પછી શું છે ? તે પછી તો તારા માટે નેઅમતો જ નેઅમતો છે. એટલે જન્નતનો આરામ જ આરામ છે. હે જીવ ! તારા સિવાય આ દુનિયામાં જે કંઇ છે એ બધું તુચ્છ છે. અલ્લાહ કરે કે હવે હું જીવતો મારાં બાલબચ્ચાંઓમાં પાછો વળીને નહિ આવું અને શહાદતનો દરજો મેળવી લઉં !

Maktabe Ashraf

વ જાઅલ મુસ્લિમૂના વ ગાદરૂની • બિ અર્દિશ-શામે મુશ-તહસ-સ્વાઇ.

આ જેટલા મુસલમાનો આવેલા છે એ બધા એટલા માટે આવેલા છે કે મને, મુલ્કે-શામમાં, એક એવી શહાદતની જગાએ છોડીને ચાલ્યા જાય જેના માટે હું બેચેન અને વ્યાકુળ છું.

વ રદ-દુકે કુલ્લુ ઝી નસબિન કરીબ • ઇલર રહમાને મુન-કતઅલ-અખાઇ.

હવે બધા પ્રિયજનોએ દરેક પ્રકારનો સ્નેહ-સંબંધ કાપીને મને દયાળુ રહમાન તરફ લોટાવી દીધો છે.

હુનાલિકા લા ઉબાલી તલ્અ બઅલિન • વલા નાખલિન અસા-ફિલુહા રિવાઇ.

આ સ્થળે ન તો મને તાજી ખીલેલી પુષ્પ-કલીઓની પરવા રહેશે, ન તો હું લીલીછમ ખજૂરીઓની ડાલીઓને ઝુકાવી-ઝુકાવીને તેના ફળો તોડીશ. હું તો દુનિયાની દરેક વસ્તુ અને જગતની બધી માયાઓથી બેપરવા થઇ જાઇશ.

હઝરત ઝૈદ બિન અરકમનું બયાન છે : "રાતના સન્નાટામાં મારા મુરબ્બી અબ્દુલ્લાહ બિન રવાહ:ના આ દર્દનાક શેઅરો સાંભળીને મારૂં હૈયું ભરાય આવ્યું. હું મારા મન પર કાબૂ રાખી શકયો નહિ અને બે-ઇખ્તેયાર રડવા લાગી ગયો. મને રડતો જોઇને પોતાના ચાબુકનો મને ગોદો મારતાં બોલ્યા, "નઠારા છોકરા! રડે છે કેમ ? પોતાના મન પર કાબૂ રાખ. અલ્લાહ મને શહાદત નસીબ કરે એમાં તારૂં શું બગડે છે ? હા, બસ તું કાઠીમાં આઝાદીથી બેસીને સહીસલામત મદીનહ પહોંચી જવો જોઇએ !"

વિરાટ લશ્કર સાથે ટક્કર————ઇબ્ને ઇસ્હાક કહે છે : પછી ઇસ્લામી લશ્કર પેશકદમી કરતું બલકા પ્રદેશની સરહદે પહોંચી ગયું. સામેની દિશાએથી હિરકલનું લશ્કર પણ આવી લાગ્યું. એમાં રોમન સામ્રાજ્યના ખ્રિસ્તી સિપાહીઓ તથા અરબના કબાઇલીઓની ફોજો હતી. ખ્રિસ્તીઓનું આ વિરાટ લશ્કર બલકાના જિલ્લામાં આવેલા મુશારફ નામે કસબા પાસેથી પસાર થઇને ધસમસતા પૂર પેઠે આગળ વધવા લાગ્યું. બીજી તરફ ઇસ્લામી લશ્કર આગળ વધીને, મૂતહ નામે મુકામ પાસે પહોંચીને થોભી ગયું. એજ તે મૂતહનું મેદાન છે જ્યાં બંને લશ્કરો સામસામે આવીને આપસમાં ટકરાઇ ગયાં.

મુસલમાનોએ પોતાના લશ્કરની એવી રીતે ગોઠવણી કરી કે જમણી પાંખે બનૂ ઉઝરહ કબીલાના એક વીરનર હઝરત કુત્બહ બિન કતાદહની નિમણૂક કરી અને ડાબી પાંખની કમાને એક અન્સારી મુજાહિદ હઝરત ઉબાયહ બિન માલિક અથવા ઇબ્ને હિશામની રિવાયત મુજબ હઝરત ઉબાદહ બિન માલિકની નિમણૂંક કરી.

પહેલા સિપહસાલારની શહાદત————ઇબ્ને ઇસ્હાક પોતાનું બયાન ચાલુ રાખતાં ઉમેરે છે: પછી બંને લશ્કરો એકબીજા સાથે ટકરાઇ ગયાં. તલવારોની વીજળી ચકાચક કરવા લાગી અને તુમુલ યુધ્ધ જામી ગયું અને ખાંડાંઓની ખટાખટથી મેદાન ગાજી ઊઠયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નીમેલા પહેલા સિપહસાલાર હઝરત ઝૈદ બિન હારિસહ જાન હથેલી પર લઇને કમાલની બહાદુરીથી લડતા રહ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અર્પણ કરેલો ઝંડો એમના હાથમાં હતો. એક હાથમાં ઝંડો થામીને બીજા હાથે તલવારનું પાણી બતાવતા રહ્યા; ત્યાં સુધી કે દુશ્મનના ભાલાઓથી લોહીલુહાણ થઇને મેદાનમાં જ શહીદ થઇ ગયા.

Maktabe Ashraf

બીજા સિપહસાલારની શહાદત———હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ ઈસ્લામનો ઝંડો હઝરત જઅફર બિન અબૂ તાલિબના હાથમાં આવ્યો. તેઓ પણ એક હાથે ઝંડો થામીને બીજા હાથે અપૂર્વ બહાદુરીથી લડતા રહ્યા; ત્યાં સુધી કે તલવારનું પાણી બતાવતાં બતાવતાં શત્રુઓની ભીંસમાં આવી ગયા. એજ વેળા તેઓ પોતાના લાલરંગના ઘોડાની પીઠ પરથી છલાંગ મારતા કૂદી પડયા. પોતાની તલવારથી ઘોડાની કૂંચો પોતાના હાથે કાપી નાખી કે જેથી મેદાન મૂકીને નાસી જવાની કોઈ તક જ ન રહે. એ પછી તકબીરનો નઅરો ગજાવ્યો અને મરણિયા બનીને દુશ્મનની સફમાં ઘૂસી ગયા અને એટલું લડયા કે છેવટે પોતે પણ લોહીલુહાણ થઇને અલ્લાહના રાહમાં શહીદ થઇ ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત જઅફર બિન અબૂ તાલિબ પહેલા સહાબી છે જેમણે ઈસ્લામની હાલતમાં એટલે મુસલમાન હોવા છતાં પોતાના ઘોડાના પગોની નસો પોતાના હાથે કાપી નાખી. જાહેરમાં આ એક દયા વગરનું કૃત્ય લાગે છે તેમ છતાં લશ્કરમાંથી કોઈએ હઝરત જઅફરના આ કૃત્ય વિષે ન કોઈ ટીકા કરી છે ન કોઈ પ્રકારનો વાંધો લીધો છે. એનાથી માલૂમ પડયું કે દુશ્મન કાફિરો સાથેની લડાઈમાં જાન બચાવવા નાસી જવાનો વસવસો હોય તો આમ કરવામાં વાંધો નથી. જાનવરોને ઈજા આપીને નાહક મારી નાખવામાં એનો સમાવેશ થતો નથી. જો કે સનદી હદીસગ્રંથ અબૂ દાવૂદના મંતવ્ય મુજબ ઉપરના બનાવની હદીસ ઝઈફ એટલે કમજોર છે. નક્કર દલીલથી સાબિત થયેલી નથી અને સહાબા એમ કરવાની મના ફરમાવે છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે: મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના બાપ અબ્બાદની આ રિવાયત કહી સંભળાવી. અબ્બાદનું કહેવું છે કે મારા દૂધબાપ-જેઓ બનૂ મુર્રહ બિન ઔફના કબીલામાંથી હતા અને જેઓ જંગે-મૂતહમાં જાતેને પોતે હાજર હતા, તેમનું કહેવું છે કે, "અલ્લાહના સોગંદ ! હું અત્યારે પણ જંગે-મૂતહનું એ દ્રશ્ય મારી આંખે જોઈ રહ્યો છું કે જઅફર બિન અબૂ તાલિબ છલાંગ મારતા પોતાના રાતારંગના ઘોડા પરથી કૂદી રહ્યા છે. પોતાના ઘોડાની ટાંગો પોતાની જ તલવારથી કાપી રહ્યા છે. પછી કાફિરો પર ઓચિંતા તૂટી પડે છે. લડતાં-લડતાં શહીદ થઇ જાય છે અને લડતી વેળા આ રણગીત લલકારે છે :

યા હબ્બઝલ - જન્નતા વક - તિરાબુહા • તૈયેં - બતન વ બારિદન શરાબુહા.

વાહવાહ તે જન્નત, જે મુજથી આટલી બધી નિકટ છે ! કેટલું સ્વચ્છ, નીતરૂં અને ઠંડુ છે તેનું નીર!

વર રૂમુ રૂમુન કદ દના અઝાબુહા, • કાફિરતુન બઈ-દતુન અન્સા બુહા,

અલય્યા ઇઝ લાકૈ-તુહા દિરાબુહા.

અને આ રોમવાસીઓ તે લોકો છે જેઓ પર અઝાબનો ખરેખરો સમય પાકી ગયો છે. આ લોકો કાફિર એટલે ઈસ્લામનો ઈન્કાર કરનારા છે. એમનો વંશ પણ અમારાથી બહુ છેટો છે. આ લોકો જ્યારે અમારી સાથે બાખડયા જ છે તો તલવારોથી એમને રહેંસી નાખવાનું અમારા માટે અનિવાર્ય બની ગયું છે.

ઈબ્ને હિશામ કહે છે : મને કેટલાક વિશ્વાસપાત્ર અને માહિતગાર રાવીઓએ સનદી માહિતી આપતાં કહ્યું કે, "જંગે-મૂતહમાં લડતી વેળા હઝરત જઅફર બિન અબૂ તાલિબે ઝંડો પોતાના જમણા હાથમાં લીધો.જ્યારે એ હાથને કાપી નાખવામાં આવ્યો તો ઝંડો તેમણે ડાબા હાથમાં સંભાળી લીધો. જ્યારે બંને હાથો કપાઇ ગયા તો બંને ઠૂંઠા બાહુઓથી ઝંડાને સીના સાથે ચાંપી લીધો અને એજ હાલતમાં લડતાં-લડતાં શહીદ થઇ

ગયા. અલ્લાહ રાજી હો એમનાથી ! શહાદત વેળા હઝરત જઅફરની ઉંમર ૩૩ વરસની હતી.'' [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે :''અલ્લાહ તઆલાએ જઅફરને જન્નતમાં બે પાંખો આપી દીધી છે. આ પાંખોથી જન્નતના બગીચાઓમાં તેમની ઈચ્છા હોય ત્યાં ઊડીને તેઓ જન્નતની સહેલ માણતા રહે છે.'' [૨]

એક રિવાયત એવી પણ છે કે દુશ્મનના એક સિપાહીએ છેલ્લી પળોમાં તલવારના એક જ વારથી હઝરત જઅફરને અર્ધઅર્ધ બે ટુકડામાં કાપી નાખ્યા હતા.

હઝરત ઈબ્ને રવાહાની શહાદત————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના બાપ અબ્બાદની આ રિવાયત કહી સંભળાવી. અબ્બાદનું કહેવું છે કે મારા દૂધબાપ- જેઓ બનૂ મુર્રહ બિન ઔફના કબીલામાંથી હતા અને જેઓ જાતેને પોતે જંગે-મૂતહમાં હાજર હતા, તેમનું બયાન છે :

''હઝરત જઅફર શહીદ થઈ ગયા તો ઈસ્લામી ઝંડો, હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ આગળ વધીને સંભાળી લીધો. ઝંડાને હાથમાં લઈને ઘોડો આગળ બઢાવ્યો અને પોતાને મેદાને-જંગમાં ઝોંકી દેવા માટે, વીરહાક ગજાવતા, પોતાને જ સંબોધીને આ રણગીત લલકારવા લાગ્યા:

અક-સમ્તુ યા નફ્સુ લતન-ઝિલન -નહ • લતન - ઝિલિન્ન અવ લતુક - રહિન - નહ.

હે જીવ ! મેં તો સોગંદ લીધા હતા આ વાતના કે, તું રણસંગ્રામમાં ઝંપલાવીને અવશ્ય મુકાબલો કરશે. સાંભળી લે, કાં તારે પોતે ઝંપલાવીને મુકાબલો કરવો પડશે અને નહિ તો પરાણે તારી સાથે મુકાબલો કરાવવામાં આવશે.

ઈન અજ-લબન - નાસુ વ શદ્દુર રન્નહ • મા લી અરાકા તક-રહીનલ જન્નહ.

લોકો ભલે કલ્પાંત કરે કે ગળગળા થઈને રડારોળ કરે, તેઓને એ બધું કરવા દે. પણ.....હું આ શું જોઉં છું કે તું જન્નતથી ગભરાય રહ્યો છે ?

કદ તાલા મા કદ કુન્તે મુત-મઈન-નહ • હલ અન્તે ઈલા નુત્ફતુન ફી શન્નહ.

આ તો તે વસ્તુ છે જેની ઉપર તું મુદ્દતથી સંતુષ્ટ છે. અને વળી તું જૂના પરબમાં પડી રહેલા એક વીર્યના ટીપાંથી વધારે શી વિસાત ધરાવે છે ?

એની સાથે જ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા આ શેઅરો પણ લલકારતા હતા :

યા નફ્સુ ઈલ્લા તક-તલી તમૂતી • હાઝા હિમામલ મવતે કદ સલીતે.

હે જીવ ! અગર તું કતલ નહિ થઈ ગયો તો તું પોતાની મોતે મરી જશે. આ તો તે મોત છે જેની આંચમાં તું સપડાઈ ચૂકયો છે. (જાનના ડરથી નાસીને જવાનો કયાં ?)

૧. સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)નું બયાન છે : ''મેં જઅફરની લાશ જોઈ હતી. બદનના આગલા ભાગ પર તલવારો અને બરછીઓના ૯૦ ઘા હતા. એક પણ ઘા પીઠ પાછળ હતો નહિ. ''(સીરતુન-નબી જિ.૧ પા. ૫૦૭ - કશ્ફુલ-બારી જિ.૨ પા. ૪૭૯) ''હ''

૨. એટલે જ હઝરત જઅફરનો લકબ (તોયથી) ''તૈયાર '' છે જેના અર્થ ઊડનારા થાય છે અને ''ઝુલ-જનાહૈન''પણ છે જેના અર્થ બે પાંખોવાળા થાય છે. ''હ''

Maktabe Ashraf

વમા તમન્ન : નયતે ફકદ ઉઅ-તીતે • ઇન તફ-એલી ફિઅ-લહુમા હુદીતે.

જે વસ્તુની તને પોતાને તમન્ના હતી તેજ તો તને આપવામાં આવે છે. અગર તું એ બંને જેવું (હઝરત ઝૈદ બિન હારિસાહ અને હઝરત જઅફર જેવું) કરશે તો બિલકુલ ઠીક જ કરશે.

હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ ઝંડો સંભાળ્યો ત્યારે તેઓ ઘોડા પર સવાર હતા અને કંઇક ગડમથલમાં હતા જેથી કૂદકો મારીને ઘોડા પરથી કૂદી પડયા. એટલામાં એમનો કાકાભાઇ તલવાર વીંઝતો એમની પાસે આવી લાગ્યો. તેના હાથમાં ભૂંજેલા માંસવાળું એક હાડકું હતું. આ હાડકું તેણે એમના હાથમાં આપતાં કહ્યું, "લો એને ખાઇને જરા કમર સીધી કરી લો. લાંબા પ્રવાસમાં તમારી જે દશા થઇ છે તે જાહેર છે." (હાડકાંવાળું માંસ ખાયને ટટાર થઇ જાવ.)

હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ હાડકાંમાં દાંત ખોસીને ખાવા માડયું ત્યાં જ દુશ્મનના ટોળાંમાંથી "મારો ! કાપો !" ના પડકારા સાંભળતાં જ બોલી ઊઠયા, "હે જીવ ! તું હજુ દુનિયામાં જ છે !" લાગલો જ કોળિયો થૂંકીને તલવાર વીંઝતા દુશ્મન પર ત્રાટકી પડયા અને લડતાં-લડતાં અનેકને જહન્નમ-રસીદ કરીને પોતે પણ શહીદ થઇ ગયા.

હઝરત ખાલિદની વરણી સાલાર તરીકે————હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાના શહીદ થતાં જ બનૂ અજલાનવાળા હઝરત સાબિત બિન અરકમ અન્સારીએ ઝંડો સંભાળી લઇને પોકાર પાડયો, "હે મુસલમાનો ! તમારામાંથી કોઇને પોતાનો સાલાર ચૂંટી લઇને તેની સરદારી પર સંમત થઇ જાવ !"

મુસલમાનો બોલ્યા, "અમે તમને જ અમારા સાલાર નીમીએ છીએ."

હઝરત સાબિતે જવાબમાં કહ્યું, "મુસલમાનો ! હું સાલારીને લાયક નથી. મારાથી એ કામ નહિ બને."

ત્યારે કટોકટીને અનુસરીને મુસલમાનોએ હઝરત ખાલિદ બિન વલીદને એકમતે પોતાના સાલાર ચૂંટી કાઢયા. ઝંડો હાથમાં લેતાં જ હઝરત ખાલિદ દુશ્મનની હરોળમાં ઘૂસી ગયા અને તલવારથી તેઓને મારતા-કાપતા પાછળને પાછળ ખદેડવા લાગ્યા અને ઇસ્લામી ફોજને દુશ્મનની ભીંસમાંથી કાઢીને, એક સ્થળે એકત્ર કરવાનો માર્ગ મોકળો કરતા ગયા. જયારે બધા મુસલમાનો તલવારથી પોતાનો બચાવ કરતા એક સ્થળે એકત્ર થઇ ગયા અને સલામતીથી નીકળી જવાની તક મળી ગઇ તો હઝરત ખાલિદ બિન વલીદ તેઓને લઇને મદીનહના રસ્તે પડી ગયા.

સંપાદકની નોંધ————જાહેર વાત છે કે બે લાખને મુકાબલે ત્રણ હજારના લશ્કરની વિસાત જ શી હતી. કેટલાક સહાબા શહીદ થઇ ગયા હતા. ઘણા સહાબા જખ્મોથી ચૂર હતા. હઝરત ખાલિદ બિન વલીદ રદિયલ્લાહુ અન્હુની સામે બેજ રસ્તા હતા. કાં હથિયાર નાખીને શરણાગતિ સ્વીકારી લે, કાં મેદાને-જંગથી માનભેર પીછેહઠ કરીને મુસલમાનોને બચાવી લે. હઝરત ખાલિદે સમયસૂચકતા વાપરીને બીજો રસ્તો લેવાનું ડહાપણભર્યું પગલું લીધું.

હઝરત ખાલિદ બિન વલીદ અરબના પંકાયેલા વીરનર અને યુધ્ધકળાના અઠંગ નિષ્ણાત હતા. મેદાને-જંગના દાવપેચ અને લશ્કરની વ્યૂહરચનામાં કમાલની કાબેલિયત ધરાવતા હતા. જંગના બીજા દિવસે એમણે લશ્કરની વ્યૂહરચનામાં ફેરફાર કર્યો અને એક ટુકડીને મેદાને-જંગથી બહાર મોકલાવી દીધી કે જેથી આ ટુકડી

લડાઈ દરમિયાન મદીનહની દિશાએથી આવીને, તકબીરના નઅરા ગજાવતી, અચાનક દુશ્મન પર તૂટી પડે અને દુશ્મનના મન પર એવી છાપ પડે કે મુસલમાનો માટે મદીનહથી નવી અને તાજી કુમક આવી લાગી છે. અને ખરેખર બન્યું પણ એમ જ. તકબીરના નઅરા ગજાવતી આ ટુકડી આવી લાગી તો દુશ્મનની આગલી સફોના પગો કંઈક ઢીલા પડી ગયા. ધીરેધીરે તેઓ પીછેહટ કરવા લાગ્યા. અને અલ્લાહ તઆલાએ તેઓના દિલો પર મુસલમાનોની નવી કુમકની ધાક બેસાડી દીધી. એ પણ ઈસ્લામી લશ્કર માટે અલ્લાહ તઆલાની ગૈબી મદદ હતી. કટોકટીની પળોમાં ખરૂં જોતાં મુસલમાનોની એજ સૌથી મોટી કામયાબી હતી.

ઈસ્લામી લશ્કરે જ્યારે મદીનહનો રસ્તો લીધો તો બે લાખનું વિરાટ લશ્કર મુઠ્ઠીભર મુસલમાનોને ફાટી આંખે પાછા જતાં જોઈ રહ્યું પણ હિરકલ કે શુરહબીલ પોતાના લશ્કર સાથે દોડીને તેઓને અટકાવી દેવાનું પાણી બતાવી શકયા નહિ. એ મુઠ્ઠીભર મુસલમાનોની કામયાબી કે જીત નહિ તો બીજું શું ? રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ આ બનાવ માટે "ફતેહ"નો શબ્દ ફરમાવ્યો છે. જેમકે એનું બયાન આગળ આવે છે.

સહીહ બુખારીમાં હઝરત ખાલિદ બિન વલીદનું પોતાનું બયાન છે : "જંગે-મૂતહને દિવસે મારા હાથમાં ૯ તલવારો તૂટી ગઈ. ફકત એક યમાની તલવાર છેલ્લે મારા હાથમાં રહી ગઈ."

એનાથી અનુમાન કરી શકાય કે હઝરત ખાલિદે નવ તલવારોથી દુશ્મનની લાશોના ઢગલા ખડકી દીધા હશે. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૦૭- ફતહુલ-બારી જિ.૨ પા. ૪૭૯) સંપાદકની નોંધ પૂરી થઈ. અસલ કિતાબનું લખાણ વાંચો. "હ"

જંગનો આબેહૂબ ચિતાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : એક તરફ મૂતહની રણભૂમિમાં ઘમસાણનું યુધ્ધ જામ્યું બીજી તરફ મદીનહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાની મજલિસમાં હઝરત ઝૈદ, હઝરત જઅફર, હઝરત અબ્દુલ્લાહની શહાદતના સમાચાર આપતાં ફરમાવ્યું : "અ-ખ-ઝર રાયત ઝૈદુન ફ-ઉસીબ." એટલે ઝૈદ બિન હારિસહએ ઝંડો લીધો. ઝંડાને હાથમાં લઈને લડવા લાગ્યા અને લડતાં-લડતાં શહીદ થઈ ગયા.

એ પછી ફરમાવ્યું : "સુમ્મ અ-ખ-ઝ જઅફરુન ફ-ઉસીબ." હવે જઅફર બિન અબૂ તાલિબે ઝંડો હાથમાં લીધો અને ઝંડો લઈને લડતાં-લડતાં શહીદ થઈ ગયા.

આટલું ફરમાવીને આપ ખામોશ થઈ ગયા. આપની ખામોશી જોઈને મજલિસમાં બેઠેલા અન્સારી સહાબાઓના ચેહરાઓનો રંગ બદલાય ગયો. તેઓ વિચારવા લાગ્યા કે અબ્દુલ્લાહ બિન રવાહાનું શું થયું ? તેઓ કેમ આગળ બઢીને ઝંડો હાથમાં નથી લેતા ? [1]

એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : "સુમ્મ અ-ખ-ઝહુ ઈબ્નુ રવાહતા ફ-ઉસીબ, વ ઐનાહુ તઝ-રિફાન." હવે ઝંડો અબ્દુલ્લાહ બિન રવાહાએ પોતાના હાથમાં લીધો અને ઝંડો લઈને લડતાં-લડતાં શહીદ થઈ ગયા અને આમ ફરમાવતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની આંખોમાંથી ટપટપ આંસુ પડતાં હતાં.

---

૧. અન્સાર સહાબા એટલા કારણે વિચારમાં પડી ગયા કે હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા મદીનહના અન્સારમાંથી હતા જ્યારે હઝરત ઝૈદ અને હઝરત જઅફર મક્કહના મુહાજિરોમાંથી હતા. "હ"

એ પછી આપે રડતાં રડતાં ફરમાવ્યું :

હત્તા અખઝર રાયત	છેવટે ઝંડો હાથમાં લીધો
સૈફુમ મિન સુયૂફિલ્લાહ.	અલ્લાહની તલવારોમાંથી એક તલવારે [૧]
હત્તા ફતહલ્લાહુ અલૈહિમ.	ત્યારે અલ્લાહએ તેઓને ફતેહ આપી.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "જેવી રીતે સૂતેલો માણસ ઊંઘમાં ખ્વાબ જુએ છે, એ ત્રણે શહીદોને જન્નતમાં ઉપાડીને મારી સામે હાજર કરવામાં આવ્યા. મેં જોયું કે એમાંનો દરેક શહીદ સોનાના તખત પર બેઠેલો હતો પણ અબ્દુલ્લાહ બિન રવાહાના તખતમાં, એના સાથીઓને મુકાબલે કંઇક વાંકાપણું હતું. મેં પૂછયું, "એમનો તખત વાંકો કેમ છે?"

કહેવામાં આવ્યું, "બંને સાથીઓ તો વિના ખટકે ઝંડો લેતાં જ દુશ્મનો પર તૂટી પડયા હતા. અબ્દુલ્લાહ બિન રવાહાએ કંઇક ખંચકાટ અનુભવ્યો. એ પછી તેઓ આગળ વધીને દુશ્મનો પર તૂટી પડયા."

રસૂલુલ્લાહ (સલ.)ને લાગેલો આઘાત————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્ર રદિયલ્લાહુ અન્હુએ અનુક્રમે બીબી ઉમ્મે ઇસા ખુઝાઇયહ તથા બીબી ઉમ્મે જઅફર બિન્તે મુહંમદ બિન જઅફર બિન અબૂ તાલિબના વાસ્તાથી, ઉમ્મે જઅફરની દાદી હઝરત અસમા બિન્તે ઉમૈસ એટલે હઝરત જઅફર શહીદના બેગમની રિવાયત કહી સંભળાવી. હઝરત અસમા બિન્તે ઉમૈસનું બયાન છે :

"જે દિવસે જઅફર અને તેમના સાથીઓ, હઝરત ઝૈદ બિન હારિસહ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા શહીદ થયા, એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા ઘરે પધાર્યા. તે વેળા હું ૪૦ રતલ ચામડાં કેળવી ચૂકી હતી અને રોટલી માટે લોટ ગૂંધી ચૂકી હતી અને બાળકોને નવડાવી-ધોવડાવીને તેલની માલિશ કરતી હતી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ફરમાવ્યું, "એ બીબી ! જઅફરના બાળકોને મારી પાસે લાવો."

બાળકોને મેં આપની તહેનાતમાં રજૂ કર્યા. આપે બાળકોના વાળો સૂંઘ્યા. તેઓને બચીઓ કરી અને આપની આંખોમાંથી આંસુ ટપટપ જારી થઇ ગયાં.

મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આપની ઉપર મારાં માબાપ કુરબાન ! આપના રોવાનો શું સબબ છે ?"

ફરમાવ્યું, "જઅફર અને તેમના સાથીઓ વિષે સમાચાર મળ્યા છે. તેઓ આ જંગમાં શહીદ થઇ ગયા છે."

આ સાંભળતાં જ હું ઊભી થઇને રડવા-ચીખવા લાગી ગઇ અને આજુબાજુની મુસલમાન ખાતૂનો મારી પાસે ભેગી થઇ ગઇ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ ખબર આપીને પોતાના ઘરવાળાંઓ તરફ તશરીફ લઇ ગયા અને ઘરવાળાંઓને ફરમાવ્યું, "જુઓ, જઅફરના ઘરવાળાંઓ માટે ખાવાનું પકાવીને

૧. અલ્લાહની એક તલવારનો મતલબ હઝરત ખાલિદ બિન વલીદ છે. અહીંથી જ હઝરત ખાલિદનો લકબ "સૈફુલ્લાહ" એટલે અલ્લાહની તલવાર પડી ગયો. "હ"

Maktabe Ashraf

મોકલવામાં આળસ ન કરજો. તેઓ બધાં તો જઅફરના આઘાતથી કલ્પાંતમાં પડેલાં છે. રાંધવા-ખાવાના હોશ કોને ?"

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુર્રહમાન બિન કાસિમ બિન મુહંમદે પોતાના બાપના વાસ્તાથી હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાની રિવાયત બયાન કરી. હઝરત આઈશહ ફરમાવે છે : "જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જઅફરના શહીદ થવાના સમાચાર આપ્યા તો મેં જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરા પર ગેહરા રંજોગમની રેખાઓ ઊપસી આવી છે. એજ ઉદાસીની હાલતમાં એક ગૃહસ્થ આપની તહેનાતમાં આવીને કહેવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! જઅફરના ઘરની ખાતૂનો રડી રહી છે. આ ખાતૂનોએ પોતાની ચીખપુકાર અને રડારોળથી અમને પજવીને પરેશાન કરી નાખ્યા છે."

આપે ફરમાવ્યું, "જાવ એ સ્ત્રીઓને મના કરી દો."

થોડીવારે એજ ગૃહસ્થે પાછા આવીને એજ શબ્દો દોહરાવતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મેં જઈને મના કરી પણ સ્ત્રીઓ માનતી નથી."

આપે ફરીવાર હુકમ ફરમાવ્યો, "જાવ જઈને તેઓને મના કરી દો."

આ ગૃહસ્થ ગયા અને થોડીવારે પાછા આવીને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! કોઈ મારૂં સાંભળતું નથી, કોઈ મારૂં માનતું નથી."

આપે ફરમાવ્યું, "જઈને તેઓને ખામોશ કરી દો અને નહિ માને તો તેઓના મોઢામાં ધૂળ ભરી દો."

હઝરત આઈશહ ફરમાવે છે : "આ સાંભળીને મનમાં મેં આ ગૃહસ્થ વિષે કહ્યું, "અલ્લાહ તને પોતાથી છેટો રાખે ! તેં પોતાના મન પર કાબૂ નહિ રાખ્યો અને સ્ત્રીઓની ફરિયાદ કરવા દોડી આવ્યો. હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમનું પણ તું પાલન કરી શકવાનો નથી. કેમકે હું જાણું છું કે સ્ત્રીઓના મોઢામાં ધૂળ ભરવા જેટલી મર્દાનગી તું ક્યાંથી લાવવાનો ?" [૧]

માલિક બિન ઝાફિલહની કતલ————ઈબ્ને ઈસ્હાક કહે છે: જંગે-મૂતહમાં ઈસ્લામી ફોજની જમણી પાંખના અમીર તરીકે હઝરત કુત્બહ બિન કતાદહ અઝરીની નિમણુક થઈ હતી. ઘમસાણની લડાઈમાં કબાઈલી ફોજનો સિપહસાલાર માલિક બિન ઝાફિલહ, હઝરત કુત્બહની દોટે ચઢી ગયો હતો. હઝરત કુત્બહએ માલિકને ભાલાના એક જ વારથી ધૂળ ચાટતો કરી દીધો હતો. હિરકલ બાદશાહ તરફથી માલિક બિન ઝાફિલહને કબાઈલી ફોજનો સરસાલાર બનાવવામાં આવ્યો હતો અને તે પોતાની બહાદુરીમાં પંકાયેલો હતો. તેની કતલ વેળા હઝરત કુત્બહ આ શેઅરો લલકારતા હતા :

તઅન - તુબ્ન ઝાફિ - લતબ - નિલ - અરાશે • બિ - રૂમ્હીન મદા ફીહે સુમ્મ ઈન-હતમ્.

મેં માલિક બિન ઝાફિલહ બિન અરાશને તાકીને ભાલાનો એવો ઘા કર્યો કે ભાલો તેના અંગમાં ઘૂસીને

---

૧. મતલબ આ કે વારંવાર રાવ ફરિયાદ લઈને આવવાની અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને રંજોગમ તથા દુઃખની હાલતમાં પજવવાની શી જરૂર હતી ? હઝરત જઅફરના ઘરની ખાતૂનો પારાવાર સદમાથી બેકાબૂ થઈને રડતી હતી અને આ વાત પણ જાણતી હતી કે વાળો પીંખીને, માથા પર ટપલા મારીને, છાતી કૂટીને, કપડાં ફાડીને રડવાની જાહિલિયતની પ્રથા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હરામ ઠરાવી દીધી છે અને વહાલાઓના મરણ પર જેને રડવાનું કહી શકાય તેવા રૂદનની મના નથી. કેમકે એ ઈન્સાનના ઈખ્તેયારમાં નથી. પેલા ગૃહસ્થ ચાહતા હતા કે સ્ત્રીઓ મુત્લક રડવાનું પણ છોડી દે."હ"

તેમાં જ તૂટી ગયો.

દરબ-તુ અલા જીરેહી દર - બતન • ફ - માલા કમા માલા મુસ્નુસ - સલમ.

પછી મેં તેની ગરદન પર તલવારનો એવો ફટકો માર્યો કે તે સલમ નામે ઝાડની ડાળખી પેઠે લચક-લચક થઈ ગયો.

એક સાધુડીની ચેતવણી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મૂર્તિપૂજકોના બનૂ ગનમ કબીલાની એક સાધુડી તંત્રવિદ્યામાં પારંગત હતી. તેણે જ્યારે સાંભળ્યું કે મદીનહ નગરીના પયગમ્બરનું લશ્કર યુધ્ધ માટે આવી રહ્યું છે તો તેણે ગનમ કબીલાના લોકોને ચેતવણીરૂપે કહ્યું, "ખબરદાર ! હું તમને તે કૌમથી ચેતવું છું જે અભિમાની ચાલે ચાલનારી, દુશ્મનો પેઠે ત્રાંસી નજરે જોનારી, કતારબંધ ઘોડા દોડાવનારી અને તરહ તરહથી ખૂનરેજી કરનારી છે."

સાધુડીના બનૂ ગનમ કબીલાના લોકોએ તેની ચેતવણીનો પૂરો લાભ લીધો. મુસલમાનો સાથેની લડાઈમાં તેઓમાંથી કોઈએ કોઈ તરહનો ભાગ નહિ લીધો. લડાઈમાં ભાગ લેનારા કબીલએ-હદસ તથા યમનના કબીલએ-લખ્મથી પોતાને બિલકુલ અલગ-થલગ રાખ્યા ન તેઓને કોઈ પ્રકારની મદદ આપી. નતીજા રૂપે બનૂ ગનમના લોકો પોતાના ભાઈબંધ કબીલાઓને મુકાબલે સૌથી વધારે માલદાર, સૌથી વધારે ખુશહાલ અને ફારિગુલ-બાલ બની ગયા. જે લોકોએ આ જંગની આગમાં ભાગ લીધો તેઓ હદસ કબીલાની બીજી શાખ બનૂ સૂઅલબામાંથી હતા. જંગમાં ભાગ લેવા પછી તેઓ વધુ મુદ્દત ટકી શક્યા નહિ. તરહ તરહની આફતોમાં સપડાઈ ગયા.

સારાંશ કે હઝરત ખાલિદ બિન વલીદ પોતાની કુનેહબુધ્ધિ અને હિકમતભરી જંગી ચાલથી મુસલમાનોને બે લાખના લશ્કરથી બચાવી લઈને સહીહ-સલામત મદીનહ આવી ગયા.

મદીનહમાં લશ્કરનો સત્કાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરએ ઉર્વહ બિન ઝુબૈરની રિવાયત ટાંકતાં કહ્યું :

"ઈસ્લામી લશ્કર મૂતહથી વાપસ થઈને મદીનહની કોરેમોરે આવી લાગ્યું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોની જમાઅત સાથે મદીનહથી બહાર નીકળીને તેઓનો સત્કાર કર્યો. બાળકોનું ટોળું અહીંતહીં દોડાદોડ કરતું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની સવારી પર સૌથી આગળ-આગળ હતા. બાળકોને જોઈને આપે ફરમાવ્યું, "એમને ઉપાડીને સવારીઓ પર બેસાડી લો અને જઅફરનો બેટો મને આપી દો."

એજ વેળા હઝરત જઅફરના બેટા અબ્દુલ્લાહને લાવવામાં આવ્યો. આપે તેનો પહોંચો ઝાલ્યો અને બંને હાથે ઉપાડીને તેને સવારી પર પોતાની આગળ બેસાડી દીધો.

ઉર્વહ બિન ઝુબૈરનું બયાન છે : ઈસ્લામી લશ્કરના મુજાહિદોને જોતાં જ મદીનહના અમુક ગૃહસ્થોએ તેઓના માથે ધૂળ ઉડાડતાં કટાક્ષ કર્યો, "યા ફર્રાર ! ફરર-તુમ ફી સબીલિલ્લાહ !" હે ભગેડુઓ ! તમે અલ્લાહના રસ્તામાં લડવાથી ભાગી છૂટ્યા !

તેઓનો કટાક્ષ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "લયસૂ બિલ ફુર્રાર, વલાકિન-નહુમુલ-કુર્રાર, ઇન્શા અલ્લાહુ તઆલા." એટલે આ લોકો ભગેડુ નથી બલકે પલટીને ફરીવાર દુશ્મનો

Maktabe Ashraf

પર તૂટી પડનારા છે અગર અલ્લાહ તઆલાએ ચાહ્યું તો ! [૧]

જંગે-મૂતહના શહીદો——————જંગે-મૂતહમાં જે સહાબા શહીદ થયા તેઓના કબીલાવાર નામો આ છે :

- કુરૈશની શાખ બનૂ હાશિમમાંથી : (૧) હઝરત જઅફર બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વહાલા કાકાભાઈ. હિજરત વેળા નજાશી બાદશાહના દરબારમાં ઈસ્લામ વિષે છટાદાર પ્રવચન કરનાર જેને સાંભળીને નજાશી બાદશાહ ધારધાર રડયા અને બાદમાં મુસલમાન બની ગયા. (૨) હઝરત ઝૈદ બિન હારિસહ રદિયલ્લાહુ અન્હુ. કુરૈશમાંથી નહિ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને ગુલામીમાંથી આઝાદ કરીને પોતાના દત્તક પુત્ર બનાવી લીધા હતા. તમામ સહાબમાં ફક્ત એમનું નામ કુર્આનમાં આવ્યું છે.
- બનૂ અદી બિન કઅબના કબીલામાંથી : (૧) હઝરત મસઊદ બિન અસ્વદ બિન હારિસહ બિન નદલહ રદિયલ્લાહુ અન્હુ.
- બનૂ માલિક બિન હુસ્લના કબીલામાંથી : (૧) હઝરત વહબ બિન સઅદ બિન અબૂ સરહ રદિયલ્લાહુ અન્હુ.
- અન્સારના બનૂ હારિસ બિન ખઝરજમાંથી : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા રદિયલ્લાહુ અન્હુ. (૨) હઝરત અબ્બાદ બિન કૈસ રદિયલ્લાહુ અન્હુ.
- બનૂ ગનમ બિન માલિક બિન નજજારમાંથી : (૧) હઝરત સુરાકહ બિન અમ્ર બિન અતિય્યહ બિન ખન્સાઅ રદિયલ્લાહુ અન્હુ.

ઈબ્ને હિશામ કહે છે : જંગે-મૂતહના શહીદોમાં મુહંમદ ઈબ્ને શિહાબ ઝુહરીએ જે સહાબાના નામો દર્શાવેલાં છે તે આ છે :

- બનૂ માઝિન બિન નજ્જારમાંથી : (૧) હઝરત અબૂ કુલૈબ બિન અમ્ર બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ. (૨) એમના ભાઈ હઝરત જાબિર બિન અમ્ર બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ.
- બનૂ માલિક બિન અકસીમાંથી : (૧) હઝરત અમ્ર (૨) અને હઝરત આમિર જેઓ સઅદ બિન હારિસ બિન અબ્બાદ બિન સઅદ બિન આમિર બિન સઅલબા બિન માલિક બિન અકસીના પુત્રો છે. રદિયલ્લાહુ અન્હુમા.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ કિલાબ બિન અમ્ર અને હઝરત જાબિર બિન અમ્ર આ બે નામો પણ રિવાયતમાં આવે છે. રદિયલ્લાહુ અન્હુમા.

(નોટ: મુસલમાન શાઈરોએ જંગે-મૂતહમાં બે લાખના કુફ્ફારના લશ્કર પર મળેલી કામયાબીના કસીદા ઉપરાંત જંગમાં શહીદ થયેલા સહાબાના મરસિયા લખેલાં છે. ઈબ્ને હિશામે એ બધાં કાવ્યો એક નોખા પ્રકરણના નવ પાનાંઓમાં ટાંકેલા છે. અમે લંબાણની

૧. એટલે તમે ખોટો કટાક્ષ કરો છો. એ લોકો ભગેડુ નથી બલકે બે લાખના લશ્કર પર ત્રણ હજારની અનમિટ ધાક બેસાડીને આવ્યા છે જે એક તરહની શાનદાર ફતેહ કહેવાય. પીછેહટ એમણે એટલા માટે કરી કે ફરીવાર તક મળતાં પૂરા બળથી દુશ્મન પર તૂટી પડે. એમાંના ૧૫ સો એ ૧ લાખ સાથે ટક્કર લીધી છે અને બાકીના ૧૫ સો એ બીજા એક લાખ સાથે ટક્કર લીધી છે. આવા બહાદુરોને ભગેડુ કેવી રીતે કહી શકાય ? ''હ''

Maktabe Ashraf

બીકે પૂરાં કાવ્યો નહિ ટાંકતાં થોડાક શેઅરો રજૂ કરીએ છીએ. "હ")

હઝરત હસ્સાનના શેઅરો————ઇબ્ને ઇસ્હાક કહે છે : સહાબાએ કિરામમાંથી જંગે-મૂતહના શહીદો પર જે માતમી કાવ્યો રચવામાં આવ્યાં તેમાંથી હઝરત હસ્સાન બિન સાબિતના આ શેઅરો પણ છે:

તઅવ - વબની લયલુન બિ - યસ્રિબ અઅસરુ • વ હમ્મુન ઇઝા મા નવ્વમન્ - નાસુ મુસહિરુ.

યસ્રિબ એટલે મદીનહમાં એક અતિશય કઠિન રાત મુજ પર વીતી ગઇ. એ રાતે દુનિયા ઊંઘની મજા માણતી હતી અને હું મારા એક હબીબની યાદમાં પડખાં પર પડખાં બદલતો હતો.

લિ-ઝિકરી હબીબિન હય્યજત લી અબ્રતન • સફૂહંવ - વ - અસ્બાબુલ - બુકાઇત - તઝ્ઝ -ફુરુ.

અને એ હબીબની યાદમાં આંખોમાંથી વહેનારાં આંસુઓની નદી વહેતી હતી. મારી એ આહો-ઝારીનો સબબ યાદે-હબીબ સિવાય બીજો શો હોય શકે ?

ફલા યુબ - ઇદન - નલ્લાહુ કત્લા તતાબઉ • બિ - મૂતતા મિન્હુમ ઝુલ જનાહૈને જઅફરુ

તો જંગે-મૂતહમાં લગાતાર કતલ થનારા શહીદોને અલ્લાહ તઆલા અમારાથી દૂર ન રાખે જેમાંના એક જઅફર છે જેઓ બે પાંખોવાળા છે.

વ ઝૈદુન - વ - અબ્દુલ-લાહિ હીના તતાબઉ • જમીઅંવ - વ -અસ્બાબુલ - મનિય્યતિ તખતિરુ.

અને તેઓમાંથી ઝૈદ બિન હારિસહ અને અબ્દુલ્લાહ બિન રવાહા છે જેઓ એકી વેળા એક પછી એક રણભૂમિમાં શહીદ થતા રહ્યા જયારે કે મૃત્યુના તમામ સાધનો પોતાની જગાએ કાર્યશીલ હતા.

બુહાલીલુ મિન્હુમ જઅફરુંવ - વબ્નુ - ઉમ્મુહુ • અલીય્યુંવ - વ - મિન્હુમ અહમદલ મુત્ - પૈયિરુ.

એ બનૂ હાશિમના નબીરા, નૂરાની મુખડાવાળા સરદારો છે. તેઓમાં જઅફર અને તેમના હકીકી ભાઇ અલી જેવા વીરનરો છે. અને સૌથી વધીને આ વાત કે તેઓમાં જ અહમદે-મુખ્તાર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ છે; તે અહમદે-મુખ્તાર જેઓ બનૂ હાશિમમાં સૌથી વધારે ચુનંદા સરદાર છે.

વ હમ્ઝતુ વલ અબ્બાસુ મિન્હુમ વ મિન્હુમ • અકીલુંવ વ માઉલ-ઊદ મિન હૈસુ યુઅસરુ.

અને હમ્ઝહ અને અબ્બાસ પણ તેઓમાંથી જ છે. પછી એમનામાંથી અકીલ જેવી હસ્તી પણ છે. બનૂ હાશિમના આ બધા નબીરા, એવા ફળદ્રુપ ઝાડની રસભરી લીલી ડાળીઓ છે જેમાંથી ગમે ત્યાંથી મરજી મુજબનું જીવનનું પાણી નીચોવી લો. (એટલે એમાંનો દરેક જણ ઉદારદિલ છે દાનવીર છે અને સીધા રસ્તાનું માર્ગદર્શન પામેલા ધર્મનેતા છે.)

હુમ અવલિયા - ઉલ્લાહિ અન્ઝલ હુકમહૂ • અલૈહિમ વ ફીહિમ ઝલ-કિતાબિલ-મુતહ-હરુ.

એ બધા અવલિયા-અલ્લાહ એટલે અલ્લાહના ચુનંદા બંદા છે. અલ્લાહ સાથે નિકટના સંબંધથી જોડાયેલા છે. અલ્લાહ તઆલાએ પોતાની હિદાયત એમનામાં જ ઉતારી છે અને વળી પવિત્ર કિતાબ કુર્આને-કરીમ પણ એમનામાં જ મવજૂદ છે. [૧]

હઝરત કઅબના શેઅરો————હઝરત કઅબ બિન માલિકે આ શેઅર કહ્યા :

---

૧. એટલે ઇસ્લામ અને કુર્આન જેવી મહામૂલી નેઅમતો અલ્લાહ તઆલાએ એમના બનૂ હાશિમના ખાનદાનમાં જ ઉતારી છે. "હ"

નામલ-ઉયૂનુ વ દમઉ ઐનિકા યહમલુ • સહહન કમા વકફત - તબાબુલ - મુખ્દલુ.

દુનિયાની આંખો ઊંઘી રહી છે અને તારી આંખોમાંથી આંસુઓની ઝડી એવી રીતે વહી રહી છે જેમ છલોછલ વાદળમાંથી ટીપાંઓની મુશળધાર ઝડી લાગેલી હોય.

ફી લયલતિન વરદત અલય્યા હુમૂમુહા • તયરન અહિન્ન વ તારતન અત-મલમલુ.

એક એવી રાતે, જેમાં દુખો અને યાતનાઓએ મુજ પર ધસારો કરી દીધો છે, કદી ચૂપકે-ચૂપકે રડું છું તો કદી બેચેનીથી પડખાં ફેરવવા લાગું છું.

વજદા અલન નફરલ લઝીન તતાબઉ • યવમન બિ-મૂતતા ઉસનિદૂ લમ યુનકિલૂ.

આ બધી કૈફીયત, તે વીરનરોના રંજોગમ અને વ્યથાને કારણે છે જેઓ, મૂતહની રણભૂમિમાં એક પછી એક લગાતાર શહીદ થઈ ગયા અને તેઓને અહીં પણ લાવી શકાયા નહિ. (શહીદોના નૂરાની મુખડાઓના આખેરી દીદાર પણ નસીબ નહિ થયા.)

સબરૂ બિ-મૂતતા લિલ ઇલાહિ નફૂસહુમ • હઝરર રદય વ મખાફતા અંય-યન્કલૂ.

અલ્લાહના આ વીરનરોએ પોતાની જાતોને અલ્લાહને માટે બાંધી લીધી એવા ડરથી કે, ક્યાંક વિનાશનું મુખ ન જોવું પડે ! અને ક્યાંક ફરારનો રાહ ન ગ્રહણ કરવો પડે !

ફ - તગય - યરલ - કમરુલ-મુનીરુ લ-ફકદ-હૂ • વશ-શમ્સુ કદ કસફત વકાદત તાફિલૂ.

ત્યારે આ શહીદોના ન રહેવાથી આખા જગતને પ્રકાશિત કરનારા ચાંદનો રંગ ઊડી ગયો અને તે સૂર્યને ગ્રહણ લાગી ગયું જે અસ્ત થવાની અણી પર હતો.

સલ્લલ-ઇલાહુ અલૈહિમ મિન ફિત-યતિન • વ સકા ઇઝામુ-હુમુલ-ગમામલ-મુસબિલુ.

અલ્લાહ તઆલા એ નવજવાન વીરનરો પર પોતાની રહમત નાઝિલ કરે ! અને અલ્લાહના રહમતરૂપી વરસાદનું પાણી એમના હાડકાંઓને સયરાબ કરતું રહે !

ઇબ્ને ઇસ્હાક કહે છે : ગઝવએ-મૂતહથી રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જે સહાબા મદીનહ વાપસ પધાર્યા તેઓમાંથી એક મુસલમાન શાઇરે આ શેઅરો કહ્યા :

કફી હુઝનન અન્ની રજઅ-તુ વ જઅફરુન • વ ઝૈદુંવ - વ - અબ્દુલ્લાહિ ફી રમ્સે અકબુરી.

મારા માટે આ દુઃખ શું ઓછું છે કે હું એવી દશાએ પલટીને આવી ગયો કે, ઝૈદ બિન હારિસહ અને અબ્દુલ્લાહ બિન રવાહા મૂતહની ધરતીમાં કબરોની માટી હેઠળ દબાઇને રહી ગયા.

કદવ નહ-બહુમ લમ્મા મદવ લિ-સબીલિ-હિમ • વ ખુલ્લફ-તુ લિલ-બલવા મઅલ-મુતગબ્બરી.

એ વીરનરોએ પોતાની શહાદતના રસ્તા પર ચાલીને પોતાનો હેતુ સાધી લીધો અને હું પરીક્ષા તથા આઝમાઇશ માટે જીવતો રહી ગયો.

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૬

હુદૈબિયહના સુલેહનામાનો ભંગ

(રમઝાન સન ૮ હિજરી)

બનૂબક અને બનૂ ખુઝાઅહમાં ખૂનરેજી • ખૂનરેજીનું કારણ • સુલેહનામાની એક કલમ • બનૂ બકનું ઓચિંતુ આક્રમણ • હરમ કેવું અને ભગવાન કેવા ? • તમીમ બિન અસદના શેઅરો • અહરઝ બિન લુઅતના શેઅરો • બુદૈલના જવાબી શેઅરો • અલ-મદદ ! યા રસૂલલ્લાહ ! • રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ • બુદૈલ દરબારે-નબવીમાં • અબૂ સુફયાનના આગમનની પેશગોઇ • અબૂ સુફયાન મદીનહમાં • અબૂ સુફયાનની હાલહવાલી • હઝરત અલીની સલાહ • કુરૈશની મૂંઝવણ.

Maktabe Ashraf

બનૂબક અને બનૂ ખુઝાઅહમાં ખૂનરેજી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જંગે-મૂતહ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જુમાદલ-આખિર અને રજબમાં મદીનહ મુનવ્વરહમાં બિરાજમાન રહ્યા.

પછી એવું બન્યું કે મક્કહની બાજુમાં વસનારા કબીલાઓમાંથી બનૂબક બિન અબ્દે મનાત બિન કિનાનહના કબીલાએ બનૂ ખુઝાઅહના કબીલા પર ઓચિંતી ચઢાઇ કરી દીધી. આ ચઢાઇ વેળા બનૂ ખુઝાઅહના લોકો મક્કહની નીચાણ ભૂમિના વિસ્તારે આવેલા પોતાના વતીર નામે ઝરણા કે કૂવા પાસે ઊભેલા હતા. [૧]

ખૂનરેજીનું કારણ——————બનૂબક અને બનૂ ખુઝાઅહ વચ્ચે જંગનો દાવાનળ ભભૂકી ઊઠયો તેનું કારણ બાપદાદાથી ચાલ્યું આવતું એક જૂનું વેર હતું. તેનો કિસ્સો એમ છે કે ઇસ્લામના આગમન પહેલાં એટલે જાહિલિયતના જમાનામાં બનૂ હદ્રમી કબીલાનો, માલિક બિન અબ્બાદ નામે એક સોદાગર, બનૂબક કબીલાના સરદાર અસવદ બિન રઝન દયલી સાથે દોસ્તીના કરારોથી જોડાયેલો હતો. એક વેળા માલિક બિન અબ્બાદ વેપાર અર્થે પોતાનો માલસામાન લઇને અસવદ બિન રઝનના કબીલા બનૂબક તરફ જવા રવાના થયો. બનૂબક અને બનૂ ખુઝાઅહના કબીલા મક્કહની બાજુના વિસ્તારમાં વસેલા હતા. જ્યારે આ સોદાગર બનૂ ખુઝાઅહ

૧. હુદૈબિયહના સુલેહનામાની એક કલમને આધારે બનૂબકનો કબીલો કુરૈશ સાથે અને બનૂ ખુઝાઅહનો કબીલો મુસલમાનો સાથે જોડાઇ ગયો હતો. વાંચકને યાદ હશે કે બનૂ ખુઝાઅહના સરદાર બુદૈલ બિન વરકા સાહેબ વચ્ચે પડીને સુલેહ કરાવવા માટે કુરૈશ પાસે ગયા હતા પણ કુરૈશી અગ્રેસરોએ એમને માથે મુસલમાનોની તરફદારીનો આક્ષેપ મૂકીને એમને ધૂતકારી કાઢ્યા હતા કે, તમારા જેવા અરબોએ આ મામલામાં માથું મારવાની જરૂર નથી ! સુલેહનામાના લખાણ વેળા બનૂબકનો કબીલો કુરૈશ પક્ષે અને બનૂ ખુઝાઅહનો કબીલો મુસ્લિમ પક્ષે વિધિસર જોડાઇ ગયો હતો. ''હ''

કબીલાની વસતિ પાસેથી પસાર થવા લાગ્યો તો બનૂ ખુઝાઅહના લોકોએ એને મારી નાખ્યો અને એનો માલસામાન પણ લૂંટી લીધો.

માલિક બિન અબ્બાદ સોદાગરનું ખૂન થતાં બનૂબક્રના સરદાર અસવદ બિન રઝનના માણસોએ બનૂ ખુઝાઅહના એક માણસને ખૂનના વેર તરીકે મારી નાખ્યો. આ રીતે બંને કબીલા વચ્ચે દુશ્મનીનું બી રોપાયું અને વરસો સુધી વેર-પ્રતિવેરનું ચક્કર ચાલતું રહ્યું.

એ પછી ઇસ્લામના આગમનના કંઈક પહેલાં એવું બન્યું કે બનૂ ખુઝાઅહના લોકોએ વેરના પ્રતિવેર તરીકે બનૂબક્રના સરદાર અસવદ બિન રઝન દયલીના ત્રણ જુવાનજોધ પુત્રોને મારી નાખ્યા. એ પુત્રોના નામ અસલમી, કુલસૂમ અને ઝુવૈબ હતાં. ત્રણે નવયુવકો પોતાના કબીલાના નાકના બાલ જેવા હતા એટલે ઊંચા ખાનદાનના, આબરૂદાર અને શરીફ યુવકો હતા. મક્કહના હરમની સરહદે આવેલા અરફાત નામના સ્થળે એ ત્રણે યુવકોને કતલ કરી નાખવામાં આવ્યા. આ સ્થળે હરમની હદની નિશાનીનો પથ્થર ગોઠવેલો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને બનૂ દયલ કબીલાના [1] એક મોવડીએ કહ્યું કે, બનૂબક્રના સરદાર અસવદ બિન રઝનના કુટુંબને જાહિલિયતના જમાનામાં બમણી દિયત (ખૂનની બમણી કિંમત) ચૂકવવાનો રિવાજ હતો. જ્યારે અમારા બનૂ દયલ કબીલાને એક જ દિયત વસૂલ કરવાનો અધિકાર મળેલો હતો. કારણ આ હતું કે અસવદ બિન રઝનનો કબીલો અમારા કબીલા કરતાં ઊંચો અને વધારે આબરૂદાર ગણાતો હતો.

સુલેહનામાની એક કલમ————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂબક્ર અને બનૂ ખુઝાઅહ વચ્ચે ખૂની હરીફાઈની પરંપરા ચાલુ જ હતી ત્યાં જ ઇસ્લામી સૂર્યનો ઉદય થયો અને તે આ બંને હરીફો વચ્ચે આવીને આડખીલી બની ગયો. હવે લોકો પરસ્પરના વિખવાદો તરફ ઝાઝું ધ્યાન આપવાને બદલે ઇસ્લામ તરફ વધુ ધ્યાન આપવા લાગી ગયા. [2]

પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને કુરૈશ વચ્ચે હુદૈબિયહની સુલેહનું કરારનામું થયું તો બંને પક્ષની સંમતિથી જે શરતો નક્કી થઈ તેમાં એક શરત આ હતી :

> "જે વ્યક્તિ કે જે કબીલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પક્ષ સાથે જોડાવા માગે તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પક્ષ સાથે જોડાઈ જાય અને જે કબીલો કુરૈશના પક્ષે જોડાવા માગે તે કુરૈશ સાથે જોડાઈ જાય.

આ શરતને આધારે એજ વેળા બનૂબક્રનો કબીલો ખુલ્લેઆમ કુરૈશ સાથે જોડાઈ ગયો અને બનૂ ખુઝાઅહનો કબીલો ખુલ્લેઆમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પક્ષ સાથે જોડાઈ ગયો.

બનૂબક્રનું ઓચિંતું આક્રમણ————ઇબ્ને ઇસ્હાક કહે છે : સુલેહનામાની શરતને આધારે બનૂબક્રનો કબીલો કુરૈશ સાથે જોડાઈ ગયો હોવાથી તેઓને કુરૈશની પૂરી સહાનુભૂતિ સાથે કુરૈશના સંપૂર્ણ આશીર્વાદ મળી જવા પામ્યા. બનૂબક્રમાંથી બનૂ દયલ કબીલાના લોકોને જ્યારે કુરૈશના સંપૂર્ણ સાથસહકારની ખાતરી થઈ ગઈ તો તેઓએ આ તક ઝડપી લઈને બનૂ ખુઝાઅહ પાસેથી વેરની વસૂલાત લેવાનું નક્કી કર્યું. બનૂ ખુઝાઅહએ

---

૧. આ શબ્દનો ઉચ્ચાર ઇબ્ને હિશામમાં દયલ અથવા દૈલ છે. એ અરબના એક કબીલાનું નામ છે. "અસિહ-હુસ-સિયર" નામના ગ્રંથમાં એનો ઉચ્ચાર દીલ અને દુઅલ તરીકે થયો છે અને લખ્યું છે કે એનો ખરો ઉચ્ચાર "દીલ" છે. "હ"

૨. એટલે કેટલાક લોકો ઇસ્લામ કબૂલ કરવા લાગ્યા અને કેટલાક લોકો ઇસ્લામને જળમૂળથી ઉખેડી નાખવાની પેરવીમાં પડી ગયા "હ"

અસવદ બિન રઝન દયલીના કુટુંબના ત્રણ જુવાનજોધ છોકરાઓને મારી નાખ્યા હતા.

તે વેળા બનૂ દયલ કબીલાનો સરદાર નવફલ બિન મુઆવિયા દયલી નામે ગૃહસ્થ હતો. પણ તેના બનૂબક્ર કબીલાના માણસો તેના કહ્યામાં કે તેના હુકમને તાબે ન હતા. આથી તેણે પોતાના દયલ કબીલાના માણસોનું જૂથ તૈયાર કર્યું અને તક ઝડપી લઈને બનૂ ખુઝાઅહના લોકો પર ઓચિંતો છાપો માર્યો. તે વેળા બનૂ ખુઝાઅહના લોકો પોતાના વતીર નામે ઝરણા કે કૂવા પાસે ભેગા થઈને પોતાના કામમાં લાગેલા હતા. ઓચિંતા છાપાથી લોકોમાં નાસભાગ મચી રહી. ગભરાટમાં બનૂ ખુઝાઅહનો એક માણસ તેઓના ઘેરામાં આવી ગયો. તેને પકડી લઈને આ લોકોએ તેને કતલ કરી નાખ્યો. બીજા લોકો જાન બચાવવા પોતાની વસતિ તરફ નાસી રહ્યા હતા. આ લોકો તેઓની પૂઠે દોડયા અને તેઓને પકડી પાડીને મારવા-કાપવા લાગી ગયા.

આ તરફ કુરૈશને ખબર પડતાં તેઓએ તાબડતોડ કેટલાંક હથિયારો અને બીજી સામગ્રીની મદદ બનૂબક્રને મોકલાવી આપી. એટલું જ નહિ, રાત પડતાં કેટલાક કુરૈશીઓએ છુપી રીતે બનૂબક્ર સાથે મળીને આ ખૂનરેઝીમાં ભાગ પણ લીધો [1] અને બનૂ ખુઝાઅહને મારતા-કાપતા હરમની હદ સુધી ધકેલી દીધા. બનૂ ખુઝાઅહ પોતે પણ જાનો બચાવવા હરમ તરફ ભાગી રહ્યા હતા. (કેમકે હરમની પાક ભૂમિમાં ખૂનરેઝી તમામ અરબો કને મુત્લક હરામ લેખાતી હતી અને જે હરમમાં દાખલ થઈ ગયો તે સુરક્ષિત થઈ ગયો. આ કારણે બનૂ ખુઝાઅહના લોકો જાનો બચાવવા આંધાધૂંધ હરમ તરફ દોડી રહ્યા હતા.)

હરમ કેવું અને ભગવાન કેવા ?————જયારે બનૂ ખુઝાઅહના લોકો હરમની પવિત્ર ભૂમિમાં પ્રવેશી ગયા તો બનૂબક્રના લોકો ત્યાં જ થંભી ગયા. તેઓએ પોતાના સરદારને કહ્યું, "હે નવફલ . આપણે તો હરમની ધરતી પર આવી ગયા. હવે તમે જાણો અને તમારો ભગવાન જાણે !"

આ સાંભળીને ગુસ્સાથી પાગલ બનેલો નવફલ બિન મુઆવિયા તડૂકી ઊઠયો, "હે લોકો ! આજે હરમ કેવું અને ભગવાન કેવા ? તમે મન મૂકીને તમારા ખૂનની-કિંમત વસૂલ કરો. ધરાઈને ખૂનીઓ પાસેથી વેર લો અને સાંભળો, તમે હરમમાં ચોરીઓ કરવાથી અચકાતા નથી તો પછી વેર લેવામાં કેમ ઢચુપચુ છો ?"

જો કે આથી પહેલાં બનૂબક્રના લોકો વેરની વસૂલાત તરીકે બનૂ ખુઝાઅહના મુનબ્બેહ નામે માણસને વતીરના ઝરણા પાસે ઘેરીને કતલ કરી ચૂકયા હતા છતાં તેઓના વેરનો અગ્નિ શમ્યો ન હતો, બલકે ઓરભી ભભૂકી ઊઠયો હતો. ખરૂં જોતાં મુનબ્બેહ એક કમજોર દિલનો બુઝદિલ માણસ હતો. કતલ વેળા તમીમ બિન અસદ નામે તેનો એક મિત્ર તેના સંગાતે હતો. ભાગદોડમાં મુનબ્બેહએ તેને કહ્યું હતું :

"તમીમ ! તું તારી જાન બચાવી લેજે. મારી ચિન્તા ના કરજે. હું તો મરી પરવારેલો માણસ છું. તેઓ મને મારી નાખે કે જીવતો છોડી દે, કશો ફરક પડવાનો નથી. મારે જીવીને શું કરવું ? બસ કૌમની કફોડી દશા જોઈને મારૂં દિલ તૂટી ગયું છે !"

છેવટે તમીમ બિન અસદ તેને છોડીને પોતાની જાન બચાવવા નાસી ગયો અને બનૂબક્રના લોકોએ મુનબ્બેહને ઘેરી લઈને કતલ કરી નાખ્યો હતો.

બનૂ ખુઝાઅહના લોકો હરમની પાક ભૂમિમાં દાખલ થતાં જ જીવ લઈને મક્કાહ તરફ નાઠા અને ત્યાં

---

૧. કુરૈશના અગ્રેસરોમાંથી ઇકરિમહ બિન અબૂ જહલ, સફવાન બિન ઉમૈયહ, સુહૈલ બિન અમ્ર વગેરે રાત્રે વેશ બદલીને બનૂબક્રની મદદે પહોંચી ગયા અને બનૂ ખુઝાઅહ પર તલવારોથી તૂટી પડયા. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૧૦) "હ"

પહોંચીને બુદૈલ બિન વરકા તથા તેના આઝાદ ગુલામ રાફિઅના ઘરોમાં આસરો લેવા ભરાઈ ગયા.

(નોટ : મરનાર મુનબ્બેહનો મિત્ર તમીમ બિન અસદ એક શાઈર ગૃહસ્થ હતો. ઈબ્ને હિશામે તેના કેટલાક શેઅરો અહીં ટાંકેલા છે જે તેણે પોતાના મિત્રને છોડીને ફરાર થવા અંગે કહ્યા છે જેમાં તેણે પોતાના ફરાર થતી વેળાનો ચિતાર દર્શાવ્યો છે. થોડાક શેઅરો અહીં રજૂ કરીએ છીએ.)

તમીમ બિન અસદના શેઅરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : તમીમ બિન અસદે પોતાના મિત્ર મુનબ્બેહને છોડીને ફરાર થઈ જવાને લગતા શેઅરો કહયા છે આ પ્રમાણે :

વ નશીતુ રીહલ-મવતિ મિન તિલ્કા - ઈહિમ • વ રિહિબ્તુ વકઅ મુહન-નિદ્દિન કદાબિ.

જયારે મેં તેઓ તરફથી એટલે બનૂબક્ર તરફથી મૃત્યુની ગંધ સૂંઘી લીધી તો કાપી નાખનાર હિન્દી તલવારના વારની મુજ પર દહેશત છવાઈ ગઈ——

વ અરફ-તુ અમ-ય-યસ્કુફૂ-હુ તૈરફૂ • લહમન લિ-મુજરિ-ચતિન વ શિલ્વ ગુરાબિ.

અને જયારે મને થયું કે જે માણસ એમના હથ્થે ચઢી જશે તે બચીને જઈ શકવાનો નથી અને એ લોકો તેને કાપીને, સિંહણ તથા તેના બાળકો માટે ઉજાણીનો ખોરાક બનાવી લેશે. એવો ખોરાક કે જેનું બચેલું-ખુચેલું બાદમાં કાગડાઓની ઉજાણી બની જશે——

કવ્વમ્ - તુ રિજલન લા અખાફુ ઈસારહા • વ તરિહ - તુ બિલ મત્નીલ - અરાએ સિયાબી.

તો (આ દ્રશ્યો અને દશા જોઈને) મેં મારા ટાંટિયા સીધા કરી લીધા; એવી રીતે કે ઠોકર ખાવાનો પણ મને ડર નહિ રહ્યો. પછી મેં મારાં કપડાં એજ નગ્ન ધરતી પર ફગોટી દીધાં.

વ નજવ-તુ લા યન્જૂ નજાઈ અહ-કતુન • ઈલ્જુન અકબ્બુ મુશહ - હિરલ અકરાબિ.

પછી ગબડી મારીને મેં મારી જાન બચાવી લીધી. જાન બચાવવા માટે જેવી ગબડી મેં મારી તેવી ગબડી તો ખાલી પેટનો જંગલી ગધેડો પણ મારી શકતો નથી.

અલ કવમુ અઅલમુ મા તરક-તુ મુનબ્બેહન • અન તીબે નફસિન ફસઅલી અસ્હાબી.

અમારા માણસો સારી રીતે જાણે છે કે મેં મુનબ્બેહને રાજીખુશીથી છોડયો ન હતો. જાણવું હોય તો મારા સાથીઓને પૂછી લો.

અહરઝ બિન લુઅતના શેઅરો————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂબક્ર કબીલાનો શાઈર અહરઝ બિન લુઅત દયલી આ જંગ બાબતે ગર્વ લેતાં કહે છે :

હસબ્ના હુમ ફી દારતિલ - અબ્દે રાફિઈન • વ ઈન્દ બુદૈલિ મહબિસન્ ગયરા તાઈલિ.

તેઓને એટલે બનૂ ખુઝાઅહના લોકોને અમે મારી-મારીને, બુદૈલ બિન વરકા તથા તેના ગુલામ રાફિઅના ઘરમાં કેદ કરીને છેક લાચાર બનાવી દીધા :

બિ-દારિઝ - ઝલીલિલ આખિઝિદ - દીમે બઅદ મા • શફૈનન નફૂસા મિન્હુમ બિલ મનાસિલિ.

એવા તુચ્છ અને નીચ માણસના ઘરમાં કેદ કરી દીધા જે અપમાન અને ઝુલમ જેવા હલકટ કૃત્યોને

હોંસે-હોંસે વેઠી લે છે. આ બધું અમે ત્યારે કર્યું જ્યારે તલવારોથી અમે અમારા દિલોની પ્યાસ બુઝાવી લીધી.

નુઝબ-બહુહુમ ઝબ્હત તુયૂસે કઅન-નના • ઉસૂદુન તબારી ફીહિમ બિલ કવાસિલિ.

અમે તેઓને એવી રીતે ઝબહ કરી રહ્યા હતા જેવી રીતે મેંઢાને ઝબહ કરવામાં આવે છે. જાણે કે અમે એવા સિંહો હતા જેઓ પોતાના દાંતોથી તેઓને ચીરીફાડી રહ્યા હતા.

હુમ ઝલમૂના વબ-તદવ ફી મસીરેહિમ • વ કાનૂ લદલ અન્સાબે અવ્વલા કાતિલિ.

તેઓએ અમારા પર ઝુલ્મ ગુજાર્યો હતો. રસ્તામાં અમારા પર તૂટી પડયા હતા. હરમના નિશાન કરેલા પથ્થર પાસે કતલ કરવામાં તેઓના માણસે પહેલ કરી હતી.

બુદૈલના જવાબી શેઅરો————અહરઝ શાઈરનો જવાબ બુદૈલ બિન અબ્દે મનાત બિન સલિમહ બિન અમ્ર બિન અજબ્બ નામે શાઈરે આ રીતે આપ્યો છે.

તફાકદા કવમુન યફ-ખરૂન વલમ નદઉ • લહુમ સૈયિદા યન્દૂ હુમ ગયર નાફિલિ.

જે લોકો અભિમાનનું પ્રદર્શન કરી રહ્યા છે તેઓ એકબીજાને ગુમાવી બેઠા છે અને અમે નવફલ સિવાય તેઓના એક પણ સરદારને જીવતો નથી છોડયો; જે તેઓને બોલાવીને મજલિસો ગોઠવી શકે.

અમિન ખીફતિલ-કવમિલ-ઉલા તઝ-દરૈહિમ • તુજીઝલ વતીર ખાઈફન ગયર આઈલિ.

અમારી કૌમની એટલી ધાક છે કે, શું તમે અમારા વતીર ઝરણા પાસેથી નિર્ભય રીતે પસાર થઈ શકો છો ? અગર પસાર થશો તો ડરતા-કાંપતા પસાર થઈ શકશો અને પસાર થવા પછી જીવતા પાછા ફરવાના નથી. ત્યારે શું એવી કૌમને તમે હલકટ સમજી રહ્યા છો ?

વ ફી કુલ્લ યવમિન નહનુ નહબૂ હિબાઅના • લ-અકલિન વલા યુહયા લના ફિલ-મઆકિલિ.

અમે તો રોજ કોઈ ન કોઈ દિયત ચૂકવતા રહીએ છીએ. (કેમકે કોઈનું ખૂન કરીએ છીએ તો તેની કિંમત પણ ચૂકવી દઈએ છીએ) પણ આમ બનતું નથી કે અમને દિયત ચૂકવવામાં આવે ! (કેમકે અમારા માણસને કોઈ મારી શકતું નથી.)

વ નહનુ સબહ-ના બિલ-કલાઅતિ દારિકુમ • બિ-અસ્યા-ફિના યસબિકના લવમલ-અવાઝિલિ.

અમે બનૂ કિનાનહના કલાઅહ નામે ઝરણા પાસે પ્રભાત થતાં જ તમારા ઘરો પર તૂટી પડીએ છીએ. અમારા હાથોમાં તલવારો હોય છે જે ઠપકો આપનારી સ્ત્રીઓની લેશ પણ પરવા કરતી નથી.

કઝબ-તુમ વ બૈતિલ્લાહિ મા ઈન કતલ-તુમ • વલાકિન તરક-ના અમ્રકુમ ફી બલાબિલિ.

બૈતુલ્લાહના સોગંદ ! તમે જૂઠું બોલો છો.........બાબત એમ છે કે જ્યારે ય તમે અમારી સાથે આથડયા છો તો અમે તમને મુસીબતમાં નાખી દીધા છે.

"અલ-મદદ ! યા રસૂલલ્લાહ !"————ઈબ્ને ઈસ્હાક કહે છે : સારાંશ કે બનૂબક અને કુરૈશે સાથે મળીને બનૂ ખુઝાઅહ પર કાળો કહેર વર્તાવી દીધો અને તેઓના ઘણા માણસોને મોતને ઘાટ ઉતારી દીધા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરેલા તે સુલેહનામાના ધજાગરા ઉડાવી દીધા જેમાં બનૂ ખુઝાઅહનો કબીલો પણ શામિલ હતો તો, બનૂ ખુઝાઅહના એક જાણીતા શાઈર જેમનું નામ અમ્ર બિન

Maktabe Ashraf

સાલિમ ખુઝાઈ હતું, બનૂ કઅબ કબીલાના એક અગ્રેસરને સાથે લઈને મક્કહથી રવાના થયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં ધા નાખવા મદીનહ પહોંચી ગયા.[1]

બસ એજ તે બનાવ છે જે ફત્હે-મક્કહનો સબબ બની ગયો.

બનૂ ખુઝાઅહના શાઈર અમ્ર બિન સાલિમ ખુઝાઈ પોતાના સાથી સાથે મદીનહ પહોંચ્યા તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મસ્જિદમાં પોતાના સહાબાની મજલિસમાં બિરાજમાન હતા. અમ્ર બિન સાલિમ પોતાના સાથી સાથે મસ્જિદમાં દાખલ થયા. સલામ કરીને આપની મજલિસમાં અદબથી બેસી ગયા અને પોતાની ફરિયાદ, દર્દનાક શેઅરોમાં, આપના દરબારમાં આ રીતે રજૂ કરી :

યા રબ્બે ઇન્ની નાશિદુન મુહમ્મદન • હિલ્ફ અબીના વ અબીહિલ-અત્લદા.

હે અમારા પાલનહાર ! હે અલ્લાહ ! હું મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અમારા બાપ અને એમના બાપ અબ્દુલ-મુત્તલિબનો જૂનો કરાર યાદ અપાવવા હાજર થયો છું. (ઇસ્લામ પહેલાં જાહિલિયતના યુગમાં બનૂ ખુઝાઅહનો કબીલો અને અબ્દુલ-મુત્તલિબનો કબીલો આપસમાં દોસ્તીના કરારોથી જોડાયેલો હતો. એજ કારણે "સુલ્હે-હુદૈબિયહ" પ્રસંગે બનૂ ખુઝાઅહના લોકો મુસલમાનોના પક્ષે જોડાઈ ગયા હતા.)

કદ કુન્તુમ વુલ્દંવ વ કુન્ના વાલિદન • સુમ્મતા અસ્લમના ફલમ નન-ઝિઅ યદા.

હે મુહંમદ ! અને હે આલે-મુહંમદ ! તમે બધા અમારા જ વંશમાંથી છો. અમે તમારા બાપાઓ જેવા છીએ અને તમે અમારાં સંતાનો જેવા છો. કેમકે અબ્દે મનાફની મા ખુઝાઅહ કબીલામાંથી હતી. એટલે જ તો અમે સુલ્હે-હુદૈબિયહ પ્રસંગે આપના પક્ષે જોડાઈ ગયા. અને આપની સાથે સુલેહ કરી લેવામાં અમે અમારો હાથ ખેંચી નહિ લીધો અને અમે હમેશા આપના તાબેદાર અને વફાદાર રહ્યા છીએ. માટે આશા છે કે આપ જરૂર અમારી મદદ ફરમાવશો.

ફન્સુર હદાકલ-લાહિ નસરન અઅતદા • વદ-ઉ ઇબાદલ-લાહિ યઅતવ મદદા.

તો અલ્લાહ આપનું માર્ગદર્શન કરે ! આપ બનતી ઉતાવળે-તુરંત અમારી મદદ ફરમાવો અને અલ્લાહના બંદાઓને બોલાવો કે તેઓ અમારી કુમક માટે હાજર થઈ જાય !

ફીહિમ રસૂલુલ - લાહિ કદ તજર - રદા • ઇન સીમા ખસ્ફન વજહુ-હૂ તરબ - બદા.

અલ્લાહના આ બંદાઓમાં અલ્લાહના રસૂલ બિરાજમાન છે જેઓ પોતાનું આગવું, નોખું, નૂરાની અને તેજસ્વી વ્યકિતત્વ ધરાવે છે. જયારે આપને ખોટી રીતે દબાણનો નિશાનો બનાવવામાં આવે તો આપના નૂરાની ચેહરાનો રંગ બદલાઈ જાય છે. (ખોટી રીતે કે અન્યાયી રીતે કોઈ આપને દબાવી શકતું નથી. તે વેળા આપને ગુસ્સો આવી જાય છે.)

ફી ફય-લકિન કલ બહરે યજરી મુઝબિદા • ઇન્ન કુરૈશન અખ્લફૂ - કલ - મવઇદા.

એવા સમયે (એટલે ખોટા દબાણ કે અન્યાયને પ્રસંગે) આપ પોતાના વિરાટ સૈન્યને લઈને, ફીણો

---

૧. બીજી રિવાયત મુજબ બનૂ ખુઝાઅહના શાઈર અમ્ર બિન સાલિમની નેતાગીરી હેઠળ બનૂ ખુઝાઅહ કબીલાના ૪૦ સાંઢણી સવારો હતા. બધા સાંઢણી સવારીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં ધા નાખવા મદીનહ પહોંચી ગયા હતા. (સીરતુન-નબી જિ.૧ પા ૫૧૦) "હ"

Maktabe Ashraf

ઉછાળતા સમુદ્ર પેઠે મેદાને નીકળી આવે છે. અરેખર કુરૈશના લોકોએ આપની સાથે સુલેહ-ભંગ કર્યો છે.

વ નકઝૂ મીસાક-કલ મુઅક - કદા • વ જઅલૂ ઈલા ફી કદાઈન રુસ-સદા.

તેઓએ પાકે પાયે થયેલું કરારનામું તોડી નાખ્યું છે અને "કદાઅ" સ્થળે લોકોને અમારા ઘાત માટે ઘાતમાં બેસાડી દીધા છે. [૧]

વ ઝઅમૂ અન લસ્તુ અદ્ઊ અહદા • વ હુમ અઝલ્લુ વ અકલ્લુ અદ્દા.

લોકોને ઘાતમાં બેસાડીને તેઓએ માની લીધું કે હું મારી મદદ માટે કોઈને બોલાવી શકવાનો નથી; જ્યારે કે તેઓની ખુદની આ દશા છે કે તેઓ છેક હલકટ અને સંખ્યામાં પણ છેક ઓછા છે.

હુમ બય-યતૂના બિલ વતીરે હુજ-જદા • વ કત-તલૂના રુક-કઅન સુજ-જદા.

તેઓએ "વતીર" સ્થળે અમારા ઉપર છાપો માર્યો જ્યારે કે અમે ઊંઘમાં પડેલા હતા. અને તેઓએ અમને કતલ કર્યા રૂકૂઅ તથા સિજ્દાની હાલતમાં. (એટલે તેઓએ અમારી કત્લે-આમ એટલા માટે કરી કે અમે મુસલમાન બની ગયા હતા.અને કત્લે-આમ પણ બાયલાઓ પેઠે અમારી બે-ખબરીની હાલતમાં કરી.)

રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ————ઈબ્ને હિશામ કહે છે : ઉપરનો ત્રીજો શેઅર એક રિવાયત મુજબ આ પ્રમાણે છે : "ફન્સુર-ના હદાકલ્લાહુ નસરન ઐયદા." એટલે અલ્લાહ આપનું માર્ગદર્શન કરે, આપ અમારી એવી મદદ ફરમાવો જે નક્કર અને ઠોસ હોય.

ઈબ્ને હિશામ વધુમાં ઉમેરે છે : ઉપરનો બીજો શેઅર એક રિવાયત મુજબ આ પ્રમાણે છે : "નહનુ વલદનાક ફ-કુન્તુ વલદા." એટલે અમે આપને જણેલા છે જેથી આપ અમારી અવલાદ છો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ ખુઝાઅહના શાઈર અમ્ર બિન સાલિમની ફરિયાદના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "નુસિરતા યા અમ્રિબ્ને સાલિમિન." હે સાલિમના બેટા અમ્ર! જરૂર તમારી મદદ કરવામાં આવશે.

એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે આકાશ પર વાદળનો એક ટુકડો પ્રગટ થયો. તેને જોઈને આપે ફરમાવ્યું, "ઈન્ન હાઝિહિસ-સહાબહ લતસ-તહિલ્લ બિ-નસ્રે બની કઅબ." અર્થાત: આ વાદળ છે એ બનૂ કઅબની મદદનો વરસાદ વરસાવશે. (બનૂ કઅબ બનૂ ખુઝાઅહની એક શાખ.)

બુદૈલ દરબારે-નબવીમાં————એ પછી બનૂ ખુઝાઅહના સરદાર બુદૈલ બિન વરકા, ખુઝાઈઓની એક જમાઅત લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. તેમણે દગાબાજ દુશ્મનોને હાથે બનૂ ખુઝાઅહને કેવું-કેવું વેઠવું પડ્યું અને કુરૈશે પર્દામાં રહીને કઈ-કઈ રીતે બનૂબકની મદદ કરી તેની પ્રમાણભૂત વિગતોથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માહિતગાર કર્યા. એ પછી બુદૈલ બિન વરકા પોતાના સાથીઓ સાથે મક્કહ તરફ રવાના થઈ ગયા. [૨]

---

૧. કદાઅ : મક્કહની ઊંચાણ ભૂમિએ આવેલું એક સ્થળ.

૨. હઝરત બુદૈલ બિન વરકા મુસલમાન બની ગયા હતા. પણ ફત્હે-મક્કહ પહેલાં કે તે પછી તે અંગે મતભેદ છે. વળી અમ્ર બિન સાલિમના શેઅરોથી તેમના પોતાના મુસલમાન હોવાની પણ સાબિતી મળે છે. એ બંને માનવંતા ગૃહસ્થોની ગણના રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાં થાય છે. હુદૈબિયહના સુલેહનામા પછી ખુઝાઅહનો મોટો ભાગ મુસલમાન બની ગયો હતો. એક તો પાડોશી કબીલો પોતાના દુશ્મન સાથે જોડાઈ ગયો. બીજુ મુસલમાન પણ બની ગયો જેને કુરૈશના લોકો બરદાશ્ત નહિ કરી શકયા. દરિયામાં રહીને મગર સાથે વેર રાખવા જેવી વાત હતી જેથી કુરૈશે બનૂબક સાથે મળીને તેઓની કત્લેઆમ ચલાવી દીધી. "હ"

Maktabe Ashraf

અબૂ સુફયાનના આગમનની પેશગોઈ———બુદૈલ અને તેમના સાથીઓ મદીનહથી રવાના થયા કે એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાઓને ફરમાવ્યું:

"હે મુસલમાનો ! જાણી લો કે મક્કહથી અબૂ સુફયાન તમારી પાસે આવવાની તૈયારીમાં છે. તે સુલેહનામાને વધારે પાકું અને તેની મુદ્દતમાં વધારો કરવાની દરખાસ્ત લઈને આવી રહ્યો છે."

બુદૈલ બિન વરકા પોતાના સાથીઓ સાથે મદીનહથી નીકળીને મક્કહને રસ્તે પડી ગયા. જ્યારે એ લોકો ચાલતાં-ચાલતાં ઉસ્ફાન સ્થળે પહોંચી ગયા તો કુરૈશી સરદાર અબૂ સુફયાન બિન હર્બ મક્કહની દિશાએથી આવી રહેલો દેખાયો. તે કુરૈશનો એલચી બનીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં એવા હેતુએ જઈ રહ્યો હતો કે હુદૈબિયહનું સુલેહનામું એકદમ પાકું કરાવીને તેની મુદ્દતમાં વધારો કરાવી લેવામાં આવે. કેમકે તેઓએ જે મૂર્ખાઈ ભરેલી અવળચંડાઈ કરી હતી તેના ભયથી ફફડી રહ્યા હતા.

બુદૈલને જોતાં જ અબૂ સુફયાને પૂછ્યું, "કેમ ભાઈ ! ક્યાંથી આવી રહ્યા છો ?"

અબૂ સુફયાનનું માનવું હતું કે બુદૈલ બિન વરકા નક્કી મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળીને આવી રહ્યો છે.

બુદૈલે ઉડાવ જવાબ આપતાં કહ્યું, "બસ જરા ખીણની તે તરફના કાંઠે જંગલની સહેલ માણવા ગયા હતા."

"અવ મા જિઅતા મુહમ્મદન ?"શું તમે મુહંમદને મળવા નહિ ગયા હતા ?" અબૂ સુફયાને અધીરાઈથી પૂછ્યું.

"ના રે, નહિજી......!"બુદૈલે નકારમાં જવાબ આપીને મક્કહ તરફ હંકારી મૂક્યું.

અબૂ સુફયાનને જાણવાની ચટપટી લાગી હતી. તેણે મનમાં કહ્યું, "અગર બુદૈલ મદીનહ ગયો હશે તો જરૂર તેણે પોતાના ઊંટને મદીનહની ખજૂરના ઠળિયા ખવાડયા હશે !"

જ્યારે તે બુદૈલના ઊંટની બેઠકે પહોંચ્યો તો લીંડીઓને તોડીને જોતાં તેમાંથી મદીનહની ખૂજરના ઠળિયા નીકળી આવ્યા.

મનોમન બબડયો, "કસમ ખાઈને કહું છું, બુદૈલ મુહંમદને મળીને જઈ રહ્યો છે."

ગુજરાતી સંપાદકની નોંધ :———અલ્લામા ઈબ્ને હિશામની કિતાબમાં અત્રે એક મહત્વના બનાવની નોંધ લેવાનું રહી ગયું છે. તે બનાવ આ છે કે અબૂ સુફયાનના મદીનહ આવવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ ખુઝાઅહના શાઈર અમ્ર બિન સાલિમના મુખે બનૂ ખુઝાઅહના 'દુખોની દર્દનાક દાસ્તાન સાંભળીને ફરમાવ્યું હતું, "નુસિરતા યા અમ્રિબ્ને સાલિમ !" એટલે હે સાલિમના બેટા અમ્ર! તમારી મદદ કરવામાં આવશે.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના એલચી હઝરત દમ્રહ રદિયલ્લાહુ અન્હુને ત્રણ વાતોનો સંદેશો આપીને મક્કહ મોકલ્યા હતા અને ફરમાવ્યું હતું કે એમાંની કોઈ એક વાતનો સ્વીકાર કરી લેવામાં આવે :

Maktabe Ashraf

૧———— ખુઝાઅહના લોકોને તેઓના મકતૂલોની દિયત ચૂકવવામાં આવે !

૨———— કુરૈશના લોકો બનૂબક્રના પક્ષથી અલગ થઇ જવાની જાહેરાત કરે !

૩———— અથવા હુદૈબિયહનું કરારનામું તૂટી ગયાની જાહેરાત કરવામાં આવે !

હઝરત દમ્રહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એલચી તરીકે મક્કહ પહોંચીને આપનો આ સંદેશો કુરૈશને પહોંચાડી દીધો. કુરૈશી અગ્રેસરોના પ્રતિનિધિ તરીક કિર્તહ બિન ઉમર નામના મોવડીએ જવાબમાં હઝરત દમ્રહને કહી દીધું, ''બસ ફકત ત્રીજી વાત અમને કબૂલ છે.''

ઢંગડી ખરી પેઠે આ વટભર્યો જવાબ આપી તો દીધો પણ હઝરત દમ્રહના જવા પાછી કુરૈશને પોતાની ભૂલ કે બેવકૂફીનું ભાન થતાં ખુબ પસ્તાવો થયો ત્યારે તાબડતોડ તેઓએ અબૂ સુફયાનને વાટાઘાટ માટે મદીનહ દોડાવી દીધો; એવા હેતુએ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળીને સુલેહનામું પાકું કરાવી લે અને તેની મુદ્દત પણ વધારી દેવામાં આવે. (સીરતુન-નબી જિલ્દ ૧ પાનું ૫૧૦ હવાલો ઝુરકાની જિ.૨ પા. ૩૩૬) ગુજરાતી સંપાદકની નોંધ પૂરી થઇ.

અબૂ સુફયાન મદીનહમાં————ઇબ્ને ઈસ્હાક કહે છે : ઉસ્ફાનથી રવાના થઈને અબૂ સુફયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા મદીનહ પહોંચી ગયો.

મદીનહ પહોંચીને સૌથી પહેલાં તે પોતાની બેટી હઝરત ઉમ્મે હબીબહ રદિયલ્લાહુ અન્હાના ઘરે ગયો જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હતાં અને દુનિયાભરના મુસલમાનોના માનવંતા અમ્માંજી હતાં. બેટીના ઘરમાં દાખલ થઈને જેવો જ તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર બિસ્તર પર બેસવા જાય છે કે તરત બેટીએ ઝાપટ મારીને બિસ્તર લપેટી લીધો અને તેને અલગ મૂકી દીધો.[૧]

સગી બેટીની આ હરકત જોઈને અબૂ સુફયાનને બહુ લાગી આવ્યું. કચવાતા દિલે પૂછયું, ''બેટી ! હું સમજી શકયો નહિ. શું બિસ્તર તમારા બાપથી બેહતર છે કે તમારો બાપ બિસ્તરને લાયક નથી ? તમે એને મુજથી બચાવવા લપેટી કેમ લીધો?''

હઝરત ઉમ્મે હબીબહ બોલ્યાં, ''અબ્બાજાન! વાત એમ છે કે એ અલ્લાહના પયગમ્બરનો બિસ્તર છે અને તમે એક મુશરિક માણસ છો. મુશરિક નજિસ હોય છે જેથી મારૂં મન માન્યું નહિ કે તમારા જેવો મુશરિક અલ્લાહના પયગમ્બરના બિસ્તર પર બેસી જાય ! ''[૨]

અબૂ સુફયાન નારાજીથી બોલ્યો, ''બેટી ! અલ્લાહના સોગંદ, મુજથી અલગ થવા પછી તું બંડખોર બની ગઇ છે.''

અબૂ સુફયાનની હાલહવાલી————બેટીના ઘરમાંથી નીકળીને અબૂ સુફયાન રસૂલુલ્લાહ

---

૧. હઝરત ઉમ્મે હબીબહ (રદિયલ્લાહુ અન્હા)ના પહેલા નિકાહ ઉબૈદુલ્લાહ બિન જહશ સાથે થયા હતા જે હિજરત કરીને હબશહ જવા પછી ખ્રિસ્તી બની ગયો હતો અને ખ્રિસ્તી તરીકે જ હબશહમાં મરી ગયો હતો. તેના મરણ પછી હબશહના બાદશાહ હઝરત નજાશીએ હઝરત ઉમ્મે હબીબહના નિકાહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કરાવ્યા હતા. અને નિકાહની મહર બાદશાહે પોતે આપી હતી. ''હ''

૨. એક અલ્લાહ સાથે બીજા ભગવાનોને ભાગીદાર બનાવનાર અને દેવી દેવતાઓની મૂર્તિઓની પૂજા કરનારને મુશરિક કહે છે. કુર્આને-કરીમના આદેશ મુજબ મુશરિક બદની રીતે નહિ, રૂહાની રીતે નજિસ એટલે નાપાક હોય છે. કુર્આનમાં છે : ''ઇન્નમલ - મુશરિકૂન નજસુન.'' ''હ''

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો અને સુલેહનામા અંગે આપની સાથે વાતચીત કરવાની ઈચ્છા વ્યકત કરી પણ આપે તેને કોઈ જવાબ નહિ આપ્યો.તેની દરેક વાતના જવાબમાં આપ ખામોશ રહ્યા. ત્યારે અહીંથી નિરાશ થઈને તે હઝરત અબૂબક્ર સિદ્દીકની સેવામાં ગયો અને વાતચીતનો આરંભ કરતાં બોલ્યો, "હે અબૂબક્ર ! મહેરબાની કરીને મારી સાથે આવો અને મારી તરફથી રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતચીત કરવાની ભલામણ કરો."

હઝરત અબૂબક્રે ફરમાવ્યું, "જુઓ અબૂ સુફયાન ! એ કામ મારાથી નહિ બને."

અહીંથી નિરાશ થઈને અબૂ સુફયાન હઝરત ઉમર બિન ખત્તાબ પાસે ગયો અને આ સિલસિલામાં તેમને ભલામણ કરવાની દરખાસ્ત કરી. જવાબમાં હઝરત ઉમરે ફરમાવ્યું, "ભલા તમારી તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હું ભલામણ કરૂં ? સાંભળી લો, મને જરા જેટલી સત્તા પણ મળી જાય તો તેનો ઉપયોગ હું તમારી જડ ખોદવામાં કરીશ."

અહીંથી નિરાશ થઈને અબૂ સુફયાન હઝરત અલી પાસે તેમના ઘરે પહોંચી ગયો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલાં બેટી હઝરત ફાતિમહ પણ ત્યાં હાજર હતાં અને હઝરત ફાતિમહ પાસે તેમના ફરઝંદ હઝરત હસન બિન અલી પણ બેઠેલા હતા જેઓ હજુ બાળક હતા.

અબૂ સુફયાને કહ્યું, "હે અલી ! અહીંના બધા લોકોમાં તમે જ મુજ પર સૌથી વધારે મહેરબાન લાગો છો. હું અત્યારે એક જરૂરી કામ અંગે અહીં આવેલો છું અને નિરાશ થઈને અહીંથી પાછો જવા માગતો નથી. આપ મહેરબાની કરીને મારી તરફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફકત ભલામણ કરી દો."

હઝરત અલીએ ફરમાવ્યું, "અબૂ સુફયાન ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક ચોક્કસ વાતનો પાકો નિર્ણય કરી લીધો છે. મારી શી મજાલ કે હું તેમને કંઈ ભલામણ કરી શકું ? અને તે પણ તમારી તરફથી ?"

હવે અબૂ સુફયાને આશા ભરેલી નજરે હઝરત ફાતિમહ તરફ જોતાં કહ્યું, "અય મુહંમદની બેટી ! તમે તમારા આ મઅસૂમ બાળકને કહો કે વચ્ચે પડીને બંને પક્ષોમાં સુલેહશાંતિ કરાવી દે. જો આમ થાય તો એનું નામ અરબના સરદાર તરીકે કાયમ માટે અમર થઈ જાય !"

હઝરત ફાતિમહએ જવાબ આપ્યો, "અરે કાકાજી ! એ તો હજુ અણસમજ બાળક છે. આવી વાતોમાં એ શું સમજે ? ખરૂં કહું તો અત્યારે સુલેહશાંતિ કરાવી શકે તેવું કોઈ નથી."

અબૂ સુફયાન બોલ્યો, "મને લાગે છે કે અમારૂં કામ એકદમ ગુંચવાઈ ગયું છે. હે અલી ! તમે જ અમારૂં ભલું થાય તેવી કોઈ સલાહ આપો કે મારે હવે શું કરવું ?"

હઝરત અલીની સલાહ———હઝરત અલીએ ફરમાવ્યું, "હે અબૂ સુફયાન ! અલ્લાહના સમ, હાલના સંજોગોમાં તમને લાભ થાય તેવી કોઈ વાત હું કહી શકું એમ નથી. હા જુઓ, તમે બનૂ કિનાનહના સરદાર છો. સરદાર પાસે સત્તા હોય છે. માટે તમે મદીનહના મુસલમાનોમાં જઈને જાહેરાત પોકારી દો કે, "હે મુસલમાનો ! મેં સરદાર હોવાની હૈસિયતે હુદૈબિયહના સુલેહનામાની મુદ્દત લંબાવી દીધી છે !" બસ આટલી જાહેરાત પોકારીને હંકારી મૂકો મક્કહ તરફ."

Maktabe Ashraf

અબૂ સુફયાને પૂછ્યું, "અલી ! શું તમારૂં માનવું છે કે આ જાહેરાતથી અમને કોઇ લાભ થશે?"

હઝરત અલીએ ફરમાવ્યું, "નહિ અલ્લાહના સોગંદ, મારૂં એવું માનવું નથી. પણ એ સિવાય બીજો કોઇ રસ્તો પણ ક્યાં છે ?"

આ સાંભળીને અબૂ સુફયાન સીધો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં પહોંચી ગયો અને ત્યાં ઊભા થઇને તેણે બુલંદ અવાજે જાહેરાત પોકારી :

> "હે લોકો ! હું હુદૈબિયહના સુલેહનામાની તજદીદ માટે અહીં આવ્યો હતો. હવે હું તમારા સૌની સામે એ સુલેહનામાની મુદ્દત લંબાવી દઉં છું !"

હઝરત અલીની સલાહ મુજબ આ જાહેરાત પોકારીને અબૂ સુફયાન ઊંટ પર સવાર થયો અને ઊંટને તેણે મક્કહ તરફ હંકારી મૂકયું.

કુરૈશની મૂંઝવણ————અબૂ સુફયાન જયારે મક્કહ પહોંચ્યો તો કુરૈશે તેને જોતાં જ પૂછ્યું, "અબૂ સુફયાન ! કહો શું સમાચાર લાવ્યા ?"

"સમાચાર સારા નથી." અબૂ સુફયાન બોલ્યો, "હું મુહંમદ પાસે ગયો પણ વલ્લાહ મારી કોઇ વાતનો તેમણે જવાબ નહિ આપ્યો. પછી હું કુહાફહના પુત્ર અબૂબકને મળ્યો પરંતુ તેમનામાં પણ મને કોઇ ભલીવાર દેખાઇ નહિ. પછી ખત્તાબના બેટા ઉમર પાસે ગયો તો તેને તો મેં કટ્ટર દુશ્મન જેવો જોયો. એ પછી હું અલી પાસે પહોંચ્યો. તેને મેં બીજા લોકો કરતાં નરમ દિલનો જોયો. તેણે મને જે સલાહ આપી તે મુજબ મેં અમલ કર્યો. પણ તેની સલાહથી આપણને કોઇ લાભ થશે કે કેમ તે હું કહી શકતો નથી."

"તો અલીએ તમને શું સલાહ આપી ?" કુરૈશે પૂછ્યું.

"અલીએ મને સલાહ આપી કે લોકોના ટોળાંમાં જઇને એલાન કરી દો કે, હે લોકો ! મેં હુદૈબિયહના સુલેહનામાની મુદ્દત લંબાવી દીધી છે. આ સલાહ મુજબ મેં મસ્જિદમાં જઇને લોકોની સામે એજ એલાન કરી દીધું."

"વારૂ તો મુહંમદ અને તેમના સાથીઓએ આ એલાન મંજૂર રાખ્યું કે નહિ ?" કુરૈશે અધીરાઇથી પૂછ્યું.

અબૂ સુફયાને નકારમાં જવાબ આપ્યો એટલે એલાન કબૂલ રાખ્યું કે નહિ તેની મને ખબર નથી. આ જવાબ સાંભળીને કુરૈશે પોતાનું કપાળ પીટી લીધું. બોલી ઊઠયા, "તારૂં નખ્ખોદ જાય અબૂ સુફયાન ! વલ્લાહ, અલીએ તારી સાથે બાળક જેવી રમત કરી અને તે આબાદ તને બનાવી ગયો. તું જે એલાન કરીને આવ્યો તેનો કોઇ નતીજો નીકળવાનો નથી.

અબૂ સુફયાન બોલ્યો, "શું કરૂં, અલ્લાહના સોગંદ, એ સિવાય બીજી કોઇ વાત મારી સમજમાં નહિ આવી."

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૭

ફત્હે - મક્કહ મુકર્રમહ

ફત્હે-મક્કહ માટેની તૈયારી • હઝરત હસ્સાનના શેઅરો • હઝરત હાતિબનો છુપો કાગળ • છુપા કાગળ સાથે સ્ત્રીની ધરપકડ • છુપો કાગળ લખવાની કબૂલાત • ઈસ્લામી લશ્કર મક્કહ તરફ • મર્રૂઝ-ઝહરાનમાં લશ્કરનો પડાવ • હઝરત અબ્બાસની હિજરત • મક્કહના બે ગૃહસ્થો દરબારે-નબવીમાં • હઝરત ઈબ્ને હારિસના શેઅરો • કુરૈશના સેનાપતિનો બાકીનો કિસ્સો • અબૂ સુફયાન દરબારે-નબવીમાં • અબૂ સુફયાન અને હઝરત ઉમર • અબૂ સુફયાન ઈસ્લામના ચરણોમાં • અબૂ સુફયાનનું બહુમાન • ઈસ્લામી લશ્કરની શાનદાર સવારી • જૈશે-ખદરાઅનો દબદબો • હઝરત સઅદની ધમકી • અબૂ સુફયાનની મક્કહ વાપસી • ફત્હે-મક્કહની મગરૂરી નહિ, નમ્રતા • અબૂ કુહાફહનો ઈસ્લામ સ્વીકાર • ઈસ્લામી લશ્કરનો મક્કહ પ્રવેશ • મક્કહના ગુંડાઓનું તોફાન • બહાદુરીના બણગા ફૂંકનારો યુવક • હઝરત ખાલિદ સાથે ઝપાઝપી • બહાદુર યુવકની બુઝદિલી • ઈસ્લામી લશ્કરનો શિઆર.

Maktabe Ashraf

ફત્હે-મક્કહ માટેની તૈયારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોને સફર માટેની તૈયારી કરવાનો હુકમ ફરમાવ્યો અને પોતાના ઘરવાળાઓને ફરમાવ્યું કે તેઓ આપના પ્રવાસ માટેનો સામાન પણ તૈયાર કરે.

એજ દરમિયાન હઝરત અબૂબક્ર સિદ્દીક પોતાના બેટી હઝરત આઈશહના ઘરે પધાર્યા. જોયું તો એમના બેટી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સફરના સામાનની તૈયારીમાં લાગેલાં છે. પૂછયું, "બેટી! શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમને સફરના સામાનની તૈયારીનો હુકમ ફરમાવ્યો છે ?"

બેટીએ જવાબ આપ્યો, "જી હા અબ્બાજાન ! આપ પોતે પણ તૈયારી કરો."

પૂછયું, "બેટી ! તમારૂં શું માનવું છે ? રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કયાંનો ઈરાદો છે ?"

"વલ્લાહ અબ્બાજાન ! મને ખબર નથી."બેટીએ જવાબ આપ્યો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોમાં આમ એલાન કરાવી દીધું કે, મક્કહ જવાનો ઈરાદો છે અને સાથે હુકમ ફરમાવ્યો કે, જેમ બને તેમ જલદી તૈયારી કરો અને સાથે જ દુઆ રૂપે બારગાહે-ઈલાહીમાં અરજ કરી :

અલ્લાહુમ્મ ખુઝિલ-ઉયૂન.	હે અલ્લાહ ! પકડી લે આંખોને !
વલ-અખ્બાર અન કુરૈશિન.	અને પકડી લે સમાચારને કુરૈશથી !
હત્તા નબ્ગતૂહા	ત્યાં સુધી કે અમે અચાનક ચઢાઈ કરીએ,
ફી બિલાદિહી.	તેઓના શહેર પર. [૧]

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ સાંભળતાં જ મુસલમાનોએ તૈયારી કરી લીધી.

હઝરત હસ્સાનના શેઅરો————હવે હઝરત હસ્સાન બિન સાબિતે એક જુસ્સા પ્રેરક કાવ્ય રચ્યું જેમાં મુસલમાનોને ઉત્સાહભેર તૈયારી કરવાનું આહ્વાન હતું અને બનૂ ખુઝાઅહ પર તૂટી પડેલી મુસીબતનું બયાન હતું :

અનાની વલમ અશહદુ બિ બત્હાએ મક્કતિન • રિજાલુ બની કઅબિન તુહઝ્-ઝુ રિકાબુહા.

સર્જાયેલી એ ઘટનાએ મને અપાર તકલીફ પહોંચાડી——જો કે એ ઘટના વેળા હું મક્કહની ભૂમિમાં હાજર ન હતો ——જેમાં બનૂ કઅબ અને બનૂ ખુઝાઅહના નિર્દોષ માણસોની ખૂબ ગરદનો કાપવામાં આવી.

બિ - અયદી રિજાલિન લમ યસુલ્લૂ સુયૂફ હુમ • વ કત્લા કસીરુન લમ તુજન્ન સિયાબુહા.

તેઓની ગરદનો એવા લોકોને હાથે કાપવામાં આવી જેઓએ ખુલ્લમ-ખુલ્લા પોતાની તલવારોને મિયાનમાંથી નહિ કાઢી હતી. બલકે ચોરીછુપીથી ખૂનરેજીમાં ભાગ લીધો હતો. અને ઘણા કતલ થનારાઓને કપડાઓમાં ઢાંકેલા ન હતા. (કફન-દફન વગરના ઉઘાડા પડી રહેવા દીધા હતા.)

અલા લૈત શેઅરી હલ તનાલન્ન નુસ્રતી • સુહૈલબ્ન અમ્રિન વહ્ઝુહા વ ઇકાબુહા.

કાશ ! કોઈ મને જાણ કરત કે સુહૈલ બિન અમ્ર વિરૂધ્ધ મારી નાની-મોટી મદદ પહોંચવા પામી કે નહિ ? [૨]

વ સફવાનુ અવદુન હન્ન મિન શુફરે ઇસતિહી • ફ હાઝા અવાનુલ-હર્બિ શુદ્દા ઇસાબુહા.

અને સફવાન બિન ઉમૈયહ એક ડોબા ઊંટ જેવો છે જે પોતાના સાથળના તીણા અવાજથી રડતો રહે છે. બસ હવે જંગનો સમય આવી લાગ્યો છે.

ફલા તઅ-મનન્ના યબ્ન ઉમ્મ મુજા-લિદિન • ઇઝહ - તુલિબત સિરફન વઅસલ નાબુહા.

હે મુજાલિદની મા ના બેટા ! એટલે ઇકરિમહ બિન અબૂજહલ ! હવે તું અમારાથી સલામત રહી શકવાનો નથી; જ્યારે કે યુધ્ધના આંચળોમાંથી શુધ્ધ દૂધ દોહવામાં આવશે. તેને ચાવી-ચાવીને તારા દાંતો વાંકા વળી જશે.

વલા તજ-ઝઊ મિન્ના ફ ઇન્ના સુયૂફના • લહા વક-અતુન બિલ-મવતે યુફ-તહુ બાબુહા.

---

૧. એટલે ન કુરૈશની આંખો અમારી તૈયારીને જોઈ શકે ન કુરૈશને અમારી તૈયારીની ખબર પડવા પામે. હે અલ્લાહ ! મુસલમાનો સિવાય આ છુપી તૈયારીની કોઈને જાણ નહિ થવા દેજે ! ''હ''

૨. સુહૈલ બિન અમ્ર : હુદૈબિયહમાં કુરૈશનો પ્રતિનિધિ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મળીને સુલેહનામું તૈયાર કરનાર અને આપની પયગમ્બરીનો ઇન્કાર કરનાર મક્કહનો પંકાયેલો મહાન શાઇર અને આગઝરતાં ભાષણો કરનાર પ્રવકતા. ''હ''

Maktabe Ashraf

અને હવે અમારાથી ગભરાયને નાસવાની કોશિશ ના કરજે. હવે તો અમારી તલવારો એવો તરખાટ મચાવશે જેનાથી મોતનો દરવાજો ઊઘડીને રહેશે.

ઇબ્ને હિશામ કહે છે : હઝરત હસ્સાન બિન સાબિતે બીજા શેઅરની પહેલી કડીમાં ''બિ-અયદી રિજાલિન'' થી એવા કુરૈશી અગ્રેસરો તરફ ઇશારો કર્યો છે જેઓએ છુપી રીતે બનૂબક્ર સાથે મળીને બનૂ ખુઝાઅહની કત્લેઆમ ચલાવી હતી અને છેલ્લા શેઅરમાં ''ઇબ્ને ઉમ્મે મુજાલિદ''થી અબૂ જહલનો બેટો ઇકરિમહ છે.

હઝરત હાતિબનો છુપો કાગળ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે ઉર્વહ બિન ઝુબૈર તેમ ઉમ્મતના વિદ્વાન આલિમોની આ રિવાયત કહી સંભળાવી કે :

''રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને મુસલમાનોએ મક્કહ જવાની તૈયારી કરવા માંડી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી, જેમનું નામ હાતિબ બિન અબી બલ-તઅહ હતું, તેમણે મક્કહના કુરૈશને નામે એક છુપો કાગળ લખ્યો જેમાં તેમણે કુરૈશને ખબરદાર કર્યા હતા કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ પર ચઢાઇ કરવાનો સંકલ્પ કરી લીધો છે.

આ કાગળ લખીને હઝરત હાતિબે એક ચંચળ અને ચબરાક સ્ત્રીને આપ્યો. મુહંમદ બિન જઅફરના કથન મુજબ આ ચાલાક સ્ત્રી મુઝૈનહ નામે કબીલામાંથી હતી. બીજો મત એવો છે કે એ સ્ત્રીનું નામ સાર્રહ હતું જે બનૂ મુત્તલિબ ખાનદાનના કોઇ માણસની લોંડી હતી.

સારાંશ કે હઝરત હાતિબે છુપો કાગળ લખીને ખાનગીમાં એ સ્ત્રીને આપતાં કહ્યું, ''જો આ કાગળ તું કુરૈશને પહોંચાડી દેશે તો તને આટલું મહેનતાણું આપવામાં આવશે.''

સ્ત્રી માની ગઇ અને આ ખાનગી કાગળ તેણે પોતાના માથાના અંબોડાના ગુચ્છામાં સંતાડી દીધો અને ઉપરથી ગૂંથેલો અંબોડો વાળી લીધો અને સાવચેતીથી મદીનહથી નીકળીને મક્કહ તરફ ઊપડી ગઇ.

બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહ તઆલા તરફથી વહી મારફતે હઝરત હાતિબ બિન અબી બલ-તઅહની આ ગુપ્ત કાર્યવાઇની બાતમી મળી ગઇ. આપે તુરંત હઝરત અલી અને હઝરત ઝુબૈર બિન અવ્વામને સ્ત્રીની પૂઠે દોડાવી દેતાં ફરમાવ્યું ''એ સ્ત્રીને ઝડપી લઇને તેની ઝડતી લો. એ હાતિબનો કાગળ લઇને મક્કહ જઇ રહી છે જેમાં હાતિબે કુરૈશને આપણા ગુપ્ત નિર્ણયની બાતમી આપેલી છે.''

છુપા કાગળ સાથે સ્ત્રીની ધરપકડ——————બંને ગૃહસ્થો મારતી સવારીએ ઊપડ્યા અને છેવટે ''ખલીકએ-બની અબી અહમદ'' નામે સ્થળે [1] એ સ્ત્રીને પકડી પાડી. તેઓએ તેને ઊંટ પરથી ઉતારીને કાઠીના સામાનની તલાશી લીધી પણ તેમાંથી વાંધાજનક કશું મળ્યું નહિ. હઝરત અલીએ તેને ફરમાવ્યું, ''હે સ્ત્રી ! હું અલ્લાહના સોગંદ ખાઇને કહું છું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળેલા સમાચાર ગલત હોય શકતા નથી અને ન અમને આપેલી બાતમી ખોટી હોય શકે છે. યા તો કાગળ કાઢીને અમારે હવાલે કરી દે યા તને નિઃવસ્ત્ર કરીને તારી તલાશી લઇએ ?''

---

૧. મદીનહથી ૧૨ માઇલના અંતરે આવેલા એક સ્થળનુ નામ. કેટલાકે ખલીકહને બદલે ખલૈકહ લખેલું છે (ઇબ્ને હિશામનો હાશિયો જિ.૨ પા. ૪૭૧)

આ આક્રોશભરી ધમકી સાંભળીને સ્ત્રી થથરી ઊઠી પછી બોલી, "વારૂ એક તરફ હટી જાવ."

હઝરત અલી પોતાના સાથી સાથે એક તરફ હટી ગયા. સ્ત્રીએ પોતાનો ગૂંથેલો અંબોડો છોડયો. તેમાંથી કાગળ કાઢયો અને હઝરત અલીને હવાલે કરી દીધો. બંને ગૃહસ્થો કાગળ લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા.

છુપો કાગળ લખવાની કબૂલાત——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત હાતિબ બિન અબી બલ-તઅહને બોલાવીને પૂછયું, "યા હાતિબ ! મા હમલક અલા હાઝા ?"એટલે હે હાતિબ ! આ હરકતનું કારણ શું ? અથવા કઈ વસ્તુએ તમને આ કૃત્ય માટેની પ્રેરણા આપી ?

હઝરત હાતિબે બા-અદબ જવાબ આપ્યો, "યા રસૂલલ્લાહ ! સાંભળો, અલ્લાહના સોગંદ ! હું અલ્લાહ અને તેના રસૂલ પર નક્કર ઈમાન ધરાવું છું. હું એક સાચો મુસલમાન છું. મારા વિચારો બિલકુલ શુધ્ધ છે. મારા ઈમાનમાં કોઈ પરિવર્તન થયું નથી. પણ હું એક એવો આદમી છું જેનું મક્કહમાં કોઈ જ નથી. ત્યાં મારો ન કોઈ કબીલો છે ન ખાનદાન છે. ન નસલ છે ન અસલ છે. મક્કહમાં મારાં બાલબચ્ચાં, મારા ઘરવાળાં કુરૈશના લોકોમાં છેક નિરાધાર હાલતમાં વસેલાં છે. તેઓની ખબર અંતર લેનારૂં ત્યાં કોઈ નથી. આ કારણે કુરૈશની હમદર્દી કે સહાનુભૂતિ મેળવવાના હેતુએ મેં આ હરકત કરી છે કે જેથી મારાં બાલબચ્ચાં તેઓમાં સલામત રહી શકે." [૧]

હઝરત ઉમરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો તો હું એની ગરદન ઉડાવી દઉં. આ માણસે મુનાફિકપણું જાહેર કર્યું છે."

આપે ફરમાવ્યું, "ઉમર ! તમને શું ખબર, શાયદ અલ્લાહ તઆલાની કૃપાની નજર એવા લોકો પર હોય જેઓ બદ્રની લડાઈમાં હાજર હતા. અલ્લાહ તઆલાએ અહલે-બદ્ર માટે ફરમાવી દીધું છે : "એઅમલૂ મા શિઅતુમ ફકદ વજબત લકુમુલ-જન્નહ" એટલે તમારી મરજીમાં આવે તેમ કરો. તમારા માટે જન્નત વાજિબ કરી દેવામાં આવી છે. [૨]

અલ્લાહ તઆલાએ હઝરત હાતિબ બિન અબી બલ-તઅહ માટે આ આયતો કુર્આનમાં નાઝિલ ફરમાવીઃ "યા ઐયુહલ-લઝીન આમનૂ લા તત-તખિઝૂ અદુવ્વી વ અદુવ્વ-કુમ અવલિયાઅ......"

> "હે મુસલમાનો ! તમે મારા દુશ્મનને અને તમારા દુશ્મનોને દોસ્ત ન બનાવો. તેઓને તમે દોસ્તીનો સંદેશો મોકલાવો છો અને તેઓ તમારી પાસે આવેલા સાચા ધર્મનો ઈન્કાર કરે છે." [૩]

ઈસ્લામી લશ્કર મક્કહ તરફ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરીએ ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહ બિન મસઊદના વાસ્તાથી હઝરત અબ્દુલ્લાહ

---

૧. એટલે મેં કુરૈશ ઉપર ઉપકાર કરવાના હેતુએ આ કાગળ લખ્યો હતો જેથી સંકટ સમયે તેઓ મારાં બાલબચ્ચાંની સંભાળ રાખે. "હ"

૨. એટલે જેટલા સહાબાએ જંગે-બદ્રમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ભાગ લીધો હતો. એ બધાને અલ્લાહ તઆલાએ બખ્શી દીધા છે અને દુનિયામાં જ તેઓને જન્નતી હોવાની બશારત મળી ગઇ છે. હઝરત હાતિબ પણ અહલે-બદ્રમાંથી હતા. એ મુનાફિક કેવી રીતે હોય શકે ?"હ"

3. સૂરએ-મુમ - તહિનહ પારહ ૨૮ આયત ૧ થી ૬. ઇબ્ને હિશામમાં પૂરી ૬ આયતો દર્શાવેલી છે. "હ"

બિન અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી :

''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસલમાનોનું લશ્કર લઇને મક્કહની સફરે રવાના થઇ ગયા. મદીનહમાં આપે પોતાના જા-નશીન એટલે ગર્વનર તરીકે હઝરત અબૂ રુહમ કુલસૂમ બિન હુસૈન બિન ઉત્બહ બિન ખલફ રદિયલ્લાહુ અન્હુની નિમણૂક કરી.

મદીનહથી આપની રવાનગી સન ૮ હિજરીના રમઝાનની ૧૦ તારીખે થવા પામી. [૧] રમઝાનનો મુબારક મહિનો હોવાથી આપે અને તમામ મુસલમાનોએ રોઝો રાખ્યો હતો. જ્યારે આપ ઉસ્ફાન અને અમજ વચ્ચે આવેલા કુદૈદ સ્થળે પહોંચ્યા તો રોઝો ઇફતાર કરી લીધો. [૨]

મર્રુઝ-ઝહરાનમાં લશ્કરનો પડાવ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કુદૈદથી કૂચ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોના ૧૦ હજારના લશ્કર સાથે ''મર્રુઝ-ઝહરાન'' સ્થળે પહોંચીને તંબૂઓમાં પડાવ નાખી દીધો. [૩] ઇસ્લામી લશ્કરમાં સુલૈમ કબીલાના ૭૦૦ માણસો, એક રિવાયત મુજબ એક હજાર માણસો હતા. મુઝૈનહ કબીલાના એક હજાર માણસો હતા. મદીનહ અને આજુબાજુના વિસ્તારમાં વસનારા બધા જ કબીલાના લોકો એમાં શામિલ હતા. અને લશ્કરના દસેદસ હજાર મુજાહિદો બધા જ મુસલમાન હતા. (સંધિ કે સુલેહના કરારોથી જોડાયેલો એક પણ બિનમુસ્લિમ એમાં શામિલ ન હતો.) મુહાજિરીન અને અન્સારનો તો દરેકે-દરેક માણસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં હાજર હતો. એમાંનો એક પણ માણસ ગેરહાજર કે પાછળ રહેવા પામ્યો ન હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇસ્લામી લશ્કર સાથે ''મર્રુઝ-ઝહરાન''માં પધારીને પડાવ નાખ્યો ત્યાં સુધીમાં કુરૈશના લોકો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની લશ્કરી હિલચાલથી તદ્દન બેખબર હતા. કુરૈશની કલ્પનામાં પણ ન હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહની ભાગોળે પધારી ચૂક્યા છે અને આપની સાથે ૧૦ હજારનું લશ્કર પણ છે. આમ છતાં સુલેહનામાના ભંગ પછી તેઓને ખટકો તો લાગેલો જ હતો કે ક્યારે શું બની જાય તે કહેવાય નહિ.

એજ રાતોમાં એક રાતે અબૂ સુફયાન બિન હર્બ, હકીમ બિન હિઝામ અને બુદૈલ બિન વરકા આ ત્રણ ગૃહસ્થો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિલચાલની તપાસ અર્થે મક્કહથી રાતના અંધારાંમાં નીકળ્યા કે, કદાચ કંઇ બાતમી મળી આવે અથવા કોઇના મુખે કંઇ અવનવું જાણવાનું મળે.

હઝરત અબ્બાસની હિજરત————એજ દિવસોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ પોતાનાં બાલબચ્ચાંઓ સાથે મક્કહથી નીકળીને રસ્તામાં કોઇ સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા.

ઇબ્ને હિશામ કહે છે : અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ મક્કહથી સહકુટુંબ હિજરત કરીને મદીનહ

---

૧. ૧૦ રમઝાન સન ૮ હિજરી. મુતાબિક : ૧ જાન્યુઆરી ઇસ્વી સન ૬૩૦ સોમવાર.

૨. સહીહ બુખારીમાં છે કે કુદૈદ સ્થળે પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પાણી માગ્યું અને બધા મુસલમાનોના દેખતાં પાણી પીને રોઝો ખોલી નાખ્યો. આપને જોઇને બધા મુસલમાનોએ પણ રોઝો ઇફતાર કરી લીધો. કુદૈદ સ્થળ મક્કહથી ૭૨ માઇલના અંતરે આવેલું છે. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૧૬) ''હ''

3. મર્રુઝ-ઝહરાનને આજકાલ વાદીએ-ફાતિમહ કહે છે. (અસિહ-હુસ-સિયર પા. ૨૭૧)

જતા હતા. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઈસ્લામી લશ્કર સાથે હુજફહ મુકામે બિરાજેલા હતા. અહીં જ અબ્બાસ પોતાના બાલબચ્ચાં સાથે આપની તહેનાતમાં હાજર થયા. તેઓ હમણા સુધી મક્કહમાં રહીને ખાનએ-કઅબહના વહીવટીતંત્રનું ''સિકાયહ''નું ખાતું સંભાળતા હતા. એટલે હાજીઓને પાણી પીવાડવાના ખાતાંના ઓહદે બિરાજમાન હતા. મુહંમદ ઈબ્ને શિહાબ ઝુહરીના કથન મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એમનાથી બહુ ખુશ અને સંતુષ્ટ હતા. [૧]

મક્કહના બે ગૃહસ્થો દરબારે-નબવીમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મક્કહ અને મદીનહ વચ્ચે આવેલા ''નીકે-ઉકાબ''સ્થળે થોભેલા હતા ત્યાં મક્કહના આપના બે કુટુંબી ગૃહસ્થો આપની તહેનાતમાં હાજર થયા. એમાંના એક કુટુંબી ગૃહસ્થનું નામ અબૂ સુફયાન બિન હારિસ બિન અબ્દુલ-મુત્તલિબ હતું. અને બીજા ગૃહસ્થનું નામ અબ્દુલ્લાહ બિન અબૂ ઉમૈયહ બિન મુગીરહ હતું.

બંને ગૃહસ્થોએ અહીં હાજર થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તંબૂમાં હાજર થવાની પરવાનગી માગી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમોમાંથી હઝરત ઉમ્મે-સલમહ અને હઝરત મયમૂનહ મક્કહના આ પ્રવાસમાં આપના સંગાથે હતાં. એમને આવેલા જોઈને હઝરત ઉમ્મે-સલમહ આપની સેવામાં આવ્યાં અને બંને ગૃહસ્થોને તંબૂમાં આવવા દેવાની ભલામણ કરતાં બોલ્યાં, ''યા રસૂલલ્લાહ! એક આપનો કાકાભાઈ છે અને બીજો આપનો ફોઈભાઈ છે. બંને બહાર ઊભેલા છે અને આપની તહેનાતમાં હાજર થવાની પરવાનગી માગે છે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નારાજીથી ફરમાવ્યું, ''મારે એમને મળવાની કોઈ જરૂર નથી. મારો કાકાભાઈ તે માણસ છે જેણે મક્કહમાં મારી સાથે નાહક ઝગડો કર્યો, મને ખૂબ પજવ્યો, મારું અપમાન કરવામાં કોઈ કસર નહિ રાખી. રહી ગયો મારો ફોઈભાઈ જે મારો સાળો પણ થાય છે, એણે મક્કહમાં મારી વગોવણી કરીને મને ખૂબ ત્રાસ આપ્યો અને મારી વિરૂધ્ધ એવી-એવી વાતો વહેતી કરી જે કોઈ રીતે એને છાજતી ન હતી.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ નારાજીભર્યો જવાબ સાંભળીને બંને ગૃહસ્થો સમસમી રહ્યા. અબૂ સુફયાન સાથે એનો સગીર વયનો છોકરો પણ હતો. છોકરાનો હાથ ઝાલી લેતાં તે બોલી ઊઠયો:

> ''અલ્લાહના સોગંદ ! યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મને હાજર થવાની પરવાનગી આપે કાં આ છોકરાને લઈને હું જંગલમાં નીકળી જઈશ. પછી ત્યાં જ અમે બાપ-બેટા ભૂખ્યા તરસ્યા તરફડિયાં મારીને મરી જઈશું !''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો જગતભરના લોકો માટે દયાના સાગર બનીને પધારેલા હતા. અબૂ સુફયાનની આ વાત સાંભળીને આપનું દિલ દ્રવી ઊઠયું. રહમતનો દરિયો જોશમાં આવી ગયો.

---

૧. હઝરત અબ્બાસ મુદ્દતથી બાલબચ્ચાં સાથે મુસલમાન બની ગયા હતા પણ કુરૈશને એમના ઈસ્લામની ખબર ન હતી. રસ્તામાં હુજફહ મુકામે મુલાકાત થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબ્બાસને પોતાની પાસે રોકી લીધા અને ફરમાવ્યું, ''અબ્બાસ! તમારી હિજરત છેલ્લી હિજરત છે જેવી રીતે મારી પયગમ્બરી છેલ્લી પયગમ્બરી છે.'' હઝરત અબ્બાસ આજ સુધી આપના જ હુકમથી મક્કહમાં થોભેલા હતા. આપે ફરમાવ્યું હતું. ''મક્કહમાં જ રહો અને કુરૈશની હિલચાલની મને ખબર આપતા રહો. (સીરતુલ-મુસ્તફા જિ.3 પા. ૧૩) ''હ''

Maktabe Ashraf

ગઇ ગુજરી ભૂલી જઇને બંને ગૃહસ્થોને અંદર આવવાની પરવાનગી આપી દીધી. બંને ગૃહસ્થો આપના ચરણોમાં હાજર થઇ ગયા. પોતાની ભૂલો બદલ પસ્તાવો જાહેર કર્યો, ખરા દિલથી માફી માગી અને અંતઃકરણથી કલિમએ-શહાદત પઢીને મુસલમાન બની ગયા.

સંપાદકની નોંધ——————હઝરત અબૂ સુફયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મોટા કાકા હારિસ બિન અબ્દુલ-મુત્તલિબના બેટા હતા. [૧] એમણે પણ બચપણમાં બીબી હલીમહનું દૂધ ધાવ્યું હોવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધભાઇ પણ થતા હતા. પયગમ્બરી પહેલાં આપના જિગરજાન મિત્ર હતા. રાતદિવસનો સંગાથ હતો. જાન કુરબાન કરવા તૈયાર રહેતા હતા. પરંતુ પયગમ્બરી બાદ દોસ્તી દુશ્મનીમાં પલટાઇ ગઇ. આપના પાકા દુશ્મન બની ગયા. પોતે શાઇર હોવાથી આપની બદગોઇના નિંદાકાવ્યો લખ્યાં જેનો જવાબ હઝરત હસ્સાન બિન સાબિતે છટાદાર શાઇરીમાં આપ્યો. મતલબ કે આપને રંજાડવામાં, માનસિક તકલીફો આપવામાં અને જાહેરમાં આપનું અપમાન કરવામાં એમણે કોઇ કચાશ નહિ રાખી.

પરંતુ મુસલમાન બનવા પછી આપના સાચા આશિક અને જાં-નિસાર બની ગયા. આપની શાનમાં અનેક પ્રશંસાકાવ્યો રચીને અગાઉ કરેલી ભૂલોનો બદલો વાળી દીધો. જંગે-હુનૈનમાં કટોકટીનો પ્રસંગ સર્જાતાં ઇસ્લામી લશ્કર આઘુંપાછું થઇ ગયું પણ આપના કાકાભાઇ છેવટ સુધી આપની સાથે અડીખમ રહ્યા. આપે એમને જન્નતના જવાનોના સરદાર હોવાનું બિરૂદ આપ્યું.

હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત ઉમ્મે-સલમહના સાવકા એટલે બાપશરીક ભાઇ હતા. એમના અમ્માંજીનું નામ બીબી આતિકહ બિન્તે અબ્દુલ-મુત્તલિબ હતું જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફોઇ હતાં. એમના બાપા અબૂ ઉમૈયહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફૂવા અને હઝરત ઉમ્મે સલમહના પણ પિતા હતા.

મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇસ્લામની તબલીગ શરૂ કરી તો આપના ફોઇભાઇ અબ્દુલ્લાહ આપના જાની દુશ્મન બની ગયા. કુરૈશી દુશ્મનો સાથે મળીને તરેહ-તરેહથી આપને રંજાડવા અને ત્રાસો આપવા લાગ્યા. એક સમયે તો લોકોની હાજરીમાં એટલે સુધ્ધાં કહી દીધું કે :

> "હે મુહંમદ ! જો તમે સીડી માંડીને મારી આંખ સામે આસમાન પર ચઢી જાવ અને આસમાન પરથી કોઇ કિતાબ લાવીને મારા દેખતાં જમીન પર ઉતરી આવો અને આસમાનના ચાર ફરિશ્તા પણ તમારી સાથે ઊતરી આવે અને આ ચાર ફરિશ્તા પણ તમારા પયગમ્બર હોવાની જાહેરાત પોકારે તો પણ હે મુહંમદ ! અલ્લાહના સોગંદ, હું હરગિઝ તમારી ઉપર ઇમાન નહિ લાવું."

પરંતુ મુસલમાન બનવા પછી ઇસ્લામ પર મક્કમ થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા જાં-નિસાર અને અદના ગુલામ બની ગયા. આગળ જતાં જંગે-તાઇફમાં શહીદ થઇ ગયા. (અસિહ-હુસ-સિયર પેજ ૨૭૦-સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૧૪) સંપાદકની નોંધ પૂરી થઇ.

---

૧. હારિસ : અબ્દુલ-મુત્તલિબના તે બેટાનું નામ જેમણે અબ્દુલ-મુત્તલિબ સાથે મળીને ઝમઝમનો પુરાયેલો કૂવો ખોદી કાઢ્યો હતો.
"હ"

Maktabe Ashraf

ઈબ્ને હારિસના શેઅરો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ સુફયાન બિન હારિસ બિન અબ્દુલ-મુત્તલિબે મુસલમાન બનવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં શાનદાર કસીદો રચ્યો અને વાંચી સંભળાવ્યો અને પોતે પહેલાં જે કંઈ ભૂલો કરી હતી તેની ખરા દિલથી માફી માગી લીધી. કેટલાક શેઅરો આ છે :

લ અમ્રુકા ઈન્ની યવમ અહમિલુ રાયતન • લિ તગ-લિબ ખૈલુલ - લાતે ખૈલ મુહમ્મદિન.

તારી જાનના સોગંદ ! જે સમયે હું કુફ્રનો ઝંડો લઈને આ વાત માટે ઝઝૂમતો હતો કે લાત-મનાત નામે દેવી દેવતાઓ અને કુફ્રો-શિર્કના સવારો મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સવારો પર વર્ચસ મેળવે અને તેઓને પછાડી નાખે.

લકલ મુદલ લજિલ હયરાને અઝલમ લયલુહુ • ફહાઝા અવાની હીના ઉહદા વહ-તદી.

તે વેળા મારી હાલત એવા માણસ જેવી હતી જે, ઘટાટોપ અંધારી રાતમાં હાથપગ હલાવીને ફાંફા મારતો હોય. પણ હવે મારી હાલત, હાથ ઝાલીને સીધા રસ્તે ચઢાવી દેવાયેલા માણસ જેવી છે અને ખરેખર હવે હું એજ સીધા રસ્તે પડી ગયો છું. એટલે કુફ્રો-શિર્કના ઘટાટોપ અંધારાંઓમાંથી નીકળીને ઈસ્લામની રોશનીમાં આવી ગયો છું.

હદાબી હાદિન ગયરુ નફસી વ નાલની • મઅલ - લાહિ મન તર્ર - દતુ મુત - તર - રદે.

મારા જીવે મારૂં માર્ગદર્શન કર્યું નથી બલકે એક માર્ગદર્શકે મને હિદાયત આપીને સત્યપંથે ચઢાવી દીધો છે. આ તે માર્ગદર્શક છે કે જેની સાથે હું આંખો મીંચીને બાખડયા કરતો હતો. એજ માર્ગદર્શકે મને અલ્લાહ સાથે મેળવી દીધો છે.

અસુદ્દુ વ અનઅ-યે જાહિદન અન મુહમ્મદિન • વ ઉદઆ વઈન લમ ઈન્તસબ મિમ મુહમ્મદિન.

હું (પાગલો પેઠે ઝનૂની બનીને અને) પૂરા બળની કોશિશો કરીને મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુકાબલો કરતો હતો અને તેમનાથી દૂરને દૂર જઈ રહ્યો હતો, જો કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે મારી છેક નઝદીકની સગાઈ હતી અને આ સગાઈની હું મુદ્દલ પરવા કરતો ન હતો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : લોકોનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે શાઈરના મુખે આ કડી સાંભળી : "મઅલ્લાહિ મન તર્રદતુ મુતર્રદે." એટલે જેની સાથે હું બાખડયા કરતો હતો તેણે જ મને અલ્લાહ સાથે મેળવી દીધો. તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ સુફયાનના સીના પર ધપ્પો મારતાં ફરમાવ્યું, "હા તુંજ તે છે જે મારી સાથે બાખડયા કરતો હતો."

કુરૈશના સેનાપતિનો બાકીનો કિસ્સો——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા કાકા હઝરત અબ્બાસ ફરમાવે છે : જે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે "મર્રુઝ-ઝહરાન"માં ડેરા નાખીને બિરાજમાન હતા, તો મુસલમાનોનું આટલું મોટું લશ્કર જોઈને મેં વિચાર્યું, "કુરૈશનો તો હવે બસ અલ્લાહ બેલી ! જો આજે કુરૈશના લોકો પોતે સામે ચાલીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં નહિ આવે અને માફી માગીને સુલેહશાંતિની દરખાસ્ત નહિ કરે અને તે પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બળ વાપરીને કે જંગ કરીને મક્કહમાં પ્રવેશી જાય તો

કુરૈશનો સદાને માટે મૃત્યુઘંટ બજી જશે તે નક્કી વાત છે !''

આમ વિચારીને કુરૈશને ચેતવવા માટે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સફેદ ખચ્ચર પર સવાર થઈને ઝડપભેર ઊપડયો. રાતનો સમય હતો. અરાક નામે સ્થળે પહોંચીને મેં અહીંતહીં નજર નાખી કે, કોઈ લાકડાં કાપનારો, કોઈ બકરાં ચરાવનારો, કોઈ દૂધવાળો મળી આવે તો તેને મક્કહ દોડાવીને કુરૈશને ખબરદાર કરી દઉં કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લાવલશ્કર સાથે પધારી ચૂકયા છે. તેઓ બળ વાપરીને મક્કહ પર કબજો કરે તે પહેલાં તમે દોડતા આવો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને અમ્નો-અમાનની દરખાસ્ત કરો. કે જેથી તમારા શહેરની સાથે તમારા જાનમાલ પણ સલામત રહે.

હઝરત અબ્બાસનું બયાન છે : ''અલ્લાહના સોગંદ ! હું ખચ્ચર દોડાવતો જઈ રહ્યો હતો અને જે હેતુ માટે નીકળ્યો હતો તેમાં કામયાબી મળે તે પહેલાં અચાનક મેં કોઈના વાતો કરવાનો અવાજ સાંભળ્યો. મેં કાન માંડયા તો માલૂમ પડયું કે અબૂ સુફ્યાન બિન હર્બ (કુરૈશી કમાન્ડર) અને બુદૈલ બિન વરકાનો અવાજ છે. બંને એકબીજા સાથે સવાલ-જવાબની ઢબે વાતો કરીને વિચારોની આપ લે કરતા હતા. અબૂ સુફ્યાન પોતાના સાથીને કહેતો હતો,

''હે બુદૈલ ! આપણી આંખ સામે, સામેના મેદાનમાં ઠેકઠેકાણે જે બળતું બળી રહ્યું છે અને બળતાંના ઉજાસમાં જે લશ્કર પડાવ નાખીને પડેલું દેખાય છે, સાચું કહું તો આજની રાત પહેલાં આટલું મોટું બળતું અને આટલું મોટું લશ્કર આ મેદાનમાં મેં કદી જોયું નથી.''[1]

જવાબમાં બુદૈલ બિન વરકા બોલ્યો, ''વલ્લાહ ! મને તો એ બનૂ ખુઝાઅહનું લશ્કર લાગે છે. કદાચ બનૂબક્ર પર ચઢાઈ કરીને લડાઈની આગ ભડકાવી દે તો નવાઈ નહિ.''

અબૂ સુફ્યાને કહ્યું, ''નહિજી જેટલું મોટું આ લશ્કર છે અને જેટલું મોટું આગનું બળતું બળી રહ્યું છે તેના પ્રમાણમાં બનૂ ખુઝાઅહના લોકોની ન આટલી મોટી વસતિ છે અને ન તેઓનો આટલો મોટો ભપકો કે ઠાઠ છે.''

અબૂ સુફ્યાન દરબારે-નબવીમાં———હઝરત અબ્બાસ ફરમાવે છે : રાતના સન્નાટામાં મેં અબૂ સુફ્યાનનો અવાજ ઓળખી લઈને તેને બૂમ મારી, ''હે અબૂ હન્ઝલહ !''[2]

અબૂ સુફ્યાને પણ મારો અવાજ ઓળખી લીધો. ચોંકીને પૂછયું, ''કોણ અબૂલ-ફઝલ કે ?''[3]

મેં કહ્યું, ''હા હું અબુલ-ફઝલ અબ્બાસ છું.''

''પણ આ જંગલમાં તમે આટલી મોડી રાતે ?'' તેણે પૂછયું.

---

૧. મર્રુઝ-ઝહરાનના વિશાળ મેદાનમાં પડાવ નાખવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરને હુકમ ફરમાવ્યો હતો કે, દરેક કબીલાની લશ્કરી ટુકડી પોતાના પડાવ સામે અલગ-અલગ બળતું સળગાવે. દસ હજારના જંગી લશ્કરે એ રાતે પોતપોતાના પડાવ સામે બળતું સળગાવી દીધું હતું. જેનાથી આખું મેદાન દુરદુર સુધી રોશન થઇ ગયું હતું. કુરૈશ પણ એનો અણસાર પામી ગયા હતા. તેઓએ અબૂ સુફ્યાન, બુદૈલ બિન વરકા અને હકીમ બિન હિઝામને એનું પગેરૂં લેવા દોડાવી દીધા હતા. આ તરફથી હઝરત અબ્બાસ કુરૈશને ચેતવવા જતા હતા. રસ્તામાં અનાયાસે બંનેનો મેળાપ થઇ ગયો. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૧૨ - સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૧૮) ''હ''

૨. અબૂ સુફ્યાનનું ઉપનામ

૩. હઝરત અબ્બાસ રદિયલ્લાહુ અન્હુનું ઉપનામ

Maktabe Ashraf

જવાબમાં મેં મારો હેતુ દર્શાવ્યો તો અબૂ સુફયાન બોલ્યો, "હે અબૂલ-ફઝલ ! તમ પર મારાં માબાપ કુરબાન ! જરા બતાવો તો ખરા, આ બધું શું છે ? આ લશ્કર......આ આગ......?"

મેં કહ્યું, "તારૂં ભૂંડું થાય અબૂ સુફયાન ! સાંભળ, તને ખબર નથી. એ મુસલમાનોનું લશ્કર છે. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ મવજૂદ છે. કુરૈશનું આવી બન્યું લાગે છે. કદાચ એ લોકો તને જોઈ લે તો તારી પણ ખેર નથી. તને જીવતા મક્કહ જવાનું નસીબ નહિ થાય. વારૂ મારી પાછળ આ ખચ્ચર પર બેસી જા. હું તને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઈ જાઉં. તારા માટે માફીની દરખાસ્ત રજૂ કરૂં. અલ્લાહએ ચાહયું તો સારૂંવાનું જ થશે."

અબૂ સુફયાન ચૂપચાપ મારા ખચ્ચરની પાછળ બેસી ગયો. તેના બંને સાથીઓ મક્કહ તરફ પાછા વળી ગયા. હું અબૂ સુફયાનને લઈને ત્યાંથી રવાના થયો. અમે લશ્કરની છાવણીમાંથી પસાર થવા લાગ્યા. રસ્તામાં જયારે ય કોઈ લશ્કરી ટુકડીની આગ પાસેથી પસાર થતા તો દૂરથી જ ત્યાંના પહેરેગીરો પડકારતા, "ખબરદાર! એ કોણ જાય છે ? થોભો."

પછી તેઓ નઝદીક આવતા અને મને ઓળખી લઈને કહી દેતા, "અરે એ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા અબ્બાસ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખચ્ચર પર બેઠેલા છે."

અબૂ સુફયાન અને હઝરત ઉમર————પછી જયારે અમે હઝરત ઉમર બિન ખત્તાબની છાવણી પાસેથી પસાર થયા તો આગના આછા પ્રકાશમાં અમારા ઓળા જોઈને તેમણે અમને પડકાર્યા, "ખબરદાર! એ કોણ જાય છે ? થોભો!"

પછી લાગલા જ હઝરત ઉમર ઊભા થઈને એમને જોવા લાગી ગયા. અને જયારે જોયું કે ખચ્ચરની પાછળ અબૂ સુફયાન બેઠેલો છે તો ઘાંટો ગજાવતાં બોલ્યા, "અરે આ તો અલ્લાહનો દુશ્મન અબૂ સુફયાન છે. હે અલ્લાહ ! તારો આભાર કે, એની જાન બચાવવાના કોઈ પણ વચન કે શરત વિના તેં એને જીવતો અમારે હવાલે કરી દીધો !"

આમ કહેતાં જ હઝરત ઉમર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સમાચાર આપવા ઝપાટાભેર ઊપડી ગયા. આ તરફ મેં પણ મારા ખચ્ચરને એડ મારીને ઝપાટાભેર દોડાવી દીધો કે જેથી, ઉમરથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચીને અબૂ સુફયાન માટે માફીનું વચન મેળવી લઉં.

પછી જેવી રીતે મંદ ગતિનું એક પ્રાણી મંદ ગતિના માણસથી આગળ નીકળી જાય છે એજ હિસાબે હું ઉમરથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચી ગયો. વિના વિલંબે કૂદકો મારીને ખચ્ચર પરથી ઊતર્યો અને દોડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તંબૂમાં દાખલ થઈ ગયો. લાગલા જ ઉમર પણ આવી લાગ્યા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આ રહયો અબૂ સુફયાન. અલ્લાહનો આભાર કે તેણે બિનશરતી રીતે જીવતો એને આપણા કબજામાં આપી દીધો. મને પરવાનગી આપો યા રસૂલલ્લાહ! કે હું તલવારથી એની ગરદન ઉડાવી દઉં !"

હઝરત ઉમરનો આ ઈમાની જુસ્સો જોઈને મેં ગદ્‌ગદ સ્વરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મેં અબૂ સુફયાનને પનાહ આપી દીધી છે."

આમ કહીને હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં બેસી ગયો. મેં આપના મુબારક સર પર મારો હાથ મૂકી દીધો. પછી ગદ્‌ગદ સ્વરે મેં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! આજની રાતે અબૂ સુફયાનને મારા તંબૂમાં મારી સાથે રહેવાની પરવાનગી નહિ આપો ?''

આ તરફ હઝરત ઉમરે જ્યારે અબૂ સુફ્યાન વિરૂધ્ધ ઘણુંબધું બોલવા માંડયું તો મારાથી રહેવાયું નહિ. મેં કહ્યું, ''હે ઉમર ! જરા થોભો અને સાંભળો. જો અબૂ સુફયાન તમારા બનૂ અદી બિન કઅબના કબીલામાંથી હોત તો તમે એની કતલ માટે આટલો આગ્રહ ન કરત ! પણ તમે જાણો છો કે એ તો અબ્દે-મનાફના લોકોમાંથી છે એટલે તમે એને કતલ કરવા માગો છો?''

હઝરત ઉમરે જવાબ આપ્યો, ''સાંભળો હે અબ્બાસ ! સોગંદ છે અલ્લાહના, જે દિવસે તમે મુસલમાન બન્યા તો હું તમારા ઈસ્લામથી એટલો બધો ખુશ થયો કે, એ દિવસે મારો બાપ ખત્તાબ મુસલમાન બનતે તો તેના ઈસ્લામથી પણ મને એટલી ખુશી ના થાત ! વળી હું આ વાત પણ જાણું છું કે તમારા ઈસ્લામથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ એટલા બધા ખુશ છે કે મારા બાપના ઈસ્લામથી આપને એટલી બધી ખુશી ના થાત !'' [૧]

અબૂ સુફયાન ઈસ્લામના ચરણોમાં————છેવટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ફરમાવ્યું, ''અબ્બાસ ! અબૂ સુફયાનને તમારા ઉતારે લઈ જાવ અને સવારે એમને મારી પાસે લઈ આવજો.''

હું અબૂ સુફયાનને લઈને મારા ઉતારે ચાલ્યો ગયો. રાત તેમણે મારી સાથે મારા તંબૂમાં ગુજારી. સવાર પડતાં હું એમને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયો. આપે અબૂ સુફયાનને હસતે ચહેરે આવકાર આપ્યો. પછી ફરમાવ્યું :

વૈહક યા અબા સુફયાન ! [૨]	અફસોસ છે તુજ પર એ અબૂ સુફયાન !
અલમ યઅને લકા	શું હજુ તારા માટે તે સમય નથી આવ્યો
અન તઅલમ્ અન્નહૂ	કે તું જાણી લે કે બેશક
લા ઈલાહ ઈલ્લલ્લાહ ?	અલ્લાહ વગર કોઈ મઅબૂદ નથી ?

અબૂ સુફયાને આપના સવાલનો જવાબ આપતાં કહ્યું :

બિ - ઉમ્મી અન્તા વ અબી.	આપની ઉપર મારાં માબાપ કુરબાન !
મા અહ-લમક વ અક-રમક	આપ કેટલા સહનશીલ અને આપ કેટલા શરીફ
વ અવ-સલક.	અને સગાંઓ પ્રત્યે આપ કેટલા ઉદાર છો !
વલ્લાહિ લકદ ઝનન-તુ	વલ્લાહ ! મને ખાતરી થઈ ગઈ છે
અલ્લવ કાના મઅલ્લાહિ	કે જો હોત અલ્લાહની સાથે
ઈલાહુન ગયરુહૂ	બીજો કોઈ ભગવાન તેના વગર
લકદ ઉગ્ની અન્ની શૈઅમ બઅદુ.	તો જરૂર આ કટોકટીમાં તે કંઈક તો મારી મદદ કરતે !

૧. એટલે હે માનવંતા અબ્બાસ સાહેબ ! અલ્લાહના રાહમાં કે ઈસ્લામના મામલામાં કૌમવાદ, સગાંવાદ કે કબીલાવાદનો સવાલ જ નથી. જુઓ તમે મારા કબીલામાંથી નહિ હોવા છતાં તમારા ઈસ્લામ સ્વીકારથી મને જેટલો આનંદ થયો તેટલો મારા બાપના ઈસ્લામ સ્વીકારથી પણ નહિ થાત !''હ''

૨. વૈહ અથવા વૈહુન : આ અરબી શબ્દ કોઈના પ્રત્યે રહમદિલી, સહાનુભૂતિ કે દયાની લાગણી દર્શાવવા માટે અથવા અફસોસ કે ખેદ જાહેર કરવા માટે વપરાય છે. ''હ''

Maktabe Ashraf

અબૂ સુફયાનનો આ જવાબ સાંભળીને આપે તેને ફરમાવ્યું :

વૈહક યા અબા સુફયાન !	અફસોસ છે તુજ પર એ અબૂ સુફયાન !
અલમ યઅને લકા	શું તારા માટે હજુ તે સમય નથી આવ્યો
અન તઅલમ	કે તું જાણી લે કે,
અન્ની રસૂલલ્લાહિ ?	બેશક હું અલ્લાહનો રસૂલ છું ?

જવાબમાં અબૂ સુફયાને પોતાના પહેલા જવાબના શબ્દો દોહરાવતાં કહ્યું, ''યા રસૂલલ્લાહ ! આપ કેટલા સહનશીલ અને ધીરજવાન છો. આપ કેટલા શરીફ અને કુળવાન છો. આપ કેટલા દરિયાદિલ અને ઉદાર છો !''

એ પછી અબૂ સુફયાને આપના બીજા સવાલનો જવાબ આપતાં કહ્યું : ''અમ્મા હાઝિહી વલ્લાહિ ફઈન્ન ફ્રિન-નફસે નહા હત્તલ-આન શૈઆ.''

ભાવાર્થ : હે મુહંમદ ! રહી ગઈ આપના પયગમ્બર હોવાની વાત તો, વલ્લાહ ! એ વિષે તો મારા દિલમાં ખટકો છે જ !

આ સાંભળતાં જ હઝરત અબ્બાસે જલદીથી અબૂ સુફયાનને કહ્યું :

વૈહક અસ્લિમ !	તારૂં બુરૂં થાય, ઇસ્લામ કબૂલ કરી લે,
વ અશહદ અન લા ઈલાહ	અને સાક્ષી આપી દે કે કોઈ ભગવાન નથી
ઈલ્લલ્લાહ.	અલ્લાહ સિવાય.
વ અન્ન મુહમ્મદર	અને સાક્ષી આપી દે કે બેશક મુહંમદ
રસૂલુલ્લાહ	અલ્લાહના રસૂલ છે.
ફહલ અન તદરિબ ઉનુક-કા.	શું તું ચાહે છે કે તારૂં ડોકું ઉડાવી દેવામાં આવે ? ૧

અબૂ સુફયાનનું બહુમાન————હઝરત અબ્બાસનું બયાન છે : મારી વાતથી ચેતીને અબૂ સુફયાને હકની ગવાહી આપવાનું સ્વીકારી લીધું. એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહના સાચા પયગમ્બર છે તેવી કબૂલાત કરી લીધી અને સાચા દિલથી કલિમો પઢીને મુસલમાન બની ગયા. ત્યારે મેં આપને અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! અબૂ સુફયાન કુરૈશ કૌમનો માનીતો સરદાર છે. દરેક વાતમાં માનપાન ખાટીને ગર્વ લેવાનું એને ગમે છે. આપ એને લગતું કોઈ ખાસ ફરમાન બહાર પાડો જેમાં એને ગર્વ લેવાનો લહાવો મળે.''

રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''વારૂ તો જે માણસ અબૂ સુફયાનના ઘરમાં દાખલ થશે તેને રક્ષણ મળશે. જે માણસ પોતાના ઘરનો દરવાજો બંધ કરી લેશે તેને રક્ષણ મળશે. જે માણસ કઅબહના હરમમાં દાખલ થશે તેને રક્ષણ મળશે.''

એ પછી હઝરત અબૂ સુફયાન રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી

૧. એટલે હે અબૂ સુફયાન ! શું તું મરવાનો થયો છે ? જયારે કે તું પોતે કબૂલ કરે છે કે અલ્લાહ વગર કોઇ બીજો ભગવાન હોત તો આ સંકટ સમયે તે જરૂર તારી મદદ કરતે અને જયારે તારા દેવી દેવતાઓ કે લેભાગુ ભગવાનોએ તારી કંઇ જ મદદ નહિ કરી તો પરગાત્રી કેમ કરે છે ? ડાહ્યો-ડમરો થઇને મુસલમાન કેમ નથી બની જતો ?''હ''

Maktabe Ashraf

જવા માટે ઊભા થઇ ગયા તો આપે ફરમાવ્યું, "અબૂ સુફ્યાન ! થોભી જાવ અને હે અબ્બાસ ! સાંભળો, તમે અબૂ સુફ્યાનને પોતાની સાથે લઇ જાવ અને પેલા પહાડને નાકે, સાંકડી ખીણના ટેકરા પર લઇ જઇને એમને ઊભા કરી દો કે જેથી એ, ત્યાંથી ઇસ્લામી લશ્કરના પસાર થવાનો દબદબો અને ઇસ્લામી લશ્કરની જાહોજલાલી જોઇ શકે."

હઝરત અબ્બાસનું બયાન છે : "હું અબૂ સુફ્યાનને લઇને રવાના થયો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું તે પહાડને નાકે આવેલી સાંકડી ખીણના ટેકરા પર લઇ જઇને મેં અબૂ સુફ્યાનને ઊભો કરી દીધો.

ઇસ્લામી લશ્કરની શાનદાર સવારી————હઝરત અબ્બાસનું બયાન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરની શાનદાર સવારી અબૂ સુફ્યાનની આંખ સામેથી પસાર થવા લાગી. દરેક કબીલાનું લશ્કર ફોજી ઢબે શિસ્તબધ્ધ રીતે પસાર થતું હતું. એક પછી એક કબીલો પોતાનો જંગી ઝંડો લહેરાવતો, અલ્લાહુ અકબરની તકબીરનો નઅરો ગજાવતો, દમામભેર ત્યાંથી પસાર થતો હતો. જ્યારે ય કોઇ કબીલાનું લશ્કર પોતાનો ઝંડો લહેરાવતું ત્યાંથી પસાર થવા લાગતું તો અબૂ સુફ્યાન સાહેબ મને પૂછતાં, "અબ્બાસ ! આ કોણ કબીલો છે ?"

હું જવાબ આપતો, "એ સુલૈમનો કબીલો છે."

અબૂ સુફ્યાન બોલી ઊઠતા, "ઓહો ! સુલૈમનો કબીલો !"

પછી બીજો કબીલો પસાર થતાં તેઓ પૂછતા, "અબ્બાસ ! આ કોણ લોકો છે ?"

હું કહેતો, "એ મુઝૈનહ કબીલાના લોકો છે."

અબૂ સુફ્યાન પોકારી ઊઠતા, "ઓહો !મુઝૈનહ કબીલાના લોકો !"

ત્યાં સુધી કે ગિફાર, હુઝૈમ, અશજઅ, જુહૈનહ વગેરે કબીલાના લશ્કરો પસાર થતાં ગયાં. દરેકની કૂચ વેળા અબૂ સુફ્યાન પૂછી લેતા, "અબ્બાસ ! આ કોણ કબીલાનું લશ્કર છે ?"

હું જવાબ આપી દેતો, "ફલાણા કબીલાનું લશ્કર છે."

અબૂ સુફ્યાન બોલી ઊઠતા, "ઓહો, એમ કે, ફલાણા કબીલાનું લશ્કર !"

જૈશે-ખદરાઅનો દબદબો————જ્યારે બધા કબીલાના લશ્કરો એક પછી એક પસાર થઇ ગયાં તો છેલ્લે એક અનેરી શાનવાળું, નોખા દબદબાવાળું અઝીમ લશ્કર ત્યાંથી પસાર થવા લાગ્યું. એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું લશ્કર હતું અને "જૈશે-ખદરાઅ" એટલે લીલું લશ્કર કહેવાતું હતું.

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ લશ્કરને "ખદરાઅ", એટલે લીલું એટલા માટે કહેવામાં આવ્યું કે આ લશ્કર પાસે હથિયારો મોટા જથ્થામાં હતાં અને હથિયારોનો રંગ લીલાશ પડતો દેખાતો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ લશ્કરમાં મુહાજિરીન અને અન્સાર હતા. (અલ્લાહ એ સૌથી રાજી હો !) આ આખું લશ્કર માથાથી પગ સુધી લોખંડમાં ગરકાવ હતું. ઝિરહ, બખતર, લોખંડી ટોપ વગેરેથી સજ્જ હતું. લશ્કરીઓની ફકત આંખો દેખાતી હતી.

Maktabe Ashraf

હઝરત અબ્બાસનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરનો અનેરો દબદબો અનેરી શાન, અનેરો ઠાઠ જોઈને અબૂ સુફયાન હયરતમાં ગરકાવ થઈ ગયા. પૂછયું, "અબ્બાસ ! આ કોણ લોકો છે ?"

મેં કહ્યું, "એ મુહાજિરીન અને અન્સારનું લશ્કર છે. એમની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ છે."

અબૂ સુફયાન બોલ્યા, "વલ્લાહ હે અબુલ-ફઝલ ! આજે કુરૈશ તો શું અરબની કોઈ પણ કૌમ એમની સામે ટકી શકે એમ નથી, ન કોઈમાં એટલી તાકત છે કે એમનો સામનો કરી શકે. ખરેખર હે અબુલ-ફઝલ! તમારા ભત્રીજાની શહેનશાહી, નજીકના ભવિષ્યમાં ભારે જાહોજલાલીવાળી બની જશે."

મેં ઝટ કહ્યું, "ના.....ના.......અબૂ સુફયાન ! તમારી ભૂલ થાય છે. મારા ભત્રીજાની આ શહેનશાહી નથી બલકે નુબુવ્વત અને પયગમ્બરી છે."[1]

અબૂ સુફયાન બોલ્યા, "તબ તો ઔરભી અચ્છા હય."

હઝરત સઅદની ધમકી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહના આ લશ્કરમાં અન્સારનો ઝંડો હઝરત સઅદ બિન ઉબાદહના હાથમાં હતો. જ્યારે આ લશ્કર સાંકડી ખીણમાંથી પસાર થવા લાગ્યું તો અબૂ સુફયાનને ટેકરા પર ઊભેલો જોઈને હઝરત સઅદ બિન ઉબાદહનો ઈમાની જુસ્સો કાબૂમાં નહિ રહ્યો. તેમનું નામ લઈને બોલી ઊઠયા :

"યા અબા સુફયાન !"	હે અબૂ સુફયાન !
અલ-યવમ યવમુલ-મલ્હમહ,	આજનો દિવસ લડાઈનો દિવસ છે.
અલ-યવમ તુસ્તહલ - લુલ-કઅબહ.	આજે કઅબહ ખૂનરેજી માટે હલાલ છે.

કઅબહ અલ્લાહનું ઘર છે શાંતિ અને સલામતી ભરેલું, જે એમાં દાખલ થઈ ગયો તે સલામત બની ગયો. આખા અરબના લોકો જાણતા હતા કે કઅબહમાં કાપાકાપી કે ખૂનરેજી મુત્લક હરામ છે. અબૂ સુફયાને વિચાર્યું કે જો કઅબહ જ હલાલ થઈ ગયો તો આજે મારી સાથે મારી આખી કૌમનો મૃત્યુઘંટ બજી જશે કેમકે ઈસ્લામને ઉખેડી કાઢવામાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાનથી મારી નાખવામાં અમે બાકી શું રાખ્યું છે ?

હઝરત સઅદની ધમકીના કડક શબ્દો સાંભળીને અબૂ સુફયાન પગથી માથા સુધી થથરી ઊઠયા. દયાજનક સ્વરે હઝરત અબ્બાસને કહેવા લાગ્યા, "અબુલ-ફઝલ ! સાંભળ્યું તમે, સઅદ બિન ઉબાદહએ હમણા શું કહ્યું ? વાહ રે કુરૈશ તારી બરબાદીનો દિવસ !"

એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સાથીઓની જમાઅત સાથે ત્યાંથી પસાર થવા લાગ્યા. અબૂ સુફયાને કહ્યું, "યા રસૂલલ્લાહ ! સાંભળ્યું તમે, સઅદે શું કહ્યું ?"

આપે ફરમાવ્યું, "સઅદે શું કહ્યું ?"

અબૂ સુફયાને તેમના શબ્દો દોહરાવતાં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શું આપે પોતાની કૌમને કતલ

1. એટલે મારા ભત્રીજાની આ શાન, શહેનશાહો જેવી નહિ બલકે, પયગમ્બરો અને નબીઓ જેવી છે. "હ"

કરવાનો હુકમ ફરમાવ્યો છે ? શું આપે સઅદ બિન ઉબાદહને ફરમાવ્યું છે કે આજે કઅબહ હલાલ છે અને તેમાં કુરૈશ કૌમની કત્લેઆમ ચલાવવામાં આવશે ? યા રસૂલલ્લાહ ! આપ તો દયાના ભંડાર છો. તમામ ઇન્સાનો માટે રહમત બનીને પધારેલા છો. હું આપને આપણી સગાઇ અને કૌમનો વાસ્તો આપું છું. પોતાની કૌમ સાથે ઉદાર વર્તાવ કરો.''

આપે ફરમાવ્યું, ''અબૂ સુફયાન ! સાંભળો:

કઝબ સઅદ:	સઅદે જે કંઇ કહ્યું, ખોટું કહ્યું છે,
વલાકિન હાઝા યવ્મુ	બલકે આજનો દિવસ તે દિવસ છે કે
યુઅઝ-ઝમુલ્લાહુ	અલ્લાહ કઅબહના ગૌરવ, કઅબહની કીર્તિ, કઅબહની
ફીહિલ કઅબહ.	અઝમતને એમાં ચાર ચાંદ લગાવી દેશે.
વ યવ્મુ તુકસા	અને આજનો દિવસ તે દિવસ છે કે ગુસલ આપવામાં
ફીહિલ કઅબહ.	આવશે એમાં કઅબહને.

બીજી રિવાયત મુજબ આપે એમ પણ ફરમાવ્યું:

યા અબા સુફયાન !	હે અબૂ સુફયાન ! સાંભળો,
અલ-યવમ યવમુલ-મર્હમહ	આજનો દિવસ મહેરબાનીનો અને દયાનો દિવસ છે.
યઇઝ-ઝુલ્લાહુ ફીહે કુરૈશન.	અલ્લાહ એમાં કુરૈશને માન-આબરૂથી વધાવી લેશે.

અબૂ સુફયાનની મક્કહ વાપસી——— ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્બાસ પોતાનું બયાન ચાલુ રાખતાં ફરમાવે છે : ઇસ્લામી લશ્કર અમારી સામેથી પસાર થઇ ગયું તો મેં અબૂ સુફયાનને કહ્યું, ''હે અબૂ હન્ઝલહ ! હવે તમે એક કામ કરો. જેમ બને તેમ જલદી મક્કહમાં તમારી કૌમ પાસે પહોંચી જવાની ઉતાવળ કરો અને તમારી કૌમને નતીજાથી ચેતવીને નજાતનો રસ્તો બતાવો.''

એજ વેળા અબૂ સુફયાન મારતી સવારીએ મક્કહ પહોંચી ગયા અને ચેતવણીના સૂરે ઘાંટો ગજાવતાં બોલ્યા:

''હે કુરૈશ ! હે મારી કૌમના લોકો ! તે રહ્યા મુહંમદ અને તે રહ્યું તેમનું લશ્કર ! જે ધસમસતા પૂર પેઠે આવી રહ્યું છે અને તમારા માથે પહોંચી ગયું છે. આજે તમારામાં તેના મુકાબલાનું ગજું નથી. જાન બચાવવી હોય તો સાંભળો, જે માણસ અબૂ સુફયાનના ઘરમાં દાખલ થઇ જશે તેની જાન સલામત છે......''

અબૂ સુફયાનનો ઘાંટો સાંભળીને તેની બીબી હિન્દ બિન્તે ઉત્બહ ઘરમાંથી દોડીને બહાર નીકળી આવી અને અબૂ સુફયાનની સામે જઇને સીનો તાણીને ઊભી થઇ ગઇ અને તેની મૂંછો પોતાની મુઠ્ઠીમાં મજબૂતીથી પકડી લીધી અને ઘાંટો ગજાવતાં બોલી :

''હે લોકો ! જલદી દોડો અને આ જાડાતાજા, ચરબીવાળા, તુંબડાં પેઠે ફૂલેલા મરદને મારી નાખો. એના બાયલાપણાને લીધે આખી કૌમ તબાહ થઇ ગઇ.

''ખબરદાર હે લોકો ! એના ધોકામાં ન આવજો ! મૂંછાળો મરદ થઇને કહે છે કે મુહંમદનો મુકાબલો કરવાનું તમારૂં ગજું નથી અને ઉપરથી બડાશ મારે છે કે અબૂ સુફયાનના ઘરમાં આસરો લેનારની જાન સલામત છે !''

Maktabe Ashraf

અબૂ સુફયાનની બેગમ હિન્દ બિન્તે ઉત્બહ તે સ્ત્રી છે જેણે જંગે-ઉહુદમાં શહીદ થયેલા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વહાલા માનવંતા કાકા હઝરત હમ્ઝહની પવિત્ર લાશમાં ખંજર ભોંકીને કાળજું ખેંચી કાઢયું હતું અને દાંતોથી ચાવીને વેરના ગુસ્સાથી થૂંકી કાઢયું હતું. આ બીબીએ તેના ખાવિન્દની મૂંછો મુઠીમાં પકડી લઇને અને તેના છાજિયાં લઇને તેને મારી નાખવાની બુમરાણ તો મચાવી દીધી પણ હઝરત અબૂ સુફયાને પોતાની મૂંછો તેની પકડમાંથી છોડાવતાં તેને કહ્યું, "છોડી દે મારી મૂંછો, વલ્લાહ, આજે તું મુસલમાન નહિ બની તો તારૂં ડોકું તારી ગરદન પર સલામત નહિ રહે. જા જલદીથી ઘરમાં ભરાઇ જા !"

એ પછી અબૂ સુફયાને લોકો તરફ ફરીને કહ્યું, "હે કુરૈશ ! આ સ્ત્રી તો પાગલ થઇ છે એના ધોકામાં ન આવો. પોતાના બચાવની ફિકર કરો. આજે મુહંમદની સામે કોઇ ટકી શકે એમ નથી. જાન બચાવવી હોય તો મારા ઘરમાં દાખલ થઇ જાવ."

લોકો આવેશથી બોલ્યા, "ફિટકાર હો તુજ પર હે અબૂ સુફયાન ! તું અમારા માટે કેવા સમાચાર લઇ આવ્યો? ભલા તારૂં ઘર અમને શો લાભ આપી શકે ? અને એમાં કેટલા માણસો સમાય શકે ?"

અબૂ સુફયાને ઊંચા અવાજે કહ્યું, "સાંભળો હે લોકો ! જે માણસ પોતાના ઘરનો દરવાજો બંધ કરી લેશે તે પણ સલામત છે અને જે માણસ કઅબહમાં આસરો લેશે તેની જાન પણ સલામત રહેશે."

આ સાંભળીને લોકોનું ટોળું વિખેરાવા લાગ્યું. કોઇએ પોતાના ઘર ભણી ગબડડી મારી તો કોઇએ કઅબહ તરફ દોટ મૂકી.

ફત્હે-મક્કહ : મગરૂરી નહિ, નમ્રતા————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્રએ મને કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે એક "ફતેહમંદ સિપહસાલાર" તરીકે મક્કહમાં દાખલ થવા માટે રવાના થયા તો "ઝી-તુવા" મુકામે [1] પહોંચીને આપે પોતાની સવારી થંભાવી દીધી. આપ સવારી પર જ બિરાજમાન રહ્યા, નીચે ઊતર્યા નહિ. જે પાઘડી આપે માથે પહેરેલી હતી તેનો છેડો આપે લટકાવેલો ન હતો એટલે આપની પાઘડી છેડા વગરની હતી. આ યમની ચાદરની પાઘડીનો અર્ધો ભાગ લાલ રંગનો હતો. આપનું મુબારક મસ્તક નમ્રતા, આજિઝી, બંદગી અને બંદાપણાના ગદ્‌ગદ ભાવોથી અલ્લાહના દરબારમાં ઝૂકેલું હતું કેમકે અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી આપને ફત્હે-મક્કહના અભૂતપૂર્વ માનઇકરામથી બિરદાવી લીધા હતા. આપનું નમ્રતા ભરેલું મુબારક માથું એટલું બધું નમેલું હતું કે આપની મુબારક દાઢી ઊંટની કાઠી સાથે લાગી ગઇ હતી.

હઝરત અબૂબક્રના વયોવૃધ્ધ બાપુજી————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂબક્ર સિદ્દીકના માનવંતા બેટી હઝરત બીબી અસમાનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝી-તુવા સ્થળે થોભેલા હતા તે વેળા હઝરત અબૂબક્રના બાપા એટલે મારા દાદા અબૂ કુહાફહએ પોતાની સૌથી નાની દીકરીને કહ્યું, "બેટી ! તું મને અબૂ કુબૈસ પહાડ સુધી દોરીને લઇ જા અને પહાડની ટેકરીની ચઢાઇમાં મારી મદદ કર."

હઝરત બીબી અસમાનું બયાન છે : "તે વેળા મારા દાદા અબૂ કુહાફહ છેક વયોવૃધ્ધ હતા. આંખોની રોશની ચાલી જવાથી અંધ બની ગયા હતા. એમની નાની બેટી એમને દોરીને અબૂ કુબૈસ પહાડ સુધી લઇ ગઇ. અને સહારો આપીને એમને પહાડની ટેકરી પર ચઢાવી દીધા. ત્યાં પહોંચીને દાદાજીએ પૂછયું, "બેટી! અહીં તને શું

---

૧. ઝી-તુવા : મક્કહ શહેરની બાજુમાં આવેલી એક ખીણનું નામ.

Maktabe Ashraf

દેખાય છે ?''

બેટી બોલી, ''અબ્બાજી ! ત્યાં સામે બહુ મોટું લશ્કર થોભેલું છે. ઘણા ફોજી સવારો પણ દેખાય રહ્યા છે. એક ફોજી તો વળી લોકોની વચ્ચે, અહીંતહીં, આગળ પાછળ, દોડધામ કરતો પણ મને દેખાય રહ્યો છે.''

દાદાજી બોલ્યા, ''હા બેટી એ ફોજી માણસને ''વાઝિઅ''કહે છે. એ ફોજી સવારોનો ઉપરી છે. અને લશ્કરની વ્યવસ્થા જાળવવા અહીંતહીં દોડધામ કરે છે.'' [૧]

બેટી બોલી, ''લ્યો બાપાજી લશ્કરે હવે ચાલવા માંડયું.''

દાદાજી બોલ્યા, ''ત્યારે તો એ લશ્કર હવે જલદી અહીં આવી લાગશે. બસ બેટી, હેંડ અહીંથી, તું જલદી મને ઘરે લઈ ચાલ.''

છોકરી ઉતાવળે એમને લઈને ટેકરી પરથી નીચે ઊતરી આવી પણ ઘેર પહોંચે તે પહેલાં કેટલાક સવારો એમની પાસે આવી લાગ્યા. છોકરીના ગળામાં ચાંદીનો એક હાર હતો. એક સવારે આગળ વધીને, બીજા સવારોની નજર બચાવીને, છોકરીના ગળામાંથી એ હાર કાઢી લીધો.

અબૂ કુહાફાનો ઇસ્લામ સ્વીકાર————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે મક્કહમાં પ્રવેશીને મસ્જિદે-હરામમાં ખાનએ-કઅબહ પાસે પધાર્યા તો, હઝરત અબૂબક્ર સિદ્દીક પોતાના વયોવૃધ્ધ બાપા અબૂ કુહાફહનો હાથ ઝાલીને તેમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઈ આવ્યા.

વયોવૃધ્ધ બુઝુર્ગને જોઈને આપે ફરમાવ્યું, ''અબૂબક્ર ! તમે નાહક બડેમિયાંને તકલીફ આપી. હું પોતે હાજર થઈને એમની મુલાકાત લેત !''

હઝરત અબૂબક્ર બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! આપ પોતે પગે ચાલીને ઘેર પધારો તેના કરતાં બેહતર છે કે મારા બાપુજી પોતે પગે ચાલીને આપની તહેનાતમાં હાજર થાય.''

આપે અબૂ કુહાફહને પોતાની સામે બેસાડી લીધા. તેમના સીના પર પોતાનો મુબારક હાથ ફેરવ્યો અને ફરમાવ્યું, ''બડેમિયાં ! ઇસ્લામ કબૂલ કરી લો.''

અબૂ કુહાફહએ વિના વિલંબે કલિમએ-શહાદત પઢી લીધો અને મુસલમાન બનીને દીનો-દુનિયાની કામયાબી મેળવી લીધી. (આખી ઉંમરના ગુનાહ માફ થઈ ગયા અને જન્નતના હકદાર બની ગયા.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂબક્ર પોતાના બાપાને લઈને આવ્યા તે વેળા તેમનું માથું એકદમ સફેદ બગલા જેવું દેખાતું હતું. આપે ફરમાવ્યું, ''એમના વાળો ખિઝાબથી રંગતા રહો.''

એ પછી હઝરત અબૂબક્રે પોતાની સૌથી નાની બહેનનો હાથ ઝાલી લીધો અને ઊભા થઈને ઊંચા અવાજે કહ્યું, ''હે લોકો ! અલ્લાહ અને ઇસ્લામના નામે વિનંતી કરૂં છું. જે કોઈએ મારી બહેનનો હાર લીધો હોય તે પાછો આપી દે !''

પણ ત્યાં જવાબ આપવા કોણ બેઠું હતું ? ત્યારે હઝરત અબૂબક્રે પોતાની બહેનને કહ્યું, ''મારી નન્ની મુન્ની બહેન ! સબર કર, ધીરજ ધર, પોતાના હારને ભૂલી જા ! આજકાલ લોકોમાં ઈમાનદારીનું પ્રમાણ ઘટી ગયું છે.''

૧. વાઝિઅ : (ઝે અક્ષરથી) ભૂમિદળનો સૈનિક, લશ્કરની જરૂરિયાતની વ્યવસ્થા કરનાર ઉપરી. ''હ''

Maktabe Ashraf

ઇસ્લામી લશ્કરનો મક્કહ પ્રવેશ—————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન નજીહએ માહિતી આપતાં કહ્યું, "જે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇસ્લામી લશ્કરને, ઝી-તુવા સ્થળેથી કૂચનો હુકમ ફરમાવ્યો હતો, જમણી પાંખના સરદાર હઝરત ઝુબૈર બિન અવ્વામને સૂચના આપી કે તેઓ, લશ્કરની જમણી પાંખને લઇને "કુદાઅ" પહાડની ફલાણી દિશાએથી મક્કહમાં દાખલ થાય અને હઝરત સઅદ બિન ઉબાદહને હુકમ ફરમાવ્યો કે તેઓ પોતાના લશ્કર સાથે "કદાઅ" પહાડની ફલાણી દિશાએથી મક્કહમાં દાખલ થાય. [1]

ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન નજીહએ મને એમ પણ કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખાલિદ બિન વલીદને લૈતની દિશાએથી મક્કહમાં દાખલ થવાનો હુકમ ફરમાવ્યો. લૈત મક્કહની નીચાણ ભૂમિએ દક્ષિણે આવેલું સ્થળ છે. હઝરત ખાલિદ બિન વલીદ જમણી પાંખની લશ્કરી ટુકડીના સરદાર હતા. એમની કમાનમાં અસ્લમ, સુલૈમ, ગિફાર, મુઝૈનહ, જુહૈનહ તથા બીજા અરબ કબીલાઓના સૈનિકો હતા.

હઝરત અબૂ ઉબૈદહ બિન જરાહ મુસલમાનોની એક ટુકડીને લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામેની દિશાએથી મક્કહમાં ઊતર્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અઝાખર નામે મક્કહની એક ઘાટી તરફથી શહેરમાં દાખલ થયા. આ સ્થળ મક્કહની ઊંચાણ ભૂમિએ આવેલું હતું. અહીં જ આપના ઉતારા માટે એક તંબૂ ઊભો કરી દેવામાં આવ્યો.

મક્કહના ગુંડાઓનું તોફાન—————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન નજીહ અને અબ્દુલ્લાહ બિન અબૂબકએ મને માહિતી આપતાં કહ્યું કે મક્કહની તોફાની ટોળકીમાંથી સફવાન બિન ઉમૈયહ, ઇકરિમહ બિન અબૂ જહલ અને સુહૈલ બિન અમ્રે મક્કહના કેટલાક માથાભારે તત્વોને શસ્ત્રસજ્જ કરીને "ખન્દમહ" પહાડની તળેટીમાં ગોઠવી દીધા હતા. જ્યારે હઝરત ખાલિદ બિન વલીદ પોતાની લશ્કરી ટુકડી સાથે અહીંથી પસાર થવા લાગ્યા તો આ તોફાની ટોળકીએ ઘાતમાંથી નીકળીને તેઓની ઉપર અચાનક હલ્લો કરી દીધો. એમાં સફવાન, ઇકરિમહ અને સુહૈલ પોતે પણ હતા.

બહાદુરીના બણગા ફૂંકનારો યુવક—————ઇબ્ને ઇસ્હાક કહે છે : ખાલિદ બિન વલીદની લશ્કરી ટુકડી પર તૂટી પડનારા કુરૈશી બંડખારો અગાઉથી તૈયારી કરીને ખન્દમહ પહાડની તળેટીમાં લપાઇ ગયા હતા. હથિયારોથી એમની મદદ કરનાર બનૂબક્ર કબીલાનો હમ્માસ બિન કૈસ બિન ખાલિદ નામે એક શેખચલ્લી જેવો માણસ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં પધારે તે પહેલાં આ માણસ હથિયારોની ખટપટમાં પડેલો હતો. તેની બીબીએ આ ખટપટ જોઇને પૂછ્યું, "આ બધું શું છે અને શેની તૈયારી કરો છો ?"

હમ્માસ બિન કૈસ બોલ્યો, "તૈયારીનું પૂછે છે તો સાંભળ, આ તૈયારી મુહંમદ અને તેમના સાથીઓ માટે છે."

"પાગલ થઇ ગયા છો કે શું ?" બીબી બોલી, "આજે મુહંમદ અને તેમના સાથીઓ સામે કોણ ટકી

૧. કદાઅ અને કુદાઅ મક્કહના બે પહાડોના નામ છે. કદાઅ મક્કહની ઊંચાણ ભૂમિએ ઉત્તર દિશાએ આવેલો છે. કુદાઅ નીચાણ ભૂમિએ દક્ષિણ દિશાએ આવેલો છે. કુદાઅને એક ખૂણે મક્કહનું મશહૂર કબ્રસ્તાન "જન્નતુલ-મુઅલ્લા" આવેલું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની જમાઅત સાથે કુદાઅ પાસેથી પસાર થઇને કદાઅ તરફથી મક્કહમાં દાખલ થયા હતા. દિશાની બાબતે રાવીઓમાં મતભેદ પ્રવર્તે છે. (ઇબ્ને હિશામ જિ.૨ પા. ૪૮૧નો હાશિયો.) "હ"

શકે?''

''અરે જોજે ને !'' હમ્માસ બોલ્યો, ''આજે મુહંમદના એક સિપાહીને પકડીને તારા ગુલામ તરીકે હાજર નહિ કરૂં તો મારૂં નામ હમ્માસ નહિ !''

પછી તે મોજમાં આવીને આ પંકિતઓ લલકારવા લાગ્યો :

ઇંય યુક્‌-બિલુલ-યવમ ફ્મા લી ઈલ્લહ • હાઝા સિલાહુન કામિલુંવ વ અલ્લહ,

વ ઝૂ ગિરા - રબ્બે સરીઉસ સલ્લહ.

તરજુમો : જો આજે એ લોકો મારા મુકાબલે આવશે તો મુજમાં કોઈ તરહની નબળાઈ નથી. પૂરતાં હથિયારો હાજર છે. આ લાંબા ફળવાળો અણીદાર ભાલો છે અને આ આરપાર નીકળી જનારી દો-ધારી તલવાર છે.

હઝરત ખાલિદ સાથે ઝપાઝપી——————એ પછી હમ્માસ બિન કૈસ, ખન્દમહ સ્થળે સફ્વાન, ઈકરિમહ અને સુહૈલ પાસે પહોંચી ગયો અને ઘાતમાં બેસીને જ્યારે તેઓ હઝરત ખાલિદ બિન વલીદના સાથીઓમાંથી કેટલાક પર તૂટી પડયા તો આ રમખાણમાં બંને પક્ષે થોડીઘણી ખૂનરેઝી થવા પામી. આ ખૂનરેઝીમાં હઝરત કુર્ઝ બિન જાબિર ફ્હિરી અને બનૂ મુહારિબ બિન ફ્હિરના એક મર્દે-મુજાહિદ તથા બનૂ મુન્કઝના હલીફ હઝરત ખુનૈસ બિન ખાલિદ બિન રબીઅહ બિન અસરમ શહીદ થઈ ગયા.

એમાનાં બે મુજાહિદો હઝરત ખાલિદના સવારોમાંથી હતા પણ લશ્કરથી પાછળ પડીને બીજે રસ્તે ફંટાઇ ગયા હતા. શયતાની ટોળકીએ એકસાથે બંનેને કતલ કરી નાખ્યા. હઝરત ખુનૈસને હઝરત કુર્ઝથી પહેલાં કતલ કર્યા. ખૂનરેઝી વેળા હઝરત કુર્ઝે હઝરત ખુનૈસને પોતાના પગોની વચ્ચે લઈને તલવાર વીંઝવા માંડી અને તેમનો બચાવ કરતાં પોતે પણ શહીદ થઇ ગયા. તલવાર વીંઝતી વેળા તેઓ જિહાદના જુસ્સાથી રણગીતની આ પંકિતઓ લલકારતા હતા :

કદ અલિમત સફ્રાઉ મિમ બની ફ્હિરે • નકીય - યતિલ-વજહે નકીય-યતસ - સદરે,

લ અદ-રેબન્નલ - યવમ અન અબી સખ્રે.

ભાવાર્થ : આજે બનૂ ફ્હિરના પીળા રંગના, ઊજળા ચેહરાના, સાફ સીનાવાળા લોકોને ખાતરી થઇ જશે કે હું મારા સાથી અબૂ સખ્ર તરફથી કેવી તલવારબાજી કરી રહ્યો છું !

ઈબ્ને હિશામ કહે છે : હઝરત ખુનૈસનું ઉપનામ અબૂ સખ્ર હતું અને તેઓ ખુઝાઅહ કબીલાના નબીરાઓમાંથી હતા. આ ઝપાઝપીમાં હઝરત સલમહ બિન મયલાઅ પણ શહીદ થઇ ગયા. (રદિયલ્લાહુ અન્હુમ)

બહાદુર યુવકની બુઝદિલી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત સલમહ બિન મયલાઅ જુહૈનહ કબીલામાંથી હતા. મુશરિક બંડખોરો સાથે ઝપાઝપીમાં શહીદ થઇ ગયા. એ પછી કુરૈશી બંડખોરોના છક્કા છૂટી ગયા. પોતાના સાથીઓની બાર તેર લાશોને ખાકો-ખૂનમાં તરફડિયાં મારતી જોઈને ઊભી પૂછડીએ ભાગી છૂટયા. [1] ભાગનારાઓમાં પેલો શેખીખોર હમ્માસ બિન કૈસ બિન ખાલિદ પણ હતો. દોડતો આવીને ઘરમાં ઘૂસી ગયો અને પોતાની બીબીને બોલ્યો, ''અરે સાંભળે છે ! જલ્દી દરવાજો બંધ કરી દે, જલદી સાંકળ વાસી દે !''

તેની આ બહાદુરી જોઈને બીબીએ કટાક્ષ કર્યો, ''તે દિવસે તો બહુ બડાશ મારતા હતા હવે શું થયું?''

૧. એક રિવાયત મુજબ ૨૪ લાશો છોડીને નાસી ગયા. (ફત્હુલ-બારી જિ.૨ પા. ૪૯૭) ''હ''

હમ્માસ પોતાનો શ્વાસ ઠીક કરતાં બોલ્યો :

ઈન્નકે લવ શહિદતે યવમુલ-ખન્દમહ • ઈઝ ફર્ર સફવાનુ વ ફર્ર ઈકરિમહ.

હે બેગમ ! જો તું ખન્દમહની ખૂનરેઝી વેળા હાજર હોત જ્યારે કે સફવાન બિન ઉમૈયહ ફરાર થઈ ગયો અને ઈકરિમહ બિન અબૂ જહલ પણ ભાગી છૂટયો.

વ અબૂ યઝીદ કાઈમુન કલ-મુઅ -તમહ • વસ્તક - બલત હુમ બિસ - સુયૂફિલ - મુસ્લેમહ.

અને અબૂ યઝીદ એટલે સુહૈલ બિન અમ્ર થાંભલું બનીને ઊભો રહી ગયો અને અમે મુસલમાનોની એવી તલવારોની દોટે ચઢી ગયા; ——————

યક-તઅના કુલ્લ સાઈદિંવ વ જુમ-જુમહ • દરબન ફલા યુસમઉ ઈલ્લા ગમ-ગમહ.

એવી તલવારો જે દરેક કાંડાંને અને દરેક ખોપરીને કાપી-કાપીને ઉડાવી દેતી હતી અને ચીખ-પુકાર કે મારો-કાપોની બૂમરાણ સિવાય બીજો અવાજ સંભળાતો ન હતો.

લહુમ નહૈતુન ખલ્ફના વ હમ-હમહ • લમ તન્તકી ફિલ-લવમે અદના કલિમહ.

તે વેળા અમારી પાછળ સફ્વાન, સુહૈલ વગેરેના સીનાઓમાંથી નીકળતા હાય-હાય કે ઓહ-ઓહના ચીત્કારાઓ સિવાય કશું ન હતું. હે બેગમ ! જો તું આ બધું જોઈ લેત તો તારી જીભેથી ઠપકા કે કટાક્ષનો શબ્દ સરખો ના નીકળત !

ઈસ્લામી લશ્કરનો શિઆર——————ફત્હે-મક્કહ, જંગે-હુનૈન અને જંગે-તાઈફમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી મક્કહના મુહાજિરોના લશ્કરનો શિઆર "યા બની અબ્દુર્રહમાન!" હતો.

મદીનહના અન્સારમાંથી ખઝરજ કબીલાના લશ્કરનો શિઆર "યા બની અબ્દુલ્લાહ !" હતો અને મદીનહના અન્સારમાંથી ઔસ કબીલાના લશ્કરનો શિઆર "યા બની ઉબૈદુલ્લાહ !" હતો.

શિઆર એટલે નિશાને-જંગ અથવા એકબીજાની ઓળખાણનો સંકેત શબ્દ, કોડ-વર્ડ.

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૮

મક્કહના ઇશ્તેહારી મુજરિમો

લશ્કરના ઉપરીઓને મળેલું ફરમાન • પહેલા નંબરનો મુજરિમ • બીજા નંબરનો મુજરિમ • ઇબ્ને ખતલની ગાનારી લોંડીઓ • પાંચમા નંબરનો મુજરિમ • છઠ્ઠા નંબરનો મુજરિમ • સાતમા નંબરે સારહ બીબી • અબૂ જહલનો જવાન બેટો • કોણ કોણ કતલ થયા • બે ભગેડુઓ ઉમ્મે હાનીના ઘરમાં • રસૂલુલ્લાહ (સલ.)ની કઅબહમાં પધરામણી • રસૂલુલ્લાહ (સલ.)નો ખુત્બો • આઝાદી અને સલામતીની બશારત • કઅબહની કૂંચીનો હકદાર • બૈતુલ્લાહની તસવીરો અને મૂર્તિઓ • કઅબહની અંદર નમાઝ • કઅબહમાં સૌથી પહેલી અઝાન • ખૂનનો એક કમનસીબ બનાવ • બૈતુલ્લાહની અઝમતનો ખુત્બો • મદીનહના અન્સારને હૈયાધારણ • મૂર્તિઓ ઊંધા માથે ગબડી પડી • રસૂલુલ્લાહ (સલ.)ને કતલ કરવાની ચેષ્ટા • નિરાશાવાદી સફવાન બિન ઉમૈયહ • સફવાન અને ઇકરિમહની બેગમો • મક્કહનો પંકાયેલો શાઇર • ઇબ્ને ઝિબઅરાનો કસીદો • બીબી ઉમ્મે હાનીનો ખાવિન્દ • ફત્હે-મક્કહમાં ઇસ્લામી સૈન્યની સંખ્યા • મૂર્તિના પેટમાં બેઠેલો ભેદી શાઇર.

Maktabe Ashraf

લશ્કરના ઉપરીઓને મળેલું ફરમાન————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇસ્લામી લશ્કરને મક્કહમાં દાખલ થવાનો હુકમ ફરમાવ્યો. મક્કહમાં દાખલ થવા પહેલાં આપે લશ્કરના અમીરો, અધિકારીઓ અને દરેક કબીલાના લશ્કરી સરદારોની તાકીદની સભા બોલાવી અને તેઓ પાસેથી આપે આ વાતનું પાકું વચન લીધું કે :

•————કોઇ પણ માણસ સાથે લડવું નહિ. ઝગડો થાય તેવી કોઇ વાત કરવી નહિ. ધાકધમકી કોઇને આપવી નહિ.

•————કોઇ પણ માણસને કતલ કરવો નહિ. નાહક ખૂન રેડવું નહિ.

•————હા જે લોકો શિંગડાં ઉગામે, તમારા મુકાબલે આવે અને પોતે લડવાની શરૂઆત કરે તેઓ સાથે લડવાની છૂટ છે.

એની સાથે જ આપે મક્કહના કેટલાક ખાસ માણસોના નામો ગણી બતાવ્યાં અને લશ્કરના અધિકારીઓ પાસેથી વચન લીધું કે :

"એમાંનો કોઇ પણ માણસ ગમે ત્યાં તમારી દોટે ચઢી જાય, પછી તે ગિલાફે-કઅબહના

પર્દા પાછળ લપાયેલો હોય તો પણ ત્યાં જ તેને કતલ કરી નાખવો."[1]

પહેલા નંબરનો મુજરિમ————ઈબ્ને ઈસ્હાક કહે છે : જે લોકોને જોતાં જ ઠાર મારવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો તેઓમાંથી એક બનૂ આમિર બિન લુઐય કબીલાનો અબ્દુલ્લાહ બિન સઅદ બિન અબી સરહ હતો. આ માણસ હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુનો દૂધભાઈ થતો હતો. ભણેલો ગણેલો જાણકાર માણસ હતો. કુર્આનની આયતોનો કાતિબ હતો.

એને મળે ત્યાં મારી નાખવાનો હુકમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એટલા માટે ફરમાવ્યો હતો કે એ મુસલમાન બનવા પછી મુર્તદ બની ગયો હતો. મુસલમાન બનવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એને આકાશી વહી એટલે કુર્આનની આયતો લખવાના કામ પર નિયુકત કર્યો હતો. પરંતુ બાદમાં ઈસ્લામનો ત્યાગ કરીને મુશરિક અને મુર્તદ બની ગયો હતો અને મુસલમાનો પાસેથી નાસીને મક્કહ ચાલ્યો ગયો હતો અને કુરૈશી કાફિરો સાથે ભળીને કાફિર બની ગયો હતો.

હવે જયારે મક્કહ ફતેહ થયું તો આ માણસ લપાતો છુપાતો ઘરમાંથી નીકળી નાઠો અને છુપી રીતે હઝરત ઉસ્માન બિન અફ્ફાન પાસે જઈને તેમનો આસરો મેળવી લીધો. હઝરત ઉસ્માનનો દૂધભાઈ થતો હોવાથી હઝરત ઉસ્માને એને આસરો આપીને છુપાવી રાખ્યો. ફત્હે-મક્કહ પછી જયારે બધું શાંત થઈ ગયું તો હઝરત ઉસ્માન એને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. એની તરફથી માફીની દરખાસ્ત સાથે એને જીવતદાન આપી દેવાની ભલામણ કરી.

લોકોનું કહેવું છે કે હઝરત ઉસ્માનની ભલામણ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મોડે સુધી ખામોશ રહ્યા. મજલિસમાં મોડે સુધી સન્નાટો છવાયેલો રહ્યો. જયારે મોડે સુધી જવાબ નહિ મળ્યો તો હઝરત ઉસ્માને અદબપૂર્વક ફરીવાર ભલામણ કરી, "યા રસૂલલ્લાહ ! એને માફ કરી દો. એને જીવતદાન આપી દો."

આપે ફરમાવ્યું, "ઠીક છે."

એ પછી હઝરત ઉસ્માન તેને લઈને રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ચાલ્યા ગયા. હઝરત ઉસ્માનના જવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની આજુબાજુમાં બેઠેલા માનવંતા સહાબાને ફરમાવ્યું, "જાણો છો હું મોડે સુધી ખામોશ કેમ રહ્યો ?"

સહાબાએ અરજ કરી, "અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણે છે."

આપે ફરમાવ્યું, "હું એટલા માટે ખામોશ રહ્યો કે તમારામાંથી કોઈ ઊભો થઈને તેની ગરદન તલવારથી ઉડાવી દેત !"

એક અન્સારી બોલ્યા, "યા રસૂલલ્લાહ ! એમ જ હતું તો મને ઈશારો ફરમાવી દેત !"

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે લોકોના નામો લીધાં એ બધા "ઇશ્તેહારી મુજરિમો" કહેવાય છે. સીરતકારોએ એમની સંખ્યા ૬ થી લઈને ૧૫ સુધી દર્શાવી છે. એમાંથી ૮ માફી માગીને મુસલમાન બની ગયા. પાંચ કતલ થયા. એક નાસીને નજરાન ચાલ્યો ગયો અને ત્યાં જ કુફ્રની હાલતમાં મરી ગયો અને એકની કતલ વિશે મતભેદ છે. સનદી રિવાયતો મુજબ કતલ ફકત બેજ માણસો થયા જેઓ પોતે ખૂની હતા. એક નજરાનમાં મરી ગયો. એકની કતલ વિશે મતભેદ છે. બાકીના ૧૧ મુજરિમો બચી ગયા. મુજરિમ એટલે આરોપી, ગુનેહગાર, અપરાધી. (ફત્હુલ-બારી જિ.૨ પા. ૫૦૧-૫૦૪ - વધુ વિગત માટે જુઓ સીરતુન-નબી જિ.૧ પા ૫૨૩ થી ૫૨૬ સુધી) "હ"

આપે ફરમાવ્યું, "જુઓ પયગમ્બર કોઈને ઈશારાથી કત્લ નથી કરાવતા." (એટલે ઈશારાબાજી પયગમ્બરોને નહિ છાજે.)

ઈબ્ને હિશામ કહે છે : અબ્દુલ્લાહ બિન સઅદ બિન અબી સરહ એજ દિવસથી પાકા અને સાચા મુસલમાન બની ગયા. બાદમાં ઈસ્લામ માટે અનેક ભોગો આપ્યા. હઝરત ઉમરે પોતાની ખિલાફતમાં એમને એક પ્રાંતના ગવર્નર બનાવ્યા. પછી હઝરત ઉસ્માને પણ પોતાની ખિલાફતમાં એમને ગવર્નર બનાવ્યા. અલ્લાહ એમનાથી રાજી હો !

બીજા નંબરનો મુજરિમ————ઈબ્ને ઈસ્હાક કહે છે : જેઓની કતલનું ફરમાન છોડવામાં આવ્યું તેઓમાંથી એક અબ્દુલ્લાહ બિન ખતલ નામે ગૃહસ્થ હતો જે બનૂ તૈમ બિન ગાલિબના ખાનદાનમાંથી હતો. એની કતલનું ફરમાન છૂટ્યું તેનું કારણ એમ બન્યું કે એના મુસલમાન થવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એને ઝકાત ખાતાનો ઉપરી બનાવીને એક વસતિમાં ઝકાતની ઉઘરાણી માટે મોકલ્યો. એના સંગાતે એક અન્સારી મુસલમાનને પણ મોકલાવ્યા. ઈબ્ને ખતલે પોતાના એક ગુલામને પણ પોતાની સેવા ચાકરી માટે સાથે લીધો. એનો આ ગુલામ મુસલમાન હતો.

અબ્દુલ્લાહ બિન ખતલે પોતાના સાથીઓ સાથે એક મંઝિલે પહોંચીને પડાવ નાખ્યો અને એક મેંઢો ઝબહ કરીને પોતાના ગુલામને જમણ તૈયાર કરવાનો આદેશ આપ્યો અને પોતે થાકેલો હોવાથી પથારીમાં પડતું મૂક્યું. જ્યારે જાગ્યો તો ભૂખ્યો હોવાથી ગુલામ પાસે ખાવાનું માગ્યું, પણ ખાવાનું તૈયાર ન હતું. ગુલામ બિચારો પણ થાક અને ઉજાગરાનો માર્યો ઊંઘી ગયો હતો. આ ગફલત બદલ મગજનો કાબૂ ગુમાવીને તેણે પોતાના ગુલામને કતલ કરી નાખ્યો અને પોતે મક્કહ નાસી ગયો અને ત્યાં જઈને મુર્તદ બનીને કુરૈશી કાફિરો સાથે શામિલ થઈ ગયો અને પોતે પણ મુશરિક બની ગયો. [૧]

Maktabe Ashraf

ઈબ્ને ખતલની ગાનારી લોંડીઓ————અબ્દુલ્લાહ ઈબ્ને ખતલની બે લોંડીઓ હતી. એકનું નામ ફરત્ના અને બીજીનું કરીબહ અથવા કુરૈબહ હતું. નાચમુજરામાં અને ગીતો ગાવાની કળામાં બંનેએ નામના મેળવી હતી. ઈબ્ને ખતલ નાચરંગની મેહફિલો ગોઠવીને આ લોંડીઓ પાસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બદગોઈઓના ગીતો ગવાડયા કરતો હતો. મક્કહ ફતેહ થયું તો આપે ઈબ્ને ખતલની સાથે તેની લોંડીઓને પણ કતલ કરવાનો હુકમ ફરમાવ્યો હતો.

પાંચમા નંબરનો મુજરિમ————વાજિબુલ-કત્લ મુજરિમોમાંથી પાંચમા નંબરનો મુજરિમ હુવૈરિસ બિન નુકૈઝ બિન વહબ બિન અબ્દ બિન કુસૈય નામે શખ્સ હતો. આ માણસ મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તરહ-તરહની ઈજાઓ આપ્યા કરતો હતો.

ઈબ્ને હિશામ કહે છે : હુવૈરિસ બિન નુકૈઝે બીજો પણ એક ગંભીર ગુનાહ કર્યો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની

---

૧. અબ્દુલ્લાહ બિન ખતલ ત્રણ ગુનાહોનો આરોપી ઠર્યો હતો : (૧) નાહક ખૂન કર્યું. (૨) ઈસ્લામ ત્યાગીને મુર્તદ બની ગયો. (૩) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બદગોઈઓના કાવ્યો રચીને, નાચગાનની મેહફિલો ગોઠવીને, પોતાની બે લોંડીઓ પાસે આ નિંદાગીતો ગવાડતો હતો. આ ત્રણમાંથી દરેક ગુનાહની શિક્ષા મોત છે. ફતેહ-મક્કહ વેળા ઈબ્ને ખતલ કઅબહના પર્દામાં ભરાય ગયો. લોકોએ આપને ખબર કરી તો આપે ફરમાવ્યું, "ત્યાં જ તેને કતલ કરી નાખો." હઝરત અબૂ બરઝહ અસલમી અને હઝરત સઅદ બિન હુરૈસ મખઝૂમીએ મળીને, હજરે-અસ્વદ તથા મકામે-ઈબ્રાહીમની વચ્ચે એને કતલ કર્યો. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૪૧) "હ"

બે સાહબઝાદીઓ, હઝરત ફાતિમહ અને હઝરત ઉમ્મે-કુલસૂમને મક્કહથી મદીનહ લઈ જતા હતા. રસ્તામાં હુવૈરિસે પોતાના સાથીઓ સાથે એમને ઘેરી લીધા અને સાહબઝાદીઓને ધમકાવીને ખૂબ માનસિક ત્રાસ આપ્યો હતો. અને તીરોના ગોદા મારીમારીને બંને સાહબઝાદીઓને જમીન પર પાડી નાખ્યા હતાં.

છઠ્ઠા નંબરનો મુજરિમ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુજરિમોમાંથી છઠ્ઠો મુજરિમ મિકયસ બિન સુબાબહ નામે માણસ હતો. એની કતલનો એટલા કારણે હુકમ મળ્યો કે એણે મક્કહથી મદીનહ જઇને એક અન્સારી મુસલમાનને ધોકાથી કતલ કરી નાખ્યા હતા. આ અન્સારી મુસલમાને, મિકયસના મુસલમાન બનેલા ભાઈને એક લડાઈમાં દુશ્મનનો માણસ સમજીને ભૂલથી મારી નાખ્યો હતો. મિકયસને સમાચાર મળતાં તે મક્કહથી મદીનહ ગયો. પોતે મુસલમાન બની ગયો અને પોતાના ભાઈના ખૂનનો દાવો કરી દીધો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એના ભાઈના ખૂનની કિંમત એને ચૂકવી આપી. કિંમત લેવા છતાં એક દિવસે એણે પેલા અન્સારી મુસલમાનને કતલ કરી નાખ્યા અને મદીનહથી ફરાર થઈને મક્કહ પહોંચી ગયો અને ઈસ્લામને છોડીને મુર્તદ બની ગયો અને કુરૈશ સાથે ભળીને મુશરિક બની ગયો.

સાતમા નંબરે સારહ બીબી————ઈશ્તેહારી મુજરિમોમાં સાતમા નંબરે સારહ અથવા સાર્રહ નામની એક સ્ત્રી હતી. એ બનૂ અબ્દુલ-મુત્તલિબ ખાનદાનના કોઈ માણસની લોંડી હતી. મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાતજાતની તકલીફો આપ્યા કરતી હતી.

અબૂ જહલનો જવાન બેટો————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઈશ્તેહારી મુજરિમોમાં અબૂ જહલનો જવાન ફરઝંદ ઇકરિમહ પણ શામિલ હતો. ફત્હે મક્કહને દિવસે મક્કહના માથાભારે તત્વો સાથે ગઠબંધન કરીને મુસલમાનો વિરૂધ્ધ રમખાણ મચાવ્યું. ઈસ્લામી લશ્કરના બે ત્રણ મુજાહિદોને મારી નાખ્યા અને હઝરત ખાલિદ બિન વલીદના હાથે પરાજય થતાં મક્કહથી ફરાર થઈને યમન નાસી ગયો. એની બેગમ, બીબી ઉમ્મે હકીમ બિન્તે હારિસ બિન હિશામ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયાં. સાચા દિલથી કલિમો પઢીને મુસલમાન બની ગયાં અને પોતાના ખાવિન્દ માટે માફી તથા સલામતીની દરખાસ્ત રજૂ કરતાં બોલ્યાં, "યા રસૂલલ્લાહ ! મારા ખાવિન્દ ઇંકરિમહને માફી આપી દો. તેમના માટે સલામતીનું વચન આપો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીબી ઉમ્મે હકીમની દરખાસ્ત વધાવી લઈને ઇંકરિમહ બિન અબૂ જહલને જીવતદાન આપી દીધું. બીબી ઉમ્મે હકીમ એક બહાદુર અને સાહસ-ખેડુ ખાતૂન હતાં. પોતાના ખાવિન્દની શોધમાં મક્કહથી નીકળી પડયાં. જંગલો અને પહાડો ખૂંદતાં યમન પહોંચી ગયાં અને છેવટે પણ ખાવિન્દનો પત્તો મેળવી લઈને તેમને મક્કહ લઈ આવ્યાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરી દીધા. હઝરત ઇંકરિમહ એજ વેળા કલિમો પઢીને મુસલમાન બની ગયા.[1]

કોણ કોણ કતલ થયા————અબ્દુલ્લાહ ઇબ્ને ખતલને હઝરત સઅદ બિન હુરૈસ મખ્ઝૂમી તથા હઝરત અબૂ બરઝહ અસ્લમીએ મળીને કઅબહમાં કતલ કર્યો. કઅબહનાં પર્દામાં ભરાય ગયો હતો.

મિકયસ બિન સુબાબહને હઝરત નુમૈલહ બિન અબ્દુલ્લાહએ કતલ કર્યો. મિકયસ પોતે પણ હઝરત

---

૧. બાદમાં હઝરત ઇકરિમહ રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા જાં-નિસાર બની ગયા. ઇસ્લામની સરબુંલદી માટે અનેક ભોગો આપ્યા. પોતાનું પૂરૂં જીવન જિહાદમાં વીતાવી દીધું. જંગે-યરમૂકમાં શહીદ થયા તો બદન પર તલવારો અને ભાલાઓના ૭૦થી વધારે ઘા હતા. (ફત્હુલ-બારી જિ. ૨ પા. ૫૦૧) "ક"

નુમૈલહની જ કૌમમાંથી હતો.

ઇબ્ને ખતલની લોંડીઓમાંથી કુરૈબહ કતલ થઇ ગઇ. બીજી કરત્ના નામે લોંડી નાસી ગઇ. છેવટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગઇ. મુસલમાન બનીને માફી માગી લીધી. આપે તેને માફી આપી દીધી.

એક રિવાયત મુજબ સારહ માટે પણ માફીની દરખાસ્ત રજૂ કરવામાં આવી જેનો સ્વીકાર થતાં તે બચી જવા પામી. હઝરત ઉમરની ખિલાફત વેળા મક્કહની એક ખીણમાં કોઇ ઘોડેસવારના ઘોડાની હડફટમાં આવીને વફાત પામી ગઇ.

રહી ગયો હુવૈરિસ બિન નુકૈઝ તો હઝરત અલી બિન અબી તાલિબે એને કતલ કર્યો.

બે ભગેડુઓ ઉમ્મે-હાનીના ઘરમાં——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને સઇદ બિન અબૂ હિન્દે અકીલ બિન અબી તાલિબના આઝાદ ગુલામ અબૂ મુર્રહના હવાલાથી આ રિવાયત કહી સંભળાવી. હઝરત અલીના બહેન ઉમ્મે હાની બિન્તે અબી તાલિબનું બયાન છે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મક્કહની ઊંચાણ ભૂમિએ પધારીને બિરાજમાન થયા તો ઇશ્તેહારી મુજરિમોની કતલની જાહેરાત સાંભળીને બે માણસો દોડતા આવીને મારા ઘરમાં ભરાઇ ગયા. એ બંને બનૂ મખ્ઝૂમના ખાનદાનમાંથી હતા અને મારા દેવરોમાંથી હતા. મેં એમને મારા ઘરની ઓરડીમાં આસરો આપ્યો.''

બીબી ઉમ્મે-હાનીના ખાવિન્દનું નામ હુબૈરહ બિન અબૂ વહબ મખ્ઝૂમી હતું.

બીબી ઉમ્મે-હાનીનું બયાન છે : ''પેલા બંનેની પાછળ લાગલા જ મારા ભાઇ અલી બિન અબી તાલિબ આવી લાગ્યા અને બોલ્યા, ''અલ્લાહના સોગંદ, હું જરૂર એ બંનેને કતલ કરીશ.''

મેં એમને બચાવવા માટે ઓરડીનો દરવાજો બંધ કરી દીધો અને એજ વેળા હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં દોડી ગઇ. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા ઘરમાં એક વાસણમાં પાણી ભરીને ગુસલ ફરમાવતા હતા. હઝરત ફાતિમહ આપના બેટી એક ચાદરનો પર્દો તાણીને ત્યાં ઊભેલાં હતાં. ગુસલથી પરવારીને આપે કપડાં પહેરી લીધાં. એ પછી આપે ચાશતની આઠ રકઅત નમાઝ પઢી. નમાઝથી પરવારીને આપે મારી તરફ જોયું અને ફરમાવ્યું, ''ખુશ આમદી ઉમ્મે હાની ! (એટલે ભલે પધાર્યાં ઉમ્મે હાની !) કહો કેમ આવવાનું થયું ?''

''યા રસૂલલ્લાહ ! '' મેં કહ્યું, ''મારા ખાવિન્દના બે ભાઇઓએ મારા ઘરમાં આસરો લીધો છે અને મારા ભાઇ અલી તેઓને કતલ કરવા માગે છે.''

આપે ફરમાવ્યું, ''ઉમ્મે-હાની ! જેને તમે આસરો આપ્યો તેને અમે આસરો આપ્યો. જેને તમે રક્ષણમાં લીધા તેને અમે રક્ષણમાં લીધા. જાવ અલીને કહો તેઓને કતલ નહિ કરે.''

ઇબ્ને હિશામ કહે છે : એ બંને ગૃહસ્થો હારિસ બિન હિશામ અને ઝુહૈર બિન અબૂ ઉમૈયહ બિન મુગીરહ હતા.

રસૂલુલ્લાહ (સલ.)ની કઅબહમાં પધરામણી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મુહંમદ બિન

જઅફર બિન ઝુબેરે ઉબેદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન અબૂ સૌરના વાસ્તાથી બીબી સફિય્યહ બિન્તે શૈબહની આ રિવાયત કહી સંભળાવી કે, "મક્કહ ફતેહ થવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહ શહેરમાં પધાર્યા અને જ્યારે બધું શાંત થઇ ગયું તો આપ સવારી પર બેસીને બૈતુલ્લાહ પાસે પધાર્યા અને સવારી પર જ બેસીને આપે સાત વાર કઅબહનો તવાફ કર્યો. તવાફ કરતી વેળા આપના હાથમાં એક છડી હતી જેને "મિહજન"કહે છે. [૧] આ છડીથી આપ હજરે-અસ્વદનો, બોસા તરીકે સ્પર્શ કરતા હતા. એટલે હજરે-અસ્વદને ચુંબન આપવાને બદલે ફકત છડી તેને અડાડી દેતા હતા.

જ્યારે તવાફના સાત ફેરા પૂરા કર્યા તો આપે ઉસ્માન બિન તલહાને બોલાવ્યા. તેમની પાસેથી કઅબહની ચાવી લઇને આપે કઅબહનો દરવાજો ખોલ્યો અને આપ કઅબહમાં દાખલ થયા. ત્યાં અંદર લાકડાંના બનેલા કબૂતરો જોવામાં આવ્યાં. આપે પોતાના મુબારક હાથથી એ કબૂતરોને તોડીને ફેંકી દીધાં. એ પછી આપ કઅબહના દરવાજે આવીને ઊભા થઇ ગયા. તેટલી વારમાં કઅબહની મસ્જિદે-હરામનો આખો ચોક તમામ મુસલમાનો તથા કુરૈશના લોકોથી ચિક્કાર થઇ ગયો.

રસૂલુલ્લાહ (સલ.)નો ખુત્બો————ઈબ્ને ઈસ્હાક કહે છે : કઅબહના દરવાજે ઊભા રહીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પ્રવચન કરતાં ફરમાવ્યું :

લા ઈલાહ ઈલ્લલ-લાહુ.	કોઈ પૂજાપાત્ર નથી અલ્લાહ સિવાય.
વહદહૂ લા શરીક લહૂ.	તે એક છે કોઈ તેનો ભાગીદાર નથી.
સદક વઅદહૂ.	તેનો વાયદો સાચો પુરવાર થયો.
વ નસર અબ્દહૂ.	અને તેણે પોતાના બંદાની મદદ કરી.
વ હઝમલ-અહઝાબ વહદહૂ.	અને ફકત તેણે જ તમામ જથ્થાઓને શિકસ્ત આપી.
અલા ! કુલ્લુ મઅ-સિરતિન,	સાંભળો ! સઘળા ખાનદાની અભિમાનો કે ઘમંડો,
અવ દમિન અવ માલિન યુદ્દઆ,	અથવા ખૂન કે માલના દાવાઓ,
ફહુવ તહતા કદમિય્ય હાતૈનિ,	એ બધું આજે મારા પગો તળે છે;
ઈલ્લા સદાનતલ-બૈતિ,	સિવાય કે બૈતુલ્લાહની સેવાનો વહીવટ,
વ સકાયતલ - હાજજે.	અને હાજીઓના પાણી-ખાતાનો વહીવટ.
અલા ! વ કતીલુલ - ખત્અ,	સાંભળો ! ભૂલથી જે શખ્સ માર્યો જાય;
શિબહિલ-અમદ,	તે ઈરાદાપૂર્વક મારી નખાયેલા એવા શખ્સ જેવો જ છે;
બિસ્-સવતિ વલ-અસા.	જેને કોરડા અને લાઠીથી મારી નાખ્યો હોય.
ફઝીહિદ-દિયતિ મુગલ-લઝતિ,	એના ખૂન માટે પૂરેપૂરો લોહીદંડ છે,
મિઅતુમ મિનલ ઈબિલિ,	અને તે પૂરાં સો ઊંટો છે ;
અર-બઊન મિનહા,	જેમાંની ૪૦ ઊંટણીઓ એવી હોય,
ફી બુતૂનિહા અવલાદિહા.	જેઓના પેટોમાં તેઓના બચ્ચાં હોય.
યા મઅશર કુરૈશિન !	હે કુરૈશના લોકો !

૧. મિહજન : એવી છડી કે લાકડીને કહે છે જે ઊંટસવારના હાથમાં રહે છે અને જેનો એક છેડો વાંકો વળેલો હોય છે. "હ"

Maktabe Ashraf

ઇન્નલ્લાહ કદ અઝહબ અન્કુમ	બેશક અલ્લાહએ નાબૂદ કરી નાખ્યું છે તમારૂં,
નિખ્વતલ - જાહિલિય્યતિ	જાહિલિયતનું અભિમાન,
વ તઅઝ - ઝુમિહા બિલ-આબાઇ.	અને બાપદાદાની મોટાઇ માણવાનો ઘમંડ.
અન્નાસુ મિન આદમ,	બધા ઇન્સાન આદમથી પેદા થયા,
વ આદમ મિન તુરાબ.	અને આદમ માટીથી પેદા થયા.

એ પછી આપે લોકોની સામે કુર્આનની આ આયત તિલાવત ફરમાવી :

યા ઐયુહન-નાસુ !	એ લોકો !
ઇન્ના ખલક્ના-કુમ	અમે પેદા કર્યા તમને,
મિન ઝકરિંવ વ ઉન્સા	એક પુરૂષ અને એક સ્ત્રીથી;
વ જઅલના-કુમ શુઊબંવ	અને બનાવી દીધા અમે તમારા સમુહો; (અથવા વિભાગો)
વ કબાઇલ	અને બનાવી દીધા તમારા કબીલા
લિ-તઆરફૂ.	કે જેથી તમે ઓળખી શકો એક બીજાને.
ઇન્ન અકરમ્-કુમ	બેશક તમારામાં સૌથી વધુ માનપાનવાળો
ઇન્દલ્લાહિ અત્કા-કુમ.	અલ્લાહ કને તે છે જે સૌથી વધુ તેનાથી ડરનારો હોય.[1]

આઝાદી અને સલામતીની બશારત——————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખાસ કુરૈશને સંબોધીને ફરમાવ્યું, "હે કુરૈશી સમૂહ ! જાણો છો આજે હું તમારી સાથે કેવો વર્તાવ કરવાનો છું ? શું માનવું છે તમારૂં એ અંગે ?"

તે વેળા કઅબહનો વિશાળ ચોક ચિક્કાર હતો કુરૈશથી. મક્કહના નાનામોટા બધા જ પોતાના ઘરોમાંથી નીકળીને અહીં ભેગા થઇ ગયા હતા. દરેકના માથે ચકલું બેઠેલું હોય તેવો સન્નાટો છવાયેલો હતો. વીતેલા સમયને યાદ કરીને બધા જાનના ખોફથી ફફડી રહ્યા હતા. આશા-નિરાશા વચ્ચે ડોલાં ખાતા હતા અને પોતાની કિસ્મતનો ફેસલો સાંભળવા આતુર હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો સવાલ સાંભળીને બધા ભેગા સ્વરે બોલ્યા:

"અખુન કરીમુન.......અખુન કરીમુન વબ્નુ અખિન કરીમ." તમે શરીફ ભાઇ છો અને અમારા શરીફ ભાઇના બેટા છો.

આપે ફરમાવ્યું, "ઇઝહબૂ ફઅન-તુમુત-તુલકાઅ." જાવ આજે તમે બધા આઝાદ છો.

સંપાદકની નોંધ——————બીજી રિવાયતમાં છે કે કુરૈશના હજારો સ્ત્રી-પુરૂષો ખાનએ-કઅબહના ચોકમાં ખોફથી આશા-નિરાશા વચ્ચે ઝોલાં ખાતા હતા ત્યાં જ અચાનક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું : "યા મઅશર કુરૈશ !" હે કુરૈશના લોકો ! "લા તસરીબ અલૈકુમુલ-યૌમ." આજે તમારા માટે ડર, ખોફ કે ચિન્તા જેવું કશું નથી. "ઇઝહબૂ ફ-અન્તુમુત-તુ-લ-કાઅ." જાવ તમે બધા આઝાદ છો.

આ રીતે અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જનમ-જનમના દુશ્મનોને માફી

1. સૂરએ-હુજુરાત. પારહ ૨૬ આયત ૧૩

Maktabe Ashraf

આપીને આંખના પલકારામાં આઝાદ કરી દીધા. ન કોઈને લોંડી બનાવી ન કોઈને ગુલામ બનાવ્યો. ન કોઈની પાસેથી વેર લીધું ન કોઈનો માલ લૂંટયો ન કોઈના ઘરનો કબજો લીધો......એટલું જ નહિ, મક્કહના ત્રાસવાદીઓ અને હિંસાખોરોના ઝુલ્મો-સિતમથી કંટાળીને જે મુસલમાનો પોતાના મકાનો અને મિલકતો છોડીને મદીનહ હિજરત કરી ગયા હતા તેઓના આ મકાનો અને મિલકતો, તેના મૂળ માલિકોને પાછા આપી દેવાનો પણ કોઈ વટહુકમ આપે બહાર પાડયો નહિ. જેણે જેટલું બળજબરીથી કબજે કરી લીધું હતું તે જેમનું તેમ તેની જ પાસે રહેવા દીધું. જો કે આ છોડેલાં મકાનો અને મિલકતોના મૂળ માલિકો પણ ફત્હે-મક્કહ વેળા હાજર હતા.

છે દુનિયાનો કોઈ સિપહસાલાર.......જેણે ફતેહમંદ બનવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જેવી રહમદિલી અને ઉદારદિલીનો નમૂનો રજૂ કર્યો હોય ! ગુજરાતી સંપાદકની નોંધ પૂરી થઈ.

કઅબહની કૂંચીનો હકદાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : પોતાનું પ્રવચન અને આઝાદીની જાહેરાત કરીને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખાનએ-કઅબહના સાયામાં જ બિરાજમાન થઈ ગયા. એટલામાં હઝરત અલી આપની તહેનાતમાં આવીને ઊભા થઈ ગયા. કઅબહના દરવાજાની ચાવી અલીના હાથમાં હતી. અલીએ બા-અદબ વિનંતી કરી.

"યા રસૂલલ્લાહ ! અલ્લાહની અપાર રહમતો હો આપની ઉપર ! મારી એક દરખાસ્ત છે."

"શું દરખાસ્ત છે હે અલી ?" આપે ફરમાવ્યું.

"વધુ તો કંઈ નહિ યા રસૂલલ્લાહ ! બસ કઅબહના સિકાયહ અને હિજાબહના ઓહદા મને ઈનાયત ફરમાવો કે જેથી હાજીઓની બહેતર સેવાનું માન મેળવી શકું." [1]

એજ વેળા આપે ફરમાવ્યું, "હા જુઓ, ઉસ્માન બિન તલહા કયાં છે ?"

કુરૈશના ટોળાંમાંથી ઉસ્માન બિન તલહાને બોલવવામાં આવ્યા. તેઓ આપની તહેનાતમાં આવીને ઊભા થઈ ગયા. આપે ફરમાવ્યું :

હાક મિફતાહ-ક યા ઉસ્માન !	હે ઉસ્માન ! આ રહી તમારી ચાવી. એને સંભાળો.
અલ-યમવ, યવમ બિર્રિન	આજનો દિવસ નેકીનો દિવસ છે.
વ વફાઈન	અને આજનો દિવસ વાયદો વફા કરવાનો દિવસ છે.

ઈબ્ને હિશામ કહે છે : મને સુફયાન બિન ઉયૈનહની આ રિવાયત મળી છે. તે મુજબ સુફયાનનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીની દરખાસ્તના જવાબમાં ફરમાવ્યું :

"હે અલી ! હું તમને તે ઓહદો આપું છું જેની તમને તમન્ના છે. એ છે સિકાયહનો ઓહદો. (સિકાયહ એટલે હાજીઓને પાણી પીવાડવાનો ઓહદો) જુઓ અલી ! એમાં મહેનત, ઝેહમત અને ખંતની વધારે જરૂર છે. રહ્યો હિજાબહ (એટલે ખાનએ-કઅબહની દરબાનીનો ઓહદો) તો એનો વહીવટ કુરૈશના પરંપરાગત ખાનદાનના હાથમાં રહેશે. બૈતુલ્લાહનો ગિલાફ પણ તેઓ જ તૈયાર કરીને મોકલાવશે."

સંપાદકની નોંધ————હિજાબહ એટલે કઅબહની ચાવી અને દરબાનીનો ઓહદો ઉસ્માન બિન

૧. સિકાયહ એટલે હાજીઓને પાણી પીવાડવાનું ખાતું અને હિજાબહ કઅબહની દરબાનીનું ખાતું.

તલહાના ખાનદાનમાં પરંપરાથી ઊતરી આવતો હતો. હફતામાં બે દિવસ એટલે સોમવારે અને ગુરૂવારે કઅબહનો દરવાજો ખોલવાનો એમનો નિયમ હતો. મક્કહના જીવનમાં એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉસ્માન બિન તલહાને કઅબહનો દરવાજો ખોલવાની વિનંતી કરી તો ઉસ્માને ડોકું ધૂણાવીને ચોખ્ખા શબ્દોમાં ઈન્કાર કરી દીધો. ત્યારે આપે ફરમાવ્યું, "ઉસ્માન ! તે દિવસ કેવો હશે જયારે કઅબહની ચાવી મારા હાથમાં હશે !"

ઉસ્માને આવેશથી જવાબ આપ્યો, "હે મુહંમદ ! એ દિવસે કુરૈશ કદાચ મરી પરવાર્યા હશે !"

આજે ચાવી આપતી વેળા આપે એ પ્રસંગ યાદ દેવાડ્યો તો ઉસ્માને નીચી મૂંડીથી કહ્યું, "યા રસૂલલ્લાહ! હું ગવાહી આપું છું કે બેશક આપ અલ્લાહના સાચા રસૂલ છો."

આપે ફરમાવ્યું, "ઉસ્માન ! જાવ આ ચાવી કાયમ માટે તમારા જ ખાનદાનમાં રહેશે."

અને ખરેખર આજે પણ બૈતુલ્લાહની ચાવી ઉસ્માન બિન તલહાના શૈબી ખાનદાનમાં જ છે અને જગતના અંત સુધી રહેશે. (અસિહ-હુસ-સિયર પેજ ૨૮૦) સંપાદકની નોંધ પૂરી થઈ.

બૈતુલ્લાહની તસવીરો અને મૂર્તિઓ———ઈબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારોએ મને માહિતી આપી કે મક્કહની ફતેહ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બૈતુલ્લાહમાં દાખલ થયા તો તેની અંદર ફરિશ્તાઓ વગેરેની તસવીરો આપના જોવામાં આવી. એક તસવીર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની પણ હતી જેના હાથમાં તીરો હતાં, જેને તેઓ છોડી રહ્યા હતા. આ તસવીર જોઈને આપે ફરમાવ્યું,

"અલ્લાહની માર હો મુશરિકો પર ! તેઓએ અલ્લાહના પયગમ્બરોને પણ નહિ છોડયા. પયગમ્બરોના હાથે પણ શુકન-અપશુકનના તીર ચલાવી દીધાં. કયાં અલ્લાહના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ અને કયાં મુશરિકોની માન્યતાના આ તીર !" પછી આપે આ આયત પઢી :

મા કાન્ ઈબ્રાહીમુ યહૂ-દિય-યંવ	ઈબ્રાહીમ ન યહૂદી હતા
વલા નસરાનિય-યંવ વલાકિન	અને ન ખ્રિસ્તી હતા બલકે
કાન્ હનીફમ મુસ્લિમા.	તેઓ શુધ્ધ અને સ્વચ્છ મુસલમાન હતા.
વમા કાન્ મિનલ-મુશરિકીન.	અને ન તેઓ મુશરિકોમાંથી હતા.

પછી આપે આ તસવીરોને મિટાવી દેવાનો હુકમ ફરમાવ્યો અને એજ વેળા કઅબહની બધી તસવીરો મિટાવી દેવામાં આવી. (એવી જ રીતે મૂર્તિઓ પણ તોડી નાખવામાં આવી જેનું બયાન આગળ આવે છે.)

કઅબહની અંદર નમાઝ———ઈબ્ને હિશામ કહે છે : મને એવી પણ માહિતી આપવામાં આવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહની અંદર દાખલ થયા તો આપની સાથે હઝરત બિલાલ પણ હતા. આપ કઅબહમાંથી નીકળીને બહાર આવી ગયા પણ હઝરત બિલાલ અંદર જ રહી ગયા. એટલામાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર કઅબહમાં દાખલ થયા અને બિલાલને પૂછ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કઅબહની અંદર કઈ જગાએ નમાઝ પઢી ?" (પણ કેટલી રકઅતો પઢી તે નહિ પૂછ્યું.)

એ પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર જયારે પણ કઅબહમાં દાખલ થતા, સામે મુખ કરીને દરવાજાને પીઠ પાછળ રાખતા, એમની અને સામેની દીવાર વચ્ચે ફકત ત્રણ હાથનું અંતર રાખીને નમાઝ પઢતા. હઝરત

Maktabe Ashraf

આપીને આંખના પલકારામાં આઝાદ કરી દીધા. ન કોઈને લોંડી બનાવી ન કોઈને ગુલામ બનાવ્યો. ન કોઈની પાસેથી વેર લીધું ન કોઈનો માલ લૂંટયો ન કોઈના ઘરનો કબજો લીધો......એટલું જ નહિ, મક્કહના ત્રાસવાદીઓ અને હિંસાખોરોના ઝુલ્મો-સિતમથી કંટાળીને જે મુસલમાનો પોતાના મકાનો અને મિલકતો છોડીને મદીનહ હિજરત કરી ગયા હતા તેઓના આ મકાનો અને મિલકતો, તેના મૂળ માલિકોને પાછા આપી દેવાનો પણ કોઈ વટહુકમ આપે બહાર પાડયો નહિ. જેણે જેટલું બળજબરીથી કબજો કરી લીધું હતું તે જેમનું તેમ તેની જ પાસે રહેવા દીધું. જો કે આ છોડેલાં મકાનો અને મિલકતોના મૂળ માલિકો પણ ફત્હે-મક્કહ વેળા હાજર હતા.

છે દુનિયાનો કોઈ સિપહસાલાર.......જેણે ફતેહમંદ બનવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જેવી રહમદિલી અને ઉદારદિલીનો નમૂનો રજૂ કર્યો હોય ! ગુજરાતી સંપાદકની નોંધ પૂરી થઈ.

કઅબહની કૂંચીનો હકદાર————ઈબ્ને ઈસ્હાક કહે છે : પોતાનું પ્રવચન અને આઝાદીની જાહેરાત કરીને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખાનએ-કઅબહના સાયામાં જ બિરાજમાન થઈ ગયા. એટલામાં હઝરત અલી આપની તહેનાતમાં આવીને ઊભા થઈ ગયા. કઅબહના દરવાજાની ચાવી અલીના હાથમાં હતી. અલીએ બા-અદબ વિનંતી કરી.

"યા રસૂલલ્લાહ ! અલ્લાહની અપાર રહમતો હો આપની ઉપર ! મારી એક દરખાસ્ત છે."

"શું દરખાસ્ત છે હે અલી ?" આપે ફરમાવ્યું.

"વધુ તો કંઈ નહિ યા રસૂલલ્લાહ ! બસ કઅબહના સિકાયહ અને હિજાબહના ઓહદા મને ઈનાયત ફરમાવો કે જેથી હાજીઓની બહેતર સેવાનું માન મેળવી શકું." [૧]

એજ વેળા આપે ફરમાવ્યું, "હા જુઓ, ઉસ્માન બિન તલહા કયાં છે ?"

કુરૈશના ટોળાંમાંથી ઉસ્માન બિન તલહાને બોલવવામાં આવ્યા. તેઓ આપની તહેનાતમાં આવીને ઊભા થઈ ગયા. આપે ફરમાવ્યું :

હાક મિફતાહ-ક યા ઉસ્માન !	હે ઉસ્માન ! આ રહી તમારી ચાવી. એને સંભાળો.
અલ-યમવ, યવમ બિર્રિન	આજનો દિવસ નેકીનો દિવસ છે.
વ વફાઈન	અને આજનો દિવસ વાયદો વફા કરવાનો દિવસ છે.

ઈબ્ને હિશામ કહે છે : મને સુફયાન બિન ઉયૈનહની આ રિવાયત મળી છે. તે મુજબ સુફયાનનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીની દરખાસ્તના જવાબમાં ફરમાવ્યું :

"હે અલી ! હું તમને તે ઓહદો આપું છું જેની તમને તમન્ના છે. એ છે સિકાયહનો ઓહદો. (સિકાયહ એટલે હાજીઓને પાણી પીવાડવાનો ઓહદો) જુઓ અલી ! એમાં મહેનત, ઝેહમત અને ખંતની વધારે જરૂર છે. રહ્યો હિજાબહ (એટલે ખાનએ-કઅબહની દરબાનીનો ઓહદો) તો એનો વહીવટ કુરૈશના પરંપરાગત ખાનદાનના હાથમાં રહેશે. બૈતુલ્લાહનો ગિલાફ પણ તેઓ જ તૈયાર કરીને મોકલાવશે."

સંપાદકની નોંધ————હિજાબહ એટલે કઅબહની ચાવી અને દરબાનીનો ઓહદો ઉસ્માન બિન

૧. સિકાયહ એટલે હાજીઓને પાણી પીવાડવાનું ખાતું અને હિજાબહ કઅબહની દરબાનીનું ખાતું.

તલહાના ખાનદાનમાં પરંપરાથી ઊતરી આવતો હતો. હફતામાં બે દિવસ એટલે સોમવારે અને ગુરૂવારે કઅબહનો દરવાજો ખોલવાનો એમનો નિયમ હતો. મક્કહના જીવનમાં એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉસ્માન બિન તલહાને કઅબહનો દરવાજો ખોલવાની વિનંતી કરી તો ઉસ્માને ડોકું ધૂણાવીને ચોખ્ખા શબ્દોમાં ઇન્કાર કરી દીધો. ત્યારે આપે ફરમાવ્યું, "ઉસ્માન ! તે દિવસ કેવો હશે જયારે કઅબહની ચાવી મારા હાથમાં હશે !"

ઉસ્માને આવેશથી જવાબ આપ્યો, "હે મુહંમદ ! એ દિવસે કુરૈશ કદાચ મરી પરવાર્યા હશે !"

આજે ચાવી આપતી વેળા આપે એ પ્રસંગ યાદ દેવાડયો તો ઉસ્માને નીચી મૂંડીથી કહ્યું, "યા રસૂલલ્લાહ! હું ગવાહી આપું છું કે બેશક આપ અલ્લાહના સાચા રસૂલ છો."

આપે ફરમાવ્યું, "ઉસ્માન ! જાવ આ ચાવી કાયમ માટે તમારા જ ખાનદાનમાં રહેશે."

અને ખરેખર આજે પણ બૈતુલ્લાહની ચાવી ઉસ્માન બિન તલહાના શૈબી ખાનદાનમાં જ છે અને જગતના અંત સુધી રહેશે. (અસિહ-હુસ-સિયર પેજ ૨૮૦) સંપાદકની નોંધ પૂરી થઇ.

બૈતુલ્લાહની તસવીરો અને મૂર્તિઓ——ઇબ્ને હિશામ કહે છે : કેટલાક જાણકારોએ મને માહિતી આપી કે મક્કહની ફતેહ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બૈતુલ્લાહમાં દાખલ થયા તો તેની અંદર ફરિશ્તાઓ વગેરેની તસવીરો આપના જોવામાં આવી. એક તસવીર હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની પણ હતી જેના હાથમાં તીરો હતાં, જેને તેઓ છોડી રહ્યા હતા. આ તસવીર જોઇને આપે ફરમાવ્યું,

> "અલ્લાહની માર હો મુશરિકો પર ! તેઓએ અલ્લાહના પયગમ્બરોને પણ નહિ છોડયા. પયગમ્બરોના હાથે પણ શુકન-અપશુકનના તીર ચલાવી દીધાં. કયાં અલ્લાહના પયગમ્બર હઝરત ઇબ્રાહીમ અને કયાં મુશરિકોની માન્યતાના આ તીર !" પછી આપે આ આયત પઢી :

મા કાન્ ઇબ્રાહીમુ યહૂ-દિય-યંવ	ઇબ્રાહીમ ન યહૂદી હતા
વલા નસરાનિય-યંવ વલાકિન	અને ન ખ્રિસ્તી હતા બલકે
કાન્ હનીફમ મુસ્લિમા.	તેઓ શુધ્ધ અને સ્વચ્છ મુસલમાન હતા.
વમા કાન્ મિનલ-મુશરિકીન.	અને ન તેઓ મુશરિકોમાંથી હતા.

પછી આપે આ તસવીરોને મિટાવી દેવાનો હુકમ ફરમાવ્યો અને એજ વેળા કઅબહની બધી તસવીરો મિટાવી દેવામાં આવી. (એવી જ રીતે મૂર્તિઓ પણ તોડી નાખવામાં આવી જેનું બયાન આગળ આવે છે.)

કઅબહની અંદર નમાઝ——ઇબ્ને હિશામ કહે છે : મને એવી પણ માહિતી આપવામાં આવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહની અંદર દાખલ થયા તો આપની સાથે હઝરત બિલાલ પણ હતા. આપ કઅબહમાંથી નીકળીને બહાર આવી ગયા પણ હઝરત બિલાલ અંદર જ રહી ગયા. એટલામાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર કઅબહમાં દાખલ થયા અને બિલાલને પૂછયું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કઅબહની અંદર કઇ જગાએ નમાઝ પઢી ?" (પણ કેટલી રકઅતો પઢી તે નહિ પૂછયું.)

એ પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર જયારે પણ કઅબહમાં દાખલ થતા, સામે મુખ કરીને દરવાજાને પીઠ પાછળ રાખતા, એમની અને સામેની દીવાર વચ્ચે ફકત ત્રણ હાથનું અંતર રાખીને નમાઝ પઢતા. હઝરત

Maktabe Ashraf

બિલાલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નમાઝ પઢવાની જે જગા બતાવી હતી તેજ જગાએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર નમાઝ પઢતા હતા.

કઅબહમાં સૌથી પહેલી અઝાન————ઇબ્ને હિશામ કહે છે : મને જાણકારો તરફથી આ માહિતી પણ આપવામાં આવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત બિલાલ સાથે ખાનએ-કઅબહમાં તશરીફ લઇ ગયા તો આપે હઝરત બિલાલને અઝાન પોકારવાનો હુકમ ફરમાવ્યો. બિલાલ કઅબહની છત પર ચઢીને ઝુહરની અઝાન પોકારવા લાગ્યા. તે વેળા કઅબહનું ચોગાન લોકોની મેદનીથી ચિકાર હતું. હઝરત અબૂ સુફયાન બિન હર્બ પોતાના બે સાથીઓ, અત્તાબ બિન ઉસૈદ અને હારિસ઼ બિન હિશામ સાથે અલગ-થલગ બેસીને વાતો કરતા હતા. હઝરત અબૂ સુફયાનના બંને સાથીઓ મુસલમાન બન્યા ન હતા. અઝાનનો અવાજ સાંભળીને અત્તાબ બિન ઉસૈદનો મિજાજ ગયો અને તે બોલી ઊઠયો,

> ''સારૂં જ થયું કે મારો બાપ મરી ગયો અને અલ્લાહએ તેને આ અવાજ સાંભળવા જીવતો નહિ રાખ્યો.. તે જો આ અવાજ સાંભળી લેત તો ગુસ્સાથી ગાંડો બની જાત !''

હારિસ઼ બિન હિશામ બોલ્યો, ''વલ્લાહ ! જો મને પાકે પાયે ખાતરી થઇ જાત કે મુહંમદ સાચા પયગમ્બર છે તો હું જરૂર તેમનું અનુકરણ કરી લેત !''

હઝરત અબૂ સુફયાન બોલ્યા, ''સાથીઓ ! મારે કંઇ બોલવું નથી, અને જો કંઇ બોલું તો કઅબહના ચોકના આ કાંકરા પણ જઇને મુહંમદને ખબર કરી દશે.''

આ વાતો પૂરી થતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની જગાએથી ઊઠીને તેઓની પાસે પધાર્યા. આપે તેઓને ફરમાવ્યું, ''તમે લોકો હમણા શું વાતો કરતા હતા ?''

અત્તાબ અને હારિસ઼ બોલ્યા, ''બસ એમ જ આડીઅવળી વાતો.''

આપે ફરમાવ્યું, ''તમે લોકો જે કંઇ બોલ્યા, મને તેની જાણ થઇ ગઇ છે.''

એ પછી આપે, તેઓ જે કંઇ બોલ્યા હતા તેજ શબ્દો તેઓની સામે દોહરાવી દીધા. એજ પળે અત્તાબ અને હારિસ઼ બેકાબૂ થઇને બોલી ઊઠયા :

> ''નશ્હદુ અન્નક રસૂલુલ્લાહિ ! અમે કબૂલ કરીએ છીએ કે બેશક આપ અલ્લાહના રસૂલ છો. વલ્લાહ ! અમારી વાતચીતની કોઇને જાણ ન હતી. કોઇ ચોથું ન હતું જે આપને એની જાણ કરતે. બસ અલ્લાહએ જ આપને એની ખબર આપી છે.''

આ સાક્ષી આપીને બંને ગૃહસ્થો મુસલમાન બની ગયા. [૧]

ખૂનનો એક કમનસીબ બનાવ————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને સઇદ બિન અબૂ સન્દર અસ્લમીએ પોતાના અસ્લમ કબીલાના એક બહાદુર યુવકની આ કથા કહી સંભળાવી. તેણે કહ્યું :

''અમારા અસ્લમ કબીલામાં અહમર બાસા નામે એક જવાન બહાદુરીમાં પંકાયેલો હતો.જયારે તે ઊંઘી

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અત્તાબ બિન ઉસૈદને મક્કહના ગવર્નર બનાવી દીધા. તે વેળા હઝરત અત્તાબ ૨૧ વરસની ભરજવાનીમાં હતા. પગાર રોજનો એક દિરહમ નક્કી થયો. જીવ્યા ત્યાં સુધી મક્કહના ગવર્નરપદે બિરાજમાન રહ્યા. એમની વફાત તેજ દિવસે થઇ જે દિવસે હઝરત અબૂબક સિદ્દીક રદિયલ્લાહુ અન્હુની વફાત થઇ. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૩૧ - ફત્હુલ-બારી જિ ૨ પા. ૪૯૯) ''હ''

Maktabe Ashraf

જતો તો ખોફનાક અવાજે નસકોરાં બોલાવવા લાગતો જેના કારણે તેના સૂવાની જગા છુપી રહી શકતી નહિ. આજુબાજુના લોકોને ખબર પડી જતી કે અહમર ફલાણી જગાએ સૂતેલો છે. ઊંઘનું દબાણ થતું ત્યારે ઘણું કરીને સૌથી અલગ મહોલ્લાને નાકે જઇને સૂઇ જતો. કોઇકવાર રાતે એના મહોલ્લા પર દુશ્મનો કે ડાકૂઓની ધાડ પડતી તો મહોલ્લાના લોકો "યા અહમર ! યા અહમર !" ની બૂમરાણ ગજાવી દેતા જેને સાંભળતાં જ એ છલાંગો મારતો દોડી આવીને દુશ્મનો પર વિફરેલા સિંહ પેઠે તૂટી પડતો. પછી કોઇ એની સામે ટકી શકતું નહિ.

એક વેળા હુઝૈલ કબીલાના કેટલાક લડાઇખોર દુશ્મનો અહમર બાસાના મહોલ્લાના લોકો પર ખૂનરેજીના ઇરાદે ચઢી આવ્યા. ગામને પાદરે આવીને એ લોકો થોભી ગયા. દુશ્મન ટોળકીના સરદારનું નામ ઇબ્નુલ-અસ્‌વઅ હુઝલી હતું. તેણે પોતાની સાથીદારોને કહ્યું, "જુઓ ઉતાવળ કરવાની જરૂર નથી. તમે બધા અહીં થોભો, પ્રથમ હું જઇને જોઇ આવું કે અહમર મહોલ્લામાં છે કે નહિ. સૂતેલો હશે તો તેના જોરદાર ખર્રાટાંઓથી ખબર પડી જશે."

આમ કહીને ઇબ્નુલ-અસ્‌વઅ સાવચેતીપૂર્વક ગામમાં પ્રવેશ્યો. મહોલ્લાને નાકે જતાં જ ખર્રાટાંઓનો અવાજ સંભળાયો. દુશ્મનોના સરદારે આ તક ઝડપી લીધી. મંદ પગલે નઝદીક જઇને અહમર બાસાના સીનામાં તલવાર ઘુસાડી દીધી અને ઉપરાછાપરી ઘા કરીને તેને મારી નાખ્યો. એ પછી પોતાના ગોઠિયાઓ સાથે મહોલ્લા પર તૂટી પડીને લોકોના ઘરોમાં ખૂનરેજી માટે ઘૂસી ગયા. દુશ્મોનનું ધાડું જોઇને લોકોએ "યા અહમર ! યા અહમર!" ની બૂમાબૂમથી ગામ ગજાવી નાખ્યું પણ અહમર ત્યાં હતો ક્યાં ? તે તો બીજી દુનિયામાં પહોંચી ગયો હતો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ ફતેહ કર્યું તો ફત્હે-મક્કહના બીજા જ દિવસે દુશ્મનનો સરદાર ઇબ્નુલ-અસ્‌વઅ હુઝલી મક્કહ આવ્યો. તે મક્કહના હાલચાલ અને લોકોની હિલચાલ જાણવા માગતો હતો. પોતે પણ ઘૂમીફરીને તપાસ કરતો હતો અને લોકોને પણ પૂછતો હતો. મક્કહમાં અહમરના સંબંધીઓને ખબર પડી ગઇ હતી કે અહમરનું ખૂન થઇ ગયું છે.

ઇબ્નુલ-અસ્‌વઅ બજારમાં જ હતો એટલામાં બનૂ ખુઝાઅહના લોકોએ એને ઓળખી લીધો. તરત તેઓએ એની ફરતે ઘેરો નાખી દીધો અને તેને ધકેલતા-ધકેલતા એક દીવાર પાસે લઇ ગયા અને તેને પૂછ્યું, "શું તું અહમરનો હત્યારો નથી ?"

તે બોલ્યો, "હા હું જ તેનો હત્યારો છું. બોલો તમારે શું કરવું છે ?"

એટલામાં હઝરત ખરાશ બિન ઉમૈયહ તલવાર લઇને આવી લાગ્યા. મૂળ મામલો જાણીને લોકોને હટાવતાં બોલ્યા, "ચાલો ખસો એની પાસેથી, દૂર હટી જાવ એની પાસેથી."

જ્યારે બધા લોકો ત્યાંથી ખસીને એક તરફ થઇ ગયા તો હઝરત ખરાશ બિન ઉમૈયહએ આગળ વધીને પોતાની તલવાર ઇબ્નુલ-અસ્‌વઅના પેટમાં ઘૂસેડી દીધી.

રાવીનું કથન છે : અલ્લાહના સોગંદ ! આજે પણ એ દ્રશ્ય મારી આંખ સામે તરવરી રહ્યું છે. જાણે કે હું જોઇ રહ્યો છું કે ખરાશ બિન ઉમૈયહએ પોતાની તલવાર તેના પેટમાં ઘૂસાડી દીધી છે. તેના આંતરડાં કપાઇ-કપાઇને જમીન પર ઢળવાય રહ્યાં છે. તેની આંખો તેની ખોપરીમાં ઊંડે ઊતરી રહી છે અને તે કહી

રહ્યો છે, "હે ખુઝાઅહના લોકો ! તમારી આ હિંમત ? તમારું આ કામ ?" પછી એજ હાલતમાં તે ધડામ કરીને ભોંય પર પછડાયો અને મરી ગયો."

ફત્હે-મક્કહને બીજે દિવસે આ મામલો બની ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ હત્યાના સમાચાર મળ્યા તો આપે ખુઝાઅહના લોકોને ફરમાવ્યું, "હે ખુઝાઅહના સમૂહ ! બસ, બસ, હવે બસ કરો. બહુ ખૂનરેજી થઇ ચૂકી. પોતાના હાથ લોહી રેડવાથી રોકી લો. હવે એનો કોઈ લાભ નથી. તમે એક માણસને મારી નાખ્યો છે તેની દિયત હું ચૂકવી આપીશ."

ઈબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુર્રહમાન બિન હર્મલહ અસ્લમીએ સઈદ બિન મુસૈયબની રિવાયત બયાન કરી કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર થઇ કે ખરાશ બિન ઉમૈયહએ હત્યાનું કામ કર્યું છે તો આપે ફરમાવ્યું, "ખરાશ તો કત્તાલ છે." એટલે ખરાશ મોટો હત્યારો છે. આપ તેમની આ ઐબ લોકોની આગળ જાહેર ફરમાવ્યા કરતા હતા.

બૈતુલ્લાહની અઝમતનો ખુત્બો—————ઈબ્ને ઈસ્હાક કહે છે: મને સઈદ બિન અબૂ સઈદ મકબુરીએ અબૂ શુરૈહ ખુઝાઈની રિવાયત કહી સંભળાવી કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ ફતેહ કર્યું તો અમે આપના સંગાથે હતા. ફત્હે મક્કહને બીજે દિવસે બનૂ ખુઝાઅહના લોકોએ બનૂ હુઝૈલના એક મુશરિક માણસ પર ત્રાટકીને તેને કતલ કરી નાખ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બનાવની જાણ થતાં આપ અમારી પાસે પધાર્યા અને બધા લોકોને ભેગા કરીને અમારી સામે ખુત્બો આપતાં ફરમાવ્યું :

- "યા ઐયુહન-નાસ ! હે લોકો ! અલ્લાહ તઆલાએ જે દિવસે આકાશો અને ધરતીનું સર્જન કર્યું તેજ દિવસે મક્કહને હરમ (માન-આદરનું સ્થળ) ઠેરવી દીધું. બસ એજ દિવસથી મક્કહ પરંપરાથી હરમ તરીકે ચાલ્યું આવે છે. અને કિયામત સુધી એજ મુજબ હરમ તરીકે ચાલુ રહેશે.
- માટે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન ધરાવનાર આદમી માટે જાઈઝ નથી કે મક્કહમાં તે કોઈનું ખૂન કરે. મક્કહનું કોઈ ઝાડ કાપવું પણ તેના માટે જાઈઝ નથી.
- મારાથી પહેલાંના કોઇ પણ શખ્સ માટે મક્કહ હલાલ થયું નથી. અને મારા પછી આવનારા કોઈ શખ્સ માટે હલાલ થવાનું પણ નથી. હા ફક્ત અત્યાર પૂરતું મારા માટે કેવળ એટલા માટે હલાલ કરવામાં આવ્યું કે, અલ્લાહ તઆલા મક્કહવાસીઓ પર પોતાનો આક્રોશ પ્રદર્શિત કરવા માગતો હતો.
- સાંભળી લો ! અત્યાર પછી ફરીવાર મક્કહનું હરમ હોવું નિયમ મુજબ સ્થાપિત થઇ ગયું છે. માટે તમારામાંથી જે શખ્સ અહીં હાજર છે અને મારી વાત સાંભળી રહ્યો છે તેને જોઈએ કે તે આ હકીકત દરેક એવા માણસને પણ પહોંચાડી દે જે અહીં હાજર નથી.
- તો જે માણસ તમને એમ કહે કે રસૂલુલ્લાહએ મક્કહમાં લડાઈ કરી હતી તેને કહી દો કે અલ્લાહ તઆલાએ ફક્ત પોતાના રસૂલ માટે એને હલાલ કરી હતી. અમારા

Maktabe Ashraf

માટે એ હલાલ નથી.

- હે ખુઝાઅહના લોકો ! હવે કતલથી પોતાના હાથ રોકી લો. બહુ ખૂનરેઝી થઇ ચૂકી. હવે એનો કોઈ લાભ નથી. તમે એક આદમીને કતલ કર્યો છે. હું તેની દિયત ચૂકવી આપીશ.

- મારા આ રોકાણ પછી કોઈ ખૂન થઇ જાય તો માર્યા જનારના વારસદારોને બે વાતોમાં અધિકાર રહેશે. તેઓ ચાહે તો કિસાસ (ખૂનનો બદલો ખૂનથી) લઇ લે અને ચાહે તો દિયત (ખૂનનો દંડ) લઇ લે.''

આ પ્રવચન પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ ખુઝાઅહએ મારી નાખેલા માણસનો લોહી-દંડ ચૂકવી આપ્યો.

ઈબ્ને હિશામ કહે છે : ફત્હે-મક્કહ પ્રસંગે મરનારાઓમાં સૌથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે મરનારનો લોહીદંડ ચૂકવ્યો તે જુનૈદુબ બિન અકવઅ નામે ગૃહસ્થ હતો જેને બનૂ કઅબના લોકોએ કતલ કર્યો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેની હત્યાના દંડ તરીકે સો ઊંટણીઓ ચૂકવી આપી હતી.

મદીનહના અન્સારને હૈયાધારણ————ઈબ્ને હિશામ કહે છે : મને યહયા બિન સઈદે આ રિવાયત કહી સંભળાવી. યહયા બિન સઈદનું બયાન છે :

''મક્કહ ફતેહ કરવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સફા પર્વત પાસે પધાર્યા અને સફાની ટેકરી પર બિરાજમાન થઇને બારગાહે-ઈલાહીમાં દુઆ માગવા લાગ્યા. તે વેળા મદીનહના બધા અન્સાર પણ ત્યાં હાજર હતા. એક તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બારગાહે-ઈલાહીમાં દુઆ માગતા હતા બીજી તરફ મદીનહના બધા અન્સાર એક ખાસ નજરથી ધારીધારીને આપની તરફ જોતા હતા. તેઓની નજરમાં આશા અને નિરાશાની ઝલક દેખાતી હતી. કોઈ તમન્ના હતી, કોઈ હસરત હતી, કોઈ કરૂણા કે સંવેદના હતી.

વાત એમ હતી કે અન્સારના દિલોમાં એવો વસવસો આવી ગયો હતો કે મક્કહ ફતેહ થઇ ગયું છે. કુરૈશ તાબે થઇ ગયા છે. હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ છોડીને કદાચ કાયમ માટે મક્કહનો વસવાટ ગ્રહણ કરી લેશે. કેમકે મક્કહ આપનું માદરે-વતન છે અને કુરૈશ આપની કૌમ છે. આ વસવસાને આધારે મદીનહના અન્સાર આ વિષય પર ચર્ચા કરતા હતા અને એકબીજાને કહેતા હતા :

> ''કેમ ભાઈ ! તમારૂં શું માનવું છે ? મારી વાત ખોટી હોય તો કહો! અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મક્કહ ફતેહ કરાવી દીધું. મક્કહ આપનું અસલી વતન છે. વતનની પ્રીત માણસની ફિતરતમાં છે. શું હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહને છોડીને કાયમ માટે મક્કહમાં જ રહી જશે કે ?''

દુઆથી ફારિગ થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અન્સાર પાસે પધાર્યા. આપે તેઓને પૂછયું, ''હમણા તમે લોકો આપસમાં શું વાતો કરતા હતા ?''

Martabe Ashraf

અન્સાર બોલ્યા, "કંઈ ખાસ વાતો ન હતી યા રસૂલલ્લાહ !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આગ્રહ ચાલુ રહ્યો. છેવટે તેઓએ કબૂલ કર્યું કે આ પ્રકારનો વસવસો અમારા દિલોમાં આવી ગયો હતો યા રસૂલલ્લાહ !

તેઓના આ વસવસો જાણીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અલ્લાહની પનાહ ! સાંભળો હે મારા અન્સાર ! મારૂં જીવન તમારા જીવનની સાથે છે અને મારૂં મરણ તમારા મરણની સાથે જ હશે."

મૂર્તિઓ ઊંધા માથે ગબડી પડી————ઇબ્ને હિશામ કહે છે : ભરોસાદાર રાવીઓને મુખે,રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત અબ્બાસના વિદ્વાન બેટા હઝરત અબ્દુલ્લાહની આ રિવાયત મને મળી છે. હઝરત અબ્દુલ્લાહનું બયાન છે :

"ફત્હે-મક્કહને દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની ઊંટણી પર બિરાજમાન હતા અને એજ ઊંટણી પર બિરાજમાન રહીને આપે બૈતુલ્લાહનો તવાફ કર્યો. બૈતુલ્લાહની અંદર ચોતરફ કુરૈશી મુશરિકોએ પોતાની મૂર્તિઓને સીસાંના ચોકઠામાં મઢી લઇને ઉપર-નીચે બધેબધ ગોઠવી દીધી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથમાં એક છડી હતી. એ છડીથી આપ મૂર્તિઓ તરફ ઈશારો કરતા જતા હતા અને ફરમાવતા હતા:

જાઅલ-હક્કુ વ ઝહકલ-બાતિલુ	સત્ય આવ્યું અને બાતિલ નષ્ટ થયું,
ઈન્નલ બાતિલા કાના ઝહૂકા.	બેશક બાતિલ માટે નષ્ટ થવાનું જ સર્જાયેલું છે.

દરેક મૂર્તિ જેના ચેહરા તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ છડીથી ઈશારો ફરમાવતા તે ડોકાંભેર પાછડાઇ પડતી અને જેના ડોકાં તરફ ઈશારો ફરમાવતા તે માથાભેર પોતે જ ગબડી પડતી હતી. ત્યાં સુધી કે એક પણ એવી મૂર્તિ ન રહી જે પાછડાઇ ન પડી હોય. એજ બનાવ સંબંધી તમીમ બિન અસદ ખુઝાઇએ આ શેઅર કહ્યો છે :

વ ફિલ-અસનામિ મુઅ-તબરૂંવ - વ-ઈલ્મુન • લિમંય-યરજુસ - સવાબા વલ ઇકાબા.

જે માણસ મૂર્તિઓ પાસેથી જ સવાબ-અઝાબ, ભલાઈ-બુરાઇ, અને નફા-નુકસાનની આશાઓ રાખતો હોય એજ મૂરખો મૂર્તિઓ પર વિશ્વાસ કે શ્રધ્ધા ધરાવી શકે છે.

રસૂલુલ્લાહ (સલ.)ને કતલ કરવાની ચેષ્ટા————ઇબ્ને હિશામ કહે છે : મને એવી માહિતી પણ આપવામાં આવી કે, ફત્હે-મક્કહને દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કઅબહનો તવાફ કરતા હતા તે વેળા ફદાલહ બિન ઉમૈર બિન મુલ્લૂહ લૈસી નામના માણસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અચાનક કતલ કરી નાખવાનું નક્કી કર્યું. પણ જ્યારે આપ તવાફ કરતા તેની પાસે પહોંચ્યા તો આપે અચાનક તેને પડકાર્યો, "યા ફદાલહ !" કોણ ફદાલહ છે કે ?"

"જી હા યા રસૂલલ્લાહ ! હું ફદાલહ છું."ફદાલહએ ચમકીને કહ્યું.

આપે ફરમાવ્યું, "મા ઝા કુન્ત તહદસ નફસક ?" તું તારા મનમાં શું વિચારતો હતો ?

"કંઇ નહિ, યા રસૂલલ્લાહ !" તે બોલ્યો, "હું તો મનમાં અલ્લાહને યાદ કરતો હતો."

Maktabe Ashraf

રાવીનું કથન છે : "તેની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હસવું આવી ગયું. પછી આપે તેને પોતાની પાસે બોલાવીને ફરમાવ્યું, "ફદાલહ ! અલ્લાહ પાસે માફી માગો." એ પછી આપે તેના સીના પર પોતાનો મુબારક હાથ ફેરવ્યો જેનાથી તેના દિલને ટાઢક વળી ગઇ.

બાદમાં ફદાલહ સાહેબ કહ્યા કરતા, "અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જેવો જ પોતાનો મુબારક હાથ મારા સીના પરથી હટાવ્યો, મારા મનનો ઉકેરાટ શમી ગયો. દિલને ટાઢક વળી ગઇ. હવે આપથી વધીને અલ્લાહની મખ્લૂકમાં કોઇ મને મહબૂબ ન રહ્યો.દુનિયાના લોકોમાં સૌથી વધુ હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પ્રેમ કરવા લાગી ગયો."

હઝરત ફદાલહ વધુમાં ઉમેરે છે : "ત્યાંથી હું મારાં ઘરવાળાઓ તરફ વળી ગયો. ઘરવાળીએ મને જોતાં જ પૂછ્યું, "કોઇ નવા સમાચાર ?"

મેં કહ્યું, "સમાચાર જેવું કંઇ નથી. હા નવા સમાચાર જાણવા જ હોય તો સાંભળી લે :

કાલત હલુમ્મ ઇલલ હદીસિ ફકુલ્તુ લા • યઅબય અલૈકલ - લાહુ વલ ઇસ્લામુ.

બીબીએ પૂછયું, કોઇ નવી વાત ? મેં કહ્યું, કંઇ નથી. હા સાંભળી લે, અલ્લાહ અને ઈસ્લામે તારી સાથે વાત કરવાની મને મના કરી દીધી છે.

લવ મા રઐતિ મુહમ્મદંવ - વ કબીલહૂ • બિલ ફત્હે યવમ તકસ્સરુલ - અસ્નામુ.

અગર તું મુહંમદ અને આપના સાથીઓને ફત્હે-મક્કહ વેળા જોઇ લેત જયારે કે મૂર્તિઓ તૂટીભાંગીને ભોંયભેગી થઇ રહી હતી;——————

લવ રઐતિ દીનલ્લાહિ અદહા બય્યના • વશ - શિર્કુ યગશા વજ -હહલ ઇઝલામુ.

તો તને ખબર પડી જાત કે અલ્લાહનો દીન એકદમ વિશુધ્ધ કે સ્વચ્છ થઇ ગયો છે અને કુફ્રો-શિર્કના ચેહરા પર કાળાશ છવાઇ ગઇ છે.

નિરાશાવાદી સફવાન બિન ઉમૈયહ——————ઇબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફરે હઝરત ઉર્વહ બિન ઝુબેરનું કથન ટાંકતાં કહ્યું, "કુરૈશી મોવડીઓના સરતાજ જેવો સફવાન બિન ઉમૈયહ ફત્હે-મક્કહને દિવસે એવા વિચારે જિદ્દહ ભાગી ગયો કે ત્યાંથી વહાણમાં બેસીને યમન પલાયન થઇ જાય. તે વેળા તેના જિગરજાન મિત્ર હઝરત ઉમૈર બિન વહબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વિનંતી કરી,

"હે અલ્લાહના નબી! સફવાન બિન ઉમૈયહ પોતાની કૌમનો સરદાર છે. તે આપથી ડરીને જિદ્દહ ભાગી ગયો છે કે જેથી સમુદ્રમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લે. આપ દયારાહે તેને જીવતદાન આપી દો. અલ્લાહ આપની ઉપર દયા કરશે !"

આપે ફરમાવ્યું, "હુવ આમિન." તેના માટે રક્ષણ છે. અથવા તે સુરક્ષિત કે સલામત છે.

ઉમૈરે અરજ કરી, "યા-રસૂલલ્લાહ ! મને કોઇ નિશાની આપો જેનાથી ખબર પડે કે આપે તેને જીવતદાન આપ્યું છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની મુબારક પાઘડી નિશાની તરીકે હઝરત ઉમૈરને

અર્પણ કરી. એજ પાઘડી મુબારક સરે સજાવીને આપ વિજેતા તરીકે મક્કહમાં દાખલ થયા હતા. હઝરત ઉમૈર આ અણમોલ પાઘડી લઈને સફ્વાનની શોધમાં જિદ્દહ ઊપડયા અને છેવટે તેમને સમુદ્ર કાંઠે એવી દશાએ પકડી પાડયા કે તેઓ વહાણ પર ચઢી રહ્યા હતા.

ઉમૈરે બૂમ મારી, "સફ્વાન હે સફ્વાન ! મારાં માબાપ તમ પર કુરબાન ! અલ્લાહને ખાતર પોતાની જાનને પોતાના હાથે જોખમમાં નહિ નાખો. આ રહી તમારા જીવતદાનની નિશાની જેને હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી લઈને આવ્યો છું."

સફ્વાને નારાજીથી કહ્યું, "તારૂં ભૂંડું થાય ઉમૈર ! ચાલ્યો જા અહીંથી. મારી સાથે વાત કરવી નહિ."

હઝરત ઉમૈર બોલ્યા, "ઓ સફ્વાન ! મારા માબાપ તમ પર કુરબાન ! સાંભળો તો ખરા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તમામ લોકોમાં સૌથી વધારે દયાળુ, સૌથી વધારે ઉદાર, સૌથી વધારે સહનશીલ, સર્વશ્રેષ્ઠ ઈન્સાન છે. ઉપરથી તમારા પિતરાઈ છે. તેમની આબરૂ તમારી આબરૂ છે. તેમની પ્રતિષ્ઠા તમારી પ્રતિષ્ઠા છે. તેમની સત્તા તમારી સત્તા છે."

સફ્વાને કહ્યું, "મને તેમના તરફથી જાનનો ખતરો છે."

હઝરત ઉમૈર બોલ્યા, "હે સફ્વાન ! તેમની સહનશીલતા અને તેમના સંસ્કાર તમારી ધારણાથી બહુ ઊંચા છે."

છેવટે સફ્વાન બિન ઉમૈયહ માની ગયા અને હઝરત ઉમૈર સાથે મક્કહ આવવા રવાના થયા. હઝરત ઉમૈરે તેમને લાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં ઊભા કરી દીધા.

સફ્વાને કહ્યું, "હે મુહંમદ ! આ ઉમૈર કહે છે કે તમે મને રક્ષણ આપી દીધું છે."

"એ સાચું જ કહે છે." આપે ફરમાવ્યું.

"વારૂ તો મને બે મહિનાનો સમય આપો." સફ્વાને કહ્યું, "એ દરિયમાન હું નક્કી કરીશ કે મારે મુસલમાન બનવું કે નહિ !"

"બે મહીના શું !" આપે ફરમાવ્યું, હું તમને ચાર મહિનાનો સમય આપું છું. [૧]

ઈબ્ને હિશામ કહે છે : કુરૈશ કબીલાના એક જાણકાર ગૃહસ્થે મને આ માહિતી આપી કે સફ્વાન બિન ઉમૈયહએ વહાણ પર જતી વેળા ઉમૈર બિન વહબને જે આમ કહ્યું હતું કે, "તારૂં ભૂંડું થાય ઉમૈર! ચાલ્યો જા અહીંથી, મારી સાથે વાત કરવી નહિ !" તો સફ્વાને આ શબ્દો એટલા માટે ઉચ્ચાર્યા હતા કે તેણે મક્કહના જીવનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તરહ-તરહથી સતાવ્યા હતા અને આપને ત્રાસ આપવામાં કાંઈ કચાશ રાખી ન હતી જેનું વર્ણન અમે લડાઈઓના પ્રકરણોમાં કરી આવ્યા છીએ. આ કારણે તે જાનના ખતરાથી ફફડી રહ્યો હતો.

સફ્વાન અને ઈકરિમહની બેગમો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈબ્ને શિહાબ ઝુહરીએ

૧. એટલે બે મહીના નહિ, ચાર મહિના ઇસ્લામનો અભ્યાસ કરીને ખૂબ સોચવિચાર કરી લો. તમારી શંકાઓનું સમાધાન થાય. તમારૂં દિલ ગવાહી આપે તે પછી રાજીખુશીથી ઇસ્લામ કબૂલ કરો. કુર્આન ફરમાવે છે : લા ઈકરાહ ફિદ-દીન. એટલે ઇસ્લામના સ્વીકાર માટે કોઈ દાબ દબાણ કે બળજબરી છે જ નહિ. "૬"

Maktabe Ashraf

કહ્યું કે, ઈકરિમહ બિન અબૂ જાહલના બેગમનું નામ ઉમ્મે હકીમ બિન્તે હારિસ બિન હિશામ હતું. ઉમ્મે હકીમ ફત્હે-મક્કહને દિવસે મુસલમાન બની ગયાં અને ઈકરિમહ મક્કહથી નાસીને યમન ચાલ્યા ગયા. હઝરત ઉમ્મે હકીમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને ઈકરિમહ માટે માફીનામું મેળવી લીધું અને પોતે યમન જઈને ઈકરિમહને લઈ આવ્યાં. યમનથી આવીને ઈકરિમહ પણ મુસલમાન બની ગયા.

એવી જ રીતે સફવાન બિન ઉમૈયહના બેગમનું નામ ફાખતહ બિન્તે વલીદ હતું. એ પણ ફત્હે-મક્કહને દિવસે મુસલમાન બની ગયાં. પણ એમના ખાવિન્દ સફવાન જિદ્દહ ભાગી ગયા. ત્યાંથી આવવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી એમને ચાર મહિનાની મુદ્દત આપવામાં આવી. એ પછી સફવાન પણ મુસલમાન બની ગયા.

હઝરત ઈકરિમહ અને હઝરત સફવાનના ઈસ્લામ સ્વીકાર પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બંનેની બેગમોને, અગાઉના નિકાહ પર જ એમના ખાવિન્દો સાથે રહેવાની પરવાનગી આપી દીધી.

મક્કહનો પંકાયેલો શાઈર————ઈબ્ને ઈસ્હાક કહે છે : ફત્હે-મક્કહ વેળા અબ્દુલ્લાહ બિન ઝિબઅરા નામે મક્કહનો પંકાયેલો શાઈર મક્કહથી ફરાર થઈને નજરાન ચાલ્યો ગયો. ઈસ્લામનો કટ્ટર વિરોધી હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં નિંદા કાવ્યો રચીને મેહફિલો કે મુશાઈરાઓમાં ગાઈ સંભળાવતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિતે એને લગતો ફક્ત એક જ શેઅર કહ્યો :

લા તઅદમ મન રજુલન અહલ્લકા બુગઝુહૂ • નજરાના ફી અયશિન અહઝ-ઝા લઈમિ.

એવી હસ્તીને તરછોડ નહિ જેની અદાવતે તને નજરાનમાં લઈ જઈને પટકી માર્યો છે. ત્યાં જઈને તું સૌથી વિખૂટો પડી ગયો છે. અને શરીફોને શોભે નહિ તેવું જીવન ગુજારી રહ્યો છે.

આ શેઅર જ્યારે ઈબ્ને ઝિબઅરા સુધી પહોંચ્યો તો એને સાંભળતાં જ તેના દિલમાં તીર પેઠે ખૂંપી ગયો. એજ વેળા અલ્લાહનું નામ લઈને નજરાનથી ચાલી નીકળ્યો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયો. મુસલમાન બનવા બાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝિબઅરએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં એક કસીદો રચ્યો જેના કેટલાક શેઅરો આ છે :

યા રસૂલલ - મલીકે ઈન્ન લિસાની • રાતિકુન મા ફતક-તુ ઈઝ અના બૂરુ.

હે માલિકોના માલિકના મોકલેલા બરહક રસૂલ ! મારી જીભ સદા ઠરેલ અને સાવચેત રહી છે. મેં તે વેળા પણ કોઈ અસભ્ય કે તોછડી કે ગુનાહિત વાત કરી નથી જ્યારે કે હું ગુમરાહીમાં ઝીંકાઈ રહ્યો હતો.

ઈઝ અબારીશ - શયતાન ફી સનનિલ - ગય્યે • વ મન માલા મય-લહૂ મસ્બૂરુ.

જ્યારે કે હું ગુમરાહીના રસ્તા પર શયતાનથી પણ આગળ નીકળી ગયો હતો. જે માણસ ગુમરાહી આચરે છે તેનું નખ્ખોદ વળી જાય છે.

આમનલ-લહમુ વલ-ઈઝામુ લિ-રબ્બી • સુમ્મ કલ્બીશ-શહીદુ અન્તન-નઝીરુ.

હવે તો મારાં માંસ-ચામડી સુધ્ધાં જગતના પાલનહાર પર ઈમાન લઈ આવ્યાં છે. અને વળી મારું

Maktabe Ashraf

અંતર પણ એજ વાતનો પોકાર પાડે છે કે આપ રસૂલે-નઝીર છો. [૧]

ઇબ્ને-ઝિબઅરાનો કસીદો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટર વિરોધી અને આપની શાનમાં અનેક નિંદાકાવ્યો રચનાર મક્કહના પંકાયેલા શાઇર અબ્દુલ્લાહ ઇબ્ને ઝિબઅરાએ મુસલમાન બનવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં આ પ્રશંસાકાવ્ય પણ રચ્યું છે :

મનઅર રુકાદા બિલા-બિલુન વ હમૂમુ • વલ-લૈલુ મુઅ-તલિજુર - રવાકે બહીમુ.

એવી કાળી અંધારી રાતમાં જેમાં અંધારાં પર અંધારાંના ઉપરાછાપરી પર્દા પડેલા હતા, ભાતભાતના વસવસાઓ, તરંગો, ચિન્તાઓ અને ઉદાસીએ મારી ઊંઘ ઉડાડી દીધી.

મિમ્મા અતાની અન અહમદા લામની • ફીહે ફ-બિત્તુ કઅન - નની મહમૂમુ.

આ કારણે કે જયારે મને ખબર પડી કે અહમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ઠપકાર્યો છે તો આખી રાત મેં જાગરણમાં કાપી નાખી. એવું લાગતું હતું જાણે મને તાવ ચઢી રહ્યો છે.

ઇન્ની લમુઅ - તઝિરુન ઇલૈક મિનલ - લઝી • અસ-દયતુ ઇઝ અના ફિદ - દલાલે અહીમુ.

હું મારા અંતઃકરણથી આપની પાસે મારી તે ભૂલ માટે માફીનો તલબગાર છું જેનો તાણો-વાણો મેં પોતે જ વણેલો હતો અને હકીકત આ છે કે તે વેળા હું અંધારાંમાં હાથપગ પછાડી રહ્યો હતો.

ફલ-યવમ આમન બિન-નબિય્યે મુહંમદિન • કલ્બી વ મુખ્તી હાઝિહી મહરૂમુ.

પણ (અલ્લાહનો શુક્ર કે) આજે મુહંમદ નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર મારૂં દિલ ઇમાન લઇ આવ્યું છે. તો જે માણસ આપની ઉપર ઇમાન લાવવામાં ખતા ખાશે તે મોટો બદનસીબ છે.

મદતિલ-અદાવતુ વન્કદત અસબાબુહા • વદઅત અવાસિરુ બૈનના વ હુલૂમુ.

અદાવતનો યુગ પસાર થઇ ગયો અને અદાવતના કારણો પણ નાબૂદ થઇ ગયાં છે. હવે અમારા પરસ્પરના સ્નેહસંબંધોએ અને અમારી બુધ્ધિમતાએ અમને લલકાર્યાં છે.

ફગફિર ફિદન લકા વાલિદાય કિલાહુમા • ઝલ્-લી ફ ઇન્નકા રાહિમુન મરહૂમુ.

તો આપ પર મારાં મા-બાપ બંને કુરબાન ! આપ મારી ભૂલોને માફ ફરમાવી દો. આપ મોટા દયાળુ છો કેમકે આપના ઉપર અલ્લાહની કૃપાઓ ઊતરેલી છે.

વ અલૈક મિન ઇલમિલ-મલીકિ અલામતુન • નૂરુન અગર્રુ વ ખાતિમુન મખ્તૂમુ.

આપની પવિત્ર જાતમાં અલ્લાહના ઇલ્મની નિશાનીઓ છે. આપ નખશિખ નૂર જ નૂર છો. આપના થકી પયગમ્બરી પર મુહર લાગી ગઇ છે અને એ મુહર અલ્લાહએ લગાવેલી છે.

અઅતાકા બઅદે મહબ - બતિન બુરહાનહૂ • શરફંવ વ બુરહાનલ-ઇલાહે અઝીમુ.

અલ્લાહ તઆલાએ આપને પ્રતિષ્ઠા અને આબરૂની માપાભરેલી દલીલ પ્રદાન કરી છે અને અલ્લાહની જે દલીલ હશે તેની અઝમતમાં શંકાને સ્થાન જ કયાં છે ?

---

૧. નઝીર અને બશીર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગુણવાચક કુર્આની નામો છે. નઝીરના અર્થ અલ્લાહના અઝાબથી ડરાવનાર કે અલ્લાહના અઝાબની ચેતવણી આપનાર. ''ફ''

વલકદ્ શહિદ્તુ બિઅન્ન દીનકા સાદિકુન • હક્કુંવ - વ - અન્નકા ફિલ - ઈબાદે જસીમુ.

મેં ખરેખર આ વાતનો ઈકરાર કરી લીધો છે કે આપનો મઝહબ સાચો છે અને બરહક છે અને આપ તમારૂ બંદાઓમાં સૌથી શ્રેષ્ઠતર હસ્તી છો.

વલ્લાહુ યશહદુ અન્ન અહમદા મુસ્તફા • મુસ્તક - બલુન ફિસ સાલિહીના કરીમુ.

અને અલ્લાહ તઆલા પોતે આ વાતની સાક્ષી આપે છે કે અહમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જગતના તમામ નેક લોકોની આંખના તારા છે. માનપાનવાળા છે, શરીફ છે, સંસ્કારી છે.

કવમુન અલા બુન્યાનહૂ મિન હાશિમિન • ફરઉન તમક - કના ફિઝ - ઝુર્રા વ અરૂમુ.

તે એક એવા બહાદુર સરદાર છે જેમનો પાયો બનૂ હાશિમ પર ચણાયેલો છે. તેઓ ડાળ પણ છે અને મૂળ પણ છે અને એ બંનેનું સ્થળ અતિશય ઉંચાઇ પર છે.

બીબી ઉમ્મે-હાનીનો ખાવિન્દ———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અલી બિન અબૂ તાલિબના બહેન હઝરત ઉમ્મે-હાનીના ખાવિન્દનું નામ હુબૈરહ બિન અબી વહબ મખ્ઝૂમી હતું. એનો મામલો આ છે કે ફત્હે-મક્કહ વેળા એ પણ મક્કહથી નાસીને નજરાન ચાલ્યો ગયો હતો. મને મળેલી માહિતી મુજબ એ છેવટ સુધી પોતાના કુફ્ર પર કાયમ રહ્યો અને છેવટે કુફ્રની જ હાલતમાં મરી ગયો. હઝરત ઉમ્મે-હાની મુસલમાન બની ગયાં હતાં. એમનું અસલ નામ હિન્દ બિન્તે અબી તાલિબ છે.

ફત્હે-મક્કહમાં ઈસ્લામી સૈન્યની સંખ્યા———ઈબ્ને ઈસ્હાક કહે છે : ફત્હે-મક્કહમાં ભાગ લેનારા અને ત્યાં હાજર રહેનારા ઈસ્લામી સૈન્યની સંખ્યા દસ હજારની હતી.એમાં બનૂ સુલૈમ કબીલાના સાત સો અને કેટલાકના કથન મુજબ એક હજાર સૈનિકો હતા. બનૂ ગિફારમાંથી ચાર સો, બનૂ અસ્લમના ચાર સો અને બનૂ મુઝૈનહમાંથી એક હજાર ત્રણ સો મુજાહિદો હતા. બાકીના કુરૈશ, અન્સાર, તેઓના હલીફો તથા અરબના કબીલાઓ-બનૂ તમીમ, બનૂ કૈસ તેમ બનૂ અસદના સૈનિકો હતા.

(નોંટ : અહીં અલ્લામા ઈબ્ને હિશામે મક્કહ મુકર્રમહની શાનદાર ફતેહ બદલ, અરબના શાઈરોએ અલ્લાહના ઉપકારના આભાર-દર્શન તરીકે રચેલા લાંબા કસીદા ટાંકેલા છે અને બે પ્રકરણોના ૧૫ જેટલાં પાનાંઓમાં તેનો સમાવેશ થયો છે. લંબાણથી બચવાના હેતુએ અમે આ કસીદા જતા કર્યા છે. શાઈરોમાં હઝરત હસ્સાન બિન સાબિત, હઝરત અનસ બિન ઝુનૈમ દૈલી, હઝરત બુજૈદ બિન ઈમ્રાન ખુઝાઇ વગેરેના મુબારક નામો છે.

આ કસીદા રચનારાઓમાં અબ્બાસ બિન મિરદાસ સુલમી નામે અરબના જાણીતા શાઈરનું નામ પણ છે. એમના મુસલમાન બનવાની દિલચસ્પ વિગત અલ્લામા ઈબ્ને હિશામે આ પ્રમાણે ટાંકેલી છે :)

મૂર્તિના પેટમાં બેઠેલો ભેદી શાઇર———ઈબ્ને ઈસ્હાક કહે છે : કાવ્યકળાના કેટલાક સાહિત્ય-જ્ઞાનીઓએ મને અબ્બાસ બિન મિરદાસ સુલમી નામે શાઈરના ઈસ્લામ સ્વીકારની કથા દર્શાવતાં કહ્યું :

"અબ્બાસના પિતાજી મિરદાસની એક મૂર્તિ હતી. એને જ ભગવાન માનીને બહુ ભાવનાપૂર્વક તે એની બંદગી કર્યા કરતો. મૂર્તિ શું હતી, એક પથ્થર હતો જેને કોતરકામથી તેણે મૂર્તિનું રૂપ આપ્યું હતું. આ મૂર્તિને ''દિમાર ભગવાન''ને નામે પોકારીને તેની ભક્તિ કર્યા કરતો હતો. એક તહેવાર પ્રસંગે મિરદાસ પૂજારીએ

પોતાના પુત્ર અબ્બાસને બોલાવીને કહ્યું.

"સાંભળ બેટા ! આ દેમાર દેવ આપણો ભગવાન છે. એને પગે લાગ, એના ચરણોમાં માથું નમાવ અને હવે કાયમ માટે એની જ બંદગી કર્યા કરજે. તારા લાભાલાભ કે નફા નુકસાનની બધી સત્તા એના જ હાથમાં છે."

એક દિવસે અબ્બાસ, જે મિરદાસ પૂજારીનો પુત્ર હતો, પોતાના દિમાર ભગવાનની ભક્તિ માટે મંદિરમાં ગયો. ચાહતો હતો કે ભગવાનના ચરણોમાં માથું નમાવે કે ત્યાં જ અચાનક શું સાંભળે છે કે મૂર્તિના પેટમાંથી કોઇ ભેદી વ્યક્તિ આ શેઅરો લલકારે છે :

કુલ લિલ-કબાઇલે મિન સુલૈમિન કુલ્લહા • અવદચ દિમારિંવ વ આશ અહલુલ મસ્જિદે.

સુલૈમના બધા કબીલાઓને કહી દો કે મંદિરમાં બિરાજેલા દિમાર ભગવાનનું પતન થયું અને મસ્જિદવાળાઓને જીવન મળી ગયું.

ઇન્નલ-લઝી વરિસન નુબુવ્વતા વલ-હુદા • બઅ - દબ્ને મરયમા મિન કુરૈશિન મુહતદી.

તે ગૃહસ્થ કે જે, ઇબ્ને-મરયમ એટલે હઝરત ઇસા અલૈહિસ-સલામ પછી, હિદાયત તથા પયગમ્બરીના વારસદાર બન્યા છે અને જે કુરૈશના ખાનદાનમાંથી છે તે હિદાયત પામીને પધારી ચૂકયા છે.

અવદચ દિમારે વ કાના યુઅ-બદુ મર્રતન • કબ્લલ-કિતાબે ઇલન નબીય્યે મુહમ્મદી.

દિમારનો મૃત્યુઘંટ બજી ગયો. મુહંમદ નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર કિતાબ ઊતરવા પહેલાં એક સમયે તેની પૂજા થતી હતી. હવે કયારેય તેની પૂજા નહિ થાય.

દિમાર ભગવાનની મૂર્તિના પેટમાંથી આ શેઅરો સાંભળીને અબ્બાસ બિન મિરદાસની હયરાનીનો પાર નહિ રહ્યો. એ પછી તે સમય આવ્યો કે અબ્બાસ બિન મિરદાસે દિમાર ભગવાનની મૂર્તિને ઉપાડીને આગમાં પધરાવી દીધી અને પોતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની તહેનાતમાં હાજર થઇને મુસલમાન બની ગયા.

Maktabe Ashraf

ફત્હે-મક્કહનો ઉપસંહાર

(ગુજરાતી સંપાદક તરફથી)

ફત્હમ-મુબીના——————ફત્હે-મક્કહ તે અઝીમુશ-શાન ફતેહ છે જેની વધામણી અલ્લાહ તઆલાએ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને, હુદૈબિયહથી મદીનહ પાછા ફરતાં રસ્તામાં જ આપી દીધી હતી. આકાશી વહીના પવિત્ર શબ્દો આ છેઃ "ઈન્ના ફતહ-ના લકા ફત્હમ-મુબીના." હે મારા પ્યારા નબી ! મેં આપને ઝળહળતી શાનદાર ફતેહ આપી દીધી.

ફત્હે-મક્કહ હકીકતમાં તે શાનદાર ફતેહ છે જેની મારફતે અલ્લાહ તઆલાએ પોતાના દીને-ઈસ્લામને અને પોતાના પ્યારા હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અને પોતાના તાબેદાર બંદાઓને અપૂર્વ માન-ઈકરામથી માલામાલ કરી દીધા અને પોતાના પવિત્ર ઘર કઅબહને, ત્રાસવાદી કે આતંકવાદી મુશરિકોના ઝુલ્મી પંજાથી કાયમ માટે છુટકારો અપાવી દીધો. એજ શાનદાર ફતેહની બરકતથી અરબના કબીલાઓના ટોળેટોળાં ઈસ્લામમાં દાખલ થયાં અને આખું જગત હિદાયતના પ્રકાશથી રોશન થઈ ગયું. રિવાયતોમાં છે કે આજ સુધી જેટલા લોકો મુસલમાન બન્યા હતા તેના કરતાં અનેકગણા નહિ બલકે લગભગ આખા અરબના લોકો ફત્હે-મક્કહ પછી મુસલમાન બની ગયા.

સુલેહભંગનું માઠું ફળ——————હુદૈબિયહના સુલેહનામાની એક કલમ એવી હતી જેને આધારે અરબના કબીલાઓને ઈખ્તેયાર આપી દેવામાં આવ્યો કે, મુસ્લિમ પક્ષ અને મુશરિક પક્ષ બંનેમાંથી જેને જે ગમે તે પક્ષ સાથે જોડાઈ જાય. જે કબીલો જે પક્ષ સાથે જોડાશે તે તેજ પક્ષનો એક ભાગ ગણાશે. આ કલમને આધારે બનૂ બક્રનો કબીલો કુરૈશી મુશરિકોના પક્ષ સાથે જોડાઈ ગયો અને બનૂ ખુઝાઅહનો કબીલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પક્ષમાં શામિલ થઈ ગયો. આ બંને કબીલાઓ વચ્ચે વંશપરંપરાથી બાપ માર્યાનું વેર ઊતરી આવતું હતું.

હુદૈબિયહની સુલેહ પછી મક્કહ-મદીનહ વચ્ચે શાંતિનું વાતાવરણ કાયમ થઈ ગયું. બંને કબીલાના લોકોએ સલામતી અને શાંતિનો શ્વાસ લીધો. યુધ્ધનો રાક્ષસ કાપાકાપીનો ખેલ સંકેલીને એક ખૂણે લપાઈને બેસી ગયો અને જ્યારે બંને કબીલા એકબીજાથી નિર્ભય બની ગયા તો બનૂબક્રના કબીલાએ આ નિરાંતનો લાભ લઈને જૂની ઉધારી વસૂલ કરી લેવાનું નક્કી કરી નાખ્યું. બસ એજ તે બનાવ છે અને એજ તે વિશ્વાસઘાત છે જેણે તેઓની ખુવારીના દરવાજા ઉઘાડી નાખ્યા અને જેનું પરિણામ મુસલમાનોની ફતેહમંદીના રૂપમાં જાહેર થયું. બનૂબક્રની સાથે કુરૈશના માથે પણ પનોતીનું મનહૂસ પંખી બેસી ગયું.

બનૂ ખુઝાઅહ પર છાપો——————બનૂબક્રના એક તોફાની સમૂહે નવફલ બિન મુઆવિયા નામે જોશીલા જ્વાનની આગેવાની હેઠળ સન ૮ હિજરીના શઅબાન મહિનામાં બનૂ ખુઝાઅહ પર ઓચિંતો છાપો માર્યો. રાતનો સમય હતો. બનૂ ખુઝાઅહના લોકો પોતાના "વતીર" નામે ઝરણા પાસે નિરાંતની ઊંઘ લેતા પડ્યા હતા. અગાઉની ગોઠવણી મુજબ કુરૈશે બનૂબક્રને હથિયાર પૂરાં પાડ્યાં હતાં. લશ્કરી મદદ કરી હતી. ઈકરિમા બિન અબૂ જહલની સાથે કેટલાક લડવૈયા રાતના અંધારાંનો લાભ લઈને છુપી રીતે બનૂબક્રની મદદ

Maktabe Ashraf

માટે પહોંચી ગયા હતા. બનૂ ખુઝાઅહના લોકો આ ઓચિંતા છાપાથી ભાન ભૂલી ગયા. હાંફળા-ફાંફળા થઈને જાન બચાવવા હરમ શરીફ તરફ દોડી ગયા. હરમ શરીફમાં ખૂનરેઝી હરામ હોવા છતાં અહીં પણ તેઓને આસરો નહિ મળ્યો. બનૂબક્રે તેઓની કત્લે-આમ ચાલુ રાખી અને અનેક બે-ગુનાહોને ખાકો-ખૂનમાં તડપાવી દીધા અને ઉપરથી સમજ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બનાવની જાણ નહિ થશે.

અદાલતે-નબવીમાં મદદની ધા——————સવાર પડી તો અમ્ર બિન સાલિમ ખુઝાઈએ ૪૦ ગૃહસ્થોની જમાઅત સાથે મદીનહનો રસ્તો લીધો. દરબારે-નબવીમાં હાજર થઈને ઓચિંતી તૂટી પડેલી આફતની કરૂણ કથા સંભળાવીને અદાલતે-નબવીમાં મદદની ધા નાખી. સુલેહનામાની રૂએ પોતાના હલીફોની મદદ કરવી અને નાહક ખૂનોનો બદલો લેવો મુસલમાનો માટે જરૂરી બની ગયો. પોતાના હલીફોને આપેલા વચનનું પાલન મુસલમાનોથી વધીને કોણ કરી શકે છે ?

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને મક્કહની તૈયારી અને લડાઈનો સામાન દુરસ્ત કરી લેવાનો હુકમ ફરમાવી દીધો અને આજુબાજુના કબીલાઓને પણ કહેવડાવી દીધું કે મુકમ્મલ તૈયારી કરી લેવામાં આવે. સાથે એવી તાકીદ પણ ફરમાવી દીધી કે તૈયારી એવી છુપી રીતે અને હિકમત ભરેલી નીતિથી કરવામાં આવે કે દુશ્મનને કાનોકાન ખબર નહિ પડે.

કુરૈશનો પસ્તાવો——————કુરૈશે પોતાની જહાલતથી સુલેહનામાનો ભંગ તો કરી નાખ્યો પણ બહુ જ જલદી તેઓને પોતાની બેવકૂફીનું ભાન થઈ ગયું. આ નાદાનીભર્યા પગલાનું શું પરિણામ આવવાનું છે તેની કલ્પના માત્રથી તેઓની ઊંઘ હરામ થઈ ગઈ. આપસમાં સલાહ-મશ્વરો કરીને તાબડતોડ તેઓએ અબૂ સુફયાનને મદીનહ દોડાવી દીધો. હેતુ આ હતો કે સુલેહનામાની તજદીદ કરાવી લેવામાં આવે. પણ એનો જે નતીજો નીકળ્યો તેની વિગત આપણે આ પ્રકરણમાં વાંચી આવ્યા છીએ.

અબૂ સુફયાન પ્રથમ પોતાનાં બેટી હઝરત ઉમ્મે હબીબહના મકાને ગયા અને જેવા જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર બિસ્તર પર બેસવા ગયા કે તરત હઝરત ઉમ્મે હબીબહએ આગળ વધીને બિસ્તર લપેટી લીધો અને પૂરા અદબથી ફરમાવ્યું, "અબ્બાજાન ! આ તો અલ્લાહના પયગમ્બરનો બિસ્તર છે અને આપ તો એક મુશરિક માણસ છો."

અહીંથી હતાશ દિલે અને ગમગીન ચેહરે અબૂ સુફયાન સાહેબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને પોતાના આગમનનો હેતુ દર્શાવ્યો. પણ આપે તેની કોઈ વાતનો જવાબ નહિ આપ્યો. દરબારે-નબવીથી નિરાશા પામતાં પ્રથમ હઝરત અબૂબક્ર સિદ્દીક અને પછી હઝરત ઉમર ફારૂકની તહેનાતમાં ગયા. અહીં પણ વાત બની નહિ ત્યારે હઝરત અલીની તહેનાતમાં હાજર થયા. દરખાસ્ત કરી, "હે અલી ! તમે જ આ મુસીબતથી છુટકારાનો કોઈ રસ્તો બતાવી દો !"

"એક જ એનો રસ્તો છે." હઝરત અલીએ ફરમાવ્યું, "મસ્જિદમાં જઈને તમામ મુસલમાનોની સામે જાહેરાત પોકારી દો કે હે મુસલમાનો ! હું હુદૈબિયહનું જૂનું સુલેહનામુ તાજું કરવા આવેલો છું અને કુરૈશ તરફથી એની શરતોનું પાલન કરવા બંધાયેલો છું. બસ આટલી જાહેરાત કરી દો અને મક્કહ તરફ હંકારી મૂકો."

અબૂ સુફયાન સાહેબે મસ્જિદમાં જઈને એજ રસ્તો લીધો અને પછી મક્કહને રસ્તે પડી ગયા. આ તરફ લોકો બેચેનીથી તેમની રાહ જોતા હતા. એમને જોતાં જ પૂછ્યું, "કહો અબૂ સુફયાન ! શું સમાચાર લાવ્યા ?" પોતે જે ધાડ મારીને આવ્યા હતા તેની વિગત સાંભળતાં જ લોકોએ પોતાનું કપાળ પીટી લીધું કે, "મસ્જિદમાં કરેલી એકતરફી જાહેરાત, ન તો સુલેહની ખુશખબર છે કે જેનાથી નિરાંત થાય અને ન જંગના સમાચાર છે કે તેની તૈયારી કરવામાં આવે, રે અબૂ સુફયાન ! તમે આટલા મોટા માણસ થઈને અલીની ચાલ નહિ સમજી શક્યા. અલીએ ખરેખર આપણી ક્રુર મશ્કરી કરી છે."

યુદ્ધકળાની અદ્‌ભૂત ચાલ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહ તરફની કૂચને એકદમ ખાનગીમાં રાખવા માગતા હતા. ભારે સાવચેતી કે તકેદારીથી આપે તેનું આયોજન કરી લીધું હતું અને એવી હિકમતથી કે કોઈને કાનોકાન ખબર નહિ પડે. સહાબાને પણ આપે સંપૂર્ણ રાઝદારીથી કામ લેવાની તાકીદ ફરમાવી હતી કે છેવટ સુધી ભેદ ફૂટવા નહિ પામે.

એજ હિકમતે-અમલી મુજબ આપે એક લશ્કરી ટુકડી, હઝરત અબૂ કતાદહની કમાન હેઠળ "અદમ્મ" નામે સ્થળ તરફ રવાના કરી દીધી કે જેથી મુનાફિકો અને બીજા દુશ્મનો એમ સમજે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહની દિશાને બદલે કોઈ બીજી દિશાએ પોતાના લશ્કર સાથે જવા માગે છે. પછી એજ સમાચાર મદીનહ અને આજુબાજુના વિસ્તારમાં જોરોશોરથી ફેલાય ગયા અને જ્યારે અદમ્મ સ્થળે પહોંચી ગયેલા હઝરત અબૂ કતાદહને સમાચાર મળ્યા કે ઈસ્લામી લશ્કર દિશા બદલીને મક્કહને રસ્તે પડી ગયું છે તો તેઓ પણ પોતાની લશ્કરી ટુકડી સાથે કૂચ કરતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા.

યુધ્ધકળાની બારીકથી બારીક ચાલ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની જાણ બહાર નહિ હતી. અલ્લાહ તઆલાએ આસમાની ઈલ્મોની સાથે દુનિયાના ઈલ્મોનો ખઝાનો પણ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની સીનામાં ભરી દીધો હતો. આપ ચાહતા હતા કે ફત્હે-મક્કહમાં લોહીનું ટીપું પણ રેડાવા નહિ પામે.

હઝરત હાતિબનો છુપો કાગળ——————સહીહ બુખારી શરીફમાં છે કે મક્કહની કૂચ પ્રસંગે હઝરત હાતિબ બિન અબી બલ્તઆ નામે એક સહાબીએ મક્કહના કુરૈશને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઈરાદાની જાણ કરવા એક છુપો કાગળ લખ્યો અને એક ચાલાક સ્ત્રીને છુપી રીતે આ કાગળ આપીને મક્કહ તરફ દોડાવી દીધી. આ કાગળ મક્કહ પહોંચી જતે તો મુસલમાનોને મોટું નુકસાન ખમવું પડતે અને ફતેહનો મામલો પણ ખતરામાં આવી પડતે. અલ્લાહ તઆલાએ આકાશી વહી મારફતે આપને એની જાણ કરી દીધી અને એ છુપો કાગળ પેલી સ્ત્રી પાસેથી હસ્તગત કરી લેવામાં આવ્યો. હઝરત હાતિબને પૂછવામાં આવ્યું તો તેમના જવાબથી આપને સંતોષ થઈ ગયો. કાગળના લખાણથી પણ હઝરત હાતિબની સચ્ચાઈને ટેકો મળતો હતો.

હઝરત ઉમરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! હાતિબ મુનાફિક બની ગયો છે. એની ગરદન ઉડાવી દેવાની મને પરવાનગી આપો."

ઈતિહાસમાં સોનેરી અક્ષરોએ લખાયેલા શબ્દોથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જવાબમાં ફરમાવ્યું, "ઉમર ! હાતિબ તે શખ્સ છે જેણે જંગે-બદ્રમાં આપણી સાથે રહીને કાફિરો સાથે જિહાદ કર્યો છે અને જંગે-બદ્રના મુજાહિદો માટે અલ્લાહ તઆલાએ ફરમાવી દીધું છે કે, "તમારી મરજીમાં આવે તેમ કરો. મેં તમને બખ્શી દીધા છે."

એનાથી માલૂમ પડ્યું કે જંગે-બદ્રમાં કાફિરો સાથે લડનારા સહાબા, અલ્લાહની નજરમાં માન-ઈકરામનું કેટલું ઊંચું સ્થાન ધરાવે છે ! બીજી આ વાત માલૂમ પડી કે જિહાદનું કામ કરનારા ચોખ્ખા મનના સાથીઓથી કંઈ ભૂલચૂક થઈ જાય તો દરગુજરની નીતિથી કામ લઈને તેઓને માફ કરી દેવું જોઈએ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે દુનિયાના બાદશાહોને નામે તબલીગી કાગળો લખાવ્યા તો એ જ હઝરત હાતિબ બિન અબી બલ્તઆને પોતાના રાજદૂત બનાવીને મિસરના બાદશાહના દરબારમાં મોકલ્યા.

રમઝાનનો રોઝો અને જિહાદ——————સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિકમત ભરેલી તદબીર કે રહસ્યમયી જંગી ચાલ નિશાને બેઠી અને કુરૈશને ઈસ્લામી લશ્કરની જંગી તૈયારીની

Maktabe Ashraf

કશી ખબર નહિ મળી. સન ૮ હિજરીના રમઝાનની ૧૦ તારીખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ૧૦ હજાર સહાબાના લશ્કર સાથે મક્કહ તરફ રવાના થઈ ગયા.

રમઝાનનો મુબારક મહિનો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે તમામ સહાબાએ પણ રોઝો રાખ્યો હતો. ઈસ્લામી લશ્કર કૂચ કરતું જ્યારે "કુદૈદ" નામે ઝરણા પાસે પહોંચ્યું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બધા મુસલમાનોના દેખતાં રોઝો ઈફતાર કરી લીધો. આપના અનુકરણમાં આખા લશ્કરે પણ રોઝો તોડી નાખ્યો. કેમકે હવે દુશ્મનની ભૂમિમાં પહોંચી ગયા હતા. રોઝો ચાલુ રાખતે તો કમજોરીને કારણે જિહાદની ફર્ઝ-બજામણીમાં વાંધો આવી શકતો હતો.

આવી હાલતમાં રોઝો તોડવાથી રોઝાની જે બરકતો છે, જે ઈનામો છે અને આત્મશુધ્ધિના જે લાભો છે તે હાસિલ નથી થતા એ વાત સાચી, પણ જિહાદમાં જાનની કુરબાની આપીને અલ્લાહના દરબારમાં જે માનમરતબો હાસિલ થાય છે તે વરસોના રોઝાઓથી હાસિલ થઈ શકતો નથી. જેથી સફરની હાલતમાં રોઝો રાખવો બેહતર તો છે પણ ખાસ કરીને જિહાદના સફરમાં રોઝાની કમજોરીથી નુકસાનનો ખતરો હોય તો રોઝો નહિ રાખવો જ બેહતર છે.

જંગલમાં આગના ચૂલા————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈસ્લામી લશ્કર સાથેની કૂચ ચાલુ રાખી ત્યાં સુધી કે "મર્રુઝ-ઝહરાન" નામે સ્થળે પહોંચી ગયા. અહીં પધારીને આપે લશ્કર સાથે પડાવ નાખી દીધો. અહીં આપે યુધ્ધકળાની બીજી એક જંગી ચાલથી કામ લીધું. પુરા લશ્કરને પોતપોતાના પડાવે બળતું સળગાવવાનો આપે હુકમ ફરમાવી દીધો. જોતજોતામાં હજારો ચૂલાઓના બળતાંઓથી આખું મેદાન રોશન થઈ ગયું. રાતના અંધારાંમાં દૂર-દૂર સુધી ફેલાયેલા પ્રકાશે કુરૈશના જાસૂસો પર દહેશતની થરથરી જન્માવી દીધી.

અત્યાર સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈન્તેહાઈ રાઝદારીની કળાથી કામ લીધું હતું કે જેથી કુરૈશને જવાબી તૈયારીનો મોકો નહિ મળે. હવે જ્યારે કે તેઓને અંધારાંમાં રાખીને ઈસ્લામી લશ્કર તેઓના માથે પહોંચી ગયું તો હવે રાઝદારી કે ભેદી હિલચાલની જરૂર નહિ રહી. કુરૈશ પાસે તૈયારીનો સમય જ ક્યાં હતો ? હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓને એટલા ભયભીત અને ભાનસૂના બનાવવા માગતા હતા કે તેઓના હાંજા ગગડી જાય અને મુકાબલાથી પહેલાં જ તેઓની હિંમતની કમ્મર તૂટી જાય અને તેઓ એટલા માયકાંગલા બની જાય કે લોહીનું ટીપું રેડાવા નહિ પામે.

અબૂ સુફયાન દરબારે-નબવીમાં————સુલેહનામાના ભંગ પછી કુરૈશને ખટકો તો લાગેલો જ હતો કે ક્યારે શું બની જાય તે કોણ કહી શકે ! એજ ખટકા કે ખતરાની ગંધ લેવા અબૂ સુફયાન અને તેના સાથીઓ, એજ દિશાએ રાતના અંધારાંમાં જાસૂસી માટે ઘૂમી રહ્યા હતા. એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત અબ્બાસ પણ રાત્રીચર્યા માટે એજ તરફ નીકળી આવ્યા. અબૂ સુફયાન સાથે ભેટો થઈ ગયો તો તેમને પોતાના ખચ્ચર પર બેસાડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઈ જવા લાગ્યા. લશ્કરી છાવણીમાંથી પસાર થતાં હઝરત ઉમરની એમની ઉપર નજર પડી. અબૂ સુફયાનને જોતાં જ પોકારી ઊઠયા, "અરે આ તો અલ્લાહનો દુશ્મન અબૂ સુફયાન છે !"

હઝરત અબ્બાસને ખતરાનો એહસાસ થતાં જ ખચ્ચરને પૂરપાટ દોડાવતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તંબૂમાં પહોંચી ગયા. એટલામાં હઝરત ઉમર પણ ખુલ્લી તલવારે આવી લાગ્યા. અબૂ સુફયાનની જાન કેવી રીતે સલામત રહી તેની વિગત આપણે આ પ્રકરણમાં વાંચી આવ્યા છીએ. બીજા દિવસે સવારે હઝરત અબ્બાસ એમને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. અહીં અબૂ સુફયાન હઝરત અબ્બાસના સમજાવવાથી મુસલમાન બની ગયા. પોતે પણ કબૂલ કર્યું કે મૂર્તિપૂજાનો ધર્મ ખોટો છે

અને અમે જે દેવી દેવતાઓને ભગવાન માનીને પૂજતા હતા તેનું કારણ શયતાન છે જેણે અમારી આંખે જહાલતના ચશ્મા ચઢાવી દીધા હતા. બાદમાં હઝરત અબૂ સુફયાન પોતાના ઇસ્લામમાં પાકા થઇ ગયા.

હઝરત અબ્બાસે વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! અબૂ સુફયાન પોતાની કોમનો મોટો માણસ છે. "મોટું માણસ" હોવાનો ગર્વ લેવાનું એને ગમે છે. માટે એને કોઇ એવી નિશાની ઇનાયત ફરમાવો જેનો એ ગર્વ લઇ શકે."

આપે ફરમાવ્યું, "ફતેહ વેળા જે માણસ અબૂ સુફયાનના ઘરમાં આસરો લઇ લે તેની જાન સલામત છે." આ પ્રસંગે આપે બીજી બે વાતો પણ ફરમાવી હતી. એક આ કે જે માણસ પોતાના ઘરનો દરવાજો બંધ કરી લે તેની જાન સલામત છે. બીજી વાત આ કે જે માણસ કઅબહની મસ્જિદમાં આસરો લઇ લે તેની જાન સલામત છે. ત્રીજી વાત અબૂ સુફયાનના ઘરમાં આસરો લેનાર પણ સલામત છે. એનાથી વધીને અબૂ સુફયાન માટે ગર્વ લેવાની બીજી કઇ વાત હોય શકે ?

અલ્લાહની ફોજનો દબદબો——————સન ૮ હિજરીના રમઝાનુલ-મુબારકની ૧૭ તારીખ હતી અને સોમવારનો દિવસ હતો. આજે સવારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલ્લાહની ફોજ સાથે મર્રુઝ-ઝહરાનથી કૂચ કરીને મક્કહ મુકર્રમા તરફ રવાના થયા.

આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજી એક જંગી તદબીરથી કામ લીધું. આપ ચાહતા હતા કે અલ્લાહની ફોજ વિજયનો વાવટો ફરકાવતી શહેરમાં દાખલ થાય તો સલામતી અને શાંતિનું વાતાવરણ કાયમ રહે. ન કોઇ રમખાણ થાય ન છમકલું થાય ન લોહીનું ટીપું રેડાવા પામે. એ માટેની યોજના આપે ઘડી લીધી હતી.

આપની યોજના એવી હતી કે મક્કહમાં દાખલ થવા પહેલાં, અબૂ સુફયાનને ઇસ્લામી લશ્કરની શાનો-શવકત કે અલ્લાહની ફોજનો દબદબો દેખાડી દેવામાં આવે. અબૂ સુફયાન કુરૈશી લશ્કરના સરસાલાર કે કમાન્ડર-ઇન-ચીફ હતા. અલ્લાહની ફોજનો દબદબો જોઇને કમાન્ડર-ઇન-ચીફના હાંજા ગગડી જાય તો પછી કયો કમાન્ડર કે કોણ સૈનિક છે જે મેદાને પડીને મુકાબલો કરવાની હામ ભીડી શકે ?

આ યોજનાના અમલીકરણ માટે આપે પોતાના કાકા અબ્બાસને હુકમ ફરમાવી દીધો હતો કે અબૂ સુફયાનને પહાડી ઘાટીના તે તંગ નાકા પાસે રોકી રાખે જ્યાંથી પસાર થનારી અલ્લાહની ફોજનો દબદબો જોઇ શકે. પોતાની તાકત કે પોતાના દબદબા અને શાનો-શવકતનું પ્રદર્શન અલ્લાહની નજરમાં સખત નાપસંદ વસ્તુ છે પણ હવે ભાઇબાપાની રાજનીતિથી કામ લેવાનો સમય વીતી ગયો હતો અને ઉપરથી મક્કહના હજારો માણસોની કિમતી જાનો બચાવવાનો સવાલ ઊભેલો હતો. જેથી સમય અને સંજોગોને બંધબેસતી આ યોજના પણ આપની રાજનીતિનો એક શાહકાર હતો.

શહેનશાહી નહિ પયગમ્બરી શાન——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દસ હજાર સહાબાનું વિરાટ લશ્કર સમંદરના મોજાંઓ પેઠે એક પછી એક પૂરી શાનો-શવકત અને પૂરા ઇમાની જુસ્સા સાથે પસાર થવા લાગ્યું. હઝરત અબ્બાસે પહાડી ઘાટીના તંગ નાકે અબૂ સુફયાનને ઊભા કરી દીધા હતા અને તેઓ હયરતનું પૂતળું બનીને અલ્લાહની ફોજનો દબદબો જોઇ રહ્યા હતા. છેવટમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ખાસ લશ્કર વચ્ચે ઊંટણી પર બિરાજમાન થઇને પહાડી ઘાટીના તંગ નાકેથી પસાર થયા. એ આપના મુહાજિરીન અને અન્સારનું અનેરી શાનવાળું લશ્કર હતું. આપના આ લશ્કરનો દબદબો જોઇને અબૂ સુફયાન હક્કા-બક્કા રહી ગયા. પૂરૂં લશ્કર માથાથી પગ સુધી લોખંડમાં ડૂબેલું હતું. અબૂ સુફયાન સમજી ગયા કે આટલા બળવાન લશ્કર સાથે ટક્કર લેવાનું આજે કોઇનું ગજું નથી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના મકસદમાં અલ્લાહની મદદથી કામયાબ થઇ ગયા.

અલ્લાહની ઈચ્છા હતી કે પોતાના લાડલા નબીને માનપાનથી વધાવી લે અને ઈસ્લામના દુશ્મનોને દેખાડી દે કે હકનો બોલ હમેશા બાલા થઈને રહે છે અને બાતિલનું મોં સદા કાળું થઈને રહે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના લશ્કર સાથે આટલા દબદબાથી પસાર થતા જોયા તો અલ્લાહની ફોજનો આ દબદબો જોઈને અબૂ સુફયાનના હાંજા ગગડી ગયા. હયરતથી હઝરત અબ્બાસ તરફ જોયું અને બોલી ઊઠયા, "હે ભાઈ અબ્બાસ ! તમારા ભત્રીજાની શાન તો ખરેખર શહેનશાહોને શોભે તેવી બની ગઈ છે."

"નહિજી અબૂ સુફયાન તમારી ભૂલ થાય છે." હઝરત અબ્બાસે ફરમાવ્યું, "મારા ભત્રીજાની શાન શહેનશાહોને શોભે તેવી નહિ, પયગમ્બરોને શોભે તેવી છે. આપની આ શાન શહેનશાહીની નહિ, પયગમ્બરીની શાન છે."

એ પછી હઝરત અબ્બાસે અબૂ સુફયાનને મક્કહ તરફ દોડાવી દીધા અને અલ્લાહની ફોજ મક્કહમાં દાખલ થાય તે પહેલાં અબૂ સુફયાને મક્કહમાં દાખલ થઈને જાહેરાત પોકારી દીધી :

- "જે માણસ પોતાના ઘરનો દરવાજો બંધ કરી લે તેની જાન સલામત છે."
- "જે માણસ કઅબહની મસ્જિદમાં આસરો લઈ લે તેની જાન સલામત છે."
- "જે માણસ અબૂ સુફયાનના ઘરમાં ભરાય જાય તેની જાન સલામત છે."

Maktabe Ashraf

પ્રકરણ ૧૩૯

સહાબાની તબલીગી જમાઅતો

હઝરત ખાલિદની તબલીગી જમાઅત • સમજફેરથી સર્જાયેલી ઘટના • રસૂલુલ્લાહ (સલ.)નો એક ખ્વાબ • સમાધાન માટે હઝરત અલીની રવાનગી • હઝરત ખાલિદનો પસ્તાવો • બે સરદારો વચ્ચે ઉગ્ર ટપાટપી • જાહિલિયતના યુગનો બનાવ • બનૂ જઝીમહના એક પ્રેમીની કહાણી • હઝરત ખાલિદના હાથે ઉઝ્ઝા મૂર્તિનું ખંડન.

Maktabe Ashraf

હઝરત ખાલિદની તબલીગી જમાઅત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : ફત્હે-મક્કહના દિવસોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહની આજુબાજુના વિસ્તારમાં વસનારા કબીલાઓમાં અલ્લાહની તવહીદ તથા ઈસ્લામની તબલીગ માટે પોતાના સહાબાની જુદી-જુદી જમાઅતો રવાના ફરમાવી. એમાંની કોઈ જમાઅતને આપે જંગનો કે ખૂનરેઝી કરવાનો હુકમ નહિ ફરમાવ્યો હતો.

ઈસ્લામની તબલીગ માટે જે જમાઅતો મોકલવામાં આવી તેમાં હઝરત ખાલિદ બિન વલીદની સરદારી હેઠળની એક જમાઅત પણ હતી. હઝરત ખાલિદને આપે "દાઈ ઈલલ્લાહ"ની હૈસિયતે એટલે અલ્લાહની તવહીદનું આમંત્રણ આપનાર તરીકે મોકલ્યા હતા. લડાઈખોરી કરનાર કે મારામારી કરનાર તરીકે નહિ. એમને આપે તિહામહ પ્રાંતની તળભૂમિના પ્રદેશ તરફ રવાનગીનો આદેશ આપ્યો. પરંતુ હઝરત ખાલિદે ત્યાં પહોંચીને બનૂ જઝીમહ કબીલાના ગામ પાસે પડાવ નાખ્યો તો કબીલાના લોકોએ એમના મુકાબલા માટે હથિયારો સજાવવા માંડયાં. લાચારીએ હઝરત ખાલિદે બળ વાપર્યું જેમાં કબીલાના કેટલાક માણસો માર્યા ગયા.

સમજફેરથી સર્જાયેલી ઘટના——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હકીમ બિન હકીમ બિન અબ્બાદ બિન હુનૈફે અબૂ જઅફર મુહંમદ બિન અલીની રિવાયત કહી સંભળાવી કે, ફત્હે-મક્કહ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખાલિદ બિન વલીદને "દાઈ ઈલલ્લાહ"ની હૈસિયતે રવાના કર્યા હતા. લડાઈ કરનાર કે મારામારી કરનાર તરીકે નહિ. એમની કમાન હેઠળ અરબના કબીલાઓમાંથી સુલૈમ બિન મનસૂર તથા મુદલિજ બિન મુર્રહ કબીલાના સૈનિકો પણ હતા.

બનૂ જઝીમહ કબીલાના લોકોએ હઝરત ખાલિદ બિન વલીદને જોતાં જ હથિયારો સંભાળી લીધાં. નાછૂટકે હઝરત ખાલિદે તેઓને ઘેરી લેતાં હુકમ છોડયો, "હથિયારો ફેંકી દો. મક્કહ ફતેહ થઈ ગયું છે. કુરૈશે ઈસ્લામ સ્વીકારી લીધો છે. હવે લડવાના કોઈ અર્થ નથી."

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને બનૂ જઝીમહના કેટલાક જાણકારોએ કહ્યું કે, ખાલિદે જ્યારે અમને હથિયાર નાખી દેવાનો હુકમ કર્યો તો અમારામાંથી એક જોશીલા જવાને, જેનું નામ જહદમ હતું, અમને પડકાર્યા, "હે બનૂ જઝીમહ ! અલ્લાહના સોગંદ, ખબરદાર ! એ ખાલિદ બિન વલીદ છે. હથિયાર નાખશો તો એ તમને ગિરિફતાર કરી લેશે. ગિરિફતારી બાદ તલવારથી તમારાં ડોકાં ઉડાવી દેશે. હું હરગિઝ હથિયાર નાખવાનો નથી."

જહદમની ગર્જના સાંભળીને અમારી કૌમના લોકોએ તેને પકડી લીધો અને તેને ઠપકારતાં કહ્યું, "જહદમ! શું તું મરવાનો થયો છે ? અને શું તારે પોતાની કૌમને પણ મારી નાખવી છે ? શું તને ખબર નથી, મક્કહ ફતેહ થઈ ગયું છે, કુરૈશે હથિયાર નાખી દીધાં છે, ઈસ્લામ સ્વીકારી લીધો છે, લડાઈ સંકેલી લીધી છે અને બધાએ જાનમાલનું રક્ષણ મેળવી લીધું છે ?"

એ પછી લોકોએ જહદમને જકડી લઈને તેના હથિયારો છીનવી લીધાં અને ખાલિદના કહેવાથી બધાએ હથિયાર નાખી દીધાં. હથિયાર નાખતાં જ ખાલિદે બધાને પકડી લઈને મુશ્કેટાટ બાંધી દેવાનો હુકમ છોડયો. એમના હુકમનું પાલન કરવામાં આવ્યું. પછી એમાંના બંડખોર જેવા લાગતા માણસોને ખાલિદે તલવારની ધાર સામે ધરી દીધા. ત્યારે જેમના નસીબમાં કતલ થવાનું લખેલું હતું તે કતલ થઈ ગયા અને બાકીના બધા સલામત રહ્યા.

જ્યારે આ દુર્ઘટનાના સમાચાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મળ્યા તો આપના આઘાત અને દુઃખનો પાર નહિ રહ્યો. આપે બંને હાથ બારગાહે-ઈલાહીમાં ઉંચાડીને ગદ્ગદ સ્વરે ઈલતિજા કરી : "અલ્લાહુમ્મ ઈન્ની અબરઉ ઈલૈક મિમ્મા સનઅ ખાલિદુબ-નુલ-વલીદ."

"હે અલ્લાહ ! ખાલિદ બિન વલીદે જે કંઈ કર્યું તેનાથી હું તારી બારગાહમાં મારી બરાઅત જાહેર કરૂં છું."

રસૂલુલ્લાહ (સલ.)નો એક ખ્વાબ————ઈબ્ને હિશામ કહે છે : કેટલાક માહિતગારોએ મને ઈબ્રાહીમ બિન જઅફર મહમૂદીની આ રિવાયત કહી સંભળાવી કે, એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબાની મજલિસમાં ફરમાવ્યું, "રાતે મેં એક ખ્વાબ જોયો. જાણે કે મેં હૈસ (ખજૂર, ઘી અને પનીરથી બનાવેલી એક વાનગી) નો એક લુકમો ખાધો. તેનો સ્વાદ મને સારો લાગ્યો. પણ એ લુકમો ગળેથી નીચે ઊતરવાને બદલે મારા હલકમાં અટકી પડયો. એજ વેળા અલીએ મારા હલકમાં હાથ નાખીને તેને કાઢી લીધો."

આ ખ્વાબ સાંભળીને હઝરત અબુબક્ર સિદ્દીકે એનો અર્થ તારવતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! જે જમાઅતો આપે ઈસ્લામની તબલીગ બાબતે મોકલાવી છે એમાંથી અમુક જમાઅતોની કામગીરીથી આપને આનંદ થશે જ્યારે અમુકની કામગીરી વાંધાભરેલી હશે જેનાથી આપને રંજ થશે.એના સમાધાન માટે આપ અલીને મોકલાવશો અને તેઓ ત્યાં જઈને એનો સુખદ અંત આણી દેશે."

ઈબ્ને હિશામ કહે છે : બનૂ જઝીમહના પકડાયેલા માણસોમાંથી એક આદમી છટકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં આવ્યો અને તેણે આપને, ત્યાં બનેલા બનાવના અને હઝરત ખાલિદની

Maktabe Ashraf

કામગીરીના પૂરા સમાચાર કહી સંભળાવ્યા. આપે તેને પૂછ્યું, "શું કોઈએ ખાલિદનો વિરોધ કર્યો હતો ?"

તે બોલ્યો, "જી હા એક મધ્યમ કદના ગોરા માણસે ખાલિદનો હુકમ માનવાનો ઇન્કાર કરી દીધો હતો પણ ખાલિદે તેને ઠપકારી નાખવાથી તે ખામોશ થઇ ગયો હતો. બીજો એક લાંબા કદનો બેડોળ આકૃતિનો માણસ હતો. એ ખાલિદના હુકમનો વિરોધ કરીને તેમની સાથે બાખડી પડયો. બંને વચ્ચે મોડે સુધી ખૂબ દલીલબાજી, ટપાટપી અને આકરી બોલાચાલી થતી રહી."

આ સાંભળીને હઝરત ઉમરે કહ્યું, "યા રસૂલલ્લાહ ! પહેલો શખ્સ મારો બેટો અબ્દુલ્લાહ છે અને બીજો શખ્સ અબૂ હુઝૈફહનો આઝાદ ગુલામ સાલિમ છે."

સમાધાન માટે હઝરત અલીની રવાનગી————ઇબ્ને ઇસ્હાક કહે છે : હકીમ બિન હકીમે મને અબૂ જઅફર મુહંમદ બિન અલીની રિવાયત કહી સંભળાવી કેઃ એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબી તાલિબને બોલાવ્યા અને ફરમાવ્યું, "અલી ! તમે બનૂ જઝીમહ પાસે જઈને બનેલા મામલાની તપાસ કરો અને જાહિલિયતના અનિષ્ટોમાંથી જે કંઇ જોવામાં આવે તેને પગો તળે કચરી નાખો." (એટલે જાહિલિયતની મનોદશા મુજબ તેઓથી કંઇ ભૂલચૂક થઇ હોય તો તેને સુધારી લેજો.)

હઝરત અલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઘણો બધો માલ લઇને બનૂ જઝીમહ પાસે પહોંચી ગયા. હઝરત ખાલિદે એ કૌમના જેટલા માણસોને મારી નાખ્યા હતા એ બધાનો લોહીદંડ ચુકવી આપ્યો. અને તેઓનો જેટલો માલ કબજે કર્યો હતો એ બધો તેઓને પાછો અપાવી દીધો. એટલે સુધ્ધાં કે લાકડાના જે વાડકામાં તેઓ કૂતરાને ખવાડતા હતા એ વાડકો પણ તેઓને પાછો આપી દેવામાં આવ્યો. કોઈ ખૂન અને કોઇ માલ એવો ન રહ્યો જેનો બદલો વાળી દેવામાં ન આવ્યો હોય. આ બધી ચૂકવણી છતાં હઝરત અલી, જેટલો માલ પોતાની સાથે લઇ ગયા હતા તેમાંથી સારૂં જેવું બચી પણ જવા પામ્યું. જયારે પૂરેપૂરી અદાયગી થઇ ગઇ તો હઝરત અલીએ તેઓને પૂછયું, "ભાઈઓ ! તમારો કોઈ માલ કે તમારો કોઇ હક બાકી તો નથી રહી ગયો ને ?"

તેઓ બોલ્યા, "ના સાહેબ ! અમારો બધો માલ અને અમારો પૂરો હક અમને મળી ગયો છે."

ફરમાવ્યું, "વારૂ તો સાંભળો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને આપેલા માલમાંથી જેટલો બાકી રહી ગયો છે એ પણ હું તમને આપી દઉં છું. બનવા જોગ છે કંઇ બાકી રહી ગયું હોય જેની ન તમને જાણ હોય ન અમને ખબર હોય તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાવચેતી રૂપે આ તેનો બદલો છે."

હઝરત અલી, વધેલો માલ પણ બનૂ જઝીમહના લોકોને આપી દઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગયા અને પોતે જે કામગીરી બજાવીને આવ્યા તેની પૂરી વિગત આપને કહી સંભળાવી. આપે ફરમાવ્યું, "અસબત્ વ અહસન્ત્ !"હે અલી ! તમે ઠીક કર્યું અને બહુ સારૂં કર્યું !

રાવીનું કથન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થઇ ગયા. કિબ્લહ તરફ મુખ કરીને બંને હાથો એવી રીતે ઉઠાવ્યા કે મુબારક ખભાનો નીચલો ભાગ દેખાવા લાગ્યો. પછી આપે બારગાહે-ઇલાહીમાં દુઆ માગી :

"હે અલ્લાહ ! ખાલિદ બિન વલીદે જે કંઈ કર્યું, હું તારી બારગાહમાં તેનાથી મારી બરાઅત જાહેર કરું છું."

હઝરત ખાલિદનો પસ્તાવો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ખાલિદ બિન વલીદને બેકસૂર કે નિર્દોષ માનનારા લોકોના કહેવા મુજબ, હઝરત ખાલિદની દલીલ એવી હતી કે, મેં જઝીમહ કબીલાના લોકો પર અબ્દુલ્લાહ બિન હુઝાફહના કહેવાથી બળ વાપર્યું હતું કેમકે અબ્દુલ્લાહ બિન હુઝાફહએ મને કહ્યું હતું કે, "હે ખાલિદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમને હુકમ ફરમાવ્યો છે કે લોકો ઈસ્લામ કબૂલ નહિ કરે અને મુકાબલો કરે તો તેઓની સાથે લડાઇ કરજો."

ઇબ્ને હિશામ કહે છે : મને મળેલી માહિતી મુજબ હઝરત ખાલિદ જ્યારે બનૂ જઝીમહની વસતિમાં પહોંચ્યા તો એમને જોતાં જ કબીલાના લોકો હથિયારો સજીને મુકાબલા માટે તૈયાર થઈ ગયા. હઝરત ખાલિદે તેઓને ચેતવણી આપી, "ખબરદાર હે લોકો ! હથિયારો નાખી દો. મક્કહ ફતેહ થઈ ગયું છે. કુરૈશ મુસલમાન બની ગયા છે. તમે પણ ઈસ્લામ કબૂલ કરી લો. હવે લડવાનો કોઈ અર્થ નથી."

આ ચેતવણી સાંભળીને બનૂ જઝીમહના લોકો બોલી ઊઠ્યા, "સબઅ-ના ! સબઅ-ના !" એટલે અમે સાબી બની ગયા ! અમે સાબી બની ગયા ! જેના બીજા અર્થ અમે મુસલમાન બની ગયા ! અમે મુસલમાન બની ગયા ! [1]

પરંતુ આ કબીલાના જહદમ જેવા કેટલાક જોશીલા જવાનોએ હઝરત ખાલિદની ચેતવણીની અવગણના કરીને હથિયારો ફેંકવાનો ઇન્કાર કરી લીધો અને મામલો વણસી જતાં અમુક માણસોની કતલનો પ્રસંગ સર્જાઇ ગયો.

બે સરદારો વચ્ચે ઉગ્ર ટપાટપી——————ઇબ્ને ઈસ્હાક કહે છે : બનૂ જઝીમહના લોકોએ જ્યારે હથિયારો નાખી દીધાં અને જહદમે પોતાની કૌમ સાથે હઝરત ખાલિદનો આ કડક વર્તાવ જોયો તો ભારે ખેદથી તે બોલી ઊઠ્યો, "હે મારી કૌમ ! અફસોસ, તલવારબાજીની તક હાથમાંથી સરકી ગઇ. મારું કહ્યું તમે માન્યું નહિ અને હાથે કરીને મુસીબત વહોરી લીધી."

બનૂ જઝીમહના આ મામલા અંગે હઝરત ખાલિદ બિન વલીદ અને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી. હઝરત અબ્દુર્રહમાને હઝરત ખાલિદની ટીકા કરતાં કહ્યું "હે ખાલિદ ! સાચું કહું તો તમે ઇસ્લામમાં એક જાહિલિયતનું કામ કર્યું."

હઝરત ખાલિદે જવાબમાં કહ્યું, "રહેવા દો હવે ! તમારે તો ફકત તમારા બાપના ખૂનનો બદલો લેવો હતો તે તમે લઈ લીધો. બીજું શું વળી ? "

વળતા જવાબમાં હઝરત અબ્દુર્રહમાન બોલ્યા, "હે ખાલિદ ! તમે ખોટું કહો છો. સાંભળો, મેં મારા

---

૧. ઇસ્લામની શરૂઆતમાં અરબના લોકો મુસલમાનોને સાબી કહેતા હતા. સાબી શબ્દ અરબીના સબ્અ, સુબૂઅ, સુબૂઅહમાંથી નીકળેલો છે જેના અર્થ ધર્મપલટો કરવો અથવા એક ધર્મ છોડીને બીજો ધર્મ કબૂલ કરવો થાય છે. અને સાબી એટલે ધર્મપલટો કરનાર. બનૂ જઝીમહના લોકોએ "સબઅ-ના ! સબઅ-ના !"ના પોકારો કર્યા જેના અર્થ અમે ધર્મપલટો કરી લીધો અને બીજા અર્થ અમે મુસલમાન બની ગયા. પરંતુ મામલો સાફ ન હોવાથી અને સમજફેરથી એનો મૂળ હેતુ સમજી શકાય તે પહેલાં જહદમની ઉતાવળથી કતલની કમનસીબ ઘટના સર્જાઇ ગઇ. "હ"

બાપના ખૂનીને માર્યો હોય તો તમે પણ પોતાના કાકા ફાકેહ બિન મુગીરહના ખૂનનો બદલો વાળી લીધો છે.''

બંને માનવંતા ગૃહસ્થો વચ્ચે ટપાપટી વધી જતાં મામલો તકરારની હદે પહોંચી ગયો અને છેવટે ખટલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અદાલતમાં રજૂ થયો. તકરારની વિગત સાંભળીને આપે ફરમાવ્યું:

> ''સાંભળી લો ખાલિદ ! તમે મારા સહાબાનો મામલો મુજ પર છોડી દો. અલ્લાહના સોગંદ ! તમારી પાસે ઉહુદ પહાડ જેટલું સોનું હોય અને એ બધું સોનું તમે અલ્લાહના રસ્તામાં વાપરી નાખો તો પણ, મારા એક સહાબીના, સવાર કે સાંજના જિહાદની તોલે તમે પહોંચી શકતા નથી.''

જાહિલિયતના યુગનો બનાવ————ઇબ્ને ઈસ્હાક કહે છે : બંને માનવંતા ગૃહસ્થોની ટપાટપીમાં હઝરત ખાલિદે હઝરત અબ્દુર્રહમાને જે આમ કહ્યું હતું કે, ''તમે તો તમારા બાપના ખૂનનો બદલો વાળી લીધો !'' તો તેનો મૂળ બનાવ એમ છે કે જાહિલિયતના યુગમાં એક વેળા હઝરત અબ્દુર્રહમાનનો બાપ ઔફ બિન અબ્દે મનાફ અને હઝરત ખાલિદનો કાકો ફાકેહ બિન મુગીરહ તથા અફ્ફાન બિન અબિલ-આસ બિન ઉમૈયહ આ ત્રણ ગૃહસ્થો વેપાર અર્થે યમન ગયા. આ સફરમાં અફ્ફાનની સાથે એનો બેટો ઉસ્માન અને ઔફની સાથે એનો બેટો અબ્દુર્રહમાન પણ હતો.

જ્યારે આ વેપારીઓ બનૂ જઝીમહની વસતિ પાસેથી પસાર થયા તો બનૂ જઝીમહનો એક વેપારી પણ પોતાનો માલ લઈને એમના સંગાતે થઈ ગયો. પછી બન્યું એવું કે બનૂ જઝીમહનો આ વેપારી યમન જઈને ત્યાં જ મરી ગયો.

હવે આ ત્રણ ગૃહસ્થો મરણ પામનાર વેપારીનો માલ તેના વારસદારોને પહોંચતો કરવા બનૂ જઝીમહની વસતિ તરફ રવાના થયા. સંજોગવશાત રસ્તામાં વસતિ તરફથી આવનારા એક આદમી સાથે તેઓની મુલાકાત થઈ. આ આદમીનું નામ ખાલિદ બિન હિશામ હતું અને એ બનૂ જઝીમહ કબીલાનો માણસ હતો. વાતચીત દરમિયાન ખાલિદ બિન હિશામે મૂળ હકીકત જાણી લઈને દાવો કરી દીધો કે, મરનાર વેપારીનો સાચો વારસદાર હું પોતે છું અને માગણી કરી કે મહેરબાની કરીને મારા માણસનો બધો માલ મને આપી દો !

આ ત્રણ ગૃહસ્થો વસતિમાં પહોંચીને મરનારના વારસદારોને મળવા માગતા હતા અને તપાસને અંતે ખાતરી થવા પછી તેના વારસદારોને હાથોહાથ માલ આપવા માગતા હતા. આ કારણે તેઓએ એને માલ આપવાનો ઇન્કાર કરી દીધો. ખાલિદ બિન હિશામે પોતાના માણસોની મદદથી માલ પડાવી લેવા માટે તેઓની સાથે ઝપાઝપી કરવા માંડી.આ ઝપાઝપીમાં ઔફ બિન અબ્દે-મનાફ (હઝરત અબ્દુર્રહમાનનો બાપ) તથા ફાકેહ બિન મુગીરહ (હઝરત ખાલિદ બિન વલીદનો કાકો) બંને માર્યા ગયા. અફ્ફાન બિન અબિલ-આસ પોતાના પુત્ર ઉસ્માન સાથે બચી ગયો. બંને બાપ-બેટા પોતાના માર્યા ગયેલા સાથીઓનો માલ લઈને મક્કહ તરફ રવાના થયા.[૧]

એ પછી તક મળતાં અબ્દુર્રહમાન બિન ઔફે પોતાના બાપના ખૂની ખાલિદ બિન હિશામને કતલ કરી નાખ્યો હતો. જ્યારે કુરૈશને જાણ થઈ કે બનૂ જઝીમહના લોકોએ મક્કહના બે ગૃહસ્થોને મારી નાખ્યા છે

---

૧. અફ્ફાન : હઝરત ઉસ્માન ગની રદિયલ્લાહુ અન્હુનો બાપ. ''ક''

તો તેઓએ બની જઝીમહના લોકો પર ચઢાઇ કરી દીધી. બનૂ જઝીમહના આગેવાનો બોલ્યા કે તમારા માણસોને અમે માર્યા નથી બલકે અમારી કૌમના કેટલાક બેવકૂફોએ આ હિચકારૂં કામ કર્યું હતું જેની અમને ખબર ન હતી. તેમ છતાં અમે તમારા મરનારાઓના ખૂનનો પૂરેપૂરો દંડ ચૂકવી આપવા તૈયાર છીએ. કુરૈશે પણ તેઓની આ ઉદારદિલીનો સ્વીકાર કરી લીધો અને લડાઇ આગળ વધતી અટકી ગઇ. આ છે મૂળ બનેલો બનાવ.

બનૂ જઝીમહના એક પ્રેમીની કહાણી————ઈબ્ને ઈસ્હાક કહે છે : ઈબ્ને શિહાબ ઝુહરીના કથન મુજબ હઝરત ઈબ્ને અબૂ હદરદ અસલમી નામે મુસ્લિમ સિપાહી પોતાનો અનુભવ ટાંકતાં કહે છે કે, ''હું બનૂ જઝીમહના બનાવ વેળા ખાલિદ બિન વલીદના સવારોમાં શામિલ હતો. બનૂ જઝીમહના કેદીઓમાં એક નવજવાન મારા જોવામાં આવ્યો. તે મારી જ ઉંમરનો ગભરૂ જવાન હતો. તેના બંને હાથ દોરડીથી તેની ગરદનમાં બાંધેલા હતા. તેનાથી થોડે દૂર સ્ત્રીઓનું એક ટોળું ઊભેલું હતું. નવજવાન મારી પાસે આવીને બોલ્યો, ''હે ભાઇ ! મારૂં એક કામ નહિ કરે ?''

મેં કહ્યું, ''બોલ ભાઇ શું કામ છે ?''

તે બોલ્યો, ''પેલી સ્ત્રીઓ ઊભેલી છે ત્યાં મને લઇ જા. મારે તેમની સાથે થોડીક વાતો કરવી છે. પછી મને ત્યાંથી લઇ આવજે અને તારે જે કરવું હોય તે કરજે.''

મેં કહ્યું, ''તારી માગણી તો છેક મામૂલી છે. એ કોઇ મુશ્કેલ વાત નથી. ચાલ મારી સાથે.''

હું તેની દોરડી ઝાલીને સ્ત્રીઓ ઊભેલી હતી ત્યાં તેને લઇ ગયો. સ્ત્રીઓની ટોળીમાં એક યુવતી ઊભેલી હતી જેને એ પ્રેમ કરતો હતો. યુવકે તેને સંબોધીને કહ્યું,

''હુબૈશહ ! મારા જીવનનો ખાતેમો છે. તુમ સલામત રહો !''

પછી તેણે પોતાની પ્રિયાના વિયોગનું પ્રેમગીત લલકાર્યું. યુવતીએ પણ પોતાના નિઃસ્વાર્થ પ્રેમનો તેવો જ જવાબ વાળ્યો.

એ પછી હું તેને તેની મૂળ જગાએ લઇ આવ્યો જયાં તેની ગરદન મારી દેવામાં આવી. એજ વેળા હુબૈશહ દોડતી આવી અને પ્રેમીની તડપતી લાશ પર ઊંધી વળી ગઇ અને લગાતાર તેના બોસા લેતી રહી ત્યાં સુધી કે પ્રેમીની લાશ પર તેનું પણ પ્રાણપંખેરૂં ઊડી ગયું.

હઝરત ખાલિદના હાથે ઉઝઝા મૂર્તિનું ખંડન————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખાલિદ બિન વલીદને ઉઝઝા મૂર્તિના ખંડન માટે જવાનો હુકમ ફરમાવ્યો. ઉઝઝા અરબના મુશરિકોની મશહૂર મૂર્તિ હતી. નખ્લહ નામે સ્થળના એક મંદિરમાં એની સ્થાપના કરવામાં આવી હતી. કુરૈશ, બનૂ કિનાનહ, બનૂ મુદર વગેરે કબીલાઓના બધા જ લોકો એની પૂજા કરતા હતા. બનૂ સુલૈમની શાખ બનૂ શૈબાનના લોકો જેઓ બનૂ હાશિમના કરારી હતા, તેઓ ઉઝઝાના દરવાન તથા પુરોહિત હતા.'

મંદિરના વડા પુરોહિતને જયારે જાણ થઇ કે ખાલિદ બિન વલીદ પોતાના માણસો સાથે ઉઝઝાના નિકંદન માટે આવી રહ્યા છે તો તેણે મૂર્તિને ગળે તલવાર લટકાવી દીધી અને તેને સંબોધીને કહ્યું, ''હે ઉઝઝા ! આ રહી તલવાર, એક પણ જીવતો જવા નહિ પામે !'' આમ કહીને પોતે જાન બચાવવા પહાડ પર ચઢી ગયો અને આ પંક્તિઓ ગાવા લાગ્યો :

Maktabe Ashraf

અયા ઉઝ્ઝા શુદ્દી શદ્દત લા શવય લહા • અલા ખાલિદિન અલ્કલ કિનાઅ વ શમ્મરી.

હે ઉઝ્ઝા ! એવું પ્રચંડ આક્રમણ કરજે કે હાથપગ ઢીલા પડી જાય. ખાલિદ પર પોતાનો પર્દો નાખી દેજે અને પછી પોતાનો પાલવ સમેટી લેજે. (ખાલિદને આંધળો બનાવી દેજે અથવા તેનો વિનાશ બોલાવી દેજે !)

યા ઉઝ્ઝા ઇલ-લમ તક-તલિલ-મર્અ ખાલિદન • ફબૂઇ બિ-ઇસ્મિન આબિલિન અવ તનસ-સરી.

હે ઉઝ્ઝા ! જો તું ખાલિદને કતલ નહિ કરી શકે તો પછી તું જાહિલો જેવા એક અક્ષમ્ય પાપનો અપરાધી ઠરી જશે કે પછી નસારો એટલે ખ્રિસ્તી બની જશે.

સારાંશ કે હઝરત ખાલિદે અહીં પહોંચીને ઉઝ્ઝા મૂર્તિના ધ્વંસ સાથે મંદિરનું પણ નિકંદન કાઢી નાખ્યું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને કારસેવાના સમાચાર આપી દીધા.

ઇબ્ને ઈસ્હાક કહે છે : ઇબ્ને શિહાબ ઝુહરીએ મને ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહ બિન મસઊદની રિવાયત ટાંકતાં કહ્યું કે મક્કહના વિજય પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ૧૫ રાતો સુધી મક્કહમાં બિરાજમાન રહ્યા અને એ દરમિયાન કસર નમાઝો પઢતા રહ્યા. [૧]

સન ૮ હિજરીના રમઝાનની ૨૦ તારીખે મક્કહ ફતેહ થયું. [૨]

Maktabe Ashraf

---

૧. એટલે ઝુહર, અસર અને ઇશાની ફર્ઝ નમાઝોની ચાર-ચાર રકઅતોને બદલે બે-બે રકઅતો પઢતા રહ્યા.

૨. ૨૦ રમઝાન ૮ હિજરી મુતાબિક ૧૧ જાન્યુઆરી ૬૩૦ ઇસ્વી.

પ્રકરણ ૧૪૦

ગઝવએ-હુનૈન

(ફત્હે-મક્કહ બાદ સન ૮ હિજરી)

હવાઝિનની મક્કહ પર ચઢાઈ • દુરૈદ બિન સિમ્મહ • અનુભવી વડીલના સલાહ સૂચનો • માલિક બિન ઔફના જાસૂસો • રસૂલુલ્લાહ (સલ.)ના જાસૂસ • લડાઇના હથિયારોની સમસ્યા • ઇસ્લામી લશ્કરની સંખ્યા • મક્કહના સૌથી પહેલા ગવર્નર • નવમુસ્લિમોની મુશરિકો જેવી માગણી • હવાઝિનનું ઓચિંતું આક્રમણ • મક્કમ રહેનાર સહાબાના નામો • કાળા ઝંડાવાળો લડવૈયો • મક્કહના નવા મુસલમાનોની મોકાણ • શૈબહ બિન ઉસ્માનનો બદ ઇરાદો • હઝરત અબ્બાસનો પહાડી ઘાંટો • દુશ્મનનો લાલ ઊંટવાળો ઝંડાધારી • બીબી ઉમ્મે-સુલૈમનો કિસ્સો • હઝરત અબૂ કતાદહનો કિસ્સો • જંગે-હુનૈનમાં અલ્લાહની ગેબી મદદ • મુશરિક લશ્કરની શિકસ્ત.

——ગુજરાતી સંપાદકની નોંધ——

અરબનો હવાઝિન કબીલો મક્કહના દક્ષિણપૂર્વના પહાડી પ્રદેશમાં દૂર દૂર સુધી પથરાયલો બહુ મોટો કબીલો હતો. એમાંથી ઘણી શાખો નીકળેલી હતી. એક શાખનું નામ બનૂ સકીફ હતું. એના લોકો તાઇફની ફળદ્રુપ અને રળિયામણી ભૂમિમાં વસતા હતા.ઇસ્લામની શરૂઆતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તબલીગ માટે તાઇફ તશરીફ લઈ ગયા તો બનૂ સકીફના સરદારોએ આપને બેહદ તકલીફો આપી હતી. આપને લોહીલુહાણ કરી નાખ્યા હતા. એજ કબીલાની એક શાખનું નામ બનૂ સઅદ હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધમાતા બીબી હલીમહ સઅદિયહ એજ શાખમાંથી હતાં. જેથી એમને સઅદિયહ કહેવામાં આવે છે. બનૂ હવાઝિનના લોકો યુધ્ધકળામાં પંકાયેલા, મોટા બહાદુર અને નામીચા લડવૈયા હોવા ઉપરાંત કટ્ટર મૂર્તિપૂજક હતા. જ્યારે સાંભળ્યું કે મક્કહ ફતેહ થઈ ગયું છે અને ભગવાનની મૂર્તિઓના ટુકડા કરી નાખવામાં આવ્યા છે તો એમની ધીરજ ખૂટી ગઈ. માની લીધું કે નક્કી હવે અમારી અને અમારા ભગવાનોની વારી આવવાની છે. બધાએ ભેગા મળીને એકમતે ઠરાવી લીધું કે મુસલમાનો તૂટી પડે તે પહેલાં આપણે તેઓની ઉપર તૂટી પડીએ. "હવુરાણી"

Maktabe Ashraf

હવાઝિનની મક્કહ પર ચઢાઈ—ઈબ્ને ઈસ્હાક કહે છે : ફત્હે મક્કહના સમાચાર વાયુવેગે આખા અરબમાં પ્રસરી ગયા. જ્યારે હવાઝિન કબીલાના લોકોએ સાંભળ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બરના હાથે મક્કહ ફતેહ કરાવી દીધું છે તો તેઓ માટે આ સમાચાર નાકાબિલે-બરદાશ્ત બની ગયા. એજ વેળા તેઓએ મક્કહ પર ચઢાઈ કરવાની તૈયારી શરૂ કરી દીધી.

તે વેળા હવાઝિન કબીલાનો "રઈસે-આઝમ" એટલે સૌથી મોટો સરદાર કે નેતાઓનો નેતા માલિક બિન ઔફ નસરી નામે યોધ્ધો હતો. તેણે હવાઝિન કબીલાના તમામ લોકોને યુધ્ધ માટે એકત્ર કરવાનું કામ આરંભી દીધું. તેની હાકલ પર તાઈફની ખીણમાં વસનારા બનૂ સકીફ, બનૂ નસર અને બનૂ જુશમ કબીલાઓના તમામે-તમામ લડવૈયાઓ જંગ માટે નીકળી આવ્યા. બનૂ સઅદ બિન બક્ર અને બનૂ હિલાલ કબીલાઓના કેટલાક લડવૈયાઓએ આવીને તેઓની સંખ્યામાં ઓર વધારો કરી દીધો; જો કે તેઓની સંખ્યા મામૂલી હતી. અલબત્ત હવાઝિન કબીલાના બે મુખ્ય ફાંટા, બનૂ કઅબ અને બનૂ કિલાબના લોકો ગેરહાજર રહ્યા. એટલે એ બંને કબીલામાંથી એક પણ માણસે આ યુધ્ધમાં ભાગ નહિ લીધો.

દુરૈદ બિન સિમ્મહ—બનૂ હવાઝિનની શાખ બનૂ જુશમ કબીલાનો અગ્રેસર દુરૈદ બિન સિમ્મહ નામે અરબનો પંકાયેલો શાહસવાર હતો. અત્યારે તે છેક વયોવૃધ્ધ અને ખખડી ગયેલો બુઢ્ઢો હતો. તેના સુકલકડી શરીરના માળખામાં સ્ફૂર્તિ, ચપળતા, કે ઊછળકૂદ કે રસ-કસ જેવું કશું રહ્યું ન હતું. આમ છતાં તે અનુભવોથી ઘડાયેલો અને યુધ્ધકળાના દાવપેચનો અઠંગ ઉસ્તાદ હતો. આ કારણે લોકોએ એને એક પાલખીમાં સુવાડીને અને પાલખીને ઊંટની પીઠ પર ગોઠવીને પોતાની સાથે લીધો હતો કે જેથી એના સલાહ-સૂચનો તથા એના યુધ્ધને લગતા અનુભવોનો લશ્કરને લાભ મળે તથા એની બરકતવંતી જાતથી લડાઈના મેદાનમાં બરકત હાસિલ કરે. [1]

તાઈફમાં વસનારા બનૂ સકીફ કબીલાના લશ્કરી સેનાપતિઓ તરીકે એજ કબીલાના બે ઘડાયેલા મહારથીઓની વરણી કરવામાં આવી. એવી જ રીતે હવાઝિન સાથે કરારોથી જોડાયેલા કબીલાઓની આગેવાની, કારિબ બિન અસવદ બિન મસઊદ બિન મુઅત્તિબ તથા બનૂ માલિકના ઝુલ-ખિમાર સુબૈઅ બિન હારિસ બિન માલિકને સોંપવામાં આવી. સુબૈઅ બિન હારિસ સાથે તેનો ભાઈ અહમર બિન હારિસ પણ હતો. અને આ આખા લશ્કરનો સાલારે-આઝમ કે સરસેનાપતિ માલિક બિન ઔફ નસરી પોતે હતો જેણે રાતદિવસના તનતોડ પ્રયત્નોથી આટલું મોટું જંગી લશ્કર તૈયાર કર્યું હતું. [2]

જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે જંગ ખેલવાને ઈરાદે લશ્કરની રવાનગીનો સમય

૧. દુરૈદ બિન સિમ્મહ અત્યારે સો વરસથી વધુ વયનો ગૃહસ્થ હતો. એ અરબનો પંકાયેલો શાહસવાર અને યુદ્ધકળાનો નિષ્ણાત હોવા ઉપરાંત બહુ મોટો શાઈર પણ હતો. તેની શાઈરી અને બહાદુરીની કીર્તિગાથાઓ આજે પણ અરબના ઈતિહાસમાં નોંધાયેલી છે. માલિક બિન ઔફે પોતે આગ્રહભરી ફર્માઈશથી એને લશ્કરની સાથે લીધો હતો. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૩૧) "હ"

૨. માલિક બિન ઔફ નસરી ૩૦ વરસનો જોશીલો જવાન હતો. જવાનીનું લોહી એની રગોમાં ઉછાળા મારતું હતું. મજબૂત મનોબળનો અને પોતે જે ફેસલો કરી લે તેને બળપૂર્વક વળગી રહેનારો હતો. બહાદુર હતો. સાહસખેડુ હતો. આમ છતાં એનામાં એક મોટી ખામી હતી કે પોતે તદ્દન બિનઅનુભવી હોવા છતાં કોઈનું માનતો ન હતો. પોતાના નિર્ણયને વળગી રહેતો હતો. અને પોતાનો જ કક્કો ખરો કરાવતો હતો. અને હુનૈનમાં શિકસ્ત ખાયને નાસી ગયો. જંગે-તાઈફ વેળા મુસલમાન બની ગયો. હઝરત ઉમરે પોતાની ખિલાફતમાં જંગે-કાદિસિયહમાં એમને લશ્કરના ઉપરી બનાવ્યા. પછી ઈસ્લામી હુકૂમત તરફથી દમિશ્કના ગવર્નરપદે નિમાયા. (સીરતુન-નબી જિ. ૧ પા. ૫૩૧) "હ"

[illegible]
તમારાં બાળકો અને તમારાં ઢોરઢાંખરને પણ તમારી સાથે લેતા ચાલો, કે જેથી તેઓના રક્ષણ ખાતર દરેક સિપાહી મરણિયો થઇને લડે અને મેદાને-જંગથી નાસવાનો વિચાર સુધ્ધાં નહિ કરે.[1]

સાલારે-અઝમના હુકમનું પાલન કરવામાં આવ્યું અને પછી ઔરતો, બાળકો તથા ઢોરઢાંખર સાથે પૂરૂં લશ્કર ત્યાંથી રવાના થયું અને કૂચકદમ કરતું "અવતાસ"નામે સ્થળે પહોંચી ગયું. અહીં પડાવ નાખવા બાદ લશ્કરના તમામ લોકો પોતાના સાલારે-અઝમ માલિક બિન ઔફ નસરીની આસપાસ ભેગા થઇ ગયા જેમાં દુરૈદ બિન સિમ્મહ પણ હતો. લોકો આ બડેમિયાં કે વયોવૃધ્ધ બુઝુર્ગ શખ્સને ખુલ્લી પાલકીમાં આરામથી સુવાડીને અને પાલખીને ઊંટની પીઠ પર સવાર કરાવીને લાવ્યા હતા.

અનુભવી વડીલના સલાહસૂચનો————જ્યારે દુરૈદ બિન સિમ્મહને ઊંટની કાઠી પરથી ઉતારી લાવવામાં આવ્યો તો તેણે પૂછ્યું, "તમે લોકો કઇ ભૂમિ પર ઊતરેલા છો ?"

લોકોએ જવાબ આપ્યો, "અવતાસની ખીણમાં."[2]

બડેમિયાં બોલ્યા, "આ સ્થળ ઘોડાઓ અને જંગ માટે બહુ અનુકૂળ છે. અહીંની જમીન ન એટલી નક્કર છે કે પગોમાં ખૂંચે ન એટલી પોચી છે કે પગો ધસી ધસી જાય."

એ પછી ભાતભાત અને જાતજાતના અવાજો સાંભળીને બડેમિયાંના કાન ખડા થઇ ગયા. પૂછયું, "આ બધો ઘોંઘાટ અને શોરબકોર કેવો છે ? ઊંટોના બૂમબરાડા, ઘોડાઓના હણહણાટ, ગધેડાઓની ઢેંચુંઢેંચું, બકરાંઓની મેં મેં, બાળકોની રાડારાડ આ બધું શું છે ?"

લોકો બોલ્યા, "આપણા લશ્કરના સિપહસાલાર માલિક બિન ઔફ સાહેબ પુરૂષોની સાથે ઓરતો, બાળકો અને ઢોરઢાંખરને પણ ઘસડી લાવ્યા છે."

બડેમિયાંએ કહ્યું, "વારૂ માલિક બિન ઔફ કયાં છે ? બોલાવો તેને અહીં."

લોકો માલિક બિન ઔફને બોલાવી લાવ્યા. દુરૈદ બિન સિમ્મહએ તેને ઠપકો આપતાં કહ્યું, "અલ્યા માલિક ! તારી કૌમે તને પોતાનો ઉપરી બનાવ્યો છે. આજનો દિવસ એવો યાદગાર દિવસ છે કે ભવિષ્યમાં એના ખાસ પરિણામો જાહેર થવાના છે, ત્યારે હું આ બધો ઘોંઘાટ કેવો સાંભળી રહ્યો છું ? મારા કાનોમાં ઊંટોનો બિલબિલાટ, ઘોડાઓનો હણહણાટ, ગધેડાંઓની ઢેંચું ઢેંચુ, બકરાઓની મેં મેં, બાળકોની રાડારાડના અવાજો આવી રહ્યા છે. મારે જાણવું છે કે આ બધાને લડાઇના મેદાનમાં ઘસડી લાવવાનું કારણ શું છે ?"

સિપહસાલારે અદબથી જવાબ આપ્યો, "માનવંતા વડીલ સાહેબ ! પુરૂષોની સાથે સ્ત્રીઓ, બાળકો અને જાનવરોને લઇ આવવાનું કારણ આટલું જ કે, લોકોના દિલોમાં આ વસ્તુઓની ખાસ ચાહત અને મહબ્બત

---

૧. સાલારે-આઝમના હુકમથી ઊંટ, ઘોડા-ગધેડાં, ઘેટા-બકરાં, મરઘાં-બતકાં અને સ્ત્રી-બાળકોનું લાવલશ્કર પણ ફોજીઓના લશ્કર સાથે મેદાને-જંગ તરફ રવાના થયું. "હ"

૨. અવતાસ : હવાઝિન કબીલાના વિસ્તારની પહાડોની ઘાટીઓથી છવાયેલી એક ખીણનું નામ જયાં હુનૈનનું યુધ્ધ ખેલાયું. ઇબ્ને સઅદના મંતવ્ય મુજબ આ સ્થળ મક્કહથી ત્રણ દિવસને અંતરે અને ઝુરકાનીના મત મુજબ મક્કહ અને તાઇફની વચ્ચે આવેલું છે. એની જ પાસે હુનૈન નામનું સ્થળ આવેલું છે. જેથી આ જંગને જંગે-હુનૈન, જંગે-અવતાસ અને જંગે-હવાઝિન કહે છે. "હ"

Maktabe Ashraf

હોય છે. આ મનપસંદ વસ્તુઓ લોકોની આંખ સામે રહે તો તેઓ લડાઈના મેદાનમાંથી પૂઠ ફેરવીને ફરાર નહિ થઈ જાય અને સાબિત-કદમ રહીને લોહીના છેલ્લા ટીપાં સુધી લડી લે.''

આ સાંભળીને બુઢ્ઢાએ તેને ઠપકારી નાખ્યો, ''અરે નાદાન ! શું હારેલું લશ્કર પણ પોતાની સાથે કોઈ વસ્તુ પાછી લઈ જઈ શકે છે ? અગર જંગનું પાસું સીધું પડે તો સૈનિકને તલવાર અને ભાલા સિવાય બીજી કોઈ વસ્તુ લાભ આપી શકતી નથી. પણ જો જંગનું પાસું ઊલટું પડે તો તેના અર્થ એવા થાય કે તેં તારા જ હાથે તારાં સ્ત્રી-બાળકો અને માલસામાનને દુશ્મનને હવાલે કરી દીધાં. એના કરતાં મોટો ઢેડફજેતો બીજો શો હોય શકે ?''

એ પછી બદેમિયાંએ પૂછ્યું, ''વારૂ કઅબ અને કિલાબના કબીલામાંથી કેટલા લોકો આવ્યાં છે?''

''એ કબીલાઓનો એક પણ માણસ લડાઈ માટે આવ્યો નથી.'' માલિકે જવાબ આપ્યો.

''ત્યારે તો ભાઈ !''બદેમિયાંએ ખેદભર્યા સ્વરે કહ્યું, ''બહાદુરી અને કૌમી આંટનો જુસ્સો મરી પરવાર્યો છે. હા સરબુલંદી અને માન-આબરૂનો સંગ્રામ હોત તો કઅબ અને કિલાબવાળા કોઈથી પાછળ નહિ પડત!''[૧]

થોડીવારે બદેમિયાં બોલ્યા, ''કાશ હે માલિક ! તેં પણ તેજ પગલું લીધું હોત જે કઅબ અને કિલાબે લીધું!''

એ પછી દુરૈદ બિન સિમ્મહએ પૂછયું, ''વારૂ હે માલિક ! બતાવ કયા કયા કબીલાના લોકો તારા સંગાથે આવેલા છે ?''

માલિકે જવાબ આપ્યો, ''અમ્ર બિન આમિર અને ઔફ બિન આમિર પણ અમારી જોડે આવેલા છે.''

દુરૈદ બોલ્યો, ''અરે માલિક !''એ બંને કબીલા તો આમિરના ધાવણા બાળકો જેવા છે. ન લાભ આપી શકે છે ન નુકસાન.''

એ પછી બુઢ્ઢા દુરૈદે સિપહસાલારને સંબોધીને કહ્યું, ''હે માલિક ! સાચું કહું તો આ બધાને ખેંચી લાવીને તેં મોટી ભૂલ કરી છે. હવે મારી સલાહ સાંભળી લે. પોતાના વતન અને પોતાની કૌમને બચાવવી હોય તો સ્ત્રીઓ, બાળકો અને પ્રાણીઓને કોઈ સલામત સ્થળે મૂકી આવ. એ પછી તારા લડવૈયાઓ સાથે ઘોડાઓ પર સવાર થઈને પેલા ''સાબિઈન''[૨] એટલે મુસલમાનો સાથે મુકાબલો કર. જંગમાં તારી જીત થાય તો એ બધાં સલામત રીતે તને મળી જશે. પણ જો લડાઈનું પાસું ઊલટું પડે તો યે તારાં બાલબચ્ચાં અને તારો માલસામાન તો સલામત જ રહેવાના છે. ''

સાલારે-આઝમ માલિક બિન ઔફ જેવા આપખુદ જવાનને, અનુભવી ડોસાની આ સલાહ ગમી નહિ. માઠું લગાડતાં ઝનૂનથી બોલ્યો, ''બદેમિયાં ! અલ્લાહના સોગંદ, હું હરગિઝ તારી સલાહ માનવાનો નથી.

---

૧. એટલે કૌમી આંટ કે માનઆબરૂનો સવાલ હોત તો કઅબ અને કિલાબના વીરનરો જરૂર આ જંગમાં શામિલ થાત પણ તેવા કોઈ હેતુની સિધ્ધિ માટેની લડાઈ ન હોવાથી તેઓ અલગથલગ રહ્યા. હવાઝિનના લોકોમાં આ બંને કબીલા મહત્વનું સ્થાન ધરાવતા હતા. ''હ''

૨. સાબિઈન : બહુવચન છે. એનું એકવચન સાબી એટલે ધર્મપલટો કરનાર. અરબના લોકો મુસલમાનોને સાબી કહેતા હતા. તે યુગમાં સિતારાઓની પૂજા કરનાર એક કૌમ પણ સાબી કહેવાતી હતી. આ શબ્દ કુર્આનમાં પણ આવેલો છે. ''હ''

Maktabe Ashraf

તું એક ખખડી ગયેલો બુઢ્ઢો છે અને તારી બુધ્ધિ પણ બુઢી થઈ ગઈ છે.''[1]

તેણે બુઢ્ઢાની સલાહને તરછોડીને બનૂ હવાઝિનના જવાનોને લલકાર્યા, ''હે હવાઝિનના વીરનરો! તમે મારા હુકમનું પાલન કરશો કે પછી હું મારી તલવારનો ભરોસો કરૂં ? ત્યાં સુધી કે તલવાર મારા હાથમાંથી સરકી જાય ?'' (એટલે તમે મારો હુકમ માનશો કે પછી તલવાર હું મારા પેટમાં ભોંકી લઉં? અથવા એકલપંડે એટલો લડું કે તલવાર તૂટી જાય ?)

ગુસ્સાના આવેશમાં તેણે બુઢ્ઢાનું નામ લેવાનું કે તેની સલાહનો ઉલ્લેખ કરવાનું પણ પસંદ નહિ કર્યું, તેનો પડકાર સાંભળીને હવાઝિનના બહાદુરો બોલ્યા, ''હે અમારા સરદાર ! અમે બધા હુકમના પાલન માટે તૈયાર છીએ. તમારા પડખે રહીને જાનો કુરબાન કરી દઈશું પણ પીછેહટ નહિ કરીશું.''

આ સાંભળીને દુરૈદ બિન સિમ્મહ સમસમી રહ્યો. તેણે ભારે ખેદની લાગણીથી કહ્યું, ''હે લોકો! આ તે જંગ છે જેમાં મેં ન ભાગ લીધો ન તેનાથી અલગ રહી શકયો :

યા લૈતની ફીહા જઝઅ • અખુબ્બુ ફીહા વ અદઅ.

અકૂદુ વત્ફા - અઝ - ઝમઅ • કઅન - નહા શાતુન સદઅ.

ઐ કાશ ! આ જંગમાં હું નવજવાન હોત ! ભાગતો દોડતો ફરત ! અને પહાડી બકરાના વાળો જેવા લાંબા-લાંબા વાળોવાળા ઘોડા પર બેસીને મુકાબલો કરત !

માલિક બિન ઔફના જાસૂસો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી સાલારે-આઝમ માલિક બિન ઔફ નસરીએ પોતાના સૈનિકોને પડકાર્યા, ''બહાદુરો ! મુસલમાનોને જોતાં જ પોતાની તલવારોની મિયાનો તોડી નાખજો અને યાહોમ ધસારો કરીને એકસામટો હલ્લો બોલી દેજો !''

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઉમૈયહ બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન ઉસમાને માહિતી આપતાં કહ્યું, ''એ પછી હવાઝિનના સિપહસાલાર માલિક બિન ઔફે પોતાના કેટલાક જાસૂસોને મુસલમાનોની જાસૂસી માટે દોડાવી દીધા અને જયારે તેઓ પાછા આવ્યા તો, રડતો માણસ મરેલાની ખબર લાવે તેમ ભયથી થથરાવી નાખનારા બેહદ ખોફનાક સમાચાર લઈને આવ્યા, જેનાથી તેઓના મનસૂબા વેરવિખેર થઈ ગયા. જાસૂસોને હેરાન-પરેશાન તેમ ભાનસૂની હાલતમાં જોઈને માલિકે પૂછયું, ''તમારૂં ભૂંડું થાય, તમે સૂનમૂન કેમ છો ? તમારા ચેહરા બગડેલા કેમ છે ? કહો તો ખરા, શું બન્યુ તમારી સાથે ?''

''હે માલિક ! હે અમારા સરદાર !'' તેઓ કાંપતા સ્વરે બોલ્યા, ''ત્યાં અમે કાબરચીતરા ઘોડાઓ પર બેઠેલા ગોરા રંગના શાહ સવારોને જોયા. તેઓને જોતાં જ અમારા હોશકોશ ઊડી ગયા. તરત અમે પાછલા પગે વળીને નાઠા.'' [2]

''તમારી મત મારી ગઈ છે.'' કહીને મજબૂત મનોબળનો માલિક પોતાના નિર્ણયથી ડગ્યો નહિ અને

---

૧. ''સીરતુર-રસૂલ'' ગ્રંથમાં છે કે આ મામલામાં માલિક અને દુરૈદ વચ્ચે મતભેદ પડી ગયો. લોકોએ માલિકના મતને ટેકો આપીને તે પર અમલ કર્યો. માલિક ત્રીસ વરસનો, જુવાનીના જુસ્સાઓથી થનગનતો યુવક હતો. લોકો તેને મજબૂત મનોબળનો અને અડગ નિર્ણયશકિતનો માલિક સમજતા હતા. આ કારણે દુરૈદ પણ બહુમતીના ફેસલા સામે ટકી શકયો નહિ. પોતે ઘડાયેલો અનુભવી હોવા છતાં લાચારીએ તેને લોકમત સામે નમતું જોખવું પડયું. (સીરતુર-રસૂલ પેજ ૫૩૧) ''હ''

૨. કાબરચીતરા ઘોડાઓના સવારો ફરિશ્તઓનું લશ્કર હતું જેઓને અલ્લાહ તઆલાએ મુસલમાનોની ગેબી મદદ માટે મોકલાવી આપ્યું હતું જેનું બયાન આગળ આવે છે. ''હ''

Maktabe Ashraf

તેણે જે કરવા ધારેલું હતું તેની ઉપર મક્કમ રહ્યો.

રસૂલુલ્લાહ (સલ.)ના જાસૂસ——ઈબ્ને ઈસ્હાક કહે છે : હવાઝિનના લશ્કરના સમાચાર મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદ્રદ અસ્લમીને તેઓની જાસૂસી માટે રવાના કર્યા અને તાકીદી સૂચના આપતાં ફરમાવ્યું,

> "તેઓના માણસોની ટોળીમાં ભળી જઈને તેઓની સાથે જ લાગેલા રહેવું, ત્યાં સુધી કે તેઓના મનસૂબાની સંપૂર્ણ બાતમી મેળવી લેવામાં આવે. પછી મારી પાસે આવીને મને માહિતી આપવી."

હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદ્રદ અલ્લાહનું નામ લઈને ઊપડી ગયા અને જાનને જોખમમાં નાખીને સિફતથી અજાણ્યા લોકોની ટોળીમાં ઘૂસી ગયા અને ત્યાં સુધી તેઓની સાથે જ લાગેલા રહ્યા જ્યાં સુધી કે તેઓની એકેએક વાત સાંભળી નહિ લીધી. જ્યારે તેઓના જંગી મનસૂબાની રજેરજ માહિતી એકઠી કરી લીધી તો સાવચેતીપૂર્વક ત્યાંથી સરકી આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને ત્યાંની હકીકતથી આપને માહિતગાર કર્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એજ વેળા હઝરત ઉમર બિન ખત્તાબને બોલાવ્યા અને હઝરત અબ્દુલ્લાહએ આપેલી બાતમીથી માહિતગાર કરીને તેમની સલાહ માગી. હઝરત ઉમરે અદબથી કહ્યું, "યા રસૂલલ્લાહ ! મને તો અબ્દુલ્લાહની વાતમાં કંઈ ખાસ વજૂદ જેવું લાગતું નથી."

"ત્યારે હે ઉમર ! હઝરત અબ્દુલ્લાહ બોલ્યા, "શું હું ખોટું બોલું છું ?"

"મને એમ જ લાગે છે." હઝરત ઉમરે કહ્યું. [1]

"હે ઉમર સાંભળો !" હઝરત અબ્દુલ્લાહ બોલ્યા, "તમે ભલે મને ખોટો ઠરાવો, વાંધો નહિ પણ તમે તો અમુક પ્રસંગે સત્યનો પણ વિરોધ કર્યો છે અને એવી હસ્તીનો પણ ઈન્કાર કર્યો છે જે માનવ જગતમાં સૌથી ઊંચો દરજ્જો ભોગવે છે."[2]

"યા રસૂલુલ્લાહ !"હઝરત ઉમર બોલ્યા, "સાંભળ્યું આપે, ઈબ્ને અબી હદ્રદ શું કહે છે ?"

આપે ફરમાવ્યું, "ઉમર ! તમારી ભૂલ થાય છે. અલ્લાહ તમને સીધો રસ્તો દેખાડે !"

લડાઈના હથિયારોની સમસ્યા——રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે હવાઝિનના વિરાટ અને બળવાન લશ્કરના મુકાબલા માટે જવાની તૈયારી કરવા માંડી તો ઈસ્લામી લશ્કર પાસે પૂરતાં હથિયારો ન હતાં. કોઈએ આપને કહ્યું, "યા રસૂલલ્લાહ ! સફવાન બિન ઉમૈયહ પાસે જંગી હથિયારો અને બખતરોનો મોટો જથ્થો છે."

તે વેળા સુધી સફવાન બિન ઉમૈયહ મુસલમાન બન્યા ન હતા. [3]

---

૧. હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુના મનમાં એમ કે મક્કહ ફતેહ થઈ ગયું. કુરૈશ તાબે થઈ ગયા. બધાએ ઈસ્લામ કબૂલ કરી લીધો. બધેબધ મુસલમાનોની ધાક પ્રસરી ગઈ. હવે કોની મજાલ કે મુસલમાનોની સામે શિંગડાં ઉગામે ? "હ"

૨. ઈશારો તે દિવસો તરફ જ્યારે હઝરત ઉમર ફારૂક મુસલમાન બનવા પહેલાં ઈસ્લામનો વિરોધ કરતા હતા. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો ઈન્કાર કરીને આપને કતલ કરવા માગતા હતા. "હ"

૩. સફવાન બિન ઉમૈયહ મક્કહના રઈસે-આઝમ અને ત્યાંના અગ્રેસરોના શિરોમણિ હતા. ફત્હે-મક્કહ વેળા જાન બચાવવા જિદ્દહ નાસી ગયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી માફી મળતાં એમણે બે મહિનાની મુદ્દત માગી હતી પણ આપે એમને ચાર મહિનાની મુદ્દત આપી દીધી હતી. એ દરમિયાન બનેલી આ ઘટના છે. હજુ સુધી તેઓ મૂર્તિપૂજાના ધર્મ પર કાયમ હતા. "હ"

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સફવાન બિન ઉમૈયહને બોલાવીને ફરમાવ્યું, "હે અબૂ ઉમૈયહ ! અમને તમારાં હથિયારો ઉછીના આપી દો કે જેથી અમે દુશ્મનનો મુકાબલો કરીએ."

સફવાને કંઇક તેજીથી કહ્યું, "હે મુહંમદ ! શું તમે મારાં હથિયારો બળજોરીથી પચાવી પાડવાના હેતુએ માગો છો ?"

આપે ફરમાવ્યું, "ના બિલકુલ નહિ. અમને તો ઉછીના જોઇએ છે. હથિયારો મારી ઝમાનત પર આપો. લડાઇ પછી ચૂકતે આપવા બંધાયેલો છું."

"ત્યારે તો આપવામાં વાંધો નથી." સફવાને કહ્યું.

સફવાને આપને એક સો બખતરો ઉપરાંત એટલાં હથિયારો આપી દીધાં જે ઈસ્લામી લશ્કરની જરૂરત માટે પૂરતાં હતાં. લોકોનું કહેવું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સફવાન પાસેથી લશ્કરની જરૂરિયાત મુજબના જ હથિયારો લીધાં હતાં અને તેટલી જ સંખ્યામાં સફવાનને હેમખેમ પરત કરી દીધાં હતાં.[1]

ઈસ્લામી લશ્કરની સંખ્યા———ઇબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઈસ્લામી લશ્કરને લઇને હવાઝિનના મુકાબલા માટે મક્કહથી રવાના થયા. મદીનહથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ દસ હજાર સહાબાનું લશ્કર લઇને મક્કહ ફતેહ કરવા માટે પધાર્યા હતા, જેની મારફતે અલ્લાહ તઆલાએ આપને મક્કહ પર વિજય અપાવી દીધો હતો. આ દસ હજારની સાથે ફત્હે-મક્કહ બાદ જે લોકો મુસલમાન બની ગયા હતા તેઓમાંથી બે હજાર નવા મુસલમાનો ઈસ્લામી લશ્કર સાથે જોડાયા હતા. આ રીતે ઈસ્લામી લશ્કરની સંખ્યા કુલ ૧૨ હજારની હતી. આ ૧૨ હજારનું લશ્કર લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી નીકળીને હવાઝિનના લશ્કર તરફ રવાના થઇ ગયા.

મક્કહના સૌથી પહેલા ગવર્નર———જે લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે જંગે-હુનૈન માટે જઇ શકયા નહિ અને મક્કહમાં રહી ગયા તેઓ માટે અને તમામ મક્કહવાસીઓ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ, હઝરત અત્તાબ બિન ઉસૈદ બિન અબિલ-ઇસ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સની, મક્કહના અમીર કે ગવર્નર તરીકે નિમણુંક કરી હતી.[2]

નવમુસ્લિમોની મુશરિકો જેવી માગણી———ઇબ્ને ઈસ્હાક કહે છે : ઇબ્ને શિહાબ ઝુહરીએ મને મક્કહના એક નવમુસ્લિમ હઝરત હારિસ બિન માલિકનો આ અંગત અનુભવ કહી સંભળાવ્યો. હઝરત હારિસ બિન માલિકનું બયાન છે :

"ફત્હે-મક્કહ પછી અમે મુસલમાન બન્યા તે પહેલાં મક્કહના કુરૈશી કાફિરો અને અરબના બીજા મૂર્તિપૂજકોનું એક મોટું લીલુંછમ ઝાડ હતું. એ ઝાડનું નામ "ઝાતે-અનવાત" હતું. તીર્થસ્થાન તરીકે મૂર્તિપૂજકો

---

૧. સહીહ બુખારી અને મુસ્નદે-ઇબ્ને હમ્બલની રિવાયત મુજબ લડાઇના ખર્ચ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ૩૦ હજાર દિરહમની પણ જરૂર હતી. એ રકમ આપે અબૂ જહલના ઓરમાન ભાઇ અબ્દુલ્લાહ બિન રબીઅહ પાસેથી કરજ તરીકે લીધી. અબ્દુલ્લાહ મક્કહના માલેતુજાર ગૃહસ્થ હતા. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૩૩) "હ"

૨. હઝરત અત્તાબ બિન ઉસૈદ મક્કહના ગવર્નરપદે બિરાજ્યા તે વેળા ૨૦ કે ૨૧ વરસના નવજવાન હતા. કઅબહમાં પ્રથમવાર હઝરત બિલાલની અઝાનનો અવાજ સાંભળીને જે ત્રણ નવયુવકોએ એકાંતમાં ખાનગી મંત્રણા કરી હતી, તેમાં હઝરત અત્તાબ પણ હતા. એમણે કહ્યું હતું, "સારૂં જ થયું કે મારો બાપ આ અવાજ સાંભળવા પહેલાં મરી ગયો !" એટલા બાહોશ અને ચંચળ યુવક હતા કે મુસલમાન બનતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને મક્કહના ગવર્નર બનાવી દીધા. "ક"

Maktabe Ashraf

એ ઝાડની જાત્રા કરતા હતા. દર વરસની નક્કી તારીખે મૂર્તિપૂજકો ભારે ધર્મશ્રધ્ધાથી એના દર્શન માટે ભેગા થતા હતા. લોકો ઝાડની વેદી પર જાનવરોની કુરબાની કરતા હતા. તેની ડાળો પર ભગવાનની પ્રસન્નતા માટે અને શત્રુ પર વિજય માટે પોતાના હથિયારો લટકાવાતા હતા. અને બીજી ધાર્મિક ક્રિયાઓ કરતા હતા.''

નવમુસ્લિમ હઝરત હારિસ બિન માલિક ઉમેરે છે : ''જો કે ફત્હે-મક્કહ પછી અમે ઈસ્લામ સ્વીકારી લીધો હતો છતાં હજુ સુધી નવાસવા જ મુસલમાન હતા. મૂર્તિપૂજાનો ધર્મ છોડયાને વધુ દિવસો થયા ન હતા. ઈસ્લામને લગતું કોઈ ઝાઝું જ્ઞાન ધરાવતા ન હતા. જંગે હુનૈનના આ પ્રવાસમાં હું અને મારા જેવા અનેક કાચા કે અધકચરા મુસલમાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે હતા. આગળ ચાલતાં રસ્તાની એક બાજુએ એક ઝાડ ઊભેલું અમારા જોવામાં આવ્યું. એ બહુ મોટું અને લીલુંછમ ઝાડ હતું. એને જોતાં જ અમારા દિલમાં બેઠેલા મૂર્તિપૂજાના શયતાને ઉછાળો માર્યો. હું અને મારા નવાસવા મુસલમાન ભાઈબંધો રસ્તાને છેડે ચાલી રહ્યા હતા. પેલું ઝાડ દેખાડતાં અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જોરજોરથી કહેવા લાગ્યા :

''યા રસૂલલ્લાહ ! જેવી રીતે અરબના મૂર્તિપૂજકો ''ઝાતે-અનવાત''ને ભગવાનનું ઝાડ માનીને તેની જાત્રા અને પૂજા કરે છે તેવી જ રીતે અમારા માટે પણ આ ઝાડને ''ઝાતે-અનવાત''નક્કી કરીને એની જાત્રા અને પૂજા કરવાની અમને પરવાનગી નહિ આપો ?''

અમારી દરખાસ્ત સાંભળીને આપે ફરમાવ્યું, ''અલ્લાહુ અકબર ! મૂર્તિપૂજા જ તો તે પાપ છે જેને માફ નહિ કરવાનું અલ્લાહએ વચન આપ્યું છે. સાંભળો વલ્લાહ ! આ તો તમે તેવો જ સવાલ કર્યો જેવો મૂસા પયગમ્બરની કૌમે મૂસાને કર્યો હતો. મૂસાની કૌમે કહ્યું હતું : ''યા મૂસા ! ઈજઅલ લના ઈલાહન કમા લહુમ આલિહહ.'' એટલે હે મૂસા ! જેવી રીતે મૂર્તિપૂજકોના ભગવાનો છે તેવી જ રીતે અમારા માટે પણ એક ભગવાન બનાવી દો.

જવાબમાં મૂસા પયગમ્બરે ફરમાવ્યું, ''યા કવમી ! ઈન્નકુમ કવમુન તજ-હલૂન.'' હે મારી કૌમ! તમે ખરેખર એક બહુ જ જાહિલ કૌમ છો એટલે જ તમે જાહિલો જેવા સવાલ કરો છો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને ફરમાવ્યું, ''સાંભળો, આ તો જાહિલ બાપદાદાઓના શયતાની રિવાજો છે. આવા રિવાજોનું અનુકરણ કરશો તો તમે પણ જાહિલ બાપદાદાઓના શયતાની રિવાજોનું અનુકરણ કરનારાઓમાં ખપી જશો.''

હવાઝિનનું ઓચિંતું આક્રમણ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું. તેમણે અબ્દુર્રહમાન બિન જાબિરના મુખે સાંભળ્યું અને તેમણે પોતાના બાપાજી હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહુ અન્હુના મુખેથી સાંભળ્યું. હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ હવાઝિન સાથેની લડાઈમાં શામિલ હતા. તેમનું બયાન છે :

''જયારે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કર સાથે હુનૈનની ખીણ [૧] પાસે પહોંચી

૧. હુનૈન : મક્કહ અને તાઈફની વચ્ચે મક્કહથી ૧૦ માઈલના અંતરે આવેલું સ્થળ. અલ્લામા ઝુરકાની મુજબ મક્કહ અને તાઈફની વચ્ચે ઝુલ-મજાઝના જાણીતા બજાર પાસે હુનૈનની ખીણ આવેલી છે જે અરફહના મેદાનથી ત્રણ માઈલ છેટી છે. અલ્લામા ઈબ્ને સઅદ મુજબ મક્કહથી ત્રણ દિવસના પ્રવાસનું અંતર છે. (સીરતુન-નબી જિ.૧ પા. ૫૩૦ નો હાશિયો.) ''હ''

ગયા તો તિહામહ પ્રદેશની દિશાએ જનારી ખીણોમાંથી એક ઢલાણવાળી વિશાળ ખીણમાં અમે દાખલ થઈ ગયા. અમારી પાછળ અમારૂં આખું લશ્કર પણ આ વિશાળ ખીણમાં દાખલ થઈ ગયું. હવે ૧૨ હજારનું ઈસ્લામી લશ્કર હુનૈનની આ વિશાળ ખીણમાંથી પસાર થવા લાગ્યું. તે વેળા રાતનો પાછલો પહોર હતો. પરોઢનું અજવાળું ફેલાયું ન હતું અને હજુ રાતનું અંધારૂં છવાયેલું હતું.

બીજી તરફ રાતના અંધારામાં જ હવાઝિનનું ૨૦ હજારનું લશ્કર અમારાથી પહેલાં હુનૈનની ખીણમાં પહોંચીને અમારી ઘાતમાં લપાઈને બેઠેલું હતું. દુશ્મનના સિપાહીઓ વિશાળ ખીણના ખાડાઓ, ઝાડીઓ બખોલો અને ટેકરાઓની પાછળ સંતાઈને તૈયાર હાલતમાં બેઠેલા હતા. ઈસ્લામી લશ્કરમાંથી કોઈને દુશ્મનની આ જંગી ચાલની ખબર ન હતી. કોઈની કલ્પનામાં પણ ન હતું કે દુશ્મને રાતોરાત આ ખીણ પર કબજો કરી લીધો છે. અમે આગળને આગળ બઢયે જ જતા હતા. અચાનક દુશ્મનના સિપાહીઓએ દરેક છુપા રસ્તા, દરેક ખાડા, દરેક ટેકરા, દરેક ઝાડી અને ખીણના ખૂણેખૂણામાંથી નીકળી-નીકળીને અમારી ઉપર ઓચિંતું આક્રમણ કરી દીધું. તેઓ છલાંગો મારતા અમારી ઉપર તૂટી પડયા. અમે ચારે તરફથી તેઓની ભીંસમાં આવી ગયા. દુશ્મનની આ એક પૂર્વયોજિત જંગી ચાલ હતી એટલે અગાઉથી ગોઠવેલી વ્યૂહરચના હતી. તેઓની લડાયક તૈયારી અને યુધ્ધની સાધનસામગ્રી પણ પરિપૂર્ણ હતી.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું બયાન છે : ''અલ્લાહના સોગંદ ! ઢલાણવાળી આટલી વિશાળ ખીણમાં ઊતરતી વેળા ઈસ્લામી લશ્કરને કોઈ તરહનો ભય કે અંદેશો ન હતો. જોખમ કે ખતરા જેવું કોઈની કલ્પનામાં પણ ન હતું. પણ જેવા જ અમે બેધડક ખીણમાં ઊતર્યા કે દુશ્મનની ફોજ અચાનક સંગઠિત રીતે અને એકત્ર બળે તલવારો, ભાલાઓ અને તીરોથી અમારી ઉપર એવી રીતે તૂટી પડી, જાણે કોઈ એક જ વ્યકિત તૂટી પડી હોય તેવું અમને લાગ્યું. નતીજો આ નીકળ્યો કે અમે અમારૂં સંગઠન જાળવી શકયા નહિ અને શિકસ્ત ખાઈને પાછળ હટવા લાગ્યા અને દશા એવી થઈ પડી કે ઈસ્લામી લશ્કરમાંથી કોઈ એક બીજાને પાછળ ફરીને જોતું પણ ન હતું. દરેકને પોતપોતાની જાનની ફિકર પડી ગઈ.

દુશ્મનના ઓચિંતા હલ્લાથી ઈસ્લામી લશ્કરમાં અફરાતફરી અને નાસભાગ મચી રહી. મુસલમાન મુજાહિદોને નાસતા જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની જગાએથી જમણા હાથે હટીને ઊભા થઈ ગયા અને નાસતા મુજાહિદોને લલકારીને ફરમાવવા લાગ્યા :

> ''મુસલમાનો ! કયાં ભાગો છો ? આ તરફ આવો, અહીં મારી પાસે આવો. હું અલ્લાહનો નબી છું. હું અબ્દુલ્લાહનો બેટો મુહંમદ છું !''

હઝરત બરાઅ બિન આઝિબ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : ''આ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સફેદ ખચ્ચર પર સવાર હતા. હઝરત અબ્બાસે આપના ખચ્ચરની લગામ પકડેલી હતી અને હઝરત અબૂ સુફયાન બિન હારિસે ખચ્ચરની રિકાબ પકડેલી હતી. લોકોને નાસતા જોઈને આપ પોતાની જગાએ મક્કમ રહ્યા. પછી સવારી પરથી ઊતરી પડયા અને પયગમ્બરને છાજે તેવા દબદબા તથા જલાલભર્યા સ્વરે આ પંકિતઓ લલકારવા લાગ્યા :

Maktabe Ashraf

અનન નબીય્યુ લા કઝિબ • અનબ્નુ અબ્દિલ - મુત્તલિબ.

એટલે હું અલ્લાહનો નબી છું એમાં જૂઠનો અંશ સરખો નથી અને અલ્લાહએ પોતાના નબીને મદદ તથા ફતેહનો જે વાયદો આપ્યો છે તેમાં પણ જૂઠનો અંશ સરખો નથી અને હું અબ્દુલ-મુત્તલિબનો બેટો છું જેઓ પોતે પણ અરબના પંકાયેલા શાહસવાર તથા વીરનર હતા.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું બયાન છે : "હું મારી આંખે જોતો હતો કે આ નાસભાગમાં ઊંટ સાથે ઊંટ ટકરાય રહ્યું છે અને લોકો અંધાધૂંધ નાસતા ચાલ્યા જાય છે. ફકત થોડાક અન્સાર, થોડાક મુહાજિર, થોડાક અહલે-બૈત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રહી જવા પામ્યા છે."

મક્કમ રહેનારા સહાબાના નામો————જંગે-હુનૈનની અફરાતફરી વેળા મુહાજિરીનમાંથી જે સહાબા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે સાબિત-કદમ કે મક્કમ રહ્યા તેઓમાંથી હઝરત અબુબક સિદ્દીક છે. અને હઝરત ઉમર ફારૂક છે રદિયલ્લાહુ અન્હુમા. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અહલે-બૈતમાંથી જે લોકો આપની સાથે અડગ અને અચળ રહ્યા તેઓના નામો આ છે :

૧—— હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ.

૨—— હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ.

૩—— હઝરત અબૂ સુફયાન બિન હારિસ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ.

૪—— હઝરત ફઝલ બિન અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુ.

૫—— હઝરત અબૂ સફયાન બિન હારિસના ફરઝંદ રબીઅહ બિન અબૂ સુફયાન રદિયલ્લાહુ અન્હુ.

૬—— હઝરત ઉસામહ બિન ઝૈદ બિન હારિસ રદિયલ્લાહુ અન્હુ.

૭—— અને હઝરત અયમન બિન ઉબૈદહ રદિયલ્લાહુ અન્હુ.

ઇબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ સુફયાન બિન હારિસ બિન અબ્દુલ-મુત્તલિબનું અસલ નામ મુગીરહ છે અને એમના ફરઝંદનું નામ હઝરત જઅફર છે. કેટલાકના કથન મુજબ આ નામોમાં જઅફરનો સમાવેશ થતો નથી બલકે જઅફરને બદલે હઝરત કુસમ બિન અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ છે.

કાળા ઝંડાવાળો લડવૈયો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ પોતાનું બયાન ચાલું રાખતાં ઉમેરે છે : "જંગે-હુનૈનમાં અફરા-તફરી વેળા હવાઝિનના એક લડવૈયાને મેં જોયો. તે લાલ ઊંટની પીઠ પર સવાર થયેલો હતો. તેના હાથમાં કાળા રંગનો વાવટો હતો. આ વાવટાને તેણે પોતાના હાથમાં પકડેલા લાંબા ભાલાની ટોચે ખોસેલો હતો. આ લડવૈયો હવાઝિનના લશ્કરની આગળ-આગળ હતો અને હવાઝિનના લશ્કરીઓ તેની પાછળ-પાછળ હતા. જ્યારે કાળા વાવટાવાળો લડવૈયો કોઇને દાવમાં લેતો તો દોડીને પોતાના ભાલાથી તેને કતલ કરી નાખતો. પછી વાવટાને ફરીવાર બુલંદ કરી દેતો. એ દરમિયાન પાછળ પડી ગયેલા તેના લશ્કરીઓ વાવટાને ફરીવાર હવામાં લહેરાતો જોઇને તેની પાસે દોડી આવતા. ત્યારે આ લડવૈયો ફરીવાર આગળ વધી જતો અને લશ્કરીઓ તેની પાછળ-પાછળ થઇ જતા.

મક્કહના નવા મુસલમાનોની મોકાણ————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇસ્લામી ફોજનો પરાજય

થતાં તેઓમાં ભાગદોડ મચી ગઇ. અસલ કારણ આ હતું કે ફોજમાં મક્કહથી સાથે આવેલા બેએક હજાર લોકો એવા હતા જેઓ નવાસવા મુસલમાન બનેલા હતા. જેઓનું ઈમાન એકદમ કાચું હતું. ઈસ્લામ અને જિહાદને લગતું કશું જ્ઞાન ધરાવતા ન હતા. એમાં કેટલાક એવા પણ હતા જેઓ કડક મગજના, ઢચુપચુ વિચારોના અને જંગલી ગમારો જેવી મનોદશા ધરાવતા હતા. તેઓના દિલોમાંથી જૂની અદાવતોનો મેલ ધોવાયો ન હતો અને બાપદાદાનું વતન મક્કહ હાથથી ગયું તેનો ઘા તાજો હતો.[1]

આવા લોકોએ જ્યારે જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરમાં નાસભાગ મચી ગઈ છે અને તેઓના પગો ઊખડી જવાની તૈયારીમાં છે તો તેઓના હૈયાંઓમાં છુપાયેલી વાતો તેઓના હોઠે આવવા લાગી અને તેઓ પોતાની વાતચીતોમાં મુસલમાનો પર કાદવ ઉછાળવા લાગી ગયા. એમાં કુરૈશના ભૂતપૂર્વ સરસેનાપતિ અને ફત્હે-મક્કહ પહેલાં મુસલમાન બનેલા હઝરત અબૂ સુફયાન બિન હર્બ પણ સંડોવાઈ ગયા. તેમણે કટાક્ષમાં કે તરંગમાં પોતાના મક્કી સાથીઓને કહ્યું :

> "જોયું ને ! હવે દુશ્મન તરફથી એમને શિકસ્ત પર શિકસ્ત આપવામાં આવશે. અને શિકસ્તનો આ સિલસિલો ખતમ થવાનો નથી; ભલેને રસ્તામાં સમુદ્ર કેમ ન આવી જાય! જો કે તીરો તો આપણી પાસે પણ ભાથાંમાં મવજૂદ છે."[2]

જબલહ બિન હમ્બલ નામે ગૃહસ્થ જે મક્કહના મોટા મોવડી સફવાન બિન ઉમૈયહનો મા-શરીક ભાઈ હતો ઈબ્ને હિશામે એનું નામ કલદહ બિન હમ્બલ દર્શાવેલું છે, એ પણ મુસલમાનો તરફથી લડવા આવેલો હતો અને હજુ સુધી મુસલમાન બનેલો ન હતો. એને પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સફવાન બિન ઉમૈયહ પેઠે ચાર મહિનાની મુદ્દત આપેલી હતી. એણે મુસલમાનોને નાસતા જોઈને બૂમાટો ગજાવ્યો:

"અલા ! બતલુસ - સિહરલ - યવમ !"

હે લોકો ! સાંભળો, આજે ઈસ્લામનો જાદૂ તૂટી ગયો.

જબલહનો આ ઝેરીલો કટાક્ષ સાંભળીને એનો ભાઇ સફવાન બિન ઉમૈયહ ઊકળી ઊઠ્યો. એ પોતે પણ હજુ મુસલમાન બન્યો ન હતો છતાં એણે જબલહને ઠપકાર્યો : "ઉસ્કુત ફઝ-ઝલ્લાહુ ફાકા !"

> "ચૂપ મર, અલ્લાહ તારૂં ડાચું તોડી નાખે ! સાંભળ, અલ્લાહના સોગંદ ! હવાઝિનનો કોઇ માણસ મારો શેઠ બની બેસે તેના કરતાં બેહતર છે કે કુરૈશનો કોઇ માણસ મારો શેઠ બને !"

શૈબહ બિન ઉસ્માનનો બદ ઈરાદો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મક્કહના લશ્કર સાથે આવેલો

---

૧. એમાંના કેટલાક લોકો એવા જ હેતુએ આવ્યા હતા કે લડાઇ વેળા ચાલાકીથી પીછેહટ કરીને અને લશ્કરની સફો ખોરવી નાખીને મુસલમાનોમાં ભાગદોડ મચાવી દે. કેટલાક મક્કહની જીતનું વેર લેવા મુનાફિકો તરીકે આવ્યા હતા. કેટલાક ગનીમતનો માલ લૂંટવાની લાલચે શામિલ થઇ ગયા હતા. સહીહ મુસ્લિમમાં છે કે બીબી ઉમ્મે સુલૈમ જંગે-હુનૈનમાં શામિલ હતાં. તેમણે અરજ કરી:

> "યા રસૂલલ્લાહ ! આ નવા મુસલમાન બનેલા મક્કહના દગાબાજ લોકોને કતલ કરાવી નાખો. એજ લોકોએ આપને શિકસ્ત અપાવી છે." (સીરતુન-નબી જિ.૧ પા. ૫૩૪) "હ"

૨. એટલે હવાઝિનના બહાદુરો મુસલમાનોને મારતા, કાપતા, ખદેડતા સમુદ્રકાંઠા સુધી ધકેલીને સમુદ્રમાં ડૂબાડી નહિ દે ત્યાં સુધી છોડવાના નથી. આવી દશામાં આપણા તીરકામઠાં કે હથિયારો હવે શા ખપના ? "હ"

Maktabe Ashraf

બનૂ અબ્દે-દાર કુટુંબનો શૈબહ બિન ઉસ્માન બિન તલહા પોતાનો અનુભવ ટાંકતાં કહે છે : "જંગે-હુનૈનમાં મુસલમાનોને નાસતા જોઈને મારા મનમાં વિચાર આવ્યો કે આજે મુહંમદને કતલ કરીને મારા બાપનું વેર વાળી લેવાની ખરી તક સાંપડેલી છે. આ તક ચૂકી ગયો તો ફરીવાર આ તક મળવાની નથી."

શૈબહનો બાપ ઉસ્માન બિન તલહા જંગે-ઉહુદમાં મુસલમાનોના હાથે માર્યો ગયો હતો.

શૈબહ કહે છે : "આ વિચાર આવતાં જ તલવાર હાથમાં લઈને હું મુહંમદની આજુબાજુમાં ચક્કર મારવા લાગ્યો. મનમાં તરંગો ઉછાળા મારતા હતા કે તક મળતાં જ મુહંમદ પર તૂટી પડું. મગજ પર ખૂનનો ભૂત ચઢી બેઠો હતો. આશા -નિરાશામાં ડોલાં ખાતાં મારૂં મગજ ચકડોળે ચઢી ગયું. મને થયું કે કોઈ ગૈબી વસ્તુ આડે આવી રહી છે અને પછી અચાનક મારા દિલ પર મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એવી દહેશત છવાઈ ગઈ કે મારા હાંજા ગગડી ગયા, દિલ બેસી ગયું, હિંમત પડી ભાંગી, હું ઠંડોગાર થઈ ગયો. મને થઈ ગયું કે આ કામ મારાથી બનવાનું નથી. આ રીતે કોઈ ગૈબી શક્તિએ એ દિવસે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મારા હાથોથી બચાવી લીધા."

હઝરત અબ્બાસનો પહાડી ઘાંટો——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈબ્ને શિહાબ ઝુહરીએ કુસૈર બિન અબ્બાસના વાસ્તાથી તેમના પિતા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબની રિવાયત કહી સંભળાવી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબનું બયાન છે:

"આ ધમાચકડી કે મારો-કાપોની બૂમરાણમાં હું પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે હતો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સફેદ ખચ્ચરની લગામ મારા હાથમાં હતી અને હું એક લહીમ-શહીમ એટલે કદ્દાવર કાયાનો, ખડતલ શરીરનો અને "જહીરુસ-સવત"એટલે પહાડી ઘાંટાનો માણસ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને ભાગતા જોઈને પડકાર્યા, "હે લોકો! ક્યાં ભાગો છો ?"[૧]

પરંતુ મેં જોયું કે લોકો છે કે ભાગી રહ્યા છે અને કોઈ પાછળ ફરીને પાણ જોતું નથી. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને હુકમ ફરમાવ્યો, "અબ્બાસ ! તમે ઘાંટો ગજાવીને એ લોકોને આ રીતે બોલાવો :

"યા મઅશરલ અનસાર !" • "યા અસ્હાબસ-સમરહ !"

એટલે હે અન્સારના લોકો ! હે ઝાડ હેઠળ બૈઅત લેનારા લોકો ! [૨]

આ હુકમ મળતાં મેં એજ શબ્દોમાં મારો પહાડી ઘાંટો ગજાવ્યો જેને સાંભળી-સાંભળીને મુહાજિર અને અન્સારના લોકો એજ વેળા લબ્બૈક ! લબ્બૈક ! પોકારતા પલટી-પલટીને આવવા લાગ્યા."

હઝરત અબ્બાસ વધુમાં ઉમેરે છે : "હવે દરેક માણસ પોતપોતાના ઊંટના અછોડાને ખેંચી-ખેંચીને પલટી-પલટીને આવવા લાગ્યો. પરંતુ હું જોતો હતો કે ઊંટને પાછો વાળવા પર તેનો કાબૂ ચાલતો ન હતો. આ રીતે ખેંચતાણ અને મથામણ કરી-કરીને દરેક શખ્સ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ આવવા લાગ્યો. પછી તો જોતજોતામાં

૧. એની સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પયગમ્બરીની શાનથી દબદબાભર્યા સ્વરે આ પંકિતઓ પણ લલકારતા હતા:
"અનન-નબીય્યુ લા કઝિબ • અનબ્નુ અબ્દિલ-મુત્તલિબ." "હ"

૨. સુલ્હે-હુદૈબિયહ પ્રસંગે હઝરત ઉસ્માન ગનીની શહાદતની ખબર મળતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક ઝાડ હેઠળ સહાબાની બૈઅત લીધી હતી. આ સહાબા "અસ્હાબસ-સમરહ" કહેવાય છે. સમરહ અથવા સામ્રહ બાવળના ઝાડને કહે છે. "હ"

Maktabe Ashraf

એક સો જેટલા સહાબા આપની આસપાસ ભેગા થઈ ગયા. આવતાં વેંત એ બધા સંગઠિત થઈને એકત્ર બળે કુફ્ફાર પર યાહોમ તૂટી પડયા. ખૂનરેઝી અને કાપાકાપી થવા લાગી. સાથે-સાથે તેઓ "યા લલ-અન્સાર !" એટલે હે અન્સારના લોકો ! અને "યા લલ-ખઝરજ !"એટલે હે ખઝરજના લોકો ! ના જોરદાર નઅરા પણ ગજાવવા લાગ્યા. એ બધા મરણિયા બનીને મક્કમતાથી લડનારા વીરનરો હતા.

પછી તો અન્સાર અને મુહાજિરીનના જૂથો પર જૂથો આવવા લાગ્યાં. મારામારી અને કાપાકાપીનું ઘમસાણનું યુધ્ધ જામી ગયું. હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક ટેકરી પર ચઢીને જામેલા યુધ્ધનું નિરીક્ષણ કરવા લાગ્યા. રણભૂમિ તરફ જોયું તો મરણિયા મુજાહિદો જીવ પર આવીને તલવારનું પાણી બતાવી રહ્યા હતા. આ દ્રશ્ય જોઈને રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હુમ્મલ-વતીસ!" એટલે યુધ્ધની ભઠ્ઠી ધગધગી ઊઠી છે. આવા શબ્દો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આથી પહેલાં કયારેય ફરમાવ્યા ન હતા. (યાકૂત અને સુહૈલીના હવાલાથી.)

દુશ્મનનો લાલ ઊંટવાળો ઝંડાધારી————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહનું બયાન છે : "હવાઝિનનો જે સૈનિક લાંબા ભાલા પર કાળો ઝંડો લહેરાવીને, લાલ ઊંટની પીઠ પર સવાર થઈને પોતાની બહાદુરીનું પરાક્રમ દેખાડતો ચાલ્યો જતો હતો, હઝરત અલીએ એને જોઈ લીધો. એક અન્સારીને સાથે લઈને હઝરત અલીએ તેની પૂઠ પકડી અને પાછળથી જઈને, ઓચિંતા તેની ઉપર તૂટી પડીને, તેના ઊંટના પાછલા પગોની બંને ધૂંટીઓ તલવારના ઝાટકાથી ઉડાવી દીધી. ઊંટ પીઠભેર ભોંય પર પછડાયો. એજ ક્ષણે અન્સારીએ છલાંગ મારીને એ સૈનિકની ટાંગ પર તલવારનો એવો ફટકો માર્યો કે તેના પગની પાટલી કપાઈને સનન કરતી દૂર ફંગોળાઈ ગઈ. ભયંકર ચિત્કાર સાથે એ ભોંયભેગો થઈને તરફડિયાં ખાવા લાગ્યો અને પછી ઠંડો થઈ ગયો."

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ ફરમાવે છે : "મુસલમાન મુજાહિદોએ મરણિયા થઈને ખૂબ બહાદુરીથી દુશ્મનનો મુકાબલો કર્યો અને અલ્લાહના સોગંદ, દુશ્મનના જે સૈનિકો શિકસ્ત ખાઈને નાસતા હતા તેઓ પાછા વળીને આવવાનું નામ નહિ લેતા હતા. મુસલમાનોએ જોતજોતામાં દુશ્મન પર સંપૂર્ણ વર્ચસ મેળવી લીધું. એટલું જ નહિ, તેઓએ દુશ્મનના ઢગલાબંધ સૈનિકોને ઘેરામાં લઈને કેદી તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં ઊભા કરી દીધા.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ વધુમાં ઉમેરે છે : "અબૂ સુફયાન બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ એવા લોકોમાંથી હતા જેઓએ કટોકટીની પળોમાં વફાદારીથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે રહીને દ્રઢતાની સાબિતી આપી. વળી જયારે એ મુસલમાન બન્યા તો પૂરી નિખાલસતાથી મુસલમાન બની ગયા. કટોકટી વેળા એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખચ્ચરના પાલાનનો પાછલો ભાગ પકડીને ઊભેલા હતા અને દુશ્મન તરફથી સાવધ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અચાનક પાછળ મુખ કરીને પૂછ્યું. "કોણ છે એ ?"

"યા રસૂલલ્લાહ ! "અબૂ સુફયાન બોલ્યા, "એ તો હું આપના અમ્માંજીનો બેટો છું." (એટલે આપની દાદીનો પૌત્ર છું.)

બીબી ઉમ્મે-સુલૈમનો કિસ્સો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબકે માહિતી

Maktabe Ashraf

આપી કે, "એજ કટોકટીની પળોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુખ ફેરવીને બીબી ઉમ્મે-સુલૈમ બિન્તે મિલ્હાન તરફ પણ જોયું. હઝરત ઉમ્મે-સુલૈમ પોતાના ખાવિન્દ હઝરત અબૂ તલહા સાથે જંગમાં આવ્યાં હતાં. એમણે પોતાની કમર ફરતે એક ચાદર ખૂબ કસીને બાંધેલી હતી. એમની કૂખમાં એમના ખાવિન્દનો હમલ હતો અને એ હમલ એમના પુત્ર અબ્દુલ્લાહ બિન અબૂ તલહાનો હતો. એમણે પોતાના ખાવિન્દ અબૂ તલહાનો ઊંટ પણ સંભાળી રાખ્યો હતો અને ઊંટ ભડકીને કે છટકીને બેકાબૂ નહિ થઇ જાય તેવી બીકથી એમણે પોતાનો હાથ ઊંટની નાથ સાથે તેના નાકમાં ભરાવી રાખ્યો હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુખ ફેરવીને પૂછયું, "કોણ ઉમ્મે-સુલૈમ છે કે ?"

"જી હા યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપના ઉપર કુરબાન હો ! હું ઉમ્મે-સુલૈમ છું."

એ પછી ઉમ્મે-સુલૈમ બોલ્યાં, "હે અલ્લાહના રસૂલ ! મક્કહના જે લોકો આપને છોડીને પીછેહટ કરતા ફરાર થયા અને શિકસ્તનું કારણ બન્યા એવાઓને પણ આપ, તેવી જ રીતે કતલ કરાવી નાખો જેવી રીતે કે આપની સાથે જંગ કરનારાઓને આપ કતલ કરાવી નાખો છો. ખરૂં કહું તો એવા લોકો એજ દાવના છે."

આપે ફરમાવ્યું, "હે ઉમ્મે-સુલૈમ ! શું અલ્લાહ આપણા માટે કાફી નથી ?"

અબ્દુલ્લાહ બિન અબૂબક્ર કહે છે : "ઉમ્મે-સુલૈમના હાથમાં એક ખંજર પણ હતું. એમના ખાવિન્દ અબૂ તલહાએ પૂછયું, "ઉમ્મે-સુલૈમ ! તમારા હાથમાં આ ખંજર કેવું ?"

જવાબ આપ્યો, "આ ખંજર મેં એટલા કારણે લીધું કે કોઇ મુશરિક મારી પાસે આવે તો ખંજરથી તેનું પેટ ફાડી નાખું."

અબૂ તલહા બોલ્યા, "યા રસૂલલ્લાહ ! સાંભળ્યું, ઉમ્મે-સુલૈમ શું કહે છે ?"

(ખરેખર હઝરત અબૂ તલહાના બેગમ હઝરત ઉમ્મે-સુલૈમ એક વીરાંગના નારી હતાં. જેવી રીતે કે હઝરત બીબી ઉમ્મે-ઉમારહ એક સાહસિક અને બહાદુર ખાતૂન હતાં.)

હઝરત અબૂ કતાદહનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબૂ કતાદહ અન્સારીનું બયાન છે કે, "જંગે-હુનૈનમાં મેં બે માણસોને લડતા જોયા. એમાં એક મુસલમાન હતો અને બીજો મુશરિક હતો. એમની લડાઇ દરમિયાન બીજા એક મુશરિકને મેં જોયો, એ પોતાના મુશરિક સાથીની મદદ માટે દોડી આવ્યો હતો. હું એની ઉપર ઝપટયો અને તલવારના વારથી એનો એક હાથ ઉડાવી દીધો. એજ ક્ષણે પોતાના બીજા હાથથી એણે મારી ગળચી દબાવી દીધી. એની પકડ એટલી પ્રચંડ હતી કે મારો શ્વાસ રૂંધાવા લાગ્યો. મને થયું કે એ મને મારી નાખીને જ જંપવાનો. એના કપાયેલા હાથમાંથી લોહીનો દદૂડો વહીને એને ઢીલોઢસ નહિ કરતે તો એ મને મારી જ નાખતે. પકડ ઢીલી થતાં એ પછડાયો કે તરત મેં એને તલવારથી કાપી નાખ્યો. પણ ક્રમશકિતને કારણે હવે હું લડવાને લાયક રહ્યો ન હતો.

હું વિચાર કરતો ત્યાં જ ઊભેલો હતો એટલામાં મક્કહનો એક નવો મુસલમાન ત્યાંથી પસાર થયો. તેણે મરનારને જમીન પર પડેલો જોયો તો જે કંઇ તેનો સરસામાન હતો તે લઇને ચાલતો થઇ ગયો. પાછીજયારે યુધ્ધ સંકેલાઇ ગયું અને દુશ્મનથી અમે પરવારી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને સંબોધીને

Maktabe Ashraf

ફરમાવ્યું, "મન કતલ કતીલન ફલહૂ સ-લ-બુહૂ" જે માણસે જેને કતલ કર્યો હોય તો, મરનારનો સામાન મારનારને મળશે.

આ સાંભળીને મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મેં એક માલ સામાનવાળા દુશ્મનને કતલ કર્યો. એ પછી હું લડવાને લાયક નહિ રહ્યો. હવે મને ખબર નથી કે તેનો માલ સામાન કોણ ઉપાડી ગયું!"

આ સાંભળીને પેલો મક્કી આગળ વધ્યો અને બોલ્યો, "યા રસૂલલ્લાહ ! એ સાચું કહે છે. પેલા મરનારનો સામાન મારી પાસે છે. આપ એને રાજી કરો કે સામાન મારી પાસે જ રહેવા દે !"

હઝરત અબૂબક્ર સિદ્દીકે તેને જવાબ આપ્યો, "હે ભાઈ ! એ બની શકે નહિ. આ સામાન માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એને રાજી કરવાની ભલામણ કરવાના નથી. સાંભળી લે, અલ્લાહનો સિંહ તો અલ્લાહના દીન ખાતર લડે અને તેના સામાનનો તું માલિક બને ? ચાલ ઝટપટ એનો સામાન એને આપી દે !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "બેશક અબૂબક્ર સાચું કહે છે. હે ભાઈ! એના શિકારનો સામાન એને આપી દે."

Maktabe Ashraf

હઝરત અબૂ કતાદહ ફરમાવે છે : "મેં એ સામાન તેની પાસેથી લઇ લીધો અને તેને વેચીને ઊપજેલી કિંમતથી મેં એક "મખરફ" (નાનકડો બગીચો) ખરીદી લીધો. એ મખરફ મારી સૌથી પહેલી મિલકત હતી."[1]

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અનસ બિન માલિકની રિવાયતમાં છે કે બીબી ઉમ્મે સુલૈમના ખાવિન્દ હઝરત અબૂ તલહાએ એકલાએ હુનૈનના યુધ્ધમાં વીસ મુશરિકોને કતલ કરીને તેઓનો માલ મેળવી લીધો.

જંગે-હુનૈનમાં અલ્લાહની ગૈબી મદદ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : અબૂ ઇસ્હાક બિન યસારે મને હઝરત ઝુબૈર બિન મુત્ઇમનું આ કથન ટાંકી બતાવ્યું કે, "હુનૈનની ખીણમાં ઘમસાણનું યુધ્ધ જામેલું હતું અને દુશ્મનનો હજુ પરાજય થયો ન હતો તે વેળા, મેં જોયું કે કાળી ચાદર જેવી કોઇ વસ્તુ આસમાન પરથી ઊતરી આવી અને અમારી તથા દુશ્મનની વચ્ચે આડ બની ગઇ. નવાઇ પામીને મેં નજર ઉઠાવી તો શું જોઉં છું કે કાળી ચાદરોના ઢગલાના ઢગલા, આસમાન પરથી ઊતરી-ઊતરીને ખીણમાં ફેલાય રહ્યા છે, ત્યાં સુધી કે આખી ખીણ એ કાળી ચાદરો જેવા પોશાકોથી છવાઇ ગઇ. તરત મને અલ્લાહની ગૈબી મદદનું સ્મરણ થઇ આવ્યું અને પછી તો કોઇ શંકા ન રહી કે એ અલ્લાહના માનવંતા ફરિશ્તા હતા. જેઓ કાળો પોશાક સજીને આસમાન પરથી ઊતરી આવ્યા હતા. એ કાળા પોશાકો ખીણમાં જ રહ્યા ત્યાં સુધી કે દુશ્મનનો પરાજય થયો અને તેઓ નાસવા લાગ્યા.

મુશરિક લશ્કરની શિકસ્ત——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે અલ્લાહ તઆલાએ જંગમાં મુશરિકોને શિકસ્ત આપી દીધી અને પોતાના પયગમ્બરને તેઓ પર સંપૂર્ણપણે ફતેહમંદ બનાવી દીધા તો એક મુસ્લિમ ખાતૂને આ શેઅર કહ્યો :

---

1. મખરફ એવી ખજૂર-વાડીને કહે છે જેમાં દસથી ઓછાં ઝાડો હોય. દસ કે તેથી વધારે ઝાડો હોય તેવી વાડીને "હદીકહ"કહે છે. "હ"

કદ ગલબત ખયલુલ - લાહિ ખયલલ - લાતિ • વલ્લાહુ ખયલુહૂ અહક્કુ બિસ્સ - સબાતિ.

બેશક અલ્લાહના શાહ સવારો લાત ભગવાનના શાહ સવારો પર વર્ચસશાળી બની ગયા અને અલ્લાહના જ શાહ સવારો મક્કમતાથી લડીને વર્ચસશાળી બનવાના વધારે હકદાર છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી જયારે હવાઝિનના લશ્કરને શિકસ્ત આપી દેવામાં આવી તો બનૂ માલિકમાંથી બનૂ સકીફને કતલ કરવામાં આવ્યા અને ખૂબ કત્લેઆમ ચલાવવામાં આવી. તેઓના ઝંડા હેઠળ ૭૦ આદમીઓ કતલ થઈ ગયા જેમાં ઉસ્માન બિન અબ્દુલ્લાહ બિન રબીઅહ બિન હારિસ બિન હબીબ પણ માર્યો ગયો. એમનો ઝંડો ઝુલ-ખિમાર, ઔફ બિન રબીઅ નામે અગ્રણીના હાથમાં હતો. ઝુલ-ખિમાર માર્યો ગયો તો ઉસ્માન બિન અબ્દુલ્લાહએ ઝંડો સંભાળી લીધો. ઝંડો લઈને ઉસ્માન લડતો રહ્યો ત્યાં સુધી કે પોતે કતલ થઈ ગયો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આમિર બિન વહબ બિન અસવદે કહ્યું કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે ઉસ્માનની કતલના સમાચાર મળ્યા તો આપે ફરમાવ્યું :

અબઅદ-હુલ્લાહુ	અલ્લાહની ફિટકાર હો તેની ઉપર !
ફઈન્નહુ કાના યુબગિદુ કુરૈશન.	તે અદાવત રાખતો હતો કુરૈશ સાથે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૧

ગઝવએ-હુનૈનનો અંજામ

સરદાર સાથે લશ્કરનો ફરાર • હઝરત ઇબ્ને મિરદાસનો કસીદો • દુરૈદ બિન સિમ્મહની કતલ • દુરૈદ બિન સિમ્મહની બેટી • હઝરત અબૂ આમિરની શહાદત • શહાદતને લગતી બીજી રિવાયત • મુશરિકોના ભાગેડુ સરસાલારની કહાણી • નબળાઓને કતલ કરવાની મનાઇ • દૂધ-બહેન શૈમાઅની ગિરિફતારી • દૂધ-બહેન, દૂધ-ભાઇના દરબારમાં • કલામે પાકમાં હુનૈનનું બયાન • શહીદ થનારાઓના મુબારક નામો • ગનીમતનો માલ અને યુધ્ધના કેદીઓ.

Maktabe Ashraf

સરદાર સાથે લશ્કરનો ફરાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : હવાઝિનમાંથી તેઓના હલીફો એટલે કરારોથી જોડાયેલા લશ્કરનો ઝંડો, કારિબ બિન અસ્વદ નામે તેઓના એક જોશીલા જવાંમર્દના હાથમાં હતો. હવાઝિનની સાથે એના લશ્કરનો પણ પરાજય થયો તો કારિબ બિન અસ્વદે એ ઝંડો એક ઝાડ સાથે અડાડીને ઊભો કરી દીધો. એ પછી કારિબ પોતે, તેનો કાકોભાઇ તથા તેની કૌમના બધા જ લોકો ફરાર થઇ ગયા. આ કારણે હવાઝિનના હલીફોમાંથી બે સૈનિકો સિવાય કોઇ માર્યું ગયું નહિ. માર્યા ગયેલાઓમાં એક બનૂ ગિયરહનો વહબ નામે શખ્સ હતો અને બીજો બનૂ કુબ્બહ નામે કુટુંબનો માણસ હતો જેનું નામ જુલ્લાહ હતું અને જે પંકાયેલો યુધ્ધવીર હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જયારે જુલ્લાહની કતલના સમાચાર મળ્યા તો આપે ફરમાવ્યું, ''કુતિલલ-યવમ સૈયિદુ શબાબે-સકીફ.''આજે બનૂ સકીફના નવજવાનોનો સરદાર માર્યો ગયો. હવે ફકત ઇબ્ને હુનૈદહ રહી ગયો છે.'' આપનો ઇશારો તેઓના બીજા એક જોશીલા જવાન હારિસ બિન ઉવૈસ તરફ હતો.

હઝરત ઇબ્ને મિરદાસનો કસીદો————હલીફોના લશ્કરનો ઉપરી કારિબ બિન અસ્વદ પોતાના ફોજી સરદારો સાથે ફરાર થઇ ગયો અને પોતાની આખી કૌમને મુસીબતોમાં નાખતો ગયો. તે અંગે જાણીતા મુસ્લિમ શાઇર હઝરત અબ્બાસ બિન મિરદાસએ એક લાંબો કસીદો રચેલો છે તેના કેટલાક શેઅરો અત્રે રજૂ કરીએ છીએ. હઝરત અબ્બાસ, એ કૌમના આગેવાનોને સંદેશો પાઠવતાં કહે છે :

અલા મન મુબલ-લિગ ગયલાન અન્ની • વ સૌફા ઇખાલુ યઅતી - હિલ ખબીરુ.

શું કોઇ છે જે ગયલાન (અને બીજા આગેવાનો)ને મારો સંદેશો પાઠવી દે ? મારું માનવું છે કે જાણકારો બહુ જ જલદી તેઓને મારો સંદેશો પાઠવી દેશે.

બિ અન્ન મુહમ્મદન અબ્દુન રસૂલુન • લિ રબ્બિન લા યદિલ્લુ વલા યજૂરુ.

તે સંદેશો આ છે કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જગતના પાલનહારના બંદા અને રસૂલ છે. તેઓ અલ્લાહના રાહથી લેશ પણ ડગતા નથી. અને ન કોઈની ઉપર બળજબરી કરે છે.

વજદના-હૂ નબીય્યન મિસ્લ મૂસા • ફ કુલ્લુ ફતન યુખાયિરુ - હૂ મખીરુ.

અમે તેમને અલ્લાહના નબી મૂસા જેવા જ બરહક નબી જોયા છે. જે કોઇ શ્રેષ્ઠતા અને સરખામણીમાં તેમનો મુકાબલો કરશે તે સદા પછડાયેલો અને હલકટ જ પુરવાર થશે.

દુરૈદ બિન સિમ્મહની કતલ———ઇબ્ને ઇસ્હાક કહે છે : મુશરિકોનું લશ્કર શિકસ્ત ખાઇને ફરાર થયું તો એમાંના કેટલાક લોકોએ તાઇફ શહેરમાં જઇને આસરો લીધો. તાઇફમાં આસરો લેનારાઓમાં સંયુકત લશ્કરનો સરસાલાર માલિક બિન ઔફ નસરી પણ હતો. લશ્કરના કેટલાક સૈનિકો અવતાસ તરફ નાસી ગયા. કેટલાક સૈનિકોએ નખ્લહ તરફ મારી મૂકયું. નખ્લહ તરફ નાસનારાઓમાં ફકત બનૂ સકીફની શાખ બનૂ ગિયરહના લશ્કરીઓ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરે તેઓની પૂઠ પકડી હતી. પણ એમાંથી એવા લોકો બાકાત છે જેઓ હુનૈનની ઘાટીઓની કેડીઓમાંથી થઇને ફરાર થઇ ગયા હતા.

હઝરત રબીઅહ બિન રુફૈઅ નામે એક જોશીલા નવયુવક મુસલમાન હતા. એમનું પૂરૂં નામ રબીઅહ બિન રુફૈઅ બિન ઉહબાન બિન સુઅલબા બિન રબીઅહ બિન યરબૂઅ બિન સમ્માન બિન ઔફ બિન ઇમ્રઉલ-કૈસ હતું. હઝરત રબીઅહ, ઇબ્ને દગિન્નહને નામે પણ જાણીતા હતા કેમકે એમની માનું નામ દગિન્નહ હતું. આ કારણે એજ નામે એ પંકાયેલા હતા. સંજોગજોગે પેલા પાકટ વયના અનુભવી ડોસા એમની દોટે ચઢી ગયા જેનું નામ દુરૈદ બિન સિમ્મહ હતું.

બન્યું એમ કે દુશ્મનના હજારો સૈનિકો ફરાર થઇને અવતાસ નામના સ્થળે ભેગા થઇ ગયા. મુસલમાનોએ તેઓની પૂઠ પકડી તો અહીં પણ યુધ્ધ જામી ગયું જેમાં ઇસ્લામી લશ્કરના ઝંડાધારી હઝરત અબૂ આમિર અશઅરી શહીદ થઇ ગયા. આ સંગ્રામ દરમિયાન હઝરત રબીઅહ બિન રુફૈઅએ એક ભાગતા ઊંટને ઝડપી લીધું અને સમજયા કે ઊંટની પીઠ પર ગોઠવેલી નાનકડી પાલખીમાં કોઇ પર્દા-નશીન ખાતૂન બેઠેલી હશે. પાલખી, ઉપરથી ખુલ્લી હતી પણ ચારે તરફથી બંધ હતી. હઝરત રબીઅહએ પર્દો હટાવ્યો તો માલૂમ પડયું કે કોઇ પર્દા-નશીન ખાતૂન નહિ બલકે કોઇ પુરૂષ છે. ઊંટને બેસાડીને ધ્યાનથી જોયું તો જાણાયું કે કોઇ મોટી ઉંમરનો બુઢ્ઢો છે. એ દુરૈદ બિન સિમ્મહ હતો. હઝરત રબીઅહ નવયુવક હોવાથી દુરૈદને ઓળખતા ન હતા.

"છોકરા ! મારા વિષે તારો શો ઇરાદો છે ?" દુરૈદે પૂછયું

"તમે દુશ્મનના માણસ છો. હું તમને કતલ કરીશ." હઝરત રબીઅહએ જવાબ આપ્યો.

"હેં..... તું મને કતલ કરવાનો ? વારૂ, તું કોણ છે ? તારૂં નામ શું છે ?"

"હું રબીઅહ બિન રુફૈઅ સુલમી છું."

આમ કહીને હઝરત રબીઅહએ દુરૈદ પર તલવારનો વાર કર્યો પણ એ વાર ખાલી ગયો.

દુરૈદ બોલી ઊઠયો, "બિઅસા મા સલ્લહ-તકા ઉમ્મુક !" એટલે હે છોકરા ! તારી માએ તને જે હથિયાર આપ્યાં એ નકામા છે. જા, કાઠીની પાછળ મારી તલવાર ભેરવેલી છે તેને ઉપાડી લે અને મારી

ખોપરીને છોડીને ભેજાંની નીચેથી વાર કર કેમકે હું પોતે પણ લોકોને તલવારથી એવી જ રીતે કતલ કરતો હતો. પછી જ્યારે તું તારી મા પાસે જાય તો તેને કહેજે કે તેં દુરૈદ બિન સિમ્મહને કતલ કર્યો છે. તારી મા મને સારી રીતે ઓળખે છે. અલ્લાહના સોગંદ ! મેં અનેક લડાઈઓમાં તારા ખાનદાનની કેટલીયે સ્ત્રીઓનું રક્ષણ કર્યું છે અને દુશ્મનની કેદથી તેણીઓને આઝાદી અપાવી છે.''

બનૂ સુલૈમના જાણકારોનું કહેવું છે કે હઝરત રબીઅહએ જ્યારે દુરૈદને તલવારનો ફટકો માર્યો તો તે લાંબો થઈ ગયો અને તેનો નીચેનો પોશાક સરકી ગયો. તે વેળા રબીઅહએ જોયું કે દુરૈદની જાંઘોનો વચલો ભાગ અને સાથળનો હિસ્સો લગાતાર ઘોડે સવારી કરવાથી સાવ સફેદ પૂણી જેવો થઈ ગયો હતો.

હઝરત રબીઅહ બિન રુફૈઅ જ્યારે પોતાની મા પાસે ગયા તો દુરૈદની વાતો તેને સંભળાવીને કહેવા લાગ્યા, ''હે મા ! મેં દુરૈદ બિન સિમ્મહને કતલ કરી નાખ્યો છે.''

બેટાની વાત સાંભળીને તેની મા ભારે ખેદથી કહેવા લાગી, ''અફસોસ બેટા ! તેં દુરૈદને મારી નાખ્યો? આ વાતો તેણે એટલા માટે કહી કે તું તેના ઉપકારોને યાદ કરતે પણ તું સમજી શક્યો નહિ. અલ્લાહના સોગંદ! એજ દુરૈદે તારી માંયોને ત્રણ વખત આઝાદ કરાવી હતી.'' (મને, તારી નાનીને, તારી દાદીને.)

દુરૈદ બિન સિમ્મહની બેટી————ઈબ્ને ઈસ્હાક કહે છે: દુરૈદ બિન સિમ્મહની બેટીનું નામ અમ્રહ બિન્તે દુરૈદ હતું. લોકોના મુખે બાપની કતલના સમાચાર સાંભળીને બોલી :

કાલૂ કતલ્ના દુરૈદન કુલ્તુ કદ્ સદકૂ • ફઝલ્લ દમ્ઈ અલસ-સિરબાલે યન-હદિરુ.

લોકોએ કહ્યું, અમે દુરૈદને મારી નાખ્યો. મેં કહ્યું, તમે સાચું જ કહો છો. એ પછી અશ્રુઓ ધસી-ધસીને મારા પોશાકને તર કરવા લાગ્યાં.

અમ્રહ બિન્તે દુરૈદે પોતાના બાપના વિલાપમાં આ શેઅરો પણ કહ્યા :

ફ-રૂબ્બ અઝીમતિન દાફઅ-તા અન્હુમ • વકદ્ બલગત નફૂસુહુ - મુત-તરાકી.

દુરૈદ ! તમે કેટલી મોટી-મોટી મુસીબતોમાં તેઓનો બચાવ કર્યો જ્યારે કે તેઓનો જીવ તાળવે આવી જતો હતો.

વ રૂબ્બ કરીમતિન અઅતક-તા મિન્હુમ • વ ઉખિરા કદ્ ફ-ક-ક-તા મિનલ-વસાકી.

અને તેઓની કેટલી યે શરીફઝાદીઓ હતી જેણીઓને તમે આઝાદ કરાવી અને તેઓની કેટલીય મહિલાઓ હતી જેણીઓને તમે કેદની સાંકળોથી મુકિત અપાવી.

વ રૂબ્બ મુનવ-વતિન બિકા મિન સુલૈમિન • અજબ-તા વકદ દઆકા બિલા રમાકી.

અને બનૂ સુલૈમના લોકોમાં કેટલાયે એવા ગૃહસ્થો હતા જેઓ તમને તરેહ-તરેહના ઈલકાબથી બોલાવતા હતા. તમે તેઓની હાકલ પર તેજ વેળા લબ્બૈક પોકારી જ્યારે કે તેઓનો દમ નીકળી રહયો હતો.

ઈબ્ને હિશામ કહે છે : લોકોનું કહેવું છે કે દુરૈદને કતલ કરનાર ગૃહસ્થનું નામ અબ્દુલ્લાહ બિન કુનૈઅ બિન ઉહબાન બિન સઅલબા બિન રબીઅહ હતું.

હઝરત અબૂ આમિરની શહાદત————ઈબ્ને ઈસ્હાક કહે છે : જે મુશરિકો જાન બચાવીને અવતાસ તરફ નાઠા તેઓની પૂંઠે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબુ આમિર અશઅરીને એક

Maktabe Ashraf

લશ્કરી ટુકડી સાથે દોડાવી દીધા. રસ્તામાં અબૂ આમિરે કેટલાક ભાગતા લોકોને આંતરી લીધા. ભાગતા લોકો પાછા જન પર આવીને મુકાબલા માટે તૈયાર થયા. બંને પક્ષો એક બીજાથી દૂર રહીને સામસામે તીરો વરસાવવા લાગ્યા. અચાનક એક તીર દુશ્મન તરફથી આવીને હઝરત અબૂ આમિરને ભોંકાયું જેના સદમાથી તેઓ ત્યાં જ શહીદ થઈ ગયા. ઝંડો એમના કાકાભાઈ હઝરત અબૂ અશઅરીએ ઉપાડી લીધો અને લડાઈ ચાલુ રાખી. નતીજા રૂપે અલ્લાહ તઆલાએ એમને ફતેહ અને દુશ્મનને શિકસ્ત આપી દીધી.

લોકોનું કહેવું છે કે જે શખ્સે હઝરત અબૂ આમિરને તીરથી શહીદ કર્યા તે દુરૈદ બિન સિમ્મહનો બેટો સલમહ બિન દુરૈદ હતો. એનું તીર પ્રચંડ વેગથી આવીને એમના ઘૂંટણમાં ખૂંપી ગયું હતું. જેનાથી એ બચી ન શક્યા. તે વેળા સલમહ બિન દુરૈદ લલકારતો હતો :

ઇન તસ્અલૂ અન્ની ફ-ઇન્ની સલમહ • ઇબ્નુ સમાદીર લિમન તવસ-સમહ.

અદરિબ બિસ - સૈફિ રઊસુલ મુસ-લિમહ.

જો તમારે જાણવું હોય કે હું કોણ છું તો પોતે બતાવું છું. હું સમાદીરનો બેટો સલમહ છું. દલીલ માગનાર માટે આટલું બસ છે કે હું મારી તલવારથી મુસલમાનોનાં ડોકાં ઉડાવી દેનારો વીરનર છું. સમાદીર સલમહની માનું નામ છે.

શહાદતને લગતી બીજી રિવાયત——————ઇબ્ને હિશામ કહે છે : ભરોસાદાર જાણકારી તરફથી મને મળેલી માહિતી મુજબ અવતાસના રમખાણમાં હઝરત અબૂ આમિર શહીદ થઈ ગયા તેનો બનાવ એમ છે કે એમનો મુકાબલો એવા દસ મુશરિકો સાથે થયો જેઓ આપસમાં એકબીજાના ભાઈ હતા.હઝરત અબૂ આમિરે એક પછી એક એમાંના નવ ભાઈઓને કતલ કરી નાખ્યા. દરેક સાથે મુકાબલો કરવા પહેલાં અબૂ આમિર તેને ઈસ્લામનું આમંત્રણ આપતા અને બારગાહે-ઈલાહીમાં યાચના કરતા, "હે અલ્લાહ ! તું ગવાહ રહેજે !"એ પછી હાથોહાથનો મુકાબલો કરીને તેને કતલ કરી નાખતા.

છેલ્લે દસમો ભાઈ રહી ગયો તો નિયમ મુજબ તેને પણ ઈસ્લામનું આમંત્રણ આપ્યું અને યાચના કરી, "હે અલ્લાહ ! તું ગવાહ રહેજે !" પછી તેને યુધ્ધનો પડકાર ફેંક્યો, તો તે બોલી ઊઠયો, "હે અલ્લાહ! તું મુજ પર ગવાહ ના રહેજે !"

તેના આ શબ્દો સાંભળીને હઝરત અબૂ આમિરે તેને કતલ કરવાનું માંડી વાળ્યું. આ કારણે એ ભાઈ બચી ગયો અને બાદમાં એણે ઈસ્લામ સ્વીકારી લીધો અને પાકો મુસલમાન બની ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે પણ એને જોતા તો ફરમાવતા, "એ અબૂ આમિરના ઝપાટાથી બચેલો યાદગાર માણસ છે !"

આ માણસને જતો કર્યો એજ દરમિયાન બનૂ જુશમ બિન મુઆવિયાના કુટુંબમાંથી હારિસના બે પુત્રોએ હઝરત અબૂ આમિર પર એકસાથે તીરો ચલાવી દીધાં. હારિસના એક પુત્રનું નામ અલાઅ અને બીજાનું નામ અવફા હતું. એક તીર હઝરત અબૂ આમિરના દિલમાં ઊતરી ગયું અને બીજું તેમના ઘૂંટણમાં ખૂંપી ગયું. બંને તીરો જીવલેણ નીવડયાં અને હઝરત અબૂ આમિર શહીદ થઈ ગયા. એમના શહીદ થતાં જ હઝરત અબૂ મૂસા અશઅરીએ આગળ વધીને ઝંડો ઉપાડી લીધો અને દુશ્મન સાથેનો મુકાબલો ચાલુ રાખ્યો ત્યાં સુધી કે પેલા બંને ભાઈઓ- અલાઅ અને અવફા પર ત્રાટકીને બંનેને કતલ કરી નાખ્યા.

Maktabe Ashraf

મુશરિકોના ભાગેડુ સરસાલારની કહાણી————ઈબ્ને હિશામ કહે છે : મને એવી માહિતી પણ મળવા પામી કે દુશ્મનનો પરાજય થતાં તેઓનો સરસાલર માલિક બિન ઔફ નસરી પોતાના કેટલાક સવારો સાથે જીવ લઈને નાઠો અને એક સલામત સ્થળે પહોંચીને એક ટેકરા પર ચઢી ગયો અને પોતાના સવારોને કહેવા લાગ્યો, "તમે બધા અહીં થોભો. આપણા ઘણા ઘવાયેલા અને નબળા સાથીઓ આપણી પાછળ આવી રહ્યા છે તેઓની રાહ જુઓ."

થોડી વારે કેટલાક સવારો સામેથી આવતા દેખાવા લાગ્યા. માલિકે પોતાના સાથીઓને પૂછ્યું, "તમને શું દેખાય છે ?"

તેઓ બોલ્યા, "અમે એવા લોકોને આવતા જોઈએ છીએ જેઓએ પોતાના ભાલા પોતાના ઘોડાઓના બંને કાનોની વચ્ચે લાંબા કરીને મુકેલા છે."

માલિક બોલ્યો, "એ બનૂ સુલેમના સૈનિકો છે એમનાથી ડરવાની જરૂર નથી."

થોડીવારે બનૂ સુલેમના ભાગતા સૈનિકો તેઓની સામેથી પસાર થઈને ખીણના નીચેના ભાગ તરફ ઊતરી ગયા. એટલામાં સામેથી બીજા કેટલાક સવારો આવતા એમને દેખાયા. માલિકે પોતાના સાથીઓને પૂછયું, "તમને શું દેખાય છે ?"

સાથીઓ બોલ્યા, "એવા સવારો જેઓએ પોતાના ભાલા ઊંચે તાણેલા છે."

માલિક બોલ્યો, "એ ઔસ અને ખઝરજના લોકો છે. એમનાથી પણ ખોફ ખાવાનું કોઈ કારણ નથી."

આ લોકો પણ એજ રસ્તેથી પસાર થઈને ચાલ્યા ગયા એટલામાં સામેથી એક સવાર એકલો આવી રહેલો દેખાયો. માલિકે પોતાના સાથીઓને પૂછ્યું, "તમે શું જુઓ છો ?"

સાથીઓ બોલ્યા, "એક એવો સવાર જેની ટાંગો બહુ લાંબી છે. જેણે ભાલો ખભે ભેરવેલો છે. જેણે માથે લાલ પટ્ટી બાંધેલી છે."

માલિક બોલ્યો, એ ઝુબૈર બિન અવ્વામ છે. હું લાતના સોગંદ ખાઈને કહું છું, એ જરૂર તમારી સાથે બાખડી પડશે. માટે આવતાં જ એને ઢોળી પાડશો."

જ્યારે હઝરત ઝુબૈર બિન અવ્વામ ઘાટીની નીચે આવી લાગ્યા તો આ લોકો ઓચિંતા તેમની ઉપર તૂટી પડ્યા. હઝરત ઝુબૈરે પણ ભાલો તાણી લઈને બહાદુરીથી એમનો મુકાબલો કર્યો અને છેવટે એમાંના દરેકને જાન બચાવીને ભાગી જવું પડ્યું.

નબળાઓને કતલ કરવાની મનાઇ————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ સઅદ બિન બકના કેટલાક જાણકારોએ મને કહ્યું કે જંગે-હુનૈન પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ એક સ્ત્રીના મુદદાં પાસેથી પસાર થયા જેને હઝરત ખાલિદ બિન વલીદે કોઈ ચોક્કસ કારણે કતલ કરી નાખી હતી. અને લોકોનું ટોળું ત્યાં એકઠું થયેલું હતું.

આપે પૂછ્યું, "મા હાઝા ?" આ શું છે ?

લોકોએ કહ્યું, "એક સ્ત્રીનો મૃતદેહ પડેલો છે. ખાલિદ બિન વલીદે એને કતલ કરી છે."

આપે નઝદીક ઊભેલા એક માણસને ફરમાવ્યું, "જઈને ખાલિદને મળો અને મારો આ હુકમ પહોંચાડો

કે અલ્લાહના રસૂલ તમને કોઈ સ્ત્રીને, કોઈ બાળકને, કોઈ મઝદૂરને કતલ કરવાની મના ફરમાવે છે.''

દૂધ-બહેન શૈમાની ગિરિફતારી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ સઅદ બિન બકના કેટલાક વડીલોએ મને કહ્યું કે, જંગે - હુનૈન વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું હતું, ''જુઓ બનૂ સઅદ બિન બકનો [1] બજાદ નામે માણસ તમારા કબજામાં આવે તો તે છટકવા નહિ પામે. એણે એક મોટી ગુમરાહી ફેલાવી હતી.

છેવટે મુસલમાનોએ આ બજાદ નામના માણસને પકડી પાડ્યો. પછી તેને અને તેના બાલબચ્ચાંઓને અને શૈમા નામે ખાતૂનને ગિરિફતાર કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઈ જવા લાગ્યા. આ શૈમા ખાતૂન, હારિસ બિન અબ્દુલ-ઉઝઝા તથા બીબી હલીમહના બેટી હતાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધ બહેન થતાં હતાં. એ બધાને કેદી તરીકે લઈ જતી વેળા મુસલમાન ફોજીઓ એમની સાથે કંઈક કડક વર્તાવ કરતા હતા.

શૈમા ખાતૂને તેઓને કહ્યું પણ ખરું કે, ''હે મુસલમાનો ! સાંભળો, અલ્લાહના સોગંદ ! હું તમારા સાહેબ એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દૂધ બહેન થાઉં છું.''

પરંતુ મુસલમાન ફોજીઓએ શૈમા ખાતૂનની વાત તરફ ઝાઝું ધ્યાન આપ્યું નહિ અને એ બધાને લઈ જઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરી દીધાં.

દૂધ-બહેન, દૂધ-ભાઈના દરબારમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને બનૂ સઅદવાળા યઝીદ બિન ઉબૈદ સઅદીએ કહ્યું કે, જ્યારે શૈમા ખાતૂનને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરવામાં આવ્યાં તો શૈમા ખાતૂને કહ્યું, ''હે મુહંમદ ! હું તો તમારી દૂધ-બહેન થાઉં છું.''

''બહેન હોવાની કોઈ નિશાની ?'' આપે ફરમાવ્યું.

''જી હા નિશાની મવજૂદ છે.'' શૈમા ખાતૂન બોલ્યાં.

''કહો શું છે ?'' આપે પૂછ્યું.

''મારા ખભા પર દાંતથી કરડવાની નિશાની આજે પણ મવજૂદ છે.'' શૈમા ખાતુન બોલ્યાં, ''જુઓ યા રસૂલલ્લાહ ! એ આપના દાંતોનું તે નિશાન છે જ્યારે કે આપના બચપનમાં મેં આપને મારી ગોદમાં ઉપાડેલા હતા.''

રાવીનું બયાન છે : શૈમાની વાત સાંભળતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બચપણના યુગની એ નિશાની યાદ આવી ગઈ. [2] તરત આપે પોતાની મુબારક ચાદર જમીન પર પાથરી દીધી. પોતાના દૂધ-બહેન શૈમા ખાતૂનને માનપાનથી તેની ઉપર બેસાડ્યાં અને ફરમાવ્યું,

''હે મારા માનવંતા બહેન ! તમારી ઈચ્છા હોય તો મારા સંગાતે રહો, માન-ઈકરામથી તમને રાખવામાં આવશે અને જો પોતાની કૌમ સાથે રહેવાની ઈચ્છા હોય તો તેનો પણ વાંધો નહિ. હું તમારા લાભની વસ્તુઓ

---

૧. બનૂ સઅદ બિન બકનો કબીલો બનૂ હવાઝિનનો એક ફાંટો હતો. બનૂ સઅદના લોકો પણ આ લડાઈમાં જોડાયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બચપનમાં બનૂ સઅદ કબીલામાં હઝરત બીબી હલીમહનું દૂધ ધાવ્યું હતું અને બીબી હલીમહના બેટી શૈમા ખાતૂને આપને રમાડયા હતા. ''હ''

૨. આ યાદગાર બનાવને પચાસ વધારે વરસોના વહાણા વીતી ગયાં હતા. ''હ''

આપીને માનપાનથી તમને રૂખ્સત કરીશ."

જવાબમાં શૈમા ખાતૂન અદબથી બોલ્યાં, "યા રસૂલલ્લાહ ! હું મારી કૌમ સાથે રહેવા રાજી છું. આપ જે કંઈ લાભની વસ્તુઓ આપવાના હો તે આપીને મારી કૌમમાં મને રૂખ્સત કરી દો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કેટલીક લાભની વસ્તુઓ શૈમા ખાતૂનને ભેટ સોગાતમાં આપીને આંસુભીની આંખે રૂખ્સત કર્યાં.

બનૂ સઅદના લોકોનું કહેવું છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ શૈમા ખાતૂનને હદિયામાં કેટલાંક ઊંટ બકરાં ઉપરાંત એક ગુલામ આપ્યો જેનું નામ મકહૂલ હતું અને એક લૌંડી આપી. શૈમા ખાતૂને બંનેની શાદી કરાવી દીધી જેનાથી તેઓની નસલ ચાલી અને એ નસલના લોકો આજે પણ હયાત છે.

કલામે-પાકમાં હુનૈનનું બયાન————ઈબ્ને હિશામ કહે છે : અલ્લાહ તઆલાએ જંગે-હુનૈન સંબંધી કુર્આને-મજીદમાં આ આયત નાઝિલ કરી :

લકદ નસરે કુમુલ્લાહુ	બેશક તમારી મદદ કરી અલ્લાહ તઆલાએ,
ફી મવાતિન કસીરતિંવ	અનેક પ્રસંગોએ.
વ યવમ હુનૈનિન.	અને હુનૈનના દિવસે પણ
ઈઝ અઅ-જબત-કુમ કસ્રતુ કુમ	જ્યારે કે તમે ફૂલાઈ ગયા હતા પોતાની બહુમતી પર
ફલમ તુગનિ અન્કુમ શૈઅ:.	પણ એ તમારા કશા કામમાં આવ્યું નહિ,
વદાકત અલૈકુમુલ-અર્દુ	અને તંગ બની ગઈ તમારા ઉપર જમીન,
બિમા રહુબત.	તેની વિશાળતા છતાં.
સુમ્મ વલ્લૈતુમ મુદબિરીન.	પછી તમે ભાગી ઊઠયા પૂઠ ફેરવીને.
સુમ્મ અન્ઝલલ્લાહુ સકીનતહૂ	પછી ઉતારી અલ્લાહએ પોતાની ખાસ શાંતિ,
અલા રસૂલિહી વ અલલ-મુઅમિનીન.	તેના રસૂલ પર અને મુસલમાનો પર.
વ અન્ઝલ જુનૂદલ-લમ તરવ-હા.	અને મોકલ્યું એવું લશ્કર જેને તમે જોતા ન હતા.
વ અઝ-ઝબલ - લઝીન કફરૂ	અને શિક્ષા આપી કાફિરોને
વ ઝાલિક જઝાઉલ-કાફિરીન.	અને એજ શિક્ષા છે કાફિરોની. [૧]

(**સંપાદકની નોંધ**————જંગે-હુનૈનમાં હવાઝિનના અચાનક આક્રમણથી શરૂઆતમાં મુસલમાનોના પગ ઊખડી ગયા અને તેઓમાં ભાગદોડ મચી ગઈ એનું કારણ કુર્આને-મજીદની ઉપર ટાંકેલી આયતોમાં આ રીતે દર્શાવવામાં આવ્યું : "વ યવમ હુનૈનિન ઈઝ અઅ - જબત - કુમ કસ્રતુ - કુમ." અર્થાત : હુનૈનના દિવસે જ્યારે કે તમે પોતાની બહુમતી કે સંખ્યાબળ પર ફુલાઈ ગયા હતા.

જંગે હુનૈનથી પહેલાં જેટલી લડાઈઓ થઈ તેમાં ઈસ્લામી લશ્કરની સંખ્યા ૧૨ હજાર જેટલી કદી થઈ ન હતી. આજે પ્રથમવાર ૧૨ હજારનું વિરાટ લશ્કર સાધનસામગ્રીથી સજ્જ થઈને ભારે દબદબાથી હુનૈન તરફ રવાના થયું હતું. ૧૨ હજારની સંખ્યા પર ફુલાઈને મક્કહના કેટલાક જોશીલા જવાનો તરંગોમાં પોકારી ઊઠયા હતા, "આજે કોણ છે જે અમને પરાજય આપી શકે ? આજે કોણ છે જે અમારા પર વિજય મેળવી શકે?"

૧. સૂરએ-તવબહ આયત ૨૫-૨૬

આ શબ્દો ઉચ્ચારતી વેળા તેઓ ભૂલી ગયા કે જંગે-બદ્રમાં ૩૧૩ની નજીવી સંખ્યામાં હોવા છતાં માત્ર અલ્લાહની મદદથી તેઓએ એક હજારના સાધનસામગ્રીવાળા બળવાન લશ્કર પર વિજય મેળવ્યો હતો. જંગે-ખન્દક વેળા અરબ કબીલાઓના ધાડેધાડાં મદીનહની તારાજી માટે તૂટી પડયાં હતાં. ત્યારે પણ ફક્ત અલ્લાહની જ મદદથી દુશ્મનના નાપાક મનસૂબા ધૂળભેગા થઇ ગયા હતા. આજે અલ્લાહની મદદને બદલે તેઓની નજર પોતાની બહુમતી કે સંખ્યાબળ પર ચાલી ગઈ. બસ એજ વાત બારગાહે-ઈલાહીમાં નાપસંદ ઠરી ગઈ જેથી ફરમાવવામાં આવ્યું : "ફલમ તુગનિ અન્કુમ શયઆ." એટલે તમારૂં સંખ્યાબળ તમારા કશા કામમાં નહિ આવ્યું. જેનો નતીજો આ નીકળ્યો : "વદાકત અલૈકુમુલ-અર્દુ બિમા રહુબત" એટલે જમીન તેની વિશાળતા છતાં તમારા પર તંગ બની ગઈ અને : સુમ્મ વલ્લય - તુમ મુદ - બિરીન."પછી તમે ભાગી ઊઠયા પીઠ ફેરવીને.

મક્કહના જવાનોની આગલી સફોમાં ભાગદોડ મચી જવાથી પાછલી સફોમાં પણ અફરા તફરી મચી ગઈ. એ પછી હઝરત અબ્બાસ રદિયલ્લાહુ અન્હુની હાકલ સાંભળીને લોકો પલટી-પલટીને આવવા લાગ્યા અને પોતાની જાનોને હથેલી પર લઇને દુશ્મનો પર તૂટી પડયા તો એજ પળે અલ્લાહની ગૈબી મદદ આવી લાગી જેનું બયાન ઉપરની આયતમાં આ રીતે થયું છે : "વ અન્ઝલા જુનૂદલ-લમ તરવ-હા." એટલે મોકલ્યું એવું લશ્કર જેને તમે જોઈ શકતા ન હતા. એ અલ્લાહ તઆલાના પાંચ હજાર ફરિશ્તાઓનું આકાશી લશ્કર હતું જેને જોતાં જ દુશ્મનોના હાંજા ગગડી ગયા અને તેઓના લશ્કરમાં નાસો-ભાગોની ધમાચકડી મચી ગઇ. રિવાયતોમાં છે કે દુશ્મનના ૭૦ જેટલા માણસો કતલ થયા જેમાં હઝરત અબૂ તલહા અન્સારીએ એકલાએ ૨૦ કાફિરોને કતલ કર્યા અને દુશ્મનના ૬ હજાર સૈનિકો કેદ પકડાયા. ગનીમતના માલમાં જે કંઇ મળ્યું તેની વિગત આગળ આવે છે. સંપાદકનું લખાણ પૂરૂં થયું.)

શહીદ થનારાઓના મુબારક નામો————ઇબ્ને ઇસ્હાક કહે છે : આ એવા મુસલમાન મુજાહિદોના નામો છે જેઓ જંગે-હુનૈનમાં શહીદ થઇ ગયા :

- કુરૈશની શાખ બનૂ હાશિમના ખાનદાનમાંથી : હઝરત અયમન બિન ઉબૈદ (બીબી ઉમ્મે-અયમનના પુત્ર)
- બનૂ અસદ બિન અબ્દુલ-ઉઝઝામાંથી : હઝરત યઝીદ બિન ઝમઅહ બિન અસવદ બિન મુત્તલિબ બિન અસદ. એમની શહાદત એવી રીતે થઇ કે એમના જુનાહ નામના ઘોડાએ તોફાને ચઢીને એમને પાડી નાખ્યા. દુશ્મને આ તકનો લાભ લઇને એમને શહીદ કરી નાખ્યા.
- અન્સારના કબીલા બનૂ અજ્લાનમાંથી : હઝરત સુરાકહ બિન હારિસ બિન અદી.
- બનૂ અશઅરમાંથી : હઝરત અબૂ આમિર અશઅરી (રદિયલ્લાહુ અન્હુમ.)

ગનીમતનો માલ અને યુધ્ધના કેદીઓ————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં લડાઈના કેદીઓને લાવવામાં આવ્યા અને ગનીમતનો માલ એકઠો કરવામાં આવ્યો. ગનીમતના માલની નિગરાની માટે હઝરત મસઊદ બિન અમ્ર ગિફારીની અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને હુકમ ફરમાવ્યો કે, "યુધ્ધના આ કેદીઓ અને ગનીમતનો માલ જિઅર્રાનહ સ્થળે લઇ જઇને તેની હિફાઝત કરવામાં આવે. "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ હુકમનું

Maktabe Ashraf

પાલન કરવામાં આવ્યું.

જંગે-હુનૈનને અનુસરીને હઝરત બુજેર બિન ઝુહેર બિન અબૂ સુલમી શાઇરે એક પ્રસંગોચિત કાવ્ય રચ્યું જેના બે શઅરો અહીં પ્રસ્તુત છે :

વલ્લાહુ અકરમના વ અઝહર દીનના • વ અ - અઝ - ઝના બિ - ઇબાદતર રહમાનિ.

અલ્લાહ તઆલાએ અમ મુસલમાનોને પ્રતિષ્ઠા આપી અને અમારા સત્યધર્મને વર્ચસ આપીને ઊંચો કર્યો અને રહમાનની બંદગીએ અમને માનઆબરૂવાળા બનાવી દીધા.

વલ્લાહુ અહલક હુમ વ ફર્રક જમ્અહુમ • વ અઝલ - લહુમ બિ - ઇબાદતિશ - શયતાનિ.

એથી ઊલટું અલ્લાહ તઆલાએ કુફ્ફારને હલાક કર્યા અને તેઓના લશ્કરને છિન્નભિન્ન કરી નાખ્યું અને શયતાનની પૂજા કરવાને કારણે તેઓ ઝલીલો-ખ્વાર બની ગયા.

(નોંધ : એ પછીના પૂરા બે પ્રકરણોના ૨૮ પાનાઓમાં શાઇરોએ રચેલા કાવ્યો ટાંકવામાં આવ્યાં છે. અમે એ બધાં કાવ્યો જતા કર્યાં છે.)

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૨

તાઈફનું યુધ્ધ

પરાજિત સૈન્યનું તાઈફમાં સંગઠન ● હઝરત કઅબનો કસીદો ● તાઈફના પ્રવાસની મંઝિલો ● જંગે-તાઈફમાં પાક બીબીઓ ● મિન્જનીકનો ઉપયોગ ● તાઈફમાં વસેલી મક્કહની કન્યાઓ ● રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ ● તાઈફનો ઘેરો ઉઠાવી લેવાનું ફરમાન ● જિહાદમાં આવનાર મુનાફિકનો હેતુ ● સકીફના આઝાદ થયેલા ગુલામો ● કેદીને બદલે કેદી ● તાઈફમાં શહીદ થયેલા સહાબા ● સકીફ માટે બદ-દુઆની દરખાસ્ત.

પરાજિત સૈન્યનું તાઈફમાં સંગઠન————ઈબ્ને ઈસ્હાક કહે છે :અને જ્યારે સકીફ કબીલાના, શિકસ્ત ખાઈને, જાન બચાવીને નાઠેલા સૈનિકો તાઈફ પાછા આવી ગયા તો તેઓએ પોતાના શહેરની ફસીલ એટલે નગરકોટના ફાટક બંધ કરી લીધા અને લડાઈની તૈયારીઓની ખટપટમાં લાગી ગયા. (પરાજિત સૈન્યનો સરસાલાર માલિક બિન ઔફ નસરી પણ એમની સાથે હતો.)

હુનૈનના યુધ્ધમાં તાઈફના બળવાન સકીફ કબીલાના બે મોટા સરદારો ગેરહાજર રહ્યા હતા. એમાંથી એક સકીફ કબીલાનો સૌથી મોટો સરદાર ઉર્વહ બિન મસઊદ સકફી હતો અને બીજો ગયલાન બિન સલમહ નામે ગૃહસ્થ હતો. જંગે-હુનૈન વેળા એ બંને ગૃહસ્થો મુલ્કે-યમન ગયા હતા. યમનના જુરશ કે જુર્શ નામે શહેરમાં એ દેશનું લશ્કરી મથક આવેલું હતું. બંને ગૃહસ્થો જુરશના લશ્કરી મથકમાં "દબ્બાબહ", "મિન્જનીક" અને "દબ્ર" જેવા લડાઈના હથિયારોની ખાસ તઅલીમ લેવા માટે ગયા હતા. જંગે હુનૈન પછી રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તાઈફ શહેરને ઘેરો નાખ્યો ત્યારે પણ એ બંને ગૃહસ્થો ત્યાં હાજર ન હતા.

(સંપાદકની નોંધ : દબ્બાબહ,મિન્જનીક અને દબ્ર તે વેળા અરબો માટે લડાઈના નવાં હથિયારો હતાં. દબ્બાબહ લડાઈ વેળા સ્વરક્ષણ માટે ઉપયોગમાં લેવાતું એક શસ્ત્ર હતું. મજબૂત અને નક્કર લાકડાંના ખોખા પર જાડું ચામડું મઢીને તઅલીમ પામેલો સૈનિક તેમાં ભરાઈને સુરક્ષિત રીતે કિલ્લાની દીવાર સુધી પહોંચી જતો હતો અને દીવારમાં ગાબડું પાડીને કિલ્લાના ફાટક ખોલી નાખતો હતો. આજની ટેન્ક જેવું પૈડાંવાળું હથિયાર.

મિન્જનીક અથવા મન્જલીક : બહુ મોટી ગોફણ કે જેતર જેવું એક હથિયાર જેમાં પથ્થરના ગોળા ભરીને તોપ પેઠે દુશ્મન તરફ ફેંકવામાં આવતા હતા.[૧]

---

૧. ડિક્શનરીઓમાં મિન્જનીક શબ્દના જુદા જુદા ઉચ્ચારો લખેલા છે. : મન્જનીક, મિન્જનીક, મુન્જનીક, મન્જલીક. "હ"

Maktabe Ashraf

દબ્બ અથવા દબૂર : સફબંદી કરીને દુશ્મન તરફ ધસારો કરતી વેળા સ્વબચાવનો એક તરીકો હતો. ચામડાના મજબૂત થેલા જેવી લાંબી-પહોળી નક્કર ચાદરમાં ભૂસું ભરીને અથવા તો પાટિયાં તથા ઢાલોને એકમેક સાથે જોડીને સ્વરક્ષણ માટે બનાવેલી દીવાર જેના ઓથામાં કિલ્લા સુધી પહોંચી જવાતું હતું. તાઇફના બે અગ્રણીઓ ઉર્વહ બિન મસઊદ અને ગયલાન બિન સલમહ જંગે હુનૈન વેળા ખાસ આ હથિયારો ચલાવવાની કળા શીખવા માટે મુલ્કે-યમનના જુરશ નામે શહેરમાં ગયા હતા. તાઇફ શહેરના ઘેરા દરમિયાન આ હથિયારોથી તેઓએ મુસલમાનોને મોટું નુકસાન પહોંચાડયું હતું. (ગુજરાતી સંપાદકની નોંધ પૂરી થઇ.)

હઝરત કઅબનો કસીદો————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-હુનૈનથી પરવારી ગયા તો આપ પોતાનું લશ્કર લઇને તાઇફ તરફ રવાના થઇ ગયા. આપે તાઇફ તરફ ઊપડવાનો ઇરાદો કર્યો તો હઝરત કઅબ બિન માલિકે એક કસીદો રચ્યો. તેના કેટલાક શેઅરો આ છે :

કઝૈના મિન તિહામતા કુલ્લ રૈબિન • વ ખૈબરા સુમ્મ અજમઅ-નસ-સુયૂફા.

ખૈબર અને તિહામહથી દરેક શંકાને ખંખેરીને અમે બધી તલવારો એક સ્થળે ભેગી કરી દીધી કે જેથી એ તલવારો હવે આરામ કરે અથવા વિસામો લે.

નુખૈય - યરુહા વ લવ નતકત લિ-કાલત • કવાતિઉ - હુન્ન દવસન અવ સકીફા.

એની સાથે જ અમે એ તલવારોને અધિકાર આપી દીધો કે તેઓની ઇચ્છા હોય તો આરામ કરે અને મરજીમાં આવે તો દુશ્મનનો મુકાબલો કરે. જો એ તલવારોમાં બોલવાનું બળ હોત તો, શત્રુઓને કાપી-કાપીને ફેંકી દેનારી એ તલવારો બોલી ઊઠત કે, ''હવે દૌસ અને સકીફના લોકો તરફ બઢો !''

ક - અમસાલિલ - અકાઇકે અખ્લસત - હા • કુયૂનુલ - હિન્દે લમ તુદરબ કતીફા.

આ તલવારો વીજળીના કિરણો કે ઝબકારાઓ જેવી હતી. જેને હિન્દુસ્તાનના કારીગરોએ શુધ્ધ લોખંડથી બનાવી હતી. એ તલવારો બારણાના ઉંબરો જેવી બેઢંગી કે જાડી બનાવેલી ન હતી.

તખાલુ જદીય - યતિલ અબતાલે ફીહા • ગદાતઝ - ઝહફે જાદીય્યન મદૂફા.

લડાઇને દિવસે ભલાભલા વીરનરોના લોહીના રેલાઓ એ તલવારો પર વહી ગયા છે. તમને એવું લાગશે કે એમાં ઝાફરાનની મેળવણી કરી દેવામાં આવી છે. અર્થાત : એ તલવારો દુશ્મનોના તાજા લોહીના રંગે રંગાયેલી છે.

રઇસુ - હુમુન - નબીય્યુ વ કાના સુલ્બન • તકીય્યલ - કલ્બે મુસ-તબિરન અઝૂફા.

અમારા લશ્કરના સિપહસાલાર નબીયે-કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ છે જેઓ કરોડ-રજ્જુના મણકા સમાન છે. જેઓ શુધ્ધ મનના, અતિશય ધીરજવાન અને એકદમ પવિત્ર જીવન ગુજારનારા છે.

રશીદલ - અમ્રે ઝૂ-હુકમિન વ ઇલમિન • વ હિલ્મુ લમ યકુન નઝિકન ખફીફા.

સીધાસાદા મામલાના છે. નિર્ણયનું બળ ધરાવનારા છે. બહુ મોટા જ્ઞાની અને સહનશીલ છે. તોછડા સ્વભાવના કે જલદી ક્રોધમાં આવી જનારા નથી.

નુતીઉ નબીય્યના વ નુતીઉ રબ્બન • હુવર - રહમાનુ કાના બિના રઊફા.

અમે અમારા નબીનું અનુસરણ કરનારા લોકો છીએ. અને જગતના એવા પાલનહારના તાબેદાર લોકો

Maktabe Ashraf

છીએ જે મોટો કૃપાળુ છે અને અમારા પર બેહદ દયાળુ છે.

ફઈન તુલ્કૂ ઈલૈનસ-સલિમા નકબલુ • વ નજઅલ-કુમ લના અદ્‌દન વરીફા.

જો તમે સુલેહના પ્રયત્નો આદરશો તો અમે તેનો સ્વીકાર કરી લઈશું અને અમે તમને પોતાના બાહુઓ બનાવી લઈશું અને તમારી ફળદ્રુપ ધરતીનો લાભ ઉઠાવીશું.

વઈન તાબૂ નુજાહિદુ કુમ વ નુસબિર • વલા યકુ અમ્રુના રએશન દઈફા.

અને જો તમે ઈન્કાર કરો છો તો અમે તમારી સાથે જિહાદ કરીશું અને દરેક પ્રકારે તેને વેઠી લઈશું. પાણ અમારો મામલો નબળો કે ઢચુપચુ ન હશે.

બિ કુલ્લે મુહન - નદિન લૈન સકીલિન • નસૂકુ-હુમ બિહા સવકન અનીફા.

અમે અમારી દરેક સુંવાળી, લચકીલી, ચમકીલી, હિન્દી તલવારથી મુકાબલો કરીશું. આ તલવારો તેઓને, તેઓના નાક અને કાન સહિત દોરડીથી જકડીને અલ્લાહ અને તેના રસૂલ તરફ હંકારીને લઈ આવશે.

લિ-અમ્રિલ-લાહિ વલ-ઈસ્લામિ હત્તા • યકુમદ - દીના મુઅ-તદિલન હનીફા.

ત્યાં સુધી કે અલ્લાહનો દીને-ઈસ્લામ સંપૂર્ણ સમતુલા અને શુધ્ધીકરણ સાથે સીધેસીધો સ્થાપિત થઈ જાય.

વ તુન્સલ-લાત વલ-ઉઝઝા વ વદ્દુન • વ નસ્લુબુ - હલ - કલાઈદા વશ શુનૂફા.

અને ત્યાં સુધી કે લાત તથા ઉઝઝા તથા વદ્દ જેવા ભગવાનોને સદંતર વિસારી દેવામાં આવે અને અમે એ મૂર્તિઓના હાર, એરીંગ અને બીજાં આભૂષણો પણ આંચકી લઈએ ! [1]

તાઈફના પ્રવાસની મંઝિલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઈસ્લામી લશ્કર સાથે હુનૈનથી તાઈફ રવાના થયા તો પ્રથમ નખ્લહ યમાનિયહ, પછી કર્ન અને ત્યાંથી મુલૈહ સ્થળ વટાવતા લૈયહ વિસ્તારના "બુહ-રતુર-રુગાઅ"નામના સ્થળે પધારીને પડાવ નાખ્યો. અહીં આપના માટે એક મસ્જિદ બનાવવામાં આવી અને એ મસ્જિદમાં આપે નમાઝો પઢી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે બુહ-રતુર-રુગાઅ મુકામે બિરાજમાન થયા તો અહીં આપે એક ખૂનના બદલામાં એક ખૂનીને કતલ કરાવ્યો. ઈસ્લામમાં ખૂનને બદલે ખૂનનો આ સૌથી પહેલો બનાવ હતો. બનૂ લૈસના એક માણસે હુઝૈલ કબીલાના એક માણસનું ખૂન કર્યું હતું. મરનારના બદલામાં એ ખૂનીને અહીં કતલ કરવામાં આવ્યો.

એજ સ્થળે દુશ્મન લશ્કરના સરસાલાર માલિક બિન ઔફ નસરીનો કિલ્લો આવેલો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માલિકના એ કિલ્લાને તોડી નાખવાનો હુકમ ફરમાવ્યો અને આપના એ હુકમનું પાલન કરવામાં આવ્યું. એજ વેળા એ કિલ્લો તોડી નાખવામાં આવ્યો.

અહીંથી આપે ઈસ્લામી લશ્કર સાથે "દયકહ" સ્થળ તરફ પ્રયાણ કર્યું. દયકહનો રસ્તો લેતી વેળા આપે એ રસ્તાનું નામ પૂછયું. કહેવામાં આવ્યું કે એનું નામ દયકહ છે. (દયકહના અર્થ તંગ, સાંકડું) આપે ફરમાવ્યું, "બલ હિયલ-યુસરા."એટલે એનું નામ દયકહ નહિ બલકે યુસરા છે. (યુસરા એટલે આસાન,

૧. બીજા શાઈરોના કાવ્યો પણ અહીં ટાંકવામાં આવ્યાં છે તે અમે જતાં કર્યાં છે. "હ"

સરલ.)

સારાંશ કે આ રસ્તેથી પસાર થઈને આપ "નખબ" સ્થળે પહોંચ્યા અને ત્યાંના એક ઝાડ હેઠળ આરામ લેવા બિરાજમાન થયા. આ ઝાડને લોકો "સાદિરહ" કહેતા હતા.ઝાડની બાજુમાં બનૂ સકીફના એક જમીનદારની માલિકીની વાડી આવેલી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વાડીના માલિકને કહેવડાવ્યું કે વાડી છોડીને નીકળી જા, કાં તારા દેખતાં અમે એને ખોદી કાઢીશું. તેણે નીકળી જવાની ઘસીને ના પાડી દીધી. એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વાડી ખોદી નાખવાનો હુકમ ફરમાવી દીધો.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લશ્કર સાથે આગળ વધીને તાઈફ શહેર પાસે પધાર્યા અને ત્યાંના એક સ્થળે પડાવ નાખીને બિરાજમાન થયા. અહીં આપના લશ્કર પર હુમલો કરવામાં આવ્યો અને આપના કેટલાક સહાબાને તીરોથી શહીદ કરી નાખવામાં આવ્યા.

આમ એવી રીતે બન્યું કે આપનું લશ્કર શહેરની ચાર દીવારી (નગરકોટ)ની લગોલગ થોભેલું હોવાથી દુશ્મનના તીરોની હડફટમાં હતું. ચાર દીવારીની અંદર ઘૂસવાનો કોઈ રસ્તો ન હતો. તાઈફવાળાઓએ કિલ્લેબંધ થઈને કોટના દરવાજા બંધ કરી દીધા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કેટલાક સહાબા શહીદ થઈ ગયા તો આપે પોતાનું લશ્કર તે મસ્જિદ પાસે ખસેડયું જે તાઈફમાં આજે પણ મવજૂદ છે. અહીં આપે લગભગ વીસ રાતો સુધી બિરાજમાન રહીને તાઈફનો ઘેરો ચાલુ રાખ્યો.

જંગે-તાઈફમાં પાક બીબીઓ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા પાક બેગમોમાંથી બે પાક બીબીઓ આ સફરમાં આપની સાથે હતાં.એમાંથી એક બીબીનું નામ હઝરત ઉમ્મે સલમહ બિન્તે અબૂ ઉમૈયહ હતું. બંને પાક બીબીઓ માટે બે તંબૂ ખડા કરેલા હતા. અહી પડાવ રહ્યો ત્યાં સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બંને તંબૂઓની વચ્ચેની જમીન પર નમાઝો પઢતા રહ્યા. પછી બાદમાં જયારે બધા તાઈફવાસીઓ મુસલમાન બની ગયા તો હઝરત અમ્ર બિન ઉમૈયહ બિન વહબ બિન મુઅત્તિબ બિન માલિકે બંને તંબૂઓની વચ્ચે જયાં આપ નમાઝ પઢતા હતા એ જમીન પર એક મસ્જિદ બંધાવી દીધી. એનું જ નામ મસ્જિદે-તાઈફ છે.

એ મસ્જિદમાં એક સ્તંભ હતો. લોકોનું કહેવું છે કે રોજ એક ખાસ સમયે એ સ્તંભમાંથી અવાજ સંભળાતો હતો. કોઈ એવો દિવસ ન હતો જયારે એ સ્તંભમાંથી અવાજ ન આવતો હોય. મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લગભગ વીસ રાતો સુધી તાઈફનો ઘેરો ચાલુ રાખીને તેઓ સાથે ખરાખરીનો જંગ ખેલ્યો. એ દરમિયાન બંને પક્ષ તરફથી એકમેક પર તીરોની દેમાર પણ ચાલતી રહી.

મિન્જનીકનો ઉપયોગ————ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કિલ્લામાં ભરાયેલા તાઈફવાસીઓ પર મિન્જનીક ગોઠવીને પથ્થરોની દેમાર પણ કરી. મને વિશ્વાસપાત્ર જાણકારો તરફથી કહેવામાં આવ્યું કે, ઈસ્લામમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પહેલા સિપહસાલાર છે, જેમણે દુશ્મન વિરૂધ્ધ મિન્જનીકનો ઉપયોગ કર્યો અને તેમાં પથ્થરો ભરીને તાઈફવાસીઓના કિલ્લા પર વરસાવ્યા.[૧]

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુનૈનથી તાઈફ જવા પહેલાં હઝરત તુફૈલ બિન અમ્ર દવસીને કેટલાક સહાબા સાથે ઝુલ-કફૈન નામે લાકડાની મૂર્તિના ખંડન માટે મોકલાવ્યા હતા. અને ફરમાવ્યું હતું કે ચોથા દિવસે તાઈફમાં આવીને અમને મળવું. હઝરત તુફૈલ દવસી પોતાની કોમમાં ગયા. મૂર્તિ અને મંદિરનું ખંડન કર્યું અને પોતાની કોમના ૪૦૦ માણસો સાથે ચોથા દિવસે તાઈફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચી ગયા. પોતાના વતનથી હઝરત તુફૈલ મિન્જનીક તથા દબ્બાબહ પોતાની સાથે લઈ આવ્યા હતા. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૬૨ હવાલો ઝુરકાની જિ.૩ પા. ૨૮) "દ"

Maktabe Ashraf

ઈબ્ને ઈસ્હાક કહે છે : તાઈફના કિલ્લા પર તીરંદાજીની સાથે પથ્થરવર્ષા ચાલુ રહી. એનો કોઈ નતીજો નહિ આવ્યો તો શહેરકોટ પાસે આવેલા "શદખહ" સ્થળે જંગ જામ્યો. અહીં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી કેટલાક સાહસવીરો દબ્બાબહમાં દાખલ થયા અને તેને ધકેલતા કોટની દીવાર પાસે પહોંચી ગયા અને કિલ્લામાં દાખલ થવા માટે કોટની દીવારમાં બાકોરૂં પાડવા લાગ્યા. એજ પળે સકીફના લશ્કરે આગમાં તપાવેલા લોખંડના ટુકડા મારવા માંડયા. લાચારીએ સાહસવીરોને દબ્બાબહમાંથી નીકળવું પડયું અને જયારે બહાર નીકળ્યા તો સકીફે એમની ઉપર બેફામ તીરોની વૃષ્ટિ કરી દીધી જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘણા સહાબા શહીદ થઈ ગયા.

આ પરિસ્થિતિ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તાઈફવાસીઓની વાડીઓમાં તૈયાર ઊભેલાં અંગૂરવૃક્ષોને કાપી નાખવાનો હુકમ ફરમાવ્યો. ઈસ્લામી લશ્કરે આપના હુકમનું પાલન કરતાં આજુબાજુના અંગૂરવૃક્ષોને કાપવાનું શરૂ કર્યું. એ જોઈને કિલ્લામાં ભરાયેલા તાઈફવાસીઓમાં ખળભળાટ મચી ગયો.

તાઈફવાસીઓએ પોતાની વાડીઓના અંગૂર વૃક્ષોને કપાતાં જોઈને કિલ્લામાંથી બૂમ મારીને કહ્યું, "હે મુહંમદ ! આપને અલ્લાહનો વાસ્તો, અમારી અને તમારી સગાઈનો વાસ્તો, અમારા ઝાડોને જતાં કરો. અમારા ઉપર દયા કરો !"

તાઈફમાં વસેલી મક્કહની કન્યાઓ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કૃપા રાહે તેઓની દરખાસ્ત મંજૂર ફરમાવી. તેઓના અંગૂરવૃક્ષોને કાપવાનું બંધ કરાવ્યું અને હઝરત અબૂ સુફયાન બિન હર્બ તથા હઝરત મુગીરહ બિન શુઅબહને વાટાઘાટ માટે તેઓ પાસે મોકલાવ્યા. બંને ગૃહસ્થોએ કિલ્લાની દીવાર પાસે જઈને બૂમ મારીને કહ્યું, "હે સકીફના લોકો ! પ્રથમ અમને રક્ષણ આપવાનું વચન આપો પછી અમે તમારી સાથે કંઈક વાતચીત કરીએ."

તેઓએ રક્ષણનું વચન આપ્યું તો બંને ગૃહસ્થો બોલ્યા, "સાંભળો આપણી વાટાઘાટમાં કુરૈશ અને બનૂ કિનાનહની ખાતૂનો પણ શામિલ થાય તેવી અમારી ઈચ્છા છે."

આ માગણી સાંભળીને તાઈફવાળા ચોંકીને વિચારમાં પડી ગયા. તેઓને ધાસ્તી પેઠી કે મક્કહની સ્ત્રીઓ પોતાના વતનના માણસોની વાતો સાંભળીને તેઓના ફંદામાં ન આવી જાય ! જેથી બોલ્યા, "તમારી આ માગણી અમને મંજૂર નથી."

બાદમાં મક્કહની ખાતૂનોએ પોતે પણ વાટાઘાટમાં હાજર થવાનો ઈન્કાર કરી દીધો.

મક્કહની ખાતૂનોમાં ખુદ અબૂ સુફયાન બિન હર્બની બેટી આમિનહ, તાઈફના સરદાર ઉર્વહ બિન મસઊદના હરમમાં હતી. ઉર્વહ બિન મસઊદ અબૂ સુફયાનનો દામાદ હતો અને ઉર્વહનો બેટો દાવૂદ એજ આમિનહની કૂખે પેદા થયો હતો.

ઈબ્ને હિશામ કહે છેઃ બીજી રિવાયત એવી છે કે અબૂ સુફયાન બિન હર્બની બેટીનું નામ મૈમૂનહ હતું અને તેના લગ્ન ઉર્વહ બિન મસઊદના પુત્ર અબૂ મુર્રહ સાથે થયા હતા. એજ મૈમૂનહની કૂખે દાવૂદનો જન્મ થયો જે અબૂ મુર્રહનો પુત્ર અને ઉર્વહનો પૌત્ર હતો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મક્કહની ખાતૂનોમાં ફિરાસિયહ બિન્તે સુવેદ બિન અમ્ર બિન સઅલબહ પણ હતી જેનો પુત્ર અબ્દુર-રહમાન બિન કારિબ હતો. વળી એક ફુકૈમિયહ ઉમૈમહ બિન્તે નસીઅ નામે ખાતૂન

પણ હતી જે ઉમૈયહ બિન કલફની બેગમ હતી.

તાઈફવાળાઓના ઈન્કાર છતાં હઝરત અબૂ સુફયાન તથા હઝરત મુગીરહએ મક્કહની એ ખાતૂનોને વાતચીતમાં ભાગ લેવાની કહેણ મોકલાવી તો ખાતૂનોએ પોતે પણ વાતચીતમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો ત્યારે તાઈફવાસીઓમાંથી ઈબ્ને અસ્વદ બિન મસઊદ નામના ગૃહસ્થે કહ્યું, "હે અબૂ સુફયાન ! હે મુગીરહ! તમે જે હેતુસર આવેલા છો તેમાંથી જે ઉત્તમ રસ્તો છે તે હું તમને નહિ બતાવું ?"

બંને ગૃહસ્થો બોલ્યા, "હા, કહો તે શું છે ?"

"જુઓ સાંભળો," ઈબ્ને અસ્વદે કહ્યું, "અમારા બાગ બગીચા જે રળિયામણી જમીનમાં આવેલા છે એની તમને ખબર છે. સાચું કહું તો તાઈફભરમાં એના જેવી ફળદ્રુપ, એના જેવી ફળદાયી, એના જેવી રસકસવાળી જમીન તમને બીજે ક્યાંયે નહિ મળે. અત્યારે મુહંમદ પોતાના લશ્કર સાથે એજ વાદીયે-અકીક નામે જમીન પર થોભેલા છે: જો તમારૂં લશ્કર અમારી આ કિંમતી જમીનને ખોદી કાઢે અને જમીન ઉજ્જડ બની જાય તો ફરીવાર કયારેય આ જમીન આબાદ થવાની નથી. એને આબાદ રાખવાનો એક જ રસ્તો છે. તમે મુહંમદ સાહેબ પાસે જઈને એ અંગે વાત કરો. જો તેમની ઈચ્છા હોય તો વાદીયે -અકીકની પૂરી મિલકત તેઓ પોતાને માટે કબૂલ કરી લે. અમે રાજીખુશીથી આપી દેવા તૈયાર છીએ. અને નહિ તો અમારી સાથેની સગાઈનો ખ્યાલ કરીને, અલ્લાહને રાજી કરવા ખાતર, અમારા માટે જ એને સલામત રહેવા દે. આખર મુહંમદ સાથે અમારી જે સગાઈ છે તે કોઈ છુપી વાત નથી."

લોકોનું કહેવું છે કે ઈબ્ને અસ્વદ બિન મસઊદની આ દરખાસ્ત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખોદકામ અટકાવી દીધું અને એ પૂરી જાયદાદ અસ્વદ બિન મસઊદના ખાનદાન માટે સલામત રહેવા દીધી.

રસૂલુલ્લાહ (સલ.)નો ખ્વાબ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને આ માહિતી પણ મળવા પામી કે તાઈફના ઘેરા દરમિયાન એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્ર સિદ્દીકને ફરમાવ્યું:

> "મેં ખ્વાબમાં જોયું કે માખણથી ભરેલો મોટો વાડકો હદિયા તરીકે મારી સામે રજૂ કરવામાં આવ્યો. અચાનક એક કૂકડો જાહેર થયો. તેણે વાડકામાં ચાંચ મારી તો વાડકાનું પૂરૂં માખણ જમીન પર ઢોળાઈ ગયું."

આપનો ખ્વાબ સાંભળીને અબૂબક્ર બોલ્યા, "યા રસૂલલ્લાહ ! મારૂં માનવું છે કે આ વેળાની જંગમાં આપ સકીફના લોકો તરફથી જે મેળવવા ઈચ્છો છો તેમાં કામયાબી મળવાની નથી."

આપે ફરમાવ્યું, "મારૂં પણ એવું જ માનવું છે."

તાઈફનો ઘેરો ઉઠાવી લેવાનું ફરમાન————તાઈફના ઘેરા દરમિયાન હઝરત ઉસ્માન બિન મઝઊનના બેગમ બીબી ખુવૈલહ બિન્તે હકીમ બિન ઉમૈયહ બિન હારિસહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયાં અને બોલ્યાં, "યા રસૂલલ્લાહ ! તાઈફની લડાઈમાં અલ્લાહ આપને ફતેહમંદ બનાવે તો સકીફના જે ખાનદાનોમાંથી એક ખાનદાનના ઝવેરાત-દાગીના ભેટ તરીકે મને આપવા મહેરબાની કરશો."

Maktabe Ashraf

આપે પૂછ્યું, "એ બે ખાનદાનો કોણ છે ?"

બીબી ખુવૈલહ બોલ્યાં, "એક બાદિયહ બિન્તે ગયલાન બિન મઝઊન બિન સલમહનું ખાનદાન અને બીજું ફારિઅહ બિન્તે ઉકૈલનું ખાનદાન."

તાઈફના બનૂ સ઼કીફ કબીલાની તાલેવંત બેગમોમાં આ બંને ખાનદાન પાસે સૌથી વધારે સોનું-ચાંદી અને ઝવેરાતના દાગીના હતા.

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે ખુવૈલહ ! જો અલ્લાહ મને સ઼કીફ સાથે જંગ કરવાની પરવાનગી નહિ આપે તો એ ઝવેરાત હું તમને કેવી રીતે આપી શકું ?"

આ વાત બીબી ખુવૈલહએ હઝરત ઉમર બિન ખત્તાબ આગળ રજૂ કરી તો હઝરત ઉમરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! શું આપે ખુવૈલહને આમ ફરમાવ્યું છે ?"

આપે ફરમાવ્યું, "હા બેશક મેં ખુવૈલહને આ વાત કહી છે."

હઝરત ઉમરે પૂછ્યું, "તો શું સ઼કીફ સાથે જંગ કરવાની આપને પરવાનગી નથી મળી ?"

આપે ફરમાવ્યું, "હા પરવાનગી નથી મળી."

"ત્યારે યા રસૂલલ્લાહ !" હઝરત ઉમરે કહ્યું, " અહીંથી કૂચ કરવાનું લશ્કરમાં એલાન કરી દઉં?"

આપે ફરમાવ્યું, "હા જાવ લશ્કરમાં કૂચનું એલાન કરી દો."

આપના ફરમાનથી એજ વેળા લશ્કરમાં અહીંથી કૂચ કરવાનું એલાન કરી દેવામાં આવ્યું.

એક રિવાયતમાં છે કે, તાઈફનો ઘેરો ઉઠાવી લેવા પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત નવફલ બિન મુઆવિયહને બોલાવીને પૂછ્યું, "કહો નવફલ ! આ મામલામાં તમારી શું સલાહ છે?"

તેમણે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શિયાળવું પોતાની બખોલમાં ઘૂસી ગયું છે. કોશિશ ચાલુ રહી તો પકડાઈ જશે અને છોડી દેશો તોયે વાંધો નહિ આવશે."

બાદમાં તાઈફ પોતે જ ફતેહ થઈ ગયું અને બનૂ સ઼કીફ સહિત તાઈફના તમામ લોકો મુસલમાન બની ગયા.

જિહાદમાં આવનાર મુનાફિકનો હેતુ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી કૂચનું એલાન થતાં મુસલમાન મુજાહિદો પોતપોતાનો સામાન બાંધીને તૈયાર થવા લાગ્યા. ઊપડતી વેળા હઝરત સઈદ બિન ઉબૈદ બિન ઉસૈદ બિન અબૂ અમ્ર બિન અલ્લાજ નામના મુજાહિદે જોયું કે એક ખાનદાનના અમુક સભ્યો પોતાની જગાએ ચૂપચાપ બેઠેલા છે અને કૂચના એલાન છતાં કશી તૈયારી કરતા નથી. હઝરત, સઈદ બિન ઉબૈદે તેઓને લલકાર્યા, "હે લોકો ! શું તમારે અહીં જ બેસી રહેવું છે કે ?"

તેઓમાંથી ઉયૈનહ બિન હિસ્ન નામે ગૃહસ્થ બોલ્યો, "હા અમે તો અહીં જ બેસી રહીશું."

"કેમ શું કારણ છે ?" હઝરત સઈદે પૂછ્યું.

તે બોલ્યો, "સાંભળો, સોગંદ છે અલ્લાહના ! આ તાઈફ શહેરના લોકો જેવા આબરૂદાર અને ખાનદાની લોકો મેં આજ સુધી જોયા નથી. ખરેખર એ બહુ સભ્યતાવાળા, માનપાનવાળા, સંસ્કારી લોકો છે."

આ સાંભળીને એક મુસલમાન મુજાહિદે તેને ઠપકાર્યો, "ફિટકાર હો તુજ પર હે ઉયૈનહ ! શું તું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને છોડીને અલ્લાહના દુશ્મન જેવા મૂર્તિપૂજકોના વખાણ કરે છે ? જ્યારે કે તું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદ માટે જિહાદમાં આવેલો છે."

ઉયૈનહ ઠાવકા મુખે બોલ્યો, "હે ભાઇ ! તારી ભૂલ થાય છે. હું કંઇ રસૂલુલ્લાહની મદદ માટે જિહાદમાં આવેલો નથી. મારા આવવાનો હેતુ આટલો જ કે રસૂલુલ્લાહ તાઇફ શહેર ફતેહ કરી લે તો સકીફ કબીલાની કેદી સ્ત્રીઓમાંથી મારી તે માશૂકાને લોંડી તરીકે મેળવી લઉં જેના માટે મારૂં માગું પાછું ઠેલાયું હતું. કદાચ અલ્લાહ મારી એ માશૂકા લોંડીથી એક બેટો મને આપી દે ! સાચું કહું તો સકીફના લોકો બુધ્ધિ અને ચતુરાઇની દ્રષ્ટિએ એક અજીબો-ગરીબ કૌમ છે."

આ સાંભળીને મુસલમાન મુજાહિદો આગળ બઢી ગયા કેમકે મુનાફિકો જેવા જાહિલો સાથે ઉલઝવાનો કોઇ અર્થ નથી.

તાઇફના ઘેરા દરમિયાન સકીફ કબીલામાં ગુલામી કરનારા કેટલાક ગુલામો તક મળતાં કિલ્લામાંથી છટકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આસરામાં આવી ગયા હતા. એ બધાએ ઇસ્લામ કબૂલ કરી લીધો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ બધાને આઝાદ કરી દીધા હતા.

સકીફના આઝાદ થયેલા ગુલામો————ઇબ્ને ઇસ્હાક કહે છે : પછી જ્યારે તાઇફ ફતેહ થઇ ગયું અને તાઇફના તમામ લોકો મુસલમાન બની ગયા તો આ ગુલામોના માલિકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. તેઓએ દરખાસ્ત કરી, "યા રસૂલલ્લાહ ! અમારા એ ગુલામો અમને પાછા મળવા જોઇએ."

આપે ફરમાવ્યું, "એમાંનો કોઇ હવે ગુલામ રહ્યો નથી. એ બધાને અલ્લાહ તઆલાએ આઝાદ કરી દીધા છે."

ગુલામો વિષે વાતચીત કરનારાઓમાં સકીફના હારિસહ બિન કલદહ નામે ગૃહસ્થ સૌથી આગળ હતા. ઇબ્ને હિશામના કથન મુજબ ઇબ્ને ઇસ્હાકે એ બધા ગુલામોના નામોની ટીપ પણ દર્શાવેલી છે.

કેદીને બદલે કેદી————ઇબ્ને ઇસ્હાક કહે છે : તાઇફના ઘેરા દરમિયાન સકીફના લોકોએ હઝરત મરવાન બિન કૈસ દવસીના કુટુંબમાંથી કેટલાક લોકોને પકડીને કેદ કરી લીધા હતા. હઝરત મરવાન અને એમના કુટુંબીઓ મુસલમાન બની ગયા હતા અને સકીફ વિરૂધ્ધ એ બધાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદદ કરી હતી.

હઝરત મરવાને આ મામલા વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફરિયાદ કરી તો આપે ફરમાવ્યું, "હે મરવાન ! તમે પણ સકીફમાંથી જે કોઇ દાવમાં આવે તેને તમારા કુટુંબીઓના બદલામાં પકડી લો."

સૌથી પહેલાં સકીફમાંથી ઉબય બિન માલિક કુશૈરી નામે માણસ દાવમાં આવી ગયો. હઝરત મરવાને તેને પકડીને કેદ કરી લીધો. ત્યારે દહહાક બિન સુફયાન કિલાબીએ વચ્ચે પડીને સકીફના આગેવાનો સાથે એ અંગે વાતચીત કરી. છેવટે સકીફે મરવાનના કુટુંબીજનોને છોડી દીધાં અને બદલામાં તેઓ ઉબય બિન માલિક કુશૈરીને છોડાવી લાવ્યા.

તાઈફમાં શહીદ થયેલા સહાબા——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-તાઈફમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નેતાગીરી હેઠળ જે મુસલમાનો શહીદ થયા તેઓમાં મુહાજિર સહાબાની વિગત આ પ્રમાણે છે :

- કુરૈશ કબીલાની શાખ બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સના ખાનદાનમાંથી : (૧) હઝરત સઈદ બિન સઈદ બિન આસ બિન ઉમૈયહ (૨) હઝરત ઉર્ફુતહ બિન જુન્નાબ. એ એમના હલીફ હતા અને ઉસ્દ બિન ગવસ્રના ખાનદાનમાંથી હતા. ઈબ્ને હિશામ મુજબ જુન્નાબને બદલે હુબાબ નામ છે.
- બનૂ તૈમ બિન મુર્રહના લોકોમાંથી : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન હઝરત અબૂબક્ર સિદ્દીક. એમને એક તીર મારવામાં આવ્યું હતું. તીરના જખમ સાથે મદીનહ આવ્યા હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી એજ જખમને કારણે વફાત પામ્યા હતા.
- બનૂ મખ્ઝૂમના કબીલામાંથી : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયહ બિન મુગીરહ. એમને તીર લાગવાથી શહીદ થઈ ગયા. (રસૂલુલ્લાહ સલ.ના પાક બેગમ હઝરત ઉમ્મે-સલમહના ભાઈ)
- બનૂ અદી બિન કઅબના કબીલામાંથી : (૧) હઝરત અબ્દુલ્લાહ બિન આમિર બિન રબીઅહ જેઓ એજ કબીલાના કરારી હતા.
- બનૂ સહમ બિન અમ્રના લોકોમાંથી : (૧) હઝરત સાઈબ બિન હારિસ બિન કૈસ બિન અદી. (૨) અને એમના ભાઈ હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ.
- બનૂ સઅદ બિન લૈસના માણસોમાંથી : (૧) હઝરત જુલૈહા બિન અબ્દુલ્લાહ.
- મદીનહના અન્સારમાંથી શહીદ થનારા સહાબા : બનૂ સલિમહના કુટુંબમાંથી : (૧) હઝરત સાબિત બિન જઝમઅ. જંગે-તાઈફમાં શહીદ થયા.
- બનૂ સાઈદહના લોકોમાંથી : (૧) હઝરત મુનઝિર બિન અબ્દુલ્લાહ.
- ઔસના કબીલામાંથી : (૧) હઝરત રુકૈમ બિન સાબિત બિન સઅલબહ બિન ઝૈદ બિન લૂઝાન બિન મુઆવિયહ.
- બનૂ માઝિન બિન નજ્જારમાંથી : (૧) હઝરત હારિસ બિન સહલ બિન અબૂ સઅ-સઅહ.

જંગે-તાઈફમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કુલ ૧૨ સહાબા શહીદ થયા. એમાં ૭ કુરૈશી છે. ૪ અન્સાર છે. એક સહાબી બનૂ લૈસમાંથી. (રદિયલ્લાહુ અન્હુમ)

સકીફ માટે બદ-દુઆની દરખાસ્ત——————તાઈફનો ઘેરો સંકેલી લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે પોતાના લશ્કર સાથે રવાના થવા લાગ્યા તો આપના સહાબામાંથી એક સહાબીએ દરખાસ્ત કરી, "યા રસૂલલ્લાહ ! તાઈફના લોકો માટે બદ-દુઆ ફરમાવો."

આપે ફરમાવ્યું : "અલ્લા - હુમ્મ ઈહદે સકીફંવ - વ -આતે બિહિમ !"

હે અલ્લાહ! સકીફને સીધો રસ્તો દેખાડી દે ! અને તેઓને મુસલમાન બનાવીને લઈ આવ !

પ્રકરણ ૧૪૩

હવાઝિનના કેદીઓ અને માલની વહેંચણી

હવાઝિનનું મંડળ દરબારે-નબવીમાં • રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ • રસૂલુલ્લાહ (સલ.)ની ભલામણ • છ હજાર કેદીઓને મળેલી આઝાદી • લોંડી તરીકે મળેલાં ડોશીમા • સરસાલારનો ઇસ્લામ સ્વીકાર • માલિકને મળેલો ઓહદો • માલની વહેંચણીનો આગ્રહ • માલમાં ઇમાનદારીની તાકીદ • કપડાં સીવવાની એક સોય • મુઅલ-લ-ફ-તુલ-કુલૂબ માટે ભેટો • હુનૈનના માલે-ગનીમતની વહેંચણી • રસૂલુલ્લાહ (સલ.) પર અન્યાયનો આક્ષેપ • અન્સારની નારાજીનો બનાવ • હઝરત હસ્સાનના શેઅરો • અન્સારને સંબોધન • જિઇર્રાનહથી બૈતુલ્લાહનો ઉમ્રહ • બૈતુલ્લાહના ઉમ્રહની તારીખ.

Maktabe Ashraf

હવાઝિનનું મંડળ દરબારે-નબવીમાં————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે તાઇફથી રવાના થયા તો તાઇફના દહના નામે પ્રદેશમાંથી પસાર થઇને આપ "જિઇર્રાનહ" સ્થળે પહોંચી ગયા. પૂરૂં ઇસ્લામી લશ્કર આપના સંગાતે હતું અને યુધ્ધના તે બધા કેદીઓ પણ આપની સાથે હતા જેઓ જંગે-હવાઝિન અથવા જંગે-હુનૈનમાં કેદ થયા હતા.

જિઇર્રાનહ સ્થળે પડાવ નાખવા બાદ હવાઝિન કબીલાનું એક પ્રતિનિધિ મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયું.

સંપાદકની નોંધ————હવાઝિન કબીલાનું આ મંડળ ૧૨ સભ્યોનું બનેલું હતું. મંડળના આગેવાન અબૂ સુરદ ઝુહૈર અને અબૂ બરકાન નામે ગૃહસ્થો હતા. બંને હવાઝિન કબીલાની શાખ બનૂ સઅદ બિન બક્રમાંથી હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દૂધ-મા બીબી હલીમહ સઅદિયહ પણ બનૂ સઅદમાંથી હતાં. દૂધના રિશ્તાથી બનૂ સઅદના લોકો રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમના કાકા અને મામા લાગતા હતા. બચપણમાં છ વરસ સુધી હવાઝિનની વસતિમાં રહીને અને બીબી હલીમહનું દૂધ ધાવીને આપ ઉછેર પામ્યા હતા. આપના દૂધ-બહેન બીબી શૈમાઅ પણ યુધ્ધના કેદીઓમાં શામિલ હતા.

હવાઝિનના સ્ત્રી-બાળકો મળીને ૬ હજાર કેદીઓ હતા. ૨૪ હજાર ઊંટો હતાં. ૪૦ હજારથી વધુ ઘેટાં-બકરાં અને ૪ હજાર ઊકીયા ચાંદી હતી. બધા સીરત-ગ્રંથોમાં એજ સંખ્યા લખેલી છે. (અસ્હ-હુસ-સિયર પેજ ૩૦૮) "હ"

ઇબ્ને ઇસ્હાક કહે છે : હુનૈનના યુધ્ધમાં હવાઝિન કબીલાના છ હજાર બાળકો અને સ્ત્રીઓ કેદ પકડાયાં

હતાં અને એ બધાં યુધ્ધના કેદી તરીકે અત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કબજામાં હાજર હતાં. ઉપરાંત જે ઊંટ-બકરાં વગેરે જાનવરો ગનીમત તરીકે હાથ લાગ્યાં હતાં તેનો તો કોઇ શુમાર જ ન હતો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અમ્ર બિન શુએબે પોતાના દાદા હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રની રિવાયત કહી સંભળાવી અને અમ્ર બિન શુએબે પોતાના બાપના મુખે એ રિવાયત સાંભળી જેમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર ફરમાવે છે :

"હવાઝિનનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયું તો સૌથી પહેલાં મંડળના બધા સભ્યો કલિમો પઢીને મુસલમાન બની ગયા. એ પછી મંડળના એક મોવડીએ આગળ વધીને કહ્યું:

"યા રસૂલલ્લાહ ! અમે મૂળિયાં પણ છીએ અને ડાળો પણ છીએ. (એટલે કબીલાઓની અસલ કે જડ પણ અમારાથી છે અને તેમના ફણગામાંથી શાખો ફૂટીને જે જૂથો અને ખાનદાનો બન્યાં છે તે પણ અમારામાંથી છે.)

હવે યા રસૂલલ્લાહ ! અમારા કબીલાના લોકો પર જે મુસીબતો તૂટી પડી છે તે આપથી છાની નથી. આપ અમારી ઉપર એહસાન કરો. અલ્લાહ આપની ઉપર એહસાન કરશે!"

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રે પોતાનું બયાન ચાલુ રાખતાં ઉમેર્યું : "એ મોવડીએ પોતાની વાત પૂરી કરી તો બનૂ સઅદ બિન બકનો એક અગ્રેસર ઊભો થયો. તેનું નામ ઝુહૈર હતું અને ઉપનામ અબૂ સરદ હતું. તેણે આગળ વધીને પ્રવચન કરતાં કહ્યું :

"યા રસૂલલ્લાહ ! આ કેદીઓમાં આપની ફોઇઓ છે. આપની માસીઓ છે. આપને દૂધપાન કરાવનારી ખાતૂનો છે, જેઓએ આપનું લાલન પાલન કર્યું છે. અગર અમારી ખાતૂનો હારિસ બિન અબૂ શિમ્ર ગસ્સાનીને (અરબના મુલ્કે-શામના બાદશાહને) દૂધપાન કરાવતે અથવા નુઅમાન બિન મુનઝિરને (અરબના ઈરાક પ્રદેશના બાદશાહને) દૂધપાન કરાવતે અને પછી અમારા પર સંકટો તૂટી પડતે જેમકે હમણા તૂટી પડયાં છે તો, આ બાદશાહોના દરબારથી પણ અમે દયા-માયાના ઉદાર વર્તાવની પુરેપૂરી આશા રાખતે. ત્યારે આપ તો યા રસૂલલ્લાહ ! દયાના ભંડાર અને નિરાધારોના સૌથી મોટા બેલી છો!"

રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ————જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "વારૂ બેમાંથી એકની પસંદગી કરો. તમને તમારાં બાલબચ્ચાં વધારે વહાલાં છે કે તમારો માલસામાન?"

તેઓ બોલ્યા, "યા રસૂલલ્લાહ ! જ્યારે આપે બેમાંથી એકની પસંદગીનો અમને અધિકાર આપી દીધો તો અમારો માલસામાન અમારે નહિ જોઇએ. બસ અમને અમારી ઔરતો અને અમારાં બાળકો પાછાં આપી દો. કેમકે એજ અમને સૌથી વધારે વહાલાં છે.અને એજ અમારી સૌથી મોંઘી મતા છે."

આપે ફરમાવ્યું, "જુઓ મારા ભાગે અને મારા બનૂ મુત્તલિબ ખાનદાનના ભાગે જે કંઇ આવશે એ બધું મેં તમને આપી દીધું. રહ્યો લશ્કરના મુસલમાનોનો હિસ્સો તો તેઓની મરજી વગર આપી દેવાનો મને

Maktabe Ashraf

અધિકાર નથી. માટે સાંભળો, જ્યારે હું મુસલમાનોને ઝુહરની નમાઝ પઢાવી લઉં તો તમે ઊભા થઈને લોકોને પોકારીને આ પ્રમાણે કહેશો :

> "હે મુસલમાનો ! અમે અમારાં બાળકો અને ઔરતોના મામલામાં તમારી સામે રસૂલુલ્લાહની ભલામણ કરાવવા માગીએ છીએ અને રસૂલુલ્લાહ પોતે પણ તમને એવી ભલામણ કરવાની ઇચ્છા ધરાવે છે."

એ પછી આપે મંડળના સભ્યોને ફરમાવ્યું, "જુઓ અગર બધા મુસલમાનો હા કહે તો હું તેઓને તમારા તરફથી ભલામણ કરીશ અને તેઓ મારી ભલામણને મંજૂર રાખે તો જ હું તમને તમારાં બાલબચ્ચાં પાછા આપી શકું."

પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝુહરની નમાઝ પઢાવીને પરવાર્યા તો તરત જ હવાઝિનના આગેવાનો ઊભા થઈ ગયા અને મુસલમાનોને સંબોધીને તેજ જાહેરાત કરી જેની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને સલાહ આપી હતી.

રસૂલુલ્લાહ (સલ.)ની ભલામણ———મંડળના આગેવાનોની જાહેરાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે હવાઝિનના આગેવાનો ! મારા અને બનૂ મુત્તલિબના ભાગે જે કંઈ આવે એ બધું મેં તમને અર્પણ કરી દીધું."

આપની વાત સાંભળીને મક્કહના મુહાજિર મુસલમાનો બોલ્યા, "હે હવાઝિનના આગેવાનો ! જે કંઈ અમારે ભાગે આવે એ બધું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું છે." [1]

આ સાંભળીને મદીનહના અન્સાર મુસલમાનો બોલ્યા, "હે હવાઝિનના આગેવાનો ! જે કંઈ અમારા ભાગે આવે એ બધું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું છે."

આ સાંભળીને અકરઅ બિન હાબિસ નામના નવમુસ્લિમ ગૃહસ્થ ઊભા થઈ ગયા અને બોલ્યા, "હે લોકો ! સાંભળો ! મારો અને મારા બનૂ તમીમ કબીલાના લોકોનો જે હિસ્સો છે તે અમે આપવા માટે તૈયાર નથી."

લાગલા જ ઉયૈનહ બિન હિસ્ન નામના મુસલમાને ઊભા થઈને કહ્યું, "હે લોકો મારો અને મારા બનૂ ફઝારહનો જે હિસ્સો છે તે અમે પણ આપવા માટે તૈયાર નથી."

આ સાંભળીને મક્કહના અબ્બાસ બિન મિરદાસ નામે ગૃહસ્થ (જાણીતા શાઇર) ઊભા થઈ ગયા અને બોલ્યા, "સાંભળો હે લોકો ! હું પણ મારો અને મારા બનૂ સુલૈમના લોકોનો હિસ્સો આપવા તૈયાર નથી."

અબ્બાસ બિન મિરદાસના જવાબમાં તેના કબીલાના લોકો બોલી ઊઠ્યા, "હે લોકો ! અબ્બાસ બિન મિરદાસ ખોટું કહે છે. સાંભળો, અમારા ભાગે જે કંઈ આવે એ બધું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું છે."

પોતાના લોકોની વાત સાંભળીને અબ્બાસ બિન મિરદાસ છંછેડાઈ ગયા. આવેશથી બોલ્યા, "હે મારી

---

૧. એટલે અમારા ભાગે આવનારાં લોંડી-ગુલામોના અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માલિક બનાવી દીધા. આપની ઇચ્છા હોય તેને આપી દેવાનો આપને પૂરો અધિકાર છે. "હ"

Maktabe Ashraf

કૌમના લોકો ! તમે મારૂં અપમાન કરી નાખ્યું. તમે મને જૂઠો ઠરાવી દીધો. તમે મને લોકોની સામે ભોંઠો પાડી દીધો.''

મામલો આગળ વધે તે પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું.

''સાંભળો હે લોકો ! આ બનૂ હવાઝિનવાળા તમારા ભાઈઓ છે અને એ બધા મુસલમાન બનીને આવેલા છે. મને વાજબી લાગે છે કે એમના કેદીઓ એમને વાપસ કરી દેવામાં આવે. તમારામાંથી જે માણસ રાજીખુશીથી આમ કરે તો ઠીક, અને જે માણસ ચાહે કે તેનો હિસ્સો તેની જ પાસે રહે તો તેમ કરવાનો તેને પૂરો અધિકાર છે. એવા લોકોને હું વચન આપું છું કે પોતાનો હક જતો કરનારને, હવે પછી મળનારા ગનીમતના માલમાંથી, દરેક કેદી દીઠ છ ઊંટો આપવામાં આવશે. માટે બેહતર છે કે એમની ઓરતો અને એમના બચ્ચાં પાછાં આપી દેવામાં આવે.''

સંપાદકની નોંધ————મુહાજિરીન અને અન્સાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા પ્રેમી હતા. વફાદાર ગુલામ પેઠે પોતાની જાન આપના ચરણોમાં કુરબાન કરી દેવા તૈયાર રહેતા હતા. આપની મરજી જાણી લેતાં તરત તેઓએ પોતાનો હિસ્સો રાજીખુશીથી જતો કર્યો. જે લોકોએ વાંધો લીધો એ બધા મક્કહના નવમુસ્લિમ હતા. એમનું ઈમાન હજુ કાચું હતું. મૂર્તિપૂજાની પલીદી અને માલની માયા એમના મનમાંથી વછૂટી ન હતી. ઈસ્લામી જ્ઞાનથી કોરા હતા. કુફ્ર અને ઈમાન વચ્ચે ડોલાં ખાતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમ-પાલનનું શું મૂલ્ય છે તે જાણતા ન હતા. એવા લોકોને કુર્આને-મજીદમાં ''મુઅલ-લ-ફ-તુલ-કુલૂબ'' કહેવામાં આવ્યા છે. એમને હિકમતથી, ડહાપણભરી નીતિથી, માલધનથી ઈસ્લામ તરફ આકર્ષવાની, એમનું મન જીતી લેવાની અને એમનું ઈમાન પાકું કરવાની જરૂર હોય છે. આ કામ માટે ઝકાતના નાણા પણ એમને આપવાની ઈસ્લામે છૂટ આપેલી છે. કુર્આનમાં ઝકાતના હકદારોની જે ટીપ દર્શાવવામાં આવી છે તેમાં ''મુઅલ-લ-ફ-તુલ-કુલૂબ''ના શબ્દો પણ આવેલા છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ વહેંચણીમાં એવા લોકોને ગનીમતના માલમાંથી એટલું બધું ઈનાયત ફરમાવ્યું કે મદીનહના અન્સાર મહરૂમ રહી ગયા અને અન્સારના જોશીલા જવાનો નારાજ થઈ ગયા. એનું વિગતવાર બયાન આગળ આવે છે. (સંપાદકની નોંધ પૂરી થઈ.)

છ હજાર કેદીઓને મળેલી આઝાદી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ દજઝહ બિન ઉબૈદ સઅદીએ કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબૂ તાલિબને એક લોંડી આપી જેનું નામ રીતહ અથવા રૈતહ હતું. આ કન્યા હવાઝિન કબીલાના હિલાલ બિન હૈયાન બિન ઉમૈરહ બિન હિલાલ બિન નાસિરહ બિન કુસૈયહ બિન નસર બિન સઅદ બિન બકની, લાડકોડમાં ઊછરેલી, જિગરના ટુકડા જેવી બેટી હતી.

આપે એક લોંડી હઝરત ઉસ્માન બિન અફફાનને ઈનાયત ફરમાવી જેનું નામ ઝૈનબ હતું. આ કન્યા હવાઝિનના એક સદગૃહસ્થ હૈયાન બિન અમ્ર બિન હૈયાનની દુખ્તરે નેક અખ્તર કે આંખના તારા જેવી હતી.

આપે એક લોંડી હઝરત ઉમર બિન ખત્તાબને ઈનાયત ફરમાવી. હઝરત ઉમરે આ જવાન કન્યા પોતાના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરને ભેટ તરીકે આપી દીધી.

સંપાદકની નોંધ————અસલમાં આ લોંડીઓ હવાઝિન કબીલાની આબરૂદાર અને ખાનદાની મહિલાઓ હતી. આ લોંડીઓમાં હવાઝિનના લોકોની માંઓ, બહેનો, બેટીઓ અને વહુઓ હતી.તેઓનો સરસાલાર માલિક બિન ઔફ એ બધાંને બળજબરીથી લડાઇને મોરચે ખેંચી લાવ્યો હતો. તેણે પોતાની બહાદુરીના જુસ્સામાં દુરૈદ બિન સિમ્મહ જેવા અનુભવી ડોસાની સલાહ નહિ માનતાં, તેને ખખડી ગયેલો બુઢ્ઢો કહીને ખખડાવી નાખ્યો હતો. પરાજય પામીને મોટા ભાગના પુરૂષો નાસી ગયા. બેગમો, બેટીઓ, બહેનો, બાળકો કેદ થઇને લોંડી ગુલામ બની ગયાં. રિવાયતોમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોંડી ગુલામોની વહેંચણી આઠદસ દિવસો સુધી મુલતવી રાખી હતી. જિઇર્રાનહ સ્થળે પહોંચીને આપ રાહ જોતા રહ્યા કે હવાઝિનના લોકો પોતાના બાલબચ્ચાંઓને છોડાવવાની વાતચીત માટે આવે. જ્યારે દસથી વધારે દિવસો પસાર થઇ ગયા તો આપે તેઓના બાલબચ્ચાંઓની વહેંચણી કરી દીધી. હવાઝિનનું મંડળ વહેંચણી પછી આવ્યું હતું. સંપાદકની નોંધ પૂરી થઇ. "હ"

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું બયાન છે : બાપાજી તરફથી મળેલી લોંડીને મેં બનૂ જમૂહવાળા મારા મામાઓને ઘેર મોકલાવી દીધી. મારો ઇરાદો હતો કે મક્કહ પહોંચીને ખાનએ-કઅબહનો તવાફ કરવા પછી ઘેર જતી વેળા હું આ લોંડીને તેડી જઇશ. પણ જ્યારે કઅબહનો તવાફ કરીને બહાર નીકળ્યો તો શું જોઉં છું કે લોકો અહીંતહીં દોડાદોડી કરી રહ્યા છે. મેં નવાઇ પામીને એક શખ્સને પૂછયું, "કેમ ભાઇ ! આ બધું શું ચાલે છે ? લોકો દોડાદોડી કેમ કરે છે ?"

જવાબ મળ્યો, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હવાઝિનના બધાં સ્ત્રી બાળકોને આઝાદ કરી દેવાનો હુકમ ફરમાવી દીધો છે."

આ સાંભળીને મેં એક કર્મચારીને કહ્યું, "સાંભળો ભાઇ ! મને મળેલી લોંડી બનૂ જમૂહવાળા મારા ફલાણા મામાને ઘેર છે. ત્યાંથી મેળવી લઇને તેને પણ આઝાદ કરી દો."

લોંડી તરીકે મળેલાં ડોશીમા————ઇબ્ને ઇસ્હાક કહે છે : મક્કહના નવમુસ્લિમ ગૃહસ્થ ઉયૈનહ બિન હિસ્નનો કિસ્સો એવો છે કે તેમણે ઉતાવળમાં હવાઝિનની એક મહિલાને લોંડી તરીકે પસંદ કરી લીધી. બાદમાં ખબર પડી કે એ તો મોટી ઉંમરની ડોશી જેવી ખાતૂન છે. મનમાં બબડયા, "અરે આ તો ડોશી જેવી ઓરત છે. એને લઇને હું શું કરીશ ? એ મારા શા ખપની ?"

ઉયૈનહનું બયાન છે : પછી તુરંત મને વિચાર આવ્યો, "ડોશી છે તો શું થયું ? એને છોડાવનારા એના બેટાબેટીઓ તરફથી એક તગડી રકમ મળવાની આશા તો ખરી !"

પરંતુ એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હવાઝિનના તમામે તમામ કૈદીઓને આઝાદ કરી દેવાનો ખુલ્લેઆમ હુકમ ફરમાવી દીધો ત્યારે એ ડોશીમાને પણ કશી કિંમત લીધા વગર છોડી દેવા પડયાં.

આ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાનથી હવાઝિનના કેદ પકડાયેલા છ હજાર લોંડી ગુલામો ચૂકતે આઝાદ થઇ ગયાં.

સરસાલારનો ઇસ્લામ સ્વીકાર————હવાઝિનના મંડળ સાથે વાતચીત વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને પૂછયું, "તમારા સરસાલાર માલિક બિન ઔફનું શું વલણ છે? અત્યારે તે ક્યાં છે ?"

Maktabe Ashraf

મંડળના સભ્યો બોલ્યા, "યા રસૂલલ્લાહ ! અત્યારે તે તાઈફમાં સકીફના લોકો સાથે છે."

આપે ફરમાવ્યું, "તમે તાઈફ જઈને તેને મળો અને મારો આ સંદેશો તેને પહોંચાડો કે, તે જો મારી પાસે આવીને મુસલમાન બને તો હું તેનાં બાલબચ્ચાં અને તેનો પૂરો માલસામાન બધું તેને આપી દઈશ અને ઉપરથી એક સો ઊંટો પણ ઈનામ આપીશ."

હવાઝિનના સરસાલાર માલિક બિન ઔફને આ સંદેશો પહોંચાડી દેવામાં આવ્યો. એજ વેળા તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવાનો ઈરાદો કરી લીધો. પરંતુ સાથે જ તેને એવો ડર પેઠો કે સકીફના લોકોને ખબર પડતાં તેઓ જરૂર મારો રસ્તો રોકી લેશે અને નકામી ખટપટ ઊભી થશે. આ કારણે બહુ સાવચેતથી તેણે પોતાના વિશ્વાસુ માણસને ખાનગીમાં બોલાવીને પોતાની ઊંટણીને તૈયાર રાખવાનો હુકમ આપ્યો. તેના હુકમ મુજબ તેની ઊંટણીને તૈયાર કરવામાં આવી તો તેને તાઈફથી બહાર એક છુપા સ્થળે તૈયાર હાલતમાં ઊભી કરાવી દીધી. એની સાથે જ તેણે પોતાના ઘોડાને લઈ આવવાનો હુકમ કર્યો. તેના વિશ્વાસુ માણસે ઘોડો તૈયાર કરીને તાઈફમાં તેના રહેઠાણે હાજર કરી દીધો અને માલિક રાતના અંધારાંની રાહ જોવા લાગ્યો.

જ્યારે રાતના થોડાક પ્રહરો પસાર થઈ ગયા તો માલિક ઘોડા પર સવાર થઈને પોતાની ઊંટણી પાસે તે સ્થળે પહોંચી ગયો જ્યાં તેણે તેને ખડે પગે તૈયાર રખાવી હતી. અહીંથી ઊંટણી પર સવાર થઈને વાયુ વેગે ઊપડયો અને છેવટે જિઅર્રાનહ અથવા મક્કહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માલિક બિન ઔફને ભાવભીનો આવકાર આપ્યો. તેના આગમન પર ખુશ થઈને પોતાની શુભેચ્છાઓ વ્યકત કરી. સાથે જ આપે તેના બાલબચ્ચાં, તેનો માલસામાન બધું જ તેને વાપસ કરી દીધું અને વાયદા મુજબ સો ઊંટ પણ ઈનાયત ફરમાવ્યાં.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ ઉદાર વર્તાવ, દયામાયાની નિઃસ્વાર્થ લાગણી અને પોતાના જેવા ઈસ્લામ-દુશ્મન ઈન્સાનનું આ મૂલ્ય આંકેલું જોઈને માલિક બિન ઔફ એજ વેળા કલિમો પઢીને મુસલમાન બની ગયા અને સમયના વહેણની સાથે ઈસ્લામ પણ તેમના દિલમાં પોતાનું સ્થાન જમાવતો ગયો. ઈસ્લામ કબૂલ કરવા પછી હઝરત માલિક બિન ઔફે આ શેઅરો કહ્યા :

મા ઈન રઐતુ વલા સમિઅ-તુ બિ-મિસ્લેહી • ફિલ્નાસે કુલ્લુ હુમ બિ - મિસ્લે મુહમ્મદી

જગતના તમામ ઈન્સાનોમાં મુહંમદ જેવા શરીફ,સંસ્કારી, વાતના સાચા, વાયદાના પાકા ગૃહસ્થ મેં ન તો જોયા છે ન સાંભળ્યા છે.

અવફા વ અઅતા લિલ જઝીલે ઈઝજ-તુદી • વ મતા તશઅ યુખ-બિરુક અમ્મા ફી ગદી.

જ્યારે ય તેમની પાસેથી બક્ષિસો કે ઈનામો માગવામાં આવે તો ભરપૂર રીતે ઈનાયત ફરમાવે છે અને તમે ઈચ્છો ત્યારે તેઓ ભવિષ્યમાં બનનારી વાત બતાવી દે છે.

માલિકને મળેલો ઓહદો————હઝરત માલિક એક પંકાયેલા શાહસવાર અને યુધ્ધવીર સિપહસાલાર હતા. મુસલમાન બનવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને એમની કૌમના

મુસલમાન બનેલા કબીલા સુમાલહ, સલિમહ તથા ફહમ વગેરેના ઉપરી અધિકારી બનાવી દીધા. આ કબીલાઓનું લશ્કર લઇને હઝરત માલિક વારંવાર તાઇફના સકીફ કબીલાના ઇસ્લામ-દુશ્મનો પર તૂટી પડતા. જ્યારેય તાઇફનો કોઇ કાફલો પસાર થતો, હઝરત માલિક પોતાના લશ્કર સાથે તેની ઉપર ત્રાટકીને તેને છિન્ન-ભિન્ન કરી નાખતા. ત્યાં સુધી કે તાઇફના સકીફના લોકોના નાકમાં દમ આવી ગયો અને તેઓ સુલેહશાંતિનો કોઇ રસ્તો શોધવા પર મજબૂર થયા.

માલની વહેંચણીનો આગ્રહ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે હવાઝિનના કેદીઓની સોંપણીના મામલાથી પરવારી ગયા તો આપે પોતાની ઊંટણીને હાજર કરવાનો હુકમ ફરમાવ્યો. ઊંટણી આવી ગઇ તો આપ તેની ઉપર સવાર થઇને ત્યાંથી રવાના થયા. આપ લશ્કરથી આગળ-આગળ હતા અને લશ્કરના બધા લોકો આપની આજુબાજુમાં તથા પાછળ-પાછળ હતા. ચાલતાં-ચાલતાં કેટલાક અધીરા લોકો આપની લગોલગ આવી ગયા અને કહેવા લાગ્યા:

"યા રસૂલલ્લાહ ! આપની પાસે ગનીમતના માલમાં ઊંટો છે, બકરાં છે, ઢોર-ઢાંખર છે, માલસામાન છે, એમાં અમારો જે ભાગ છે તેની જલદી વહેંચણી ફરમાવી દો ને !"

લશ્કર ચાલતું રહ્યું અને સાથે સાથે અધીરા લોકોનો માલની વહેંચણીનો આગ્રહ પણ ચાલતો રહ્યો. છેવટે તેઓ આપને મજબૂર કરીને એક ઝાડ હેઠળ લઇ ગયા. અહીં સવારી પરથી ઊતરતી વેળા આપની ચાદર ઝાડની એક ડાળખીમાં ભેરવાઇ ગઇ. અને તે તેમાં જ લટકતી રહી ગઇ.

અધીરા લોકોનો આગ્રહ ચાલુ હતો. જવાબમાં આપે ફરમાવ્યું, "હે લોકો ! મારી ચાદર તો મને લાવી આપો. સાંભળો, અલ્લાહના સોગંદ ! હકીકત આ છે કે અગર તિહામહની ભૂમિના ઝાડોની સંખ્યામાં પણ તમારા ભાગના ઊંટબકરાં મારી પાસે હોત તો એ તમામે તમામ પણ તમને વહેંચી આપતે. પછી તમે મને ન કંજૂસ કહેતે, ન નાહિંમત કહેતે, ન જૂઠો કહેતે !"

માલમાં ઇમાનદારીની તાકીદ————આમ ફરમાવીને આપ પોતાની ઊંટણીની બાજુમાં જઇને ઊભા થઇ ગયા. આપે ઊંટણીની ખાંધમાંથી થોડાક વાળો લીધા. તેને પોતાના હાથની બે આંગળીઓ વચ્ચે દબાવ્યા અને પછી એ હાથ ઊંચો કરતાં ફરમાવ્યું,

> "હે લોકો ! સાંભળો, અલ્લાહના સોગંદ ! તમારા ગનીમતના માલમાં મારો ભાગ આ વાળોથી વધારે નથી, એમાંથી ફક્ત "ખુમુસ" એટલે પાંચમો ભાગ મારો છે બસ એથી વધારે નથી અને આ ખુમુસ પણ છેવટે તો તમને જ મળવા પામે છે. માટે તમારામાંથી કોઇની પાસે સોય-ધાગા જેવી નજીવી વસ્તુ પણ ગનીમતના માલમાંથી હોય તો તે તેને અહીં લાવીને હાજર કરી દે. કેમકે ગનીમતના માલમાં ખિયાનત કે ઉચાપત કરવી, કિયામતના દિવસે મોટી આર, નાર અને શનારનું કારણ બની જશે." [1]

રાવીનું કથન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ ચેતવણી સાંભળીને એક અન્સારી મુજાહિદ પોતાના સામાન પાસે ગયા અને ત્યાંથી ઊનના ધાગાનો ગુચ્છો લાવીને હાજર કરી દીધો અને બોલ્યા,

---

૧. આર એટલે નામોશી, રુસ્વાઇ, ફજેતો-નાર એટલે જહન્નમની આગ અને શનાર એટલે શરમાવા જેવું હલકટ કામ. ફજેતો ફેલાવે તેવું નીચ કૃત્ય. "હ"

"યા રસૂલલ્લાહ ! મેં આ ઊનનો ગુચ્છો ગનીમતના માલમાંથી ઉપાડી લીધો હતો. એના ધાગાથી હું મારા જખ્મી ઊંટનું ફાટેલું પાલાન સાંધવાનો હતો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે ભાઈ ! ઊનના આ ગુચ્છામાં મારો જે હક-હિસ્સો છે એ મેં તને ખુશીથી આપી દીધો."

અન્સારી ગૃહસ્થ અદબથી બોલ્યા, "યા રસૂલલ્લાહ ! જ્યારે આ વસ્તુ અહીં સુધી આવી જ ગઈ તો હવે એ મારે નહિ જોઈએ." આમ કહીને ઊનનો ગુચ્છો તેમણે ગનીમતના માલના ઢગલામાં મૂકી દીધો.

કપડાં સીવવાની એક સોય—————ઈબ્ને હિશામ કહે છે : ઝૈદ બિન અસ્લમે પોતાના પિતાજીની રિવાયત ટાંકતાં મને કહ્યું કે, હઝરત અલીના ભાઈ હઝરત ઉકૈલ બિન અબી તાલિબ જંગે-હુનૈન વેળા પોતાના બેગમ ફાતિમહ બિન્તે શૈબહ બિન રબીઅહ પાસે ગયા. તેમના હાથમાં તલવાર હતી અને તે લોહીથી ખરડાયેલી હતી.

લોહીવાળી તલવાર જોઈને બીબી ફાતિમહ બોલ્યાં, "તમે જિહાદ કરીને, દુશ્મન કાફિરોને કતલ કરીને આવ્યા એ તો હું સમજી ગઈ, પણ દુશ્મન કાફિરોના ગનીમતના માલમાંથી તમને શું મળ્યું ?"

હઝરત ઉકૈલે એક સોય તેમને આપતાં કહ્યું, "લ્યો આ સોય લઈ લો. એનાથી પોતાનાં કપડાં સીવ્યા કરજો."

આ સોય તેમણે ફાતિમહ બેગમને આપી દીધી. એ પછી હઝરત ઉકૈલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી એક દાંડી પીટનારને આ જાહેરાત પોકારતાં સાંભળ્યો :

> "જે માણસે જે વસ્તુ ગનીમતના માલમાંથી ઉપાડી હોય તે તેને લાવીને હાજર કરી દે. સોય અને ધાગો લીધો હોય, તેને પણ લાવીને પરત કરી દે !"

હઝરત ઉકૈલ પલટીને દોડી આવ્યા અને બોલ્યા, "લ્યો ફાતિમહ ! તમારી સોય પણ ગઈ."

આમ કહીને હઝરત ઉકૈલે ફાતિમહ બેગમ પાસેથી સોય લઈ લીધી અને જઈને ગનીમતના માલમાં મૂકી દીધી.

મુઅલ-લ- ફ-તુલ-કુલૂબ માટે ભેટો—————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગનીમતના માલમાંથી "મુઅલ-લ-ફ-તુલ-કુલૂબ"ને અમુક ભાગ ભેટ સોગાત તરીકે ઈનાયત કર્યો. [1] એ બધા મક્કહના જાણીતા અને આબરૂદાર લોકોમાંથી હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને અને એમની કૌમના ગૃહસ્થોને તેઓના હૃદય-પલટા માટે ઘણીબધી ભેટો ઈનાયત ફરમાવી. જેમકે :

૧૦૦	ઊંટો	અબૂ સુફયાન બિન હર્બને.
૧૦૦	ઊંટો	એમના ફરઝંદ મુઆવિયહને.
૧૦૦	ઊંટો	હકીમ બિન હિઝામને.

૧. મુઅલ-લ-ફ-તુલ-કુલૂબ : એવા બિનમુસ્લિમો જેઓનું દિલ જીતી લેવાથી તેઓનાં મુસલમાન બની જવાની આશા હોય અને એવા કાચા ઈમાનના નવમુસ્લિમો જેઓને પાકા મુસલમાન બનાવીને ઈસ્લામ પર મક્કમ બનાવવાનો હેતુ હોય. મુઅલ્લફહ એટલે જેનું દિલ જીતી લીધું હોય, જેનો હૃદય-પલટો કર્યો હોય. "કુલૂબ" શબ્દ "કલ્બ"નું બહુવચન છે અને કલ્બ એટલે દિલ, હૃદય, હાર્ટ. "ફ"

૧૦૦	ઊંટો	હારિસ બિન હારિસ બિન કલદહને.
૧૦૦	ઊંટો	હારિસ બિન હિશામને.
૧૦૦	ઊંટો	સુહૈલ બિન અમ્રને.
૧૦૦	ઊંટો	હુવૈતિબ બિન અબ્દુલ-ઉઝઝા બિન અબૂ કૈસને.
૧૦૦	ઊંટો	અલાઅ બિન જારિયહ સકફીને.
૧૦૦	ઊંટો	ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્રને.
૧૦૦	ઊંટો	અકરઅ બિન હાબિસ તમીમીને.
૧૦૦	ઊંટો	માલિક બિન ઔફ નસરીને.
૧૦૦	ઊંટો	સફવાન બિન ઉમૈયહને.

આ બધા તે સદગૃહસ્થો છે જેઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સો-સો ઊંટો ઇનાયત કર્યા. એ બધા "અસહાબુલ-મિઅીન" કહેવાય છે. એટલે એવા લોકો જેઓને સો સો ઊંટો મળ્યાં.

અને કુરૈશના કેટલાક ગૃહસ્થો એવા છે જેઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી એકસોથી ઓછાં ઊંટો આપવામાં આવ્યાં. એવાઓમાં મખ્રમહ બિન નવફલ ઝુહરી, ઉમૈર બિન વહબ જુહમી, હિશામ બિન અમ્ર આમિરી વગેરે છે. એમાંના દરેકને કેટલાં ઊંટો આપવામાં આવ્યાં તે મને યાદ નથી. પણ આટલું ચોક્કસ યાદ છે કે એક સો થી ઓછાં ઊંટો આપવામાં આવ્યાં.

સઈદ બિન યરબૂઅ બિન અન્કસહ બિન આમિર મખ્ઝૂમને ૫૦ ઊંટો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઇનાયત કર્યા. એવી જ રીતે સહમીને પણ ૫૦ ઊંટો ઇનાયત કર્યા. ઇબ્ને હિશામ કહે છે : સહમીનું નામ અદી બિન કૈસ છે.

હુનૈનના માલે-ગનીમતની વહેંચણી————ઇબ્ને હિશામ કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસનાં રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ પ્રસંગે કુરૈશ તથા બીજા કબીલાઓના લોકોથી બૈઅત લીધી.[1] અને બૈઅત લેવા પછી એ લોકોમાં હુનૈનના માલની વહેંચણી કરી. એવા લોકોની કબીલાવાર વિગત આ પ્રમાણે છે :

- બનૂ ઉમૈયહ બિન અબ્દે-શમ્સમાંથી : (૧) અબૂ સુફયાન બિન હર્બ બિન ઉમૈયહ (૨) તુલૈક બિન સુફયાન બિન ઉમૈયહ (૩) ખાલિદ બિન ઉસૈદ બિન અબુલ-ઇસ બિન ઉમૈયહ.
- બનૂ અબ્દુદ-દાર બિન કુસૈયમાંથી : (૧) શૈબહ બિન ઉસ્માન બિન અબૂ તલહા (૨) ઇકરિમહ બિન આમિર બિન હાશિમ બિન અબ્દે મનાફ.
- બનૂ મખ્ઝૂમ બિન યકઝહમાંથી : (૧) ઝુહૈર બિન અબૂ ઉમૈયહ બિન મુગીરહ (૨) હારિસ બિન હિશામ બિન મુગીરહ (૩) ખાલિદ બિન હિશામ બિન મુગીરહ (૪) હિશામ બિન વલીદ બિન મુગીરહ (૫) સુફયાન બિન અબ્દુલ-અસદ (૬) સાઇબ બિન અબૂ સાઇબ બિન આઇઝ.
- બનૂ અદી બિન કઅબમાંથી : (૧) મુતીઅ બિન અસ્વદ બિન હારિસહ (૨) અબૂ જહમ બિન હુઝૈફહ બિન ગાનિમ.

---

૧. નવમુસ્લિમોથી ઇસ્લામમાં અને મુસલમાન બનેલાઓથી ઇસ્લામ પર મક્કમ રહેવાની બૈઅત. "હ"

- બનૂ જુમહ બિન અમ્રમાંથી : (૧) સફવાન બિન ઉમૈયહ બિન ખલફ (૨) ઉહૈહા બિન ઉમૈયહ બિન ખલફ (૩) ઉમૈર બિન વહબ બિન ખલફ.
- બનૂ સહમમાંથી : (૧) અદી બિન કૈસ બિન હુઝાફહ.
- બનૂ આમિર બિન લુઐયમાંથી : (૧) હુવૈતિબ બિન અબ્દુલ-ઉઝઝા બિન અબુલ-કૈસ બિન અબ્દે-વુદ્દ (૨) હિશામ બિન અમ્ર બિન રબીઅહ.
- બનૂબક્ર બિન અબ્દે-મનાત બિન કિનાનહમાંથી : (૧) નવફલ બિન મુઆવિયહ બિન ઉર્વહ બિન સખ્ર બિન રઝન બિન યઅમુર.
- બનૂ કિલાબ બિન રબીઅહ બિન આમિર બિન સઅ-સઆમાંથી : (૧) અલ-કમહ બિન અલાસ઼હ બિન ઔફ (૨) લબીદ બિન રબીઅહ બિન માલિક બિન જઅફર બિન કિલાબ.
- બનૂ આમિર બિન રબીઅહમાંથી : (૧) ખાલિદ બિન હવઝહ બિન રબીઅહ બિન અમ્ર બિન આમિર (૨) હર્મલહ બિન હવઝહ બિન રબીઅહ.
- બનૂ નસ્ર બિન મુઆવિયહમાંથી : (૧) માલિક બિન ઔફ બિન સઈદ બિન યરબૂઅ.
- બનૂ સુલૈમ બિન મનસુરમાંથી : (૧) અબ્બાસ બિન મિરદાસ બિન અબૂ આમિર.
- બનૂ ગત્ફાન કબીલાની શાખ બનૂ ફુઝારહમાંથી : (૧) ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્ર.
- બનૂ તમીમ કબીલાની શાખ બનૂ હન્ઝલહમાંથી : (૧) હઝરત અકરઅ બિન હાબિસ઼ બિન ઉકાલ.[૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હારિસ઼ તૈમીએ કહ્યું કે માલની વહેંચણી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી એક ગૃહસ્થે કહ્યું, "યા રસૂલલ્લાહ! આપે ઉયૈનહ બિન હિસ્ન અને અકરઅ બિન હાબિસને સો-સો ઊંટો ઈનાયત કર્યા પણ જુઐલ બિન સુરાકહ દમરીને કંઈ નહિ આપ્યું. એમને કેમ જતા કર્યા ?"

આપે ફરમાવ્યું, "જુઐલ બિન સુરાકહ દુનિયાભરના લોકોથી ચઢિયાતો છે જયારે કે દુનિયાનો દરેક આદમી ઉયૈનહ બિન હિસ્ન અને અકરઅ બિન હાબિસ જેવો છે. મેં એ બંનેની "તાલીફે-કલ્બ" એટલે હૃદય-પલટા માટે સો-સો ઊંટોથી એમની દિલદારી કરી છે કે જેથી એ લોકો ઈસ્લામ સ્વીકારીને પાકા મુસલમાન બની જાય. રહ્યો જુઐલ બિન સુરાકહ દમરી તો મેં એને ઈસ્લામને હવાલે કરી દીધો છે."[૨]

રસૂલુલ્લાહ (સલ.) પર અન્યાયનો આક્ષેપ———ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ ઉબૈદહ બિન મુહંમદ બિન અમ્માર બિન યાસિરે, અબ્દુલ્લાહ બિન હારિસ઼ બિન નવફલના આઝાદ ગુલામ મિકસમ બિન અબુલ-કાસિમની રિવાયત કહી સંભળાવી.

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે હુનૈન અને તાઈફમાં આવેલા મક્કહના લોકોમાંથી કેટલાક હજુ સુધી મુસલમાન બન્યા ન હતા. કેટલાક બિલકુલ કાચા મુસલમાન હતા. કેટલાકે જાહેરમાં મુસલમાન હોવાનો ઢોંગ કર્યો હતો પણ જૂની અદાવતોને કારણે અંદરખાને મુસલમાનોના દુશ્મન હતા. એ બધા પોતાની કૌમના આગેવાનો જેવા હતા. એમણે જ જંગે-હુનૈનમાં શરૂઆતમાં નાસભાગ મચાવીને ઈસ્લામી લશ્કરની પૂઠ ફેરવી નાખી હતી. આમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના હૃદય-પલટા માટે એમને પુષ્કળ માલ આપીને ખુશ કરી દીધા અને બાદમાં બધા પાકા મુસલમાન બની ગયા. અલ્લાહ એ બધાથી રાજી હો !"હ"

૨. એટલે હઝરત જુઐલ બિન સુરાકહ મજબૂત ઈમાનના, નિખાલસ દિલના, પાકા મુસલમાન હોવાથી એમના ઈસ્લામ પર મને સંતોષ છે. નહિ આપવાથી એ નારાજ નથી. એ અલ્લાહથી રાજી છે. અલ્લાહના રસૂલથી રાજી છે. અલ્લાહના રસૂલની વહેંચણીથી રાજી છે. "હ"

મિકસમ બિન અબુલ-કાસિમનું બયાન છે : "એક દિવસે હું અને તુલૈદ બિન કિલાબ લૈસી અમે બંને હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રદિયલ્લાહુ અન્હુને મળવા ગયા. અમે તેમને મળીને એક મામલાની તહકીક કરવા માગતા હતા. તેઓ નામદાર પોતાના પગરખાં હાથમાં ઝાલીને કઅબહનો તવાફ કરી રહ્યા હતા. અમે બંનેએ તેમને કહ્યું, "સાહેબ ! અમે આપને એક વાત પૂછવા આપની તહેનાતમાં હાજર થયા છીએ."

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બોલ્યા, "કહો શું વાત છે ?"

અમે કહ્યું, "શું આપ તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે હાજર હતા જ્યારે જિઅર્રાનહમાં, જંગે-હુનૈનના માલની વહેંચણી બાબતે, કોઈ તમીમીએ આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ટીકા કરી હતી ?"

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રે જવાબમાં ફરમાવ્યું, "હા તે વેળા હું હાજર હતો. સાંભળો, બનૂ તમીમ કબીલાનો એક આદમી આવ્યો. લોકો તેને "ઝુલ-ખુવૈસરહ" નામે બોલાવતા હતા. તે આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે ઊભો થઈ ગયો. તે વેળા આપ, લોકોને ગનીમતનો માલ વહેંચતા હતા. તેણે કહ્યું, "હે મુહંમદ ! આજના દિવસે તમે જે કામ કર્યું તે મેં મારી આંખે જોઈ લીધું."

આપે ફરમાવ્યું, "ઠીક છે. કહો એ વિષે તમારૂં શું કહેવું છે ?"

તે બોલ્યો, "લમ અરાકા અદલ-તા." એટલે મેં તમને ન્યાય તોળનારા નહિ જોયા.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રનું બયાન છે : "ઝુલ-ખુવૈસરહની આ વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નૂરાની ચેહરો રાતો થઈ ગયો. આપે ફરમાવ્યું, "અરે તારૂં બુરૂં થાય! ઈન્સાફ જ્યારે અલ્લાહના પયગમ્બર પાસે નહિ હશે તો કોની પાસે હશે ?"

આ સાંભળીને હઝરત ઉમરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! હું એને કતલ નહિ કરી નાખું ?"

આપે ફરમાવ્યું, "નહિ હે ઉમર ! જવા દો એને." એ પછી આપે ફરમાવ્યું :

> "તે સમય દૂર નથી જ્યારે એ અને એની ટોળકીના લોકો દીનના મામલામાં "તઅમ્મુક"(એટલે દીનની વાતોમાં બાલની ખાલ કાઢવાનું) શરૂ કરી દેશે. નતીજો આ નીકળશે કે "તઅમ્મુક ફિદ-દીન"કરતાં-કરતાં એ લોકો ઈસ્લામમાંથી એવી રીતે નીકળી જશે જેમ તીર કોઈના શરીરમાં ઘૂસીને આરપાર નીકળી જાય છે.
>
> "પછી તમે એ તીરની લોખંડી અણીમાં જોશો તો કોઈ વસ્તુ તેમાં લાગેલી તમને દેખાશે નહિ. પછી તમે તીરનું ફળ જોશો તો ત્યાં પણ કોઈ વસ્તુ ચોંટેલી તમને દેખાશે નહિ. બસ તીર લાગ્યું અને શરીરમાં ઘૂસીને, પેટની ગંદકી તથા લોહીમાંથી પસાર થઈને સાફસુથરૂં આરપાર નીકળી ગયું."

એટલે અલ્લાહના પયગમ્બર પર અન્યાયી હોવાનો આક્ષેપ કરનાર આ હતભાગી માણસ ઈસ્લામમાંથી ધાંયેલા મૂળા પેઠે નીકળી જશે. આ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એક પેશગોઈ હતી જે આગળ જતાં સાચી ઠરી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન અલી બિન હુસૈન અબૂ જઅફરે પણ આ બનાવની રિવાયત

કહી સંભળાવી. લોકોએ એ માણસનું નામ ઝુલ-ખુવૈસરહ બતાવ્યું. વળી અબ્દુલ્લાહ બિન અબી નુજૈહ નામના જાણીતા આલિમે પણ આ રિવાયત પોતાના પિતાજીને મુખે સાંભળેલી હોવાનું મને કહ્યું.

સંપાદકની નોંધ————જુલ-ખુવૈસરહનું મૂળ નામ હુરકૂસ હતું. એ બનૂ તમીમના કબીલામાંથી હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશગોઇ મુજબ આ બદબખ્ત માણસ "તઅમ્મુક"એટલે દીનની વાતોમાં બાલની ખાલ કાઢતાં-કાઢતાં છેવટે ઇસ્લામમાંથી ખારિજ થઇ ગયો. બાદમાં પોતાના ગોઠિયાઓ સાથે મળીને "ફિરકએ-ખારિજિય્યહ"નામે નવા ફિરકાની સ્થાપના કરી અને પોતે તેનો ધર્મનેતા બની બેઠો. ઇસ્લામના ચોથા ખલીફા હઝરત અલીની વિરૂધ્ધ જઇને તેણે આ નવા ફિરકાની સ્થાપના કરી હતી. એ કાદયાનીઓ, રાફઝીઓ, શીઆઓ, ખોજાઓ જેવો એક ગુમરાહ ફિરકો હતો. આ ખારજી ફિરકાના લોકો હઝરત અલી રદિયલ્લાહુ અન્હુના કટ્ટર દુશ્મન હતા. એજ ફિરકાના અબ્દુર્રહમાન ઇબ્ને મુલજિમ નામના ધર્મઝનૂની ખારજીએ, સન ૪૦ હિજરીના રમઝાનની ૧૫ તારીખે, હઝરત અલી રદિયલ્લાહુ અન્હુને, કૂફાની જામિઅ મસ્જિદમાં ફજરની નમાઝના સમયે તલવારથી શહીદ કરી નાખ્યા હતા. ઝુલ-ખુવૈસરહ પોતે નહરવાનના યુધ્ધમાં મુસલમાનો વિરૂધ્ધ લડતાં માર્યો ગયો. આ માણસ દીનની વાતોમાં દોઢ ડાહ્યો બનીને, બાલની ખાલ કાઢતાં-કાઢતાં ઇસ્લામમાંથી ખારિજ થઇને મુર્તદ અને મુનાફિક બની ગયો હતો. (અસ્સિહ-હુસ-સિયર પેજ ૩૧૪ નો હાશિયો.)

એવો જ એક બનાવ ફત્હુલ-બારી શર્હે સહીહ બુખારીમાં ટાંકેલો છે. એજ જિઇર્રાનહ સ્થળે માલની વહેંચણી પહેલાં એક ગામડિયો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં આવીને કહેવા લાગ્યો, "હે મુહંમદ ! શું તમે પોતાનો વાયદો પૂરો નહિ કરશો ?"

આપે ફરમાવ્યું, "અબશિર."એટલે હું મારો વાયદો પૂરો કરીશ તેની બશારત કબૂલ કરી લે.

ગામડિયો બોલ્યો, "હે મુહંમદ ! તમે અબશિર-અબશિર તો કહેતા રહો છો પણ માલનો જે વાયદો છે તે પૂરો કરતા નથી."

આ સાંભળીને આપે ત્યાં બેઠેલા હઝરત અબૂ મૂસા અશઅરી તથા હઝરત બિલાલ તરફ જોયું અને જાણે નારાજી દર્શાવતા હોય તેમ તેઓને ફરમાવ્યું, "જુઓ આ ગામડિયાએ મારી બશારતને ઠુકરાવી દીધી છે. શું તમે તેને કબૂલ કરવા તૈયાર છો ?"

બંને ગૃહસ્થો બોલ્યા, "જી હા યા રસૂલલ્લાહ ! અમે આપની બશારતને કબૂલ કરીએ છીએ."

આ સાંભળીને આપે પાણીથી ભરેલો વાડકો મંગાવ્યો. વાડકાના પાણીમાં આપે પોતાના મુબારક હાથ ધોયા, પોતાનો નૂરાની ચેહરો ધોયો અને વાડકામાં કુલ્લી કરવા પછી બંને ગૃહસ્થોને ફરમાવ્યું, "વાડકાનું પાણી પી લો, પોતાના ચેહરા અને સીના પર પાણીના છાંટા મારો."

બંને ગૃહસ્થોએ પાણીનો વાડકો લીધો અને આપના હુકમ મુજબ અમલ કર્યો. પર્દા પાછળથી આપના પાક બેગમ હઝરત ઉમ્મે સલમહનો સાદ સંભળાયો, "અરે તમારી મા માટે પણ એમાંથી થોડુંક રહેવા દેજો."

બંને ગૃહસ્થોએ પોતાના અમ્માંજી માટે પણ પવિત્ર પાણીનો થોડો ભાગ રહેવા દીધો.

આ ગામડિયાએ પણ બીજા અધીરાઓ પેઠે માલની વહેંચણીનો આગ્રહ કર્યો હતો. જવાબમાં આપે ફરમાવી દીધું હતું કે જંગ-લડાઇથી પરવાર્યા પછી હું તમને માલ આપીશ. પણ માલ મેળવવાની અધીરાઇ

છૂટી ગઇ હોવાથી એ આપની બશારતથી મહરૂમ રહી ગયો. (કશ્ફુલ-બારી અમ્મા ફી સહીહિલ-બુખારી જિ.૨ પા. ૫૪૯) સંપાદકનું લખાણ પૂરૂં થયું.

અન્સારની નારાજીનો બનાવ————ઇબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ સઇદ ખુદરી રદિયલ્લાહુ અન્હુનું બયાન છે :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહના કુરૈશને અને અરબના બીજા કબીલાઓના લોકોને ગનીમતના માલમાંથી બક્ષિસો અને ઇનામો આપીઆપીને ન્યાલ કરી દીધા અને મદીનહના અન્સારને, જેઓ આપના સાચા આશિકો અને જાં-નિસારો હતા, તેઓને એમાંથી કંઇ જ નહિ આપ્યું તો, અન્સારના અમુક લોકોનું ધ્યાન એ તરફ દોરાયું. તેઓના દિલોમાં આ વહેંચણી અંગે વસવસો જાગતાં એની ચર્ચા થવા લાગી અને ધીરેધીરે હૈયાંની વાત હોઠે આવવા લાગી. પછી તો મામલો એટલી હદે પહોંચી ગયો કે કહેનારાઓએ કહી દીધું :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અહીં આવીને અમને છોડી દીધા અને પોતાની કુરૈશ કૌમને બધું આપીને તેઓના જ થઇ ગયા!"

હઝરત હસ્સાનના શેઅરો————એજ પ્રસંગથી પ્રભાવિત થઇને અને એજ પ્રસંગને અનુસરીને હઝરત હસ્સાન બિન સાબિતએ આ શેઅરો કહ્યા :

ઝારત હમૂમુન ફ - માઅલ - અયનુ મુન - હદિરુ • સહહન ઇઝા હફ-લતહુ ઇબ્રતુન દિરરુ.

ચિંતાઓ અને ભાતભાતના વિચારો ધમધમી રહ્યા છે જેના કારણે આંખોનું પાણી મુશળધાર વહી રહ્યું છે. જ્યારે કે આ પાણીને વહેનારાં આંસુઓએ ભેગું કરી દીધું છે.

વજદન બિ - શમ્માઅ ઇઝ શમ્માઉ બહ - કનતુન • હયફાઉ લા દનસુન ફીહા વલા ખવરુ.

આ બધું શમ્માના ગમમાં કે શમ્માના વિયોગમાં થવા પામ્યું છે કેમકે શમ્મા ભરાવદાર દેહની, નાજુક-નમાણી, પતલી કમરવાલી છે. ન તેમાં કંઇ મેલકચરો છે ન તેમાં કઇ ખામી છે.

દઅ અન્ક શમ્માઅ ઇઝ કાનત મયદ - દતુહા • નઝરન વ શર્રુ વિસાલિલ - વાસિલિન - નઝિરુ.

પરંતુ આ શમ્મા ક્યાંથી ટપકી પડી ? છોડો એને, કેમકે એનો પ્યાર મિથ્યા અને તુચ્છ છે. વળી કોઇના મિલનનું સૌથી મોટું દૂષણ એ છે કે તેનું મિલન છેક ટૂંકું (અને વિયોગ છેક લાંબો) હોય છે.

વ આતિર રસૂલ ફકુલ યા ખૈર મુઅ-તમિનિન • લિલ - મુઅમિનીન ઇઝા મા ઉદ્દુ વલ - બશરુ.

અને શમ્માને પડતી મુકીને ચાલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં અને આપના ચરણોમાં પહોંચીને અદબથી અરજ કરો, "હે મુસલમાનોના સૌથી ઉત્તમ રક્ષણદાતા ! જ્યારે દુનિયાના ઇન્સાનોની ગણતરી કરવામાં આવતી હોય,———

અલામ તુદઆ સુલૈમુન વહીયા નારે હદૂન, • કુદ્દામા કવમિન હુમ આવવ વહુમ નસરૂ.

તો સુલૈમના કબીલાને ક્યા આધારે બોલાવવામાં આવે છે ? જ્યારે કે તે એવી કૌમની સામે કશી વિસાતમાં નથી જેણે આસરો આપ્યો અને જેણે મદદ કરી. (એટલે મદીનહના અન્સારના મુકાબલામાં બીજા કબીલાઓની કંઇ હકીકત નથી કેમકે અન્સારે આપને મદીનહ બોલાવીને આસરો આપ્યો અને આપની મદદ કરી.)

સમ્માહુલ - લાહુ અનસારન બિ-નસરિ - હિમ • દીનલ - હુદા વ અવાનુલ-હર્બુ તસ-અઈરુ

અલ્લાહ તઆલાએ એ કૌમનું નામ અન્સાર રાખ્યું છે કેમકે તેઓએ દીને-હિદાયતના કામોમાં એવા સમયે મદદ કરી અને સહકાર આપ્યો જયારે કે ખૂંખાર લડાઈઓનો અગ્નિ ભભૂકી ઊઠયો હતો.

વ સારિઊ ફી સબીલિલ - લાહે વઅ - તરકૂ • લિન નાઈબાતિ વમા ખામૂ વમા દજિરૂ,

અને તેઓએ અલ્લાહના રાહમાં ધસીધસીને મુકાબલો કર્યો અને તૂટી પડનારી આફતો તથા સંકટોમાં ધીરજ અને દ્રઢતાથી કામ લીધું. તેઓએ કોઈ કમજોરી નહિ દેખાડી અને ન કોઈ રીતે તેઓ તંગદિલ થયા.

વન્નાસુ અલુબ્બુન અલૈના ફીક લૈસા લના • ઈલ્લસ સુયૂફા વ અતરા-ફલ કના વઝરુ.

યા રસૂલલ્લાહ ! આપના મામલામાં લોકોના ટોળેટોળાં અમારી ઉપર તૂટી પડયાં. અમારી તલવારો અને ભાલાઓ સિવાય અમારા બચાવનું કોઈ સ્થળ કે કોઈ સાધન ન હતું.

નુજા - દિલુન - નાસા લા નુબ્કી અલા અહદિન • વલા નુદય-યઉ મા તૂહી બિહિસ સુવરુ,

અમે બહાદુરીથી લોકોનો મુકાબલો કરનારા છીએ. કોઈ બીજા પર આધાર રાખીને અમે અલગ થઈ જનારા નથી. અને કુર્આનની સૂરતો જે વાતોની વહી લઈને આપની ઉપર ઊતરે છે તેને અમે વ્યર્થ જવા દેતા નથી.

વલા તહિર્રી જુનાતુલ હર્બે નાદિના • વ નહનુ હીના તલઝ-ઝા નારુહા સુઉરુ.

અને જંગના અપરાધીઓ તથા જંગને ભડકાવનારા લોકો અમારી મજલિસોને કંટાળાજનક બનાવી શકતા નથી અને જયારે લડાઈની આગ ભડકી ઊઠે છે તો અમને પણ આગ લાગી જાય છે.

કમા ર-દ-દ-ના બિ-બદ્રિન દૂના મા તલબૂ • અહલન નિફાકે વ ફીના યુન-ઝલુઝ - ઝફરુ.

જેમકે બદ્રના યુધ્ધમાં મુનાફિકો જે ઈચ્છતા હતા તેનાથી અમે તેઓના મોઢાં ફેરવી દીધાં અને ફતેહમંદી તથા કામયાબી અમારે ભાગે આવી.

વ નહનુ જુન્દુકા યવમન - નઅફે મિન ઉહુદિન • ઈઝ હઝ-ઝબત બતરન અહઝાબ-હા મુદરુ.

અને અમે ઉહુદ પર્વતની તળેટીના યુધ્ધમાં આપનું લશ્કર હતા જયારે મુદર કબીલાના અભિમાને; વિવિધ જથ્થાઓને એકઠા કરી લીધા હતા.

ફમા વનીના વમા ખિમ્ના વમા ખબરૂ • મિન્ના ઈસારન વ કુલ્લુન - નાસુ કદ અસરૂ.

તો અમે ન નિર્બળતા જાહેર કરી ન અમારાથી બુઝદિલી જાહેર થવા પામી અને ન લોકોએ તે સમયે અમારી કોઈ ભૂલ જોઈ જયારે તમામ લોકો ઠોકરો ખાતા હતા.

અન્સારને સંબોધન————ઈબ્ને હિશામ કહે છે : ઝિયાદ બિન અબ્દુલ્લાહનું કથન છે કે તેમને ઈબ્ને ઈસ્હાકએ કહ્યું અને ઈબ્ને ઈસ્હાકને આસિમ બિન ઉમર બિન કતાદહએ મહમૂદ બિન લુબૈદના વાસ્તાથી હઝરત અબૂ સઈદ ખુદરીની આ રિવાયત કહી સંભળાવી. હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુ ફરમાવે ફરમાવે છે :

"રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે કુરૈશને તથા અરબના બીજા કબીલાઓને બક્ષિસો

ઈનાયત ફરમાવી અને અન્સારને તેમાંથી કંઇ નહિ આપ્યું તો અન્સારના અમુક લોકોના દિલોમાં આ વહેંચાણી અંગે વસવસો પેદા થયો. પછી તેઓમાં એને લગતી ચર્ચા થવા લાગી અને છેવટે મામલો એટલી હદે લંબાઇ ગયો કે, કહેનારાઓએ કહી દીધું :

"અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અહીં આવીને અમને છોડી દીધા અને પોતાની કૌમને બધું આપીને તેઓના જ થઇ ગયા !"

"જ્યારે મામલો આટલી હદે ઉગ્ર બની ગયો તો હઝરત સઅદ બિન ઉબાદહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપે માલની વહેંચણીમાં જે નિયમ અપનાવ્યો તે અંગે અન્સારનું એક જૂથ પોતાના દિલમાં અસંતોષની લાગણી અનુભવે છે. તેઓનું કહેવું છે કે માલ આપે પોતાની કુરૈશ કૌમમાં વહેંચી આપ્યો અને મોટાં-મોટાં ઈનામો અરબના કબીલાઓને ઈનાયત કર્યાં. આ ઈનામોમાં અન્સારના એ જૂથોનો આપે કંઇ જ હિસ્સો નહિ રાખ્યો !"

આ સાંભળીને આપે હઝરત સઅદ બિન ઉબાદહને સવાલ કર્યો, "હે સઅદ ! આ મામલા અંગે તમારો પોતાનો શો મત છે ?"

હઝરત સઅદે બા-અદબ કહ્યું, "યા રસૂલલ્લાહ ! હું મારી કૌમ સાથે છું."

આપે ફરમાવ્યું, "વારૂ તો તમારી કૌમને એક વાડામાં ભેગી કરો."

હઝરત અબૂ સઈદ ખુદરી પોતાનું બયાન ચાલુ રાખતાં ઉમેરે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આદેશ સાંભળીને સઅદ ત્યાંથી ઊપડયા અને અન્સારને બોલાવી લાવીને એક વાડામાં ભેગા કરી દીધા. અન્સારની સાથે કેટલાક મુહાજિરીન પણ આવી ગયા. સઅદે એમને પણ આવવા દીધા. એ પછી કેટલાક બીજા લોકો પણ આવી લાગ્યા. સઅદે એ બધાને પાછા વાળી દીધા. જ્યારે બધા અન્સાર આવી ગયા તો સઅદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ! અન્સારના બધા લોકો આપના ફરમાન મુજબ ભેગા થઇ ગયા છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓની સામે પધાર્યા. સૌથી પહેલાં જેટલા વખાણ અને ગુણગાન અલ્લાહ તઆલાની શાનને શોભે તેનું વર્ણન કર્યું અને પછી ફરમાવ્યું :

યા મઅ-શરલ અન્સાર !	હે અન્સારની જમાઅત !
મા કાલતુન	આ તમારી કેવી વાતો, કેવી ચેમીગોઈઓ છે ?
બલગ-તની મિન્કુમ.	જે પહોંચવા પામી છે મુજ તલક ?
વજિદતુન વજદ - તુમૂહા	તમારા દિલોમાં આ કેવો જુસ્સો કે ગુસ્સો છે;
અલૈય ફી અન્ફુસિ-કુમ.	જે તમે મુજ પર ઠાલવ્યો છે ?
અલમ આતિકુમ દુલ્લા-લન	શું હું તમારી પાસે એવા સમયે નહિ આવ્યો જયારે કે,
ફ હદા કુમુલ્લાહ.	તમે ગુમરાહ હતા ? પછી અલ્લાહએ તમને હિદાયત આપી.
વ આલતુ	અને તમે મુહતાજ કે કંગાલ હતા,
ફ અગ્ના - કુમુલ્લાહ.	પછી અલ્લાહએ તમને ગની બનાવી દીધા.
વ અઅ્દા- અન	અને આપસમાં તમે એકબીજાના દુશ્મન હતા,

Maktabe Ashraf

ફઅલ-લફ્લ્લાહુ બૈન કુલૂબિકુમ.	પછી અલ્લાહએ તમારાં દિલો જોડી દીધાં !''
અન્સાર બોલ્યા,	અન્સારે જવાબ આપ્યો;
બલા અલ્લાહુ વ રસૂલુહૂ	''જી હા, બેશક, અલ્લાહ અને તેના રસૂલના
અમન્ન વ અફદલ.	ઉપકારો તથા કૃપાઓ સૌથી વિશેષ છે.''
આપે ફરમાવ્યું :	આપે ફરમાવ્યું:
અલા તુજીબૂ નની	''શું તમે મારી વાતોનો જવાબ મને નહિ આપશો;
યા મઅશરલ - અન્સાર !	હે અન્સારની જમાઅત !''
અન્સારે અરજ કરી :	અન્સારે અરજ કરી:
બિમા ઝા નુજીબુક યા રસૂલલ્લાહ !	''અમે શું જવાબ આપીએ યા રસૂલલ્લાહ !
લિલ્લાહિ વ લિ-રસૂલિહિલ-	અલ્લાહ અને તેના રસૂલના જ
મન્નુ વલ - ફદલુ.	ઉપકારો તથા ફઝલો-કરમ છે.'' [1]

આપે ફરમાવ્યું : ''નહિ અલ્લાહના સોગંદ, તમે ચાહતે તો મને જવાબ આપી શકતે. એ જવાબમાં તમે બિલકુલ સાચા હોત અને તમારી સચ્ચાઈનો સ્વીકાર પણ કરી લેવામાં આવત ! સાંભળો, તમે મને આ જવાબ આપી શકતા હતા કે :

- ''હે મુહંમદ ! તું અમારી પાસે એવી હાલતમાં આવ્યો જ્યારે કે લોકોએ તને જૂઠો ઠરાવી દીધો હતો ત્યારે અમે તારા સાચા હોવાની સાક્ષી આપી.
- હે મુહંમદ ! લોકોએ તને નિરાધાર હાલતમાં છોડી દીધો હતો ત્યારે અમે તારી મદદ કરી.
- હે મુહંમદ ! લોકોએ તને હડસેલી કાઢ્યો હતો, ત્યારે અમે તને આસરો આપ્યો.
- હે મુહંમદ ! તું મુફલિસ અને કંગાલ હતો, અમે તને ખુશહાલી આપી.
- હે અન્સારની જમાઅત ! શું તમે દુનિયાની તુચ્છ વસ્તુ માટે દિલગીર થઈને મુજથી નારાજ થઈ ગયા ? સાંભળો:
- મેં અમુક લોકોને તેઓની દિલદારી કે હૃદય-પલટા માટે માલ આપ્યો કે જેથી તેઓનું દિલ ઈસ્લામ તરફ ખેંચાઈ. જ્યારે તમને મેં તમારા ઈસ્લામને હવાલે કરી દીધા.

૧. સહીહ બુખારી મુજબ સૌથી પહેલાં આપે અલ્લાહની બેહતરીન હમ્દો-સના બાદ અન્સારને પૂછ્યું, ''શું તમે આ પ્રકારના શબ્દો બોલ્યા છો ?'' લોકોએ અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! અમારા ડરેલ અને નિષ્ઠાવાન માણસોમાંથી કોઈ એવું બોલ્યું નથી. કેટલાક નવલોહિયા જવાનો જરૂર આમ બોલ્યા છે.''

સહીહ બુખારી મુજબ એ જોશીલા જુવાનિયા બોલ્યા હતા, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુરૈશને - પોતાની કોમને ઇનામોથી વધાવી લીધી અને અમને અન્સારને બાકાત કરી નાખ્યા; હાલાં કે અમારી તલવારોથી હજુ સુધી કુરૈશી કુફ્ફારના લોહીના ટીપા ટપકી રહ્યાં છે.''

અમુક કાચી બુદ્ધિના જુવાનિયા બોલ્યા હતા, ''મુસીબતોમાં અમારી યાદ થાય છે. ગનીમતના માલમાં ઇનામો બીજાઓને મળે છે !'' (સીરતુન-નબી જિ.૧ પા. ૫૭૪ હવાલો સહીહ બુખારી)''હ''

- હે અન્સારના સમૂહ ! શું તમે આ વાતથી ખુશ નથી કે લોકો ઊંટો અને બકરાં લઈને જાય અને તમે પોતાની સાથે અલ્લાહના રસૂલને લઈને પોતાના ઘરે સિધાવો?
- ત્યારે કસમ છે તે અલ્લાહના જેના અધિકારમાં મુહંમદના પ્રાણ છે, અગર હિજરત ન હોત તો હું પણ અન્સારનો જ એક સભ્ય હોત !
- અગર દુનિયાના તમામ લોકો એક ઘાટીમાં ચાલતે અને અન્સાર બીજી ઘાટીમાં ચાલતે તો હું અન્સાર સાથે જોડાઈને એજ ઘાટીમાં ચાલતે.
- હે અલ્લાહ ! અન્સાર પર રહમ ફરમાવ !
- હે અલ્લાહ ! અન્સારની અવલાદ પર રહમ ફરમાવ !
- હે અલ્લાહ ! અન્સારની અવલાદની અવલાદ પર રહમ ફરમાવ !

હઝરત અબૂ સઈદ ખુદરીનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ તકરીર સાંભળીને અન્સાર એટલું રડયા, એટલું રડયા કે તેઓની દાઢીઓ આંસુઓથી તર થઈ ગઈ. તેઓ રડતા જતા હતા અને કહેતા જતા હતા, "યા રસૂલલ્લાહ ! આ વહેંચણીમાં અમે અમારા રસૂલથી રાજી છીએ. યા રસૂલલ્લાહ! આ વહેંચણીમાં અમે અમારા રસૂલથી રાજી છીએ."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના તંબૂ તરફ તશરીફ લઈ ગયા અને અન્સાર પણ પોતપોતાના રહેઠાણે ઊપડયા.[૧]

જિઈર્રાનહથી બૈતુલ્લાહનો ઉમ્રહ ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જિઅરાનહથી નીકળીને બૈતુલ્લાહના ઉમ્રહ માટે મક્કહ રવાના થઈ ગયા. ગનીમતના બચેલા માલ અંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો કે એને "મર્રુઝ-ઝહરાન"ના ખૂણે આવેલા "મજન્નહ" સ્થળે સાચવીને રાખવામાં આવે.

બૈતુલ્લાહના ઉમ્રહથી ફારિગ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહની વાપસીનો ઈરાદો કર્યો. ઊપડવા પહેલાં આપે હઝરત અત્તાબ બિન ઉસૈદને- જેમની વય તે વેળા માત્ર વીસ વરસની હતી- પોતાના જા-નશીન એટલે મક્કહના ગવર્નર બનાવ્યા. એમની સાથે હઝરત મુઆઝ બિન જબલને મક્કહમાં છોડયા કે જેથી તેઓ લોકોને દીને-ઈસ્લામનું શિક્ષણ આપે. કુર્આનની તઅલીમ સાથે તેઓમાં ઈસ્લામને સમજવાની બુધ્ધિ કેળવે અને ઈસ્લામના સિધ્ધાંતોથી તેઓને માહિતગાર કરે.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ જવા રવાના થયા તો ગનીમતનો બચેલો માલ પણ આપના સંગાતે કરી દેવામાં આવ્યો.

ઈબ્ને હિશામ કહે છે : મને ઝૈદ બિન અસલમના મુખે એવી માહિતી પણ મળી કે જ્યારે રસૂલુલ્લાહ

૧. માલની વહેંચણીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની કૌમનો પક્ષ લીધો તેની કલ્પના પણ થઈ શકે નહિ. આપે પોતાના ઘરવાળાંઓ-કુટુંબીજનો અને સ્નેહીઓને પણ એમાંથી કંઈ નહિ આપ્યું. મક્કહના મુહાજિરોને પણ કશું નહિ આપ્યું જેઓ ઈસ્લામ ખાતર પોતાના ઘરબાર, માલ મિલ્કત, વેપાર-રોજગાર બધું જ મક્કહમાં છોડીને મદીનહ આવી ગયા હતા અને જેઓ અત્યાર સુધી ઈસ્લામ ખાતર દુશ્મનો તરફથી તરહ તરહની તકલીફો વેઠી ચૂકયા હતા. એ બધા પણ મક્કહના કુરૈશ જ હતાને ! આપે જે કંઈ વહેંચણી કરી તે અલ્લાહના હુકમ મુજબ હતી. "હ"

Maktabe Ashraf

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અત્તાબ બિન ઉસૈદને મક્કહમાં પોતાના જા-નશીન બનાવ્યા તો આપે તેમના જીવન-નિર્વાહ માટે રોજિંદો એક દિરહમનો પગાર નક્કી કરી દીધો. ત્યારે હઝરત અત્તાબે મક્કહના લોકોને ભેગા કરીને પ્રવચન કરતાં કહ્યું :

> ''હે લોકો ! જેને એક દિરહમની ભૂખ હતી તેના કલેજાની ભૂખ અલ્લાહ તઆલાએ દૂર કરી દીધી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારા નિર્વાહ માટે રોજિંદો એક દિરહમ મુકર્રર કરી લીધો. હવે મને કોઈ વસ્તુની ભૂખ નથી.''

બૈતુલ્લાહના ઉમ્રહની તારીખ———ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઝી-કઅદહ મહિનામાં બૈતુલ્લાહનો ઉમ્રહ કર્યો હતો. જેથી આપ ઝી-કઅદહની છેલ્લી તારીખોમાં અથવા ઝિલ-હિજજહની પહેલી તારીખોમાં મદીનહ પહોંચી ગયા હતા.

ઈબ્ને હિશામ કહે છે : અબૂ અમ્ર મદનીના કહેવા મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝી-કઅદહની ૨૪ તારીખે મદીનહ પહોંચી ગયા હતા. (૧૫ માર્ચ ૬૩૦)

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ વરસે લોકોએ તેવી જ રીતે કઅબહની હજજ કરી જેવી રીતે કે અરબના લોકો આથી પહેલાં કરતા હતા. અને મક્કહના અમીર હઝરત અત્તાબ બિન ઉસૈદએ પણ આ વરસે તમામ મુસલમાનો સાથે હજજ કરી. [૧]

તાઈફ શહેરના લોકો રમઝાન ૯ હિજરી સુધી તાઈફમાં જ રહીને પોતાના મૂર્તિપુજાના ચીલાચાલુ ધર્મ પર કાયમ રહ્યા.

---

૧. એટલે મક્કહ ફતેહ થવા છતાં હજજથી કોઈને રોકવામાં નહિ આવ્યા. અરબના મુશરિકોએ બાપદાદાના રિવાજ મુજબ હજજ અદા કરી. મુસલમાનોએ ઈસ્લામી ક્રિયાઓ મુજબ હજજ કરી ''હ''

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૪

કઅબ બિન ઝુહૈર અને બાનત સુઆદ

ભાઈનો કાગળ ભાઈને નામે • કઅબ બિન ઝુહૈરનો જવાબ • રસૂલુલ્લાહ (સલ.)નો અભિપ્રાય • શાઈરનો જવાબ શાઈરીમાં • કઅબની હાજરી દરબારે નબવીમાં • કઅબનો કસીદો : બાનત સુઆદ • અન્સારની પ્રશંસાનું કાવ્ય.

ગુજરાતી સંપાદકની નોંધ——————કઅબ બિન ઝુહૈર મક્કહના પંકાયેલા શાઈર અને અરબી સાહિત્યના પ્રખર વિદ્વાન હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં નિંદાકાવ્યો રચીને મુશાઈરાની મેહફિલોમાં ધૂમ મચાવી દેતા. મક્કહ ફતેહ થયું ત્યાં સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટર વિરોધી રહ્યા. ફત્હે-મક્કહ બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જાહેર કરેલા ઈશ્તેહારી મુજરિમોમાં એમનું નામ પણ શામિલ હતું કે, એમાંનો જે કોઈ ગમે ત્યાં મળે, ત્યાં જ તેને કતલ કરવો, ભલે તે કઅબહના પર્દામાં છુપાયેલો હોય! કઅબ બિન ઝુહૈર જાન બચાવીને ભાગી છૂટવામાં સફળ થઈ ગયા. એમના ભાઈ બુજૈર બિન ઝુહૈર પણ જાણીતા શાઈર હતા અને મુસલમાન બની ગયા હતા. એમણે ભાઈને કાગળ લખીને સમજાવ્યા કે બેધડક મદીનહ આવી જાવ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારથી આજ સુધી કોઈ નિરાશ થયું નથી. તમને પણ જરૂર માફી મળી જશે. ભાઈની સમજાવટથી છેવટે કઅબ મદીનહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર ચરણોમાં હાજર થઈ ગયા. ચાલાકીથી માફીનું અભયદાન મેળવી લઈને મુસલમાન બની ગયા.

મદીનહ હાજર થવા પહેલાં કઅબ બિન ઝુહૈરએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં એક શાનદાર અને ભાષાલંકારથી ભરપૂર કસીદો રચ્યો જે "બાનત સુઆદ"નામે ઈસ્લામી ઈતિહાસમાં અને અરબી સાહિત્યમાં અમર થઈ ગયો. કસીદો એમણે મસ્જિદે-નબવીમાં અને મુસલમાનોની હાજરીમાં વાંચી સંભળાવ્યો. કસીદો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એટલા બધા ખુશ થયા કે આપે પોતાની મુબારક ચાદર પોતાના પવિત્ર અંગ પરથી ઉતારીને હઝરત કઅબ બિન ઝુહૈરને ઓઢાડી દીધી. ચાદર ઓઢાડવાનું કારણ આ ન હતું કે આપ પોતાના વખાણોથી ખુશ થઈ ગયા. આપના વખાણો તો આસમાનોમાં ખુદ અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા

Maktabe Ashraf

કરે છે પછી જર્મીનવાળાઓના વખાણોની શી નવાઈ ? બલકે અસલ કારણ આ હતું કે કઅબ બિન ઝુહૈર જેવો અકલમંદ ઈન્સાન છેવટે પણ કુફ્રો-શિર્કના આંધળા જંગલમાંથી નીકળીને ઈસ્લામની નૂરાની રોશનીમાં આવી ગયો.

આપણા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો આ જગતમાં રહમતુલ-લિલ-આલમીન બનીને પધાર્યા હતા. અલ્લાહના લાખો દુરૂદ અને સલામ હો આપના પવિત્ર આત્મા પર ! આપની એજ દયાવૃત્તિ અને ઉદાર દિલીને પ્રતાપે હઝરત કઅબ બિન ઝુહૈર જેવા એક વાજિબુલ-કત્લ ઈન્સાને, જાનની સલામતીની સાથે બંને જહાનની સલામતી પણ મેળવી લીધી. ફારસી શાઈરે આપણા આકા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં કહ્યું છે :

બ - રફતાર સેહરા ગુલિસ્તાં કુની • બ - ગુફતાર કાફિર મુસલમાં કુની.

ભાઈનો કાગળ ભાઈના નામે——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે ફત્હે-મક્કહ અને જંગે-તાઈફ વગેરેથી નિવૃત્ત થઈને મદીનહ પધાર્યા તો હઝરત બુજૈર બિન ઝુહૈર બિન સુલમીએ પોતાના ભાઈ કઅબ બિન ઝુહૈર બિન સુલમીને નામે કાગળ લખ્યો અને તેમાં લખી જણાવ્યું : [૧]

''સલામ બાદ ભાઈને માલૂમ થાય કે જે શાઈરો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં નિંદાકાવ્યો લખીને અને આપની બદગોઈઓ કરીને આપને માનસિક ત્રાસ આપતા હતા તેઓમાંથી અમુકને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી મક્કહમાં કતલ કરવામાં આવ્યા. અને બીજા શાઈરો જેમકે અબ્દુલ્લાહ બિન ઝિબઅરા, હુબૈરહ બિન વહબ વગેરે બચી ગયા. એ બધા જાન બચાવીને પોતપોતાને રસ્તે નીકળી નાઠા. [૨]

માટે ભાઈ સાહેબ ! અગર તમને વાજબી લાગે અને તમારૂં મન માને તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં વિના વિલંબે હાજર થઈ જાવ. કેમકે જે કોઈ પણ પસ્તાવો કરીને, તોબા કરીને હાજર થઈ જાય તેને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કતલ કરાવતા નથી. હવે જો તમને હાજર થવાનું કબૂલ ન હોય તો પોતાના બચાવ માટેનું કોઈ સલામત સ્થળ શોધી લેવું.''

કઅબ બિન ઝુહૈરનો જવાબ——————કઅબ બિન ઝુહૈર સુલમીએ પોતાના ભાઈ બુજૈરના કાગળનો

---

૧. હઝરત બુજૈર બિન ઝુહૈર ફત્હે-મક્કહ પહેલાં મદીનહ જઈને મુસલમાન બની ગયા હતા અને મદીનહમાં જ રહેતા હતા. ''ઙ''

૨. અબ્દુલ્લાહ બિન ઝિબઅરા મક્કહના પંકાયેલા શાઈર હતા. ઈશ્તેહારી મુજરિમ હોવાથી જાન બચાવીને નાસી ગયા હતા. બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા, માફી મેળવી લીધી અને મુસલમાન બની ગયા. હુબૈરહ બિન વહબ હઝરત અલીના બહેન હઝરત ઉમ્મે હાનીનો ખાવિન્દ હતો. મક્કહથી જાન બચાવીને નાસી ગયો. કમનસીબ હોવાથી પરદેશમાં જ કુફ્રની હાલતમાં મરી ગયો. ''ઙ''

Maktabe Ashraf

જવાબ શાઈરીમાં આપતાં લખી જણાવ્યું :

અલા અબલિગા અન્ની બુજૈરન રિસા-લતન • ફ-હલ લકા ફીમા કુલ્ત વૈહક હલ લકા.

હા જુઓ, મુજ તરફથી બુજૈરને મારો આ સંદેશો પહોંચાડી દો કે, અલ્યા ભાઈ ! તારૂં ભૂંડું થાય, આ જે કંઈ તેં લખી માર્યું એ શું તારી પોતાની જ વાત છે ? અથવા શું તું બાપદાદાનો ધર્મ છોડીને મુસલમાન તો નથી બની ગયો ? એમ જ હોય તો અફસોસ છે તુજ પર, તેં આ શું કરી નાખ્યું ?

ફ - બૈયિન લના ઈન કુન્ત લસ્ત બિ-ફાઈલિન • અલા ઐયે શૈઇન ગૈરે ઝાલિક દલ-લકા.

સાફ સાફ બતાવી દે, તારે પોતાના બાપદાદાના ધર્મ પર કાયમ રહેવું છે કે નહિ ? અગર નથી રહેવું તો બતાવ, એ સિવાયના બીજા ધર્મ તરફ કોણે તારૂં માર્ગદર્શન કર્યું ?

અલા ખુલુકિન લમ તુલ્ફે ઉમ્મંવ વલા અબન • અલૈહિ વલમ તુદરિકા અલૈહિ અખન લકા.

તેં એવો ધર્મશીલો ગ્રહણ કરી લીધો જેની ઉપર તેં, ન તારી માને ચાલતાં જોઈ છે ન તારા બાપને ચાલતાં જોયો છે ન તારા ભાઈને ચાલતાં જોવાનો છે.

ફ - ઈન અન્તા લમ તફઅલ ફલસ્ત બિ - આસિફિન • વલા કાઈલિન ઈમ્મા અસરતા લઅન લકા.

માટે જો તું બાપદાદાના ધર્મને વળગી રહેવાની મારી વાત નહિ માને તો મને તેનો જરાયે ખેદ નથી. હવે હું તને કંઈ કહેવાનો નથી અને જો તું ઠોકર ખાય તો અલ્લાહ તારી ઠોકરને માફ કરે ! અથવા તું ઠોકર ખાય તો હું તને ''લઅન લકા''સુધ્ધાં કહેવાનો નથી. (આ શબ્દો ઠોકર ખાતી વેળા કહેવામાં આવે છે જેના અર્થ છે : ખબરદાર થઈ જા, ચેતી જા, ઊભો થઈ જા !)

સકાકા બિહલ મઅમૂન કઅસન રવીય-યતન • ફ અન-હલકલ મઅમૂનુ મિન્હા વ અલ્લકા.

સારૂં કર્યું તો મુહંમદ અમીન સાહેબે તને ઈસ્લામ અને ઈમાનનો છલોછલ જામ પીવાડી દીધો છે અને આ જામમાંથી તેમણે તને વારંવાર પીવાડયું છે.

ઈબ્ને હિશામ કહે છે : ઉપરના શેઅરમાં બીજી રિવાયત મુજબ ''મઅમૂન'' શબ્દની જગાએ ''મઅમૂર''શબ્દ આવેલો છે. મઅમૂનના અર્થ સુરક્ષિત, મહફૂઝ, નિર્ભય, સલામત વગેરે થાય છે. અને મઅમૂર શબ્દના અર્થ છે : તે મુહંમદ અમીન સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જેઓની નિમાણૂંક અલ્લાહ તરફથી કરવામાં આવી છે. પયગમ્બરી મળવા પહેલાં મક્કહના લોકો આપને ''મુહંમદ અમીન''ના હુલામણા નામે બોલાવતા હતા.

રસૂલુલ્લાહ (સલ.)નો અભિપ્રાય——————રાવીનું કથન છે : કઅબ બિન ઝુહૈરે એક કાગળ પર ઉપરના શેઅરો લખીને પોતાના ભાઈ બુજૈર બિન ઝુહૈરને મોકલાવી આપ્યા. એને વાંચવા પછી હઝરત બુજૈરને વાજબી નહિ લાગ્યું કે કાગળના લખાણને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી છુપાવીને રાખે, જેથી આપની તહેનાતમાં હાજર થઈને હઝરત બુજૈરે એ શેઅરો આપને વાંચી સંભળાવ્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે ''સકાકા બિહલ મઅમૂન'' (એટલે મુહંમદ અમીને તને ઈમાનનો છલોછલ જામ પીવાડી દીધો છે) શબ્દો સાંભળ્યા તો ફરમાવ્યું, ''આ વાત તેણે બિલકુલ સાચી

Maktabe Ashraf

કહી છે પણ તે પોતે જૂઠો છે. હું સાચેસાચ અમીન છું પણ બધું જાણવા છતાં તે મને માનતો નથી."[1]

પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ત્રીજા શેઅરના આ શબ્દો "અલા ખુલુકિન લમ તુલ્ફે ઉમ્મંવ વલા અબન" સાંભળ્યા તો ફરમાવ્યું, "કઅબ એમાં પણ બિલકુલ સાચો છે કેમકે પોતાના માબાપને તેણે ઈસ્લામના ચીલા પર ચાલતાં જોયા જ ક્યાં છે ?"

શાઈરીનો જવાબ શાઈરીમાં——————રાવીનું કથન છે : પોતાના ભાઈ કઅબ પેઠે બુજૈર પણ મોટા શાઈર હતા. એમણે વળતો જવાબ પોતાના ભાઈને શાઈરીમાં આ પ્રમાણે પાઠવ્યો :

મન મુબ-લિગુન કઅબન ફહલ લકા ફીલ્લતી • તલુમુ અલૈહા બાતિલન વહિયા અહઝમુ.

શું કઅબ પાસે જઈને કોઈ તેને આમ પૂછનાર છે કે, હે ભાઈ ! જે ધર્મચીલાની તું વગોવણી કરે છે તેમાં કોઈ ખોટી વસ્તુ છે ખરી ?

ઈલલ - લાહે લલ ઉઝઝા વલલ લાત વહદહૂ • ફ તન્જૂ ઈઝા કાનન નજાઉ વ તસ્લમુ.

લાત અને ઉઝઝા જેવા લેભાગુ ભગવાનો તરફ નહિ, બલકે એક જ અલ્લાહ તરફ જવાનો ઈસ્લામ વગર કોઈ પાકો રસ્તો છે ખરો ? માટે તારે નજાત મેળવવી હોય તો એજ ધર્મ ચીલા પર ચાલીને નજાત તથા સલામતી મેળવી શકે છે.

લદૈ યવમા લા યન્જૂ વ લૈસા બિ મુફ-લિતિન • મિનન-નાસે ઈલ્લા તાહિરુલ કલ્બે મુસ્લિમુ.

તે દિવસે જ્યારે કે જગતના તમામ લોકોમાં નજાત પામનારો, છુટકારો મેળવનારો, કામયાબ થનારો ફકત ચોખ્ખા દિલનો, નિખાલસ મનનો, સાફસુથરો મુસલમાન જ હશે.

ફ દીનુ ઝુહૈરિન વહુવા લા શૈઅ દીનહૂ • વ દીનુન અબી સુલમી અલૈયા મુહર્રમુ.

તો મારા અને તારા બાપ ઝુહૈરનો ધર્મ પણ કોઈ ધર્મ છે ? અને આપણા બંનેના દાદાજી અબૂ સુલમીનો ધર્મ મુજ પર હરામ છે.

કઅબની હાજરી દરબારે - નબવીમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી જ્યારે હઝરત બુજૈરનો આ કાગળ કઅબ પાસે પહોંચ્યો તો તેને વાંચીને કઅબ સ્તબ્ધ બની ગયો. તેના હાથપગ ઢીલા થઈ ગયા. અલ્લાહની વિશાળ જમીન તેના માટે તંગ બની ગઈ. ભવિષ્યના કોઈ અજાણ્યા ભયથી તે થથરી ઊઠયો. પોતાની જાત અને જાન બાબતે તેના મનમાં ડર પેસી ગયો. કઅબના જે મિત્રો તે વેળા ત્યાં હાજર હતા તે કઅબને પોતાના દુશ્મનો જેવા લાગ્યા. આ મિત્રો પણ કઅબની આ પલટાયેલી કે વિચિત્ર હાલત જોઈને એટલા ડરી ગયા કે થરથર કાંપવા લાગી ગયા[2] અને નિરંકુશ રીતે બોલી ઊઠયા, "લ્યો કઅબ તો જાણે જીવતે-જીવત મરી જ ગયો !"

કઅબ બિન ઝુહૈર માટે જ્યારે કોઈ ચારો કે આરો ન રહ્યો તો તેણે તે લા-જવાબ અને અભૂતપૂર્વ અને અમર યાદગાર જેવો કસીદો રચ્યો જેમાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના, છટાદાર શૈલીમાં બારોબાર

---

૧. અમીન શબ્દનો અર્થ અમાનતદાર, પ્રામાણિક, વિશ્વાસપાત્ર, અલ્લાહના અહકામ જરાયે વધઘટ વિના પહોંચાડનાર. "હ"

૨. એટલા માટે કે મિત્રોએ શત્રુઓ જેવી સલાહ આપતાં કઅબને ઠસાવી દીધું હતું કે, ખબરદાર ! મદીનહ ગયા કે માર્યા ગયા !" આ શબ્દોએ કઅબને થથરાવી નાખ્યા . એમની બગડેલી દશા જોઈને મિત્રો પણ દંગ થઈ ગયા. "હ"

વખાણ કરવામાં આવ્યાં છે. આ બેનમૂન કસીદામાં તેણે, પોતે કોઈ અજાણ્યા ભયથી ધ્રુજી ઊઠવાનો અને પોતાના ચુગલખોર દુશ્મનોના થથરી ઊઠવાનો પણ ઉલ્લેખ કર્યો છે.

સારાંશ કે કવિતાનું ડહાપણ અને વાણીનો જાદૂ જેવો લાજવાબ અને કાવ્યરસથી છલકાતો કસીદો રચીને કઅબ બિન ઝુહૈર મદીનહ પહોંચી ગયા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી માહિતી મુજબ કઅબ મદીનહ પહોંચીને જુહૈનહ કબીલાના એક મોભાદાર ગૃહસ્થના મેહમાન બન્યા અને તેને પૂરી હકીકત બયાન કરી દીધી. આ ગૃહસ્થ સાથે અગાઉથી કઅબના મૈત્રીભર્યા સંબંધો હતા. આ જુહૈની ગૃહસ્થ કઅબને ફજરની નમાઝના સમયે પરોઢે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં લઈ ગયા. જુહૈની ગૃહસ્થે અને તમામ મુસલમાનોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ફજરની નમાઝ પઢી. નમાઝ પછી જુહૈની ગૃહસ્થે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ઇશારો કરતાં કઅબને કહ્યું, ''આ છે અલ્લાહના રસૂલ, એમની સામે અદબથી ઊભા થઈને અમાન માગી લો.''

એમના સૂચન મુજબ કઅબ આશા-નિરાશા વચ્ચે ડોલાં ખાતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે જઈને ઊભા થયા. પછી આપના ચરણોમાં બેસીને પોતાનો હાથ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર મૂકી દીધો. આપ પોતે કઅબને ઓળખતા ન હતા. કઅબે કહ્યું, ''યા રસૂલલ્લાહ ! કઅબ બિન ઝુહૈર તૌબા કરીને, મુસલમાન બનીને આપના ચરણોમાં હાજર થવા માગે છે. જો હું તેને આપના દરબારમાં હાજર કરૂં તો શું આપ તેને અમાન આપશો ?''

આપે ફરમાવ્યું, ''હા તેના માટે અમાન છે.''

અમાન શબ્દ સાંભળતાં જ કઅબ બોલી ઊઠયા, ''યા રસૂલલ્લાહ ! હું પોતે કઅબ બિન ઝુહૈર છું.''

કઅબ બિન ઝુહૈર નામ સાંભળીને એક અન્સારી ગૃહસ્થ કઅબ તરફ ધસી ગયા અને બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! પરવાનગી હોય તો અલ્લાહના આ દુશ્મનનુ ડોકું તલવારથી ઉડાવી દઉં !''

આપે ફરમાવ્યું, ''નહિ, જવા દો એને, એ તૌબા કરીને આવ્યો છે. ખરા દિલથી પસ્તાવો કરે છે. પોતાની વીતેલી ઝિન્દગી સાથે હવે એનો કોઇ સંબંધ નથી.''

રાવીનું કથન છે : હઝરત કઅબ બિન ઝુહૈરને અન્સારના આ કબીલા પર ખૂબ ગુસ્સો આવી ગયો કેમકે તેના એક સભ્યે કઅબ પ્રત્યે અણછાજતું કે અપમાનભર્યું વર્તન કર્યું હતું. જ્યારે કે મક્કહના મુહાજિરોમાંથી દરેક માણસ કઅબ માટે શુભેચ્છા અને ધન્યવાદના શબ્દો ઉચ્ચારતો હતો.

કઅબનો કસીદો : બાનત સુઆદ————-એ પછી હઝરત કઅબ બિન ઝુહૈરે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં રચેલો કસીદો વાંચી સંભળાવ્યો.

નોટ : અલ્લામા ઇબ્ને હિશામે હઝરત કઅબના આ ''બાનત સુઆદ'' નામે પંકાયેલા કસીદાના ૬૮ શેઅરો પોતાની કિતાબમાં ટાંકેલા છે. અને પ્રકરણ ૧૭૫ના દસેક પાનાંઓમાં તેનો સમાવેશ થયો છે. અમે થોડાક શેઅરો અહીં રજૂ કરીએ છીએ. કસીદાનો મત્લઅ એટલે પહેલો શેઅર આ છે :

Maktabe Ashraf

બાનત સુઆદુ ફ - કલ્બીલ યવમા મત્બૂલુ • મુતય - યમુન ઈસ્‌-રહા લમ યુફદા મકબૂલુ.

મારી સુઆદ મારી પ્રિયતમા, મારી માશૂકા મુજથી વિખૂટી પડી ગઈ છે. જેથી (તેના આ પ્રાણઘાતક અને વસમા વિયોગને કારણે) આજકાલ મારૂં માંદલું, નબળું, પ્રેમનું રોગી, પ્રેમની જાળમાં ફફડતું હૃદય, મારી પ્રિયતમાનું પગેરૂં મેળવવા માટેની રખડપટ્ટીની ધૂળ ફાંકવામાં ખુવાર થઈને રહી ગયું છે.

વમા સુઆદુ ગદાતલ બૈન ઈઝ રહલૂ • ઈલ્લા અગન્નુ ગદીદુદ તરફે મકહૂલુ.

સુરીલા કંઠવાળી, મારકણા નયનોવાળી સુઆદના વિયોગ વેળા, જ્યારે તેના ઘરવાળાં તેને લઈને કૂચ કરતાં હતાં, તે એવી કુમળી વયની હરિણી જેવી લાગતી હતી જે નાકમાંથી સ્વર કાઢે છે અને જે નમણા નયનોવાળી તથા શરમીલી હોય છે.

તજલૂ અવારિદા ઝી ઝલમિન ઈઝા ઈબ - તસમત • કઅન - નહૂ મુન્હલુન બિર રાહે મઅલૂલુ.

હાસ્ય વેરતી વેળા સુઆદ પોતાના પાણીદાર, ચમકદાર, સફેદ-સફેદ દાંતોનું પ્રદર્શન કરતી હતી જેમાંથી એવી ભીની-ભીની મહેક આવતી હતી જાણે કે તેને વારંવાર સુગંધીદાર શરાબનું પાન કરાવવામાં આવ્યું હોય.

અમ્સત સુઆદુ બિ અર્દિન લા યુબલ-લિગુ-હા • ઈલલ ઈતાકુન નજી-બાતુલ મરાસીલુ.

સુઆદ એટલી દૂર-સુદૂરની ભૂમિમાં પહોંચી ગઈ છે કે તેની પાસે અસલી વંશના, જાતવંત, બળવાન, ફૂર્તિલા, પવનવેગી ઊંટો સિવાય કોઈ પહોંચાડી શકતું નથી.

અરજૂ વ આમુલુ અન તદૈનુ મવત - દતુહા • વમા ઈખાલુ લદૈના મિન્કે તન્વીલુ.

હે સુઆદ ! જો કે તારી તરફથી, તારી કૃપા દ્રષ્ટિની, હું કલ્પના સુધ્ધાં નથી કરતો છતાં આશાવાદી પેઠે આસ બાંધીને બેઠેલો છું કે તારો પ્રેમ તને મુજથી નિકટ કરી દેશે.

> (સંપાદકનો જરૂરી ખુલાસો : હઝરત કઅબ બિન ઝુહૈરે કસીદાની શરૂઆત કરતાં સુઆદ નામે જે પ્રિયતમાનું વર્ણન કર્યું છે એ એમની નિકાહી બીબી એટલે ધર્મપત્ની હતી જે એમના કાકાની પુત્રી હતી. જાનના ડરથી હઝરત કઅબ મક્કાહથી નાસીને ખાસ્સી મુદ્દત સુધી ઘરવાળાંઓથી વિખૂટા પડી ગયા હતા. જેથી શાઈરોના ચીલા મુજબ કસીદાનો આરંભ, રોમાંચક શૈલીએ, વહાલસોયી પત્નીના વિયોગથી કર્યો. અલ્લામા ઝુરકાની "શરહે-મવાહિબે-લદુન્નિયા"માં લખે છે :" કેટલાક વિવેચકોનો આ દાવો કે, સુઆદ એક કલ્પિત નામ છે જેનો શાઈરે પોતાની પ્રિયતમા તરીકે ઉલ્લેખ કર્યો છે, એ તેઓની ભૂલ છે. એટલે જ અલ્લામા શામીએ પોતાની સીરતમાં લખ્યું છે કે, સુઆદ કોઈ કલ્પિત નહિ પણ સાચું નામ છે."હ")[1]

સારાંશ કે હઝરત કઅબ બિન ઝુહૈર, પોતાના કસીદામાં સુઆદના અવનવા ગુણધર્મના લંબાણ વિવેચન બાદ પોતાને મોતથી ડરાવનારા ફિત્નાખોર, કીનાખોર અને ચુગલખોર મિત્રોનું વર્ણન કરતાં કહે છે :

તસ્અલ ગુવાતુ જનાબૈહા વ કવલુ-હુમ • ઈન્નકા યબ્ન અબી સુલમા લ-મકતૂલુ.

ફિત્નાખોર લોકો ચોતરફ ચુગલખોરી કરતાં કહી રહ્યા છે : "હે અબૂ સુલમીના બેટા ! તું ત્યાં ગયો

૧. હવાલા માટે જુઓ : અકદે-નુબુવ્વત કે માહ-વ-સાલ પેજ ૩૪૯ "હ"

કે તરત કતલ થઈ જવાનો !" કેમકે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તારી કતલની દાંડી પીટાવી દીધી છે.

વ કાલા કુલ્લુ સદીકિન કુન્તુ આમિ-લહૂ • લા ઉલ-હિયન્ન-નકા ઇન્ની અન્ક મશ્ગૂલુ.

અને દરેક મિત્રે, જેનાથી મને કંઈક આશા હતી, મને રોકડું પરખાવી દીધું કે, હે કઅબ ! હું તને કોઈ રીતે અંધારાંમાં રાખવા માગતો નથી. સાંભળી લે, હું તારાથી બિલકુલ અલગ છું, મારી પાસેથી કોઈ મદદની આશા રાખવી નહિ.

ફ કુલ્તુ ખલ્લૂ સબીલી લા અબા લકુમ • ફ કુલ્લ મા કદ-દરર રહમાનુ મફઊલુ.

મેં તેઓને કહી દીધું, તમારો બાપ મરે, મારો રસ્તો છોડી દો. પછી દયાળુ અલ્લાહ તરફથી નસીબમાં જે કંઈ લખેલું હોય તે ભલે થઈને રહે.

કુલ્લબ્ને ઉન્સા વઇન તાલત સલા-મતુહૂ • યવમન અલા આલતિન હદબાઅ મહમૂલુ.

દરેક મા ના બેટાને, પછી ભલે તેની ઝિન્દગી લાંબી હોય કે ટૂંકી, એક દિવસે તે ખાટલામાં જરૂર સુવાડવામાં આવશે જેમાં મુરદાંને ઉપાડીને લઈ જવામાં આવે છે. (તો પછી મોતથી શું ડરવાનું ? માટે દુશ્મનોએ મારા મરણ પર ખુશ થવાની જરૂર નથી.)

નુબ-બિઅતુ અન્ન રસૂલલ્લાહિ અવ અદ્‌ની • વલ અફ્વુ ઇન્દ રસૂલિલ્લાહિ મઅમૂલુ.

મને સમાચાર આપવામાં આવ્યા કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તને ચેતવણી આપી દીધી છે. પરંતુ મને તો રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં જઈને માફી તથા દરગુજરની આશા લાગેલી હતી.

મહલન હદાકલ લઝી અઅતાકા નાફિલત અલ- • કુર્આને ફીહા મવા-ઇઝુંવ વ તફસીલુ.

યા રસૂલલ્લાહ ! નિરાંતથી સોચવિચાર કરો. આપને તો તે અલ્લાહ તઆલાએ હિદાયત આપેલી છે જેણે આપને પયગમ્બરીની સાથે કુર્આન આપેલું છે. અને કુર્આનમાં તો દરેક પ્રકારની નસીહતો અને હિદાયતો છે અને તેની વિગતો પણ દર્શાવેલી છે.

લા તઅ-ખુઝની બિ-અકવા - લિલ-વુશાતે વલમ • ઉઝનિબ વ લવ કસુરત ફિય્યલ અકાવીલુ.

યા રસૂલલ્લાહ ! આપ ચુગલખોરોની વાતો પર ન જાવ. મારા વિષે તેઓ ગમે તેવી, તરહ-તરહની વાતો કરે. પરંતુ મેં કોઈ ગુનાહનું આચરણ કર્યું નથી.

લકદ અકૂમુ મુકામન લવ યકૂમુ બેહી • આરા વ અસ્મઉ મા લવ યસ્મઉલ-ફીલુ.

યા રસૂલલ્લાહ ! અલ્લાહના સોગંદ, હું આપની નૂરાની મજલિસમાં હાજર છું અને બધું, જોઈ રહ્યો છું, સાંભળી રહ્યો છું. અગર હાથી પણ આપની આ દબદબાભરી મજલિસમાં હાજર થઈને આપની વાતો સાંભળી લેત તો તે પણ થરથર કાંપવા લાગત.

લઝલ્લા યર-અદુ ઇલ્લા અંય યકૂના લહૂ • મિનર રસૂલે બિ-ઇઝ - નિલ્લાહે તન્વીલુ.

તો આ હાલતમાં અલ્લાહના હુકમ મુજબ રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી, થરથર

Maktabe Ashraf

કાંપનારા હાથીને પણ માફી મળી જતે અને તેનો છુટકારો થઈ જતે.

હત્તા વદઅ-તુ યમીની મા ઉના - ઝિઉહૂ • ફી કફ્ફે ઝી નકિમાતિન કીલુહુલ કીલુ.

ત્યારે મેં મારો જમણો હાથ "સાહિબે-નકિમાત"ના મુબારક હાથમાં આપી દીધો. યા રસૂલલ્લાહ! અસલ કથન તો હકીકતમાં આપનું જ કથન છે. (કેમકે આપનો હુકમ મળતાં તરત તેનો અમલ થાય છે. અને "સાહિબે-નકિમાત" રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો લકબ છે. જેના અર્થ : કટ્ટર કાફિરો પાસેથી તેઓના કટ્ટરવાદનો સખત બદલો લેનાર.)

ફ - લહુવ અખૂફૂ ઈન્દી ઈઝા કુલ્લીમ - મહૂ • વ કીલા ઈન્નકા મન્સૂબુન વ મસ્ઊલુ.

પરંતુ જયારે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાતો કરતો હતો તે વેળા મને કહેવામાં આવ્યું કે, "હે કઅબ ! તેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં આવી આવી વાતો કહી હતી અને એ વાતોનો તું પોતે જવાબદાર છે.

મિન ઝૈગમિન બિ-દરાઈલ - અર્દે મુખ-દરુહૂ • ફી બત્ને અસ્સરા ગીલુન દૂનહૂ ગીલુ.

તો તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા માટે, ગીચ જંગલના સિંહથી પણ વધારે વિકરાળ લાગતા હતા; તે સિંહ કે જેની ગુફા અસ્સર નામે જંગલમાં આવેલી હોય. આ બિહામણા જંગલના ખોફનાક પ્રાણીઓ ચીરીફાડી નાખવામાં પંકાયેલા હોય છે. અને આ જંગલની ઝાડીઓ આપસમાં ગૂંથાયેલી અને વીંટળાયેલી હોય છે.

ઈન્નર રસૂલા લ - નૂરુંય યુસ-તદાઉ બિહી • મુહન - નદુમ મિન સુયૂફિલ્લાહે મસલૂલુ.

એમાં શું શંકા છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક એવું નૂર છે જેમાંથી સત્યની રોશની મેળવવામાં આવે છે અને યા રસૂલલ્લાહ ! આપ તો અલ્લાહની તલવારોમાંથી, મ્યાનમાંથી નીકળેલી એક ઉઘાડી તલવાર છો.

(સંપાદકની નોંધ : હઝરત કઅબે જયારે ઉપરનો શેઅર સંભળાવ્યો તો બીજી કડીમાં "મિન સુયૂફિલ્લાહ"ની જગાએ "મિન સુયૂફિલ-હિન્દ"ના શબ્દો કહ્યા જેને સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "કઅબ ! સુયૂફિલ-હિન્દ નહિ, સુયૂફિલ્લાહ કહો." એટલે હિન્દી તલાવર નહિ, અલ્લાહની તલવારોમાંથી એક તલવાર. હઝરત કઅબે તરત સુધારો કરીને પૂરો શેઅર સંભળાવ્યો. સુધારાવાળો શેઅર સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખુશ થઈ ગયા. તે વેળા આપે યમાની ચાદર ઓઢેલી હતી. મુબારક અંગ પરથી આ ચાદર કાઢીને આપે હઝરત કઅબને ઓઢાડી દીધી.

કોઈ શાઈરને દરબારે-નબવીથી ઈનામ મળવાનો આ પહેલો પ્રસંગ હતો અને જે શાઈરને ઈનામ મળ્યું તે કેવો શાઈર હતો ? એવો શાઈર જે નિંદાકાવ્યો લખીને મુશાઈરાઓમાં વાહવાહની ખંડણી મેળવતો હતો અને જેનું ડોકું ઉડાવી દેવાનો હુકમ બહાર પડી ચૂકયો હતો. આજે રહમતુલ-લિલ-આલમીનની જન્નતી ચાદર મેળવીને પોતે પણ જન્નતનો હકદાર કરી ગયો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ મુબારક ચાદર હઝરત કઅબ જીવ્યા ત્યાં સુધી એમની જ પાસે રહી અને તેઓ પોતાની જાન પેટે એની હિફાઝત કરતા રહ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની

વફાત બાદ હઝરત અમીર મુઆવિયહએ ૧૦ હજાર દિરમમાં એની માંગણી કરી પણ હઝરત કઅબે કબૂલ નહિ કરતાં ફરમાવ્યું, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ જન્નતી યાદગાર છે એને કોઈ પણ કિંમતે હું આપી શકું નહિ.''

હઝરત કઅબની વફાત પછી એમના વારિસો પાસેથી હઝરત મુઆવિયહએ ૨૦ હજાર દિરમ આપીને આ મુબારક ચાદર ખરીદી લીધી અને લાંબી મુદ્દત સુધી મુસલમાન બાદશાહો એના દીદારથી પોતાની આંખો ઠંડી કરતા રહ્યા. પછી તાતારી ફિત્નામાં ગુમ થઈ ગઈ.

હઝરત કઅબ બિન ઝુહૈર અરબના ટોચના શાઈરોમાંથી હતા. એમના બેટા હઝરત ઉકબા બિન કઅબ અને એમના પૌત્ર હઝરત અવ્વામ બિન ઉકબા પણ મોટા શાઈર થઈ ગયા છે. આ ખાનદાન માટે શાઈરી બહુ મુબારક સાબિત થઈ કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખુશનૂદીનું કારણ બની. ''હ '')[1] સંપાદકની નોંધ પૂરી થઈ.

ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી હઝરત કઅબ બિન ઝુહૈર રદિયલ્લાહુ અન્હુ ''બાનત સુઆદ''કસીદામાં મુહાજિરીન એટલે મક્કહથી હિજરત કરીને મદીનહમાં વસેલા મુસલમાનોના વખાણ કરતાં કહે છે :

ઝાલુ ફમા જાલ અન્કાસુંવ વલા કુશુફુન • ઈન્દલ લકાએ વલા મીલુમ મઆઝીલુ.

આ લોકો મક્કહથી હિજરત કરીને ગયા ત્યારે કંઈ એવા નબળા, નિર્બળ, ઢાલ-તલવાર વગરના કે હથિયાર વિનાના ન હતા કે, યુધ્ધ પ્રસંગે દુશ્મનનો મુકાબલો ન કરી શકે. બલકે મોટા બળવાન, યુધ્ધકળાના પ્રખર અભ્યાસી અને ઘડાયેલા લડવૈયા હતા.

શુમ્મલ અરાનીન અબ્તાલુન લબૂસુ-હુમ • મિન નસ્જે દાવૂદા ફિલ હયજા સરાબીલુ.

આ ઊંચા ઊંચા નાકોવાળા મુહાજિરીન મોટા લડવૈયા છે. યુધ્ધ વેળા દાવૂદ પયગમ્બરના હાથથી બનેલા મજબૂત કવચો એમણે પોતાના શરીરે સજાવેલા હોય છે. [2]

લયસૂ મફારીહા અન નાલત રિમાહુ - હુમ • કવમન વ લયસૂ મજા-ઝીઅન ઈઝા નાલુ.

આ મુહાજિરો એવા ઉછાંછળા નથી કે એમના ભાલા કોઈ કોમ પર ફતેહ મેળવી લે તો ઇતરાવા લાગે અને હાર પામે તો રડાકૂટ કરવા લાગે.

યમ્શૂના મશ્યલ જમાલિઝ - ઝુહરે યઅસિમુ-હુમ • દરબુન ઈઝા અર્રદાસ સૂદુત - તનાબીલુ.

આ મુહાજિરો, સફેદ રંગના રૂપાળાં ઊંટો પેઠે, દમામભરી ચાલે ચાલનારા લોકો છે. જ્યારે કાળા રંગના ઠીંગણા લોકો નાસવા લાગે તો એમની તલવારો તેઓનું રક્ષણ અને તેઓનો બચાવ કરે છે.

લા યક્-ઉત - તઅનુ ઈલ્લા ફી નહુરે-હિમ • વમા લહુમ અન હિયાદિલ મવતે તહલીલુ.

---

૧. અસ્સિહ-હુસ-સિયર પેજ ૩૩૧-સીરતુલ-મુસ્તફા જિ. ૩ પા. ૮૫

૨. કવચ એટલે લોખંડી બખતરો સૌથી પહેલાં અલ્લાહના પયગમ્બર હઝરત દાવૂદ (અલૈ.)એ બનાવ્યાં. આ કળા ખુદ અલ્લાહ તઆલાએ તેમને શીખવી હતી. સૂરએ-સબાના બીજા રૂકૂઅની બીજી આયતમાં છે : ''વ અલન્ના લહુલ-હદીદ....'' તરજુમો : અને બનાવી દીધું અમે દાવૂદ માટે લોખંડને મીણ જેવું નરમ અને પોચું. અને કહ્યું, ખુલ્લાં બખતરો બનાવ અને કડીઓને જોડવામાં યોગ્ય માપ રાખ. ''હ''

Maktabe Ashraf

ભાલાઓના વારો તેમની પીઠો પર નહિ, એમના સીનાઓ પર પડે છે. (એટલે તેઓ સામી છાતીએ ઝીંક ઝીલે છે. નાસીને પીઠ પર ઘા નથી લેતા) અને ન તેઓ મૃત્યુની વાવડીમાં ડૂબકી મારવામાં વિલંબ કરે છે.

અન્સારની પ્રશંસાનું કાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : આસિમ બિન ઉમર બિન કતાદહનું બયાન છે : "હઝરત કઅબે જ્યારે મુહાજિરોની પ્રશંસાનો આ શેઅર સંભળાવ્યો : "દરબુના ઈઝા અર્રદસ્ સૂદુન - તનાબીલુ." (જ્યારે કાળા રંગના ઠીંગણા લોકો નાસવા લાગે છે.....) તો એનાથી કઅબનો ઈશારો મદીનહના અન્સાર તરફ હતો. કેમકે અમારા એક અન્સારી ગૃહસ્થે અજાણતામાં હઝરત કઅબને કતલ કરવાની પરવાનગી માગીને તેમની પ્રત્યે કંઈક અણછાજતો વર્તાવ કર્યો હતો. આથી હઝરત કઅબ અન્સારથી નારાજ થઈ ગયા હતા. આ કારણે હઝરત કઅબે પોતાના કસીદામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી ફક્ત મક્કહના કુરૈશ મુહાજિરોના વખાણ કર્યા હતા અને મદીનહના અન્સારને જતા કર્યા હતા. આ કારણે અન્સારના બધા લોકો હઝરત કઅબથી ખફા થઈ ગયા હતા. (કે એક ગૃહસ્થની ભૂલથી બધાને કેમ જતા કરવામાં આવ્યા? વળી આ ભૂલ અજાણતામાં તેમનાથી થઈ હતી.)

ઈબ્ને હિશામ કહે છે : બીજી રિવાયત એમ છે કે હઝરત કઅબને મુખે "બાનત સુઆદુ ફ-કલબીલ યવમ મત્બૂલુ"વાળો પૂરો કસીદો સાંભળી લેવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને ફરમાવ્યું, "હે કઅબ ! કાશ ! તમે આ કસીદામાં મારા અન્સાર સહાબાના પણ વખાણ કર્યા હોત ! શું તેઓ વખાણને પાત્ર નથી ?"

અલ્લાહના પયગમ્બર સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફર્માઈશ કરે અને કઅબ તેનો અમલ નહિ કરે? અદબથી મસ્તક નમાવીને હઝરત કઅબે અરજ કરી, "હા કેમ નહિ યા રસૂલલ્લાહ ! સાંભળો:

મન સર્રહૂ ક-ર-મુલ હયાતે ફલા યઝલ • ફી મિક-નબે મિન સાલિહીલ અન્સારે.

જે માણસ જીવનના ઊંચા મૂલ્યો અને સંસ્કારોથી ભાગ્યશાળી થવા માગે, તેણે અન્સારના સદાચારી મુજાહિદ સવારોની સંગત ગ્રહણ કરવી જોઈએ.

વરિસુલ મકારિમા કાબેરન અન કાબેરિન • ઈન્નલ ખયાર હુમ બનુલ અખ્યારે.

આ અન્સાર ગૃહસ્થો વંશપરંપરાથી પ્રતિષ્ઠા, માનઆબરૂ અને ઉચ્ચ સંસ્કારના વારસદાર બનતા ચાલ્યા આવે છે. હકીકત આ છે કે સર્વશ્રેષ્ઠ લોકો ફક્ત અન્સાર વંશના લોકો છે.

અલ - મુકરે -હીનસ - સમ-હરીય્યે બેઅઝ - રઈન • ક - સવાલિ - ફિલ હિન્દીય્યે ગયરુ કસારે.

જેઓ લાંબી-લાંબી હિન્દી તલવારોની ધારો જેવા સમ્હરી ભાલાઓને પોતાના હાથોથી ઝીંકવાની કળામાં પારંગત છે.

વલ બાએઈન નુફૂસ-હુમ લિ-નબીય્યે હિમ • લિલ મવતે યવમિન તઆનુ-કીંવ - વ - કિરારે.

આ અન્સારના લોકો પોતાના નબી માટે ધમસાણના યુધ્ધમાં પોતાના પ્રાણોને મૃત્યુના બદલામાં વેચી દેનારા છે.

યત્-તહ-હરુના યરવ-નહૂ નુસ્કા - લહુમ • બિ - દમાએ મન અ-લ-કૂ મિનલ કુફ્ફારે.

Maktabe Ashraf

આ અન્સાર ગૃહસ્થો એવા કાફિરોના લોહીથી તહારત એટલે પાકી હાસિલ કરે છે. જેઓ અધ્ધર હાલતમાં લટકેલા છે અને આ તહારતને તેઓ પોતાને માટે ઈબાદત સમજે છે.

દરિબૂ કમા દરબત બિ-બત્નેં ખફીય-યતિન • ગલબુર-રિકાબુ મિનલ - અસ્વદે દવારે.

આ લોકો શત્રુઓના શિકારથી એટલા ટેવાયેલા છે જેટલા, બખોલમાં રહેનારા જાડી-ભરાવદાર ગરદનવાળા, ચીરીફાડી નાખનાર સિંહો ટેવાયેલા હોય છે.

વ ઈઝા હલલ-તા લિ-યમ - નઊિકા ઈલૈહિમ • અસ્બહત ઈન્દ મઆ-કેલિલ અઅફારે.

અને જ્યારે તમે તેઓના રહેઠાણે જઈને ઉતારો લો અને તેઓનો આસરો લો કે જેથી તેઓ તમારૂં રક્ષણ કરે તો જાણે તમે પહાડી બકરાઓના બચ્ચાંઓની પનાહગાહમાં પહોંચી ગયા. (જ્યાં તમારૂં પૂરેપૂરૂં રક્ષણ થશે.)

કવમુન ઈઝ અખ-વતિન નુજૂમુ ફ-ઈન્નહુમ • લિત - તારિકી - નન - નાઝિલીન મકારે.

આ મદીનહના અન્સાર એવા લોકો છે કે, રાતનું અંધારૂં છવાયેલું હોય, આકાશ પરથી સિતારા તૂટતા હોય, વરસાદ ખેંચાઈ ગયો હોય, કારમો દુકાળ પડેલો હોય તેવા સમયે, ભૂખ્યા-તરસ્યા, દુખિયારા મહેમાનો આવી ચઢે તો આ લોકો તેઓની શાનદાર ઝિયાફત કરે છે અને ઉપરથી તેઓની નાશતા-દાનીઓને પણ ઠસોઠસ ભરી દે છે.

ઈબ્ને હિશામ કહે છે : અલી બિન ઝૈદ બિન જુદઆનની, મને મળેલી રિવાયાત મુજબ હઝરત કઅબ બિન ઝુહૈર ચુલમીએ પોતાનો ''બાનત સુઆદુ ફ-કલ્બીલ-યવમ મત્બૂલુ'' વાળો પૂરો કસીદો મદીનહમાં રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં પોતે વાંચી સંભળાવ્યો હતો. (અને મદીનહના અન્સારની શાનમાં જે કસીદો રચ્યો તેના શેઅરો માગે ફીલ-બદીહ કહ્યા હતા.)

સંપાદકની નોંધ———— હઝરત કઅબ બિન ઝુહૈર રદિયલ્લાહુ અન્હુનો ''બાનત-સુઆદ'' વાળો આ છટાદાર કસીદો અરબી સાહિત્યની એક ફસીહ અને બલીગ એટલે વાણી-પ્રતિભા અને ભાષા-અલંકારથી ભરપૂર અમર કાવ્ય-કૃતિ છે. આ અનુપમ કસીદાના થોડાક શેઅરો અમે નમૂના દાખલ ઉપર રજૂ કર્યા છે. કસીદાના ઉર્દૂ કે ગુજરાતી તરજુમામાં તે ખૂબી કયાંથી આવી શકે જે અસલ કૃતિમાં છે. જાહેરી વાત છે કે તરજુમો અસલનો હક અદા કરી શકે નહિ. ''હ''

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૫

ગઝવએ-તબૂક

(રજબ સન ૯ હિજરી)

તબૂક માટે તૈયારીનો આદેશ • જંગે-તબૂક અને મુનાફિકોના બહાના • પ્રચંડ ગરમીનું ઠંડુ બહાનું • મુનાફિકોના કાવતરાનું મથક • જંગે-તબૂક માટે ફાળાની ફર્માઇશ • સવારીના અભાવે રડનારાઓની કથા • પાછળ રહી જનાર નિખાલસ સહાબા • પાછળ રહી જનારૂં મુનાફિકોનું લશ્કર • હઝરત અલી પર મુનાફિકોનો આક્ષેપ • હઝરત અબૂ ખૈસમહનો કિસ્સો • અઝાબનો ભોગ બનેલા લોકોની ધરતી • હિજ્રની ભૂમિમાં રડતાં જવાનું ફરમાન • વરસાદનો મુઅજિઝો • મુઅજિઝા પર મુનાફિકોનો કટાક્ષ • ખોવાયેલી ઊંટણી પર કટાક્ષ • હઝરત અબૂ ઝરનો કિસ્સો • અબૂ ઝરની વફાતની પેશીનગોઈ • મુનાફિકોની અવળચી હરકતો • ઐલહના રાજા સાથે સુલેહ • દૂમહના બાદશાહના શરણાગતિ • ઉકૈદર બાદશાહનો છુટકારો • તબૂકથી વાપસી અને પાણીનો મુઅજિઝો • હઝરત ઝુલ-બજાદૈનની વફાત • ઝુલ-બજાદૈન નામ પડવાનું કારણ • પાછળ રહી ગયેલાઓ અંગે સવાલ • મુનાફિકોની મસ્જિદે-દિરારનું ખંડન • મસ્જિદે - દિરારના બાનીઓ • મદીનહથી તબૂક સુધીની મસ્જિદો.

તબૂક માટે તૈયારીનો આદેશ——————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ કહે છે : મને ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુકકાઈએ મુહંમદ બિન ઈસ્હાક મુત્તલબીની આ રિવાયત કહી સંભળાવી : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝિલ-હજ્જ ૮ હિજરીથી રજબ ૯ હિજરી સુધીના લગભગ ૭ મહિના મદીનહમાં બિરાજમાન રહ્યા.[1] એ પછી આપે મુસલમાનોને મુલ્કે-રોમના લોકો સાથે જંગ કરવા માટેની તૈયારીનો હુકમ ફરમાવ્યો.

ઈબ્ને હિશામ કહે છે : ઈબ્ને ઈસ્હાકના કથન મુજબ આપણા ઉલમાએ-કિરામ એટલે કુર્આન અને હદીસનું બહોળું જ્ઞાન ધરાવનારા વિદ્વાનો, ઈતિહાસકારો અને સીરત-સાહિત્યના પ્રખર અભ્યાસીઓમાંથી મુહંમદ ઈબ્ને શિહાબ ઝુહરી, યઝીદ ઈબ્ને રૂમાન, અબ્દુલ્લાહ ઈબ્ને અબીબક્ર તથા આસિમ બિન ઉમર બિન કતાદહ વગેરેમાંથી દરેક વિદ્વાને, ગઝવએ-તબૂક એટલે તબૂક સ્થળે ખેલાયેલા ધર્મયુદ્ધને લગતી જે કંઈ માહિતી તેઓને મળી તેજ મુજબ તેનું વર્ણન તેઓએ પોતાના શબ્દોમાં કરી દીધું. એમાં એક વિદ્વાનને જંગની જે કંઈ માહિતી મળી તે તેમણે પોતાના શબ્દોમાં ટાંકી બતાવી અને બીજા વિદ્વાનને જંગની જે કંઈ માહિતી મળી તે તેમણે

૧. સન ૮ હિજરીનો ઝિલ-હજ્જ મહિનો ૨૨ માર્ચ ૬૩૦થી શરૂ થયો અને રજબ ૯ હિજરીનો આરંભ ૩૧ ઓક્ટોબર ૬૩૦થી થયો. (સીરતે ઇબ્ને હિશામ જિ.૨ પા.૬૨૭નો હાશિયો)

Maktabe Ashraf

પોતાના શબ્દોમાં રજૂ કરી દીધી. આ કારણે જે માહિતીની રિવાયત એક વિદ્વાન બયાન કરે છે તે બીજા વિદ્વાન બયાન નથી કરતાં. અમે એ બધી માહિતીઓને ભેગી કરીને અત્રે તેનું બયાન રજૂ કરીએ છીએ.

ગઝવએ-તબૂકને લગતી જે કંઈ સનદી માહિતી મને આ વિદ્વાનો તરફથી મળવા પામી તે મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ગઝવએ-તબૂક માટેની તૈયારીનો હુકમ ફરમાવી દીધો.

આ હુકમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એવા સંજોગોમાં આપ્યો કે તે વેળાના સંજોગો યુધ્ધ માટે બિલકુલ અનુકૂળ કે જરાયે બંધબેસતા ન હતા. કેમકે એ ખાધખોરાકીની તંગી અને ગરીબી, ધોમ ધખતો તાપ, કાળઝાળ ગરમી, પ્રચંડ ઉકળાટ, અને ઉપરથી શહેરો તથા વસતિઓમાં દુકાળ તેમ જીવન-જરૂરિયાતની કારમી અછતનો જમાનો હતાં.

બીજી તરફ ખેતરો અને વાડીઓના ઝાડો પર પાકેલાં ફળોની ફસલ તૈયાર હતી. ઝાડની ડાળીઓ ફળોના બોજથી લચક-લચક થતી હતી. એ ફળોને લણવાની તૈયારી ચાલતી હતી. લોકો પોતાના ફળવાળાં ઝાડોના સાયામાં જ રહેવાનું પસંદ કરતા હતા. અર્થાતઃ આવા તદ્દન બિનઅનુકૂળ સંજોગોમાં લોકોને પોતાના ઘરોમાંથી નીકળવાનું અને ફળો લણવાની વર્તમાન મોસમમાં પોતાના શહેરમાંથી નીકળીને દૂર-દરાઝના શહેરો તરફ સફર કરવાનું મુદ્દલ પસંદ ન હતું.

આથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે જયારેય કોઈ લડાઈ કે ચઢાઈ માટે નીકળવાનો આપ ઈરાદો ફરમાવતા તો, તેના માટે ઈશારા-કિનાયા કે સંકેતના શબ્દોથી કામ લઈને, જયાં જવાનું જાહેર કરતા, તેનાથી ઊલટી દિશાએ લાંબો ચકરાવો લઈને ધારેલા સ્થળે પહોંચી જતા.

પરંતુ આ જંગે-તબૂકના મામલામાં મદીનહથી લઈને રોમ સુધીનો અતિ લાંબો વિસ્તાર, દૂરો-દરાઝનો આકરો પ્રવાસ, કાળઝાળ ઉનાળો, ધોમ ધખતો તાપ, સવારીઓની અછત, દુકાળનું કારમું વરસ, દુશ્મનોનું જંગી સંખ્યાબળ વગેરે બાબતોનો આપે ચોખ્ખા શબ્દોમાં ખુલાસો કરી દીધો હતો કે જેથી આ હાડમારીઓને પહોંચી વળવા માટેની યોગ્ય તૈયારીઓ કરી લેવામાં આવે.

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલમાનોને જંગે-તબૂક માટે સફરની તૈયારી કરી લેવાનો હુકમ ફરમાવી દીધો અને જંગલો, પહાડો તથા રેતીના રણો વટાવતા મુલ્કે-રોમના ખ્રિસ્તી દુશ્મનો સુધી પહોંચવાનું છે તે સ્પષ્ટ શબ્દોમાં દર્શાવી દીધું.

ગુજરાતી સંપાદકની નોંધ——— · · ——ઈબ્ને હિશામની સીરતુન-નબીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આવા પ્રતિકૂળ સંજોગોમાં જંગે-તબૂક માટે કેમ નીકળવું પડયું અને તેનું કારણ શું બન્યું તેનો ખુલાસો લખેલો નથી. સીરતે-નબવીના સનદી ગ્રંથોને આધારે ટૂંકાણમાં એની વિગત એમ છે કે સન ૮ હિજરીમાં ઈસ્લામના દુશ્મન ખ્રિસ્તીઓ સાથે ખેલાયેલા ''ગઝવએ-મૂતહ''માં રોમન શહેનશાહ કયસરને મુસલમાનોના ઈમાની જુસ્સા અને જિહાદી જોશનો પરચો મળી ગયો હતો. તેનું બે લાખનું કીડીદળ જેવું લશ્કર ત્રણ હજારના નજીવા જેવા ઈસ્લામી લશ્કર પર ફતેહમંદી મેળવી શક્યું ન હતું.

જંગે-મૂતહમાં હઝરત ઝૈદ બિન હારિસહ, હઝરત જઅફર બિન અબૂ તાલિબ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા રદિયલ્લાહુ અન્હુમના શહીદ થવા પછી, હઝરત ખાલિદ બિન વલીદ કુનેહભરી વ્યૂહરચના કે હયરત ભરેલી જંગી ચાલથી ઈસ્લામી લશ્કરને બે લાખની ભીંસમાંથી સહીસલામત કાઢી લાવ્યા હતા અને ખ્રિસ્તી

Maktabe Ashraf

દુશ્મનો નપુસંકો પેઠે તેઓનું મોં તાકતા રહી ગયા હતા.

મૂતહનું આ યુધ્ધ હિજરી ૮માં સર્જાયું હતું. એ પછી હિજરીનું નવમું વરસ આખા અરબમાં દુકાળનું કે ભૂખમરાનું વરસ હતું. ઉનાળો આકરો હતો. ગરમી જોબન પર હતી. વરસાદના અભાવે ખાદ્યખોરાકીની તીવ્ર તંગી હતી. લોકો ભૂખમરાને આરે પહોંચી ગયા હતા. મદીનહની હાલત પણ એવી જ હતી. જેમકે ઈબ્ને હિશામે પોતાની કિતાબમાં એનો આબેહૂબ ચિતાર દર્શાવ્યો છે. ફળોની ફસલ તૈયાર હતી. લોકો તેની લાગણી માટે તલપાપડ હતા.

એવા સમયે અરબના વિવિધ ઈલાકાઓમાં વસનારા ઈસ્લામ-દુશ્મન ખ્રિસ્તીઓના આગેવાનોએ રોમન શહેનશાહ કયસરને મદીનહ પર ચઢાઈ કરી દેવાનો કાગળ લખ્યો અને તેમાં એવું પણ લખી માર્યું કે મુસલમાનોના બાદશાહ જેવા પયગમ્બર મદીનહમાં વફાત પામી ગયા છે. અરબમાં વ્યાપક રીતે દુકાળ પ્રવર્તેલો છે. લોકો અનાજ-પાણી માટે સેંકે છે અને ભૂખે મરી રહ્યા છે. બેધડક મદીનહ પર ચઢાઈ કરી દો. ફતેહ હાથવેંતમાં છે.

શહેનશાહ કયસર પોતે પણ જંગે-મૂતહ પછી મદીનહ પર ચઢાઈ કરવાનો ઈરાદો ધરાવતો હતો અને એ વિચાર વારંવાર તેના મગજના પર્દા પર ઝબૂકી ઊઠતો હતો જેના સમાચાર છાશવારે મદીનહ પણ પહોંચી જતા હતા. જોઈતું હતું અને વૈદે કહ્યું તે મુજબ અરબના ખ્રિસ્તી સૂત્રધારોના ટેકાએ તેને મનોબળ પૂરૂં પાડયું અને તેણે મદીનહ સાથે ટક્કર લેવાની તૈયારી કરવા માંડી.

તે સમયે અરબનો મશહૂર ગસ્સાની કબીલો રોમન સામ્રાજ્યના વર્ચસ હેઠળ મુલ્કે-શામ પર હુકૂમત કરતો હતો અને ખ્રિસ્તી ધર્મ પાળતો હતો. શહેનશાહ કયસરે શામના આ ગસ્સાની બાદશાહને મદીનહ પર ચઢાઈ કરવાનું શાહી ફરમાન છોડયું અને તેની મદદ માટેના ચક્રો ગતિમાન કરી દીધાં.

તે સમયે મુલ્કે-શામના નબતી સોદાગરો ઝૈતૂનના તેલના વેપાર અર્થે મદીનહ આવજા કર્યા કરતા હતા. બાપદાદાથી આ વ્યવસાય તેઓમાં ઊતરી આવતો હતો. સન ૯ હિજરીના જમાદિલ-આખિરમાં મુલ્કે-શામના આ સોદાગરોનો એક કાફલો રોગને-ઝૈતૂનના વેપાર માટે મદીનહ આવ્યો. અહીંના વેપારી મુસલમાનો સાથે તેઓના મૈત્રીભર્યા સંબંધો હતા. આ નબતી સોદાગરોએ સમાચાર આપતાં કહ્યું:

> "રોમના કયસરે મદીનહ પર ચઢાઈ કરવા માટે અમારા મુલ્કે-શામમાં મોટું લશ્કર ભેગું કરી લીધું છે. લશ્કરના સૈનિકોને તેણે આખા વરસનો પગાર પેશગી ચૂકવી આપ્યો છે. લશ્કરમાં લખ્મ, જુઝામ, ગસ્સાન વગેરેના સૈનિકો પણ આવીને શામિલ થઈ ગયા છે. આ કીડીદળ જેવું વિરાટ લશ્કર મદીનહ તરફ કૂચ કરી ચૂકયું છે અને તેની હરાવલ ટુકડી બલકાનની ભૂમિ સુધી આવી લાગી છે."

નબતી સોદાગરોને મુખે આ સમાચાર સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓના મુકાબલા માટે પૂરી તૈયાર કરી લીધી અને પોતાના સહાબાના ૩૦ હજારના લશ્કર સાથે આપ તબૂક તરફ રવાના થઈ ગયા. આપના લશ્કરમાં ૧૦ હજાર ઘોડેસવારો હતા અને ૧૨ હજાર ઊંટસવારો હતા. વધુ વિગત માટે જુઓ, સીરતુન-નબી જિ.૧ પા. ૫૬૩, અસ્હિ-હુસ-સિયર પા. ૩૩૨, જમાલે-મુસ્તફા જિ.૪ પા. ૩૮૫. સંપાદકની નોંધ પૂરી થઈ. અસલ કિતાબ વાંચો.)

જંગે-તબૂક અને મુનાફિક઼ોના બહાના————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-તબૂકની તૈયારીમાં લાગેલા હતા એ દરમિયાન બનૂ સલિમહ કુટુંબનો જદ્દ બિન કૈસ નામે શખ્સ આવી લાગ્યો. તેને જોઈને આપે ફરમાવ્યું, "હે જદ્દ ! શું તમારા માટે હાલના સંજોગોમાં બનૂ અસફર (એટલે રોમન ખ્રિસ્તીઓ) સાથેની લડાઈમાં આવવાનું અનુકૂળ છે ?"

તે બોલ્યો, "હે અલ્લાહના રસૂલ ! મને તો તમે માફ જ કરી દો અને કસોટીમાં નહિ નાખો."

પૂછ્યું, "કેમ શું કારણ છે ?"

તે બોલ્યો, "મારી કૌમના બધા લોકો જાણે છે કે સુંદર સ્ત્રીઓનો સૌથી મોટો આશિક મારા કરતાં બીજો કોઈ નથી. મને ધાસ્તી છે કે જો હું બનૂ અસફરની સુંદરીઓને જોઈ લઈશ તો મનનો કાબૂ ગુમાવીને અધીરો બની જઈશ."

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેની તરફથી મુખ ફેરવી લેતાં ફરમાવ્યું, "ભલે મારા તરફથી તમને પરવાનગી છે."

એજ નાલાયક બદતમીઝ, બેશરમ, ગુસ્તાખ જદ્દ બિન કૈસના બારામાં કુર્આન શરીફની આ આયત નાઝિલ થઈ :

વ મિન્હુમ મંય - યકૂલુઅ - ઝલ્લી	અને તેઓમાંથી કોઈ કહે છે : "મને પરવાનગી આપી દો,
વલા તફતિન્ની	અને મને સંકટમાં નહિ નાખો."
અલા ફિલ ફિત્નતિ સકતૂ.	હા તેઓ તો પોતે સંકટમાં પડી ચૂક્યા છે.
વ ઈન્ન જહન્નમ લ-મુહી-	અને બેશક જહન્નમ ઘેરી-
-તતુમ બિલ કાફિરીન.	વળેલી છે કાફિરોને. [૧]

અર્થાત : આ નાલાયક જદ્દ બિન કૈસને બનૂ અસફર એટલે રોમન સુંદરીઓના પ્રેમના ફિત્નામાં પડી જવાની ધાસ્તી હતી એ તો માત્ર એક બહાનું હતું. અસલ કારણ ન હતું. પછી મનની ઈચ્છાઓને તાબે થઈને અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી પાછળ પડી જઈને જે મુસીબતોમાં એ સપડાયો એજ તેના માટે સૌથી મોટું સંકટ હતું. જેમકે : "વ ઈન્ન જહન્નમ લિમંવ-વરાઈહી." એટલે જહન્નમ તેની પાછળ તાકમાં જ લાગેલી હતી.

પ્રચંડ ગરમીનું ઠંડું બહાનું————આ પ્રસંગે મુનાફિક઼ોની ટોળકીના લોકો એવો પ્રચાર કરતા હતા કે આટલી સખત ગરમી અને આટલા ઉગ્ર તાપમાં ઘરોમાંથી નીકળીને મુસીબતમાં પડી જવાની શી જરૂર છે? તેઓના આ પ્રચારનો મૂળ હેતુ જિહાદનો જુસ્સો તોડી નાખવાનો, દિલોમાં શંકા-કુશંકા જન્માવવાનો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કમજોર તથા નિઃસહાય બનાવી દેવાનો હતો. અલ્લાહ તઆલાએ એમના બારામાં ફરમાવ્યું :

---

૧. સૂરએ તવબહ પારહ ૧૦ આયત ૪૯

કાલૂ લા તનફિરૂ ફિલ-હર્રે.	તેઓ કહે છે. "નહિ નીકળો (જંગ માટે) ગરમીમાં."
કુલ નારુ જહન્નમ અશદ્દુ હર્રા.	કહી દો, "જહન્નમની આગ વધારે ગરમ છે.
લવ કાનૂ યફ - કહૂન.	અગર તેઓ સમજી શકતા હોય.
ફલ - યદ - હકૂ કલીલંવ	તો તમે હસો થોડું
વલ - યબકૂ કસીરા.	અને રડો વધારે." [૧]

મુનાફિકોના કાવતરાનું મથક——————ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન હારિસહનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બાતમી મળવા પામી કે કેટલાક મુનાફિકો સુવૈલિમ યહૂદીના "જાસૂમ" સ્થળે આવેલા ઘરમાં ભેગા થયા છે અને જંગે-તબૂકના મામલે લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂદ્ધ ભડકાવી રહ્યા છે."

એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહને કેટલાક સહાબા સાથે સુવૈલિમ યહૂદીના ઘર તરફ દોડાવ્યા અને હુકમ ફરમાવ્યો કે સુવૈલિમ યહૂદીના ઘરને આગ ચાંપીને ફૂંકી મારવામાં આવે. હઝરત તલહાએ પોતાના સાથીઓ સાથે ત્યાં જઈને આપના હુકમનું પાલન કર્યું. ઘરને આગ લાગેલી જોઈને ઝહહાક બિન ખલીફહ નામનો મુનાફિક જાન બચાવવા મકાનની છત પર ચઢીને નીચે કૂદી પડયો જેથી તેની ટાંગ તૂટી ગઈ. એવી જ રીતે તેના બીજા સાથીઓ પણ છત પર ચઢીને કૂદી પડયા અને બધા બચી ગયા. એ સિલસિલામાં તૂટેલી ટાંગવાળા ઝહહાકે આ શેઅરો કહ્યા :

કાદત વ બૈતિલ્લાહિ નારુ મુહમ્મદિન • યશીતુ બિહદ - દહહાકુ વબ્નુ - ઉબૈરિકિ.

બૈતુલ્લાહના સોગંદ ! મુહંમદની લગાડેલી આગથી ઝહહાક અને ઉબૈરિકનો પુત્ર બળી મરવાની તૈયારીમાં હતા.

વ ઝલ્તુ વકદ તબ્બક-તુ કિબ્સ સુવૈલિમિન • અનૂઊ અલા રિજલી કસીરા વ મિરફકી.

હું સુવૈલિમના નાનકડા મકાન (ની છત) પર ચઢી ગયો અને પછી એવો બની ગયો કે પોતાની તૂટેલી ટાંગ તથા કોણીને ટેકે ઊઠી શકયો.

સલામુન અલૈકુમ લા અઊદુ લિ-મિસલિહા • અખાફુ વમિન તશ-તમિલુ બિહિન્નારુ યુહરકુ.

તમને બધાને મારા સલામ હો. હવે પાછો વળીને નહિ આવું. આવી આગથી હું ડરૂં છું. જેને એ આગ લાગી જાય તે બળીને ખાક થઈ જાય. [૨]

જંગે-તબૂક માટે ફાળાની ફર્માઈશ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તબૂક સુધીના લાંબા પ્રવાસને પહોંચી વળવાની વ્યવસ્થા કરવા માંડી. લોકોને હુકમ ફરમાવ્યો

---

૧. સૂરએ-તવબહ આયત ૮૧-૮૨

૨. અન્સારના ઔસ કબીલામાંથી બે ભાઈઓ હતા. બંને મુનાફિક હતા. એકનું નામ જુલ્લાસ બિન સુવૈદ બીજાનું હારિસ બિન સુવૈદ-જુલ્લાસ બોલ્યો, "અગર એ શખ્સ સાચો છે તો આપણે ગધેડાથી બદતર છીએ." આપને ખબર મળતાં તેને બોલાવીને પૂછયું તો તેણે સાફ ઈન્કાર કરી દીધો. તરત અલ્લાહ તઆલાએ આયત ઉતારી : "યહ-લિફૂન બિલ્લાહિ મા કાલૂ - વલકદ કાલૂ."

"આ લોકો કસમો ખાયને કહે છે કે અમે એવા શબ્દો બોલ્યા જ નથી જો કે તેઓ કુફ્રના શબ્દો બોલ્યા હતા."
(સૂરએ-તવબહ આ. ૭૪)

કે તેઓ સફરની તૈયારી કરીને એક સ્થળે ભેગા થઇ જાય. જ્યારે તમામ મુસલમાનો ભેગા થઇ ગયા તો ત્યાં પધારીને આપે તવંગરો, અમીરો અને પૈસાપાત્રોને અલ્લાહના રાહમાં ફાળો આપવાની અને નાદારો માટે સવારીની વ્યવસ્થા કરી આપવાની હાકલ ફરમાવી. જવાબમાં માલદારો અને ધનવાનોએ અલ્લાહની ખુશનૂદી મેળવવા ખાતર સવારીના ઊંટો વગેરેની ગોઠવણ કરી આપી. હઝરત ઉસ્માન બિન અફ્ફાનએ આ પ્રસંગે જેટલો માલસામાન આપ્યો એટલો કોઇએ નહિ આપ્યો.

(સંપાદકની નોંધ : જંગે-તબૂકના ફાળાની વિગતો હદીસગ્રંથો અને સીરતની કિતાબોમાં નોંધેલી છે. ઇબ્ને હિશામમાં તેનો ઉલ્લેખ નથી. ખુલાસો ટૂંકમાં આ પ્રમાણે છે :

- હઝરત અબૂબક્ર સિદ્દીક બિન અબૂ કુહાફહ રદિયલ્લાહુ અન્હુ : ઘરમાં જે કંઇ આપવા જેવું હતું બધું સમેટી લાવીને અલ્લાહના રાહમાં હાજર કરી દીધું.

- હઝરત ઉમર ફારૂક બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુ : આપવા જેવું જે કંઇ ઘરમાં હતું તેના બે ભાગ પાડ્યા. એક ભાગ બાલબચ્ચાં માટે રહેવા દીધો. બીજો ભાગ લાવીને અલ્લાહના રાહમાં હાજર કરી દીધો.

હઝરત ઉમર ફરમાવે છે, ''હું મુસલમાન બન્યો ત્યારથી નેકીના કામોમાં અબૂબક્રથી આગળ નીકળી જવાના પ્રયત્નો કર્યા કરતો પણ કદી તેમાં ફાવ્યો ન હતો. આજે કુલ પૂંજીનો અર્ધો ભાગ લાવીને મને થયું કે જરૂર આજે હું અબૂબક્રથી આગળ નીકળી જઇશ. એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને પૂછ્યું, ''ઉમર ! ઘરમાં બાલબચ્ચાં માટે શું છોડ્યું ?''

મેં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! કુલ પૂંજીનો અર્ધો ભાગ લાવ્યો છું. બાકીનો ભાગ બાલબચ્ચાં માટે છોડી આવ્યો છું.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂબક્રને પૂછ્યું, ''અબૂબક્ર ! ઘરમાં બાલબચ્ચાં માટે શું છોડ્યું ?''

''અલ્લાહ અને તેના રસૂલને.'' અબૂબક્રે નમ્રતાથી જવાબ આપી દીધો.

હઝરત ઉમર ફરમાવે છે, ''અબૂબક્રનો જવાબ સાંભળીને હું ઠંડોગાર થઇ ગયો. એ પછી ક્યારે ય અબૂબક્રથી આગળ નીકળી જવાનો મેં વિચાર સુધ્ધાં નહિ કર્યો.''

- હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુ : માલ-સામાન અને જરૂરિયાતની ચીજોથી લદાયેલા ૯૦૦ ઊંટો, સિપાહીઓની સવારી માટે ૧૦૦ ઘોડા, લશ્કરના ખર્ચ માટે એક હજાર અશરફીઓ એટલે સોના મહોરો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખુશ થઇને ફરમાવ્યું, ''ઉસ્માન ! અલ્લાહ તઆલાએ તમારા જાહેર, છુપા અને કિયામત સુધીના બધા ગુનાહ માફ કરી દીધા. આજ પછી તમે ગમે તેવું કામ કરો, અલ્લાહના દરબારમાં તેની પકડ કે પૂછ નહિ થાય.'' અસલમાં આપની આ એક પેશગોઇ કે વધામણી હતી કે આજ પછી હઝરત ઉસ્માન કોઇ એવું કામ જ કરવાના નથી જે અલ્લાહની નજરમાં નારાજી કે ઠપકાને પાત્ર ઠરે.

Maktabe Ashraf

• હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હુ : એક રિવાયત મુજબ ૨૦૦ ઊકીયા ચાંદી. બીજી રિવાયત મુજબ ૪ હજાર દિરહમ. ત્રીજી રિવાયત મુજબ ૪૦ હજાર દીનાર એટલે સોના મહોરો.

• હઝરત આસિમ બિન અદી રદિયલ્લાહુ અન્હુ : ૭૦ વસક ખજૂર.

• મદીનહના મોટા મોટા માલદારો, તવંગરો, શાહસોદાગરો અને દાનવીરો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની મજલિસમાં હાથ બાંધીને બા-અદબ ઊભેલા છે અને આપની ખુશ્નૂદીનો અમર ખજાનો લૂંટી રહ્યા છે. આપની સામે ફાળામાં આવેલા માલસામાનનો ઢગલો લાગેલો છે. થોડે દૂર કેટલાક મુનાફિકો ઊભા ઊભા આ તમાશો જોઈ રહ્યા છે. એટલામાં એક ગરીબ-મિસ્કીન મઝદૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થાય છે. એના હાથમાં એક ટોકરી છે. આવતાં જ સલામ કરીને અરજ કરે છે, "યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપના ઉપર કુરબાન ! આ એક નજીવી ભેટ છે. અલ્લાહના રાહમાં ફાળા તરીકે લાવ્યો છું. આપ એને કબૂલ ફરમાવો." આમ કહીને ટોકરી તેણે આપના ચરણોમાં ધરી દીધી.

એ રસૂલુલ્લાહુ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક ગરીબ અને મિસ્કીન સહાબી છે. એમનું નામ હઝરત અબૂ ઉકૈલ અન્સારી છે. આખી રાત એક યહૂદીની વાડીમાં કૂવાનો કોશ ખેંચીખેંચીને એમના હાથોમાં આંટાણો પડી ગયાં છે. વાડીના માલિકે રાતભરની મઝદૂરી પેટે ચાર શેર ખજૂરો એમને આપી છે. બશેર ખજૂરો ઘરે જઈને બાલ-બચ્ચાંને આપી આવ્યા છે. બશેર ખજૂરો જંગે-તબૂકના ફાળા તરીકે ટોકરીમાં નાખીને લઈ આવ્યા છે. આંખોમાં છેક નજીવી પૂંજીના ફાળાની શરમિન્દગી ઝાંખી રહી છે પણ દિલમાં ઈખ્લાસ અને ઈમાનની લાગણીઓ ઉછાળા મારી રહી છે. દૂર ઊભેલા-મુનાફિકો એમનો આ નજીવો ફાળો જોઈને મૂંછોમાં હસવા લાગે છે અને કટાક્ષના તીરો છોડતાં આપસમાં કહે છે, "અબૂ ઉકૈલનું માનવું છે કે એ જો આ બશેર ખજૂરનો ફાળો નહિ આપતે તો લોકો ભૂખે મરી જતે અને જિહાદ લટકેલો રહી જતે !"

અલ્લાહ તઆલાએ મુનાફિકોના આ ઝેરીલા કટાક્ષની નોંધ લેતાં આ આયત નાઝિલ ફરમાવી: "અલ્લઝીન યલ-મિઝૂનલ- મુત-તવ-વ્વિઈન મિનલ મુઅમિનીન......."

> "આ મુનાફિકો એવા લોકો છે કે દિલ ખોલીને દાન આપનારા મુસલમાનો પર દાનના મામલામાં ટોણા મારે છે અને એવા લોકોની મશ્કરીઓ કરે છે જેઓને મેહનત-મઝદૂરી વગર કશું મળતું નથી."[1]

બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના આ ગરીબ અને મિસ્કીન સહાબી હઝરત અબૂ ઉકૈલ અન્સારીની આ નજીવી ભેટને મહામૂલી ભેટ તરીકે બિરદાવીને, તેમના ઈખ્લાસ અને ઈમાની જઝબાની કદર કરતાં પોતાના સહાબાને ફરમાવ્યું, "અબૂ ઉકૈલની ખજૂરોને માલસામાનના ઢગલા પર વિખેરીને ફેલાવી દો !"

• એવી જ રીતે બીજા મુસલમાનોએ પણ પોતપોતાની હૈસિયત મુજબ જે કંઈ બની શક્યું તે લાવીને હાજર કરી દીધું.

---

૧. સૂરએ-તવબહ પારહ ૧૦ આયત ૭૯

• ફાળો આપવામાં મુસલમાન મહિલાઓ અને બેગમો પણ પુરૂષોથી પાછળ નહિ પડી. તેઓએ પણ બઢીચઢીને ફાળામાં ભાગ લેતાં હાથ-પગ, ગળાં અને નાક-કાનના ઝેવરો લાવીને હાજર કરી દીધાં. આ બધી માહિતીનાં ઉલ્લેખ હદીસગ્રંથોમાં થયેલો છે અને સીરતની સનદી કિતાબોને આધારે લખવામાં આવી છે. હવે અસલ કિતાબનું લખાણ વાંચો.)

સવારીના અભાવે રડનારાઓની કથા——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જંગે-તબૂક પ્રસંગે કેટલાક નાદાર અને છેક ગરીબ સહાબા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. એમની પાસે સવારીનો બંદોબસ્ત ન હોવાથી જિહાદમાં ભાગ લેવાથી લાચાર હતા અને તેના આઘાતથી ધારધાર રડતા હતા. આ કારણે એ બધા ''બુક્કાઉન'' એટલે ધારધાર રડનારા તરીકે જાણીતા થયા. એ બધા અન્સારના બનૂ અમ્ર બિન ઔફ કબીલાના સાત ગૃહસ્થો હતા જેમના નામો આ છે :

(૧) હઝરત સાલિમ બિન ઉમૈર (૨) બલ-હારિસહના કુટુંબમાંથી હઝરત ઉલબહ બિન ઝૈદ (૩) બનૂ માઝિન બિન નજ્જારમાંથી હઝરત અબૂ લયલા અબ્દુર્રહમાન બિન કઅબ. (૪) હઝરત અમ્ર બિન હમામ બિન જમૂહ બનૂ સલિમહવાળા (૫) હઝરત અબ્દુલ્લાહ બિન મગફલ મુઝની. અમુકના કથન મુજબ એ અબ્દુલ્લાહ બિન અમ્ર મુઝની હતા. (૬) હઝરત હરમય બિન અબ્દુલ્લાહ બનૂ વાકિફવાળા (૭) હઝરત ઇરબાઝ બિન સારિબહ ફઝારી. (રદિયલ્લાહુ અન્હુમ.)

આ સાતે ગૃહસ્થો છેક કંગાલ અને હાજતમંદ હતા. સવારીની વ્યવસ્થા કરવાથી લાચાર હતા. બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને સવારીની દરખાસ્ત કરી, ''યા રસૂલલ્લાહ ! જિહાદ માટે દિલ તડપે છે. સવારી નથી.''

આપે ફરમાવ્યું, ''મારી પાસે સવારી છે ક્યાં કે તમને આપું ?''

એ બધા ભારે હતાશા સાથે ત્યાંથી પાછા ફર્યા. એમની આંખોમાંથી દડદડ આંસુ વહેતાં હતાં. ગમ અને આઘાત આ વાતનો હતો કે એમની પાસે એટલીય પૂંજી ન હતી કે સવારીની વ્યવસ્થા કરી શકતે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ બધા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી રડતાં-રડતાં પાછા ફરતા હતા ત્યારે રસ્તામાં હઝરત અબૂ લયલા અબ્દુર-રહમાન અને હઝરત અબ્દુલ્લાહ બિન મગફલ અને હઝરત યામીન બિન ઉમૈર બિન કઅબ નદરી સાથે મુલાકાત થઇ ગઇ. બધાને રડતાં જોઇને હઝરત યામીન બિન ઉમૈરએ રડવાનું કારણ પૂછ્યું. તેઓ બોલ્યા, ''અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે સવારી માગવા ગયા હતા. પણ આપે ફરમાવ્યું કે, હું તમારા માટે સવારીની વ્યવસ્થા કરવાથી લાચાર છું. હવે અમારી પાસે એટલી પૂંજી નથી કે પોતે સવારીનો પ્રબંધ કરી લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે જિહાદમાં જઇ શકીએ.''

આ સાંભળીને હઝરત યામીન બિન ઉમૈરના દિલમાં દયાની લાગણી ઉદ્‌ભવી. એમની પાસે ખેતીમાં જળસિંચન કરનારી પોતાની એક ઊંટણી હતી. એ ઊંટણી એમણે તેઓને આપી દીધી અને ઉપરથી રસ્તાના ભાથાં તરીકે થોડીક ખજૂરોની એક પોટલી પણ બાંધી આપી. મતલબ કે એમાંના બે ગૃહસ્થો હઝરત યામીને

Maktabe Ashraf

આપેલી ઊંટણી પર બેસીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે જિહાદમાં ગયા.[૧]

ઇબ્ને ઇસ્હાક કહે છે : જંગે - તબૂકની તૈયારી વેળાં જંગલ વિસ્તારના કેટલાક ગમારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને સફરમાં સાથે નહિ આવવા બદલ તરહ-તરહના બહાના કાઢવા લાગ્યા. પરંતુ અલ્લાહ તઆલાએ તેઓનું કોઈ બહાનું માન્ય રાખ્યું નહિ.

મને મળેલી માહિતી મુજબ એ બધા ગિફાર કબીલાના ગમારો હતા. ૨

પાછળ રહી જનારા નિખાલસ સહાબા——————એ પછી તબૂક તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સફરની શરૂઆત થઇ તો તે વેળા અમુક મુસલમાનોએ રવાનગીનો નિર્ણય લેવામાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કર સાથે જોડાઇ જવામાં દેખીતો વિલંબ કરી નાખ્યો. આ કારણે તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી પાછળ પડી ગયા. પણ એમના ઇમાન કે અકીદામાં કોઇ ખામી ન હતી અને એમની નિય્યતમાં રતીભાર શંકાને સ્થાન ન હતું.

એ પાછળ રહી જનારાઓમાં : (૧) બનૂ સલિમહવાળા હઝરત કઅબ બિન માલિક બિન અબૂ કઅબ મદીનહના પંકાયેલા મહાન શાઇર (૨) બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત મુરારહ બિન રબીઅ (૩) બનૂ વાકિફવાળા હઝરત હિલાલ બિન ઉમૈયહ અને (૪) બનૂ સાલિમ બિન ઔફવાળા હઝરત અબૂ ખૈસમહ સાલિમી હતા. એ બધા સાચા-પાક, નિખાલસ દિલના, વફાદાર આશિકે-રસૂલ હતા. એમનો ઇસ્લામ દરેક ખામીથી શુધ્ધ હતો. એમનું ઇમાન દરેક આક્ષેપથી સ્વચ્છ હતું. એમાંથી હઝરત અબૂ ખૈસમહ મોડેમોડે પણ પહોંચી ગયા. બાકીના ત્રણ સહાબા પાછળ રહી જવા પામ્યા.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પ્રવાસનો આરંભ થયો અને ઇસ્લામી લશ્કર સાથે મદીનહથી નીકળીને આપે "સનિય્યતુલ-વદાઅ"સ્થળે પહોંચીને પહેલો પડાવ નાખ્યો.

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહમાં પોતાના નાયબ તરીકે હઝરત મુહંમદ બિન મસ્લમહ અન્સારીની નિમણૂંક કરી. બીજી રિવાયતમાં છે કે આપે તબૂકની રવાનગી વેળા મદીનહમાં હઝરત સબાઅ બિન ઉર્ફુતહની પોતાના નાયબ તરીકે નિમણૂંક કરી.

પાછળ રહી જનારૂં મુનાફિકોનું લશ્કર——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી અલગ થઇને ઝુબાબ નામે પહાડ તરફ

---

૧. એજ બુક્કાઊન સહાબાની શાનમાં કુર્આનની આ આયત નાઝિલ થઇ.

વલા અલલ - લઝીન	અને એવા લોકો પર કોઇ દોષ નથી;
ઇઝા મા અતવ-ક	જ્યારે તેઓ તમારી પાસે આવ્યા,
લિ-તહ્ - મિલહુમ	કે જેથી તમે તેઓને સવારી આપો.
કુલ્ત લા અજિદુ	તો તમે કહ્યું, મારી પાસે સવારી ક્યાં છે કે
મા અહમિલુ-કુમ અલૈહિ.	તમને તેની ઉપર સવાર કરાવું ?
તવલ્લવ વ અઅયુનુ હુમ	તો તેઓ પાછા વળ્યા અને તેઓની આંખોથી
તફીદુ મિનદ્ - દમ્ઇ હઝનન	આંસુ જારી હતાં કે અફસોસ !
અલ્લા યજિદુ મા યુન-ફિકૂન.	અમારી પાસે ખર્ચ માટે કંઇ જ નથી (સૂરએ-તવબહ આયત ૯૨)

૨. એ ગમારો વિશે આ આયત ઊતરી : "વ જાઅલ મુઅઝ-ઝિરૂન મિનલ અઅરાબિ લિ યુઅઝન લહુમ " "અને કેટલાક બહાનાખોર લોકો ગામડાઓમાંથી આવ્યા કે જેથી તેઓને ઘરોમાં રહેવાની પરવાનગી મળી જાય." (સૂરએ- તવબહ આ. ૯૦)

Maktabe Ashraf

ચાલ્યો ગયો અને ત્યાં પોતાના લશ્કર સાથે તેણે પડાવ નાખી દીધો. લોકોનું કહેવું છે કે તેનું લશ્કર ઇસ્લામી લશ્કરથી કંઇ ઓછું ન હતું. પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું લશ્કર રવાના થયું તો અબ્દુલ્લાહ બિન ઉબય પોતાના દગાબાજ તકસાધુઓને લઇને મદીનહ તરફ પાછો વળી ગયો.

હઝરત અલી પર મુનાફિકોનો આક્ષેપ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ સફરમાં હઝરત અલી બિન અબી તાલિબને પોતાની સાથે નહિ લીધા અને પોતાના બાલબચ્ચાં કે ઘરવાળાંઓની હિફાઝત માટે તેમને મદીનહમાં જ રહેવાનો હુકમ ફરમાવ્યો. [૧] બસ પછી શું હતું ? મુનાફિકો એ વાતને લઇ નાઠા. તેઓને જોઇતું હતું અને મળી ગયું. એજ વાતને પકડી લઇને તેઓએ મદીનહમાં એવી વાત વહેતી કરી દીધી કે, ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલીને એટલા માટે તરછોડી દીધા કે અલીને આપ પોતાના માટે બોજારૂપ સમજતા હતા અને આ બોજાને આપ ખંખેરી નાખવા માગતા હતા.

મુનાફિકોના આક્ષેપની જાણ થતાં હઝરત અલીને બહુ લાગી આવ્યું. એજ વેળા હઝરત અલી અંગ પર હથિયારો સજીને અને મદીનહથી નીકળીને રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચી ગયા. તે વેળા આપ ઇસ્લામી લશ્કર સાથે જુર્ફ મુકામે થોભેલા હતા. [૨]

હઝરત અલીએ અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! મુનાફિકોએ મદીનહમાં મારા વિષે આવી-આવી વાતો વહેતી કરી છે.''

આપે ફરમાવ્યું, ''અલી ! મુનાફિકો જૂઠા છે. મેં તમને એટલા માટે પાછળ છોડ્યા કે તમે આપણા ઘરવાળાંઓની હિફાઝત કરો. માટે પાછા જાવ અને મારી ગેરહાજરીમાં મારા નાયબ તરીકે આપણા ઘરવાળાંઓની હિફાઝત કરો. હે અલી ! શું તમે આ વાતથી ખુશ નથી કે મારા મામલા અંગે તમને તે દરજ્જો મળે જે મૂસા પયગમ્બરના મામલામાં તેમના ભાઇ હારૂન પયગમ્બરને મળ્યો હતો. હા આટલું ચોક્કસ કે મૂસા પછી બીજા નબીઓ આવ્યા હતા પણ મારા પછી કિયામત સુધી કોઇ પયગમ્બર આવવાના નથી.''

સારાંશ કે હઝરત અલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની વાતોથી ખુશ થઇ ગયા. દિલ પરથી રંજોગમનો બધો ભાર ઊતરી ગયો અને રાજીખુશી મદીનહ પાછા ફર્યા. આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઇસ્લામી લશ્કર સાથે તબૂક તરફ રવાના થયા.

હઝરત અબૂ ખૈસમહનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અલી મદીનહ પાછા વળ્યા અને રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઇસ્લામી લશ્કર સાથે તબૂકની સફરે રવાના થયા. એના થોડા દિવસો પછી મદીનહમાં એવું બન્યું કે એક દિવસે હઝરત અબૂ ખૈસમહ ઊકળતા તાપમાં પોતાના ઘરે આવ્યા. [૩] એમની બે બેગમો હતી. શું જુએ છે કે બંને બીબીઓએ બગીચામાં બે તંબૂઓ તાણેલા છે. તંબૂઓમાં બંને બીબીઓએ ઠંડક માટે પાણીનો છંટકાવ કરેલો છે. અને અબૂ ખૈસમહના પીવા માટે પાણી ઠંડું કરીને મૂકેલું છે અને ખાવા માટે જમણ પણ રાંધીને તૈયાર કરેલું છે.

---

૧. દૂરદરાજનો બેહદ આકરો પ્રવાસ હોવાથી આ સફરમાં આપે નિયમ વિરૂધ્ધ પોતાની પાક બીબીઓમાંથી કોઇને સાથે લીધાં ન હતાં. ઘરવાળાંઓની હિફાઝત માટે આપે હઝરત અલી (રદિ.)ને મદીનહમાં રહેવાનો હુકમ ફરમાવ્યો હતો. ''હ''

૨. જુર્ફ : મદીનહથી ત્રણ માઇલના અંતરે આવેલું એક સ્થળ.

3. તબૂકના પ્રવાસમાં પાકા ઇમાનના જે ચાર સહાબા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી પાછળ રહી ગયા હતા એમાં એક હઝરત અબૂ ખૈસમહ (રદિ.) પણ હતા. ''હ''

Maktabe Ashraf

કાળઝાળ ગરમી અને ઊકળતા તાપમાં હઝરત અબૂ ખૈસમહ તંબૂના બારણે આવીને ઊભા થઇ ગયા અને વહાલસોયી બેગમોની આ બધી તૈયારીઓ જોઇને કહેવા લાગ્યાઃ

"અફસોસ છે અબૂ ખૈસમહ પર ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો તાપના ઉકળાટમાં ગરમ લૂ ના સપાટા ઝીલે અને અબૂ ખૈસમહ ઠંડા સાયામાં ગરમ ખાણું જમે, ઠંડું પાણી પીએ, પોતાની રૂપાળી બીબીઓ સાથે વાતો કરે, તંબૂના સાયામાં આરામ કરે અને ઘરના રાચરચીલામાં એશઆરામનો આનંદ માણે ! અલ્લાહના સોગંદ, એ કોઇ ઇન્સાફની વાત નથી અને કોઇ કાળે બનવાનું નથી."

પછી બોલ્યા, "હે બીબીઓ ! સાંભળો, અલ્લાહના સોગંદ ! હું તમારા બંનેમાંથી કોઇના તંબૂમાં પગ મૂકવાનો નથી. મારે અબઘડી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચવું છે. માટે તમે અત્યારે જ મારા માટે રસ્તાનું ભાથું તૈયાર કરો."

આ સાંભળીને બંને બીબીઓએ ઝટપટ એમના માટે સફરનું ભાથું તૈયાર કરી આપ્યું. હઝરત અબૂ ખૈસમહ પોતાના ઊંટ પાસે ગયા. તેની પીઠ પર કાઠી કસી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં હાજર થવા નીકળી પડયા અને પવનવેગી સવારી દોડાવતા તબૂક તરફ ઊપડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગયા.

એ દરમિયાન એવું બન્યું કે હઝરત ઉમૈર બિન વહબ જુહમીએ રસ્તામાં હઝરત અબૂ ખૈસમહને પકડી પાડયા. બંને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં પહોંચવા માટે એકબીજાના રફીકે-સફર બની ગયા. જયારે બંને ગૃહસ્થો તબૂક પાસે પહોંચ્યા તો અબૂ ખૈસમહએ ઉમૈર બિન વહબને કહ્યું, "મારાથી એક મોટી ભૂલ થઇ છે. માટે તમે એમ કરજો કે જયાં સુધી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચી ન જાઉં ત્યાં સુધી તમે મારાથી પાછળ જ રહેજો."

હઝરત ઉમૈર બિન વહબે તેમના સૂચનનું પાલન કર્યું. પછી જયારે હઝરત અબૂ ખૈસમહ તબૂકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે પહોંચવાની તૈયારીમાં હતા તો લશ્કરના લોકો એમને દૂરથી આવતા જોઇને કહેવા લાગ્યા, "જુઓ પેલો કોઇ શુતુર-સવાર આ તરફ આવી રહેલો દેખાય છે."

આ વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "કુન અબૂ ખૈસમહ!" એટલે હે સાંઢણી સવાર ! તું અબૂ ખૈસમહ બની જા !

અને ખરેખર અબૂ ખૈસમહ જયારે વધારે નઝદીક આવી લાગ્યા તો લશ્કરના લોકો એમને ઓળખીને પોકારી ઊઠયા, "યા રસૂલલ્લાહ ! એ તો સાચેસાચ અબૂ ખૈસમહ જ છે."

અબૂ ખૈસમહએ પોતાનો ઊંટ બેસાડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સલામ કરી. આપે તેમને ફરમાવ્યું, "અવલા લકા યા અબા ખૈસમહ !"એટલે હે અબુ ખૈસમહ ! તું તો હલાકતને કાંઠે કે વિનાશને આરે પહોંચી જ ગયો હતો !

એ પછી અબૂ ખૈસમહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂરો કિસ્સો કહી સંભળાવ્યો. આપે તેમને શુભેચ્છાઓથી બિરદાવીને તેમના હકમાં ભલાઇની દુઆ કરી.

Maktabe Ashraf

ઇબ્ને હિશામ કહે છે : હઝરત અબૂ ખૈસમહનું અસલ નામ માલિક બિન કૈસ હતું.

આ યાદગાર પ્રસંગને અનુસરીને હઝરત અબૂ ખૈસમહએ થોડાક શેઅરો કહ્યા છે :

લમ્મા રઐતુન - નાસ ફીદ - દીને નાફકૂ ▪ અતૈતલ-લતી કાનત અ-અફફા વ અકરમા.

જ્યારે મેં લોકોને દીનના કામોમાં મુનાફિકત કે ઢોંગ કરતાં જોયા તો મેં તે ચીલો અપનાવી લીધો જે વધારે સલામત અને માનઆબરૂ ભરેલો છે.

વ બાયઅ - તુ બિલ-યુમ્ના યદી લિ-મુહમ્મદિન ● ફલમ ઇક-તસિબ ઇસ્મંવ - વલમ અગ્શ મહરમા.

મેં મારો જમણો હાથ લંબાવીને હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બૈઅત કરી લીધી. પછી મેં ન કોઇ ગુનોહ આચર્યો ન કોઇ હરામ વસ્તુ પર તૂટી પડયો.

તરક-તુ ખદીબન ફિલ અરીશે વ સિર-મતન ▪ સફાયા કિરામન બુસ્રુહા કદ તહમ - મમા.

મેં મંડપમાં મારી રૂપવાન બેગમને તરછોડી દીધી અને ફળોથી લદાયેલા ઉત્તમ પ્રકારના ખજૂર-વૃક્ષોને જતાં કર્યાં જેના કાળાં-કાળાં ફળો પાકીને લચકી રહ્યાં હતાં.

અઝાબનો ભોગ બનેલા લોકોની ધરતી—————ઇબ્ને ઇસ્હાક કહે છે : તબૂકના પ્રવાસમાં આગળ જતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે ''હિજ્ર''નામની ધરતીમાં દાખલ થઇ ગયા તો અહીં આપે ઇસ્લામી લશ્કર સાથે પડાવ નાખી દીધો. અહીં કેટલાક કૂવાઓ આવેલા હતા. લોકોએ એ કૂવાઓનું પાણી પી લીધું. પછી જ્યારે સાંજ પડી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને ફરમાવ્યું.

> ''તમારે અહીંના કૂવાઓનું પાણી બિલકુલ નહિ પીવું. નમાઝ માટે એ કૂવાઓના પાણીથી વુઝૂ પણ નહિ કરવું. જે લોટ એ કૂવાઓના પાણીથી ગૂંધ્યો હોય તેની રોટલી નહિ બનાવવી. ગૂંધેલો લોટ ઊંટોને ખવડાવી દો. પોતે તેમાંથી કંઇ નહિ ખાવું. અને સાંભળો, રાતની વેળા કોઇએ કામસર નીકળવું પડે તો કોઇ સાથીના સંગાત વગર હરગિઝ નહિ નીકળે !''

સંપાદકની નોંધ—————હિજ્રની ધરતી પર સમૂદ નામે પ્રાચીન અરબની નાશ પામેલી એક મૂર્તિપૂજક કૌમ વસતી હતી જેનું વર્ણન કુર્આનમાં થયેલું છે. એ હઝરત નૂહ અલૈહિસ સલામના એક પુત્ર સામની અવલાદમાંથી હતી. એની હિદાયત માટે અલ્લાહ તઆલાએ હઝરત સાલિહ અલૈહિસ સલામને મોકલ્યા હતા. બહુ માથાભારે, તુમાખીખોર અને કટ્ટર કાફિરોની કૌમ હતી. હઝરત સાલિહ અલૈહિસ સલામની સચ્ચાઇ માટે મુઅજિઝાની માગણી કરી. તો અલ્લાહ તઆલાએ પહાડોમાંથી જીવતી જાગતી કદ્દાવર કાયાની એક અજીબો-ગરીબ ઊંટણી કાઢીને તેઓની આંખ સામે ઊભી કરી દીધી. તેઓએ ઊંટણીને કાપી નાખી અને હઝરત સાલિહ અલૈહિસ સલામના ખૂનનું કાવતરૂ કર્યું. શિક્ષારૂપે પૂરી કૌમ પર અલ્લાહનો અઝાબ તૂટી પડયો. એવો ભયંકર ધરતીકંપ થયો કે આખી કૌમ જીવતી જમીનમાં દટાઇ ગઇ. (કામૂસુલ-કુર્આન પા. ૧૭૩) હિજ્રની ભૂમિ સમૂદની સત્તાનું મુખ્ય મથક હતી. એને ''મદાઇને-સાલિહ'' પણ કહે છે. અહીં તુર્કીના સમયનું હિજાઝ રેલ્વે સ્ટેશન આવેલું છે. એંજિન સાથે થોડાક ડબ્બા પણ આજ સુધી પાટા પર પડેલા છે. આ સ્થળ મદીનહ અને તબૂકની વચ્ચે આવેલું છે. ''હ''

Maktabe Ashraf

લશ્કરના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ ચેતવણી કે આદેશનો અમલ કર્યો. અલબત્ત બનૂ સાઇદહના બે માણસો ભૂલેચૂકે રાતની વેળા નીકળી પડયા. એમાંનો એક કુદરતી હાજત માટે છાવણીમાંથી નીકળ્યો હતો. બીજો પોતાના ઊંટની તલાશમાં નીકળી પડયો હતો. કુદરતી હાજત માટે છાવણીમાંથી નીકળેલો માણસ રસ્તામાં "ખુનાક" નામે બીમારીનો ભોગ થઇ પડયો.[1] બીજો માણસ જે પોતાના ઊંટની તલાશમાં ઊપડયો હતો. આગળ જતાં વંટોળિયાના ઝંઝાવાતે તેને હવામાં અધ્ધર ઉપાડીને તૈય નામે બે પહાડોની વચ્ચે ફેંકી માર્યો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ બનાવની જાણ કરવામાં આવી તો આપે ખેદ દર્શાવતાં ફરમાવ્યું, "શું મેં તમને મના ન હોતી કરી કે કોઇ શખ્સ પોતાના સાથીના સંગાત વગર નહિ નીકળે !"

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પેલા ખુનાકના રોગી ગૃહસ્થ માટે બારગાહે-ઇલાહીમાં દુઆ માગી તો તેનો રોગ એજ વેળા મટી ગયો અને તે તદ્દન શિફાયાબ થઇ ગયો. જે ગૃહસ્થ વંટોળિયાના સપાટામાં સપડાઇને તૈય પહાડોની વચ્ચે ફંગોળાઇ ગયા હતા તેમને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મદીનહ-વાપસી પછી તૈય કબીલાના એક માણસે લાવીને મદીનહમાં હાજર કરી દીધા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : આ બંને શખ્સો સાથે બનેલા બનાવનો કિસ્સો મને અબ્દુલ્લાહ બિન અબીબક્રએ, અને તેમને અબ્બાસ બિન સહલ બિન સઅદ સાઇદીએ વર્ણવ્યો હતો. અબ્દુલ્લાહ બિન અબીબક્રનું કહેવું છે કે અબ્બાસે મને એ બંને શખ્સોના નામ પણ બતાવી દીધાં હતાં પણ સાથે વચન લીધું કે કોઇને એ નામો બતાવવાં નહિ. આ કારણે અબ્દુલ્લાહ બિન અબીબક્રે મને એ ગૃહસ્થોના નામો બતાવવાનો ઇન્કાર કરી દીધો.

હિજ્રની ભૂમિમાં રડતાં જવાનું ફરમાન———ઇબ્ને હિશામ કહે છે : મને ઇબ્ને શિહાબ ઝુહરી તરફથી આ રિવાયત મળી : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે હિજ્રની ભૂમિ પરથી પસાર થયા તો આપે પોતાનો નૂરાની ચેહરો એક કપડાથી ઢાંકી લીધો હતો અને પોતાની ઊંટણીને ઝડપી ચાલે હાંકી મૂકી હતી અને લોકોને સંબોધીને ફરમાવ્યું હતું :

> "હે લોકો ! ઝાલિમો અને પાપીઓના ઘરો પાસેથી અને તેઓની ઉજ્જડ કે લઅનતી વસતિઓમાંથી રડતાં-રડતાં એવા ડરથી પસાર થઇ જાવ કે જે આફત એ પાપીઓ પર તૂટી પડી, કયાંક તમે એ આફતનો ભોગ ન બની જાવ !"

વરસાદનો મુઅજિઝો———ઇબ્ને ઇસ્હાક કહે છે : જયારે પ્રભાત થયું અને પાણીની જરૂર પડી તો લશ્કરના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પાણી ન હોવાની શિકાયત રજૂ કરી.એજ વેળા આપે બારગાહે-ઇલાહીમાં પાણીની દુઆ માગી. જોતજોતામાં અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી એક વાદળ મોકલી આપ્યું. તેમાંથી ખૂબ વરસાદ થયો. પાણીની રેલછેલ થઇ ગઇ. લોકો પાણી પીને સયરાબ થઇ ગયા. એટલું જ નહિ. ૩૦ હજારના લશ્કરના લોકોએ પોતાની જરૂરત મુજબ પાણીનો સંગ્રહ પણ કરી લીધો.

મુઅજિઝા પર મુનાફિકોનો કટાક્ષ———ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ મહમૂદ બિન લુબૈદના વાસ્તાથી બનૂ અબ્દે અશહલના કેટલાક લોકોની રિવાયત કહી સંભળાવી.

---

૧. ખુનાક : કંઠમાળ જેવો ગળાનો એક રોગ જેમાં શ્વાસ રૂંધાય છે અને મરીઝ ભારે પીડા ભોગવે છે. "ક"

આસિમે મહમૂદને પૂછ્યું, "શું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મુનાફિકોની ચાલબાજીઓની ખબર હતી ?"

જવાબમાં મહમૂદ બિન લુબૈદએ કહ્યું, "હા સોગંદ છે અલ્લાહના ! લશ્કરમાં દરેક મુસલમાન પોતાના ભાઈ, પોતાના બાપ, પોતાના કાકા અને પોતાના ખાનદાનમાં કોણ-કોણ લોકો મુનાફિક છે તે સારી રીતે જાણતો હતો. પરંતુ મુનાફિક લોકો સિફતથી વાતને વહેતી કરીને ચાલાકીથી પલટાવી નાખતા હતા અને લોકોના દિલોમાં વસવસા જન્માવીને પોતે તેમાંથી છટકી જતા હતા."

એ પછી મહમૂદ બિન લુબૈદએ કહ્યું, "મને મારી કૌમના કેટલાક જાણકાર ગૃહસ્થોએ એક મુનાફિકનો કિસ્સો કહી સંભળાવ્યો. એનું પ્રપંચી જૂઠાણું જગજાહેર થઈ ચૂક્યું હતું. જંગે-તબૂકના પ્રવાસમાં એ ઈસ્લામી લશ્કરના સંગાતે હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યાં જ્યાં જતા, એ આપની પાછળ પડછાયા પેઠે લાગેલો રહેતો. [1] જ્યારે ઈસ્લામી લશ્કર કૂચકદમ કરતું હિજની ભૂમિમાં દાખલ થયું તો ત્યાં પાણીની જરૂરત ઊભી થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બારગાહે-ઈલાહીમાં વરસાદ માટે દુઆ માગી. અલ્લાહ તઆલાએ વાદળ મોકલાવી આપ્યું. ખૂબ વરસાદ થયો. લોકોએ ધરાઈને પાણી પીધું અને વાસણો પણ પાણીથી ભરી લીધાં. રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમનો આ ચોખ્ખો મુઅજિઝો હતો. એ પ્રસંગે અમે એ મુનાફિકને સંબોધીને પૂછ્યું, "કેમ ભાઈ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ મુઅજિઝો જોવા છતાં હજું તારા દિલમાં કંઈ શંકા છે ?"

તે બોલ્યો, "એમાં વળી મુઅજિઝો કેવો ? એ તો ફક્ત પસાર થતું એક વાદળ હતું જે વરસીને આગળ નીકળી ગયું. એમાં મુઅજિઝાની શું વાત છે ?"

ઇબ્ને ઈસ્હાક કહે છે : પછી એવું બન્યું કે એજ પ્રવાસમાં આગળ જતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક જંગલમાં થોભી ગયા. સંજોગજોગે આ સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી ગુમ થઈ ગઈ. આપના કેટલાક સાથીઓ ખોવાયેલી ઊંટણીની શોધમાં નીકળી પડ્યા. આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી હતા. લોકો એમને ઉમારહ બિન હઝમ નામે બોલાવતા હતા. બૈઅતે-અકબહ અને જંગે-બદ્રમાં હઝરત ઉમારહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે હતા. એ બનૂ અમ્ર બિન હઝ્મના કાકા લાગતા હતા. એમની સવારીની કાઠી પર ઝૈદ બિન લુસૈત કૈનુકાઈ નામે ગૃહસ્થ પણ બેઠેલો હતો જે એક પાકો મુનાફિક હતો. [2]

ખોવાયેલી ઊંટણી પર કટાક્ષ————ઇબ્ને ઈસ્હાક કહે છે : ઝૈદ બિન લુસૈત હઝરત ઉમારહની સવારી પર સાથે બેસીને સફર કરતો હતો. ઊંટણીના ગુમ થવાની ખબર મળતાં હઝરત ઉમારહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ગયા. એ દરમિયાન ઝૈદ બિન લુસૈતએ આજુબાજુના લોકોને સંબોધીને કહ્યું, "શું મુહંમદનો આ દાવો નથી કે તેઓ અલ્લાહના સાચા નબી છે ? અને શું તેઓ તમને આકાશની

---

૧. મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય પોતાનું મોટું લશ્કર લઈને નીકળ્યો હતો. પણ "સનીય્યતુલ-વદાઅ" સ્થળેથી પોતાના લશ્કર સાથે મદીનહ પાછો ચાલ્યો ગયો હતો. આમ છતાં ફિત્નાખોર અને શરારતી મુનાફિકોની એક ટોળકી તબૂકના પ્રવાસમાં ઈસ્લામી લશ્કરની સાથે હતી. "હ"

૨. મદીનહમાં કૈનુકાઅ નામે યહૂદીઓનો એક જાણીતો કબીલો હતો. કૈસ બિન લુસૈત એજ કબીલાનો એક યહૂદી હતો. જાહેરમાં કલિમો પઢીને મુસલમાન બની ગયો હતો પણ અંદરખાને પાકો મુનાફિક હતો. "હ"

Maktabe Ashraf

ગૈબી ખબરો નથી આપતા ? છતાં તેમને આટલી ખબર નથી કે તેમની ખોવાયેલી ઊંટણી ક્યાં છે ?''

એક તરફ તેણે આ કટાક્ષ કર્યો. બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને સંબોધીને ફરમાવ્યું.''

''આપણા લશ્કરમાં એક માણસ કહે છે કે, મુહંમદ અલ્લાહના નબી હોવાનો ફાંકો ધરાવે છે અને ઉપરથી દાવો કરે છે કે મારી પાસે આકાશથી ગૈબી ખબરો આવે છે. છતાં તેઓ જાણતા નથી કે તેમની ખોવાયેલી ઊંટણી ક્યાં છે ?

તો હે લોકો ! સાંભળી લો. અલ્લાહના સોગંદ ! મારો હાલ આ છે કે અલ્લાહ તઆલા જેટલી વાતો મને બતાવે છે તેટલી જ વાતો હું જાણું છું. (પોતે આલિમુલ ગૈબ હોવાનો કે ગૈબની વાતોના જાણકાર હોવાનો મારો દાવો નથી.) હવે જુઓ, મારી ઊંટણી ક્યાં છે તે અલ્લાહ તઆલાએ મને બતાવી આપ્યું છે. મારી ઊંટણી જંગલની ફલાણી ઘાટીમાં ઊભેલી છે. ત્યાંની એક ઝાડીમાં તેની નાથ ભેરવાય ગઈ છે અને ઝાડીએ તેને અટકાવી રાખી છે. માટે તમે તે ઘાટીમાં જઈને તેને અહીં લઈ આવો.''

આ સાંભળીને કેટલાક સહાબા તે ઘાટીમાં ગયા અને ઊંટણીની ભેરવાયેલી દોરડી ઝાડીમાંથી કાઢીને તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં લઈ આવ્યા.

એ પછી હઝરત ઉમારહ બિન હઝ્મ પોતાની સવારી પાસે ગયા અને ત્યાં ઊભેલા લોકોને કહેવા લાગ્યા, ''અલ્લાહના સોગંદ ! હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર હતો ત્યાં હમણા જ એક અજાયબી ભરેલો બનાવ બની ગયો. લશ્કરના કોઈ માણસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર આકરી ટીકા કરીને ગૈબના ઇલ્મ વિષે કટાક્ષ કર્યો હતો. અલ્લાહ તઆલાએ તરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એની ખબર કરી દીધી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ અમને ફરમાવ્યું, ''લશ્કરનો એક આદમી મારી પયગમ્બરી પર ટીકા કરે છે અને આ આ શબ્દોનાં મુજબ પર કટાક્ષ કરે છે.''

આ સાંભળીને ત્યાં ઊભેલા લોકોમાંથી એક ગૃહસ્થ બોલ્યા, ''અરે આ તો તેજ શબ્દો છે જે ઝૈદ બિન લુસૈત હમણા તમારા આવવા પહેલાં ઉચ્ચાર્યા હતા.''

આ સાંભળતાં જ હઝરત ઉમારહનો પિત્તો ઊછળ્યો. સવારીની કાઠીમાં ઘૂસેલા ઝૈદ બિન લુસૈત પર તૂટી પડ્યા અને તેની ગળચી ઝાલીને બોલ્યા, ''હે લોકો ! દોડો, એક મુનાફિક મરદૂદ મારી કાઠીમાં ઘૂસી ગયો છે. મને ખબર ન હતી કે એ મુનાફિક છે. હે અલ્લાહના દુશ્મન ! નીકળ મારી કાઠીમાંથી ખબરદાર હવે મારી સાથે બેસવા આવ્યો તો !''

ઇબ્ને ઇસ્હાક કહે છે : કેટલાક લોકોનું કહેવું છે કે ઝૈદ બિન લુસૈતએ તે પછી તૌબા કરી લીધી; ત્યારે કેટલાક કહે છે કે તે મરતાં દમ સુધી પોતાના નિફાકની ગંદકીમાં સબડતો રહ્યો.

હઝરત અબૂ ઝરનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સવારી અહીંથી પોતાના લશ્કર સાથે આગળ વધી. મુસલસલ પ્રવાસથી કેટલાક લોકો થાકથી લોથપોથ થઈને પાછળ પડી જતા હતા. એક શખ્સ વારંવાર પાછળ પડવા લાગ્યો. લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું, ''યા રસૂલલ્લાહ ! ફલાણો માણસ વારંવાર પાછળ પડી જાય છે.''

Maktabe Ashraf

આપે ફરમાવ્યું, "છોડી દો એને. એમાં કંઇ ભલાઇ હશે તો અલ્લાહ બહુ જલદી એને તમારા સંગાથે કરી દેશે. પણ જો એમાં ભલાઇ જેવું કંઇ ન હશે તો અલ્લાહ એનાથી તમને છુટકારો અપાવી દેશે."

એ પછી આગળ જતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહેવામાં આવ્યું, "યા રસૂલલ્લાહ! હવે તો અબૂ ઝર પણ પાછળ પડી ગયા. પોતાના ઊંટની રફતાર પણ તેમણે ધીમી કરી નાખી."

આપે ફરમાવ્યું, "અબૂ ઝરને એમની દશા પર રહેવા દો. એમનામાં ભલાઇનો અંશ હશે તો અલ્લાહ બહુ જલદી એમને તમારા સંગાથે કરી દેશે."

હઝરત અબૂ ઝર ગિફારી પાકા મુસ્લિમ અને સાચા આશિકે-રસૂલ હતા. નિફાક કે કપટનો છાંટો સરખો એમના દિલમાં ન હતો. એમનો ઊંટ થાકીને લોથપોથ થઇ ગયો હતો. પોતે થોડીવાર ઊંટની પીઠ પર એમ જ બેસી રહ્યા. જ્યારે ઊંટે કેમે કરી ચાલવાનું નામ નહિ લીધું તો પોતે તેની પીઠ પરથી નીચે ઊતરી પડ્યા. પોતાનો સામાન તેની પીઠ પરથી ઉતારી લીધો અને સામાનના થેલાને પોતાની પીઠ પર લાદીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નકશે-કદમ પર પૈદલ ચાલી નીકળ્યા. આગળ જતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક મંઝિલ પર પડાવ નાખ્યો તો કોઇ જોનારા મુસલમાને તે દિશાએ જોઇને કહ્યું, "યા રસૂલલ્લાહ ! એક માણસ એકલો પગે ચાલીને આવી રહેલો દેખાય છે.

આપે ફરમાવ્યું, "એ અબૂ ઝર હશે."

પછી લોકોએ જરા ધ્યાનથી જોયું અને કહેવા લાગ્યા, "યા રસૂલલ્લાહ ! એ તો ખરેખર અબૂ ઝર જ છે."

અબૂ ઝરની વફાતની પેશીનગોઇ————લોકોની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અલ્લાહ અબૂ ઝર પર રહમ ફરમાવે ! અબૂ ઝર એકલો ચાલશે. અબૂ ઝર એકલો મરશે અને કબરમાંથી કિયામતના દિવસે અબૂ ઝર એકલો ઊઠશે."

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને બુરૈદહ બિન સુફયાન અસલમીના મુખે મળેલી માહિતી મુજબ હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદનું બયાન છે :" ઇસ્લામના ત્રીજા ખલીફા ઉસમાન બિન અફફાનએ જ્યારે અબૂ ઝરને "રબઝહ"મુકામે તડીપાર કરી દીધા તો અબૂ ઝર ત્યાં જ બીમાર પડીને વફાત પામી ગયા. તે વેળા તેમના બેગમ અને ગુલામ વગર કોઇ ત્યાં હાજર હતું નહિ. સૂમસામ અને ભેંકાર જંગલમાં ચારે બાજુ સન્નાટો છવાયેલો હતો.

વફાત પહેલાં તેમણે પોતાના બેગમ અને ગુલામને વસીયત કરી હતી કે મારા મરણ બાદ તમે મને ગુસલ આપજો. કફન પહેરાવજો અને મારા મૃતદેહને સરિયામ રસ્તા પર મૂકી દેજો. પછી એ રસ્તે સૌથી પહેલી જે જમાઅત પસાર થાય તેને કહેજો કે, આ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી અબૂ ઝરનો જનાઝો છે. એને દફન કરવામાં તમે અમારી મદદ કરો."

હઝરત અબૂ ઝરની વફાત બાદ બીબી અને ગુલામે એમની વસીયત પર અમલ કર્યો. ગુસલ અને કફન કરીને રસ્તા પર એમનો જનાઝો મૂકી દીધો અને કોઇ આવનાર જમાઅતની રાહ જોવા લાગ્યા. એટલામાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ ઇરાકવાસીઓની એક જમાઅત સાથે ત્યાંથી પસાર થયા. ભેંકાર જંગલમાં રસ્તાની વચ્ચે

Maktabe Ashraf

એક જનાઝો જોયો તો બધા ચોંકીને એવી રીતે ઠિઠકી ગયા કે, તેઓના ઊંટો જનાઝાને ખૂંદી નાખે તો નવાઈ જેવું ન હતું. એમને જોઈને ગુલામ ઊભો થઈ ગયો અને બોલ્યો, "આ જનાઝો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી અબૂ ઝરનો છે. એને દફનાવવામાં તમે અમારી મદદ કરો."

રાવીનું કથન છે : "ગુલામની વાત સાંભળીને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા અને કહેવા લાગ્યા, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સાચું ફરમાવ્યું હતું કે, અબૂ ઝર! તમે એકલા ચાલશો, એકલા મરશો અને કિયામતમાં તમને એકલા ઉઠાડવામાં આવશે."

પછી હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ અને તેમના સાથીઓ સવારી પરથી ઊતરી પડયા. તેઓએ કબર ખોદી અને અબૂ ઝરને દફન કરી દીધા. એ પછી હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદએ પોતાના સાથીઓને આ કિસ્સો કહી સંભળાવીને ઉમેર્યું કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તબૂક તરફ જતી વેળા રસ્તામાં અબૂ ઝર અંગે આ પેશીનગોઈ ફરમાવી હતી."

મુનાફિકોની અવનવી હરકતો——————ઈબ્ને ઈસ્હાક કહે છે: તબૂકના પ્રવાસમાં મુનાફિકોની એક ટોળકી ઈસ્લામી લશ્કરની સાથે થઈ ગઈ હતી. એમાં બનૂ અમ્ર બિન ઔફ ખાનદાનનો વદીઅહ બિન સાબિત નામે શખ્સ પણ હતો અને બનૂ અશજઅનો એક ગૃહસ્થ જે બનૂ સલિમહનો કરારી હતો જેનું નામ મુખશ-શિન બિન હુમૈયહ અથવા ઈબ્ને હિશામના કથન મુજબ મુખશ્શી બિન હુમૈયર હતું, એ પણ સંગાતે હતા:

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લશ્કર સાથે તબૂક તરફ સફર કરતા હતા તે વેળા આ મુનાફિકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ આંખના મટકાં મારીને ગમ્મતમાં એકબીજાને પૂછતા હતાં,

"કેમ ભાઈ ! તમારૂં શું માનવું છે ? શું તમે "બનુલ-અસફર" એટલે રોમના લોકો સાથેની લડાઈને, અરબો સાથેની લડાઈ જેવી જ ધારો છો ? જેમકે અરબનો એક કબીલો અરબના બીજા કબીલા સાથે જંગ ખેલે છે ? અરે સાંભળો, અલ્લાહના સોગંદ ! આવતી કાલે આપણને બધાને દોરડીઓથી જકડી લઈને ભોંયભેગા કરી નાખવામાં આવશે."

આ પ્રકારના ટોળટપ્પાંથી મુનાફિકોનો મકસદ એ હતો કે મુસલમાન મુજાહિદોમાં કમજોરી તથા ભયનું વાતાવરણ પ્રસરાવીને તેઓના હોસલા પસ્ત કરી નાખવામાં આવે.

વદીઅહની આ રમૂજભરી ટકોર સાંભળીને મુખશ-શિન બિન હુમૈયર બોલ્યો, "જો એમ જ બનવાનું હોય તો બહેતર છે કે આપણામાંથી દરેકને સો-સો ફટકા મારી લેવામાં આવે અને બદલામાં આપણી આ વાતચીત અંગે કુર્આનમાં કોઈ આયત ઉતારવાનું માંડી વાળવામાં આવે. આ રીતે સમાધાન થઈ જાય તો આપણે કુર્આનની આયતથી બચી જઈએ."

એજ સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્માર બિન યાસિરને બોલાવીને ફરમાવ્યું, "જુઓ પેલા મુનાફિકો પાસે જાવ. તેઓને પૂછો કે તમે શું વાતો કરતા હતા ? ના પાડે તો કહી દો કે જૂઠું શા માટે બોલો છો ? શું તમે આ-આ વાતો નહિ કરતા હતા ?"

હઝરત અમ્માર મુનાફિકો પાસે પહોંચી ગયા. પૂછયું, "શું તમે આ આ વાતો નહિ કરતા હતા?"

મુનાફિકોએ સાફ ઈન્કાર કરી દીધો અને એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં

Maktabe Ashraf

ચાપલૂસી કરવા દોડી ગયા. તે વેળા આપ પોતાની ઊંટણી પર બિરાજમાન હતા. વદીઅહએ આપની ઊંટણીના પેટ પર બાંધેલી દોરડી ઝાલી લેતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! અમે તો આપસમાં ફકત હસીમજાકની વાતો કરતા હતા."

એજ લોકો વિષે અલ્લાહ તઆલાએ કુર્આનમાં આ આયત નાઝિલ કરી :

વ લઇન સઅલ-તહુમ લ - યકૂલુન્ન	જો એમને તમે પૂછો તો કહી દેશે,
ઇન્નમા કુન્ના નખૂદુ વ નલઅબ.	અમે તો ફકત ઠઠ્ઠો અને ગમ્મત કરતા હતા.

મુખશ-શિન બિન હુમૈયર બોલ્યો, "યા રસૂલલ્લાહ ! એમાં વાંક મારો નથી. અસલ વાંક મારા અને મારા બાપના ભૂંડાં નામોનો છે. આ નામોની નહૂસત મને નડી છે. હવે કુર્આનની આ આયતે મારૂં મુખશ-શિન બિન હુમૈયર નામ મિટાવી દીધું છે. માટે આપ મારૂં નવું નામ અબ્દુર-રહમાન રાખી દો અને મારા માટે દુઆ કરો કે અલ્લાહ મને શહાદતનું મોત એવા સ્થળે નસીબ કરે કે કોઈને પત્તો જ નહિ લાગે."

બાદમાં આ ગૃહસ્થ જંગે-યમામહમાં એવી રીતે શહીદ થયા કે કોઈને એમના નામો નિશાનનો પત્તો નહિ લાગ્યો.

Maktabe Ashraf

ઐલહના રાજા સાથે સુલેહ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે તબૂક પહોંચી ગયા તો ઐલહ પ્રદેશનો રાજા યુહન્નહ બિન રુઉબહ અથવા રઊબહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો. તેણે આપની સાથે સુલેહ કરી લીધી અને કરવેરો આપવાનું કબૂલ કર્યું. [1] એવી જ રીતે જરબાવાસીઓ અને અઝરુહવાસીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને કરવેરો આપવાની કબૂલાત કરીને તેઓએ આપની શરણાગતિ સ્વીકારી લીધી. [2]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના માટે એક લખાણ કરાવી આપ્યું જે આજ સુધી એમના અનુગામીઓ પાસે મવજૂદ છે. ઐલહના રાજા યુહન્નહ બિન રુઉબહ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ લખાણ કરાવી આપ્યું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આ લખાણ સુરક્ષાની જામિનગીરીનો ખતપત્ર છે અલ્લાહ તરફથી અને અલ્લાહના નબી મુહંમદ રસૂલુલ્લાહ તરફથી યુહન્નહ બિન રુઅબહ માટે અને ઐલહવાસીઓ માટે. [3]

તેઓના જમીની વેપારી કાફલાઓ અને દરિયાઈ વેપારી વહાણોની હિફાઝતના હેતુએ આ લખાણ કરવામાં આવ્યું છે. આથી તેઓને અને શામવાસીઓને અને યમનવાસીઓને તથા સમુદ્રકાંઠે વસનારાઓમાંથી જે લોકો એમના સંગાતે છે તેઓને અલ્લાહ તરફથી અને

1. સીરતુન્નબીમાં છે કે ઐલહના રાજા યુહન્નહએ કરવેરાની કબૂલાત કરીને એક સફેદ ખચ્ચર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને નઝરાણામાં આપ્યો. આ ઉપકારના બદલા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને પોતાની મુબારક ચાદર નઝરાણામાં ઇનાયત ફરમાવી (સી.ન. જિ.૧ પા. ૫૬૬ હવાલો ઝુરકાની) "ક"

૨. ઐલહ, જરબા અને અઝરુહ સીરિયાની સરહદે અકબહની ખાડી પાસેના પ્રદેશમાં આવેલાં શહેરોમાં નામ. અહીં ખ્રિસ્તી સરદારોના નાનકડા રજવાડા આવેલા હતા. ઐલહ તે શહેર છે જેને આજકાલ ઐલાત કહે છે યુહન્નહનો ઉચ્ચાર આજે યુહન્ના કરવામાં આવે છે. અંગ્રેજીમાં જહોન "ક"

3. કેટલીક કિતાબોમાં ઐલહ શબ્દનો ઉચ્ચાર "ઐલાહ" તરીકે કરવામાં આવ્યો છે. "ક"

તેના નબી મુહંમદ તરફથી અમાનની બાંયધરી આપવામાં આવે છે.

પણ જો તેઓમાંથી કોઈ પણ માણસ આ કરારનામા વિરુધ્ધ કોઈ નવી વાત ઉપજાવશે તો તેનો માલ કે તેના પૈસા તેની જાન બચાવી શકશે નહિ. આવા માણસનો માલ અને લોહી તેને પકડી પાડનાર માટે હલાલ બની જશે.

અમારા લોકોમાંથી કોઈ માણસ તેઓના ઝરાણાઓમાંથી કોઈ ઝરાણા પાસે જઈને પાણી લેવા માગે અથવા તેઓના જમીની કે દરિયાઈ રસ્તાઓમાંથી કોઈ રસ્તે પસાર થવા માગે તો તેને અટકાવવાનો કોઈને અધિકાર નથી.

દૂમહના બાદશાહની શરણાગતિ ——ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી તબૂક સ્થળે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખાલિદ બિન વલીદને બોલાવ્યા અને તેમને એક લશ્કરી ટુકડી આપીને દૂમહ પ્રદેશના બાદશાહ ઉકૈદર તરફ રવાના કર્યા. એનું નામ ઉકૈદર બિન અબ્દુલ-મલિક હતું. એ બનૂ કિન્દહ ખાનદાનનો નબીરો હતો. દૂમહ પ્રદેશનો સત્તાધારી અને ખ્રિસ્તી ધર્મ પાળતો હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખાલિદ બિન વલીદને ફરમાવ્યું, "જુઓ ઉકૈદર તમને જંગલી ગાય-બળદનો શિકાર ખેલતો મળશે."

હઝરત ખાલિદ આ લશ્કરી ટુકડી લઈને ઉકૈદરના પ્રદેશ તરફ ઊપડ્યા. અને જ્યારે ત્યાંના કિલ્લાની આકૃતિ દેખાવા લાગી. તો ઉનાળાની રૂતુની ચાંદરાણી રાત હતી. હઝરત ખાલિદ જ્યારે કિલ્લા પાસે પહોંચ્યા તો ત્યાં એક અજીબ દ્રશ્ય જોવામાં આવ્યું. બન્યું એમ કે એક જંગલી બળદ નીકળી આવ્યો અને કિલ્લાના ફાટક સાથે શિંગડાંથી ટક્કર મારવા લાગ્યો. તે વેળા ઉકૈદર અને તેની રાણી કિલ્લામાં મવજૂદ હતાં. તેઓ આ દ્રશ્ય જોઈને નવાઈ પામી ગયાં.

રાણી બોલી, "મારા સરતાજ ! શું આથી પહેલાં તને આવો તમાશો કદી જોયો છે કે બળદ જંગલમાંથી નીકળી આવીને કિલ્લાના ફાટકને ટક્કરો મારે ?"

ઉકૈદર બોલ્યા, "ના અલ્લાહના સોગંદ, કદી આમ બન્યું નથી. પણ જુઓ, હવે હું એને ક્યાં છોડવાનો છું ? હમણા એનો શિકાર કરીને લાવું છું."

એ પછી ઉકૈદર ઝપાટાભેર કિલ્લા પરથી ઊતરીને નીચે આવ્યો. એજ વેળા ઘોડો તૈયાર કરવાનો હુકમ છોડ્યો. ઘોડો તૈયાર થતાં ખાનદાનના કેટલાક ગૃહસ્થોને સાથે લઈને શિકાર માટે ઊપડ્યો. તેની સાથે તેનો એક ભાઈ પણ હતો જેનું નામ હસ્સાન હતું. એ બધા ઉકૈદર સાથે હથિયારબંધ થઈને જંગલી બળદના શિકાર માટે નીકળી પડ્યા. જેવા જ આગળ વધ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સવારો સાથે એમનો ભેટો થઈ ગયો. અજાણ્યા સવારો જોઈને બધા લોકો તેઓની ઉપર તૂટી પડ્યા. ઝપાઝપીમાં ઉકૈદર ગિરિફતાર થઈ ગયો. તેનો ભાઈ હસ્સાન કતલ થઈ ગયો. તેના અંગ પર "ઝર-બફ્ત" એટલે રેશમ અને સોનાના તારોથી ગૂંથેલ વસ્ત્રનો જુબ્બો હતો. હઝરત ખાલિદે એ મૂલ્યવાન જુબ્બો તેના અંગ પરથી ઉતારી લઈને, પોતે પહોંચે તે પહેલાં એક ફોજી સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મોકલાવી આપ્યો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત અનસ બિન માલિક ફરમાવે છે : "એ જુબ્બો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં આવ્યો તે વેળા હું ત્યાં હાજર હતો. મૂલ્યવાન અને ભભકેદાર જુબ્બાનો ભપકો

Maktabe Ashraf

જોઈને હું દંગ થઈ ગયો. બીજા મુસલમાનો પણ હાથથી તેનો સ્પર્શ કરી કરીને નવાઈથી જોવા લાગી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "એમાં નવાઈ પામવા જેવું શું છે ? કસમ છે તે અલ્લાહના જેના કબજામાં મારા પ્રાણ છે. સાંભળો, જન્નતમાં સઅદ બિન મુઆઝનો રૂમાલ એનાથીયે વધારે સુંદર અને ભપકાદાર છે."

ઉકૈદર બાદશાહનો છુટકારો————ઈબ્ને ઈસ્હાક કહે છે : એ પછી હઝરત ખાલિદ બિન વલીદ ઉકૈદર બાદશાહને લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. અહીં ઉકૈદરની જાન એટલા માટે સલામત રહી કે તેણે કરવેરો આપવાની કબૂલાત કરીને સુલેહ કરી લીધી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને છોડી મૂકયો. આ રીતે પોતાના કિલ્લામાં સલામત રીતે પાછા ફરવાનું તેને નસીબ થયું.

આ પ્રસંગે તૈય કબીલાના બુજૈર બિન બજરહ નામે શાઈરે બે શેઅરો કહ્યા જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું તે કથન ગૂંથી લેવામાં આવ્યું જે આપે હઝરત ખાલિદને જતી વેળા ફરમાવ્યું હતું કે, ઉકૈદર તમને જંગલી ગાય બળદનો શિકાર કરતો મળશે. વળી એમાં આ વાત પણ વણી લેવામાં આવી કે એ રાતે જંગલી બળદે કિલ્લાના ફાટકને ટકકરો મારીને ઉકૈદરને કિલ્લામાંથી બહાર કાઢયો જેનાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કથનની સચ્ચાઈ પુરવાર થઈ ગઈ. બુજૈરના શેઅરો આ છે:

તબારકા સાઇકુલ - બકરાતિ ઈન્ની • રઐતુલ - લાહ યહદી કુલ્લ હાદી.

ગાયો-બળદોને હાંકનારો બરકતવંતો બની ગયો. મેં તો જોયું કે અલ્લાહ તઆલા પોતે દરેક માર્ગદર્શકનું માર્ગદર્શન કરે છે.

ફમંય - યકુ હાઇદન અન ઝી તબૂકિન • ફઈન્ના કદ ઉમિરના બિલ જિહાદિ.

તો તે શખ્સ જે તબૂકવાળાથી ફરી જનારો હોય, ભલે ફરી જતો હોય. અમને તો જિહાદનો હુકમ ફરમાવવામાં આવ્યો છે.

તબૂકથી વાપસી અને પાણીનો મુઅજિઝો————તબૂકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લગભગ દસ રાતો બિરાજમાન રહ્યા. એથી વધારે નહિ. પછી મદીનહ તરફ વાપસી માટે ચાલી નીકળ્યા. રસ્તામાં એક ઝરણું પડતું હતું જેનું પાણી પહાડમાંથી નજીવી ધાર રૂપે વહેતું હતું. માત્ર બે ત્રણ સવારો માટે પૂરતું થઈ પડે એટલું જ. આ ઝરણું એક ખીણમાં હતું જેનું નામ મુશક-કક હતું. એના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું, "અમારાથી પહેલાં કોઈ, એ ખીણમાં પહોંચી જાય તો તેણે એ ઝરણાનું પાણી બિલકુલ પીવું નહિ, જયાં સુધી કે અમે ન આવી જઈએ."

રાવીનું કથન છે : આ સાંભળીને કેટલાક મુનાફિકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પહોંચવા પહેલાં એ ખીણમાં પહોંચી ગયા અને જેટલું પાણી ત્યાં એકઠું થયું હતું બધું ઢીંચી ગયા. જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં પધાર્યા તો પાણીનું બૂંદ સરખું ન હતું.

પૂછયું, "અમારાથી પહેલાં કોણ લોકો આ ઝરણા પાસે આવ્યા હતા ?"

કહેવામાં આવ્યું, "યા રસૂલલ્લાહ ! ફલાણા-ફલાણા."

Maktabe Ashraf

આપે ફરમાવ્યું, "શું મેં ન હોતું કહ્યું કે અમારા આવવા સુધી બિલકુલ એનું પાણી નહિ પીવું?" પછી આપે તેઓ પર લઅનત મોકલી અને તેઓના હકમાં બદ્દુઆના શબ્દો ફરમાવ્યા. એ પછી આપ ઝરણા પાસે પધાર્યા અને પોતાનો મુબારક હાથ તે ચટાણ નીચે મૂક્યો જ્યાંથી ટીપાં રૂપે પાણીની ધાર વહેતી હતી. અલ્લાહની ઈચ્છા મુજબ પાણી આપના હાથ પર ટપકવા લાગ્યું અને આપ દુઆ માગતા રહ્યા. પછી એ પાણી આપે ચટાણ પર છાંટી દીધું અને દુઆ ચાલુ રાખી. જોતજોતામાં પાણીની ધારને બદલે ધોધ વહેવા લાગ્યો. સાથે જ વાદળના કડાકા જેવો અવાજ થયો. લોકોએ જેટલું પાણી પીવું હતું, ધરાઈ-ધરાઈને પી લીધું.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અગર તમારામાંથી કેટલાક માણસો પાછળ પડીને મોડેથી અહીં આવતે તો તેઓ પણ વાદળનો એવો જ ધડાકો સાંભળતે."

હઝરત ઝુલ-બજાદૈનની વફાત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન ઈબ્રાહીમ બિન હારિસ તૈમીએ કહ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ ફરમાવતા હતા : "હું ગઝવએ-તબૂકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે હતો. એક મધરાતે મારી આંખ ઊઘડી ગઈ તો છાવણીને છેડે આગની શોઅલો મારા જોવામાં આવ્યો. નવાઈ પામીને હું તે તરફ ચાલી નીકળ્યો. શું જોઉં છું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અબૂબક્ર અને ઉમર ત્યાં ઊભેલા છે. પૂછવાથી માલૂમ પડ્યું કે અબ્દુલ્લાહ ઝુલ-બજાદૈન મુઝની નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી વફાત પામ્યા છે. લોકો અહીં તેમના માટે કબર ખોદી રહ્યા છે.

કબર તૈયાર થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે કબરમાં ઊતર્યા. અબૂબક્ર અને ઉમરે મૈયિતને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તરફ કબરમાં ઊતારી. આપ ફરમાવતા હતા, "તમારા ભાઈને મારા તરફ ઉતારો."બંને સાહેબોએ ઝુલ-બજાદૈનને આપના તરફ કબરમાં ઉતારી દીધા. પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને પડખાંભેર કબરમાં સુવાડી દીધા અને દુઆ માગી, "હે અલ્લાહ ! હું એનાથી ખુશ છું. હે અલ્લાહ ! તું પણ એનાથી ખુશ થઈ જા !"

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદનું કથન છે : "તે વેળા મારા મનમાં આ તમન્ના જાગી, "યા લૈતની કુન્તુ સાહિબિલ-હુફરહ." એટલે કાશ ! આ કબરમાં હું દફન થાત !

ઝુલ-બજાદૈન નામ પડવાનું કારણ——————ઈબ્ને હિશામ કહે છે : એમનું નામ ઝુલ-બજાદૈન એટલા માટે રાખવામાં આવ્યું કે, એ પોતાની કૌમના મૂર્તિપૂજક લોકો સાથે ઈસ્લામ ખાતર હમેશા ઝઘડ્યા કરતા હતા. છેવટે લોકોએ એમનું જીવન કડવું બનાવી છોડ્યું. પછી તો મામલો એટલી હદે પહોંચી ગયો કે, લોકોએ એમના કપડાં છીનવી લઈને એમને કેદ કરી દીધા. એમના અંગ પર જાડી ચાદર સિવાય કશું રહ્યું નહિ. છેવટે કૌમની કેદમાંથી કોઈ રીતે છટકીને મદીનહ દોડી ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની છત્રછાયામાં આસરો લીધો. મદીનહ પહોંચવા પહેલાં એમણે પોતાની ચાદરના બે ટુકડા કર્યા. એકનો તહબંધ તરીકે ઉપયોગ કર્યો અને બીજો ચાદર તરીકે ઓઢી લીધો. બસ એજ કારણે એમનું ઝુલ-બજાદૈન નામ પડી ગયું. એટલે બે ચાદરોવાળા

પાછળ રહી જનારાઓ અંગે સવાલ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ રુહમ કુલસૂમ બિન

Maktabe Ashraf

હુસૈન રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી હતા જેઓ બેઅતે-રિદવાન પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર હતા.

એમનું કથન છે : "હું તબૂકના પ્રવાસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાતે જંગ માટે ગયો હતો. અખઝર સ્થળેથી પસાર થતી વેળા મારી ઊંટણી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી સાથે ચાલી રહી હતી. અલ્લાહનું કરવું એવું થયું કે ઊંટણીની પીઠ પર મને ઊંઘ આવી ગઈ. આંખ ઊઘડી તો શું જોઉં છું કે મારી ઊંટણી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણીની લગોલગ ચાલી રહી છે. આ જોઈને હું ગભરાય ગયો કે છેક લગોલગ ચાલવાને કારણે ક્યાંક મારો પગ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રિકાબમાં ન ચાલ્યો જાય. હું મારી ઊંટણીને દૂર કરવા લાગ્યો. હજુ રાત જ હતી ત્યાં ફરીવાર મારી આંખ લાગી ગઈ. આ વખતે મારી ઊંટણી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી સાથે ટકરાઈ ગઈ અને મારો પગ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની રિકાબમાં ભેરવાઈ ગયો. તકલીફના કારણે આપના મુખેથી ઓહ ! શબ્દ સરી પડયો. આ ઓહ ! ની સાથે જ હું ઝબકીને જાગી ગયો. મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મને માફ ફરમાવો."

આપે ફરમાવ્યું, "વાંધો નહિ, ચાલતા રહો."

ચાલતાં-ચાલતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારી સાથે બનૂ ગિફારના પાછળ રહી ગયેલા લોકો સંબંધી વાતો કરતા રહ્યા અને હું આપના સવાલોનાં જવાબ આપતો રહ્યો. પછી આપે પૂછયું, "પેલા લાલ રંગની આછી-લાંબી દાઢીવાળા લોકોનું શું થયું ?"

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! તેઓ તો પાછળ રહી ગયા અને જિહાદ માટે નહિ આવ્યા."

આપે ફરમાવ્યું, "વારૂ પેલા કાળા રંગના ઘૂંઘરીયાળ વાળોવાળા લોકોનું શું થયું ?"

મેં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારૂં માનવું છે કે એ લોકો આપણા માણસોમાંથી નથી."

આપે ફરમાવ્યું, "કેમ નહિ ? એ તે લોકો છે જેઓના ઊંટો "શબકા-શદખ" સ્થળે રહે છે."

ત્યારે મને યાદ આવી ગયું. હું એ લોકોને બનૂ ગિફારમાંથી સમજતો હતો. પણ એ બનૂ અસલમના લોકોનું એક જૂથ હતું જેઓ અમારા કરારીઓમાંથી હતા.

મેં અરજ કરી, "જી હા યા રસૂલલ્લાહ ! એ બનૂ અસલમના કબીલાનું એક જૂથ છે જેઓ આપણા કરારીઓમાંથી છે."

આપે ફરમાવ્યું, "ત્યારે એ પાછળ રહી જનારાઓને કોણે આ વાતથી રોકયા હતા કે પોતે ભલે નહિ આવતે, પણ પોતાની જગ્યાએ કોઈ ઉત્સાહી જવાનને પોતાના ઊંટ પર બેસાડીને મોકલાવી આપતે તો તે આપણા પડખે રહીને ખુશી-ખુશી અલ્લાહના રાહમાં જિહાદ કરતે. જુઓ મને પોતાના માણસોની એક વાત સૌથી વધુ નાપસંદ છે. તે આ કે કુરૈશ, મુહાજિરીન, અનસાર, બનૂ ગિફાર કે બનૂ અસલમમાંથી કોઈ માણસ મારી સાથે આવવાને બદલે પાછળ રહી જાય."

મુનાફિકોની મસ્જિદે-દિરારનું ખંડન——————ઈબ્ને ઈસ્હાક કહે છે : પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અહીંથી કૂચ કરીને ઝી-ઉવાન સ્થળે પહોંચ્યા. અહીં આપે લશ્કર સાથે પડાવ નાખ્યો. મદીનહનું અંતર અહીંથી એક કલાક જેટલું હતું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે મદીનહથી તબૂક જવાની તૈયારી કરતા હતા તે વેળા મુનાફિકોએ મદીનહમાં એક મસ્જિદ ઊભી કરી દીધી હતી અને મસ્જિદના બાનીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં આવીને તેના ઉદ્‌ઘાટનની દરખાસ્ત કરી હતી, "યા રસૂલલ્લાહ! અમે બીમારો, કમજોરો, વૃધ્ધો, લાચારો માટે ચોમાસાના કાદવ-કીચડમાં અને શિયાળાની કડકડતી ઠંડીમાં રાહત મેળવવાના હેતુએ એક મસ્જિદ બનાવી છે. અમારી ઈચ્છા છે કે આપ એ મસ્જિદમાં પધારો અને અમને એક વખતની નમાઝ પઢાવી દો."

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું હતું, "જુઓ અત્યારે તો હું તબૂકની સફરે જઈ રહ્યો છું અને તેની તૈયારીમાં લાગેલો છું. હા અલ્લાહ તઆલાએ ચાહ્યું તો તમારી પાસે મદીનહ પાછા આવવા બાદ તમને એ મસ્જિદમાં નમાઝ પઢાવી દઈશ."

હવે તબૂકથી પાછા ફરતી વેળા જ્યારે આપ ઝૂ-ઉવાન સ્થળે થોભ્યા તો અહીં અલ્લાહ તઆલાએ આપને મુનાફિકોની મસ્જિદે-દિરારની મૂળ હકીકતથી બા-ખબર કરી દીધા. એજ વેળા આપે બનૂ સાલિમવાળા હઝરત માલિક બિન દુખ્શુમ અને બનૂ ઈજલાનવાળા હઝરત મઅન બિન અદી અથવા એમના ભાઈ હઝરત આસિમ બિન અદીને બોલાવીને ફરમાવ્યું, "તમે બંને એ મસ્જિદમાં જાવ. એના બાનીઓ ઝાલિમ લોકો છે. તમે એ મસ્જિદને તોડી પાડીને તેને બાળી નાખો."

બંને ગૃહસ્થો એજ વેળા છાવણીમાંથી નીકળીને બનૂ સાલિમ બિન અવફના મહોલ્લાના એક મકાનમાં પહોંચી ગયા. એ લોકો હઝરત માલિક બિન દુખ્શુમના કુટુંબીજનો હતા. હઝરત માલિકે હઝરત મઅન બિન અદીને કહ્યું, "તમે અહીં થોભો. હું ઘરમાં જઈને આગ લઈ આવું છું."

તેઓ પોતાના ઘરમાં ગયા. ખજૂરના ઝાડની ડાળીઓનો મુઠ્ઠો સળગાવીને લઈ આવ્યા. પછી બંનેએ મસ્જિદ તરફ દોટ મૂકી અને અંદર જઈને મસ્જિદને આગ લગાડી દીધી. સાથે જ તેઓએ મસ્જિદને વેરણછેરણ કરી નાખી. તે વેળા મસ્જિદના બાનીઓ અંદર બેઠેલા હતા. મસ્જિદને ભડકે બળતી જોઈને બધા જીવ લઈને ત્યાંથી નાઠા.

એજ લોકો વિષે કુર્આને-મજીદની આ આયત નાઝિલ થઈ :

વલ્લઝી - નત - તખઝૂ મસ્જિદન	અને જે લોકોએ બનાવી મસ્જિદ
દિરારંવ -વ - કુફરંવ - વ તફરીકંમ	નુકસાન પહોંચાડવા અને કુફ્ર કરવા અને ફાટફૂટ
બૈનલ-મુઅમિનીન.	નાખવા માટે મુસલમાનોમાં.

એજ આયતમાં આગળ ફરમાવ્યું, "તેઓ કસમ ખાયને કહે છે કે અમે તો મુસલમાનોની ભલાઈ ખાતર આમ કર્યું છે પણ અલ્લાહ સાક્ષી આપે છે કે એ લોકો જૂઠું બોલે છે."

એ પછી ફરમાવ્યું, "લા તકુમ ફીહિ અબદા." હે નબી ! તમારે કદી પણ એ મસ્જિદમાં જઈને ઊભા થવું

નહિ. [1]

મસ્જિદે-દિરારના બાનીઓ————મુનાફિકોમાંથી જે લોકોએ મસ્જિદે-દિરાર બનાવી હતી એ કુલ્લે ૧૨ ગૃહસ્થો હતા. તેઓના નામો આ છે :

૧—— ખુઝામ બિન ખાલિદ. એ બનૂ ઉબૈદ બિન ઝૈદની શાખ બનૂ અમ્ર બિન અવફના ખાનદાનનો એક માણસ હતો. એણે જ પોતાના મકાનનો એક ભાગ મસ્જિદ માટે આપી દીધો હતો.

૨—— સઅલબા બિન હાતિબ. એ બનૂ ઉમૈયહ બિન ઝૈદનો માણસ હતો. [2]

૩—— મુઅત્તબ બિન કુશૈર. એ બનૂ ઝબીઅહ બિન ઝૈદમાંથી હતો.

૪—— અબૂ હબીબહ બિન અઝઅર બિન ઝૈદ. એ પણ બનૂ ઝબીઅહ બિન ઝૈદમાંથી હતો.

૫—— અબ્બાદ બિન હુનૈફ. એ બનૂ અમ્ર બિન અવફના સહલ બિન હુનૈફમાંથી હતો.

૬—— જારિયહ બિન આમિર અને એના બે પુત્રો :

૭—— મુજમ્મિઅ બિન જારિયહ. એ મસ્જિદે-દિરારનો ઈમામ હતો અને ઊગતી વયનો, એટલે કુમળી વયના બાળક જેવો છોકરો હતો.

૮—— ઝૈદ બિન જારિયહ.

૯—— નબતલ બિન હારિસ. બનૂ ઝબીઅહમાંથી હતો.

૧૦—— નજરજ. બનૂ ઝબીઅહમાંથી હતો.

૧૧—— બજાદ બિન ઉસ્માન. બનૂ ઝબીઅહમાંથી હતો.

૧૨—— વદીઅહ બિન સાબિત. બનૂ ઉમૈયહ બિન ઝૈદમાંથી હતો. જે અબૂ લુબાબહ બિન અબ્દુલ-મુનઝિરનું એક ખાનદાન હતું.

મદીનહથી તબૂક સુધીની મસ્જિદો————મદીનહથી તબૂક સુધીના પ્રવાસમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે રસ્તામાં જેટલી મસ્જિદો બનાવવામાં આવી એ બધી ખ્યાતનામ અને અમર યાદગાર મસ્જિદો બની જવા પામી. લોકોમાં દરેક મસ્જિદનું નામ પણ પ્રખ્યાત થઇ ગયું. એ મસ્જિદોના નામ આ છે :

(૧) તબૂકની મસ્જિદ (૨) સનિય્યહ મિદરાનની મસ્જિદ (૩) ઝાતુઝ-ઝુરાબની મસ્જિદ (૪) અખઝરની મસ્જિદ (૫) ઝાતુલ-ખત્મીની મસ્જિદ (૬) આલાઅની મસ્જિદ (૭) તરફુલ-બતરાઅની મસ્જિદ (૮) શક્ક તારાની મસ્જિદ (૯) ઝુલ-જીફહની મસ્જિદ (૧૦) સદ્ર હવઝીની મસ્જિદ (૧૧) હિજ્રની મસ્જિદ (૧૨) સઈદની મસ્જિદ (૧૩) વાદીની મસ્જિદ : આજે વાદીલ -કુરા નામે જાણીતી છે. (૧૪) રૂકઅહની મસ્જિદ : આજે શુક્કહ બિન અઝરહનો એક ભાગ છે. (૧૫) ઝુલ-મરવહની મસ્જિદ (૧૬) ફીફાઅ અથવા ફયદાઅની મસ્જિદ (૧૭) ઝૂ-ખશબની મસ્જિદ.

---

૧. સૂરએ-તવબહ પા. ૧૦ આયત ૧૦૭-૧૦૮

૨. હઝરત સઅલબા બિન હાતિબ નામે એક સહાબી જંગે-બદ્રમાં શરીક થયા હતા અને જંગે-ઉહુદમાં શહીદ થયા હતા. એ સાચા મુસ્લિમ હતા. આ સઅલબા બિન હાતિબ જુદો માણસ છે જે મુનાફિક હતો. (અસ્સિ-હુસ-સિયર પા. ૩૭૯)

સંપાદકની નોંધ :———મુલ્કે-શામના ખ્રિસ્તી ગસ્સાની બાદશાહને પોતાના જાસૂસો મારફતે જ્યારે સમાચાર મળ્યા કે, મદીનહથી અલ્લાહના પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ૩૦ હજારના વિરાટ લશ્કર સાથે, ઉનાળાના ધોમ ધખતા તાપમાં, દુરદરાજનો પ્રવાસ ખેડતા અને ખોફનાક જંગલો, બિહામણા પહાડો તેમ રેતીના રણો ખૂંદતા તબૂક સુધી આવી પહોંચ્યા છે તો ઇસ્લામી લશ્કરના દબદબાની દહેશતથી તેના હાંજા ગગડી ગયા. તેને જંગે-મૂતહનો પ્રસંગ યાદ આવી ગયો જ્યાં ત્રણ હજારનું મુઠ્ઠીભર લશ્કર બે-લાખના વિરાટ લશ્કર સાથે ટકરાઇ ગયું હતું. જ્યારે કે હવે ૩૦ હજારનું જંગી લશ્કર ધરતી ધ્રુજાવતું તેના સરહદી પ્રદેશને આંગણે આવીને ઊભું થઇ ગયું હતું. લડાઇ સંકેલી લઇને પાછલા પગે વળી જવામાં જ તેને પોતાની સલામતી દેખાઇ આવી. રોમના ફોજી સરદારો પોતાનું લશ્કર લઇને રોમ તરફ ઊપડી ગયા અને ગસ્સાની બાદશાહે પણ લશ્કર સહિત પોતાનો રસ્તો લીધો.

આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તબૂક મુકામે વીસ દિવસો સુધી બિરાજમાન રહીને રાહ જોતા રહ્યા કે કોઇ મુકાબલો કરવા માગે તો બેશક મેદાને આવીને જરૂર મુકાબલો કરે. પણ અલ્લાહ તઆલાએ દુશ્મનોના દિલો પર ઇસ્લામી લશ્કરની એવી ધાક બેસાડી દીધી હતી કે કોઇએ મુકાબલા માટે મેદાને આવવાની હિંમત નહિ કીધી. એ દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કેટલાંક સાવચેતીના પગલાં લીધાં કે જેથી ભવિષ્યમાં પણ કોઇ મુકાબલાની હામ નહિ ભીડે.

તબૂકની આજુબાજુના વિસ્તારોમાં કેટલાક ખ્રિસ્તી રજવાડા આવેલા હતા. એમાં ઐલહ, દૂમતલ-જન્દલ, જરબા અને અઝરુહ મુખ્ય હતા. ઐલહના ખ્રિસ્તી બાદશાહનું નામ યુહન્ના બિન રૂઉબહ હતું. જે શામની સરહદે આવેલા ઐલહ પ્રદેશ પર રાજ કરતો હતો. આપે તેને ઇસ્લામ સ્વીકારી લેવાનું આમંત્રણ પાઠવ્યું. જવાબમાં યુહન્ના પોતે આપની તહેનાતમાં હાજર થઇ ગયો. ઇસ્લામ તેણે કબૂલ નહિ કર્યો પણ વાર્ષિક ત્રણ સો દીનાર રક્ષણવેરો આપવાની શરતે તેણે આપની સાથે સુલેહ કરી લીધી. (સુલેહનામાનું લખાણ ઇબ્ને હિશામમાં દર્શાવેલું છે.)

એવી જ રીતે જરબા અનેઅઝરુહ પ્રદેશોના ખ્રિસ્તી રાજાઓએ આપની તહેનાતમાં હાજર થઇને રક્ષણવેરો આપવાની શરતે આપની સાથે સુલેહ કરી લીધી. દૂમહ એટલે દૂમતલ-જન્દલ પ્રદેશના બાદશાહ ઉકૈદર બિન અબ્દુલ-મલિક કિન્દીની કહાણી આ પ્રકરણમાં આપણે વાંચી આવ્યા છીએ. ઉકૈદર બહુ ઘમંડી, માથાભારે અને તુમાખીખોર બાદશાહ હતો. પ્રજા એના ઝુલ્મોથી ત્રાસી ગઇ હતી. હઝરત ખાલિદ બિન વલીદ એને ગિરિફતાર કરીને મદીનહ લઇ ગયા જ્યાં એણે બે હજાર ઊંટો, આઠ સો ઘેટાંબકરાં, ચાર સો વસક ઘઉં અને ચાર સો બખ્તરો આપવાની શરતે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે સુલેહ કરી લીધી. (આ માહિતી અસ્સિહ-હુસ-સિયર, સીરતુર-રસૂલ, જમાલે-મુસ્તફા વગેરે સીરત-ગ્રંથોમાંથી રજૂ કરવામાં આવી છે. ''હ'')

Maktabe Ashraf

ગઝવએ-તબૂકનો ઉપસંહાર

ઈસ્લામી લશ્કરનો લોન્ગ માર્ચ

—અહમદ મુહંમદ હથુરણી

ઈસ્લામી લશ્કરનો દબદબો અને રોમન સામ્રાજય———માનવંતા વાંચકને યાદ હશે કે ફત્હે-મક્કહ પછી હુનૈનની રણભૂમિમાં ઈસ્લામી લશ્કર અને હવાઝિનના બળવાન કબીલા વચ્ચે ભીષણ યુધ્ધ ખેલાયું હતું. એમાં ઈસ્લામી લશ્કરે શરૂઆતની શિકસ્ત પછી શાનદાર વિજય મેળવ્યો હતો અને હવાઝિનના બેશુમાર લોંડી-ગુલામો ઉપરાંત તેઓનો અઢળક માલ-સામાન, ઢોરઢાંખર, લોંડી-ગુલામ પણ ગનીમતમાં હાથ લાગ્યાં હતાં.

ઈસ્લામી લશ્કરે હવાઝિનના માથાભારે કબીલા પર મેળવેલી શાનદાર ફતેહ પછી આખા અરબ ખંડના લોકો માટે ઈસ્લામમાં દાખલ થવાનો માર્ગ મોકળો થઈ ગયો હતો. ગાઝીઓના જખમો અને શહીદોના લોહીએ, કુફરો-શિર્કની કમર તોડી નાખી હતી અને દુશ્મનોની તમામ રૂકાવટોને ધૂળ-કચરા પેઠે સાફ કરીને, ઈસ્લામની સચ્ચાઈનો રસ્તો સાફ કરી નાખ્યો હતો. અરબના ખૂણે-ખૂણાથી લોકોના ટોળેટોળાં ઈસ્લામમાં દાખલ થવા માટે એકમેકને ટપી જવા લાગ્યાં હતાં. માનવંતા સહાબાના બાહુબળે બહાદુરીના એવાં પરાક્રમો કરી બતાવ્યાં હતાં કે, કબીલાઓના સરદારોથી લઈને જંગલોમાં વસનારા ગમારો સુધી કોઈની તાકત ન હતી કે સહાબાની પાણીદાર તલવારોની ટક્કર લેવાનું સાહસ કરે.

રોમન સામ્રાજય : એક સુપર પાવર ———તે સમયે યુરોપની ભૂમિ પર આવેલું રોમન સામ્રાજ્ય, દુનિયાનું સૌથી બળવાન-સુપર પાવર ગણાતું હતું. એને શહેનશાહ હરકયૂલસની જાહોજલાલીની આખા જગત પર હાક વાગતી હતી. તેણે અરબ ખંડના કેટલાક પ્રદેશો પર ચઢાઈ કરીને ત્યાંના રાજા-નવાબોને પોતાના ખંડિયા બનાવી લીધા હતા. કબીલાઓના આ સરદારો કે રાજા-નવાબો પોતે પણ ખ્રિસ્તી ધર્મના અનુયાયી બની ગયા હતા. સાથે જ તેઓની રૈયત પણ ખ્રિસ્તી બની ગઈ હતી. એજ હાલત તે સમયે મુલ્કે-શામની પણ હતી. મુલ્કે-શામની ધરતી સૌથી વધુ ફળદ્રુપ હતી અને રોમનો માટે સોનાની ખાણ જેવી હતી. હરકયૂલસે બળજબરીથી શામ પર કબજો કરીને તેને પોતાનું સંસ્થાન બનાવી લીધું હતું. અરબનો મશહૂર ગસ્સાન કબીલો તે સમયે રોમન સામ્રાજ્યની ગુલામી હેઠળ મુલ્કે-શામ પર હુકૂમત કરતો હતો અને ખ્રિસ્તી ધર્મ પાળતો હતો.

ઈસ્લામની જાહોજલાલીનો સૂરજ ઊંચે ને ઊંચે જઈ રહ્યો હતો. લોકોના ટોળેટોળાં ઈસ્લામમાં દાખલ થઈ રહ્યાં હતાં. ખ્રિસ્તી ધર્મ પાળનારા અરબ કબીલાઓ પણ પોતાના રાજા-નવાબોના જુલ્મો-સિતમથી તંગ થઈને અને ઈસ્લામની સચ્ચાઈથી પ્રભાવિત થઈને અને ખ્રિસ્તી ધર્મને તરછોડીને ધડાધડ ઈસ્લામમાં પ્રવેશી રહ્યા હતા. મુલ્કે-નજરાનના મોટા મોટા પાદરીઓનું મંડળ પણ મદીનહ હાજર થઈને ખંડણી આપવાની શરતે ઈસ્લામી હુકૂમતની શરણાગતિ સ્વીકારી ચૂક્યું હતું.

પોતાની આંખે આ બધું જોઇજોઇને શહેનશાહ હરકયૂલસને લાગતું હતું કે મુલ્કે-અરબની ફળદ્રુપ જમીન તેના પગો તળેથી ધીરેધીરે સરકી રહી છે અને તેની સત્તાનું સિંહાસન ડોલી રહ્યું છે. તેને થયું કે જો પાણી પહેલાં પાળ નહિ બાંધવામાં આવે તો, તે સમય દૂર નથી જ્યારે, સોનાના ઇંડા આપનારી મુરઘી જેવી અરબની ધરતી અમારા હાથમાંથી નીકળી જાય. અને જો આમ બને તો પછી તે સમય પણ દૂર નથી જ્યારે ઇસ્લામી લશ્કરનો ધસમસતો રેલો રોમની ધરતીને પણ ધમરોળી નાખે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિજરતનું નવમું વરસ ચાલતું હતું અને આ તે વરસ હતું જ્યારે આખા અરબ પર દુકાળના ઓળા ઊતરી આવેલા હતા. લોકો ભૂખમરા અને ફાકાની તકલીફમાં ફફડી રહ્યા હતા. ઉનાળો બેહદ આકરો હતો અને ગરમી જોબન પર હતી. વરસાદના અભાવે ખાદ્યખોરાકીની સખત તાણ હતી. મોંઘવારીની કોંઇ હદ રહી ન હતી.

આથી પહેલાં સન ૮ હિજરીમાં મૂતહ મૂકામે મુસલમાનો અને રોમન ખ્રિસ્તીઓ વચ્ચે એક યુધ્ધ ખેલાઇ ચૂકયું હતું જેને ''જંગે-મૂતહ'' કહે છે. આ યુધ્ધમાં રોમન શહેનશાહ હરકયૂલસને ઇસ્લામી લશ્કરના ઇમાની જુસ્સા અને જિહાદી જોશનો પરચો મળી ગયો હતો. તેનું બે લાખનું લશ્કર ફકત ત્રણ હજારના ઇસ્લામી લશ્કર પર ફતેહમંદી મેળવી શકયું ન હતું. જંગે-મૂતહમાં હઝરત ઝૈદ બિન હારિસહ, હઝરત જઅફર બિન અબી તાલિબ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા જેવા પંકાયેલા સિપહસાલારો શહીદ થઇ ગયા હતા. પછી હઝરત ખાલિદ બિન વલીદ કુનેહભરી જંગી ચાલથી ઇસ્લામી લશ્કરને બે લાખની ભીંસમાંથી સહીહ-સલામત કાઢી લાવ્યા હતા. અને ખ્રિસ્તીઓનું વિરાટ લશ્કર નપૂંસકો પેઠે તેઓનું મોં તાકતું રહી ગયું હતું.

જંગે-મૂતહ પછી હરકયૂલસ પોતે પણ પોતાનું પૂરૂં બળ ભેગું કરીને મદીનહ પર તૂટી પડવા માગતો હતો અને ચાહતો હતો કે એકી વેળા પૂરૂં બળ ઝોંકીને મદીનહને ખેદાન-મેદાન કરી નાખે અને ઇસ્લામના મૂળિયાંને જડમૂળથી ઉખેડી કાઢે. આ વિચાર વારંવાર તેના મગજના પર્દા પર ઝબૂકી ઊઠતો હતો. એજ દરમિયાન અરબના ખ્રિસ્તી કબીલાઓના આગેવાનો, રાજાઓ અને પાદરીઓ તરફથી તેને એક કાગળ મળ્યો જેમાં લખ્યું હતું :

> ''અરબભરમાં વ્યાપક રીતે દુકાળ પ્રવર્તેલો છે. લોકો અનાજ-પાણી માટે સેંકે છે. ભૂખમરા અને ફાકાથી લોકો હાલથી બેહાલ છે અને એવા સમાચાર પણ છે કે મુસલમાનોના બાદશાહ જેવા પયગમ્બર મદીનહમાં વફાત પામી ગયા છે. ઇસ્લામને ઊખેડી કાઢવાનો આ ખરો સમય છે. બેધડક મદીનહ પર ચઢાઇ કરી દેવામાં આવે. ફતેહ હાથવેંતમાં છે.'' [૧]

અરબના ખ્રિસ્તી કબીલાઓના આગેવાનો અને પાદરીઓના આ કાગળે હરકયૂલસના વિચારને અમલમાં મૂકવાનું મનોબળ પૂરૂં પાડયું. તેની હિંમત બુલંદ થઇ ગઇ. નસેનસમાં જુસ્સો વ્યાપી ગયો. રોમન એમ્પાયર પોતે પણ દુનિયાનો સુપર પાવર હતો. લાખોનું લશ્કર હતું. છેલ્લામાં છેલ્લી ઢબના હથિયારોથી સુસજ્જ હતું. વિપુલ સાધન-સામગ્રી હતી. કોઇ વસ્તુની કમી ન હતી. ઉપરથી અરબના ખ્રિસ્તી કબીલાઓનો પૂરો ટેકો મળ્યો હતો. ખ્રિસ્તી રાજા-મહારાજાઓનું પીઠબળ હતું. આ બધી વાતોથી પ્રોત્સાહિત થઇને શહેનશાહ હરકયૂલસે મુલ્કે-શામના ગસ્સાની બાદશાહને મદીનહ પર ચઢાઇ કરવાનું શાહી ફરમાન છોડયું અને તેની મદદ માટેના ચક્રો ગતિમાન કરી દીધાં.

તે સમયે મુલ્કે-શામ પર જે બાદશાહ રાજ કરતો હતો તેનું નામ હારિસ બિન શિમ્ર ગસ્સાની હતું. ખ્રિસ્તી

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૫૬૪

Maktabe Ashraf

ધર્મ પાળતો હતો. શામની રૈયત પર એની બાદશાહી નામ પૂરતી હતી. સત્તાની લગામ હરકયૂલસના હાથમાં હતી. તેના જ દોરીસંચાર મુજબ રાજકારભાર ચાલતો હતો. હારિસ માત્ર ખંડિયા રાજા તરીકે હરકયૂલસના ગુલામ જેવો હતો.

સુલ્હે-હુદૈબિયહ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ દુનિયાના બાદશાહોને નામે જે તબલીગી કાગળો લખ્યા તેમાં હારિસ બિન શિમ્ર ગસ્સાનીના નામે પણ એક કાગળ લખીને હઝરત શુજાઅ બિન વહબને એના દરબારમાં મોકલ્યા હતા. મુબારક કાગળમાં એમ પણ લખ્યું હતું કે તું જો મુસલમાન બની જાય તો તારી બાદશાહી તારી જ પાસે રહેશે અને તું રોમની ગુલામીમાંથી નીકળીને આઝાદ બાદશાહ બની જશે. પરંતુ હારિસની ખોપરી ઊલટી હોવાથી તેણે તુમાખીથી કામ લીધું. મુબારક કાગળને વાંચતાં જ તેણે જમીન પર પટકી માર્યો અને ગુસ્સાથી હઝરત શુજાઅને પડકારતાં કહ્યું, "કોની મજાલ છે કે મારો દેશ મારા હાથમાંથી પડાવી લે. તારા સાહેબને કહી દેજે કે હું બહુ જ જલદી મોટું લશ્કર તૈયાર કરીને મદીનહ પર ચઢાઇ કરી દઇશ !"

સારાંશ કે મદીનહ પર ચઢાઈ કરવા માટે મુલ્કે-શામનો ખ્રિસ્તી બાદશાહ હારિસ બિન શિમ્ર ગસ્સાની પોતે પણ ગુસ્સાથી તમતમી રહ્યો હતો. શહેનશાહ હરકયૂલસનો શાહી હુકમ મળતાં જ તેના આનંદનો પાર નહિ રહ્યો. તેને થયું કે મારી મુદ્દતની આરઝૂ પૂરી થવાની તૈયારીમાં છે. રાજકારભારના બીજાં કામો જતાં કરીને તેણે પોતાનું પૂરૂં ધ્યાન શાહી હુકમના પાલનમાં પરોવી દીધું અને લશ્કરી ખાતાના ઉપરીઓ સાથે મળીને અરબના ખ્રિસ્તી કબીલાઓનું લશ્કર એકઠું કરવાના કામમાં લાગી ગયો.

મુલ્કે-શામના નબતી સોદાગરો ——————તે સમયે મુલ્કે-શામના નબતી સોદાગરો ઝૈતુનના તેલની સોદાગરી અર્થે મદીનહ આવન-જાવન કર્યા કરતા હતા. તેલનો વેપાર તેઓના બાપદાદાથી ઊતરી આવતો હતો. સન ૯ હિજરીના જમાદલ-આખિરમાં મુલ્કે-શામના આ સોદાગરોનો એક કાફલો રોગને-ઝૈતુનના વેપાર માટે મદીનહ આવ્યો. અહીંના વેપારી મુસલમાનો સાથે તેઓના મૈત્રીભર્યા સંબંધો હતા. આ નબતી સોદાગરોએ સમાચાર આપતાં કહ્યું.

> "રોમના બાદશાહે મદીનહ પર ચઢાઇ કરવા માટે અમારા મુલ્કે-શામમાં વિરાટ લશ્કર ભેગું કરી લીધું છે. લશ્કરના સૈનિકોને તેણે આખા વરસનો પગાર પણ પેશગી ચૂકવી આપ્યો છે. લશ્કરમાં લખ્મ, જુઝામ, ગસ્સાન વગેરે કબીલાઓના તમામ અરબો શામિલ થઇ ગયા છે. કીડીદળ જેવું આ વિરાટ લશ્કર મદીનહ પર ચઢાઇ માટે તૈયાર છે અને તેની હરાવલ ટુકડી બલકાની ભૂમિ સુધી આવી લાગી છે."૧

સહાબાના ઈમાનની આકરી કસોટી ——————મુલ્કે-શામના નબતી સોદાગરોએ આપેલા આ સમાચાર, મુસલમાનોના ઈમાની જુસ્સા અને જિહાદી જોશ માટે એક નોખા પ્રકારની પરીક્ષા જેવા હતા. અત્યાર સુધી તેઓએ અરબના અભિમાની સરદારો અને તુમાખીખોર બદ્દુ કબીલાઓ સાથે ટક્કર લીધી હતી અને દરેક ટક્કરમાં તેઓએ શાનદાર ફતેહમંદી મેળવી હતી. પણ હવે તેઓનો મુકાબલો અરબના કોઇ અભિમાની કબીલા સાથે નહિ બલકે દુનિયાના સૌથી બળવાન ગણાતા રોમન એમ્પાયરના સુપર પાવર સાથે હતો. આ સુપર પાવરે તાજેતરમાં જ ઇરાનના શહેનશાહને નામોશી ભરેલી શિકસ્ત આપીને પોતાના સંસ્થાનો પાછાં મેળવી લીધાં હતાં અને હવે પોતે દુનિયાનો "સૌથી

---

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ ભા. ૫૬૩

મોટો "ચોધરી" છે તેવો નઅરો ગજાવી દીધો હતો. હકીકત પણ એજ છે કે તે વેળા રોમના સુપર પાવરનો મુકાબલો કરી શકે તેવી કોઈ તાકત જમીનની સપાટી પર હતી નહિ.

તે સમયના રોમન સામ્રાજ્યનો દાખલો આજના અમેરીકા અને આજના મુસલમાનો જેવો છે. આજે દુનિયાના ઘણા દેશોમાં મુસલમાનોની હુકૂમતો કાયમ છે પણ કોઈ મુસ્લિમ મુલ્કની ફોજ એવી નથી જે આજના અમેરિકા જેવા સુપર પાવરના મુકાબલાનું સાહસ કરી શકે. બલકે દુનિયાના તમામ મુસલમાન મુલ્કોનું લશ્કર પણ ભેગું થઈને અમેરીકાનો મુકાબલો કરી શકે તેવી હાલતમાં નથી. એનું કારણ વાંચક પોતે સારી રીતે જાણે છે.

હવે વર્તમાન પરિસ્થિતિ એવી હતી કે રોમન શહેનશાહ હરકયૂલસે મુલ્કે-શામના ગસ્સાની બાદશાહ સાથે મળીને, કેળવાયેલા સૈનિકોનું ૪૦ હજારનું વિરાટ લશ્કર પોતાના ઝંડા હેઠળ એકત્ર કરી લીધું હતું. અને યુધ્ધકળામાં પંકાયેલા એક વીરનરને આ લશ્કરનો સરસેનાપતિ બનાવી દીધો હતો. ૪૦ હજારનું આ લશ્કર કોઈ પણ સમયે ધસમસતા પૂર પેઠે ઓચિંતું આવીને મદીનહ પર ત્રાટકી શકતું હતું. બીજી તરફ મદીનહમાં વસનારા મુનાફિકો અને યહૂદીઓમાંથી બનેલા મુનાફિકોને આ સમાચાર મળતાં તેઓ પણ અંદરખાને કામે લાગી ગયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સૌથી મોટો ખતરો આ વાતનો હતો કે મદીનહના મુનાફિકો રોમન લશ્કર સાથે મળીને કયાંક મદીનહ પર ન તૂટી પડે અને મુસલમાનોની પીઠમાં પાછળથી ખંજર ન ભોંકી દે !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તો સિપહસાલારોના શિરોમણિ હતા. અલ્લાહના પયગમ્બર હતા અને અલ્લાહના નૂરથી જોતા હતા. આપથી વધીને યુધ્ધકળાનો નિષ્ણાત બીજો કોણ હોય શકે ? મુનાફિકોના છુપાં કાવતરાં અને કાવાદાવાઓથી આપ પૂરી રીતે માહિતગાર હતા. મુનાફિકો પીઠ પાછળથી ઘા નહિ કરી દે તેની શકયતાનો આપ બારીકીથી અભ્યાસ કરી રહ્યા હતા. વળી આ વાત પણ આપની જાણ બહાર નહિ હતી કે કટોકટીની પળોમાં હિંમતથી આગળ વધીને રોમન લશ્કરને અટકાવવામાં નહિ આવે અને તેઓને મદીનહ સુધી આવવાનો મોકો આપવામાં આવે તો મુનાફિકો જરૂર આ તક ઝડપી લઈને મુસલમાનોની પીઠમાં પાછળથી ખંજર ભોંકી દેશે.

આ બધી વાતોને ધ્યાનમાં લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ, આકાશી ઈલ્મની રોશનીમાં છેવટના નિર્ણય તરીકે એવો ફેસલો કર્યો કે ગમે તે થાય, રોમન લશ્કરને મદીનહ સુધી આવવાનો મોકો નહિ આપવામાં આવે. દુશ્મનનું લશ્કર અરબની ધરતીને રગદોળતું આવે તે પહેલાં મદીનહથી નીકળીને દુશ્મનના માથે પહોંચી જવું અને દુશ્મનની જ ભૂમિમાં જઈને દુશ્મન સાથે હારજીતનું યુધ્ધ ખેલી લેવું !

આ નિર્ણય જેટલો અઘરો હતો, તેનો અમલ તેનાથી વધારે અઘરો હતો. કારણ આ હતું કે ઈસ્લામના દુશ્મને મદીનહ પર ચઢાઈની જે મોસમ અને જે દિવસો નકકી કર્યા હતા તે મુસલમાનો માટે છેક જ બિન-અનુકૂળ હતા અને કોઈ પણ રીતે મુસલમાનોના વર્તમાન સંજોગોને ફિટ બેસતા ન હતા. તે વેળા ભરઉનાળાની મોસમ હતી. કાળઝાળ ગરમીના દિવસો હતા. અરબની ધરતી ધોમ ધખતા તાપથી ધખી ઊઠી હતી. આકાશ પરથી સૂરજ આગ વરસાવતો હતો. જમીન તવા પેઠે તપી રહી હતી. ઉકળાટથી જીવ અકળાતો હતો અને ગરમ લૂના સપાટાઓથી શ્વાસ રૂંધાતો હતો. વાંચકના કોઈ સ્નેહી આ મોસમમાં હજ્જ કે ઉમ્રહ કરી આવ્યા હોય તે કહી શકશે કે મક્કહ અને મદીનહનો ઉનાળો કેવો કાળઝાળ હોય છે. ઉર્દૂમાં આવા ઉગ્ર તાપને "ચિલચિલાતી ધૂપ" કહે છે. આ તે મોસમ હોય છે જેમાં ચીલ પણ ઈંડાને સેવવાનું ભૂલીને ભાગી છૂટે છે.

આપ જાણો જ છો કે મક્કહના મુહાજિર સહાબા વ્યવસાયે વેપારીઓ હતા અને મદીનહના અન્સાર સહાબા

Maktabe Ashraf

ખેતીવાડી કરનારા ખેડૂતો હતા. એજ તે સમય હતો જેમાં મદીનહના અન્સારની વાડીઓ અને ખેતરોમાં, ઝાડો પર લાગેલાં ફળો પાકવાની તૈયારીમાં હતાં. લાલ-પીળાં ફળોના ઝૂમખાઓથી ઝાડની ડાળીઓ લચક-લચક થતી હતી. લોકો પોતાના ફળોને લણવાની તૈયારી કરી રહ્યા હતા અને ઝાડોના સાયામાં જ રહેવાનું પસંદ કરતા હતા. કોઇ ખેડૂત લણણીની મોસમમાં એદી પેઠે ઘરમાં પડયો રહે કે કુંભકર્ણની ઊંઘ તાણતો રહે તો જાહેર છે કે તેના બાલબચ્ચાંને આખું વરસ ભૂખે મરવાનો વખત આવે.

આ વરસ પણ અરબો માટે દુકાળનું વરસ હતું. બધેબધ દુકાળના ઓળા પથરાયેલા હતા. ખાધખોરાકી અને જીવન જરૂરિયાતની કારમી અછત પ્રવર્તેલી હતી. લોકો ફાકા અને ભૂખમરાને આરે પહોંચી ગયા હતા. આવા તદ્દન બિન-અનુકૂળ સંજોગોમાં લોકોને પોતાની વાડીઓમાંથી બહાર નીકળવાનું અને ફળો લણવાની વર્તમાન મોસમમાં શહેરમાંથી નીકળીને દૂર-દરાજના શહેરોની સફર કરવાનું બિલકુલ પસંદ ન હતું.

સાહસવીરોનું પરાક્રમ ————પરંતુ આ બધી મુશકિલીઓ, આડખીલીઓ અને રૂકાવટો છતાં રસૂલુલ્લાહ-સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફેસલો કર્યો કે ગમે તે થાય, દુશ્મનને મદીનહની ધરતી સુધી આવવા દેવું નહિ. પોતે પેશકદમી કરીને તેની સામે પહોંચી જવું અને દુશ્મનની જ ભૂમિમાં હારજીતના ફેસલાનું યુધ્ધ લડી લેવું. જો કે પ્રવાસ બેહદ લાંબો હતો. દુશ્મનનો દેશ બહુ છેટો હતો. રસ્તો અતિશય કઠિન હતો અને રેતીના સૂકકા રણો, રેતીના ઢગલાઓ, નિર્જન જંગલો અને બિહામણા પહાડોમાંથી પસાર થઈને દુશમન સુધી પહોંચવાનું હતું.

આ મુશકિલીઓનો અંદાજે તેજ લોકો કાઢી શકે છે જેઓએ ઉનાળાની કાળઝાળ ૠતુમાં મદીનહથી તબૂક જનારા રસ્તાનો થોડોઘણો પ્રવાસ પણ કર્યો હોય. થોડેક જ આગળ જતાં પ્રવાસીને લાગે કે રેતીના દહેશતનાક ઢગલાઓ અને કાળમુખા બિહામણા પહાડો, ગાંડા ભૂત પેઠે પોતાના વિકરાળ ડાચાં ખોલીને તેની ગળી જવા માટે તૈયાર ઊભેલા છે. મગર અલ્લાહ તઆલાએ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને, સહાબાના રૂપમાં એવા બહાદુર, એવા પરાક્રમી, એવા સાહસખેડુ સાથીઓ બખ્શેલા હતા જેઓની પાણીદાર તલવારોની ધાકથી પહાડો પણ થથરી ઊઠતા હતા અને રેતીના બિહામણા ઢગલા તેઓની નજરમાં રૂના ઢગલા હતા. ઝાડો પર પાકેલાં ફળોની શું વિસાત, તેઓ તો પોતાની જાનો સુધ્ધાં પોતાના મહબૂબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણો પર કુરબાન કરવા તૈયાર રહેતા હતા. બિહામણા પહાડો, ખોફનાક જંગલો, દહેશતનાક રણો, ગાજવીજના તોફાનો, ઉનાળાના સુસવાટાઓ અને ઝાડો પર પાકેલાં ફળો એમાંની કોઈ વસ્તુ તેઓના નિર્ણયને ડગમગાવી શકતી ન હતી.

અલ્લામા ઈકબાલની કબરને અલ્લાહ તઆલા પોતાની રહમતના નૂરથી ભરી દે. એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબા માટે અને સહાબા જેવા બહાદુર સિંહો માટે જ આ શેઅર કહ્યો છે :

દો નીમ ઉન્કી ઠોકર સે સેહરા વ દરયા, • પહાડ ઉન્કી હયબત સે સિમટ કર રાઇ.

પોતાની ઠોકરથી તેઓ રણો અને દરિયાના બે ટુકડા કરી નાખતા હતા અને તેઓની હયબત કે ધાકથી પહાડો પણ સમેટાઈ-સંકોચાઇને રાઈનો ઢગલો બની જતાં હતા.

અલ્લાહ તઆલાએ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાને, પોતાના દીનની સરબુલંદી માટે, મુશકિલીઓનો સામનો કરવાનું જે ઇમાની મનોબળ બખ્શેલું હતું તેને આધારે તો હવે તેઓ માટે, પોતાના અલ્લાહને રાજી કરવાનો અને શહીદ થઈને કે ગાઝી બનીને જન્નતમાં જવાનો ખરો સમય આવી લાગ્યો હતો.

ખુલ્લા શબ્દોમાં જિહાદની જાહેરાત ————તબૂક તરફ કૂચ કરવાના ફેસલાની સાથે જ રસૂલુલ્લાહ

Maktabe Ashraf

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહમાં તેની જાહેરાત કરાવી દીધી કે દુશ્મન મદીનહ પર ચઢી આવે તે પહેલાં તેના માથે પહોંચી જવાનું છે. સફરના સામાનની તૈયારી શરૂ કરી દો. મદીનહની આજુબાજુના પ્રદેશોમાં વસનારા કબીલાઓથી લઈને છેક ઉત્તરમાં મક્કહ સુધીના મુસ્લિમ કબીલાઓ તરફ આપે પોતાના એલચીઓને દોડાવી દીધા અને જાહેરાત કરાવી દીધી કે આ લડાઇ દુશ્મનના ઇલાકામાં જઇને લડવાની છે. માટે જંગ ખેલી શકે એવા દરેક લડવૈયાએ લાંબા પ્રવાસની પૂરી તૈયારી કરીને જેમ બને તેમ જલદી મદીનહ આવી જવું.

આથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનો એવો નિયમ હતો કે જયારે કોઇ દુશ્મન સાથે જંગનો પ્રસંગ ઊભો થતો તો આપ પોતાના લશ્કર સાથે ઊલટી દિશાએ કૂચ કરતા અને લાંબો ચકરાવો લઇને દુશ્મનની ભૂમિમાં પહોંચી જતા. દુશ્મનના જાસૂસોને અંધારામાં રાખવાની આ એક જંગી ચાલ હતી. આપની આ કુનેહભરી ચાલથી જાસૂસો અને દુશ્મનો બંને હક્કા-બક્કા રહી જતા.

પરંતુ જંગે-તબૂકના મામલામાં આપે આ નિયમ જતો કરીને દરેક વાત સાફ શબ્દોમાં દર્શાવી દીધી. મદીનહથી તબૂક સુધીનો લાંબો વિસ્તાર, દૂરો-દરાજનો આકરો પ્રવાસ, કાળઝાળ ઉનાળો, ધોમ ધખતો તાપ, સવારીઓની અછત, દુકાળનું વરસ, ખાણીપીણીની તંગી, દુશ્મનોનું જંગી સંખ્યાબળ વગેરે બાબતોનો આપે ચોખ્ખા શબ્દોમાં ખુલાસો કરી દીધો અને એમ પણ ફરમાવી દીધું કે જંગલો, પહાડો અને રેતીના રણો વટાવતા મુલ્કે-રોમના ખ્રિસ્તી દુશ્મનો સુધી પહોંચવાનું છે જેથી આ હાડમારીઓને પહોંચી વળવાની પૂરી તૈયારી કરી લેવામાં આવે.

આશાઓ અને ઉમંગોનું વાતાવરણ ————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની મીઠી-મધુરી છટાદાર વાણીમાં લોકોને અલ્લાહના રસ્તામાં, ઇસ્લામની સરબુલંદી માટે તન-મન-ધનથી જિહાદ કરવાની પ્રેરણા આપી. જિહાદ પોતાના અલ્લાહને ખુશ કરવાની કેટલી મોટી નેકી છે તેની ફઝીલત દર્શાવી અને પોતાનો ઉત્તમ માલ તથા હલાલ કમાણીના પૈસા અલ્લાહના રસ્તામાં વાપરવાનો શું બદલો છે તેની વધામણી આપી. આપના આ ખુત્બાથી જોતજોતામાં આખા મદીનહ પર જિહાદનું વાતાવરણ છવાઇ ગયું. મદીનહનું ઘરેઘર જિહાદની ચર્ચાઓથી ગાજી રહ્યું. મુજાહિદોના બાળકો સુધ્ધાં જિહાદના જુસ્સાથી થનગની રહ્યાં. ચારે તરફ જોરોશોરથી જિહાદની તૈયારીઓ થવા લાગી. અલ્લાહની જમીન પર જેઓની બહાદુરી અને વફાદારીનો દાખલો નહિ હતો એવા અલ્લાહના નેક બંદાઓ પોતાના આકા, પોતાના મવલા, પોતાના મહબૂબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સરદારી હેઠળ જગતની સૌથી બળવાન સત્તા સાથે ટક્કર લેવાની તૈયારી કરવા લાગ્યા.

અલ-જિહાદ ! અલ-જિહાદ ! નો પોકાર પડતાં જ સહાબાને થઇ ગયું કે અમારા મનની મુરાદો અને અમારા દિલની આશાઓ પૂરી થવાનો પ્રસંગ આવી લાગ્યો છે. જાન અને માલના ભોગે તેઓ આજ્ઞા-પાલન માટે દોડી રહ્યા અને પૂરા જોશ, જુસ્સા અને ઉત્સાહ સાથે જિહાદની તૈયારીમાં પરોવાઇ ગયા. આ તૈયારી દુનિયાના કોઇ મામૂલી રાજા-મહારાજા કે નવાબના લશ્કર સાથે નહિ, બલકે તે સમયની મહાસત્તા એટલે રોમન એમ્પાયરના સુપર પાવર સાથે ટક્કર ઝીલવાની તૈયારી હતી. છતાં તેઓના બળવાન ઇમાન અને નક્કર મનોબળનો કરિશ્મો હતો કે જરાયે ડર કે ખોફ વિના, તેઓ એવી રીતે તૈયારી કરવા લાગ્યા જાણે, તબૂકના મેદાનમાં કોઇ ખૂંખાર દુશ્મન સાથે ટક્કર લેવા માટે નહિ, બલકે તબૂકના કોઇ વહાલા મિત્રની દઅવતમાં ઝિયાફત ઉડાવવા માટે જઇ રહ્યા છે.

મુજાહિદોની જિહાદી ઝિન્દગી ————મદીનહમાં તૈયાર થનારા લશ્કરને બે વસ્તુઓની જરૂર હતી. એક લડનારા સૈનિકોની ભરતી અને બીજી લડાઇના માલસામાનની ફરાહમી. જમાનો દુકાળનો હતો. લોકો ફકીરી,

Maktabe Ashraf

ફાકા અને ભૂખમરામાં સપડાયેલા હતા. અનાજ પાણીની અછતથી મોંઘવારી વધેલી હતી. છતાં સહાબાએ બઢીચઢીને કુરબાની અને ભોગના એવા લાજવાબ દાખલા રજૂ કર્યા જેની વિગતો વાંચીને તઅજ્જુબ થાય છે અને ઇમાન તાજું થઇ જાય છે.

સૈનિકોની ભરતીનો મામલો એવો બન્યો કે જિહાદની જાહેરાત કાને પડતાં જ મદીનહથી લઇને મક્કહ સુધીના વિસ્તારમાં વસનારા વિવિધ કબીલાઓ, બિરાદરીઓ અને ખાનદાનોના મુજાહિદોનું મદીનહમાં આગમન શરૂ થઇ ગયું. અલ્લાહના સૈનિકોના ટોળેટોળાં ચારે તરફથી ધસીધસીને મદીનહ આવવા લાગ્યાં. એટલે સુધી કે ગરીબો અને ફકીરો જેવા ચીંથરેહાલ મુસલમાનો પણ જિહાદના જોશમાં આવવા લાગ્યા. ગરીબોના ઘરોમાં ખાવાના વાખા હોય ત્યાં સવારી ક્યાંથી આવે ? એવા લોકો જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સવારીનો સવાલ કરતા તો જવાબમાં આપ ફરમાવી દેતા કે, ''હું તમારા માટે સવારી ક્યાંથી લાવું ? મારી પાસે કોઇ સવારી નથી.''

આપનો આ જવાબ સાંભળતાં જ તેઓની આશાના ભૂક્કા થઇ જતા. જિહાદ જેવી ઇબાદતથી પાછળ પડી જવાનું ભારે દુઃખ થતું. ગમના માર્યા ગમગીન દિલે, ઉદાસ ચેહરે, આંસુ નીંગળતી આંખે પાછા વળી જતા. સૂરએ-તવબહની આયત નંબર ૯૨માં અલ્લાહ તઆલાએ એજ ગરીબોનું વર્ણન કર્યું છે અને એમ પણ ફરમાવ્યું છે કે સવારીનો બંદોબસ્ત ન થવાથી એ લોકો રડતા-રડતા ચાલ્યા ગયા. આયતના શબ્દો આ છે : વ અઅ-યુનુહુમ તફીદુ મિનદ-દમ્એ હઝનન........તેઓની આંખો રંજોગમથી આંસુ વહાવતી હતી કે અફસોસ ! અમે પોતાના ખર્ચે જિહાદમાં ભાગ ન લઇ શકયા !

એક તરફ મદીનહમાં ઇસ્લામી લશ્કરની જોશભેર તૈયારીઓ ચાલતી હતી. બીજી તરફ અરબના ખૂણેખૂણાથી કબાઇલી મુજાહિદોના ટોળેટોળાં ધસધસીને મદીનહ આવી રહ્યાં હતાં અને જુરુફ મુકામે એકઠાં થઇ રહ્યા હતાં. જુરુફ અથવા જુર્ફ નામે મદીનહથી થોડે દૂર આવેલું એક મેદાન હતું. અહીં ઇસ્લામી લશ્કરની છાવણી હતી. લશ્કરી છાવણીના મેદાનમાં અત્યારે મેળો ભરાયો હોય તેવી ચહેલ-પહેલ દેખાતી હતી. લુહારો, સુથારો, કારીગરો અને હુનરમંદો પોતપોતાના ઓજારો લઇને ઠેકઠેકાણે ગોઠવાઇ ગયા હતા. દુકાનો મંડાઇ ગઇ હતી અને બજારની લાઇનો લાગી ગઇ હતી. કોઇ તલવારો બનાવતું હતું તો કોઇ લોખંડને એરણ પર મૂકીને ટીપી રહ્યું હતું. એક દુકાને લોકો પોતાની તલવારની ધાર તેજ કરાવતા હતા તો બીજી દુકાને ભાલાના હાથા ફિટ થતા હતા. એક કારીગર બરછાઓની અણીઓ તેજ કરતો હતો તો બીજો કારીગર તીરના કામઠામાં તાંત બાંધીને તેને કસી રહ્યો હતો. મતલબ કે લોખંડ અને હથોડાની ખટાખટના અજીબો-ગરીબ અવાજોથી છાવણીનું મેદાન ધમધમી રહ્યું હતું.

જુદા જુદા કબીલાઓના મુજાહિદો પોતાના નોખા પહેરવેશ અને નોખા ઝંડાઓથી નોખી રીતે તરી આવતા હતા. લશ્કરી છાવણીના મેદાનમાં મુસ્લિમ મુજાહિદોના અઝીમુશ-શાન ''ઇજતિમાઅ''નું આવું અભૂતપૂર્વ દ્રશ્ય, અરબના લોકોની આંખોએ આજ સુધી જોયું ન હતું. એ બધા એક અમીરના, એક જ અવાજે, એક જ મકસદ માટે ભેગા થઇ ગયા હતા. એમના અમીર હતા અલ્લાહના લાડલા અને આખેરી પયગમ્બર હઝરત મુહંમદ બિન અબ્દુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ! અને મકસદ હતો જિહાદ ફી સબીલિલ્લાહ ! એક અમીરના એક જ અવાજ પર લબ્બૈક પોકારીને એકત્ર થનારા ૩૦ હજારના અઝીમુશ-શાન લશ્કરનો દાખલો, અરબખંડના ઇતિહાસે પણ આજ સુધી પોતાની આંખો જોયો ન હતો.

મુનાફિકોના નાપાક પ્રોપેગેન્ડા —————સારાંશ કે મદીનહની ઇસ્લામી હુકૂમતમાં વસનારા અરબના

મુસલમાનોનો કોઈ કબીલો, કોઈ બિરાદરી, કોઈ ખાનદાન એવું ન હતું જેના, લડાઈને લાયક જવાનોમાંથી કોઈએ જિહાદમાં ભાગ લેવાથી સુસ્તીથી કામ લીધું હોય અથવા ખોટું બહાનું બનાવીને ઘરમાં ભરાય રહેવાનું પસંદ કર્યું હોય.

એક તરફ મદીનહમાં જગતના સુપર પાવર સાથે ટક્કર લેવાની તડામાર તૈયારીઓ ચાલતી હતી. બીજી તરફ મદીનહમાં વસનારા મુનાફિકોએ પણ મળેલી તક ઝડપી લઈને પ્રોપેગેન્ડાનું ચક્કર ચાલુ કરી દીધું હતું. મુનાફિકોની ટોળકીમાં મુશરિકોમાંથી બનેલા મુનાફિકો પણ હતા. અને એવા યહૂદીઓ પણ હતા જેઓ યહૂદી મટીને મુનાફિક બની ગયા હતા. એમાં મોટે ભાગે મદીનહના માલદાર અને મોટી ઉંમરના ખખડધજ બુઢ્ઢાઓ હતા જેઓ પ્રોપેગેન્ડાની કળાના અઠંગ ઉસ્તાદ ગણાતા હતા. માના પેટથી જ એ લોકો બદબખ્ત તરીકે પૈદા થયા હતા. મુનાફિકતની બીમારીના નાપાક જંતુઓ એમના દિલોમાં ખદબદી રહ્યાં હતાં. પોતાને મુસલમાનોમાં ખપાવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદમાં આવીને જમાઅત સાથે નમાઝ પઢતા હતા. મજલિસોમાં ભાગ લેતા હતા. જિહાદમાં જતા હતા. પરંતુ વિશ્વાસઘાતની નીતિથી કામ લઈને અણીને પ્રસંગે દગો આપી દેતા હતા. મોકો મળતાં જ ઈસ્લામ અને કુર્આન વિરૂધ્ધ ઝહેર ઓકવા લાગતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ દિલનો ધુમાડો કાઢતા. સૂરએ-તવબહની આયત નંબર ૫૬માં એજ લોકો વિષે ફરમાવ્યું છે :

વ યહ-લિફૂન બિલ્લાહિ	અને એ લોકો અલ્લાહની કસમો ખાયને કહે છે કે
ઈન્ન-હુમ લ-મિન્કુમ	અમે તો તમારામાંથી જ છીએ.
વમા હુમ મિન્કુમ	જો કે એ લોકો તમારામાંથી હરગિઝ નથી.
વલા કિન્ન-હુમ	અને હકીકત આ છે કે એજ લોકો
કવમુંય - યફ - રકૂન	ડરપોક કૌમમાંથી છે.

આજના વર્તમાન યુગમાં મુસલમાન લોકોના મુલ્કોમાં પણ મુનાફિકોનો રાફડો ફાટેલો છે. હુકૂમતની સત્તાની લગામ પણ એવા જ લોકોના હાથમાં છે જેઓ પોતાને મુસલમાનોમાં ખપાવવા છતાં અલ્લાહ અને રસૂલના ઈસ્લામી બંધારણને પોતાના દેશમાં લાવવા માગતા નથી. કેટલાકની ઈસ્લામ-દુશ્મની તો એટલી હદે પહોંચેલી છે કે મુસલમાન છોકરીઓ ચેહરા પર નિકાબ ઓઢીને સ્કૂલ-કોલેજમાં જાય તે પણ તેઓને ગમતું નથી. એવા જ લોકો વિષે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે એમના જેવી દગાબાજ અને ડરપોક કૌમ દુનિયામાં બીજી કોઈ કૌમ નથી.

મદીનહમાં ઈસ્લામી લશ્કર તબૂક જવાની તૈયારી કરતું હતું ત્યારે મુનાફિકોની કૌમના લોકો નપુંસકો પેઠે ઘરોમાં ભરાય રહ્યા અને અંદરખાને મુસલમાનોમાં બળબળતા ઉનાળા, કાળઝાળ ગરમી, દુકાળનું વરસ, અતિલાંબો પ્રવાસ, રસ્તાની તકલીફો, ઝાડો પર પાકેલાં ફળો, દુશ્મનની બેપનાહ તાકત અને તેના લશ્કરની જાહોજલાલી વગેરેના પ્રોપેગેન્ડા કરીને મુસલમાનોના જિહાદી જુસ્સાને તોડી નાખવાની કોશિશ કરતા રહ્યા.

મુનાફિકોના પ્રોપેગેન્ડાનું સૌથી મોટું હથિયાર ''લા-તન-ફિરૂ ફીલ-હર્રે''ના શબ્દો હતા જેને કુર્આને ઉપાડી લીધા છે. તેઓ મુસલમાનોને કહેતા હતા: ''લા તન-ફિરૂ ફીલ-હર્રે'' એટલે પ્રચંડ ઉનાળાની કાળઝાળ ગરમીમાં હરગિઝ પોતાના ઘરોમાંથી બહાર નહિ નીકળવું. એક તો દૂરો-દરાજનો પ્રવાસ છે. રસ્તો બેહદ લાંબો અને અઘરો છે. ઉપરથી ધોમ ધખતો તાપ છે. અગર તમે ગયા તો યાદ રાખો, જીવતા પાછા ફરવાના નથી. એના જવાબમાં

Maktabe Ashraf

અલ્લાહ તઆલાએ ફરમાવી દીધું :

કુલ નારુ જહન્નમા અશદ્દુ હર્રા.

એટલે : હે મુહંમદ ! એ લોકોને કહી દો કે જહન્નમની આગ એનાથી વધારે ગરમ છે. એ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને તરહ-તરહના બહાના બનાવતા હતા. કહેતા હતા, "યા રસૂલલ્લાહ ! આ જિહાદમાં અમારાથી આવી શકાય એમ નથી. અમારાં બાલબચ્ચાંની દેખરેખ રાખનારું કોઇ નથી અને અમારાં ઘરો ખુલ્લાં પડેલાં છે." કુર્આનમાં છે : "ઈન્ન બૂયૂ-તના અવરહ." એટલે આ મુનાફિકો આવી-આવીને કહે છે કે અમારાં ઘરો ખુલ્લાં પડેલાં છે. હે મુહંમદ ! એ લોકોને કહી દો કે "વ મા હિયા બિ-અવરહ" એટલે એ લોકોના ઘરો ખુલ્લાં પડેલાં નથી બલકે, "ઈય યૂરીદૂન ઈલ્લા ફિરારા." એ લોકો તો ફિરાર થવાના કે નાસી છૂટવાના બહાનાં કાઢી રહ્યા છે.

મુનાફિકોમાંથી જદ્દ બિન કૈસ નામે એક છેલ્લા દરજ્જાનો નફ્ફટ, નાલાયક, બેશરમ અને જંગલી મનોદશાનો માણસ હતો. એ જ્યારે બહાના કાઢવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો તો આપે તેને ફરમાવ્યું, "હે જદ્દ ! રોમન ખ્રિસ્તીઓ સાથેની લડાઈમાં તબૂક જવા માટે તૈયાર છો ને ?"

"નહિ જી યા રસૂલલ્લાહ !" તે બોલ્યો, "મને તો તમે માફ જ કરી દો તો સારૂં !"

"કેમ શું કારણ છે ?" આપે પૂછયું.

તે બોલ્યો, "મેં સાંભળ્યું છે કે રોમન કૌમની ગોરા રંગની કન્યાઓ બેહદ સુંદર હોય છે. હવે મારી કૌમના બધા લોકો જાણે છે કે મારાથી વધીને હુસ્ન-પરસ્ત એટલે પ્રેમનો પૂજારી બીજો કોઇ નથી. હું કોઈ રોમન રૂપસુંદરીને જોઈ લઉં અને મનનો કાબૂ ગુમાવી બેસું તો મોટો ફિત્નો ઊભો થવાનો ભય છે. જેથી યા રસૂલલ્લાહ ! મને તો આપ માફ જ કરી દો તો સારૂં !"

પોતાના લાડલા નબીની શાનમાં આ ગુસ્તાખી બદલ અલ્લાહ તઆલાએ જદ્દ બિન કૈસને પડકારતાં ફરમાવ્યું:

વ મિન્હુમ મંય-યકૂલુઅ	અને તેઓમાંથી કોઈ એવો પણ છે જે કહે છે :
ઝલ્લી	"મને તો તમે માફ જ કરી દો !
વલા તફ-તિન્ની	અને મને આફતમાં નહિ નાખો !"
અલા ફીલ-ફિત્નતે સ-ક-તૂ.	અરે ! એ તો પોતે જ આફતમાં પડી ચૂકયા છે
વ ઈન્ન જહન્નમ	અને બેશક જહન્નમ
બ-મુહી-તતુમ બિલ-કાફિરીન.	કાફિરોને ઘેરી વળેલી છે. (તવબહ : ૪૯)

અલ્લાહનો દુશ્મન જદ્દ બિન કૈસ છેક જંગલી જેવો મુનાફિક હતો જેથી તેણે અલ્લાહના નબીની સામે આવી બેશરમી ભરેલી વાતો કહેવાનું સાહસ કર્યુ. હઝરત ઉમર ફારૂક જેવા અલ્લાહના સિંહ તે વેળા ત્યાં હાજર હોત તો આ ગુસ્તાખી બદલ તલવારથી એ નાલાયકના બે ટુકડા કરી નાખતે. મુનાફિક જાણતો ન હતો કે અલ્લાહના નબીનો અલ્લાહના દરબારમાં કેટલો ઊંચો મરતબો છે ! અલ્લાહના ફરિશ્તા પણ અલ્લાહના નબીના દરબારમાં બા-અદબ, બા-મુલાહિઝા હાજર થતા હોય છે. આવા નાલાયક માણસની બેશરમી ભરેલી વાતોનો અલ્લાહના નબી શું જવાબ આપતે ? ખામોશીથી પોતાનો મુબારક ચેહરો તેની તરફથી ફેરવી લીધો.

Maktabe Ashraf

મદીનહમાં "જાસૂમ" નામે એક ગલી આવેલી હતી. અહીં મુનાફિક બનેલા યહૂદીઓના કેટલાંક ઘરો બાકી રહી ગયાં હતાં. એજ ગલીમાં સુવૈલીમ નામે એક મુનાફિક યહૂદીનું ઘર પણ આવેલું હતું. હઝરત અબ્દુલ્લાહ બિન હારિસહની રિવાયતમાં છે કે એજ દિવસોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે સુવૈલીમ યહૂદીનું ઘર અત્યારે મદીનહના મુનાફિકોનો અડ્ડો બનેલું છે. બધા મુનાફિકો અહીં જ ભેગા થઈને જૂઠા પ્રોપેગેન્ડાનું ચક્કર ચલાવી રહ્યા છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહને થોડાક સહાબા સાથે રવાના ફરમાવ્યા. તેઓએ આ મુનાફિકો અને તેઓની નાપાક ચાલોનો જડબાંતોડ જવાબ આપવા માટે, શયતાની પ્રોપેગેન્ડાના આ મથકમાં આગ ચાંપીને તેને ફૂંકી માર્યું. સુવૈલીમના ઘરને આગ લાગી તો મુનાફિકો જાન બનાવવા ભાગી ઊઠયા. દહહાક બિન ખલીફા નામે મુનાફિકે જાન બચાવવા ધાબા પરથી છલાંગ મારી દીધી તો તેની ટાંગ તૂટી ગઈ. ઘરને આગ લાગેલી હતી જેથી જાન બચાવવા તૂટેલી ટાંગે લંગડાતો-લંગડાતો દૂર સુધી ભાગી ગયો. મુનાફિકોની કૌમ એટલી ધિક્કારપાત્ર છે કે અલ્લાહ તઆલાએ તેઓના દાન-ખયરાતને પણ કબૂલ કરવાનો ઈન્કાર ફરમાવી દીધો. જેમકે ફરમાવ્યું છે :

કુલ અન-ફિકૂ	હે નબી ! કહી દો કે હે મુનાફિકો ! તમે દાન-ખયરાત આપો
તવ-અન અવ કરહન	રાજીખુશીથી કે નારાજીથી,
લંય યુ-ત-કબ્બલા મિન્કુમ.	હરગિઝ કબૂલ નહિ કરવામાં આવે તમારી તરફથી.

સૂરએ-તવબહની આ આયત નંબર ૫૩ છે. એની તફસીરમાં લખેલું છે કે જદ્દ બિન કૈસે રોમન સુંદરીઓના ફિત્નાનું બહાનું કાઢીને કહી દીધું હતું, "હે મુહંમદ ! હું પોતે તો આવી શકતો નથી, અલબત્ત મારો માલ કે પૈસા અલ્લાહના રસ્તામાં આપવા તૈયાર છું." જવાબમાં ઉપરની આયત નાઝિલ થઈ કે, હે મુનાફિક ! અલ્લાહને તારા રૂપિયા-પૈસાની પણ કોઈ જરૂર નથી.

જાસૂસો કે બહુરૂપીઓ પેઠે મુનાફિકોની કૌમ બેહદ ખતરનાક હોય છે. મુસલમાનોમાં રહીને ઈસ્લામની જડ ખોદતા રહે છે. અને જ્યારે વખત આવે છે તો મુસલમાનોની તરફદારી કરવાને બદલે ઈસ્લામના દુશ્મનોની મદદ કરે છે. મુસલમાનોની પીઠમાં પાછળથી ખંજરનો ઘા કરે છે. અને ઝેરીલા સાપો પેઠે મુસલમાનોની બાંયોમાં ભરાય રહે છે. આ સાપોથી અલ્લાહની નારાજી એટલે હદે વધી ગઈ કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ચોખ્ખા શબ્દોમાં હુકમ ફરમાવી દીધો કે, "હે મારા નબીજી ! આ મુનાફિકોમાંથી કોઈ મરી જાય તો તમારે તેના જનાઝહની નમાઝ પણ પઢવી નહિ અને તેની કબર પાસે જઈને ઊભા પણ થવું નહિ." સૂરએ-તવબહની આયત નંબર ૮૪ના શબ્દો આ છે :

વ લા તુસલ્લે અલા	અને હે નબી ! કદી પણ જનાઝહની નમાઝ નહિ પઢો
અહદિમ મિન્હુમ માતા	તેઓમાંથી કોઈ મરી જાય તેની ઉપર.
વ લા તકુમ અલા કબરેહી.	અને કદી પણ ઊભા નહિ રહો તેની કબર પર.

જાનની કુરબાની પછી માલની કુરબાની ————ઘૂઘવતા સમુદ્રના તોફાની મોજાંઓ પેઠે ઉછાળા મારી રહેલા અને જિહાદના જુસ્સાથી ધનગની રહેલા ૩૦ હજારના વિરાટ લશ્કરે, પોતાના અમીર સલ્લલ્લાહુ અલૈહિ

વ સલ્લમની એક અવાજ પર લબ્બૈક પોકારીને, પોતાની જાનોનું નઝરાણું અલ્લાહના રસ્તામાં પેશ કરી દીધું હતું. એ અલ્લાહના રસ્તામાં જાનોની કુરબાનીનો મામલો હતો. હવે પરીક્ષા હતી પોતાના માલને, પોતાના રૂપિયા-પૈસાને અલ્લાહના રસ્તામાં કુરબાન કરવાની. અલ્લાહના રસ્તામાં જિહાદના ખર્ચાઓને પહોંચી વળવા મુસલમાન લોકો માલની કુરબાની નહિ આપે તો જિહાદનું કામ આગળ કેવી રીતે ધપી શકે ?

જો કે જમાનો હતો આકરા દુકાળનો, ખાધખોરાકીની કારમી અછતનો અને હદથી વધી ગયેલી મોંઘવારીનો. ઉપરથી ગરમી કહે મારું કામ. લોકો ભૂખમરાને આરે પહોંચેલા હતા. ઘણા ઘરોમાં ફાકા ચાલતા હતા. ગરીબોની હાલત સૌથી બદતર હતી. લોકો ફળોની ફસલને લણવાની રાહ જોતા હતા. મતલબ કે તદ્દન બિનઅનુકૂળ કે છેક પ્રતિકૂળ સંજોગો હતા. આમ છતાં મુસલમાનોએ પોતપોતાની હેસિયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ફાળાની ફર્માઇશને દિલોજાનથી વધાવી લીધી અને બઢીચઢીને પોતાનો માલ તથા નાણા લાવી-લાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે તેના ઢગલા કરવા માંડયા.

હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરનો ફાળો ——————ફાળો લાવનારાઓમાં શું અમીર વર્ગ, શું મધ્યમ વર્ગ કે શું ગરીબ વર્ગ, કોઇ પણ પાછળ નહિ પડ્યું. ન કોઇએ જરા જેટલી કંજૂસાઇથી કામ લીધું. તેઓએ અલ્લાહના રસ્તામાં ભોગ અને કુરબાનીના એવા બેનમૂન દાખલા રજૂ કર્યા જે મુસ્લિમ ઉમ્મત માટે કિયામત સુધી યાદગાર રહેશે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના યારે-ગાર અને આશિકે-જાં-નિસાર હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુએ પોતાના ઘરમાં ઝાડુ મારીને જે કંઇ હતું, બધું જ સમેટી લાવીને હાજર કરી દીધું. સીરતની કિતાબોમાં લખેલું છે કે હઝરત અબૂબક્રે પોતાની કુલ પૂંજી લાવીને હાજર કરી દીધી. તે સમયે તેની કિંમત ૪ હજાર દિરહમ જેટલી હતી. ઘરમાં પોતાને માટે કે બાલબચ્ચાં માટે કંઇ પણ નહિ છોડયું અને અલ્લાહ તથા તેના રસૂલની મહબ્બતમાં એકદમ ખાલી હાથે નવેસરથી જીવનની શરૂઆત કરવાનો અનુપમ દાખલો રજૂ કર્યો.

ઇસ્લામના બીજા મહાપ્રતાપી ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હુએ ઘરમાં જે કંઇ હતું તેના બે ભાગ પાડયા. એક ભાગ બાલબચ્ચાં માટે રહેવા દીધો. બીજો ભાગ લાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરી દીધો. આપે ફરમાવ્યું, ''ઉમર ! બાલબચ્ચાં માટે ઘરમાં શું છોડયું ?''

''યા રસૂલલ્લાહ !'' હઝરત ઉમરે અરજ કરી, ''અર્ધો ભાગ બાલબચ્ચાં માટે રહેવા દીધો છે.''

આપે હઝરત અબૂબક્રને પૂછ્યું, ''અબૂબક્ર ! તમે પોતાના બાલબચ્ચાં માટે ઘરમાં શું રહેવા દીધું ?''

''અલ્લાહ અને તેના રસૂલને યા રસૂલલ્લાહ !''

હઝરત અબૂબક્રનો જવાબ સાંભળીને હઝરત ઉમરની ઉમંગો પર પાણી ફરી વળ્યું. ફરમાવે છે કે હમેશા મારી આ કોશિશ રહી કે અબૂબક્રથી આગળ નીકળી જાઉં. મગર તેમનો આ જવાબ સાંભળીને મને થઇ ગયું કે કોઇ પણ કામમાં કદી પણ હું અબૂબક્રથી આગળ નીકળી શકતો નથી.

હઝરત ઉસ્માન ગનીનો ફાળો ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બે લાડલી બેટીઓ જેમના નિકાહમાં એક પછી એક આવ્યાં હતાં એ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દામાદ અને ઇસ્લામના ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન બિન અફ્ફાન ઝિન-નૂરૈન રદિયલ્લાહુ અન્હુએ તે સમયે મુલ્કે-શામના વેપાર માટે એક વેપારી કાફલો તૈયાર કર્યો હતો. જેમાં વેપારના માલસામાનથી લદાયેલાં બસો ઊંટો તૈયાર ઊભેલાં હતાં. ઉપરાંત

Maktabe Ashraf

વેપાર માટેની બસો ઊકીયા ચાંદી પણ હતી. (બસો ઊકીયા એટલે આશરે સાડા ૨૯ કિલો ચાંદી) જિહાદના ફાળાની હાકલ સાંભળતાં જ હઝરત ઉસ્માન ગનીએ પૂરો કાફલો લદાયેલા માલ-સામાન સાથે લાવીને જિહાદના ફાળા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પેશ કરી દીધો. એ પછી વધુ ફાળા તરીકે બીજાં સો ઊંટો, મુકમ્મલ માલસામાન સાથે (એટલે ઊંટોની કાઠીઓ, પખાલો, દોરડીઓ, ગળાંની ઘૂઘરીઓ વગેરે સાથે) અલ્લાહના રસ્તામાં દાન કરી દીધાં. એ પછી એક હજાર દીનાર એટલે આશરે સાડા પાંચ કીલો જેટલી સોનામહોરો લઇને હાજર થયા અને એ બધી સોનામહોરો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક ચરણોમાં ઠાલવી દીધી.

હઝરત ઉસ્માન ગનીની આ દાનવીરતા જોઇને અલ્લાહના લાડલા નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નૂરાની ચેહરો ફૂલગુલાબી બની ગયો. અલ્લાહના લાડલા નબી એટલા ખુશ થઇ ગયા કે પોતાના મુબારક હાથથી સોનામહોરોને ઊલટ-પુલટ કરતા હતા અને સાથે ફરમાવતા જતા હતા કે, ''આજ પછી ઉસ્માન ગમે તેવું કામ કરે, એમને કંઇ નુકસાન નહિ થાય.'' (જામિઅ તિરમિઝી મનાકિબે-ઉસ્માન બિન અફ્ફાન જિલ્દ ૨ પાનું ૨૧૧)

હઝરત ઉસ્માન ગનીએ આટલેથી જ બસ નહિ કર્યું. ઘરના ખૂણેખાંચરેથી અને અહીંતહીંથી જે કંઇ મળ્યું, ભેગું કરીકરીને લાવતા રહ્યા. અહીં સુધી કે તેમના ફાળાનું પ્રમાણ રોકડ નાણા ઉપરાંત ૯૦૦ ઊંટો અને એક સો ઘોડા સુધી પહોંચી ગયું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના માટે એમ ફરમાવ્યું કે, ''આજ પછી ઉસ્માન ગમે તેવું કામ કરે એમને કોઇ નુકસાન નહિ થાય.'' એના અર્થ આ છે કે આજ પછી ઉસ્માન કોઇ એવું કામ જ કરવાના નથી જે અલ્લાહ તઆલાની નારાજીનો સબબ બને.

જૈશે-ઉસરત એટલે લશ્કરે-ગુરબત ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના બીજા એક સોદાગર સહાબી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ રદિયલ્લાહુ અન્હુ જિહાદના ફાળા તરીકે બસો ઊકીયા ચાંદી લઇ આવ્યા. (બસો ઊકીયા એટલે આશરે સાડા ૨૯ કીલો ચાંદી) એવી જ રીતે હઝરત તલહા, હઝરત સઅદ બિન ઉબાદહ, હઝરત મુહંમદ બિન મસ્લમહ, હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ રદિયલ્લાહુ અન્હુમ વગેરે પોતપોતાની માલી હેસિયત મુજબ સારી જેવી રકમ લઇ આવ્યા.

હઝરત આસિમ બિન અદી નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક દાનવીર સહાબી જિહાદના ફાળા તરીકે ૯૦ વસક ખજૂરો લઇ આવ્યા. અલ્લાહ એમનાથી રાજી હો ! (નેવું વસક એટલે લગભગ સાડા તેર ટન ખજૂરો.) બાકીના સહાબા પણ પોતપોતાના ગજાં મુજબ થોડાંઘણો માલસામાન લઇને આવતા રહ્યા. હઝરત અબૂ ઉકૈલ અન્સારી નામે છેક ગરીબ, નાદાર, ચીંથરેહાલ સહાબી હતા. ફાળામાં આપવા જેવી કોઇ વસ્તુ ધરાવતા ન હતા. આખી રાત એક યહૂદીની વાડીમાં કૂવાનો કોશ ખેંચી-ખેંચીને હાથોમાં આંટાણો પડી ગયાં. સવારે વાડીના માલિકે રાતભરની મઝદૂરી પેટે ચાર શેર ખજૂરો આપી દીધી. બશેર ખજૂરો ઘરે જઇને બાલબચ્ચાંને આપી આવ્યા. બાકીની બશેર ખજૂરો જિહાદના ફાળા તરીકે લઇ આવ્યા. પોતાના આ નજીવા અથવા છેક તુચ્છ ફાળા બદલ મનમાં ખૂબ ભોંઠપ અનુભવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો આંખો શરમથી જમીન સાથે ચોંટેલી હતી. એમની આ હાલત જોઇને આપે ફરમાવ્યું, ''અબૂ ઉકૈલ ! કેમ શું મામલો છે ?''

''યા રસૂલલ્લાહ !'' આંખો નીચી કરીને બોલ્યા, ''લોકો તો મોટો-મોટો ફાળો લઇ આવ્યા છે. હું આ તુચ્છ ફાળો આપવાની ભોંઠપ અનુભવું છું. આખી રાત કલાણાની વાડીમાં કોશ ફેરવ્યો. ચાર શેર ખજૂરો મળી.

Maktabe Ashraf

બશેર ઘરે આપી આવ્યો છું. બશેર આપની તહેનાતમાં હાજર છે. કબૂલ ફરમાવશો ?"

"હે લોકો !" આપે ઊંચા સાદે ફરમાવ્યું, "જુઓ અબૂ ઉકૈલની આ બશેર ખજૂરોને સોનાચાંદીના ઢગલા પર વિખેરી દો."

અલ્લાહુ અકબર ! હઝરત અબૂ ઉકૈલની બશેર ખજૂરોની એટલી ઊંચી કિંમત કે તેને સોના-ચાંદીના ઢગલા પર વિખેરાય જવાનું માન મળે ? અલ્લાહના રસૂલની આ કદરદાનીથી હઝરત અબૂ ઉકૈલ તો ન્યાલ-ન્યાલ થઈ ગયા. આખી રાતના પરસેવાની આ કદરથી હઝરત અબૂ ઉકૈલની ગરીબીને ચાર ચાંદ લાગી ગયા. તેમની "ફૂલની પાંખડી" બારગાહે-ઈલાહીમાં મકબૂલ થઈ ગઈ હતી. એ તેમના ઈખ્લાસની, તેમના વિશુધ્ધ મનની, તેમની ચોખ્ખી નિય્યતની બરકત હતી. અલ્લાહ તઆલાની નજરમાં અસલ કિંમત ઈખ્લાસની છે.

બીજી તરફ માનવંતા સહાબિયા ખાતૂનો પણ ફાળો આપવામાં પોતાના મરદોથી પાછળ નહિ પડયાં. તેઓની પર્દા-નશીન ખાતૂનો અને બહેન-બેટીઓએ જે કંઈ પોતાની પાસે હાજર હતું, અલ્લાહના રસ્તામાં પેશ કરી દીધું. ગળાંના હારો, હાથના કંગનો, આંગળીની વીંટીઓ, કાનોની બાલીઓ, પગોના કડાં જે કંઈ હતું, જિહાદના ફાળા તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મોકલાવી આપ્યું.

મુનાફિકોએ આ પ્રસંગે પણ પોતાની નીચ મનોદશાનું ખુલ્લી રીતે પ્રદર્શન કર્યું. નસીબના ફૂટેલા આ બદબખ્તો કે બેવકૂફો, વધુથી વધુ ફાળો આપનારાઓને રિયાકારીનો ટાણો મારતા હતા. એટલે તેઓનું કહેવું હતું કે આ લોકો નામ ખાટવા અને વાહ-વાહ મેળવવા મોટી-મોટી રકમો આપે છે. અને જેઓની પાસે પોતાના પરસેવાની નજીવી પુંજી સિવાય કંઈ ન હતું, તેઓની ઉપર હાસ્યના કટાક્ષો ઉછાળતા હતા કે, "લ્યો આ ભાઈ તો મુઠ્ઠીભર ખજૂરથી મુલ્કે-રોમને ફતેહ કરવા નીકળ્યા છે !"

સહાબાએ-કિરામ તો ઈખ્લાસના, ચોખ્ખા તન-મનના, નિખાલસ ઈમાનના જીવતા-જાગતા નમૂના હતા. તેઓ આ નાલાયકોના ઝેરીલા કટાક્ષોની પરવા કર્યા વગર પોતાના અલ્લાહને રાજી કરવાની ફર્ઝ-બજાવણીમાં મશગૂલ રહ્યા. અહીં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જૈશે-ઉસરતની......એટલે લશ્કરે-ગુરબતની...... એટલે ગરીબી.....નાદારી.....તંગદસ્તીથી ઘેરાયેલા લશ્કરની જિહાદની તૈયારીઓ મુકમ્મલ થઈ ગઈ.

જિહાદ માટે તબૂક જનારા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ લશ્કરને "જૈશુલ-ઉસરા"નું નામ આપવામાં આવ્યું છે. જૈશ એટલે લશ્કર અને ઉસરા તંગી, તંગદસ્તી, દુશ્વારી, મુશકિલી, હાડમારી વગેરેની કટોકટીની પળોમાં તૈયાર થયેલું લશ્કર ! એની નોંધ કુઆર્ને-મજીદમાં પણ લેવામાં આવી છે. એના માટે સૂરએ-તવબહની આયત નંબર ૧૧૭માં "ફી સાઅતિલ-ઉસરતે" શબ્દો આવેલા છે. સાઅત એટલે વખત, સમય, પળ, ઘડી અને ઉસરત એટલે તંગદસ્તી, સખ્તી, હાડમારી વગેરે. મતલબ આ કે એક એવું લશ્કર જે સખત તંગદસ્તીની હાલતમાં અને આકરી હાડમારીઓના વખતમાં અને જાતજાતની મુશકિલીઓની પળોમાં તૈયાર થયું.

વાંચકો જાણે છે તેમ આકરો ઉનાળો હતો. સૂરજ આગ વરસાવતો હતો. ગરમ લૂના સપાટા ચાલતા હતા. અરબભરમાં દુકાળ પ્રવર્તેલો હતો. ફકીરી-ફાકાથી લોકો ભૂખમરાને આરે પહોંચેલા હતા. પાણી અને ખાધખોરાકીની તંગી હતી. ફળોને લાગવાની ફસલ તૈયાર હતી. લાલપીળાં ફળોના ઝૂમખાઓથી ઝાડની ડાળીઓ લચકેલી હતી. ઝાડોના સાયા હેઠળ જ બેસવાનું લોકોને ગમતું હતું. ઉપરથી મુસાફરી બેહદ લાંબી હતી. મંઝિલ ઘણે દૂર હતી. રસ્તો બેહદ ખતરનાક હતો. ખોફનાક જંગલો, બિહામણા પહાડો, દહેશતનાક રણો, ઊંડી ખાઈઓ અને અંધારી

Maktabe Ashraf

ઘાટીઓમાંથી રસ્તો પસાર થતો હતો. સવારીઓની અછત હતી. ઉપરથી તે સમયના રોમન એમ્પાયર જેવા દુનિયાના સુપર પાવર સાથે ટક્કર ઝીલવાની હતી.

એટલે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ લશ્કરને "જૈશુલ-ઉસરત" અથવા "લશ્કરે-ગુરબત"નું નામ આપવામાં આવ્યું અને આ લશ્કર દુકાળના જમાનામાં, ખાધખોરાકીની તંગીમાં, ભૂખમરાની હાલતમાં, સવારીઓથી અછતમાં અને હાડમારીઓની પળોમાં તૈયાર થયું જેથી એના માટે કુર્આનમાં "ફી સાઅતિલ-ઉસરતે" શબ્દો ફરમાવવામાં આવ્યા.

હઝરત અલીને મળેલો હુકમ ————આ વેળાના સંજોગો તદ્દન બિનઅનુકૂળ હોવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના પાક બેગમોમાંથી કોઇ પાક બેગમને સંગાથે લીધાં ન હતાં. ચિઠ્ઠી નાખીને કોઇ પાક બેગમને સાથે લેવાનો નિયમ આપે આ સફરમાં જતો કર્યો હતો. જેથી આપે હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુને મદીનહમાં જ રહેવાનો અને અહલે-બૈત એટલે પાક બેગમો તથા કુટુંબીજનોની દેખભાળ રાખવાનો હુકમ ફરમાવ્યો. હઝરત અલી આપના ચચા-ઝાદ પણ હતા અને દામાદ પણ હતા. હઝરત અલીથી વધીને નબવી ખાનદાનના અહલે-બૈતની દેખભાલ કરનારો બીજો કોણ હોય શકે ?

આપનો આ હુકમ હઝરત અલી જેવા "શાહે-મર્દાં" અને "શેરે-યઝદાં"ને રાજીખુશીથી ગમે એવો તો ન જ હતો. કેમકે આજ સુધીની કોઇપણ લડાઇમાં તેઓ પાછળ પડયા ન હતા. દરેક લડાઇમાં બળવાનથી બળવાન દુશ્મનના છક્કા છોડાવી દેતા હતા. દરબારે-નબવીથી "અસદુલ્લાહ" એટલે અલ્લાહના સિંહનો ખિતાબ પામેલા હતા. ખૈબરના યહૂદીઓના કિલ્લાને જીતીને "ફાતિહે-ખૈબર" એટલે ખૈબરના વિજેતાનો લકબ ધરાવતા હતા. એમની માએ એમનું નામ "હયદરે-કર્રાર" એટલે દુશ્મનને ચીરીફાડી નાખનારો વિકરાળ સિંહ રાખેલું હતું. અત્યારે લડાઇમાં જવાને બદલે ઓરતો અને બાલબચ્ચાંઓમાં રહેવાનો મળેલો હુકમ એમના સ્વભાવ સાથે મેળ ખાતો ન હતો.

મગર મદીનહમાં જ રહેવાનો અને ઘરવાળાંઓની દેખભાલ રાખવાનો હુકમ કોણે ફરમાવ્યો હતો ?.......એ હુકમ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યો હતો. અલ્લાહના તે રસૂલ કે જેઓ મુસલમાનોના અમીર અને ઇસ્લામી લશ્કરના સિપહસાલાર હતા. અમીર અને સિપહસાલારના ગમે તેવા હુકમનું પાલન કરવું. અને જરાયે ચૂંચાં વિના એ હુકમની સામે ગરદન નમાવી દેવું તે એક મુસ્લિમ સૈનિકની સર્વોપરી ફર્ઝ હોય છે. શિસ્ત-પાલન અને ઇતાઅતે-અમીર ઇસ્લામ ધર્મનો મહત્વનો સિધ્ધાંત છે. ગમે કે નહિ ગમે, ઇન્કારની મજાલ નથી. હઝરત અલી જેવા યુધ્ધકળાના અઠંગ વીરનરે કેટલી ધીરજથી, કેટલી ખેલદિલીથી પોતાના મન પર કાબૂ રાખીને, આ યાદગાર જિહાદમાં જવાથી પોતાને અટકાવ્યા હશે તેની કલ્પના કરવી રહી. હકીકત આ છે કે જિહાદ નામ જ ધીરજનું અને કુરબાનીનું છે. એમાં મનની તમામ ઇચ્છાઓની કુરબાની સાથે પોતાની કિમ્તી જાન સુધ્ધાંની કુરબાની આપવી પડે છે. એ પછી અલ્લાહની જન્નતમાં જવાનો રસ્તો મોકળો થાય છે.

મદીનહમાં ગવર્નરની નિમણૂંક ————લાંબી દોડધૂપને અંતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે ફાળામાં મળેલી રકમ મુજબ, પોતાના ત્રીસ હજારના ગરીબી લશ્કરની તૈયારીઓ મુકમ્મલ કરી લીધી અને લશ્કરના જવાનો, જોશો-ખરોશથી તબૂક ઊપડવા તૈયાર થઇ ગયા તો આપે તેઓને જુર્ફના મેદાનમાં જઇને વ્યવસ્થિત રીતે એકત્રિત થઇ જવાનો હુકમ ફરમાવ્યો. જુર્ફ નામે આ સ્થળ મદીનહથી ત્રણેક માઇલના અંતરે આવેલું હતું અને એ મદીનહની લશ્કરી છાવણી હતી. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે

Maktabe Ashraf

પણ પોતાના ખાસ માણસો સાથે પધારીને જુર્ફના મેદાનમાં બિરાજમાન થયા.

ઈસ્લામી લશ્કર અહીંથી કૂચ કરે તે પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુહંમદ બિન મસ્લમહ અન્સારીને મદીનહમાં પોતાના નાયબ બનાવ્યા. એટલે મદીનહના ગવર્નર તરીકે તેમની નિમણૂંક કરી કે જેથી મદીનહની ઈસ્લામી હુકૂમતનું વહીવટી-તંત્ર વ્યવસ્થિત રીતે જળવાયેલું રહે અને તેમના મદદનીશ તરીકે હઝરત સબાઅ બિન અર્ફતહને મદીનહ શહેરના કોતવાલ બનાવ્યા. મશહૂર અંધ સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તૂમને આપે પોતાની મસ્જિદના ઈમામ તરીકે નીમી દીધા. અમીરોના અમીર જેવા અલ્લાહના સિંહ હઝરત અલી મદીનહમાં મવજૂદ હતા. નપુંસકો પેઠે ઘરોમાં ભરાઈ રહેલા મરદૂદ મુનાફિકોની મજાલ ન હતી કે શહેરની શાંતિ જોખમાય તેવું કોઈ પગલું ભરી શકે. આ અવળચંડાઓ બીજું તો કંઈ ના કરી શકયા અલબત્ત હઝરત અલી રદિયલ્લાહુ અન્હુ વિરૂધ્ધ થોડુંક જૂઠાણું ઘડી કાઢીને મદીનહમાં તેનો પ્રચાર કરવા લાગ્યા. એનું બયાન આગળ આવે છે.

લશ્કરની ગોઠવણી અને ફોજી ઝંડા ——————શહેરના વહીવટી-તંત્રની વ્યવસ્થાથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે "સનિય્યતુલ-વદાઅ" મુકામે પધાર્યા. આ સ્થળ મદીનહની ઉત્તર દિશાએ આવેલું છે અને એક ઘાટીનું નામ છે. બે પહાડોની વચ્ચે આવેલી જગાને ઘાટી કહે છે. આ તે ઘાટી છે કે જયાં સુધી મદીનહના લોકો પોતાના મેહમાનોને રૂખ્સત કરવા માટે જતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના લશ્કર સાથે પધારીને અહીં પડાવ નાખી દીધો. એ ઈસ્લામી લશ્કરનો પહેલો પડાવ હતો. ત્રીસ હજાર મુજાહિદોનું વિરાટ લશ્કર અહીંથી વ્યવસ્થિત રીતે કૂચ કરી શકે તે માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરના વિભાગો પર અમીરોની નિમણૂંક કરી.

"મૈમનહ" એટલે લશ્કરની જમણી પાંખના કમાન્ડર તરીકે આપે હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહની નિમણૂંક કરી. અને "મૈસરહ" એટલે લશ્કરની ડાબી પાંખની સરદારી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફને હવાલે કરી અને "મુકદ-દિમહ" એટલે લશ્કરના આગલા ભાગના કમાન્ડર તરીકે આપે હઝરત ખાલિદ બિન વલીદની નિમણૂંક કરી. મુહાજિરીનના લશ્કરનો ઝંડો હઝરત ઝુબૈર બિન અવ્વામને હવાલે કર્યો અને પૂરા ઈસ્લામી લશ્કરનો ઝંડો આપે પોતાના વઝીરે-આઝમ અથવા જમણા હાથ જેવા હઝરત અબૂબક સિદ્દીકને ઈનાયત ફરમાવ્યો.

હઝરત અલીની હાજરી ——————સનિય્યતુલ-વદાઅથી ઈસ્લામી લશ્કર કૂચ કરે તે પહેલાં હઝરત અલી બિન અબી તાલિબ મદીનહથી ચાલીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આપ મને ઓરતો અને બચ્ચાંઓમાં છોડીને જઈ રહ્યા છો. તે તરફ મુનાફિકો મને ટોણા મારી રહ્યા છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અલીથી નારાજ થઈ ગયા છે. જેથી અલીને ઓરતો અને બચ્ચાંઓમાં છોડી દીધા અને પોતાની સાથે જિહાદમાં નહિ લઈ ગયા."

આપે હઝરત અલીને દિલાસો આપતાં ફરમાવ્યું, "અલી ! મુનાફિકો દુનિયાભરના જૂઠા લોકો છે અને ઝખ મારે છે. સાંભળો હે અલી ! શું તમને આ વાત પસંદ નથી કે મારી અને તમારી વચ્ચે તેજ સંબંધ જોડાય જાય જે મૂસા નબી અને હારૂન નબી વચ્ચે હતો. મૂસા નબી કોહે-તૂર પર અલ્લાહના દસ હુકમો લેવા ગયા તો પોતાના ભાઈ હારૂન નબીને પોતાની કૌમની દેખભાળ માટે કૌમની પાસે જ મૂકીને ગયા. માટે હે અલી ! તમે મારા માટે તેવા જ છો જેવા મૂસા નબી માટે હારૂન નબી હતા. અલબત્ત મૂસા નબી પછી બીજા નબીઓ આવ્યા પણ મારા પછી કિયામત સુધી કોઈ નબી આવવાના નથી."

અલ્લાહુ અકબર ! હઝરત અલીનો આટલો ઊંચો મરતબો ! હઝરત અલી તો સાંભળીને ખુશ-ખુશ થઇ ગયા અને અલ્લાહનો આભાર માનતા રાજીખુશીથી મદીનહ તરફ વાપસ થયા.

પાછળ રહી ગયેલા સાચા મુસલમાનો ————મદીનહના મુનાફિકોનો અહવાલ આપણે વાંચી આવ્યા કે બુઝદિલો પેઠે જુઠાં બહાનાં કાઢીને ઘરોમાં ભરાઇ રહ્યા. અહીં સવાલ આ છે કે શું સાચા-પાકા ઇમાનના મુસલમાનોમાંથી પણ કોઇ એવા હતા જેઓ લશ્કરમાં જોડાવાને બદલે મદીનહમાં જ રહી ગયા ? જવાબ હા માં છે, પાછળ રહી ગયેલા સહાબાના મુબારક નામો આ છે :

૧————હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ. મદીનહના સુપ્રસિધ્ધ શાઇર. પાકું ઇમાન ધરાવનાર, ઇસ્લામના વફાદાર, સાચા આશિકે-રસૂલ. છેવટ સુધી ગેરહાજર રહ્યા.

૨————હઝરત મુરારહ બિન રબીઅ રદિયલ્લાહુ અન્હુ. પાકું ઇમાન ધરાવનાર, ઇસ્લામના વફાદાર, સાચા આશિકે-રસૂલ. છેવટ સુધી ગેરહાજર રહ્યા.

૩————હઝરત હિલાલ બિન ઉમૈયહ રદિયલ્લાહુ અન્હુ. ઉપર મુજબ છેવટ સુધી ગેરહાજર રહ્યા.

૪————હઝરત અબૂ ઝર ગિફારી રદિયલ્લાહુ અન્હુ. સવારીનું ઊંટ કમજોર હોવાથી પાછળ રહી ગયા. બાદમાં ઊંટને પડતું મૂકયું અને પગે ચાલીને લશ્કરમાં પહોંચી ગયા.

૫————હઝરત અબૂ ખૈસમહ રદિયલ્લાહુ અન્હુ. લશ્કરની રવાનગી પછી ઊંટને તેજીથી ભગાવતાં લશ્કરમાં પહોંચી ગયા. (ઇબ્ને હિશામમાં એમનો દિલચસ્પ કિસ્સો વાંચવા જેવો છે.)

આ પાંચે ગૃહસ્થોના ઇમાનમાં રતિભારની શંકા ન હતી. ઇસ્લામના વફાદાર, જાં-નિસાર અને સાચા આશિકે-રસૂલ હતા. માનવ સ્વભાવમાં રહેલી કમજોરી મુજબ તાબડતોડ તૈયારી નહિ કરી શકયા. વિચારતા રહ્યા કે જવાનું તો છે જ પછી ઉતાવળની શી જરૂર ? તૈયાર થતાં વાર કેટલી લાગવાની ? બસ સવારીની પીઠ પર બેઠા કે હવા સાથે વાતો કરતા પહોંચી ગયા. એમાંના બે મુજાહિદો પોતાના મકસદમાં કામયાબ થયા. બાકીના ત્રણ મુજાહિદો ઇચ્છા છતાં જઇ નહિ શકયા. બાદમાં એમની સાથે કેવો મામલો બન્યો તેનો વિગતવાર અહવાલ અલ્લામા ઇબ્ને હિશામે આ પ્રકરણમાં દર્શાવેલો છે.

ખાસ કરીને હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુની આપવીતી————જે એમણે પોતાના ફરઝંદને મુખે વર્ણવેલી છે, એટલી દર્દનાક, એટલી સંવેદનશીલ અને કરૂણારસથી ભરપૂર છે કે વાંચનારના રોમાંચ ખડાં કરી દે છે. લશ્કરથી પાછળ રહી જવાના પસ્તાવાની એમની કરૂણ-કથા એટલી દર્દનાક છે કે વાંચતાં-વાંચતાં હૈયું ભરાય-ભરાય આવે છે અને આંખો આંસુઓથી છલકાઇ ઊઠે છે. હઝરત કઅબ બિન માલિક કોઇ મામૂલી સહાબી ન હતા. બલકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંચા પાયાના સહાબી હતા. તલવારના ધણી અને મેદાને-જિહાદના શાહસવાર હતા. જંગે-બદ્ર સિવાય કાફિરો સાથેની કોઇ લડાઇમાં પાછળ પડયા ન હતા. અરબી ભાષાના અઠંગ અભ્યાસી અને બહુ મોટા સાહિત્યકાર હતા. શાઇરીમાં પણ અરબભરમાં પંકાયેલા હતા. હઝરત હસ્સાન બિન સાબિત પેઠે પોતે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઇર હતા. શાઇરી એમના ઘરની લોંડી જેવી હતી. દુશ્મન શાઇરોના નિંદા-કાવ્યોના, ફીલ-બદીહ શાઇરીમાં જવાબ આપીને તેઓના દાંત ખાટા કરી દેતા હતા.

જંગે-તબૂકની ગેરહાજરીના ૫૦ દિવસો આ ત્રણે સહાબા પર કિયામત બનીને એવી રીતે વીત્યા કે, અલ્લાહની

જમીન વિશાળ હોવા છતાં, એમની ઉપર એટલી તંગ બની ગઈ કે, પોતે પણ પોતાની જાનોથી કંટાળી ગયા અને એમને થઈ ગયું કે, અલ્લાહના અઝાબથી અલ્લાહ વગેરે કોઈ બચાવનારૂં નથી. એનું બયાન સૂરએ-તવબહની આયત ૧૧૭ - ૧૧૮માં થયેલું છે. હઝરત કઅબની આપવીતી એટલી રોમાંચક અને ઈબ્રતનાક છે કે એને વાંચવાથી ઈમાન તાજું થઈ જાય છે. વાંચકને એકવાર ફરીથી વાંચી લેવાની ભલામણ છે.

ઈસ્લામી લશ્કરની રવાનગી ————મુલ્કે-શામના નબતી સોદાગરોએ મદીનહમાં સમાચાર આપ્યા કે રોમન સામ્રાજ્યના શહનશાહે મુસલમાનોના લશ્કરી બળને કચડી નાખવા અને ઈસ્લામના ફળદ્રુપ ઝાડને જડમૂળથી ઉખેડી કાઢવા મોટું લશ્કર ભેગું કરી લીધું છે. તેઓએ એમ પણ કહ્યું કે, ગસ્સાની બાદશાહના સૈનિકોનું બે લાખનું કીડીદળ લશ્કર તીરો, તલવારો, ભાલાઓ, બરછાઓ, ઢાલોથી સજ્જ થઈને અને ઝિરેહ-બખ્તરોના લોખંડી પોશાકો સજીને મરવા-મારવા માટે તૈયાર ઊભેલું છે. વળી હરકયૂલસે પૂરી ફોજને આખા વરસનો પગાર અગાઉથી ચૂકવી આપ્યો છે. સોદાગરોએ એમ પણ કહ્યું કે રોમન લશ્કરના આગલી હરોળના હજારો સૈનિકો કૂચકદમ કરતા બલકાની ભૂમિ સુધી આવી પહોંચ્યા છે.

વાંચકો જાણે છે તેમ આજથી દોઢ વરસ પહેલાં મુસલમાનોએ જંગે-મૂતહમાં રોમન એમ્પાયરના એજ અઝીમ લશ્કર સાથે ટક્કર લીધી હતી. તે વેળા મુસલમાનો ફક્ત ત્રણ હજારની નજીવી સંખ્યામાં હતા ત્યારે રોમન પક્ષે એક લાખનું કીડીદળ લશ્કર હતું. જાણે કે નાનકડું અને નાજુક પંજાનું મામૂલી પંખી, લોખંડી પંજાના શાહબાજ પક્ષી સાથે ટકરાયું હતું. આ લડાઈમાં ઈસ્લામી લશ્કરના ત્રણ સિપહસાલારો————હઝરત ઝૈદ બિન હારિસહ, હઝરત જઅફર બિન અબૂ તાલિબ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા શહીદ થઈ ગયા હતા. પછી ઝંડો હઝરત ખાલિદ બિન વલીદે સંભાળ્યો હતો અને તેઓ વિફરેલા સિંહ પેઠે દુશ્મનો પર તૂટી પડ્યા હતા. દુશ્મન સૈનિકોને ગાજર-મૂળા પેઠે કાપતાં-કાપતાં હઝરત ખાલિદના હાથમાં એ દિવસે નવ તલવારો તૂટી ગઈ હતી. આ બનાવે રોમન એમ્પાયરના સિંહાસનને ડોલાવી નાખ્યું હતું. એજ દિવસથી હરકયૂલસને મુસલમાનોના લશ્કરી બળનો અને મુજાહિદોની પાણીદાર તલવારનો પરચો મળી ગયો હતો. એનાથી ચોંકી ઊઠીને તેણે પોતાનું લોખંડી બળ એકત્ર કર્યું હતું કે જેથી અરબના રણમાં ઊગેલા ઈસ્લામના ફળદ્રુપ ઝાડને જડમૂળથી ઉખેડીને ફેંકી દેવામાં આવે. જેવી રીતે અમેરીકાએ આખી દુનિયા સાથે મળીને અફઘાનિસ્તાનને તબાહ કરી નાખ્યું છે.

શામી સોદાગરોને મુખે આ સમાચાર સાંભળીને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને થયું હતું કે અલ્લાહના દીનને દુશ્મનોથી બચાવવા માટે જીવન-મરણના ફેસલાની પળ આવી લાગી છે. આપે પયગમ્બરી બુધ્ધિથી કામ લઈને આકાશી ઈલ્મની રોશનીમાં ફેસલો કર્યો હતો કે આ લડાઈ મદીનહને આંગણે નહિ, દુશ્મનની જ ભૂમિમાં જઈને આ પાર કે પેલે પારને ધોરણે લડી લેવી જોઈએ. જો કે દુકાળનો જમાનો હતો. ઉનાળો જોબન પર હતો. ફળોની ફસલ તૈયાર હતી. મંઝિલ દૂર હતી. સફર લાંબી હતી. રસ્તો ખતરાઓથી ભરપૂર હતો. આમ છતાં આપે જંગની તૈયારીનો હુકમ ફરમાવી દીધો હતો. અને જોતજોતામાં ત્રીસ હજાર મરજીયા મુજાહિદોનું લશ્કર મદીનહમાં એકઠું થઈ ગયું હતું.

ઈસ્લામી લશ્કરનો લોન્ગ માર્ચ ————મુલ્કે-શામના સોદાગરોએ મદીનહમાં આ સમાચાર સન ૯ હિજરીના જમાદિલ-આખિરમાં આપ્યા હતા. આજે સન ૯ હિજરીના રજબ મહિનાની ૧૨ તારીખ અને જુમેઅરાતનો દિવસ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક ઉંમરનું ૬૧મું વરસ છે. આપના ફિદાકારો અને

જાં-નિસારોનું ૩૦ હજારનું લશ્કર અલ્લાહના રસ્તામાં પોતાની કીમતી જાનોનું નઝરાણું પેશ કરવા તૈયાર ઊભેલું છે. તેઓના ચેહરાઓ ઇમાનના નૂરથી ચમકી રહ્યા છે. દિલોમાં જિહાદનો જુસ્સો ઉછાળા મારી રહ્યો છે. સૂરજ જેમ-જેમ ઊંચે ચઢે છે, જમીનનો સીનો વધુને વધુ તપી રહ્યો છે. આમ છતાં જિહાદની બરકતથી વાતાવરણ એટલું નૂરાની છે જાણે મુજાહિદોના સરો પર આકાશથી અલ્લાહની રહમતની બુંદો ટપકી રહી છે.

''સનિય્યતુલ-વદાઅ''ની વિશાળ ઘાટી આ છેડાથી તે છેડા સુધી જિહાદ ફી સબીલિલ્લાહના બહાદુર મુજાહિદોથી છલકાઇ રહી છે. ૩૦ હજાર મુજાહિદોના ૬૦ હજાર કાનો પોતાના મહબૂબ સિપહસાલારે-આઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમ તરફ મંડાયેલા છે. બધા બેહદ અધીરાઈથી આપના હુકમની રાહ જોઇ રહ્યા છે. એટલામાં ઇન્તેઝારની ઘડીઓ ખતમ થાય છે અને તે સમય આવી લાગે છે જેની આતુરતાથી રાહ જોવાતી હતી.

અચાનક અલ્લાહુ અકબર ! ના ગગનભેદી નઅરાઓથી વાતાવરણ ગુંજી રહે છે અને અલ્લાહના લશ્કરને, સિપહસાલારે-આઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી તબૂક તરફ કૂચ કરવાનો હુકમ મળે છે. જમીન પરથી ધૂળના ગોટા ઊડે છે. ઘોડા હણહણાવે છે. ઊંટો બિલબિલાવે છે અને અલ્લાહનું લશ્કર અલ્લાહનું નામ લઇને તબૂક તરફ કૂચ કરે છે.

અલ્લામા શિબ્લી નુઅમાની સીરતુન-નબીમાં લખે છે કે તબૂક એક મશહૂર સ્થળનું નામ છે. આ સ્થળ મદીનહ અને શામના પાટનગર દમિશ્ક વચ્ચેના અર્ધા રસ્તે આવેલું છે. મદીનહથી સફરની શરૂઆત કરો તો ૧૪ મંઝિલો વટાવવા પછી તબૂક આવે છે. આજના હિસાબે એનો અંદાજ કાઢો તો લગભગ ૬૫૦ કિલોમીટર થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તબૂક સ્થળ મદીનહથી આસરે ૬૫૦ કિલોમીટરના અંતરે આવેલું છે. મદીનહથી તબૂક જતાં રસ્તામાં અલ-ઉલા, અલ-હિજ્ર કે મદાઇને-સાલિહ નામે પ્રાચીન શહેરોના ઉજ્જડ સ્થળો પણ આવે છે.

તે વેળા તબૂક સ્થળ રોમન એમ્પાયરનું સરહદી મથક હતું. અહીં તેઓનો મજબૂત કિલ્લો આવેલો હતો. મોટા કસબા જેટલી વસતિ હતી. તબૂકની પૂર્વદિશાએ ઇરાની શહેનશાહની બળવાન સલતનત આવેલી હતી. પશ્ચિમ દિશાએ રોમન સુપર પાવરનું સામ્રાજ્ય પ્રવર્તેલું હતું. તબૂકની આજુબાજુના પ્રદેશોમાં ઐલહ, અઝરૂહ, જરબા વગેરેના રજવાડા આવેલા હતા, જ્યાંના ખ્રિસ્તી ધર્મ પાળનારા રાજાઓ-નવાબો રોમને ખંડણી આપતા હતા. તે સમયે યહૂદીઓ, સાબીઓ અને મૂર્તિપૂજક અરબોના કેટલા કબીલા પણ તબૂકની કોરેમોરેના વિસ્તારમાં વસેલા હતા. ઉકૈદર બિન અબ્દુલ-મલિક નામે ખ્રિસ્તી રાજાનો ''દૂમતુલ-જન્દલ'' નામે રજવાડો પણ એજ વિસ્તારમાં કંઇક છેટે આવેલો હતો. હઝરત ખાલિદ બિન વલીદે ઉકૈદરને શિકાર ખેલતો ઝડપી લીધો હતો.

આ આજથી ૧૪ સો વરસ પહેલાંના તબૂકની ઐતિહાસિક માહિતી છે. હવે આજના તબૂકની વાત કરીએ તો એ સુઊદી સલતનતનું, ઉત્તરદિશાની છેક છેલ્લે આવેલું અતિ રળિયામણું શહેર છે. અહીંથી જોર્ડનની ભૂમિની સરહદ શરૂ થઇ જાય છે. આજથી ૧૪સો વરસ પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તબૂકના પાણીના એક ઝરણા પાસે, પોતાના એક સહાબી હઝરત મુઆઝ બિન જબલને પેશીનગોઇ રૂપે ફરમાવ્યું હતું :

> ''સાંભળો મુઆઝ ! અગર અલ્લાહ તઆલાએ તમને લાંબી ઉંમર આપી અને તમારા નસીબે તમને યારી આપી તો પાણીના આ ઝરણાની બરકતથી તમે, તબૂકના આખા પ્રદેશને, લીલીછમ હરિયાળી અને સુંદર બાગબગીચાઓથી ઘેરાયેલો જોઇ લેશો.''

તે વેળા ઈસ્લામી લશ્કર પાસે પાણી ખૂટી પડયું હતું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તબૂકના આ ઝરણા પાસે બિરાજમાન હતા. ઝરણામાંથી ટીપું-ટીપું પાણી ઝરી રહ્યું હતું. આપે થોડું-થોડું કરીને એક વાડકામાં પાણી ભેગું કરી લીધું. વાડકો ભરાય ગયો તો પ્રથમ આપે એ પાણીમાં પોતાના મુબારક હાથ ધોયા. પછી મુબારક ચેહરો ધોયો. પછી પાણીને ઝરણામાં મેળવી દીધું. લાગલો જ ઝરણામાંથી ધસારાભેર પાણીનો ફ્વ્વારો ફૂટી નીકળ્યો. આખા લશ્કરે ધરાઈને પાણી પી લીધું અને વાસણો પણ ભરી લીધાં. બસ એજ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુઆઝ બિન જબલને ઉપર મુજબ પેશીનગોઈ ફરમાવી હતી.

આમન્ના વ સદ્દકના યા રસૂલલ્લાહ ! આપે સાચી જ પેશીનગોઈ ફરમાવી હતી. આપની કોઈ પેશીનગોઈ આજ સુધી ખોટી ઠરી નથી. આ પેશીનગોઈને ૧૪ સો વરસના વહાણા વીતી ગયાં છે. તે વેળાના રોમન રાજ્યમાં આવેલા તબૂકની કલ્પના કરી લો અને આજના સુઊદી અરબમાં આવેલા એજ તબૂકને પોતાની આંખે, ત્યાં જઈને જોઈ લો. પ્રોફેસર અબ્દુર્રહમાન ''અબ્દ'' સાહેબ પોતાની કિતાબ ''હરમે-મદીનહ''ના તબૂક પ્રકરણમાં લખે છે:

> ''આજે પ્રવાસીઓ અને સહેલાણીઓ તબૂકની સહેલ-યાત્રાએ જાય છે તો શહેરનો ભપકો જોઈને હયરત પામી જાય છે. તબૂકનો આખો પ્રદેશ લીલીકુંજાર હરિયાળી અને રંગબેરંગી ફૂલોના મનમોહક બાગબગીચાઓથી શોભી રહ્યો છે. શહેરમાં ડબલ લાઈનની પાકી સડકો છે. જાતજાતના વેપારી માલસામાનથી ભરેલી અપ-ટૂ-ડેટ દુકાનો છે. આલીશાન સરકારી ઈમારતો અને સુંદર બંગલાઓ છે. પાર્કો, સ્ટેડિયમો અને રમત-ગમતના મેદાનો છે. આલીશાન મસ્જિદો અને તેના ગગનચુંબી મિનારાઓ છે. મતલબ કે તબૂક આજે આધુનિક સગવડોથી ધમધમી રહેલું એક રળિયામણું શહેર છે. અને તેની આજુબાજુનો પ્રદેશ પણ આંખોને ઊડીને વળગે તેટલો રળિયામણો છે. બેશક તબૂકની આ ફળદ્રુપતા, આ શોભા, આ રોનક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાણીના મુઅજિઝાની બરકતને આભારી છે. (વાંચકે આ કિતાબમાં છપાયેલી તબૂકની તસવીરો જોઈને ખાતરી કરી શકે છે.)

સારાંશ કે ધોમ ધખતા તાપમાં, અનાજ-પાણીની તંગીમાં, સવારીઓની અછતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગરીબી લશ્કરને પહાડો, જંગલો અને રણો ખૂંદતાં ૬૫૦ કિલો મીટરની લાંબી મુસાફરી કરવાની હતી. સવારીઓની એટલી અછત કે અઢાર-અઢાર માણસોને એકેક ઊંટ પર વારાફરતી બેસવું પડતું હતું. લશ્કરમાં કુલ દસ હજાર ઘોડા અને ૧૨ હજાર ઊંટો હતાં. ઘણા ઊંટો એવાં હતાં જેઓની પીઠો પર ફક્ત તંબૂઓના થેલાઓ, ખાધખોરાકીની સામગ્રી, લડાઈના હથિયારો કે જરૂરિયાતની બીજી ચીજો લદાયેલી હતી. એવા ઊંટોની પીઠો પર સવારીનો સવાલ જ ન હતો.

સીરતની કિતાબોમાં લખેલું છે કે ભૂખ-તરસની તકલીફો વેઠીને અને ૬૫૦ કિલોમીટરનો આકરો પ્રવાસ ખેડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લશ્કરને તબૂક પહોંચતાં પૂરા પંદર દિવસ લાગ્યા. આ હિસાબે ઈસ્લામી લશ્કરનો આ સૌથી અનોખો, સૌથી અનેરો અને સૌથી મોટો ''લોન્ગ માર્ચ'' હતો. અરબ ખંડની તવારીખમાં આટલા લાંબા ''લોન્ગ માર્ચ''નો કોઈ દાખલો મળતો નથી, ન આ વાતનો દાખલો મળે છે કે અરબમાં વસનારા કબીલાઓના કોઈ સરદારે આથી પહેલાં આટલું મોટું લશ્કર, પોતાના હરીફને પછાડવા કદી ભેગું કર્યું હોય !

મુનાફિકોના ઠઠ્ઠા અને કટાક્ષો ——————અલ્લાહના મકબૂલ બંદાઓનું અઝીમુશ-શાન લશ્કર જ્યારે

Maktabe Ashraf

મદીનહથી રવાના થયું તો લશ્કરની જાહોજલાલીનો ભપકો જોવા માટે મદીનહની હજારો પર્દાનશીન ખાતૂનો પોતાની વહુ-બેટીઓ સાથે ઘરોની છતો પર ચઢી ગઇ હતી. લશ્કરમાં તેણીઓના બાપો હતા, બેટાઓ હતા. ખાવિન્દો, ભાઇઓ અને સ્નેહીઓ હતા. અને સોના પર સુહાગા તરીકે એ બધાના સિપહસાલાર અલ્લાહના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હતા. નાના-નાના માસૂમ બાળકોથી મદીનહની ગલીઓ ચિકાર હતી. એ બધાં ઇસ્લામી લશ્કરની હેમખેમ વાપસી માટે બારગાહે-ઈલાહીમાં અંતકરણથી દુઆઓ માગતાં હતાં. એટલું જ નહિ, આકાશથી અલ્લાહના ફરિશ્તાઓ પણ અલ્લાહના લશ્કરનો દબદબો જોઇને હયરત પામી રહ્યા હતા. કેમકે આ તે લશ્કર હતું જે પોતાની જાનોને તકલીફમાં નાખીને, બળબળતા તાપમાં, એટલા માટે નીકળ્યું હતું કે ઇસ્લામના રસ્તામાં પથ્થર બનીને ઊભેલા શયતાની લશ્કરને તહસ-નહસ કરી નાખે. આ અલ્લાહનું તે લશ્કર હતું જેના માટે પંખીઓ હવામાં, કીડીઓ પોતાના દરમાં, માછલીઓ પાણીમાં અને ફરિશ્તા આસમાનોમાં દુઆ માગતા હતા.

બીજી તરફ ઇસ્લામી લશ્કરની રવાનગીનો તમાશો જોવા માટે મદીનહના મુનાફિકો પણ ઘરોમાંથી નીકળી પડ્યા હતા અને આપસમાં આંખોના મટકાં મારીને અલ્લાહના લશ્કરનો ઠઠ્ઠો ઉડાવતા હતા. સીરતની કિતાબોમાં લખેલું છે કે ઇસ્લામી લશ્કરની રવાનગી વેળા મુનાફિકોના ત્રણ પક્ષ પડી ગયા હતા. એક તે પક્ષ હતો જે મુસલમાનોના હોસલા તોડી નાખવા "લા-તનફિરૂ ફીલ-હર્રે"નો ધૂમ પ્રચાર કરતો હતો. એટલે બળબળતા તાપમાં હરગિઝ પોતાના ઘરોમાંથી બહાર નીકળવું નહિ. ઉપરથી બહાના કાઢતા હતા કે "ઇન્ન બુયૂતના અવરહ" એટલે અમારાં ઘરો ખુલ્લાં પડેલાં છે. ઘરોને ખુલ્લાં મૂકીને અમે જિહાદમાં કેવી રીતે ભાગ લઇ શકીએ ? મુનાફિકોની આ ટોળકી છેવટ સુધી પોતાના ઘરોમાં જ ભરાઇ રહી.

બીજો પક્ષ મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયનો હતો. આ માણસ પોતાની કમાન હેઠળ મુનાફિકોનું મોટું ટોળું લઇને ઇસ્લામી લશ્કરમાં આવી લાગ્યો હતો. પણ જ્યારે ઇસ્લામી લશ્કર રવાના થયું તો એ બીજા રસ્તેથી ફંટાઇને પોતાના લશ્કર સાથે મદીનહ તરફ વળી ગયો. હેતુ આ હતો કે મુસલમાનોના હોસલા પસ્ત કરી નાખે. ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પણ એનું આવવાનું પસંદ ન હતું જેથી અલ્લાહ તઆલાએ એને ધુતકારીને હડસેલી કાઢયો.

મુનાફિકોનો ત્રીજો તે પક્ષ હતો જેની ટોળકીના માણસો ગનીમતના માલની લાલચે ઇસ્લામી લશ્કરની સાથે થઇ ગયા અને મદીનહની વાપસી સુધી ઇસ્લામી લશ્કરની સાથે જ રહ્યા.

ઇસ્લામી લશ્કર જ્યારે મદીનહથી રવાના થવા લાગ્યું તો વદીઅહ બિન સાબિત નામે મુનાફિક પોતાના ગોઠિયાઓ સાથે તમાશો જોવા દોડી આવ્યો. એ બધા રસ્તાને એક ખૂણે ઊભા થઇને આપસમાં ગુપચુપ વાતો કરવા લાગ્યા અને ઠઠ્ઠા રૂપે એકબીજાને કહેવા લાગ્યા :

> "જરા અલ્લાહના પયગમ્બર મુહંમદને તો જુઓ, એ સાહેબ પોતાના સાથીઓ સાથે મુલ્કે-શામ અને મુલ્કે-રોમના શાહી કિલ્લાઓ તથા શાહી મહેલોને ફતેહ કરવા નીકળ્યા છે. એ કદી બનવાનું નથી અને હરગિઝ બનવાનું નથી. રોમનું બળવાન લશ્કર એમાંના એકેકને દોરડીઓથી જકડી લઇને કારાવાસમાં પકેલી દેશે. જોજોને, એમાંના એકને પણ જીવતા મદીનહ પાછા ફરવાનું નસીબ નહિ થાય !"

અલ્લાહ તઆલાએ એજ વેળા પોતાના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વહી મારફતે તેઓની

Maktabe Ashraf

આ વાતોની ખબર કરી દીધી. આપે હઝરત અમ્માર બિન યાસિર રદિયલ્લાહુ અન્હુને તેઓની પાસે મોકલ્યા અને ફરમાવ્યું, ''એમને પૂછો કે તેઓ શું વાતો કરતા હતા ? અગર ઈન્કાર કરે તો કહી દેજો કે શું તમે આ આ-આ વાતો નહિ કરતા હતા ?''

હઝરત અમ્મારે તેઓની પાસે જઈને પૂછ્યું તો તેઓ જૂઠનો આસરો લઈને સાફ ઈન્કારી બની ગયા. ત્યારે હઝરત અમ્મારે તેઓના શબ્દો દોહરાવતાં ફરમાવ્યું, ''તમે આ-આ વાતો કરી હતી અને આ-આ શબ્દો બોલ્યા હતા. શું હજુ ઈન્કાર કરો છો ?''

જૂઠાણું પકડાઈ જતાં બધા ભોંઠા પડી ગયા. એજ વેળા પોતાની સફાઈ રજૂ કરવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે દોડી ગયા. દયામણા અવાજે કહેવા લાગ્યા, ''યા રસૂલલ્લાહ ! અમે તો આપસમાં હસી-મજાકની વાતો કરતા હતા.'' જવાબમાં આ આયત નાઝિલ થઈ: ''વ-લ-ઈન સઅલ-તહુમ લ-યકૂ-લુન્ન ઈન્નમા કુન્ના નખૂદુ વ નલ-અબ.'' પૂરી આયતનો તરજુમો :

> ''હે નબી ! અગર આપ એમને પૂછો તો કહી દેશે કે અમે તો ફક્ત ગમ્મતમાં હંસી-મજાકની વાતો કરતા હતા. ત્યારે એમને કહી દો કે હે મુનાફિકો ! શું તમે અલ્લાહની સાથે અને તેની આયતોની સાથે અને તેના રસૂલની સાથે ઠઠ્ઠા-મશ્કરીની વાતો કરો છો ?'' (સૂરએ-તવબહ આયત ૬૫)

લશ્કરે-ગુરબતની અનેરી શાન ——————હવે જરા કલ્પનાની પાંખે ઊડીને દિલની આંખો ખોલો અને તે.......જુઓ......આસરે બે કિલોમીટર જેટલી લાંબી લાઈનમાં લોન્ગ માર્ચ કરતું, જંગલો, બયાબાનો, પહાડો અને રણોને વટાવતું, રેતીના ઊંચાનીચા ટેકરાઓને ખૂંદતું, ખતરનાક ખાઈઓ અને બિહામણી ઘાટીઓમાંથી પસાર થતું અલ્લાહના સિપાહીઓનું ગરીબી લશ્કર, અનેરી શાનથી તબૂક તરફ બઢી રહ્યું છે. સૌથી આગળ મીરે-કારવાં, સિપહ-સાલારે-આ'ઝમ, અલ્લાહના આખેરી નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની સવારી પર બિરાજમાન છે. આપનો નૂરાની ચેહરો ચાંદ પેઠે ખીલેલો છે. નૂરાની ચેહરા પર જિહાદનું નૂર ચમકારા મારે છે. નૂરાની હોઠો પર મનમોહક મુસ્કુરાહટ છે. આપની આગળ, આપના હુકમથી, લશ્કરનો ઝંડાધારી, જિહાદનો વાવટો હવામાં લહેરાવી રહ્યો છે. આપની જમણી તરફ સિદ્દીકે-અકબર અને ડાબી તરફ ફારૂકે-આઝમ પોતાની સવારી બઢાવી રહ્યા છે. એમની પાછળ શાહસવારોની ટુકડી છે. અને પછી આખું લશ્કર દરિયાના મોજાં પેઠે અલ્લાહના રસ્તામાં રવાં-દવાં છે.

ઘણા ખરા લશ્કરીઓ પગપાળા પ્રવાસ ખેડી રહ્યા છે. સવારીઓની એટલી અછત છે કે એકેક ઊંટ પર પંદર-પંદર કે સત્તર-સત્તર માણસો વારાફરતી સવારી કરે છે. એજ અછતને કારણે તો કેટલાક ગરીબ મુજાહિદો જિહાદમાં ભાગ લેવાથી લટકી ગયા હતા અને મદીનહમાં બેસીને ધારધાર રડી રહ્યા હતા. એવા જ લોકો વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને ફરમાવ્યું :

> ''કેટલાક લોકો મદીનહમાં એવા પણ છે કે જયારે તમે સફર કરો છો તો તેઓ જિહાદની સફરમાં તમારા સંગાથે હોય છે અને જયારે તમે કોઈ ખીણ પસાર કરો છો તો એ ખીણમાં પણ તેઓ તમારા સંગાથે હોય છે.''

Maktabe Ashraf

આપની આ વાત સાંભળીને સહાબા તઅજ્જુબ પામી ગયા કે મદીનહમાં રહી જનારા લોકો, જિહાદના આ સફરમાં અમારા સંગાથે કેવી રીતે હોય શકે ? પૂછયું, "યા રસૂલલ્લાહ ! શું મદીનહમાં રહી જવા છતાં તેઓ અમારા સંગાથે છે ?"

આપે ફરમાવ્યું, "હા મદીનહમાં રહી જવા છતાં તેઓ તમારા સંગાથે છે. કેમકે ગરીબીએ તેઓને બેસાડી દીધા છે. પોતે તેઓ બેસી પડનારા ન હતા."

છેક ગરીબીની લાચારીથી ઘરોમાં બેસી પડનારા સહાબાના દિલો પર શું વીતી રહી હતી તેનો ચિતાર કુઅનિ આ રીતે દર્શાવ્યો છે : "અઅ-યુનુ-હુમ તફીદુ-મિનદ-દમ્એ હ-ઝ-નન" એટલે તેઓની આંખો રંજોગમના આઘાતથી ધ.રધાર આંસુઓ સારતી હતી.

બળબળતા તાપમાં, કાળઝાળ ઉકળાટમાં, આગ જેવી ગરમ લૂના ઝપાટા ઝીલતું અલ્લાહનું લશ્કર આગળને આગળ બઢી રહ્યું છે. તેઓના ચેહરાઓ, ઊડી રહેલી ધૂળથી અટાયેલા છે. દાઢીઓ રેતીની રજકણોથી ભૂરી બની ગઇ છે. પેશાની પરથી પરસેવાના બિન્દુઓ ટપકી રહ્યાં છે. જાડી ખાદી જેવાં પહેરણો પસીનાથી રેબઝેબ છે. ગળે ભેરવેલી ઝોળીઓમાં થોડાક જવ, થોડાક સત્તુ અને થોડીક ખજૂર જેવી ખાદ્યખોરાકીની ચીજો છે. મિટ્ટીના પ્યાલાં અને બકરીની ખાલથી બનેલી પાણીની થેલીઓ છે. દોઢ બે મહિનાની મુદ્દત માટે આ સામાન ૩૦ હજારના લશ્કર માટે છેક નજીવો અને બિલકુલ અપૂરતો છે. એનાથી જ મુસલમાનોની ગરીબીનો અંદાજ કાઢી શકાય છે. એટલે જ આ લશ્કરને ઇસ્લામી તવારીખમાં "જૈશે-ઉસરત" કે "લશ્કરે-ગુરબત" કહેવામાં આવ્યું છે.

આમ છતાં તેઓના હોસલા એકદમ બુલંદ છે. તેઓની, ધરતીને ધ્રુજવી નાખે તેવી ચાલથી અને દિલોમાં ઉછાળા મારતા જિહાદના જુસ્સાથી એવું લાગતું હતું કે રોમન એમ્પાયરનું કીડીદળ લશ્કર તો શું, કોઇ કાળમુખો પહાડ પણ તેઓના રસ્તાની આડે આવી જાય તો પગની ઠોકરોથી તેની પણ કિરચી-કિરચી કરી નાખે. તેઓના ગળે ભેરવેલી તલવારોથી એવું લાગતું હતું જાણે આખું લશ્કર એક ઉઘાડી તલવાર છે જેની અણી; બાતિલના સીનાને ભેદીને આરપાર નીકળી જવા તડપી રહી છે. ઘોડાઓની પીઠો પર બેઠેલા શાહસવારોના હાવભાવથી એવું લાગતું હતું જાણે, તેઓના હાથોમાં ઘોડાઓની લગામો નથી બલકે શિકાર ખેલવાની મજબૂત જાળો છે, જેનાથી તેઓ રોમ જેવા સુપર પાવરના અભિમાની ફોજીઓની ગરદનોને જકડી લેશે.

અલ્લાહ તઆલાનું અને તેના હબીબે-પાક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું આ તે લશ્કર છે જેના દિલમાં અલ્લાહની યાદ છે અને જેની જીભ પર અલ્લાહનું રટણ છે. એને ન ભૂખની ચિન્તા છે, ન તરસની ફિકર છે, ન સવારીની પરવા છે. ન ખોફનાક પહાડો એનો રસ્તો રોકી શકે છે, ન હજારો ફીટની ઊંડી ખાઇઓ એનો માર્ગ અવરોધી શકે છે. કડકડતી ઠંડી હોય કે કડકડાટ ઉનાળો હોય, જોશભેર ફૂંકાતો ઝંઝાવાત હોય કે વીજળીના કડાકા ભડાકા હોય, કોઇ વસ્તુ એના નિર્ણયને ડગમગાવી શકતી ન હતી. બસ એક જ ધૂન એને લાગેલી હતી અને એ હતી "એઅલાએ-કલિમતિલ-હક"ની ધૂન. એટલે ગમે તે ભોગે શયતાની બળોને પછાડી નાખીને હકનો બોલ બાલા કરવો ! આસુરી શકિતઓને કચડી નાખીને ઘેરેઘેર હકનો કલિમો ગાજતો કરવો ! કાં હકના રસ્તામાં શહીદ થઇને અલ્લાહની જન્નતમાં મહાલવું, કાં ગાઝી બનીને દુનિયામાં આઝાદી તથા આબરૂનું જીવન ગુજારવું !

તબૂકના રસ્તાની આજની હાલત ———વહાલા વાંચકો ! થોડીવાર માટે અહીં જરા થોભી જાવ અને જુઓ કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના ઇસ્લામી લશ્કર સાથે મદીનહથી તબૂક સુધીનો

જે રસ્તો લીધો અને બળબળતા તાપમાં, ભૂખતરસની હાલતમાં પહાડો, જંગલો અને રણો ખૂંદતા લગાતાર પંદર દિવસના આકરા પ્રવાસ પછી આપ તબૂક પહોંચ્યા તો આજે, આપણા આ ઝમાનામાં મદીનહથી તબૂક સુધીના એ રસ્તાની શું હાલત છે ? અને બાદમાં એ રસ્તા પર કેવા ફેરફાર થયા અને સુઊદી સરકારે મુસાફિરોની રાહત માટે કેવી સહૂલતો ઊભી કરી ? અને કેવા સુધારા કર્યા તેની એક ઝલક પ્રોફેસર અબ્દુર્રહમાન ''અબ્દ'' સાહેબે પોતાની કિતાબમાં દર્શાવી છે. તાજેતરમાં પ્રોફેસર સાહેબ પોતાના સાથીઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ''નકશે-કદમ'' પર થઈને એજ રસ્તે મદીનહથી તબૂક સુધી ગયા હતા. તેનો આઝાદ ટૂંકસાર અહીં રજૂ કરીએ છીએ.

પ્રોફેસર ''અબ્દ'' સાહેબ પોતાની કિતાબ ''હરમે-મદીનહ'' ભાગ-૨માં પોતાના પ્રવાસની શરૂઆત કરતાં લખે છે :

''મુસાફિર શબકો ઉઠતે હૈં, જો જાના દૂર હોતા હૈ ———મતલબ આ કે પ્રવાસીઓ, સહેલાણીઓ કે મુસાફિરોએ લાંબી મંઝિલ કાપવાની હોય, દૂરો-દરાઝની મુસાફરી કરવાની હોય તો તેઓ રાતે જલદી સૂઈને પરોઢને અંધારે જાગી જાય છે. અમે ચાર મિત્રો પણ પરોઢને અંધારે જાગીને લાંબી મુસાફરી માટે તૈયાર થઈ ગયા. મદીનહથી તબૂક સુધીની લાંબી સફર માટે અમે રાતે જ સૂવાં પહેલાં બધી તૈયારી કરી લીધી હતી. અમારે મદીનહથી તબૂક સુધી તેજ રસ્તે થઈને જવાનું હતું જે રસ્તેથી થઈને અલ્લાહના લાડલા નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના જાં-નિસાર સહાબાના ૩૦ હજારના વિરાટ લશ્કર સાથે તશરીફ લઈ ગયા હતા. એટલે આપણા આકા અને મવલા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક ''નકશે-કદમ'' પર થઈને તબૂક સુધી પહોંચવાનું અમારે સદ્‌ભાગ્ય મેળવવું હતું.

મદીનએ-તૈયિબહ પાછળ રહી ગયું હતું. અમારી જીપ સુઊદી સરકારે બાંધેલી પાકી સડક પર હવા સાથે વાતો કરતી હતી. આ પાકી સડકની સાથે હિજાઝ રેલવેના કાટ ચઢેલા પાટા પણ તેજીથી અમારી પાછળ ભાગી રહ્યા હતા. અમારા મિત્ર ઉલ્ફત રઝમી સાહેબ ભારે તેજીથી પણ ભારે સાવચેતીથી જીપ ભગાવી રહ્યા હતા.

હિજાઝ રેલવેના આ પાટા તુર્કીના ઉસ્માની સુલતાનોએ પોતાની ખિલાફતના યુગમાં બિછાવ્યા હતા. આ પાટા ઉસ્માની તુર્કોની યાદગાર તરીકે આજે પણ ભાંગીતૂટી હાલતમાં ઉસ્માની ખિલાફતની જાહોજલાલીની ઝાંખી કરાવે છે. તુર્કીના સુલતાને ઈ.સ. ૧૯૦૧માં દમિશ્કથી મદીનહ સુધી આ પાટા બિછાવ્યા હતા. અસલ હેતુ આ હતો કે મિસર, તુર્કી, સીરિયા વગેરે મુસ્લિમ મુલ્કોથી જનારા હજયાત્રીઓ આસાનીથી સફર કરીને મક્કહ-મદીનહ સુધી આરામથી પહોંચી શકે.

જોર્ડન, સીરિયા વગેરે અરબ મુલ્કોને મદીનહ સાથે જોડી દેનારી આ ટ્રેનને, મદીનહથી દમિશ્ક સુધીનો, આઠ સો કિલોમીટરનો રસ્તો કાપવામાં ફકત ચાર દિવસ લાગતા હતા. આ રેલવે લાઈનને મદીનહ સુધી પહોંચી જવા પછી અને રેલવે વ્યવહાર ચાલુ થવા પછી, વધુ મુદ્દત નહિ વીતી ત્યાં તો પહેલી જગત-જંગની આગ ભડકી ઊઠી. અંગ્રેજો અને તુર્કો ખૂંખાર શત્રુઓ પેઠે આપસમાં બાખડી પડયા. તે સમયે લૉરેન્સ ઑફ અરેબીયા નામે એક અંગ્રેજ જાસૂસે અરબોના જિગરજાન મિત્ર તરીકે અરબ દેશોમાં અપૂર્વ નામના મેળવી લીધી હતી. હકીકતમાં એ ઈસ્લામનો અને મુસલમાનોનો કટ્ટર દુશ્મન હતો. અરબોના તારણહાર તરીકે એણે અરબના કબાઈલી સરદારોને તુર્કો વિરુધ્ધ ભડકાવી મૂકયા. નતીજારૂપે લૉરેન્સ ઑફ અરેબીયાએ અરબોના પોતાના જ હાથોથી આ હિજાઝ રેલવે તબાહ કરાવી

Maktabe Ashraf

નાખી.

હવે અમારી જીપ અરબના માઈલો સુધી પથરાયેલા ભેંકાર રેગીસ્તાનમાંથી પસાર થઇ રહી હતી. ઘાસપાણીનો દૂર દૂર સુધી પતો નહિ. કોઇક વાર પાકી સડકની ડાબી-જમણી ધણે દૂર ઝાડો અને ઝાડીઓ ઊભેલી દેખાય આવતી. માણસોની વસતિ કે આબાદીનું ક્યાંયે નામો-નિશાન નહિ. જંગલો, પહાડો અને રેતીના રણોની સહેલની ખરી મઝા અમે માણી રહ્યા હતા. સડકને કિનારે કોઇકવાર ટેલીફોનના વાયરલેસ થાંભલાં દેખાય આવતાં હતાં. મદીનહ, તબૂક કે અરબના કોઇપણ શહેરમાં ફોન કરવો હોય તો બોકસમાં ચલણી સિક્કા નાખીને સામેવાળા સાથે વાતચીત કરી શકાતી હતી. સડકની બંને બાજુના ઊંચા-ઊંચા ખોફનાક પહાડોએ અમને પોતાના બાહુપાશમાં જકડી લીધા હતા. રેલવેના વાંકાચૂકા પાટાએ પણ આ પ્રવાસમાં અમારો સંગાથ છોડયો ન હતો. અલ્લામ. સૈયિદ સુલૈમાન નદવી સાહેબ પોતાની કિતાબ ''અરદુલ-કુર્આન''માં લખે છે :

> ''મદીનહથી થોડાક માઈલ આગળ જવા પછી ''અલ-ઉલા'' સુધીનો પૂરો રસ્તો, હિજાઝ રેલવેની સાથે-સાથે ચાલે છે. ઠેકઠેકાણે રસ્તામાં રેલવેના સ્ટેશનો આવે છે. આ સ્ટેશનો વસતિ વગરના સુનસાન રણોમાં આવેલાં છે. બધાં સ્ટેશનો પાકાં અને નક્કર બાંધણીના છે. દરવાજા, બારીઓ વગેરે જંગલ પ્રદેશના અરબ બદ્દુઓ ઉખેડીને લઇ ગયા છે અને તાપણા કે ચૂલા તરીકે બાળી નાખ્યા છે. આમ છતાં સ્ટેશનોની ઇમારતો એટલી નક્કર છે કે રેલવેને ફરીવાર ચાલુ કરવામાં આવે તો એજ રેલવે લાઇન, થોડાક સુધારા-વધારા સાથે ફરી ચાલુ કરી શકાય છે. એનો મોટો ભાગ આજે પણ સલામત છે. ઉત્તમ પ્રકારના લોખંડી પાટા એટલા નક્કર છે કે આજ સુધી તેમાં કોઇ ખરાબી આવી નથી. આજે પણ એનો ઉપયોગ કરી શકાય છે. અમુક જગાના પુલો તૂટી ભાંગી ગયા છે. અને નીચેની જમીન સરકી ગઇ છે. છતાં પાટા પોતાના સ્લીપરો સાથે જોડાઇને લટકી રહ્યા છે. રસ્તામાં કેટલીક જગાએ ડબ્બાઓ ઊલટા પડેલા છે. એક જગાએ રેલ્વે ઍન્જિન પાટા પરથી ખડી પડેલું છે.''

પ્રોફેસર ''અબ્દ'' સાહેબ પોતાનું પ્રવાસ-વર્ણન ચાલુ રાખતાં લખે છે : ''અમે પણ આ રસ્તેથી પસાર થતાં અહીંના પ્રાચીન રેલવે સ્ટેશનો જોયાં. એક સ્થળે રાક્ષસી કદનું ભારેખમ ઍન્જિન પાટા પરથી ખડીને પડખાંભેર પડેલું જોયું. જાણે એક કાળો કદ્દાવર હાથી મરેલો પડયો હોય. (ડબ્બા અને ઍન્જિન તસ્વીરમાં જુઓ.)

હવે અમારી જીપ એક રળિયામણી અને લીલીછમ ખીણમાં દાખલ થઇ. ખીણની ફળદ્રુપતા અને સુંદરતા જોઇને મારા સાથીએ કહ્યું, ''અલ-ઉલા''ની રળયામણી ધરતી આવી રહેલી લાગે છે.'' અને ખરેખર થોડેક આગળ જતાં ''અલ-ઉલા''નો રળિયામણો પ્રદેશ આવી લાગ્યો. પૂરો ઇલાકો લીલીછમ હરિયાળી અને નયન-મનોહર લીલોતરીથી શોભી રહ્યો હતો.

''અલ-ઉલા''ની આ બાગો-બહાર ધરતીનું ઐતિહાસિક નામ ''વાદીલ-કુરા'' છે. સીરતુન-નબીની કિતાબોમાં જયાં યહૂદીઓના ખયબર પ્રદેશનું વર્ણન આવે છે ત્યાં વાદીલ-કુરાનું પણ વર્ણન આવે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખયબરના યહૂદીઓ પર ફતેહ મેળવી તો ફદકના ઇલાકા સાથે વાદીલ-કુરાનો ઇલાકો પણ વગર લડાઇએ ફતેહ કરી લીધો હતો. અહીંના રાજા નવાબોએ રક્ષણ-વેરાની શરતે સુલેહ કરી લીધી હતી.

આ એટલો ફળદ્રુપ, શાદાબ અને ખુબસૂરત ઇલાકો છે કે એની આજુબાજુના ઉજ્જડ ઇલાકા સાથે કોઇ

Maktabe Ashraf

પણ રીતે એનો મેળ બેસતો નથી. એવું લાગે છે જાણે માઈલો સુધી પથરાયેલા રેતીના સમંદરની અંદર એક રળિયામણો બેટ ઊપસી આવ્યો છે. જાણે કે ટાટ પર રેશમનું થીંગડું મારેલું હોય.

અહીંથી થોડેક જ દૂર રેતીના રણમાં "ગુલે-જાદીયા"ની ખીણમાં પ્રાચીન રેલવે સ્ટેશનની ખંડેર ઈમારત ઊભેલી હતી. એની સામે એક રેલવે એંજિન અને તેની સાથે જોડાયેલા થોડાક ડબ્બા જોવામાં આવ્યા. (તસવીરમાં ચોખ્ખી રીતે જોઈ શકાય છે.) ઉસ્માની તુર્કોની આ જરીપુરાણી યાદગાર સિત્તેર-એંસી વરસોથી આજે પણ ઊભેલી જોવામાં આવે છે. અમે ઝાડોના ઝુંડના સાયા હેઠળ શતરંજી પાથરી. નઝદીકના ઝરણામાંથી પાણી લીધું. બપોરના નાસ્તાને ન્યાય આપ્યો. જીપમાં પોતાની બેઠકો પર ગોઠવાયા. હવે અમારી જીપ અહીંથી આસરે ચાલીસ કિલોમીટરના અંતરે આવેલી "મદાઈને-સાલિહ"ની ઉજ્જડ વસતિ તરફ ફરાટા ભરવા લાગી.

અલ-ઉલા અથવા વાદીલ-કુરાથી મદાઈને-સાલિહ તરફ જનારો રસ્તો પણ ખોફનાર પહાડો, દહેશતનાક ઊંડી ખાઈઓ અને બિહામણા રેગીસ્તાનમાંથી પસાર થાય છે. અચાનક ઉલફત રઝમી સાહેબ કહેવા લાગ્યા, "આ જુઓ, અલ્લાહના અઝાબથી તબાહ થયેલી "મદાઈને-સાલિહ"ની ઉજ્જડ ધરતી તમારી આંખોની સામે મવજૂદ છે. અહીં પ્રાચીન યુગની "સમૂદ" નામે કૌમ વસેલી હતી. એનના પયગમ્બરનું નામ સાલિહ હતું. પૂરી કૌમ મૂર્તિપૂજાના પાપમાં ગળાડૂબ હતી. મોજમઝા, એશઆરામ અને ઝુલ્મો-સિતમ એમનો રાત-દિવસનો ધંધો હતો. હઝરત સાલિહ અલૈહિસ-સલામની ચમત્કારી ઊંટણીને કાપી નાખવા પછી અલ્લાહના પયગમ્બરને કતલ કરવાની તૈયારી જ હતી ત્યાં જ અલ્લાહનો ભયંકર અઝાબ તૂટી પડ્યો. આખીની આખી કૌમ જમીનની સપાટી પરથી નાબૂદ થઈ ગઈ. અલ્લામા ઈકબાલ ફરમાવે છે :

કુદરત અફરાદ સે ઈગમાઝ તો કર લેતી હય,
કભી કરતી નહીં મિલ્લત કે ગુનાહોં કો મુઆફ.

અર્થાત : કુદરતનો કાનૂન એવો છે કે પૂરી વસતિમાં બેચાર માણસો વ્યક્તિગત રીતે ગુનાહિત કૃત્યો કરતા હોય તો કુદરત તેઓ તરફથી આંખ-મીચામણા કે દરગુજર કર્યા કરે છે પણ જો આખીની આખી કૌમ ગુનાહોમાં સંડોવાય જાય તો કુદરત એવી કૌમને કદી માફ કરતી નથી. આજે નહિ તો કાલે એવી કૌમને તેના કરતૂતોની મઝા ચખાડી દે છે. ભલે સમૂદની કૌમ પેઠે થોડા દિવસો નાચીકૂદી લેતી હોય." (પ્રોફેસર સાહેબનું બયાન ખતમ.)

અઝાબનો ભોગ બનેલી પહાડી વસતિઓ ——— —રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પહાડો અને રણોનો આકરો પ્રવાસ ખેડીને પોતાના વિરાટ લશ્કર સાથે તબૂક પહોંચતાં પૂરા પંદર દિવસો લાગ્યા હતા. તબૂકના આ રસ્તે એવાં ઉજ્જડ અને બોધપ્રદ સ્થળો પણ આવતાં હતાં જ્યાં વસનારી પ્રાચીન કૌમો પર, તેઓના કુફ્રો-શિર્કને કારણે અલ્લાહનો આકરો અઝાબ તૂટી પડ્યો હતો. એમાંના એક સ્થળનું નામ "અલ-ઉલા" છે. સીરતની કિતાબોમાં એજ અલ-ઉલાનું તારીખી નામ "વાદીલ-કુરા" છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સન ૭ હિજરીમાં ખયબરના યહૂદીઓના કિલ્લા સર કરીને ખયબરનો આખો ઈલાકો ફતેહ કરી લીધો તો એજ વિસ્તારમાં આવેલા ફદક અને વાદીલ-કુરાના રળિયામણા સ્થળો પણ ફતેહ કરી લીધાં હતાં. અહીંના રાજા નવાબોએ વગર લડાઈએ શરણે આવીને રક્ષણવેરાની શરતે સુલેહ કરી લીધી હતી.

વાદીલ-કુરાથી તબૂકને રસ્તે લગભગ ૪૦ કિલોમીટરના ફાસલા પર બીજી એક ઉજ્જડ વસતિ આવે છે.

Maktabe Ashraf

સીરતની કિતાબોમાં એનું નામ "મદાઇને-સાલિહ" લખેલું છે. એજ મદાઇને-સાલિહનું કુર્આની નામ "અલ-હિજ્ર" છે. કુર્આને-કરીમમાં ઘણી જગાએ અલ-હિજ્રનું વર્ણન થયેલું છે. એક આયતમાં છે : "વ-લ-કદ કઝ-ઝબા અસહાબુલ-હિજરિલ-મુર-સલીન." એટલે ખરેખર અલ-હિજ્રની વસતિના લોકોએ "મુર-સલીન" એટલે અલ્લાહના મોકલેલા પયગમ્બરોને જૂઠલાવી દીધા.

આજથી છ હજાર વરસ પહેલાં અલ-હિજ્રના ઇલાકામાં સમૂદ નામે કૌમ વસેલી હતી. સમૂદના લોકો અલ્લાહના નબી હઝરત નૂહ અલૈહિસ-સલામના વંશમાંથી ઊતરી આવ્યા હતા. હઝરત નૂહના એક પૌત્રનું નામ ઇરમ હતું. આ ઇરમના એક પૌત્રનું નામ સમૂદ હતું. એજ નામથી આખી કૌમ સમૂદ નામે પંકાઇ ગઇ. આ કૌમના લોકો અલ-હિજ્ર એટલે મદાઇનના પૂરા ઇલાકાથી લઇને વાદીલ-કુરાની રળિયામણી ભૂમિ સુધીના પહાડી વિસ્તારમાં વસેલા હતા.

સમૂદની કૌમના લોકો, તે સમયે તહઝીબો-તમદ્દુનમાં, વેપાર-ઉદ્યોગમાં, ખેતીવાડીના વિજ્ઞાનમાં, કળા-કૌશલ્યમાં અને પહાડોને કોતરવાની કળામાં ઉન્નતિને શિખરે પહોંચેલા હતા. આ કૌમના કલાકારો અને કારીગરો પહાડોની છાતીઓ ચીરીને તેમાં આલીશાન મહેલો, સુંદર બંગલાઓ, શાનદાર ઇમારતો, દેવી-દેવતાઓના મંદિરો, મૂર્તિઓની આકૃતિઓ અને બીજી યાદગારો બનાવવાની કળામાં એટલા પારંગત હતા કે દુનિયાની કોઇ પ્રજા તેઓનો મુકાબલો કરી શકતી ન હતી. એના કારીગરો "સંગ-તરાશી" એટલે નક્કર ચટાણોના સીના ચીરીને તેમાં ઘરો બનાવવાની કળાના સૌથી પહેલાં સંશોધક હતા. કુર્આનમાં છે :

"અ-તન-હિતૂના મિનલ-જિબાલે બુયૂતન આમિનીન." શું તમે પહાડોને કોતરીને ચેનથી રહેવાના ઘરો બનાવો છો ? બીજી આયતમાં છે :

વ-બવ-વઅ-કુમ ફીલ-અર્દે	અમે આપ્યું તમને સરસ ઠેકાણું જમીન પર
તત-તખિઝૂના મિન સુહૂલિહા કુસૂરંવ	જેથી બનાવો છો તમે નરમ જમીન પર મહેલો
વ-તન-હિતુનલ-જિબાલ બુયૂતન.	અને બનાવો છો પહાડોને કોતરીને ઘરો. ૧

જેવી રીતે પ્રાચીન મિસરના કારીગરો અને વિજ્ઞાનીઓ, પીરામિડો બનાવવાની કળામાં તથા "મમી" એટલે મરેલા માણસના શરીરને હજારો વરસ સુધી સંઘરી રાખવાના હુન્નરમાં પારંગત હતા તેવી જ રીતે સમૂદના કારીગરો "સંગ-તરાશી"ના હુન્નરમાં તરક્કીની ટોચે પહોંચેલા હતા. પોતાના કસબની કારીગરીથી પહાડો અને ચટાણોમાં કોતરકામ કરીને પ્રથમ દરવાજો બનાવી લેતા. પછી કમરાઓની દીવારો બનાવીને તેની ઉપર છતનું કોતરકામ કરતા અને એક આખો મહેલ પહાડના સીનામાં ઊભો કરી દેતા. પારહ ૩૦ની સૂરતુલ-ફજ્રમાં છે :

"વ સમૂદલ-લઝીન જાબૂસ-સખ્ર બિલ-વાદ." અને સમૂદના લોકો જેઓ નક્કર ચટાણોને તરાશીને ખીણોમાં, ઘાટીઓમાં, મેદાનોમાં ઘરો બનાવી લેતા હતા. મતલબ કે સમૂદની કૌમના રાજાઓ, નવાબો, અમીરો, સરદારો, આગેવાનો પહાડોમાં કોતરેલા શાનદાર બંગલાઓમાં મોજશોખથી રહેતા હતા અને મૂર્ખાઓના સ્વર્ગમાં મહાલતા શેખચલ્લી પેઠે માનતા હતા કે, દુનિયાની કોઇ આફતની તો શું મજાલ, આસમાની સુલતાની જેવી કોઇ આફત પણ અમારો વાળ વાંકો વાળી શકતી નથી.

---

૧. પારહ ૮ સૂરએ-અઅરાફ આયત ૭૪

Maktabe Ashraf

સમૂદની કૌમના લોકોને અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી દુનિયાની દરેક નેઅમતથી માલામાલ કરી દીધા હતા. એમના "મદાઈન" નામે પાટનગરની શાનો-શવકતનો દુનિયામાં ડંકો બજતો હતો. મદાઈનથી વાદીલ-કુરા સુધીનો આખો ઈલાકો લીલીછમ ખેતીવાડીઓ અને રળિયામણા બાગબગીચાઓથી લીલાલહેર હતો. દવલતની રેલછેલ હતી. દેશદેશાવરના માલસામાનથી બજારો ભરચક હતી. પહાડોમાં આલીશાન મહેલો અને શાનદાર બંગલા હતા. મતલબ કે અલ્લાહ તઆલાએ દુનિયાના એશઆરામ અને મોજશોખના તમામ સાધનો એમને આપી દીધાં હતાં. મગર સમૂદની કૌમના લોકો, અલ્લાહના એહસાનોનો આભાર માનીને, તેના શુક્ર-ગુઝાર બંદાઓ બનવાને બદલે ના-શુક્રા અને નગુણા બની ગયા. નાફરમાન, નાલાયક, બંડખોર અને અભિમાની બની ગયા.

ત્યારે અલ્લાહ તઆલાએ સમૂદની હિદાયત માટે એમની જ કૌમમાંથી હઝરત સાલિહ અલૈહિસ-સલામને પોતાના પયગમ્બર બનાવીને મોકલી આપ્યા. કુર્આનમાં છે : "વ ઈલા સમૂદા અખાહુમ સાલિહા." એટલે સમૂદના લોકો તરફ તેઓના ભાઈ સાલિહને પયગમ્બર બનાવીને મોકલવામાં આવ્યા. (નોટ : સમૂદની કૌમનો કિસ્સો બહુ લાંબો છે. કુર્આને-મજીદની ૨૧ સૂરતોમાં ૨૬ જગાએ સમૂદની કૌમનું વર્ણન થયેલું છે. જેથી લંબાણમાં નહિ જતાં તેનો ટૂંકસાર રજૂ કરીને ઈસ્લામી લશ્કર તરફ આવીએ છીએ.)

કુર્આનમાં છે : સમૂદની કૌમે હઝરત સાલિહ અલૈહિસ-સલામને જૂઠા ઠરાવીને ધુતકારી કાઢ્યા કે, "જા જા, તું તો અમારા જેવો એક ઈન્સાન છે. અને ઉપરથી ગરીબ ભિખારી જેવો છે. તારા જેવો માણસ પયગમ્બર કેવી રીતે હોય શકે ?"

પછી કહેવા લાગ્યા, "શું તું અમને અમારા તે ભગવાનોની બંદગીથી અટકાવે છે જેને અમારા બાપદાદા પૂજતા આવ્યા છે ?"

કૌમની તોછડી વાતોથી જરાયે ખોટું લગાડયા વિના હઝરત સાલિહ અલૈહિસ-સલામએ તેઓને સમજાવવાનું ચાલુ રાખ્યું તો તેઓ બોલ્યા, "વારૂ તું સાચો પયગમ્બર છે તો તેની દલીલ શું ?"

ફરમાવ્યું, "ભાઈઓ ! તમે કહો તે દલીલ આપવા તૈયાર છું."

"ચાલ ત્યારે પેલા પહાડની નક્કર ચટાણમાંથી એક જીવતી જાગતી ગાભણી ઊંટણી કાઢીને દેખાડી દે. તારો આ ચમત્કાર જોઈને અમે તને નમસ્કાર કરવા તૈયાર છીએ."

હઝરત સાલિહ અલૈહિસ-સલામની દુઆથી એજ વેળા પહાડ કડાકા સાથે ફાટી ગયો અને નક્કર ચટાણમાંથી કદ્દાવર કાયાની એક જાડીતાજી ઊંટણી બિલબિલાટ કરતી નીકળી આવી. જમીન પર આવતાં જ ઊંટણીએ બચ્ચું જાણી નાખ્યું. કુર્આનમાં આ ઊંટણીનું નામ "નાકતુલ્લાહ" છે એટલે અલ્લાહની ઊંટણી. આ ચમત્કારી ઊંટણી અલ્લાહના પયગમ્બરનો મુઅજિઝો હતો. સમૂદની કૌમ કટ્ટર કાફિરોની કૌમ હતી. બેહદ મગરૂર, આપખુદ અને તુમાખીખોર હતી. મૂર્તિપૂજાની ગંદકીમાં માથાથી પગ સુધી લબછબ હતી. થોડાક ગરીબો સિવાય કોઈ મુસલમાન નહિ બન્યું. ત્યારે હઝરત સાલિહ અલૈહિસ-સલામએ તેઓને ચેતવણી આપતાં ફરમાવ્યું :

> "હે લોકો ! આ તે ઊંટણી છે જેને અલ્લાહ તઆલાએ તમારી માગણીના જવાબમાં દલીલ તરીકે પૈદા કરી છે. હવે એના ખાવાપીવાના મામલામાં આડે આવશો નહિ. અને જો આડે આવ્યા તો ખબરદાર ! તમારી ખૈર નથી !"

અલ્લાહની આ ઊંટણી બેહદ જાડી-તાજી, લાંબી-તડંગી, કદ્દાવર કાયાની અને બિહામણા ડીલડોલની હતી. જે બીડમાં ચરવા જતી, ત્યાં ચરનારાં જાનવરો તેને જોતાં જ ભડકીને ભાગી ઊઠતાં. જે કૂવામાંથી પાણી પીતી, તેમાં ડોકું નાખીને બધું જ પાણી ઢીંચી જતી. એ દિવસે લોકોના બધાં જાનવરો આખો દિવસ, આખી રાત ભૂખ્યાં-તરસ્યાં પડી રહેતાં. હજરત સાલિહ અલૈહિસ-સલામએ જાનવરોના ખાવા-પીવાની વારી બાંધી આપી હતી કે, એક દિવસે તમારાં બધાં જાનવરો પાણી પીશે અને એક દિવસે ફક્ત અલ્લાહની ઊંટણી !

સમૂદના લોકો ગુસ્સાના ઘૂંટડા ગળીને એક મુદ્દત સુધી અલ્લાહની ઊંટણીને ચલાવતા રહ્યા. પણ ક્યાં સુધી? છેવટે તેઓની સહનશક્તિએ માઝા મૂકી દીધી અને ધીરજ ખૂટી ગઈ. ત્યારે તેઓએ અલ્લાહની ઊંટણીની સાથે અલ્લાહના પયગમ્બરને પણ ઠેકાણે પાડી દેવાની યોજના ઘડી કાઢી. સવાલ થયો કે ઊંટણીને કાપી નાખવાનું કોણ બીડું ઝડપે ? અને પયગમ્બરને કોણ કતલ કરે ? સભામાં કેદાર બિન સાલફ નામે એક ગુંડો હતો. બેહદ સંગદિલ અને બદબખ્ત ઈન્સાન હતો. આ હતભાગી માણસ માટે અલ્લાહના કુર્આનમાં પણ "અશ્કા"નો શબ્દ આવ્યો છે. એટલે પથ્થરના દિલનો હતભાગી માણસ. સભામાં જયારે સવાલ થયો કે ઊંટણીને કાપી નાખવાનું કોણ બીડું ઝડપે છે ? તો જવાબમાં એજ કેદાર બિન સાલફ ઊભો થઈ ગયો. પારહ ૩૦ની સૂરએ-વશ-શમ્સમાં છે : "ઈઝિમ-બ-અ-સા અશ્કાહા." અર્થાત : સમૂદની કૌમનો સૌથી બદબખ્ત, સૌથી હતભાગી, સૌથી ઘાતકી માણસ ઊભો થઈ ગયો. તફસીરમાં લખેલું છે કે એને આ પરાક્રમ બદલ એક રૂપવાન કન્યાની લાલચ આપવામાં આવી હતી.

યોજના મુજબ નક્કી કરેલા દિવસે આ ઘાતકી માણસ પોતાની ટોળકી સાથે, ઊંટણી ચરતી હતી તે ખીણમાં ગયો. ઊંટણીને ઘેરી લેવામાં આવી અને કેદારે આગળ વધીને ઊંટણીની કૂંચો કાપી નાખી. એટલે એડીથી ઉપરના બંને પગોની નસો કાપી નાખી. ઊંટણી ભોંયે પછડાઈ પડી. લોહીની સેરોનો ફવ્વારો ઊડયો અને અલ્લાહની ઊંટણી તરફડિયાં ખાતી મરી ગઈ. ઊંટણીની કતલ વેળા તેનું બચ્ચું પણ ત્યાં જ ચરતું હતું. પોતાની માને કતલ થયેલી જોઈને બચ્ચું ગભરૂં મારતું પહાડ પર ચઢી ગયું. ત્યાં પહોંચીને તેણે ત્રણ વાર હૈયાફાટ બરાડા ખાધા અને પહાડમાં ગાયબ થઈ ગયું. આ એજ પહાડ હતો જેની કૂખમાંથી તેની માનો જનમ થયો હતો.

અલ્લાહની ઊંટણીની કરપીણ હત્યા વેળા અલ્લાહના પયગમ્બર હઝરત સાલિહ અલૈહિસ-સલામ ત્યાં હાજર ન હતા. કૌમના આ કરતૂતોની આપને કશી ખબર ન હતી. જયારે આપને આ દર્દનાક સમાચાર મળ્યા તો સાંભળતાં જ આપ સન્નાટામાં આવી ગયા. બે-ઈખ્તેયાર આંખોમાંથી આંસુઓની ધારા ફૂટી નીકળી. કૌમના કરૂણ અંજામથી આપને કમકમિયાં આવી ગયાં. કે, "રે મારી કૌમ ! તેં આ શું કરી નાખ્યું ? પોતાના જ હાથે પોતાના પગ પર કુહાડો મારી લીધો ? પોતાના જ હાથે પોતાની તબાહી નોતરી લીધી ?"

એક તો ચોરી અને ઉપરથી શિરજોરી પેઠે આ પરાક્રમ કરીને કૌમના લોકો હઝરત સાલિહ અલૈહિસ-સલામ પાસે દોડી ગયા. શા માટે દોડી ગયા.......? કુર્આન શરીફની આયત વાંચો :

ફ-અ-કરૂન-નાકતા	ત્યારે કાપી નાખી તેઓએ ઊંટણીની કૂંચો,
વ-અતવ અન અમ્રે રબ્બેહિમ	અને પોતાના રબના હુકમનો ભંગ કર્યો અને બોલ્યા, હે સાલિહ!
એઅતિના બિમા તઈદુના	લઈ આવ અમારા માટે તે અઝાબ જેનો તું વાયદો આપતો હતો,
ઈન કુન્ત મિનલ-મુરસલીન.	અગર તું સાચો પયગમ્બર હોય તો ! [૧]

સમજી ગયા ને સમૂદના લોકોએ શું કહ્યું......? એક તો પયગમ્બરની ચેતવણી છતાં અલ્લાહની ઊંટણીને

૧. સૂરએ-અઅ-રાફ પારહ ૮ આયાત ૭૭

Maktabe Ashraf

કાપી નાખી. બીજું અલ્લાહના હુકમ સામે શિંગડાં ઉગામીને બંડ પોકાર્યો. ત્રીજું અલ્લાહના પયગમ્બરને લલકારીને પડકાર ફેંક્યો કે:

> "હે સાલિહ ! તું વારંવાર અલ્લાહના અઝાબથી અમને ડરાવતો રહે છે, ધમકાવતો રહે છે, વાયદા આપ્યા કરે છે તો ચાલ, લઈ આવ અલ્લાહનો એ અઝાબ ! અમે પણ જોઈએ તો ખરા કે અલ્લાહનો અઝાબ કેવો હોય છે !"

ચોથું અલ્લાહના પયગમ્બરને હેંકડાઈથી ઠુકરાવી દીધા, ધુતકારી દીધા, જૂઠલાવી દીધા કે તારા જેવો ગરીબ વર્ગનો માણસ અલ્લાહનો પયગમ્બર કેવી રીતે હોય શકે ? અને જો તું સાચો પયગમ્બર છે તો પોતાનો વાયદો સાચો કરીને દેખાડી દે. અને લઈ આવ તે અઝાબ જેની તું ધમકી આપે છે.

ખરેખર સમૂદની કૌમ બેહદ અભિમાની હતી. તુમાખીખોર અને ઘમંડી હતી. અવળચંડી, ઉધ્ધત અને નગુણી હતી. દવલત અને સત્તાના નશામાં ચકચૂર હતી. શેખચલ્લી પેઠે મૂર્ખાઓના સ્વર્ગમાં મહાલતી હતી. પોતાના એક અલ્લાહને છોડીને મૂર્તિપૂજામાં ગળાંડૂબ હતી. એમની મશહૂર મૂર્તિઓના નામ ભગવાન કૈસ, ભગવાન ઝુશ-શરા, ભગવાન મનાત વગેરે હતાં. પહાડોમાં આલીશાન મંદિરો કોતરીને પથ્થરના ભગવાનોની મૂર્તિઓ પણ કંડારી લીધી હતી. એમનું માનવું હતું કે અમારો અલ્લાહ તો અમારી આ મૂર્તિઓ છે. એ બધી સલામત છે ત્યાં સુધી જમીન કે આસમાનની કોઈ તાકત, કોઈ આફત અમારો વાળ વાંકો વાળી શકતી નથી. તેઓના પંડિતો અને સાધુ મહારાજો પોતાની કૌમની આંખે ઊંધા ચશ્મા ચઢાવીને કહ્યા કરતા :

> "જે વ્યકિત ગૈબના પર્દામાં છુપાયેલી હોય, માણસની આંખો જેને નહિ જોઈ શકે, જેના દર્શન નહિ કરી શકાય, એ આપણો ભગવાન કેવી રીતે હોય શકે ? સાલિહ તો જૂઠો પયગમ્બર છે. જે વ્યકિતને તે પોતાનો અલ્લાહ કહે છે, કોણે તેને પોતાની આંખે જોયો છે ? કોણે તેના દર્શન કર્યા છે ? એવો અલ્લાહ આપણો ભગવાન કેવી રીતે હોય શકે ? આ રહ્યો આપણો ઝુશ-શરા ભગવાન ! એજ સાચો ભગવાન છે. ધરાઈ-ધરાઈને એના દર્શન કરો. એને જ નમો. એના જ પગે લાગો. જે માગવું હોય તે એની જ પાસે માગો. એ તમારી દરેક મુરાદ પૂરી કરી શકે છે."

આહ.......સમૂદની કૌમની બેવકૂફી.....આહ ! સમૂદની કૌમની....કમનસીબી.....! આ હતભાગી કૌમે અલ્લાહના પયગમ્બરને જે પડકાર ફેંક્યો હતો તે અલ્લાહના પયગમ્બરે તો નહિ ઝીલ્યો. કેમકે પયગમ્બરો તો પોતાની કૌમ પર બેહદ દયાળુ, માયાળુ, મમતાળુ હોય છે. પરંતુ અલ્લાહ તઆલાએ તેઓનો આ પડકાર ઝીલી લીધો. કેમકે તેઓએ અલ્લાહના પયગમ્બરનું ઘોર અપમાન કર્યું હતું. અલ્લાહના હુકમની ઐસીતૈસી કરીને અલ્લાહની ઊંટણીને કાપી નાખી હતી. ઉપરથી પોતે જ દોઢડાહ્યા થઈને અલ્લાહના અઝાબની માગણી કરી હતી.

એજ વેળા અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામ પ્રગટ થયા. હઝરત સાલિહ અલૈહિસ-સલામને સલામ કરીને બોલ્યા, "હે અલ્લાહના નબી ! અલ્લાહ તઆલાએ તમારી કૌમનો પડકાર ઝીલી લીધો છે. એમની ચેલેન્જનો જવાબ આ શબ્દોમાં આપી દો : "તમત-તઉ ફી દારિકુમ સલાસતા ઐયામ." ત્યારે અલ્લાહના પયગમ્બરે પોતાની કૌમને એજ શબ્દોમાં જવાબ આપી દીધો. કુર્આને-મજીદની આયત વાંચો :

Maktabe Ashraf

ફ-કાલા	ત્યારે સાલિહએ તેઓને કહ્યું :
તમત-તઊ	તમે મોજમજા કરી લો
ફી દારિકુમ	તમારા ઘરોમાં
સલાસતા અૈયામ	ત્રણ દિવસો સુધી.
ઝાલિકા વઅ્દુન	આ તે વાયદો છે
ગયરુ મકઝૂબ.	જે જૂઠો નહિ ઠરે. [૧]

કુર્આને-કરીમમાં આ વાતનું પણ વર્ણન થયેલું છે કે સમૂદની કૌમે અલ્લાહની ઊંટણીને કતલ કરવા પછી અલ્લાહના પયગમ્બરને પણ કતલ કરી નાખવાનો ત્રાગડો રચી લીધો હતો. પણ અલ્લાહના ફરિશ્તાઓએ એ ખૂંખાર ખૂનીઓ પર પથ્થરમારો કરીને તેઓને ભગાડી મૂકયા હતા અને હઝરત સાલિહ અલૈહિસ-સલામને એ ખૂની બદમાશોથી બચાવી લીધા હતા.

હઝરત સાલિહ અલૈહિસ-સલામની, ત્રણ દિવસોની ચેતવણી છતાં સમૂદના કાનો પરથી જૂં સુધ્ધાં નહિ રીંગી. ત્રણ દિવસની ધમકીની પણ ઐસીતૈસી કરીને તેઓ પોતાના ઘરોમાં મોજમજા ઉડાવતા રહ્યા. શરાબ અને સુંદરીમાં ગુલતાન થઇને નાચતા-કૂદતા રહ્યા. છાકટા થઇને અલ્લાહનો અને તેના પયગમ્બરનો ઠઠ્ઠો ઉડાવતા રહ્યા. અને જયારે ત્રણ દિવસો પૂરા થયા તો સાચેસાચ અલ્લાહનો તે વાયદો આવી લાગ્યો જે કદી ખોટો કરતો નથી. સમૂદની બંડખોર કૌમ પર તે તબાહી આવી લાગી, તે સંકટ ઊતરી આવ્યું, તે આફત તૂટી પડી જેણે વાદીલ-કુરાથી લઇને અલ-હિજ્ર સુધીના આખા ઇલાકાનું સત્યાનાશ બોલાવી દીધું.....

એની વિગત એમ છે કે જયારે અલ્લાહના વાયદાને ત્રણ દિવસો પસાર થઇ ગયા તો એ શુક્રવારનો દિવસ હતો. રાતનો પાછલો પહોર ચાલતો હતો. પરોઢનું અજવાળું હજુ રેલાયું ન હતું. ચારેકોર ગંભીર સન્નાટો છવાયેલો હતો. સમૂદના બદનસીબ લોકો નાચી-કૂદીને પોતપોતાના ઘરોમાં મીઠી નીંદરની મજા લઇ રહ્યા હતા.

અચાનક ચુપકીદીના સન્નાટાને ચીરતો એક કડાકો થયો. એટલો ભયંકર, એટલો ખોફનાક, એટલો પ્રચંડ કડાકો કે તેની દહેશતથી જમીન અને આસમાન થરથરી ઊઠયાં. કડાકાનો અવાજ પહાડોએ ઝીલી લીધો અને તેના પડઘાઓથી વાતાવરણ ગાજી રહ્યું. જેવો જ કડાકો થયો કે બીજી જ પળે ધરતી ધ્રાગધ્રાણી ઊઠી. કડાકાના અવાજથી ધરતીના પેટમાં એવા ગજબનું દર્દ ઊપડયું કે ગડગડાટના અવાજો સાથે જમીન ડાબી-જમણી ડોલવા લાગી ગઇ. એક તો કડાકો અને લાગલો જ ધરતીકંપનો ધડાકો....

આ કડાકો હકીકતમાં અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામનો બૂમાટો, બરાડો કે ચિંઘાડો હતો. આ ચિંઘાડા વિષે કુર્આને-કરીમમાં "અસ-સયહહ"નો શબ્દ આવેલો છે. સૂરએ-હૂદની આયત નંબર ૬૭માં છે :

વ - અ - ખઝલ-લઝીન ઝ-લ-મુસ	અને પકડી લીધા ઝાલિમ લોકોને
સય-હતુ	સય-હહએ
ફ-અસ્બહૂ ફી દિયારિ-હિમ	તો રહી ગયા તેઓ પોતાના ઘરોમાં
જાસિમીન.	ઊંધા પડેલા.

૧. સૂરએ-હૂદ પારહ ૧૨ આયત ૧૬૫

અરબી લુગાત મુજબ ''સયહંહ''ના અર્થ ચીસ, ચીખ, ચિંઘાડ, બૂમાટો, બરાડો, ઘાંટો વગેરે થાય છે. મતલબ આ કે હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામએ અલ્લાહના હુકમથી એટલા જોરનો બરાડો પાડયો કે તેના આઘાતથી જમીન-આસમાનનું વાતાવરણ ખોફનાક ધડાકાઓથી ગાજી રહ્યું અને સમૂદની કૌમના જુલમગાર લોકો પોતાના ઘરોમાં ઊંધાના ઊંધા જ પડેલા રહી ગયા. કલેજાં ફાટી ગયાં. જિગરો ચીરાઈ ગયાં. દિલોના ટુકડે ટુકડા થઈ ગયા.

હઝરત જિબ્રીલ અલૈહિસ-સલામના પ્રચંડ ચિંઘાડના ખોફનાક પડઘાઓથી પહાડોના સીના ચીરાઈ ગયા. જમીનના પેટમાં પ્રસૂતિનું દર્દ ઊપડયું. ડાબી-જમણી ડોલીને એવી રીતે હિચકોલાં ખાવા લાગી જાણે હઝરત જિબ્રીલએ તેના પાયા પકડીને તેને હચમચાવી નાખી છે. જમીનના પેટમાંથી ગડગડાટના અવાજો આવવા લાગ્યા. એવો ભયંકર ધરતીકંપ થયો કે તેના પ્રચંડ આંચકાઓથી જમીનવાળાઓ પર કિયામત તૂટી પડી. એનું બયાન કુર્આનની રોશનીમાં વાંચો. પારહ ૮ સૂરએ-અઅરાફની આયત નંબર ૭૮ જુઓ :

ફ-અ-ખઝત-હુમુર	તો પકડી લીધા તેઓને
રજ્-ફતુ	''રજ્ફહ''એ
ફ-અસ્બહૂ	તો રહી ગયા તેઓ
ફી દિયારિ-હિમ	પોતાના ઘરોમાં
જાસિમીન.	ઊંધા પડેલા.

અરબી ડિક્શનરી મુજબ ''રજ્ફહ''ના અર્થ ધ્રુજારી, કપકપી, થરથરી, કમકમાટી, કંપારી વગેરે એટલે ધરતીકંપથી જમીન થથરી ઊઠી. મતલબ આ કે પ્રથમ હઝરત જિબ્રીલના અવાજનો કડાકો થયો જેના પ્રચંડ ફટકાથી જમીનના પેટમાં ગડગડાટ થયો અને વાદીલ-કુરાની આખી ધરતી ધ્રુજધ્રુજી ઊઠી. મકાનો ધડાધડ પડવા લાગ્યાં. છતો ઝનાઝન ઊડવા લાગી. બંગલા કડડભૂસ કરતા ધરાશાયી થવા લાગ્યા. પહાડોના પેટમાં કોતરેલા મહેલો અને પથ્થરની દીવારો તૂટીતૂટીને ભોંયભેગી થવા લાગી. દોડો...ભાગો...નાસો...બચાવોની બૂમરાણ મચી રહી.....

ચિચિયારીઓ...કિકિયારિઓ...આહોઝારીઓ...અને જાન બચાવવાની ભાગદોડથી ચારે તરફ કમકમાટી ભરેલું દ્રશ્ય ખડું થઈ ગયું. સમૂદની અભિમાની કૌમના લાખો લોકોની લાશો આંખના પલકારામાં ઢળી પડી. બધા પોતાના ઘરોમાં ઊંધાના ઊંધા પડેલા રહી ગયા. સ્ત્રીઓ, પુરુષો, અબાલ-વૃધ્ધો પોતાના જ ઘરોના કાટમાળ હેઠળ કચડાઈને રહી ગયા. લાશોના ઢગલા લાગી ગયા. આલીશાન બંગલાઓ અને પહાડોમાં કોતરેલા ચટાણી મહેલો——— જેની ઊપર તેઓ ગર્વ લેતા હતા, આ તબાહીથી તેઓને બચાવી નહિ શકયા. વાદીલ-કુરાના વિસ્તારમાં વસેલી હરીભરી વસતિઓ અને અલ-હિજ્રનું આખું શહેર આંખના પલકારામાં ખેદાન-મેદાન થઈ ગયું. સમૂદની આખીની આખી કૌમ જોતજોતામાં જમીનની સપાટી પરથી નાબૂદ થઈ ગઈ.

સૂરએ-કમરમાં છે કે સવાર પડી તો ચારે તરફ લાશો એવી રીતે કચડાઈને, છૂંદાઈને, ચૂંથાઈને પડેલી હતી જેમ કાંટાની વાડમાં ઊભા કરેલાં સૂકાં ડાળખાંઓ, જાનવરોની અવર-જવરથી ખૌંદાઈ-છૂંદાઈને ચૂરેચૂરા થઈ ગયાં હોય : ''ફ-કાનૂ ક-હશીમિલ-મુહ-તઝિર.''

સમૂદની કૌમ તે અભિમાની કૌમ હતી જેના મગજમાં સત્તાનો, પૈસાનો, મોટાઈનો ધુમાડો ભરાય ગયો હતો. અલ્લાહના પયગમ્બરે લાખ વિનવણીઓ કરી, ''હે મારી કૌમ ! મૂર્તિપૂજાને છોડો. એક અલ્લાહને નમો. તેના દરબારમાં સિજ્દો કરો. કૌમ કોઈ રીતે નહિ માની. પોતાના એક અલ્લાહ પર ઈમાન નહિ લાવી. તેના દરબારમાં

સિજદો નહિ કર્યો. અલબત્ત તેઓના મકાનો તેઓના બંગલાઓ, તેઓના મહેલો તેઓ કરતાં લાખ દરજ્જે સારા હતાં કે અલ્લાહનો હુકમ થતાં જ કડડભૂસના અવાજ સાથે જમીન પર પડી ગયાં અને પોતાના માથાં ઝુકાવીને અલ્લાહના દરબારમાં સિજદામાં પડી ગયાં.

કુઆને-મજીદની અનેક સૂરતોમાં સમૂદની ચઢતી-પડતીના ઈબ્રતનાક અંજામનું વર્ણન થયેલું છે. એમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કુરૈશ કૌમ અને કટ્ટર કાફિરોને પણ ચેતવણી આપવામાં આવી કે, હે નાદાનો ! તમે પોતાની કઈ દવલત પર ઈતરાય રહ્યા છો ? તમારી કઈ સત્તા અને કઈ તાકત છે જેનો તમે ઘમંડ કરી રહ્યા છો ? જરા આંખો ખોલો અને સમૂદ તથા આદની કૌમોના દાખલા જુઓ જેઓની તબાહ થયેલી વસતિઓમાંથી, તમારા મુલ્કે-શામ જનારા વેપારી કાફલા પસાર થતા રહે છે. તેઓની જાહોજલાલી, તેઓની શાનો-શવકત, તેઓના આલીશાન મકાનો અને શાનદાર મહેલો આગળ તમારી કોઈ હેસિયત નથી. તેઓએ અલ્લાહની અને તેના પયગમ્બરની નાફરમાની કરી તો જોઈ લો, તેઓનો કેવો કરૂણ અંજામ આવ્યો !

અહીં સવાલ થાય છે કે "મદાઈને-સાલિહ" એટલે અલ-હિજ્રની વસતિ પર અલ્લાહનો અઝાબ આવ્યો તો શું હઝરત સાલિહ અલૈહિસ-સલામ અને તેમના મુસલમાન સાથીઓ પણ અલ્લાહના અઝાબના ભોગ બની ગયા——————? નહિ, અલ્લાહ તઆલાએ તેઓને બચાવી લીધા. સૂરએ-હૂદની આયત ૬૬માં અલ્લાહ તઆલા ફરમાવે છેઃ

પછી જ્યારે અમારો હુકમ આવી લાગ્યો અને સમૂદની કૌમ તબાહ થઈ ગઈ તો :

"અમે પોતાની રહમતથી અમારા પયગમ્બર સાલિહને અને તેના ઈમાનદાર સાથીઓને, એ દિવસની ખુવારીથી બચાવી લીધા અને બિલકુલ સલામત રાખ્યા." [૧]

રિવાયતોમાં છે કે અઝાબ આવે તે પહેલાં અલ્લાહના હુકમથી હઝરત સાલિહ અલૈહિસ-સલામ પોતાના સાથીઓ સાથે મદાઈનથી હિજરત કરીને ચાલ્યા ગયા. એક રિવાયતમાં છે કે હઝરત મૂસા અલૈહિસ-સલામના જબલે-તૂર પાસે આવેલી એક પહાડીનું નામ "નબી સાલિહ" છે. બધા અહીં આવીને વસી ગયા. બીજી રિવાયત મુજબ ખાનએ-કઅબહ પાસે જઈને રહેવા લાગી ગયા.

અલ્લાહનું લશ્કર "અલ-હિજ્ર"ની ભૂમિમાં ——શહેનશાહે-દો-આલમ, સિપહસાલારે-અઅઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ૩૦ હજાર-જાં નિસાર સહાબાના અઝીમુશ-શાન લશ્કર સાથે બળબળતા તાપમાં, આગઝરતી લૂમાં, ભૂખતરસની હાલતમાં, મંઝિલો પર મંઝિલ મારતા અને વાદીલ-કુરાનો પહાડી પ્રદેશ વટાવતા, જ્યારે "અલ-હિજ્ર" કે "મદાઈને-સાલિહ"ની ઉજ્જડ વસતિમાં પધાર્યા તો અલ્લાહના બધા સિપાહીઓ થાકથી લોથપોથ હતા. પરસેવાથી રેબઝેબ હતા. પેશાનીઓ પરથી પાણીના ટીપાં એવી રીતે ટપકતાં હતાં જાણે હમણાં ગુસલ કરીને હમ્મામમાંથી નીકળ્યા છે. મામૂલી ખાદી જેવાં જાડાં કપડાં, પાક શરીરો સાથે ચિટકી ગયાં હતાં. પેટો ભૂખના દુઃખથી પિચકી ગયાં હતાં. જીભો તરસની તકલીફથી તાળવે લાગી ગઈ હતી અને અસલ મંઝિલ તો હજુ ઘણે આઘે હતી અને રસ્તો બેહદ કઠિન હતો અને જાતજાતના ખતરાઓથી ઘેરાયેલો હતો.

અલ્લાહ તઆલાના આ "જૈશે-ઉસરત" પાસે ખાધાખોરાકીના સામાનની એટલી તંગી હતી કે ખજૂરના એક જ દાણાને ચૂસી-ચૂસીને અને તેના ઠળિયાને વાગોળી-વાગોળીને શરીરની સ્ફૂર્તિ ટકાવી રાખતા હતા. રિવાયતોમાં

---

૧. સૂરએ-હૂદ પારહ ૧૨ આયત ૬૬

એમ પણ છે કે પ્રવાસમાં એવો સમય પણ આવતો હતો કે પેટની આગ બુઝાવવા ઝાડોના પાંદડાં ખાવા પડતા હતાં જેનાથી જીભ છોલાઈને ફૂલી જતી હતી અને મોઢામાં ચાંદા પડી જતાં હતાં. એકેક ઘૂંટ પાણી પર કલાકોના કલાકો પસાર કરવા પડતા હતા. કોઈક વાર ઊંટના પેટમાં રહેલી પાણીની થેલી છેદીને તેનું પાણી પીતા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ ગરીબી લશ્કર પાસે સવારીઓની એટલી અછત હતી કે પંદર-પંદર કે અઢાર-અઢાર માણસોને ભાગે એક જ ઊંટ આવતું હતું. એનો મતલબ તમે સમજ્યા ? માની લો કે એક સહાબી પોતાની વારી મુજબ ઊંટની પીઠ પર સવાર થઈને એક કિલોમીટર સુધી ગયા. એ પછી બીજા સહાબીની વારી આવતાં તેઓ ઊંટની પીઠ પર સવાર થયા. આ પ્રમાણે પંદર કે અઢાર માણસોના સવાર થવા પછી પહેલા સહાબીની વારી આવતી હતી. તો આ પહેલા સહાબીને કેટલા કિલોમીટર પગે ચાલવા પછી ફરીવાર ઊંટની પીઠ પર બેસવાનું નસીબ થતું હતું ? એનો હિસાબ વાંચક પોતે કરી લે.

મદાઇને-સાલિહની ઉજ્જડ વસતિ————મદાઇને-સાલિહની ઉજ્જડ વસતિમાં પહોંચીને અલ્લાહના લશ્કરે, પોતાના સિપહસાલારે-અઅઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી પડાવ નાખી દીધો. મદાઇને-સાલિહની વસતિનું કુર્આની નામ "અલ-હિજ્ર" છે. કુર્આનમાં છે : "વ-લ-કદ કઝ-ઝબા અસ્હાબુલ-હિજરિલ-મુર-સલીન." એટલે અલ-હિજ્રની વસતિના લોકોએ અલ્લાહના પયગમ્બરોને જૂઠા ઠરાવી દીધા. એટલું જ નહિ, અનેક ચેતવણીઓ છતાં અલ્લાહની ઊંટણીને કાપી નાખી, ત્યાં સુધી કે અલ્લાહના પયગમ્બરને કતલ કરવા તૈયાર થઈ ગયા. નતીજારૂપે પોતે જ તબાહ થઈને દુનિયાના લોકો માટે ઇબ્રતની નિશાની બની ગયા.

હજારો વરસ પહેલાં અલ-હિજ્રની ધરતી પર વસનારા સમૂદી કૌમના લાખો લોકો પર અલ્લાહનો અઝાબ તૂટી પડ્યો હતો. ખોફનાક અવાજના કડાકા અને ભયંકર ભૂકંપથી આખી વસતિ તહિસ-નહિસ થઈ ગઈ હતી. અલ્લાહના લશ્કરની પધરામણી વેળા પણ એવું લાગતું હતું જાણે આજે પણ આ મનહૂસ વસતિ પર અલ્લાહની લઅનત વરસી રહી છે. તૂટેલાં-ભાંગેલાં મકાનો, ઊડી ગયેલી છતો, વેરાણ-છેરાણ દીવારો, વેરાન પડેલા કૂવાઓ, ખાઈઓ જેવા ખાડાઓ, ઊંચાનીચા ટેકરાઓ અને ખાડાખૈયાઓમાં ઊગી નીકળેલાં ઝાડીઝાંખરાં, વટેમાર્ગુઓને પોતાની મૂંગી ભાષામાં અલ-હિજ્રની તબાહીની કરુણ દાસ્તાન સંભળાવતા હતાં. ઉજ્જડ પડેલી વસતિનું દહેશતનાક વાતાવરણ રાતે તો શું, દિવસે આવનારનું હૈયું પણ હચમચાવી નાખતું હતું. લાગતું હતું જાણે આખી વસતિ પર બરબાદીના ઉલ્લૂઓ બોલી રહ્યા છે અને તબાહીના કાગડાઓ કાગારોળ મચાવી રહ્યા છે. બિલકુલ ભૂત રડે ભેંકાર જેવો સન્નાટો હતો.

બુખારી શરીફમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જ્યારે પોતાના લશ્કર સાથે મદાઇને-સાલિહની વસતિમાં દાખલ થવા લાગ્યા તો ચાદરના પલ્લૂથી આપે પોતાનું મુબારક સર ઢાંકી લીધું. સાથે જ પોતાની સવારીની ઝડપ વધારી દીધી અને પોતાના સહાબાને સંબોધીને ફરમાવ્યું.

> "હે મુસલમાનો ! દુનિયાની જે કૌમો પર અલ્લાહનો અઝાબ નાઝિલ થયો છે, તેઓની વસતિમાં દાખલ થાવ તો રડતા-રડતા તેમાંથી પસાર થાવ અને જો રડવું નહિ આવે તો રોતી સૂરત બનાવી લો. ન થાય કે જે અઝાબમાં તેઓ સપડાયા, તમે પણ સપડાઈ જાવ !"

આપે પોતાના સહાબાને સંબોધીને એમ પણ ફરમાવ્યું :

————"હે લોકો ! અલ્લાહના અઝાબનો ભોગ બનેલી આ વસતિના કૂવાઓનું પાણી પીવું નહિ. એ કૂવાઓના પાણીથી વુઝૂ પણ કરવો નહિ. કોઈએ એ પાણીથી રોટલીનાં લોટ ગૂંદી લીધો હોય તો પૂરો લોટ

Maktabe Ashraf

ઊંટોને ખવડાવી દેશો. ફક્ત તેજ કૂવામાંથી પાણી લેશો જેમાંથી અલ્લાહના પયગમ્બર સાલિહની ઊંટણી પાણી પીતી હતી.

- ——અને જુઓ, રાતના સમયે તમારામાંથી કોઇએ આ છાવણીમાંથી એકલા બહાર નીકળવું નહિ. કુદરતી હાજત માટે કે કોઇ જરૂરી કામસર નીકળવું જ પડે તો કોઇ સાથીને સંગાથે લઇને નીકળવું. એકલા હરગિઝ નીકળવું નહિ. આજની રાતે આ વસતિ પર વાવાઝોડાનું તોફાન ફૂંકાશે. તમારા જાનવરોને સાવચતીથી સલામત સ્થળે બાંધી રાખશો. પવનના સુસવાટાઓમાં જાનવરોને નુકસાન થવાનો સંભવ છે.
- ——અને જુઓ, તમારામાંથી કોઇએ આ વસતિના કોઇ ઘરમાં દાખલ થવું નહિ. સહેલ-સપાટા માટે આ વસતિમાં ઘૂમવું નહિ. જે લોકો ઘૂમી રહ્યા હોય તેઓને બોલાવી લો.
- ——અને જ્યારે તમે પાપીઓની વસતિમાંથી કૂચ કરો તો તેઓના તબાહ થયેલા ઘરો પાસેથી રડતાં-રડતાં પસાર થઇ જાય; એવા ડરથી કે જે અઝાબ એમની ઉપર તૂટી પડયો, તમારી ઉપર ના તૂટી પડે !''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ ચેતવણી છતાં મોડી રાતના સન્નાટામાં બે ગૃહસ્થો છાવણીમાંથી નીકળી પડયા. બંનેની દિશા અલગ હતી. બંનેએ કોઇ સાથીને સંગાથે નહિ લીધો. બે-ધ્યાનીમાં એકલા અટૂલા નીકળી પડયા હતા. (એમના અંજામની વિગત જાણવી હોય તો આ પ્રકરણનું પેજ ૧૪૩૫ જુઓ.)

વરસાદનો મુઅજિઝો અને મુનાફિકનો કટાક્ષ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના લશ્કર સાથે હઝરત સાલિહ અલૈહિસ-સલામની ઊંટણીના કૂવા પાસે પડાવ નાખીને બિરાજમાન હતા એ દરમિયાન આપના મુબારક હાથ પર કેટલાક મુઅજિઝા જાહેર થયા. ઊંટણીવાળા આ કૂવામાં તે સમયે પાણી તો હતું પણ એટલું નહિ કે એક કૂવો ૩૦ હજારના વિરાટ લશ્કરની પાણીની જરૂરતો પૂરી કરી શકે.

લોકોએ પાણીની તકલીફની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને શિકાયત કીધી. હઝરત અબૂબક્ર સિદ્દીકે અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! બારગાહે-ઇલાહીમાં દુઆ માગવાનું આપને બહુ ગમે છે. અમારા માટે દુઆ માગો કે પાણીની તકલીફ દૂર થઇ જાય.''

આપે ફરમાવ્યું, ''અબૂબક્ર ! શું તમે દુઆ કરાવવા માગો છો ?''

''જી હા યા રસૂલલ્લાહ ! આપ અમારા માટે દુઆ માગો.''

એજ વેળા આપે દુઆ માટે પોતાના મુબારક હાથ ઉપાડયા અને ત્યાં સુધી ઉપાડેલા રાખ્યા જ્યાં સુધી કે અલ્લાહ તઆલાએ વાદળો નહિ મોકલી દીધાં. ચારે તરફથી ઘનઘોર ઘટા ઊમટી આવી અને એટલો વરસાદ થયો કે લોકોએ પાણીની તમામ જરૂરતો પૂરી કરી લીધી અને પોતાના વાસણો તથા મશકો પણ પાણીથી ભરી લીધી.

આ પ્રસંગે દૂરની છાવણીના એક અન્સારી ગૃહસ્થે પોતાના એક સાથીને કહ્યું ''અલ્યા ! જુએ છે ને અલ્લાહના નબીનો આ મુઅજિઝો ?

''અરે વાહ....!'' ''તે તડૂકીને બોલ્યો,'' એમાં મુઅજિઝાની શું વાત છે ? એ તો અહીંથી પસાર થતું એક વાદળ હતું જે આપણા માથે વરસીને પસાર થઇ ગયું એમાં મુઅજિઝો કેવો ?''

Maktabe Ashraf

આ જવાબ આપનાર માણસ પોતાના સાથીઓ સાથે ગનીમતના માલની લાલચમાં લશ્કરની સાથે શામિલ થઈ ગયો હતો અને મદીનહમાં મુનાફિક તરીકે પંકાયેલો હતો. હઝરત જિબ્રીલે એના બોલોની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જાણ કરી દીધી અને આ આયત નાઝિલ કરી : "વ તજ-અલૂના રિઝ-કકુમ અન્નકુમ તુકઝ-ઝિબૂન." એટલે : હે મુનાફિકો ! તમે તો જૂઠું બોલવાને જ પોતાનો ખોરાક બનાવી લીધો છે!

ખોવાયેલી ઊંટણી પર કટાક્ષ————એ દરમિયાન બીજો એક બનાવ બની ગયો. બન્યું એવું કે અહીંના જંગલમાં ચરવા ગયેલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી ગુમ થઈ ગઈ. ઊંટોના ટોળાંમાં તલાશ કરવા છતાં મળી શકી નહિ. કેટલાક સહાબાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઊંટણીની તલાશમાં મોકલાવ્યા. થતાં-થતાં આ વાતના સમાચાર મુનાફિકોને કાને પડી ગયા. ઝૈદ બિન લુસૈત નામે મુનાફિક આજુબાજુના લોકોને સંબોધીને કહેવા લાગ્યો,

"હે લોકો ! શું મુહંમદનો આ દાવો નથી કે તેઓ અલ્લાહના સાચા પયગમ્બર છે ? મુહંમદનો બીજો દાવો છે કે તેમની પાસે આકાશની ગૈબી ખબરો આંખના પલકારામાં આવી જાય છે. ત્યારે એ કેવા પયગમ્બર જેને આટલી પણ ખબર નથી કે તેમની ખોવાયેલી ઊંટણી કયાં છે ?

એક તરફ ઝૈદ બિન લુસૈતે આ કટાક્ષ કર્યો. બીજી તરફ એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરને સંબોધીને ફરમાવ્યું.

> "હે લોકો ! આપણા લશ્કરમાં એક માણસ કહે છે કે, મુહંમદ અલ્લાહના પયગમ્બર હોવાનો દાવો કરે છે અને ઉપરથી એવો દાવો પણ કરે છે કે મારી પાસે આકાશથી ગૈબી ખબરો આવતી રહે છે. છતાં તેમને આટલી ખબર નથી કે તેમની ખોવાયેલી ઊંટણી કયાં છે ?
>
> તો હે લોકો ! મારી વાત સાંભળી લો. અલ્લાહના સોગંદ, મારા આ હાલ છે કે અલ્લાહ તઆલા ગૈબની જેટલી વાતો મને બતાવે છે તેટલી જ વાતો હું જાણું છું. (એટલે પોતે "આલિમુલ-ગૈબ" હોવાનો કે ગૈબની વાતોના જાણકાર હોવાનો મારો દાવો નથી. એવો દાવો હું કરી પણ શકતો નથી. કેમકે ગૈબની વાતોનો જાણકાર અલ્લાહ સિવાય કોઈ નથી. જેમકે અલ્લાહ તઆલા પોતે ફરમાવે છે : "લા યઅ-લમુલ-ગૈબા ઈલ્લા હૂ.")

એ પછી આપે પોતાના સહાબને સંબોધીને ફરમાવ્યું :

> "જુઓ, મારી ઊંટણી કયાં છે તે અલ્લાહ તઆલાએ હવે મને બતાવી દીધું છે. જંગલની ફલાણી ઘાટીમાં મારી ઊંટણી ઊભેલી છે. ત્યાંની એક ઝાડીમાં તેની નાથ ભેરવાઈ ગઈ છે અને ઝાડીએ તેને અટકાવી રાખી છે. તમે એ ઘાટીમાં જઈને તેને અહીં લઈ આવો." (ઊંટણીના પુરા કિસ્સા માટે આ પ્રકરણનું પેજ ૧૪૩૬ જુઓ.)

હઝરત ઈબ્ને મસઊદની ઈમામત————હવે ઈસ્લામી લશ્કર, પોતાના સિપાહ સાલારે-આ'ઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી મદાઈનની ઉજજડ ભૂમિમાંથી નીકળીને તબૂકના ઈલાકા તરફ રવાના થયું. હઝરત મુગીરહ બિન શુઅબહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે કે જયારે અમે મદાઈનના ખંડેરો અને તબૂકની વચ્ચેના ઈલાકામાં દાખલ થયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વિસામા માટે લશ્કરને થોભાવી દીધું. એ

પછી ફજરની નમાઝના સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુદરતી હાજત માટે છાવણીમાંથી નીકળીને એક દિશાએ જવા લાગ્યા હું પાણીનું વાસણ લઈને આપની પાછળ-પાછળ ચાલવા લાગ્યો. એ દરમિયાન ફજરની નમાઝનો વખત તંગ થવા લાગ્યો. લોકોને ધાસ્તી પેઠી કે વધારે મોડું કરીશું તો સૂરજ નીકળી આવશે અને ફજરની નમાઝ કઝા થઈ જશે. તેઓએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફને ઈમામત માટે આગળ બઢાવી દીધા. એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણી થઈ. આપે વુઝૂ કર્યો અને પગોને ધોવાને બદલે પહેરેલા મોજાંઓ પર મસહ કરી લીધો અને નમાઝના ઈમામ હઝરત અબ્દુર્રહમાન પાસે જઈને નમાઝમાં ઊભા થઈ ગયા. ઈમામ સાહેબ એક રકઅત પઢાવી ચૂકયા હતા. આ બીજી રકઅત આપે તેમની ઈમામતમાં પઢી. પછી જ્યારે તેમણે નમાઝનું સલામ ફેરવ્યું તો આપ ઊભા થઈ ગયા અને છૂટેલી એક રકઅત આપે પોતે પઢી લીધી અને સલામ ફેરવવા બાદ આપે લોકોને સંબોધીને ફરમાવ્યું :

> "અબ્દુર્રહમાનને ઈમામ બનાવીને નમાઝ શરૂ કરી દીધી એ તમે બહુ જ સારૂં કામ કીધું."
>
> અથવા એમ ફરમાવ્યું કે, "તમે બહુ જ ભલું અને ઠીક કામ કીધું." એ પછી આપે ફરમાવ્યું:
>
> "અલ્લાહના કોઈ પણ નબી ત્યાં સુધી વફાત પામતા નથી જ્યાં સુધી કે એ નબી પોતાની ઉમ્મતમાંથી કોઈ નેક પુરૂષની ઈમામતમાં નમાઝ નહિ પઢી લે !"

અહીં એક સવાલ થાય છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્ર સિદ્દીક સિવાય કોઈની ઈમામતમાં નમાઝ પઢી નથી. એનો જવાબ આ છે કે આપે પૂરી નમાઝ હઝરત અબૂબક્ર સિવાય કોઈ ઈમામની પાછળ પઢી નથી. અથવા એકથી વધુ નમાઝો કોઈની પાછળ પઢી નથી. [1]

લશ્કરમાં ખોરાકની તંગીની કટોકટી————તબૂકના એજ પ્રવાસમાં એવો પ્રસંગ પણ સર્જાયો કે આખું લશ્કર ખોરાકની તંગીની કટોકટીમાં સપડાઈ ગયું. મુસ્લિમ શરીફમાં છે કે લોકો ભૂખમરાનો શિકાર બની ગયા. ખાવાપીવાનો તમામ સામાન બિલકુલ ખતમ થઈ ગયો. નોબત એટલે સુધી પહોંચી ગઈ કે એક છાવણીમાં એક ખજૂરની પેશી મળી આવતી તો પૂરી જમાઅત ટોળું વળીને બેસી જતી અને બધા લોકો પોતપોતાની વારી મુજબ એજ પેશીને ચૂસીને અગાળ વધારી દેતા.

છેવટે લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી, "યા રસૂલુલ્લાહ ! આપની પરવાનગી હોય તો અમારાં ઊંટો ઝબહ કરીને પેટની આગ બુઝાવી લઈએ ! "

આ સાંભળીને હઝરત ઉમરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આપે પરવાનગી આપી દીધી તો લશ્કરની બધી સવારીઓ ફના થઈ જશે. બેહતર છે કે આપ લશ્કરને હુકમ ફરમાવો કે જેની પાસે જે કંઈ ખાવાની વસ્તુ હોય તે અહીં લાવીને હાજર કરી દે. પછી આપ એ ખોરાકમાં બરકતની દુઆ ફરમાવો. અલ્લાહ તઆલા જરૂર એ ખોરાકમાં બરકત આપી દેશે."

હઝરત ઉમરની આ દરખાસ્ત આપને ગમી ગઈ. એજ વેળા આપે એક કપડું મંગાવીને ત્યાં પાથરી દીધું. અને ફરમાવ્યું, "જેની પાસે જે કંઈ ખાવાપીવાની વસ્તુ હોય તે અહીં લાવીને હાજર કરી દે !"

---

૧. સીરતે હલબિય્યહ જિ.૫ પાનુ ૪૨૧

આ હુકમ મળતાં જ કોઇ મુઠ્ઠીભર અનાજનું ભૂસું લઇ આવ્યો તો કોઇ મુઠ્ઠીભર ખજૂરો લાવ્યો તો કોઇએ સૂક્કા ગોશ્તના થોડાક ટુકડા હાજર કરી દીધાં. આ બધી વસ્તુઓને સમેટીને ભેગી કરવામાં આવી તો ત્રીસ હજારના જંગી લશ્કરને મુકાબલે છેક નજીવી જેવી ખોરાકની નાનકડી પોટલી થવા પામી.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખોરાકની આ પોટલીમાં બરકત માટે બારગાહે-ઈલાહીમાં દુઆ માંગી. દુઆ ખતમ કરીને આપે લોકોને ફરમાવ્યું, "હવે એમાંથી પોતપોતાની વાસણોમાં લેવાનું શરૂ કરો." આ હુકમ થતાં લોકોએ પોતપોતાની વારી મુજબ પોતાના વાસણોમાં લેવાનું શરૂ કર્યું તો ત્યાં સુધી કે પુરા લશ્કરનું કોઇ વાસણ એવું નહિ રહ્યું જે આ પોટલીની ખોરાકથી ભરાઇ નહિ ગયું હોય. એ પછી લશ્કરના દરેક માણસે ધરાઇ-ધરાઇને ખાધું અને જેટલી ખોરાકી પોટલીમાં હતી તે પણ તેટલી જ રહી. તેમાં કોઇ તરહની કમી થવા પામી નહિ. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

> "હું ગવાહી આપું છું આ વાતની કે અલ્લાહ વગર કોઇ બંદગીને લાયક નથી અને હું ગવાહી આપું છું આ વાતની કે હું તેનો પયગમ્બર છું. સાંભળો, દુનિયાનો કોઇ પણ ઈન્સાન તેવી જ ગવાહી આપશે જેવી મેં ગવાહી આપી છે અને તેમાં કોઇ તરહની શંકા નહિ કરશે અને એજ હાલતમાં અલ્લાહના દરબારમાં જશે તો એવા ઈન્સાનને હરગિઝ જન્નતમાં જવાથી અટકાવવામાં નહિ આવશે." બીજી રિવાયતમાં આ શબ્દો આવેલા છેઃ "એવા ઈન્સાનને અલ્લાહ તઆલા જહન્નમની આગથી બચાવી લેશે." ૧

રસ્તામાં બેઠેલું કદ્દાવર કાયાનું અજગર————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ સલ્લમનું અઝીમુશ-શાન લશ્કર અલ્લાહના પવિત્ર નામનું રટણ કરતું તબૂકની ભૂમિ તરફ તેજીથી બઢી રહ્યું હતું. અચાનક શું જુએ છે કે એક જાડુંતાજું કદ્દાવર કાયાનું ખોફનાક અજગર ગૂંચળું વળીને અને રસ્તો રોકીને રસ્તામાં પડેલું છે. તેનો દેખાવ એટલો દહેશતનાક હતો કે તેને જોતાં જ લશ્કરના લોકો પોતાની જગાએ થંભીને હયરતથી તેને જોવા લાગી ગયા.

અચાનક અજગરે પોતાની ફેણ ઉઠાવીને લશ્કર તરફ જોયું. તેની જીભ ખોફનાક તેજીથી લપકારા લેવા લાગી. પછી ગૂંચડું છોડીને લાંબું થવા લાગ્યું અને ધીમે-ધીમે સરકતું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ જવા લાગ્યું. અજગર લાંબું-તડંગું કદ્દાવર કાયાનું બિહામણી શકલો-સૂરતનું હોવાથી લશ્કરના લોકો ધારીધારીને હયરતથી તેને જોઇ રહ્યા હતા. થોડે દૂર સરકીને ફરીવાર તેણે કુંડલી મારી લીધી અને જીભથી લપકારા લેવા લાગ્યું. અને ધીમે-ધીમે રસ્તાથી હટીને એક તરફ બેસી ગયું. થોડીવારે ફરીવાર તેણે પોતાની ફેણ ઊંચી કરી દીધી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જોવા લાગી ગયું.

આપે લશ્કરના લોકોને ફરમાવ્યું, "જાણો છો એ કોણ છે ?"

"અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણે છે." લોકોએ જવાબ આપ્યો.

"આ અજગર જિન્નાતની કૌમનો એક જિન્ન છે જે અજગરનું રૂપ ધારણ કરીને આવેલો છે." એ પછી આપે ફરમાવ્યું, "આ તે આઠ જિન્નાતની જમાઅતનો એક સભ્ય છે જેઓ મારૂં કુર્આન સાંભળીને તે સમયે આવ્યા હતા જ્યારે હું ઇસ્લામની તબલીગ માટે તાઇફ ગયો હતો અને તાઇફથી વાપસી વેળા ઝાડો હેઠળ ઊભા

---

૧. સીરતે હલબિય્યહ જિ.પ પાનું ૪૩૨

Maktabe Ashraf

થઇને હું ફજરની નમાઝમાં કુર્આન પઢતો હતો.''

એ પછી આપે પોતાના સહાબાને ફરમાવ્યું, ''આ જિન્ન પોતાની ફેણ ઊભી કરીને તમને બધાને સલામ કરી રહ્યો છે અને સલામતીનો સંદેશો પાઠવી રહ્યો છે.''

જવાબમાં સહાબા બોલ્યા, ''અલૈહિસ-સલામ વ રહ-મતુલ્લાહ.'' એટલે એની ઉપર પણ સલામતી અને અલ્લાહની રહમત હો ![1]

અલ્લાહનું લશ્કર તબૂકની ભૂમિમાં————અહીંથી કૂચકદમ આરંભીને અલ્લાહનું લશ્કર રવાના થવા લાગ્યું તો લશ્કરના સિપહસાલારે-આ'ઝમ, શહેનશાહે-દો-આલમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના લશ્કરીઓને ફરમાવ્યું, ''અગર અલ્લાહએ ચાહ્યું તો કાલે સવારે પ્રભાતને અજવાળે તમે તબૂકના ઝરણા પાસે પહોંચી જશો અને સાંભળો, અમારાથી પહેલાં કોઇ માણસ એ ખીણમાં પહોંચી જાય તો તેણે એ ઝરણાનું પાણી બિલકુલ પીવું નહિ જ્યાં સુધી કે અમે ન આવી જઇએ.''

રાવીનું કથન છે : આ સાંભળની કેટલાક મુનાફિકો રાતના અંધારાનો લાભ લઇને તેજીથી સવારીઓ ભગાવતા એ ખીણમાં પહોંચી ગયા અને ઝરણાના ખાડામાં જેટલું પાણી એકઠું થયું હતું, બધું ઢીંચી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે પ્રભાતને અજવાળે પોતાના લશ્કર સાથે અહીં પધાર્યા તો ખાડો ખાલી હતો અને ઝરણામાંથી ટીપું-ટીપું પાણી ટપકતું હતું.

હઝરત હુઝૈફહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : ''છેલ્લા પડાવથી ઊપડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લશ્કરમાં એ'લાન ફરમાવી દીધું હતું કે, ''અમારાથી પહેલાં કોઇ તબૂકના ઝરણા પાસે પહોંચી જાય તો તેણે ઝરણાના પાણીને હાથ પણ નહિ અડાડવો !''

હઝરત હુઝૈફહ વધુમાં ફરમાવે છે : ''પ્રભાતને અજવાળે જ્યારે અમે તબૂક પહોંચ્યા તો જોયું કે ઝરણામાંથી ટીપું-ટીપું પાણી ટપકી રહ્યું છે અને ખાડો ખાલી છે.''

ઊછળતો કૂદતો પાણીનો ધોધ————સૌથી પહેલાં આ ઝરણા પાસે બે માણસો પહોંચી ગયા હતા. એ બંને મુનાફિકો હતા અને બંનેએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આજ્ઞાનો અનાદર કર્યો હતો. અહીં પહોંચીને તેઓએ હાથ-મોં ધોયાં હતાં અને પાણી પી લીધું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર પડી તો આપે તેઓની ખૂબ ઝાટકણી કાઢી. એ પછી આપ ઝરણા પાસે પધાર્યા. મુબારક ખોબો આગળ ધરીને ટીપું-ટીપું પાણી ભેગું કર્યું અને એક વાસણમાં નાખી દીધું. પ્રથમ આપે એ પાણીથી પોતાનો મુબારક ચેહરો અને હાથો ધોયા અને એ પાણીને પાછું ઝરણામાં પધરાવી દીધું. એજ પળે અલ્લાહની કુદરતનો કરિશ્મો જાહેર થયો. ક્યાં તો ટીપું-ટીપું પાણી ઝરતું હતું, હવે આપના મુઅજિઝાથી ઠંડા-મીઠા પાણીનો ધોધ ઝરણામાંથી ધસારાભેર વહેવા લાગી ગયો. આપની સાથે હજાર કે બે હજાર માણસો નહિ, પૂરા ૩૦ હજારનું વિરાટ લશ્કર હતું. ઉપરાંત હજારોની સંખ્યામાં ઊંટો પણ હતાં અને હજારોની સંખ્યામાં ઘોડા પણ હતા. પૂરા લશ્કરે અને તમામ જાનવરોએ આ ઝરણાનું ઠંડુ-મીઠું પાણી પીધું અને પીતા રહ્યા અને આ પાણીથી પોતાની તમામ જરૂરતો પૂરી કરતા રહ્યા. એ પછી એજ ઝરણાને કિનારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ભવિષ્યના પર્દા પાછળ ઝાંખતાં પોતાના પ્યારા સહાબી હઝરત મુઆઝ રદિયલ્લાહુ અન્હુને સંબોધીને ફરમાવ્યું :

---

૧. સીરતે હલબિય્યહ જિ.૫ પાનું ૪૪૫

Maktabe Ashraf

"હે મુઆઝ ! અગર તમે લાંબી ઝિન્દગી મેળવી તો તે દિવસ દૂર નથી જ્યારે તમે તબૂકના ઈલાકાને બાગો-બહારથી છવાયેલો પોતાની આંખે જોઈ લેશો."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ પેશીનગોઈ અલ્લાહના હુકમથી અક્ષરશઃ સાચી પડી છે. આજે પણ તબૂકનો ઈલાકો લીલીછમ હરિયાળી અને બાગ-બગીચાઓથી લીલાલહેર છે. કિતાબમાં છપાયેલી તસવીરોથી વાંચકો એની સચ્ચાઈની ખાતરી કરી શકે છે. પ્રોફેસર "અબ્દ" સાહેબ "હરમે-મદીનહ"માં લખે છે:

"હવે અમારી જીપ તબૂકની ભૂમિમાં દાખલ થઈ ગઈ. સૂરજ આથમે તે પહેલાં તબૂક શહેરના મકાનો અને બંગલા દેખાવા લાગ્યા. અમારા સાથી ઉલફત રઝમી બોલ્યા, "લ્યો આપણી ઉમંગો અને આરઝૂઓનું તબૂક શહેર આવી લાગ્યું. તે તબૂક કે જેની ધરતીના સીના પર અલ્લાહના પ્યારા હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ત્રીસ હજાર સહાબાના વિરાટ લશ્કર સાથે પધાર્યા હતા. અને આ ધરતીની કિસ્મતને ચાર ચાંદ લગાડી દીધા હતા. આજે પણ એ ધરતીનું વાતાવરણ અલ્લાહના લાડલા નબીની ખુશ્બૂથી મઘમઘી રહેલું લાગે છે."

પ્રોફેસર સાહેબ વધુમાં લખે છે : " આજથી દસ વરસ પહેલાં જે તબૂક મેં જોયું હતું, હવે તેની રૂપરેખા કે શકલો-સૂરત એકદમ બદલાઇ ગઈ છે. આજે તબૂક એક સુંદર અને રળિયામણું શહેર બની ગયું છે. બે લાઈનોવાળી પાકી સડકોની આજુબાજુ અને વચ્ચે લીલીછમ હરિયાળીની ઝાલર સાથે રંગ બે રંગી ફૂલોના છોડ અનેરી બહાર દેખાડી રહ્યા છે. અમારી જીપ ચાર માળની એક સુંદર ઈમારત પાસેથી પસાર થઈ. એનું નામ "મજ્લલ-ઈમારહ" એટલે તબૂકનું ગવર્નર હાઉસ છે. એક દિશાએ પ્રાચીન યુગની પથ્થરથી બનેલી ઈમારતો જોવામાં આવી. મારા એક સાથીએ કહ્યું, "એ" મહત-તતુસ-સિક્કતિલ-હદીદહ" છે.એટલે જૂના જમાનાનું તબૂકનું વેરાન પડેલું રેલવે સ્ટેશન છે. હાડપિંજરો જેવા થોડાક ડબ્બાઓના ઢાંચા પણ ઊભેલા દેખાયા જે ઉસ્માની તુર્કોની જૂની હિજાઝ રેલવેની જાહોજલાલીની દાસ્તાન સંભળાવી રહ્યા છે.

અમે એક વિશાળ સ્ટેડીયમના ફાટક પાસેથી પસાર થયા. રઝમી સાહેબ કેહવા લાગ્યા, "જરૂર આ ફૂટબોલનું સ્ટેડીયમ હશે કેમકે સુઊદી અરબમાં આ રમત બેહદ લોકપ્રિય છે." પબ્લિક લાયબ્રેરીની સુંદર અને વિશાળ ઈમારત જોવામાં આવી. એની પેશાની પર "અલ-મકતબતુલ-આમ્મહ" લખેલું વાંચવામાં આવ્યું. એક તદ્દન નવી ખુબસૂરત મસ્જિદ પાસેથી પસાર થયા. મારા ત્રીજા સાથી દમિશ્કી સાહેબ બોલ્યા. એ "મસ્જિદે-અબૂબક્ર સિદ્દીક" નામે પંકાયેલી મસ્જિદ છે. કમ-અઝ-કમ એક નમાઝ તો જરૂર આ મુબારક મસ્જિદમાં હાજર થઈને અદા કરીશું." (બાદમાં પ્રોફેસર સાહેબે આ મુબારક મસ્જિદમાં પોતાના સાથીઓ સાથે હાજર થઈને નમાઝ પઢી હતી. વાંચકો મસ્જિદે-અબૂબક્રની તસવીરની ઝિયારતથી ઈમાન તાઝું કરી શકે છે. "હ")

મસ્જિદે-રસૂલનું નૂરાની રૂપ————પ્રોફેસર "અબ્દ" સાહેબ "હરમે-મદીનહ"માં લખે છે : અમે "કુન્દુકે-તબૂક" નામે હોટેલમાં ઉતારો લીધો હતો. આ હોટેલથી થોડાક જ કદમ ચાલો તો "મસ્જિદે-રસૂલ"ની શાનદાર અને નૂરાની ઈમારત આવે છે. હોટેલમાં ગરમા-ગરમ કાવાની ચૂસકીઓથી તાઝા-દમ થઈને અમે ઈશાની નમાઝ માટે મસ્જિદે-રસૂલ તરફ ચાલી નીકળ્યા. તબૂકનું અસલી, પ્રાચીન અને રોનકદાર બજાર બિલકુલ સીધું છે. લગભગ એક કિલોમીટર લાંબું, ગ્રાહકો અને સહેલાણીઓથી ધમધમી રહેલું બજાર છે. એની બંને લાઈનોમાં અપ-ટૂ-ડેટ દુકાનો આવેલી છે. એજ બજારની ઉત્તર દિશાને કિનારે મસ્જિદે-રસૂલ આવેલી છે. આ નૂરાની તારીખી મસ્જિદની સાથે જ પાણી વગરના સૂકાં ઝરણાં પણ આવેલા છે.

Maktabe Ashraf

ઈશાની અઝાન સાંભળતાં જ અમે જલદીથી તૈયાર થઈને એજ બજારથી રવાના થયા. થોડાંક ડગલાં ચાલીને જમાણા હાથે વળી ગયા. અલ્લાહુ અકબર ! અમારી આંખોની સામે મસ્જિદે-રસૂલની શાનદાર ઈમારત પૂરી શાનો-શવકત સાથે ઊભેલી હતી. આ તેજ ઐતિહાસિક મસ્જિદ છે જેને આબાદ તેજ સ્થળે બનાવવામાં આવી છે. જ્યાં આજથી ચઉદ સો વરસ પહેલાં, ગઝવએ-તબૂક પ્રસંગે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઉતારા માટે તંબૂ ઠોકવામાં આવ્યો હતો. નમાઝીઓ ટોળેટોળાં વળીને આવી રહ્યા હતા. મસ્જિદમાં કદમ મૂકયો તો દિલને અજીબ આનંદ અને શાંતિનો એહસાસ થયો. જાણે મંઝિલ મળી ગઈ છે અને મુરાદો બર આવી છે. થોડી વારમાં મસ્જિદ મુસલ્લીઓથી એવી રીતે ચિકાર થઈ ગઈ જેવી રીતે રાણની કાંકરીઓ પેઠે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિરાટ લશ્કરથી આ મેદાન ચિકાર થઈ ગયું હતું.

નમાઝીઓ ''તહિય્યતુલ-મસ્જિદ'' અદા કરીને કલામે-પાકની તિલાવતમાં મશગૂલ થઈ ગયા. સુઊદી અરબનો આ રિવાજ દિલને ગમી જાય એવો છે કે મુસલ્લીઓ મસ્જિદમાં દાખલ થઈને તહિય્યતુલ-મસ્જિદ અદા કરે છે અને તરત કુર્આનની તિલાવતમાં લાગી જાય છે. ન દુનિયાની વાતો છે ન કોઈ જાતનો શોરબકોર છે. ન આપસમાં ગુસપુસ કરે છે બસ ચુપચાપ બેસીને ખામોશીથી કુર્આન પઢતા રહે છે. અને જ્યારે ઈકામત થાય છે તો અદબથી ઊભા થઈને સફોમાં ગોઠવાઈ જાય છે.

શરૂઆતમાં આ મસ્જિદે-રસૂલ લાકડાંથી બનાવેલી હતી. આજથી દોઢ સો વરસ પહેલાં ઈ.સ. ૧૨૭૫માં એક તુર્ક ફોજી ઓફીસરે અહીં પથ્થરની એક મસ્જિદ બનાવી હતી. હવે સુઊદી અરબની ગર્વમેન્ટે હુકુમતે ખુબસૂરત ડિઝાઈન, દિલકશ નકશો-નિગાર સાથે પાએદાર, મજબૂત, આલીશાન મસ્જિદ બનાવી છે.

મસ્જિદના ઈમામ સાહેબનો ચેહરો ઈલ્મો-અમલના નૂરથી રોશન હતો. સામેના કબાટોમાં મુસ્હફ શરીફ મૂકેલા હતાં. ચૂપચાપની તસવીર જેવા નમાઝીઓ, મંદમંદ મીઠા અવાજો, નૂરાની વાતાવરણ, ગંભીર સન્નાટો, મસ્જિદે-રસૂલની અઝમત અને ઉપરથી એજ સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો તંબૂ અને સાથે આપના સહાબાના લશ્કરની કલ્પના........આ બધી વાતોએ મળીને અમારા દિલો પર ''નૂરો-હુઝૂરો-સુરૂર''ની કૈફીયત જન્માવી દીધી.

એક-એક કરીને નમાઝીઓ ચાલ્યા ગયા. અમે શા માટે ચાલ્યા જતે......? અમે તો વધુથી વધુ સમય અહીં જ બેસીને વીતેલા યુગના સ્મરણમાં ગાળવા માગતા હતા. વીતેલો એ કયો યુગ હતો ? એ તે યુગ હતો જ્યારે સિપહસાલારે-આ'ઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આક્રમણખોર દુશ્મનથી દબાઈ જવાને બદલે તેનો પડકાર ઝીલી લીધો હતો. અને મર્દે-મેદાન પેઠે પોતાના સહાબાના લશ્કર સાથે તબૂકમાં પધારીને તેજ સ્થળે પોતાનો તંબૂ ઠોકી દીધો જ્યાં અત્યારે અમે બેઠેલા છીએ.''

માનવંતા વાંચકો ! એજ મુબારક તંબૂની જગાએ બાંધેલી ''મસ્જિદે-રસૂલ''ની તસવીરના દીદારથી આપ પણ પોતાના દિલોમાં ''નૂરો-હુઝૂરો-સુરૂર''ની કૈફીયત જન્માવી શકો છો. આ તસવીરો ખાસ પરવાનગીથી અમે મેળવી છે અને મોટા ખરચે છપાવીને વાંચકને ઘર બેઠાં એની ઝિયારત કરાવવાનું સદ્‌ભાગ્ય હાસિલ કર્યું છે.

જે યુગની વાત ચાલે છે તે સમયે તબૂક એક નાનકડા કસબા જેવું ગામડું હતું. અહીંની ઉજ્જડ ધરતી પર ઝૂંપડાં જેવાં છૂટાં છવાયાં મકાનો હતાં. ન આજના જેવી લીલીછમ હરિયાળી હતી, ન મનોરમ્ય બાગબગીચા હતા, ન આંખોને ઊડીને વળગે એવાં નયન-મનોહર દ્રશ્યો હતાં. તે સમયના તબૂકની અને આજના તબૂકની

Maktabe Ashraf

કલ્પના કરી લો અને વિચાર કરો કે કોના મુઅજિઝાની બરકતથી આટલો મોટો ઇન્કેલાબ આવી ગયો અને કોણે એની પેશીનગોઇ ફરમાવી હતી !

મસ્જિદે-રસૂલની બાંધણીની રૂપરેખા— ———પ્રોફેસર "અબ્દ" સાહેબ "હરમે-મદીનહ"માં લખે છે : રાતે ઇશાની નમાઝ અમે "મસ્જિદે-રસૂલ"માં અદા કરી હતી. બીજા દિવસે ઝુહરની નમાઝ માટે મસ્જિદે-રસૂલમાં જવાનું ઠરાવ્યું. જેવા જ હોટેલમાંથી નીકળ્યા કે ગરમીના સપાટાએ અમારો સત્કાર કર્યો. સૂરજ આગ વરસાવી રહ્યો હતો. અમે વાતો કરતા મસ્જિદમાં પહોંચી ગયા. ઝુહરની નમાઝથી ફારિગ થઇને મસ્જિદની રૂપરેખાના દીદારથી અમે પોતાની આંખો રોશન કરી. આ નૂરાની મસ્જિદ તેજ જગાએ છે જ્યાં તબૂકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો તંબૂ હતો. મસ્જિદની આ નવી ઇમારત સુઊદી અરબના શહીદ થયેલા બાદશાહ ફૈસલ બિન અબ્દુલ-અઝીઝે બનાવી છે. ૧૩૯૩ હિજરીમાં તુર્કીના ઉસ્માની સુલતાને બાંધેલી જૂની મસ્જિદની જગાએ નવી મસ્જિદ બાંધવાનો શાહ ફૈસલે હુકમ ફરમાવ્યો હતો.

આ પાકી, સુંદર, આલીશાન, નૂરાની મસ્જિદ આસરે ૨૦ મીટરના વિસ્તારમાં આવેલી છે. એની ચોમેરદમ ચારે દિશાએ ઊંચો ચબૂતરો બનેલો છે. વાહનો માટે પાર્કિંગની ઉત્તમ વ્યવસ્થા છે. બહારથી જોનારને મસ્જિદ બે માળની લાગે છે પણ તેવું નથી. અસલમાં મસ્જિદની છત બહુ ઊંચી અને શાનદાર કારીગરીથી બનાવવામાં આવી છે. જમણી તરફ સુંદર વુઝૂખાનાઓની પાસે જૂના જમાનાની યાદગાર જેવાં ઝાડો જેમના તેમ કાયમ રાખવામાં આવ્યાં છે. સામે મસ્જિદનો ઊંચો સદર દરવાજો છે. એનાં કેટલાંક પગથિયાં ચઢીને મસ્જિદમાં દાખલ થવાય છે.

મસ્જિદના આ સદર દરવાજાની ડાબી તરફ શાનદાર મીનારો આવેલો છે. એ બહુ ઊંચો નથી. એકદમ સાદો છે પણ બહુ દોરવાળો અને આંખોને ગમી જાય એવો છે. એની ઉપર ચઢીને અઝાન પોકારનાર માટે છત્રી જેવો શેડ છે. મીનારાના નીચલા ભાગમાં ચારે તરફ લાંબી નકશીદાર જાળીઓ બનાવેલી છે. અમારા સાથી સુલૈમાન દમિશ્કીએ કહ્યું, "આ મસ્જિદ જંગે-તબૂકની અમર યાદગાર છે અને અલ્લાહના રસ્તામાં જિહાદ કરનારાઓને કિયામત સુધી જિહાદની પ્રેરણા આપતી રહેશે." રાતે અને સવારે વીજળીના બિલ્લોરીન ગોળાઓના દૂધિયા પ્રકાશથી આખી મસ્જિદ ઝળઝમાણ થઇ રહે છે.

એ પછી અમે બધાએ કુર્આન ખોલીને સૂરએ-તવબહનું વાંચન કર્યું. જંગે-તબૂકના બયાનમાં કુર્આન ફરમાવે છે:

- ——— "સાચી વાત આ છે કે અલ્લાહએ મુસલમાનો પાસેથી તેઓની જાનો અને તેઓનો માલ જન્નતના બદલામાં ખરીદી લીધો છે. તેઓ માટે જન્નતનો પાકો વાયદો અલ્લાહએ આપી દીધો છે." (આયત ૧૧૧)
- ——— "અલ્લાહના દરબારમાં એવા જ લોકોનો ઊંચો દરજ્જો છે જેઓ ઇમાન લાવ્યા. અને જેઓએ તેના રાહમાં ઘરબાર છોડયાં. અને પોતાના જાનમાલથી જિહાદ કર્યો. એજ લોકો કામયાબ છે." (આયત ૨૦)
- ——— "અલ્લાહ તેઓથી રાજી થયો અને તેઓ અલ્લાહથી રાજી થયા. એમના માટે એવા બાગબગીચા તૈયાર કરેલા છે જેની નીચે નહેરો વહેતી હશે. અને તેઓ હમેશા તેમાં જ રહેશે."

સુપર પાવરના ગગડી ગયેલા હાંજા----- —— રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તબૂકના

Maktabe Ashraf

ઝરણા પાસેથી પોતાના લશ્કર સાથે રવાના થઈને તબૂકના એક ખુલ્લા મેદાનમાં આવી ગયા. અહીં આપના આરામ માટે એક તંબૂ ઊભો કરી દેવામાં આવ્યો. આ તેજ જગા છે જ્યાં આજે મસ્જિદે-રસૂલની શાનદાર ઈમારત ઊભેલી છે. આપના તંબૂની સાથે જ આખું મેદાન જોતજોતામાં તંબૂઓનું અઝીમુશ-શાન શહેર બની ગયું. એજ મેદાનમાં આપે આક્રમણખોર દુશ્મનનો મુકાબલો કરીને હારજીતનો સંગ્રામ ખેલી લેવાનો ફેસલો કર્યો. એ કોઈની ભૂમિ પર ચઢાઈ કરીને બળજબરીથી કબજો કરી લેવાનો સંગ્રામ ન હતો બલકે પોતાના બચાવ માટે અલ્લાહના રસ્તામાં જિહાદ કરવાનો કુર્આની હુકમ હતો. આ હુકમ પર આપે એવી રીતે અમલ કર્યો કે પ્રથમ પોતાના અલ્લાહની મદદ પર મુકમ્મલ ભરોસો કર્યો. એ પછી દુશ્મન સાથે ટક્કર લઈ શકાય તેટલું લડાયક બળ ભેગું કર્યું. એ પછી દુશ્મનના હોંશ ગગડાવી નાખે તેવું લશ્કર તૈયાર કર્યું અને દુશ્મન મદીનહ પર ચઢી આવે તે પહેલાં વીજળીની ઝડપથી કૂચ કરીને દુશ્મનને માથે પહોંચી ગયા અને સામથી છાતીએ દુશ્મનોને લલકાર્યા કે "હા, હિંમત હોય તો મર્દ-મેદાન પેઠે આગળ બઢો અને મેદાને પડીને અમારો મુકાબલો કરો !"

અલ્લાહના આખેરી નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ પડકાર વીજળી બનીને દુશ્મનને માથે ત્રાટકી પડયો. જાણે વીજળીનો એક કડાકો હતો જેણે દુશ્મનોની હિંમતની કમર તોડી નાખી. તેઓના હોંશ ગગડી ગયા. એવું લાગ્યું જાણે દુશ્મનને સાપ સૂંઘી ગયો છે. લશ્કરીઓની સાથે કમાન્ડરોની હિંમતે પણ જવાબ આપી દીધો. ચુપચાપ અહીંથી સરકી જવામાં જ તેઓને પોતાની સલામતી લાગી.

ગઝવએ-તબૂકની તૈયારી વેળા મદીનહમાં મુનાફિકો મુસલમાનોને અટકાવતા હતા અને કહેતા હતા, "અરે જોતા નથી, કેટલો બળબળતો ઉનાળો છે ! આટલા સખત તાપમાં હરગિઝ નીકળવું નહિ" : લા તન-ફિરૂ ફીલ-હર્રે. તરત અલ્લાહ તઆલાએ ચેતવણી રૂપે મુનાફિકોને ધમકાવ્યા, "હે નબી ! આ લોકોને કહી દો, જહન્નમની આગ એનાથી વધારે ગરમ અને આકરી છે" કુલ નારુ જહન્નમ અશદ્દુ હર્રન.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને આપના લોખંડી મનોબળના સિંહ જેવા સહાબાએ આગ જેવી ગરમીમાં લગાતાર પંદર દિવસનો પ્રવાસ કર્યો. મુસીબતો ઝીલી. ભૂખ-તરસની તકલીફો વેઠી. પહાડો. ખાઈઓ, રણો અને જંગલો ખૂંદયાં. તેઓની આ બહાદુરીનું ઈનામ અલ્લાહ તરફથી એવા રૂપમાં મળ્યું કે સુપર પાવરની જે ફોજો ઈસ્લામને કચડી નાખવા અને મદીનહને તારાજ કરવા એકત્ર થઈ હતી, ઈસ્લામી લશ્કરની વીજળી જેવી ઝડપ, સિંહો જેવી બહાદુરી અને આ પાર કે પેલે પારનો નિર્ણય જોઈને માથાથી પગ સુધી થથરી ઊઠી. ઈસ્લામી લશ્કરને અચાનક પોતાના માથે ચઢી આવેલું જોઈને તેઓના હોંશ ગગડી ગયા. લાખોની ફોજ જોતજોતામાં એવી રીતે વિખેરાઈ ગઈ જેમ પવનના સુસવાટાઓથી રેતીના ઢગલા વિખેરાઈ જાય છે. ચુપચાપ પલાયન થઈ જવામાં જ તેઓને પોતાની સલામતી લાગી. આ રીતે જગતના સુપર પાવરનો ખતરો ટળી ગયો અને પૂરા અરબ ખંડમાં ઈસ્લામી પાવરને પડકાર ફેંકનારી કોઈ તાકત બાકી નહિ રહી.

લોહીનું ટીપું નહિ રેડાવું જોઈએ———— "જિહાદ"નો શબ્દ કાને પડતાં જ એક બિનમુસ્લિમના મગજમાં "તલવાર"નો ચમકાર થઈ જાય છે. એ પછી મારામારી અને કાપાકાપીનું દ્રશ્ય તેની આંખ સામે ખડું થાય છે. પછી તે જુએ છે કે મુસલમાનોની તલવારોથી લાશો પર લાશો ઢળીને ખાકો-ખૂનમાં તરફડિયાં મારી રહી છે.

ઈસ્લામી જિહાદનું આ સાંગોપાંગ ખોટું ચિત્ર છે. શું કરવું ? યહૂદ-નસારા અને ઈસ્લામના દુશ્મનોએ

Maktabe Ashraf

પ્રોપેગેન્ડાના જાદૂથી દુનિયાના બિનમુસ્લિમોને એવું જ ઠસાવી દીધું છે. એ લોકોએ પોતે પેલેસ્ટાઇનમાં, અફઘાનિસ્તાનમાં, બોસનિયામાં, ચેચેનિયા વગેરેમાં માસૂમ મુસલમાનોની પાર વગરની લાશો ઢાળી દીધી છે અને તેની ઉપર પ્રોપેગેન્ડાના જાદૂનો પરદો નાખી દીધો છે. આ કારણે લાખોની સંખ્યામાં કતલ થયેલા મુસલમાનો પ્રત્યે લોકો હમદર્દીના બે બોલ પણ બોલતા નથી. હકીકત આ છે કે બિનમુસ્લિમો ઇસ્લામી જિહાદનો અર્થ જ સમજી શકયા નથી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિકમતે-અમલી એવી હતી કે સાપ પણ મરે અને લાઠી પણ નહિ તૂટે. દુશ્મનના મુકાબલા વેળા આપ એવી વ્યૂહરચના ગોઠવતા હતા કે કાપાકાપી વગર એવી રીતે ફતેહ મેળવી લેવામાં આવે કે દુશ્મનના સિપાહીનું પણ લોહીનું ટીપું રેડાવા નહિ પામે. આપ દિલથી ચાહતા હતા કે બંને પક્ષે ઇન્સાનોની જાનોની ખુવારી નહિ થવા પામે. આપ અલ્લાહના પયગમ્બર હતા. શાંતિ અને સલામતીના ઝંડાધારી હતા. માનવજાતિ જ નહિ, જાનવરો સુધ્ધાં પર આપની દયાનો ધોધ વહેતો હતો. આપ રહમતુલ-લિલ-આલમીન હતા. અલ્લાહ તઆલાએ આપને સકળ માનવજાતિ માટે રહમતના પયગમ્બર બનાવીને મોકલ્યા હતા. ફત્હે-મક્કહ પ્રસંગે આપની કોશિશ હતી કે કઅબહના હરમમાં ખૂનરેઝી નહિ થવા પામે. ઇન્સાની જાનોને જરા જેટલી હાનિ નહિ પહોંચે. આપની એ જ હિકમતે-અમલીનો ચમત્કાર હતો કે કટ્ટરપંથી મક્કહનું ત્રાસવાદી શહેર લોહીના ટીપાં વગર ફતેહ થઇ ગયું.

એજ યુધ્ધ-નીતિ આપે જંગે-તબૂકમાં અપનાવી હતી. એજ નીતિની બરકતથી એજ હેતુ આપે તબૂકમાં પોતાની ચંચળબુધ્ધિથી મેળવી લીધો. આપે સ્વબચાવ અને દૂરંદેશીની સાબિતી આપીને પોતાનું ભરપૂર બળ એકત્ર કરી લીધું. ટોચની ચપળતા અને વીજળીની ગતિથી લોન્ગ માર્ચ કરતા તબૂક પહોંચ્યા અને દુશ્મનના છેક સીના પર સવાર થઇ ગયા. આપે કમાલના બુધ્ધિબળ અને જંગી વ્યૂહરચનાથી કામ લઇને રોમન સામ્રાજ્યને મોકો જ નહિ આપ્યો કે તે પોતાની ફોજોને લઇને મુકાબલો કરે !

ઇસ્લામી લશ્કર પૂરા ત્રણ અઠવાડિયાં સુધી તબૂકના મેદાનમાં છાવણી નાખીને બિરાજમાન રહ્યું. લેકીન ગસ્સાનની ફોજો વેરવિખેર થઇને શામના કિલ્લાઓમાં ભરાઇ ગઇ અને રોમની ફોજો પોતાના વતન તરફ નીચી મૂંડીએ હાલી નીકળી. એમાં જ તેઓને પોતાની અને પોતાના બાલબચ્ચાંઓની સલામતી લાગી. આ રીતે મુજાહિદ ગાઝીઓની હૈબતથી દુનિયાના સુપર પાવરનો પહાડ પોતાની જગાએ સમેટાઇને રાયતનો ઢગલો બની ગયો.

રાજા નવાબોના મંડળો દરબારે-નબવીમાં————અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઇસ્લામી લશ્કર સાથે હજુ તબૂકમાં જ બિરાજમાન હતા કે ખ્રિસ્તી અને અરબ કબીલાઓના મંડળોનું દરબારે-નબવીમાં આગમન શરૂ થઇ ગયું. સૌથી પહેલાં તબૂકની સરહદને સીમાડે આવેલા ''ઐલહ'' પ્રદેશના કબીલાનું મંડળ હતું. એજ ઐલહનું બાઇબલમાં ''ઇલાત'' નામે વર્ણન થયેલું છે. આજે એજ ઇલાતનું નવું નામ ''અકબા'' છે.

ઐલહના મંડળનો યુહન્ના બિન રઉબહ નામે મહારાજા સૌથી આગળ-આગળ હતો. તેણે રાજા-નવાબોને છાજે તેવો ભપકાદાર પોશાક પહેરેલો હતો. માથે તાજ પણ સજાવેલો હતો. તેના સીના પર લટકેલો ખ્રિસ્તી ધર્મનો સોનાનો ક્રોસ શોભી રહ્યો હતો. સહાબાએ તેને દરબારે-નબવીમાં હાજર થવાની પરવાનગી આપી. ઇસ્લામી લશ્કરના સિપહસાલારે-આ'ઝમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેને ઉમળકાભેર, હસતે ચેહરે ભાવભીનો

Maktabe Ashraf

આવકાર આપ્યો. બહુ હેતથી તેને પોતાની પાસે બેસાડી લીધો. માયાની લાગણીથી તેના અને બાલબચ્ચાંની ખૈરિયતના સમાચાર પૂછ્યા. એ આપની ઉદારતા, રહમદિલી અને મઝહબી રવાદારીનો બોલતો પુરાવો હતો.

ઐલહના મહારાજા યુહન્ના બિન રઉબહના દરબારી સાથીઓએ રેશમી કાપડના તાકા, અનેકવિધ નાયાબ ચીજો, સૂકા મેવા અને તાજાં ફળોની ટોકરીઓ હદિયા તરીકે એક-એક કરીને દરબારે-નબવીમાં પેશ કરી. માનવંતા સહાબા આ બધી કાર્યવાહી હયરતભરી નજરે જોઈ રહ્યા હતા. અલ્લાહની ધરતી પર એક નવો ઇતિહાસ સર્જાઈ રહ્યો હતો. માત્ર સહાબા જ નહિ, આસમાનોના પર્દાઓમાંથી જિબ્રીલે-અમીન પણ પોતાની નજરે આ દ્રશ્ય જોઈને હયરત પામી રહ્યા હતા.

ઐલહના મહારાજા યુહન્નાએ એક સફેદ ખચ્ચર શહેનશાહે-દો-આલમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હદિયા તરીકે પેશ કર્યું. જવાબમાં આપે પોતાના નૂરાની બદન પરથી પોતાની મુબારક ચાદર ઉતારીને યુહન્નાને ભેટ તરીકે આપી. એ પછી યુહન્ના અને તેના કબીલા માટે એક ''અમાન-નામું''નું લખાણ કરાવવામાં આવ્યું અને બંને પક્ષની સંમતિથી વારસિક ત્રણ સો દીનાર (એટલે સોના મહોરો)નો રક્ષણ-વેરો નક્કી થયો. એ પછી આ મંડળને માનપાનથી રૂખ્સત કરવામાં આવ્યું.

આ મંડળ વરસાદનો પહેલો છાંટો સાબિત થયું. એ પછી આસપા.ને મંડળોનો વરસાદ વરસાવી દીધો.. અલ્લાહના રસૂલની રહમદિલી અને ઉદારતાએ તબૂકની આસપાસના પ્રદેશોમાં ધૂમ મચાવી દીધી અને તેની ખ્યાતિ દૂર-દૂરના પ્રદેશો સુધી પહોંચી ગઈ. અને મંડળોના આગમનની પરંપરા લાગી ગઈ. ઉમાનના ઇલાકાઓમાંથી જરબાદની વસતિઓના લોકોનું મંડળ આવી લાગ્યું. એમનાથી ત્રણ માઈલ છેટે વસનારા અઝરોહની વસતિના લોકોએ પણ રક્ષણ-વેરાની શરતે શરણાગતિ સ્વીકારી લીધી. એમની આબાદી એક સો ખાનદાનો પર છવાયેલી હતી. એ બધાએ વારસિક એક સો દીનાર રક્ષણ-વેરો આપવાનું કબૂલી લીધું. મંડળોની પરંપરા ઇસ્લામી લશ્કરની મદીનહ વાપસી પછી પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત સુધી ચાલુ રહી.

અલ્લામા ઇબ્ને સઅદે પોતાના ''તબકાતે-કુબરા'' નામે ગ્રંથમાં આ મંડળોનું વર્ણન પૂરા એક સો પાનાંઓમાં કરેલું છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ બધાને જાનની આઝાદી આપી. ઇજ્જત આબરૂની આઝાદી આપી. માલ સામાન અને વેપારની આઝાદી આપી. મઝહબની આઝાદી આપી. મઝહબી રીત રિવાજો અને બંદગીની આઝાદી આપી. રોમન સામ્રાજ્યના ઝુલ્મો-સિતમની ચક્કીમાં પીસાતી રૈયતને આઝાદીના વાતાવરણમાં શ્વસતી કરી દીધી.

તબૂકના ઉપસંહારને સંકેલી લેવા પહેલાંની વાત કરીએ તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઇસ્લામી લશ્કર સાથે ત્રણ અઠવાડિયાં તબૂકમાં બિરાજમાન રહીને દુશ્મનનો ઇન્તેઝાર કરતા રહ્યા. મગર કોઈ મુકાબલા માટે નહિ આવ્યું. એ દરમિયાન હઝરત ખાલિદ બિન વલીદ રદિયલ્લાહુ અન્હુ આપના હુકમથી દૂમતુલ-જન્દલના બાદશાહને પરાજિત કરીને તેના દેશ પર ઇસ્લામી ઝંડો લહેરાવી આવ્યા હતા. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સહાબાએ-કિરામને સલાહ-મંત્રણા માટે ભેગા કરીને ફરમાવ્યું, ''કહો હવે શું કરવામાં આવે ?''

હઝરત ઉમર ફારૂકે-આ'ઝમ રદિયલ્લાહુ અન્હુએ અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! અગર આપને આગળ વધીને ચઢાઈ કરવાનો હુક્મ મળ્યો હોય તો અમે દિલોજાનથી હાજર છીએ.''

Maktabe Ashraf

"નહિ." આપે ફરમાવ્યું, "અલ્લાહ તઆલા તરફથી મને કોઈ હુકમ મળ્યો નથી. આમ હોત તો સલાહ શા માટે લેતે !"

"ત્યારે યા રસૂલલ્લાહ !" હઝરત ઉમરે અરજ કરી, "બેહતર એજ છે કે આપણે મદીનહ તરફ પાછા વળી જઈએ. અલ્લાહ તઆલાએ આપણા હેતુમાં કામયાબી આપી દીધી છે. ફકત આપણો દુશ્મન જ દુમ દબાવીને ભાગી નથી ગયો બલકે દુનિયાભરના લોકોએ આપણી રાજદ્વારી સર્વોપરિતાનો સ્વીકાર કરી લીધો છે."

"બેશક," આપે ફરમાવ્યું, "લડાઈને બને ત્યાં સુધી ટાળી જ દેવી જોઈએ." કુર્આનમાં છે :

"બેશક જેણે એક ઈન્સાનનું નાહક ખૂન કર્યું તેણે જગતના તમામ ઈન્સાનોનું ખૂન કરી નાખ્યું.

અને જેણે એક ઈન્સાનને સજીવન કર્યો તેણે જગતના તમામ ઈન્સાનોને સજીવન કરી દીધા." (માઈદહ આયત ૩૨)

—ખત્મ શુદ—

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૯

તબૂકમાં ગેરહાજર રહેલા ત્રણ સહાબાની કથા

પાછળ રહેલા ગૃહસ્થો વિષે હુકમ • હઝરત કઅબની આપવીતી • તબૂકમાં ઢીલનું કારણ: ફકત આળસ • બહાનું નહિ ફકત સુસ્તી • કઅબની સાફગોઇ અને સચ્ચાઇ • કઅબની આકરી કસોટી • એક ઈબ્રતનાક ઘટના • ગસ્સાનના બાદશાહનો કાગળ • બીબીથી અલગ રહેવાનું ફરમાન • અલ્લાહ તરફથી માફીની બશારત • મુબારકબાદ અને ધન્યવાદ • કઅબની દરબારે-નબવીમાં હાજરી • સચ્ચાઇના પ્રતાપે મળેલી સરફરાઝી.

પાછળ રહેલા ગૃહસ્થો વિષે હુકમ————ઈબ્ને ઈસ્હાક કહે છે : તબૂકથી હેમખેમ પાછા ફરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ તશરીફ લઈ આવ્યા. મુનાફિકોનું એક જૂથ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે જંગે તબૂકમાં શામિલ થયું ન હતું. એ લોકો જાતજાતના બહાના બનાવીને પોતાના ઘરોમાં પડી રહ્યા હતા. એવી જ રીતે ત્રણ મુસલમાન ગૃહસ્થો એટલે હઝરત કઅબ બિન માલિક અને હઝરત મુરારહ બિન રબીઅ અને હઝરત હિલાલ બિન ઉમૈયહ પણ પાછળ રહી ગયા હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે જંગમાં શામિલ થયા ન હતા. પણ એમના ઈસ્લામમાં ન તો કોઈ શંકા હતી ન એમના ઈમાનમાં નિફાકનો છાંટો સરખો હતો.

મદીનહ પધારવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને સંબોધીને ફરમાવ્યું:

"લા તુકલ-લિમન્ન અહદમ મિન હાઉલા-ઈસ-સલાસહ."

અર્થાત : તમારે એ ત્રણેમાંથી કોઈ એકની સાથે પણ વાતચીત કરવી નહિ.

મદીનહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પધરામણી થતાં જ મુનાફિક લોકો આપની તહેનાતમાં હાજર થઈ થઈને બહાના કાઢવા લાગ્યા અને કસમો ખાઈ-ખાઈને પોતાની લાચારી તથા પસ્તાવો જાહેર કરવા લાગ્યા. આપે તેઓ પ્રત્યે દરગુજરની નીતિથી કામ લીધું. પણ તેઓ લાચાર કે મજબૂર ન હતા. છતાં આપે તેઓને ન ઠપકો આપ્યો ન મુસલમાનોને તેઓ સાથે બોલવાથી રોકયા. આપે તેઓના જાહેરનો સ્વીકાર કરીને તેઓ માટે મગફિરતની દુઆ માગી અને તેઓના બાતિનને અલ્લાહને હવાલે કરી દીધું.

બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ મદીનહના તમામ મુસલમાનોએ પાછળ રહી ગયેલા ત્રણે ગૃહસ્થો સાથે વાતચીત કરવાનું કે સલામ-કલામ કરવાનું સદંતર બંધ કરી દીધું. સંબંધો કપાઈ જવાથી ત્રણે ગૃહસ્થોએ પોતપોતાના ઘરનો ખૂણો પકડી લીધો.

Maktabe Ashraf

હઝરત કઅબની આપવીતી[1]————ઇબ્ને ઇસ્હાક કહે છે : ઇમામ મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરીની રિવાયત મુજબ હઝરત કઅબ બિન માલિકના એક પુત્રનું નામ અબ્દુલ્લાહ હતું જેઓ પોતાના પિતા કઅબ બિન માલિકને——તેમની આંખોની રોશની ચાલી જવાને કારણે દોરીને ચાલ્યા કરતા હતા. એ અબ્દુલ્લાહનું બયાન છે :

"મેં મારા અબ્બાજાન કઅબ બિન માલિકને, જંગે-તબૂકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે શામિલ ન થવા અંગે, તેમનો પોતાનો અને તેમના બંને સાથીઓનો કિસ્સો બયાન કરતાં સાંભળ્યા છે. આ બનાવ અંગે બાપુજીએ પોતાની આપવીતી પોતાને મુખે વર્ણવી છે અને તેને મેં પોતાને કાને સાંભળી છે.[2]

બાપુજીએ આપવીતીની શરૂઆત કરતાં ફરમાવ્યું : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કુફ્ફાર સામે જેટલા યુધ્ધો ખેલ્યાં એમાંના કોઈ એકમાં પણ હું કદી પાછળ રહ્યો નથી. દરેક લડાઈમાં અચૂક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પડખે જ રહ્યો છું. અલબત્ત જંગે-બદ્રમાં જરૂર હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે શામિલ થયો ન હતો. તે વેળા જેટલા મુસલમાનો જંગે-બદ્રમાં શામિલ નહિ થયા તેઓને અલ્લાહએ અને તેના રસૂલે કોઈ ઠપકો નહિ આપ્યો હતો. તેનું કારણ આ હતું કે જંગે-બદ્રમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુરૈશના વેપારી કાફલાને માત્ર અટકાવવાને ઈરાદે નીકળ્યા હતા. પણ બાદમાં અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને અને કુરૈશના લશ્કરને કોઈ ચોક્કસ સમય કે સ્થળ નક્કી કર્યા વગર, બદ્રની ભૂમિમાં આમને-સામને કરી દીધા હતા. આ રીતે બંને પક્ષ વચ્ચે ઓચિંતુ યુધ્ધ જામ્યું હતું. ઈસ્લામની શરૂઆતમાં અકબાહ સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરનારાઓમાં હું પણ શામિલ હતો. તે વેળા અમે બધાએ ઈસ્લામની પ્રતિજ્ઞા લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર પોતાની જાનો કુરબાન કરી દેવાનું વચન આપ્યું હતું. મારી માન્યતામાં અકબહની બૈઅતનો પ્રસંગ વધુ મહત્વનો હોવાથી તેના મુકાબલે જંગે-બદ્રને હું શ્રેષ્ઠતા આપતો ન હતો. જો કે અકબહને મુકાબલે બદ્રની લડાઈએ વધુ ખ્યાતિ મેળવી લીધી."

તબૂકમાં ઢીલનું કારણ ફકત આળસ————બાપુજીએ પોતાની વાત ચાલુ રાખતાં ઉમેર્યું: "હવે જંગે-તબૂક વેળા હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે કેમ નહિ ગયો અને કેમ પાછળ રહી ગયો તેનું કોઈ કારણ કે બહાનું મારી પાસે ન હતું. હું ચોક્કસ રીતે જાણતો હતો કે મારી પાસે કોઈ વસ્તુની કમી નથી. તે વેળા હું જેટલો મજબૂત, ખુશહાલ અને ખમતીધર આસામી હતો, અગાઉ કયારેય ન હતો. આથી પહેલાં બે ઊંટણીઓ મારી પાસે એકી વેળા કદી ભેગી થઈ ન હતી. પણ જંગે-તબૂક વખતે બબ્બે ઊંટણીઓ મારી પાસે મવજૂદ હતી છતાં હું નહિ ગયો.

વળી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે જ્યારે ય આપ કોઈ જંગ માટે જવાનો ઈરાદો ફરમાવતા તો કયાં જવાનું છે અને કઈ દિશાએ જવાનું છે તેને ગુપ્ત રાખીને બીજી દિશાએથી આપ

---

1. હઝરત કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનીતા સહાબી હતા. અરબી ભાષાના મોટા જ્ઞાની અને સિધ્ધહસ્ત શાઈર હતા. પોતાની છટાદાર અને અલંકારી શાઈરીમાં દુશ્મન શાઈરોને જડબેસલાક જવાબ આપીને તેઓના દાંત ખાટા કરી દેતા હતા. "હ"

૨. મોટી ઉંમરે પહોંચવા પછી હઝરત કઅબની આંખોની રોશની ચાલી ગઈ હતી. અને એમના બેટા હઝરત અબ્દુલ્લાહ બિન કઅબ એમને દોરીને ચાલ્યા કરતા હતા. "હ"

Maktabe Ashraf

રવાના થતા. પરંતુ તબૂક વેળા નિયમ વિરૂધ્ધ આપે ખુલ્લા શબ્દોમાં તેની જાહેરાત કરી દીધી હતી. કેમકે કાળઝાળ ગરમીના પ્રચંડ ઝંઝાવાતમાં આપે જવાનો નિર્ણય લીધો હતો. દૂર દરાજની સફર હતી, દુશ્મનોની મોટી સંખ્યા સાથે મુકાબલો હતો. જેથી મુસલમાનો પૂરી રીતે તૈયારી કરી લે. વળી આ વેળા જે દિશાએ આપે પ્રવાસ ખેડવાનો હતો તેની પણ આપે સાફ શબ્દોમાં ચોખવટ કરી દીધી હતી અને જેટલા મુસલમાનો આપની સાથે સફર કરવાના હતા તેઓની સંખ્યા બેશુમાર હતી. તેઓના નામોની નોંધણી કે યાદી તૈયાર કરવી બેહદ કઠિન કામ હતું અને સમય પણ તેટલો ન હતો.

જે લોકોએ આ જંગથી ગેરહાજર રહેવાનું નક્કી કર્યું હતું તેઓ એમ જ ધારતા હતા કે, જો અમે નહિ ગયા તો આટલા મોટા લશ્કરમાં અમારી ગેરહાજરીની કોઈને ખબર પડવાની નથી. સિવાય કે અમારા વિશે કુર્આનની કોઈ આયત ઊતરે અને અમારો ભેદ જાહેર થઈ જાય ! વળી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ જંગનો નિર્ણય એવા સમયે લીધો હતો જ્યારે કે વાડીઓમાં ઝાડો પર ફળો પાકી ચૂકયાં હતાં અને લોકોને ઝાડોના સાયા હેઠળ આરામ કરવાનું કે સમય ગુજારવાનું ખૂબ ગમતું હતું.

બહાનું નહિ, ફક્ત સુસ્તી——સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તૈયારી શરૂ કરી અને આપની સાથે લોકોએ પણ તૈયારી કરવા માંડી. હું રોજ સવારે વિચાર કરતો કે મારે પણ તૈયારી કરી લેવી જોઈએ. પણ પછી કોઈ ન કોઈ કામ નીકળી આવતું ત્યારે હું મનમાં બોલી ઊઠતો, ''અરે ભાઈ! ઉતાવળની શી જરૂર ! એ તો હું ધારીશ ત્યારે ઝટપટ તૈયારી કરી નાખીશ.''

આ રીતે મારાથી સુસ્તી થતી રહી, ત્યાં સુધી કે લોકોએ પોતાના જરૂરી કામો આટોપી લઈને સફરની તૈયારી કરી નાખી અને પછી જે સવારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસલમાનો સાથે કૂચ કરવાના હતા ત્યાં સુધીમાં મારી કોઈ તૈયારી ન હતી. ત્યારે મેં વિચાર્યું કે આપની રવાનગીના બેએક દિવસમાં તૈયારી કરીને મારતી સાંઢણીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચી જઈશ.

હવે બધા રવાના થઈ ચૂકયા હતા. એજ દિવસે સવારના પહોરમાં સવારીની ખટપટ માટે હું મારા ઘરમાંથી નીકળ્યો. પણ રસ્તામાંથી જ પાછો વળી ગયો કેમકે એક જરૂરી કામ યાદ આવી ગયું હતું. બીજા દિવસે પાછો એજ હેતુએ હું ઘરમાંથી નીકળ્યો પણ ફરીવાર કાલે બન્યું હતું તેવું જ બની ગયું. રસ્તામાંથી પાછો વળીને ઘરે આવી ગયો. આ રીતે રોજ ઢીલ પર ઢીલ થતી રહી ત્યાં સુધી કે ઈસ્લામી લશ્કર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે સફરની મંઝિલો વટાવતું તબૂક પહોંચી ગયું. હવે જંગમાં શરીક થવાનો મોકો કે સમય મારા હાથમાંથી સરકી ગયો હતો. તેમ છતાં મેં નક્કી કર્યું કે સાંઢણીને વાયુ વેગે હંકારતો તબૂક પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચરણોમાં હાજર થઈ જઈશ. કદાચ જંગમાં શરીક થવાની તક મળી જાય તો નવાઈ નહિ, પણ અફસોસ! નસીબ બે ડગલાં પાછળ જ રહ્યું. મારી ઢીલીપોચી નીતિને કારણે હું કશું જ કરી શકયો નહિ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જવા બાદ હું ઉદાસ ચહેરે ઘરમાંથી નીકળીને મદીનહની ગલીઓમાં અહીંતહીં ઘૂમ્યા કરતો ત્યારે મને એવા જ લોકોના ચેહરા નજરે આવતા જેઓ કાં તો ધિક્કારાયેલા મુનાફિકો હોવાથી પાછળ રહી ગયા હતા અથવા કમજોરો, લાચારો કે વૃધ્ધો હતા. આવા લોકોને રસ્તામાં જોઈને મારા ખેદ અને આઘાતનો પાર ન રહેતો. મારી એક મોટી કમનસીબી એ હતી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમએ પણ તબૂક પહોંચી ગયા ત્યાં સુધીમાં મને બિલકુલ યાદ નહિ કર્યો ન રસ્તામાં મારી ગેરહાજરી અંગે કોઈ પૂછપરછ ફરમાવી. અલબત્ત તબૂક પહોંચવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લોકોની મજલિસમાં બિરાજમાન હતા તે વેળા આપે પૂછયું હતું, "કઅબ બિન માલિક કયાં છે ? તેનું શું થયું ?"

બનૂ સલિમહના એક માણસે કહ્યું હતું, "યા રસૂલલ્લાહ ! તેની ધારીદાર ચાદરોએ અને તેના અહંકારે તેને રોકી લીધો છે."

આ સાંભળીને મુઆઝ બિન જબલે તેને કહ્યું, "હે ભાઇ ! તમે બહુ નઠારા બોલો ઉચ્ચાર્યા છે. અલ્લાહના સોગંદ, યા રસૂલલ્લાહ ! અમે કઅબ બિન માલિકમાં ભલાઇ સિવાય કશું જોયું નથી."

આ સાંભળીને આપે મૌન ધારણ કર્યું હતું.

કઅબની સાફગોઇ અને સચ્ચાઇ————પછી જયારે મને ખબર પડી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તબૂકથી કૂચ કરીને વાપસ મદીનહ પધારી રહ્યા છે તો મારા દિલ પર ચિન્તા, ઉદાસી અને રંજો-મલાલની ધ્રુજારી પ્રસરવા લાગી. મારૂં મન એવી ચિન્તામાં ઘેરાઇ ગયું કે હવે કયું એવું બહાનું કાઢું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ખફગી કે નારાજીથી બચી જવા પામું ! આ બાબત અંગે મેં મારા કુટુંબના ઠરેલ વડીલોની સલાહ પણ લીધી. પછી જયારે મને સમાચાર મળ્યા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહની બિલકુલ લગોલગ પધારી ચૂકયા છે તો જેટલાં ખોટાં બહાનાં અને જેટલા શયતાની વસવસા મારા મનમાં હતા એ બધા મારા મગજમાંથી નીકળી જવા પામ્યા. અલ્લાહની મદદથી દિલનો આઇનો સ્વચ્છ થઇ ગયો અને મને સમજાઇ ગયું કે સચ્ચાઇ સિવાય હું બચી શકતો નથી. મેં પુખ્તા ઇરાદો કરી લીધો કે જે કંઇ બન્યું છે, સાચેસાચું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહી દઇશ.

છેવટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સવારના સમયે મદીનહમાં પધાર્યા. આપનો નિયમ હતો કે પ્રવાસેથી પધારતા તો સૌથી પહેલાં મસ્જિદમાં તશરીફ લઇ જતા. ત્યાં બે રકઅત નમાઝ અદા કરતા. નમાઝથી નિવૃત્ત થઇને મસ્જિદમાં જ બિરાજમાન રહેતા. લોકો અહીં મુલાકાત માટે આપની તહેનાતમાં હાજર થતા. આ વેળા પણ આપે એ નિયમનું પાલન કર્યુ. લોકો આપની મુલાકાત માટે આવવા લાગ્યા. મુલાકાતની બેઠક ચાલુ રહી તો જંગમાં પાછળ રહી જનારા, આપની તહેનાતમાં હાજર થવા લાગ્યા. એ લોકો કસમો ખાઇ-ખાઇને, સાચા-જૂઠાં બહાનાં કાઢતા રહ્યા. એવા લોકોની સંખ્યા એંસીથી નેવુ જેટલી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓના ઇમાનની કસમને વધાવી લેતા હતા. તેઓના બહાનાને માન્ય રાખતા હતા. તેઓ માટે માફી કે મગફિરતની દુઆ માગતા હતા અને તેઓના દિલના ભેદોને અલ્લાહને હવાલે કરી દેતા હતા.

એ પછી આપની તહેનાતમાં હું હાજર થયો. મેં આપને સલામ કરી. મને જોઇને આપ મુસ્કુરાયા. પણ એ આપનું નારાજીભર્યું હાસ્ય હતું. આપે મને ફરમાવ્યું, " અહીં આ તરફ આવો."

હું આગળ વધીને અદબથી આપની સામે બેસી ગયો. આપે ફરમાવ્યું, "શું કારણે તમે જિહાદથી પાછળ રહી ગયા ? શું તમે સવારીનો ઊંટ નહિ ખરીદયો હતો ?"

મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! સોગંદ છે અલ્લાહના ! જો હું કોઇ દુનિયાદાર ઇન્સાનની સામે

બેઠો હોત તો તેના ગુસ્સાથી બચી જવા માટે ગમે તેવું બહાનું કાઢીને છટકી જતે. બહાના કાઢવાની કળામાં પણ હું કોઈથી ઊતરતો નથી. પણ અલ્લાહના સોગંદ ! મને ખબર છે, જો આજે હું કોઈ ખોટું બહાનું કાઢીને આપને રાજી કરી લઉં તો પણ અલ્લાહ તઆલા તરત મારો ભેદ જાહેર કરી દેશે અને મુજને આપના ગુસ્સાનો ભોગ બનાવી દેશે. અને જો હું આપને સાચેસાચું કહી દઉં તો તેના કારણે આપ મુજથી રંજીદા થઇ જશો. જેથી સાચેસાચું જ કહી દેવાનું મેં નક્કી કરી લીધું છે. એમાં જ અલ્લાહ તઆલા તરફથી નેક અંજામનો હું આશાવાદી છું.

યા રસૂલલ્લાહ ! બાબત એમ છે કે મારા માટે કોઈ રૂકાવટ, કોઈ વાંધો, કોઈ બહાનું ન હતું. અલ્લાહના સોગંદ ! હું આપથી પાછળ રહી ગયો તે વેળા હું એટલો મજબૂત, એટલો ખુશહાલ અને એટલો ફારિગુલ-બાલ હતો કે અગાઉ કથારેય ન હતો.

મારી વાતો સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે કઅબ ! તમે જે કંઇ કહ્યું સાચું જ કહ્યું છે. વારૂ હમણા તમે જાવ અને જુઓ કે તમારા વિશે અલ્લાહ તઆલા શું ફેસલો ફરમાવે છે !"

કઅબની આકરી કસોટી————એ પછી હું ત્યાંથી ઊઠીને જવા લાગ્યો. મારી સાથે બનૂ સલિમહના કેટલાક માનવંતા ગૃહસ્થો પણ ઊભા થઈને મારી પાછળ આવવા લાગ્યા. તેઓએ મને કહ્યું, "સાંભળો એ કઅબ ! આથી પહેલાં તમે કોઈ ગુનોહ કર્યો હોય તેવું અમારી જાણમાં નથી. આ તમારો પહેલો ગુનાહ છે. ભલા માણસ ! તમે બીજા લોકો પેઠે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે કોઇ બહાનું કાઢી લેવામાં ગોથું કેમ ખાઈ ગયા ? જેવી રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજા લોકોના ગુનાહ માટે માફીની દુઆ માગી લીધી, તમારા માટે પણ માફીની દુઆ માગી લેતે જે તમારા માટે કાફી હતી."

બનૂ સલિમહના આ ગૃહસ્થો બરાબર મારી પાછળ લાગેલા રહ્યા અને વારંવાર એવી જ વાતો ઉચ્ચારતા રહ્યા ત્યારે મનમાં તો આવ્યું કે અબઘડી રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પાછા જઇને કંઇ બહાનું કાઢી લઉં અને માફીની દુઆની દરખાસ્ત કરીને છુટકારો મેળવી લઉં.

મેં એ લોકોને પૂછ્યું, "શું મારા વગર કોઇ બીજા આદમી સાથે પણ મારા જેવો મામલો બન્યો છે?"

તેઓ બોલ્યા, "હા બીજા બે ગૃહસ્થો છે જેઓની સાથે તમારા જ જેવો મામલો બન્યો છે. તેઓએ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તેવું જ કહ્યું જેવું તમે કહ્યું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને પણ તેવું જ ફરમાવી દીધું જેવું તમને ફરમાવી દીધું."

મેં પૂછ્યું, "એ બે ગૃહસ્થો કોણ છે ?"

તેઓ બોલ્યા, "બનૂ અમ્ર બિન ઔફવાળા મુરારહ બિન રબીઅ અને બીજા હિલાલ બિન અબૂ ઉમૈયહ વાકિફી."

મતલબ કે તેઓએ મને આ બે ગૃહસ્થોના નામો બતાવ્યાં જેઓનો નેક અમલ નમૂનેદાર ગણાતો હતો. એમના નામો સાંભળીને હું ખામોશ થઇ રહ્યો. મેં વિચાર્યું, "બંને બહુ નેક બંદાઓ છે. જે અંજામ એમનો આવશે એ મારો આવશે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમારા ત્રણેની સાથે લોકોને બોલવાની કે સલામ-કલામ કરવાની મના ફરમાવી દીધી હતી. આપના ફરમાન મુજબ લોકો અમારાથી આઘા રહેવા લાગ્યા. સલામ-કલામ કરવાનું સદંતર બંધ કરી દીધું. જાણે કે અમારાથી તેઓ છેક અજાણ્યા બની ગયા છે. પછી તો મામલો એટલી હદે પુગી ગયો કે મારા માટે મદીનહની આ ધરતી અજાણી બની ગઇ. અરે હું પોતે પોતાને માટે અજાણ્યો બની ગયો. હવે મદીનહની તે ધરતી જ ન હતી જેનાથી હું ટેવાયેલો હતો. લાગલગાટ પચાસ રાતો એજ દશામાં અમારી ઉપર કિયામત બનીને વીતી ગઇ.''

એક ઇબ્રતનાક ઘટના—————''રહી ગયા મારા બીજા બે સાથીઓ તો તેઓ પોતપોતાના ઘરોમાં ભરાઇ રહ્યા. મારો મામલો એવો હતો કે હું તેઓ કરતાં વયમાં નાનો હતો. સ્વાભાવે જોશીલો કે સાહસિક હતો. હિંમત કરીને ઘરમાંથી નીકળી પડતો. મુસલમાનોમાં ભેળસેળ થઇ જતો. બજારોમાં લટાર મારતો પણ કોઇ મારી સાથે વાતચીત કરવાનું રવાદાર ન હતું. હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પણ હાજર થતો. આપની પાછળ નમાઝમાં ઊભો થઇ જતો. આપ નમાઝ માટે મસ્જિદમાં પધારતા તો હું આપને સલામ કરતો અને પછી જોતો કે આપે મારી સલામનો જવાબ આપવા પોતાના મુબારક હોઠો હલાવ્યા કે નહિ. પછી હું આપની બેઠક પાસે નમાઝ માટે ઊભો થઇ જતો અને આપની તરફ ત્રાંસી નજરે જોવા લાગતો. જ્યારે હું નમાઝનો કૌલ બાંધીને નમાઝ શરૂ કરી દેતો ત્યારે આપ મને જોવા લાગતા અને જ્યારે મારી ત્રાંસી નજર આપના ઉપર પડતી તો આપ પોતાનો નૂરાની મુખડો ફેરવી લેતા.

અંતે જ્યારે લોકોની આ ઠંડી લાગણી લંબાતી જ ચાલી તો હું અકળાઇ ગયો અને એક દિવસે કંટાળીને અબૂ કતાદહના બગીચાની દીવાર પર ચઢી ગયો. અબૂ કતાદહ મારા કાકાભાઇ હતા અને મને સૌથી વધુ વહાલા હતા. મેં તેમને સલામ કરી પણ વલ્લાહ તેમણે મારી સલામનો જવાબ નહિ આપ્યો.

મેં તેમને કહ્યું, ''અબૂ કતાદહ ! હું તમને અલ્લાહના સોગંદ આપીને પૂછું છું. શું તમે નથી જાણતા કે હું અલ્લાહ અને તેના રસૂલનો સાચો પ્રેમી છું ?''

મગર અબૂ કતાદહ તો ખામોશ જ રહ્યા. મેં બીજીવાર કસમ આપીને એજ સવાલ કર્યો. આ વેળા પણ તેમણે ખામોશી જ ગ્રહણ કરી. ત્યારે ત્રીજીવાર કસમ આપીને મેં તેમને એજ સવાલ કર્યો. જવાબમાં તેઓ આકાશ તરફ મુખ કરીને આટલું જ બોલ્યા, ''અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણે છે.''

આ સાંભળીને મારૂં હૈયું વલોવાય ગયું. મારી આંખોમાંથી આંસુઓની ધારા ફૂટી નીકળી. બળતા દિલે રડતો કકળતો હું ત્યાંથી ચાલ્યો આવ્યો.''

ગસ્સાનના બાદશાહનો કાગળ—————''સવાર પડી તો હું બજારમાં નીકળ્યો. તરંગોમાં ગોથાં ખાતો ચાલ્યો જતો હતો એટલામાં શું જોઉં છું કે એક નબતી શખ્સ, જે સીરિયાના ઇલાકાનો વતની હતો અને એવા લોકોમાંથી હતો જેઓ મદીનહમાં આવીને ઘઉં અને તેલનો વેપાર કરતા હતા. એ માણસ બજારમાં લોકોને મારા વિષે પૂછી રહ્યો છે અને કહી રહ્યો છે :'' કઅબ બિન માલિકનું ઠામઠેકાણું બતાવનાર છે કોઇ?''

લોકોએ મારી તરફ આંગળી ચીંધીને ઇશારો કરી દીધો. લાગલો જ એ માણસ મારી પાસે આવ્યો. કઅબ બિન માલિક હું પોતે છું તેની ખાતરી કરીને તેણે ગસ્સાનના બાદશાહનો એક કાગળ મારા હાથમાં થમાવી દીધો. મેં જોયું તો કાગળ રેશમી કાપડના એક ટુકડા પર લખેલો હતો. મેં તેને વાંચ્યો તો લખાણ આ પ્રમાણે

Maktabe Ashraf

હતું :

અમ્મા બઅદુ !	એ પછી ટૂંકમાં લખવાનું કે
ફ-ઈન્નહૂ કદ બ-લ-ગ-ના	અમને આ સમાચાર મળ્યા છે કે
અન્ન સાહિબ-કા કદ જફાકા.	તમારા સાહેબે તમને તરછોડી કાઢ્યા છે.
વલમ યજ-અલ-કલ્લાહુ	જો કે બનાવ્યા નથી અલ્લાહએ તમને
બિ-દારે હવાનિન	હલકટ કે તુચ્છ
વલા મદ-યઅતિન.	અને ન ખુવાર કે બેકાર.
ફલ્હક બિના.	તો ચાલ્યા આવો બેધડક અમારી પાસે.
નુવાસિકા.	અમે તમારો લાગણીભર્યો શાનદાર સત્કાર કરીશું.

એટલે તમે કોઈ હલકટ કક્ષાના કે ઊતરતા દરજ્જાના માણસ નથી. બેકારો પેઠે બજારમાં રખડપટ્ટીઓ કરીને ખુવાર થવાની શી જરૂર છે ? તમે તો બહુ કામના માણસ છો. તમારી દયાજનક દુર્દશાથી અમને બેહદ દુઃખ થયું છે. અમારી પૂરી હમદર્દી કે સહાનુભૂતિ તમારી સાથે છે. માટે મારો આ કાગળ વાંચતાં જ વિના વિલંબે બેધડક અમારા દરબારમાં ચાલ્યા આવો. અમે તમારા રહેવા-સહેવા અને રોજી-રોટીનો તમારી શાનને શોભે તેવો બંદોબસ્ત કરી દઈશું.

ગસ્સાનના બાદશાહનો આ કાગળ વાંચીને હું સમસમી રહ્યો. મેં વિચાર્યું, એ પણ મારા માટે એક આફત, એક બલા કે કસોટી છે. જે સંકટમાં હું સપડાયો છું તેણે મને એટલી હદે પહોંચાડી દીધો કે એક મુશરિક બાદશાહ મને પોતાનો બનાવી લેવાના પેંતરા રચવા લાગી ગયો !

મેં ગસ્સાની બાદશાહનો આ કાગળ ચૂલામાં ઝોંકીને ચૂલાની આગ ભડકાવી દીધી.''

બીબીથી અલગ રહેવાનું ફરમાન————''મતલબ કે મારે માથે પનોતીની આ દશા લગાતાર ચાલુ રહી ત્યાં સુધી કે જ્યારે પચાસ રાતોમાંથી ચાલીસ રાતો વીતી ગઈ તો શું જોઉં છું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાસિદ મારા ઘર તરફ આવી રહ્યો છે. આવતાં જ તેણે કહ્યું, ''રસૂલુલ્લાહ તમને આ વાતનો હુકમ ફરમાવે છે કે પોતાની બીબીથી અલાહેદગી ગ્રહણ કરી લો.''

''શું બીબીને તલાક આપી દઉં ?'' મેં પૂછયું.

કાસિદ બોલ્યો, ''નહિ ફક્ત બીબીથી અલગ વસવાટ ગ્રહણ કરો. તેની નિકટ પણ નહિ જાવ.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાસિદે મારા બીજા બે સાથીઓને પણ એજ સંદેશો પહોંચાડી દીધો.

બીબી પાસે જઈને મેં કહ્યું, ''હે બીબી ! તમે તમારા માવતરે સિધાવો અને અલ્લાહ જ્યાં સુધી આ મામલાનો ફેસલો નહિ કરે, માબાપના જ ઘરમાં રહો.''

મારા બે સાથીઓને પણ એવો જ હુકમ મળ્યો હતો. એમાંથી હિલાલ બિન ઉમૈયહના બીબી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયાં. અરજ કરી, ''યા રસૂલુલ્લાહ ! હિલાલ બિલકુલ બુઢ્ઢા આદમી છે. કોઈ ચાકર પણ એમની પાસે નથી. શું આપ પસંદ ફરમાવશો કે હું એમની સેવા કરતી રહું ?''

આપે ફરમાવ્યું, ''ના, ના, એમના સહવાસમાં જવું નહિ.''

બીબી બોલ્યાં, ''યા રસૂલલ્લાહ ! એ તો બિલકુલ બુઢ્ઢા માણસ છે અને જ્યારથી આ મામલો બન્યો છે, સતત રડતા રહે છે અને આજે પણ રડી રહ્યા છે. મને તો એમની આંખોની રોશની ચાલી જવાનો અંદેશો છે.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હિલાલના બીબીને પરવાનગી આપી દીધી.

હઝરત કઅબ બિન માલિકે પોતાની કથા ચાલુ રાખતાં ઉમેર્યું, ''મારાં અમુક ઘરવાળાંએ મને પણ કહ્યું, ''કઅબ ! તમે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઇને તમારી બીબી માટે પરવાનગી મેળવી લાવો. આખર હિલાલ બિન ઉમૈયહની સેવા માટે તેમની બીબીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પરવાનગી આપી જ દીધી છે.''

મેં તેઓને કહ્યું, ''મારી બીબી માટે કદી હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પરવાનગી નહિ માગું. ખબર નહિ, આ મામલો અંગે આપનો શું જવાબ હોય ? વળી હું જવાન આદમી છું. કેવી રીતે પરવાનગી માગી શકું ?''

અલ્લાહ તરફથી માફીની બશારત————''એ પછી અમે લોકો બીજા દસ દિવસો સુધી એજ અધ્ધર હાલતમાં લટકતા રહ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકો સાથેની વાતચીત અંગે અમારા ઉપર જે પાબંદી મૂકી હતી તેને પચાસ દિવસો થઇ ગયા હતા. જ્યારે પચાસ દિવસો મુકમ્મલ થઇ ગયા તો એ પચાસમી રાતની સવારે મેં ફજરની નમાઝ મારા ઘરની છત પર એવી હાલતમાં પઢી જેનું વર્ણન અલ્લાહ તઆલાએ કુર્આનમાં ફરમાવ્યું છે.

સાચું કહું તો અલ્લાહની ધરતી વિશાળ હોવા છતાં અમારા પર સાંકળી બની ગઇ હતી. મારો શ્વાસ રૂંધાઇ રહ્યો હતો અને જીવનથી હું કંટાળી ગયો હતો. મેં ''એલવા'' નામે એક ઝાડના થડ પર મંચ બનાવી લીધો હતો અને પચાસમી રાતે એજ મંચ પર બેઠેલો હતો ત્યાં તો થડની પાછળથી કોઇ પોકારનારનો જોરદાર હાકલો સંભળાયો. તે કહી રહ્યો હતો :

''યા કઅબબ્ન માલિક ! અબશિર !''હે કઅબ બિન માલિક ! સાંભળી લે તારા માટે ખુશખબરી છે.

આ સાંભળતાં જ હું અલ્લાહની બારગાહમાં સિજદામાં પડી ગયો અને સમજી ગયો કે અંતે અલ્લાહ તરફથી છુટકારાની પળ આવી લાગી.''

મુબારકબાદ અને ધન્યવાદ————હઝરત કઅબ બિન માલિક ઉમેરે છે : ''એ દિવસે ફજરની નમાઝથી ફારિગ થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો નૂરાની ચેહરો નમાઝીઓ તરફ કરીને ફરમાવ્યું,''ત્રણે ગૃહસ્થો માટે અલ્લાહ તરફથી માફીની બશારત મળી ગઇ છે અને અલ્લાહ તઆલાએ તેઓની તોબા કબૂલ કરી લીધી છે.''

આ ખુશખબર સાંભળતાં જ લોકો મને અને મારા સાથીઓને વધામણી આપવા દોડી પડ્યા. બનૂ અસલમના એક ગૃહસ્થ મુજ તરફ દોડ્યા. તેઓ પોતાના ઘોડાને એડ મારીને ઘોડો દોડાવતા એક પહાડી પર

Maktabe Ashraf

ચઢી ગયા અને ત્યાંથી જ બૂમ મારીને બોલ્યા, "હે કઅબ ! તમને માફી મળી ગઇ છે, ધન્યવાદ હો !"

ઘોડો મારી પાસે આવે તે પહેલાં તેમનો અવાજ મારા કાને પહોંચી ગયો. પછી જ્યારે એ ગૃહસ્થ ધન્યવાદ પોકારતા મારી પાસે આવી લાગ્યા તો ખુશાલીના આવેગમાં મેં મારો પહેરેલો પોશાક કાઢીને તેમને ઇનામમાં આપી દીધો.તે વેળા બીજો પોશાક મારી પાસે હતો નહિ જેથી એક ગૃહસ્થ પાસેથી ઉછીનો પોશાક લઇને મેં પહેરી લીધો. અને એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવાના વિચારે હું ત્યાંથી ચાલી નીકળ્યો. રસ્તામાં લોકો ચોતરફથી મને ધન્યવાદ અને મુબારકબાદના પોકારોથી વધાવી લેવા લાગ્યા. તેઓ કહેતા હતા, "કઅબ ! અલ્લાહ તરફથી મળેલી માફી મુબારક હો !"

હઝરત કઅબ દરબારે-નબવીમાં—————"હું મસ્જિદમાં દાખલ થઇ ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બિરાજમાન હતા. આપની ચારે તરફ લોકો બા-અદબ બેઠેલા હતા. મને આવેલો જોઇને તલહા બિન ઉબૈદુલ્લાહ ઊભા થઇ ગયા. તેમણે મને સલામ કરી અને પછી મુબારકબાદ આપી. અલ્લાહના સોગંદ, તલહા વગર મુહાજિરીનમાંથી બીજો કોઇ મારા માટે ઊભો થયો નહિ. તલહાનો આ ઉપકાર હું જીવનભર ભૂલી શકું નહિ.

દરબારમાં હાજર થઇને મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સલામ કરી. આપે ફરમાવ્યું, "હે કઅબ ! ખુશ થઇ જાવ. તમારા માતાજીએ તમને જનમ આપ્યો ત્યારથી લઇને આજ સુધી આટલી ખુશાલીનો દિવસ તમારા માટે ક્યારેય આવ્યો નહિ હોય. માટે તમારા જીવનના આ સૌથી ઉત્તમ દિવસની હું તમને મુબારકબાદ આપું છું."

મેં પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! આ વધામણી આપના તરફથી છે કે અલ્લાહ તરફથી ?"

"અલ્લાહ તરફથી." આપે ફરમાવ્યું.

જે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મને ધન્યવાદ આપતા હતા, આપનો મુબારક ચેહરો ચઉદમીના ચાંદ પેઠે ઝગમગી રહ્યો હતો. આનંદ કે ખુશાલીના અવસરે આપનો નૂરાની ચેહરો એજ મુજબ ઝગમગી ઊઠતો હતો એ વાત અમે સારી રીતે જાણતા હતા.

આપની સામે અદબપૂર્વક બેસીને મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! અલાહ તઆલાએ મારી તોબા કબૂલ કરી લીધી અને મને માફી આપી દીધી તેના આભાર રૂપે હું મારી તમામ માલ-મિલકત, મારી તમામ જાયદાદ અલ્લાહ અને તેના રસૂલના રાહમાં દાનમાં આપીને, દુનિયાની આ ઝંઝટથી છુટકારો કરી લેવા માગું છું. આપ શું ફરમાવો છો ?"

આપે ફરમાવ્યું, "તમારી અમુક જાયદાદ તમારા પોતાને માટે રાખી લો. તમારા માટે એજ બહેતર છે."

મેં અરજ કરી, "ખયબરમાં જે મારો ભાગ છે તેને હું રાખી લઉં છું. બાકીની બધી જાયદાદ અલ્લાહના રાહમાં વક્ફ કરું છું. યા રસૂલલ્લાહ ! મારી સચ્ચાઇના કારણે અલ્લાહ તઆલાએ મારો છુટકારો કર્યો. તો મારી તોબાની એટલી અસર તો હોવી જોઇએ કે જીવતો રહું ત્યાં સુધી સાચું જ બોલતો રહું અને હવે સદા સાચું જ બોલવાની હું પ્રતિજ્ઞા લઉં છું."

Maktabe Ashraf

હઝરત કઅબનું બયાન છે : "જ્યારથી મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે સાચું બોલવાની પ્રતિજ્ઞા લીધી ત્યારથી અલ્લાહના સોગંદ, મારી પેઠે સચ્ચાઇની કસોટીમાં સપડાયેલા કોઇ પણ માણસને મેં મારા કરતાં બેહતર જોયો નથી. સોગંદ છે અલ્લાહના, એ પછી આજ દિન સુધી કદી જૂઠું બોલવાની કલ્પના સુદ્ધાં મેં કરી નથી. ભવિષ્યમાં પણ દ્રઢ આશા છે કે અલ્લાહ તઆલા જૂઠના ગંદા પાપથી મારૂં રક્ષણ કરશે."

ઇબ્ને ઇસ્હાક કહે છે : આ ઘટના અંગે અલ્લાહ તઆલાએ આ આયતો નાઝિલ ફરમાવી : "લકત્-તાબલ્લાહુ અલન-નબિય્યિ વલ-મુહાજિરીન વલ-અનસાર........."

"બેશક અલ્લાહ મહેરબાન થયો નબી પર અને મુહાજિરીન પર અને અનસાર પર જેઓ નબીની પડખે રહયા સખ્તીની પળોમાં, એ પછી કે તેઓમાંથી થોડાકના દિલ ફરી જવાની અણી પર હતા. પછી તેઓ પર તેણે કૃપા કરી. બેશક અલ્લાહ એ સૌના ઉપર ઘણો માયાળુ-દયાળુ છે.

"અને પેલા ત્રણ શખ્સો પર પણ મહેરબાની કીધી જેઓનો મામલો મુલતવી રાખવામાં આવ્યો એટલે સુધી કે જ્યારે તેઓ પર ધરતી વિશાળ હોવા છતાં તંગ થવા લાગી અને તેઓ પોતાની જાનોથી પણ તંગ આવી ગયા અને તેઓને થયું કે અલ્લાહની પકડથી કોઇ બચાવી શકતું નથી. પરંતુ તેની જ તરફ (પનાહ લેવામાં બચાવ છે) તો અલ્લાહએ તેઓ પર કૃપા કરી કે જેથી તેઓ તોબા કરે. બેશક અલ્લાહ ઘણો મહેરબાન-દયાળુ છે."[1]

સચ્ચાઇના પ્રતાપે મળેલી સરફરાઝી——હઝરત કઅબ બિન માલિક કહે છેઃ "અલ્લાહના સોગંદ ! જ્યારથી અલ્લાહ તઆલાએ મને ઇસ્લામના સીધા રસ્તે લગાડયો, કોઇ એવી નેઅમતથી મને કદી સરફરાઝ નથી કર્યો, જે મારી માન્યતામાં, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે સાચું બોલવાની નેઅમતથી ચઢિયાતી હોય. તે વેળાની આકરી કસોટીની પળોમાં મક્કમ રહીને મેં જૂઠનો બિલકુલ આસરો નહિ લીધો, નકર હું પણ જૂઠું બોલીને તેવી જ રીતે હલાક થઇ જાત જેવી રીતે મુનાફિક લોકો જૂઠનો આસરો લઇને હલાક થઇ ગયા. એટલે જ અલ્લાહ તઆલાએ એ અંગે જે આયતો કુર્આનમાં નાઝિલ ફરમાવી અને જૂઠું બોલનારાઓ માટે જે કડક શબ્દો ફરમાવ્યા તેનાથી વિશેષ કડક શબ્દો અન્ય કોઇ માટે નહિ ફરમાવ્યા. જેમકેઃ

ફ-અઅરિદૂ અન્હુમ	તો હે નબી ! તમે તેઓને તેઓની હાલત પર છોડી દો
ઇન્નહુમ રિજ્સુંવ	બેશક તે લોકો પલીદ છે
વ મઅવા હુમ જહન્નમ	અને તેઓનું ઠેકાણું જહન્નમ છે;
જઝાઅમ બિમા કાનૂ યકસિબૂન.	તે કરતૂતોને બદલે જે તેઓ કરતા હતા.
યહ-લિફૂન લકુમ	તે લોકો તમારી સામે કસમો ખાશે
લિ-તરદવ અન્હુમ	કે જેથી તમે તેઓથી રાજી થઇ જાવ.
ફઇન તરદવ અન્હુમ	અગર તમે તેઓથી રાજી થઇ પણ ગયા

1. સૂરએ-તવબહ પારહ ૧૧ આયત ૧૧૭-૧૧૮

Maktabe Ashraf

ફઈન્નલ્લાહ લા યરદા	તો યે અલ્લાહ રાજી થવાનો નથી
અનિલ કવમિલ ફાસિકીન.	એવા નાફરમાન લોકોથી. [૧]

હઝરત કઅબ કહે છે : "અમારા ત્રણેમાંથી કોઈ પણ હોય, અમારો મામલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે સોગંદપૂર્વક જૂઠું બોલીને છૂટી જનારાઓના મામલાથી અલગ કરી લેવામાં આવ્યો અને ત્યાં સુધી મુલતવી રાખવામાં આવ્યો જ્યાં સુધી કે ખુદ અલ્લાહ તઆલાએ તેનો ફેસલો નહિ ફરમાવી દીધો. પછી અલ્લાહ તઆલાએ અમારા મામલા અંગે ફરમાવ્યું :

"વ અલસ્-સલા - સતિલ - લઝીન ખુલ-લિફૂ"

"અને તે ત્રણ જાગ્રાઓ પર અલ્લાહએ કૃપા કરી જેઓ પાછળ રહી ગયા."

અલ્લાહ તઆલાએ અમારો મામલો મુલતવી રાખવાનો કુર્આનમાં જે ઉલ્લેખ કર્યો તે એટલા કારણે નહિ કે, અમે જિહાદથી પાછળ પડી ગયા હતા, બલકે એટલા કારણે કે, અમે મુનાફિકો પેઠે જૂઠી કસમો ખાયને બહાના કાઢવા દોડી નહિ ગયા હતા જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમારો મામલો મુનાફિકોથી અલગ તારવી લઈને અલ્લાહનો ફેસલો આવે ત્યાં સુધી મુલતવી ફરમાવી દીધો. એ પછી અલ્લાહ તઆલાએ અમારી તોબા કબૂલ કરી લીધી અને અમને માફી આપી દીધી.

એથી વિરૂધ્ધ મુનાફિકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં દોડી જઈને જૂઠું બોલ્યા. જૂઠી કસમો ખાધી. ખોટાં બહાના બનાવ્યાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ જાહેરી રીતે તેઓની કસમોને આધારે તેઓના બહાના માન્ય રાખીને તેઓના બાતિનને અલ્લાહને હવાલે કર્યું અને તેઓ માટે બારગાહે-ઈલાહીમાં મગફિરતની દુઆ માગી.

---

૧. સૂરએ-તવબહ પા. ૧૧ આયત ૯૫-૯૬

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૭

તાઈફનું મંડળ દરબારે - નબવીમાં

(રમઝાન ૯ હિજરી)

ઉર્વહ બિન મસઊદનો ઈસ્લામ • હઝરત ઉર્વહની શહાદત • સકીફના લોકો ઈસ્લામના ચરણોમાં • અમ્ર બિન ઉમૈયહ અને અબ્દે-યાલીલ • તાઈફનું મંડળ દરબારે-નબવીમાં • મંડળની દરબારે-રસૂલમાં હાજરી • મંડળના સભ્યોનો ભાવભીનો સત્કાર • મંડળના સભ્યોની માગણીઓ • ઉસમાન બિન અબીલ-આસની સરદારી • મંડળના સભ્યો અને રમઝાનના રોઝહ • ઈમામને ટૂંકી નમાઝનો હુકમ • બનૂ સકીફની ''તાગિયહ''નો ધ્વંસ • અબૂ મુલૈહ અને કારિબની કહાણી • મૂર્તિના ખઝાનામાંથી કરજની અદાયગી • બનૂ સકીફ માટેનું લખાણ.

ઉર્વહ બિન મસઊદનો ઈસ્લામ——ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માહે રમઝાન ૮ હિજરીમાં તબૂકથી કૂચ કરીને મદીનહ વાપસ પધાર્યા તો એજ મહિનામાં તાઈફના સકીફ કબીલાનું મંડળ આપની તહેનાતમાં હાજર થયું.[૧]

મંડળના આગમનનો બનાવ એવો છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જ્યારે તાઈફનું યુધ્ધ સંકેલી લઈને મદીનહ વાપસ પધારી રહ્યા હતા તો સકીફ કબીલાના સૌથી મોટા સરદાર ઉર્વહ બિન મસઊદ આપની તલાશમાં મારતી સવારીએ નીકળી પડયા અને રસૂલુલ્લાહ અલૈહિ વ સલ્લમ મદીનહ પહોંચે તે પહેલાં રસ્તામાં જ આપની સાથે તેમની મુલાકાત થઈ ગઈ. પરવાનગી મળતાં ઉર્વહ બિન મસઊદ આપના ચરણોમાં હાજર થયા અને એજ વેળા કલિમો પઢીને મુસલમાન બની ગયા.

મુસલમાન બનવા બાદ હઝરત ઉર્વહએ વિનંતી કરી, ''યા રસૂલલ્લાહ ! મને મારી કૌમ પાસે પાછા જવાની અને તેઓમાં ઈસ્લામની તબલીગ કરવાની પરવાનગી આપો.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સારી રીતે જાણતા હતા કે સકીફ કબીલાના લોકો વિચિત્ર મનોદશા ધરાવે છે અને તેઓનું કૌમી અભિમાન કે કુફનું કટ્ટરવાદી વલણ તેઓને ઈસ્લામથી રોકી રહ્યું છે. જેથી આપે ફરમાવ્યું, ''હે ઉર્વહ ! મારૂં માનો તો તાઈફ પાછા જવાનું માંડી વાળો. તમારી કૌમ તમને કતલ કરી નાખશે.''

૧. સન ૯ હિજરીનો રમઝાન મહિનો ૧૨ ડિસેમ્બર ૬૩૦ થી શરૂ થયો. (ઇબ્ને હિશામનો હાશિયો)

Maktabe Ashraf

હઝરત ઉર્વહએ ગર્વથી કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારી કૌમ મને અંતઃકરણથી ચાહે છે. તેની નજરમાં હું કુંવારી કન્યાથી વધારે મહબૂબ છું."

ઈબ્ને હિશામ કહે છે : એક રિવાયતમાં ઉર્વહના શબ્દો "અબકારિ-હિમ" એટલે તેઓની કુંવારી કન્યાઓ ને બદલે "મિન અબસારિ-હિમ" ટાંકેલી છે એટલે તેઓની આંખોથી પણ વધારે હું તેઓને વહાલો છું.

હઝરત ઉર્વહની શહાદત———ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉર્વહ બિન મસઊદ સાચેસાચ પોતાની કૌમના બેહદ માનીતા, લાડીલા અને લોકપ્રિય સરદાર હતા. એમની દરેક વાત સત્તાવાર રીતે માની લેવામાં આવતી હતી. એમનો જવાબ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખામોશ થઈ ગયા અને હઝરત ઉર્વહ એવા આત્મવિશ્વાસથી પોતાના ઘરે વાપસ થયા કે મારી કૌમ મને અને મારા ઈસ્લામને દિલોજાનથી વધાવી લેશે અને ઈસ્લામના આમંત્રણને રાજીખુશીથી સ્વીકારી લેશે.

હઝરત ઉર્વહ ઉત્સાહભેર તાઈફ પહોંચી ગયા. સૌથી પહેલાં પોતાના મહેલની અગાશી પર ચઢી ગયા અને પોતાની કૌમમાં લલકારીને પોતાના ઈસ્લામની જાહેરાત કરી અને સાથે જ લોકોને ઈસ્લામ સ્વીકારી લેવાની દઅવત આપવા માંડી; પણ આ દઅવતનું પાસું અણધારેલી રીતે ઊલટું પડ્યું. ઈસ્લામનું નામ સાંભળીને લોકોમાં ખળભળી મચી રહી. તેઓએ જોતજોતામાં હઝરત ઉર્વહને ઘેરી લઈને ચોતરફથી તીરોની વૃષ્ટિ કરી મૂકી. એમાંના એક તીરે હઝરત ઉર્વહને વીંધી નાખીને એમનું કામ તમામ કરી નાખ્યું.

સકીફ કબીલાની શાખ બનૂ માલિકના લોકોનું કહેવું છે કે ઉર્વહ બિન મસઊદને અમારા કબીલાના એક માણસે મારી નાખ્યા. લોકો એને ઔસ બિન ઔફ નામે બોલાવતા હતા. એ બનૂ સાલિમ બિન માલિકનો ભાઈબંધ ગણાતો હતો. એથી વિરુદ્ધ ભાઈબંધ કબાઈલીઓનું કહેવું છે કે ઉર્વહ બિન મસઊદને અમારા એક માણસે કતલ કર્યા હતા જેનું નામ વહબ બિન જાબિર હતું અને તે બનૂ અત્તાબ બિન માલિકમાંથી હતો.

આ બાબત અંગે છેલ્લી પળોમાં હઝરત ઉર્વહ બિન મસઊદને પૂછવામાં આવ્યું, "મા તરા ફી દૃમિક?" તમારી હત્યા વિષે તમારું શું કહેવું છે ?

જવાબ આપ્યો, "આ તે માન-ઈકરામ છે જેનાથી અલ્લાહ તઆલાએ મને વધાવી લીધો છે. આ તે શહીદોનો મરતબો છે જેની તરફ અલ્લાહ મને ખેંચી લાવ્યો છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના શહીદ થયેલા બીજા સાથીઓ પેઠે હું પણ શહીદ થયો છું. મારી હત્યા વિષે તેજ નિર્ણય લેજો જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે અહીં આવીને શહીદ થયેલા સહાબા અંગે લેવામાં આવ્યો છે અને જે સ્થળે તેઓને દફન કરવામાં આવ્યા છે ત્યાં જ મને પણ દફન કરજો."

લોકોએ હઝરત ઉર્વહ બિન મસઊદને તેજ સ્થળે દફન કર્યા જયાં દફન થવાની તેમણે છેલ્લી પળોમાં વસિયત ફરમાવી હતી. [૧]

૧. હઝરત ઉર્વહ બિન મસઊદ સકફી રદિયલ્લાહુ અન્હુ અરબના ચાર પંકાયેલા રાજકારણીઓમાંથી એક હતા જેઓના નામ આ છે : (૧) હઝરત અમીર મુઆવિયહ બિન અબૂ સુફયાન રદિયલ્લાહુ અન્હુ (૨) હઝરત અમ્ર બિન આસ રદિયલ્લાહુ અન્હુ (૩) હઝરત મુગીરહ બિન શુઅબહ સકફી રદિયલ્લાહુ અન્હુ (૪) હઝરત ઉર્વહ બિન મસઊદ સકફી રદિયલ્લાહુ અન્હુ. વળી એવા બે મહાન માણસોમાંથી પણ એક હતા જેમના વિષે મુશરિકોએ કહ્યું હતું : "આ કુર્આન બંને વસતિઓના કોઈ મહાન માણસ પર કેમ ઉતારવામાં નહિ આવ્યું ?" બંને વસતિઓ એટલે મક્કહ અને તાઈફ. મક્કહનો મહાન માણસ વલીદ બિન મુગીરહ (હઝરત ખાલિદનો બાપ) અને તાઈફના મહાન માણસ હઝરત ઉર્વહ બિન મસઊદ સકફી જેઓ સુલ્હે-હુદૈબિયહ વેળા પણ કુરૈશના એલચી બનીને આવ્યા હતા. "હ"

સલ્લમએ ફરમાવ્યું, "ઉર્વહનો દાખલો તેની કૌમમાં તે ગૃહસ્થ જેવો બની ગયો જેનું વર્ણન અલ્લાહ તઆલાએ સૂરએ-યાસીનમાં કર્યું છે."

સકીફના લોકો ઈસ્લામના ચરણોમાં——————ઇબ્ને ઈસ્હાક કહે છે : હઝરત ઉર્વહ બિન મસઊદને શહીદ કરવાના થોડા મહિના સુધી સકીફ કબીલાના લોકો મૂંગામંતર બનીને બેસી રહ્યા. એ પછી હકીકતનું ભાન થતાં તેઓએ તાકીદની સભા બોલાવી. લાંબી ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો કે, આજુબાજુના પ્રદેશોમાં વસનારા બધા અરબો મુસલમાન બની ગયા છે. હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુકાબલો કરવાનું આપણામાં બળ રહ્યું નથી. માટે પૂરી કૌમે સામૂહિક રીતે ઈસ્લામ કબૂલ કરી લેવો જોઈએ. ઠરાવ અનુસાર ટૂંકમાં જ તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને આપના મુબારક હાથ પર બૈઅત કરીને મુસલમાન બની ગયા.

મને યઅકૂબ બિન ઉત્બહ બિન મુગીરહ બિન અખનસે કહ્યું કે, તાઈફના અગ્રણીઓમાંથી અમ્ર બિન ઉમૈયહ અલ્લાજી અને અબ્દે-યાલીલ બિન અમ્ર વચ્ચે ઝગડો થવાથી બોલાચાલી બંધ હતી. બંને એકબીજાનું મોઢું જોવાના રવાદાર ન હતા. અમ્ર બિન ઉમૈયહ અરબના પંકાયેલા યુક્તિબાજોમાંથી હતો. રાજરમત અને જોડતોડની કળામાં પારંગત હતો. એક દિવસે અમ્ર પોતાના માણસ સાથે અબ્દે-યાલીલના બારણે જઈને ઊભો થઈ ગયો અને કહેણ મોકલાવી, "અમ્ર બિન ઉમૈયા બારણે હાજર છે. આપને મળવા માગે છે. કૃપા કરી ઘરમાંથી નીકળીને બહાર આવો."

અબ્દે-યાલીલએ ચોંકીને કહેણ લાવનારને પૂછયું, "અલ્યા તારૂં બુરૂં થાય, શું અમ્ર બિન ઉમૈયહએ તને મોકલ્યો છે ?"

તે બોલ્યો, "હા સાહેબ ! તે તો કયારના તમારા બારણે ઊભેલા છે."

અબ્દે-યાલીલ બેહદ તઅજજુબ પામી ગયો. તેના ખ્વાબો-ખ્યાલમાં પણ ન હતું કે અમ્ર બિન ઉમૈયહ જેવો યુક્તિબાજ માણસ સામે ચાલીને તેના બારણે આવી શકે છે. તરત જ ઝપાટાભેર ઘરમાંથી નીકળી આવ્યો. અમ્રને જોતાં જ તેને ભેટી પડયો અને મરહબા કે ભલે પધારો કહીને તેને આવકાર આપ્યો.

અમ્ર બિન ઉમૈયહ અને અબ્દે-યાલીલ——————અમ્ર બિન ઉમૈયહએ વાતચીતની શરૂઆત કરી, "ભાઈ સાહેબ ! સંજોગોએ એવો પલટો ખાધો છે કે હવે આપણી વચ્ચે અબોલાં નહિ રહેવા જોઈએ. આપણા માનવંતા સરદાર ઉર્વહ બિન મસઊદ સાથે જે કંઈ બન્યું એ તમે જાણો જ છો. બીજી તરફ આખું અરબ મુસલમાન બની ગયું છે. મુહંમદ સાથે લડવાનું હવે આપણામાં બળ રહ્યું નથી. હવે તો બધાએ ભેગા મળીને એકબીજાની સલાહથી કોઈ ચોક્કસ ફેસલો કરી લેવો જોઈએ. સકીફના કબીલાએ તો પરસ્પરની સલાહથી છેવટનો નિર્ણય લઈ લીધો છે. જોતા નથી હવે ન આપણી જાન સલામત રહી છે ન માલ. આપણો કોઈ માણસ ઘરમાંથી બહાર નીકળ્યો કે તરત કતલ થઈ ગયો. માટે આપણે પણ સકીફના લોકો પેઠે છેવટનો ફેસલો કરી લઈએ તેવો સમય પાકી ગયો છે. સકીફના લોકોએ ઉર્વહને પોતાનો એલચી બનાવીને મુહંમદના દરબારમાં મોકલ્યો હતો. આપણે પણ પોતાનો કોઈ પ્રતિનિધિ મુહંમદના દરબારમાં મોકલવો જોઈએ."

સારાંશ કે અમ્ર બિન ઉમૈયહ પછી સકીફના બીજા આગેવાનોએ પણ અબ્દે-યાલીલ સાથે આ બાબત

Maktabe Ashraf

અંગે ચર્ચા કરી. હઝરત ઉર્વહ પેઠે અબ્દે-યાલીલ પણ પોતાની કૌમનો માનીતો સરદાર હતો. વળી બંને સરખી ઉંમરના હતા જેથી અબ્દે-યાલીલને જ પ્રતિનિધિ તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં જવાની દરખાસ્ત કરવામાં આવી. પરંતુ અબ્દે-યાલીલએ મદીનહ જવાની ઘસીને ના પાડી દીધી. તેને ધાસ્તી હતી કે ત્યાંથી પાછા ફરતાં તેની કૌમ તેને તેવી જ રીતે મારી નાખશે જેવી રીતે ઉર્વહ બિન મસઊદને તેમની કૌમે મારી નાખ્યા હતા.

અબ્દે-યાલીલ બોલ્યો, "સાંભળો હે લોકો ! હું હરગિઝ મદીનહ નહિ જાઉં જ્યાં સુધી કે તમે થોડાક માણસોને મારા સંગાથે નહિ મોકલાવો.

તાઇફનું મંડળ દરબારે-નબવીમાં——અબ્દે યાલીલની માગણી માન્ય રાખવામાં આવી. બનૂ સકીફના સૂત્રધારોએ હલીફ઼ કબીલાઓના બે આગેવાનોને અને બનૂ માલિક કબીલાના ત્રણ અગ્રણીઓને અબ્દે યાલીલ સાથે મોકલવાનું નક્કી કર્યું. આ રીતે કુલ ૬ મોવડીઓનું મંડળ તૈયાર કર્યું. અબ્દે યાલીલની આગેવાની હેઠળ મદીનહ જનારા મંડળના સભ્યોના નામો આ છે :

૧—— હકમ બિન અમ્ર બિન વહબ બિન મુઅત્તબ.

૨—— શરજીલ બિન ગૈલાન બિન સલિમહ બિન મુઅત્તબ.

૩—— બનૂ માલિકમાંથી ઉસ્માન બિન અબીલ-આસ બિન બિશ્ર બિન અબ્દે દહમાન.

૪—— બનૂ યસારમાંથી ઔસ બિન ઔફ.

૫—— બનૂ હારિસમાંથી નુમૈર બિન ખરશહ બિન રબીઅહ.

આ મંડળનો અમીર કે આગેવાન અબ્દે યાલીલ પોતે હતો. તેણે આ ગૃહસ્થોને માત્ર એવી બીકે સાથે લીધા હતા કે, મારી સાથે પણ તેવો જ વર્તાવ ન કરવામાં આવે જેવો ઉર્વહ બિન મસઊદ સાથે તેની કૌમે કર્યો હતો. હવે અબ્દે યાલીલના મનને સંતોષ હતો કે મદીનહથી તાઇફ પાછા આવીશું તો મંડળના દરેક સભ્યને પોતપોતાની કૌમનો સહકાર મળી રહેશે.

મંડળની દરબારે-રસૂલમાં હાજરી——ઇબ્ને ઇસ્હાક કહે છે : સારાંશ કે બનૂ સકીફનું અ. ૬ સભ્યોનું મંડળ તાઇફથી ઊપડીને મદીનહની ભાગોળે પહોંચ્યું તો સૌથી પહેલાં જે ગૃહસ્થ સાથે એમની મુલાકાત થઇ તે હઝરત મુગીરહ બિન શુઅબહ હતા. તે વેળા હઝરત મુગીરહ અહીં મદીનહની ભાગોળે આવેલા "કનાહહ" નામે બીડમાં પોતાની વારી મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટો ચરાવી રહ્યા હતા. આપના ઊંટો ચરાવવા માટે સહાબાનો વારો બંધાયેલો હતો. આજે ઊંટો ચરાવવાનો હઝરત મુગીરહનો વારો હતો.

સકીફના મંડળને જોતાં જ હઝરત મુગીરહ એટલા ખુશ થઇ ગયા કે ઊંટોને તો તેમણે મંડળના સભ્યોને હવાલે કર્યા અને પોતે દોડતા મદીનહ ઊપડયા કે જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મંડળના આગમનના સમાચાર આપે. ઊપડયા પહેલાં એમણે મંડળના સભ્યો સાથે થોડીક અગત્યની વાતો કરી લીધી હતી અને જરૂરી માહિતી મેળવી લીધી હતી. [1]

---

૧. હઝરત મુગીરહ બિન શુઅબહ રદિયલ્લાહુ અન્હુ પોતે પણ તાઇફના વતની અને બનૂ સકીફની કૌમમાંથી હતા. તાઇફના સરદાર હઝરત ઉર્વહ બિન મસઊદના ભત્રીજા થતા હતા. કાકા-ભત્રીજાની ટપાટપીની થોડી વિગત "સુલ્હે-હુદૈબિયહ"ના પ્રકરણમાં આવી ગઇ છે. "હ"

હઝરત મુગીરહ દોડતા મદીનહ જઇ રહ્યા હતા. રસ્તામાં હઝરત અબૂબક્ર સિદ્દીક સાથે ભેટો થઇ ગયો. એમને દોડતા જોઇને હઝરત અબૂબક્ર નવાઇ પામી ગયા. પૂછયું, "મુગીરહ ! કયાં દોડી રહ્યા છો?"

બોલ્યા, "બનૂ સકીફનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હાથ પર બૈઅત કરીને મુસલમાન બનવા માટે આવેલું છે. તેઓ પોતાની કૌમ માટે, પોતાના શહેર માટે, પોતાની જમીન જાગીર માટે કેટલીક શરતો રજૂ કરીને તેનું લખાણ કરાવવા માગે છે."

હઝરત અબૂબક્રએ તેમને કહ્યું, "હે મુગીરહ ! હું તમને અલ્લાહનો વાસ્તો આપું છું. સાંભળો, મારી વિનંતી છે કે તમારે મારાથી પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં જવું નહિ. મહેરબાની કરીને મને તક આપો કે સૌથી પહેલાં હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ ખુશખબર સંભળાવું."

હઝરત મુગીરહ રાજીખુશીથી માની ગયા. હઝરત અબૂબક્ર એજ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. અરજ કરી, "યા રસૂલલ્લાહ ! બનૂ સકીફના છ સભ્યોનું મંડળ આપની તહેનાતમાં મુસલમાન બનવા માટે આવેલું છે."

બીજી તરફ હઝરત મુગીરહ બિન શુઅબહ ત્યાંથી પાછા વળીને બનૂસકીફના મંડળ પાસે પહોંચી ગયા. બપોરથી લઇને સાંજ સુધી તેઓની સાથે બેસી રહયા. તેઓની સાથે ઇસ્લામ અને ઇમાનની વાતો કરતા રહ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં કેવી રીતે હાજર થવું, કેવી રીતે બેસવું , કેવી રીતે સલામ કરવી, કેવી રીતે વાતચીત કરવી તેને લગતો પાઠ તેઓને ભણાવતા રહ્યા. પરંતુ શેઠની શિખામણ ઝાંપા સુધીની કહેવત મુજબ હઝરત મુગીરહએ તેઓને ભણાવેલો, ઇસ્લામી આદાબ અને ઇસ્લામી સંસ્કારોનો આ પાઠ બેકાર ગયો. કેમકે મંડળના સભ્યોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને જાહિલિયતની રૂઢિ મુજબની જ સલામ કરી અને બીજી બાબતોમાં પણ તેવી જ અસભ્ય કે જંગલી મનોદશાનું પ્રદર્શન કર્યું.

મંડળના સભ્યોનો ભાવભીનો સત્કાર————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ સકીફનું મંડળ અબ્દે યાલીલની નેતાગીરી હેઠળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયું તો આપે તેઓના ઉતારા માટે પોતાની મસ્જિદના એક ખૂણામાં તંબૂ તણાવી દીધો.અને જયારે વાટાઘાટની શરૂઆત થઇ તો લોકોના કહેવા મુજબ, મંડળના સભ્યોનું અસભ્ય વર્તન જોઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી હઝરત ખાલિદ બિન સઇદ બિન આસ વચ્ચે આવી ગયા અને તેઓ મંડળના સભ્યો તથા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વચ્ચે વાતચીતનો વાસ્તો બની ગયા. પછી તો વાટાઘાટની આપ-લે માટે હઝરત ખાલિદ બંને પક્ષે દોડધામ કરતા રહ્યા અને આ સિલસિલો, બનૂ સકીફ માટે લખાણ કરી લેવામાં આવ્યું ત્યાં સુધી ચાલુ રહ્યો.

એ દરમિયાન મંડળના સભ્યોની મનોદશા એવી રહી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી એમની મેહમાની માટે જે ભોજન આવતું હતું તેમાંથી તેઓ ત્યાં સુધી ખાતા ન હતા જયાં સુધી કે હઝરત ખાલિદ બિન સઇદ પોતે તેમાંથી થોડુંક ખાઇ ન લેતા. તેઓની આ મનોવૃત્તિ કે હઠાગ્રહ ત્યાં સુધી ચાલુ રહ્યો જયાં સુધી કે પોતે મુસલમાન બનીને પોતાની કૌમની શરતોનું લખાણ નહિ કરાવી લીધું.

મંડળના સભ્યોની માગણીઓ————મંડળના સભ્યોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ

Maktabe Ashraf

સલ્લમના દરબારમાં જે માગણીઓ રજૂ કરી તેમાંથી એક માગણી આ હતી કે તેઓના તાઈફના "તાગિયહ"ને (એટલે લાત નામે ભગવાનની મૂર્તિને) ત્રણ વરસ માટે સલામત રહેવા દેવામાં આવે અને ત્રણ વરસ સુધી તેમાં કોઈ તોડફોડ નહિ કરવામાં આવે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની આ માગણીને કબૂલ કરવાનો ઈન્કાર ફરમાવી દીધો.

"વારૂ બે વરસની મુદ્દત આપો." તેઓ બોલ્યા, "અમારા ભગવાનનું બે વરસ સુધી ખંડન નહિ કરવામાં આવે."

આ માગણીનો પણ સ્વીકાર નહિ થતાં તેઓએ એક વરસની મુદ્દત માગી છતાં આપ ઈન્કાર જ ફરમાવતા રહ્યા, ત્યારે તેઓ મુદ્દત ઓછી કરતાં-કરતાં એક મહિના પર આવી ગયા અને બોલ્યા, "વારૂ એક મહિના સુધી તેનો ધ્વંસ નહિ કરવામાં આવે."

"અરે તેનું નામો-નિશાન પણ રહેવા દેવામાં નહિ આવે." આપે ફરમાવી દીધું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : જેમકે દેખીતી રીતે વારંવાર તેઓ પોતાની માગણીને દોહરાવતા રહ્યા. તેનાથી તેઓનો હેતુ ફક્ત આટલો જ હતો કે, જો મૂર્તિનું તત્કાળ ખંડન કરી નાખવામાં આવે તો બનવા જોગ છે તાઈફના જાહિલો, ગમારો, સાધુબાવાઓ, રૂઢિચુસ્ત પુજારીઓ, ધર્મઝનૂનીઓ, સ્ત્રી-બાળકો ઉશ્કેરાઈને રમખાણ મચાવી દે અને ઉશ્કેરાયેલા લોકો કદાચ મંડળના સભ્યોને પણ જીવતા નહિ રહેવા દે. આ કારણે તેઓ નહિ ચાહતા હતા કે મૂર્તિને તોડીને પોતાની કૌમમાં ખળભળાટ મચાવી દે. અલબત્ત પૂરી કૌમના મુસલમાન બનવા બાદ જ્યારે લોકો ઈસ્લામી આદેશોનું પાલન કરવા લાગે અને ઈમાનના આગ્રહોનો અમલ કરવા લાગે તે પછી મૂર્તિને તોડી નાખવામાં આવે તો વાંધો નહિ આવે.

પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની આ માગણીને માન્ય રાખવાનો ધરાર ઈન્કાર ફરમાવી દીધો.

મૂર્તિ અને મંદિરનું ખંડન નહિ કરવાની માગણી પછી મંડળના સભ્યોએ કહ્યું, "હે મુહંમદ ! અમને નમાઝ પઢવાથી માફી આપી દો અને સાંભળી લો, અમારા હાથે અમારી મૂર્તિનું ખંડન અમે કદી કરવાના નથી."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "જ્યાં સુધી તમારા હાથે તમારી મૂર્તિને તોડવાનો સંબંધ છે તેનાથી હું તમને માફી આપું છું. રહી ગઈ નમાઝ અને તેની માફી તો સાંભળી લો, જે મઝહબમાં નમાઝ નથી તે ખોટો મઝહબ છે અને એવા મઝહબમાં કોઈ ભલાઈ નથી. માટે નમાઝની માફી હરગિઝ હું તમને નહિ આપું."

"વારૂ હે મુહંમદ !" મંડળના સભ્યો બોલ્યા, "અમે નમાઝ પઢીશું ભલે એમાં અમારૂં અપમાન હોય કે ભલે એમાં અમારા માટે નામોશી હોય."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુગીરહ બિન શુઅબહ અને હઝરત અબૂ સુફયાન બિન હર્બને મંડળના સભ્યો સાથે તાઈફ જઈને તેઓની "તાગિયહ"(લાત નામે મૂર્તિ અને મંદિર)ને તોડી નાખવાનો હુકમ ફરમાવ્યો.

Maktabe Ashraf

ઉસ્માન બિન અબીલ-આસની સરદારી————એ પછી મંડળના સભ્યોએ ઈસ્લામ કબૂલ કરી લીધો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને કરારનામાનું લખાણ કરાવી આપ્યું અને મંડળના એક સભ્ય ઉસ્માન બિન અબીલ-આસને તેઓના અમીરની પદવીએ નીમી દીધા. જો કે ઉસ્માન બિન અબીલ-આસ તેઓમાં સૌથી નાની ઉંમરના નવયુવક હતા. અમીર તરીકે એમની નિમણૂક એટલા માટે કરી કે મંડળના સભ્યોમાં એ સૌથી વધુ ચંચળ અને ખંતીલા યુવક હતા. ઈસ્લામની ઠીક સમજણ કેળવવાનો અને કુર્આનનું શિક્ષણ મેળવવાનો એમનો ઉત્સાહ તરી આવતો હતો. હઝરત અબૂબક્રે અરજ કરી,

"યા રસૂલલ્લાહ ! હકીકતમાં મેં આ નવયુવકને આ લોકોમાં ઈસ્લામની સમજણ-શકિત અને કુર્આનની તઅલીમ લેવામાં સૌથી વધુ ઉત્સાહી જોયો છે."

મંડળના સભ્યો અને રમઝાનના રોઝહ————ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ સકીફના એજ મંડળના એક સભ્યનું બયાન છે કે, "અમે રમઝાનના મહિનામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને મુસલમાન બન્યા અને રમઝાન મહિનો ચાલતો રહ્યો ત્યાં સુધી અમે પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે રોઝહ રાખતા રહ્યા. હઝરત બિલાલ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી અમારા માટે ઈફતારી અને સેહરીનું જમણ લાવતા હતા. બિલાલ જ્યારે સેહરી લઈને આવતા તો અમે કહેતા, "હે બિલાલ ! અમારૂં માનવું છે કે સુબ્હે-સાદિકનો સમય તો થઈ ગયો ?" (સેહરી ખાવાનો સમય વીતી ગયો.)

બિલાલ જવાબ આપતા, "હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સેહરી ખાતાં છોડી આવ્યો છું. સેહરી ખાવામાં ઢીલ કરવાનો આપનો નિયમ છે."

પછી જ્યારે બિલાલ સાંજે ઈફતારી લઈને આવતા તો અમે કહેતા, "અમારૂં માનવું છે કે સૂરજ હજુ પૂરી રીતે આથમ્યો નથી."

બિલાલ જવાબમાં ફરમાવતા, "હું તમારી પાસે એવા સમયે આવ્યો છું જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈફતારી કરી લીધી છે." આમ કહીને બિલાલ પોતાનો હાથ પ્યાલામાં નાખતા અને તેમાંથી એક કોળિયો લઈને ખાઈ લેતા.

ઈમામને ટૂંકી નમાઝનો હુકમ————ઈબ્ને ઈસ્હાક કહે છેઃ બનૂ સકીફના મંડળના અમીર હઝરત ઉસ્માન બિન અબીલ-આસનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જયારે મને બનૂ સકીફનો અમીર બનાવીને મોકલાવ્યો તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારાથી જે છેલ્લું વચન લીધું તે આ હતું :

> "હે ઉસ્માન ! નમાઝ હળવી રાખજો (એટલે મુખ્તસર રીતે પઢાવજો.) અને લોકોમાં જે સૌથી વધારે વૃધ્ધ હોય તેનો દાખલો નજર સામે રાખજો. કેમકે નમાઝ પઢનારા લોકોમાં કબીર પણ હોય છે, સગીર પણ હોય છે, ઝઈફ પણ હોય છે, બીમાર પણ હોય છે. અને જરૂરતમંદો કે કામધંધાવાળા પણ હોય છે."

બનૂ સકીફની "તાગિયહ"નો ધ્વંસ————ઈબ્ને ઈસ્હાક કહે છેઃ બનૂ સકીફનું મંડળ પોતાના મામલાઓથી પરવારીને પાછું જવા તૈયાર થયું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની સાથે

Maktabe Ashraf

હઝરત અબૂ સુફયાન બિન હર્બ અને હઝરત મુગીરહ બિન શુઅબહને તેઓના "તાગિયહ" (મૂર્તિ-મંદિર)ને તોડી પાડવા મોકલાવી દીધા.[૧]

બંને ગૃહસ્થો સકીફના મંડળ સાથે ઊપડીને તાઈફ પહોંચી ગયા. હઝરત મુગીરહએ હઝરત અબૂ સુફયાનને મંદિરના ખંડન માટે આગળ કર્યા કે તેઓ તોડવાની શરૂઆત કરે. પણ અબૂ સુફયાન માન્યા નહિ અને બોલ્યા, "મુગીરહ ! તમે તમારી કૌમમાં આવી ગયા છો માટે પહેલ તમે કરો."

હઝરત અબૂ સુફયાન તોડભાંગના હથિયારો હાથમાં લઈને તૈયાર રહ્યા. હઝરત મુગીરહ મંદિરમાં દાખલ થયા અને ઉપર ચઢીને પાવડાના પ્રહારોથી તેને તોડવા લાગ્યા. તે વેળા હઝરત મુગીરહની કૌમ એટલે બનૂ મુઅત્તબના લોકો તેમના રક્ષણ માટે તેમની ચારે તરફ ગોઠવાઈ ગયા હતા કે જેથી કોઈ તેમને તીરથી વીંધી નહિ નાખે જેમકે હઝરત ઉર્વહ બિન મસઊદને તેમની કૌમે વીંધી નાખ્યા હતા.

આ તરફ બનૂ સકીફની સ્ત્રીઓ ઉઘાડા માથે વાળો પીંખતી અને રોતી ચિલ્લાતી ઘરોમાંથી નીકળી પડી. બધી સ્ત્રીઓ આ શબ્દોમાં કલ્પાંત ગજાવતી હતી :

લતુબ-કયન્ન દફફાઈ • અસલમ - હર - રૂદદાઈ

લમ યુહસિ-નુલ-મિસાઈ.

દફફાઅ એટલે આફતોથી બચાવનાર કે સંકટોથી રક્ષણ કરનાર દેવી પર ખૂબ રડવું જોઈએ. એને નીચ કે કમી.ના લોકોએ દુશ્મનને હવાલે કરી દીધી. તલવારોથી તેઓનો મુકાબલો ન કરી શકયા.[૨]

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત મુગીરહ પાવડાના પ્રહારોથી મૂર્તિને તોડતા હતા તે વેળા હઝરત અબૂ સુફયાનના મુખેથી અનાયાસે "અફસોસ ! સદ અફસોસ !" ના ઉદ્‌ગારો સરી પડતા હતા. મૂર્તિને તોડવા બાદ તેમાંથી ઘણી કિમતી વસ્તુઓ અને ઝવેરાત મળી આવ્યું. હઝરત મુગીરહએ આ કિંમતી ખઝાનો હઝરત અબૂ સુફયાન પાસે જમા કરાવી દીધો.

અબૂ મુલૈહ અને કારિબની કહાણી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : તાઈફના માનવંતા મોટા સરદાર હઝરત ઉર્વહ બિન મસઊદના ઈસ્લામ-સ્વીકાર પછી તેમની કૌમે તેમને શહીદ કરી નાખ્યા તો તેમના પુત્ર અબૂ મુલૈહ બિન ઉર્વહ તથા કારિબ બિન અસ્વદ બંને જવાનો પોતાની સકીફ કૌમથી છૂટા પડીને અને કદી તેઓને નહિ મળવાનો સંકલ્પ કરીને મદીનહ ચાલ્યા ગયા.[૩]

બનૂ સકીફનું મંડળ મદીનહ પહોંચે તે પહેલાં બંને જવાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા. તેઓએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! સકીફ સાથે અમે સંબંધ તોડી નાખ્યો છે. હવે કદી તેની સાથે ભાઈબંધી કે દોસ્તી નહિ રાખીએ."

---

૧. હઝરત મુગીરહ તાઈફના જ વતની હતા અને બનૂ સકીફની શાખ બનૂ મુઅત્તબમાંથી હતા. હઝરત અબૂ સુફયાનના એક બહેનની શાદી તાઈફના સકીફ કબીલામાં થઈ હતી જેથી મૂર્તિના ખંડન માટે એમની પણ વરણી કરવામાં આવી. "હ"

૨. દફફાઅ કે દુફફાઅના અર્થ દફે કરનાર, રૂકાવટ નાખનાર, વિઘ્ન દૂર કરનાર વગેરે થાય છે. અરબના બુતપરસ્તો લાત મૂર્તિને તમામ આફતો, સંકટો, બલાબલાઓથી રક્ષણ આપનાર દેવી તરીકે પૂજતા હતા જેથી તેને દફફાઅના વિશેષણે સંબોધતા હતા. જેમકે હાથી જેવી સૂંઢ ધરાવનાર ગણપતિની મૂર્તિને કેટલાક મૂર્તિપૂજકો વિઘ્નહર્તા કે મુશ્કિલ-કુશા માનીને તેની પૂજા કરે છે. "હ"

૩. અસ્વદ બિન મસઊદ અને હઝરત ઉર્વહ બિન મસઊદ બંને સગા ભાઈઓ હતા. અબૂ મુલૈહ હઝરત ઉર્વહના પુત્ર હતા અને કારિબ, અસ્વદના પુત્ર હતા. (અસિહ-હુસ-સિયર પા.૪૨૨) "હ"

આપે ફરમાવ્યું, "અહીં તમારી ઇચ્છા હોય તેને તમારો ભાઈબંધ કે દોસ્ત બનાવી લો."

બંનેએ જવાબ આપ્યો, "અમે તો ફક્ત અલ્લાહ અને તેના રસૂલને અમારા દોસ્ત બનાવીએ છીએ."

આપે ફરમાવ્યું, "તમારા મામા અબૂ સુફયાન બિન હર્બને તમારા દોસ્ત બનાવી લો."[1]

બંને બોલ્યા, "વારૂ તો અમારા મામા અબૂ સુફયાનને અમે અમારા દોસ્ત બનાવી લીધા."

મૂર્તિના ખઝાનામાંથી કરજની અદાયગી————તાઇફવાસીઓના ઇસ્લામ-સ્વીકાર બાદ મૂર્તિના પેટમાંથી મળી આવેલો ખઝાનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર કરવામાં આવ્યો તો અબૂ મુલૈહ બિન ઉર્વહએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! "તાગિયહ"ના ખઝાનામાંથી, મારા બાપા ઉર્વહના માથે જે કરજ ઊભેલું છે તેની ચુકવણી કરાવી દો."

આપે તેમની દરખાસ્ત કબૂલ રાખી તો કારિબ બિન અસવદે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારા બાપા અસવદનું કરજ પણ અદા કરાવી દો."

આપે ફરમાવ્યું, "તમારો બાપ અસવદ તો કુફ્રની હાલતમાં મરી ગયો છે."

કારિબે કહ્યું, "આપની વાત સાચી છે યા રસૂલલ્લાહ ! પણ આપ મુશરિકોના મુસલમાન બનેલા સગાંઓ સાથે ભલાઈનો વર્તાવ કરો છો. મારો બાપ કાફિર હતો પણ હું મુસલમાન છું. બાપના વારસદાર તરીકે લેણદારો કરજ તો મારી જ પાસે માગશેને !"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અબૂ સુફયાનને "તાગિયહ"ના માલમાંથી ઉર્વહ અને અસવદ બંનેનું કરજ ચૂકવી આપવાનો હુકમ ફરમાવી દીધો. હઝરત મુગીરહએ મૂર્તિના માલની યોગ્ય વ્યવસ્થા કરી લીધી તો હઝરત અબૂ સુફયાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ બંનેના દેણની ચુકવણી કરી આપી.

બનૂ સકીફ માટેનું લખાણ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ સકીફ માટે નીચેનું લખાણ કરાવી આપ્યું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના રસૂલ મુહંમદ નબી તરફથી આ લખાણ છે મુઅમિનીન માટે.

"અહીંનું ઘાસ અને ઝાડોના લાકડાં નહિ કાપવામાં આવશે, ન અહીંની ભૂમિમાં શિકાર ખેલવામાં આવશે.

જે માણસ એમાંથી કોઈ કામ કરતો મળી આવશે તેને ચાબખાની સજા આપવામાં આવશે અને તેના કપડાં ઉતારી લેવામાં આવશે. પછી જો તે એથીયે આગળ વધી જશે તો તેને પકડીને મુહંમદ નબીની સામે હાજર કરવામાં આવશે. અને આ, અલ્લાહના નબી મુહંમદ રસૂલનો હુકમ છે."

હઝરત ખાલિદ બિન સઈદે વધુમાં લખ્યું :

[1]. અસવદ બિન મસઊદ અથવા હઝરત ઉર્વહ બિન મસઊદ બંનેમાંથી કોઇ એકની સાથે હઝરત અબૂ સુફયાનના બહેનના લગ્ન થયાં હતાં જેથી અબૂ સુફયાન એમના મામા થતા હતા. (હવાલો ઉપર મુજબ)

Maktabe Ashraf

"આ લખાણ અલ્લાહના રસૂલ મુહંમદ બિન અબ્દુલ્લાહના હુકમથી ખાલિદ બિન સઈદે લખ્યું છે. કોઈએ રસૂલુલ્લાહના આ ફરમાનનો અનાદર નહિ કરવો જોઈએ અને જો કરશે તો તે પોતાના જ હકમાં નાઈન્સાફી કરશે; તે ઉસૂલની રૂએ જેનો મુહંમદ રસૂલુલ્લાહએ હુકમ આપ્યો છે."

સંપાદકની નોંધ : મૂસા બિન ઉકબાનું બયાન છે કે આ મંડળમાં કિનાનહ બિન અબ્દે-યાલીલ પણ શામિલ હતો. માગણીઓની રજૂઆત વેળા તેણે કહ્યું, "હે મુહંમદ ! અમને વ્યભિચારની છૂટ આપો. એના વગર અમને ચાલે એમ નથી."

આપે ફરમાવ્યું, "અલ્લાહ તઆલાએ એને હરામ ઠરાવીને ફરમાવ્યું છે : "લા તક-રબુઝ-ઝિના ઈન્નહૂ કાના ફાહિશહ." એટલે ઝિનાની નિકટ પણ ફટકવું નહિ. એ બહુ ગંદું અને ગોઝારૂં કામ છે."

તે બોલ્યો, "હે મુહંમદ ! અમને વ્યાજની છૂટ આપો. એજ તો અમારી કમાણી છે."

આપે ફરમાવ્યું, "અસલ સરમાયો (મૂળ મૂડી) લઈ લો એ તમારો હક છે. વધારો અલ્લાહએ હરામ ઠરાવ્યો છે: "લા તઅ-કુલુર-રિબા." વ્યાજ ખાવું નહિ.

તે બોલ્યો, "વારૂ તો શરાબની અમને પરવાનગી આપો. કેમકે એ તો અમારી ધરતીનો રસ છે."

આપે ફરમાવ્યું, "એ શયતાનની વસ્તુ છે, હરામ છે, પલીદ અને નાપાક છે. અલ્લાહએ એને "રિજ્સ"કહ્યો છે. "ઈન્નમલ-ખમ્રુ વલ-મયસિરુ રિજ્સુન." બેશક જુગાર અને શરાબ રિજ્સ છે. રિજ્સ એટલે નાપાક, ગંદું, ગોઝારું.

સહીહ મુસ્લિમમાં છે કે મંડળના ઈમામ હઝરત ઉસ્માન બિન અબીલ-આસે અરજ કરી, "યા રસૂલલ્લાહ! જ્યારે હું નમાઝ પઢું છું તો મારી નમાઝ અને કિરાઅત વચ્ચે શયતાન આડે આવી જાય છે. (નમાઝમાં મારા વિચારો ભટકવા લાગે છે.) મારે શું કરવું ?"

આપે ફરમાવ્યું, "નમાઝમાં આડે આવનાર એ શયતાનનું નામ "ખિનઝીબ" છે. જ્યારે તમને એવું લાગે તો પૂરી અઉઝુ પઢીને પોતાની ડાબી તરફ થૂથકારી લો." "હઝરત ઉસ્માનનું કથન છે :" મેં એનો અમલ કર્યો તો અલ્લાહએ એ ખિનઝીબ શયતાનને મુજથી દફે કરી દીધો."(અસિહ-હુસ-સિયર પા. ૪૨૩-૪૨૪) સંપાદકની નોંધ પૂરી થઈ.

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૮

ઇસ્લામી હજ્જ અને બરાઅતનું એલાન

(સન ૯ હિજરી)

સૌથી પહેલા અમીરુલ-હજ્જ ● મુશરિકો અને સૂરએ-બરાઅત ● સૂરએ-બરાઅતની આયતો ● સૂરએ-બરાઅતની જાહેરાત ● ઇન્નમલ-મુશરિકૂન નજસુન ● મુનાફિકોના સરદારનું મરણ ● મુનાફિકના જનાઝહની નમાઝ.

Maktabe Ashraf

સૌથી પહેલા અમીરુલ-હજ્જ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તબૂકથી વાપસી પછી રમઝાનના બાકીના દિવસો ઉપરાંત શવ્વાલ અને ઝી-કઅદહના પૂરા બે મહિના મદીનહમાં બિરાજમાન રહ્યા. પછી સન ૯ હિજરીના હજ્જ માટે આપે અબૂબક્ર સિદ્દીકને અમીરુલ-હજ્જ બનાવીને મોકલાવ્યા કે જેથી તેઓ મક્કહ જઈને મુસલમાનો માટે હજ્જની વ્યવસ્થા કરે.

બીજી તરફ અરબના મુશરિકો કે મૂર્તિપૂજકો પોતપોતાને સ્થળે પોતાની રીતે હજ્જની વ્યવસ્થા કરી રહ્યા હતા જેમકે તેઓના બાપદાદાથી ચાલ્યું આવતું હતું. મતલબ કે હઝરત અબૂબક્ર સિદ્દીક અને એમની આગેવાની હેઠળ જે મુસલમાનો હજ્જ કરવા માગતા હતા એ બધા મક્કહ રવાના થઈ ગયા. બીજી તરફ અરબભરના મુશરિકો પણ પોતાની નોખી વ્યવસ્થા કે અગાઉથી કરેલી ગોઠવણ મુજબ ખાનએ-કઅબહના હજ્જ માટે મક્કહ પહોંચી ગયા.

મુશરિકો અને સૂરએ-બરાઅત————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે અરબના મુશરિકોના જે કરારો કે સુલેહનામા થયાં હતાં તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે :

> "કોઈ માણસ ખાનએ-કઅબહમાં દાખલ થવા માગે તેને અટકાવવામાં નહિ આવશે
> અને ન હરામ મહિનાઓમાં કોઈને ધાકધમકીથી ભયભિત કરવામાં આવશે."

બંને પક્ષો આજ સુધી એ કરારોને વળગી રહ્યા હતા. હવે એ કરારો કે બંધારણોને તોડવા માટે અલ્લાહ તઆલાએ પોતાના કલામે-પાકમાં સૂરએ-બરાઅત (બીજું નામ સૂરએ-તવબહ) નાઝિલ ફરમાવી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અરબના મુશરિકો વચ્ચે થયેલું આ કરારનામું આમ એટલે સામાન્ય પ્રકારનું હતું. એટલે એ કેટલી મુદ્દત માટે છે તેનો કોઈ સમય કે દિવસ નક્કી કરવામાં આવ્યો ન હતો. એથી વિરુદ્ધ અરબના જુદા જુદા કબીલાઓ સાથે જે કરારનામા થયાં હતા. તેમાં મુદ્દત અને તારીખ

નક્કી કરવામાં આવી હતી.

સારાંશ કે આ કરારનામા કે બંધારણોના સંદર્ભમાં અને મદીનહના તે મુનાફિકોના મામલામાં જેઓ, જંગે-તબૂકમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે જવાને બદલે પાછળ રહીને પોતાના ઘરોમાં ભરાઇ રહ્યા હતા અને તેઓમાંથી કેટલાકે જે ઝેરીલા કટાક્ષો કે કડવા વેણો ઉચ્ચાર્યા હતા તેઓ અંગે સૂરએ-બરાઅતની આયતો ઉતારવામાં આવી. આ આયતોમાં અલ્લાહ તઆલાએ એ કૌમોના દિલોમાં જે છુપા ભેદો અને મેલા વિચારો છુપાવેલા હતા તેનો પર્દાફાશ કર્યો છે. એ લોકો દિલોમાં જે કંઇ છુપાવતા હતા તેનાથી ઊલટું જીભથી જાહેર કરતા હતા. એમાંથી અમુક એવા લોકો છે જેઓની ઓળખ આપણને બતાવી દેવામાં આવી છે જયારે કેટલાક એવા છે જેઓની ઓળખ નક્કી કરવામાં આવી નથી.

સૂરએ-બરાઅતની આયતો————સૂરએ-બરાઅત કે સૂરએ-તવબહની પહેલી આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

બરા-અતુમ મિનલ-લાહિ વ રસૂલિહી	બરાઅત છે અલ્લાહ અને તેના રસૂલ તરફથી,
ઇલલ-લઝીન આહત-તુમ	જેઓની સાથે તમારા સામાન્ય કરાર થયા હતા
મિનલ-મુશરિકીન.	મુશરિકોમાંથી.[1]

એટલે જે મુશરિકો સાથે અચોક્કસ મુદ્દતના કરાર થયા હતા હવે તેનાથી છુટકારો મેળવી લેવાની જાહેરાત કરવામાં આવે છે. એ પછીની આયતમાં ફરમાવ્યું :

ફસીહૂ ફિલ-અર્દિ	તો હે મુશરિકો ! તમે હરીફરી લો આ ધરતીમાં
અર-બઅત અશ-હુરિંવ - વઅ - લમૂ	ચાર મહિના, અને જાણી લો કે તમે
અન્નકુમ ગયરુ મુઅજિ-ઝિલ્લાહ.	થકવી શકવાના નથી અલ્લાહને.
વ અન્નલ્લાહ મુખ્ઝીલ-કાફિરીન.	અને બેશક અલ્લાહ રૂસ્વા કરનાર છે કાફિરોને.
વ અઝાનુમ મિનલ્લાહિ વ	અને જાહેરાત કરવામાં આવે છે અલ્લાહ તરફથી અને
રસૂલિહી ઇલન-નાસિ	તેના રસૂલ તરફથી સામાન્ય લોકોને,
યવમલ - હજ્જિલ-અકબરિ	હજ્જે-અકબરના દિવસે,
અન્નલ-લાહ બરીઉમ	કે બેશક અલ્લાહ બેઝાર છે,
મિનલ-મુશરિકીન વ રસૂલુહૂ.	મુશરિકોથી અને તેના રસૂલ પણ બેઝાર છે.
ફઇન તુબતુમ ફહુવ ખૈરુલ-લકુમ.	જો તમે કુફ્રથી તોબા કરી લો તો બેહતર છે તમારા માટે.
વઇન તવલ-લયતુમ ફઅલમૂ	અને જો તમે પૂઠ ફેરવશો તો જાણી લો
અન્નકુમ ગયરુ મુઅજિ-ઝિલ્લાહ.	કે તમે અલ્લાહને કદી થકવી શકવાના નથી.
વ બશ-શિરિલ-લઝીન કફરૂ	અને વધામણી સંભળાવી દો કાફિરોને
બિ-અઝાબિન અલીમ.	દુખઃદાયક અઝાબની.[2]

૧. બરાઅત, બરાઅહ, બરાઅ, બુરૂઅ એટલે બેઝાર થવું, અલગ થવું, છૂટવું, છુટકારો મેળવવો વગેરે. "હ"

૨. સૂરએ-બરાઅત યાને સૂરએ-તવબહ, પારહ ૧૦ આયત ૧ થી ૩. અહીં અલ્લામા ઇબ્ને હિશામે સૂરએ-બરાઅતની બીજી આયતો પણ ટાંકીને તેના તરજુમા સાથે લંબાણ વિવેચન કર્યું છે. ઉત્સુક વાંચકોએ સૂરએ-તવબહની તફસીર જોઇ લેવી. "હ"

સૂરએ-બરાઅતની જાહેરાત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હકીમ બિન હકીમ બિન અબ્બાદ બિન હનીફએ અબૂ જઅફર મુહંમદ બિન અલી (અલ્લાહ એ સૌથી રાજી હો)ની રિવાયત કહી સંભળાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર જ્યારે સૂરએ-બરાઅત ઊતરી તે વેળા આપ હઝરત અબૂબકને હજ્જની વ્યવસ્થા માટે મક્કહ મોકલાવી ચૂક્યા હતા. લોકોએ આપને વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! કેવું સારૂં થાત આપ કોઈને અબૂબક પાસે મક્કહ મોકલાવીને સૂરએ-બરાઅતનું એલાન ફરમાવી દેત !"

આપે ફરમાવ્યું, "એની જાહેરાત મારા તરફથી મારા જ કુટુંબની કોઈ વ્યકિત કરી શકે છે."

આમ ફરમાવીને આપે હઝરત અલી બિન અબી તાલિબને બોલાવ્યા અને ફરમાવ્યું :

ઉખરિજ બિ-હાઝિહિલ કિસ્સતિ	જાવ આ ઘટના અંગે,
મિન સદરિ બરાઅતિન	બરાઅતની શરૂઆતનો ભાગ લઈને,
વ અઝ્ઝિન ફિન્નાસિ	અને એલાન કરી દો લોકોમાં,
યવમુન-નહરિ	નહરના (દસમી ઝિલ-હજ્જના) દિવસે,
ઈઝજ-તમઉ બિ-મિનન.	જયારે લોકો ભેગા થાય મિનામાં.
અન્નહૂ લા યદ-ખુલુલ-જન્નત કાફિરુન.	(એવું એલાન) કે કોઈ કાફિર જન્નતમાં જશે નહિ.
વલા યહુજ્જુ બઅદલ-આમે મુશરિકુન.	અને હજ્જ કરી શકશે નહિ આ વરસ પછી કોઈ મુશરિક.
વલા યતૂફુ બિલ-બયતિ ઉર્યાનુન.	અને ન કઅબહનો તવાફ કરશે કોઈ માણસ નાગો થઈને.
વમન કાન લહૂ ઈન્દ રસૂલિલ્લાહિ	અને જે કોઈના રસૂલુલ્લાહ સાથે
અહ્દુન	કરાર થયા છે
ફહુવ લહૂ ઈલા મુદ-દતિહી.	તે કરાર તેની મુદ્દત સુધી જ રહેશે.

આ હુકમ મુજબ હઝરત અલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની "અદ્બાઅ" નામે ઊંટણી પર સવાર થઈને રવાના થયા અને રસ્તામાં જ અબૂબકને જઈ મળ્યા. એમને આવેલા જોઈને હઝરત અબૂબકે પૂછ્યું, "અમીર બનીને આવ્યા છો કે મારી મા-તહતીમાં ?" (એટલે ઉપરી બનીને આવ્યા છો કે મારા ઉપરીપણા હેઠળ ?)

હઝરત અલીએ કહ્યું, "આપની મા-તહતીમાં. આપના ઉપરીપણા હેઠળ."

એ પછી બંને માનવંતા ગૃહસ્થો સહાબાની જમાઅત સાથે આગળ બઢયા અને મક્કહ પહોંચીને હઝરત અબૂબકએ મુસલમાનો માટે હજ્જની વ્યવસ્થા કરવા માંડી. અરબના મૂર્તિપૂજકો આ વરસે પણ જાહિલિયતની પ્રથા મુજબ પોતાની હજ્જનો પોતે જ બંદોબસ્ત કરી રહ્યા હતા. પછી જયારે "યવમુન-નહર" એટલે ઝિલ-હજ્જની દસમી તારીખનો દિવસ આવ્યો અને લોકો અહીંતહીંથી સમેટાઈને મિના સ્થળે ભેગા થઈ ગયા તો હઝરત અલી બિન અબી તાલિબ લોકોના ટોળામાં ઊભા થઈ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ એલાન કરતાં બોલ્યા :

અૈયુહન-નાસ ! ઈન્નહૂ	હે લોકો ! સાંભળો, બેશક
લા યદ-ખુલુલ-જન્નત કાફિરુન.	કોઈ કાફિર જન્નતમાં જશે નહિ.
વલા યહુજ્જુ બઅદલ-આમ મુશરિકુન.	અને આ વરસ પછી કોઈ મુશરિક હજ્જ કરી શકશે નહિ.

Maktabe Ashraf

વલા યતૂફ બિલ-બૈત ઉર્યાનુન,	અને કોઈ નગ્ન થઈને કઅબહનો તવાફ કરશે નહિ.
વમન કાન્ ઇન્દ રસૂલિલ્લાહિ અહ્દુન	અને જે કોઈના કરાર થયા છે રસૂલુલ્લાહની સાથે,
ફ-હુવા લહૂ ઈલા મુદ-દતિહી.	એ કરાર તેની ઠેરવેલી મુદ્દત સુધી જ રહેશે.

એલાનના આ દિવસ પછી લોકોને ચાર મહિનાની મુદ્દત આપવામાં આવી કે જેથી દૂર-દરાઝથી આવેલા લોકો પોતપોતાના શહેરો કે રહેઠાણો સુધી શાંતિ અને સલામતીથી પહોંચી જાય. બરાઅતની આ જાહેરાત પછી મુશરિકો સાથેના કરારોનો અંત આવી ગયો. કોઈ મુશરિક સાથે એ પછી કોઈ કરાર રહ્યો નહિ; સિવાય કે જે મુશરિકો સાથે ઠરાવેલી મુદ્દતના કરાર થયા હતા. ચાર મહિના ગુજરી જવા પછી ઠરાવેલી મુદ્દતના કરારોનો પણ અંત આવી ગયો. જેમકે એલાનના વરસ પછી અરબનો કોઈ મુશરિક કે કોઈ બિનમુસ્લિમ હજ્જ માટે આવી શક્યો નહિ અને ન કોઈએ નગ્ન થઈને કઅબહનો તવાફ કર્યો.

હજ્જ પછી હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત અલી મદીનહ પાછા આવી ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બરાઅતની આ જાહેરાત એવા મુશરિકો અંગે હતી જેઓની સાથે ઠેરવેલી મુદ્દતના કોઈ ખાસ કરારો થયા ન હતા.

ઈન્નમલ-મુશરિકૂન નજસુન————એજ સૂરએ-બરાઅતમાં આગળ જતાં અલ્લાહ તઆલાએ કાફિરો, મુશરિકો, મૂર્તિપૂજકો, બિનમુસ્લિમોના મક્કહ પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેતાં ફરમાવ્યું:

યા ઐયુહલ લઝીન આમનૂ	હે ઈમાન લાવનારાઓ !
ઈન્નમલ - મુશરિકૂન નજસુન.	બેશક મુશરિકો તો નજસ છે.
ફલા યક-રબૂલ-	હવે તેઓ નિકટ નહિ આવવા પામે;
મસ્જિદલ-હરામ.	મસ્જિદે-હરામની.
બઅદ આમિહિમ હાઝા.	આ વરસ પછી. (સૂ.તવબહ પા. ૯ આયત ૨૮)

(એટલે ૯ હિજરીમાં બરાઅતના એલાન પછી એવો હુકમ પણ ફરમાવી દીધો કે હવેથી કોઈ મુશરિક, કોઈ મૂર્તિપૂજક, કોઈ ગેરમુસ્લિમ મસ્જિદે-હરામમાં દાખલ નહિ થવા પામે. બલકે તેની નિકટ પણ નહિ આવવા પામે. એટલે મક્કહમાં કે હરમની હદમાં પણ પ્રવેશી નહિ શકે. કેમકે તેઓના દિલો અને તેઓના આત્માઓ કુફ્ર-શિર્કની નાપાકીથી ખરડાયેલાં છે. એટલાં નજસ અને ગંદાં છે કે અલ્લાહના પવિત્ર ઘરમાં દાખલ થવાને લાયક નથી.)

(નોટ : અહીં અલ્લામા ઈબ્ને હિશામે કિતાબના દસ પાનાંઓમાં જંગે-તબૂક તથા મુશરિકો અને મુનાફિકોના બારામાં ઊતરેલી સંખ્યાબંધ આયતો ટાંકીને તેનું લંબાણ વિવેચન કરેલું છે. ટૂંકાણના હેતુએ અમે તેનો તરજુમો જતો કર્યો છે. એ માટે સુરએ-બરાઅત કે સૂરએ-તવબહની તફસીર જોઈ લેવી.)

મુનાફિકોના સરદારનું મરણ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઈબ્ને-શિહાબ ઝુહરીએ ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહના વાસ્તાથી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની રિવાયત બયાન કરી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસનું બયાન છે કે મેં હઝરત ઉમર બિન ખત્તાબને આમ કહેતાં સાંભળ્યા કે :

"જ્યારે મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબયનું મરણ થયું. [1] તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તેના જનાઝહની નમાઝ પઢાવવા માટે બોલાવવામાં આવ્યા. આપ ત્યાં પધારીને ઊભા થઈ ગયા. જ્યારે આપ નમાઝ પઢાવવા માટે તેના જનાઝહ પાસે પધાર્યા તો હું મારી જગાએથી આગળ વધીને જનાઝહના સીના પાસે જઈને ઊભો થઈ ગયો. મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં અરજ કરી,

> "યા રસૂલલ્લાહ ! શું આપ અલ્લાહના દુશ્મન અબ્દુલ્લાહ બિન ઉબયના જનાઝહની નમાઝ પઢાવશો ? જોણે ફલાણા પ્રસંગે આ શબ્દો કહ્યા હતા અને ફલાણા સમયે આ વાતો વહેતી કરી હતી ?"

હઝરત ઉમર ફરમાવે છે : તે વેળા હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે અબ્દુલ્લાહ બિન ઉબયના જીવનનું એકએક કરતૂત ગણાવી રહ્યો હતો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મીઠું મીઠું હાસ્ય ફરકાવી રહ્યા હતા. જ્યારે મારો આગ્રહ ખૂબ વધી ગયો તો આપે ફરમાવ્યું :

યા ઉમર અર્ખ્ર અન્ની.	હે ઉમર ! મારી પાસેથી હટીને પાછળ થઈ જાવ.
ઇન્ની કદ ખુય-યરતુ	બેશક મને પઢાવવા ન પઢાવવાનો અધિકાર આપવામાં આવ્યો
ફ-અખ્તર - તુ.	તો મેં (તેની નમાઝ) પઢાવવાનું પસંદ કરી લીધું.

ત્યારે મને અલ્લાહ તઆલા તરફથી કહેવામાં આવ્યું :

ઇસ્તગ-ફિર લહુમ	ચાહો તો તમે એમના માટે માફીની દુઆ માગો,
અવ લા તસ્તગ-ફિર લહુમ.	અને ચાહો તો એમના માટે માફીની દુઆ ન માગો.
ઇન તસ્તગ-ફિર લહુમ	અગર તમે એમના માટે માફીની દુઆ માગો;
સબઇન મર્રતન	સિત્તેર વખત,
ફલંય-યગ-ફિરલ્લાહુ લહુમ.	તો યે અલ્લાહ હરગિઝ એમને માફ કરવાનો નથી. [2]

આપે વધુમાં ફરમાવ્યું, "અગર મને ખબર હોત કે સિત્તેરથી વધુ વાર દુઆ માગવાથી અલ્લાહ એમને માફી કરી દેશે તો હું સિત્તેરથી વધુ વખત એમના માટે માફીની દુઆ માગત !"

મુનાફિકોના જનાઝહની નમાઝ———હઝરત ઉમરે વધુમાં ફરમાવ્યું, "એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના જનાઝહની નમાઝ પઢાવી દીધી. એટલું જ નહિ, આપ તેના જનાઝહની સાથે પણ ગયા અને તેની કબર પાસે પધારીને ત્યાં સુધી ઊભા રહ્યા જ્યાં સુધી કે તેની દફન ક્રિયાથી પરવારી નહિ ગયા."

હઝરત ઉમર ફરમાવે છે : "એ પછી મારા દિલમાં ફાળ પડી આ વાતની કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં ગુસ્તાખી કેવી રીતે કરી નાખી ? મારા પસ્તાવોનો પાર ન રહ્યો. કેમકે અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણતા હતા. મારો ઇલ્મ તો અલ્લાહના સોગંદ, શૂન્ય બરાબર હતો. પરંતુ વધુ વાર નહિ લાગી ત્યાં આ. બે આયતો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર નાઝિલ થઈ :

---

૧. મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય વીસ દિવસ બીમાર રહીને સન ૯ હિજરીના ઝુલ-કઅદહ મહિનામાં મરી ગયો. એના જ વિષે આ આયત નાઝિલ થઈ : "આ મુનાફિકોમાંથી કોઈ મરી જાય તો આપ કદી તેના જનાઝહની નમાઝ ન પઢો, ન તેની કબર પાસે ઊભા થાવ." (સૂરએ-તવબહ આયત ૮૪) "હ"

૨. સૂરએ-તવબહ પા. ૧૦ આયત ૮૦

વલા તુસલ્લિ	હે નબી ! જનાઝહની નમાઝ ના પઢો,
અલા અહદિમ મિન્હુમ માત અબદંવ.	એમાંનો કોઇ મરી જાય તેની ઉપર કાયમ માટે.
વલા તકુમ અલા કબરિહી.	અને ન ઊભા રહો તેની કબર પર.
ઇન્નહુમ કફરૂ બિલ્લાહિ વ રસુલિહી.	બેશક કુફ્ર કર્યો છે એમણે અલ્લાહ અને તેના રસૂલ સાથે.
વ માતૂ વ હુમ ફાસિકૂન.	અને મરી ગયા છે એ લોકો ફાસિક તરીકે.[૧]

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કદી કોઇ મુનાફિકના જનાઝહની નમાઝ નહિ પઢાવી ત્યાં સુધી કે આપની વફાત થઇ ગઇ."

ઇબ્ને ઇસ્હાક કહે છે : અને જંગે-તબૂક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર જીવનનો છેલ્લો ગઝવહ છે અને ગઝવહ તે ધર્મયુધ્ધને કહે છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે ભાગ લીધો હોય. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના જીવનમાં કોઇ ગઝવહ નહિ થયો.

(નોંટ : એ પછીના પ્રકરણમાં અલ્લામા ઇબ્ને હિશામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઇર હઝરત હસ્સાન બિન સાબિતના રચેલા બે કસીદા ટાંકેલા છે. જેમાં મદીનહના બહાદુર અનસારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આગેવાની હેઠળ, આજ સુધી ખેલાયેલા યુધ્ધોમાં, બહાદુરીના જે અદ્દભુત કારનામા અંજામ આપ્યા તેનો છટાદાર શૈલીમાં ઉલ્લેખ કરીને, એ વીરનરોને શાનદાર અંજલિ આપી છે. લંબાણની બીકે અમે એ કસીદા જતા કર્યા છે.)

---

૧. સૂરએ-તવબહ પા. ૧૦ આયત ૮૪

Maktabe Ashraf

પ્રકરણ ૧૪૯

અરબના મંડળો દરબારે-નબવીમાં

(સન ૯ હિજરી મુતાબિક સન ૬૩૧ ઈસ્વી)

અખિલ અરબ ઈસ્લામના ચરણોમાં • બનૂ તમીમનું મંડળ દરબારે-નબવીમાં • મંડળના સભ્યોનું ગમારો જેવું વર્તન • મંડળના ખતીબનું છટાદાર પ્રવચન • હઝરત સાબિતનું જવાબી પ્રવચન • ઝબરકાનનું અભિમાની કાવ્ય • હઝરત હસ્સાનનું જવાબી કાવ્ય • ઝબરકાનનું બીજું કાવ્ય • હઝરત હસ્સાનનો જવાબ • મંડળના સભ્યોનો ઈસ્લામ • રસૂલુલ્લાહ (સલ.)ની ઉદારદિલી • ગમારો જેવા વર્તનની ઝાટકણી.

Maktabe Ashraf

અખિલ અરબ ઈસ્લામના ચરણોમાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહ ફતેહ કરી લીધું અને જયારે આપે જંગે-તબૂકથી પણ ફરાગત મેળવી લીધી અને તાઈફના સકીફ કબીલાએ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બૈઅત કરીને ઈસ્લામ સ્વીકારી લીધો તો આખા અરબના પ્રતિનિધિ મંડળો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં ચારે તરફથી ધસારાભેર હાજર થઈ-થઈને ઈસ્લામમાં દાખલ થવા લાગ્યાં.

ઈબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહએ કહ્યું કે એ સન ૯ હિજરીની ઘટના છે અને આ વરસનું નામ "સનતુલ-વુફૂદ" એટલે અરબના મંડળોનું વરસ રાખવામાં આવ્યું. [૧]

ઈબ્ને ઈસ્હાક કહે છે : અરબ ખંડની સામાન્ય જનતા ઈસ્લામ વિષે ભારે ઉત્સુકતાથી રાહ જોતી હતી કે મક્કહના કુરૈશ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વચ્ચે જે સંઘર્ષ કે અથડામણ ચાલી રહી છે તેનો અંજામ શું આવે છે ? એનું કારણ હકીકતમાં આ હતું કે મક્કહના કુરૈશ આખા અરબના ઈમામ ગણાતા હતા. અરબના લોકો કુરૈશને પોતાના મઝહબી પેશવા કે ધાર્મિક નેતા માનતા હતા. તેઓ ખાનએ-કઅબહ એટલે અલ્લાહના ઘરના મુતવલ્લી, અધિકારી કે વહીવટદાર હતા. અને લેશ પણ સંદેહ કે શંકા વિના તેઓ અલ્લાહના પયગમ્બર હઝરત ઈસ્માઈલ બિન ઈબ્રાહીમની અવલાદ હતા. સાથે જ અરબભરના બાદશાહો, રાજવીઓ, રાજકારણીઓ, કબીલાઓના આગેવાનો અને સમાજના સુત્રધારો, કુરૈશની મહાનતા કે સર્વોપરિતાને માન્ય રાખનારા હતા. વળી એ કુરૈશ જ હતા જેઓએ અલ્લાહના આખેરી પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો વિરોધ કરીને આપની સાથે ટક્કર લેવાનું સાહસ ખેડ્યું હતું.

---

૧. હિજરી સનનું ૯ મું વરસ ૨૦ એપ્રિલ ૬૩૦થી શરૂ થઈને ૮ એપ્રિલ ૬૩૧ના ખતમ થયું. (ઈબ્ને હિશામનો હાશિયો)

પરંતુ જ્યારે મક્કહ ફતેહ કરી લેવામાં આવ્યું તો એજ કુરૈશે મસ્તક નમાવીને આપની શરણાગતિ સ્વીકારી લીધી અને ઇસ્લામે જ્યારે તેઓને જેર કરી લીધા તો આખા અરબના લોકોને સારી રીતે સમજાઇ ગયું કે કુરૈશના લોકોમાં હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની અદાવત કે મુકાબલાનું બળ રહ્યું નથી. ત્યારે આખા અરબમાંથી લોકો ચારે તરફથી ધસારો કરતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને ફોજ-દર-ફોજ અલ્લાહના દીનમાં દાખલ થવા લાગ્યા. કુર્આનના શબ્દોમાં, "ફી દીનિલ-લાહિ અફવાજા." જેમકે અલ્લાહ તઆલાએ પોતાના નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ફરમાવ્યું છે :

ઇઝા જાઅ નસ-રુલ્લાહિ	હે નબી ! જ્યારે આવી લાગી અલ્લાહની મદદ,
વલ-ફત્હુ	અને (મક્કહની) ફતેહ,
વ રઐતન-નાસ યદ્-ખુલૂન	અને તમે જોયા લોકોને કે દાખલ થઇ રહ્યા છે,
ફી દીનિલ્લાહિ અફવાજા.	અલ્લાહના દીનમાં ફોજ-દર-ફોજ.
ફ-સબ-બિહ બિ-હમ્દિ રબ્બિક	તો તમે પોતાના પાલનહારની પ્રશંસા સાથે તેના ગુણગાન કરો,
વસ્તગ-ફિરહુ.	અને તેનાથી ક્ષમા-યાચના કરો.
ઇન્નહૂ કાન તવ્વાબા.	બેશક તે બહુ મોટો ક્ષમાદાતા છે.

બનૂ તમીમનું મંડળ દરબારે-નબવીમાં——————સારાંશ કે હિજરીના નવમા વરસનું નામ "સનતુલ-વુફૂદ"પડી ગયું. અરબોના ટોળેટોળાં અને મંડળોના મંડળો ચારે તરફથી ખેંચાઇ-ખેંચાઇને ધસીધસીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં આવવા લાગ્યાં. જેમકે ઉતારિદ બિન હાજિબ બિન ઝુરારહ બિન ઉદુસ તમીમી નામના વિદ્વાન, તમીમ કબીલાના પ્રતિષ્ઠિત અગ્રેસરોને લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. આ મંડળમાં નીચે મુજબના સભ્યો શામિલ હતા:

૧—— અકરઅ બિન હાબિસ જેઓ બનૂ દારિમ બિન માલિકના ખાનદાનમાંથી હતા.

૨—— ઝબરકાન બિન બદ્ર તમીમી જેઓ બનૂ બહદિલા બિન અવફ બિન કઅબ બિન સઅદ બિન ઝૈદ મનાત બિન તમીમમાંથી હતા.

૩—— અમ્ર બિન અહમ્મ જેઓ બનૂ મન્કર બિન ઉબૈદ બિન હારિસમાંથી હતા.

૪—— હુતાત બિન યઝીદ જેઓ બનૂ દારિમ બિન માલિકમાંથી હતા.

ઇબ્ને હિશામ કહે છે : હુતાત બિન યઝીદ તે શખ્સ છે જેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુઆવિયા બિન અબૂ સુફયાનના ભાઈ બનાવ્યા હતા. જેમકે મક્કહના મુહાજિરો અને મદીનહના અનસાર વચ્ચે ભાઇચારાનો રિશ્તો કાયમ કરવામાં આવ્યો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ તમીમના મંડળમાં આ ગૃહસ્થો પણ આવ્યા હતા : (૫) નુઐમ બિન યઝીદ (૬) કૈસ બિન હારિસ (૭) કૈસ બિન આસિમ જેઓ બનૂ સઅદમાંથી હતા. (૮) ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્ર ફઝારી.

એમાંથી અકરઅ બિન હાબિસ અને ઉયૈનહ બિન હિસ્ન બંને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ફત્હે-મક્કહ, જંગે-હુનૈન અને જંગે-તાઇફમાં શામિલ હતા. બનૂ તમીમના મંડળ સાથે એ બંને ગૃહસ્થો પણ હાજર થયા.

મંડળના સભ્યોનું ગમારો જેવું વર્તન————ઇબ્ને ઇસ્હાક કહે છે : એપ્રિલનો મહિનો હતો. ગરમી કહે મારૂં કામ. આકરા તાપથી મદીનહની ભૂમિ ધખધખી રહી હતી. બનૂ તમીમનું મંડળ મસ્જિદે-નબવીમાં દાખલ થયું તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના મુબારક હુજરામાં આરામ ફરમાવતા હતા. આ લોકોએ આપને મળવાની ઇચ્છા દર્શાવી તો કોઇએ હુજરા તરફ ઇશારો કરી દીધો. મંડળના સભ્યો ગામડાના રહેવાસી હતા અને ગમારો જેવી મનોદશા ધરાવતા હતા. જો કે તેઓમાં પ્રખર શાઇરો અને છટાદાર શૈલીના ખતીબો પણ હતા પરંતુ શિષ્ટાચાર, સભ્યતા કે વિવેકી વર્તનની રીતભાતથી અજ્ઞાત હતા. બધા બેધડક આપના ઓરડાની પાછળ પહોંચી ગયા અને ત્યાંથી ઊંચા અવાજે ગમારો પેઠે પોકાર પાડ્યો,

''હે મુહંમદ ! ઘરમાંથી બહાર નીકળો, અહીં અમારી પાસે આવો !''

સૂરજ માથે આવી લાગ્યો હતો. કાળઝાળ તાપમાં લોકો પોતાના ઘરોમાં આરામ કરતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ પોતાના કમરામાં આરામ ફરમાવતા હતા. આ લોકોની બેઢંગી ચીખ-પુકારથી આપને ભારે માનસિક ત્રાસ વર્તાયો છતાં દરગુજરથી કામ લઇને આપ શૈયા પરથી ઊઠીને કમરામાંથી બહાર તશરીફ લાવ્યા. આપને જોતાં જ તેઓ બોલ્યા,

આપને જોતાં જ તેઓ મોટેથી પોકાર્યા, ''હે મુહંમદ ! જાણો છો અમે કેમ આવ્યા છીએ ?

''કહો કેમ આવ્યા છો ?'' આપે ફરમાવ્યું.

''સાંભળો, અમે તમારી સાથે ''મુફાખરત''કરવા માગીએ છીએ.'' તેઓ બોલ્યા.

(મુફાખરત એટલે ઇલ્મો-હિકમતમાં, ખૂબીઓમાં, કમાલોમાં, ચતુરાઇમાં કે હાજર જવાબીની કળામાં અમે લોકો ચઢિયાતા છીએ કે તમે લોકો ? તેનો અમે મુકાબલો કરવા માગીએ છીએ.)'' માટે હે મુહંમદ! તમે અમારા શાઇરને શાઇરીની અને અમારા ખતીબને બોલવાની પરવાનગી આપો.''

મંડળના ખતીબનું છટાદાર પ્રવચન————બીજી રિવાયત મુજબ મંડળના એક મોવડી અકરઅ બિન હાબિસે કહ્યું, ''હે મુહંમદ ! હું તે શખ્સ છું કે કોઇના વખાણ કરૂં તો તે આકાશની ટોચે પહોંચી જાય અને કોઇની નિંદા કરૂં તો તે પાતાળે પટકાઇ પડે.''

આપે ફરમાવ્યું, ''એ તો અલ્લાહનું કામ છે.''

અકરઅ બોલ્યો, ''અમે અરબમાં સૌથી વધારે પ્રતિષ્ઠાવાન છીએ.''

આપે ફરમાવ્યું, ''તમારાથી વધારે પ્રતિષ્ઠાવાન યૂસુફ બિન યઅકૂબ હતા.''

અકરઅ બોલ્યો, ''અમે તમારી સાથે મુફાખરત કરવા માગીએ છીએ.''

આપે ફરમાવ્યું, ''અલ્લાહએ મને ફખારી કે શાઇરીના મુકાબલા માટે પયગમ્બર બનાવ્યો નથી છતાં તમારે અખાડામાં ઊતરવું જ હોય તો ભલે, પોતાના કમાલાત દેખાડો, અમે જવાબ આપીશું.''

જવાબમાં આપે ફરમાવ્યું, ''હું તમારા ખતીબને બોલવાની પરવાનગી આપું છું.'' [૧]

રજા મળતાં બનૂ તમીમ કબીલાનો પ્રખ્યાત અને પ્રખર ખતીબ ઉતારિદ બિન હાજિબ ઊભો થઇને આગળ વધ્યો. તેણે પોતાની આગવી શૈલીમાં છટાદાર પ્રવચન કરતાં કહ્યું :

૧ ખતીબ ખુત્બો વાંચનાર, વિવેચન કરનાર, પ્રવક્તા, વાક્ચાતુર્ય, છટાદાર શૈલીમાં ભાષણ કરનાર. ''હ''

Maktabe Ashraf

"બધા વખાણ કે ગુણગાન તે અલ્લાહને શોભે છે જેણે અમારી ઉપર અપાર કૃપાઓ અને પારાવાર ઉપકારો કર્યા છે. અને આ હમ્દો-સના કે સ્તુતિને પાત્ર તેજ અલ્લાહ છે જેણે અમને તખ્ત અને તાજ આપીને બાદશાહ બનાવ્યા અને અખૂટ ધનસંપત્તિ આપી જેના થકી અમે જનકલ્યાણની સેવાઓ બજાવીએ છીએ અને જેણે અમને મશરિકના તમામ લોકોમાં બળવાન, વર્ચસશાળી અને પ્રતિષ્ઠાવાન બનાવ્યા. અને જેણે અમને સંખ્યાબળની બહુમતી આપીને બધામાં સૌથી વિશેષ સાધનસામગ્રીવાળા બનાવ્યા.

"આજે લોકોમાં અમારી તોલે આવી શકે એવું કોણ છે ? શું અમે તમામ લોકોના સરદાર નથી ? શું અમે એ બધામાં સૌથી વધુ પ્રતિષ્ઠાશાળી નથી ? માટે જે કોઈ આ ખૂબીઓમાં, આ કમાલોમાં, આ વિશેષતાઓમાં અમારા કરતાં ચઢિયાતા હોવાનો ગર્વ લેવા માગે, તેણે તેવી જ ખૂબીઓ, તેવા જ કમાલો, તેવી જ વિશેષતાઓ ગણી બતાવવી જોઈએ જે અમે ટૂંકાણમાં ગણી બતાવી છે. અમે ચાહતે તો વાતને એથી યે આગળ લંબાવી શકતે પરંતુ અલ્લાહ તઆલાએ જે કંઈ અમને આપ્યું છે તે એટલું વિપુલ છે કે તેના વિવેચનથી અમે સંકોચ અનુભવીએ છીએ. એજ સંકોચ અમારી સાચી ઓળખ કરાવે છે.

"આ જે કંઈ ખૂબીઓ, કમાલો કે વિશેષતાઓ મેં દર્શાવી છે તેનો હેતુ એટલો જ કે તમારી પાસે એનાથી ચઢિયાતું કંઈ હોય તો તેને અમારી સામે રજૂ કરવામાં આવે !"

અલંકૃત ભાષામાં અને છટાદાર શૈલીમાં આટલું પ્રવચન કરીને ઉતારિદ બિન હાજિબ પોતાની જગાએ જઈને બેસી ગયો.[૧]

હઝરત સાબિતનું જવાબી પ્રવચન————ઉતારિદ બિન હાજિબના બેસવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બનૂ હારિસ બિન ખઝરજવાળા હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ (રદિયલ્લાહુ અન્હુ)ને હુકમ ફરમાવ્યો કે તમે ઊભા થઈને આ ગૃહસ્થની તકરીરનો જવાબ આપો. હુકમ મળતાં તરત હઝરત સાબિત બિન કૈસ ઊભા થઈ ગયા અને આગળ વધીને ઉતારિદના જવાબમાં આ તકરીર કીધી:

"બધા વખાણો તે અલ્લાહને શોભે છે જેણે આકાશો અને ધરતીનું સર્જન કર્યું, જેમાં તેની જ સત્તા ચાલે છે. અને તેની કુરસીએ દરેક વસ્તુના ઈલ્મનો પોતાની અંદર સમાવેશ કરી લીધો છે. દરેક વાત તેની જ ઇચ્છા પર અવલંબે છે. અને કોઈ વસ્તુ તેની કૃપા વગર થઈ નથી. પછી તેની કુદરતથી એવું બન્યું કે તેણે અમને ધરતીના માલિક અને સત્તાધારી બનાવ્યા અને પોતાની બેહતરીન મખ્લૂકમાંથી તેણે પોતાના પયગમ્બરની પસંદગી કરી; જેઓ વંશની દ્રષ્ટિએ સૌથી વધુ પ્રતિષ્ઠાવાન, વાણીની દ્રષ્ટિએ સૌથી વધુ સત્યપરાયણ અને નીતિમત્તાની દ્રષ્ટિએ સૌથી વધુ નિષ્ઠાવાન છે.

---

૧. બનૂ તમીમ કબીલાનો ઉતારિદ બિન હાજિબ અરબનો પંકાયેલો પ્રવકતા અને પ્રખર વિવેચનકાર હતો. એક વેળા એણે ઇરાની શહેનશાહ કિસ્રાના દરબારમાં પોતાની આ કળાનો કમાલ દેખાડીને પુરસ્કાર તરીકે "કમ્ખાબ" (મૂલ્યવાન રેશમી કાપડ)નો શિરપાવ મેળવી લીધો હતો એજ શાહી પોશાકમાં સજ્જ થઈને તે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં આવ્યો હતો. (અસ્સિહ-હુસ-સિયર પા. ૩૨૩ હવાલો સહીહ બુખારી.) "હ"

"પછી તેણે આ પયગમ્બર પર પોતાની કિતાબ ઉતારી અને તેમને પોતાની સમગ્ર મખ્લૂક પર અમીન બનાવ્યા જેથી એ પયગમ્બર સારાયે આલમમાં અલ્લાહના ચુનંદા બંદા છે. પછી એમણે એક અલ્લાહ પર ઈમાન લાવવા માટે જગતના તમામ લોકોને આમંત્રણ આપ્યું; જેનો સ્વીકાર કરીને અલ્લાહના પયગમ્બર પર એમની કૌમ અને એમના સ્નેહીઓમાંથી મુહાજિરીન ઈમાન લઈ આવ્યા; જેઓ અખ્લાક કે નીતિમત્તાના ઊંચા આસને બિરાજેલા છે; જેઓ ચેહરાએ કે જાહેરી દેખાવે પણ તમામ લોકોમાં સૌથી શ્રેષ્ઠ છે અને કથન કે વર્તનની દ્રષ્ટિએ પણ તમામ લોકોથી ઉત્તમ છે. એ લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની દઅવત પર લબ્બૈક પોકારવાની પહેલ કરવામાં તમામ મખ્લૂક પર શ્રેષ્ઠતા ભોગવે છે.

"જે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને અલ્લાહ તરફ આવવાનું આમંત્રણ આપ્યું તો અલ્લાહના નામના પોકાર પર અમે પણ લબ્બૈક પોકારી જેથી અમે અલ્લાહના અનસાર એટલે મદદગાર અને તેના રસૂલના વઝીર એટલે સલાહકાર કે મંત્રી છીએ.

"લોકો સાથે અમે ત્યાં સુધી જિહાદ કરીએ છીએ જ્યાં સુધી કે તેઓ અલ્લાહ પર ઈમાન નહિ લઈ આવે. પછી જે માણસ અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લઈ આવે તે પોતાની જાન અને માલને અમારાથી સુરક્ષિત કરી લે છે અને જે પોતાના કુફ્ર પર કાયમ રહે છે તેની સાથે અમે કાયમ જિહાદ કરીએ છીએ અને તેની કતલ અમારા માટે આસાન હોય છે.

"હવે હું મારૂં પ્રવચન પૂરૂં કરૂં છું અને અલ્લાહની બારગાહમાં અમારા માટે તેમ તમામ મુસલમાન મર્દો અને તમામ મુસલમાન ઓરતો માટે મગફિરતની દુઆ માગું છું. અલ્લાહના સલામ હો, હિદાયતની પેરવી કરનારાઓ પર !"

ઝબરકાનનું અભિમાની કાવ્ય —— —એ પછી બનૂ તમીમનો જાણીતો શાઈર ઝબરકાન બિન બદ્ર ઊભો થયો અને તેણે પોતાની કૌમની યશગાથાનું અભિમાની કાવ્ય સંભળાવવા માંડ્યું. (તેના થોડાક શેઅરો આ છે :)

નહનુલ - કિરામુ ફલા હય્યુન યુઆદિલુના • મિન્નલ - મુલૂકુ વ ફીના તુન્સબુલ - બિયઉ.

કુળવાન અમે જ છીએ. કોઈ ઈન્સાન અમારી બરાબરી કરી શકે નહિ. બાદશાહો અમારામાંથી જ થયા છે. ઈબાદતગાહો કે મંદિરોનું અમે જ ચણતર કરીએ છીએ.

વ કમ કસરના મિનલ-અહયાઈ કુલ્લિ-હિમ • ઈન્દન-નિહાબિ વ ફદલુલ-ઈઝઝ યુત-તબઉ.

લડાઈ, વિનાશ કે સર્વનાશ વેરતી વેળા અમે તમામ ઈન્સાનોને ક્રોધપાત્ર તથા પરાજિત કરી નાખ્યા છે અને અમે તે છીએ જેઓની ગૌરવશાળી આબરૂનું અનુકરણ કરવામાં આવે છે.

વ નહનુ યુત્ઈમુ ઈન્દલ-કહતિ મુત-ઈમુના • મિનશ-શવાઈ ઈઝા લમ યુઅ-નસલ - કઝઉ.

અમે તે છીએ કે અમારો ભોજન પીરસનારો, દુકાળ સમયે ભૂંજી ભૂંજીને ખૂબ માંસ પીરસે છે ; જ્યારે

Maktabe Ashraf

કે વાદળ જોવામાં નથી આવતાં. (વરસાદના અભાવે દુકાળ પડયો હોય ત્યારે.)

બિમા તરન-નાસુ તઅતીના સુરા - તુહુમ • મિન કુલ્લિ અરદિન હુવિય્યન સુમ્મ તસ-તબિઉ.

જેમકે તમે જુઓ છો, મોટા મોટા ચુનંદા લોકો ચારે તરફથી અમારી તરફ દોડતા આવે છે. પછી અમે તેઓની સાથે માયા ભરેલો ઉદાર વર્તાવ કરીએ છીએ.

ફનન-હરુલ - કૂમ ઉબ્તન ફી અરૂ - મતિના • લિન - નાઝિલીનં ઈઝા મા ઉનઝિલૂ શબિઉ.

આવનારા મેહમાનો માટે અમે પોતાની ફિતરત અને પોતાની સ્વાભાવિક પરંપરા મુજબ મોટી-મોટી ખાંધાવાળાં તંદુરસ્ત ઊંટો ઝબહ કરી નાખીએ છીએ. જ્યારે તેઓ અમારે ત્યાં ઉતારો લે છે તો ખૂબ ધરાઈ ધરાઈને જમે છે.

ઈન્ના અબૈના વલા યઅબા લના અહદુન • ઈન્ના કઝાલિક ઈન્દલ-ફખ્રે નુર-તબઉ.

લોકોની વાતોને અમે ઠુકરાવી દઈએ છીએ પણ કોઈની મજાલ નથી કે તે અમારી વાતને ઠુકરાવી દે. ગર્વની જાહેરાતના એવા જ પ્રસંગે અમે સૌથી ઊંચા કે ઉન્નત હોઈએ છીએ.

મિન્નલ - મુલૂકુ વ ફીના તુક-સમુર - રબઉ • મિન કુલ્લે અર્દિન હવાનન સુમ્મા નુત-તબઉ.

બાદશાહો અને સરદારો અમારા માંહેથી જ પાકે છે અને માલે-ગનીમતના ચોથા ભાગની વહેંચણી અમારા લોકોમાં જ થાય છે. મોટા-મોટા ચુનંદા લોકો દરેક ભૂમિમાંથી ખુવાર થઈ થઈને અમારી જ પાસે આવે છે. પછી તેઓ અમારું જ અનુકરણ કરવા મજબૂર બને છે.

હઝરત હસ્સાનનું જવાબી કાવ્ય————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિત (રદિયલ્લાહુ અન્હુ) તે વેળા ત્યાં હાજર ન હતા. આપે તેમને બોલાવવા માટે માણસ મોકલ્યો. હઝરત હસ્સાનનું બયાન છે :

"મારી પાસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો માણસ મને તેડવા આવ્યો. તેણે મને કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તમને બોલાવે છે કે જેથી તમે, બનૂ તમીમના મંડળની મેહફિલમાં આવીને તેના શાઈરનો જવાબ આપો. જ્યારે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો, તે વેળા મજલિસમાં બનૂ તમીમનો શાઈર પોતાનું કાવ્ય સંભળાવી રહ્યો હતો.

ઝબરકાન બિન બદ્ર, બનૂ તમીમનો શાઈર જ્યારે પોતાનું કાવ્ય પૂરું કરીને બેસી ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને હુકમ ફરમાવ્યો, "હસ્સાન ! તમે ઊભા થઈને આ શાઈરના જવાબમાં એવું જ કાવ્ય રજૂ કરો જેવું એણે રજૂ કર્યું છે."

હઝરત હસ્સાન ફરમાવે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ મળતાં જ હું ઊભો થઈ ગયો અને તેજ જમીન કે તેજ છંદમાં (તેની કવિતાના માપ મુજબ) તેના કાવ્યનો જવાબ આપતાં મેં આ શેઅરો રજૂ કર્યા : (થોડાક શેઅરો આ રહ્યા:)[1]

---

૧. હઝરત હસ્સાન (રદિ.)એ આ શેઅરો કોઈ પણ જાતની તૈયારી કે ગોઠવણી વગર "ફીલ-બદીહ" રજૂ કર્યા. ફીલ બદીહ એટલે તુરંત, ફવરન, તત્ક્ષણ, તેજ પળે વિચાર્યા વિના શેઅરો કહેવા. અર્થાત : કશી તૈયારી વગરની હાજર જવાબી. ઉર્દૂમાં એને ફીલ-બદીહ શાઈરી કહે છે. હઝરત હસ્સાન શાઈરીની દુનિયાના બાદશાહ હતા. ઈસ્લામ-સ્વીકાર પહેલાં ગસ્સાની બાદશાહોના દરબારમાં પોતાની કાવ્યકળાનો સિક્કો બેસાડી ચૂક્યા હતા. મુસલમાન બનવા બાદ પોતાની શાઈરીને, ઈસ્લામ તથા "નઅતે-નબી" માટે સમર્પણ કરી દીધી હતી. "ફ"

મનઅ-ના રસૂલુલ્લાહિ ઇઝ હલ્લ વસ્તના • અલા અનફિન રાદિન મિમ મઅદ્દિંવ-વ-રાગિમિ.

જ્યારે અલ્લાહના રસૂલ અમારી વચ્ચે આવીને બિરાજમાન થયા તો મઅદ્દ (એટલે મક્કહના કુરૈશી કબીલાઓ)ના વિરોધ છતાં અમે આપની હિફાઝત અને આપની હિમાયત કીધી.

મનઅ-નાહુ લમ્મા હલ્લ બુયૂ-તના • બિ અસ્યાફિ-ના મિન કુલ્લે બાગિંવ-વ-ઝાલિમિ.

જ્યારે અલ્લાહના રસૂલ અમારા ઘરોમાં આવીને પધાર્યા તો અમે તલવારો લઇને દરેક દ્રોહી અને દરેક ત્રાસવાદીથી આપનું રક્ષણ કર્યું અને આપની મદદ કીધી.

હઝરત હસ્સાનનું બયાન છે : ''એ પછી મેં બનૂ તમીમના શાઇરના જવાબમાં તેજ જમીન અને તેજ છંદમાં શેઅરો રજૂ કરતાં કહ્યું :

કવમુન ઇઝા હારબૂ દર્રુ અદુવ્વુ-હુમ • અવ હાવલુન-નફઆ ફી અશ્યાઇ-હિમ નફઊ.

આ (મુસલમાનો)એવી કૌમ છે કે જ્યારે એ જંગ કરે છે તો શત્રુઓને નુકસાન પહોંચાડયા વગર છોડતા નથી અને જ્યારે પોતાના માણસોને લાભ આપવા માગે છે તો લાભ આપ્યા વગર જંપતા નથી.

લા યર-કઉન - નાસુ મા અવહત અકુફ - ફુહુમ • ઇન્દદ - દિફાએ વલા યૂહૂના મા રકઊ.

આ તે લોકો છે કે એમના હાથે, જંગ અને મુકાબલામાં જે વસ્તુને બગાડી નાખવામાં આવે, દુનિયાના લોકો ભેગા મળે પણ તેને સુધારી શકતા નથી. અને જે વસ્તુને એ લોકો સુધારી દે, તમામ લોકો ભેગા મળીને પણ તેને બગાડી શકતા નથી.

લા યફ-ખરૂન ઇઝા નાલૂ અદુવ્વ - હુમ • વ ઇન ઉસીબૂ ફલા ખુરુંવ - વલા હુલુઉ.

એ લોકો જ્યારે શત્રુ પર કાબૂ મેળવે છે તો અભિમાનથી અકડીને ચાલતા નથી અને જો માર્યા જાય છે તો ન બુઝદિલી કે કમજોરી દેખાડે છે ન હાયવોય કરે છે.

કઅન - નહુમ ફીલ-વગા વલ-મવતુ મુકતને-ઉન • અસદુન બિ-હિલ્યહ ફી અરસાગિ-હા ફદઉ.

મેદાને-જંગમાં જ્યારે મૃત્યુ માથે ઊભેલું હોય છે તો એ લોકો હિલ્યહ (નામે જંગલ)ના એવા સિંહ જેવા હોય છે જેઓની નહોરોની અણીઓ વાંકી ધારવાળી હોય છે. જેવી સિંહોની હોય છે.

અઇફ-ફતુન ઝુકિરત ફીલ-વહયે ઇફફતુ - હુમ • લા યત-બઊને વલા યુરદી-હિમ તમઉ.

એ બધા સદાચારી અને પવિત્ર પુરૂષો છે. એમની પવિત્રતાનું વર્ણન આકાશી વહી એટલે કુર્આનમાં થયેલું છે. એ લોકો કોઇ જાતની ગંદકીથી ખરડાતા નથી. ન લાલચ કે લોભ એમને ખુવાર કરી શકે છે.

ઝબરકાનનું બીજું કાવ્ય———————ઇબ્ને હિશામ કહે છે : મને બનૂ તમીમ કબીલાના જ્ઞાની શાઇરોએ કહ્યું કે અમારા કબીલાના શાઇર ઝબરકાન બિન બદ્રે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મજલિસમાં ઊભા થઇને આ શેઅરો પણ સંભળાવ્યા :

અતૈનાકા કૈમા યઅ-લમન - નાસુ ફદ-લના • ઇઝહ - તલફૂ ઇન્દ ઇહ - તદારિલ - મવાસિમિ.

(હે મુહંમદ !) અમે તમારી પાસે એટલા માટે આવ્યા છીએ કે, લોકોને અમારી આ ખૂબીની જાણ થઇ જાય કે, મોટા મોટા મેળાઓ, મેહફિલો, બજારો કે દંગલોમાં લોકો જ્યારે એકઠા થાય છે તો એવા પ્રસંગે

વસ્સમ લોકોમાં અમે નોખા તરી આવીએ છીએ.

વ અન્ના નઝૂરુલ-મુઅલ-લિમીન ઇઝન - તખવ • વ નદરિબુ રાસુલ-અસીદિલ-મુતફા - કિમિ.

અને અભિમાન કે મોટાઈની તુમાખીથી વાંકી ગરદન રાખીને ચાલનારા લોકોના માથાં અમે તલવારથી કલમ કરી નાખીએ છીએ. (બીજા શેઅરો જતા કર્યા છે.) [૧]

હઝરત હસ્સાનનો જવાબ——————ઝબરકાનના આ શેઅરોનો જવાબ પણ હઝરત હસ્સાને ઊભા થઈને આપ્યો. ફરમાવે છે :

હલિલ - મજદે ઇલ્લસ સૂદ વલ - અવદુ વન્નદા • વ જાહુલ-મુલૂકે વઇહ - તિમાલુલ-અઝાઇમિ.

માનપ્રતિષ્ઠા કે ઈઝઝત-આબરૂ ફક્ત વારસામાં ઊતરી આવેલી નેતાગીરી તથા ઉદારદિલી કે દાનવીરતામાં રહેલી છે. વળી બાદશાહો જેવા દબદબામાં અને મોટાં મોટાં જોખમો ખેડીને પરાક્રમો કરવામાં પણ રહેલી છે.

નસર-ના વ આયેનન-નબીય્ય મુહમ્મદન • અલા અન્ફે રાદિન મિમ-મઅદ-દિંવ-વ-રાગિમિ.

અમે મઅદ્દ કબીલાના વિરોધ છતાં મુહંમદ નબીની મદદ કરી અને આપને ઉમળકાભેર આવકાર આપ્યો. (મઅદ્દથી મુરાદ આખો કુરૈશ કબીલો.)

જઅલ-ના બનીના દૂનહૂ વ બનાતિના • વ તિબ્ના લહૂ નફસન ચઇઅલ-મગાનિમિ.

અમે અમારા પુત્રો અને પુત્રીઓને આપની સામે રક્ષક બનાવીને ઊભાં કરી દીધા અને ગનીમતનો જે માલ અમને મળ્યો, આપની ખુશી ખાતર તેની ઉપર રાજી રહ્યા.

વ નહનુ દરબ - નન - નાસા હત્તા તતાબઉ • અલા દીનેહી બિલ-મર-હફાતિસ - સવારિમિ.

અમે ધારદાર - અણીદાર તલવારોથી શત્રુઓને એટલા માર્યા કે હવે તેઓ આપના દીનમાં દાખલ થવા માટે ટોળેટોળાં બનીને આવી રહ્યા છે.

વ નહનુ વલદ-ના મિન કુરૈશિન અઝીમુહા • વલદ-ના નબીય્યલ-ખયરે મિન આલે-હાશિમિ.

અને અમે તે લોકો છીએ કે કુરૈશનો સૌથી અઝીમ ઇન્સાન અમારામાં જનમ પામ્યો. (અમારામાં એટલે મદીનહના અન્સારમાં-એનો ઇશારો આ વાત તરફ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબના માતાજી બીબી સલમા મદીનહના અન્સારની કન્યા હતાં. એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પરદાદી મદીનહના અન્સારમાંથી હતાં.) આ રીતે આલે-હાશિમમાંથી અમારામાં નબીય્યે-ખૈર એટલે ભલાઈઓના ભંડાર જેવા નબી પેદા થયા.

હબિલ-તુમ અલૈના તફ-ખરૂના વ અન્તુમ • લના ખવલુમ મા બૈન ઝિઅરિંવ - વ - ખાદિમિ.

તમારી મા તમને રડે ! તમે અમારા મુકાબલે ગર્વ કરો છો ? હાલાં કે તમે અમારી સામે લોંડી-ગુલામો

---

૧. એક રિવાયતમાં છે કે ઝબરકાનના કસીદામાં શેખી, પતરાજી, તુમાખી કે આપવડાઇ સિવાય કંઇ ન હતું પણ તેની ઠસ્સાદાર શૈલી અને ભપકાદાર ભાષા સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "ઇન્ન મિનલ-બયાને લ-સિહ્રન." એટલે અમુક પ્રવચનો કે શેઅરોમાં જાદૂ હોય છે. "દ"

જેવી હૈસિયત ધરાવો છો. કેમકે તમારામાં વસનારી લોંડીઓ તો મહેનતાણું લઇને ધાવણનો ધંધો કરે છે અને તમારા ગુલામો બીજાઓની ગુલામગીરી કરતા ફરે છે.

ફઇન કુન્તુમ જિઅતુમ લહિક-ના દિમાઇ-કુમ • વ અમવાલે - કુમ અન તુકસમુ ફીલ-મકાસિમિ.

અગર તમે એટલા માટે આવ્યા છો કે તમારૂં લોહી રેડાઇ જાય તે પહેલાં તેને બચાવી લો અને તમારો માલ અમારા લોકોમાં માલે-ગનીમત તરીકે વહેંચાઇ જાય તે પહેલાં તેને બચાવી લો તો..........

ફલા તજ-અલૂ લિલ્લાહિ નિદ-દંપ વ અસલિમૂ • વલા તલ્બસૂ ઝિય્યન કઝિય્યલ-અઆજિમિ.

.....તો તમે કોઇને અલ્લાહનો ભાગીદાર કે તેનો સમોવડિયો ન બનાવો અને ઇસ્લામ કબૂલ કરી લો અને તેવો પોશાક ન પહેરો જેવો અજમના લોકો પહેરે છે. (એટલે પતરાજી કે હેંકડાઇ કે અભિમાન ન કરો અને મૂર્તિપૂજકો જેવા રંગઢંગ છોડીને મુસલમાન બની જાવ.)

મંડળના સભ્યોનો ઇસ્લામ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિત પોતાનો કસીદો પૂરો કરીને બેસી ગયા કે લાગલો જ બનૂ તમીમનો મોવડી અકરઅ બિન હાબિસ ઊભો થઇ ગયો. તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફ ઇશારો કરતાં જુસ્સાથી કહ્યું :

"મારા બાપના સોગંદ ! આ તે ગૃહસ્થ છે જેમને અલ્લાહની મદદ મળેલી છે. એમનો ખતીબ અમારા ખતીબથી બહેતર છે. એમનો શાઇર અમારા શાઇરથી ચઢિયાતો છે. એમની વાણી અમારી વાણીથી વધારે મીઠી છે."

મુશાઇરાની મેહફિલ બરખાસ્ત થઇ તો બનૂ તમીમના મંડળના બધા સભ્યો મુસલમાન બની ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને ઉત્તમ પ્રકારના ઇનામ-ઇકરામથી નવાઝીને માનપાનથી વધાવી લીધા.

રસૂલુલ્લાહ (સલ.)ની ઉદારદિલી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ તમીમના મોવડી મંડળમાં અમ્ર બિન દહમ નામે ઊગતી વયનો એક જુવાનિયો પણ હતો જેને આ લોકો પોતાના ઉતારે ઊંટોની રખેવાળી માટે છોડી આવ્યા હતા. મંડળના એક સભ્ય કૈસ બિન આસિમને આ યુવક ગમતો ન હોવાથી એ તેની પ્રત્યે વેરભાવ રાખતો હતો.

ઇનામની વહેંચણી વેળા કૈસ બિન આસિમે કહ્યું, "યા રસૂલલ્લાહ ! અમારા મંડળમાં કૈસ બિન દહમ નામે એક છોકરડો પણ આવેલો છે જેને અમારા ઊંટોની રખેવાળી માટે ગોવાળિયા તરીકે અમે અમારા ઉતારે છોડી આવ્યા છીએ."

આપે ફરમાવ્યું, "તે પણ ઇનામનો તમારા જ જેટલો હકદાર છે." (ભલે તે છોકરડો હોય કે ગોવાળિયો.) આમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના માટે પણ તેટલું જ ઇનામ ઇનાયત કર્યું જેટલું મંડળના બીજા સભ્યોને ઇનાયત કર્યું હતું.

પછી જ્યારે પેલા છોકરા અમ્ર બિન દહમને ખબર પડી કે કૈસ બિન આસિમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં તેના માટે હલકટ શબ્દો ઉચ્ચાર્યા છે તો તેણે એક નિંદાકાવ્ય લખીને કૈસ બિન

Maktabe Ashraf

આસિમની ખબર લઈ નાખી.

ગમારો જેવા વર્તનની ઝાટકણી———ઈબ્ને ઈસ્હાક કહે છે : એજ બનૂ તમીમના મંડળના અસભ્ય કે અવિવેકી કે ગમારો જેવા વર્તન વિષે કુઅર્આને-મજીદની આ આયત ઊતરી :

ઈન્નલ-લઝીન યુનાદૂનક	હે નબી ! જે લોકો આપને પોકારે છે
મિન-વરાઈલ-હુજુરાતિ	હુજરાઓની પાછળથી (બેઢંગી રીતે)
અક્સરુ હુમ લા યઅ-કિલૂન.	તેઓમાંના ઘણાખરા અક્કલ ધરાવતા નથી.[1]

સંપાદકનો વધારો———મુસલમાન બનવા બાદ મંડળના સભ્યો ઈસ્લામના શિક્ષણ માટે થોડા દિવસ મદીનહમાં થોભી ગયા. એ દરમિયાન મંડળના મહાન શાઈર હઝરત ઉતારિદ બિન હાજિબ (રદિયલ્લાહુ અન્હુ) ઈસ્લામી શિક્ષણથી એટલા બધા પ્રભાવિત થયા કે ઈરાનના બાદશાહ કિસરા તરફથી એમને ઈનામમાં મળેલો મૂલ્યવાન શિરપાવ બજારમાં જઈને એમણે વેચી નાખ્યો. (કેમકે એ રેશમનો અને સોનાના તારોથી બનેલો હતો અને રેશમી તથા સુવર્ણ-જડિત પોશાક ઈસ્લામમાં પુરૂષો માટે હરામ છે.)

જ્યારે હઝરત ઉમર (રદિ.)ને જાણ થઈ કે પોશાક બજારમાં વેચાવા માટે ગયો છે તો તેમણે અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! ઉતારિદ પોતાનો પોશાક બજારમાં વેચે છે આપ એને ખરીદી લો.'' (કેમકે ઈરાનના બાદશાહની કિંમતી યાદગાર છે.)

આપે ફરમાવ્યું, ''ઉમર ! એ રેશમ અને સોનાથી બનેલો પોશાક છે. એને તે માણસ પહેરે જેનો આખેરતમાં કોઈ હિસ્સો ન હોય.''

એટલે જે મુસલમાન જન્નતમાં જઈને ત્યાંનો રેશમી-સોનેરી પોશાક પહેરવાની ઈચ્છા ધરાવતો હોય તેણે આ દુનિયામાં રેશમનો અને સોનાનો ઉપયોગ નહિ કરવો જોઈએ. જન્નતના રેશમી પોશાકનું કુર્આન-મજીદમાં ચોખ્ખી રીતે વર્ણન થયેલું છે. ''હ'')

Maktabe Ashraf

૧. સૂરએ-હુજુરાત પારહ ૨૬ આયત ૪

પ્રકરણ ૧૫૦

અરબના મંડળોની પરંપરા

—————૧—————

બનૂ આમિરનું મંડળ • આમિર બિન તુફૈલનો બદ ઇરાદો • આમિરનો બદ અંજામ • અરબદનો બદ અંજામ • બનૂ સઅદ બિન બક્રનું મંડળ • દિમામ બિન સઅલબાના સવાલો • કૌમને ઇસ્લામની દઅવત • અબ્દુલ-કૈસ કબીલાનું મંડળ • જારૂદનો ઇસ્લામ સ્વીકાર • હઝરત જારૂદની ઇસ્લામ પર દ્રઢતા • ઇબ્ને સાવાનો ઇસ્લામ-સ્વીકાર • બનૂ હનીફહનું મંડળ અને મુસૈલિમહ કઝ્ઝાબ • મુસૈલિમહનો પયગમ્બરીનો દાવો • મુસૈલિમહનો કાગળ • ઝૈદુલ-ખૈલ અને બનૂ તયનું મંડળ • ઝૈદુલ-ખૈલના વખાણ • હઝરત ઝૈદુલ-ખૈરની વફાત.

Maktabe Ashraf

બનૂ આમિરનું મંડળ—————ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ આમિર બિન સઅસઆ કબીલાનું એક મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયું. મંડળની આગેવાની કબીલામાં અગ્રસ્થાન ધરાવતા ત્રણ મોવડીઓએ લીધી હતી જેઓના નામો આ છે : (૧) આમિર બિન તુફૈલ (૨) અરબદ બિન કૈસ બિન જઝઅ બિન ખાલિદ બિન જઅફર (૩) જબ્બાર બિન સલિમહ બિન માલિક બિન જઅફર. આ ત્રણે ગૃહસ્થો પોતાની કૌમના આગળ પડતા અગ્રેસરો હતા અને ત્રણે અવ્વલ નંબરના શયતાનો હતા.

આ મંડળનો આગેવાન આમિર બિન તુફૈલ અલ્લાહનો દુશ્મન હતો. બહુ મેલા મનનો, છળકપટથી ભરેલો શયતાન હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં બદ ઇરાદાથી આવ્યો હતો. તેનો ઇરાદો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે ગદ્દારી કરીને ધોકાબાજીથી આપને કતલ કરવાનો હતો. એની કૌમના લોકો વારંવાર એને સમજાવીને કહ્યા કરતા, ''આમિર ! અરબના કબીલાઓના ટોળેટોળાં મુસલમાન બની રહ્યાં છે. તું પણ સમજી જા અને પોતાની કૌમ સાથે ઇસ્લામ કબૂલ કરી લે.''

આમિર તેઓને આક્રોશભર્યા સ્વરે જવાબ આપતો, ''હરગિઝ નહિ, અલ્લાહના સોગંદ ! મેં તો આખા અરબને મારૂં તાબેદાર બનાવી લેવાના સોગંદ ખાઇ લીધા છે. જ્યાં સુધી આખું અરબ મારી તાબેદારી નહિ સ્વીકારી લે, હું હરગિઝ ચેનથી બેસવાનો નથી. ત્યારે શું હું કુરૈશના એ જુવાનિયાનો તાબેદાર બની જાઉં ?''

આમિર બિન તુફૈલનો બદઇરાદો—————ઇબ્ને ઇસ્હાક કહે છે : મદીનહ આવવા પહેલાં આમિર બિન તુફૈલે પોતાના સાથી અરબદ બિન કૈસ સાથે મળીને કાવતરાની યોજના ઘડી કાઢી હતી અને તેને કહી

દીધું હતું, "જયારે આપણે એ ગૃહસ્થ (હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ) પાસે એકાંતમાં પહોંચીશું તો હું મારી વાતોની જાળમાં તેમને એવા લપેટી લઈશ કે તારી તરફથી તેમનું ધ્યાન હટી જશે. બસ એજ તક તું ઝડપી લેજે અને તલવારના એક જ ઝાટકે તેમને કત્લ કરી નાખજે."

(આમિર બિન તુફૈલ બહુ વાતોડિયો, બટકબોલો અને વાતચીતની કળામાં પાવરધો હતો) જયારે મંડળના લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો આમિરે વાતોના ફડાકા બોલાવતાં વાતચીત દરમિયાન કહ્યું, "વલ્લાહ હે મુહંમદ ! મારે તમારી સાથે એકાંતમાં વાતો કરવી છે. તમે મને એકાંતની તક નહિ આપો ?"

આપે ફરમાવ્યું, "વલ્લાહ હે તુફૈલ ! હું હરગિઝ તને એકાંતની તક આપવાનો નથી, ત્યાં સુધી કે તું કલિમો પઢીને એક અલ્લાહ પર ઈમાન નહિ લઈ આવે !"

આપના એકાંતના ઈન્કારથી આમિર બિન તુફૈલ ન હિંમત હાર્યો ન નિરાશ થયો. લગાતાર આપની સાથે વાતો કરતો રહ્યો અને રાહ જોતો રહ્યો કે તેનો સાથી અરબદ બિન કૈસ તે કામ કરી નાખે જે તેને સોંપવામાં આવ્યું હતું. પરંતુ અરબદ હતો કે થાંભલા પેઠે અવાક બનીને ગુમસુમ ઊભેલો હતો. આ પરિસ્થિતિ દેખીને આમિરે ફરીવાર દાવ અજમાવતાં કહ્યું, "હે મુહંમદ ! વલ્લાહ, સાચેસાચ મારે તમારી સાથે જરૂરી વાતો કરવી છે પણ એકાંતમાં. ત્યારે શું તમે મને એકાંતમાં વાતો કરવાની તક નહિ આપો ?"

આપે ફરમાવ્યું, "ના વલ્લાહ ! હું હરગિઝ તને એકાંતની તક નહિ આપું, જયાં સુધી કે તું તે અલ્લાહ પર ઈમાન નહિ લઈ આવે જેનો કોઈ ભાગીદાર નથી.

જયારે આપે ફરીવાર તેની વાત માનવાનો ઈન્કાર ફરમાવી દીધો અને અરબદ પણ યથાવત્ મૂંગોમંતર બનીને ઝાડના ઠૂંઠા પેઠે ઊભેલો રહી ગયો તો આમિરની ધીરજ ખૂટી ગઈ. ગુસ્સાથી કર્કશ અવાજે બોલ્યો, "યાદ રાખો હે મુહંમદ ! હું એટલા ઘોડા, એટલા સૈનિકો લઈ આવીશ કે તમારી આ ધરતી ધ્રુજી ઊઠશે!"

બનૂ આમિરના કબીલાનો આ શયતાન પૂઠ ફેરવીને ત્યાંથી જવા લાગ્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બારગાહે-ઈલાહીમાં દુઆ માગી : "અલ્લા-હુમ્મલ-ગનીબ્બ આમિરિબ્ને-તુફૈલ !" હે અલ્લાહ! તું આમિર બિન તુફૈલને મુકાબલે મારા માટે કાફી બની જા ! અથવા હે અલ્લાહ ! આમિર બિન તુફૈલના ફિત્નાથી તું મારૂં રક્ષણ કરી લેજે !

બનૂ આમિરના મંડળના આ ત્રણે શયતાનો જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને બહાર નીકળી ગયા તો આમિરે, અરબદ બિન કૈસને ઠપકાભર્યા સ્વરે કહ્યું, "અલ્યા તારૂં ભૂંડું થાય, તને શું થઈ ગયું હતું ? થાંભલા પેઠે ઊભો કેમ થંભી રહ્યો ? તેં મારૂં કહ્યું કેમ નહિ માન્યું ?"

અરબદ બોલ્યો, "અરે ભાઈ ધીરો થા, ખફા થવાની જરૂર નથી. સાંભળ, તારા કરતાં વધારે બિહામણો કે ભયાનક કે વિકરાળ માણસ મેં આજ સુધી ધરતીના પટ પર જોયો નથી. જો કે હવે પછી તારાથી ડરવાનું મારા માટે કોઈ કારણ નથી." અરબદની વાત સાંભળીને આમિર ચોંકી ઊઠયો. બોલ્યો, "હેં મારાથી વધારે બિહામણો માણસ...? આ તું શું બોલે છે હે અરબદ ?"

અરબદ બોલ્યો. "સાંભળ તો ખરો હે આમિર ! બાબત એમ બની કે તારા હુકમ મુજબ જયારે જ્યારે મેં મુહંમદને કતલ કરવાનો ઈરાદો કર્યો તો દરેક વાર તું જ આડે આવી જતો હતો. તારા બિહામણા ચેહરા વગર

Maktabe Ashraf

બીજું કોઈ મને ત્યાં દેખાતું ન હતું. આવી હાલતમાં શું હું તલવારથી તને કતલ કરતે ?"[૧]

આમિરનો બદ અંજામ————ઈબ્ને ઈસ્હાક કહે છે : આમિર બિન તુફૈલ અને અરબદ બિન કૈસ પોતાના નાપાક હેતુમાં નિષ્ફળ થઈને પોતાના વતન તરફ જતા હતા ત્યારે રસ્તામાં એક સ્થળે અલ્લાહ તઆલાએ આમિરની ગરદનમાં પ્લેગની ગાંઠ ઉપસાવી દીધી અને તે બનૂ સલીલ ખાનદાનની એક સ્ત્રીના ઘરમાં બુરી મૌતે મરી ગયો. મરતી વેળા તે કહી રહ્યો હતો, "હે બનૂ આમિરના લોકો ! હું બનૂ સલીલની સ્ત્રીના ઘરમાં, વતનથી દૂર, પ્લેગની ગાંઠથી એવી રીતે મરી રહ્યો છું જેવી રીતે ઊંટની વયનો ઊંટ પ્લેગની ગાંઠથી મરી જાય છે. અફસોસ ! બહાદુરો પેઠે મેદાને-જંગમાં નહિ મર્યો !"

ઈબ્ને હિશામ કહે છે: એક રિવાયતમાં મરતી વેળા આમિર બિન તુફૈલના આ શબ્દો ટાંકેલા છે : "શું હું ઊંટની ગાંઠ પેઠે મારી ગરદનમાં પ્લેગની ગાંઠ જોઉં છું ? અને શું હું વતનથી દૂર બનૂ સલીલની એક સ્ત્રીના ઘરમાં મરી રહ્યો છું ?"

અરબદનો બદ અંજામ————ઈબ્ને ઈસ્હાક કહે છે : આમિર બિન તુફૈલને જમીનના ખાડામાં દાટીને તેના બંને સાથીઓ આગળ રવાના થયા. જ્યારે તેઓ પોતાના વતનની ધરતીમાં પહોંચ્યા તો તેઓની કૌમના લોકોએ પૂછ્યું, "હે અમારા સરદારો ! કહો અમારા માટે શું સમાચાર લઈ આવ્યા?"

અરબદ આવેશથી બોલ્યો, "સમાચાર જેવું કંઈ નથી. અલ્લાહના સોગંદ ! તેણે આપણા ભગવાનોને જતા કરીને એવી વસ્તુની બંદગીનાં હુકમ આપ્યો કે હું ગુસ્સાથી સમસમી રહ્યો. કાશ ! અત્યારે તે મારી સામે હાજર હોત તો તીરો ભોંકી-ભોંકીને તેને મારી નાખત !"[૨]

અરબદે ઉચ્ચારેલા આ નાપાક શબ્દોને બેએક દિવસ પસાર થઈ ગયા. એ પછી તે કોઈ કામ માટે ઘરમાંથી નીકળીને જઈ રહ્યો હતો. તેનો ઊંટ પણ પાછળ-પાછળ ચાલતો હતો. અચાનક અલ્લાહ તઆલાએ તેની ઉપર અને તેના ઊંટ પર વીજળીનો કડાકો બોલાવ્યો અને આંખના પલકારામાં વીજળીએ બંનેને બાળીને ભસ્મ કરી નાખ્યા. અરબદ બિન કૈસ મા તરફથી લુબૈદ બિન રબીઅહનો ભાઈ હતો.

ઈબ્ને હિશામ કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ની રિવાયત મુજબ આમિર બિન તુફૈલ અને અરબદ બિન કૈસ બંને શયતાનોના બારામાં અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી :

અલ્લાહુ યઅલમુ	અલ્લાહ પૂરેપૂરી માહિતી ધરાવે છે
મા તહમિલુ કુલ્લુ ઉન્સા	જે કંઈ ગર્ભમાં રહે છે દરેક માદાને.
વમા તગીદુલ-અરહામુ	અને જે કંઈ ઘટાડો થાય છે ગર્ભાશયમાં
વમા તઝદાદ............	અને જે કંઈ વધારો થાય છે ગર્ભાશયમાં..........
વમા લહુમ મિન દૂનિહી	અને અલ્લાહ વગર કોઈ તેઓનો
મિંવ વાલ. (સુધી).	બેલી હોતો નથી.[૩]

૧. અરબદને આમિર જેવા શયતાનના બિહામણા ચેહરા સિવાય કશું દેખાતું ન હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહના ફરિશ્તાઓએ છુપાવી લીધા હતા. કુર્આનમાં છેઃ "વલ્લાહુ યઅ્સિમુકા મિનન-નાસ." હે નબી : લોકોથી અલ્લાહ પોતે આપનું રક્ષણ કરશે "હ"

૨. આવા નાપાક અને જહન્નમી શબ્દો ઉચ્ચારનાર અરબદ બિન કૈસ પર, અને એના જેવા કટ્ટર કાફિરો પર અલ્લાહની લાખો લઅનતો હો ! અને અલ્લાહની લાખો રહમતો હો અમારા આકા અને મવલા હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ! "હ"

3. સૂરએ-રઅદ પારહ ૧૩ આયત ૮

એટલે માદાના ગર્ભાશયમાં નરનો હમલ છે કે નારીનો ? અને ગર્ભાશયમાં એક બચ્ચાંનો હમલ છે કે તેથી વધારેનો ? અને બચ્ચું પૂરા દિવસે પેદા થશે કે આગળ પાછળ ? એ બધી વાતોની અલ્લાહ તઆલા સંપૂર્ણ માહિતી ધરાવે છે. એવી જ રીતે આમિર બિન તુફૈલ અને અરબદ બિન કૈસ જે કંઈ ભેદો પોતાના પેટોમાં છુપાવીને આવ્યા હતા, અલ્લાહ તઆલા તેને લગતી રજેરજની માહિતી ધરાવતો હતો.

અલ્લાહ તઆલાએ અરબદ બિન કૈસને જે વસ્તુથી હલાક કર્યો અને પોતાની કુદરતથી તેના દિલમાં આમિરના બિહામણા ચેહરાની દહેશત જન્માવીને પોતાના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિફાઝત ફરમાવી તેનું વર્ણન કુર્આને-મજીદમાં આ રીતે થયું છે :

લહૂ મુઅક-કિબાતુમ	તેના માટે વારાફરતી આવનારા ચોકીદારો છે.
મિમ-બૈનિ યદૈહિ વમિન-ખલફિહી	જેઓ તેની આગળ અને તેની પાછળ રહે છે.
યહફઝૂ-નહૂ મિન અમ્રિલ્લાહ.	જેઓ તેનું રક્ષણ કરે છે અલ્લાહના હુકમથી. [1]

ઈબ્ને હિશામ કહે છે : "મુઅક-કિબાત" એટલે પહેરેગીર, એક પછી એક આવનારા ચોકીદાર, અથવા વારાફરતી આવનારા અંગરક્ષકો. આ અંગરક્ષકો કે ચોકીદારો કે પહેરેગીરોથી મુરાદ અલ્લાહના તે ફરિશ્તાઓ છે જેઓ વારાફરતી આવીને અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આગળ-પાછળ રહીને અલ્લાહના હુકમથી લગાતાર આપની હિફાઝત કરતા રહે છે. અને અરબદ બિન કૈસને અલ્લાહ તઆલાએ જે વસ્તુ કે જે પદાર્થથી હલાક કર્યો તેનું વર્ણન આ રીતે કર્યું :

વયુર સિલુસ-સવાઈક	અને તે મોકલાવે છે વીજળીઓને (જમીન તરફ)
ફ - યુસીબુ બિહા	તો હલાક કરી નાખે છે તેનાથી
મંય - યશાઅ.	જેને ચાહે તેને. (રઅદ આયત ૧૩)

(નોંધ : લુબૈદ બિન રબીઅહ મા તરફથી અરબદ બિન કૈસનો ભાઈ થતો હતો અને અરબનો જાણીતો શાઅર હતો. તેણે પોતાના ભાઈ અરબદના મરણથી પ્રભાવિત થઈને પાંચ મરસિયા કહ્યા જેના ૪૩ શેઅરો ઈબ્ને હિશામે અહીં ટાંકેલા છે. અમે એ લાબાણ જતું કર્યું છે. બેએક શેઅરો જુઓ :)

મા ઈન તુઅદ-દલ - મનૂનુ મિન અહદિન • લા વાલિદિન મુશ-ફિકિન વલા વલદિ.

વાસ્તવમાં મૃત્યુ કોઈને પણ છોડતું નથી. ન બાપને છોડે છે જે પોતાના બાળકોની ફિકરમાં હમેશા ચિંતાતુર રહે છે અને ન બાળકોને છોડે છે.

ફજ - જઅનીલ - બર્કુ વસ - સવાઈકુ બિલ - • ફારિસિ યવમલ કરી - હતિન - નજુદિ.

તે અરબદ એવો શાહસવાર હતો જે મેદાને-જંગમાં વીરનર પુરવાર થતો હતો. તેની ઉપર તૂટી પડેલા વીજળીના કડાકાએ મને દર્દમંદ બનાવી દીધો છે.

---

૧. સૂરએ-રઅદ આયત ૧૧

Maktabe Ashraf

બનૂ સઅદ બિન બકનું મંડળ

ઇબ્ને ઇસ્હાક કહે છે : બનૂ સઅદ બિન બકના કબીલાએ ઝિમામ અથવા દિમામ બિન સઅલબા નામે પોતાના એક ઘડાયેલા અગ્રેસરને પોતાના પ્રતિનિધિ તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં મોકલાવ્યો.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)નું બયાન છે : "દિમામ બિન સઅલબા મદીનહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો તે પેહલાં તેણે પોતાના ઊંટને મસ્જિદના દરવાજા પાસે બેસાડીને એક ખૂંટા સાથે બાંધી દીધો અને પછી મસ્જિદમાં દાખલ થયો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની મજલિસમાં તકિયાને અઢેલીને બિરાજમાન હતા. દિમામ બહુ નિડર યુવક હતો. તેના શરીર પર વાળો પુષ્કળ હતા અને તેના માથા પર લાંબા-લાંબા લટિયાંના ગુચ્છા લટકી રહ્યા હતા. તે આગળ વધ્યો અને નિર્ભયતાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાની મજલિસમાં જઈને બેસી ગયો.

તેણે પડકારો કર્યો, "ઐયુકુમ ઇબ્નુ અબ્દિલ-મુત્તલિબ ?" તમારામાં અબ્દુલ-મુત્તલિબનો બેટો કોણ છે ?

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું. "અનબ્નુ અબ્દિલ-મુત્તલિબ." હું છું અબ્દુલ-મુત્તલિબનો બેટો.

દિમામ બિન સઅલબાના સવાલો————દિમામે પૂછ્યું, "શું મુહંમદ તમે પોતે છો ?"

આપે ફરમાવ્યું, "નઅમ." હા હું મુહંમદ છું.

"હે અબ્દુલ-મુત્તલિબના પુત્ર !" દિમામ બોલ્યો, "હું તમને કંઈક સવાલો કરવાનો છું. મારા પૂછવાની ઢબ ગમારો જેવી છે અને કદાચ તમને કરડાકી ભરેલી લાગશે. તેથી મનમાં કંઈ ખોટું તો નહિ લગાડશો ને?"

આપે ફરમાવ્યું, "હું મનમાં કંઈ ખોટું લગાડતો નથી. તમારે પૂછવું હોય તે પૂછી લો."

દિમામ બોલ્યો, "ત્યારે હું તમને તે અલ્લાહના સોગંદ આપું છું જે તમારો પણ મઅબૂદ છે, તમારાથી પહેલાંના લોકોનો પણ મઅબૂદ છે અને તમારા પછી આવનારા લોકોનો પણ મઅબૂદ છે. શું અલ્લાહએ તમને અમારી તરફ પોતાના પયગમ્બર બનાવીને મોકલ્યા છે ?"

"હા, હે અલ્લાહના બંદા !" આપે જવાબ આપ્યો," અલ્લાહએ મને પોતાનો પયગમ્બર બનાવીને મોકલ્યો છે."

દિમામે પૂછ્યું, "હે મુહંમદ ! હું તમને તે અલ્લાહના સોગંદ આપું છું જે તમારો પણ મઅબૂદ છે અને તમારાથી પહેલાંના લોકોનો પણ મઅબૂદ છે અને તમારા પછી આવનારા લોકોનો પણ મઅબૂદ છે. શું અલ્લાહએ તમને હુકમ આપ્યો છે કે, તમે અમને હુકમ આપો કે, અમે એક જ અલ્લાહની બંદગી કરીએ અને તેની બંદગીમાં કોઈને તેનો ભાગીદાર ન બનાવીએ અને આ વાત કે અમે તે મૂર્તિઓની પૂજા છોડી દઈએ જેને અમારા બાપદાદા પરંપરાથી પૂજતા આવ્યા છે ?"

આપે ફરમાવ્યું, "અલ્લા-હુમ્મ નઅમ." હે અલ્લાહ ! હા, બેશક સાચું છે.

દિમામે ફરીવાર પૂછ્યું, "હે મુહંમદ ! હું તમને તે અલ્લાહના સોગંદ આપીને પૂછું છું જે તમારો પણ મઅબૂદ છે, જે તમારાથી પહેલાંના લોકોનો પણ મઅબૂદ છે, જે તમારા પછી આવનારા લોકોનો પણ મઅબૂદ છે, શું અલ્લાહએ તમને હુકમ આપ્યો છે કે, અમે પાંચ વખતની નમાઝો પઢતા રહીએ?"

આપે ફરમાવ્યું, "અલ્લા હુમ્મ નઅમ."

એ પછી દિમામ, ઈસ્લામના ફરાઈઝ કે ઈસ્લામના પાયાના સિધ્ધાંતોને લગતા સવાલો એક પછી એક પૂછતો રહ્યા જેમકે નમાઝ ઉપરાંત ઝકાત, રોઝહ, હજ્જ તેમજ ઈસ્લામી શરીઅતના નીતિનિયમો વગેરે અને દરેક સવાલ પર તે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ઉપર મુજબ કસમ આપતો રહ્યો ત્યાં સુધી કે તે દરેક સવાલથી પરવારી ગયો અને તેના દિલને સંતોષ થઈ ગયો તો તે બેધડક પોકારી ઊઠ્યો :

ફ-ઈન્ની અશહદુ	તો હું ગવાહી આપું છું આ વાતની કે
અલ - લાઈલાહ ઈલ્લલ-લાહુ	એક અલ્લાહ વગર કોઈ મઅબૂદ નથી.
વ અશહદુ અન્ન	અને હું સાક્ષી આપું છું આ વાતની કે બેશક
મુહમ્મદર - રસૂલુલ્લાહ.	મુહંમદ અલ્લાહના રસૂલ છે.
વ સઅવુદ્દી હાઝિહિલ-ફરાઈઝ.	અને હું જરૂર પાલન કરતો રહીશ આ ફરાઈઝનું
વજ-તનિબુ મા નુહૈતની અન્હુ.	અને બચતો રહીશ તે વાતોથી જેની આપે મના ફરમાવી છે.
સુમ્મ લા અઝીદુ વલા અન્કસુ.	પછી તેમાં હું ન વધારો કરીશ ન ઘટાડો કરીશ.

ઉપર મુજબનાં ઈકરાર પછી હઝરત દિમામ બિન સઅલબા પોતાના ઊંટ તરફ ગયા, તેની પીઠ પર સવાર થયા અને પોતાના વતન તરફ ઊપડી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું:

ઈન્ન સિદકિન ઝુલ-અકી - સતૈન	અગર આ બે લટિયાંવાળાએ સાચા દિલથી આ વાતો કહી છે
દ ખલલ-જન્નહ.	તો એ જન્નતમાં દાખલ થઈ ગયો.

કૌમને ઈસ્લામની દઅવત——હઝરત દિમામ બિન સઅલબા મસ્જિદમાંથી નીકળીને પોતાના ઊંટ પાસે ગયા. તેની દોરડીની ગાંઠો ખોલી નાખી અને તેની પીઠ પર સવાર થઈને પોતાની કૌમ પાસે પહોંચી ગયા. એમને હેમખેમ આવેલા જોઈને કૌમના બધા લોકો એમની પાસે ભેગા થઈ ગયા તો હઝરત દિમામે સૌથી પહેલાં જે શબ્દો ઉચ્ચાર્યા તે આ હતા :

"બિઅસતુલ-લાત વલ-ઉઝઝા." "હે લોકો ! લાત અને ઉઝઝા કેટલા ભૂંડા, કેટલા કઢંગા છે !"

કૌમના લોકો ગભરાઈને બોલી ઊઠ્યા, "ખબરદાર દિમામ ! થોભો-થોભો, કોઢના રોગથી ડરો, કોઢી થઈ જવાથી ડરો, પાગલ થઈ જવાથી ડરો."

હઝરત દિમામે તેઓને પડકાર્યા, "તમારૂં નખ્ખોદ વળે. અલ્લાહના સોગંદ, એ લાત અને ઉઝઝા તો નર્યા પથ્થર છે. બાન પથ્થરની મૂર્તિઓ છે. ન લાભ આપી શકે છે ન નુકસાન. બેશક અલ્લાહએ પોતાના એક પયગમ્બરને મોકલ્યા છે. તેમની ઉપર એક કિતાબ આકાશથી ઉતારી છે. જેની બરકતથી અલ્લાહએ તમને મૂર્તિપૂજાની ગુમરાહીથી બહાર કાઢ્યા છે જેમાં તમે આજ સુધી ભટકી રહ્યા હતા. સાંભળો હું ગવાહી આપું છું કે ઈલાહૂન-વાહિદ (એક અલ્લાહ) સિવાય કોઈ મઅબૂદ નથી અને તેનો કોઈ ભાગીદાર નથી. વળી આ વાતની ગવાહી કે, મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. હું તેમની પાસેથી તમારા માટે તે વસ્તુ

Maktabe Ashraf

લઈ આવ્યો છું જેનો તેમણે તમને હુકમ ફરમાવ્યો છે. અને તે વસ્તુ પણ લઈ આવ્યો છું જેનાથી તેમણે તમને અટકાવ્યા છે."

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)નું બયાન છે : "અલ્લાહના સોગંદ ! એ જ દિવસે દિમામ બિન સ્રઅલબાના કબીલાના નર-નારીઓમાંથી કોઈ એવું ન રહ્યું જેણે સાંજ સુધીમાં ઇસ્લામ ન સ્વીકારી લીધો હોય."

હઝરત અબ્દુલ્લાહ વધુમાં ફરમાવે છે : "મેં કોઈ કૌમ કે કબીલાનું એવું મંડળ નહિ જોયું જે દિમામ બિન સ્રઅલબાના મંડળથી અફઝલ હોય."

અબ્દુલ-કૈસ કબીલાનું મંડળ

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં અબ્દુલ-કૈસ કબીલાનો જારૂદ બિન અમ્ર બિન હનશ નામે ખ્રિસ્તી અગ્રેસર પણ હાજર થયો.

ઇબ્ને હિશામ કહે છે : અબ્દુલ-કૈસ કબીલાના મંડળમાં પ્રતિનિધિ તરીકે જારૂદ હાજર થયો હતો. તેનું નામ જારૂદ બિન અમ્ર બિન બિશ્ર બિન મુઅલ્લા હતું અને તે ઇસાઈ હતો એટલે ખ્રિસ્તી ધર્મ પાળતો હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : જારૂદ બિન અમ્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો તો વાતચીત દરમિયાન આપે તેની આગળ ઇસ્લામની રજૂઆત કરીને તેને મુસલમાન બની જવાની પ્રેરણા આપી.

જારૂદનો ઇસ્લામ સ્વીકાર——————આપની વાતો સાંભળીને જારૂદ બોલ્યો, "હે મુહંમદ ! હું તો અગાઉથી એક આકાશી ધર્મનો અનુયાયી છું તેમ છતાં આપના ઇસ્લામ ખાતર હું મારા ધર્મનો ત્યાગ કરૂં છું. શું આપ મારૂં કરજ વાળવાની બાંયધરી આપો છો ?"

આપે ફરમાવ્યું, "હા હું એની બાંયધરી આપું છું. અલ્લાહ તઆલાએ તમને એવા ધર્મની સદ્બુદ્ધિ આપી છે જે તમારા અગાઉના ધર્મથી ઉત્તમ છે."

આ સાંભળીને જારૂદ બિન અમ્ર મુસલમાન બની ગયા અને એમની સાથે આવેલા એમના બધા સાથીઓ પણ મુસલમાન બની ગયા.

એ પછી હઝરત જારૂદે વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! મારી પાસે સવારી નથી. મને સવારી માટે કોઈ જાનવર નહિ આપો ?"

આપે ફરમાવ્યું, "જુઓ મારી પાસે હાલ કોઈ જાનવર નથી જેની ઉપર હું તમને સવાર કરાવી શકું."

હઝરત જારૂદ બોલ્યા, "વારૂ તો અમારા પ્રદેશ અને મદીનહ વચ્ચેના વિસ્તારમાં ગુમરાહ લોકોની વસતિઓ આવેલી છે. તેઓના હરાયાં ઊંટો જંગલોમાં ચરતાં રહે છે. શું આમ બની શકે કે એ ઊંટો પર સવારી કરીને અમે અમારા મુકામે પહોંચી જઈએ ?"

આપે ફરમાવ્યું, "નહિ તમારે એનાથી બચવું જોઈએ. એ તો આગમાં બળી મરવા જેવું છે."

હઝરત જારૂદની ઇસ્લામ પર દ્રઢતા——————હઝરત જારૂદ બિન અમ્ર પોતાના સાથીઓ સાથે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી રૂખ્સત થઈને પોતાના વતને પોતાની કૌમમાં આવી ગયા. પોતે અંતઃકરણથી ઈસ્લામ સ્વીકારેલો હોવાથી એકદમ પાકા, દીનદાર, ધર્મચુસ્ત મુસલમાન બની ગયા. એટલું જ નહિ, મરતાં દમ સુધી ઈસ્લામ પર મક્કમ રહીને ઈસ્લામી આદેશોનું ચુસ્ત રીતે પાલન કરતા રહ્યા. પછી એમના જીવનમાં તે પ્રસંગ પણ સર્જાયો જ્યારે એમની કૌમના કેટલાક લોકો, ગરૂર બિન મુનઝિર બિન લુકમાન બિન મુનઝિર નામના માથાભારે અગ્રેસર સાથે ઈસ્લામનો ત્યાગ કરીને અને મુર્તદ બનીને પોતાના બાપદાદાના જૂના ધર્મમાં ચાલ્યા ગયા. એ પ્રસંગે હઝરત જારૂદ બિન અમ્ર પોતાના સાથીઓ સાથે જાનોને જોખમમાં નાખીને એ મુર્તદો પાસે દોડી ગયા અને તેઓને પડકારતાં બોલ્યા :

"હે લોકો ! ઈસ્લામ તરફ પાછા વળો. હકની ગવાહી આપો. સાંભળો, હું સાક્ષી આપું છું આ વાતની કે એક અલ્લાહ સિવાય બીજો કોઈ ભગવાન બંદગીને લાયક નથી અને હું સાક્ષી આપું છું કે મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. જે લોકો આ વાતનો ઈકરાર નહિ કરે હું તેઓને કાફિર સમજું છું અને એવા કાફિરો માટે હું એકલો બસ છું."

સંપાદકની નોંધ————અબ્દુલ-કૈસ કબીલાના મંડળનું બયાન ઈબ્ને હિશામની સીરતમાં બહુ મુખ્તસર રીતે રજૂ કરવામાં આવ્યું છે. સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં આ મંડળને લગતી વિગતો દર્શાવવામાં આવી છે જેનો ખુલાસો સીરતની સનદી કિતાબોને આધારે અહીં રજૂ કરીએ છીએ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિદ્વાન સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિયલ્લાહુ અન્હુ)નું બયાન છે : "અબ્દુલ-કૈસ કબીલાનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયું તો આપે પૂછ્યું, "આ કઈ કૌમનું મંડળ છે ?"

જવાબ મળ્યો, "રબીઅહ કબીલાનું." (અબ્દુલ-કૈસનું બીજું નામ રબીઅહ હતું.) [1]

આપે ફરમાવ્યું, "મરહબા ! ભલે પધાર્યા ! તમે લોકો રાજીખુશીથી મુસલમાન બનવા આવ્યા છો જેથી તમે ન આ દુનિયામાં ફજેત થશો ન આખિરતમાં ખુવાર થશો."

તેઓ બોલ્યા, "યા રસૂલલ્લાહ ! અમારા બહરૈનના ઈલાકા અને આપના ઈલાકા વચ્ચે મુદર કબીલાના ઝનૂની કાફિરોની વસતિઓ આવેલી છે જેથી અમે "અશહુરે-હુરામ" એટલા માનવંતા મહિનાઓ વગર બીજા મહિનાઓમાં આપની તહેનાતમાં હાજર થઈ શકતા નથી. માટે ટૂંકાણમાં અમને ઈસ્લામી ઉસૂલો કે ઈસ્લામના મૂળભૂત સિધ્ધાંતોની સમજૂતી આપી દો કે જેથી અમે તેનો અમલ કરીને જન્નતના હકદાર કરી શકીએ અને અમારા કબીલાના જે લોકો આપના દરબારમાં હાજર થઈ શક્યા નથી તેઓને પણ વતન પહોંચીને એ સિધ્ધાંતોનું શિક્ષણ આપી શકીએ."

---

૧. અબ્દુલ-કૈસ કબીલાના આ મોવડી મંડળમાં ૩૦ થી ૪૦ જેટલા સભ્યો હતા. એ લોકો બહરૈન અને ઉમાન ઈલાકાના વતની હતા. સન ૯ યા ૧૦ હિજરીમાં લાંબા પ્રવાસની પારાવાર તકલીફો વેઠતા મદીનહ હાજર થયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને ભલે પધારો ફરમાવીને હાથોહાથ લીધા. તેઓના રહેવા - મહેલાની અને ખાણીપીણીનો ઉત્તમ પ્રબંધ કર્યો અને સહાબાએ તેઓની સરભરા કે મેહમાન-નવાઝીમાં કોઈ કમી રહેવા નહિ દીધી. "હ"

આપે ફરમાવ્યું, "હા સાંભળો, હું તમને ચાર વાતોનો હુકમ આપું છું અને ચાર વાતોની મના કરૂં છું. પહેલી ચાર વાતો આ છે :

૧—— એક અલ્લાહ પર ઈમાન લાવો. એટલે જીભથી કલિમએ-શહાદત પઢો અને દિલથી તેનો યકીન રાખો.

૨—— પાંચ વખતની નમાઝો પઢો અને પોતાના માલની ઝકાત આપો.

૩—— માહે-રમઝાનના રોઝહ રાખો.

૪—— ગનીમતના માલમાંથી પાંચમો ભાગ બૈતુલ-માલમાં જમા કરાવો.

જે ચાર વાતોની મના કરૂં છું તે આ છે :

૧—— દુબ્બા (સૂકવેલું કોળું, કદૂ, તુંમડું)નો ઉપયોગ નહિ કરવો.

૨—— હન્તમ. (કાળા રંગનો ચીકણો ઘડો, માટીનું લીસું વાસણ) નો ઉપયોગ નહિ કરવો.

૩—— નકીર. (લાકડાનો મોટો પ્યાલો, ખજૂરીના થડમાંથી કોતરેલું વાસણ)નો ઉપયોગ નહિ કરવો.

૪—— મુઝફ્ફત. (ડામર કે લાખ જેવા પદાર્થથી લીંપેલું વાસણ)નો ઉપયોગ નહિ કરવો.

અબ્દુલ-કૈસ કબીલાના લોકો આ પ્રકારના વાસણો કે પાત્રોમાં શરાબ બનાવીને પીતા હતા. એમાં જ શરાબનો સંગ્રહ કરતા હતા. આ પાત્રોની ખૂબી એ હતી કે એમાં બનાવેલા શરાબમાં જલદી આથો આવી જતો હતો અને ખમીરમાં તીવ્ર નશો પેદા થઈ જતો હતો.એ લોકો એજ પાત્રોમાં એવો જ જલદ શરાબ પીવાને ટેવાયેલા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હું તમને આ વાસણોનો ઉપયોગ કરવાની અને શરાબ પીવાની મના કરૂં છું."

મંડળના લોકો બોલ્યા, "યા રસૂલલ્લાહ ! શું આપ "નકીર"ની હકીકત જાણો છો ?"

આપે ફરમાવ્યું, "હા હું જાણું છું. ખજૂરીનું જાડું લાકડું, તેને અંદરથી ગાગર જેવું બનાવો છો. તેમાં ખજૂરો ભરો છો, ઉપરથી ખજૂરીનો રસ રેડો છો. પછી તેમાં પાણી મેળવો છો. રસ અને પાણી મળીને જોશ ખાય છે. ઠંડું થવા પછી તેને પીવો છો અને પછી નશામાં છાકટા થઈને પોતાના જ ભાઈ પર તલવાર ચલાવો છો."

આ સાંભળીને મંડળના લોકો હસવા લાગ્યા. આપે હસવાનું કારણ પૂછ્યું તો તેઓ બોલ્યા, "યા રસૂલલ્લાહ! અમારી વસતિમાં એવો જ બનાવ બની ગયો છે. અમારામાં આ પેલા ગૃહસ્થ બેઠેલા છે એમને એમના જ ભાઈએ નશામાં ચૂર થઈને તલવારથી ઘાયલ કરી નાખ્યા હતા."

એ પછી મંડળના સભ્યોએ પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! અમારા માટે કેવા વાસણોનો ઉપયોગ જાઈઝ છે ?"

આપે ફરમાવ્યું, "ચામડાની ડોલ, કુંજડાં વગેરે............"

તેઓ બોલ્યા, "અમારે ત્યાં ઉંદરોનો ઉપદ્રવ વધારે છે. આવી વસ્તુઓ ઉંદરો કતરી ખાય છે."

Maktabe Ashraf

"ભલે કતરી ખાતા હોય." આપે ફરમાવ્યું, "ચાંપતી દેખરેખ રાખશો તો તેઓ ભાગતા નજર આવશે."

મંડળમાં એક ખ્રિસ્તી ગૃહસ્થ પણ પોતાના સાથીઓ સાથે આવેલા હતા. નામ અબૂ મુનઝિર બિન બિશ્ર ઉર્ફે જારૂદ બિન અમ્ર હતું. એમનું બયાન આગળ ઉપર આવી ગયું છે.

બીજી રિવાયત મુજબ અબ્દુલ-કૈસનું મંડળ મદીનહ પહોંચ્યું તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દૂરથી જોતાં જ તેઓ પોતાનો સામાન પડતો મૂકીને દોડી ગયા અને આપના મુબારક હાથને ચુંબનો આપવા લાગી ગયા. મંડળના સરદાર મુનઝિર બિન આઈઝ નામે એક નવજવાન ગૃહસ્થ હતા. બેહદ ઠરેલ તબીઅતના અને ચંચળબુધ્ધિના યુવક હતા. ધૂળ-પસીનાવાળા મેલાં કપડાંમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવાનું એમને વાજબી નહિ લાગ્યું. ત્યાં જ થોભી ગયા. પોટલું ખોલીને સાફસુથરાં કપડાં કાઢ્યાં. સફરનો મેલો પોશાક ઉતાર્યો. ધોયેલો સ્વચ્છ પોશાક પરિધાન કર્યો અને શાંતિથી ચાલતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં પહોંચ્યા અને સલામ કરીને આપના પવિત્ર હાથને બોસો આપ્યો.

મંડળના સરદાર મુનઝિર બિન આઈઝ છેક મામૂલી શકલ-સુરતના યુવક હતા. રૂપરેખામાં દિલકશી કે આકર્ષણ જેવું ન હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નજર ઉઠાવીને જોયું તો બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આદમીનું મૂલ્ય તેના શરીરના બાંધા કે શકલ-સુરતથી અંકાતું નથી. ફકત તેના બે ટચૂકડા અવયવોથી અંકાય છે : જીભ અને દિલ."

બીજી રિવાયત મુજબ ઉપરના શબ્દો ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યા હતા અને સાથે એમ પણ ફરમાવ્યું હતું કે, "ઈન્સાનની ચામડીથી પાણીની ડોલ કે મશક નહિ બનાવી શકાય. અલબત્ત તેના શરીરમાં બે વસ્તુઓ બહુ મોંઘી કે મહત્વની હોય છે : એક તેની જીભ બીજું તેનું દિલ."

એ પછી આપે તેમને ફરમાવ્યું, "હે મુનઝિર ! તમારામાં બે ખસલતો એવી છે જેને અલ્લાહ તઆલા બેહદ પસંદ ફરમાવે છે : એક દાનાઈ બીજી સહનશીલતા."

મુનઝિરે પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! એ બે ખસલતો મુજમાં પૈદાઈશી છે કે હવે જન્મી છે ?"

આપે ફરમાવ્યું, "પૈદાઈશી છે."

બોલ્યા, "અલ્લાહનો અનહદ આભાર કે તેણે મુજમાં બે ખસલતો એવી જન્માવી જેનાથી અલ્લાહ અને તેના રસૂલ રાજી છે."

શિહાબ બિન અબ્બાદથી રિવાયત છે કે અબ્દુલ-કૈસનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયું તો આપે પૂછ્યું, "તમારો સરદાર કોણ છે ?"

મંડળના તમામ સભ્યોએ મુનઝિર બિન આઈઝ તરફ આંગળી ચીંધતાં કહ્યું, "એ અમારા સરદાર છે."

આપે ફરમાવ્યું, "શું એજ તે ગૃહસ્થ છે જે અશાજ્જ છે ?" (એટલે જેના ચેહરા પર જખમનું નિશાન પડેલું છે.)

લોકો બોલ્યા, "જી હા યા રસૂલલ્લાહ !"

હઝરત મુનઝિર બિન આઈઝના ચેહરા પર એક વેળા ગધેડાએ લાત મારી દીધી હતી જેના યાદગાર તરીકે એનું નિશાન રહી ગયું હતું. એજ કારણે આપે તેમના માટે "અ-શજ્જ"નો શબ્દ ફરમાવ્યો. આથી

Maktabe Ashraf

પહેલાં કોઈ એમને અશજ્જ કહેતું ન હતું.

મંડળના સભ્યોએ મુસલમાન બનવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથ પર બૈઅત કરી તો આપે પૂછયું, "તમે ફકત તમારા તરફથી બૈઅત કરો છો કે તમારા કબીલા તરફથી પણ?"

લોકો બોલ્યા, "અમારા કબીલા તરફથી પણ."

મુનઝિર બિન આઈઝ ઝટ બોલ્યા, "નહિ યા રસૂલલ્લાહ ! હું ફકત મારા તરફથી બૈઅત કરૂં છું. કેમકે જે વસ્તુ મારા અધિકારમાં છે તેની જ જવાબદારી હું લઈ શકું છું. આપ અમારા કબીલાને ઇસ્લામનું આમંત્રણ આપો. જેઓ કબૂલ કરશે તેઓ અમારા દોસ્ત છે. જેઓ કબૂલ નહિ કરશે તેઓની સાથે અમે તલવારથી જિહાદ કરીશું."

આપે ફરમાવ્યું, "મંડળના મોવડીની વાત બિલકુલ દુરૂસ્ત છે."

એ પછી આપે પોતાના અનસાર સહાબાને ફરમાવ્યું, "તમારા આ ભાઈઓની સારી રીતે મેહમાન-નવાઝી કરો. એ લોકો ઈમાન લાવવામાં તમારા જ જેવા છે. કોઈ પણ દબાણ કે બળજબરી વિના રાજીખુશીથી મુસલમાન બન્યા છે જ્યારે કે બીજા લોકોએ મુસલમાન બનવાથી ઈન્કાર કરી દીધો અને નતીજારૂપે જંગમાં માર્યા ગયા."

રૂખસત વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મંડળના બધા સભ્યોને ઈનામ-ઈકરામથી સરફરાઝ કર્યા અને પોતાની દુઆઓ તથા શુભેચ્છાઓ સાથે તેઓને વિદાયગીરી આપી. (મવલાના નાલિબ હાશિમી કૃત : વુફૂદે-અરબ બારગાહે-નબવીમેં પેજ ૧૯૭-૨૦૩ અસિહ-હુસ-સિયર પેજ ૪૨૫-૪૨૮ હવાલો સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, ઝાદુલ-મઆદ, ઉસ્દુલ-ગાબહ.) સંપાદકનું લખાણ પુરૂં થયું.

ઇબ્ને સાવાનો ઇસ્લામ-સ્વીકાર

ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફત્હે-મક્કહ પહેલાં હઝરત અલાઅ બિન હદ્રમી (રદિ.)ને, બહરૈનના બાદશાહ મુનઝિર બિન સાવા અબ્દી પાસે બહરૈનમાં ઇસ્લામનું આમંત્રણ આપવા મોકલ્યા હતા. બાદશાહ સાથે તેની પ્રજાએ પણ ઇસ્લામ સ્વીકારી લીધો. હઝરત મુનઝિર બિન સાવા મુસલમાન બનીને ઇસ્લામ પર મક્કમ બની ગયા. પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વફાત પામી ગયા તો બહરૈનવાસીઓ ઇસ્લામ ત્યાગીને મુર્તદ બની ગયા. એમના મુર્તદ બનવા પહેલાં હઝરત મુનઝિર બિન સાવા પણ વફાત પામી ગયા. તે વેળા હઝરત અલાઅ બિન હદ્રમી બહરૈનમાં મવજૂદ હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી બહરૈનના હાકિમ તરીકે નિમાયેલા હતા. [1]

બનૂ હનીફહનું મંડળ અને મુસૈલિમહ કઝ્ઝાબ——————યમામહ પ્રદેશથી બનૂ હનીફહ કબીલાનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયું. આ મંડળમાં મુસૈલિમહ બિન હબીબ હન્ફી નામે મહાજૂઠો ને લબાડ શખ્સ પણ હાજર થયો.

---

૧. બહરૈનના એજ મુર્તદો અને ગદ્દારો વિરૂદ્ધ જિસ્તીઓ મુસલમાન બનેલા હઝરત જારૂદ બિન અમ્ર (રદિ.)એ મેદાને પડીને જિહાદનો નક્શો જમાવ્યો હતો. "હ"

ઈબ્ને હિશામ કહે છે : એનું નામ મુસૈલિમહ બિન સુમામહ અને ઉપનામ અબૂ સુમામહ હતું.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ હનીફહના આ મંડળે મદીનહમાં બનૂ નજ્જાર કબીલાની એક ખાતૂન બિન્તે હારિસના મકાને ઉતારો લીધો. મદીનહના જાણકારોએ મને કહ્યું કે બનૂ હનીફહના મંડળના સભ્યો પોતાની સાથે મુસૈલિમહ કઝ્ઝાબને પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં લઈ ગયા. તેઓ એને કપડાંઓમાં છુપાવીને લઈ ગયા હતા.

મંડળના સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તે વેળા આપ સહાબાની મજલિસમાં બિરાજમાન હતા. આપના મુબારક હાથમાં પાંદડા વગરની ખજૂરીની એક લાકડી હતી જેને છેડે થોડીક પાંદડીઓ લાગેલી હતી. મુસૈલિમહ આપની સાથે વાતે વળગ્યો. વાતચીત દરમિયાન તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાંસે અમુક અધિકારોની માગણી રજૂ કરી તો આપે તેને ફરમાવ્યું, ''જો તું ખજૂરીની આ તુચ્છ લાકડી માગે તો એ પણ હું તને નહિં આપું.''

ઈબ્ને ઈસ્હાક કહે છે : યમામહના લોકોમાંથી બનૂ હનીફહના એક મોવડીએ મને કહ્યું કે મુસૈલિમહનો મામલો જૂદી રીતે બનવા પામ્યો હતો. હકીકત એમ છે કે બનૂ હનીફહના મંડળના સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં જવા લાગ્યા તો મુસૈલિમહને તેઓ ઊંટોની દેખરેખ માટે ઉતારે છોડી આવ્યા હતા. મંડળના બધા સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા તો આપે તેઓએ ઈનામ -ઇકરામથી નવાઝયા. ઈનામની લહાણી વેળા તેઓને મુસૈલિમહ યાદ આવ્યો. તેઓ બોલ્યા, ''યા રસૂલલ્લાહ ! અમારો એક સાથી છે જેને અમે ઊંટોની દેખરેખ તથા સામાનની સાચવણી માટે અમારા ઉતારે છોડી આવ્યા છીએ.''

આપે ફરમાવ્યું, ''તે પણ તમારાથી ઊતરતા દરજ્જાનો નથી.''

પછી આપે તેને પણ તેટલું જ ઈનામ આપવાનો હુકમ ફરમાવ્યો જેટલું બીજાઓને આપ્યું હતું. સાથે જ આપે એમ પણ ફરમાવ્યું, ''તેની જગા બુરી નથી.'' આ શબ્દોથી આપનો હેતુ એ હતો કે તે પોતાના સાથીઓના ઊંટો અને સામાનની હિફાઝતની સેવા બજાવી રહ્યો છે.

મુસૈલિમહનો પયગમ્બરીનો દાવો———— બનૂ હનીફહનું મંડળ મુસલમાન બનવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને પોતાના ઉતારે પહોંચ્યું. ત્યાં મુસૈલિમહ મવજૂદ હતો. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આપેલું ઈનામ તેના હવાલે કર્યું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના માટે જે શબ્દો ફરમાવ્યા હતા તે પણ તેને કહી સંભળાવ્યા. આ બધી વાતોથી ખુશ થઈને તે પણ મુસલમાન બની ગયો. પરંતુ મંડળ જયારે યમામહ પહોંચી ગયું તો અલ્લાહનો દુશ્મન મુસૈલિમહ ઈસ્લામનો ત્યાગ કરીને મુર્તદ બની ગયો અને સાથે જ પોતે પયગમ્બર હોવાનો દાવેદાર બની બેઠો. મંડળના બધા સભ્યોને જૂઠા ઠરાવીને તેણે લોકોને કહેવા માંડ્યુ : ''ઈન્ની કદ અશ-રકતુ ફિલ-અમ્રિ મઅહૂ.'' મને પણ પયગમ્બરીના મામલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની સાથે ભાગીદાર બનાવી લીધો છે.

તેણે મંડળના સભ્યોને પડકારતાં કહ્યું, ''શું મુહંમદ નબીએ મારા વિષે તમને કહ્યું ન હોતું કે, તે તમારાથી ઊતરતા દરજ્જાનો નથી અને તેની જગા બુરી નથી ? આ શબ્દો મુહંમદ નબીએ એટલા જ માટે કહ્યા હતા

Maktabe Ashraf

કે તેમને ખબર પડી ગઈ હતી કે હું પયગમ્બરીમાં તેમની સાથે ભાગીદાર બનવાનો છું.''

પછી મુસૈલિમહએ પોતાના ફળદ્રુપ ભેજાંમાંથી પવિત્ર કુર્આનની છટાદાર આયતો જેવાં કાફિયાબંદ જોડકણાં ઘડી કાઢીને લોકોની આગળ રજૂ કરવા માંડયાં અને કહ્યું, ''જુઓ મારી ઉપર આકાશથી તેવી જ વહી ઊતરે છે જેવી મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઊતરે છે. '' તેની વહીનો એક નમૂનો:

લકદ અન-અમલ્લાહુ અલલ-હુબ્લા.	અલ્લાહએ ઉપકાર કર્યો ગર્ભવતી સ્ત્રીઓ પર.
અખરજ મિન્હા નસ્મતન તિસ્આ.	તેણીઓના ગર્ભમાંથી તે જીવ કાઢયો જે દોડતો ફરે છે.
મિમ બૈનિ સિફાકિંવ - વ - હશા.	જે આંતરડાંની ઝિલ્લી અને ગર્ભાશયની વચ્ચે હોય છે.
વ અહલ્લ લહુમુલ-ખમ્ર વઝ-ઝિના.	અને મેં હલાલ કરી દીધો તેઓ માટે શરાબ અને ઝિના.
વ વદઅ અન્હુમુસ-સલાહ.	અને માફ કરી દીધી તેઓ માટે નમાઝ.

એની સાથે જ તે આ વાતનો પણ ઇકરાર કરતો હતો કે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નબીએ-બરહક એટલે અલ્લાહના સાચા પયગમ્બર છે. તેની આ લોભામણી વાતો અને લચ્છાદાર જોડકણાંઓથી પ્રભાવિત થઈને બનૂ હનીફહના લોકો પણ તેના સૂર સાથે પોતાનો સૂર પૂરાવવા લાગી ગયા. અલ્લાહ જ બેહતર જાણે છે કે શું બન્યું ?

(સંપાદકની નોંધ : સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં મુસૈલિમહ કઝ્ઝાબનો કિસ્સો આ રીતે ટાંકવામાં આવ્યો છે : ''નાફિઅ બિન જુબૈરએ હઝરત અબ્બાસ (રદિ.)થી રિવાયત કરી છે કે, મુસૈલિમહ કઝ્ઝાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મદીનહ આવ્યો. વાતચીત દરમિયાન તેણે કહ્યું, ''હે મુહંમદ ! તમારા પછી તમે મને પોતાનો ખલીફા બનાવી લો તો હું તમારી તાબેદારી કરવા તૈયાર છું.''

તે વેળા આપના હાથમાં ખજૂરીની એક છડી હતી. આપે તેને ફરમાવ્યું, ''જો તું ખજૂરીની આ છડી માગે એ પણ હું તને નહિ આપું. અલ્લાહએ તારા નસીબમાં જે લખી રાખ્યું છે તેનાથી રતીભાર તું આગળ વધી શકવાનો નથી. સાંભળી લે, અલ્લાહએ તારા વિષે મને એક ખ્વાબ દેખાડયો છે. મારું માનવું છે કે તેમાંનો એક તું જ છે.''

હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખ્વાબમાં જોયું કે આપના હાથમાં સોનાના બે કંગન છે. સોનાના કંગન જોઈને આપ વિચારમાં પડી ગયા ત્યારે ખ્વાબમાં જ આપને કહેવામાં આવ્યું કે એની ઉપર ફૂંક મારો. આપે ફૂંક મારી તો બંને કંગન ગાયબ થઈ ગયાં. આપે ખ્વાબની એવી તઅબીર દર્શાવી કે પયગમ્બરીના બે જૂઠા દાવેદારો જાહેર થશે.

આપના ખ્વાબ મુજબ એમાંનો જ એક જૂઠો મુસૈલિમહ-કઝ્ઝાબ હતો અને બીજો જૂઠો અસવદ અન્સી હતો. અસવદ અન્સી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક હયાતમાં કતલ થયો અને મુસૈલિમહ કઝ્ઝાબ હઝરત અબૂબક સિદ્દીકની ખિલાફતમાં હઝરત વહશીના બરછાથી જહન્નમ રસીદ થયો.

મુસૈલિમહનો કાગળ——————મુસૈલિમહ કઝ્ઝાબએ સન ૧૦ હિજરીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નામે આ કાગળ લખી મોકલ્યો :

''અલ્લાહના રસૂલ મુસૈલિમહ તરફથી મુહંમદ રસૂલુલ્લાહના નામે :

Maktabe Ashraf

લખી જણાવવાનું કે પયગમ્બરીના મામલામાં હું તમારો ભાગીદાર બની ગયો છું. હવેથી અર્ધી જમીનમાં હું તમારો ભાગીદાર છું અને અર્ધી જમીન કુરૈશ માટે છે. જો કે કુરૈશ ન્યાયી કૌમ નથી.''

મુસૈલિમહનો આ કાગળ ઈબ્ને નવાહા અને ઈબ્ને અમાલ નામે બે માણસો લઈને આવ્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને ફરમાવ્યું, ''કહો લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર રસૂલુલ્લાહ.''

તેઓ બોલ્યા, ''લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુસૈલિમહ રસૂલુલ્લાહ.''

આપે પૂછ્યું, ''શું તમે પણ તેજ કહો છો જે મુસૈલિમહ કહે છે ?''

બંને બોલ્યા, ''હા તેજ કહીએ છીએ જે મુસૈલિમહ કહે છે.''

આપે ફરમાવ્યું, ''એલચીઓની કતલનો કાયદો ન હોત તો હું તમને કતલ કરાવી નાખત !''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેના કાગળનો જવાબ આ પ્રમાણે લખાવ્યો :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

''મુહંમદ રસૂલુલ્લાહ તરફથી મુસૈલિમહ કઝઝાબના નામે :

હિદાયતની પેરવી કરનારાઓ પર અલ્લાહના સલામ હો ! એ પછી લખવાનું કે જમીન અલ્લાહની છે. તે ચાહે તેને પોતાના બંદાઓમાંથી જમીનના માલિક બનાવે છે. અને આખેરતની ભલાઈ કે નેક અંજામ અલ્લાહથી ડરનારાઓ માટે છે.'' (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૧૪૪) સંપાદકની નોંધ પૂરી થઈ.

ઝૈદુલ-ખૈલ અને બનૂ તયનું મંડળ

ઝૈદુલ-ખૈલ દરબારે-નબવીમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં બનૂ તય કબીલાનું મંડળ હાજર થયું.એમાં ઝૈદુલ-ખૈલ નામે સજ્જન પણ હતા જેઓ આ મંડળના મોવડી હતા.

મંડળના સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને વાતચીત કરવા લાગ્યા તો આપે તેઓની આગળ ઈસ્લામની રજૂઆત કરી. ઈસ્લામની સચ્ચાઈ અંગે સંતોષ અને મનનું સમાધાન થતાં મંડળના બધા સભ્યો અંતઃકરણથી કલેમો પઢીને મુસલમાન બની ગયા અને બાદમાં ઈસ્લામ પર મક્કમ થઈ ગયા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : બનૂ તય કબીલાના કેટલાક પ્રમાણિક જાણકારોએ મને માહિતી આપી કે મંડળના ઈસ્લામ-સ્વીકાર બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓના સરદાર હઝરત ઝૈદુલ-ખૈલ વિષે ફરમાવ્યું :

''અરબની જે જે વ્યક્તિના સંસ્કારો, કમાલો અને ખૂબીઓના મારી આગળ વખાણ કરવામાં આવ્યા અને પછી જ્યારે એ વ્યક્તિ સાથે મારી મુલાકાત થઈ, તો તેના વિષે સાંભળેલા વખાણોના પ્રમાણમાં, મેં એ વ્યક્તિને સદા ઊતરતી જ જોઈ છે. અલબત્ત

ઝૈદુલ-ખૈલ એમાંથી બાકાત છે. એમનામાં જે ખૂબીઓ, કમાલો અને સંસ્કારો મેં જોયા તેની પૂરી વિગત તો મને દર્શાવવામાં જ નહિ આવી." [1]

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમનું ઝૈદુલ-ખૈલ નામ બદલીને ઝૈદુલ-ખૈર રાખ્યું અને એમના વતનમાં આવેલી "ફૈદ" પ્રદેશની જાગીર તથા તેને લગતી જમીન એમને ઈનાયત ફરમાવી અને તેના દસ્તાવેજનું લખાણ પણ કરાવી આપ્યું. [2]

હઝરત ઝૈદુલ-ખૈરની વફાત——————જયારે હઝરત ઝૈદુલ ખૈર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને પોતાની કૌમ કે વતન તરફ રવાના થયા તો આપે ફરમાવ્યું : "ઈય-યન્જુ ઝૈદુન મિન હુમ્મલ-મદીનહ ફ-ઈન્નહૂ.....અગર ઝૈદ આ શહેરના બુખારથી બચી ગયા તો તેઓ..........(એ પછીના શબ્દો રાવીને યાદ નહિ રહ્યા કે આપે શું ફરમાવ્યું હતું ?)

જયારે હઝરત ઝૈદુલ-ખૈર મદીનહથી પોતાના સાથીઓ સાથે રવાના થઈને નજદ પ્રદેશના "ફરદહ" નામે ઝરણા પાસે પહોંચ્યા તો અચાનક એમને પ્રચંડ તાવ ચઢી આવ્યો અને પછી એજ તાવમાં એમનો ઈન્તેકાલ થઈ ગયો. પોતાના મૃત્યુનો એહસાસ થતાં હઝરત ઝૈદે આ શેઅર કહ્યો :

અમુર-તહિલુન કવમીલ - મશારિકે ગુદ - વતન • વ ઉત્રકુ ફી બયતિન બિ-ફરદતા મુનજિદિ.

શું પ્રભાતના સમયે મારી કૌમ (મને અટૂલો મુકીને) પૂર્વ દિશાએ કૂચ કરી જશે ? ત્યારે શું મને નજદ પ્રદેશના ફરદહ નામે ઝરણાના એક ઘરમાં એમજ અટૂલો છોડી દેવામાં આવશે ?

હઝરત ઝૈદુલ-ખૈરની વફાત બાદ એમની બીબીએ જમીન-જાગીરનો દસ્તાવેજ બાળી નાખ્યો.

(સંપાદકનો વધારો : બનૂ તયનો કબીલો મુલ્કે-યમનમાં વસતો હતો અને આખા અરબમાં જાણીતો હતો. એજ કબીલાનો હાતિમ તાઈ નામે અગ્રેસર પોતાની સખાવત, દરિયાદિલી અને દાનવીરતામાં પંકાઈને ઈતિહાસને પાને અમર થઈ ગયો છે. તય કબીલાના બે નામચીન સરદારો હતા. ઝૈદુલ-ખૈલ અને અદી બિન હાતિમ તાઈ. બંને સરદારો યમનના જુદા જુદા ઈલાકાઓ પર રાજસત્તા ભોગવતા હતા.

ઝૈદુલ-ખૈલ જાહિલિયતના યુગમાં બહુ મોટા શાઈર અને છટાદાર શૈલીમાં પ્રવચન કરનારા ખતીબ તરીકે પંકાયેલા હતા. શાહી ઠાઠમાઠ, દરિયા જેવી ઉદારદિલી અને નમૂનેદાર ઘોડેસવારીમાં એમનો જોટો ન હતો. મૂળ નામ ઝૈદ બિન મહલહલ હતું. પણ પોતાની નમૂનેદાર શાહસવારીને કારણે ઝૈદુલ-ખૈલના નામે પ્રખ્યાત થઈ ગયા હતા.

અસ્સાબા ઈબ્ને અસીરનું બયાન છે : હઝરત ઝૈદુલ-ખૈર સન ૯ હિજરીમાં તય કબીલાના ૧૫ અગ્રેસરો સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થઈને મુસલમાન બની ગયા. આપની તહેનાતમાં પહોંચીને એમણે કહ્યું, "યા રસૂલલ્લાહ ! હું નવ દિવસોનો આકરો પ્રવાસ ખેડતો આપની તહેનાતમાં હાજર થયો છું. સફરમાં મારી સવારી થાકી ગઈ.મારી રાતો ઉજાગરામાં વીતી. મારા દિવસો ભૂખ તરસમાં પસાર થયા. આ બધી તકલીફો ફક્ત બે વાતો જાણવા માટે મેં વેઠી છે."

---

૧. એટલે એમને લગતાં જેટલા વખાણ મેં સાંભળ્યાં હતાં તેનાથી અનેક ગણા ચઢિયાતા મેં એમને જોયા. "હ"

૨. ફૈદ - યમનમાં બનૂ તયના ઈલાકામાં સલમા નામે પહાડની પૂર્વ દિશાએ આવેલો પ્રદેશ. (ઈબ્ને હિશામ)

Maktabe Ashraf

આપે પૂછ્યું, "તમારૂં નામ શું છે ?"

બોલ્યા, "ઝૈદુલ-ખૈલ."[૧]

ફરમાવ્યું, "નહિ, તમે ઝૈદુલ-ખૈર છો. પૂછો શું પૂછવું છે ?"

તેઓ બોલ્યા, "જે શખ્સ અલ્લાહને ચાહે તેની શું નિશાની છે ? અને જે શખ્સ અલ્લાહને નથી ચાહતો તેની શું નિશાની છે ?"

આપે ફરમાવ્યું, "તમે તમારા જીવનના રાત દિવસ કેવી રીતે ગુજારો છો ?"

તેઓ બોલ્યા, "હું નેકીને, નેકી કરનારાઓને અને નેકીનો અમલ કરનારાઓને પ્રેમ કરૂં છું અને જયારે હું પોતે કોઈ નેકીનો અમલ કરૂં છું તો તેનાથી મને બેહદ આનંદ થાય છે પણ જયારે નેકીનો કોઈ અમલ છૂટી જાય છે તો પારાવાર ઉદાસી અનુભવું છું."

આપે ફરમાવ્યું, "જે માણસ અલ્લાહને ચાહે છે તેની નિશાની તેજ છે જે તમે દર્શાવી છે અને જે માણસ અલ્લાહને નથી ચાહતો તેની નિશાની આ છે કે એવા માણસને અલ્લાહની ખુશી કે નાખુશીની કોઈ પરવા હોતી નથી. અલ્લાહ રાજી થાય તો શું, અલ્લાહ નારાજ થાય તો શું ? સાંભળી લો હે ઝૈદુલ-ખૈર! અગર અલ્લાહ તમારા માટે નેકીને બદલે બીજું કંઈ ચાહતે તો તમને દુનિયાભરની કુટેવો કે બુરાઈઓને હવાલે કરી દેતે. પછી અલ્લાહને આ વાતની પરવા નહિ રહેતે કે તમે કેટલા ઊંડા કે આંધળા ખાડામાં ગબડીને હલાક થઈ જવાના છો?"

જયારે મંડળના સભ્યો મદીનહથી રૂખસત થવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મંડળના દરેક સભ્યને પાંચ-પાંચ ઊકીયા ચાંદી ઈનાયત ફરમાવી. હઝરત ઝૈદુલ-ખૈરને આપે ૧૨ ઊકીયા ચાંદી સાથે ઉત્તમ પ્રકારની ખુશ્બૂ પણ ઈનાયત ફરમાવી. મંડળની બાકીની વિગતો ઉપર આવી ગઈ છે. સંપાદકનું પૂરૂં થયું.

લુકૈત અને લુહૈકનું મંડળ—————અરબના મૂર્તિપૂજક અરબો માટે ઈસ્લામ એક તદ્દન અજાણ્યો, અજાયબી ભરેલો કે આશ્ચર્યકારક મઝહબ હતો. તેઓ તો બાપદાદાના અનુકરણમાં શયતાને દોરી આપેલા લિસોટા પર ચાલનારા હતા. જયારે તેઓને કહેવામાં આવતું કે પત્થરની મૂર્તિઓને છોડીને એક જ અલ્લાહની બંદગી કરો અને મને તેના પયગમ્બર માનો.

જવાબમાં તેઓ બોલી ઊઠતા, "લ્યો આ માણસે તો અનેક ભગવાનોનો એક જ ભગવાન બનાવી દીધો. એ તો ભારે નવાઈની વાત કહેવાય !"

પયગમ્બરી પર ઈમાન લાવવાના મામલામાં બોલી ઊઠતા, "વાહ તમે તો અમારા જ જેવા ઈન્સાન છો. પયગમ્બર કેવી રીતે હોય શકો ?"

જયારે કહેવામાં આવતું કે મરવા પછી જીવતા થવા પર ઈમાન લાવો તો બોલી ઊઠતા, "હૈ મરેલા

---

૧. ખૈલ : એટલે ઘોડાઓ, ઘોડાઓનું ટોળું, ઘોડે સવારો અને ઝૈદુલ-ખૈલ એટલે તે ઝૈદ જે ઘોડેસવારીનો અઠંગ ખેલાડી કે બાંકો શહસવાર છે. ઝૈદુલ-ખૈર : એટલે તે ઝૈદ જે નેકીઓ, ખૂબીઓ અને સંસ્કારોનો ભંડાર છે. "હ"

પછી માટીમાં મળી જઈશું તો કોણ અમને જીવતા કરશે ? ગળે ઊતરે તેવી વાત નથી.''

આ કારણે મૂર્તિપૂજકો જ્યારે મુસલમાન બની જતા તો ઇસ્લામ વિષે અવનવી વાતો જાણવાની તેઓના મનમાં તમન્ના જાગતી. એવો જ મામલો અરબના બનૂ મુન્તફક કબીલાના લોકો સાથે બની ગયો. બન્યું એમ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં બનૂ મુન્તફકના બે અગ્રણીઓ ઇસ્લામને લગતી માહિતી મેળવવા હાજર થયા.

ઇમામ અહમદ બિન હમ્બલના વિદ્વાન ફરઝંદ અબ્દુલ્લાહ બિન અહમદનું બયાન છે : લુકૈત બિન આમિર અને તેના એક સાથી નુહૈક બિન આસિમ બિન માલિક બિન મુન્તફક નામે, કબીલાના બે સરદારો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. કૌમના લોકોએ એમને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલાવ્યા હતા.

લુકૈત બિન આમિર કહે છે : જ્યારે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો આપ ફજરની નમાઝથી ફારિગ થઈને મસ્જિદમાં જ બિરાજમાન હતા. આખી મસ્જિદ મુસલમાનોથી ભરેલી હતી. મેં જોયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થઈ ગયા. આપે પ્રવચન કરતાં ફરમાવ્યું, ''ઐયુહન-નાસ ! હે લોકો ! ચાર દિવસથી મેં મારી જીભ પર કાબૂ મેળવીને એને રોકી રાખી હતી. આજે અરબનું એક મંડળ મદીનહ આવેલું છે, શું એ વાત તમે જાણો છો ?''

આ સાંભળીને લોકો નજર ઉઠાવીને અમારી તરફ જોવા લાગી ગયા. એક ગૃહસ્થે મને કહ્યું, ''સાંભળી લીધું તમે હે ભાઈ ! કે અલ્લાહના નબી શું ફરમાવે છે ?''

એ પછી આપે ફરમાવ્યું, ''ઐયુહન-નાસ ! આજે જે કંઈ હું કહેવા માગું છું તેને ધ્યાનથી સાંભળો. કેટલાક માણસો બહુ ચબરાક હોય છે. ચીકણી વાતો કરવામાં પાવરધા હોય છે. ખબરદાર ! કોઈ માણસ પોતાના સાથીની ચીકણી વાતો પર લપસી નહિ પડે. તમારે એની પૂરી સાવચેતી રાખવી જોઈએ. કિયામતને દિવસે મને સવાલ કરવામાં આવશે કે તમે મારા બંદાઓ સુધી મારી વાતો પહોંચાડી દીધી હતી કે નહિ?''

લુકૈત બિન આમિર કહે છે : દૂરના કેટલાક લોકો ઊભા થઈને આપની વાતો સાંભળતા હતા. હું પણ તેઓની સાથે ઊભેલો હતો. આપે એ બધા ઊભેલા લોકોને બેસી જવાનો હુકમ ફરમાવ્યો. બધા બેસી ગયા પણ હું અને મારો સાથી ઊભેલા જ રહ્યા. એ પછી હું આગળ વધીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે પહોંચી ગયો. મારા દિલમાં આ વાત હતી કે અમે એકદમ પાછળ બેઠેલા હતા છતાં આપ અમારા આવવાની વાત જાણી ગયા હતા. મેં સવાલ કર્યો, ''હે અલ્લાહના નબી ! શું આપ ઇલ્મે-ગૈબ જાણો છો ?''

જવાબમાં આપે ફરમાવ્યું, ''ના હું ઇલ્મે-ગૈબ જાણતો નથી. જેટલું અલ્લાહ બતાવે તેટલું જ જાણું છું. અને ઇલ્મે-ગૈબ કહી શકાય નહિ. જુઓ ગૈબની ચાવીઓ અલ્લાહએ પોતાના અધિકારમાં રાખેલી છે અને સાંભળો, પાંચ વાતો એવી છે જેનો ઇલ્મ અલ્લાહ વગર કોઈને નથી ?''

મેં પૂછ્યું, ''તે કઈ પાંચ વાતો છે જેનો ઇલ્મ અલ્લાહ વગર કોઈને નથી ?''

ફરમાવ્યું, ''કિયામત ક્યારે કાયમ થશે. કઈ જમીનમાં ક્યારે કેટલો વરસાદ આવશે. કોઈ ઇન્સાન જાણતો નથી કે કાલે તે શું કરવાનો છે. માતાના ગર્ભમાં શું રહેલું છે. માણસ જાણતો નથી કે તે ક્યારે કઈ જમીનમાં મરવાનો છે.'' એ પછી આપે મૌત, મૌત પછીનું જીવન, કિયામત, હિસાબ કિતાબ, પુલ સિરાત વગેરેના

Maktabe Ashraf

લગતી અનેક વાતોનું બયાન ફરમાવ્યું.

લુકૈત બિન આમિર કહે છે : એ પછી મેં સવાલ કર્યો, "હે અલ્લાહના નબી ! જયારે અમે મરીને માટીમાં મળી જઈશું. અમારાં શરીરોની રજેરજ માટી બની જશે. ઝંઝાવાત, પવનના તોફાનો કે ફાડી ખાનારાં પ્રાણીઓ તેને ચૂંથીને ખતમ કરી નાખે, તો શું અલ્લાહ અમારા શરીરોની રજકણોને ભેગી કરીને ફરીવાર તેને સજીવન કરી દેશે ?"

ફરમાવ્યું, "આ વાત હું તમને અલ્લાહની કુદરતની નિશાનીઓનો એક દાખલો આપીને સમજાવું છું. જુઓ એક હરીભરી, લીલીછમ, ફળદ્રુપ જમીન છે. ઝાડો, છોડો અને ફૂલોથી શોભી રહી છે. પછી એક સમય આવે છે જયારે તે સુકાઈને ઉજજડ બની જાય છે. પાનખરના સપાટાઓથી ઝાડો ઠૂંઠાં થઈ જાય છે. છોડવાઓના ચૂરેચૂરા થઈ જાય છે. ફૂલો કરમાઈને ખરી પડે છે. આ જર્જરિત કે મરી ગયેલી જમીન જોઈને તમને થાય છે કે ફરીવાર એ કદી જીવતી કે લીલીછમ થવાની નથી. એ પછી અલ્લાહ પોતાની રહમતથી વરસાદ મોકલાવે છે અને મરી ગયેલી એજ ઉજજડ જમીન ફરીવાર જીવતી થઈને બાગોબહાર બની જાય છે. તો જે અલ્લાહ ઝાડો, છોડો, ફૂલોની રજકણોને ભેગી કરીને જીવતી કરે છે તેજ અલ્લાહ તમારા શરીરના એકેક કણને એકત્ર કરી દેવા પર તેવી જ કુદરત ધરાવે છે. તમે લોકો જોશો કે પોતાની કબરોમાંથી નીકળીને અલ્લાહના દરબારમાં, અલ્લાહની રૂબરૂમાં ઊભેલા છો. તમે અલ્લાહને જોશો અને અલ્લાહ તમને જોશે."

લુકૈત બિન આમિર કહે છે : મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સવાલ કર્યો, "હે અલ્લાહના નબી ! આમ કેવી રીતે બનશે જયારે કે અમારી સંખ્યા તો ગણી ગણાય નહિ એટલી હશે ત્યારે અલ્લાહ તો એક અને એકલો જ હશે, કેવી રીતે તે અમને બધાને જોશે અને અમે તેને જોઈશું ?"

ફરમાવ્યું, "આફતાબ અને માહતાબને સારાયે જગતના લોકો એકી વેળા જુએ છે અને આફતાબ તથા માહતાબ પણ સારાયે જગતના લોકોને એકી વેળા જુએ છે. બસ એજ એક દાખલો લઈ લો."

ત્યારે લુકૈત બિન આમિરે સવાલ કર્યો, "હે અલ્લાહના નબી ! જયારે અમે અલ્લાહના દરબારમાં અલ્લાહની રૂબરૂમાં હોઈશું તો અલ્લાહ અમારી સાથે કેવો મામલો કરશે ?"

જવાબમાં આપે હશર અને નશરની કૈફિયત, તે દિવસે મુઅમિન અને કાફિરના હાલ, કરણીના હિસાબનો તરીકો, પુલ સિરાત પરથી પસાર થવાનો અહવાલ, હવઝે-કવસરની ખૂબીઓ અને તે દિવસે અલ્લાહ તઆલાના જલાલ અને જબરૂતનો પૂરો ચિતાર દર્શાવી દીધો.

લુકૈત બિન આમિરનું બયાન છે : મેં સવાલ કર્યો, "હે અલ્લાહના નબી ! અમારી નેકી અને અમારી બદીનો બદલો કેવી રીતે આપવામાં આવશે ?"

ફરમાવ્યું, "એક નેકીનો બદલો દસ નેકીઓ જેટલો અને એક બદીનો બદલો ફકત એક જ બદી જેટલો. આમ છતાં તેની મરજી હશે તો તેને પણ માફ કરી દેશે."

"જન્નત અને દોઝખ શું છે હે અલ્લાહના નબી !" લુકૈત બિન આમિરે પૂછયું.

ફરમાવ્યું, "દોઝખના સાત દરવાજા છે અને દરેક દરવાજા વચ્ચે ૭૦ વરસના રસ્તાથી ઓછો ફાસલો નથી. અને જન્નતના આઠ દરવાજા છે અને દરેક દરવાજા વચ્ચે ૭૦ વરસના રસ્તાથી ઓછું અંતર નથી."

"જન્નતમાં શું છે યા રસૂલલ્લાહ !" લુકૈત બિન આમિરે સવાલ કર્યો.

ફરમાવ્યું, "અ-સ-લુમ- મુસફ-ફા" એટલે શુધ્ધ મધની નહેરો છે. શરાબે-તહુરની નહેરો છે જેમાં ન માથાનો દુખાવો છે ન છાકટાપણું છે ન બકબક કે ઝકઝક છે. જન્નતમાં દૂધની નહેરો છે જેના રંગ કે સ્વાદમાં કોઈ ફેર પડવાનો નથી. જન્નતમાં "માએ-ગૈર આસિન"ની નહેરો છે એટલે એટલા સ્વચ્છ અને નીતરા પાણીની નહેરો છે જે કદી બગડવા નહિ પામે. જન્નતમાં દરેક પ્રકારના મેવા છે. જાતજાતના ફળો છે. પાક બીબીઓ છે અને દરેક જાતની ખૂબીઓ છે. જન્નતમાં જન્નતવાસીઓ અલ્લાહના દીદાર કરશે અને અલ્લાહ તરફથી તેઓને "સલામન-સલામા"ની વધામણી મળશે."

"યા રસૂલલ્લાહ ! અમારે મુસલમાન બનવું છે." લુકૈત બિન આમિરે કહ્યું, "અમને બતાવો, અમારે કઈ કઈ વાતોની આપના હાથ પર બૈઅત કરવી જોઈએ ?"

આપે પોતાનો મુબારક હાથ લંબાવી દીધો અને ફરમાવ્યું, "નમાઝ કાયમ કરવાની, ઝકાત અદા કરવાની અને આ વાતની બૈઅત કે અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ના બનાવીશું.........."

મેં પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! આપની સત્તામાં મારો કંઈ અધિકાર રહેશે ?"

આ સાંભળતાં જ આપે પોતાનો મુબારક હાથ ખેંચી લીધો. હું સમજી ગયો કે આ વાત પર આપ અમારી બૈઅત લેવાના નથી. ત્યારે મેં પૂછ્યું, "મારી પોતાની જાત પર મારો કંઈ અધિકાર રહેશે કે નહિ?"

આ સાંભળીને આપે ફરીવાર પોતાનો મુબારક હાથ લંબાવી દીધો અને ફરમાવ્યું, "એનો પૂરો અધિકાર તો અલ્લાહએ પોતે તમને સોંપેલો છે. તમારી મરજી મુજબનું દરેક કામ તમે કરી શકો છો. પણ એમાં કરણીના હિસાબ કે કરણીના ફળનો ઉસૂલ નજર સામે રાખશો તો ભટકવાનો અંદેશો નથી."

(નોંટ : આ પ્રસંગનો અહવાલ મવલાના દાનાપૂરી કૃતઃ અસિહ-હુસ-સિયર પરથી લેવામાં આવ્યો છે. પેજ ૪૬૭ - ૪૬૮ "હ")

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૧

અરબના મંડળોની પરંપરા

———૨———

અદી બિન હાતિમનું મંડળ • હાતિમ તાઇના બેટાનો કિસ્સો • અદીની બહેનની ગિરિફતારી • હાતિમની બેટીને મળેલી આઝાદી • ભાઇને બહેનનો ઠપકો અને સલાહ • અદીની દરબારે-નબવીમાં હાજરી • રસૂલુલ્લાહ (સલ.)ની પેશીનગોઇઓ • પેશીનગોઇઓ સાચી ઠરી • હઝરત કુર્વહ દરબારે-નબ્વીમાં • હઝરત કુર્વહનો ઇસ્લામ.

અદી બિન હાતિમનું મંડળ

હાતિમ તાઇના બેટાનો કિસ્સો————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને મળેલી પાકા પાયાની માહિતી મુજબ અરબના ખ્યાતનામ તૈય કબીલાનો જાણીતો સરદાર અદી બિન હાતિમ, પોતાની આપવીતી કે પોતાના જાતઅનુભવની કથા પોતાના જ મુખે લોકોની આગળ વર્ણવ્યા કરતો. એ મુજબ અદી બિન હાતિમ પોતાની આત્મકથા સ્વમુખે વર્ણવતાં કહ્યા કરતો:

"જ્યારેય કદી મક્કહના પયગમ્બર મુહંમદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લગતી જાતજાતની વાતો મારા સાંભળવામાં આવતી તો મારૂં મગજ ચકડોળે ચઢી જતું અને તેમના પ્રત્યેની મારા ધિક્કારની લાગણી પરાકાષ્ઠાએ પહોંચી જતી. સાચું કહું છું મારાથી સખત તેમના પ્રત્યે નફરત કરનારો અન્ય કોઇ ન હતો.

જો કે હું એક પ્રતિષ્ઠિત ખાનદાનનો નબીરો હતો. શરાફતના ગુણો ધરાવનાર એક સજ્જન પુરૂષ હતો. મૂર્તિપૂજાનો ત્યાગ કરીને દિલોજાનથી ખ્રિસ્તી બની ગયો હતો. મારા તૈય કબીલાનો હું સૌથી મોટો અને સૌનો માનીતો સરદાર હતો. સરદારી અમારા ખાનદાનમાં ઊતરી આવતી હતી. કૌમનો સરદાર હોવાની હૈસિયતે કબીલાનો દવરો કરીને મારી કૌમના લોકો પાસેથી માથાદીઠ કરવેરો વસૂલ કરતો હતો. તેઓ પોતાની આવકનો ચોથો ભાગ હસીખુશીથી આપી દેતા હતા.

હું પાકો ખ્રિસ્તી બની ગયો હતો અને ખ્રિસ્તી ધર્મ પર મારૂં પાકું ઇમાન હતું. એ ધર્મની આકાશી કિતાબના આદેશોનું હું ચુસ્તરીતે પાલન કરતો હતો અને તેનો ચુસ્ત અનુયાયી હોવાનો મને ગર્વ હતો. [1] એક

૧. અદી બિન હાતિમ અરબના પંકાયેલા દાનવીર હાતિમતાઇનો બેટો હતો. મુદ્દતથી પોતાના પૂરા કબીલા સાથે મૂર્તિપૂજાનો ત્યાગ કરીને ખ્રિસ્તી બની ગયો હતો. ખ્રિસ્તીઓના એક ફિર્કાનું નામ "રકૂસી" હતું. તૈય કબીલાના લોકો એ રકૂસી સંપ્રદાયના અનુયાયી હતા અને ચુસ્ત રીતે તેના નિયમોનું પાલન કરતા હતા. "હ"

રીતે હું મારી કોમનો બાદશાહ હતો અને બાદશાહોને છાજે તેવા ઠાઠથી રહેતો હતો અને મારી કોમ તરફથી પણ મને બાદશાહોને છાજે તેવો પ્રતિસાદ મળતો હતો.

જ્યારે મેં મક્કહના પયગંમ્બર મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિષે સાંભળ્યું કે તેઓ ખ્રિસ્તી ધર્મને બદલે કોઇ નવા જ ધર્મ તરફ લોકોને બોલાવી રહ્યા છે તો મારા દિલમાં આપના પ્રત્યે સખત નફરતની લાગણી ઊપસી આવી. મારી પાસે મારો એક અરબી ગુલામ હતો. એ મારાં ઊંટો ચરાવ્યા કરતો હતો. એક દિવસે મેં તેને મારી પાસે બોલાવીને કહ્યું, ''અલ્યા તારૂં ભૂંડું થાય ! સાંભળી લે, મારા ઊંટોમાં જેટલાં જાડાં-તાજાં, ઉત્તમ પ્રકારના, ઝડપી ગતિએ દોડનારાં ઊંટો હોય એ બધાંની ગણતરી કરીને મને જણાવ અને આજથી એ બધાંને છેટે લઇ જવાને બદલે મારી આજુબાજુમાં જ ચરાવ્યા કર અને પછી જ્યારે તારા જોવામાં આવે કે મુહંમદનું કોઇ લશ્કર ચઢી આવીને આપણી ભૂમિને રગદોળી રહ્યું છે તો તરત દોડતો આવીને મને ખબર કરજે.''

ગુલામે મારા હુકમનું પાલન કર્યું. પછી એક દિવસે સવારના સમયે ગુલામ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, ''મારા સાહેબ ! મુહંમદ અને તેમના ઘોડા અને તેમનું લશ્કર તમારા પર ચઢાઇ કરીને તમારી ભૂમિને રગદોળી નાખે, તે સમયે તમે જે કંઇ કરવાના હતા, તે કરવાનો સમય આવી લાગ્યો છે. માટે મારા સાહેબ ! તમે તે કરવા માટે તૈયાર થઇ જાવ કેમકે મેં કેટલાક ઝંડા દૂરથી હવામાં લહેરાતા જોયા છે. પૂછવાથી લોકોએ મને કહ્યું કે એ મુહંમદનું લશ્કર છે.''

આ સાંભળતાં જ મેં ગુલામને કહ્યું, ''ચાલ ઉતાવળ કર. મારાં ઊંટોમાં જે સૌથી સારાં હોય તેને અબઘડી હાજર કરી દે.''

ગુલામ વિના વિલંબે એ બધાં ઊંટો મારી પાસે લઇ આવ્યો. મેં ઝટપટ મારાં બાલબચ્ચાં અને ઘરવાળાંઓને ઊંટો પર સવાર કરાવી દીધાં અને તેઓને ધરપત આપતાં કહ્યું, ''આપણે આપણા ધર્મબંધુઓ એટલે ખ્રિસ્તીઓ પાસે સીરિયા જઇ રહ્યા છીએ.''

પછી એ બધાંને લઇને ઝડપી સફર કરતો હું સીરિયાના ''જવશિયા'' નામે (ઇબ્ને હિશામની રિવાયત મુજબ ''હવશિયા'' નામે) શહેરમાં પહોંચી ગયો. મારા ઘરમાં મારી સાથે મારા બાપુ હાતિમતાઇની એક પુત્રી એટલે મારી સગી બહેન પણ રહેતી હતી. મારી એ બહેનને મેં મારા કબીલાના લોકોમાં જ મારી પાછળ છોડી દીધી અને બાકીના બધાંઓને લઇને હું મારતી સવારીએ સીરિયા પહોંચી ગયો અને પછી ત્યાં જ રહી પડયો.'' [૧]

અદીની બહેનની ગિરિફતારી————અદી બિન હાતિમે પોતાની કથા ચાલુ રાખતાં ઉમેર્યું: ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઘોડેસવારો મારો પીછો કરી રહ્યા હતા. મને તો તેઓ પકડી ન શક્યા પણ હાતિમની પુત્રી તેમના હાથે ચઢી ગઇ. તેને ગિરિફતાર કરીને તેઓએ મારા તૈય કબીલાના બીજા

---

૧. બીજી રિવાયત મુજબ : જાન બચાવવાની ભાગદોડમાં મારી સગી બહેન મુજથી વિખૂટી પડી ગઇ અને ઇસ્લામી લશ્કરના હાથે કેદ પકડાઇ ગઇ જેને તેઓ મદીનહ લઇ ગયા. (નુકૂશે-અરબ બારગાહે-નબવી મેં- પેજ ૧૪૬) ''હ''

Maktabe Ashraf

કેદીઓ સાથે શામિલ કરી લીધી અને એ બધાઓને તેઓ મદીનહ લઈ ગયા. [૧]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મારા વિષે સમાચાર મળી ગયા હતા કે હું બાલબચ્ચાં સાથે ફરાર થઈને સીરિયા પહોંચી ગયો છું. તે તરફ હાતિમની બેટીને મસ્જિદે-નબવીના દરવાજા પાસેના તેજ છપ્પરમાં રાખવામાં આવી જ્યાં મારા તૈય કબીલાના બીજા કેદીઓને રાખવામાં આવ્યા હતા. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જયારે એ છપ્પર પાસેથી પસાર થવા લાગ્યા તો હાતિમની બેટી હિંમતથી આપની સામે જઈને ઊભી થઈ ગઈ. એ ભારેખમ અંગની ખાતૂન હતી. અદબથી દર્દભર્યા અવાજે કહેવા લાગી, "હે અલ્લાહના રસૂલ ! મારો બાપ મરી ગયો છે. મને છોડાવનારો ભાઈ ફરાર થઈ ગયો છે. દુનિયામાં મારો કોઈ બેલી કે મદદગાર નથી. આપ મુજ નિરાધાર પર ઉપકાર કરો, અલ્લાહ આપ પર ઉપકાર કરશે."

આપ ત્યાં જ થોભી ગયા. ધ્યાનથી તેની વાત સાંભળી પછી પૂછયું, "હે બહેન ! તને છોડાવનારો તારો ભાઈ કોણ છે ?"

હાતિમની બેટી બોલી, "અદી બિન હાતિમ."

આપે ફરમાવ્યું, "શું તેજ અદી જે અલ્લાહ અને તેના રસૂલથી ફરાર થનારો છે ?"

હાતિમની બેટીનું બયાન છે : "એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મને એજ હાલતમાં છોડીને આગળ તશરીફ લઈ ગયા. બીજા દિવસનું પ્રભાત થયું. આપ ફરીવાર ત્યાંથી પસાર થયા. મેં આપની તહેનાતમાં હાજર થઈને ગઈ કાલના શબ્દોમાં જ વિનંતી રજૂ કરી. આપે તેજ શબ્દોમાં જવાબ આપ્યો જે ગઈ કાલે આપ્યો હતો. પછી આપ આગળ તશરીફ લઈ ગયા."

હાતિમતાઈની દુખ્તરનું બયાન છે : "ત્રીજા દિવસે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ફરીવાર મારી સામેથી પસાર થયા. તે વેળા હું નિરાશ થઈને નાસીપાસ થઈ ચુકી હતી. આજે આપની સાથે એક ગૃહસ્થ હતા જેઓ આપની પાછળ ઊભેલા હતા. હું નિરાશ વદને માથે હાથ ટેકવીને બેઠેલી હતી ત્યાં જ એ ગૃહસ્થે મને ઈશારાની ભાષામાં સમજાવ્યું, "જુએ છે શું ? ઊભી થા,આગળ વધ, રસૂલુલ્લાહ સાથે વાતચીત કર!"

હાતિમની બેટીને મળેલી આઝાદી————એ ગૃહસ્થનો ઈશારો મળતાં હું ઊભી થઈ ગઈ. આગળ વધીને અદબથી વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! મારો બાપ મરણ પામ્યાં છે. મને છોડાવનારો મારો ભાઈ ફરાર થઈ ગયો છે. મારો કોઈ બેલી નથી. મુજ દુખિયારી પર ઉપકાર કરો. અલ્લાહ આપ પર ઉપકાર કરશે."

આપે જવાબમાં ફરમાવ્યું, "હે બહેન ! જા મેં તુજ પર ઉપકાર કર્યો (એટલે કેદથી તુજને આઝાદ કરી દીધી) પણ સાંભળી લે, અહીંથી નીકળીને જવાની ઉતાવળ ના કરજે. તારી કૌમનો કોઈ ભલો કે ખાતરીનો માણસ મળી આવે, જે તને સલામતીથી તારા વતને પહોંચાડી દે, તેની સાથે ચાલી જજે અને વતને પહોંચી જવાની મને ખબર આપજે."

---

૧. સન ૯ હિજરીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ૧૫૦ ઘોડેસવાર મુજાહિદોને હઝરત અલી (રદિ.)ની કમાનમાં ઇસ્લામની તબલીગ માટે બનૂ તયના કબીલામાં મોકલ્યા હતા. કબીલાનો આગેવાન અદી પોતાના પરિવાર સાથે ફરાર થઈ ગયો. પોતાની બહેનને જાન બચાવવાની નાસભાગમાં ભૂલી ગયો. મુકાબલામાં ઘણા કેદીઓ પકડાયા જેમાં અદીની બહેન પણ હતી. હાતિમ તાઈની એ બેટીનું નામ સફ્ફાનહ અથવા સફાનહ હતું. "હ"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આદેશ મુજબ હું ત્યાં જ રહી ગઇ. એ પછી મેં પેલા ગૃહસ્થ વિશે કોઇને પૂછ્યું જેમણે મને આગળ આવીને વાતચીત કરવાનો ઇશારો કર્યો હતો. મને કહેવામાં આવ્યું કે એ અલી બિન અબી તાલિબ હતા. હું મદીનહમાં જ રોકાઇ રહી. એ પછી કબીલએ-બલ્લી અથવા કુદાઅહ કબીલાનું મંડળ મદીનહ આવ્યું. હું મારા બેવફા ભાઇ અદી પાસે સીરિયા જવા માગતી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જઇને પરવાનગી માગી, "યા રસૂલલ્લાહ ! મારી કોમની એક જમાઅત આવેલી છે. તેમાં એક ગૃહસ્થ બહુ ભરોસેદાર અને ભલા માણસ છે. એ મને સલામતીથી પહોંચાડી દેશે."

હાતિમની બેટી અને અદીની બહેનનું બયાન છે : "રૂખ્સત વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને નવો પોશાક પહેરાવ્યો. મારા માટે સવારીનો બંદોબસ્ત કરી દીધો. મને ખર્ચના પૈસા પણ આપ્યા અને હું આ જમાઅતના ગૃહસ્થની સરપરસ્તીમાં મદીનહથી રવાના થઇને સીરિયા પહોંચી ગઇ."

ભાઇને બહેનનો ઠપકો અને સલાહ————અદી બિન હાતિમનું બયાન છે : "અલ્લાહના સોગંદ! એક દિવસે હું મારા મકાનમાં મારાં ઘરવાળાંઓ સાથે બેસીને વાતો કરતો હતો એટલામાં શું જોઉં છું કે એક માંસલ શરીરની, શરીફ ચેહરાની, ખાનદાની અને જાજરમાન ખાતૂન મને મળવાના વિચારે મારા મકાન તરફ બઢી રહી છે. તેને જોતાં જ હું પોકારી ઊઠયો, "અરે એ તો મારી બહેન જેવી લાગે છે !" અને જોયું તો ખરેખર એ મારી બહેન જ હતી. મારી પાસે આવીને દમામભેર ઊભી થઇ ગઇ. વેધક નજરે મારી તરફ જોયું. પછી મને રોષભર્યા સ્વરે ઠપકારતાં કહેવા લાગી,

"હે સ્નેહ-સંબંધને ઠોકર મારનારા બેરહમ ભાઇ ! તું તારાં બૈરી-છોકરાંઓને લઇને અહીં ભાગી આવ્યો અને તારા બાપની સાચવવા જેવી પોતાની બહેનને તેં તરછોડી દીધી ?"

અદી બિન હાતિમ કહે છે : "મેં તેને જવાબમાં કહ્યું, "હે મારી બહેન ! ખરેખર મારાથી મોટી ભૂલ થઇ છે. બચાવનું કોઇ બહાનું મારી પાસે નથી. હવે કોઇ ભલાઇની વાત મારી સાથે કર. બેશક મેં તેવું જ કર્યું છે જેવું તેં કહ્યું છે."

એ પછી બહેન ઘરમાં આવી અને મારી સાથે જ રહેવા લાગી. તે બહુ ઠરેલ પ્રકૃતિની, મોટા મનની અને સાવચેત બુધ્ધિની ખાતૂન હતી. એક દિવસે વાતો-વાતોમાં મેં તેને પૂછયું, "બહેન ! પેલા મદીનહવાળા સાહેબ વિશે તમારૂં શું માનવું છે ? તમે તેમને કેવા અનુભવ્યા છે ?"

બહેન બોલી, "ભાઇ ! અનુભવનું શું પૂછો છો ? મારૂં માનો તો અબઘડી મદીનહ જઇને તેમને મળો. અગર તેઓ નબી છે તો પેશકદમી કે પહેલ કરીને તેમની સેવામાં જનારને અનુપમ માનમોભો મળવા પામે છે. અગર તેઓ બાદશાહ છે તો તેમની બરકત ભરેલી આબરૂને પ્રતાપે તમારે નામોશી નહિ વેઠવી પડે. તમે જેવા છો તેવા જ રહેશો."

મેં કહ્યું, "બહેન ! ખરેખર તમે મને બિલકુલ સાચી સલાહ આપી છે."

અદીની દરબારે-નબવીમાં હાજરી————અદી બિન હાતિમ કહે છે : "એ પછી બહેનની સલાહ મુજબ હું સીરિયાથી ઊપડયો અને મદીનહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગયો. તે વેળા આપ મસ્જિદમાં બિરાજમાન હતા. તહેનાતમાં પહોંચીને મેં આપને

Maktabe Ashraf

સલામ કરી. આપે પૂછયું, "કોણ છો ?"

મેં કહ્યું, "અદી બિન હાતિમ."

મારૂં નામ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થઇ ગયા અને મને પોતાના ઘેર લઇ ગયા. અલ્લાહના સોગંદ ! આપ મને પોતાના ઘરે લઇ જતા હતા એ દરમિયાન રસ્તામાં એક વયોવૃધ્ધ ડોશીએ આપને રોકી લીધા. આપ મોડે સુધી ત્યાં ઊભા રહ્યા અને ડોશીમાંની વાતો સાંભળતા રહ્યા. ડોશી મા પોતાની અંગત જરૂરિયાતોને લગતી વાતો આપની સાથે કરતા રહ્યાં.

આ મામલો જોઇને મેં મનમાં કહ્યું, "રૈયતનો કોઇ માણસ બાદશાહને રસ્તામાં આ રીતે ઊભો રાખી શકે નહિ. માલૂમ પડયું કે મુહંમદ સાહેબ બાદશાહ નથી."

મતલબ કે ડોશી અમ્માંની વાતો શાંતિથી સાંભળી લેવા પછી આપ મને પોતાને ઘેર લઇ ગયા. ત્યાં ચામડાનો એક તકિયો પડેલો હતો જેમાં પાંદડાં ભરેલા હતાં. એ તકિયો ઉપાડીને મને પકડાવતાં આપે ફરમાવ્યું, "લો એની ઉપર આરામથી બેસો."

મેં અદબથી કહ્યું, "યા રસૂલલ્લાહ ! આપ પોતે તકિયા પર આરામથી બેસો."

આપે આગ્રહભેર ફરમાવ્યું, "નહિ તમારે જ એની ઉપર બેસવું પડશે."

મતલબ કે હું તકિયાને અઢેલીને બેસી ગયો અને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે જમીન પર બેસી ગયા.

મેં મનમાં કહ્યું, "અલ્લાહના સોગંદ ! આ કામ કોઇ બાદશાહનું હોય શકે નહિ."

એ પછી આપે ફરમાવ્યું, "અદી બિન હાતિમ ! બતાવો તો ખરા, તમે "રકૂસી"તો નથી ?"[1]

મેં કહ્યું, "જી હા, કેમ નહિ, હું એજ છું."

આપે પૂછયું, "શું તમે તમારી કૌમ પાસેથી ચોથાઇ નહિ લેતા હતા ?"

મેં કહ્યું, "જી હા, બિલકુલ સાચી વાત છે."

આપે ફરમાવ્યું, "એ તો તમારા મઝહબમાં તમારા માટે જાઇઝ ન હતું."

મેં અરજ કરી, "અલ્લાહના સોગંદ, યા રસૂલલ્લાહ ! આપની વાત બિલકુલ સાચી છે."

અદી બિન હાતિમનું કથન છે : "હવે હું સમજી ગયો. મારી શંકાઓનું સમાધાન થઇ ગયું. મને પાકી ખાતરી થઇ ગઇ આ વાતની કે, આપ બેશક અલ્લાહના મોકલેલા સાચા પયગમ્બર છે. વાતચીત દરમિયાન ખબર પડી કે આપ એવી વાતો પણ જાણતા હતા જેનું જ્ઞાન મારા જેવા સામાન્ય માણસો ધરાવતા નથી."

રસૂલુલ્લાહ (સલ.)ની પેશીનગોઇઓ——————અદી બિન હાતિમનું બયાન છે : "એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને સંબોધીને ફરમાવ્યું :

●——————"હે અદી બિન હાતિમ ! શાયદ તને અલ્લાહના આ દીનમાં દાખલ થવાથી

૧- રકૂસી એવા માણસને કહે છે જે યહૂદી ધર્મ અને સાબી ધર્મ વચ્ચેના અકીદાઓમાં માનનારો હોય અથવા જે અર્ધો ખ્રિસ્તી અને અર્ધો સાબી અથવા જે અર્ધો યહૂદી અને અર્ધો મજૂસી હોય. સાબી એટલે સિતારા-પૂજક. વધુ ખુલાસા માટે જુઓ : કામૂસુલ-કુર્આન પા. ૨૮૮ "ક"

તે વસ્તુ રોકી રહી છે જેને તું પોતની આંખથી જુએ છે કે, મુસલમાન લોકો દૌલતમંદ નથી, ગરીબ છે. તવંગર નથી, કંગાલ છે.

"સાંભળ હે અદી ! અલ્લાહના સોગંદ ! મને યકીન છે કે તે સમય દૂર નથી જ્યારે મુસલમાનોમાં ધનદૌલતની એટલી રેલમછેલ થઇ જશે કે તેઓની ઝકાતના નાણાંને કબૂલ કરનારો ઢૂંઢવાથી પણ મળવાનો નથી.

•————"હે અદી ! શાયદ તને ઈસ્લામમાં દાખલ થવાથી ફકત આ વસ્તુ અટકાવી રહી કે, ઈસ્લામના દુશ્મનોને તું બહુમતીમાં, અને મુસલમાનોને તું લઘુમતીમાં જુએ છે.

"હે અદી ! અલ્લાહના સોગંદ ! મને યકીન છે કે તે સમય દૂર નથી જ્યારે તું સાંભળી લેશે કે એક સ્ત્રી, એકલી-અટૂલી જ ઊંટ પર સવાર થઇને કાદેસિયહથી નીકળી છે અને તે કોઇ પણ જાતના ખટકા કે ખતરા વગર મક્કહ પહોંચી ગઇ છે અને તેણે શાંતિથી બૈતુલ્લાહની ઝિયારત કરી લીધી છે. [1]

•————"હે અદી બિન હાતિમ ! શાયદ તને દીને-ઈસ્લામમાં દાખલ થવાથી માત્ર આ વસ્તુ રોકી રહી છે જેમકે તું જુએ છે કે, હુકૂમત અને રાજસત્તા મુસલમાનોના હાથમાં નથી.

"હે અદી ! અલ્લાહના સોગંદ ! મને યકીન છે કે તે સમય દૂર નથી જ્યારે તું સાંભળી લેશે કે ઈસ્લામી લશ્કર વિજયનો વાવટો ફરકાવતું બાબિલની ભૂમિમાં પ્રવેશી ગયું અને મુસલમાનોએ ત્યાંના સફેદ રાજમહેલો ફતેહ કરી લીધા છે."[2]

(સંપાદકની નોંધ : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને અદી બિન હાતિમ વચ્ચે થયેલા સંવાદની બીજી રિવાયત મુસ્નદે-અહમદ બિન હમ્બલ અને ઉસ્દુલ-ગાબહમાં આ પ્રમાણે ટાંકવામાં આવી છે :

આપે ફરમાવ્યું, "હે અદી ! તું આજ સુધી દીને-ઈસ્લામથી ભાગતો રહ્યો છે; હાલાં કે ઈસ્લામ દરેક કદમ પર સલામતીની બાંયધરી આપે છે."

અદી બોલ્યા, "હું દીને-ઈસ્વીનો અનુયાયી છું. મારો દીન પણ સલામતીની બાંયધરી આપે છે."

આપે ફરમાવ્યું, "અદી ! તારા દીનને હું તારા કરતાં વધારે સમજું છું."

"હેં.......શું આપ મારા દીનનું મારા કરતાં વધારે જ્ઞાન ધરાવો છો ?" અદીએ નવાઇથી પૂછ્યું.

"હા, બેશક." આપે ફરમાવ્યું, "શું તું ખ્રિસ્તી ધર્મના રકૂસી સંપ્રદાયનો અનુયાયી નથી ?"

---

૧. કાદેસિય્યહ : ઇરાકમાં કૂફા શહેર પાસે આવેલી એક વસતિનું નામ જ્યાં હઝરત ઉમર ફારૂક (રદિ.)ના યુગમાં મુસલમાનો અને ઈરાનીઓ વચ્ચે ખૂંખાર યુધ્ધ ખેલાયું જેનું નામ જંગે-કાદેસિય્યા છે. "હ"

૨. બાબિલ : ઇરાકની ભૂમિનું સૌથી પ્રાચીન, રમણીય અને ઐતિહાસિક શહેર જેનું નામ કુર્આને-મજીદમાં પણ આવેલું છે. ફુરાત નદીને બંને કાંઠે વસેલું હતું. ઇસ્વી સન ૭ હજાર વરસ પૂર્વે ઇ.સ. ૫૦૦ વરસ પૂર્વે સુધી બાબિલની જાહોજલાલીની ગાથા ઇતિહાસમાં અમર થયેલી છે. અહીં બાદશાહોના ભવ્ય રાજમહેલો આવેલા હતા. વધુ વિગત માટે જુઓ કામૂસુલ-કુર્આન પેજ ૯૧ "હ"

Maktabe Ashraf

"હા બેશક યા રસૂલલ્લાહ ! હું રકૂસી સંપ્રદાય પાળું છું."

આપે ફરમાવ્યું, "શું પોતાની કૌમના સરદાર તરીકે તું પોતાના કબીલાવાળાઓ પાસેથી પૈદાવારનો ચોથો ભાગ નથી લેતો ?"

"જી હા, હું ઇલાકાની પૈદાવારનો ચોથો ભાગ વસૂલ કરૂં છું."

આપે ફરમાવ્યું, "શું "ચોથ"દીને-ઇસ્વીમાં જાઇઝ છે ?"

અદી આ સવાલનો કોઇ જવાબ આપી શકયા નહિ, કેમકે દીને-ઇસ્વીમાં લોકો પાસેથી ચોથ લેવાની કાનૂની રીતે મનાઇ હતી.

હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અદી બિન હાતિમને સંબોધીને ફરમાવ્યું, "હે અદી! તારો આ વિચાર તને ઇસ્લામ કબૂલ કરવાથી અટકાવી રહ્યો છે કે મુસલમાન એક ગરીબ કે કંગાલ કૌમ છે. અરબમાં એનો કોઇ ભાવ પૂછનારૂં નથી. પણ તે સમય દૂર નથી જયારે એજ ગરીબ મુસલમાનો કિસરા બિન હુરમુઝના ખજાનાઓ પર કબજો કરી લેશે."

અદી નવાઇ પામીને બોલી ઊઠયા, "શું ફરમાવો છો ? કિસરા બિન હુરમુઝ (જેવા ઇરાની શહેનશાહો)ના ખજાનાઓ પર ?"

આપે ફરમાવ્યું, "હા કિસરા બિન હુરમુઝના ખજાનાઓ પર અને તે વેળા મુસલમાનો પાસે માલ-દૌલતની એટલી રેલમછેલ હશે કે, લોકોને દાન આપવામાં આવશે અને તેઓ તેને લેવાથી ઇન્કાર કરી દેશે. અને સાંભળી લે, કિસરા બિન હુરમુઝના સફેદ રાજમહેલ પર પણ મુસલમાનોનો કબજો હશે."

પછી આપે ફરમાવ્યું, "હે અદી ! શું તેં કદી હીરહ શહેર જોયું છે ?"

"ના, ત્યાં કદી જવાનું તો નથી થયું, નામ જરૂર સાંભળ્યું છે."

આપે ફરમાવ્યું, "હે અદી ! તે અલ્લાહના સોગંદ જેના અધિકારમાં મારા પ્રાણ છે, તે સમય જલદી આવવાનો છે જયારે ઇસ્લામની બરકતથી ઊંટની ગાદી પર બિરાજેલી એક સ્ત્રી એકલપંડે (કોઇ સાથી કે સંરક્ષક વગર નિર્ભય રીતે) હીરહથી આવીને કઅબહનો તવાફ કરશે અને કોઇ તેની તરફ નજર ઉઠાવીને પણ નહિ જોશે."

આ સંવાદ પછી અદી બિન હાતિમ તરત કલિમો પઢીને મુસલમાન બની ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હઝરત અદી બિન હાતિમના ઇસ્લામ-સ્વીકારથી બેહદ ખુશી થઇ અને આપે તેમને પોતાની તરફથી તય કબીલાના સરદારની ગાદીએ બિરાજમાન કરી દીધા. આ રીતે હઝરત અદીની બહેનના એ બોલો પણ પૂરા થયા કે, "અદી ! તમે મદીનહ જશો તો જેવા છો તેવા જ રહેશો."[1] (સંપાદકની નોંધ પૂરી થઇ.)

પેશીનગોઇઓ સાચી ઠરી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુસલમાન બનવા બાદ હઝરત અદી બિન હાતિમ લોકોને કહ્યા કરતા, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બે પેશીનગોઇઓ તો મારી

૧. મવલાના તાલિબ હાશિમી કૃત : વુફૂદે-અરબ બારગાહે-નબવી મેં પા. ૧૪૮

હયાતમાં મારી આંખ સામે પૂરી થઈ. ત્રીજી પેશીનગોઈ બાકી રહી ગઈ છે. પહેલી પેશીનગોઈ તરીકે બાબિલની ભૂમિના સફેદ રાજમહેલો ફતેહ થતાં મેં મારી આંખે જોઈ લીધા. (અને એ લશ્કરમાં હું પોતે પણ શામિલ હતો.[૧]) મેં તે સ્ત્રીને પણ મારી આંખે જોઈ લીધી જે પોતાના ઊંટની ગાદી પર બિરાજીને કાદેસિય્યહથી બે-ખોફો-ખતર નીકળી અને બૈતુલ્લાહ પહોંચીને તેના તવાફો-ઝિયારતથી મુશર્રફ થઈ. (અને એકલી અટૂલી હોવા છતાં એટલી સલામત હતી કે કોઈએ તેની તરફ નજર ઉઠાવીને પણ નહિ જોયું.)

રહી ગઈ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ત્રીજી પેશીનગોઈ કે મુસલમાનોમાં માલો-દૌલતની એવી ફરાવાની થશે કે તેને કબૂલ કરનારો ઢૂંઢવાથી પણ મળવાનો નથી, તો ઇન્શાઅલ્લાહ એ પણ તેના સમયે અવશ્ય પૂરી થઈને રહેશે.

હઝરત ફુર્વહ દરબારે-નબવીમાં

ઇબ્ને ઇસ્હાક કહે છે : મુલ્કે-યમનના મુરાદ કબીલાના ફુર્વહ બિન મુસૈક મુરાદી નામના ગૃહસ્થ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. તેઓ પોતાના મુરાદ કબીલાના મોવડી કે આગળ પડતા અગ્રેસરોમાંથી હોવા ઉપરાંત પ્રથમ પંકિતના શાઇર પણ હતા. જાહિલિયતના યુગમાં કિન્દહના મુરાદી બાદશાહોના દરબાર સાથે સંકળાયેલા હતા. પછી તે સમય આવ્યો જ્યારે તેઓ મુરાદી બાદશાહોના દરબારથી અલગ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થઈ ગયા.

ઇસ્લામના આગમનના થોડાક સમય પૂર્વે મુરાદ કબીલા અને હમદાન કબીલા વચ્ચે યુધ્ધ ખેલાયું હતું. આ યુધ્ધના એક સંગ્રામને "યવમુર-રૂમ" કહે છે જેમાં હમદાનના કબીલાએ મુરાદના કબીલાને બૂરી રીતે હરાવીને તેઓની કત્લે-આમ ચલાવી જેમાં મુરાદના ઘણા માણસો માર્યા ગયા. આ જંગમાં હમદાનનો સિપહસાલાર અજદઅ બિન માલિક નામે એક બહાદુર જવાન હતો.

ઇબ્ને હિશામ કહે છે : હમદાનના સિપહસાલારનું નામ અજદઅ બિન માલિક નહિ બલકે માલિક બિન હુરૈમ હમદાની હતું.

ઇબ્ને ઇસ્હાક કહે છે : "યવમુર-રૂમ"ના યુધ્ધ વિષે ફુર્વહ બિન મુસૈક કહે છે :

ફઇન નગલિબ ફ - ગલ્લા - બૂન કિદમન • વઇન નુગલબ ફ - ગયરુ મુગલ-લબીના.

ત્યારે જો અમે ફતેહમંદ નીવડીએ છીએ તો અમે તો હમેશા ફતેહમંદ થનારા લોકો જ છીએ, પણ જો અમને કોઈ પરાજિત કરી નાખે છે તો અમે પરાજિત થનારા લોકો નથી. (એટલે આ વેળા અમે હારી ગયા તો એ હાર ઇત્તેફાકી એટલે આગંતુક કે નસીબજોગી હતી.)

વમા ઇન તિબ્બુના જુબ્ન વલાકિન • મનાયાના વ તુઅ-મતુ આખેરીના.

અમારી ફિતરતમાં બુઝદિલી અને કાયરપણું છેજ નથી. પરંતુ અમારા કેટલાક વીરનરોનું મરવાનું લખેલું હતું અને કેટલાકનું વિજયનો કોળિયો ગળવાનું લખેલું હતું.

કઝા - લિકલ - દહરુ દૌલતુહૂ સિજાલુન • તકુર્રુ સુરૂરુ-હૂ ફીના ફ-હીના.

---

૧. જુઓ:-આબ બારગાહે-નબવી. મેં પેજ ૧૪૯ "ર"

Maktabe Ashraf

જમાનાનો રંગ જ એવો છે. કદી અનુકૂળ રહે છે કદી પ્રતિકૂળ બની જાય છે. કાળનું ચક્કર સમયે-સમયે ચાલુ જ રહે છે.

ફલવ ખ-લ-દલ મુલૂક ઇઝન ખલદ-ના • વલવ બકિલ-કિરામુ ઇઝન બકીના.

અગર બધા જ બાદશાહો અમર રહેતે તો અમે પણ અમર રહેતે. અગર બધા જ આબરૂદારો કે પ્રતિષ્ઠાવાનો જીવતા રહેતે તો અમે પણ જીવતા રહેતે.

ફ - અફની ઝાલિકુમ સરવાતે કવમી • કમા અફનિલ-કુરૂનલ-અવ્વલીના.

તો આ કાળચક્રે મારી કૌમના ચુનંદા લોકોને ફના કરી નાખ્યા જેમકે તેણે પ્રાચીન કાળની પ્રજાઓને ફના કરી નાખી છે.

હઝરત ફુર્વહનો ઈસ્લામ————ઈબ્ને ઈસ્હાક કહે છે : ફુર્વહ બિન મુસૈક કિન્દહના બાદશાહોના દરબારથી અલગ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા તો સલામ-કલામ બાદ તેમણે આપની તહેનાતમાં આ શેઅરો રજૂ કર્યા :

લમ્મા રઐતુ મુલૂક કિન્દતુ અઅ-રદ્દૂ • કર-રિજલે ખાનર-રિજલ ઈર્ક નિસા-ઈહા.

જ્યારે મેં જોયું કે કિન્દહના બાદશાહોએ સચ્ચાઈથી એવી રીતે મોઢું ફેરવી લીધું છે જેવી રીતે "ઈર્કે-નિસાઅ"ના રોગીનો એક પગ તેના બીજા પગથી મોઢું ફેરવી લે છે.

કર્રબ્તુ રાહિ-લતી અઉમ્મુ મુહમ્મદન • અરજૂ ફવાદિ-લ-હા વ હુસ્ન સરાઈહા.

તો મેં પોતાની ઊંટણીને મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવાને ઈરાદે દોડાવી દીધી કે જેથી તેમના સંસ્કારો અને સદ્‌ગુણોથી ભાગ્યશાળી બની જાઉં !

ઈબ્ને ઈસ્હાક કહે છે : ફુર્વહ બિન મુસૈક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા તો આપે તેમને પૂછ્યું, "હે ફુર્વહ ! "યવમે-રૂમ"ના સંગ્રામમાં તમારી કૌમ પર જે મુસીબતો તૂટી પડી તેનો કોઈ આઘાત તમારા દિલને પણ થયો છે ખરો ?"

હઝરત ફુર્વહ બોલ્યા, "યા રસૂલલ્લાહ ! એવું કોણ છે જેની કૌમ પર એવી મુસીબતો તૂટી પડે જેવી મારી કૌમ પર તૂટી પડી છતાં તેના દિલને આઘાત નહિ લાગે ?"

આપે ફરમાવ્યું, "હા સાચી વાત છે પણ સાંભળો, એ આઘાત તમારી કૌમના ઈસ્લામમાં ઓરભી ખૂબીઓ અને બરકતો જન્માવી દેશે. અને ઈસ્લામ, ભલાઈઓ કે ખૂબીઓ સિવાય બીજો કોઈ વધારો કરતો નથી."

હઝરત ફુર્વહ બિન મુસૈક (રદિયલ્લાહુ અન્હુ) મદીનહથી રૂખ્સત થવા લાગ્યા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને બનૂ મુરાદ, બનૂ ઝુબેદ અને બનૂ મુજહિજ કબીલાઓના ગવર્નરને ઓહદે બિરાજમાન કરી દીધા અને હઝરત ખાલિદ બિન સઈદ બિન આસ (રદિ.)ને એમના સહકારી તરીકે સદકાત કે ઝકાતની વસૂલી માટે એમના સંગાથે કરી દીધા. હઝરત ખાલિદ બિન સઈદ લગાતાર મુરાદ કબીલાના પ્રદેશમાં રહીને પોતાની ફરજો બજાવતા રહ્યા ત્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ ગઈ.

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૨

અરબના મંડળોની પરંપરા

—3—

બનૂ ઝુબૈદનું મંડળ • મંડળના સભ્યો દરબારે-નબવીમાં • હઝરત ઇબ્ને મઅદી કરબના શેઅરો • બનૂ કિન્દહ કબીલાનું મંડળ • મંડળના સભ્યો દરબારે-નબવીમાં • અશઅસ બિન કૈસનો વંશ • અઝદ કબીલાનું મંડળ • મંડળના સભ્યોનો ઈસ્લામ-સ્વીકાર • અહલે-જુરશ સાથે જિહાદ • જુરશના બે એલચીઓનો મામલો • અહલે-જુરશનો ઈસ્લામ-સ્વીકાર • હિમ્યરી બાદશાહોના રાજદૂતો • રસૂલુલ્લાહ (સલ.)નો મુબારક કાગળ • ઝુરઅહ ઝૂ-યઝનના નામે કાગળ • હઝરત મુઆઝ બિન જબલને વસીયત • હઝરત ફુર્વહ બિન અમ્રનો ઈસ્લામ • બનૂ હારિસના લોકો ઈસ્લામના ચરણોમાં • હઝરત ખાલિદનો કાગળ • રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ • બનૂ હારિસના મંડળ સાથે વાતચીત • અમ્ર બિન હઝમ માટે રસૂલુલ્લાહ (સલ.)નું લખાણ.

બનૂ ઝુબૈદનું મંડળ

મંડળના સભ્યો દરબારે-નબવીમાં——————બનૂ ઝુબૈદ કબીલાના અમ્ર બિન મઅદી કરબ નામે અગ્રેસર પોતાના કબીલાના કેટલાક અગ્રણીઓ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા અને વાતચીતને અંતે બધા સભ્યો સાચા દિલથી મુસલમાન બની ગયા.

આ કબીલાના ઇસ્લામ-પ્રવેશની વિગત એમ છે કે કબીલાના લોકોને જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી અને ફતેહમંદીઓના સમાચાર મળ્યા તો કબીલાના અગ્રેસર અમ્ર બિન મઅદી કરબે એજ કબીલાના કૈસ બિન મકશૂહ મુરાદી નામના ગૃહસ્થને કહ્યું, ‘‘જુઓ કૈસ ! તમે એક જાણકાર અને સમજદાર વ્યક્તિ છો. આપણને કહેવામાં આવ્યું છે કે મક્કહના કુરૈશમાં એક શખ્સ જાહેર થયા છે જેમને મુહંમદ કહેવામાં આવે છે તેમનું કહેવું છે કે તેઓ અલ્લાહના મોકલેલા નબી છે. માટે હે કૈસ ! તમે અમને બધાને તમારી આગેવાની હેઠળ મુહંમદ પાસે લઈ ચાલો કે જેથી આપણે તેમના નબી હોવાના દાવાની પરીક્ષા લઈએ. જો તેઓ પોતાના દાવા મુજબ સાચા નબી છે તો એ વાત તમારાથી છુપી રહેવાની નથી. તેમની સચ્ચાઈની ખાતરી થતાં આપણે તેમનું અનુકરણ કરી લઈશું. પણ જો તેઓ આ દાવામાં ખોટા પુરવાર થાય તો એ વાત પણ તમારાથી છાની રહેવાની નથી. પછી કોઈ ખોટા કે લેભાગુ પયગમ્બરનું આપણે શા માટે અનુકરણ કરવું?

પરંતુ અમ્ર બિન મઅદી કરબની આ વાત કૈસ બિન મકશૂહ મુરાદીના ભેજામાં ઊતરી નહિ. તેણે આ વાતને મુદ્દલ મહત્ત્વ આપ્યું નહિ. ઊલટાનું તેને બેવકૂફીમાં ગણાવીને હસી કાઢી. ત્યારે અમ્ર બિન મઅદી કરબ પોતે કેટલાક

ગૃહસ્થોને સાથે લઈને મદીનહ ઊપડ્યાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને તથા આપની પયગમ્બરીની ખાતરી કરીને પોતાના સાથીઓ સાથે મુસલમાન બની ગયો.

હઝરત ઇબ્ને મઅદી કરબના શેઅરો————હઝરત અમ્ર બિન મઅદી કરબ (રદિયલ્લાહુ અન્હુ) અને એમના સાથીઓના મુસલમાન બની જવાની વાત જ્યારે કેસ બિન મકશૂહના કાને પહોંચી તો તેને ખૂબ લાગી આવ્યું. ગુસ્સાની હાલતમાં અમ્ર બિન મઅદી કરબ પાસે ગયો. સખત શબ્દોમાં પોતાની નારાજી જાહેર કરી અને ધમકીભર્યા સ્વરે બોલ્યો, "તારી આ હિંમત કે મારો વિરોધ કરે અથવા મને પડતો મૂકે ?"

હઝરત અમ્ર બિન મઅદી કરબ એક બહાદુર જવાન હતા. પંકાયેલા શાહસવાર હોવા ઉપરાંત મોટા શાઈર પણ હતા. ધમકીથી ડરી જાય એવા ન હતા. એજ વેળા કૈસની ધમકીનો શાઈરીમાં આ રીતે જવાબ આપ્યો :

ફલવ લા કૈતની લિલ કૈતે • લયસન ફવ-કહૂ લિ-બદુહૂ.

જો તું મારો મુકાબલો કરશે તો એવા સિંહ સાથે ટકરાશે જેની ગરદન અને માથા પર લાંબા લાંબા વાળો હોય છે.

મુસામિલ-કિર્ન ઇન કિરનુન • તચમ - મમહૂ ફયુક - તદેદુ - હૂ.

તે એવો સિંહ હશે જે પોતાના હરીફથી ઊંચો હશે. મુકાબલાનો ઇરાદો કરતાં જ તે પોતાના હરીફને પોતાના બાહુઓમાં જકડી લેશે.

ફયઅ - ખુઝુહૂ ફયર - ફઉહૂ • ફયખ - ફિદૂહૂ ફયક-તસિદુહૂ.

પછી તેને પકડીને ઉપર ઉછાળશે. પછી તેને નીચે પટકી મારશે અને પછી તેનું લોહી પી જશે.

ફયદ - મગુહૂ ફયહ - તિમુહૂ • ફયખ - દિમુહૂ ફયઝ - દરેદુહૂ.

પછી તેનું ભેજું કાઢી લેશે. પછી તેને તોડી નાખશે. પછી તેને ખાઈ જશે. પછી તેને ગળી જશે.

બનૂ કિન્દહ કબીલાનું મંડળ

મંડળના સભ્યો દરબારે-નબવીમાં————ઇબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં મુલ્કે-યમનના કિન્દહ કબીલાનું જે મંડળ હાજર થયું તેમાં કિન્દહ કબીલાના અગ્રેસર અશઅસ બિન કૈસ પણ શામિલ હતા.

મને ઝુહરી ઇબ્ને શિહાબે માહિતી આપતાં કહ્યું કે અશઅસ બિન કૈસ કિન્દહ કબીલાના ૮૦ સવારો સાથે મદીનહ આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં મસ્જિદમાં હાજર થયા. બધા સભ્યોએ કાંસકીથી પોતાના વાળો સજાવેલા હતા. આંખોમાં સુરમો આંજેલો હતો. અંગો પર હીરહ પ્રદેશના અતિ મૂલ્યવાન અને આંખોને ઊડીને વળગે એવા સુંદર ઝબ્બા પરિધાન કરેલા હતા જેની બંને બાજુએ કિંમતી રેશમ શોભી રહ્યું હતું.

તેઓનો આ ઝાકઝમાળ પોશાક અને અનેરો ઠાઠ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "શું તમે લોકો મુસલમાન નથી ?"

તેઓએ જવાબ આપ્યો, ''કેમ નહિ, યા રસૂલલ્લાહ ! અમે મુસલમાન છીએ.''

આપે ફરમાવ્યું, ''ફમા બાલુ હાઝલ-હરીરે ફી અઅનાકે-કુમ ?''ત્યારે તમારી ગરદનોમાં આ રેશમ કેવું ?

આ સાંભળતાં જ તેઓએ પોતાના ઝબ્બાઓમાંથી રેશમ ફાડીને ફેંકી દીધું.

એ પછી અશઅસ બિન કૈસ કહેવા લાગ્યા, ''યા રસૂલલ્લાહ ! અમે કિન્દહના લોકો ''આકિલુલ-મુરાર''ની અવલાદ છીએ.અને આપ પણ આકિલુલ-મુરારના બેટા છો.''(એટલે તેના વંશમાંથી છો.)

રાવીનું કથન છે : તેમની આ વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસ્કુરાઈને ફરમાવ્યું, ''વંશનું આ જોડાણ મને નહિ, મારા કાકા અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ અને રબીઅહ બિન હારિસને બંધબેસતું આવે છે. સાંભળો, અબ્બાસ અને રબીઅહ બંને વેપારી હતા. વેપાર માટે અરબના જુદા જુદા ઈલાકાઓમાં જતા તો ત્યાંના લોકો એમને પૂછતા, ''તમે કયા કબીલા અને કયા ખાનદાનમાંથી છો?''

જવાબમાં બંને કહી દેતા, ''અમે આકિલુલ-મુરારની અવલાદ છીએ.''

બંનેનો હેતુ આ હતો કે આકિલુલ-મુરારનું નામ લઈશું તો અરબના લોકો અમને માનપાનથી વધાવી લેશે. અમારા નામનો સિક્કો બેસી જશે. કારણ આ હતું કે આકિલુલ-મુરાર, કિન્દહના કબીલામાંથી હતો અને કિન્દહના લોકો રાજવંશી એટલે શાહી ખાનદાનમાંથી હતા.''

એ પછી આપે તેઓને ફરમાવ્યું, ''જુઓ અમે લોકો આકિલુલ-મુરારની અવલાદમાંથી નથી. અમે તો નઝ્ર બિન કિનાનહની અવલાદમાંથી છીએ. અમે લોકો અમારો વંશવેલો મા તરફથી નથી માનતા અને ન અમારા બાપ તરફથી વંશવેલાનો અમે ઈન્કાર કરીએ છીએ.''

આ સાંભળીને અશઅસ બિન કૈસે મંડળના સભ્યોને કહ્યું, ''હે કિન્દહના લોકો ! તમે સાંભળી લીધું, અલ્લાહના નબીએ શું ફરમાવ્યું છે ? હવેથી જો હું તમારામાંથી કોઈને પોતાનો વંશ બીજાના વંશ સાથે જોડતાં સાંભળીશ તો અલ્લાહના સોગંદ ! હું તેને એંસી ફટકા મારીશ.''

અશઅસ બિન કૈસનો વંશ——————ઈબ્ને હિશામ કહે છે : અશઅસ બિન કૈસ, સ્ત્રીઓ તરફથી (મા તરફથી) આકિલુલ-મુરારના વંશમાંથી હતા. અને આકિલુલ-મુરારનો વંશવેલો આ છે : હારિસ બિન અમ્ર બિન હુજ્ર બિન અમ્ર બિન મુઆવિયહ બિન હારિસ બિન મુઆવિયહ બિન સૌર બિન મુરત્તેઅ બિન મુઆવિયહ બિન કિન્દી અથવા કિન્દહ.

એમાંથી પહેલા પુરુષ હારિસ બિન અમ્રનો લકબ આકિલુલ-મુરાર પડી ગયો હતો. આ લકબ પડવાનું કારણ એમ બન્યું કે એક વેળા હારિસ બિન અમ્ર કોઈ અગત્યના કામ માટે બહારગામ ગયો હતો. તેની ગેરહાજરીમાં અમ્ર બિન હબૂલહ ગસ્સાની નામના ડાકૂએ તેની વસતિ પર છાપો માર્યો. લોકોના ઘરબાર લૂંટી લઈને સ્ત્રી-બાળકોને કેદ કરી લીધાં. કેદીઓમાં હારિસ બિન અમ્રની બીબી પણ હતી જેનું નામ ઉમ્મે-ઉનાસ બિન્તે ઔફ બિન મુહલ્લમ શૈબાની હતું.

ઉમ્મે-ઉનાસ બહુ ચંચળ સ્ત્રી હતી. રસ્તામાં તેણે અમ્ર બિન હબૂલહને ધમકીરૂપે કહ્યું, ''સાંભળી લે, મને એવું લાગે છે જાણે હું એક લટકેલા હોઠોવાળા કાળા રંગના બિહામણા આદમીના સંગાથે છું. એ બિહામણા

Maktabe Ashraf

આદમીના હોઠો એવા ઊંટના હોઠો જેવા છે જેણે મુરાર નામે કડવું ઝાડ ખાય લીધું હોય. પછી એ બિહામણા આદમીએ પાછળથી આવીને તારી ગળચી દબાવી દીધી. '' (ઉમ્મે-ઉનાસનો ઈશારો હારિસ બિન અમ્ર તરફ હતો જે તેનો ખાવિન્દ હતો. ધમકી એ હતી કે હે ડાકૂ ! મને છોડી દે નકર જાડા હોઠોવાળો મારો બિહામણો ખાવિન્દ તારી ગળચી દબાવી દેશે.)

બસ એજ દિવસથી હારિસ બિન અમ્રનું નામ આકિલુલ-મુરાર પડી ગયું. મુરાર એક ઝાડ અથવા જંગલી જડીબુટ્ટીનું નામ છે જે અતિશય કડવી હોય છે ઊંટ તેને ખાય લે તો કડવાશથી તેના હોઠ લબડી પડે છે.[૧]

એ પછી હારિસ બિન અમ્રને આ બનાવની જાણ થતાં તેણે બનૂબક્ર બિન વાઈલના કેટલાક માણસો સાથે અમ્ર બિન હબૂલહની પૂઠ પકડી. છેવટે તેને આંતરી લઈને કતલ કરી નાખ્યો અને પોતાની બીબી ઉમ્મે-ઉનાસને છોડાવી લાવ્યો અને જે માલસામાન તે લૂંટી ગયો હતો તે પણ પાછો લઈ આવ્યો.

ઈબ્ને ઈસ્હાક કહે છે : આ કિસ્સો બહુ લાંબો છે. વિગતમાં ઊતરવાથી કલામનો સિલસિલો તૂટી જવાની બીકે મેં એને ટૂંકાણમાં પતાવી દીધો છે. કહેવાય છે કે આકિલુલ-મુરાર, હારિસ બિન અમ્રના દાદા હુજ્ર બિન અમ્ર બિન મુઆવિયહનો લકબ હતો અને આ પૂરો કિસ્સો તેની સાથે સંકળાયેલો છે. તેની સાથે આ લકબ એટલા માટે ચોંટી ગયો કે તેણે અને તેના સાથીઓએ અમ્ર બિન હબૂલહ સાથેની ઝપાઝપી વેળા મુરારનું ઝાડ અથવા એ નામનો કડવો છોડ ખાય લીધો હતો. (કદાચ ઝનૂનમાં આવીને ડાકૂઓના મુકાબલા માટે.)

અઝદ કબીલાનું મંડળ

મંડળના સભ્યોનો ઈસ્લામ-સ્વીકાર——————ઈબ્ને ઈસ્હાક કહે છે : અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં સુરદ બિન અબ્દુલ્લાહ અઝદી પણ હાજર થઈને મુસલમાન બની ગયા. હઝરત સુરદ અઝદી પોતાના અઝદ કબીલાના એવા ગૃહસ્થો સાથે હાજર થયા હતા જેઓ અગાઉથી મુસલમાન બની ગયા હતા. મુસલમાન બનવા બાદ હઝરત સુરદ ઈસ્લામ પર મક્કમ બની ગયા અને છેવટ સુધી ઈસ્લામી આદેશોનું ચુસ્ત રીતે પાલન કરતા રહ્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સુરદ બિન અબ્દુલ્લાહને મંડળના અમીર બનાવ્યા અને હુકમ ફરમાવ્યો કે યમનમાં તમારા પ્રદેશની આજુબાજુમાં જે મુશરિક અરબો વસેલા છે તેઓને ઈસ્લામનું આમંત્રણ આપો. કબૂલ નહિ કરે તો રક્ષણવેરાની માગણી કરો. એને પણ મંજૂર નહિ રાખે તો તેઓની સાથે જિહાદ કરો.

સંપાદકની નોંધ : અઝદ કબીલાના ઈસ્લામ-સ્વીકારની બીજી રિવાયત આ પ્રમાણે છે : અઝદ કબીલાના સાત સભ્યોનું એક મંડળ હઝરત સુરદ બિન અબ્દુલ્લાહની આગેવાની હેઠળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયું. આપને તેઓની રીતભાત અને ખુશ કલામી બેહદ પસંદ પડી. આપે તેઓને પૂછ્યું, ''તમે કોણ લોકો છો ?''

તેઓએ અરજ કરી, ''અમે મુઅમિન લોકો છીએ.''

---

૧. આકિલ (અલિફ અને કાફથી) એટલે અર્થ ખાનાર, આરોગનાર અને મુરાર કડવું ઝાડ, કડવો છોડ કે કડવી જડીબુટ્ટી. આકિલુલ-મુરાર એટલે કડવું ઝાડ ખાનાર. ''હ''

Maktabe Ashraf

આપે મુસ્કુરાઈને ફરમાવ્યું, "દરેક વાતની એક હકીકત હોય છે. બતાવો, તમારા કથન અને તમારા ઈમાનની શું હકીકત છે ?"

મંડળના સભ્યો બોલ્યા, "અમારામાં પંદર ખસલતો છે. એમાંથી પાંચ એવી છે જેની ઉપર ઈમાન લાવવાનો આપના એલચીએ અમને હુકમ ફરમાવ્યો છે.

અને પાંચ એવી છે જેની ઉપર અમલ કરવાનો આપના એલચીએ અમને હુકમ ફરમાવ્યો છે. અને પાંચ એવી છે જેનું જાહિલિયતના યુગથી અમે પાલન કરતા આવ્યા છીએ અને આજે પણ તેનું પાલન કરીએ છીએ.

આપે ફરમાવ્યું, "તે કઈ પાંચ ખસલતો છે જેની ઉપર ઈમાન લાવવાનો મારા એલચીએ તમને હુકમ ફરમાવ્યો છે ?"

મંડળના સભ્યોએ જવાબ આપ્યો, "અલ્લાહ પર, અલ્લાહના ફરિશ્તાઓ પર, અલ્લાહની કિતાબો પર, અલ્લાહના પયગમ્બરો પર અને મરવા પછી જીવતા થવા પર ઈમાન લાવવું."

આપે ફરમાવ્યું, "વારૂ તે કઈ પાંચ ખસલતો છે જેની ઉપર અમલ કરવાનો મારા એલચીએ તમને હુકમ ફરમાવ્યો છે ?"

મંડળના સભ્યોએ જવાબ આપ્યો, "અમારે જીભથી બોલીને દિલથી ઈકરાર કરવો કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી. નમાઝ પાબંદીથી પઢવી. માલની ઝકાત આપવી. રમઝાનના રોઝહ રાખવા અને માલી હાલત સારી હોય તો બૈતુલ્લાહનો હજ્જ કરવો."

આપે ફરમાવ્યું, "વારૂ હવે તે પાંચ ખસલતો બતાવો જેનું તમે જાહિલિયતના યુગથી પાલન કરો છો?"

મંડળના સભ્યો બોલ્યા, "ખુશહાલીમાં અલ્લાહનો શુક્ર અદા કરીએ છીએ. મુસીબતમાં ધીરજ ધરીએ છીએ. અલ્લાહના હુકમ પર રાજી રહીએ છીએ. આઝમાઈશ કે કસોટી વેળા સચ્ચાઈ પર મક્કમ રહીએ છીએ અને દુશ્મનોની મુસીબત પર કદી તેઓની હાંસી નથી ઉડાવતા."

આપે ખુશ થઈને ફરમાવ્યું, "વાહ વાહ તમે લોકો તો મોટા હકીમ અને દાના નીકળ્યા. તમારી હિકમત અને દાનિશ જાણે કે પયગમ્બરોની હિકમત અને દાનિશ છે. વારૂ હવે પાંચ વાતો હું તમને બતાવું છું કે જેથી કુલ્લે સરવાળો વીસ ખસલતોનો થઈ જાય.

૧—— જરૂરતથી વધારે ખાવાપીવાની વસ્તુઓનો સંગ્રહ ન કરો.

૨—— જરૂરતથી વધારે મકાનો ન બનાવો. (અથવા એવું મકાન ન બનાવો જેમાં તમારે વસવું ન હોય.)

૩—— જે વસ્તુને છોડીને કાલે ચાલ્યા જવાનું છે તેમાં એકબીજાની ઈર્ષા ન કરો.

૪—— અલ્લાહ તઆલાથી હમેશા ડરતા રહો, જેની તરફ તમારે પલટીને જવાનું છે અને જેના દરબારમાં ઊભા થઈને જવાબ આપવાનો છે.

૫—— એવી વસ્તુઓ કે વાતોને પ્રેમ કરો જે આખિરતમાં તમારા કામમાં આવે જ્યાં તમારે હમેશા રહેવાનું છે."

મંડળના સભ્યોએ આપની દાનાઈ ભરેલી વાતો પર "આમન્ના-વ-સદ્દક્ના" કહ્યું અને વતન વાપસ થઈને હમેશા એના ઉપર અમલ કર્યો.

મદીનહથી રૂખ્સત થતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મંડળના અમીર હઝરત સુરદ બિન અબ્દુલ્લાહને હુકમ ફરમાવ્યો, "મુસલમાનોને સાથે રાખીને યમનમાં તમારી આજુબાજુના મુશરિક કબીલાઓને ઇસ્લામનું આમંત્રણ આપો અને નહિ માને તો તેઓની સાથે જિહાદ કરો." [૧] (સંપાદકની નોંધ પૂરી થઇ.)

અહલે-જુરશ સાથે જિહાદ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલલ્લાહુ અલૈહિ વ સલ્લમના આદેશ મળતાં હઝરત સુરદ બિન અબ્દુલ્લાહ પોતાના સાથીઓ સાથે રવાના થઇ ગયા અને કબીલાનું લશ્કર ભેગું કરીને યમનના જુરશ શહેર નજીક પહોંચીને ત્યાં ડેરા નાખી દીધા. [૨] જુરશ તે વેળા ચારે તરફથી મજબૂત ચાર દીવારીથી ઘેરાયેલું હોવાથી અભેદ ગણાતું હતું. યમનના કેટલાક મુશરિક કબીલાઓના લોકો આ શહેરમાં બાપદાદાના સમયથી વસેલા હતા. શહેરથી થોડે દૂર યમનના જાણીતા ખસઅમ કબીલાના લોકોની વસતિ આવેલી હતી. તેઓએ જલદીથી મુસલમાનોની ચઢાઇના સમાચાર શહેરમાં પહોંચાડી દીધા.

હઝરત સુરદ બિન અબ્દુલ્લાહએ પોતાના લશ્કર સાથે જુરશ પાસે પહોંચીને પડાવ નાખી દીધો તો ખસઅમ કબીલાના લોકો પણ જુરશવાસીઓની મદદ માટે પહોંચી ગયા. તેઓએ શહેરમાં દાખલ થઇને નગરકોટના દરવાજા બંધ કરી દીધા. મુસલમાનોની ચઢાઇના સમાચાર મળતાં જુરશવાસીઓ લડાઇની તૈયારી કરવા લાગ્યા છતાં બહાર નીકળીને મુકાબલો કરવાનું તેઓને વાજબી નહિ લાગ્યું. ઇસ્લામી લશ્કરે શહેરની ફરતે લગભગ મહિના સુધી ઘેરો ચાલુ રાખ્યો. જુરશવાસીઓ પૂરી તૈયારીસાથે મુકાબલા માટે તૈયાર હતા. છેવટે હઝરત સુરદ જંગી ચાલ તરીકે શહેરનો ઘેરો સંકેલી લઇને પોતાના લશ્કર સાથે વાપસ થઇ ગયા. વાપસીમાં હઝરત સુરદ જયારે પોતાના લશ્કર સાથે એ વિસ્તારમાં આવેલા શકર નામે પહાડ પાસે પહોંચી ગયા તો જુરશના મુશરિકોએ વિચાર્યું કે દુશ્મનનું લશ્કર નિષ્ફળતાથી કંટાળીને પલાયન થઇ ગયું છે. ચાલો એનો પીછો પકડીને આખા લશ્કરનો સફાયો કરી નાખીએ.

આમ વિચારીને તેઓ શહેરમાંથી નીકળીને ઇસ્લામી લશ્કરની પૂઠે ગયા. જયારે શકર પહાડ પાસે પહોંચી ગયા તો હઝરત સુરદ અચાનક ઘાતમાંથી નીકળીને પોતાના લશ્કર સાથે તેઓ પર તૂટી પડ્યા. બંને લશ્કરો વચ્ચે શકર પહાડની તળેટીમાં મુકાબલો થયો અને મુસલમાનોએ મુશરિકોની કત્લે-આમ ચલાવવા માંડી.

જુરશના બે એલચીઓનો મામલો——————આથી પહેલાં એટલે ઘેરા દરમિયાન જુરશના આગેવાનોએ પોતાના બે એલચીઓને પરિસ્થિતિની તપાસ માટે મદીનહ દોડાવી દીધા હતા. બંને એલચીઓ અસરના સમય પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. આ તે સમય હતો જયારે ઇસ્લામી લશ્કર જુરશના મુશરિકોની શકર પહાડની તળેટીમાં કત્લેઆમ કરી રહ્યા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુરશના એલચીઓને પૂછ્યું, "બિ-ઐયે-બિલાદિલ્લાહે શકરુન ?" એટલે અલ્લાહની કઇ આબાદીનું નામ શકર છે ?

બંને જુરશી ઊભા થઇને બોલ્યા, "હે અલ્લાહના રસૂલ ! અમારી વસતિ પાસે એક પહાડ છે જેનું નામ

---

૧. મવલાના તાલિબ હાશિમી કૃત - પુફૂદે-અરબ બારગાહે-નબવી મેં પા. ૧૧૫

૨. જુરશ યમનના એક જિલ્લાનું નામ અને તેનું મુખ્ય શહેર હતું. તે વેળા લડાઇના હથિયારો બનાવવાના કારખાના અહીં જ આવેલ હતા, જેમાં મિન્જનીક, દબ્બાબહ, દબૂર વગેરે હથિયારો બનતાં હતાં. જુરશનું બયાન ગઝવએ-તાઇફના પ્રકરણમાં આવી ગયું છે. "હ"

Maktabe Ashraf

કુશ્રર અથવા કુશર છે અને લોકો તેને કુશર જ કહે છે."

આપે ફરમાવ્યું, "નહિજી... તેનું નામ કુશર નહિ, શકર છે."

બંનેએ તઅજ્જુબથી પૂછ્યું, "ત્યારે યા રસૂલલ્લાહ ! એ શકરનો શો મામલો છે ?"

આપે ફરમાવ્યું, "અત્યારે એ શકર પહાડ પાસે અલ્લાહ માટેની કુરબાનીના જાનવરો ઝબહ થઈ રહ્યાં છે."

આટલી વાતચીત પછી બંને જુરશી એલચીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને હઝરત અબૂબક્ર અથવા હઝરત ઉસ્માન પાસે જઈને બેસી ગયા. બંને એલચીઓ તઅજ્જુબથી વિચારતા હતા કે "જાનવરો ઝબહ થાય છે" શબ્દો આપે શા માટે ફરમાવ્યા અને એના શો અર્થ છે ?

હઝરત અબૂબક્ર સિદ્દીકે તેઓને ફરમાવ્યું, "તમારૂં ભૂંડું થાય હે એલચીઓ ! તમે સમજ્યા નહિ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તમને સમાચાર આપી રહ્યા છે કે અત્યારે તમારી કૌમની કત્લે-આમ થઈ રહી છે. જાવ જઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દુઆની દરખાસ્ત કરો."

બંને એલચીઓ તુરંત ત્યાંથી ઊઠીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને પોતાની કૌમ માટે દુઆ કરવાની આપને દરખાસ્ત કરતાં બોલ્યા, "હે અલ્લાહના રસૂલ ! અમારી કૌમ માટે દુઆ કરો."

આપે બારગાહે-ઈલાહીમાં દુઆ માગી : "અલ્લા-હુમ્મર-ફિઅ અન્હુમ." હે અલ્લાહ ! તેઓ પરથી અઝાબ ઉઠાવી લે !

અહલે-જુરશનો ઈસ્લામ-સ્વીકાર——————એ પછી બંને જુરશી એલચીઓ મદીનહથી રૂખ્સત થઈને પોતાની કૌમ તરફ ઊપડી ગયા. ત્યાં જઈને માલૂમ પડ્યું કે હઝરત સુરદ બિન અબ્દુલ્લાહએ જુરશના ઘણા માણસોને રહેંસી નાખ્યા હતા અને તેઓની કત્લનો તેજ દિવસ હતો જે દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બંનેને સમાચાર આપ્યા હતા અને તેજ સમય હતો જે સમયે આપે બંનેને એની માહિતી આપી હતી.

એ પછી જુરશવાસી કબીલાઓનું એક મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થઈને મુસલમાન બની ગયું. એ પછી આપે તેઓના શહેરની આજુબાજુની એક વિશાળ જમીન તેઓના ઢોરોની ચરાગાહ માટે નક્કી કરી દીધી જેમાં તેઓના ઘોડાઓ, સવારીના ઊંટો અને ખેતી માટે હળમાં જોડનારા બળદો માટે અલગ-અલગ જગાઓ ફાળવવામાં આવી. આ જમીનની સલામતી માટે આપે તેઓને એક હુકમનામું પણ લખાવી દીધું કે, આજ પછી આ ચરાગાહમાં અહલે-જુરશ વગર કોઈ બીજાનું જાનવર ચરતું જોવામાં આવશે તો તેને જપ્ત કરી લેવામાં આવશે અને તેનો દાવો ફોગટ જશે.

હિમ્યરી બાદશાહોના રાજદૂતો

સંપાદકની નોંધ : અરબના હિમ્યરી વંશના બાદશાહોએ મુલ્કે-યમન પર સદીઓ સુધી રાજસત્તાની હાક વગાડી હતી. પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીના યુગમાં હિમ્યરી બાદશાહોની મરકઝી બાદશાહતનો અંત આવી ગયો હતો. યમનના વિવિધ

Maktabe Ashraf

ઇલાકાઓ, પ્રાંતો અને જિલ્લાઓના ઉપરી અમલદારો અને અમીર ઉમરાવોએ ખુદમુખ્તારીનો દાવો કરીને પોતાના અલગ-અલગ રાજ્યોની એટલે નાના--નાના રજવાડાઓની સ્થાપના કરી લીધી હતી. તે સમયે મુલ્કે-યમન પર જિસકી લાઠી ઉસકી ભેંસ જેવી અરાજકતાનો અંધારપાટ પ્રસરેલો હતો. બની બેઠેલા બાદશાહો, રાજાઓ, નવાબો ફક્ત નામ પૂરતા "મુલૂકે-હિમ્યર" એટલે હિમ્યરના બાદશાહો કહેવાતા હતા. અરબીમાં એમનો લકબ "ઝૂ" એટલે માલિક અથવા સાહેબ અને "કૈલ" એટલે સરદાર હતો. એટલે નાનકડા રજવાડાઓના રાજા-નવાબો.[૧] (ગુજરાતી સંપાદક)

હિમ્યરી બાદશાહોના રાજદૂતો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં તબૂક તરફના પ્રદેશોથી હિમ્યરી બાદશાહોના કાગળો પણ આવ્યા અને એ બાદશાહોના ઇસ્લામ-સ્વીકારના સમાચાર પાઠવવા માટે તેઓના એલચીઓ કે રાજદૂતો પણ આપના દરબારમાં હાજર થયા. એ બાદશાહો તરફથી આવેલા એલચીઓના નામો આ છે : (૧) હારિસ બિન અબ્દે-કુલાલ (૨) નુઐમ બિન અબ્દે-કુલાલ (૩) નુઅમાન અમીર ઝૂ-રઐન (૪) મઆફિર (૫) હમદાન (૬) ઝુરઅહ બિન સૈફ ઝી-યઝન.

બાદશાહો તરફથી આવેલા એલચીઓ પણ પોતાના પ્રદેશો કે કબીલાઓના રાજાઓ, નવાબો જેવા આગેવાનો હતા. એ બધાએ મદીનહ આવીને શાહી કાગળો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં રજૂ કર્યા અને તેઓના ઇસ્લામ-સ્વીકારના આપને સમાચાર પાઠવ્યા. અને ઝુરઅહ ઝૂ-યઝન નામના બાદશાહે માલિક બિન મુર્રહ રહાવી નામે રાજદૂતને કાગળ આપીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં મોકલ્યા. ઝુરઅહ ઝૂ-યઝન બાદશાહે કાગળમાં લખ્યું હતું કે મેં અને મારા પૂરા કબીલાએ કુફ્ર-શિર્કથી તોબા કરી છે. મૂર્તિપૂજાનો ત્યાગ કર્યો છે અને સાચા દિલથી કલિમો પઢીને અમે બધા મુસલમાન બની ગયા છીએ. અને મૂર્તિપૂજકો સાથેના સંબંધો તોડી નાખ્યા છે.

તેઓના જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે કાગળ લખાવ્યો તેનું લખાણ આ પ્રમાણે છે :

Maktabe Ashraf

---

૧. પુરૂહે-અરબ બારગાહે-નબવીમેં પેજ ૧૬૦ "૬"

રસૂલુલ્લાહ (સલ.)નો મુબારક કાગળ

હિમ્યરના બાદશાહોને નામે

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના રસૂલ મુહંમદ નબી તરફથી

હારિસ બિન અબ્દે-કુલાલ, નુએમ બિન અબ્દે-કુલાલ, નુઅમાન અમીર ઝૂ-રએન, મઆફિર અને હમદાનને નામે.

"હું તમારા તરફથી તે એક અલ્લાહની હમ્દ અને પ્રશંસા કરું છું જેના સિવાય કોઈ મઅબૂદ નથી. એ પછી તમારો તે કાગળ જે મુલ્કે-રૂમથી અમારા નામે મોકલવામાં આવ્યો છે. અમને મળી ગયો છે. આ કાગળ અમને મદીનહમાં મળ્યો. તમે જે પયગામ લખી મોકલ્યો તે તમારા કાગળથી જાણવા મળ્યો. વળી આથી પહેલાં જે કંઈ બની ચૂક્યું તે ઉપરાંત તમારા મુસલમાન બનવાની અને મુશરિકોને કતલ કરવાની ખબર પણ અમને મળી. અલ્લાહ તઆલા તમને હિદાયતના રસ્તા પર મકકમ રાખે !...

"અગર તમે સુધારો કરતા રહેશો અને અલ્લાહ તથા તેના રસૂલના તાબેદાર બની રહેશો, નમાઝ કાયમ કરશો, ઝકાત આપતા રહેશો, ગનીમતના માલમાંથી અલ્લાહનો પાંચમો ભાગ અને રસૂલુલ્લાહનો વાજબી હિસ્સો આપતા રહેશો અને જમીનોની પૈદાવારનો, મુસલમાનો પર ફર્ઝ કરવામાં આવેલો સદકો અદા કરતા રહેશો અર્થાતઃ જે જમીનોને ઝરણા અને વરસાદના પાણીથી સીંચવામાં આવી હોય તેના ઉત્પાદનનો દસમો ભાગ અને જે જમીનોને કૂવાઓ વગેરેથી, ડોલ વગેરેથી, પોતાની મહેનતના પાણીથી સીંચવામાં આવી હોય તેની પૈદાવારનો વીસમો ભાગ આપતા રહેશો.

અને ઊંટોની ઝકાતની વિગત આ છે : ૪૦ ઊંટો પર એક બિન્તે-લબૂન [૧] અને ૩૦ ઊંટોમાંથી એક ઇબ્ને-લબૂન [૨] અને દરેક પાંચ ઊંટો પર એક બકરી અને ૧૦ ઊંટો પર બે બકરીઓ ઝકાત તરીકે આપવી ફર્ઝ છે.

અને ગાયોની ઝકાતની વિગત આ છે : દરેક ૪૦ ગાયોમાંથી એક તબીઅ [૩] અથવા જઝઅ કે જઝઅહ [૪] (ઝકાત તરીકે આપવાં વાજિબ છે.)

અને દરેક ૪૦ ચરનારી બકરીઓમાંથી એક બકરી (ના હિસાબ મુજબ ઝકાત કાઢવામાં આવશે.) આ બધું અલ્લાહ તઆલાએ મુસલમાનો પર ફર્ઝ કરી દીધું છે. જે માણસ એનાથી વધારે આપશે એ તેના હકમાં બેહતર થશે. અને જે માણસે આ ફર્ઝો પૂરેપૂરાં

૧. બિન્તે-લબૂન : ઊંટનું એવું માદા બચ્ચું જે બે વરસ પૂરા કરીને ત્રીજા વરસમાં પ્રવેશી ચૂક્યું હોય.

૨. ઇબ્ને -લબૂન : ઊંટના એવા જ નર બચ્ચાંને કહે છે.

૩. તબીઅ : ગાયનું વાછરડું જે હઝરત ઇમામ માલિકના મસલક મુજબ બે વરસનું થઇ ચૂક્યું હોય.

૪. જઝઅ અથવા જઝઅહ : નર અથવા માદા વાછરડું જે ચાર વરસ પુરા કરીને પાંચમા વરસમાં દાખલ થઇ ગયું હોય.

Maktabe Ashraf

અદા કર્યા અને પોતાના ઇસ્લામની ગવાહી આપી દીધી અને મુશરિકો વિરૂધ્ધ મુઅમિનોની મદદ કીધી તે ઇમાનવાળાઓમાં ગણાશે. તેના તેજ હકો હશે જે મુઅમિનોના હશે. અને તેના પર વાજિબાત તેજ હશે જે બીજા મુઅમિનો પર હશે.[૧] આવા માણસ માટે અલ્લાહ અને તેના રસૂલનો ઝિમ્મો છે.[૨]

અને જે યહૂદી કે ખ્રિસ્તી ઇસ્લામ ગ્રહણ કરશે તે મુઅમિનોમાં ગણાશે. તેના તેજ હકો હશે જે મુઅમિનોના હશે. અને તેના પર વાજિબાત તેજ હશે જે બીજા મુઅમિનો પર હશે. અને જે માણસ પોતાના યહૂદી ધર્મ કે પોતાના ખ્રિસ્તી ધર્મ પર કાયમ રહેશે તેને તેના યહૂદી ધર્મ કે ખ્રિસ્તી ધર્મથી હટાવવામાં નહિ આવશે. પરંતુ તેની ઉપર જિઝયહ (એટલે ટેક્સ આપવો) વાજિબ ઠરશે; ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી, આઝાદ હોય કે ગુલામ, હર હાલમાં તેના પર પૂરો એક દીનાર વાજિબ ઠરશે.[૩] જો તેની પાસે દીનાર ન હોય તો તેટલી કિંમતનું યમની અથવા બીજું કાપડ તેણે આપવું પડશે. માટે જે માણસ અલ્લાહના રસૂલને આ જિઝયો અદા કરશે તેના માટે અલ્લાહ અને તેના રસૂલનો ઝિમ્મો હશે અને જે માણસ નહિ આપશે તેને અલ્લાહ અને તેના રસૂલનો દુશ્મન ગણવામાં આવશે.''

ઝુરઅહ ઝૂ-યઝનના નામે કાગળ

''અમ્મા બઅદુ : અલ્લાહના રસૂલ મુહંમદ નબી તરફથી ઝુરઅહ ઝૂ-યઝનને લખવાનું કે તમારા લોકો પાસે જ્યારે અમારા એલચીઓ : મુઆઝ બિન જબલ, અબ્દુલ્લાહ બિન ઝૈદ, માલિક બિન ઉબાદહ, ઉકબહ બિન નમર અને માલિક બિન મુર્રહ અને એમના સાથીઓ આવી લાગે તો હું તમને તેઓ પ્રત્યે ભલાઇનો વર્તાવ કરવાની નસીહત કરૂં છું અને આ લખું છું કે તમારા જિલ્લાઓની જે ઝકાત કે કરવેરો તમારી પાસે હોય તેને ભેગો કરીને મારા આ એલચીઓ સુધી પહોંચાડી દેશો. વળી મારા આ એલચીઓના અમીર મુઆઝ બિન જબલ છે. એમને ખુશ કરીને જ મારી પાસે પાછા મોકલાવશો.

વધુમાં લખવાનું કે મુહંમદ આ વાતની ગવાહી આપે છે કે એક અલ્લાહ વગર કોઇ હસ્તી બંદગીને લાયક નથી. વળી આ વાતની ગવાહી કે મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. (તમારા એલચી) માલિક બિન મુર્રહ રહાવીએ મને બતાવ્યું છે કે તમે મુસલમાન બની ગયા છો અને તમે હિમ્યરના પહેલા મુસલમાન છો. વળી તમે મુશરિકોને કતલ કર્યા છે તો તમને ભલાઇ અને સફળતાની ખુશખબર હો ! અને હું તમને હિમ્યરમાં નેકી તથા ભલાઇના કામોનો હુકમ કરૂં છું. તમારે ખિયાનત કે બેઇમાની નહિ કરવી. આપસમાં એકમેકના સહકારથી હળીમળીને રહેવું અને એકબીજાને નિરાધાર હાલતમાં નહિ છોડી દેવું. તો અલ્લાહના રસૂલ તમારા બધાના, ભલે તે માલદાર હોય કે ગરીબ,

૧. એટલે ઇસ્લામી શરીઅતના જે નિયમો કે કાનૂનો બીજા મુસલમાનોને લાગુ પડે તે એને પણ લાગુ પડશે. ''હ''

૨. એટલે અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એના બેલી ગણાશે. ''હ''

૩. દીનાર : સોનાનો સાડા ત્રણ માશાનો એક સિક્કો (લયાનુલ-લિસાન પા. ૨૫૯) સોનાનો એક સિકકો જે આસરે અઢી રુપિયાભાર હોય છે. (કામૂસુલ-કુર્આન પા. ૨૨૧)

Maktabe Ashraf

દરેકના રક્ષક અને બેલી છે.

અને વધુમાં આ વાત જાણી લો કે સદકો (ઝકાત વગેરે) મુહંમદ માટે અને મુહંમદના અહલે-બૈત માટે હલાલ નથી અને સદકો તો તે ઝકાત (માલની ચોખ્ખાઈ) છે જે મુસ્લિમ હાજતમંદો અને મુસાફિરોને આપવામાં આવે છે.

અને જાણી લો કે માલિક બિન મુર્રહ રહાવીએ તમારો કાગળ મને પહોંચાડી દીધો અને ભેદની વાતો છાની રાખી અને હું તમને બધાને એમની સાથે ભલાઈ તથા સદ્‌વર્તનનો હુકમ આપું છું અને જુઓ, હું તમારી પાસે મારા રફીકોમાંથી નેક, દીનદાર અને અહલે-ઈલ્મ લોકોને મોકલી રહ્યો છું. એમની સાથે પણ ભલાઈ તથા હમદર્દીનો વર્તાવ કરવાનો હું તમને હુકમ આપું છું.એજ તેઓને છાજે તેવું છે.''

————————વસ્સલામુ અલૈકુમ વ રહમતુલાહિ વ બરકાતુહ.

હઝરત મુઆઝ બિન જબલને વસીયત—————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્રએ બયાન કર્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુઆઝ બિન જબલને યમનના ગવર્નર બનાવ્યા. ઊપડતી વેળા આપે તેમને વસીય્યત ફરમાવી અને તેનું વચન લીધું અને પછી ફરમાવ્યું :

''લોકો સાથે નરમી કે નમ્રતાથી વર્તજો. તેઓ સાથે સખ્તી કે કરડાકીનો વર્તાવ ન કરજો. ખુશ કરનારી વાતો કરજો. નફરત કે ધિક્કાર જન્માવનારી વાતો ન કરજો. તમે અહલે-કિતાબ (ખ્રિસ્તી-યહૂદી)ના અમુક લોકો પાસે જઈ રહ્યા છો, તેઓ તમને પૂછશે કે, જન્નતની કૂંચી શું છે ? તમે કહેજો, જન્નતની કૂંચી ''લા ઈલાહ ઈલ્લલ-લાહુ વહદહૂ લા શરીક લહૂ''ની ગવાહી આપવી છે.'' [૧]

આ શિખામણ સાથે હઝરત મુઆઝ મદીનહથી રવાના થઈને યમન પહોંચી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જે શિખામણો એમને આપી હતી તેની ઉપર મક્કમ રહ્યા. અહીં એક સ્ત્રી એમની પાસે આવી. તેણે એમને પૂછ્યું, ''હે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાથી ! મારા સવાલનો જવાબ આપો. બીબી પર તેના ખાવિન્દનો શું હક છે ?''

હઝરત મુઆઝે ફરમાવ્યું, ''તારૂં ભલું થાય, સ્ત્રીમાં એટલી તાકત જ નથી કે તે પોતાના ધણીનો હક અદા કરી શકે. સાંભળી લે, જેટલી તારામાં તાકત હોય તે મુજબ તેનો હક અદા કરવા માટે પોતાને તકલીફમાં નાખી દે અને બસ.''

સ્ત્રીએ જવાબ આપતાં કહ્યું, ''અલ્લાહના સોગંદ, અગર તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સાચા સાથી હોત તો તમને ખબર હોત કે, સ્ત્રી પર ખાવિન્દના કેટલા હકો છે !''

હઝરત મુઆઝે ફરમાવ્યું, ''તારૂં બુરૂં થાય હે બહેન ! જો તું અહીંથી ઊઠીને તારા ઘરે જાય અને ત્યાં જઈને જુએ કે તારા ખાવિન્દના બંને નસકોરામાંથી પરૂ અને લોહી વહી રહ્યું છે અને તું તેને ત્યાં સુધી ચૂસતી રહે કે તે વહેતું બંધ થઈ જાય તો પણ તું તારા ખાવિન્દનો પૂરો હક અદા કરી શકતી નથી.''

---

૧. એટલે આ વાતની સાક્ષી આપવી કે એક અલ્લાહ સિવાય કોઈ હસ્તી બંદગીને લાયક નથી. તે એક છે. કોઈ તેનો ભાગીદાર કે સમોવડિયો કે હરીફ નથી. ''હ''

હઝરત ફુરવહ બિન અમ્રનો ઈસ્લામ

ઈબ્ને ઈસ્હાક કહે છે : ફુરવહ બિન અમ્ર નાફિરહ જઝામી નફાસી નામે ગૃહસ્થ બહુ મોટા શાઈર અને રાજકારાણના અઠંગ અભ્યાસી હતા. શાઈરી અને રાજનીતિમાં દૂર-દૂર સુધી એમની કીર્તિ પ્રસરેલી હતી. રોમના શહેનશાહ તરફથી અરબના આજુબાજુના વિસ્તારોમાં વસેલા અરબ કબીલાઓ પર એમને ગવર્નર તરીકે નીમવામાં આવ્યા હતા. એમની ગવર્નરીનો ઈલાકો મુલ્કે-શામમાં મુઆન અને તેની આજુબાજુનો વિસ્તાર હતો.

પછી જયારે ઈસ્લામની કીર્તિ આ ગવર્નર સાહેબના દરબાર સુધી પહોંચી તો પોતે તહકીક તપાસ કરવા પછી ખરા અંતઃકરણથી કલિમો પઢીને મુસલમાન બની ગયા. પોતાના ઈસ્લામના સમાચાર આપવા માટે એમાણે પોતાના દરબારી એલચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં મોકલ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે એક સફેદ અચ્ચર પાણ નઝરાણા તરીકે રવાના કર્યો.

એ પછી રોમના શહેનશાહને જયારે હઝરત ફુરવહ બિન અમ્રના ઈસ્લામના સમાચાર મળ્યા તો તેણે એમને ગિરિફતાર કરીને જેલભેગા કરી દીધા. એજ કેદની હાલતમાં હઝરત ફુરવહએ એક કાવ્ય રચ્યું જેનો એક શેઅર આ છે :

ફ - લઈન હલક - તુ લતફ - કિદુન્ન અખાકુમ • વ - લઈન બકીતુ લતઅ - રિફુન્ન મકાની.

અગર હું હલાક થઈ ગયો અથવા તમે મને મારી નાખ્યો તો તમે મારા ભાઈને ઢૂંઢતા ફરશો અને જો હું જીવતો રહી ગયો તો જગતમાં મારૂં શું "સ્થાન" છે તેની તમને અવશ્ય જાણ થઈ જશે.

ઈસ્લામના વકિ મળેલી શૂળી——————ઈબ્ને ઈસ્હાક કહે છે : ફલસ્તીનના ઈલાકામાં "અફરાઅ" નામે એક ઝરણું કે કૂવો હતો. રોમના ખ્રિસ્તી પાદરીઓએ હઝરત ફુરવહ બિન અમ્રને શૂળીએ લટકાવી દેવાનો ફતવો જારી કરી દીધો તો જાનની કટોકટીના સમયે પણ હઝરત ફુરવહ જરાયે ગભરાયા નહિ કે ઈસ્લામથી ડર્યા નહિ. બલકે આ ગંભીર પળોમાં પણ તેમાણે પૂરી શાંતિથી એક શાનદાર કસીદો રચી નાખ્યો.

ઈમામ ઈબ્ને શિહાબ ઝુહરીનું બયાન છે : જયારે શહેનશાહના હુકમથી રોમના ઈસ્લામ-દુશ્મન ખ્રિસ્તીઓ હઝરત ફુરવહ બિન અમ્રને કતલ કરવા માટે શૂળી પાસે લઈ ગયા તો તેમણે પોતાના કસીદાનો આ શેઅર ઊંચા સાદે લલકાર્યો :

બલ્લીગ સરાતલ મુસ્લેમીન બિઅન-નની • સલ્મુન લિ-રબ્બી અઅઝુમી વ મકામી.

દોસ્તો ! મુસલમાનોના સરદાર કે સરતાજ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સંદેશો અવશ્ય મારા તરફથી પહોંચાડી દેશો કે, મારી જાન તો શું, મારા શરીરની હડ્ડીઓ અને મારા શરીરનું પૂરૂં માળખું સુધ્ધાં મારા પાલનહારને હવાલે છે.

એ પછી હઝરત ફુરવહ બિન અમ્રની ગરદન તલવારથી ઉડાવી દેવામાં આવી અને એમના પવિત્ર શરીરને અફરાઅ નામે ઝરણાને કિનારે શૂળી પર લટકાવી દેવામાં આવ્યું, કે જેથી રૈયતના લોકો એમની લાશથી ધડો લે અને કોઈ માણસ ઈસ્લામ કબૂલ કરવાનું સાહસ નહિ કરે.

Maktabe Ashraf

બનૂ હારિસના લોકો ઈસ્લામના ચરણોમાં

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ૧૦ હિજરીના રબીઉલ-આખિર અથવા જમાદિલ-ઊલામાં હઝરત ખાલિદ બિન વલીદને નજરાનની ભૂમિમાં વસનારા બનૂ હારિસ બિન કઅબના કબીલામાં જવાનો હુકમ ફરમાવ્યો. [૧]

હઝરત ખાલિદ બિન વલીદ જ્યારે પોતાના જવાનો સાથે જવા માટે તૈયાર થયા તો આપે તેમને હિદાયત આપતાં ફરમાવ્યું, "જુઓ બનૂ હારિસના લોકો સાથે ત્રણ દિવસ સુધી લડાઈ નહિ કરવી. પૂરા ત્રણ દિવસ સુધી ઈન્તેઝાર કરવો. એ દરમિયાન તેઓને ઈસ્લામ કબૂલ કરી લેવાનું આમંત્રણ આપ્યા કરવું. જો તેઓ તમારૂં આમંત્રણ સ્વીકારી લે તો તમારે પણ તેઓના ઈસ્લામનો સ્વીકાર કરી લેવો અને જો તેઓ તમારા આમંત્રણ પર લબ્બૈક નહિ કહે તો તેઓ સાથે લડાઈ કરવી.

હઝરત ખાલિદ રવાના થઈને નજરાન પહોંચી ગયા અને પોતાના સવારોને ચારે તરફ દોડાવી દીધા. આ સવારો ત્યાંના લોકોને ઈસ્લામનું આમંત્રણ આપતાં કહેતા હતા, "લોકો ! મુસલમાન બની જાવ સલામત બની જશો." લોકો તેમની દઅવત પર લબ્બૈક કહીને ઈસ્લામમાં દાખલ થઈ ગયા. હઝરત ખાલિદ તેઓની વસતિમાં રહીને તેઓને ઈસ્લામ તથા અલ્લાહની કિતાબનું શિક્ષણ આપતા રહ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હઝરત ખાલિદને એજ હુકમ હતો કે બનૂ હારિસવાળા ઈસ્લામ કબૂલ કરી લે અને જંગ ન કરે તો તેઓને ઈસ્લામની કેળવણી આપવામાં આવે.

હઝરત ખાલિદનો કાગળ રસૂલુલ્લાહ (સલ.)ની સેવામાં

એ પછી હઝરત ખાલિદ બિન વલીદએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં આ કાગળ લખી મોકલ્યો :

ખાલિદ બિન વલીદ તરફથી :

અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહ.

"હું આપની સામે તે એક અલ્લાહની હમ્દો-સના કરૂં છું જેના વગર કોઈ હસ્તી પૂજાપાત્ર નથી. એ પછી યા રસૂલલ્લાહ ! આપની ઉપર અલ્લાહની રહમતો નાઝિલ થાય. આપે મને બનૂ હારિસ તરફ મોકલાવ્યો હતો અને હિદાયત ફરમાવી હતી કે અગર તેઓ ઈસ્લામ કબૂલ કરી લે તો હું તેઓની સાથે રહી પડું અને તેઓના ઈસ્લામને માની લઉં અને તેઓને ઈસ્લામનું, અલ્લાહની કિતાબનું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સુન્નતોનું શિક્ષણ આપું અને જો તેઓ ઈસ્લામ કબૂલ ન કરે તો તેઓની સાથે જંગ કરૂં.

હું અહીં આવ્યો. ત્રણ દિવસ સુધી તેઓને ઈસ્લાનની દઅવત આપી જેમકે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને હુકમ ફરમાવ્યો હતો. મેં તેઓની વસતિમાં

૧. સન ૧૦ હિજરીનો રબીઉલ-આખિર મહિનો ઈસ્વી સન ૬૩૧થી શરૂ થયો અને જમાદિલ-ઊલા મહિનો ૫ ઓગસ્ટ ૬૩૧થી શરૂ થયો. (ઈબ્ને હિશામનો હાશિયો.)

Maktabe Ashraf

મારા સ્વારો દોડાવ્યા જેઓ આ પોકાર ગજાવતા હતા કે, "હે બનૂ હારિસ ! ઈસ્લામ લઈ આવો, સલામત થઈ જશો." તેઓ ઈસ્લામ લઈ આવ્યા. જંગ અને મુકાબલો નહિ કર્યો. હવે હું તેઓની વચ્ચે રહી પડયો છું. હું તેઓને તેજ હુકમ આપું છું જેનો હુકમ અલ્લાહ તેઓને આપે છે. તેજ વાતોથી તેઓને રોકું છું અને મના કરૂં છું જેનાથી અલ્લાહ તઆલાએ રોકયા છે અને મના ફરમાવી છે.

હું આ લખાણની પળ સુધી તેઓને ઈસ્લામની અને સુન્નતે-નબીની તઅલીમ આપી રહ્યો છું.

વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! વ રહમતુલ્લાહિ વ બરકાતુહ."

રસૂલુલ્લાહ (સલ.)નો જવાબ ખાલિદના નામે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ખાલિદને લખાવ્યું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના રસૂલ મુહંમદ નબી તરફથી ખાલિદ બિન વલીદના નામે :

"સલામુન અલૈક ! હું તમારી આગળ તે એક અલ્લાહની હમ્દો-સના કરૂં છું જેના સિવાય કોઈ હસ્તી ઈબાદતને લાયક નથી.

અમ્મા બઅદ : તમારો મકતૂબ (પત્ર) કાસિદના હાથે મારી પાસે પહોંચ્યો. તમે મને સમાચાર આપ્યા છે કે બનૂ હારિસ બિન કઅબના લોકોએ, તમે તેઓની સાથે જંગ કરો તે પહેલાં ઈસ્લામ કબૂલ કરી લીધો છે અને તમે તેઓને ઈસ્લામની જે દઅવત આપી હતી તેની ઉપર તેઓએ લબ્બૈક કહી છે અને આ વાતનો ઈકરાર કરી લીધો છે કે એક અલ્લાહ સિવાય કોઈ હસ્તી ઈબાદતને લાયક નથી અને આ વાત કે મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે અને આ વાત કે અલ્લાહ તઆલાએ તેઓને પોતાની હિદાયતનો રસ્તો દેખાડી દીધો છે.

હવે તેઓને ખુશખબરી સંભળાવો બંને જહાનની કામયાબીઓની અને ડરાવો તેઓને ગુનાહોના પરિણામોથી. હવે તમે પાછા આવી જાવ અને તમારા સંગાથે બનૂ હારિસ બિન કઅબનું મંડળ પણ આવવું જોઈએ.

વસ્સલામુ અલૈક વ રહમતુલ્લાહિ વ બરકાતુહ."

હઝરત ખાલિદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા. એમના સંગાથે બનૂ હારિસ બિન કઅબનું મંડળ પણ હાજર થયું. મંડળ નીચે મુજબના સભ્યોનું બનેલું હતું :

(૧) કૈસ બિન હુસૈન ઝુલ-ગુઝ્ઝહ (૨) યઝીદ બિન અબ્દુલ-મદાન (૩) યઝીદ બિન મુહજ્જલ (૪) અબ્દુલ્લાહ બિન કરાદ ઝિયાદી (૫) શદ્દાદ બિન અબ્દુલ્લાહ કુનાની (૬) અમ્ર બિન ઝબાબી.

બનૂ હારિસના મંડળ સાથે વાતચીત——બનૂ હારિસના મંડળના સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. આપે તેઓને જોયા તો ફરમાવ્યું, "મિન હાઉલાઈલ-કવમિલ-લઝીન કઅન્નહુમ રિજાલુલ-હિન્દ." આ કઈ કૌમના લોકો છે જેઓ હિન્દુસ્તાનના લોકો જેવા લાગી રહ્યા છે ?

આપને કહેવામાં આવ્યું, "યા રસૂલલ્લાહ ! એ બનૂ હારિસ બિન કઅબના લોકો છે."

મંડળના સભ્યો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં આવીને બોલ્યા તો તેઓએ આપને સલામ કરીને કહ્યું, "નશહદુ ઈન્નક રસૂલુલ્લાહિ, અન્નહૂ લા ઈલાહ ઈલ્લલ-લાહુ." અમે આ વાતનો ઈકરાર કરીએ છીએ કે બેશક આપ અલ્લાહના રસૂલ છો અને આ વાતનો ઈકરાર કે એક અલ્લાહ વગર કોઈ મઅબૂદ નથી.

આપે ફરમાવ્યું, "હું પણ ગવાહી આપું છું કે એક અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને આ વાતની ગવાહી કે હું અલ્લાહનો રસૂલ છું."

એ પછી આપે ફરમાવ્યું, "શું તમે તે લોકો નથી જેઓને જ્યારેય પડકારવામાં આવતા તો પીછેહટ કરવાને બદલે તેઓ હિંમતથી આગળ વધીને બહાદુરીથી મુકાબલો કરતા ?"

આ સાંભળીને મંડળના સભ્યો ખામોશ રહ્યા. કોઈએ કંઈ જવાબ આપ્યો નહિ. ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજી વાર આ વાકય દોહરાવ્યું. છતાં યે કોઈ કંઈ બોલ્યું નહિ. આપે ત્રીજીવાર સવાલનું પુનરાવર્તન કર્યું તોયે કોઈએ કંઈ જવાબ નહિ આપ્યો. ચોથીવાર આપે એમ જ ફરમાવ્યું તો યઝીદ બિન અબ્દુલ-મદાન નામે સભ્ય બોલ્યા,

"હા યા રસૂલલ્લાહ ! અમે તેજ લોકો છીએ જેઓને જ્યારેય પડકારવામાં આવતા તો હિંમતથી આગળ વધીને બહાદુરીથી મુકાબલો કરતા." યઝીદે પણ આ વાકય ચાર વખત દોહરાવ્યું.

આપે ફરમાવ્યું, "અગર ખાલિદ મને આમ ન લખતે કે તમે મુસલમાન બની ગયા છો અને જંગથી આઘા રહ્યા છો તો હું તમારાં માથાંઓને તમારા પગો તળે બિછાવી દેતે !"

યઝીદ બિન અબ્દુલ-મદાન બોલ્યા, "અલ્લાહના સોગંદ અમે ન આપના વખાણ કર્યા ન ખાલિદના."

"ત્યારે તમે કોના વખાણ કર્યા ?" આપે પૂછયું.

"અમે તે મહાનતર અને ઉચ્ચતર અલ્લાહના વખાણ કર્યા જેણે આપની મારફતે અમને હિદાયત આપી, હે અલ્લાહના રસૂલ !"

આપે ફરમાવ્યું, "તમે સાચું કહ્યું છે."

એ પછી આપે ફરમાવ્યું, "વારૂ જાહિલિયતના યુગમાં જે લોકો તમારી સાથે લડાઈ કરતા હતા તેઓની ઉપર તમે જીત કેવી રીતે મેળવી લેતા હતા ?"

તેઓ બોલ્યા, "યા રસૂલલ્લાહ ! અમે તો કોઈની ઉપર જીત મેળવતા ન હતા."

આપે ફરમાવ્યું, "કેમ નહિ ? તમારી સાથે જે લોકો લડતા હતા તેઓની ઉપર તમે જ જીત મેળવી લેતા હતા."

હવે તેઓ બોલ્યા, "ખરેખર યા રસૂલલ્લાહ ! જે લોકો અમારી સાથે જંગ ખેલતા, અમે તેઓની ઉપર

જીત મેળવી લેતા હતા. કારણ કે અમે લોકો સંપીલા અને સંગઠિત થઇ જતા હતા. અમારામાં ફાટફૂટ બિલકુલ પડતી ન હતી. કોઇની ઉપર ઝુલમ કરવામાં અમે પહેલ કરતા ન હતા."

આપે ફરમાવ્યું, "તમે સાચું કહ્યું છે."

એ પછી આપે મંડળના એક સભ્ય કૈસ બિન હુસિનને, બનૂ હારિસ બિન કઅબના અમીર તરીકે મુકર્રર કરી દીધા. એ પછી આ મંડળ શવ્વાલમાં અથવા ઝી-કઅદહની શરૂઆતમાં પોતાની કૌમ તરફ પાછું ચાલ્યું ગયું. અને ચાર મહિનાની મુદ્દત વીતી હતી ત્યાં તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઇ ગઇ. અલ્લાહ આપ પર રહમ ફરમાવે અને બરકતો આપે અને રાજી થાય અને નેઅમતો આપે !

અમ્ર બિન હઝમ માટે રસૂલુલ્લાહ (સલ.)નું લખાણ

આ મંડળના ચાલ્યા જવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન હઝમને પોતાના એલચી બનાવીને બનૂ હારિસ બિન કઅબ તરફ મોકલાવી આપ્યા કે જેથી ત્યાં જઇને તેઓમાં દીનની સમજણ જન્માવે અને તેઓને સુન્નતે-રસૂલ તથા ઇસ્લામીયાતની તઅલીમ આપે. વળી સદકાત, ઝકાત વગેરેની ઉઘરાણીની વ્યવસ્થા કરે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્રને તેઓની વસતિમાં મોકલતી વેળા એક વસીયત નામું લખાવી આપ્યું અને તે મુજબ અમલ કરવાનું તેમની પાસેથી વચન લીધું. એનું લખાણ આ પ્રમાણે છે :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

"આ લખાણ અલ્લાહ અને તેના રસૂલ તરફથી ચોખવટ છે મુસલમાનો માટે આ વાતની કે : "યા ઐયુહલ-લઝીન આમનૂ અવફૂ બિલ-ઉકૂદ." હે ઇમાનવાળાઓ! પોતાના વચનોને પૂરા કરો.[1]

અલ્લાહના રસૂલ મુહંમદ નબીએ અમ્ર બિન હઝમ માટે આ લખાણ કરાવી આપ્યું અને એના પાલનની તેમની પાસેથી કબૂલાત લીધી તે સમયે જયારે કે તેમને યમન મોકલવામાં આવ્યા.[2]

રસૂલુલ્લાહએ તમામ મામલાઓમાં એમને અલ્લાહથી ડરતા રહેવાની હિદાયત ફરમાવી: "ઇન્નલ્લાહ મઅલ-લઝીનત-તકવ વલ્લઝીન હુમ મુહસિનૂન." અલ્લાહ તઆલા એવા લોકોની સાથે છે જેઓ અલ્લાહથી ડરે છે અને એવા લોકોની સાથે છે જેઓ ઉપકાર કરનારા છે.

વળી રસૂલુલ્લાહએ એમને હિદાયત ફરમાવી કે અલ્લાહના હુકમ મુજબ લોકો પાસેથી હક વસૂલ કરીને જ જંપે. અને આ વાત કે લોકોને નેકી અને ભલાઇના કામોની ખુશખબરી

---

૧. ઉકૂદ : એનું એકવચન અકદ જેના અર્થ ઇકરાર કરવો, કબૂલાત આપવી. કોલકરાર કરવા, વચન આપવું વગેરે..........."હ"

૨. હઝરત અમ્ર બિન હઝમ રદિયલ્લાહુ અન્હુ મદીનહના અન્સાર સહાબામાંથી અને બનૂ નજ્જાર ખાનદાનમાંથી [illegible] હતા. "હ"

સંભળાવે અને લોકોને ભલાઈના કામો કરવાનો હુકમ આપે અને લોકોને કુર્આનની તઅલીમ આપે અને કુર્આનના અર્થો તથા રહસ્યોને જાણવાની તેઓમાં સમજબુદ્ધિ પેદા કરે. અને તેઓને બતાવે કે કુર્આનને તેજ માણસ હાથ લગાડી શકે જે પાક-સાફ હોય. [૧]

અને લોકોના જે હકો અને અધિકારો એકબીજા પર છે તેનાથી દરેકને જાણકાર કરે અને હકના મામલામાં લોકો સાથે નરમાશનો વર્તાવ કરે. પણ ઝુલ્મ અને બેઈન્સાફી (કે બેઈમાની)ના મામલામાં તેઓ પર સખ્તી કરે. કેમકે ઝુલ્મ અલ્લાહ તઆલાને નાપસંદ છે અને અલ્લાહ તઆલાએ તેની મના ફરમાવી છે જેમકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે: ''અલા લઅ-નતુલ્લાહિ અલઝ-ઝાલિમીન.'' ખબરદાર ! ઝુલ્મ કરનારાઓ પર અલ્લાહની લઅનત છે.

અને લોકોને જન્નત તથા જન્નતના કામોની બશારત આપે અને દોઝખ તથા દોઝખના કામોથી ડરાવે. લોકોને પોતાની તરફ પ્રેમથી આકર્ષી લે કે જેથી તેઓમાં દીનની સમજણ કેળવી શકાય. અને લોકોને હજજના શઆઈર, હજજની સુન્નતો, વાજિબાત તથા ફરાઈઝ શું છે તે સમજાવે. [૨] અને હજજે-અકબર મોટો હજજ છે અને હજજે-અસગર નાનો હજ્જ છે જેને ઉમ્રહ કહે છે. [૩]

અને લોકોને ફકત એક જ નાનકડું કપડું પહેરીને નમાઝ પઢવાથી અટકાવે. કપડું એવું હોવું જરૂરી છે જેના બંને છેડા બંને ખભાઓ પર આવી જાય. અને એવું જ નાનકડું કપડું કમરે વીંટાળેલું હોય તો તેઓને અટકાવે, કે બેસતી વેળા બેપર્દગી ન થવા પામે. [૪] અને લોકોને પોતાના વાળોના લટિયાં ગરદન પર બાંધવાથી અટકાવે. અને લોકોમાં જયારે ઝનૂન, જુસ્સો કે ઉશ્કેરાટ હોય તે વેળા કબીલાઓ કે જૂથોના નામો લઈને બૂમો ન પાડે, ફકત મહાન અને ઉચ્ચતર અલ્લાહનું જ નામ લે જે વહદહૂ લા શરીક લહૂ છે. માટે જે લોકો બીજા લોકોને અલ્લાહ તરફ નહિ બોલાવે અને કબીલાઓ કે જૂથો તરફ બોલાવે તેઓને તલવારોથી કાપી નાખવા જોઈએ ત્યાં સુધી કે તેઓની મદદ માટેની હાકલ ફકત અલ્લાહ વહદહૂ લા શરીક લહૂને માટે જ ખાસ થઈ જાય. [૫]

૧.એટલે જે મુસલમાન સ્ત્રી-પુરૂષ પર જનાબતનો ગુસલ ફર્ઝ હોય અને જેણે વુઝૂ ન કર્યો હોય એ માણસ પાકસાફ ગણાય નહિ, એવો પુરૂષ કે સ્ત્રી કુર્આને-કરીમને હાથ અડાડી શકે નહિ. ''હ''

૨. શઆઈર એટલે નિશાનીઓ, ઈબાદતો, હજજની કુરબાનીઓ, ક્રિયાઓ વગેરે. કુર્આનમાં ''શઆઈરુલ્લાહ'' એટલે એવી વસ્તુઓ જેને અલ્લાહની મહાનતા કે અઝમતની નિશાની ઠરાવવામાં આવી હોય જેમકે ખાનએ-કઅબહ, મસ્જિદો, આકાશી કિતાબો અને એવી વસ્તુઓ જેની ઉપર નજર પડતાં જ અલ્લાહની અઝમત યાદ આવી જાય છે. (કામૂસુલ-કુર્આન પા. ૨૭૫) ''હ''

૩. હજજના બે પ્રકાર છે : હજજ અને ઉમ્રહ. હજજ વરસમાં એક વખત આવે છે અને તેની તારીખો નકકી થયેલી હોય છે. એને હજજે-અકબર કહે છે. જયારે ઉમ્રહ માટેની કોઈ તારીખ નકકી હોતી નથી. વરસના કોઈ પણ દિવસે થઈ શકે છે. એને હજજે-અસગર એટલે નાની હજજ કહે છે. ''હ''

૪. મર્દ માટે ડૂંટીથી ઘૂંટણની નીચે સુધી બદન છુપાવવું ફર્ઝ છે અને ઓરતો માટે હથેલીઓ, ઘૂંટી સુધી પગો તથા ચેહરા સિવાય પૂરૂં બદન ઢાંકવું ફર્ઝ છે. નમાઝની અંદર હોય કે બહાર, હર હાલમાં એ ફર્ઝ છે. ઓરત માટે નમાઝમાં મોં ઢાંકવું ફર્ઝ નથી તેમ છતાં ખુલ્લા ચેહરે પરાયા પુરૂષો સામે આવવું તેના માટે હરામ છે. ''હ''

૫. કેમકે એ ફિત્નો છે અને ફિત્નો ખૂનથી વધારે સખત કે ખતરનાક છે જેમકે કુર્આનમાં છે : ''વલ ફિત્નતુ અશદ્દુ મિનલ-કતલ. એટલે ફિત્નો ખૂનથી વધારે આકરો છે. ''હ''

અને લોકોને વુઝૂમાં ચેહરો ધોવાની, અને કોણીઓ સુધી હાથો ધોવાની, અને ઘૂંટીઓ સુધી પગોને પૂરા પૂરા ધોવાની હિદાયત કરે અને માથાનો મસહ કરે જેમકે અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો છે: અને નમાઝ તેના સમયે પઢવામાં આવે; રૂકૂઅ અને સિજદાઓ મુકમ્મલ રીતે અદા કરે અને પૂરેપૂરી નમ્રતા તથા તલ્લીનતા સાથે નમાઝ પઢવાની તાકીદ કરે.

વળી ફજરની નમાઝ અંધારામાં અને ઝુહરની નમાઝ સૂરજ ઢળવા પર પઢે, અને અસરની નમાઝ એવા સમયે પઢે જયારે સૂરજ જમીન તરફ જઇ રહ્યો હોય, અને મગરિબની નમાઝ ત્યારે પઢે જયારે રાત શરૂ થાય; તેને એટલી મોડી નહિ પઢે કે આસમાન પર સિતારા જાહેર થઇ જાય, અને ઈશાની નમાઝ અવ્વલ રાતમાં પઢે, અને જુમ્આની નમાઝ અઝાન થવા પછી પઢે, અને જુમ્આની નમાઝ માટે જવા પહેલાં ગુસલ કરી લેવામાં આવે.

અને હુકમ આપવામાં આવ્યો કે ગનીમતના માલોમાંથી અલ્લાહનો પાંચમો ભાગ લઇ લેવામાં આવે. અને જમીનોની પૈદાવારનો તે સદકો (ઝકાત) વસૂલ કરે જે મુઅમિનો પર ફર્ઝ કરવામાં આવ્યો છે. અર્થાત : જે જમીનોને ઝરણાઓ અને વરસાદના પાણીથી સીંચવામાં આવી હોય તેની પૈદાવારનો દસમો ભાગ અને જે જમીનોને પોતાની મેહનતથી સીંચવામાં આવી હોય તેની પૈદાવારનો વીસમો ભાગ લેવામાં આવે.

અને ઊંટોની ઝકાત એવા ધોરણે વસૂલ કરવામાં આવે કે દરેક દસ ઊંટો પર બે બકરાં અને દરેક વીસ ઊંટો પર ચાર બકરાં લેવામાં આવે. અને ગાયોની ઝકાત એવા ધોરણે વસૂલ કરવામાં આવે કે દરેક ચાલીસ ગાયો પર એક ગાય અને દરેક ત્રીસ ગાયો પર એક તબીઅ; એક જઝઅ અથવા જઝઅહ અને દરેક ચાલીસ બકરીઓ-જે જંગલમાં ચરીને ખાનારી હોય, નહિ કે ઘરમાં ઊભી રહીને ખાનારી હોય———પર એક બકરી વસૂલ કરવામાં આવે. અલ્લાહ તઆલાએ મુસલમાનો પર આ ફર્ઝ ઠરાવેલું છે પણ જે માણસ એનાથી વધારે આપશે તે તેના માટે બેહતર લેખાશે.

અને જે યહૂદી અથવા નસરાની પોતાની ખુશીથી અંતઃકરણથી મુસલમાન બની જાય અને ઇસ્લામને પોતાનો દીન બનાવી લે તે મુઅમિનોમાંથી ગણાશે. તેના માટે તેવા જ હકો હશે જેવા મુઅમિનોના હકો છે. અને તેના માટે તેજ વાજિબાત હશે જેવા મુઅમિનો પર હશે. અને જે પોતાની યહુદીયત કે નસરાનીયત પર કાયમ રહેશે તેને તેની યહૂદીયત કે નસરાનીયતથી વટલાવવામાં નહિ આવશે. પરંતુ હર હાલમાં ચાહે તે પુરૂષ હોય કે સ્ત્રી, આઝાદ હોય કે ગુલામ, તેની પાસેથી પૂરો એક દીનાર લેવામાં આવશે; અથવા તેને બદલે કપડું લેવામાં આવશે. માટે જે યહૂદી અથવા નસરાની એની અદાયગી કરતો રહેશે તેના માટે અલ્લાહ અને તેના રસૂલનો ઝિમ્મો હશે અને જે એની અદાયગીથી ઈન્કાર કરશે તેને અલ્લાહનો, અને તેના રસૂલનો અને તમામ મુઅમિનોનો દુશ્મન સમજવામાં આવશે.''

અલ્લાહના દુરૂદો અને સલામ હો મુહંમદ પર અને અલ્લાહની રેહમતો અને બરકતો હો!

પ્રકરણ ૧૫૩

અરબના મંડળોની પરંપરા

રિફાઅહ બિન ઝૈદનો કબીલો • હઝરત રિફાઅહ દરબારે-નબવીમાં • હમદાન કબીલાનું મંડળ • મંડળના સભ્યો દરબારે-નબવીમાં • માલિક બિન નમતનું પ્રવચન • હમદાન માટે દસ્તાવેજી લખાણ • હઝરત માલિકના શેઅરો • મુસૈલિમહ કઝ્ઝાબ અને અસવદ અન્સી • મુસૈલિમહ કઝ્ઝાબનો કાગળ • મુસૈલિમહના કાગળનો જવાબ • દજ્જાલો અને પેશીનગોઈ • ઝકાત-સદકાત ઉઘરાવનારા અમલદારો.

રિફાઅહ બિન ઝૈદનો કબીલો

હઝરત રિફાઅહ દરબારે-નબવીમાં——————ઈબ્ને ઈસ્હાક કહે છે : જંગે-ખયબર પહેલાં હુદૈબિયહની સુલેહ પ્રસંગે રિફાઅહ બિન ઝૈદ ખુઝાઈ-દૈબી નામે ગૃહસ્થ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા હતા અને એક ગુલામ પણ ભેટ તરીકે લાવ્યા હતા અને અંતઃકરણથી કલિમો પઢીને મુસલમાન બની ગયા હતા. પછી એમનો ઈસ્લામ બહુ ઉમદા અને પુખ્તા બની ગયો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક કાગળ એમની કૌમ માટે લખાવી આપ્યો હતો જેનું લખાણ આ પ્રમાણે હતું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

મુહંમદ રસૂલુલ્લાહ તરફથી

રિફાઅહ બિન ઝૈદને નામે આ લખાણ છે :

"મેં એમને એમની સમગ્ર કૌમ તરફ અને એમની કૌમમાં દાખલ હોય એવા લોકો તરફ એમને અમીર બનાવીને રવાના કર્યા છે. રિફાઅહ એ બધાને અલ્લાહ અને તેના રસૂલ તરફ આવવાનું આમંત્રણ આપશે. જે માણસ આ આમંત્રણ કબુલ કરી લેશે તેને અલ્લાહ અને તેના રસૂલની જમાઅતમાં ગણવામાં આવશે અને જે એનાથી પૂઠ ફેરવશે તેને બે મહિનાનો સમય આપવામાં આવશે."

એ પછી હઝરત રિફાઅહ બિન ઝૈદ (રદિયલ્લાહુ અન્હુ) જયારે પોતાની કૌમમાં પહોંચ્યા તો કૌમના બધા લોકો એમની હાકલ પર લબ્બૈક પોકારીને મુસલમાન બની ગયા. એ પછી મુસલમાન બનેલા કૌમના

MaktabeAshraf

બધા લોકો ત્યાંથી ચાલીને "હર્રહ-રંજલાઅ" સ્થળે આવી ગયા અને કાયમ માટે અહીં જ વસી ગયા.

હમદાન કબીલાનું મંડળ

મંડળના-સભ્યો દરબારે-નબવીમાં————ઈબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હમદાન કબીલાનું મંડળ પણ હાજર થયું જેમકે પ્રમાણિક માહિતગારોએ મને, અમ્ર બિન અબ્દુલ્લાહ બિન ઉઝૈનહ અબ્દીના વાસ્તાથી અબૂ ઈસ્હાક સુબૈઈની રિવાયત કહી સંભળાવી.

તેઓએ મને કહ્યું કે હમદાનનું મંડળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયું એમાં માલિક બિન નમત, અબૂ સૌર એટલે ઝુલ-મશઆર, માલિક બિન અયફાઅ, ઝિમામ બિન માલિક સલમાની અને ઉમૈરહ બિન માલિક ખારફી જેવા અગ્રેસરો શામિલ હતા. એ લોકો તબૂકના પ્રદેશથી આવીને આપની તહેનાતમાં હાજર થયા હતા. એ બધાએ સીવેલી ધારીદાર યમની ચાદરોનો પોશાક પહેરેલો હતો. સરો પર અદનની સુંદર પાઘડીઓ સજેલી હતી. અને "અલમૈસ" નામે કીમતી લાકડાની પાલખીઓમાં બેસીને "મહરી"તથા "અરહબી" ઊંટો પર સવાર થઈને ભારે ઠાઠથી આવ્યા હતા. [૧]

માલિક બિન નમત અને એમની સાથેના એક ગૃહસ્થ ભેગા સ્વરે આ શેઅરો લલકારતા હતાઃ

હમદાનુ ખયરુન સૂકતિંવ વ અકયાલુ • લયસા ફીલ-આલમીન અમ્સાલુ.

હમદાનના લોકો સૌથી શ્રેષ્ઠ બાદશાહો અને નવાબો છે. જગતમાં એમનો દાખલો મળે એમ નથી.

મહિલ-લુહલ અબ્દુ વ મિન્હલ - અબ્તાલુ • લહા અતાબા - તુન બિહા વ આકાલુ.

એમનું સ્થાન બહુ ઊંચું છે અને તેઓમાં મોટા-મોટા બહાદુર લોકો છે જેઓને માટે, તેઓના ઊંચા સ્થાનને કારણે ધરખમ આવકવેરો અને નઝરાણા છે.

માલિક બિન નમતનું પ્રવચન————એ પછી માલિક બિન નમત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં ઊભા થયા અને પ્રવચન કરતાં બોલ્યા :

"યા રસૂલલ્લાહ ! હમદાનના ચુનંદા લોકો, શહેરો અને ગામડાંઓમાંથી ઝડપી ગતિની જવાન ઊંટણીઓ પર બેસીને આપના દરબારમાં હાજર થયા છે કે જેથી તેઓ ઈસ્લામની દોરડીઓથી જકડાઈ જાય.

એમને અલ્લાહના મામલામાં કોઈ ઠપકો આપનારના ઠપકાની મુદ્દલ પરવા નથી. એ લોકો કબીલએ-ખારિફ, કબીલએ-યામ અને કબીલએ-શાકિરના ગામોમાંથી આવેલા છે. એ બધા ઊંટોવાળા અને ઘોડાઓ વાળા છે. એમણે અલ્લાહના રસૂલની દઅવત પર લબ્બૈક પોકારી છે. જૂઠા દેવતાઓ અને લેભાગુ ભગવાનોને તરછોડી કાઢયા છે. એમના કોલકરાર તૂટવાના નથી જ્યાં સુધી કે "લઅલઅ" પહાડ પોતાની જગાએ અડીખમ

૧. મહરહ : યમનના એક કબીલાનું નામ. આ કબીલાના ઊંટો અણીશુધ્ધ નસલના હોવાથી અરબભરમાં પંકાયેલા હતા. હઝ્રમૌતના એક ઈલાકાનું નામ પણ મહરહ છે. ઘણું કરીને આ કબીલાનું એજ વતન હતું. અરહબ હમદાનમાંથી નીકળેલો એક કબીલો જેના ઊંટો પણ ઉત્તમ કોટિના ગણાતા હતા. "ર"

છે અને જ્યાં સુધી કે "સલઅ" જંગલના હરણો ઠેકડા મારતા રહેશે." (એટલે ઈસ્લામ પર મક્કમ રહેવાના એમના કોલકરાર અતૂટ છે.)

હમદાન માટે દસ્તાવેજી લખાણ

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હમદાન કબીલા માટે એક લખાણ કરાવી આપ્યું જેમાં લખ્યું હતું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના રસૂલ મુહંમદ તરફથી આ લખાણ છે :

"ખારિફ કબીલાના શહેર માટે, અને ઊંચાણ ભૂમિમાં વસનારાઓ માટે, અને રેગિસ્તાની જમીનવાળાઓ માટે; જેઓની સાથે તેઓના મંડળના લોકો એટલે ઝુલ-મશઆર, માલિક બિન નમત અને તે બધા જેઓ એમની કોમમાંથી મુસલમાન બની ગયા છે. એ બધાનો એમાં સમાવેશ છે.

આ લખાણ આ વાતનું છે કે જ્યાં સુધી એ લોકો નમાઝ કાયમ રાખે અને ઝકાત આપતા રહે, એમની ઊંચી જમીનો અને નીચી જમીનો એમના જ માટે છે. એ જમીનના ફળો એ લોકો ખાય અને એ જમીનનું ઘાસ પોતાના જાનવરોને ખવાડે. એમના માટે અલ્લાહનું આ કરારનામું છે અને અલ્લાહના રસૂલની ઝિમ્મેદારી છે. એમની દેખભાલ માટે મુહાજિર અને અનસાર છે."

હઝરત માલિકના શેઅરો——————આ પ્રસંગને અનુસરીને હઝરત માલિક બિન નમતએ એક કાવ્ય રચ્યું નીચે મુજબ :

ઝકર-તુ રસૂલુલ્લાહિ ફી ફહ-મતદ - દુજા • વ નહનુ બિ-અઅલા રહ-રહાનિ વ સલ-દદિ.

મેં કાળાં અંધારાંઓની સિયાહીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તે સમયે યાદ કર્યા જ્યારે અમે રહરહાન અને સલદદના સ્થળોએ હતા.

વ હુન્ન બિના ખૂસુન તલાઇહા તક-તલી • બિ-રૂકબા - બિહા ફીલ અહિબિન મુત-મદ-દેદિ.

અને અમને તે ઊંટાણીઓ એક ધોરી અને લાંબી કેડી પર લઈ જઈ રહી હતી, જે ચાલતાં ચાલતાં લોથપોથ થઈ ગઈ હતી અને જેઓની આંખો અંદર ધસી ગઈ હતી.

અલા કુલ્લે ફત્લાઇલ - લઝી ઐન જસ-રતિન • તુમુર્રુ બિના મર્રલ - હિજફ - ફિલ - ખફૈ - દદિ.

અમે લોકો એવી ઊંટણીઓ પર સવાર હતા જે લાંબા-લાંબા ડગ ભરનારી, બહુ ઝડપી ગતિની હતી. અને અમને એવી રીતે લઈને ભાગી રહી હતી જેવી રીતે મોટા મોટા શુતુરમુર્ગ ભાગે છે.

બિ - અન્ન રસૂલલ્લાહિ ફીના મુસદ - દકુન • રસૂલુન અતા મિન ઇન્દે ઝીલ-અર્શી મુહતદી.

(અમને કહેવામાં આવ્યું કે) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ-- જેઓ અમારામાં બિરાજમાન

એકદમ સાચા રસૂલ છે. અમારામાં આપની સચ્ચાઈનો સ્વીકાર કરવામાં આવશે. આપ પકીની રીતે તેજ રસૂલ છે જે સીધો રસ્તો દેખાડનાર છે અને અર્શના માલિક તરફથી મોકલવામાં આવેલા છે.

ફમા હમલત મિન નાકતિન ફૌકા રહલિહા • અશદ્દ અલા અઅદા - એહી મિમ મુહમ્મદિ.

કોઈ ઊંટણીએ પોતાની કાઠી પર, મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી વધુ, અલ્લાહના દુશ્મનો પર પ્રચંડ હુમલો કરનારો જોયો નથી.

વ અઅતા ઈઝા મા તાલિબુલ-ઉર્ફ જાઅહ • વ અમ્દા બિ - હદ - દિલ મશરિફિલ - મુહન્નદિ.

અને જયારે કોઈ ઈનામનો તલબગાર આપની તહેનાતમાં આવી લાગે તો આપથી વધુ બેહિસાબ આપનારો બીજો કોઈ નથી અને ન મશરિફી કે હિન્દી તલ્વાર આપથી વધુ તેજ છે.

મુસૈલિમહ કઝ્ઝાબ અને અસવદ અન્સી

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં બે નંગ "કઝ્ઝાબુન-અઝીમ" એટલે બે મહાન જૂઠાઓ પ્રગટ થયા હતા. યમામહમાં બનૂ હનીફહ કબીલાનો એક શખ્સ જેનું નામ મુસૈલિમહ બિન હબીબ હતું અને બીજો સનઆમાં અસવદ બિન અન્સી.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન અબ્દુલ્લાહ કુસ્બતે, અતા બિન યસાર અથવા એમના ભાઈ સુલૈમાન બિન યસારે વર્ણવેલી હઝરત અબૂ સઈદ ખુદરીની આ રિવાયત કહી સંભળાવી કે એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખુત્બો બયાન ફરમાવી રહ્યા હતા તો, ખુત્બહ દરમિયાન મેં આપને આમ ફરમાવતાં સાંભળ્યા:

> "હે લોકો ! મેં શબે-કદ્રમાં એક ખ્વાબ જોયો હતો પણ બાદમાં મને એ ખ્વાબ ભુલાવી દેવામાં આવ્યો હતો. ખ્વાબમાં મેં જોયું હતું કે મારા હાથોમાં સોનાના બે કંગન છે. પણ મને એ ગમ્યાં નહિ. મેં તેની ઉપર ફૂંક મારી તો બંને કંગન ઊડી ગયાં. ખ્વાબની તઅબીરમાં મને સમજાયું કે છેલ્લા દરજ્જાના બે જૂઠા માણસો છે. એમાંનો એક યમનવાળો અને બીજો યમામહવાળો."

મુસૈલિમહ કઝ્ઝાબનો કાગળ——મુસૈલિમહ કઝ્ઝાબ બિન હબીબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ પ્રમાણે કાગળ લખ્યો હતો :

> અલ્લાહના રસૂલ મુસૈલિમહ બિન હબીબ તરફથી,
>
> અલ્લાહના રસૂલ મુહંમદના નામે :
>
> સલામુન અલૈક અમ્મા બઅદ :
>
> "કોઈ પણ જાતના સંદેહ કે શંકા વગર મને આ (પયગમ્બરીના) મામલામાં તમારો ભાગીદાર બનાવી લેવામાં આવ્યો છે જેથી અર્ધી જમીન અમારા માટે હોવી જોઈએ અને અર્ધી જમીન કુરૈશ માટે; જો કે કુરૈશ એવી કોમ છે જે હદ ઓળંગી જનારી છે."

મુસૈલિમહનો આ કાગળ તેના બે એલચીઓ લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં

Maktabe Ashraf

આવ્યા હતા.

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અશજઅ ખાનદાનના એક શૈખ સાહેબે, સલમા બિન નુઐમ બિન મસઊદ અશજઈના વાસ્તાથી તેમના બાપ નુઐમની આ રિવાયત બયાન કરી. નુઐમે કહ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ કાગળ મળ્યો તો મેં આપને, મુસૈલિમહના પેલા બે એલચીઓને આમ ફરમાવતાં સાંભળ્યાં હતા: "તમે બંનેજણ આ મામલા અંગે શું કહો છો ?"

બંને એલચીઓ બોલ્યા, "જે કંઇ તે કહે છે તેજ અમે પણ કહીએ છીએ."

આ જવાબ સાંભળીને આપે ફરમાવ્યું, "અલ્લાહના સોગંદ ! અગર એલચીઓને કતલ કરવાનો કાનૂન ન હોત તો હું તમારા બંનેની ગરદનો તલવારથી ઉડાવી દેત !"

મુસૈલિમહના કાગળનો જવાબ—————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલમએ મુસૈલિમહના કાગળનો જવાબ લખાવ્યો આ પ્રમાણે :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

મિમ મુહમ્મદિર રસૂલિલ્લાહિ	અલ્લાહના રસૂલ મુહંમદ તરફથી,
ઈલા મુસૈલિમતિલ - કઝઝાબ.	હડહડતું જૂઠાણું બોલનારા મુસૈલિમહ તરફ.
અસ્સલામુ અલા	અલ્લાહના સલામ હો એવા લોકો પર,
મનિત - તબઅલ - હુદા.	જેઓ હિદાયતની પેરવી કરે છે.
અમ્મા બઅદ.	એ પછી લખવાનું કે,
ફઈન્નલ - અર્દ લિલ્લાહિ	જમીન તો બેશક અલ્લાહની છે.
યૂરિસુહા મંય યશાઉ	તે ચાહે તેને વારિસ બનાવે છે;
મિન ઈબાદિહી.	પોતાના બંદાઓમાંથી.
વલ-આકિબતુ લિલ-મુત્તકીન.	અને અંજામ અલ્લાહથી ડરનારાઓ માટે છે.

આ સન ૧૦ હિજરીનો બનાવ છે.

દજ્જાલો અંગે પેશીનગોઈ—————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને પ્રમાણિક અને વિશ્વાસપાત્ર માહિતગારોએ હઝરત અબૂ હુરૈરહ રદિયલ્લાહુ અન્હુની આ રિવાયત કહી સંભળાવી કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આમ ફરમાવતાં સાંભળ્યા :

> "કિયામત ત્યાં સુધી કાયમ થવાની નથી જ્યાં સુધી કે ત્રીસ દજ્જાલો જાહેર ન થઈ જાય અને એમાંનો દરેક દજ્જાલ પયગમ્બરીનો દાવો કરશે."

ઝકાત-સદકાત ઉઘરાવનારા અમલદારો

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે નીમેલા અમીરો (ગવર્નરો) અને ઝકાત-સદકાતની વસૂલી કરનારા અમલદારો (કલેકટરો)ને આપે એવા તમામ શહેરો કે વિસ્તારોમાં મોકલાવી આપ્યા જે ઈસ્લામી સત્તા હેઠળ આવી ગયા હતા.

એ અમલદારોમાંથી હઝરત મુહાજિર બિન અબૂ ઉમૈયહ બિન મુગીરહને આપે યમનના સનઆ શહેરમાં ઝકાત-સદકાતની વસૂલી માટે મોકલી આપ્યા. હઝરત મુહાજિર ત્યાં જ પોતાના ઓહદે બિરાજેલા હતા એ દરમિયાન અલ્લાહના દુશ્મન અસવદ અન્સીએ બળવાનો ઝંડો બુલંદ કરી દીધો. (પયગમ્બરીનો દાવો કરી દીધો.)

અન્સારમાંથી બનૂ બયાદહ બિરાદરીના હઝરત ઝિયાદ બિન લુબૈદને આપે હદરમૌત વિસ્તારના ગવર્નર બનાવીને મોકલી આપ્યા. ગવર્નરી ઉપરાંત ઝકાત-સદકાતની વસૂલી પણ એમના ઝિમ્મે લગાવી દીધી.

હઝરત અદી બિન હાતિમને તૈય કબીલાના પ્રદેશના ગવર્નર બનાવ્યા અને ઝકાત-સદકાતનું ખાતું પણ એમના હવાલે કરી દીધું. ઉપરાંત બનૂ સઅદ કબીલાના પ્રદેશના અમીર તરીકે પણ એમની નિમણૂંક કરી દીધી.

હઝરત માલિક બિન નવૈરહ યરબૂઈને બનૂ હન્ઝલહ કબીલાના ઝકાત-સદકાત વસૂલ કરવા માટે ગવર્નર બનાવીને રવાના કર્યા. ઇબ્ને હિશામના કથન મુજબ બનૂ સઅદ કબીલાના ઝકાત-સદકાતની વસૂલીનું કામ એજ કબીલાના બે ગૃહસ્થોને વહેંચી આપ્યું. જેમકે હઝરત ઝબરકાન બિન બદ્રને બનૂ સઅદના એક વિભાગના અમલદાર બનાવ્યા અને હઝરત કૈસ બિન આસિમને બીજા વિભાગના અમલદાર બનાવ્યા.

અને હઝરત અલાઅ બિન હદ્રમીને ઝકાત-સદકાતની વસૂલી માટે બહરૈન પ્રદેશના ગવર્નર બનાવીને મોકલાવી આપ્યા.

અને હઝરત અલી બિન અબી તાલિબને નજરાનવાસીઓના અમીર બનાવીને મોકલાવી આપ્યા કે જેથી તેઓ નજરાનની પ્રજા પાસેથી ઝકાત-સદકાત તેમ રક્ષાણવેરાનો માલ ઉઘરાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં મોકલાવતા રહે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૪

હજ્જતુલ-વદાઅ

(રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનની આખેરી હજ્જ)

હજ્જ માટેની તૈયારી • હઝરત બીબી આઇશહનો મામલો • યમનથી હઝરત અલીની હાજરી • હઝરત અલી વિરૂદ્ધ શિકાયત • હજ્જતુલ-વદાઅનો ખુત્બો • વ્યાજ અને ખૂનનો મામલો • શયતાનની પૂજા અંગે તાબેદારી • મહિનાઓની ખરી ગણતરી • સ્ત્રીઓના શું હકો છે? • ઇસ્લામી બિરાદરીનું મહત્વ • રસૂલુલ્લાહ (સલ.)નો બીજો ખુત્બો • વારસા, વંશ અને ગુલામ • બીજી કેટલીક વાતોનું શિક્ષણ • હજ્જતુલ-વદાઅનું વિગતવાર બયાન.

Maktabe Ashraf

હજ્જ માટેની તૈયારી——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે ઝી-કઅદહનો મહિનો બેઠો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હજ્જના સામાનની તૈયારી કરવા માંડી અને લોકોને પણ હુકમ ફરમાવી દીધો કે તેઓ હજ્જની તૈયારી કરે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુર્રહમાન બિન કાસિમે પોતાના પિતાજી કાસિમ બિન મુહંમદના વાસ્તાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત આઇશહ (રદિયલ્લાહુ અન્હા)ની રિવાયત સંભળાવી કે, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સન ૧૦ હિજરીના ઝી-કઅદહની ૨૫ તારીખે હજ્જ માટે મદીનહથી રવાના થયા. [૧]

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની જગાએ મદીનહના ગવર્નર તરીકે હઝરત અબૂ દુજાનહ સાઇદીની નિમણુંક કરી. બીજી રિવાયત મુજબ હઝરત સબાઅ બિન અર્ફતહ ગિફારીની નિમણુંક કરી.

હઝરત બીબી આઇશહનો મામલો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુર્રહમાન બિન કાસિમે પોતાના બાપાજી કાસિમ બિન મુહંમદના વાસ્તાથી હઝરત બીબી આઇશહની આ રિવાયત કહી સંભળાવી. હઝરત આઇશહ ફરમાવે છે :

"હજ્જ માટેની સફરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની સાથે કુરબાનીના જાનવરો પણ લઇ ગયા હતા. એવી જ રીતે બીજા માનવંતા ગૃહસ્થો પણ કુરબાની માટેના જાનવરો પોતાની સાથે લઇ

---

૧. તા. ૨૨ ફેબ્રુઆરી ૬૩૨ ઇ.સ. (ઇબ્ને હિશામ)

ગયા હતા. જ્યારે હજ્જનો કાફલો "સરિફ"મુકામે પહોંચ્યો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો, "જે લોકો પોતાની સાથે કુરબાનીના જાનવરો નથી લાવ્યા તેઓ ઉમ્રહથી પરવારીને પોતાના એહરામ ખોલી નાખે." ૧

હઝરત બીબી આઇશહ ફરમાવે છે : "અને એજ દિવસે મને માસિક રૂતુ બેસી ગઈ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારી પાસે પધાર્યા ત્યારે હું રડી રહી હતી.

"આઇશહ ! શું થયું ?" આપે ફરમાવ્યું. શાયદ તમને માસિક રૂતુ લાગુ પડી છે !"

મેં અરજ કરી, "જી હા યા રસૂલલ્લાહ ! કાશ, આ વરસે આ સફરમાં હું આપના સંગાથે નહિ આવતે!"

આપે ફરમાવ્યું, "આઇશહ ! આમ બોલવાની જરૂર નથી. તમે હજ્જની તે બધી ક્રિયાઓ કરી શકો છો જે બીજા હાજીઓ કરે છે. ફક્ત બૈતુલ્લાહનો તવાફ નહિ કરવો."

હઝરત બીબી આઇશહ વધુમાં ફરમાવે છે : "મતલબ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસલમાનોના કાફલા સાથે મક્કહ શહેરમાં દાખલ થયા. જે લોકો પાસે કુરબાનીના જાનવર નહિ હતાં તેઓએ ઉમ્રહની ક્રિયાઓથી પરવારીને પોતાના એહરામ ખોલી નાખ્યા. પછી જ્યારે કુરબાની કરવાનો દિવસ આવ્યો એટલે ઝીલ-હજ્જની દસમી તારીખ તો મારા માટે ગાયનું ઘણું બધું ગોશ્ત લાવવામાં આવ્યું અને એ બધું મારા ઘરમાં (અથવા તંબૂમાં) મૂકી દેવામાં આવ્યું.

મેં પૂછયું, "આ બધું શું છે ?"

લોકોએ મને કહ્યું, "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની બીબીઓ તરફથી ગાયની કુરબાની કરી છે."

હઝરત આઇશહ ફરમાવે છે : "એ પછી જ્યારે "રમીએ-જિમાર" (એટલે શયતાનને કાંકરા મારવાની ક્રિયા)ની રાત આવી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારા ભાઈ અબ્દુર્રહમાનના સંગાથે મને કરી દીધી. અને મારો જે ઉમ્રહ (માસિક રૂતુને કારણે) છૂટી ગયો હતો તેની જગાએ મારા ભાઈએ મને "તનઈમ" સ્થળેથી ઉમ્રહ કરાવી દીધો."

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબનું બયાન છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની પાક બીબીઓને ફરમાવ્યું, "તમે ઉમ્રહથી પરવારીને એહરામ ખોલી નાખો."

જવાબમાં પાક બીબીઓએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! અમારી સાથે આપને એહરામ ખોલવામાં કઈ વસ્તુ આડે આવે છે ?"

આપે ફરમાવ્યું, "હું કુરબાનીના જાનવરો સાથે લઈ આવ્યો છું અને મેં "કલબીદ"કરેલી છે જેથી હું ત્યાં સુધી એહરામ નહિ ખોલી શકું જ્યાં સુધી કુરબાની નહિ કરી લઉં."[૨]

યમનથી હઝરત અલીની હાજરી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબી

૧. સરિફ : મદીનહ અને મક્કહ વચ્ચે આવેલું એક સ્થળ. મક્કહથી વધારે નજીક છે. કેટલાકના કથન મુજબ મક્કહથી દસ-બાર માઇલના અંતરે આવેલું છે. અને એહરામ, હજ્જ તથા ઉમ્રહ માટેનો ખાસ પોશાક જેમાં બે ચાદરો હોય છે.

૨. કલબીદ : ગુંદરના પ્રકારની એક વસ્તુ જેને લગાડવાથી વાળો ચોંટી રહે છે અને વિખેરાવા પામતા નથી.

નુજેહએ માહિતી આપતાં કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબી તાલિબને ઝકાત-સદકાતની વસૂલી માટે અમીર બનાવીને નજરાનના ઈલાકામાં મોકલાવ્યા હતા. ત્યાંથી પાછા ફરીને હઝરત અલી, મક્કહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એહરામની હાલતમાં મળ્યા અને એજ એહરામની હાલતમાં અહીંથી પોતાના પાક બેગમબીબી ફાતિમહ બિન્તે રસૂલિલ્લાહ પાસે પહોંચી ગયા. અંદર જઈને જોયું તો બીબી ફાતિમહએ એહરામનો પોશાક ઉતારીને સાદા કપડાં પહેરી લીધાં હતાં.

હઝરત અલીએ પૂછયું, "હે રસૂલુલ્લાહના બેટી ! તમને શું થયું છે ?"(એહરામ કેમ ઉતારી નાખ્યો?)

હઝરત બીબી ફાતિમહ બોલ્યાં, "અમને સ્ત્રીઓને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુકમ ફરમાવ્યો હતો કે, અમે ઉમ્રહ કરીને પોતપોતાના એહરામ ઉતારી નાખીએ."

આ જવાબ સાંભળીને હઝરત અલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને નજરાન તથા સફરનો અહવાલ વિગતથી આપને કહી સંભળાવ્યો. પૂરી વિગત સાંભળી લીધા પછી આપે ફરમાવ્યું, "હે અલી ! જાવ જઈને બૈતુલ્લાહનો તવાફ કરો અને પોતાનો એહરામ ઉતારી નાખો જેવી રીતે તમારા સાથીઓએ ઉતારી નાખ્યો છે."

હઝરત અલીએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મેં પણ તેવોજ એહરામ બાંધ્યો છે જેવો આપ નામદારે બાંધ્યો છે." (આપે કેમ પોતાનો એહરામ ઉતાર્યો નથી ?)

જવાબમાં આપે તેમ જ ફરમાવ્યું, "અલી ! જાવ જઈને બૈતુલ્લાહનો તવાફ કરો અને પોતાનો એહરામ ઉતારી નાખો જેવી રીતે તમારા સાથીઓએ ઉતારી નાખ્યો છે."

હઝરત અલીએ અરજ કરી, "સાંભળો યા રસૂલલ્લાહ ! જે સમયે મેં એહરામ બાંધ્યો હતો તો તે વેળા મેં નિય્યત કરતાં આ શબ્દો કહ્યા હતા :

"હે અલ્લાહ ! હું પણ તેવો જ એહરામ બાંધું છું જેવો તારા નબી, તારા બંદા, તારા રસૂલ મુહંમદે બાંધ્યો છે."

આપે ફરમાવ્યું, "અલી ! શું તમારી સાથે કુરબાનીનું કોઈ જાનવર છે ?"

હઝરત અલીએ જવાબ આપ્યો, "નહિ યા રસૂલલ્લાહ !"

ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીને પોતાની કુરબાનીના જાનવરમાં ભાગીદાર બનાવી લીધા અને હઝરત અલીએ આપની સાથે-સાથે પોતાનો એહરામ બાંધેલો રાખ્યો ત્યાં સુધી કે આપ અને હઝરત અલી હજ્જથી પરવારી ગયા. આપે હઝરત અલી તરફથી પણ જાનવરની કુરબાની કરી.

હઝરત અલી વિરૂધ્ધ શિકાયત————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહયા બિન અબ્દુલ્લાહ બિન અબ્દુર્રહમાન બિન અબૂ અમ્રહએ, યઝીદ બિન તલહા બિન યઝીદ બિન રૂકાનહની રિવાયત ટાંકતાં કહ્યું કે, હઝરત અલી જ્યારે યમનથી પોતાના લશ્કર સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા મક્કહ ઊપડ્યા તો ઊપડવામાં બહુ ઉતાવળથી કામ લીધું. જેમ બને તેમ જલદી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઈને આપની મુલાકાત અને આપના દીદારની અધીરાઈ લાગી હતી. આ કારણે હઝરત અલીએ પોતાના લશ્કરને પાછળ છોડી દીધું અને તેઓમાંથી જ એક માણસને પોતાના નાયબ

તરીકે તેઓનો ઉપરી બનાવી દીધો. આ ઉપરી અધિકારીએ શું કર્યું કે હઝરત અલીના જવા પછી બૈતુલ-માલના ભંડારમાંથી યમનની બનાવટનું ઉત્તમ પ્રકારનું કીમતી કાપડ કાઢીને લશ્કરના દરેક સિપાહીને વહેંચી આપ્યું કે એને શાલ તરીકે પોતાના અંગ પર સજાવી લો.

જ્યારે આ લશ્કર મૂલ્યવાન રેશમનો ભપકાદાર પોશાક સજીને મક્કહ નઝદીક આવ્યું તો હઝરત અલી પોતાના લશ્કરને મળવા મક્કહથી બહાર પધાર્યા. શું જુએ છે કે બધાએ યમનની બનાવટનો સુંદર પોશાક સજેલો છે. આપે નારાજ થઇને ઉપરીને પૂછ્યું, ''તારૂં બુરૂં થાય હે ભાઇ ! હું આ શું જોઉં છું ?''

ઉપરી બોલ્યો, ''હા સાહેબ ! આ પોશાક તો બધાને મેં પહેરાવ્યો છે.''

''પણ કેમ પહેરાવ્યો છે ?'' હઝરત અલીએ નારાજીથી પૂછયું.

તે બોલ્યો, ''એટલા માટે કે આપણા લશ્કરના સિપાહીઓ બીજા લોકોની સામે જાય તો તેઓની નજરમાં રૂપાળા લાગે. લોકો એમનો ભપકો જોઇને ખુશ થઇ જાય.''

હઝરત અલીએ ફરમાવ્યું, ''તારૂં બુરૂં થાય, સાંભળી લે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થવા પહેલાં બધાએ આ પોશાક ઉતારી નાખવો પડશે.''

રાવીનું કથન છે : છેવટે પણ હઝરત અલીએ તેઓ પાસેથી આ પોશાક ઉતારાવી લીધો અને તેને પાછો મેળવીને માલે-ગનીમતના ભંડારમાં જમા કરાવી દીધો. રાવીનું કહેવું છે કે લશ્કરના સિપાહીઓને હઝરત અલીની આ વર્તણૂંક ગમી નહિ. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં જઇને હઝરત અલીની શિકાયત કરી દીધી.

આપે તેઓને ફરમાવ્યું, ''હે લોકો ! અલીની શિકાયત ન કરો. અલ્લાહના સોગંદ ! અલી અલ્લાહના મામલામાં, અલ્લાહના રસ્તામાં એટલા બધા સાવચેત છે કે તે અંગે શિકાયત થઇ શકે નહિ.''

હજ્જતુલ-વદાઅનો ખુત્બો

ઇબ્ને ઇસ્હાક કહે છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હજ્જની અદાયગીની શરૂઆત ફરમાવી. આપે લોકોને હજ્જના ''મનાસિક'' બતાવ્યા. [૧] હજ્જની સુન્નતો શું છે તેની વિગતવાર સમજૂતી આપી. હજ્જના નિયમો અને તેના ધારાધોરણોના બયાન બાદ આપે લોકોને સંબોધીને ખુત્બો બયાન ફરમાવ્યો અને ખુત્બહમાં કહેવા જેવી દરેક વાતનું વિગતથી બયાન ફરમાવ્યું.

ખુત્બહની શરૂઆત કરતાં પ્રથમ આપે અલ્લાહ તઆલાની હમ્દો-સના તેની સર્વોચ્ચ શાનને શોભે તેવા શબ્દોમાં બયાન કરી અને પછી ફરમાવ્યું :

અૈયુહન-નાસ ઇસ્મઊ કવલી.	હે લોકો ! સાંભળી લો ધ્યાનથી મારી વાત.
ફ - ઇન્ની લા અદરી	કેમકે હું નથી જાણતો કે
લઅલ્લી અલ્કા - કુમ	કદાચ હું મળી શકું તમને

૧. મનાસિક એટલે હજ્જના અમલો, ક્રિયાઓ, વિધિઓ, હજ્જના સ્થળો, હજ્જની કુરબાની, ઇબાદત અને દુઆની જગાઓ વગેરે એનું એકવચન મન્સક. (કામૂસુલ-કુર્આન પ. ૫૩૬) ''હ''

બઅદા આમી હાઝા	આ વરસ પછી
બિ-હાઝલ મવકિફે અબદા.	આ સ્થળે ફરીવાર.[૧] અથવા કાયમ માટે.

એ પછી આપે ફરમાવ્યું :

"એયુહન-નાસ ! હે લોકો સાંભળી લો, તમે પોતાના પાલનહારના દરબારમાં જઈને ઊભા થાવ ત્યાં સુધી, તમારૂં લોહી અને તમારો માલ, એકબીજા પર એવી જ રીતે આદરમાનને લાયક છે જેવી રીતે આજનો દિવસ અને આ મહિનો તમારા માટે આદરમાનને પાત્ર છે.[૨]

"અને જુઓ, તમે મરવા પછી બહુ જલદી તમારા પાલનહારના દરબારમાં ઊભા થવાના છો. તે તમને તમારી કરણી કે તમારા અમલો વિષે સવાલ કરશે અને હું દરેક અમલને લગતા હુકમો તમને પહોંચાડી ચૂક્યો છું. માટે જેની પાસે કોઈની અમાનત પડેલી હોય અને અમાનત મૂકી જનાર પોતાની વસ્તુ માગે કે તરત જ એ વસ્તુ તેના માલિકને હવાલે કરી દો."

Maktabe Ashraf

વ્યાજ અને ખૂનનો મામલો

"એયુહન-નાસ ! હે લોકો સાંભળી લો, દરેક પ્રકારનું વ્યાજ નાબૂદ કરી નાખવામાં આવ્યું છે. અલબત્ત તમારો "રઅસુલ-માલ" (એટલે મૂળ મુડી અથવા અસલ રકમ) તમારા માટે છે. એમાં ન તમે ઝિયાદતી કરશો અને ન તમારી સાથે ઝિયાદતી કરવામાં આવશે.[3] અલ્લાહ તઆલાએ ફેસલો કરી દીધો છે કે હવેથી કોઈ વ્યાજ, વ્યાજ રહ્યું નથી. અને અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબનું ચૂકતે વ્યાજ જતું કરવામાં આવ્યું છે.[૪]

"જાહિલિયતના યુગના જેટલાં ખૂનો બાકી રહ્યાં છેતેનો પણ ખાતિમો કરી નાખવામાં આવ્યો છે. (હવે તેનું વેર નહિ લેવામાં આવશે.) અને સૌથી પહેલું ખૂન જેનો હું ખાતિમો બોલાવું છું તે ઈબ્ને રબીઅહ બિન હારિસ બિન અબ્દુલ-મુત્તલિબનું ખૂન છે. ઈબ્ને રબીઅહએ બનૂ લૈસમાં દૂધ ધાવ્યું હતું. હુઝૈલના લોકોએ ઈબ્ને રબીઅહનું ખૂન કર્યું હતું.

૧. એટલે હે લોકો ! આ સ્થળે આવતા વરસે તમારી સાથે ફરીવાર મારી મુલાકાત થશે કે કેમ તે હું કહી શકતો નથી. બનવા જોગ છે આ સ્થળે તમારી સાથે મારી આ છેલ્લી મુલાકાત હોય, માટે હું જે કંઈ કહું તેને પૂરા ધ્યાનથી સાંભળી લો.

આ શબ્દોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબાને પોતાની વફાતની અગમચેતી ફરમાવી દીધી.

૨. એટલે મુસલમાનના જાન અને માલનું અલ્લાહની નજરમાં એટલું જ મૂલ્ય અને મહત્વ છે જેટલું આજના મહિના અને આજના દિવસનું છે. મુસલમાન મરે ત્યાં સુધી તેના માટે એકબીજાનું ખૂન કરવું. એકબીજાનો માલ પચાવી પાડવો, એકબીજાની ઈઝઝત-આબરૂ લેવી મુત્લક હરામ છે. "હ"

3. એટલે વ્યાજે ધીરેલા નાણાનું વ્યાજ જતું કરીને તેમાંથી ફકત મૂળ રકમ જ લેવાનો અધિકાર છે. આ મામલામાં બંને પક્ષે કોઈની સાથે અન્યાય નહિ થશે. "હ"

૪. જાહિલિયતના યુગમાં વ્યાજુ ધંધો પરંપરાથી ઊતરી આવતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકા હઝરત અબ્બાસ (રદિયલ્લાહુ અન્હુ) મક્કહમાં વ્યાજુ ધંધો કરતા હતા અને કેટલાક લોકો પર તેમના વ્યાજુ નાણા નીકળતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ નાણા ફોગટ કરીને વ્યાજના હરામ હોવાની શરૂઆત પોતાના ખાનદાનથી ફરમાવી. "હ"

આ ખૂન જાહિલિયતના ખૂનોમાંથી પહેલું ખૂન છે જેની માફીની હું શરૂઆત કરૂં છું.''[1]

શયતાનની પૂજા અને તાબેદારી

''લોકો ! એ પછી મારી આ વાત સાંભળો, શયતાન હવે આ વાતથી નિરાશ થઈ ચૂકયો છે કે તમારી આ ભૂમિમાં કદી તેની પૂજા કરવામાં આવશે ! પણ જો તેની પૂજા કરવામાં આવે તો તે, તમારાં તે કામો હશે જેને તમે નજીવાં, તુચ્છ કે હકીર સમજો છો. (જેમકે હસદ, ગીબત, નિંદા, અદેખાઇ, કીનો, તકબ્બુર, અભિમાન, રિયાકારી, બિદઅત વગેરે.) તો તમારાં આ કામોથી પણ શયતાન રાજી-રાજી થઇ જશે. માટે હે લોકો ! દીનના મામલામાં સાવચેત રહેશો. શયતાનને રાજી કરવાથી બચતા રહેશો. શયતાનને ખુશ કરવાથી ડરતા રહેશો.''

(મતલબ આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશગોઇ મુજબ અરબની ભૂમિમાં મૂર્તિપૂજાના રૂપમાં શયતાનની પૂજા કરવામાં આવે તે વાતથી શયતાન છેક નિરાશ થઈ ચૂકયો છે. પણ અમુક એવાં ગોઝારાં અને નાપાક કામો છે જેને મુસલમાન લોકો છેક નજીવાં, તુચ્છ અને મામૂલી સમજે છે જેમકે હસદ, કીનો, ગીબત, મુનાફેકત, બિદઅત, રિયાકારી, અભિમાન વગેરે તો એનાથી શયતાન નિરાશ થયો નથી. તેને આ વાતનો સંતોષ રહેશે કે મુસલમાન લોકો મૂર્તિપૂજાના રૂપમાં ભલે મારી ઇબાદત નહિ કરશે પણ હસદ, ગીબત, અદાવત, બિદઅત જેવાં નાપાક કામોથી તેઓ જરૂર મને ખુશ કરતા રહેશે. જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના ખુતબામાં ચેતવણી આપી કે તમે આ કામોને મામૂલી કે તુચ્છ સમજીને કર્યા કરશો પણ શયતાન એનાથી રાજી-રાજી થતો રહેશે. જો કે આ કામો મામૂલી કે તુચ્છ નથી બલકે બેહદ ખતરનાક અને દીનો-ઇમાનને મૂંડી નાખનારાં છે જેમકે અસ્તરો વાળોને મૂંડી નાખે છે. માટે હે મુસલમાનો! દીનના મામલામાં તમે શયતાનથી ચેતીને રહેશો. એવું ન થાય કે તમે અલ્લાહની ઇબાદત સાથે શયતાનની ગુલામી પણ કરતા રહો.)

મહિનાઓની ખરી ગણતરી

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો ખુતબો ચાલુ રાખતાં ફરમાવ્યું :

''અને સાંભળો હે લોકો ! ''નસીઅ'' તો કુફ્રમાં ઓરભી વધારો કરે છે. એનાથી તે લોકો ઓરભી ગુમરાહ થાય છે જેઓ કુફ્રના કામો કરનારા છે. આવા કાફિર લોકો એક વરસે તેને હરામ ઠરાવી દે છે અને બીજા વરસે તેને હલાલ બનાવી લે છે. આ કાફિર લોકો હરામ મહિનાને હલાલ એટલા માટે બનાવી લે છે કે અલ્લાહ તઆલાએ નક્કી કરેલા મહિનાઓની ગણતરી પૂરી કરી લે.

---

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા અબ્દુલ-મુત્તલિબના મોટા પુત્રનું નામ હારિસ હતું જેણે ઝમઝમનો કૂવો ખોદવામાં બાપની મદદ કરી હતી. એ હારિસના એક પુત્રનું નામ રબીઅહ હતું જેના બેટાનું ખૂન કરવામાં આવ્યું હતું. આપે એ ખૂન માફ કરીને વેરની પ્રથાનો અંત પોતાના જ ખાનદાનથી લાવી દીધો. ''ર''

Maktabe Ashraf

"આ રીતે આ કાફિર લોકો અલ્લાહ તઆલાની હરામ કરેલી વાતોને હલાલ બનાવી લે છે અને અલ્લાહ તઆલાની હલાલ કરેલી વાતોને હરામ બનાવી લે છે.

"અને હે લોકો ! આ વાત પણ સાંભળી લો કે જમાનો ઘૂમીફરીને પાછો તેજ સ્થળે આવી ગયો છે જ્યારે કે અલ્લાહ તઆલાએ જમીન અને આસમાનનું સર્જન કર્યું હતું અને ૧૨ મહિનાઓની ક્રમવાર ગોઠવણી કરી દીધી હતી. તો હે લોકો ! જાણી લો આ વાત કે અલ્લાહ કને મહિનાઓની ગણતરી ૧૨ની સંખ્યામાં છે. એમાં ૪ મહિના હુરમતવાળા છે (એટલે માનપાનવાળા છે જેમાં લડાઈ-ઝગડો, મારામારી-કાપાકાપી વગેરે હરામ છે.) આ ચાર મહિનામાં ત્રણ મહિના લગાતાર આવે છે. (એટલે ઝુલ-કઅદહ, ઝુલ-હિજ્જહ અને મુહર્રમ.) અને ચોથો મહિનો રજબ છે. જે જુમાદલ-આખિર અને શઅબાનની વચ્ચે છે."

સ્ત્રીઓના શું હકો છે ?

"અને હે લોકો ! સાંભળો, તમારી સ્ત્રીઓના તમારી ઉપર ઘણા હકો છે. તો તમારા હકો પણ તમારી સ્ત્રીઓ પર પણ ઘણા છે. તમારો હક તમારી સ્ત્રીઓ પર આ છે કે તમારી સ્ત્રીઓ, તમારી પથારી, કોઈ પણ એવા પુરૂષ માટે નહિ પાથરે જેને તમે નાપસંદ કરો છો. [૧]

Maktabe Ashraf

અને તમારી સ્ત્રીઓ બે-શર્મી, બે-હયાઈ કે નફફટાઈનું કોઈ કામ હરગિઝ નહિ કરે. પાછી જો તમારી સ્ત્રીઓ એવું કોઈ કામ કરે તો તમને પૂરો અધિકાર છે કે તમારી સ્ત્રીઓની પથારી અલગ કરી નાખો. આ ચેતવણી છતાં તમારા સ્ત્રીઓ નહિ માને તો તમારી સ્ત્રીઓને એવો માર મારો જે સખત કે આકરો ન હોય.

એ પછી જો તમારી સ્ત્રીઓ સુધરી જાય તો ખાણીપીણીના મામલામાં અને કપડાંલત્તાના મામલામાં તમારી સ્ત્રીઓ તમારી ઉદારદિલીની અને તમારી પ્રેમભર્યા વર્તાવની ખરી હકદાર છે.

વળી તમારી સ્ત્રીઓ સાથે તમે ભલાઈનો, તથા દયા-માયાનો, તથા હમદર્દી ભરેલી લાગણીના ઉદાર વર્તાવ કરતા રહો અને તમારી સ્ત્રીઓને નેકીના તથા ભલાઈના કામો કરવાની શિખામણ આપતા રહો. કેમકે તમારી સ્ત્રીઓ તમારી પાસે તમારા ઘરમાં કેદીઓ જેવી હોય છે. પોતાની જાત માટે તમારી સ્ત્રીઓ કોઈ વસ્તુની માલિક હોતી નથી. તમે તમારી સ્ત્રીઓને તમારા ઘરમાં અલ્લાહની અમાનત તરીકે વસાવેલી હોય છે. અને તમે તમારી સ્ત્રીઓને અલ્લાહએ બતાવેલા નિકાહના કલિમાત સાથે પોતાને માટે હલાલ બનાવેલી હોય છે.

---

૧. મુસલમાનોમાં કોઈ એવો નાયલો કે નફફટ મરદ હોય શકે જે પોતાની ગેરહાજરીમાં પારકા પુરુષોને પોતાના ઘરમાં આવવાની છૂટછાટ દ પોતાની ઓરતોને આપી દે ?

માટે હે લોકો ! તમે મારી વાતને સમજવાની કોશિશ કરો. જુઓ, મેં તો અલ્લાહનો દરેક હુકમ તમારા સુધી પહોંચાડી દીધો છે. અને સાંભળી લો, મેં તમારી પાસે બે એવી વસ્તુઓ છોડી છે કે, જો તમે તેને મજબૂતીથી પકડી રાખશો તો કદી ગુમરાહ નહિ થશો.

સાંભળો, એ બે વસ્તુઓ બિલકુલ ખુલ્લી છે : એક કિતાબુલ્લાહ બીજી સુન્નતે-રસૂલિલ્લાહ !''

ઈસ્લામી બિરાદરીનું મહત્વ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો ખુતબો ચાલુ રાખતાં ફરમાવ્યું:

''હે લોકો ! તમે મારી વાત ધ્યાનથી સાંભળો અને સાંભળીને વિચાર કરો અને ખૂબ સમજી લો કે દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને યાદ રાખો, દુનિયાના તમામ મુસલમાનો આપસમાં ભાઈ-ભાઈ છે. માટે કોઈ પણ મુસલમાન માટે પોતાના ભાઈની કોઈ પણ વસ્તુ હલાલ નથી; સિવાય કે તે પોતે પોતાની રાજીખુશીથી તે વસ્તુ તેને આપી દે !

માટે તમે લોકો આપસમાં એકબીજા પર ઝુલ્મ ના ગુજારજો !''

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકોને સંબોધીને સવાલ રૂપે ફરમાવ્યું :

''હે લોકો ! જવાબ આપો, મેં તબલીગનો હક અદા કરી દીધો ?''

''અલ્લાહુમ્મ નઅમ, નઅમ ! યકીનન, યકીનન !''

લોકોના જવાબ રૂપી શબ્દો વાતાવરણમાં ગુંજી રહ્યા. આ જવાબ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું :

''અલ્લાહુમ્મ અશહદ !'' હે અલ્લાહ ! તું ગવાહ રહેજે !

રસૂલુલ્લાહ (સલ.)નો બીજો ખુત્બો

ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરએ પોતાના પિતા અબ્બાદની રિવાયત બયાન કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અરફાત મુકામે ખુત્બો બયાન ફરમાવતા હતા અને જે સહાબી આપની મુબારક વાતો અરફાતમાં બુલંદ અવાજે પોકારીને લોકો સુધી પહોંચાડતા હતા તેમનું નામ રબીઅહ બિન ઉમૈયહ બિન ખલફ હતું.

અબ્બાદનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત રબીઅહ બિન ઉમૈયહને સંબોધીને ફરમાવ્યું, ''હે રબીઅહ ! લોકોને બુલંદ અવાજે પોકારીને કહો :

''લોકો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પૂછે છે, શું તમને ખબર છે, આ કયો મહિનો છે ?''

હુકમ મળતાં હઝરત રબીઅહ બિન ઉમૈયહએ ઘાંટો ગજાવીને લોકોને એજ શબ્દો કહ્યા.

લોકોએ જવાબ આપ્યો, "આ હરામ મહિનો છે."[૧]

આપે હઝરત રબીઅહને ફરમાવ્યું, "લોકોને કહી દો કે :

"અલ્લાહ તઆલાએ તમારા ખૂનોને અને તમારા માલોને એકબીજા પર, પોતાના પાલનહારને જઈ મળો ત્યાં સુધી, એવી જ રીતે કાબિલે-એહતેરામ ઠરાવી દીધા છે જેવી રીતે તમારા માટે આ મહિનો કાબિલે-એહતેરામ ઠરાવ્યો છે."

પછી આપે હઝરત રબીઅહને ફરમાવ્યું, "લોકોને કહો :

"લોકો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પૂછે છે, શું તમને ખબર છે, આ કયું શહેર છે ?"

હઝરત રબીઅહએ બુલંદ અવાજે પોકારીને આ શબ્દો કહ્યા.

લોકોએ જવાબ આપ્યો, "આ બલદે-હરામ છે." (માનપાનવાળું શહેર છે.)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત રબીઅહને ફરમાવ્યું, "લોકોને કહો :

"અલ્લાહ તઆલાએ તમારા ખૂનો અને તમારા માલોને એકબીજા પર, તમારા પાલનહારને મળવા સુધી, કાબિલે-એહતેરામ ઠેરવી દીધા છે જેવી રીતે તમારા માટે, તમારું આ શહેર કાબિલે-એહતેરામ છે."

પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "હે રબીઅહ ! લોકોને કહો :

"લોકો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પૂછે છે : "શું તમને ખબર છે, આ કયો દિવસ છે ?"

હઝરત રબીઅહએ બુલંદ અવાજે પોકારીને આ શબ્દો દોહરાવી દીધા.

લોકોએ ઊંચા સ્વરે જવાબ આપ્યો, "આ હજ્જે-અકબરનો દિવસ છે." આપે ફરમાવ્યું, "હે રબીઅહ ! એમને કહો :

"અલ્લાહ તઆલાએ તમારા ખૂનોને અને તમારા માલોને, તમે મરીને પોતાના પાલનહારના દરબારમાં ઊભા થાવ ત્યાં સુધી, એવી જ રીતે આદરમાનને પાત્ર ઠરાવી દીધા છે જેવી રીતે તમારા માટે તમારો આ દિવસ આદરમાનને પાત્ર ઠેરવી દીધો છે."

વારસા, વંશ અને ગુલામ

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને લૈસ બિન અબૂ સલીમે, શહર બિન હવસબના વાસ્તાથી હઝરત અમ્ર

૧. એટલે હજ્જનો માનપાનવાળો મહીનો. શાહ સાહેબે જેમાં લડાઈ હરામ છે. "ક"

બિન ખારિજહની આ રિવાયત કહીં સંભળાવી. હઝરત અમ્ર બિન ખારિજહ ફરમાવે છે :

"મને અત્તાબ બિન ઉસૈદે એક જરૂરી કામ અંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મોકલ્યો.[૧] તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અરફાતમાં પધારેલા હતા.[૨] હું આપની તહેનાતમાં પહોંચીને આપની ઊંટણી પાસે એવી રીતે ઊભો થઇ ગયો કે ઊંટણીના મોઢાનું ફીણ મારા માથા પર પડવા લાગ્યું. એ સમયે મેં આપને આમ ફરમાવતાં સાંભળ્યા :

"હે લોકો ! અલ્લાહ તઆલાએ દરેક હકદારને (વારસામાં) તેનો હક આપી દીધો છે. હવે કોઇએ પોતાના વારસદારો માટે વસિય્યત કરી જવાની જરૂર નથી.

અને સાંભળો, બાળકનો વંશ તેના બાપ સાથે જોડવામાં આવશે અને વ્યભિચારી માટે પથ્થર છે.[૩] અને જે માણસે પોતાના બાપને છોડીને પોતાનો વંશ કોઇ બીજાની સાથે જોડ્યો, અને કોઇ ગુલામે પોતાના માલિકને છોડીને કોઇ બીજાને પોતાનો માલિક બનાવ્યો, તેની ઉપર અલ્લાહની, ફરિશ્તાઓની અને તમામ ઇન્સાનોની લઅનત છે. તેની કોઇ નેકી અલ્લાહ તઆલા ન વધારા સાથે કબૂલ કરશે ન નેકી જેવી બીજી કોઇ વસ્તુ કબૂલ કરશે."

બીજી કેટલી વાતોનું શિક્ષણ

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન નુજૈહએ કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અરફાતના મેદાનમાં થોભેલા હતા તે વેળા આપ જે પહાડ પર મવજૂદ હતા તેના વિષે ફરમાવ્યું:

"આ વુકૂફની જગા છે અને અરફાતનું પૂરૂં મેદાન વુકૂફની જગા છે."[૪]

અને જે સમયે સવારના પહોરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુઝદલિફહના "કુઝહ" નામે પહાડ પર ઊભેલા હતા તે વેળા આપે ફરમાવ્યું

"આ વુકૂફની જગા છે અને પૂરૂં મુઝદલિફહ વુકૂફની જગા છે."

પછી જયારે આપે મિના નામે મેદાનમાં કુરબાનીના જાનવરો ઝબહ કર્યા તો ફરમાવ્યું :

Maktabe Ashraf

---

૧. હઝરત અત્તાબ બિન ઉસૈદ (રદિયલ્લાહુ અન્હુ) મક્કહના ગવર્નરનું નામ. ફત્હે-મક્કહ બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને મક્કહના ગવર્નર બનાવ્યા હતા. "હ"

૨. અરફાત : એક મેદાનનું નામ. મક્કહથી લગભગ ૯ ગાઉના અંતરે આવેલું છે. અરફહના દિવસે એટલે ઝીલ-હજ્જની નવમી તારીખે હાજીઓ અહીં આવીને થોભે છે. લબ્બૈક પોકારે છે, નમાઝો પઢે છે, દુઆઓ માગે છે. એજ મેદાનમાં ઝુહર અને અસરની નમાઝો પઢીને બધા હાજીઓ મુઝદલિફહ તરફ રવાના થાય છે. અરફાતના મેદાનમાં થોભવું એ હજ્જનું અનિવાર્ય અંગ ગણાય છે. એ છૂટી જાય તો હજ્જ નહિ થાય. (કામૂસુલ-કુર્આન. પા. ૩૩૭) "હ"

૩. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક શબ્દો આ પ્રમાણે છે :

અલ-વલદુ લિ-ફિરાશ.	બાળક તેનું છે જેની પથારી પર પેદા થયું (નિકાહી બાપથી.)
વ લિલ-આહિરિલ-હજર.	અને ઝિનાખોર માટે પથ્થર છે. (ગુનાહ સાબિત થતાં સંગસાર)
વ હિસાબુ-હુમ અલલ્લાહ.	અને હિસાબ તેઓનો અલ્લાહના દરબારમાં થશે. "હ"

૪. વુકૂફ એટલે થોભવું, ઊભા રહેવું, ઉતારો લેવો, કિયામ કરવો, પડાવ નાખવો. "હ"

"આ જાનવરો ઝબહ કરવાની જગા છે અને પૂરૂં મિના જાનવરો ઝબહ કરવાની જગા છે." [૧]

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના આ અઝીમુશ-શાન ખુત્બહમાં હજ્જને લગતી તમામ વાતોનું મુસલમાનોને શિક્ષણ આપ્યું. જેમકે અરફાત અને મુઝદલિફહના મેદાનોમાં કયાં વુકૂફ કરવો, મિનામાં કયા સ્થળે જાનવરોની કુરબાની કરવી, રમીએ-જિમાર એટલે ત્રણે શયતાનોને કેવી રીતે કાંકરીઓ મારવી, બૈતુલ્લાહનો કેવી રીતે તવાફ કરવો. વળી હજ્જમાં કઇ વાતો હલાલ છે, કઈ વાતો હરામ છે (હજ્જના ફરાઇઝ, વાજિબાત, હજ્જના પ્રકાર વગેરે) એ તમામ વાતોનું આપે મુસલમાનોને શિક્ષણ આપ્યું.

એટલે જ આ હજ્જનું નામ "હજ્જતુલ-બલાગ" પણ છે અને "હજ્જતુલ-વદાઅ"પણ છે. એનું કારણ આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ હજ્જ પછી બીજી હજ્જ નહિ કરી. [૨]

સંપાદકની નોંધ : હજ્જતુલ-વદાઅ પ્રસંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની ઉમ્મતને સંબોધીને બયાન ફરમાવેલા અઝીમુશ-શાન ખુત્બહની મુખ્તસર વિગત આ છે :

ખુત્બહની ઇસ્લામી તારીખ : ૯ ઝીલ-હજ્જ સન ૧૦ હિજરી.

ખુત્બહની ઇસ્વી તારીખ : ૬ માર્ચ સન ૬૩૨ ઇસ્વી.

ખુત્બહનો દિવસ : શુક્રવાર એટલે જુમઅહનો મુબારક દિવસ.

ખુત્બહનો સમય : ઝવાલ એટલે સૂરજ ઢળવા પછી.

ખુત્બહનું સ્થળ : અરફાતનું મેદાન.

હાજીઓની સંખ્યા : ૧ લાખ ૨૫ હજારથી વધારે. એટલે એમાં મક્કહના શહેરીઓ અને મક્કહની આજુબાજુના વિસ્તારોમાં વસનારા લોકો અને મુલ્કે-યમનથી હજ્જ માટે આવેલા લોકોની સંખ્યા તે ઉપરાંત હતી.

અરફાતનું આખું મેદાન તંબૂઓ અને હાજીઓથી ચિક્કાર હતું. ખુત્બહમાં ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક અવાજ દૂર દૂર સુધી પહોંચતો હતો. આપની બાજુમાં હઝરત રબીઅહ બિન ઉમૈયહ ઊભેલા હતા. અને મેદાનમાં ચારે તરફ બીજા ગૃહસ્થો પણ ઠેર ઠેર ઊભેલા હતા જેઓ માટે "મુકબ-બિર"નો શબ્દ આવેલો છે. હઝરત રબીઅહ ખુત્બહના શબ્દો બુલંદ અવાજે દોહરાવતા હતા અને મુકબ-બિર ગૃહસ્થો એટલે અવાજ-પ્રસારકો તેને સાંભળીને ખુત્બહનો એક એક શબ્દ લોકોના કાનો સુધી પહોંચાડી દેતા હતા.

---

૧. એટલે પુરા મિનામાં કોઇ પણ જગાએ કુરબાની કરી શકાય અને ઉપરના મેદાનોમાં કોઇપણ જગાએ વુકૂફ કરી શકાય. "હ"

૨. હજ્જતુલ-બલાગ : બલાગના અર્થ પહોંચાડી દેવું, તબલીગ કરવી. આ હજ્જ પ્રસંગે હજ્જના કાયદા-કાનૂનની તઅલીમ આપવામાં આવી અને ઇસ્લામી અહકામની તબલીગ કરવામાં આવી જેથી એને હજ્જતુલ-બલાગ કહે છે અને હજ્જતુલ-વદાઅ એટલે તે હજ્જ જેના પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ જગતથી અને પોતાની ઉમ્મતથી રૂખ્સત થયા. "હ"

હજજતુલ-વદાઅનો વિગતવાર અહવાલ

ગુજરાતી સંપાદકની નોંધ

અલ્લામા ઇબ્ને હિશામની સીરતુન-નબીમાં હજજતુલ-વદાઅના પ્રકરણમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની જીવનના સૌથી પહેલા અને સૌથી આખેરી હજજની પૂરી વિગતો ટાંકેલી નથી. સહીહ હદીસોમાં બયાન થયેલી હજજની ઘણીખરી વાતો રહી જવા પામી છે. એવી જ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અઝીમુશ-શાન ''ખુત્બએ-અરફાત''ની કેટલીક મહત્વની વાતો પણ છૂટી જવા પામી છે. કદાચ લંબાણ વિવેચનથી વાંચકોને કંટાળો ન આવે તેવી બીકે અલ્લામા ઇબ્ને હિશામે ઇખ્તેસારની કળાથી કામ લીધું હોય તો નવાઇ જેવું નથી. જેમકે એના દાખલા આ કિતાબમાં મવજૂદ છે.

અમે પ્રમાણભૂત સીરત-ગ્રંથોને આધારે ''હજજતુલ-વદાઅ''નું વિગતવાર અને તારીખવાર બયાન અત્રે રજૂ કરીએ છીએ. હથુરણી

Maktabe Ashraf

હજજનો ઈરાદો અને તૈયારી

- શનિવાર તા. ૨૫ ઝુલ-કઅદ સન ૧૦ હિજરી
- મુતાબિક ૨૨ ફેબ્રુઆરી ૬૩૨ ઇસ્વી
- ઉંમર મુબારક : ૬૨ વરસ ૯ મહિના ૧૭ દિવસ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહથી હિજરત કરીને મદીનહ પધાર્યા તે પછી આપે પોતાના મુબારક જીવનમાં ફકત એક જ વાર કઅબહનો હજજ કર્યો છે. આપના આ પહેલા કે છેલ્લા હજજને ''હજજતુલ-વદાઅ'' કહે છે. અલ્લાહ તઆલા તરફથી સને ૯ હિજરીમાં મુસલમાનો પર હજજ ફર્ઝ કરવામાં આવ્યો જેમકે કુર્આને-મજીદમાં છે : વ લિલ્લાહિ અલન-નાસિ હિજજુલ-બયતિ મનિસ-તતાઅ ઇલૈહિ સબીલા. એટલે અલ્લાહ તઆલાને માટે લોકો પર ખાનએ-કઅબહનો હજજ ફર્ઝ કરવામાં આવ્યો એવા માણસ પર જે ત્યાં સુધી જવા આવવાની શકિત ધરાવતો હોય.

હજજ ફર્ઝ થવા પહેલાં એજ વરસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુની આગેવાની હેઠળ ૩૦૦ સહાબાની એક જમાઅતને હજજ માટે રવાના કરી હતી.આ હજજમાં અરબભરમાંથી આવેલા મુશરિકો કે મૂર્તિપૂજકોએ પોતાની અલગ વ્યવસ્થા હેઠળ હજજ કર્યો હતો અને

મુસલમાનોએ પોતાની અલગ વ્યવસ્થા હેઠળ હજ્જ કર્યો હતો.[૧]

હજ્જ ફર્ઝ થવા પછી સન ૧૦ હિજરીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે મુસલમાનોની એક મોટી જમાઅત સાથે બૈતુલ્લાહના હજ્જ માટે તશરીફ લઈ ગયા. હજ્જની ફર્ઝિયત પછી એ મુસલમાનોનો સૌથી પહેલો હજ્જ હતો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો પણ સૌથી પહેલા હજ્જની સાથે, સૌથી આખેરી હજ્જ હતો. એજ હજ્જનો સવિગત અહવાલ અહીં રજૂ કરીએ છીએ.

મદીનહથી રવાનગી——————૧૦ હિજરીના ઝુલ-કઅદનો મહિનો શરૂ થયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હજ્જની અદાયગી માટે મક્કહ જવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. મદીનહમાં વસનારા માનવંતા સહાબાને આપના આ મુબારક ઈરાદાની જાણ થઈ તો તેઓની ખુશીનો પાર ન રહ્યો. ઉમંગ અને ઉત્સાહભેર તેઓ હજ્જની તૈયારીમાં લાગી ગયા. બીજી તરફ મદીનહની આજુબાજુના વિસ્તારો અને દૂરદરાઝના ઈલાકાઓમાં વસનારા કબીલાઓ તરફ કાસિદો કે એલચીઓને રવાના કરવામાં આવ્યા કે જેથી તમામ મુસલમાનોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઈરાદાની જાણ કરવામાં આવે. જેમ જેમ સમાચાર ફેલાતા ગયા, લોકો આપના નૂરાની સાયા અને બા-બરકત સંગતમાં હજ્જની અદાયગીની તૈયારીઓ કરવા લાગ્યા. અને પછી તો જોતજોતામાં ચારે દિશાએથી લોકોના આગમનનો સિલસિલો લાગી ગયો.

આશિકાને-રસૂલના ટોળેટોળાં અને શમ્એ-નુબુવ્વતના પરવાનાઓના કાફલાના કાફલા ઊલટભેર મદીનહમાં ઊમટી પડયા. એટલા બધા લોકો આવી આવીને ભેગા થઈ ગયા કે જેનો કોઈ શુમાર જ ન હતો. મદીનહની બજારો, મહોલ્લાઓ અને ગલીકૂચીઓ માનવ મહેરામણથી છલકાવા લાગી. આપની ડાબી જમણી, આગળ પાછળ નજર પહોંચે ત્યાં સુધી આદમી જ આદમી દેખાતા હતા.

મદીનહથી ઊપડવાના એક દિવસ પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુમ્અહની નમાઝ વેળા ખુત્બો ઈરશાદ ફરમાવ્યો જેમાં અહરામનો પોશાક કેવી રીતે પહેરવો, અહરામની હાલતના નીતિનિયમો શું છે, હજ્જના ફરાઈઝ, વાજિબાત તથા સુન્નતો શું છે એ બધી વાતોની લોકોને તઅલીમ આપવામાં આવી.

ઝુલ-કઅદની ૨૫ તારીખ અને શનિવારનો દિવસ મદીનહથી રવાનગીનો દિવસ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગુસલ ફરમાવ્યો. મુબારક સરમાં તેલ લગાડીને કાંસકીથી વાળોની સજાવટ ફરમાવી. ધોયેલો સ્વચ્છ પોશાક સજીને તેને મુશ્કની ખુશબૂથી મહેકાવ્યો અને ઝુહરની પૂરી નમાઝ પોતાની મસ્જિદમાં અદા કરીને, ઝુહર તથા અસરના વચગાળાના સમયે મુસલમાનોની જમાઅત સાથે આપ મદીનહથી રવાના થયા.

મદીનહથી રવાના થવા પહેલાં આપે પોતાના નાયબ એટલે મદીનહના ગવર્નર તરીકે હઝરત અબૂ દુજાનહ સાઈદી અન્સારીની નિમણૂક કરી જેમનું અસલ નામ દહહાક બિન ખરશહ હતું. બીજી રિવાયત મુજબ હઝરત સબાઅ બિન અર્ફતહને આપે પોતાની જગાએ મદીનહના હાકિમ બનાવ્યા.

હજ્જની આ મુબારક સફરમાં આપની સાથે હજ્જમાં શામિલ થવા માટે જેટલા લોકો આવ્યા હતા તેઓની સંખ્યા એક રિવાયત મુજબ ૯૦ હજારની હતી. બીજી રિવાયત મુજબ એક લાખ ૧૪ હજારની હતી.

---

૧. હજ્જ શબ્દનો પ્રયોગ ઉર્દૂ ભાષામાં પુલ્લિંગ એટલે નરજાતિમાં થાય છે જેમકે હજ્જ કર્યો, હજ્જ થયો. આપણી ગુજરાતી બોલચાલમાં આ શબ્દ સ્ત્રીલિંગ એટલે નારીજાતિ તરીકે વપરાય છે જેમકે હજ્જ થઈ. હજ્જ કરી. એ નિયમ કરીને અમે ઉર્દૂ નિયમ અપનાવ્યો છે. "હ"

Maktabe Ashraf

મક્કહ તરફ જતાં રસ્તામાં જેટલા લોકો શામિલ થતા ગયા અને મક્કહમાં વસનારા લોકોમાંથી જેટલા શામિલ થયા અને મુલ્કે-યમનથી સીધા મક્કહ આવેલા લોકોની સંખ્યા તે ઉપરાંત હતી.

આ મુબારક સફરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર હરમમાંથી આપના ૯ પાક બેગમો, આપના લાડલાં સાહબઝાદી ખાતૂને-જન્નત બીબી ફાતિમહ, આપના ખાસ કુટુંબીજનો, અને આપના ખાદિમો કે આપનો આઝાદ ગુલામો પણ આપના સંગાથે હતા. હઝરત અલી આપના દામાદ તે વેળા મુલ્કે-યમનમાં હતા અને ત્યાંનું વહીવટી તંત્ર સંચલાવતા હતા, તેઓ મુસલમાનોની જમાઅત સાથે યમનથી સીધા મક્કહ આવીને આપની તહેનાતમાં હાજર થઈ ગયા.

મદીનહથી ઊપડતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કુરબાની માટેના ઊંટો પણ સાથે લીધાં હતાં. ઊંટો કુલ ૧૦૦ ની સંખ્યામાં હતાં અને કુરબાનીની નિશાની તરીકે ઊંટોના ગળામાં પટ્ટા પહેરાવી દીધા હતા. મક્કહમાં હજ્જ અને ઉમ્રહનો એહરામ ખોલવા બાદ એમાંના ૬૩ ઊંટો આપે પોતાના મુબારક હાથે ઝબહ કર્યા હતાં. ૬૩ ની સંખ્યા આપની મુબારક ઉંમરના પ્રમાણમાં હતી. બાકીના ઊંટો હઝરત અલીએ ઝબહ કર્યાં.

હજ્જ અને ઉમ્રહનો એહરામ——————મદીનહથી રવાના થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ "ઝુલ-હુલૈફહ" મુકામે પહોંચી ગયા. હજારો મુસલમાનોનો વિરાટ કાફલો આપના સંગાથે હતો. મદીનહથી આ સ્થળ ૬ માઈલના અંતરે આવેલું છે. અહીં પહોંચીને આપે કાફલા સાથે પડાવ નાખી દીધો.અસરની નમાઝનો સમય થઈ ગયો હતો. અઝાન પોકારવામાં આવી. અહીં તમામ મુસલમાનો સાથે આપે અસરની નમાઝ કસ્ર કરીને અદા કરી એટલે સફરની હાલતમાં હોવાથી ફર્ઝ નમાઝની ચાર રકઅતને બદલે બે રકઅત નમાઝ પઢી. મગરિબ અને ઈશાની નમાઝો પણ અહીં જ પઢવામાં આવી. આજની રાત આપે પૂરા કાફલા સાથે અહીં જ પસાર કરી. બીજા દિવસે ફજર અને ઝુહરની નમાઝો પણ ઝુલ-હુલૈફહમાં જ અદા કરી.

ઝુહરની નમાઝ પહેલાં આપે એહરામની નિય્યતે ગુસલ કર્યો. ગુસલથી પરવારીને એહરામના પોશાકની બે ચાદરો પરિધાન કરી. પછી મુસલ્લા પર પધારીને ઝુહરની બે રકઅત નમાઝ અદા કરી. તમામ મુસલમાનોએ પણ આપની ઇમામતમાં ઝુહરની નમાઝ પઢી. નમાઝથી ફારિગ થઈને આપે મુસલ્લા પર જ હજ્જ અને ઉમ્રહની ભેગી નિય્યતે અલ્લાહની હમ્દો-સના બયાન કરી.એક જ એહરામમાં હજ્જ અને ઉમ્રહની ભેગી નિય્યત હોય તો આ પ્રકારના હજ્જને "હજ્જે-કિરાન" કહે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઝુલ-હુલૈફહ મુકામે હજ્જ અને ઉમ્રહનો એહરામ બાંધી લીધો તો આપના અનુકરણમાં તમામ મુસલમાનોએ પણ એહરામ બાંધી લીધો. એજ દિવસથી આ સ્થળ મદીનહવાસીઓનું "મીકાત" બની ગયું. મીકાત એટલે હજ્જ અથવા ઉમ્રહ માટેનો એહરામ બાંધવાની જગા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "હજ્જે-કિરાન"ની નિય્યતે અલ્લાહની હમ્દો-સના બયાન કરીને તરત જ બુલંદ અવાજે "તલબિયહ" એટલે "લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક !" નો પોકાર ચાલુ કર્યો આ રીતે :

લબ્બૈક !	અમે હાજર છીએ.
અલ્લાહુમ્મ લબ્બૈક !	હે અલ્લાહ ! અમે હાજર છીએ.

લબ્બૈક !	અમે હાજર છીએ,
લા શરીક લકા લબ્બૈક !	કોઈ તારો ભાગીદાર નથી, અમે હાજર છીએ.
ઇન્નલ-હમ્દ	બેશક બધા વખાણ કે ગુણગાન તારા જ માટે છે.
વન-નિઅમત લકા વલ-મુલ્ક.	અને દરેક નેઅમત તથા આખું જગત તારૂં જ છે.
લા શરીક લક !	જેમાં કોઈ તારો શરીક કે ભાગીદાર નથી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના અનુકરણમાં તમામ મુસલમાનોએ પણ લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! નો પોકાર ચાલુ કર્યો. એ પછી આપ પોતાની કુસવા નામે ઊંટણી પર બિરાજમાન થયા. જેવી જ ઊંટણી ઊભી થઈ કે આપે ફરીવાર બુલંદ અવાજે લબ્બૈકનો પોકાર કર્યો અને મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું, "હે લોકો ! જિબ્રીલ મારી પાસે આવ્યા છે. ફરમાવે છે કે બુલંદ અવાજે લબ્બૈકનો પોકાર કરો. માટે તમે બધા પણ બુલંદ અવાજે લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક !....નો પોકાર કરો."

હજારો સહાબાના લબ્બૈકના પોકારોથી વાતાવરણ ગુંજી રહ્યું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝુલ-હુલૈફહ મુકામે બિરાજમાન હતા એ દરમિયાન એક બનાવ બની ગયો. હઝરત અબૂબક્ર સિદ્દીકના માનવંતા બેગમ હઝરત અસમા બિન્તે ઉમૈસ ઉમ્મીદથી હતાં. એજ સ્થળે પોતાના તંબૂમાં એમને ત્યાં મુહંમદ બિન અબૂબક્ર સિદ્દીક નામે પુત્રનો જન્મ થયો. હઝરત અબૂબક્રે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂછયું, યા રસૂલલ્લાહ ! અસમાએ શું કરવું જોઈએ ?"

આપે ફરમાવ્યું, "ગુસલ કરીને કપડું બાંધી લે અને એહરામ પહેરી લે."

ઝુલ-હુલૈફહથી હજ્જતુલ-વદાઅનો મુબારક કાફલો આગળ બઢયો. સફર દરમિયાન જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી ટેકરા પર ચઢતી યા ટેકરાની બુલંદીથી નીચે ઊતરતી તો આપ ઊંચા અવાજે લબ્બૈક પોકારતા અને આપના અનુકરણમાં હજારો સહાબા પણ લબ્બૈકના નૂરાની પોકારોથી વાતાવરણ ગજાવતા હતા.

હજ્જતુલ-વદાઅની આ સફરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "હુદી-ખ્વાની"માટે બે ગ્રહસ્થોની નિમણૂક કરેલી હતી. હુદી-ખ્વાની એટલે સફરમાં ઊંટોને તેજીથી ભગાવવા માટેનું ગીત. જયારે રેગિસ્તાનના સન્નાટામાં સુમધુર સ્વરે આ હુદી-ગીત લલકારવામાં આવે છે તો ઊંટો, બેખુદીની મસ્તીમાં મસ્ત થઈને ઝૂમતા-ડોલતા ખૂબ તેજીથી દોડવા લાગે છે. મરદોના ઊંટો માટે આપે હઝરત બરાઅ બિન માલિકની અને ઔરતોના ઊંટો માટે હઝરત અન્જશહ અસવદ હબશીની નિમણુંક કરી હતી. બંને ગૃહસ્થો આ ગીતકળાના નિષ્ણાત હતા. હઝરત અન્જશહ વધારે ખુશઈલ્હાન કે મધુર-કંઠી હતા. ખાતૂનોમાં આપનાં પાક બેગમો અને બેટી ફાતિમહ ઉપરાંત હઝરત અનસના અમ્માંજી હઝરત બીબી ઉમ્મે સુલૈમ પણ શામિલ હતાં.

હઝરત અન્જશહ જયારે દિલકશ સ્વરે હુદી-ગીત લલકારતા તો ખાતૂનોના ઊંટો મસ્ત થઈને ખૂબ તેજીથી ભાગવા લાગતા. આ મામલો દેખીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "અન્જશહ ! જરા ધીરેથી, આટલી તેજીથી નહિ. જુઓ ઊંટો પર નાજુક કાચ જેવી નાજુક નારીઓ કે ફૂલની કોમળ પાંખડીઓ બેઠેલી છે. હા, આહિસ્તગીથી, નરમીથી ચલાવો."

બીજી રિવાયતમાં છે, "અન્જશહ ! જુઓ નાજુક કાચને ઠેસ ન લાગી જાય !" એનાથી આપનો

Maktabe Ashraf

ઈશારો નાજુક જાતિ તરફ હતો કે હવ્વાની બેટીઓ તો આયના જેવી કે ફૂલની પાંખડી જેવી નાજુક હોય છે જેમકે સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં છે. અલ્લામા ઇબ્ને અસીરે "ઉસ્દુલ-ગાબહ"માં લખ્યું છે કે ખાતૂનોને લગતો આ બનાવ હજ્જતુલ-વદાઅના પ્રવાસમાં મક્કહ જતાં બનેલો છે. [1]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણીની પીઠ પર ન કોઇ કાઠી હતી ન ગાદી હતી ન અંબાડી હતી. આપ બહુ જ સાદગીથી પોતાની ઊંટણીની પીઠ પર બિરાજીને મઝાથી સફર કરતા હતા અને આ રીતે આપની ઊંટણી રસ્તાની મંઝિલો વટાવતી હતી. સાથે આપની મુબારક જીભ પર થોડીથોડી વારે તલબિયહ એટલે લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! નો પોકાર જારી હતો. રસ્તામાં લોકો આવી આવીને હજજના કાફલામાં ભળી જતા હતા. માનવ મેદની એટલી ચિક્કાર હતી કે નજરની હદ સુધી આદમી જ આદમી દેખાતા હતા. ફત્હે-મક્કહથી વાપસી વેળા મદીનહ સુધી આપે જયાં જયાં નમાઝો પઢી હતી તે બધા સ્થળોએ તબર્રૂક તરીકે સહાબાએ મસ્જિદો બનાવી લીધી હતી. આ સફર દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એ મસ્જિદોમાં નમાઝ અદા ફરમાવતા હતા.

હઝરત આઇશહનો મામલો————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી પ્રવાસની મંઝિલો વટાવતી જયારે "સરિફ"મુકામે પહોંચી તો અહીં વિસામો લેવા માટે આપ થોભી ગયા. સરિફ સ્થળ મદીનહથી મક્કહ જતાં રસ્તામાં પડે છે. મક્કહથી છ, સાત કે નવ માઇલ છેટું છે. કેટલાકે ૧૨ માઇલનું અંતર દર્શાવેલું છે. અહીં પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના પાક બીબી હઝરત આઇશહને જોયાં કે તેઓ બેહદ ગમગીન છે, ઉદાસ ચેહરે બેઠેલાં છે, આંખોમાં આંસુ તરી રહ્યા છે.

તઅજજુબથી પૂછયું, "આઇશહ ! શું મામલો છે ? ઉદાસ કેમ છો, રડવાનું શું કારણ ? શાયદ માસિક રૂતુ આવેલી લાગે છે ?"

"જી હા, યા રસૂલલ્લાહ! કદાચ મારા હજજમાં ખલલ પડશે કે અધૂરો રહી જશે એ વિચારે પરેશાન છું. મને રડવું આવે છે."

"મુદ્દલ પરેશાન થવાની કે રડવાની જરૂર નથી. એ તો એક કુદરતી નિયમ છે જે અલ્લાહ તઆલાએ હવ્વાની બેટીઓના નસીબમાં લખી દીધો છે."

પછી આપે એ સમસ્યાનો ફિકહી ઉકેલ લાવતાં ફરમાવ્યું, "જુઓ તમે હજજની તે બધી જ ક્રિયાઓ કરો જે બીજા હાજીઓ કરે છે. ફકત કઅબહનો તવાફ નહિ કરવો કેમકે કઅબહ મસ્જિદે-હરામમાં આવેલો છે અને ચાલુ હાલતમાં હૈઝવાળી સ્ત્રીએ મસ્જિદમાં દાખલ થવું હરામ છે."[2]

હઝરત બીબી આઇશહએ બીજી પાક બીબીઓ પેઠે ફકત ઉમ્રહનો એહરામ બાંધેલો હતો જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "હજજે-કિરાન"નો એહરામ બાંધેલો હતો. કિરાનનો એહરામ બાંધનારને "કારિન"કહે છે અને કારિન એવો હાજી જે એક જ સળંગ અહરામથી ઉમ્રહ પણ કરે છે અને હજજ પણ કરે છે. કારિન ઉમ્રહ કરવા પછી હજજનો પોશાક ઉતારી શકતો નથી. તેના માટે હજજના પોશાકમાં રહેવું

---

૧. અહદે-નુબુવ્વત કે માહ-વ-સાલ. ઉર્દૂ તરજુમો : હઝરત મવલાના મુહંમદ યૂસુફ લુધયાનવી પેજ ૩૫૭ "હ"

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ હુકમ દુનિયાની દરેક મસ્જિદને લાગુ પડે છે ત્રણ વ્યક્તિઓએ મસ્જિદમાં દાખલ થવું હરામ છે : (૧) હૈઝની હાલતમાં (૨) નિફાસની હાલતમાં (૩) જનાબતની હાલતમાં. "હ"

જરૂરી છે. પછી ઝીલ-હજ્જની દસમી તારીખે કુરબાની કરીને વાળો મુંડાવવા કે કતરાવવા પછી તે એહરામથી બહાર આવે છે. એથી વિરૂધ્ધ ઉમ્રહની નિય્યતે બાંધેલો એહરામ ઉમ્રહની અદાયગી પછી ખતમ થઈ જાય છે. એ પછી હજ્જ માટે તેણે બીજીવાર એહરામ બાંધવો પડે છે.

ઉમ્રહનો એહરામ અલગ હોય અને હજ્જનો એહરામ અલગ હોય એવા હજ્જને "હજ્જે-તમત-તુઅ" કહે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કારિન હતા જેથી આપે હઝરત આઇશહને ફરમાવ્યું, "તમે ગુસલ કરીને હજ્જની નિય્યતે એહરામ બાંધી લેજો."

ઔરતનો એહરામ આ છે કે માથા પર કપડું એવી રીતે બાંધી લે કે માથાના તમામ વાળો ઢંકાઈ જાય. કોઈ વાળ બિલકુલ દેખાવા ન પામે અને માથાનું એ કપડું ચેહરા પર ન લાગવા પામે. બાકીનો પોશાક રાબેતા મુજબનો હોય છે.

હઝરત બીબી આઇશહએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમ મુજબ ઉમ્રહનો એહરામ તોડીને હજ્જનો એહરામ બાંધી લીધો અને એજ એહરામમાં હજ્જથી પરવારીને પછી એહરામથી બહાર આવ્યાં. ખેદ આ વાતનો દર્શાવતાં હતાં કે બીજા લોકો તો હજ્જ અને ઉમ્રહની બબ્બે ઇબાદતો લઈને પોતાના ઘરે સિધાવશે ત્યારે હું ફક્ત હજ્જની એક જ ઇબાદત લઈને જઈશ. બાદમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એનો ઉકેલ પણ સૂચવી દીધો જેનું બયાન આગળ જતાં આવશે.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ (સલ.)ની મક્કહ પધરામણી

- તા. ૪ ઝીલ-હજ્જ સન ૧૦ હિજરી
- મુતાબિક ૧ માર્ચ સન ૬૩૨ ઈસ્વી
- ઉંમર મુબારક : ૬૨ વરસ ૯ મહિના ૨૬ દિવસ

મક્કહમાં પધરામણી————હજ્જ-પ્રવાસના નવમા દિવસે એટલે ઝીલ-હજ્જની ચોથી તારીખની સવારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝી-તુવા સ્થળે પધાર્યા. એ મક્કહની કોરેમોરે આવેલી એક ખુલ્લી જગા હતી. અહીં હજારો હાજીઓના વિરાટ કાફલા સાથે આપે ફજરની નમાઝ પઢી. મક્કહ શહેરમાં દાખલ થવા પહેલાં આપે ગુસલ ફરમાવ્યો અને સૂરજ ઊંચે ચઢી જવા પછી આપ મક્કહ તરફ રવાના થયા. મક્કહમાં "હજૂન" નામે એક લત્તો છે જ્યાં મક્કહનું મશહૂર કબ્રસ્તાન "જન્નતુલ-મુઅલ્લા"આવેલું છે. એજ તરફના રસ્તે થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મક્કહમાં દાખલ થયા. આગળ જતાં ખાનએ-કઅબહના દર્શન થયાં. ખાનએ-કઅબહ પર નજર પડતાં જ આપે આ દુઆ કરી :

અલ્લાહુમ્મ અન્તસ - સલામ.	હે અલ્લાહ ! તારા માટે સલામતી છે.
વ મિન્કસ - સલામ.	અને સલામતી તારા તરફથી છે.
હૈયિના રબ્બના બિસ-સલામ.	અમને જીવતા રાખ હે અમારા પાલનહાર ! સલામતીની સાથે.
અલ્લા હુમ્મ ઝિદ હાઝલ-બૈત	હે અલ્લાહ ! વધારો કર આ ઘરની
તશરીફંવ - વ તઅઝીમંવ	પ્રતિષ્ઠામાં અને અઝમતમાં,
વ તકરીમંવ - વ મહાબહ.	અને આબરૂમાં અને જાહોજલાલીમાં.

વ ઝિદ મન હજ્જહૂ વઅ-તમરહૂ	અને વધારો કર હજ્જ કરનાર અને ઉમ્રહ કરનારની
તકરીમંવ વ તશરીફંવ - વ તઅઝીમા.	આબરૂમાં અને પ્રતિષ્ઠામાં અને માનપાનમાં.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હરમે-કઅબહમાં એટલે મસ્જિદે-હરામમાં દાખલ થયા. અહીં આપે "તહિય્યતુલ-મસ્જિદ"ની નફિલ નમાઝ નહિ પઢી બલકે તવાફના ઇરાદે કઅબહ પાસે પધાર્યા. કઅબહનો તવાફ કરવો નમાઝનો હુકમ ધરાવે છે અને તવાફ કરવો એજ મસ્જિદે-હરામની તહિય્યત છે.

તવાફે-કુદૂમની શરૂઆત

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હજરે-અસ્વદ પાસે પધારીને એવી રીતે ઊભા થયા કે ખાનએ-કઅબહ આપની ડાબી તરફ હતો. પ્રથમ આપે હજરે-અસ્વદનો "ઇસ્તિલામ" કર્યો એટલે હજરે-અસ્વદને બોસો આપ્યો. પછી "બિસ્મિલ્લાહિ વલ્લાહુ અકબર" કહીને તવાફ શરૂ કર્યો. હજજનો આ તવાફ "તવાફે-કુદૂમ" કહેવાય છે. તવાફ દરમિયાન જ્યારે આપ "રૂકને-યમાની"[1] પાસે પહોંચતા તો હઝરત અબૂ હુરૈરહની રિવાયત મુજબ આ દુઆ પઢતા :

અલ્લા-હુમ્મ ઇન્ની અસ-અલુકલ-	હે અલ્લાહ ! હું યાચના કરૂં છું તારી પાસે
-અફ્વ વલ - આફિયહ	માફીની અને સલામતીની,
ફિદ-દીન વદ - દુન્યા વલ-આખિરહ.	દીનમાં અને દુનિયામાં અને આખેરતમાં.

અને જ્યારે તવાફમાં આપ હજરે-અસ્વદ તરફ વધતા તો આ દુઆ પઢતા :

રબ્બના આતિના ફિદ-દુન્યા હસનહ	હે અલ્લાહ ! અમને અર્પણ કર ભલાઈ દુનિયામાં
વફિલ-આખિરતિ હસનહ.	અને અર્પણ કર ભલાઈ આખેરતમાં.
વ કિના અઝાબન-નાર.	અને બચાવી લે અમને આગના અઝાબથી.
વ અદ્‌ખિલ-નલ-જન્નત	અને દાખલ કર અમને જન્નતમાં,
મઅલ-અબરાર.	નેક લોકોની સાથે.
યા અઝીઝો યા ગફ્ફારો	હે જોરાવર ! હે ક્ષમાદાતા !
યા રબ્બલ-આલમીન.	હે આખા જગતના પાલનહાર !

અને જ્યારે આપ હજરે-અસ્વદ પાસે પહોંચી જતા તો તેનો "ઇસ-તિલામ" કરતા. ઇસ્તિલામના ત્રણ તરીકા હતા. કદી આપ હજરે-અસ્વદનો, મુબારક હાથથી સ્પર્શ કરીને પોતાના હાથને ચુમી લેતા હતા. કદી પોતાની મુબારક પેશાની હજરે-અસ્વદ પર મૂકીને પવિત્ર હોઠોથી તેને બોસો આપતા હતા અને કદી પોતાની "મેહજન"થી હજરે-અસ્વદ તરફ ઇશારો કરીને મેહજનના છેડાને ચુમી લેતા હતા. મેહજન આપની હાથમાં રાખવાની લાકડીનું નામ હતું જેનો છેડો વાંકો વળેલો હતો.

હજરે-અસ્વદ પર તવાફનો પહેલો ફેરો પૂરો કરીને આપ બીજો ફેરો શરૂ કરી દેતા. તવાફના પહેલા ત્રણ ફેરાઓમાં આપે "રમલ" કર્યો. એટલે પહેલવાનો પેઠે સીનો તાણીને, નાના નાના ડગલાં ભરીને, ઝડપી

૧. રૂકને-યમાની : ખાનએ-કઅબહનો તે ખૂણો જે યમનની દિશાએ આવેલો છે અને જેના પછી હજરે-અસ્વદ આવે છે.

Maktabe Ashraf

ચાલે તવાફ કર્યો. સાથે એહરામની ચાદરને જમણી બગલથી કાઢીને ડાબા ખભા પર મૂકી રાખેલી.[1]

તવાફના સાત ફેરાઓથી ફારિગ થઈને આપ "મકામે-ઈબ્રાહીમ" પાસે પધાર્યા. આ સ્થળ ખાનએ-કઅબહના દરવાજાની સામે આવેલું છે. અહીં તે પથ્થર મૂકેલો છે જેની ઉપર અલ્લાહના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પગલાંના નિશાન બનેલાં છે. એજ પથ્થર પર ઊભા થઈને હઝરત ઈબ્રાહીમે અલ્લાહના હુકમ મુજબ ખાનએ-કઅબહનું ચણતર કર્યું હતું. જેથી એ પથ્થરને "મકામે-ઈબ્રાહીમ" કહે છે.

મકામે-ઈબ્રાહીમ પાસે આવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ આયત પઢી : "વત-તખિઝૂ મિમ-મકામિ ઈબ્રાહીમ મુસલ્લા." એટલે મકામે-ઈબ્રાહીમને સિજદહનું સ્થળ બનાવો. કિંવા તવાફથી પરવારીને અહીં નમાઝ પઢો. અહીં ઊભા થઈને આપે તવાફની બે રકઅત નમાઝ પઢી. પહેલી રકઅતમાં આપે "કુલ યા ઐયુહલ-કાફિરૂન"ની સુરત પઢી અને બીજી રકઅતમાં "કુલ હુવલ્લાહુ અહદ"ની સૂરત પઢી. નમાઝ ખતમ કરીને આપ હજરે-અસ્વદ પાસે પધાર્યા અને તેનો ઈસ્તિલામ કર્યો એટલે તેને બોસો આપ્યો.

સફા-મર્વહની સઅી————એ પછી આપ મસ્જિદે-હરામના બાબે-સફાથી નીકળીને સફા પહાડ પાસે પધાર્યા. આપના સંગાથે તવહીદના પરસ્તારોની હકડેઠઠ મેદની હતી. સફાની ટેકરી પર પધારીને આપે કુર્આને-મજીદની આ આયત પઢી : "ઈન્નસ-સફા વલ-મર્વત મિન શઆ - ઈરિલ્લાહ." એટલે સફા અને મર્વહ અલ્લાહની નિશાનીઓમાંથી છે.

Maktabe Ashraf

સફા પહાડની ટેકરીથી જ્યારે ખાનએ-કઅબહ પર આપની નજર પડી તો જોરથી અલ્લાહુ અકબર કહીને કંઈક બુલંદ અવાજે આપે ફરમાવ્યું.

લા ઈલાહ ઈલ્લલ-લાહુ.	અલ્લાહ વગર કોઈ મઅબૂદ નથી.
વહદહૂ લા શરીક લહૂ.	તે એક છે કોઈ તેનો શરીક નથી.
લહુલ-મુલ્કુ વલહુલ-હમ્દુ.	સત્તા અને વખાણ તેને જ શોભે છે.
યુહયી વ યુમીતુ.	તેજ જીવન આપે છે તેજ મૃત્યુ આપે છે.
વહુવ અલા કુલ્લિ શૈઈન કદીર.	અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે.
લા ઈલાહ ઈલ્લલ-લાહુ વહદહૂ	અલ્લાહ સિવાય કોઈ પૂજાપાત્ર નથી અને તે એક છે
વ સદક વઅદહૂ	અને તેણે પોતાનો વાયદો પૂરો કર્યો.
વ નસર અબ્દહૂ	અને તેણે પોતાના બંદાની મદદ ફરમાવી.
વ હઝમલ-અહઝાબ વહદહૂ.	અને તેણે એકલાએ આખા ટોળાંને શિકસ્ત આપી.

સફા પહાડની ટેકરી પર ઊભા રહીને અને કઅબહ તરફ મુખ કરીને, ઉપરના કલિમાત પઢી આપે બારગાહે-ઈલાહીમાં આ દુઆ માગી :

અલ્લાહુમ્મ ઈન્ના નસ-અલુક	હે અલ્લાહ ! અમે સવાલ કરીએ છીએ તુજથી
મૂજિબાતિ રહ-મતિક.	તારી રહમતને વાજિબ કરનારા કામોનો !
વ અઝાઈમિ મગ-ફિર-તિક.	અને તારી માફીને પાકી બનાવનારી આદતોનો !

૧. તવાફમાં રમલની વિગત અમે "ઉમ્રતુલ-કઝા"ના પ્રકરણમાં દર્શાવી આવ્યા છીએ. "હ"

વ ઇસ્મત મિન કુલ્લે ઝંબિન.	અને દરેક ગુનાહથી હિફાઝતનો !
વ ગનીમત મિન કુલ્લે બિર્રિન.	અને દરેક નેકીથી નેઅમતનો !
વસ - સલામત,	અને સલામત રહેવાનો;
મિન કુલ્લે ઇસ્મિન.	દરેક નાફરમાનીથી !
લા તદઅ લના ઝમ્બન,	હે અલ્લાહ ! અમારો કોઇ એવો ગુનોહ ન રહેવા દે;
ઇલ્લા ગફર્ - તહૂ.	જેને તું માફ ન કરી દે !
વલા હમ્મન,	અને અમારો કોઇ એવો ગમ ન રહેવા દે;
ઇલ્લા ફર્રજ - તહૂ.	જેને તું દૂર ન કરી દે !
વલા હાજતન,	અને અમારી કોઇ એવી હાજત
હિયા લકા રિદન,	જે તારી મરજી મુજબની હોય,
ઇલ્લા કદૈતહા.	તેને પૂરી કર્યા વગર ન છોડજે !
યા અર-હમર - રાહિમીન.	હે દયાળુઓના દયાળુ !

આ દુઆ ખતમ કરીને આપે ત્રણ વાર આ કલિમાત દોહરાવ્યા :

લા ઇલાહ ઇલ્લલ-લાહુ.	અલ્લાહ વગર કોઇ પૂજપાત્ર નથી,
વહદહૂ લા શરીક લહૂ.	તે એક છે તેનો કોઇ શરીક નથી,
લહુલ-મુલ્કુ વ લહુલ-હમ્દુ.	સત્તા અને વખાણ તેને જ શોભે છે,
યુહયી વ યુમીતુ	તેજ જીવન આપે છે તેજ મૃત્યુ આપે છે.
વ હુવા અલા કુલ્લે	અને તે દરેક વસ્તુ પર
શૈઇન કદીર.	સર્વ શક્તિમાન છે.

એ પછી આપે સફા-મર્વહની સઅી શરૂ કરવા પહેલાં આ શબ્દો ફરમાવ્યા :

અબ્દઉ બિમા	હું શરૂઆત કરૂં છું તેજ વાતથી
બ-દ-અલ્લાહુ બિહી.	જેનાથી અલ્લાહ તઆલાએ શરૂઆત કરી.

આમ ફરમાવીને આપ સફા પર્વતની ટેકરીથી નીચાણ તરફ ઊતરીને મર્વહ પહાડ તરફ જવા લાગ્યા. ધીમી ગતિથી ચાલતા આપ આગળ વધ્યા અને જ્યારે "મૈલૈનલ-અખ્દરૈન" ના પહેલા થાંભલા પાસે પહોંચી ગયા તો અહીંથી આપ કંઇક ઝડપી ચાલે દોડવા લાગ્યા ત્યાં સુધી કે આપ એજ નામના બીજા થાંભલા સુધી પહોંચી ગયા.

"મૈલૈનલ-અખ્દરૈન" લીલા રંગના બે થાંભલાઓને કહે છે. સફા-મર્વહની રાહદારીમાં લીલા રંગના એ બે થાંભલાં આવે છે. સઅી કરનારાઓને બંનેની વચ્ચે કંઇક ઝડપી ચાલે દોડવું પડે છે. કારણ એમ છે કે અહીં અલ્લાહના પયગમ્બર હજરત ઇબ્રાહીમ અલૈહિસ-સલામના પાક બીબી હજરત હાજિરહ અલૈહસ-સલામ પોતાના ધાવણા બાળક હજરત ઇસ્માઇલને ઝમઝમના કૂવાને સ્થળે મૂકીને પાણીની તલાશમાં, સફા મર્વહની પહાડીઓ વચ્ચે દોડ્યાં હતાં. લીલા નિશાનવાળા થાંભલા વચ્ચેની જમીન નીચાણમાં હોવાથી હજરત ઇસ્માઇલ નજરથી ઓઝલ થઇ જતા હતા જેથી બીબી હાજિરહ ઝડપી ગતિએ દોડવા લાગતાં હતાં. જેટલી

Maktabe Ashraf

જમીનમાં દોડયાં હતાં ત્યાં લીલા થાંભલાના નિશાન કરી દેવામાં આવ્યાં છે.

એજ લીલા નિશાનવાળા બીજા થાંભલા પાસે પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની ચાલ ધીમી કરી નાખી અને એજ ચાલે ચાલતા આપ મર્વહ પહાડની સામી ટેકરી પર પહોંચી ગયા. અહીં ઊભા રહીને આપે પોતાનો મુબારક ચેહરો કઅબહ તરફ કરી લીધો અને અલ્લાહુ અકબર કહીને તેજ કલિમાત સાથે તેજ દુઆ માગી જે સફા પર્વતની ટેકરી પર માગી હતી.

આ રીતે સફાથી મર્વહ સુધીનો એક ફેરો પૂરો થયો. બીજા ફેરાની શરૂઆત કરતાં આપ મર્વહની ટેકરી પરથી ઊતરીને સફા તરફ રવાના થયા. આ પ્રમાણે આપે સફા-મર્વહના સાત ફેરા કર્યા. આ સાત ફેરાઓને સફા-મર્વહની સઅી કહે છે. સાતમે ફેરે મર્વહની ટેકરી પર પહોંચીને આપે પોતાની સઅી પૂરી કરી.

સફા-મર્વહની સઅીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે ગણ્યા ગણાય નહિ એટલા સહાબા જોડાયા હતા. આપની જમણી-ડાબી, આગળ-પાછળ આદમી જ આદમી હતા. સફાથી મર્વહ સુધીની રાહદારી માનવ મહેરામણથી ચિક્કાર હતી. બધા ગંભીર ચાલે ચાલતા, અલ્લાહના ગુણગાન કરતા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની મુખડાના દીદારથી પોતાની આંખોને ઠંડી કરતા હતા. હજારો પરદેશી હાજીઓ એવા હતા જેઓ જીવનમાં પ્રથમવાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની મુખડાના દીદારથી પાવન થતા હતા. આપના નૂરાની મુખડા પર નજર પડતાં જ તેઓ નિરંકુશ રીતે પોકારી ઊઠતા, "હાઝા મુહંમદ ! હાઝા રસૂલુલ્લાહ ! હાઝા નબીય્યુલ્લાહ !"

સફા-મર્વહની સઅીથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં ટેકરી પર જ બિરાજમાન રહ્યા. હવે શું કરવું તે માટે લોકો આપના હુકમની રાહ જોતા હતા. એટલામાં આપે લોકોને સંબોધીને ફરમાવ્યું:

> "જે લોકો પોતાની સાથે કુરબાનીના જાનવર નથી લાવ્યા તેઓ વાળ મૂંડાવીને કે કતરાવીને હલાલ થઈ જાય (એટલે એહરામનો પોશાક ઊતારી નાખે.) અને જે લોકો પોતાની સાથે કુરબાનીના જાનવર લાવ્યા હોય તેઓ એહરામની હાલતમાં જ રહે."

હલાલ થવાનો અર્થ આ છે કે એહરામના પોશાકમાં જે વાતો હરામ હતી, એહરામ ઉતારી નાખવા પછી એ બધી વાતો તેના માટે હલાલ થઈ ગઈ. જેમકે સીવેલાં કપડાં પહેરવાં, ખુશ્બૂ લગાડવી, પત્ની સમાગમ વગેરે.

જે લોકો હજ્જ અને ઉમ્રહની ભેગી નિય્યતે આવેલા હતા પણ કુરબાનીના જાવનર લાવેલા ન હતા એ બધા આપનાં હુકમ સાંભળીને વિચારમાં પડી ગયા. પૂછયું, "યા રસૂલલ્લાહ ! અમારે શું કરવું ?"

ફરમાવ્યું, "એહરામ ઉતારીને હલાલ થઈ જાવ. હજ્જના દિવસોમાં ફરીવાર હજ્જની નિય્યતે એહરામ બાંધી લેજો. અગર હું કુરબાનીના જાનવર સાથે લાવ્યો ન હોત તો હું પણ એહરામ ઉતારીને હલાલ થઈ જાત!"

આમ ફરમાવીને આપ પોતાની ઊંટણી પર બિરાજમાન થઈ ગયા. જે તરફથી આપની ઊંટણી પસાર થતી લોકોના ટોળેટોળાં આપના દર્શન માટે ભેગા થઈ જતાં. આપના નૂરાની ચેહરાના દર્શન થતાં જ તેઓ આનંદમાં આવીને બે-ઇખ્તેયાર પોકારી ઊઠતા : "હાઝા રસૂલુલ્લાહ ! હાઝા મુહંમદ !"

આપના ફરમાન મુજબ એહરામમાંથી નીકળી આવવા માટે કેટલાક લોકોએ પોતાના માથાં અસ્તરાથી

Maktabe Ashraf

એકદમ મૂંડાવી નાખ્યાં અને કેટલાક લોકોએ અસ્તરો ફેરવવાને બદલે કાતરથી પોતાના વાળો કપાવી લીધા. જેટલા લોકોએ માથાં મૂંડાવી નાખ્યાં હતાં એ બધા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક વાર નહિ, ત્રણવાર આ શબ્દોમાં દુઆ ફરમાવી :

અલ્લા - હુમ્મર - હમિલ મુહલ-લિકીન.	હે અલ્લાહ ! રહમ ફરમાવજે મૂંડન કરાવનારાઓ પર !

એથી વિરુધ્ધ જે લોકોએ વાળો કાતરથી કપાવ્યા હતા તેઓ માટે ફક્ત એક જ વાર દુઆ ફરમાવી.

યમનથી હઝરત અલીનું આગમન————ઊંટાણીની પીઠ પર બિરાજમાન રહીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઉતારે તશરીફ લઇ ગયા. એટલામાં આપના કાકાભાઇ અને દામાદ હઝરત અલી બિન અબી તાલિબ રદિયલ્લાહુ અન્હુ કુરબાનીના જાનવર સાથે લઇને યમનથી સીધા આપની તહેનાતમાં હાજર થયા. આપે હઝરત અલીને યમનના ગવર્નર અથવા મહસૂલ ખાતાના મંત્રી બનાવીને યમન મોકલ્યા હતા. લોકોને ઇસ્લામનું શિક્ષણ પણ આપતા હતા અને બૈતુલ-માલનું વહીવટીતંત્ર પણ ચલાવતા હતા. બીજા શબ્દોમાં કહીએ તો હઝરત અલીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુલ્કે-યમનના નાણા પ્રધાન બનાવીને મોકલ્યા હતા. હજ્જના નિર્ણય પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલીને સીધા મક્કહ આવી જવાની કહેણ મોકલાવી દીધી હતી.

સલામ કલામ બાદ આપે તેમને પૂછયું, "અલી ! એહરામ બાંધતી વેળા શું નિય્યત કરી છે ?"

અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મેં આ પ્રમાણે એહરામની નિય્યત કરી છે :

અલ્લાહુમ્મ ઇન્ની ઉહિલ્લુ બિમા અહલ્લ બિહી રસૂલુક.	હે અલ્લાહ ! હું તેજ વાતનો એહરામ બાંધું છું જેનો એહરામ તારા રસૂલે બાંધ્યો છે.

આ સાંભળીને આપે ફરમાવ્યું, "અલી ! તમે પણ મારા જ જેવો એહરામ બાંધ્યો છે. હું પણ હજ્જે-કિરાનની નિય્યતે એહરામ બાંધીને કુરબાનીના જાનવર લઇ આવ્યો છું. તમારે પણ હજ્જ પૂરી થાય ત્યાં સુધી એહરામમાં જ રહેવું."

મુલ્કે-યમનના સમાચાર આપીને અને બીજી વાતો કરીને હઝરત અલી પોતાના માનવંતા બેગમ ખાતૂને-જન્નત હઝરત બીબી ફાતિમહ રદિયલ્લાહુ અન્હાની મુલાકાત માટે ગયા. જોયું તો બીબી ફાતિમહ એહરામમાં ન હતાં. કંગી-ચોટી કરીને, ખુશ્બૂ લગાડીને, રંગીન કપડાંમાં હતાં. નારાજીથી પૂછયું, "ફાતિમહ! આમ કેમ? એહરામનું શું થયું ?"

ખાતૂને-જન્નત બોલ્યાં, "એહરામ ઉતારી નાખ્યો છે. મારા બાપા અલ્લાહના રસૂલે અમને એજ હુકમ આપ્યો છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બીબીઓમાંથી હઝરત આઇશહ વગર બધી બીબીઓએ પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હુકમથી એહરામ ઉતારી નાખ્યો હતો. એ પછી હઝરત અલીએ ખાનએ-કઅબહનો તવાફ કર્યો અને સફા-મર્વહની સઅીથી પરવારીને હજ્જના અંત સુધી એહરામના પોશાકમાં જ રહ્યા.

મુલ્કે-યમનથી હઝરત અલી પોતાનું લશ્કર લઇને મક્કહ આવવા નીકળ્યા હતા. જેમ બને તેમ જલદી

મક્કહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુલાકાત અને દીદારથી મુશર્રફ થવાની તમન્ના દિલમાં ઉછાળા મારતી હતી. લશ્કરને પાછળ છોડીને મારતી સવારીએ હઝરત અલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા હતા. નક્કી થયેલા દિવસે લશ્કર મક્કહ આવી લાગ્યું હતું. ઉમ્રહથી પરવારીને હઝરત અલી પોતાના લશ્કરને મળવા ગયા. શું જુએ છે કે યમનના કીમતી કાપડથી બનેલો મૂલ્યવાન પોશાક પહેરીને લશ્કરના બધા માણસો ઊભેલા છે. આ પોશાક યમનના વેપારીઓ તરફથી આવકવેરા કે રક્ષણવેરા તરીકે મળેલો હતો અને હઝરત અલીએ તેને રાજ્યના બૈતુલ-માલના ભંડારખાનામાં મૂકાવી દીધો હતો. લશ્કરના ઉપરીએ પોતાની સત્તાનો ઉપયોગ કરીને કે પછી લાંચ યા ધાકધમકીથી બૈતુલ-માલના કર્મચારી પાસેથી એ પોશાક મેળવીને લશ્કરમાં વહેંચી દીધો હતો.

અસલ હકીકતની ખબર ન હોવાથી હઝરત અલીએ લશ્કરના ઉપરીને પૂછ્યું, ''આ પોશાક કેવો?''

તેણે ઠાવકા મુખે જવાબ આપતાં કહ્યું, ''હઝરત ! આ પોશાક લશ્કરના તમામ માણસોને મેં પહેરાવ્યો છે. કારણ આટલું કે આપણા લશ્કરના માણસો લોકોની સામે જાય તો દેખાવે તેઓ રૂડા-રૂપાળા લાગે અને નોખા તરી આવે.''

આ કોઈ મકબૂલ જવાબ ન હતો. હઝરત અલી નારાજ થઈ ગયા. ફરમાવ્યું, ''એથી પહેલાં કે તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થાવ, આ પોશાક તમારે ઉતારી નાખવો પડશે.''

હઝરત અલીના હુકમનું પાલન કરવામાં આવ્યું. બધાએ પોશાક પરત કરી દીધો અને હઝરત અલીએ તેને યમનના બૈતુલ-માલના ભંડારખાનામાં જમા કરાવી દીધો. પણ હઝરત અલીના આ કડક વલણથી લશ્કરીઓના દિલોમાં ઓછું આવી ગયું. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં જઈને હઝરત અલીની ફરિયાદ કરી તો આપે ફરમાવ્યું, ''અલીથી અન્યાય થાય તે હું માનું નહિ. અલી અલ્લાહના મામલામાં બહુ સાવચેત અને સખત છે. અલી વિરૂધ્ધ કોઈ ફરિયાદ થઈ શકે નહિ.'' [૧]

મુબારક સવારી મિના તરફ

- ૮ ઝીલ-હજ્જ ૧૦ હિજરી
- ૫ માર્ચ ૬૩૨ ઈસ્વી
- ઉંમર મુબારક : ૬૨ વરસ ૯ મહિના
- જુમેઅરાત - (ગુરુવાર)

મિનામાં પધરામણી અને કિયામ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ચાર દિવસો—રવિવાર, સોમવાર, મંગળ, બુધ—સુધી મક્કહ મુકર્રમહમાં બિરાજમાન રહ્યા. ઝીલ-હજ્જની ૮ તારીખે, જુમેઅરાતના દિવસે, ચાશતના સમયે એટલે સૂરજ ખાસો ઊંચે ચઢી ગયો તો આપ પોતાની કુસવા નામે ઊંટણીની પીઠ પર બિરાજમાન થઈને મિના તરફ રવાના થઈ ગયા. હજારો સહાબામાંથી જે લોકોએ ઉમ્રહ કરીને એહરામનો પોશાક ઉતારી નાખ્યો હતો તેઓ પણ નવેસરથી એહરામનો સાદો-સફેદ પોશાક સજીને,

૧. હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહુ અન્હુની રિવાયતથી સીરત-ગ્રંથોમાં આ બનાવ ટાંકેલો છે. ''હ''

Maktabe Ashraf

લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! ના નૂરાની નઅરા ગજાવતા, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક સવારી સાથે મિના તરફ રવાના થઇ ગયા. તવહીદના પરસ્તારો અને શમ્એ-નુબુવ્વતના પરવાનાઓનું એક ધસમસ્તુ પૂર હતું જે એહરામના સફેદ પોશાકમાં સજ્જ થઇને, મકકહની બજારો અને ગલીકૂચીઓમાંથી, લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! ના નૂરાની નઅરા લલકારતું મિનાના મેદાન તરફ ધસી રહ્યું હતું. [1]

મિના પહોંચીને હાલ જે સ્થળે મસ્જિદે-ખૈફ આવેલી છે એજ જગાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની સવારી થોભાવી દીધી. ઊંટણી પરથી ઊતરીને આપે આ ખૈફ નામે સ્થળે કિયામ કરી લીધો. પહાડીની ઊંચી કે બુલંદ ટેકરીને અરબીમાં ખૈફ કહે છે. આપના અનુકરણમાં હજારો મુસલમાનોએ પણ ખૈફની આજુબાજુના મેદાનમાં તંબૂઓ ઠોકીને પડાવ નાખી દીધો. આજે મસ્જિદે-ખૈફના પ્રાંગણમાં મસ્જિદનો જે ગુંબદ બનેલો છે એજ ગુંબદની જગાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો તંબૂ હતો જેમાં આપે ઉતારો લીધો હતો અને પૂરી રાત આપ એમાં જ બિરાજમાન રહ્યા હતા.

મિનામાં પોતાના તંબૂમાં કિયામ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હજારો મુસલમાનો સાથે ઝુહર અને અસરની નમાઝો અદા કરી. એ પછીની બાકી નમાઝો પણ તેના સમયે અહીં જ અદા કરવામાં આવી. અને પૂરી રાત મિનાના એજ મેદાનમાં આપે પોતાના સહાબા સાથે અલ્લાહની યાદમાં વીતાવી દીધી. એ આવતી કાલની જુમઅહની મુબારક રાત હતી અને આવતી કાલનો દિવસ અર્ફહનો મુબારક દિવસ હતો.

ગુફામાંથી નીકળેલો સાપ————અર્ફહની એજ રાતે જયારે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના તંબૂમાં બિરાજમાન હતા એક અજીબ બનાવ બની ગયો. બન્યું એમ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના તંબૂને અડીને આવેલી ગુફા પાસે બેસીને અલ્લાહની યાદમાં લીન હતા એટલામાં હઝરત જિબ્રીલ (અલૈ.)ની પધરામણી થઇ. તેમણે અલ્લાહ તઆલા તરફથી આપની ઉપર કુર્આને-મજીદની સૂરએ-મુર્સલાત ઉતારી. હઝરત જિબ્રીલના જવા પછી આપે સહાબાને બોલાવ્યા અને તેઓની સામે તરત ઊતરેલી તાઝી સૂરતની તિલાવત શરૂ કરી. એટલામાં બાજુની ગુફામાંથી એક સાપ નીકળી આવ્યો. થોડે દૂર થોભીને તે પણ આપની નૂરાની જીભથી સૂરએ-મુર્સલાતની તિલાવત સાંભળવા લાગ્યો. સાપ એક મૂઝી જાનવર હોવાથી સહાબા તેને મારવા દોડ્યા એટલામાં સાપ નજરથી ગાયબ થઇ ગયો. આ જોઇને આપે ફરમાવ્યું, ''સાપ તમારા ત્રાસથી બચી ગયો જેવી રીતે તમે તેના ત્રાસથી બચી ગયા.'' [2]

અરફાતના મેદાનમાં

- ઝીલ-હજ્જ ૧૦ હિજરી - ૯ માર્ચ ૬૩૨ ઈસ્વી.
- જુમઅહ મુબારક - ૧૧મે - અર્ફહ.
- ઉંમર મુબારક : ૬૨ વરસ ૯ મહિના ૧ દિવસ.

---

૧. મિના : મક્કહથી ચાર પાંચ માઇલના અંતરે આવેલું મેદાન. એનું મિના નામ એટલા માટે પડ્યું કે, જન્નતમાંથી જમીન પર ઊતરવા બાદ હઝરત આદમ (અલૈ.)ને હઝરત જિબ્રીલ (અલૈ.)એ પૂછ્યું, ''કહો શું તમન્ના છે ?''જવાબમાં હઝરત આદમે કહ્યું, ''જન્નત.'' આ વાતચીતના ''તમન્ના''શબ્દમાંથી મિના શબ્દ નીકળેલો છે. મિનાના બીજા અર્થ વહાવવું, રેડવું વગેરે થાય છે. હજ્જ પ્રસંગે એ મેદાનમાં કુરબાનીના જાનવરોનું લોહી વહાવવામાં આવે છે જેથી એનું નામ મિના પડ્યું. વલ્લાહુ અઅલમ. (અસિહ-હુસ-સિયર પેજ ૪૯૬) ''હ''

૨. અહદે-નુબુવ્વત કે માહ-વ-સાલ. પેજ ૩૬૬ ''હ''

અરફાત તરફ રવાનગી——————આજે ઝીલ-હજ્જની નવમી તારીખ અને શુક્રવાર એટલે જુમઅહનો મુબારક દિવસ છે. આજની નવમી તારીખને યવમુલ-અર્ફહ એટલે અર્ફહનો દિવસ કહે છે. ગઈકાલની ચાર નમાઝો અને આજની ફજરની નમાઝ-કુલ પાંચ નમાઝો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મિનામાં અદા ફરમાવી.

આજની ફજરની નમાઝથી ફારિગ થવા પછી જ્યારે આફતાબે-આલમતાબ એટલે જગતને પ્રકાશિત કરનાર સૂર્યનો ઉદય થયો તો આપે હાજીઓના વિરાટ કાફલાને મિનાથી અરફાત તરફ કૂચ કરવાનો હુકમ ફરમાવ્યો. આપના ફરમાનથી આપની ઊંટણીને હાજર કરવામાં આવી. અલ્લાહનું નામ લઈને આપ ઊંટણીની પીઠ પર સવાર થયા અને આપની મુબારક સવારી, મિનાના ખૈફ મુકામેથી કૂચ કરીને અરફાતના મેદાન તરફ રવાના થઈ. આપના નૂરાની છત્રછાયા હેઠળ તવહીદના પૂજારીઓનો વિરાટ કાફલો અરફાતના મેદાન તરફ રવાં-દવાં હતો. નજર પહોંચે ત્યાં સુધી ગણ્યા ગણાય નહિ એટલા ઈન્સાનો હોવા છતાં ન દુનિયવી વાતોનો શોરબકોર હતો, ન ચીખ-પોકારનો કોલાહલ હતો. આ વિરાટ કાફલામાંથી કોઈની જીભ પર અલ્લાહુ અકબરનો નઅરો હતો તો કોઈ મોટેથી લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! પોકારતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બધું સાંભળતા હતા પણ કંઈ ફરમાવતા ન હતા. મકસદ દરેકનો અલ્લાહના યશોગાન કે અલ્લાહના કીર્તન વગર કશો ન હતો. અલબત્ત હજ્જના પ્રસંગને અનુસરીને લબ્બૈક! ના નૂરાની શબ્દો વધારે બંધબેસતા હતા જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ એજ શબ્દોથી પોતાના પાલનહારના દરબારમાં પોતાની હાજરી પૂરાવતા હતા.

અરફાતના મેદાનમાં પ્રવેશીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી જ્યારે "**નમિરહ**" નામની જગાએ પહોંચી તો આપે ઊંટણીનો અછોડો ખેંચી લીધો. અહીં આપ ઊંટણીની પીઠ પરથી ઊતરી પડ્યા. નમિરહ છૂટીછવાઈ વસતિવાળું એક નાનકડું ગામડું હતું જે અરફાતના મેદાનમાં પૂર્વ દિશાએ આવેલું હતું. એજ નમિરહ સ્થળે આપના માટે એક તંબૂ ઊભો કરી દેવામાં આવ્યો. એમાં જ બિરાજમાન થઈને આપ અલ્લાહની યાદમાં લીન થઈ ગયા.

સૂરજ ઢળવા સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ નમિરહ સ્થળે પોતાના તંબૂમાં બિરાજમાન રહ્યા. એ પછી આપે સવારી હાજર કરવાનો હુકમ ફરમાવ્યો. કુસવા સાંઢણીને આપની તહેનાતમાં હાજર કરવામાં આવી. આપ તેની પીઠ પર બિરાજમાન થઈને અરફાતના મેદાનની મધ્યમાં પહોંચી ગયા. આજે ઝીલ-હજ્જની નવમી તારીખ અને જુમઅહનો મુબારક દિવસ હતો. આખું મેદાન આ છેડાથી તે છેડા સુધી માનવંતા હાજીઓની હકડેઠઠ મેદનીથી ભરચક હતું. નજર પહોંચે ત્યાં સુધી માનવ મહેરામણ મોજાં મારતો હતો. દરેકની જીભ પર અલ્લાહ રબ્બુલ-ઈઝ્ઝતના યશોગાનનું રટણ હતું. અત્યારે લાખ, સવા લાખ બલકે તેથી વધુ હાજીઓનો વિરાટ સમૂહ પોતાના પાલનહારના દરબારમાં તેના આદેશોનું પાલન કરવા નખશિખ આતુર હતો.

અરફાતનો અઝીમુશ-શાન ખુત્બો

કુસવા સાંઢણીની પીઠ પર બિરાજમાન રહીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક ટેકરી પર પધાર્યા અને પછી આપે પોતાનો તે અઝીમુશ-શાન ખુત્બો બયાન ફરમાવ્યો જેના બોલેબોલમાં આખા જગતની

Maktabe Ashraf

માનવજાતિનો ઉધ્ધાર રહેલો છે. પોતાની છટાદાર અને નૂરાની વાણીનું એક વાકય બયાન ફરમાવીને આપ થોભી જતા. આપના પડખે હઝરત રબીઅહ બિન ઉમૈયહ બિન ખલફ ઊભેલા હતા. તેઓ આપના વાકયને બુલંદ અવાજે દોહરાવી દેતા. મેદાનમાં ઠેરઠેર ''મુકબ-બિર'' ગૃહસ્થો ઊભેલા હતા. તેઓ હઝરત રબીઅહના મુખેથી સાંભળીને ખુત્બહના શબ્દો બુલંદ અવાજે દોહરાવી દેતા હતા. આ રીતે આપના ખુત્બહનો બોલેબોલ લોકોના કાનો સુધી પહોંચી જતો હતો અને હજારો હાજીઓની આખી જમાઅતે આપનો પૂરો ખુત્બો પૂરી તવજ્જોહથી સાંભળીને ઝહેન-નશીન કરી લીધો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખુત્બહનો આરંભ કરતાં અલ્લાહ તઆલાની હમ્દો-સના બાદ ફરમાવ્યું :

ઐયુહન-નાસુ ઈસ્મઊ કવલી.	લોકો ! મારી વાત સારી રીતે સાંભળી લો,
ફઈન્ની લા અદરી લઅલ્લી	કેમકે મને ખબર નથી કે કદાચ
લા અલ્કા કુમ બઅદ આમી હાઝા	હું તમને મળી શકું આ વરસ પછી
બિ-હાઝલ મવકિફિ.	આ સ્થળે કાયમ માટે.[૧]

એ પછી આપે જાહિલિયતના તમામ બેહૂદા રિવાજો તથા ઊંચનીચ અને કાળા-ધોળાના તમામ ભેદો મિટાવી દેતાં ફરમાવ્યું :

અલા કુલ્લુ શૈઈમ મિન અમ્રિલ-જાહિલિય્યહ	હા, જાહિલિય્યતના તમામ રિવાજો
તહત કદમી મવદૂઉન.	મારા પગની એડી હેઠળ છે.
ઐયહન્નાસ અલા ઈન્ન રબ્બકુમ વાહિદુન.	હે લોકો ! જુઓ, તમારો પાલનહાર એક છે.
વઈન્ન અબાકુન વાહિદુન	અને બેશક તમારો બાપ એક છે.
લા ફદ્લ લિ-અરબી અલા અજમી	કોઈ શ્રેષ્ઠતા નથી કોઈ અરબીને અજમી પર[૨]
વલલ અજમી અલા અરબી,	અને ન કોઈ અજમીને અરબી પર.
વલા લિ-અહમર અલા અસ્વદ	અને ન કોઈ રાતાને કાળા પર
વલા લિ-અસ્વદ અલા અહમર.	અને ન કોઈ કાળાને રાતા પર.
ઈલ્લા બિત-તકવા.	અલબત્ત તકવાને ધોરણે.

પછી આપે કુર્આને મજીદની આ આયત તિલાવત ફરમાવી જેનો ગુજરાતી તરજુમો આ છે :

''હે લોકો ! અમે તમને એક જ પુરૂષ અને એક જ સ્ત્રીથી પૈદા કર્યા અને અમે તમને બિરાદરીઓ અને કબીલાઓમાં વહેંચી દીધા કે જેથી તમે એકબીજાને ઓળખી શકો. બેશક તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠાવાન અલ્લાહની નજરમાં તે છે જે સૌથી વધુ અલ્લાહથી ડરનારો હોય.'' પછી ફરમાવ્યું :

''લોકો ! ઈન્સાન તો બધા જ આદમની અવલાદ છે અને આદમની હકીકત એ સિવાય

૧. એટલે આ સ્થળે આવતા વરસે કદાચ કાયમ માટે હું તમને નહિ મળી શકું. આ શબ્દોમાં આપે પોતાની વફાત શરીફની પેશીનગોઈ ફરમાવી દીધી.

૨. અરબ ખંડથી બહાર વસનારા બધા લોકો અજમી કહેવાય છે.

Maktabe Ashraf

શી છે કે તેમને મટોડીથી પૈદા કરવામાં આવ્યા. હવે શ્રેષ્ઠતા કે મોટાઈના બધા દાવા, ખૂન અને માલના તમામ ખટલા અને વેરના દરેક મામલા મારા પગની એડી તળે કચડી નાખવામાં આવ્યા છે. હા બૈતુલ્લાહનું મુતવલ્લીપણું અને હાજીઓને પાણી પીવાડવાની સેવા રાબેતા મુજબ ચાલુ રહેશે."

પછી ફરમાવ્યું :

ઐયુહન્નાસ઼ ઈસ્મઊ કવલી.	હે લોકો ! મારી વાત ધ્યાનથી સાંભળો.
અન્ન કુલ્લ મુસ્લિમિન અખુલ-લિ-મુસ્લિમ.	દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે.
વ ઈન્નલ-મુસ્લિમીન ઈખ્વતુન.	અને બધા મુસલમાનો આપસમાં ભાઈ ભાઈ છે.
ફલા યહિલ્લુ લિ-ઈમ્રઈમ મિન અખીહિ.	કોઈના માટે પોતાના ભાઈનો માલ લેવો હલાલ નથી.
ઈલ્લા મા અઅતાહુ અન તીબ નફસિન.	હા જે કંઈ તે પોતાની રાજીખુશીથી આપી દે.
અરિક્કા-ઉકુમ! અરિક્કા - ઉકુમ !	તમારા ગુલામો ! તમારા નોકરો ચાકરો !
અત્ઈમૂ હુમ મિમ્મા તઅ-કુલૂન	ખવાડો તેઓને જે કંઈ તમે ખાઓ છો,
વકસૂહુમ મિમ્મા તલ-બિસૂન.	અને પહેરાવો તેઓને જે કંઈ તમે પહેરો છો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો ખુત્બો ચાલુ રાખતાં ફરમાવ્યું :

"જાહિલિયતના તમામ રિવાજો મેં મારા પગો તળે કચડી નાખ્યા છે. જાહિલિયતના બધાં ખૂનો હવે રદ-બાતિલ છે. સૌથી પહેલાં હું મારા ખાનદાનમાંથી ખૂનનું વેર જતું કરૂં છું. રબીઅહ બિન હારિસ઼ના ધાવણા બાળકનું ખૂન જેને બનૂ હુઝૈલે મારી નાખ્યો હતો, તેનું વેર ખતમ કરૂં છું."

"જાહિલિયતનું દરેક પ્રકારનું વ્યાજ પણ હવે નાબૂદ કરવામાં આવે છે. હા તમે મૂળ મૂડીના હકદાર છો. ન તમે કોઈના ઉપર ઝુલ્મ કરો ન તમારા ઉપર ઝુલ્મ કરવામાં આવે. અલ્લાહ તઆલાએ વ્યાજને નાબૂદ કરી નાખવાનો હુકમ ફરમાવી દીધો છે. સૌથી પહેલાં હું મારા ખાનદાનમાંથી અબ્દુલ-મુત્તલિબના બેટા અબ્બાસનું, બીજાઓ પર નીકળતું વ્યાજ ખતમ કરૂં છું."

"લોકો ! અલ્લાહ તઆલાએ દરેક હકદારને પોતે તેનો હક આપી દીધો છે. હવે કોઈએ પોતાના વારિસ઼ માટે વસિયત કરવાની જરૂર નથી.

"સાંભળો, બાળક તેનું છે જેના બિસ્તર પર તે પૈદા થયું અને ઝિનાકાર માટે પથ્થર છે. અને તેઓનો હિસાબ-કિતાબ અલ્લાહના દરબારમાં થશે.

"જે અવલાદ પોતાના બાપને છોડીને કોઈ બીજાના વંશથી હોવાનો દાવો કરે અને જે ગુલામ પોતાના માલિકને તરછોડીને કોઈ બીજાને પોતાનો માલિક ઠરાવે તેની ઉપર અલ્લાહની લઅનત છે.

"દેણાની ચૂકવણી જરૂરી છે. ઉછીની લીધેલી વસ્તુ પાછી ફેરવવી જોઈએ. ભેટ-સોગાતનો બદલો વાળવો જોઈએ. જામિન બનનાર તે વસ્તુની અદાયગીનો જવાબદાર

Maktabe Ashraf

છે.

"લોકો ! પોતાની ઔરતોના મામલામાં અલ્લાહથી ડરતા રહો. જેવી રીતે તમારા હકો તમારી ઔરતો પર છે તેવી રીતે તમારી ઔરતોના હકો તમારા પર છે. તમારો હક આ છે કે તમારી ઔરત કોઇ પરાયા મર્દને-જેને તમે નાપસંદ કરતા હો- તમારા ઘરમાં ન આવવા દે અને તમારી ઔરત દરેક બેહયાઇના કામોથી બિલકુલ અલગ રહે. પછી જો તે કોઇ બેહયાઇનું કામ કરે તો અલ્લાહ તઆલાએ તમને છૂટ આપી છે કે તેની પથારી અલગ કરી નાખો અને તેને મામૂલી રીતે શારીરિક શિક્ષા આપો જેનાથી તેને વધુ તકલીફ ન થાય. પછી જો તમારી ઔરત પોતાને સુધારી લે તો તમારા પર તેનો હક છે કે, તમે તેને સારી રીતે ખવાડો, સારી રીતે પીવાડો, તેની સાથે લાગણી ભરેલો નેક વર્તાવ કરો. તમારી ઔરત તમારી મદદગાર છે અને તમારી ઓશિયાળી છે. પોતાની જાત માટે વધુ અધિકારો ધરાવતી નથી. તમે તેને અલ્લાહના નામે (નિકાહના બંધનથી) મેળવેલી છે અને અલ્લાહના નામે જ તમે તેની જાતને પોતાને માટે હલાલ બનાવેલી છે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ખુત્બો ચાલુ રાખતાં ફરમાવ્યું :

અયુહન-નાસ ! ઇન્ની કદ્ તરક-તુ ફીકુમ	લોકો ! હું તમારી પાસે એવી વસ્તુઓ છોડું છું
મા ઇનિઅ-તસમ - તુમ બિહી	કે તમે મજબૂતીથી તેને પકડી રાખશો
ફલન તુદિલ્લૂ અબદન.	તો કદી ગુમરાહ નહિ થશો.
અમ્રમ બૈયિનનઃ	એ ખુલ્લી વસ્તુઓ છે :
કિતાબલ્લાહિ વ સુન્નત રસૂલિહી.	અલ્લાહની કિતાબ અને સુન્નત તેના રસૂલની. ૧
અલ્લાહુમ્મ હલ બલ્લગતુ.	હે અલ્લાહ ! મેં તારો પયગામ પહોંચાડી દીધો.

એ પછી લોકોને સંબોધીને આપે ફરમાવ્યું :

અન્તુમ મસ-ઊલૂન, અન્ની	તમને મારા વિષે અલ્લાહને ત્યાં પૂછવામાં આવશે.
ફમા અન્તુમ કાઇલૂન.	તમે શું જવાબ આપશો ?

બધા લોકોએ ભેગા સ્વરે જવાબ આપ્યો, "યા રસૂલલ્લાહ ! અમે કહીશું કે આપે અલ્લાહનો પયગામ સાંગોપાંગ અમારા સુધી પહોંચાડી દીધો.

આપે શહાદતની આંગળી આકાશ તરફ ઉઠાવી અને ફરમાવ્યું, "અલ્લાહુમ અશહિદ." હે અલ્લાહ! તું ગવાહ રહેજે !

"અલ્લાહુમ્મ અશહદ." હે અલ્લાહ ! તું ગવાહ રહેજે !

"અલ્લાહુમ્મ હશ્હદ." હે અલ્લાહ ! તું ગવાહ રહેજે !

---

૧. સુન્નત એટલે તરીકો, રસ્તો, ચીલો, આદત, કાનૂન, અમલ. સુન્નતનું બહુવચન સુનન. સુન્નતે-રસૂલથી મુરાદ તે રસ્તો અને તે કાનૂન જેની ઉપર આપ ચાલતા રહ્યા અને જેનું આપ અનુસરણ કરતા રહ્યા. હદીસને સુન્નત આ કારણે કહે છે કે એનાથી એ કાનૂન અને એ રસ્તાનું માર્ગદર્શન મળે છે. (કામૂસુલ-કુર્આન પા. ૨૭૦) મુસલમાન લોકો કુર્આનની સાથે સુન્નતે-રસૂલ પર અમલ કરે તો કાયમ માટે જગત પર રાજ કરતા રહે. "હ"

જબલે-રહમત પાસે પધરામણી

ખુત્બો ખતમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ટેકરા પરથી નીચે પધાર્યા. ઊંટણીને બેસાડીને તેની પીઠ પરથી ઊતરી પડયા અને હઝરત બિલાલને અઝાન પોકારવાનો હુકમ ફરમાવ્યો. એ દરમિયાન બધા લોકોએ નમાઝની તૈયારી કરી લીધી. અઝાન પછી આપના હુકમથી ઇકામત પોકારવામાં આવી અને આપે તમામ મુસલમાનો સાથે અહીં બે રકઅત ઝુહરની નમાઝ ધીમી કિરાઅતથી અદા કરી. ઝુહરમાં ફર્ઝની ચાર રકઅત છે પણ આપ સફરની હાલતમાં હતા. ચારને બદલે કસર કરીને બે રકઅત પઢી.

જો કે આજે જુમઅહનો મુબારક દિવસ હતો પણ આપે જુમઅહની નમાઝ નહિ પઢી અને તેને બદલે ઝુહરની નમાઝ પઢી. ઝુહરની નમાઝ ખતમ થઇ તો આપના હુકમથી બીજીવાર ઇકામત પોકારવામાં આવી અને આપે અસરની બે રકઅત નમાઝ પણ તમામ મુસલમાનો સાથે એજ જગાએ પઢી લીધી. આ રીતે ઝીલ-હજ્જની નવમી તારીખે એટલે અર્ફહને દિવસે અરફાતના મેદાનમાં ઝુહર અને અસરની નમાઝોને ભેગી રીતે એક અઝાન અને બે ઇકામત સાથે પઢવાને "જમ્એ-તકદીમ" કહે છે. [1]

સૂરજ પળે-પળે પોતાની મંઝિલ વટાવતો મગરિબ તરફ બઢી રહ્યો હતો. દરેક વસ્તુના પડછાયા લાંબા થઇ રહ્યા હતા. ઝુહર અને અસરની નમાઝોથી ફારિગ થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની ઊંટણી પર બિરાજમાન થયા. અહીંથી આપની નૂરાની સવારી તે દિશાએ રવાના થઇ જે તરફ જબલે-રહમત આવેલો છે. અરફાતના મેદાનમાં જે પહાડ આવેલો છે તેને જબલે-રહમત કહે છે. અહીં પહાડની તળેટીમાં કાળા રંગની તોતિંગ ચટાણો ઊભેલી છે. એની પાસે એક જગા આવેલી છે જેને "મહબિતે-આદમ" કહે છે. મહબિત એટલે ઊતરવાની જગા, દાખલ થવાની જગા. અલ્લાહના સૌથી પહેલા પયગમ્બર અને દુનિયાના સૌથી પહેલા ઇન્સાન હઝરત આદમ અલૈહિસ-સલામ જન્નતમાંથી નીકળીને જમીન પર આવ્યા તો જબલે-રહમત પાસેની આ જગા પર તેઓ ઊતર્યા હતા.

ઊંટણીની પીઠ પર બિરાજમાન રહીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ આ સ્થળે પધાર્યા. ઊંટણીને થોભાવીને આપે પોતાનો નૂરાની ચેહરો કિબ્લહ તરફ કરી લીધો અને પછી આપ તનમન સાથે અલ્લાહની યાદમાં તન્મય બની ગયા. આપે અલ્લાહની હમ્દો-સના, તેની શાનને શોભે તેવી છટાદાર શૈલી અને જાજરમાન શબ્દોમાં બયાન ફરમાવી. એ પછી આપ ભારે નમ્રતા, એકાગ્રતા, દીનતા અને સંવેદના સાથે બારગાહે-ઇલાહીમાં દુઆ માગવામાં મશગૂલ થઇ ગયા. દુઆ વેળા આપના મુબારક હાથો આપના નૂરાની સીના સુધી ઊંચા થઇ ગયા હતા. આપ રડી-કરગરીને અલ્લાહની બારગાહમાં એવી રીતે દુઆ માગતા હતા જેમ ફકીર ભીખ માગતી વેળા પોતાના હાથ ફેલાવે છે. આપ સૂર્યાસ્ત સુધી એજ એકાગ્રતા, એજ લીનતા, એજ દીનતાથી દુઆ માગવામાં મશગૂલ રહ્યા.

દુઆ માગવા પહેલાં આપે ફરમાવ્યું હતું, "હે લોકો ! સાંભળો, આજના દિવસે મારી અને બીજા પયગમ્બરો ની અલ્લાહની શાનમાં પઢવાની સૌથી ઉત્તમ દુઆ આ છે :

Maktabe Ashraf

---

૧. એજ દિવસે સાંજે સૂરજ આથમવા પછી મુઝ-દલિફહના મેદાનમાં મગરિબ અને ઇશાની નમાઝો એક અઝાન અને બે ઇકામત સાથે ભેગી રીતે પઢવામાં આવે છે જેને "જામ્એ-તાખીર" કહે છે. "ઙ"

લા ઈલાહ ઈલ્લલ-લાહુ	અલ્લાહ વગર કોઈ મઅબૂદ નથી.
વહદહૂ લા શરીક લહૂ	તે એક છે તેનો કોઈ શરીક નથી.
લહુલ-મુલ્કુ - વ - લહુલ - હમ્દુ	સત્તા તેના માટે છે અને વખાણ તેના માટે છે.
વહુવ અલા કુલ્લે શૈઈન કદીર.	અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે.

આપે એમ પણ ફરમાવ્યું હતું, ''લોકો ! આજના દિવસે અરફાતના મેદાનમાં આ સ્થળે આપણે વુકૂફ કર્યો છે પણ જુઓ, અરફાતનું આખું મેદાન વુકૂફની જગા છે.'' (ગમે ત્યાં થોભી શકાય છે.)[૧]

''અલ-યવમ અક-મલ્તુ લકુમ''ની આયત

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના પાલનહારના દરબારમાં મુબારક સીના સુધી હાથો ઉપાડીને દુઆ માગતા હતા. આપના અનુકરણમાં હજારો હાજીઓના લાખો હાથો પણ આકાશ તરફ ઊંચા થઈ ગયા હતા અને તેઓ પણ ખરા અંતઃકરણથી બારગાહે-ઈલાહીમાં રજૂ થઈને પૂરી એકાગ્રતા સાથે રડી કરગરીને દુઆઓ માગવામાં તલ્લીન બની ગયા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની ઊંટણી પર બિરાજમાન થઈને જ્યારે જબલે-રહમત તરફ પધારી રહ્યા હતા તો રસ્તામાં ચાલતાં-ચાલતાં અચાનક ઊંટણીની ચાલ ધીમી પડી ગઈ. પછી તે એવી થંભી ગઈ કે એક ડગલું આગળ વધી શકી નહિ. કોઈ અસહ્ય ભારથી તેની પીઠ નમી-નમી જવા લાગી. અલ્લાહના માનવંતા ફરિશ્તા હઝરત જિબ્રીલ આકાશી વહી લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા હતા. આકાશી વહી વેળા અગર આપ ઊંટણીની પીઠ પર બિરાજમાન હોતા તો ઊંટણીની એજ દશા થઈ પડતી હતા. એટલે વહીના ભારથી ઊંટણીની કમર લચકી-લચકી જતી હતી. ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની પેશાની પર વહીના ભારથી પરસેવાના બિન્દુ બાઝી જતા હતા. હઝરત જિબ્રીલે એજ સ્થળે પધારીને, દીને-ઈસ્લામના મુકમ્મલ થઈ જવાની કે ઈસ્લામના ''સર્વાંગ સંપૂર્ણ'' બની જવાની વધામણી આપતી, કુર્આન શરીફની આ આયત નાઝિલ ફરમાવી :

અલ-યવમ અક-મલ્તુ	આજે મેં મુકમ્મલ કરી દીધો,
લકુમ દીન-કુમ.	તમારા માટે તમારો દીન.
વ અત-મમ્તુ	અને પૂરી કરી દીધી મેં,
અલૈકુમ નિઅમતી.	તમારા માટે મારી નેઅમતો.
વ રદીતુ	અને પસંદ કરી લીધો મેં,
લકુમુલ-ઈસ્લામ દીના.	તમારા માટે દીને-ઈસ્લામને. [૨]

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કિયામત સુધી દુનિયામાં જન્મ લેનારા

Maktabe Ashraf

---

૧. અરફાત : અરબીના ''તઆરુફ'' શબ્દમાંથી નીકળેલો શબ્દ છે. હઝરત આદમ અને બીબી હવ્વા (અલૈ.)જન્નતમાંથી જમીન પર આવ્યાં તો સૌથી પહેલાં આ મેદાનમાં તેઓનો મેળાપ થયો. અહીં જ બંનેએ એકબીજાને ઓળખ્યાં. ઓળખાણ કે પરિચયને અરબીમાં તઆરુફ કહે છે. (અસિહ-હુસ સિયર પેજ ૪૯૬) ''૬''

૨. પારહ ૬ સુરએ-માઈદહ આયત ૩

તમામ ઇન્સાનો માટે પયગમ્બર બનાવીને મોકલ્યા હતા. આપના પછી જગતના અંત સુધી ન કોઈ નવા પયગમ્બર પધારવાના છે ન કોઈ નવી આકાશી કિતાબ આવવાની છે ન કોઈ નવો ધર્મ આવવાનો છે. અલ્લાહ તઆલાએ ઇસ્લામને પસંદ કરીને પોતાના બંદાઓની કામયાબીના તમામ કાયદા કાનૂનો એમાં દર્શાવી દીધા છે. જાહેરી વાત છે કે "ઇકમાલે-દીન" અને "ઇત્મામે-નેઅમત" એટલે દીન અને નેઅમતની પરિપૂર્ણતા પછી એમાં ન કોઈ ફેરફાર થઈ શકે છે ન ઘટાડો કે વધારો થઈ શકે છે.

કુર્આને-મજીદની આ આયત વિષે હકીમુલ-ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી પોતાની તફસીરમાં લખે છે :

> આ આયત સન ૧૦ હિજરીમાં, હજ્જતુલ-વદાઅ પ્રસંગે, અરફાતના મેદાનમાં, જુમઅહના દિવસે ઊતરી. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણીની આજુબાજુમાં સવા લાખથી વધુ માનવંતા સહાબાનો વિરાટ સમુદાય હતો."

વળી આ આયતમાં ઇશારો છે આ વાત તરફ કે અલ્લાહ તઆલાએ જે હેતુની સિદ્ધિ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને રહમતુલ-લિલ-આલમીન બનાવીને આ જગતમાં મોકલ્યા હતા, એ હેતુ પૂરો થઈ ગયો છે. અને માનવજાતિની બંને જગતની કામયાબી માટે અલ્લાહ તઆલાના જે આદેશો કે અહકામ આવવાના હતા એ બધા આવી ચૂક્યા છે. હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બહુ જલદી આ ફાની જગતથી કૂચ કરીને અલ્લાહ તઆલાની મુલાકાત માટે જન્નતમાં પધારવાના છે અને હકીકત પણ એજ હતી. કેમકે આ આયત ઊતરી તે પછી ફક્ત ૮૧ દિવસો સુધી આપ આ ફાની દુનિયામાં બિરાજમાન રહ્યા.

મેદાને-અરફાતના વુકૂફ દરમિયાન એક સહાબી આપની તહેનાતમાં હાજર થયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! એહરામ માટે કયા કયા કપડાં પહેરી શકાય ?"

આપે ફરમાવ્યું, "ન કમીસ ન શલવાર, ન દસ્તાર ન ટોપી ન મોજાં. હા કોઈની પાસે પગરખાં ન હોય તો મોજાંને ઘૂંટીથી નીચે સુધી કાપીને પહેરી લે. એવું કપડું પણ ન પહેરે જેમાં ઝાફરાન કે વર્સ (નામના ઘાસ)નો રંગ લાગેલો હોય."

એજ અરફાતના મેદાનમાં એજ તારીખે એજ દિવસે એક સહાબી પોતાના ઊંટની પીઠ પરથી ગબડી પડ્યા. ગરદન તૂટી ગઈ અને વફાત પામી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "એમને ગુસલ આપો. પહેરેલા એહરામનું જ કફન બનાવો. માથું અને ચેહરો ખુલ્લો રાખો. ખુશ્બૂ ન લગાડો. કિયામતને દિવસે એજ હાલતમાં એ લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! પોકારતા ઊઠશે."

મુઝ-દલિફહ તરફ રવાનગી

સૂરજ આથમવા સુધી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જબલે-રહમત પાસે પોતાની સવારી પર બિરાજમાન રહીને પોતાના પાલનહારના દરબારમાં દુઆઓ માગવામાં તલ્લીન રહ્યા. સૂરજ જયારે પોતાના સોનેરી કિરણો, તવહીદના પરસ્તારો પર નિછાવર કરીને ગુરૂબ થઈ ગયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હાજીઓને મુઝદલિફહના મેદાન તરફ કૂચ કરવાનો હુકમ ફરમાવ્યો. સાથે જ હાજીઓના વિરાટ

Maktabe Ashraf

સમુદાયમાંથી લબ્બૈક ! નો પોકાર બુલંદ થયો અને આખું મેદાન લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! લા શરીક લક્ લબ્બૈક !.....ના નૂરાની પોકારોથી ગુંજી ઊઠ્યું. સવા લાખથી વધારે હાજીઓનો માનવ મહેરામણ મુઝ-દલિફહના મેદાન તરફ મોજાં મારવા લાગ્યો.

જબલે-રહમત પાસે સૂરજ આથમી ગયો હતો અને મગરિબની નમાઝનો સમય થઈ ગયો હતો. તેમ છતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અહીં ન અઝાન પોકારવાનો હુકમ ફરમાવ્યો ન મગરિબની નમાઝ અદા કરી. બલકે કુસ્વાની પીઠ પર બિરાજમાન રહીને આપ મુઝદલિફહના મેદાન તરફ રવાના થઇ ગયા. અહીંથી ઊપડતી વેળા આપે હઝરત ઉસામહ બિન ઝૈદ નામના યુવકને પોતાની સાથે ઊંટાણીની પીઠ પાછળ બેસાડી લીધા. હઝરત ઉસામહ આપના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહના ચંચળ અને બહાદુર બેટા હતા. વીસેક વરસના તરુણ યુવક હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બેહદ વહાલા હતા. એમના માનવંતા બાપા હઝરત ઝૈદ બિન હારિસહ જંગે-મૂતહમાં ખ્રિસ્તીઓ સાથેના યુધ્ધમાં, હઝરત જઅફર અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહઃ સાથે શહીદ થઇ ગયા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મેદાને-અરફાતના ઐતિહાસિક ખુત્બહમાં ઇસ્લામી સમાનતા અને દીની ભાઇચારાના જે સોનેરી ઉસૂલો બયાન ફરમાવ્યા હતા તેનો જીવંત દાખલો કે બોલતો પુરાવો, પોતાના ગુલામઝાદાને પોતાની સાથે પોતાની સવારી પર બેસાડીને પૂરો પાડયો હતો. હજ્જતુલ-વદાઅના કાફલામાં આપના અહલે-બૈત ઉપરાંત નિકટના સગાં સ્નેહીઓ પણ હતાં. મગર આપની પસંદગીની નજર આપના આઝાદ ગુલામના આઝાદ ફરઝંદ પર ઠરી. ઊંચ અને નીચના તમામ ભેદો, હજારો મુસલમાનોની આંખો સામે કાયમ માટે મટી ગયા હતા.

મુઝ-દલિફહની કૂચ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટાણીની ચાલ ન બહુ ઝડપી હતી, ન બહુ ધીમી. બિલકુલ મધ્યમ ચાલે ચાલતી હતી. ચઢાણ વેળા આપ તેની નાથ ઢીલી મૂકી દેતા હતા અને ઉતરાણ વેળા ખેંચી રાખતા હતા અને આપ ફરમાવતા હતા, ''લોકો ! ધીરેથી, આરામથી, શાંતિથી ચાલો. તેજીથી, ઝડપથી કે ઉતાવળથી ચાલવામાં કોઇ નેકી નથી.''

માનવંતા હાજીઓના મુબારક કાફલાની રવાનગી સૂરજ આથમવા પછી થઇ હતી. રસ્તામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ લગાતાર લબ્બૈક ! નો પોકાર ફરમાવતા હતા પણ આપનો નુરાની અવાજ કદી વધારે ઊંચો થયો નહિ. રસ્તામાં એક સ્થળે થોભીને આપ કુદરતી હાજતથી ફારિગ થયા. તે વેળા દૂર આવેલી એક ઝાડી પાછળ આપ ચાલ્યા ગયા હતા. ત્યાંથી આવીને આપે વુઝૂ પણ કરી લીધો. મગરિબની નમાઝ આપની સાથે કોઇએ પઢી ન હતી. આપને વુઝૂ કરતા જોઇને ઊંટાણી પર બેઠેલા હઝરત ઉસામહ બિન ઝૈદે પૂછ્યું, ''યા રસૂલલ્લાહ ! શું મગરિબની નમાઝ પઢવાનો આપનો ઇરાદો છે ?''

આપે ફરમાવ્યું, ''નહિ મગરબિ અને ઇશાની નમાઝની જગા આગળ જતાં આવે છે.''

આપ ફરીવાર પોતાની ઊંટાણીની પીઠ પર બિરાજમાન થયા. મધ્યમ ગતિએ ચાલતી આપની સવારી જ્યારે મુઝ-દલિફહના મેદાનમાં દાખલ થઇ તો આપે અહીં જ કિયામ કરવાનો હુકમ ફરમાવી દીધો.

Maktabe Ashraf

મુઝ-દલિફહના મેદાનમાં

અરફાત અને મિના વચ્ચે આવેલા આ મેદાનનું નામ મુઝ-દલિફહ છે. અરફાતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો તંબૂ નમિરહ ની ખીણમાં હતો. એ ખીણની એક તરફ અરફાત અને બીજી તરફ મુઝ--દલિફહ આવેલું છે. જાહિલિયતના યુગમાં હજ્જ વેળા મક્કહના કુરૈશી મુશરિકો અરફાતને બદલે મુઝ-દલિફહમાં કિયામ કરતા હતા. આ સ્થળ હરમની હદમાં આવેલું હોવાથી તેઓ દલીલ કરતા હતા કે અમે હજ્જમાં હરમની હદ ઓળંગતા નથી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહના હુકમ મુજબ તેઓના આ નિયમ વિરૂધ્ધ નમિરહની ખીણમાં કિયામ ફરમાવ્યો હતો.

મુઝ-દલિફહના મેદાનમાં કિયામ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરીવાર તાજો વુઝૂ કર્યો. એ પછી આપે અઝાન પોકારવાનો હુકમ ફરમાવ્યો. હઝરત બિલાલે પોતાના દિલકશ અને સુમધુર કંઠે એવી તો અઝાન લલકારી કે આજુબાજુના પહાડો અલ્લાહુ અકબરના નૂરાની નાદોથી ગુંજી ઊઠયા. હઝરત બિલાલ મદીનહમાં મસ્જિદે-નબવીમાં મુઅઝ-ઝિન હતા. દિલકશ કંઠે અઝાન પોકારતા તો સમયની ગતિ જાણે થંભી જતી. દિલ ધડકવાનું ચૂકી જતું અને વાતાવરણમાં સોપો પડી જતો. અઝાન ખતમ થતાં ઈકામત પોકારવામાં આવી અને હજારો હાજીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઈમામતમાં નમાઝનો કોલ બાંધીને અલ્લાહના દરબારમાં ઊભા થઈ ગયા.

મગરિબની નમાઝ પહેલાં ઊંટોની પીઠ પરથી માલ-સામાન ઉતારવામાં આવ્યો ન હતો. નમાઝની અદાયગી પછી માલ-સામાન ઉતારી લેવામાં આવ્યો અને ઊંટોને આરામ માટે આરામથી બેસાડી દેવામાં આવ્યાં. એ પછી બીજી ઈકામત પોકારીને ઈશાની નમાઝ અદા કરવામાં આવી. ઈશાની નમાઝ માટે નવી અઝાન નહિ પોકારવામાં આવી, ન મગરિબ કે ઈશાની નમાઝો વચ્ચે કોઈ બીજી નમાઝ પઢવામાં આવી. એક અઝાન અને બે ઈકામતથી મગરિબ તથા ઈશાની નમાઝો અદા કરવામાં આવી. આ રીતે મુઝ-દલિફહમાં પઢેલી મગરિબ અને ઈશાની ભેગી નમાઝોને "જમ્એ-તાખીર" કહે છે. જેમકે આજે બપોરે અરફાતમાં પઢેલી ઝુહર અને અસરની ભેગી નમાઝોને "જમ્એ-તકદીમ" કહે છે.

મુઝ-દલિફહની મુબારક રાત————ઈશાની નમાઝથી નિવૃત્ત થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના ઉતારામાં આરામ ફરમાવ્યો. તમામ હાજીઓ પણ પોતાની જરૂરિયાતથી પરવારીને પોતાના ઉતારે આરામ કરવા લાગ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ખાસ સાથીદારો અને ખાદિમો આપની તહેનાતમાં હાજર હતા. થોડીવાર તેઓની સાથે વાતચીત કરી. એજ દરમિયાન આપે જમણ લીધું. અલ્લાહની જે કંઈ નેઅમતો હાજર હતી તેને ખાયને અલ્લાહનો શુક્ર અદા કર્યો. પછી પથારી પર પધારીને આરામથી લેટી ગયા.

રોજના નિયમ વિરૂધ્ધ આજની રાતે તહજ્જુદની નમાઝ માટે આપ જાગ્યા નહિ. આજની એક જ રાત એવી હતી જેમાં આપે તહજ્જુદની નમાઝ નહિ પઢી. રાતના પાછલા પ્રહરે સુબ્હે સાદિક થવા પહેલાં બેદાર થઈને નમાઝે-ફજરની તૈયારી કરવા લાગ્યા. થોડીવારે સુબ્હે-સાદિક થતાં અઝાન પોકારવામાં આવી. આથી પહેલાં તમામ હાજીઓ સફબંદી કરીને ફજરની નમાઝ માટે તૈયાર હતા. હઝરત બિલાલે ઈકામત પોકારી અને સારાયે જગતના ઈમામ, અલ્લાહના આખેરી નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુસલ્લા પર પધારીને નમાઝની ઈમામત ફરમાવી. આજની ફજરની નમાઝ ગરીહના અવ્વલ સમયે અંધારામાં અદા કરવામાં

આવી.

ફજરની નમાઝથી ફારિગ થઈને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની કુસવા ઊંટણી પાસે પધાર્યા. આપની સવારી માટે ઊંટણીને અગાઉથી તૈયાર રાખવામાં આવી હતી. આપ તેની પીઠ પર બિરાજમાન થઈને "મશ-અરિલ-હરામ"સ્થળે પધાર્યા. [1] અહીં પધારીને અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો નૂરાની ચેહરો કિબ્લહ તરફ કરી લીધો અને તનમન કે અંતઃકરણથી અલ્લાહની યાદમાં તન્મય બની ગયા. અલ્લાહની હમ્દો-સના તે અખિલ જગતના પાલનહારની શાનને શોભે તેવા અલંકૃત શબ્દોમાં બયાન કરી અને નમ્રતા તથા દીનતાના ગદ્‌ગદ ભાવો સાથે ઝિક્રો-ફિક્રમાં ગરકાવ થઇ ગયા. પછી અનુકંપા કે દયા ઉપજાવે તેવી લાગણીથી ગળગળા થઈને પોતાની પૂરી ઉમ્મત માટે માફીની, ક્ષમાની, મગફેરતની દુઆઓ માગી. આપે ફરમાવ્યું, "મારી જે દુઆઓ અરફાતના મેદાનમાં કબૂલિયતનું માન નહિ મેળવી શકી તે મશ-અરિલ હરામ સ્થળે બારગાહે-ઈલાહીમાં મકબૂલ થઈ ગઈ."

શયતાનની ચીખપુકાર————એજ મશ-અરિલ-હરામ મુકામે દુઆ માગતી વેળા એક પળ એવી આવી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની મુખડા પર મંદ ગુલાબી હાસ્ય ફરકી ગયું. આ ગુલાબી મુસ્કુરાહટથી આપનો નૂરાની ચેહરો ઓરભી ફૂલગુલાબી બની ગયો. તે વેળા હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક અને બીજા માનવંતા સહાબા ત્યાં આપની તહેનાતમાં હાજર હતા. અલ્લાહના બારગાહમાં હાજરી અને દુઆના ગંભીર પ્રસંગે આપના નૂરાની હોઠો પર હાસ્ય ફરકતું જોઈને બધા નવાઈ પામી ગયા.

પૂછ્યું, "હે અલ્લાહના રસૂલ ! અમારાં માબાપ આપની ઊપર કુરબાન ! દુઆના આ ગંભીર સમયે આપના નુરાની હોઠો પર હાસ્ય કેવું ?"

ફરમાવ્યું, "અલ્લાહનો દુશ્મન ઈબલીસ મારા જોવામાં આવ્યો. એ શયતાને-મરદૂદને જ્યારે ખાતરી થઇ ગઇ કે અલ્લાહ તઆલાએ મારી ઉમ્મતના હકમાં મારી દુઆ કબૂલ કરી લીધી છે અને મારી ઉમ્મતને બખ્શી દીધી છે તો એ મરદૂદ, પોતાના માથા પર ધૂળ ઉડાડીને ચીખ-પુકાર કરવા લાગી ગયો. તેનો આ કલ્પાંત કે ચીખપુકાર જોઈને મને હસવું આવી ગયું."

હજ્જે-બદલનો સવાલ————આજે ઝુલ-હજ્જની દસમી તારીખ છે. શનિવારનો દિવસ અને પ્રભાતનો સોહામણો સમય છે. પૂર્વના આકાશની કિનારીથી આફતાબે-આલમતાબની દબદબાભરી સવારી નીકળવાની તૈયારીમાં છે. મેદાને-મુઝ-દલિફહના મશ-અરિલ-હરામ મુકામે અલ્લાહના લાડલા અને આખેરી નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના હજારો માનવંતા સહાબા સાથે બારગાહે-ઈલાહીમાં દુઆઓ માગવામાં તન્મય છે. અચાનક રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની દુઆઓ ખતમ ફરમાવીને હાજીઓના કાફલાને મયદાને-મિના તરફ કૂચ કરવાનો હુકમ ફરમાવ્યો. સૂરજ હજુ તુલૂઅ થયો ન હતો પણ તુલૂઅ થવાની તૈયારીમાં હતો. આપનો હુકમ મળતાં હાજીઓનો કાફલો મિના તરફ રવાના થયો. દરેકની જીભ પર અલ્લાહની મહાનતા, અલ્લાહની કીર્તિ

૧. મશ-અરિલ-હરામ : મુઝ - દલિફહના મેદાનમાં આવેલું તે સ્થળ જયાં હાજીઓ અરફાતથી વાપસ થઇને મગરિબ અને ઇશાની નમાઝો ભેગી રીતે પઢે છે. ઝીલ-હજ્જની ૧૦ તારીખે ફજરની નમાઝ પછી દુઆઓ માગવાનું ખાસ સ્થળ છે. હાજીઓ રાત અહીં જ પસાર કરે છે. ફજરની નમાઝ અંધારામાં અદા કરે છે અને દુઆઓ માગીને મિના તરફ પાછા વળે છે. "હ"

Maktabe Ashraf

અને અલ્લાહના દરબારમાં અલ્લાહના અદના ગુલામ તરીકેની હાજરીનું રટણ હતું. અર્થાત : દરેક હાજી લબ્બૈક! અલ્લાહુમ્મ લબ્બૈક ! ના નમ્ર અને નૂરાની પોકારોથી પોતાના પાલનહારના ભવ્ય દરબારમાં પોતાની હાજરી પુરાવી રહ્યો હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ પોતાની સવારી પર બિરાજમાન રહીને મિના તરફ રવાના થયા. અહીંથી ઊપડતી વેળા આપે પોતાના માનવંતા કાકા હઝરત અબ્બાસના યુવાન ફરઝંદ હઝરત ફઝલ બિન અબ્બાસને પોતાની પાછળ ઊંટણીની પીઠ પર બેસાડી લીધા. આપના આઝાદ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહના લાડલા પુત્ર હઝરત ઉસામહ આપની સવારી સાથે ચાલવાની અને આપના નૂરની દીદારથી પાવન થવાની લહાણી માણતા હતા.

આપની સવારી મધ્યમ ગતિએ આગળ બઢી રહી હતી. હઝરત ફઝલ બિન અબ્બાસ આપની સવારી પાછળ બેઠેલા હતા. હઝરત ઉસામહ બિન ઝૈદ આપની સવારી સાથે ચાલી રહ્યા હતા. આપના ખાસ સાથીઓ આપની જોડે જ હતા અને બધા લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! નો કંઠક મંદ સ્વરે પોકાર કરતા મિના તરફ બઢી રહ્યા હતા. એટલામાં ખસ્અમ કબીલાના એક માનવંતા ખાતૂન (નામ જાણી શકાયું નહિ) આપની તહેનાતમાં હાજર થયાં.

"અસ્સલામુ અલૈકુમ યા રસૂલલ્લાહ !" ખાતૂને અરજ કરી, "હું એક વાત પૂછવા આપની તહેનાતમાં હાજર થઈ છું."

"કહો હે અલ્લાહની બંદી ! તમારે શું પૂછવું છે." આપે ફરમાવ્યું.

"હે અલ્લાહના રસૂલ ! અમારાં માબાપ આપની ઉપર કુરબાન ! અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ પર બૈતુલ્લાહની હજ્જ ફર્ઝ ઠરાવી છે. હજ્જનાં ફર્ઝ હોવાનો હુકમ મારા બાપાએ પણ સાંભળ્યો છે પણ તેઓ એટલા વયોવૃધ્ધ અને અશકત છે કે સવારી પર બેસી શકતા નથી.સવાલ આ છે કે શું હું તેમના તરફથી હજ્જ અને ઉમ્રહ કરી શકું છું ?"

"હા હે અલ્લાહની બંદી ! "આપે ફરમાવ્યું, "તમે તમારા બાપા તરફથી હજ્જ અને ઉમ્રહ કરી લો."

કાંકરા ઉપાડો-બિદઅતોથી બચો————અહીંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક સવારી મધ્યમ ગતિથી ચાલતી આગળ બઢી. થોડે દૂર જઈને આપે પોતાના કાકાના બેટા હઝરત ફઝલને ફરમાવ્યું, "હે અબ્બાસના બેટા ! સવારી પરથી નીચે ઊતરો અને રમીએ-જિમાર માટેના કાંકરા અહીંથી વીણી લો. જુઓ, ચણાથી મોટા અને બદામથી નાના હોય એવા કાંકરા વીણજો."

મિનાના આ મેદાનમાં અલ્લાહના પયગમ્બર હઝરત ઈબ્રાહીમ અલૈહિસ-સલામ પોતાના લાડલા બેટા હઝરત ઈસ્માઈલ અલૈહિસ-સલામને અલ્લાહના હુકમથી અલ્લાહના રાહમાં કુરબાન કરવા લઈ જતા હતા. તે વેળા હઝરત ઈસ્માઈલ કિશોર વયના બાળક હતા. શયતાને બહુરૂપીનો વેશ સજીને બાપ-બેટાને બહેકાવવાની ઘણી કોશિશ કરી પણ પોતાના દાવમાં તે ફાવ્યો નહિ. બાપ-બેટા સમજી ગયા કે એ શયતાન છે જે બહુરૂપીના વેશમાં આવ્યો છે.

Maktabe Ashraf

બંનેએ અલ્લાહના નામથી પથ્થરના કાંકરા ઝીંકીને તેને એવા ફટકાર્યો કે અલ્લાહનો દુશ્મન ઊભી પૂછડીએ ભાગી છુટયો. શયતાને મિનામાં ત્રણ જગાએ આ ચેષ્ટા કરી હતી જેથી એ ત્રણે સ્થળોએ આ બનાવની યાદગાર તરીકે ત્રણ થાંભલાં ગોઠવી દેવામાં આવ્યાં છે. પહેલા થાંભલાને "જમ્રએ-ઊલા" કહે છે. બીજા થાંભલાને "જમ્રએ-વુસ્તા" અને ત્રીજાને "જમ્રએ-ઉકબા" કહે છે. એટલે મોટો શયતાન, વચલો શયતાન, નાનો શયતાન. મોટા શયતાનને "જમ્રએ-કુબરા" અથવા "શયતાને-બુઝુર્ગ" પણ કહે છે. એજ બનાવની યાદગાર તરીકે હાજીઓ અહીંથી કાંકરા ઉપાડીને ત્રણે શયતાનોને સાત-સાત કાંકરા મારવાની ક્રિયા કરે છે. ઝીલ-હજ્જની ૧૦ તારીખે જમ્રએ-કુબરાને સાત કાંકરા મારવામાં આવે છે. બાકીના બે દિવસે ત્રણે શયતાનોને સાત-સાત કાંકરા મારવામાં આવે છે. કાંકરા મારવાની આ ક્રિયાને "રમીએ-જિમાર" કહે છે. રમ્ય-રમ્યુન એટલે મારવું-ફેંકવું અને જિમાર એટલે કાંકરા-કાંકરીઓ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ મળતાં હઝરત ફઝલ બિન અબ્બાસે ઊંટાણી પરથી ઊતરીને આપની સૂચના મુજબના સાત કાંકરા વીણી લીધા અને ઊભા થઇને આપની સેવામાં પેશ કરી દીધા. આપે એ કાંકરાને પોતાના મુબારક હાથથી સાફ કરીને પોતાના હાથમાં રાખી લીધા અને લોકોને સંબોધીને ફરમાવ્યું :

> "હે લોકો સાંભળો ! જેવા કાંકરા અમે ઉપાડયા છે તમે પણ એવા જ અને એટલા જ કાંકરાઓથી રમીએ-જિમાર કરો અને "ગુલૂ ફિદ-દીન"થી બચો. (એટલે દીનના કામોમાં કોઇ નવી વાત ઉપજાવી કાઢવાથી બચો. દીનમાં નવી વાત ઉપજાવી કાઢવાને બિદઅત કહે છે.)

એ પછી ફરમાવ્યું :

> "સાંભળો, તમારાથી પહેલાંની કૌમો "ગુલૂ ફિદ-દીન"ને કારણે તબાહ થઇ ગઇ."

મતલબ આ છે કે કાંકરાને બદલે પથ્થર, ચંપલ કે ખાસડું અને સાતને બદલે આઠ કાંકરા શયતાનને મારવાથી બચો કેમકે એનું જ નામ ગુલૂ ફિદ-દીન છે. અને ગુલૂ ફિદ-દીનથી કૌમો તબાહ થઇ જાય છે.[1]

હજ્જનો બીજો દિવસ

રમીએ-જિમાર અને કુરબાની

- ૧૦ ઝીલ-હજ્જ ૧૦ હિજરી
- ૭ માર્ચ ૬૩૨ ઇસ્વી
- શનિવાર

રમીએ-જિમાર માટે કાંકરા ઉપાડી લેવા પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની સવારી અહીંથી આગળ બઢી. આજે સવારે સૂરજ ઊગવા પહેલાં આપ મુઝ-દલિફહથી પોતાની ઊંટાણી પર બિરાજમાન

---

૧. ગુલૂ ફિદ-દીન : અરબી લુગત મુજબ ગુલૂ શબ્દના અર્થ વધારો કરવો, ઉમેરો કરવો, હદ ઓળંગવી વગેરે થાય છે. કોઇ હાજી વિચાર કરે કે શયતાનને સાત કાંકરા મારવાથી સવાબ મળે છે તો આઠ કાંકરા મારવાથી વધારે સવાબ મળશે. એનું જ નામ ગુલૂ ફિદ-દીન છે જેને બિદઅત કહે છે. બિદઅત સવાબનું નહિ, અલ્લાહના અઝાબને નોતરવાનું કામ છે. જેનાથી કૌમો તબાહ થઇ જાય છે. "હ"

Maktabe Ashraf

થઈને મિના તરફ રવાના થયા હતા. આપના કાકાના ફરઝંદ હઝરત ફઝલ બિન અબ્બાસ આપની સવારી પાછળ બેઠેલા હતા. આપના આઝાદ ગુલામના ફરઝંદ હઝરત ઉસામહ બિન ઝૈદ આપની સવારી સાથે ચાલી રહ્યા હતા. હજારો હાજીઓનો તોતિંગ કાફલો "તલ-બિયહ"એટલે લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! ના પોકાર કરતો આપની સાથે મિના તરફ બઢી રહ્યો હતો. કેટલાક પોતપોતાની સવારીઓ પર બિરાજેલા હતા ત્યારે કેટલાક પગપાળા પોતાની મંઝિલો કાપતા હતા. આગળ જતાં "મુહસ-સિર" નામની એક ખીણ આવી. જેવી જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઊંટણી મુહસ-સિરની ખીણમાં દાખલ થઈ કે તરત આપે ઊંટણીને તેજીથી હંકારી મૂકી. આપની ઊંટણીના ઝપાટો જોઈને તમામ મુસલમાનોએ પણ આપના અમલનું અનુસરણ કર્યું. હજારો ઊંટો અને ઊંટણીઓ ઝપાટાભેર આ ખીણ પસાર કરવા લાગી. પેદલ ચાલનારાઓએ પણ પોતાની ઝડપ વધારી દીધી.

મુહસ-સિરની મનહૂસ ખીણ————મુહસ-સિરની ખીણ મુઝ-દલિફહ અને મિનાની વચ્ચે આવેલી જમીનનું નામ છે. જમીનનો આ ટુકડો ન મુઝદલિફહમાં દાખલ છે ન મિનામાં. આ નોખો ટુકડો એક તરફ મુઝદલિફહને અડીને આવેલો છે અને બીજી તરફ મિનાને અડીને આવેલો છે. મુહસ-સિર નામની આ ખીણ એક મનહૂસ ખીણ ગણાય છે. એજ ખીણમાં "અસહાબે-ફીલ" એટલે હાથીવાળાઓ પર અલ્લાહનો અઝાબ તૂટી પડ્યો હતો.

મુખ્તસર વિગત એમ છે કે જે વરસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક જન્મ થયો એ વરસે મુલ્કે-યમનનો હબશી બાદશાહ પોતાના લાવલશ્કર અને હાથીઓની ફોજ સાથે ખાનએ-કઅબહને ઊખેડી નાખવાના નાપાક હેતુએ મક્કહ પર ચઢી આવ્યો. યમનના આ બાદશાહનું નામ અબ્રહા હતું. એ ભારે તુમાખીખોર અને અભિમાની બાદશાહ હતો. મક્કહ પાસે આવીને તેણે પોતાના લાવલશ્કર સાથે મુહસ-સિરની આ ખીણમાં પડાવ નાખી દીધો. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દાદા હઝરત અબ્દુલ-મુત્તલિબ મક્કહના સૌથી મોટા સરદાર હતા. મક્કહના લોકો અબ્રહાના જંગી લશ્કર અને તેના હાથીઓનો મુકાબલો કરી શકે એમ ન હતા. પોતાના ઘરોને તાળાં મારીને બધા જંગલો અને પહાડોમાં ચાલ્યા ગયા. આ તરફ અલ્લાહ તઆલાએ અબાબીલ એટલે ચકલીઓના ટોળેટોળાં મોકલી આપ્યાં. ચકલીઓની ચાંચો અને પંજાઓમાં નાનાં-નાનાં કાંકરા હતા. આકાશ પરથી તડાતડ બંદૂકની ગોળીઓ પેઠે કાંકરા વરસવા લાગ્યા. લશ્કરી કે હાથી જેને કાંકરો લાગતો એ ઢગલો થઈને, પ્રાણીએ ચાવેલા ભૂંસા જેવો થઈ પડતો. આ રીતે અલ્લાહ તઆલાના ગૈબી લશ્કરોમાંથી એક નજીવા લશ્કરે અભિમાની અબ્રહાના બળવાન લશ્કરને એજ મુહસ-સિરની ખીણમાં હતું ન હતું કરી નાખ્યું. એનું બયાન કુર્આને-મજીદની સૂરતુલ-ફીલમાં થયેલું છે : અલમ તર કયફ ફઅલ રબ્બુક બિ-અસ્હાબિલ-ફીલ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો નિયમ હતો કે જ્યારેય આપ પ્રવાસમાં કોઈ એવા સ્થળે પધારતા જ્યાં વસનારી કોઈ કૌમ પર અલ્લાહનો અઝાબ તૂટી પડ્યો હોય તો આપ પોતાના નૂરાની ચેહરા પર કપડું નાખીને ઝપાટાભેર ત્યાંથી પસાર થઈ જતા. એનું એક ઉદાહરણ આપણે જંગે-તબૂકના પ્રકરણમાં વાંચી આવ્યા છીએ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હાજીઓના જંગવર કાફલા સાથે ઝપાટાભેર મુહસ-સિરની ખીણ વટાવતા મિનામાં દાખલ થઈ ગયા. આપની મુબારક સવારી મિનામાં પ્રવેશી તે વેળા ચાશ્તનો સમય હતો. મિનામાં પ્રવેશીને આપે તે રસ્તો ગ્રહણ કર્યો જે મેદાનની વચ્ચેથી થઈને જમ્રએ-કુબરા (મોટા શયતાન) પાસે જતો હતો.

અહીં પધારીને આપે ખીણની નીચાણની જમીન પર કિયામ ફરમાવ્યો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના અહલે-બૈતમાંથી કમજોરો, અશકતો, બીમારો અને બાળકોને રાતની વેળા જ મુઝદલિફહથી મિના મોકલાવી આપ્યા હતા. હઝરત ઇબ્ને અબ્બાસ પણ એમની જ સાથે ગયા હતા. પાક બીબીઓમાંથી હઝરત સવદહ પણ એમના સંગાથે ગયાં હતાં. બાકીનાં બધાં પાક બીબીઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે હતાં. રવાના કરતી વેળા આપે તેઓને તાકીદ ફરમાવી હતી કે સૂરજ ઊગવા પહેલાં રમીએ-જિમાર કરવી નહિ.

જમ્રએ-કુબરા પાસે પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એવી રીતે ઊભા થઇ ગયા કે ખાનએ-કઅબહ આપના ડાબા હાથે હતો. મિનાનું મેદાન જમણા હાથે હતું. અને જમ્રએ-કુબરા આપના નૂરાની ચેહરાની સામે હતો. ઊંટણીની પીઠ પર બિરાજમાન રહીને આપે સાત કાંકરા એક-એક કરીને જમ્રએ-કુબરાને માર્યા. દરેક કાંકરો મારતી વેળા આપ અલ્લાહુ અકબર ! ફરમાવતા હતા. સાત કાંકરા પર સાત વાર અલ્લાહુ અકબર ફરમાવ્યું.

રમીએ-જિમારની આ ક્રિયા આપે ઝીલ-હજજની દસમી તારીખે, શનિવારની સવારે સૂરજ સારી રીતે ઊંચે ચઢી ગયો ત્યારે કરી. અને જયારે આ ક્રિયાથી પરવારી ગયા તો તરત જ "તલ-બિયહ" પઢવાનું એટલે લબ્બૈક! અલ્લાહુમ્મ લબ્બૈક ! પોકારવાનું મવકૂફ કરી દીધું.

રમીએ-જિમારની ક્રિયા વેળા હઝરત ઉસામહ બિન ઝૈદ અને હઝરત બિલાલ આપની તહેનાતમાં હાજર હતા. એમાંના એક ગૃહસ્થે આપની ઊંટણીનો અછોડો પકડી રાખ્યો હતો અને બીજા ગૃહસ્થે પોતાની ચાદરથી આપની ઉપર સાયો કરેલો હતો. કેમકે સૂરજના તડકામાં તેજી આવી ગઇ હતી.

બીજો અઝીમુશ-શાન ખુત્બો

- શનિવાર તા. ૧૦ ઝીલ-હજજ ૧૦ હિજરી
- મુતાબિક : ૭ માર્ચ ૬૩૨ ઇસ્વી.
- મુકામ : મિના.
- હાઝેરીનની સંખ્યા : સવા લાખથી વધારે.

જાણીતા સીરત લેખક અબુલ-બરકાત મવલાના અબ્દુર-રઊફ કાદરી દાનાપૂરી સાહેબ પોતાની કિતાબ "અસ્હહુસ-સિયર"માં લખે છે :

> "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હજજતુલ-વદાઅ વેળા ઝીલ-હજજની ૧૦ તારીખે મિનામાં તે સ્થળે કિયામ ફરમાવ્યો જયાં મસ્જિદે-ખૈફ આવેલી છે. અહીં જ આપે રમીએ-જિમારથી ફારિગ થઇને એક અઝીમુશ-શાન ખુત્બો બયાન ફરમાવ્યો. આ ખુત્બહ વેળા આપનો એક મુઅજિઝો જાહેર થયો. અબ્દુર્રહમાન બિન મુઆઝ તમીમીથી અબૂ દાવૂદ અને નસાઇ નામે હદીસ-ગ્રંથોમાં એક રિવાયત ટાંકવામાં આવેલી છે. તેઓ ફરમાવે છે કે રસૂલુલ્લાહ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ ખુત્બહ વેળા મિનાનું આખું મેદાન હાજીઓથી ચિક્કાર હતું. આ છેડાથી તે છેડા સુધી માણસો જ માણસો દેખાતા હતા. આમ છતાં આપના ખુત્બહનો અવાજ આ ખૂણાથી તે ખૂણા સુધી સાફ રીતે પહોંચી રહ્યો હતો. દૂર-નઝદીકના તમામ લોકો સરખી રીતે પોતપોતાની જગાએ ખુત્બહનો બોલેબોલ સાંભળી રહ્યા હતા. અલ્લાહ તઆલાએ દરેકના કાન સતેજ કરી દીધા હતા. વલ્લાહુ અઅલમ." [૧]

ખુત્બહની શરૂઆત——————જમ્રએ-કુબરાની રમીએ-જિમારથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મસ્જિદે-ખૈફ પાસે આવેલા પોતાના ઉતારે પધાર્યા. અહીં આપે એક અઝીમુશ-શાન અને ફસીહો-બલીગ ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો. અલ્લાહની હમ્દો-સનાથી ખુત્બહની શરૂઆત કરતાં આપે ફરમાવ્યું:

ઐયુહન-નાસ અન્નહૂ	હે લોકો ! બેશક
લા નબીય્ય બઅદી.	મારી પછી કોઈ નવા નબી નથી.
વલા ઉમ્મત બઅદુ-કુમ.	અને તમારા પછી કોઈ નવી ઉમ્મત નથી.
અલા ફઅબુદૂ રબ્બકુમ.	સાંભળો ! પોતાના પાલનહારની બંદગી કરો.
વ સલ્લૂ ખમ્સ કુમ.	અને પાંચ વખતની નમાઝ પઢો.
વ સૂમૂ શહ્કુમ.	અને રમઝાનના રોઝહ રાખો.
વ અદ્દૂ ઝકાત અમવાલ કુમ.	અને પોતાના માલની ઝકાત આપો,
અન તીબે નફસિમ મિન્હુ.	પોતાના મનની રાજીખુશીથી.
વ તહુજ્જ-જૂન બૈત રબ્બે-કુમ.	અને પોતાના રબના ઘરનો હજ્જ કરો.
વ અતીઊ ઊલાતિ અમ્રકુમ.	અને પોતાના હાકિમોના હુકમનું પાલન કરો.
તદખુલૂ જન્નત રબ્બે-કુમ.	તમે દાખલ થઈ જશો તમારા રબની જન્નતમાં.

અત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની આંખો સામે લાખ, સવા લાખ કે તેથી વધુ હાજીઓની ગંજાવર મેદની આપની તહેનાતમાં હાજર હતી. એક અલ્લાહના પૂજારીઓનું આ વિરાટ ટોળું આપની ૨૩ વરસોની તનતોડ કોશિશો અને આપના અવિરત સંઘર્ષોનું ફળ હતું. હવે એક નવી શરીઅત, એક નવા જીવન-તંત્ર, એક નવા જગત અને નવા યુગનો આરંભ થઈ ચૂક્યો હતો. એટલે જ આપે ફરમાવ્યું :

ઈન્નઝ - ઝમાન	બેશક ઝમાનો ઘૂમીફરીને
કદિસ - તદાર	તેજ સ્થળે આવી ગયો છે
કહૈઅતિ યવમ	તે રૂપમાં જે દિવસે
ખલકલ-લાહુસ	સર્જન કર્યું હતું અલ્લાહ તઆલાએ
સમાવાત વલ-અર્દ.	આકાશો અને ધરતીનું.

એ પછી વરસના કેટલા મહિના અલ્લાહ તઆલાએ નક્કી કર્યા છે તેનું વર્ણન કરતાં ફરમાવ્યું:

૧. જામિઅ - હુસ - સિયર પેજ ૫૦૨નો હાશિયો.

Maktabe Ashraf

ઈન્ન ઈદ્દતશ-શુહૂરિ	બેશક મહિનાઓની આગતરી
ઈન્દલ્લાહ ઈસ્ન અશર શહરન	અલ્લાહ કને ૧૨ મહિના છે.
મિન્હા અર-બઅતુન હુરુમ.	એમાંના ૪ મહિના માનપાનવાળા છે.
સુલાસતુ મુતવા-લિયતુન	એમાં ૩ મહિના લગાતાર આવે છે.
વ રજબુમ મુફરદ.	અને એક રજબ મહિનો નોખો છે;
અલ્લઝી બૈન જુમાદી વ શઅબાન.	તે જુમાદલ-આખિર અને શઅબાનની વચ્ચે છે.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હાજીઓના વિરાટ સમૂહને ઉદ્દેશીને પૂછ્યું, "લોકો! આજે કયો દિવસ છે ?"

"અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણે છે." લોકોએ જવાબ આપ્યો.

આપે ફરીવાર ગંભીર સ્વરે પૂછ્યું, "લોકો ! શું આજે કુરબાનીનો દિવસ છે ?"

"બેશક હે અલ્લાહના રસૂલ !" લોકોએ અદબથી જવાબ આપ્યો.

આપે પૂછ્યું, "લોકો ! આ કયો મહિનો છે ?"

"અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણે છે." લોકો અદબથી બોલ્યા.

આપે પૂછ્યું, "લોકો ! શું આ ઝીલ-હજ્જ નથી ?"

"હા બેશક હે અલ્લાહના રસૂલ !" લોકોએ બાઅદબ જવાબ આપ્યો.

આપે પૂછ્યું, "લોકો ! આ કયું શહેર છે ?"

જવાબમાં લોકો ખામોશ રહ્યા.

આપે ફરમાવ્યું, "લોકો ! શું આ બલ-દતુલ-હરામ નથી ?" (માનપાનવાળું મક્કહ શહેર નથી ?)

"હા બેશક હે અલ્લાહના રસૂલ !" લોકોએ સવિનય જવાબ આપ્યો.

લોકોને વારંવાર આ વાતો સવાલ રૂપે પૂછવાથી આપનો મકસદ આ હતો કે જે વાતો આપ પૂછી રહ્યા છે એ કોઈ મામૂલી નહિ બલકે બેહદ જરૂરી અને અગત્યની વાતો છે. આપ ચાહતા હતા કે પૂછેલી વાતોનું મહત્વ લોકોના દિલો પર કોતરાઈ જાય. જ્યારે મુસલમાનોના દિલો પર આજના દિવસની અઝમત, આ મુબારક મહિનાનો મહિમા, અને માનપાનવાળા શહેરની મહત્તાનું ચિત્ર અંકિત થઈ ગયું અને લેશ પણ સંદેહ વિના તેઓને ખાતરી થઈ ગઈ કે આજના દિવસે, આ સ્થળે, આ મહિના અને આ શહેરમાં લડાઈ-ઝઘડો, મારામારી, કાપાકાપી વગેરે મુત્લક હરામ છે તો આપે તેઓને સંબોધીને ફરમાવ્યું

"લોકો ! અલ્લાહ તઆલાએ તમારા પોકળ અભિમાનના મૂળિયાં ખોદી કાઢ્યાં છે. બાપદાદાઓના કારનામાઓ કે પરાક્રમો પર અભિમાન લેવાની હવે કોઈ ગુંજાઈશ રહી નથી.

"હવે તમારી જાનો, તમારો માલ, તમારી ઈઝઝત-આબરૂ એકબીજા પર કિયામત સુધીના માટે હરામ કરાવી દેવામાં આવ્યાં છે. જુઓ, આ વસ્તુઓનું એટલું જ મહત્વ

છે જેટલું તમારા આ દિવસનું, તમારા આ સ્થળનું, તમારા આ મહિનાનું અને તમારા આ શહેરનું છે.

"ખબરદાર હે લોકો ! મારા પછી ગુમરાહ ના થઈ જશો. ન થાય કે તમે આપસમાં જ એકબીજાની ગરદનો મારવા લાગી જાવ !

"લોકો ! તમારે બહુ જલદી અલ્લાહના દરબારમાં હાજર થવાનું છે અને પોતાની કરણીનો હિસાબ આપવાનો છે. ખબરદાર અને સાવધાન ! મારા પછી દીનથી ફરી ના જશો. સીધા રસ્તેથી ભટકી ના જશો. કુફ્ર તરફ પલટી ના જશો. એકબીજાની ગરદનના મારશો.

"જાણી લો કે જે કોઈ અલ્લાહના હકમાં અને તેના બંદાઓના હકમાં બેઈમાની કરે છે તે પોતાના જ હકમાં બેઈમાની કરે છે. એવું ન થાય કે તમે ગુનાહોની ગાંસડી લઈને અલ્લાહના દરબારમાં ઊભા થાવ અને બીજા લોકો નેકીઓના સામાન સાથે હાજર થાય! યાદ રાખો, એવું થાય તો હું અલ્લાહના દરબારમાં તમારા કંઈ કામમાં નહિ આવી શકું. બદકાર પોતાની બદીઓનો પોતે જવાબદાર છે. બાપના પાપનો બેટો જવાબદાર નથી અને બેટાનો પાપનો બાપ જવાબદાર નથી.

"લોકો ! કોઈ નકટો હબશી ગુલામ પણ તમારો અમીર હોય અને તે તમને અલ્લાહની કિતાબના કાનૂન મુજબ ચલાવે તો તમે તેના હુકમની તાબેદારી કરજો.

"હવે તમારા આ શહેરમાં શયતાનની પૂજા કરવામાં આવે એ વાતથી શયતાન કાયમ માટે નિરાશ થઈ ચૂકયો છે. અલબત્ત આ વાત બનવા જોગ છે કે નાની-નાની વાતોમાં-- જેને તમે મામૂલી કે નજીવો ગુનાહ સમજો, તેવા હલકા કામોમાં તમે તેની તાબેદારી કરવા લાગો. તો, તમારી એટલી જ વાતથી શયતાન રાજીનો રેડ થઈ જશે.

"લોકો ! હમેશા અલ્લાહની કિતાબની તિલાવત કરતા રહેજો. દીન અને શરીઅતનો વિરોધ ના કરજો. ઈસ્લામ વિરૂધ્ધ કોઈ વાત ના બોલજો. પોતાના પાલનહારની બંદગી કરજો. પાંચ વખતની નમાઝો તેના સમયે અદા કરજો. રમઝાનના રોઝહ રાખજો. પોતાના અમીરની તાબેદારી કરજો. તમે તમારા પાલનહારની જન્નતમાં દાખલ થઈ જશો.

"લોકો ! મેં તમારા પાલનહારના તમામ હુકમો તમારા સુધી પહોંચાડી દીધા છે. હે અલ્લાહ ! ગવાહ રહેજે !"

ખુત્બો ખતમ ફરમાવતાં આપે લોકોને સંબોધીને ફરમાવ્યું :

અન્તુમ તસ-અલૂન	તમને પૂછવામાં આવશે.
અન્ની	મારા વિષે (અલ્લાહના દરબારમાં)
ફમા અન્તુમ કાઈલૂન.	તો તમે શું જવાબ આપશો ?

લોકોને ભેગા સ્વરે જવાબ આપ્યો :

નશહદુ અન્નકા	અમે ગવાહી આપીશું કે આપે
કદ બલ્લગ - તા.	અલ્લાહના અહકામ અમને પહોંચાડી દીધા.

Maktabe Ashraf

વ અદ-દય - તા	અને આપે પયગમ્બરીનો હક અદા કરી દીધો.
વ નસહ - તા.	અને આપે અમને ખરાખોટાની નસીહત ફરમાવી દીધી.

આ જવાબ સાંભળીને આપે પોતાની શહાદતની મુબારક આંગળી આકાશ તરફ ઉઠાવી અને તેને લોકો તરફ ઝુકાવતાં ફરમાવ્યું :

અલ્લાહુમ્મ અશહદ !	હે અલ્લાહ ! ગવાહ રહેજે !
અલ્લાહુમ્મ અશહદ !	હે અલ્લાહ ! ગવાહ રહેજે !
અલ્લાહુમ્મ અશહદ !	હે અલ્લાહ ! ગવાહ રહેજે !

એ પછી આપે ફરમાવ્યું : "ફલ-યુબલ - લિગુશ-શાહિદુલ-ગાઇબ." જે લોકો અત્રે હાજર છે તેઓ મારી વાતોને એવા લોકો સુધી પહોંચાડી દે જેઓ અત્રે હાજર નથી.

એ પછી આપે ફરમાવ્યું :

> "હે મુસલમાનો ! જાણી લો, ત્રણ વાતો સીનાને પાકસાફ બનાવે છે : (૧) અમલમાં ઇખ્લાસ (૨) મુસલમાન ભાઈ-બહેનોની ખેરખ્વાહી (૩) મુસલમાનોમાં સંપ અને સંગઠન."

આ ખુત્બહ પછી આપે લોકોને "અલ-વદાઅ"નો સંદેશ પાઠવ્યો. એજ કારણે સીરતકારોના મંતવ્ય મુજબ તમામ સહાબા આ હજજને હજજતુલ-વદાઅ કહેવા લાગ્યા.

એક સો ઊંટોની કુરબાની

ખુત્બહથી ફારિગ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કુરબાનગાહ પાસે પધાર્યા. આ સ્થળ મિનાના બજારમાં આવેલું હોવાનું કહેવાય છે. અહીં પધારીને આપે લોકોને ફરમાવ્યું, "કુરબાની માટે મિનાનું મેદાન જરૂરી નથી. મિનામાં અને મક્કહની ગલીએ ગલીમાં કુરબાની કરી શકાય છે."

આપે અને હઝરત અલીએ આણેલા ઊંટોની સંખ્યા ૧૦૦ હતી. કુરબાનગાહમાં આપે પૂરાં ૬૩ ઊંટો પોતાના મુબારક હાથથી ઝબહ કર્યા. આ ૬૩ ની સંખ્યા આપની મુબારક ઉંમરના ૬૩ વરસો જેટલી હતી. બાકી રહેલાં ઊંટો માટે હુકમ થયો કે હઝરત અલી પોતાના હાથે તેને ઝબહ કરે. ઝબહ કરાયેલા દરેક ઊંટમાંથી આપના ફરમાન મુજબ થોડું થોડું ગોશ્ત લઈને એક તપેલામાં પકાવવામાં આવ્યું. તૈયાર થતાં હઝરત અલી સાથે આપે તેમાંથી ગોશ્ત અને શોરબાનું જમણ લીધું. તે વેળા આપે હઝરત અલીને ફરમાવ્યું,

> "કુરબાનીનું ગોશ્ત, કુરબાનીના ચામડાં, નાથ, પખાલ બધું ગરીબો, મિસ્કીનોને દાન કરવામાં આવે. જાનવરના ચામડાં છોલનારા કે ગોશ્તના ટુકડા કરનારાઓને એમાંથી મઝદૂરી તરીકે કંઈ ન આપવામાં આવે.તેઓની મઝદૂરીનું મહેનતાણું અલગ રીતે ચૂકવવામાં આવે."

હઝરત જાબિરની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની પાક બીબીઓ તરફથી ગાયોની કુરબાની કરી. અને બીજી રિવાયતો મુજબ કેટલાંક બકરાં પણ કુરબાની તરીકે ઝબહ કર્યા.

કુરબાનીથી ફારિગ થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ "હલ્લાક" એટલે વાળો કાપનાર (હજામ)ને હાજર થવાનો હુકમ ફરમાવ્યો.

મુબારક વાળોની વહેંચણી——————સહીહ બુખારીની રિવાયત મુજબ હઝરત મઅમર બિન અબ્દુલ્લાહ બિન હન્ઝલહ બિન ઔફ (રદિયલ્લાહુ અન્હુ) અસ્તરો લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇ ગયા.

આપે રમૂજમાં તેમને ફરમાવ્યું, "હે મઅમર ! અલ્લાહ તઆલાએ તમને તેના પયગમ્બરના કાનની બૂટ પર કાબૂ આપી દીધો. અને તે પણ એવી હાલતમાં કે તમારા હાથમાં ખુલ્લો અસ્તરો છે !"

હઝરત મઅમરે મસ્તક નમાવીને અદબથી કહ્યું, "હે અલ્લાહના રસૂલ ! અહીં આપના પવિત્ર ચરણોમાં હાજર થઇને આપના દરબારમાં મારૂં ઊભા રહેવું અને આપના મુબારક કાનની બૂટ પર મને કાબૂ આપવો એ ખરેખર અલ્લાહ તઆલાનો મુજ પર મહાન ઉપકાર અને તેની બહુ મોટી નેઅમત છે."

આપે ફરમાવ્યું, "મઅમર ! તમે ઠીક કહો છો. ખરેખર એ અલ્લાહની નેઅમતોમાંથી એક અઝીમ નેઅમત છે."

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ હઝરત મઅમરે પ્રથમ જમણી તરફથી આપના મુબારક વાળનું મૂંડન શરૂ કર્યું. પછી એ તરફના બધા વાળો આપે તે માનવંતા સહાબાને વહેંચી આપ્યા જેઓ અગાઉથી જ આપના મુબારક વાળોની મહામૂલી નેઅમતને મેળવવાની ઉત્સુકતાથી રાહ જોઇને ઊભેલા હતા.

એ પછી હઝરત મુઅમરને ઇશારો થયો કે મુબારક સરની ડાબી તરફના વાળો પર અસ્તરો ચલાવે. હુકમનું પાલન કરતાં તેમણે એ તરફના ભાગ પર અસ્તરો ચલાવ્યો. આ વેળાના બધા મુબારક વાળો આપે હઝરત અબૂ તલહા અન્સારીને ઇનાયત ફરમાવ્યા. આ મહામૂલી નેઅમત મેળવીને હઝરત અબૂ તલહાની સાથે બધા નસીબદારો ન્યાલ ન્યાલ થઇ ગયા.

હઝરત અનસની રિવાયત મુજબ જમણી તરફના થોડાક મુબારક વાળો પણ હઝરત અબૂ તલહા અન્સારીના ભાગે આવ્યા હતા. એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ડાબી તરફના મુબારક વાળો હઝરત અબૂ તલહાને આપ્યા હતા અને સાથે ફરમાવ્યું હતું કે, હાઝિરીને-મજલિસમાં એને વહેંચી આપો.

હઝરત અબૂ તલહા અનસારી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મશહૂર ખાદિમ હઝરત અનસ બિન માલિકના સાવકા વાલિદ થતા હતા. એટલે હઝરત અનસના માનવંતા અમ્માંજી બીબી ઉમ્મે સુલૈમના બીજા ખાવિન્દ હતા.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બાકીના મુબારક વાળો અને પવિત્ર નખો કપાવીને હાઝિરીને-મજલિસમાં વહેંચી આપ્યા. વાળ મૂંડનમાં માનવંતા સહાબાએ પણ આપના અમલનું અનુસરણ કર્યું. માનવંતા સહાબામાં મોટા ભાગના ગૃહસ્થોએ પોતાના વાળો મૂંડાવી નાખ્યા ત્યારે કેટલાક ગૃહસ્થોએ મૂંડનને બદલે કેંચીથી કપાવી નાખ્યા.

મુબારક વાળો અને પવિત્ર નખોની સફાઇ બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગુસલ ફરમાવ્યો. ગુસલથી પરવારીને આપ પોતાની કુસવા સાંઢણી પર બિરાજમાન થયા અને તવાફે-ઝિયારત માટે મક્કહ

જવા રવાના થયા.

તવાફે-ઝિયારતની અદાયગી————મક્કહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બૈતુલ્લાહ શરીફનો તવાફ કર્યો. તવાફના સાત ફેરા આપે પોતાની સવારી પર બિરાજમાન રહીને પૂરા કર્યા. અને આ તવાફમાં આપે રમલ પણ નહિ કર્યો. આ તવાફ આપે બપોરના સમયે ઝુહર પહેલાં કર્યો. આજની ૧૦ તારીખના આ તવાફને "તવાફે-ઝિયારત" કહે છે. દરેક હાજી પર આ તવાફ ફર્ઝ હોય છે. એને તવાફે-સદ્ર, તવાફે-રૂકન અને તવાફે-ઈફાદહ પણ કહે છે. આ તવાફ પછી આપે સફા-મર્વહની સઅી પણ નહિ કરી અને આ તવાફ પછી આજના દિવસે આપે બીજો તવાફ નહિ કર્યો. આજની ઝુહરની નમાઝ આપે મિનામાં પધારીને અદા કરી.

તવાફે-ઝિયારતથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝમઝમના કૂવા પાસે પધાર્યા. સિકાયહ એટલે હાજીઓને પાણી પીવાડવાનો વહીવટ હઝરત અબ્બાસ અને તેમની અવલાદના હાથોમાં હતો. તેઓ આ માનદ સેવા ભારે ચીવટ અને ખંતથી ખડે પગે બજાવી રહ્યા હતા. હઝરત અબ્બાસના બેટાઓએ કૂવામાંથી ડોલ ભરીને ઝમઝમનું પવિત્ર પાણી આપની સેવામાં પેશ કર્યું અને આપે કિબ્લહ તરફ મુખ કરીને ઊભા-ઊભા એ પાણી પીધું અને ફરમાવ્યું, "હે અબ્બાસના પુત્રો ! અગર મને આ વાતની ધાસ્તી ન હોત કે લોકો મારા અનુકરણમાં કૂવા પર ધસારો કરી દેશે- પોતે પાણી ઉલેચવાની પડાપડી કરશે તો હું પોતે તમારી સાથે જોડાઈને આ સેવા બજાવતે!"

ઝમઝમના પવિત્ર પાણીના ગુણો દર્શાવતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું:

> "તમે જે હેતુની સિધ્ધિ માટે એ પાણી પીશો, તમારો એ હેતુ પૂરો થશે. બીમારીથી શિફા માટેની નિય્યત કરશો તો અલ્લાહ તઆલા તમને એ બીમારીથી શિફા આપી દેશે. કોઈ મુસીબત કે સંકટને ટાળવા માટે પીશો તો અલ્લાહ તઆલા તમારી એ મુસીબત કે સંકટને ટાળી દેશે. કોઈ દુશ્મનથી રક્ષણ મેળવવા પીશો તો અલ્લાહ તઆલા તમને એ દુશ્મનથી રક્ષણ આપી દેશે. અગર તમે પોતાની પ્યાસ બુઝાવવા માટે પીશો તો અલ્લાહ તઆલા તમારી પ્યાસ બુઝાવી દેશે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિદ્વાન સહાબી હઝરત ઈબ્ને અબ્બાસ ઝમઝમનું પાણી પીતી વેળા આ દુઆ માગતા :

અલ્લાહુમ્મ ઈન્ની અસ-અલુક	હે અલ્લાહ ! હું સવાલ કરૂં છું તને,
ઈલ્મન - નાફિઅંવ	લાભકારક ઈલ્મનો,
વ રિઝકંવ - વાસિઅંવ	અને વિશાળ રોજીનો,
વ શિફાઅમ મિન કુલ્લે દાઅ.	અને દરેક બીમારીથી શિફાનો.

તવાફે-ઝિયારત અને ઝમઝમના પાણીથી ફારિગ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એજ દિવસે મક્કહથી મિના વાપસ તશરીફ લઈ ગયા અને બાકીનો દિવસ તથા પૂરી રાત આપે મિનામાં પોતાના તંબૂમાં પસાર કરી.

આજના દિવસે એટલે ઝીલ-હજ્જની ૧૦ તારીખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાર્યક્રમ આ પ્રમાણે રહ્યો :

Maktabe Ashraf

- સૂર્યોદય પહેલાં મુઝ-દલિફહથી લબ્બૈકના પોકાર સાથે મિના તરફ રવાના થયા.
- મુહર-સિરની ખીણમાંથી પસાર થતાં ઊંટણીને તેજીથી હંકારી મૂકી.
- મિનામાં પધારીને જમ્રએ-કુબરાને રમીએ-જિમાર કર્યો.
- રમીએ-જિમાર પછી તલ-બિયહ એટલે લબ્બૈકનો પોકાર મવકૂફ કર્યો.
- અઝીમુશ-શાન ખુત્બો બયાન ફરમાવ્યો.
- એક સો ઊંટોની કુરબાની કરી. ચામડાં ઉતારાવ્યાં. ગોશ્તના ટુકડા કરાવ્યા. બધામાંથી થોડું થોડું પકાવીને જમાણ લીધું.
- કુરબાની પછી મુબારક માથાનું મૂંડન કરાવ્યું. મુબારક નખો કપાવ્યા અને સહાબામાં આ તબર્રૂકની વહેંચણી કરી.
- મિનાથી મક્કહ પધારીને બૈતુલ્લાહનો તવાફે-ઝિયારત કર્યો.
- તવાફથી ફારિગ થઈને ઝમઝમના કૂવા પાસે પધાર્યા અને ઝમઝમનું પવિત્ર પાણી નોશ ફરમાવ્યું.
- એજ દિવસે મક્કહથી વાપસ થઈને મિના તશરીફ લઈ ગયા.

જમરાતની રમી

• ૧૧ ઝીલ-હજ્જ ૧૦ હિજરી.

• મુતાબિક ૮ માર્ચ ૬૩૨ ઈસ્વી. રવિવાર

ત્રણે જમરાતની રમી———————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગઈ રાતે મિનામાં પોતાના ઉતારે આરામ ફરમાવ્યો. આજના દિવસનું પ્રભાત થતાં આપે તમામ મુસલમાનો સાથે ફજરની નમાઝ અદા કરી. એ પછી બીજાં કામોથી પરવારીને આપ ઝવાલના સમયનો ઈન્તેઝાર ફરમાવવા લાગ્યા. ગઈકાલે કુરબાની, તવાફે-ઝિયારત વગેરે હજ્જની મહત્વની ક્રિયાઓથી આપ ફારિગ થઈ ગયા હતા. આજે ઝવાલના સમય સુધી આપે પોતાની કિયામગાહ પર જ આરામ ફરમાવ્યો. એ દરમિયાન લોકો પોતાના કામો, હજ્જના મસાઈલ તેમ આપના દર્શનથી પાવન થવા માટે આપની તહેનાતમાં આવજાવ કરતા રહ્યા.

જ્યારે સૂરજ માથે આવીને નમી ગયો એટલે ઝવાલનો સમય પૂરો થયો તો ઝુહરની નમાઝ પહેલાં આપ પોતાના મુબારક પગે ચાલતા જમ્રએ-ઊલા તરફ તશરીફ લઈ ગયા. આ જમ્રહ મસ્જિદે-ખૈફ તરફ આવેલો છે. જમ્રએ-ઊલા પાસે પધારીને આપ ઊભા થઈ ગયા અને એક પછી એક કરીને તેને સાત કાંકરા માર્યા. દરેક કાંકરો મારતી વેળા આપ અલ્લાહુ અકબર ફરમાવતા હતા. એ પછી જમ્રહ તરફ થોડેક આગળ વધીને આપ કિબ્લહરૂખ ઊભા થઈ ગયા અને મુબારક હાથો આકાશ તરફ ઉઠાવીને રબ્બુલ-આલમીનની બારગાહમાં દુઆઓ માગવા લાગ્યા. અહીં આપે બહુ લાંબી દુઆ માગી. એટલી લાંબી જેનું પ્રમાણ સૂરએ-બકરહ જેટલું હતું.સૂરએ-બકરહ પહેલા પારહથી શરૂ થઈને ત્રીજા પારહમાં ખતમ થાય છે. એ કુર્આને-મજીદની બહુ લાંબી સુરત છે. એના ૪૦ રૂકૂઅ અને ૨૮૬ આયતો છે.

Maktabe Ashraf

જમ્રએ-ઊલા પર દુઆ ખતમ ફરમાવીને આપ જમ્રએ-વુસ્તા એટલે વચલા શયતાન પાસે પધાર્યા. ઉપરની ક્રિયા મુજબ આ શયતાનને સાત કાંકરા માર્યા અને થોડેક આગળ પધારીને બારગાહે-ઈલાહીમાં દુઆ માટે હાથ ફેલાવી દીધા. એ પછી આપે જમ્રએ-અકબહ પાસે પધારીને એને પણ નિયમ મુજબ સાત કાંકરા માર્યા. આ ત્રીજા શયતાનને કાંકરા મારવા પછી આપે ન તો દુઆ માટે હાથ ઉપાડયા અને ન કોઈ દુઆ માગી. જમ્રએ-અકબહનું બીજું નામ જમ્રએ-કુબરા કે શયતાને-બુઝુર્ગ એટલે મોટો શયતાન છે. એની રમીથી પરવારીને આપ પોતાના ઉતારે તશરીફ લઈ ગયા અને બાકીના સમયે આપે પોતાના ઉતારામાં આરામ ફરમાવ્યો.

સહીહ રિવાયતો મુજબ હજ્જતુલ-વદાઅમાં ૬ સ્થળોએ દુઆ કરવાનું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી સાબિત છે. એ સ્થળોના નામ આ પ્રમાણે છે : (૧) સફા (૨) મર્વહ (૩) અરફાત (૪) મુઝ-દલિફહ (૫) જમ્રએ-ઊલા (૬) જમ્રએ-વુસ્તા.

બારમી તારીખની રમીએ-જિમાર

• ૧૨ ઝુલ-હિજ્જહ ૧૦ હિજરી.

• મુતાબિક ૯ માર્ચ ૬૩૨ ઈસ્વી. સોમવાર

હજ્જનો ચોથો દિવસ——————આજે હજ્જનો ચોથો દિવસ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે હજારો હાજીઓએ મિનામાં કિયામ કરીને પોતપોતાનાં તંબૂમાં આરામ ફરમાવ્યો. રાત અલ્લાહની ઈબાદતમાં અને આરામ કરવામાં પસાર થઈ ગઈ. પ્રભાત થતાં અઝાન પોકારવામાં આવી અને જ્યારે ઈકામત પોકારવામાં આવી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઈમામતમાં અલ્લાહના હજારો બંદાઓ પોતાના માલિકના દરબારમાં હાથ બાંધીને ઊભા થઈ ગયા. ફજ્રની નમાઝથી ફારિગ થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના તંબૂમાં પધાર્યા. અહીં જ અલ્લાહની ઈબાદતમાં લાગેલા રહીને આપ ઝવાલના સમયનો ઈન્તેઝાર ફરમાવતા રહ્યા. એ દરમિયાન આપની તહેનાતમાં લોકોના આવવા જવાનો સિલસિલો કાયમ રહ્યો. દેશ દેશાવરથી લોકો હજ્જ માટે આવેલા હતા. કોઈ હજ્જના મસઅલા પૂછતો હતો. કોઈ પોતાની અંગત જરૂરિયાત રજૂ કરતો હતો તો કોઈ પોતાના કબીલા કે વસતિની સમસ્યા અંગે આપની સલાહ લેતો હતો. આપની મુલાકાત અને દીદારનો આ સિલસિલો ઝવાલના સમય સુધી ચાલુ રહ્યો.

ઝવાલનો સમય ખતમ થતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઊભા થઈને તંબૂમાંથી બહાર પધાર્યા અને રમીએ-જિમાર માટે તે તરફ તશરીફ લઈ ગયા જે તરફ ત્રણે જમ્રાઓ આવેલા હતા. અહીં પધારીને આપે વારાફરતી ત્રણે જમ્રાઓને રાબેતા મુજબ કાંકરા માર્યા. તમામ મુસલમાનોએ પણ આપના આ અમલનું અનુકરણ કર્યું.

હવે માનવંતા હાજીઓની, મિનાથી મક્કહ-વાપસીનો સિલસિલો શરૂ થઈ ગયો. કેટલાક પાયદળ તો કેટલાક સવારીઓ પર બેસીને મક્કહ તરફ રવાના થવા લાગ્યા. પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મિનાથી નીકળી જવાની ઉતાવળ નહિ કરી બલકે એ રાતે પણ આપ મિનામાં જ બિરાજમાન રહ્યા.

Maktabe Ashraf

બૈતુલ્લાહનો તવાફે-વદાઅ

- મંગળવાર તા. ૧૩ ઝીલ-હજ્જ ૧૦ હિજરી.
- મુતાબિક ૧૦ માર્ચ ૬૩૨ ઈસ્વી.
- ઉંમર મુબારક : ૬૨ વરસ ૯ મહિના ૫ દિવસ

મિનાથી મક્કહ વાપસી————કેટલીક રિવાયતો મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝીલ-હજ્જની ૧૩ તારીખે એટલે ઐયામે-તશરીકના છેલ્લા દિવસે [1] ઝવાલના સમય પછી રમીએ-જિમારની ક્રિયાથી પરવારીને મિનાથી રવાના થયા અને મક્કહ આવે તે પહેલાં "વાદીએ-મુહસ-સિબ" નામે મુકામે પહોંચીને થોભી ગયા. આ એક ખીણનું નામ છે. એને અબતખ, અબતહ કે ખૈફે-કિનાનહ પણ કહે છે. આ તે સ્થળ છે જ્યાં પયગમ્બરીની શરૂઆતના ઝમાનામાં કુરૈશના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના તમામ લોકોનો બૉયકોટ કરીને અને બધાને શહેરથી તડીપાર કરીને વાડામાં ગોંધી દીધા હતા, જેનું નામ "શિઅબે-અબી તાલિબ" હતું. તે સમયે કુરૈશે એકમતે ઠરાવ્યું હતું કે જ્યાં સુધી એ લોકો મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ને અમારે હવાલે નહિ કરી દે ત્યાં સુધી એમની સાથે રોટી-બેટીનો, લેણદેણનો, બોલચાલનો તમામ વહેવાર બંધ રહેશે. આ આંદોલનનો સૂત્રધાર કે અગ્રેસર અબૂ જહલ હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ, "મુહસ-સિબ" કે "અબતહ" મુકામે પધારીને થોભી ગયા તેનું કારણ એમ બન્યું કે આપના ખાદિમે-ખાસ હઝરત અબૂ રાફિઅએ, આપના પહોંચવા પહેલાં, અહીં પહોંચીને, પોતાની મરજીથી આપના માટે તંબૂ ઊભો કરી દીધો હતો. આપનો બધો માલસામાન એમની જ દેખરેખમાં હતો. આપે અહીં કિયામ ફરમાવીને ઝુહર, અસર, મગરિબ અને ઈશાની નમાઝો અહીં જ અદા કરી. ઈશાની નમાઝથી ફારિગ થઈને આપ અહીં જ સૂવા માટે પોતાની પથારી પર લેટી ગયા. થોડોક સમય આરામ લઈને આપ રાતે જ ઊઠી ગયા અને રાતના જ સમયે આપ મક્કહ પહોંચી ગયા.

સહીહ બુખારીની રિવાયત મુજબ મુસલમાનોના માનવંતા અમ્માંજી હઝરત બીબી આઈશહએ માસિક રુતુને કારણે હજ્જ પહેલાં ઉમ્રહ અદા કર્યો ન હતો જેનો એમને બેહદ ખેદ હતો. કહ્યા કરતાં, "અફસોસ! લોકો બબ્બે ઈબાદતો લઈને ઘેર જશે. હું કુદરતી નિયમોને આધારે એક ઈબાદતમાં પાછળ પડી ગઈ."

હઝરત આઈશહએ અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારા ઉમ્રહનું શું ?"

આપે એજ વેળા એમના ભાઈ હઝરત અબ્દુર્રહમાન બિન અબૂબક્રને બોલાવીને ફરમાવ્યું, "તમારા બહેનને "તનઈમ" મુકામે લઈ જાવ અને ત્યાંથી એમનો ઉમ્રહ પૂરો કરાવી દો."

હઝરત બીબી આઈશહ ખુશ થઈ ગયાં. ઉમ્રહ છૂટી જવાનો દિલ પર જે ભાર હતો તે ઊતરી ગયો. પોતાના ભાઈ સાથે તનઈમ સ્થળે ગયાં. ત્યાંથી ઉમ્રહની નિય્યતે મક્કહ આવ્યાં. બૈતુલ્લાહનો તવાફ કર્યો. સફા-મર્વહની સઅી કરી અને પોતાના ભાઈ સાથે ઉમ્રહથી પરવારીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયાં.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તવાફે-વદાઅ માટે બૈતુલ્લાહ શરીફ પાસે પધાર્યા. નિયમ

---

૧. ઝીલ-હજ્જની ૯ તારીખથી ૧૩ તારીખ સુધીના પાંચ દિવસોને ઐયામે-તશરીક કહે છે. "હ"

Maktabe Ashraf

એવો છે કે મક્કહવાસીઓ વગર બીજા શેહરો કે બીજા દેશોથી આવનારા હાજીઓ માટે હજ્જ પછી ખાનએ-કઅબહનો ''તવાફે-વદાઅ''કરવો વાજિબ છે. જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મિનાથી મક્કહ પધારીને ખાનએ-કઅબહનો તવાફે-વદાઅ કર્યો. આ તવાફમાં આપે રમલ નહિ કર્યો. અલબત્ત તવાફ પૂરો કરીને મકામે-ઈબ્રાહીમ પાસે પધાર્યા અને અહીં તવાફની બે રકઅત નમાઝ અદા કરી. નમાઝ ખતમ કરીને આપ ''મુલ્તઝમ''પાસે પધાર્યા. અહીં ઊભા રહીને આપે બારગાહે-ઈલાહીમાં દુઆઓ માગી. ખાનએ-કઅબહના દરવાજા અને હજરે-અસવદના દરમિયાની હિસ્સાને મુલ્તઝમ કહે છે. અહીં એક જગાએ ઊભા રહીને આપે ફરમાવ્યું :

> ''કોઈ ઈન્સાન એવો નથી જે ''મુલ્તઝમ'' પાસે આવીને ઊભો રહે, દુઆ માગે, પોતાની હાજત બારગાહે-ઈલાહીમાં રજૂ કરે અને તે પૂરી ન થાય !''

તવાફે-વદાઅ, બે રકઅત નમાઝ, અને મુલ્તઝમ પાસેની દુઆ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ઝમઝમના કૂવા પાસે પધાર્યા. ખુદ પોતાના મુબારક હાથે ડોલ કૂવામાં નાખીને ખેંચી, ઝમઝમના પવિત્ર જળનું અમૃતપાન કર્યું અને બાકીનું પાણી કૂવામાં રેડી દીધું. એ પછી આપે ખાનએ-કઅબહથી વિદાયગીરી લીધી. વિદાયગીરી લેતા વેળા નૂરાની મુખ કઅબહ તરફ કર્યું અને ઊલટા કદમે કે પાછલા પગે ચાલીને આપ બહાર નીકળ્યા. એટલે વિદાયગીરી લેતી વેળા આપે પોતાની મુબારક પીઠ કઅબહ તરફ નહિ થવા દીધી. આ રીતે કઅબહથી વિદાયગીરી લેતી વેળા આપના નૂરાની ચેહરા પર ખેદ, ગમગીની અને ઉદાસીની ગેહરી રેખાઓ પ્રસરેલી હતી અને નૂરાની આંખોમાંથી દડદડ આંસુઓના મોતી ટપકતાં હતાં. બૈતુલ્લાહની જુદાઈ કે અલ્લાહના ઘરનો વિયોગ એટલો ગમનાક, હૃદયદ્રાવક અને રોમાંચકારી હોય છે !

મક્કહથી હાજીઓની રવાનગી——————હજ્જના પાંચ દિવસો અપૂર્વ શાંતિ, અપૂર્વ સલામતી અને ખૈરો-ખૂબીની સાથે પૂરા થઈ ગયા. દેશ વિદેશના એક લાખ ૨૫ હજાર કે તેથી વધારે સંખ્યાના ખુશનસીબ હાજીઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની છત્રછાયા હેઠળ, આપની બા-બરકત સંગતમાં, હજ્જતુલ-વદાઅની અદાયગીનું અભૂતપૂર્વ માન મેળવી લીધું હતું. હવે બધા માનવંતા હાજીઓ પોતપોતાના વતન તરફ રવાના થવા લાગ્યા. અરબના નજ્દ પ્રદેશથી આવેલા હાજીઓના કાફલા નજ્દ તરફ ઊપડયા. તિહામહ વિસ્તારના હાજીઓ તિહામહની ભૂમિ તરફ રવાના થયા. એવી જ રીતે યમન, હદરમૌત અને અન્ય ઈલાકાઓના હાજીઓએ પોતપોતાના વતનનો રસ્તો લીધો. આ તરફ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના અહલે-બૈત ઉપરાંત મદીનહના અન્સાર, મક્કહના મુહાજિર અને બીજા સાથીઓ સાથે પોતાના પ્યારા વતન મદીનહ તરફ રવાના થયા.

ગદીરે-ખુમ્મનો ઐતિહાસિક ખુત્બો

હઝરત અલી : મુસલમાનોના મવલા——————હજ્જતુલ-વદાઅથી નિવૃત્ત થઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ તરફ રવાના થયા. આપના સંગાથે આપના કુટુંબીજનો અને આપના અન્સાર તથા મુહાજિર સહાબા ઉપરાંત દેશ વિદેશના મુસલમાનોની બહુ મોટી સંખ્યા હતી. કેટલાક તે લોકો હતા જેઓ આપના મુબારક કાફલા સાથ મદીનહ જવાના હતા અને બહુ મોટી સંખ્યા એવા મુસલમાનોની હતી જેઓ થોડે દૂર સુધી આપને વળાવવા કે અલ-વદાઅ કહેવા આપના કાફલાના સંગાથે થઈ ગયા હતા.

જ્યારે આપ પોતાના સહાબાના જંગી કાફલા સાથે હુજફહથી ત્રણ માઈલના વિસ્તારે આવેલા "ગદીરે-ખુમ્મ" નામે સ્થળે પહોંચ્યા તો અહીં સવારી પરથી ઊતરીને આપે પડાવ નાખી દીધો. આ સ્થળ મક્કહ અને મદીનહના રસ્તે આવેલું છે. ગદીર અરબીમાં તળાવને કહે છે અને ખુમ્મ એટલે ખાડી. અહીં એક તળાવ આવેલું હતું જેથી એ સ્થળનું નામ ગદીરે-ખુમ્મ પડી ગયું.

અહીં પહોંચવા પહેલાં હઝરત બુરૈદહ અસલમી નામે માનવંતા સહાબીએ હઝરત અલી વિરૂધ્ધ કોઈ શિકાયત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં રજૂ કરી. હઝરત અલીએ શિકાયત ખોટી હોવાનું દાખલા દલીલથી સમજાવી દીધું. સહીહ બુખારીની રિવાયતમાં છે કે મુલ્કે-યમનના વહીવટી તંત્ર અંગે અથવા માલે-ગનીમતની વહેંચણી અંગે હઝરત બુરૈદહ અસલમીની સમજફેર થઈ ગઈ હતી. હઝરત અલી પોતાને સોંપાયેલા મુલકી ખાતાના કાયદા કાનૂનના પૂરી રીતે જાણકાર હતા. દાખલા દલીલથી શિકાયત ખોટી હોવાનું સમજાવી દીધું હતું. શિકાયત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરા પર અણગમા કે નારાજીની રેખાઓ ઊપસી આવી. આપે હઝરત બુરૈદહને ફરમાવ્યું :

યા બુરૈદહ ! અલસ્તુ અવલા બિલ-	હે બુરૈદહ ! શું હું મુસલમાનો માટે
-મુઅમિનીન મિન અન્ફુસિ હિમ ?	તેઓની જાનોથી વધારે નિકટ નથી ?

હઝરત બુરૈદહએ બા-અદબ કહ્યું, "બલા યા રસૂલલ્લાહ !" હા બિલકુલ સાચી વાત છે હે અલ્લાહના રસૂલ !

આપે ફરમાવ્યું :

મન કુન્તુ મવલાહુ	જેનો હું મવલા છું તો
ફ-અલીય્યુન મવલાહુ.	અલી પણ તેનો મવલા છે.

ગદીરે-ખુમ્મ પાસે થોભીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તમામ મુસલમાનો સાથે ઝુહરની નમાઝ અદા કરી અને નમાઝ પછી મુસલમાનોના વિરાટ સમૂહને સંબોધીને એક ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો. આપનો આ ખુત્બો પણ અરફાત અને મિનાના ખુત્બાઓ પેઠે એક ઐતિહાસિક અને યાદગાર ખુત્બો છે. સહીહ મુસ્લિમમાં હઝરત ઝૈદ બિન અરકમની રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહ તઆલાની હમ્દો-સનાથી ખુત્બહની શરૂઆત કરતાં ફરમાવ્યું :

"અલા ઐયુહન-નાસ	સાંભળી લો હે લોકો !
ઈન્નમા અન બશરુન	હું પણ એક બશર કે ઈન્સાન છું.
યૂશકુ અંય-યઅતિ-યની	કદાચ આવી જાએ મારી પાસે જલદી
રસૂલ રબ્બી	મારા પાલનહારનો એલચી.
ફ-ઉજીબુ.	તો હું તેનો સંદેશો કબૂલ કરી લઉં !

જુઓ, હું તમારી પાસે બે નક્કર કે ભારે વસ્તુઓ છોડું છું :

એમાંની પહેલી વસ્તુ અલ્લાહની કિતાબ છે.

એમાં હિદાયત અને નૂર છે.

તમે એ કિતાબને મજબૂતીથી પકડી રાખજો.

અને એજ કિતાબથી દલીલ લેતા રહેજો.

બીજી વસ્તુ મારા અહલે-બૈત છે.

હું તમને મારા અહલે-બૈત વિષે અલ્લાહની યાદ અપાવું છું."

હઝરત ઝૈદ બિન અરકમ અને હઝરત બરાઅ બિન આઝિબની રિવાયત મુજબ તે વેળા હઝરત અલી બિન અબૂ તાલિબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બાજુમાં ઊભેલા હતા. આપે તેમનો હાથ પકડી લેતાં મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું :

"અ-લસ્તુમ તઅ-લમૂન અન્ની અવલા બિલ-મુઅમિનીન મિન અન્ફુસિ-હિમ ?" એટલે હે લોકો ! શું તમે જાણતા નથી કે હું મુસલમાનોની જાનો કરતાં પણ તેઓથી વધારે નિકટ છું ?

લોકો બોલ્યા, "બલા યા રસૂલલ્લાહ !" હે અલ્લાહના રસૂલ ! અમે એ વાત જાણીએ છીએ. આપ બિલકુલ સાચું ફરમાવો છો. આપ અમારી જાનોથી પણ વધારે અમારાથી નઝદીક છો.

આપે ફરમાવ્યું : "અ-લસ્તુમ તઅ-લમૂન અન્ની અવલા બિ-કુલ્લે મુઅ-મિનિમ મિન નફસિહી ?" એટલે હે લોકો ! શું તમે નથી જાણતા કે હું દરેક મુઅમિનને તેની જાનથી પણ વધારે વહાલો કે વધારે મહબૂબ છું ?

લોકો બોલ્યા, "બલા યા રસૂલલ્લાહ !" હે અલ્લાહના રસૂલ ! અમે ચોકકસ રીતે આ વાત જાણીએ છીએ. આપ બિલકુલ સાચું ફરમાવો છો. બેશક આપ દરેક મુઅમિનને તેની જાનથી પણ વધારે વહાલા, વધારે મહબૂબ છો.

આ જવાબ સાંભળીને આપે ફરમાવ્યું :

અલ્લાહુમ્મ ! મન કુન્તુ મવલાહુ	હે અલ્લાહ ! જેનો હું મવલા છું.
ફ - અલીય્યુન મવલાહુ.	તો અલી પણ તેનો મવલા છે.
અલ્લાહુમ્મ ! વાલિમ	હે અલ્લાહ ! જે અલીને દોસ્ત રાખે
મંવ વાલાહુ.	તેને તું પણ દોસ્ત રાખ.
વ આદિમ	અને જે અલી સાથે અદાવત રાખે
મન આદાહુ.	તેની સાથે તું પણ અદાવત રાખ.

હઝરત બરાઅ બિન આઝિબ અને હઝરત ઝૈદ બિન અરકમથી રિવાયત છે કે, ખુત્બો ખતમ થતાં જ હઝરત ઉમર ફારૂક મસારાબેર હઝરત અલી પાસે ગયા અને તેમને વધામણી આપતાં બોલ્યા, "ધન્યવાદ હો હે અબૂ તાલિબના બેટા ! ખુશ થઈ જાવ હે અલી ! તમે દરેક મુસલમાન સ્ત્રી-પુરૂષના મવલા બની ગયા. હવે તમારી સવાર-સાંજ, દરેક મુસલમાનના મવલા હોવાની હાલતમાં પસાર થશે."

Maktabe Ashraf

એટલે તમે અમારા પણ મવલા બની ગયા અને કિયામત સુધી પાકનારા તમામ મુસલમાન મર્દો અને તમામ મુસલમાન ઔરતોના પણ મવલા બની ગયા. હઝરત ઉમરે હઝરત અલીને આ અનુપમ માન મળવા બદલ ધન્યવાદ અને મુબારકબાદથી વધાવી લીધા.

આ ખુત્બહથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હેતુ મુસલમાનોને આ વાત બતાવવાનો હતો કે હઝરત અલી દસેક વરસના કિશોર હતા ત્યારથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર ઈમાન લાવીને મુસલમાન બની ગયા હતા. અને બાળકોમાં સૌથી પહેલાં મુસલમાન બનવાનું માન ખાટનારા હતા. આજ સુધી આપના પડખે રહીને ઈસ્લામ માટે દરેક પ્રકારનો ભોગ આપનારાઓમાંથી હતા. આપના કાકાના બેટા હતા. આપના અહલે-બૈતમાંથી હતા. આપના દામાદ હતા. આપના મહબૂબ હતા. અલ્લાહના પણ મહબૂબ બંદા હતા. દિલોજાનથી અલ્લાહ અને તેના રસૂલની તાબેદારી કરનારા હતા. આ કારણે હઝરત અલી અને અહલે-બૈત સાથે મહબ્બત રાખવી ઈમાનનો અનિવાર્ય તકાઝો છે અને હઝરત અલી તથા અહલે-બૈત સાથે અદાવત રાખવી ઈમાનની બરબાદી કે દીનની તબાહી છે.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ ખુત્બહથી હઝરત બુરૈદહ અસલમીની સમજફેરનું પણ સંપૂર્ણ રીતે સમાધાન થઈ ગયું. ખુત્બો ખતમ થતાં તેઓ બેહદ પસ્તાવો કરતા અને શયતાની વસવસા બદલ બારગાહે-ઈલાહીમાં પનાહ માગતા હઝરત અલી પાસે ગયા અને ગદ્‌ગદ ભાવે બોલ્યા, ''અલી ! આજથી તમે મારી નજરમાં સૌથી વધારે મહબૂબ બની ગયા છો.ખરેખર મારી ભૂલ હતી. જેની હું માફી માગું છું.''

સહીહ રિવાયતોમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગદીરે-ખુમ્મ સ્થળે આવેલા એક ઝાડ તળે બિરાજમાન થઈને આ ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો હતો અને તેમાં એમ પણ ફરમાવ્યું હતું:

> ''મારા દયાળુ અને સર્વજ્ઞાતા પાલનહારે મને ખબર આપી છે કે દરેક નબીની ઉંમર તેનાથી પહેલાના નબીની ઉંમરથી અર્ધી હોય છે. જેથી મારૂં માનવું છે કે બહુ જ જલદી મને બોલાવી લેવામાં આવશે.''

એ પછી ફરમાવ્યું :

ઐયુહન-નાસ !	હે લોકો !
ઈન્નલ્લાહ મવલાય.	બેશક અલ્લાહ મારો મવલા છે.
વ અના મવલલ-મુઅમિનીન-	અને હું મુઅમિનોનો મવલા છું.
વ અના અવલા બિહિમ	અને હું સૌથી વધારે નિકટ કે મહબૂબ છું;
મિન અન્ફુસિ હિમ.	તેઓની જાનોથી.
ફમન કુન્તુ મવલાહુ	તો જેનો હું મવલા છું
ફ-અલીયુન મવલાહુ.	તો અલી તેનો મવલા છે. [1]

---

૧. અરબી લુગાત મુજબ મવલા શબ્દના અર્થ : માલિક, આકા, સ્વામી, દોસ્ત, સાથી, મદદગાર, મુરબ્બી, બેલી, સરદાર, પાડોશી, સ્નેહી, મુહિબ્બ (પ્રેમ કરનાર) મહબૂબ (જેને પ્રેમ કરવામાં આવે) અને એવો ગુલામ જેને તેના માલિકે આઝાદ કરી દીધો હોય. મવલા શબ્દનું બહુવચન મવાલી. (બયાનુલ-લિસાન પેજ ૭૭૪) ''૬''

અલ્લાહુમ્મ વાલ	હે અલ્લાહ ! મહબૂબ રાખ તેને
મંવ વાલાહુ.	જે મહબૂબ રાખે અલીને
વ આદ	અને હે અલ્લાહ ! દુશ્મન રાખ તેને
મન આદાહુ.	જે દુશ્મન રાખે અલીને !

ગદીરે-ખુમ્મ સ્થળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ખુત્બો ખતમ થતાં મક્કહથી આવેલા હાજીઓ આપના નૂરાની દીદાર અને મુલાકાતથી મુશર્રફ થઈને મક્કહ તરફ રવાના થયા. એવી જ રીતે દૂર-નઝદીક કે દેશ-વિદેશથી આવેલા હાજીઓ આપથી રૂખ્સત થઈને પોતપોતાના વતન તરફ ઊપડયા. આ તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ મદીનહના કાફલા સાથે મદીનહ તરફ રવાના થયા. આપ કાફલાની પહેલી હરોળમાં પોતાની સવારી પર બિરાજેલા હતા અને આપનો નૂરાની ચહેરો ચઉદમીના ચાંદ પેઠે ખીલેલો હતો.

મદીનહ મુનવ્વરહમાં પધરામણી————ગદીરે-ખુમ્મથી કૂચ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહના કાફલા સાથે મંઝિલો વટાવતા "ઝુલ-હુલૈફહ" મુકામે પહોંચી ગયા. આપના હુકમથી અહીં જ પડાવ નાખી દેવામાં આવ્યો. રાત અલ્લાહની યાદમાં આપે અહીં જ પસાર કરી. પરોઢ થતાં અવ્વલ સમયે અઝાન અને ઈકામતથી ફજરની નમાઝ અદા કરવામાં આવી. નમાઝથી ફારિગ થઈને આપની નૂરાની સવારી મદીનહ તરફ બઢી તો એક દિશાએથી આકાશી સૂર્યની સવારી નીકળી અને બીજી દિશાએથી પયગમ્બરીના સૂર્યની શાનદાર સવારી મદીનહમાં પ્રવેશી. મદીનહ પર નજર પડતાં જ આપની મુબારક જીભ પર આ નૂરાની શબ્દો જારી થઈ ગયા :

લા ઈલાહ ઈલ્લલ-લાહુ.	કોઈ પૂજાપાત્ર નથી અલ્લાહ વગર.
વહદહૂ લા શરીક લહૂ.	તે એક છે તેનો કોઈ શરીક નથી.
લહુલ-મુલ્કુ	મુલ્ક અને સત્તા તેના જ માટે છે.
વ લહુલ-હમ્દુ.	અને બધા વખાણ તેને જ શોભે છે.
વ હુવા અલા કુલ્લે	અને તે દરેક વસ્તુ પર
શૈઈન કદીર.	સર્વશક્તિમાન છે.
આઈબૂન,	અમે પ્રવાસેથી આવી જનારા છીએ.
તાઈબૂન,	અમે ભૂલોથી તોબા કરનારા છીએ.
આબિદૂન,	અમે અમારા રબની બંદગી કરનારા છીએ.
સાજિદૂન,	અમે અમારા રબને સિજદા કરનારા છીએ.
સાઈહૂન,	અમે અમારા રબ માટે પ્રવાસ કરનારા છીએ.
લિ-રબ્બેના હામિદૂન.	અમે અમારા રબના વખાણ કરનારા છીએ.
સદકલ્લાહુ વઅ-દહૂ,	અલ્લાહએ પોતાનો વાયદો સાચો કરી દેખાડયો.
વ નસર અબ્દહૂ,	અને તેણે પોતાના બંદાની મદદ ફરમાવી.
વ હઝમલ-અહઝાબ	અને શત્રુઓના સૈન્યને હરાવી દીધું;
વહ-દહૂ.	તેણે એકલાએ.

Maktabe Ashraf

મદીનહમાં પધરામણી થતાં મદીનહના સ્ત્રી-પુરૂષો, બાળકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની ઝિયારત, મુલાકાત, અને દીદારથી મુશર્રફ થવા આપની તહેનાતમાં હાજર થવા લાગ્યાં. હઝરત અબૂ સિનાનના બેગમ હઝરત ઉમ્મે-સિનાન હાજર થયાં તો આપે તેમને પૂછ્યું, "બીબી ! તમે કેમ અમારી સાથે હજ્જમાં નહિ આવ્યાં ?"

બીબી ઉમ્મે-સિનાને પોતાની લાચારી દર્શાવતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! મારી પાસે હજ્જની સફર માટે સવારી નહિ હતી."

આપે ફરમાવ્યું, "વારૂ સવારીનો બંદોબસ્ત કરીને રમઝાનમાં ઉમ્રહ કરી લેજો. રમઝાનનો ઉમ્રહ હજ્જ બરાબર હોય છે." બીજી રિવાયતમાં છે : "રમઝાનનો ઉમ્રહ મારી સાથે હજ્જ કરવા બરાબર છે." આ બંને રિવાયતો સહીહ બુખારીમાં મવજૂદ છે.

હજ્જતુલ-વદાઅથી ફરાગત મેળવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ પધાર્યા તો હિજરતનું દસમું વરસ ખતમ થવાની તૈયારીમાં હતું.

નોંટ :- રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હજ્જતુલ-વદાઅનું બયાન અને એની વિગતો હેઠળ દર્શાવેલી ઉર્દૂ સીરત-કૃતિઓ પરથી લેવામાં આવી છે;

(૧) મવલાના હકીમ અબ્દુર્રઊફ કાદરી દાનાપૂરી કૃત : અસિહ-હુસ-સિયર પેજ ૪૮૨ થી ૫૧૩

(૨) મવલાના અબ્દુલ-અઝીઝ ઉર્ફી કૃત : જમાલે-મુસ્તફા જિલ્દ ૪ પેજ ૪૩૪ થી ૪૬૩

(૩) જનાબ રાજા મુહંમદ શરીફ કૃત : હયાતે-રિસાલત મઆબ પેજ ૫૩૦ થી ૫૪૭ હજ્જતુલ-વદાઅની તારીખો પણ એજ કિતાબમાંથી દર્શાવવામાં આવી છે.

(૪) અહદે-નુબુવ્વત કે માહ-વ-સાલ. અરબી લેખક : અલ્લામા મખ્દૂમ મુહંમદ હાશિમ સિન્ધી. ઉર્દૂ તરજુમો : મવલાના મુહંમદ યુસૂફ લુધયાનવી પેજ ૩૫૫ થી ૩૬૩ —— હથુરાણી

નોંટ : - અહીંથી ફરીવાર ઈબ્ને હિશામની સીરતુન-નબીના બાકીના ભાગનો તરજુમો શરૂ થાય છે.

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૫

રસૂલુલ્લાહ (સલ.)ના એલચીઓ બાદશાહોના દરબારોમાં

વફાત પહેલાંનું આખેરી લશ્કર ● ઈસ્લામી લશ્કરના સરસેનાપતિ ● એલચીઓ બાદશાહોના દરબારોમાં ● એલચીઓના મુબારક નામો ● ઈબ્ને હબીબની રિવાયત ● ઈસા બિન મરયમના એલચીઓ ● રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળોનું વધુ બયાન.

Maktabe Ashraf

વફાત પહેલાનું આખેરી લશ્કર

ઈસ્લામી લશ્કરના સરસેનાપતિ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હજ્જતુલ-વદાઅથી પરવારીને મદીનહ વાપસ પધાર્યા તે પછી ઝુલ-હિજ્જહના બાકીના દિવસો ઉપરાંત મુહર્રમ અને સફરના મહિનાઓમાં આપ મદીનહમાં જ બિરાજમાન રહ્યા. એ દરમિયાન આપે મુલ્કે-શામ પર ચઢાઈ માટે એક મોટું લશ્કર તૈયાર કર્યું. અને આ જંગી લશ્કરના સરસેનાપતિ તરીકે પોતાના આઝાદ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહના ફરઝંદ હઝરત ઉસામહ બિન ઝૈદની આપે નિમણુંક કરી. હઝરત ઝૈદ જંગે-મૂતહમાં ખ્રિસ્તીઓના હાથે શહીદ થઈ ગયા હતા. હઝરત ઉસામહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એજ આઝાદ ગુલામના આઝાદ બેટા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉસામહ બિન ઝૈદને ઈસ્લામી લશ્કરના સરસેનાપતિ બનાવીને હુકમ ફરમાવ્યો કે તેઓ મુલ્કે-શામના બલકા અને રોમના પ્રદેશ પર લશ્કર સાથે જઈને ચઢાઈ કરી દે અને આક્રમણખોર ખ્રિસ્તીઓના ફિત્નાનો પ્રતિકાર કરે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ મળતાં હઝરત ઉસામહ બિન ઝૈદ સફરમાં જવાની તૈયારીમાં લાગી ગયા અને આપના ફરમાન મુજબ મદીનહના અન્સાર ઉપરાંત મક્કહના મુહાજિરીનમાંથી પ્રથમ હરોળના નામચીન સહાબા પણ હઝરત ઉસામહના લશ્કરમાં જોડાઈને જિહાદ માટે એકત્ર થવા લાગ્યા.

ગુજરાતી સંપાદકની નોંધ——————રોમન સામ્રાજ્યના ખ્રિસ્તીઓ મુસલમાનોના કટ્ટર દુશ્મન હતા. છાશવારે મદીનહ પર ચઢાઈ કરવાના કાવતરાં કર્યા કરતા હતા. ''જંગે-મૂતહ''થી એમની સાથે યુધ્ધનું

મંડાણ થયું હતું. આ યુધ્ધમાં હઝરત ઉસામહના અબ્બાજી હઝરત ઝૈદ બિન હારિસહ તેમ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કાકાભાઇ હઝરત જઅફર બિન અબૂ તાલિબ જેવા નામચીન વીરનરો શહીદ થઇ ગયા હતા. બાકીના લશ્કરને હઝરત ખાલિદ બિન વલીદ સહીહ-સલામત દુશ્મનની ભીંસમાંથી કાઢી લાવ્યા હતા. એજ દિવસથી ખ્રિસ્તીઓના દિલો પર ઇસ્લામના લશ્કરી બળની ધાક બેસી ગઇ હતી.

હજ્જતુલ-વદાઅથી વાપસી પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે ખ્રિસ્તીઓ જંગી તૈયારી સાથે મોટું લાવલશ્કર લઇને મદીનહ પર ચઢાઇ માટે આવી રહ્યા છે. તેઓને રસ્તામાં જ રોકવા માટે આપે એક લશ્કર તૈયાર કર્યું જેમાં હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત ઉસ્માન, હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુમ)જેવા મહાન સહાબા ઉપરાંત પ્રથમ હરોળના મુહાજિર તથા અન્સાર સહાબા શામિલ હતા.

મૂતહનું ઐતિહાસિક યુધ્ધ જ્યાં ખેલાયું હતું એ બલકાની ભૂમિમાં ઉબના, ઉમના કે યુબના નામે એક સ્થળ આવેલું હતું જ્યાં હઝરત ઉસામહના પિતા હઝરત ઝૈદ પોતાના સાથીઓ સાથે શહીદ થઇ ગયા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉસામહને બોલાવીને ફરમાવ્યું, ''મેં તમને આ લશ્કરના અમીર બનાવ્યા. તમે ઉબના સ્થળે જાવ, એ તમારા બાપનું કતલખાનું છે. ઝડપભેર ત્યાં પહોંચીને તમારા બાપના ખૂનીઓ પર તૂટી પડજો !'' (અસિહ-હુસ-સિયર પા. ૫૧૬) હઝરત ઉસામહના લશ્કરની વધુ વિગત આગળ આવશે. ગુ.સંપાદક.

એલચીઓ બાદશાહોના દરબારોમાં

સહાબાને હવારીયાનો દાખલો————ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબામાંથી કેટલાક મુત્સદ્દી અને રાજનીતિજ્ઞ ગ્રહસ્થોને પોતાના એલચી કે રાજદૂત બનાવીને વિદેશી બાદશાહોના દરબારોમાં મોકલ્યા અને એ બાદશાહોને નામે કાગળો લખાવીને એલચીઓને આપ્યા. આ કાગળોમાં બાદશાહોને ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ઇબ્ને હિશામ કહે છે : મને વિશ્વાસપાત્ર માહિતગારોએ અબૂબક્ર હુઝલીની રિવાયતથી એવી પ્રમાણભૂત માહિતી આપી કે જે દિવસોમાં ''સુલ્હે-હુદૈબિયહ''નો પ્રસંગ સર્જાયો હતો——જેમાં મક્કહના કુરૈશી મુશરિકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અને આપના સાથીઓને મક્કહમાં પ્રવેશીને ઉમ્રહ કરવાથી અટકાવી દીધા હતા અને સુલેહનામાને આધારે ઉમ્રહ વગર પાછા જવું પડ્યું હતું——તે વેળા એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબા પાસે પધાર્યા અને તેઓને સંબોધીને ફરમાવ્યું :

> ''હે લોકો ! અલ્લાહ તઆલાએ મને આ જગતના તમામ ઇન્સાનો માટે રહમ બનાવીને મોકલ્યો છે. માટે તમે દીનના મામલામાં આપસમાં એવી રીતે મતભેદની વાતો ન કરજો જેવી રીતે અલ્લાહના પયગમ્બર હઝરત ઇસા સંબંધી તેમના હવારીયોએ આપસમાં

Maktabe Ashraf

મતભેદની વાતો કરી હતી.''[૧]

માનવંતા સહાબાએ સવાલ કર્યો, ''યા રસૂલલ્લાહ ! હઝરત ઈસાના હવારીયોએ આપસમાં કેવા મતભેદની વાતો કરી હતી ?''[૨]

આપે ફરમાવ્યું, ''અલ્લાહના પયગમ્બર ઈસાએ પોતાના હવારીયોને તેજ વસ્તુનું આમંત્રણ આપ્યું હતું જેનું મેં તમને આમંત્રણ આપ્યું છે. [૩] હઝરત ઈસાએ પોતાના હવારીઓમાંથી જે લોકોને આજુબાજુના પ્રદેશોમાં મોકલ્યા તેઓ એમનાથી બહુ ખુશ રહ્યા અને દરેક કામ સારી રીતે કરતા રહ્યા. પણ જે લોકોને દૂર-દરાજના સ્થળોએ જવાનું ફરમાવ્યું તેઓએ ત્યાં જવાનું પસંદ નહિ કર્યું અને જવામાં ગલ્લાં-તલ્લાં કરતા રહ્યા. ત્યારે હઝરત ઈસાએ એની ફરિયાદ અલ્લાહના દરબારમાં રજૂ કરી. નતીજો એ નીકળ્યો કે ગલ્લાં-તલ્લાં કરનારાઓમાંથી દરેક આદમી તેજ પાપીઓની ભાષા બોલવા લાગી ગયો જેઓની પાસે જવામાં તેણે વાંધાવચકા કે બહાના કાઢયાં હતાં.'' [૪]

એલચીઓના મુબારક નામો————સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના સહાબામાંથી કેટલાક ગૃહસ્થોને પોતાના એલચી બનાવીને અને ઈસ્લામના આમંત્રણના કાગળો આપીને બાદશાહોના દરબારોમાં રવાના કર્યા. એ એલચીઓના મુબારક નામ આ છે :

૧—— હઝરત દિહયહ બિન ખુલૈફહ કલ્બી (રદિયલ્લાહુ અન્હુ) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને રોમના બાદશાહ કયસરના દરબારમાં પોતાના રાજદૂત બનાવીને મોકલ્યા.

૨—— હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ સહમી (રદિયલ્લાહુઅન્હુ) એમને ફારિસ એટલે મુલ્કે-ઈરાનના બાદશાહ કિસરાના દરબારમાં રવાના કર્યા.

૩—— હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી (રદિયલ્લાહુ અન્હુ) એમને હબશહના બાદશાહ નજાશીના દરબારમાં.

૪—— હઝરત હાતિબ બિન અબૂ બલ્તઅહ (રદિયલ્લાહુ અન્હુ) એમને ઈસ્કંદરિયાના બાદશાહ મકવ-કિસના દરબારમાં.

૫—— હઝરત અમ્ર બિન આસ સહમી (રદિયલ્લાહુ અન્હુ) એમને ઓમાનના નવાબો જૈફર અને ઈયાઝના દરબારમાં. એ બંને જુલન્દીના નબીરા અને અઝદી ખાનદાનમાંથી હતા.

૬—— હઝરત સુલૈત બિન અમ્ર (રદિયલ્લાહુ અન્હુ) એમને યમામહ પ્રદેશના રાજવીઓ સુમામહ બિન

---

૧. એટલે તમે મારા કોઈ હુકમ સંબંધી વાંધાવચકા ન કાઢજો. આપસમાં મતભેદ ન જન્માવશો. મારા હુકમ પાલનમાં બહાના ન બનાવજો. જેવી રીતે હઝરત ઈસા (અલૈ.)ના હુકમ સંબંધી તેમના હવારીયોએ વાંધાવચકા કાઢીને આસપમાં મતભેદ જન્માવી દીધો હતો. ''હ''

૨. હવારીઃ કુર્આને-મજીદમાં હવારી શબ્દ હઝરત ઈસા (અલૈ.)ના અનુયાયીઓ કે સાથીઓ માટે આવ્યો છે. એના અર્થ સાથી, સહકારી, મદદગાર વગેરે થાય છે. હઝરત ઈસા (અલૈ.)ના ૧૨ હવારીઓ હતા જેઓએ સૌથી પહેલાં હઝરત ઈસા પર ઈમાન લાવીને તેમના દીની દઅવતનો સ્વીકાર કરી લીધો હતો. એક રિવાયત મુજબ આ ૧૨ સાથીઓ ધોબીનો ધંધો કરતા હતા. હઝરત ઈસાએ તેઓને ફરમાવ્યું, ''લોકોના મેલાં કપડાં શું ધૂઓ છો? આવો હું તમને મેલાં દિલો ધોવાનું શીખાડું !''(કામૂસુલ-કુર્આન પેજ ૧૯૯) ''હ''

૩. એટલે ઈસ્લામની તબલીગને લગતા મારા કાગળો લઈને બાદશાહોના દરબારોમાં જવાનું બને તે માટે દેશ-પરદેશનો લાંબો તથા આકરો પ્રવાસ ખેડવાનું આમંત્રણ. ''હ''

૪. એટલે હઝરત ઈસા (અલૈ.)ના જે હવારીયોએ બહાના કાઢયા તેઓનો અંજામ બુરો આવ્યો. તેઓ પર અલ્લાહની લઅનત ઉતરી અને તેઓ પાપીઓ કે કાફિરો જેવા બનીને તેઓના જ રંગમાં રંગાઈ ગયા. ''હ''

Maktabe Ashraf

ઉસાલ અને હવઝહ બિન અલીના દરબારમાં.

હઝરત સુલૈત બિન અમ્ર, બનૂ આમિર બિન લુઐયના ખાનદાનમાંથી હતા. અને સુમામહ તથા હવઝહ બનૂ હનીફહના કબીલાના ગૃહસ્થો હતા.

૭—— હઝરત અલા બિન હઝ્રમી (રદિયલ્લાહુ અન્હુ) એમને બહરૈનના બાદશાહ મુનઝિર બિન સાવા અબ્દીના દરબારમાં

૮—— હઝરત શુજાઅ બિન વહબ અસદી (રદિયલ્લાહુ અન્હુ) એમને મુલ્કે-શામની સરહદો એટલે બલકા પ્રદેશના બાદશાહ હારિસ બિન અબૂ શિમ્ર ગસ્સાનીના દરબારમાં.

ઈબ્ને હિશામનું કહેવું છે કે હઝરત શુજાઅ બિન વહબ અસદીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હારિસના દરબારમાં નહિ બલકે જબલહ બિન ઐયમ ગસ્સાનીના દરબારમાં મોકલ્યા હતા.

૯—— અને હઝરત મુહાજિર બિન અબુ ઉમૈયહ મખઝૂમી (રદિયલ્લાહુ અન્હુ)ને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ યમનના બાદશાહ હારિસ બિન અબ્દે કલાલ હિમ્યરીના દરબારમા મોકલ્યા.

ઈબ્ને હબીબની રિવાયત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન હબીબ મિસરીએ કહ્યું કે, એમણે તે દસ્તાવેજી લખાણ જોયું હતું જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એલચીઓ કે રાજદૂતોના નામોનો ઉલ્લેખ થયેલો હતો. વળી જે મુલ્કોના બાદશાહો કે રાજવીઓ કે નવાબોના દરબારોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એલચીઓને મોકલવામાં આવ્યા હતા તેઓના નામો પણ એ દસ્તાવેજમાં લખેલાં હતાં. વળી પોતાના એલચીઓને રવાના કરતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓને જે સૂચનાઓ અને હિદાયતો ફરમાવી હતી તેનો પણ એ લખાણમાં ઉલ્લેખ હતો.

યઝીદ બિન હબીબનું કથન છે : મેં આ દસ્તાવેજી લખાણ મુહંમદ બિન શિહાબ ઝુહરીને દેખાડયું તો તેમણે જોતાં જ એ લખાણ ઓળખી કાઢયું અને તપાસ-તહકીકને અંતે એના અસલી હોવાનું સમર્થન કરી દીધું. એ દસ્તાવેજમાં લખ્યું હતું કે એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના સહાબાની મજલિસમાં પધાર્યા અને તેઓને સંબોધીને ફરમાવ્યું :

> "અલ્લાહ તઆલાએ મને સમગ્ર જગત માટે રહમતના પયગમ્બર બનાવીને મોકલ્યો છે. માટે હે લોકો ! તમે મારા તરફથી મારો પયગામ તેના બંદાઓ સુધી પહોંચાડી દેવાનો હક અદા કરો. અલ્લાહ તઆલા તમારા પર રહમ ફરમાવશે. અને જુઓ, મારા મામલા અંગે તમે આપસમાં એકબીજાનો વિરોધ ન કરજો જેમકે હવારીયોએ ઈસા બિન મરયમના મામલામાં એકબીજાનો વિરોધ કર્યો હતો."

આ સાંભળીને સહાબાએ સવાલ કર્યો, "યા રસૂલલ્લાહ ! હવારીઓનો વિરોધ કેવો હતો ?" જવાબમાં આપે ફરમાવ્યું.

> "ઈસા બિન મરયમે હવારીયોને તેજ વાતનું આમંત્રણ આપ્યું હતું જેનું મેં તમને આમંત્રણ આપ્યું છે. તેઓમાંથી જે લોકો ઈસાથી નજીક રહ્યા તેઓ તો ખુશ રહ્યા અને સારી

Maktabe Ashraf

રીતે કામગીરી બજાવતા રહ્યા. પણ જે લોકો ઈસાથી દૂર-દરાજના સ્થળોએ ગયા તેઓને એ ગમ્યું નહિ. આણગમાથી બ્હાના અને વાંધા કાઢતા રહ્યા. ત્યારે ઈસા બિન મરયમે કંટાળીને એની ફરિયાદ અલ્લાહની બારગાહમાં રજૂ કરી. નતીજારૂપે તેઓની હાલત એવી બની ગઈ કે, એમાંનો એક એક માણસ તેજ કૌમની ભાષા બોલવા લાગી ગયો જેની તરફ તેને મોકલવામાં આવ્યો હતો.''

ઈસા બિન મરયમના એલચીઓ————ઇબ્ને ઈસ્હાક કહે છે : અલ્લાહના પયગમ્બર હઝરત ઈસા બિન મરયમ (અલૈહિસ-સલામ)એ પોતાના હવારીયોમાંથી જે જે ગૃહસ્થોને, અને એ હવારીયો પછી એમના અનુગામીઓમાંથી જે જે ગૃહસ્થોને જુદા જુદા સ્થળોએ પોતાના એલચી બનાવીને મોકલ્યા હતા તેઓના નામો આ છે :

૧—— બુત્રુસ અલ-હવારી. એમની સાથે બુલુસ નામના ગૃહસ્થ પણ હતા. બુલુસ પોતે હઝરત ઈસાના હવારી ન હતા પણ એમના અનુયાયીઓમાંથી હતા. હઝરત ઈસાએ એમને પોતાના એલચી બનાવીને મુલ્કે-રોમ તરફ મોકલ્યા હતા.

૨—— અન્દ્રાઈસ અને મન્તા નામે બે ગૃહસ્થોને હઝરત ઈસાએ પોતાના એલચી બનાવીને એવા પ્રદેશ તરફ ઈસ્વી મઝહબના આમંત્રણ માટે મોકલ્યા જ્યાંના લોકો માનવભક્ષી ગણાતા હતા એટલે માણસોને મારીને ખાય જનારા હતા.

૩—— તૂમારૂ નામના હવારીને મુલ્કે-બાબિલના પૂર્વ વિભાગના ઈલાકા તરફ મોકલવામાં આવ્યા.

૪ —— ફૈબલિસ નામે હવારીને કર્તા-જન્નાહ એટલે મુલ્કે-આફ્રીકાના ઈલાકાઓ તરફ એલચી બનાવીને રવાના કરવામાં આવ્યા.

૫—— યુહન્નસ નામે હવારીને અફસૂસના ઈલાકા તરફ ધર્મના આમંત્રણ માટે એલચી બનાવીને રવાના કર્યા. આ પ્રદેશ અસહાબે-કહફની વસતિમાં આવેલો હતો.

૬—— યઅકૂબસ નામના હવારીને ઈલીયા તરફ એલચી બનાવીને મોકલ્યા. ઈલીયા બૈતુલ-મુકદ્દસનું શહેર છે.

૭—— ઇબ્ને સુલુમા નામે હવારીને મુલ્કે-અરબ એટલે હિજાઝની ભૂમિ તરફ એલચી બનાવીને રવાના કર્યા.

૮—— સીમન કે સૈમન નામે હવારીને બરબરની ધરતી તરફ મોકલવામાં આવ્યા.

૯—— યહૂઝા નામે ગૃહસ્થને જેઓ હવારીયોમાંથી ન હતા, તેમને યૂદસના સ્થાને નિયુક્ત કર્યા.

ગુજરાતી સંપાદકની નોંધ

ઇબ્ને હિશામની સીરતુન-નબીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાળજીને લગતું લખાણ અહીં પૂરૂં થયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના નૂરાની યુગના વિદેશી શહેનશાહો, બાદશાહો, નવાબો અને રાજામહારાજાઓને

નામે ઈસ્લામના આમંત્રણ કે ઈસ્લામની તબલીગના જે મુબારક કાગળો લખાવીને પોતાના રાજદૂતો મારફતે મોકલ્યા હતા, અલ્લામા ઈબ્ને હિશામે એ મુબારક કાગળો કે તેનો અહેવાલ પોતાની કિતાબમાં દર્શાવ્યો નથી. કદાચ ટૂંકાણના હેતુએ તેમણે સીરતે-પાકનો આ મહત્વનો વિષય જતો કર્યો છે. અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કેટલાક મુબારક કાગળોનો અહવાલ સનદી સીરતગ્રંથોને આધારે અહીં સવિગત રજૂ કરીએ છીએ.——હઘુરાણી.

પયગમ્બરોના સરતાજ

રહમતુલ-લિલ-આલમીન————અલ્લાહ તઆલાએ જગતના મંડાણથી પોતાના બંદાઓની હિદાયત માટે પયગમ્બરીનો સિલસિલો કાયમ કરીને એક લાખ ૨૪ હજાર જેટલા માનવંતા પયગમ્બરોને બંદાઓની હિદાયત માટે આ દુનિયામાં મોકલ્યા. એમાં સૌથી પહેલા પયગમ્બર હઝરત આદમ અલૈહિસ્સલામ અને સૌથી છેલ્લા પયગમ્બર હઝરત મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ છે. અગાઉના તમામ પયગમ્બરોને તેઓની ખાસ કોમની હિદાયત માટે મોકલવામાં આવ્યા હતા. પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કોઈ ખાસ કોમ કે અરબો માટે નહિ બલકે જગતના તમામ ઈન્સાનોની હિદાયત માટે મોકલવામાં આવ્યા હતા. આપનું આકાશી માર્ગદર્શન દુનિયામાં વસનારા તમામ ઈન્સાનો માટે આમ છે ચાહે તે ખ્રિસ્તી હોય, યહૂદી હોય, હિન્દુ હોય કે ઈસ્લામ વગર કોઈ પણ ધર્મનો અનુયાયી હોય. એટલે જ અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને "ખાતમુન-નબીય્યીન" અને "રહમતુલ-લિલ-આલમીન" (એટલે પયગમ્બરોના સિલસિલાને ખતમ કરનારા અને દુનિયાના લોકો માટે દયાના ભંડાર) જેવા વિશેષણોથી બિરદાવ્યા છે. હવે દુનિયામાં કિયામત સુધી પૈદા થનારા ઈન્સાનો માટે કોઈ નવા પયગમ્બરની જરૂરત રહી નથી. જેવી રીતે એકમાત્ર સૂરજ આખા જહાન માટે કાફી છે તેવી જ રીતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો સૂરજ સારાયે જહાનના ઈન્સાનો માટે કાફી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી અંગે અલ્લાહ તઆલા ફરમાવે છે :

કુલ યા અય્યુહન-નાસુ ઈન્ની રસૂલુલ્લાહિ ઈલૈકુમ જમીઆ. અલ્લઝી લહૂ મુલ્કુસ-સમાવાતિ વલ-અર્દ.	હે નબી કહી દો કે હે લોકો ! હું અલ્લાહનો રસૂલ છું તમારા બધાને માટે, તે અલ્લાહ તરફથી જે આકાશો અને ધરતીની બાદશાહીનો માલિક છે. [૧]

સૂરએ-ફુર્કાન પારહ ૧૮ની આયત નંબર ૧માં ફરમાવ્યું છે :

તબારકલ-લઝી નઝ-ઝલલ - ફુર્કાન અલા અબ્દિહી લિ-યકૂન લિલ-આલમીન નઝીરા.	અપાર બરકતવાળો છે તે અલ્લાહ જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા ઉપર કે જેથી તે બને તમામ જગતજનો માટે ચેતવણી આપનારો.

સૂરએ-સબા પારહ ૨૨ની આયત નંબર ૨૮માં ફરમાવ્યું છે :

---

૧. સૂરએ-અઅરાફ પારહ ૯ આયત નંબર ૧૫૮

વમા અર-સલ-નાક ઇલ્લા	હે નબી ! અમે આપને મોકલ્યા છે
કાફ-ફતલ - લિન - નાસિ	જગતના તમામ ઇન્સાનો માટે
બશીરંવ વ નઝીરા.	બશીર અને નઝીર બનાવીને. ૧

સૂરએ-અંબયિઅ પારહ ૧૭ ની આયત નંબર ૧૦૭ માં ફરમાવ્યું છે :

વમા અર-સલનાક ઇલ્લા	હે નબી ! અમે આપને મોકલ્યા નથી પરંતુ;
રહમતલ-લિલ-આલમીન.	સમગ્ર જગત માટે રહમત બનાવીને.

અલ્લાહના આખેરી નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતે પણ સંખ્યાબંધ હદીસોમાં ફરમાવ્યું છે :

વ કાનન-નબીય્યુ યુબ્અસુ	અગાઉના દરેક નબીને મોકલવામાં આવતા હતા
ઇલા કવમિહી ખાસ્સતન.	ખાસ તેઓની પોતાની કોમ તરફ.
વ બુઇસ્તુ	અને મને મોકલવામાં આવ્યો
ઇલન-નાસિ આમ્મતન.	તમામ ઇન્સાનો માટે.
બુઇસ્તુ ઇલલ -અહમરે	મને મોકલવામાં આવ્યો દરેક રાતા-ગોરા તરફ
વલ-અસ્વદ.	અને દરેક કાળા-શ્યામળા તરફ.

સારાંશ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી કોઇ દેશ, કોઇ ખંડ, કોઇ કોમ, કોઇ પ્રજા કે કોઇ કબીલા માટે ખાસ નથી. દુનિયામાં વસનારા દરેક હિન્દુ, દરેક ખ્રિસ્તી, દરેક યહૂદી, દરેક આસ્તિક કે નાસ્તિક કે બિનમુસ્લિમ માટે આમ છે અને પોતાના જ યુગ માટે નહિ, બલકે કિયામત સુધી આવનારા દરેક યુગ અને કિયામત સુધી પાકનારા દરેક ઇન્સાનો માટે છે.

સિક્કા માટે ચાંદીની અંગૂઠી————એજ કારણ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અલ્લાહ તઆલાના હુકમ મુજબ ઇસ્લામની તબલીગ માટે આંતર રાષ્ટ્રીય ધોરણે તે યુગના બાદશાહોને નામે કાગળો લખાવ્યા અને તેને બાદશાહોના દરબારો સુધી પહોંચાડવા માટે જે સફીરો, કાસિદો, એલચીઓ કે રાજદૂતોની પસંદગી ફરમાવી એ બધા રાજકારણના પ્રખર અભ્યાસી કે મોટા મુત્સદ્દી પુરૂષો હોવા ઉપરાંત શાહી દરબારોના આદાબ, શિષ્ટાચાર અને રીતરિવાજોના પૂરી રીતે માહિતગાર હતા અને વાકચાતુરી કે હાજર જવાબીની કળાના પણ નિષ્ણાત હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સૂચન અનુસાર બાદશાહોને નામે કાગળોના લખાણનો સિલસિલો ચાલુ હતો, એ દરમિયાન દરબારી નિયમોના જાણકાર સહાબામાંથી હઝરત સલમાન ફારસી વગેરેએ સલાહ આપતાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! ઇરાન અને રોમના બાદશાહોનો દરબારી કાનૂન એવો છે કે જે કાગળ પર તેના લખનારની મુહરનો સિક્કો ન હોય તેને તેઓ સરકારી ધોરણે કે સત્તાવાર રીતે માન્યતા આપતા નથી. માટે આપ પણ પોતાના નામની મુહર તૈયાર કરાવીને છાપ મારવા પછી કાગળો મોકલાવો તે જરૂરી છે."

---

૧. બશીર એટલે નેક કામોના ફળ રૂપે જન્નતના સુખની વધામણી આપનાર અને નઝીર એટલે બુરાં કામોના ફળ રૂપે જહન્નમના અઝાબની ચેતવણી આપનાર. "હ"

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સલાહ ગમી ગઇ. તે વેળા હઝરત યઅલા બિન ઉમૈયહ નામે સહાબી ધાતુ પર કોતરણીનો કસબ જાણતા હતા. આપના હુકમથી પ્રથમ તેમણે સોનાની એક અંગૂઠી બનાવી દીધી પણ અલ્લાહના ફરિશ્તા હઝરત જિબ્રીલએ આપની તહેનાતમાં હાજર થઇને કહ્યું, "યા રસૂલલ્લાહ! અલ્લાહ તઆલાએ આપની ઉમ્મતના પુરૂષો માટે સોનાનો ઉપયોગ હરામ ઠરાવી દીધો છે."

એજ વેળા આપે સોનાની અંગૂઠી ઉતારી નાખતાં ચાંદીની અંગૂઠી બનાવવાનો હુકમ ફરમાવ્યો. ત્યારે આપના માટે હઝરત યઅલા બિન ઉમૈયહએ, બાદશાહોને નામે લખેલા કાગળો પર સિક્કો મારવા માટે ચાંદીની અંગૂઠી બનાવી દીધી. આ અંગૂઠી પર જે નગીનો બેસાડવામાં આવ્યો તેની ઉપર "મુહંમદ રસૂલુલ્લાહ"ના શબ્દોની કોતરણી કરીને, તેની એવી રીતે ક્રમવાર ગોઠવણી કરવામાં આવી કે, ઉપરની પહેલી લીટીમાં અલ્લાહ, નીચેની બીજી લીટીમાં રસૂલ અને તે પછી ત્રીજી લીટીમાં મુહંમદ કોતરેલું હતું.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બાદશાહોને નામે લખાવેલા બધા મુબારક કાગળોમાંથી દરેક કાગળમાં બે શબ્દો નોખી રીતે તરી આવતા હતા. અથવા આપના કાગળોમાં એ બે શબ્દો નોખું-અનોખું કે આગવું સ્થાન ધરાવતા હતા. એ બે શબ્દો હતાઃ "અસ્લિમ અને તસ્લિમ."

ઉપલક નજરે આ બે શબ્દો તદ્દન સાદા કે મામૂલી લાગે છે પણ આ બે શબ્દોમાં અર્થો અને રહસ્યોનો ભંડાર ભરેલો પડ્યો છે. એ બંને શબ્દોના અર્થ છે : ઇસ્લામ સ્વીકારી લો, સુરક્ષિત થઇ જશો અથવા મુસલમાન બની જાવ, સલામતી મેળવી લેશો. સહાબાએ કિરામનું મુબારક જીવન એનો ચકચકતો દાખલો છે.

અને ખ્રિસ્તી ધર્મ પાળનારા બાદશાહોને નામે લખાવેલા કાગળોમાં કુર્આને-મજીદની આ આયત ખાસ રીતે ટાંકવામાં આવતી હતી :

યા અહલલ-કિતાબિ તઆલવ	હે અહલે-કિતાબ ! આવો
ઇલા કલિ-મતિન	એક એવી વાત તરફ જે
સવાઇમ બૈનના વ બૈનકુમ.	સરખી છે અમારી અને તમારી વચ્ચે.
અલ્લા નઅબુદ ઇલ્લલ્લાહ.	તે આ કે આપણે નહિ પૂજીએ કોઇને અલ્લાહ સિવાય.
વલા નુશરિકા બિહી શૈઅંવ	અને ન ભાગીદાર બનાવીએ કોઇને તેની સાથે.
વલા યત-તખિઝ	અને ન બનાવે;
બઅ-દુના બઅદન	આપણામાંથી કોઇ એકબીજાને,
અરબાબમ મિન દૂનિલ્લાહ.	પોતાનો ભગવાન અલ્લાહને છોડીને.
ફ-ઇન તવલ-લવ	તો જો તમે નથી માનતા (આ વાત)
ફ-કૂલુશ-હદૂ	તો તમે સાક્ષી રહેજો કે
બિઅન-નના મુસ્લિમૂન.	અમે બેશક માનનારા છીએ. [1]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળોમાં જે બાદશાહો, નવાબો અને રાજાઓને

૧. આલે-ઇમ્રાન પારહ ૩ આયત ૬૪

Maktabe Ashraf

સંબોધન કરવામાં આવ્યું છે તેમાં ચાર પ્રકારના જુદા-જુદા ધર્મો પાળનારા લોકોનો સમાવેશ થાય છે:

૧—— ઈસાઈ એટલે ખ્રિસ્તી. જેઓ અહલે-કિતાબ હતા. (આકાશી કિતાબ ઈન્જીલવાળા.)

૨—— ઝુરતુશ્તી : જરથોસ્તી. આગની પૂજા કરનારા પારસી. (આકાશી કિતાબ વગરના)

૩—— મુશરિક એટલે બુત પરસ્ત કે મૂર્તિપૂજક. (આકાશી કિતાબ વગરના)

૪—— યહૂદી. જેઓ અહલે-કિતાબ હતા. (આકાશી કિતાબ તવરાતવાળા.)

ખ્રિસ્તીઓવાળા કાગળોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક નામ સાથે ''અબ્દુલ્લાહ''ના શબ્દો લખાવ્યા એટલે હું અલ્લાહનો બંદો છું અલ્લાહનો બેટો નથી. એમાં ખ્રિસ્તીઓના મઝહબી અકીદાનું ખંડન હતું.તેઓનો અકીદો છે કે હઝરત ઈસા બિન મરયમ અલ્લાહના બેટા છે.

ઈરાની શહેનશાહ ખુસરૂ પરવેઝના કાગળમાં અલ્લાહની તવહીદ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. કેમકે અગ્નિપૂજકોના મઝહબમાં ''યઝદાન'' અને ''અહરમન'' નામે બે જુદા-જુદા ખુદાઓ છે. એમાં પારસીઓના અકીદા મુજબ યઝદાન નેકીનો ખુદા છે અને અહરમન બદીનો ખુદા છે. તેઓને શિક્ષણ આપવાની જરૂર હતી કે અલ્લાહ એક છે અને બંદગીને લાયક તેજ છે. અખિલ જગતનું સર્જન તેણે જ કર્યું. આગનો સર્જક પણ તેજ છે જેથી આગની નહિ, આગના સર્જકની બંદગી કરવી જોઈએ.

અરબના મૂર્તિપૂજક મુશરિકોને લખેલા મુબારક કાગળોમાં પણ અલ્લાહની તવહીદ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો અને એક અલ્લાહને છોડીને લેભાગુ ભગવાનોની બંદગીથી તેઓને રોકવામાં આવ્યા.

યહુદીઓને નામે લખેલા કાગળોમાં તેઓની આકાશી કિતાબ તવરાતના હવાલાઓથી પોતાની પયગમ્બરીની દલીલો કાયમ કરવામાં આવી. અને બધા મુબારક કાગળોનો ફકત એક જ સાર કે એક જ નિચોડ હતો : ઈસ્લામનું આમંત્રણ કે ઈસ્લામની તબલીગ.

Maktabe Ashraf

રસૂલુલ્લાહ (સલ.)ના મુબારક કાગળો

બાદશાહોના નામે

મુબારક કાગળ શાહે-હબશને નામે

હબશ અથવા હબશહ નામનો દેશ અરબની દક્ષિણ દિશાએ પૂર્વ આફ્રીકામાં આવેલો છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીના નૂરાની યુગમાં મુલ્કે-હબશના બાદશાહી તખ્ત પર અસ્હમહ બિન અબજર નામે બાદશાહ બિરાજમાન હતો. હબશની પ્રજાનો સરકારી ધર્મ ખ્રિસ્તી હતો અને બાદશાહ પોતે પણ ધર્મધુરંધર હોવા ઉપરાંત ખ્રિસ્તી ધર્મનો ચુસ્ત અનુયાયી હતો.

અસ્હમહ બિન અબજરનું ખાનદાન ચોથી સદી ઈસ્વીથી મુલ્કે-હબશ પર રાજ કરતું હતું. આથી પેહલાં એ ખાનદાનના લોકો મૂર્તિપૂજાનો ધર્મ પાળતા હતા. રોમન સામ્રાજ્યે મિસર મારફતે હબશમાં ખ્રિસ્તી ધર્મનો પાયો નાખ્યો. અસ્કંદરિયાના એક બિશપે અહીં ખ્રિસ્તી મિશનનું કેન્દ્ર સ્થાપ્યું. ઈસ્વી સન ૩૩૦ માં ઉઝીનહ નામે હબશી બાદશાહે ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરી લીધો. પછી ધીરેધીરે આખા દેશની રૈયત મૂર્તિપૂજાનો ત્યાગ કરીને ખ્રિસ્તી બની ગઈ.

હબશ અરબી નામ છે યુનાનીમાં એને ઈત્યુપિયા કહે છે જેનાથી ઈથ્યોપિયા બન્યું. દુનિયાના વર્તમાન નકશામાં એને એબીસીનિયા નામ આપવામાં આવ્યું. હબશી ભાષામાં બાદશાહને નજૂસ કહે છે. નજાશી એજ નજૂસ શબ્દનું અરબી રૂપ છે. [1]

મક્કહની વિશાળ ધરતી જ્યારે તવહીદના પરસ્તારો પર ''અલ્લાહુ અહદ'' કહેવાને વાંકે તંગ બની ગઈ અને કુરૈશી કાફિરોના આતંકવાદે માઝા મૂકી દીધી તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પયગમ્બરીના પાંચમા વરસે ઈ.સ. ૬૧૪ માં લાચાર નિરાધાર મુસલમાનોને પરવાનગી આપી દીધી કે તેઓ મક્કહથી હિજરત કરીને હબશ ચાલ્યા જાય. ત્યાંના ખ્રિસ્તી બાદશાહથી આશા છે કે તે તમારી સાથે ભલાઈનો વર્તાવ કરશે.

મુહાજિરીનના પહેલા કાફલાના સાલાર હઝરત ઉસ્માન બિન અફ્ફાન રદિયલ્લાહુ અન્હુ હતા જેમનો લકબ ''ઝુન-નૂરૈન''હતો એટલે બે નૂરવાળા. નૂરના ટુકડા જેવી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનાં બે સાહબઝાદીઓ એક પછી એક હઝરત ઉસ્માનના નિકાહમાં આવ્યાં હતાં. હબશમાં હઝરત ઉસ્માનના સલામત રીતે પહોંચી જવા પછી હિજરતનો સિલસિલો ચાલુ થઈ ગયો અને લગભગ એક સો જેટલા મુહાજિરો હબશમાં ભેગા થઈ ગયા. મુહાજિરોનો છેલ્લો કાફલો મદીનહની હિજરતના સાતમા વરસે ૬૨૯ ઈસ્વીમાં હબશથી વાપસ થયો.

---

૧. નજાશી અથવા નજ્જાશી : હબશના બાદશાહોનો લકબ છે જેવી રીતે ઈરાનના બાદશાહોનો કિસરા, રોમના બાદશાહોનો કૈસર, યમનના બાદશાહોનો તુબ્બઅ, રશિયાના બાદશાહોનો ઝાર, મિસરના બાદશાહોનો ફિરઔન. ''ઇ''

Maktabe Ashraf

મુહાજિરોના બીજા કાફલામાં હઝરત અલી બિન અબી તાલિબના મોટા ભાઇ હઝરત જઅફર બિન અબી તાલિબ પણ શામિલ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ બીજા કાફલા સાથે એક કાગળ નજાશીને નામે લખાવીને મોકલ્યો. ઘણું કરીને મુબારક કાગળોમાં આ સૌથી પહેલો કાગળ છે. એ મુબારક કાગળનું લખાણ આ પ્રમાણે છે :

મુબારક કાગળનું લખાણ

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના રસૂલ મુહંમદ તરફથી

હું તે અલ્લાહના કીર્તિગાન કરૂં છું જેના સિવાય કોઇ પૂજાપાત્ર નથી. જે અખિલ જગતનો સત્તાધારી છે. પાક છે, રક્ષણદાતા છે અને સલામત રાખનારો છે.

હું ઇકરાર કરૂં છું કે ઈસા બિન મરયમ અલ્લાહની રૂહ અને તેનો કલિમા છે જેમને, પવિત્ર અને બુરાઇથી સુરક્ષિત મરયમ બતૂલ તરફ નાખવામાં આવ્યા અને ઈસા, મરયમની કૂખથી બિરાજમાન થયા. અલ્લાહએ તેમને પોતાની રૂહ અને પોતાના દમથી તેવી જ રીતે પેદા કર્યા જેવી રીતે તેણે આદમને પોતાના હાથથી પૈદા કર્યા હતા.

હું આપને તે એકમાત્ર અલ્લાહ તરફ આમંત્રણ આપું છું જેનો કોઇ ભાગીદાર નથી. તેની ઉપર ઇમાન લઇ આવો. અલ્લાહની તાબેદારીમાં મારો સાથ આપો. મારી પેરવી ગ્રહણ કરો. અને મારી પયગમ્બરીનો સ્વીકાર કરી લો. કેમકે હું અલ્લાહનો પયગમ્બર છું.

મેં અલ્લાહનો પયગામ નિખાલસ ભાવથી આપને પહોંચાડી દેવામાં ખેરખાહી કરી છે. મારી હમદર્દી ભરેલી નસીહતને કબૂલ કરી લેવું આપનું કામ છે. હું આપની રૈયતને પણ એજ આમંત્રણ આપું છું.

હું મારા ચચેરા ભાઇ જઅફરને બીજા મુસલમાનો સાથે મોકલાવી રહ્યો છું. જ્યારે એ બધા આપની પાસે પહોંચે તો સત્તાની મગરૂરી અને બાદશાહીનું અભિમાન છોડીને તેઓની સાથે નમ્રતાનો વર્તાવ કરજો.

તેની ઉપર સલામતી હો જેણે રાહે-રાસ્તની પેરવી કરી ! [1]

હઝરત અમ્ર નજાશીના દરબારમાં

મદીનહની હિજરતના સાતમા વરસે માહે-મુહર્રમમાં ઇસ્વી સન ૬૨૮ માં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જ્યારે દુનિયાના બાદશાહોના નામે મુબારક કાગળો લખાવીને રવાના કર્યા તો હબશના બાદશાહ નજાશીને નામે ફરીથી એક કાગળ લખીને મોકલાવ્યો. પહેલો કાગળ આજથી લગભગ ૧૫ વરસ પહેલાં લખાવીને

૧. તારીખે-તબરી જિલ્દ ૩ પેજ ૭૮૯ - ડૉક્ટર મુહંમદ હમીદુલ્લાહ કૃત : રસૂલે-અકરમ કી સિયાસી ઝિન્દગી પેજ ૧૦૬

હઝરત જઅફર સાથે મોકલ્યો હતો જેમાં પોતાનો ટુંક પરિચય અને મુસલમાનો માટેની ભલામણના શબ્દો હતા. આ બીજો મુબારક કાગળ ઈસ્લામના આમંત્રણ કે ઈસ્લામની તબલીગને લગતો હતો. પહેલા કાગળ પર આપની મુહરની છાપ ન હતી. આ બીજા કાગળ પર બા-કાયદા આપની સરકારી મુહરની છાપ મારવામાં આવી હતી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના વિદ્વાન સફીર હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી (રદિયલ્લાહુ અન્હુ)આ મુબારક કાગળ લઈને શાહે-હબશના દરબારમાં પહોંચ્યા તો મુબારક કાગળ બાદશાહની તહેનાતમાં રજૂ કરતાં તેમણે એક અસરકારક પ્રવચન કર્યું જે આ પ્રમાણે છે :

હઝરત અમ્રનું છટાદાર પ્રવચન

"હે આલીજાહ બાદશાહ ! મારૂં કર્તવ્ય હક વાતની તબલીગ છે અને આપનું કર્તવ્ય હક વાતને સાંભળવું છે. અમને આપની જાતનો એટલો બધો વિશ્વાસ અને એટલો બધો સંતોષ છે કે અમે કોઈ પણ રીતે આપને અમારી જમાઅતથી અલગ નથી સમજતા.

હઝરત આદમ પયગમ્બરની પૈદાઈશ આપના માટે અમારા તરફથી એક નક્કર દલીલ છે. કુદરતના જે ચમત્કારી હાથોએ આદમને માબાપ વગર પૈદા કર્યા એજ ચમત્કારી હાથોએ ઈસા પયગમ્બરને વગર બાપે તેમની માતાની કૂખથી પૈદા કર્યા.

અમારી અને આપની વચ્ચે ઈન્જીલ કિતાબ સૌથી મોટી સાક્ષી છે. માટે રહમતના પયગમ્બર મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ની પૈરવી ગ્રહણ કરી લેવી તે ખૈર અને બરકત તથા માન અને પ્રતિષ્ઠાનો ભંડાર ભરી લેવા જેવું છે.

હે આલીજાહ બાદશાહ ! અગર આપ નામદારે મુહંમદ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ની તાબેદારી નહિ સ્વીકારી તો એ ઉમ્મી નબીનો ઈન્કાર આપના માટે તેવી જ રીતે જાનની જંજાળ બની જશે જેવી રીતે ઈસા પયગમ્બરનો ઈન્કાર યહૂદીઓ માટે જાનની જંજાળ બની ગયો.

હે જહાંપનાહ ! મારી પેઠે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ) તરફથી કેટલાક બીજા ગૃહસ્થોને જુદા-જુદા બાદશાહોના દરબારોમાં ઈસ્લામના આમંત્રણ માટે એલચી બનાવીને મોકલવામાં આવ્યા છે. પરંતુ સરવરે-આલમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જે આશા આપની જાત તરફથી છે તેવી આશા બીજાઓ તરફથી નથી. આપના વિષે પૂરો સંતોષ છે કે આપ પોતાના અને અલ્લાહના મામલામાં, પોતાની અગાઉની નેકીઓ અને હવે પછીની નેક કરણીના ફળનો ખ્યાલ રાખશો."

નજાશી બાદશાહ પોતાના શાહી તખત પર બેસીને પૂરી ગંભીરતાથી હઝરત અમ્ર બિન ઉમૈયહની તકરીર સાંભળતાં રહ્યાં. આજથી લગભગ ૧૫ વરસ પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જઅફર સાથે મોકલેલો કાગળ એ વાંચી ચૂક્યો હતો. એ પછી એક પ્રસંગે હઝરત જઅફરે એના દરબારમાં ઈસ્લામના સિધ્ધાંતો અને શિક્ષણને લગતું ઐતિહાસિક પ્રવચન કર્યું હતું તે પણ એને યાદ હતું. આ બધી વાતોથી નજાશી

Maktabe Ashraf

બાદશાહ મહદ અંશે ઈસ્લામનો પરિચય મેળવી ચૂક્યો હતો. જેથી હઝરત અમ્ર બિન ઉમૈયહની પ્રેરણા લક્ષી તકરીરે તેના દિલમાં ઈમાનની જ્યોત પ્રકટાવી દીધી. હઝરત અમ્રની તકરીર ખતમ થતાં જ તે ઈમાની જુસ્સાથી બોલી ઊઠયો :

"હે અમ્ર ! અલ્લાહના સોગંદ ! હું ગવાહી આપું છું કે મુહંમદ અલ્લાહના તેજ ચુનંદા નબી છે જેમની પધરામણીની, અમે ઈસાઈઓ અને યહુદીઓ રાહ જોઈ રહ્યા છીએ. બેશક જેવી રીતે મૂસા નબીએ ઈસા બિન મરયમની બશારત આપી હતી તેવી જ રીતે ઈસા બિન મરયમે મુહંમદ પયગમ્બરની બશારત આપી છે બંને વચ્ચે બાલ બરાબર ફરક નથી.

"હે અમ્ર ! મુહંમદની પયગમ્બરીના મામલામાં મારી કને કાનથી સાંભળવું અને આંખથી જોવું સરખું જ છે. પરંતુ જરા થોભો. અત્યારે હબશમાં મારા તરફદાર અને સહકારી લોકો બહુ થોડા છે. માટે તમે મને એટલો સમય આપો કે હું મારી કોમમાં મારા ટેકેદારો અને સહકારીઓની સારી જેવી સંખ્યા એકઠી કરી લઉં અને હબશવાસીઓ માટે ઈસ્લામ-સ્વીકારનો માર્ગ મોકળો થઈ જાય !"

આમ કહીને નજાશી બાદશાહ શાહી તખત પરથી નીચે ઊતરી આવ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળને હાથમાં ઉપાડીને આદરમાનથી આંખો સાથે લગાડયો અને દરબારી દુભાષિયાને બોલાવીને વાંચવાનો હુકમ આપ્યો. મુબારક કાગળમાં લખ્યું હતું :

નજાશીના નામે બીજો મુબારક કાગળ

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

મુહંમદ રસૂલુલ્લાહ તરફથી હબશના બાદશાહ નજાશીના નામે.

સલામતી હો તેની ઉપર જે સીધો રસ્તો ગ્રહણ કરે ! લખવાનું કે સૌથી પહેલાં હું તે અલ્લાહના યશોગાન કરૂં છું જેના સિવાય કોઈ બંદગીને લાયક નથી. તેજ બાદશાહે-બરહક અને માલિકે-મુલ્ક છે. તમામ એબોથી પાક અને દરેક દૂષણથી પવિત્ર છે. દરેક પ્રકારની આફતો અને સંકટોથી સુરક્ષિત છે. તે પોતાની કુદરતથી પોતાના પયગમ્બરોનો મદદગાર અને સમર્થક છે. પોતાના બંદાઓને કિયામતના ઝંઝાવાતથી બચાવનારો અને તેઓને સલામત રાખનારો અને ઊંચા દરજ્જાઓ આપનારો છે. દરેક વસ્તુ પર અધિકાર ધરાવનારો, કાબૂ રાખનારો, શકિતશાળી અને મોટો જ્ઞાની છે.

હું સાક્ષી આપું છું કે ઈસા નબી, કુંવારી મરયમના બેટા છે. અલ્લાહની ખાસ રૂહ અને તેના કલિમા છે જેમને અલ્લાહએ કુંવારી અને પાકદામન મરયમને પ્રદાન કર્યા જેનાથી તે ગર્ભવતી થઈ. પછી અલ્લાહએ ઈસાને પોતાની ખાસ રૂહ અને ફૂંકથી પેદા કર્યા. જેવી રીતે તેણે આદમને પોતાની કુદરતના નિરાકાર હાથો અને નિરાકાર ફૂંકથી પેદા કર્યા હતા.

એ પછી હે બાદશાહ ! હું તને અલ્લાહ વહદહૂ લા શરીક તરફ બોલાવું છું. તું તેની ઉપર ઈમાન લઈ આવ. કાયમ માટે તેનો તાબેદાર બની જા અને મારૂં અનુકરણ ગ્રહણ

કરી લે. મારા શિક્ષણને અંતઃકરણથી માની લે કેમકે હું નિઃશંક અલ્લાહનો રસૂલ છું.

આથી પહેલાં હું મારા કાકાના બેટા જઅફર બિન અબી તાલિબને મુસલમાનોની એક જમાઅત સાથે તારા દેશમાં મોકલી ચૂકયો છું.

હે બાદશાહ ! અભિમાન કે અહંકારથી કામ લેવાની જરૂર નથી. સમજબુધ્ધિથી મારી વાતો પર વિચાર કરીને અલ્લાહની તાબેદારી કબૂલ કરી લે. હું તને અને તારા પૂરા લશ્કરને અલ્લાહ તરફ આવી જવાનું આમંત્રણ આપું છું.

મેં તને અલ્લાહનો પયગામ પહોંચાડી દીધો છે અને નસીહતોનો હક અદા કરી દીધો છે. તારે એને માની લેવું જોઈએ.

હિદાયતની પેરવી કરનારાઓ પર અલ્લાહના સલામ હો ! [1]

મુહંમદ રસૂલુલ્લાહ (મુબારક કાગળ પર મુહરનો સિકકો)

નજાશી બાદશાહનો જવાબી કાગળ

નજાશી બાદશાહ તખતથી નીચે બેસીને મુબારક કાગળનું લખાણ સાંભળતો જતો હતો અને મસ્તક હલાવીને એકેક બોલનું સમર્થન કરતો જતો હતો. જેવું જ લખાણનું વાંચન પૂરૂં થયું. અકીદતના જુસ્સાથી મુબારક કાગળને ચુંબન આપીને માથે મૂકી લીધો. એ પછી તેણે આકાશી સચ્ચાઈની ગવાહી આપી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળનો જવાબ લખાવ્યો. આ પ્રમાણે

મુહંમદ રસૂલુલ્લાહના નામે અસ્હમહ બિન અબજર નજાશી તરફથી

અસ્સલામુ અલૈક યા નબીય્યલ્લાહ !

અલ્લાહની રહમતો અને બરકતો હો આપ પર !

હું તે અલ્લાહના વખાણ કરૂં છું જેના વગર બીજો કોઈ બંદગીને લાયક નથી. તેજ છે જેણે મને ઈસ્લામનો રસ્તો દેખાડયો અને તેના સ્વીકારની મને સદ્‌બુધ્ધિ આપી.

એ પછી હે અલ્લાહના નબી ! મને આપના મુબારક કાગળની ઝિયારતનો શર્ફ હાસિલ થયો. અલ્લાહના નબી ઈસા બિન મરયમ બાબતે જે કંઈ આપે દર્શાવ્યું, સોગંદ છે જમીન અને આસમાનના પાલનહારના, ઈસા બિન મરયમ તેનાથી રતીભાર વધારે નથી. બેશક ઈસા બિન મરયમની તેજ શાન છે જેનું આપે વર્ણન ફરમાવ્યું છે.

હે અલ્લાહના નબી ! અલ્લાહ તરફથી જે દીન લઈને આપ પધાર્યા છો મેં, એ દીનનો સારો જેવો પરિચય મેળવી લીધો છે. આપના કાકાના બેટા અને તેમના સાથીઓનું સ્વાગત કરીને મેં તેઓની મેહમાનદારી કીધી. હવે તેઓ મારા માનીતા બની ગયા છે.

હું સાક્ષી આપું છું કે આપ અલ્લાહના સાચા પયગમ્બર છો અને તેનું સમર્થન પામેલા

---

૧. તબકાતે ઈબ્ને સઅદ જિલ્દ ૩ પેજ ૨૫

નબી છો. મેં આપના માટે આપના કાકાના બેટાના હાથ પર બૈઅત કરી લીધી છે અને એજ હાથ પર આપના જગતના પાલનહાર માટે ઈસ્લામ કબૂલ કરી લીધો છે.

હે અલ્લાહના નબી ! હું આપની તહેનાતમાં મારા બેટા અરહા બિન અસ્હમહને મોકલાવું છું. અગર આપ હુકમ ફરમાવો તો પોતે પણ આપના ચરણોમાં હાજર થવા તૈયાર છું.

હે અલ્લાહના નબી ! હું ગવાહી આપું છું કે આપે જે કંઈ ફરમાવ્યું તે બિલકુલ હક છે.

વસ્સલામુ અલૈક વ રહમતુલ્લાહિ વ બરકાતુહ.[1]

હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી નજાશી બાદશાહનો કાગળ લઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને હબશના બનાવોથી આપને માહિતગાર કર્યા.

હઝરત અમ્રના હાથે કાગળ મોકલવા પછી હબશના બાદશાહ હઝરત નજાશીએ પોતાના બેટા અરહા બિન અસ્હમહને પોતાના ખાસ ૬૦ માણસોના કાફલા સાથે શાહી વહાણમાં સવાર કરાવીને અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે ભેટ-સોગાત આપીને મદીનહ રવાના કર્યો કે જેથી તેનો બેટો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને કદમ-બોસીનું માન મેળવે. પરંતુ કમનસીબીથી વહાણ તોફાને ચઢેલા સમુદ્રના ઝંઝાવાતમાં સપડાઈ ગયું અને કાફલાના બધા માણસો વહાણ સાથે ડૂબીને શહીદ થઈ ગયા.[2]

અસલી મુબારક કાગળની દસ્તયાબી

પ્રખ્યાત સીરતકાર ડૉક્ટર મુહંમદ હમીદુલ્લાહ પોતાના પુસ્તકમાં લખે છે : બીજી જગત-જંગની શરૂઆતમાં મિસરના મશહુર ''અલ-બલાગ''અખબારે હબશના પાટનગર અદીસ અબાબાના મુસ્લિમ અખબાર ''બુરહાને-ઈસ્લામ''ના હવાલાથી એવા સમાચાર છાપ્યા હતા કે એબીસીનિયાના શહેનશાહ હેલ સલાસીએ રાજ્યની તિજોરીમાંથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ઉપર દર્શાવેલો મુબારક કાગળ કાઢીને મુસલમાનોના એક પ્રતિનિધિ મંડળને તેની ઝિયારત કરાવી હતી. આ મુબારક કાગળ એક ઝિલ્લી એટલે ચર્મપત્ર પર લખેલો છે. એ સાડા તેર ૧૩ ½ ઈંચ લાંબો અને ૯ ઈંચ ચોડો છે. મુબારક કાગળ પર મુહર ઉપરાંત ૧૯ લીટીઓનું લખાણ છે. આ લખાણ ભૂરી શાહીથી એટલે ગ્રે કલરની ઈન્કથી લખવામાં આવ્યું છે. લખાણ તે યુગની અરબી લિપીમાં છે. શબ્દો એકદમ ચોખ્ખા અને આસાનીથી વાંચી શકાય છે. [3]

નજાશીના નામે ત્રીજો મુબારક કાગળ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરી (રદિ.)ને બીજીવાર મુબારક

---

૧. તારીખ-તબરી જિલ્દ ૩ પેજ ૮૯ - રસૂલે-અકરમકી સિયાસી ઝિન્દગી પેજ ૧૧૨

૨. સીરતુલ-મુસ્તફા જિ ૨ પા. ૩૭૭ - સીરતુન-નબી જિ.૧ પા. ૪૭૦ - જમાલે-મુસ્તફા જિ ૪ પા. ૧૯૬

૩. રસૂલે-અકરમ કી સિયાસી ઝિન્દગી પેજ ૧૧૪ ૧૨૭

કાગળ આપીને હબશ જવાનો હુકમ ફરમાવ્યો. આ વેળા હેતુ આ હતો કે મક્કહના મુહાજિરોને મદીનહ વાપસ તેડાવી લેવામાં આવે. મુબારક કાગળમાં હઝરત નજાશીના ઈસ્લામ-અંગીકાર પર આનંદ જાહેર કરવામાં આવ્યો હતો. મુબારક કાગળમાં લખ્યું હતું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આપ પર સલામતી હો ! આપે અમારી સાથે ભલાઈનો વર્તાવ કર્યો. આપ પર અમને પૂરો વિશ્વાસ છે. આપની જાતથી અમે જે આશા રાખી હતી તે પૂરી થઈ અને જે વાતની ધાસ્તી રાખી હતી તેનાથી આપ સલામત રહ્યા.

અને હિદાયતની સદ્‌બુદ્ધિ અલ્લાહ તરફથી મળે છે.

———————————મુહંમદ રસૂલુલ્લાહ (મુહર)

આ કાગળ લખવાનું માન હઝરત અલી (રદિ.)ને મળવા પામ્યું.

હઝરત નજાશી બાદશાહએ ભારે સાવચેતીથી બંને મુબારક કાગળોને હાથીદાંતની એક સુંદર પેટીમાં સુરક્ષિત કરી દીધા અને પોતાના દરબારીઓને સંબોધીને કહ્યું, "હબશની ભૂમિમાં જ્યાં સુધી આ બરકતવંતા નૂરાની દસ્તાવેજો સલામત રહેશે ત્યાં સુધી મને યકીન છે કે હબશની પ્રજા પણ સલામત રહેશે."

હઝરત નજાશીએ હઝરત અમ્ર બિન ઉમૈયહને શરૂઆતમાં કહ્યું હતું : "હબશના લોકોમાં અત્યારે મારા ટેકેદારોની સંખ્યા બહુ થોડી છે માટે મને સમય આપો કે હું મારા ટેકેદારોની સંખ્યા વધારી લઉં !" પણ હઝરત નજાશીને એની તક મળવા નહિ પામી અને હિજરી ૯ ના રજબમાં (ઈસ્વી સન ૬૩૦ માં) હઝરત નજાશીનો ઈન્તેકાલ થઈ ગયો.

એજ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને વહી મારતફે હઝરત નજાશી (રદિયલ્લાહુ અન્હુ)ની વફાતના સમાચાર મળી ગયા અને આપે પોતાના સહાબાની જમાઅત સાથે હઝરત નજાશીના જનાઝહની ગાઈબાના નમાઝ પઢી.

કૈસરના નામે મુબારક કાગળ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની યુગમાં રોમ અને ઈરાનના મહાપ્રતાપી સામ્રાજ્યોનો વિસ્તાર દૂરો-દરાજના પ્રદેશો સુધી ફેલાયેલો હતો. બંને બળવાન મુલ્કોના શહેનશાહોના દબદબાથી ભલભલા સમરબંધી રાજા-મહારાજા કાંપતા હતા. તેઓની જાહોજલાલીનો અંદાજો આ વાતથી લગાવી શકાય કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં બંને મહારાજ્યો વચ્ચે જે યુધ્ધો ખેલાયાં તેની નોંધ કુર્આને-મજીદમાં પણ લેવામાં આવી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ બંને દેશોના શહેનશાહોના નામે પણ ઈસ્લામની તબલીગના કાગળો લખાવીને તેઓને ઈસ્લામ કબૂલ કરી લેવાનું આમંત્રણ પાઠવ્યું.

રોમના શહેનશાહના દરબારમાં જવા માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના રાજદૂત તરીકે હઝરત દિહયહ બિન ખુલૈફહ કલ્બી (રદિયલ્લાહુ અન્હુ)ની વરણી કરી. હઝરત દિહયહ મક્કહના મુહાજિરોમાંથી હતા. બેહદ હસીનો-જમીલ, આકર્ષક રૂપરેખાના અને પ્રભાવશાળી શખ્સીયતના માલિક હતા.

હદીસ-ગ્રંથોમાં છે કે અલ્લાહના અઝીમ ફરિશ્તા હઝરત જિબ્રીલ (અલૈહિસ-સલામ) ઘણું કરીને હઝરત દિહયહની શકલો-સૂરતમાં આકાશી વહી લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બારગાહમાં પધારતા હતા.

તે વેળા રોમન સામ્રાજ્યનું પાટનગર કુસ્તુન-તુનિયા શહેર હતું. યૂરોપના વિવિધ દેશો ઉપરાંત એશિયામાં મુલ્કે-શામ, ફલસ્તીન અને મુલ્કે-મિસર વગેરે પણ રોમન સામ્રાજ્યની સત્તા હેઠળ હતાં. રોમનો શહેનશાહ ''કૈસર''ના લકબે ઓળખાતો હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં જે કૈસર રોમની ગાદીએ બિરાજેલો હતો તેનું નામ હિરકલ-મૂસ; હરકયૂલસ; હિરકલ હતું. ખ્રિસ્તી ધર્મનો ચુસ્ત અનુયાયી હોવા ઉપરાંત આકાશી કિતાબો-તવરાત અને ઇન્જીલનો મોટો આલિમ હતો.

સાતમી સદી ઇસ્વીની શરૂઆતથી બંને સામ્રાજ્યો, રોમ અને ઇરાન વચ્ચે ભીષણ યુધ્ધ લગાતાર ખેલાતું આવ્યું હતું. શરૂઆતના થોડાક વરસો સુધી ઇરાનનું પલ્લું નમતું રહ્યું અને તેણે એશિયાના તમામ પ્રદેશો રોમ પાસેથી પડાવી લઇને પોતાના સંસ્થાનોમાં શામિલ કરી લીધા. પરંતુ ઇ.સ. ૬૧૬ પછી નસીબનું પાસું એવું પલટાયું કે ઇરાનને શિકસ્ત પર શિકસ્ત મળવા લાગી. છેવટે ઇ.સ. ૬૨૬માં બંને રાજ્યો વચ્ચે નેનવા સ્થળે ખુંખાર યુધ્ધ જામ્યું જેમાં ઇરાની સૈન્યનો મુકમ્મલ પરાજય થયો અને હિરકલ શહેનશાહે તે બધા પ્રદેશો પાછા મેળવી લીધા જે ઇરાને તેની પાસેથી પડાવી લીધા હતા.

ખ્રિસ્તીઓ પાસે ઇન્જીલ નામની આકાશી કિતાબ હોવાથી તેઓ અહલે-કિતાબ ગણાતા હતા. આ કારણે મુસલમાનોને રોમના ખ્રિસ્તીઓ પ્રત્યે હમદર્દી કે સહાનુભૂતિની લાગણી હતી. એથી ઉલટું ઇરાનના લોકો આગના પૂજારી હોવાથી મુશરિક હતા અને મક્કહના કુરૈશ મૂર્તિઓના પૂજારી હોવાથી મુશરિક હતા. આ કારણે મઝહબી રીતે બંને એકબીજાના ભાઇબંધ હોવાથી કુરૈશની હમદર્દીનો ધોધ ઇરાનીઓ તરફ વહેતો હતો. [૧] રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિજરતના એક વરસ પહેલાં ઇ.સ. ૬૨૧માં ઇરાનીઓને વિજય મળ્યો તો મુસલમાનોને બેહદ સદમો થયો અને તેઓ ઉદાસ બની ગયા. એથી વિરૂધ્ધ રોમનોની હાર અને ઇરાનીઓની જીતથી મક્કહના કુરૈશ એટલા ગેલમાં આવી ગયા કે તેઓએ દિવાળીની ઉજવણી પેઠે ઘરઘરમાં દીવા કર્યા અને ખુશાલીની પ્રસાદી તરીકે મીઠાઇઓ વહેંચી.

આ પ્રસંગે અલ્લાહ તઆલાએ મુસલમાનોના દિલાસા માટે સૂરએ-રૂમની શરૂઆતની આયતો નાઝિલ ફરમાવી જેમાં તેઓને વાયદો આપવામાં આવ્યો કે રોમનું લશ્કર થોડા વરસોમાં ફરીવાર ઇરાનીઓ પર વર્ચસ મેળવી લેશે. એ આયતો આ પ્રમાણે છે :

અલિફ-લામ-મીમ ગુલિ-બતિર રૂમુ	અલિફ - લામ-મીમ. રોમવાળા પરાજિત થઇ ગયા,
ફી અદનલ - અર્દિ.	બહુ નજીકના જ દેશમાં.
વહુમ મિમ બઅદિ ગ-લ બિ હિમ	પણ તેઓ આ પરાજય બાદ
સ-યગ - લિબૂન.	બહુ જલદી જીત મેળવી લેશે,
ફી બિદઅ-સિનીન.	અમુક જ (ગણતરીના) વરસોમાં.

૧. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું છે : ''અલ-કુફ્રુ મિલ્લતુન-વાહિદહ.'' એટલે કુફ્ર ઇસ્લામના મુકાબલામાં એક જ કૌમ છે. અર્થાત : ઇસ્લામના મુકાબલાની વાત આવે તો દુનિયાના તમામ બિનમુસ્લિમો—યહૂદી, પારસી, ઇસાઇ, સિખ, હિન્દુ, કાદિયાની, શીઆ રાફઝી બધા આપસના ભેદભાવો કે દુશ્મની ભૂલીને એક થઇ જાય છે અને એક કૌમ પેઠે સંગઠિત થઇને મુસલમાનોને મારે છે. પોતના ભાઇબંધોની દામે, દિરમે, સખૂને, કદમે મદદ કરે છે. ''ફ''

Maktabe Ashraf

લિલ્લા - હિલ - અમ્રુ	અધિકાર કે સત્તા તો અલ્લાહના જ માટે છે,
મિન કબ્લુ વમિમ બઅ્દુ	આથી પહેલાં પણ અને આથી પછી પણ.
વયૌમ ઈઝિય - યફ્-રહુલ - મુઅમિનૂન.	તે દિવસે મુસલમાનો ખુશાલીમાં હશે,
બિ-નસ-રિલ્લાહ.	અલ્લાહની મદદથી.
યન્સુરુ મંય યશાઅ	તે ચાહે તેને મદદ કે વિજય આપે છે.
વ હુવલ-અઝીઝુર-રહીમ.	અને તે અતિ બળવાન-દયાળુ છે.
વઅ-દલ્લાહ.	એ અલ્લાહનો વાયદો છે
લા યુખ-લિફુલ્લાહુ વઅ-દહૂ.	અલ્લાહ ભંગ કરતો નથી પોતાના વાયદાનો.
વલાકિન્ન અક-સરન-નાસ	પણ મોટા ભાગના લોકો
લા યઅ-લમૂન.	જાણતા નથી એ વાત.

આ આયતો નાઝિલ થઈ તો હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિયલ્લાહુ અન્હુ) કુરૈશ પાસે ગયા અને કહેવા લાગ્યા, "ઈરાનીઓની જીતથી તમે મલકાઈ રહ્યા છો, ખુશાલી ઉજવો છો પણ તમારી આ ખુશાલી અને ઈરાનીઓની જીત આરઝી છે. અલ્લાહ તઆલાએ અમારા નબી મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બતાવ્યું છે કે રોમનું લશ્કર બહુ જલદી ઈરાનીઓ પર વર્ચસ મેળવી લેશે."

આ સાંભળીને ઉબય બિન ખલફ નામે આગેવાન ઊભો થઈ ગયો. આવેશથી બોલ્યો, "અબૂબક્ર! તમે જૂઠું બોલો છો."

"સૌથી મોટો જૂઠો તું પોતે છે." હઝરત અબૂબક્રએ ફરમાવ્યું, "ચાલ લાગી શરત, ત્રણ વરસની અંદર રોમન લોકો ઈરાનીઓ પર જીત ન મેળવે તો હું તને દસ ઊંટાણીઓ આપીશ અને જીત મેળવી લે તો દસ ઊંટાણીઓ તારે મને આપવી પડશે."

ઉબય બોલ્યો, "હા મને કબૂલ છે તમારી શરત."

આ શરત લગાવીને હઝરત અબૂબક્ર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. શરતનો બનાવ સાંભળીને આપે ફરમાવ્યું, "અબૂબક્ર ! મેં આમ ન્ હોતું કહ્યું કે રોમનવાળા ત્રણ વરસની અંદર જીત મેળવી લેશે. અલ્લાહની આકાશી વહીમાં "બિદ્અ-સિનીન"ના શબ્દો આવેલા છે. "બિદ્અ" શબ્દ ત્રણ વરસથી નવ વરસની મુદ્દત માટે બોલાય છે. માટે તમે ઉબય પાસે જઈને નવ વરસની મુદ્દત લંબાવી દો અને ઊંટોની સંખ્યા પણ વધારી દો."

આપના ફરમાન મુજબ હઝરત અબૂબક્ર એજ વેળા ઉબય બિન ખલફ પાસે ગયા. ઊંટોની સંખ્યા દસને બદલે એક સો કરી દીધી. અને શરતની મુદ્દત નવ વરસ સુધી લંબાવી દીધી.

જ્યારે મક્કહના મુસલમાનો આતંકવાદીઓના ત્રાસોથી કંટાળીને મદીનહની હિજરત કરવા લાગ્યા તો ઉબય બિન ખલફ હઝરત અબૂબક્ર પાસે દોડી ગયો અને બોલ્યો, "હે અબૂબક્ર ! કદાચ તમે પણ મદીનહ ચાલ્યા જાવ તો શરત મુજબના પેલા સો ઊંટોનું શું ?"

ફરમાવ્યું, "ક્યાં યે ગયા નથી. હું તમને આપી દઈશ. ખાતરી રાખો."

"એ નહિ બને." ઉબય બોલ્યો, "જવા પહેલાં કોઈ જામિન આપો જેની પાસેથી હું વસૂલ કરી શકું."

Maktabe Ashraf

હઝરત અબૂબક્ર સિદ્દીકે પોતાના બેટા અબ્દુલ્લાહને જામિન બનાવીને તેમને મક્કહમાં જ રહેવાનો હુકમ ફરમાવી દીધો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હિજરતના ત્રીજા વરસે કુરૈશ સાથે ઉહુદનું યુધ્ધ ખેલાયું તો ઉબય બિન ખલફ પણ લડાઈમાં ભાગ લેવા કુરૈશના લશ્કર સાથે જવા લાગ્યો. હઝરત અબૂબક્રના બેટા હઝરત અબ્દુલ્લાહને ખબર પડી તો ઉબય બિન ખલફ પાસે પહોંચી ગયા અને કહેવા લાગ્યા, "કાકા! હું તમને ત્યાં સુધી મક્કહથી બહાર જવા દેવાનો નથી જ્યાં સુધી કે તમે મને કોઈ જામિન નહિ આપો. આ હું એટલા માટે કહું છું કે તમે કદાચ લડાઈમાં માર્યા ગયા તો પેલા સો ઊંટોનું શું ?"

વાત વાજબીસરની કે ઇન્સાફની હોવાથી ઉબય બિન ખલફે જામિનનો બંદોબસ્ત કરી દીધો અને પોતે કુરૈશી લશ્કર સાથે જંગ માટે ચાલ્યો ગયો. લડાઈમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથે ભાલાથી જખ્મી થઈ ગયો અને મક્કહ વાપસી વેળા રસ્તામાં મરી ગયો.

ઈરાન પર મળેલા શાનદાર વિજયના આભાર તરીકે શહેનશાહ હિરકલે પગપાળા ચાલીને બૈતુલ-મુકદ્દસની ઝિયારત કરવાની મન્નત માની હતી. આ મન્નતના અમલીકરણ તરીકે તે પોતાની રાજધાનીથી પગે ચાલતો બૈતુલ-મુકદ્દસ પહોંચ્યો અને એવા દબદબાથી પહોંચ્યો કે તેના ચરણોમાં જમીન પર ગાલીચા પાથરવામાં આવ્યા અને ગાલીચા પર તેના ચરણોમાં પુષ્પો પાથરવામાં આવ્યાં. [1]

હઝરત દિહયહ કૈસરના દરબારમાં————તે વેળા મુલ્કે-શામના ઇલાકા પર રોમન સામ્રાજ્યના ખંડિયા બાદશાહ તરીકે અરબના ગસ્સાની વંશનો હારિસ ગસ્સાની નામે બાદશાહ રાજગાદીએ બિરાજેલો હતો. તેનું પાયએ-તખ્ત બુસરા શહેર હતું. હઝરત દિહયહ બિન ખુલૈફહ કલ્બી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઈને મદીનહથી રવાના થયા અને પ્રવાસની મંઝિલો વટાવતા પ્રથમ હારિસ ગસ્સાનીના દરબારમાં હાજર થયા. કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હુકમ હતો કે પ્રથમ બુસરાના દરબારમાં જવું, ત્યાંનો બાદશાહ તમને કૈસરના દરબારમાં પહોંચાડવાનો પ્રબંધ કરી દેશે.

હઝરત દિહયહ હારિસ ગસ્સાનીના દરબારમાં હાજર થયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી શુભેચ્છાઓ પાઠવીને પોતાના આગમનનો હેતુ દર્શાવ્યો. તેણે હઝરત દિહયહનો ભાવભીનો સત્કાર કરતાં કહ્યું, "હિરકલ શહેનશાહ અત્યારે પોતાની મન્નત પૂરી કરવા બૈતુલ-મુકદ્દસની ઝિયારતે ગયો છે. હું આપને તેના દરબારમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી દઉં છું."

હારિસ ગસ્સાનીએ એલચી ખાતાના ખાસ માણસો સાથે હઝરત દિહયહ કલ્બીને બૈતુલ-મુકદ્દસ ગયેલા હિરકલની મુલાકાત માટે મોકલી આપ્યા. શહેનશાહના દરબારી કર્મચારીઓ હઝરત દિહયહને એક તરફ લઈ ગયા અને બાદશાહના દરબારમાં કેવી રીતે હાજર થવું અને શાહી દરબારના કેવા શિષ્ટાચાર કે આદાબ છે તેની સમજૂતી આપતાં કહેવા લાગ્યાં,

> "જ્યારે દરબારમાં હાજર થવાનું માન મળે તો ધીમી ચાલે, નીચી મૂંડીએ હાજર થવું. આંખો ચાર નહિ થાય તેવી રીતે નજર નીચી રાખીને ચાલવું અને જ્યારે શાહી તખ્તની સામે પહોંચી જાવ તો શહેનશાહની સામે જમીન પર માથું મૂકીને દંડવત્ પ્રણામ

૧. તારીખે-તબરી જિ.૩ પેજ ૮૫

કરવું. એટલે તખત સામેની જમીન પર માથું મૂકીને બાદશાહના ચરણોમાં સિજદો કરવો.

તેઓએ વધુમાં ઉમેર્યું , "જુઓ, તમે મદીનહથી આવેલા એક અરબ છો અને એ ઈલાકામાં રહેનારા અરબો ગમારો જેવા હોવાથી શાહી દરબારના આદાબથી અજ્ઞાત હોય છે. જેથી અમારે તમને અહીંના શાહી દરબારના શિષ્ટાચારની સમજૂતી આપવી પડી છે."

તેઓની વાહિયાત વાતોની ઐસીતૈસી કરીને હઝરત દિહયહએ ફરમાવ્યું, "તમારી શિખામણ માટે તમારો આભાર પણ સાંભળો, અમે મુસલમાન અરબ છીએ અને મુસલમાનો એક અલ્લાહ સિવાય કોઈએ દંડવત્ કે સિજદો કરતા નથી. અમારા પયગમ્બર સાહેબે અમને એજ શિક્ષણ આપ્યું છે."

"ત્યારે તમે જાણો ને તમારૂં કામ." દરબારીઓ ખામોશ થઈ ગયા.

શહેનશાહનો દરબાર ભારે ઠાઠથી શણગારવામાં આવ્યો હતો. હિરકલ બાદશાહ શાનદાર વિજયની શાનદાર ઉજવણીમાં લાગેલો હતો. હઝરત દિહયહ નિયુકત સમયે દમામભેર ચાલતા હિરકલના દરબારમાં હાજર થયા. દંડવત કે સિજદો તો નહિ કર્યો પણ ઈસ્લામી આદાબ મુજબ પુરા વિવેકી વર્તન સાથે રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ તેની તહેનાતમાં રજૂ કર્યો. મુબારક કાગળનું લખાણ વાંચીને તેનું મસ્તક ઝૂકી ગયું. વિચાર સાગરમાં મોડે સુધી ગોથાં ખાતો રહ્યો. જેમ જેમ વિચારતો ગયો, હકીકત ખુલતી ગઈ અને મામલાની ગંભીરતાનું ભાન થતું ગયું. પોતે પણ ખ્રિસ્તી ધર્મનો ચુસ્ત અનુયાયી હતો. છેવટે તેણે નિર્ણય લીધો કે મામલાની ઊંડી તહકીક કરવી જોઈએ. કેમકે કાગળ કોઈ બાદશાહ કે રાજા મહારાજાનો નથી બલકે એવી શખ્સીયતનો છે જેમનો દાવો છે કે તેઓ અલ્લાહના મોકલેલા પયગમ્બર છે. પયગમ્બરોની હકીકતથી બાદશાહ પોતે પૂરી રીતે જાણકાર હતો.

મામલાની ઊંડી તહકીકનો નિર્ણય લઈને હિરકલે હુકમ છોડયો, "મક્કહના સોદાગરોમાંથી કોઈ સોદાગર શહેરમાં આવેલો હોય તો તેને દરબારમાં હાજર કરવામાં આવે."

મુલ્કે-રોમના ખ્રિસ્તીઓ સાથે અરબોના વેપારી સંબંધો પ્રાચીન યુગથી ચાલ્યા આવતા હતા. કુરૈશના લોકો અરબના સૌથી મોટા અને ખ્યાતનામ વેપારી હતા. તેઓની વેપારી શાખ એશિયાના દૂરો-દરાઝના મુલ્કો સુધી કાયમ હતી. અલ્લાહનું કરવું એવું થયું કે હિરકલના હુકમ વેળા કુરૈશી લશ્કરનો સિપહસાલાર અબૂ સુફયાન બિન હર્બ કુરૈશના વેપારી કાફલા સાથે શહેરના ગઝઝહ નામે વેપારી લત્તામાં મવજૂદ હતો. હિરકલના હરકારા તલાશ કરતા કરતા ગઝઝહની ગુજરીમાં પહોંચી ગયા અને અબૂ સુફયાનને તેના સાથીઓ સાથે લાવીને હિરકલના દરબારમાં ઊભા કરી દીધા.

શહેનશાહ હિરકલ શાનો-શવકતથી દરબાર ભરીને, માથે શાહી તાજ સજીને, શાહી તખત પર આનબાનથી બિરાજમાન હતો. અમીર ઉમરાવો, લશ્કરના ઉપરી અમલદારો, દરબારીઓ અને ખ્રિસ્તી મઝહબના રાજગુરૂઓ કે દરબારી પાદરીઓ બાદશાહની તહેનાતમાં બા-અદબ બા-મુલાહિઝા બેઠેલા હતા. આખા દરબાર પર ચુપકીદીનો સન્નાટો પ્રસરેલો હતો.

બાદશાહે ચુપકીદીનો સન્નાટો તોડતાં અરબોને ઉદ્દેશીને પૂછયું, "તમારામાંથી કોઈ માણસ છે જે પયગમ્બરીના દાવેદારનો નિકટનો સ્નેહી હોય ?"

"હું છું જહાંપનાહ !" અબૂ સુફયાને આગળ વધીને અદબથી કહ્યું

"વારૂ તો અહીં તખતની સામે આવો."

એ પછી હિરકલે અબૂ સુફયાનના સાથીઓને સંબોધીને કહ્યું, "તમે બધા આ ગૃહસ્થની પાછળ આવીને બેસી જાવ. હું એમને થોડાક સવાલો કરવા માગું છું. એમનો કોઇ જવાબ ખોટો હોય કે સત્યથી વેગળો લાગે તો બેધડક મને આંખનો ઇશારો કરી દેજો."

હિરકલ અને અબૂ સુફયાનના સવાલ જવાબ————અબૂ સુફયાન બિન હર્બનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીને લગતા સવાલોને ખાસ મહત્વ ન મળવા પામે તેવા વિચારે મેં હિરકલને ખુશામદરૂપે કહ્યું,"

"જહાંપનાહ ! આપની શહેનશાહીની શાન તો એટલી ઊંચી છે કે તેના ચિતાર માટે મારી પાસે શબ્દો નથી. મુહંમદની પયગમ્બરી તરફથી આપ નામદારે જરાયે પરેશાન થવાની જરૂર નથી. સાચું કહું તો તેમના જેટલાં વખાણ આપ નામદારે સાંભળ્યાં તેટલાં ઊંચા તો તેઓ હરગિઝ નથી જ........."

"નહિજી.........." હિરકલે મારી વાત કાપતાં કહ્યું, "તમે ખામોશ રહીને મારી વાતો સાંભળો. જે સવાલ હું પૂછું, તેનો જ જવાબ આપો."

મેં ઝટ વાતને સંકેલી લેતાં કહ્યું, "જી હા બાદશાહ સલામત ! આપ પૂછો હું જવાબ આપીશ."

એ પછી હિરકલ અને અબૂ સુફયાન વચ્ચે સવાલ જવાબની શરૂઆત થઇ. આ પ્રમાણે :

હિરકલ———પયગમ્બરીના દાવેદારનું ખાનદાન કેવું છે ?

અબૂ સુફયાન———તમામ કુરૈશમાં સૌથી ઊંચું. અરબભરમાં સૌથી ચઢિયાતું.

હિરકલ———આ ખાનદાનમાં આથી પહેલાં કોઇએ પયગમ્બરીનો દાવો કર્યો છે ખરો ?

અબૂ સુફયાન———ના આજ સુધી કોઇએ નહિ.

હિરકલ———એ ખાનદાનમાં કોઇ બાદશાહ થયો છે ?

અબૂ સુફયાન———ના આજ સુધી નહિ.

હિરકલ———પયગમ્બરનો મઝહબ કબૂલ કરનારા સબળા લોકો છે કે નબળા ?

અબૂ સુફયાન———નબળા લોકો ગરીબો, નાદારો, કમજોરો, ગુલામો.

હિરકલ———પયગમ્બરને માનનારાઓની સંખ્યા વધે છે કે ઘટે છે ?

અબૂ સુફયાન———વધતી જ જઇ રહી છે.

હિરકલ———તેના કોઇ જૂઠાણોનો તમને કદી અનુભવ થયો છે ?

અબૂ સુફયાન———આજ સુધી નહિ.

હિરકલ———તેના વચન કે કરારભંગનો કોઇ દાખલો તમારી જાણમાં છે ?

અબૂ સુફયાન———આજ સુધી એવો કોઇ દાખલો બન્યો નથી. પણ હવે અમારી વચ્ચે હુદૈબિયહનો નવો શાંતિકરાર થયો છે. આ કરારનું તેઓ પાલન કરે છે કે નહિ, તે જોવાનું રહયું.

હિરકલ———તેઓની સાથે તમારી લડાઇઓ થઇ છે ?

Maktabe Ashraf

અબૂ સુફયાન———લડાઈઓ ચાલ્યા જ કરે છે.

હિરકલ———તો નતીજો શું રહ્યો ?

અબૂ સુફયાન———કદી અમે જીતીએ છીએ કદી તે જીતે છે.

હિરકલ———તેનું શિક્ષણ શું છે ?

અબૂ સુફયાન———કહે છે કે એક અલ્લાહને માનો, કોઈને તેનો ભાગીદાર ન બનાવો, નમાઝો પઢો, પવિત્રતા અને સ્વચ્છતા જાળવો, સાચું બોલો, સગાંઓ સાથે ભલાઈથી વર્તો.

•———આ સવાલ પછી હિરકલે દુભાષિયા મારફતે અબૂ સુફયાનને ઉદ્દેશીને કહ્યું, "તમો કહો છો કે તેનું ખાનદાન બહુ ઊંચું છે તો સાંભળો, અમારી આકાશી કિતાબના જ્ઞાન મુજબ પયગમ્બર હમેશા ઊંચા ખાનદાનમાંથી પાકે છે.

•———તમે કહો છો, તેના ખાનદાનમાંથી કોઈએ પયગમ્બરીનો દાવો નથી કર્યો. આમ હોત તો હું માની લેત કે એ, તેના ખાનદાનની ખાસિયત છે.

•———તમે કબૂલ કરો છો કે તેના ખાનદાનમાંથી કોઈ બાદશાહ થયો નથી. આમ હોત તો હું સમજી લેત કે તેને બાદશાહતની હવસ છે. તે સત્તાનો ભૂખ્યો છે.

•———તમે કહો છો કે તે કદી જૂઠું બોલતો નથી. જે માણસ જૂઠને ધિક્કારે એ અલ્લાહ પર જૂઠાણું કેવી રીતે થોપી શકે ?

•———તમારૂં કહેવું છે કે સમાજના નબળા કે તરછોડાયેલા લોકો તેની પેરવી કરે છે તો સાંભળો, અમારા આકાશી જ્ઞાન મુજબ પયગમ્બરોના અનુયાયીઓ શરૂઆતમાં ગરીબ કે નબળા લોકો જ હોય છે.

•———તમે કહો છો કે તેનો મઝહબ તરક્કી કરતો જઈ રહ્યો છે તો સાચા મઝહબની એજ ખૂબી, એજ કમાલ, એજ રફતાર હોય છે.

•———તમે કહો છો, તેણે કદી કરારભંગ કર્યો નથી તો અલ્લાહના પયગમ્બરો કદી કરારભંગ કે સુલેહભંગ કરતા નથી. આ જે વાતો હું કહી રહ્યો છું એ બધી અલ્લાહની આકાશી કિતાબમાં લખેલી મવજૂદ છે. મારા દરબારી રાજગુરૂઓ એના સાક્ષી છે.

•———તમે કહો છો કે તે નમાઝ, સચ્ચાઈ, સ્વચ્છતા, સદાચાર અને સદ્‌વર્તનનું શિક્ષણ આપે છે, તમારી આ વાતો જો સાચી છે તો નક્કી માનજો, તે સમય દૂર નથી જયારે મારા આ તખત સુધી તેનો કબજો થઈ જશે. અમારી આકાશી કિતાબની આગાહી મુજબ આ વાત હું જાણું છું કે અલ્લાહના એક પયગમ્બર પધારવાના છે પણ તેઓ અરબની ભૂમિમાં જાહેર થશે તેની મને ખબર ન હતી. જો મારૂં નસીબ મને યારી આપતે, હું તેમના ચરણોમાં હાજર થઈ શકત તો યકીનથી માનો, હું તેમના મુબારક પગો ધોયા કરત ! [૧]

Maktabe Ashraf

૧. આ બનાવ અને સવાલ જવાબની પૂરી વિગત સહીહ બુખારીના જુદા જુદા પ્રકરણોમાં પ્રસંગોચિત ટાંકવામાં આવી છે. અને સહીહ બુખારીના કિતાબુલ-જિહાદમાં એનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (સીરતુન-નબી જિ.૧ પા. ૪૬૬) "હ"

રસૂલુલ્લાહ (સલ.)ના મુબારક કાગળનું લખાણ

એ પછી રોમના શહેનશાહ હિરકલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ ભરદરબારમાં વાંચી સંભળાવવાનો હુકમ ફરમાવ્યો :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

————મુહંમદ તરફથી જે અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છે.

————આ કાગળ હિરકલના નામે છે જે રોમનો રઈસે-આઝમ છે.

————અલ્લાહના સલામ હો તેની ઉપર જે હિદાયતની પેરવી કરે !

એ પછી હું તને ઈસ્લામની દઅવત આપું છું. મુસલમાન બની જા, સલામતી મેળવી લેશે. અલ્લાહ તને બમણો અજર આપશે. પણ જો તેં નહિ માન્યું તો તમામ દેશવાસીઓનો ગુનાહ તારા માથે રહેશે.

હે અહલે-કિતાબ ! આવો આ વાત તરફ જે અમારી અને તમારી વચ્ચે સરખી છે. તે આ કે આપણે અલ્લાહ સિવાય કોઈની બંદગી નહિ કરીએ. અને આપણામાંથી કોઈ, અલ્લાહને છોડીને એકબીજાને પોતાનો પાલનહાર ન બનાવે.

જો તમે મારી આ વાત નહિ માનો તો ગવાહ રહેજો કે અમે એને માનીએ છીએ.

————મુહંમદ રસૂલુલ્લાહ (મુહરની છાપ) [૧]

હઝરત દિહયહની તકરીર————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ હિરકલની તહેનાતમાં રજૂ કરવા પહેલાં હઝરત દિહયહએ તેની પરવાનગીથી દરબારમાં ઊભા થઈને ટૂંક પ્રવચન કર્યું હતું જેનો સાર આ છે :

હે બાદશાહ ! અલ્લાહના જે પયગમ્બરે મને આપના દરબારમાં પોતાનો એલચી બનાવીને મોકલ્યો તેઓ જગતના તમામ ઈન્સાનોમાં સૌથી ઊંચો દરજ્જો ધરાવે છે અને જે અલ્લાહએ તેમને પોતાના પયગમ્બર બનાવ્યા છે તે સારાયે આલમમાં સૌથી મહાનતર અને ઉચ્ચતર છે. માટે જે કંઈ હું વિનંતી રૂપે કહું તેને પૂરા ધ્યાનથી, શાંત ચિત્તે, દિલના કાનથી સાંભળશો અને સોચવિચાર પછી જવાબ આપશો. જો પુરા ધ્યાનથી મારી વાતો સાંભળવામાં નહિ આવે તો મુબારક કાગળના હાર્દ સુધી પહોંચવું સંભવિત નથી. પછી આપના જવાબમાં ન ઈન્સાફ હશે, ન સહાનુભૂતિ હશે, ન ઠરેલપણાનું ડહાપણ હશે.''

હઝરત દિહયહની આટલી વાતો સાંભળીને હિરકલે જવાબમાં કહ્યું, ''હે પયગમ્બરના રાજદૂત ! અમે પૂરા ધ્યાનથી તમારી વાતો સાંભળવા ઉત્સુક છીએ. કહો તમારે શું કહેવું છે ?''

હઝરત દિહયહએ પોતાનું પ્રવચન ચાલુ રાખતાં ફરમાવ્યું : ''હે બાદશાહ ! શું આપ જાણો છો કે મસીહ બિન મરયમ પોતાના પાલનહાર માટે નમાઝ પઢયા કરતા હતા ?''

---

૧. મુલ્કે-રોમના શહેનશાહ હિરકલના નામે લખેલો આ મુબારક કાગળ આજે પણ તુર્કીના ઈસ્તંબોલની લાઈબ્રેરીમાં મવજૂદ છે. (ડૉક્ટર હમીદુલ્લાહ કૃત : રસૂલે-અકરમ કી સિયાસતે-ખારિજહ પેજ ૩૫) ''હ''

Maktabe Ashraf

હિરકલે કહ્યું, "હા બેશક મસીહ બિન મરયમ પોતાના પાલનહાર માટે નમાઝ પાબંદીથી પઢતા હતા."

આ સાંભળીને હઝરત દિહયહએ ફરમાવ્યું :

"તો હે બાદશાહ ! હું આપને તે અલ્લાહ તરફ બોલાવું છું જેના માટે મસીહ બિન મરયમ નમાઝો પઢતા હતા અને જેના આલીશાન દરબારમાં પોતાનું મસ્તક ટેકવતા હતા. એજ અલ્લાહએ પોતાની કુદરતથી મસીહ બિન મરયમને તેમના માતાના ગર્ભમાં વગર બાપે પેદા કર્યા. તો હું આપને તે ઉમ્મી નબી તરફ બોલાવું છું જેમની પધરામણીની, પ્રથમ મૂસા નબીએ બશારત આપી, અને પછી મસીહ બિન મરયમે બશારત આપી. આપ પોતાની આકાશી કિતાબ મારફતે એ બશારતની પૂરી જાણકારી ધરાવો છો.

"હે બાદશાહ ! અગર આપ મારા આમંત્રણનો સ્વીકાર કરી લો તો એ આપના માટે આ જગત અને તે જગતની કામયાબીની વધામણી છે. પણ જો આપ એનો સ્વીકાર નહિ કરો તો, આખેરત તો હાથથી સરકી જ ગઈ, દુનિયા પણ હાથથી સરકી જશે અને બીજા લોકો તેના માલિક બની જશે.

"જહાંપનાહ ! જેવી રીતે આપ આ દેશના માલિક છો તેવી જ રીતે આપનો પણ એક માલિક છે જે બહુ જોરાવર અને મોટો બળવાન છે જે પોતાના દ્રોહીઓને જોતજોતામાં હતા ન હતા કરી નાખે છે. કુલ જગતની સત્તા તેના જ હાથમાં છે. તે પોતાની નેઅમતોને (એટલે આ દુનિયાની હુકૂમતને) અદલતો-બદલતો રહે છે."

હિરકલ બાદશાહ પોતે તવરાત અને ઈન્જીલનો મોટો જ્ઞાની હોવાથી બંને કિતાબોની આગાહીઓથી સારી રીતે માહિતગાર હતો. હઝરત દિહયહના સંબોધન પછી તેણે પોતાના દરબારીઓ અને પાદરીઓને ભેગા કરીને કહ્યું, "તમારી ઈચ્છા હોય કે તમારો દેશ સલામત રહે અને તમારી જ પાસે રહે અને તમે કામયાબીઓ મેળવતા ચાલ્યા જાવ તો અરબના એ નબીની પૈરવી ગ્રહણ કરી લો."

Maktabe Ashraf

હિરકલની જીભથી નીકળેલા આ શબ્દો સાંભળતાં જ દરબારમાં ગંભીર પ્રકારનો સન્નાટો છવાઇ ગયો. લોકો ઊંચાનીચા થઈને એકબીજાનું મોં જોવા લાગ્યા. પાદરીઓ વિફરેલા આખલા પેઠે ગુસ્સે થઈને નસકોરાં ફુલાવવા લાગ્યા. અચાનક દરબારમાં ખળભળાટ મચી ગયો. લોકો શોરબકોર મચાવતા અને નફરતના સૂત્રો પોકારતા દરવાજા તરફ દોડી ગયા. હિરકલે અગાઉથી જ સમય સૂચકતા વાપરીને દરવાજા બંધ કરાવી દીધા હતા. લોકો ત્યાંથી પાછા વળીને પલટી આવ્યા. દરેકના ચેહરા પર નફરત કે ધિક્કારના ભાવો હતા. દરબારમાં ધમાચકડી મચેલી હતી. લોકો આક્રોશમાં ઉત્તેજિત દશાએ પોકાર પાડતા હતા, "હે બાદશાહ ! શું તું એમ ચાહે છે કે અમે બાપદાદાનો મઝહબ છોડી દઈએ ? શું અમે અરબના પયગમ્બરની પૈરવી ગ્રહણ કરી લઇએ? સાંભળો, સાંભળી લો, એ કદી બનવાનું નથી."

દરબારીઓ અને પાદરીઓ અબૂ સુફયાન સાથેના સવાલ જવાબથી જ ઉશ્કેરાયેલા હતા, બાદશાહની વાતથી ઓરબી ભડકી ઊઠયા હતા. બીજી બધી વાતો તો ઠીક; પણ મઝહબમાં દખલગીરીની વાત તેઓ સાંખી શકયા નહિ. બાદશાહ ઠંડા કલેજે અને શાંત ચેહરે આ તમાશો જોતો રહ્યો. કેમકે પોતાની વાતનો આ પ્રતિસાદ તેની ધારણા મુજબનો જ હતો. છતાં આ વાત તેની બાદશાહત માટે જબરદસ્ત ખતરાની ઘંટી સમાન હતી.

"હે લોકો ! શાંતિ ગ્રહણ કરો. મારી વાતને સમજવાની કોશિશ કરો. સાંભળો તો ખરા, હું શું કહેવા માગું છું !"

અને જ્યારે શોરબકોર શમી ગયો તો હિરકલે વાતને પલટાવતાં કહ્યું, "દર અસલ મઝહબના મામલામાં હું તમારી પરીક્ષા લેવા માગતો હતો. મારે જોવું હતું કે તમે પોતાના ઈસાઇ મઝહબ પર કેટલા મક્કમ છો. હવે મને સંતોષ થઇ ગયો છે."

પણ હકીકત એથી ઊલટી હતી. હિરકલને આકાશી કિતાબોની આગાહીઓ પર પૂરો વિશ્વાસ હતો. તેનું દિલ ગવાહી આપતું હતું કે આ તેજ પયગમ્બર છે જેમની બશારત હઝરત મૂસા અને હઝરત ઈસાએ આપી છે. માત્ર પોતાની ચમડી કે બાદશાહત બચાવવા માટે તેણે પરીક્ષાનું બહાનું કાઢ્યું હતું.દરબારીઓ તેની વાત સાંભળીને ખુશ થઇ ગયા. દરબારના નિયમ મુજબ તેને સિજદો કર્યો અને પોતપોતાને રસ્તે પડી ગયા.

આગળ જતાં એજ દરબારીઓ અને પાદરીઓએ જોઇ લીધું કે હિરકલે તેઓને જે નસીહતો કરી હતી અને ચેતવણીઓ પોકારી હતી તે કેટલી બધી સાચી અને ઇખ્લાસના ભાવોથી ભરેલી હતી. આ બનાવના થોડાક જ વરસો પછી રોમન સામ્રાજ્યનો મૃત્યુઘંટ બજી ગયો અને અરબના ઘણાખરા ઈલાકાઓ પર ઈસ્લામી પરચમ લહેરાતો થઈ ગયો.

હિરકલ બાદશાહે દરબાર બરખાસ્ત કરીને હઝરત દિહયહને એકાંતમાં બોલાવીને કહ્યું, "અલ્લાહના સોગંદ ! મને યકીન છે કે મુહંમદ અલ્લાહના સાચા પયગમ્બર છે અને અલ્લાહના તેજ નબી છે જેમના પ્રગટ થવાની અમે રાહ જોતા હતા અને જેમના સંસ્કારોનું બયાન અમે આકાશી કિતાબોમાં વાંચતા હતા. જો હું તેમને માની લઉં તો મારી કૌમ મને સંકટમાં સપડાવી દેશે. મારી રાજગાદી પણ ચાલી જશે અને કદાચ તેઓ મને જાનથી પણ મારી નાખશે."

એ પછી હિરકલ બાદશાહે હઝરત દિહયહને ભેટ સોગાતો આપીને માનપાનથી રૂખ્સત કર્યા.

આ રીતે રોમન સામ્રાજ્યનો શહેનશાહ ઈસ્લામની તવહીદનું આમંત્રણ સ્વીકારીને અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ગુલામ બનવાથી બદનસીબ રહી ગયો. તેના દિલમા ઈમાનની રોશની પ્રકટી ઊઠી હતી પણ તાજ અને તખતના ગાઢ અંધારામાં એ રોશની વિલીન થઈ ગઈ.

હિરકલ બાદશાહની આખેરી નસીહત——————તારીખે-તબરીમાં લખેલું છે કે હિરકલ શહેનશાહ જ્યારે મુલ્કે-શામથી રૂખ્સત થઇને પોતાની રાજધાની તરફ જવા લાગ્યો તો એકવાર ફરીથી તેણે પોતાના દરબારીઓને ભેગા કરીને કહ્યું :

> "તમે લોકો આ વાત સારી રીતે જાણો છો કે અરબના નબી મુહંમદનું વર્ણન આપણી આકાશી કિતાબોમાં મવજૂદ છે. એ નબીના જે ગુણો કે સંસ્કારો દર્શાવવામાં આવ્યા છે તેનાથી ચોખ્ખી રીતે માલૂમ પડે છે કે જે નબીની પધરામણીની આપણે રાહ જોતા હતા તે એજ નબી છે. મારા મત મુજબ બેહતર એજ છે કે આપણે તેમની પેરવી ગ્રહણ કરી લઈએ કે જેથી આપણી દુનિયા અને આખેરત બંને સુરક્ષિત થઈ જાય !"

દરબારીઓ બોલ્યા, "જહાંપનાહ ! એના એવા અર્થ થયા કે આપણે અરબોથી દબાઈને અને તેઓના ગુલામ બનીને તેઓને તાબે થઇ જઈએ. જો કે આપણી સલતનત દુનિયામાં સૌથી મહાન અને બળવાન સલતનત

Maktabe Ashraf

છે. અમે જગતની સૌથી ઉત્તમ અને ચઢિયાતી કૌમ છીએ. અરબોના મુકાબલામાં આ નાનમ કે નામોશી અમે કેવી રીતે ગવારા કરી લઈએ ?''

''તો ભલે હે મારી કૌમ !'' હિરકલે ભારે ખેદથી કહ્યું, ''તે સમય દૂર નથી જ્યારે અરબોના મુકાબલામાં તમારે આ નાનમ કે નામોશી વેઠવી જ પડશે. તે સમયે અલ્લાહ તમારી મદદથી પોતાનો હાથ રોકી લેશે અને અરબો તમારી ભૂમિ પર છવાઈ જશે.''

હિરકલે ભારે નારાજીથી દરબાર બરખાસ્ત કરી દીધો અને પોતાની રાજધાની તરફ ઊપડતી વેળા તેણે મુલ્કે-શામની ધરતી પર હસરતની નજર નાખતાં કહ્યું, ''અલ-વદાઅ હે સૂરિયા ! હવે હું સદાને માટે તુજથી રૂખ્સત થાઉં છું !''[1]

મુસ્નદે-ઈમામ હમ્બલમાં લખેલું છે કે શહેનશાહ હિરકલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કાગળ લખ્યો હતો અને જણાવ્યું હતું કે હું મુસલમાન બની ગયો છું. પરંતુ આકાશી ખબર મુજબ આપે ફરમાવ્યું, ''અલ્લાહનો દુશ્મન ખોટું બોલે છે. એ પોતાના નસારા ધર્મ પર કાયમ છે.''

નામદાર પોપના નામે મુબારક કાગળ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના રાજદૂત હઝરત દિહયહ બિન ખુલૈફહ કલ્બી (રદિયલ્લાહુ અન્હુ)ને કાગળ આપીને હિરકલના દરબારમાં રવાના કર્યા હતા તો સાથે રોમના સૌથી વડા ધર્મગુરૂ નામદાર પોપના નામે પણ ઈસ્લામની તબલીગનો કાગળ લખાવીને આપ્યો હતો. આ પોપનું નામ દુગાતિર હતું. મુબારક કાગળનું લખાણ આ પ્રમાણે છે :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

મુહંમદ રસૂલુલ્લાહ તરફથી—————રોમના અઝીમ પોપના નામે.

સલામ એવા શખ્સ પર જે એક અલ્લાહ પર ઈમાન લઈ આવ્યો. લખવાનું કે હું એવા અકીદા પર છું કે ઈસા બિન મરયમ અલ્લાહની રૂહ અને તેનો કલિમા છે. અલ્લાહએ તેમને પાકદામન કુંવારી મરયમ તરફ મોકલાવી દીધા.

હું અલ્લાહ પર અને તેની તમામ કિતાબો પર ઈમાન રાખું છું અને તે કિતાબના અહકામ પર ઈમાન રાખું છું જે મુજ પર નાઝિલ કરવામાં આવી અને જે ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યઅકૂબ અને તેઓની અવલાદ પર ઉતારવામાં આવી. એવી જ રીતે તે કિતાબો પર પણ મારૂં ઈમાન છે જે મૂસા અને ઈસા અને બીજા નબીયોને તેઓના પાલનહાર તરફથી આપવામાં આવી છે .

અમે ઈમાન અને અકીદાના મામલામાં અલ્લાહના તમામ પયગમ્બરોને માનીએ છીએ. માનવાની બાબતમાં અમે કોઈ પયગમ્બર વચ્ચે કશો ભેદભાવ રાખતા નથી કારણ આ છે કે અમે ''મુસલમાન'' એટલે માની લેનારા અથવા અલ્લાહના હુકમ સામે માથું ઝુકાવી

1. તારીખે-તબરી જિલ્દ ૩ પેજ ૮૮

Maktabe Ashraf

દેનારા છીએ.

સલામ તેની ઉપર જે હિદાયતની પૈરવી કરે ! [૧]

મુહંમદ રસૂલુલ્લાહ (મુહરનો સિક્કો)

નામદાર પોપનો ઇસ્લામ સ્વીકાર——————નામદાર પોપ અલ્લાહના નેક બંદા હતા. બહુ ધીરગંભીર પ્રકૃતિના અને સોચવિચાર પછી સત્યને પારખવાની બુધ્ધિ ધરાવનારા હતા. હઝરત મૂસા અને હઝરત ઇસા પર ઊતરેલી કિતાબોનું પૂર્ણ જ્ઞાન ધરાવતા હતા. મુબારક કાગળનું પૂરા ધ્યાનથી વાંચન કર્યું. સોચવિચારને અંતે તેમના દિલે ગવાહી આપી કે કાગળ સાચો છે અને કાગળ લખનાર પણ સાચો છે. એજ વેળા તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નુબુવ્વતનું સમર્થન કર્યું અને મોટેથી પોકારી ઊઠયા, ''બેશક એ નબીયે-બરહક છે.''

એ પછી નામદાર પોપે પોતાના અનુયાયીઓને દેવળમાં ભેગા થવાનો આદેશ આપ્યો. જયારે પાદરીઓ અને દેવળ સાથે સંકળાયેલા લોકો આવી ગયા તો તેઓને સંબોધીને નામદાર પોપે ફરમાવ્યું :

''હે મસીહ બિન મરયમના અનુયાયીઓ ! મારી પાસે અરબના પયગમબર અહમદનો કાગળ આવ્યો છે. હું ગવાહી આપું છું કે એક અલ્લાહ સિવાય કોઇ મઅબૂદ નથી અને અહમદ અલ્લાહના બંદા અને તેના સાચા રસૂલ છે. અરબના આ નબી અહમદે આપણને અલ્લાહના દીને-હકને કબૂલ કરી લેવાનું આમંત્રણ આપ્યું છે.'' [૨]

નામદાર પોપના મુખે હક અને સચ્ચાઈનું આ એલાન સાંભળતા જ આગનો ભડકો થઇ ગયો. લોકો ઉશ્કેરાઈને નામદાર પોપ પર તૂટી પડયા અને ઝનૂનમાં આવીને તેમને એવો઼ ઢોર માર માર્યો કે ત્યાં જ તેમનું પ્રાણ પંખેરૂં ઊડી ગયું. [૩]

હઝરત દિહયહએ રોમથી વાપસ મદીનહ આવીને આ બંને બનાવો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહી સંભળાવ્યા તો આપે વહીની ભાષામાં આગાહી રૂપે ફરમાવ્યું :

''કૈસરનું પતન થવા પછી બીજો કૈસર પાકવાનો નથી. તે તરફ કિસરાનું પતન થતાં બીજો કિસરા આવવાનો નથી. સોગંદ છે તે અલ્લાહના જેના અધિકારમાં મારી જાન છે, તમે લોકો બંને રાજયોના ખજાના અલ્લાહના રસ્તામાં વાપરશો. [૪]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની આ પેશીનગોઇ હઝરત ઉમર ફારૂકના ખિલાફતકાળમાં પૂરી થઇ. બંને અઝીમુશ-શાન સલતનતો સહાબાના કદમો હેઠળ હતી.

---

૧. તબકાતે- ઇબ્ને સઅદ જિ.૩ પા. ૨૮ - તારીખે તબરી જિ.૩ પા. ૮૮

૨. તારીખે - તબરી જિ. ૩ પા. ૮૮

૩. તારીખે-તબરી જિ.૩ પા. ૮૮

૪. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : અલફારૂક - ફુતૂહાતે- ઇરાન - વ - શામ

મુબારક કાગળ કિસરાના નામે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં મુલ્કે-ફારિસ એટલે ઈરાનની રાજગાદી પર ખુસરૂ પરવેઝ નામે મહાપ્રતાપી શહેનશાહ બિરાજમાન હતો. એનું પૂરૂં નામ ખુસરૂ પરવેઝ બિન હુરમુઝ બિન નવશેરવાન હોવાનું કહેવાય છે. એ જરથોસ્ત ધર્મનો અનુયાયી હોવાથી આતિશ-પરસ્ત કે અગ્નિ-પૂજક હતો. એટલે આગને અલ્લાહ માનીને તેની પૂજા કરનારો મુશરિક હતો. ઈરાનના આગલા શહેનશાહો પેઠે એનો લકબ પણ કિસરા હતો અને ''શહેનશાહે-ફારિસ''ના વિશેષણે જગતભરમાં પંકાયેલો હતો. પોતાના લશ્કરી બળ, લડાયક સાધન-સામગ્રી અને વિશાળ સત્તાના નશામાં ચકચૂર હોવાથી બેહદ મગરૂર અને છેલ્લા દરજ્જાનો અભિમાની શખ્સ હતો. એના વિરાટ સામ્રાજ્યની સરહદો એક તરફ સિંધ સુધી ફેલાયેલી હતી તો બીજી તરફ યમન, ઈરાક, બહરૈન, ઉમાન જેવા અરબ ખંડના પ્રદેશો પણ ઈરાનના તાબામાં હતા જ્યાંના અરબ બાદશાહો નિયમિત ઈરાની સલતનતને ખંડણી આપતા હતા.

સહીહ બુખારી શરીફમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈરાનના શહેનશાહ કિસરાને નામે ઈસ્લામના આમંત્રણનો કાગળ લખાવીને હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ સહમી રદિયલ્લાહુ અન્હુને ઈરાની દરબારમાં મોકલાવ્યા અને સાથે ફરમાવ્યું, ''પ્રથમ તમે બહરૈનના બાદશાહ પાસે જાવ, તે તમને કિસરાના દરબારમાં પહોંચાડી દેવાની વ્યવસ્થા કરી દેશે.''

Maktabe Ashraf

મુબારક કાગળનું લખાણ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ પ્રથમ બહરૈનના હાકિમ મુનઝિર બિન સાવા પાસે ગયા. તેણે એમને માનપાનથી આવકારીને કિસરાના દરબાર સુધી પહોંચાડી દીધા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કિસરાને નામે જે કાગળ લખ્યો હતો તેનો મઝમૂન આ પ્રમાણે છે :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

————મુહંમદ રસૂલુલ્લાહ તરફથી

————શાહે-ફારિસ કિસરાને નામે.

સલામ હો તે આદમી પર જે સીધા રાહનું અનુકરણ કરે અને ઈમાન લાવે અલ્લાહ પર અને અલ્લાહના રસૂલ પર અને ગવાહી આપે આ વાતની કે અલ્લાહ એક છે અને મુહંમદ તેના બંદા તથા તેના રસૂલ છે.

હું તને ઈસ્લામ તરફ આવી જવાનું આમંત્રણ પાઠવું છું. બેશક હું અલ્લાહનો પયગમ્બર છું. અલ્લાહએ મને જગતના તમામ ઈન્સાનો માટે પોતાનો પયગમ્બર બનાવીને મોકલ્યો છે કે જેથી હું દરેક ''જીવંત'' આદમીને [1] અલ્લાહના અઝાબથી ડરાવું અને સચ્ચાઈના

૧. મુબારક કાગળમાં ''જીવંત આદમી''માટે ''મન કાના હય્યન''શબ્દો આવેલા છે. એટલે એવો માણસ જેનું દિલ જીવે છે અને જેનો અંતરાત્મા જાગે છે. મરેલા મનનો માણસ પથ્થર જેવો જડ હોવાથી કોઈ વાત તેના દિલ પર અસર કરતી નથી. વળી મુબારક કાગળમાં કિસરા માટે ''યુઅતિ-કલ્લાહુ અજ્રક મર્રતૈન''(અલ્લાહ તને બમણો અજર આપશે)ના શબ્દો પણ લખાવેલ નથી. કેમકે ઈરાનીઓ કોઈ આકાશી કિતાબ ધરાવતા ન હોવાને કારણે કોઈ પયગમ્બરને માનતા ન હતા. આગને અલ્લાહ માનીને તેની પૂજા કરતા હોવાથી મુશરિક હતા. ખ્રિસ્તીઓ અને યહૂદીઓ અહલે-કિતાબ હોવાથી તેઓ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુબારક કાગળોમાં ''અજ્રક મર્રતૈન'' શબ્દો લખાવતા હતા. ''હ''

ઈન્કારીઓ પર અલ્લાહની દલીલ કાયમ કરી દઉં. સચ્ચાઇના ઈન્કારીઓ વિષે અલ્લાહની વાત પૂરી થઈને રહેશે.

હે ફારિસના બાદશાહ ! તું ઈસ્લામ કબૂલ કરી લે, સલામત બની જશે. અગર ઈન્કાર કરશે તો તમામ મજૂસીઓનો વબાલ તારી ગરદન પર રહેશે. [૧]

————મુહંમદ રસૂલુલ્લાહ. (મુહરની છાપ)

કિસરાનો તુમાખીભર્યો વર્તાવ

ખુસરૂ પરવેઝ બહુ ઘમંડી શહેનશાહ હતો. આપખુદી, તુમાખી અને તૂંદમિઝાજી તેનો જન્મજાત સ્વભાવ હતો. હઝરત અબ્દુલ્લાહ તેના દરબારમાં પહોંચ્યા ત્યારે તે ભારે ઠાઠથી દરબાર સજાવીને, માથે શાહી મુગટ ધારણ કરીને તખત પર બિરાજેલો હતો. તેની આજુબાજુમાં લશ્કરી અમલદારો, અમીર - ઉમરાવો. આતિશકદાના ઉપરીઓ અને દરબારીઓ પોતપોતાના સ્થાને ગોઠવાયેલા હતા. હઝરત અબ્દુલ્લાહએ આગળ વધીને મુબારક કાગળ તેના તખત પર મૂકી દીધો. એજ વેળા બાદશાહે દુભાષિયાને બોલાવીને કાગળ વાંચી સંભળાવવાનો હુકમ ફરમાવ્યો.

ઇરાની દરબારના દસ્તૂર પ્રમાણે બાદશાહોને નામે લખાતા કાગળોમાં સૌથી પહેલાં જે તે બાદશાહનું નામ લખીને તે પછી લખનારનું નામ લખવામાં આવતું હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળમાં સૌથી પહેલાં અલ્લાહનું પવિત્ર નામ હતું અને તે પછી અરબના દસ્તૂર પ્રમાણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું મુબારક નામ લખેલું હતું. મુબારક કાગળના શરૂઆતના જ શબ્દો સાંભળતાં બાદશાહના ચેહરાનો રંગ બદલાય ગયો. અણગમા, નફરત કે ધિક્કારના ભાવો સ્પષ્ટ રીતે તેની મુખમુદ્રા પર ઊપસી આવ્યા. નફરતનું બીજું કારણ આપસનો મઝહબી ઇખ્તેલાફ કે પૂર્વગ્રહ હતો. મુસલમાનો એક અલ્લાહને માનનારા હતા. તવહીદના પૂજારી હતા. ઇરાનીઓ આગને અલ્લાહ માનતા હતા. આગની પૂજા કરનારા મુશરિક હતા. યઝદાન અને અહરમન નામે બે ખુદાઓનો અકીદો ધરાવતા હતા. યઝદાનને નેકીનો સર્જક અને અહરમનને બદીનો સર્જક માનતા હતા. ઉપરાંત રોમન-ઈરાની લડાઈઓ વેળા મુસલમાનોની સંપૂર્ણ સહાનુભૂતિ રોમના ખ્રિસ્તીઓ સાથે હતી. તેઓ અહલે-કિતાબ હોવાથી મુસલમાનોથી વધારે નિકટ હતા. ખ્રિસ્તીઓનો પક્ષ લેવાની માહિતી બાદશાહને પોતાના જાસૂસો અને મક્કહના કુરૈશી કાફિરો તરફથી મળ્યા કરતી હતી. આ કારણે પણ કિસરા અને તેની પ્રજા અગાઉથી મુસલમાનોને ધિક્કારતી હતી. એમ પણ ઇરાનીઓ સૈકાઓથી બળવાન સલતનતના માલિક હતા. અરબ ખંડના મોટા ભાગ પર સત્તા ભોગવતા હતા. અરબના રાજામહારાજાઓ અને નવાબો, કિસરાને ખંડણી આપતા હતા. જેથી અરબોને તેઓ પોતાની પ્રજા કે ગુલામ તરીકે ગણીને તેઓને હલકટ કે તુચ્છ સમજતા હતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળનું વાંચન પૂરૂં થતાં જ ઈરાનનો શહેનશાહ ગુસ્સાથી પાગલ થઇ ગયો. તેને થયું કે કાગળ લખનાર અરબે મારા નામથી પહેલાં પોતાનું નામ લખીને મારૂં હડહડતું અપમાન કર્યું છે. ક્રોધથી રાતાચોળ ચેહરે તે બરાડી ઊઠ્યો, "મારો ગુલામ થઈને મને આમ લખે

૧. તારીખે-તબરી જિ.૩ પા. ૯૦ - રસૂલે-અકરમ કી સિયાસી ઝિન્દગી પા. ૧૯૯

Maktabe Ashraf

છે ! મારી પ્રજા થઇને મારા નામથી પહેલાં પોતાનું નામ લખે છે !!''

એજ ક્રોધાવેશ કે ઉશ્કેરાટના ઝનૂનમાં તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળને ફાડીને તેના ટુકડે ટુકડા કરી નાખ્યા.

ભરદરબારમાં સત્યનો પડકાર

શહેનશાહની હેંકડાઈનો આ શયતાની રંગ જોઇને હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ જરાયે ડર્યા નહિ. તેઓ કોઇ મામૂલી માણસના એલચી નહિ, અલ્લાહના આખેરી નબી હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સત્તાવાર એલચી તરીકે પધાર્યા હતા. પોતે મર્દે-મુજાહિદ અને અલ્લાહના બહાદુર સિપાહી હતા. અલ્લાહ સિવાય કોઈથી ડરવાનું જાણતા ન હતા. ઈસ્લામ અને ઈમાનની તાકતે તમામ પ્રકારના ડરો તેમના દિલમાંથી કાઢી નાખ્યા હતા. કિસરાના ક્રોધથી આખા દરબાર પર સન્નાટો છવાયેલો હતો, પણ હઝરત અબ્દુલ્લાહને થયું કે તખત પર એક બિલાડો બેસીને દાંતિયાં કાઢી રહ્યો છે. એજ વેળા પોતાની જગાએથી ઊભા થઇ ગયા અને દરબારનો સન્નાટો તોડતાં દરબારીઓને સંબોધીને બોલ્યાઃ

''હે ઈરાનના લોકો ! તમારૂં જીવન લાંબી મુદ્દતથી જહાલતના અંધકારમાં વીતી રહ્યું છે. તમારી પાસે ન અલ્લાહની કોઇ કિતાબ છે ન અલ્લાહના કોઈ પયગમ્બર તમારી પાસે આવેલા છે ન કોઈ આકાશી જ્ઞાન તમે ધરાવો છો. જે સત્તાના મદમાં તમે ચકચૂર છો અને જે ધરતી પર તમે રાજ કરો છો તે અલ્લાહની ધરતીનો એક નાનકડો ટુકડો છે. આ વિશાળ જગતમાં એથીયે મોટી સત્તાઓ આવેલી છે.''

એ પછી બાદશાહને સંબોધીને ફરમાવ્યું :

''હે શાહે-ફારિસ ! આપથી પહેલાં આ ધરતી પર ઘણા બાદશાહો થઇ ગયા છે. તેઓમાંથી જેણે પોતાના જીવનમાં આખેરતની કમાણી કરી તે આ દુનિયાથી બા-મુરાદ ગયો અને જેણે પોતાના જીવનમાં માત્ર દુનિયાની કમાણી કરી તે પોતાની આખેરતને બરબાદ કરીને આ જગતથી ના-મુરાદ ગયો.

હે શાહે-ફારિસ ! હું આપના માટે આખેરતની કામયાબીનો પયગામ લઇને આવ્યો હતો પણ સદ અફસોસ ! કે આપે તેને હેંકડાઈથી ઠુકરાવી દીધો. આપ સારી રીતે જાણો છો કે આ પયગામ અલ્લાહના એવા પયગમ્બર તરફથી છે જેમનો ડર આપના દિલમાં મવજૂદ છે. યાદ રાખો, સચ્ચાઈનો અવાજ આપના ધિક્કારથી દબાઈ જવાનો નથી.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂતના આ પડકારથી શાહે-ફારિસ ઓરભી ભડકી ઊઠ્યો. તેની તૂંદમિઝાજીનો આ તમાશો જોઇને હઝરત અબ્દુલ્લાહ દરબારમાંથી નીકળીને મદીનહ તરફ રવાના થઇ ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને બનેલી હકીકતથી આપને માહિતગાર કર્યા. પૂરી વિગત સાંભળીને આપે ગંભીરતાથી ફરમાવ્યું :

''જેવી રીતે તેણે મારા કાગળના ટુકડે ટુકડા કરી નાખ્યા તેવી જ રીતે અલ્લાહ તઆલાએ તેની સલતનતના ટુકડે ટુકડા કરી નાખ્યા !''

Maktabe Ashraf

શહેનશાહની હેંકડાઇનો અંજામ

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂતના જવા પછી ખુસરૂ પરવેઝે એજ ઝનૂનની હાલતમાં યમનના ગવર્નર બાઝાનને વટહુકમ છોડયો કે પોતાના બે વિશ્વાસુ અને બહાદુર ફોજીઓને મુલ્કે-અરબના હિજાઝ પ્રદેશમાં આવેલા મદીનહ શહેર મોકલવામાં આવે અને ત્યાંના જે અરબે પયગમ્બરીનો દાવો કર્યો છે અને જેણે મારા નામે ગુસ્તાખીભર્યો કાગળ લખ્યો છે તેને પકડી લેવામાં આવે. અગર તે રાજીખુશીથી તાબે થાય તો ઠીક, નહિતર બળજબરીથી તેને ગિરિફતાર કરીને અને તેના પગોમાં બેડીઓ નાખીને તેને મારા દરબારમાં હાજર કરવામાં આવે !

યમનના ગવર્નર બાઝાને પોતાના શહેનશાહના હુકમનું પાલન કરતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નામે એક કાગળ લખ્યો અને પોતાના બે વિશ્વાસુ બહાદુરોને તાબડતોબ મદીનહ તરફ દોડાવી દીધા. આ બહાદુર ફોજીઓમાંથી એકનું નામ બાબવૈહ અને બીજાનું નામ ખરખસરા હતું. [1] અરબની ભૂમિમાં પ્રવેશીને પ્રથમ બંને જણ તાઇફ શહેર પહોંચ્યા. સંજોગજોગે અહીં મક્કહથી આવેલા અબૂ સુફયાન બિન હર્બ અને સફવાન બિન ઉમૈયહ સાથે બંનેનો ભેટો થઇ ગયો. અબૂ સુફયાન અને સફવાન મક્કહના મોટા સરદારો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાકા દુશ્મન હતા. વાતચીત દરમિયાન ઇસ્લામના આ દુશ્મનોને એ જાણીને બેહદ ખુશી થઇ કે બાઝાનના બહાદુર ફોજીઓ મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)ને ગિરિફતાર કરવા જઇ રહ્યા છે અને મુહંમદ (સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ)નો મામલો ઇરાનના શહેનશાહ સાથે ગૂંચવાયો છે જેથી હવે તેમની તબાહી ચકીની છે જેમાં શંકાની ગુંજાઇશ નથી. બંનેએ બાઝાનના બહાદુરોને પાણી ચઢાવીને અને પૂરી વિગત સમજાવીને મદીનહ તરફ રવાના કરી દીધા.[2]

મારતી સવારીએ વણથંભી કૂચ કરતા બંને બહાદુરો મદીનહ પહોંચીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. પોતાનો પરિચય આપીને બાઝાન ગવર્નરનો ખત આપની સેવામાં પેશ કર્યો અને પોતાના આગમનનો હેતુ દર્શાવતાં બોલ્યા, "ઇરાનના શહેનશાહે આપને તેના દરબારમાં હાજર થવાનો હુકમ ફરમાવ્યો છે. રાજીખુશીથી અમારી સાથે આવો તો ઠીક, નહિતર શહેનશાહ બળજબરીથી આપને પકડી મંગાવશે અને આપના મુલ્કને તબાહ કરી નાખશે."

બાઝાનના બહાદુરોની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની હોઠો પર ગુલાબી હાસ્ય ફરકી ઊઠયું. આપે જોયું કે બંને ફોજીઓએ પોતાના હાથોમાં સોનાના કંગન પહેરેલાં છે. કીમતી રેશમનો પોશાક સજેલો છે. દાઢીઓ મૂંડાવેલી છે અને મૂછોના આંકડા ચઢાવેલા છે. બંને ઇરાની હતા અને મજૂસીઓ જેવા ઠાઠથી આવેલા હતા.

બંનેની ધમકી ભરેલી વાતો સાંભળીને અલ્લાહના હબીબ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસ્કુરાઇ પડયા. પછી આપે તેઓને ફરમાવ્યું, "અફસોસ છે તમારી અક્કલ પર ! તમે આ કેવો પોશાક સજેલો છે અને કેવા બહુરૂપી જેવા લાગો છો. કોણે તમને દાઢી મૂંડાવવાનું કહ્યું અને કોણે તમને મૂંછોના આંકડા ચઢાવવાનો હુકમ આપ્યોય?"

બંને ગર્વભેર કહેવા લાગ્યા, "અમારા આકા અને અન્નદાતાનો હુકમ છે જે ફારિસનો શહેનશાહ અને પોતાની

---

૧. અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિલ્દ ૧ પાનું ૪૭૭

૨. સુલ્હે-હુદૈબિયહ પછી અને ફત્હે-મક્કહ પહેલાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ કાગળો લખાવીને મોકલાવ્યા હતા.
"૯"

રૈયતનો પાલનહાર છે.''

આપે ફરમાવ્યું, ''પણ મારા પાલનહારે મને દાઢી વધારવાનો અને મૂંછો કતરાવવાનો હુકમ ફરમાવ્યો છે.''

એ પછી આપે તેઓની આગળ ઇસ્લામની ખૂબીઓ બયાન ફરમાવીને તેઓને ઇસ્લામ કબૂલ કરી લેવાની દઅવત આપી. બંનેએ આપની વાત સાંભળી ન સાંભળી કરીને કહ્યું, ''હે મુહંમદ ! વાતો કરવાનું છોડો, ચાલો ઊઠો, સફરની તૈયારી કરો. અમે આપને શહેનશાહના દરબારમાં પહોંચાડી દઇએ. રાજીખુશીથી નહિ આવશો તો શહેનશાહ આપની ધરપકડ માટે લશ્કર મોકલાવશે. પછી તે કાં આપને કતલ કરશે કાં કેદમાં નાખશે.''

ફરીવાર આપના મુબારક હોઠો પર મુસ્કુરાહટ પ્રસરી ગઇ. આપે પ્રફુલ્લ વદને ફરમાવ્યું, ''વારૂ આજે તમે પોતાના ઉતારે જઇને આરામ કરો. કાલે પાછા મારી પાસે આવજો.''

બીજા દિવસે બાઝાનના બહાદુર ફોજીઓ ઠેરવેલા સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં હાજર થયા. આપે તેઓને પોતાની પાસે બેસાડીને ગંભીરતાથી ફરમાવ્યું, ''જુઓ તમે બાઝાન પાસે પાછા જાવ. તેને મારા તરફથી સમાચાર આપો કે મારા પાલનહારે વીતેલી રાતે તેના શહેનશાહનો ભાર ઉતારી નાખ્યો છે. મારા પાલનહારે તેના બેટા શેરૂયાને [૧] તેના માથે સવાર કરી દીધો અને શેરૂયાએ તેના બાપ ખુસરૂ પરવેઝને કતલ કરી નાખ્યો અને પોતે રાજગાદી પર કબજો કરી લીધો.'' [૨]

બાઝાનના માણસોને આપે એમ પણ ફરમાવ્યું, ''તમે તમારા આકા બાઝાન પાસે જલદી જાવ. મેં કહેલી હકીકતના સમાચાર તેના કાને પહોંચાડો અને તેને એમ પણ કહી દેજો કે મારો દીન અને મારી સલતનત ત્યાં સુધી પહોંચી જશે જ્યાં સુધી કિસરાની સલતનત પહોંચેલી છે.''

એ પછી આપે બંનેને સંબોધીને ફરમાવ્યું, ''બાઝાનને તમે મારા તરફથી એમ પણ કહી દેજો કે, અગર તે મુસલમાન બની જાય તો યમનના જેટલા પ્રદેશ પર તેની હુકૂમત ચાલે છે તે તેની જ પાસે રહેવા દેવામાં આવશે અને ત્યાંની પ્રજાના સ્વતંત્ર હાકિમ તરીકે તેની નિમણૂંક કરવામાં આવશે.'' [૩]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર મુખે આ આગોતરી કે ગૈબી બાતમી સાંભળીને બાઝાનના બંને ફોજીઓ દંગ થઇ ગયા. જાહોજલાલી વાળો શહેનશાહ કે જેના દબદબાથી રાજા મહારાજા કાંપતા હતા, પોતાના પુત્રના હાથે તેનું ખૂન થાય તે વાત તેઓના ગળે ઊતરતી ન હતી. એજ વેળા બંને મારતી સવારીએ બાઝાન પાસે પહોંચી ગયા. તેઓના મુખે આ હયરતજનક સમાચાર સાંભળીને યમનનો ગવર્નર પણ દંગ થઇ ગયો. પછી તે કહેવા લાગ્યો, ''મુહંમદની વાત નજૂમીઓ કે કાહિનોએ ઉચ્ચારેલા વર્તારા જેવી નથી. બેટો બાપનું ખૂન કરે તે માનવા જેવી વાત નથી છતાં સાચી હોય તો હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે મુહંમદ અલ્લાહના સાચા પયગમ્બર છે.''

એ પછી સત્તાવાર રીતે મળેલી માહિતીને આધારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશગોઇની

---

૧. કેટલાક સીરતગ્રંથોમાં શેરૂયા નામનો ઉચ્ચાર ''શીરવિયા'' તરીકે થયો છે. ફારસી લુગાતમાં શેરૂયા શબ્દના અર્થ મર્દે-દિલેર એટલે બહાદુર શખ્સ છે. એવી જ રીતે પરવેઝનો ઉચ્ચાર પરવીઝ છે જેના અર્થ ફતેહમંદ થાય છે. ખુસરૂ પરવેઝ ઇરાનના ખ્યાતનામ ઇન્સાફી બાદશાહ નવશીરવાનનો પૌત્ર હતો. (લુગાતે-કિશ્વરી પેજ ૮૪) ''ફ''

૨. ખુસરૂ પરવીઝનું ખૂન થયું એ મંગળની રાત હતી અને સન ૭ હિજરીના જુમાદલ-ઊલાની દસ રાતો વીતેલી હતી. વધુ વિગત માટે જુઓ અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : અલ-ફારૂક ભાગ ૧. ''ફ''

3. જમાલે-મુસ્તફા જિ.૪ પા. ૨૦૭

Maktabe Ashraf

સચ્ચાઇનું સમર્થન થઇ ગયું તો યમનનો ગવર્નર બાઝાન મુસલમાન બની ગયો. એની સાથે એના કુટુંબીજનો ઉપરાંત મોટા ભાગના વઝીરો, અમીરો, દરબારીઓ અને યમનવાસીઓ પણ મુસલમાન બની ગયા.

કિસરાએ-અઝીમ એટલે શાહે-ફારિસ જેને ઇરાન જેવી મહાસત્તાની રાજગાદી તેના દાદા નવશીરવાન તરફથી વારસામાં મળી હતી, પોતાની તુમાખી કે સત્તાની ખુમારીને કારણે બરબાદ થઇ ગયો. તેના જ બેટાએ તેનું ખૂન કરી નાખ્યું. તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળના ટુકડે ટુકડા કરી નાખ્યા તો અલ્લાહ તઆલાએ તેની સલતનતના ટુકડે ટુકડા કરી નાખ્યા. વધુ સમય નહિ વીત્યો ત્યાં ઇસ્લામના બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક (રદિયલ્લાહુ અન્હુ)ના યુગમાં આખા ઇરાન પર મુસલમાનોએ વિજય મેળવી લીધો.

મુબારક કાગળ મિસરના બાદશાહને નામે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં મિસર અને ઇસ્કંદરિયાના વિશાળ પ્રદેશ પર "મુકવ-કિસ" નામે બાદશાહની સત્તા ચાલતી હતી. મિસર પ્રાચીન કાળથી જ જગતના ઇતિહાસમાં આગવું સ્થાન ધરાવે છે. અહીંના તાજદારો "ફિરઔન"નો લકબ ધારણ કરીને રાજગાદીએ બિરાજતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં મુલ્કે-મિસરની રાજગાદીએ બિરાજેલા બાદશાહનું મૂળ નમ જુરૈહ બિન હિત્તી હતું અને મુકવ-કિસ તેનો લકબ હતો. તે સમયે મિસરમાં બે જાતની કૌમો વસેલી હતી. એક કિબ્તી જે ત્યાંની મૂળ વતની હતી. બીજી રોમન જેણે મિસરને પોતાનું સંસ્થાન બનાવી લીધું હતું. રોમન શાસકોના પ્રભાવથી કિબ્તીઓએ પણ ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લીધો હતો. બાદશાહ પોતે મિસરના મશહૂર કિબ્તી ખાનદાનનો નબીરો હોવાથી પોતાને "અઝીમુલ-કિબ્ત" અને "અઝીઝુલ-મિસર" તરીકે ઓળખાવતો હતો. રોમન સામ્રાજ્યની આણ હેઠળ હોવાથી ખ્રિસ્તી ધર્મનો અનુયાયી હતો. બહુ જ્ઞાની અને મુત્સદ્દી હોવા ઉપરાંત આકાશી કિતાબ ઇન્જીલનો જાણીતો આલિમ હતો અને દિલ પણ દરિયા જેવું ધરાવતો હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુકવ-કિસને નામે ઇસ્લામી તબલીગનો કાગળ લખાવીને પોતાના સહાબામાંથી હઝરત હાતિબ બિન અબી બલ-તઅહ રદિયલ્લાહુ અન્હુને પોતાના રાજદૂત તરીકે મુલ્કે-મિસર જવાનો હુકમ ફરમાવ્યો.

હઝરત હાતિબ બિન અબી બલ-તઅહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઇને મદીનહથી રવાના થયા અને જંગલો તથા પહાડોનો આકરો પ્રવાસ ખેડતા મિસર પહોંચી ગયા. પૂછવાથી જાણવા મળ્યું કે મુકવ-કિસ બાદશાહ મિસરના પાટનગર ઇસ્કંદરિયા ચાલ્યો ગયો છે. હઝરત હાતિબ પ્રવાસની મંઝિલો વટાવતા ઇસ્કંદરિયા પહોંચી ગયા. પૂછપરછથી ખબર પડી કે બાદશાહ સલામત અહીં મવજૂદ છે અને દરિયા કાંઠે આવેલા પોતાના શાહી મહેલમાં બિરાજે છે.

હઝરત હાતિબ સવારી આગળ બઢાવીને શાહી મહેલ પાસે પહોંચ્યા. જોયું તો બાદશાહ સલામત શાહી મહેલના ઝરૂખામાં બિરાજીને સમંદરના સાહિલ સાથે અથડાતાં મોજાંઓની મોજ માણી રહ્યા છે. હઝરત હાતિબે ઊંચા અવાજે સલામ કરીને પોતાનો કાગળવાળો હાથ ઊંચો કરી દીધો. આકાશી કિતાબના જ્ઞાની અને સંસ્કારી બાદશાહે એજ વેળા હઝરત હાતિબને મહેલમાં બોલાવી લીધા. તેની નહેનાતમાં હાજર થઇને શાહી આદાબની બજામણી બાદ હઝરત

Maktabe Ashraf

હાતિબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ તેની સેવામાં પેશ કરી દીધો.

મુબારક કાગળનું લખાણ

અલ્લાહના પયગમ્બરના કાગળની વાત જાણીને મુકવ-કિસ બાદશાહે માનઅદબની ભાવનાથી કાગળને પોતાના હાથમાં લીધો અને ભારે ઉત્સુકતાથી વાંચવા માંડયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળનો મઝમૂન આ પ્રમાણે હતો :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

——————મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ તરફથી.

——————મિસરના બાદશાહ મુકવ-કિસ અઝીમુલ-કિબ્તના નામે.

——————અલ્લાહના સલામ હો એવા શખ્સ પર જે હિદાયતનું અનુસરણ કરે !

એ પછી હું તને ઈસ્લામ કબૂલ કરી લેવાનું આમંત્રણ આપું છું. તું ઈસ્લામ સ્વીકારી લે, સલામતી મેળવી લેશે. અલ્લાહ તને બમણો અજ્ર આપશે. પણ જો તેં ઈસ્લામથી ઈન્કાર કર્યો તો તમામ કિબ્તીઓનો ગુનાહ પણ તારા માથે રહેશે.

હે અહલે-કિતાબ ! આવો એ વાત તરફ જે અમારી અને તમારી વચ્ચે સરખી છે. તે આ કે આપણે અલ્લાહ સિવાય કોઈની બંદગી નહિ કરીએ. અને કોઈને તેનો ભાગીદાર નહિ બનાવીએ. અને અલ્લાહને છોડીને આપણે આપણામાંથી કોઈને પોતાનો પાલનહાર ન બનાવીએ. પછી જો આ વાતથી મોઢું ફેરવી લેવામાં આવે તો તમારે જાણી લેવું જોઈએ કે અમે હર હાલમાં અલ્લાહના એક હોવાનો અકીદો ધરાવનારા છીએ. [1]

——————મુહંમદ રસૂલુલ્લાહ (મુહરની છાપ)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સફીર હઝરત હાતિબ બિન અબી બલ-તઅહનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો કાગળ વાંચીને મુકવ-કિસ બોલ્યો, "બેશક ઈન્જીલની પેશગોઈ મુજબ જે પયગમ્બરની પધરામણીની રાહ જોવાતી હતી તે સમય બેસી ગયો છે. મારૂં માનવું હતું કે એ પયગમ્બર મુલ્કે-શામમાં પાકશે. એમના સદગુણો અને સંસ્કારોની માહિતી, તવરાત અને ઈન્જીલ મારફતે મને મળવા પામી છે. તેઓ સદકાનો માલ નહિ ખાશે પણ હદિયો એટલે ભેટસોગાત સ્વીકારી લેશે. ગરીબો અને મિસ્કીનો તેમના સાથી સંગાતી હશે. તેમના બંને ખભાઓ વચ્ચે મુહરે-નુબુવ્વત હશે."

આમ કહીને તેણે પોતાના કર્મચારીઓને હુકમ ફરમાવ્યો, "આ મુબારક કાગળને હાથીદાંતના ડબ્બામાં સીલબંધ કરીને સરકારી તિજોરીમાં સુરક્ષિત કરી દેવામાં આવે."[2]

---

૧. ઝાદુલ-મઆદ જિ. ૩ પા. ૬૧ - રસૂલે-અકરમ (સલ.)કી સિયાસી ઝિન્દગી પેજ ૧૩૭

૨. સીરતુલ-મુસ્તફા જિ. ૨ પા. ૩૮૧ - રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ મુબારક કાગળ આજે પણ મિસરના સંગ્રહાલયમાં તેની અસલી હાલતમાં મવજૂદ છે. (પ્રોફેસર મુહંમદ સિદ્દીક કુરૈશી કૃત : રસૂલે-અકરમ (સલ.)કી સિયાસતે-ખારિજહ પેજ ૩૫)

Maktabe Ashraf

મિસરના બાદશાહનો સવાલ

હઝરત હાતિબ રદિયલ્લાહુ અન્હુ ફરમાવે છે : "એ પછી મુકવ-કિસ બાદશાહે મને એક મકાનમાં શાહી મહેમાન તરીકે ઉતારો આપ્યો અને થોડા દિવસો પછી તેણે પોતાના વઝીરો, અમીરો અને દરબારીઓને ભેગા કરીને મને દરબારમાં બોલાવ્યો અને કહ્યું, "મારે તમારી સાથે થોડીક વાતો કરવી છે. ખૂબ સોચી વિચારીને મારા સવાલનો જવાબ આપશો."

મેં કહ્યું, "ભલે જે પૂછવું હોય તે પૂછી લો."

બાદશાહે કહ્યું, "જે ગૃહસ્થનો તમે કાગળ લાવ્યા છો શું તે અલ્લાહના નબી નથી ?"

મેં કહ્યું, "કેમ નહિ, બેશક તે અલ્લાહના સાચા નબી છે."

બાદશાહ બોલ્યો, "જો તે અલ્લાહના સાચા નબી છે તો આ શું વાત છે કે જ્યારે તેમની કૌમે તેમને મક્કહથી હાંકી કાઢયા તો તેમણે પોતાની કૌમ માટે બદ-દુઆ કેમ નહિ કરી કે જેથી હાંકી કાઢનારા બધા જ તબાહ થઈ જતે ?"

મેં કહ્યું, "હે બાદશાહ ! શું આપ આ વાતની સાક્ષી નથી આપતા કે ઈસા બિન મરયમ અલ્લાહના સાચા નબી હતા ?"

બાદશાહે કહ્યું, "બેશક હું સાક્ષી આપું છું કે ઈસા બિન મરયમ અલ્લાહના સાચા નબી હતા."

મેં કહ્યું, "ત્યારે આ શું વાત છે કે જે સમયે દુશ્મનોએ ઈસા બિન મરયમને શૂળીએ લટકાવવાની તૈયારી કરી તો તેમણે પોતાના દુશ્મનો માટે બદ-દુઆ કેમ નહિ કરી કે જેથી શૂળી આપનારા બધા જ તબાહ થઈ જતે?"

મારો જવાબ સાંભળીને બાદશાહ દંગ થઈ ગયો અને બોલ્યો, "ધન્ય છે તમારી ચતુરાઈને. બેશક તમે એક જ્ઞાની પુરૂષ છો અને એક જ્ઞાની પુરૂષ પાસે આવેલા છો."

"હઝરત હાતિબ ફરમાવે છે : મેં જોયું કે લોઢું તપી ગયું છે. તેને ઘાટ આપવાની આ તક ઝડપી લઈને મેં તેને કહ્યું :

> "હે અઝીમુલ-કિબ્ત ! આપ જાણો છો કે આપના આ મુલ્કે-મિસરમાં ફિરઔન નામે એક અભિમાની શખ્સ થઈ ગયો છે જેનો દાવો હતો કે, "અના રબ્બુકુ-મુલ-અઅલા" (એટલે હે લોકો ! તમારો સૌથી મોટો અલ્લાહ હું પોતે છું.) અલ્લાહ તઆલાએ તેને ઢીલ આપી. અલ્લાહના નબી મૂસા અને હારૂન તેને સમજાવતા રહ્યા છતાં તે નહિ માન્યો. ત્યારે અલ્લાહ તઆલાએ તેને પકડી લીધો. ઈબ્રતનાક શિક્ષા આપીને તેને તબાહ કર્યો. હે બાદશાહ ! આપ તેનાથી ધડો લો. ન થાય કે દુનિયાના લોકો આપથી ધડો લે !
>
> "હે અઝીમુલ-કિબ્ત ! સાંભળો, અમારો એક દીન છે જે તમારા દીનથી ચઢિયાતો છે. અમારા એ દીનનું નામ ઈસ્લામ છે. એના વિષે અલ્લાહનો વાયદો છે કે દુનિયાના તમામ દીનો પર એને ગાલિબ કરી દેશે અને બધા દીનો એની આગળ ઝાંખા પડી જશે.અલ્લાહના આખેરી નબીએ અરબમાં જાહેર થઈને લોકોને એ દીનની દઅવત આપી. એના સ્વીકારમાં

મક્કહના કુરૈશ સૌથી વધુ આકરા બન્યા. યહૂદ સૌથી મોટા દુશ્મન થયા અને નસારા સૌથી વધુ નિકટ સાબિત થયા.

"હે અઝીમુલ-કિબ્ત ! જેવી રીતે અલ્લાહના પયગમ્બર મૂસાએ અલ્લાહના પયગમ્બર ઈસા બિન મરયમના આગમનની બશારત આપી તેવી જ રીતે ઈસા બિન મરયમે અલ્લાહના આખેરી રસૂલ "અહમદ"ના આગમનની બશારત આપી છે. બંને બશારતો વચ્ચે રતીભારનો ફરક નથી. એવી જ રીતે અમે આપને કુર્આન તરફ આવવાનું આમંત્રણ આપીએ છીએ. અમારૂં આ આમંત્રણ એવું જ છે જેવું તમે તવરાતવાળાઓને ઈન્જીલ તરફ આવી જવાનું આમંત્રણ આપો છો. બંને વચ્ચે રતીભારનો ફરક નથી.

"સાંભળો, જે યુગમાં જે કૌમ જે નબીને મેળવે તે યુગમાં તે કૌમ તેજ નબીની ઉમ્મત ગણાય છે. પોતાના એજ નબી પર ઈમાન લાવવું અને તેના હુકમોનું પાલન કરવું એ કૌમ માટે જરૂરી હોય છે.

"હે બાદશાહ ! આપ પણ એવા જ લોકોમાંથી છો જેઓએ અરબમાં જાહેર થયેલા અલ્લાહના આખેરી નબીનો ઝમાનો મેળવ્યો છે. અમે આપને "દીને-મસીહ"ને છોડી દેવાની વિનંતી નથી કરતા બલકે હુકમ આપીએ છીએ કે આપ ઈસા બિન મરયમના હુકમનું પાલન કરો."

નોટ :- હઝરત હાતિબનો ઈશારો કુર્આને-મજીદની આ આયત તરફ છે : "મુબશ્શિરમ બિ-રસૂલિંય-યઅતી મિમ બઅદિસ-મુહૂ અહમદ." એટલે અલ્લાહના નબી હઝરત ઈસા બિન મરયમે પોતાના યુગના લોકોને બશારત આપતાં ફરમાવ્યું : "હે લોકો ! હું તમને વધામણી આપું છું એક રસૂલની જે મારા પછી પધારવાના છે અને જેમનું નામ અહમદ હશે."

હઝરત ઈસાએ પોતાના સમયના લોકોને આ બશારત આપીને હુકમ ફરમાવ્યો છે કે મારા પછી પધારનારા "અહમદ" પયગમ્બરને વધાવી લઈને તેમની ઉપર ઈમાન લઈ આવજો. આ રીતે અહમદ પયગમ્બર પર ઈમાન લાવવું તે હઝરત ઈસાના હુકમનું પાલન કરવું છે.

મિસરનો બાદશાહ મુકવ-કિસ બહુ ધ્યાનથી હઝરત હાતિબની વાતો સાંભળતો રહ્યો. પ્રવચન પૂરૂં થયું તો તે બોલ્યો, "હે હાતિબ ! મેં અરબના નબી વિષે કાફી સોચવિચાર કરી લીધો છે. મેં જાણી લીધું છે કે તે ભલાઈઓનો હુકમ ફરમાવે છે, બુરાઈઓથી અટકાવે છે, માનવપ્રકૃતિને બંધબેસતી વસ્તુઓ અપનાવે છે અને માનવપ્રકૃતિને માફક ન આવે તેવી વસ્તુઓને જતી કરે છે. તે ન શાઈર છે ન જાદૂગર છે, ન કાહિન છે ન નજૂમી છે. ન કદી અસત્ય ઉચ્ચારે છે. પયગમ્બરની તમામ ખૂબીઓ અને તમામ સંસ્કારો હું તેમની જાતમાં જોઈ રહ્યો છું. આમ છતાં તેમને અપનાવી લેવાની બાબતમાં મારે થોડો વધારે સોચવિચાર કરવાની જરૂર છે."

મિસરના બાદશાહનો જવાબી કાગળ

એ પછી મિસરના બાદશાહ અઝીમુલ-કિબ્ત મુકવ-કિસે એક કાગળ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક નામે લખીને હઝરત હાતિબને હવાલે કર્યો જેનું લખાણ આ પ્રમાણે હતું :

આ કાગળ મુહંમદ બિન અબ્દુલ્લાહના નામે છે.

મુકવ-કિસ અઝીમુલ-કિબ્ત તરફથી.

સલામ હો આપની ઉપર !

એ પછી મેં આપનો કાગળ વાંચ્યો. જે કંઈ તેમાં લખેલું છે અને જે વાતનું આપે આમંત્રણ આપ્યું છે તે હું સારી રીતે સમજી ગયો છું. હું યકીની રીતે આ માહિતી ધરાવું છું કે એક એવા નબીની પધરામણી થવાની છે જે ''ખાતમુલ-અંબિયા'' હશે. મારૂં માનવું હતું કે એ નબી સીરિયાની ભૂમિમાં જાહેર થશે. આપના એલચીને મેં ભાવભીનો આવકાર આપ્યો અને માનપાનથી વધાવી લીધા.

આ સાથે હું આપની સેવામાં મારિયહ અને સીરીનને ભેટ તરીકે મોકલાવું છું. મારી કૌમની બંને કન્યાઓ બહુ ઊંચા ખાનદાનની અને આબરૂદાર કુટુંબમાંથી છે. ઉપરાંત આપના માટે કેટલાક પોશાક અને ભેટની વસ્તુઓ અને આપની સવારી માટે દુલદુલ મોકલાવું છું.

————વસ્સલામ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ વાંચીને મુકવ-કિસ બાદશાહ મુસલમાન તો નહિ બન્યો પણ એક શરીફ, સંસ્કારી અને ખાનદાની ગૃહસ્થને શોભે તેવો વર્તાવ તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સફીર સાથે કર્યો. ઉપરાંત તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં ભેટ સોગાત મોકલાવીને આપના પ્રત્યે પોતાની શુભેચ્છા કે દિલી અકીદતની લાગણી જાહેર કરી. તેણે તેજ રાજનીતિ અપનાવી જે રોમના શહેનશાહ કૈસરે અપનાવી હતી. તે સમયે મિસર રોમને તાબે હોવાથી બનવા જોગ છે આ રાજનીતિ તેણે કૈસરના કહેવાથી અપનાવી હોય. લોકો દરેક કામમાં પોતાના બાદશાહો તરફ જુએ છે. અરબીમાં કહેવત છે : ''અન્નાસુ અલા દીને-મુલૂકિ-હિમ'' લોકો પોતાના બાદશાહોના ચીલે ચાલે છે.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એલચી હઝરત હાતિબ બિન અબી બલતઅહ ભેટસોગાતની વસ્તુઓ લઈને મદીનહ વાપસ થયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને તેમણે પૂરી વિગતથી આપને વાકિફ કર્યા. મુકવ-કિસના જવાબી કાગળનું લખાણ સાંભળીને આપે ફરમાવ્યું:

''બાદશાહતની લાલચે તેણે કંજૂસીથી કામ લીધું. જો કે તેની બાદશાહત વધુ સમય ટકવાની નથી. જાણતો નથી કે સત્તા એક નાપાયેદાર વસ્તુ છે.'' [1]

---

૧. તબકાતે-ઈબ્ને સઅદ જિ.૩ પા. ૧૭

મુકવ-કિસ બાદશાહની ભેટો

મુલ્કે-મિસરના અઝીમુલ-કિબ્ત મુકવ-કિસ બાદશાહે પોતાના કાગળમાં ભેટસોગાતની વસ્તુઓમાં મારિયહ અને સીરીનના નામોનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે બંને તેની કિબ્તી કૌમમાંથી છે અને ઊંચા ખાનદાનની આબરૂદાર કન્યાઓ છે. અન્ય સીરતગ્રંથો મુજબ બંને કન્યાઓ સગી બહેનો હતી અને મુકવ-કિસના એક દરબારી શમઊન કિબ્તી નામે સરદારની બેટીઓ હતી. મદીનહ જતી વેળા રસ્તામાં હઝરત હાતિબની હિકમતભરી તબલીગથી બંને બહેનો મુસલમાન બની ગઈ હતી.

મારિયહ નામની કન્યા સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નિકાહ કરીને તેમને પોતાના હરમમાં દાખલ કરી લીધાં. અલ્લામા શિબ્લી નુઅમાની સીરતુન-નબીમાં લખે છે.'' બંને બહેનો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પહોંચવા પહેલાં હઝરત હાતિબની તબલીગથી ઇસ્લામ સ્વીકારી ચૂકી હતી. હવે તેઓ લોંડીઓ રહેવા પામી ન હતી. આ નજરે જોતાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મારિયહ સાથે નિકાહ કરીને તેમને પોતાના હરમમાં દાખલ કર્યાં હશે, નહિ કે લોંડી તરીકે.[1]

હઝરત બીબી મારિયહ મિસરના શમઊન નામે સરદારની બેટી અને બાદશાહની કિબ્તી કૌમમાંથી હોવાથી મારિયહ કિબ્તીયહ નામે મશહૂર થયાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હરમમાં દાખલ થવાનું માન મેળવીને કિયામત સુધી પાકનારા તમામ મુસલમાનોના માનવંતા માતાજી બની ગયાં. એમની પવિત્ર કુખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલા ફરઝંદ હઝરત ઇબ્રાહીમનો જન્મ થયો જેઓ બચપનમાં જ વફાત પામી ગયા.

હઝરત મારિયહના બહેન હઝરત સીરીનને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મદીનહના જાણીતા શાઈર હઝરત હસ્સાન બિન સાબિતના નિકાહમાં આપી દીધાં જેમનાથી હઝરત હસ્સાનના ફરઝંદ હઝરત અબ્દુર્રહમાન બિન હસ્સાનનો જન્મ થયો.

ભેટસોગાતની વસ્તુઓમાં મિસરના બાદશાહે એક હજાર મિસકાલ સોનું, વીસ જોડી કિબાતી પોશાક, એક સફેદ ખચ્ચર, એક સફેદ ગધેડો, એક ઘોડો, એક ખસ્સી ગુલામ, એક કાચનો પ્યાલો અને શુધ્ધ શહદ પણ મોકલાવ્યું હતું. એમાં સફેદ ખચ્ચરનું નામ દુલદુલ હતું. એની જ પીઠ પર બિરાજીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-હુનેનમાં પધાર્યા હતા. હદીસગ્રંથોમાં ઘણી જગાએ દુલદુલનું વર્ણન થયેલું છે. આ દુલદુલ હઝરત અમીર મુઆવિયહના યુગ સુધી જીવતું રહ્યું. સફેદ ગર્ધવનું નામ અફીર, ઘોડાનું નામ લઝાઝ અને ગુલામનું નામ માબૂર હતું. શહદ મિસરના બનહાન પ્રદેશનું વખણાયેલું, શુધ્ધ અને બેહદ લઝીઝ હતું. જે આપને બેહદ પસંદ પડયું. આપે તેમાંથી થોડુંક ખાધું અને આ પ્રમાણે દુઆ કરી, ''બારકલ્લાહુ અસલિન બનહાન.'' હે અલ્લાહ ! બનહાનના શહદમાં બરકત આપ !'' અરબીમાં શહદ એટલે મધને અસલ કહે છે. (ઐનથી) બાકીનું બધું શહદ આપે હરમની પાક

---

૧. તબકાતે-ઇબ્ને સઅદ જિ.૩ પા. ૧૭

૨. સીરતુન-નબી જિ.૧ પા. ૪૭૨ - બીજી રિવાયતોમાં છે કે મારિયહ અને સીરીન લોંડીઓ હતી. મિસરના બાદશાહે પોતાના કાગળમાં બંનેનો પરિચય આ શબ્દોમાં લખ્યો હતો : ''જારિયતૈન લહુમા મકાનુન ફીલ-કિબ્તે અઝીમ.''એટલે બે ''જારિયહ'' જે કિબ્તી કૌમમાં પ્રતિષ્ઠાનું ઊંચુ સ્થાન ધરાવે છે. અરબીમાં જારિયહ લોંડીને પણ કહે છે અને છોકરી કે કન્યાને પણ કહે છે. બંને લોંડીઓ હોય તો બાદશાહ તેઓની શાનમાં ઉપરના શબ્દો નહિ લખે. ''હ''

Maktabe Ashraf

બીબીઓમાં વહેંચી આપ્યું. [૧]

મુબારક કાગળ બહરૈનના બાદશાહના નામે

ઈરાની અખાતના મગરિબી કાંઠે આવેલો બહરૈનનો ઇલાકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક યુગમાં ઈરાની સત્તાની આણ હેઠળ હોવાથી ઈરાની સામ્રાજ્યનો એક ભાગ ગણાતો હતો. તે વેળા મુનઝિર બિન સાવા નામે સરદાર, કિસરાના ગવર્નર કે ખંડિયા બાદશાહ તરીકે બહરૈનની રાજગાદીએ બિરાજીને ઠાઠથી હુકૂમત ચલાવતો હતો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુનઝિર બિન સાવાને નામે ઈસ્લામી તબલીગનો કાગળ લખાવીને પોતાના સહાબી હઝરત અલા બિન અલ હદ્રમી રદિયલ્લાહુ અન્હુને બહરૈન રવાના કર્યા. બહરૈનનો ઇલાકો અરબમાં આવેલો હોવાથી અરબના લોકો પણ મોટી સંખ્યામાં અહીં વસેલા હતા જેમાં અબ્દુલ-કૈસ, બક્ર બિન વાઈલ અને બનૂ તમીમના કબીલા મુખ્ય હતા. એ ઉપરાંત યહૂદીઓ, મજૂસીઓ અને મુશરિકોના કેટલાક કબીલા પણ વસેલા હતા.

હઝરત અલા બિન અલ-હદ્રમી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂત તરીકે મુબારક કાગળ લઈને મુનઝિર બિન સાવાના દરબારમાં પધાર્યા. તેણે હઝરત અલા અલ-હદ્રમીને હાથોહાથ લઈને માનપાનથી વધાવી લીધા અને માનઅદબની લાગણીથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઈને પોતે વાંચ્યો અને પછી દરબારીઓને પણ વાંચી સંભળાવ્યો.

મુબારક કાગળનું વાંચન પૂરું થયું તો હઝરત અલા અલ-હદ્રમી પોતાની જગાએથી ઊભા થઈ ગયા અને મુનઝિર બિન સાવાને સંબોધીને બોલ્યા :

> "હે બાદશાહ ! દુનિયાના મામલામાં આપ બેશક બાહોશ અને ચંચળબુધ્ધિના માલિક છો. આખેરતના મામલામાં એથીયે વધારે બાહોશી અને ચંચળતાની જરૂર છે. ઈરાનીઓનો મજૂસી ધર્મ કેવો ? કે જેમાં ઈન્સાન બુધ્ધિશાળી હોવા છતાં આગ જેવી વસ્તુને અલ્લાહ માનીને તેની પુજા કરે અને આગ પણ કેવી ? જેના સપાટામાં આવનાર દરેક વસ્તુને બાળીને ખાક કરી નાખે જે કિયામતના દિવસે પણ પોતાના પૂજારીઓને ભરખી જનારી છે. એના પૂજારીઓ એવી સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે કે જેના વર્ણનથી શર્મો-હયા પણ મોઢું સંતાડે છે.
>
> "હે બાદશાહ ! આપના સર્જનહારે આપને સોચવા સમજવાની બુધ્ધિ આપી છે. વિચાર કરો જે પયગમ્બર કદી અસત્ય નહિ ઉચ્ચારે તેની સચ્ચાઈના સ્વીકારમાં આનાકાની કેવી ? જે કદી છેતરપિંડી નહિ કરે તેની પ્રમાણિકતાને માની લેવામાં ગડમથલ કેવી ? આ પયગમ્બર યકીની રીતે અલ્લાહના મોકલેલા સાચા નબી છે. એમની દરેક વાત, એમનો દરેક અમલ, એમનો દરેક હુકમ બુધ્ધિશાળીઓ અને અંતરજ્ઞાનીઓની ધારણા મુજબનો જ હોય છે."

---

૧. અસિહ-હુસ-સિયર પેજ ૪૦૦ - જમાલે-મુસ્તફા જિ.૪ પા. ૨૨૬

Maktabe Ashraf

આટલું ફરમાવીને હઝરત અલા પોતાની જગાએ બેસી ગયા. મુનઝિર બિન સાવા બહુ ધ્યાનથી આ પ્રવચન સાંભળતો રહ્યો. પછી તેણે મસ્તક ઉપાડીને ગંભીરતાથી કહ્યું :

"હે અરબના માનવંતા નબીના માનવંતા રાજદૂત ! તારી લાગણીભરી વાતોથી મારૂં દિલ ગવાહી આપે છે કે જે મઝહબ પર હું છું તેના લાભો આ દુનિયા પૂરતા જ છે. આખેરતની ભલાઈ કે મરણ પછીના ઉધ્ધારનો એમાં કોઈ અંશ નથી. હે ભાઈ ! તારા નબીની વાતોનો વિચાર કરતાં મારૂં અંતર પોકાર પાડે છે કે તેમના અનુકરણમાં બંને જહાનના લાભો સમાયેલા છે. હવે તેમની પયગમ્બરીનો સ્વીકાર કરવામાં કોઈ વસ્તુ આડે આવી શકતી નથી. જેના સ્વીકારથી બંને જગતનું ભલું થતું હોય તેને હું કેમ કબૂલ નહિ કરૂં? આથી પહેલાં એને માનનારાઓની અક્કલ પર મને હસવું આવતું હતું. હવે એને નહિ માનનારાઓની અકકલ પર હસવું આવે છે."

એ પછી મુનઝિર બિન સાવાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નામે એક કાગળ લખ્યો જેનું લખાણ આ પ્રમાણે છે :

"હે અલ્લાહના રસૂલ ! મને આપનો કાગળ મળી ગયો. આથી પહેલાં હું આપનો તે કાગળ પણ જોઈ ચૂકયો છું જે આપે ઈસ્લામના આમંત્રણ અંગે બહરૈનના લોકોને લખ્યો હતો. હું મારી રાજીખુશીથી ઈસ્લામ કબૂલ કરૂં છું.

"મારા નામે લખેલો આપનો કાગળ મેં બહરૈનના લોકોને પણ વાંચી સંભળાવ્યો. ઘણા લોકોએ ઈસ્લામ પ્રત્યે પ્રેમ દર્શાવ્યો અને મારી સાથે એ બધા પણ મુસલમાન બની ગયા છે. કેટલાક એવા પણ છે જેઓ બાપદાદાના જૂના ધર્મને વળગી રહ્યા છે. તેઓએ ઈસ્લામને નાપસંદ કર્યો અને કબૂલ કરવાનો ઈન્કાર કરી દીધો. મારા રાજ્યમાં યહૂદીઓ અને મજૂસીઓ પણ વસેલા છે. એવા લોકો સાથે કેવો વર્તાવ કરવો તે માટે આપના હુકમની રાહ જોઉં છું." [1]

હઝરત અલા બિન અલ-હદ્રમી મુનઝિર બિન સાવાનો આ કાગળ લઈને મદીનહ વાપસ થયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને ત્યાંની વિગતથી આપને વાકિફ કર્યા તો આપે મુનઝિરના નામે બીજો કાગળ લખાવ્યો જેમાં હઝરત મુનઝિર બિન સાવાને બહરૈનની રાજગાદી પર કાયમ રાખ્યા અને જેમાં બિનમુસ્લિમો સાથે ઉદાર વર્તાવ કરવાનું ફરમાન હતું. આપના એ મુબારક કાગળનો મઝમૂન આ પ્રમાણે છે :

૧. તબકાતે - ઈબ્ને સઅદ જિ. ૩ પા. ૧૯

Maktabe Ashraf

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

મુહંમદ રસૂલુલ્લાહ તરફથી.

મુનઝિર બિન સાવાને નામે.

અલ્લાહના સલામ હો તુજ પર !

હું તે અલ્લાહની હમ્દ બયાન કરૂં છું જે એક છે જેની સત્તામાં કોઇ ભાગીદાર નથી અને જેના સિવાય કોઇ મઅબૂદ નથી. હું અલ્લાહનો પયગમ્બર છું.

એ પછી હું તને અલ્લાહની યાદ અપાવું છું. જે શખ્સ નસીહત કબૂલ કરે છે અને વફાદારીથી વર્તે છે તે પોતાની જ જાત માટે નસીહત કબૂલ કરે છે અને પોતાની જ જાત સાથે વફાદારીથી વર્તે છે. અને જે કોઇ મારા એલચીઓનું અનુકરણ કરે છે અને તેઓના સૂચનો પર અમલ કરે છે તે હકીકતમાં મારૂં જ અનુકરણ કરે છે અને મારા જ સૂચનો પર અમલ કરે છે.

મારા એલચીઓએ તારા વર્તન અને તારી વફાદારીના વખાણ કર્યા.હું તને તારા ઓહદા પર રાબેતા મુજબ કાયમ રાખું છું. બહરૈન વાસીઓના મામલામાં હું તારી ભલામણનો સ્વીકાર કરૂં છું. તું તેઓની સાથે ઉદાર વર્તાવ કરજે. મુસલમાન બનેલા લોકોને ઇસ્લામનું શિક્ષણ આપજે. તઓને દીનની વાતો બતાવજે. તેઓની ભૂલો માફ કરજે. તેઓની ખતાઓથી દરગુજર કરજે. તેઓની તોબા કબૂલ કરજે ! હું પણ એજ નીતિ અપનાવીને તેનો અમલ કરૂં છું.

જ્યાં સુધી તું આ વાતો પર અમલ કરતો રહેશે અને અલ્લાહ તથા તેના રસૂલ સાથે વફાદારીથી કામ લેશે તો તારા ઓહદાથી તને બરતરફ નહિ કરવામાં આવશે.

બહરૈનના જે લોકો પોતાનો યહૂદી કે મજૂસી ધર્મ નહિ છોડવા માગે તેઓ પર કોઇ જાતનું દબાણ નથી. એવા લોકો પાસેથી વેરો વસૂલ કરજે ! [૧]

સહીહ બુખારીમાં હઝરત ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહુ અન્હુથી રિવાયત છે કે મસ્જિદે-નબવી પછી સૌથી પહેલાં જે મસ્જિદમાં જુમ્અહની નમાઝ પઢવામાં આવી તે બહરૈનની તે મસ્જિદ છે જે "જુવાસા" નામે શહેરમાં આવેલી હતી. [૨]

મુબારક કાગળ ઉમાનના બાદશાહના નામે

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની યુગમાં અરબની ભૂમિના ઉમાન પ્રદેશ પર જૈફર બિન જુલન્દી અને અબ્દ બિન જુલન્દી નામે બે સગા ભાઇઓ સત્તાના સિંહાસને બિરાજીને રાજકારભાર સંચલાવતા હતા. બંને જુલન્દી નામે ઉમાનના બાદશાહના લાડક ફરઝંદો હતા. બાપના મરણ પછી સત્તાના સુત્રો બંને પુત્રોએ

૧. સીરતુલ-મુસ્તફા જિ.૨ પા.૩૮૭ હવાલો ઝાદુલ-મઆદ જિ.૩ પા. ૬૧ ઝુરકની જિ.૩ પા. ૩૫૧- જમાલે-મુસ્તફા જિ. ૪ પા. ૨૩૧

૨. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કે મકતૂબાત - વ - મુઆહિદાત પા. ૧૧૧ હવાલો સહીહ બુખારી જિ.૧ કિતાબુલ-જુમ્અહ.

સંભાળી લીધા હતા. રાજકારણ ઉપરાંત જગતના ધર્મોનું પણ સારૂં જેવું જ્ઞાન ધરાવતા હાતા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજા બાદશાહો પેઠે એમના નામે પણ ઈસ્લામી આમંત્રણનો કાગળ લખાવીને પોતાના મશહૂર સહાબી હઝરત અમ્ર બિન આસ રદિયલ્લાહુ અન્હુને રાજદૂત તરીકે ઉમાનના દરબારમાં જવાનો હુકમ ફરમાવ્યો. જૈફર અને અબ્દના નામે લખાયેલા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળનું લખાણ આ પ્રમાણે હતું :

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્લાહના પયગમ્બર મુહંમદ બિન અબ્દુલ્લાહ તરફથી.

જુલન્દીના પુત્રો જૈફર અને અબ્દના નામે.

સલામતી હો તેઓ પર જેઓ હિદાયતનું અનુસરણ કરે !

એ પછી હું તમે બંનેને ઈસ્લામનું આમંત્રણ આપું છું. ઈસ્લામ કબૂલ કરી લો. એમાં જ સલામતી છે. અલ્લાહ તઆલાએ મને દુનિયાના તમામ લોકો માટે પોતાનો પયગમ્બર બનાવીને મોકલ્યો છે કે જેથી હું અલ્લાહના અઝાબથી એવા ઈન્સાનોને ડરાવું જેઓ જીવંત છે [૧] અને કાફિરો પર અલ્લાહની દલીલ પૂરી કરી દઉં.

અગર તમે ઈસ્લામ કબૂલ કરી લો તો તમારૂં રાજ્ય અને તમારો મુલ્ક રાબેતા મુજબ તમારી જ પાસે રહેવા દેવામાં આવશે. પણ જો તમે ઈસ્લામ કબૂલ નહિ કરો તો તમારો મુલ્ક અને તમારી સત્તા બહુ જલદી તમારા હાથમાંથી સરકી જશે. મારા સવારો તમારા શાહી મહેલના આગણ સુધી પહોંચી જશે અને મારી પયગમ્બરી તમારા રાજ્યના તમામ ધર્મો પર ગાલિબ આવી જશે.

——————મુહંમદ રસૂલુલ્લાહ (મુહરની છાપ)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો આ મુબારક કાગળ આપના સહાબી હઝરત ઉબય બિન કઅબ રદિયલ્લાહુ અન્હુએ આપના હુકમથી પોતાના હાથે લખ્યો. તેની ઉપર લખાણના અંતે આપની મુહરની છાપ મારી અને આપના સરકારી રાજદૂત હઝરત અમ્ર બિન આસ એને લઈને જુલન્દી બાદશાહના પુત્રોને પહોંચાડવા ઉમાનના દરબારમાં પહોંચી ગયા.

હઝરત અમ્ર અને અબ્દની વાતચીત

શાહી દરબારમાં પહોંચવા પછીની કથા ખુદ દરબારે-નબવીના રાજદૂતને મુખે સાંભળો. હઝરત અમ્ર બિન આસનું બયાન છે :

''હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઈને પ્રવાસની મંઝિલો વટાવતો ઉમાન પહોંચી ગયો. પ્રથમ મેં અબ્દ બિન જુલન્દીની મુલાકાત લીધી. તેની સાથેની વાતચીતના નતીજારૂપે મેં તેને

૧. મરેલા દિલનો માણસ આંધળો, બહેરો, મૂંગો હોય છે. તેની આગળ હક વાત રજૂ કરવી તે ભેંસની આગળ ભૂંગળું વગાડવા સમાન છે. ''હ''

Maktabe Ashraf

બહુ મિલનસાર, નેક ખસલત, સહનશીલ અને ઠરેલ બુધ્ધિનો માણસ જોયો. મેં તેને કહ્યું, "હે શાહઝાદા! હું અલ્લાહના પયગમ્બર હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો એલચી છું. તેમણે મને એક કાગળ આપીને આપ ભાઈઓના દરબારમાં મોકલ્યો છે."

મારી વાત સાંભળીને જુલન્દીનો બેટો બોલ્યો, "તમે ભલે પધાર્યા, હું તમને આવકારું છું પણ પ્રથમ તમે મારા ભાઈ જેફરને મળો. તે મારા કરતાં મોટા છે અને આ દેશના અસલ બાદશાહ તેજ છે. હું તમને તેની પાસે પહોંચાડી દઈશ. કાગળ તમે તેની તહેનાતમાં રજૂ કરજો."

"બહું સારૂં, જેવો આપનો હુકમ." મેં કહ્યું.

તે બોલ્યો, "જરા કહો તો ખરા કાગળમાં શું લખેલું છે ? શું કોઈ ખાસ વાત છે ?"

મેં કહ્યું, "જી હા અલ્લાહના પયગમ્બરે અલ્લાહના દીને-ઈસ્લામનું આપ ભાઈઓને આમંત્રણ આપ્યું છે. આપ લોકો બાપદાદાનો ધર્મ જતો કરીને ઈસ્લામ કબૂલ કરી લો."

"વારૂ ઈસ્લામ શું શિક્ષણ આપે છે ?" તેણે પૂછ્યું.

મેં કહ્યું, "એક અલ્લાહની ઇબાદત કરો. મૂર્તિપૂજાનો ત્યાગ કરો. આ વાતની સાક્ષી આપો કે મુહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે."

અબ્દ બિન જુલન્દી બોલ્યો, "હે અમ્ર બિન આસ ! એક વાત પૂછું છું ખોટું ના લગાડશો. કહો તો ખરા, તમારા બાપ આસે શું કર્યું ? આ નવા ધર્મ અંગે તેણે શું પગલું લીધું ? અમે તો તમારા બાપને પગલે ચાલવા માગીએ છીએ."

મેં કહ્યું, "મારો બાપ તો મરી ગયો. મરતાં દમ સુધી તે અલ્લાહના રસૂલ પર ઈમાન નહિ લાવ્યો. હું દિલથી ચાહતો હતો કે તે મુસલમાન બની જાય પણ કુફ્ર પર મરવાનું તેના નસીબમાં લખાઇ ચૂક્યું હતું. સાંભળો, હું પોતે મુદ્દત સુધી બાપના પગલે ચાલતો રહ્યો અને કુફ્રના અંધારામાં ભટકતો રહ્યો. છેવટે અલ્લાહની રહમત જોશમાં આવી ગઈ. દિલ પર પડેલો પર્દો હટી ગયો. મારી આંખે સત્યના દર્શન કરી લીધાં તો બાપના પગલે ચાલવાનું છોડી દઈને વિના વિલંબે મુસલમાન બની ગયો."

"વારૂ તમે ક્યારે મુસલમાન બન્યા ?" અબ્દે અધીરાઈથી પૂછ્યું.

"બસ થોડાક જ દિવસો થયા છે."

"તમે ક્યાં અને કેવી રીતે મુસલમાન બન્યા ? જરા વિગતથી કહો."

મેં કહ્યું, "મક્કહના કેટલાક મુસલમાનો હબશહ દેશમાં હિજરત કરી ગયા હતા. કુરૈશના કહેવાથી હું તેઓને પાછા લાવવા હબશહ ગયો હતો. બસ ત્યાં જ નજાશી બાદશાહના હાથ પર મુસલમાન બની ગયો."

"નજાશી બાદશાહના હાથ પર ? કેમ એનું શું કારણ બન્યું ?" તેણે નવાઈથી પૂછ્યું.

"કેમકે નજાશી બાદશાહ પોતે મુસલમાન બની ગયો હતો."

"વારૂ, તેના મુસલમાન બનવા પછી તેની કૌમે તેની સાથે કેવો મામલો કર્યો ?"

મેં કહ્યું, "નજાશી સમજબુધ્ધિ ધરાવનારો ઇન્સાફી બાદશાહ છે. તેની કૌમે અગાઉ પેઠે તેને રાજગાદી પર

રહેતા હતા અને બધા તેના તાબેદારીમાં લાગેલા રહ્યા."

"વારૂ તો તેના દરબારી "અસાકિફહ" અને "રુહબાન"એ શું કર્યું ?" [1]

મેં કહ્યું, "એ બધાએ પણ તેનું અનુસરણ કર્યું."

હે અમ્ર ! તમે આ શું બોલો છો ?" અબ્દ બિન જુલન્દીએ તઅજ્જુબથી કહ્યું.

મેં કહ્યું, "હા હું સાચું જ બોલું છું."

"જુઓ હે અમ્ર ! તમે એક સરદારના બેટા છો. જૂઠું બોલવું તમને છાજે નહિ કેમકે જૂઠથી વધીને બુરી ખસલત બીજી કોઇ નથી."

મેં કહ્યું, "હે શાહઝાદા ! મારે જૂઠું બોલવાની શી જરૂર ? બેશક જૂઠથી બુરી ખસલત બીજી કોઇ નથી. યકીનથી માનો, અમારા મઝહબમાં જૂઠું બોલવું હરામ છે."

તે બોલ્યો, "મારૂં માનવું છે કે રોમના કૈસરને નજાશીના ઇસ્લામની ખબર નથી."

મેં કહ્યું, "નહિજી કૈસરને નજાશીના ઇસ્લામની પૂરી ખબર છે."

"તમે કેવી રીતે જાણ્યું ?" અબ્દે નવાઇથી પૂછયું.

મેં કહ્યું, "નજાશી રોમના તાબે હોવાથી કૈસરને ખંડણી આપતો હતો. મુસલમાન બનવા પછી ખંડણી આપવાનો તેણે ઇન્કાર કરી દીધો. એમ પણ તેણે કહી દીધું કે, "અલ્લાહના સોગંદ ! કૈસર હવે એક દિરમ પણ માગે તો હું તેને નહિ આપું."નજાશીની આ વાત કૈસરના કાને પહોંચી ગઇ જેને સાંભળીને તે ખામોશ થઇ ગયો તો તેના ભાઇ નયાકએ નારાજીથી તેને કહ્યું, "શું તમે તમારા ગુલામને એમ જ જતો કરી દેશો? તે ખંડણી પણ નહિ આપે અને નવો ધર્મ પણ પાળે ?"

જવાબમાં કૈસરે કહી દીધું, "નજાશીને અધિકાર છે, તે ગમે તે ધર્મ પાળે. હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે, મને મારી રાજગાદીનો ખતરો ન હોત તો હું પણ એજ ધર્મ કબૂલ કરી લેત !"

અબ્દ બોલ્યો, "હે અમ્ર ! શું તમે અલ્લાહના સોગંદ ખાયને કહો છો કે આ બધી વાતો સાચી છે?"

મેં કહ્યું, "હા હું અલ્લાહના સોગંદ ખાયને કહું છું કે આ બધી વાતો બિલકુલ સાચી છે."

તે બોલ્યો, "વારૂ બતાવો તમારા પયગમ્બર સાહેબ કઇ વાતોનો હુકમ આપે છે અને કઇ વાતોથી રોકે છે?"

મેં કહ્યું, "તેઓ એક અલ્લાહની બંદગીનો હુકમ ફરમાવે છે અને અલ્લાહની નાફરમાની કે ગુનાહોના કામોથી રોકે છે. સગાંસ્નેહીઓ સાથે ભલાઇથી વર્તવાનો હુકમ ફરમાવે છે અને અત્યાચાર, અન્યાય, બળજબરી, ઝિનાકારી, શરાબખોરી, બુતપરસ્તી, ક્રોસની પૂજા, અને વ્યાજ તથા જુગાર જેવી બદીઓથી અટકાવે છે."

"ત્યારે તો ધન્ય છે તમારા પયગમ્બરને ! વાહ તેઓ કેવાં રૂડાં-રૂપાળાં કામો તરફ લોકોને બોલાવે છે. સાચા ધર્મની એજ ખૂબી હોય છે. એના આકાશી ધર્મ હોવામાં કોઇ શંકા નથી. મારૂં દિલ પણ ગવાહી

---

૧. અસાકિ-ફહ : બહુવચન શબ્દ છે. એનું એકવચન "ઉસ્કુફ" છે. ખ્રિસ્તીઓના મઝહબી પેશવા એટલે પાદરી કે ધર્મનેતાને અરબીમાં ઉસ્કુફ કહે છે. એવી જ રીતે "રૂહબાન" બહુવચન શબ્દ છે. એનું એકવચન રાહિબ છે. ખ્રિસ્તીઓના સંસારત્યાગી સાધુને અરબીમાં રાહિબ કહે છે એટલે સન્યાસી, દરવેશ વગેરે. "હ"

Maktabe Ashraf

આપે છે કે ઈસ્લામ એક સાચો મઝહબ છે."

અબ્દ બિન જુલન્દીએ પોતાની વાત ચાલુ રાખતાં ઉમેર્યું, "હવે જો મોટા ભાઈની સંમતિ મળે તો અમે બંને ભાઈઓ મારતી સવારીએ મદીનહ ઊપડીએ, તેમના ચરણોમાં હાજર થઈએ, તેમની પયગમ્બરીનું સમર્થન કરીએ, તેમની ઉપર ઈમાન લઈ આવીએ !"

મેં કહ્યું, "તે અલ્લાહના આભાર જેણે આપને સચ્ચાઈના સ્વીકારની સદ્‌બુધ્ધિ આપી."

"જરા થોભો." અબ્દ બોલ્યો, "મોટા ભાઈ પોતાની રાજગાદી બચાવવા કદાચ આનાકાની કરે પણ ખરા!"

મેં કહ્યું, "જો તેઓ મુસલમાન બની જાય તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેમની રાજગાદી તેમની જ પાસે રહેવા દેશે અને તેમને હુકમ ફરમાવશે કે, તમારી કૌમના અમીરો, તવંગરો, માલદારો પાસેથી ઝકાત, સદકાત, ખયરાત વસૂલ કરીને તમારી જ કૌમના ગરીબો, નાદારો, મિસ્કીનો, હાજતમંદોને આપતો રહે."

"એ તો બહુ સારી વાત છે." અબ્દ બોલ્યો, "વારૂ બતાવો, ઝકાત-સદકાત શું છે ?"

જવાબમાં જુલન્દીના બેટાને મેં વિગતથી સમજાવ્યું કે રોકડ નાણા પર આટલી ઝકાત લાગુ પડે, સોના ચાંદી પર આટલી અને ઊંટ, ઘેટાં-બકરાં વગેરે પર આટલી. પછી મેં તેને કહ્યું, "હે અબ્દ ! હવે તમે સમજી ગયા કે ઈસ્લામનો હેતુ કોઈની રાજગાદી પચાવવાનો નહિ બલકે બચાવવાનો છે."

હઝરત અમ્ર જૈફર બાદશાહના દરબારમાં

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના રાજદૂત હઝરત અમ્ર બિન આસનું બયાન છે : "એ પછી અબ્દ બિન જુલન્દી મને તેના મોટા ભાઈ જૈફર બિન જુલન્દીની તહેનાતમાં લઈ ગયો. પ્રથમ મેં તેને ઈસ્લામી પ્રથા મુજબ સલામ કરી અને પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક મુહરવાળો સીલબંધ કાગળ તેની આગળ રજૂ કરી દીધો.તેણે પૂરો કાગળ વાંચીને પોતાના ભાઈને વાંચવા આપ્યો. પછી મને પૂછ્યું, "તમારી કુરૈશ કૌમે તમારા પયગમ્બર સાથે કેવો મામલો કર્યો ?"

મેં કહ્યું, "ગરીબ વર્ગના યુવકો રાજીખુશીથી મુસલમાન બની ગયા. વડીલોમાંથી બહુ ઓછા લોકોએ તાબેદારી કીધી. આટલું ચોક્કસ રીતે તેઓને સમજાઈ ગયું કે ઈસ્લામ પેહલાં તેઓ ગુમરાહીના અંધારામાં ભટકતા રહ્યા છે."

જૈફર બોલ્યો, "વારૂ આજે મને વિચાર કરી લેવા દો. કાલે હું તમને પાછા તેડાવીશ."

જૈફર પાસેથી ઊઠીને હું બહાર નીકળ્યો. તેનો ભાઈ અબ્દ મારી પાછળ આવ્યો અને બોલ્યો, "ભાઈ સાહેબના મુસલમાન બની જવાની પુરી આશા છે."

બીજા દિવસે તેડું મળતાં હું ફરીવાર અબ્દ સાથે તેની તહેનાતમાં ગયો. મને જોતાં જ આવેશથી બોલ્યો, "તમારા પયગમ્બરના આમંત્રણનો મેં વિચાર કરી લીધો છે. સાંભળો, જે કંઈ મારી પાસે છે એ બધું જ તેમને હવાલે કરી દેવામાં આવે તો મારા જેવો નામર્દ બીજો કોઈ નહિ. તેમના સવારો તો અહીં આવવાના નથી પણ આવી જાય તો મારે લડવું પડશે અને આ લડાઈ જેવી તેવી ન હશે."

Maktabe Ashraf

" તો ભલે કાલે હું અહીંથી ચાલ્યો જઇશ." મેં બેપરવાઈથી કહી દીધું.

મારા પાછા જવાનો જયારે બધાને યકીન થઇ ગયો તો અબ્દ ફરીવાર જેફરને મળ્યો અને વિનવણી રૂપે કહેવા લાગ્યો, "ભાઈ સાહેબ ! આ ભૂમિમાં હવે તમે જ રહી ગયા છો. બાકીના બધાએ તેમની તાબેદારી સ્વીકારી લીધી છે. ઈસ્લામ કબૂલ નહિ કરશો તો તેમના સવારો આવીને તમારી ધરતીને રગદોળી નાખશે. ઈસ્લામ સ્વીકારી લો તો સલામત રહેશો. તમારી રાજગાદી તમારી જ પાસે રહેશે."

અબ્દની આ વાતો તેના ગળે ઉતરી ગઇ. જેફરે ફરીવાર મને બોલાવ્યો અને થોડીક વાતચીતને અંતે બંને ભાઈઓ સંમત થઇ ગયા. તેઓએ મારી સામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીનો ઈકરાર કર્યો. બાદમાં બાકાયદા કલિમએ-શહાદત પઢીને તેઓએ પોતાના ઈસ્લામની જાહેરાત કરી દીધી. ઘણા દરબારીઓ અને પ્રજાજનો પણ પોતાના બાદશાહને પગલે ચાલીને મુસલમાન બની ગયા. જેઓ બાપદાદાના ધર્મને વળગી રહ્યા તેઓ પર ઈસ્લામી કાનૂન મુજબ રક્ષણવેરો લાદવામાં આવ્યો."[1]

નોટ : સીરતકારોના મંતવ્ય મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક કાગળોની સંખ્યા અઢીસોથી ત્રણ સો જેટલી છે જે ઈતિહાસના પાને નોંધાયેલી છે. એમાંના કેટલાક કાગળોનું અસલી લખાણ હદીસગ્રંથોમાં ટાંકવામાં આવ્યું છે. ખરૂં જોતાં મુબારક કાગળોની સંખ્યા એથી વધારે હોવી જોઇએ કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઈસ્લામી રિયાસતનો વિસ્તાર ૧૦ લાખ ચોરસ માઈલના વિશાળ ક્ષેત્ર પર ફેલાયેલો હતો અને તેના વહીવટી તંત્રનું સંચાલન આપના જ મુબારક હાથમાં રહ્યું હતું.[૨]

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલહિ વસલ્લમના મુબારક કાગળોની વધુ વિગત અને હવાલાઓ માટે જુઓ :

૧——અલ્લામા શિબ્લી નુઅમાની કૃત : સીરતુન-નબી જિ.૧ પા. ૪૬૨-૪૭૩.
૨——મવાલના મુહંમદ ઈદરીસ કાંધલવી કૃત : સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૬૧-૩૯૧
૩——મવલાના હકીમ અબ્દુર્રઊફ દાનાપૂરી કૃત : અસિહ-હુસ-સિયર પા. ૩૯૭-૪૧૪
૪——મવલાના અબ્દુલ-અઝીઝ ઉરફી કૃત : જમાલે-મુસ્તફા જિ.૪. પા. ૨૦૯-૨૩૨
૫——પ્રોફેસર મુહંમદ સિદ્દીક કુરૈશી કૃત : રસૂલે-અકરમ (સલ.)કી સિયાસતે- ખારિજહ પા. ૩૩-૬૦
૬——ડૉક્ટર મુહંમદ હમીદુલ્લાહ કૃત : રસૂલે-અકરમ(સલ.)કી સિયાસી ઝિન્દગી પા. ૧૦૬-૨૦૮
૭——સૈયદ મહબૂબ રિઝવી કૃત : રસૂલુલ્લાહ (સલ.)કે મકતૂબાત - વ - મુઆહિદાત.
૮——પ્રોફેસર અબ્દુલ-મુતઆલ સઈદી કૃત : અહદે-નબવી કી ઈસ્લામી સિયાસત.

નોટ : ગુજરાતી સંપાદકનું લખાણ પૂરૂં થયું. હવે ઇબ્ને હિશામની સીરતુન-નબી (સલ.)નું પ્રકરણ ૧૫૬ વાંચો.

---

૧. સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૩૮૮ - અસિહ - હુસ - સિયર પા. ૪૧૧

૨. પ્રોફેસર મુહંમદ સિદ્દીક કુરૈશી કૃત : રસૂલે-અકરમ (સલ.)કી સિયાસતે-ખારિજહ પા. ૩૫

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૬

ગઝવાત અને સરાયા

—————૧—————

નાના-મોટા ગઝવાતની સંખ્યા • સરાયાની સંખ્યા • સરિય્યએ-ગાલિબની વિગત • બનૂ મુલવ્વેહની વસાહત પર છાપો • બાકી રહેલા સરાયા અને બુઊસ • હઝરત ઝૈદના સરાયાની વિગત • ઉમ્મે-કિર્ફહ અને તેની બેટીનો મામલો.

Maktabe Ashraf

નાના-મોટા ગઝવાતની સંખ્યા——————અબૂ મુહંમદ અબ્દુલ-મલિક બિન હિશામ કહે છે : મને ઝિયાદ બિન અબ્દુલ્લાહ બુક્કાઈએ મુહંમદ બિન ઇસ્હાક મુત્તલબીની આ રિવાયત બયાન કરી કે, જેટલા ગઝવાતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બ-નફસે-નફીસ એટલે જાતે ને પોતે ભાગ લીધો તેની સંખ્યા ૨૭ જેટલી છે. વિગત તેની આ પ્રમાણે છે :

૧——ગઝવએ-વુદ્દાન એનું બીજું નામ ગઝવએ-અબવાઅ.

મદીનહની હિજરત પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કટ્ટરવાદી, આતંકવાદી કે ત્રાસવાદી કાફિરો સાથે યુધ્ધની પરવાનગી મળતાં આપ અબવાઅ સ્થળે લશ્કરી ટુકડી સાથે પધાર્યા. દુશ્મન કબીલાના સરદાર મુખ્શી બિન અમ્ર દમરીએ આપની સાથે સુલેહ કરી લીધી. કોઈ લડાઈ કે ટક્કર નહિ થઈ. ઇસ્લામમાં આ સૌથી પહેલો ગઝવહ છે.[1]

૨———ગઝવએ-બુવાત.

આ ગઝવહનો પ્રસંગ મુલ્કે-શામના રસ્તે જુહૈનહ પ્રદેશની પર્વતમાળાના રઝવી નામે વિસ્તારમાં મદીનહથી આસરે ૪૮ માઇલના અંતરે બુવાત નામે પહાડ પાસે સર્જાયો. કોઇ ટક્કર નહિ થઇ.

૩———ગઝવએ-ઝિલ-ઉશૈરહ.

બનૂ મુદલિજ કબીલાના માથાભારે તત્વોના મુકાબલા માટે આપ લશ્કરી ટુકડી લઈને યમ્બૂઅની ખીણમાં આવેલા ઝુલ-ઉશૈરહ સ્થળે પધાર્યા. દુશ્મને આપની સાથે સુલેહ કરી લીધી. કોઇ મુકાબલો નહિ થયો.

---

૧. ગઝવહ એવા ધર્મયુધ્ધ કે લશ્કરી હિલચાલને કહે છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બ-નફસે-નફીસ ભાગ લીધો હોય. એનું બહુવચન ગઝવાત છે. અને જેમાં આપે બ-નફસે-નફીસ ભાગ ન લીધો હોય તેને સરિય્યહ કહે છે જેનું બહુવચન સરાયા છે. આ પ્રકરણમાં અલ્લામા ઇબ્ને હિશામે ગઝવાત અને સરાયાના ફકત નામ અને સંખ્યા દર્શાવી છે. એનું વિગતવાર બયાન અગાઉના પ્રકરણોમાં થઇ ચૂકયું છે. હથુરણી

૪———ગઝવએ-બદ્રે-ઊલા અથવા ગઝવએ-સફવાન.

કુર્ઝ બિન જાબિર ફિહરી નામે મક્કહના એક માથાભારે સરદારે પોતાની ટોળકી સાથે મદીનહની ચરાગહ પર છાપો માર્યો અને તેમાં ચરનારાં મુસલમાનોના ઊંટોને હંકારીને નાસી ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ખબર મળતાં આપે સહાબા સાથે સફવાન નામના સ્થળ સુધી તેની પૂઠ પકડી. આ સ્થળ બદ્રના મેદાન પાસે આવેલું છે. કુર્ઝ ઊંટો સાથે સહીહ-સલામત છટકી ગયો.

૫———ગઝવએ-બદ્રે-કુબરા અથવા બદ્રનું મહાયુદ્ધ.

મદીનહથી આસરે ૮૦ માઇલના અંતરે આવેલા બદ્રના મેદાનમાં મક્કહના કુરૈશ અને મદીનહના મુસલમાનો વચ્ચે ખેલાયેલું સૌથી પહેલું મહાયુદ્ધ. એમાં કુરૈશના નામચીન સરદારો અને માનીતા બહાદુરોને અલ્લાહ તઆલાએ જહન્નમ રસીદ કરી દીધા.

૬———ગઝવએ-કરકરતુલ-કુદ્ર તથા ગઝવએ-બની સુલૈમ.

બદ્રના મહાયુદ્ધ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે બનૂ સુલૈમ અને બનૂ ગત્ફાનના લોકો મદીનહ પર ચઢાઇની તૈયારી કરી રહ્યા છે. આપ ૨૦૦ સહાબાની લશ્કરી ટુકડી લઇને કુદ્ર નામના સ્થળે પહોંચી ગયા. સુલૈમ અને ગત્ફાનના લોકો દુમ દબાવીને ભાગી ગયા. ગનીમતના માલમાં ૨૦૦ ઊંટો હાથ લાગ્યાં.

૭———ગઝવએ-સવીક.

બદ્રની શિકસ્ત પછી કુરૈશી સૈન્યના સિપહસાલાર અબૂ સુફયાન બિન હર્બએ માનતા લીધી કે બદ્રનું વેર નહિ લઉં ત્યાં સુધી જનાબતની નાપાકીનો ગુસલ નહિ ઉતારૂં. ૨૦૦ સવારોની ટુકડી સાથે મદીનહથી થોડે દુર ઘાતમાં બેસીને તકની રાહ જોવા લાગ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળતાં તેના મુકાબલે પધાર્યા. અબૂ સુફયાન જીવ લઇને નાઠો. ખોરાક તરીકે સત્તૂના થેલા સાથે લઇને આવ્યા હતા. નાસતી વેળા બોજ હલકો કરવા સત્તૂના થેલા ફેંકતા ગયા. અરબીમાં સત્તૂને સવીક કહે છે. એટલે જ એનું નામ ગઝવએ-સવીક થયું.

૮———ગઝવએ-ગત્ફાન અથવા ગઝવએ-ઝી-અમર્ર.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે નજદના ઇલાકામાં વસનારા ગત્ફાન કબીલાના લોકો મદીનહ પર ચઢાઇની તૈયારી કરે છે. આપ ૪૫૦ સહાબા સાથે તેઓના મુકાબલા માટે ઝી-અમર્ર નામના સ્થળે પહોંચી ગયા. આપને જોતાં જ તેઓ પહાડોની ચોટીઓ પર ચઢીને પલાયન થઇ ગયા.

૯———ગઝવએ-બુહરાન અથવા ગઝવએ-ફુરૂઅ.

અરબના હિજાઝ ઇલાકાના ફુરૂઅ નામે જિલ્લામાં મદીનહથી ૯૬ માઇલ દૂર આવેલા બુહરાન સ્થળે બનૂ સલૈમના બળવાખોરો મદીનહ પર ચઢાઇ કરવા તૈયાર થઇ ગયા. તેઓના પ્રતિકાર માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ૩૦૦ સહાબાની ટુકડી સાથે બુહરાન પહોંચી ગયા. ઇસ્લામી લશ્કરને જોતાં જ બળવાખોરો છૂ થઇ ગયા.

૧૦———ગઝવએ-ઉહુદ.

Maktabe Ashraf

હિજરી સન ૩ ના શવ્વાલ મહીનામાં મદીનહના મશહૂર ઉહુદ પહાડ પાસે કુરૈશી કુફ્ફાર સાથે ખેલાયેલું બીજું ખૂંખાર યુધ્ધ.

૧૧———ગઝવએ-હમરાઉલ-અસદ.

ગઝવએ-ઉહુદના બીજા દિવસે અબૂ સુફયાન પોતાના લશ્કર સાથે મક્કહ જતી વેળા રવહાઅ સ્થળે થોભી ગયો. અહીં તેને થયું કે મુસલમાનો પર ફતેહ મેળવ્યા વિના આપણે પાછા ચાલ્યા આવ્યા. આથી ફરીવાર મદીનહ પર ચઢાઈ કરવાનું તેણે નક્કી કર્યું. આપ તેના મુકાબલા માટે હમરાઉલ-અસદ સ્થળે પહોંચી ગયા. અબૂ સુફયાન ડરનો માર્યો લશ્કર લઈને પલાયન થઈ ગયો.

૧૨———ગઝવએ-બનૂ નદીર.

સન ૪ હિજરીના રબીઉલ-અવ્વલમાં મદીનહના બનૂ નદીર કબીલાના યહૂદીઓને તેઓની ગદ્દારીને કારણે મદીનહથી તડીપાર કરવામાં આવ્યા. તેઓ ખૈબરમાં જઈને વસી ગયા.

૧૩———ગઝવએ-રિકાઅ.

નજદના ઈલાકામાં વસનારા ગત્ફાન કબીલાની શાખ- બનૂ મુહારિબ, બનૂ સઅલબા, બનૂ અન્મારના લોકો મદીનહ પર ચઢાઈની તૈયારી કરવા લાગ્યા. આપને સમાચાર મળ્યા. તેઓના મુકાબલા માટે ઈસ્લામી લશ્કરને લઈને આપ નજદના ઈલાકામાં પહોંચી ગયા. દુશ્મનના લોકો આપને જોઈને જંગલના પહાડો તરફ ફરાર થઈ ગયા.

૧૪———ગઝવએ-બદ્રે-સાની અથવા ગઝવએ-બદ્રે-આખિરહ.

જંગે-ઉહુદ પછી અબૂ સુફયાને મક્કહ જતી વેળા પડકાર ફેંકયો હતો કે આવતા વરસે બદ્રના મેદાનમાં ફરીવાર મુકાબલો થશે. ઠેરવેલી તારીખે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સહાબાના લશ્કર સાથે મેદાને-બદ્રમાં પહોંચી ગયા. અબૂ સુફયાન પણ વાયદા મુજબ પોતાનું લશ્કર લઈને આવી લાગ્યો પણ ઈસ્લામી લશ્કરને જોતાં જ તેના હાંજા ગગડી ગયા. મોસમની ખરાબીનું બહાનું કાઢીને લશ્કર સાથે મક્કહ તરફ વળી ગયો.

૧૫———ગઝવએ-દૂમતુલ-જન્દલ.

દુમતુલ-જન્દલ મુલ્કે-શામના દમિશ્ક પાસે આવેલા એક કસબાનું નામ છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા કે દુશ્મનો અહીં ભેગા થઈને મદીનહ પર ત્રાટકવા માગે છે. આપ એક હજારનું લશ્કર લઈને ત્યાં પહોંચી ગયા. દુશ્મનો પોતાના ઘેટાં-બકરા છોડીને ફરાર થઈ ગયા.

૧૬———ગઝવએ-ખન્દક અથવા ગઝવએ-અહઝાબ.

સન ૫ હિજરીના ઝિલ-કઅદહમાં મક્કહના કુરૈશ અને મુસલમાનો વચ્ચે ખેલાયેલું મશહૂર યુધ્ધ જેનું બયાન કુર્આને-મજીદમાં પણ થયેલું છે. દુશ્મનના સંખ્યાબંધ કબીલા સંગઠિત થઈને મદીનહ પર ચઢી આવ્યા હતા જેથી કુર્આનમાં એનું નામ જંગે-અહઝાબ છે.

૧૭———ગઝવએ-બનૂ કુરૈઝહ.

મદીનહમાં વસનારા બનૂ કુરૈઝહ નામે કબીલાના ગદ્દાર યહૂદીઓને તેઓના વચનભંગ કે ગદ્દારીને કારણે સામૂહિક રીતે કતલ કરવામાં આવ્યા.

Maktabe Ashraf

૧૮——ગઝવએ-બનૂ લિહયાન.

બનૂ લિહયાન કબીલાના નિર્દય લોકોએ ૧૦ જેટલા નિર્દોષ સહાબાને ઈસ્લામની તબલીગના બહાને પોતાના વતનમાં બોલાવીને ધોકાબાજીથી શહીદ કરી નાખ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ખૂને-નાહકનો બદલો લેવા સહાબાના લશ્કર સાથે પહોંચી ગયા પણ દગલબાજ કાફિરો ઘરબાર છોડીને આજુબાજુના પહાડોમાં સંતાઈ ગયા.

૧૯——ગઝવએ-ઝી-કરદ.

ખૈબરના રસ્તે ગત્ફાન કબીલના પ્રદેશમાં ઝી-કરદ એક કૂવા કે ઝરણાનું નામ છે. મદીનહની બાજુમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંટોની ચરાગાહ હતી. ઉયૈનહ બિન હિસ્ન ફઝારી નામે ડાકૂ પોતાની ટોળકી સાથે છાપો મારીને બધાં ઊંટો હંકારી ગયો. આપ સહાબાનું લશ્કર લઈને ઝી-કરદ સુધી તેની પૂઠે તશરીફ લઈ ગયા.

૨૦——ગઝવએ-બનૂ મુસ્તલિક અથવા ગઝવએ-મુરૈસિઅ.

બનૂ ખુઝાઅહ કબીલાની એક શાખ બનૂ મુસ્તલિકના બંડખોરો સાથે મુરૈસિઅ નામના તળાવ કે ઝરણા પાસે આ યુધ્ધ ખેલાયું. મુશરિક બંડખોરોનો મુકમ્મલ પરાજય થયો.

૨૧——ગઝવએ-હુદૈબિયહ.

ઈસ્લામી ઈતિહાસને પાને નોંધાયેલી મશહૂર ઘટના.

૨૨——ગઝવએ-ખૈબર.

૨૩——ઉમ્રતુલ-કઝા

૨૪——ગઝવએ-ફત્હે-મક્કહ.

૨૫——ગઝવએ-હુનૈન.

૨૬——ગઝવએ-તાઈફ.

૨૭——ગઝવએ-તબૂક.

આ કુલ ૨૭ ગઝવાત છે એમાંના ૯ ગઝવાત એવા છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તલવારનો ઉપયોગ કર્યો તે આ છે : (૧) બદ્ર (૨) ઉહુદ (૩) ખન્દક (૪) કુરૈઝહ (૫) મુસ્તલિક (૬) ખૈબર (૭) ફત્હે-મક્કહ (૮) હુનૈન (૯) તાઈફ. બાકીના ૧૮ ગઝવાતમાં તલવારના ઉપયોગની જરૂર નહિ પડી. [૧]

સરાયાની સંખ્યા——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સરાયા અથવા બુઊસની સંખ્યા ૩૮ છે. એમાંના કેટલાક સરિય્યહ કહેવાય છે અને કેટલાક બઅસ કહેવાય છે. [૨] એની વિગત આ

૧. આ ૯ ગઝવાતમાં કુલ્લે ૧૦૪૮ માણસો માર્યા ગયા. એમાં ઈસ્લામ પક્ષે ૧૨૫ સહાબા શહીદ થયા. અને દુશ્મન પક્ષે ૯૨૩ મુશરિકો કતલ થયા. (સીરતે-અહમદે-મુજતબા જિ.૨ પા. ૧૭૧) ''હ''

૨. બઅસ એકવચન અને બુઊસ બહુવચન - બઅસ એવી લશ્કરી ટુકડી જેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કોઈ દુશ્મન તરફ મોકલાવી હોય પણ હેતુ જંગ કે મારામારીનો ન હોય. એનું જ બીજું નામ સરાયા. બંનેના અર્થ યુધ્ધ કે ખુનરેઝી નહિ બલકે ત્રાસવાદી કાફિરો કે કિનાખોર દુશ્મનોના દિલો પર પોતાના બળની ધાક બેસાડવાની લશ્કરી હિલચાલ અથવા માથાભારે તત્વોના મગજમાંથી ઘમંડ કમરગખોરીનો ધુમાડો કાઢી નાખવાનું અભિયાન. ''હ''

પ્રમાણે છે :

૧——સરિય્યએ-હઝરત ઉબૈદહ બિન હારિસ (રદિયલ્લાહુ અન્હુ)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉબૈદહ બિન હારિસને ૬૦ સવારોની લશ્કરી ટુકડી સાથે સનિય્યહ ઝુલ-મુર્રહ સ્થળે રવાના કર્યા જયાં અબૂ સુફયાનના ૨૦૦ માણસો સાથે ભેટો થયો.[1]

૨——સરિય્યએ-હઝરત હમઝહ બિન અબ્દુલ-મુત્તલિબ (રદિયલ્લાહુ અન્હુ)

સમુદ્ર કાંઠે આવેલા ઈસ નામે સ્થળે આ બનાવ સર્જાયો. કેટલાકના મંતવ્ય મુજબ સરિય્યએ-હમઝહનો બનાવ સરિય્યએ-ઉબૈદહ પહેલાં બન્યો.

૩——સરિય્યએ-હઝરત સઅદ બિન અબી વક્કાસ (રદિયલ્લાહુ અન્હુ)

મુલ્કે-શામના વેપારી માર્ગે આવેલા ખર્રાર નામે સ્થળે બનેલો બનાવ.

૪——સરિય્યએ-હઝરત અબ્દુલ્લાહ બિન જહશ (રદિયલ્લાહુ અન્હુ)

મક્કહ અને તાઈફ વચ્ચેના નખ્લહ સ્થળે સર્જાયેલી ઘટના.

૫——સરિય્યએ-હઝરત ઝૈદ બિન હારિસહ (રદિયલ્લાહુ અન્હુ)

કર્વહ નામના સ્થળે બનેલો બનાવ.

૬——સરિય્યએ-હઝરત મુહંમદ બિન મસ્લમહ (રદિયલ્લાહુ અન્હુ)

એમાં યહૂદીઓના એક ગુસ્તાખ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં અપમાનજનક નિંદાકાવ્યો લખીને તેનો પ્રચાર કરનાર યહૂદી શાઈર કઅબ બિન અશરફને કતલ કરવામાં આવ્યો.

૭——સરિય્યએ-હઝરત મરસદ બિન અબી મરસદ ગનવી (રદિયલ્લાહુ અન્હુ)

રજીઅ સ્થળે બનેલી લોહિયાળ ઘટના.

૮——સરિય્યએ-હઝરત મુનઝિર બિન અમ્ર (રદિયલ્લાહુ અન્હુ)

બીરે-મઊનહ સ્થળે સર્જાયેલી લોહિયાળ ઘટના.

૯——સરિય્યએ-હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ (રદિયલ્લાહુ અન્હુ)

ઈરાકના રસ્તે આવેલા ઝુલ-કસ્સહ મુકામે બનેલો બનાવ.

૧૦——સરિય્યએ-હઝરત ઉમર બિન ખત્તાબ (રદિયલ્લાહુ અન્હુ)

બનૂ આમિર કબીલાની ભુમિ પર બનેલો બનાવ.

૧૧——સરિય્યએ-હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)

મુલ્કે-યમનની ભૂમિ પર બનેલો બનાવ.

૧૨——સરિય્યએ-હઝરત ગાલિબ બિન અબ્દુલ્લાહ કલ્બી (રદિયલ્લાહુ અન્હુ)

એટલે કલ્બે-લૈસ જેનો બનાવ કદીદ સ્થળે સર્જાયો જયાં બનૂ મુલવ્વેહની કતલ થઈ.

---

૧. ગઝવાત પેઠે સરાયાનું વિગતવાર બયાન પણ અગાઉના પ્રકરણોમાં થઈ ચૂકયું છે. અહીં ફકત સંખ્યા દર્શાવવાનો હેતુ છે. ''હ''

સરિય્યએ-ગાલિબની વિગત——————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત જુન્દુબ બિન મુકૈસ જુહનીની રિવાયત મુજબ આ બનાવની વિગત એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ગાલિબ બિન અબ્દુલ્લાહ કલ્બીને એક લશ્કરી ટુકડી આપીને બનૂ મુલવ્વેહની વસતિ તરફ રવાના કર્યા. અને સાથે તેઓ પર છાપો મારવાનો આપે તેઓને હુકમ ફરમાવ્યો.

હઝરત જુન્દુબ બિન મુકૈસનું બયાન છે : આ લશ્કરી ટુકડીમાં હું પણ શામિલ હતો. તે વેળા બનૂ મુલવ્વેહના લોકો કદીદ નામે સ્થળે [૧] ભેગા થયેલા હતા. અમે લોકો મદીનહથી ઊપડીને કદીદ મુકામ તરફ રવાના થયા. રસ્તામાં અમને હારિસ બિન માલિક એટલે ઈબ્ને બરસા લૈસી નામે શખ્સ મળ્યો. અમે તેને પકડી લીધો. તે બોલ્યો, ''હું તો મુસલમાન બનવા માગું છું. મારે ફકત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુલાકાત લેવી છે. મને પકડી લેવાની જરૂર નથી.''

અમે તેને કહ્યું, ''ભલે તું મુસલમાન બનવા માગતો હોય પણ એક રાત માટે તને પકડી લેવામાં વાંધો નથી. જો મામલો ઊલટો બને તો તારી સચ્ચાઈની ખાતરી થઈ જશે.''

અમે તેને દોરડીઓથી જકડી લઈને અમારા બીજા સાથીઓને હવાલે કરી દેતાં કહ્યું, ''જુઓ આ ઈબ્ને બરસા કોઈ અવળચંડાઈ કરે તો એનું માથું કાપી લેજો.''

એ પછી હું અને મારા સાથીઓ ત્યાંથી ઊપડીને સૂર્યાસ્ત સમયે કદીદ મુકામે પહોંચી ગયા. આજુબાજુમાં બનૂ મુલવ્વેહના લોકો વસેલા હતા. અમે એક ખીણને છેડે પહોંચીને ત્યાં થોભી ગયા. મારા સાથીઓએ મને ''તલીઅહ'' (લશ્કરની વ્યવસ્થા માટે લશ્કરથી આગળ જઈને તહકીક કરનાર) તરીકે આગળ મોકલાવી દીધો. હું સાવચેતીથી આગળ વધીને એક પહાડી પાસે પહોંચી ગયો. ત્યાં એક ઝરણા પાસે કેટલાક લોકો વસેલા મારા જોવામાં આવ્યા. હું પહાડી પર ચઢીને છેક તેની ટોચ પર પહોંચી ગયો અને ઊંધો સૂઈને તેઓની હિલચાલ જોવા લાગ્યો. એટલામાં શું જોઉં છું કે એક માણસ ઘરમાંથી નીકળ્યો અને પહાડીની ટોચ તરફ જોતાં પોતાની બીબીને કહેવા લાગ્યો, ''તને ટોચ પર કંઈ દેખાય છે ? મને તો એક માણસ ત્યાં દેખાય છે જેને મેં આથી પહેલાં જોયો નથી. જરા જો તો ખરી, આપણા ઘરના સરસામાનમાંથી કોઈ વસ્તુ ચોરાઈ તો નથી ગઈ ? કોઈ કૂતરૂં આપણી કઈ વસ્તુ ખેંચી તો નથી ગયું ?''

તેની બીબીએ દરેક વસ્તુની તપાસ કરીને ખાતરી કરી લીધી અને પછી કહ્યું, ''ના આપણી કોઈ વસ્તુ ગુમ થઈ નથી. બધું જેમનું તેમ છે.''

આ માણસે પોતાની બીબીને હુકમ કર્યો, ''જા ઘરમાંથી મારૂં તીર કામઠું ઉપાડી લાવીને મને આપ.''

તેની બીબીએ એ વસ્તુઓ ઉપાડી લાવીને તેના હાથમાં આપી દીધી. તેણે કામઠામાં તીર જોડીને મારો નિશાનો લઈને તીર છોડયું. અલ્લાહના સોગંદ તેનો નિશાનો બરાબર બેઠો અને તીર સનન કરતું મારા પડખાંમાં આવીને ખૂંપી ગયું. જરાયે હલનચલન વિના મેં મારા પડખાંમાંથી તીર કાઢીને બાજુએ મૂકી દીધું અને પોતાની જગાએ સ્થિર રહ્યો. એટલામાં તેનું બીજું તીર આવીને મારા ખભામાં પેવસ્ત થઈ ગયું એને પણ જરાયે હલનચલન વિના કાઢીને મેં બાજુએ મૂકી દીધું અને પોતાની જગાએથી સહેજ પણ ડગ્યો નહિ.

---

૧. કદીદનો ઉચ્ચાર કુદૈદ તરીકે પણ થયો છે. ''૯''

આ જોઈને તેણે પોતાની બીબીને કહ્યું, ''અગર આ કોઈ માણસ કે કોઈ જાસૂસ હોત તો હલનચલન જરૂર કરત. મારાં બંને તીર આબાદ નિશાના પર બેઠાં છતાં કોઈ હરકત જોવામાં નહિ આવી. તું સવારે જઈને બંને તીર શોધીને લઈ આવજે. કદાચ કૂતરાં આવી ચઢે તો તેને ચૂંથી નાખશે.''એ પછી એ માણસ પોતાના ઘરની અંદર ચાલ્યો ગયો.

બનૂ મુલવ્વેહની વસાહત પર છાપો————હઝરત જુન્દુબ બિન મુકૈસનું બયાન છે : આ રીતે હું અને મારા સાથીઓ બનૂ મુલવ્વેહના લોકોને ઢીલ આપતા રહ્યા. તેઓના દિલને સંતોષ થતાં બધા મજાથી પોતપોતાના ઘરોમાં ઊંઘી ગયા અને રાત પસાર થતી રહી. જ્યારે પરોઢનો સમય થવા આવ્યો તો અમે અચાનક એ ગદ્દારોના ઘરો પર ઘોડા દોડાવી દીધા. જેઓના નસીબમાં કતલ થવાનું લખ્યું હતું તેઓને કતલ કર્યા અને તેઓના ઊંટો પણ હંકારી લાવ્યા. એ દરમિયાન તેઓની વસતિમાંથી એક માણસ નીકળી આવ્યો અને તેણે ઘાંટો ગજાવીને મદદ માટેની બૂમરાણ મચાવી દીધી. તેની બૂમરાણ સાંભળીને એક ગંજાવર ટોળું અમારા મુકાબલા માટે અમારી પૂઠે પડ્યું. અમારાથી તેઓનો મુકાબલો થાય એમ ન હોવાથી અમે ઊંટો હંકારતા દોડતા ચાલ્યા ગયા અને જ્યાં ઈબ્ને બરસા સાથે અમારા બીજા સાથીઓ થોભેલા હતા ત્યાં અમે પહોંચી ગયા. પછી તેઓને લઈને અમે ઝપાટાભેર આગળ વધી ગયા. અમારી પાછળ પેલું ગંજાવર ટોળું ધસારા ભેર આવતું હતું. છેવટે તેઓ અમારી બિલકુલ નઝદીક આવી લાગ્યા. એટલા નઝદીક કે અમારી અને તેઓની વચ્ચે માત્ર કદીદની ખીણ રહી જવા પામી.

હવે બીજી તરફ અલ્લાહની કુદરત જુઓ કે એજ વેળા પાણીનું એક ધસમસતું પૂર આવી લાગ્યું. હાલાં કે તે વેળા ન આકાશ પર વાદળ હતાં ન વરસાદ હતો. પૂરનો પ્રવાહ પણ એવો પ્રચંડ કે તેની ઉપર કોઈનો કાબૂ ચાલી શકે નહિ ન તેમાં ઝંપલાવાનું કોઈ સાહસ કરી શકે. પેલું ટોળું ત્યાં જ ઊભું-ઊભું અમને જોતું રહી ગયું અને અમે તેઓની આંખ સામે તેઓના ઊંટોને હંકારતા જઈ રહ્યા હતા. કોઈની મજાલ ન હતી કે પૂરને પાર કરીને અમને આંતરવાનું બીડું ઝડપે. સારાંશ કે અમે ઝડપભેર ઊંટોને હંકારતા અને તેઓથી સલામત રહીને હેમખેમ વાપસ આવી ગયા અને તેઓ અમને પકડી પાડવાનો કાબૂ મેળવી શક્યા નહિ.

હઝરત જુન્દુબએ વધુમાં ફરમાવ્યું, ''છેવટે અમે તેઓના ઊંટોને લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં સહીહ સલામત હાજર થઇ ગયા.''

ઈબ્ને ઇસ્હાક કહે છે : અસ્લમહ કબીલાના એક ગૃહસ્થે મને એજ કબીલાના એક ગૃહસ્થનું કથન ટાંકતાં કહ્યું કે, આ ઘટનાની રાતે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબાની લશ્કરી ટુકડીનો શિઆર (એટલે એકબીજાની ઓળખનો સંકેત શબ્દ)'' અમિત ! અમિત !'' એટલે મારો-મારો હતો.

ઈબ્ને હિશામ કહે છે : આ મુજાહિદ ગાઝીઓની સાહસકથા પુરી થઈ. હવે ફરીવાર હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સરાયા-બુઊસ્ની તફસીલ રજૂ કરું છું.

બાકી રહેલા સરાયા અને બુઊસ્

૧૩———સરિય્યએ-હઝરત અલી બિન અબી તાલિબ (રદિયલ્લાહુ અન્હુ)

ખૈબર ઇલાકાના ફદક સ્થળે વસનારા અબ્દુલ્લાહ બિન સઅદ બિન બક્રના ઝઘડાખોર કબીલાના લોકો

સાથે બનેલો બનાવ.

૧૪——સરિય્યએ-હઝરત ઉક્કાશહ બિન મિહસન (રદિયલ્લાહુ અન્હુ)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉક્કાશહ બિન મિહસનને ૪૦ સવારોની લશ્કરી ટુકડી સાથે ગમ્રહ નામના સ્થળે બનૂ સઅદ કબીલાના બંડખોરોના મુકાબલા માટે મોકલ્યા. બધા લોકો પોતાના ઘરો છોડીને પહાડોમાં ભરાઇ ગયા. ગનીમતમાં ૨૦૦ ઊંટો હાથ લાગ્યાં.

૧૫——સરિય્યએ-હઝરત અબૂલ-અવજાઅ સુલમી (રદિયલ્લાહુ અન્હુ)

બનૂ સુલૈમ કબીલાની વસતિમાં એનો બનાવ સર્જાયો. મદીનહ પર ચઢાઇની તૈયારી કરનારા બધા માર્યા ગયા.

૧૬——સરિય્યએ-હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદ (રદિયલ્લાહુ અન્હુ)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદને કતન નામે ઝરણા તરફ ૧૫૦ સવારોની ટુકડી સાથે મોકલ્યા. આ ઝરણું નજદ પ્રદેશની સીમા પર આવેલું છે. આ સરિય્યહમાં હઝરત મસઊદ બિન ઉર્વહ નામે સહાબી ગદ્દારોના હાથે શહીદ થઇ ગયા.

૧૭——સરિય્યએ-હઝરત મુહંમદ બિન મસ્લમહ (રદિયલ્લાહુ અન્હુ)

હવાઝિન કબીલાની વસાહતમાં આવેલા કર્તહ મુકામે સર્જાયેલી ઘટના.

૧૮——સરિય્યએ-હઝરત બશીર બિન સઅદ (રદિયલ્લાહુ અન્હુ)

ખૈબર પ્રદેશની સીમા પર આવેલા ફદક સ્થળે વસનારા બનૂ મુર્રહ કબીલાના લોકો સાથે બનેલો બનાવ.

૧૯——સરિય્યએ-હઝરત બશીર બિન સઅદ (રદિયલ્લાહુ અન્હુ)

ખૈબર અને વાદીયુલ-કુરા પાસે વસેલા બનૂ ગત્ફાનના ત્રાસવાદીઓ સાથે આ બનાવ બન્યો.

૨૦——સરિય્યએ-હઝરત ઝૈદ બિન હારિસહ (રદિયલ્લાહુ અન્હુ)

મદીનહથી ૧૨ માઇલના અંતરે નખ્લહની ખીણમાં આવેલા જમૂમ મુકામે વસનારા બનૂ સુલૈમના ત્રાસવાદીઓ સાથે બનેલો બનાવ.

૨૧——સરિય્યએ-હઝરત ઝૈદ બિન હારિસહ (રદિયલ્લાહુ અન્હુ)

ખશીન પ્રદેશની ભૂમિમાં જુઝામ સ્થળે એની ઘટના સર્જાવા પામી. વિગત નીચે મુજબ છે.

હઝરત ઝૈદના સરિય્યહની વિગત

આ બનાવની સંપૂર્ણ માહિતી ધરાવનારા જુઝામ કબીલાના કેટલાક વિશ્વાસપાત્ર ગૃહસ્થોએ એની વિગત દર્શાવતા મને કહ્યું કે, હઝરત રિફાઅહ બિન ઝૈદ જુઝામી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઇને પોતાની કૌમ પાસે ગયા. આ કાગળમાં એમની કૌમ - બનૂ જુઝામના લોકોને ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. પૂરી કૌમે આમંત્રણનો સ્વીકાર કરીને ઇસ્લામ ધર્મ કબૂલ કરી લીધો. એ પછી વધુ સમય પસાર નહિ થયો એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત દિહયહ બિન ખુલૈફહ

Maktabe Ashraf

કલ્બીને પોતાના એલચી બનાવીને રોમના શહેનશાહ કૈસરના દરબારમાં મોકલાવ્યા. આ પ્રવાસમાં હઝરત દિહયહ વેપારનો માલ પણ પોતાની સાથે લઇ ગયા હતા. કયસરના દરબારથી પાછા ફરતી વેળા રસ્તામાં હઝરત દિહયહ પોતાના સાથીઓ સાથે બનૂ જુઝામની "શનાર" નામે એક ખીણમાં પડાવ નાખીને થોભેલા હતા. એટલામાં હુનૈદ બિન ઔસ અને તેનો બેટો ઔસ બિન હુનૈદ અચાનક ચઢી આવ્યા અને હઝરત દિહયહ પર ઓચિંતો છાપો માર્યો. એ બંને બનૂ જુઝામની શાખ ઝલીઅના ખાનદાનમાંથી હતા. હઝરત દિહયહ પાસે જે કંઇ હતું બધું લૂંટીને લઇ ગયા.

આ લૂંટના સમાચાર દબીબ કબીલાના અમુક ગૃહસ્થોને મળવા પામ્યા જેઓ હઝરત રિફાઅહ બિન ઝૈદના ખાનદાનમાંથી હતા અને જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આમંત્રણને માન આપીને મુસલમાન બની ગયા હતા. સમાચાર મળતાં જ આ લોકો બનૂ દબીબના એક ગૃહસ્થ નુઅમાન બિન અબૂ જુઆલને લઇને હુનૈદ અને તેના બેટાના મુકાબલા માટે નીકળી પડયા. આ લોકોએ રસ્તામાં જ બંને બાપ-બેટાને આંતરી લીધા. બંને પક્ષે સખત મુકાબલો થયો. હુનૈદની ટોળીમાંથી કુરહ બિન અશકર દફાવી ઝલઅી નામના માણસે નુઅમાન બિન અબૂ જુઆલ તરફ એક તીર માર્યું અને સાથે જ પોકાર્યો, "અનબ્નુ લુબના" એટલે હું લુબનાનો બેટો છું. અને લુબના તેની માંનું નામ હતું.

કુરહ બિન અશકરનું તીર કમાનમાંથી નીકળીને સીધું હઝરત નુઅમાનના ઘૂંટણમાં ખૂપી ગયું ત્યારે કુરહ બિન અશકર ફરીવાર પોકારી ઊઠયો, "ખુઝહા વ અનબ્નુ લુબના." એટલે લેતો જા મારા તરફથી આ તીર હું લુબનાનો બેટો છું ! તેઓમાં હસ્સાન બિન મિલ્લહ દબીબી નામોના શખ્સ પણ હતો જેને હઝરત દિહયહ કલ્બીએ કુર્આનનું શિક્ષણ આપ્યું હતું અને તે હઝરત દિહયહની સેવામાં રહી ચૂકયો હતો.

ઇબ્ને હિશામ કહે છે : એક રિવાયત મુજબ કુરહ બિન અશકર દફાવી નહિ, દફારી છે અને બીજાનું નામ હસ્સાન નહિ બલકે હય્યાન છે.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને નેકનામીમાં પંકાયેલા એક પ્રામાણિક ગૃહસ્થે બનૂ જુઝામના એક નેકદિલ શખ્સની રિવાયત ટાંકતા કહ્યું કે, આ મારામારીના નતીજા રૂપે હઝરત રિફાઅહ બિન ઝૈદના કબીલાના મુસલમાન બનેલા લોકોએ હુનૈદ અને તેની ટોળકીના કબજામાંથી લૂંટનો બધો માલ પાછો મેળવી લઇને હઝરત દિહયહને હવાલે કરી દીધો અને હઝરત દિહયહ, એ બધો માલ લઇને રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં સહીસલામત પહોંચી ગયા. અને રસ્તામાં બનેલા બનાવની પુરી વિગત આપને કહી સંભળાવી અને છેલ્લે દરખાસ્ત કરી કે, "યા રસૂલલ્લાહ ! હુનૈદ અને તેના પુત્રને કતલ કરવાની વ્યવસ્થા કરવામાં આવે."

હુનૈદ અને તેના બેટાનો અંજામ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હુનૈદના જથ્થા તરફ હઝરત ઝૈદ બિન હારિસહને રવાના કર્યા. અને આ રીતે ઉપરના બનાવને કારણે હઝરત ઝૈદને બનૂ જુઝામના લૂંટારાઓ સાથે લડવા માટે મોકલાવવામાં આવ્યા હઝરત ઝૈદને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક લશ્કરી ટુકડી આપી હતી.

જે સમયે હઝરત રિફાઅહ બિન ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો મુબારક કાગળ લઇને પોતાની કૌમ બનૂ જુઝામ પાસે ગયા હતા તે વેળા બનૂ જુઝામના ગત્ફાન, બનૂ વાઇલ, બનૂ સલમાન અને બનૂ સઅ્દ બિન હુઝૈમ ખાનદાનના કેટલાક લોકો પોતાની વસાતિમાંથી નીકળીને "હર્રહ રજલા" સ્થળે પહોંચી

ગયા હતા. હઝરત રિફાઅહ બિન ઝૈદ જ્યારે ''કુરાઅ રિબ્બહ'' સ્થળે પહોંચ્યા તો એમને ખબર ન હતી કે ગત્ફાન વગેરેના લોકો ''હર્રહ રજલા''માં મવજૂદ છે. હઝરત રિફાઅહની સાથે બનૂ દુબૈબના કેટલાક માણસો પણ હતા. બાકીના બનૂ દુબૈબના લોકો હર્રહ પાસે આવેલી મદાન નામે ખીણમાં થોભેલા હતા. મદાનની ખીણમાં એક ઝરણું હતું જે પૂર્વ દિશાએ વહેતું હતું. હઝરત ઝૈદ બિન હારિસહનું લશ્કર ''અવલાજ'' તરફથી આવ્યું અને હર્રહની દિશાએથી માકિસમાં થોભેલા દુશ્મનો પર ઓચિંતું તૂટી પડયું. બધાને ઘેરી લીધા. પુષ્કળ માલસામાન અને કેદીઓ હાથ લાગ્યા. એ બધું એક સ્થળે ભેગું કર્યું. હુનૈદને, તેના બેટાને અને બનૂ અજનફ અથવા બનૂ અહનફના બે માણસોને કતલ કરવામાં આવ્યા.

(નોટ : આ જંગમાં પુરૂષ કેદીઓ ઉપરાંત સો જેટલાં સ્ત્રી-બાળકો પણ કેદ પકડાયાં એક હજાર ઊંટો અને પાંચ હજાર ઘેટાં-બકરાં હાથ લાગ્યાં. એમની સાથે હઝરત રિફાઅહ બિન ઝૈદની કૌમના લોકો પણ રહેતા હતા જેઓ મુસલમાન હતા. ભૂલથી એમના સ્ત્રી-બાળકો પણ પકડાઇ ગયાં. હઝરત રિફાઅહ બિન ઝૈદએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થઇને એમને છોડી મૂકવાની ભલામણ કરી. આપે તેમની ભલામણનો સ્વીકાર કરીને હઝરત અલી બિન અબી તાલિબને હુકમ ફરમાવ્યો કે ઝૈદ બિન હારિસહના લશ્કરમાં જઇને મારો સંદેશો પહોંચાડો અને રિફાઅહના તમામ માણસોને તેઓના માલ-સામાન સાથે છોડાવી લાવો. હઝરત અલી આપના ફરમાન મુજબ હઝરત ઝૈદ બિન હારિસહના લશ્કરમાં ગયા અને હઝરત રિફાઅહના તમામ માણસોને છોડાવી લાવ્યા.)

૨૨——સરિય્યએ-હઝરત ઝૈદ બિન હારિસહ (રદિયલ્લાહુ અન્હુ)

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઝૈદ બિન હારિસહના આ સરિય્યહનો બનાવ ઇરાકના રસ્તે આવેલા નખલિસ્તાનના કિનારે ''તરફ'' નામના સ્થળે સર્જાયો.

૨૩——સરિય્યએ-બની ફઝારહ.

હઝરત ઝૈદ બિન હારિસહનો આ તે સરિય્યહ છે જેની ઘટના વાદીયુલ-કુરા સ્થળે સર્જાવા પામી. અહીં હઝરત ઝૈદ બિન હારિસહએ બનૂ ફઝારહના ત્રાસવાદીઓ સાથે સાહસભરી ટક્કર લીધી. આ જંગમાં હઝરત ઝૈદના ઘણાખરા સાથીઓ શહીદ થઇ ગયા. હઝરત ઝૈદ પોતે પણ ગંભીર રીતે ઘવાઇને મરણ પામેલાઓના ઢગલામાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા રહ્યા. વરદ બિન અમ્ર બિન મુદરશ નામનો એક યુવક પણ આ જંગમાં માર્યો ગયો. એ બનૂ સઅદ બિન હુઝૈલના એક અગ્રણી શખ્સ હતો. બનૂ બદ્રના એક માણસના હાથે માર્યો ગયા. ઇબ્ને હિશામના કથન મુજબ એ માણસ બનૂ સઅદ બિન હુઝૈમમાંથી હતો.

ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઝૈદ બિન હારિસહ અલ્લાહની કૃપાથી સહીસલામત મદીનહ વાપસ થયા તો તેમણે સોગંદ લીધા કે જરૂર તેઓ બનૂ ફઝારહ સાથે જંગ કરશે. જ્યારે તેમના જખ્મો રૂઝાઇ ગયા અને તેઓ અગાઉ પેઠે ચપળ થઇ ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમને લશ્કરી ટુકડી આપીને બનૂ ફઝારહ તરફ રવાના કરી દીધા.

હઝરત ઝૈદએ ફરીવાર એજ વાદીયુલ-કુરા સ્થળે પહોંચીને યુદ્ધનો પડકાર ફેંક્યો અને તેઓ પર વીજળી પેઠે ત્રાટકીને એવી કત્લે-આમ ચલાવી કે કુશ્તાઓના પુશ્તા લાગી ગયા. બીજી તરફ કૈસ બિન મુસહ-હર યઅમુરીએ મસ્અદહ બિન હિકમત બિન માલિક બિન હુઝૈફહ બિન બદ્રને કતલ કર્યો અને સાથે જ ઉમ્મે-

Maktabe Ashraf

કિર્ફહ નામની સ્ત્રી જેનું મૂળ નામ ફાતિમહ બિન્તે રબીઅહ બિન બદ્ર હતું, જે માલિક બિન હુઝૈફહ બિન બદ્રની બૈરી હતી અને બુઢ્ઢી થઇ ગઇ હતી તેને અને તેની બેટીને અને અબ્દુલ્લાહ બિન મસ્અદહને ગિરિફતાર કરી લેવામાં આવ્યા. એ પછી હઝરત ઝૈદ બિન હારિસહએ કૈસ બિન મુસહ-હરને હુકમ ફરમાવ્યો કે તેઓ ઉમ્મે-કિર્ફહને કતલ કરી નાખે. તેમના આ હુકમનું પાલન કરવામાં આવ્યું અને ઉમ્મે-કિર્ફહને કતલ કરવામાં આવી. એ પછી હઝરત ઝૈદ પોતાની લશ્કરી ટુકડી સાથે, ઉમ્મે-કિર્ફહની બેટી અને અબ્દુલ્લાહ બિન મસ્અદહને લઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં મદીનહ પહોંચી ગયા.

ઉમ્મે-કિર્ફહની બેટીનો મામલો————ઉમ્મે - કિર્ફહની જવાન બેટીને હઝરત સલમહ બિન અમ્ર બિન અક્વઅને હવાલે કરી દેવામાં આવી. તેમણે જ એને ગિરિફતાર કરી હતી. ઉમ્મે-કિર્ફહની બેટી તેની કૌમના આબરૂદાર ઘરાનાની કન્યા હતી. તેની મા ઉમ્મે-કિર્ફહ પોતે પણ એક જાજરમાન અને આબરૂદાર ખાતૂન તરીકે દૂર-દૂર સુધી પંકાયેલી હતી. અરબના લોકો તેનું નામ લઇને દાખલારૂપે કહ્યા કરતા, ''જો તમે ઉમ્મે-કિર્ફહથી વધારે આબરૂદાર હોત તો યે તેની તોલે પહોંચી શકત નહિં ! (અથવા કાશ ! હું ઉમ્મે-કિર્ફહથી વિશેષ આબરૂદાર હોત !)

હઝરત સલમહ બિન અમ્ર બિન અક્વઅએ ઉમ્મે-કિર્ફહની કન્યાને, પોતાને અર્પણ કરી દેવાની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી હતી અને આપે તેમની આ દરખાસ્ત વધાવી લીધી હતી. હઝરત સલમહએ પોતાને ભેટ તરીકે મળેલી ઉમ્મે-કિર્ફહની કન્યાને, પોતાના મામા હઝરત હઝન બિન વહબને ભેટ તરીકે આપી દીધી જેની કૂખથી અબ્દુર્રહમાન બિન હઝનનો જન્મ થયો.

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૭

ગઝવાત અને સરાયા

—————૨—————

બાકીના સરાયાની વિગત • સરિય્યએ-ઇબ્ને રવાહા • સરિય્યએ-ઇબ્ને અતીક • સરિય્યએ-ઇબ્ને ઉનૈસ • ઇસ્લામના દુશ્મનનું માથું • મુબારક લાકડીનો તોહફો • કેટલાક બીજા સરાયા • બનૂ અમ્બરના કેદીઓનું આગમન • સરિય્યએ-ગાલિબ • કલિમો પઢનારાને કતલ કરી શકાય ? • સરિય્યએ-ઇબ્ને આસ • રાફિઅ તાઇ ખ્રિસ્તીની આપવીતી • હઝરત અબૂબકની નસીહત • ખિલાફત પછીનો બનાવ • શંકાશીલ ઊંટનું ગોશ્ત.

Maktabe Ashraf

બાકીના સરાયાની વિગત

૧——સરિય્યએ-હઝરત ઇબ્ને રવાહા (રદિયલ્લાહુ અન્હુ)

મદીનહથી દેશનિકાલ થઈને ખૈબરમાં જઈ વસેલા યહૂદીઓના ઈલાકામાં હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાના સરીય્યહના બે પ્રસંગો સર્જાવા પામ્યા. એમાંથી એકમાં હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ યુસૈર બિન રિઝામ નામે યહૂદી સરદારને કતલ કર્યો. ઈબ્ને હિશામ કહે છે : એક રિવાયતમાં રિઝામને બદલે રાઝિમ નામ આવેલું છે.

યહૂદી સરદાર યુસૈર બિન રિઝામનો બનાવ એમ છે કે, એ માણસ મદીનહ પર ચઢાઈ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે જંગ ખેલવા માટે બનૂ ગત્ફાન કબીલાના લડવૈયાઓને ખૈબરમાં ભેગા કરી રહ્યો હતો. આપને એના સમાચાર મળી ગયા. આપે સહાબાની એક લશ્કરી ટુકડી તૈયાર કરી અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને તેના અમીર બનાવીને ખૈબર તરફ રવાના કરી દીધા. આ ટુકડીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ પણ શામિલ હતા.

હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા લશ્કરી ટુકડી લઈને ખૈબર પહોંચી ગયા અને યહૂદી સરદાર યુસૈર બિન રિઝામની મુલાકાત લઈને બોલ્યા, ''હે યહૂદી સરદાર ! જો તમે મારી સાથે મદીનહ આવો અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને રૂબરૂમાં સુલેહની વાતચીત કરો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તમને માનપાનથી વધાવી લઈને ખૈબરના પૂરા ઈલાકાના ગવર્નર બનાવી દેશે.''

હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અને તેમના સાથીઓ યહૂદી સરદારને બરાબર સમજાવતા અને મનાવતા

રહ્યા. છેવટે વાત તેના ધ્યાનમાં ઊતરી જતાં તે પોતાની એક લશ્કરી ટુકડી લઈને મુસલમાનો સાથે મદીનહ જવા રવાના થઈ ગયો. હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસએ યહુદી સરદારને પોતાના ઊંટ પર બેસાડી લીધો હતો.

યુસૈર બિન રિઝામ જ્યારે ખયબરથી છ માઈલના અંતરે આવેલા કરકરહ મુકામે પહોંચ્યો તો તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજરી આપવાનું નામોશી ભરેલું લાગ્યું. (પોતે સરદાર કે યહૂદીઓનો બાદશાહ છે, સામે ચાલીને જવાની નામોશી શા માટે વહોરવી એવો શયતાની વસવસો આવ્યો) એજ વેળા તેણે મિયાનમાંથી તલવાર ખેંચી કાઢી અને વાર કરે તે પહેલાં હઝરત અબ્દુલ્લાહ સમજી ગયા. પોતે પણ વિના વિલંબે તલવાર ખેંચી કાઢી. આ જોઈને યહૂદી સરદારે પોતાનો હાથ રોકી લીધો. બે વાર આમ બન્યું અને હઝરત અબ્દુલ્લાહએ દરગુજરની નીતિથી કામ લીધું. જ્યારે ત્રીજીવાર યહૂદી સરદારે એજ હરકત કરી તો હઝરત અબ્દુલ્લાહએ તલવારનો વાર કરીને તેનો પગ કાપી નાખ્યો. વળતામાં યહૂદી સરદારે શૂહત ઝાડની લાઠીનો ફટકો માર્યો જેનાથી હઝરત અબ્દુલ્લાહનું માથું ફાટી ગયું. હવે બંને પક્ષ એકબીજા સાથે બાખડી પડયા જેમાં દરેક સહાબીએ પોતાના યહૂદી સાથીને કતલ કરી નાખ્યો. અલબત્ત એક યહૂદી જાન બચાવીને નાસી છૂટવામાં કામયાબ થઈ ગયો. પછી જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા પોતાની લશ્કરી ટુકડી સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસે માથાના ઘાને કારણે થોડુંક લોહી થૂંક્યું. પણ બાદમાં ઘા રૂઝાઈ ગયો અને કોઈ તકલીફ નહિ થઈ.

૨——સરિય્યએ-હઝરત ઇબ્ને અતીક (રદિયલ્લાહુ અન્હુ)——————હઝરત અબ્દુલ્લાહ બિન અતીકના આ સરિય્યહની ઘટના ખયબરમાં સર્જાવા પામી. એમાં હઝરત અબ્દુલ્લાહ બિન અતીકે ખયબરના યહૂદીઓના સરદાર અબૂ રાફિઅ બિન અબુલ-હુકૈકને તેની ગુસ્તાખીઓ અને અવળચંડાઈઓને કારણે કતલ કરી નાખ્યો. એનું પૂરૂં નામ અબૂ રાફિઅ સલ્લામ બિન અબુલ-હુકૈક હતું.

૩——સરિય્યએ-ઇબ્ને ઉનૈસ (રદિયલ્લાહુ અન્હુ)——————આ સરિય્યહનો બનાવ નખ્લહ અથવા ઉરનહ સ્થળે બનવા પામ્યો. એમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસે ઈસ્લામના કટ્ટર શત્રુ ખાલિદ બિન સુફયાન બિન નુબૈહ હુઝલીને કતલ કર્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસને ખાલિદ બિન સુફયાન બિન નુબૈહ તરફ જવાનો હુકમ ફરમાવ્યો. તે વેળા ખાલિદ બિન સુફયાન નખ્લહ અથવા ઉરનહ સ્થળે મવજૂદ હતો. અહીં તે બીજા લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે લડવા માટે ભેગા કરી રહ્યો હતો. હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસે ત્યાં જઈને તેને કતલ કરી નાખ્યો.

ઈસ્લામના દુશ્મનનું માથું——————ઇબ્ને ઈસ્હાક કહે છે: મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે કહ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસે પોતાની કથા ટાંકતાં ફરમાવ્યું : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને બોલાવ્યો અને ફરમાવ્યું, ''જુઓ મને બાતમી મળી છે કે ખાલિદ બિન સુફયાન બિન નુબૈહ આપણા સાથે લડાઈ કરવા માટે લોકોને ભેગા કરી રહ્યો છે. અત્યારે તે નખ્લહ અથવા ઉરનહ સ્થળે લડાઈની ખટપટમાં લાગેલો છે. તમે તેની પાસે જાવ અને તેને કતલ કરી નાખો.''

મેં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! મને તેની કંઈક ઓળખ બતાવો કે જેથી હું તેને ઓળખી શકું.''

આપે ફરમાવ્યું, ''તમે તેને જોશો તો તરત તમને શયતાન યાદ આવી જશે. બીજી નિશાની તમારી

અને તેની વચ્ચે આ છે કે તમે તેને જોશો તો તેના શરીર પર કંપારી પ્રસરેલી હશે.''

પછી હું તલવારથી સજ્જ થઇને પ્રવાસ કરતો તેની પાસે પહોંચી ગયો. તે વેળા તે ઊંટોની અંબાડીઓમાં બેઠેલી સ્ત્રીઓ વચ્ચે ઘેરાયેલા હતો અને તેણીઓના ઉતારા માટે જગ્યા શોધવાની ખટપટમાં હતો. અસરની નમાઝનો સમય થઇ ગયો હતો. મેં તેને જોયો તો તેના શરીર પર ધ્રુજારી પ્રસરેલી હતી જેની નિશાની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને બતાવી હતી. હું ધીરે ધીરે તેની તરફ આગળ વધવા લાગ્યો, સાથે જ ડરી પણ રહ્યો હતો કે કયાંક મારી અસરની નમાઝ ન છૂટી જાય. તેની તરફ જતી વેળા ચાલતાં-ચાલતાં ઇશારાથી મેં મારી અસરની નમાઝ પૂરી કરી લીધી. જ્યારે હું નઝદીક પહોંચી ગયો તો તેણે મને પૂછયું, ''કોણ છે?''

મેં ઠાવકા મુખે જવાબ આપ્યો, ''હું અરબનો એક માણસ છું. મેં સાંભળ્યું છે કે તમે મદીનહ પર ચઢાઇ કરીને પેલા ગૃહસ્થ સાથે લડાઇ કરવા માગો છો અને તે માટે લોકોને ભેગા કરી રહ્યા છો. હું પણ એજ હેતુએ તમારી મદદ માટે અહીં આવ્યો છું.''

તે બોલ્યો, ''બહુ સારૂં, તું ભલે આવ્યો. હું પણ એજ ખટપટમાં લાગેલો છું.''

હું પડછાયા પેઠે તેની સાથે લાગેલો રહ્યો ત્યાં સુધી કે છેવટે મને તક મળી આવી. એક પળના વિલંબ વિના તલવારથી મેં તેનું ડોકું કાપી નાખ્યું અને પછી તેની સ્ત્રીઓને તેની લાશ પર વિલાપ કરતી છોડીને હું ત્યાંથી નીકળી નાઠો. જ્યારે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો તો મને જોઇને આપે ફરમાવ્યું, ''એનો ચેહરો બતાવે છે કે એ કામયાબ થઇને આવ્યો છે.''

મેં કહ્યું, ''યા રસૂલલ્લાહ ! મેં તેને કતલ કરી નાખ્યો છે.''

આપે ફરમાવ્યું, ''સાચી વાત છે.''

મુબારક લાકડીનો તોહફો————પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મને પોતાના પવિત્ર ઘરમાં લઇ ગયા અને એક અસા (એટલે લાકડી) આપતાં મને ફરમાવ્યું, ''આ અસા તમારી પાસે રાખો.''

અસા હાથમાં લઇને હું લોકોમાં નીકળ્યો તો તેઓએ મને પૂછયું, ''આ કેવો અસા છે ?''

મેં જવાબ આપ્યો, ''એ અસા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને ભેટ આપ્યો છે. એને હું મારી પાસે રાખીશ.''

લોકો બોલ્યા, ''શું આ વાજબી નહિ લેખાશે કે તમે પાછા જઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂછી લો કે આ અસા તમને શું કામ માટે આપ્યો છે ?''

હું વાપસ ગયો અને મેં અરજ કરી, ''યા રસૂલલ્લાહ ! આપે આ અસા મને શું કામ માટે આપ્યો છે ?''

આપે ફરમાવ્યું, ''આ અસા કિયામતના દિવસે મારી અને તમારી વચ્ચે એક નિશાની રહેશે. તે દિવસે અસાનો ટેકો લેનારા ઓછા લોકો હશે.''

આ ઘટનાના રાવી મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરે વધુમાં ઉમેર્યું : હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસે આ અસા મરતાં દમ સુધી પોતાની પાસે રાખ્યો અને જ્યારે તેમનો ઇન્તેકાલ થવા લાગ્યો તો વસિય્યત કરી

કે આ અસા મારા કફનમાં મૂકી દેજો. તેમની વસિય્યત મુજબ મુબારક અસાને તેમની સાથે દફન કરી દેવામાં આવ્યો.

ઇબ્ને હિશામ કહે છે : આ ઘટના પ્રસંગે હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસે એક કસીદો રચ્યો હતો. તેના કેટલાક શેઅર આ છે :

તરક-તુબ્નુ સવરિન કલ-હુવારિ વ હવ-લહૂ, • નવાઇહુ તફરી કુલ્લ જયબિન મુકદ-દદિ.

હું પેલા બળદના બચ્ચાંને, જે ઊંટણીના બચ્ચાં જેવો હતો, પછાડીને એવી દશામાં છોડી આવ્યો કે તેની ચારે તરફ વિલાપ કરનારી સ્ત્રીઓ રડી રડીને પોશાકનો પાલવ ફાડી રહી હતી.

અકૂલુ લહૂ વસ- સયફુ યઅજુમુ રઅ-સહૂ, • અનબ્નુ ઉનૈસિન ફારિસન ગયર કુઅ-દુદિ.

જે પળે મારી તલવાર તેનું ડોકું કાપી રહી હતી, હું તેને કહેતો હતો કે હું ઉનૈસનો બેટો શાહસવાર છું. કોઇ નીચ કે હલકટ નથી.

વ કુલ્તુ લહૂ ખુઝહા બિ-દરબતિ માજિદિન, • હનીફિન અલા દીનન - નબિય્યિ મુહમ્મદિ.

અને મેં તેને કહ્યું, લેતો જા એક એવા સજ્જન પુરૂષનો ફટકો, જે મુહંમદ નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દીન પર સીધો કાયમ છે.

વ કુન્તુ ઇઝા હમ્મન નબીય્યુ બિ-કાફિરિન, • સબક-તુ ઇલૈહિ બિલ-લિસાનિ વ બિલ-યદિ.

અને હું તે છું કે જયારે નબીય્યે કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કોઇ કાફિરને કતલ કરવાનો હુકમ ફરમાવે છે તો હું હાથ અને જીભ બંનેથી તેની ઉપર તૂટી પડું છું.

કેટલાક બીજા સરાયા————ઇબ્ને ઇસ્હાક કહે છે :

૪——એક સરિય્યહ તે હતો જે હઝરત ઝૈદ બિન હારિસહ, હઝરત જઅફર બિન અબી તાલિબ અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ મુલ્કે-શામમાં મૂતહના મુકામે કર્યો હતો અને જેમાં એ બધા શહીદ થઇ ગયા હતા.

૫——અને એક સરિય્યહ તે હતો જે હઝરત કઅબ બિન ઉમૈર ગિફારીએ મુલ્કે-શામમાં અત્લાહના મુકામે કર્યો હતો. અને તેમાં હઝરત કઅબ બિન ઉમૈર અને તેમના બધા સાથીઓ શહીદ થઇ ગયા હતા.

૬——અને એક સરિય્યહ તે હતો જે હઝરત ઉયૈનહ બિન હિસ્ન બિન હુઝૈફહ બિન બદ્રએ બનૂ તમીમની શાખ બનૂ અમ્બર સાથે કર્યો. તેની વિગત આ છે :

સરિય્યએ હઝરત ઇબ્ને હિસ્ન (રદિયલ્લાહુ અન્હુ)————એ બાબત એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉયૈનહ બિન હિસ્નને બનૂ અમ્બરની વસતિ તરફ રવાના કર્યા. એમણે ત્યાં પહોંચીને બનૂ અમ્બર પર છાપો માર્યો. તેઓમાંથી કેટલાકને કતલ કર્યા અને ઘણાને ગિરિફતાર કરી લીધા.[1]

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને આસિમ બિન ઉમર બિન કતાદહએ કહ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

૧. એનું કારણ એમ બન્યું કે બનૂ અમ્બરના મુસલમાનો પાસેથી ઝકાતની વસૂલી માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત બિશ્ર બિન સુફયાન અદવીને મોકલ્યા. અમુક લોકો ઝકાત આપવા તૈયાર થઇ ગયા પણ બીજા લોકોએ આડા ફાટીને પડકાર ફેંક્યો, "ખબરદાર અલ્લાહના સોગંદ, એક ઊંટ અહીંથી જઇ શકશે નહિ !" ઘણી સમજાવટ છતાં તેઓ માન્યા નહિ ત્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉયૈનહને ૫૦ સવારો આપીને મોકલ્યા. મુકાબલો થતાં ૧૧ મરદો, ૨૧ ઓરતો અને ૩૦ બાળકો કેદ થયાં. બનૂ તમીમનું મંડળ પોતાના એજ કેદીઓને છોડાવવા આવ્યું હતું. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૭૪) "હ"

વ સલ્લમના પાક બીબી હઝરત આઇશહએ વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! ઇસ્માઇલ અલૈહિસ-સલામની અવલાદમાંથી એક ગુલામને આઝાદ કરવો મુજ પર વાજિબ છે."

આપે ફરમાવ્યું, "બનૂ અમ્બરના કેદીઓ હમણા આવી લાગશે. તેમાંથી એક કેદી હું તમને આપી દઇશ, તેને આઝાદ કરી દેજે."

બનૂ અમ્બરના કેદીઓનું આગમન————ઇબ્ને ઇસ્હાક કહે છે : પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે બનૂ અમ્બરના કેદીઓ આવ્યા તો બનૂ તમીમનું એક મંડળ પણ સવારીઓ પર બેસીને આપની તહેનાતમાં આવી લાગ્યું. એમાં આ ગૃહસ્થો શામિલ હતા :

(૧) રબીઅહ બિન રફીઅ (૨) સબ્રહ બિન અમ્ર (૩) કઅકાઅ બિન મઅબદ (૪) દાન બિન મુહરિઝ (૫) કૈસ બિન આસિમ (૬) માલિક બિન અમ્ર (૭) અકરઅ બિન હાબિસ (૮) ફરાસ બિન હાબિસ.

આ લોકોએ પોતાના કબીલાના કેદીઓ અંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે વાટાઘાટ કીધી. આપે કેટલાક કેદીઓને આઝાદ કરી દીધા અને કેટલાકને ફિદિયો લઇને છોડી મૂકયા. આ પ્રસંગે જંગમાં જે લોકો માર્યા ગયા તેઓમાં અબ્દુલ્લાહ અને તેના બે ભાઇઓ હતા. એ ત્રણે વહબના પુત્રો હતા. માર્યા ગયેલાઓમાં શદ્દાદ બિન ફરાસ અને હન્ઝલા બિન દારમ પણ હતા.

આ જંગમાં બનૂ અમ્બરની જે સ્ત્રીઓ કેદ પકડાઇને આવી તેમાં અસમા બિન્તે માલિક, કાસ બિન્તે અરી, નજવહ બિન્તે નહદ, જુમૈઅહ બિન્તે કૈસ અને અમ્રહ બિન્તે મતર શામિલ હતી.

૭——સરિય્યએ - હઝરત ગાલિબ બિન અબ્દુલ્લાહ (રદિયલ્લાહુ અન્હુ) ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ગાલિબ બિન અબ્દુલ્લાહ કલ્બીના આ સરિય્યહનો બનાવ બનૂ મુર્રહના ઇલાકામાં બનવા પામ્યો. ઝપાઝપી દરમિયાન મિરદાસ બિન નુહૈક નામનો માણસ માર્યો ગયો. આ માણસ બનૂ મુર્રહ કબીલાનો હલીફ હતો અને જુહૈનહ કબીલાની શાખ હુરકહ ખાનદાનનો એક સભ્ય હતો. એને હઝરત ઉસામહ બિન ઝૈદ અને એક અન્સારીએ કતલ કર્યો હતો.

કલિમો પઢનારને કતલ કરી શકાય ?————ઇબ્ને ઇસ્હાક કહે છે : મિરદાસ બિન નુહૈકની કતલનો બનાવ વર્ણવતાં હઝરત ઉસામહ બિન ઝૈદ પોતે ફરમાવે છે : "મેં અને એક અન્સારીએ મિરદાસ બિન નુહૈકને ઘેરીને અમારા દાવમાં લીધો. જ્યારે અમે બંનેએ તેને મારવા પોતાની તલવારો ઉગામી તો તે જોરથી બોલી ઊઠયો, "અશહદુ અલ-લાઇહ ઇલ્લલ-લાહ." (એટલે હું ગવાહી આપું છું કે અલ્લાહ વગર કોઇ મઅબૂદ નથી.)

પરંતુ આ કટોકટીની પળે અમને તેના કલિમાનો વિશ્વાસ નહિ બેઠો. અમે ઉગામેલી તલવારો રોકી લેવાને બદલે અમે તેને કતલ કરી નાખ્યો. એ પછી અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા અને મિરદાસ બિન નુહૈકનો બનાવ આપને કહી સંભળાવ્યો. જેને સાંભળીને આપના દિલને સખત આઘાત લાગ્યો. આપે ભારે ખેદથી ફરમાવ્યું,

"હે ઉસામહ ! તમે લા ઇલાહ ઇલ્લલ-લાહના કલિમાની દરકાર નહિ કીધી. હવે એની જવાબદારીમાંથી કોણ તમને નિર્દોષ ઠરાવશે ?"

Maktabe Ashraf

આ સાંભળીને મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! આ કલિમો તેણે ફકત કતલથી બચવા માટે ઉચ્ચાર્યો હતો."

આપે ફરીવાર ફરમાવ્યું, "હે ઉસામહ ! લા ઈલાહ ઈલ્લલ-લાહની જવાબદારીમાંથી કોણ તમને નિર્દોષ ઠરાવશે ?" [૧]

હઝરત ઉસામહ બિન ઝૈદનું બયાન છે : કસમ છે તે અલ્લાહના જેણે આપને સચ્ચાઈની સાથે પોતાના પયગમ્બર બનાવીને મોકલ્યા, આપ લગાતાર એજ વાકય દોહરાવતા રહ્યા ત્યાં સુધી કે હું એક મુસલમાન તરીકે આજ સુધી જીવ્યો તેનો મને પસ્તાવો થવા લાગ્યો અને મારા મનમાં એવી તમન્ના જાગી કે, કાશ! હું આજે જ મુસલમાન બન્યો હોત ! અને આ વાત પણ કે, કાશ ! મેં તેને કતલ ન કર્યો હોત !

પછી મેં ગદગદ સ્વરે અરજ કરી, " યા રસૂલલ્લાહ ! મને એક મોકો અર્પણ કરો, હું તોબા કરૂં છું અને અલ્લાહ સાથે અહદ કરૂં છું કે હવે પછી લા ઈલાહ ઈલ્લલ-લાહ પઢનાર કોઈને પણ કતલ નહિ કરૂં."

આપે ફરમાવ્યું, "શું મારા પછી પણ એજ નિયમ પાળશો ?"

મેં અરજ કરી, "હા યા રસૂલલ્લાહ ! આપના પછી પણ એજ નિયમ પાળીશ."

૮——**સરિય્યએ હઝરત ઇબ્ને આસ (રદિયલ્લાહુ અન્હુ)**————હઝરત અમ્ર બિન આસના આ સરિય્યહની ઘટના બનૂ ઉઝરહની ભૂમિમાં આવેલા "ઝાતુસ-સલાસિલ" સ્થળે સર્જાવા પામી.

એની રિવાયત એમ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન આસને બનૂ ઉઝરહના કબીલા તરફ એવા હેતુએ મોકલ્યા કે ત્યાં જઈને લોકોને મુલ્કે-શામના જિહાદ માટે તૈયાર કરે અને મુલ્કે-શામના યુધ્ધ માટે તેઓના લશ્કરની વ્યવસ્થા કરે. આ કામ માટે હઝરત અમ્ર બિન આસને મોકલવાનું કારણ આ હતું કે આસ બિન વાઈલની મા એટલે હઝરત અમ્ર બિન આસની દાદી બલ્લી નામે કબીલામાંથી હતી. એટલે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન આસને મોકલ્યા કે જેથી આ હેતુની સિધ્ધિ માટે તેઓની મદદ લેવામાં આવે.

હઝરત અમ્ર બિન આસ મદીનહથી રવાના થઈને જુઝામ પ્રદેશના એક ઝરણા પાસે પહોંચ્યા આ ઝરણાનું નામ સલસલ હતું. એજ નામ પરથી આ સરિય્યહનું "ઝાતુસ-સલાસિલ" નામ પડી ગયું. અહીં પહોંચવા બાદ હઝરત અમ્ર બિન આસને દુશ્મનો તરફથી ધાસ્તી પેઠી. એજ વેળા માણસને મોકલાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરવામાં આવી કે મદદ માટે વધુ કુમક મોકલવામાં આવે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ એજ વેળા હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ રદિયલ્લાહુ અન્હુની આગેવાની હેઠળ "મુહાજિરીને-અવ્વલીન"ની એક લશ્કરી ટુકડી મોકલાવી દીધી જેમાં હઝરત અબૂબક સિદ્દીક રદિયલ્લાહુ અન્હુ અને હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુ જેવા ઉચ્ચ પાયાના પંકાયેલા વીરનરો પણ હતા (જેઓ હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહની સરદારી હેઠળ હતા.)

આ લશ્કરી ટુકડીને રવાના કરતી વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂ ઉબૈદહને નસીહતરૂપે ફરમાવ્યું, "લા તખ-તલિફા." એટલે તમે અને અમ્ર બિન આસ સંપીને કાર્યવાહી કરજો અથવા

૧. એક રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમ પણ ફરમાવ્યું: "હલા શકકત કલ્બહૂ" એટલે તમે તેનું દિલ ચીરીને જોઇ કેમ નાહિ લીધું કે તે સાચા દિલથી કલિમો પઢે છે કે મોતના ડરથી ? (અહદે-નુબુવ્વત કે માહ-વ-સાલ પાનું ૧૦૪) "હ"

આપસમાં એકબીજાનો વિરોધ ન કરજો.

હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ પોતાની લશ્કરી ટુકડી સાથે મદીનહથી કૂચ કરીને હઝરત અમ્ર બિન આસ પાસે પહોંચી ગયા. એમને ભલે પધારો કહીને હઝરત અમ્ર બિન આસે પૂછયું, "હે અબૂ ઉબૈદહ ! તમે તો મારા મદદગાર બનીને આવેલા છો જેથી મારા હાથ નીચે રહીને જ કામ કરશો ને?"

હઝરત અબૂ ઉબૈદહ બોલ્યા, "નહિ જી હું મારા કામ પર નિર્માણ છું તમે તમારા કામ પર નિર્માણ છો."

હઝરત અમ્ર બિન આસ બોલ્યા, "નહિ બલકે તમે મારા હાથ નીચે છો. મારા તાબેદાર રહીને મારા મદદગાર તરીકે કામ કરશો."

હઝરત અબૂ ઉબૈદહ બહુ નરમ તબીઅતના ગૃહસ્થ હતા. નરમાશથી બોલ્યા, "હે અમ્ર ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને નસીહત ફરમાવી છે કે આપસમાં ઇખ્તેલાફ ન કરતાં સંપીને કામ કરજો. હવે તમે મારી વાત નથી માનતા તો હું તમારી તાબેદારી કે સરદારી કબૂલ કરૂં છું."

હઝરત અમ્રે કહ્યું, "હા જુઓ હું તમારો અમીર છું. તમે બધા મારી કુમક તરીકે જ આવેલા છો."

હઝરત અબૂ ઉબૈદહ વિનયથી બોલ્યા, "ઠીક છે, હું દરેક સેવા માટે હાજર છું."

એ પછી હઝરત અમ્ર બિન આસે અમીર તરીકે ઇમામ બનીને લોકોને નમાઝ પઢાવી.

રાફિઅ તાઇ ખ્રિસ્તીની આપવીતી————આ સરિય્યહને લગતો એક બનાવ રાફિઅ બિન અબી રાફિઅ નામના એક ખ્રિસ્તી ગૃહસ્થે સ્વમુખે વર્ણવ્યો છે. એમનું જ નામ રાફિઅ બિન ઉમૈરહ તાઇ છે. એ ખ્રિસ્તી ધર્મ ત્યાગીને મુસલમાન બની ગયા હતા.

એમનું પોતાનું બયાન છે કે હું ખ્રિસ્તી ધર્મ પાળતો હતો. મારૂં પૈદાઇશી ખ્રિસ્તી નામ સરજિસ હતું. જે ભૂમિમાં અમ્ર બિન આસનો સરિય્યહ સર્જાયો એ વિરાટ રેતીનું એક રણ હતું. આ રણપ્રદેશને લગતું મારૂં જ્ઞાન બીજાઓ કરતાં સવિશેષ હતું. એ રણના રસ્તાઓ, કેડીઓ અને પગદંડીઓનો હું સૌથી વધુ માહિતગાર હતો. મારા ઇસ્લામ પૂર્વેના અજ્ઞાન કાળમાં હું આ રણપ્રદેશના ખૂણા-ખાંચરામાં શુતુરમુર્ગ એટલે શાહમૃગના ઈંડાંઓમાં પાણી ભરીને રેતીમાં દાટી દેતો હતો. પછી પ્રવાસીઓના ઊંટો પર છાપો મારીને તેઓને લૂંટી લેતો હતો. જયારે તેઓના ઊંટોને હંકારીને રેતીના ઢગલાઓની વાંકીચૂકી ગલીઓમાં લઇ જતો તો તેઓ સંપૂર્ણ રીતે મારા કાબૂમાં આવી જતાં. પછી કોઇ પણ માણસ આ વિશાળ રણમાં મારી ભાળ મેળવી શકતો નહિ. ઊંટોને સુરક્ષિત સ્થળે બાંધી લેવા બાદ મઝાથી ચાલતો હું રેતીમાં દાટેલાં પેલા શાહમૃગના ઈંડાઓ પાસે પહોંચી જતો અને રેતીમાંથી ઈંડાં કાઢીને તેમાંનું પાણી પી લેતો.

એ પછી તે સમય આવ્યો જયારે હું ખ્રિસ્તી ધર્મ છોડીને મુસલમાન બની ગયો. મારા પાપી કૃત્યોથી મેં તોબા કરી લીધી હતી. એ પછી મને સમાચાર મળ્યા કે મુસલમાનોનું એક લશ્કર આ પ્રદેશમાં યુધ્ધ માટે આવેલું છે જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમ્ર બિન આસ નામે કુરૈશી સરદારને ઝાતુસ-સલાસિલ સ્થળે જિહાદ માટે મોકલ્યા છે. ખબર સાંભળીને હું પણ જિહાદમાં ભાગ લેવા તેઓની પાસે પહોંચી ગયો. લશ્કરમાં દાઢીવાળા નૂરાની ચેહરાઓ જોઇને હું દંગ થઇ ગયો. હું અજાણો અને એકલો હતો. મેં મનમાં

Maktabe Ashraf

કહ્યું, "અલ્લાહના સોગંદ ! આ નૂરાની ચેહરાઓમાંથી મારે એક સાથીની જરૂર પસંદગી કરી લેવી જોઇએ!"

આમ નકકી કરીને જે સાથીની મેં પસંદગી કરી લીધી તેમનું નામ અબૂબક્ર હતું. બહુ ઉદાર મનના માયાળુ સાથી પુરવાર થયા. હું તેમના ઊંટની કાઠી પર તેમની જોડે સવાર થઇ ગયો. તેમના અંગ પર ફદકની બનેલી ચાદરનો પોશાક હતો. અમે સવારી પરથી ઊતરતા તો અબૂબક્ર એજ ચાદરને જમીન પર પાથરી લેતા અને જયારે સવાર થતા તો એજ ચાદરને પહેરી લેતા. પહેરી લેવા બાદ ચાદરમાં કાંટા ખોસીને બદન પર તેને ઠીકઠાક કરી લેતા. આ કારણે તેઓ "કાંટાની ચાદરવાળા"નામે જાણીતા થયા. પછી જયારે નજદ પ્રદેશના બંડખોર લોકો ઇસ્લામ ત્યાગીને મુર્તદ બની ગયા તો તેઓ કહેવા લાગ્યા, "શું અમે કાંટાની ચાદરવાળા માણસને અમારો અમીર માની લઇએ ? એના હાથ પર બૈઅત કરી લઇએ?"

હઝરત અબૂબક્રની નસીહત————રાફિઅ બિન અબૂ રાફિઅ પોતાનું બયાન ચાલુ રાખતાં ઉમેરે છે : જયારે વાપસીના પ્રવાસમાં અમે મદીનહના સીમાડે પહોંચ્યા તો મેં અબૂબક્રને કહ્યું, "હે અબૂબક્ર ! મેં આપને મારા સાથી બનાવી લીધા તેનાથી મારો હેતુ આટલો જ હતો કે અલ્લાહ તઆલા આપની જાતથી મને કંઇક લાભ પહોંચાડે. માટે મને કંઇ નસીહત કરો અને મને કંઇક શિક્ષણ આપો."

હઝરત અબૂબક્રે ફરમાવ્યું, "હે ભાઇ ! તમે મને આ સવાલ ન કરત તોયે આ કામ હું જરૂર અંજામ આપત!"

પછી ફરમાવ્યું, "જુઓ ભાઇ ! હું તમને નસીહત કરૂં છું કે અલ્લાહને એક માનો, કોઇને તેનો ભાગીદાર ન બનાવો, નમાઝ કાયમ કરો, ઝકાત આપતા રહો, રમઝાનના રોઝહ રાખો, બૈતુલ્લાહનો હજજ કરો, જનાબતની નાપાકીનો ગુસલ ઉતારો, કોઇ પણ મુસલમાન પર બળજબરીથી અમીર ન બનો."

આ સાંભળીને મેં કહ્યું, "હે અબૂબક્ર ! મને લાગેવળગે છે ત્યાં સુધી અલ્લાહના સોગંદ ! હું જરૂર અલ્લાહની સાથે કોઇને તેનો ભાગીદાર નહિ બનાવીશ. અલ્લાહએ ચાહ્યું તો નમાઝ પણ પાબંદીથી પઢીશ. અને જો મારી પાસે રૂપિયા-પૈસા આવ્યા તો ઝકાત પણ આપતો રહીશ. અને રમઝાનના રોઝહ પણ ઇન્શા અલ્લાહ હમેશા રાખ્યા કરીશ. એવી જ રીતે પૈસાપાત્ર બની જાઇશ તો ઇન્શાઅલ્લાહ બૈતુલ્લાહનો હજજ પણ કરીશ. અને અલ્લાહએ ચાહ્યું તો જનાબતની નાપાકીનો ગુસલ પણ ઉતારતો રહીશ."

આ બધું હું એક શ્વાસમાં બોલી ગયો. પછી મેં કહ્યું, "હે અબૂબક્ર ! હવે રહી ગયો અમીર કે નેતા બનવાનો મામલો તો સાંભળો, જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં કે બીજા લોકોની મજલિસમાં અમીર કે નેતા બનવા વગર માન મળતું નથી તો મને શા માટે અટકાવો છો ? કહો આ સવાલનો શું જવાબ છે ?"

જવાબમાં હઝરત અબૂબક્રે ગંભીરતાથી ફરમાવ્યું, "હે મારા ભાઇ ! જુઓ, તમે આ સવાલ કરીને મને સંકટમાં નાખી દીધો છે. વાંધો નહિ, હું તમારે ખાતર આ સંકટ વેઠી લઇશ. હવે તમે તમારા સવાલનો જવાબ સાંભળો, જુઓ, અલ્લાહ તઆલાએ મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સાચો દીન આપીને અને પોતાના પયગમ્બર બનાવીને આ દુનિયામાં મોકલ્યા. આપે અલ્લાહના દીનને ફેલાવવા માટે પારાવાર તકલીફો અને ઝેહમતો વેઠી, ત્યાં સુધી કે લોકો રાજીખુશી કે નારાજીથી ઇસ્લામમાં દાખલ થયા અને જયારે દાખલ થઇ ગયા તો અલ્લાહની પનાહમાં આવી ગયા. અલ્લાહની પનાહ મળવા બાદ એ બધા સલામતીના

Maktabe Ashraf

કિલ્લામાં દાખલ થઈ ગયા. સલામતીના કિલ્લામાં પહોંચી જવા બાદ અલ્લાહ પોતે એ બધાનો બેલી બની ગયો. દુનિયાના તમામ મુસલમાનો સાથે અલ્લાહનું અને તેના પયગમ્બરનું આ બંધારણ છે. એમાંની એક વાત આ છે કે, કોઈ મુસલમાન બળજબરીથી અમીર કે લીડર તરીકે કોઈના માથે સવાર ન થઈ જાય. માટે હે ભાઈ ! અલ્લાહ સાથેનું બંધારણ તોડવાથી અને તેની સલામતીના કિલ્લામાંથી નીકળી જવાથી તમારે બચવું જોઈએ. કેમકે એના નતીજા રૂપે અલ્લાહ તમારા પરથી હિફાઝત કે સલામતીની જવાબદારી ઉઠાવી લેશે.

જુઓ તમારો કોઈ પાડોશી હોય જેની સાથે તમે એક બીજાની સલામતીના કરાર કર્યા હોય. પછી તમે એ કરારનો અમલ નહિ કરો તો એ પાડોશી તમારાથી નારાજ થઈ જશે. પછી તેનું એક બકરૂં કે એક ઊંટ પણ માર્યું જાય તો તેનું મોં ફૂલી જશે. ગુસ્સાની ગરમીથી તેનું લોહી ઊકળી ઊઠશે. ત્યારે અલ્લાહ તઆલાને તો પોતાના પાડોશી માટે સૌથી વધારે ગુસ્સો આવી જશે.''

રાફિઅ બિન અબૂ રાફિઅ કહે છે : આટલી વાતચીત પછી અમે મદીનહ પહોંચીને એકબીજાથી અલગ થઈ ગયા.

ખિલાફત પછીનો બનાવ————રાફિઅ બિન અબૂ રાફિઅ કહે છે : પછી જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ ગઈ અને હઝરત અબૂબક્રને મુસલમાનોના અમીર કે ખલીફા બનાવી દેવામાં આવ્યા તો હું હઝરત અબૂબક્રની તહેનાતમાં હાજર થયો. મેં તેમને સવાલ કર્યો, ''હે અબૂબક્ર ! શું તમે મને બળજબરીથી મુસલમાનોના અમીર બનવાથી રોક્યો નહિ હતો ?''

ફરમાવ્યું, ''કેમ નહિ, હું હજુ પણ તમને એનાથી રોકું છું.''

મેં પૂછયું, ''ત્યારે બતાવો કઈ વસ્તુએ આપને તૈયાર કર્યા કે આપ મુસલમાનોના અમીર બની ગયા?''

ફરમાવ્યું, ''એ સિવાય બીજો કોઈ રસ્તો મને દેખાયો નહિ. મને થયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઉમ્મતમાં ફાટફૂટ પડી જશે. લાચારીએ મારે ખિલાફત કબૂલ કરવી પડી.''

શંકાશીલ ઊંટનું ગોશ્ત————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઝીદ બિન અબૂ હબીબે આ માહિતી આપી અને તેમને હઝરત અવફ બિન માલિક અશજઈની આ રિવાયત મળી જેમાં હઝરત અવફ બિન માલિક ફરમાવે છે :

હું એ સરિય્યહમાં શામિલ હતો જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન આસને અમીર બનાવીને ઝાતુસ-સલાસિલ મુકામે મોકલ્યા હતા. હું હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરના સંગાથે હતો. રસ્તામાં અમે કેટલાક એવા લોકો પાસેથી પસાર થયા જેઓએ એક ઊંટ ઝબહ કર્યું હતું પણ તેના અવયવો છૂટા પાડવાનું તેઓ જાણતા ન હતા. આ કળામાં હું પારંગત હતો. મેં તેઓને કહ્યું, ''જો તમે આ ઝબહ થયેલા ઊંટમાંથી દસમો ભાગ મને આપો તો હું એના અવયવો છૂટા પાડીને તમારામાં એની વહેંચણી કરી દઉં.''

તેઓ મારી વાત માની ગયા. મેં બે છુરીઓ લીધી. ઝબહ થયેલા ઊંટનું ચામડું છોલીને તેના અવયવો છૂટા પાડી દીધા. એ દરમિયાન હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ત્યાંથી આગળ નીકળી ગયા હતા. ઊંટના ગોશ્તનો એક કકડો ઉપાડીને હું તેને મારા સાથીઓ પાસે લઈ ગયો. અમે બધાએ મળીને ગોશ્ત પકાવ્યું અને સાથે બેસીને તેની ઉજાણી કરી. આ પ્રસંગે અચાનક હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરને કંઈક યાદ આવ્યું.

Maktabe Ashraf

તેઓએ મને પૂછયું, "હે અવફ ! આ ગોશ્ત તમે ક્યાંથી લાવ્યા ?"

મેં તેઓને પૂરી વાત બતાવી દીધી. બંને ગૃહસ્થો બોલી ઊઠયા, "હે માલિકના બેટા ! અમને આ ગોશ્ત ખવાડીને તમે સારૂં કામ નહિ કર્યું."

લાગલા જ બંને ગૃહસ્થો શંકાશીલ ગોશ્તને પડતું મૂકીને ઊભા થઇ ગ ા. એક ખૂણામાં જઇને ખાધેલા ગોશ્તની ઊલટી પર ઊલટી કરવા લાગ્યા ત્યાં સુધી કે બંનેને સંતોષ થઇ ગયો.

એ પછી બધા લોકો અહીંથી કૂચ કરીને જ્યારે મદીનહ પહોંચી ગયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થનારાઓમાં મારો નંબર પહેલો હતો. હું હાજર થયો તે વેળા આપ પોતાના ઘરમાં નમાઝ પઢતા હતા. નમાઝ પૂરી થતાં મેં આપને સલામ કરી, "યા રસૂલલ્લાહ! અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહ."

સલામનો જવાબ આપતાં આપે ફરમાવ્યું, "કોણ અવફ બિન માલિક છે કે ?"

મેં અરજ કરી, "જી હા યા રસૂલલ્લાહ ! મારાં માબાપ કુરબાન હો આપની ઉપર !"

ફરમાવ્યું, "અરે તેજ ને જેણે ઊંટનું ચામડું છોલ્યું હતું ?"

બસ એથી વધુ મારી સાથે આપે કોઇ વાત નહિ કરી.

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૮

ગઝવાત અને સરાયા

—૩—

સરિય્યએ-હઝરત ઇબ્ને અબી હદરદ • સલામ કરનારની કતલ • મરનારની દિયતનો ખટલો • હત્યારા માટે માફીની દુઆની દરખાસ્ત • હત્યારાનો ઇબ્રતનાક અંજામ • મરનારની દિયતનો વિખવાદ • સરિય્યએ-હઝરત ઇબ્ને અબી હદરદ • દુશ્મનો પર મેળવેલી જીત • સરિય્યએ-હઝરત ઇબ્ને ઔફ • અન્સારી યુવકના સવાલો • તબાહી નોતરનારી પાંચ ખસલતો • ઇબ્ને ઔફને રવાનગીનો હુકમ • સરિય્યએ-હઝરત અબૂ ઉબૈદહ • સમુદ્રની વિરાટકાય માછલી • સરિય્યએ-હઝરત અમ્ર બિન ઉમૈયહ • ઘોડાવાળા કુરૈશીની હત્યા • બૂનબકના એક મુશરિકની કતલ • સરિય્યએ-હઝરત ઝૈદ બિન હારિસહ.

Maktabe Ashraf

સરિય્યએ-હઝરત ઇબ્ને અબી હદરદ (રદિયલ્લાહુ અન્હુ)

સલામ કરનારને કતલ કરી શકાય ?————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઝીદ બિન અબ્દુલ્લાહ બિન કુસૈતએ, કઅકાઅ બિન અબ્દુલ્લાહ બિન અબી હદરદના મુખે સાંભળેલી, તેમના બાપા હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદરદની રિવાયત કહી સંભળાવી. હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદરદનું બયાન છે કે :

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ અમને મુસલમાનોની લશ્કરી ટુકડી સાથે ઇદમ નામના સ્થળ તરફ રવાના કર્યા. આ ટુકડીમાં હઝરત અબૂ કતાદહ હારિસ બિન રબઅી અન્સારી અને મુહલ-લિમ બિન જુસામહ બિન કૈસ લૈસી પણ શામિલ હતા. (આ મુહલ-લિમ બિન જુસામહનું ઇમાન શંકાશીલ હતું.) અમે બધા મદીનહથી ઊપડીને ઇદમની ખીણમાં પહોંચી ગયા. અમે ઇદમની ખીણમાં જ હતા એટલામાં આમિર બિન અઝબત અશજઇ નામનો શખ્સ અમારી સામેથી પસાર થયો. તે પોતાના ઊંટ પર સવાર હતો. કંઇક માલસામાન પણ તેના ઊંટ પર લાદેલો હતો જેમાં દૂધનું એક વાસણ હતું. જ્યારે તે અમારી પાસેથી પસાર થયો તો તેણે જોરથી અમને સલામ કરી. તેની આ સલામ ઇસ્લામી પ્રથા મુજબની જ હતી, નહિ કે જાહિલિયતની પ્રથા મુજબની.

તેની મુસલમાનો જેવી સલામ સાંભળીને અમે તેને જતો કર્યો પણ જેવો જ તે આગળ વધી ગયો કે મુહલ-લિમ બિન જુસામહએ અચાનક પાછળથી ધસી જઇને તેને કતલ કરી નાખ્યો. બાબત એમ હતી કે બંને વચ્ચે અગાઉનો કંઇ અણરાગ હતો. મુહલ-લિમે તેને કતલ કરીને તેનો ઊંટ તથા માલસામાન પણ કબ્જે

કરી લીધો. પછી જ્યારે અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા તો બનેલા બનાવથી આપને માહિતગાર કર્યા. એજ વેળા અમારા આ મામલા અંગે કુર્આને-મજીદની આ આયત નાઝિલ થઈ :

યા ઐયુહલ-લઝીન આમનૂ	હે મુસલમાનો !
ઈઝા દરબ-તુમ	જ્યારે તમે સફર કરો
ફી સબીલિલ-લાહિ	અલ્લાહના રસ્તામાં (જિહાદ માટે)
ફ-તબય-યનૂ	તો ખૂબ તપાસ-તહકીક કરી લો
વલા તકૂલૂ લિમન અલ્કા	અને એમ ન કહી દો તે માણસને જે
ઈલૈ-કુમુસ-સલામ	તમને સલામ કરે, કે :
લસ્ત મુઅમિના.	''તું મુસલમાન નથી !''
તબ્તગૂન અરદલ-હયાતિદ-દુન્યા.	દુન્યવી જીવનનો માલ મેળવવા ખાતર. [૧]

મરનારની દિયતનો ખટલો————ઇબ્ને ઈસ્હાક કહે છે : ઉર્વહ બિન ઝુબૈરે પોતાના દાદાની રિવાયત ટાંકતાં કહ્યું કે ઉપરની ઘટના, જંગે-હુનૈનના પ્રસંગે સર્જાવા પામી. ઉર્વહના બાપ અને દાદા બંને જંગે-હુનૈનમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સંગાથે હતા. તેમના દાદાનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જંગે-હુનૈનમાં અમને બધાને ઝુહરની નમાઝ પઢાવીને એક ઝાડના સાયામાં આરામ લેવા બિરાજમાન થયા એટલામાં હઝરત અકરઅ બિન હાબિસ અને હઝરત ઉયૈનહ બિન હિસ્ન લડતા-ઝગડતા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયા. બંને વચ્ચે પેલા માર્યા ગયેલા આમિર બિન અઝબત અશ્જઈના નાહક ખૂનનો ઝગડો હતો. હઝરત ઉયૈનહ પેલા આમિરના ખૂનનો બદલો માગતા હતા કેમકે હઝરત ઉયૈનહ પોતાના ગત્ફાન કબીલાના સરદાર હતા જ્યારે હઝરત અકરઅ બિન હાબિસ પેલા ખૂની મુહલ-લિમ બિન જુસામહનો પક્ષ લઈને તેનો બચાવ કરતા હતા કે તેની પાસેથી લોહીનો દંડ વસૂલ કરવાની જરૂર નથી કેમકે હઝરત અકરઅ પેલા મુહલ-લિમના ખિન્દીફ ખાનદાનમાંથી હતા.

સારાંશ કે બંને સરદારોએ દિયત એટલે લોહીદંડની રકમનો આ ખટલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારમાં રજૂ કર્યો. રાવીનું કથન છે કે લશ્કરના બધા લોકો ત્યાં ઊભા રહીને બંનેની વાતો સાંભળવા લાગ્યા. એટલામાં અમે હઝરત ઉયૈનહ બિન હિસ્નને આમ કહેતાં સાંભળ્યા :

''અલ્લાહના સોગંદ છે યા રસૂલલ્લાહ ! હું આ મુહલ-લિમ બિન જુસામહને ત્યાં સુધી છોડવાનો નથી જ્યાં સુધી કે હું એની બેગમને વિધવા બનાવી દેવાની મઝા નહિ ચખાડી દઉં, જેવી રીતે એણે મારા માણસની સ્ત્રીને વિધવા બનાવી દેવાની મઝા ચખાડી છે.''

આ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''આમ નહિ બની શકે. સાંભળો, લોહીદંડ તરીકે હું સો ઊંટો આપું છું. એમાંના ૫૦ ઊંટો હમણા આપું છું અને બાકીના ૫૦ ત્યારે લેજો જ્યારે

૧. સૂરએ-નિસાઅ પા. ૫ આયત ૯૪. મતલબ આ છે કે જે માણસ તમને સલામ કરે, ઇસ્લામી પ્રથા મુજબ અસ્સલામુ અલૈકુમ કહીને તમને દુઆ આપે, તમારા પ્રત્યે સલામતીની શુભેચ્છા વ્યકત કરે કે તાબેદારીની લાગણી દર્શાવે તેને એમ કહી શકાય નહિ કે તું મુસલમાન નથી ! દરેક કામ કુર્આનના આદેશ મુજબ તપાસ-તહકીક પછી કરવું જોઇએ. ''હ''

Maktabe Ashraf

આપણે મદીનહ પહોંચીશું.''

પરંતુ હઝરત ઉયૈનહ બિન હિસ્ન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ ફેંસલા સાથે સંમત નહિ થયા અને બરાબર ઇન્કાર કરતા રહ્યા. એટલામાં બનૂ લૈસનો એક શખ્સ ઊભો થઇ ગયો. લોકો એને મુકૈસિર નામે બોલાવતા હતા. એ ઠીંગણા કદનો હતો. ઇબ્ને હિશામના કથન મુજબ એનું નામ મુકતૈલ હતું. તેણે ઊભા થઇને કહ્યું :

''યા રસૂલલ્લાહ ! સોગંદ છે અલ્લાહના, પેલા મરનારના શરૂઆતના ઇસ્લામનો દાખલો આબેહૂબ એવાં બકરાંઓ જેવો છે જે પાણી પીવાં આવ્યાં હોય. એમાંના પહેલા બકરાને તીરથી વીંધી નાખવામાં આવ્યો હોય તો તેને તરફડતો જોઇને બાકીના બકરાં જીવ લઇને નાઠાં હોય. માટે આ ઝગડાનો ચુકાદો તો અત્યારે અને આજે જ આપ સાદર ફરમાવી દો અને દંડનો મામલો આવતી કાલ પર લંબાવી દો.''

રાવીનું કથન છે કે તેની વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો મુબારક હાથ ઊંચો કરીને ફરમાવ્યું, ''નહિ બલકે લોહીદંડના ૫૦ ઊંટો અહીં આ સફરમાં જ લઇ લો અને બાકીના ૫૦ ઊંટો ત્યારે મળશે જયારે આપણે અહીંથી કૂચ કરીને મદીનહ પહોંચીશું.''

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ માર્યા ગયેલા આમિર બિન અઝબત અશ્જઇની હત્યાને ''કત્લે-અમદ'' નહિ એટલે જાણી જોઇને કરેલી હત્યા નહિ બલકે ''કત્લે-ખતા'' એટલે ભૂલથી કરેલી હત્યા ઠેરવી હતી (જેમાં દિયત એટલે લોહીદંડ વાજિબ થાય છે.)

હત્યારા માટે માફીની દુઆની દરખાસ્ત——એ પછી બંને પક્ષના લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો દિયતનો ફેંસલો કબૂલ કરી લીધો. મામલાનો સુખદ અંત આવતાં લોકોએ તેઓને કહ્યું, ''અરે તમારો પેલો સાથી મુહલ-લિમ કયાં છે ? જેણે એક નિર્દોષની હત્યા કરીને આ ઝગડો ઊભો કર્યો છે. તેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરો કે જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેના માટે અલ્લાહ પાસે માફીની દુઆ ફરમાવે.''

એટલામાં એક આદમી ઊભો થઇ ગયો. તેનો રંગ ઘઉંવર્ણો હતો. હલકા-ફુલકા ઘાટનો અને ઊંચા કદનો હતો. તેણે લૂંગી બાંધીને શરીર પર ચાદર ઓઢેલી હતી. આ પહેરવેશમાં તેણે પેલા આમિર બિન અઝબતની હત્યા કરી હતી. આગળ વધીને એ આદમી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં બેસી ગયો. આપે તેને પૂછયું, ''તારૂં નામ શું છે ?''

તે બોલ્યો, ''હું મુહલ-લિમ બિન જુસામહ છું.''

રાવીનું બયાન છે : તેનું નામ સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક હાથ ઊંચા કર્યા અને પછી આ શબ્દો ફરમાવ્યા :

''અલ્લા-હુમ્મ લા તગફિર મુહલ-લિમિબ્ને-જુસામહ !''

હે અલ્લાહ ! મુહલ-લિમ બિન જુસામહને માફ નહિ કરજે !

આપે ત્રણવાર આ શબ્દો ફરમાવ્યા. રાવીનું કથન છે : આ શબ્દો સાંભળીને તરત જ મુહલ-લિમ

Maktabe Ashraf

ત્યાંથી ઊઠીને જવા લાગ્યો. તે રડતો હતો અને આંસુઓ પોતાની ચાદરના પાલવથી લૂંછતો જતો હતો.

રાવીએ વધુમાં ઉમેર્યું : "અમે આ બધું જોતા હતા અને આપસમાં વાતો કરતા હતા. અમે આશા તો એવી જ રાખતા હતા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેના માટે મગફિરત કે માફીની દુઆ જરૂર માગશે. મગર જે વાત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી જાહેર થઈ તે ઉપર મુજબ હતી. એનો ભેદ અલ્લાહ અને તેના રસૂલ વધારે જાણે.

હત્યારાનો ઇબ્રતનાક અંજામ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને વિશ્વાસપાત્ર કે નિષ્ઠાવાન રાવીએ જાણીતા ધર્મજ્ઞાની હઝરત હસન બસરીની આ રિવાયત કહી સંભળાવી કે, જે વેળા હત્યારો મુહલ-લિમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સામે આવીને બેસી ગયો તો પ્રથમ આપે તેને આમ ફરમાવ્યું, "તેં આમિર બિન અઝબતને અલ્લાહના નામે રક્ષણનું વચન આપ્યું પછી વિશ્વાસઘાત કરીને તેને કતલ કેમ કરી નાખ્યો?"

એ પછી આપે તેના હકમાં બદ-દુઆ ફરમાવી જેના શબ્દો ઉપર ટાંકવામાં આવ્યા છે.

હઝરત હસન બસરીનું બયાન છે : આ બનાવને ફકત સાત જ દિવસ પસાર થયા હતા કે મુહલ-લિમ બિન જુસામહનું મરણ થઈ ગયું. કસમ છે તે અલ્લાહના જેના અધિકારમાં હસન બસરીના પ્રાણ છે, અલ્લાહની ધરતીએ મરનારને પોતાના પેટમાંથી કાઢીને બહાર ફગોટી દીધો. લોકોએ બીજીવાર તેની લાશને જમીનમાં દફનાવી દીધી અને જમીને ફરીવાર તેને પોતાના પેટમાંથી કાઢીને બહાર ફેંકી દીધો. ત્યારે લોકોએ ત્રીજીવાર તેને દાટી દીધો તો જમીને તેને કબૂલ નહિ કરતાં પુનઃ પોતાના પેટમાંથી બહાર કાઢી નાખ્યો. જ્યારે વારંવાર આમ બન્યું તો લોકો લાચાર થઈ ગયા. પછી તેઓએ તેની લાશને બે પહાડોની વચ્ચે લઈ જઈને સુવાડી દીધી અને પથરાઓથી તેને ઢાંકીને ત્યાંથી ચાલ્યા આવ્યા.

જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને તેની લાશની કઢંગી દશાના સમાચાર મળ્યા તો આપે ફરમાવ્યું :

> "જમીન તો એનાથી યે મોટા પાપીઓને પોતાના પેટાળમાં સમાવી લે છે પણ આ મામલામાં અલ્લાહ તઆલા તમારા માટે ઇબ્રત કે બોધ લેવાનો એક દાખલો પૂરો પાડે છે. જેનાથી જાહેર થાય છે કે મુસલમાનોનું લોહી આપસમાં કેટલું સન્માનપાત્ર છે."
> (અને એક મુસલમાનના લોહીની અલ્લાહની નજરમાં કેટલી કિંમત છે !)

મરનારની દિયતનો વિખવાદ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : જ્યારે હઝરત અકરઅ બિન હાબિસ અને હઝરત ઉયૈનહ બિન હિસ્ન વચ્ચે મરનારના લોહીદંડ અંગે ટપાટપી થઈ તો હઝરત અકરઅએ હઝરત ઉયૈનહના માણસોને એકાંતમાં બોલાવીને કહ્યું, "તમે લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો ફેસલો નથી માનતા તો શું તમને આ વાતનો ડર નથી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ કદાચ તમારી ઉપર લઅનત વરસાવે અને આ લઅનતને કારણે અલ્લાહનો ગઝબ તમારી ઉપર તૂટી પડે ? સાંભળો, તમે બધા રાજીખુશીથી આ મામલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મરજી પર છોડી દો. આપને વાજબી લાગશે તે ફેસલો ફરમાવશે. હવે જો તમે નહિ માનો તો એવું બનશે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તમારા જનૂ તમીમ કબીલાના ૫૦ માણસોની સાક્ષી મેળવી લેશે. આ રીતે તમારો સાથી મુહલ-

Maktabe Ashraf

લિમ એવા કાફિરની મોતે મરશે જેણે એક વખતની નમાઝ પણ ન પઢી હોય. પછી તેનું ખૂન પણ ફોગટ જશે અને તેની દિયત પણ વાજિબ નહિ ઠરશે.''

હઝરત અકરઅ બિન હાબિસની આ દલીલ સાંભળીને હઝરત ઉયૈનહ અને તેમના કબીલાના લોકોએ દિયતનો ફેસલો કાબૂલ કરી લીધો.

ઈબ્ને હિશામ કહે છે : મુહલ-લિમની વંશાવળી આ છે : મુહલ-લિમ બિન જુસામહ અથવા જુસ્સામહ બિન કૈસ લૈસી-ઈબ્ને ઈસ્હાકના કહેવા મુજબ તેનું નામ મુહલ-લિમ, મહિલ્લમ કે મહલિમ નહિ બલકે મુલજિમ હતું.

સરિય્યએ-હઝરત ઈબ્ને અબી હદરદ (રદિયલ્લાહુ અન્હુ)

નિકાહની મહરનો મામલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદરદ અસલમીનો તે સરિય્યહ જેનો પ્રસંગ ગાબહ નામના સ્થળે સર્જાયો. એનાં બનાવ અંગે એક ભરોસાદાર રાવીએ મને ખુદ હઝરત અબ્દુલ્લાહના મુખે સાંભળેલી કથા કહી સંભળાવી.

પોતાની કથા વર્ણવતાં હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદરદ ફરમાવે છે : ''મેં મારી કૌમની એક કન્યા સાથે શાદી કરી લીધી જેમાં નિકાહની મહર તરીકે બસો દિરમની રકમ નકકી કરવામાં આવી. હવે નિકાહની મહરના પૈસા મારી પાસે હતા નહિ. શું કરવું, કયાંથી લાવવા તેની મુંઝવણમાં પડી ગયો. છેવટે મદદ માટે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે ગયો. આપે પૂછયું, ''નિકાહની મહર તમે કેટલી નકકી કરી?''

મેં કહ્યું, ''બસો દિરહમ યા રસૂલલ્લાહ !''

આપે ફરમાવ્યું, ''સુબ્હાનલ્લાહ ! અગર તમે કોઈની પાસેથી કરજ લઈ લેત તો તેથીયે વધુ મેળવી લેત ! સાંભળો અલ્લાહના સોગંદ, અત્યારે તમારી મદદ માટે મારી પાસે કંઈ નથી.''

એ પછી થોડા દિવસો મેં એમ જ પસાર કરી નાખ્યા. એ દરમિયાન બનૂ જુશમ બિન મુઆવિયાનો એક આદમી જાહેરમાં આવ્યો. એનું નામ રિફાઅહ બિન કૈસ અથવા કૈસ બિન રિફાઅહ હતું. એ બનૂ જુશમ કબીલાના એક મોટા ખાનદાનનો બહુ મોટો માણસ હતો. એ પોતાના કેટલાક સાથીઓને લઈને ગાબહ નામે સ્થળે આવીને થોભી ગયો. એ પોતાની કૌમનો અગ્રણી અને માથાભારે માણસ હતો. ગાબહ મુકામે બનૂ કૈસનો કબીલો વસેલો હતો. રિફાઅહ બિન કૈસ આ કબીલાના લોકોને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિરૂધ્ધ ઉશ્કેરીને લડાઈ માટે તૈયાર કરવા લાગ્યો.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ સમાચાર મળ્યા. આપે મને અને મારી સાથે બીજા બે મુસલમાનોને બોલાવીને ફરમાવ્યું, ''તમે પેલા માણસ તરફ જાવ અને ત્યાંની પરિસ્થિતિનો તાગ મેળવીને મને ખબર આપો.''

સાથે જ આપે અમને એક ઘરડી અને નબળી ઊંટણી આપી. આ નબળી-દુબળી ઊંટણી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને લઈને ઊભી પણ થઈ શકતી ન હતી; જયાં સુધી કે લોકો એને પાછળથી

Maktabe Ashraf

હડસેલા નહિ મારે. પરંતુ હવે એજ ઊંટણી પોતે ઝપાટાભેર ઊભી થઈ ગઈ; હાલાં કે તે ઊભી થવાને લાયક ન હતી. આપે ફરમાવ્યું, "એજ ઊંટણી પર બેસીને જાવ અને વારાફરતી એની પીઠ પર સવારી કરજો."

દુશ્મનો પર મેળવેલી જીત————હઝરત ઈબ્ને અબૂ હદરદ ફરમાવે છે : "અમે લોકો ત્યાંથી રવાના થયા. અમારી પાસે તીરો પણ હતાં અને તલવારો પણ હતી. સૂરજ ગુરૂબ થવાના સમયે અમે તેઓના પડાવ પાસે પહોંચી ગયા. હું તેઓના લશ્કર પાસેના એક છુપા ખૂણામાં લપાઈને બેસી ગયો અને મારા બંને સાથીઓ બીજા ખૂણામાં સંતાઈ ગયા. મેં તેઓને કહી દીધું હતું કે જ્યારે તમે મને તકબીરનો નઅરો પોકારતાં અને ખૂણામાંથી નીકળીને દુશ્મનના લશ્કર પર હલ્લો કરતાં જુઓ તો તમારે પણ એજ પળે તકબીરનો નઅરો ગજાવીને દુશ્મન પર હલ્લો કરી દેવો.

અલ્લાહના સોગંદ, અમે એજ હાલતમાં દુશ્મનની ગફલતનો ઈન્તેઝાર કરતા રહ્યા અને સાથે દુશ્મન ચેતી જઈને અમને કંઈ નુકસાન ન પહોંચાડી દે તેની પણ સાવચેતી રાખતા રહ્યા. એટલામાં રાત શરૂ થઈ ગઈ અને ઈશાના સમયનો અંધકાર છવાઈ ગયો. તે વેળા એમ બન્યું કે દુશ્મનનો એક માણસ ઊંટો ચરાવવા નીકળી ગયો હતો અને તેને આવતાં મોડું થઈ ગયું તો લશ્કરના લોકો ફિકરમંદ બની ગયા. મેં જોયું કે તેઓનો નેતા રિફાઅહ બિન કૈસ ઊભો થયો. તેણે પોતાની તલવાર ગળે લટકાવી અને કહ્યું, "અલ્લાહના સોગંદ, હું મારા એ સાથીની શોધમાં અવશ્ય જઈશ. મને લાગે છે કે એ કોઈ સંકટમાં સપડાયો છે."

સાથીઓ બોલ્યા, "ના ભાઈ તમે અમારા સરદાર છો, તમને અલ્લાહના સોગંદ છે, તમારે જવું નહિ. તમારે બદલે અમે જવા તૈયાર છીએ."

"ના એ તમારૂં કામ નહિ, હું એકલો જઈશ." રિફાઅહ બોલ્યો.

"વારૂ તો અમે તમારા સંગાથે આવીએ છીએ.

"ના તમારામાંથી કોઈએ મારી પાછળ આવવું નહિ, હું એકલો બસ છું." રિફાઅહએ ભારપૂર્વક કહી દીધું.

રિફાઅહ ત્યાંથી નીકળીને મારી સામેથી પસાર થયો. જ્યારે એ મારા નિશાના પર આવી ગયો તો મેં એક તીર છોડયું. તીર સનન કરતું તેના દિલમાં ખૂપી ગયું. પછી તો અલ્લાહના સોગંદ, તે એક શબ્દ બોલી શકયો નહિ. હું લાગલો જ છલાંગ મારીને તેની ઉપર તૂટી પડયો અને મેં તેનું માથું કાપી લીધું. બીજી જ પળે અલ્લાહુ અકબરનો નઅરો લલકારીને મેં લશ્કરના એક ખૂણા પર હલ્લો કરી દીધો. મારા સાથીઓ પણ તકબીરનો નઅરો ગજાવતા ઘાતમાંથી નીકળીને લશ્કર પર તૂટી પડયા. નતીજો આ નીકળ્યો કે લશ્કરમાં જેટલા માણસો હતા, રાતના અંધારામાં ચિચિયારીઓ પાડતા અંધાધૂંધ નાસવા લાગ્યા. જેટલી સ્ત્રીઓ અને બાળકો હતાં, હાથમાં જે કંઈ હલકો-ફુલકો સામાન આવ્યો તે લઈને ફરાર થવા લાગ્યાં. અમે ત્રણે સાથીઓ મોટાં મોટાં ઊંટો અને બેશુમાર બકરાં હંકારતા લઈ આવ્યા. આ બધો ગનીમતનો માલ લઈને અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા અને રિફાઅહનું કપાયેલું માથું પણ સાથે લઈ આવ્યા હતા.

Maktabe Ashraf

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ ઊંટોમાંથી મારા નિકાહના મહર માટે ૧૩ ઊંટો અર્પણ કરીને મારી મદદ ફરમાવી. આ ઊંટો નિકાહના મહરમાં આપીને હું મારી દુલ્હનને મારા ઘરે લઇ આવ્યો.

સરિય્યએ-હઝરત ઇબ્ને અવફ (રદિયલ્લાહુ અન્હુ)

ઉચ્ચ પાયાના ધર્મધુરંધર સહાબા——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને એક માન પામેલા પ્રામાણિક ગૃહસ્થે અતાઅ બિન અબૂ રબાહની રિવાયત કહી સંભળાવી. અતાઅ બિન અબૂ રબાહ પોતાનો અનુભવ વર્ણવતાં કહે છે : "મેં એક બસરી ગૃહસ્થને જોયો. તે બસરા શહેરથી મદીનહ આવેલો હતો. તેણે હઝરત ઉમર બિન ખત્તાબના વિદ્વાન ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરને પાઘડી માથે બાંધવા વિષે સવાલ કર્યો; એવી પાઘડી જેનો એક છેડો ખભા પાછળ લટકતો હોય.

હઝરત ઇબ્ને ઉમરે તેને ફરમાવ્યું, "હે ભાઇ ! હું તમને ઇન્શાઅલ્લાહ એને લગતી પૂરી માહિતી પૂરી પાડીશ."

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું બયાન છે : "હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના તે દસ સહાબામાંથી એક છું જેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મસ્જિદની મજલિસમાં હાજર રહેતા હતા. હું તેઓમાંથી દસમો આદમી છું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની એ નૂરાની મજલિસમાં હાજર રહેનારા ગૃહસ્થોના નામો આ છે :

(૧) હઝરત અબૂબક્ર સિદ્દીક (૨) હઝરત ઉમર બિન ખત્તાબ (૩) હઝરત ઉસ્માન બિન અફ્ફાન (૪) હઝરત અલી બિન અબી તાલિબ (૫) હઝરત અબ્દુર્રહમાન બિન અવફ (૬) હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (૭) હઝરત મુઆઝ બિન જબલ (૮) હઝરત હુઝૈફહ બિન યમાન (૯) હઝરત અબૂ સઇદ ખુદરી (૧૦) હું પોતે. (રદિયલ્લાહુ અન્હુમ એટલે અલ્લાહ એ સૌથી રાજી હો !)

અન્સારી યુવકના સવાલો——————હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર ફરમાવે છે : "અમે બધા નિયમ મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની મજલિસમાં બેઠેલા હતા એટલામાં એક નવજવાન અન્સારી ગૃહસ્થ આવ્યા. તેમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સલામ કરી અને મજલિસમાં બેસી ગયા અને પછી અરજ કરી, "યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલા આપની ઉપર પોતાની રહમત ઉતારે! પૂછવાનું આટલું કે સૌથી શ્રેષ્ઠ મુસલમાન કોણ છે ?"

આપે ફરમાવ્યું, "અહસનુ-હુમ ખુલુકન." એટલે તમારામાં જેના અખ્લાક સારા હોય તે સૌથી શ્રેષ્ઠ મુસલમાન છે.

અન્સારી નવયુવકે બીજો સવાલ કર્યો, "ફ-ઐયિલ-મુઅમિનીન અકૈ-યિસુન ?" એટલે મુસલમાનોમાં સૌથી વધુ ચંચળ કે બુધ્ધિશાળી કોણ છે ?

આપે ફરમાવ્યું, "અકસરુ-હુમ ઝાકિરલ-લિલ-મવતે વ અહસનુ હુમ ઇસતિઅ-દાદન લહૂ કબ્લ અંય-

Maktabe Ashraf

યુનઝ-ઝિલ બિહી.''

એટલે સૌથી વધુ ચંચળ કે બુધ્ધિશાળી તમારામાં તે મુસલમાન છે જે મોતને સૌથી વધારે યાદ કરનારો હોય અને મોત આવવા પહેલાં તેના માટે તૈયારી કરનારો હોય.

આ સાંભળીને અન્સારી યુવક ખામોશ થઈ ગયા. એ પછી આપે અમારી તરફ જોયું અને ફરમાવ્યું, ''હે મુહાજિરીનની જમાઅત ! સાંભળો, પાંચ ખસલતો એવી છે જે તમારામાં પ્રવેશી જાય તેથી હું અલ્લાહની પનાહ ચાહું છું.'' (તમારામાં એ ખસલતો કે કુટેવો પ્રવેશવી ન જોઈએ. કાયમ એનાથી આઘા રહેજો.)

તબાહી નોતરનારી પાંચ ખસલતો————એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, ''એ પાંચ ખસલતો આ છે :''

- ——કદી આમ નથી બન્યું કે કોઈ કૌમમાં ફવાહિશ (એટલે બેશર્મી, બેહયાઈ, બદકારી, નગ્નતા, વ્યભિચાર વગેરે)નો મામલો એટલી હદે પહોંચી જાય કે, લોકો ખુલ્લમ ખુલ્લા અને ઉઘાડે છોગે તેને આચરવા લાગે અને પછી તે કૌમમાં પ્લેગ, મરકી કે એવો રોગચાળો ફાટી ન નીકળે જે તેના બાપદાદાઓના જમાનામાં ન હતો.

- ——કદી આમ નથી બન્યું કે કોઈ કૌમ માપ-તોલમાં દગો-ફટકો કરવા લાગે અને પછી એ કૌમને દુકાળ, મોંઘવારી, ગધ્ધાવૈતરૂં અને સત્તાધારીઓના ત્રાસે કે ભ્રષ્ટાચારે પોતાની ભીંસમાં ન લઈ લીધા હોય.

- ——કદી આમ નથી બન્યું કે કોઈ કૌમે પોતાના માલમાંથી ઝકાત આપવાનું, દાન-ખેરાત કરવાનું બંધ કરી દીધું હોય અને પછી તેને આકાશથી વરસનારા વરસાદથી મહરૂમ ન કરી દેવામાં આવી હોય. હા જો જાનવરો કે ચોપગાં પ્રાણીઓ ન હોય તો વરસાદને સદંતર બંધ કરી દેવામાં આવે.

- ——કદી આમ નથી બન્યું કે કોઈ કૌમે અલ્લાહના બંધારણને અને તેના રસૂલના બંધારણને તોડી નાખ્યું હોય અને પછી તેના માથે, પારકાઓને દુશ્મન બનાવીને સવાર ન કરી દેવામાં આવ્યા હોય. અને પછી માથે ચઢી બેઠેલો એ દુશ્મન તે કૌમની જમીન-જાગીર કે માલ-મિલ્કતનો અમુક ભાગ પડાવી નહિ લે.

- ——કદી આમ નથી બન્યું કે કોઈ કૌમના આગેવાનોએ, ધર્મનેતાઓએ અને માર્ગદર્શકોએ અલ્લાહની કિતાબના આદેશો મુજબ લોકોની દોરવણી નહિ કરી અને અલ્લાહના ઉતારેલા આદેશોને તરછોડીને પોતાની મરજી મુજબના હુકમો ચાલુ કરી દીધા અને પછી અલ્લાહ તઆલાએ તેઓમાં આપસના લડાઈ-ઝગડા, ખૂનામરકી અને ફાટફૂટ ન જન્માવી દીધી હોય.''

ઇબ્ને ઔફને રવાનગીનો હુકમ————હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનું બયાન છે: એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફને એક લશ્કરી ટુકડીના અમીર બનાવીને, દૂમતુલ-જન્દલ સ્થળે ભેગા થયેલા અને મદીનહ પર ચઢાઈ કરવા માગતા દુશ્મનો તરફ જવા માટેની

Maktabe Ashraf

તૈયારી કરવાનો હુકમ ફરમાવ્યો.

તૈયારીના હુકમને માથે ચઢાવીને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ એક કાળા રંગના સુતરાઉ કપડાંની પાઘડી પોતાના માથે સજવા લાગ્યા. એમને પાઘડી બાંધતા જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને પોતાની પાસે બોલાવ્યા. એમની બાંધેલી પાઘડી આપે પોતાના મુબારક હાથે છોડી નાખી અને પછી પોતાના મુબારક હાથથી એ પાઘડી તેમના માથે બાંધવા લાગ્યા. પ્રથમ આપે પાઘડીના ચાર પાંચ વળ તેમના માથાના પાછલા ભાગથી બાંધ્યા પછી તેનો ચાર આંગળ કે તેટલો જ છેડો પીઠ પાછળ છોડી દીધો અને ફરમાવ્યું, "અબ્દુર્રહમાન ! જુઓ, પાઘડી આ રીતે બાંધ્યા કરો. આ તરીકો સૌથી ઉત્તમ અને સહેલો છે."

પછી આપે હઝરત બિલાલને હુકમ ફરમાવ્યો, "બિલાલ ! ઝંડો લાવીને મને આપો."

હઝરત બિલાલ ઝંડો લઈ આવ્યા. આપે અલ્લાહની હમ્દો-સના બયાન કરી. પછી પોતાની પવિત્ર જાત પર દુરૂદ શરીફ પઢ્યા અને પછી ફરમાવ્યું :

> "આ ઝંડો ઉપાડો. બધા મળીને અલ્લાહના રસ્તામાં જિહાદ કરો અને એવા દરેક માણસ સાથે જંગ કરો જે અલ્લાહનો ઈન્કારી હોય અને અલ્લાહ સાથે કુફ્ર કરનારો હોય. જુઓ, અમાનતમાં ખિયાનત ન કરજો. વચનભંગ કે કરારભંગ ન કરજો. સામેવાળાના હાથપગ કે શરીરના બીજા અવયવો ન બગાડજો. સ્ત્રીઓ અને બાળકોને કતલ ન કરજો. આ અલ્લાહનું બંધારણ છે અને તમારી જાતમાં અલ્લાહના પયગમ્બરના સંસ્કારો કે આદર્શો મૌજૂદ છે."

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફએ આગળ વધીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હાથમાંથી ઝંડો લઈને સંભાળી લીધો.

ઈબ્ને હિશામ કહે છે : એ પછી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પોતાની લશ્કરી ટુકડી સાથે દૂમતુલ-જન્દલ તરફ રવાના થઈ ગયા.

સરિય્યએ-હઝરત અબૂ ઉબૈદહ (રદિયલ્લાહુ અન્હુ)

સમુદ્રની વિરાટકાય માછલી————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને ઉબાદહ બિન વલીદ બિન ઉબાદહ બિન સામિતએ, પોતાના પિતાને મુખે સાંભળેલી, પોતાના દાદા હઝરત ઉબાદહ બિન સામિતની રિવાયત કહી સંભળાવી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એક લશ્કરી ટુકડી "સીફુલ-બહ્ર" તરફ રવાના કરી અને હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહને એ લશ્કરી ટુકડીના અમીર બનાવ્યા. આ લશ્કરી ટુકડીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ થોડીક ખજૂરો પણ આપી. આ લોકો સફરમાં એજ ખજૂરો ખાતા રહ્યા. ત્યાં સુધી કે ખજૂરોનો પુરવઠો ખતમ થવા આવ્યો અને નૌબત એટલે સુધી પહોંચી ગઈ કે છેલ્લી વહેંચણીમાં એક શખ્સના ભાગે એક પણ ખજૂર નહિ આવી. મામલો ભૂખમરા સુધી લંબાયો. જ્યારે અમને ભૂખની તકલીફ સતાવવા લાગી તો અલ્લાહ તઆલાએ અમારા માટે સમંદરમાંથી એક વિરાટકાય માછલી કિનારા પર ફેંકી

દીધી. અમે તેનું ગોશ્ત અને ચરબી મજાથી ખાતા રહ્યા. પૂરા વીસ દિવસ સુધી અમે માછલીના ખોરાક પર રહ્યા. હવે અમે લોકો ખૂબ જાડાતાજા કે તગડા થઈ ગયા હતા.

એક દિવસે અમારા અમીર સાહેબે આ માછલીની પાંસળી કે ઢાંચો ઉપાડીને રસ્તા પર ગોઠવી દીધો અને અમારા ઊંટોમાં જે સૌથી લાંબો, જાડો-તાજો ઊંટ હતો તેને મંગાવ્યો અને તેની પીઠ ઉપર અમારા સૌથી લાંબા-તાજા માણસને બેસાડયો અને કહ્યું કે પાંસળીના આ પુલ નીચેથી પસાર થાવ. જ્યારે તે પસાર થયો તો તેનું માથું સુધ્ધાં પાંસળી સાથે અથડાયું નહિ.

પછી જ્યારે અમે અમારૂં કામ પતાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં હાજર થયા તો સફરમાં બનેલો પૂરો કિસ્સો અમે આપને કહી સંભળાવ્યો અને પૂછયું, ''યા રસૂલલ્લાહ ! અમે લોકોએ આ દરિયાઈ પ્રાણીનું ગોશ્ત ખાધું તો એ બારામાં આપનો શું અભિપ્રાય છે ?''

આપે ફરમાવ્યું, ''એ એક રોજી હતી જેને અલ્લાહ તઆલાએ તમારા ખોરાક માટે સમંદરમાંથી મોકલાવી આપી.''

સરિય્યએ-હઝરત અમ્ર બિન ઉમૈયહ (રદિયલ્લાહુ અન્હુ)

અબૂ સુફયાનની કતલનું ફરમાન———— ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જેટલા સરાયા કે બુઊસ માટે જેટલી લશ્કરી ટુકડીઓ મોકલાવી તેમાંથી અમુકના બનાવો ઇબ્ને ઇસ્હાકે પોતાના ગ્રંથમાં ટાંકયા નથી. એમાંથી એક સરિય્યએ-અમ્ર બિન ઉમૈયહ પણ છે.

મને પ્રામાણિક ગૃહસ્થોને મુખે મળેલી માહિતી મુજબ જ્યારે મક્કહના લોહી તરસ્યા ત્રાસવાદીઓએ હઝરત ખુબૈબ બિન અદી અને તેમના સાથીઓને દગાખોરીથી પકડી લઈને વિના વાંકે શહીદ કરી નાખ્યા તો રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અમ્ર બિન ઉમૈયહ દમરીને હુકમ ફરમાવ્યો કે મક્કહ જઈને અબૂ સુફયાન બિન હર્બને કતલ કરી નાખો. આપે હઝરત જબ્બાર બિન સખ્ર અન્સારીને પણ હઝરત અમ્ર બિન ઉમૈયહની સાથે કરી દીધા.

આ બંને ગૃહસ્થો સફરની મંઝિલો વટાવતા મક્કહ પહોંચી ગયા. પ્રથમ તેઓએ યાજિહ મુકામે પોતાના ઊંટોને પહાડોની એક ઘાટીમાં બાંધી દીધા અને રાતના સમયે તેઓ મક્કહમાં દાખલ થયા. આ પ્રસંગે હઝરત જબ્બારે પોતાના સાથીને કહ્યું, ''ચાલો પ્રથમ કઅબહનો તવાફ કરીને બે રકઅત નમાઝ પઢી લઈએ.''

હઝરત અમ્ર બોલ્યા, ''લોકો જમી પરવારીને કઅબહના ચોગાનમાં બેઠકો ગોઠવે છે. મોડી રાતે જ્યારે બધા પોતપોતાના ઘરોમાં ઠરીઠામ થઇ જશે તે વેળા જઈને તવાફ કરી લઈશું.''

હઝરત જબ્બાર બોલ્યા, ''ઈન્શા અલ્લાહ જરૂર જરૂર !''

હઝરત અમ્ર બિન ઉમૈયહ ફરમાવે છે : ''મોડી રાતે લોકો પોતપોતાના ઘરે સિધાવી ગયા તો અમે બંનેએ કઅબહનો તવાફ કર્યો. તવાફથી પરવારીને બે રકઅત નમાઝ પઢી અને પછી અમે અબૂ સુફયાનની તલાશમાં નીકળી પડયા. અમે ગલીઓમાંથી પસાર થતા હતા એટલામાં મક્કહના એક માણસની નજરે અમે

ચઢી ગયા. તરત તેણે મને ઓળખી લીધો અને ઊંચા સાદે કહ્યું, "અલ્લાહના સોગંદ ! આ માણસ જરૂર કોઈ બુરા ઈરાદે જ મક્કહ આવેલો લાગે છે."

મેં મારા સાથીને કહ્યું, "અન-નજાઅ !"એટલે પોતાના બચાવની ફિકર કરો.

અમે ભાગવાનું શરૂ કર્યું અને ભાગતા-ભાગતા એક પહાડ પર ચઢી ગયા. મક્કહના લોકો અમારી તલાશમાં નીકળી પડયા હતા. પણ જયારે અમે પહાડ પર ચઢી ગયા તો તેઓ માયૂસ થઈને ત્યાંથી પાછા ચાલ્યા ગયા. અમે પહાડ પર જઈને એક ગુફામાં ભરાઈ ગયા. ત્યાં જ અમે રાત પસાર કરી. મોટા મોટા પથ્થરોથી અમે પોતાને ઢાંકી લીધા હતા. પ્રભાતના અજવાળામાં અમે જોયું કે કુરૈશનો એક આદમી ઘોડો લઈને આવી રહ્યો છે. ઘોડાની પીઠ પર તેણે ગાંસડી લાદેલી હતી. એ કુરૈશી એકદમ અમારા માથે આવી લાગ્યો. અમે ગારમાં લપાઈને બેઠેલા હતા. મેં વિચાર્યું કે આ માણસ જો અમને જોઈ લેશે તો બૂમો પાડીને લોકોને બોલાવી લેશે અને તેઓ અમને બંનેને ઝડપી લઈને કતલ કરી નાખશે.

ઘોડાવાળા કુરૈશીની હત્યા————હઝરત અમ્ર બિન ઉમૈયહ બયાન કરે છે : "મારી પાસે એક ખંજર હતું. અબૂ સુફયાનને કતલ કરવા માટે મેં એને સાથે લીધું હતું. મેં એ ખંજર ખેંચી કાઢયું અને છલાંગ મારીને તેની છાતીમાં હુલાવી દીધું. તેણે એક ભયંકર ચીસ પાડી જેનો પડઘો મક્કહના લોકોના કાનો સુધી પહોંચી ગયો. હું ઉપરાછાપરી ઘા કરતો રહ્યો અને તે ચિલ્લાતો રહ્યો ત્યાં સુધી કે તેની ચીસો શમી ગઈ. એટલામાં લોકો દોડતા તેની પાસે આવી લાગ્યા. તેને પૂછયું, "તને કોણે માર્યો છે ?"

તે બોલ્યો, "મને અમ્ર બિન ઉમૈયહએ માર્યો છે."

આટલું કહેતાં જ તેની જાન નીકળી ગઈ. એજ સ્થળે તે મરી ગયો અને અમારા સંતાવાનું ઠેકાણું તે કોઈને બતાવી શકયો નહિ. લોકો તેની લાશને ઉપાડીને લઈ ગયા. મેં મારા સાથીને કહ્યું, "હવે સાંજ થવા આવી છે. આપણે પોતાના બચાવની ફિકર કરવી જોઈએ."

છેવટે રાત આવી લાગી અને અમે બંને મક્કહથી નીકળીને મદીનહના રસ્તે પડયા. હઝરત ખુબૈબ બિન અદીને મક્કહના લોકોએ ધોકાથી પકડીને શહીદ કરી નાખ્યા હતા. તેમની લાશ તેજ સ્થળે રહેવા દીધી હતી જયાં તેમને શહીદ કર્યા હતા અને પહેરેગીરો તેમની લાશનો પહેરો ભરી રહ્યા હતા. જયારે અમે રાતના અંધારામાં પૂરી સાવચેતીથી પહેરેગીરો પાસેથી પસાર થવા લાગ્યા તો તેમાંનો એક પહેરેગીર પોતાના સાથીઓને કહેવા લાગ્યો, "અલ્લાહના સોગંદ ! આજની રાતે હું આબેહૂબ અમ્ર બિન ઉમૈયહની ચાલ જેવો પગરવ સાંભળી રહ્યો છું. જો તે મદીનહમાં ન હોત તો હું ચોકકસ કહી શકત કે, આ પગરવ અમ્ર બિન ઉમૈયહની ચાલ જેવો જ છે."

આમ કહીને એ પહેરેગીર ત્યાં જમીનમાં દાટેલા એક ખૂંટા તરફ જવા લાગ્યો. પરંતુ તે ત્યાં પહોંચે તે પહેલાં મારો સાથી છલાંગ મારીને ખૂંટા પાસે પહોંચી ગયો અને તેને ઉખાડીને દોડવા લાગ્યો. હું પણ તેની સાથે દોડી પડયો. એ લોકો પણ અમારી પાછળ દોડયા. અમે દોડતા-દોડતા યાજજ મુકામે પહોંચી ગયા. અહીં એક પહાડી નાળું હતું. મારા સાથીએ પેલું લાકડું તેમાં ફેંકી દીધું. અમારી પાછળ દોડનારા પહેરેગીરો એ લાકડાને તેમાંથી કાઢવાની વેતરણમાં ગૂંથાયા ત્યારે મેં મારા સાથીને કહ્યું,"અન-નજાઅ ! અન-નજાઅ!"

Maktabe Ashraf

બચવાની ફિકર કરો, બચવાની કોશિશ કરો. તમે પોતાના ઊંટ સુધી પહોંચો અને તેના પર બેસીને ઊપડી જાવ. હું આ લોકોનું ધ્યાન તમારા તરફથી હટાવું છું.''

બનૂબક્રના એક મુશરિકની કતલ——————મારો સાથી જબ્બાર બિન સખ્ર ઊંટ પર બેસીને ઊપડી ગયો અને હું પણ ત્યાંથી ચાલી નીકળ્યો. જ્યારે મક્કહથી થોડે દૂર આવેલા દજનાન નામે પહાડ પાસે પહોંચ્યો તો બાજુમાં આવેલા બીજા એક પહાડની બખોલમાં ઘૂસીને આસરો લીધો. થોડીવાર થઇ એટલામાં એક બુઢ્ઢો આ ગુફા પાસે આવી લાગ્યો. એ બનૂ દૈલ કબીલાનો માણસ હતો. એની એક આંખ ફૂટેલી હતી. એની સાથે થોડાંક બકરાં પણ હતાં. મને જોઇને એ એક આંખવાળા બુઢ્ઢાએ પૂછયું, ''અલ્યા તું કોણ છે, અહીં શું કરે છે ?

મેં કહ્યું, ''બનૂ બક્રનો માણસ છું. વિસામો લેવા બેઠો છું.''

પછી મેં તેને પૂછયું, ''બડેમિયાં ! તમે કોણ છો ?''

તે બોલ્યો, ''હું પણ બનૂબક્રનો માણસ છું.''

મેં કહ્યું, ''તો ભલે પધારો, આવો આરામ કરો.''

બુઢ્ઢાએ આવતાં જ આ રાગ બુલંદ અવાજે આલાપવા માંડયો:

વ લસ્તુ બિ-મુસ્લિમિન મા દુમ્તુ હય્યન, • વલા દાનિલ લિ-દીનિલ મુસ્લિ-મયના.

અને હું જ્યાં સુધી જીવતો રહીશ, કદી પણ મુસલમાન નહિ બનું અને કોઇ કાળે હું મુસલમાનોનો મઝહબ ગ્રહણ નહિ કરૂં.

આ બુઢ્ઢો ઈસ્લામનો પાકો દુશ્મન હતો અને અંતઃકરણથી ઈસ્લામને ધિક્કારતો હતો. તે વારંવાર એજ ગાયન લલકારતો હતો અને હું મનમાં કહેતો હતો, ''ઠીક છે બુઢ્ઢા, હમણા તને ખબર પડી જશે !''

હું ધીરજથી કામ લઇને મોડે સુધી ટાળતો રહ્યો. જ્યારે તે ભરઊંઘમાં પડી ગયો તો મેં મારી કમાન ઉપાડી અને તેનો અણીદાર ખૂણો તેની સાજી આંખમાં ભોંકી દીધો. આ અણીદાર ખૂણો તેની આંખની અંદર ઊતરતો જ ચાલ્યો ગયો અને તેની ખોપરીની હાડકી સુધી પહોંચી ગયો.હવે મને પોતાના બચાવની ફિકર થઇ. ઝટપટ ત્યાંથી ઊપડીને ''અરિજ'' મુકામે પહોંચ્યો અને ત્યાંથી ''રકૂબહ''ની ભૂમિ વટાવતો ''નકીઅ'' સ્થળે જઇને થોભી ગયો. [૧]

અહીં મેં જોયું કે કુરૈશના બે મુશરિકો બેઠેલા છે. એમને મેં ઓળખી લીધા. બંને કુરૈશના જાસૂસ હતા. મુસલમાનોની હિલચાલની બાતમી મેળવીને મક્કહ જતા હતા. મેં તેઓને પડકાર્યા, ''તમે બંને મારા કેદી છો.''

તેઓએ કેદી બનવાનો ઇન્કાર કરી દીધો. મેં તેમાંના એકને તીર મારીને મારી નાખ્યો. આ જોઇને બીજાએ કેદી બનવાનું કબૂલ કરી લીધું.મેં તેને દોરડીઓથી જકડી લીધો અને કેદી તરીકે તેને મદીનહ લઇ આવ્યો.

---

૧. અરિજ : મક્કહના રસ્તે આવેલી એક મંઝિલનું નામ. રકૂબહ : હરમૈન વચ્ચે આવેલી એક ઘાટી. નકીઅ : મુઝૈનહ પ્રદેશમાં મદીનહથી બે મંઝિલના વિસ્તારે આવેલું એક સ્થળ.

સરિય્યહ હઝરત ઝૈદ બિન હારિસહ (રદિયલ્લાહુ અન્હુ)

મદયન શહેરના કેદીઓ————ઈબ્ને હિશામ કહે છે : હઝરત ઝૈદ બિન હારિસહનો આ સરિય્યહ મદયન શહેરમાં સર્જાયો. એનું વર્ણન અબ્દુલ્લાહ બિન હસન બિન હસને પોતાના અમ્માંજી ફાતિમહ બિન્તે હુસૈન બિન અલીની રિવાયતથી કર્યું છે. (અલ્લાહ એ સૌથી રાજી હો !)

હઝરત ફાતિમહ બિન્તે હુસૈન બિન અલીનું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લલાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઝૈદ બિન હારિસહને લશ્કરી ટુકડી આપીને મદયન શહેર તરફ રવાના કર્યા. આ ટુકડીમાં હઝરત દુમૈરહ પણ હતા જેઓ હઝરત અલીના આઝાદ ગુલામ અને દીની ભાઈ હતા.

હઝરત ફાતિમહ બિન્તે હુસૈન બિન અલીનું બયાન છે : આ ઘટનામાં હઝરત ઝૈદ બિન હારિસહએ મદયનના સમુદ્ર કાંઠે વસનારા ઘણા બંડખોર લોકોને કેદી તરીકે ગિરિફતાર કરી લીધા. એમાં જુદા-જુદા તબકાના લોકોનો સમાવેશ હતો. મુજાહિદોએ બધાને પકડી લઈને અને મદીનહ લઈ જઈને ગુલામ-લોંડી તરીકે અલગ અલગ વેચવાનું શરૂ કર્યું. આ વેચાણમાં અલગ-અલગ તબકાના માણસો એકબીજાથી વિખૂટા પડી જતા હતા. માંયો પોતાના બાળકોથી અલગ થઈ જતી હતી. આ કારણે બધા કેદીઓ પોક મૂકી મૂકીને રડવા લાગી ગયા. એટલામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ત્યાં પધાર્યા. જોયું તો કેદીઓએ રડારોળ મચાવેલી હતી. ફરમાવ્યું, ''એમને શું થયું છે ? બધા કેમ રડે છે ?''

કહેવામાં આવ્યું, ''યા રસૂલલ્લાહ ! કેદીઓમાં જુદાઈ થઈ ગઈ છે.''

ફરમાવ્યું, ''એમ નહિ, બધાનું ભેગી રીતે વેચાણ કરો.''

ઈબ્ને હિશામ કહે છે : આમ ફરમાવવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો હેતુ આ હતો કે માંયો અને બાળકો વચ્ચે જુદાઈ કરાવવી નહિ.

Maktabe Ashraf

પ્રકરણ ૧૫૯

ગઝવાત અને સરાયા

સરિય્યએ-હઝરત સાલિમ બિન ઉમૈર • અબૂ અફક યહૂદીની કતલ • સરિય્યએ-હઝરત ઉમૈર બિન અદી • અસમાઅ બિન્તે મરવાન • અસમાઅ શાઇરહનું નિંદા-કાવ્ય • અસમાઅ શાઇરહની કતલ • ખત્મહ કબીલાનો ઇસ્લામ સ્વીકાર • સરિય્યએ-હઝરત મુહંમદ બિન મસ્લમહ • સુમામહ બિન ઉસાલની ધરપકડ • સુમામહનો ઇસ્લામ સ્વીકાર • કાફિરના સાત આંતરડાં • હઝરત સુમામહ મક્કહમાં • સરિય્યએ-હઝરત અલ્કમહ • રમૂજી તબીઅતના સહાબી • સરિય્યએ-હઝરત કુર્ઝ બિન જાબિર • મોટા પેટવાળા ગમારો • ઉપકારનો બદલો અપકાર • સરિય્યએ-હઝરત અલી.

Maktabe Ashraf

સરિય્યએ-હઝરત સાલિમ બિન ઉમૈર (રદિયલ્લાહુ અન્હુ)

અબૂ અફક યહૂદીની કતલ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત સાલિમ બિન ઉમૈરના આ સરિય્યહની ઘટના અબૂ અફક ઉપનામે પંકાયેલા એક યહૂદી બુઢ્ઢા શાઇરની હત્યા બાબતે બનવા પામી.

આ યહૂદી શાઇર અબૂ અફક નામે પંકાયેલો હતો અને બનૂ અમ્ર બિન ઔફની બિરાદરીમાંથી હતો. બનૂ અમ્ર બિન ઔફની બિરાદરી બનૂ ઉબૈદ કબીલાની એક શાખ હતી. અબૂ અફક બુઢ્ઢાના છુપા કપટ કે મુનાફિકપણાનો ભેદ ત્યારે ફુટયો જયારે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હારિસ બિન સુવૈદ બિન સામિતને તેની અવળચંડાઇઓને કારણે કતલ કરવાનો હુકમ ફરમાવ્યો.

હારિસ બિન સુવૈદની હત્યા પ્રસંગે બુઢ્ઢા શાઇર અબૂ અફકે એક નિંદા-કાવ્ય રચ્યું જેમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની શાનમાં સખત ગુસ્તાખીઓ કરીને આપનું ઉઘાડું અપમાન કરવામાં આવ્યું હતું અને સાથે મદીનહના અન્સાર મુસલમાનોને નામોશીભર્યો ઠપકો આપીને કહેવામાં આવ્યું હતું કે તેઓએ મુહંમદ જેવા એક પરદેશી અને બહારના આદમીને મદીનહમાં આસરો આપવાની બહુ મોટી ભૂલ કરી નાખી છે.

આ નિંદા કાવ્યથી યહૂદી શાઇરના મુનાફિકપણાનો ભેદ ફૂટી ગયો અને જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ આ નિંદા-કાવ્ય સાંભળ્યું તો ફરમાવ્યું, "મન લી બિ-હાઝલ-ખબીસ ?" એટલે મારી તરફથી મારી આબરૂના રક્ષણ કાજે કોણ આ દુષ્ટને દફે કરવા તૈયાર છે ?

આ સાંભળીને બનૂ અમ્ર બિન ઔફવાળા હઝરત સાલિમ બિન ઉમૈર ઊભા થઇ ગયા અને ઈમાની જુસ્સાથી બોલ્યા, "યા રસૂલલ્લાહ ! એ નાલાયક બુઢ્ઢો મારી જ બિરાદરીમાંથી છે. મેં અગાઉથી જ માનતા લીધી છે કે, કાં અબૂ અફકને કતલ કરીશ કાં પોતે કતલ થઇ જઇશ !"

હઝરત સાલિમ બિન ઉમૈર પોતાની તલવાર લઇને રવાના થયા. ગરમીની રાત હતી. અબૂ અફક ઘરના આંગણમાં ગફલતની ઊંઘમાં પડેલો હતો. મંદ પગલે તેના ઘરમાં દાખલ થઇને તલવારની અણી તેના જિગર પર મૂકી અને એટલા જોરથી દબાવી કે જિગરને ચીરતી બિસ્તર સુધી પહોંચી ગઇ. અલ્લાહના દુશ્મને ખોફનાક ચીખ મારી. ઘરના લોકો શું બન્યું તે જાણવા દોડી આવ્યા પણ તેટલી વારમાં અલ્લાહનો દુશ્મન જહન્નમ-રસીદ થઇ ચૂક્યો હતો. [૧]

એજ પ્રસંગ માટે ઈમામહ મુઝૈરૈયાએ આ શેઅરો કહ્યા :

તુકઝ - ઝિબુ દીનલ્લાહે વલ-મર્અ અહમદન • લિ-અમ્રુલ-લઝી અમ્નાક ઈન્ન બિઅસ મા યુમ્ના.

સોગંદ છે તે ગૃહસ્થની જાનના ! જેણે તારૂં લોહી રેડયું. લોહી રેડવાનું જે કારણ બન્યું તે બહુ ખરાબ કારણ છે. તેં અલ્લાહના દીનને અને અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીને જૂઠી ઠરાવી દીધી હતી.

હબાક હનીફુન આખિરલ - લયલે તઅ-નતન • અબા અફકિન ખુઝહા અલા કિબરિસ-સિન્ને.

એક નિખાલસ દિલના મુસલમાને, રાતના પાછલા પ્રહરે, તને તલવારના વારનું ઈનામ આમ કહીને આપી દીધું કે, "લેતો જા હે અબૂ અફક ! તારા બુઢાપાનું આ ઈનામ !"

સરિય્યએ-હઝરત ઉમૈર બિન અદી (રદિયલ્લાહુ અન્હુ)

અસમાઅ બિન્તે મરવાન————હઝરત ઉમૈર બિન અદી ખત્મીનો આ સરિય્યહ, અસમાઅ બિન્તે મરવાન નામે શાઈરહ સ્ત્રીને કતલ કરવા અંગે સર્જાયો. આ શાઈરહ સ્ત્રી, બનૂ ઉમૈયહ બિન ઝૈદના ખાનદાનમાંથી હતી. જયારે અબૂ અફક શાઈરને કતલ કરી નાખવામાં આવ્યો ત્યારે અસમાઅ બિન્તે મરવાને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં ગુસ્તાખીઓ કરવાનું અને નિંદા-કાવ્યો રચવાનું શરૂ કરી દીધું કેમકે પોતે પણ એક પંકાયેલી શાઈરહ હતી. આ રીતે તેના દિલમાં છુપાયેલું મુનાફિકપણું જાહેર થવા લાગ્યું.

અબ્દુલ્લાહ બિન હારિસ બિન ફુસૈલએ પોતાના બાપની રિવાયત ટાંકતાં કહ્યું કે અસમાઅ બિન્તે મરવાન, બનૂ ખત્મહ ખાનદાનના એક શખ્સની બેગમ હતી. એના ખાવિન્દનું નામ યઝીદ બિન ઝૈદ બિન હિસ્ન ખત્મી હતું.

અસમાઅ શાઈરહનું નિંદા-કાવ્ય————અસમાઅ બિન્તે મરવાને રચેલા કાવ્યોમાંથી આ કાવ્ય એવું છે જેમાં તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર, ઈસ્લામ પર અને મુસલમાનો પર નુકતાચીની

૧. અબૂ અફક શાઈર ખખડધજ બુઢ્ઢો થઇ ગયો હતો. ૧૨૦ વરસની તેની ઉંમર હતી. ટાંટિયા કબરમાં લટકી ગયા હતા. છતાં ઈસ્લામની દુશ્મની તેના દિલમાંથી નીકળી ન હતી. કાયમ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની શાનમાં નિંદા-કાવ્યો લખીને મગજનો ધુમાડો કાઢતો રહતો અને લોકોનો ઉશ્કેર્યા કરતો હતો. (સીરતુલ-મુસ્તફા જિ.૨ પા. ૧૬૨) "હ"

કરી છે :

બાસતિ બની માલિકિંવ - વન નબીતિન • વ અવફિંવ વ બાસતિ બનિલ-ખઝરજિ.

બનૂ માલિક, બનૂ નબીત, બનૂ ઔફ અને બનૂ ખઝરજના મૂળ વંશ અને તેઓના વડદાદાના કસમ ખાઈને કહું છું :————

અતઅ-તુમ અતાવિય્ય મિન ગયરે - કુમ • ફલા મિમ - મુરાદિંવ - વલા મઝ-હિજિ.

તમે એક બહારથી આવી ચઢેલા અજાણ્યા માણસની તાબેદારી કબૂલ કરી લીધી જે ન તો તમારામાંથી છે ન મુરાદના કબીલામાંથી છે ન મઝહિજના કબીલામાંથી છે.

તુરજજૂ - નહૂ બઅદ કતલર - રઊસિ • કમાયુર-તજી મરકલ મુન-દજિ.

તમે લોકો, તમારા મોટા-મોટા સરદારોના કતલ થઈ જવાં છતાં આ માણસને એવી જ આશાઓ અપાવી રહ્યા છો જેમ રંધાયેલા શોરબાથી આશા રાખી શકાય છે.

અલા અન્કુ યબતગી ઇર-રતન • ફ-યક - તિઓ મિન અમલિલ - મુર - તજી.

શું તમારામાં કોઈ નાકવાળો નથી જે આ નાલાયક જમાઅત વિરુધ્ધ ઊભો થઈ જાય અને આશા બાંધનારની આશાઓના ભૂકકા કરી નાખે ? [1]

અસમાઅ શાઇરહની કતલ————જયારે અસમાઅ બિન્તે મરવાનના આ તરંગો કે નાપાક ઇચ્છાઓની રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને માહિતી મળી તો આપે ફરમાવ્યું, "શું કોઈ મારા તરફથી મરવાનની બેટીને પકડમાં લેનારો છે ?"

હઝરત ઉમૈર બિન અદી ખત્મી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બાજુમાં જ હતા. આપની ફરમાઇશ સાંભળીને ઊભા થઈ ગયા અને બોલ્યા, "યા રસૂલલ્લાહ ! આપનો આ ગુલામ હાજર છે."

સાંજ પડતાં એજ રાતે હઝરત ઉમૈર બિન અદી, અસમાઅ બિન્તે મરવાનના ઘરમાં ઘૂસી ગયા અને તલવારના એક જ ઝાટકે તેનું મસ્તક ઉડાવી દીધું અને સવાર પડતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયા અને અદબથી બોલ્યા, "યા રસૂલલ્લાહ ! મેં તેને કતલ કરી નાખી છે."

આપે ફરમાવ્યું, "ઉમૈર ! તમે અલ્લાહ અને તેના રસૂલની મદદ કરી."

હઝરત ઉમૈરે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! શું એ અસમાઅની કતલ અંગે મારે કંઇ વેઠવું પડશે?"

આપે ફરમાવ્યું, "ના તેની કતલ અંગે બે બકરાં પણ આપસમાં નહિ લડે."

અર્થાત : તેની કતલના મામલામાં કોઈ અડચણ કે ગૂંચવણ ઊભી નહિ થાય. ન તેના ખૂનનો બદલો માગવામાં આવશે ન કોઈ સમસ્યા કે મુશ્કેલી ઊભી થશે.

ખત્મહ કબીલાનો ઇસ્લામ સ્વીકાર————હઝરત ઉમૈર બિન અદી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસેથી ઊઠીને પોતાની કૌમ એટલે ખત્મહ કબીલાના લોકો તરફ રવાના થયા. અસમાઅ

---

૧. તે સમયના અરબમાં શેઅર-શાઇરીનું એટલું જ મહત્વ હતું જેટલું આજે રેડિઓ, અખબારો અને બીજા પ્રચાર માધ્યમોનું છે. હોઠે નીકળેલી વાતને કોઠે પહોંચતા વાર લાગતી ન હતી. "હ"

Maktabe Ashraf

બિન્તે મરવાનના પાંચ જવાન પુત્રો હતા. પોતાની સગી મા ની હત્યાના મામલે બેટાઓમાં ખળભળાટ મચેલો હતો. એથી વિરૂધ્ધ ખત્મહના લોકોમાં આનંદની લહેર પ્રસરેલી હતી. હઝરત ઉમૈરે તેઓને કહ્યું, "હે મારા ભાઈબંધો! મરવાનની બેટીને મેં મારી નાખી છે. હવે તમે બધા મળીને મારા બચાવની કોઈ તદબીર કરો. મોડું નહિ કરતાં ઉતાવળથી કામ લો."

લોકોએ ધરપત આપતાં કહ્યું, "ઉમૈર ! ગભરાવાની જરૂર નથી. ધીરજ રાખો."

આ પહેલો દિવસ હતો જયારે બનૂ ખત્મહના ઘરોમાં ઈસ્લામે માનભર્યું સ્થાન મેળવી લીધું. આથી પહેલાં જે કોઈ મુસલમાન બનતો, ડરનો માર્યો પોતાના ઈસ્લામને છુપાવતો હતો, કેમકે અસમાઅ બિન્તે મરવાનના દબદબાથી બધા દબાયેલા હતા.

બનૂ ખત્મહના લોકોમાં સૌથી પહેલાં ઈસ્લામ કબૂલ કરનારા હઝરત ઉમૈર બિન અદી હતા જેમનું બીજું નામ કારી હતું.એમના પછી હઝરત અબ્દુલ્લાહ બિન ઔસ હતા અને તેમના પછી હઝરત ખુઝૈમહ બિન સાબિત હતા. જે દિવસે અસમાઅ બિન્તે મરવાનને કતલ કરવામાં આવી, બનૂ ખત્મહના સંખ્યાબંધ માણસો મુસલમાન બની ગયા કેમકે તેઓએ પોતાની આંખે જોઈ લીધું કે ઈસ્લામ એક સાચો, વધાવી લેવા જેવો અને બળવાન મઝહબ છે.

સરિય્યએ-હઝરત મુહંમદ બિન મસ્લમહ (રદિયલ્લાહુ અન્હુ)

સુમામહ બિન ઉસાલની ધરપકડ———ઈબ્ને ઈસ્હાક કહે છે : મને અબૂ સઈદ મુકબિરીના મુખે હઝરત અબૂ હુરૈરહની આ રિવાયત મળી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મુહંમદ બિન મસ્લમહની કમાન હેઠળ જે લશ્કરી ટુકડી "કુરતાઅ" સ્થળે મોકલાવી હતી ત્યાં લશ્કરી જવાનોએ યમામહ પ્રદેશના મશહૂર કબીલા બનૂ હનીફહના એક માણસને ગિરિફતાર કરી લીધો.લશ્કરી જવાનોને ખબર ન હતી કે એ કોણ માણસ છે અને તેનું નામ શું છે ?

જયારે તેને કેદી તરીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર કરવામાં આવ્યો તો આપે ફરમાવ્યું, "જાણો છો તમે કોને પકડીને લાવ્યા છો ? એ સુમામહ બિન ઉસાલ હનફી છે. યમામહના હનીફહ કબીલાનો સરદાર. એને સારી રીતે પકડી રાખો, અને જે કંઈ ખાવાનું તમારી પાસે હોય તે એને ખવાડયા કરો."

આમ ફરમાવીને આપ ઘરવાળાં પાસે તશરીફ લઈ ગયા અને ફરમાવ્યું, "જે કંઈ ખાવાનું ઘરમાં હાજર હોય તે ભેગું કરીને સુમામહ માટે મોકલાવી દો. સાથે ઊંટણીને દોહીને તેનું દૂધ પણ સવાર-સાંજ તેના માટે મોકલાવતા રહો."

સવાર-સાંજ જયારેય આપને તક મળતી, આપ અચૂક તેની પાસે પધારતા અને તેને ફરમાવતા, "હે સુમામહ ! ઈસ્લામ કબૂલ કરી લે."

જવાબમાં સુમામહ કહી દેતો, "છોડો ઈસ્લામની વાતને હે મુહંમદ ! હા મને કતલ કરવો હોય તો ભલે, પણ મારો લોહીદંડ તમારે ચૂકવવો પડશે. જો મને છોડી દેવો હોય તો છુટકારાના બદલામાં જેટલી રકમ

Maktabe Ashraf

માંગો તે આપવા તૈયાર છું.''

સારાંશ કે અલ્લાહ તઆલાએ ચાહ્યું ત્યાં સુધી સુમામહને મસ્જિદના થાંભલા સાથે બાંધી રાખવામાં આવ્યો. જમણ અને દૂધ સવાર-સાંજ તેના માટે આવતું રહ્યું. મસ્જિદમાં ઈસ્લામની કેવી પ્રવૃત્તિ ચાલે છે અને મુસલમાન લોકો એક અલ્લાહની કેવી રીતે બંદગી કરે છે તે સુમામહ પોતાની આંખે જોતો રહ્યો. એ પછી એક દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેની પાસે પધાર્યા અને લોકોને આપે ફરમાવ્યું, ''સુમામહને આઝાદ કરી દો.''

સુમામહનો ઈસ્લામ સ્વીકાર————મુસલમાનોની કેદમાંથી આઝાદ થતાં જ સુમામહ બિન ઉસાલ સીધો ''જન્નતુલ-બકીઅ'' કબ્રસ્તાનની દિશાએ ઊપડી ગયો. ત્યાં પહોંચીને સારી રીતે ગુસલ કર્યો. ગુસલથી પરવારીને સાફસુથરો પોશાક પહેર્યો અને વિના વિલંબે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયો અને ખરા દિલથી કલિમો પઢીને મુસલમાન બની ગયો.

મુસલમાન બનવા બાદ જ્યારે સાંજ પડી તો હઝરત સુમામહ બિન ઉસાલ (રદિયલ્લાહુ અન્હુ) માટે તેજ જમણ હાજર કરવામાં આવ્યું જે આથી પહેલાં રોજ એમના માટે હાજર કરવામાં આવતું હતું. પરંતુ આ વેળા હઝરત સુમામહ બિન ઉસાલે તેમાંથી બહુ જ ઓછું ખાધું અને બાકીનું એમ જ રહેવા દીધું. એવી જ રીતે ઊંટણીનું દૂધ બહુ જ થોડું પીધું અને બાકીનું એમ જ રહેવા દીધું.

કાફિરના સાત આંતરડાં————હઝરત સુમામહ બિન ઉસાલના જમવાની આ ગતિ જોઈને તમામ મુસલમાનો બેહદ નવાઈ પામી ગયા પરંતુ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં આ મામલો રજૂ થયો તો આપે ફરમાવ્યું :

''હે મુસલમાનો ! એમાં નવાઈ પામવા જેવું કંઈ નથી. આથી પહેલાંના દિવસોમાં સુમામહએ એક કાફિર તરીકેના આંતરડાંમાં ખાધું હતું અને મુસલમાન બનવા પછી એક મુસલમાન તરીકેના આંતરડાંમાં ખાધું છે. એક કાફિર પોતાના કુફ્રની હાલતમાં સાત આંતરડાંમાં ખાય છે જ્યારે એક મુસલમાન ઈસ્લામની હાલતમાં એક આંતરડીમાં ખાય છે.''

હઝરત સુમામહ મક્કહમાં————ઈબ્ને હિશામ કહે છે : મને આ રિવાયત મળી છે કે હઝરત સુમામહ બિન ઉસાલ મુસલમાન બનવા પછી ઉમ્રહ કરવાને ઈરાદે મક્કહ તરફ ઊપડી ગયા. મક્કહની ખીણમાં પહોંચીને એમણે ''તલબિયહ'' એટલે લબ્બૈક ! અલ્લાહુમ્મ લબ્બૈક ! નો પોકાર શરૂ કર્યો. એજ પોકાર સાથે સુમામહ મક્કહમાં દાખલ થયા.

મક્કહમાં દાખલ થવા પછી હઝરત સુમામહને લબ્બૈક પોકારતા જોઈને કુરૈશના લોકોએ એમને ગિરિફતાર કરી લીધા અને કહ્યું, ''આ માણસ આપણો ધર્મ છોડીને અધર્મી બની ગયો છે. એને કતલ કરી નાખો !''

લોકો એમને હડસેલા મારતા આગળ લઈ જવા લાગ્યા કે જેથી તલવારથી એમની ગરદન ઉડાવી દેવામાં આવે. એટલામાં એક કુરૈશી ગૃહસ્થ ત્યાં આવી લાગ્યો અને બોલ્યો, ''ખબરદાર હે લોકો ! આ માણસને છોડી મૂકો.તમે જાણતા નથી એ કોણ છે ? તમારે પોતાનું અનાજ લાવવા માટે યમામહ જવું પડે છે. એના વગર મક્કહનું અનાજ લાવવાનો બીજો રસ્તો નથી. માટે તરત એને છોડી મૂકો.''

ઈબ્ને હિશામ કહે છે : મને કહેવામાં આવ્યું કે હઝરત સુમામહ બિન ઉસાલ કલિમો પઢીને મુસલમાન

બની ગયા તો એમણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કહ્યું હતું, "યા રસૂલુલ્લાહ આજથી પહેલાં આપનો ચેહરો મને સૌથી વધુ નાપસંદ હતો, પણ હવે આપનો નૂરાની ચહેરો આ જગતમાં મને સૌથી વધુ મેહબૂબ છે. ધર્મ અને વતનના મામલામાં આમ જ ચાલે છે."

એ પછી હઝરત સુમામહ ઉમ્રહ માટે મક્કહ પહોંચ્યા તો એમને લબ્બૈકનો પોકાર કરતા જોઈને કુરૈશે પૂછયું, "સુમામહ ! શું તમે સબાઈ બની ગયા છો ?"

હઝરત સુમામહ બોલ્યા, "ના રે હું તો મુસલમાન બન્યો છું. મેં એક સાચા અને સર્વશ્રેષ્ઠ ધર્મનો સ્વીકાર કર્યો છે એટલે મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દીનની પૈરવી કરી લીધી છે."

એ પછી હઝરત સુમામહએ કહ્યું, "સાંભળી લો હે કુરૈશ ! અલ્લાહના સોગંદ, આજ પછી તમને યમામહથી અનાજનો દાણો સરખો મળવાનો નથી જ્યાં સુધી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી મને પરવાનગીનો હુકમ નહિ મળે."

ઉમ્રહની ક્રિયાઓથી પરવારીને હઝરત સુમામહ પોતાના વતન યમામહ તરફ ઊપડી ગયા અને કુરૈશને ઉચ્ચારેલી ધમકી મુજબ ત્યાં પહોંચીને તેમણે, યમામહથી મક્કહ જનારી દરેક વસ્તુ પર પ્રતિબંધ મૂકી દીધો. નતીજારૂપે મક્કહના લોકો બુરી તરહથી અનાજની તંગીના સંકટમાં સપડાઈ ગયા, ત્યાં સુધી કે ભૂખે મરવાનો વખત આવી લાગ્યો. ત્યારે લાચારીએ તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કાગળ લખ્યો અને તેમાં લખી જણાવ્યું :

> "હે મુહંમદ ! તમે તો લોકોને સગાં-સ્નેહીઓ સાથે ભલાઈથી વર્તવાનો હુકમ ફરમાવો છો જ્યારે કે તમે અમારી સાથેની સગાઈનો સંબંધ કાપી નાખ્યો છે. સાંભળો, અમારા બાપદાદાને તમે તલવારથી કતલ કર્યા અને તેઓની અવલાદને ભૂખની તલવારથી !"

આ કાગળ વાંચતાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ વિના વિલંબે યમામહ હઝરત સુમામહને કાગળ લખ્યો :

> "યમામહથી મક્કહવાસીઓ માટે સામાન અને અનાજ વગેરે લઈ જવા પરથી પાબંદી ઉઠાવી લો."

સરિય્યએ-હઝરત અલ્કમહ (રદિયલ્લાહુ અન્હુ)

રમૂજી તબીઅતના સહાબી——————જ્યારે ઝી-કરદના સંગ્રામમાં હઝરત વક્કાસ બિન મુજઝ-ઝિઝ મુદલિજીને શહીદ કરી નાખવામાં આવ્યા તો હઝરત અલ્કમહ બિન મુજઝ-ઝિઝ મુદલિજીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દરખાસ્ત કરી, "યા રસૂલુલ્લાહ ! આપ મને એક લશ્કરી ટુકડી આપીને એ કૌમની પૂઠે મોકલાવો કે જેથી અમે ત્યાં જઈને તેઓથી અમારા ભાઈના ખૂનનો બદલો લઈ શકીએ."

હઝરત અબૂ સઈદ ખુદરીનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલ્કમહ બિન મુજઝ-ઝિઝને લશ્કરી ટુકડી સાથે રવાના કર્યા. હું પણ આ લશ્કરી ટુકડીમાં શામિલ હતો. જ્યારે અમે દુશ્મનની પૂઠે જંગલમાં તે સ્થળે પહોંચી ગયા જ્યાં તેઓ સંતાઈને છુપી મસલત કરતા હતા તો અમને જોતાં

Maktabe Ashraf

જ તેઓ જીવ લઈને નાસી છૂટયા.

એ દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજી એક લશ્કરી ટુકડી અમારી મદદ માટે મોકલાવી આપી. એના અમીર હઝરત અબ્દુલ્લાહ બિન હુઝાફહ સહમી નામે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી હતા. એ બહુ રમૂજી તબીઅતના ગૃહસ્થ હતા. એમની સાથે આવેલા કેટલાક સાથીઓ પાછળ પડી ગયા હતા અને સમયસર પહોંચી શકયા ન હતા.

હઝરત અબૂ સઈદ ખુદ્રીનું બયાન છે : મદીનહ પાછા ફરતાં રસ્તામાં એક સ્થળે અમે થોભેલા હતા. હઝરત અબ્દુલ્લાહ સહમીએ બધાના દેખતાં અહીંતહીંથી લાકડાં ભેગાં કર્યાં પછી તેમાં આગ ચાંપી દીધી અને જયારે બળતું ઊંચું થઈ ગયું તો પાછળ પડી ગયેલા સાથીઓને સંબોધીને કહ્યું, "હે લોકો! શું હું તમારો અમીર નથી ?"

લોકો બોલ્યા, "હા બેશક તમે અમારા અમીર છો."

બોલ્યા, "શું મારો હુકમ માનવો તમારા માટે જરૂરી નથી ?"

"હા બિલકુલ જરૂરી છે." તેઓએ જવાબ આપ્યો.

"ગમે તેવો હુકમ આપું તેનું પણ પાલન કરશો ?" હઝરત અબ્દુલ્લાહએ પૂછયું.

હા અમે તેનું પણ પાલન કરવા બંધાયેલા છીએ. બસ આપ હુકમ ફરમાવો."

"વારૂ તો સાંભળી લો." હઝરત અબ્દુલ્લાહએ કહ્યું, "મને તમારા અમીર તરીકે જે સત્તા મળેલી છે તેના આધારે હું તમને હુકમ ફરમાવું છું કે તમે બધા આ ભડભડતી આગમાં કૂદી પડો."

આ હુકમ સાંભળીને બધા એકબીજાનું મોં જોવા લાગી ગયા. એ દરમિયાન કેટલાક સાથીઓ પોતાના પહેરેલાં કપડાં સંભાળવા લાગ્યા જેનાથી બીજા લોકોએ માની લીધું કે આ લોકો હમણા આગમાં કૂદી પડશે કે અબઘડી કૂદી પડશે. તેઓની આ તૈયારી જોઈને હઝરત અબ્દુલ્લાહએ હસતાં-હસતાં ફરમાવ્યું, "અરે બસ-બસ માંડી વાળો. આગમાં તે કંઈ કૂદવાનું હોય ? એવો હુકમ હું આપી શકું ખરો ? આ તો મેં ફકત તમારી સાથે ગમ્મત કરી હતી."

મદીનહ વાપસી બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આ કિસ્સાની જાણ કરવામાં આવી તો આપે ગંભીરતાથી ફરમાવ્યું :

> "જો એ લોકો આગમાં કૂદી પડતે તો કદી આગમાંથી નીકળી શકતે નહિ. એટલે કાયમ માટે જહન્નમી બની જતે. હે લોકો ! સાંભળો, તમારામાંથી કોઈ માણસ એવો હુકમ આપે જેમાં અલ્લાહની નાફરમાની થતી હોય તો કદી તેનું પાલન કરવું નહિ."

રાવીનું કથન છે : હઝરત અલકમહ બિન મુજ્જઝ-ઝિઝ પોતાના બધા સાથીઓ સાથે મદીનહ આવી ગયા અને દુશ્મનો સાથે કોઈ મુકાબલો થયો નહિ.

Maktabe Ashraf

સરિય્યએ-કુર્ઝ બિન જાબિર ફેહરી (રદિયલ્લાહુ અન્હુ)

મોટાં પેટવાળા ગમારો————ઈબ્ને ઈસ્હાક કહે છે : કેટલાક વિશ્વાસપાત્ર જાણકારોએ મને મુહંમદ બિન તલહાના વાસ્તાથી ઉસમાન બિન અબ્દુર્રહમાનની રિવાયત કહી સંભળાવી. ઉસમાન બિન અબ્દુર્રહમાનનું બયાન છે : મુહારિબ અને બનૂ સઅલબાના સંગ્રામમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એક ગુલામ હાથ લાગ્યો હતો. ગુલામનું નામ યસાર હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ ગુલામને પોતાની દૂધાળી ઊંટણીઓના ગોવાળ તરીકે નીમી દીધો હતો. આ ઊંટણીઓ મદીનહથી બહારના જંગલમાં આવેલા "જમાર" નામે બીડમાં કિનારાઓ પર ચર્યા કરતી હતી.

પછી એક દિવસે અલ્લાહની કુદરતથી એવું બન્યું કે મદીનહથી દૂરના જંગલ વિસ્તારમાં વસનારા બજલિયહ કબીલાની શાખ કૈસ કુબ્તહના કેટલાક માણસો મદીનહ આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને મુસલમાન બની ગયા અને મદીનહમાં જ રહેવા લાગ્યા. થોડાક જ દિવસોમાં મદીનહની આબોહવા રાસ નહિ આવતાં બધા બીમાર પડી ગયા. પછી તો એ બધા જલંધર જેવા રોગમાં પટકાઇ પડ્યા. એમના પેટો માટલાં પેઠે ફૂલી ગયાં. ચેહરા પીળા પડી ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈને કહેવા લાગ્યા,

"યા રસૂલલ્લાહ ! અમારાં પેટો માટલાં પેઠે ફૂલી ગયાં છે. અમને કોઇ ઈલાજ બતાવો. અમારે શું કરવું?"

આપે પૂછ્યું, "તમે કોણ છો અને ક્યાંના રહેવાસી છો અને શું ધંધો કરતા હતા ?"

બોલ્યા, "અમે ફલાણા કબીલાના લોકો છીએ. અમે ઊંટ, ગાયબળદ, ઘેટાંબકરાં પાળનારા લોકો છીએ. જંગલમાં જ રહીને જાનવરોને ચરાવ્યા કરતા હતા. શહેરોમાં રહેવાને ટેવાયેલા નથી. અહીંની આબોહવા અમને રાસ નહિ આવી અને અમે બીમાર પડી ગયા."

આપે તેઓને ફરમાવ્યું, "જુઓ તમે લોકો પેલા બીડમાં ચાલ્યા જાવ. ત્યાં જ રહીને મારી ઊંટણીઓનું દૂધ અને પેશાબ પીતા રહો. એ તમારા હકમાં બેહતર થશે. પછી જ્યારે સારા થઇ જાવ તો મને આવીને ખબર કરશો."

ઉપકારનો બદલો અપકાર————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ફરમાન મુજબ આ લોકો જમાર નામે બીડમાં ચાલ્યા ગયા. ઊંટણીઓનું દૂધ અને પેશાબ પીતા રહ્યા અને અને થોડાક જ દિવસોમાં તદ્દન સાજાસમા થઇ ગયા. જ્યારે દૂધ અને જંગલની આબોહવાથી ખૂબ તાજા અને તગડા બની ગયા તો તેઓના મસ્તકે શયતાન સવાર થઇ ગયો. તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગોવાળ યસારને પકડી લીધો. તેની આંખોમાં કાંટા ભોંકીને તેની આંખો ફોડી નાખી અને તેના ગળા પર છુરી ફેરવીને તેને ઝબહ કરી નાખ્યો અને ઊંટણીઓને હંકારીને પોતાના વતન તરફ ફરાર થઇ ગયા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેઓની પૂઠે હઝરત કુર્ઝ બિન જાબિર ફેહરીને દોડાવ્યા. હઝરત કુર્ઝ બિન જાબિરે તેઓને પકડી પાડ્યા અને બધાને ગિરિફતાર કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં ઊભા કરી દીધા. તે વેળા આપ ઝી-કરદના ગઝવહથી વાપસ થઈને મદીનહ પધારેલા હતા. તેઓના આ જંગલી કે પાશવી ગુનાહની શિક્ષા રૂપે આપે એ જંગલી ગમારોના હાથો અને પગો કપાવી

Maktabe Ashraf

નાખ્યા અને તેઓની આંખો ફોડાવી નાખી. [૧]

સરિય્યએ-હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુ)

આ સરિય્યહનો બનાવ યમનમાં બન્યો અને બે વખત બનવા પામ્યો. ઈબ્ને હિશામ કહે છેઃ મને અબૂ અમ્ર મદનીએ માહિતી આપી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અલી બિન અબી તાલિબને યમન રવાના કર્યા અને એ પછી હઝરત ખાલિદ બિન વલીદને બીજી લશ્કરી ટુકડી આપીને યમન મોકલ્યા અને તેમને ફરમાવ્યું કે જો તમારા બંનેની આપસમાં મુલાકાત થઈ જાય તો અલી બિન અબી તાલિબ તમારા બધાના અમીર રહેશે.

ઈબ્ને ઈસ્હાકે હઝરત અલીના આ સરિય્યહ સાથે હઝરત ખાલિદને મોકલવાનું વર્ણન કર્યું છે પણ એ બનાવને, લશ્કરી ટુકડીઓ મોકલાવવાના બનાવોમાં શામિલ નથી કર્યો, જેથી ઈબ્ને ઈસ્હાકની ગણત્રી મુજબ સરાયાની કુલ સંખ્યા ૩૮ થાય છે.

Maktabe Ashraf

૧. મવલાના દાનાપૂરી સાહેબે "અસ્સિહ-હુસ-સિયર" નામે સીરત-ગ્રંથમાં લખ્યું છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત કુર્ઝ બિન જાબિર ફેહરીને ૨૦ સવારોની ટુકડીના અમીર બનાવીને આ જંગલી હત્યારાઓની પૂઠે દોડાવ્યા હતા અને સાથે દુઆ માગી હતી, "યા અલ્લાહ ! તેઓનો રસ્તો તંગ કરી દેજે !" દુઆ કબૂલ થઇ. તેઓ રસ્તો ભૂલીને જંગલમાં ભટકી ગયા અને ઝડપાઇ ગયા.

સાથે એમ પણ લખ્યું છે કે આ જંગલી ગમારો કે ભરવાડો અરબના ઉકલ અને ઉરૈનહ નામે બે કબીલાઓના માણસો હતા. ફત્હુલ-બારીમાં છે કે ઉકલ અને ઉરૈનહ અરબના બે મશહુર કબીલા હતા. જેઓ બનૂ અદનાન અને બનૂ કહતાનના વંશમાંથી ઊતરી આવતા હતા. સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં આ બનાવનો વિગતવાર ઉલ્લેખ થયેલો છે. (અસ્સિહ-હુસ-સિયર પેજ ૧૬૫) "હ"

પ્રકરણ ૧૬૦

રસૂલુલ્લાહ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ

ની વફાત

—૧—

હઝરત ઉસામહ બિન ઝૈદનું લશ્કર • પવિત્ર જીવનનું છેલ્લું લશ્કર • બીમારીની શરૂઆત • જન્નતુલ-બકીઅમાં મગફેરતની દુઆ • હઝરત આઈશહ સાથે રમૂજી સંવાદ • પાક બીબીઓના મુબારક નામો • હઝરત ખદીજતુલ-કુબ્રા (રદિ.) • હઝરત આઈશહ સિદ્દીકહ (રદિ.) • હઝરત સવદહ (રદિ.) • હઝરત ઝૈનબ (રદિ.) • હઝરત ઉમ્મે સલમહ (રદિ.) • હઝરત હફસહ (રદિ.) • હઝરત ઉમ્મે હબીબહ (રદિ.) • હઝરત જુવૈરિય્યહ (રદિ.) • હઝરત સફિય્યહ (રદિ.) • હઝરત મયમૂનહ (રદિ.) • હઝરત ઝૈનબ (રદિ.) • પાક બીબીઓની સંખ્યા અને ઘરસંસાર • કુરૈશ કબીલાની પાક બીબીઓ • અરબ અને બિનઅરબ પાક બીબીઓ.

Maktabe Ashraf

હઝરત ઉસામહ બિન ઝૈદનું લશ્કર

પવિત્ર જીવનનું સૌથી છેલ્લું લશ્કર————ઇબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉસામહ બિન ઝૈદ બિન હારિસહને એક વિરાટ લશ્કર આપીને મુલ્કે-શામ તરફ જવાનો હુકમ ફરમાવ્યો અને હઝરત ઉસામહને આ જંગી લશ્કરના સરસાલાર બનાવીને ફરમાવ્યું કે, ફલસ્તીન પ્રદેશના બલકાઅ તથા એ વિસ્તારના રોમન સામ્રાજ્યની સરહદો પર જલદી પહોંચીને ચઢાઈ કરી દેવી.

લશ્કરના તમામ સૈનિકોએ આ યુધ્ધને લગતી પૂરી તૈયારી કરી લીધી. આ વિરાટ લશ્કરમાં હઝરત ઉસામહની સરસાલારી હેઠળ ''મુહાજિરીને-અવ્વલીન''માંથી પ્રથમ શ્રેણીના મોટા-મોટા નામચીન સહાબાએ વધુથી વધુ સંખ્યામાં ભાગ લીધો.

ઇબ્ને હિશામ કહે છે : આ સૌથી છેલ્લું લશ્કર છે જેને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક જીવનમાં તૈયાર કરીને રવાનગીનો હુકમ ફરમાવ્યો.

(સંપાદકની નોંધ : હઝરત ઉસામહ બિન ઝૈદ રદિયલ્લાહુ અન્હુ રસુલુલ્લાહ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિસહ રદિયલ્લાહુ અન્હુના બેહદ ચંચળ અને બહાદુર બેટા હતા. લશ્કરના સરસેનાપતિની પદવીએ નીમાયા તે વેળા એક રિવાયત મુજબ ૨૦ વરસના અને બીજી રિવાયત મુજબ ૧૮ વરસના ગભરૂ યુવક હતા. હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક, હઝરત ઉસમાન ગની, હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ, હઝરત સઅદ બિન અબી વક્કાસ, હઝરત કતાદહ બિન નુઅમાન (રદિયલ્લાહુ અન્હુમ) વગેરે જેવા મોટા પાયાના જલીલુલ-કદ્ર સહાબા એમની સરસાલારી હેઠળ હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના મુબારક હાથે ઝંડો તૈયાર કરીને એમને બલકાઅની ભૂમિમાં આવેલા ઉબના સ્થળે જવાનું ફરમાવ્યું હતું જ્યાં એમના માનવંતા પિતાજી હઝરત ઝૈદ અને હઝરત જઅફર વગેરેને ખ્રિસ્તીઓના લશ્કરે શહીદ કરી નાખ્યા હતા.

હઝરત ઉસામહ પોતાના વિરાટ લશ્કર સાથે મદીનહથી નીકળીને ત્રણ માઇલ દૂર આવેલા જુર્ફ મુકામે પહોંચ્યા ત્યાં જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની બીમારીના સમાચાર મળતાં લશ્કર થોભી ગયું. પછી એજ બીમારીમાં આપની વફાત થતાં આપના મુબારક જીવનમાં આ યુધ્ધ નહિ ખેલાયું. હઝરત અબૂબક્ર સિદ્દીકની ખિલાફતની ગાદીએ નિમણૂક થતાં જ સૌથી પહેલાં આપે આ લશ્કર રવાના કર્યું. વધુ વિગત એના સ્થળે આવશે.) ''હ''

બીમારીની શરૂઆત————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉસામહનું લશ્કર તૈયાર થઇને મદીનહથી નીકળ્યું એ દરમિયાન રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તે બીમારીની શરૂઆત થઇ જેમાં અલ્લાહ તઆલાએ પોતાના ફઝલો-કરમના તકાઝાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના દરબારમાં બોલાવી લીધા.આપની બીમારીનો મામલો માહે-સફરના અંતમાં અથવા રબીઉલ-અવ્વલની શરૂઆતમાં બનવા પામ્યો.

મને મળેલી માહિતી મુજબ આ બીમારીની શરૂઆત એવી રીતે થવા પામી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અર્ધી રાતના સમયે પોતાના ઘરમાંથી નીકળીને ''બકીઉલ-ગરકદ''તરફ તશરીફ લઇ ગયા.[૧] અહીં પધારીને આપે અહલે-કુબૂર એટલે કબ્રસ્તાનવાસીઓ માટે મગફેરતની દુઆ ફરમાવી. એ પછી આપ કબ્રસ્તાનથી વાપસ થઇને પોતાના મકાને તશરીફ લઇ આવ્યા. પછી એ દિવસે સવારે આપ બેદાર થયા તો આપના સર મુબારકમાં દર્દ કે દુખાવાની શરૂઆત થઇ ગઇ હતી.

જન્નતુલ-બકીઅમાં મગફેરતની દુઆ————ઇબ્ને ઇસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ કરેલા ગુલામ હઝરત અબૂ મુવૈ-હબહ (રદિયલ્લાહુ અન્હુ)નું બયાન છે : ''રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મને અર્ધી રાતના સમયે બોલાવ્યો અને ફરમાવ્યું, ''હે અબૂ મુવૈહબહ ! મને અલ્લાહ તઆલા તરફથી હુકમ મળ્યો છે કે, હું બકીઅમાં જઇને બકીઅના લોકો માટે મગફેરતની દુઆ માગું. માટે તમે મારી સાથે ચાલો.''

હું આપની સાથે ચાલી નીકળ્યો. જન્નતુલ-બકીઅમાં પધારીને આપ કબરોની વચ્ચે ઊભા થઇ ગયા

૧. બકીઉલ-ગરકદ : મદીનહ મુનવ્વરહનું મશહૂર કબ્રસ્તાન જેનું બીજું નામ જન્નતુલ-બકીઅ છે.

તો આપે ફરમાવ્યું :

●—"અસ્સલામુ અલૈકુમ યા અહલલ-મકાબિર ! એટલે સલામતી હો તુમ પર હે અહલે-કુબૂર !

●—જે હાલતમાં આ દુનિયાના લોકો પડેલા છે તેઓની એ હાલતને મુકાબલે; જે હાલતમાં તમે છો, તમારી એ હાલત તમને મુબારક હો !

●—ફિત્નાઓ એવી જ રીતે ધસમસતા આવી રહ્યા છે જેવી રીતે કે અંધારી રાતના ટુકડાઓ;

●—એમાંનો દરેક બીજો ટુકડો, પહેલા ટુકડાની પાછળ ધસમસી રહ્યો છે. અને બીજો ટુકડો, પહેલા ટુકડાથી વધુ ફિત્નાઓથી ભરેલો છે."

એ પછી આપે મારી તરફ જોયું અને ફરમાવ્યું :

●—"હે અબૂ મુવૈહબહ ! એક તરફ મને દુનિયાભરના ખઝાનાઓની ચાવીઓ આપી દેવામાં આવી અને દુનિયામાં જ કાયમ માટે રહેવાનો અધિકાર પણ આપી દેવામાં આવ્યો.

●—બીજી તરફ મને જન્નત આપવામાં આવી અને સાથે અલ્લાહ તઆલાની મુલાકાતનો ઈખ્તેયાર આપવામાં આવ્યો.

●—એ પછી મને કહેવામાં આવ્યું કે દુનિયાભરના ખઝાનાઓ સાથે દુનિયામાં જ રહેવું છે કે જન્નતમાં રહીને અલ્લાહની મુલાકાત કરવી છે ?

●—આ બંને વાતોમાંથી એકની પસંદગી કરી લેવાનો મને અધિકાર આપી દેવામાં આવ્યો છે."

આ સાંભળીને મેં અરજ કરી, "યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપની ઉપર કુરબાન ! આપ દુનિયાના ખઝાનાની ચાવીઓ સાથે કાયમ માટે દુનિયામાં રહેવાનું પણ પસંદ કરી લો અને તે પછી જન્નત પણ મેળવી લો !"

આપે ફરમાવ્યું, "નહિ હે અબૂ મુવૈહબહ ! અલ્લાહના સોગંદ, મેં મારા પાલનહારની મુલાકાત અને જન્નતની પસંદગી કરી લીધી છે."

હઝરત અબૂ મુવૈહબહનું બયાન છે : એ પછી આપે અહલે-બકીઅ માટે મગફેરતની દુઆ માગી. દુઆ ખતમ કરીને આપ પોતાના ઘરે વાપસ પધાર્યા. એ પછી આપના મુબારક સરમાં તે દુખાવો શરૂ થયો જેમાં અલ્લાહ તઆલાએ આપને પોતાની પાસે બોલાવી લીધા.

હઝરત આઇશહ સાથે રમૂજી સંવાદ————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઅકૂબ બિન ઉત્બહએ, મુહંમદ બિન મુસ્લિમ ઝુહરી તથા ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહ બિન મસઊદના હવાલાથી, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત બીબી આઇશહની આ રિવાયત કહી સંભળાવી. હઝરત આઇશહનું બયાન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જન્નતુલ-બકીઅથી મારા ઘરમાં પાછા પધાર્યા તો આપે જોયું કે મારા માથામાં સખત દર્દ છે અને હું "વા રઅસાહ! વા રઅસાહ !" એટલે હાય મારૂં માથું ! હાય મારૂં માથું ! ના ઊંહકારા નાખી રહી છું."

Maktabe Ashraf

મારા ઊંહકારા સાંભળીને આપે ફરમાવ્યું, "આઇશહ ! અલ્લાહના સોગંદ, અના વા રઅસાહ!" (એટલે સાચું કહું તો મારા માથામાં પણ દર્દ છે.)

એ પછી આપે ફરમાવ્યું, "આઇશહ ! એક વાત કહું છુ. જો તમે મારાથી પહેલાં મરી જાત તો તમારૂં શું બગડવાનું હતું ? હું તમને મારા હાથથી કફન પહેરાવતે. તમારા જનાઝહની નમાઝ પઢતે, તમને મારા હાથથી કબરમાં દફન કરતે !"

મેં જવાબમાં કહ્યું, "યા રસૂલલ્લાહ ! જો આમ બનતે તો આપ કબ્રસ્તાનેથી સીધા મારા આ ઘરમાં પધારતે અને મારા ઘરમાં જ પોતાની કોઈ બીજી બેગમને લાવીને બેસાડી દેતે !"

મારી આ વાત સાંભળીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની હોઠો પર મુસ્કુરાહટ પ્રસરી ગઇ. એ દરમિયાન આપના મુબારક માથાનો દુખાવો ઓર વધી ગયો. તે વેળા આપ પોતાની બેગમોના ઘરોમાં, તેઓ માટે બાંધી આપેલા વારા મુજબ વારાફરતી રહેવા જતા હતા. આપના માથાનું દર્દ પળેપળે વધતું જતું હતું. પછી તે સમય આવ્યો જયારે આપની હાલત ગંભીર બની ગઇ. તે વેળા આપ પોતાના બેગમ મૈમૂનહના મકાનમાં બિરાજમાન હતા. ત્યારે આપે પોતાની તમામ બેગમોને મૈમુનહના ઘરમાં તેડાવીને ફરમાવ્યું, "તમારી ખુશી હોય તો હું મારી બીમારીના દિવસો આઇશહના ઘરમાં પસાર કરૂં. શું તમે મને એની પરવાનગી આપો છો ?"

આપની ગંભીર હાતલ જોઇને તમામ બેગમોએ રાજીખુશીથી આપને મારા ઘરમાં રહેવાની પરવાનગી આપી દીધી."

પાક બીબીઓના મુબારક નામો

ઇબ્ને હિશામ કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના "અઝવાજે-મુતહ-હરાત" એટલે માનવંતા પાક બેગમોની સંખ્યા નવ હતી જેઓના મુબારક નામો આ પ્રમાણે છે :

૧——હઝરત આઇશહ બિન્તે અબીબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હા.

૨——હઝરત હફસહ બિન્તે ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હા.

૩——હઝરત ઉમ્મે-હબીબહ બિન્તે અબૂ સુફયાન બિન હર્બ રદિયલ્લાહુ અન્હા.

૪——હઝરત ઉમ્મે-સલમહ બિન્તે અબૂ ઉમૈયહ બિન મુગીરહ રદિયલ્લાહુ અન્હા.

૫——હઝરત સવદહ બિન્તે ઝમ્અહ બિન કૈસ રદિયલ્લાહુ અન્હા.

૬——હઝરત ઝૈનબ બિન્તે જહશ બિન રિઆબ રદિયલ્લાહુ અન્હા.

૭——હઝરત મૈમૂનહ બિન્તે હારિસ બિન ખદન રદિયલ્લાહુ અન્હા.

૮——હઝરત જુવૈરિય્યહ બિન્તે હારિસ બિન અબૂ દિરાર રદિયલ્લાહુ અન્હા.

૯——હઝરત સફિય્યહ બિન્તે હુય્ય બિન અખ્તબ રદિયલ્લાહુ અન્હા.

આ માહિતી મને સંખ્યાબંધ માહિતગારો તરફથી મળવા પામી છે. (અલ્લાહ તઆલા એ સૌ પાક બીબીઓથી રાજી હો !)

હઝરત ખદીજતુલ-કુબ્રા રદિયલ્લાહુ અન્હા——ઈબ્ને હિશામ કહે છે: જે ખાતૂનો સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો લગ્ન-સંબંધ જોડાયો તેઓની સંખ્યા ૧૩ હતી. એમાં હઝરત ખદીજહ બિન્તે ખુવૈલિદ સાથે સૌથી પહેલાં આપનો લગ્ન-સંબંધ કાયમ થયો. એમની સાથે આપના નિકાહ એમના વાલિદ ખુવૈલિદ બિન અસદે, અને એક રિવાયતની રૂએ ખુવૈલિદના ભાઈ અમ્ર બિન ખુવૈલિદએ કરાવ્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ નિકાહના મહરમાં ૨૦ જવાન ઊંટણીઓ આપી અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પુત્ર હઝરત ઈબ્રાહીમ સિવાય આપની તમામ અવલાદ હઝરત ખદીજહથી જ પૈદા થઈ.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ કરવા પહેલાં હઝરત ખદીજહ, અબૂ હાલહ બિન માલિકના નિકાહમાં હતાં જેઓ બનૂ ઉસૈદ બિન અમ્ર બિન તમીમ કબીલાના એક ગૃહસ્થ હતા અને બનૂ અબ્દે-દાર સાથે કરારથી જોડાયેલા હતા. અબૂ હાલહથી હઝરત ખદીજહને બે સંતાનો પૈદા થયાં. એક પુત્ર હતો અને બીજી પુત્રી હતી. પુત્રનું નામ હિન્દ બિન અબૂ હાલહ અને પુત્રીનું નામ ઝૈનબ બિન્તે અબૂ હાલહ હતું.

અબૂ હાલહથી પણ પહેલાં હઝરત ખદીજહ, અતીક બિન આબિદ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખઝૂમના નિકાહમાં હતાં. એમનાથી હઝરત ખદીજહને એક છોકરો અબ્દુલ્લાહ નામે અને એક છોકરી પૈદા થઈ હતી.

ઈબ્ને હિશામ કહે છે : આ છોકરી સાથે સૈફી બિન અબૂ રિફાઅ નામના ગૃહસ્થે નિકાહ કર્યા હતા.

સંપાદકની નોંધ——ઉમ્મુલ મુઅમિનીન હઝરત ખદીજહ રદિયલ્લાહુ અન્હા સાથે નિકાહ વેળા હઝરત ખદીજહની ઉંમર ૪૦ વરસની અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ૨૫ વરસની હતી.

- હઝરત ખદીજહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરી પર સૌથી પહેલાં ઈમાન લાવ્યાં.

- હઝરત ખદીજહને અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રીલ મારફતે સલામ પાઠવ્યાં. પાક બીબીઓમાંથી આ માન કોઈને નહિ મળ્યું.

- હઝરત ખદીજહની હયાતમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીજા નિકાહ નહિ કર્યા.

- હઝરત ખદીજહ મક્કહના શાહસોદાગર હતાં. મક્કહના અમીરઝાદી હતાં. નિકાહ પછી પોતાનું તન, મન, ધન બધું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર કુરબાન કરી દીધું.

- હઝરત ખદીજહથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ૬ સંતાનો થયાં. બે પુત્રો હઝરત કાસિમ અને હઝરત અબ્દુલ્લાહ. કાસિમ નામથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું ઉપનામ અબુલ-કાસિમ થયું. હઝરત અબ્દુલ્લાહને તાહિર અને તૈયિબ પણ કહે છે. બંને સાહબઝાદા બચપનમાં વફાત પામી ગયા. ચાર સાહબઝાદીઓ હતી : હઝરત ઝૈનબ, હઝરત રૂકૈયહ, હઝરત ઉમ્મે-કુલસુમ, હઝરત ફાતિમહ, સાહબઝાદીઓ મોટા થયાં, મુસલમાન બન્યાં. નિકાહ કર્યા, હિજરત કરી.અલ્લાહએ સૌથી રાજી હો !

Maktabe Ashraf

• વફાત વેળા હઝરત ખદીજહની ઉંમર ૬૫ વરસની હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુબારક ઉંમર ૫૦ વરસની હતી. ૨૫ વરસનો સંગાત રહ્યો. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૨૮૨) ''હ''

હઝરત આઈશહ સિદ્દીકહ રદિયલ્લાહુ અન્હા——————ઈબ્ને હિશામ કહે છે : હઝરત આઈશહ બિન્તે અબીબક્ર સિદ્દીક સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મક્કહમાં નિકાહ કર્યા. તે વેળા હઝરત આઈશહની ઉંમર સાત વરસની હતી અને મદીનહમાં રૂખ્સતી થઈ તે સમયે હઝરત આઈશહ નવ અથવા દસ વરસના હતાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત આઈશહ સિવાય કોઈ અન્ય કુંવારી કન્યા સાથે શાદી નહિ કરી. આ નિકાહ હઝરત આઈશહના વાલિદ હઝરત અબૂબક્ર સિદ્દીકે કરાવ્યા હતા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ૪૦૦ દિરમ મહરમાં આપ્યા હતા.

સંપાદકની નોંધ——————ઉમ્મુલ-મુઅમિનીન હઝરત આઈશહ સિદ્દીકહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે:

• મારા સિવાય રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ કોઈ કુંવારી કન્યા સાથે શાદી નહિ કરી.

• મારા નિકાહ પહેલાં અલ્લાહના ફરિશ્તા મારી તસવીર લઈને આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એ તસવીર બતાવીને બોલ્યાં, ''એ આપના બેગમ છે. અલ્લાહનો આપને હુકમ છે એમની સાથે નિકાહ કરી લેવાનો.''

• રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના તમામ પાક બીબીઓમાં સૌથી વધુ મને ચાહતા હતા.

• દુનિયામાં જે ગૃહસ્થને આપ સૌથી વધુ ચાહતા હતા, હું તેમની લાડલી પુત્રી છું.

• મુનાફિકોએ મુજ પર જૂઠી તુહમત મૂકી તો અલ્લાહ તઆલાએ મારી નિર્દોષતાના પુરાવા રૂપે અનેક આયતો કુર્આન મજીદમાં નાઝિલ ફરમાવી.

• મેં હઝરત જિબ્રીલને મારી આંખે જોયા. પાક બીબીઓમાંથી આ માન કોઈને નહિ મળ્યું.

• હઝરત જિબ્રીલ આકાશથી વહી લઈને આવતા તે વેળા હું અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક શૈયામાં હોતાં.

• રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ તે વેળા આપનું મુબારક સર મારા ખોળામાં હતું.

• રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત બાદ આપ મારા ઘરની ઓરડીમાં દફન થયા.

હઝરત ઈમામ ઝુહરીનું કથન છે: હઝરત આઈશહના દીની ઉલૂમ કે ધાર્મિક જ્ઞાનનો મુકાબલો દુનિયાની ઓરતો સાથે કરવામાં આવે તો હઝરત આઈશહનો ઈલ્મ સૌથી વધી જશે. (સીરતુલ-મુસ્તફા જિ.૩ પા. ૨૯૨) ''હ''

હઝરત સવદહ બિન્તે ઝમ્અહ રદિયલ્લાહુ અન્હા——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સવદહ બિન્તે ઝમ્અહ બિન કૈસ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લ બિન આમિર બિન લુઐય સાથે નિકાહ કર્યા. એમના નિકાહ હઝરત સલીત બિન અમ્રએ કરાવ્યા હતા. એક રિવાયતની રૂએ હઝરત અબૂ હાતિબ બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લએ નિકાહ કરાવ્યા હતા. નિકાહના મહરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ૪૦૦ દિરહમ આપ્યા હતા.

ઈબ્ને હિશામ કહે છે :ઈબ્ને ઈસ્હાક આ રિવાયતનો વિરોધ કરતાં કહેતા હતા કે આ નિકાહ થયા તે વેળા હઝરત સલીત અને હઝરત અબૂ હાતિબ બંને હબશહ દેશમાં હતા અને નિકાહ પ્રસંગે મક્કહમાં હાજર ન હતા.

હઝરત સવદહ બિન્તે ઝમ્અહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવવા પહેલાં હઝરત સકરાન બિન અમ્ર બિન અબ્દે-શમ્સ બિન અબ્દે -વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લના નિકાહમાં રહી ચૂકયાં હતાં.

હઝરત ઝૈનબ બિન્તે જહશ રદિયલ્લાહુ અન્હા————અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઝૈનબ બિન્તે જહશ બિન રબાબ અસદિયહ સાથે નિકાહ કર્યા. આ નિકાહ હઝરત ઝૈનબના ભાઈ હઝરત અબૂ અહમદ બિન જહશએ કરાવ્યા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહના મહરમાં ૪૦૦ દિરહમ આપ્યા હતા. હઝરત ઝૈનબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહમાં આવવા પહેલાં હઝરત ઝૈદ બિન હારિસહના નિકાહમાં રહી ચૂકયાં હતાં. હઝરત ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દત્તકપુત્ર અને પછી આઝાદ કરેલા ગુલામ હતા. નિકાહ બાદ મિયાંબીબીમાં જામ્યું નહિ અને રોજની ટકટક ચાલતી રહી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ હઝરત ઝૈનબને સમજાવતા રહ્યા અને હઝરત ઝૈદને તલાકથી વારતા રહ્યા પણ કોઈ રીતે મનમેળ બેઠો નહિ ત્યારે હઝરત ઝૈદે લાચારીએ બીબી ઝૈનબને તલાક આપી દીધી) એજ સિલસિલામાં અલ્લાહ તઆલાએ કુર્આન મજીદની આ આયત નાઝિલ ફરમાવી:

ફ-લમ્મા કદા ઝૈદુમ	તો જયારે પૂરી કરી ચૂકયા ઝૈદ
મિન્હા વતરન	તેણીથી પોતાની હાજત (તેણીને તલાક આપી દીધી)
ઝવ-વજનાક - હા	તો હે નબી ! અમે તમારા નિકાહ કરાવી દીધા તેણી સાથે
લિ-કયલા યકૂન અલલ	કે જેથી ન રહે
મુઅમિનીન હરજુન	મુસલમાનો પર કોઈ તંગી નિકાહ કરવામાં
ફી અઝવાજિ અદ-ઈયા - ઈહિમ.	પોતાના દત્તક પુત્રોની પત્નીઓ સાથે.

સંપાદકની નોંધ————હઝરત ઝૈનબ રદિયલ્લાહુ અન્હા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના હકીકી ફોઈ ઉમૈમહ બિન્તે અબ્દુલ-મુત્તલિબના પુત્રી હતાં. પોતે કુરૈશના સૌથી ઊંચા ખાનદાનના હતાં. ત્યારે હઝરત ઝૈદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ ગુલામ હતા. હઝરત ઝૈનબના મનમાંથી ખાનદાનની ઊંચાઈનો ખિયાલ નીકળી શકયો નહિ. રોજની ટકટક અને ઝકઝક ચાલતી રહી જેનો નતીજો તલાકના રૂપમાં નીકળ્યો. જાહિલિયતના અરબો દત્તક પુત્રોની પત્નીઓ સાથે નિકાહને હરામ ગણતા હતા. તેઓની આ ખોટી માન્યતાને તોડવા અલ્લાહ તઆલાએ પોતે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહ હઝરત ઝૈનબ સાથે તલાક બાદ કરાવી આપ્યા જેમકે આયતમાં દર્શાવ્યું છે : "ઝવ-વજનાક-હા." એટલે અમે આપના નિકાહ તેણી સાથે કરાવી દીધા, કેમકે દત્તક લેવાથી કોઈ સગો પુત્ર બની જતો નથી.

હઝરત ઝૈદ કેટલાક ભાગ્યશાળી અને ઊંચા પાયાના સહાબી કે કુર્આને-મજીદમાં એમનું નામ આવ્યું. હઝરત ઝૈદ વગર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબામાંથી કોઈનું નામ કુર્આને-મજીદમાં આવ્યું નથી. (આયતનો હવાલો - સૂરએ- અહઝાબ પા. ૨૨ આ. ૩૭) "હ"

હઝરત ઉમ્મે સલમહ બિન્તે અબી ઉમૈયહ રદિયલ્લાહુ અન્હા ———— રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમ્મે-સલમહ બિન્તે અબૂ ઉમૈયહ બિન મુગીરહ મખ્ઝૂમિયહ સાથે નિકાહનો સંબંધ કાયમ કર્યો. એમનું અસલ નામ હિન્દ હતું.એમના નિકાહ એમના બેટા હઝરત સલમહ બિન અબૂ સલમહએ કરાવ્યા હતા. નિકાહના મહરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પાંદડાંઓથી ભરેલું એક પથરણું, એક પ્યાલું, એક લગન અને એક ઘંટી આપી હતી. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ કરવા પહેલાં હઝરત ઉમ્મે સલમહ, હઝરત અબૂ સલમહ બિન અબ્દુલ-અસદના નિકાહમાં રહી ચૂક્યાં હતાં. હઝરત અબૂ સલમહનું અસલ નામ અબ્દુલ્લાહ હતું. એમનાથી બીબી ઉમ્મે-સલમહને સલમહ, ઉમર, ઝૈનબ અને રૂકૈયહ નામે ચાર સંતાનો હતા.

હઝરત હફસહ બિન્તે ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહુ અન્હા ———— રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત હફસહ બિન્તે ઉમર બિન ખત્તાબ સાથે નિકાહ કર્યા. એમના નિકાહ એમના માનવંતા પિતાજી હઝરત ઉમર બિન ખત્તાબએ કરાવ્યા. નિકાહના મહરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ૪૦૦ દિરહમ આપ્યા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ કરવા પહેલાં હઝરત હફસહ હઝરત ખુનૈસ બિન હુઝાફહ સહમીના નિકાહમાં રહી ચૂક્યાં હતાં.

હઝરત ઉમ્મે હબીબહ બિન્તે અબી સુફયાન રદિયલ્લાહુ અન્હા ———— રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમ્મે-હબીબહ સાથે નિકાહ કર્યા. એમનું અસલ નામ રમલહ બિન્તે અબી સુફયાન બિન હર્બ હતું.એમના નિકાહ હઝરત ખાલિદ બિન સઈદ બિન આસએ કરાવ્યા હતા અને આ નિકાહ મુલ્કે-હબશહમાં થયા હતા જ્યારે કે બંને ત્યાં જ હતાં. નિકાહના મહરમાં હબશહના બાદશાહ હઝરત નજાશીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી ૪૦૦ દીનાર પોતે આપ્યા હતા અને નજાશી બાદશાહએ જ હઝરત ઉમ્મે-હબીબહને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી નિકાહનો પયગામ આપ્યો હતો. આથી પહેલાં હઝરત ઉમ્મે-હબીબહ, ઉબૈદુલ્લાહ બિન જહશ અસદીના નિકાહમાં રહી ચૂક્યાં હતાં. [૧]

હઝરત જુવૈરિય્યહ બિન્તે હારિસ રદિયલ્લાહુ અન્હા ———— અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જુવૈરિય્યહ બિન્તે હારિસ બિન અબૂ દિરાર ખુઝાઈયહ સાથે નિકાહ કર્યા. હઝરત જુવૈરિય્યહ ખુઝાઅહના ખાનદાનમાંથી હતાં. એમના પિતા બનૂ મુસ્તલિકના સરદાર હતા. બનૂ મુસ્તલિક સાથે યુધ્ધ થયું તો પકડાયેલા કેદીઓમાં હઝરત જુવૈરિય્યહ પણ હતાં. કેદીઓની વહેંચણી થતાં હઝરત જુવૈરિય્યહ હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ અનસારીને ભાગે આવ્યાં. હઝરત સાબિત બિન કૈસે એમની સાથે ''બદલે-કિતાબત'' (એટલે ઠેરવેલી રકમ ચૂકવીને ગુલામીથી આઝાદી મેળવી લેવા)નો મામલો કરી લીધો. આ મામલામાં મદદ મેળવવા માટે હઝરત જુવૈરિયહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થયાં અને ''બદલે-કિતાબત''ની

---

૧. હઝરત ઉમ્મે-હબીબહ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના કટ્ટર દુશ્મન, મક્કહના સરદાર અને કુરૈશી સૈન્યના સિપહસાલાર અબૂ સુફયાન બિન હર્બના પુત્રી અને હઝરત અમીર મુઆવિયહના બહેન હતાં. માતાનું નામ હિન્દહ હતું જેણે જંગે-ઉહુદમાં હઝરત હમઝહનું જિગર ચાવીને થૂંકી કાઢ્યું હતું. ખાનદાનના બીજા સભ્યો ફત્હે-મક્કહ વેળા મુસલમાન બન્યાં પણ હઝરત ઉમ્મે-હબીબહ ઈસ્લામની શરૂઆતમાં જ મુસલમાન બનીને પોતાના પતિ સાથે હિજરત કરીને હબશહ ચાલ્યા ગયાં હતાં. એમના પતિનું નામ ઉબૈદુલ્લાહ બિન જહશ અસદી હતું જે હબશહમાં ઈસ્લામ ત્યાગીને ખ્રિસ્તી બની ગયો અને હબશહમાં જ મરી ગયો. એનાથી એમને હબીબહ નામે એક પુત્રી હતી જેના નામથી એમનું ઉપનામ ઉમ્મે-હબીબહ થયું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સમાચાર મળ્યા તો આપે હબશહના બાદશાહ નજાશીને કહેણ મોકલાવી કે ઉમ્મે-હબીબહની ઈચ્છા હોય તો તમે મારા વકીલ તરીકે તેમની સાથે મારા નિકાહ કરાવી દો. ''હ''

Maktabe Ashraf

ચૂકવણી માટે મદદની માગણી કરી.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "જુવૈરિય્યહ ! શું તમે એથીયે ઉત્તમ વસ્તુ પસંદ કરશો?"

હઝરત જુવૈરિય્યહએ પૂછયું, "તે શું યા રસૂલલ્લાહ ?"

આપે ફરમાવ્યું, "હું તમારા તરફથી "બદલે-કિતાબત" ચૂકવી આપું તમે મારી સાથે નિકાહ કરી લો."

હઝરત જુવૈરિય્યહએ પોતાની રઝામંદી દર્શાવી દીધી અને આપે તેમની સાથે નિકાહ કરી લીધા.

ઇબ્ને હિશામ કહે છે : આ રિવાયત હઝરત આઇશહની છે જે ઘણા માણસોના મુખે મારા સાંભળવામાં આવી અને બીજી રિવાયત એવી છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બનૂ મુસ્તલિકના યુધ્ધથી નિવૃત્ત થઇને પાછા ફર્યા તો આપના સંગાથે હઝરત જુવૈરિય્યહ પણ હતાં. આપ લશ્કરની વ્યવસ્થામાં લાગેલા હતા જેથી આપે હઝરત જુવૈરિય્યહને, એક અન્સારીને અમાનત તરીકે સોંપીને સૂચના ફરમાવી કે એમની સારી રીતે દેખરેખ રાખવામાં આવે.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મદીનહ વાપસ પધાર્યા તો આપની તહેનાતમાં હઝરત જુવૈરિય્યહના પિતા હારિસ઼ બિન દિરાર પોતાની બેટીને છોડાવવાનો ફિદ્યો લઇને હાજર થયા. ફિદ્યાની રકમ તરીકે તેઓ ઊંટો લઇને આવતા હતા ત્યારે રસ્તામાં અકીક નામે સ્થળે પહોંચતાં એમાંના બે ઊંટો પ્રત્યે એમનું મન લલચાઇ ગયું. બંને ઊંટો બહુ તાજાં અને સુંદર હતાં. એ બંને ઊંટોને તેમણે અકીકની ખીણની ઝાડીમાં છુપાવી દીધાં અને બાકીના ઊંટો લઇને મદીનહ આવ્યા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઇને બોલ્યા, "હે મુહંમદ ! તમે મારી દીકરીને પકડીને લઇ આવ્યા છો તેનો આ ફિદ્યો છે."

આ સાંભળીને આપે ફરમાવ્યું, "હા પણ પેલા બે ઊંટો કયાં છે ? શું તમે તેને અકીકની ફલાણી ઘાટીમાં છુપાવી નથી દીધાં ?"

હારિસ઼ હયરત પામીને બોલી ઊઠયા :

અશહદુ અલ-લાઇલાહ ઇલ્લલ્લાહુ	હું સાક્ષી આપું છું કે અલ્લાહ વગર કોઇ મઅબૂદ નથી
વ ઇન્નક રસૂલુલ્લાહિ	અને બેશક આપ અલ્લાહના રસૂલ છો.
સલ્લલ-લાહુ અલૈક.	આપના ઉપર અલ્લાહની રહમત હો !
ફ-વલ્લાહિ મા અત-તબઉ અલા ઝાલિક	અલ્લાહના સોગંદ, આ વાતની કોઇને જ ખબર ન હતી;
ઇલ્લલ-લાહ તઆલા.	અલ્લાહ તઆલા સિવાય !

આમ કહીને હારિસ઼ બિન દિરાર એજ પળે મુસલમાન બની ગયા. એમની સાથે એમના બે બેટાઓ અને એમની કૌમના કેટલાક બીજા લોકો પણ મુસલમાન બની ગયા. હવે હઝરત હારિસ઼ બિન દિરારે પોતાનો માણસ દોડાવીને પેલાં બે ઊંટો પણ મંગાવી લીધાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પવિત્ર ચરણોમાં ધરી દીધાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જુવૈરિય્યહને તેમના પિતાને હવાલે કરી દીધાં મગર જુવૈરિય્યહ પોતે પણ તરત કલિમો પઢીને મુસલમાન બની ગયાં. હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમના પિતાને નિકાહનો પયગામ આપ્યો અને એમના પિતાએ આપની સાથે એમના નિકાહ કરાવી દીધા. નિકાહના મહરમાં આપે

૪૦૦ દિરહમ આપ્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ કરવા પહેલાં હઝરત જુવૈરિય્યહ પોતાના કાકાના બેટા અબ્દુલ્લાહના નિકાહમાં રહી ચુકયાં હતાં.

ઇબ્ને હિશામ કહે છે : એક રિવાયત એવી પણ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત જુવૈરિય્યહને, હઝરત સાબિત બિન કૈસ બિન શમ્માસ પાસેથી ખરીદી લઇને આઝાદ કરી દીધાં અને પછી તેમની સાથે નિકાહ કરી લીધા. મહરમાં આપે ૪૦૦ દિરહમ આપ્યા.

હઝરત સફિય્યહ બિન્તે હુય્ય રદિયલ્લાહુ અન્હા——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત સફિય્યહ બિન્તે હુય્ય બિન અખ્તબ સાથે નિકાહ કર્યા. ઇસ્લામી લશ્કરે ખયબરના યુધ્ધમાં એમને ગિરિફતાર કર્યાં અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાને માટે એમને પસંદ કરી લીધાં. એમના નિકાહમાં આપે વલીમહની દઅવત કરી જેમાં ગોશ્ત વગેરે ન હતું ફકત ખજૂર અને સત્તુ હતાં.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ સાથે નિકાહ કરવા પહેલાં હઝરત સફિય્યહ કિનાનહ બિન રબીઅ બિન અબુલ-હુકૈકના નિકાહમાં રહી ચૂકયા હતાં.

હઝરત સફિય્યહનો બાપ હુય્ય બિન અખ્તબ હઝરત મૂસા (અલૈ.)ના ભાઇ હઝરત હારૂન (અલૈ.)ના ખાનદાનમાંથી ઉતરી આવતો હતો અને યહૂદીઓના બનૂ નદીર કબીલાનો સરમુખ્તયાર હતો. હઝરત સફિય્યહના પહેલા નિકાહ સલ્લામ બિન મિશ્કમ નામે યહૂદી સરદાર સાથે થયા હતા. તેનાથી છુટાછેડા મળતાં કિનાનહ બિન અબૂ હુકૈક સાથે નિકાહ કર્યા. કિનાનહ જંગે-ખયબરમાં માર્યો ગયો. મદીનહમાં બીબી સફિય્યહની ખૂબસુરતીની ચર્ચા થવા લાગી તો અન્સારી ખાતૂનો સાથે હઝરત આઇશહ પણ ચેહરા પર નિકાબ નાખીને એમને જોવા ગયાં. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પૂછયું, "આઇશહ ! ત્યાં શું જોયું ?"

બોલ્યા, "એક યહૂદણને જોઇ આવી."

ફરમાવ્યું, "એમ ના કહો, એ મુસલમાન છે અને એમનું ઇમાન બહુ પાકું છે."

એક દિવસે બીબી સફિય્યહ રડતાં હતાં. પૂછયું, "સફિય્યહ ! કેમ રડો છો ?"

બોલ્યા, "આઇશહ અને સફિય્યહ મને છેડયા કરે છે. કહે છે, અમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નજરમાં તારા કરતાં ઊંચા મરતબાના છીએ. અમે આપની બેગમો પણ છીએ અને આપના કાકીની પુત્રીઓ પણ છીએ."

આપે ફરમાવ્યું, "સફિય્યહ ! તમે જવાબમાં કેમ કહી ન દીધું કે, તમે મારા કરતાં ઊંચા મરતબાના કેવી રીતે હોય શકો ? કેમકે મારા ખાવિન્દ મુહંમદ છે. મારા બાપ હારૂન નબી છે. મારા કાકા મૂસા નબી છે." "હ"

હઝરત મયમૂનહ બિન્તે હારિસ રદિયલ્લાહુ અન્હા —————— અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત મયમૂનહ બિન્તે હારિસ બિન હઝન બિન બુહૈર બિન હઝમ બિન રૂવૈબહ બિન અબ્દુલ્લાહ બિન હિલાલ બિન આમિર બિન સઅસઆ સાથે નિકાહ કર્યા. આ નિકાહ આપના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબે કરાવ્યા હતા અને હઝરત અબ્બાસે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તરફથી નિકાહના મહેરના ૪૦૦ દિરહમ આપ્યા હતા. હઝરત મયમૂનહ આથી પહેલાં અબૂ રુહમ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબૂ કૈસ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હુસ્લ બિન આમિર બિન લુઐયના નિકાહમાં રહી ચૂકયાં

Maktabe Ashraf

હતાં.

એક રિવાયત એવી છે કે હઝરત મયમૂનહએ પોતાની જાતને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે "હિબહ" કરી દીધી હતી. (એટલે પોતાની જાત બખ્શી દીધી હતી) તે એવી રીતે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નિકાહનો પયગામ મળ્યો તે વેળા હઝરત મયમૂનહ પોતાના ઊંટ પર બેઠેલાં હતાં. પયગામ સાંભળતાં જ એમણે કહી દીધું કે, આ ઊંટ અને જે કંઇ એની ઉપર છે એ બધું અલ્લાહ અને તેના રસૂલનું છે; જે પર અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફરમાવી : "વમ્રઅતમ-મુઅમિનતન ઈંવ-વહબત નફસહા લિન્નબીય્યિ." અને તે મુઅમિન ખાતૂન જેણે પોતાની જાતને નબી માટે હિબહ કરી દીધી.

એક રિવાયત એવી છે કે કે જે ખાતૂને પોતાની જાતને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે ભેટ ધરી દીધી હતી તે બીબી હઝરત ઝૈનબ બિન્તે જહશ હતાં અને એક રિવાયતની રૂએ તે બીબી હઝરત ઉમ્મે-શરીક હતાં. અને એક રિવાયત મુજબ તે બનૂ સામહ બિન લુઐય કબીલાના એક ખાતૂન છે જેનો મામલો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ મુલતવી કરી દીધો હતો.

હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમહ રદિયલ્લાહુ અન્હા ———— અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમહ બિન હારિસ બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન અબ્દે-મનાફ બિન હિલાલ બિન આમિર બિન સઅસઆ સાથે નિકાહ કર્યા. એમનું ઉપનામ "ઉમ્મુલ-મસાકીન" (એટલે મિસ્કીનો, ગરીબો, નાદારોની માતા) હતું કેમકે મિસ્કીનો માટે એમના દિલમાં મોટી મહેરબાની અને લાગણી હતી. એમના નિકાહ હઝરત કુબૈસહ બિન અમ્ર હિલાલીએ કરાવ્યા હતા. મહરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને ૪૦૦ દિરહમ ઈનાયત કર્યા હતા. આપની સાથે નિકાહ કરવા પહેલાં બીબી ઝૈનબ, હઝરત ઉબૈદહ બિન હારિસ બિન મુત્તલિબ બિન અબ્દે મનાફના નિકાહમાં હતાં અને હઝરત ઉબૈદહ બિન હારિસથી પહેલાં જહમ બિન અમ્ર બિન હારિસના નિકાહમાં રહી ચૂક્યાં હતાં જેઓ એમના કાકાના પુત્ર હતા.

પાક બીબીઓની સંખ્યા અને ઘરસંસાર————ઇબ્ને હિશામ કહે છે : જે પાક બીબીઓ સાથે નિકાહ કરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ગૃહસ્થી જીવન કે ઘર સંસાર ચલાવ્યો તેઓની સંખ્યા ૧૧ છે. એમાંથી બે પાક બીબીઓ એટલે હઝરત ખદીજહ બિન્તે ખુવૈલિદ અને હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમહ આપની હયાતમાં વફાત પામી ગયાં. અને જ્યારે આપની વફાત થઇ તે વેળા ૯ પાક બીબીઓ હયાત હતાં જેઓનું વર્ણન આગળ ઉપર અમે કરી આવ્યા છીએ.

અને બે બીબીઓ એવાં છે જેઓની સાથે આપે એકાંત વાસ કે સહશયન નહિ ફરમાવ્યો. એમાંથી એક બીબી અસમાઅ બિન્તે નુઅમાન કિન્દીયા છે. એમની સાથે આપના નિકાહ થયા અને જ્યારે આપે એમના બદન પર કોઢની સફેદી જોઇ તો એમને આપે અમુક માલસામાન આપીને એમના ઘરે મોકલાવી દીધાં.

બીજી બીબી અમ્રહ બિન્તે યઝીદ કિલાબીયા છે જેમણે નવોસવો ઇસ્લામ સ્વીકાર્યો હતો એટલે એમના કુફ્રને વધુ મુદ્દત વીતી ન હતી. એ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે આવ્યાં તો આપથી પનાહ માગવા લાગ્યાં. આપે ફરમાવ્યું, "એ બચવા માગે છે અને અલ્લાહની પનાહ ચાહે છે."

આ કારણે આપે એમને એના ઘરવાળાઓ પાસે પાછા મોકલાવી દીધા.

કુરૈશ કબીલાની પાક બીબીઓ————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બીબીઓમાં

Maktabe Ashraf

કુરૈશી ખાતૂનોની સંખ્યા ૬ હતી :

૧——હઝરત ખદીજહ બિન્તે ખુવૈલિદ બિન અસદ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુએય. રદિયલ્લાહુ અન્હા.

૨——હઝરત આઇશહ બિન્તે અબીબક્ર બિન અબૂ કુહાફહ બિન આમિર બિન અમ્ર બિન કઅબ બિન સઅદ બિન તૈમ બિન મુર્રહ બિન કઅબ બિન લુએય બિન ગાલિબ રદિયલ્લાહુ અન્હા.

૩——હઝરત હફસહ બિન્તે ઉમર બિન ખત્તાબ બિન નુફૈલ બિન અબ્દુલ-ઉઝ્ઝા બિન અબ્દુલ્લાહ બિન કુર્ત બિન રુબાહ બિન રિઝાહ બિન અદી બિન કઅબ બિન લુએય. રદિયલ્લાહુ અન્હા.

૪——હઝરત ઉમ્મે-હબીબહ બિન્તે અબી સુફયાન બિન હર્બ બિન ઉમૈયહ બિન અબ્દે-શમ્સ બિન અબ્દે-મનાફ બિન કુસૈય બિન કિલાબ બિન મુર્રહ બિન કઅબ બિન લુએય. રદિયલ્લાહુ અન્હા.

૫——હઝરત ઉમ્મે સલમહ બિન્તે અબૂ ઉમૈયહ બિન મુગીરહ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન મખ્ઝૂમ બિન યકઝહ બિન મુર્રહ બિન કઅબ બિન લુએય. રદિયલ્લાહુ અન્હા.

૬——હઝરત સવદહ બિન્તે ઝમ્અહ બિન કૈસ અબ્દે-શમ્સ બિન અબ્દે-વુદ્દ બિન નસ્ર બિન માલિક બિન હસ્લ બિન આમિર બિન લુએય રદિયલ્લાહુ અન્હા.

અરબ અને બિન-અરબ પાક બીબીઓ——————અને કુરૈશ સિવાય અરબી તેમ બિન-અરબી પાક બીબીઓની સંખ્યા ૭ છે નીચે મુજબ :

૧——હઝરત ઝૈનબ બિન્તે જહશ બિન રિઆબ (અથવા રબાબ) બિન યઅમુર બિન સબ્રહ બિન મુર્રહ બિન કબીર બિન ગનમ બિન દૂદાન બિન અસ્વદ બિન ખુઝૈમહ. રદિયલ્લાહુ અન્હા.

૨——હઝરત મયમૂનહ બિન્તે હારિસ બિન હઝન બિન બુહૈર બિન હઝમ બિન રુવૈબહ બિન અબ્દુલ્લાહ બિન હિલાલ બિન આમિર બિન સઅસઆ બિન મુઆવિયહ બિન બક્ર બિન હવાઝિન બિન મનસૂર બિન ઈકરિમહ બિન ખસ્ફહ બિન કૈસ બિન અયલાન. રદિયલ્લાહુ અન્હા.

૩——હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમહ બિન હારિસ બિન અબ્દુલ્લાહ બિન અમ્ર બિન અબ્દે-મનાફ બિન હિલાલ બિન આમિર બિન સઅસઆ બિન મુઆવિયહ. રદિયલ્લાહુ અન્હા.

૪——હઝરત જુવૈરિયહ બિન્તે હારિસ બિન અબૂ દિરાર ખુઝાઈયહ મુસ્તલિકિયહ. રદિયલ્લાહુ અન્હા.

૫——હઝરત અસમાઅ બિન્તે નુઅમાન કિન્દીયહ રદિયલ્લાહુ અન્હા.

૬——હઝરત અમ્રહ બિન્તે યઝીદ કિલાબિયહ રદિયલ્લાહુ અન્હા.

૭——હઝરત સફિય્યહ બિન્તે હુય્ય બિન અખ્તબ. રદિયલ્લાહુ અન્હા. યહૂદીઓના બનૂ નદીર કબીલામાંથી.

પ્રકરણ ૧૬૧

રસૂલુલ્લાહ
સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ
ની વફાત

૨

હઝરત આઈશહના ઘરમાં કિયામ • સાત કૂવાઓના પાણીનો ગુસલ • બીમારીમાં મિમ્બર પર ખુત્બો • હઝરત અબૂબકની શાન • હઝરત ઉસામહની સરદારી પર ટીકા • મદીનહના અન્સાર માટે વસીય્યત • દવા પિવડાવવાનો કિસ્સો • હઝરત ઉસામહ માટે દુઆ • પયગમ્બરોને મોતનો અધિકાર • હઝરત અબુબકને નમાઝનો હુકમ • નમાઝની ઇમામતની બીજી રિવાયત • વફાતના દિવસે તબીઅતમાં સુધારો • મસ્જિદમાં પધરામણી • હઝરત અબ્બાસ અને હઝરત અલી • વફાતથી થોડો સમય પહેલાં : મિસ્વાક • હઝરત ઉમરની ઉત્તેજિત દશા • હઝરત અબૂબકની ઠરેલ નીતિ • હઝરત અબુબકનો ખુત્બો.

Maktabe Ashraf

હઝરત આઈશહના ઘરમાં કિયામ——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને યઅકૂબ બિન ઉત્બહએ, મુહમ્મદ બિન મુસ્લિમ ઝુહરી તથા ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહના મુખે સાંભળેલી, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના પાક બેગમ હઝરત આઈશહની આ રિવાયત કહી સંભળાવી. હઝરત બીબી આઈશહનું બયાન છે :

''તમામ પાક બીબીઓ તરફથી મારા ઘરમાં રહેવાની પરવાનગી મેળવી લેવા બાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના કુટુંબના બે ગૃહસ્થોનો સહારો લઇને, માથે પાટો બાંધીને, લથડતી ચાલે મારા ઘરમાં દાખલ થઇ ગયા. પોતાના કુટુંબના જે બે ગૃહસ્થોનો આપે સહારો લીધો હતો તેમાંના એક ફઝલ બિન અબ્બાસ હતા અને બીજા એક ગૃહસ્થ પણ હતા.''

ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહનું બયાન છે કે મેં આ બનાવ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની આગળ રજૂ કર્યો તો તેમણે મને પૂછ્યું, ''જાણો છો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને સહારો આપનારા બીજા ગૃહસ્થ કોણ હતા ?''

મેં કહ્યું, "ના સાહેબ, મને ખબર નથી."

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ બોલ્યા, "એ અલી બિન અબી તાલિબ હતા."

સાત કૂવાઓના પાણીનો ગુસલ————પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર બીમારીનો પ્રચંડ ધસારો થયો અને દર્દ એકદમ વધી ગયું તો આ હાલતમાં આપે ફરમાવ્યું, "જુદા જુદા કૂવાઓનું સાત મશક પાણી લાવીને મુજ પર રેડો કે જેથી હું બહાર નીકળીને લોકોને મળી શકું અને તેઓ પાસેથી વચન લઇ શકું."

હઝરત આઈશહ ફરમાવે છે : "અમે લોકોએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બીબી હફસહ બિન્તે ઉમરના નહાવાના મોટા વાસણમાં બેસાડી દીધા અને પછી આપના પવિત્ર બદન પર પાણી રેડવા માડ્યું ત્યાં સુધી કે આપ ફરમાવવા લાગ્યા, બસ "આટલું કાફી છે હવે બસ કરો."

બીમારીમાં મિમ્બર પર ખુત્બો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મુહંમદ બિન મુસ્લિમ બિન શિહાબ ઝુહરીએ એયૂબ બિન બશીરની રિવાયત ટાંકતાં કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના મુબારક સર પર પટ્ટી બાંધીને હઝરત આઈશહના ઘરમાંથી બહાર પધાર્યા અને મસ્જિદના મિમ્બર પર જઇને બિરાજમાન થયા. મિમ્બર પર બેસી જવા પછી આપે જંગે-ઉહુદમાં શહીદ થયેલા સહાબા માટે દુઆ કરી. આપની આ દુઆ ખાસ્સી લાંબી હતી. એ પછી આપે ફરમાવ્યું:

ઈન્ન અબ્દમ મિન ઈબાદિલ્લાહે	બેશક અલ્લાહના બંદાઓમાંથી એક બંદાને
ખય્યર-હુલ્લાહુ,	ઈખ્તેયાર આપી દીધો અલ્લાહ તઆલાએ;
બૈનદ - દુન્યા વ બૈન મા ઈન્દહૂ.	આ દુનિયા અને જે કંઇ અલ્લાહ પાસે છે તેની વચ્ચેનો.
ફખ્તાર મા ઈન્દલ્લાહ.	તો એ બંદાએ પસંદ કરી લીધું જે કંઇ અલ્લાહ પાસે છે.

રાવીનું કથન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ અર્થપૂર્ણ વાકયનો મતલબ હઝરત અબૂબક્ર સિદ્દીક સિવાય કોઈ સમજી શકયું નહિ. તેઓ તરત પામી ગયા કે "ઈન્ન અબ્દન"એટલે એક બંદાથી મુરાદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે છે અને આપ હવે આ ફાની જગતને છોડીને અલ્લાહના દરબારમાં જવાની વાતો ફરમાવે છે. આ ભેદ કળી જતાં જ હઝરત અબૂબક્ર સિદ્દીક નિરંકુશ રીતે રડવા લાગી ગયા અને લાગણીવશ થઈને બોલ્યા,

"નહિ નહિ યા રસૂલલ્લાહ ! અમે બધા અમારી જાનોને અને અમારી અવલાદોને આપની ઉપર કુરબાન કરી દેવા તૈયાર છીએ !"

આપે ફરમાવ્યું, "અબૂબક્ર ! ધીરજ અને સહૂલતથી કામ લો."

એ પછી આપે ફરમાવ્યું :

> "આ જેટલા દરવાજા મસ્જિદ તરફ ખુલનારા છે એ બધાને એક એક કરીને બંધ કરી દેવામાં આવે. અલબત્ત અબૂબક્રના ઘરનો દરવાજો બંધ ન કરો કેમકે હું કોઈ એવા માણસને નથી જાણતો જે મારા હાથ અને મારા બાહુ બનીને (એટલે મારા મદદગાર

બનીને) મારી સાથે ઊઠવા-બેસવામાં એમના કરતાં ચઢિયાતો હોય."[1]

ઈબ્ને હિશામ કહે છે : એક રિવાયતમાં "ઈલ્લા બાબ અબીબક"શબ્દો આવેલા છે એટલે અબૂબકના દરવાજા સિવાય. એ દરવાજો બંધ ના કરજો. [2]

હઝરત અબૂબકની શાન————ઈબ્ને ઈસ્હાક કહે છે :મને અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહએ અબૂ સઈદ બિન મુઅલ્લાના અમુક કુટુંબીઓની આ રિવાયત બયાન કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આ ખુત્બહમાં એમ પણ ફરમાવ્યું :

ફ-ઈન્ની લવ કુન્તુ મુત-તખિઝમ	તો અગર હું બનાવી લેત
મિનલ ઈબાદે ખલીલન	બંદાઓમાંથી કોઈને ખલીલ
લઅત-તખઝ-તુ	તો હું બનાવી લેત
અબાબક્ર ખલીલા.	અબૂબકને મારો ખલીલ !
વલાકિન સહબત	પરંતુ હવે મારા સંગાથનું માન
વ અખાઅ ઈમાનુન.	અને ઈમાનની ભાઈબંધીનો સંબંધ (સદા કાયમ રહેશે)
હત્તા યજ-મઅલ્લાહુ	ત્યાં સધી કે ભેગા કરી દે અલ્લાહ
બય-નના ઈન્દહૂ.	આપણને પોતાની પાસે.

(એટલે અલ્લાહ તઆલા વગર તેના કોઈ બંદાને હું મારો ખલીલ કે દોસ્ત કે મહબૂબ બનાવતે તો તે અબૂબક્ર હતા. પણ ખલીલ કે દોસ્ત કે મહબૂબ અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી. અલબત્ત અબૂબક્ર સાથે મારી ઈમાની ભાઈબંધી અને મારા સંગાતનું માન કિયામત સુધી કાયમ રહેવાનું છે. ખલીલ એટલે સાચો પાકો દોસ્ત. જિગરજાન અને નિઃસ્વાર્થ મિત્ર "હ")

હઝરત ઉસામહની સરદારી પર ટીકા————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને મુહંમદ બિન જઅફર બિન ઝુબૈરએ, ઉર્વહ બિન ઝુબૈર તથા બીજા ધર્મજ્ઞાનીઓની આ રિવાયત બયાન કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ગંભીર માંદગીની આકરી પીડામાં વ્યાકુળ હતા ત્યાં આપને જાણવા મળ્યું કે ઉસામહના લશ્કરના મામલામાં લોકો આળસ અને ઢીલ કરી રહ્યા છે તો આપ ફરીવાર મુબારક માથા પર પટ્ટી બાંધીને ઘરમાંથી બહાર પધાર્યા અને મસ્જિદના મિમ્બર પર જઈને બિરાજમાન થયા.

તે વેળા પરિસ્થિતિ એવી હતી કે કેટલાક લોકો હઝરત ઉસામહ બિન ઝૈદની નેતાગીરી કે સરસાલારી

૧: એટલે મારા સંગાથે લાગી રહીને અને તન, મન, ધનનો ભોગ આપીને જેટલી મદદ અબૂબક્રે મારી કરી છે તેની તોલે બીજું કોઈ પહોંચી શકતું નથી. "હ"

૨. હઝરત અબૂબક રદિયલ્લાહુ અન્હુના મકાનનો આ દરવાજો આજે પણ મસ્જિદે નબવીની પશ્ચિમી દિશાએ મવજૂદ છે જેની ઉપર સોનેરી અક્ષરોએ આ લખાણ કરેલું છે :

હાઝિહી ખવખતુ સૈયિદિના	આ દરવાજો આપણા સરદાર
અબીબક્રે - નિસ સિદ્દીક	અબૂબક સિદ્દીકનો છે.
રદિયલ્લાહુ અન્હુ.	અલ્લાહ રાજી હો તેમનાથી !

ખવખહ એટલે રોશની માટે બનાવેલી નાની બિડકી, મોટા દરવાજામાં ગોઠવેલું ફટકિયું.

(અલ્લામા મખ્દૂમ મુહંમદ હાશિમ કૃત : અહદે-નુબુવ્વત કે માહ-વ સાલ પેજ ૩૭૯)

Maktabe Ashraf

અંગે અણછાજતી ટીકાઓ કરી રહ્યા હતા. તેઓનું કહેવું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઊંચા પાયાના મોટા મોટા મુહાજિર તથા અન્સાર સહાબાને જતા કરીને ઊગતી વયના એક જુવાનિયા ગુલામને અમીર બનાવી દીધો !

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મિમ્બર પર બિરાજમાન થયા. પ્રથમ આપે અલ્લાહની શાનને છાજે તેવી અલ્લાહની હમ્દો-સના બયાન ફરમાવી અને પછી ફરમાવ્યું :

> "હે લોકો ! ઉસામહના લશ્કરને જલદી રવાના કરી દો !
>
> "હું કસમ ખાયને કહું છું કે, અગર તમે ઉસામહની સરસાલારી પર ટીકાઓ કરી છે તો આથી પહેલાં તમે તેના બાપની સરસાલારી પર પણ ટીકાઓ કરી ચૂકયા છો (જે છેવટે ખોટી પુરવાર થઇ છે.)
>
> "હે લોકો ! સારી રીતે સમજી લો, ઉસામહ દરેક રીતે સરદારી કે સરસાલારીને લાયક છે. અને તેનો બાપ પણ દરેક રીતે સરદારીને લાયક સાબિત થઇ ચૂકયો છે."

રાવીનું બયાન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મિમ્બર પરથી ઊતરી આવ્યા અને લોકોએ લશ્કરની રવાનગીની બહુ જ ઉતાવળે તૈયારી કરવા માંડી. બીજી તરફ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બીમારીની તકલીફ પળેપળે વધતી જ જઇ રહી હતી. મતલબ કે હઝરત ઉસામહ નીકળ્યા અને તેમનું લશ્કર પણ રવાના થયું. એ બધા મદીનહથી નીકળીને એક ફરસખના અંતરે આવેલા જુર્ફ અથવા જુરુફ સ્થળે પહોંચીને થોભી ગયા.[૧] પાછળ રહી ગયેલા બીજા લોકો પણ જુર્ફ મુકામે પહોંચીને લશ્કરના સંગાથે થઇ ગયા.

હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હાલત પળેપળે નાજુકથી નાજુકતર થઇ રહી હતી. આ કારણે હઝરત ઉસામહ અને લશ્કરના બધા લોકો જુર્ફ મુકામે જ થોભી રહ્યા કે, જોવું જોઇએ કે, અલ્લાહ તઆલા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વિશે શું ફેસલો ફરમાવે છે !

મદીનહના અન્સાર માટે વસીય્યત——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મુહંમદ બિન શિહાબ ઝુહરીએ હઝરત અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિકનું બયાન ટાંકતાં કહ્યું કે, જે દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ બીમારીની હાલતમાં મિમ્બર પર પધારીને, જંગે-ઉહુદના શહીદો પર દુરૂદ પઢીને, તેઓની મગફેરત માટે લાંબી દુઆ માગી અને લોકોને જે કંઇ આપ કહેવા માગતા હતા તે કહી દીધું તો પોતાના એજ ખુત્બહમાં આપે એમ પણ ફરમાવ્યું હતું :

> "હે મુહાજિરીનની જમાઅત ! મદીનહના અન્સાર કનેથી નેકીની, ભલાઇની નસીહતો કબૂલ કરતા રહેજો ! અન્સારની વાતો સાંભળજો. અન્સારનો ખ્યાલ રાખજો !
>
> "સામાન્ય રીતે લોકો (આપસના વ્યવહારૂ મામલાઓમાં) મુબાલેગો કે ઉમેરો કરતા રહે છે પણ અન્સારના લોકો, જેવું અને જેટલું બન્યું હોય, તેવું અને તેટલું જ કહે છે. તેમાં કોઇ ઉમેરો કરતા નથી. (મીઠું-મરચું ભભરાવીને વાત કરતા નથી.) જુઓ, અન્સારના

૧. ફરસખ : ત્રણ માઇલ અથવા બાર હજાર કદમનું અંતર (બયાનુલ-લિસાન પેજ ૫૦૫) જુર્ફ અથવા જુરુફ : ઉહુદ પહાડની પાછળ મદીનહથી ત્રણ માઇલના અંતરે આવેલું સ્થળ. ''હ''

Maktabe Ashraf

લોકો મારા એવા રાઝદાન (જાણભેદુ) છે જેઓની ઉપર હું ભરોસો કરૂં છું.

"માટે અન્સારમાંથી ભલાઇના કામો કરનારાઓ સાથે ભલાઇનો વર્તાવ કરજો અને જેઓથી કંઇ ભૂલચૂક થઇ જવા પામે તેઓની ખતાઓથી દરગુજર કરજો !"

હઝરત અબ્દુલ્લાહ બિન કઅબનું કથન છે : એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મિમ્બરથી ઊતરીને પોતાના ઘરમાં તશરીફ લઇ ગયા અને સાથે જ આપની બીમારીની તકલીફ એટલી બધી વધી ગઇ કે છેવટે આપની ઉપર બેહોશી છવાઇ ગઈ.

દવા પિવડાવવાનો કિસ્સો————હઝરત અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિક રદિયલ્લાહુ અન્હુનું બયાન છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર બેહોશી છવાઇ જવા પછી આપના પાક બેગમોમાંથી હઝરત ઉમ્મે સલમહ અને હઝરત મૈમૂનહ આપની પાસે આવ્યાં અને એમની પાછળ કેટલીક મુસલમાન બેગમો પણ ત્યાં આવી લાગ્યાં. આ બેગમોમાં હઝરત અસમા બિન્તે ઉમૈસ પણ હતાં. તે વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના માનવંતા કાકા હઝરત અબ્બાસ પણ ત્યાં હાજર હતા.

આપની બેહોશીની હાલત જોઇને બધાની સલાહથી નક્કી થયું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક મુખ વાટે દવા આપના મુબારક પેટમાં પહોંચાડવામાં આવે.

હઝરત અબ્બાસ બોલ્યા, "દવા હું મારા હાથે પિવડાવીશ."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ બેહોશી જેવી હાલતમાં હતા. એજ હાલતમાં આપના મુબારક મુખમાં દવા નાખવામાં આવી.

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને જ્યારે હોશ આવ્યા તો આપે પૂછ્યું, "મારી સાથે કોણે આમ કર્યું ?" (મારા હલકમાં દવા કોણે ટપકાવી ?)

હાજર લોકોએ અરજ કરી, "આપના કાકાએ યા રસૂલલ્લાહ !"

આપે ફરમાવ્યું, "આ દવા તો તે સ્ત્રીઓ લાવેલી હતી જે પેલા દેશથી પાછી ફરી હતી." (આમ ફરમાવીને આપે મુલ્કે-હબશહ તરફ હાથથી ઈશારો કર્યો.)

એ પછી આપે નારાજીથી ફરમાવ્યું, "તમે આમ શા માટે કર્યું ?"

હઝરત અબ્બાસે અરજ કરી, "યા રસૂલલ્લાહ ! અમે વિચાર્યું કે કયાંક આપને "ઝાતુલ-જમ્બ" (એટલે ન્યુમોનિયા) ન થઇ ગયો હોય !" [1]

આ બીમારીનું સાંભળીને આપે ફરમાવ્યું, "એ એવી બીમારી છે જેમાં અલ્લાહ મને મોત નહિ આપશે. હવે જેટલા લોકો ઘરમાં હાજર હોય, મારા કાકાને છોડીને બધાને એ દવા પિવડાવવામાં આવે. કોઇ એમાંથી બાકાત ન રહે."

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આ હુકમનો તરત અમલ કરવામાં આવ્યો. હઝરત અબ્બાસને છોડીને બધાને એ દવા પિવડાવવામાં આવી. એ દિવસે આપના પાક બેગમ હઝરત મૈમૂનહએ રોઝો રાખેલો

---

૧. પાંસળીઓમાં થનારોએક સોજો અથવા ફેફસાના સોજાથી આવતો એક તાવ એટલે ન્યુમોનિયાનો રોગ. અરબીમાં એને ઝાતુલ-જમ્બ કહે છે. "ર્"

Maktabe Ashraf

હતો છતાં તેમને પણ એ દવા પિવડાવવામાં આવી. (એ નફલી રોઝો હતો જેની કઝા તેઓ બાદમાં રાખી શકતાં હતાં.)

ગુજરાતી સંપાદકની નોંધ——————સહીહ રિવાયતોમાં છે કે દવા પિવડાવવાના બનાવ વેળા હઝરત અબ્બાસ ત્યાં હાજર ન હતા અથવા હાજર હતા તો દવાના મામલામાં સંમત ન હતા જેથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એમને બાકાત રાખ્યા.

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક હલકમાં જે દવા ટપકાવવામાં આવી તેનું અરબી નામ "કુસ્ત"છે. ઝૈતુનના તેલમાં ચંદનનું લાકડું ઘસીને બનાવેલી દવા. એ બે જાતની હોય છે. કડવી અને મીઠી. સહીહ બુખારીમાં છે કે બીમારીની પ્રચંડ પીડાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર વારંવાર બેહોશીની હાલત છવાઈ જતી હતી. એજ દરમિયાન હાજર રહેલા લોકોએ માત્ર અનુમાનથી ન્યુમોનિયા રોગનું નિદાન કરીને આપને કુસ્ત દવાનો "લદૂદ" કરવાનું ઠરાવ્યું. લદૂદ કરવો એટલે દવાના ટીપાં બીમારના હલકમાં ટપકાવવાં અથવા મુખમાં બંને બાજુએ દવા લગાડવી.

હઝરત બીબી ઉમ્મે સલમહ અને હઝરત બીબી અસમા બિન્તે ઉમૈસ ઈસ્લામની શરૂઆતમાં હિજરત કરીને હબશહ ગયાં હતાં. હબશહમાં એમણે જોયું હતું કે ત્યાંના લોકો આ બીમારીમાં ચંદન અને ઝૈતૂનની દવાનો લદૂદ કરે છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સારવાર કરનારા લોકો કોઈ કાયદેસરનું તબીબી જ્ઞાન ધરાવતા ન હતા. તેઓએ માત્ર અટકળ કે અનુમાનથી ન્યુમોનિયા સમજીને આપને આ દવા આપવા માંડી. આપે બેહોશીની ઘેનમાં ઈશારાથી ના પાડી કે મને દવા આપવી નહિ. પણ લોકો સમજ્યા કે માંદા માણસને દવા એમ પણ ક્યાં ગમતી હોય છે જેથી આપ મના ફરમાવે છે. અને તેઓએ આપને દવા પિવડાવી દીધી.

બાદમાં હોશમાં આવવા પછી આપે ફરમાવ્યું, "મારા ઈન્કાર છતાં કેમ મને દવા આપી ?"

"પોતાની બીમારીનું નામ સાંભળીને આપે ફરમાવ્યું, "ઝાતુલ-જમ્બ એક શયતાની બીમારી છે. મને અલ્લાહ તઆલાએ એનાથી મઅસૂમ કે મહફૂઝ રાખ્યો છે."

એ પછી બદલા તરીકે અથવા હુકમ ન માનવાની શિક્ષા તરીકે આપે હુકમ ફરમાવ્યો, "ઘરમાં જેટલા લોકો છે, અબ્બાસ સિવાય બધાને લદૂદ કરવામાં આવે." (સંપાદકની નોંધ પૂરી થઈ.)

હઝરત ઉસામહ માટે દુઆ——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને સઈદ બિન ઉબૈદ બિન સબ્બાકએ, હઝરત મુહંમદ બિન ઉસામહના મુખે સાંભળેલી, તેમના પિતાજી હઝરત ઉસામહ બિન ઝૈદની આ રિવાયત બયાન કરી:

ઈસ્લામી લશ્કરના સિપહસાલાર હઝરત ઉસામહ બિન ઝૈદનું બયાન છે કે જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તબીઅત વધારે લથડી ગઈ તો હું અને મારી સાથે લશ્કરના તમામ લોકો જુર્ફ મુકામેથી મદીનહ પાછા આવ્યા. હું સીધો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર થઈ ગયો. તે વેળા આપ પર ખામોશી છવાયેલી હતી. આ કારણે આપનું વાતચીત કરવાનું બંધ હતું. મને જોતાં જ આપે પોતાના મુબારક હાથો આકાશ તરફ ઉઠાવ્યા અને આકાશ તરફ હાથો ઉઠાવી-ઉઠાવીને મુજ પર ફેરવવા લાગ્યા. હું સમજી ગયો કે આપ મારા માટે બારગાહે-ઈલાહીમાં દુઆ ફરમાવી રહ્યા છે.

પયગમ્બરોને મોતનો અધિકાર————ઈબ્ને શિહાબ ઝુહરીનું કથન છે : મને ઉબૈદ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહએ હઝરત આઈશહની આ રિવાયત બયાન કરી. હઝરત આઈશહ ફરમાવે છે:

"હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અમુક વાર આમ ફરમાવતાં સાંભળ્યા કરતી હતી કે, અલ્લાહ તઆલા પોતાના કોઈ પયગમ્બરની રૂહ ત્યાં સુધી કબઝ નથી કરતો જ્યાં સુધી કે તેને એનો ઇખ્તેયાર નહિ આપી દે. [૧]

હઝરત આઈશહએ એમ પણ ફરમાવ્યું :

"જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર સકરાતની પળો આવી લાગી તો છેલ્લા જે શબ્દો મેં આપની નૂરાની જીભથી સાંભળ્યા તે આ હતા :

"બલિર - રફીકીલ - અઅલા મિનલ-જન્નતિ !"

નહિ, બલકે જન્નતના મહાન રફીક !

હઝરત આઈશહ ફરમાવે છે : હું આપની તહેનાતમાં હાજર હતી. આપના આ શબ્દો સાંભળીને મારૂં હૈયું કાંપી ઊઠ્યું. મેં બેહદ દર્દભર્યા કરૂણ અવાજે કહ્યું :

યા રસૂલલ્લાહ ! અલ્લાહના સોગંદ છે, આપ તો અમારો સંગાથ છોડી રહ્યા છો! અમારા સંગાથને પસંદગી આપવાને બદલે, આપે તો જન્નતના "રફીકે-અઅલા"ના સંગાથને પસંદ કરી લીધો !" [૨]

હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હા ફરમાવે છે : આપની નૂરાની જીભથી "રફીકે-અઅલા"ના શબ્દો સાંભળીને હું સમજી ગઈ કે આ તો ખરેખર તેવું જ થયું જેમકે આપ અમને ફરમાવ્યા કરતા હતા કે :

"અલ્લાહ તઆલા પોતાના કોઈ પયગમ્બરની રૂહ ત્યાં સુધી કબઝ નથી કરતાં જ્યાં સુધી કે રૂહને કબઝ કરવાનો અધિકાર પયગમ્બરના હાથમાં નહિ આપી દે."

મતલબ આ છે કે દરેક પયગમ્બરને પોતાની રૂહ વિષે અલ્લાહ તઆલા તરફથી આ હક મળેલો હોય છે કે જ્યાં સુધી પયગમ્બર પોતે પરવાનગી નહિ આપે ત્યાં સુધી મોતનો ફરિશ્તો તેમની રૂહ કબઝ કરી શકતો નથી. પયગમ્બરની પરવાનગી મળવા પછી જ ફરિશ્તો તેમની રૂહ કબઝ કરે છે.

હઝરત અબૂબક્રને નમાઝનો હુકમ————ઈબ્ને શિહાબ ઝુહરીનું બયાન છે : મને હમ્ઝહ બિન અબ્દુલ્લાહ બિન ઉમરે હઝરત આઈશહની આ રિવાયત કહી સંભળાવી.

હઝરત આઈશાહ ફરમાવે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બીમારીનો મામલો જ્યારે ગંભીર બની ગયો અને મસ્જિદમાં જવાની પણ શક્તિ નહિ રહી તો આપે અમને હુકમ આપતાં ફરમાવ્યું:

---

૧. એટલે અલ્લાહ તઆલા તરફથી દરેક પયગમ્બરને તેમની રૂહનો અધિકાર મળેલો હોય છે કે, તેમને આ દુનિયામાં જ કાયમ માટે રહેવું છે કે પછી વફાત પામીને અલ્લાહ પાસે જવું છે ? પયગમ્બરની પરવાનગી મળવા પછી જ મોતનો ફરિશ્તો તેમની રૂહ કબઝ કરે છે. "હ"

૨. "રફીકે-અઅલા"થી મુરાદ અલ્લાહ તઆલા. અર્થાત : આ દુનિયામાં રહીને અમારો સંગાથ પસંદ કરવાને બદલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ જન્નતમાં પોતાના રફીકે-અઅલાનો સંગાથ પસંદ કરી લીધો. "હ"

મુરૂ અબા-બકરિન	તમે લોકો હુકમ આપો મારા તરફથી અબૂબક્રને
ફલ-યુસલ્લે બિન-નાસ.	કે તેઓ ઇમામ બનીને નમાઝ પઢાવે લોકોને !

આપનો આ હુકમ સાંભળીને મેં વિનંતી કરી, "યા રસૂલલ્લાહ ! આપ જાણો છો મારા બાપા જયારે કુર્આન પઢે છે તો તેમનું હૈયું ભરાઇ આવે છે. તેઓ ગદ્‌ગદ થઇ જાય છે. તેમનો અવાજ રૂંધાઇ જાય છે. બહુ રડવું આવે છે તેમને. ઇમામ બનીને નમાઝ કેવી રીતે પઢાવી શકશે ?"

આપે બીજીવાર હુકમ આપતાં એમ જ ફરમાવ્યું, "તમે લોકો હુકમ આપો અબૂબક્રને મારા તરફથી કે તેઓ ઇમામ બનીને નમાઝ પઢાવે લોકોને."

હઝરત આઇશહનું બયાન છે : "મેં બીજીવાર મારી પહેલી વિનંતી આપની સેવામાં રજૂ કરી તો આપે નારાજી જાહેર કરતાં ફરમાવ્યું :

ઇન્ન કુન્ન સવાહિબે યૂસુફ	તમે બધી યૂસુફની સાથી સ્ત્રીઓ જેવી છો. જાવ
ફ-મુરૂહુ ફલ-યુસલ્લે બિન્નાસ.	હુકમ ફરમાવો તેમને કે નમાઝ પઢાવે લોકોને !

હઝરત આઇશહ રદિયલ્લાહુ અન્હાનું બયાન છે : "અલ્લાહના સોગંદ ! મેં મારા બાપાજીનો પક્ષ લઇને આ વિનંતી એટલા માટે કરી હતી કે મારા બાપાજી પરથી આટલી મોટી જોખમદારી હટાવી લેવામાં આવે. કેમકે હું જાણતી હતી કે, લોકો કદી આ વાત પસંદ કરવાના નથી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની હયાતમાં બીજો કોઇ માણસ આપના મુસલ્લા પર ઊભો થઇને લોકોને નમાઝ પઢાવે. વળી લોકો આપની જગાએ અબૂબક્રને ઊભેલા જોઇને અપશુકન જેવું માનશે. જેથી હું ચાહતી હતી કે મારા બાપાજીને માથેથી આ જોખમદારી ટળી જાય તો સારૂં !"

નમાઝની ઇમામતની બીજી રિવાયત————ઇબ્ને શિહાબ ઝુહરી કહે છે : મને અબ્દુલ-મલિક બિન અબીબક્ર બિન અબ્દુર્રહમાન બિન હારિસ બિન હિશામે પોતાના પિતાજીના વાસ્તાથી, અબ્દુલ્લાહ બિન ઝમ્અહ બિન અસ્વદ બિન મુત્તલિબ બિન અસદની આ રિવાયત કહી સંભળાવી.

હઝરત અબ્દુલ્લાહ બિન ઝમ્અહનું બયાન છે: "હું મુસલમાનોની એક જમાઅત સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તહેનાતમાં હાજર હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ગંભીર બીમારીની હાલતમાં હતા. એટલામાં હઝરત બિલાલે આપને નમાઝ માટે બોલાવ્યા. નમાઝનું સાંભળીને આપે ફરમાવ્યું, "જે કોઇ ત્યાં હાજર હોય તેને કહો કે તે નમાઝ પઢાવી દે !"

હઝરત અબ્દુલ્લાહ બિન ઝમ્અહ ફરમાવે છે : હું ત્યાંથી નીકળીને મસ્જિદ તરફ ગયો. ત્યાં હઝરત ઉમર લોકોમાં ઊભેલા મને દેખાયા પણ હઝરત અબૂબક્ર મારા જોવામાં નહિ આવ્યા. મેં હઝરત ઉમરને કહ્યું, "ઉમર ! આગળ બઢો. મુસલ્લા પર ઊભા થઇ જાવ. લોકોને નમાઝ પઢાવી દો."

હઝરત ઉમર આગળ બઢયા. મુસલ્લા પર ઊભા થયા. હઝરત બિલાલે તકબીર પોકારી અને હઝરત ઉમરે નમાઝની શરૂઆતમાં અલ્લાહુ અકબર ! કહ્યું તો એમનો અવાજ બુલંદ હતો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ એ અવાજ સાંભળી લીધો તો તરત આપે ફરમાવ્યું :

Martabe Ashraf

ફ - ઐન અબૂબક્ર ?	અબૂબક્ર ક્યાં છે ?
યઅબલ્લાહુ ઝાલિક વલ-મુસ્લિમૂન.	અલ્લાહ અને મુસલમાનો એને નથી માનતા.
યઅબલ્લાહુ ઝાલિક વલ-મુસ્લિમૂન.	અલ્લાહ અને મુસલમાનો એને નથી માનતા.

હઝરત અબ્દુલ્લાહ બિન ઝમ્અહ વધુમાં ફરમાવે છે : "એ પછી હઝરત અબૂબક્રને બોલાવવામાં આવ્યા. અને જ્યારે તેઓ આવી ગયા તો તેમણે ઈમામ બનીને લોકોને નમાઝ પઢાવી."

હઝરત અબ્દુલ્લાહ બિન ઝમ્અહનું બયાન છે : "નમાઝ પૂરી થવા પછી હઝરત ઉમરે મને સંબોધીને ફરમાવ્યું, "હે ઝમ્અહના બેટા ! તારૂં બુરૂં થાય, તેં મારી સાથે આ શું કર્યું ? તેં જ્યારે મને નમાઝ પઢાવવાનું કહ્યું તો મેં ચોકકસ રીતે માની લીધું કે, આ હુકમ તને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યો છે. જો બાબત આમ ન હોત તો હું કદી નમાઝની ઈમામત માટે આગળ ના વધત !"

મેં જવાબમાં કહ્યું, "હે નામદાર ! અલ્લાહના સોગંદ, મને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આપના માટે હુકમ નહિ ફરમાવ્યો હતો. પણ જ્યારે મેં અબૂબક્રને નહિ જોયા તો હાજર લોકોમાં આપને જ મેં સૌથી વધારે લાયક જોયા કે ઈમામ બનીને નમાઝ પઢાવી દે !"[1]

વફાતના દિવસે તબીઅતમાં સુધારો————હઝરત અનસ બિન માલિકનું બયાન છે : "પછી તે સોમવારનો દિવસ આવી લાગ્યો જેમાં અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે-અકરમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પવિત્ર રૂહને પોતાની પાસે "અઅલા ઈલ્લીય-યીન" માં બોલાવી લીધી.[2]

"એ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પવિત્ર તબીઅત સુધારા પર હતી. આપ હઝરત આઈશહના ઘરમાં બિરાજમાન હતા. પરોઢનો સમય હતો. મસ્જિદમાં લોકો ફજરની નમાઝ પઢી રહ્યા હતા. હઝરત અબૂબક્ર ઈમામ બનીને નમાઝ પઢાવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત આઈશહની ઓરડીનો પર્દો હટાવીને દરવાજો ખોલ્યો અને મસ્જિદને બારણે પધારીને ઊભા થઈ ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બારણે પધારેલા જોઈને મુસલમાનોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ. લોકો એટલા આનંદમાં આવી ગયા કે નમાઝમાં ખલલ પડવાની ધાસ્તી ઊભી થઈ, એટલે સુધી કે લોકો નમાઝની જ હાલતમાં હટવા લાગ્યા. આ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઈશારાથી સમજાવ્યું કે, "તમે લોકો પોતાની જગાએ કાયમ રહીને નમાઝ ચાલુ રાખો."

રાવીનું કથન છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુસલમાનોને નમાઝની હાલતમાં જોઈને એટલા બધા ખુશ થયા કે આપના નૂરાની ચેહરા પર ગુલાબી હાસ્ય ફરકી રહ્યું."

હઝરત અબ્દુલ્લાહ બિન ઝમ્અહ ફરમાવે છે : "એ સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના મુબારક ચેહરા પર મેં જે નૂર, જે પ્રફુલ્લતા, જે આનંદ જોયો તે આથી પહેલાં મેં કદી નહિ જોયો."[3]

Maktabe Ashraf

---

૧. એટલે હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુ પછી આપથી વધીને મુસલમાનોના ઈમામ બનવાને લાયક બીજું કોઈ નથી. "હ"

૨. અઅલા ઈલ્લીય-યીન : આસમાનના સાતમા તબકા પર આવેલી સૌથી ઊંચી જન્નતનું નામ જેમકે જમીનના સાતમા તબકે આવેલી જહન્નમનું નામ સિજ્જીન છે. (કામૂસુલ-કુર્આન પાનું ૩૫૩) "હ"

૩. પોતાની લગાતાર ૨૩ વરસોની વણથંભી મેહનત અને ઝેહમતનું આ ફળ જોઈને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અભૂતપૂર્વ આનંદ થયો. આપનો નૂરાની ચેહરો પૂર્ણિમાના ચાંદ પેઠે ઝીલી ઊઠયો અને આપના મુબારક હોઠો પર મુસ્કુરાહટ મલકી ગઈ. "હ"

એ પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરમાં વાપસ તશરીફ લઇ ગયા. લોકો પણ એમ સમજીને ચાલ્યા ગયા કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બીમારીથી નજાત મળી ગઇ છે. હઝરત અબૂબક્ર પણ એમ જ સમજીને પોતાના ઘરવાળાં પાસે ચાલ્યા ગયા. એમનું એક મકાન મદીનહના ''સુનહ''નામે લત્તામાં આવેલું હતું.

મસ્જિદમાં પધરામણી————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને હઝરત અબૂબક્ર બિન મુલૈકહએ કહ્યું કે, જયારે સોમવારનો દિવસ થયો તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મુબારક સર પર પટટી બાંધીને મસ્જિદમાં પધાર્યા. તે વેળા હઝરત અબૂબક્ર લોકોને નમાઝ પઢાવતા હતા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને મસ્જિદમાં પધારેલા જોઇને લોકોએ હટવાનું અને મોકળા થવાનું શરૂ કર્યું. હઝરત અબૂબક્ર સમજયા કે લોકોએ નમાઝમાં જે કંઇ કર્યું તે ફકત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે જ કર્યું છે. આ કારણે તેમણે પણ નમાઝ પઢાવવાની જગાએથી હટવાનું શરૂ કર્યું. પરંતુ એજ પળે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાનો મુબારક હાથ હઝરત અબૂબક્રની પીઠ પર મૂકયો અને ફરમાવ્યું, ''સલ્લે બિન્નાસ.'' એટલે લોકોને નમાઝ પઢાવવાનું ચાલુ રાખો.

આમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતે હઝરત અબૂબક્રના પેહલૂમાં બેસી ગયા અને આ રીતે ખુદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અબૂબક્રના જમણા હાથ તરફ બેસીને હઝરત અબૂબક્રની ઇમામતમાં મુસલમાનોની જમાઅત સાથે નમાઝ પઢી. નમાઝથી ફારીગ થઇને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ લોકો તરફ તવજ્જોહ ફરમાવી અને પોતાનો અવાજ ઊંચો કરીને ફરમાવવા માંડ્યું. પછી તો આપનો અવાજ એટલો ઊંચો થયો કે મસ્જિદના દરવાજાની બહાર જવા લાગ્યો. આપ ફરમાવી રહ્યા હતા :

ઐયુહન-નાસ સુઅ-ઇરતિન-નારુ	હે લોકો ! આગ ભડકાવી દેવામાં આવી છે,
વ અક-બલતિલ - ફિતન.	અને ફિત્નાઓ ધસધસતા આવી રહ્યા છે,
ક-કિત્ઇલ-લયલિલ-મુઝલિમ.	અંધારી રાતના ટુકડાઓ પેઠે.
વ ઇન્ની વલ્લાહિ મા તમસ-સકૂન	અલ્લાહના સોગંદ ! તમે લાદી નહિ શકો મુજ પર,
અલા લિ-શૈઇન.	કોઇ વસ્તુની જવાબદારી.
ઇન્ની લમ ઉહિલ્લ	મેં કોઇ વસ્તુ હલાલ કરી નથી;
ઇલ્લા મા અહલ-લલ-કુર્આન.	સિવાય કે જેને કુર્આને હલાલ કરી છે.
વમા ઉહર - રિમુ	અને મેં કોઇ વસ્તુ હરામ કરી નથી;
ઇલ્લા હર્રમલ - કુર્આન.	સિવાય કે જેને કુર્આને હરામ કરી છે.

રાવીનું બયાન છે : પછી જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની તકરીર ફરમાવી ચૂકયા તો હઝરત અબૂબક્રએ વિનંતી કરી, ''હે અલ્લાહના નબી ! હું જોઉં છું કે હવે આપની ઉપર અલ્લાહનો ફઝલો-કરમ છે જેમકે અમારી ઇચ્છા હતી. યા રસૂલલ્લાહ ! આજનો દિવસ મારા માટે ખારિજહની બેટીનો દિવસ છે તો શું હું તેની પાસે ચાલ્યો જાઉં ?''

આપે ફરમાવ્યું, ''હા ખુશીથી જઇ આવો.''

Maktabe Ashraf

આમ ફરમાવીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના ઘરમાં તશરીફ લઈ ગયા અને હઝરત અબૂબક્ર પોતાના બાલબચ્ચાં તરફ નીકળી ગયા જેઓ સુનહ યા સુન્હ નામે લત્તામાં રહેતાં હતાં.[1]

હઝરત અબ્બાસ અને હઝરત અલી——————મુહંમદ બિન શિહાબ ઝુહરી કહે છે : મને અબ્દુલ્લાહ બિન કઅબ બિન માલિકે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની આ રિવાયત કહી સંભળાવી : "એ દિવસે હઝરત અલી બિન અબી તાલિબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસથી ઊઠીને બહાર જવા નીકળ્યા તો લોકોએ એમને પૂછ્યું, "હે અબૂ હસન ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તબીઅત કેમ છે?"

હઝરત અલીએ જવાબ આપ્યો, "અલહમ્દુ લિલ્લાહ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તબીઅત સારી છે."

આ સાંભળીને હઝરત અબ્બાસે હઝરત અલીનો હાથ પકડી લીધો અને કહ્યું, "હે અલી ! વલ્લાહ ત્રણ દિવસ પછી તમે ગુલામ બની જશો. હું અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરા પર મોતની નિશાનીઓ જોઈ લીધી છે જેમકે હું આપણા બનૂ મુત્તલિબ ખાનદાનના લોકોના ચેહરા જોઈને મોતની નિશાની ઓળખી લઉં છું. માટે તમે અમને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે લઈ ચાલો. ત્યાં જઈને આપણે ખિલાફતના મામલાનો ખુલાસો કરી લઈએ. અગર ખિલાફતનો મામલો આપણા હકમાં છે તો આપણને તેની ખબર પડી જશે. પણ જો ખિલાફતનો મામલો બીજા લોકોના હકમાં હશે તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એને લગતા જે કંઈ હુકમો ફરમાવશે તેનો આપણે અમલ કરીશું અને આપણા વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ તેઓને ભલામણ કે વસિય્યત ફરમાવી દેશે."

હઝરત અલીએ જવાબમાં હઝરત અબ્બાસને કહ્યું, "અલ્લાહના સોગંદ ! હું હરગિઝ આમ નહિ કરૂં, જો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આપણને ખિલાફતથી અટકાવી દીધા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી કોઈપણ આપણને ખિલાફત આપવાનું નથી."[2]

રાવીનું કથન છે : પછી એજ દિવસે ચાશ્તનો સમય વીતીને બપોર થયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ ગઈ.

વફાતથી થોડો સમય પહેલાં : મિસ્વાક——————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યઅકૂબ બિન ઉત્બહએ, એમને મુહંમદ બિન શિહાબ ઝુહરીએ, એમને ઉર્વહએ, અને ઉર્વહએ હઝરત આઈશહની આ રિવાયત બયાન કરી. હઝરત આઈશહનું બયાન છે :

---

૧. હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહુ અન્હુના એક બેગમનું નામ હઝરત હબીબહ બિન્તે ખારિજહ બિન ઝૈદ હતું. આજે એમની વારી હતી. આ બેગમ સાહેબા હઝરત અબૂબક્રના સુનહ નામે લત્તામાં આવેલા મકાનમાં રહેતાં હતાં અને મસ્જિદે-નબવી પાસે આવેલા મકાનમાં હઝરત આઈશહના વાલિદહ સાહેબા હઝરત ઉમ્મે-રૂમાન રહેતાં હતાં. (અસ્સિહ-હુસ-સિયર પા. ૫૫૩) "હ"

૨. ખિલાફતનો મામલો એક વિવાદાસ્પદ ઘટના છે જે સીરતગ્રંથોમાં "કિરતાસના બનાવ" તરીકે પંકાયેલો છે. ઉલમાએ-કિરામ અને માનવંતા સીરતકારોએ આ મામલા પર લાંબીચોડી બહેસો કરેલી છે પણ આટલું ચોકકસ કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ચારેય માનવંતા ખલીફાઓમાંથી કોઈએ પણ પોતે આગળ વધીને ખિલાફતની ગાદી મેળવવાની ન કદી તમન્ના કરી છે ન કોશિશ. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાની મુબારક હયાતમાં હઝરત અબૂબક્રને આગ્રહપૂર્વક નમાઝના ઈમામ બનવાનો હુકમ ફરમાવ્યો તેના અર્થ એજ કે આપે પોતાની મુબારક હયાતમાં જ હઝરત આઈશહની નામરજી છતાં હઝરત અબૂબક્રને મુસલમાનોના અમીર કે ખલીફહ તરીકે નીમી દીધા હતા. "હ"

"એજ દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મસ્જિદમાં નમાઝ અદા કરીને મારા ઘરમાં મારી પાસે તશરીફ લઇ આવ્યા અને મારા ખોળામાં પોતાનું મુબારક માથું મૂકીને લેટી ગયા. એ પછી અબૂબકના કુટુંબમાંથી એક ગૃહસ્થ ઘરમાં મારી પાસે આવ્યા. [૧] તેમના હાથમાં એક લીલું મિસ્વાક (દાતણ) હતું. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ તેમની તરફ એવી નજર જોયું કે, હું સમજી ગઈ કે, આપને મિસ્વાકની ઈચ્છા છે. મેં પૂછ્યું, "યા રસૂલલ્લાહ ! શું આપની ઈચ્છા છે કે એ મિસ્વાક હું એમની પાસેથી લઇને આપને આપું ?"

આપે ફરમાવ્યું, "હા."

મેં તેમની પાસેથી મિસ્વાક લીધું. મારા દાંતોથી ચાવીને તેને ખૂબ નરમ કરી દીધું અને પછી એ મિસ્વાક મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સેવામાં પેશ કર્યું. આપે એને પોતાના મુબારક હાથમાં લઈને એવી રીતે દાતણ કર્યું જેમ હું હમેશા આપને દાતણ કરતાં જોતી હતી. પછી આપે એ મિસ્વાક મૂકી દીધું. એ પછી મને એવું લાગ્યું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મારા ખોળામાં ભારે થતા જઈ રહ્યા છે. હું આપના નૂરાની ચેહરા તરફ જોવા લાગી તો શું જોઉં છું કે આપની નૂરાની આંખો ચઢી ગઇ છે અને આપ ફરમાવી રહ્યા છેઃ

"બલિર - રફીકિલ-અઅલા મિનલ-જન્નહ."

ના, બલકે જન્નતના રફીકે-અઅલા.

આ જોઈને મેં મનમાં કહ્યું, "કસમ છે તે અલ્લાહના જેણે આપને સચ્ચાઈ સાથે મોકલ્યા , બેશક આપને દુનિયા કે જન્નત બેમાંથી એકનો અધિકાર આપી દેવામાં આવ્યો અને આપે જન્નતની પસંદગી ફરમાવી લીધી. એ પછી મેં જોયું તો આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુકદ્દસ રૂહ કબઝ થઈ ગઈ હતી.

હઝરત આઈશહ વધુમાં ફરમાવે છે : "રસૂલુલાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત મારા ઘરમાં થઈ. વફાત વેળા આપનું મુબારક સર મારા ખોળામાં હતું. વફાત પછી મેં આપનું મુબારક સર તકિયા પર મૂકી દીધું. પછી હું ઊભી થઈ ગઇ અને સાથે જ મેં રડવાનું તથા મારા હાથો વડે મારા માથા પર ટપલા મારવાનું શરૂ કર્યું."

હઝરત ઉમરની ઉત્તેજિત દશા————મુહંમદ બિન શિહાબ ઝુહરી કહે છે : મને હઝરત સઈદ બિન મુસૈયબએ હઝરત અબૂ હુરૈરહની આ રિવાયત બયાન કરી : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતની વાત સાંભળતાં જ હઝરત ઉમર બિન ખત્તાબ (ઉત્તેજિત દશામાં) ઊભા થઇ ગયા અને કહેવા લાગ્યાઃ

"કેટલાક મુનાફિકો કહી રહ્યા છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ ગઈ છે જો કે અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મરણ પામ્યા નથી.

"અલબત્ત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાના પાલનહાર તરફ ગયા છે જેમકે મૂસા બિન ઈમ્રાન પોતાના પાલનહાર તરફ ગયા હતા. મૂસા બિન ઈમ્રાન ચાલીસ

૧. એ ગૃહસ્થ હઝરત આઈશહના ભાઈ હઝરત અબ્દુર-રહમાન બિન અબીબક્ર હતા. (સી.મુ.જિ.૩ પા. ૧૭૧)

રાતો સુધી પોતાની કોમથી ગાયબ રહ્યા ત્યારે લોકોએ કહેવા માડ્યું કે મૂસા બિન ઈમ્રાન મરી ગયા છે જો કે બાદમાં તેઓ પોતાની કૌમ પાંસે પાછા આવી ગયા હતા.

"અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પણ એવી જ રીતે પાછા આવી જશે જેવી રીતે મૂસા બિન ઈમ્રાન પાછા આવી ગયા હતા. રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાછા આવીને એવા લોકોના હાથપગ કાપી નાખશે જેઓ કહી રહ્યા છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ મરણ પામી ગયા છે."

હઝરત અબૂબકની ઠરેલ નીતિ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબૂ હુરૈરહનું બયાન છે: "અને જયારે હઝરત અબૂબક સિદ્દીકને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતના સમાચાર મળ્યા તો આપ તરત જ રવાના થયા અને મસ્જિદના બારણા પાસે આવીને ઊભા થઈ ગયા. તે વેળા હઝરત ઉમર ઉત્તેજિત દશામાં લોકોને લલકારી રહ્યા હતા. હઝરત અબૂબક સિદ્દીકે તેમની વાતો તરફ મુદ્દલ ધ્યાન આપ્યું નહિ અને સીધા હઝરત આઈશહના ઘરમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પાસે અંદર ચાલ્યા ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું મુબારક બદન ઘરના એક ગોશામાં જન્નત-નશીન હતું અને આપના નૂરાની બદન પર એક યમની ચાદર ઓઢાડેલી હતી. હઝરત અબૂબક આગળ વધ્યા. અદબપૂર્વક ચાદર હટાવીને આપનો નૂરાની ચેહરો ખોલ્યો અને ઝૂકીને આપના નૂરાની ચેહરાને બોસો આપ્યો અને કહ્યું:

"યા રસૂલલ્લાહ ! આપ પર મારાં માબાપ કુરબાન ! જે મોત અલ્લાહ તઆલાએ આપના માટે લખેલી હતી તે આવી ચૂકી. હવે પછી આપ મોતની તકલીફ કયારેય નહિ ઉઠાવશો."[1]

એ પછી હઝરત અબૂબકએ આપના નૂરાની ચેહરા પર ચાદર ઢાંકી દીધી અને બહાર નીકળી આવ્યા. હઝરત ઉમર બરાબર તકરીર કરી રહ્યા હતા. હઝરત અબૂબકે ફરમાવ્યું, "ઉમર ! શાંતિથી કામ લો. ખામોશી ઈખ્તેયાર કરો !"

મગર હઝરત ઉમર માન્યા નહિ અને તકરીર ચાલુ રાખી. હઝરત અબુબકે જોયું કે હઝરત ઉમર માનતા નથી, ખામોશ થતા નથી તો હઝરત અબૂબકે લોકોને સંબોધીને પોતે તકરીર ચાલુ કરી દીધી. જયારે લોકોએ હઝરત અબૂબકની તકરીરનો અવાજ સાંભળ્યો તો દરેકનું ધ્યાન એમના તરફ દોરાયું. લોકો હઝરત ઉમરને રહેવા દઈને હઝરત અબૂબક તરફ આવી ગયા.

---

૧. હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હાની રિવયાતમાં છે : મારા બાપા હઝરત અબૂબક સિદ્દીકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની ચેહરા પરથી ચાદર હટાવી અને પોતે ઝૂકીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બંને નૂરાની આંખોની વચ્ચે બોસો આપ્યો અને કહ્યું :

"યા રસૂલલ્લાહ ! આપની ઉપર મારાં માબાપ કુરબાન ! હરગિઝ અલ્લાહ તઆલા બે મોતોને આપના માટે ભેગી નહિ કરશે. અલબત્ત એક જ મોત જે અલ્લાહ તઆલાએ આપના માટે લખી દીધી હતી."

બે મોતોનો મતલબ આ કે જે એક મોત અલ્લાહ તઆલાએ આપના માટે લખી દીધી હતી તે આવી ચૂકી. હવે ફરીવાર અલ્લાહ તઆલા આપને નવજીવન બખ્શીને આ દુનિયામાં મોકલાવે અને બીજીવાર આપને મોત આપે એ બનવા જોગ નથી. કુર્આનમાં છે :

"ઈન્નક મૈયિતુંવ વ ઈન્નહુમ મૈયિતૂન."

એટલે બેશક હે નબી ! આપ પણ વફાત પામી જવાના છો અને આ બધા લોકો પણ મરી જવાના છે. હઝરત અબૂબક સિદ્દીકે આપની નૂરાની પેશાની પર બોસો આપ્યો તેની દલીલ આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ-અલૈહિ વ સલ્લમએ પણ પોતાના સહાબી હઝરત ઉસમાન બિન મઝઊનના ઈન્તેકાલ પછી તેમનો ચેહરો ખોલીને તેમની પેશાની પર બોસો આપ્યો હતો. (અસિહ-હુસ-સિયર પેજ ૫૫૭. હવાલો બુખારી-તિરમિઝી) "હ"

Maktabe Ashraf

હઝરત અબૂબક્રનો ખુત્બો————હઝરત અબૂબક્ર સિદ્દીકએ પ્રથમ અલ્લાહ તઆલાની હમ્દો-સના બયાન કરી અને પછી ફરમાવ્યું :

ઐયુહન-નાસ ! અન્નહૂ મન	હે લોકો ! તમારામાંથી જે કોઇ
કાન્ યઅબુદુ મુહમ્મદન	મુહંમદની પૂજા કરનારો છે (તે સાંભળી લે કે)
ફ-ઈન્ન મુહમ્મદન કદ માત.	મુહંમદ તો વફાત પામી ચૂકયા છે.
વ મન કાન્ યઅબુદુલ્લાહ	અને જે કોઇ અલ્લાહની પૂજા કરનારો છે
ફઈન્નલ-લાહ હય્યુન લા યમૂત.	તો બેશક અલ્લાહ જીવતો છે કદી મરનારો નથી.

એ પછી હઝરત અબૂબક્રએ કુર્આનની આ આયત પઢી સંભળાવી :

વમા મુહમ્મદુન ઈલ્લા રસૂલ	અને નથી મુહંમદ મગર એક રસૂલ,
કદ ખલત મિન કબ-લિહિર રુસુલ.	થઇ ગયા છે એમનાથી પહેલાં પણ ઘણા રસૂલો.
અ-ફ-ઈમ માત અવ કુતિલન	તો શું જો તેઓ મરી જાય અથવા માર્યા જાય
કલબ - તુમ અલા અઅકાબિ-કુમ.	તો તમે વળી જશો ઊલટા પગે ?
વમંય યન્કલિબ અલા અકિબૈહ	અને જે કોઇ પણ વળી જશે ઊલટા પગે તો તે,
ફલંય - યદુર - રલ્લાહ શૈઆ.	કંઇ પણ બગાડી શકવાનો નથી અલ્લાહનું.
વ સયજ -ઝિલ્લાહુશ - શાકિરીન.	અને આપશે અલ્લાહ જલદી નેક અજર શુકર કરનારાઓને.

હઝરત અબૂ હુરૈરહનું કથન છે : "અલ્લાહના સોગંદ ! લોકો હઝરત અબૂબક્રના મુખે આ આયત સાંભળીને એવા ચોંકી ઊઠયા જાણે તેઓને આથી પહેલાં ખબર જ ન હતી કે કુર્આનમાં આ આયત પણ મવજૂદ છે. હઝરત અબૂબક્રે એને પઢી સંભળાવી ત્યારે લોકોને આ આયતનું ભાન થયું. અને બધાએ હઝરત અબૂબક્રથી સાંભળીને એ આયત યાદ કરી લીધી. પછી તો ખાસ અને આમ, એ આયત દરેકની જીભે ચઢી ગઇ.

હઝરત અબૂ હુરૈરહ વધુમાં બયાન કરે છે કે, આ આયત સાંભળીને હઝરત ઉમર આગળ બઢયા અને કહેવા લાગ્યા :

> "અલ્લાહના સોગંદ ! આ તે આયત છે કે મેં અબૂબક્રને જ એની તિલાવત કરતાં સાંભળ્યા. પછી તો દહેશત અને ડરથી મારા પગ જમીન પર મંડાતા જ ન હતા. માથાથી પગ સુધી મારૂં રૂંવેરૂંવું થથરી રહ્યું હતું. મેં શું કર્યું અને હું શું બોલ્યો. હવે મને સમજાઇ ગયું કે સાચે જ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઇ ગઇ છે."

Maktabe Ashraf

પ્રકરણ ૧૬૨

સકીફએ-બની સાઈદહ

ખિલાફતનો મામલો • સહાબામાં મતભેદ અને વિવાદ • અન્સારની મિટિંગમાં હાજરી • અન્સારના ખતીબનું પ્રવચન • હઝરત અબૂબક્રનું જવાબી પ્રવચન • હઝરત અબૂબકના હાથ પર બૈઅત • રસ્તામાં મળેલા બે અન્સારી ગૃહસ્થો • બૈઅતે-આમ અને હઝરત ઉમરનું પ્રવચન • હઝરત અબૂબક્રનો ખુત્બો • હઝરત ઉમરના જુસ્સાનું કારણ.

Maktabe Ashraf

ખિલાફતનો મામલો

સહાબામાં મતભેદ અને વિવાદ————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની મુકદ્દસ રૂહ જન્નત-નશીન થઈ તો એક તરફ મદીનહના અન્સારનું એક જૂથ "સફીકએ-બની સાઈદહ"માં ભેગું થયું. [૧] મદીનહના અન્સારનું આ જૂથ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એક સહાબી હઝરત સઅદ બિન ઉબાદહ સાથે સંકળાયેલું હતું. હઝરત સઅદ બિન ઉબાદહ મદીનહના અન્સારની આ જમાઅતના અમીર, નેતા કે લીડર હતા.

બીજી તરફ હઝરત અલી બિન અબૂ તાલિબ અને હઝરત ઝુબૈર બિન અવ્વામ અને હઝરત તલહા બિન ઉબૈદુલ્લાહ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના લાડલાં બેટી ખાતૂને-જન્નત હઝરત ફાતિમહના મકાનમાં આવીને ભેગા થઈ ગયા.

ત્યારે ત્રીજી તરફ મક્કહના બાકીના બધા જ મુહાજિરીન સહાબા હઝરત અબૂબક્ર સિદ્દીકની તહેનાતમાં આવીને એકત્ર થઈ ગયા. એટલામાં અન્સારના હઝરત ઉસૈદ બિન હુદૈર પણ પોતાના અબ્દુલ-અશહલ કબીલાના ગૃહસ્થો સાથે આવીને તેઓની સાથે શામિલ થઈ ગયા.

થોડીક જ પળો વીતી હશે એટલામાં સામેથી એક ગૃહસ્થ આવી રહેલા દેખાયા. નઝદીક આવીને આ ગૃહસ્થ હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરની સામે થોભી ગયા. સલામ-કલામ બાદ આ ગૃહસ્થે, સકીફએ-બની સાઈદહમાં ખિલાફતની મંત્રણા માટે ભેગા થયેલા લોકોની બાતમી આપતાં હઝરત અબૂબક્ર તથા હઝરત

---

૧. "સફીક-એ-બની સાઈદહ" એટલે બનૂ સાઈદહનો ચબૂતરો અથવા ઓટલો. બનૂ સાઈદહ મદીનહના અન્સારની એક બિરાદરીનું નામ અને સકીફહ એટલે ઘરનો ચબૂતરો યા ઓટલો યા પરસાળ અથવા ઘરનો આગલો ખંડ જ્યાં અત્યારે અન્સારના એક જૂથના માનવંતા ગૃહસ્થો, ખિલાફતની ચર્ચા-વિચારણા માટે, હઝરત સઅદ બિન ઉબાદહ રદિયલ્લાહુ અન્હુની નેતાગીરી હેઠળ એકઠા થયા હતા. આ સ્થળે કૌમના મહત્વના મામલાઓનો નિકાલ લાવવામાં આવતો હતો. "હ"

ઉમરને કહ્યું,

"અન્સારના લોકોનું એ જૂથ સઅદ બિન ઉબાદહની નેતાગીરી હેઠળ, સકીફએ-બની સાઇદહમાં એકઠું થયું છે. માટે જો આપ સાહેબોને વાજબી લાગે તો, મામલો આગળ વધી જાય તે પહેલાં, તેઓને મળીને વાટાઘાટ કરી લો. હજુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વફાત પામીને પોતાના ઘરમાં જ લેટેલા છે. આપના ગુસલ અને કફન-દફનનો બંદોબસ્ત થયો નથી તે પહેલાં જ આપના ઘરવાળાંઓએ ઘરનો દરવાજો બંધ કરી લીધો છે."

(દરવાજો બંધ કરવાનું કારણ એ હતું કે વફાતના ગમનાક અને આઘાતજનક સમાચાર ફેલાતાં જ લોકોના ટોળેટોળાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની ઝિયારત માટે ધસીધસીને આવી રહ્યાં હતાં. લોકોના સતત ધસારાને લીધે ગુસલ અને કફનની વ્યવસ્થા એક સમસ્યા થઈ પડી હતી.)

બાતમી આપનાર ગૃહસ્થને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરે જવાબમાં ફરમાવ્યું, "હે ભાઈ! તમે અમને એ અન્સારી ભાઈઓની સભામાં લઇ ચાલો. જોઈએ તો ખરા, તેઓ શું ઇચ્છે છે !"

અન્સારની મિટિંગમાં હાજરી——————સકીફએ-બની સાઇદહના બનાવની વિગત દર્શાવતાં હઝરત ઉમર બિન ખત્તાબ ફરમાવે છે :

"આપણે બધા જાણીએ છીએ કે જ્યારે નબીયે-કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઇ તો અન્સારની એક જમાઅતે આપણો વિરોધ કર્યો અને તેઓ પોતાના મોવડીઓને લઈને સકીફએ-બની સાઇદહમાં ખિલાફતની ચર્ચા માટે ભેગા થઇ ગયા. આપણામાંથી અલી બિન અબી તાલિબ, ઝુબૈર બિન અવ્વામ અને એમના બીજા સાથીઓ અમારાથી પાછળ રહી ગયા. ત્યારે બીજા મુહાજિર ગૃહસ્થો અબૂબક્ર પાસે આવીને એકઠા થઈ ગયા. એજ વેળા મેં અબૂબક્રને કહ્યું, "હે અબૂબક્ર ! ચાલો આપણે એ અન્સારી ભાઈઓ પાસે જઈએ. જોઇએ તો ખરા, આપણા અન્સારી ભાઈઓ શું કહે છે અને શું ઇચ્છે છે !"

"અબૂબક્ર અને બીજા ગૃહસ્થોએ મારી વાત માની લીધી. અમે બધા ભેગા મળીને સકીફએ-બની સાઇદહ તરફ રવાના થયા. રસ્તામાં અમને અન્સારના બે માણસો મળ્યા. બંને બહુ ભલા અને નેક પુરૂષો હતા. તેઓએ અમને અન્સારની ખાનગી મિટિંગના સમાચાર આપ્યા અને મિટીંગમાં કયા મામલા પર બધા સંમત થઈ ગયા છે તેની પણ માહિતી આપી દીધી અને પછી અમને પૂછયું, "હે અમારા મુહાજિર ભાઈઓ! તમે આ તરફ ક્યાં ચાલ્યા અને તમારો શું ઇરાદો છે ?"

જવાબમાં અમે કહ્યું, "અમે અમારા એ અન્સારી ભાઈઓને મળવા માગીએ છીએ. અમારે જાણવું છે કે તેઓ શું ઇચ્છે છે ?"

બંને ગૃહસ્થો બોલ્યા, "નહિ નહિ હે અમારા મુહાજિર ભાઈઓ ! તમે એ અન્સાર પાસે નહિ જાવ. બલકે તમારા પોતાના મામલાનો તમે પોતે જ ફેસલો કરી લો." (એટલે અન્સારે પોતાનો ખલીફા ચૂંટી લીધો છે. તમે મુહાજિર લોકો પોતાનો ખલીફા ચૂંટી લો.)

મેં ભારપૂર્વક કહ્યું, "નહિ અલ્લાહના સોગંદ ! અમે જરૂર તેઓને મળીશું."

અન્સારના ખતીબનું પ્રવચન——————હઝરત ઉમરનું બયાન છે : "સારાંશ કે અમે લોકો સકીફએ-

બની સાઈદહમાં જઈને તેઓને મળ્યા. ત્યાં અમે જોયું કે તેઓની વચ્ચે એક શખ્સ ચાદરમાં લપેટાઈને બેઠેલો છે.

મેં પૂછ્યું, "ચાદરમાં લપેટાઈલો એ કોણ શખ્સ છે ?"

અન્સારના લોકો બોલ્યા, "એ સઅદ બિન ઉબાદહ છે."

મેં પૂછ્યું, "એમને શું થયું છે ?"

લોકો બોલ્યા, "તેઓ બીમાર છે."

"જ્યારે અમે તેઓની મજલિસમાં બેસી ગયા તો અન્સારનો ખતીબ બોલવા માટે ઊભો થઇ ગયો. સૌથી પહેલાં તેણે અલ્લાહની તવહીદનો ઈકરાર કર્યો. પછી તેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પયગમ્બરીની ગવાહી આપી. એ પછી અલ્લાહની શાનને શોભે તેવી શૈલીમાં અલ્લાહની હમ્દો-સના બયાન ફરમાવી અને પછી તકરીરની શરૂઆત કરતાં તેણે કહ્યું :

"સાંભળો હે મુહાજિર ! અમે અલ્લાહના અન્સાર છીએ. અમે અલ્લાહનું લશ્કર છીએ. અમે અલ્લાહના સૈનિકો છીએ.

"અને હે મક્કહના મુહાજિરોની જમાઅત ! તમે અમારા લોકોમાંનું જ એક જૂથ છો. અમારા જ લશ્કરની તમે એક ટુકડી છો.

"તમારી મુહાજિર કૌમની એક જમાઅત મક્કહને છોડીને અને મક્કહથી ચાલીને અમારી પાસે આવી. અમે એ જમાઅતને અમારા મદીનહમાં આસરો આપ્યો.

"પણ હવે અમે શું જોઈએ છીએ ? તેઓનો ઈરાદો આ છે કે, તેઓ અમારાં મૂળિયાંથી કપાઈને અલગ થઇ જાય અને સત્તાની લગામ અમારી પાસેથી ઝૂંટવી લે !"

હઝરત અબૂબકનું જવાબી પ્રવચન————હઝરત ઉમર બિન ખત્તાબ ફરમાવે છે : "પછી જ્યારે અન્સારનો ખતીબ પોતાનું પ્રવચન પુરૂં કરીને બેસી ગયો તો મેં તેનો જવાબ આપવાનો વિચાર કર્યો. જવાબના શબ્દો તેન પ્રવચન દરમિયાન મેં મારા મનમાં ગોઠવી લીધા હતા. એટલો સચોટ જવાબ હતો કે તેના મને પોતાને તેનો આનંદ હતો. હું ચાહતો હતો કે અબૂબકની હાજરીમાં જ મારો આ જવાબ રજૂ કરી દઉં પણ તે માટે અબૂબકની પરવાનગી જરૂરી હતી. કેમકે હું તેમનું બેહદ માન જાળવતો હતો. હવે અબૂબક એક નમ્ર સ્વાભાવના, ઠરેલ બુધ્ધિના, શાંત પ્રકૃતિના ગૃહસ્થ હતા. તેમના મુકાબલે હું ઉગ્ર સ્વભાવનો, તેજીલી તબીઅતનો, કડક વલણનો માણસ હતો. આમ છતાં મારી તેજીને નરમ કરીને અને મારી ઉગ્રતાને કાબૂમાં રાખીને અબૂબકને રાજી રાખવાનો મારો હંમેશાનો નિયમ હતો."

એજ વેળા અબૂબક મારો ઈરાદો પામી ગયા. ધીરેથી મને ફરમાવ્યું, "ઉમર ! ખામોશ રહો, ધીરજ ધરો, શાંતિથી કામ લો."

અબૂબકને નારાજ કરવાનું સાહસ હું ખેડી શકતો ન હતો. તેમના સૂચનથી હું ખામોશ થઇ રહ્યો કેમકે તેઓ મારા કરતાં વધારે જ્ઞાની, વધારે બુધ્ધિશાળી, વધારે પ્રતિષ્ઠાવાન હતા. તેમની વાતથી મેં મારા મનમાં જરાય ઓછું આવવા દીધું નહિ.

Maktabe Ashraf

એ પછી અબૂબક્રે પોતાની તકરીર શરૂ કરી દીધી અને તકરીર પણ કેવી ? એટલી છટાદાર, એટલી ભરપૂર કે અલ્લાહના સોગંદ, મેં મારી તકરીરના જે શબ્દો ભારે ઝેહમતથી ખૂબ આંજીમાંજીને મનમાં ગોઠવી રાખ્યા હતા અને જે સચોટ કે મુદ્દાસરના હોવાથી મને બેહદ પસંદ હતા, મારી આ તકરીરનો બોલેબોલ અને શબ્દે શબ્દ તેમણે પોતાની તકરીરમાં એવી ખૂબીથી દર્શાવી દીધો કે હું હયરત પામી ગયો. મને થયું કે તેમની તકરીરના મુકાબલે મારી તકરીર તો કશી વિસાતમાં જ નથી. વળી આ પૂરી તકરીર તેમણે કોઇ પણ જાતની તૈયારી વગર ફીલ-બદીહ ફરમાવી હતી.

પોતાની તકરીર ખતમ કરીને થોડીવાર અબૂબક્ર ખામોશ રહ્યા. એ પછી મજલિસમાં બેઠેલા તમામ અન્સાર ભાઈઓને સંબોધીને તેમણે ફરમાવ્યું :

> "હે અમારા અન્સાર ભાઇઓ ! તમે પોતાની જે ખૂબીઓ અને જે વિશેષતાઓનું વર્ણન કર્યું છે, ખરેખર એ બધી ખૂબીઓ તમારામાં મવજૂદ છે. તમે એ ખૂબીઓને લાયક છો અને એ ખૂબીઓ તમને શોભે છે.
>
> "પરંતુ અરબની ભૂમિના લોકો કુરૈશના ખાનદાન વગર કોઈ પણ વ્યકિતની ખિલાફત કે હુકૂમતને માન્યતા આપી શકશે જ નહિ અને કુરૈશના ખાનદાન વગર અરબનું બીજું કોઈ ખાનદાન ખિલાફત કે હુકૂમતને લાયક હોય શકતું નથી. કેમકે કુરૈશના લોકો પોતાના વંશ અને પોતાના શહેર (મક્કહ)ની દ્રષ્ટિએ સારાયે અરબમાં સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ પ્રતિષ્ઠાવાન છે.
>
> "હવે તમારા હિતમાં કે તમારા લાભમાં હું આ બે ગૃહસ્થોના નામો સૂચવું છું. એ બંનેમાંથી કોઈ એકના હાથ પર ખિલાફતની બૈઅત કરી લો !"

હઝરત ઉમરનું બયાન છે : "આમ ફરમાવીને અબૂબક્રે એક તરફ મારો હાથ અને બીજી તરફ અબૂ ઉબૈદહ બિન જર્રાહનો હાથ ઝાલી લીધો. તે વેળા અબૂ ઉબૈદહ બિન જર્રાહ અમારી વચ્ચે બેઠેલા હતા. આથી પહેલાં અબૂબક્રે જે વાતો પોતાની તકરીરમાં દર્શાવી હતી તે મને બહુ ગમી ગઇ હતી પણ તેમની આ વાત મને મુદ્દલ ગમી નહિ કે, તેઓ જાતે ને પોતે મજલિસમાં હાજર હોવા છતાં, તેમણે ખિલાફત કે હુકૂમત માટે મારૂં નામ લઈને મારો હાથ પકડી લીધો. અલ્લાહના સોગંદ ! જે કૌમમાં અબૂબક્ર જેવા (મુત્સદ્દી) પુરુષ મવજૂદ હોય તેમને જતા કરીને હું આગળ વધવાનું સાહસ ખેડી શકું ખરો ? આવી ગુસ્તાખી કે બેઅદબીનું પાપ વહોરવા કરતાં હજાર દરજ્જે બેહતર છે કે તલવારથી મારી ગરદન ઉડાવી દેવામાં આવે."

હઝરત અબૂબક્રના હાથ પર બૈઅત————હઝરત ઉમર બિન ખત્તાબ ફરમાવે છે : "અબૂબક્રની વાત સાંભળીને અન્સારની મજલિસમાંથી એક અન્સારી ગૃહસ્થ ઊભા થઈ ગયા અને કહેવા લાગ્યા :

> "સાંભળો હે લોકો ! હું મારી કૌમ અન્સાર માટે શાંતિ અને સલામતી બખ્શનારો એક સહારો છું. એક ટેકો છું. એવો સહારો અને ટેકો કે જેની સલાહ અને સૂચનો પર તેઓને પૂરો ભરોસો, પૂરો સંતોષ છે. અને જેની હાજરીથી તમામ અન્સાર રાહત અનુભવે છે.
>
> "સાંભળો હે લોકો ! હું અન્સારના લોકોનું એવું ફળવાળું ઝાડ છું જેને ટેકો આપીને તેઓ ઊભા રહે છે.

"હે કુરૈશના લોકો ! સાંભળો, એક અમીર અમારામાંથી અને એક અમીર તમારામાંથી હોવો જોઇએ !"

હઝરત ઉમર બિન ખત્તાબનું બયાન છે : "એ અન્સારી ગૃહસ્થની વાત સાંભળતાં જ મજલિસમાં શોરબકોર મચી રહ્યાં. બંને પક્ષે તૂતૂ-મેંમેં થવા લાગી. પછી તો એવા અવાજો બુલંદ થવા લાગ્યા કે મને ઝગડાનો અંદેશો પેદા થયો. એજ પળે મેં પોકાર પાડયો, "હે અબૂબક્ર ! બઢાવો પોતાનો હાથ !"

અબૂબક્રે પણ જોયું કે મામલો બગડી રહ્યો છે. મારો પોકાર સાંભળીને તેમણે પોતાનો હાથ લંબાવી દીધો. સૌથી પહેલાં મેં આગળ વધીને તેમના હાથ પર બૈઅત કરી લીધી. મને જોઇને અમારા મુહાજિર સાથીઓ ધસી ગયા અને તેઓએ અબૂબક્રના હાથ પર બૈઅત કરવા માંડી. મુહાજિરીનને જોઇને અન્સારના લોકો ઊભા થઇ ગયા અને તેઓએ પણ ટપોટપ અબૂબક્રના હાથ પર બૈઅત કરવા માંડી.

એ પછી અમે બધા તેઓના નેતા સઅદ બિન ઉબાદહ તરફ ધસી ગયા અને તેમને પોંદી નાખ્યા. તેઓમાંથી કોઇ બોલી ઊઠયું, "અરે તમે તો સઅદ બિન ઉબાદહને મારી જ નાખ્યા !"

મેં કહ્યું, "સઅદ બિન ઉબાદહને અલ્લાહ મારી નાખે !"

રસ્તામાં મળેલા બે અન્સારી ગૃહસ્થો——— ઇબ્ને શિહાબ ઝુહરી કહે છે : મને ઉર્વહ બિન ઝુબૈરએ માહિતી આપી કે, સકીફએ બની સાઇદહ તરફ જતી વેળા હઝરત અબૂબક્ર અને હઝરત ઉમરને રસ્તામાં જે બે અન્સારી ગૃહસ્થો મળ્યા હતા તેમાંના એક હઝરત ઉવૈમ બિન સાઇદહ હતા. અને બીજા બનૂ ઇજલાનવાળા હઝરત મઅન બિન અદી હતા. (અલ્લાહ એ સૌથી રાજી હો !)

હઝરત ઉવૈમ બિન સાઇદહ તે ગૃહસ્થ છે કે, એક રિવાયત મુજબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પૂછવામાં આવ્યું, "યા રસૂલલ્લાહ ! તે કોણ લોકો છે જેઓના બારામાં અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી :

ફીહિ રિજાલુંય - યુહિબ્બૂન	એ (મસ્જિદે-તકવા)માં એવા લોકો છે જેઓ પસંદ કરે છે
અંય યત્-તહ-હરૂ	કે પોતે ખૂબ પાકસાફ અને સ્વચ્છ રહે.
વલ્લાહુ યુહિબ્બુલ	અને અલ્લાહ પસંદ કરે છે
મુત-તહ-હિરીન.	પાકસાફ રહેનારાઓને. [1]

જવાબમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ફરમાવ્યું, "તેઓમાંનો પહેલો આદમી ઉવૈમ બિન સાઇદહ છે." (જેમના વિષે ઉપરની આયત ઊતરી.)

અને હઝરત મઅન બિન અદી તે ગૃહસ્થ છે જેમના વિષે કહેવામાં આવ્યું કે, જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને અલ્લાહ તઆલાએ વફાત આપીને પોતાની પાસે બોલાવી લીધા તો તમામ મુસલમાનો રડી-રડીને કહી રહ્યા હતા :

"કાશ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પહેલાં અમે મરી જાત!

"કાશ ! અમે મરી જાત તો કેવું સારૂં થાત ! કેમકે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ

૧. સૂરએ-તવબહ પારહ ૧૧ આયત ૧૦૮

Maktabe Ashraf

વ સલ્લમની વફાત બાદ ફિત્નામાં પડી જવાની અને સંકટમાં સપડાઇ જવાની અમને પૂરી ધાસ્તી છે."

તમામ સહાબા રડી-રડીને આ વિચારો જાહેર કરતા હતા. એને સાંભળીને હઝરત મઅન બિન અદીએ જવાબમાં ફરમાવ્યું :

"હે મુસલમાનો ! અલ્લાહના સોગંદ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમથી પહેલાં મરી જવાનું મને બિલકુલ પસંદ નથી. (એટલે હું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી પણ જીવવાનું પસંદ કરૂં છું.) કારણ આ છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પછી પણ આપની પયગમ્બરીની ગવાહી આપવી, આપની પયગમ્બરીનો કાર્યક્રમ ચાલુ રાખવો અને લોકોમાં તેનો પ્રચાર કરવો તે મને સૌથી વધારે પસંદ છે. જેમકે આપની હયાતમાં પણ મારો રોજનો એજ નિયમ રહ્યો છે."

એનાથી માલૂમ પડયું કે અન્સાર કૌમના આ બંને ગૃહસ્થો બહુ ઊંચા પાયાના સહાબી હતા. એમાંથી હઝરત મઅન બિન અદી હઝરત અબૂબક્ર સિદ્દીકના ખિલાફતકાળમાં, મુસૈલિમહ કઝઝાબ સાથે ખેલાયેલા જંગે-યમામહમાં શહીદ થયા.

બૈઅતે-આમ અને હઝરત ઉમરનું પ્રવચન——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને ઇબ્ને શિહાબ ઝુહરીએ હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહુ અન્હુની રિવાયત કહી સંભળાવી કે : "જયારે સકીફએ-બની સાઇદહમાં હઝરત અબૂબક્રની બૈઅત લેવામાં આવી અને તેનો બીજો દિવસ થયો તો હઝરત અબૂબક્ર મસ્જિદે-નબવીના મિમ્બર પર જઇને બિરાજમાન થયા અને હઝરત ઉમર મિમ્બર પાસે જઇને ઊભા થઇ ગયા. હઝરત અબુબક્ર પોતાનું પ્રવચન શરૂ કરે તે પહેલાં હઝરત ઉમરે પ્રવચન કર્યું. પ્રવચનની શરૂઆતમાં હઝરત ઉમરે, અલ્લાહની શાનને શોભે તેવી અલ્લાહની હમ્દો-સના બયાન કરી અને પછી ફરમાવ્યું :

"હે લોકો ! ગઇ કાલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતને લગતી જે વાતો મેં (જુસ્સામાં) તમારી સામે ઉચ્ચારી હતી, હું ઇકરાર કરૂં છું કે તેમાંની કોઇ પણ વાત અલ્લાહની કિતાબમાં લખેલી નથી અને મારી એ જોશીલી વાતો અંગે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પણ મને કશું ફરમાવ્યું ન હતું. (બસ જોશ અને જુસ્સાના ઉન્માદમાં એ વાતો મારા મુખેથી નીકળી ગઇ હતી.)

"અસલ બાબત એમ છે કે મારી માન્યતામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ આપણા સૌથી કરતાં વધારે જીવીને આપણા મામલાઓની વ્યવસ્થા કરવી જોઇએ અને આપણા બધામાં સૌથી છેલ્લાં આપની વફાત થવી જોઇએ. (એટલે આપણા બધાના મરી જવા પછી છેલ્લે આપની વફાત થવી જોઇએ.એવું હું માનતો હતો.)

"હકીકત આ છે કે અલ્લાહ તઆલાએ આપણી વચ્ચે પોતાની તે કિતાબ બાકી રાખેલી છે જેની મારફતે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને હિદાયત ફરમાવી છે. માટે જો આપણે એ કિતાબને મજબૂતીથી પકડી રાખીશું તો અલ્લાહ તઆલા આપણું પણ તેવું જ માર્ગદર્શન કરશે જેવું તેણે પોતાના નબીયે-કરીમ સલ્લલ્લાહુ

અલૈહિ વ સલ્લમનું માર્ગદર્શન કર્યું હતું.

"હે લોકો ! હવે અલ્લાહ તઆલાએ આપણી ખિલાફતનો મામલો એક એવા ગૃહસ્થને સોંપ્યો છે જેઓ આપણામાં સૌથી શ્રેષ્ઠ છે. એ ગૃહસ્થ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના એવા સહાબી છે કે જ્યારે મદીનહની હિજરત વેળા એ બંને ગૃહસ્થો (એટલે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ અને હઝરત અબૂબક્ર પોતે) પહાડની ગુફામાં સંતાયેલા હતા તો અલ્લાહ તઆલાએ એ ગૃહસ્થને (એટલે હઝરત અબૂબક્રને) "સાની-ઇસ્નેન" એટલે "બે ગૃહસ્થોમાં બીજા નંબરના ગૃહસ્થ" કહીને માનપાનથી વધાવી લીધા હતા.

"માટે હે લોકો ! હવે તમે બધા ઊભા થઈ જાવ અને આગળ વધીને એ ગૃહસ્થના હાથ પર ખિલાફતની બૈઅત કરી લો !"

હઝરત ઉમરની તકરીર પૂરી થતાં જ લોકો ઊભા થઇ ગયા અને તેઓએ એક પછી એક હઝરત અબૂબક્રના હાથ પર બૈઅત કરવા માંડી.

સકીફએ-બની સાઇદહની પહેલી બૈઅત "બૈઅતે-ખાસ" હતી અને તે પછી આ બીજી બૈઅત "બૈઅતે-આમ" હતી.

હઝરત અબૂબક્રનો ખુત્બો————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત ઉમર બિન ખત્તાબની તકરીર પછી હઝરત અબૂબક્રએ તકરીર ફરમાવી. પ્રથમ અલ્લાહ તઆલાની શાનને શોભે તેવી અલ્લાહ તઆલાની હમ્દો-સના બયાન કરી. પછી ફરમાવ્યું :

"હે લોકો ! બેશક મને તમારો વાલી (એટલે અમીર કે ખલીફા) બનાવી દેવામાં આવ્યો છે અને હું તમારાથી કોઇ પણ રીતે ચઢિયાતો કે ઊંચો નથી. જો હું સારૂં કામ કરૂં તો તમે લોકો મારી મદદ કરજો અને જો બુરૂં કામ કરૂં તો તમે લોકો મને સીધો કરી દેજો.

"હે લોકો ! સચ્ચાઇ તમામ લોકો માટે એક અમાનત છે અને જૂઠ ખિયાનતનું બીજું નામ છે. તમારામાં જે કમજોર કે નિર્બળ લોકો છે તે મારી નજરમાં સૌથી વધુ બળવાન અને તાકતવાળા છે ત્યાં સુધી કે હું પૂરેપૂરા તેઓના હકો અપાવી નહિ દઉં. ઇન્શા અલ્લાહ(એ માટે હું મારા બનતા પ્રયત્નો કરી છુટીશ.)

"અને તમારામાં જે બળવાન અને તાકતવાન લોકો છે તે મારી નજરમાં કમજોર અને નિર્બળ બનેલા રહેશે ત્યાં સુધી કે હું પૂરેપૂરા હકો તેઓ પાસેથી પાછા નહિ મેળવી લઉં, ઇન્શાઅલ્લાહ. (એ માટે હું કોશિશ જરૂર કરીશ.)

"હે લોકો ! જે કૌમે પણ અલ્લાહના રસ્તામાં જિહાદ કરવાનું છોડી દીધું, અલ્લાહ તઆલાએ તેને ઝિલ્લત અને રૂસ્વાઇના ખાડામાં ધકેલી દીધી. અને જ્યારે ય કોઇ કૌમમાં બદકારી ફેલાઇ ગઇ, અલ્લાહ તઆલાએ આફતો અને બલાઓમાં એ કૌમને ઘેરી લીધી.

"હે લોકો ! તમે ત્યાં સુધી મારી તાબેદારી કરો જ્યાં સુધી હું અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તાબેદારી કરૂં અને જ્યારે હું અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નાફરમાની કરવા લાગું તો મારી કોઇ તાબેદારી તમારા માટે જરૂરી નથી.

"ચાલો હવે નમાઝ માટે ઊભા થઇ જાવ. અલ્લાહ આપણા ઉપર રહમ ફરમાવે!"

હઝરત ઉમરના જુસ્સાનું કારણ————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ પોતાનો અનુભવ ટાંકતા ફરમાવે છે : "અલ્લાહના સોગંદ ! હઝરત ઉમરના ખિલાફતકાળમાં એક વેળા હું તેમની સાથે જઇ રહ્યો હતો. ઉમરનું કંઇ કામ હોવાથી તેમણે મને પણ સાથે લીધો હતો. મારા સિવાય બીજું કોઈ તેમના સંગાથે ન હતું.

મેં જોયું કે હઝરત ઉમરના હાથમાં એક ચાબકો છે. આ ચાબકાને વારંવાર તેઓ પોતાના પગોના ઉપલા ભાગ પર મારી રહ્યા છે અને પોતાના મન સાથે કંઇ વાતો પણ કરી રહ્યા છે. અચાનક તેમણે મુખ ફેરવીને મારી તરફ જોયું અને ફરમાવ્યું, "હે અબ્બાસના બેટા ! તમે જાણો છો કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત વેળા હું જે કંઇ બોલ્યો હતો તેનું કારણ શું હતું ? અને તે કઇ વસ્તુ હતી જેણે મને એવું બોલવા પર ઉશ્કેર્યો હતો ?"

મેં અદબથી કહ્યું, "હઝરત ! મને એના કારણની ખબર નથી."

ફરમાવ્યું, "સાંભળો જે વસ્તુએ મને ઉશ્કેર્યો હતો અલ્લાહના સોગંદ, તેનું કારણ કુર્આને-મજીદની આ આયત હતી જેને હું વારંવાર પઢયા કરતો હતો :

વ કઝાલિક જઅલના - કુમ	અને એવી જ રીતે અમે બનાવી તમને
ઉમ્મતંવ - વસતલ	દરમિયાની ઉમ્મત
લિ-તકૂનૂ શુહદાઅ	કે જેથી બની જાવ તમે ગવાહી આપનારા;
અલન-નાસ.	દુનિયાના બીજા લોકો પર (બીજી કૌમો અને પ્રજાઓ પર)
વ તકૂનર રસૂલુ	અને બની જાય રસૂલ
અલૈકુમ શહીદા.	તમારા પર ગવાહી આપનારા.

અલ્લાહના સોગંદ ! આ આયતને આધારે મારૂં એમ જ માનવું હતું કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પોતાની કૌમમાં ત્યાં સુધી જીવતા રહેશે જ્યાં સુધી કે (આપના છેલ્લા સહાબી ગુજરી નહિ જાય અને) આપ પોતાની ઉમ્મતના છેક છેલ્લા અમલોના મામલામાં ઉમ્મત પર ગવાહી આપી શકે.

બસ એજ તે વસ્તુ છે જેણે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પ્રસંગે મને એવા શબ્દો બોલવાની પ્રેરણા આપી હતી."

Maktabe Ashraf

પ્રકરણ ૧૬૩

રસૂલુલ્લાહ

સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની

તજહીઝ અને તકફીન

ગુસલ આપનારા લોકો • ગુસલ વેળા કપડાં ઉતારવાનો મામલો • મુબારક કફનના કપડાં • કબર શરીફનો મામલો • જનાઝહની નમાઝ અને તદફીન • વગર ઇમામે જનાઝહની નમાઝ • કબરમાં ઉતારનારા ગૃહસ્થો • કબરમાં રહેલા આખેરી શખ્સ • સૌથી છેલ્લા મુબારક શબ્દો • ઇરતિદાદનો ફિત્નો અને તેનું નિકંદન.

Maktabe Ashraf

ગુસલ આપનારા લોકો———ઇબ્ને ઈસ્હાક કહે છે : પછી જ્યારે હઝરત અબૂબક્ર રદિયલ્લાહુ અન્હુના હાથ પર ખિલાફતની બૈઅત કરી લેવામાં આવી અને લોકો આ કટોકટીના મામલાથી પરવારી ગયા તો મંગળના દિવસે તમામ સહાબા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તજહીઝ અને તકફીનની તૈયારીમાં લાગી ગયા. [૧]

મને આપણા ધર્મજ્ઞાનીઓમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન અબીબક્ર તેમ હુસૈન બિન અબ્દુલ્લાહ વગેરે જેવા પ્રામાણિક માહિતગારોએ કહ્યું કે હઝરત અલી બિન અબી તાલિબ, હઝરત અબ્બાસ બિન અબ્દુલ-મુત્તલિબ, હઝરત ફઝલ બિન અબ્બાસ, હઝરત કુસમ બિન અબ્બાસ, હઝરત ઉસામહ બિન ઝૈદ તથા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ ગુલામ હઝરત શુકરાન એવા નસીબવાન ગૃહસ્થો છે જેઓને, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગુસલ આપવા માટે નીમવામાં આવ્યા. (અલ્લાહ એ સૌથી રાજી હો !)

ગુસલ માટે આ ગૃહસ્થોની નિમણૂક થયેલી જોઈને અન્સારના બનૂ ઔફ બિન ખઝરજના એક સભ્ય હઝરત અવસ બિન ખવલી અન્સારીએ હઝરત અલીને કહ્યું, "હે અલી ! હું તમને અલ્લાહના સોગંદ આપીને દરખાસ્ત કરૂં છું. જુઓ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ગુસલમાં અમારો પણ ભાગ છે."

હઝરત અવસ બિન ખવલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના સહાબી અને જંગે-બદ્રમાં આપની

---

૧. તજહીઝ એટલે દુલહન માટે, મુસાફિર માટે, લશ્કર કે ગાઝી માટે સામાન તૈયાર કરવો અથવા વફાત પામનાર માટે કફનના સામાનની તૈયારી કરવી અને તકફીન એટલે વફાત પામનારને કફન પહેરાવવું, મરણ પામનાર માટે કફન બનાવવું. "હ"

સાથે રહીને કુરૈશી કાફિરો સાથે લડનારા મુજાહિદોમાંથી હતા. હઝરત અલીએ તેમને કહ્યું, "વારૂ હે અવસ! અંદર આવી જાવ."

ઈજાઝત મળતાં હઝરત અવસ બિન ખવલી અંદર ચાલ્યા ગયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગુસલ આપવામાં છેલ્લે સુધી શામિલ રહ્યા.

એ પછી હઝરત અલીએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના સીના સામે સહારો આપ્યો અને હઝરત અબ્બાસ, હઝરત ફઝલ, હઝરત કુસમ આ ત્રણ ગૃહસ્થો હઝરત અલી સાથે મળીને આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની બદનના પાસાં ફેરવતા રહ્યા અને હઝરત ઉસામહ બિન ઝૈદ તથા હઝરત શકરાન બંને ગૃહસ્થો આપના નૂરાની બદન પર પાણી રેડતા રહ્યા. આ રીતે હઝરત અલી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને પોતાના સીના સાથે લગાડીને ગુસલ આપી રહ્યા હતા.

ગુસલ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની બદન પર આપનું પોતાનું પહેરેલું કમીસ હતું.એ કમીસના ઉપરથી જ હઝરત અલી આપના નૂરાની બદનને પોતાના હાથથી એવી રીતે ચોળતા હતા કે એમનો હાથ આપના નૂરાની બદનને લાગતો ન હતો. ગુસલ આપતી વેળા હઝરત અલી કહેતા જતા હતા.

> "યા રસૂલલ્લાહ ! આપ પર મારાં માબાપ કુરબાન ! આપ પોતાના જીવનમાં પણ કેટલાક રૂડા-રૂપાળા કેટલા નૂરાની લાગતા હતા અને વફાત પછી પણ આપ કેટલા રૂડા-રૂપાળા કેટલા નૂરાની લાગી રહ્યા છો !"

મરણ પામનારા માણસના દેહમાં જે વસ્તુઓ સામાન્ય રીતે જોવામાં આવે છે તેવી કોઈ વસ્તુનો અંશ સરખો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નૂરાની દેહમાં જોવામાં આવતો ન હતો.

ગુસલ વેળા કપડાં ઉતારવાનો મામલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને યહયા બિન અબ્બાદ બિન અબ્દુલ્લાહ બિન ઝુબૈરએ પોતાના બાપ અબ્બાદના વાસ્તાથી હઝરત આઈશહની આ રિવાયત બયાન કરી. હઝરત આઈશહ ફરમાવે છે :

"લોકોએ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગુસલ આપવાનો વિચાર કર્યો તો ગુસલ વેળા આપના પહેરેલા કપડાં ઉતારી નાખવા કે નહિ તે બાબતે લોકોમાં મતભેદ પડી ગયો. લોકો કહેવા લાગ્યા, "અલ્લાહના સોગંદ ! આપણે નથી જાણતા કે ગુસલ વેળા રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના કપડાં ઉતારી નાખવામાં આવે કે નહિ; જેમકે સામાન્ય રીતે મરણ પામનાર માણસના કપડાં આપણે ઉતારી નાખીએ છીએ ! અથવા તો પછી આપના પહેરેલા કપડાં સહિત આપને ગુસલ આપવામાં આવે ?"

હઝરત આઈશહ ફરમાવે છે : "જ્યારે લોકોમાં આ બાબતે મતભેદ પડી ગયો તો અલ્લાહ તઆલાએ તેઓ પર ઊંઘ નિર્માણ કરી દીધી. એજ વેળા બધા લોકો એવી રીતે ઊંઘવા લાગી ગયા કે તેઓમાંથી કોઈ એવો આદમી નહિ રહ્યો જેની દાઢી ઊંઘનાં દબાણથી તેના સીના સાથે ન લાગી ગઈ હોય."

હઝરત આઈશહ વધુમાં ફરમાવે છે : "જ્યારે એ લોકો ઊંઘમાંથી જાગ્યા તો તેઓએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને એવી રીતે ગુસલ આપ્યો કે આપના પહેરેલા કપડાં આપના નૂરાની બદન પર જ રહ્યાં. તેઓ પહેરેલા કપડાં ઉપરથી જ પાણી રેડતા રહ્યા અને એવી રીતે આપનું પવિત્ર બદન ચોળતા રહ્યા કે કપડાં વચમાં આડ તરીકે રહ્યાં.

Maktabe Ashraf

મુબારક કફનના કપડાં————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને જઅફર બિન મુહંમદ બિન અલી બિન હુસૈનએ પોતાના બાપાના વાસ્તાથી પોતાના દાદા અલી બિન હુસૈનની આ રિવાયત બયાન કરી. અને ઈબ્ને શિહાબ ઝુહરીએ પણ અલી બિન હુસૈનની આ રિવાયત ટાંકેલી છે. અલી બિન હુસૈનનું બયાન છે :

"લોકો જયારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ગુસલ આપીને ફારિગ થયા તો એ પછી આપને ત્રણ કપડાંઓનું કફન આપવામાં આવ્યું. એમાંના બે કપડાં સિહારી હતાં. (જે સિહાર નામે સ્થળના બનેલાં હતાં) અને એક હિબરી ચાદરનું કફન બનાવવામાં આવ્યું. આ ત્રણ કપડાંમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ ને દફનાવવામાં આવ્યા.

કબર શરીફનો મામલો————ઈબ્ને ઈસ્હાક કહે છે : મને હુસૈન બિન અબ્દુલ્લાહએ ઈકરિમહના વાસ્તાથી હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસની રિવાયત બયાન કરી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ ફરમાવે છે :

"જયારે લોકો ગુસલ અને કફનથી પરવારી ગયા તો હવે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે કબર ખોદવાનો સવાલ ઊભો થયો. હઝરત અબૂ ઉબૈદહ બિન જર્રાહ મક્કહવાસીઓની ઢબે કબર ખોદવામાં પંકાયેલા હતા ત્યારે બીજી તરફ હઝરત તલહા ઝૈદ બિન સહલ અન્સારી હતા જેઓ મદીનહવાસીઓની ઢબે કબર ખોદવામાં પારંગત હતા. પહેલી કબર "બગલી"કહેવાતી હતી. બીજી કબર "લહદી" તરીકે જાણીતી હતી.

તે વેળા હઝરત અબ્બાસે બે આદમીઓને બોલાવ્યા. એકને ફરમાવ્યું, "તમે અબૂ ઉબૈદહ બિન જર્રાહ પાસે જાવ" અને પછી બીજા આદમીને ફરમાવ્યું, "તમે અબૂ તલહા પાસે જાવ. તેમને કહો, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ માટે કબરની પસંદગી કરવાની છે."

જે ગૃહસ્થ હઝરત અબૂ તલહા પાસે ગયા હતા તેમણે ત્યાં જઈને જોયું તો હઝરત અબૂ તલહાએ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ માટે લહદી કબર ખોદી રાખી હતી.

જનાઝહની નમાઝ અને તદફીન————પછી જયારે મંગળના દિવસે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની તજહીઝ અને તકફીનથી ફરાગત થઈ ગઈ તો આપને આપના ઘરમાં એક તખત પર લેટાવી દેવામાં આવ્યા. તે વેળા આપને દફન કરવાની બાબતે મુસલમાનોમાં મતભેદ પડી ગયો. એક ગૃહસ્થ કહેતા હતા, "અમે આપને આપની મસ્જિદમાં દફન કરીશું."

બીજા ગૃહસ્થ કહેતા હતા, "નહિ અમે આપને આપના સહાબા સાથે (જન્નતુલ-બકીઅ કબ્રસ્તાનમાં) દફન કરીશું."

આ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીકએ ફરમાવ્યું, "મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને આમ ફરમાવતાં સાંભળ્યા છે : "મા કુબિઝ નબીય્યુ ઈલ્લા દુફિન હયસુ યુકબઝુ." એટલે જે નબીની રૂહ જે જગાએ કબ્ઝ થઈ છે તેજ જગાએ તેમને દફનાવવામાં આવ્યા છે.

એ પછી જે પવિત્ર બિસ્તર પર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ હતી તેને ઉઠાવી લેવામાં આવ્યો અને તેજ જગાએ આપના માટે કબર ખોદવામાં આવી.

Maktabe Ashraf

વગર ઇમામે જનાઝહની નમાઝ————ઇબ્ને ઇસ્હાક કહે છે : કબર તૈયાર થઇ જવા બાદ મુસલમાન મર્દોની એક જમાઅત કમરામાં દાખલ થઇ. તેઓ જનાઝાની નમાઝ પઢીને બહાર નીકળી ગયા. એ પછી મર્દોની બીજી જમાઅત આવી અને બીજી જમાઅત પછી ત્રીજી અને ત્રીજી પછી ચોથી જમાઅત એમ તમામ મુસલમાન મર્દોએ અંદર આવી-આવીને જનાઝહની નમાઝ પઢી.

જ્યારે તમામ મર્દો જનાઝહની નમાઝથી ફારિગ થઇ ગયા તો તે પછી સ્ત્રીઓની જમાઅતોએ અંદર આવી-આવીને જનાઝહની નમાઝ એજ મુજબ પઢી. સ્ત્રીઓ પછી બાળકોને જનાઝહની નમાઝ માટે અંદર બોલાવવામાં આવ્યાં.

પરંતુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની જનાઝહની નમાઝ માટે ઇમામત કોઇએ નહિ કીધી. એટલે કોઇને ઇમામ બનાવ્યા વગર દરેકે પોતે વ્યકિતગત રીતે જનાઝહની નમાઝ પઢી લીધી. એ પછી બુધવારે અરધી રાતના સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કબરમાં દફન કરવામાં આવ્યા.

ઇબ્ને ઇસ્હાક કહે છે : મને અબ્દુલ્લાહ બિન અબીબક્રએ, પોતાના બેગમ ફાતિમહ બિન્તે ઉમારહ તથા અમ્રહ બિન્તે અબ્દુર્રહમાન બિન અસઅદ બિન ઝુરારહના વાસ્તાથી હઝરત આઇશહની રિવાયત બયાન કરી. હઝરત આઇશહ ફરમાવે છે :

> "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને બુધવારે અરધી રાતના સમયે દફન કરવામાં આવ્યા."

કબરમાં ઉતારનારા ગૃહસ્થો————જે લોકો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દફન કરવા માટે આપની કબર શરીફમાં ઊતર્યા તેઓમાં હઝરત અલી બિન અબી તાલિબ, હઝરત ફઝલ બિન અબ્બાસ, હઝરત કુસમ બિન અબ્બાસ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના આઝાદ ગુલામ હઝરત શુકરાન હતા. (અલ્લાહ એ સૌથી રાજી હો !)

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કબરમાં ઉતારવાના પ્રસંગે પણ હઝરત અવસ બિન ખવલીએ હઝરત અલીને કહ્યું, "હે અલી ! હું તમને અલ્લાહના સોગંદ આપીને દરખાસ્ત કરૂં છું. જુઓ, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના દફનમાં અમારો પણ હિસ્સો છે."

હઝરત અલીએ ફરમાવ્યું, "હા બેશક તમે પણ કબરમાં ઊતરી આવો."

હઝરત અવસ પણ કબર શરીફમાં ઊતરી પડયા અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દફનાવવામાં શામિલ રહ્યા.

હઝરત શુકરાનએ જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને કબરમાં લેટાવીને આપની કબર ઠીક કરવા માંડી અને આપની તે ચાદર પણ લઇને કબરમાં મૂકી દીધી જેને આપ પોતાના નૂરાની બદન પર ઓઢતા હતા અને પાથરણા તરીકે પણ જમીન પર પાથરતા હતા. ચાદરને કબરમાં મૂકતી વેળા હઝરત શુકરાને કહ્યું, "અલ્લાહના સોગંદ ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પછી હવે કોઇ આ ચાદર પહેરવાનું નથી."

ઇબ્ને ઇસ્હાક કહે છે : ત્યારે એ ચાદરને પણ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે કબરમાં

Maktabe Ashraf

દફન કરી દેવામાં આવી.

કબરમાં રહેલા આખેરી શખ્સ——————રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના ઊંચા પાયાના સહાબી હઝરત મુગીરહ બિન શુઅબહ એવો દાવો કરે છે કે, હું એટલે મુગીરહ બિન શુઅબહ તે આદમી છું જે : "અહ-દસ્ન-નાસિ અહદન બિ-રસૂલિલ્લાહિ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ." એટલે દુનિયાના લોકોમાં સૌથી વધુ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના છેક છેલ્લામાં છેલ્લા હાલાતનો હું જાણકાર છું."

હઝરત મુગીરહ હમેશા લોકોને કહ્યા કરતા : "મેં મારી વીંટી આંગળીમાંથી કાઢીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કબરમાં નાખી દીધી અને પાછી પોકારીને કહ્યું, "હે લોકો ! મારી વીંટી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની કબરમાં પડી ગઇ છે."

જો કે વીંટી જાણી જોઇને મેં કબરમાં ફેંકી દીધી હતી કે જેથી હું કબરમાં ઉતરીને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના નૂરાની બદનનો સ્પર્શ કરી લઉં અને પછી લોકોમાં : "અહ-દસ્ન-નાસિ અહદન.........." તરીકે પંકાઇ જાઉં ! (એટલે લોકોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના છેલ્લામાં છેલ્લા હાલાતનો સૌથી વધુ જાણકાર.)

ઇબ્ને ઇસ્હાક કહે છે : અબ્દુલ્લાહ બિન હારિસ બિન નવફલ પોતાની કથા વર્ણવતાં કહે છે : "હઝરત ઉમર યા હઝરત ઉસ્માનની ખિલાફત વેળા હું હઝરત અલી બિન અબી તાલિબ સાથે ઉમ્રહ કરવા માટે મક્કહ ગયો. મક્કહમાં હઝરત અલી પોતાના બહેન ઉમ્મે હાનીના ઘરમાં થોભ્યા. ઉમ્રહની ક્રિયાઓમાં હું હઝરત અલીના સંગાથે જ રહ્યો. જ્યારે અમે ઉમ્રહની ક્રિયાઓથી પરવારી ગયા તો હઝરત અલી નાહીધોઇને-રોજનો પોશાક પહેરીને તૈયાર થઇ ગયા એટલામાં તેમની પાસે ઇરાકના લોકોની એક જમાઅત આવી. તેઓએ હઝરત અલીને કહ્યું, "હે અબુલ-હસન ! અમે આપને એક મામલા અંગે સવાલ કરવા આવેલા છીએ. આપ એ મામલાની અમને જાણકારી આપો તો આપની મોટી મહેરબાની થશે."

હઝરત અલીએ ફરમાવ્યું, "મારૂં માનવું છે કે મુગીરહ બિન શુઅબહએ તમારી આગળ"અહ-દસ્ન -નાસિ અહદન" હોવાનો દાવો કર્યો છે, નહિ વારૂ ?"

ઇરાકી લોકો બોલ્યા, "જી હા હે અલી ! બિલકુલ એજ મામલો પૂછવા અમે હાજર થયા છીએ."

હઝરત અલીએ ફરમાવ્યું, "મુગીરહની વાત સાચી નથી. સાંભળો, અહ-દસ્ન-નાસિ અહદનનું માન ખાટનારા મુગીરહ નહિ બલકે કુસમ બિન અબ્બાસ છે."

સૌથી છેલ્લા મુબારક શબ્દો——————ઇબ્ને ઇસ્હાક કહે છે : મને સાલિહ બિન કૈસાનએ ઇબ્ને શિહાબ ઝુહરીના વાસ્તાથી ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉત્બહની રિવાયત બયાન કરી. એ રિવાયત મુજબ ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ કહે છે કે મને હઝરત આઇશહએ ફરમાવ્યું કે :

"જે સમયે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બીમારીએ ગંભીર રૂપ લીધું અને આકરી તકલીફથી આપ સખત બેચેન થઇ ગયા તો તે વેળા આપના પવિત્ર બદન પર "ખમીસહ"એટલે કાળા રંગની ઊની ચાદર પડેલી હતી. એજ તાલાવેલીની દશામાં આપ એ ચાદરને કદી પોતાના ચેહરા પર નાખી લેતા હતા અને કદી ચેહરા પરથી ખસેડી લેતા હતા અને સાથે-સાથે ફરમાવતા જતા હતા :

કાતલલ્લાહુ	સર્વનાશ બોલાવી દે અલ્લાહ
કવમ-નિત-ખતઝૂ	તે કોમનો જેણે બનાવી લીધી
કુબૂર અંબિયા-ઈહિમ મસાજિદ.	પોતાના પયગમ્બરોની કબરોને મસ્જિદો. [1]

હઝરત આઈશહનું બયાન છે : "તે વેળા બીમારીના પ્રચંડ આક્રમણ અને પારાવાર તકલીફથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ વારંવાર બેહોશ થઈ જતા હતા અને જ્યારે હોશમાં આવતા હતા તો ઉપરના શબ્દો વારંવાર ફરમાવતા હતા. આ તાલાવેલીની દશામાં પણ આપને સૌથી મોટી ચિન્તા એજ વાતની હતી કે ક્યાંક મારી ઉમ્મત પણ કબરોને સિજદા ન કરવા લાગી જાય !

હઝરત આઈશહ વધુમાં ફરમાવે છે : "રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ પોતાના જીવનની છેલ્લી પળોમાં જે વાત પાકે પાયે નક્કી કરી લીધી હતી તે આ વાત હતી : "લા યુત્રકુ બિ-જઝીરતિલ-અરબ દીનાન." એટલે અરબના ટાપુમાં બે ધર્મો નહિ રહેવા પામે !

ઈરતિદાદનો ફિત્નો અને તેનું નિકંદન————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત તમામ મુસલમાનો માટે એક અઝીમ મુસીબત એટલે બહુ મોટી આફત કે બહુ મોટું ધર્મસંકટ હતું. મને મળેલી માહિતી મુજબ હઝરત આઈશહ ફરમાવ્યા કરતાં હતાં:

> "જ્યારે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઈ તો અરબના લોકોએ મુર્તદ બનવાનું શરૂ કરી દીધું. યહૂદિયત અને નસરાનિયત માથું ઊંચકવા લાગી ગઈ. લોકોના દિલોમાં છુપાયેલો નિફાક કે કપટ જાહેર થવા લાગ્યો. પછી મુસલમાનોના હાલ એવાં બકરાં જેવા બની ગયા જે શિયાળાની રાતમાં તિત્તર-બિત્તર એટલે વેરવિખેર થઈ ગયાં હોય.
>
> "આ બધું રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થવાને કારણે બનવા પામ્યું ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ બધા મુસલમાનોને અબૂબક્રના હાથ પર સંગઠિત કરી દીધા."

ઈબ્ને હિશામ કહે છે : મને અબૂ ઉબૈદહ અને બીજા માહિતગારોએ કહ્યું કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતના સમયે મક્કહવાસીઓની બહુમતીએ ઈસ્લામથી ફરી જવાનું નક્કી કરી લીધું. પછી તો મામલો એટલો તંગ બની ગયો કે, મક્કહના ગવર્નર હઝરત અત્તાબ બિન અસીદ જાનના ડરથી સંતાઈ ગયા. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત અત્તાબ બિન અસીદને પોતે મક્કહના ગવર્નર બનાવ્યા હતા. આપની વફાત વેળા પણ હઝરત અત્તાબ મક્કહના ગવર્નર હતા અને ગવર્નર તરીકે મક્કહ પર તેમની જ સત્તા ચાલતી હતી.

સારાંશ કે ઈસ્લામ વિરૂધ્ધ મક્કહના અમુક લોકોની આ ગદ્દારી જોઈને મક્કહના સરદાર અને પંકાયેલા શાઈર હઝરત સુહૈલ બિન અમ્ર તલવાર તાણીને ઊભા થઈ ગયા. તેમણે મક્કહના તમામ લોકોને એક સ્થળે

---

૧. એટલે પયગમ્બરોના મઝારો કે વલીઓની દરગાહો પર જઈને ત્યાં સિજદા કરનારા બિદઅતી લોકો પર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ [illegible]

ભેગા કર્યા. તેઓને સંબોધીને એક જુસ્સાદાર પ્રવચન કર્યું. પ્રથમ અલ્લાહ તઆલાની હમ્દો-સના બયાન કરી અને પછી તલવાર તાણીને વીરહાક ગજાવતાં બોલ્યાં:

"સાંભળો હે લોકો ! રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાતથી ઈસ્લામના બળમાં ઘટાડો થયો નથી બલકે તેમાં ઓરભી વધારો થઈ ગયો છે. યાદ રાખો, જે કોઈ ઈસ્લામથી ફરી જશે, હું અને મારા સાથીઓ પોતાની તલવારોથી તેની ગરદન ઉડાવી દઈશું !"

હઝરત સુહેલ બિન અમ્રના આ ખુલ્લા પડકારની લોકોના દિલો પર ધારેલી અસર થઈ. ગદ્દારોની હિંમતો પડી ભાંગી. બંડખોરોના ટાંટિયા ઢીલા થઈ ગયા. માથાભારે તત્વોના હાંજા ગગડી ગયા. મક્કહના ગવર્નર હઝરત અત્તાબ બિન અસીદ પાછા પ્રગટ થઈને સત્તાની ગાદીએ બિરાજી ગયા. ઈસ્લામથી ફરી જનારા લોકો ધીરેધીરે ફરીવાર ઈસ્લામમાં આવી ગયા. જે લોકો ફરી જવાની તૈયારીમાં હતા તેઓએ પોતાનો વિચાર બદલી નાખ્યો અને આ રીતે હઝરત સુહેલ બિન અમ્રે ઈરતિદાદના ધખી ઊઠેલા ફિત્નાને પોતાના બુધ્ધિબળ કે બાહુબળથી શમાવી દીધો.

હઝરત સુહેલ બિન અમ્રનું એજ તે પરાક્રમ કે સ્થાન છે જેના વિષે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ હઝરત ઉમરને એક પ્રસંગે પેશગોઈ રૂપે ફરમાવ્યું હતું : "ઈન્નહૂ અસા અંય-યકૂમ મકામન લા તઝુમ-મુંહૂ."

એટલે હે ઉમર ! તે સમય દૂર નથી જ્યારે આ સુહેલ એવા સ્થાને ઊભા થશે (અને એવું પરાક્રમ કરી બતાવશે)કે તમે એને ઠપકો આપી શકશો નહિ.

(આ તે પ્રસંગ હતો જ્યારે સુહેલ બિન અમ્ર કુફ્રની હાલતમાં હતા અને જંગે-બદ્રમાં કેદ પકડાયા હતા. ત્યારે હઝરત ઉમરે દરખાસ્ત કરી હતી, "યા રસૂલલ્લાહ ! સુહેલના આગલા બે દાંતો તોડી પડાવો કે જેથી એની બોલવાની છટા નાશ પામે." જવાબમાં આપે હઝરત ઉમરને ઉપરના શબ્દો ફરમાવ્યા હતા.

હઝરત સુહેલ મક્કહના મોટા સાહિત્યકાર, પંકાયેલા શાઈર અને પ્રખર પ્રવચનકાર હતા. કુફ્રની હાલતમાં ઈસ્લામના કટ્ટર શત્રુ હતા. હુદૈબિયહનું ઐતિહાસિક સુલેહનામું એમની જ આગેવાની હેઠળ થયું હતું. અલ્લાહ એમનાથી રાજી હો !

ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પેશગોઈ મુજબ હઝરત સુહેલ બિન અમ્રનું એજ તે સ્થાન (કે પરાક્રમ) છે જ્યાં પહોંચીને તેમણે ઈરતિદાદના ફિત્નાનું નિકંદન કાઢી નાખ્યું.

Maktabe Ashraf

પ્રકરણ ૧૬૪

હઝરત હસ્સાનના માતમી શેઅરો

(ઈબ્ને હિશામની સીરતુન-નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનું છેલ્લું પ્રકરણ.)

હઝરત હસ્સાનનો પહેલો મરસિયા——————ઈબ્ને ઈસ્હાક કહે છે : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના દરબારી શાઈર હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ માતમી કાવ્ય રચેલું છે જેમાં તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પર વિલાપ અને રૂદન કરે છે જેમકે ઈબ્ને હિશામે અબૂ ઝૈદ અન્સારીની રિવાયત ટાંકેલી છે :

બિ-તૈબત રસ્મુન લિર-રસૂલે વ મઅ-હદુ • મુનીરુન વકદ તઅ-ફ્ફર - રસૂમુ વ તહ-મદુ

મદીનહ તૈયિબહમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલમની મંઝિલો અને મુકામોની, સદાયે રોશન રહેનારી નિશાનીઓ કોતરાઈ ગયેલી છે જ્યારે કે બીજા લોકોના નામો-નિશાન, જરીપુરાણા થઈને નેસ્તો-નાબૂદ થઈ જાય છે.

વલા તમ-તહિલ આયાતુ મિન દારે હુર-મતિન • બિહા મિમ્બરલ-હાદીલ - લઝી કાના યુસ્અદુ

પરંતુ મદીનહની, આદરમાનને પાત્ર સ્થળોની નિશાનીઓ કદી મટી શકતી નથી જેમાં હાદીએ-બરહક સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમનો તે મિમ્બર મવજૂદ છે જેની ઉપર બિરાજમાન થઈને આપ ખુત્બો બયાન ફરમાવતા હતા.

વ વાદિઉ આસારિંવ વ બાકી મઆ-લિમિન • વ રબ્ઉન લહૂ ફીહે મુસલ્લંવ વ મસ્જિદુ.

એમાં આપની ઝળહળતી નિશાનીઓ અને આપની અમર યાદગારો છે. અને આપનું તે પવિત્ર ઘર છે જેમાં આપની નમાઝ પઢવાની જગા અને આપના સિજદહ કરવાની જગા છે.

બિહા હુજુરાતુન કાના યન્ઝીલુ વસ્તહા • મિનલ્લાહે નૂરુન યસ-તદાઉ વ યૂકદુ.

એમાં આપના તે મકાનો મવજૂદ છે જેની અંદર અલ્લાહનું નૂર ઊતરતું હતું અને એ નૂરને ધખાવીને ભરપૂર રોશની મેળવવામાં આવતી હતી.

મઆરિફુ લમ તુત્મસા અલલ-અહદે આયુહા • અતાહલ-બલા ફલાયુ મિન્હા તજદ-દદુ.

અહીં તે જ્ઞાન અને પ્રજ્ઞાનના ભંડારો ભરેલા હતા જેની નિશાનીઓને કદી મિટાવી શકાય એમ નથી. જ્યારેય એમાં ઝાંખપ જેવું લાગતું તો એ નિશાનીઓ અવનવા રૂપે પ્રગટ થવા લાગતી.

અરફ-તા બિહા રસ્મર - રસૂલા વ અહ-દહૂ • વ કબ્રન બિહા વ અરાહુત - તુર્બે મુલ-હિદુ

Maktabe Ashraf

મેં મદીનહ તૈયિબહના એ સ્થળોમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની નિશાનીઓ અને યાદગારો જોઇ છે અને તેમાં તે કબર પણ જોઇ છે જેની માટીમાં, કબરમાં ઊતરનારાઓએ આપને છુપાવી દીધા છે.

ઝલલ્તુ બિહા અબ્કિ રસૂલુ ફઅસ-અદત • ઉયૂનુંવ વ મિસ્લાહા મિનલ - જુફને તુસ્ઇદુ.

હવે હું એ જગા પર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને રડી રહ્યો છું અને આંખોએ મારી મદદ કરી છે અને એ આંખોથી પણ બમણી પાપણો મારો સાથ આપી રહી છે.

અતાલબ વફૂફન તઝ-રિફુલ- ઐને જુહ-દહા • અલા તલ્લિલ-કબ્રીલ-લઝી ફીહે અહમદુ.

મારૂં હૃદય લાંબી મુદ્દતથી થંભી જઈને, એ કબરના નિશાન પર , પુરા બળ સાથે આંસુ વહાવી રહ્યું છે; તે કબર પર કે જેમાં અહમદે-મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને દફનાવી દેવામાં આવ્યા છે.

ફ - બૂરિકતા યા કબ્રર - રસૂલ વ બૂરે - કત • બિલાદુન સવા ફીહર રશીદુલ મુસદ - દદુ

હે કબ્રે-રસૂલ ! તને બરકત મળી ગઇ છે અને એ ભૂમિને પણ બરકત મળી ગઇ છે જેમાં, જગતજનોનું માર્ગદર્શન કરનાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમએ ઉતારો લીધો છે.

વ બૂરેકા લહ્દુન મિન્કા દુમ્મેના તૈયિબન • અલૈહિ બિનાઉમ મિન સફીહે મુનસ-સદુ.

અને હે કબ્રે-રસૂલ ! તારી લહદ બરકતવંતી બની ગઇ છે; તે લહદ કે જેણે એક પાક-પવિત્ર હસ્તીને પોતાની અંદર લેટાવી લીધી છે અને તે લહદ કે જેને ચોડા-ચોડા કતારબંધ પથ્થરો મુકીને બનાવવામાં આવી છે.

તહીલા અલૈહિત-તુર્બ ઐદિંવ વ અઅ-યુનુન • અલૈહિ વ કદ ગારત બિ-ઝાલિક ઉસ-ઉદુ.

અને તે લહદ કે જેની ઉપર લોકોના હાથો મટોડું નાખી રહ્યા હતા અને આંખો તેની ઉપર ચોંટેલી હતી જયારે કે આ રીતે, દુનિયાભરની નેકબખ્તીઓ તેમાં દફન થઇ રહી હતી.

લકદ ગય્યબૂ હિલ્મન વ ઈલ્મન વ રહ-મતન • અશીય્યતા ગલલવ - હુસ્ - સરા લા યુવસ - સદુ.

તે વેળા લોકોએ દરગુજરની નીતિને, સહનીશલતાને, જ્ઞાનના ભંડારને, મઅરેફતને (એટલે અલ્લાહની ઓળખના જ્ઞાનને) અને રહમતને અને બરકતને તે રાતે કબરમાં ગાયબ કરી દીધાં ; જયારે કે લોકો આપની ઉપર મટોડાંનો ઢગલો વાળી રહ્યા હતા. તેમાં કોઇ પાથરણું સુધ્ધાં પાથરેલું ન હતું.

વ રાહૂ બિ-હુઝનિન લૈસ ફીહિમ નબીય્યુ - હુમ • વ કદ વહનત મિન્હુમ ઝુહૂરુ વ અઅ-દદુ.

અને એ દુખિયારા-ઉદાસ લોકો એવી દશામાં મૂકાઇ ગયા કે હવે તેઓમાં તેઓના નબી નહિ હતા. હવે તેઓની કમ્મરો વાંકી વળી ગઇ છે અને બાહુઓ છેક ઢીલાં થઇ ગયાં છે.

યુબક - કૂના મિન તબકીસ - સમાવાતે યવ - મહૂ • વમન કદ બકત - હુલ - અર્દુ ફન્નાસુ અક-મદુ.

આ બધા લોકો તે નૂરાની હસ્તી પર રડી રહ્યા છે જેની ઉપર, તેની વફાતના દિવસે આસમાનો સુધ્ધાં રડી રહ્યા હતાં અને જમીન સુધ્ધાં રડી રહી હતી અને લોકો તેઓથી પણ વધારે ઉદાસ કે દુખિયારા હતા.

વ હલ અદ્લત યવમન રઝીતુ હાલિકિન • રઝીય્યતના યવમિન માતા ફીહે મુહમ્મદુ.

અને શું કોઇ પણ મરનારની મુસીબતનો દિવસ, એ દિવસની મુસીબતની બરાબર હોય શકે છે જેમાં

Maktabe Ashraf

મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત થઇ છે ?

તકત-તઆ ફીહે મન્ઝલુલ - વહયે અન્હુમ • વ કદ કાના ઝા-નૂરિન યગૂરુ વ યન-જિદુ.

આ તે દિવસ હતો જેમાં દુનિયાના લોકો વચ્ચેથી તે ગૃહસ્થ અલોપ થઇ ગયા જેમની ઉપર આકાશથી વહી ઊતરતી હતી; તે વહી જેનું નૂર દરેક નીચા અને ઊંચા સ્થળોને ઝગમગાવી દેતું હતું.

યદુલ્લુ અલર - રહમાને મંય યકતદી બિહી • વ યુનકેઝુ મિન હવલિલ ખઝાયા વ યુર-શિદુ.

જે માણસ તેમના એ નૂરને અપનાવી લેતો હતો તેને તેઓ, અલ્લાહના રસ્તે લગાડી દેતા હતા અને તેને તેઓ, ઝિલ્લતો-ખ્વારી તથા રૂસ્વાઇઓના ખોફનાક અંધારાંથી કાઢીને, માન-આબરૂના રસ્તા પર ચાલતો કરી દેતા હતા.

ઈમામુન લહુમ બિ-હદયિહી - મુલ-હક્ક જાહિદન • મુઅલ-લિમુ સિદકીન ઈંય-યુતીઊ-હુ યુ સઈદુ.

તેઓ લોકોના એવા ઈમામ, એવા સાચા શિક્ષક, એવા માર્ગદર્શક હતા જેઓ પૂરા ઉત્સાહ અને ખંતથી લોકોને હકના રસ્તાની નિશાની દેખાડી દેતા હતા. અને તેઓ સચ્ચાઇનો પાઠ ભણાવનારા હતા. જે લોકો તેમનું અનુકરણ કરી લેતા એ બધાને નેકીઓ અને ભલાઇઓના ભંડાર બનાવી દેવામાં આવતા.

અફુવ-વુન અનિઝ - ઝલ્લાતે યકબિલુ ઉઝ-રહુમ • વ ઈંય યુહસિનુ ફલ્લાહે બિલ-ખયરે અજ-વદુ.

તેઓ લોકોની ભૂલોને માફ કરનારા અને તેઓના વાંધાવચકાઓને કબૂલ રાખનારા હતા. અગર લોકો નેકીના કામો કરવા લાગતા તો અલ્લાહ તેઓની સાથે ભલાઇ કરવામાં અતિ ઉદાર બની જતો હતો.

ફબૈના હુમ ફી ઝાલિકન - નૂરે ઈઝ ગદા • ઈલા નૂરેહિમ સ-હ-મ મિનલ - મવતે મુકસિદુ.

સારાંશ કે એજ દરમિયાન જ્યારે કે લોકો એ નખશિખ નૂરથી લાભ ઉઠાવી રહ્યા હતા, અચાનક મોતનું એક તીર એ નૂર પર આવીને ખૂપી ગયું.

ફ-અસ્બહા મહમૂદન ઈલલ્લાહે રાજિઅન • યુબક-કીહે હક્કુલ-મુર -સલાતે વ યુહ-મદુ.

ત્યારે એ નૂર લોકોની પ્રશંસાઓ અને વખાણો મેળવીને અલ્લાહના દરબાર તરફ પાછું વળી ગયું તે વેળા અલ્લાહના ફરિશ્તા એ નૂર પર રડી રહ્યા હતા અને એ નૂરના વખાણોના ગીત ગાવામાં તલ્લીન હતા.

વ અમ્સત બિલાદુલ-હરમે વહશન બકા - ઇહા • લિ-ગયબતે મા કાનત મિનલ-વહયે તુઅ-હદુ.

અને મક્કહ તથા મદીનહ અને આજુબાજુના તમામ સ્થળો સુનસાન થઇ ગયાં; તે વહીના ગાયબ થઇ જવાથી જેનાથી તેઓ ટેવાઇ ગયાં હતાં.

કિફારન સવા મઅમૂ-રતલ લહદે દાફેહા • ફકીદુન યુબક-કયહે બલાતુન વ ગરકદુ.

હવે એ બધા સ્થળો વેરાન થઇ ગયા છે ફકત તે આબાદ અને પ્રફુલ્લ કબર વગર, જેમાં અમારાથી વિખૂટા થઇને જનારા ગૃહસ્થ લેટેલા છે. એ ગૃહસ્થ પર પથ્થરો અને ઝાડો રડી રહ્યાં છે.

વ મસ્જિદુહૂ ફલ-મૂહેશાતે લિ-ફકદેહી • ખલાઉન લહૂ ફીહે મકામા વ મક-અદુ.

અને આપના ન હોવાથી એ બધાં બુરી રીતે વહશત અનુભવી રહ્યાં છે અને આપની મસ્જિદ આજે ખાલી છે જેમાં આપનું ઊઠવાનું-બેસવાનું થયા કરતું હતું.

Maktabe Ashraf

વમા લકા લા તબકીન ઝન-નિઅમતલ- લતી • અલન-નાસે મિન્હા સાબિગુન યુતગમ - મદુ.

માટે હે આંખ ! તને શું થઇ ગયું છે કે તું આવી નેઅમતોના માલિક પર રડતી નથી ? એવી નેઅમતો કે જેનો એક હિસ્સો પણ લોકો માટે બસ થઈ પડતો હતો. તું એ નેઅમતોના માલિક પર રડ જેઓ હવે અદ્રશ્ય અને અલોપ થઇ ગયા છે.

ફ - બક્કીય રસૂલલ્લાહે યા ઐનુ ઇબ્રતન • વલા અઅરફ - નકદ - દહરા દમ્અક યજ-મદુ.

માટે હે આંખ ! તને શું થઇ ગયું છે ? તું એવી નેઅમતોવાળા અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર પોકેપોક રડ અને મોટાં-મોટાં આંસુઓ વહાવ. અને હે આંખ ! હું કદી જોવા નહિ પામું કે તારાં આંસુ સુકાઇ ગયાં છે.

ફ - જૂદી અલૈહે બિ-દમૂએ-અઅ-વલી • લ-ફક્દલ લઝી લા મિસ્લુહુદ-દહરા યૂજદુ.

માટે તું તેઓ પર આંસુઓની, મનમુકીને સખાવત કર અને એ નૂરાની હસ્તીના ગુમ થવા પર ચીસો પાડી-પાડીને રડ જેનો દાખલો ઝમાનાભરમાં મળી શકે એમ નથી.

વમા ફકદલ-માદૂના મિસ્લ મુહમ્મદિન • વમા મિસ્લુહૂ હત્તલ - કિયામતુ યુફ-કદુ.

અને પસાર થયેલી ઉમ્મતો કે પ્રજાઓમાંથી કોઇએ હઝરત મુહંમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જેવી મહાન હસ્તી ગુમ કરી નથી. અને ન કિયામત સુધી એમના જેવી અઝીમ હસ્તીને ગુમ કરી શકાય છે.

વ અફ્ફા વ અવફા ઝિમ્મતન બઅદ ઝિમ્મતિન • વ અક-રબા મિન્હુ નાઇલન લા યુન્કદુ.

તેઓ નામદાર સૌથી મોટા અફીફ એટલે પાકબાઝ કે પાકદામન પુરૂષ હતા. તેઓ એક પછી એક પોતાની ઝિમ્મેદારીઓ પૂરી કરનારા સજ્જન હતા; તેઓ સૌથી બઢીચઢીને બખ્શીશો કરનારા વીરલા હતા; એવી બખ્શીશો જેનું કદી એહસાન જતાવવામાં નહિ આવતું હતું.

વ અબઝલ મિન્હુ લિત-તરીફે વ તાલેદિન • ઇઝા દન્ન મિઅતાઉન બિમા કાના યુત્લદુ.

અને એવા સમયે જ્યારે કે મોટાથી મોટો દાનવીર પણ બાપદાદાથી ઊતરી આવેલી વારસાગત્ જૂની દવલતને સંઘરી રાખીને, તેને વાપરવામાં કંજૂસાઇ કરતો હતો તો, તેવા સમયે પણ આપ પોતાના હાથની કમાણીની નવી દવલતને અને વારસામાં મળેલી જૂની દવલતને છુટ્ટા હાથે વાપરી નાખવામાં સૌથી આગળ હતા.

વ અકરમ સીતન ફીલ બુયૂતે ઇઝન - તમી • વ અકરમ જદ્દન અબ-તહિય્યન યુસવ - વદુ.

અને જ્યારે વંશ કે ખાનદાનની ચર્ચા થવા લાગતી તો, અરબના ખાનદાનોમાં શરાફત કે પ્રતિષ્ઠા કે માનઆબરૂના ધોરણે આપની જ ખ્યાતિ અને આપની જ કીર્તિ હતી.આપ પોતાના બાપદાદાઓ કે પૂર્વજોને ધોરણે સહુથી બઢીચઢીને શરીફ, સજ્જન, આબરૂદાર હતા; આપના તે પૂર્વજો કે જેઓ "બત્હાએ-મક્કહ"ના નિવાસી અને (અરબભરના) લોકોના માનવંતા સરદાર હતા. (બત્હાએ-મક્કહ એટલે મક્કહની પથરીલી ભૂમિ.)

રિબાહુ વલીદન ફઅસ - તમિમ્મ તમામુહ • અલા ઇક-રમલ-ખયરાતે રબ્બુન મુમજ - જદુ.

અને જગતના સર્વોચ્ચ-મહાન પાલનહારે આપના બચપનમાં જ આપનું સર્વશ્રેષ્ઠ લાલન-પાલન કર્યું હતું જેથી સર્વાંગી સદગુણો અને સંસ્કારોમાં આપ પરિપૂર્ણ અને મુકમ્મલ બની ગયા હતા.

તનાહત વસાતલ - મુસ્લિમીન બિ - કફ - ફેહી • ફલલ - ઈલ્મુ મહબૂસુ વલર - રઅયે યુફ - નદુ.

આપના મુબારક હાથથી મુસલમાનોનું સંગઠન નક્કર બની ગયું હતું જેથી ન તો આપનું જ્ઞાન અધૂરૂં હતું અને ન આપના કોઈ મત કે મંતવ્યમાં કશી ખામી હતી.

અકૂલુ વલા યુલ્કા લિ-કવલિયા આઈબુ • મિનન - નાસે લિ - આઝિબલ અકલુ મુબ-અદુ.

હું આ દાવો કરૂં છું અને લોકોમાં કોઈ પણ એવો માણસ મળશે નહિ જે મારા આ દાવાને ખોટો ઠરાવી શકે, સિવાય એવા માણસના જે બુધ્ધિનો બાંડો કે અક્કલનો ખાંડો હોય.

વ લૈસ હવાય નાઝિઅન અન સનાઈહી • લઅલ્લ બેહી ફી જન્નતિલ - ખુલ્દે અખ્લદુ.

હું આપના જે ભારોભાર વખાણો કરી રહ્યો છું તેમાં મારી કોઈ ગરજ કે સ્વાર્થનો કોઈ દખલ નથી. મને આશા છે, હું આપના આ વખાણોને કારણે ''જન્નતુલ-ખુલ્દ''માં હમેશા-હમેશા રહીશ.

મઅલ મુસ્તફા અરજૂ બિઝાકા જિવા-રહૂ • વ ફી નયલે ઝાકલ - યવમ અસ્આ વ અજહદુ.

હું મારા આ પ્રશસ્તિ-કાવ્યને કારણે મુહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની પડોશમાં આપના સંગાતે રહેવાની આકાંક્ષા ધરાવું છું અને એજ સદ્ભાગ્યની સિધ્ધિ માટે હું આ બધી કોશિશો કે યત્નો-પ્રયત્નો કરી રહ્યો છું.

હઝરત હસ્સાનનો બીજો મરસિયા————ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો પણ કહ્યા છે જેમાં તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પર માતમ અને રૂદન કરે છે :

મા બાલ ઐનુકા લા તનામુ કઅન-નમા • કુહેલત મઆકીહા બિ-કુહલિલ અર-મદિ.

તારી આંખને શું થઇ ગયું છે કે એને ઊંઘ જ નથી આવતી ? જાણે કે એ આંખની કિનારીઓમાં તણખલાંઓનો સુરમો આંજી દેવામાં આવ્યો છે !

જઝઅન અલલ મહદીય્યે અસ્બહા સાવિયન • યા ખૈર મંવ-વતિઅલ - હસા લા તબ-અદિ.

ઊંઘ નહિ આવવાનું કારણ, એવા હાદી અને મહદી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર મારી આહો-ઝારી કે રડાકૂટ છે જેઓ, જન્નતમાં પોતાના ઠેકાણે સિધાવી ગયા છે. હે અલ્લાહના લાડલા હબીબ ! આપે આ જમીન પર ચાલીને વારંવાર તેને રગદોળી છે, આપ મારાથી અળગા ના થજો !

વજહિયા યકીકત - તુરબે લહફી લય-તની • ગુય્યબત કબ્લકા ફી બકીઈલ ગર-કદિ.

મારો ચેહરો માટીના સ્પર્શથી આપનું રક્ષણ કરે ! હાય અફસોસ ! કેવું સારૂં થાત કે આપથી પહેલાં જ મને ''બકીઉલ-ગરકદ''માં (એટલે મદીનહના કબ્રસ્તાનમાં) દફન કરી દેવામાં આવત !

બિ-અબી વ ઉમ્મી મન શહેદત વફાતહૂ • ફી યવમિલ ઈસ્નય-નિન નબીય્યલ મુહતદી.

એ હિદાયત પામેલા નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર મારાં માં-બાપ કુરબાન ! આપની વફાત સોમવારના દિવસે મારી આંખ સામે જ થઇ છે.

ફ - ઝલિલતુ બઅદ વફાતેહી મુતબલ્લ - લિદન • મુતલદ - દિદન યા લૈતની લમ ઊ-લદિ.

Maktabe Ashraf

જેથી હવે હું આપની વફાત બાદ હયરાન - પરેશાન અને દિગમૂઢ છું અને એજ દશામાં અહીંતહીં રખડપટ્ટી કરી રહ્યો છું. એ કાશ ! હું પૈદા જ ન થયો હોત !

અ-ઉકીમુ બઅદકા બિલ-મદીનતે બૈનહુમ • યા લૈતની સુબ્બહ-તુ સમ્મલ ઉસ્વદિ.

શું હું આપના વગર મદીનહમાં લોકો વચ્ચે રહી શકીશ ? એ કાશ ! સવારના પહોરમાં જ મને કાળા નાગોનું ઝહેર પીવાડી દેવામાં આવત !

અવ હલ્લ અમ્રુલ-લાહે ફીના આજિલન • ફી રવ-હતિન મિંય - યવમેના અવ મિન ગદિ.

અથવા તો આજે સાંજે યા આવતી કાલે બનતી ઉતાવળે અલ્લાહનો હુકમ અમારા માટે આવી લાગે!

ફ - તકૂમુ સા-અતિના ફ - નલકા તૈયબન • મહદા દરા-ઇનુહૂ કરીમલ મુહ-તદિ.

પછી અમારો એ (મૃત્યુનો) સમય આવી લાગે અને પછી અમે એ પાક-પવિત્ર હસ્તીને જઈ મળીએ, તે પાક-પવિત્ર હસ્તી કે જેની પ્રકૃતિ એકદમ શુધ્ધ અને જેનું મૂળ તદ્દન સ્વચ્છ છે.

યા બિક આમિનતલ મુબારેકા બિક-રુહા • વલ્-દત્હુ મુહ-સનતુન બિ-સઅદિલ - ઉસ્વદિ.

હે આમિનહના લાલ ! તે આમિનહ કે જેનો લાલ, મુબારક કે ભાગ્યશાળી પુરવાર થયો અને આમિનહનો તે લાલ જેને હજાર નેકબખ્તીઓ સાથે એક પાકદામન અને કુળવાન માતાએ જણ્યો હતો.

નૂરન દાઅ અલલ - બરીય - યતે કુલ્લેહા • મંય - યુહદા લિન - નૂરિલ-મુબારેકા યહ-તદિ.

એ લાલ એક એવું નૂર હતું જેણે સારાયે જગતને ઝગમગાવી દીધું પછી જે કોઈના નસીબમાં એ મુબારક નૂરથી હિદાયતના રસ્તામાં આવવાનું લખાઈ ગયું હતું તે સીધા રસ્તા પર આવી ગયો.

યા રબ્બે ફ-અજ મઅના મઅન વ નબીય્યના • ફી -જન્નતિન તુસ્ના ઉયૂનિલ હુસ-સદિ.

હે અમારા પાલનહાર ! તું અમને બધાને અમારા નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે જન્નતમાં એક સ્થળે ભેગા કરી દે ; એવી જન્નતમાં જેને હસદખોરોની આંખોથી હટાવી લેવામાં આવે.

ફી જન્નતિલ - ફિરદૌસે ફક-તુબ્હા લના • યા ઝલ-જલાલે વ -ઝલ - ઓલા વસ-સૂદદિ.

યા અલ્લાહ ! એજ જન્નતુલ-ફિરદૌસમાં અમને બધાને ભેગા કરી દે. પછી એ જન્નતુલ-ફિરદૌસને અમારા બધાના નસીબમાં લખી દે ! હે જલાલ અને દબદબાવાળા અલ્લાહ ! અને હે હકીકી બુલંદી તથા સરદારીના માલિક !

વલ્લાહે અસ્મઊ મા બકૈતુ બેહા લકિન • અલા બકૈતુ અલન નબીય્યે મુહમ્મદિન.

અલ્લાહના સોગંદ ! મારા જીવનમાં જ્યારે ય કદી હું કોઈ મરનારના સમાચાર સાંભળીશ તો મને અમારા નબીય્યે કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર રડવું આવતું રહેશે.

યા વૈહ અન્સારન - નબીય્ય વ રહતેહી • બઅદલ મુગય - યબે ફી સવાઇલ મલ-હદિ,

હઝરત નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમના, લહદી કબરમાં દફન થઈ જવા બાદ આપના અન્સાર અને આપની જમાઅતના કેટલા બુરા હાલ થઈ ગયા છે !

દાકત બિલ અન્સારિલ બલાદે ફ-અસ-બહૂ • સૂદન વુજૂહુ-હુમ ક-લવનલ અસ-મદિ.

Maktabe Ashraf

મદીનહના અન્સાર માટે બધાં જ શહેરો કે મુલ્કો તંગ થઇ ગયાં છે. એજ કારણે તેઓના ચેહરાઓ સુરમાના રંગ પેઠે કાળા પડી ગયા છે.

વલકદ્ વલદ - નાહુ વ ફીના કબ્રુહૂ • વ ફદૂલા નિઅ-મતેહી બિના લમ નજ-હદિ.

અને બેશક આપનો મુબારક જન્મ અમારા અન્સારના લોકોમાં જ થયો છે (કેમકે આપના મામાઓ, આપના પરદાદી બીબી સલમા મદીનહના મશહૂર કબીલા બનૂ નજ્જારમાંથી હતાં.) અને આપની નૂરાની કબર પણ અમારા જ લોકોમાં બનેલી છે. અમારી ઉપર આપના જે મહાન અને સર્વશ્રેષ્ઠ ઉપકારો થયેલા છે અમે તેનો ઇન્કાર કરી શકતા નથી.

વલ્લાહે અક-રમના બિહી વ હદય-બિહી • અન્સારહૂ ફી કુલ્લે સાઅતિન મશ-હદિ.

અને અલ્લાહ તઆલાએ આપની મારફતે અમને માનપ્રતિષ્ઠાથી વધાવી લીધા અને અલ્લાહ તઆલાએ આપની મારફતે મદીનહના અન્સારનું દરેક પ્રસંગે માર્ગદર્શન ફરમાવ્યું.

સલ્લલ - ઇલાહુ વમંય - યહુફ્ફ્ફા બિ-અર-શિહી • વત - તૈયબૂન અલલ - મુબારિકે અહમદિ.

હઝરત અહમદ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની બરકતવંતી હસ્તી પર અલ્લાહ તઆલા પોતાની રહમતો નાઝિલ ફરમાવે ! અને અલ્લાહના જે ફરિશ્તાઓ અલ્લાહના અર્શને ઘેરી વળેલા છે તેઓ તથા પાક-પવિત્ર લોકો આપના માટે રહમતની દુઆઓ કરતા રહે !

હઝરત હસ્સાનનો ત્રીજો મરસિયા————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો પણ કહ્યા છે જેમાં તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની વફાત પર આહો-ઝારી કે વિલાપ-રૂદન કરે છે :

નબ્બલ-મસાકીન ઇન્નલ - ખૈરા ફ્અર - કહુમ • મઅન-નબીય્ય તવલ્લા અન્હુમ સ-હ-રા.

મિસ્કીનો, ગરીબો, નાદારોને ખબર કરી દો કે ભલાઇ અને કામયાબી તેઓથી રૂખ્સત થઇ ગઇ, તે નબી સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમની સાથે, જેમણે પ્રભાતના સમયે તેઓથી પોતાનો નૂરાની મુખડો ફેરવી લીધો છે.

મન ઝલ્લઝી ઇન્દહૂ રહલી વ રાહિ-લતી • વ રિઝકુ અહલી ઇઝા લમ યૂનિસુલ-મ-ત-રા.

હવે તે કોણ છે જેના માટે મારી સફરના સામાનથી મારી સવારીનો બંદોબસ્ત કરાવમાં આવશે? જેમની પાસેથી મારાં ઘરવાળાંઓને એવા સમયે રોઝી-રોટી મળતી હતી જયારે લોકો દુકાળને કારણે વરસાદનો વિચાર સુધ્ધાં કરતા ન હતા.

અમ મિન નુઆતિબુ લા નખ્શા જના-દઅહૂ • ઇઝલ લિસાનો અતાફીલ - કવલે અવ અ-સ-રા.

અથવા હવે તે કોણ છે, જેનાથી અગર અમે રૂઠી જઇએ, અને અમારી જીભેથી કોઇ અણછાજતો શબ્દ સરી પડે, અથવા અમારાથી કોઇ ભૂલ થઇ જાય, તો તેમની તરફથી અમને કોઇ તરહનું નુકસાન પહોંચવાની જરા જેટલી ધાસ્તી ન રહે ?

કાના સૈદાઅ વ કાનન-નૂરા નત - બઉહૂ • બઅદલ-ઇલાહે વ કાનસ - સમ્અ વલ-બ-સ-રા.

આપ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ એક રોશની હતા, એક એવું નૂર હતા કે અલ્લાહ તઆલા પછી

Maktabe Ashraf

અમે તેમનું અનુકરણ કરતા હતા. તેઓ અમારા કાન હતા. તેઓ અમારી આંખ હતા.

ફ-લૈતના યવમ વ અરવ-હુ બિલ-મુલ-હિદિહી • વ ગય-યબૂહો વ અલ્કવ ફવ-કહુલ- મ-દ-રા.

જે દિવસે લોકોએ આપને કબરમાં ઉતારનારની મારફતે જમીનમાં સંતાડી દીધા અને આપને અમારી નજરોથી ગાયબ કરી દીધા અને પછી આપની ઉપર મટોડું વાળી દીધું.........

લમ યુત-રકીલ્લાહુ મિન્ના બઅ-દહૂ અ-હ-દ-ન • વલમ યુઅશે બઅ-દહૂ ઉન્સા વલા ઝ-ક-રા.

એ કાશ ! એજ દિવસે અલ્લાહ તઆલા અમારામાંથી કોઇને પણ આપના પછી નહિ છોડતે અને અમારા સ્ત્રી-પુરૂષમાંથી કોઇને પણ જીવતું ન રહેવા દેત !

ઝલ્લત રિકાબુ બનિન - નજ્જાર કુલ્લે-હિમ • વ કાના અમ્રન મિન અમ્રિલ્લાહે કદ - ક્રુ-દિ-રા.

બનૂ નજ્જારના તમામ લોકોની ગરદનો એ દિવસે ઝુકી ગઇ અને એ, અલ્લાહ તઆલાનો એવો હુકમ હતો જે નસીબમાં લખાઇ ચૂક્યો હતો.

હઝરત હસ્સાનનો ચોથો મરસિયા——————ઇબ્ને ઇસ્હાક કહે છે : હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ અન્હુએ આ શેઅરો પણ કહ્યા જેમાં તેઓ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ પર વિલાપ અને રૂદન કરે છે:

આલૈતુ મા ફી જમીઇન - નાસે મુજ-તહિદન • મિન્ની ઇલૈહિ બર્રિન ગયરા ઇફ-નાદિ.

જગતના તમામ લોકો પાસે જેટલી વસ્તુઓ પણ હોય એ બધી વસ્તુઓના મેં, એવા પાકા સોગંદ લીધા છે કે જેને, લેશ પણ આળસ વિના પૂરા કરવાનો મેં દ્રઢ સંકલ્પ કરી લીધો છે.

તલ્લાહે મા હમલત ઉન્સા વલા વ-દ-અ-ત • મસ્લર રસૂલે નબીય-યિલ ઉમ્મતિલ હાદી.

અલ્લાહના સોગંદ ! પોતાની ઉમ્મતની હિદાયત કરનારા નબી અને રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમ જેવો વીરલો આજ સુધી કોઇ માતાએ ન તો જણ્યો છે અને ન એમના જેવું કોઇ બાળક તેની માતાના ગર્ભમાં રહ્યું છે.

વલા બરલ્લાહુ ખલ્કમ મિમ - બરિય - યતેહી • અવફા બિ - ઝિમ્મતે જારિન અવ બિ-મીઆદિ.

અને અલ્લાહ તઆલાએ પોતાની તમામ મખ્લૂકાતમાં આજ સુધી કોઇ એવો ઇન્સાન પૈદા નથી કર્યો જે પાડોશી પ્રત્યેની પોતાની જવાબદારી પૂરી કરવામાં અને જે પોતાના આપેલા વચનને પાળવામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ સલ્લમને ટપી જનારો હોય.

મિનલ લઝી કાના ફીના યુસ-તદાઅ બેહી • મુબારિકલ - અમ્ર ઝા-અદલે વ ઇરશાદિ.

આપ તે નબી હતા જેમની મારફતે રોશની મેળવવામાં આવતી હતી અને જેમનો દરેક મામલો બરકતોથી ભરપૂર હતો અને જેઓ અદલ ઇન્સાફ તથા હિદાયત કે માર્ગ દર્શનનું ઝરણું હતા.

અમ્સા નિસાઅ - કિન અત્તલ-વલ-બુયૂતા ફમા • યદ - રિબ્ન ફવકા કફા સીતરીન બિ-અવતાદિ.

આપના "અઝવાજે-મુતહ - હરાત"એટલે પાક બેગમોએ પોતાના ઘરોને એમ જ છોડી દીધાં છે અને હવે તેઓ પોતાના પર્દાઓની પાછળ ખીલા મારતી નથી. (બધાં ગુમસુમ છે કે આ શું થઇ ગયું ?)

Maktabe Ashraf

મસ્લુર ર્વાહિબે ચલ-બસ્વલ મુબાઝિલા કદ • ઐકન્ના બિલ બુઉસે બઅદન નેઅમતિલ બાદી.

હવે આપના આ પાક બેગમો સંસારત્યાગીઓ જેવા છેક મામૂલી અને જર્જરિત કપડાં પહેરે છે. નેઅમતના ચાલ્યા જવા બાદ તેઓએ જાહેરી મુસીબત પર ધીરજનો પાકો નિર્ણય કરી લીધો છે.

યા અફઝલન - નાસુ ઇબ્ની કુન્તુ ફી નહરે • અસ-બહતુ મિન્હુ ક-મસ્લિલ મુફ - રદિસ-સાદિ,

હે તમામ ઇન્સાનોમાં સર્વશ્રેષ્ઠ હસ્તી ! આથી પહેલાં હું આબે-હયાત જેવી એક નદીની પાસે હતો અને હવે એ નદીથી એવા ઇન્સાન પેઠે દૂર થઇ ગયો છું જે એકલો-અટૂલો અને તરસ્યો હોય.

તમ્મત - કિતાબ

અલ્લામા ઇબ્ને હિશામ રહમતુલ્લાહિ અલૈહિની લખેલી

સીરતુન-નબી કિતાબ

પૂરી થઇ.

અલ-હમ્દુ લિલ્લાહ આજે આ સીરતે-પાકની લાજવાબ કિતાબના તરજુમાથી ફરાગત મળી. મારી દિલી દુઆ અને તમન્ના છે કે આ ગુજરાતી આવૃત્તિને પણ તેવી જ લોકપ્રિયતા મળે જેવી અરબી-ઉર્દૂ આવૃત્તિને મળી છે. આમીન !

અહમદ મુહંમદ હથુરણી

જોહાનિસબર્ગ

૨૧ ઝિલ-હજ્જ ૧૪૧૭ હિજરી

૨૯ એપ્રિલ ૧૯૯૭ ઇસ્વી-મંગળ

:: ગુઝારિશ ::

આ નૂરાની કિતાબના તરજુમા માટે એવા લેખકની જરૂર છે જે ગુજરાતી ભાષાના હિન્દી તરજુમાનો માહિર હોય.

બ-હર કારે કે હિમ્મત બસ્તા ગરદદ
અગર ખારે બુવદ ગુલદસ્તા ગરદદ

Maktabe Ashraf